# પવિત્ર બાઇબલ

## The Gujarati Old Version

Public Domain

This Bible was published by the Bible Society of India, and is available in the Public Domain. This edition is printed at cost by the Digital Bible Society (dbs.org) for non-commercial use.

This Bible, and many others, are available for free download in a variety of digital formats at dbs.org/bibles.

*Language:*
*Country:*
*Publisher:*
*Copyright: Public Domain*
*Last Updated: 2023-10-20*
*ID: 7ea1b537-dda0-4d8e-9cfa-6ae4d46f6b4f*
*ISO: guj*
*ISBN:*

DIGITAL BIBLE SOCIETY
www.DBS.org

ઉત્પત્તિ ........ 4
નિર્ગમન ........ 29
લેવી ........ 52
ગણના ........ 68
પુનર્નિયમ ........ 90
યહોશુઆ ........ 110
ન્યાયાધીશો ........ 123
રૂથ ........ 137
1 શમુએલ ........ 140
2 શમુએલ ........ 158
1 રાજા ........ 173
2 રાજા ........ 190
1 કાળવૃતાંત ........ 206
2 કાળવૃતાંત ........ 221
એઝરા ........ 239
નહેમ્યા ........ 244
એસ્તેર ........ 252
અયૂબ ........ 257
ગીતશાસ્ત્ર ........ 272
નીતિવચનો ........ 306
સભાશિક્ષક ........ 318
ગીતોનું ગીત ........ 323
યશાયા ........ 326
યર્મિયા ........ 353
યર્મિયાનો વિલાપ ........ 383
હઝકિયેલ ........ 386
દાનિયેલ ........ 412
હોશિયા ........ 421
યોએલ ........ 426
આમોસ ........ 428
ઓબાદ્યા ........ 432
યૂના ........ 433
મીખાહ ........ 435
નાહૂમ ........ 438
હબાક્કુક ........ 440
સફાન્યા ........ 442
હાગ્ગાય ........ 444
ઝખાર્યા ........ 445
માલાખી ........ 450
માથ્થી ........ 452
માર્ક ........ 468
લૂક ........ 479
યોહાન ........ 497
પ્રેરિતોનાં કૃત્યો ........ 511
રોમનોને પત્ર ........ 529
કરિંથીઓને પહેલો પત્ર ........ 536
કરિંથીઓને બીજો પત્ર ........ 543
ગલાતીઓને પત્ર ........ 548
એફેસીઓને પત્ર ........ 551
ફિલિપ્પીઓને પત્ર ........ 554
કલોસ્સીઓને પત્ર ........ 556
થેસ્સાલોનિકીઓને પહેલો પત્ર ........ 558
થેસ્સાલોનિકીઓને બીજો પત્ર ........ 560
તિમોથીને પહેલો પત્ર ........ 561
તિમોથીને પહેલો પત્ર ........ 563
તિતસને પત્ર ........ 565
ફિલેમોનને પત્ર ........ 566
હિબ્રૂઓને પત્ર ........ 567
યાકૂબનો પત્ર ........ 572
પિતરનો પહેલો પત્ર ........ 574
પિતરનો બીજો પત્ર ........ 576
યોહાનનો પહેલો પત્ર ........ 578
યોહાનનો બીજો પત્ર ........ 580
યોહાનનો ત્રીજો પત્ર ........ 581
યહૂદાનો પત્ર ........ 582
પ્રકટીકરણ ........ 583

# ઉત્પત્તિ

1 આદિએ દેવે આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કીધા. 2 અને પૃથ્વી
અસ્તાવ્યસ્ત થથા ખાલી હતી, ને જલનિધિ પર અંધારું હતું: ને
દેવનો આત્મા પાણી પર હાલતો થયો. 3 અને દેવે કહ્યું, અજવાળું
થાઓ, ને અજવાળું થયું. 4 ને દેવે તે અજવાળું જોયું કે તે સારું છે; ને દે-
વે અજવાળું તથા અંધારું જુદા પાડ્યા. 5 ને દેવે અજવાળાને દહાડો
કહ્યો, ને અંધારાને રાત કહી. અને સાંજ હતી તથા સવાર હતી, પએહ્લો
દિવસ. 6 અને દેવે કહ્યું ક , પાણીનો વચ્ચે અંતરીક્ષ થાઓ, ને પાણીને
પાણીથી જુદા કરો. 7 અને દેવે અંતરીક્ષ બનાવ્યું, ને અંતરીક્ષની તળેના
પાણીને અંતરીક્ષની ઉપરના પાણીથી જુદા કીધા, ને તેવું થયું. 8 ને દેવે
તે અન્તરીક્ષને આકાશ કહ્યું. ને સાંજ હતી, તથા સવાર હતી, બીજો દિ-
વસ. 9 અને દેવે કહ્યું કે , આકાશ તળેના પાણી એક જગ્યામાં એકતતા
થાઓ, ને કોરી ભૂમિ દેખવામાં આવો; ને તેવું થયું. 10 ને દેવે કોરી ભૂમિ-
ને પૃથ્વી કહી, ને એકતા થયેલા પાણીને સમુદ્ર કહ્યા. ને દેવે જોયું કે તે
સારું છે. 11 અને દેવે કહ્યું કે દ્હાસ તથા બીજદાયક શાક તથા ફ્લ્વૃક્ષ
પોતપોતાની જાત પરમને ફલદાયક, જેના બીજ પોતામાં પૃથ્વી પર છે,
તેઓને પૃથ્વી ઉગાવે, ને એમ થયું. 12 ને ઘાસ તથા પોતપોતાની જાત
પ્રમાણે બીજદાયક શાક ને પોતપોતાની જાત પ્રમાણે ફલદાયક વૃક્ષ,
જેના બીજ પોતામાં છે, તેઓને પૃથ્વીએ ઉગાવ્યા; ને દેવે જોયું કે તે સા-
રું છે. 13 ને સાંજ હતી તથા સવાર હતી, ત્રીજો દિવસ. 14 અને દેવે કહ્યું
કે, રાત દહાડો જુદા કરવા સારું, આકાશમાં અંતરીક્ષમાં જ્યોતિઓ
થાઓ, ને તેઓ ચીન્હોચીન્હો તથા ઋતુઓ તથા દિવસો તથા વારોને
અર્થે થાઓ. 15 ને તેઓ પૃથ્વી પર અજવાળું આપવા સારરૂ, આકાશના
અંતરીક્ષમાં જ્યોતિઓ થાઓ; ને તેવું થયું. 16 અને દેવે દિવસ પર
અમલ ચલાવનારી એક મોટી જ્યોતિ ને રાત પર અમલ ચલાવનારી
એક તેનાથી નાની જ્યોતિ એવી બે મોટી જ્યોતિ બનાવી, ને તારાઓ ને
પણ બનાવ્યા. 17 ને દેવે પૃથ્વી પર અજવાળું આપવાને, 18 તથા દહાડા
તથા રાત પર અમલ ચલાવવાને, ને અજવાળું તથા અંધારું જુદા કર-
વાને, આકાશના અંતરીક્ષમાં તેઓને સ્થિર કીધા; ને દેવે જોયું કે સારું
છે. 19 ને સાંજ હતી, તથા સવાર હતી, ચોથો દિવસ. 20 અને દેવે કહ્યું કે
જીવ્જન્તુઓને પાણી પુષ્કળ ઉપજો, તથા પૃથ્વી પરના આકાશના
અન્રીક્ષમાં પક્ષિયોં ઉડો. 21 ને દેવે મોટા માછલાને તથા હરેક પેટે ચાલ-
નારા જીવ્જન્તુઓને, જે પોતપોતાની જાત પ્રમાણે પાણીએ પુષ્કળ
ઉપજાવ્ય તથા પોતપોતાની જાત પ્રમાણે હરેક જાતના પક્ષિને ઉત્પન્ન
કીધા; ને દેવે જ્યોં કે તે સારું છે. 22 ને દેવે તેઓને આશીર્વાદ દઈને કહ્યું
કે, સફળ થાઓ, ને વધો ને સમુદ્રમાંના પાણી ભરપુર કરો, ને પૃથ્વી પર
પક્ષિયોં . 23 અને સાંજ હતી તથા સવાર હતી, પાંચમો દિવસ. 24 અને
દેવે કહ્યું કે, પ્રાણીઓને જાત પ્રમાણે, એટલે ગ્રામપશુઓ તથા પેટે ચા-
લનારા તથા વાન્પશુઓ પોતપોતાની જાત પ્રમાણે તેઓને પૃથ્વી ઉપ-
જો; ને તેવું થયું. 25 ને દેવે પોતપોતાની જાત પ્રમાણે વાન્પશુઓને,
તથા પોતપોતાની જાત પ્રમાણે પૃથ્વી પરના બધા પેટે ચાલનારને
બનોયા; ને દેવે જોયું કે તે સારું છે. 26 અને દેવે કહ્યું કે, આપને પોતાના
સ્વારૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ, ને તેઓ સમુદ્રના
માછલા પર, તથા આકાશના પક્ષિયોં પર, તથા ગ્રામ્પશુઓ પર તથા
આખી પૃથ્વી પર, તથા પૃથ્વી પર પેટે ચાલનારાં સઘળા પરનો પર
અમલ ચલાવે. 27 એમ દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન
કીધું, દેવના સ્વરૂપ પ્રમાણે તેણે તેને ઉત્પન્ન કરી, તેણે તેઓને નરનારી
ઉત્પન્ન કીધા. 28 ને દેવે તેઓને આશીર્વાદ દીધો, ને દેવે તેઓને કહ્યું કે,
સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપુર કરો, ને તેને વશ કરો; ને સમુ-
દ્રનામાછલા પર, તથા આકાશના પક્ષિયોન પર તથા પૃથ્વી પર ચાલ-
નારાં સઘળા પ્રાણિયો પર અમલ ચલાવો. 29 ને દેવે કહ્યું કે, જાઓ,
હરેક બીજદાયક શાક જે આખી પૃથ્વી પર છે, ને હરેક વૃક્ષ જેમાં વૃક્ષના
બીજદાયક ફળ છે, તેઓને મેં તમને આપ્યા છે, તેઓ તમને ખોરાકને
સારું થશે. 30 ને પૃથ્વીનું હરેક પશુ, તથા આકાશ્માંનું હરેક પક્ષીતથા
પૃથ્વી પર પેટે ચાલનારું હરેક પ્રાણી જેમાં જીવનો શ્વાસ છે, તેઓને ખો-
રાકને સારું મેં સર્વ લીલોતરી આપી છે; ને તેવું થયું. 31 અને દેવે, જે
સર્વ ઉત્પન્ન કીધું તે જોયું; ને, જુઓ, તે ઉત્તમોત્તમ. અને સાંજ હતી,
તથા સવાર હતી, છઠ્ઠો દિવસ.

2 અને આકાશ તથા પૃથ્વી તથા તેઓનાં સર્વ સૈન્ય પુરાં થયાં. 2 ને
દેવે પોતાનું જે કામ કર્યું હતું તે સાતમે દિવસે પૂરું કીધું; ને પોતા-
નાં સર્વ કરેલા કામોથી સાતમે દિવસે તે સ્વસ્થ રહ્યો. 3 ને દેવે સાતમાં
દિવસને આશીર્વાદ દીધો, ને તેને પવિત્ર ઠરાવ્યો, કેમકે તેમાં દેવ પો-
તાના બધા ઉત્પન્ન કરવાના તથા બનાવવાના કામથી સ્વસ્થ રહ્યો.
4 આકાશ તથા પૃથ્વીનું ઉત્પતિવર્ણન આ છે; એટલે જે દિવસમાં યહો-
વાહ દેવે પૃથ્વી તથા આકાશ ઉત્પન્ન કીધા ત્યારે. 5 અને ખેતરનો કોઈ
પણછોડવો હજુ પૃથ્વીમાં થયો નહોતો, વળી ખેતરનો કોઈ પણ શાક
ઉગ્યું નહોતું; કેમકે યહોવાહ દેવે પૃથ્વી પર વરસાદ વરસાવ્યો ન હતો ને
ભોઈ ખેડ્વાને કોઈ માણસ ન હતું. 6 પણ પૃથ્વીથી ધુંવર ચઢતી ને ભો-
ઈની આખી સપાટી ભિંજવતી 7 ને યહોવાહ દેવે ભૂમિની માટીથી માણ-
સને બનાવ્યું, ને તેના નસકોરાંમાં જીવનો શ્વાસ ફૂક્યો, ને માનસ
સજીવ પરની થયું. 8 ને યહોવાહ દેવે પુર્વતરફ એદેનમાં એક વાડી બના-
વી, ને તેમાં પોતાના બનાવેલા માણસને રાખ્યું. 9 ને યહોવાહ દેવે ભૂ-
મિમાંથી સર્વ પ્રકારનું વૃક્ષ જે જોવામાં સુંદર તથા ખાધમાં સારાં; વળી
વાડીની વચમાં જીવનનું વૃક્ષ તથા ભલું ભુંડું જાણવાનું વૃક્ષ ઉગાવ્યાં
10 ને વાળીને પાણી પાવા સારું, એક નદી એદેનમાંથી નીકળી, ને
ત્યાંથી પુટીને તેના ચાર ફાંટા થયાં. 11 પહેલીનું નામ પીશોન, તે આખા
હવીલાહ દેશને ઘેરે છે, જ્યાં સોનું છે; 12 ને તે દેશનું સોનું સારું, ને ત્યાં
બદોલાખ તથા અકીક પાષાણ છે. 13 બીજી નદીનું નામ ગીહોન, તે
આખા કૂશ દેશને ઘેરે છે. 14 ત્રીજી નદીનું નામ હિદ્દેકેલ, તે આશુર દેશની
પુર્વતરફ વહે છે. ને ચોથી નદીનું નામ ફ્રાત છે. 15 ને એદેનવાડી ખેડવા-
ને, તથા તેનું રક્ષણ કરવાને, યહોવાહ દેવે તે માણસને તેમાં રાખ્યો.
16 ને યહોવા દેવે તે માણસને આ હુકુમ આપ્યો કે, વાડીના હરેક વૃક્ષથી
તું ખાય કર; 17 પણ ભલું ભુંડું જાણવાના વૃક્ષનું તું ખાતો ના કેમકે તું
ખાશે, તેજ દિવસે મરશેજ મારશે. 18 અને યહોવાહ દેવે કહ્યું કે, માણસ
એકલો રહે, તે સારું નથી; તેને યોગ્ય એક સહાયકારી સૃજાવીશ. 19 ને
યહોવાહ દેવે ખેતરના હરેક જાનવરને , તથા આકાશના હરેક પક્ષીને ભૂ-
મિમાંથી ઉત્પન્ન કીધાં; ને તે માણસ તેઓનો નામ શું પાડશે, એ જોવાને
તેઓને તેની પાસે લાવ્યા; અને તે માણસે હરેક જાનવરને જે કહ્યું તે તે-
નું નામ પડ્યું. 20 ને તે માણસે સર્વ ગ્રામપશુનાં, તથા આકાશનાં પક્ષી-
ઓનાં, તથા સર્વ વનપશુઓનાં નામ પાડ્યાં; પણ આદમને યોગ્ય
સહાયકારી મળી નહિ. 21 ને યહોવાહ દેવે આદમને ભાર ઉંઘમાં નાખ્યો;
ને તે ઊંઘી ગયા પછી તેણે તેની પાંસળીઓમાંની એક લઈને તેને ઠેકા-
ણે માંસ ભર્યું; 22 ને યહોવાહ દેવે જે પાંસળી માણસમાંથી લીધી હતી,
તેની એક સ્ત્રી બનાવીને માણસની પાસે લાવ્યો. 23 ને તે માણસે કહ્યું
કે, આ મારા હાડ્કામાંનું હાડકું ને મારા માંસ્માનું માંસ છે; તે નારી કેહ-
વાશે, કેમકે તે નરમાંથી લીધેલી છે. 24 એ સારું માણસ પોતાના માંબા-
પને છોડીને, પોતાની વહુને વળગી રેહશે, ને તેઓ એક દેહ થશે. 25 ને
તે માણસ તથા તેની વહુ બંને નાગાં હતા, પણ લાજતા ના હતા.

3 હવે યહોવા દેવના બનાવેલાં સર્વ ખેતરનાં જાનવરો કરતા સર્પ
દુર્ત હતો; ને તેને સ્ત્રીને કહ્યું કે, શું દેવે તમને ખરેકર એવું કહ્યું છે
કે વાડીના હરેક વૃક્ષ પરનું તમારે ના ખાવું? 2 સ્ત્રીએ સર્પને કહ્યું કે, વા-
ડીનાં વૃક્ષનાં ફળ ખાવાની અમને રાજા છે; 3 પણ દેવે કહ્યું છે કે, વાડી-
ની વચ્ચેના વૃક્ષના ફળને તમારે ખાવું કે અડકવું નહિ, રખે તમે મરો.
4 ને સર્પે સ્ત્રીને કહ્યું કે, તમે નહિજ મારશો; 5 કેમકે દેવ જાણે છે કે તમે
ખાશો તેજ દિવસે તમારી આંખો ઉઘડી જશે, ને તમે દેવા સરખાં ભલું
ભુંડું જાણનારા થશો. 6 અને તે વૃક્ષનું ફળ ખાવાને વાસ્તે સારું, ને જો-
વામાં સુંદર, ને જ્ઞાન આપવાને ઈચ્છવાજોગ વૃક્ષ છે, તે જોઇને સ્ત્રીએ
ફળ તોડીને ખાધું, ને તેની સાથે પોતાનો વર હતો તેને પણ આપ્યું, ને
તેણે ખાધું. 7 ત્યારે તે બન્નેની આંખો ઉઘડી ગઈ; ને તેઓએ જાણ્યું કે,
અમે નાંગા છીએ; ને અંજીરના પાતરા સીવીને તેઓએ પોતાને સારું
આચ્છાદન બનાવ્યા. 8 ને દિવસને ટહાડે પહોરે વાડીમાં યહોવા દેવ
ફરતો હતો, તેના આવાજ તેઓએ સંભાળ્યો; ને તે માણસ તથા તેની
વહુ દેવની દ્રષ્ટિથી વાડીના વૃક્ષોમાં સંતાઈ ગયા. 9 ને યહોવાહ દેવે
અદમને હાંક મારીને કહ્યું કે, તું ક્યાં છે? 10 ને તેણે કહ્યું કે, મેં વાડીમાં
તારો આવાજ સંભાળ્યો, ને હું નાંગો તે માટે બહીધો, ને હું સંતાઈ ગયો.
11 ને તેને કહ્યું, તેને કોણે કહ્યું કે, તું નાંગો છે? જે વૃક્ષનું ખાવાની મના
મેં તને કીધી હતી, શું, તે તેં ખાધું છે? 12 ને આદમે કહ્યું કે, મારી સાથે રે-
હવા સારૂ જે સ્ત્રી તેં મને આપી છે તેણે મને વૃક્ષ પરનું આપ્યું ને મેં ખા-
ધું. 13 અને યહોવાહ દેવે સ્ત્રીને કહ્યું, આ તે શું કીધું છે? ને સ્ત્રીએ કહ્યું
કે, સર્પે મને ભુલાવી, ને મેં ખાધું. 14 અને યહોવાહ દેવે સર્પને કહ્યું કે, તે
એ કીધું છે, તે માટે તું સર્વ ગ્રામપશુઓ તથા વનપશુઓ કરતા શ્રાપિત
છે; તું પેટે ચાલશે, ને પોતાના સર્વ દિવસ લગી, ધૂળ ખાશે; 15 ને તારી
ને સ્ત્રીની વચ્ચે તથા તારા સંતાનની ને તેના સંતાનની વચ્ચે હું વૈર
કરાવીશ, તે તારું માથું છુંદશે, ને તું તેની એડી છુંદશે. 16 સ્ત્રીને તેણે
કહ્યું કે, હું તારો શોક તથા તારા ગરોદરપણાનું દુઃખ ઘણુંજ વધારીશ, તું
દુઃખે બાળક જણશે, ને તું તારા વરને આધીન થશે, ને તે તારા પર
ધણીપણું કરશે. 17 ને આદમને તેને કહ્યું કે, તે તારી વહુની વાત માની,
ને જે સંબંધી મેં તને આજ્ઞા આપી કે, તારે ના ખાવું એ વૃક્ષનું ફળ ખાધું;
એ સારૂં તારી લીધે ભૂમિ શ્રાપિત થઇ છે; તેમાંથી તું પોતાના આયુષ્ય-
ના સર્વ દિવસોમાં દુઃખે ખાશે; 18 તે કાંટા તથા કંટાળા તારે સારૂં ઉગાવ-
શે; ને તું ખેતરનું શાક ખાશે; 19 તું ભૂમિમાં પાછો જશે ત્યાં સુધી તું તારા
મ્હોનો પરસેવો ઉતારીને રોટલી ખાશે; કેમકે તું તેમાંથી લેવાયો હતો, ને
તું ધૂળ છે, ને પાછો ધૂળમાં જશે. 20 અને તે માણસે પોતાની વહુનું નામ
હવા [એટલે સજીવ] પાડ્યું, કેમકે તે સર્વ સજીવની માં હતી. 21 ને યહો-
વાહ દેવે અદમ તથા તેની વહુને સારું ચામડાનાં વસ્ત્ર બનાવ્યાં, ને તે-
ઓને પેહરાવ્યાં. 22 અને યહોવાહ દેવે કહ્યું કે, જુઓ, તે માણસ આપ-
ણામાંના એકના સરખો ભલું ભુંડું જાણનાર થયો છે; ને હવે રખે તે હાથ
લાંબો કરીને, જીવનના વૃક્ષનું ફળ ખાય ને સદા જીવે; 23 માટે જે ભૂમિ-
માંથી તેને લીધો હતો, તે ખેડવાને, યહોવા દેવે એદેન વાડીમાંથી તેને
કહાડી મુકયો. 24 ને તે માણસને હાંકી કહાડીને તેણે જીવનના વૃક્ષની
વાટને સાચવવા સારૂ કરુબો તથા ચોતરફ ફરનારી અગ્નીરૂપી તરવાર
એદન વાડીની પૂર્વગમ મૂકી.

4 અને આદમે પોતાની વહુ હવાને જાણી; ને તે ગર્ભવતી થઇ, ને
કાઈનને જણી, ને કહ્યું કે, યહોવાની [ કૃપાથી ] મને પુત્ર મળ્યો
છે. 2 પછી તે તેના ભાઈ હાબેલને જાણી. ને હાબેલ ઘેંટાપાલક હતો,
પણ કાઈન ખેડૂત હતો. 3 અને આગળ જતા એમ થયું કે, કાઈન યહો-
વાહ સારૂ ભૂમિનાં ફળમાંથી કઈ અર્પણ લાવ્યો. 4 ને હાબેલ પણ પોતા-
ના ઘેટાં બકરાંમાંનાં પેહલાં જન્મેલાં તથા પુષ્ટ લાવ્યો. ને યહોવયે હા-
બેલને તથા તેના અર્પણને માન્ય કીધા. 5 પણ કાઈનને તથા તેના
અર્પણને માન્ય ન કીધા. માનતે કંઈને બહુ રોષ ચઢ્યો, ને તેનું મ્હો
ઉતરી ગયું. 6 ને યહોવાહે કાઈનને કહ્યું કે, તને શા સારૂ રોષ ચઢ્યો છે,
ને તારું મ્હો શા સારૂ ઉતરી ગયું છે? 7 જો તું સારું કરે, તો તું માન્ય નહિ
થશે શું? પણ જો સારું ના કરે, તો પાપ તારે દ્ધારે રહે છે, અને તારી તરફ
તેની ઈચ્છા થશે, અને તે પર તું ધણીપણું કરશે,. 8 ને કાઈને પોતાના
ભાઈ હબેલ સાથે વાત કરી; ને તેઓ ખેતરમાં હતા ત્યારે એમ થયું કે કા-
ઈને પોતાના ભાઈ હાબેલ સામે ઉઠીને તેને મારી નાખ્યો. 9 ને યહોવાહે
કાઈનને કહ્યું, તારો ભાઈ હાબેલ ક્યાં છે,? ને તેણે કહ્યું કે હું જાણતો
નથી; શું હું મારા ભીનો રખેવાળ ચુ? 10 અને તેણે કહ્યુ, આ તે શું કર્યું
છે? તારા ભાઈનું રક્ત ભૂમિમાંથી માની હાંક મારે છે,. 11 ને હવે તારા
ભાઈનું રક્ત તારા હાથથી લેવાને જે ભૂમિએ પોતાનું મ્હો ઉઘાડયું છે,
તેથીજ તું શ્રાપિત થયો છે,; 12 હવે પછી ભૂમિને જયારે તે ખેડશે, ત્યારે
તે પોતાનું બળ તને આપનાર નથી; ને તું પૃથ્વી પર ભટકતો તથા ના-
સતો ફરીશ. 13 ને કાઈને યહોવાહને કહ્યું કે, હું સહી શકું તે કરતા મારા
સજા વધારે છે. 14 જો, આજ તે પૃથ્વીથી હાકી કાઢ્યો છે, અને તારા મ્હો
આગળથી હું સંતાઇશ, ને પૃથ્વી પર ભટકતો તથા નાસતો ફરીશ; ને
એમ થશે કે જે કોઈ મને દેખશે તે મને મારી નાખશે. 15 ત્યારે યહોવાહે
તેને કહ્યું કે, જે કઈ કાઈનને મારી નાખશે, તેને સાત ગણી સજા થશે. ને
યહોવાહે કાઈનને સારું ચિન્હ ઠરાવ્યું, રખે તેને જોઇને કોઈ તેને મારે.
16 અને યહોવાહ આગળથી કાઈન નીકળ્યો, ને એદનની પુર્વગમ નોદ
દેશમાં રહ્યો. 17 ને કાઈને પોતાની વહુને જાણી; ને તે ગર્ભવતી થઇ, ને
હાનોખને જણી; ને તેણે એક નગર બાંધ્યું, ને તે નગરનું નામ પોતાના
દીકરાના નામ ઉપરથી હાનોખ પાડ્યું. 18 ને હાનોખથી ઈરાદ જન્મ્યો,
ને ઈરાદથી મહુયાએલ થયો; ને મહુયાયેલથી મથુશાએલ થયો; ને
મથુંશાએલથી લામેખ થયો. 19 ને લામેખે પોતાને સારું બે સ્ત્રી લીધો,
એકનું નામ આદાહ અને બીજીનું નામ સિલ્લાહ હતું. 20 ને આદાહ યાબ-
લને જણી; તે તંબુમાં રેહનારાઓનો, તથા ઢોર રાખનારાઓનો બાપ
હતો. 21 ને તેના ભાઈનું નામ યુબાલ હતું; તે સર્વ તારનાં તથા પવનનાં
વાજાં વગાડનારાઓનો બાપ હતો. 22 ને સિલ્લાહ પણ તુબાલકાઈનને
જણી; તે સર્વ ત્રાંબા તથા લોઢાનાં હથિયાર ઘડનારાઓનો શિખવનાર
હતા, તે તુબાલકાઈનની બહેન નાઅમાહ હતી. 23 ત્યારે લામેકે પોતાની
વહુઓને કહ્યું કે, આદાહ તથા સિલ્લાહ, તમે મારી વાણી સાંભળો; લા-
મેખની સ્ત્રીઓ, મારા વ્વાતને કાન ધારો; કેમકે મને ઘએલ કરવાના
બદલામાં માણસને, તથા મને વ્યથા કરવાના બદલામાં જુવાનને મારી
નાખ્યો છે; 24 જો કાઈનને [મારવાનો] બદલો સાત ગણો લેવાશે, જરૂર
લામેખનો સીત્તોતેરગણો લેવાશે, 25 અને અદમે ફરી પોતાની વહુને જા-
ણી, ને તે દીકરો જણી ને તેનું નામ શેથ પાડ્યું; કેન્કે તે બોલી કે, હા-
બેલ જેને કાઈને મારી નાખ્યો, તેને ઠેકાણે દેવે મને બીજો દીકરો આપ્યો
છે. 26 શેથને પણ દીકરો થયો; ને તેનું નામ તેણે અનોશ પાડ્યું; ત્યારે
લોક યહોવાહનું નામ લેવા લાગ્યા.

5 આદમની વંશાવળી આ પ્રમાણે છે; દેવે માણસને ઉત્પન્ન કીધું,
તે દિવસે દેવની પ્રતિમા પ્રમાણે તેણે તેને બનાવ્યું; 2 પુરુષ તથા
સ્ત્રી તેણે તેઓને ઉત્પન્ન કાર્યા, ને તેઓને આશીર્વાદ દીધો, ન તેઓની
ઉત્પત્તિના દીવસે તેઓનું નામ આદમ પાડ્યું. 3 ને આદમ એક સૌ ત્રીસ
વર્ષનો થયો, ત્યારે તેને પોતાની પ્રતિમા તથા સ્વરૂપ પ્રમાણે દીકરો
થયો; ને તેણે તેનું નામ શેથ પાડ્યું. 4 ને શેથનો જન્મ થયાં પછી આદ-
મના દિવસ આઠસેં વર્ષ હતાં, ને તેને દીકરા દીકરીઓ થયાં. 5 ને આદ-
મના સર્વ દિવસ નવસેં ત્રીસ વર્ષ હતા; ને તે મરી ગયો. 6 અને શેથ એક
સૌ પાંચ વર્ષના થયો ત્યારે તેને આનોશ થયો; 7 ને અનોશનો થયાં
પછી, શેથ આઠસે સાત વર્ષ જીવ્યા, ને તેને દીકરા દીકરીઓ થયા. 8 ને
શેથના સર્વ દહાડા નવસેં બાર વર્ષ હતાં; ને તે મારી ગયો. 9 અને
અનોશ નેવું વર્ષનો થયો, ને તેને કેનાન થયો; ને કેનાનનો જન્મ થયાં
પછી, અનોશ આઠસેં પંદર વર્ષ જીવ્યો 10 ને તેને દીકરા દીકરીઓ થયાં.
11 ને અનોશના સર્વ દહાડા નવસેં પાંચ વર્ષ હતા; ને તે મરી ગયો.
12 અને કેનાન સિત્તેર વર્ષનો થયો ત્યારે તેને માહલાલએલ થયો; 13 ને
માહલાલએલનો જન્મ થયાં પછી, કેનાન આઠસે ચાળીસ વર્ષ જીવ્યો,
ને તેને દીકરા દીકરીઓ થયાં. 14 ને કેનાનના સર્વ દહાડા નવસેં દશ વર્ષ
હતા; ને તે મારી ગયો. 15 અને મહલાલએલ પાંસઠ વર્ષનો થયો, ત્યારે
તેને યારેદ થયો; 16 ને યારેદનો જન્મ થયા પછી માહલાલએલ આઠસે
ત્રીસ વર્ષ જીવ્યો, ને તેને દીકરા દીકરીઓ થયાં. 17 માહલાલએલના
સર્વ દહાડા આઠસે પંચાણું વર્ષ હતા; ને તે મારી ગયો. 18 અને યારેદ
એક સૌ બાસઠ વર્ષનો થયો, ત્યારે તેને હનોખ થયો; 19 ને હનોખનો
જન્મ થયાં પછી, યારેદ આઠસે વર્ષ જીવ્યો, ને તેને દીકરા દીકરીઓ
થયાં. 20 ને યારેદના સર્વ દહાડા નવસે બાસઠ વર્ષના હતા; ને તે મારી
ગયો. 21 અને હનોખ પાંસઠ વર્ષનો થયો ત્યારે તેને મથુશેલાહ થયો;

22 ને મથુશેલાહનો જન્મ થયાં પછી, હનોખ ત્રણસેં વર્ષ દેવની સંઘાતે
ચાલ્યો, ને તેને દીકરા દીકરીઓ થયાં. 23 ને હનોખના સર્વ દહાડા ત્રણ-
સેં પાંસઠ વર્ષ હતા. 24 ને હનોખ દેવની સંઘાતે ચાલ્યો, ને તે અણદીઠ
થયો, કેમકે દેવે તેને લઇ લીધો. 25 અને મથુશેલાહ એક સૌ સત્યશી
વર્ષનો થયો, ત્યારે તેને લામેખ થયો; 26 ને લામેખનો જન્મ થયાં પછી,
મથુશેલાહ સાતસેં બ્યાસી વર્ષ જીવ્યો, ને તેને દીકરા દીકરીઓ થયાં.
27 ને મથુશેલાહના સર્વ દિવસ નવસે અગણોતેર વર્ષ હતાં. ને તે મારી
ગયા. 28 અને લામેખ એન સૌ બ્યાસીવર્ષનો થયો, ત્યારે તેને દીકરો
થયો. 29 ને તેણે તેનું નામનૂહ [એટલે વિસામો] પાડ્યું, ને કહ્યું કે, જે
ભૂમિને યહોવાહે શ્રાપ દીધો, તેમાં અમારા કામ તથા હાથોના ઉદ્યોગ
સબંધી એજ અમને દિલાસો આપશે. 30 ને નુહનો જન્મથયાં પછી, લા-
મેખ પાંચસે પંચાણું વર્ષ જીવ્યો, ને તેને દીકરા દીકરીઓ થયાં. 31 ને
લામેખના સર્વ દિવસ સાતસેં સિત્તોતેર વર્ષ હતા; ને તે મારી ગયો.
32 અને નૂહ પાંચસેં વર્ષનો થયો; ને નુહને શેમ તથા હામ તથા યાફેથ
થયા.

6 જયારે ભૂમિ પર માણસો વધવા લાગ્યાં, ને તેઓને દીકરીઓ
થઇ, ત્યારે એમ થયું, 2 કે દેવના દીકરાઓએ માણસોની દીકરી-
ઓને જોઈ, કે તેઓ સુંદર છે,; ને જે સર્વને તેઓએ પસંદ કરી તેઓમાંથી
તેઓએ બાયડી લીધી. 3 અને યહોવાહે કહ્યું કે , મારો આત્મા માણસ-
ની સાથે સદા વાદ નહિ કરશે; કેમકે તે માંસનું છે; તથાપિ તેઓનાં દિ-
વસ એક સૌ વીસ વર્ષ થશે. 4 તે દિવસોમાં પૃથ્વીમાં મહાવીર હતા, ને
દેવના દીકરાઓ માણસની દીકરીઓ પાસે ગયા, ને તેઓથી છોકરાં
થયાં, કે જેઓ પુરાતન કાળના બળવાનો, નામાંકિત પુરુષો હતા. 5 ને
યહોવાહે જોયું કે , માણસની ભૂંડાઈ પૃથ્વીમાં ઘણી થઈ; અને તેઓનાં
હૃદયના વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડીજ છે. 6 અને યહોવાહે પૃ-
થ્વી પર માણસને ઉત્પન્ન કીધા, તેનો તેને પશ્ચાતાપ થયો, ને હૃદયમાં
તે ખેદિત થયો. 7 ને યહોવાહે કહ્યું કે, જે માણસને મેં ઉત્પન્ન કીધા, તેનો
પૃથ્વી પરથી હું સંહાર કરીશ, માણસથી તે પશુ, પેટે ચાલનારાં તથા
આકાશના પક્ષિઓને સુધી [ તે સર્વનો સંહાર કરીશ]; કેમકે તેઓને
ઉત્પન્ન કીધાથી મને પશ્ચાતાપ થઇ છે. 8 પણ નૂહ યહોવાહની દૃષ્ટિમાં
કૃપા પામ્યો. 9 નુહની વંશાવળી આ પ્રમાણે છે, પોતાના જમાનામાં નૂહ
ન્યાયી તથા સીધો માણસ હતો; ને નૂહ દેવની સાથે ચાલતો. 10 ને નુહ-
ને શેમ તથા હામ તથા યાફેથ એ ત્રણ દીકરા થયાં. 11 પણ દેવની સમ-
ક્ષ પૃથ્વી દુષ્ટ થઇ, ને પૃથ્વી જુલમથી ભરપૂર થઇ હતી. 12 દેવે પૃથ્વી
પર જોયું, ને જુઓ, તે દુષ્ટ હતી, કેમકે સર્વ માણસે પૃથ્વી પર પોતાની
ચાલ દુષ્ટ કીધી હતી. 13 અને દેવે નુહને કહ્યુ કે , મારી આગળ સર્વ જી-
વનો અંત આવ્યો છે, કેમકે તેઓને લીધે પૃથ્વી જુલમેં ભરેલી છે, ને
જુઓ, તેઓને પૃથ્વી સુદ્ધા સંહાર કરીશ. 14 તું પોતાને સારું દેવદારના
લાકડાનું વહાણ બનાવ; તે વહાણમાં ઓરડી કરીને તેને માંહે તથા
બહારથી ડામર ચોપડ. 15 ને આ પ્રમાણે તું તેને બનાવ, એટલે વહાણ-
ની લંબાઈ ત્રણસે હાથ, ને તેની ચોડાઈ પચાસ હાથ, ને તેની ઉંચાઈ
ત્રીસ હાથ. 16 વહાણમાં તું બારી કર, ને ઉપર એક હાથમાં તું તેને પૂરી
કર, ને વહાણનું દ્વાર તેના એક પાસામાં મૂક; ને તેના નીચેલો તથા બી-
જો તથા ત્રીજો એવા ત્રણ માળ તું કર. 17 ને જુઓ, સર્વ જીવ જેમાં જીવ-
નનો શ્વાસ છે, તેઓનો સંહાર આકાશ તળેથી કરવા સારું હું પૃથ્વી પર
જલ્પ્રલય લાવીશ; ને પૃથ્વીમાં જે સર્વ છે તે મારશે. 18 પણ હું તારી સા-
થે મારો કરાર સ્થાપીશ; ને તું વહાણમાં આવ, તું, તથા તારી સાથે તારા
દીકરા, તથા તારી વહુ, તથા તારા દીકરાની વહુઓ. 19 અને સર્વ જાતના
જાનવરોમાંથી બબે તારી સાથી બચાવવાને સારું, તું વાહણમાં લાવ,
તેઓ નરનારી હોય. 20 પોતપોતાની જાત પ્રમાણે પક્ષીઓ, તથા પોત-
પોતાની જાત પ્રમાણે પશુઓ, તથા પોતપોતાની જાત પ્રમાણે પેટે ચા-
લનારામાંથી સર્વ જાતના બબે જીવબચાવવા સારું તારી પાસે આવે.
21 ને સર્વ જાતનું ખાવાનું જે ખાવામાં આવે છે તે લઇ પોતાની પાસે
એકઠું કરી રાખ, એટલે તારે સારું તથા તેઓને સારું તે ખોરાક થશે.
22 નુહે એમજ કીધું; દેવે તેને જે સર્વ આજ્ઞા આપી હતી, તે પ્રમાણે તે કી-
ધું.

7 અને યહોવાહે નુહને કહ્યું કે, તું એ તારા આખા ઘરનાં વહાણમાં
આવો; કેમકે આ પેઢીમાં મેં તને મારી સમક્ષ ન્યાયી જોયો છે.
2 સર્વ શુદ્ધ પશુઓમાંથી સાત સાત નાર નારી ને અશુદ્ધ પશુઓમાંથી
બબે નર નારી તું પોતાની સાથે લે. 3 ને આકાશનાં પક્ષીઓમાંનાં સાત
સાત નાર માદા, આખી પૃથ્વી પર બીજ રાખવા સારું લે. 4 કેમકે સાત
દહાડા પછી હું પૃથ્વી પર ચાળીસ દહાડા અને ચાળીસ રાત લગી વર-
સાદ વરસાવીશ, ને જે સર્વ પ્રાણીઓ મેં ઉત્પન્ન કીધા છે, તેઓને નાશ
પૃથ્વી પરથી હું કરીશ. 5 અને યહોવાહે હે સર્વ આજ્ઞા તેને આપી હતી તે
પ્રમાણે નુહે કીધું. 6 અને પૃથ્વી પર જળપ્રલય થયો, ત્યારે નૂહ છસેં
વર્ષનો હતો. 7 અને નૂહ તથા તેના દીકરા તથા તેની સ્ત્રી, તથા તેના
દીકરાઓની સ્ત્રીઓ જળપ્રલયને લીધે વહાણમાં ગયા. 8 શુદ્ધ પશુઓ
તથા અશુદ્ધ પશુઓ, તથા પક્ષીઓ, તથા પૃથ્વી પર સર્વ પેટે ચલનારાં,
9 તેઓમાને બબે એટલે નાર તથા માદા, જેમ દેવે નુહને આજ્ઞા આપી,
તેમ નુહની પાસે વહાણમાં આવ્યા. 10 ને એક થયું કે સાત દહાડા પછી
પૃથ્વી પર જળપ્રલય થયો. 11 નુહના આયુષ્યના છસેંમાં વર્ષમાં તેના
બીજા મહિનાને સત્તરમેં દહાડે, તેજ દહાડે મોટો જલનિધિના ઝરા ફૂટું
નીકળ્યા અને આકાશનો દ્વારો ઉઘડી ગયાં. 12 ને ચાળીસ દહાડા તથા
ચાળીસ રાત પૃથ્વી પર વરસાદ થયો. 13 તેજ દહાડે નૂહ અને તેના દીક-
રા શેમ, હામ ને યાફેથ, તથા નુહની વહુ તથા તેના દીકરાઓની ત્રણ
વહુઓ વહાણમાં ગયાં. 14 તેઓ તથા પોતપોતાની જાત પ્રમાણે હરેક
જનાવર, તથા પોતપોતાની જાત પ્રમાણે સર્વ પશુ, પોતપોતાની જાત
પ્રમાણે હરેક પેટે ચાલનારું, જે પૃથ્વી પર ચાલે છે તે, ને પોતપોતાની
જાત પ્રમાણે હરેક જાતના મોટાં તથા નાનાં પક્ષીઓ[ગયા]. 15 ને સર્વ
દેહધારી જાત જેમાં જીવનનો શ્વાસ છે, તેમાંથી બબે નૂહ પાસે વહાણમાં
ગયા. 16 ને જે તેમાં તે સર્વ પ્રાણીમન, નરનારી, જેમ દેવે તેને આજ્ઞા
આપી હતી, તેમ તેઓ ગયા; ને યહોવાહે તેને તેમાં બંદ કીધો. 17 ને પૃ-
થ્વી પર ચાળીસ દહાડો લગી જળપ્રલય હતો, ને પાણીએ વધીને વહા-
ણને તરતું કીધું, ને પૃથ્વી પરથી ઉચકાયું. 18 ને પાણી વધ્યું ને પૃથ્વી
પર બહુત ચઢ્યું, ને પાણીમાં વહાણ ચાલ્યું. 19 ને પૃથ્વી પર પાણી ઘણું
ચઢ્યું, ને આખા આકાશ તળેના સર્વ ઊંચાં પહાડ ઢંકાઈ ગયા. 20 [પર્વ-
તો પર] પંદર હાથ સુધી પાણી ચઢ્યું, ને પહાડો ઢંકાઈ ગયા. 21 ને પૃ-
થ્વી પર ફરનારા પ્રાણીઓ, એટલે પક્ષી તથા ઢોર તથા વનપશુ, તથા
જીવજંતુ જે પૃથ્વી પર હોય છે, તેઓ તથા સર્વ માણસ મારી ગયા;
22 કોરી જમીન પર સર્વ રેહનાર, જેઓના નસકોરામાં જીવનનો શ્વાસ
હતો, તેઓ મરી ગયા. 23 ને પૃથ્વીના સર્વ જીવ નષ્ટ થયાં, ને નૂહ તથા
તેની સાથે જે વહાણમાં હતા માત્ર તેઓજ બચ્યાં. 24 ને દોઢસો દહાડા
લગી પૃથ્વી પર પાણીનું જોર ચાલ્યું.

8 અને નૂહ તથા જે તેની સાથે સર્વ પ્રાણી તથા સર્વ પશુ વહાણમાં
હતા તેઓને દેવે સંભાર્યા; ને દેવે પૃથ્વી પર પવન ચલાવ્યો, ને
પાણી ઉતરી ગયા; 2 વળી જળનિધિના ઝરા, તથા આકાશના દ્વારો બંદ
થયાં, ને આકાશમાંથી [પડતો] વરસાદ રહી ગયો. 3 ને પૃથ્વી પરથી પા-
ણી ઘટતા જતા હતા, ને દોઢસો દહાડા પછી પાણી ઓસર્યા. 4 ને સાત-
માં મહિનાને સતામેં દહાડે વહાણ અરારાટના પહાડો પર થંભ્યું. 5 ને
દસમાં મહિનાને લગી પાણી ઓસરતા ગયા; દસમાં મહિનાને પહેલે
દહાડે પહાડોના શિખર દેખાયાં. 6 ને એમ થયું કે ચાળીસ દહાડા પછી
નુહે વહાણમાં જે બારી તેણે કરી હતી તે ઉઘાડી; 7 ને તેણે એક કાગડાને
બહાર મોકલ્યો, ને પૃથ્વી પરના પાણી સુકાયા ત્યાં લગી, તે આમ તેમ
ઉડતો ફર્યો. 8 પછી પૃથ્વી પર પાણી ઓસર્યાં છે કે નહિ, એ જોવા સારું
તેણે એક કબૂતરને પોતાની પાસેથી મોકલ્યું; 9 પણ કબૂતરને પોતાના
પગનું તળિયું મુકવાની જગ્યા મળી નહિ, તે માટે તેની પાસે વહાણમાં
તે પાછું આવ્યું, કેમે આખી પુથ્વી પર પાણી હતું; ત્યારે તેણે પોતાનો
હાથ લાંબો કરીને તેને પકડ્યું ને તેને પોતાની પાસે વહાણમાં લીધું.
10 ને તેણે બીજા સાત દહાડા રાહ જોઈ, ને ફરી કબૂતરને તેણે વાહન-
માંથી મોકલ્યું. 11 ને સાંજે કબુતર તેની પાસે આવ્યું, ને જુઓ તેની
ચાંચમાં જીત વૃક્ષનું તોડેલું એક પાતરું હતું, તેથી નુહે જાણ્યું કે પૃથ્વી
પરથી પાણી ઓસર્યા હતા. 12 ને તેણે બીજા સાત દહાડા રાહ જોઈ;
પછી તેણે કબૂતરને બહાર મોકલ્યું, ને તે તેની પાસે ફરી પાછુ આવ્યું
નહિ. 13 ને એમ થયું કે છંસે ને પેહલા વર્ષના પહેલા મહિનાને પહેલે
દહાડે પૃથ્વી પરથી પાણી સુકાઈ ગયા, તેવારે નુહે વાહણનું છાપરું
ઉઘાડીને જોયું, ને, જુઓ, પૃથ્વીની સપાટી સુકી થઇ હતી. 14 ને બીજા

મહિનાને સત્તાવીસમેં દહાડે ભૂમિ કોરી હતી. 15 અને દેવે નુહને કહ્યું કે,
16 તું તથા તારી સાથે તારી બાયડી, તથા તારા દીકરા તથા તારા દીકરા-
ઓની બય્ડીઓ વાહનમાંથી નીકળો. 17 હરેક જાતના પ્રાણીને, એટલે
પક્ષી તથા પશુ તથા હરેક પેટે ચાલનાર જે પૃથ્વી પર ચાલે છે તે સર્વને
તારી સાથે બહાર લાવ, કે તેઓ પૃથ્વી પર પુષ્કળ વંશ વધારે તથા
સફળ થઇ તથા પૃથ્વી પર વધે. 18 ને નૂહ તથા તેની સાથે તેના દીકરા
તથા તેની બાયડી તતઃ તેના દીકરાઓની બય્ડીઓ નીકળ્યા. 19 સર્વ
પ્રાણીઓ, સર્વ પેટે ચાલનારાં, સર્વ પક્ષીઓ, તથા જે જે પૃથ્વી પર ચાલે
છે, તે સર્વ પોતપોતાની જાત પ્રમાણે વહાણમાંથી નીકળ્યા. 20 અને નુહે
યહોવાહને સારૂ એક વેદી બાંધી, ને સર્વ શુદ્ધ પશુઓમાંથી, તથા સર્વ
શુદ્ધ પક્ષીઓમાંથી કેટલો એકને લઈને વેદી પર હોમ કીધા. 21 અને
યહોવાહને તેને સુગંધ આવી, ને પોતાના મનમાં યહોવાહે કહ્યું કે, મા-
ણસને લીધે હું પૃથ્વીને ફરી શ્રાપ નહિ દઈશ, કેમકે માણસના મનની
કલ્પના તેને બાળપણથી ભૂંડી છે; પણ જેમ મે સર્વ પ્રાણીઓને સંહાર
કર્યો છે તેમ હું ફરી કદી નહિ કરીશ. 22 પૃથ્વી રહેશે ત્યાં લગી વાવણની
તથા કાપણી, ટાઢ તથા ગરમી ઉન્હાળોતથા શિયાળો ને દહાડો તથા
રાત થયાં વગર રહેશે નહિ.

9 અને દેવે નુહને તથા તેના દીકરાઓને આશીર્વાદ દીધો, ને તેઓ-
ને કહ્યું કે, સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપુર કરો. 2 અને
પૃથ્વીના સર્વ પશુઓ, તથા આકાશના સર્વ પક્ષીઓ, તથા પૃથ્વી પર
સર્વ પેટે ચાલનારાં, થતા સમુદ્રના સર્વ માછલા, એ સર્વ તમારાથી બી-
હીશે તથા ડરશે; તેઓ તમારા હાથમાં આપેલા છે 3 પૃથ્વી પર હરેક ચા-
લનારાં પ્રાણી તમારે સારૂ ખોરાકને માટે થશે; લીલી શાકના પેઠે મે તમ-
ને સઘળા આપ્યા છે. 4 પણ માંસ તેના જીવ સુદ્ધાં, એટલે રક્ત સુદ્ધાં ના
ખાશો. 5 અને તમા જીવના રક્તનો બદલો હું ખચિત માંગીશ; હરેક પશુ-
ની પાસેથી હું એ માંગીશ, ને માણસની પાસેથી, એટલે હરેક માણસના
ભાઈ પાસેથી માણસના જીવનો બદલો હું માંગીશ. 6 જે કોઈ માણસના
રક્ત વહેવડાવે, તેનું રક્ત માણસથી વહેવડાવશે.; કેમકે દેવે પોતાની
પ્રતિમા પ્રમાણે માણસને ઉત્પન્ન કીધું. 7 અને તમે સફળ થાઓ ને
વધો, ને પૃથ્વીમાં વંશ પુષ્કળ વધારો ને તેમાં વધતા જાઓ. 8 અને નૂહ
તથા તેના દીકરાઓને દેવે કહ્યું કે, 9 જુઓ, તમારી સાથે તથા તમારી
પછવાડે તમારા સંતાનની સાથે, હું મારો કરાર સ્થાપન કરુ ચુ; 10 તમા-
રી સાથેના હરેક સજીવ પ્રાણી સાથે, એટલે પક્ષી તથા ઢોર તથા પૃથ્વી-
ના સર્વ જનાવર, ને વહાણમાંથી નીકળેલા સર્વ જનાવર, તે સર્વની સા-
થે, હું [મારો કરાર સ્થાપન કરું છુ] 11 અને તમારી સાથે હું મારો કરાર
સ્થાપન કરુ ચુ, જે જળપ્રલય પ્રાણીથી સર્વ પ્રાણીઓનો નાશ ફરી નહિ
થશે, ને પૃથ્વીનો નાશ કરવાને જળપ્રલય કદી નહિ થશે. 12 અને દેવે
કહ્યું, મારી ને તામી વચ્ચે, ને તમારી સાથે જે હરેક પ્રાણી જે સજીવ છે
તેની ને મારી વચ્ચે જે કરાર પેઢી દર પેઢીને માટે હું કરુ ચુ તેનું ચિન્હ
આ છે; 13 એટલે મારું ધનુષ્યહું વાદળમાં મુકું ચુ, ને તે મારી તથા પૃ-
થ્વીની વચ્ચેના કરારનું ચિન્હ થશે. 14 અને એમ થશે કે પૃથ્વી પર હું
વાદળ લાવીશ, ત્યારે વાદળમાં તે ધનુષ દેખાશે. 15 અને મારી ને તમારી
વચ્ચે, તથા સર્વ દેહધારી પ્રાણીની વચ્ચે મારો કરાર છે તે હું સંભારીશ,
ને સર્વ સજીવ પ્રાણીનો નાશ કરવાને માટે ફરી પ્પાણીનો પ્રલાઈ નહિ
થશે 16 અને ધનુષ્ય વાદળમાં થશે, ને દેવ વચ્ચે તથા પૃથ્વીના સર્વ દે-
હધારીમાંના હરેક સજીવ પ્રાણીની વચ્ચે, જે સર્વકાળના કરાર છે તે
સંભારવાને હું ધનુષ્ય સમાં જોઇશ. 17 અને દેવે નુહને કહ્યું કે, મારી તથા
પૃથ્વીના સર્વે દેહધારીની વચ્ચે જે કરાર મે કર્યો છે તેનું ચિન્હ એ છે.
18 અને નુહના દીકરા જેઓ વહાણમાંથી નીકળ્યા તે શેમ તથા હામ
તથા યાફેથ હતા; ને હામ કાનાનનો બાપ હતો. 19 આ નુહના ત્રણ દીક-
રા હતા; ને એઓથી આખી પૃથ્વીની વસ્તી થઈ. 20 અને નૂહ ખેતી કર-
વા લાગ્યો, ને તેણે દ્રાક્ષવાડી રોપી; 21 ને દ્રાક્ષરસ પીને તે પીધેલો
થયો; તે પોતાના તંબુમાં ઉઘાડો હતો. 22 અને કાનાન કા બાપ હામે પો-
તાનું બાપનું નાગાપણું જોયું ને બહાર [જઈને] પોતાના બેહુ ભાઈઓને
કહ્યું. 23 અને શેમ તથા યાફેથ એક લુગડું પોતાની બંને કાંધે લઈને ને
પાછા પગે જઈને પોતાના બાપનું નાગાપણું ઢાંક્યું; ને તેઓનાં મ્હો ફેર-
વેલા હતા, ને તેઓએ પોતાના બાપનું નાગાપણું ન જોયું. 24 અને નૂહ
તેના દ્રાક્ષરસના કેફમાંથી શુદ્ધિમાં આવ્યો, ને તેના નાના દીકરાએ જે
કર્યું હતું તે તેને જાણ્યું. 25 અને તેણે કહ્યું કે, કાનાન શ્રાપિત હો, 26 વળી
તેણે કહ્યું કે, યહોવાહ, શેમનો દેવ, તેને સ્તુતિ થાઓ; ને કાનાન શિમો
દાસ થાઓ. 27 યાફેથને દેવ વધારો, ને તે શેમના મંડપમાં રહો; ને કા-
નાન તેનો દાસ થાઓ. 28 અને નૂહ જળપ્રલય પછી સાડીત્રણસે વર્ષ
જીવ્યો. 29 અને નુહના સર્વ દિવસ સાડીનવસેં વર્ષ હતાં; પછી તે મારી
ગયો.

10 અને નુહના દીકરા, શેમ,હામ ને યાફેથ એઓની વંશાવળી આ
છે; ને જળપ્રલય પછી તેઓને દીકરા થયાં. 2 યાફેથના દીકરા;
ગોમેર તથા માગોગ તથા માદાય તથા યાવાન તથા તુબાલ તથા મેશેખ
તથા તીરાસ. 3 અને ગોમેરના દીકરા; આસ્કનાજ તથા રીફાથ તથા તો-
ગાર્માહ. 4 અને યાવાનના દીકરા; એલીશાહ તથા તારશીર્શ, કિતીમ
તથા દોદાનીમ. 5 એઓથી વિદેશીઓના ટાપુ, તેઓનાં દેશોમાં સૌ સૌ-
ની ભાષા પ્રમાણે, તેઓનાં કુટુંબો પ્રમાણે, તેઓનાં લોકો પ્રમાણે વે-
હેંચાયા હતા. 6 અને હામના દીકરા; કૂશ તથા મિસરાઈમ તથા પૂટ તથા
કાનાન. 7 અને કૂશના દીકરા; સબા તથા હવીલાહ તથા સબ્તાહ તથા
રાઅમાહ તથા સબ્તેકા; ને રાઅમાહના દીકરા; શબા તથા દદાન. 8 અને
કૂશથી નીમ્રોદ થયો; તે પૃથ્વી પર બળવાન થવા લાગ્યો. 9 તે યહોવાહ-
નો આગળ બળવાન શિકારી થયો; એ માટે કેહવાય છે કે, યહોવાહની
આગળ નીમ્રોદ સરખો બળવાન શિકારી. 10 અને તેના રાજ્યનો આરંભ
શિનઆર દેશનાં બાબેલ તથા એરેખ તથા આક્કાદ તથા કાલ્નેહ એઓ
હતા. 11 એ દેશમાંથી તે અશુરમાં ગયો, ને નિનવેહ તથા રેહોબોથ-ઇર
તથા કાલાહ, 12 ને નિનવેહ તથા કાલાહની વચમાં રેસેન (આ તો મોટું
નગર હતું) તે સર્વ તેણે બાંધ્યા. 13 અને લૂદીમ તથા અનામીમ તથા
લ્હાબીમ તથા નાફતુહીમ, 14 તથા પાથરૂસીમ તથા કાસ્લુહીમ (જ્યાંથી
પલિસ્તીઓ નીકળી ગયા) તથા કાફતોરીમ એ સઘળાઓ મિસરાઈમથી
થયાં. 15 અને કાનાનને પહેલો દીકરો સીદોન થયો, ને પછી હેથ;
16 વળી યબૂસી તથા અમોરી તથા ગિરગાશી, 17 તથા હિવ્વી તથા આર-
કી તથા સીની, 18 તથા આરવાદી તથા સમારી તથા હમાથી; અને ત્યાર
પછી કનાનીઓનાં કુટુંબોનો વિસ્તાર ફેલાયો. 19 અને કાનાનીઓની
સીમ સીદોનથી ગેરાર જતા ગાઝાહ લગી, ને સદોમ તથા ગમોરાહ તથા
આદમાહ તથા સબોઈમ જતા લાશ લગી હતી. 20 આ પ્રમાણે હામના
દિકા પોતાના કુટુંબો પ્રમાણે, તથા પોતાની ભાષા પ્રમાણે, પોતાના દે-
શોમાં તથા પોતાના લોકોમાં છે. 21 અને શેમ જે હેબેરના' સઘળા પુત્રો-
ના પૂર્વજ, અને યાફેથનો વડો ભાઈ હતો, તેને પણ સંતાન થયાં. 22 શે-
મના દીકરા; એલામ તથા આશૂર તથા આર્પાકશાદ તથા લૂદ તથા
આરામ હતા. 23 અને આરામના દીકરા; ઊસ તથા હૂલ તથા ગેથેર તથા
માશ હતા. 24 અને આર્પાકશાદથી શેલાહ થયો, ને શેલાહથી હેબેર થયો.
25 અને હેબેરને બે દીકરા થયાં, એકનું નાં પેલેગ [એટલે વિભાગ] કેમકે
તેના દહાડાઓમાં પૃથ્વીના વિભાગ થયાં.; ને તેના ભાઈનું નામ યોક-
ટાન હતું. 26 અને યોકટાનથી આલ્મોદાદ તથા શેલેફ તથા હસાર્માવેથ
તથા યેરાહ, 27 તથા હદોરામ તથા ઉઝાલ તથા દિકલાહ, 28 તથા
ઓબાલ તથા અબીમાએલ તથા શબા, 29 તથા ઓફીર તથા હવીલાહ
તથા યોબાબ, એઓ થયાં; એ સર્વ યોકટાનના દીકરા હતા. 30 અને મે-
શાપી જતાં સફાર જે પૂર્વનો પહાડ છે, ત્યાં સુધી તેઓનું રહેઠાણ હતું.
31 આ પ્રમાણે શેમના દીકરા પોતાના કુટુંબો પ્રમાણે, તથા પોતાની ભા-
ષા પ્રમાણે, પોતાના દેશોમાં તથા પોતાના લોકો પ્રમાણે છે. 32 પોતાની
પેઢી પ્રમાણે, પોતાના લોકોમાં એ નુહના દીકરાઓનાં કુટુંબો છે.ને તે-
ઓથી જળપ્રલય પછી, પૃથ્વી પરની લોકોના વિભાગો થયાં.

11 અને આખી પૃથ્વીમાં એકજ ભાષા તથા એકજ બોલી હતી.
2 અને એમ થયું કે, તેઓ પૂર્વ તરફ રખડતા શિનઆર દેશનાં
એક મેદાનમાં આવી પહુંચ્યા, ને ત્યાં રહ્યા. 3 અને તેઓએ એક બીજાને
કહ્યું કે, ચાલો, આપણે ઈંટો પાડીએ, ને તે સારી પેઠે પકવીએ. અને
પત્થરને ઠેકાણે તેઓની પાસે ઈંટો હતી, ને છોને ઠેકાણે ડામર હતા.
4 અને તેઓએ કહ્યું કે, ચાલો, આપણે પોતાની સારૂએક શહેર બાંધીએ
તથા જેની ટોચ આકાશ સુધી પહોંચે, એવો બુરૂજ બાંધીએ, એક આપ-
ણે પોતાનું સારું નામ કરીએ, કે આખી પૃથ્વી પર આપણે વેરાઈ ન
જઈએ. 5 અને જે નગર તથા બુરૂજ માણસોના દીકરાઓ બાંધતા હતા
તે જોવાને યહોવાહ ઉતર્યો. 6 અને યહોવાહે કહ્યું કે, જુઓ, આ લોકો

એક છે, ને તે સર્વની ભાષા એક છે, ને તેઓએ આવું કરવા માંડ્યું છે,
તો હવે જે કંઈ તેઓ કરવા ધારે તેમાં તેઓને અટકાવ નહિ થાય. 7 ચા-
લો, આપણે ત્યાં ઉતારીએ, ને તેઓની ભાષા ઉલટાવીએ, કે તેઓ એક
બીજાની બોલી નાં સમજે. 8 એમ યહોવાહે તેઓને ત્યાંથી આખી પૃથ્વી
પર વેરી નાખ્યા, ને તેઓએ નગર બાંધવાનું મૂકી દીધું. 9 એ સારું તેનું
નામ બાબેલ [એટલે ગુંચવણ] પાડ્યું, કેમકે યહોવાહે ત્યાં આખી પૃ-
થ્વીની ભાષામાં ગુંચવણ કરી નાખી; ને યહોવાહે તેઓને ત્યાંથી આખી
પૃથ્વી પર વેરી નાખ્યા. 10 શેમની વંશાવળી આ પ્રમાણે છે; શેમ એકસો
વર્ષનો હતો, ને જલપ્રલાયને બે વર્ષ થયાં પછી તેની આર્પાકશાદ થયો;
11 ને આર્પાકશાદનો જન્મ થયાં પછી શેમ પાંચસે વર્ષ જીવ્યો, ને તેને
દીકરા દીકરીઓ થયાં. 12 અને આર્પાકશાદ પાંત્રીસ વર્ષનો થયો, ત્યારે
તેને શેલાહ થયો; 13 ને શેલાહનો જન્મ થયાં પછી આર્પાકશાદ ચારસે
ત્રણ વર્ષ જીવ્યો, ને તેને દીકરા દીકરીઓ થયાં. 14 અને શેલાહ ત્રીસ
વર્ષનો થયો, ત્યારે તેને હેબેર થયો; 15 ને હેબેરનો જન્મ થયાં પછી શે-
લાહ ચારસે ત્રણ વર્ષ જીવ્યો, ને તેને દીકરા દીકરીઓ થયાં. 16 અને હે-
બેર ચોત્રીસ વર્ષનો થયો, ત્યારે તેને પેલેગ થયો; 17 ને પેલેગનો જન્મ
થયાં પછી હેબેર ચરસે ત્રીસ વર્ષ જીવ્યો, ને તેને દીકરા દીકરીઓ થયાં.
18 અને પેલેગ ત્રીસ વર્ષનો થયો, ને તેને રેઉ થયો, 19 ને રેઉનો જન્મ
થયાં પછી પેલેગ બસેં નવ વર્ષ જીવ્યો, ને તેને દીકરા દીકરીઓ થયાં.
20 અને રેઉ બત્રીસ વર્ષનો થયો, ને તેને સરૂગ થયો, 21 ને સરૂગનો
જન્મ થયાં પછી રેઉ બસેં સાત વર્ષ જીવ્યો, ને તેને દીકરા દીકરીઓ
થયાં. 22 અને સરૂગ ત્રીસ વર્ષનો થયો, ને તેને નાહોર થયો; 23 ને નાહો-
રનો જન્મ થયાં પછી સરૂગ બસેં વર્ષ જીવ્વ્યો, ને તેને દીકરા દીકરીઓ
થયાં. 24 અને નાહોર ઓગણત્રીસ વર્ષનો થયો, ને તેને તેરાહ થયો,
25 ને તેરાગનો જન્મ થયાં પછી નાહોર એકસો ઓગણીસ વર્ષ જીવ્યો,
ને તેને દીકરા દીકરીઓ થયાં. 26 અને તેરાહ સિત્તેર વર્ષનો થયો, ને તેને
ઈબ્રામ તથા નાહોર તથા હારન થયા. 27 હવે તેરાહની વંશાવળી આ પ્ર-
માણે છે; તેરહને ઈબ્રામ તથા નાહોર તથા હારાન થયાં; ને હારાનથી
લોટ થયો. 28 અને હારાન પોતાના બાપ તેરાહની અગાઉ પોતાના
જન્મદેશમાં કસદીઓના ઉર [નગર] માં મારી ગયો. 29 અને ઈબ્રામે તથા
નાહોરે બાયડીઓ કીધી, ઈબ્રામની બાયડીનું નામ સારાય, ને નાહોરની
બાયડીનું નામ મીલ્કાહ, જે હારાનની દીકરી હતી; તે હારાન તો મીલ્કાહ
તથા ચિસ્કાહનો બાપ હતો. 30 પણ સારાય વાંઝણી હતી, તેને કઈ છો-
કરું ના હતું. 31 અને તેરાહ પોતાના દીકરા ઈબ્રામને તથા પોતાના દીક-
રાનો દીકરો લોટ, જે જે હારાનનો દીકરો તેને, તથા પોતાના દીકરા
ઈબ્રામની બાયડી સારાયને લઈને તેઓ સુદ્ધાં કાસદીઓનાં ઉરમાંથી,
કાનાન દેશમાં જવાને નીકળ્યો; ને તેઓ હારાનમાં પહોંચીને ત્યાં રહ્યાં.
32 અને તેરાહના દહાડા બસેં પાંચ વર્ષ થયાં, ને તેરાહ હારાનમાં મારી
ગયો.

12 અને યહોવાહે ઈબ્રામને કહ્યું કે, તું પોતાનો દેશ, તથા પોતાના
સગાં, તથા પોતાના બાપનું ઘર મુકીને, જે દેશ હું તેને દેખાડીશ,
તેમાં જા. 2 અને હું તારાથી એક મોટી કોમ કરીશ, ને તેને આશીર્વાદ
દઈશ, ને તારું નામ મોટું કરીશ, ને તું આશીર્વાદરૂપ થશે. 3 અને જેઓ
તને આશીર્વાદ દે છે, તેઓને હું આશીર્વાદ દઈશ, ને જેઓ તને શ્રાપ ડે
છે તેઓને હું શ્રાપ દઈશ, ને તારામાં પૃથ્વીના સર્વ કુટુંબ આશીર્વાદ પા-
મશે. 4 અને યહોવાહના કહ્યા પ્રમાણે ઈબ્રામ નીકળ્યો, ને તેની સાથે
લોટ ગયો; ને ઈબ્રામ હારાનથી નીકળ્યો, ત્યારે તે પંચોત્તેર વર્ષનો હતો.
5 ને ઈબ્રામે પોતાની બાયડી સારાયને, તથા પોતાના ભત્રીજા લોટને,
તથા તેઓની સર્વ સંપત્તિ જેટલી તેઓએ મેળવી હતી, તથા જે માણસો
તેમને હારાનમાં પ્રાપ્ત થયાં હતા તેઓને સાથે લીધા, ને તેઓ કનાન દે-
શમાં જવાને નીકળ્યા, ને કનાન દેશમાં પહોંચ્યા. 6 અને ઈબ્રામ તે દેશ-
માં થઈને શખેમની જગ્યામાં મોરેહના એલોન ઝાડ લગી ગયો. તે વખતે
કનાનીઓ તે દેશમાં રેહતા હતા. 7 અને યહોવાહે ઈબ્રામને દર્શન આપી-
ને કહ્યું કે, હું તારા વંશને આ દેશ આપીશ, ને જે યહોવાહે ઈબ્રામને
દર્શન આપ્યું હતું તેને સારું તેણે ત્યાં દેવી બાંધી. 8 અને ત્યાંથી નીક-
ળીને બેથેલની પુર્વગમ જે પર્વત છે ત્યાં તે ગયો. ને તેણે ત્યાં તંબુ મા-
ર્યો, ત્યાંથી બેથેલ પશ્ચીમે તથા આય પૂર્વે હતું, ને ત્યાં તેને યહોવાહને
સારું વેદી બાંધી, ને યહોવાહને નામે પ્રાર્થના કીધી. 9 ત્યાર પછી
ઈબ્રામ જતાં જતાં નેગેબની ગમ ગયો. 10 ત્યારે તે દેશમાં દુકાળ પડ્યો,
અને દેશમાં દુકાળ ભારી હોવાથી ઈબ્રામ મિસરમાં રહેવા ગયો. 11 અને
એમ થયું કે, તે જતા જતાં મિસર લગભગ પહોંચ્યો ત્યારે તેણે પોતાની
બાયડી સારાયને કહ્યું કે, જો, હું જાણું ચુ કે તું જોવામાં સુંદર બાયડી છે;
12 અને તેથી એમ થશે, કે મિસરીઓ તને જોઈને કહેશે કે, આ તેની બા-
યડી છે; ને તેઓ મને મારી નાખશે, પણ તને જીવતી રાખશે. 13 તો હું
તેની બહેન છુ, એમ તું કહેજે, એ માટે કે તારે લીધે મારું ભલું થશે, ને
તારાથી મારો જીવ બચશે. 14 અને એમ થયું, કે ઈબ્રામ મિસરમાં
પહોંચ્યો, ત્યારે મિસરીઓએ જોયું કે તે સ્ત્રી બહુ સુંદર છે. 15 અને ફારૂ-
નના સરદારોએ તેને જોઈને ફારૂનની આગળ તેનું વખાણ કીધું, ને તે
સ્ત્રી ફારૂનને ઘેર લઈ જવામાં આવી. 16 અઅને તેણે તેણીને લીધે ઈબ્રા-
મનું ભલું કીધું, ને તેને ઘેટાં તથા બળદો તથા ગધેડા તથા દાસો તથા
દાસીઓ તથા ગધેડીઓ તથા ઊંટો મળ્યા. 17 અને યહોવાહે ઈબ્રામની
બાયડી સારાયને લીધે ફારૂન તથા તેના પરિવાર પર મોટું દુઃખ આણ્યું.
18 ત્યારે ફારૂને ઈબ્રામને તેડાવીને કહ્યું કે, આ તે મને શું કીધું છે? તે મને
એમ કેમ ન કહ્યું કે તે મારી બાયડી છે? 19 તે શા માટે એમ કહ્યું કે તે મા-
રી બહેન છે? કે જેથી મેં તેને મારી સ્ત્રી થવા સારું લીધી. હવે, જો, આ
રહી તારી બાયડી, તેને લઈ જા. 20 અને ફારૂને પોતાના માણસોને તે
સબંધી આજ્ઞા કીધી, ને તેઓ તેને તથા તેની બાયડીને તથા તેની સર્વ
સંપત્તિને માર્ગે વળાવી આવ્યા.

13 અને ઈબ્રામ પોતાની સ્ત્રીને લઈને સર્વ માલમિલકત સુદ્ધાં મી-
સરમાંથી નેગેબ ભણી ગયો અને લોટ તેની સાથે ગયો. 2 અને
ઈબ્રામ પાસે ઢોર તથા રૂપું તથા સોનું ઘણું હોવાથી તે બહુ ધનવાન
હતો. 3 અને તે નેગેબથી આગળ ચાલતા બેથેલ ગયો, એટલે બેથેલ
તથા આયની વચ્ચે જ્યાં પહેલવહેલાં તેનો તંબુ હતો [ત્યાં ગયો]. 4 અને
જે ઠેકાણે તેણે પહેલા વેદી બાંધી હતી, ત્યાં લગી તે ગયો; ને ત્યાં ઈબ્રા-
મે યહોવાહને નામે પ્રાર્થના કીધી. 5 અને ઈબ્રામની સાથે લોટ ચાલતો
હતો, તેને પણ ઘેટાં તથા ઢોર તથા તંબુ હતા. 6 અને તે દેશ એવો ફળ-
રૂપ ન હતો કે તેઓ ભેગા રહે, કેમકે તેઓની સંપત્તિ એટલી હતી, કે
તેઓ એકઠા રહી ના શકે. 7 અને ઈબ્રામના ગોવાળિયાઓ તથા લોટના
ગોવાળિયાઓની વચ્ચે તકરાર થઇ, અને તે વખ્ખતે કનાની તથા પરિ-
ઝી તે દેશમાં રેહતા. 8 અને ઈબ્રામે લોટને કહ્યું કે, હવે મારી ને તારી
વચ્ચે ને મારા તથા તારા ગોવાળિયાઓ વચ્ચે તકરાર ન થવી જોઈએ;
કેમકે આપણે ભાઈઓ છીએ. 9 શું, તારી આગળ આંખો દેશ નથી? તો
મારાથી તું જુદો થા; જો તું ડાબી ગમ જશે, તો હું જમણી ગમ જઈશ; ને
જો તું જમણી ગમ જશે, તો હું ડાબી ગમ જઈશ. 10 ત્યારે લોટે પોતાની
આંખો ઉંચી કરીને યાર્દાનનો આખો પ્રદેશ સોઆર લગી જોયો કે તેમાં
બધે પાણી પુષ્કળ છે; કેમકે યહોવાહે સદોમ તથા ગમોરાહનો નાશ
કર્યા અગાઉ તે દેશ તો યહોવાહની વાડીના જેવા તથા મિસર દેશનાં જે-
વા હતો. 11 ત્યારે લોટે પોતાને સારું યાર્દનનો આંખો પ્રદેશ પસંદ કરો,
ને લોટ પુર્વગમ ગયો; ને તેઓ એક બીજાથી જુદા થયાં. 12 ઈબ્રામ
કનાન દેશમાં રહ્યો, ને લોટ તે પ્રદેશના નગરોમાં રહ્યો, ને સદોમ સુધી
તે તંબુમાં મુકામ કરતો કરતો ગયો. 13 પણ સદોમના માણસો યહોવાહ-
ને વિરુદ્ધ અતિ દુષ્ટ તથા પાપી હતા. 14 અને ઈબ્રામથી લોટ જુદો થયાં
પછી યહોવાહે ઈબ્રામને કહ્યું કે, તું પોતાની આંખો ઉંચી કરીને તું જ્યાં
છે ત્યાંથી ઉત્તર તથા દક્ષિણ તથા પૂર્વ તથા પશ્ચિમ ભણી જો. 15 કેમકે
જે દેશ તું જુએ છે, તે બધો હું તને તથા તારા વંશને સદાને માટે
આપીશ. 16 અને હું તારો વંશ પૃથ્વીની રાજના જેટલો કરીશ; એવો કે જો
કોઈ પૃથ્વીની રજને ગણી શકે તો તારો વંશ પણ ગણાય. 17 ઉઠ, આ
દેશની લંબાઈ તથા પહોળાઈની હદ સુધી ફર, કેમકે તે હું તને આપીશ.
18 ત્યારે ઈબ્રામ પોતાનો તંબુ પાડીને મામરેના એલોન વૃક્ષો જે હેબ્રોન-
માં છે તેઓ તળે આવીને રહ્યો, ને ત્યાં યહોવાહને સારું તેણે એક વેદી
બાંધી.

14 અને શિનઆરનો રાજા આમ્રાફેલ, તથા એલાસારનો રાજા
આર્યોખ, તથા એલામનો રાજા કદોરલાઓમેર, તથા ગોઈમનો
રાજા તીદલ એઓના દહાડાઓમાં એમ થયું કે, 2 તેઓએ સદોમનો રા-
જા બેરા, થયાં ગમોરાહનો રાજા બીર્શા, તથા આદમાહનો રાજા શિનાબ,
તથા સબોઈમનો રાજા શેમેબેર, તથા બેલા એટલે સોઆર તેનો રાજા,

એઓની સાથે લડાઈ કીધા. 3 એ સર્વ સિદ્દીમનું નીચાણ, જે [હાલ] ખા-
રો સમુદ્ર છે, તેમાં એકઠા થયાં. 4 એઓએ બાર વર્ષ કદોરલાઓમેરને
તાબે રહીને તેરમે વર્ષે દંગો કીધો. 5 અને ચઉદમે વર્ષે કદોરલોમેર તથા
જે રજાઓ તેની સાથે હતા, તેઓએ આવીને આશતરોથ-કારનાઈમ દેશ-
નાં રફીઓને તથા હામ દેશમાં ઝુઝીઓને, તથા શાવેહ-કિર્યાથાઈમ દેશ-
નાં એમીઓને 6 ને હોરીઓ જે પોતાના સેઈર નામના પર્વતમાં રહેતા તે-
ઓને, અરણ્ય પાસેના એલપારાન લગી મારતા ગયા. 7 અને તેઓ પા-
છા ફર્યા, ને એન-મિશ્પાટ (એટલે કાદેશ) આવ્યા; ને અમાલેકીઓના
આખા દેશને તથા હાસસોન -તામારમાં રહેનારા અમોરીઓને પણ તે-
ઓએ હરાવ્યા. 8 ત્યારે સદોમનો રાજા તથા ગમોરાહનો રાજા, તથા
આદમાહનો રાજા, તથા સબોઈમનો રાજા, તથા બેલા (એટલે સોઆર)
તેનો રાજા, એઓ નીકળીને સિદ્દીમના નીચાણમાં તેમની સમાં લડ્યા.
9 એમ એલામનો રાજા કદોરલાઓમેર, તથા ગોઈમનો રાજા તીદ્દાલ,
તથા શિનઆરનો રાજા આમ્રાફેલ તથા એલ્લાસારનો રાજા આર્યોખ, એ
ચાર રાજા પેલા પાંચ રાજા સામા હતા. 10 અને સિદ્દીમના નીચાણમાં
નાફતના ખાડા બહુ હતા, ને સદોમ તથા ગમોરાહના રાજા નાસીને તેમાં
પાડ્યા, ને જે બાકી રહ્યા, તેઓ પહાડ ભણી નાસી ગયા. 11 અને તેઓ
સદોમ તથા ગમોરાહમાની સર્વ સંપત્તિ તથા તેમની અંદરનો બધો ખો-
રાક લઈને ચાલ્યા ગયા. 12 અને ઈબ્રામનો ભત્રીજો લોટ સદોમમાં રહેતો
હતો, તેને પકડીને તથા તેની સાવ સંપત્તિ લઈને તેઓ ચાલ્યા ગયા.
13 અને એક જાણું નાઠો હતો તેણે આવીને હિબરી ઈબ્રામને ખબર
આપી, કેમકે તે એશ્કોલ તથા આનેરનો ભાઈ અમોરીના મામરેના
એલોન ઝાડ પાસે રેહતો હતો, ને તેઓ ઈબ્રામની સાથે સંપીલા હતા.
14 અને ઈબ્રામે પોતાના ભાઈને પકડી લઈ ગયાનું સાંભળ્યું, ત્યારે પો-
તાના ઘરમાં જન્મેલાં ત્રણસે અરાઢ કવાયત શીખેલા નોકરોને લઈને તે
દાન લગી તે તેઓની પાછળ લાગ્યો. 15 અને રાત્રે તેણે તેઓની વિરુદ્ધ
પોતાના ચાકરોની બે ટોળી કરીને તેઓને હરાવ્યા, ને દમસ્કની ડાબી
ગમના હોબાહ લગી તે તેઓની પાછળ લાગ્યો. 16 અને તે સર્વ સંપત્તિ
પાછી લાવ્યો, ને પોતાના ભાઈ લોટને, તથા તેની સંપત્તિ તથા બયડી-
ઓને તથા લોકોને પણ પાછા લાવ્યો. 17 અને કદોરલાઓમેર તથા તે-
ની સાથે જે રાજા હતા, તેઓને હરાવીને તે પાછો આવતો હતો ત્યારે તે-
ને માળવા સારું સદોમનો રાજા, શાવેહના નીચાણમાં, એટલે રાજાના
નીચાણમાં, આવ્યો 18 અને શાલેમનો રાજા મેલ્ખીસેદેક રોટલી તથા
દ્રાક્ષરસ લાવ્યો, ને તે પરાત્પર દેવનો યાજક હતો. 19 અને તેને આશી-
ર્વાદ આપીને કહ્યું કે, પરાત્પર દેવ, જે આકાશ તથા પૃથ્વીનો ધણી, તે-
નાથી ઈબ્રામ આશીર્વાદિત થાઓ. 20 અને પરાત્પર દેવ જેણે તારા શત્રુ-
ઓને તારા હાથમાં સોંપ્યો છે, તેને ધન્ય હો; ને ઈબ્રામે તેને સર્વમાંથી
દસમો ભાગ આપ્ય. 21 અને સદોમના રાજા ઈબ્રામને કહ્યું કે, માણસો
મને આપ, ને સંપત્તિ તું પોતે લે. 22 અને ઈબ્રામે સદોમના રાજાને કહ્યું
કે યહોવાહ પરાત્પર દેવ છે, જે આકાશ તથા પૃથ્વીનો ધણી, તેની ગમ
મેં પોતાનો હાથ ઉંચો કરીને સમ ખાધા છે, 23 કે હું સુતળી કે જોડાની
વાધરી કે તારી કોઈ પણ વસ્તુ નહિ લઈશ, રખે તું કહે કે ઈબ્રામ મારાથી
ધનવાન થયો છે; 24 જુવાનોએ જે ખાધું છે તે વગર, ને જે માણસો મારી
સાથે આવ્યા, તેઓનાં ભાગ વગર હું કંઈ નહિ લઈશ; એઓ, એટલે
આનેર તથા એશ્કોલ તથા મામરે, પોતપોતાનો ભાગ લે.

15 એ વાતો પછી યહોવાહનો શબ્દ દર્શનમાં ઈબ્રામ પાસે આવ્યો
ને કહ્યું કે, ઈબ્રામ, તું બિહી માં, હું તારી ઢાલ તથા મહા મોટું પ્ર-
તિદાન ચુ. 2 અને ઈબ્રામ બોલ્યો, હે પ્રભુ યહોવાહ, તું મને શું આપીશ?
કેમકે હું નિ:સંતાન ચાલ્યો જાઉં ચુ, ને મારા ઘરનો માલિક આ દમસ્કનો
અલીએઝેર છે. 3 અને ઈબ્રામ બોલ્યો, જો, તે મને કંઈ સંતાન નથી
આપ્યું, માટે જુઓ, મારા ઘરમાં જન્મેલો એક [જણ] મારો વરસ છે.
4 અને જુઓ, યહોવાહનો શબ્દ તેની પાસે આવ્યો, ને કહ્યું કે, એ તારો
વારસ નહિ થશે, પણ તારા પોતાના પેટનો જે થશે તેજ તારો વારસ
થશે. 5 અને તેણે તેને બહાર લઈ જઈને કહ્યું કે, હવે તું આકાશની ગમ
જો, ને તું તારાઓ ગણી શકે, તો ગણ; ને તેણે તેને કહ્યું કે, તેટલા તારા
સંતાન થશે. 6 અને તેણે યહોવાહ પર વિશ્વાસ કીધો, અને એણે તે ન્યા-
યીપણાને અર્થે તેના લાભમાં ગણ્યું. 7 અને તેણે તેને કહ્યું કે, આ દેશ
વતન તરીકે તને આપવા સારું કાસદીયોના ઉરમાંથી તને કાઢી લાવ-
નાર તે હું યહોવાહ છું. 8 અને તેને કહ્યું, હે પ્રભુ યહોવાહ, હું એનો વારસો
પામીશ, એ હું શાથી જાણું? 9 અને તેણે કહ્યું કે, ત્રણ વર્ષની વાછરડી,
તથા ત્રણ વર્ષની બકરી, તથા ત્રણ વર્ષનો મેંઢો તથા એક હોલું ને કબુ-
તરનું એક પીલું મારે સારૂ લે. 10 અને તેણે એ સર્વ લીધા, ને તેઓને
વચમાંથી ચીરીને કકડા સામસામા મુક્યા, પણ તેણે પક્ષીઓને ચીર્યા
નહિ. 11 અને જયારે શિકારી પક્ષી તે મુડદા ઉપર પડ્યાં ત્યારે ઈબ્રામે તે-
ઓને ઉડાડી મેલ્યાં. 12 અને સૂર્ય આથમતો હતો, ત્યારે ઈબ્રામ ભાર
ઉંઘમાં પડ્યો, ને જુઓ, મોટો ભયંકર અંધકાર તેના પર પડ્યો. 13 અને
તેણે ઈબ્રામને કહ્યું, તું ખચિત જાણ, કે તારો વંશ પરદેશમાં ભટકશે, ને
ત્યાંના લોકોની સેવા કરશે, ને તેઓ ચારસે વર્ષ લગી તેઓને દુઃખ દેશે.
14 અને જે લોકોની સેવા તેઓ કરશે, તેઓનો ન્યાય પણ હું કરીશ, ને
ત્યાર પછી તેઓ ઘણીજ સંપત્તિ લઈને નીકળશે. 15 અને તું પોતાના
બાપદાદાઓની પાસે શાંતિએ જશે, ને તું ઘણો ઘરડો થયાં પછી દટાશે.
16 અને તેઓ ચોથી પેઢીમાં હિયાં પાછા આવશે; કેમકે અમોરીઓના
પાપનો ઘડો હજુ ભરાયો નથી. 17 અને એમ થયું, કે સૂર્ય આથમતા
અંધારું થયું, ત્યારે જુઓ, એક ધુમાતી સગડી તથા બળતી મશાલ કે જે
એ કકડાઓની વચમાં થઈને ગયા. 18 તેજ દહાડે યહોવાહે ઈબ્રામ સાથે
કરાર કીધો, કે મિસરની નદીથી તે ફ્રાત નામની મહા નદી લગી આ દેશે
મેં તારા વંશને આપ્યો છે; 19 એટલે કેનીઓનો તથા કનિઝીઓનો તથા
કાદમોનીઓનો, 20 તથા હિત્તીઓનો તથા પરિઝીઓનો તથા રફાઈઓ-
નો, 21 તથા અમોરીઓનો તથા કનાનીઓનો તથા ગિરગાશીઓનો
તથા યાબુસીઓનો દેશ [આપ્યો છે].

16 હવે ઈબ્રામની બાયડી સરાયની કઈ છોકરાં થયાં ના હતા, ને ને
તેની એક મિસરી દાસી હતી, તેનું નામ હાગાર હતું. 2 અને સા-
રાયે ઈબ્રામને કહ્યું, હવે જો, યહોવાહે મને જાણવાની અટકાવી છે; માટે
મારી દાસી પાસે જા, કદાપિ તેનાથી હું છોકરો પામીશ; ને ઈબ્રામે સારા-
યનું કહ્યું માન્યું; 3 ને ઈબ્રામ કનાન દેશમાં દસ વર્ષ રહ્યા પછી, ઈબ્રામ-
ની બાયડી સારાયે પોતાની હાગાર નામે દાસીને લઈને પોતાના વર
ઈબ્રામને બાયડી થવા આપી. 4 અને તે હાગારની પાસે ગયો, ને તે ગર્ભ-
વતી થઈ; ને જયારે તેણીએ જાણ્યું કે કે હું ગર્ભવતી થઈ છુ ત્યારે તેની
દ્રષ્ટિમાં તેની શેતાની તુચ્છ ગણાઈ. 5 અને સારાયે ઈબ્રામને કહ્યું મારી
હાય તને લાગે; મેં મારી દાસીને તારી સોડમાં આપી; ને જયારે તેણીએ
પોતાની ગર્ભવતી થયેલી જાણી ત્યારે તેની દષ્ટિમાં હું તુચ્છ થઈ; મારી
ને તારી વચ્ચે યહોવાહ ન્યાય કરો. 6 પણ ઈબ્રામે સારાયને કહ્યું, જો,
તારી દાસી તારા હાથમાં છે; જે તારી દષ્ટિમાં સારું લાગે તે તેને કર, ને
સારાયે તેને દુઃખ દીધું, ત્યારે તે તેની પાસેથી નાઠી. 7 અને અરણ્યમાં
શૂરને માર્ગે પાણીનો જે ઝરો તે ઝરા પાસે યહોવાહના દૂતે તેને દીઠી;
8 ને તેણે કહ્યું કે, સારાયની દાસી હાગાર, તું ક્યાંથી આવી, ને ક્યાં જાય
છે? ને તેણીએ કહ્યું કે, મારી શેઠાણી સારાયની પાસેથી હું નાસી જાઉં
છું. 9 અને યહોવાહના દૂતે તેને કહ્યું, તું પોતાની શેઠાણી પાસે પાછી
જા, ને તેના હાથ તળે રહે. 10 અને યહોવાહના દૂતે તેને કહ્યું, હું તારો
વંશ ઘણો વધારીશ, ને ન ગણાય એટલા સુધી તે વધશે. 11 અને યહો-
વાહના દૂતે તેને કહ્યું કે, જો, તું ગર્ભવતી છે, ને તું દીકરો જાણશે ને તેનું
નામ ઈશ્મએલ પાડશે; કેમકે યહોવાહે તારું દુઃખ સાંભળ્યું છે. 12 અને
તે માણસો મધ્યે રાની ગધેડા જેવો થશે, તેનો હાથ હરેકને ઉલટો ને
હરેકનો હાથ તેને ઉલટો થશે; ને પોતાના સર્વ ભાઈઓની સમાં તે વાસો
કરશે. 13 અને યહોવાહ જે તેની સાથે વાત કરતો હતો, તેનું નામ તેણે
એલ-રોઈ એવું પાડ્યું; કેન્કે તેણીએ કહ્યું, જે મને દેખે છે તેના પર હિયાં
પારી દૃષ્ટિ પડી શું? 14 એ માટે તે ઝરાનું નામ બેર-લાહાય-રોઈ પડ્યું;
જુઓ, તે કાદેશતથા બેરેદની વચમાં છે. 15 અને હાગારને ઈબ્રામથી એક
દીકરો થયો, ને ઈબ્રામે હાગારને પેટે થયલા પોતાના દીકરાનું નામ
ઈશ્મએલ પાડ્યું; 16 ને ઈબ્રામથી હાગારને પેટે ઈશ્મએલ જન્મ્યો, ત્યારે
ઈબ્રામ છયાસી વર્ષનો હતો.

17 અને ઈબ્રામ નવ્વાણું વર્ષનો થયો, ત્યારે યહોવાહે ઈબ્રામને
દર્શન આપ્યું, ને તેને કહ્યું, સર્વસમર્થ દેવ હું છું, તું મારી સમક્ષ
ચાલ, ને પરિપૂર્ણ થા. 2 અને હું મારો કરાર મારી તથા તારી વચ્ચે
કરીશ, ને તેને ઘણોજ વધારીશ. 3 અને ઈબ્રામ ઉંધો પડ્યો, ને દેવે તેની
સાથે બોલતા કહ્યું, 4 જો, તારી સાથે મારો કરાર છે, ને તું ઘણી દેશજા-

તિઓનો બાપ થશે 5 અને હવે પછી તારું નામ ઇબ્રામ નહિ કહેવાશે,
પણ ઈબ્રાહીમ એવું તારું નામ થશે; કેમકે મેં તને ઘણી દેશજાતિઓનો
બાપ કર્યો છે. 6 અને હું તને અતિશય સફળ કરીશ, ને તારાથી હું દેશજા-
તિઓને પેદા કરીશ, ને તારામાંથી રાજાઓ ઉત્પન્ન થશે. 7 અને તારો
દેવ તથા તારા પછીના તારા વંશનો દેવ થવા સારું, હું મારો કરાર,
સનાતન કરાર તરીકે મારી ને તારી વચ્ચે ને પેઢી દર પેઢી તારા પછીના
તારા વંશની વચ્ચે કરીશ. 8 જે દેશમાં તું પ્રવાસ કરે છે, એટલે આખો
કનાન દેશ તે હું તને ને તારા પછીના તારા વંશને સદાનું વતન થવા
સારું આપીશ; 9 અને દેવ ઈબ્રાહીમને કહ્યું કે, તું તો મારો કરાર પાળ,
એટલે તું તથા તારા પછીના તારો વંશ પેઢી દરપેઢી પાળો. 10 મારી તથા
તારી વચ્ચે, ને તારા પછી તારા વંશ વચ્ચે, મારો જે કરાર તમારે પાળ-
વો, તે એજ, કે તમારામાંનો જે દરેક પુરુષ તેની સુનત થવી. 11 અને
તમારે તમારી ચામડીની સુનત કરાવવી, ને એ મારી તથા તમારી વચ્ચે-
ના કરારની નિશાની થશે. 12 અને તમારામાં આઠ દિવસના હરેક છોક-
રાની, એટલે તમારી પેઢી દરપેઢી હરેક નાર બાળક જે તમારા ઘરમાં
જન્મ્યો હોય તેની, અથવા કોઈ પરદેશી પાસેથી પૈસે વેચાતો લીધો
હોઈ, કે જે તમારા વંશનો ન હોય, તેની પણ સુનત કરવી. 13 જે તારા
ઘરમાં જન્મેલો હોય, તેની સુનત જરૂર કરવી; ને મારો કરાર તમારા
માંસમાં સનાતન કરારને સારું રહેશે. 14 અને સુનત વગરનો પુરુષ જે-
ની ચામડીની સુનત કરવામાં આવી નહિ હોય, તે માણસ પોતાના લો-
કોમાંથી કપાઈ જશે, તેણે મારો કરાર તોડ્યો છે. 15 પછી દેવે ઈબ્રાહીમને
કહ્યું કે, તારી બાયડીનું નામ સારાય ન કહે, પણ સારાહ તેનું નામ થશે.
16 અને હું તેને આશીર્વાદ દઈશ, ને હું તને તેને પેટે દીકરો આપીશ; હું
ખચિત તેને આશીર્વાદ દઈશ, ને તે દેશજાતિઓના માતા થશે, ને તેના-
થી દેશજાતિઓના રાજાઓ થશે. 17 અને ઈબ્રાહીમ ઉંધો પડીને હસ્યો,
ને મનમાં બોલ્યો, જે સો વર્ષનો તેને શું દીકરો થશે? ને નેવું વર્ષની સા-
રાહ તે જણશે શું? 18 અને ઇબ્રાહીમે દેવને કહ્યું કે, ઈશ્મએલ તારી
સમ્મુખ જીવતો રહે તો બસ. 19 અને દેવે કહ્યું કે, તારી બાયડી સારાહ
ખચિત તારી વાસ્તે દીકરો જણશે, ને તું તેનું નામ ઇસ્હાક પાડશે ને તે-
ની સાથે તેના પછીના તેના વંશને માટે હું મારો કરાર સદાના કરાર તરી-
કે કરીશ. 20 અને ઈશ્માએલ વિશે મેઈન તારું સાંભળ્યું છે; જો, મેં તેને
આશીર્વાદ દીધો છે, ને હું તેને સફળ કરીશ, ને તેને અતિ ઘણો વધા-
રીશ; તે બાર શેખને જન્મ દેશે, ને હું તેનાથી એક મોટી કોમ ઉત્પન્ન
કરીશ. 21 પણ ઈસ્હાક જેને આવતા વર્ષમાં ઠરાવેલે વખતે સારાહ તારે
સારું જણશે તેની સાથે હું મારો કરાર સ્થાપીશ. 22 પછી દેવ ઈબ્રાહીમ-
ની સાથે વાત પૂરી કરીને તેની પાસેથી ગયો. 23 અને ઇબ્રાહીમે પોતાના
દીકરા ઈશ્માએલને તથા પોતાના ઘરમાં જે સર્વ જન્મેલાં, તથા પોતાને
પૈસે જે સર્વ વેચાતાં લીધેલા, એવા ઈબ્રાહીમના ઘરના માણસોમાંના
હરેક નારને લઈને, જેમ તેને દેવે કહ્યું હતું તેમ, તેજ દહાડે તેઓની સુ-
નત કરી. 24 અને ઈબ્રાહીમની સુનત થઈ, ત્યારે તે નવાણું વર્ષનો હતો.
25 અને તેના દીકરા ઈશ્માએલની સુનત થઈ ત્યારે તે તેર વર્ષનો હતો.
26 તે ને તેજ દહાડે ઈબ્રાહીમની તથા તેના દીકરા ઈશ્માએલની સુનત
થઈ. 27 અને તેના ઘરના માણસો જેઓ ઘરમાં જન્મેલાં તથા પરદેશીઓ
પાસેથી પૈસે વેચાતા લીધેલા તેઓની સુનત તેની સાથે થઈ.

18 અને બપોરને વખતે તે તંબુના બારણામાં બેઠો હતો ત્યારે
યહોવાહે મામરેનાં એલોન ઝાડની પાસે તેને દર્શન આપ્યું.
2 અને તેણે આંખો ઉંચી કરીને જોયું, ને જુઓ, ત્રણ પુરુષ તેની પાસે
ઉભા હતા, ને તેમને જોઈને તે તેઓને મળવાને તંબુના બારણામાંથી
દોડ્યો, ને પ્રણામ કર્યા, 3 ને કહ્યું કે, મારા ધણી, જો તારી દૃષ્ટિમાં હું હવે
કૃપા પામ્યો હોઉં, તો તું પોતાના દાસ પાસેથી જતો ન રહીશ. 4 હવે થો-
ડું પાણી લાવવા દો, ને તમે પગ ધુઓ, ને ઝાડ તળે આરામ લો, 5 ને હું
થોડી રોટલી લાવું, ને તમે પોતાના મન ખુશ કરો; પછી તમે આગળ
જજો; કેમકે એજ વાસ્તે તમે પોતાના દાસ પાસે આવ્યા છો; ને તેઓએ
કહ્યું કે, જેમ તે બોલ્યો છે તેમ કર. 6 અને ઇબ્રાહીમ સારાહની પાસે
તંબુમાં ઉતાવળે ગયો, ને કહ્યું, ત્રણ માપ મીડો ઉતાવળે મસળ, ને રો-
ટલી તૈયાર કર. 7 અને ઈબ્રાહીમ ઢોર હતા ત્યાં દોડી ગયો, ને એક સારું
ને કુમળું વાછરડું લાવીને નોકરને આપ્યું, ને તે વહેલો વહેલો તૈયાર કર-
વા મંડી ગયો. 8 અને તેણે માખણ તથા દૂધ તથા જે વાછરડું તૈયાર કર્યું
હતું તે લીને તેઓની આગળ મુક્યા ને પોતે તેઓની પાસે ઝાડ તળે
ઉભો રહ્યો, ને તેઓએ ખાધું. 9 પછી તેઓએ તેને કહ્યું કે, તારી બાયડી
સારાહ ક્યાં છે? તેણે કહ્યું કે, જુઓ, તંબુમાં છે. 10 અને તે બોલ્યો, હું
ખચિત તારી પાસે સમય આવ્યો પાછો આવીશ, ને જો, તારી બાયડી
સારાહને દીકરો થશે; ને તેની પછવાડે તમ્બુનું બારણું હતું ત્યાંથી સારા-
હે તે સાંભળ્યું. 11 હવે ઈબ્રાહીમ તથા સારાહ ઘરડા હતા, ને તેઓને બહુ
વર્ષ થયાં હતા, ને સરાહને સ્ત્રીની રીત પ્રમાણે થવાનું બંધ થયું હતું.
12 અને સારાહ મનમાં હસીને બોલી,હું ઘરડી થઈ, ને મારો ધણી પણ
ઘરડો છે, તે પછી શું મને હર્ષ પ્રાપ્ત થાય? 13 ને યહોવાહે ઈબ્રાહીમને
કહ્યું કે, સારાહ એ વાત કેહતાં કેમ હસી, કે શું હું મારા ઘડપણમાં ખચિત
દીકરો જણીશ? 14 યહોવાહને શું કઈ અશક્ય છે? ઠરાવેલા કાળમાંહું તા-
રી પાસે સમય પ્રમાણે પાછો આવીશ, ને સારહને દીકરો થશે. 15 ત્યારે
સારાહે નકાર કરને કહ્યું કે, હું તો હસી નથી, કેમકે તે બીધી. પણ તે બો-
લ્યો, હા તું ખચિત હસી. 16 અને તે પુરુષો ત્યાંથી ઉઠ્યા, ને તેઓએ
સદોમની ગામ જોયું, ને ઈબ્રાહીમ તેઓને વળાવવા તેઓની સાથે ગયો.
17 અને યહોવાહે કહ્યું, જે હું કરું છું તે હું ઇબ્રાહીમ થી સંતાડીશ? 18 કેમ-
કે ઇબ્રાહીમથી ખચિત મોટી તથા સમર્થ દેશજાતિ થશે, ને તેનાથી પૃ-
થ્વીના સર્વ લોકો આશીર્વાદ પામશે. 19 કેમકે હું તેને જાણું છું, કે તે પો-
તાના દીકરાઓને તથા પોતા પછી થનાર પોતાના પરિવારને એવી
આજ્ઞા આપશે, કે તેઓ ન્યાય તથા ન્યાયકરણ કરવાને યહોવાહનો મા-
ર્ગ પાળે, એ માટે કે ઇબ્રાહીમ સંબંધી યહોવાહે જે કહ્યું છે, તે તેને આપે.
20 અને યહોવાહે કહ્યું કે, સદોમ તથા ગમોરાહનો બુમાટો મોટો છે., ને
તેઓનાં પાપ અઘોર છે, 21 માટે હું હવે ઉતરીશ ને જોઈશ કે જે બુમ મને
પહોંચી છે તે પ્રમાણે તેઓનાં સઘળાં કામ થયાં છે કે નહિ, અને એમ
નહિ હોય તો માલુમ પડશે. 22 અને તે પુરુષો ત્યાંથી વળીને સદોમ
ભણી ગયા, પણ ઈબ્રાહીમ યહોવાહની આગળ હજુ ઉભો રહ્યો. 23 અને
ઈબ્રાહીમ પાસે આવ્યો, ને બોલ્યો, શું તું દુષ્ટોની સાથે ન્યાયીઓનો
પણ નાશ કરશે? 24 કદાચ તે નગરમાં પચાસ ન્યાયી હશે, તો શું તું તે-
નો નાશ કરશે ને તેમાંના પચાસ ન્યાયીને લીધે તે જગ્યા નહિ બચાવે?
25 એવી રીતે કરવું તારાથી વેગળું થાઓ, એટલે દુષ્ટોની સાથે ન્યાયી-
ઓનો સંહાર કરવી, અને એમ ન્યાયીઓને દુષ્ટોની બરાબર કરવા, એ
તારાથી વેગળું થાઓ; આખી પૃથ્વીનો ન્યાયાધીશ શું ન્યાય નહિ કર-
શે? 26 અને યહોવાહે કહ્યું,જો પચાસ ન્યાયી સદોમ નગરમાં જડે, તો તે-
ઓને સારું હું આખી જગ્યાને બચાવીશ. 27 અને ઈબ્રાહીમ ઉત્તર દઈને
બોલ્યો, જો,હવે હું ધૂળ તથા રાખ ચાત પ્રભુની આગળ બોલવાની
હિંમત ધરું છું; 28 કદાચ પચાસ ન્યાયીમાં પાંચ ઓછો હોય, તો શું
પાંચની ખોટને લીધે તું તે નગરનો નાશ કરશે? ને તે બોલ્યો, જો મને
ત્યાં પીસ્તાળીસ જડે, તો હું તેનો નાશ નહિ કરીશ. 29 અને તેણે ફરી તે-
ને કહ્યું, કદાચિત ત્યાં ચાળીસ જડે તો? ત્યારે તેણે કહ્યું, ચાળીસને લી-
ધે હું એમ નહિ કરીશ. 30 અને તેણે કહ્યું કે, પ્રભુને રોષ ના ચઢે, તો હું
ફરી બોલું; કદાચિત ત્યાં ત્રીસ જડે તો? તેને કહ્યું, જો ત્યાં ત્રીસ જશે,
તેઓ હું એમ નહિ કરીશ. 31 અને તેણે કહ્યું કે, હવે જો, મેં પ્રભુ આગળ
બોલવાની હિમ્મત ધરી છે; કદાચિત ત્યાં વીસ જડે તો? તેને કહ્યું, વી-
સને લીધે પણ હું તેનો નાશ નહિ કરીશ. 32 અને તેણે કહ્યું, પ્રભુને રોષ
ન ચઢે તો ફરીથી એકજ વાર બોલું; કદાચિત ત્યાં દસ જડે તો? તેણે
કહ્યું કે, દસને લીધે પણ હું તેનો નાશ નહિ કરીશ. 33 અને યહોવાહ
ઈબ્રાહીમની સાથે વાત પૂરી કરીને ચાલ્યો ગયો, ને ઈબ્રાહીમ પોતાને
ત્યાં પાછો ગયો.

19 પછી સદોમમાં સાંજે એ બે દૂત આવ્યા; અને લોટ સદોમની
ભાગળમાં બેઠો હતો; ને લોટ તેઓને જોઈને મળવા ઉઠ્યો, ને
પ્રણામ કર્યા. 2 અને તેણે કહ્યું, મારા સ્વામીઓ,જુઓ, હવે કૃપા કરોને
વળીને તમારા દાસને ઘેર આવો,ને આખી રાત રહો, ને પોતાના પગ
ધુઓ, ને મળસકે ઉઠીને પોતાને રસ્તે જજો. અને તેઓએ કહ્યું ના, પણ
હમે આખી રાર રસ્તામાં રહીશું. 3 અને તેઓ તેને બહુ આગ્રહ કરીને ત્યા-
રે તેઓ વળીને તેને ત્યાં ગયા ને તેના ઘરમાં પેઠા. અને તેને તેઓને
સારું ભોજન તૈયાર કીધું, ને બેખમીરી રોટલી કીધી, તે તેઓએ ખાધું.
4 પરંતુ તેઓનાં સુવા અગાઉ નગરના માણસોએ, એટલે સોદામના મા-
ણસોએ, નાના મોટાં, સઘળા લોકોએ બધેથી આવીને ઘરને ઘેરી લીધું.

5 અને લોટને હાક મારીને તેને કહ્યું, જે માણસો આજ રાત્રે તારી પાસે
આવ્યા તેઓ ક્યાં છે? તેઓને હમારી પાસે બહાર લાવ, કે હમે તેઓને
જાણીએ. 6 અને લોટ બારણા આગળ તેઓની પાસે ગયો, ને પોતાની
પાછળ બારણું બંધ કીધું, 7 ને તેણે કહ્યું, મારા ભાઈઓ, કૃપા કરી તમે
એવું દુષ્ટ કામ ના કરશો. 8 હવે જુઓ, મારી બે દીકરીઓ છે, તેઓએ પુ-
રુષને જાણ્યો નથી; મરજી હોય તો હું તેઓને તમારી પાસે લાવું, ને જે
તમને સારું લાગે, તે તેઓને કરો; પણ એ માણસોને કાઈ ન કરો; કેમકે
તેઓ મારા છાપરાના આશ્રય તળે આવ્યા છે. 9 અને તેઓએ કહ્યું, હટી
જાઓ; પછી તેઓ બોલ્યા કે, આ માણસ હમારામાં રહેવાને આવ્યો, ને
હવે ન્યાયાધીશ થઇ બેઠો છે. હવે તેઓનાં કરતા અમે તને વધારે દુઃખ
દઈશું, ને તેઓએ તે માણસ પર, એટલે લોટ પર, બહુ ધકાધકી કીધી,
ને કમાડ ભાંગવાને પાસે આવ્યા. 10 પણ પેલા પુરુષો પોતાના હાથ
લાંબા કરીને પોતાની પાસે ઘરમાં લોટને ખેંચી લીધો, ને બારણું બંધ
કીધું. 11 અને ઘરના બારણા પાસે જે હતા, તે નાનાં મોટાં સર્વને તેઓએ
આંધળા કીધા; માટે તેઓ બારણું શોધતા શોધતા થાકી ગયા. 12 અને
તે માણસોએ લોટને કહ્યું કે, હિયાં તારા બીજા કોઈ છે? તારા જમાઈને,
તથા તારા દીકરાઓને, તથા નગરમાં જે સર્વ તારા હોઈ તેઓને, આ
જગ્યામાંથી કાઢ. 13 કેમકે, અમે આ જગ્યાનો નાશ કરીશું, કારણ કે તે-
ઓનો બુમાટો યહોવાહની આગળ મોટો થયો છે, ને તેનો નાશ કરવાને
યહોવાહે અમને મોકલ્યા છે, 14 અને લોટ નીકળ્યો, ને તેની દિકરીઓને
પરણનારા તેના જમાઈઓને બોલાવીને કહ્યું, ઉઠો, આ જગ્યામાંથી ની-
કળી જાઓ, કેમકે યહોવાહ આ નગરોનો નાશ કરશે. પણ તે ઠઠ્ઠો કરતો
હોય એમ તેના જમાઈઓનો લાગ્યું. 15 અને મળસકે દૂતોએ લોટને તા-
કીદ કરીને કહ્યું, ઉઠ તારી બાયડીને તથા તારી બે દીકરીઓ જે હિયાં છે
તેઓને સાથે લે, રખે નગરની ભૂંડાઈથી તારો નાશ થાય. 16 પણ તે વિ-
લંબ કરતો હતો ત્યારે, યહોવાહ તેના પર કૃપાળુ હતો માટે, તે પુરુષોએ
તેનો હાથ તથા તેની બાયડીનો હાથ તથા તેની બે દીકરીઓના હાથ
પકડ્યા; ને તેઓને તેને કાઢીને નગરની બહાર પહોંચાડયા. 17 અને
એમ થયું કે તેઓ તેમને બહાર લાવ્યા પછી [યહોવાહે] તેને કહ્યું, તું પો-
તાનો જીવ લઈને નાસી જા, તારી પછવાડે નાં જોતો, ને નીચાણમાં કોઈ
ઠેકાણે ન રેહતો, તારો નાશ ન થાય માટે પહાડ પર નાસી જજે. 18 અને
લોટે તેઓને કહ્યું,ઓ મારી સ્વામી, એમ તો નહિ; 19 હવે, જો, તારો દાસ
તારી દ્રષ્ટિમાં કૃપા પામ્યો છે, ને તારી કૃપા જે મારો જીવ બચાવવામાં તે
મારા પર કરી છે, તે મોટી છે; પર હું પહાડ પર નાસી જઈ શકતો નથી,
રખે મારા પર સંકટ આવી પડે, ને હું મરી જાઉં. 20 હવે, જો, આ નગર પા-
સે છે માટે ત્યાં નાસી જવાનું સહેલ છે, ને તે નાનું છે; ત્યાં મને નાસી
જવા દે (શું તે નાનું નથી?) તો મારો જીવ બચશે. 21 અને તેણે તેને કહ્યું
કે, જો, આ વાત વિષે પણ મેં તારું સાંભળ્યું છે, જે નગર વિષે તું બોલ્યો
છે, તેનો નાશ હું નહિ કરીશ; 22 તું ઉતાવળે ત્યાં નાસી જા, કેમકે તારા
ત્યાં પહોંચ્યા સુધી હું કઈ કરી શકતો નથી; એ માટે તે નગરનું નામ સો-
આર પડ્યું. 23 લોટ સોઆરમાં પેઠો ત્યારે પૃથ્વી પર સૂર્ય ઉગ્યો હતો.
24 ત્યારે યહોવાહે સદોમ તથા ગમોરાહ પર ગંધક તથા આગ યહોવાહ
પાસેથી આકાશમાંથી વરસાવ્યા. 25 અને તેણે તે નગરનો તથા આખા
નીચાણનો તથા નગરમાં સર્વ રહેનારાનો તથા ભૂમિ પર ઊગેલાંનો
નાશ કીધો. 26 પણ તેની બય્ડીએ તેની પછવાડેથી પાછળ જોયું, ને તે
ખારનો થાંભલો થઇ ગઈ. 27 અને ઈબ્રાહીમ મોટી સવારે ઉઠ્યો ને જ્યાં
યહોવાહની આગળ ઉભો રહ્યો હતો ત્યાં ગયો, 28 ને તેણે સદોમ તથા
ગ્મોરાહની ભણી તથા આખા નીચાણના પ્રદેશ ભણી નજર કરી; ને
જુઓ, ભઠ્ઠીના ધુમાડાની પેઠે તે દેશનો ધુમાડો ઉપર ચઢતો હતો.
29 અને એમ થયું કે દેવે નીચાણનાં નગરોનો નાશ કીધો, ત્યારે દેવે
ઈબ્રાહીમનું સ્મરણ કીધું, ને જ્યાં લોટ રેહતો હતો, તે નગરનો નાશ કી-
ધો, તે વારે તે નાશ મધ્યેથી તે લોટને બહાર કાઢી લાવ્યા. 30 પછી લોટ
સોઆરમાંથી નીકળીને પોતાની બે દીકરીઓ સુદ્ધાં પહાડમાં જઈ રહ્યો;
કેમકે સોઆરમાં રેહતા તે બીધો, ને પોતાની બે દીકરીઓ સુદ્ધાં ગુફામાં
રહ્યો. 31 અને વડી દીકરીએ નાનીને કહ્યું કે, આપણો બાપ ઘરડો છે, ને
આખી દુનિયાની રીત પ્રમાણે આપણી પાસે આવવાની દુનિયા ઉપર
કોઈ પુરુષ નથી. 32 ચાલો, આપણા બાપને દ્રાક્ષરસ પાઈયે, ને તેની
સાથે આપણે સુઈયે, કે આપણાથી આપણા બાપનું સંતાન રહે. 33 અને
તેઓએ પોતાના બાપને તેજ રાત્રે દ્રાક્ષરસ પાયો; ને વડી જઈને પોતા-
ના બાપની સાથે સુતી, પણ તે ક્યારે સુતી ને ક્યારે ઉઠી, એ તેણે જા-
ણ્યું નહિ. 34 અને સવારે એમ થયું, કે વાડીએ નાનીને કહ્યું કે, જો, કાલ
રાત્રે હું પોતાના બાપની સાથે સુતી, આજ રાત્રે પણ આપણે તેને દ્રાક્ષ-
રસ પાઈયે, ને તું પણ જઈને તેની સાથે સુ, કે આપણાથી આપણા બા-
પની સંતાન રહે. 35 અને તેઓએ તે રાત્રે પણ પોતાના બાપને દ્રાક્ષરસ
પાયો, ને નાની ઉઠીને તેની સાથે સુતી, પણ તે ક્યારે સુતી ને ક્યારે
ઉઠી, એ તેને જાણ્યું નહિ. 36 એમ લોટની બંને દીકરીઓ પોતાના બાપ-
થી ગર્ભવતી થઇ. 37 અને વડી એક દીકરો જણી, ને તેનું નામ મોઆબ
પાડ્યું; તેજ લગીના મોઆબીઓનો આદિ પિતા હતો. 38 અને નાની
પણ એક દીકરો જણી, ને તેનું નામ બેનઆમ્મી પાડ્યું; તેજ આજ
લગીના અમોનપુત્રોનો આદિ પિતા હતો.

20 પછી ઈબ્રાહીમ ત્યાંથી નેગેબ દેશ ભણી જઈને કાદેશ તથા શુ-
રની વચ્ચે રહ્યો; ને તેણે ગરારમાં મુકામ કીધો. 2 અને ઈબ્રાહીમે
પોતાની બાયડી સરહ વિષે કહ્યું કે, તે મારી બહેન છે; અને ગરારના રા-
જા અભીમેલેખ સારાહને બોલાવી લીધી. 3 પણ, રાત્રે સ્વપ્નમાં દેવે
અબીમેલેખની પાસે આવીને કહ્યું, જો, જે સ્ત્રી તે લીધી છે તેને લીધે તું
પોતાને મુએલોજ જાણજે, કેમકે તે પરણેલી છે. 4 પણ અબીમેલેખ તેની
પાસે ગયો ન હતો. અને તેણે કહ્યું, પ્રભુ, શું તું ન્યાયી લોકનો પણ નાશ
કરશે? 5 તે મારી બહેન છે, એમ શું તેણે મને નથી કહ્યું? તેણીએ પોતે
પણ કહ્યું કે, તે મારો ભાઈ છે, મેં સાચા અંતઃકરણે તથા શુદ્ધ હાથે આ
કામ કીધું છે. 6 અને દેવે સ્વપ્નમાં તેને કહ્યું, હા, હું જાણું ચુ, કે તે સાચા
અંતઃકરણે એ કીધું છે, ને મેં પણ મારી સામા અપરાધ કરવાથી તેને
અટકાવ્યો; માટે મેં તેણીને અડકવા ના દીધો. 7 માટે હવે તે માણસની
બાયડી તું પાછી આપ, કેમકે તે ભવિષ્યવાદી છે, ને તારે સારૂ તે પ્રાર્થ-
ના કરશે, ને તું જીવશે, પણ જો તું તેણે પાછા ના આપે, તો તું તારા
સઘળા લોક સુદ્ધાં નિશ્ચય મરશે, એવું જાણજે. 8 એ માટે અબીમેલેખ
મોટી સવારે ઉઠ્યો, ને પોતાનો સર્વ દાસોને બોલાવીને એ સર્વ વાતો
તેઓને કહી સંભળાવી. અને તે માણસો ઘણા બિહીધા. 9 અને અબીમે-
લેખ ઈબ્રાહીમને તેડાવીને તેને કહ્યું, આ તે હમને શું કર્યું છે? મેં તારો શો
અપરાધ કીધો છે, કે તું મારા પર તથા મારા રાજ્ય પર મોટું પાપ લાવ્યો
છે? જે કામો કરવા યોગ્ય નથી તે તેં મારા પ્રત્યે કીધા છે. 10 અને અબી-
મેલેખ ઈબ્રાહીમને કહ્યું, તે શું જોઇને આ કામ કીધું છે? 11 અને ઈબ્રાહીમ
બોલ્યો કે, ખચિત આ ઠેકાણે દેવનું ભય નથી, ને મારી સ્ત્રીનો લિધે
તેઓ મને મારી નાખશે, એવું ધરીને મમેં એમ કીધું. 12 વળી તે મારી
બહેન છે એ પણ ખરું, એટલે મારા બાપની દીકરી પણ મારા માની દી-
કરી નહિ; ને તે મારી બાયડી થઇ. 13 અને એમ થયું કે, દેવે મને મારા
બાપના ઘરમાંથી કાઢ્યો ત્યારે મેં તેણીને કહ્યું કે, જ્યાં જ્યાં આપણે
જઈએ ત્યાં ત્યાં તું મારા વિષય કહેજે કે આ મારો ભાઈ છે, એ કૃપા તું
મારાં પર કરજે. 14 અને અબીમેલેખ ઘેટાં તથા ઢોર, દાસો તથા દાસીઓ
લઈને ઈબ્રાહીમને આપ્યા, ને તેની બાયડી સારાહ પણ તેને પાછા
આપી. 15 અને અબીમેલેખ કહ્યું, જો, મારો દેશ તારી આગળ છે, જ્યાં
તને સારું લાગે ત્યાં રહે. 16 સારાહને પણ તેણે કહ્યું, જો, તારા ભાઈને
મેં હજાર રૂપિયા આપ્યા છે, જો, તે તારી સાથેના સઘળાની આગળ તારે
સારું પડદારૂપ છે, ને બધા વિષે તું નિર્દોષ ઠરેલી છે. 17 પછી ઈબ્રાહીમે
દેવની પ્રાર્થના કીધી; ને દેવે અબીમેલેખને તથા તેની બાયડીને તથા
તેની દાસીઓને સાજા કીધા; ને તેઓને છોકરાં થયાં. 18 કેમકે ઈબ્રાહી-
મની બાયડી સારાહને લીધે યહોવાહે અબીમેલેખના ઘરમાંનાં સર્વ ગર્ભ-
સ્થાન બંધ કીધા હતા.

21 અને યહોવાહે જેમ કહ્યું હતું તેમ સારાહ પર તેણે કૃપાદૃષ્ટિ કી-
ધી, જેવું યહોવાહે તેને કહ્યું હતું તેવું તેણે સારાહને કીધું. 2 અને
સારાહ ગર્ભવતી થઈ; ને તે ઈબ્રાહીમને સારું, તેના ઘડપણમાં, જેમ દેવે
તેને કહ્યું હતું, તેમ ઠરાવેલે સમયે દીકરો જણી. 3 અને ઈબ્રાહીમે જે દીક-
રો સારાહને પેટે તેને થયો તેનું નામ ઈસ્હાક પાડ્યું. 4 અને તેનો દીકરો
ઈસ્હાક આઠ દહાડાનો થયો, ત્યારે દેવે તેને આજ્ઞા આપી હતી, તે પ્ર-
માણે ઈબ્રાહીમે તેની સુનત કીધી. 5 જયારે તેનો દીકરો ઈસ્હાક જન્મ્યો
ત્યારે ઈબ્રાહીમ સો વર્ષનો હતો. 6 અને સારાહે કહ્યું, દેવે માની હસાવી
છે; ને હરેક સાંભળનાર મારી સાથે હસશે 7 અને તેને કહ્યું, ઈબ્રાહીમને

કોણ કહેત કે સારાહ છોકરાને ધવડાવશે કેમકે તેના ઘડપણમાં હું તેને
સારુ દીકરો જણી છું. 8 અને તે બાળક મોટો થયો, ને તેનું ધાવણ મુકા-
વ્યું; ને ઈસ્હાકે દૂધ છોડ્યું, તે દહાડે ઈબ્રાહીમે મોટી મિજબાની કીધી.
9 અને હાગાર મીસરીને પેટે ઈબ્રાહીમને જે દીકરો થયો હતો તેને સારાહે
ચેષ્ટા કરતો દીઠો. 10 અને સારું તેને ઈબ્રાહીમને કહ્યું, આ દાસી તથા
તેના દીકરાને કહાડી મૂક, કેમકે એ દાસીનો દીકરો મારા દીકરા ઈસ્હાક-
ની જોડે વારસ નહિ થશે. 11 પણ એ વાત ઈબ્રાહીમની દ્રષ્ટિમાં પોતાના
દીકરાને લીધે બહુ માઠી લાગી. 12 અને દેવે ઈબ્રાહીમને કહ્યું, તારા દીક-
રા તથા તારી દાસીને લીધે તારે માઠું લગાડવું નહિ, જે સર્વ સારાહે તને
કહ્યું છે, તેમાં તેનું સાંભળ, કેમકે ઈસ્હાકથી તારું સંતાન ગણાશે.
13 અને દાસીના દીકરાથી પણ હું એક દેશ જાતી ઉત્પન્ન કરીશ; કેમકે તે
પણ તારું સંતાન છે. 14 અને ઈબ્રાહીમે મોટી સવારે ઉઠીને રોટલી તથા
એક છાગળ પાણી લીધું, ને તે હાગારને આપી તેની ખાંધે મુક્યું, ને છો-
કરો પણ તેને સોંપ્યો, ને તેને વિદાય કીધી; ને તે નીકળીને બેરશેબાના
અરણ્યમાં ભટકતી ફરી. 15 અને છાગળનું પાણી થઇ રહ્યું ત્યારે તને
છોકરાને એક ઝાડવા તળે મેલ્યો. 16 અને તે દૂર જઈને એક તિરવા જેટ-
લે અંતરે જઈને તેની સામે બેઠી, કેમકે તેણે કહ્યું, છોકરાનું મરણ હું નાં
જોઉં; ને તે તેની સામે બેઠી, ને પોક મુકીને રડી. 17 અને દેવે છોકરાનો
સાદ સંભાળ્યો, અને દેવના દૂતે આકાશમાંથી હાગારને હાંક મારીને
કહ્યું, હાગાર, તને શું થયું છે? બિહી ના, કેમકે જ્યાં છોકરો છે ત્યાંથી દેવે
તેનો સાદ સંભાળ્યો છે. 18 ઉઠ, છોકરાને ઉચકી તેને તારા હાથમાં લે;
કેમકે હું તેનાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ. 19 અને દેવે તેની આંખ
ઉઘાડી, ને તેને એક પાણીનો કુવો દીઠો, ને તેને જઈને છાગળ પાણીથી
ભરી ને છોકરાને પાયું. 20 અને દેવ તે છોકરાનો સાથે હતો, ને તે વધ્યો,
ને અરણ્યમાં રહીને તીરંદાજ થયો. 21 અને તે પરાનના અરણ્યમાં રહ્યો;
ને તેની માએ તેને સારું મિસર દેશમાંથી એક બાયડી લીધી. 22 અને તે
સમયે એમ થયું, કે અભીમેલેખ ને તેના સેનાપતિ ફીકોલે ઈબ્રાહીમને
કહ્યું, જે સર્વ તું કરે છે તેમાં દેવ તારી સાથે છે. 23 એ માટે હવે હિયાં મારી
આગળ તું દેવના સન ખ, કે મારી સાથે, ને મારા દીકરા સાથે, ને મર દી-
કરાના દીકરો સાથે, તું દગો નહિ કરે,; પણ તારા પર મેં દયા કરી છે, તે
પ્રમાણે મારા પર ને જ્યાં તું રહે છે તે દેશ પર તું દયા કરશે. 24 અને
ઈબ્રાહીમે કહ્યું, હું સં ખાઇશ. 25 પછી અબીમેલેખના દસોએ પાણીનો
એક કુવો બળાત્કારે લીધો હતો, તે માટે ઈબ્રાહીમે અબીમેલેખને ઠપકો
દીધો. 26 અને અબીમેલેખ કહ્યું, એ કામ કોણે કર્યું છે, એ હું જાણતો
નથી; ને તે પણ મને જણાવ્યું નહોતું, ને મેં આજ્ઞ એ સાંભળ્યું છે.
27 અને ઈબ્રાહીમે ઘેટાં તથા ઢોર લાવીને અબીમેલેખને આપ્યાં; ને તે
બંનેએ કરાર કીધો. 28 અને ઈબ્રાહીમેં ટોળામાંથી સાત ઘેટી કહાડીને
એક કોરે મેલી. 29 અને અબીમેલેખે ઈબ્રાહીમને કહ્યું કે, તે આ સાત ઘેટી
એક કોરે મેલી તે શું? 30 ત્યારે તેણે કહ્યું, આ સાત ઘેટી મારા હાથથી તું
લે, કે આ કુવો મેં ખોદ્યો છે તેની તેઓ મારે માટે સાક્ષી થાય. 31 એ માટે
તે જગ્યાનું નામ તેણે બેરશેબા [એટલે સામનો કુવો] પાડ્યું, કેમકે ત્યાં
તે બેહુએ સં ખાધા. 32 એમ તેઓએ બેરશેબામાં કરાર કીધો; ત્યારે
અબીમેલેખ ને તેનો સેનાપતિ ફીકોલ ઉઠીને પલિસ્તીઓના દેશમાં પા-
છા ગયા. 33 અને ઈબ્રાહીમે બેરશેબામાં એક એશેલ વૃક્ષ રોપ્યું, ને ત્યાં
યહોવાહ સનાતન દેવને નામે પ્રાર્થના કીધી. 34 અને ઈબ્રાહીમ બહુ
દહાડા સુધી પલિસ્તીઓના દેશમાં રહ્યા.

22 એ વાતો પછી એમ થયું, કે દેવે ઈબ્રાહીમની પરીક્ષા કીધી, ને
તેને કહ્યું, ઈબ્રાહીમ; ને તેણે કહ્યું, હું આ રહ્યો. 2 અને તેણે કહ્યું,
હવે તારો દીકરો, તારો એકનો એક દીકરો, ઈસ્હાક, જેના પર તું પ્રીતિ
કરે છે, તેને લઈને મોરીયાહ દેશમાં ચાલ્યો જા, ને ત્યાં જે પર્વતો હું તને
બતાવીશ તેઓમાંના એક પર તું તેનું દહનીયાર્પણ કર. 3 અને ઈબ્રાહીમ
મોટી સવારે ઉઠ્યો, ને ગધેડા પર જીન બાંધ્યું, ને પોતાના જુવાનોમાંથી
બેને તથા પોતાના દીકરા ઈસ્હાકને, પોતાની સાથે લીધા; ને તેણે દહ-
નીયાર્પણને સારું લાકડા ચીર્યાં, ને તે ઉઠ્યો, ને દેવે તેને જે જગ્યા દે-
ખાડી હતી ત્યાં ગયો. 4 ત્યારે ઈબ્રાહીમે પોતાની આંખો ઉંચી કરી વેગ-
ળેથી તે જગ્યા દીઠી. 5 અને ઈબ્રાહીમે પોતાના જુવાનોને કહ્યું કે, તમે
હિયાં ગધેડા પાસે રહો, ને હું તથા છોકરો પણે જઈએ, ને ભજન કરીને
તમારી પાસે પાછા આવીશું. 6 અને ઈબ્રાહીમે દહનીયાર્પણના લાકડા
પોતાના દીકરા ઈસ્હાક પર મુક્યા, ને તેણે પોતાના કાઠમાં અગ્નિ તહાં
છરો લીધો, ને તે બન્ને સાથે ગયા. 7 અને ઈસ્હાકે પોતાના બાપ ઈબ્રાહી-
મને કહ્યું, મારા બાપ; ને તેને કહ્યું, મારા દીકરા, હું આ રહ્યો; ને તેને
કહ્યું, જો, અગ્નિ તથા લાકડા તો છે, પણ દહનીયાર્પણને સારૂ ઘેટું ક્યાં
છે? 8 અને ઈબ્રાહીમે કહ્યું, મારા દીકરા, દહનીયાર્પણને વાસ્તે દેવ પો-
તાને સારું ઘેટું મેળવશે; ને તેઓ બન્ને સાથે ગયા. 9 અને જે જગ્યા વિશે
દેવે તને કહ્યું હતું, ત્યાં તેઓ પહોંચ્યો, ને ઈબ્રાહીમે ત્યાં વેદી બનાવી,
ને લાકડાં સીંચ્યા, ને પોતાના દીકરા ઈસ્હાકને બાંધીને વેદી પરના લા-
કડા ઉપર તેને મુક્યો. 10 અને ઈબ્રાહીમે હાથ લાંબો કરીને તેના દીકરાને
મારવાને છરો લીધો. 11 અને યહોવાહના દૂતે આકાશમાંથી તેને હાંક
મારીને કહ્યું, ઈબ્રાહીમ, ઈબ્રાહીમ, ને તેણે કહ્યું, હું અ રહ્યો. 12 અને તેણે
કહ્યું, તું તારો હાથ છોકરાં પર ન નાખ, ને તેને કાંઈ ન કર, કેમકે તે તારા
દીકરાને, તારા એકનાએક દીકરાને, મારાથી પાછો રાખ્યો નથી, તેથી હું
જાણું ચુ કે તું દેવથી બીહે છે. 13 અને ઈબ્રાહીમે આંખો ઉંચી કરીને જોયું,
ને જુઓ, પછવાડે એક ઘેટો ઝાડીમાં શીંગડાએ ભરાયેલો હતો; ને ઈબ્રા-
હીમ જઈને તે ઘેતાને લાવ્યો, ને પોતાના દીકરાને બદલે તેનું દહનીયા-
ર્પણ કર્યું. 14 અને તે જગ્યાનું નામ ઈબ્રાહીમે યહોવાહ-યિરેહ પાડ્યું, જેમ
આજ લગી કહેવાય છે તેમ, કે યહોવાહના પહાડ પર પૂરું પાડવામાં
આવશે. 15 અને યહોવાહના દૂતે આકાશથી ઈબ્રાહીમને બીજી વાર હાંક
મરીને કહ્યું કે, 16 યહોવાહ કહે છે, મેં પોતાના સં ખાધા છે, કે તે એ કામ
કીધું છે, ને તારા દીકરાને, તારા એકના એક દીકરાને, પાછો રાખ્યો
નથી, 17 તે માટે ખચિત હું તને આશીર્વાદ પર આશીર્વાદ દઈશ, ને
આકાશના તારા જેટલા તથા સમુદ્રના કાંઠાની રેતી જેટલા તારા સંતાન
વધારીશજ વધારીશ, ને તારા સંતાન તેમના શત્રુની ભાગળ કબજામાં
લેશે. 18 અને તારા બીજમાં પૃથ્વીના સર્વ લોક આશીર્વાદ પામશે; કેમકે
તે મારું કહ્યું માન્યું છે. 19 અને ઈબ્રાહીમ પોતાના જુવાનો પાસે પાછો
આવ્યો, ને તેઓ ઉઠીને બેરશેબા લગી સાથે આવ્યા, ને ઈબ્રાહીમ બેર-
શેબામાં રહ્યો. 20 અને એ વાતો પછી એમ થયું, કે ઈબ્રાહીમને ખબર
મળી કે, જો, મીલ્કાહ પણ તારા ભાઈ નહોરથી દીકરા જાણી છે, 21 એટ-
લે તેનો વાડી દીકરો ઊસ, ને તેનો ભાઈ બૂઝ ને કમુએલ જે અરામનો
બાપ, 22 ને કેસેદ તથા હઝો તથા પીલ્દાશ તથા યિદલાફ તથા બથૂ-
એલ. 23 અને બથૂએલથી રીબકાહ થઈ. એ આઠ ઈબ્રાહીમના ભાઈ ના-
હોરથી મીલ્કાહે પેટે જનમ્યા. 24 અને તેની દાસી જેનું નામ રાઉમાહ હતું
તેથી પણ ટેબાહ તથા ગાહામ તથા તાહાશ તથા માઆકાહ થયા.

23 અને સારાહનું આયુષ્ય એક સો સત્તાવીસ વરસનું હતું; સારાહ-
ના આયુષ્યના વર્ષ એટલાં હતાં. 2 અને સારાહ કનાન દેશનાં
કીર્યોથ-અર્બામાં (એટલે હેબ્રોનમાં) મારી ગઈ; ને ઈબ્રાહીમ સારાહને સા-
રું શોક કરવાને તથા તેને સારું રડવાને આવ્યો. 3 અને ઈબ્રાહીમ પો-
તાની મુએલીની આગળથી ઉઠીને હેથના દીકરાઓને કહેવા લાગ્યો,
4 કે હું તમારા મધ્યે પરદેશી તથા પ્રવાસી છું; મને તમારા મધ્યે કબરને
સારું જગ્યા કરી આપો, કે હું મારી આગળથી મારી મરેલીને દાટું.
5 અને હેથના દીકરાઓએ ઈબ્રાહીમની ઉત્તર આપીને કહ્યું, 6 મારા સા-
હેબ, અમારૂં સાંભળ, અમારામાં તું મોટો સરદાર છે, તને પસંદ આવે
ત્યાં અમારી કોઈ પણ કબરમાં તારી મરેલીને દાટ, તારી મરેલીને દાટ-
વાને અમારામાંથી કોઈ પણ તારાથી પોતાની કબર પાછી નહિ રાખે.
7 અને ઈબ્રાહીમ ઉઠ્યો, ને તે દેશનાં લોકોને, એટલે હેથના દીકરાઓની
આગળ પ્રણામ કર્યા. 8 અને તેઓની સાથે વાતચીત કરીને કહ્યું કે, હું
મારી આગળથી મારી મરેલીને દાટું, એવી જો તમરી મરજી હોય, તો મા-
રું સાંભળો, ને મારે સારું સોહારની દીકરા એફ્રોનની વિનંતી કરો, 9 કે
માખ્પેલાહની ગુફા જે તેને કબજે છે, અને જે તેના ખેતરની હદ પર છે, તે
પૂરી કિંમતે તમારા મધ્યે કબરને સારું મારે સ્વાધીન કરે. 10 અને એફ્રોન
હેથના દીકરાઓ મધ્યે બેઠેલો હતો; ને પોતાના નગરની ભાગળમાં પે-
સનરા જે સર્વ હેથના દીકરા તેઓનાં સાંભળતા એફ્રોન હીત્તીએ ઈબ્રાહી-
મને ઉત્તર આપીને કહ્યું, 11 મારા સાહેબ, એમ નહિ, મારું સાંભળ, ખેતર
હું તને આપું છું, ને જે ગુફા તેમાં છે તે પણ હું તને આપું છું; મારા લોકો-
ના દીકરાઓના દેખાતા, તે હું તને આપું છું, તરી મરેલીને દાટજે. 12 અને
દેશનાં લોકની આગળ ઈબ્રાહીમે પ્રણામ કર્યા. 13 અને તેણે તે દેશનાં
લોકોના સાંભળતા એફ્રોનને કહ્યું, જો તારી મરજી હોય તો કૃપા કરી મા-

રું સંભાળ, તે ખેતરને સારું હું તને કિમ્મત આપીશ તે મારી પાસેથી લે,
તો ત્યાં હું મારી મરેલીને દાટું. 14 અને એફ્રોને ઈબ્રાહીમને ઉત્તર આપીને
કહ્યું, 15 મારા સાહેબ, મારું સાંભળ, ચારસે શેકલ રૂપાની જમીન તે મા-
રી ને તારી વચ્ચે શા લેખામાં? માટે તારી મરેલીને દાટજે. 16 અને ઈબ્રા-
હીમે એફ્રોનનું સાંભળ્યું, ને જેટલું તેણે હેથના દીકરાઓના સંભાળતા
કહ્યું હતું, તેટલું એટલે વેપારીઓમાં ચલણી ચારસેં શેકેલ રૂપું ઈબ્રાહીમે
તોલીને એફ્રોનને આપ્યું. 17 અને માકખ્પેલાહ મામ્રેની આગળ એફ્રોનનું
જે ખેતર તથા તેમાં જે ગુફા તથા ખેતરની ચારે ગમની હદની અંદર જે
સર્વ ઝાડો તે, 18 તેના નગરની ભાગળમાં સર્વ જનારાની આગળ હેથના
દીકરાઓના દેખતાં ઈબ્રાહીમને વતનને સારું સોપવામાં આવ્યા.
19 અને તે પછી ઈબ્રાહીમે કનાન દેશનું મામરે જે હેબ્રોન છે, તેની
આગળ, માખ્પેલાહ ખેતરની ગુફામાં પોતાની બાયડી સારાહને દાટી.
20 અને હેથના દીકરાઓએ ઈબ્રાહીમને, કબરસ્થાનને માટે, તે ખેતરનો
તથા તેમની ગુફાનો કબજો નક્કી કરી આપ્યો.

24 અને ઈબ્રાહીમ ઘરડો ને બહુ વર્ષનો થયો હતો, ને હયોવાહે
ઈબ્રાહીમને સર્વ વાતે આશીર્વાદ આપ્યો હતો. 2 અને ઈબ્રાહીમે
પોતાના ઘરનો જુનો ચાકર, જે તેના સર્વસ્વને કારભારી હતો, તેને કહ્યું,
કૃપા કરી મારી જાંગ તળે તારો હાથ મુક. 3 અને યહોવાહ જે આકાશનો
તથા પૃથ્વીનો દેવ છે, તેના હું તને સોગન દઉં છું કે કનાનીઓ, જેઓમાં
હું રહું છે, તેઓની દીકરીઓમાંથી મારા દીકરાને સારું તું બાયડી લઈશ
નહિ. 4 પણ મારા દેશમાં મારા કુટુંબીઓ પાસે તું જજે, ને મારા દીકરા
ઈસ્હાકને સારું બાયડી લાવજે, 5 ત્યારે ચાકરે તેને કહ્યું, કદાપિ તે સ્ત્રી
મારી સાથે આ દેશમાં આવવા રાજી ન હોય, તો જયાંથી તું આવ્યો છે તે
દેશમાં તારા દીક્રને હું પાછો લઈ જાઉ કે કેમ? 6 ત્યારે ઈબ્રાહીમે તેને
કહ્યું, ખબરદાર, તું મારા દીકરાને ત્યાં પાછો લઈ ના જતો. 7 આકાશનો
દેવ યહોવાહ, જે મારા બાપના ઘરમાંથી ને મારી જન્મભૂમિમાંથી મને
કાઢી લાવ્યો, ને જે મારી સાથે બોલ્યો, ને જેણે સમ ખાઈને મને કહ્યું કે,
આ દેશ હું તારા સંતાનને આપીશ, તે તેનો દૂત તારી આગળ મોકલશે;
ને ત્યાંથી તું મારા દીકરાને સારું બાયડી લાવજે. 8 અને જો સ્ત્રી તારી
સાથે આવવાને રાજી ન હોય, તો તું મારા આ સમથી મુક્ત થશે, કેવળ
મારા દીકરાને તું ત્યાં પાછો ન લઈ જતો. 9 અને ચક્રે પોતાના ઘણી
ઈબ્રાહીમની જાંગ તળે હાથ મુક્યો, ને તે વાત વિષે સમ ખાધા. 10 અને
તે ચાકે તેના ઘાણીના ઉંટોમાંથી દસ ઉંટ લઈને નીકળ્યો, કેમકે તેના
ઘણીને સર્વ સંપત્તિ તેના હાથમાં હતી, ને તે ઉઠ્યો, ને આરામ-નાહરા-
ઈમના નાહોરના શહેરમાં ગયો. 11 અને સાંજરે સ્ત્રીઓ પાણી ભરવાને
જાય છે, તે વેળા તેણે નગર બહાર કુવા આગળ ઊંટોને બેસાડ્યાં.
12 અને તેણે કહ્યું, ઓ યહોવાહ, મારા ઘણી ઈબ્રાહીમના દેવ, હું તારી
વિનંતી કરું છું કે, આજે મારું કામ સફળ કર, ને મારા ઘણી ઈબ્રાહીમ
પર દયા કર. 13 જો, હું પાણીના ઝરા પાસે ઉભો છું, ને નગરના માણસો-
ની દીકરીઓ પાણી ભરવાને બહાર આવશે. 14 ત્યારે એમ થવા દે કે જે
કન્યાને હું કહું કે, કૃપા કરીને તારી ગાગેર ઉતાર કે હું પીઉં; ને તે કહે, પી,
ને તારા ઉંટોને પણ હું પાઈશ, તેજ તારા દાસ ઈસ્હાકને સારૂ તારાથી
ઠરાવાએલી કન્યા હોય, ને તેથી હું જાણીશ કે તે મારા ઘણી પર દયા
કરી છે. 15 અને તે બોલી રહ્યા અગાઉ એમ થયું કે, જુઓ, રિબકાહ, જે
ઈબ્રહામના ભાઈ નાહોરની બાયડી મીલ્કાહના દીકરા બથુએલથી થએ-
લી, તે ખાંધ પર ગાગેર લઈને બહાર આવી. 16 હવે તે તરુણી સુંદર
કાંતિની કુમારિકા હતી, તેને કોઈ પુરુષે જાણી ન હતી. તે ઝરા પાસે
ઉતરીને પોતાની ગાગેર ભરીને ઉપર આવી. 17 અને ચાકર તેને મળવાને
દોડ્યો, ને કહ્યું કે,તારી ગાગેરમાંથી થોડું પાણી કૃપા કરીને મને પીવા
દે. 18 તેણે કહ્યું કે, પીઓ, મારા સાહેબ, ને ઉતાવળ કરીને પોતાની ગા-
ગેર હાથ પર ઉતારીને તેને પાયું. 19 અને તેને પાઈ રહ્યા પછી તેણીએ
કહ્યું, તારા ઉંટો પણ પી રહે ત્યાં સુધી હું તેમને સારું પાણી ભરીશ.
20 અને તેને ઉતાવળ કરીને પોતાની ગાગેર હવાડામાં ખાલી કીધી; ને
ફરીથી ભારને કુવા ભણી દોડી; ને તેણે તેનાં સર્વ ઉંટોને સારૂ ભર્યું.
21 અને તે માણસે તેને તાકીને જોઈ, ને યહોવાહે મારી મુસાફરી સફળ
કીધી છે કે નહિ, એ જાણવાને તે છાનો રહ્યો. 22 અને એમ થયું, કે ઉંટો
પી રહ્યા, ત્યારે તે માણસે અડધા તોળાની સોનાની એક વાળી ને તેના
હાથને સારું દસ તોલા સોનાની બે બંગડી કાઢી. 23 અને તેણે કહ્યું, તું
કોણની દીકરી છે, તે કૃપા કરી મને કહે; શું તારા બાપના ઘરમાં અમારે
ઉત્તરવાની જગ્યા છે. 24 તેણે કહ્યું કે મીલ્કાહનો દીકરો બથૂએલ જે ના-
હોરના પેટનો હતો તેની દીકરી હું છું. 25 અને વળી તેણીએ કહ્યું, અમારી
પાસે ઘાસ ચારો બહુ છે, ને ઉત્તરવાની જગ્યા પણ છે. 26 અને તે માણ-
સે માથું નમાવીને યહોવાહનું ભજન કીધું. 27 અને તેણે કહ્યું, મારા ઘણી
ઈબ્રાહીમને દેવ યહોવાહ, જેણે અમારા ઘણી પ્રત્યે પોતાની દયાનો
તથા સત્યતાનો ત્યાગ કીધો નથી, તેને ધન્ય હોજો, યહોવાહ મારા ઘા-
ણીના ભાઈઓના ઘર સુધી માર્ગમાં મને દોરી લાવ્યો છે. 28 અને તે
કન્યા દોડી ગઈ, ને પોતાની માના ઘરનાંને એ વાત જણાવી. 29 અને
રિબકાહને એક ભાઈ હતો, કે જેનું નામ લાબાન હતું ; ને તે માણસ ઝરા
પાસે ઉભો હતો ત્યાં લાબાન તેની પાસે દોડી આવ્યો. 30 અને એમ થયું
કે તેણે તે વાળી તથા પોતાની બહેનના હાથમાં તે બંગડી દીઠી, ને પો-
તાની બહેન રિબકાહની વાત સાંભળી કે તે માણસે મને આમ કહ્યું,
ત્યારે તે તે માણસની પાસે આવ્યો, ને જુઓ, તે ઊંટોની પાસે વાવ
આગળ ઉભો હતો. 31 અને તેણે કહ્યું કે, યહોવાહથી આશીર્વાદ પામેલા,
તું ઘેર આવ, બહાર કેમ ઉભો રહ્યો છે? કેમકે મેં ઘર તથા ઉંટોને સારું
જગ્યા તૈયાર કીધા છે. 32 અને તે માણસ ઘરમાં આવ્યો. અને [લાબને]
ઉંટોનો સામાન ઉતાર્યો ને ઉંટોને ઘાસ ચારો આપ્યા, ને તેને તથા તેના
સાથીઓને પગ ધોવાનું પાણી આપ્યું. 33 અને તેની આગળ ખાવાનું
પીરસ્યું; પરંતુ તેણે કહ્યું કે, હું મારી વાત કહ્યા પહેલા નહિ ખાઈશ; ને
તેણે કહ્યું, બોલ, 34 અને તેણે કહ્યું કે, હું ઈબ્રાહીમનો ચાકર છું,. 35 અને
યહોવાહે મારા ઘણીને બહુ આશીર્વાદ દીધો છે, ને તે મોટો થયો છે, ને
તેણે તેને ઘેંટા તથા ઢોરો તથા રૂપું તથા સોનું તથા દાસો તથા દાસીઓ
તથા ઉંટો તથા ગધેડાં આપ્યા છે. 36 અને સારાહ મારા ઘણીની બાયડી
પોતાના ઘડપણમાં મારા ઘાણીના પેટનો દીકરો જણી, ને તેની પાસે જે
છે તે બધું તેણે તેને આપ્યું છે. 37 અને મારા ઘાણીએ મને સમ આપીને
કહ્યું કે, જે કનાનીઓના દેશમાં હું રહું છું તેઓની દીકરીઓમાંથી મારા
દીકરાને સારૂ તું બાયડી ન લેતો. 38 પણ મારા બાપને ઘેર તથા મારા કુ-
ટુંબની પાસે તું જજે, મારા દીકરાને સારૂ તું બાયડી લાવજે. 39 અને મેં
મારા ઘણીને કહ્યું, કદાપિ બાયડી મારી સાથે ન આવે તો? 40 અને તેણે
અને કહ્યું કે યહોવાહ માર્ગ સફળ કરશે; ને મારા કુટુંબીઓમાંથી, તથા
મારા મારા બાપના ઘરમાંથી મારા દીકરાને સારૂ તું બાયડી લાવજે.
41 અને જયારે તું મારા કુટુંબીઓ પાસે જશે ત્યારે મારા સમથી તું છુટો
થશે, એટલેજો તેઓ તાનેકાન્ય નહિ આપે, તો મારા સમથી તું છુટો
થશે. 42 અને આજ હું ઝરાની પાસે આવ્યો ને બોલ્યો, મારા ઘણી ઈબ્રા-
હીમના દેવ યહોવાહ, મારો માર્ગ જેમાં હું ચાલુ છું, તે જો તું સફળ કરનાર
હોય, 43 તો હું ઝરા પાસે ઉભો છું ત્યારે એમ થાઓ કે જે કન્યા પાણી
ભરવા નીકળી આવે, ને જેણે હું કહું, કૃપા કરીને તારી ગાગેરમાંથી માની
થોડું પાણી પાં, 44 ને તે મને કહે, પી, ને તારા ઉંટોને સારૂ પણ હું
ભરીશ; તેજ સ્ત્રી મારા ઘાણીના દીકરાને સારું યહોવાહથી ઠરાવાએલી
હોય. 45 હું મારા મનમાં એ વાત કહી રહ્યો ત્યારે પહેલાં, જુઓ, રિબકાહ
ખાંધ પર ગાગેર લઈ નીકળી આવી, ને તેણે ઝરા પાસે ઉતરીને પાણી
ભર્યું, ને મેં તેને કહ્યું, કૃપા કરીને મને પાણી પા. 46 અને તેણે ઉતાવળ
કરીને ખભેથી ગાગેર ઉતારીને કહ્યું, પી, ને તારા ઉંટોનેપણ હું પાઈશ;
માટે મેં પીધું, ને તેણીએ ઉંટોને પણ પાયું. 47 ત્યારે મેં તેને પૂછીને કહ્યું,
તું કોણની દીકરી છે? ને તેણે કહ્યું, નાહોરનો દીકરો બથૂએલ જે મીલ્કા-
હને પેટે જન્મ્યો, તેની, ને મેં તેના નાકમાં વાળી ને તેના બંને હાથમાં
બંગડી ઘાલી. 48 અને મેં માથું નમાવીને યહોવાહનું ભજન કીધું; ને મારા
ઘણી ઈબ્રાહીમનો દેવ યહોવાહ જે તેના દીકરાને સારૂ મારા ઘાણીના
ભીની દીકરી લેવાને મને પાંગરે માર્ગે લાવ્યો હતો તેની મેં સ્તુતિ કીધી.
49 અને હવે જો તમે મારા ઘણીની સાથે કૃપાથી તથા સાચાઈથી વર્તવા-
ના હો તો મને કહો, ને જો નહિ, તો મને કહો, કે હું જમણી કે ડાબી ગમ
ફરું. 50 પછી લાબને તથા બથુએલે ઉત્તર દઈને કહ્યું કે, એ વાત યહો-
વાહથી નીકળી છે, અમે તને ભુંડું કે ભલું કહી નથી શકતા. 51 જો, રિબ-
કાહ તારી આગળ છે, તેને લઈને જા, ને યહોવાહના કહ્યા પ્રમાણે તે તા-
રા ઘાણીના દીકરાની બાયડી થાય. 52 અને એમ થયું કે ઈબ્રાહીમના દા-
સે તેઓની વાત સાંભળી, ત્યારે તેણે ભૂમિ લગી નીચા વળીને યહોવા-
હનું ભજન કીધું. 53 અને તે દાસે રૂપના તથા સોનાના દાગીના તથા લૂ-

ગડાં કાઢોને રિબકાહને આપ્યા. અને તેણે તેના ભાઈના તથા તેની મા-
ને પણ કિમતી જણસો આપી. 54 અને તેણે ને તેની સાથે જે માણસ
હતા તેઓએ ખાધું પીધું, ને તેઓ આખી રાત ત્યાં રહ્યા, ને તેઓ સવારે
ઉઠયા ત્યારે તેણે કહ્યું કે, મને મારા ધણીને ત્યાં જવાને વિદાય કરો.
55 અને તેણીના ભાઈએ તથા માએ કહ્યું, કન્યાને આમારી સાથે થોડા
દિવસ, ઓછામાં ઓછા દસેક દિવસ રહેવા દે, ત્યાર પછી તે આવશે.
56 પણ તેણે તેઓને કહ્યું, યહોવાહે મારો માર્ગ સફળ કીધો છે, માટે તમે
મને રોકશો માં, મને વિદાયકરો કે હું મારા ધણી પાસે જાઉં. 57 અને તે-
ઓએ કહ્યું, અમે કન્યાને બોલાવીને મ્હોડેમ્હોડ પૂછીએ? 58 અને તે-
ઓએ રિબકાહને બોલાવીને તેને પૂછ્યું કે, શું તું આ માણસ સાથે જશે?
ને તેણે કહ્યું કે, હું જઈશ. 59 અને તેઓએ પોતાની બહેન રિબકાહ તથા
તેની દાઈને તથા ઈબ્રાહીમના દાસને તથા તેના માણસોને વિદાય કી-
ધા. 60 અને તેઓએ રિબકાહને આશીર્વાદ દઈને કહ્યું કે, અમારી બહેન,
ક્રોડોની મા થજો, ને તારા સંતાન પોતાના વેરીઓની ભાગળ કબજે
કરો. 61 અને રીબકાહ તથા તેની દાસીઓ ઉઠીને ઊંટો પર બેથી, ને તે
માણસની પછવાડે ચાલી; એમ ચાકર રિબકાહને લઈને પોતાને માર્ગે
ચાલ્યો ગયો. 62 અને ઈશાક બેર-લાહાય-રોઈને માર્ગે ચાલતો આવ્યો;
કેમકે તે નેગેબ દેશમાં રહેતો હતો. 63 અને ઈસ્હાક સાંજે મનન કરવા
સારું ખેતરમાં ગયો, ને તેને પોતાની આંખો ઉંચી કરીને જોયું, તો જુઓ,
ઊંટો આવતા હતા. 64 અને રીબકાહે આંખો ઊંચી કરીને ઈસ્હાકને જોયો;
ત્યારે તે ઊંટ પરથી ઉતરી પડી. 65 અને તેણે ચાકરને પુછ્યું કે,આપણ-
ને મળવાને આ કોણ ખેતરમાં આવે છે? ને ચાકરે કહ્યું કે, તે મારી ધણી
છે; ને તેણીએ પોતાનો બુરખો લઈને ઓઢ્યો. 66 અને દાસે એ કર્યું હતું
તે સર્વ તેણે ઈસ્હાકને કહી સંભળાવ્યું. 67 અને ઈસ્હાક તેણીને પોતાની
મા સારાહના તંબુમાં લાવ્યો, ને તેણે રિબકાહને લીધી, ને તે તેની બાય-
ડી થઈ; ને તેણે તે પર પ્રીતિ કીધી; ને ઈસ્હાક પોતાની માના મરણ
પછી દિલાસો પામ્યો.

25 અને ઈબ્રાહીમે ફરી બાયડી કીધી, કે જેનું નામ કટૂરાહ હતું.
2 અને તેને તેણીને પેટે ઝીમ્રાન તથા યોક્શાન તથા મદાન
તથા મિદ્યાન તથા યીશ્બાક તથા શુઆહ, એ દીકરા થયા. 3 અને યો-
ક્શાનથી શબા તથા દદાન થયા, ને આશૂરીમ તથા લટ્શીમ તથા લઉ-
મીમ એ દદાનના દીકરા હતા; 4 ને એફાહ તથા એફેર તથા હનોખ તથા
અબીદા તથા એલ્દાઆહ એ મીદ્યાનના દીકરા; એ સર્વ કટૂરાહના ફર-
જન હતા. 5 અને ઈબ્રાહીમે પોતાનું જે સર્વ હતું, તે ઈસ્હાકને આપ્યું.
6 પણ ઈબ્રાહીમની ઉપપત્નીના દીકરાઓને ઈબ્રાહીમે કંઈ બક્ષીસો
આપીને તેઓને પોતાની હયાતીમાં પોતાના દીકરા ઈસ્હાક પાસેથી પૂર્વ
ગામના દેશમાં મોકલી દીધા. 7 અને ઈબ્રાહીમે જે આયુષ્ય ભોગવ્યું તેના
વર્ષ એક સૌ પંચોત્તેર હર્ષ હતા. 8 ત્યાર પછી ઈબ્રાહીમે પ્રાણ મુક્યો,
અને ઘરડો તથા પાકી વયનો થઈને તે બહુ ઘડપણમાં મરણ પામ્યો; ને
તે પોતાના પૂર્વજોની સાથે મળી ગયો. 9 અને તેના દીકરા ઈસ્હાકે તથા
ઈશ્માએલે માખ્પેલાહની ગુફામા, એટલે મામ્રેની સામે સોહાર હિત્તીના
દીકરા એફ્રોનના ખેતરમાં તેને દાટ્યો. 10 હેથના દીકરાઓ પાસેથી જે
ખેતર ઈબ્રાહીમે વેચાતું લીધું હતું, તેમાં ઈબ્રાહીમ તથા તેની બાયડી સા-
રાહ દટાયાં. 11 અને એમ થયું કે ઈબ્રાહીમના મુઆ પછી તેના દીકરા
ઈસ્હાકને દેવે આશીર્વાદ દીધો, ને ઈસ્હાક બેર-લાહાય-રોઈ પાસે રહ્યો.
12 હવે ઇબ્રાહીમનો દીકરો ઈશ્માએલ જે સારહની દાસી હાગાર મિસરીને
પેટે ઇબ્રાહીમથી જન્મ્યો હતો, તેની વંશાવળી. 13 અને ઈશ્માંએલના દી-
કરાઓના નામ પોતપોતાના નામ તથા પોતપોતાની પેઢીઓ પ્રમાણે
આ છે, એટલે ઈશ્માએલનો પ્રથમજનિત નબાયોથ, પછી કેદાર તથા
આદબએલ તથા મીબ્સામ, 14 ને મિશ્મા તથા દુમાહ તથા માસ્સા, 15 ને
હદાદ તથા તેમા તથા યટુર તથા નાફીશ તથા કેદમાહ. 16 ઈશ્માએલના
દીકરા એ, ને તેઓનાં ગામો તથા મુકામો પ્રમાણે તેઓનાં નામ એ હતાં,
અને તેઓનાં કુળોના બાર સરદારો હતા. 17 અને ઈશ્માએલના આયુ-
ષ્યનાં વર્ષ એક સો સાડત્રીસ હતાં; ને તે પ્રાણ છોડીને મરી ગયો, ને તે-
ના પૂર્વજોની સાથે મળી ગયો. 18 અને હવીલાહથી આશૂર જતાં મિસર
દેશની સામેના શૂર લગી તેઓ વસ્યા હતા, ને તે પોતાના સર્વ ભાઈઓ-
ની સામે વસ્યો હતો. 19 અને ઈબ્રાહીમના દીકરા ઈસ્હાકની વંશાવળી
આ છે; ઈબ્રાહીમથી ઈસ્હાક થયો. 20 અને ઈસ્હાક અરામી લાબાનની
બહેન પાદ્દાનઅરામના અરામી બેથૂએલની દીકરી રિબકાહ સાથે પરણ્યો
ત્યારે તે ચાળીસ વર્ષનો હતો. 21 ને ઈસ્હાકની બાયડી વાંઝણી હતી મા-
ટે તેને તેને સારૂ યહોવાહની પ્રાર્થના કીધી. અને યહોવાહે તે પ્રાર્થના
માન્ય કીધી, ને તેની બાયડી રિબકાહ ગર્ભવતી થઈ. 22 અને છોકરાએ
તેના પેટમાં બઝાબાઝ કીધી, ને તેણે કહ્યું, જો એમ છે, તો હું કેમ જીવ-
તી છે? તે યહોવાહને પૂછવાને ગઈ. 23 અને યહોવાહે તેને કહ્યું, “તારા
પેટમાં બે કુળ છે, ને તારા પેટથીજ બે પ્રજાઓ ભિન્ન થશે; અને એક પ્ર-
જા બીજી પ્રજા કરતાં બળવાન થશે, ને વડો નાનો દાસ થશે.” 24 અને
તેને જણવાના દહાડા પુરા થયા, ત્યારે જુઓ, તેના પેટમાં જોળ હતી.
25 અને પહેલો લાલ નીકળ્યો, તે તમામ રૂઆંટીવાળા લૂગડા સરખો
હતો, ને તેઓએ તેનું નામ એસાવ પાડ્યું. 26 ત્યાર પછી તેનો ભાઈ
એસાવની એડી હાથમાં પકડીને નીકળ્યો, ને તેનું નામ યાકૂબ પાડવા-
માં આવ્યું; ને તે તેઓને જણી, ત્યારે ઈસ્હાક સાઠ વર્ષનો હતો. 27 અને
તે છોકરા મોટા થયા, ને એસાવ ચતુર શિકારી તથા જંગલમાં ફરનાર
માણસ હતો, પણ યાકૂબ સુંવાળો માણસ ને માંડવાઓમાં રહેનાર હતો.
28 હવે ઈસ્હાક એસાવ પર પ્રીતિ કરતો હતો, કેમકે તેનો શિકાર તે ખાતો
હતો; પણ રિબકાહ યાકૂબ પર પ્રીતિ કરતી હતી. 29 હવે યાકૂબે શાક
રાંધ્યું હતું, એવામાં એસાવ ખેતરમાંથી આવ્યો, ને તે થાકેલો હતો.
30 અને એસાવ વિનંતી કરીને યાકૂબને કહ્યું, પેલા લાલ શાકમાંથી મને
ખાવાને આપ, કેમકે હું નિર્ગત થયો છું; માટે તેનું નામ અદોમ કહેવાયું.
31 અને યાકૂબે કહ્યું, આજ તું પોતાનું જ્યેષ્ઠપણું અને વેચાતું આપ.
32 અને એસાવે કહ્યું કે, જો, હું મરવા પડ્યો છું, ને એ જ્યેષ્ઠપણું મને શા
કામમાં આવવાનું? 33 ને યાકૂબે કહ્યું, આજે મારી આગળ સમ ખા; ને
તેણે તેની આગળ સમ ખાધા; ને પોતાનું જ્યેષ્ઠપણું યાકૂબને વેંચી દી-
ધું. 34 અને યાકૂબે એસાવને રોટલી તથા દાળનું બનાવેલું શાક આપ્યા;
ને તેણે ખાધું પીધું, ને ઉઠીને ચાલ્યો ગયો. એમ એસાવે પોતાનું જ્યેષ્ઠ-
પણું હલકું ગણ્યું.

26 અને ઈબ્રાહીમના વખતમાં પહેલો દુકાળ પડ્યો હતો, તે શિ-
વાય તે દેશમાં બીજો દુકાળ પડ્યો; ત્યારે ઈસ્હાક પલિસ્તીઓ-
ના રાજા અબીમેલેખ પાસે ગરારમાં ગયો. 2 અને યહોવાહે તેને દર્શન
દઈને કહ્યું, તું મિસરમાં ન જતો, જે દેશ વિશે હું તેને કહીશ ત્યાં રહેજો
3 આ દેશમાં તું પ્રવાસી થઇ રહે, ને હું તારી સાથે રહીશ ને તને આશી-
ર્વાદ દઈશ, કેમકે તને તથા તારા સંતાનને હું આ સઘળા દેશ આપીશ,
ને તારા બાપ ઈબ્રાહીમની આગળ જે સમ મેં ખાધા છે તે હું પુરા કરીશ.
4 અને હું તારા સંતાનને આકાશના તારાઓ જેટલાં વધારીશ, ને આ
સર્વ દેશો હું તારા સંતાનને આપીશ, ને પૃથ્વીના સર્વ કુળ તારા સંતાન-
માં આશીર્વાદ પામશે. 5 કેમકે ઈબ્રાહીમે મરી વાણી માની, ને મારી રી-
તિ, તથા મરી આજ્ઞા, તથા મારા વિધિ, તથા મારા નિયમ પાળ્યા.
6 અને ઈસ્હાક ગરારમાં રહ્યો. 7 અને ત્યાંના માણસોએ તેની બાયડી
વિષે પુછ્યું; ને તેને કહ્યું કે, તે મારી બહેન છે; કેમકે તે મારી બાયડી છે,
એમ કહેવાને તે બીધો, રાખે ત્યાંના માણસો રિબકાહને લીધે તેને મારી
નાખે, કારણ કે તે રૂપાળી હતી. 8 અને એમ થયું કે ત્યાં તેને ઘણા દહા-
ડા થયા, ત્યારે પલિસ્તીઓના રાજા અબીમેલેખ બારીએથી જોયું, ને
જુઓ, ઈસ્હાક પોતાની બાયડી રિબકાહને લાડ લડાવતો હતો. 9 અને
અબીમેલેખ ઈસ્હાકને બોલાવીને કહ્યું કે, જો, તે ખચિત તારી બાયડી
છે, ને તું એમ કેમ બોલ્યો કે તે મારી બહેન છે? ને ઈસ્હાકે તેને કહ્યું, હું
તેને લીધે કદાચિત માર્યો જાઉં એવી બીકથી હું એમ બોલ્યો. 10 અને
અબીમેલેખે કહ્યું, તેં અમને આ શું કીધું છે? લોકમાંનો કોઈ તારી બાય-
ડી સાથે હેજ સૂઈ જાત ને એમ તું અમારા પર દોષ આણત. 11 અને
અબીમેલેખે સર્વ લોકોને તાકીદ કરીને કહ્યું કે, આ માણસને અથવા તે-
ને બાયડીને જે કોઈ અડકશે તે નિશ્ચે માર્યો જશે. 12 અને ઈસ્હાકે તે દેશ-
માં વાવણી કીધી, ને તેજ વર્ષે સોગણું પામ્યો; ને યહોવાહે તેને આશી-
ર્વાદ દીધો. 13 અને તે મોટો માણસ થયો ને એમ વધતાં વધતાં બહુજ
મોટો થયો. 14 અને તેની પાસે ઘેંટા તથા ઢોર તથા ઘણા દસો થયા.
અને પલિસ્તીઓએ તેની અદેખાઈ કીધી. 15 અને તેના બાપ ઈબ્રાહીમ-
ના દહાડામાં જે સર્વ કુવા તેના બાપના દાસોએ ખોદ્યા હતા તે પલિસ્તી-
ઓએ માટીથી ભરીને પુરી નાખ્યા હતા. 16 અને અબીમેલેખે ઈસ્હાકને
કહ્યું, તું અમારી પાસેથી જા, કેમકે તું અમારા કરતાં બહુ સમર્થ થઇ ગયો

છે. 17 પછી ઈસ્હાકે ત્યાંથી નીકળીને ગરારના નીચાણમાં તંબુ તાણ્યો,
ને તે ત્યાં રહ્યો. 18 અને તેના બાપ ઈબ્રાહીમના વખતમાં પાણીના જે કુ-
વા ખોદ્યા હતા, તે ઈસ્હાકે ગાળી કાઢ્યા, કેમકે ઈબ્રાહીમના મરણ પછી
પલિસ્તીઓએ તે પુરી નાખ્યા હતા; ને તેમના જે જે નામ તેના બાપે પા-
ડ્યાં હતાં, તેજ નામ તેણે તેઓનાં પાડ્યાં. 19 અને ઈસ્હાકના દાસોએ
નીચાણમાં ખોદ્યું, ને ત્યાં પાણીનો એક ઝરો મળ્યો. 20 અને એ પાણી
અમારૂં છે એમ કહેતાં ગરારના ભરવાડો ઈસ્હાકના ભરવાડો સાથે વઢય,
અને તે કુવાનું નામ તેને એસેક પાડ્યું; કેમકે તેઓ તેની સાથે વઢયા
હતા. 21 અને તેઓએ બીજો કુવો ખોદ્યો, ને તે વિષે પણ તેઓ વઢયા, ને
તેને તેનું નામ સિટનાહ પાડ્યું. 22 અને ત્યાંથી જઈને તેણે બીજો કુવો
ખોદ્યો, ને તેને સારૂ તેઓ વઢયા નહિ; ને તેણે તેનું નામ રહોબોથ પા-
ડ્યું; ને કહ્યું હવે યહોવાહે અમને પુષ્કળ જગ્યા આપી છે, એ આ દેશમાં
અને ફળવાન થઈશું. 23 અને તે ત્યાંથી બેર-શેબા ગયો. 24 અને તેજ રા-
ત્રે યહોવાહે તેને દર્શન આપીને કહ્યું કે, હું તારા બાપ ઈબ્રાહીમનો દેવ
છું; બીહી મા, કેમકે તારી સાથે હું છે, ને મારા સેવક ઈબ્રાહિમને લીધે હું
તને આશીર્વાદ દઈશ, ને તારું સંતાન વધારીશ. 25 અને તેણે ત્યાં વેદી
બાંધી, ને યહોવાહને નામે પ્રાર્થના કીધી, ને ત્યાં પોતાનો તંબુ તાણ્યો,
ને ત્યાં ઈસ્હાકના દાસોએ એક કુવો ખોદ્યો. 26 અને અબીમેલેખ પોતાના
મિત્રોમાંના એક અહુઝાથ તથા પોતાના સેનાપતિ ફીકોલ સુદ્ધાં ગરારથી
તેની પાસે આવ્યો; 27 ને ઈસ્હાકે તેઓને કહ્યું, તમે મારો દ્વેષ કરો છો, ને
તમારી પાસેથી મને કાઢી મુક્યો છે, માટે મારી પાસે તમે કેમ આવ્યા?
28 ને તેઓએ કહ્યું, અમે ખચિત જાણ્યું કે યહોવાહ તારી સાથે છે, ને
અમે કહ્યું કે, હવે આપણી વચ્ચે, એટલે તારી તથા અમારી વચ્ચે સમ
થાય, ને અમે તારી સાથે કરાર કરીએ, 29 કે જેમ અમે તને છેડ્યો નથી,
ને તારું ભલુંજ માત્ર કીધું, ને શાંતિથી તને વિદાય કીધો, તેમ તું અમારૂં
ભુંડું ન કરે; હવે તું યહોવાહથી અશીર્વાદિત છે. 30 અને તેણે તેઓને સા-
રૂ મિજબાની કીધી, ને તેઓએ ખાધું ને પીધું, 31 અને તેઓએ મોટી
સવારે ઉઠીને અરસપરસ સમ ખાધા; ને ઈસ્હાકે તેઓને વિદાય કીધા,
ને તેઓ તેની પાસેથી શાંતિએ ગયા. 32 અને તેજ દહાડે એમ થયું કે
ઈસ્હાકના દાસોએ જે કુવો ખોદ્યો હતો, તે વિષે તેઓએ આવીને કહ્યું,
અમને પાણી જડ્યું છે. 33 અને તેણે તેને શિબાહ નામ આપ્યું, માટે
આજ લગી તે નગરનું નામ બેર-શેબા કહેવાય છે. 34 અને એસાવ ચા-
ળીસ વર્ષનો થઈને હિત્તી બએરીની દીકરી યહૂદીથને તથા હિત્તી એલો-
નની દીકરી બાસમાથને પરણ્યો. 35 અને તેઓ ઈસ્હાક તથા રિબકાહ-
ના જીવને સંતાપરૂપ હતી.

27 અને એમ થયું કે ઈસ્હાક ઘરડો થયો, ને તેની આંખનું તેજ
એટલું ઘટયું કે તે દેખી શકતો ન હતો, ત્યારે તેણે પોતાના વડા
દીકરા એસાવને બોલાવીને તેને કહ્યું, મારા દીકરા; ને તેણે કહ્યું, હું આ
રહ્યો. 2 અને તેણે કહ્યું, જો, હું હવે ઘરડો થયો છું, મારો મરવાનો દહાડો
હું નથી જાણતો. 3 માટે હવે તું તારા હથિયાર, એટલે તારો ભાથો તથા
ધનુષ્ય લઈને જંગલમાં જા, ને મારે સારૂ શિકાર મારી લાવ 4 અને મને
ભાવે છે તેવું સ્વાદિષ્ટ ખાવાનું તું મારે સારૂ તૈયાર કર, ને મારી પાસે
લાવ, કે હું ખાઉં, ને મરવા અગાઉ મારો જીવ તને આશીર્વાદ દે. 5 અને
ઈસ્હાક તેના દીકરા એસાવની સાથે બોલતો હતો, ત્યારે રિબકાહે સાંભ-
ળ્યું. અને એસાવ શિકાર મારી લાવવા સારૂ જંગલમાં ગયો. 6 અને રિબ-
કાહે પોતાના દીકરા યાકૂબને કહ્યું, જો, તારા ભાઈ એસાવની સાથે તારા
બાપને એમ બોલતા મેં સાંભળ્યો, 7 કે તું મારે સારૂ શિકાર લાવીને સ્વા-
દિષ્ટ ખાવાનું મારે સારૂ તૈયાર કર, કે હું ખાઉં ને મરવા અગાઉ યહોવાહ-
ની આગળ હું તને આશીર્વાદ દઉં. 8 હવે, મારા દીકરા, તને હું આજ્ઞા
આપું, તે પ્રમાણે મારું કહ્યું માન. 9 હવે તું ટોળામાં જા, ને તેમાંથી બક-
રીનાં બે સારા લવારા મરી પાસે લાવ, ને તેઓથી તારા બાપને ભાવે છે
તેવું સ્વાદિષ્ટ ખાવાનું હું તેને સારૂ તૈયાર કરીશ. 10 અને તે તું તારા બાપ
આગળ મૂકજે, કે તે ખાઈને તેના મરણ અગાઉ તને આશીર્વાદ દે.
11 અને યાકૂબે પોતાની મા રિબકાહને કહ્યું, જો, મારો ભાઈ એસાવ કેશી
માણસ છે,ને હું સુંવાળો માણસ છે. 12 કદાપિ મારો બાપ મને હાથ
લગાડે, ને હું તેને ઠગનારાના સરખો દેખાઉં, ને હું આશીર્વાદ તો નહિ
પણ શ્રાપ મારે માથે લાવું. 13 અને તેની માએ તેને કહ્યું, મારા દીકરા, તે
શ્રાપ મારા પર થાઓ, માત્ર મારું કહેવું માન, ને જઈને મારે સારૂ તેઓને
લાવ. 14 અને તેને જઈને તે લીધા, ને તેની માની પાસે લાવ્યો, ને તેના
બાપને ભાવતું હતું તેવું સ્વાદિષ્ટ ખાવાનું તેની માએ તૈયાર કીધું.
15 અને રિબકાહે તેના જયેષ્ઠ દીકરા એસાવના સારા લુગડા જે તેની પા-
સે ઘરમાં હતા તે લઈને તેના નાના દીકરા યાકૂબને પહેરાવ્યાં. 16 અને
તેના હાથો પર તથા તેના ગળાના કેશરહિત ભાગ પર તેને બકરીના લા-
વરાંનાં ચામડા બાંધ્યા. 17 અને સ્વાદિષ્ટ ખાવાનું તથા રોટલી જે તેને
તૈયાર કર્યા હતા તે તેના દીકરા યાકૂબના હાથમાં આપ્યા. 18 અને તેણે
પોતાના બાપ પાસે જઈને કહ્યું કે, મારા બાપ; ને તેને કહ્યું, જો, હું આ
રહ્યો, મારા દીકરા, તું કોણ છે? 19 ને યાકૂબે પોતાના બાપને કહ્યું, હું
એસાવ તારો જયેષ્ઠ દીકરો છુ, જેમ તેં મને કહ્યું હતું, તેમ મેં કીધું છે; હું
વિનતી કરું છુ, કે બેઠો થઈને મારો શિકાર ખા, કે તારો જીવ મને
આશીર્વાદ દે. 20 અને ઈસ્હાકે પોતાના દીકરાને કહ્યું, મારા દીકરા, આટ-
લામાં તને મળ્યું એ કેમ? ને તેને કહ્યું, યહોવાહ તારા દેવે મને લાવી
આપ્યું માટે. 21 અને ઈસ્હાકે યાકૂબને કહ્યું, મારા દીકરા, પાસે આવ, કે
હું તને અડકી જોઉં, કે તુંજ મારો દીકરો એસાવ છે કે નહિ. 22 અને યા-
કૂબ તેના બાપ ઈસ્હાકની પાસે આવ્યો, ને તે તેને અડકયો, ને કહ્યું કે,
સાદ તો યાકૂબનો સાદ છે ખરો, પણ હાથ તો એસાવના હાથ છે.
23 અને તેના હાથ તેના ભાઈ એસાવના સરખા કેશી હતા, માટે તેને તે-
ણે ઓળખ્યો નહિ, ને તેણે તેને આશીર્વાદ દીધો. 24 અને તેણે કહ્યું, શું
તું મારો દીકરો એસાવ છે? ને તેને કહ્યું કે, એજ. 25 અને તેણે કહ્યું, એ
મારી પાસે લાવ, કે હું મારા દીકરાનો શિકાર ખાઉં, કે મારો જીવ તને
આશીર્વાદ દે. અંને તે તેની પાસે લાવ્યો, ને તેણે ખાધું, ને તે તેને સારૂ
દ્રાક્ષરસ લાવ્યો, ને તેણે પીધો. 26 અને તેના બાપ ઈસ્હાકે તેને કહ્યું,
મારા દીકરા, હવે પાસે આવ, ને મને ચૂમ. 27 અને તેણે પાસે આવીને
તેને ચૂમ્યો, ને તેને તેનાં લુગડાની વાસ લીધી, ને તેણે તેને આશીર્વાદ
દીધો, ને કહ્યું, “જો, યહોવાહથી આશીર્વાદ પામેલા ખેતરની વાસ સર-
ખી, મારા દીકરાની વાસ છે. 28 માટે દેવ તને આકાશનું ઝાકળ ને પૃ-
થ્વીની રસાળ જગ્યા તથા પુષ્કળ ધાન્ય તથા દ્રાક્ષરસ આપે. 29 લોકો
તારી સેવા કરે, ને દેશજાતિઓ તારી આગળ નામે; તું તારા ભાઈઓનો
ધણી થા, જે હરેક તને શ્રાપ દે, તે શ્રાપિત થાય, ને જે તને આશીર્વાદ દે,
તે આશીર્વાદ પામે.” 30 અને એમ થયું કે જયારે ઈસ્હાક યાકૂબને અશી-
ર્વાદ દઈ રહ્યો, ને યાકૂબ પોતાના બાપ ઈસ્હાકની આગળથી બહાર
ગયો હતો,તેજ વેળા તેનો ભાઈ એસાવ શિકાર કરવા પરથી પાછો
આવ્યો. 31 અને તે પણ સ્વાદિષ્ટ ખાવાનું તૈયાર કરીને તેના બાપની
પાસે લાવ્યો, ને બાપને કહ્યું, મારા બાપ, ઉઠ, ને તારા દીકરાનો શિકાર
ખા, કે તારો જીવ મને આશીર્વાદ દે. 32 અને તેના બાપ ઈસ્હાકે તેને
કહ્યું, તું કોણ? ને તે બોલ્યો, હું તારો જયેષ્ઠ દીકરો એસાવ છું. 33 અને
ઈસ્હાક બહુ થરથર ધ્રુજ્યો, ને બોલ્યો, ત્યારે જે શિકાર મારીને મારી પા-
સે લાવ્યો હતો તે કોણ? તે સર્વમાંથી તારા આવ્યા અગાઉ મેં ખાધું; ને
તને આશીર્વાદ દીધો, ને તે અશીર્વાદિત થશે પણ ખરો. 34 અને એસાવે
પોતાના બાપની વાત સાંભળી, ત્યારે તે મોટી તથા બહુ કારમી બૂમ
પાડીને રડ્યો, ને પોતાના બાપને કહ્યું, મારા બાપ, મને હા મને
પણ,આશીર્વાદ દે. 35 અને તેણે કહ્યું, તારા ભાઈએ ધૂર્તપણાથી આવીને
તારા આશીર્વાદ લઈ લીધો છે 36 અને તેણે કહ્યું, શું તેનું નામ યાકૂબ
ઠીક નથી પાડ્યું? કેમકે તેને બે વાર મને છેતર્યો છે; તેણે મારું જયેષ્ઠપ-
ણું લઈ લીધું; ને હવે, જો, તેને મારો આશીર્વાદ પણ લઈ લીધો છે. અને
તેણે કહ્યું, શું તું મારે વાસ્તે આશીર્વાદ રાખ્યો નથી? 37 ને ઈસ્હાકે ઉત્તર
આપીને એસાવને કહ્યું, જો, મેં તેને તારો ધણી કીધો છે, ને તેના સર્વ
ભાઈઓ તેના દાસો થવાને માટે મેં તેને આપ્યો છે, ને પોષણને માટે
ધાન્ય તથા દ્રાક્ષરસ મેં તેને આપ્યા છે; ને હવે, મારા દીકરા, હું તારે સારૂ
શું કરું? 38 ને એસાવે પોતાના બાપને કહ્યું; મારા બાપ, શું તારી પાસે
કેવળ એકજ આશીર્વાદ છે? મારા બાપ, મને હા મને પણ આશીર્વાદ દે.
અને એસાવ પોંક મુકીને રડ્યો. 39 અને તેના બાપ ઈસ્હાકે તેને ઉત્તર
આપીને કહ્યું, જો પૃથ્વીની પુષ્ટિથી તથા ઉપરના આકાશના ઝાકળથી
તારો વાસો વેગળો થશે. 40 અને તું તારી તરવારથી જીવશે, ને તું તારા
ભાઈની સેવા કરશે; પણ એમ થશે, કે જયારે તું છુટી જશે ત્યારે તું તારી
ગરદનપરથી તેની ઝુસરી કાઢી નાખશે. 41 અને યાકૂબને તેના બાપે
આશીર્વાદ દીધો હતો તે આશીર્વાદને લીધે એસાવે યકૂબનો દ્વેષ કીધો,

ને એસાવે મનમાં કહ્યું કે, મારા બાપને સારૂ શોકના દહાડા પાસે છે;
ત્યારે હું મારા ભાઈ યાકૂબને મારી નાખીશ. 42 અને રિબકાહને તેના જ્યે-
ષ્ઠ દીકરો એસાવની એ વાત કહેવામાં આવી; ને તેને પોતાના નાના દી-
કરા યાકૂબને તેડી મંગાવ્યા, ને તેને કહ્યું, જો, તારો ભાઈ એસાવ તને
મારી નાખવાનું ધારીને, તારા વિષે પોતાના મનને ટહાડું પાડે છે. 43 મા-
ટે હવે, મારા દીકરા, મારી વાત માન, ને ઉઠીને મારા ભાઈ લાબાનની
પાસે હારાનમાં નાસી જા; 44 ને તારો ભાઈનો ક્રોધ તારા પરથી ઉતરે ને
તે સુધી થોડા દહાડા તેની પાસે રહે . 45 તારા ભાઈનો ક્રોધ તારા પરથી
ઉતરે ને તે તેને જે કીધું છે તે તે વિસરી જાય, ત્યારે હું તને ત્યાંથી તેડા-
વીશ; એકજ દહાડે તમ બન્નેથી હું કેમ વિયોગી થાઉં? 46 અને રિબકાહે
ઇસ્હાકને કહ્યું, હેથની દીકરીઓના કારણથી હું જીવવાથી કંટાળી ગઈ
છું, આ હેથની દીકરીઓ જેવી જો યાકૂબ દેશની દીકરીઓમાંથી બાયડી
લે, તો મારે જીવવું શા કામનું?
28 અને ઇસ્હાકે યાકૂબને બોલાવીને તેને આશીર્વાદ દીધો, ને તેને
આજ્ઞા આપીને કહ્યું, કનાન દેશની દીકરીઓમાંથી તું બાયડી
ન લે. 2 ઉઠ, પાદ્દાનારામમાં તારી મામા બાપ બથુએલને ઘરે જા, ને
ત્યાંથી તારા મામા લાબાનની દીકરીઓમાંથી તું પોતાને સારૂ બાયડી
લે. 3 અને સર્વસમર્થ દેવ તને આશીર્વાદ દે, ને તને સફળ કરે, ને તને
વધારે, કે તારાથી ઘણા કુળ થાય; 4 અને ઈબ્રાહિમને આપેલો અશી-
ર્વાદ, તે તને તથા તારી સાથે તારા સંતાનને પણ દે, કે ઈબ્રાહીમને દેવે
આપેલો દેશ જેમાં તું પ્રવાસી છે તેનું તું વતન પામે. 5 અને ઇસ્હાકે યાકૂ-
બને વિદાય કર્યો, ને તે પાદ્દાનારામમાં લાબાન જે બથૂએલ અરામીનો
દીકરો ને યાકૂબ તથા એસાવની મા રિબકાહનો ભાઈ હતો તેને ત્યાં
ગયો. 6 અને એસાવે જોયું કે ઇસ્હાકે યાકૂબને આશીર્વાદ દીધો છે, ને તે-
ને પાદ્દાનારામમાં ત્યાંથી પોતાને સારૂ બાયડી લેવાને મોકલ્યો છે; ને
તેને આશીર્વાદ દેતા એવી આજ્ઞા આપી છે કે કનાન દેશની દીકરીઓ-
માંથી તું બાયડી ન લે; 7 ને યાકૂબે પોતાના માબાપની આજ્ઞા માની, ને
પાદ્દાનારામમાં ગયો; 8 ને એસાવે જોયું કે મારા બાપ ઇસ્હાકને કનાન દે-
શની દીકરીઓ ગમતી નથી; 9 ત્યારે એસાવ ઈશ્માએલની પાસે ગયો,
ને ઈબ્રાહીમના દીકરા ઈશ્માએલની દીકરી મહાલાથ જે નબાયોથની
બહેન તેને તેણે પોતાની બાયડીઓ ઉપરાંત બાયડી કીધી. 10 અને યા-
કૂબ બેર-શેબાથી નીકળીને હારાન ભણી ગયો. 11 અને તે એક જગ્યાએ
આવી પહોંચ્યો, ને ત્યાં રાત રહ્યો, કારણ કે સૂર્ય આથમ્યો હતો, ને તે
જગ્યામાંનો એક પત્થર લઈને તેના માથા નીચે મુક્યો, ને તે ઠેકાણે
સૂઈ ગયો. 12 અને તેને સ્વપ્ન આવ્યું અને, જુઓ, એક સીડી પૃથ્વી પર
ઉભી કરેલી, ને તેની ટોચ આકાશ સુધી પહોંચી હતી, ને જુઓ, તે પર
દેવના દૂત ચઢતા ઉતરતા હતા. 13 અને જુઓ, તેના ઉપર યહોવાહ
ઉભો રહ્યો, ને તે બોલ્યો, હું યહોવાહ તારા બાપ ઇબ્રાહીમનો દેવ તથા
ઇસ્હાકનો દેવ છું, જે ભૂમિ પર તું સુતો છે, તે હું તને તથા તારા સંતાનને
આપીશ. 14 અને પૃથ્વીની રજો જેટલા તારા સંતાન થશે, ને તું પૂર્વ
પશ્ચિમે તથા ઉત્તર દક્ષીણે ફેલાશે, ને તારામાં તથા તારા સંતાનમાં પૃ-
થ્વીના સર્વ ગોત્રો આશીર્વાદ પામશે. 15 અને જો, હું તારી સાથે છે, ને
જ્યાં તું જશે ત્યાં સર્વ ઠેકાણે હું તને સંભાળીશ, ને આ દેશમાં હું તને
પાછો લાવીશ, કેમકે જે જે મેં તને કહ્યું છે, તે પૂરું કીધા વગર હું તને
નહિ મુકીશ. 16 અને યાકૂબ જાગી ઉઠ્યો, ને તેને કહ્યું, ખચિત યહોવાહ
આ ઠેકાણે છે, ને મેં જાણ્યું નહિ. 17 અને તે બીધો, ને બોલ્યો, આ
જગ્યા કેવી ભયાનક છે! આ દેવના ઘર વગર બીજું કંઈ નથી, ને આ
આકાશનું દ્વાર છે. 18 અને યાકૂબ મોટી સવારે ઉઠ્યો, ને જે પત્થર તેને
માથા નીચે મુક્યો હતો તે લઈને તેને સ્તંભને સારૂ ઉભો કર્યો, ને તેને
મથાળે તેલ રેડ્યું. 19 અને તેને તે જગ્યાનું નામ બેથેલ પાડ્યું, પણ પહે-
લા તે નગરનું નામ લૂઝ હતું. 20 અને યાકૂબે એવી માનતા લીધી કે, જો
દેવ મારી સાથે રહેશે, ને જે માર્ગમાં હું જાઉં છું તેમાં મને સંભાળશે, ને
મને ખાવાનું અન્ન ને પહેરવાના લૂગડાં આપશે, 21 ને જો હું શાંતિએ મારા
બાપને ઘેર પાછો આવીશ, તો યહોવાહ મારો દેવ થશે; 22 અને આ
પત્થર જે મેં સ્તંભને સારૂ ઉભો કીધો છે, તે દેવનું ઘર થશે; ને જે તું મને
આપશે તે સર્વનો દશાંશ હું તને ખચિત આપીશ.
29 ત્યારે યાકૂબ ત્યાંથી ચાલ્યો ને પૂર્વના લોકને દેશ પહોંચ્યો.
2 અને તેણે જોયું, ને જુઓ, ખેતરમાં એક કુવો હતો, ને જુઓ,
ત્યાં તેની પાસે ઘેંટાના ત્રણ ટોળા બેઠા હતાં, કેમકે તે કુવામાંથી તે ટો-
ળાને પાતા હતા, ને કુવાના મ્હો પરનો પત્થર મોટો હતો. 3 અને ત્યાં
સર્વ ટોળા એકઠાં થતાં હતા, ને તેઓ કુવાના મ્હો પરથી પત્થર ગબડા-
વી ઘેંટાને પાતા હતા, ને કુવાના મ્હો પર પત્થર પાછો ઠેકાણે મુકતા
હતા. 4 અને યાકૂબે તેઓને કહ્યું, મારા ભાઈઓ, તમે ક્યાંના છો? ને તે-
ઓએ કહ્યું, અમે હારાનના છીએ. 5 અને તેણે તેઓને કહ્યું, શું તમે ના-
હોરના દીકરા લાબાનને ઓળખો છો? ને તેઓએ કહ્યું, તેને ઓળખીએ
છીએ. 6 અને તેણે તેઓને કહ્યું, શું તે ક્ષેમકુશળ છે? ને તેઓએ કહ્યું,
ક્ષેમકુશળ છે; ને જો, તેની દીકરી રાહેલ ઘેંટા લઈને આવે છે. 7 અને તેણે
કહ્યું, જો, હજુ દહાડો ઘણો છે, ને ઢોરો એકઠાં કરવાનો વખત થયો
નથી, માટે તમે ઘેંટાને પાઓ, ને જઈને તેઓને ચારો. 8 અને તેઓ બો-
લ્યા, સર્વ ટોળા એકઠાં થાય, ને કુવાના મ્હો પરથી પત્થર ગબડાવવા-
માં આવે, ત્યાં સુધી તે અમારાથી થાય એવું નથી; તે પછી અમે ઘેંટાને
પાઈએ છીએ. 9 અને તે તેઓની સાથે બોલતો હતો એટલામાં રાહેલ
પોતાના બાપના ઘેંટા લઈને આવી, કેમકે તે તેઓને સાચવતી હતી.
10 અને એમ થયું કે યાકૂબે તેના મામા લાબાનની દીકરી રાહેલને તથા
તેના મામા લાબાનનાં ઘેંટાને દીઠાં, ત્યારે યાકૂબે પાસે આવીને કુવાના
મ્હો પરથી પત્થર ગબડાવ્યો, ને તેના મામા લાબાનના ઘેંટાને પાણી
પાયું. 11 અને યાકૂબ રાહેલને ચૂમીને પોંક મુકીને રડ્યો. 12 અને યાકૂબે
રાહેલને કહ્યું કે, હું તારા બાપનો ભાઈ, ને રિબકાહનો દીકરો છું; ને તે-
ણીએ દોડીને પોતાના બાપને ખબર આપી. 13 અને એમ થયું કે લાબા-
ને તેના ભાણેજ યાકૂબની ખબર સાંભળી ત્યારે તે તેને મળવા દોડ્યો,
ને તેને આલિંગન કરીને ચૂમ્યો, ને તને પોતાને ઘેર લાવ્યો. અને તેણે
લાબાનને આ સર્વ વાતો કહી. 14 અને લાબાને તેને અહ્યું, ખચિત તું
મારા હાડકાંનો તથા માંસનો છે. અને તે તેની પાસે એક મહિના ભર
રહ્યો. 15 અને લાબાને યાકૂબને કહ્યું કે, તું મારો ભાઈ છે, માટે તારે મારી
ચાકરી મફત કરવી ઘટે? તારે કેટલું જોઈએ તે મને કહે. 16 અને લાબાન-
ને બે દીકરી હતી; મોટીનું નામ લેઆહ, ને નાનીનું નામ રાહેલ. 17 અને
લેઆહની આંખો નબળી હતી, પણ રાહેલ સુંદર તથા રૂપાળી હતી.
18 અને યાકૂબે રાહેલ પર પ્રીતિ કીધી, ને કહ્યું, તારી નાની દીકરી રાહેલ-
ને સારૂ હું તારી ચાકરી સાત વર્ષ કરીશ. 19 અને લાબાને કહ્યું, બીજા
માણસને તેને આપવા કરતા તને આપવી સારી છે, તું મારી સાથે રહે.
20 અને યાકૂબે રહેલને સારૂ સાત વર્ષ સુધી ચાકરી કીધી, ને તે પર તેની
પ્રીતિ હતી, માટે તે સાત વર્ષ તેને થોડા દહાડા સરખા લાગ્યાં. 21 અને
યાકૂબે લાબાનને કહ્યું, દહાડા પૂરા થયા, માટે મરી બાયડી મને આપ,
કે હું તેની પાસે જાઉં. 22 અને લાબાને ત્યાના સર્વ લોકોને એકઠાં કરીને
જમણ કર્યું. 23 અને સાંજરે એમ થયું, કે તે પોતાની દીકરી લેઆહને
લઈને યાકૂબની પાસે લાવ્યો, ને તે તેની પાસે ગયો. 24 અને લાબાને
પોતાની દીકરી લેઆહને દાસી થવા સારૂ પોતાની દાસી ઝિલ્પાહ તેને
આપી. 25 અને એમ થયું કે સવારે તો જુઓ, લેઆહ માલમ પડી, ને તેને
લાબાનને કહ્યું, આ તે મને શું કીધું છે? શું રાહેલને સારૂ મેં તારી ચાકરી
નથી કીધી? તે મને શા માટે છેતર્યો? 26 ને લાબાને કહ્યું, અમારા દેશમાં
એવી રીત નથી કે મોટીની અગાઉ નાનીને પરણાવવી. 27 આનું અઠવા-
ડિયું પૂરું કર, ને બીજા સાત વર્ષ તું મારી જે ચાકરી કરશે, તેના બદલા-
માં અમે તેણીને પણ તને આપીશું. 28 અને તે પ્રમાણે યાકૂબે કર્યું, ને તે-
નું અઠવાડિયું પૂરું કીધા પછી તેને તેની દીકરી રાહેલને પણ તેની બા-
યડી થવાને આપી. 29 અને લાબાને પોતાની દીકરી રાહેલની દાસી થવા
સારૂ પોતાની દાસી બીલ્હાહ તેને આપી 30 અને રહેલની પાસે પણ તે
ગયો, ને તેને લેઆહ કરતા રાહેલ પર વધારે પ્રીતિ કીધી, ને તેને બીજાં
સાત વર્ષ ચાકરી કીધી. 31 અને યહોવાહે જોયું કે લેઆહ નાપસંદ છે,
માટે તેણે તેનું ગર્ભસ્થાન ઉઘાડ્યું, પણ રાહેલ વાંઝણી હતી. 32 અને
લેઆહ ગર્ભવતી થઇ, ને તે દીકરો જણી, ને તેને તેનું નામ રેઉબેન પા-
ડ્યું કેમકે તેને કહ્યું યહોવાહે મારું કષ્ટ ખચિત જોયું છે; માટે હવે મારો
ભરથાર મારા પર પ્રીતિ કરશે. 33 અને તે ફરી ગર્ભવતી થઇ, ને દીકરો
જણી, ને બોલી, હું નાપસંદ પડી છું, એમ યહોવાહે સાંભળ્યું છે, માટે તે-
ણે આ પણ મને આપ્યો છે, ને તેને તેનું નામ શિમઓન પાડ્યું. 34 ને તે
ફરી ગર્ભવતી થઇ, ને દીકરો જણી, ને કહ્યું, હવે આ વેળા મારો ભરથાર
મારી સાથે પ્રીતિએ બંધાશે; કેમકે તેને મારાથી ત્રણ દીકરા થયા છે, મા-

ટે તેને તેનું નામ લેવી પાડ્યું. 35 અને તે ફરી ગર્ભવતી થઇ, ને દીકરો
જણી, ને કહ્યું, હવે હું યહોવાહની સ્તુતિ કરીશ; માટે તેણે તેનું નામ
યહુદાહ પાડ્યું; ને એનું જણવાનું બંધ થયું.

30 અને રાહેલે જોયું કે, હું યાકૂબના પેટેના છોકરાં જણતી નથી
ત્યારે રાહેલે તેની બહેન પર અદેખાઈ રાખીને યાકૂબને કહ્યું,
મને છોકરાં આપ, નહિ તો હું મરૂં. 2 અને યાકૂબે રાહેલ પર ગુસ્સે થઈને
કહ્યું કે, દેવ જેણે તારાથી પેટનું ફળ પાછુ રાખ્યું છે, તેને ઠેકાણે હું છું શું?
3 અને તેણે કહ્યું, જો, મારી દાસી બિલ્હાહની પાસે તું જા, કે તે મારે ખો-
ળે જણે, ને તેનાથી મને પણ છોકરાં થાય. 4 અને તેણે તેની બાયડી
થવા સારૂ પોતાની દાસી બિલ્હાહ તેને આપી, ને યાકૂબ તેની પાસે
ગયો. 5 અને બિલ્હાહ ગર્ભવતી થઇ, ને તેના પેટેનો યાકૂબને દીકરો
થયો. 6 અને રાહેલ બોલી, દેવે મારો ન્યાય કીધો છે, ને મારી બૂમ પણ
સાંભળી છે, ને મને દીકરો આપ્યો છે, તે સારૂ તેણે તેનું નામ દાન પા-
ડ્યું. 7 અને રાહેલની દાસી બિલ્હાહ ફરી ગર્ભવતી થઈ, ને તેના પેટેનો
યાકૂબને બીજો દીકરો થયો. 8 અને રાહેલે કહ્યું, મેં મારી બહેન સાથે
જબરી બાથ ભિડી છે ને જય પામી છું, માટે તેને તેનું નામ નાફતાલી
પાડ્યું. 9 અને લેઆહ જોયું કે પોતાનું જણવું બંધ થયું, ત્યારે તે પોતાની
દાસી ઝિલ્પાહને લાવી, ને યાકૂબને તેની બાયડી થવા સારૂ આપી.
10 અને લેઆહની દાસી ઝિલ્પાહના પેટનો યાકૂબને દીકરો થયો.
11 અને લેઆહે કહ્યું, સૌભાગ્ય! માટે તેણે તેનું નામ ગાદ પાડ્યું. 12 અને
યાકૂબે લેઆહની દાસી ઝિલ્પાહના પેટેનો બીજો દીકરો થયો. 13 અને
લેઆહ બોલી, મને ધન્ય છે, કેમકે બાયડીઓ મને ધન્ય કહેશે, માટે તે-
ણે તેનું નામ આશેર પાડ્યું. 14 અને રેઉબેન ઘઉં કાપવાની મોસમે ખેત-
રમાં ગયો, ને વેંગણા મળ્યાં તેઓની પોતાની મા લેઆહની પાસે લા-
વ્યો, ને રાહેલે લેઆહને કહ્યું, તારા દીકરાના વેંગણામાંથી મને આપ.
15 અને તેણે કહ્યું, તે મારા ભરથારને લઇ લીધો છે, તે કઈ થોડું છે? મા-
રા દીકરાના વેંગણા પણ તું લેવા ચાહે છે? ને રાહેલે કહ્યું, એ માટે તારા
દીકરાના વેંગણાને લીધે આજ રાત્રે યાકૂબ તારી સાથે સુઈ રહેશે.
16 અને સાંજરે યાકૂબ ખેતરમાંથી આવ્યો, ને લેઆહ એને મળવાને
બહાર ગઈ, ને કહ્યું કે તારે મારી પાસે આવવું, કેમકે મારા દીકરાના વેંગ-
ણા આપીને મેં ખચિત તને રાખ્યો છ. અને તે તે રાત્રે તેની સાથે સુઇ
રહ્યો. 17 અને દેવે લેઆહનું સાંભળ્યું; ને તે ગર્ભવતી થઇ, ને તેના પેટ-
નો યાકૂબને પાંચમો દીકરો થયો. 18 અને લેઆહે કહ્યું, દેવે મને બદલો
આપ્યો છે, કેમકે મેં મારા ભરથારને મારી દાસી આપી છે; માટે તેણે તેનું
નામ યિસ્સાખાર પાડ્યું. 19 અને લેઆહ ફરી ગર્ભવતી થઇ, ને તેના પેટ-
નો યાકૂબને છઠ્ઠો દીકરો થયો. 20 અને લેઆહે કહ્યું, દેવે મને ઉત્તમ દાન
આપ્યું છે; હવે મારો ભરથાર મારે સાથે રહેશે; કેમકે હું તેને સારૂ છ દીક-
રા જણી છે; માટે તેણે તેનું નામ ઝબુલૂન પાડ્યું. 21 અને ત્યાર પછી તે
એક દીકરી જણી, ને તેણે તેનું નામ દીનાહ પાડ્યું. 22 અને દેવે રાહેલને
યાદ કરી, ને દેવે તેનું સાંભળ્યું, ને તેનું ગર્ભસ્થાન ઉઘાડ્યું. 23 અને તે
ગર્ભવતી થઇ, ને દીકરો જણી, ને તે બોલી કે દેવ મારું અપમાન ટાળ્યું
છે. 24 અને તેણે તેનું નામ યુસફ પાડ્યું, ને બોલી કે યહોવાહ એક બીજો
દીકરો પણ મને આપો. 25 અને એમ થયું કે રાહેલ યુસફને જણી ત્યાર
પછી યાકૂબે લાબાનને કહ્યું, મને વિદાય કર, કે હું સ્વદેશ મારા વતનમાં
જાઉં. 26 મારી બાયડીઓ તથા મારાં છોકરાં જેઓને સારૂ મેં તારી ચાકરી
કીધી છે, તે મને આપ, ને મને જવા દે; કેમકે મેં તારી કેવી ચાકરી કરી
છે, તે તું જાણે છે. 27 અને લાબાને તેને કહ્યું, આહા, મારા પર તારી કૃ-
પાદ્રષ્ટિ હોય તો રહે; કેમકે યહોવાહે તારે લીધે મને આશીર્વાદ આપ્યો
છે, એ મેં શુકનથી જાણ્યું છે. 28 અને તેણે કહ્યું, તારે કેટલું જોઈએ તે
મને કહે, ને હું તે આપીશ. 29 અને તેણે તેને કહ્યું, મેં તારી કેવી ચાકરી
કરી છે, ને તારા ઢોર મારી પાસે કેવા થયા છે, એ તું જાણે છે. 30 કેમકે
મારા આવ્યા અગાઉ તારું જે હતું તે થોડું હતું, ને હવે તે બહુ વધ્યું છે;
ને જ્યાં મેં પગલું ભર્યું છે ત્યાં યહોવાહે તને આશીર્વાદ આપ્યો છે; ને
હવે મારા પોતાના ઘરનાનું પણ હું ક્યારે પૂરું કરીશ? 31 અને તેણે કહ્યું,
હું તને શું આપું? ને યાકૂબે કહ્યું, ને તું કઈ ન આપીશ; જો તું મારે સારૂ
એટલું કરે તો હું ફરી તારું ટોળું ચારીશ ને સાચવીશ. 32 આજ હું તારા
બધા ટોળામાં ફરીશ, ને ઘેંટામાંથી છાંટાવાળા તથા ટપકાંવાળા તથા
કાળાને ને વળી બકરામાંથી ટપકાંવાળા તથા છાંટાવાળાને ભિન્ન
કરીશ, ને એક મારું વેતન થશે. 33 અને મારું વેતન જે તારી આગળ છે,
તે વિષે તું આવશે ત્યારે મારું ન્યાયીપણું આગળ જતાં મારા પક્ષમાં
ઉત્તર આપશે; બકરામાં જે છાંટાવાળા કે ટપકાંવાળા નથી, ને ઘેંટામાં
પણ કે કાળા નથી એવાં જો મારી પાસે હોય તો તેઓ સર્વ ચોરીના
ગણાય. 34 અને લાબાને કહ્યું, જો, તારી વાત પ્રમાણે થાય તેમાં હું રાજી
છું. 35 અને તેણે તે દહાડે પટાદાર તથા ટપકાંવાળા બકરા, ને સર્વ
છાંટાવાળી તથા ટપકાંવાળી બકરી, એટલે હરેક જેમાં કંઈ સફેદી હતી
તેઓને, ને ઘેંટામાંના પણ જે કાળાં તેઓને ભિન્ન કીધા, ને તેણે તેઓને
પોતાના દીકરાઓના હાથમાં સોંપ્યા. 36 અને તેણે પોતાની ને યાકૂબની
વચમાં ત્રણ દહાડાની મજલ જેટલો અંતર રાખ્યો, ને યાકૂબે લાબાનનાં
બાકી રહેલા ટોળા ચાર્યા. 37 અને યાકૂબે લીંબડાની તથા બદામની તથા
આર્મોન ઝાડની લીલી ડાળીઓ લીધી ને છાલ છોલી તેઓમાં ધોળા
પટા પાડ્યા, ને તેઓમાં જે ધોળું તે દેખાયું. 38 અને તેણે જે ડાળીઓ
છોલી હતી તે, ઢોર પીવા આવતાં ત્યાં, હવાડાઓમાં તથા નીકોમાં તે-
ઓની આગળ ઉભી કરી; ને પીતી વખતે તેઓ સવાણે આવતાં હતા.
39 અને ડાળીઓ આગળ ઢોરો ગાભણા થતાં હતા ને તેઓને પટાદાર,
છાંટાવાળા, તથા ટપકાંવાળા બચ્ચા થયા. 40 અને યાકૂબે ઘેંટાને ભિન્ન
કીધાં, ને લાબાનના ટોળામાં જે પટાદાર તથા સર્વ કાળાં હતાં તેઓની
ભણી ટોળાનાં મ્હોડાં રાખ્યાં; ને તેણે પોતાના ટોળાં જુદાં પાડ્યાં, ને
લાબાનના ટોળાની પાસે તેમને નહિ રાખ્યાં. 41 અને એમ થયું કે જયારે
ટોળામાંના જબરાં સવાણે આવતાં, ત્યારે યાકૂબે તે ડાળીઓ ઢોરની
આગળ નીકોમાં મુકતો, કે તેઓ ડાળીઓની આગળ ગાભણા થાય.
42 પણ ઢોર નબળાં હોય ત્યારે તે ડાળીઓ મુકતો નહોતો; માટે નબળાં
તે લાબાનના, ને જબરાં તે યાકૂબના થયાં. 43 અને તે માણસ બહુ વૃદ્ધિ
પામ્યો, ને તેને મોટાં ટોળા, તથા દાસો, તથા દાસીઓ, તથા ઊંટો, તથા
ગધેડા હતાં

31 અને તેણે લાબાનના દીકરાઓની આ વાત સાંભળી કે, જે
આપણા બાપનું તે સઘળું યાકૂબે લીધું છે, ને આપન્ના બાપનું જે
હતું તેથી આ સર્વ સંપત મેળવી છે. 2 અને યાકૂબે લાબાનનું મ્હો જોયું,
ને જુઓ તેની નજર પહેલાનાં જેવી તેના પર નહોતી. 3 અને યહોવાહે
યાકૂબને કહ્યું, તું પોતાના બાપના દેશમાં તથા પોતાના કુટુંબીઓ પાસે
પાછો જા, ને હું તારી સાથે રહીશ. 4 અને યાકૂબે મોકલીને રાહેલને તથા
લેઆહને સીમમાં પોતાના ટોળા પાસે તેડાવી. 5 અને તેણે તેઓને કહ્યું
કે, હું તમારા બાપનું મ્હો જોઉં છું કે તેની નજર પહેલાંના જેવી મારા પર
નથી, પણ મારા બાપનો દેવ મારી સાથે રહ્યો છે. 6 અને તમે જાણો છો
કે મેં મારા સર્વ સામાર્થ્યે તમારા બાપની ચાકરી કીધી છે. 7 પણ તમારા
બાપે મને ઠગ્યો છે, ને મારું વેતન દસ વાર બદલી નાખ્યું છે; પણ દેવે
તેને પારુ બુંદુ કરવા ન દીધું. 8 જયારે તે આમ કહે કે, છાંટાવાળા ઢોર
તારું વેતન થશે, ત્યારે સર્વ જાનવરોને છાંટાવાળા બચ્ચાં થયાં, અને તે
કહે કે પટાદાર તારું વેતન થશે ત્યારે સર્વ જાનવરોને પટાદાર બચ્ચાં
થયાં. 9 એ રીતે દેવ તમારા બાપની સંપતિ ખુંચી લઈને મને આપી છે.
10 અને જાનવરો સવાણે આવતી વેળાએ એમ થયું કે મેં આંખ ઉંચી
કરીને સ્વપ્ના દીઠું કે જે બકરા ટોળા પર ચઢતા હતા તેઓ પટાદાર,
છાંટાવાળા તથા કાબરચીતરા હતા. 11 અને દેવના દૂતે મને સ્વપ્નમાં
કહ્યું, યાકૂબ, ને મેં કહ્યું કે, હું આ રહ્યા. 12 અને તેણે કહ્યું, તારી આંખો
ઉંચી કરીને જો; ટોળા પર જ બકરા ચઢે છે તેઓ સર્વ પટાદાર તથા
છાંટાવાળા તથા કાબરચીતરા છે; કેમકે લાબાન જે તને કરે છે તે સર્વ મેં
જોયું છે. 13 જ્યાં મેં સ્તંભને અભિષિક્ત કીધો હતા, ને જ્યાં તે માનતા
લીધી હતી, તે બેથેલનો દેવ હું છું; હવે ઉ ઉઠ, ને અ દેશમાંથી નિકળ,ને
તારા જન્મદેશમાં પાછો જા. 14 અને રાહેલ તથા લેઆહ તેને ઉત્તર
આપીને બોલી, શું અમારા બાપના ઘરમાં અમ્રારે સારૂ કઈ હિસ્સો કે વા-
રસો છે? 15 શું અમે તેની આગળ પરદેશી સરખી નથી ગણાતી? કેમકે
તેણે અમને વેંચી છે, ને અમારા પૈસા પણ તમામ ખાઈ ગયો છે. 16 કેમ-
કે દેવે અમારા બાપ પાસેથી જે સંપતિ લઇ લીધી છે, તે સર્વ અમારી
તથા અમારા છોકરાઓની છે; માટે હવે દેવે જે સર્વ તને કહ્યું છે તે કર.
17 ત્યારે યાકૂબે ઉઠીને પોતાના દીકરાઓને તથા પોતાની બાયડીઓને
ઊંટો પર બેસાડ્યાં. 18 અને કનાન દેશમાં તેના બાપ ઇસ્હાક ની પાસે
જવા સારૂ તે પોતાના સર્વ ઢોર તથા જે બધી સંપતિ તેણે મેળવી હતી,

એટલે તેને પ્રાપ્ત થએલા ઢોર જે પાદ્દાનારામમાં તેણે સંપાદન કર્યો હતો
તે લઈને ચાલ્યો ગયો. 19 અને લાબાન પોતાના ઘેંટાને કાતરવા ગયો
હતો, અને રાહેલ પોતાના બાપની ઘરમૂર્તિઓ ચોરી લીધી. 20 અને યા-
કૂબ પોતાના જવાની ખબર નહિ આપતા લાબાન અરામી પાસેથી ગુપ-
ચુપ નાઠો. 21 એમ તે સર્વસ્વ લઈને નાઠો, ને ઉઠીને નદી પાર ગયો, ને
ગિલઆદ પહાડની ગમ મ્હો રાખ્યું. 22 અને ત્રીજે દહાડે લાબાનને ખબર
થઇ, કે યાકૂબ નાસી ગયો છે. 23 ત્યારે તે પોતાની સાથે પોતાના ભાઈ-
ઓને લઈને સાત દહાડાની મજલ લાગી તેની પાછળ પડ્યો, ને ગિ-
લઆદ પહાડ પર તેને પકડી પાડ્યો. 24 અને દેવે રાત્રે સ્વપ્નમાં લા-
બાન અરામીની પાસે આવીને કહ્યું, સંભાળ કે તું યાકૂબને ભલું ભુંડું કંઈ
ન કહે 25 અને લાબાન યાકૂબને આવી મળ્યો, ત્યારે યાકૂબે પહાડ પર
પોતાનો તંબુ ઉભો કીધો હતો, ને લાબાને પણ પોતાના ભાઈઓ સુદ્ધાં
ગિલઆદ પહાડ પર તંબુ ઉભો કીધો. 26 અને લાબાને યાકૂબને કહ્યું, તું
મારી પાસેથી છાનોમાનો નાઠો, ને તરવારે લૂટી લીધેલીઓની પેઠે મારી
દીકરીઓ લઇ ગયો છે એ તે શું કર્યું છે? 27 છાનોમાનો નાસી જઈને તું
કેમ મારી પાસેથી ગુપચુપ જતો રહ્યો છ, ને મને જણાવ્યું નહિ, કે હું
આનંદથી તથા ગીતોથી તથા ઢોલથી તથા વિણાથી તને વળાવત?
28 અને તે મને મારા દીકરા તથા મારી દીકરીઓને ચુંબન કરવા ન દીધું,
એમાં તે મૂર્ખાઈ કરી છે. 29 તને ઉપદ્રવ કરવો મારા હાથમાં છે; પણ તા-
રા બાપના દેવે કાલ રાત્રે મને કહ્યું કે, સંભાળ કે તું યાકૂબને કઈ ભલું
ભુંડું ન કહે. 30 હવે તારે જવું તો છેજ,કેમકે તારા બાપના ઘરમાં જવાની
તને બહુ ઈચ્છા છે; to પણ તે મર દેવોને કેમ ચોરી લીધા છે? 31 અને
યાકૂબે ઉત્તર આપીને લાબાનને કહ્યું, હું બીધો, એ માટે; કેમકે મેં કહ્યું,
કદાચ તે તેની દીકરીઓ મારી પાસેથી બલાત્કારે લેશે. 32 જેની પાસે
તારા દેવો જડે તે નહિ જીવે; મારી પાસે જે કઈ તારું છે તે આપણા ભા-
ઈઓના દેખાતા તું ઓળખીને લઇ લે. કેમકે યાકૂબ જાણતો નહોતો કે
રાહેલે તે ચોરી લીધી હતી. 33 અને લાબાન યાકૂબના તંબુમાં ને લેઆહ-
ના તંબુમાં ને બે દાસીઓના તંબુમાં ગયો, પણ તે ન જડ્યા; ત્યારે તે
લેઆહના તંબુમાંથી નીકળીને રાહેલના તંબુમાં ગયો. 34 હવે રાહેલ ઘર-
મૂર્તિઓ લઈને ઊંટોના સામાનમાં મુકીને તેઓ પર બેઠી હતી, માટે લા-
બાને તમામ તંબુ તપાસ્યો પણ તેને જડી નહિ. 35 અને તેણીએ પોતા-
ના બાપને કહ્યું કે, મારાથી તમારી આગળ ઉઠાતું નથી, માટે મારા મુર-
બ્બીને રોષ ન ચઢે, કેમકે બાયડીની રીત પ્રમાણે મને થયું છે; ને તેણે
શોધ્યું, પણ ઘરમૂર્તિઓ નહિ જડી. 36 અને યાકૂબને રોષ ચઢ્યો, ને તે-
ણે લાબાન સાથે વિવાદ કર્યો, ને યાકૂબે ઉત્તર દઈને લાબાનને કહ્યું,
મારો શો અપરાધ છે, ને મારું શું પાપ, કે તું મારી કેડે લાગ્યો છે? 37 તે
મારો સર્વ સામાન તપાસ્યો, પણ તારા ઘરનું શું નીકળ્યું છે? તે હિંયા
મારા ભાઈઓ તથા તારા ભાઈઓની આગળ મુક, કે તેઓ આપણ બન્ને-
નો ન્યાય કરે. 38 આ વીસ વર્ષથી હું તારી સાથે રહ્યો છુ; તારી ઘેટીઓ
તથા તારી બકરીઓ તારોઈ ગઈ નથી, ને તારા ટોળાનાં ઘેટાઓને હું
ખાઈ ગયો નથી. 39 ફાડી ખાધેલું હું તારી પાસે લાવ્યો નથી; તેનું નુક-
સાન હું પોતે ભોગવતો; દહાડે અથવા રાત્રે ચોરાએલું તે તું મારી પાસેથી
માગતો. 40 દહાડે તડકાથી તથા રાત્રે હીમથી મારો ક્ષય થયો; ને મારી
આંખની ઉંઘ જતી રહી; એવી મારી હાલત હતી. 41 વીસ વર્ષ સુધી હું એ
પ્રમાણે તારા ઘરમાં રહ્યો; તારી બે દીકરીઓને સારૂ ચૌદ વર્ષ, ને તારો
ઢોરને સારૂ છ વર્ષ મેં તારી ચાકરી કરી છે; ને તે મારું વેતન દસ વાર
બદલી નાખ્યું; 42 જો મારો બાપનો દેવ, ઈબ્રાહીમનો દેવ તથા ઇસ્હાકનું
ભયાસ્પદ, મારી સાથે ન હોત, તો ખચિત આ વખતે તું મને ખાલી હાથે
વિદાય કરત; દેવે મારું દુઃખ તથા મારા હાથની મહેનત જોયાં છે, ને
ગઈ રાત્રે તને વાર્યો છે. 43 અને લાબાને ઉત્તર દઈને યાકૂબને કહ્યું, આ
દીકરીઓ મારી દીકરીઓ છે, ને આ છોકરાઓ મારાં છોકરાં છે, ને આ
ટોળા મારા ટોળા છે, ને જે સર્વ તું જુએ છે તે મારું છે, ને હવે આ મારી
દીકરીઓને તથા એઓ જે છોકરાં જણી છે, તેઓને હું શું કરું? 44 એ મા-
ટે હવે ચાલ, આપણે બેહુ કરાર કરીએ; ને તે મારી ને તારી વચ્ચે સાક્ષી
થશે. 45 અને યાકૂબે પત્થર લીધો, ને સ્તંભને સારૂ તેને ઉભો કીધો.
46 અને યાકૂબે તેના ભાઈઓને કહ્યું કે, પત્થર એકઠાં કરો, ને તેઓએ
પત્થર લાવીને ઢગલો કર્યો, ને તેઓએ તે ઢગલા પાસે ખાધું. 47 અને
લાબાને તે ઢગલાને યગાર-સાહદૂથા કહ્યા, ને યાકૂબે તેને ગાલએદ
કહ્યા. 48 અને લાબાને કહ્યું કે, મારી ને તારી વચ્ચે આ ઢગલો આજ સા-
ક્ષી છે, તે માટે તેણે તેનું નામ ગાલએદ પાડ્યું: 49 અને તેનું નામ મિ-
સ્પેહ પણ પાડ્યું, કેમકે તેણે કહ્યું, જયારે આપણે એક બીજાથી જૂદા
થઈએ, ત્યારે યહોવાહ મારી ને તારી વચ્ચે ચોકસાઈ કરે. 50 જો તું મારી
દીકરીઓને દુઃખ દે, અથવા મારી દીકરીઓ શિવાય બીજી બાયડીઓ
લે, તો આપણી પાસે જે છે તે માણસ નથી; જો, મારી ને તારી વચ્ચે દેવ
સાક્ષી છે. 51 અને લાબાને યાકૂબને કહ્યું, આ ઢગલાને જો, અને તારી ને
મારી વચ્ચે મેં જે સ્તંભ ઉભો કર્યો તે પણ જો. 52 આ ઢગલો સાક્ષ્યાર્થ
થાય, ને આ સ્તંભ સાક્ષ્યાર્થ થાય, કે તારું ભુંડું કરવાને આ ઢગલો
ઓળંગીને હું તારી પાસે આવનાર નથી, ને તું આ ઢગલો તથા સ્તંભ
ઓળંગીને ભુંડું કરવાને મારી પાસે ન આવે. 53 ઈબ્રાહીમનો દેવ તથા
નાહોરનો દેવ, એટલે તેઓના બાપનો દેવ આપણી વચમાં ન્યાય કરે.
અને યાકૂબે પોતાના બાપ ઈસ્હાકના ભયાસ્પદના સમ ખાધા. 54 ત્યારે
યાકૂબે પહાડ પર યજ્ઞ કર્યો, ને રોટલી ખાવાને તેના ભાઈઓને બોલા-
વ્યા; ને તેઓએ રોટલી ખાધી, ને આખી રાત પહાડ પર રહ્યા. 55 અને
મોટી સવારે લાબાન ઉઠ્યો, ને તેણે પોતાના દીકરાઓને તથા પોતાની
દીકરીઓને ચૂમીને તેઓને આશીર્વાદ દીધો; ને ત્યાંથી નીકળીને તે પો-
તાને ઠેકાણે પાછો ગયો.

32 અને યાકૂબ ચાલતો થયો, ને દેવના દૂતો તેને મળ્યાં. 2 અને
યાકૂબ તેઓને જોઇને બોલ્યો, કે આ તો દેવનું સૈન્ય છે; અને
તેણે તે જગ્યાનું નામ માહનાઈમ પાડ્યું. 3 અને યાકૂબે પોતાની આગળ
સેઈર દેશ જે અદોમની ભૂમિ છે, ત્યાં તેના ભાઈ એસાવની પાસે ખેપિ-
યાઓને મોકલ્યા. 4 અને તેણે તેઓને આજ્ઞા આપી કે, મારા મુરબ્બી
એસાવને તમે એમ કહેજો કે, તારો સેવક યાકૂબ એમ કહે છે કે, મેં લા-
બાનને ત્યાં વાસો કીધો, ને અત્યાર સુધી રહ્યા છું. 5 અને મારી પાસે
ઢોર તથા ગધેડાં તથા ઘેંટા બકરાં તથા દાસ તથા દાસીઓ છે; ને હું તા-
રી નજરમાં કૃપા પામું, માટે મેં મારા મુરબ્બીને ખબર આપવાને માણસો
મોકલ્યો છે. 6 અને ખેપિયાઓએ યાકૂબની પાસે પાછા આવીને કહ્યું,
અમે તારા ભાઈ એસાવની પાસે જઈ આવ્યા, ને વળી તને મળવાને
આવે છે, ને તેની સાથે ચારસે માણસ છે. 7 અને યાકૂબ બહુ બીધો ને
ગભરાયો, ને તેણે પોતાની સાથેના લોકોને તથા બકરાને તથા ઢોરને
તથા ઊંટોને જૂદા પાડીને બે ટોળા કીધાં. 8 અને તેણે કહ્યું, જો એસાવ
એક ટોળા પાસે આવીને તેને મારે, તો બાકી રહેલું ટોળા બચશે. 9 અને
યાકૂબે કહ્યું, ઓ યહોવાહ, મારા બાપ ઈબ્રાહીમના દેવ, તથા મારા બાપ
ઈસ્હાકના દેવ, તે મને કહ્યું હતું કે, તું પોતાને દેશ તથા પોતાનાં સગા-
ની પાસે પાછો જા, ને હું તારું ભલું કરીશ; 10 જે સર્વ સત્યતા તે તારા
દાસ તરફ દેખાડી છે, તેને હું લાયકજ નથી; કેમકે હું કેવળ મારી લાકડી
લઈને આ યરદન નદી પાર ઉતાર્યો હતો, ને હવે મારે બે ટોળા થયા છે.
11 અને મારા ભાઈના હાથથી એટલે એસાવના હાથથી બચાવજે, કેમકે
હું તેનાથી બીહું છું, રખે તે આવીને મને તથા મારા દીકરાઓને તેઓની
માઓ સુદ્ધાં મારી નાખે. 12 પણ તે તો કહ્યું હતું કે, ખચિત હું તારું ભલું
કરીશ, તે સમુદ્રના કાંઠીને રેતી જે અતિ ઘણી હોવાથી ગણાય નહિ, તે-
ના જેવા હું તારો વંશ કરીશ. 13 અને તેણે તેજ રાત્રે ત્યાં ઉતારો કીધો, ને
જે તેનું હતું તેમાંથી તેણે તેના ભાઈ એસાવને ભેંટ કરવા સારૂ લીધું;
14 એટલે બસેં બકરી, તથા વીસ બકરા, ને બસેં ઘેટી તથા વીસ ઘેટા,
15 ત્રીસ દુઝણી ઉંટડી તેઓનાં બચ્ચાં સુદ્ધાં, તથા ચાળીસ ગાય તથા
દસ ગોધા, ને વીસ ગધેડી તથા તેઓના દસ વછેરા. 16 એ સર્વના જુદાં
જુદાં ટોળા કરીને તેણે તેના દાસોના હાથમાં સોંપ્યાં, અને તેના દાસોને
કહ્યું, તમે મારી આગળ પાર ઉતરો, ને ટોળાઓની વચ્ચે અંતર રાખો.
17 અને તેણે પહેલાને એ આજ્ઞા આપી કે, મારો ભાઈ એસાવ તને મળ-
શે, ને તને પૂછશે કે, તું કોનો છે? ને ક્યાં જાય છે? ને આ જે તારી
આગળ ચાલે છે તે કોનાં છે? 18 ત્યારે તું કહેજે, એ તારા દાસ યાકૂબનાં
છે, એ મારી મુરબ્બી એસાવની પાસે મોકલેલી ભેંટ છે, ને જુઓ, તે પોતે
પણ અમારી પછવાડે આવે છે. 19 અને તેણે બીજાને તથા ત્રીજાને
તથ્હા જેઓ ટોળાંની પાછા જતાં હતાં તે સર્વને આજ્ઞા આપીને કહ્યું કે,
જયારે તમે એસાવને મળો ત્યારે એજ પ્રમાણે કહેજો. 20 અને તમે કહેજો,
જો, તારો દાસ યાકૂબ અમારી પછવાડે આવે છે. કેમકે તેણે કહ્યું, જે ભેંટ
મારી આગળ જાય છે, તેથી હું તેનું મન ટાઢું પાડીશ, પછી તેનું મુખ જો-

ઈશ; કદાચિત તે મારો અંગીકાર કરશે. 21 અને ભેંટ તેની આગળ પાર
ગઈ, ને તેણે પોતે તે રાત્રે પોતાના સંઘમાં ઉતારો કીધો. 22 અને રાત્રે તે
ઉઠ્યો, ને પોતાની બે બાયડીઓ તથા પોતાની બે દાસીઓ તથા પોતા-
ના અગિયાર દીકરાઓને લઈને યાબ્બોકની પાર ઉતર્યો. 23 અને તેણે
તેઓને લઈને તેઓને નદીની પાર મોકલ્યા, તથા જે સર્વ તેનાં હતાં તે-
ઓને પણ મોકલ્યાં. 24 અને યાકૂબ એકલો રહી ગયો. અને અરુણોદય
લગી, એક પુરુષે તેની સાથે મલયુદ્ધ કીધું. 25 અને જયારે તેણે જોયું કે
તે તેને ઝીત્યો નહિ, ત્યારે તે તેની જાંગના સાંધાને અડક્યો; ને તેની
સાથે મલયુદ્ધ કરતા કરતા યાકૂબની જાંગનો સાંધો મોચાઈ ગયો.
26 અને તે બોલ્યો અરુણોદય થાય છે એ માટે મને જવા દે, ને તેને
કહ્યું, તું મને આશીર્વાદ દે, નહિ તો હું તને જવા દેવાનો નથી. 27 અને
તેણે તેને કહ્યું, તારું નામ શું? ને તેણે કહ્યું, યાકૂબ. 28 અને તે બોલ્યો,
હવેથી તારું નામ યાકૂબ નહિ, પણ ઈસ્રાએલ કહેવાશે; કેમકે દેવની
તથા માણસોની સાથે તે યુદ્ધ કીધું છે, ને જય પામ્યો છે. 29 અને યાકૂબે
તેને પૂછતાં કહ્યું કે, કૃપા કરી તું તારું નામ મને કહે. અને તેને કહ્યું, મા-
રું નામ તું શા માટે પૂછે છે? ને તેણે તેને આશીર્વાદ દીધો. 30 અને યાકૂ-
બે તે જગ્યાનું નામ પનીએલ પાડ્યું; કેમકે તેણે કહ્યું કે, મેં દેવને મ્હોડે-
મ્હોડ દીઠો છે, તો પણ મારો જીવ બચ્યો છે. 31 અને પનૂએલની પાર
જતાં તેના પર સૂર્ય ઉગ્યો, ને તે જાંગે લંગડો લંગડો ચાલ્યો. 32 એ માટે
ઈસ્રાએલપુત્રો આજ લગી જાંગના સાંધા પરનો સ્નાયુ ખાતા નથી; કેમકે
તે યાકૂબની જાંગના સાંધા પરના સ્નાયુને અડક્યો હતો.
33 અને યાકૂબે પોતાની આંખો ઉંચી કરીને જોયું, ને જુઓ, એસાવ
તથા તેની સાથે ચારસે માણસ આવે છે. ત્યારે તેણે લેઆહને
તથા રાહેલને તથા બે દાસીઓને છોકરાં વહેંચી આપ્યા. 2 અને તેણે દા-
સીઓને તથા તેઓના છોકરાઓને આગળ રાખ્યાં; પછી લેઆહ તથા
તેનાં છોકરાં; ને છેલ્લાં રાહેલ તથા યુસફ. 3 અને તે પોતે તેઓની આગળ
ચાલ્યો, ને પોતાના ભાઈની પાસે આવ્યો ત્યાં સુધીમાં પોતે સાત વાર
જમીન સુધી નમીને દંડવત કીધા. 4 અને એસાવ તેને મળવાને દોડ્યો,
ને તે તેને ભેટયો, ને તેની કોટે વળગીને તેને ચૂમ્યો, ને તેઓ રડ્યા.
5 અને તેણે પોતાની આંખો ઉંચી કરીને બાયડીઓને તથા છોકરાને દી-
ઠાં; ને કહ્યું, આ તારીસાથે કોણ છે? ને તેણે કહ્યું કે, દેવે કૃપા કરીને તા-
રા દાસને છોકરાં આપ્યા છે તે. 6 અને દાસીઓ તથા તેઓના છોકરાં તે-
ની પાસે આવ્યા ને દંડવત કીધાં. 7 લેઆહ તથા તેના છોકરાં પણ પાસે
આવ્યા ને દંડવત કીધા; પાછો યુસફ તથા રાહેલ પાસે આવ્યાં ને દંડ-
વત કીધા. 8 અને તેણે કહ્યું, આ જે સર્વ ટોળા મને સામાં મળ્યાં, તેમાં
તારો શો હેતુ છે? ને તેણે કહ્યું, માર મુરબ્બીની નજરમાં કૃપા પામવા
સારૂ છે. 9 ત્યારે એસાવ બોલ્યો, મારા ભાઈ, મને બહુ છે, તારું જે છે તે
તું પોતેજ રાખ. 10 અને યાકૂબે કહ્યું કે, એમ નહિ, જો હમણાં હું તારી
નજરમાં કૃપા પામ્યો હોઉં to કૃપા કરી મારા હાથથી મારી ભેંટ સ્વીકાર,
કેમકે જાણે કે દેવનું મો જોયું હોય તેમ મેં તારું મો જોયું છે, ને તું મારા
પર પ્રસન્ન થયો છે. 11 મારી જે ભેંટ તારી પાસે આણી છે તે કૃપા કરી લે;
કેમકે દેવે મારા ઉપર કૃપા કરી છે, ને મારી પાસે પુષ્કળ છે; ને તેણે તેને
આગ્રહ કીધો, ને તેણે તે લીધી. 12 અને તેણે કહ્યું કે, ચાલો, રસ્તે
પડીએ, ને હું તારી આગળ ચાલીશ. 13 અને તેણે તેને કહ્યું, મારો મુર-
બ્બી જાણે છે કે છોકરાં કુમળા છે, ને દુઝણી બકરીઓ તથા ઢોરો મારી
સાથે છે, જો તેઓને એક દહાડો પણ લાંબી મજલે હાંકશે to સર્વ ટોળા
મરી જશે. 14 માટે મારા મુરબ્બી, તારા દાસની આગળ જા, ને હું સેઈરમાં
મારા મુરબ્બી પાસે આવી પહોંચીશ, ત્યાં સુધી જે ઢોર મારી આગળ છે
તેઓ તથા છોકરાં ચાલી શકે તે પ્રમાણે હું ધીમે ધીમે ચાલતો આવીશ.
15 અને એસાવે કહ્યું, મારી સાથેના લોકોમાંથી થોડા તારી પાસે હું મુકું,
ને તેણે કહ્યું, શા સારૂ? હું તારી નજરમાં કૃપા પામું [તે બહુ છે]. 16 પછી
તે દહાડે એસાવ સેઈર જવાને પાછો ફર્યો. 17 ત્યારે યાકૂબે સુક્કોથમાં
ચાલતો આવ્યો, ને તેણે પોતાને સારૂ ઘર બાંધ્યું, ને તેનાં ઢોરને સારૂ
માંડવા કીધા, એ માટે તે જગ્યાનું નામ સુક્કોથ પાડ્યું. 18 અને યાકૂબ
પદ્દાનારામમાંથી આવતાં કનાન દેશના શખેમ સુધી સહી સલામત
આવ્યો, ને શહેરની સામા તંબુ તાણ્યો. 19 અને જે જમીનના કકડામાં
તેણે પોતાનો તંબુ તાણ્યો હતો, તે તેણે શખેમના બાપ હમોરના દીકરા-
ઓની પાસેથી સો રૂપયાએ વેચાતો લીધો. 20 ને ત્યાં તેણે વેદી બાંધી,
ને તેનું નામ એલ-એલોહે-ઈસ્રાએલ પાડ્યું.
34 અને લેઆહની દીકરી દીનાહ જે તેને યાકૂબથી થઈ હતી, તે તે
દેશની બાયડીઓને મળવા નીકળી. 2 અને હમોર હિવ્વી જે દે-
શનો સરદાર હતો તેના દીકરા શખેમે તેને દીઠી, ને તેને લીધી, ને તેની
સાથે સુઈને તેની આબરૂ લીધી. 3 અને યાકૂબની દીકરી દીનાહ પર તેનું
દિલ ચોંટી ગયું, ને તેણે છોડી પર પ્રેમ કીધો, ને તે છોડીની સાથે હેતથી
બોલ્યો. 4 અને શેખેમે પોતાના બાપ હમોરને કહ્યું કે, આ છોડીની સાથે
મારું લગ્ન કરાવી આપ. 5 અને યાકૂબે સાંભળ્યું કે મારી દીકરી દીનાહની
તેણે આબરૂ લીધી છે; ને તેના દીકરા ખેતરમાં ઢોરોની પાસે હતા, ને તે-
ઓના આવ્યા સુધી યાકૂબ છાનો રહ્યો. 6 અને શખેમનો બાપહમોર યા-
કૂબની સાથે વાતચિત કરવાને તેની પાસે ગયો. 7 અને યાકૂબના દીક-
રાઓ એ સાંભળીને ખેતરમાં આવ્યા; ને તેઓએ શોક કીધો, ન તેઓને
બહુ રોષ ચઢ્યો, કેમકે તેણે યાકૂબની દીકરી અઠે સુઈને ઈસ્રાએલમાં મૂ-
ર્ખપણું કીધી હતું; એ કામ કરવું અણઘટતું હતું. 8 અને હમોર તેઓની
સાથે વાતચિત કરીને બોલ્યો કે, મારા દીકરા શખેમનો જીવ તમારી દી-
કરી પર મોહિત થયો છે, કૃપા કરી તેને તેની વેરે પરણાવો. 9 અને આપ-
ણે અરસપરસ વિવાહ કરીએ, એટલે તમારી દીકરીઓ અમને આપો,
અને મારી દીકરીઓ તમે પોતાને સારૂ લો; 10 અને અમારી સાથે તમે
રહો; દેશ તમારી આગળ છે, તેમાં તમે રહો, ને વેપાર કરો, ને તેમાં માલ-
મિલકત મેળવો. 11 અને શેખેમે તેણીના બાપ તથા તેનીનાભૈઓને કહ્યું
કે, જો હું તમારી દ્રષ્ટિમાં કૃપા પામું, to તમે મને જે કહેશો તે હું આપીશ.
12 તમે મારી પાસે પલ્લું તથા બક્ષીશ ગમે તેટલાં માગો, ને જે તમે મને
કહેશો, તે પ્રમાણે આપીશ; પણ એ છોકરી મને બાયડી થવા સારૂ
આપો. 13 અને તેઓની બહેન દીનાહની તેણે આબરૂ લીધી હતી, તે મા-
ટે યાકૂબના દીકરાઓએ શખેમ તથા તેના બાપ હમોરને કપટથી ઉત્તર
આપ્યો. 14 અને તેઓએ તેઓને કહ્યું, જે માણસ સુનતી ન થયો હોય
તેને અમારી બહેન આપવી, એ કામ અમે કરી નથી શકતા, કેમકે તેથી
અમારૂં અપમાન થાય. 15 કેવળ આ શરતે અને તમારું માનીએ, કે
તમારાં સર્વ પુરુષો અમારા જેવા સુનતી થાય. 16 પછી અમે અમારી દી-
કરીઓ તમને આપીએ, ને તમારી દીકરીઓ અમે લઈએ, ને તમારામાં
અમે રહીએ, ને આપણે એક લોક થઈએ. 17 પણ જો સુનતી થવા વિષે
તમે અમારૂં ન સાંભળો, to અમે પોતાની કન્યાને લઈને ચાલ્યા જઈશું.
18 અને તેઓની વાત હમોર તથા હમોરના દીકરા શખેમને સારી લાગી.
19 અને તે જુવાને તે પ્રમાણે વાર ન લગાડી, કેમકે તે યાકૂબની દીકરી
પર મોહિત થયેલો હતો; ને તે પોતાના બાપના ઘરમાં સર્વ કરતા માનિ-
તો હતો. 20 પછી હમોર તથા તેનો દીકરો શખેમ પોતાના નગરની ભાગ-
ળમાં આવ્યા, ને પોતાના નગરના માણસો સાથે વાતચિત કરીને કહ્યું,
21 આ માણસો આપણી સાથે સંપીલા રહે છે, તે માટે તેઓને દેશમાં
રહેવા ડો, ને વેપાર કરવા ડો; કેમકે જુઓ, દેશ તેઓની આગળ વિશાળ
છે, આપણે તેઓની દીકરીઓ લઈને, ને આપણી દીકરીઓ તેઓને
આપીએ. 22 પણ કેવળ આ શરતે તેઓ આપણી સાથે રહેવા તથા એક
લોક થવાને રાજી થશે, કે જેમ તેઓમાંના હરેક પુરુષની સુનત કરાય
છે, તેમ આપણી સુનત પણ કરાય. 23 તેઓના ટોળા તથા તેઓની
સંપતિ તથા તેઓનાં ઢોરઢાંક, શું આપણા નહિ થાય? કેવળ આપણે
તેઓનું માનીએ એટલે તેઓ આપણા મધ્યે રહેશે. 24 અને જેઓ શહેર-
ની ભાગળે નીકળતા હતા તે સઘળાએ હમોર તથા તેના દીકરા શખેમ-
ની વાત માની લીધી, ને તેના શહેરની ભાગળે જનારા સર્વ પુરુષોની
સુનત કરાવી. 25 અને ત્રીજે દહાડે એમ થયું, કે તેઓ દુઃખી હતા, ત્યારે
યાકૂબના બે દીકરા શિમઓન તથા લેવી જે દીનાહના ભાઈઓ હતા
તેઓ એકેક પોતાની તરવાર લઈને નગર પર ઓચિંતા આવ્યા, ને સર્વ
પુરુષોને મારી નાખ્યા. 26 અને તેઓએ હમોરને તથા તેના દીકરા શખે-
મને તરવારની ધારથી મર્યા, ને શખેમના ઘેરથી દીનાહને લઈ ગયા.
27 યાકૂબના દીકરાઓએ મારી નાખેલા લોકો પર આવીને નગર લૂટ્યું,
કેમકે તેઓએ તેઓની બહેનને અશુદ્ધ કીધી હતી. 28 તેઓએ તેઓના
ઘેંટા બકરાં તથા તેઓના ઢોર તથા તેઓના ગધેડાં તથા નગરમાં તથા
ખેતરમાં જે હતું તે લઈ લીધું. 29 અને તેઓનું સર્વ દ્રવ્ય તથા તેઓના
સર્વ બાળકો ને તેઓની બાયડીઓ લઈ લીધાં, ને જે કંઈ ઘરમાં હતું તે

પણ લૂટી લીધું. 30 અને શિમઓનને તથા લેવીને યાકૂબે કહ્યું, તમે મને
દેશના રહેનારાઓમાં એટલે કનાનીઓ તથા પરિઝીઓમાં ધિક્કારપાત્ર
કરાવ્યાથી મને કાયર કર્યો છે; ને મારા માણસ થોડા છે માટે તેઓ મારી
સામા એકઠો થશે, અને મને મારશે, ને મારો વિનાશ થશે, મારો તથા
મારા ઘરનાંનો 31 અને તેઓએ કહ્યું, તેઓ કસબેણની સાથે વર્તે તેમ
અમારી બહેન સાથે વર્તે શું?
35 અને દેવે યાકૂબને કહ્યું, ઉઠ, બેથેલમાં જા, ને ત્યાં રહે, ને તું
પોતાના ભાઈ એસાવની આગળથી નાઠો હતો, ત્યારે જે દેવે
તને દર્શન આપ્યું, તેને સારૂ ત્યાં તું વેદી બાંધ. 2 અને યાકૂબે પોતાના
ઘરનાંને તથા જે સર્વ પોતાની સાથે હતાં તેઓને કહ્યું, તમારામાં જે
અન્ય દેવો છે તેઓને દૂર કરો, ને પોતાને શુદ્ધ કરો, ને પોતાનાં લૂગડાં
બદલો. 3 અને આપણે ઉઠીને બેથેલમાં જઈએ, ને જે દેવે મારા દુઃખને
દિવસે મારું સાંભળ્યું, ને જે રસ્તે હું ચાલ્યો હતો, તેમાં જે મરી સાથે
રહ્યો હતો, તેને સારૂ ત્યાં હું વેદી બાંધીશ 4 અને તેઓએ પોતાના હાથ-
માં જે અન્ય દેવો હતા, તથા પોતાના કાનમાં કે કુંડળો હતા તે યાકૂબને
આપ્યાં, ને યાકૂબે શખેમની પાસે આલોન વૃક્ષ તળે તેઓને દાટી દીધાં.
5 અને તેઓ ચાલતાં થયાં; ને તેઓની ચારે ગમનાં નગરોમાં ભારે ભય
લાગ્યું, માટે તેઓ યાકૂબના દીકરાઓની પૂઠે નહિ પાડ્યા. 6 અને યા-
કૂબ પોતાની સાથેના સર્વ લોક સુદ્ધાં કનાન દેશનું લૂઝ, જે બેથેલ કહે-
વાય છે, તેમાં આવ્યો 7 અને તેણે ત્યાં વેદી બાંધી, ને તે જગ્યાનું નામ
એલ-બેથેલ પાડ્યું, કેમકે તે પોતાના ભાઈના મો આગળથી નાઠો, ત્યા-
રે ત્યાં દેવે તેને દર્શન આપ્યું. 8 અને દબોરાહ રીબકાહની દાઈ મરી ગઈ,
ને તેને બેથેલ પાસે અલોન વૃક્ષ તળે દાટી. અને તે વૃક્ષનું નામ
આલોન-બાખૂથ પાડ્યું. 9 અને પાદ્દાનારમથી યાકૂબ આવ્યો ત્યારે દેવે
તેને ફરી દર્શન આપ્યું, ને તેને આશીર્વાદ દીધો. 10 અને દેવે તેને કહ્યું,
તારું નામ યાકૂબ છે, હવેથી તારું નામ યાકૂબ નહિ કહેવાશે, પણ તારું
નામ ઈસ્રાએલ થશે; ને તેણે તેનું નામ ઈસ્રાએલ પાડ્યું. 11 અને દેવે તે-
ને કહ્યું કે, હું સર્વસમર્થ દેવ છું, તું સફળ થા, ને વૃદ્ધિ પામ, તારાથી લો-
કો તથા લોકોનો સમુદાય ઉત્પન્ન થશે, ને તારી કમરમાંથી રજાઓ નીક-
ળશે. 12 અને મેં જે દેશ ઈબ્રાહીમને તથા ઈસ્હાકને આપ્યો છ, તે હું તને
આપીશ, ને તારા પછી તારા વંશને તે દેશ આપીશ. 13 અને જ્યાં દેવ તે-
ની સાથે બોલ્યો, ત્યાં આગળ તે તેની પાસેથી ચઢી ગયો. 14 અને જ્યાં
તે તેની સાથે બોલ્યો, તે ઠેકાણે યાકૂબે એન સ્તંભ, એટલે પત્થરનો
એન સ્તંભ, ઉભો કીધો, ને તેના પર પેયાર્પણ તથા તેલ રેડ્યું. 15 અને
જ્યાં દેવ તેની સાથે બોલ્યો, તે જગ્યાનું નામ યાકૂબે બેથેલ પાડ્યું.
16 અને તેઓ બેથેલથી આગળ ગયા, ને એફ્રાથ પહોંચવાને હજી થોડો
માર્ગ બાકી રહ્યો, ત્યારે રાહેલને પ્રસૂતિ થઇ, ને તેને જણવાનું 17 અને
એમ થયું કે તે જણતાં કષ્ટાતી હતી ત્યારે તેને દાઇયે કહ્યું, બીહી મા, કે-
મકે તને આ પણ દીકરો સાંપડશે. 18 અને એમ થયું, કે જયારે તેનો જીવ
જતો હતો (કેમકે તે મરી ગઈ), ત્યારે તેણે તેનું નામ બેનોની પાડ્યું;
પણ તેના બાપે તેનું નામ બિન્યામીન પાડ્યું. 19 અને રાહેલ મરી ગઈ,
ને એફ્રાથ, (જે બેથલેહેમ છે), તેને રસ્તે તે દટાઈ. 20 અને યાકૂબે તેની
કબર પર સ્તંભ ઉભો કીધો, તે આજ લગી રાહેલની કબરનો સ્તંભ છે.
21 અને ઈસ્રાએલ આગળ ચાલ્યો, ને ટોળાનાં બુરુજની પેલી ગમ તેનો
તંબુ તાણ્યો. 22 અને એમ થયું કે ઈસ્રાએલ તે દેશમાં રહેતો હતો, ત્યારે
રેઉબેન પોતાના બાપની ઉપપત્ની બિલ્હાહની પાસે જઈને તેની સાથે
સુઈ ગયો, ને તે ઇસ્રએલે સાંભળ્યું. 23 હવે યાકૂબના દીકરા બાર હતા.
લેઆહના દીકરા, રેઉબેન યાકૂબનો જ્યેષ્ઠ દીકરો તથા શિમઓન તથા
લેવી તથા યહુદાહ તથા યિસ્સાખાર તથા ઝબુલૂન. 24 રાહેલના દીકરા
યુસફ તથા બિન્યામીન. 25 અને રાહેલની દાસી બીલ્હાહના દીકરા, દાન
તથા નાફતાલી. 26 અને લેઆહની દાસી ઝિલ્પાહના દીકરા, ગાદ તથા
આશેર. યાકૂબના દીકરા જે તેને પાદ્દાનારામમાં થયા તેઓ હતા. 27 અને
મામરે, એટલે કિર્યાથ-આર્બા જે હેબ્રોન કહેવાય છે, જ્યાં ઇબ્રાહીમે તથા
ઈસ્હાકે વસો કીધો, ત્યાં યાકૂબ તેના બાપ ઈસ્હાક પાસે આવ્યો.
28 અને ઈસ્હાકની ઉમર એક સો એંસી વર્ષની હતી. 29 અને ઈસ્હાક ઘર-
ડો તથા દહાડાઓમાં પરિપૂર્ણ થઈને પ્રાણ મુકીને મરણ પામ્યો, ને પો-
તાના લોકોમાં મેળવાયો, ને તેના દીકરાઓએ, એટલે એસાવે તથા યા-
કૂબે તેને દાટ્યો.

36 અને એસાવ (એટલે અદોમ) ની વંશાવળી આ છે. 2 એસાવે
પોતાની બાયડીઓ કનાનીઓની દીકરીઓમાંથી લીધી, એટલે
અદાહ જે એલોન હિત્તીની દીકરી તી, તથા ઓહલીબામાહ જે સિબઓન
હિવ્વીની દીકરી અનાહતી દીકરી હતી તેને; 3 ને બાસમાથ જે ઈશ્માએ-
લની દીકરી, નાબાયોથની બહેન તેને. 4 અને આદાહને પેટે એસાવને
અલીફાઝ થયો, ને બાસમાથને પેટે રેઉએલ થયો. 5 અને ઓહલીબામા-
હને પેટે યેઉશ તથા યાલામ તથા કોરાહ થયા; એસાવને કનાન દેશમાં
જે દીકરા થયા હતા તે એ હતા. 6 અને એસાવ પોતાની બાયડીઓ, તથા
પોતાના દીકરા, તથા પોતાની સર્વ ઢોરઢાંક, તથા પોતાની સર્વ માલમિ-
લકત જે તેણે કનાન દેશમાં મેળવી હતી, તે સર્વ લઈને પોતાના ભાઈ
યાકોબની પાસેથી બીજા દેશમાં ગયો. 7 કેમકે તેઓની સંપત્તિ એટલી
બધી હતી કે તેઓ એકઠા રહી ન શક્યા, ને તેઓના પ્રવાસનો દેશ તે-
ઓના જાનવરને લીધે તેઓનો નિભાવ કરી ન શક્યો. 8 અને એસાવ
સેઈર પહાડ પર રહ્યા; એસાવ તેજ અદોમ છે. 9 અને સેઈર પહાડ પરના
અદોમ લોકનો બાપ, જે એસાવ તેનો વંશ એ છે. 10 એસાવના દીકરા-
ઓના નામ આ છે; એસાવની બાયડી આદાહનો દીકરો અલીફાઝ, ને
એસાવની બાયડી બાસમાથનો દીકરો રેઉએલ. 11 અને તેમાન, ઓમાર,
સફો તથા ગાતામ, તથા કનાઝ, એ અલીફાઝના દીકરા હતા. 12 અને
એસાવના દીકરા અલીફાઝની ઉપપત્ની તિમ્ના હતી; ને તેને અલીફા-
ઝથી અમાલેક થયો, એસાવની બાયડી આદાહના દીકરા એ છે. 13 અને
રેઉએલના દીકરા નાહાથ, ઝેરાહ, શામ્માહ તથા મીઝ્ઝાહ; એ એસાવની
બાયડી બાસમાથના દીકરા હતા. 14 અને સિબઓનની દીકરી અનાહ-
ની દીકરી ઓહલીબામાહ જે એસાવની બાયડી તેના દીકરા એ છે; તેને
એસાવથી યેઉશ તથા યાલામ તથા કોરાહ થયા. 15 એસાવના દીકરા-
ઓમાંના આ સરદાર હતા; એસાવના જ્યેષ્ઠ દીકરા અલીફાઝના દીકરા,
તેમાન સરદાર, ઓમાર સરદાર, સફો સરદાર, કનાઝ સરદાર, 16 કોરાહ
સરદાર, ગાતામ સરદાર, અમાલેક સરદાર; જે સરદારો અલીફાઝથી
અદોમ દેશમાં થયા, તેઓ એ છે; એ આદાહના દીકરા હતા. 17 અને
એસાવના દીકરા રેઉએલના દીકરા આ છે, નાહાથ સરદાર, ઝેરાહ સર-
દાર, શામ્માહ સરદાર, મીઝ્ઝાહ સરદાર; એ સરદારો રેઉએલથી અદોમ
દેશમાં થયા; એ એસાવની બાયડી બાસમાથના દીકરા છે. 18 અને
એસાવની બાયડી ઓહલીબામાહના દીકરા આ છે; યેઉશ સરદાર, યા-
લામ સરદાર, કોરાહ સરદાર; એ સરદારો એસાવની બાયડીઓહલીબા-
માહ જે અનાહની દીકરી તેને થયા. 19 એસાવના દીકરા ને તેઓના સર-
દારો એ છે; એસાવ એજ અદોમ છે. 20 અને સેઈર હોરીના દીકરા, જે દે-
શના રહેવાસીઓ હતા તેઓ આ છે; એટલે લોટાન તથા શોબાલ, તથા
સિબઓન, તથા અનાહ, 21 તથા દીશોન, તથા એસેર, તથા દિશાન; એ
સરદારો સેઈરના દીકરા જે હોરીઓ હતા તેઓથી અદોમ દેશમાં થયા.
22 અને લોટાનના દીકરા હોરી તથા હેમામ હતા; ને લોટાનની બહેન તિ-
મ્ના હતી. 23 અને શોબાલના દીકરા આ છે, એટલે આલ્વાન તથા મા-
નાહાથ તથા એબાલ તથા શફો તથા ઓનામ. 24 અને સિબઓનના દી-
કરા આ છે, એટલે આયાહ તથા અનાહ; જે અનાહને પોતાના બાપ સિ-
બઓનનાં ગધેડાં ચરાવતા રણમાં ઉન્હા ઝરાઓ જડ્યા, તેજ એ છે.
25 અને અનાહનાં છોકરા આ છે, એટલે દીશોન તથા અનાહની દીકરી
ઓહલીબામાહ. 26 અને દીશોનના દીકરા આ છે, એટલે હેમ્દાન તથા
એશ્બાન તથા યિથ્રાન તથા ખરાન. 27 અને એસેરના દીકરા આ છે,
એટલે બિલ્હાન, તથા ઝાઅવાન, તથા અકાન. 28 અને દીશાનના દીક-
રા આ છે, એટલે ઉસ તથા અરાન. 29 હોરીઓથી જે સરદારો થયા તે આ
છે, એટલે લોટાન સરદાર, શોબાલ સરદાર, સિબઓન સરદાર, અનાહ
સરદાર, 30 દીશોન સરદાર, એસેર સરદાર, દિશાન સરદાર; સેઈર દેશના
સરદારો પ્રમાણે જે સરદારો હોરીઓથી થયા તે આ છે. 31 અને ઈસ્રાએ-
લપુત્ર પર કોઈ રાજાએ રાજ્ય રાજ્ય કર્યા અગાઉ, અદોમ દેશમાં જે
રજાઓ રાજ્ય કરતા હતા તે એ છે. 32 અને બેઓરનો દીકરો બેલા અદો-
મમાં રાજ્ય કરતો હતો, ને તેના શહેરનું નામ દીનહાબાહ હતું. 33 અને
બેલા મરણ પામ્યો, ને તેને ઠેકાણે બોસરાહમાંના ઝેરાહનો દીકરો યો-
બાબ રાજા થયો. 34 અને યોબાબ મુઓ, ને તેને ઠેકાણે તેમાન દેશના
હૂશામે રાજ્ય કર્યું. 35 અને હૂશામ મુઓ, ને તેને ઠેકાણે બદાદના દીકરા
હદાદે રાજ્ય કીધું; તેણે મોઆબના મેદાનમાં મિદ્યાનને માર્યો; ને તેના

શહેરનું નામ અવીથ હતું. 36 અને હદાદ મુઓ, ને તેને ઠેકાણે માસરેકા-
હુમાંના સામ્લાહે રાજ્ય કર્યું. 37 અને સામ્લાહ મુઓ, ને તેને ઠેકાણે નદી
પાસેના રહોબોથના શાઉલે રાજ્ય કીધું. 38 અને શાઉલ મુઓ, ને તેને ઠે-
કાણે આખ્બોરના દીકરા બાઆલહાનાને રાજ્ય કર્યું. 39 અને આખ્બોર-
નો દીકરો બાઆલહાનાન મુઓ, ને તેને ઠેકાણે હદારે રાજ્ય કીધું; ને તે-
ના શહેરનું નામ પાઉ હતું; ને તેની બાયડીનું નામ મહેટાબએલ હતું. તે
મેઝાહાબની દીકરી માટરેદની દીકરી હતી. 40 અને એસાવથી જે સરદારો
થયા તેઓના નામ, પોતપોતાનાં કુટુંબ તથા જગ્યાઓ પ્રમાણે, તેઓનાં
નામો આ છે; તિમ્નાહ સરદાર, આલ્વાહ સરદાર, યથેથ સરદાર,
41 ઓહલીબામાહ સરદાર, એલાહ સરદાર, પીનોન સરદાર, 42 કનાઝ
સરદાર, તેમાન સરદાર, મીબ્સાર સરદાર, 43 માગ્દીએલ સરદાર, ઈરામ
સરદાર; એ પોતપોતાના વતનના દેશ પ્રમાણે અદોમના સરદારો છે;
અદોમ લોકોનો બાપ તેજ એસાવ છે.

37 અને યાકૂબ પોતાના બાપના પ્રવાસના દેશમાં, એટલે કનાન
દેશમાં રહ્યા. 2 યાકૂબનો વંશ આ છે. યુસફ સત્તર વર્ષનો થયો,
ત્યારે પોતાના ભાઈઓની સાથે ટોળાં ચરાવતો હતો; ને તે જુવાન હતો,
ને પોતાના બાપની બાયડીઓ બિલ્હાહ તથા ઝિલ્પાહના દીકરાઓની
સાથે હતો; ને તેઓની ભૂંડાઈની ખબર પોતાના બાપની પાસે યુસફ
લાવ્યો. 3 હવે ઇસ્રાએલ પોતાના સર્વ દીકરાઓ કરતાં યુસફ પર વિશેષ
પ્રીતિ કરતો હતો, કેમકે તે તેના ઘડપણનો દીકરો હતો, ને તેણે તેને
સારૂ એક રંગબેરંગી અંગરખો સીવડાવ્યો. 4 અને તેના ભાઈઓએ જોયું
કે તેઓનો બાપ તેના સર્વ ભાઈઓ કરતા તેના પર વિશેષ પ્રીતિ કરે છે,
ને તેઓ તેનો દ્વેષ કરતા, ને તેની સાથે મીઠાસથી વાત કરી નહોતા
શકતા. 5 અને યુસફને સ્વપ્ન આવ્યું, ને તેણે તેના ભાઈઓને તે કહી
સંભળાવ્યું, ને તેઓ તેના પર વત્તો દ્વેષ કરતા હતા. 6 અને તેણે તેઓને
કહ્યું કે, આ સ્વપ્નમાં જે મેં દીઠું છે તે સાંભળો; 7 જુઓ, આપણે ખેતર-
માં પુળીઓ બાંધતા હતા, ને જુઓ, મારી પુળી ઉઠી, ને ઉભી રહી; ને
જુઓ, તમારી પુળીઓ ચરોગમ ઉભી રહી, ને મારી પુળીની આગળ
નમી. 8 અને તેના ભાઈઓએ તેને કહ્યું, શું તું ખરેખર અમારા પર અધિ-
કાર કરશે? શું તું ખરેખર અમારો ધણી થશે? ને તેઓ તેના સ્વપ્નને લી-
ધે તથા તેની વાતને લીધે તેના પર વત્તો દ્વેષ કરતા હતા. 9 અને ફરી તે-
ને બીજું સ્વપ્ન આવ્યું, ને તેણે તેના ભાઈઓને તે કહ્યું, ને બોલ્યો,
જુઓ, મને ફરી એક સ્વપ્ન આવ્યું, ને જુઓ, સૂર્ય તથા ચંદ્ર તથા અગિ-
યાર તારાઓ મારી આગળ નમ્યા. 10 અને તેણે પોતાના બાપને તથા
પોતાના ભાઈઓને તે કહ્યું, ને તેના બાપે તેને ધમકાવ્યો, ને તેને કહ્યું,
જે સ્વપ્ન તને આવ્યું તે શું છે? તારી આગળ ભોંય લગી નામ્વાને હું
તથા તારી મા, તથા તારા ભાઈ શું ખરેખર આવીશું? 11 અને તેના ભાઈ-
ઓએ તેના પર અદેખાઈ કીધી, પણ તેના બાપે તે વાત મનમાં રાખી.
12 અને તેના ભાઈ તેઓના બાપના ટોળા ચરાવવાને શખેમમાં ગયા.
13 અને ઇસ્રાએલે યુસફને કહ્યું, શું તારા ભાઈ શખેમમાં ચરાવતા નથી?
ચાલ, હું તને તેઓની પાસે મોકલીશ. ને તેણે તેને કહ્યું, હું આ રહ્યો.
14 અને તેણે તેને કહ્યું કે, જા, ને તારા ભાઈઓ તથા ટોળા સારા છે કે
નહિ તે જો, ને મારી પાસે ખબર લઈ આવ. અને તેણે તેને હેબ્રોનના મે-
દાનથી મોકલી દીધો, ને તે શખેમ આવ્યો. 15 અને જુઓ, યુસફ મેદાન-
માં ભટકતો હતો એટલામાં એક માણસ તેને મળ્યો, ને તેણે તેને પૂછ્યું
કે, તું શું શોધે છે? 16 આને તેણે કહ્યું કે, મારા ભાઈઓને શોધું છું; તેઓ
ક્યાં ચરાવે છે, તે કૃપા કરી મને કહે. 17 અને તે માણસે કહ્યું, તેઓ હિ-
યાંથી ગયા છે, કેમકે, ચાલો આપણે દોથાનમાં જઈએ, એવું તેઓએ મા-
રા સાંભળવામાં કહ્યું. અને યુસફ પોતાના ભાઈઓની પાછળ ગયો, ને
દોથાનમાં તેઓ તેને મળ્યાં. 18 અને તેઓએ તેને અઘેથી દીઠો, ત્યારે
તેઓની પાસે તે આવી પહોંચ્યા અગાઉ તેને મારી નાખવાને તેઓએ
મસલહત કીધી. 19 અને તેઓએ એક બીજાને કહ્યું કે, જુઓ, આ સ્વ-
પ્નપતિ આવે છે. 20 અને હવે ચાલો, આપણે તેને મારી નાખીએ, ને કો-
ઈએક ખાડામાં તેને નાખીએ, ને આપણે કહીશું કે, રાની પશુ તેને ખાઈ
ગયું છે; ને તેના સ્વપ્નનું શું થશે, તે જોઈશું. 21 અને રેઉબેને તે સાંભ-
ળ્યું, ને તેઓના હાથમાંથી તેને છોડાવ્યો; ને કહ્યું, આપણે તેનો જીવ ન
લેવો. 22 તેઓના હાથમાંથી તેને છોડાવીને તેને પોતાના બાપને સોંપ-
વા સારૂ રેઉબેને તેઓને કહ્યું, તેનું રક્ત ન વહેવાડો, પણ રણમાં આ જે
ખાડો છે, તેમાં તેને નાખો, ને તેના પર હાથ ન નાખો. 23 અને એમ થયું,
કે યુસફ પોતાના ભાઈઓની પાસે આવ્યો ત્યારે તેઓએ યુસફનો અંગ-
રખો, એટલે જે રંગબેરંગી અંગરખો તેના અંગ પર હત, તે ઉતારી લીધો,
24 અને તેઓએ તેને પકડ્યો, ને તેને ખાડામાં નાખ્યો; તે ખાડો ખાલી
હતો, ને તેમાં પાણી ન હતું. 25 અને તેઓ રોટલી ખાવાને બેઠા; ને તે-
ઓએ આંખો ઉંચી કરીને જોયું; ને જુઓ, ઈશ્મએલીઓનો સંઘ ગિલઆ-
દથી આવતો હતો; સુગંધિઓ તથા લોબાન તથા બોળથી લાદેલાં તે-
ઓનાં ઉંટ મિસર દેશમાં તેઓ લઈ જતા હતા. 26 અને યહૂદાહે પોતાના
ભાઈઓને કહ્યું, જુઓ, આપણે પોતાના ભાઈને મારી નાખીએ ને તેનું
રક્ત સંતાડીએ તો શો લાભ? 27 આવો, ઈશ્માએલીઓને તેને વેચી
દઈએ, ને આપણો હાથ તેને વિરુદ્ધ ન થાય, કેમકે તે આપણો ભાઈ
તથા આપણું લોહી છે. અને તેના ભાઈઓએ તેનું સાંભળ્યું. 28 અને મિ-
દ્યાની વેપારીઓ તેઓની પાસે થઈને જતાં હતા, ને તેઓએ યુસફને ખા-
ડામાંથી ખેંચી કાઢ્યો; ને તેઓએ વીસ રૂપિયાએ યુસફને ઈશ્માએલી-
ઓને વેચી દીધો; ને તેઓ યુસફને મિસરમાં લઈ ગયા. 29 અને રેઉબેન
પાછો ખાડાની પાસે આવ્યો, ને જુઓ, યુસફ તો ખાડામાં નહોતો; ને તે-
ણે પોતાનાં લૂગડાં ફાડ્યાં. 30 અને તે પોતાના ભાઈઓની પાસે પાછો
આવ્યો, ને કહ્યું, છોકરો તો નથી, ને હું ક્યાં જાઉં? 31 અને તેઓએ યુસ-
ફનો અંગરખો લીધો, ને બકરું કાપ્યું, ને રક્તમાં અંગરખો બોળ્યો.
32 અને તેઓએ તે રંગબેરંગી અંગરખો પોતાના બાપની પાસે મોકલાવી-
ને કહ્યું, આ અમને જડ્યો છે, હવે તે તારા દીકરાનો અંગરખો છે કે નહિ
એ તું ઓળખજે. 33 અને તેણે તે ઓળખ્યો, ને કહ્યું, તે મારા દીકરાનો
અંગરખા છે; રાની પશુએ તેને ફાડી ખાધો છે; યુસફને નિશ્ચે ફાડી ના-
ખ્યો છે. 34 અને યાકૂબે પોતાના વસ્ત્ર ફાડયા; ને પોતાની કમરે ટાટ
બાંધ્યું, નેપોતાના દીકરાને સારૂ બહુ દહાડા શોક કીધો. 35 અને તેના
સર્વ દીકરા તથા તેની સર્વ દીકરીઓ તેને દિલાસો દવાને ઉઠ્યાં; પણ
તેણે દિલાસો પામવાને ના કહી; ને તેણે કહ્યું કે, હું શોક કરતો શેઓલ-
માં મારા દીકરાની પાસે જઈશ; અને તેનો બાપ તેને સારૂ રડ્યો. 36 અને
તે મીદ્યાનીઓએ તેને મિસરમાં ફારુનનો સરદાર પોટીફાર જે રક્ષકોનો
અધિકારી હતો, તેને વેચી દીધો.

38 અને તે વેળાએ એમ થયું કે યહુદાહ પોતાના ભાઈઓની પાસે-
થી ગયો, ને હીરાહ નામે એક અદુલ્લામીને ત્યાં ઉતાર્યો. 2 અને
યહુદાહે ત્યાં એક કનાની જેનું નામ શુઆ હતું, તેની દીકરીને દીઠી; ને
તેણે તેને લીધી, ને તેની પાસે ગયો. 3 અને તે ગર્ભવતી થઈ, ને દીકરો
જણી, ને તેણીએ તેનું નામ એર પાડ્યું. 4 ફરી તે ગર્ભવતી થઈ,ને દીકરો
જણી, ને તેણીએ તેનું નામ ઓનાન પાડ્યું. 5 ને તે ફરી એક દીકરો
જણી, ને તેનું નામ તેણીએ શેલાહ પાડ્યું; ને તે તેને જણી ત્યારે યહુ-
દાહ ખાઝીબમાં રહેતો હતો. 6 અને યહુદાહે પોતાના જ્યેષ્ઠ દીકરા એરને
સારૂ બાયડી લીધી, ને તેનું નામ તામાર હતું. 7 પણ યહુદાહનો જ્યેષ્ઠ
દીકરો એર યહોવાહની દૃષ્ટિમાં ભૂંડો હતો; એ માટે યહોવાહે તેને માર્યો.
8 અને યહુદાહે ઓનાનને કહ્યું, તું તારા ભાઈની બાયડીની પાસે જા, ને
તેની પ્રત્યે ધણીના ભાઈની ફરજ અદા કર, ને તારા ભાઈને સારૂ
સંતાન ઉપજાવ. 9 અને ઓનાને જાણ્યું કે સંતાન મારું નહિ થશે; ને
એમ થયું કે, જયારે તે પોતાની ભાભીની પાસે ગયો, ત્યારે તેણે પોતાના
ભાઈને સંતાન ન આપવાને તે ભૂમિ પર રેડ્યું. 10 અને તેણે જે કીધું તે
યહોવાહની દ્રષ્ટિમાં ભુંડું લાગ્યું; તે માટે તેણે તેને પણ માર્યો. 11 એ
યહુદાહે પોતાની વધૂ તામારને કહ્યું કે, મારો દીકરો શેલાહ મોટો થાય,
ત્યાં સુધી તું તારા બાપના ઘરમાં વિધ્વાવસ્થામાં રહે, કેમકે તેણે કહ્યું,
કદાચ તે પણ પોતાના ભાઈઓની પેઠે મારે. અને તામાર જઈને પોતા-
ના બાપના ઘરમાં રહી. 12 અને ઘણા દહાડા થયા, ને યહુદાહની બાયડી
શુઆની દીકરી મરણ પામી; ને યહુદાહને દિલાસો થયો, ને તે પોતાના
મિત્ર હીરાહ અદુલ્લામી સુદ્ધાં પોતાનાં ઘેંટા કાતરનારાઓની પાસે તિ-
મ્નાહ ગયો. 13 અને તમારને એવી ખબર મળી કે જો, તારો સસરો પોતા-
ના ઘેંટા કાતરવાને તિમ્નાહ જાય છે. 14 અને તેણે પોતાના વૈધવ્યનાં
વસ્ત્ર પોતાના અંગ પરથી કાઢ્યા, ને ઘૂંઘટથી પોતાને ઢાંકી, ને પોતાનાં
લપેટી, ને એનાઈમ જે તિમ્નાહ જવાને માર્ગે છે તેની ભાગળે બેઠી; કેમ-
કે તેણીએ જોયું કે શેલાહ મોટો થયો છે, પણ હું તેને બાયડી થવા સારૂ
અપાએલી નથી. 15 અને યહુદાહે તેને જોઈ, ત્યારે તેને વેશ્યા જાણી; કે-

મકે તેણીએ પોતાનું મુખ ઢાંક્યું હતું. 16 અને તે માર્ગની બાજુએ વાળને
તેની પાસે ગયો, ને કહ્યું, હવે મને તારી પાસે આવવા દે; કેમકે આ મારી
વધૂ છે એમ તેણે જાણ્યું નહિ. અને તે બોલી, તું મારી પાસે આવવા સા-
રૂ મને શું આપીશ? 17 અને તેણે કહ્યું, ટોળામાંથી બકરીનું એક બચ્ચું હું
તારી પાસે મોકલીશ. અને તેને કહ્યું, તું મોકલે ત્યાં સુધી તું મને હડપ
આપીશ? 18 અને તેણે તેને કહ્યું, શી હડપ આપું? તેણે કહ્યું, તારી મુદ્રા,
તથા તારો અછોડો તથા તારા હાથમાંની કાઠી અને તેણે તે આપ્યાં, ને
તેની પાસે ગયો, ને તેનાથી તે ગર્ભવતી થઇ. 19 અને તે ઉઠીને ગઈ, ને
પોતાનો ઘુંઘટ કાઢ્યો, ને પોતાના વૈધવ્યનાં વસ્ત્ર પહેર્યો. 20 અને બા-
યડીના હાથમાંથી હડપ લેવા સારૂ, યહુદાહે પોતાના મિત્ર અદુલ્લામીની
હસ્તક બકરીનું બચ્ચું મોકલ્યું, પણ તે તેને ન મળી. 21 અને તેણે તે
જગ્યાનાં માણસોને પૂછ્યું, કે જે વેશ્યા એનાઇમ પાસે માર્ગ પર હતી તે
ક્યાં છે? ને તેઓએ કહ્યું, હિયાં કોઈ વેશ્યા ન હતી. 22 અને તે યહૂદાહની
પાસે પાછો અવ્વ્યો, ને કહ્યું, મને તે નથી જડતી; ને ત્યાંના માણસોએ
પણ કહ્યું કે, હિયાં કોઈ વેશ્યા ન હતી. 23 અને યહુદાહે કહ્યું, તે ભલે પો-
તાની પાસે તે રાખે, રખે આપણું અપમાન થાય; જો, મેં આ બકરીનું
બચ્ચું મોકલ્યું, પણ તને તે જડી નહિ. 24 અને એમ થયું કે આસરે ત્રણ
મહિના પછી યહૂદાહને ખબર મળી કે, તારી વધૂ તામારે વ્યભિચાર કર્યો
છે, ને જો, વ્યભિચારથી તેને ગર્ભ રહ્યો છે. અને યહુદાહે કહ્યું, તેને
બહાર લાઇને બાલી નાખો. 25 ને તેને બહાર આણી ત્યારે તેણે પોતાના
સસરાની પાસે માણસ મોકલીને કહાવ્યું કે, જેના આ છે, તે માણસથી
હું ગર્ભવતી થઇ છું; હવે આ મુદ્રા, તથા અછોડા, તથા કાઠી કોનાં છે, તે
તું કૃપા કરી ઓળખી લે. 26 અને યહુદાહે એઓ [ મારો પોતાનાં છે એમ]
કબૂલ કરી કહ્યું, તે મારા કરતા યથાર્થી છે, કારણ કે મેં તેને મારા દીકરા
શેલાહને ન દીધી. અને તેણે તેને ફરી ન જાણી. 27 અને જણવાની વે-
ળાએ એમ થયું કે જુઓ, તેના પેટમાં જોળ હતી. 28 અને તેને જાણતાં
એમ થયું કે એક પોતાનો હાથ બહાર કાઢ્યો; ને દઈએ તેનો હાથ પક-
ડ્યો, ને તેના પર લાલ સુતર બાંધ્યું, ને કહ્યું, આ પહેલો નીકળ્યો.
29 અને તેણે પોતાનો હાથ પાછો ખેંચ્યો ત્યારે, જુઓ, એમ થયું કે તેનો
ભાઈ નીકળ્યો; ને [દાઈએ] કહ્યું, તું કેમ કરીને ફાટ પાડીને નિકળ્યો? એ
માટે તેનું નામ પેરેસ પાડ્યું. 30 અને પછી તેનો ભાઈ, જેને હાથે લાલ
સૂતર હતું તે નીકળ્યો; ને તેનું નામ ઝેરાહ પાડ્યું.
39 અને યુસફને મિસરમાં આણ્યો; ને ત્યાં જે ઈશ્માએલીઓ તેને
લઈને ઉતારી ગયા, તેઓની પાસેથી પોટીફાર નામનો એક મિ-
સરી જે ફારૂનનો એક અમલદાર તથા રક્ષકોનો સરદાર હતો તેણે તેને
વેચાતો લીધો. 2 અને યહોવાહ યુસફની સાથે હતો; ને તે ભાગ્યવાન
હતો; ને તે પોતાના ધણીના એટલે તે મિસરીના ઘરમાં રહ્યો. 3 અને તે-
ના ધણીએ જોયું, કે તેની સાથે યહોવાહ છે, ને તે જે કંઈ કરે છે તે તેના
હાથમાં યહોવાહ સફળ કરે છે. 4 અને યુસફ તેની દ્રષ્ટિમાં કૃપા પામ્યો;
ને તેણે તેની સેવા કીધી; ને તેણે તેને પોતાના ઘરનો કારભારી ઠરાવ્યો;
ને પોતાનું જે સર્વ હતું તે તેના હાથમાં સોંપ્યું. 5 અને એમ થયું, કે તેણે
પોતાના ઘરનો તથા પોતાની સર્વ મિલ્કતનો કારભારી તેને ઠરાવ્યો
હતો, ત્યારથી યહોવાહે યુસફને લીધે તે મિસરીના ઘરને આશીર્વાદ દી-
ધો; ને ઘરમાં તથા ખેતરમાં જે સર્વ તેનું હતું તે પર યહોવાહનો આશી-
ર્વાદ હતો. 6 અને તેણે પોતાનું જે સર્વ તેનું હતું તે યુસફના હાથમાં
સોંપ્યું, ને તે જે અન્ન ખાતો તે વિના પોતાનું શું છે, એ કંઈ પણ તે જાણ-
તો નહોતો. અને યુસફ સુંદર તથા રૂપાળો હતો. 7 અને ત્યાર પછી એમ
થયું, કે તેના ધણીની બાયડીએ યુસફ પર કુદ્દષ્ટિ કરી, ને કહ્યું, મારી
સાથે સુ. 8 પણ તેણે ના કહી, ને પોતાના ધણીની બાયડીને કહ્યું, જો,
ઘરમાં શું શું મારા હવાલામાં છે તે મારો ધણી જાણતો નથી; ને તેણે પો-
તાનું જે સર્વ છે તે મારા હાથમાં સોંપ્યું છે. 9 આ ઘરમાં મારા કરતા કોઈ
મોટો નથી; ને તેણે તારા વિના બીજું કંઈજ મારાથી પાછુ રાખ્યું નથી;
કેમકે તું તેની બાયડી છે; માટે એવું મોટું કુકર્મ કરીને હું દેવનો અપરાધી
કેમ થાઉં? 10 ને એમ થયું, કે રોજ રોજ તે યુસફને એમ કહેતી હતી; પણ
તેણે તેની સાથે સુવા વિષે તથા તેની પાસે રહેવા વિષે તેનું કહેવું સાંભ-
ળ્યું નહિ. 11 અને આસરે તે સમયે એમ થયું, કે યુસફ પોતાના કામ કર-
વાને ઘરમાં ગયો, ને ઘરનું કોઈ માણસ ઘરમાં ન હતું. 12 ત્યારે તેણીએ
તેનું વસ્ત્ર પકડ્યું, ને કહ્યું, મારી સાથે સુ; પણ તે પોતાની વસ્ત્ર તેના
હાથમાંમુકી દઈને નાઠો ને બહાર નીકળી ગયો. 13 અને એમ થયું કે
જયારે તેણે જોયું, કે તે પોતાની વસ્ત્ર તેના હાથમાં મૂકી દઈને ભાર્નાસી
ગયો છે, 14 ત્યારે તેણે પોતાના ઘરમાંનાં માણસોને બોલાવ્યાં, ને તેઓ-
ને કહ્યું, જુઓ, આપણું અપમાન કરવાને તેણે આ હેબ્રી માણસને
આપણી પાસે આણ્યો છે; ને તે મારી સાથે સુવાને મારે પાસે આવ્યો, ને
મેં મોટે સાદે બૂમ પાડી. 15 અને એમ થયું કે મેં મોટે સાદે બૂમ પાડી, એ
તેણે સાંભળ્યું, ત્યારે પોતાનું વસ્ત્ર મારી પાસે મૂકી દઈને નાઠો ને બહાર
નીકળી ગયો. 16 અને તેનો ધણી ઘરમાં આવ્યા સુધી તેણે તેનું વસ્ત્ર
પોતાની પાસે રાખ્યું. 17 અને તેણે તેને એ પ્રમાણે કહ્યું કે, આ હેબ્રી દાસ
જેને તું આપણે ત્યાં લાવ્યો છે, તે મારું અપમાન કરવાને પારી પાસે
આવ્યો હતો. 18 અને એમ થયું કે મેં હાંક મારીને બૂમ પાડી, ત્યારે તે
પોતાનું વસ્ત્ર મારી પાસે મૂકી દઈને નાસી ગયો. 19 અને એમ થયું કે
જયારે તેના ધણીએ પોતાની બાયડીની કહેલી વાત સાંભળી, કે તારા
દાસે મને એમ કીધું, ત્યારે તેનો કોપ સળગી ઉઠ્યો. 20 અને યુસફના
ધણીએ તેને પકડ્યો, ને જે ઠેકાણે રાજાના બંદીવાન કેદ કરાતા હતા, તે
કેદખાનામાં તેણે તેને નાખ્યો; ને તે ત્યાં કેદખાનામાં રહ્યો. 21 પણ
યહોવાહ યુસફની સાથે હતો, ને તેણે તેના પર દયા કીધી, ને તેને કેદ-
ખાનાના દરોગાની દ્રષ્ટિમાં કૃપા પમાડી. 22 અને જે કેદીઓ કેદખાનામાં
હતા તેઓ સર્વને દરોગાએ યુસફના હાથમાં સોપ્યા; ને ત્યાં જે કામ
તેઓ કરતા તેનો કરાવનાર તેજ હતો. 23 અને તે કેદખાનાનો દરોગો તે-
ના હાથના કોઈ પણ કામ પર દેખરેખ રાખતો નહિ, કેમકે યહોવાહ તેની
સાથે હતો; ને તેણે જે કંઈ કામ કર્યું તેમાં યહોવાહે તેને ફતેહ પમાડી.
40 એ વાતો પછી એમ થયું કે મિસરના રાજાના પાત્રવાહકે તથા
ભઠીયારાએ તેમના ધણી મિસરના રાજાનો અપરાધ કીધો.
2 અને ફારુન તેના બન્ને સેવકો પર તળે મુખ્ય પાત્રવાહક તથા મુખ્ય
ભઠીયારા પર કોપાયમાન થયો. 3 અને જ્યાં યુસફ બંદીવાન હતો તે તુ-
રંગમાં એટલે પહેરેગીરોના ઉપરીના ઘરમાં તેણે તેઓને કેદ કર્યા. 4 અને
પહેરેગીરોના ઉપરીએ યુસફને તેઓનો ખીજમતગારનીમ્યો; ને તેણે તે-
ઓની સેવા કરી, અને તેઓ કેટલીક મુદત સુધી કેદમાં રહ્યા. 5 અને મિ-
સરના રાજાનો પાત્રવાહક તથા ભઠીયારો જે તુરંગમાં કેદી હતા તે બન્ને
માણસોને એકજ રાત્રે પોતાના સ્વપ્નના અર્થ પ્રમાણે સ્વપ્ન આવ્યું.
6 અને યુસફે સવારે તેઓની પાસે અંદર આવીને તેઓને જોયા, ત્યારે
જુઓ તેઓ ઉદાસ હતા. 7 અને ફારુનના જે અમલદારો તેની પાસે તેના
ધણીના ઘરમાં કેડી હતા તેઓને તેણે પૂછ્યું, કે આજ તમે કેમ ઉદાસ દે-
ખાઓ છો? 8 ને તેઓએ તેને કહ્યું, અમને સ્વપ્ન આવ્યું હતું, ને તેનો
અર્થ બતાવે એવો કોઈ નથી. અને યુસફે તેઓને કહ્યું, અર્થ બતાવવો
એ શું દેવનું કામ નથી? તે શું છે તે કૃપા કરી મને કહો. 9 અને મુખ્ય પા-
ત્રવાહકે પોતાનું સ્વપ્ન યુસફને જણાવીને કહ્યું, જુઓ, મારા સ્વપ્નમાં
મારી સામા એક દ્રાક્ષવેલો દેખાયો, 10 ને દ્રાક્ષવેલાને ત્રણ ડાળીઓ
હતી, ને તેઓને જાણે કળીઓ આવી, ને મોર ખીલ્યો, ને તેના ગુચ્છામાં
દ્રાક્ષો પાકી. 11 અને ફારુનનું પ્યાલું મારા હાથમાં હતું; ને મેં દ્રાક્ષો લઈ-
ને ફારુનના પ્યાલામાં તેનો રસ નીચોવી કાઢ્યો, ને પ્યાલું ફારુનના
હાથમાં આપ્યું. 12 અને યુસફે તેને કહ્યું, એનો અર્થ આ છે, ત્રણ ડાળી
તે ત્રણ દહાડા છે. 13 ત્રણ દહાડામાં ફારુન તારું માથું ઊંચું કરશે, ને
તને પાછો તારા કામ પર ઠરાવશે; ને તું તેનો પાત્રવાહક હતો ત્યારની
રીત પ્રમાણે તું ફારુનનું પ્યાલું તેના હાથમાં આપીશ. 14 પણ તારું સારૂં
થાય ત્યારે કૃપા કરી મને સંભારજે, ને મારા પર ડાચ કરજે, ને મારા વિષે
ફારુનને કહીને આ ઘરમાંથી મને કઢાવજે. 15 કેમકે હેબ્રીઓના દેશ-
માંથી હું ખરેખર ચોરાએલો છું; ને અહીં પણ મેં તુરંગમાં નખવા લાયક
કંઈ કીધું નથી. 16 અને મુખ્ય ભઠીયારાએ જોયું કે અર્થ સારો છે, ત્યારે
તેણે યુસફને કહ્યું કે, મને પણ સ્વપ્ન આવ્યું હતું. ને જુઓ, મારા માથા
પર સફેદ રોટલી ભરેલી ત્રણ ટોપલી હતી. 17 અને ઉપલી ટોપલીમાં ફા-
રુનને સારૂ સર્વ પ્રકારનાં પકવાન હતા; ને મારા માથા પરની ટોપલી-
માંથી પક્ષીઓ ખાતા હતા. 18 અને યુસફે ઉતર આપ્યો, એનો અર્થ એ
છે કે તે ત્રણ ટોપલી ત્રણ દહાડા છે. 19 અને ત્રણ દહાડામાં ફારુન તારું
માથું તારા પરથી ઊચકશે, ને તને ઝાડ પર ટાંગશે; ને પક્ષીઓ તારા
પરથી તારું માંસ ખાશે. 20 ને ત્રીજે દહાડે, એટલે ફરુનની ફારૂની વર્ષ-
ગાંઠને દિવસે એમ થયું, કે તેણે પોતાના સર્વ સેવકોને મિજબાની

આપી; ને તેણે પોતાના સેવકોમાં મુખ્ય પાત્રવાહકનું તથા મુખ્ય ભઠી-
યારનું માથું ઉચક્યું. 21 અને તેણે મુખ્ય પાત્રવાહકને તેની પાત્રવાહકની
પદવી પર પાછો ઠરાવ્યો, ને તેણે ફારૂનના હાથમાં પાત્ર આપ્યું. 22 અને
યુસફે અર્થ બતાવ્યો હતો તે પ્રમાણે તેણે મુખ્ય ભઠીયારાને ફાંસી દીધી.
23 અને મુખ્ય પાત્રવાહકે યુસફને સંભાર્યો નહિ, પણ તેને ભુલી ગયો.
41 ને બે વર્ષ પછી એમ થયું, કે ફારુનને સ્વપ્ન આવ્યું, ને જુઓ,
તે નદીની પાસે ઉભો હતો. 2 અને જુઓ, સુંદર તથા પુષ્ટ એવી
સાત ગાય નદીમાંથી નીકળી, ને સરકટમાં ચરી. 3 અને જુઓ, તેઓની
પછવાડે કદરૂપી તથા સુકાઈ ગયેલી એવી બીજી સાત ગાય નદીમાંથી
નીકળીને નદીને કાંઠે પેલી ગાયોની પાસે ઉભી રહી. 4 અને કદરૂપી
તથા સુકાઈ ગએલી ગાયો તે સાત સુંદર તથા પુષ્ટ ગાયને ગળી ગઈ,
એટલે ફારુન જાગ્યો. 5 અને તે ઉંઘી ગયો, ને બીજી વાર તેને સ્વપ્ન
આવ્યું, ને જુઓ, એક સાંઠો પર દાણાએ ભરેલાં તથા સારાં એવાં સાત
કણસલાં આવ્યાં. 6 અને જુઓ, તેઓની પછવાડે હલકાં તથા પૂર્વના
વાયુથી ચિમળાએલાં એવાં સાત કણસલાં આવ્યા. 7 અને હલકાં કણ-
સલાં પેલાં સાત પાંકા તથા ભારે કણસલાંને ગળી ગયા. અને ફારુન
જાગ્યો; ને જુઓ, એ to સ્વપ્ન હતું. 8 અને સવારે એમ થયું કે તેનું મન
ગભરાયું; ને તેણે મિસરના સર્વ શાસ્ત્રીઓને તથા ત્યાંના સર્વ જ્ઞાની-
ઓને તેડાવ્યા; ને તેઓને ફારુને પોતાના સ્વપ્નો કહ્યા; પણ સ્વપ્નનો
અર્થ ફારૂનને કહી શકે એવો તેઓમાનો કોઈ નહોતો. 9 અને મુખ્ય પાત્ર-
વાહકે ફારૂનને કહ્યું, આજ હું મારો અપરાધ કબૂલ કરું છું. 10 ફારૂનને
પોતાના દાસો પર ક્રોધ ચઢ્યો હતો; ને મને તથા મુખ્ય ભઠીયારાને, તુ-
રંગમાં એટલે પહેરેગીરોના ઉપરીના ઘરમાં કેદ કીધા હતા. 11 અને એકજ
રાતે અમને સ્વપ્ન આવ્યું, દરેકને પોતાના સ્વપ્નના અર્થ પ્રમાણે સ્વ-
પ્ન આવ્યું. 12 અને એક હેબ્રી જુવાન જે પહેરેગીરોના ઉપરીનો દાસ હતો
તે ત્યાં અમારી સાથે હતો. તેને અમે કહ્યું, ને તેણે અમારા સ્વપ્નનો
અર્થ બતાવ્યો, દરેકને પોતાના સ્વપ્ન પ્રમાણે તેણે અર્થ કરી બતાવ્યો.
13 અને એમ થયું, કે તેણે અમને અર્થ કહ્યા, તેમજ થયું, તેણે મને મારી
પદવી પર પાછો ઠરાવ્યો, ને એને ફાંસી દીધી. 14 અને ફારૂને યુસફને તે-
ડવા માણસ મોકલ્યો, ને તેઓએ તેને તુરંગમાંથી ઉતાવળે કાઢ્યો; ને
તેણે હજામત કરીને પોતાનાં લૂગડાં બદલ્યાં, ને ફારૂનની આગળ
આવ્યો. 15 અને ફારૂને યુસફને કહ્યું, મને સ્વપ્ન આવ્યું હતું, પણ તેનો
અર્થ કહેનાર કોઈ નથી; ને મેં તારા વિષે સાંભળ્યું છે, કે તું સ્વપ્ન સાંભ-
ળીને તેઓ અર્થ બતાવી શકે છે. 16 અને યુસફે ફારુનને ઉત્તર આપ્યો,
હું તો નહિ, પણ દેવ ફર્ઉનને ક્ષેમકર ઉત્તર આપશે. 17 અને ફારુને યુસ-
ફને કહ્યું, જુઓ, હું મારા સ્વપ્નમાં નદીને કાંઠે ઉભો હતો. 18 અને જુઓ,
પુષ્ટ તથા સુંદર એવી સાત ગાય નદીમાંથી નીકળી, ને સરકટમાં ચરી.
19 અને જુઓ, તેઓની પછવાડે નબળી તથા બહુ કદરૂપી તથા સુકાઈ
ગએલી બીજી સાત ગાય નીકળી, તે એવી કે તેમના જેવી કદરૂપી ગયો
મેં આખા મિસર દેશમાં કદી દીઠી નહોતી. 20 અને તે દુબળી તથા કદરૂ-
પી ગાયો પેલી સાત પુષ્ટ ગાયોને ખાઈ ગઈ. 21 અને તેઓ તેઓને ખાઈ
ગઈ, to પણ તેઓ તેમને ખાઈ ગઈ હોય એવું જણાયું નહિ; પણ પહે-
લાની પેઠે તેઓ કદરૂપી રહી; ને હું જાગ્યો. 22 અને મારા સ્વપ્નમાં મેં
જોયું, ને જુઓ, એન સાંઠા પર ભરાએલાં તથા સારાં એવાં સાત કણસ-
લાં નીકળ્યાં, 23 ને જુઓ, તેઓની પાછળ સુકાએલાં, તથા હલકાં તથા
પૂર્વના પવનથી ચીમળાએલાં એવાં સાત કણસલાં નીકળ્યાં. 24 અને તે
હલકાં કણસલાં પેલા સાત સારાં કણસલાંને ગળી ગયાં; ને મેં શાસ્ત્રી-
ઓને એ કહ્યું, પણ કોઈ તેનો અર્થ મને કહી ન શક્યો. 25 અને યુસફે
ફારુનને કહ્યું, ફારુનનું સ્વપ્ન એકજ છે; દેવ જે કરવાનો છે તે તેણેફા-
રૂનને જણાવ્યું છે. 26 પેલી સાત સારી ગાય સાત વર્ષ છે; ને સાત સારાં
કણસલાં સાત વર્ષ છે; સ્વપ્ન એક છે. 27 ને તેઓની પાછળ જે સુકાઈ
ગએલી તથા કદરૂપી ગાય નીકળી તે સાત વર્ષ છે; ને દાણા વગરના
તથા પૂર્વના વાયુથી ચિમળાએલાં જે સાત કણસલાં તે દુકાળનાં સાત
વર્ષ થશે. 28 જે વાત મેં ફારૂનને કહી તે એ છે; દેવ જે કરવાનો છે તે તેણે
ફારૂનને દેખાડ્યું છે. 29 જુઓ, આખા મિસર દેશમાં ઘણી પુષ્કળતાનાં
સાત વર્ષ આવે છે; 30 ને ત્યારે પછી દીકાલના સાત વર્ષ આવશે; ને મિ-
સર દેશમાં સર્વ પુષ્કળતા ભુલી જવાશે; ને દુકાળ દેશનો નાશ કરશે.
31 અને તે આવનાર દુકાળનેલીધે દેશમાં પુષ્કળતા નહિ જણશે; કેમકે
તે બહુ ભારે થશે. 32 અને ફારૂનને બે વાર સ્વપ્ન આવ્યાં તે એ માટે, કે
એ વાત દેવે નક્કી ઠરાવી છે; ને દેવ તે થોડીજ વારમાં પૂરી કરશે. 33 તે
માટે હવે ફારુને બુદ્ધિવંત તથા જ્ઞાની એવા માણસને શોધી કાઢીને તેને
મિસર દેશ પર ઠરાવવો. 34 ફારુને એમ કરવું, દેશ પર ઉપરીઓ ઠરાવ-
વા, ને પુષ્કળતાનાં સાત વર્ષ પર્યંત દેશનો પાંચમો ભાગ લેવો. 35 અને
જે સારાં વર્ષ આવશે, તેઓમાં તેઓ સઘળો ખોરાક એકઠો કરે, અને ફા-
રુનના હાથ નીચે સઘળું અનાજ નગરે નગર ખોરાકને માટે એકઠું કરીને
તેને રાખી મૂકે. 36 અને દુકાળનાં જે સાત વર્ષ મિસર દેશમાં આવશે તેમાં
તે ખોરાક દેશને માટે સંગ્રહને સારૂ થશે, કે દુકાળથી દેશનો ક્ષય ન
થાય. 37 અને એ વાત ફારુનને તથા તેના સર્વ દાસોને સારી લાગી.
38 અને ફારુને પોતાના દાસોને કહ્યું, જેમાં દેવનો આત્મા હોય, એવો
આના સરખા શું કોઈ માણસ આપણે મળે? 39 અને ફારુને યુસફને
કહ્યું, દેવે આ સર્વ તને દેખાડ્યું છે, તે માટે તારા સરખો બુદ્ધિવાન તથા
જ્ઞાની બીજો કોઈ નથી. 40 તું મારા ઘરનો ઉપરી થા, ને મારા સર્વ લોક
તારી આજ્ઞા પ્રમાણે ચાલશે, એકલા રાજ્યાસન પર હું તારા કરતાં મોટો
હોઈશ. 41 અને ફારુને યુસફને કહ્યું, જો, મેં તને આખા મિસર દેશનો
ઉપરી ઠરાવ્યો છે. 42 અને ફારુને પોતાના હાથની મુદ્રિકા કાઢીને યુસફ-
ના હાથમાં ઘાલી; ને તેને મલમલનાં વસ્ત્ર પહેરાવ્યાં, ને તેના ગાળામાં
સોનાની સાંકળી ઘાલી; 43 ને બીજા દરજ્જાના રથમાં તેને બેસાડ્યાં; ને
ઘુંટણ ટેકવો એવી તેની આગળ તેઓએ બૂમ પાડી; ને તેણે તેને આખા
મિસર દેશનો ઉપરી ઠરાવ્યો. 44 અને ફારુને યુસફને કહ્યું, હું ફારુન છું,
ને મિસરના આખા દેશમાં તારા વિના કોઈ માણસ હાથ કે પગ નહિ
ઉઠાવશે. 45 અને ફારુને યુસફનું નામ સાફનાથ-પાનેઆહ પાડ્યું; ને
ઓનના યાજક પોટીફેરાની દિકરી આસનાથ સાથે તેના લગ્ન કરાવ્યા;
ને યુસફ મિસર દેશમાં ફરવા નિકળ્યો 46 અને યુસફ મિસરના રાજા ફા-
રુનની આગળ ઉભો રહ્યો ત્યારે તે ત્રીસ વર્ષનો હતો. અને યુસફ ફારુ-
નની હજુરમાંથી નિકળીને આખા મિસર દેશમાં ફર્યા. 47 અને પુષ્કળતા-
નાં સાત વર્ષમાં પૃથ્વીમાંથી ખોબેખોબા પાક્યું. 48 અને મિસર દેશમાં જે
સાત વર્ષ થયાં તેઓનું સઘળું અનાજ તેણે એકઠું કીધું, ને તે અનાજ તે-
ણે તેજ નગરમાં ભરી રાખ્યું. 49 અને યુસફે સમુદ્રની રેતી જેટલું અતિઘ-
ણું અન્ન સંઘર્યું, તે એટલા સુધી, કે તેણે હિસાબ રાખવાનું મૂકી દીધું; કે-
મકે તે બેસુમારી હતું. 50 અને દુકાળનાં વર્ષો આવ્યા અગાઉ યુસફના બે
દીકરા જન્મ્યા, કે જે તેને ઓનના યાજક પોટીફેરાના દીકરી આસનાથને
પેટે થયા. 51 અને યુસફે જ્યેષ્ઠ દીકરાનું નામ મનાશ્શેહ પાડ્યું, કેમકે [
તેણે કહ્યું] દેવે મારાં સર્વ કષ્ટ તથા મારા બાપના ઘરનું સર્વ મને વિસ-
રાવી મુક્યું છે. 52 અને બીજાનું નામ તેણે એફ્રાઈમ પાડ્યું; કેમકે [તેણે
કહ્યું] મારા દુઃખના દેશમાં દેવે મને સફળ કીધો છે. 53 અને મિસર દેશ-
માં પુષ્કળતાનાં જે સાત વર્ષ આવ્યા હતા તે વિતી ગયાં. 54 અને યુસફ-
ના કહ્યા પ્રમાણે દુકાળનાં સાત વર્ષ આવવા લાગ્યાં; ને દુકાળ સર્વ દે-
શોમાં પડ્યો; પણ આખા મિસર દેશમાં અન્ન હતું. 55 અને આખો મિસર
દેશ ભુખે મરવા લાગ્યો, ત્યારે લોકો ફારુનની આગળ ધાન્યને સારૂ
બૂમ પાડી; ને ફારુન સર્વ મિસરીઓને કહ્યું, યુસફની પાસે જાઓ; ને તે
તમને કહે તે કરો. 56 અને આખા દેશ પર દુકાળ પડ્યો ત્યારે યુસફે સર્વ
કોઠારો ઉઘડ્યા, ને મીસરીઓને વેચાતું આપ્યું; ને મિસર દેશમાં તે કાળ
બહુ વિકટ થયો. 57 અને સર્વ દેશોના લોકો મિસર દેશમાં યુસફની પાસે
અનાજ વેચાતું લેવાને આવ્યા; કેમકે આખી પૃથ્વી અર દુકાળ ભારે
હતો.
42 અને યાકૂબે જોયું કે મિસરમાં અનાજ છે, ત્યારે યાકૂબે તેના દી-
કરાઓને કહ્યું, તમે એકબીજા ભણી કેમ જુઓ છો? 2 ને તેણે
કહ્યું, જુઓ, મેં સાંભળ્યું છે કે મિસરમાં અનાજ છે; ત્યાં જાઓ, ને
ત્યાંથી આપણે સારૂ વેચાતું લાવો, કે આપણે જીવીએ, ને મારીએ નહિ.
3 અને યુસફના દસ ભાઈ અનાજ વેચાતું લેવાને મિસરમાં ગયા. 4 પણ
યુસુફના ભાઈ બિન્યામીનને તેના ભાઈઓની સાથે યાકૂબે મોકલ્યો
નહિ; કેમકે તેણે કહ્યું, રખે તેના પર કંઈ વિઘ્ન આવી પડે. 5 અને ઈસ્રા-
એલના દીકરા બીજા આવનારાઓની સાથે વેચાતું લેવાને આવ્યા; કેમ-
કે કનાન દેશમાં દુકાળ હતો. 6 અને તે દેશનો અધિપતિ યુસફ હતો; તે
દેશના સર્વ લોકોને અનાજ વેચતું આપનાર તેજ હતો, ને યુસફના ભાઈ
આવ્યા, ને તેઓએ ભોયં લગી માથા નમાવીને તેને દંડવત કીધા.

7 અને યુસફે પોતાના ભાઈઓને જોઈને તેઓને ઓળખ્યા; પણ પારકા-
ની પઠે તેઓની સાથે વર્ત્યો, ને તેઓની સાથે કઠોરતાથી વાત કીધી; ને
તેઓને પૂછ્યું, તમે ક્યાંથી આવ્યા? ને તેઓએ તેને કહ્યું, કનાન દેશથી
ખાવાનું વેચાતું લેવાને આવ્યા છીએ. 8 અને યુસફે તેના ભાઈઓને
ઓળખ્યા; પણ તેઓએ તેને ન ઓળખ્યા. 9 ને યુસફને તેઓ વિષે જે
સ્વપ્ન આવ્યા હતા, તે તેને સાંભર્યાં; ને તેણે તેઓને કહ્યું, તમે જાસુસ
છે; દેશનું નાગાપણું જોવાને આવ્યા છો. 10 અને તેઓએ તેને કહ્યું, સા-
હેબ, એમ નહિ, પણ અનાજ વેચાતું લેવાને તારા દાસ આવ્યા છે.
11 અમે સર્વ એક માણસના દીકરા છીએ, અમે સાચા છીએ, તારા દાસો
જાસુસ નથી. 12 અને તેણે તેઓને કહ્યું, એમ નહિ, પણ દેશનું નાગાપા-
ણું જોવાને તમે આવ્યા છો. 13 અને તેઓ બોલ્યા, તારા દાસો બાર ભાઈ
છીએ, કનાન દેશના એક માણસના દીકરા છીએ, ને જુઓ, નાન ભાઈ
આજ અમારા બાપની પાસે છે, ને એકનો તો પત્તો નથી. 14 અને યુસફે
તેઓને કહ્યું, જે મેં તમને કહ્યું, કે તમે જાસુસ છો, તે તેમજ છે. 15 આથી
તમારી પરીક્ષા કરવામાં આવશે; ફારુનના જીવના સમ કે તમારો નાનો
ભાઈ હિયાં આવ્યા વિના તમે હિયાંથી જવા પામશો નહિ. 16 તમે તમા-
રામાંથી એકને મોકલો, ને તે તમારા ભાઈને લઈ આવે, પણ તમને કેદ
રાખવામાં અઆવશે, ને તમારી વાતની પરીક્ષા થશે કે તમારામાં સત્ય
છે કે નહિ; નહિ તો ફારુનના જીવના સમ [ખાઈને કહું છું] કે તમે જાસુ-
સજ છો. 17 અને તેણે ત્રણ દહાડા લાગી તેઓને તુરંગમાં એકઠાં રાખ્યાં.
18 અને ત્રીજે દહાડે યુસફે તેઓને કહ્યું, તમે આમ કરો ને જીવો, કેમકે હું
દેવથી બીહું છું. 19 જો તમે સાચા હો, તો તમારામાંનો એક ભાઈ કેદખા-
નામાં રહે, ને તમે જાઓ, ને તમારા ઘરના દુકાળને લીધે અનાજ લઈ
જાઓ. 20 અને તમારા નાના ભાઈને મારી પાસે લાવો, તેથી તમારી વાત
સાચી ઠરશે, ને તમે નહિ મારશો. અને તેઓએ એમ કીધું. 21 અને તે-
ઓએ માંહોમાંહે કહ્યું, ખરેખર આપણે આપણા ભાઈ વિષે અપરાધી
છીએ, કેમકે જયારે તેણે કાલાવાલા કીધા, ને આપણે તેના જીવનું દુઃખ
જોયું, ત્યારે આપણે નહિ સાંભળ્યું; તે માટે આ સંકટ આપણા પર આવી
પડ્યું છે. 22 અને રેઉબેન તેઓને ઉત્તર દઈને બોલ્યો, શું મેં તમને કહ્યું
ન હતું, કે આ છોકરાં સંબંધી પાપ ન કરો? પણ તમે ન માન્યું; તે માટે
હવે જુઓ, તેના રક્તનો બદલો લેવામાં આવે છે. 23 અને યુંઅફ અમારી
વાત સમજે છે, તે તેઓએ જાણ્યું નહિ, કેમકે તેઓ વચ્ચે દુભાષિયો
હતો. 24 અને તે તેઓની પાસેથી ફરી જઈને રડ્યો, ને તેઓની પાસે પા-
છો આવીને તેઓની સાથે વાત કીધી, ને તેઓમાંથી શિમઓનને લઈને
તેઓના દેખતાં તેને બાંધ્યો. 25 અને યુસફે તેઓને ગુણો અનાજથી
ભરવાની તથા પ્રત્યેક માણસનું નાણું તેની ગુણમાં પાછુ મુકવાની,
તથા તેઓને રસ્તાને માટે સીધું આપવાની આજ્ઞા આપી; ને તેઓને
સારૂ એ પ્રમાણે કરવામાં આવ્યું. 26 અને તેઓ પોતાના ગધેડાં પર
અનાજ લાદીને ત્યાંથી નીકળ્યા. 27 અને ઉતારામાં તેઓમાંના એક પો-
તાના ગધેડાને દાણા ખવાડવાને પોતાની ગુણ છોડી, ત્યારે તેણે પો-
તાનું નાણું દીઠું; કેમકે, જુઓ, તે to તેની ગુણના મ્હોડામાં હતું. 28 ને
તેને પોતાના ભાઈઓને કહ્યું, મારું નાણું મને પાછુ મળ્યું છે; ને જુઓ,
તે મારી ગુણમાં છ. અને તેઓ મનમાં ગભરાયા; ને તેઓ થરથરતા
માંહોમાંહે બોલ્યા, દેવે આપણે આ શું કર્યું છે? 29 અને તેઓ કનાન દેશ-
માં તેઓના બાપ યાકૂબ પાસે આવ્યા, ને તેઓને જે થયું હતું તે સર્વની
કાર તેને આપી કહ્યું, 30 કે જે માણસ તે દેશનો ધણી છે તેણે અમને
કઠોર વચનો કહ્યાં, ને અમને દેશના જાસુસ ગણ્યા. 31 અને અમે તેને
કહ્યું કે, અમે સાચા માણસ છીએ, અમે જાસુસ નથી. 32 અને બાર ભાઈ
અમારા બાપના દીકરા છીએ; એકનો to પત્તો નથી, ને નાનો અમારા
બાપની પાસે હાલ કનાન દેશમાં છે. 33 અને તે માણસે એટલે દેશના
ધણીએ અમને કહ્યું , એથી હું જાણીશ કે તમે સાચા માણસ છો, તમારા
એક ભાઈને મારી પાસે રહેવા દો, ને તમે તમારા ઘરનાં દુકાળને સારૂ
અનાજ લઈને વિદાય થાઓ. 34 ને તમે તમારા નાના ભાઈને મારી પાસે
લાવો; ત્યારે તમે જાસુસ નથી, પણ સાચા માણસ છો, એમ હું જાણીશ,
અને હું તમારો ભા તમને પાછા આપીશ, ને તમે આ દશમાં વેપાર કર-
શો. 35 અને એમ થયું કે તેઓ પોતાની ગુણો ખાલી કરતા હતા ત્યારે,
જુઓ, પ્રત્યેક માણસના નાણાની થેલી તેની ગુણમાં હતી; અને તેઓ
તથા તેઓના બાપ તેઓના નાણાની થેલીઓ જોઈને બીધા. 36 અને તે-
ઓના બાપ યાકૂબે તેઓને કહ્યું, તને પુત્રહીન કીધો છે; યુસફ નથી, ને
શિમઓન પણ નથી, ને વળી બિન્યામીનને લઈ જાઓ છો; એ સર્વ
મારે ઉલટું છે. 37 અને રેઉબેને તેના બાપને કહ્યું, તેને તારી પાસે પાછો
ન લાવું to મારા બે દીકરાને મારી નાખજે, તેને મારા હાથમાં સોંપ, ને હું
તેને તારી પાસે પાછો લાવીશ. 38 પણ તેણે કહ્યું, મારો દીકરો તમારી
સાથે નહિ આવે કેમકે તેઓ ભાઈ મરી ગયો છે, ને તે એકલો રહ્યા છે, ને
જે માર્ગે તમે જાઓ છો ત્યાં જો તેને વિઘ્ન થાય, to તમે મારા પળિયાં
શોકને પારે ઘોરમાં ઉતારશો.

43 અને દેશમાં દુકાળ ભારે હતો. 2 અને એમ થયું, કે તેઓ મિસર-
માંથી જે અનાજ લાવ્યા હતા તે ખાઈ રહ્યા, ત્યારે તેઓના બાપે
તેઓને કહ્યું કે, તમે ફરીથી જઈને આપણે સારૂ થોડું અન્ન વેચાતું લો.
3 અને યહુદાહે તેને કહ્યું, તે માણસે અમને તાકીદ કરીને કહ્યું હતું કે, જો
તમારો ભાઈ તમારી સાથે નહિ હોય, to તમે મારું મુખ નહિ જોશો. 4 જો
તું અમારા ભાઈને અમારી સાથે મોકલે to અમે જઈને તારે સારૂ અન્ન વે-
ચાતું લઈએ. 5 પણ જો તું તેને નહિ મોકલે to મે નહિ જઈશું; કેમકે તે
માણસે અમને કહ્યું છે કે, તમારો ભાઈ તમારી સાથે નહિ આવે, to તમે
મારું મુખ નહિ જોશો. 6 અને ઈસ્રાએલે કહ્યું કે, અમારો બીજો ભાઈ છે,
એમ તે માણસને કહીને તમે મારું ભુંડું કેમ કીધું? 7 અને તેઓએ કહ્યું,
અમારા વિષે તથા અમારા કુટુંબ વિષે તે માણસે પડપૂછ કીધી, કે શું
તમારો ભાઈ હજુ જીવે છે? તમારો બીજો કોઈ ભાઈ છે? ને તે વાત પ્રમા-
ણે અમે તેને ઉત્તર આપ્યો; અમે શું જાણીએ કે તે એમ કહેશે કે તમારા
ભાઈને અહિ લાવો? 8 અને યહુદાહે તેના બાપ ઈસ્રાએલને કહ્યું, મરી
સાથે છોકરાને મોકલ; ને અમે ચાલી નિકળીએ, કે અમે અને તું અને
આપણા છોકરાં જીવતાં રહીએ ને મરીએ નહિ. 9 હું તેનો જામીન થાઉં
છું; તું તેને મારા હાથથી માગજે; જો હું તારી પાસે તેને ન લાવું, ને તારી
આગળ રજુ ન કરું, to તેનો દોષ સદા મારા પર રહે. 10 કેમકે જો અમે
આટલી ખોટી થયા ન હોત to ખચિત અમે અત્યારમાં બીજી વાર પાછા
જઈ આવ્યા હોત. 11 અને તેઓના બાપ ઈસ્રાએલે તેઓને કહ્યું, ત્યારે
એમ હોય, to આમ કરો, આ દેશના કંઈ ઉત્તમ ફળ તમારા વાસણમાં
લઈ લો; ને તે માણસને સારૂ ભેંટ લઈ જાઓ, એટલે થોડો ગુગળ, થોડું
મધ, કેટલુંક સુગંધિઓદ્રવ્ય તથા બોળ તથા પિસ્તા તથા બદામ.
12 અને બમણું નાણું તમારા હાથમાં લઈ જાઓ, ને તમારી ગુણોનાં મ્હો-
ડામાં જે નાણું પાછું આવ્યું છ તે ફરીથી તમારા હાથમાં લો, કદાચ ભૂલ
થઈ હશે. 13 અને તમારા ભાઈને લઈને ઉઠો, ને તે માણસ પાસે પાછા
જાઓ. 14 અને સર્વસમર્થ દેવ તે માણસની આગળ તમને કૃપા આપો,
કે તે તમારી સાથે તમારા બીજા ભાઈને તથા બિન્યામીનને મોકલી દે;
જો હું નિઃસંતાન થયો to થયો. 15 અને તે માણસોએ તે ભેંટ લીધી, ને
તેમના હાથમાં બમણું નાણું લીધું, અને બિન્યામીનને સાથે લીધો,ને
ઉઠીને મિસરમાં ગયા, ને યુસફ આગળ આવી ઉભા રહ્યા. 16 અને યુસફે
તેઓની સાથે બિન્યામીનને દીઠો, ત્યારે તેણે પોતાના ઘરના કારભારી-
ને કહ્યું, આ માણસોને ઘેર લઈ જા, ને કંઈ મારીને તૈયાર કર, કેમકે આ
માણસો બપોરે મારી સાથે જમશે. 17 અને યુસફે જેમ કહ્યું તેમ તે માણ-
સે કીધું; એટલે તે માણસ યુસફના ઘેર તે માણસોને લઈ ગયો. 18 અને
તે માણસોને યુસફને ઘેર આણ્યા, માટે તેઓ બીધા, ને બોલ્યા, જે ના-
ણું પહેલી વાર આપણી ગુણોમાં પાછુ આપ્યું તેને લીધી તે આપણે માંહે
લાવ્યો છે, કે તે આપણી વિરુદ્ધ બહાનું શોધે, ને આપણા પર તૂટી પડે,
ને આપણે ગુલામ કરી લે, તથા આપણા ગધેડાં પણ લે. 19 અને તેઓ
યુસફના ઘરના કારભારી પાસે આવ્યા, ને તેની સાથે ઘરમાં બારણા પા-
સે વાતચિત કીધી, 20 અને કહ્યું, ઓ અમારી ધણી, અમે ખરેખર ખાવાનું
વેચાતું લેવાને પહેલવહેલા આવ્યા હતા. 21 અને એમ થયું, કે અમે
ઉતારે આવ્યા ત્યારે અમે પોતાનો ગુણો ઉઘાડી, ને જુઓ, હરેક માણસ-
નું નાણું તેની ગુણના મ્હોડામાં તોલ પ્રમાણે પૂરેપૂરું હતું; અને તે અમે
અમારા હાથમાં પાછુ લાવ્યા છીએ. 22 અને ખાવાનું વેચાતું લેવાને અમે
અમારા હાથમાં બીજું નાણું લાવ્યા છીએ; ને અમારી ગુણોમાં તો નાણું
કોણે ઘાલ્યું, એ અમે નથી જાણતા. 23 અને તેણે કહ્યું, તમે કુશળ રહો,
તમે બીહો મા, તમારા તથા તમારા બાપના દેવે તમારી ગુણોમાં તમને
સંપત આપી છે, તમારાં નાણા મને પહોંચ્યાં; અને તે તેઓની પાસે શિ-
મઓનને બહાર લાવ્યો. 24 અને તે માણસ યુસફના ઘરમાં તે માણસોને

લાવ્યો, ને તેમણે પાણી આપ્યું, ને તેઓ પગ ધોયા; ને તેણે તેઓના
ગધેડાને ચારો આપ્યો. 25 અને યુસફના બપોરે આવ્યા અગાઉ તેઓએ
ભેંટ તૈયાર કીધી; કેમકે તેઓને ત્યાં જમવાનું હતું એમ તેઓએ સાંભળ્યું
હતું. 26 અને યુસફ ઘેર આવ્યો ત્યારે તેઓના હાથમાં જે ભેંટ હતી તે તે-
ની પાસે ઘરમાં લાવ્યા; ને ભૂમિ લગી નમીને પ્રણામ કીધા. 27 અને તે-
ણે તેઓની ખબર પૂછી, ને કહ્યું, તમારો બાપ એટલે જે વડીલ વિષે તમે
કહ્યું, તે શું કુશળ છે? તે શું હજી જીવે છે? 28 અને તેઓએ ઉત્તર દીધો,
તારો દાસ અમારો બાપ કુશળ છે, હજી જીવે છે; ન તેઓએ નમીને પ્ર-
ણામ કીધા. 29 અને તેણે આંખો ઉંચી કરીને પોતાના ભાઈ બિન્યામીન-
ને એટલે પોતાના માના દીકરાને જોયો, ને કહ્યું, તમારો નાનો ભાઈ જે-
ના વિષે તમે મને કહ્યું હતું તે શું આ છે? ને તેણે કહ્યું, મારા દીકરા, દેવ
તારા પર કૃપા કરો. 30 અને યુસફે ઉતાવળ કીધી, કેમકે તેના ભાઈને
લીધે તેનું હૃદય ભરાઈ આવ્યું, નર તેણે રડવાનું ઠેકાણું શોધ્યું; ને પો-
તાની ઓરડીમાં જઈને ત્યાં રડ્યા. 31 અને તેણે પોતાનું મુખ ધોયું; ને
બહાર આવ્યો ને દીબો સમાવીને કહ્યું, રોટલી પિરસો. 32 અને દાસોએ
તેને સારૂ તથા તેઓને સારૂ તથા જે મિસરીઓ તેની સાથે જમતા તેઓ-
ને સારૂ જુદું જુદું પીરસ્યું; કેમકે હેબ્રીઓ સાથે મિસરીઓ જમતા નથી,
કેમકે મિસરીઓને જમતા નથી, કેમકે મિસરીઓને તે અમંગળપણું લા-
ગે છ. 33 અને તેઓ તેની સામા, વડો પોતાના જ્યેષ્ઠપણા પ્રમાણે, તથા
નાનો પોતાની નાની વાય પ્રમાણે, બેઠો, ને તેઓ માંહોમાંહે વિસ્મિત
થયા. 34 અને તેણે પોતાની આગળના વાનાંમાંથી લઈને તેઓની
આગળ ધર્યાં; પણ હરેકના ભાણા કરતા બિન્યામીનનું ભાણું પાંચગણું
હતું; ને તેઓએ પીધું, ને તેની સાથે આનંદ કીધો.

**44** અને તેણે પોતાના ઘરના કારભારીને આજ્ઞા આપી, કે આ મા-
ણસોની ગુણો ખોરાકથી ભર; જેટલું તેઓ ઉચકી શકે તેટલું
ભર, ને હરેક માણસનું નાણું તની ગુણના મ્હોડામાં મૂક. 2 અને મારી
પ્યાલું, એટલે રૂપાનું પ્યાલું નાનાની ગુણના મ્હોડામાં તેના અનાજનાં
નાણા સુદ્ધાં મૂક; ને યુસફે જેમ કહ્યું તેમ તેણે કીધું. 3 અને સવાર થતાંજ
તેણે તે માણસોને તેમનાં ગધેડાં સુદ્ધાં વિદાય કર્યા. 4 to શહેરમાંથી
નીકળીને બહુ આઘે ગયા ન હતા, એટલામાં યુસફે પોતાના કારભારીને
કહ્યું, ઉઠ, ને તે માણસોની પાછળ દોડ, ને તેઓને તું પકડી પાડે ત્યારે
કહે કે, તમે ભલાને બદલે ભુંડું કેમ વાળ્યું? 5 જેમાંથી મારો ધણી પીએ
છે, ને જેથી તે શુકન જુએ છે તે શું આ નથી? આ to તમે ભુંડું કર્યું છે.
6 અને તેણે તેઓને પકડી પાડીને તેઓને એમજ કહ્યું. 7 અને તેઓએ
તેને કહ્યું, અમારા સાહેબ એવી વાત કેમ કહે છે? એમ ન થાય કે તારા
દાસો એવું કરે; 8 જુઓ, જે નાણું અમને અમારી ગુણોના મ્હોડામાં મળ્યું,
તે કનાન દેશથી અમે તારી પાસે પાછું લાવ્યા, to તારા ધણીના ઘર-
માંથી રૂપું કે સોનું અમે કેમ ચોરીએ? 9 તારા દસોમાં જેની પાસેથી તે
જડે તે મારોયો જાય, ને અમે પણ અમારા ધણીના દાસ થઈશું. 10 અને
તેણે કહ્યું, હવે તમે કહો છો તેમ થાય; જેની પાસેથી તે જડે તે મારો
દાસ થશે; ને તમે નિરપરાધી ઠરશો. 11 અને તેઓએ તરતજ પોતપોતા-
ની ગુણ ભૂમિ પર ઉતારી, ને પ્રત્યેકે પોતાની ગુણ ઉઘાડી. 12 અને તેણે
મોટાથી માંડીને તે નાનો સુધી ઝાડો લીધો; ને બિન્યામીનની ગુણ-
માંથી પ્યાલું જડ્યું. 13 ત્યારે તેઓએ પોતાના વસ્ત્રો ફાડ્યાં, ને પોતાના
ગધેડાં લાધ્યા, ને નગરમાં પાછા આવ્યા. 14 અને યહુદાહ તથા તેના
ભાઈ યુસફને ઘેર આવ્યા; અને તે હજુ ત્યાંજ હતો; ને તેઓ તેની
આગળ ભૂમું પર પડયા. 15 ને યુસફે તેઓને કહ્યું, આ તમે શું કામ કીધું?
શું તમે નથી જાણતા કે મારો સરખો માણસ શુકન જોઈ શકે છે? 16 ને
યહુદાહ બોલ્યો,મારા ધણીને અમે શું કહીએ? શું બોલીએ? અમે નિરપ-
રાધી કેમ કરીને ઠરીએ? તારા દસોના ભૂંડા દેવે શોધી કાઢ્યા છે; જુઓ,
અમે તથા જેની પાસે પ્યાલું જડ્યુ તે પણ મારા ધણીના દાસ છીએ.
17 અને તેને કહું, એવું કરવો મારાથી દૂર થાઓ! જે માણસના હાથમાં
પ્યાલું જડ્યું તે મારો દાસ થશે, પણ તમે to શાંતિએ તમારા બાપની
પાસે જાઓ. 18 આને યહુદાહે તેની પાસે આવીને કહ્યું, ઓ મારી ધણી,
કૃપા કરીને તારા દાસને મારા ધણીના કાનમાં એક વા કહેવા દે, તારા
દાસ પર તારો રોષ ન ચઢે; કેમકે તું ફારૂનના સરખો છે. 19 મારા ધણીએ
તેના દાસોને એમ પૂછ્યું કે, શું તમારે બાપ અથવા ભાઈ છે? 20 અને
અમે અમારા ધણીને કહ્યું, અમારી ઘરડો બાપ છે, ને તેના ઘડપણનો
નાનો દીકરો છે, ને તેનો ભાઈ મરી ગએલો છે, ને તે તેની માનો એક-
લોજ રહેલો છે, ને તેના બાપને તે વહાલો છે. 21 અને તે તારા દાસોને
કહ્યું કે, તેને હું જોઉં, માટે તેને મારી પાસે લાવો. 22 અને અમે અમારા
ધણીને કહ્યું, તે છોકરો તેના બાપને છોડી નહિ શકે, કેમકે જો તે પોતા-
ના બાપને મુકીને જાય, to તેનો બાપ મરી જાય. 23 અને તે તારો દાસો-
ને કહ્યું, જો તમારો નાનો ભાઈ તમારી સાથે ન આવી to તમે મારું મુખ
ફરી નહિ દેખશો. 24 અને એમ થયું કે આમે તમારા દાસ એટલે અમારા
બાપની પાસે ગયા, ત્યારે અમે તેને અમારા ધણીની વાતો કહી. 25 પા-
છો અમારા બાપે કહ્યું, તમે પાછા જઈને આપણે સારૂ થોડું અન્ન વેચાતું
લાવો. 26 અને અમે કહ્યું, અમારાથી નહિ જવાય; જો અમારો નાનો ભાઈ
અમારી સાથે આવે, તોજ અમે જઈએ, કેમકે અમારો નાનો ભાઈ અમારી
સાથે ન હોય, તો તે માણસનું મુખ અમે જોઈ શકીશું નહિ. 27 અને તારા
દાસે એટલે મારા બાપે અમને કહ્યું, તમે જાણો છો કે મારી બાયડીને બ
પુત્ર થયા હતા. 28 અને તેઓમાનો એક મારી પાસેથી ગયો, ને મેં કહ્યું
કે, તેને ખચિત [કોઈ જાનવરે] ફાડી નાખ્યો હશે, ને ત્યાર પછી મેં તેને
જોયો નથી. 29 અને આને પણ જો મારા મુખ આગળથી લઈ જાઓ, ને
તેને નુકસાન થાય, તો તમે મારા પાળિયાને શોકને મારે ઘોરમાં ઉતાર-
શો. 30 તે માટે હવે તારા દાસની એટલે મારા બાપની પાસે હું જાઉં, ને તે
છોકરો અમારી સાથે ન હોય, 31 to એ છોકરામાં તેનો જીવ છે, તેથી
એમ થશે કે જયારે તે જોશો કે છોકરો સાથે નથી, ત્યારે તે મરશે; ને તારા
દાસો, તારા દાસના એટલે અમારા બાપના પળિયાં શોકને મારે ઘોરમાં
ઉતારશે. 32 કેમકે હું તારો દાસ મારા બાપની પાસે છોકરાનો જામીન
થયો હતો, અને મેં કહ્યું હતું કે, જો હું તેને તારી પાસે પાછો ન લાવું, to
સર્વકાળ મારા બાપનો હું અપરાધી થાઉં. 33 અને હવે કૃપા કરીને તારા
દાસને આ છોકરાને બદલે મારા ધણી પાસે દાસ થઈ રહેવા દે; ને છોક-
રાને પોતાના ભાઈઓની સાથે પાછો જવા દે. 34 કેમકે જો તે છોકરો મા-
રી સાથે ન હોય, to હું મારી બાપની પાસે કેમ કરી જાઉં? રખે જે દુઃખ
મારા બાપ પર આવે તે હું જોઉં.

**45** અને યુસફ પોતાની પાસે સર્વ ઉભા રહેનારાઓની આગળ દી-
બો સમાવી ન શક્યો; ને તેણે મોટેથી કહ્યું, મરી આગળથી પ્ર-
ત્યેક માણસને બહાર કાઢો; ને યુસફે પોતાના ભાઈઓને પોતાને ઓળ-
ખાવ્યો, ત્યારે તેની પાસે કોઈ ન હતું. 2 અને તે પોક મૂકીને રડ્યો, તે
મિસરીઓએ તથા ફારૂનના ઘરનાએ સાંભળ્યું. 3 અને યુસફે પોતાના
ભાઈઓને કહ્યું, હું યુસફ છું, મારો બાપ શું હજી જીવે છે? ને તેના ભા-
ઈઓ તેને ઉત્તર આપી ન શક્યા, કેન્કે તેઓ તેની આગળ ગભરાએલા
હતા. 4 અને યુસફે પોતાના ભાઈઓને કહ્યું, કૃપા કરી મારી પાસે આવો;
ને તેઓ પાસે આવ્યા; ને તેને કહ્યું, હું તમરો ભાઈ યુસફ, જેને તમે મિ-
સરમાં વેંચી દીધો હતો, તેજ છું, 5 હવે તમે મને અહિં વેચ્યો, એને લીધે
તમે દલગીર ન થાઓ, ને તમારા મનમાં બળાપો ન કરો, કેમકે જાન
બચાવવાને દેવે તમારી અગાઉ મને મોકલ્યો. 6 કેમકે બે વરસથી દેશમાં
દુકાળ છે, ને હજી બીજા પાંચ વર્ષ સુધી ખેતી તથા કાપણી થશે નહિ.
7 તે માટે પૃથ્વીમાં તમારા સંતાન રાખવાને તથા મોટા ઉદ્ધારથી તમારા
જીવ બચાવવાને દેવે તમારી આગળ મને મોકલ્યો. 8 એ માટે તમે to
નહિ, પણ દેવે મને હિંયાં મોકલ્યો; ને તેણે મને ફારૂનના પિતા સમાન,
ને તેના આખા ઘરનો ધણી તથા આખા મિસરનો અધિપતિ કર્યો છે.
9 તમે ઉતાવળ કરીને મારા બાપની પાસે જાઓ, ને તેને કહો કે, તારો
દીકરો યુસફ એમ કહે છે, દેવે મને આખા મિસરનો ધણી કર્યો છે, મારી
પાસે આવ, વિલંબ ન કર. 10 અને તું ગોશેન દેશમાં રહીશ, તું ને તારા
છોકરાં ને તારા છોકરાંનાં છોકરાં, તથા તારા મેઢાં તથા તારા ઢોર તથા
તારું સર્વસ્વ મારી નજદીક રહેશે. 11 અને તું તથા તારું કુટુંબ તથા જે
સર્વ તારા છે તે દરિદ્રી ન થાય માટે ત્યાં હું તારું પાળણ કરીશ, કેમકે
હજી દુકાળનાં બીજાં પાંચ વર્ષ છે. 12 અને જુઓ, તમારી આંખ તથા મા-
રા ભાઈ બિન્યામીનની આંખ જુએ છે, કે મારુજ મુખ તમારી સાથે બોલે
છે. 13 અને મિસરમાં મારો સર્વ મહિમા તથા જે સર્વ તમે દીઠું છે તે મારા
બાપને કહો, ને મારા બાપને ઉતાવળથી અહિં લઈ આવો. 14 અને તે
પોતાના ભાઈ બિન્યામીનને કોટે વળગીને રડ્યો; ને બિન્યામીન પણ
તેને કોટે વળગીને રડ્યો. 15 અને તેણે તેના સર્વ ભાઈઓને ચુંબન કીધું,
ને તેઓને ભેટીને રડ્યો; પછી તેના ભાઈઓએ તેની સાથે વાતચિત કી-

ધી. 16 અને ફારૂનના ઘરમાં એ વાત સંભળાઈ કે યુસફના ભાઈ આવ્યા
છે, ને ફારૂનને તથા તેના દાસોને તે વાત સારી લાગી. 17 અને ફારૂને યુ-
સફને કહ્યું, તું પોતાના ભાઈઓને કહે કે, તમે આમ કરો; તમારા જાનવ-
રો લાડીની કનાન દેશમાં ચાલ્યા જાઓ. 18 અને તમારા બાપને તથા
તમારા કુટુંબને મારી પાસે લઈ આવો; ને મિસર દેશના ઉત્તમ વાના હું
તમને આપીશ; ને દેશની ઉત્કૃષ્ટ ચીજો તમે ખાશો. 19 તે માટે હવે તને
[આ પ્રમાણે ભાઈઓને કહેવાની] આજ્ઞા છે, તમે આમ કરો, તમારા છો-
કરાઓને સારૂ તથા તમારી બાયડીઓને સારૂ, મિસર દેશથી ગાડાં લઈ
જાઓ, ને તમે તમારા બાપને લઈ આવો. 20 વળી તમારી માલમતાની
ચિંતા ન કરો, કેમકે આખા મિસર દેશમાં જે ઉત્તમ તે તમારું છે. 21 અને
ઈસ્રાએલપુત્રોએ એમ કીધું, ને યુસફે ફારૂનની આજ્ઞા પ્રમાણે તેઓને
ગાડાં આપ્યા; ને તેઓને માર્ગને સારૂ સીધું આપ્યું 22 અને તેણે દરેકને
એક એક જોડી કપડાં આપ્યા, પણ બિન્યામીનને રૂપાનાં ત્રણસે નાણાં
તથા પાંચ જોડા કપડા આપ્યાં. 23 અને તેણે તેના બાપને સારૂ આ પ્ર-
માણે મોકલ્યું; મિસર દેશની ઉત્તમ વસ્તુઓથી લાદેલા દસ ગધેડાં ને
માર્ગને માટે તેના બાપને સારૂ અનાજ તથા રોટલી તથા ખોરાકથી લાદે-
લી દસ ગધેડીઓ. 24 અને તેણે પોતાના ભાઈઓને વિદાય કીધા, ને
તેઓ ગયા, ને તેણે તેઓને કહ્યું, જોજો , માર્ગે લડી પડતા નહિ. 25 અને
તેઓ મિસરમાંથી નીકળીને કનાન દેશમાં પોતાના બાપ યાકૂબની પાસે
આવ્યા. 26 અને તેઓએ તેને કહ્યું, યુસફ હજી જીવે છે, ને આખા મિસર
દેશનો અધિપતિ છે; ને યાકૂબ સ્તબ્ધ થઈ ગયો, કેમકે તેણે તેઓની
વાત ન માની. 27 અને યુસફે તેઓને જે જે વાત કરી હતી તે સર્વ તેઓએ
તેને જણાવી, ને યુસફે તેને તેડવા સારૂ જે ગાડાં મોકલ્યા હતા તે જયારે
તેના બાપ યાકૂબે જોયાં, ત્યારે તે શુદ્ધિમાં આવ્યો. 28 અને ઈસ્રાએલે
કહ્યું, બસ, મારો દીકરો હજુ જીવે છે; મારા મરવા પહેલા હું જઈને તેને
જોઈશ.

46 અને ઈસ્રાએલ પોતાનાં સર્વ સુદ્ધાં નિકળીને બેરશેબા આવ્યો,
ને તેણે પોતાના બાપ ઈસ્હાકના દેવને યજ્ઞ ચઢાવ્યા. 2 અને દે-
વે ઈસ્રાએલ સાથે રાત્રે સ્વપ્નમાં વાત કરીને કહ્યું, યાકૂબ, યાકૂબ; ને તે-
ણે કહ્યું, જુઓ, હું આ રહ્યો. 3 અને તેણે કહ્યું, હું દેવ, તારા બાપનો દેવ
છું, મિસરમાં જતાં બીશ મા; કેમકે ત્યાં હું તારાથી મોટી પ્રજા ઉત્પન્ન
કરીશ . 4 હું તારી સાથે મિસરમાં આવીશ, ને હું નિશ્ચે તને પાછો લાવીશ;
ને યુસફ તેનો આંખ તારી આંખ પર મુકશે. 5 ત્યારે યાકૂબ બેરશેબથી
નિકળ્યો, ને તેને તેડવાને જે ગાડાં ફારૂને મોકલ્યા હતાં તેમાં ઈસ્રાએલ-
પુત્રોએ પોતાના બાપ યાકૂબને તથા પોતાનાં છોકરાંને તથા પોતાની
બાયડીઓને બેસાડ્યાં. 6 અને પોતાનાં ઢોરઢાંક ત અથ જે સંપતિ તે-
ઓએ કનાન દેશમાં મળવી હતી તે લઈને યાકૂબ તથા તેની સાથે તેનું
આખું કુટુંબ મિસરમાં આવ્યું. 7 એટલે તેના દીકરા તથા તેની સાથે તેના
દીકરાના દીકરા, ને તેની દીકરીઓ તથા તેના દીકરાઓની દીકરીઓને
તેના સર્વ સંતાનને તે પોતાની જોડે મિસરમાં લાવ્યો. 8 અને જે ઈસ્રાએ-
લપુત્રો મિસરમાં આવ્યા તેઓનાં નામ આ છે; એટલે યાકૂબ તથા તેના
દીકરા; યાકૂબનો જયેષ્ઠ દીકરો રેઉબેન. 9 અને રેઉબેનના દીકરા હનોખ
તથા પાલ્લૂ તથા હેસ્રોન તથા કાર્મી. 10 અને શિમઓનના દીકરા યામૂ-
એલ તથા યામીન તથા ઓહાદ તથા યાખીન તથા સોહાર તથા એક
કનાની બાયડીનો દીકરો શાઉલ. 11 અને લેવીના દીકરા, ગેર્શોન તથા
કહાથ તથા મરારી. 12 અને યહૂદાહના દીકરા; એર તથા ઓનાન તથા
શેલાહ તથા પેરેસ તથા ઝેરાહ; પણ એર તથા ઓનાન કનાન દેશમાં
મુઆ; ને પેરેસના દીકરા હેસરોન તથા હામૂલ હતા. 13 અને યિસ્સાખાર-
ના દીકરા, તોલા તથા પુવાહ તથા યોબ તથા શિમ્રોન. 14 અને ઝબુલૂ-
નના દીકરા સેરેદ તથા એલોન તથા યાહલએલ. 15 એઓ લેઆહના દી-
કરા, જેઓ તેને યાકૂબને પેટે પાદ્દાનારામમાં થયા, વળી તેની દીકરી દી-
નાહ હતી, તેના દીકરા તથા તેની દીકરીઓ સર્વ મળીને તેત્રીસ જણ
હતાં. 16 અને ગાદના દીકરા સિફયોન તથા હાગ્ગી તથા શૂની તથા
એસ્બોન તથા એરી તથા અરોદી તથા આરએલી. 17 અને અશેરના દીક-
રા યિમ્નાહ તથા યિશવાહ તથા યિશ્વી તથા બરીઆહ તથા તેઓની
બહેન સેરાહ; ને બરીઆહના દીકરા હેબેર તથા માલ્કીએલ. 18 લાબાને
પોતાની દીકરી લેઆહને જે ઝિલ્પાહ આપી હતી તેના દીકરા એ છે; ને
એઓ તેને યાકૂબને પેટે થયા; તેઓ સર્વ મળીને સોળ જણ હતાં. 19 યા-
કૂબની બાયડી રાહેલના દીકરા યુસૂફ તથા બિન્યામીન. 20 અને યુસફને
મિસર દેશમાં મનાશ્શેહ તથા એફ્રાઈમ થયા; તેઓ ઓનના યાજક પો-
ટીફેરાની દીકરી આસનાથથી તેને થયા. 21 અને બિન્યામીનના દીકરા
બેલા તથા બેખેર ને આશ્બેલ, ગેરા તથા નાઅમાન, એહી તથા રોશ
તથા મુપ્પીમ તથા હુપ્પીમ તથા આર્દ. 22 એઓ રાહેલના દીકરા, જે યા-
કૂબને થયા, તેઓ સર્વ મળીને ચૌદ જણ હતા. 23 અને દાનનો દીકરો
હુશીમ. 24 અને નાફતાલીના દીકરા યાહસએલ તથા ગૂની તથા યેસેર
તથા શિલ્લેમ. 25 લાબાને પોતાની દીકરી રાહેલને જે બિલ્હાહ આપી તે-
ના દીકરા એ છે, ને જેઓ યાકૂબથી તેને થયા તે સર્વ મળીને સાત જણ
હતા. 26 યાકૂબના દીકરાઓની બાયડીઓ શિવાય તેનાથી જન્મેલાં જે
સર્વ માણસ યાકૂબ સાથે મિસરમાં આવ્યાં તેઓ છાસઠ જણ હતાં.
27 અને યુસફના દીકરા જે મિસર દેશમાં તેને થયા તે બે હતા; ને યાકૂબ-
ના ઘરનાં સર્વ માણસ જે મિસરમાં આવ્યાં તેઓ સિત્તેર હતાં. 28 અને
તેણે પોતાની આગળ યહૂદાહને યુસફની પાસે મોકલ્યો કે તે આગળ
જઈને ગોશેનનો માર્ગ દેખાડે; ને તેઓ દેશમાં આવ્યા. 29 અને યુસફ રથ
જોડીને પોતાના બાપ ઈસ્રાએલને મળવાને ગોશેનમાં ગયો, ને તેને જો-
ઈને તેને કોટે વળગ્યો, ને ઘણી વાર લગી તેને કોટે બાઝીને રડ્યો.
30 અને ઈસ્રાએલે યુસફને કહ્યું, મેં તારૂં મુખ જોયું, ને હજી તું જીવે છે, તો
હવે મારૂં મરણ ભલે આવે. 31 અને યુસફે પોતાના ભાઈઓને તથા પો-
તાના બાપના ઘરનાંને કહ્યું, હું જઈને ફારૂનને જણાવું, ને તેને કહું કે
મારા ભાઈ તથા મારા બાપના ઘરનાં જે કનાન દેશમાં હતાં તે મારી પાસે
આવ્યાં છે. 32 અને તે લોક ભરવાડ છે, કેમકે તેઓ ઢોર પાળનારા છે,
તેઓ તેમનાં બકરાં તથા તેમનાં ઢોર તથા જે સર્વ પોતાનું છે તે લાવ્યા
છે. 33 અને ફારૂન તમને બોલાવે અને તેમને પુછે કે, તમારો ધંધો શો
છે? 34 ત્યારે તમારે આ પ્રમાણે કહેવું કે, તારા દાસોનો એટલે અમારા
તથા અમારા ઘરડાઓનો ધંધો નાનપણથી અત્યાર સુધી ઢોર ઉછેરવા-
નો છે; કે જેથી તમને ગોશેન દેશમાં રહેવાની પરવાનગી મળે, ભરવાડ-
માત્રને મિસરીઓ ધિક્કાર છે.

47 અને યુસફે આવીને ફારૂનને ખબર આપીને કહ્યું, મારો બાપ
તથા મારા ભાઈઓ, તેઓનાં બકરાં ને તેઓનાં ઢોર ને જે સર્વ
તેઓનું છે તે સુદ્ધાં કનાન દેશથી આવ્યા છે; ને જુઓ, તેઓ ગોશેન દે-
શમાં છે. 2 અને તેણે પોતાના ભાઈઓમાંના પાંચ માણસને લઈને ફારૂ-
નની આગળ હાજર કીધા. 3 અને ફારૂને તેના ભાઈઓને પુછ્યું, તમારો
ધંધો શો છે? ને તેઓએ ફારૂનને કહ્યું, તારા દાસ એટલે અમે તથા
અમારા ઘરડાઓ ભરવાડ છીએ. 4 વળી તેઓએ ફારૂનને કહ્યું, આ દેશ-
માં પ્રવાસ કરવાને અમે આવ્યા છીએ, કેમકે કનાન દેશમ દુકાળ ભારે
હોવાને લીધે તારા દાસોનાં ટોળાંને સારૂ ચારો નથી; માટે હવે તારા દા-
સોને ગોશેન દેશમાં કૃપા કરીને રહેવા દે. 5 અને ફારૂને યુસફને કહ્યું, તા-
રો બાપ ને તારો ભાઈ તારી પાસે આવ્યા છે; 6 મિસર દેશ તારી આગળ
છે, દેશમાં ઉત્તમ ઠેકાણે તારા બાપને તથા તારા ભાઈઓને રહેવા દે;ગો-
શેન દેશમાં તેઓ રહે; ને તેઓમાં કોઈ હોશિયાર છે, એવું તું જાણતો
હોય તો મારા ઢોર ઉપર તેઓને અખત્યાર આપ. 7 અને યુસફે પોતાના
બાપ યાકૂબને અંદર આણ્યો અને ફારૂનની સમક્ષ ઉભો કીધો; અને યા-
કૂબે ફારૂનને આશીર્વાદ દીધો. 8 અને ફારૂને યાકૂબને કહ્યું, તારી વયના
દિવસ કેટલા? 9 ને યાકૂબે ફારૂનને કહ્યું, મારા પ્રવાસના દિવસ એકસો
ત્રીસ વર્ષ થયાં છે; મારી વયના દિવસ થોડા તથા વ્યર્થ ગયા છે, ને મા-
રા પિતૃઓના પ્રવાસમાં તેઓની વયના દિવસ જેટલા નથી થયા.
10 અને યાકૂબ ફારૂનને આશીર્વાદ દઈને ફારૂનની હજુરીમાંથી ગયો.
11 અને યુસફે તેના બાપને તથા તેના ભાઈઓને વાસો આપ્યો; ને મિ-
સર દેશની સૌથી સારી જગ્યામાં, એટલે રામસેસમાં ફારૂનની આજ્ઞા પ્ર-
માણે વતન આપ્યું. 12 અને યુસફે પોતાના બાપ તથા ભાઈઓને તથા
પોતાના બાપના ઘરનાં સર્વને તેમનાં છોકરાં પ્રમાણે અન્ન પુરું પાડ્યું.
13 અને તે આખા દેશમાં અન્ન ન હતું, કેમકે દુકાળ બહુ ભારે હતો; ને મિ-
સર દેશ તથા કનાન દેશ દુકાળથી કષ્ટ પામ્યા. 14 અને લોકોએ જે અન્ન
વેચાતું લીધું તેને બદલે જે નાણું મિસર દેશમાંથી તથા કનાન દેશમાંથી
મળ્યું, તે સર્વ યુસફે એકઠું કર્યું, ને યુસફ ફારૂનના ઘરમાં તે નાણું લા-
વ્યો. 15 અને મિસર દેશમાં તથા કનાન દેશમાં પૈસા ખુટ્યા, ત્યારે સર્વ
મિસરીઓ યુસફની પાસે આવીને બોલ્યા, અમને ખાવાનું આપ, અમે

તારી રૂબરૂ શા માટે મરીએ? કેમકે પૈસા થઇ રહ્યા છે. 16 અને યુસફે
કહ્યું, તમારા ઢોર આપો, ને જો નાણું થઇ રહ્યું હોય તો તમારાં ઢોરને
બદલે હું તમને પૈસા આપીશ. 17 અને તેઓ પોતાના ઢોર યુસફ પાસે
લાવ્યા; ને યુસફે ઘોડા તથા બકરાં તથા ઢોર તથા ગધેડાને બદલે તે-
ઓને ખવાનું આપ્યું; તેણે તેઓને સર્વ જાનવરોના બદલામાં તે વર્ષે તે-
ઓનું ગુજરાન ચલાવ્યું. 18 અને તે વર્ષ પુરૂં થયું ત્યારે તેઓ તેની પાસે
બીજે વર્ષે આવ્યા, ને તેને કહ્યું, નાણું ખુટ્યું છે, એ અમે અમારા ધણીથી
છાનું રાખતાં નથી, ને અમારાં જનાવરો પણ અમારા ધણીની પાસે છે,
ને અમારી જાત તથા અમારી ભોંય વિના અમારા ધણીની આગળ
અમારી પાસે કંઈ બાકી રહ્યું નથી. 19 તારા દેખતાં અમે અમારા ખેતરો
સુદ્ધાં શા સારૂ નાશ પામીએ? રોટલીને બદલે અમને તથા અમારી ભોંય-
ને વેચાતા લે, ને અમે તથા અમારાં ખેતર ફારૂનના દાસ થઈશું; ને અમ-
ને બી આપ, કે અમે જીવતા રહીએ ને મરીએ નહિ, ને ભોંય પડતર નહિ
રહે. 20 અને યુસફે મિસરીઓની સર્વ ભોંય ફારૂનને સારૂ વેચાતી લીધી.
કેમકે મિસરીઓએ દરેકે પોતાની ભોંય વેચી; કેમકે દુકાળ તેઓને માથે
સખત હતો; એ માટે તે દેશની ભોંય ફારૂનને હાથ આવી. 21 અને તેણે
મિસરની એક સીમના છેડાથી તે બીજા છેડા લગી લોકને નગરોમાં મો-
કલ્યા. 22 એકલી યાજકોની ભોંય તેણે વેચાતી નહિ લીધી, કેમકે તે યા-
જકોને ફારૂનની પાસેથી ભાગ મળ્યો હતો; ને તેઓનો ભાગ જે ફારૂને
તેઓનો આપ્યો હતો, તે તેઓ ખાયા કરતા હતા, તે માટે તેઓએ પોતા-
ની ભોંય વેચી નહિ. 23 અને યુસફે લોકોને કહ્યું, જુઓ, મેં તમને તથા
તમારી ભોંયને ફારૂનને સારૂ આજ વેચાતાં લીધાં છે, જુઓ, તમારે સારૂ
આ બી છે, તમે ભોંયમાં વાવો. 24 અને એમ થશે કે જે ઉપજે તેમાંથી
તમે પાંચમો હિસ્સો ફારૂનને આપજો, ને ચાર હિસ્સા ખેતરના બીને સા-
રૂ તથા તમારે ખાવાને સારૂ તથા તમારાં ઘરનાંને સારૂ તથા તમારાં છો-
કરાંનાં અન્નને સારૂ તમને મળશે. 25 અને તેઓએ કહ્યું, તેં અમારા જીવ
બચાવ્યા છે, અમારા પર અમારા ધણીની કૃપાદૃષ્ટિ થાય, ને અમે ફારૂ-
નના દાસ થઈશું. 26 અને મિસર દેશમાં યુસફે એવો નિયમ બાંધ્યો કે
બધી જમીનનો પાંચમો હિસ્સો ફારૂનને મળે, અને એ નિયમ હજી ચાલે
છે, માત્ર યાજકોની જમીન ફારૂનના તાબામાં ન આવી. 27 અને ઇસ્રા-
એલ મિસર દેશના ગોશેન પ્રાંતમાં રહ્યા; ને ત્યાં તેઓએ માલમિલકત
મેળવી; ને તેઓ સફળ થઈને બહુ વધ્યા. 28 ને યાકૂબ મિસર દેશમાં
સત્તર વર્ષ જીવ્યો; એમ યાકૂબની વયના દિવસો એકસો સુડતાળીસ
વર્ષ થયાં. 29 અને ઇસ્રાએલનો મરણ સમય પાસે આવ્યો; ને તેણે પો-
તાના દીકરા યુસફને બોલાવ્યો, ને તેને કહ્યું, હવે જો હું તારી દૃષ્ટિમાં કૃ-
પા પામ્યા હોઉં તો કૃપા કરી તારો હાથ મારો જાંગ તળે મૂક, ને કૃપાથી
તથા ખરા દિલથી મારી સાથે વર્ત્તજે; કૃપા કરી મને મિસરમાં દાટતો ના.
30 પણ જયારે હું મારા પિતૃઓ પાસે સુઇશ, ત્યારે તું મને મિસરમાંથી
લઇ જઇશ, ને તેઓના કબરસ્થાનમાં મને દાટીશ. અને તેણે કહ્યું, હું
તારા કહ્યા પ્રમાણે કરીશ. 31 અને તે બોલ્યો, માઈ આગળ સમ ખા; ને
તેણે તેની આગળ સમ ખાધા. અને ઇસ્રાએલ પથારીના ઓસીસા પર
નમ્યો.

48 અને એ વાતો પછી એમ થયું કે કોઇએ યુસફને કહ્યું, જો, તારો
બાપ માંદો પડ્યો છે. અને તે પોતાનો બે દીકરો મનાશ્શેહને
તથા એફ્રાઇમને સાથે લઈને ગયો. 2 અને કોઇએ યાકૂબને ખબર આપી
કે, જુઓ, તારો દીકરો યુસફ તારી પાસે આવે છે; ને ઇસ્રાએલ હોશિયાર
થઈને પલંગ પર બેઠો. 3 અને યાકૂબે યુસફને કહ્યું, કનાન દેશના લુઝ-
માં સર્વસમર્થ દેવે મને દર્શન આપીને આશીર્વાદ દીધો છે. 4 અને તેણે
કહ્યું, જુઓ, હું તને સફળ કરીશ, ને તને વધારીશ, ને તારાથી લોકોનો
સમુદાય ઉત્પન્ન કરીશ, ને તારા પછી તારા વંશને સદાકાળના વતનને
સારૂ આપીશ. 5 અને હવે મિસર દેશમાં તારી પાસે મારા આવ્યા પહેલાં
તારા જે બે દીકરા તને મિસર દેશમાં થયા, એટલે એફ્રાઇમ તથા મના-
શ્શેહ તેઓ મારા છે; રેઉબેન તથા શિમઓનની પેઠે તેઓ મારા થશે.
6 ને તેઓ પછી તારા સંતાન જે તારાથી થશે તેઓ તારાં થશે; ને તેઓ-
ના ભાઇઓની નામ પ્રમાણે તેઓનાં નામ તેઓના વતનમાં કહેવાશે.
7 અને હું તો પદ્દાનથી આવતો હતો ત્યારે એફ્રાથ પહોંચવાને થોડી વાટ
બાકી હતી એટલે રાહેલ મારી પાસે માર્ગમાં કનાન દેશમાં મારી ગઈ; ને
ત્યાં એફ્રાથના એટલે બેથલેહેમના માર્ગમાં મેં તેને દાટી. 8 અને ઇસ્રા-
એલ યુસફના દીકરાઓને જોઇને બોલ્યો, આ કોણ છે? 9 અને યુસફે
પોતાના બાપને કહ્યું, એ મારા દીકરા છે, જે દેવે મને હિયાં આપ્યાં છે.
અને તેણે કહ્યું, તેઓને મારી પાસે લાવ, કે હું તેઓને આશીર્વાદ દઉં.
10 હવે ઇસ્રાએલની આંખો ઘડપણને લીધે ઝાંખી પડી હતી; તેને સુઝતું
ન હતું; ને તે તેઓને તેની પાસે લાવ્યો; ને તેણે તેઓને ચુમ્યા, ને તે-
ઓને કોટે વળગાડ્યા. 11 અને ઇસ્રાએલે યુસફને કહ્યું, હું તારૂં મુખ જો-
ઇશ, એમ હું ધારતો ન હતો, ને જુઓ, દેવે તારા સંતાન પણ મને દેખા-
ડ્યાં છે. 12 અને યુસફે પોતાના ઘૂંટણો વચ્ચેથી તેઓને કાઢ્યા, ને ભૂમિ
લગી વાંકો વળીને નમ્યો. 13 અને યુસફ તે બન્નેને લીધા, પોતાનને જમ-
ણે હાથે એફ્રાઇમને ઇસ્રાએલના ડાબા હાથની સામે, ને પોતાના ડાબે
હાથે મનાશ્શેહને ઇસ્રાએલના જમણા હાથની સામે, ને એમ તેઓને તે-
ની પાસે લાવ્યા. 14 અને ઇસ્રાએલે પોતાનો જમણો હાથ લાંબો કરીને
એફ્રાઇમ જે નાનો હાથો તેના પર મૂક્યો, ને પોતાના ડાબો હાથ મના-
શ્શેહના માથા પર મૂક્યો; તેણે જાણીજોઇને પોતાના હાથ એમ મૂક્યા;
કેમકે મનાશ્શેહ જયેષ્ઠ હતો. 15 અને તેણે યુસફને આશીર્વાદ દીધો, ને
કહ્યું, દેવ જેની આગળ મારા પિતૃઓ ઇબ્રાહીમ તથા ઇસ્હાક ચાલ્યા, જે
દેવે મારા આખા આયુષ્યમાં મને પર્યંત પાળ્યો, 16 જે દૂતે મને સર્વ
ભુંડાઇ થી બચાવ્યો છે, તે આ છોકરાંઓને આશીર્વાદ આપો, ને તેઓ
પર મારા નામ તથા મારા પિતૃઓ ઇબ્રાહિમનું તથા ઇસ્હાકનું નામ મૂકો,
ને તેઓ પૃથ્વીમાં વધીને સમુદાય થાઓ. 17 અને યુસફે જોયું કે એના
બાપે જમણો હાથ એફ્રાઇમના માથા પર મૂક્યો, ત્યારે તેને તે ખોટું લા-
ગ્યું; ને એફ્રાઇમના માથા પરથી મનાશ્શેહના માથા પર મૂકવાને તેણે
પોતાના બાપનો હાથ ઉપાડ્યો. 18 અને યુસફે પોતાના બાપને કહ્યું,
મારા પિતા, એમ નહિ, કેમકે આ જયેષ્ઠ છે, એના માથા પર તારો જમ-
ણો હાથ મૂક. 19 અને તેના બાપે એમ કરવાની ના પાડી, અને બોલ્યો,
હું જાણું છું, મારા દીકરા, હું જાણું છું, તે પણ એક પ્રજા થશે, ને તે પણ
મોટો થશે; પણ તેના નાના ભાઇ તો તેના કરતાં મોટો થશે; ને તેનાં
સંતાન અતિ બહોળી દેશજાતિ થશે. 20 અને તે દહાડે તે તેઓને આશી-
ર્વાદ આપતાં બોલ્યો, ઇસ્રાએલપુત્રો તારૂં નામ લઇને એક બીજાને
આશીર્વાદ દેશે, ને કહેશે, એફ્રાઇમ તથા મનાશ્શેહ સરખો દેવ તને કરે;
ને તેણે એફ્રાઇમને મનાશ્શેહથી પહેલો મૂક્યો. 21 અને ઇસ્રાએલે યુસફને
કહ્યું, જુઓ, હું મરૂં છું; પણ દેવ તમારી સાથે રહેશે, ને તમને તમારા પિ-
તૃઓના દેશમાં પાછા લાવશે. 22 અને મેં તને તારા ભાઇઓ કરતાં એક
ભાગ વધારે આપ્યો છે, જે મેં પોતાની તરવારથી તથા પોતાના ધનુષ્ય-
થી અમોરીઓના હાથમાંથી લીધો હતો.

49 અને યાકૂબે તેના દીકરાઓને બોલાવ્યા, ને કહ્યું, તમે એકઠા
થાઓ એ છેલ્લા દિવસોમાં તમને જે વિતશે તે હું તમને પ્રસિદ્ધ
કરૂં. 2 યાકૂબના પુત્રો, તમે એકઠા થાઓ, ને સાંભળો. ને તમારા બાપ
ઇસ્રાએલની વાતને કાન ધરો. 3 રેઉબેન, તું મારો જયેષ્ઠ પુત્ર, મારૂં બળ
તથા મારા પુરૂષત્વનું પ્રથમ ફળ; મહત્વની ઉત્તમતા તથા શક્તિની
ઉત્તમતા તું છે. 4 પાણી જેવો અસ્થીર હોવાથી તું ઉત્તમતા નહિ પામશે,
કેમકે તું તારા બાપના પથારીએ ગયો, ને તેને ભ્રષ્ટ કીધી; મારે બિછાને
તે ચઢ્યો. 5 શિમઓન તથા લેવી ભાઇ છે, તેઓની તરવારો બળાત્કાર-
ના હથિયારો છે. 6 મારા જીવ, તેઓની સભામાં ન જા, મારા ગૌરવ, તું
તેઓની મદલીમાં સામેલ ન થા. કેમકે તેઓએ ક્રોધથી એક માણસને
મારી નાખ્યું, ને ઉન્મત્તાઈથી બળદની નસ કાપી તેને લંગડો કર્યો. 7 તે-
ઓનો ક્રોધ શ્રાપિત, કેમકે તે વિક્રાળ હતો, ને તેઓનો રોષ શ્રાપિત, કે-
મકે તે ક્રૂર હતો. હું તેઓને યાકૂબમાં જૂદા પાડીશ, ને ઇસ્રાએલમાં તેઓ-
ને વિખેરી નાખીશ. 8 યહૂદાહ, તારા ભાઇ તારા વખાણ કરશે; તારો હાથ
તારા શત્રુઓની ગરદન પર રહેશે; તારા બાપના પુત્ર તારી આગળ પ્ર-
ણામ કરશે. 9 યહૂદાહ સિંહનું બચ્ચું છે; મારા દીકરા, ત શિકાર પરથી
આવ્યો છે. તે સિંહની પેઠે, તથા સિંહણની પેઠે દબાયો, તે ડાબી બેઠો,
કોણ તને ઉઠાડશે? 10 શીલોહ આવે ત્યાં સુધી યહૂદાહમાંથી રાજદંડ
ખસશે નહિ; ને તેના પગો મધ્યેથી અધિકારની છડી જશે નહિ, ને લોકો
તેને આધીન રહેશે. 11 તેણે પોતાનો વછેરો દ્રાક્ષવેલે બાંધીને, પોતાની
ગધેડાનું બચ્ચું ઉત્તમ દ્રાક્ષવેલે બાંધીને, પોતાના વસ્ત્ર દ્રાક્ષરસમાં ધો-
યાં છે; ને પોતાનો પોશાક દ્રાક્ષનો રસરૂપી રક્તમાં ધોયો છે. 12 દ્રાક્ષર-
સને લીધે તેની આંખો રાતી, ને ધૂધે કરીને તેના દાંત શ્વેત થશે. 13 ઝબુ-

લૂન સમુદ્રને કાંઠે રહેશે; તે વહાણોને સારૂ બંદર થશે; ને તેની સીમ સી-
દોન લગી થશે. 14 ચિસ્સાખાર બલવંત ગધેડો, ઘેટાંના વાડાની વચ્ચે
બેઠો છો; 15 અને તેણે જોયું કે આરામ તે સારો છે, ને ભૂમિ તે સુખદા-
યક; ને તેણે ભાર લેવાને ખાંધ ધરી; ને વેઠ કરનારો દાસ થયો. 16 ઈસ્રા-
એલના એક કુળના સરખો, દાન પોતાના લોકોનો ન્યાય કરશે. 17 દાન
માર્ગમાં સર્પ જેવો, રસ્તામાં ઉડતા સર્પ જેવો થશે. તે ઘોડાની એડી
એવી કરડશે, કે તેનો સવાર પાછો પડશે. 18 ઓ યહોવાહ, મેં તારી તાર-
ણની વાટ જોઈ છે. 19 ગાળ, એક ટુકડી તેને દબાણ કરશે, તો પણ તે
તેમની એડી દબાવશે. 20 આશેર, તેની રોટલી પુષ્ટિકારક થશે; ને તે
રાજ મિષ્ટાન્ન આપશે. 21 નાફતાલી છુટી મુકેલી સાબરી, તે ઉત્તમ શબ્દો
આપે છે. 22 યુસફ ફળદ્રુપ ડાળ, ઝરા પાસેની ફળવંત ડાળ; તેની ડાંખ-
ળી ભીંત પર ચઢી જાય છે. 23 તિરંદાજોએ તેને બહુ દુઃખ દીધું, ને તીર
ફેંક્યો, ને તેને સતાવ્યો; 24 પણ તેનું ધનુષ્ય બળમાં રહ્યું; ને યાકૂબના
સમર્થ પ્રભુના હાથથી, તેના ભુજ બળવાન કરાયા, ત્યાંથી ઘેટાંપાળક,
એટલે ઈસ્રાએલનો ખડક થયો. 25 તારા પિતાનો દેવ જે તારી સહાયતા
કરશે તેનાથી, તથા સર્વ શક્તિમાન દેવ જે ઉપરના આકાશના આશી-
ર્વાદોથી તથા નીચેના ઉંડાણના અશીર્વાદોથી, સ્તનના તથા ગર્ભસ્થા-
નના અશીર્વાદોથી તને અશીર્વાદિત કરશે, તેનાથી તું બળવાન કરાશે.
26 તારા બાપના આશીર્વાદ મારા પિતૃના આશીર્વાદો કરતાં અતિ મોટા
થયા છે, અને અનંતકાળિક પર્વતોની અતિ દૂરની સીમા સુધી વધ્યા છે;
ને એઓ યુસફના શિર પર, તથા જે તેના ભાઈઓથી જૂદો કરાએલો, તે-
ના મસ્તક પર રહેશે. 27 બિન્યામીન ફાડી ખાનાર વારૂ જેવો છે; સવારે
તે શિકાર ખાશે; ને સંધ્યાકાળે લૂટ વહેંચશે. 28 એ સર્વ ઈસ્રાએલના બાર
કુળ છે; ને તેઓના બાપે તેઓને જે કહ્યું, ને તેઓને જે આશીર્વાદો
આપ્યાં તે એ છે; પ્રત્યેકને પોતપોતાના આશીર્વાદ પ્રમાણે તેઓને
આશીર્વાદ આપ્યો. 29 અને તેણે તેઓને આજ્ઞા આપી કે, હું મારા લોકોં
જઈ મળવાનો છું; એફ્રોન હિત્તીના ખેતરમાંની ગુફામાં મારા પિતૃઓની
પાસે, 30 એટલે કનાન દેશમાં મામરેની સામેના માખ્પેલાહ ખેતરમાં જે
ગુફા એફ્રોન હિત્તીના ખેતર સુદ્ધાં ઈબ્રાહીમે કબરસ્થાનને સારૂ વેચાતી
લીધી છે તેમાં મને દાટજો. 31 ત્યાં ઈબ્રાહીમ તથા તેની બાયડી સારાહને
દાટ્યા; ત્યાં ઈસહાક તથા તેની બાયડી રિબ્કાહને દાટ્યા; ને ત્યાં મેં લે-
આહને દાટી; 32 જે ખેતર તથા તેમાંની જે ગુફા હેથના પુત્રો પાસેથી
ખરીદ્યાં હતાં ત્યાં મને દાટજો. 33 અને યાકૂબ પોતાના દીકરાઓને
આજ્ઞા આપી રહ્યો, ત્યારે તેણે પોતાના પગ પલંગ પર મૂકીને પ્રાણ છો-
ડ્યો; ને તે પોતાના પૂર્વજોની સાથે મળી ગયો.

50 અને યુસફ પોતાના બાપના મુખ પર પડ્યો, ને તે પર રડ્યો; ને
તેને ચૂમ્યો. 2 અને યુસફે પોતાના દાસમાંના જે વૈદો હતા તેઓ-
ને પોતાના પિતાના દેહમાં સુગંધિઓ ભરવાની આજ્ઞા આપી, ને વૈદોએ
ઈસ્રાએલના દેહમાં સુગંધિઓ ભરી. 3 અને તેને માટે ચાળીસ દિવસ પૂ-
રા કર્યા; કેમકે સુગંધિઓ ભરવાના દહાડા એ પ્રમાણે પૂરા કરવાની રીત
છે. અને તેને સારૂ મિસરીઓએ સિત્તેર દિવસ શોક પાળ્યો. 4 અને તેના
શોકના દિવસ પૂરા થયા ત્યારે યુસફે ફારૂનના ઘરાનાને કહ્યું, હવે જો
તમારી દૃષ્ટિમાં હું કૃપા પામ્યો છું, તો ફારૂનના કાનમાં એમ કહો, 5 મારા
બાપે મને સમ ખવાડીને કહ્યું હતું, જુઓ, હું મારૂં છું; મેં પોતાને સારૂ
કનાન દેશમાં જે ખબર ખોદાવી છે, ત્યાં મને દાટજો; માટે હવે મારા બા-
પને દાટવાને મને જવા દે, ને હું પાછો આવીશ. 6 અને ફારૂને કહ્યું, તું
જા, ને જેમ તેણે તને સમ ખ્વાડ્યા હતા તેમ તારા બાપને દાટ. 7 અને
યુસફ પતાના બાપને દાટવા ગયો; ને ફારૂનના સર્વ દાસ, ને તેં ઘરના
વડીલ, તથા મિસર દેશના વડીલ તેની સાથે ગયા. 8 અને યુસફના ઘર-
નાં સર્વ દાસ, તથા તેના ભાઈ, તથા તેના બાપના ઘરનાં સર્વ તેની સા-
થે ગયાં; કેવળ તેમનાં છોકરાં તથા તેમનાં ટોળાં તથા તેમનાં ઢોરો ગો-
શેન દેશમાં મૂકી ગયા 9 અને તેની સાથે રથો તથા સવારો ગયા; ને તે
બહુ મોટો સંઘ હતો. 10 અને યરદન પાર આટાદની નદી ખળી છે ત્યાં
તેઓ પહોંચ્યા, ને ત્યાં તેઓએ મોટા ને ભારે વિલાપથી રૂદન કર્યું; ને
તેણે પોતાના બાપને સારૂ સાત દિવસ શોક કીધો. 11 અને તે દેશના
કનાની રહેવાસીઓએ અટાદની ખળીમાં તે શોક જોયો, ત્યારે તેઓ બો-
લ્યા, મિસરીઓના અ મોટા શોક છે, એ માટે તેનું નામ આબેલ-મિસરા-
ઈમ કહેવાય છે, ને તે યરદનને પાર છે 12 અને તેણે તેના દીકરાઓને
જેમ આજ્ઞા આપી હતી તેમ તેઓએ તેને સારૂ કર્યું. 13 અને તેના દીકરા
તેને કનાન દેશમાં લાવ્યા; ને ઈબ્રાહિમે વતનનું કબરસ્થાન કરવા સારૂ
એફ્રોન હિત્તીના પાસેથી મામરેની સામેની જે ગુફા ખેતર સુદ્ધાં વેચાતી
લીધી હતી, તે માખ્પેલાહના ખેતરની ગુફામાં તેઓએ તેને દાટ્યો.
14 અને યુસફ તથા તેના ભાઈ, ને જેઓ તેના બાપને દાટવા સારૂ તેની
સાથે ગયા હતા, તે સર્વ તેના બાપને દાટીને મિસરમાં પાછા આવ્યા.
15 આને યુસફના ભાઈઓએ જોયું કે આપણો બાપ મારી ગયો છે; ને તે-
ઓએ કહ્યું, કદાચિત યુસફ આપણો દ્વેષ કરશે, ને તેને આપણે જે સર્વ
ભુંડું કર્યું હતું તેનું વેર નક્કી વાળશે. 16 અને તેઓએ યુસફને કહેવાડી
મોકલ્યું, કે તારા બાપે મરણ પામ્યા અગાઉ આજ્ઞા આપીને કહ્યું હતું કે,
17 તમે આ પ્રમાણે યુસફને કહેજો, તારા ભાઈઓએ તારો અપરાધ કીધો
છે, હવે તું તેઓના તે પાપની ક્ષમા માફ કરજે; કેમકે તેઓએ તારા ભુંડું
કર્યું હતું. તે માટે હવે તારા બાપના દેવના દાસોનો અપરાધ તું માફ કર-
જે. તેઓએ યુસફને તે વાત કહી તો તે રડ્યો. 18 અને તેના ભાઈઓ
પણ આવીને તેની આગળ પડ્યા, ને બોલ્યા, જો , અમે તારા દાસ
છીએ. 19 અને યુસફે તેઓને કહ્યું, બીશો નહિ, કેમકે હું શું દેવને ઠેકાણે
છું? 20 તમે તો મારૂં ભુંડું કરવા ચાહ્યું હતું; પણ દેવે તેમાં ભલું કરવા ધા-
ર્યું કે જેમ આજે થયું છે તેમ તે ઘણા લોકના જાન બચાવે. 21 એ માટે
હવે બીઓ મા, હું તમને તથા તમારા છોકરાંઓને પાળીશ, એમ તેણે તે-
ઓને દિલાસો આપ્યો; અને તેઓની સાથે હેતથી વાત કરી. 22 અને યુ-
સફ તથા તેના બાપના ઘરનાં મિસરમાં રહ્યાં; ને યુસફ એકસો દસ વર્ષ
જીવ્યો. 23 અને યુસફે ત્રીજો પેઢી લગીનાં એફ્રાઈમનાં છોકરાં જોયાં; ને
મનાશ્શેહના દીકરા માખીરના દીકરાઓ યુસફના ખોળામાં ઉછર્યા.
24 અને યુસફે પોતાને ભાઈઓને કહ્યું, હું તો મારૂં છું, પણ દેવ તમારી
પાસે ખચિત આવશે, ને તેણે જે દેશ સંબંધી ઈબ્રાહીમ તથા ઈસ્હાક
તથા યાકૂબની આગળ સમ ખાધા હતા, તે દેશમાં આ દેશમાંથી તમને
લઈ જશે. 25 અને યુસફે ઈસ્રાએલપુત્રોને સમ ખવાડીને કહ્યું, દેવ તમારી
પાસે ખચિત આવશે; ને તમે તમે મારાં હાડકાં અહીંથી લઈ જજો.
26 અને યુસફ એકસો દસ વર્ષનો થઈને મારી ગયો; ને તેઓએ તેના દેહ-
માં સુગંધિઓ ભરીને તેને મિસરમાં શબકોશમાં મૂક્યો.

# નિર્ગમન

1 યાકૂબે પોતાના પુત્રો તથા પુત્રોના પરિવાર સહિત મિસરની યા-
ત્રા કરી. ઇસ્રાએલના પુત્રોનાં નામ આ પ્રમાંણે છે:~ 2 રૂબેન, શિ-
મયોન, લેવી અને યહૂદા;~ 3 ઇસ્સાખાર, ઝબુલોન અને બિન્યામીન;~
4 દાન અને નફતાલી, ગાદ અને આશેર.~ 5 યાકૂબના પોતાના કુલ સિ-
ત્તેર વંશજો હતા. યૂસફ યાકૂબના બાર દીકરામાંથી એક હતો, વળી તે
પહેલેથી મિસરમાં જ હતો.~ 6 ત્યારબાદ સમય જતાં યૂસફનું અવસાન
થયું. પછી તેના બધાજ ભાઈઓ અને તે આખી પેઢીના માંણસો અવ-
સાન પામ્યા.~ 7 પરંતુ ઇસ્રાએલની વસ્તીમાં અનહદ વધારો થતો જ
રહ્યો. તેઓની સંખ્યા પુષ્કળ વધી અને તેઓ એટલા બધા શક્તિશાળી
બન્યા કે સમગ્ર દેશમાં તેઓ છવાઈ ગયા.~ 8 હવે મિસરમાં એક નવા
રાજાનું શાસન શરૂ થયું. તે વ્યક્તિને યૂસફ વિષે કશી જ ખબર નહો-
તી.~ 9 તે રાજાએ પોતાની પ્રજાને કહ્યું, “ઇસ્રાએલની, પ્રજાને જુઓ, તે-
મની વસ્તિ પુષ્કળ છે, અને આપણા લોકો કરતાં તે વધુ શક્તિશાળી
છે.~ 10 માંટે હવે આપણે તેમની વિરુદ્ધ કોઈ ચોક્કસ યોજના ઘડવી
જોઈએ. જેથી તેઓમાં વધારો થતો અટકી જાય. નહિ તો યુદ્ધ ફાટી ની-
કળે ત્યારે તેઓ આપણા દુશ્મનો સાથે ભળી જઈને આપણી સામે લડ-
શે અને આપણા દેશમાંથી ભાગી જશે.”~ 11 એટલા માંટે તેમણે મજૂરી
કરાવીને ઇસ્રાએલીઓને દબાવવા માંટે તેમના ઉપર મુકાદમો નીમ્યા.
આ રીતે ઇસ્રાએલીઓએ ફારુનને માંટે પીથોમ અને રામસેસ નગરો
વખારો માંટે બાંધ્યાં.~ 12 પણ જેમ જેમ તેમના પર ત્રાસ વધતો ગયો
તેમ તેમ તેમની વૃદ્ધિ થતી ગઈ. વિસ્તાર વધતો ગયો અને મિસરના
લોકો ઇસ્રાએલી લોકોથી વધારેને વધારે ભયભીત થવા લાગ્યા.~
13 આથી તે લોકોએ ઇસ્રાએલીઓ પાસે ચાકરની જેમ સખત મજૂરી
કરાવવા માંડી.~ 14 તેમની પાસે બધીજ જાતની કાળી મજૂરી કરાવવા
માંડી. ઈંટ અને ચૂનો પાડવાના તથા ખેતરમાં બધીજ જાતનાં સખત
કામો કરાવીને તેમનું જીવન અસહ્ય બનાવી દીધું.~ 15 ત્યાં શિફાહ અને
પૂઆહ નામની બે હિબ્રૂ દાયણો હતી. તે હિબ્રૂ દાયણોને મિસરના રા-
જાએ કહ્યું:~ 16 “જ્યારે તમે હિબ્રૂ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવા માંટે ખાટ-
લા પાસે જાઓ ત્યારે તેમનાં સંતાનની જાતિ પર ધ્યાન રાખો; છોકરો
હોય તો તેને માંરી નાખવો, અને જો છોકરી હોય તો તેને જીવતી રહેવા
દેવી.”~ 17 પરંતુ દાયણો દેવથી ડરીને ચાલનારી અને દેવમાં વિશ્વાસ
કરતી હતી, એટલે તેણે મિસરના રાજાની આજ્ઞાનું પાલન ન કરતાં
તેઓ છોકરાઓને જીવતા રહેવા દેતી.~ 18 તેથી મિસરના રાજાએ દાય-
ણોને બોલાવીને કહ્યું, “તમે આવું શા માંટે કર્યુ? તમે લોકોએ છોકરાઓ-
ને શા માંટે જીવતા રહેવા દીધા?”~ 19 ત્યારે દાયણોએ ફારુનને કહ્યું,
“હિબ્રૂ સ્ત્રીઓ મિસરી સ્ત્રીઓ જેવી નથી. તેઓ સશકત અને ખડતલ
હોય છે તેથી દાયણના આવતાં પહેલાં જ બાળકને જન્મ આપી દે છે.”~
20 તેથી દેવે એ દાયણોનું ભલું કર્યું.~ 21 અને હિબ્રૂ પ્રજા પણ સંખ્યામાં
અને શક્તિમાં વૃદ્ધિ પામતી રહી.દાયણો દેવથી ડરીને ચાલતી હતી
એટલે તેણે તેમને કુટુંબકબીલાવાળી ઘરવાળી બનાવી.~ 22 એટલા
માંટે ફારુને પોતાના બધા લોકોને આજ્ઞા કરી કે, “હિબ્રૂઓને જન્મેલા
પ્રત્યેક છોકરાને નદીમાં ફેંકી દેવા, પણ છોકરીઓને જીવતી રહેવા દે-
વી.”

2 લેવીઓના ઘરનો એક પુરુષ જઈને પોતાની જાતની કન્યાને
પરણ્યો હતો.~ 2 તે સ્ત્રી ગર્ભવતી થતાં તેને પુત્ર અવતર્યો. પુત્ર
રૂપાળો હતો તેથી તેણે તે બાળકને ત્રણ મહિના સુધી સંતાડી રાખ્યો.~
3 પણ પછી તેને સંતાડી રાખવાનું શક્ય ન રહ્યું એટલે તેણે નેતરનો
એક કરંડિયો લીધો, તેને ડામરથી લીપ્યો જેથી તે તરતો રહે. તેમાં બા-
ળકને સુવાડીને કરંડિયો તે નદી કિનારે બરુઓમાં મૂકી આવી.~ 4 પછી
તે છોકરાનું શું થાય છે, તે જોવા માંટે તેની બહેનને દૂર ઊભી રાખી.~
5 હવે પછી એવું બન્યું કે ફારુનની કુવરી નદીમાં સ્નાન કરવા માંટે
આવી અને તેની દાસીઓ નદી કિનારે આમતેમ ફરવા લાગી. કુવરીએ
બરુઓમાં પેલો કરંડિયો જોઈને પોતાની દાસીને મોકલીને તે મંગાવી
લીધો.~ 6 પછી તેણે ઉઘાડીને જોયું, તો અંદર એક બાળક રડતું હતું,
તેથી તેને તેના પર દયા આવી.~ 7 અને તેને કહ્યું, “આ કોઈ હિબ્રૂનું બા-
ળક હોવું જોઈએ. પછી તે બાળકની બહેને ફારુનની દીકરીને કહ્યું, હું
જઈને કોઈ હિબ્રૂ ધાવને બોલાવી લાવું જે બાળકની સાચવણી કરે અને
તેના લાલનપાલન કરવા માંટે તમાંરી મદદ કરે?”~ 8 ફારુનની કુવરીએ
કહ્યું, “જા, બોલાવી લાવ.”એટલે તે છોકરી જઈને બાળકની માંને બો-
લાવી લાવી.~ 9 કુવરીએ તેને કહ્યું, “આ બાળકને લઈ જા અને માંરા
વતી તેની સાચવણી કર અને તેને ધવડાવ. હું તને તે બદલ પગાર
આપીશ.”તેથી સ્ત્રી તેનું બાળક લઈ ગઈ અને તેની સાચવણી કરી.~
10 પછી તે બાળક મોટું થયું એટલે તે તેને ફારુનની કુંવરી આગળ લઈ
આવી અને તેણે તેને પુત્રની જેમ રાખ્યો. “મેં એને પાણીમાંથી બહાર
કાઢયો હતો, “એમ કહીને કુવરીએ પુત્રનું નામ ‘મૂસા’ રાખ્યું.”~ 11 મૂસા
મોટો થયો. અને એક દિવસ પોતાના લોકો પાસે ગયો. તેણે પોતાના
માંણસો પર સખ્ત કામ કરવા માંટે બળજબરી થતા જોઈ. અને તેણે
એક મિસરીને એક હિબ્રૂને માંરતા જોયો.~ 12 તેણે આમતેમ નજર કરી
છતાં તેને કોઈ દેખાયું નહિ એટલે તેણે મિસરીને માંરી નાખીને રેતીમાં
દાટી દીધો.~ 13 અને બીજે દિવસે તે બહાર ફરવા નીકળ્યો, ત્યારે તેણે
બે હિબ્રૂઓને લડતાં જોયા. તેણે જેનો વાંક હતો તે માંણસને કહ્યું, “શા
માંટે તું તારા જાતભાઈને માંરે છે?”~ 14 એટલે તે માંણસે તેને કહ્યું, “તને
અમાંરો ઉપરી અને ન્યાયાધીશ કોણે બનાવ્યો છે? તે જેમ પેલા મિસરી-
ની હત્યા કરી તેમ માંરી હત્યા કરવા માંગે છે?”તે સાંભળીને મૂસા ડરી
ગયો તેથી વિચાર કરવા લાગ્યો કે, “હવે બધાંને ખબર પડી ગઈ છે કે મેં
શું કર્યુ છે.”~ 15 આ વાતની જાણ ફારુનને થતા, તે મૂસાને માંરી નાખ-
વા તૈયાર થયો. પણ મૂસા ફારુનને ત્યાંથી નાસી જઈને મિધાન દેશમાં
જઈને વસ્યો.એક વખત તે કૂવા પાસે બેઠો હતો~ 16 ત્યારે મિધાનના
યાજકની સાત પુત્રીઓ ત્યાં આવી. અને પોતાના બાપનાં ઘેટાંબકરાંને
પાણી પીવડાવવા માંટે કૂવામાંથી પાણી ખેંચીને હવાડા ભરવા લાગી.~
17 ત્યાં તો ભરવાડો ત્યાં આવ્યા અને તેમને કાઢી મૂકવા લાગ્યા, પણ
મૂસા તેમની જોડે આવી પહોંચ્યો અને તેમનાં ઘેટાંબકરાંને પાણી પા-
યું.~ 18 જ્યારે તેઓ તેમના પિતા રેઉએલ પાસે ગઈ ત્યારે તે બોલ્યા,
“આજે તમે આટલાં વહેલાં કેમ આવ્યાં?”~ 19 એટલે તેમણે જવાબ
આપ્યો, “અમને એક મિસરીએ ભરવાડોથી બચાવી અને છોડાવી વળી
અમને પાણી પણ કાઢી આપ્યું, અને ઘેટાંબકરાંને પાયું.”~ 20 એટલે
પછી તેણે પોતાની પુત્રીઓને પૂછયું, “તે કયાં છે? અને તમે તેને મૂકીને
શા માંટે આવ્યાં? જાઓ, તેને જમવા માંટે બોલાવી લાવો.”~ 21 મૂસા તે
માંણસ સાથે રહેવા સંમત થયો, અને પોતાની પુત્રી સિપ્પોરાહના લગ્ન
મૂસા સાથે તેણે કર્યા.~ 22 પછી તેણે એક પુત્રને જન્મ આપ્યો અને તેનું
નામ મૂસાએ ગેર્શોમ એટલા માંટે પાડયું કે, મૂસા બીજાનાં દેશમાં અજા-
ણ્યો હતો.~ 23 હવે ઘણો સમય પસાર થયા પછી મિસરના રાજાનું અવ-
સાન થયું. ઇસ્રાએલીઓ ગુલામીમાં પીડાતા હતા. તેઓ આક્રંદ કરીને
મદદ માંટે પોકાર કરતા હતા તેથી ગુલામીમાંથી કરેલો એ પોકાર દેવ
સુધી પહોંચ્યો.~ 24 દેવે તેમનું રૂદન અને ઊહંકાર સાંભળ્યો અને ઈબ્રા-
હિમ, ઇસહાક અને યાકૂબ સાથે કરેલા કરારનું તેમને સ્મરણ થયું.~
25 અને દેવે ઇસ્રાએલીઓની સ્થિતી જોઈ અને તેમને ખબર હતી કે તે
વહેલા તેઓની મદદ કરવાના છે.

3 હવે મૂસા પોતાના સસરાના એટલે મિધાનના યાજક યિથ્રોનાં ઘે-
ટાંબકરાં ચરાવતો અને સાચવતો હતો; એક દિવસ તે ઘેટાંબક-
રાંને રણની પશ્ચિમ દિશામાં દેવના પર્વત હોરેબ પર દોરી ગયો.~ 2 ત્યાં
યહોવાના દૂતે ઝાડવાંમાંથી નીકળતા ભડકારૂપે તેને દર્શન દીધાં. તેણે
જોયું તો ઝાડી સળગતી હતી, પણ બળીને ભસ્મ થતી નહોતી. 3 તેથી
મૂસાને વિચાર આવ્યો, “હું નજીક જઈને આ ચમત્કાર જોઉં. આ ઝાડી
શા માટે બળી જતી નથી?”~ 4 યહોવાએ જોયું કે મૂસા ઝાડીને જોવા
આવી રહ્યો છે, તેથી દેવે ઝાડીમાંથી તેને બૂમ પાડી, “મૂસા, મૂસા!”અને
મૂસાએ જવાબ આપ્યો, “હા, હું અહીં છું.”~ 5 ત્યારે યહોવાએ કહ્યું,
“નજીક આવીશ નહિ, પગરખાં ઉતારી નાખ, કારણ કે જ્યાં તું ઊભો છે
તે ભૂમિ પવિત્ર છે.~ 6 હું તારા પિતૃઓ ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબ-
નો દેવ છું.”અને મૂસાએ પોતાનું મુખ છુપાવી દીધું. કારણ કે દેવ તરફ
જોતાં તેને ડર લાગતો હતો.~ 7 પછી યહોવાએ કહ્યું, “મેં મિસરમાં મારા
લોકોને દુ:ખ સહન કરતાં જોયા છે. તે તેમના મુકાદમો તેમને પીડા કરે
છે ત્યારે તેમના રૂદન મેં સાંભળ્યાં છે, તેમની હાડમારીની મને ખબર
છે.~ 8 હું તેમને મિસરીઓનાં પંજામાંથી મુક્ત કરાવવા અને તેમને એ
દેશમાંથી બીજા એક સારા વિશાળ દેશમાં લઈ જવા માટે હું નીચે
આવ્યો છું. જ્યાં દૂધ મધની રેલછેલ છે અને જ્યાં કનાનીઓ, હિત્તીઓ,
અમોરીઓ, પરીઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓ વસે છે.~ 9 મેં ઈસ્રા-
એલના લોકોનું રૂદન સાંભળ્યું છે, અને મિસરીઓ તેમના ઉપર જે ત્રાસ
અત્યાચાર કરે છે તે મેં નજરે નિહાળ્યા છે.~ 10 ચાલ, એટલા માટે હું તને
ફારુન પાસે મોકલું છું. જાઓ, તમે ઈસ્રાએલના મારા લોકોને મિસર-
માંથી બહાર લઈ આવો.”~ 11 પરંતુ મૂસાએ દેવને કહ્યું, “હું કોણ કે ફા-
રુન પાસે જનારો અને ઈસ્રાએલના લોકોને મિસરની બહાર લાવના-
રો?”~ 12 પણ દેવે કહ્યું, “હું ચોક્કસ તારી સાથે હોઈશ, અને મેં તને મો-
કલ્યો છે એની એંધાણી તારા માટે એ હશે કે જ્યારે તું એ લોકોને મિસર-
માંથી બહાર કાઢી લાવીશ પછી તમે સૌ આ પર્વત પર મારી ઉપાસના
કરશો.~ 13 મૂસાએ દેવને કહ્યું, “હું ઈસ્રાએલના લોકો પાસે જાઉં અને
કહું કે, ‘તમારા પિતૃઓના દેવે મને તમારી પાસે મોકલ્યો છે.’ અને તેઓ
મને પૂછે કે, ‘તેનું નામ શું છે?’ તો મારે તેમને શો જવાબ આપવો?”~
14 ત્યારે દેવે મૂસાને કહ્યું, “એમને કહો, ‘હું એ જ છું જે ‘હું છું.’ જ્યારે તમે
ઈસ્રાએલના લોકો પાસે જાઓ ત્યારે તેમને કહો, ‘હું એ છું’ જેણે મને
તમારી પાસે મોકલ્યો છે;~ 15 દેવે મૂસાને એ પણ કહ્યું, “તમે લોકોને જે
કહેશો તે એ કે, ‘તમારા પિતૃઓના દેવ યહોવાઓ, ઈબ્રાહિમ, ઈસહાક
અને યાકૂબના દેવે મને તમારી પાસે મોકલ્યો છે. મારું નામ સદાને
માટે યહોવા રહેશે અને પેઢી દરપેઢી લોકો મને એ નામે જ ઓળખશે.’”~
16 યહોવાએ એ પણ કહ્યું, “જાઓ, અને ઈસ્રાએલના વડીલોને (આગે-
વાનોને) ભેગા કરો અને તેમને કહો કે, ‘તમારા પિતૃઓના દેવે, ઈબ્રા-
હિમ, ઈસહાક અને યાકૂબના દેવે, મને દર્શન આપ્યા અને કહ્યું કે આ
સંદેશો તમને આપું, “હું તમારી પર નજર રાખી રહ્યો છું. મિસરમાં તમે જે
મુશ્કેલીઓ સહન કરી છે તે મેં નજરે જોઈ છે;~ 17 અને મેં નિર્ણય કર્યો
છે કે હું તમને દુર્દશામાંથી મુક્ત કરાવી કનાનીઓ, હિત્તીઓ, અમો-
રીઓ, પરીઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓના દેશમાં લઈ જઈશ, જ્યાં
દૂધ અને મધની રેલછેલ છે.’~ 18 “વડીલો તમારી વાણી સાંભળશે,
પછી તમે અને ઈસ્રાએલના વડીલો મિસરના રાજા પાસે જઈને તેને કહે-
જો કે, ‘હિબ્રૂ લોકોના દેવ યહોવા છે. અમારા દેવ અમારા લોકો પાસે
આવ્યા હતા, તેમણે અમને ત્રણ દિવસ રણમાં પ્રવાસ કરવા માટે કહ્યું
હતું. અમને રજા આપો તો અમે અમારા દેવ યહોવાને યજ્ઞ અર્પણ કરી
શકીએ.”~ 19 “પરંતુ મને ખબર છે કે મિસરનો રાજા તમને જવા નહિ દે.
હા, માત્ર મહાન શક્તિ જ તેને વિવશ કરશે અને તમને જવા દેશે.~
20 આથી હું મારું બળ બતાવીશ, અને ત્યાં વિવિધ પ્રકારનાં પરાક્રમો
કરીને મિસરને ખોખરું કરીશ, ત્યાર પછી તે તમને જવા દેશે.~ 21 ઈસ્રા-
એલી લોકો પર મિસરના લોકોને દયા થાય તેમ હું કરીશ, પરિણામે
જ્યારે તમે નીકળશો, ત્યારે ખાલી હાથે નહિ નીકળો.~ 22 “પણ દરેક
સ્ત્રી તેની મિસરી પડોશણ પાસેથી અને તેના ઘરમાં રહેનારી મિસરી
સ્ત્રી પાસેથી સોનારૂપાનાં દાગીનાં અને સુંદર કિમતી વસ્ત્રો માંગી લેશે,
અને તે તમે તમારાં પુત્રપુત્રીઓને પહેરવા આપશો; આમ તમે મિસરી-
ઓનું ધન લૂંટી શકશો.”

4 ત્યારે મૂસાએ દેવને કહ્યું, “જ્યારે હું ઈસ્રાએલના લોકોને કહીશ કે
તમે મને મોકલ્યો છે, ત્યારે એ લોકો મારા પર વિશ્વાસ નહિ કરે
અને કહેશે, “યહોવા તને પ્રત્યક્ષ નથી થયા.”~ 2 પરંતુ દેવે મૂસાને કહ્યું,
“તેં તારા હાથમાં શું રાખ્યું છે?”મૂસાએ જવાબ આપ્યો, “લાકડી, એ તો
મારા ફરવા માટેની છે.”~ 3 ત્યારે દેવે કહ્યું, “તારી લાકડીને જમીન પર
ફેંકી દે.”એટલે મૂસાએ તેની લાકડી જમીન પર ફેંકી દીધી, ને તે સાપ
બની ગઈ. અને તે તેનાથી ડરી ગયો ને ભાગવા લાગ્યો.~ 4 પરંતુ યહો-
વાએ મૂસાને કહ્યું, “આગળ જા, અને સાપની પૂંછડી પકડી લે.”જ્યારે
મૂસાએ તેમ કર્યું તો, હાથમાં સાપ ફરી પાછી લાકડી બની ગઈ.~ 5 તેથી
દેવે કહ્યું, “તારી લાકડીનો આ પ્રમાણે ઉપયોગ કર, એટલે લોકોને વિ-
શ્વાસ બેસશે કે તેઓના પિતૃઓના દેવ યહોવાએ એટલે ઈબ્રાહિમ, ઈસ-
હાક, અને યાકૂબના દેવે તને દર્શન દીધાં હતાં.”~ 6 પછી યહોવાએ મૂ-
સાને કહ્યું, “હું તને બીજો એક પુરાવે આપુ છું. તારો હાથ ડગલાની
અંદર છાતી પર મૂક.”તેણે હાથ અંદર મૂક્યો; અને જ્યારે પાછો કાઢયો
ત્યારે, હાથે કોઢ થયેલો હતો, અને હાથ બરફ જેવો સફેદ થઈ ગયો
હતો.~ 7 પછી દેવે કહ્યું, “તારો હાથ પાછો ડગલાની અંદર છાતી પર
મૂક.” એટલે તેણે ફરી હાથ ડગલાની અંદર મૂક્યો, અને જ્યારે તેણે તે
બહાર કાઢયો ત્યારે, જુએ છે તો ફરી તેના બાકીના શરીર જેવો જ સાજો
થઈ ગયો હતો.~ 8 પછી દેવે કહ્યું, “જો લોકો તારા વિસ્મય લાકડીની
નિશાની પછી પણ તારો વિશ્વાસ ના કરે, તો આ બીજા પરચાથી તેમને
વિશ્વાસ બેસશે.~ 9 અને જો આ બે નિશાની પરચાઓ બતાવ્યા પછી
પણ જો તેમને વિશ્વાસ ના બેસે અને તેઓ તારી વાત ના સાંભળે, તો
તારે નાઈલ નદીમાંથી થોડું પાણી લઈને જમીન પર રેડવું જેથી તે લોહી
થઈ જશે.”~ 10 પરંતુ મૂસાએ યહોવાને કહ્યું, “હે યહોવા, હું સાચું કહું છું
કે, હું કંઈ સારો વક્તા નથી. હું લોકો સાથે કુશળતાપૂર્વક વાત કરવાને
યોગ્ય નથી. અને હવે તમારી સાથે વાતચીત કર્યા પછી પણ, હું કુશળ
વક્તા નથી. તમને ખબર છે કે બોલવામાં હું મંદ છું અને ઉત્તમ શબ્દોનો
પ્રયોગ કરી શકતો નથી.~ 11 ત્યારે યહોવાઓ તેને કહ્યું, “માંણસને મોઢું
કોણે આપ્યું છે? અને તેને મૂંગો કે બહેરો કોણ બનાવે છે? અને માંણસ-
ને નજરે દેખતો કે આંધળો કોણ બનાવે છે? એ હું છું યહોવા, જે આ વધું
જ કરી શકું છું. હું યહોવા છું.~ 12 માટે હવે જા, જ્યારે તું બોલીશ ત્યારે હું
તારી સાથે રહીશ. હું તને બોલવા માટે શબ્દો આપીશ.”~ 13 છતાં મૂ-
સાએ કહ્યું, “હે મારા યહોવા, કૃપા કરીને ગમે તે બીજા કોઈને મોકલો,
મને નહિ.”~ 14 યહોવા મૂસા પર ગુસ્સે થયા, અને કહ્યું, “હું તને મદદ
કરવા માટે એક માંણસ મોકલીશ. હું તારા ભાઈ હારુનનો ઉપયોગ
કરીશ. તે કુશળ વક્તા છે અને જો, તે તને મળવા આવી રહ્યો છે, તને
જોઈને તેનું હૃદય આનંદ પામશે.~ 15 તે તમારી સાથે ફારુનને ઘેર
આવશે. તારે શું કહેવાનું છે તે હું તને કહીશ, તે તું તેને કહેજે. હું તમને
બંનને તમારે શું કરવાનું છે તેનો આદેશ આપીશ.~ 16 હારુન જ તમારા
માટે લોકો સાથે વાત કરશે. તું તેમના માટે મહાન તરીકે રહીશ અને તે
તારો અધિકૃત વક્તા હશે. તે તારું મોઢું અને તું તેનો દેવ.~ 17 એટલા
માટે જા, અને તારી લાકડી સાથે લઈ જા. એના વડે તારે પેલા લોકોને
ચમત્કારો કરી બતાવવાના છે.”મૂસાનું મિસર પાછું ફરવું~ 18 પછી મૂ-
સાએ પોતાના સસરા યિથ્રો પાસે પાછા જઈને કહ્યું, “કૃપા કરીને મને
જરા મારા લોકો પાસે મિસર પાછો જવા દો. હું એ જોવા માંગું છું કે તેઓ
હજી જીવે છે કે નહિ!”યિથ્રોએ તેને કહ્યું, “સુખશાંતિથી જા.”~ 19 તે સમ-
યે મૂસા મિધાનમાં હતો. દેવે તેને કહ્યું, “આ સમયે તારા માટે મિસર જવું
સુરક્ષિત છે. જે વ્યક્તિઓ તને મારવા ઈચ્છતા હતા તે બધા મરી ગયા
છે.”~ 20 આથી મૂસા પોતાની પત્ની અને પુત્રોને ગધેડા પર ચઢાવી પા-
છો મિસર જવા નીકળ્યો. મૂસાએ પેલી લાકડીને પોતાની સાથે રાખી,
જેમાં દેવની શક્તિ હતી.~ 21 જે સમયે મૂસા મિસર પાછો જઈ રહ્યો
હતો, તે વખતે દેવે તેને કહ્યું, “જ્યારે તું ફારુન સાથે વાત કરે ત્યારે મેં
તને જે જે ચમત્કાર બતાવવાની શક્તિ આપી છે તે બધા ફારુન
આગળ કરી બતાવજે. પણ હું તેને હઠાગ્રહી બનાવી દઈશ એટલે તે તા-
રા લોકોને જવા દેશે નહિ.~ 22 ત્યારે તું ફારુનને કહેજે:~ 23 યહોવા કહે
છે કે, ‘ઈસ્રાએલ મારો પહેલો ખોળાનો પુત્ર છે. અને મેં તને કહ્યું છે કે,
મારા પુત્રને મારી ઉપાસના કરવા જવા દે. જો તું એને જવા દેવાની ના
પાડશે, તો હું તારા પહેલા ખોળાના પુત્રની હત્યા કરીશ.”~ 24 મૂસા પો-

તાની મિશરની યાત્રા કરી રહ્યો હતો. મુસાફરોને વિરામ કરવા બનાવેલા
એક સ્થાને તે સૂવા માંટે રોકાયો. યહોવા તે મુકામે તેને મળ્યા. અને તેને
માંરી નાખવા માંટે પ્રયત્ન કર્યો.~ 25 પણ સિપ્પોરાહે એક ચકમકનો
ધારદાર પથ્થર લઈ પોતાના પુત્રની સુન્નત કરી અને તે ચામડી મૂસાના
પગે અડાડીને તે બોલી: “ખરેખર તમે તો માંરા લોહીથી વરેલા વરરાજા
છો!”~ 26 સિપ્પોરાહે આ એટલા માંટે કહ્યું, કારણ કે તેને તેના પોતાના
પુત્રની સુન્નત કરવી પડી હતી. એટલા માંટે દેવે મૂસાને માંફી આપી
અને તેની હત્યા કરી નહિ.~ 27 યહોવાએ હારુન સાથે વાત કરી હતી.
યહોવાએ તેને કહ્યું હતું, “રણમાં જા અને મૂસાને મળ.” એટલા માંટે હા-
રુન દેવના પર્વત પર જઈને તેને મળ્યો અને ભેટી પડ્યો.~ 28 મૂસાએ
પોતાને યહોવાએ જે જે કહીને મોકલ્યો હતો તે, અને તેને જે જે ચમત્કા-
રો બતાવવાનું કહ્યું હતુ તે બધું કહી સંભળાવ્યું.~ 29 ત્યારબાદ મૂસા
અને હારુન ગયા અને ઇસ્રાએલના લોકોના બધા વડીલોને એકત્રીત
કર્યા.~ 30 પછી હારુને લોકોને યહોવાએ જે જે કહ્યું હતું, તે બધુંજ કહી
સંભાળાવ્યું. તથા મૂસાએ લોકો સમક્ષ ચમત્કાર કરી બતાવ્યા.~ 31 લો-
કોને વિશ્વાસ બેઠો કે દેવે જ મૂસાને મોકલ્યો છે. તેઓએ મસ્તક નમાંવી
તેને પ્રણામ કર્યા અને દેવની સેવા કરી, કારણ કે તેઓને ખબર હતી કે,
દેવ ઇસ્રાએલના લોકોની મદદ કરવા આવ્યા હતા. અને તેમણે દેવની
ઉપાસના કરી કારણ કે તેઓ જાણતા હતા કે યહોવાએ તેમના દુઃખો
જોયાં હતા.

5 લોકોની સાથે વાત કર્યા પછી મૂસા અને હારુન મિસરના રાજા
ફારુન પાસે ગયા. તેઓએ કહ્યું, “ઇસ્રાએલના દેવ યહોવા કહે છે,
‘માંરા લોકોને માંરા માંનમાં ઉત્સવ ઊજવવા રણમાં જવા દે.’”~ 2 પરંતુ
ફારુને કહ્યું, “યહોવા વળી કોણ છે? હું શા માંટે તેના આદેશ માંનું? શા
માંટે હું ઇસ્રાએલીઓને જવા દઉં? તમે જેને યહોવા કહો છો, તેને હું
ઓળખતો નથી, તેથી હું ઇસ્રાએલીઓને જવા દેવાની ના પાડું છું.”~
3 ત્યારે હારુન અને મૂસાએ કહ્યું, “હિબ્રૂઓના દેવે અમને લોકોને દર્શન
આપ્યાં છે, એટલા માંટે અમે તમને વિનંતી કરીએ છીએ કે તમે અમને
રણમાં ત્રણ દિવસ પ્રવાસ કરવા દો. ત્યાં અમે અમાંરા દેવ યહોવાને
એક યજ્ઞ અર્પણ કરીશું, જો અમે એ પ્રમાંણે નહિ કરીએ તો તેમનો ક્રોધ
ભભૂકી ઊઠશે અને અમાંરો નાશ કરશે. તે અમને મરકી કે તરવારનો
ભોગ બનાવશે.”~ 4 પરંતુ ફારુને તેમને કહ્યું, “હે મૂસા અને હારુન, તમે
લોકોને હેરાન શા માંટે કરો છો? તમે તે લોકોના કામમાં આડા આવો
છો, તેમને તેમનું કામ કરવા દો. તમાંરે બન્નેએ પણ તમાંરું કામ શરુ
કરવું જોઈએ.~ 5 જુઓ, હમણા અહીં ઘણા મજૂરો છે અને તમે તે લોકોને
કામમાંથી આરામ આપવા ઈચ્છો છો?”ફારુને લોકોને સજા કરી~
6 બરાબર તે જ દિવસે ફારુને ઇસ્રાએલના લોકો પાસે સખત કામ લેવા-
નો આદેશ મુકાદમોને આપ્યો. અને ઇસ્રાએલના મુખીઓને હુકમ કર્યો
કે,~ 7 “હવે તમાંરે એ લોકોને ઈંટો બનાવવા માંટે પરાળ આપવું નહિ;
એ લોકોને જાતે જઈને પરાળ ભેગું કરવા દો.~ 8 પરંતુ ધ્યાન રાખજો,
અત્યાર સુધી એ લોકો જેટલી ઈંટો બનાવતા આવ્યા હતા તેટલી જ
ઈંટો એમની પાસે બનાવડાવજો, એમાં ઘટાડો થવો જોઈએ નહિ, કારણ
કે, હવે તે લોકો આળસુ થઈ ગયા છે. તેથી બૂમો પાડે છે કે, અમને
અમાંરા દેવના યજ્ઞો કરવા અમને જવા દો.~ 9 એટલા માંટે તે લોકો પા-
સે વધારે સખત કામ લો. એમને કામમાં રોકી રાખો. પછી એમની પાસે
મૂસાની જૂઠી વાતો સાંભળવાનો સમય જ નહિ રહે.”~ 10 તેથી એ લો-
કોના મુકાદમોએ અને મુખીઓએ લોકોની પાસે જઈને કહ્યું, “ફારુને
નિર્ણય કર્યો છે કે, તે તમને લોકોને ઈંટો બનાવવા માંટે પરાળ નહિ
આપે.~ 11 તમાંરે જાતે જ તમાંરા માંટે પરાળ ભેગું કરવા જવું પડશે. તે-
થી જાઓ, પરાળ ભેગું કરો. પરંતુ તમે લોકો પહેલા જેટલી ઈંટો બનાવ-
તા હતા તેમાં સહેજ પણ ઘટાડો કરવામાં નહિ આવે.”~ 12 આથી પ્ર-
ત્યેક વ્યક્તિ આખા મિસર દેશમાં પરાળ બનાવવા માંટે ખૂંપરા વીણવા
ફેલાઈ ગયા.~ 13 મુકાદમો સખત કામ કરવા માંટે તાકીદ કરતા જ રહ્યા.
“પહેલાં પરાળ મળતું હતું, ને રોજ જેટલું કામ કરતા હતા તેટલું જ તમાંરે
પૂરું કરવું પડશે.~ 14 ફારુનના મુખીઓએ ઇસ્રાએલીઓ ઉપર જે મુકા-
દમો દેખરેખ રાખવા નિયુક્ત કર્યા હતા તેમને ખૂબ માંર માંરીને પૂછવા-
માં આવતું કે, ઈંટો અત્યાર સુધી જેટલી બનાવતા હતા તેટલી આજ-
કાલ અગાઉની જેમ કેમ પૂરી કરતા નથી?”~ 15 એટલે ઇસ્રાએલીઓના
મુખીઓ ફારુનની સમક્ષ આવીને પોકાર કરવા લાગ્યા, “તમે તમાંરા સે-
વકો સાથે આવો વર્તાવ કેમ રાખો છો?~ 16 તમાંરા સેવકોને પરાળ
આપવામાં આવતું નથી તેમ છતાં અમને એમ કહેવામાં આવે છે કે ઈંટો
પાડો; જરા જુઓ તો ખરા, તમાંરા સેવકોને કેવો માંર માંરવામાં આવે છે!
ખરેખર, વાંક તો તમાંરા માંણસોનો છે.”~ 17 એટલે ફારુને કહ્યું, “તમે
બધા તો આળસુ લોકો છો, તેથી કહો છો કે અમને યહોવાના યજ્ઞો કર-
વા જવા દો.~ 18 “માંટે હવે જાઓ, કામે લાગી જાઓ, તમને પરાળ
આપવામાં નહિ આવે; અને નક્કી કરેલી ઈંટો તો તમાંરી વરધી પ્રમાંણે
પૂરી કરવી જ પડશે.”~ 19 હિબ્રૂ મુકાદમોને જાણમાં આવ્યું કે તેઓ તક-
લીફમાં છે. તેમને ખબર હતી કે તેઓ માંણસો પાસેથી પહેલા જેટલી
ઈંટો તૈયાર નથી કરાવી શકતા.~ 20 અને પછી ફારુનની પાસેથી તેઓ
નીકળ્યા ત્યારે મૂસા અને હારુન તેઓને રસ્તામાં મળ્યા. તેઓ તેમની
રાહ જોતા ઊભા હતા.~ 21 તેઓએ મૂસા અને હારુનને કહ્યું, “તમે શું
કર્યુ છે એ યહોવા જુએ અને તમને સજા કરે. કારણ તમે અમને ફારુન
અને તેના સેવકોની નજરમાં તિરસ્કૃત બનાવી દીધા છે; અને અમાંરી
હત્યા કરવા માંટે તેઓને એક બહાનું આપી દીધું છે.”~ 22 ત્યારે મૂસાએ
યહોવાને પ્રાર્થના કરી અને કહ્યું, “હે યહોવા, તમે આ લોકોના આવા
ભૂંડા હાલ શા માંટે કર્યા? વળી તમે મને જ શા માંટે મોકલ્યો?~ 23 કા-
રણ કે હું તમાંરા નામે ફારુન સાથે વાત કરવા આવ્યો ત્યારથી તેણે આ
લોકોનું ભૂંડુ કરવા માંડયુ છે, અને તમે તમાંરા લોકોને બચાવવાં માંટે
કશું જ કર્યું નથી.”

6 પછી યહોવાએ મૂસાને કહ્યું, “હવે તું જોઈશ કે હું ફારુનની શી
હાલત કરું છું. હું માંરી મહાન શક્તિનો ઉપયોગ તેના વિરોધમાં
કરીશ. અને હું તેને માંરા લોકોને બહાર જવા દેવાની ફરજ પાડીશ. અને
તે બળવાન હાથથી એ લોકોને તેના દેશમાંથી હાંકી કાઢશે.”~ 2 અને દે-
વે મૂસાને કહ્યું,~ 3 “એ હું યહોવા છું જે ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબ
સમક્ષ પ્રગટ થયો હતો; તેમણે મને એલ શદાય (સર્વસમર્થ દેવ) કહ્યો.
પરંતુ મેં માંરું યહોવા નામ તેમને જણાવ્યું નહોતું.~ 4 મેં તેમની સાથે
કરાર કર્યો, તેઓ જે દેશમાં જઈને વસ્યા હતા તે કનાન દેશનું મેં તેમને
વચન આપ્યું હતું. તેઓ ત્યા રહેતા હતા, પણ તે તેમનો પોતાનો પ્રદેશ
ન હતો.~ 5 મેં ઇસ્રાએલના લોકોનાં ઊહંકાર સાંભળ્યા છે. હું જાણું છું કે
તેઓ મિસરના ચાકરો છે અને મેં માંરો કરાર સંભાર્યો છે.~ 6 એટલા માંટે
ઇસ્રાએલના લોકોને કહો કે, ‘હું તેમને કહું છું, હું યહોવા છું. હું તમાંરા
લોકોનું રક્ષણ કરીશ. હું તમને લોકોને મિસરીઓની મજૂરીમાંથી છોડા-
વીશ અને ગુલામીમાંથી મુક્ત કરીશ. હું માંરી મહાન શક્તિનો ઉપયોગ
કરીને મિસરીઓને ભયંકર શિક્ષા કરીશ પછી હું તમાંરો ઉધ્ધાર કરીશ.~
7 “તમે બધા લોકો માંરા થશો, ને હું તમાંરા બધાંનો દેવ થઈશ. હું યહો-
વા તમાંરા લોકોનો દેવ છું એની તમને ત્યારે ખબર પડશે જ્યારે હું તમ-
ને મજૂરીમાંથી મુક્તિ અપાવીશ.~ 8 હું યહોવા છું, મેં ઈબ્રાહિમ, ઈસહાક
અને યાકૂબને જે દેશ આપવાનું પ્રતિજ્ઞાપૂર્વક વચન આપ્યું હતું, તે દેશ-
માં હું તમને લઈ જઈશ અને તમને તેના વારસદાર બનાવીશ.’”~ 9 એટ-
લા માંટે મૂસાએ એ વાત ઇસ્રાએલના લોકોને કહી. પણ તે વખતે તે લો-
કો આકરી ગુલામીથી એવા હતાશ થઈ ગયા હતા કે તેમણે તેની વાત
સાંભળી નહિ.~ 10 ત્યારે યહોવાએ મૂસાને કહ્યું,~ 11 “જાઓ, અને મિસ-
રના રાજા ફારુનને કહો કે, તે ઇસ્રાએલના લોકોને આ દેશમાંથી જરૂર
બહાર જવા દે.”~ 12 પરંતુ મૂસાએ યહોવાને કહ્યું, “ઇસ્રાએલના લોકો
માંરી વાત સાંભળવા પણ નથી માંગતા, તો પછી ફારુન શી રીતે સાંભ-
ળશે? મને તો સારી રીતે બોલતાં પણ નથી આવડતું.”~ 13 પરંતુ યહો-
વાએ મૂસા અને હારુન સાથે વાતચીત કરી. દેવે તેમને આજ્ઞા કરી કે,
તમાંરે મિસરના રાજા ફારુન પાસે જવું અને ઇસ્રાએલીઓને મિસર
બહાર લઈ આવવા.~ 14 ઇસ્રાએલના પરિવારોના આગેવાનોનાં નામ
આ પ્રમાંણે છે; ઇસ્રાએલના સૌથી મોટા પુત્ર રૂબેનને ચાર પુત્રો હતા.
તેઓ હનોખ, પાલ્લુ, હેસ્રોન અને કાર્મી હતા;~ 15 શિમયોનના પુત્રો;
યમુએલ, યારીન, ઓહાદ, યાખીન, સોહારને શાઉલ, જે એક કનાની
સ્ત્રીને પેટે અવતર્યા હતા.~ 16 લેવીના પુત્રો: ગેર્શોન, કહાથ અને મરારી
હતા. તેઓ એમને નામે ઓળખાતાં પરિવારોના પૂર્વપુરુષો હતા. લેવીનું
આયુષ્ય 137 વર્ષનું હતું.~ 17 ગેર્શોનના પુત્રો: લિબ્ની અને શિમઈ.~
18 કહાથના પુત્રો: આમ્રામ, યિસ્હાર, હેબ્રોન અને ઉઝઝીએલ, કહાથનું

આયુષ્ય 133 વર્ષનું હતું.~ 19 મરારીના પુત્રો: માંહલી અને મૂશી હતા.
આ બધા પરિવાર ઈસ્રાએલના પુત્ર લેવીના હતા.~ 20 આમ્રામ પોતાની
ફોઈ યોખેબેદ સાથે પરણ્યો, અને તેને હારુન અને મૂસાના જન્મ થયા.
આમ્રામનું આયુષ્ય 137 વર્ષનું હતું.~ 21 યિસ્હારના પુત્રો: કોરાલ, નેફેગ
અને ઝિખ્રી.~ 22 ઉઝઝીએલના પુત્રો: મીશાએલ, એલ્સાફાન અને સિ-
થ્રી.~ 23 હારુનના વિવાહ આમ્મીનાદાબની પુત્રી અને નાહશોનની
બહેન અલીશેબા સાથે થયા. અને અલીશેબાને નાદાબ, અબીહૂ,
એલઆઝાર અને ઈથામાંર અવતર્યા.~ 24 કોરાહના પુત્રો: આસ્સીર,
એલ્કાનાહ અને અબિઆસાફ. આ પરિવારો કોરાહીઓનાં પિતૃઓ છે.~
25 હારુનના પુત્ર એલઆઝારે પૂટીએલની પુત્રી સાથે લગ્ન કર્યા અને તે-
ણે ફીનહાસને જન્મ આપ્યો. આ બધાજ પૂર્વપુરુષો લેવી વંશના પરિ-
વારના હતા.~ 26 આ રીતે હારુન અને મૂસા આ કૂળ-સમૂહના હતા અને
તે એ જ વ્યક્તિઓ છે જેની સાથે દેવે વાત કરી હતી. અને કહ્યું હતું કે,
“ઈસ્રાએલીઓને ટૂકડી પ્રમાંણે મિસરમાંથી બહાર કાઢો.”~ 27 હારુન
અને મૂસાએ જ મિસરના રાજા ફારુન સાથે વાત કરી. તેમણે ફારુનને
કહ્યું કે, “તે ઈસ્રાએલના લોકોને મિસરની બહાર લઈ જવા દે.”~ 28 મિ-
સર દેશના દેવે મૂસા સાથે વાત કરી.~ 29 તેમણે કહ્યું, “હું યહોવા છું, હું
તને કહું છું, તે બધું જ મિસરના રાજા ફારુનને કહેજે.”~ 30 અને મૂસાએ
કહ્યું, “હું સ્પષ્ટ રીતે બોલતો નથી તો પછી ફારુન માંરી વાત શી રીતે
સાંભળશે?’”

7 યહોવાએ મૂસાને કહ્યું, “હું તારી સાથે રહીશ. હું તારો દેખાવ એવો
કરીશ કે તું ફારુનની સામે એક મહાન રાજા લાગીશ અને તારો
ભાઈ હારુન તારો પ્રવકતા બનશે.~ 2 હું તને જે આદેશ આપુ તે બધા
તારે હારુનને કહેવા, હું જે કહું તે રાજા ફારુનને કહેશે, પછી ફારુન
ઈસ્રાએલી લોકોને આ નગર છોડવા દેશે.~ 3 પણ હું ફારુનને હઠાગ્રહી
બનાવી દઈશ, જેથી તું જે કંઈ કહીશ તેને તે માંનશે નહિ. એથી હું કોણ
છું તે સાબિત કરવા હું મિસર દેશમાં અનેક ચમત્કારો કરીશ. પરંતુ તે
છતાં પણ તે સાંભળશે નહિ.~ 4 એટલા માંટે હું મિસર દેશ પર માંરો
હાથ ઉગામીશ અને તેને કારમી સજા કરીને માંરાં સૈન્યોને, માંરી ઈસ્રા-
એલી પ્રજાને, મિસરની બહાર કાઢી લાવીશ.~ 5 ત્યારે મિસરના લોકોને
ખબર પડશે કે હું યહોવા છું, હું તેમની વિરુદ્ધ થઈ જઈશ અને તેઓ જા-
ણશે કે હું યહોવા છું, જ્યારે હું માંરા લોકોને તેમના દેશમાંથી બહાર લઈ
જઈશ.”~ 6 મૂસાએ અને હારુને યહોવાએ જે આજ્ઞા કરી હતી તેનું પા-
લન કર્યું.~ 7 તે સમયે જ્યારે તેમણે ફારુન સાથે વાત કરી ત્યારે મૂસાની
ઉંમર 80 વર્ષની અને હારુનની ઉંમર 83 વર્ષની હતી.~ 8 યહોવાએ મૂ-
સા અને હારુનને કહ્યું,~ 9 “જ્યારે ફારુન તમને એમ કહે કે, તમાંરી
શક્તિ સાબિત કરવા માંટે, ‘કોઈ ચમત્કાર બતાવો.’ ત્યારે તારે હારુનને
કહેવું કે, ‘તારી લાકડી લઈને ફારુનની આગળ જમીન પર નાખી દે
એટલે એ સાપ બની જશે.”~ 10 એટલા માંટે મૂસા અને હારુન મિસરના
રાજા ફારુન પાસે ગયા, અને યહોવાની આજ્ઞા પ્રમાંણે તેમણે કર્યું. હા-
રુને ફારુન અને તેના અમલદારો સમક્ષ જમીન પર પોતાની લાકડી
નાખી દીધી અને તે સાપ બની ગઈ.~ 11 ત્યારે ફારુને જ્ઞાની પંડિતોને
અને જાદુગરોને બોલાવ્યા. મિસરના જાદુગરોએ પણ તેમની મેલી વિધા
વડે હારુનના જેવો ચમત્કાર કરી બતાવ્યો.~ 12 તેઓએ તેમની લાક-
ડીઓ જમીન પર ફેંકી અને તે સાપ બની ગઈ. પણ હારુનની લાકડી
તેમની લાકડીઓને ગળી ગઈ.~ 13 ફારુને તેમ છતાં હઠાગ્રહ છોડયો
નહિ અને લોકોને જવાની ના પાડી. અને યહોવાએ કહ્યું હતું તેમ, મૂસા
અને હારુનની વાત સાંભળી નહિ.~ 14 પછી યહોવાએ હારુન અને મૂ-
સાને કહ્યું, “ફારુને હઠ પકડી છે, એ માંરી પ્રજાને જવા દેવાની ના પાડે
છે.~ 15 ફારુન સવારે નદી કિનારે આવશે. તમે નાઈલ નદીના કિનારે-
કિનારે જાઓ. અને જે લાકડી સાપ થઈ ગઈ હતી, તે સાથે લઈને નદી-
કાંઠે તમે તેની રાહ જોતા ઊભા રહેજો. અને તેને કહેજો કે,~ 16 હિબ્રૂ લો-
કોના દેવ યહોવાએ મને તમાંરી પાસે મોકલ્યો છે અને કહેવડાવ્યું છે કે,
માંરા લોકોને માંરી ઉપાસના કરવા માંટે રણમાં જવા દે: જો અત્યાર સુ-
ધી તેં યહોવાની વાત કાને ધરી નથી.’~ 17 હવે, યહોવા કહે છે કે, ‘હું
યહોવા છું એની તમને આના પરથી ખબર પડી જશે. જો હું નાઈલ નદી-
ના પાણી પર માંરા હાથમાંની લાકડી પછાડીશ એટલે તે લોહી થઈ
જશે;~ 18 ત્યારે નાઈલ નદીની માંછલીઓ મરી જશે. અને નદીમાંથી દુ-
ર્ગંધ આવશે અને મિસરવાસીઓને માંટે એનું પાણી પીવાલાયક પણ
રહેશે નહિ.’”~ 19 પછી યહોવાએ મૂસાને કહ્યું, “તું હારુનને એમ કહે કે,
તારી લાકડી લઈને મિસરનાં તમાંમ જળાશયો પર, નદીઓ ઉપર, નહે-
રો અને તળાવો ઉપર તારો હાથ ફેલાવ એટલે તે બધું જ પાણી લોહી
બની જાય. અને સમગ્ર મિસર દેશમાં લાકડાના અને પથ્થરનાં બધાં
વાસણોમાં પણ પાણીનું લોહી થઈ જશે.”~ 20 એટલા માંટે મૂસા અને
હારુને યહોવાની જેવી આજ્ઞા હતી તે પ્રમાંણે કર્યું. હારુને ફારુન અને
તેના અમલદારોના દેખતા લાકડી ઉપાડીને નાઈલના પાણી પર પ્રહાર
કર્યો. અને બધું જ પાણી લોહી થઈ ગયું.~ 21 નદીમાં બધી માંછલીઓ
મરી ગઈ અને નદીમાંથી દુર્ગંધ આવવા લાગી. અને મિસરના લોકો માંટે
નદીનું પાણી પીવા માંટે નકામું થઈ ગયું. સમગ્ર મિસરમાં લોહી થઈ
ગયું.~ 22 મિસરના જાદુગરોએ પણ પોતાની મેલીવિદ્યાથી તે પ્રમાંણે
કર્યું, તેથી ફારુને મૂસા અને હારુનની વાત કાને ન ધરી. યહોવાએ જેવું
કહ્યું હતું બરાબર એ જ પ્રમાંણે થયું.~ 23 આ બાબતને ધ્યાનમાં લીધા
વિનાજ ફારુન પોતાના મહેલમાં પાછો ફરી ગયો. મૂસા અને હારુને જે
કાંઈ કર્યુ તેની તેણે ઉપેક્ષા કરી.~ 24 મિસરવાસીઓ નાઈલ નદીનું પા-
ણી પી શકતા ન હતા તેથી તેમણે નદીની આજુબાજુ ચારેબાજુ કૂવાઓ
ખોધ્યા અને વીરડા ગાળ્યા.~ 25 યહોવા દ્બારા નાઈલ નદી પર પ્રહાર
કર્યાને પૂરા સાત દિવસ વીતી ગયા.

8 ~પછી યહોવાએ મૂસાને કહ્યું, “ફારુન પાસે જઈને તેને કહો કે,
યહોવા આમ કહે છે: ‘માંરા લોકોને માંરી સેવા કરવા જવા દે.~
2 પણ જો ફારુન તેમને જવા દેવાની ના પાડશે તો, હું મિસર દેશમાં દે-
ડકાંઓનો ઉપદ્રવ મચાવીશ.~ 3 નાઈલ નદી દેડકાંઓથી ભરાઈ જશે.
તે નદીમાંથી નીકળીને તમાંરાં ઘરોમાં, તમાંરા શયનખંડમાં, તમાંરા
પલંગ ઉપર, તમાંરા અમલદારોના તથા તમાંરી પ્રજાનાં ઘરોમાં, તેમના
રસોડામાં અને તેમના પાણીના ઘડાઓમાં ચઢી આવશે.~ 4 દેડકાંઓ
તમાંરા ઉપર, તમાંરી પ્રજા ઉપર અને તમાંરા અમલદારો પર ફેલાશે.’”~
5 પછી યહોવાએ મૂસાને કહ્યું, “હારુનને કહે કે, તે પોતાના હાથની લા-
કડીને નહેરો, નદીઓ અને સરોવરો ઉપર ફેલાવે, જેથી મિસર દેશ પર
દેડકાંઓ ચઢી આવે.”~ 6 ત્યારે હારુને મિસર દેશમાં જયાં જયાં જળાશ-
યો હતા તેના ઉપર હાથ ઉઠાવ્યો અને દેડકાંઓ પાણીમાંથી બહાર
આવીને સમગ્ર મિસર દેશમાં છવાઈ ગયા.~ 7 મિસરના જાદુગરોએ પણ
એવું જ કર્યું. તેઓ પણ મિસર દેશમાં દેડકાંઓ લઈ આવ્યા.~ 8 પછી
ફારુને મૂસા અને હારુનને બોલાવીને કહ્યું, “યહોવાને તમે પ્રાર્થના કરો
કે તે મને અને માંરી પ્રજાને દેડકાંઓના ઉપદ્રવથી છોડાવે, તો પછી હું
તમાંરા લોકોને યહોવાને યજ્ઞો અર્પવા જવા દઈશ.”~ 9 મૂસાએ ફારુનને
કહ્યું, “તમે કૃપા કરીને મને કહો કે માંરે તમાંરા માંટે, તમાંરા અમલદારો
માંટે અને તમાંરી પ્રજા માંટે યહોવાને પ્રાર્થના ક્યારે કરવી અને દેડકાં
તમાંરી પાસેથી અને તમાંરા ઘરોમાંથી હઠી જાય અને માંત્ર નદીમાં જ
રહે એવું કરવું.”~ 10 ફારુને કહ્યું, “આવતી કાલે.”મૂસાએ કહ્યું, “તમે જેવું
કહો છો તેવું જ થશે. જેથી તમને ખબર પડી જશે કે અમાંરા દેવ યહોવા
સમાંન બીજું કોઈ નથી.~ 11 દેડકાં તમાંરી આગળથી અને તમાંરા ઘરો-
માંથી અને તમાંરા અમલદારો તેમજ પ્રજા આગળથી ચાલ્યા જશે, અને
માંત્ર નાઈલ નદીમાં જ રહેશે.”~ 12 પછી મૂસા અને હારુન ફારુન પાસે-
થી વિદાય થયા. પછી મૂસાએ ફારુન સાથે નક્કી થયા પ્રમાંણે દેડ-
કાંઓ વિષે યહોવાને વિનંતી કરી.~ 13 અને યહોવાએ મૂસાના કહ્યાં પ્ર-
માંણે કર્યુ. ઘરોમાંના, ઘરના ચોકમાંનાં તથા ખેતરોમાંનાં દેડકાંઓ મરી
ગયા.~ 14 તેથી મરેલાં દેડકાંઓના ઢગલા ભેગા થયા. પરિણામે તેમનાં
કોહવાઈ જવાને કારણે સમગ્ર દેશમાં દુર્ગંધ પ્રસરી ગઈ.~ 15 ફારુને જોયું
કે, એ તો દેવનું કરેલું છે. અને દેશ દેડકાઓથી મુક્ત છે પણ તે પાછો
હઠીલો થઈ ગયો. અને મૂસા અને હારુનની વાત સાંભળી નહિ. આ તો
જેમ દેવે કહ્યું હતું તેમજ બન્યું.~ 16 પછી યહોવાએ મૂસાને કહ્યું, “હારુ-
નને કહે કે, તે પોતાની લાકડી ઉઠાવીને જમીન પરની ધૂળ પર માંરે.
અને આખા મિસર દેશમાં સર્વત્ર ધૂળની જૂ થઈ જાય.”~ 17 તેમણે તે પ્ર-
માંણે કર્યું; અને હારુને લાકડી લઈને પોતાનો હાથ ઊચો કરીને જમીન-
ની ધૂળ પર પ્રહાર કર્યો, એટલે સર્વત્ર ધૂળની જૂ થઈ ગઈ. અને તે જૂઓ
માંણસો અને ઢોરઢાંખર પર છવાઈ ગઈ.~ 18 મિસરના જાદુગરોએ પો-
તાના જંતરમંતરનો ઉપયોગ કર્યો અને એવું જ કરવાનો પ્રયત્ન કર્યો.

પરંતુ જાદુગર ધૂળમાંથી જૂઓ બનાવી શકયા નહિ. અને મનુષ્યો તથા
ઢોરઢાંખર પર જૂઓ છવાઈ ગઈ.~ 19 એટલા માંટે જાદુગરોએ ફારુનને
કહ્યું કે, દેવની શક્તિથી જ આ બન્યું છે. પરંતુ ફારુને તેમને સાંભળ્યા
નહિ અને હઠીલો જ રહ્યો. જેવું યહોવાએ કહ્યું હતું બરાબર એ જ પ્ર-
માંણે થયું.માંખીઓ~ 20 યહોવાએ મૂસાને કહ્યું, "સવારે વહેલો ઊઠીને
ફારુન પાસે જા, ફારુન નદી કિનારે ફરવા નીકળે ત્યારે તેની રાહ જોઈને
ત્યાં ઊભો રહેજે. અને તેને કહેજે કે, યહોવા એમ કહે છે કે, 'માંરા લોકોને
માંરી ઉપાસના કરવા જવા દે.~ 21 જો તું માંરા લોકોને નહિ જવા દે તો
તારા ઘરમાં, તારા ઉપર, તથા તારા અમલદારો ઉપર તથા તારી પ્રજા
ઉપર, ઘરોમાં માંખીઓ મોકલીશ. અને મિસરના લોકોનાં ઘરો માંખી-
ઓથી ભરાઈ જશે; અને માંખીઓ આખી જમીન પર પણ હશે.~ 22 પણ
તે દિવસે હું ઇસ્રાએલના લોકો સાથે આવો વ્યવહાર કરીશ નહિ, અને
ગોશેન પ્રાંતમાં જયાં માંરા લોકો વસે છે ત્યાં કોઈ માંખી હશે નહિ, એટ-
લે તને ખબર પડશે કે હું યહોવા આ દેશમાં છું.~ 23 આમ હું માંરી પ્રજા
અને તારી પ્રજા વચ્ચે જુદો વર્તાવ રાખીશ; તે માંરો પરચો અને એંધાણ
હશે.'"~ 24 અને પછી યહોવાએ એ પ્રમાંણે કર્યું. તેમના કહ્યા પ્રમાંણે ફા-
રુનના મહેલમાં, અને તેના અમલદારોના ઘરોમાં તથા આખા મિસર દે-
શમાં માંખીઓનાં મોટાં મોટાં ઝુંડ ધસી આવ્યાં અને સમગ્ર દેશ માંખી-
ઓથી પાયમાંલ થઈ રહ્યો હતો.~ 25 એટલે ફારુને મૂસા અને હારુનને
બોલાવ્યા, ફારુને કહ્યું, "તમે લોકો તમાંરા દેવને આ દેશમાં યજ્ઞો
અર્પો."~ 26 પરંતુ મૂસાએ કહ્યું, "એ પ્રમાંણે કરવું એ યોગ્ય નથી, કારણ
કે અમે અમાંરા દેવ યહોવાને પશુઓને યજ્ઞમાં અર્પીએ તેને મિસરના
લોકો અપવિત્ર ગણે છે. એથી મિસરના લોકો જેને પવિત્ર ગણે છે તે
પશુઓની આહુતિ આપીએ તો તેઓ અમને પથ્થરો માંરીને માંરી નહિ
નાંખે? 27 અમને લોકોને ત્રણ દિવસ રણમાંથી પસાર થઈ જવા દો. અને
અમાંરા દેવ યહોવાને યજ્ઞો અર્પવા દો. યહોવાએ અમને આમ કરવા
કહેલ છે."~ 28 એટલે ફારુને કહ્યું, "હું તમને લોકોને તમાંરા દેવ યહોવા-
ને યજ્ઞો અર્પવા માંટે રણમાં જવા દઈશ, પરંતુ ફક્ત તમાંરે બહુ દૂર જવું
નહિ અને માંરા માંટે પણ પ્રાર્થના કરવી."~ 29 મૂસાએ કહ્યું, "સારું, હું
અહીંથી તમાંરી પાસેથી જઈને તરત જ યહોવાને પ્રાર્થના કરીશ કે, તમે
અને તમાંરા અમલદારો અને તમાંરી પ્રજા આવતી કાલે સવારે માંખી-
ઓના ત્રાસથી મુક્ત થાઓ તેમ કરે. પણ તમાંરે અમને મૂર્ખ નથી બના-
વવાના. યહોવાને યજ્ઞો અર્પવા અમને રણમાં જવા દો. અમને રોકશો
નહિ."~ 30 એટલે મૂસા ફારુન પાસેથી વિદાય થઈને યહોવા પાસે ગયો
અને પ્રાર્થના કરી,~ 31 અને યહોવાએ મૂસાએ જે કહ્યું તે પ્રમાંણે કર્યુ.
અને ફારુન, તેના અમલદારો અને તેની પ્રજા માંખીઓના ત્રાસથી મુક્ત
થયા. એક પણ માંખી ક્યાંય જોવા મળી નહિ.~ 32 પરંતુ ફારુન ફરી પા-
છો હઠાગ્રહી થઈ ગયો અને ઇસ્રાએલના લોકોને જવા ન દીધા.

9 ત્યારે યહોવાઓ મૂસાને કહ્યું, "ફારુનની પાસે જા અને તેને કહે
કે, હિબ્રૂઓના દેવ યહોવા એમ કહે છે કે, 'માંરા લોકોને માંરી
ઉપાસના કરવા દે.'~ 2 હજુ પણ જો તું ના પાડશે અને તેમને રોકી રાખ-
શે તો ધ્યાનથી સાંભળ,~ 3 હું તારાં ખેતરનાં ઢોરોમાં, ઘોડાઓમાં અને
ગધેડાંઓમાં, ઊંટોમાં અને ગાયબળદોમાં અને ઘેટાંબકરાંઓમાં મોટો
ભયંકર રોગચાળો ફેલાવીશ અને તને સજા કરીશ.~ 4 પરંતુ યહોવા
ઇસ્રાએલીઓનાં ઢોર અને મિસરનાં ઢોર વચ્ચે જુદો વ્યવહાર કરશે. જે-
થી ઇસ્રાએલીઓની માંલિકીનું કોઈ પણ ઢોર મરશે નહિ.~ 5 અને યહો-
વાએ સમય નક્કી કરીને કહ્યું, "હું આવતી કાલે આ દેશમાં એનો અમલ
કરીશ.'"~ 6 અને બીજે દિવસે સવારે મિસરમાં યહોવાએ એ પ્રમાંણે કર્યુ,
મિસરવાસીઓનાં બધાં ઢોર મરી ગયાં પરંતુ ઇસ્રાએલીઓનું એક પણ
ઢોર મર્યું નહિ.~ 7 ફારુને પોતાના માંણસોને તપાસ કરવા મોકલ્યા કે
ઇસ્રાએલના લોકોનું એકે ઢોર મર્યુ છે કે નહિ. તેને જણાવવામાં આવ્યુ કે
ઇસ્રાએલીઓનું કોઈ પણ ઢોર મર્યુ નથી. ફારુને હઠાગ્રહ ચાલુ રાખ્યો,
તેણે લોકોને જવા દીધા નહિ.~ 8 યહોવાએ મૂસા અને હારુનને કહ્યું,
"તમાંરા હાથમાં ભઠ્ઠીમાંથી મુઠ્ઠીઓ ભરીને રાખ લો, અને ફારુનના દે-
ખતા મૂસાએ હવામાં ફેંકવી.~ 9 પછી એ ઝીણી રજની જેમ આખા મિસર
દેશમાં ફેલાઈ જશે. અને તેનાથી સમગ્ર મિસરના માંણસો અને ઢોરોને
ગૂમડાં થશે અને ત ફાટીને ધારાં બની જશે."~ 10 એટલે મૂસા અને હારુ-
ને ભઠ્ઠીમાંથી રાખ લીધી. પછી ફારુનની આગળ ઊભા રહીને મૂસાએ
આકાશ તરફ રાખ ફેંકી એટલે માંણસોને અને ઢોરોને ગૂમડાં થયાં, અને
તે ફાટીને ધારાં પડી ગયાં.~ 11 મિસરના જાદુગરો મૂસાને આવું કરતા
રોકી શક્યા નહિ, કારણ કે જાદુગરોને તથા બધાજ મિસરના લોકોને ગૂ-
મડાં ફૂટી નીકળ્યાં હતાં.~ 12 પરંતુ યહોવાએ ફારુનને હઠે ચડાવ્યો,
અને કહ્યું હતું તે પ્રમાંણે ફારુને મૂસાની અને હારુનની વાત સાંભળી
નહિ.~ 13 પછી યહોવાએ મૂસાને કહ્યું, "સવારમાં વહેલા ઊઠીને ફારુન
પાસે ઊભો રહીને તેને કહેજે કે, 'હિબ્રૂઓના દેવ યહોવા એમ કહે છે કે,
'માંરા લોકોને માંરી ઉપાસના કરવા જવા દે.~ 14 જો તું આમ નહિ કરે તો
હું માંરી બધી શક્તિ તારા ઉપર, તારા અમલદારો ઉપર અને તારા લોકો
ઉપર વાપરીશ. ત્યારે તને ખબર પડશે કે જગતમાં માંરા જેવો બીજો
કોઈ દેવ નથી.~ 15 કારણ કે અત્યાર સુધીમાં મેં કયારની, તારા ઉપર
અને તારી પ્રજા ઉપર રોગચાળો મોકલી, તને સજા કરી હોત તો તું ભૂમિ
ઉપરથી નષ્ટ થઈ ગયો હોત.~ 16 પણ મેં તેને એટલા માંટે જીવતો રા-
ખ્યો છે કે હું તને માંરી તાકાત બતાવી શકું. અને સમગ્ર પૃથ્વી પર માંરું
નામ પ્રગટ થાય.~ 17 શું તું હજુ પણ માંરા લોકોની વિરુદ્ધ છે? તું માંરા
લોકો સાથે ઘમંડી વર્તાવ રાખી તેમને જવા દેતો નથી?~ 18 યાદ રાખજે,
આવતી કાલે આ જ સમયે હું એવો તો ભારે કરાનો વરસાદ વરસાવીશ
કે મિસરમાં કદી પડ્યો નથી, મિસર દેશ બન્યો ત્યારથી તો નહિ જ.~
19 એટલે અત્યારે જ માંણસ મોકલીને તારા ઢોરોને તથા ખેતરમાં જે
કાંઈ હોય તે બધાંને સુરક્ષિત જગ્યાએ મંગાવી લેજે. કારણ જે કોઈ
માંણસ કે ઢોર ખેતરમાં હશે, એને ઘરમાં રાખવામાં નહિ આવ્યું હોય તો
તેના પર કરા વરસશે અને તેઓ મરણ પામશે.'"~ 20 પછી ફારુનના કે-
ટલાક અમલદારોએ યહોવાના વચન સાંભળ્યાં. તેઓ ગભરાઈ ગયા.
તેઓએ વહેલા વહેલા પોતાના ચાકરોને અને ઢોરોને ઘરમાં લાવી દી-
ધાં.~ 21 પણ જેમણે યહોવાના વચનને ધ્યાનમાં લીધાં નહિ તેમણે પો-
તાના ગુલામોને અને ઢોરોને ખેતરમાં જ રહેવા દીધાં.~ 22 પછી યહો-
વાએ મૂસાને કહ્યું, "તારા હાથ આકાશ તરફ લંબાવ, જેથી આખા મિસર
દેશમાં માંણસો, ઢોરો અને ખેતરના બધા છોડ ઉપર કરા પડે."~
23 પછી મૂસાએ પોતાની લાકડી આકાશ ભણી ઊંચી કરી એટલે યહો-
વાએ વીજળીના કડાકા સાથે જમીન પર કરા વરસાવ્યા અને કરા
આખા મિસર દેશ પર પડયા.~ 24 કરા પડી રહ્યાં હતા અને કરાની સાથે
વીજળી ઝબકારા માંરતી હતી. મિસર દેશ રાષ્ટ્ર બન્યો ત્યારથી આજસુ-
ધી કદી ન પડયો હોય એવો ભારે કરાનો વરસાદ આખા દેશમાં પડયો.~
25 તોફાનને કારણે મિસરના ખેતરોમાં જે કાંઈ હતું તે બધાનો નાશ થઈ
ગયો. કરાના કારણે આખા મિસર દેશમાં માંણસો, પશુઓ, તથા જે કાંઈ
ખેતરમાં હતુ તે બધુ કરાના માંરથી નાશ પામ્યું. કરાએ ખેતરમાંના એકે-
એક છોડને તેમ જ એકેએક ઝાડને ભોંયભેગાં કરી દીધાં.~ 26 ગોશેન
પ્રાંતમાં જ્યાં ઇસ્રાએલીઓ રહેતા હતા ત્યાં જ ફક્ત કરા ન પડયા.~
27 પછી ફારુને મૂસા અને હારુનને બોલાવડાવ્યા, અને કહ્યું, "આ વખ-
તે મેં પાપ કર્યુ છે, યહોવા સાચા છે અને હું તથા માંરી પ્રજા ગુનેગાર
છીએ.~ 28 તમે યહોવાને અરજ કરો, કારણ કે આ કરા અને કટકાથી
અમે ઘરાઈ ગયા છીએ. હું તમને જવા દઈશ, હવે તમાંરે અહીં રોકાવું
નહિ પડે."~ 29 મૂસાએ ફારુનને કહ્યું, "જ્યારે હું નગર છોડીશ ત્યારે હું
પ્રાર્થના માંટે યહોવાની આગળ માંરા હાથ લંબાવીશ. એટલે વીજળીના
કડાકા બંધ થઈ જશે. અને કરા પણ નહિ પડે. આ પરથી તને ખબર
પડશે કે આખા જગતનો માંલિક યહોવા છે.~ 30 પણ મને ખબર છે કે
તમે અને તમાંરા અમલદારો હજુ પણ યહોવાથી ગભરાતા નથી અને તે-
મનું સન્માંન પણ કરતા નથી."~ 31 શણ અને જવનો તો ઘાણ વળી
ગયો હતો. કારણ કે જવને કંટી આવી હતી અને શણને ફૂલબેઠાં હતાં.~
32 પરંતુ ઘઉ અને કઠોળ મોડાં થાય છે એટલે તે ખૂંદાઈ ગયાં નહિ.~
33 મૂસા ફારુનને છોડીને નગર બહાર આવ્યો. અને યહોવા સમક્ષ પો-
તાના હાથ લંબાવી પ્રાર્થના કરી. એટલે કડાકા અને કરા પડતા બંધ
થઈ ગયા.~ 34 પછી જ્યારે ફારુને જોયું કે વર્ષા, કરા અને કડાકા બંધ
થઈ ગયા એટલે ફરીથી તેણે ખોટું કર્યુ. તે અને તેના અમલદારો ફરીથી
હઠે ચડયા.~ 35 ફારુને ઇસ્રાએલના લોકોને સ્વતંત્ર રીતે જવા દેવાની
ના પાડી દીધી. યહોવાએ મૂસાને કહ્યું હતું બરાબર તે જ પ્રમાંણે થયું.

10 પછી યહોવાએ મૂસાને કહ્યું, "તું ફારુન પાસે જા. કારણ મેં તેને
અને તેના અમલદારોને એટલા માંટે હઠાગ્રહી બનાવ્યા છે કે જે-

થી હું તેમને મારા શક્તિશાળી ચમત્કાર બતાવી શકું."~ 2 અને તું તારા
પુત્રને અને પૌત્રોને કહી શકે કે મેં આ મિસરના લોકોને કેવી સખત
સજા આપી હતી, અને મેં તેમને શું ચમત્કાર બતાવ્યા હતા. આથી તમ-
ને ખબર પડશે કે હું જ યહોવા છું."~ 3 એટલા માટે મૂસા અને હારુન ફા-
રુન પાસે ગયા અને કહ્યું, "હિબ્રૂઓના દેવ યહોવા આ કહે છે; 'તું ક્યાં
સુધી મારી આજ્ઞાનું પાલન કરવા ના કરીશ? મારા લોકોને મારી ઉપાસ-
ના કરવા જવા દે.~ 4 ધ્યાન રાખ, જો તું મારા લોકોને મારી ઉપાસના
કરવા જવા દેવાની ના પાડશે તો યાદ રાખજે આવતી કાલે હું તારા દેશ-
માં તીડો લાવીશ.~ 5 અને તે લોકો જમીનને એવી ઢાંકી દેશે કે કોઈ
જમીન જોવા જ પામશે નહિ. અને કરાની વર્ષા પછી તારી પાસે જે કાંઈ
વધ્યું છે, તે તેઓ ખાઈ જશે; તેઓ તારા ખેતરમાંનું એકેએક વૃક્ષ ખાઈ
જશે.~ 6 તેઓ તારા મહેલોને તથા તારા અમલદારોના અને તમાંમ મિ-
સરવાસીઓનાં ઘરોને ભરી દેશે. તારા પિતૃઓએ મિસરમાં રહેવાનું શરુ
કર્યુ ત્યારથી કદી ન જોયા હોય તેના કરતા વધારે તીડો હશે.'" ત્યાર-
બાદ મૂસા ફારુન પાસેથી ચાલ્યો ગયો.~ 7 ફારુનના અમલદારોએ તેને
કહ્યું, "અમે ક્યાં સુધી આ લોકોની જાળમાં ફસાએલા રહીશું? એ લોકોને
એમના દેવ યહોવાની ઉપાસના કરવા જવા દો. તમે એમને જવા નહિ
દો તો, તમને ખબર પડે તે પહેલા, મિસરનો વિનાશ થઈ જશે!"~ 8 એટ-
લે મૂસાને અને હારુનને ફારુન પાસે પાછા બોલાવવામાં આવ્યા. પછી
ફારુને તેમને કહ્યું, "ભલે, તમે જાઓ અને તમારા દેવ યહોવાની ઉપા-
સના કરો, પણ તમે કોણ કોણ જશો?"~ 9 મૂસાએ જવાબ આપ્યો,
"અમારા યુવાન અને વૃદ્ધ બધાંજ જશે; અને અમે અમારા પુત્રપુત્રીઓ
તથા ઘેટાંબકરાં અને ઢોરને પણ લઈ જઈશું. અમે બધાં જ જઈશું, કારણ
એ અમારા માટે અમારા યહોવાનો ઉત્સવ છે."~ 10 ફારુને તેમને કહ્યું,
"હું તમને અને તમારાં સર્વ બાળબચ્ચાંને મિસરમાંથી જવા દઉ તે પહે-
લા દેવ ખરેખર તમારી સાથે હોવા જોઈયે. મને લાગે છે કે તમે કઈ
ખરાબ વિચારી રહ્યાં છો.~ 11 ના ભાઈ ના, જાઓ, એકલા પુરુષો જાઓ
અને યહોવાની ઉપાસના કરો. એટલી જ તમારી માંગણી હતી. હવે
તમારા બધાજ લોકો જઈ શકે નહિ." પછી ફારુને મૂસા અને હારુનને
જવા દીધાં.~ 12 પછી યહોવાએ મૂસાને કહ્યું, "મિસરની ભૂમિ પર તારો
હાથ ફેલાવ એટલે મિસર ઉપર તીડો આવશે. તીડો મિસરની તમાંમ ભૂ-
મિ પર પ્રસરી જશે અને કરાથી બચી ગયેલાં તમાંમ વૃક્ષો અને છોડોને
ખાઈ જશે."~ 13 મૂસાએ પોતાની લાકડીને મિસર દેશ પર ઉઠાવી અને
યહોવાએ તે આખો દિવસ અને આખી રાત પૂર્વ તરફથી પવન ફૂંકાવ્યો,
અને સવાર થતાં સુધીમાં તો એ તોફાની પૂર્વનો પવન તીડોના ટોળાં
લઈ આવ્યો.~ 14 સમગ્ર મિસર પર તીડો ચડી આવ્યાં અને દેશભરમાં
પ્રવેશી અને ભૂમિ પર બેસી ગયાં. આવાં તીડોનાં ટોળાં અગાઉ કદી
આવ્યાં નહોતાં અને ભવિષ્યમાં કદાપિ આવશે નહિ.~ 15 તીડોનાં ટોળે
ટોળાં સમગ્ર ભૂમિ પર છવાઈ ગયા અને ધરતી કાળી કાળી થઈ ગઈ.
કરામાંથી બચી ગયેલા મિસર દેશના તમાંમ છોડો અને વૃક્ષો ઉપરનાં
બધાંજ ફળ તેઓ ખાઈ ગયાં. સમગ્ર મિસર દેશનાં લીલાં વૃક્ષો અને છો-
ડો નામશેષ થઈ ગયા. કોઈ પણ છોડ પર એકે પાંદડું રહ્યું નહિ.~ 16 ફા-
રુને મૂસા અને હારુનને વહેલા બોલાવડાવ્યા, અને તેણે કહ્યું, "મેં
તમારા દેવ અને તમારી વિરુદ્ધ પાપ કર્યુ છે.~ 17 આ વાર મારો ગુનો
માફ કરો, અને તમારા દેવ યહોવાને પ્રાર્થના કરો અને તેમને અરજ કરો
કે તે મને આ "મોત" ના તીડો મારામાંથી બહાર કાઢે."~ 18 મૂસા ફારુન-
ની પાસેથી વિદાય થયો અને તેણે યહોવાને પ્રાર્થના કરી.~ 19 એટલે
યહોવાએ પવનની દિશા બદલી નાંખી; અને પશ્ચિમમાંથી ભારે તોફાની
પવન ફૂંકાવા લાગ્યો. અને તેણે તીડોને ઉપાડીને રાતા સમુદ્રમાં હાંકી
કાઢયાં. સમગ્ર મિસરમાં એક પણ તીડ રહ્યું નહિ.~ 20 પરંતુ યહોવાએ
ફારુનને વળી પાછો હઠાગ્રહી બનાવ્યો અને તેણે ઈસ્રાએલીઓને જવા
ન દીધા.~ 21 પછી યહોવાએ મૂસાને કહ્યું, "તારા હાથોને આકાશ તરફ
ફેલાવ. એટલે ગાઢ અંધકાર મિસર દેશને ઢાંકી દેશે, એ અંધકાર એટલો
બધો ગાઢ હશે કે તમે તેને સ્પર્શ કરીને અનુભવી શકશો."~ 22 એટલે
મૂસાએ હવામાં આકાશ તરફ હાથ ઉગામ્યો અને પ્રગાઢ અંધકારે મિસર
દેશને ઢાંકી દીધો. મિસરમાં ત્રણ દિવસ સુધી અંધકાર રહ્યો.~ 23 કોઈ
પણ વ્યક્તિ બીજા કોઈને જોઈ શકતી ન હતી. અને ત્રણ દિવસ સુધી
કોઈ પોતાની જગ્યાએથી ઊભું થઈ શક્યું નહિ, પરંતુ તે બધી જ
જગ્યાઓ પર જ્યાં ઈસ્રાએલના લોકો રહેતા હતા ત્યાં પ્રકાશ હતો.~
24 ફારુને મૂસાને ફરી બોલાવ્યો અને કહ્યું, "જાઓ, અને યહોવાની
ઉપાસના કરો. તમે તમારી સાથે તમારા બાળકોને પણ લઈ જઈ શકો
છો. ફકત તમારાં ઘેટાંબકરાં અને ઢોરને પાછળ મૂકતા જજો."~ 25 મૂસા
એ કહ્યું, "અમે અમારા ઘેટાંબકરાં અને ઢોર અમારી સાથે લઈ જઈશું
એટલું જ નહિ પરંતુ જ્યારે અમે લોકો જઈશું ત્યારે તમે અમને યજ્ઞ માટે-
ના અર્પણો પણ આપશો અને અમે લોકો એ અર્પણોનો દેવ યહોવાની
ઉપાસના માટે ઉપયોગ કરીશું.~ 26 અમે લોકો અમારાં ઢોર અમારી સાથે
અમારા દેવ યહોવાની ઉપાસના માટે લઈ જઈશું. એક પણ ઢોરના પગ-
ની ખરી પાછળ રહેવી જોઈએ નહિ. અમારા ઢોરોમાંથી અમે અમારા દેવ
યહોવાને યજ્ઞ ચઢાવવાના છીએ, અને જ્યાં સુધી અમે તે જગ્યાએ
પહોંચીએ નહિ ત્યાં સુધી અમને કેવી રીતે ખબર પડે કે અમારે યહોવાને
શું અર્પણ કરવાનું છે?" તેથી આ બધી જ વસ્તુઓ તો જરૂર અમે અમારી
સાથે લઈ જઈશું."~ 27 યહોવાએ ફારુનને પાછો હઠાગ્રહી બનાવ્યો, તે-
થી ફારુને તેમને જવા દેવા માટે ના પાડી.~ 28 પછી ફારુને મૂસાને
કહ્યું, "મારી પાસેથી દૂર હઠ, હું નથી ઈચ્છતો કે તું ફરીવાર અહીં આવે.
એમ છતાં જો તું મને મળવા આવીશ તો માર્યો જઈશ, ખબરદાર! મને
ફરી મોઢું બતાવ્યું તો! અને જો બતાવ્યું તો તે જ દિવસે મૂઓ જાણજે."~
29 પછી મૂસાએ ફારુનને કહ્યું, "તું જે કહે છે તે સાચું છે. હું ફરીથી તમને
મળવા કદાપી આવીશ નહિ."

11 ત્યારે યહોવાએ મૂસાને કહ્યું, "હજી ફારુન અને મિસરની વિરુ-
દ્ધ હું એક વધારે આફત લાવીશ. ત્યાર પછી તે તમને લોકોને
અહીંથી જવા દેશે; નિશ્ચે તે તમને બધાંને અહીંથી જવા માટે અરજ કર-
શે.~ 2 તમે ઈસ્રાએલના લોકોને આ સંદેશો અવશ્ય આપજો; 'પ્રત્યેક પુ-
રુષ પોતાના પડોશી પાસે અને પ્રત્યેક સ્ત્રી પોતાની પડોશણ પાસે
સોનાચાંદીના અલંકારો માંગી લે. અને~ 3 યહોવા મિસરવાસીઓના હૃ-
દયમાં ઈસ્રાએલી લોકો માટે સદભાવ પેદા કરશે. મિસરના અમલદારો
અને લોકો મૂસાને બહુ મોટો માંનવ માંનવા લાગ્યા.'"~ 4 મૂસાએ લોકો-
ને કહ્યું, "યહોવા એમ કહે છે કે, 'આજે મધરાત્રે હું મિસરમાંથી પસાર
થઈશ.~ 5 અને મિસરમાં પહેલા ખોળાનાં બધાંજ બાળકોનાં મૃત્યુ થશે.
રાજગાદી ઉપર બેસનાર ફારુનના પ્રથમજનિત રાજકુમારથી માંડીને
ઘંટીએ દળણાં દળનારી દાસીના પ્રથમજનિત સુધીનાં તમાંમ ઉપરાંત
પશુઓનાં પણ બધાંજ પ્રથમજનિત બચ્ચાં પણ મૃત્યુ પામશે.~ 6 અને
સમગ્ર મિસર દેશમાં ભારે રડારોળ થશે, તે પહેલાં કદી ન હતો એના કર-
તા વધારે ખરાબ હશે અને ભવિષ્યમાં કદી થશે નહિ.~ 7 પરંતુ ઈસ્રાએ-
લના કોઈ પણ મનુષ્યને કશી પણ ઈજા થશે નહિ. કૂતરું પણ તેમની
સામે ભસશે નહિ, ઈસ્રાએલના કોઈ પણ માંણસ અથવા તેમના કોઈ
પણ જાનવરોને ઈજા થશે નહિ. એના પરથી તમે જાણી શકશો કે યહો-
વા મિસરીઓ તથા ઈસ્રાએલ પુત્રો વચ્ચે ભેદ રાખે છે.~ 8 અને પછી
તમારા આ બધાજ ચાકરો, મિસરવાસીઓ માંથા નમાંવીને મારી પૂજા
કરશે. તેઓ કહેશે કે, "ચાલ્યા જાઓ! તમારા બધાં લોકોને તમારી સાથે
લઈ જાવ" અને પછી હું ક્રોધથી ફારુન પાસેથી નીકળી જઈશ.'"~
9 પછી યહોવાએ મૂસાને કહ્યું, "ફારુને તમારી વાત સાંભળી નથી, કેમ?
તેથી હું મિસર દેશમાં વધુ મહાન પરચા બતાવી શકું."~ 10 અને એ જ
કારણે મૂસાએ અને હારુને ફારુનના દેખતાં જ આ બધા ચમત્કારો કરી
બતાવ્યા. અને યહોવાએ ફારુનને હઠાગ્રહી બનાવ્યો અને તેણે ઈસ્રા-
એલી લોકોને પોતાના દેશની બહાર જવા દીધા નહિ.

12 મૂસા અને હારુન જ્યારે મિસરમાં હતા ત્યારે યહોવાએ તેમને
કહ્યું,~ 2 "તમારા લોકો માટે આ મહિનો વર્ષનો પહેલો મહિનો
ગણાશે.~ 3 ઈસ્રાએલના આખા સમાંજને આદેશ છે કે: આ મહિનાના
દશમાં દિવસે પ્રત્યેક વ્યક્તિ પોતાના પરિવારના માટે એક ઘેટાનુ
બચ્ચું પ્રાપ્ત કરશે.~ 4 અને જો પૂરતાં પ્રમાંણમાં પરિવારમાં એક હલવા-
નને ખાઈ શકે તેટલા માંણસો ના હોય તો પોતાના કેટલાક પડોશીઓને
નિમંત્રણ આપવું. પ્રત્યેક વ્યક્તિને પુરતું ખાવા મળી રહે તેટલું હલવા-
નનું માંસ હોવું જોઈએ.~ 5 તમે પસંદ કરેલ હલવાન ખોડ-ખાંપણ વગર-
નું એક વર્ષનું નરજાતિનું અને તે ઘેટા અથવા બકરામાંથી જ પસંદ કરવું
જોઈએ.~ 6 તમારે આ હલવાનને મહીનાના ચૌદમાં દિવસ સુધી સંભા-
ળપૂર્વક રાખવું જોઈએ. તે દિવસે ઈસ્રાએલી સમાંજના તમાંમ લોકો

સંધ્યાકાળે તેમનાં હલવાનનો વધ કરશે.~ 7 તમારે તે હલવાનોનું લોહી
ભેગું કરવું જોઈએ. જે જે ઘરમાં એ ખાવાનું હોય તે તે ઘરની બંને બાર-
સાખ ઉપર અને ઓતરંગ ઉપર છાંટવું જોઈએ.~ 8 "તે જ રાત્રે તમારે
હલવાનના માંસને શેકી લેવું અને પછી બેખમીર રોટલી તથા કડવી
ભાજી સાથે ખાવું.~ 9 અને એ માંસ કાચુ કે પાણીમાં બાફીને ન ખાવું.
પણ પગ, માંથું, અને આંતરડા સાથે શેકીને ખાવું.~ 10 તે જ રાત્રે બધું જ
માંસ ખાઈ લેવું જોઈએ. અને જો એમાંનું કંઈ સવાર સુધી રહે તો તે
માંસને તમારે આગમાં બાળી મૂકવું.~ 11 "અને તે તમારે આ રીતે જ ખા-
વું જોઈએ; તમારે યાત્રામાં જતા હોય તેવા કપડા પહેરવા, પગમાં પગર-
ખાં પહેરીને, હાથમાં લાકડી લઈને, ઉતાવળે ઉતાવળે ખાવું, કેમકે આ
દેવનુ દુર્લક્ષ છે-એ સમય જ્યારે દેવે પોતાનાં લોકોનું રક્ષણ કર્યુ અને તે-
મને વહેલા મિસરની બહાર લઈ ગયા.~ 12 "આજે રાત્રે હું મિસરમાં થઈને
જઈશ, અને આખા મિસર દેશનાં બધાં પ્રથમજનિત બાળકોને મારી ના-
ખીશ. પછી તે માંણસ હોય કે પશુ: મિસરના બધા દેવોને પણ હું સજા
કરીશ. અને હું તેમને બતાવીશ કે હું યહોવા છું.~ 13 પરંતુ તમાંરા ઘર
ઉપર લાગેલું એ લોહી એ તમે ત્યાં રહ્યાં છો તેની નિશાની બની રહેશે
અને જ્યારે હું લોહી જોઈશ એટલે તમને છોડીને આગળ ચાલ્યો જઈશ.
હું મિસરના લોકો માંટે વિનાશક કાર્યો કરીશ પણ તેમાંના કોઈ પણ
ખરાબ રોગો તમાંરો નાશ નહિ કરે.~ 14 તેથી તમે લોકો આજની આ રા-
તનું સદા સ્મરણ કરશો, અને તમારે એને યહોવાના ઉત્સવ તરીકે ઊજ-
વવો. અને નિત્ય નિયમાંનુસાર તમાંરા વંશજોએ યહોવાના માંનમાં તે-
ની ઊજવણી કરવી.~ 15 "આ પવિત્ર પર્વના સાત દિવસો સુધી તમારે
બેખમીર રોટલી ખાવી. આ પવિત્ર પર્વના પહેલે દિવસે પોતપોતાના
ઘરોમાંથી બધું જ ખમીર હઠાવી દેવું. અને જો કોઈ વ્યક્તિ આ સાત દિ-
વસ સુધી ખમીરવાળી રોટલી ખાય તો તેને ઈસ્રાએલથી જુદો કરવામાં
આવશે.~ 16 આ પવિત્ર પર્વના પ્રથમ દિવસે અને સાતમાં અંતિમ દિવ-
સે પવિત્ર ધર્મસભાઓ ભરવી. એ દિવસો દરમ્યાન બીજું કોઈ કામ કરવું
નહિ. માંત્ર પ્રત્યેકને જમવા માંટે રસોઈ તૈયાર કરવી.~ 17 તમારે બેખ-
મીર રોટલીનું પર્વ ઉજવવું, કારણ કે એ જ દિવસે મેં તમાંરા લોકોને ટુક-
ડીવાર મિસર દેશમાંથી બહાર કાઢયાં હતાં, તેથી એ દિવસે તમાંરા વંશ-
જોએ કાનૂન પાળવો.~ 18 પ્રથમ મહિનાના ચૌદમાં દિવસની સાંજથી
માંડીને તે માંસના એકવીસમાં દિવસની સાંજ સુધી તમારે બેખમીર રો-
ટલી ખાવી.~ 19 સાત દિવસ સુધી તમાંરા ઘરમાં ખમીર હોવું જોઈએ
નહિ. જો કોઈ વ્યક્તિ ખમીરવાળી વસ્તુ ખાશે તો તેનો ઈસ્રાએલી
સમાંજમાંથી બહિષ્કાર કરવામાં આવશે. પછી તે દેશનો વતની હોય કે
વિદેશનો હોય.~ 20 20~ખમીરવાળી કોઈ પણ વસ્તુ તમારે ખાવી નહિ
અને તમાંરાં બધાં જ ઘરોમાં તમારે બેખમીર રોટલી જ ખાવાની છે."~
21 તેથી મૂસાએ બધા જ વડીલોને એક જગ્યાએ બોલાવ્યા અને તેમને
કહ્યું, "જાઓ, તમાંરા પરિવાર પ્રમાંણે હલવાન લઈ આવો અને એ પા-
સ્ખાના બલિને કાપો.~ 22 પછી પાંદડાનો ઝુફો લઈને રકતના કૂંડામાં
બોળી ઓતરંગને અને બન્ને બારસાખ પર તે રકત લગાડજો, અને સવાર
સુધી તમાંરામાંથી કોઈએ ઘરમાંથી બહાર નીકળવું નહિ.~ 23 કારણ કે
મિસરવાસીઓના બધાં પ્રથમ જનિતોનો સંહાર કરવા યહોવા દેશમાંથી
પસાર થશે. અને તે સમયે તેઓ તમાંરા ઘરની બે બારસાખ પર અને
ઓતરંગ પર રકત જોશે એટલે તે તમાંરું બારણું ટાળીને આગળ જશે
અને મોતના દેવદૂતને તમાંરા ઘરમાં પ્રવેશીને કોઈનો સંહાર કરવા દેશે
નહિ.~ 24 તમે લોકો આ વિધિને સદા યાદ રાખજો. આ નિયમ તમાંરા
પોતાને માંટે અને તમાંરા વંશજોને માંટે કાયમી નિયમ તરીકે સમજીને
પાળજો.~ 25 અને યહોવાએ તમને જે દેશ આપવાનું વચન આપેલું છે તે
દેશમાં તમે પહોંચો ત્યારે પણ તમારે આ નિયમનું પાલન કરવું.~
26 જ્યારે તમને લોકોને તમાંરાં બાળકો પૂછશે, 'આપણે આ ઉત્સવ શા
માંટે ઉજવીએ છીએ?'~ 27 ત્યારે તમે લોકો કહેશો, 'એ તો યહોવાના
માંનમાં પાસ્ખા યજ્ઞ છે, કારણ કે જ્યારે યહોવાએ મિસર વાસીઓનો
સંહાર કર્યો, ત્યારે આપણાં ઘરોને ટાળીને આગળ ચાલ્યા જઈને તેમણે
આપણાં ઘરોને ઉગારી લીધાં હતા."ત્યારે ઈસ્રાએલીઓએ મસ્તક
નમાંવી પ્રણામ કર્યા. 28 યહોવાએ આ આદેશ મૂસાને અને હારુનને
આપ્યો હતો. તેથી ઈસ્રાએલના લોકોએ યહોવાના આદેશ પ્રમાંણે
કર્યુ.~ 29 અને મધરાતે યહોવાએ મિસર દેશના બધાં જ પ્રથમજનિત
બાળકોનો-ગાદી ઉપર બેસનારા ફારુનના પાટવીકુંવરથી માંડીને જેલ-
માં કેદ કરાયેલા કેદીઓના પ્રથમજનિત સુધીના તમાંમ ઉપરાંત ઢોરોનો
પણ બધાં જ પ્રથમજનિત બચ્ચાંઓનો સંહાર કર્યો.~ 30 ફારુન અને
તેના બધાં જ અમલદારો તથા બધા મિસરવાસીઓ મધરાતે જાગી
ઊઠયા. સમગ્ર મિસરમાં ભયંકર આક્રંદ હતો. કારણ કે જેના ઘરમાં કોઈ
પ્રથમજનિત પુત્રનું મરણ ન થયું હોય, એવું કોઈ ઘર મિસરમાં નહોતું.~
31 એટલે તે રાત્રે ફારુને મૂસાને અને હારુનને બંનેને તેડાવી મંગાવ્યા
અને કહ્યું, "તૈયાર થઈ જાઓ, અને માંરી પ્રજામાંથી ચાલ્યા જાઓ! તમે
અને ઈસ્રાએલીઓ બંન્ને જાઓ, અને તમે જે કહ્યું હતું તે પ્રમાંણે યહોવા-
ની ઉપાસના કરો.~ 32 અને તમાંરા કહ્યાં પ્રમાંણે તમે તમાંરાં ઘેટાંબકરાં
અને ઢોરઢાંખર પણ લઈ જાઓ, માંરી વિદાય લો, અને મને આશિષ
આપો."~ 33 મિસરવાસીઓ, એ લોકોને જેમ બને તેમ વહેલા દેશ છોડી
જવા દબાણ કરીને કહેવા લાગ્યા, "જો તમે લોકો નહિ જાઓ તો અમે
બધા મરી જઈશું."~ 34 ઈસ્રાએલના લોકો પાસે રોટલીના લોટમાં ખમીર
નાખવા જેટલો પણ સમય ન હતો, તેથી તે લોકોએ આથો ચડયા વગ-
રનો જ લોટ અને કથરોટ ચાદરમાં બાંધીને ખભે લઈ લીધું.~ 35 પછી
ઈસ્રાએલના લોકોએ મૂસાના કહ્યા પ્રમાંણે કર્યુ, "તેમણે પોતાના પડો-
શીઓ પાસેથી સોનાચાંદીના ઘરેણાં અને વસ્ત્રો માંગી લીધાં હતાં.~
36 યહોવાએ મિસરવાસીઓના હૃદયમાં એ લોકોના માંટે સદભાવ પેદા
કર્યો હતો, તેથી તેઓએ ઈસ્રાએલીઓએ જે જે માંગ્યું તે તેમણે આપ્યું.
આમ ઈસ્રાએલી લોકોને મિસરવાસીઓનું ધન પ્રાપ્ત થયું.~ 37 ઈસ્રાએલ-
ના લોકો પગપાળા રામસેસથી સુક્કોથ જવા નીકળ્યા. લગભગ
6,00,000 પુરુષો અને સ્ત્રી બાળકો તો જુદાં હતાં.~ 38 જુદી જુદી જાત-
ના લોકો મોટી સંખ્યામાં તેમની સાથે આવ્યા. અને પુષ્કળ ઘેટાંબકરાં
અને ઢોરઢાંખર પણ હતાં.~ 39 પરંતુ લોકો પાસે લોટમાં ખમીર નાખવા-
નો સમય ન હતો, તેથી મિસરથી જે લોટ લાવ્યા હતા તેની બેખમીર રો-
ટલી બનાવી. આથો ચડયો નહોતો, કારણ કે તેમને મિસરમાંથી એક-
દમ હાંકી કાઢવામાં આવ્યા હતા; તેમને ભાથું તૈયાર કરવાનો પણ
સમય મળ્યો નહોતો.~ 40 ઈસ્રાએલના લોકો મિસરમાં~430 વર્ષ રહ્યાં
હતા.~ 41 અને~430 વર્ષ પૂરાં થતાં જ તે જ દિવસે યહોવાના લોકોની
બધી ટુકડીઓ મિસર દેશમાંથી ચાલી નીકળી.~ 42 તે આ એક બહુ જ
ખાસ રાતે લોકોએ યાદ રાખવું કે દેવે શું કર્યું હતું. ઈસ્રાએલનાં સર્વ લોકો
તે રાતને હમેશા યાદ રાખશે.~ 43 પછી યહોવાએ મૂસાને અને હારુનને
કહ્યું, "આ પાસ્ખાનો વિધિ છે. કોઈ પણ વિદેશી પાસ્ખાનું ખાઈ શકે
નહિ.~ 44 પરંતુ જો કોઈ વ્યક્તિ પૈસા આપીને ચાકર ખરીદશે અને જો
તેની સુન્નત કરશે તો તે ચાકર તેમાંથી ખાઈ શકશે.~ 45 કોઈ પરદેશી
બહારથી આવીને તમાંરા દેશમાં વસ્યો હોય અથવા કોઈ માંણસ પગાર-
થી કામ કરતો હોય તો તે માંણસ કે મજૂર પણ એ ખાઈ શકે નહિ.~
46 "દરેક પરિવારે પસાર થયેલું જમણ ઘરમાં ખાવું, જરાપણ માંસ તમારે
બહાર લઈ જવાનું નથી. તમારે બલિનું એક હાડકુ સુધ્ધાં ભાગવું નહિ.~
47 સમગ્ર ઈસ્રાએલી સમુદાય આ ઉત્સવને અવશ્ય પાળે અને ઉજવે.~
48 પણ કોઈ વિદેશી તમાંરી સાથે રહેતો હોય અને તે જો તમાંરી પાસે
યહોવાના માંનમાં પાસ્ખાપર્વ પાળવા માંગતો હોય તો તે તેના પરિવાર-
ના બધા પુરુષોની સુન્નત કરાવ્યા પછી તે પર્વમાં જોડાઈ શકે; તેને દેશ-
નો જ વતની માંનવો. પરંતુ સુન્નત કરાવ્યા વિનાના કોઈ પણ માંણસે
તે ખાવું નહિ.~ 49 દેશમાં જન્મ ધારણ કરનાર વતનીઓ માંટે અને
તમાંરી સાથે રહેતા વિદેશીઓ માંટે પણ નિયમો તો એક જ રહેશે."~
50 ઈસ્રાએલના બધા લોકોએ એમ જ કર્યુ, યહોવાએ મૂસાને અને હારુ-
નને આજ્ઞા કરી હતી તે પ્રમાંણે તેમણે કર્યુ,~ 51 અને તે જ દિવસે યહો-
વા ઈસ્રાએલી લોકોને જૂથોમાં મિસર દેશમાંથી બહાર કાઢી લાવ્યા.~

13 પછી યહોવાએ મૂસાને કહ્યું,~ 2 "પ્રત્યેક ઈસ્રાએલીઓએ તેમ-
નાં બધાં જ પ્રથમજનિત બાળકો મને સમર્પિત કરવાં. હવે
ઈસ્રાએલીઓમાં જે કોઈ પ્રથમ પ્રસવનું હોય, પછી તે માંણસ હોય કે
પશુ હોય તે માંરું ગણાશે."~ 3 મૂસાએ લોકોને કહ્યું, "તમે આ દિવસને
યાદ રાખજો, જે દિવસે તમે મિસરમાંથી ગુલામીના દેશમાંથી બહાર ની-
કળ્યા છો, યહોવાએ પોતાના બાહુબળથી બહાર લાવ્યા છે, તેથી કોઈ
પણ ખમીરવાળી વસ્તુ ખાશો નહિ.~ 4 આજે તમે આબીબ મહિનામાં
નીકળ્યાં છો.~ 5 અને જ્યારે યહોવા તમને કનાનીઓ, હિત્તીઓ, અમો-

રીઓ, હિવ્વીઓ, અને યબૂસીઓના દેશમાં લઈ જાય-તેણે તમાંરા પિતૃ-
ઓને જે દેશ તમને આપવાનું વચન આપ્યું હતું અને જયાં દૂધ અને
મધની રેલછેલ છે, ત્યાં લઈ જાય, ત્યારે તમારે ઉપાસના આ માંસમાં
કરવાની છે.~ 6 “સાત દિવસ સુધી તમે ખમીર વગરની રોટલી ખાજો.
સાતમે દિવસે એક મોટો ભોજન સમારંભ થશે, એ ઉત્સવ યહોવાના
સન્માંનમાં યોજાશે.~ 7 તેથી સાત દિવસ સુધી તમારે ખમીર વગરની જ
રોટલી ખાવી. તમાંરા આખા પ્રદેશમાં ક્યાંય પણ ખમીરવાળી રોટલી
બિલકુલ હોવી જોઈએ નહિ.~ 8 તે દિવસે તમારે તમાંરાં બાળકોને કહેવું
કે, ‘અને મિસરમાંથી બહાર લાવ્યા ત્યારે યહોવાએ અમાંરા માંટે જે કર્યુ
હતું તે માંટે અમે આ ઉત્સવ ઉજવી રહ્યાં છીએ.’~ 9 “અને આ ઉત્સવ
તમાંરા હાથ પરના એંધાણી અને તમાંરા કપાળ પરના સ્મરણચિહ્ન જે-
વા બનીને રહેશે, તે તમાંરી આંખો સામે એક ચિહ્ન તરીકે રહેશે, આ પર્વ
તમને યહોવાનો ઉપદેશ યાદ રખાવશે. તે તમને યાદ રખાવશે કે યહોવા
તેમની મહાન શક્તિથી તમને મિસરમાંથી બહાર લઈ આવ્યા હતા.~
10 એટલા માંટે તમાંરે આ ઉત્સવ દર વર્ષે નિયત સમયે યાદ કરીને પા-
ળવો.~ 11 “યહોવા તમને અને તમાંરા વડવાઓને વચન આપ્યા પ્ર-
માંણે તમને કનાનીઓના દેશમાં લઈ જશે અને દેવ તે દેશ તમને
તમાંરા પિતૃઓને આપેલ વચન મુજબ આપશે.~ 12 જ્યારે તમને દેવ
આ પ્રદેશ આપે ત્યાર બાદ તમે બધા તમાંરા પ્રથમજનિત પુત્રને યહો-
વાને સમર્પિત કરવાનું યાદ રાખજો. અને તમાંરાં પશુઓનાં પ્રથમ વેતર-
નાં બધાં નર બચ્ચાઓ યહોવાને સમર્પિત થવા જોઈએ.~ 13 પ્રત્યેક
ગધેડાંનું પ્રથમ બચ્ચુ તેની જગ્યામાં એક હલવાન અર્પણ કરીને, યહો-
વા પાસેથી પાછું મેળવી શકાય છે. તમે લોકો જો ન છોડાવો તો તમાંરે
તેની ડોકી ભાંગી નાખવી. તે ભોગ બનશે. તમાંરે પ્રત્યેક પ્રથમ જન્મેલો
નર સંતાન દેવ પાસેથી પાછો ખરીદવાનો છે.~ 14 “ભવિષ્યમાં તમાંરાં
બાળકો કદાચ પૂછશે કે, ‘આનો અર્થ શો? તમે આ કેમ કરો છો?’ ત્યારે
તમાંરે કહેવું કે, ‘પોતાના બાહુબળથી યહોવા અમને મિસરમાંથી ગુલા-
મીના દેશમાંથી બહાર કાઢી લાવ્યા હતા.~ 15 ફારુન હઠે ચડયો હતો,
તેથી તેણે અમને બહાર જવા દેવાની ના પાડી, ત્યારે યહોવાએ મિસર
દેશનાં બધાં પ્રથમ જન્મેલાં સંતાનોને, માંણસનાં અને ઢોરનાં બંનેનાં
પહેલાં સંતાનોને માંરી નાંખ્યાં હતાં, તેથી અમે પ્રથમજનિત બધાં નર
પશુઓ યહોવાને અર્પણ કરીએ છીએ, પણ અમાંરા પુત્રોમાંના અર્પણ
કરેલા સર્વ પ્રથમજનિતોને અમે નાણાં આપીને છોડાવીએ છીએ.’~
16 અને એ ઉત્સવ તમાંરા હાથ પર ચિહનરૂપ તથા તમાંરી આંખોની
વચ્ચે કપાળ પર ચાંદરૂપ બની રહેશે; કારણ કે યહોવા આપણને પોતા-
ના બાહુબળથી મિસરની બહાર લઈ આવ્યા હતા એની એ સ્મૃતિ બની
રહેશે.”~ 17 જ્યારે ફારુને લોકોને જવા દીધા ત્યારે એમ બન્યું કે યહોવા
તેમને પલિસ્તીઓના દેશમાં થઈને જવાનો રસ્તો ટૂંકો હોવા છતાં તે
રસ્તે તેમને લઈ ગયા નહિ. કારણ કે યહોવાએ વિચાર્યુ કે, “જો યુદ્ધ થાય
તો કદાચ લોકો પોતાનો વિચાર બદલી પાછા મિસર ચાલ્યા જાય.”~
18 એટલે યહોવા તેમને બીજા રસ્તેથી લઈ ગયા. રેતીના રણપ્રદેશને
રસ્તે રાતા સમુદ્ર તરફ દેવ તેમને લઈ ગયા. મિસર છોડ્યું ત્યારે ઈસ્રા-
એલ પુત્રો શસ્ત્રસજજ હતા.~ 19 મૂસાએ યૂસફનાં હાડકાં સાથે લઈ લી-
ધાં હતાં. યૂસફે ઈસ્રાએલ પુત્રોની પાસે એના માંટે આ કરવા સમ લેવ-
ડાવ્યા એમ કહેતા, “યહોવા જરૂર તમાંરી મદદ કરવા આવશે, તે સમયે
તમે માંરાં હાડકા અહીંથી લઈ જજો.”~ 20 પછી ઈસ્રાએલી લોકોએ સુ-
ક્કોથ નગર છોડયું અને રણની સરહદ પર એથામમાં મુકામ કર્યો.~
21 તેઓને દિવસે રસ્તો બતાવવા માંટે યહોવા વાદળના થાંભલા રૂપે
આગળ આગળ ચાલતા તેમજ રાત્રે તેમને પ્રકાશ મળે તેથી અગ્નિસ્તંભ-
રૂપે ચાલતા. જેથી તેઓ સતત રાતદિવસ યાત્રા કરી શકતા હતા.~
22 એક ઊંચા વાદળના સ્તંભરૂપે દિવસે અને અગ્નિસ્તંભ તરીકે રાત્રે
સતત યહોવા તેમની સાથે રહ્યાં. તેમની આગળથી જરા પણ ખસ્યા
નહિ.

14 પછી યહોવાએ મૂસાને કહ્યું,~ 2 “તમે ઈસ્રાએલના લોકોને કહો
કે, પાછા ફરીને પીહાહીરોથની આગળ, મિગ્દોલ અને લાલસમુ-
દ્રની વચ્ચે બાલ-સફોનની આગળ મુકામ કરે, અને તમાંરે એ જગ્યાની
બરાબર સામે સમુદ્રને કિનારે મુકામ કરવો. 3 ફારુન વિચારશે કે, “ઈસ્રા-
એલીઓ રણપ્રદેશમાં ભૂલા પડી ગયા છે અને રણ એમને ઘેરી વળ્યું
છે.”~ 4 હું ફારુનને હઠે ચઢાવીશ જેથી તે તમાંરો પીછો કરશે અને તેના
લશ્કરનો પરાજય કરીને હું માંરો મહિમાં વધારીશ. ત્યારે મિસરવાસીઓ
જાણશે કે, હું યહોવા છું.” અને ઈસ્રાએલીઓએ એ મુજબ કર્યુ.~ 5 જ્યારે
ફારુનને ખબર આપવામાં આવી કે, ઈસ્રાએલના લોકો ભાગી ગયા છે.
ત્યારે તેનું અને તેના અમલદારોનું વલણ બદલાઈ ગયું. તેમણે કહ્યું
આપણે શું કર્યુ, “ઈસ્રાએલીઓને આપણે જવા કેમ દીધાં? આપણે
આપણા ચાકરોને ગુમાંવ્યા છે.”~ 6 એટલે ફારુને પોતાનો રથ તૈયાર
કર્યો અને પોતાનું લશ્કર ભેગું કર્યુ.~ 7 ફારુને પોતાના લોકોમાંથી 600
સૌથી શ્રેષ્ઠ સેનાનીઓને અને તેના બધાં રથો તેની સાથે લીધા. પ્રત્યેક
રથમાં એક અમલદાર હતો.~ 8 અને યહોવાએ મિસરના રાજા ફારુનને
હિંમતવાન બનાવ્યો, તેથી તે ઈસ્રાએલી લોકોની પાછળ પડ્યો જે પો-
તાના હાથ ઉચા કરી નીકળી રહ્યાં હતા.~ 9 મિસરના લશ્કરમાં અસંખ્ય
ઘોડા, સૈનિકો અને રથો હતા. તે બધાએ એટલે કે ઘોડેસવારોએ તથા
રથ સવારોએ તથા સૈનિકોએ ઈસ્રાએલીઓનો પીછો પકડયો. અને
તેઓ બાલસફોનની આગળ પીહાહીરોથની પાસે સમુદ્ર કિનારે પડાવ
નાખીને રહ્યા હતા ત્યાં તેમને પકડી પાડ્યા.~ 10 જે સમયે ફારુન તેમ-
ની નજીક આવી પહોંચ્યો, તે સમયે ઈસ્રાએલીઓએ નજર કરીને જોયું
તો ખબર પડી કે તેમની પાછળ મિસરીઓ પડ્યા છે! ત્યારે તેઓ ખૂબ
ભયભીત થયા અને સહાય માંટે યહોવાને પોકાર કર્યો.~ 11 તેમણે મૂ-
સાને કહ્યું, “તમે અમને મિસરમાંથી બહાર શા માંટે લાવ્યા? શું મિસરમાં
કબરો નથી? તમે અમને આ રણપ્રદેશમાં મરવા શા માંટે લાવ્યા? અમે
લોકો મિસરમાં શાંતિપૂર્વક મૃત્યુ પામત, મિસરમાં ઘણી કબરો હતી.~
12 અમે લોકોએ મિસરમાં જ તમને નહોતું કહ્યું કે, ‘અમને લોકોને અમે
જેમ છીએ તેમ રહેવા દો, મિસરવાસીઓની સેવા કરવા દો? આ રણપ્ર-
દેશમાં મરવું તેના કરતાં મિસરવાસીઓની ગુલામી કરવી વધારે સારી
છે.”~ 13 પરંતુ મૂસાએ લોકોને ઉત્તર આપ્યો, “ગભરાશો નહિ, ભાગો
નહિ, મક્કમ રહો, ને થોડી વાર ઊભા રહો અને જુઓ કે આજે યહોવા
તમાંરા લોકોનો શી રીતે ઉદ્ધાર કરે છે! આજ પછી તમે આ મિસરવાસી-
ઓને ફરી કયારેય જોશો નહિ.~ 14 તમાંરે લોકોએ શાંત રહેવા સિવાય
બીજું કાંઈ કરવાનું નથી. યહોવા તમાંરા માંટે લડતા રહેશે.”~ 15 પછી
યહોવાએ મૂસાને કહ્યું, “તું મને શા માંટે પોકાર કરે છે? ઈસ્રાએલના લો-
કોને આગળ વધવા માંટે આજ્ઞા કર.~ 16 તું તારી લાકડીને રાતા સમુદ્ર
ઉપર ઉઠાવી, હાથ લાંબો કર. સમુદ્રના બે ભાગ થઈ જશે. જેથી ઈસ્રાએ-
લના લોકો સૂકી જમીન પર થઈને સમુદ્ર પાર કરશે.~ 17 પછી હું મિસર-
વાસીઓને હિંમતવાન બનાવીશ એટલે તેઓ તમને સમુદ્રમાં હાકી કા-
ઢશે. અને ફારુન તથા તેની આખી સેના, તેના રથો અને તેના ઘોડેસ-
વારોને હરાવીશ અને તેઓ મને માંન આપે તેમ કરીશ.~ 18 એટલે મિસ-
રવાસીઓને ખબર પડશે કે હું યહોવા છું. અને જ્યારે હું ફારુન, તેના
ઘોડેસવારો અને રથપતિઓને હરાવીશ ત્યારે તેઓ માંરું સન્માંન કર-
શે.”~ 19 પછી ઈસ્રાએલી લોકોના સૈન્યની આગળ ચાલતો યહોવાનો
દૂત ત્યાંથી ખસીને તેની પાછળ ચાલ્યો ગયો, તેથી મેઘસ્તંભ તેમની
આગળથી ખસીને તેમની પાછળ ઊભો રહ્યો;~ 20 આ રીતે વાદળ મિ-
સરીઓના સૈન્ય અને ઈસ્રાએલીઓના સૈન્યની વચ્ચે આવી ઉભા
રહ્યાં. પણ ઈસ્રાએલી લોકો માંટે પ્રકાશ હતો. એટલે આખી રાત મિસર-
ની સેના અંધકારને કારણે ઈસ્રાએલીઓ પાસે આવી ન શકી.~ 21 મૂ-
સાએ પોતાનો હાથ લાલ સમુદ્ર ઉપર લંબાવ્યો, એટલે યહોવાએ આખી
રાત પૂર્વ તરફથી ભારે પવન ફૂંકાવીને સમુદ્રને પાછો હઠાવ્યો, તેથી તે-
ના પાણીના બે ભાગ પડી ગયા. અને સમુદ્રની જગ્યાએ સૂકી જમીન
બનાવી હતી. 22 ઈસ્રાએલના લોકો સૂકી જમીન પર ચાલીને સમુદ્રમાંથી
પાર ગયા. ઈસ્રાએલીઓની ડાબી અને જમણી બાજુએ પાણીની ભીત
બની ગઈ હતી.~ 23 અને મિસરીઓ તેમની પાછળ પડયા. ફારુનના
બધા જ રથો, ઘોડાઓ અને ઘોડેસવારો તેમની પાછળ તેઓ સમુદ્રની
વચ્ચે પહોંચી ગયા.~ 24 પછી પ્રભાતના પ્રથમ પહોરમાં વાદળ અને
અગ્નિના સ્તંભમાંથી યહોવાએ મિસરીઓના સૈન્ય પર દૃષ્ટિપાત કરીને
તેમના પર હુમલો કરી તેમનો પરાજય કર્યો.~ 25 યહોવાએ તેમના રથનાં
પૈડાં જમીનમાં એવા ખુંપાવી દીધાં કે માંડ માંડ ફરતાં હતા. આથી તેઓ
બૂમ પાડવા લાગ્યા, “આ તો યહોવા ઈસ્રાએલીઓને પક્ષે આપણી સામે
લડી રહ્યાં છે. ચાલો, આપણે પાછા ફરીએ.”~ 26 પછી યહોવાએ મૂસાને

કહ્યું, “હવે તું તારો હાથ સમુદ્ર ઉપર લંબાવ. જેથી મિસરવાસીઓ પર,
તેમના રથો પર અને તેમના ઘોડેસવારો પર પાછાં પાણી ફરી વળે.”~
27 એટલે દિવસ બરાબર શરૂ થાય તે પહેલાં મૂસાએ સમુદ્ર ઉપર હાથ
લાંબો કર્યો અને સવાર થતાં જ સમુદ્ર પહેલાં જેવો હતો તેવો પાછો થઈ
ગયો. મિસરવાસીઓએ સમુદ્રમાં નાસભાગ કરવા માંડી અને યહોવાએ
સમુદ્રમાં વચ્ચોવચ્ચ તેમનો ઘાણ કાઢી નાખ્યો, સૌને ડુબાડી દીધા.~
28 સમુદ્રના પાણીએ પાછાં વળીને, રથોને, ઘોડેસવારોને અને ઇસ્રાએ-
લીઓનો પીછો પકડી સમુદ્રમાં ઘસી ગયેલા ફારુનના સમગ્ર સૈન્યને
ડુબાડી દીધું. તેઓમાંથી એક પણ બચી શકયો નહિ.~ 29 પરંતુ ઇસ્રાએ-
લના લોકો સમુદ્રની વચ્ચેથી સૂકી જમીન પર થઈને ચાલ્યા ગયા હતા.
અને પાણીની ભીંત તેમની ડાબી અને જમણી બાજુએ થઈ ગઈ હતી.~
30 આ રીતે તે દિવસે યહોવાએ ઇસ્રાએલીઓને મિસરીઓના હાથમાંથી
બચાવી લીધા. અને ઇસ્રાએલીઓએ મિસરીઓને સમુદ્ર કિનારે મૃત હા-
લતમાં પડેલા જોયા.~ 31 અને યહોવાએ મિસરીઓ વિરુધ્ધ જે પરાક્રમ
કર્યું હતું તે જોઈને તેઓ ગભરાઈ ગયા અને યહોવા પર અને તેના સેવક
મૂસા પર તેમને વિશ્વાસ બેઠો.

15 પછી મૂસાએ અને ઇસ્રાએલના લોકોએ યહોવાના માંનમાં આ
ગીત ગાયું:“હું યહોવાના માંનમાં ગાયન કરીશ, એણે મહાન વિ-
જય પ્રાપ્ત કર્યો! સાગરની અંદર કઈક અશ્વોના અસવારને ડુબાડયાં,~
2 દેવ માંરું સાર્મથ્ય છે; મને જેણે ઉગાર્યો, હું આ ગીતમાં એની સ્તુતિ
કરું. એ જ માંરો દેવ છે અને હું એના ગુણગાન ગાઉ. તે માંરા પિતાનો
દેવ છે. હું સન્માંન કરું છું. હું એનાં યશગાન ગાઉં.~ 3 યહોવા તો યોદ્ધા
છે, જેનું યહોવા નામ છે.~ 4 ફારુનનાં રથો અને સૈન્ય, જેણે લાલ સમુ-
દ્રમાં ફેંકી દીધાં; ફારુનના વીર સરદારને સમુદ્રમાં ડુબાડી દીધા.~
5 પથ્થરની જેમ સાગરની નીચે પહોચ્યા, સાગરમાં જળનિધિઓ ઉપર
ફરી વળ્યાં.~ 6 યહોવા! તમાંરો જમણો હાથ, પરાક્રમે મહિમાંવાન છે. હે
યહોવા! તમાંરા જમણા હાથે શત્રુઓને છિન્ન ભિન્ન કર્યા.~ 7 તારી શ્રેષ્ઠ-
તાના માંહાત્મ્યથી, જે તારી સામે થયા તેનો નાશ કર્યો. તારા ક્રોધે તેમ-
ને ઘાસના પૂળાની જેમ બાળી નાખ્યા.~ 8 યહોવા, તેં ક્રોધથી ફૂકેલા
પવનથી ઊભા ઢગલા થઈ ગયા સાગરજળ. મોજાઓ જે હતા ઉછળતા
અને વહેતા ઊભા અધવચ ભીત થઈ; સાગરની જેમ પાતાળની વચ્ચે;
તે સમયે સાગરજળ ભેગા થયા.~ 9 શત્રુ મનમાં બબડે છે, ‘હું પકડીશ
પાછળ પડી, અને હું તેમનું ધન સઘળુ લઇશ. હું બધું જ માંરી તરવાર
વડે લઈ જઇશ. હું માંરે માંટે બધુંજ રાખીશ.’~ 10 પરંતુ યહોવા! એક માંત્ર
પ્રબળ ફૂંક લગાવીને તમે મધદરિયે, સમાંવી લીધા. પ્રચંડ મહા જળરા-
શિમાં, સૌ સીસાની જેમ ડુબ્યા.~ 11 હે યહોવા, કોણ છે તમાંરા જેવો
બીજો દેવ? છે કોણ તમાંરા જેવું પરમપવિત્ર મહિમાંવાન? તમાંરા જેવા
ચમત્કાર કોણ કરી શકે? સ્તોત્રોમાં ભયજનક પરાક્રમ કરનાર, કોણ
છે?~ 12 પૃથ્વી તેઓને તત્કાળ ગળી ગઈ, જયાં તેં કેવળ જમણો હાથ
ઊંચો કર્યો.~ 13 યહોવા, તમે તમાંરા લોકોને છોડાવ્યા, તમાંરા પ્રેમ અને
કરુણાથી તમે એમને તમાંરા બાહુબળના પરાક્રમે; તમાંરા પવિત્ર રોચક
ધામમાં લઈ આવ્યા.~ 14 પ્રજા આ સાંભળી કંપીને ગભરાઈ, સહુ પલેશે-
થવાસીઓ ભયથી ગભરાય છે.~ 15 અદોમના સરદારો તે સમયે ભય-
ભીત થયા, મોઆબના શક્તિશાળી અને પરાક્રમી પુરુષો ધ્રૂજે છે; એ
બધાં કનાનવાસીઓ પણ હિંમત હારે; માંથાં પર ભયના ઓળા ભારે
ઊતરતાં જોઈ,~ 16 તેઓ ઉપર ભય અને ત્રાસ આવી પડયા, તમાંરા
બાહુબળે સ્તબ્ધ બની પથ્થર જેવા થયા, અને તું જ છોડાવી લાવ્યો,
ઊભા એટલામાં; એ ‘યહોવા’ સમૂહમાં તારી પ્રજા ચાલી જાય.~ 17 જયાં
તમાંરો આવાસ છે, લોકોને એ પર્વત પર તમાંરી પાસે લઈ જાય; જે
જગ્યા તમે સિંહાસન માંટે તૈયાર કરી ત્યાં તેમને વસવાટ કરવા દેશો. હે
માંલિક, ત્યાં તમે મંદિર તમાંરું બાંધશો!~ 18 યહોવા, તમાંરું રાજ સદા-
સર્વકાળ અમર તપશે.”~ 19 હા, ખરેખર આમ બન્યું, જ્યારે ફારુનના
ઘોડા, રથો અને ઘોડેસવારોએ સમુદ્રમાં સાથે પ્રવેશ કર્યો, ત્યારે યહો-
વાએ તેમના પર સમુદ્રના પાણી પાછાં વાળીને તેઓ પર ફેરવી વાળ્યાં;
પરંતુ ઇસ્રાએલના લોકો સમુદ્ર મધ્યે થઈને સૂકી જમીન પર ચાલ્યા.~
20 પછી હારુનની બહેન મરિયમ પ્રબોધિકાએ ખંજરી હાથમાં લીધી
અને તમાંમ સ્ત્રીઓ તેમની પાછળ પાછળ ખંજરીઓ લઈને નાચવા
લાગી. મરિયમે અને સ્ત્રીઓએ નાચગાન શરૂ કર્યો.~ 21 મરિયમ તેમને
ગવડાવતી હતી:“આપો આપો યહોવાને માંન, ગાઓ યહોવાના મહિમાં-
ગાન, એનો વિજય છે કેવો મહાન! એની ફતેહ છે મહિમાંવાન, ડુબાડયા
સમુદ્રને પેટાળ, એનાં ઘોડાને અસવાર.”ઇસ્રાએલપુત્રો અરણ્યમાં જાય
છે~ 22 પછી મૂસા ઇસ્રાએલના લોકોને રાતા સમુદ્રથી આગળ લઈ ગયો.
અને તેઓ ત્યાંથી નીકળીને શૂરના અરણ્યમાં ગયા; તેઓ ત્રણ દિવસ
અરણ્યમાં ચાલ્યા. છતાં પાણી ન મળ્યાં.~ 23 પછી તેઓ ‘માંરાહ’ નામ-
ની જગ્યાએ આવી પહોંચ્યા પણ ત્યાંના પાણી પણ ના પી શક્યા, કા-
રણ કે તે કડવા હતા. એને લીધે આ જગ્યાનું નામ ‘માંરાહ’ પડયું.~
24 પછી તે બધા લોકોએ મૂસાની વિરુદ્ધ બબડાટ કરતાં કહ્યું કે, “આપ-
ણે પીશું શું?”~ 25 એટલે મૂસાએ યહોવાને પોકાર કર્યો એટલે યહોવાએ
તેને ઝાડનું એક થડ બતાવ્યું. પછી મૂસાએ તે પાણીમાં નાખ્યું અને પા-
ણી મીઠું થઈ ગયું.ત્યાં દેવે લોકોને ન્યાય કર્યો તથા એક વિધિ તથા
એક નિયમ ઠરાવ્યો. અને ત્યાંજ તેમની કસોટી કરી.~ 26 યહોવાએ
કહ્યું, “તમે લોકો તમાંરા દેવની યહોવાની વાણી ધ્યાનપૂર્વક સાંભળશો,
અને તેની નજરમાં જે સારું હોય તે કરશો. અને તેની આજ્ઞાઓ માંથે
ચઢાવશો. અને માંરા બધા કાનૂનોનું પાલન કરશો તો મેં મિસરીઓ
ઉપર જે રોગો મોકલ્યા હતા તેમાંનો કોઈ તમાંરા ઉપર મોકલીશ નહિ.
કારણ કે હું યહોવા તમાંરા રોગોનો કરનાર છું. તમને સાજા હરનાર છું.”~
27 પછી તે લોકો એલીમ આવી પહોંચ્યા, ત્યાં બાર પાણીના ઝરા હતા
અને 70 ખજૂરીઓ ઝાડ હતાં, તેથી પાણીની નજીક તેઓએ પડાવ ના-
ખ્યો.

16 ઇસ્રાએલીઓના સમગ્ર સમાંજે એલીમથી યાત્રાનો આરંભ કર્યો
અને તેઓ એલીમ અને સિનાઈની વચ્ચે આવેલા સીનના રણ-
પ્રદેશમાં આવ્યા. મિસરમાંથી નીકળ્યા પછી બીજા મહિનાનો તે 15 મો
દિવસ હતો.~ 2 તે પછી ઇસ્રાએલના બધા લોકોએ મૂસા અને હારુનની
વિરુદ્ધ ફરીથી ફરિયાદ કરવાની શરૂઆત કરી.~ 3 તે લોકોએ મૂસા અને
હારુનને કહ્યું, “કઈ નહિ તો આપણે માંસથી ભરેલા વાસણ પાસે પેટ
ભરાય ત્યાં સુધી ખાતા બેઠા હતાં. જો યહોવાએ અમને મિસરમાં માંરી
નાખ્યા હોત તો સારું થાત. તમે તો સમગ્ર સમાંજને ભૂખે માંરી નાખવા
આ રણમાં લાવ્યા છો.”~ 4 ત્યારે યહોવાએ મૂસાને કહ્યું, “હું આકાશ-
માંથી તમાંરા લોકો માંટે અનાજનો વરસાદ વરસાવીશ. અને આ બધા
લોકોએ પ્રતિદિન બહાર નીકળીને તે દિવસ પૂરતું અનાજ વીણી લાવ-
વું. જેને કારણે હું તેમની પરીક્ષા કરી શકું કે તેઓ માંરા નિયમ પ્રમાંણે
વર્તશે કે નહિ.~ 5 રોજ લોકો એક દિવસ પૂરતું જ અનાજ ભેગું કરે, પરંતુ
છઠ્ઠા દિવસે રોજ કરતાં બમણું ભેગું કરીને રાંધી રાખવું.”~ 6 એટલા માંટે
મૂસા અને હારુને ઇસ્રાએલના લોકોને કહ્યું, “આજે રાત્રે તમે યહોવાની
શક્તિ જોશો, અને તમને ખબર પડશે કે મિસર દેશમાંથી તમને લોકોને
બચાવીને બહાર લાવનાર તે યહોવા છે.~ 7 કાલે સવારે તમે લોકો યહો-
વાનું ગૌરવ જોશો કારણ કે તેમણે તેમની વિરુદ્ધની તમાંરી ફરિયાદ
સાંભળી છે, તમે હમેશા અમને ફરિયાદ કરો છો, હવે કદાચ અમને થોડો
આરામ મળે.”~ 8 પછી મૂસાએ તેમને કહ્યું, “યહોવા, સાંજે તમને માંસ
ખાવા માંટે આપશે, વળી સવારે ધરાઈને ખાવા માંટે રોટલી આપશે, કા-
રણ કે તમે તેમની વિરુદ્ધ જે ફરિયાદો કરો છો તે તેમણે સાંભળી છે.
પણ હવે કદાચ અમને થોડો આરામ મળે. યાદ રાખજો કે તમાંરી ફરિ-
યાદ અમાંરી વિરુદ્ધ નથી, પણ યહોવાની વિરુદ્ધ છે.”~ 9 પછી મૂસાએ
હારુનને કહ્યું, “તું ઇસ્રાએલના લોકોને સંબોધન કર, ‘તેમને કહે, યહો-
વાની સમક્ષ સૌ ભેગા થાઓ, કારણ કે તેમણે તમાંરી ફરિયાદો સાંભળી
છે.”~ 10 હારુને ઇસ્રાએલના સમગ્ર લોકસમુદાયને સંબોધન કર્યું; તે
બધા એક જ સ્થાન પર ભેગા થયા હતા. તે સભાને કહેતો હતો તે દર-
મ્યાન તેમણે રણ તરફ જોયું, તો તે લોકોને વાદળમાં યહોવાનાં ગૌરવ-
નાં દર્શન થયાં,~ 11 યહોવાએ મૂસાને કહ્યું,~ 12 “મેં ઇસ્રાએલના લોકો-
ની ફરિયાદ સાંભળી છે; એટલા માંટે તેમને કહો કે, ‘સાંજે તમે માંસ ખા-
શો અને સવારે તમે રોટલી ધરાઈને ખાશો; અને તમને વિશ્વાસ થશે કે
તમાંરા દેવ યહોવા હું છું.’”~ 13 તે રાત્રે એવું બન્યું કે લાવરીઓએ ઊડી
આવીને છાવણી ઢાંકી દીધી; અને સવારમાં છાવણીની આસપાસ ઝા-
કળનું પડ બાઝી ગયું.~ 14 સૂરજ ઊગતાં ઝાકળ ઊડી ગયું અને હિમના
પડ જેવું બારીક નાનો ગોળ પદાર્થ રણની સપાટી પર હતો.~ 15 ઇસ્રા-
એલના લોકો આ જોઈ પરસ્પર એક બીજાને પૂછવા લાગ્યા, “આ શું

છે?" કારણ કે એમને ખબર ન હતી કે એ શું છે. ત્યારે તેઓને મૂસાએ
કહ્યું, "એ તો યહોવાએ તમને ખાવા માટે આપેલો ખોરાક છે."~ 16 યહો-
વાની એવી આજ્ઞા છે કે, 'તમે પ્રત્યેક જણ પોતાનાથી ખાઈ શકાય તેટ-
લું ભેગું કરી લો, માંથાદીઠ બે પાયા પ્રમાંણે તમાંરા તંબુમાં રહેનારા
માંણસોના પ્રમાંણે લઈ લો.'"~ 17 અને ઇસ્રાએલના લોકોએ એ પ્રમાંણે
કર્યું, કેટલાકે વધુ તો કેટલાકે ઓછું ભેગું કરી લીધું.~ 18 અને પછી તે-
ઓએ ઓમેરથી માંપિયાથી માંપ્યું ત્યારે જેણે વધુ લીધું હતું તેનું વધ્યું
નહિ કે જેણે ઓછું ભેગું કર્યુ હતું તેનું ઘટયું નહિ. પ્રત્યેક માંણસે પોતા-
ના ખાવા પૂરતું જ એકઠું કર્યુ હતું.~ 19 પછી મૂસાએ તેમને કહ્યું,
"તમાંરામાંથી કોઈએ સવારને માંટે રાખી મૂકવું નહિ."~ 20 પરંતુ તેઓએ
મૂસાનું કહ્યું માંન્યું નહિ અને તેમાંના કેટલાકે થોડું સવાર માંટે રાખ્યું તો
તેમાં કીડા પડયા, અને તે ગંધાઈ ઊઠયું તેથી મૂસા તેમના પર ક્રોધે
ભરાયો.~ 21 રોજ સવારે પ્રત્યેક જણ પોતાનાથી ખવાય તેટલો ખોરાક
ભેગો કરતાં, અને સૂર્ય તપતો ત્યારે જે વધતું હોય તે બધું ઓગળી
જતું.~ 22 અને પછી અઠવાડિયાના છઠ્ઠે દિવસે તેઓએ બમણો ખોરાક
ભેગો કર્યો. પ્રત્યેક વ્યક્તિ દીઠ 16 કપ. પછી એ સમાંજના બધા આગે-
વાનોએ આવીને મૂસાને તે વિષે જણાવ્યું.~ 23 અને તેણે તેઓને કહ્યું,
"યહોવાની આજ્ઞા એવી છે કે, "આવતી કાલે વિશ્રામવાર છે, યહોવાનો
પવિત્ર સાબ્બાથ છે; તેથી તમાંરે જે રાંધવુ હોય તે રાંધી લો, અને જે વધે
તે તમાંરા માંટે સવાર સુધી રાખી મૂકો."~ 24 આથી મૂસાની આજ્ઞા પ્ર-
માંણે તેઓએ તેમાંથી સવારને માંટે રાખી મૂકયું, તો તેમાં કીડા પડયા
નહિને ગંધાઈ પણ ઊઠ્યું નહિ.~ 25 અને મૂસાએ કહ્યું, "આજે તો
ખાઓ, કારણ કે આજે વિશ્રામવાર છે, યહોવાનો દિવસ છે; આજે તમને
ખેતરમાં અનાજ નહિ મળે.~ 26 સપ્તાહના છ દિવસ તમે એ ભેગું કરો;
પણ સાતમો દિવસ સાબ્બાથ છે, તેથી તે દિવસે તમને તે ખાસ ખોરાક
જમીન પર થોડો પણ નહિ મળે."~ 27 સાતમાં દિવસે કેટલાક લોકો ભે-
ગું કરવા માંટે બહાર ગયા, પણ તેમને કંઈ મળ્યું નહિ.~ 28 ત્યારે યહો-
વાએ મૂસાને કહ્યું, "કયાં સુધી તમાંરા લોકોએ માંરી આજ્ઞાઓ અને નિ-
યમોનું પાલન કરવાની ના પાડવી છે?~ 29 જુઓ, યહોવાએ તમાંરા માંટે
વિશ્રામવાર આપ્યો છે, તેથી છઠ્ઠે દિવસે તે તમને બે દિવસ માંટે ચાલે
તેટલુ અન્ન આપશે, તેથી સાતમે દિવસે પ્રત્યેક જણે પોતપોતાના ઘરમાં
રહેવું અને કોઈએ બહાર નીકળવું નહિ."~ 30 તેથી તે લોકોએ વિશ્રામ-
વારે વિશ્રામ કર્યો.~ 31 ઇસ્રાએલના લોકોએ તે વિશિષ્ટ ભોજનનનું નામ
"માંન્ના" રાખ્યું. માંન્ના ધાણાની દાળ જેવું સફેદ હતું. અને તેનો સ્વાદ
મધવાળી પાતળી ભાખરી જેવો હતો.~ 32 ત્યારે મૂસાએ કહ્યું, "યહો-
વાએ આદેશ આપ્યો છે કે, 'તમાંરા વંશજોને માંટે તેમાંથી8કપ ભરીને
માંન્ના રાખી મૂકો; જેથી હું તમને મિસરમાંથી બહાર લઈ આવ્યો ત્યારે મેં
તમને લોકોને જે ભોજન ખવડાવ્યું હતું તે તેઓ જોઈ શકે.'"~ 33 પછી
મૂસાએ હારુનને કહ્યું કે, "એક બરણી લઈને તેમાં 8 કપ માંન્ના ભરીને
તમાંરા વંશજોના ભવિષ્ય માંટે સાચવી રાખવા તેને યહોવાની આગળ
મૂક."~ 34 યહોવાએ મૂસાને આજ્ઞા આપ્યા મુજબ હારુને તેને સાચવવા
માંટે કરારકોશ સમક્ષ મુકયું.~ 35 પછી ઇસ્રાએલના લોકોએ 40 વર્ષ
પર્યંત વસવાટ કરવા યોગ્ય પ્રદેશમાં તેઓ આવ્યા ત્યાં સુધી-માંન્ના ખા-
ધું. તેઓ કનાન દેશની સરદહમાં પહોંચ્યા ત્યાં સુધી તેઓએ માંન્ના ખા-
ધું.~ 36 એક ઓમેર લગભગ આઠ પ્યાલા બરાબર હતું. માંન્ના તોલવા
માંટેનું એક માંપ ઓમેર હતું.

17 ઇસ્રાએલના લોકોના સમગ્ર સમાંજે સીનના રણમાંથી છાવણી
ઉઠાવીને યહોવાની આજ્ઞા મુજબ યાત્રા કરતા કરતા આગળ
વધીને તેમણે રફીદીમમાં છાવણી નાખી રોકાણ કર્યું. પરંતુ ત્યાં લોકોને
પીવા માંટે પાણી પણ દુર્લભ હતું.~ 2 તેથી લોકોએ મૂસા સાથે તકરાર
કરી અને કહ્યું, "અમને પીવા માંટે પાણી આપો."એટલે મૂસાએ તેમને
કહ્યું, "તમે લોકો માંરી સાથે શા માંટે તકરાર કરો છો? તમે યહોવાની
કસોટી શા માંટે કરો છો?" તમે એમ સમજો છો કે દેવ આપણી સાથે
નથી?"~ 3 પરંતુ લોકો બહુ તરસ્યા હતા. તેથી તે લોકોએ મૂસા વિરુદ્ધ
બડબડાટ કરતાં કહ્યું કે, "તમે અમને, અમાંરાં બાળબચ્ચાંને અને ઢોર-
ઢાંખરને તરસે માંરવા શા માંટે મિસર દેશમાંથી અહીં લઈ આવ્યા?"~
4 આથી મૂસાએ યહોવાને પોકાર કર્યો, "આ લોકો સાથે હું શું કરું? તેઓ
મને માંરી નાખવા તૈયાર છે."~ 5 યહોવાએ મૂસાને કહ્યું, "જા, ઇસ્રાએલ-
ના કેટલાક વડીલોને સાથે લઈને તું લોકોની આગળ ચાલતો થા. જે
લાકડીથી તેં નાઈલ નદી પર પ્રહાર કર્યો હતો તે તારા હાથમાં રાખજે.~
6 જો, હોરેબ પર્વતના એક ખડક ઉપર હું તારી સામે ઊભો રહીશ, પછી
તું તે ખડક ઉપર પ્રહાર કરજે, એટલે તે ખડકમાંથી પાણી નીકળશે, જે-
થી લોકોને પીવા પાણી મળશે."ઇસ્રાએલીઓના વડીલોના દેખતાં મૂ-
સાએ તે મુજબ કર્યુ.~ 7 અને મૂસાએ તે જગ્યાનું નામ માંસ્સાહ અને
મરીબાહ રાખ્યું. કારણ કે આ એ જ જગ્યા હતી જયાં ઇસ્રાએલના લોકો
એની વિરુદ્ધ થયા હતા. અને તેઓએ યહોવાની પરીક્ષા કરી હતી, તે
લોકો જાણવા માંગતા હતા કે યહોવા અમાંરી વચ્ચે છે કે નહિ?"~
8 અમાંલેકીઓએ રફીદીમ આગળ આવીને ઇસ્રાએલના લોકો પર હુમ-
લો કર્યો.~ 9 પછી મૂસાએ યહોશુઆને કહ્યું કે, "તું આપણામાંથી માંણ-
સો પસંદ કરીને આવતી કાલે અમાંલેકીઓ સામે યુદ્ધ કરવા જા. હું દેવ-
ની લાકડી લઈને પર્વતની ટોચ પર ઊભો રહીશ."~ 10 યહોશુઆએ મૂ-
સાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. અને અમાંલેકીઓ સામે જંગે ચડયો.
પછી મૂસા તથા હારુન અને હૂર પર્વતની ટોચ પર પહોંચી ગયા.~
11 અને મૂસા જયારે પોતાનો હાથ ઊંચો કરતો, ત્યારે ઇસ્રાએલના લોકો-
નો વિજય થતો; પરંતુ જયારે તે પોતાનો હાથ નીચો કરતો, ત્યારે
અમાંલેકીઓનો વિજય થતો.~ 12 પણ મૂસાના હાથ થાક્યા એટલે તે
લોકોએ એક પથ્થર લઈ મૂસાની પાછળ મૂક્યો અને તે તેના પર બેસી
ગયો; અને હારુને તથા હૂરે ટેકો દઈને તેના હાથોને ઊંચા રાખ્યા, એક
જણે એક બાજુથી અને બીજાએ બીજી બાજુથી, આમ સૂર્યાસ્ત થતાં સુ-
ધી હાથ સ્થિર રહ્યા.~ 13 યહોશુઆ અને તેના લોકોએ અમાંલેક લોકોને
યુદ્ધમાં હરાવી નાખ્યા.~ 14 પછી યહોવાએ મૂસાને કહ્યું, "એ હકીકતને
યાદગીરી માંટે પુસ્તકમાં લખ. અને યહોશુઆને જરૂર કહેશો કે, હું
અમાંલેકીનું નામનિશાન પૃથ્વી પરથી સદાયને માંટે ભૂસી નાખીશ."~
15 ત્યાર બાદ મૂસાએ એક વેદી બનાવી અને તેનું નામ "યહોવા નિ-
સ્સી" રાખ્યું.~ 16 તેણે કહ્યું કે, "મેં માંરા હાથ યહોવાના સિંહાસન તરફ
લંબાવ્યા એટલા માંટે યહોવાએ હંમેશની જેમ અમાંલેકી સાથે યુદ્ધ કર્યુ."

18 મૂસાના સસરા યિથ્રો મિધાનમાં યાજક હતા. દેવે મૂસા અને
ઇસ્રાએલના લોકોને જે અનેક પ્રકારે સહાય કરી હતી, તે બાબ-
તમાં તથા જે રીતે તે ઇસ્રાએલના લોકોને મિસરમાંથી બહાર લાવ્યા
હતા તે બાબતમાં સાંભળ્યું.~ 2 તેથી મૂસા જયારે દેવના પર્વત પાસે છા-
વણી નાખીને રહ્યો હતો, ત્યારે યિથ્રો મૂસા પાસે ગયો. અને તેની સાથે
મૂસાની પત્ની સિપ્પોરાહ ને લાવ્યો, જેને પહેલા મૂસાએ તેમના બે પુ-
ત્રો સાથે યિથ્રો પાસે મોકલાવેલ હતા.~ 3 યિથ્રો મૂસાના બે પુત્રોને સાથે
લાવ્યો હતો. પ્રથમ પુત્રનું નામ ગેર્શોમ હતું; કારણ તે જન્મ્યો ત્યારે મૂ-
સાએ કહ્યું કે, "હું પરદેશમાં અજાણ્યો છું."~ 4 બીજા પુત્રનું નામ અલી-
એઝેર હતું. કારણ કે મૂસાએ કહ્યું હતું કે, "માંરા પિતાના દેવે મને મદદ
કરીને ફારુનની તરવારથી ઉગાર્યો હતો."~ 5 એટલા માંટે યિથ્રો મૂસાની
પત્ની અને પુત્રને લઈને રણમાં દેવના પર્વત આગળ જયાં મૂસાએ છા-
વણી નાખીને મુકામ કર્યો હતો ત્યાં આવ્યો.~ 6 તેના સસરા યિથ્રોએ મૂ-
સાને સંદેશો મોકલ્યો કે, "હું તમાંરો સસરો યિથ્રો છું અને તમાંરી પત્ની
અને બે પુત્રોને તમાંરી પાસે લાવું છું."~ 7 એટલા માંટે મૂસા તેના સસ-
રાને મળવા સામો ગયો અને પ્રણામ કરીને ચુંબન કર્યુ. બંનેએ પરસ્પર
એકબીજાને ક્ષેમકુશળતાના સમાંચાર પૂછયા. પછી તેઓ મૂસાની છાવ-
ણીમાં વધારે વાતો કરવા માંટે ગયા.~ 8 ત્યાં મૂસાએ પોતાના સસરા
યિથ્રોને યહોવાએ ઇસ્રાએલના લોકો માંટે ફારુન અને મિસરના લોકોના
જે હાલ કર્યા હતા તથા ઇસ્રાએલના લોકોને માંર્ગમાં જે જે વિંટંબણાઓ-
નો સામનો કરવો પડયો હતો અને યહોવાએ તે લોકોને કેવી રીતે ઉગા-
ર્યા હતા, તે બધું કહી સંભળાવ્યું.~ 9 યહોવાએ ઇસ્રાએલના લોકોને મિ-
સરના લોકોના હાથમાંથી છોડાવીને તેમના પર જે ઉપકાર કર્યો હતો તે
જાણીને યિથ્રો ખૂબ પ્રસન્ન થયો. 10 અને યિથ્રોએ કહ્યું,"યહોવાની સ્તુતિ
કરો, જેણે ઇસ્રાએલી લોકોને મિસર વાસીઓના અને ફારુનના હાથ-
માંથી છોડવ્યા છે!~ 11 હવે મને ખાતરી થઈ છે કે, યહોવા, બધા દેવોમાં
મહાન છે; કારણ કે મિસરવાસીઓએ તમાંરી સાથે ગેરવર્તાવ રાખ્યો
ત્યારે તમને સૌને એમના હાથમાંથી છોડાવ્યા."~ 12 પછી મૂસાના સસ-
રા યિથ્રોએ દેવને યજ્ઞો અને દહનાર્પણો ચઢાવ્યાં, અને હારુન ઇસ્રાએ-
લના સર્વ વડીલોને સાથે લઈને દેવ સમક્ષ મૂસાના સસરા સાથે રોટલી

ખાવાને માંટે આવ્યો.~ 13 પછી બીજે દિવસે સવારે મૂસાએ ઘણા લોકો-
નો ન્યાય કરવાનું શરું કર્યુ જેઓ સવારથી સાંજ સુધી આવતા રહેતા
અને પોતાનો વારો આવે ત્યાં સુધી રાહ જોતા.~ 14 મૂસા લોકો માંટે જે
કંઈ કરતો હતો તે સઘળું મૂસાના સસરાએ જોયું, તેથી તેણે મૂસાને કહ્યું,
“લોકોના માંટે તમે આ શું કરો છો? તું એકમાંત્ર ન્યાયાધીશ તરીકે બેસી
રહે છે અને લોકો તારી પાસે સવારથી સાંજ સુધી આવ્યા જ કરે છે!”~
15 ત્યારે મૂસાએ પોતાના સસરાને કહ્યું, “લોકો માંરી પાસે આવે છે;
અને તેમની સમસ્યાઓના સંબંધમાં દેવની ઈચ્છાની બાબતમાં પૂછે
છે.~ 16 એ લોકોમાં કોઈ વિવાદ થયો હોય, તો તેઓ માંરી પાસે આવે
છે. અને કોણ સાચું છે તે નક્કી કરુ છું. આ રીતે હું તેઓને દેવના કાનૂ-
નો અને ઉપદેશો શીખવું છું.”~ 17 પરંતુ મૂસાને તેના સસરાએ કહ્યું, “તું
જે રીતે આ કરી રહ્યો છે તે યોગ્ય નથી.~ 18 તારા એકલાથી આ કામ
થઈ શકશે નહિ. તું એકલો આ કામ નહિ કરી શકે. આમ તો તમે અને
તમાંરી સાથેના આ માંણસો થાકી જશો. 19 હું તને સલાહ આપું છું, તારે
શું કરવું જોઈએ, એ હું તને બતાવું છું. “હું દેવને પ્રાર્થના કરું છું કે દેવ
તને મદદ કરે. તારે દેવ સમક્ષ એ લોકોના પ્રતિનિધિ થવું જોઈએ અને
તે લોકોના પ્રશ્નો તેમની આગળ રજૂ કરવા જોઈએ.~ 20 અને તારે તો
લોકોને દેવના કાનૂનો અને ઉપદેશો અને આ કાયદાઓ ન તોડવા ચે-
તવવાના છે, શીખવવાના છે. તેઓને જીવનનો સાચો માંર્ગ અને શું કર-
વું તે જણાવવાનું છે.~ 21 વધારામાં દેવનો ડર રાખનાર, તથા સર્વ લો-
કોમાંથી હોશિયાર અને વિશ્વાસપાત્ર હોય, તથા લાંચરૂશ્વતને ધિક્કારતા
હોય એવા માંણસોને પસંદ કરીને તેઓને હજાર હજાર, સો સો, પચ્ચાસ
પચ્ચાસ અને દશ દશ માંણસોના ઉપરીઓ નિયુક્ત કરો.~ 22 “પછી એ
ઉપરીઓ પ્રતિનિધિઓને લોકોનો ન્યાય કરવા દો. જો કોઈ બહુ જ
ગંભીર સમસ્યા હોય તો ઉપરી પ્રતિનિધિ નિર્ણય કરશે અને પછી તેઓ
તમાંરી પાસે આવી શકશે. પરંતુ બીજા નાના નાના પ્રશ્નોનો નિર્ણય
તેઓ કરશે. આમ તમાંરા કાર્યમાં તેઓ સહભાગી થશે અને તમાંરું કામ
હળવું થશે.~ 23 હવે જો તું આ બધુંજ કરીશ, તો દેવના ઈચ્છતા તું કદી
થાકીશ નહિ અને આ બધાં લોકો પણ સંપૂર્ણપણે સંતોષી થઈ પોતાના
ધરે પાછા ફરશે.”~ 24 પછી મૂસાએ પોતાના સસરાનું કહ્યું સ્વીકાર્યું,
અને તેણે તે પ્રમાંણે કર્યુ.~ 25 પછી તેણે સર્વ ઈસ્રાએલના લોકોમાંથી
સારા માંણસો પસંદ કર્યા અને તેમને હજારના, સોના, પચાસના, તથા
દશ માંણસોના ઉપરી નિયુક્ત કર્યા.~ 26 ત્યાર બાદ તે લોકો જ બધો
સમય લોકોનો ન્યાય કરવા લાગ્યા. ફક્ત મુશ્કેલ પ્રશ્નો હોય તો જ તેઓ
મૂસા આગળ લાવતા, અને નાના પ્રશ્નો તેઓ જાતે પતાવતા.~ 27 ત્યાર
બાદ મૂસાએ પોતાના સસરા યિથ્રોને વિદાય આપી અને પછી યિથ્રો તે-
ના વતનમાં પાછો ફર્યો.

19 મિસર દેશમાંથી નીકળ્યા પછી ત્રીજા મહિનાના પ્રથમ દિવસે
જ ઈસ્રાએલના લોકો સિનાઈના રણમાં આવી પહોંચ્યા.~
2 પછી તેઓ રફીદીમથી નીકળીને સિનાઈના રણમાં આવ્યા અને ત્યાં
આગળ સિનાઈ પર્વતની સામે નજીકમાં જ મૂકામ કર્યો.~ 3 ત્યાર બાદ
મૂસા પર્વત ચઢીને દેવ સમક્ષ ઊભો રહ્યો; અને દેવે તેની સાથે પર્વત
પરથી વાતો કરીને કહ્યુ, “ઈસ્રાએલના લોકોને અને યાકૂબના ઘરને આ
કહેજે:~ 4 ‘તમે તમાંરી નજરે જોયું કે મે મિસરવાસીઓને શું કર્યુ અને
તમને મિસરમાંથી ગરૂડની જેમ ઉપાડીને માંરી પાસે કેવી રીતે લાવ્યો
હતો.~ 5 તેથી હવે જો તમે માંરા કહ્યાં પ્રમાંણે કરશો અને માંરા કરારને
ધ્યાન રાખશો, તો સર્વ પ્રજાઓમાં તમે માંત્ર ખાસ પ્રજા થશો. સમગ્ર પૃ-
થ્વી માંરી છે. પણ હું તમને માંરા ખાસ લોકો તરીકે પસંદ કરુ છું.~
6 તમે માંરે સારું એક ખાસ યાજકોનું રાષ્ટ્ર બનશો તથા પવિત્ર દેશજાતિ
થશો.’ આ બધું તમાંરે ઈસ્રાએલના લોકોને કહેવાનું છે.”~ 7 આથી મૂ-
સાએ આવીને તે લોકોના વડીલોને બોલાવડાવ્યા. અને યહોવાએ તેને
જણાવેલાં બધાં વચનો તેઓની સમક્ષ કહી સંભળાવ્યાં.~ 8 તે સાંભ-
ળીને સર્વ લોકોએ એક સાથે જવાબ આપ્યો, “યહોવાએ જે ફરમાંવ્યું છે
તે બધાનું અમે પાલન કરીશું.”અને લોકોએ જે જવાબ આપ્યો તે મૂ-
સાએ દેવને પહોંચાડ્યો.~ 9 પછી યહોવાએ મૂસાને કહ્યું, “જો હું એક
ગાઢ વાદળમાં તારી પાસે આવું છું, જેથી હું તારી સાથે બોલું ત્યારે લોકો
સાંભળી શકે, અને તારા પર સદાસર્વદા વિશ્વાસ રાખે.”અને લોકોનાં
વચન મૂસાએ દેવને કહી સંભળાવ્યાં.~ 10 અને યહોવાએ મૂસાને કહ્યું,
“તું લોકો પાસે જા અને તેઓને કહે કે, આજ અને આવતી કાલે તેઓ દે-
હશુદ્ધિ કરે, અને તેઓ પોતાનાં વસ્ત્રો ધુએ,~ 11 અને ત્રીજા દિવસને
માંટે તૈયાર થઈ જાય; કારણ કે, ત્રીજે દિવસે હું સર્વ લોકોના દેખતાં સિ-
નાઈના પર્વત ઉપર ઊતરનાર છું.~ 12 અને તું પર્વતની ચારે બાજુ લો-
કોને માંટે હદ બાંધી આપજે, અને તેમને કહેજે કે, ‘ખબરદાર રહેજો,
પર્વત પર ચઢતા નહિ, ને તેની તળેટીને પણ અડકતા નહિ, અને જે
કોઈ તેને અડકશે તેનો વધ કરવામાં આવશે.~ 13 જો કોઈ વ્યક્તિ તેને
હાથ અડકાડે, તો તેને પથ્થરે માંરવો અથવા તીરથી વીંધી નાખવો,
પછી તે પશુ હોય કે માંણસ હોય, તે બચશે નહિ, જયારે રણશિંગડુ
ફૂંકાય, ત્યારે માંત્ર એ લોકો પર્વત પર ચઢી શકશે.”~ 14 આથી મૂસા
પર્વત પરથી નીચે ઊતરીને લોકો પાસે ગયો અને તેણે તેઓને શુદ્ધ
કર્યા. અને લોકોએ પોતાનાં વસ્ત્રો ધોઈ નાખ્યાં.~ 15 અને પછી મૂસાએ
તે લોકોને કહ્યું, “ત્રીજા દિવસ સુધીમાં તૈયાર થઈ જજો. સ્ત્રી સંગ કરશો
નહિ.”~ 16 પછી ત્રીજે દિવસે સવારમાં આકાશમાં મેઘગર્જનાઓ અને
વીજળીઓ થવા લાગ્યાં. પર્વત ઉપર કાળું ઘાડું વાદળ છવાઈ ગયું,
અને રણશિંગડાનો બહુ મોટો અવાજ થયો, જેથી છાવણીમાં સર્વ લોકો
ધ્રૂજી ઊઠયા.~ 17 એટલે મૂસાએ સર્વ લોકોને દેવને મળવા માંટે છાવ-
ણીમાંથી બહાર કાઢયા; અને તેઓ પર્વતની તળેટીમાં ઊભા રહ્યાં.~
18 અગ્નિરૂપે યહોવા સિનાઈ પર્વત ઉપર ઊતર્યા, એટલે આખો પર્વત
બહુ કંપ્યો. તે ધુમાંડો ભઠ્ઠીના ધુમાંડાની જેમ ઉપર ચઢવા લાગ્યો. અને
આખો પર્વત જોરથી ધ્રૂજવા લાગ્યો.~ 19 અને પછી જ્યારે રણશિંગડાનો
અવાજ વધારને વધારે મોટો થતો ગયો, ત્યારે મૂસા બોલતો અને દેવ
તેને ગડગડાટના અવાજથી જવાબ આપતો.~ 20 અને યહોવા સિનાઈ
પર્વતના શિખર ઉપર ઊતર્યો; પછી યહોવાએ મૂસાને પર્વતના શિખર
ઉપર બોલાવ્યો; તેથી મૂસા પર્વત ઉપર ગયો. 21 પછી યહોવાએ મૂસાને
કહ્યું, “નીચે જા, અને લોકોને સાવધાન કર કે, તેઓ માંરા દર્શનાર્થે હદ
ઓળંગીને ધસી આવે નહિ, નહિ તો ઘણા લોક માંર્યા જશે.~ 22 વળી જે
યાજકો માંરી નજીક આવે, તેઓ પોતાને શુદ્ધ કરે નહિ તો હું તેમને
સખત સજા કરીશ.”~ 23 એટલે મૂસાએ યહોવાને કહ્યું, “લોકો સિનાઈ
પર્વત ઉપર આવી શકે નહિ, કારણ કે તમે પોતે અમને આજ્ઞા કરી હતી
કે, પર્વતની ચારે બાજૂ હદ બાંધી લેજો અને લોકો તેને પાર કરી પવિત્ર
મેદાનમાં ન આવે.”~ 24 એટલે યહોવાએ તેને કહ્યું, “જા, નીચે ઊતર;
અને હારુનને ઉપર લઈ આવ, પરંતુ યાજકો કે લોકો હદ ઓળંગીને
માંરી પાસે ધસી આવે નહિ એનું ધ્યાન રાખજે, નહિ તો હું તે લોકો ઉપર
તૂટી પડીશ.”~ 25 એટલે મૂસાએ નીચે ઉતરીને તેઓને એ વાત કરી.

20 પછી દેવે એ સર્વ વચનો ઉચ્ચારતા કહ્યું કે,~ 2 “હું તમાંરો દેવ
યહોવા છું, જે તમને મિસર દેશમાંથી જ્યાં તમે ગુલામ હતાં
ત્યાંથી બહાર લઈ આવ્યો હતો. તેથી તમાંરે આ આદેશો માંનવા પડ-
શે:~ 3 “માંરા સિવાય તમાંરે બીજા કોઈ દેવોની પૂજા કરવી નહિ.~
4 “તમાંરે આકાશમાંથી કે પૃથ્વી ઉપરની કે પૃથ્વી નીચેના પાણીમાંની
કોઈ પણ વસ્તુની મૂર્તિ કે પ્રતિમાં બનાવવી નહિ.~ 5 તમાંરે તેમને સા-
ષ્ટાંગ પ્રણામ કરવા નહિ કે તેમની પૂજા કરવી નહિ. કારણ કે હું જ
તમાંરો દેવ યહોવા છું. માંરા લોકો બીજા દેવોની પૂજા કરે એ મને પસંદ
નથી. જે માંરી વિરુદ્ધ પાપ કરે છે, તેઓ માંરા દુશ્મન બને છે, અને હું
તેમને અને તેમના સંતાનોને ત્રીજી અને ચોથી પેઢી સુધી સજા કરીશ.~
6 પરંતુ માંરા પર પ્રીતિ રાખનાર અને માંરી આજ્ઞાનું પાલન કરનારની
હજારો પેઢી પર હું દયાભાવ દર્શાવનાર છું.~ 7 “તમાંરે માંરું એટલે
તમાંરા દેવ યહોવાના નામનો દુરુપયોગ ન કરવો, કારણ કે તે માંણસો-
ને હું નિર્દોષ ગણીશ નહિ. જેઓ માંરા નામનો દુરુપયોગ કરે છે તેને
સજા કર્યા વિના હું રહેતો નથી.~ 8 “વિશ્રામવારની પવિત્રતા જાળવવાનું
યાદ રાખો.~ 9 છ દિવસ તમાંરે તમાંરાં બધાં કામકાજ કરવાં, પરંતુ સા-
તમો દિવસ વિશ્રામવાર તો તમાંરા દેવ યહોવાનો છે.~ 10 તેથી તે દિવ-
સે તમાંરે કે તમાંરા પુત્રોએ કે તમાંરી પુત્રીઓએ, તમાંરા દાસ-દાસી-
ઓએ કે તમાંરાં ઢોરઢાંખરો કે તમાંરા ગામમાં રહેતા વિદેશીએ કોઈ કામ
કરવું નહિ, કારણ કે,~ 11 છ દિવસમાં યહોવાએ આકાશ તથાપૃથ્વી,
સમુદ્ર તથા તેમાંની તમાંમ વસ્તુઓ બનાવી હતી અને સાતમે દિવસે
વિશ્રામ કર્યો હતો, તેથી યહોવાએ વિશ્રામવારને આશીર્વાદ આપીને તે-
ને પવિત્ર ઠરાવ્યો છે.~ 12 “તમાંરા માંતાપિતાનું સન્માંન કરો, જેથી હું

તમને જે દેશ આપનાર છું તેમાં તમે લાંબુ આયુષ્ય પામો.~ 13 “તમારે
ખૂન કરવું નહિ.~ 14 “તમારે વ્યભિચાર કરવો નહિ.~ 15 “તમારે ચોરી
કરવી નહિ.~ 16 “તમારે પડોશી કે માંનવબંધુ વિરુદ્ધ જૂઠી સાક્ષી પુરવી
નહિ.~ 17 “તમાંરા પડોશીના ઘરની લાલસા રાખવી નહિ; તમાંરા પડો-
શીની પત્ની, કે તેના દાસ, કે તેની દાસી, કે તેનો બળદ, કે તેનું ગધેડું,
કે તમાંરા પડોશીની કોઈ પણ વસ્તુની લાલસા રાખવી નહિ.”~ 18 બધા
લોકો ગર્જના, અને રણશિંગડાનો નાદ સાંભળીને તથા વીજળીના ચમ-
કારા અને પર્વતમાંથી નીકળતો ધુમાંડો જોઈને ભયભીત થઈને થરથર
ધ્રૂજતાં દૂર જ ઊભા રહ્યા.~ 19 પછી તેઓએ મૂસાને કહ્યું, “અમાંરી સાથે
તમે જ બોલો, તો અમે સાંભળીશું, પણ દેવ અમાંરી સાથે ન બોલે. નહિ
તો અમે બધા મરી જઈશું.”~ 20 એટલે મૂસાએ તે લોકોને કહ્યું, “ગભરા-
શો નહિ, કારણ કે દેવ તો તમાંરી કસોટી કરવા આવ્યા છે, જેથી તમે
બધા ગભરાતા રહો અને પાપ ન કરો.”~ 21 પરંતુ લોકો તો તેમ છતાં દૂર
જ ઊભા રહ્યાં, ને મૂસા ઘનઘોર વાદળ નજીક જ્યાં દેવ હતા ત્યાં
ગયો.~ 22 પછી યહોવાએ મૂસાને કહ્યું, “તું ઈસ્રાએલના લોકોને એ પ્ર-
માંણે કહે કે, મેં તમાંરી સાથે આકાશમાંથી વાત કરી છે એ તમે જાતે જો-
યું છે.~ 23 તેથી માંરી આગળ તમારે કોઈ સોનાચાંદીની મૂર્તિઓ ન
બનાવવી. તમારે આ ખોટા દેવો બનાવવા નહિ.~ 24 “માંરા માંટે તમે
લોકો એક માંટીની વેદી બનાવજો, અને તેના પર તમાંરાં ઘેટાંબકરાં
અને ઢોરોમાંથી મને દહનાર્પણ અને શાંત્યર્પણ ચઢાવજો. અને જે સર્વ
જગાએ હું માંરું નામ સ્થાપીશ, ત્યાં હું તમાંરી પાસે આવીશ અને તમને
આશીર્વાદ આપીશ.~ 25 જો તમે માંરા માંટે પથ્થરની વેદી બાંધો, તો
ઘડેલા પથ્થરની ન કરાવશો. કારણ કે તમે જો તેના પર કોઈ પણ
ઓજાર વાપરો તો તે અશુદ્ધ બની જાય.~ 26 તેમ જ તમારે પગથિયાં
ઉપર થઈને માંરી વેદી ઉપર ચઢવું નહિ, જેથી તમાંરી નગ્નતા દેખાય
નહિ.”

21 પછી દેવે મૂસાને કહ્યું, “હવે તારે કાનૂનો તેઓની આગળ રજૂ
કરવાના છે તે આ છેઃ~ 2 “જો તમે કોઈ હિબ્રૂ દાસ ખરીદો, તો તે
છ વરસ પર્યંત તમાંરી સેવા કરે અને સાતમે વરસે તે છૂટો થઈ જાય
અને તેણે ચુકવવાંનુ નહિ રહે.~ 3 ગુલામ થતાં પહેલા જો તે પરણેલો
નહિ હોય, તો તે પત્નીના સિવાય છુટો થઈ જાય અને એકલો ચાલ્યો
જાય. પરંતુ જો ગુલામ થતી વખતે જો તે પરણેલો હશે, તો છૂટો થતી
વખતે તે તેની પત્નીને સાથે લઈને જશે.~ 4 જો કદાચ તે અવિવાહિત
હશે તો ધણી તેને પત્ની આપી શકશે. અને જો તે પત્ની, પુત્ર કે પુત્રી-
ઓને જન્મ આપશે, તો તે સ્ત્રી તથા તેનાં બાળકો તેના ધણીનાં ગણા-
શે. અને તે એકલો છૂટો થાય.~ 5 “પરંતુ જો તે દાસ સ્પષ્ટ કહે કે; ‘હું તો
માંરા ધણીને તથા માંરી પત્નીને તથા માંરાં બાળકોને ચાહું છું; માંરે તો
છૂટવું નથી.’~ 6 જો આવું બને તો ગુલામના ધણીએ તેને ન્યાયધીશોને
સમક્ષ લાવવો અને બારસાખ આગળ ઉભો રાખીને સોય વતી તેનો
કાન વીંધવો; એટલે તે તેના ધણીનો સદાને માંટે દાસ બની રહેશે.~
7 “અને જો કોઈ વ્યક્તિ પોતાની દીકરીને દાસી તરીકે વેચે, તો તેને છુટી
કરવાના કાયદા, પુરુષોને છુટા કરવાના કાયદા જેવા નથી.~ 8 જે વ્ય-
ક્તિએ તેને ખરીદી હોય તેને જો તે ન ગમે, તો તે તેના પિતાને પાછી વે-
ચી શકે છે, જો ધણીએ તેની સાથે લગ્ન કરવાનું વચન આપ્યુ હોય, તો
તે તેણે બીજા લોકોને વેચવાનો હક્ક ગુમાંવે છે.~ 9 પરંતુ જો તેણે તેના
પોતાના પુત્ર માંટે રાખી હોય તો તેની સાથે તેણે પુત્રી જેવો વ્યવહાર રા-
ખવો.~ 10 “જો તે બીજી પત્ની કરે, તો તેણે તેની પ્રથમ પત્નીના ખો-
રાક-પોષાક કે તેનાં પત્ની તરીકેના હક્કમાં કશો ઘટાડો કરવો નહિ.~
11 અને જો તે તેની પત્ની પ્રત્યે આ ત્રણ ફરજો કરી ન શકે, તો તે મફત
એટલે પૈસા ચૂકવ્યા વગર એમને એમ છૂટી થઈ શકે.~ 12 “જો કોઈ એક
વ્યક્તિને માંરી તેની હત્યા કરે, તો તેને મોતની સજા કરવી.~ 13 પરંતુ
જો એ વ્યક્તિએ કોઈ ચોક્કસ હેતુપૂર્વક ખૂન ના કર્યુ હોય, અને આક-
સ્મિક રીતે તેનું મૃત્યુ થયું હોય, તો તે વ્યક્તિને માંરી પસંદ કરેલી
જગ્યાએ નાસી જશે, જ્યાં લોકો પોતાની રક્ષા માંટે ભાગી શકે છે.~
14 “પરંતુ જો કોઈ ક્રોધે ભરાઈને જાણી જોઈને બીજાની હત્યા કરે, પોતા-
ના પડોશી પર ધસી જઈને તેને દગાથી માંરી નાખે; તો તેને માંરી વેદી
આગળથી પણ લઈ જઈને મૃત્યુદંડ આપવો.”~ 15 “અને જો કોઈ પોતા-
ના પિતાને કે માંતાને માંરે, તો તેને મૃત્યુદંડની સજા કરવી.~ 16 “જો
કોઈ ચોરીછૂપીથી માંનવહરણ કરે અને તેને વેચે, અથવા તો તેને પોતા-
ના તાબામાં રાખે, તો તેને મૃત્યુદંડની સજા કરવી.”~ 17 “અને જો કોઈ
પોતાના પિતાને કે માંતાને શાપ આપે તો પણ તેને મૃત્યુદંડની સજા
કરવી.”~ 18 “અને જો કોઈ બે માંણસો એક બીજા સાથે ઝઘડો કરતા
હોય, અને એક માંણસ બીજા માંણસને પથ્થરથી કે મુક્કીથી એવો માંરે
કે તે મરી ન જાય પરંતુ ખાટલે પડે;~ 19 પછી જ્યારે તે સાજો થઈને લા-
કડી લઈને હરતો-ફરતો થઈ જાય, તો જે માંણસે તેને માંર્યો હોય તે છૂટી
જાય ખરો, પરંતુ તેણે પેલા માંણસને સમય અને કામની નુકસાની ભર-
પાઈ કરવી અને સંપૂર્ણ સાજો થાય ત્યાં સુધી આધાર આપવો.~
20 “અને જો કોઈ વ્યક્તિ પોતાના દાસ કે દાસીને લાકડી વડે માંરે અને
તેનું મૃત્યુ થાય, તે તો ગુનેગાર ગણાય અને સજાપાત્ર બને.~ 21 પરંતુ
જો તે દાસ કે દાસી મરી ન જાય અને થોડા દિવસો પછી સાજા થઈ
જાય તો ધણીને સજા ન કરવી. કારણ એ દાસ કે દાસી તેની પોતાની
મિલકત છે”~ 22 “જો કોઈ માંણસો લડતાં-ઝઘડતાં હોય ત્યારે કોઈ
માંણસ ગર્ભવતી સ્ત્રીને ઈજા પહોંચાડે અને તે તેના બાળકને સમય
પહેલા જન્મ આપે પણ ગંભીર ઈજા ના થાય તો તે સ્ત્રીનો પતિ માંગેતે-
ટલો દંડ ન્યાયાધીશના ચુકાદા પ્રમાંણે આપવો.~ 23 પણ જો પછીથી
બીજું કંઈ નુકસાન થાય, તો તેની શિક્ષા પ્રાણને બદલે પ્રાણ.~
24 આંખને બદલે આંખ, દાંતને બદલે દાંત, હાથને બદલે હાથ, પગને
બદલે પગ.~ 25 ડામને બદલે ડામ, ઘાને બદલે ઘા, ચીરાના બદલે ચીરો
એ રીતે બદલો લેવો.~ 26 “અને જો કોઈ વ્યક્તિ પોતાના દાસ કે દાસીને
આંખ પર માંરીને તે ફોડી નાખે, તો તેણે આંખની નુકસાનીના બદલામાં
તેમને છૂટાં કરી દેવા.~ 27 અને જો તે પોતાના દાસનો કે પોતાની દાસી-
નો દાંત તોડી પાડે, તો તેના દાંતની માંટે નુકસાનીના બદલામાં તેને
છોડી દેવો.”~ 28 “અને જો કોઈ બળદ સ્ત્રી કે પુરુષને શિંગડું માંરેને તેનું
મૃત્યુ થાય, તો તે બળદને પથ્થરા માંરીને માંરી નાખવો. અને તેનું માંસ
ખાવું નહિ, બળદના ધણીને ગુનેગાર ગણવો નહિ.~ 29 પણ જો તે
બળદને પહેલાંથી શિંગડું માંરવાની ટેવ હોય, ને તેનો ધણી તે જાણતો
હોય, તેમ છતાં તેણે તેને કાબૂમાં રાખ્યો ના હોય, અને તે બળદ કોઈ
પુરુષ કે સ્ત્રીને માંરી નાખે, તો તે બળદને પથ્થરો માંરીને માંરી નાખવો
અને તેના ધણીને પણ મોતની સજા કરવી.~ 30 પરંતુ મૃત્યુદંડને બદલે
જો તેનો દંડ કરવામાં આવ્યો હોય, તો તેના જીવના બદલામાં જે કાંઈ
મૂલ્ય ઠરાવવામાં આવ્યું હોય તે તેણે ચૂકવવું.~ 31 “અને જો તેણે કોઈ-
ના પુત્ર કે પુત્રીને શિંગડું માંર્યું હોય, તો પણ આ જ કાનૂન લાગું પડે.~
32 જો એ બળદ કોઈ દાસ કે દાસીને શિંગડું માંરે તો તેના ધણીએ દાસ
કે દાસીને ધણીને ત્રીસ તોલા ચાંદી આપવી અને બળદને પથ્થરો
માંરીને માંરી નાખવો.~ 33 “જો કોઈ વ્યક્તિ કુવાનું ઢાંકણુ ખોલી નાખે
અથવા કોઈ વ્યક્તિ ખાડો ખોદેને તેને ઢાંકે નહિ, ને જો તેમાં કોઈનો
બળદ કે કોઈનું ગધેડું પડે.~ 34 તો ખાડાના ધણીએ નુકસાન ભરપાઈ
કરવું. તેણે એ પશુના ધણીને નાણામાં બદલો આપવો. અને મરેલું પશુ
પોતે લઈ જવું.~ 35 “અને જો કોઈ માંણસનો બળદ બીજાના બળદને
શિંગડું માંરે અને તે મરી જાય, તો તે બન્ને જીવતો બળદ વેચી નાખે અને
તેની કિંમત તથા મરેલું પશુ વહેંચી લે.~ 36 અથવા જો અને પહેલેથી જ
ખબર હોય કે એ બળદને કેટલાક સમયથી માંરવાની ટેવ છે અને એના
ધણીએ એને કાબૂમાં રાખ્યો ન હોય, તો તેનું નુકસાન ભરપાઈ કરી
આપવું. બળદને બદલે બળદ આપવો, અને એ મૃત પશુ તેનું થાય.

22 “જો કોઈ માંણસ બળદ કે ઘેટું ચોરે અને તેને કાપે અથવા વેચી
નાખે, તો તેણે એક બળદને બદલે પાંચ બળદ અને એક ઘેટાને
બદલે ચાર ઘેટા આપવા.~ 2 જો કોઈ ચોર રાતના ખાતર પાડતા પક-
ડાય અને તેની હત્યા થાય તો એ ખૂન ન ગણાય, પણ~ 3 જો તે સૂર્યો-
દય પછી ખાતર પાડીને ઘરમાં ઘૂસે અને પકડાઈ જતાં તેને માંરી નાખ-
વામાં આવે તો એ ખૂન ગણાય. ચોરેલા માંલની નુકસાની ચોરી કરનાર
ભરી આપે; અને જો તે કંગાલ હોય તો તેની ચોરીને કારણે પોતે વેચાઈ
જાય.~ 4 પરંતુ જો ચોરેલી વસ્તુ તેના તાબામાં જીવતી મળી આવે, પછી
તે બળદ હોય કે ગધેડું હોય કે ઘેટું હોય; તો તે બમણું ભરપાઈ કરી
આપે.~ 5 “જો કોઈ વ્યક્તિ પોતાનાં ઢોર ખેતરમાં કે દ્રાક્ષની વાડીમાં છૂ-
ટાં મૂકે અને તેઓ બીજાનાં ખેતરોમાં ભેલાણ કરે, તો તેણે પોતાના ખે-
તરની અથવા દ્રાક્ષની વાડીની સર્વોત્તમ ઊપજમાંથી નુકસાની ભરપાઈ

કરી આપવી.~ 6 “જો કોઈ વ્યક્તિ પોતાના ખેતરમાં કાંટા-ઝાખરાં સળ-
ગાવવા આગ પેટાવે અને આગ પડોશીના ખેતરમાં ફેલાઈ જાય અને તે-
ના પાક અથવા અનાજ બળી જાય; તો જેણે આગ લગાડી હોય તેણે પૂ-
રું નુકસાન ભરપાઈ કરી આપવું.~ 7 “જો કોઈ વ્યક્તિ પોતાના પડોશી-
ને નાણાં કે મિલકત સાચવવા માટે સોંપે અને તે પેલા માણસના ઘર-
માંથી ચોરાઈ જાય; અને જો ચોર પકડાય, તો તેણે બમણું ભરપાઈ કરી
આપવું.~ 8 પરંતુ જો ચોર પકડાઈ ના જાય તો તે ઘર ધણીએ પોતાને
ન્યાયધીશો આગળ રજુ કરવો અને ન્યાયધીશ તેની ચોરીનો ફેસલો
કરશે.~ 9 “જો કોઈ બે વ્યક્તિ બળદ વિષે કે ગધેડા વિષે કે ઘેટા વિષે કે
વસ્ત્ર વિષે કે કોઈ ખોવાયેલી વસ્તુ વિષે અસહમત હોય અને તેમાંનો
એક કહે: ‘આ મારુ છે.’ પણ બીજો કહે: ‘ના આ મારુ છે’ તો બન્નેએ દેવ
પાસે જવુંને દેવ ન્યાય આપશે કે કોણ ખોટુ છે. જે ખોટો નીકળે તેણે
બીજા વ્યક્તિને બમણું ભરપાઈ કરી આપવું.~ 10 “જો કોઈ માણસ પો-
તાના પડોશીને ગધેડું, બળદ, ઘેટું કે બીજું કોઈ પશુ સાચવવા સોંપે;
અને તે મરી જાય, અથવા તેને કોઈ ઈજા થાય, અથવા કોઈ ઉપાડી
જાય, અને કોઈ સાક્ષી હોય નહિ,~ 11 તો પછી તે માણસે સમજાવવું કે
તેણે ચોરી નથી કરી અથવા પ્રાણીને ઈજા નથી પહોચાડી. તેણે યહો-
વાને સમ સાથે કહેવાનું કે તેણે ચોરી નથી કરી; અને તેના ધણીએ એ
કબૂલ રાખવું; અને પછી પડોશીએ નુકસાન ભરપાઈ કરવાનું રહેતું
નથી.~ 12 પરંતુ જો પડોશી એ તે પશુની ચોરી કરી હોય, તો તેણે ધણી-
ને નુકસાન ભરપાઈ કરી આપવું.~ 13 જો કોઈ જંગલી પ્રાણીએ તેને ફા-
ડી ખાધું હોય, તો તેનો વધેલો ભાગ પુરાવા તરીકે રજૂ કરવો. પછી ફાડી
ખાધેલાં પશુનું નુકસાન ભરપાઈ કરવાનું રહેતું નથી.”~ 14 “અને જો
કોઈ વ્યક્તિ પોતાના પડોશી પાસેથી કોઈ પ્રાણી ઉછીનું માંગી લે, અને
તેનો ધણી તેની સાથે ના હોય તે સ્થિતીમાં તેને કંઈ ઈજા થાય અથવા
તે મરી જાય, તો ઉછીનું લેનારે તેનો પુરેપુરો બદલો આપવો.~ 15 ધણી
તેની સાથે હોય, તો ઉછીનું લેનારે નુકસાન ભરપાઈ કરવાનું રહેતું નથી.
અને જો ભાડે લીધું હોય તો ફક્ત ભાડું ચુકવવાનું રહે.~ 16 “જો કોઈ
વ્યક્તિ અપરણીત કુમારિકાને લલચાવીને તેની સાથે મેળાપ કરે, તો
તેણે તેનું કન્યામૂલ્ય ચૂકવીને તેની સાથે લગ્ન કરે.~ 17 જો તેનો બાપ
તેની સાથે પરણાવાની ના પાડે, તો કુમારિકાના કન્યામૂલ્ય જેટલું ના-
ણું આપવાનું રહે.”~ 18 “મેલીવિદ્યાનો ઉપયોગ કરનાર સ્ત્રીને જીવતી
રહેવા ન દે.~ 19 “જાનવરની સાથે કુકર્મ કરનારને મૃત્યુદંડની સજા કર-
વી.”~ 20 “મારા સિવાય એટલે કે યહોવા સિવાય બીજા કોઈ પણ દેવને
યજ્ઞ કરે અને આહુતિ આપે તો તે વ્યક્તિનું નામનિશાન રહેવા દેવું
નહિ.”~ 21 “તમારે વિદેશીઓને હેરાન કરવા નહિ, તેમના પર ત્રાસ કર-
વો નહિ, કારણ કે, તમે પોતે મિસર દેશમાં વિદેશી હતા.”~ 22 “કોઈ વિ-
ધવા કે અનાથ બાળકને રંજાડશો નહિ.”~ 23 જો તમે કોઈ પણ પ્રકારે
ત્રાસ અથવા તેમને દુઃખી કરશો તો તેઓ મને પોકારશે અને હું તેમનો
પોકાર સાંભળીશ.~ 24 અને મારો ક્રોધ ભભૂકી ઊઠશે. અને હું તરવારથી
તમને રહેંસી નાખીશ; તો તમારી પત્ની વિધવા થશે અને તમારાં પોતા-
નાં બાળકો અનાથ થશે.~ 25 “તમે મારા લોકોમાંના કોઈ ગરીબ માણ-
સને નાણાં ધીરો, તો તેના પ્રત્યે લેણદાર જેવો વ્યવહાર ન રાખશો, ને
તેની પાસે વ્યાજ લેશો નહિ.~ 26 જો તમે તમારા પડોશીનું વસ્ત્ર ગીરવે
રાખો, તો સૂર્યાસ્ત થતાં અગાઉ તમારે તે તેને પાછું આપવું.~ 27 કારણ
કે એ એકમાત્ર એનું પાગરણ છે. તેથી તે બીજું શું ઓઢીને સૂએ? જો તે
મને પોકારશે, તો હું તેને સાંભળીશ, કારણ કે હું કૃપાળુ છું.~ 28 “તમારા
ન્યાયધીશોની નિંદા ન કર તથા તમારા પોતાના લોકોના કોઈ આગેવા-
નને શાપ આપવો નહિ.~ 29 “તમારે તમારા ખેતરની ઊપજ તથા તમારા
દ્રાક્ષારસની પુષ્કળતામાંથી અર્પણ કરવામાં ઢીલ કરવી નહિ અને
તમારો જયેષ્ઠ પુત્ર મને આપવો.~ 30 “તમારાં બળદો અને ઘેટાનું પ્રથમ
જનિત મને આપવું. સાત દિવસ ભલે તે પોતાની માતાની સાથે રહે.
આઠમે દિવસે તમારે તે મને આપી દેવો.”~ 31 “અને તમે લોકો મારા
પવિત્ર માણસો થાઓ; તમારે જંગલી પશુએ મારેલા કોઈ પશુનું માંસ ન
ખાવું, તે કૂતરાંને નાખી દેવું.

23 “તમારે જૂઠી અફવા માંનવી નહિ, કે ફેલાવવી નહિ, દુષ્ટ માણ-
સને સાથ આપીને ખોટી સાક્ષી પૂરવી નહિ,~ 2 “બહુમતીથી દો-
રવાઈને તમારે ખોટું કામ કરવું નહિ, તેમ જ ન્યાયલયમાં સાક્ષી આપતી
વખતે ન્યાયના ભોગે બહુમતીનો પક્ષ લેવો નહિ.~ 3 “માણસ ગરીબ
હોય તો તેની ગરીબીના કારણે ન્યાયાલયમાં તેના પ્રત્યે પક્ષપાત ન
કરવો. જો તે સાચો હોય તો જ એનો પક્ષ લેવો.~ 4 “તમારા શત્રુનો
બળદ કે ગધેડો ભટકતો નજરે પડે તો તમારે તેના માલિકને ત્યાં પાછો
પહોંચાડવો.~ 5 “જો તમે તમારા દુશ્મનના ગધેડાને ભારથી ચગદાઇને
પડેલો જુઓ, તો તેને એમને એમ છોડીને ચાલ્યા ન જતાં, તમારે તેને
સહાય આપીને બેઠો કરવો પછી જ તેને છૂટું કરવું.~ 6 “તમારે ગરીબ
માણસને તેના ન્યાયશાસનમાં અન્યાય ન કરવો.”~ 7 “જૂઠા આક્ષેપો
કરવા નહિ, તથા નિર્દોષ અને ન્યાયીને મૃત્યુદંડની સજા કરવી નહિ. હું
નિર્દોષ માણસ ને મારી નાખે તેવા ખરાબ માણસને નિર્દોષ નહિ
માનું.~ 8 “તમારે કદાપી લાંચ લેવી નહિ. કારણ કે લાંચ દેખતાને અંધ
બનાવે છે, જેથી તેઓ સત્ય જોઈ શકતા નથી. તે સારા માણસને ખોટુ
બોલતા કરે છે.~ 9 “તમારે વિદેશી લોકો પર ત્રાસ કરવો નહિ, તમે લોકો
મિસરમાં વિદેશી હતા, એટલે તમે વિદેશીઓની લાગણીને જાણો છો.~
10 “અને છ વર્ષ પર્યંત તમારે ખેતરમાં વાવેતર કરવું અને તેની ઊપજ
એકત્રીત કરવી.~ 11 પણ તમારે સાતમે વર્ષે કશુંય વાવ્યા વિના જમીન
પડતર રહેવા દેવી. જમીનને એક વર્ષ આરામ કરવા દેવો. જે કઈ ઉગે
વાવ્યા વગર તે વર્ષે તે ગરીબોને લેવા દેવું અને વધેલું વનનાં પશુઓ
ખાઈ શકે. વળી તમારે તમારી દ્રાક્ષની અને જૈતૂનની વાડીમાં પણ આ
પ્રમાણે કરવું.~ 12 “તમારે છ દિવસ કામ કરવું પણ સાતમે દિવસે વિ-
શ્રામ કરવો, જેથી તમારા બળદને અને ગધેડાને આરામ મળે અને
તમારા ઘરમાં કામ કરતા દાસ-દાસી અને પરદેશી આરામ કરીને તાજા
થાય.~ 13 “અને મેં જે બધું તમને કહ્યું છે તેનું ધ્યાન રાખજો. અને અન્ય
દેવોની પૂજા કરશો નહિ. તથા તમારા મોઢેથી તેઓનું નામ સાંભળવા
મળવું જોઈએ નહિ.~ 14 “પ્રતિવર્ષ તમારે મારો ઉત્સવ ત્રણ વાર ઊજવ-
વો, આ રજાઓમાં, તમારે મારી ખાસ જગ્યાએ મારી ઉપાસના કરવા
આવવું.~ 15 પહેલી રજા આબીબ મહિનામાં બેખમીર રોટલીના ઉત્સવ-
ની હશે. તે વખતે સાત દિવસ મારી આજ્ઞા મુજબ તમારે ખમીર વગરની
રોટલી ખાવી. કારણ કે, એ મહિનામાં તમે મિસરમાંથી બહાર આવ્યા
હતા, અને કોઈએ મારી પાસે ખાલી હાથે આવવું નહિ.~ 16 “બીજી રજા
કાપણીના પર્વની હશે. આ રજા વહેલા ઉનાળામાં તમે ખેતરમાં જે વાવે-
તર કર્યુ હોય તેની પ્રથમ ઊપજ પ્રાપ્ત થાય ત્યારે હશે.“ત્રીજી રજા આશ્ર-
યના પર્વમાં જ્યારે ખેતરમાંથી ઉપજ ભેગી કરો ત્યારે રહેશે.~ 17 “પ્રતિ-
વર્ષ ત્રણ વખત તમારામાંના પ્રત્યેક પુરુષોએ મારી ખાસ જગ્યાએ,
મારી સાથે તમારા માલિક સાથે હાજર રહેવું.~ 18 “તમારે મારા યજ્ઞનું
લોહી ખમીરવાળી રોટલી સાથે ધરાવવું નહિ તેમજ મારા પર્વની ચરબી
સવાર સુધી રાખી મૂકવી નહિ.~ 19 “તમારી જમીનની પ્રથમ ઊપજનો
ઉત્તમોત્તમ ભાગ તમારે તમારા યહોવા દેવના મંદિરમાં લઈ આવવો.
વળી લવારાને તેની માતાના દૂધમાં રાંધવું નહિ.”~ 20 “અને તમારા માટે
મેં જે જગ્યા તૈયાર કરી છે ત્યાં તમને લઈ જવા માટે હવે હું તમારી
આગળ એક દેવદૂત મોકલું છું તે રસ્તામાં તમારું રક્ષણ કરશે.~ 21 તમે
લોકો તેનાથી જાળવીને રહેજો અને તેનું કહ્યું કરજો. તેના વિરુદ્ધ બળ-
વો ન કરશો, તે તમારો ગુનો માફ કરશે નહિ કારણ કે મારુ નામ તેના-
માં છે.~ 22 પરંતુ જો તમે તેની આજ્ઞાઓનું પાલન કરશો અને હું જે કહું
તે બધુ કરશો, તો હું તમારી સાથે રહીશ અને તમારા શત્રુઓ સાથે
લડીશ. અને તમને હેરાન અને ત્રાસ કરનારને હું સજા આપીશ.~
23 “કારણ કે મારો દેવદૂત તમારી આગળ આગળ ચાલશે અને તમને
અમોરીઓ, હિત્તીઓ, પરીઝીઓ, કનાનીઓ, હિવ્વીઓ અને યબૂસી-
ઓના પ્રદેશમાં લઈ જશે, અને હું તેઓનો સર્વનાશ કરીશ.~ 24 “તે લો-
કોના દેવોની પૂજા કરવી નહિ, તેમની આગળ નમવું નહિ. તમારે તે લો-
કોની જેમ રહેવાનું નથી; તમારે તેઓની મૂર્તિઓને ઉથલાવી પાડવાની
છે. અને તે લોકોના સ્તંભોના ભાંગીને ભુક્કા કરી નાખવાના છે.~
25 વળી તમારે તમારા યહોવા દેવની જ સેવા કરવાની છે, અને હું તમારા
અન્ન-જળ પર આશીર્વાદ વરસાવીશ. અને તમારા તમામ રોગો હું દૂર
કરીશ.~ 26 તમારા દેશમાં કોઈ પણ સ્ત્રીનો ગર્ભપાત થશે નહિ, તથા
કોઈ સ્ત્રી વાંઝણી પણ હશે નહિ; હું તમને લોકોને પૂરેપૂરું આયુષ્ય
આપીશ.”~ 27 “તમે જ્યારે દુશ્મનો સાથે લડતા હશો, ત્યારે હું મારુ
મહાબળ તમારી સામે મોકલીશ અને તે બધાંને હું થથરાવી દઈશ. તથા

તમાંરા બધા જ દુશ્મનો તમાંરાથી ભાગી જાય એવું હું કરીશ."~ 28 તદ્-
પરાંત હું તમાંરી આગળ હું ભમરીઓને મોકલીશ, ને તે હિવ્વી તથા
કનાની તથા હિતી લોકોને તમાંરી આગળથી કાંકી કાઢશે.~ 29 હું એક જ
વર્ષમાં એ બધાને હાંકી કાઢીશ નહિ, રખેને બધી જમીન વેરાન થઈ જાય
અને જગંલમાં જંગલી જાનવરોની સંખ્યા વધી જતાં તમે બધા મુશ્કેલી-
માં મુકાઈ જાઓ.~ 30 તમાંરી સંખ્યાનો એટલો બધો વધારો થાય અને
તમે સમગ્ર દેશનો કબજો લઈ શકો ત્યાં સુધીમાં તો હું તેમને ધીરે ધીરે
હાંકી કાઢીશ.~ 31 "અને હું રાતા સમુદ્રથી ફ્રાત નદી સુધી તમાંરી સરહદ
નક્કી કરી આપીશ. પલિસ્તીઓના સમુદ્ર પશ્ચિમી સરહદે રહેશે અને પૂ-
ર્વી સરહદે અરબી રણ રહેશે. અને એ દેશના વતનીઓને હું તમાંરા હાથ-
માં સોંપી દઈશ, અને તમે તેમને હાંકી કાઢજો.~ 32 "તમે તેઓની સાથે
કે તેઓના દેવો સાથે કોઈ સંબંધ બાંધશો નહિ, કે તેમને તમાંરા શહેરમાં
રહેવા ન દેશો.~ 33 નહિ તો તેઓ તમને ફસાવી, તેમના દેવોની પૂજા
કરશે અને માંરી વિરુદ્ધ પાપ કરવા પ્રેરશે."

24 દેવે મૂસાને કહ્યું, "તું અને હારુન, તથા નાદાબ તથા અબીહૂ
તથા ઈસ્રાએલના વડીલોમાંના સિત્તેર માંરી સમક્ષ આવો; અને
થોડે દૂર રહીને માંરુ ભજન કરજો.~ 2 પછી તું એકલો માંરી પાસે આવ-
જે, અન્ય કોઈ ન આવે. અને લોકો તો તારી સાથે ઉપર આવે જ નહિ."~
3 ત્યારબાદ મૂસાએ આવીને લોકોને યહોવાનાં બધાં વચનો અને બધી
આજ્ઞાઓ કહી સંભળાવી. પછી બધા લોકો એકી અવાજે બોલી ઊઠયા,
"યહોવાએ જે બધી વાતો કહી છે તે બધાનું પાલન અમે કરીશું."~
4 પછી મૂસાએ યહોવાનાં બધાં આદેશો લખી નાખ્યાં અને સવારમાં
વહેલા ઊઠીને તેણે પર્વતની તળેટીમાં એક વેદી બાંધી અને ઈસ્રાએલ-
ના બાર કુળસમૂહ પ્રમાંણે બાર સ્તંભ બાંધ્યાં.~ 5 પછી તેણે કેટલાક
ઈસ્રાએલી નવયુવાનોને યજ્ઞો અર્પવા મોકલ્યા. અને તેમણે યહોવાને
દહનાર્પણ અને શાંત્યર્પણ તરીકે બળદો અર્પણ કર્યા.~ 6 અને મૂસાએ
યજ્ઞનું અડધું લોહી એક વાસણમાં રાખ્યું અને અડધું લોહી તેણે વેદી
પર છાંટયું.~ 7 પછી તેણે કરારનું પુસ્તક લીધું અને બધા લોકોને મોટે-
થી વાંચી સંભળાવ્યું એટલે તેઓ બોલી ઊઠયા, "યહોવાએ જે જે કહ્યું
છે તે બધું અમે માંથે ચઢાવીશું અને તે પ્રમાંણે કરીશું."~ 8 પછી મૂસાએ
વાસણમાંથી લોહી લઈને લોકો પર છાટયું અને કહ્યું, "આ પુસ્તકમાં
લખેલાં વચનો પ્રમાંણે યહોવાએ તમાંરી સાથે જે કરાર કર્યો છે, તેને પા-
કો કરનાર આ લોહી છે."~ 9 તે પછી મૂસા, હારુન, નાદાબ, અબીહૂ
અને ઈસ્રાએલીઓના 70 વડીલોને સાથે લઈને તે ઉપર ગયો.~ 10 ત્યાં
તેમણે ઈસ્રાએલના દેવના દર્શન કર્યા. તેમના પગ નીચે જાણે નીલમના
જેવી ફરસબંધી હતી-સ્વચ્છ નિર્મળ આકાશ જ જોઈ લો.~ 11 ઈસ્રાએલ-
ના બધા આગેવાનોએ દેવનું આ દ્રશ્ય જોયું, પણ યહોવાએ તેમનો
નાશ ન કર્યો. તેઓ બધાએ સાથે ખાધું અને પીધું.~ 12 યહોવાએ મૂસાને
કહ્યું, "તું માંરી પાસે પર્વત પર આવ અને ત્યાં રહે; અને મેં જે શિલાઓ
ઉપર નિયમો અને આજ્ઞાનો લખ્યાં છે, તે હું તને આપીશ જેથી તું લોકો-
ને સમજાવી શકે."~ 13 આથી મૂસા તથા તેનો સેવક યહોશુઆ ઊઠયા,
અને મૂસા દેવના પર્વત પર ગયો.~ 14 જતાં જતાં તેણે વડીલોને કહ્યું,
"અમે પાછા આવીએ, ત્યાં સુધી તમે અહી અમાંરી રાહ જુઓ. અને
જુઓ, હારુન અને દૂર તમાંરી સાથે છે; જો કોઈને કંઈ તકરાર હોય તો તે
એ બે જણ પાસે જાય."~ 15 પછી મૂસા પર્વત પર ચઢયો અને વાદળોએ
પર્વતને ઢાંકી દીધો.~ 16 યહોવાનું ગૌરવ સિનાઈ પર્વત પર ઊતર્યુ. અને
છ દિવસ સુધી વાદળોએ એ પર્વતને ઢાંકી રાખ્યો, અને સાતમે દિવસે
યહોવાએ વાદળમાંથી મૂસાને હાંક માંરીને બોલાવ્યો.~ 17 અને યહોવા-
નું ગૌરવ ઈસ્રાએલીઓને પર્વતની ટોચે સર્વભક્ષી અગ્નિ જેવું લાગ્યું.~
18 અને મૂસા વાદળમાં પ્રવેશ કરીને પર્વત પર ચઢયો; અને તે ત્યાં 40
દિવસ અને 40 રાત રહ્યો.

25 યહોવાએ મૂસાને કહ્યું,~ 2 "ઈસ્રાએલના લોકોને કહે કે, 'તેઓ
માંરા માંટે ભેટ ઉઘરાવે; પ્રત્યેક માંણસ રાજીખુશીથી જે કંઈ
આપે તે તમાંરે ભેટ તરીકે સ્વીકારવું.~ 3 તમાંરે તેમની પાસેથી આટલી
વસ્તુઓ ભેટમાં સ્વીકારવી; સોનું, ચાંદી તાંબું અને ભૂરા, જાંબુડિયા
તથા કિરમજી રંગનું કિંમતી ઊન;~ 4 શણનું ઝીણું કાપડ તથા બકરાંના
વાળ,~ 5 ઘેટાનાં પકવેલાં લાલ રંગમાં રંગેલાં ચામડાં, તથા સીલ (માંછ-
લી) નાં કુમાંશદાર ચામડાં, અને બાવળનાં લાકડાં.~ 6 દીવા માંટે તેલ,
અભિષેકના તેલને માંટે તથા સુવાસિત ધૂપને માંટે સુગંધીઓ,~ 7 ઉર-
પત્ર અને એફોદમાં જડવા માંટે ગોમેદ પાષાણો અને અન્ય પાષાણો."~
8 "અને તેઓ માંરા માંટે એક પવિત્ર સ્થાન બનાવે, જેથી હું તેમની
વચ્ચે રહી શકું.~ 9 હું મંડપનો નમૂનો તથા તેના સર્વ સામાંનનો નમૂનો
બતાવું તે પ્રમાંણે તમાંરે તે બનાવવું.~ 10 "બાવળના લાકડાનો અઢી
હાથ લાંબો, દોઢ હાથ પહોળો, અને દોઢ હાથ ઊંચો એક પવિત્રકોશ
બનાવવો.~ 11 અને તેને અંદરથી ને બહારથી ચોખ્ખા સોનાથી મઢી લે-
વો અને તેની ફરતે સોનાની પટ્ટી જડવી.~ 12 પછી તેને ઊંચકવાનાં
ચાર સોનાનાં કડાં બનાવવાં અને તેના ચાર ખૂણે જડી દેવાં; એક બા-
જુએ બે કડાં અને બીજી બાજુએ બે કડાં.~ 13 બાવળના દાંડા બનાવીને
પછી તું તેમને સોનાથી મઢજે.~ 14 અને કોશને ઉપાડવા માંટે એ દાંડા
દરેક બાજુના કડામાં પરોવી દેવા.~ 15 દાંડા કોશનાં કડામાં રહેવા દેવા,
બહાર કાઢવા નહિ.~ 16 "અને હું તને કરારના સ્મારક તરીકે જે બે પા-
ટીઓ આપું તે તું તેમાં મૂકજે,~ 17 વળી ચોખ્ખા સોનાનું અઢી હાથ લાંબું
અને દોઢ હાથ પહોળું ઢાંકણું તમાંરે બનાવવું.~ 18 અને બે કરૂબ દેવદૂ-
તો ટીપેલા સોનામાંથી ઘડીને ઢાંકણના બે છેડા માંટે બનાવવા.~
19 અને એક દેવદૂત એક છેડા પર, ને બીજા ઢાંકણના બીજા છેડા પર
બેસાડવો, એ દેવદૂત ઢાંકણની સાથે એવી રીતે જોડી દેવા કે ઢાંકણ
અને દેવદૂતો એક થઈ જાય.~ 20 એ દેવદૂતોની પાંખો ઊંચે આકાશ
તરફ ફેલાયેલી રાખવી. તેમનાં મોં એકબીજાની સામે હોય અને તે
ઢાંકણ તરફ વળેલાં હોય.~ 21 "એ ઢાંકણ કોશ ઉપર મૂકવું અને કોશમાં
હું તને આપું તે કરારની બે પાટીઓ મૂકવી.~ 22 પછી હું તને ત્યાં
મળીશ. અને કરારકોશ ઉપરના બે કરૂબદેવદૂતોની વચ્ચેથી હું તને
ઈસ્રાએલીઓ માંટેની માંરી બધી આજ્ઞાઓ આપીશ."~ 23 "વળી તું બા-
વળના લાકડાનો બે હાથ લાંબો, એક હાથ પહોળો, અને દોઢ હાથ
ઊંચો એક મેજ બનાવજે.~ 24 અને તું તેને શુદ્ધ સોનાથી મઢજે, ને તેને
ફરતી સોનાની કિનારી બનાવજે.~ 25 અને તેને ફરતી તું ચાર આંગળની
કોર બનાવજે, અને કોરની આસપાસ સોનાની કિનારી બનાવજે.~
26 અને એને ઉપાડવા માંટે સોનાનાં ચાર કડાં બનાવજે અને તેને ચાર
ખૂણે ચાર પાયા સાથે જડી દેજે.~ 27 મેજને ઉપાડવા માંટેની દાંડીઓ
પરોવવાના કડાં કિનારની પાસે મૂકવાં.~ 28 અને મેજ ઊંચકવા માંટે
બાવળના દાંડા બનાવજે અને તેને સોનાથી મઢજે.~ 29 મેજ માંટે વાસ-
ણો બનાવજે; રકાબીઓ, વાટકા, પેય અને નૈવેધ માંટેના વાટકા તથા
કડછીઓ; એ બધાં શુદ્ધ સોનાનાં બનાવજે.~ 30 અને એ મેજ પર હંમેશા
માંરી સંમુખ મને ધરાવેલી રોટલી મૂકી રાખજે.~ 31 "વળી, એક શુદ્ધ સો-
નાની દીવી બનાવજે. તે દીવીની બેસણી અને થાંભલી સોનામાંથી
ઘડીને બનાવજે, તેનાં શોભાના ફૂલો, કળીઓ અને પાંદડીઓ, દીવી
સાથે જડીને એક કરી દેવાં.~ 32 "એ દીવીને છ શાખા હોય-બંને બાજુએ
ત્રણ ત્રણ.~ 33 એ છમાંની દરેક શાખાને બદામના ફૂલના ઘાટનાં ત્રણ
શોભાનાં ફૂલ હોય, અને પ્રત્યેકને કળીઓ અને પાંદડીઓ હોય.~ 34 દી-
વીની થાંભલીને બદામનાં ફૂલના ઘાટનાં ચાર શોભાના ફૂલ હોય અને
દરેકને કળીઓ અને પાંખડીઓ હોય,~ 35 દીવીને છ ડાળી હોવી જો-
ઈએ-દાંડીની બન્ને બાજુથી ત્રણ શાખા નીકળવી જોઈએ, શાખાની દરેક
જોડીની નીચે એક એક કળી હોય, એ કળીએ અને ડાળીઓ દીવીની
સાથે જડી દીધેલી હોય.~ 36 અને બધુંજ શુદ્ધ સોનાની એક જ ડાળકી-
માંથી ઘડીને બનાવેલું હોય.~ 37 દીવી માંટે સાત કોડિયાં બનાવવાં
અને એવી રીતે ગોઠવવાં કે તેમનો પ્રકાશ સામેની બાજુએ પડે.~
38 એના ચીપિયા અને તાસક શુદ્ધ સોનાના હોવા જોઈએ.~ 39 આ બધાં
સાધનો બનાવવા માંટે 75 પૌંડ શુદ્ધ સોનું વાપરજે.~ 40 તેં પર્વત પર
જોયેલા નમૂના પ્રમાંણે આ બધું બનાવવાની કાળજી રાખજે.

26 યહોવાએ મૂસાને કહ્યું, "વળી તું મંડપ દશ પડદાનો બનાવજે.
આ પડદા ઝીણા કાંતેલા શણના હોવા જોઈએ અને ભૂરા, કિર-
મજી અને લાલ ઊનના બનાવજે. એ પડદાઓ ઉપર જરીથી કળામય
રીતે કરૂબ દેવદૂતો ભરાવજે.~ 2 પ્રત્યેક પડદો અઠ્ઠાવીસ હાથ લાંબો, ને
ચાર હાથ પહોળો હોય; બધાજ પડદા એક સરખા માંપના હોય.~
3 પાંચ પડદા એકબીજા સાથે જોડાય અને બીજા પાંચ પડદા એકબીજા
સાથે જોડાય.~ 4 પડદાના એક સમૂહ પર જાંબુડિયા રંગના કાપડનાં
નાકાં મૂકવાં. બીજા સમૂહના છેલ્લા પડદા પર પણ એમ જ કરવું.~ 5 એક

પડદામાં તું 50 નાકાં બનાવજે, ને બીજા સમૂહના પડદામાં 50 નાકાં
બનાવજે અને નાકાં એકબીજાની સામસામાં આવવા જોઈએ.~ 6 પછી
50 કડીઓ સોનાની બનાવને બંને પડદાને સાંધી દેવા જેથી મંડપનો
એક સળંગ તંબુ બનશે.~ 7 “આ પવિત્ર મંડપ ઉપર તંબુ બનાવવા
માંટેનું બકરાંના વાળના કાપડના અગિયાર પડદા તૈયાર કરવા.~
8 અગિયાર પડદા એક સરખા માંપના હોવા જોઈએ, પ્રત્યેક 30 હાથ
લાંબા અને 4 હાથ પહોળા.~ 9 એમાંના પાંચ પડદાને એક સાથે સીવી-
ને એક પડદો બનાવવો; બાકીના છ પડદાને ભેગા સીવીને બીજો પડ-
દો બનાવવો. એમાંનો છઠ્ઠો પડદો મંદિરના પ્રવેશદ્વાર ઉપર બેવડ વા-
ળવો.~ 10 અને સમૂહનો જે છેલ્લો પડદો છે તેની બાજુએ પચાસ નાકાં;
ને બીજા સમૂહના પડદાની બાજુએ પચાસ નાકાં બનાવજે.~ 11 અને
કાસા 50 કડીઓ બનાવજે અને તેને પેલા નાકાંમાં પરોવી બંને પડદાંને
જોડી દઈને એક સળંગ તંબુ બનાવજે.~ 12 અને તંબુ ઉપરથી વધારાનો
લટકતો રહેતો અડધો પડદો મંડપના પાછલા ભાગ પર લટકતો રાખ-
વો.~ 13 તંબુની બંને બાજુએ પડદાઓ એક હાથ તંબુના છેડેથી નીચા
રહેશે. આથી આ તંબુ પવિત્ર તંબુને સંપૂર્ણ રીતે ઢાંકશે.~ 14 તંબુ માંટે
ઘેટાંના લાલ રંગેલાં ચામડાંનો બીજો ઓઢો બનાવવો અને તેના પર
આચ્છાદન માંટે કુમાંશદાર ચામડાનું ઢાંકણ બનાવવું.~ 15 “પવિત્રમંડ-
પની આધાર તરીકે બાવળનાં પાટિયાં બનાવી ઊભાં મૂકવાં.~ 16 પ્ર-
ત્યેક પાટિયું 10 હાથ લાંબુ અને દોઢ હાથ પહોળું હોય.~ 17 પ્રત્યેક પા-
ટિયામાં એકબીજાની સાથે જોડાયેલી બે સાલ હોય; પવિત્ર મંડપની
બધી જ બારસાખો સરખી હોવી જોઈએ.~ 18 પવિત્ર મંડપની દક્ષિણની
બાજુ માંટે 20 પટિયા બનાવવાં.~ 19 અને પ્રત્યેક પાટિયાનાં બે સાલને
બેસાડવા માંટે તેની નીચે બે કૂંભી એમ કુલ 40 ચાંદીની કૂભીઓ બના-
વવી.~ 20 એ જ પ્રમાંણે મંડપની ઉત્તરની બાજુ માંટે પણ 20 પાટિયાં,~
21 અને 40 ચાંદીની કૂભીઓ બનાવવી જેથી દરેક પાટિયા નીચે બબ્બે
કૂભી આવે.~ 22 પવિત્ર મંડપની પશ્ચિમ તરફની પાછલા ભાગ માંટે છ
પાટિયાં બનાવવાં.~ 23 અને મંડપના પાછલા ભાગના બે ખૂણાને માંટે
તું બે પાટિયાં બનાવ.~ 24 આ ખૂણા પરનાં પાટિયાં નીચેથી એકબીજા
સાથે બંધ બેસતાં હોય અને તે ઠેઠ ઉપર એક કડી બધાં પાટિયાંને સાથે
રાખે. બન્ને ખુણાઓમાં એમ કરવું. બે ખૂણા માંટેનાં બે પાટિયાં આ રીતે
બનાવવાં એટલે બે ખૂણા બની જશે,~ 25 આમ, આઠ પાટિયાં અને 16
ચાંદીની કૂભી હશે. પ્રત્યેક પાટિયા નીચે બબ્બે કૂભીઓ રાખજે.~
26 “વળી તું બાવળના લાકડાની આડી વળીઓ બનાવજે. પવિત્ર મંડ-
પની એક બાજુના પાટિયાંને માંટે પાંચ,~ 27 ને પવિત્ર મંડપની બીજી
બાજુના પાટિયાં માંટે પણ પાંચ ભૂંગળો, તેમજ પશ્ચિમ તરફથી પાછલી
બાજુ માંટે પાંચ.~ 28 વચલી વળી પાટિયાની વચ્ચે તંબુના એક છેડાથી
બીજા છેડા સુધી આવે.~ 29 “વળી પાટિયા સોનાથી મઢાવવાં. અને
વળીઓ ભેરવવા માંટે તેમાં સોનાનાં કડાં બેસાડવાં અને વળીઓને
પણ તું સોનાથી મઢાવજે.~ 30 પર્વત પર તને પવિત્ર મંડપનો જે નમૂનો
મેં બતાવ્યો છે તે પ્રમાંણે તું પવિત્ર મંડપ ઊભો કરજે.~ 31 “તું ભૂરા, કિ-
રમજી અને લાલ ઊનનો અને ઝીણા કાંતેલા શણાનો એક ખાસ પડદો
તંબુમાં ભાગ પાડવા માંટે બનાવજે. એના ઉપર જરીની કલામય રીતે
કરૂબ દેવદૂતોની આકૃતિઓ ભરાવજે.~ 32 સોનાની કૂંભીઓમાં બેસાડે-
લી બાવળની સોનાથી મઢેલી અને આંકડીઓવાળી ચાર થાંભલીઓ
ઉપર તેને લટકાવવો.~ 33 એ આંકડીઓ નીચે તું પડદો લટકાવજે. અને
કરારનો તકતીઓવાળો કોશ એ પડદા પાછળ મૂકજે. એ પડદો પવિત્ર-
સ્થાનને પરમ પવિત્રસ્થાનથી જુદો પાડશે.~ 34 પરમ પવિત્રસ્થાનમાં
કરારકોશ પર ઢાંકણ ઢાંકી દેજે.~ 35 “પવિત્ર જગ્યાની અંદર પડદાની
પેલી બાજુએ તે ખાસ મેજ બનાવ્યુ છે તે મુકવું. તે તંબુની ઉત્તર બાજુએ
મુકવું, પછી દીવી ને દક્ષિણ તરફ બાજઠની સામે મુકવી.~ 36 “વળી, તું
પવિત્ર મંડપના પ્રવેશદ્વાર માંટે ભૂરા, કિરમજી અને લાલ ઊનનો અને
ઝીણા કાંતેલા શણનો જરીનું સુંદર ભરતકામ કરેલો પડદો કરાવજે.~
37 અને એ પડદા માંટે બાવળના લાકડાની સોનાથી મઢેલી અને સોના-
ની કડીવાળી પાંચ થાંભલી કરાવજે અને એ થાંભલીઓ માંટે કાંસાની
ઢાળેલી પાંચ કૂંભીઓ બનાવજે.”

27 વેદી બાવળના લાકડાની બનાવવી, જે ચોરસ હોય અને 5
હાથ લાંબી, 5 હાથ પહોળી અને 3 હાથ ઊંચી હોય.~ 2 ચારે ખૂ-
ણે ચાર ટોચકાં બનાવવાં, અને તે વેદીના લાકડામાંથી જ બનાવવા
અને તેના ચારે બાજુથી ખુણા જોડી લેવા, જેથી તે એક બની જાય ત્યા-
રબાદ વેદીને કાંસાથી ઢાંકી દેવી.~ 3 “અને તેનાં ભસ્મપાત્રો, પાવ-
ડાંઓ, તપેલાં તથા પંજેટી તથા સગડીઓ તું બનાવજે, અને તેનાં સઘ-
ળાં પાત્રો કાંસાનાં બનાવજે.~ 4 અને વળી વેદી માંટે તું કાંસાની જાળી
બનાવજે; તથા જાળીના ચાર ખૂણામાં તું કાંસાના ચાર કડાં બનાવજે.~
5 અને પછી તું એ જાળી વેદીના છાજલી નીચે એવી રીતે મૂકજે જેથી તે
વેદીની ઊંચાઈને અડધે સુધી પહોંચે.~ 6 “અને વેદીને માંટે તું બાવળના
દાંડા બનાવજે અને તેને કાંસાથી મઢી દેજે.~ 7 વળી વેદીને ઊંચકતી
વખતે એ દાંડા વેદીની દરેક બાજુએ આવેલા કડામાં ભેરવજે.~ 8 વેદી
પાટિયાના ખોખા જેવી પોલી બનાવજે. પર્વત પર મેં જેમ તને બતાવ્યું
હતું તેમ તેઓ તેને બનાવે.”~ 9 “મંડપની આજુબાજુ ચોક બનાવવો. તે-
ની દક્ષિણ બાજુએ ઝીણો કાંતેલો શણનો 100 હાથ લાંબો પડદો
બનાવવો.~ 10 પડદાઓ લટકાવવા માંટે કાંસાની 20 થાંભલીઓ,
કાંસાની 20 કૂંભીઓ બેસાડવી અને એ થાંભલીઓના આડા સળિયા
અને આંકડા ચાંદીના બનાવવા.~ 11 ચોકની ઉત્તર બાજુએ પણ એ જ
પ્રમાંણે કરવાનું છે. કાંસાની કૂંભીઓમાં બેસાડેલા 20 સ્તંભો સાથે જો-
ડેલા ચાંદીના સળિયાઓ ઉપર ચાંદીના આંકડાઓ વડે 100 હાથ
લાંબા પડદાઓ લટકાવવાના છે.~ 12 “એ ચોકની પશ્ચિમ બાજુને ઢાંક-
વા માંટે 50 હાથ લાંબા પડદા હોય અને તેને માંટે દશ થાંભલી અને
દશ કૂંભીઓ હોય.~ 13 પૂર્વ દિશામાં પણ તે જ રીતે 50 હાથ લાંબા પડ-
દાઓ લટકાવવા.~ 14 પ્રવેશદ્વારની એક બાજુએ 15 હાથના પડદા હોય
અને તેને માંટે ત્રણ થાંભલી અને ત્રણ કૂંભી હોય.~ 15 અને બીજી બા-
જુએ પણ 15 હાથના પડદા અને ત્રણ થાંબલી અને ત્રણ કૂંભી હોય.~
16 “પ્રવેશદ્વારને માંટે 20 હાથ લાંબો પડદો બનાવવો. તે ઝીણા કાંતેલા
શણનો ભૂરા, જાંબુડા અને કિરમજી રંગનો, સુંદર ભરતકામવાળો બના-
વવો, ચાર કૂંભીઓમાં બેસાડેલા ચાર સ્તંભો પર તેને લટકાવવાનો છે.~
17 ચોકની આજુબાજુની બધી થાંભલીઓ ચાંદીના સળીયાથી જોડાયે-
લી હોય, તેમના સાંકળા ચાંદીના હોય અને તેમની કૂંભીઓ કાંસાની
હોય.~ 18 આ પ્રમાંણે ચોક ઝીણા કાંતેલા શણના કાપડનો બનશે. અને
100 હાથ લાંબો અને 50 હાથ પહોળો થશે. ચોકને ફરતા પડદાની દી-
વાલો 5 હાથ ઊંચી થશે. પડદાઓ ઝીણા કાંતેલા શણના હોય. તેના
તળીયા કાંસાના હોવા જોઈએ.~ 19 પવિત્ર મંડપમાં વપરાતાં તમાંમ
ઓજારો, તંબુના ખીલાઓ અને બીજી વસ્તુઓ કાંસાની હોવી જોઈએ.
ચોકને ફરતા પડદાઓની ખીલીઓ કાંસાની બનેલી હોવી જોઈએ.~
20 “દીવી ઉપર મૂકવાના અખંડ દીવા માંટે જૈતૂનનું ધાણીએ પીલેલું
ઉત્તમ તેલ લાવી આપવા ઈસ્રાએલીઓને આજ્ઞા કરો.~ 21 હારુન તથા
તેના પુત્રોએ એ દીવો સંભાળવાનો છે. તેઓએ મુલાકાત મંડપની પહે-
લી ઓરડીમાં જવાનું છે. આ કરાર મુકેલી ઓરડીની બહાર છે, જે બંન્ને
ઓરડાને અલગ કરે છે. આ જગ્યામાં તેઓ દીવો રાખશે જે સાંજથી
સવાર સુધી યહોવાની સામે બળતો રહેશે. આ કાયમી વિધિનું ઈસ્રાએ-
લીઓએ અને તેના વંશજોએ પેઢી દર પેઢી પાલન કરવાનું છે.”

28 દેવે મૂસાને કહ્યું, “ઈસ્રાએલીઓમાંથી તું તારા ભાઈ હારુનને
અને તેના પુત્રો નાદાબ, અબીહૂ, એલઆઝાર, અને ઈથામાંરને
અલગ કરીને માંરી સેવા કરવા માંટે યાજકો તરીકે સમર્પિત કરજે.~
2 “તારા ભાઈ હારુનને માંટે પવિત્ર પોષાક તૈયાર કરાવજે, જેથી તેનો
મોભો અને ગૌરવ જળવાય.~ 3 મેં જે કારીગરોને કુશળતા આપી છે તે-
ઓને સૂચના આપ કે હારુન માંટે પોષાક તૈયાર કરે જેથી યાજક તરીકે
તે માંરી સંમુખ સેવા કરે.~ 4 તેઓએ આ પોષાક બનાવવાનાં છે. ઉરપ-
ત્ર, એફોદ, ઝભ્ભો, સફેદ ગૂંથેલો ડગલો, પાઘડી તથા કમરબંધ; તેમણે
તારા ભાઈ હારુન તથા તેના પુત્રો માંટે માંરા યાજકો તરીકે સેવા બજાવે
ત્યારે પહેરવાં માંટે પવિત્ર વસ્ત્રો બનાવવાં.~ 5 એ વસ્ત્રો સોનેરી ઘેરો,
ભૂરા, જાંબુડા અને કિરમજી રંગના ઊન અને ઝીણા કાંતેલા શણમાંથી
જ બનાવવાં.~ 6 “તેઓ એફોદ સોનેરી દોરો તથા ભૂરા, જાંબુડિયા અને
કિરમજી રંગનો અને ઝીણા કાંતેલા શણનું બનાવે; સૌથી વધુ નિષ્ણાત
કારીગરો તેમાંથી એફોદ તૈયાર કરે.~ 7 એના બે છેડા જોડવા માંટે એને
ખભા પાસે બે સ્કંધપેટી હોય.~ 8 “કમરબંધ પણ એવી જ બનાવટનો
હોય. સોનેરી દોરો, ભૂરા, જાંબુડા અને કિરમજી રંગના ઊન અને ઝીણા

કાંતેલા શણના દોરાઓમાંથી ગૂંથીને બનાવેલો હોય.~ 9 “ત્યારે ગોમેદ-
ના બે પાષાણે લેવા અને પછી તેના પર ઇસ્રાએલનાં પુત્રોનાં નામ કોત-
રવાં.~ 10 પ્રત્યેક પાષાણ પર છ નામ ઉંમરના ઉતરતા ક્રમ પ્રમાંણે
આવે. આમ, તેઓના જન્મ દિવસના ક્રમમાં બારે કુળનાં નામો કોતર-
વામાં આવે.~ 11 આ મુદ્રા બનાવનાર કારીગર પાસે તારે બે પાષાણ પર
ઇસ્રાએલના પુત્રોનાં નામ કોતરાવવાં અને તેમને સોનાનાં ચોકઠામાં
જડવાં અને ઇસ્રાએલના પુત્રોના સ્માંરક તરીકે ઉરાવરણના ખભાના
પટા સાથે જડી દેવા.~ 12 હારુને આ નામો પોતાના બે ખભા ઉપર ધા-
રણ કરીને યહોવા પાસે જવું જેથી તેને એમનું સ્મરણ થાય.~ 13 એફોદ
પર પત્થરને બેસાડવા માંટે શુધ્ધ સોનાનો ઉપયોગ કરવો. ઉપર તારે
સોનાનાં ચોકઠાં લગાડવાં.~ 14 અને દોરીની જેમ વણેલી શુદ્ધ સોનાની
બે સાંકળી બનાવવી અને તે ચોકઠાં સાથે જોડી દેવી.~ 15 “પછી ખૂબ
કાળજીપૂર્વક એફોદ બનાવવામાં ઉપયોગી એવી કારીગરીવાળું ન્યાયક-
રણનું ઉરપત્ર બનાવવું, એ સોનરી દોરો, ભૂરા, જાંબુડિયા અને લાલ
ઊનનું તેમ જ ઝીણા કાંતેલા શણનું હોય.~ 16 જે સમચોરસ તથા બેવડું
વાળેલું હોય, તે એક વેંત લાંબુ અને એક વેંત પહોળું હોય.~ 17 વળી તે-
માં ચાર હારમાં નંગ જડવા, પહેલી હારમાં માંણેક, પોખરાજ અને લાલ
હોય.~ 18 બીજી હારમાં લીલમ, નીલમ તથા હીરો હોય;~ 19 ત્રીજી હાર-
માં શનિ, અકીક, અને યાકૂત હોય,~ 20 અને ચોથી હારમાં પીરોજ, ગો-
મેદ તથા યાસપિસ હોય. આ બધાને સોનામાંજ જડવાં.~ 21 પ્રત્યેક
પથ્થર પર ઇસ્રાએલના બારમાંના એક પુત્રનું નામ કોતરાવવું. પ્રત્યેક
પાષાણ ઇસ્રાએલના એક કુળસમૂહનું પ્રતીક બનશે.~ 22 “ઉરપત્ર માંટે
દોરીની જેમ વણેલી શુદ્ધ સોનાની સાંકળીઓ કરાવવી, તે સાંકળીઓ
વડે ઉરપત્રનો ઉપરનો છેડો એફોદ સાથે જોડવાનો છે.~ 23 વળી બે સો-
નાની કડી કરાવવી અને તે ઉરપત્રને ઉપરને છેડે જોડી દેવી.~ 24 અને
એ બે કડીઓ સાથે પેલી બે સોનાની સાંકળી જોડી દેવી.~ 25 સાંકળીના
બીજા બે છેડા બે ચોકઠાં સાથે જોડી દેવા, અને એ રીતે એફોદની ખભા-
પટીઓના આગલા ભાગ ઉપર તેમને જોડી દેવી.~ 26 પછી સોનાની
બીજી બે કડીઓ બનાવવી અને ઉરપત્રમાં અંદરની બાજુએ નીચેના છે-
ડે લગાવવી.~ 27 કમરબંધ પર આવતા એફોદના આગળના ભાગના
નીચેના છેડા ઉપર સોનાની બીજી બે કડીઓ લગાવવી.~ 28 ઉરપત્રનો
નીચેનો ભાગ ભૂરા રંગની પટ્ટીઓ વડે એફોદના નીચેના છેડા પર
આવેલી કડીઓ સાથે જોડવી. આમ કરવાથી ઉરપત્ર એફોદથી છૂટું
પડી જશે નહિ.~ 29 “જ્યારે હારુન પવિત્ર સ્થાનમાં પ્રવેશે, ત્યારે તેની
પાસે ન્યાયકરણના ઉરપત્ર પર ઇસ્રાએલના બાર પુત્રોનાં નામ ધારણ
હોવા જોઈએ.~ 30 અને હંમેશા તેઓ દેવની યાદીમાં રહેશે. ઉરીમ અને
તુમ્મીમને ન્યાયકરણના ઉરપત્રમાં મૂકવા. તે હારુન જ્યારે યહોવા
સમક્ષ જાય, ત્યારે તેઓ તેની છાતી પર રહે. આ રીતે હારુન હંમેશા
ઇસ્રાએલીઓના ન્યાય કરવાનું સાધન પોતાની સાથે રાખશે જ્યારે તે
યહોવા સમક્ષ રહેશે ત્યારે.~ 31 “એફોદનો જામો આખો ભૂરા રંગના કાપ-
ડનો બનાવવો, ને તેની વચમાં માંથા માંટે એક કાણું રાખવું.~ 32 એ કા-
ણાની કોર ચામડાના ડગલાનાં ગળાની જેમ ફરતેથી ગૂંથીને ઓટી લે-
વી, જેથી તે ફાટી જાય નહિ.~ 33 અને ડગલાની નીચેની કિનારીએ ભૂ-
રા, જાંબુડા અને કિરમજી રંગના દાડમનું ભરતકામ કરાવવું. અને બે દા-
ડમોની વચમાં સોનાની ઘૂઘરીઓ મૂકવી.~ 34 જેથી નીચલી કોર ઉપર
ફરતે પહેલાં સોનાની ઘૂઘરી, પછી દાડમ, ફરી ઘૂઘરી, પછી દાડમ એ રી-
તે હાર થઈ જાય. હારુન જ્યારે યાજક તરીકે સેવા કરે ત્યારે એ પહેરે.~
35 જ્યારે તે પવિત્રસ્થાનમાં યહોવાના સાન્નિધ્યમાં જાય અથવા ત્યાંથી
બહાર આવે, ત્યારે એ ઘૂઘરીઓનો અવાજ સંભળાશે, જેથી તે મૃત્યુ પા-
મશે નહિ.~ 36 “પછી શુદ્ધ સોનાનું એક પત્ર બનાવવું અને તેના પર
‘યહોવાને સમર્પિત’ એમ કોતરાવવું.~ 37 એ પત્ર પાઘડીના આગળના
ભાગમાં ભૂરી દોરી વડે બાંધવું.~ 38 હારુને એ પોતાના કપાળ પર ધા-
રણ કરવું જેથી ઇસ્રાએલીઓ જે દાન આપે તેમાં કોઈ દોષ હોય તો તે
દોષ હારુન પોતાને માંથે લઈ લે. અને હારુને તે કાયમ પોતાના કપાળ
પર પહેરી રાખવું જેથી યહોવા એ પવિત્ર દાનથી પ્રસન્ન રહે.~ 39 “હારુ-
નનો ડગલો ઝીણા કાંતેલા શણનો બનાવવો અને પાઘડી પણ ઝીણા
કાંતેલા શણની જ બનાવવી અને કમરપટા ઉપર સુંદર જરીકામ કરેલું
હોય.~ 40 હારુનના પ્રત્યેક પુત્રોને માંટે તેને માંન અને આદર આપવા
જામો, કમરબંધ અને પાઘડી બનાવવા જેથી તેનો મોભો અને ગૌરવ
જળવાય.~ 41 હારુન અને તેના પુત્રોને આ પોષાક પહેરાવ અને તેઓને
સેવા માંટે અર્પણ કર. તેઓને માંથા ઉપર જૈતતેલનો અભિષેક કરીને
યાજકપદ માંટે પવિત્ર કર. તેઓ માંરી યાજકો તરીકે સેવા કરશે.~
42 “તેઓને માંટે કમરથી તે સાથળ સુધી પહોંચે એવા જાંઘિયા બનાવ-
વા, જેથી તેઓનું નાગાપણુ કોઈની નજરે ન પડે.~ 43 હારુન અને તેના
પુત્રો જ્યારે પણ મુલાકાત મંડપમાં અથવા પવિત્રસ્થાનમાંની વેદી પા-
સે જાય, ત્યારે તેઓ હંમેશા જાંઘિયા પહેરે, જેથી તેઓ દોષમાં ન પડે
અને તેઓ મૃત્યુ ન પામે. હારુન અને તેના વંશજો માંટે આ કાયમી કા-
નૂન સદાને માંટે છે.”

29 દેવે મૂસાને કહ્યું, “યાજકો તરીકે હારુન અને તેના પુત્રોના
સમર્પણ માંટેની દીક્ષા વિધિ આ પ્રમાંણે છે.~ 2 ખોડ વિનાના
બે ઘેટાં અને એક જુવાન બળદ લેવો. બેખમીર રોટલી, તેલથી મોહેલી
બેખમીર ભાખરી, અને તેલ ચોપડેલી બેખમીર રોટલી લેવી. આ બધું
ઘઉંના મેદાનું બનાવવું.~ 3 તેઓને ટોપલીમાં મૂકવાં અને જુવાન બળદ
અને બે ઘેટાં સાથે તે લાવવું.~ 4 “ત્યારબાદ હારુન અને તેના પુત્રોને
મુલાકાત મંડપમાં દ્વાર પાસે લાવીને તેમને સ્નાન કરાવ.~ 5 પછી હારુ-
નને જામો, ભરતકામવાળો ઝભ્ભો, એફોદ, ઉરપત્ર અને કમરબંધ પહે-
રાવ.~ 6 અને તેના માંથા પર પાઘડી મૂકાને તેની સાથે દીક્ષાનો પવિત્ર
મુગટ બાંધ.~ 7 પછી અભિષેકનું તેલ લઈ તે તું તેના માંથા પર રેડી, તે-
નો અભિષેક કરજે.~ 8 “ત્યારબાદ તેના પુત્રોને લાવી, તેમને ડગલા
પહેરાવવા કમરે કમરબંધ બાંધવા તથા માંથે ફેંટા બાંધવા.~ 9 માંરા શા-
શ્વત કાનૂનનુસાર તેઓ યાજકપદે કાયમ રહેશે. આ રીતે હારુનની અને
તેના પુત્રોની યાજકપદે પ્રતિષ્ઠા કરવાની છે.~ 10 “ત્યારબાદ બળદને
મુલાકાતમંડપની આગળ લઈ આવવો. અને હારુન અને તેના પુત્રોએ
તેના માંથા ઉપર હાથ મૂકવા.~ 11 પછી યહોવાની સંમુખ મુલાકાતમંડ-
પના પ્રવેશદ્વાર આગળ બળદનો વધ કરવો.~ 12 બળદનું થોડું લોહી
લઈને આંગળી વડે વેદીનાં ટોચકાંઓને લગાડવું, પછી બાકીનું બધું
લોહી વેદીના પાયા આગળ રેડી દેવું.~ 13 પછી અંદરના ભાગો પર
આવેલી બધીજ ચરબી લેવી, પિત્તાશય અને બે મૂત્રપિંડની ઉપર આવે-
લી ચરબી પણ લઈ લેવી અને વેદી પર તેનું દહન કરવું.~ 14 પરંતુ બળ-
દના માંસને, ચામડીને અને તેના અંદરના અવયવોને છાવણીની બહાર
અગ્નિથી બાળી મૂકવાં. તે પાપાર્થાર્પણ છે.~ 15 “ત્યારબાદ એક ઘેટો લે-
વો. હારુને અને તેના પુત્રોએ તેના માંથ પર હાથ મૂકવા.~ 16 પછી એ
ઘેટાનો વધ કરીને, તેનું લોહી લઈને વેદીની ચારે બાજુએ છાંટવું.~
17 પછી તે ઘેટાંને કાપીને કકડા કરવા. અને તેનાં આંતરડાં તથા પગ
ધોઈ નાખવાં અને પછી તેઓને માંથા અને શરીરના બીજા અવયવો
સાથે મૂકવાં.~ 18 પછી આખા ઘેટાંનું વેદી પર દહન કરવું એ યહોવાના
માંનમાં આપેલ દહનાર્પણ છે. એની સુવાસથી હું પ્રસન્ન થાઉં છું, એ
માંરા માંનમાં કરેલો હોમયજ્ઞ છે.~ 19 “હવે પછી બીજો ઘેટો લેવો. હારુને
અને તેના પુત્રોએ તેના માંથા પર હાથ મૂકવા.~ 20 પછી તે ઘેટાનો વધ
કરીને તેનું થોડું લોહી લઈને હારુન અને તેના પુત્રોના જમણા કાનની
બૂટને, જમણા હાથના અંગૂઠાને તથા જમણા પગના અંગૂઠાને લગાડ-
વું.~ 21 ત્યારબાદ બાકીનું લોહી વેદીની ચારે બાજુ છાંટી દેવું, વેદી ઉપ-
રના લોહીમાંથી થોડું લોહી અને અભિષેકનું તેલ લઈ હારુન અને તેનાં
વસ્ત્રો પર તથા તેના પુત્રો અને તેમનાં વસ્ત્રો પર છાંટવું એટલે આમ
તેઓ તથા તેઓનાં વસ્ત્રો યહોવાને અર્થે પવિત્ર ગણાશે.~ 22 “પછી ઘે-
ટાંના ચરબીવાળા ભાગ લેવા; તેની પૂંછડી, અંદરના અવયવો પરની
ચરબી, કાળજા પરની ચરબી, ચરબી સાથે જ મૂત્રપિંડો અને જમણી
જાંઘ. કારણ કે હારુન અને તેના દીકરાઓની દીક્ષા માંટેનો આ ઘેટો
છે.~ 23 યહોવા આગળના બેખમીર રોટલીના ટોપલામાંથી એક રોટલી,
એક મોવણવાળી ભાખરી અને એક તેલ ચોપડેલી રોટલી લેવી.~ 24 એ
બધું હારુનના અને તેના પુત્રોના હાથ પર મૂકવું અને એના વડે યહો-
વાની ઉપાસના કરવી.~ 25 પછી તેઓના હાથમાંથી તું તે લે અને યહો-
વા સમક્ષ દહનાર્પણ તરીકે વેદી પર તેનું દહન કરવું. એની સુવાસથી હું
પ્રસન્ન છું. એ માંરા માંનમાં કરેલું દહનાર્પણ છે.~ 26 “પછી હારુનની દી-
ક્ષા માંટે વપરાયેલા ઘેટાની છાતી લઈને તેના વડે યહોવાની ઉપાસના
કરવી પછી એ તારો હિસ્સો ગણાશે.~ 27 હારુન અને તેના પુત્રોની દી-

ક્ષા માંટે વપરાયેલા, જેના વડે ઉપાસના કરી છે તે, અને ભેટ ધરાવેલી
છાતી અને જાંઘ તારે યાજકો માંટે અલગ રાખવાં.~ 28 માંરા શાશ્વત નિ-
યમાંનુસાર એ હારુનને અને તેના પુત્રોને ઇસ્રાએલીઓ તરફથી મળવો
જોઈતો હિસ્સો છે; કારણ કે ઇસ્રાએલીઓએ શાંત્યર્પણમાંથી યહોવાને
ધરાવેલી એ ભેટ છે.~ 29 "હારુનનાં આ પવિત્ર વસ્ત્રો સાચવી રાખવાં.
હારુનના મૃત્યુ બાદ તેના પુત્રોને વારસામાં મળે. પેઢી દર પેઢી તેઓ
તેમની પોતાની અભિષેકની દીક્ષા વિધિ વખતે તે પહેરે.~ 30 હારુન
પછી જે કોઈ મુખ્ય યાજક થાય તે મુલાકાત મંડપમાં અને પવિત્રસ્થાન-
માં સેવા શરૂ કરે તે અગાઉ સાત દિવસ સુધી આ વસ્ત્રો ધારણ કરે.~
31 "દીક્ષા માંટે અર્પણ કરાયેલ ઘેટાનું માંસ લઈને કોઈ પવિત્રસ્થાને તેને
બાફવું;~ 32 ત્યારબાદ હારુન અને તેના પુત્રોએ મુલાકાતમંડપમાં પ્રવે-
શદ્વાર આગળ એ ઘેટાનું માંસ અને ટોપલામાંની રોટલીનું ભોજન કર-
વું.~ 33 તેમની દીક્ષાવિધિ વખતે તેમની પ્રાયશ્ચિત વિધિ માંટે ઉપયોગ-
માં લેવાયેલ પદાર્થો જ ખાવા; યાજકો સિવાય અન્ય કોઈ પણ વ્ય-
ક્તિએ તે ખાવા નહિ. કારણ એ પવિત્ર છે.~ 34 સવાર સુધી જો માંસ કે
રોટલીમાંથી કાંઈ વધે તો તેને અગ્નિમાં બાળી મૂકવું, ખાવું નહિ, કારણ
એ પવિત્ર છે.~ 35 "હારુન અને તેના પુત્રોને બાબતમાં મેં આજ્ઞા કરી છે
તે મુજબ જ કરવું. એમની દીક્ષાની વિધિ સાત દિવસ ચલાવવી.~
36 દરરોજ પ્રાયશ્ચિત વિધિ માંટે એક બળદનું બલિદાન આપવું. વેદી
ઉપર પ્રાયશ્ચિતવિધિ કરવાથી તું એને પાપમુકત કરશે. ત્યાર પછી તારે
વેદી પર તેલનો અભિષેક કરી અને પવિત્ર બનાવવી.~ 37 સાત દિવસ
સુધી વેદીને શુધ્ધ અને પવિત્ર બનાવવી. ત્યાર બાદ વેદી સંપૂર્ણપણે
અત્યંત પવિત્ર બનશે, એના પછી વેદી જ અત્યંત પવિત્ર બનશે. અને
જો કોઈ તેના સંપર્કમાં આવશે તે પવિત્ર બની જશે.~ 38 "તારે વેદી પર
આટલી બલિ ચઢાવવી: પ્રતિદિન કાયમને માંટે એક વર્ષની ઉંમરના બે
હલવાન અર્પણ કરવાં.~ 39 એક સવારે અને બીજું સાંજે.~ 40 પ્રથમ ઘેટા
સાથે તમાંરે એક કિલો શુદ્ધ તેલમાં મોહેલો એક કિલો ઝીણો ઘઉંનો
લોટ તેમજ પેયાર્પણ તરીકે એક લીટર દ્રાક્ષારસ અર્પણ કરવું.~ 41 સાંજે
અર્પણ થતા હલવાનની સાથે સવારની જેમ ઝીણા ઘઊંનાં લોટનું અને
દ્રાક્ષારસનું અર્પણ કર. દેવની સમક્ષ તે સુવાસિત અર્પણ અને અગ્નિમાં
થયેલ અર્પણ લેખાશે. એ યજ્ઞની સુવાસથી હું પ્રસન્ન થાઉં છું.~ 42 "આ
દહનાર્પણ મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ માંરી નજર સમક્ષ નિય-
મિત પેઢી-દર પેઢી આપવાની છે.~ 43 હું ત્યાં જ તમને મળીશ; અને
ત્યાં જ હું ઇસ્રાએલીઓને પણ મળીશ. અને માંરા મહિમાંથી એ સ્થાન
પવિત્ર થઈ જશે.~ 44 "હા, હું મુલાકાતમંડપને, વેદીને અને યાજકો તરી-
કે માંરા સેવકો હારુન તથા તેના પુત્રોને પવિત્ર કરીશ.~ 45 અને હું
ઇસ્રાએલના લોકો મધ્યે નિવાસ કરીશ અને તેમનો દેવ થઈશ.~ 46 તે-
ઓને ખાતરી થશે કે તેમની વચ્ચે રહેવા માંટે તેમને મિસરમાંથી બહાર
લાવનાર હું યહોવા તેઓનો દેવ છું."

30 દેવે મૂસાને કહ્યું, "ધૂપદાની માંટે તારે એક વેદી બનાવવી. એ
બાવળના લાકડાની બનાવવી.~ 2 તે એક હાથ ઊંચી અને એક
હાથ સમચોરસ બનાવવી અને વેદીના લાકડામાંથી જ કોતરીને તેનાં
શિંગ બનાવવા, શિંગ જુદા બનાવીને વેદી પર જોડવા નહિ. તે વેદી સા-
થે એક નંગ હોવું જોઈએ.~ 3 વેદીનો ઉપરનો ભાગ, બાજુઓ અને શિંગ
શુદ્ધ સોનાથી મઢી લેવો અને આખી વેદીની ચારે બાજુ સોનાની કિનારી
બનાવવી.~ 4 એની બે સામસામી બાજુઓએ કિનારીની નીચે ઉપાડ-
વાના દાંડા ભેરવવા માંટે સોનાનાં બબ્બે કડાં મૂકવાં.~ 5 એ બે દાંડા
બાવળના લાકડાના બનાવવા અને સોનાથી મઢાવવા.~ 6 દશ
આજ્ઞાઓ જેમાં મૂકી છે તે સાક્ષ્યકોશ આગળના પડદા સામે એ વેદી મૂ-
કવી ત્યાં હું તેમને દર્શન દઈશ.~ 7 "એ વેદી પર પ્રતિદિન સવારે દીવા-
બત્તી તૈયાર કરતી વખતે હારુને સુગંધી ધૂપ કરવો.~ 8 અને રોજ સાંજે
તે દીવાઓ પ્રગટાવે ત્યારે યહોવાની સંમુખ ધૂપ કરવો. તારે પેઢી-દર-પે-
ઢી કાયમ યહોવા સમક્ષ ધૂપ કરવો,~ 9 તારે એ વેદી પર નિષિદ્ધ ધૂપ
કરવો નહિ, કે દહનાર્પણ કે ખાધાર્પણ કે પેયાર્પણ અર્પણ કરવાં નહિ.~
10 "વર્ષમાં એક વાર હારુને પ્રાયશ્ચિતને માંટે પાપાર્થાર્પણનું રકત લઈને
શિંગ ઉપર લગાડી વેદીને પવિત્ર કરવાની છે. પેઢી-દર-પેઢી નિયમિત
રીતે આ વાર્ષિક વિધિનું પાલન કરવું, કારણ કે આ વેદી યહોવાની પર-
મપવિત્ર વેદી છે.~ 11 યહોવાએ મૂસાને કહ્યું,~ 12 "તું જ્યારે ઇસ્રાએલી-
ઓની વસ્તીગણતરી કરે ત્યારે જે પુરુષોનું નામ નોંધાય તેણે જ પોતા-
ના જીવન માંટે યહોવા સમક્ષ ખંડણી ભરવી, જેથી તું ગણતરી કરે ત્યારે
લોકો પર કોઈ આફત ન આવે.~ 13 વસ્તીગણતરીમાં નોંધાયેલા દરેક
માંણસો ખંડણી પેટે અડધો શેકેલ યહોવાને અર્પણ તરીકે આપવો.
(એટલે અધિકૃત માંત્રામાં અડધો શેકેલ જે 20 ગેરાહનું વજન હોય છે).~
14 વસ્તીગણતરીમાં નોંધાયેલા વીસ વરસના કે તેથી વધુ ઉંમરના દરેક
માંણસે આ જકાત આપવી.~ 15 મને તમાંરા જીવનના બદલામાં આ
જકાત આપતી વખતે ધનવાને વધારે કે ગરીબે ઓછું આપવાનું નથી.~
16 ઇસ્રાએલીઓ પાસેથી મળેલાં જીવનના બદલામાં ચૂકવાતાં પ્રાયશ્ચિ-
તના નાણાં મુલાકાતમંડપની સેવામાં ખર્ચવાં. આ અર્પણ યહોવાને
ઇસ્રાએલી લોકોની યાદ અને તેમના જીવનની કિંમત તરીકે આવશે."~
17 યહોવાએ મૂસાને કહ્યું,~ 18 'હાથપગ ધોવા તારે કાંસાની ઘોડીવાળી
એક કાંસાની કૂડી બનાવવી, અને તેને વેદી અને મુલાકાતમંડપની
વચ્ચે મૂકી તેમાં પાણી ભરવું.~ 19 હારુને અને તેના પુત્રોએ હાથપગ
ધોવામાં એ પાણીનો ઉપયોગ કરવો.~ 20 જો તેમણે એ પાણીથી હાથ-
પગ ધોયા હશે તો તેઓ મુલાકાતમંડપમાં સેવા કરવા જશે અથવા બલિ
ચઢાવવા વેદી પાસે જશે ત્યારે તેઓ મૃત્યુ પામશે નહિ.~ 21 તેઓ મૃત્યુ
ન પામે તેટલા માંટે તેમણે અચૂક હાથપગ ધોવા. આ શાશ્વત કાનૂન તે-
મણે અને તેમના વંશજોએ પેઢી દર પેઢી પાળવાનો છે. હારુન અન તે-
ના પુત્રો માંટે આ સૂચનાઓ છે."~ 22 પછી યહોવાએ મૂસાને કહ્યું,~
23 "શ્રેષ્ઠ ગુણવત્તાવાળી સુગંધીઓ લેવી, 12 પૌંડ ચોખ્ખો બોળ, 6
ૌંડ સુગંધીદાર તજ, 6 પૌંડ સંગધીદાર બરુ~ 24 અને 12 પૌંડ દાલ-
ચીનીએ બધું પવિત્રસ્થાનના વજન પ્રમાંણે લેવું. અને એક ગેલન જૈતૂ-
નનું તેલ લેવું.~ 25 "નિષ્ણાંત સુગંધીઓ બનાવનારાઓ પાસે આ સર્વ
પદાર્થોનું મિશ્રણ કરીને અભિષેકનું તેલ તૈયાર કરાવવું."~ 26 યહોવાએ
કહ્યું, "તારે મુલકાતમંડપને, કરારકોશનો,~ 27 બાજઠ અને તેની બધી
સામગ્રીઓનો, દીવીનો અને તેનાં સાધનોનો, ધૂપની વેદીનો,~ 28 દહ-
નાર્પણની વેદીનો અને તેનાં સાધનોનો તથા ઘોડી સહિત હાથપગ ધો-
વાની કૂંડીનો અભિષેક કરવો.~ 29 આ પ્રમાંણે આ બધી વસ્તુઓની શુ-
દ્ધિ કરવી એટલે તે બધી પરમપવિત્ર બની જશે. અને જે કોઈ તેમને
અડકે તે પવિત્ર થઈ જશે.~ 30 "ત્યાર પછી તારે હારુનને અને તેના પુ-
ત્રોને અભિષેક કરી માંરા યાજકો તરીકે દીક્ષા આપવી.~ 31 તારે ઇસ્રાએ-
લીઓને કહેવું, "તમાંરે પેઢી દર પેઢી આ અભિષેકના તેલના પવિત્રતા
સાચવી રાખવી.~ 32 સામાંન્ય માંણસોને શરીરે એ ન લગાડવું. અને એ
નુસખા પ્રમાંણે બીજું તેલ બનાવવું નહિ એ પવિત્ર છે અને તમાંરે એને
પવિત્ર ગણીને ચાલવાનું છે.~ 33 જે કોઈ આ સુગંધીઓનું મિશ્રણ કરી
આવું તેલ બનાવે અથવા જે યાજક નથી તેવી કોઈ વ્યક્તિ ઉપર તે રેડે
તેને સમાંજમાંથી જુદો કરવામાં આવે."~ 34 યહોવાએ મૂસાને ધૂપ બના-
વવા માંટે આ સૂચનાઓ આપી:~ 35 "તારે રાજન, કેરબા, શિલારસ,
અને શુદ્ધ લોબાન સરખે ભાગે લઈ તે મિશ્રણમાંથી સુગંધી ધૂપ બનાવ-
વો, તેને સરૈયો બનાવે તેવીજ રીતે બનાવવો. એ ધૂપને શુધ્ધ અને
પવિત્ર રાખવા તેમાં મીઠું મેળવવું.~ 36 એમાંથી થોડો ઝીણો ખાંડીને તે-
નો ઉપયોગ મુલાકાતમંડપમાં કરારકોશ આગળ, જયાં હું તને દર્શન
આપવાનો છું ત્યાં કરવો. તમાંરે આ ધૂપને અત્યંત પવિત્ર સમજવાનો
છે.~ 37 આ નુસખા પ્રમાંણેનો ધૂપ તમાંરે પોતાના ઉપયોગ માંટે બના-
વવાનો નથી. તમાંરે એને માંરે માંટે જ અલગ રાખેલી પવિત્રવસ્તુ ગણ-
વી.~ 38 જો કોઈ પોતાના ઉપયોગ માંટે તે બનાવે, તો તેનો યહોવાના
સમાંજમાંથી બહિષ્કાર કરવો."

31 વળી યહોવાએ મૂસાને કહ્યું,~ 2 "જુઓ, મેં યહૂદાના કુળસમૂહ-
ના હૂરના પુત્ર ઉરીના દીકરા બસાલએલને ખાસ પસંદ કર્યો
છે.~ 3 મેં તેનામાં દૈવી શકિતભરી દીધી છે અને તેને દરેક પ્રકારની કારી-
ગરીમાં કુશળતા, સમજદારી, અને પુષ્કળ જ્ઞાન અને હોશિયારી આપી
છે. 4 મેં તેને નવી નવી ભાતો ઉપજાવી કાઢવામાં સોનાચાંદીને કાંસાની
વસ્તુઓ બનાવવામાં,~ 5 રત્નોને પહેલ પાડવામાં, લાકડામાં કોતરણી
કરવામાં તથા બધી જાતના નકશીકામ કરવામાં કુશળ બનાવ્યો છે.~
6 વળી તેની સાથે કામ કરવા માંટે મેં દાનના કુળસમૂહના અહી સા-
માંખના પુત્ર આહોલીઆબને પસંદ કર્યો છે, તથા બીજા બધા કુશળ
કારીગરોને પણ મેં કુશળતા આપી છે. જેથી તેઓ મેં તને જે જણાવ્યું તે

બધી વસ્તુઓ બનાવી શકે:~ 7 મુલાકાત મંડપ, કરારકોશ, તેનું ઢાંકણું,
મંડપનું બધું રાચરચીલું;~ 8 બાજઠ અને તેનાં સાધનો, શુદ્ધ સોનાની
દીવી અને તેનાં સાધનો, ધૂપ કરવાની વેદી,~ 9 દહનાર્પણની વેદી અને
તેનાં બધાં સાધનો, હાથપગ ધોવાની કૂંડી અને તેની ઘોડી.~ 10 યાજક
હારુન અને તેના પુત્રો માંટે સેવા સમયે પહેરવાનાં પવિત્ર પોષાક,~
11 અભિષેક માંટેનું તેલ અને પવિત્રસ્થાનક માંટેનો સુગંધીદાર ધૂપ.તે-
મણે આ બધી જ સામગ્રી મેં જણાવ્યું છે તે પ્રમાંણે બરાબર બનાવવી."
12 યહોવાએ મૂસાને કહ્યું,~ 13 "ઇસ્રાએલના લોકોને કહે, 'સાબ્બાથ' દિ-
ને વિશ્રામ કરે. કારણ કે 'સાબ્બાથ' માંરી અને તમાંરી વચ્ચે બધી પે-
ઢીઓ માંટે નિશાની છે. એ તમને યાદ આપશે કે મેં તમને માંરી ખાસ
પ્રજા તરીકે બનાવ્યા છે.~ 14 "'આથી તમાંરે વિશ્રામવારનું પાલન કરવા-
નું છે, કારણ કે તમાંરા માંટે એ પવિત્ર દિવસ છે, જે કોઈ એની પવિત્ર-
તાનો ભંગ કરે, તેને મોતની સજા કરવી જે કોઈ વિશ્રામવારે કામ કરે તે-
નો સમાંજમાંથી બહિષ્કાર કરજો.~ 15 તમને છ દિવસ કામ કરવાની
છૂટ છે, પણ સાતમે દિવસ સંપૂર્ણ વિશ્રામનો દિવસ છે, એ મને સમ-
ર્પિત થયેલો પવિત્ર દિવસ છે. જે કોઈ તે દિવસે કામ કરે તેને મોતની
સજા કરવી.~ 16 ઇસ્રાએલના લોકોએ માંરી અને તેમની વચ્ચેના કરાર-
ની સ્મૃતિ તરીકે વિશ્રામવાર પેઢી દર પેઢી પાળવાનો છે. કારણ કે,~
17 સાબ્બાથ માંરી અને ઇસ્રાએલી લોકોની વચ્ચે હમેશની નિશાની રહે-
શે, કેમકે મેં, યહોવાએ છ દિવસ સુધી આકાશ અને પૃથ્વીની રચના
કરી અને સાતમે દિવસે મેં કામ બંધ કર્યુ અને વિશ્રામ કર્યો.~ 18 સિના-
ઈના પર્વત ઉપર મૂસા સાથેનો વાર્તાલાપ પૂર્ણ કરીને યહોવાએ તેને બે
સ્માંરક તકતીઓ અર્પણ કરી; એ પથ્થરની તકતીઓ દેવની આંગળી
વડે લખાયેલ દશ આજ્ઞાઓવાળી હતી.

32 મૂસાને પર્વત પરથી આવવામાં વિલંબ થતો જોઈને લોકોએ
હારુન પાસે ભેગા થઈને કહ્યું, "ચાલ, અમને દોરવણી આપવા
માંટે દેવ બનાવ. કારણ કે મિસરમાંથી અમને અહીં લઈ આવનાર મૂસા
હવે અદ્રશ્ય થઈ ગયો છે; તેનું શું થયું એની અમને ખબર પડતી
નથી."~ 2 એટલે હારુને તેમને કહ્યું, "તમાંરી પત્નીઓ અને પુત્રપુત્રી-
ઓના કાનમાંથી સોનાની કડીઓ કાઢી માંરી પાસે લાવો."~ 3 તેથી તે-
ઓએ પુરુષો; સ્ત્રીઓ, છોકરાઓ અને છોકરીઓએ તેમ કર્યુ.~ 4 હારુને
કડીઓ લઈને તે ઓગાળી અને ધાતુના બીબામાં ઢાળીને એક વાછર-
ડાંની મૂર્તિ બનાવી એટલે લોકો બોલી ઊઠયા, "ઇસ્રાએલીઓ! આ રહ્યા
તમાંરા દેવ, જે તમને મિસર દેશમાંથી બહાર લઈ આવ્યા હતા."~ 5 હા-
રુને જોયું કે લોકો બહુ આનંદમાં આવી ગયા છે, તેથી તેની આગળ હા-
રુને વેદી બાંધી અને એવી જાહેરાત કરી કે, "આવતી કાલે યહોવાના
માંનમાં ઉત્સવ થશે."~ 6 બીજે દિવસે સવારમાં વહેલા ઊઠીને લોકોએ
દહનાર્પણો અને શાંત્યર્પણો ચઢાવ્યાં અને ત્યાર પછી તેઓએ ખાધું
પીધું અને મોજમજા કરવા લાગ્યા.~ 7 પછી યહોવાએ મૂસાને કહ્યું,
"તરત નીચે જા, કારણ, તારા લોકો, જેમને તું મિસરમાંથી બહાર લઈ
આવ્યો છે, તેઓ એ ભયંકર પાપ કર્યુ છે. 8 મેં તેમને જે માંર્ગે ચાલવાની
આજ્ઞા કરી હતી તેનાથી આટલા વહેલા તેઓ ફરી ગયા છે. તેમણે પો-
તાના માંટે એક વાછરડાની મૂર્તિ બનાવી છે અને તેને પગે લાગીને તેને
ભોગ ધરાવીને એમ બોલ્યા છે કે, 'હે ઇસ્રાએલના પુત્રો, આ રહ્યા તમાંરા
દેવ, જે તમને લોકોને મિસરમાંથી બહાર લઈ આવ્યા હતા."~ 9 પછી
યહોવાએ કહ્યું, "મને ખબર પડી છે કે આ લોકો કેટલા બધા હઠીલા
અને બળવાખોર છે.~ 10 એટલે હવે તમે મને અટકાવશો નહિ, એમના
પર માંરો ક્રોધ ભભૂકી ઊઠયો છે અને હું તેમનો નાશ કરીશ, અને તેઓ-
ના સ્થાને હે મૂસા, હું તમાંરામાંથી મહાન પ્રજા પેદા કરીશ."~ 11 પરંતુ
મૂસાએ યહોવા દેવને વિનંતી કરી કે તે તેમ ન કરે; તેણે આજીજી કરીને
કહ્યું, "હે દેવ યહોવા, શા માંટે તારે તારા આ લોકો ઉપર ક્રોધ કરવો જો-
ઈએ? તું તો એ લોકોને તારા બાહુના અપૂર્વ સાર્મથ્યથી મિસરમાંથી બા-
હર લાવ્યો હતો;~ 12 શું તમે એમ ઈચ્છો છો કે મિસરવાસીઓ કહે, 'દેવ
તેઓને ફસાવીને પર્વતો મધ્યે લઈ ગયા છે, જેથી તે તેઓનો સંહાર કરે,
અને પૃથ્વીની સપાટી પરથી સદંતર સમાંપ્ત કરે?' તમાંરા ક્રોધને ઠંડો
પાડો અને તમાંરા લોકોનું ખોટું કરવાનું છોડી દો.~ 13 તમાંરા સેવકો,
ઈબ્રાહિમ, ઈસહાક અને ઇસ્રાએલને આપેલું તમાંરું વચન યાદ કરો.
અને તમે વચન કહ્યું હતું, 'આકાશના તારા જેટલા હું તારા સંતાન વધા-
રીશ. અને તારા વંશજોને જે દેશ આપવાનું મેં વચન આપ્યું છે તે સમગ્ર
દેશ હું તેઓને આપીશ, તેઓનો સદાનો વારસો થશે. અને તેઓ સદા-
સર્વદા તેના વારસદાર બનશે."~ 14 તેથી યહોવાએ પોતાના લોકોનું
ખોટું કરવાનો જે વિચાર કર્યો હતો તે જતો કર્યો.~ 15 પછી મૂસા પાછો
ફરીને કરારની બંને તકતીઓ હાથમાં લઈને પર્વત પરથી નીચે ઊતર્યો.
તકતીઓની બંને બાજુએ દશ આજ્ઞાઓ લખેલી હતી.~ 16 તે તકતીઓ
દેવે બનાવેલી હતી અને તેના ઉપરનું લખાણ પણ દેવે કોતરીને લખેલું
હતું.~ 17 નીચે તળેટીમાં લોકોની બૂમાંબૂમનો અવાજ સાંભળીને યહો-
શુઆએ મૂસાને કહ્યું, "એવું લાગે છે કે એ લોકો યુદ્ધની તૈયારી કરી રહ્યા
હોય!"~ 18 પણ મૂસાએ કહ્યું, "આ કોઈ વિજયનો નાદ નથી તેમ પરાજ-
યનો પોકાર પણ નથી. આ તો ગાવાનો અવાજ સંભળાય છે."~
19 જ્યારે તેઓ છાવણી પાસે આવ્યા ત્યારે મૂસાએ વાછરડું અને નાચ-
ગાન જોયાં, મૂસાનો ક્રોધ ભભૂકી ઊઠયો અને તેણે પર્વતની તળેટીમાં
હાથમાંની તકતીઓ નીચે પછાડીને ચૂરેચૂરા કરી નાખ્યા.~ 20 પછી તે
લોકોએ જે વાછરડું બનાવ્યું હતું તે લઈને તેણે અગ્નિમાં ઓગળાવી ના-
ખ્યું. પછી તેનો વાટીને ભૂકો કરી નાખ્યો અને તે પાણીમાં ભભરાવી
ઇસ્રાએલીઓને પાઈ દીધો.~ 21 પછી હારુન તરફ ફરીને તેણે કહ્યું, "આ
લોકોએ તમાંરું શું બગાડ્યું છે કે તમે એ લોકોને આવા મોટા પાપમાં
નાખ્યાં?"~ 22 હારુને કહ્યું, "ગુસ્સે ના થાઓ, ભાઈ એ લોકો કેવા દુષ્ટ
સ્વભાવના છે, તે તમે સારી રીતે જાણો છો.~ 23 એ લોકોએ મને કહ્યું,
'અમને દોરવણી આપવા માંટે દેવો બનાવી આપો, કારણ કે અમને મિ-
સર દેશમાંથી બહાર લાવનાર મૂસાનું શું થયું એની અમને ખબર પડતી
નથી.'~ 24 એટલે મેં તેમને કહ્યું, 'તમાંરામાંથી જેમની પાસે સોનાનાં
ઘરેણાં હોય તે ઉતારી નાખો.' તેમણે મને આપ્યાં અને મેં તે અગ્નિમાં
નાખ્યાં અને આ વાછરડું બહાર નીકળી આવ્યું."~ 25 મૂસાએ જોયું કે
હારુને લોકો પરનો પોતાનો કાબૂ જવા દીધો અને પરિણામે તેઓ જંગ-
લીપણું કરતા હતા, અને તેઓના બધા દુશ્મનો તેઓને મૂર્ખની જેમ જો-
તા હતા.~ 26 છાવણીના પ્રવેશદ્વાર આગળ ઊભા રહીને તેણે મોટા
અવાજે પોકાર કર્યો. "યહોવાના પક્ષમાં હોય તે માંરી પાસે આવે." એટલે
બધા લેવીઓ તેની પાસે ભેગા થઈ ગયા.~ 27 તેણે તેઓને કહ્યું, "ઇસ્રા-
એલના દેવ યહોવાની આજ્ઞા છે: 'તમે બધા પોતપોતાની તરવાર લઈને
સજ્જ થઈ જાઓ, છાવણીમાં બધે ફરી વળો, અને તમાંરા ભાઈઓ, મિ-
ત્રો અને પડોશીઓને માંરી નાખો.'"~ 28 લેવીઓએ મૂસાના કહ્યા પ્ર-
માંણે કર્યું અને લગભગ 3000 લોકો તે દિવસે કપાઈ ગયા.~~ 29 પછી
મૂસાએ કહ્યું, "આજે તમને યહોવાની દીક્ષા મળી છે, કારણ તમે પોતા-
ના પુત્રની અને ભાઈની વિરુદ્ધ પડીને આશીર્વાદને પાત્ર બન્યા છો."~
30 બીજે દિવસે મૂસાએ લોકોને કહ્યું, "તમે મહાપાપ કર્યુ છે: અત્યારે હું
યહોવા પાસે જાઉં છું; કદાચ હું તમાંરા પાપની માંફી મેળવી શકું."~
31 આમ કહીને મૂસાએ ફરી યહોવા પાસે જઈને કહ્યું, "દિલગીરી વ્યક્ત
કરું છું! આ લોકોએ મોટું પાપ કર્યું છે! એમણે પોતાને માંટે સોનાના દેવ
બનાવ્યા છે.~ 32 તમે જો એમને માંફ કરતા હો તો માંફ કરો. નહિ તો
તમાંરા ચોપડામાંથી માંરું નામ ભૂંસી નાખો."~ 33 પરંતુ યહોવાએ મૂ-
સાને જવાબ આપ્યો, "નહિ, જે લોકોએ માંરી વિરુદ્ધ જઈને પાપ કર્યુ છે
તેમનું જ નામ હું માંરા ચોપડામાંથી ભૂસી નાખીશ.~ 34 પણ હવે તું જા,
અને મેં તને કહ્યું છે તે જગ્યાએ આ લોકોને દોરી જા. માંરો દેવદૂત
તમાંરી આગળ આગળ ચાલશે, પણ એક દિવસ એવો આવશે જ્યારે હું
તેમને તેમના પાપની સજા કરીશ."~ 35 આમ, હારુને બનાવેલા વાછર-
ડાની ઉપાસના કરવા બદલ યહોવાએ લોકોને આકરી સજા કરી.

33 યહોવાએ મૂસાને કહ્યું, "તું અહીંથી નીકળીને જે લોકોને તું મિ-
સર દેશમાંથી બહાર લઈ આવ્યો છે, તેઓને ઈબ્રાહિમ, ઈસહાક
અને યાકૂબને જે દેશનું વચન આપ્યું છે ત્યાં દોરી જા, કેમ કે મેં વચન
આપેલું છે કે, આ દેશ હું તમાંરા વંશજોને આપીશ.~ 2 હું તારી આગળ
માંરા એક દેવદૂતને મોકલીશ અને કનાનીઓ, અમોરીઓ, હિત્તીઓ,
પરીઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓને હાંકી કાઢીશ.~ 3 હું દૂધ અને
મધની જ્યાં રેલછેલ છે એવા દેશમાં તમને લઈ જઈશ, પણ હું તમાંરી
સાથે નહિ આવું, કારણ કે તમે લોકો હઠીલા છો અને કદાચ હું તમાંરો
રસ્તામાં જ સંહાર કરી નાખું."~ 4 લોકોએ જયારે આ કઠોર શબ્દો સાંભ-
ળ્યા ત્યારે તેઓએ શોક કર્યો અને કોઈએ પોતાના શરીર ઉપર દાગીના

પહેર્યાં નહિ.~ 5 યહોવાએ મૂસાને કહ્યું, “ઈસ્રાએલના લોકોને કહે કે,
‘તમે લોકો હઠીલા છો, જો હું તમારી સાથે થોડી ઘડીવાર પણ આવું તો
તમારો સંહાર કરી નાખું. એટલે તમે તમારાં દાગીના, ઘરેણાં ઉતારી ના-
ખો, જ્યારે હું વિચારીશ કે મારે તમારી સાથે શું કરવું?’”~ 6 તેથી ઈસ્રાએ-
લીઓએ પોતાનાં ઘરેણાં ઉતારી નાખ્યાં અને હોરેબ પર્વત છોડયા પછી
ફરી પહેર્યાં નહિ.~ 7 મૂસા હંમેશા છાવણીની બહાર દૂર માંડવો ઊભો
કરતો હતો અને જે કોઈને યહોવાની ઈચ્છા જાણવી હોય તે છાવણી
બહાર “મુલાકાતમંડપમાં” જતો. જે મૂસાએ છાવણી બહાર ઊભો કર્યો
હતો.~ 8 મૂસા જયારે જયારે મૂલાકાતમંડપમાં જતો ત્યારે ત્યારે બધા
લોકો ઊઠીને પોતપોતાના તંબુના દરવાજા આગળ ઊભા રહીને, મૂસા
મૂલાકાતમંડપમાં દાખલ થાય ત્યાંસુધી તેને જોઈ રહેતા.~ 9 મૂસા જયારે
માંડવા પ્રવેશ કરતો એટલે વાદળનો થંભ નીચે ઊતરી માંડવાના દર-
વાજા આગળ ઊભો રહેતો અને યહોવા મૂસા સાથે વાત કરતા.~ 10 વા-
દળના થંભને દેવ દરવાજા આગળ જોતાં જ દરેક માંણસ પોતપોતાના
માંડવાના દરવાજા આગળ ભજન કરતા.~ 11 યહોવા મૂસા સાથે એક
માંણસ બીજા માંણસ સાથે વાત કરે એ રીતે મોઢામોઢ મૂસા વાત કરતા.
ત્યાર પછી મૂસા પાછો છાવણીમાં આવતો. તેનો નવયુવાન સેવક નૂન-
નો પુત્ર યહોશુઆ કદી તંબુમાંથી બહાર નીકળતો નહિ.~ 12 મૂસાએ
યહોવાને કહ્યું, “તમે મને આ લોકોને લઈ જવાનું તો કહ્યું પણ તમે એ
મને ન કહ્યું કે, તમે માંરી સાથે કોને મોકલવાના છો, તમે મને એમ પણ
કહ્યું કે, ‘હું તને નામથી ઓળખું છું અને તારાથી પ્રસન્ન છું.’~ 13 જો ખરે-
ખર મેં તમને પ્રસન્ન કર્યા હોય, તો મને તમાંરા માંર્ગો શીખવાડો. મારે
તમને ઓળખવા છે. તો હું તમને પ્રસન્ન કરતો રહું. વળી, યાદ રાખજે કે
આ લોકો તો તમાંરી જ પ્રજા છે.”~ 14 યહોવાએ જવાબ આપ્યો, “હું પોતે
તારી સાથે જઈશ અને તને માંર્ગદર્શન આપીશ.”~ 15 કેમ કે મૂસાએ કહ્યું
હતું, “તમે જો માંરી સાથે ન આવવાના હો તો અમને અહીંથી આગળ
મોકલશો નહિ;~ 16 અને તમે અમાંરી સાથે આવો એ સિવાય બીજી કઈ
રીતે જાણી શકાય કે તમે અમાંરા પર પ્રસન્ન છો? તમે અમાંરી સાથે
આવો તો જ અમે, તમાંરા લોકો અને હું પૃથ્વી પરના બીજા બધા લોકો
કરતાં જુદા તરી આવીશું.”~ 17 જવાબમાં યહોવાએ મૂસાને કહ્યું હતું,
“હા, તેં જે માંગ્યું છે તે હું ચોક્કસ આપીશ. કારણ કે હું તારા પર પ્રસન્ન
છું અને તને બહુ સારી રીતે જાણું છું.”~ 18 મૂસાએ વિનંતી કરી, “મને
તમાંરા ગૌરવના દર્શન કરાવો.”~ 19 યહોવાએ કહ્યું, “હું માંરી સંપૂર્ણ
ભલમનસાઈ તને દેખાડીશ, અને તારી સમક્ષ માંરું નામ ‘યહોવા દેવ’
તરીકે જાહેર કરીશ. હું જેને પસંદ કરીશ એ લોકો પર દયા અને કરુણા
વરસાવીશ.”~ 20 વધુમાં તેમણે કહ્યું, “પણ માંરું મુખ તું જોઈ શકીશ
નહિ, કારણ, કોઈ પણ માંણસ મને જોઈને જીવતો રહી શકે નહિ.~
21 “તેમ છતાં માંરી બાજુમાં આ ખડક પર ઊભો રહેજે.~ 22 અને માંરું
ગૌરવ તારી નજર આગળથી પસાર થાય ત્યારે હું તને આ ખડકની ફાટ-
માં મૂકી દઈશ. અને હું પોતે પસાર થઈ જાઉં ત્યાં સુધી માંરા હાથ વડે
તને હું ઢાંકી દઈશ.~ 23 પછી હું માંરો હાથ લઈ લઈશ અને તું માંરી પીઠ
જોવા પામીશ, પણ માંરું મુખ તને દેખાશે નહિ.”

34 યહોવાએ મૂસાને કહ્યું, “પ્રથમના જેવી જ પથ્થરની બે તક-
તીઓ બનાવ, અને તારા વડે ભાંગી ગયેલી તકતીઓ ઉપર જે
વચનો લખેલાં હતાં તે હું તેના પર લખીશ.~ 2 સવારમાં સિનાઈ પર્વત
ઉપર આવવા માંટે તું તૈયાર રહેજે અને સિનાઈ પર્વતના શિખર પર ચઢી
ટોચ પર માંરી રાહ જોતો ઊભો રહેજે.~ 3 તારી સાથે કોઈએ ઉપર આવ-
વાનું નથી. એટલું જ નહિ, પર્વત ઉપર કોઈ માંણસ નજરે પણ ચઢવો
જોઈએ નહિ, અથવા તે પર્વતની આસપાસ ઘેટાંબકરાં કે ઢોરઢાંખર પણ
ચરતાં હોવા જોઈએ નહિ.”~ 4 તેથી મૂસાએ પ્રથમની તકતીઓનાં જેવી
જ પથ્થરની બે તકતીઓ બનાવી અને સવારમાં તે વહેલો ઊઠયો અને
યહોવાએ તેને કહ્યું હતું તે પ્રમાંણે તેના હાથમાં તકતીઓ લઈને તે સિ-
નાઈ પર્વત ઉપર ચઢી ગયો.~ 5 પછી યહોવા મેઘસ્તંભના રૂપમાં નીચે
ઊતરી આવ્યા અને તેની સાથે ઊભા રહ્યા. અને પોતાનું નામ ‘યહોવા’
જાહેર કર્યુ.~ 6 ત્યારબાદ યહોવા તેની આગળથી જાહેર કરતા પસાર
થયા કે, “હું યહોવા છું. હું દયાળુ અને કૃપાળુ દેવ છું. ક્રોધ કરવામાં મંદ
અને કરૂણાથી ભરપૂર અને વિશ્વાસપાત્ર છું.~ 7 હું યહોવા હજારો પેઢી
સુધી કરૂણા રાખું છું અને તેઓના પાપોની માંફી આપું છું. તેમ છતાં ગુ-
નેગારને નિર્દોષ ઠરાવવા ના પાડું છું. અને પિતાના અધર્મની સજા ત્રી-
જી અને ચોથી પેઢી સુધી પુત્રો અને પૌત્રોને કરું છું!”~ 8 મૂસાએ એક-
દમ ભોંય પર લાંબા થઈને સાષ્ટાંગ નમસ્કાર કર્યા.~ 9 તેણે કહ્યું, “હે
યહોવા, તમે કહો છો કે તમે માંરા પર પ્રસન્ન છો તે જો સત્ય હોય તો કૃ-
પા કરી અમાંરી સાથે આવો. આ લોકો ગમે તેટલા હઠીલા હોય તો પણ
તમે અમાંરો અધર્મ અને અમાંરાં પાપ માંફ કરો અને તમાંરાં પોતાના
લોકો તરીકે અમાંરો સ્વીકાર કરો.”~ 10 કદાચ તમે તમાંરાં પુત્રોને તેમની
પુત્રીઓ સાથે પરણાવો અને એ કન્યાઓ વ્યભિચારીની જેમ પોતાના
દેવોની પૂજા કરે ત્યારે તમાંરા પુત્રોને પણ એ રસ્તે ચઢાવી દે અને પૂજા
કરાવે. પછી તારા પુત્રો તેઓની પત્નીઓના દેવોની ઉપાસના કરીને
માંરી વિરુદ્ધ પાપ આચરશે.~ 11 “તેઓની મૂર્તિઓ સાથે કોઈ સંબંધ
હોય નહિ, તેથી તમાંરે તે દેવોની મૂર્તિઓ બનાવવી નહિ.~ 12 “મેં તમને
આજ્ઞા કરી છે તે મૂજબ સાત દિવસ સુધી તમાંરે આબીબ મહિનામાં
નક્કી કરેલ સમયે ખમીર વગરની રોટલી ખાવી. અને તમાંરે ખમીર વગ-
રની રોટલીનો ઉત્સવ પાળવો; કારણ કે આબીબ મહિનામાં તમે મિસર
દેશમાંથી બહાર નીકળ્યા હતા.~ 13 “બધાં પ્રથમ પ્રસવનાં સંતાન માંરાં
છે; તમાંરા પશુઓનાં બધા પહેલા વેતરના નર માંરા છે, પછી એ ગાય-
નો હોય કે બકરીનો હોય.~ 14 જો તમે ગધેડાના પ્રથમ બચ્ચાંને રાખવા
માંગતા હોય તો તેને બદલે હલવાન આપીને તેને ખરીદી શકાય. જો તું
તેને ખંડી લેવા ના ઈચ્છતો હોય તો તેની ડોક ભાંગી નાખવી, અને તારા
બધા જ પ્રથમજનિત પુત્રોને તારે ખંડી લેવાના છે. ભેટ લાવ્યા વિના
કોઈએ માંરી સમક્ષ ખાલી હાથે આવવું નહિ.~ 15 “છ દિવસ તમાંરે ખેડ-
વાનું કે વાવણીનું કામ કરવું. સાતમાં દિવસે વિશ્રામ કરવો. માંત્ર છ દિ-
વસ કામ કરવું અને સાતમે દિવસે આરામ પાળવો.~ 16 “તમાંરે અઠવા-
ડિયાનો પર્વ ઊજવવો. આ પર્વ માંટે ઘઉંનો પ્રથમ ફળ અને શરદ ઋતુ-
માં કાપણી નો પર્વ ઊજવવો.~ 17 “પ્રત્યેક વર્ષમાં ત્રણ વાર ઈસ્રાએલના
સર્વ પુરુષો અને સંતાનોએ ઈસ્રાએલના દેવ યહોવા સમક્ષ ઉપસ્થિત
થવું.~ 18 “પ્રતિવર્ષ ત્રણ વાર તમે તમાંરા દેવ યહોવાના દર્શને જાઓ
અને તે વખતે તમાંરા દેશ પર કોઈ આક્રમણ કરશે નહિ અને તેને જીતી
લેશે નહિ. કારણ, તમાંરી ભૂમિ પરથી હું બીજી પ્રજાઓને હાંકી કાઢીને
તમાંરી સરહદ વિસ્તારી આપીશ.~ 19 “તમાંરે યજ્ઞ ચઢાવીને એનું લોહી
ખમીરવાળી રોટલી સાથે મને ધરાવવું નહિ. પાસ્ખાપર્વ યજ્ઞનો કોઈ
ભાગ સવાર સુધી રાખી મૂકવો નહિ.~ 20 “પ્રતિવર્ષ તમાંરી જમીનનો પ્ર-
થમ પાકનો ઉત્તમોત્તમ ભાગ તમાંરે તમાંરા દેવ યહોવાના મંદિરમાં લઈ-
ને આવવું.“તમાંરે લવારાને તેની માંતાના દૂધમાં રાંધવું નહિ.”~ 21 યહો-
વાએ મૂસાને કહ્યું, “આ શબ્દો તું લખી લે, કારણ તારી સાથે અને ઈસ્રા-
એલ સાથે મેં એ પ્રમાંણે કરાર કર્યો છે.”~ 22 તેથી મૂસા 40 દિવસ અને
40 રાત અન્નજળ લીધા વિના યહોવા સાથે રહ્યો અને તેણે કરારના
શબ્દો-દશ આજ્ઞાઓ તકતી ઉપર લખી.~ 23 છેલ્લે મૂસા કરારની બે તક-
તીઓ લઈને સિનાઈ પર્વત ઉપરથી નીચે ઊતર્યો, ત્યારે તે જાણતો ન
હતો કે યહોવાની સમક્ષ રહેવાથી તેનો ચહેરો પ્રકાશતો હતો.~ 24 હારુન
અને ઈસ્રાએલીઓ મૂસાના ચહેરાને પ્રકાશતો જોઈને તેની પાસે જતાં
ગભરાતાં હતાં.~ 25 આથી મૂસાએ તેઓને પાસે બોલાવ્યા ત્યારે હારુન
અને લોકોના આગેવાનો મૂસા પાસે ગયા અને મૂસાએ તેમની સાથે
વાત કરી.~ 26 યહોવાએ કહ્યું, “જુઓ, હું અત્યારે જ તમાંરી સાથે આ
કરાર કરનાર છું. અગાઉ પૃથ્વી પર કોઈ પણ દેશમાં ન થયા હોય તેવા
ચમત્કારો હું કરીશ. તારા લોકો તે જોશે કે હું, દેવ ખૂબ મહાન છું. હું જે
તારા માંટે અદભુત કાર્યો કરીશ, તે લોકો જોશે.”~ 27 કરારનો તારો ભાગ
આ છે કે તું માંરી સર્વ આજ્ઞાઓને આધીન થા. પછી હું તમાંરી વચ્ચેથી
અમોરી, કનાની, હિત્તી, પરિઝઝી, હિવ્વી અને યબૂસી લોકોને હાંકી કા-
ઢીશ.~ 28 પણ સાવધાન રહેજે. તું જે દેશમાં જાય છે, ત્યાંના વતનીઓ
સાથે કરાર કરવો નહિ, નહિતર તેઓ તને જાળમાં ફસાવશે.~ 29 પણ
યાદ રાખો, તમાંરે તેમની વેદીઓ તોડી પાડવાની છે, તેમના પૂજાસ્તંભો
તોડી નાખવાના છે. અને તેઓની અશેરાહ દેવીની મૂર્તિઓ ભાંગી ના-
ખવાની છે.~ 30 તમાંરે અન્ય કોઈ દેવોની પૂજા કરવી નહિ કારણ કે
માંરું નામ યહોવા છે માંરું નામ હું એટલે કાનાહ છું-ઈર્ષાળુ દેવ.~
31 “એ દેશના વતનીઓ સાથે કોઈ કરાર કરવો નહિ, નહિ તો તેઓ
જયારે પોતાના દેવોને યજ્ઞ ચઢાવે, ત્યારે કદાચ તમને બોલાવે અને તમે

એ યજ્ઞ ખાઓ.~ 32 તે પછી સર્વ ઈસ્રાએલીઓ તેની પાસે આવ્યા અને
તેને સિનાઈ પર્વત ઉપર યહોવાએ જે બધાં આદેશો આપ્યા હતા તે
બધા તેણે લોકોને સંભળાવ્યા.~ 33 જ્યારે મૂસાએ તેઓની સાથે બોલ-
વાનું પૂરું કર્યું ત્યારે તેણે પોતાના મોં ઉપર ઘૂંઘટ ઢાંકી દીધો.~ 34 જ્યારે
જ્યારે તે યહોવા સમક્ષ વાત કરવા જતો, ત્યારે ત્યારે ઘૂંઘટ દૂર કરતો
અને બહાર આવતાં સુધી ઘૂંઘટ પાછો ઢાંકતો નહિ. પછી બહાર આવીને
પોતાને જે જે આજ્ઞાઓ મળી હોય તે તે ઈસ્રાએલીઓને કહી સંભળાવ-
તો,~ 35 તે સમયે ઈસ્રાએલીઓને મૂસાનો ચહેરો પ્રકાશતો દેખાયો તેથી
તે યહોવા સાથે ફરી વાત કરવા જતાં સુધી ઉપર પાછો ઘૂંઘટ નાખી દે-
તો.

35 મૂસાએ સર્વ ઈસ્રાએલી લોકોની એક સભા ભેગી કરી તેઓને
કહ્યું, “યહોવાએ તમને આટલા નિયમોનું પાલન કરવાની
આજ્ઞા કરી છે:~ 2 “માંત્ર છ દિવસ તમારે કામ કરવું. સાતમો દિવસ
યહોવાને સમર્પિત કરેલ વિશ્રામનો દિવસ છે. તે દિવસે જે કોઈ કામ કરે
તેને મોતની સજા કરવી.~ 3 સાબ્બાથના દિવસે તમે જ્યા પણ રહેતા
હોય ત્યાં આગ પેટાવાની મનાઈ છે.”~ 4 પછી મૂસાએ ઈસ્રાએલીઓના
સમગ્ર સમાંજને કહ્યું, “યહોવાએ આ આજ્ઞા આપી છે:~ 5 દેવ માંટે ખાસ
ભેટો ભેગી કરો. તમાંરામાંથી પ્રત્યેકે તમાંરા હૃદયમાં નક્કી કરવું કે
તમારે શું આપવું છે. જેઓના હૃદય ઉદાર હોય તેઓ યહોવા પાસે અર્પ-
ણો લાવે: સોનું, ચાંદી અને કાંસા.~ 6 ભૂરા, જાંબુડિયા અને કિરમજી
રંગનું ઊન, શણનું ઝીણું કાપડ, બકરાંના વાળ,~ 7 ઘેટાનું પકવેલું ચા-
મડું, કુમાંશદાર ચામડાં, બાવળનાં લાકડાં,~ 8 દીવા માંટે તેલ, અભિષે-
કના તેલ માંટે અને ધૂપને માંટે તેજાના, સુંગધીદાર ધૂપ માંટે સુગંધી દ્રવ-
વ્યો,~ 9 યાજકના એફોદ અને ઉરપત્ર ઉપર જડવા માંટે ગોમેદ પાષાણ
અને અન્ય પાષાણો.~ 10 “તમાંરામાંથી જેઓ ખાસ કુશળ કારીગરો છે
તેઓ આવે અને યહોવાએ જે બનાવવાની આજ્ઞા કરી છે તે બનાવે:~
11 પવિત્રમંડપનો તંબુ, તેનાં આચ્છાદન, તેની કડીઓ, પાટિયાં,
વળીઓ, થાંભલી અને કૂભીઓ:~ 12 પવિત્રકોશ અને તેની દાંડાઓ,
ઢાંકણ અને દયાસન, પવિત્રસ્થાનને બંધ કરવાનો પડદો;~ 13 બાજઠ
અને તેને ઊંચકવાની દાંડીઓ, અને તેનાં બધાં પાત્રો; ધરાવેલી રોટ-
લી.~ 14 દીપવૃક્ષ અને દીવાઓ, તેનાં સાધનો, કોડિયાં અને પૂરવાનું
તેલ.~ 15 “ધૂપની વેદી અને તેની દાંડીઓ, અભિષેક માંટેનું તેલ, સુ-
ગંધીદાર ધૂપ, અને મૂલાકાતમંડપનો પ્રવેશદ્ધાર માંટેનો પડદો.~
16 આહુતિ માંટે વેદી, અને તેની કાંસાની જાળી; થાંભલાઓ અને વેદી
પર વપરાતી બધી વસ્તુઓ અને કાંસાનું પહોળુ વાસણ અને તેનું તળ.
વેદીને ઊચકવાનાં બધાં સાધનો, દાંડા, કડી અને તેની ધોડી;~
17 આંગણાની ભીતો માંટેના પડદાઓ, સ્તંભો, તેઓની કૂભીઓ અને
આંગણાનાં પ્રવેશદ્ધાર માંટેના પડદાઓ;~ 18 મુલાકાતમંડપના અને તે-
ના આંગણાં માંટેના સ્તંભો, આંગણાની ખૂટીઓ અને તેની દોરીઓ,~
19 પવિત્રસ્થાનમાં સેવા કરવાના સમયે યાજકોએ ધારણ કરવાના દબ-
દબાભર્યા વસ્ત્રો, એટલે કે યાજક હારુન અને તેના પુત્રો માંટેનાં યાજક
તરીકે સેવા કરવા માંટેનાં પવિત્ર વસ્ત્રો.”~ 20 પછી ઈસ્રાએલીઓના
સમગ્ર સમુદાયે ભેટો આપવા માંટેની વસ્તુઓ તૈયાર કરવા માંટે મૂસા
આગળથી રજા લીધી. અને પોતપોતાના તંબુઓમાં પાછા ફર્યા.~
21 પછી યહોવાના આત્માંથી જેઓના હૃદયોને સ્પર્શ થયો હતો, તે દરેક
પોતાની રાજીખુશીથી મુલાકાતમંડપનાં સાધનો માંટે, તેની સામગ્રી
માંટે અને પવિત્ર વસ્ત્રો માંટે તેઓનાં અર્પણો લઈને યહોવાને ભેટ ધર-
વા પાછા આવ્યા.~ 22 સ્ત્રીઓ અને પુરુષો પણ આવ્યા અને તેમણે
દરેકે રાજીખુશીથી-કોઈએ નથ, તો કોઈએ લવિંગિયાં કોઈએ વીટી, તો
કોઈએ હાર. એમ વિવિધ પ્રકારના સોનાનાં ઘરેણાં યહોવાને ભેટ
ધર્યા.~ 23 બીજાં કેટલાક ભૂરા, જાંબુડા અને કિરમજી રંગનાં ઊન ઝીણા
કાંતેલા શણના કાપડ અને બકરાંના વાળનાં કાપડ લાવ્યાં. વળી લાલા
રંગ કરેલાં ઘેટાનાં ચામડાં અને ખાસ રીતે પકવેલાં બકરાંના ચામડાં
પણ તેઓ લઈ આવ્યાં.~ 24 જે કોઈ યહોવાને ચાંદી કે કાંસાની ભેટ
ધરાવી શકે તેમ હતા તે સૌ તે લાવ્યા, તો કેટલાક બાંધકામ માંટે જરૂરી
બાવળનું લાકડું લાવ્યા.~ 25 જે સ્ત્રીઓ કાંતવામાં કુશળ હતી, તેમણે
ભૂરું, જાંબુડિયું અને કિરમજી ઊન તથા બારીક શણ કાંતી આપ્યું.~
26 બીજી કેટલીક કુશળ સ્ત્રીઓએ બકરાંના વાળ કાંતીને કાપડ તૈયાર
કરી આપ્યું.~ 27 યાજકોના ઉરપત્રમાં અને એફોદમાં જડવા માંટે આગે-
વાનો ગોમેદ પાષાણ અને અન્ય પાષાણ લાવ્યાં.~ 28 તેમ જ દીવા માંટે
તથા અભિષેક અને સુગંધીદાર ધૂપ માંટે સુગંધી દ્રવ્યો અને તેલ લઈ
આવ્યા.~ 29 આ પ્રમાંણે ઈસ્રાએલના લોકોએ યહોવાએ મૂસા માંરફતે જે
જે કામો કરવાની આજ્ઞા કરી હતી તેને માંટે તે કાર્યમાં મદદ કરવાની
ઈચ્છા જે સ્ત્રી પુરૂષોની હતી તે સૌએ પોતાના અર્પણો રાજીખુશીથી તે-
મને આપ્યાં.~ 30 પછી મૂસાએ ઈસ્રાએલીઓને કહ્યું, “જુઓ, યહોવાએ
યહૂદાના કુળસમૂહના હૂરના દીકરા ઊરીના દીકરા, બઝાલએલને મંદિર-
નાં હસ્તકલાનાં કામ માંટે પસંદ કર્યો છે.~ 31 અને તેનામાં દેવના
આત્માંનો સંચાર કરીને તેને દરેક પ્રકારની કારીગરીમાં કુશળતા, સમજ-
દારી તથા હોંશિયારી ભરપૂર આપ્યા છે.~ 32 સોનાચાંદી અને કાંસાના
સાધનો બનાવવામાં, નવી નવી ભાતો ઉપજાવી કાઢવામાં,~ 33 રત્નોને
પહેલ, પાડવામાં, જડવામાં, તથા લાકડામાં કોતરણી કરવામાં, તથા
બધા પ્રકારના નકશીકામ કરવામાં તેને કુશળ બનાવ્યો છે.~ 34 યહો-
વાએ તેને અને દાનકુળના અહીસામાંખના પુત્ર આહોલીઆવને બીજાને
શીખવવાની શક્તિ આપી છે.~ 35 તેણે તેમને સર્વ પ્રકારનું કામ કરવાનું
કૌશલ્ય આપ્યું છે; કોતરણીનું, સિલાઈનું, ભરતકામના કિરમજી રંગના
કાપડના પડદાઓની ભાત તૈયાર કરવાનું, ભૂરાં, જાંબુડિયા અને કિરમ-
જી ઊનના અને બારીક શણના ભરતગૂંથણનું અને વણાંટનું, તેઓ સર્વ
પ્રકારનું કામ કરી શકે છે અને ભાત રચી શકે છે, સર્વમાં તેઓ શ્રેષ્ઠ પુર-
વાર થશે.

36 “બઝાલએલ, આહોલીઆબ અને અન્ય બધા કારીગરો, જેઓ-
ને યહોવાએ કૌશલ્ય અને સમજ આપ્યાં છે જેથી તેઓને મુલા-
કાતમંડપના બાંધકામને લગતું બધું કામ કરતાં આવડે, તેમણે બરાબર
યહોવાની આજ્ઞા મુજબ જ બધું બનાવવાનું છે.”~ 2 પછી મૂસાએ બઝા-
લએલને, આહોલીઆબને અને જે કારીગરોને યહોવાએ કૌશલ્ય આપ્યું
હતું અને જેઓ કામ કરવાને તૈયાર હતા તે બધાને બોલાવ્યા અને સૌને
કામ શરૂ કરવા જણાવ્યું.~ 3 ઈસ્રાએલીઓએ મંદિર બાંધવા માંટે જે જે
ભેટો આપી હતી તે બધી મૂસાએ તેમને સોંપી દીધી. તેમ છતાં ઈસ્રાએ-
લીઓ પ્રતિદિન સવારમાં ભેટ લાવતા રહ્યા.~ 4 તેથી મંદિરનું કામ કર-
નારા બધાજ કારીગરો પોતપોતાનું કામ છોડીને મૂસા સમક્ષ આવીને
કહેવા લાગ્યા,~ 5 “યહોવાએ જે કામ કરવાની આજ્ઞા કરી છે તે પૂરુ કર-
વા માંટે જરૂરી હોય તેના કરતાં ઘણું વધારે લોકો લાવ્યા કરે છે.”~ 6 તે-
થી મૂસાએ આખી છાવણીમાં ઢંઢેરો પિટાવ્યો કે હવે વધુ ભેટ લાવવાની
જરૂર નથી. એટલે લોકોએ ભેટ લાવવાનું બંધ કર્યું.~ 7 અત્યાર સુધીમાં
જે કાંઈ આવ્યું હતું તે બધું કામ પૂરુ કરવા માંટે જોઈએ તેના કરતાં
વધારે હતું.~ 8 સૌથી કુશળ કારીગરોએ પવિત્રમંડપ બનાવ્યો. ઝીણાં
કાંતેલા શણ અને ભૂરા કિરમજી અને લાલ ઊનના દશ પડદાઓથી તે-
મણે તંબુ બનાવ્યો. એના ઉપર કરૂબ દેવદૂતોની આકૃતિઓ ભરેલી
હતી.~ 9 પ્રત્યેક પડદો 28 વાર લાંબો અને 4 વાર પહોળો હતો. બધા
જ પડદા સમાંન માંપના હતા.~ 10 તેમણે પાંચ તાકા જોડીને એક મોટો
પડદો બનાવ્યો, અને બીજા પાંચનો બીજો મોટો પડદો બનાવ્યો.~
11 તેમણે દરેક મોટા પડદાની બહારની બાજુએ ભૂરા કાપડની પટ્ટીથી
પચાસ નાકાં બનાવ્યાં.~ 12 તેમણે એક મોટા પડદાના પહેલાં પડદાને
50 નાકા બનાવ્યા, અને બીજા મોટા પડદાના છેલ્લા પડદાને એની
બરાબર સામે આવે એ રીતે 50 નાકાં બનાવ્યાં.~ 13 આ નાકાંઓને જો-
ડવા માંટે તેમણે 50 સોનાની કડીઓ બનાવી. અને તેના વડે આ બે
પડદાઓને જોડી દીધા એટલે પવિત્રમંડપનો એક સળંગ તંબુ રચાયો.~
14 એ પવિત્રમંડપ ઉપર તંબુ બનાવવા માંટે તેમણે બકરાંના વાળના
કાપડના અગિયાર પડદાઓ બનાવ્યા. તે બધા સરખા માંપના હતા.~
15 પ્રત્યેક પડદો 30 હાથ લાંબો અને 4 હાથ પહોળો હતો. બધા પડદા
એક જ માંપના હતા.~ 16 બઝાલએલ પાંચ પડદા એકબીજા સાથે જોડી
દઈને એક મોટો પડદો બનાવ્યો અને બીજા છ નો બીજો એક મોટો
પડદો બનાવ્યો;~ 17 પછી તેમણે પહેલા મોટા પડદાના છેલ્લા તાકાને
50 નાકાં મૂક્યાં અને બીજા મોટા પડદાની બાજુએ બીજા પચાસ નાકાં
મૂક્યાં.~ 18 આ નાકાંઓને જોડવા માંટે કાંસાની નાના કદની 50
કડીઓ બનાવી તેના વડે એ બે પડદા જોડી દીધા એટલે એક સળંગ
તંબુ થઈ ગયો.~ 19 તેમણે પવિત્રમંડપની છતનું સૌથી ઉપરનું આવરણ

બનાવ્યુ. પહેલું ઘેટાનાં લાલ રંગેલાં ચામડાઓમાંથી તથા બીજુ બક-
રાંના પકવેલાં કુમાંશદાર ચામડાનું બનાવ્યું.~ 20 પવિત્રમંડપની બાજુ-
ની ભીતો માંટે ઊભા ગોઠવવા તેમણે બાવળનાં પાટિયાં તૈયાર કર્યા.~
21 પ્રત્યેક પાટિયું 10 હાથ લાંબું અને દોઢ હાથ પહોળું હતું.~ 22 પ્રત્યેક
પાટિયાંને એકબીજા સાથે જોડવા માંટે દરેકને બબ્બે સાલ કાઢયાં
હતાં;~ 23 દક્ષિણ બાજુએ ભીત માંટે 20 પાટિયાં હતાં.~ 24 તે 20 પાટિ-
યાં ચાંદીની 40 કૂભીઓમાં ઊભા કર્યા હતા, પ્રત્યેક પાટિયુ બે કૂભીઓ-
માં ઊભું કર્યુ હતું.~ 25 ઉત્તર બાજુએ ભીત માંટે પણ 20 પાટિયાં હતાં.~
26 તે 20 પાટિયાં ચાંદીની 40 કૂભીઓમાં ઊભા કર્યા હતાં. પ્રત્યેક પા-
ટિયું બે કૂભીઓ વચ્ચે ઊભુ કર્યુ હતું.~ 27 મુલાકાતમંડપનો પાછળનો
ભાગ પશ્ચિમ દિશામાં હતો અને તેની પછીત માંટે છ પાટિયાં બનાવ્યાં
હતાં.~ 28 અને પછીતના ખૂણાઓ માંટે બે પાટિયાં બનાવ્યાં.~ 29 પછી-
તનાં અને ખૂણાઓનાં પાટિયાં નીચેથી જોડેલાં હતાં અને ઠેઠ ઉપરથી
પહેલી કડી સુધી જોડી દીધેલાં હતાં.~ 30 આમ, પશ્ચિમ બાજુએ કુલ
આઠ પાટિયાં, ચાંદીની 16 કૂભીઓમાં ઊભા કરેલાં હતાં. અને પ્રત્યેક
પાટિયું બે કૂભીઓમાં બેસાડેલું હતું.~ 31 પછી તેમણે આ પાટિયાઓને
તેમની બાજુએથી એક બીજા સાથે જોડી દેવા માંટે બાવળનાં લાકડાંની
ભૂંગળો બનાવી, પાંચ તંબુની એક બાજુનાં પાટિયાં માંટે અને બીજી
પાંચ બીજી બાજુનાં પાટિયાં માંટે.~ 32 અને પાંચ ભૂગળો પશ્ચિમની
પછીતના પાટિયાં માંટે,~ 33 આ પાંચ ભૂંગળોમાંથી વચલી ભૂંગળ પા-
ટિયાઓની અડધી ઊંચાઈને એક છેડાથી તે બીજા છેડા સુધી લાગેલી
હતી.~ 34 આ પાટિયાઓ અને ભૂંગળો સોનાંથી મઢેલાં હતાં અને
કડાંઓ શુદ્ધ સોનાનાં બનાવ્યાં હતાં.~ 35 અંદરનો પડદો વણાંટકામના
કાપડનો બનાવેલો હતો. અને ભૂરા, જાંબુડા અને કિરમજી ઊનનો હતો.
તેના ઉપર જરીથી કલાત્મક રીતે કરૂબદેવદૂતોની આકૃતિઓનું ભરત
કરવામાં આવ્યું હતું.~ 36 પડદાને લટકાવવા માંટે બાવળની ચાર થાંભ-
લીઓ બનાવી અને તેને સોને મઢીને, સોનાની વાળી મુકી. અને થાંભ-
ળીઓ માંટે ચાર ચાંદીની કૂભીઓ બનાવી.~ 37 માંડવાના પ્રવેશદ્બાર
માંટે બઝાલએલે ભૂરા, કિરમજી અને લાલ ઊનનો તથા ઝીણા કાંતેલા
શણનો ભરત ભરેલો પડદો બનાવ્યો.~ 38 બાવળના લાકડામાંથી પાંચ
થાભલી અને કડીઓ તૈયાર કરી સોનાથી મઢી, પછી તેઓને કાંસાની
પાંચ કૂભીઓમાં ઊભી કરી. તેના ટોચકાઓને અને પડદાની દાંડીને.
પછી સોનાની પાંચ કડીઓ વડે આ પડદો લટકાવવામાં આવ્યો.

37 પછી બઝાલએલે બાવળના લાકડામાંથી પવિત્રકોશ બના-
વ્યો, જેની લંબાઈ અઢી હાથ, પહોળાઈ દોઢ હાથ અને ઊંચાઈ
દોઢ હાથ હતી.~ 2 તેણે તેને અંદર બહાર શુદ્ધ સોનાથી મઢીને તેની ફર-
તે સોનાની પટી મૂકી હતી.~ 3 તેના ચાર પગોમાં સોનાનાં ચાર કડાં જો-
ડેલા હતાં. પ્રત્યેક છેડા ઉપર બે કડાં.~ 4 પછી તેણે બાવળના લાકડા-
ના દાંડા બનાવ્યા અને તેને સોનાથી મઢી લીધાં.~ 5 અને કોશ ઉપાડ-
વા માંટે બંને બાજુના કડામાં પરોવી દીધા.~ 6 ત્યારબાદ તેણે શુદ્ધ સો-
નામાંથી અઢી હાથ લાંબુ અને દોઢ હાથ પહોળું ઢાંકણ તૈયાર કર્યું.~
7 તેણે બે કરૂબદેવદૂતોની આકૃતિઓ સોનામાંથી ઘડીને ઢાંકણના બે
છેડા માંટે બનાવી.~ 8 એક છેડે એક કરૂબદેવદૂત અને બીજે છેડે એક
કરૂબદેવદૂત; તેણે તેને ઢાંકણ સાથે જોડી દીધી.~ 9 દેવદૂતોની પાંખો
ઊંચે પસારેલી હોવાથી ઢાંકણ પાંખોથી ઢંકાઈ જતું હતું. દેવદૂતોનાં મોં
એકબીજાની સામસામે હતાં, અને ઢાંકણ તરફ વાળેલાં હતાં.~ 10 બાવ-
ળના લાકડામાંથી તેણે 2 હાથ લાંબો, 1 હાથ પહોળો અને દોઢ હાથ
ઊચો બાજઠ બનાવ્યો,~ 11 આખા બાજઠને શુદ્ધ સોનાથી મઢી લઈને
બાજઠની ચારે તરફની ધાર પર સોનાની કિનારી બનાવી.~ 12 પછી તે-
ણે તેની ફરતે ચાર ઈંચની કિનાર બનાવી અને તેની ફરતે સોનાની કોર
મૂકી.~ 13 તેણે એને ઉપાડવા માંટે સોનાનાં ચાર કડાં બનાવ્યાં અને
ચાર ખૂણે ચાર પાયે જડી દીધાં.~ 14 બાજઠ ઉપાડવાની દાંડીની
જગાઓ એટલે કડાં એ કિનારીની નજીક હતા.~ 15 દાંડીઓ બાવળના
લાકડાની બનાવી અને તેને સૂવર્ણથી મઢી લીધી.~ 16 પછી તેણે બાજ-
ઠને માંટેનાં વાસણો-રકાબીઓ, વાટકા, બરણીઓ અને પેયાર્પણ માંટે-
ના વાટકા શુદ્ધ સોનાનાં બનાવ્યા.~ 17 તેણે શુદ્ધ સોનાની દીવી બના-
વી; દીવીની બેસણી અને થાંભલી સોનામાંથી ઘડીને બનાવ્યાં અને તે-
ના ઉપરનાં શોભાનાં કૂલો, કળીઓ અને પાંદડીઓ તેની સાથે જડી દી-
ધાં.~ 18 દીપવૃક્ષની બંને બાજુએ ત્રણ ત્રણ એમ કુલ છ શાખાઓ
હતી.~ 19 પ્રત્યેક શાખા ઉપર શોભા માંટે કળીઓ અને પાંદડીઓ સાથે
બદામ ઘાટનાં ત્રણ ત્રણ ફૂલ હતાં.~ 20 દીપવૃક્ષની થાંભલીઓને
કળીઓ અને પાંદડીઓવાળાં ચાર શોભાનાં ફૂલ હતાં.~ 21 દીપવૃક્ષનાં
સ્તંભ ઉપર બબ્બે શાખાઓની દરેક જોડી નીચે એક એક ફૂલ હતું. વળી
ટોચની શાખાની જોડીના ઉપરના ભાગમાં પણ એક ફૂલ હતું. અને ની-
ચેની શાખાઓની જોડીના નીચેના ભાગમાં એક ફૂલ હતું. આમ ચાર
ફૂલ હતાં.~ 22 દીવીની થાંભલી સાથે શાખાઓ અને કળીઓ જોડી દેવા-
માં આવ્યા હતાં, અને એ બધું શુદ્ધ સોનાની એક જ ઢાળકીમાંથી ઘડીને
બનાવવામાં આવ્યું હતું.~ 23 દીવી માંટે તેણે સાત કોડિયાં બનાવ્યાં.
દિવેટની વાટ સમારવાની કાતર અને રાખદાનીઓ શુદ્ધ સોનામાંથી
બનાવ્યાં.~ 24 દીપવૃક્ષ અને એનો સાજ બનાવવામાં તેણે 75 પૌંડ શુદ્ધ
સોનું વાપર્યું હતું.~ 25 ધૂપ માંટેની વેદી તેણે બાવળના લાકડામાંથી
બનાવી. તે 1 હાથ લાંબી, 1 હાથ પહોળી અને 2 હાથ ઊચી ને સમચો-
રસ હતી. વેદી પર ચાર શિંગ હતાં દરેક ખૂણામાં એક શિંગ હતું. આ
શિંગો એકબીજા સાથે જોડેલા હતા, એક નંગ બનાવવા એક ભાગ તરીકે
એક જ એકમમાં તેના ખુણાઓ ઉપર શિંગ તૈયાર કરેલાં હતાં.~
26 આખી વેદીને શુદ્ધ સોનાથી મઢી લેવામાં આવી અને તેની ચારે તરફ-
ની ધાર ઉપર સોનાની કિનારી બનાવવામાં આવી.~ 27 તેણે તેને માંટે
બે સોનાનાં કડા બનાવીને બંને બાજુએ કિનારીની નીચે જડી દીધાં. જે-
માં ઉપાડતી વખતે દાંડા પરોવી શકાય.~ 28 પછી તેણે બાવળનાં લાક-
ડાના દાંડા બનાવીને સોનાથી મઢયા.~ 29 વળી તેણે અભિષેક માંટેનું
તેલ તેમજ સરૈયો બનાવે તેવો શુદ્ધ સુગંધીદાર ધૂપ પણ બનાવ્યો.

38 તેણે~5~હાથ લાંબી,~5~હાથ પહોળી અને~3~હાથ ઊચી
ચોરસ યજ્ઞ માંટેની વેદી બાવળના લાકડામાંથી બનાવી.~ 2 તે-
ના ચાર ખૂણા પર ચાર શિંગ હતાં, તે વેદીના લાકડામાંથી જ બનાવેલાં
હતાં. આ વેદી ઉપર કાંસાનું આવરણ ચઢાવવામાં આવ્યું હતું.~ 3 પછી
તેણે વેદીનાં બધાં જ પાત્રો-ભસ્મપાત્રો, તાવડીઓ, તપેલાં, ડોયા, પંજે-
ટી અને સગડીઓ-કાંસાનાં બનાવ્યાં.~ 4 પછી તેણે વેદીની અંદરના
ભાગમાં જયાં અગ્નિ પ્રગટે છે ત્યાં અડધી ઊંચાઈએ ટેકા માંટેની ધાર
બનાવીને તેના ઉપર કાંસાની જાળી ગોઠવી.~ 5 આ વેદીની ચાર બા-
જુઓ માંટે ચાર કડાં બનાવીને કઠેરાના ચાર ખૂણે મૂક્યાં જેથી તેમાં
દાંડા ભેરવી શકાય.~ 6 આ દાંડા બાવળના લાકડાના બનાવીને તેને
કાંસાથી મઢી લીધા,~ 7 પછી તેને વેદીની બાજુએ આવેલાં કડાંઓમાં
પરોવી દીધા. વેદી લાકડાંના પાટિયાંમાંથી બનાવેલી હતી અને અંદર-
થી પોલી રાખી હતી.~ 8 મુલાકાતમંડપના પ્રવેશદ્બાર પાસે ભેગી થયેલી
સ્ત્રીઓનાં દાન કરેલા કાંસાના દર્પણમાંથી ઢાળીને તેણે હાથ પગ ધો-
વાની કાંસાની કૂડી અને તેની કાંસાની ઘોડી બનાવ્યાં.~ 9 પછી તેણે
આંગણું બનાવ્યું; તેની દક્ષિણ બાજુના પડદાની ભીંત 100 હાથ લાંબી
હતી અને તે ઝીણા કાંતેલા શણના પડદાઓની બનાવેલી હતી.~
10 આ પડદાને પકડી રાખવા માંટે 20 થાંભલીઓ અને 20 કૂભીઓ
કાંસાની હતી. તથા એ થાંભલીઓના આંકડા અને આડા સળિયા
ચાંદીના બનાવેલા હતા.~ 11 ઉત્તરની બાજુએ 10 0 હાથ લાંબા પડદા
હતા અને તેને માંટે કાંસાની 20 થાંભલીઓ અને 20 કૂભીઓ હતી,
તથા આંકડા અને સળિયા ચાંદીના હતા.~ 12 આંગણાની પશ્ચિમ બા-
જુએ 50 હાથ લાંબા પડદા હતા. તથા 10 થાંભલીઓ અને 10 કૂભીઓ
હતી. અને આંકડા અને સળિયા ચાંદીના હતા.~ 13 આંગણાની પૂર્વ
તરફ 50 હાથ લાંબી ભીંત હતી. આંગણનો પ્રવેશદ્બાર આ તરફ હતો.~
14 પ્રવેશદ્બારની એક બાજુએ~ 15 હાથનો પડદો હતો અને તેને થોભવા
માંટે ત્રણ થાંભલીઓ અને ત્રણ કૂભીઓ હતી. 15 અને આંગણાના પ્ર-
વેશદ્બારની બીજી બાજુએ 15 હાથ લાંબા પડદા હતા, અને તેમને ત્રણ
થાંભલીઓ અને ત્રણ કૂભીઓ હતી.~ 16 ભીતો બનાવવા માંટે વપરાયે-
લા બધા જ પડદાઓ ઝીણા કાંતેલા શણના બનાવેલા હતા.~ 17 પ્ર-
ત્યેક થાંભલીઓ માંટેની કૂભીઓ કાંસાની હતી અને આંકડા તથા
દાંડીઓ ચાંદીના હતાં. થાંભલીઓનો ટોચકા ચાંદીના પતરાથી મઢેલી
હતી, આંગણાની બધી થાંભલીઓને ચાદીની દાંડીઓ હતી.~ 18 આંગ-
ણાના પ્રવેશદ્બારનો પડદો ભૂરા, કિરમજી, તથા લાલ રંગના ઊનનો
અને ઝીણા કાંતેલા શણનો હતો, તેના પર ભરતકામ કરેલું હતું. અને તે

20 હાથ લાંબો અને આંગણાને ફરતા પડદાની જેમ 5 હાથ ઊંચો
હતો.~ 19 તે ચાર કાંસાની કૂભીઓમાં બેસાડેલી ચાર કાંસાની થાંભ-
લીઓ ઉપર લટકાવેલો હતો. તેના આંકડાઓ અને સળિયાઓ ચાંદીના
હતા. થાંભલીઓના મથાળાં ચાંદીથી મઢેલાં હતાં.~ 20 પવિત્રમંડપ
તથા આંગણાના બાંધકામમાં વપરાયેલી બધી ખૂંટીઓ કાંસાની બના-
વેલી હતી.~ 21 પવિત્ર તંબુ એટલે કે કરારકોશના તંબુના બાંધકામમાં
વપરાયેલ વિવિધ ધાતુનો હિસાબ આ મુજબ છે. મૂસાએ એ યાદી તૈ-
યાર કરવાનો આદેશ આપ્યો હતો, અને તે યાજક હારુનના પુત્ર ઈથા-
મારના નિરીક્ષણ હેઠળ તૈયાર કરેલી હતી.~ 22 યહૂદાના કુળસમૂહના હૂ-
રના દીકરા ઊરીના દીકરા બઝાલએલે યહોવાએ મૂસાને જે જે બનાવ-
વાની આજ્ઞા કરી હતી તે બધું બનાવ્યું.~ 23 તેને મદદ કરનાર દાનના
વંશના અહીસામાંખનો પુત્ર આહોલીઆબ કોતરકામ કરનાર, નવી ભા-
તો બનાવનાર, અને ભૂરા કિરમજી અને લાલ ઊન તેમજ ઝીણા કાંતેલા
શણનું ભરત ભરનાર હતો.~ 24 એ પવિત્રસ્થાનક માંટે યહોવાને સમ-
ર્પિત કુલ સોનાનું વજન મંદિરના માંપના ધોરણ મુજબ 2 ટન કરતા
વધારે હતું.~ 25 વસ્તીગણતરીની નોંધણી વખતે લોકો પાસેથી મળેલ
ચાદીનું વજન મંદિરના માંપ ધોરણ પ્રમાંણે 3-3/4 ટન કરતા વધારે
હતું.~ 26 વસ્તીગણતરીમાં વીસની અને તેની ઉપરની ઉંમરના
6,03,550 માંણસો નોંધાયેલ હતાં. અને તેમાંના પ્રત્યેક એક બેકા
ચાંદીની ખંડણી ભરી હતી (અધીકૃત માંપ વાપરતા એક બેકા એટલે
અડધો શેકેલ).~ 27 પવિત્રસ્થાન માંટેની અને પડદા માંટેની કૂભીઓ
બનાવવામાં 3-3/4 ટન ચાંદી વપરાઈ હતી: તેમાંથી 10 કૂભીંઓ બના-
વી. તેથી દરેક કૂભીમાં 75 પૌંડ ચાંદી હતી.~ 28 બાકીની 50 પૌંડ
ચાંદીમાંથી તેણે થાંભલીઓના આંકડા, તેમનાં મથાળાં અને દાંડીઓ
બનાવી.~ 29 યહોવાને સમર્પિત કુલ કાંસા સાડા છવ્વીસ ટન કરતા
વધારે હતું.~ 30 આ કાંસાનો ઉપયોગ મુલાકાતમંડપના પ્રવેશદ્વારની કૂ-
ભીઓ, કાંસાની વેદી અને તેની કાંસાની જાળી, વેદીનાં બધાં સાધનો,~
31 આંગણા માંટેના પાયા તથા તેના પ્રવેશદ્વાર અને પવિત્રમંડપ અને
આંગણાનાં બાંધકામ માંટે વપરાયેલા સર્વ અને ખીલીઓ બનાવવા
માંટે થયો હતો.

39 પવિત્રસ્થાનમાં સેવા કરતી વખતે યાજકોએ પહેરવાના દબદ-
બાભર્યા પોષાક, લોકોએ ભૂરા, જાંબુડા અને કિરમજી રંગના કા-
પડમાંથી બનાવ્યા. યહોવાએ મૂસાને આજ્ઞા કરી હતી તે મુજબ તેમણે
હારુનને માંટેનાં વસ્ત્રો બનાવ્યાં.~ 2 તેમણે એફોદ સોનાનું તથા જાંબુ-
ડિયા, કિરમજી અને લાલ ઊન અને ઝીણા કાંતેલા શણનું બનાવ્યું.~
3 સોનાને ટીપીને બઝાલએલે સોનાના પાતળાં પતરાં બનાવ્યાં. અને
તેને કાપીને તેના તાર બનાવ્યા. આ તાર ભૂરા, જાંબુડા, અને કિરમજી
રંગના કાપડમાં વણી લેવામાં આવ્યા. આ કાર્ય એક બહુ જ કુશળ કારી-
ગરનું હતું.~ 4 એફોદને ખભે બાંધવાના પટા બનાવીને તેની બે બાજુએ
જોડી દીધા. જેથી તે બાંધી શકાય.~ 5 એના ઉપરનો કમરપટો પણ
યહોવાએ મૂસાને આજ્ઞા કર્યા મુજબ એફોદના જેવી ન કારીગરીવાળો
અને સોનેરી, જાંબુડિયા, કિરમજી અને લાલ ઊન તથા ઝીણા કાંતેલા
શણ સાથે ગૂંથીને બનાવેલો હતો અને તેની સાથે જોડી દીધેલો હતો.~
6 પછી તેમણે બે ગોમેદ પાષાણો સોનાના ચોકઠામાં જડયા, આ પાષા-
ણો ઉપર ઈસ્રાએલના કુળોનાં નામ કોતરેલાં હતાં.~ 7 અને પછી તે-
ઓએ તેને એફોદના ખભાના પટ્ટા સાથે, દેવને ઈસ્રાએલીઓની યાદી
તરીકે જોડી દીધા. યહોવાએ જેમ મૂસાને આજ્ઞા કરી હતી તે પ્રમાંણે કર-
વામાં આવ્યું હતું.~ 8 તેમણે ન્યાયકરણ ઉરપત્ર એફોદની જેમ સુંદર કા-
રીગરીથી બનાવ્યું હતું. તેને બનાવવા માંટે તેમણે સોનાના દોરા, જા-
બુંડિયા, કિરમજી, અને લાલ ઉન તથા ઝીણા કાંતેલા શણનો ઉપયોગ
કર્યો.~ 9 તે એક સમચોરસ બેવડ વાળેલું એક વેંત લાંબું અને એક વેંત
પહોળું હતું.~ 10 એમાં નંગોની ચાર હાર બેસાડેલી હતી; પ્રથમ હારમાં
માંણેક, પોખરાજ અને લાલ રત્ન હતા.~ 11 બીજી હારમાં લીલમ, ની-
લમ અને હીરા.~ 12 ત્રીજી હારમાં શનિ, અકીક અને યાકૂત~ 13 અને ચો-
થી હારમાં ગોમેદ, પિરોજ અને યાસપિસની, એ બધાં સોનાનાં નકશી-
કામવાળા ચોકઠામાં જડેલા હતા.~ 14 આ રીતે તેમાં બાર નંગો હતા
અને તેના પર ઈસ્રાએલના પુત્રોનાં નામ કોતરેલાં હતાં. પ્રત્યેક નંગ પર
ઈસ્રાએલના એક વંશનું નામ કળાથી કોતરેલું હતું.~ 15 તેમણે ન્યાયક-
રણ ઉરપત્ર માંટે શુદ્ધ સોનાની ગૂંથેલી દોરી જેવી સાંકળીઓ બનાવી.~
16 તદુપરાંત તેમણે સોનાની બે વાળી બનાવી ન્યાયકરણ ઉરપત્રના બે
ખૂણાઓમાં બેસાડી દીધી. તેઓએ ખભાના ટુકડાઓ માંટે બે સોનાની
નકશી બનાવી.~ 17 પછી ન્યાયકરણ ઉરપત્રના છેડા પર મૂકેલી કડી-
ઓમાં સોનાની સાંકળીઓ જોડી દીધી.~ 18 એ સાંકળીના બીજા બે છે-
ડા બે ચોકઠાં સાથે જોડી દીધાં અને એ રીતે એ ચોકઠાં ન્યાયકોથળીની
સ્કંધપટીઓના આગળના ભાગ પર જોડી દીધાં.~ 19 તે પછી સોનાની
બીજી બે કડીઓ બનાવી એફોદની નજીકના ન્યાયકરણ ઉરપત્રની
અંદરની બાજુના નીચલા ખૂણાએ મૂકી.~ 20 ત્યારબાદ બીજી બે સોના-
ની કડીઓ બનાવીને એફોદના ખભાના બે પટાના સામેના નીચેના છેડે
સાંધા નજીક અને સુંદર ગૂંથેલા કમરપટાની ઉપરના ભાગમાં લગાવી
દીધી.~ 21 ન્યાયકરણ ઉરપત્રના નીચલા છેડાને ભૂરી દોરી વડે એફોદ-
ની કડીઓ સાથે બાંધી દીધો, જેથી યહોવાએ મૂસાને આજ્ઞા કરી હતી તે
મુજબ ન્યાયકરણ ઉરપત્ર કરમપટા ઉપર રહે અને છૂટ્ટુ ન પડી જાય.~
22 અફોદ પરનો જામો આખો ભૂરા રંગના કાપડનો એક કુશળ કારીગરે
બનાવ્યો હતો.~ 23 તેમણે જામાંની વચ્ચે એક કાણું પાડ્યું અને તેની
કિનાર સીવી લીધી. તેની કિનાર ફાટી ન જાય તે માંટે સીવવામાં આવી
હતી.~ 24 જામાંની નીચેની બાજુએ દાડમ ભરેલાં હતાં. તે કાંતેલા શણ-
ના તથા ભૂરા તથા જાંબુડા તથા કિરમજી રંગના ભરતકામથી બનાવેલાં
હતાં. 25 તેમજ શુદ્ધ સોનાની ઘૂઘરીઓ બનાવી એ દાડમો વચ્ચે આખી
નીચલી બાજુએ મૂકી હતી.~ 26 એ જ રીતે ઝભ્ભાની નીચેની બાજુએ
વારાફરતી દાડમ અને ઘૂઘરી આવતાં હતાં. યહોવાએ મૂસાને આજ્ઞા કરી
હતી તે પ્રમાંણે હારુન યહોવાની સેવા કરતી વખતે આ ઝભ્ભો પહેરતો
હતો.~ 27 તેમણે હારુન અને તેના પુત્રો માંટે ઝીણા કાંતેલા શણના
અંગરખાં બનાવ્યાં,~ 28 વળી ઝીણા કાંતેલા શણમાંથી પાઘડીઓ, ફા-
ળિયા, અને પાયજામાં બનાવ્યા.~ 29 તથા યહોવાની આજ્ઞા મુજબ ભૂ-
રા, કિરમજી, અને લાલ ઊનનો ભરત ભરેલો ઝીણા કાંતેલા શણનો
કમરપટો બનાવ્યો.~ 30 અંતે તેમણે શુદ્ધ સોનામાંથી એક તકતી બના-
વી જેની પર પવિત્ર શબ્દો કોતરેલા હતા, “યહોવા પવિત્રતા” તે મુગટ
ઉપર જડેલી હતી.~ 31 એ ભુરા રંગની પટ્ટી સાથે બાંધેલી હતી, જે પાઘ-
ડી ઉપર બંધાએલી હતી.~ 32 આ રીતે યહોવાએ મૂસાને આપેલી આજ્ઞા
અનુસાર પવિત્રમંડપનું કામ પૂર્ણ થયું. આ બધુંજ ઈસ્રાએલીઓએ
આજ્ઞા મુજબ કર્યું.~ 33 પછી તેઓએ પવિત્રમંડપ, તેનો તંબુ અને તેનું
બધું રાચરચીલું, તેની કડીઓ, પાટિયાં, વળીઓ, થાંભલીઓ અને કૂ-
ભીઓ,~ 34 તેઓએ તેને સુકવેલા રાતા રંગેલા ચામડાંમાંથી બનાવેલા
મંડપના ઢાંકણ અને ઝીણા ચામડામાંથી બનાવેલા ઢાંકણ અને
અત્યંત પવિત્રજગ્યાનાં પ્રવેશ દ્વારનો પડદો બનાવ્યો.~ 35 કરારકોશ,
તેના દાંડા, તેનું ઢાંકણ,~ 36 મેજ અને તેનાં બધાં સાધનો, અર્પણ કરે-
લી રોટલી,~ 37 શુદ્ધ સોનાનું દીપવૃક્ષ-તેનાં કોડિયા, જે હારબંધ ગોઠવ-
વાનાં હતાં, અને તેનાં બધાં સાધનો, અને પૂરવાનું તેલ,~ 38 સોનાની
વેદી, અભિષેક માંટેનું તેલ, સુગંધીદાર ધૂપ, મુલાકાત મંડપના પ્રવેશ-
દ્વારનો પડદો,~ 39 કાંસાની વેદી, તેની કાંસાની બનાવેલી જાળી, તેના
દાંડા, અને તેનાં બધાં સાધનો કૂડી અને તેની ઘોડી,~ 40 આંગણાની
ભીંતો માંટેના પડદાઓ, અને તેને લટકાવવા માંટેની થાંભલીઓ અને
કૂભીઓ, તેમજ આંગણાંના પ્રવેશદ્વાર માંટેના પડદાઓ અને તેના
સ્તંભો, દોરી અને ખીલાઓ તથા મુલાકાતમંડપમાં સેવા માંટે વાપરવા-
નાં બધાં સાધનો.~ 41 પવિત્રસ્થાનમાં સેવા કરવાના સમયે પહેરવાનાં
સુંદર દબદબાભર્યા વસ્ત્રો તથા યાજક તરીકે ફરજ બજાવતી વખતે હા-
રુન અને તેના પુત્રોએ પહેરવાનાં પવિત્ર વસ્ત્રો મૂસાને બતાવ્યાં.~
42 યહોવાએ મૂસાને જણાવ્યા મુજબ બધું જ કામ ઈસ્રાએલીઓએ પૂર્ણ
કર્યું હતું.~ 43 પછી મૂસાએ બધું જ તપાસી લીધું અને યહોવાએ જણા-
વ્યા મુજબ બનાવ્યુ છે એની ખાતરી કરી લીધી અને પછી મૂસાએ તેમ-
ને આશીર્વાદ આપ્યા.

40 હવે યહોવાએ મૂસાને કહ્યું,~ 2 “પ્રથમ માંસના પ્રથમ દિવસે તું
પવિત્રમડંપ ઊભો કરજે.~ 3 પછી જેમાં દશ આજ્ઞાઓ મૂકેલી
છે, તે સાક્ષ્યકોશ મંડપમાં મૂકજે; અને પરમપવિત્ર સ્થાનમાં સાક્ષ્યકો-
શને પડદાથી ઢાંકી દેજે.~ 4 પછી મેજ લાવીને તેના પર પાત્રો ગોઠવજે,
અને દીવી લાવીને તેના પર કોડિયાં ગોઠવીને દીવાઓ પ્રગટાવજે.~

5 ત્યારબાદ સાક્ષ્યકોશ આગળ સોનાની ધૂપદાની ગોઠવજે.~ 6 “પ્રવેશ-
દ્વારનો પડદો મુલાકાતમંડપમાં યથાસ્થાને લટકાવજે. અને મુલાકાત-
મંડપના પ્રવેશદ્વાર સામે દહનાર્પણ માટે વેદી મૂકજે.~ 7 મુલાકાતમંડપ
અને વેદીની વચ્ચે કૂડી મૂકજે અને તેમાં પાણી ભરજે.~ 8 મુલાકાત
મંડપના બહારના ભાગમાં ચારે બાજુ આંગણું તૈયાર કરજે અને આંગ-
ણાના પ્રવેશદ્વારે પડદો લટકાવજે.~ 9 “પછી અભિષેકનું તેલ લઈ પવિ-
ત્રમંડપનો તથા તેમાંની સર્વ વસ્તુઓનો અભિષેક કરી, તેની તથા તે-
માંના બધા રાચરચીલાની શુદ્ધિ કરજે તેથી એ પવિત્ર થઈ જશે.~ 10 વે-
દીનો અને તેનાં સર્વ સાધનોનો પણ અભિષેક કરી તેમની શુદ્ધ કરજે
તેથી તે પણ અત્યંત પવિત્ર થઈ જશે.~ 11 કૂડી અને તેની ઘોડીની પણ
શુદ્ધિ કરવા માટે અભિષેક કરજે.~ 12 “પછી તું હારુનને અને તના પુત્રો-
ને મુલાકાત મંડપના પ્રવેશદ્વાર આગળ લાવજે અને તેમને જળથી
સ્નાન કરાવજે.~ 13 ત્યારબાદ હારુનને પવિત્ર પોશાક પહેરાવજે અને
તેનો અભિષેક કરજે, અને યાજક તરીકે મારી સેવા કરવા માટે તેને
પવિત્ર કરજે.~ 14 ત્યાર પછી તું તેના પુત્રોને આગળ લાવીને અંગરખાં
પહેરાવજે.~ 15 તેમના પિતાની જેમ તમને પણ અભિષેક કરી યાજકપદે
દીક્ષિત કરજે. તેમનો અભિષેક કરવાથી તેઓ અને તેમના વંશજો કા-
યમ માટે યાજકો બનશે.”~ 16 યહોવાએ મૂસાને જે આજ્ઞા કરી હતી તે
પ્રમાંણે કરવા માટે મૂસા આગળ વધ્યો.~ 17 બીજા વર્ષના પ્રથમ માંસ-
ના પ્રથમ દિવસે પવિત્રમંડપ ઊભો કરવામાં આવ્યો.~ 18 મૂસાએ કૂ-
ભીઓ ગોઠવી. પાટિયાં બેસાડયાં, વળીઓ જડી દીધી અને થાંભલીઓ
ઊભી કરી દીધી.~ 19 યહોવાએ તેને કહ્યું હતું તે પ્રમાંણે પવિત્રમંડપ
ઉપર આવરણ પાથરી દીધું અને છેક ઉપર આચ્છાદન લગાવ્યા.~
20 અને તેની પર યહોવાની આજ્ઞા મુજબ ઢાંકણ પાથરી દીધું. તેણે સા-
ક્ષ્યલેખ કોશમાં મૂકી, કડાંમાં દાંડીઓ બેસાડી કરારકોશને મથાળે
ઢાંકણ મૂકી દીધું.~ 21 પછી પવિત્રકોશને તે પવિત્રમંડપમાં લાવ્યો અને
યહોવાની આજ્ઞા અનુસાર તેને ઢાંકવા પડદો લટકાવ્યો.~ 22 મુલાકાત-
મંડપમાં ઉત્તર બાજુએ તેણે પડદાની બહાર મેજ મૂકયો.~ 23 અને તેના
ઉપર યહોવાની આજ્ઞા અનુસાર યહોવાને ધરાવેલી રોટલી મૂકી.~ 24 મુ-
લાકાત મંડપની અંદર મેજની સામે દક્ષિણ બાજુએ તેમણે દીવી મૂકી.~
25 અને યહોવાની આજ્ઞા મુજબ તેના ઉપર યહોવા સમક્ષ દીવા સળગા-
વ્યાં.~ 26 મુલાકાતમંડપમાં પડદાની આગળ તેણે સોનાની વેદી મૂકી.~
27 યહોવાની આજ્ઞા અનુસાર તેમાં સુંગધી ધૂપ કર્યો.~ 28 પવિત્રમંડપના
પ્રવેશદ્વારે તેણે પડદો લટકાવ્યો.~ 29 તેણે મુલાકાતમંડપના પ્રવેશદ્વાર
પર અર્પણોને બાળવા માટે વેદી ગોઠવી, અને તેના ઉપર બળેલાં દહ-
નાર્પણ અને ખાદ્યાર્પણ અર્પવા આ બધું તેણે દેવની આજ્ઞા મુજબ
કર્યુ.~ 30 તેણે મુલાકાતમંડપ અને વેદીની વચ્ચે કૂડી ગોઠવી અને તેમાં
હાથપગ ધોવા માટે પાણી રેડયું;~ 31 મૂસા અને હારુન અને તેના પુત્રો
મુલાકાતમંડપમાં પ્રવેશ કરવા અથવા આહુતિ અર્પણ કરવા વેદી પાસે
જતા.~ 32 ત્યારે યહોવાએ મૂસાને આજ્ઞા કર્યા મુજબ એમાંથી હાથપગ
ધોતા.~ 33 તેણે પવિત્રમંડપ અને વેદીની ચારેબાજુ આંગણું ઊભું કર્યુ.
અને આંગણાના પ્રવેશદ્વારે પડદા વડે દરવાજો બનાવ્યો. આ પ્રમાંણે
મૂસાએ કાર્ય પરિપૂર્ણ કર્યું.~ 34 ત્યારબાદ મુલાકાતમંડપને વાદળે ઘેરી
લીધો. અને યહોવાનું ગૌરવ મંડપમાં વ્યાપી ગયું.~ 35 મૂસા મુલાકાત
મંડપમાં પ્રવેશી શકયો નહિ, કેમ કે, વાદળ તેના પર સ્થિર થયું હતું,
અને યહોવાનું ગૌરવ મંડપમાં પ્રસરી ગયું હતું.~ 36 ઇસ્રાએલીઓના પ્ર-
વાસના પ્રત્યેક મુકામે જયારે વાદળ મંડપ પરથી હઠી જતું ત્યારે તે લો-
કો મુકામ ઉપાડતા.~ 37 પણ જો વાદળ પવિત્રમંડપ ઉપર સ્થિર થતું
તો વાદળ હઠે નહિ ત્યાં સુધી તેઓ મુકામ ઉપાડતા નહિ.~ 38 દિવસ
દરમ્યાન મુલાકાતમંડપ પર વાદળ આચ્છાદન કરે અને રાતે વાદળ
અગ્નિમય બની જાય, એટલે ઇસ્રાએલી લોકો સમગ્ર પ્રવાસ દરમ્યાન પ્ર-
ત્યેક મુકામને જોઈ શકતા.

# લેવી

1 યહોવા દેવે મૂસાને મુલાકાતમંડપમાં બોલાવીને તેને કહ્યું, 2 “તું
ઇસ્રાએલના પુત્રોને આ પ્રમાંણે આજ્ઞા કર; જયારે તમાંરામાંથી
કોઈ પણ વ્યક્તિ યહોવાને અર્પણ ચઢાવે ત્યારે તેણે કાં તો કોઈ ઢોર
અર્પણ કરવું કાં તો ઘેટાંબકરાં અર્પણ કરવા. 3 “જો કોઈ અર્પણ ઢોરના
દહનાર્પણનું હોય, તો તે બળદ હોવું જોઈએ અને તે ખોડખાંપણ વગરનું
હોવું જોઈએ. તેણે ઢોરને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ લાવવું જે-
થી યહોવા માંટેના તે અર્પણનો યાજકો સ્વીકાર કરે. 4 જે વ્યક્તિ તે ઢો-
રને લઈને આવે તેણે પોતાનો હાથ તે દહનાર્પણના માંથા પર મૂકવો
એટલે પ્રાયશ્ચિત્ત કરવા તેનો સ્વીકાર કરવામાં આવશે. 5 “પછી તે દહ-
નાર્પણને યહોવા સમક્ષ વધેરે; અને હારુનના પુત્રો - યાજકો તેનું લોહી
યહોવાને ધરાવી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ આવેલી વેદીની
ચારે બાજુએ છાંટે. 6 પછી યાજકો તે દહનાર્પણનું ચામડું ઉતારી તેના
ટુકડા કરે. 7 પછી હારુનના પુત્રો યાજકોએ વેદી પર લાકડાં ગોઠવીને
તેમાં આગ ચાંપે. 8 ત્યાર પછી તેમણે તે ઢોરના ટુકડા, માંથું અને ચર-
બી, વેદી પરના બળતા લાકડાની અગ્નિમાં હોમવાં. 9 યાજકે ઢોરના
આંતરડાં અને પગ પાણીથી ધોઈ નાખવાં અને યાજકે તે બધુ દહના-
ર્પણ તરીકે વેદી પર મૂકવું. સુવાસિત દહનાર્પણ યહોવા સ્વીકાર કરશે
અને પ્રસન્ન થશે. 10 “જો દહનાર્પણ તરીકે પસંદ કરેલું પ્રાણી ઘેટું કે
બકરું હોય, તો તે ખોડખાંપણ વગરનું નર પ્રાણી જ હોવું જોઈએ. 11 જે
વ્યક્તિ તે અર્પણ લાવે તે યહોવાની સમક્ષ વેદીની ઉત્તર બાજુએ તેને
વધેરે, અને હારુનના પુત્રો-યાજકો તેનું લોહી વેદીની આગળ પાછળ
અને ચારે બાજુએ છાંટે. 12 પછી યાજક ઢોરના ટુકડા કરે અને તે ટુકડા-
ઓને (માંથાને તથા પગને) વેદી પર ગોઠવેલાં લાકડાં પર હોમે. 13 પછી
યાજક ઢોરના આંતરડાં અને પગ પાણીમાં ધોઈ નાખે તેણે ઢોરના બધા
અંગોને વેદી પર હોમીને યહોવાને અર્પણ કરવા. કેમકે આ દહનાર્પણ છે
અને એ દહનાર્પણની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 14 “જો કોઈ
દહનાર્પણો તરીકે યહોવાને પક્ષી ચઢાવે તો તેણે કાં તો હોલાનું બચ્ચું
ચઢાવવું, કાં તો કબૂતરનું બચ્ચું ચઢાવવું. 15 યાજક તેને વેદી આગળ
ધરાવે અને તેની ડોક મરડીને માંથું જુદું કરે અને તેનું વેદી પર દહન કરે,
અને લોહી વેદીની એક બાજુએ રેડી દે. 16 પછી યાજકે તેના પીછાં અને
ગળા પાસેની કોથળી કાઢી નાખવી અને તેને વેદીની પૂર્વ બાજુએ રાખ
નાખવાની જગા ઉપર ફેંકી દેવા. 17 પછી યાજક તે પક્ષીને બે પાંખો
વચ્ચેથી ચીરે પરંતુ તેના બે ભાગ જુદા થવા ન દે, અને તેને વેદી પરના
અગ્નિમાંનાં લાકડાં પર હોમી દે, આ પણ એક દહનાર્પણ છે અને એ
યજ્ઞની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે.”

2 જો કોઈ વ્યક્તિ યહોવા દેવને ખાદ્યાર્પણ ચઢાવવા ઈચ્છે, તો તે-
ણે મેંદાનો લોટ લાવવો અને તેમાં તેલ રેડવું અને તે પર લોબાન
મૂકવો. 2 પછી તેણે એ હારુનના પુત્રો - યાજકો સમક્ષ લાવવું. પછી
એક યાજક તેમાંથી એક મૂઠી લોટ, તેલ અને બધો લોબાન લઈને તેને
પ્રતીકરૂપે વેદી પર હોમે. આ ખાદ્યાર્પણ અગ્નિ દ્વારા થાય છે તેની સુવા-
સથી યહોવા પ્રસન્ન થાય છે. 3 ખાદ્યાર્પણનો બાકીનો ભાગ યાજકોને
મળે છે. તે અત્યંત પવિત્ર છે. કારણ કે યહોવાને ધરાવેલા દાણાના
અર્પણમાંથી તે લેવામાં આવ્યો છે. 4 “જો કોઈ વ્યક્તિ ભઠ્ઠીમાં બનાવે-
લી રોટલી યહોવા સમક્ષ ખાદ્યાર્પણ તરીકે લાવે તો તે પણ મેંદાની જ
હોય, અને તે તેલથી મોયેલા લોટની બેખમીર પોળીઓ અથવા તેલ
ચોપડેલા બેખમીર ખાખરા જ હોય. 5 જો તમે તમાંરું ખાદ્યાર્પણ કડાઈ-
માં રાંધેલું લાવો, તો તે પણ તેલથી મોયેલા મેંદાનું જ બનાવેલું અને
ખમીરવાળુ હોય. 6 તેના ટુકડા કરીને તેના પર તેલ રેડવું; એ ખાદ્યાર્પણ
છે. 7 જો કોઈનું ખાદ્યાર્પણ તવા પર શેકેલું હોય તો તે તેલનું મોણ ના-
ખેલા મેંદાનું બનાવેલું હોય. 8 “આ રીતે શેકેલું, તળેલું આ ખાદ્યાર્પણ
યાજક પાસે લાવવું અને તે તેને વેદી પર યહોવા સમક્ષ અર્પણ કરવું.
9 અને પછી યાજક તેમાંથી પ્રતીકરૂપે થોડો ભાગ લઈ ખાદ્યાર્પણ તરીકે
વેદીમાંના અગ્નિમાં હોમશે. એની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે.
10 ખાદ્યાર્પણનો બાકીનો ભાગ યાજકોનો ગણાય. એ અત્યંત પવિત્ર છે,
કારણ, યહોવાને ધરાવેલા હોમયજ્ઞમાંથી એ ગ્રહણ કરવામાં આવેલ છે.
11 “યહોવાને અર્પણ કરવાના કોઈ પણ પ્રકારના ખાદ્યાર્પણમાં આથો ન
વાપરવો, અર્થાત ખમીરનો ઉપયોગ કરવો નહિ. કોઈ પણ વ્યક્તિએ
દહનાર્પણમાં ખમીર કે મધનો ઉપયોગ કરવો નહિ, કારણ કે તેની છૂટ
નથી. 12 કોઈ પણ વ્યક્તિ તે વસ્તુઓ ખમીર અને મધ પાકના પ્રથમ
ભાગ તરીકે એ ધરાવી શકે પરંતુ તે વસ્તુઓ આહુતિ તરીકે વેદીમાં મી-
ઠો ધુમાંડો બને એ રીતે હોમવી નહિ. 13 પરંતુ તમાંરે તમાંમ પ્રકારની
ખાદ્યાર્પણમાં મીઠું નાખવું. તમાંરા ખાદ્યાર્પણ પર દેવનો અતૂટ કરાર છે,
તેથી તેના પ્રતીકરૂપ મીઠું નાખવાનું કદી ભૂલવું નહિ. બધાજ અર્પણો-
માં મીઠું ઉમેરેવું અને ચઢાવવું. 14 “જો કોઈ વ્યક્તિ પાકના પ્રથમ ભાગ
તરીકે અનાજ ખાદ્યાર્પણ તરીકે ચઢાવે તો તેણે તાજાં કણસલાંના પોંક-
રૂપે અથવા દળેલા લોટરૂપે ચઢાવે. 15 ખાદ્યાર્પણનાં પર તેલ રેડવું અને
ઉપર લોબાન મૂકવો, એ ખાદ્યાર્પણ છે. 16 યાજક પ્રતીકરૂપે તેમાંથી
થોડો લોટ અને તેલ તથા બધો લોબાન લઈ યહોવાને ખાદ્યાર્પણ તરીકે
વેદીની અગ્નિમાં હોમવો.”

3 જો કોઈ વ્યક્તિ યહોવા સમક્ષ શાંત્યર્પણ લાવવા ઈચ્છતો હોય,
તે પશુ ગાય પણ હોઈ શકે, તે અર્પણ પશુ હોય તો નર હોય કે
માંદા હોય, પણ તે ખોડખાંપણ વગરનું હોવું જોઈએ. 2 જે વ્યક્તિ તે
પશુ લાવે તે તેના માંથા પર પોતાનો હાથ મૂકે અને મુલાકાતમંડપના
પ્રવેશદ્વાર આગળ તેને વધેરે, ત્યાર પછી હારુનના પુત્રો-યાજકો તેનું
લોહી વેદીની ચારે બાજુએ છાંટે. 3 તે વ્યક્તિએ પશુના નીચેનો ભાગ
યહોવાને શાંત્યર્પણ તરીકે ચઢાવવા: આંતરડાં ઉપરની અને તેની
આજુબાજુની બધી ચરબી, 4 બંને મૂત્રપિંડ અને તે ઉપરની કમર પાસે-
ની ચરબી, તેમજ કાળજા અને મૂત્રપિંડ પરની ચરબી. 5 આ તમાંમ યા-
જકોએ દહનાર્પણ ઉપરાંત વેદી પરના લાકડાંના અગ્નિમાં હોમવું. એ
યજ્ઞની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 6 “જો કોઈ વ્યક્તિ શાંત્યર્પણ
તરીકે બકરું કે ઘેટું યહોવા સમક્ષ લાવે, તો પણ તેનામાં કોઈ ખોડ-
ખાંપણ હોવી જોઈએ નહિ, વળી તે નર કે માંદા કોઈપણ હોઈ શકે.
7 જો કોઈ વ્યક્તિ ઘેટું ચઢાવતો હોય તો; 8 તેણે યહોવા સમક્ષ ધરાવી
તેના માંથા પર હાથ મૂકી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ તેને વધે-
રવું. ત્યારબાદ હારુનના પુત્રો - યાજકોએ તેનું લોહી વેદીની ચારે બા-
જુએ છાંટવું. 9 પછી પ્રાણીના નીચે જણાવેલા ભાગો શાંત્યર્પણમાંથી
હોમયજ્ઞ તરીકે યહોવા સમક્ષ ચઢાવવા: બધી ચરબી, મેરુ દંડને અડીને
કાપી નાખેલી આખી જાડી પૂછડી, આંતરડાં ઉપરની અને તેની આસ-
પાસની બધી જ ચરબી 10 બંને મૂત્રપિંડો અને તેમના પરની કમર પા-
સેની ચરબી, કાળજા અને મૂત્રપિંડો પરની ચરબી, 11 યાજકે યહોવા
સમક્ષ શાંત્યર્પણ તરીકે આ બધું હોમી દેવું. 12 “જો કોઈ વ્યક્તિ બકરું
અર્પણ કરવા લાવે તો, 13 તેણે યહોવા સમક્ષ ધરાવીને તેના માંથા પર
હાથ મૂકી મુલાકાતમંડપમાં પ્રવેશદ્વાર આગળ તેને વધેરવું. ત્યારબાદ
હારુનના પુત્રો-યાજકોએ તેનું લોહી વેદીની ચારે બાજુએ છાંટવું. 14 યા-
જકે તેના નીચેના ભાગ યહોવાને શાંત્યર્પણ તરીકે ચઢાવવા: આંતરડાં
પરની અને તેની આસપાસની બધી જ ચરબી, 15 બંને મૂત્રપિંડો અને
તેની પરની કમર પાસેની ચરબી, કાળજા તેમજ મૂત્રપિંડો પરની ચર-
બી. 16 આ તમાંમ યાજકે શાંત્યર્પણ તરીકે હોમી દેવું. એની સુવાસથી

યહોવા પ્રસન્ન થાય છે. બધી જ ચરબી યહોવાની ગણાય. 17 તમે ગમે
ત્યાં નિવાસ કરતા હો, તમારી બધી જ પેઢીઓ માટે તમારા દેશમાં સર્વ-
ત્ર આ કાયમી નિયમ છે; તમારે કદી પણ ચરબી કે લોહી ખાવા નહિ."

4 તે પછી યહોવાએ મૂસાને બીજી સૂચનાઓ આપી અને તેને કહ્યું
કે, "ઈસ્રાએલના લોકોને કહે જે કૃત્યો કરવાની યહોવાએ મના કરી
છે તે ન કરવા તેનું પાલન કરે. 2 જો કોઈ વ્યક્તિ અજાણતા મારા આદે-
શોનું ઉલ્લંઘન કરે તેને માટે આ નિયમો છે. 3 "જો અભિષિક્ત યાજક
એવી રીતે ભૂલ કરે અને લોકોને દોષમાં નાખે. તો તેણે પોતે કરેલાં પા-
પના પ્રાયશ્ચિત રૂપે યહોવાને એક ખોડખાંપણ વગરનો બળદ તેણે કરે-
લા પાપાર્થાર્પણ માટે અર્પણ તરીકે ચઢાવવો. 4 તેણે બળદને મુલાકા-
તમંડપના પ્રવેશદ્વાર આગળ લાવી તેના માંથા પર હાથ મૂકી તેને યહો-
વાની સમક્ષ વધેરવો. 5 પછી અભિષિક્ત યાજક તેનું લોહી લઈને મુ-
લાકાત મંડપમાં આવે. 6 અને પછી લોહીમાં પોતાની આંગળી બોળી
યહોવા સમક્ષ સાત વખત પરમપવિત્રસ્થાનના પડદા પર લોહીના
છાંટા નાખે. 7 ત્યારબાદ તેણે થોડું લોહી મુલાકાતમંડપની અંદર યહો-
વા સમક્ષ ધૂપની વેદીના ખૂણાઓ ઉપર રેડવું અને બાકીનું લોહી મુલા-
કાત મંડપના પ્રવેશદ્વાર આગળના યજ્ઞવેદીના પાયા આગળ રેડી દેવું.
8 પછી તેણે પાપાર્થાર્પણના બળદની બધી ચરબી કાઢી લેવી; આંતરડાં
પરની અને તેની આસપાસની ચરબી. 9 બે મૂત્રપિંડો અને તેની પરની
કમર પાસેની ચરબી અને કાળજા તેમજ મૂત્રપિંડો પરની બધી જ ચર-
બી કાઢીને બાજુએ રાખવી, 10 અને પછી તે બધી ચરબી યાજકે યજ્ઞવે-
દી પર હોમી દેવી. 11 પરંતુ જુવાન વાછરડાનો બાકીનો ભાગચામડું,
માંસ, માંથું, પગ, આંતરડાં, 12 અને છાણ, છાવણીની બહાર પવિત્ર-
સ્થાને લઈ જઈ ત્યાં રાખ નાખવાની જગ્યાએ લાકડાં સળગાવીને તેને
બાળી મૂકવો. 13 "જો સમગ્ર ઈસ્રાએલની પ્રજા અજાણતાં પાપ કરીને
યહોવાની આજ્ઞાનો ભંગ કરી દોષમાં પડે તો, 14 તેની જાણ થતાં જ
મંડળીએ પાપાર્થાર્પણ તરીકે ખોડખાંપણ વગરનો બળદ ચઢાવવો.
બળદને મુલાકાતમંડપ આગળ લાવી, 15 વડીલોએ તેના માંથા પર
હાથ મૂકી યહોવા સમક્ષ તેને વધેરવો. 16 ત્યાર પછી અભિષિક્ત યાજકે
તેનું થોડું લોહી મુલાકાતમંડપમાં લાવી. 17 તેમાં આંગળી બોળી યહો-
વા સમક્ષ સાત વખત પડદા પર છાંટવું. 18 ત્યારબાદ થોડું લોહી તેણે
મુલાકાતમંડપની અંદર યહોવા સમક્ષ વેદીના ખૂણાઓ પર રેડવું, અને
બાકીનું બધું લોહી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળની યજ્ઞ વેદીનાં
પાયામાં રેડી દેવું. 19 ત્યારબાદ તેણે બળદની ચરબી કાઢી લઈ વેદીના
લાકડાંના અગ્નિમાં બાળી મૂકવી. 20 તેણે પાપાર્થાર્પણના બળદની જે-
મજ એ બળદનું પણ કરવું, એ રીતે યાજક લોકોને શુદ્ધ કરશે અને યહો-
વા તેમને માંફ કરશે. 21 પછી પેલા બળદની જેમ આને પણ છાવણીની
બહાર લઈ જઈ બાળી મૂકવો, આ વખતે આ પાપાર્થાર્પણ સમગ્ર પ્રજાને
માટે છે. 22 "જો કોઈ પ્રજાના આગેવાનોમાંથી અજાણતા પાપ કરે અને
દેવના નિયમનું ઉલ્લંઘન કરી દોષિત ઠરે, 23 ત્યારે એની જાણમાં આવ-
તાં જ તેણે ખોડખાંપણ વગરનો નર બકરો લાવી, જ્યાં આહુતિ ચઢાવ-
વામાં આવે છે, 24 ત્યાં યહોવા સમક્ષ તેના માંથા પર હાથ મૂકી તેને
વધેરવો. આ પાપાર્થાર્પણ છે. 25 ત્યારબાદ યાજકે પશુનું લોહી આંગળી
વડે લઈ યજ્ઞવેદીનાં ટોચકાં પર લગાડવું, અને બાકીનું લોહી યજ્ઞવેદી-
ના પાયામાં રેડી દેવું અને અર્પણની આહુતિની ચરબીની જેમ એની
બધી જ ચરબી વેદી પર બાળી મૂકવી. 26 26 આમ યાજક રાજાને શુદ્ધ
કરશે અને યહોવા તેને માંફ કરશે. 27 "જો કોઈ સામાંન્ય માંણસ અજા-
ણતા પાપ કરે અને યહોવાની કોઈ આજ્ઞાનો ભંગ કરીને દોષમાં પડે
તો, 28 તેની જાણ થતાં તેણે પોતે કરેલાં પાપોના પ્રાયશ્ચિત માટે એક
ખોડખાંપણ વગરની બકરી પાપાર્થાર્પણ કરવી. 29 તેણે તેના માંથા પર
હાથ મૂકી, જ્યાં યજ્ઞ ચઢાવવામાં આવે છે ત્યાં તેનો વધ કરવો. 30 યા-
જકે તેનું થોડું લોહી આંગળી પર લઈને યજ્ઞવેદીનાં ખુણાઓ પર લગા-
ડવું, અને બાકીનું બધું જ લોહી વેદીના પાયામાં રેડી દેવું. 31 "શાંત્યાર્પ-
ણની વિધિની જેમ યાજકે તેની બધી ચરબી કાઢી લેવી અને વેદી પર
તેનું દહન કરવું; અને યહોવા તેનો સ્વીકાર કરશે. એની સુવાસથી યહો-
વા પ્રસન્ન થાય છે. યાજક આ રીતે તે માંણસને માટે પ્રાયશ્ચિત કરશે
અને યહોવા તેને માંફ કરશે. 32 "પણ જો કોઈ માંણસ પાપાર્થાર્પણ
તરીકે હલવાન લાવે તો તે માંદા હોવું જોઈએ અને ખોડખાંપણ વગરનું
હોવું જોઈએ. 33 તેણે તેના માંથા પર હાથ મૂકી જ્યાં દહનાર્પણના પશુ-
નો વધ કરવામાં આવે છે, ત્યાં પાપાર્થાર્પણ તરીકે તેનો વધ કરવો.
34 પછી યાજકે પાપાર્થાર્પણનું થોડું લોહી આંગળી પર લઈને યજ્ઞવેદી-
નો ખૂણાઓ પર લગાડવું. અને બાકીનું બધું લોહી વેદીના પાયામાં રેડી
દેવું. 35 યાજકે શાંત્યાર્પણના પશુની જેમ તેની બધી જ ચરબી કાઢી લે-
વી અને યહોવાને બીજા કોઈપણ અગ્નિના અર્પણની જેમ યાજકે તેને
વેદી પર હોમી દેવું. આ રીતે યાજક તે વ્યક્તિને તેના પાપમાંથી શુદ્ધ કરે
છે, અને યહોવા તે વ્યક્તિને માંફ કરે છે.

5 "ગુન્હા વિષે જાણનાર વ્યક્તિને ન્યાયાલયમાં સાક્ષી પૂરવા બો-
લાવવામાં આવે અને તે પોતે જ જોયેલું કે જાણેલું હોય તે ન
જણાવે તો તે પાપમાં પડે અને તેની સજા તેણે ભોગવવી પડે. 2 "જો
કોઈ માંણસ અજાણતાં કોઈ પણ અશુદ્ધ વસ્તુ, જેવી કે ખોરાક માટે ના
કરી હોય એવા જંતુના મૃત શરીરને અથવા જંગલી કે પાળેલા પ્રાણીના
મૃત શરીરને સ્પર્શ તો તે દોષિત ગણાય. 3 "જો કોઈ માંણસ અજાણતાં
માંણસનો કોઈ પણ જાતની મલિનતાનો સ્પર્શ કરે અને જેવી તેના વિ-
ષે તેને જાણ થાય કે તરત જ તે દોષપાત્ર ગણાય. 4 જો કોઈ માંણસ
ઉતાવળમાં સમ ખાય અને તેને પાળવાનું ભૂલી જાય અને મોડેથી તેની
જાણ થાય, તો તે દોષિત ગણાય; 5 આમાંની કોઈ પણ બાબતમાં, જો
કોઈ વ્યક્તિ દોષિત હોય તો તેણે પોતાનો દોષ કબૂલ કરવો, 6 અને
પોતાના પાપના પ્રાયશ્ચિતરૂપે યહોવા સમક્ષ માંદા હલવાન કે બકરી
લાવે, અને યાજકે તેનો પ્રાયશ્ચિતવિધિ કરવો. 7 "પરંતુ જો તે ગરીબ
હોય અને માંદા હલવાન કે બકરી ચઢાવી ન શકે, તો તેણે યહોવાને બે
હોલા અથવા કબૂતરનાં બે બચ્ચાં ચઢાવવાં, એક પાપાર્થાર્પણ તરીકે
અને એક દહનાર્પણ તરીકે, 8 તેણે એ લાવીને યાજકને આપવાં, યાજકે
પહેલાં પાપાર્થાર્પણ ચઢાવવું, તેણે તેની ડોક મરડી પંખીને માંરી નાખ-
વું, અને તેનું માંથું તેની ડોકથી જુદુ કરી નાખવું, પણ તેને પંખીના બે
ભાગ ન કરવા. 9 પછી તેનું થોડું લોહી વેદીની બાજુ પર છાંટવું. અને
બાકીનું લોહી વેદીના પાયામાં રેડી દેવું એ પાપાર્થાર્પણ છે. 10 ત્યાર-
બાદ બીજું પક્ષી તેણે વિધિપૂર્વક દહનાર્પણ તરીકે હોમી દેવું. આ રીતે
તેનું અર્પણ થાય છે. આ રીતે યાજક તે વ્યક્તિને પાપમાંથી શુદ્ધ કરે છે
અને તેને માંફ કરવામાં આવશે. 11 "જો કોઈ માંણસ બે હોલા કે કબૂત-
રનાં બે બચ્ચાં ચઢાવી શકે તેમ ના હોય, તો તેણે પાપાર્થાર્પણ તરીકે
આઠ વાટકા લોટ ચઢાવવો. અને તેણે તેમાં તેલ કે લોબાન ન મૂકવાં,
કારણ, તે પાપાર્થાર્પણ છે, 12 તેણે એ લાવીને યાજકને સોંપવા અને
તેણે પ્રતીક તરીકે તેમાંથી મૂઠી ભરીને લોટ લઈ વેદી પર યહોવાને
ચઢાવેલાં અન્નના અર્પણ ભેગો હોમી દેવો. એ પ્રાયશ્ચિત માટેનું અર્પણ
છે. 13 યાજકે આ રીતે તેના પાપનું પ્રાયશ્ચિત કરવા માટેની વિધિ કરવી,
એટલે તે માંણસને માંફ કરવામાં આવશે, બાકીનો લોટ ખાદ્યાર્પણની
જેમ યાજકનો થશે." 14 યહોવાએ મૂસાને કહ્યું, 15 "જો કોઈ વ્યક્તિ
અજાણતાં પવિત્રવસ્તુઓ સાથે કઈ ખોટુ કરીને પાપ કરે; તો તેણે દો-
ષાર્થપણ માટે ખોડખાંપણ વગરનો એક ઘેટો લાવવો. તેણે પોતાનું
પાપ શુદ્ધ કરવા ઘેટાને યહોવા સમક્ષ લાવવો. તમારે અધીકૃત માંપ વા-
પરી ઘેટાની કિંમત આંકવી. 16 અને જે પવિત્ર વસ્તુને ખોટું થયું છે તેની
કિંમત તે ભરપાઈ કરે, તેણે જેના સમ લીધા હોય તે લાવવું. અને તેમાં
પાંચમો ભાગ ઉમેરીને તે પૈસા યાજકને આપવા. ત્યારબાદ યાજક તેને
દોષાર્થાપણના ઘેટાંથી તેને શુદ્ધ કરશે અને તેને માંફ કરવામાં આવશે.
17 "જો કોઈ વ્યક્તિ અજાણતાં યહોવાએ આપેલા કોઈ પણ નિયમનું
ઉલ્લંઘન કરી પાપ કરે; તો તે દોષિત ઠરે અને તેના પાપની જવાબદારી
તેને માંથે. 18 આ દોષાર્થાર્પણ ને માટે ખોડખાંપણ વગરનો ઘેટો હોય,
અને તેને લાવીને યાજકને આપવો, અને તે તેની કિંમત મંદિરના ધોરણે
ઠરાવવી. યાજકે તેણે અજાણતાં કરેલા પાપનો પ્રાયશ્ચિતવિધિ કરવો
એટલે તેને માંફ કરવામાં આવશે. 19 આ દોષાથાર્પણ માટેનું અર્પણ છે,
કારણ, તેણે યહોવાનો ગુનો કર્યો છે, અને તે યહોવા સમક્ષ દોષિત છે."

6 અને યહોવાએ મૂસાને કહ્યું, 2 "જો કોઈ વ્યક્તિ કોઈની થાપણ
પાછી ન આપે અથવા પોતે ભાડે આપેલી વસ્તુની લીધેલી અના-
મત અથવા તેની પર વિશ્વાસ કરીને તેને સોંપેલી વસ્તુ પાછી આપવા-
ની ના પાડે, ચોરી કરે, છેતરે કે પોતાના પડોશી પર અન્યાય કરીને કોઈ
વસ્તુ મેળવે, 3 અથવા કોઈની ખોવાયેલી વસ્તુ તેને જડી હોય, ને તેની

ના પાડે, અથવા આવા કોઈ પણ પાપની બાબતમાં ખોટા સમ ખાય,
અને એ રીતે યહોવાનો ગુનેગાર બને; 4 તો તે દોષિત છે, તેણે જે કાંઈ
ચોરી લીધું હોય, બળજબરીથી લીધું હોય અથવા છેતરીને લીધું હોય,
અથવા રાખવા લીધું હોય અથવા મળ્યું હોય અને તેના વિષે ખોટું બો-
લ્યો હોય અથવા બીજી કોઈપણ વાતમાં તેણે ખોટા સમ ખાધા હોય
તો. 5 તેને આખી કિંમત વીસ ટકા ઉમેરીને તે રકમ સાચા માંલિક ને
આપવી; અને એ જ દિવસે તેને પોતાનું દોષાર્થાર્પણ લાવે. 6 તેણે એક
ખોડખાંપણ વગરનો ઘેટો યાજક પાસે યહોવાને પ્રાયશ્ચિત તરીકે લાવ-
વો અને તેની કિંમત મંદિરના ધોરણે ઠરાવવી. 7 પછી યાજકે યહોવા
સમક્ષ તેનો પ્રાયશ્ચિતવિધિ કરવો, એટલે તેણે જે કાંઈ પાપ કર્યું હશે તે-
ને માંફ કરવામાં આવશે." 8 પછી યહોવાએ મૂસાને કહ્યું, 9 "હારુન
અને તેના પુત્રોને દહનાર્પણને લગતા આ નિયમો આપ: "દહનાર્પણો
વેદી પરની કઢાઈ ઉપર આખી રાત રાખવામાં આવે અને વેદીનો અગ્નિ
સતત સળગતો રહે. 10 અને યાજક પોતાના અંદર અને બહાર શણનાં
કપડાં પહેરે અને દહનાર્પણની રાખ સાફ કરે અને તેને વેદીની બાજુમાં
ભેગી કરે. 11 ત્યાર પછી તેણે વસ્ત્રો બદલવાં અને એ રાખ છાવણી
બહાર સ્વચ્છ જગ્યાએ લઈ જવી. 12 તે દરમ્યાન વેદીનો અગ્નિ સતત
બળતો રાખવો, તેને કદી હોલવવા ન દેવો. પ્રતિદિન સવારે યાજકે તેમાં
લાકડાં મૂકવાં અને તેના ઉપર દહનાર્પણ ગોઠવવું, અને તેના ઉપર
શાંત્યર્પણની ચરબીનુ દહન કરે. 13 વેદીનો અગ્નિ સતત બળતો રાખવો
તે કદી ઓલવાવો જોઈએ નહિ. 14 "ખાદ્યાર્પણ માંટેના નિયમો આ પ્ર-
માંણે છે: હારુનના પુત્રો-યાજકો ખાદ્યાર્પણ યહોવાને ચઢાવવા વેદી
સમક્ષ ઊભા રહે. 15 પછી તેણે એ ખાદ્યાર્પણોમાંથી મૂઠી ભરીને મેંદો.
તેલ અને બધો જ લોબાન પ્રતીક તરીકે લઈને યહોવાને માંટે વેદીમાં
હોમી દેવો, એની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 16 "મૂઠ્ઠીભર લોટ
લીધા પછી જે બાકી રહે તે, ખોરાક માંટે હારુન અને તેના પુત્રો-યાજકો-
નો ગણાય; મુલાકાત મંડપનાં ચોકમાં તેને ખમીર વગર ખાવો. 17 એમાં
ખમીર ન નાખવું. મેં અગ્નિ દ્ધારા મળેલ ખાદ્યાર્પણના તેમના ભાગરૂપે
તેમને આપેલા છે. પાપાર્થાર્પણ અને દોષાર્થાર્પણના અર્પણની જેમ એ
પરમ પવિત્ર છે. 18 હારુનના વંશનો કોઈ પણ વ્યક્તિ એ ખાઈ શકશે,
યહોવાને ચઢાવેલા ખાદ્યાર્પણના અર્પણનો તેમને પેઢી દર પેઢી કાયમ-
નો ભાગ મળશે, એનો સ્પર્શ જે કોઈ કરશે તે શુદ્ધ બની જશે." 19 યહો-
વાએ મૂસાને કહ્યું, 20 "હારુન અને તેના પુત્રોએ પોતાના અભિષેકના
દિવસે એટલે કે તેઓ યાજક વર્ગમાં પ્રવેશે તે દિવસે તેઓ યહોવા સમ-
ક્ષ ખાદ્યાર્પણ લાવે, એટલે કે આઠ વાટકા લોટ જેને રોજના અર્પણના
સમયે અર્પણ કરવામાં આવશે, અડધો સવારે અને અડધો સાંજે, એને
તેલથી મોહીને તવા પર શેકીને, 21 તેને ભઠ્ઠીમાં તવી ઉપર તેલથી
તળવામાં આવે અને તેને બરાબર શેકવામાં આવે, પછી તેને યહોવા
સમક્ષ અર્પણ તરીકે લાવવામાં આવે, તમાંરે અર્પણના ટુકડા કરી નાખ-
વા. તેની સુવાસથી યહોવાને બહુ આનંદ થશે. 22 "જયારે યાજકના પુત્ર
પોતાના પિતાની (હારુનની) ઊંચા યાજક તરીકે જગ્યા ધારણ કરે ત્યારે
તેણે આ ખાદ્યાર્પણને સંપૂર્ણ રીતે બાળી નાખીને અર્પણ કરવું. આ કા-
યમી નિયમ છે. 23 યહોવાને ચઢાવેલો એ ખાદ્યાર્પણ પૂરેપૂરો હોમી દેવા-
નો છે, તેમાંનું કશુંય કોઈએ પણ જમવાના ઉપયોગમાં લેવું નહિ."
24 પછી યહોવાએ મૂસાને કહ્યું, 25 "હારુન અને તેના પુત્રોને પાપાર્થ-
ર્પણ વિષેના આ નિયમો કહે: પાપાર્થાર્પણનું પશુ યહોવા સમક્ષ જયાં
દહનાર્પણના પશુને વધેરવામાં આવે છે, ત્યાં વધેરવું એ અત્યંત પવિત્ર
છે. 26 વિધિ કરનાર યાજકે એ મુલાકાત મંડપના ચોકમાં પવિત્રસ્થાને
જમવું. 27 જે કાંઈ એને અડે તે પવિત્ર ગણાય. "જો એના લોહીના છાંટા
કોઈ કપડાં પર પડયા હોય તો તે પવિત્રસ્થાને ધોઈ નાખવાં. 28 માંટી-
નાં જે વાસણમાં માંસને ઉકાળ્યું હોય તેને ભાંગી નાખવું અથવા જો
કાંસાનું વાસણ વાપર્યું હોય તો તેને ઘસીને ચકચકિત કરવું અને વીછ-
ળી નાખીને બરાબર ધોઈ નાખવું. 29 યાજકના પરિવારનો કોઈ પણ
માંણસ આ પાપાર્થાર્પણમાંથી જમી શકે, કારણ કે તે અત્યંત પવિત્ર
અર્પણ છે. 30 પરંતુ જો પાપાર્થાર્પણનું લોહી મુલાકાત મંડપમાં લાવીને
પાપાર્થાર્પણમાં વપરાયું હોય તો પાપાર્થાર્પણ યાજકોએ ખાવો નહિ.
અને અગ્નિમાં પૂરેપૂરો હોમી દેવો.

7 "દોષાર્થાર્પણ માંટે લવાતાં અતિ પવિત્ર અર્પણો માંટેના નિયમો
આ પ્રમાંણે છે: 2 દોષાર્થર્પણ માંટેના અર્પણના પશુનો વધ, જયાં
દહનાર્પણના પશુનો વધ થતો હોય ત્યાં કરવો અને તેનું લોહી વેદી પર
અને ફરતું છાંટવું. 3 "યાજકે એની બધી ચરબી કાઢી લઈ વેદી પર ચઢા-
વવી, જાડી પૂંછડી, આંતરડા પરની ચરબી, 4 બંને મૂત્રપિંડો અને કમર-
ના નીચલા ભાગના સ્નાયુ પરની ચરબી, અને કાળજાનો ચરબીવાળો
ભાગ આ સર્વ આહુતિ માંટે એક બાજુ રાખવું. 5 યાજકે યહોવાને ચઢા-
વવામાં આવેલી આહુતિ તરીકે વેદી પર હોમી દેવી. એ દોષાર્થાર્પણની
આહુતિ છે. 6 "યાજકના પરિવારનો કોઈ પણ પુરુષ સભ્ય તે જમી
શકે. તે અતિ પવિત્ર છે; તેથી તે પવિત્ર જગ્યાએ જ જમવું. 7 પાપાર્થા-
ર્પણ તથા દોષાર્થાર્પણ માંટે એક જ નિયમ છે. એ યજ્ઞ કરનાર યાજકને
મળે. 8 કોઈ વ્યક્તિને ચઢાવેલા દહનાર્પણના પશુનું ચામડું હોમનાર
યાજકને મળે. 9 ભઠ્ઠીમાં બનાવેલું, અથવા કડાઈમાં તળેલુ કે તવામાં
શેકેલું ખાદ્યાર્પણ તેને ધરાવનાર યાજકનું થાય. 10 અન્ય બીજાં બધાં
ખાદ્યાર્પણો તેલમાં મોહેલા કે મોહ્યા વગરના હારુનના પુત્રોની-યાજ-
કોની સહિયારી માંલિકીના ગણાય. તેથી બધા યાજકોએ તે સરખે ભાગે
વહેંચી લેવાં. 11 "યહોવાને ચઢાવવામાં આવતા શાંત્યર્પણો યજ્ઞો માંટે
આ પ્રમાંણેના નિયમ છે. 12 જો કોઈ વ્યક્તિ આભાર માંટે અર્પણ ચઢા-
વતો હયો, તો શાંત્યર્પણ ઉપરાંત તેણે મોંયેલી બેખમીર રોટલી, તેલ
ચોપડેલી બેખમીર ખાખરા તથા મોંયેલા લોટની પોળીઓ ચઢાવવા.
13 શાંત્યર્પણના અર્પણ સાથે ખમીરવાળી રોટલી ભેગી મુકવી.
14 આમાંની એક રોટલી જે યાજક શાંત્યર્પણનુ લોહી છાંટે તેને આપવા-
માં આવશે. 15 જે દિવસે એ અર્પણ ધરાવેલ હોય તે જ દિવસે એનું
માંસ જમી લેવું. એમાંથી કશુંય બીજા દિવસે જમવા માંટે રાખવું નહિ.
16 "જો કોઈ વ્યક્તિ બાધાનો કે સ્વેચ્છાનો અર્પણ ચઢાવતો હોય તો તે
ચઢાવે તે જ દિવસે અને તે પછીના દિવસે પણ જમી શકાય. 17 પણ
ત્રીજા દિવસ સુધી જે વધે તેને બાળી નાખવું. 18 કારણ કે જો તે શાંત્ય-
ર્પણ ત્રીજા દિવસે પણ જમવામાં આવે તો યહોવા તેનો સ્વીકાર કરે
નહિ. અર્પણ તરીકે તેની કિંમત રહે નહિ: અને જે વ્યક્તિ તે અર્પણ લા-
વી હશે તેને કોઈ લાભ થશે નહિ અને તે અર્પણ અશુદ્ધ બની જશે. જે
માંણસ તે ખાશે તે પોતાના પાપનો જવાબદાર બનશે. 19 "જો માંસ
કોઈ અપવિત્ર વસ્તુને અડેલું હોય, તો તે જમી શકાય નહિ, તેથી તેને
અગ્નિમાં બાળી મૂકવું. જે વ્યક્તિ શુદ્ધ હોય તે શાંત્યર્પણનું માંસ જમી
શકે છે. 20 જો કોઈ માંણસ અશુદ્ધ હોય છતાં શાંત્યર્પણમાંથી તે જમે
તો તેને તેના લોકોથી જુદો કરવો, કારણ કે તેણે જે પવિત્ર છે તેને અશુ-
દ્ધ કર્યુ છે. 21 "જો કોઈ વ્યક્તિ અશુદ્ધ માંણસને, કે અશુદ્ધ પશુને કે
અશુદ્ધ પેટે ચાલનાર પ્રાણીને અડયો હોય અને પછી યહોવાને ચઢાવેલા
શાંત્યર્પણનું માંસ જમે તો તેને તેના લોકોથી તેને જૂદો કરવો." 22 પછી
યહોવાએ મૂસાને કહ્યું, 23 "ઇસ્રાએલી પ્રજાને કહે કે તમાંરે કોઈ બળદ,
ઘેટાં કે બકરાની ચરબી ખાવી નહિ. 24 કુદરતી રીતે મૃત્યુ પામેલ અથ-
વા કોઈ જંગલી પ્રાણીએ માંરી નાખેલા પશુની ચરબીનો બીજો ગમે તે
ઉપયોગ કરવો પણ તમાંરે તે ખાવું નહિ. 25 જો કોઈ વ્યક્તિ યહોવાને
આહુતિ તરીકે ધરાવેલા પશુની ચરબી ખાય તો તેનો સમાંજમાંથી બહિ-
ષ્કાર કરવો. 26 "તમે ગમે ત્યાં રહેતા હોય, પણ તમાંરે પશુનું કે પંખીનું
લોહી ખાવું નહિ. 27 છતાં જો કોઈ લોહી ખાય તો તેનો સમાંજમાંથી
બહિષ્કાર કરવો." 28 પછી યહોવાએ મૂસાને કહ્યું, 29 "ઇસ્રાએલી લોકો-
ને આ કહે કે જે કોઈએ યહોવાને શાંત્યર્પણ ચઢાવવા લાવે તેણે તેનો
અમુક ભાગ યહોવાને વિશેષ ભેટ તરીકે ધરાવવો. 30 તેણે પોતાને હાથે
એ ભાગ લાવવો. તેણે ચરબી અને પ્રાણીની છાતી યાજક પાસે લાવવા.
યાજકે છાતીને ઉચી કરવી અને આરતી અર્પણ કરીને યહોવાને અર્પણ
કરવી. 31 યાજકે ચરબી વેદીમાં હોમી દેવી, પણ છાતીનો ભાગ હારુન-
ના વંશના યાજકોનો થાય. 32 તમાંરા શાંત્યર્પણના પશુની જમણી
જાંઘ પણ યાજકને આપવી. 33 એ જમણી જાંઘ જે યાજક શાંત્યર્પણને
પશુનું લોહી અને તેની ચરબી ધરાવે તેના ભાગમાં જાય. 34 ઇસ્રાએલી-
ઓએ ધરાવેલા આરતીનાં પશુઓની છાતીનો ભાગ અને જાંઘ હું રાખી
લઉ છું અને યાજક હારુનને અને તેના વંશજોને આપું છું. ઇસ્રાએલીઓ
તરફથી એમને મળવું જોઈતું આ કાયમનું દાપું છે." 35 જે દિવસે હારુન
અને તેના પુત્રોનો યાજક પદે અભિષેક કરવામાં આવ્યો તે દિવસે તેમ-

ને યહોવાને ધરાવેલા અભિષેકના હિસ્સામાંથી એ દાપુ આપ્યું હતું.
36 જે દિવસે અભિષેક કરવામાં આવ્યો તે દિવસે યહોવાએ આ ભાગો
તેમને આપવાની ઈસ્રાએલીઓને આજ્ઞા કરી હતી, આ નિયમ સદા માંટે
તેમના બધા વંશજોને માંટે બંધનકર્તા છે. વંશપરંપરા આ તેઓનો
અધિકાર છે." 37 દહનાર્પણ, ખાદ્યાર્પણ, પાપાથાર્પણ અને દોષાર્થાર્પણ
અને શાંત્યાર્પણને લગતા નિયમો આ પ્રમાંણે છે. 38 સિનાઈના રણમાં
યહોવાએ ઈસ્રાએલપુત્રોને અર્પણ ચઢાવવા માંટેની આજ્ઞા કરી હતી,
ત્યારે તે દિવસે યહોવાએ સિનાઈ પર્વત પર મૂસાને આ પ્રમાંણે આજ્ઞા
કરી હતી.

8 યહોવાએ મૂસાને કહ્યું, 2 "હવે હારુન અને તેના પુત્રોને મુલાકા-
તમંડપના પ્રવેશદ્વાર આગળ લઈ જા અને સાથે તેમના પોશાક,
અભિષેકનું તેલ તેમજ પાપાર્થાર્પણનો બળદ, બે ઘેટાં અને બેખમીર રો-
ટલીની ટોપલી લઈ જા. 3 અને બધી જ ઈસ્રાએલની પ્રજાને ત્યાં ભેગા
થવાનું કહે." 4 મૂસાએ યહોવાના કહેવા પ્રમાંણે કર્યું. તેથી સમગ્ર
સમાજ મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ ભેગો થયો. 5 અને મૂસાએ
તે લોકોને જણાવ્યું કે, "યહોવાએ આ પ્રમાંણે કરવાનું કહ્યું છે." 6 ત્યા-
રબાદ તેણે હારુનને અને તેના પુત્રોને આગળ લાવીને પાણીથી સ્નાન
કરાવ્યું. 7 પછી તેણે હારુનને અંગરખો, અને જામો પહેરાવી કમરબંધ
બાંધીને એફોદ ચઢાવી તેનો ગુથેલો પટો કમરે બાંધી દીધો. 8 પછી તે-
ણે તેને ઉરપત્ર પહેરાવીને તેમાં ઉરીમ અને તુમ્મીમ જોડી દીધા. 9 ત્યા-
રબાદ યહોવાની આજ્ઞા મુજબ તેણે તેના માંથે પાઘડી પહેરાવી અને
આગળના ભાગમાં પવિત્ર મુગટરૂપે સોનાનું પદક એટલે કે પવિત્ર મુગટ
લગાવ્યો. 10 પછી મૂસાએ અભિષેકનું તેલ લઈને મુલાકાતમંડપ ઉપર
અને તેમાંની બધી જ વસ્તુઓ પર છાંટીને તે બધાંયને પવિત્ર કર્યા.
11 તે વેદી પાસે આવ્યો અને તેના પર સાત વખત અભિષેકનું તેલ છાંટ-
યું અને વેદી અને તેનાં બધાં વાસણો તથા કૂડી અને તેની ઘોડી યહો-
વાને સમર્પણ કરી. 12 ત્યારબાદ તેણે હારુનના માંથા પર અભિષેકનું
તેલ રેડયું અને દીક્ષાવિધિ કર્યો. 13 ત્યારબાદ યહોવાની આજ્ઞા પ્રમાંણે
મૂસાએ હારુનના પુત્રોને ઝભ્ભો પહેરાવ્યો, કમરે કમરબંધ બાંધ્યા અને
માંથે પાઘડી બાંધી. 14 પછી પાપાથાર્પણના બળદને આગળ લાવ્યો
અને હારુને અને તેના પુત્રોએ તેના માંથા પર હાથ મૂક્યા. 15 પછી મૂ-
સાએ તેનો વધ કર્યો, અને તેનું થોડું લોહી લઈ તેની આંગળીથી વેદીનાં
ટોચકાઓને લગાડ્યું અને આ રીતે તેને શુદ્ધ કરી, પછી બાકીનું લોહી
વેદીના પાયામાં રેડી દીધું. આ રીતે મૂસાએ વેદીને લોકોને શુદ્ધ કરવાના
અર્પણો માંટે તૈયારી કરી. 16 પછી તેણે આંતરડાં પરની બધી જ ચરબી,
કાળજા પરની ચરબી અને બંને મૂત્રપિંડ અને તે પરની ચરબી લીધી
અને વેદીમાં હોમી દીધી. 17 અને બળદનું ચામડું, તેનું માંસ અને
છાણ, યહોવાની આજ્ઞા અનુસાર છાવણી બહાર કોઈ જગ્યા પર તેણે
બાળી નાખ્યાં. 18 પછી તે યહોવા સમક્ષ દહનાર્પણ માંટેનો ઘેટો લઈને
આગળ આવ્યો. હારુને અને તેના પુત્રોએ તેના માંથા પર હાથ મૂક્યા,
19 પછી મૂસાએ તેનો વધ કર્યો અને તેનું લોહી વેદીની ચારેબાજુએ
છાંટ્યું. 20 ત્યારબાદ તેણે ઘેટાના ટુકડા કરી યહોવાની આજ્ઞા મુજબ,
તેનું માંથું, ચરબી તથા બધા ટુકડાવેદીમાં હોમી દીધા. 21 તેણે આંતર-
ડાં તથા પગ પાણીથી ધોયા પછી આખા ઘેટાને વેદીમાં હોમી દીધો.
યહોવાએ મૂસાને કરેલી આજ્ઞા મુજબનું એ દહનાર્પણ હતું. એ યજ્ઞની
સુવાસથી યહોવા પ્રસન્ન થયા. 22 એ પછી મૂસા બીજા ઘેટાને એટલે કે
યાજકના દીક્ષાવિધિ માંટેના ઘેટાને આગળ લાવ્યો; હારુન અને તેના
પુત્રોએ તેના માંથા પર હાથ મૂકયા. 23 મૂસાએ તેનો વધ કર્યો અને તેનું
થોડું લોહી લઈને હારુનના જમણા કાનની બુટ પર અને જમણા હાથ-
ના અંગૂઠા પર તથા જમણા પગના અંગૂઠા પર લગાડ્યું. 24 પછી તે હા-
રુનના પુત્રોને વેદી પાસે લાવ્યો અને તેમના જમણા કાનની બૂટે તથા
તેમના જમણા હાથના અને જમણા પગના અંગૂઠાએ થોડું લોહી લગા-
ડયું. પછી મૂસાએ વેદીને ફરતું લોહી છાંટયું. 25 પછી તેણે જાડી પૂંછડી,
આંતરડાં પરની ચરબી, કાળજા પરની ચરબી બન્ને મૂત્રપિંડ અને તેની
ચરબી તેમજ જમણી જાઘ લીધી. 26 પછી આ બધા પર એક રોટલો,
એક તેલ ચોપડલો રોટલો, અને બેખમીર રોટલીનો એક ટુકડો જે દર-
રોજ દેવની સામે મુકવામાં આવે છે તે ચરબી પર એને જમણા જાંઘ પર
મૂકયો. 27 અને આ બધું હારુન અને તેના પુત્રોના હાથમાં મૂકીને યહો-
વા સમક્ષ આરતી કરી. 28 પછી મૂસાએ તે બધું પાછું લઈને દહનાર્પણ
ભેગું વેદીમાં હોમી દીધું. આ યાજકના દીક્ષાવિધિનો અર્પણ હતો અને
તેની સુવાસથી યહોવા પ્રસન્ન થયા. 29 અર્પણના પછી મૂસાએ પશુની
છાતી લીધી અને યહોવાની સામે આરતી કરી, આ રીતે યાજકના દીક્ષા-
વિધિના અર્પણમાંથી તેનો ભાગ મૂસાને મળ્યો હતો. આ બધું યહોવાએ
મૂસાને જે આજ્ઞા કરી હતી તે મૂજબ કરવામાં આવ્યું હતું. 30 ત્યારબાદ
મૂસાએ થોડું અભિષેકનું તેલ અને થોડું વેદી પરનું લોહી લઈને હારુન
અને તેનાં વસ્ત્રો પર તથા તેના પુત્રો અને તેમનાં વસ્ત્રો પર છાંટીને
યહોવાના ઉપયોગ માંટે પવિત્ર કર્યા. 31 પછી મૂસાએ હારુનને અને તે-
ના પુત્રોને કહ્યું, "યહોવાની આજ્ઞા મુજબ આ માંસ મુલાકાતમંડપના
પ્રવેશદ્વાર આગળ લઈ જઈ ત્યાં રાંધીને યાજકના દીક્ષાવિધિના અર્પ-
ણની ટોપલીમાંની રોટલી સાથે ખાજો. 32 માંસ અને રોટલીમાંથી જે
કાંઈ વધે તે બાળી મૂકજો. 33 સાત દિવસ સુધી તમાંરે મુલાકતમંડપનું
પ્રવેશદ્વાર છોડવું નહિ. તમાંરી દીક્ષાની વિધિ સાત દિવસ ચાલશે ત્યાર
પછી તે પૂર્ણ થશે." 34 તને શુદ્ધ કરવા માંટે આજે જે કરવામાં આવ્યુ છે
તેનો આદેશ યહોવાએ કર્યો છે. 35 તમાંરે સાત દિવસ અને સાત રાત
સુધી મુલાકાત મંડપના પ્રવેશદ્વાર આગળ યહોવાની આજ્ઞાનું પાલન
કરતા રહેવાનું છે. અને ચેતવણી આપતાં કહ્યું, "જો તમે તેના આદેશ
નહિ માંનો તો તમે મૃત્યુ પામશો. આ યહોવાની આજ્ઞા છે." 36 હારુન
અને તેના પુત્રોએ યહોવાએ મૂસાને આપેલી આજ્ઞાઓ મુજબ બધું જ
કર્યું.

9 આઠમે દિવસે મૂસાએ હારુનને અને તેના પુત્રોને તથા ઈસ્રાએ-
લના વડીલોને બોલાવ્યા. 2 મૂસાએ હારુનને કહ્યું, "તું ખોડ-
ખાંપણ વગરનો એક બળદ પાપાર્થાર્પણ તરીકે અને એવો જ એક ઘેટો
દહનાર્પણ માંટે લાવ અને તેમને યહોવા સમક્ષ અર્પણ કર. 3 ત્યારબાદ
તું ઈસ્રાએલીઓને પાપાર્થાર્પણ તરીકે એક બકરો અને આહુતિ તરીકે
ખોડખાંપણ વગરનો એક વરસનો વાછરડો અને એવું જ એક ઘેટાનું
બચ્ચું. 4 તદુપરાંત શાંત્યર્પણ તરીકે એક બળદ અને એક ઘેટો યહોવા
સમક્ષ વધેરવાનું કહે, વળી તેઓએ તેલથી મોયેલા લોટને ખાદ્યાર્પણ
તરીકે ચઢાવવો; કારણ કે આજે યહોવા તમને દર્શન આપશે.'" 5 આથી
તેઓ મૂસાએ કહ્યું હતું તે પ્રમાંણે બધું મુલાકાતમંડપના પ્રવેશદ્વાર
આગળ લાવ્યા અને ઈસ્રાએલના લોકો ત્યાં યહોવાની સમક્ષ આવીને
ઊભા રહ્યા. 6 તેઓને મૂસાએ કહ્યું, "યહોવાએ તમને આ પ્રમાંણે કર-
વાનું કહ્યું છે. અને જો તમે એ પ્રમાંણે કરશો એટલે તમને યહોવાના ગૌ-
રવનાં દર્શન થશે." 7 પછી મૂસાએ હારુનને કહ્યુ, "તું અગ્નિની વેદી પા-
સે આવ અને તારા પાપાર્થાર્પણ, દહનાર્પણ અને દોષાર્થાર્પણ ચઢાવ
અને તારે પોતાને માંટે અને બધા લોકોને માંટે પ્રાયશ્ચિત કર. ત્યાર પછી
લોકોએ ધાર્મિક વિધિ કરી કરેલા અર્પણો ચઢાવ અને યહોવાના આદેશ
પ્રમાંણે તેમને શુદ્ધ કર." 8 હારુન વેદી પાસે જઈને પોતાના પાપાર્થા-
ર્પણ માંટે વાછરડાનો વધ કર્યો. 9 તેના પુત્રોએ તેને માંટે લોહી તેની
આગળ ધર્યું. અને તેમાં આંગળી બોળીને થોડું લોહી વેદીનાં ટોચકાંઓ-
ને લગાડયું અને બાકીનું લોહી વેદીના પાયામાં રેડી દીધું. 10 ત્યારબાદ
પાપાર્થાર્પણની ચરબી, મૂત્રપિંડો અને કાળજા પરનો ચરબીનો ભાગ,
હારુને યહોવાએ મૂસાને આપેલી આજ્ઞા મુજબ વેદી પર હોમી દીધાં.
11 પરંતુ માંસ અને ચામડું તેણે છાવણી બહાર બાળી મૂક્યું. 12 ત્યાર-
બાદ હારુને દહનાર્પણના પ્રાણીનો વધ કર્યો. તેના પુત્રોએ તેને લોહી
આપ્યું અને તેણે તે વેદીની ચારે બાજુએ છાંટયું. 13 પછી તેણે પ્રાણીના
ટુકડાઓને માંથાં સહિત એક પછી એક તેની આગળ લઈ આવ્યા અને
વેદીમાં હોમી દીધાં. 14 પછી તેણે આંતરડાં અને પાછલા પગ ધોઈ ના-
ખ્યાં અને દહનાર્પણ વેદીમાં હોમી દીધાં. 15 પછી તે લોકો માંટે અર્પણ
લાવ્યો, અને પોતાના પાપાર્થાર્પણની વિધિ પ્રમાંણે તેણે બકરાનો વધ
કર્યો અને બલિદાન આપ્યું. 16 પછી તેણે દહનાર્પણ યહોવાની આજ્ઞા
પ્રમાંણે વિધિપૂર્વક અર્પણ કર્યું. 17 પછી તેણે ખાદ્યાર્પણ ચઢાવ્યો, તે-
માંથી એક મૂઠી લઈ સવારના દહનાર્પણ સાથે વેદીમાં હોમી દીધી.
18 તેણે લોકોના શાંત્યર્પણ તરીકે બળદ અને ઘેટાનો પણ વધ કર્યો, તે-
ના પુત્રોએ તેને લોહી આપ્યું જેને તેણે વેદીની ચારે બાજુએ છાંટ્યું.
19 અને બળદના ચરબીવાળા ભાગો, ઘેટાની ચરબીવાળી પૂંછડી,
આંતરડા પરની ચરબી, બે મૂત્રપિંડો અને તેના પરની ચરબી તથા કા-

ળજા પરની ચરબીવાળો ભાગ. 20 આ બધું તેણે પહેલાં પશુઓના છા-
તીના ભાગ ઉપર મૂક્યું, અને પછી વેદીમાં હોમી દીધું. 21 અને મૂસાની
આજ્ઞા પ્રમાંણે હારુનને પશુઓની છાતીના ભાગો અને જમણી જાઘ
તરીકે યહોવાને આરત્યર્પણ તરીકે ધરાવ્યો. 22 ત્યારબાદ હારુને હાથ
ઊચા કરીને લોકોને આશીર્વાદ આપ્યા. આમ પાપાર્થાર્પણ, દહનાર્પણ
અને શાંત્યર્પણ ચઢાવ્યા પછી તે વેદી પરથી નીચે ઊતર્યો. 23 મૂસા
અને હારુન મુલાકાતમંડપમાં ગયા. પછી બહાર આવ્યા અને લોકોને
આશીર્વાદ આપ્યા અને બધા લોકોને યહોવાના ગૌરવના દર્શન થયા.
24 યહોવા તરફથી એકાએક અગ્નિ પ્રગટયો અને તે આવીને વેદી પરના
દહનાર્પણ અને ચરબીવાળા ભાગો ભસ્મ કરી ગયો. આ જોઈને બધા
લોકોએ હર્ષના પોકારો કર્યા અને યહોવા સમક્ષ સાષ્ટાંગ નમસ્કાર કરી
જમીન પર ઊધા સૂઈ ગયા.

10 હારુનના પુત્રો નાદાબ તથા અબીહૂએ ધૂપદાનીમાં અપવિત્ર
આગ્નિમૂકયો અને તે અગ્નિ પર ધૂપ નાખ્યો. અને તે ધૂપ યહો-
વાને ચઢાવ્યો. યહોવાએ તે ચઢાવવાની આજ્ઞા કરી નહોતી તેથી એ
અગ્નિ અપવિત્ર હતો. 2 તેથી યહોવાની આગળથી અગ્નિ ધસી આવ્યો
અને તે બંનેને ભસ્મ કરી ગયો. અને તેઓ યહોવા સમક્ષ મૃત્યુ પામ્યા.
3 પછી મૂસાએ હારુનને કહ્યું, "યહોવાએ એમ કહ્યું હતું કે, 'જે યાજકો
માંરી સેવા કરે છે તેમણે માંરી પવિત્રતા જાળવવી જોઈએ; સર્વ લોકોની
સંમુખ હું માંરો મહિમાં પ્રગટ કરી ગૌરવવાન મનાઈશ. તેનો અર્થ આ
છે." હારુન મૌન થઈ ગયો. 4 ત્યાર પછી મૂસાએ હારુનના કાકા ઉઝ-
ઝીએલના પુત્રો મીશાએલને અને એલસાફાનને બોલાવડાવીને તેઓને
કહ્યું, "આમ આવો, અને તમાંરા પિતરાઈ ભાઈઓને મંદિરના તંબુમાંથી
છાવણી બહાર લઈ જાઓ." 5 આથી તેઓ ત્યાં ગયા અને મૂસાની
આજ્ઞા પ્રમાંણે પોતાના પિતરાઈ ભાઈઓને પહેરેલા અંગરખા સહિત
છાવણી બહાર લઈ ગયા. 6 ત્યાદબાદ મૂસાએ હારુન અને તેના પુત્રો
એલઆઝાર અને ઈથામાંરને કહ્યું, "તમે શોક ન કરો, શોકમાં તમાંરા
વાળ છૂટા ન રાખો અને તમાંરાં કપડાં ન ફાડો, જો તમે તેમ કરશો તો
દેવ તમને પણ માંરી નાખશે અને યહોવા ઇસ્રાએલી સમાંજ પર રોષે
ભરાશે; પરંતુ બીજા બધા ઇસ્રાએલીઓ ભલે યહોવાએ મોકલેલા અગ્નિ-
નો ભોગ બનેલા એ લોકોને માંટે આક્રંદ કરે ને શોક પાળે. 7 પણ તમે
મુલાકાતમંડપના પ્રવેશદ્ધાર આગળથી ખસસો નહિ. નહિ તો મૃત્યુ દંડ
તમાંરા પર આવશે. કારણ, યહોવાના તેલથી તમાંરો અભિષેક કરવામાં
આવેલો છે." તેમણે મૂસાનાં કહ્યાં પ્રમાંણે કર્યું. 8 યહોવાએ હારુનને
આજ્ઞા કરી, 9 "તું અને તારા પુત્રો મુલાકાતમંડપમાં પ્રવેશ કરો ત્યારે
દ્રાક્ષારસ કે કેફી પીણું પીવું નહિ, જો પીશો તો મૃત્યુ પામશો, આ નિયમ
તારા પુત્રોને અને વંશ પરંપરા સદાને માંટે લાગુ પડે છે. 10 તમાંરી
જવાબદારી છે કે તમાંરે પવિત્ર અને અપવિત્ર વચ્ચે તથા શુદ્ધ અને
અશુદ્ધ વચ્ચેનો ભેદ તેઓને સમજાવવો. 11 અને યહોવાએ જે નિયમો
મૂસાને આપ્યા હતા તે બધા નિયમો ઇસ્રાએલી લોકોને સમજાવવા."
12 મૂસાએ હારુનને અને તેના બાકી રહેલા પુત્રો એલઆઝાર અને ઈથા-
માંરને કહ્યું, "યહોવાને ધરાવેલા ખાદ્યાર્પણમાંથી વધેલો લોટ તમાંરે લે-
વો અને તેની બેખમીર રોટલી બનાવીને વેદી પાસે જમવી, કારણ કે તે
અત્યંત પવિત્ર છે. 13 મને એવી આજ્ઞા કરવામાં આવી છે કે તમાંરે એ
પવિત્ર સ્થાને જમવી, યહોવાને ચઢાવેલા અર્પણમાંથી એ ભાગ તારો
અને તારા પુત્રોનો થાય છે. 14 "યહોવા સમક્ષ ધરાવેલાં આરત્યાર્પણનાં
પશુનો છાતીનો ભાગ અને જાંઘનો ભાગ તારે અને તારા પુત્રોએ તથા
પુત્રીઓએ કોઈ પવિત્ર સ્થળે જમવો. કારણ કે ઇસ્રાએલીઓએ યહોવા-
ને ધરાવેલ શાંત્યર્પણમાંથી એ ભાગનો અધિકાર તારો અને તારાં પુત્ર-
પુત્રીઓનો થાય છે. 15 ચરબી હોમવા લાવતી વખતે આરત્યર્પણનો
છાતીનો ભાગ અને જાંઘનો ભાગ પણ યાજકો માંટે યહોવાને ચઢાવવા
લોકોએ સાથે લાવવો, આ ચઢાવાની યહોવા સામે આરતી કરવી. યહો-
વાએ જણાવ્યા મુજબ એ તને અને તારા પુત્રોને તમાંરા કાયમી અધિ-
કારના ભાગની જેમ મળવો જોઈએ." 16 મૂસાએ પાપાર્થાર્પણના અર્પ-
ણના બકરાની તપાસ કરી, તો ખબર પડી કે તેને હોમી દેવામાં આવ્યો
હતો, તે હારુનના જીવતા રહેલા પુત્રો એલઆઝાર અને ઈથામાંર પર ગુ-
સ્સે થયો. 17 અને તેણે કહ્યું, "તમે એ પાપાર્થાર્પણ પવિત્રસ્થઆનમાં
શા માંટે ન ખાધું? તે અત્યંત પવિત્ર છે, એ તમને લોકોના દોષ દૂર કરી,
યહોવા સમક્ષ લોકોનું પ્રાયશ્ચિત કરવા આપેલ હતું. 18 તેનું લોહી પવિ-
ત્રસ્થાનમાં લાવવામાં આવ્યું ન હતું, તેથી પ્રાયશ્ચિતનો એ અર્પણ
તમાંરે માંરી આજ્ઞા મુજબ પવિત્રસ્થાનમાં જ જમવો જોઈતો હતો."
19 પરંતુ હારુને મૂસાને કહ્યું, "જુઓ, આજે એ લોકોએ પોતાના પાપા-
ર્થાર્પણ અને દહનાર્પણ યહોવા સમક્ષ ધરાવ્યો છે, અને માંરી આ દશા
થઈ છે. પરંતુ જો હું આજે પાપાર્થાર્પણ જમ્યો હોત, તો શું તેથી યહોવા
પ્રસન્ન થયા હોત?" 20 જ્યારે મૂસાએ આ સાંભળ્યું ત્યારે તેને એ સાચું
લાગ્યું અને સંતોષ થયો.

11 પછી યહોવાએ મૂસા અને હારુનને કહ્યું, 2 "તમે ઇસ્રાએલી
પ્રજાને આ પ્રમાંણે જણાવો: તમે પૃથ્વી પરનાં પ્રાણીઓમાંથી
આટલાં જમવા માંટે ઉપયોગમાં લઈ શકો: 3 જે પ્રાણીઓની ખરી ફાટ-
વાળી હોય અને જે વાગોળતું હોય તેને તમે જમી શકો. 4 "પરંતુ જે પ્રા-
ણીઓની માંત્ર ખરી ફાટવાળી હોય અથવા જે માંત્ર વાગોળતાં હોય તે
પ્રાણીઓ તમાંરે જમવા જોઈએ નહિ, જેમ કે ઊંટ, એ વાગોળે છે પણ
એની ખરીને ફાટ નથી, તમાંરે એને અશુદ્ધ ગણવું; 5 ઘોર ખોદિયું, એ
વાગોળે છે, પણ એના પગને ફાટ નથી; તમાંરે એને અશુદ્ધ ગણવાં.
6 અને સસલું, એ વાગોળે છે, પણ એના પગને ફાટ નથી; તમાંરે એને
અશુદ્ધ ગણવાં. 7 ડુક્કરના પગે ફાટ હોય છે, પણ એ વાગોળતું નથી,
તમાંરે એને અશુદ્ધ ગણવું. 8 તમાંરે તેનું માંસ ખાવું નહિ કે તેમના શબ-
ને અડવું નહિ. તમાંરે તેમને અશુદ્ધ ગણવાં." 9 "જળચર પ્રાણીઓમાંથી
તમે આટલાં ખાઈ શકો: ખારા પાણીનાં કે મીઠાં પાણીનાં બધાં પરવાળા
તેમજ ભિંગડાઁવાળાં પ્રાણીઓ, 10 પરંતુ ખારા કે મીઠાં પાણીનાં નાનાં
મોટાં જે પ્રાણીઓને કાં તો પર ન હોય કે ભિંગટાં પણ ન હોય તે તમે
ખાઈ શકો નહિ, તમાંરા માંટે તે અશુદ્ધ છે. 11 તમાંરે તેમનું માંસ ખાવું
જોઈએ નહિ કે તેમના શબને અડવું નહિ. 12 હું ફરીથી કહું છું કે જે કોઈ
જળચર પ્રાણીને પર ન હોય કે ભિંગડાં ના હોય તે ખાવાની તમને
મનાઈ છે. 13 "આટલાં પક્ષીઓમાંથી નીચેના તમાંરે ન ખાવા અને
અછૂત ગણવા: ગરૂડ તથા ફરસ તથા ગીધ; 14 બાજ, સમડી; 15 કાગ-
ડા બધી જ દાતના, 16 શાહમૃગ, રાતશકરી, શકરો, શાખાફ બધી જ જા-
તના 17 ચીબરી, કરઢોક, ધૂવડ; 18 રાજહંસ, ઢીંચ, ગીધ; 19 બગલો,
બધી જ જાતનાં હંસ, લક્કડખોદ અને વાગોળ. 20 "બધા પાંખવાળા
ચોપગા કીડાઓને તમાંરે ખાવા નહિ, 21 પણ જેઓ ઠેકડા માંરી કૂદકા
માંરે છે તેમનામાંથી આટલા તમે ખાઈ શકો: 22 બધી જ જાતનાં તીડ,
બધી જ જાતનાં તમરાં, બધી જ જાતના તીતીઘોડા, દરેક રણનાં તીડ.
23 "તે સિવાયના જે સર્વ જંતુઓ ઊડે છે અને પગથી ચાલે છે કે પેટે ચા-
લે છે તે બધાને ખાવાની તમને મનાઈ છે. 24 "તેઓના શબને પણ જો
કોઈ સ્પર્શ કરે તો સાંજ સુધી તે અશુદ્ધ ગણાય. 25 જે કોઈ તેમના શબ-
ને ઉપાડી લે તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવા. વિધિ પ્રમાંણે તે સાંજ
સુધી અશુદ્ધ ગણાય. 26 "જે પશુઓને ફાટવાળી ખરીઓ હોય પણ તેમ-
ના બરાબર બે સરખા ભાગ થતાં ન હોય અથવા જે પશુઓ વાગોળતાં
ના હોય, તે બધાં પશુઓને અશુદ્ધ ગણવા જે કોઈ તેમના શબને અડે
તો તે સાંજ સુધી અશુદ્ધ ગણાય. 27 અને જે જે ચોપગાં રાની પશુઓ
પંજા ઉપર ચાલતાં હોય, તે બધાં પશુઓને અશુદ્ધ ગણવા;અને જે કોઈ
તેમના શબને અડકે, તે સાંજ સુધી અશુદ્ધ ગણાય. 28 અને જે કોઈ તેમ-
ના શબને ઉપાડે, તો તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, પણ તે સાંજ
સુધી અશુદ્ધ ગણાય. કારણ કે તે માંટેની તમને મનાઈ કરેલી છે. 29 "પે-
ટે ચાલનારા આટલાં પ્રાણીઓની પણ તમને મનાઈ કરવામાં આવેલ
છે: બધી જ જાતની ગરોળીઓ, નોળિયો, ઉંદર, 30 ચંદન ઘો, પાટલા
ઘો, મગર સરડો તથા કાચીંડો. 31 પેટે ઘસીને ચાલનારાં પ્રાણીઓમાં
આટલાંને તમાંરે અશુદ્ધ ગણવાં, જે કોઈ એમના શબને અડકે તે સાંજ
સુધી અશુદ્ધ ગણાય. 32 "જે કોઈ વસ્તુ ઉપર એમનું શબ પડે તે અશુદ્ધ
ગણાય. એવી કોઈ પણ લાકડાની અથવા કપડાંની અથવા ચામડાની
અથવા કંતાનની નિત્યના વપરાશની વસ્તુને પાણીમાં ધોઈ નાખવી.
પણ તે સાંજ સુધી અશુદ્ધ ગણાય. ત્યાર પછી તેનો ઉપયોગ થઈ શકે.
33 જો આમાંનું કોઈ પણ પ્રાણી એક માંટીનાં વાસણ પર મરીને પડે તો
તેમાંની વસ્તુ અશુદ્ધ થઈ જાય, તેથી એ વાસણને તોડી નાંખવું. 34 જે
કોઈ ખાવાના પદાર્થ પર એવાં માંટલામાંથી પાણી રેડ્યું હોય તે અશુદ્ધ
ગણાય. અશુદ્ધ થયેલાં વાસણોમાંનું કોઈ પણ પીણું હોય તો તે અશુદ્ધ

ગણાય. 35 જે કોઈ વસ્તુ પર આવા પ્રાણીનું શબ પડે તે અશુદ્ધ ગણાય,
અને એ જો ભઠ્ઠી કે સગડી હોય તો તેને ભાંગી નાખવી. કારણ કે એ
અશુદ્ધ છે, અને તમારે એને અશુદ્ધ ગણવી જોઈએ. 36 "જો આવું શબ
પાણીના ટાંકામાં, કૂવામાં કે ઝરણાંમાં કે કોઈ જળાશયમાં પડે તો તે
પાણી અશુદ્ધ ન ગણાય, જો કે જે કોઈ તેમનાં શબને અડે તે અશુદ્ધ
ગણાય. 37 જો એમાંના કોઈનું શબ વાવવાના દાણા પર પડે તો તે શુદ્ધ
રહે. 38 પણ જો તે દાણા ભીના હોય અને તેના પર શબ પડે, તો તમારે
તેને અશુદ્ધ ગણવા. 39 "તમને ખાવાની છૂટ આપવામાં આવી છે એવું
પ્રાણી મરી જાય; તો તેના શબને જે કોઈ અડે તે સાંજ સુધી અશુદ્ધ
ગણાય. 40 જે કોઈ એ શબમાંથી તેનું માંસ ખાય અથવા તેના શબને
ઉઠાવીને દૂર લઈ જાય, તો તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, પણ તે
સાંજ સુધી અશુદ્ધ ગણાય. 41 "જમીન પર પેટ ઘસીને ચાલતાં તમામ
નાનાં પ્રાણીઓ ખાવાની મનાઈ છે. માંટે તે ખાવાં નહિ. 42 સર્વ પેટે ચા-
લનારાં ચોપગાં કે વધુ પગવાળાં જમીન પર પેટે ચાલનારાં નાનાં પ્રાણી
પણ તમારે ખાવા નહિ કારણ કે તે અશુદ્ધ છે. 43 તમારે એ પ્રાણીઓને
તમને આભડવા દેવા નહિ, તમારે અશુદ્ધ ન બનવું. 44 કારણ કે હું
યહોવા તમારો દેવ છું. આ બાબતો વિષે તમે તમારી જાતને પવિત્ર રા-
ખો, કારણ, હું પવિત્ર છું. જમીન પર પેટે ચાલતાં કોઈ પ્રાણીથી તમારે
તમારી જાતને અભડાવવી નહિ. 45 હું યહોવા છું, જે તમને મિસરમાંથી
લાવ્યો હતો જેથી હું તમારો દેવ બની શકું. તમારે પવિત્ર થવું જ જોઈએ.
કેમકે હું પવિત્ર છું." 46 એટલે પશુઓ, પક્ષીઓ, જળચર પ્રાણીઓ અને
જમીન પર પેટઘસીને ચાલનારા જીવોને લગતો નિયમ આ મુજબ છે.
47 એનો હેતું અશુદ્ધ અને શુદ્ધ ખાદ્ય અને અખાદ્ય જીવોને જુદુ પાડવાનો
છે."

12 પછી યહોવાએ મૂસાને જણાવ્યું, 2 "તું ઇસ્રાએલી પ્રજાને આ
નિયમો જણાવ: "જયારે કોઈ સ્ત્રીગર્ભ ધારણ કરે અને પુત્રને
જન્મ આપે ત્યારે ઋતુકાળની જેમ તે સાત દિવસ સુધી તે અશુદ્ધ
ગણાય તેથી તેને સાત દિવસ સૂતકના મર્યાદાના બંધનો લાગુ પડે.
3 તેના પુત્રની સુન્નત આઠમાં દિવસે અચૂક કરવી. 4 ત્યારબાદ તે
સ્ત્રીઓ બીજા તેત્રીસ દિવસ સુધી તેનું લોહી શુદ્ધ થાય ત્યાં સુધી તેણે
કોઈ અન્ય પવિત્ર વસ્તુને સ્પર્શ કરવો નહિ તથા મુલાકાતમંડપમાં દા-
ખલ થવું નહિ. 5 વળી જો પુત્રી અવતરે તો તેના ઋતુકાળની જેમ તે
ચૌદ દિવસ સુધી અશુદ્ધ ગણાય. તેથી ત્યાં સુધી ઋતુકાળની જેમ તેણે
રહેવું. અને બીજા છાસઠ દિવસ સુધી તેણે તેનું લોહી શુદ્ધ થવાની રાહ
જોવી. 6 "તે પછી જયારે તેને શુદ્ધ કરવાનો સમય પૂરોથાય ત્યારે એક
છોકરી અથવા છોકરાની નવી માંતાએ દહનાર્પણ માંટે એક વર્ષનું ઘેટા-
નું બચ્ચું અને પાપાર્થાર્પણ માંટે કબૂતરનું એક બચ્ચું કે હોલો મુલાકા-
તમંડપમાં લઈ જવું અને પ્રવેશદ્વારે યાજકને આપી દેવું. 7 યાજક તેને
યહોવા સમક્ષ ધરાવે અને તેના માંટે પ્રાયશ્ચિત કરે. એટલે તે તેના બા-
ળકના જન્મ પછીના રકતસ્રાવની અશુદ્ધિમાંથી શુદ્ધ ગણાય. પ્રસૂતાને
લગતો આ નિયમ ઉપર પ્રમાંણે છે. બાળકના જન્મ પછીની આ સર્વ
વિધિ છે. 8 પરંતુ જો સ્ત્રીની શકિત ઘેટાનું બચ્ચું લાવવાની ના હોય,
તો તે બે હોલા કે બે કબૂતરનાં બચ્ચાં પણ લાવી શકે, એક દહનાર્પણ
માંટે અને બીજું પાપાર્થાર્પણને માંટે. યાજકે પ્રાયશ્ચિત માંટેની વિધિ કર-
વી તે પોતાના લોહીની નુકસાનથી શુદ્ધ થશે."

13 યહોવાએ મૂસા તથા હારુનને જણાવ્યું, 2 "જો કોઈ વ્યકિતના
શરીરની ચામડી પર સોજો આવે, અથવા ચાંદું કે ગૂમડું થાય,
અને એ કોઢમાં પરિણમે એમ લાગતું હોય. તો તેને યાજક હારુનની પા-
સે અથવા તેના કોઈ યાજક દીકરા પાસે લઈ જવો." 3 પછી યાજકે એ
ચામડી પરનું ચાઠું તપાસવું. જો તે જગ્યા ઉપરના વાળ સફેદ થઈ ગયા
હોય, અને તે ભાગ ચામડી કરતાં ઊંડે ઊતરેલો લાગે તો તે કોઢ છે.
અને યાજકે તે માંણસને એક અશુદ્ધ કોઢિયો જાહેર કરવો. 4 "પરંતુ જો
ચામડી પરનો સફેદ ડાઘ ચામડીની નીચે ઊંડે ઊતરેલો ના લાગતો
હોય, વળી તેમાંના વાળ સફેદ થઈ ગયા ના હોય, તો યાજકે તે રોગીને
સાત દિવસ સુધી જુદો રાખવો. 5 પછી સાતમે દિવસે યાજકે તેને ફરી-
થી તપાસવો અને જો એ સફેદ ડાઘ જેવો હતો તેવો જ રહ્યો હોય અને
ચામડીના બીજા ભાગમાં પ્રસર્યો ના હોય, તો યાજકે તેને બીજા સાત
દિવસ સુધી જુદો રાખવો. 6 યાજક ફરીથી સાતમાં દિવસે તપાસે અને
તે સફેદ ડાઘ ઝાંખો થઈ ગયો હોય અને તે પ્રસર્યો ન હોય તો યાજકે તે-
ને શુદ્ધ જાહેર કરવો. તે ફકત ચાંદું જ હતું એમ માંનવું. પછી તે વ્યકિત
વસ્ત્રો ધોઈ નાખે એટલે શુદ્ધ થઈ જાય. 7 "પરંતુ શુદ્ધ જાહેર કર્યા પછી
ફરી તે ડાઘ ફેલાયેલો લાગે તો વ્યકિત એ ફરીથી તપાસ માંટે યાજક પા-
સે આવવું. 8 યાજકે તેને ફરીથી તપાસવો અને જો સફેદ ડાઘ કે ચાંદું ફે-
લાતું જતું લાગે, તો યાજકે તે માંણસને એક અશુદ્ધ કોઢિયો જાહેર કર-
વો. 9 જો કોઈ વ્યકિતને કોઢનું ચાંદું હોય અને કોઢ હોવાની શંકા જાય,
તો તેને યાજક આગળ લઈ જવો. અને યાજકે તેને તપાસવો. 10 જો
ચામડી પર સફેદ ચાંઠું પડયું હોય, અને વાળ ધોળા થઈ ગયા હોય અને
સોજા પરની ચામડી કાચી લાગતી હોય. 11 તો એ કોઢની શરૂઆત થઈ
ચૂકી છે. એ જીણ કોઢ છે, તેથી યાજકે તે વ્યકિતને અશુદ્ધ જાહેર કરવો.
એને જુદો રાખવાની જરૂર નથી, કારણ કે તે અશુદ્ધ જાહેર થઈ જ ચુક્યો
છે. 12 "પણ જો યાજકને ખબર પડે કે કોઢ ફાટી નીકળ્યો છે અને તેના
સમગ્ર શરીર પર પગથી માંથા સુધી ફેલાઈ ગયો છે. 13 એટલે યાજકે તે-
ને તપાસવો, અને સમગ્ર શરીર રોગ પ્રસરી ગયેલો ખબર પડે તો તેને
યાજકે શુદ્ધ જાહેર કરવો, આખું શરીર સફેદ થઈ ગયું છે, તે શુદ્ધ છે.
14 પણ જો માંણસ પર કાચી ચામડી હોય, તો કાચી ચામડી જ્યારથી
દેખાઈ હોય, ત્યારથી અશુદ્ધ ગણવો, યાજકે કાચી ચામડી તપાસવી
અને માંણસને અશુદ્ધ જાહેર કરવો. 15 શરીર પરની કાચી ચામડી એ
સાબિત કરે છે કે તે કોઢ છે. 16 "પરંતુ જો કાચી ચામડી રૂઝાઈ જાય
અને સફેદ થઈ જાય, તો તે વ્યકિતએ યાજક પાસે જવું. 17 યાજકે ફરી-
થી તેને તપાસવો, અને જો તે ચાંદા સંપૂર્ણ સફેદ થઈ ગયાં હોય, તો તે-
ને શુદ્ધ જાહેર કરવો એ શુદ્ધ છે. 18 "જો શરીરની ચામડીમાં ગૂમડું થઈને
રૂઝાઈ ગયું હોય. 19 અને ગૂમડાની જગ્યાએ સફેદ ડાઘ કે રતાશ પડતો
સફેદ સોજો ખબર પડે તો તે યાજકને બતાવી તપાસ કરાવવી. 20 જો
યાજકને લાગે કે રોગ ચામડીની નીચે અંદર સુધી પ્રસરી ગયો છે અને તે
ચાઠા પરના વાળ સફેદ થઈ ગયા છે, તો યાજક તેને અશુદ્ધ જાહેર કરે,
કારણ કે ગુમડામાંથી કોઢ ફાટી નીકળ્યો છે. 21 પણ જો તપાસતાં યા-
જકને એમ ખબર પડે કે એમાંના વાળ સફેદ થયેલા નથી તે ચામડી કર-
તાં ઊંડે ઊતરેલું નથી, અને ઝાખું પડી ગયું છે, તો તેણે તે વ્ક્કતિને
સાત દિવસ જુદો રાખવો. 22 જો રોગ ચામડીમાં ફેલાયો હોય તો યાજકે
તેને અશુદ્ધ જાહેર કરવો, કારણકે તે કોઢ છે. 23 પરંતુ જો ચાઠું એવું ન
એવું રહે, પ્રસરે નહિ, તો એ ગૂમડાનું ચાઠું છે, અને યાજકે તે વ્યકિતને
શુદ્ધ જાહેર કરવો. 24 "જો કોઈ વ્યકિતની ચામડી દાઝી જાય અને દાઝે-
લી જગ્યાએ ચમકતું લાલાશ પડતું સફેદ ચાઠું થઈ જાય, 25 તો યાજકે
તે ચાંઠાની તપાસ કરવી જોઈએ. જો ચાઠાનાં વાળ સફેદ થઈ ગયા હોય
અને રોગ ચામડીની નીચેના ભાગ સુધી ફેલાઈ ગયો હોય, તો દાઝવાના
ધામાંથી કોઢ ફેલાયો છે અને યાજકે તે વ્યકિતને એક અશુદ્ધ કોઢી જા-
હેર કરવો. 26 પરંતુ યાજક જુએ કે ચાઠાંમાં સફેદ વાળ નથી, અને તે
ચામડીની નીચે સૂધી પ્રસરેલ નથી અને ચાઠું ઝાખું પડતું જાય છે, તો
યાજકે તે વ્યકિતને સાત દિવસ માંટે જુદો રાખવો. 27 સાતમે દિવસે યા-
જક તેને તપાસે ત્યારે જો ચાઠું ચામડીમાં ફેલાયું હોય, તો યાજકે તેને
અશુદ્ધ જાહેર કરવો એ કોઢ છે. 28 પરંતુ જો ચાઠું ચામડી પર ફેલાયું ના
હોય અને ઝાંખું થઈ ગયું હોય, તો તે દાઝેલા ઘાનું ચાઠું છે માંટે યાજકે
તે શુદ્ધ જાહેર કરવું કેમકે તે દાઝેલાનું ચાઠું છે. 29 "જો કોઈ પુરુષ કે
સ્ત્રીના માંથા પર કે દાઢી એ પર રોગ હોય 30 તો યાજકે તેની તપાસ
કરવી, અને જો તે ચામડી કરતાં ઊંડું ખબર પડે અને વાળ પીળા અને
આછા થઈ ગયા હોય, તો યાજકે તે વ્યકિતને અશુદ્ધ જાહેર કરવો, તે
ઉંદરી પ્રકારનો માંથાનો કે હડપચીનો એક કોઢ છે. 31 પરંતુ યાજક ઉંદ-
રી તપાસે ત્યારે તે ચામડી કરતાં ઊડી ખબર ન પડે અને ત્યાંના વાળ
હજી પણ કાળા હોય, તો યાજકે તે વ્યકિતને સાત દિવસ જુદો રાખવો.
32 યાજકે સાતમાં દિવસે ફરીથી તેની તપાસ કરવી જો ચાઠું ફેલાયું ન
હોય અને વાળ પણ પીળા થયા ન હોય, તેમજ તે ચામડી કરતાં ઊડી
ખબર ના પડે, 33 તો તે માંણસે ઉંદરીવાળા ભાગ સિવાય ચાઠાની
આજુબાજુના વાળ કપાવી નાખવા અને યાજકે તેને બીજા સાત દિવસ
માંટે જુદો રાખવો. 34 યાજકે સાતમાં દિવસે ફરીથી તેને તપાસવો, અને
જો ઉંદરી ચામડીમાં ફેલાઈ ન હોય, અને ચામડી કરતાં ઊડી ખબર ન
પડે, તો યાજકે તે વ્યકિતને શુદ્ધ જાહેર કરવો. પછી તે વ્યકિતએ વસ્ત્રો

ધોઈ નાખવાં એટલે તે શુદ્ધ થઈ જશે. 35 છતાં તે વ્યક્તિને શુદ્ધ જાહેર
કર્યા પછી જો ઉંદરી ચામડીમાં ફેલાય, 36 તો યાજકે તેને ફરીથી તપાસ-
વો, અને જો ઉંદરી ચામડીમાં ફેલાઈ હોય, તો યાજકે તેના વાળ પીળા
છે કે નહિ એ પણ જોવાની જરૂર નથી. તેને અશુદ્ધ કોઢી જાહેર કરવો.
37 પણ જો ઉંદરી હતી એવી ને એવી રહે અને તેમાં કાળા વાળ ઊગવા
માંડે તો તે કોઢી નથી. પણ શુદ્ધ છે અને યાજકે તેને શુદ્ધ જાહેર કરવો.
38 "જો કોઈ પુરુષ કે સ્ત્રીને ચામડીમાં સફેદ રંગના ચાઠાં પડયાં હોય,
તો યાજકે તે તપાસવાં. 39 જો તે સફેદ હોય અને ઝાખાં પડતા જતા
હોય તો તે કોઢ નથી, એમ સમજવું કે ચામડી પર કરોળિયો થયો છે
અને એ માંણસ શુદ્ધ છે. 40 "જો કોઈ વ્યક્તિના માંથાના વાળ ખરી
પડયા હોય અને માંથાના પાછળના ભાગમાં તેને ટાલ પડી હોય તો
પણ તે શુદ્ધ છે, કોઢી નથી. 41 જો માંથાના આગળના ભાગમાંથી વાળ
ખરી ગયા હોય, તો આગળના ભાગમાં માંથા પર ટાલ પડે છતાં તે શુદ્ધ
છે તેને કોઢ નથી એમ કહેવાય. 42 પરંતુ માંથા પરની આગળ કે પાછ-
ળની ટાલમાં રતાશ પડતા સફેદ ડાઘ હોય, તો કોઢની શરૂઆત થઈ છે
એમ મનાય. 43 યાજકે તેને તપાસવો અને પાછળની કે કપાળ પરની
ટાલમાંનો ડાઘ રતાશ પડતો સફેદ હોય તો તેને કોઢ થયો છે, ને તે
અશુદ્ધ છે. 44 યાજકે તેને માંથામાં થયેલા રોગને કારણે અચૂક અશુદ્ધ
જાહેર કરવો. 45 "જે વ્યક્તિને કોઢ થયો હોય તેણે પોતાનાં વસ્ત્રો ફાડ-
વાં, પોતાના વાળ વિખરાયેલા રહેવા દેવા, ઉપરનો હોઠ સુધીનો ભાગ
ઢાંકી દેવો. અને બૂમો પાડવી, હું અશુદ્ધ છું, હું કોઢી છું. 46 જયાં સુધી તે
વ્યક્તિમાં રોગ રહે ત્યાં સુધી તે અશુદ્ધ ગણાય, અને એણે છાવણીની
બહાર નિવાસમાં રહેવું. 47 "જો ઊનના કે શણના કપડા ઉપર, 48 અથ-
વા શણના કે ઊનના તાણા કે વાણામાં અથવા ચામડામાં કે ચામડાની
બનાવેલી કોઈ વસ્તુમાં ફુગનો ડાઘ હોય, 49 તે લીલાશ પડતો કે રતાશ
પડતો હોય, તો તેને તપાસ માંટે યાજક પાસે લઈ જવો. 50 યાજકે સાત
દિવસ સુધી ડાઘવાળી વસ્તુને તપાસીને જુદી રાખવી. 51 અને સાતમે
દિવસે તેણે ફરીથી તે તપાસવી અને જો ડાઘ ફેલાયેલા હોય, તો એ
ભયાનક ફૂગ છે. તે અશુદ્ધ છે. 52 તેણે એ ફૂગવાળી વસ્તુ બાળી નાખ-
વી જોઈએ. કારણ એને ભયાનક ફૂગનો ચેપ લાગ્યો હોય છે, તેથી તેનો
અગ્નિમાં બાળીને નાશ કરવો જોઈએ. પછી તે ચામડુ હોય કે કપડું પછી
કાપડ વણેલુ અથવા ગુંથેલુ હોય અને ચામડુ તે કામે વપરાયેલુ હોય તે-
નાથી કોઈ ફરક નથી પડતો. 53 "પરંતુ સાતમે દિવસે યાજક તેની
તપાસ કરે ત્યારે ડાઘ ફેલાયેલો ન જણાય. 54 યાજકે તે વસ્તુને ધોઈ
નાખવા માંટે આજ્ઞા કરવી જોઈએ. અને તેને બીજા સાત દિવસ જુદી રા-
ખવી. 55 પછી તે સમય બાદ યાજકે ફરી જોવું, જો ડાઘનો રંગ ન બદ-
લાય કે તે ના ફેલાય તો પણ તે ફૂગ છે, અને તેથી તે અશુદ્ધ છે. તે
વસ્તુને ચેપ લાગેલો હોવાથી તેને બાળી નાખીને નાશ કરવો જોઈએ.
56 "પણ યાજકને લાગે કે ધોયા પછી ડાઘ ઝાખો થયો છે, તો તેણે તે
વસ્તુનો ડાઘવાળો, તો તેણે તે વસ્તુનો ડાઘવાળો ભાગ તે વસ્ત્ર હોય કે
પછી ચામડાની બનાવેલી વસ્તુ હોય કે બીજી કોઈ વસ્તુ હોય, તેને તા-
ણાવાણામાંથી ફાડી નાખવી. 57 છતાં જો વસ્ત્રમાં તાણાવાણામાં કે
ચામડાની વસ્તુમાં ફરીથી ડાઘ દેખાય તો ચેપ નવેસરથી ફેલાય છે એમ
માંનવું અને જેને ચેપ લાગ્યો હોય તે વસ્તુને અગ્નિમાં બાળી મૂકવી.
58 જો વસ્ત્ર, કે તાણાવાણો કે ચામડાની કોઈ પણ વસ્તુ ધોવાથી ડાઘ
જતો રહે તો તેને બીજી વખત ધોઈ નાખવી, એટલે તે શુદ્ધ થઈ જશે
અને ફરી એક વાર તેને ઉપયોગમાં લઈ શકાશે." 59 ઊનના કે શણનાં
વસ્ત્રો પર તાણાવાણામાંના વાણામાંના કે ચામડાની કોઈ પણ વસ્તુ
ઉપર ફૂંગનો ડાઘ પડયો હોય તો તેને માંટે આ નિયમ છે, એને અનુસ-
રીને વસ્તુને શુદ્ધ કે અશુદ્ધ જાહેર કરવી, વળી ક્યારે જાહેર કરવી અને
કયારે નહિ, તે આ નિયમને આધારે નક્કી કરવું.

14 યહોવાએ મૂસાને કહ્યું, 2 "જે કોઈ કોઢમાંથી મુક્ત થયા છે તે-
ઓની શુદ્ધિની વિધિ આ પ્રમાંણે છે. 3 યાજકે છાવણીની બહાર
જઈને તેની તપાસ કરવી. યાજકને ખબર પડે કે કોઢનો રોગ મટી ગયો
છે, 4 તો યાજકે જેની શુદ્ધિ કરવાની છે તે વ્યક્તિને અશુદ્ધ નહિ એવાં
બે જીવતાં પક્ષીઓ, દેવદારનું થોડું લાકડું, કિરમજી રંગનું કાપડ અને
ઝુફો લાવવાને આદેશ આપવો. 5 પછી યાજકે એક પક્ષીને વહેતાં પા-
ણીની ઉપર રાખેલા માંટીના વાસણમાં વધેરવાની આજ્ઞા કરવી.
6 ત્યાર પછી તેણે બીજું પંખી. દેવદારનું લાકડું, કિરમજી કાપડ અને ઝુ-
ફો લઈને ઝરાના પાણી ઉપર વધેરેલા પંખીના લોહીમાં બોળવાં. 7 જે
વ્યક્તિની કોઢમાંથી શુદ્ધિ કરવાની હોય તેના પર તેણે 7 વાર લોહી
છાંટી તેને શુદ્ધ કરવો, અને પેલા જીવતા પંખીને તેણે ખુલ્લા ખેતરમાં
છોડી મૂકવું. 8 "જે માંણસ સાજો થયો છે તેને પોતાના વસ્ત્રો ધોઈ ના-
ખવા. પોતાના માંથે મૂંડન કરાવવું અને પાણીમાં સ્નાન કરવું, એટલે તે
શુદ્ધ થયો ગણાય, અને છાવણીમાં રહેવા માંટે પાછો ફરે. પરંતુ સાત દિ-
વસ પર્યંત તેણે પોતાના તંબુની બહાર રહેવું. 9 સાતમે દિવસે તેણે
માંથાના, દાઢીના અને પોતાનાં ભમર તેમજ શરીર પરના બીજા બધા
વાળ મૂંડાવી નાખવા. વસ્ત્રો ધોઈ નાખવાં અને પાણીમાં સ્નાન કરવું,
પછી તે કોઢથી સંપૂર્ણ રીતે સાજે થયો એમ જાહેર થાય. 10 "આઠમે દિ-
વસે તેણે એક વરસની ઉમરના બે ખોડખાંપણ વગરનાં નરઘેટાં, એક
વરસની ખોડખાંપણ વગરની ઘેટી, 24 વાટકા મોયેલા લોટનો ખાદ્યા-
ર્પણ અને પા કિલો તેલ લઈને મુલાકાતમંડપ પર જવું. 11 શુદ્ધિની વિ-
ધિ કરાવનાર યાજકે જેની શુદ્ધિ કરવાની છે તે વ્યક્તિને તેના અર્પણો
સાથે મુલાકાતમંડપના પ્રવેશદ્વારે યહોવા સમક્ષ રજૂ કરવો. 12 ત્યાર
પછી તેણે એક ઘેટો લઈને પા કિલો તેલ સાથે દોષાર્થાર્પણને આરત્ય-
ર્પણ તરીકે યહોવાને ધરાવવો. 13 ત્યાર પછી તેણે એ ઘેટાના બચ્ચાંને
જે પવિત્ર સ્થળે પાપાર્થાર્પણને અને દહનાર્પણના હલવાનને વધેરવા-
માં આવે છે ત્યાં વધેરવો. પાપાર્થાર્પણની જેમ જ દોષાર્થાર્પણ યાજકને
ખોરાક માંટે આપી દેવું. તે પરમપવિત્ર અર્પણ છે. 14 "પછી યાજકે આ
દોષાર્થાર્પણનું લોહી લઈને જે વ્યક્તિ શુદ્ધ થયો છે તેના જમણા કાનની
બૂટ પર, જમણા હાથના અંગૂઠા પર તથા જમણા પગના અંગૂઠા પર
લગાવવું. 15 પછી યાજકે સાથે લાવેલા તેલમાંથી થોડું પોતાના ડાબા
હાથના પંજા પર રેડવું. 16 પછી તેણે જમણા હાથની આંગળી તેમાં બો-
ળવી અને યહોવાની સમક્ષ સાત વખત એ તેલનો છંટકાવ કરવો.
17 ત્યારબાદ હથેલીમાં રહેલા તેલમાંથી થોડું લઈને જેની શુદ્ધિ કરવાની
હોય તે વ્યક્તિના જમણા કાનની બૂટે અને જમણા હાથ અને જમણા
પગના અંગૂઠા પર જયાં પહેલાં દોષાર્થાર્પણનું લોહી લગાડયું હતું ત્યાં
લગાડવું. 18 પછી યાજકના હાથમાંનું બાકીનું તેલ તેણે જે વ્યક્તિની
શુદ્ધિ કરવી હોય તેના માંથા પર લગાડીને યહોવા સમક્ષ તેનીપ્રાયશ્ચિત-
વિધિ કરવી. 19 "ત્યાર પછી યાજકે પાપાર્થાર્પણ ધરાવવો અને જેની
શુદ્ધિ કરવાની હોય, તે માંણસની પ્રાયશ્ચિતવિધિ કરવી અને ત્યાર પછી
તે દહનાર્પણના પ્રાણીને માંરી નાખવું. 20 પછી યાજકે વેદીની અગ્નિ પર
દહનાર્પણ તથા ખાદ્યાર્પણ બાળવા અને તે વ્યક્તિ માંટે પ્રાયશ્ચિત કર-
વું, અને ત્યારે તે વ્યક્તિ શુદ્ધ થઈ જશે. 21 "જો તે માંણસ ગરીબ હોય
અને આ બધું ધરાવી શકે એમ ના હોય, તો તેણે માંત્ર એક જ ઘેટો દો-
ષાર્થાર્પણ તરીકે લાવવો. યાજકે તેને તે વ્યક્તિના પ્રાયશ્ચિત માંટે આર-
તીમાં ધરાવવો અને તે તેને શુદ્ધ કરશે. તેણે ખાદ્યાર્પણ તરીકે ફકત તેલ-
થી મોંયેલો 8 વાટકા લોટ અને પા કિલો તેલ લાવવું. 22 તથા બે હોલાં
કે બે કબૂતરનાં બચ્ચાં, જે તે લાવી શકે તેમ હોય તે લાવવાં, એક પા-
પાર્થાર્પણ માંટે અને બીજું દહનાર્પણ માંટે. 23 "આઠમે દિવસે યાજક
પાસે મુલાકાત મંડપના પ્રવેશદ્વાર આગળ તે યહોવાની સમક્ષ પોતાના
શુદ્ધિકરણની વિધિને માંટે આ પક્ષીઓને સાથે લાવે. 24 યાજક ઘેટાનાં
બચ્ચાંને દોષાર્થાર્પણ તરીકે લે અને તેલ પણ લે અને વેદી આગળ
યહોવાની સમક્ષ આરત્યર્પણ કરે. 25 ત્યારબાદ દોષાર્થાર્પણ માંટેના ઘે-
ટાનો વધ કરે અને તેનું થોડું લોહી લઈ તે વ્યક્તિના જમણા કાનની બૂ-
ટે અને તેના જમણા હાથના અને જમણા પગના અંગૂઠે લગાવે.
26 ત્યાર પછી યાજકે થોડું તેલ પોતાની ડાબી હથેલીમાં રેડવું. 27 અને
પોતાના જમણા હાથની આંગળી વડે તેમાંનુ થોડું સાત વખત યહોવા-
ની સમક્ષ છાંટવું. 28 તે પછી દોષાર્થાર્પણનું લોહી લગાડયું હતું તે જ
જગ્યાએ યાજકે પેલા માંણસના જમણા કાનની બૂટ પર અને જમણા
હાથના અંગૂઠા પર અને જમણા પગના અંગૂઠા પર તેલ લગાવવું.
29 અને હાથમાં બાકી રહેલું તેલ જે માંણસની શુદ્ધિ કરવાની હોય તેના
માંથા પર રેડવું અને યહોવા સમક્ષ તેણે શુદ્ધિકરણ કરવો. 30 પછી તે
માંણસે એક હોલો કે કબૂતરનું બચ્ચું ચઢાવવું, 31 જે તેને પરવડતું હોય,
યાજકને પાપાર્થાર્પણ તરીકે અને બીજું દહનાર્પણ તરીકે ખાદ્યાર્પણની
સાથે વેદી પરચઢાવવું. અને યાજક યહોવાની સમક્ષ તે માંણસને માંટે

પ્રાયશ્ચિત કરે અને તે શુદ્ધ બની જશે." 32 કોઢમાંથી સાજા થયેલા જે
માંણસનું શુદ્ધિ માંટે જરૂરી અર્પણો લાવવા અશક્ત હોય તેને માંટે આ
નિયમ છે." 33 પછી યહોવાએ મૂસા અને હારુનને કહ્યું, 34 "મેં તમને
આપેલા કનાન દેશમાં જયારે તમે આવી પહોંચો અને હું ત્યાં કોઈ ઘરમાં
કોઢનો રોગ મૂકું; 35 તો ઘરનો માંલિક યાજક પાસે આવીને માંહિતી
આપે, 'માંરા ઘરમાં કોઢ હોય એવું મને લાગે છે!" 36 "યાજકે તપાસ કર-
વા જતાં પહેલાં ઘર ખાલી કરવા જણાવવું. નહિ તો ઘરમાંનું બધું જ
અશુદ્ધ ગણાશે. 37 ત્યાર પછી યાજકે તપાસ કરવા ઘરની અંદર જવું.
તપાસ કરતાં જો તેને ખબર પડે કે ભીંત પરના લીલાશ કે રતાશ પડતાં
કાણા ભીંતમાં ઊંડા ઊતરતાં જાય છે. 38 તો તેણે ઘરમાંથી બહાર નીક-
ળી સાત દિવસ માંટે ઘરને બંધ કરી દેવું. 39 "સાતમે દિવસે યાજકે પા-
છા આવીને ફરી તપાસ કરવી, જો તે કાણાઓ ભીંતમાં વધારે પ્રસર્યા
હોય, 40 તો યાજકે ભીંતનામ ફૂગવાળા ભાગને કાઢી નાખીને તેને શહેરે-
ની બહાર કોઈ અશુદ્ધ જગ્યાએ ફેંકી દેવા માંલિકને આદેશ કરવો.
41 ત્યારબાદ ઘરની અંદરની ભીંતોને ખોતરી નાખવાની આજ્ઞા તેણે
આપવી અને ખોતરી કાઢેલું બધું જ શહેરની બહાર કોઈ અશુદ્ધ જગ્યાએ
ઠાલવી આવવા જણાવવું. 42 જે જગ્યા ખાલી પડી હોય ત્યાં બીજા
પથ્થરો લાવીને ગોઠવવા અને ચૂનાનો કોલ પણ નવો જ વાપરવો તથા
ઘરને નવેસરથી પ્લાસ્ટર કરાવવું. 43 "જો પથ્થરો કાઢી નાંખ્યા પછી
અને ઘરને નવેસરથી પ્લાસ્ટર કર્યા પછી જો ફરીથી ફૂગ દેખાય, 44 તો
યાજકે ફરીથી આવીને ઘરની તપાસ કરવી. અને તેને ખબર પડે કે ફૂગ
પ્રસર્યું છે તો તે જલદી પ્રસરે તેવો ચેપ છે અને તે ઘર અશુદ્ધ છે. 45 પછી
તે ઘરને તોડી પાડવાની આજ્ઞા આપવી. અને એ ઘરના પથ્થરો, લાક-
ડાં અને ગારો બધું શહેરની બહાર કોઈ અશુદ્ધ જગ્યાએ લઈ જવું. 46 એ
ઘર બંધ રહ્યું હોય તે દરમ્યાન કોઈ ઘરમાં પ્રવેશે તો તે સાંજ સુધી અશુ-
દ્ધ ગણાય. 47 જો કોઈ વ્યક્તિ તેમાં સૂઈ જાય અથવા જમે તો તેણે પો-
તાનાં વસ્ત્રો ધોઈ નાખવાં. 48 પરંતુ યાજક ઘરમાં જઈને તપાસે ત્યારે
તેને ખબર પડે કે નવેસરથી પ્લાસ્ટર કર્યા પછી ફૂગ ફેલાયેલો નથી, તો
તે ઘરને તે શુદ્ધ જાહેર કરે કે ફૂગનો ચેપ હવે ઘરમાં નથી. 49 "મકાનની
શુદ્ધિ માંટે તેણે બે નાનાં પંખીઓ, દેવદારનું લાકડું, લાલ રંગના કાપડ-
નો ટુકડો અને ઝુફો લેવાં. 50 એક પંખીને તેણે ઝરાના વહેતાં પાણી
ઉપર માંટીના ઉપર વધેરવું. 51 ત્યાર પછી દેવદારનું લાકડું, ઝુફો અને
કિરમજી રંગનું કાપડ લઈ જીવતા પંખી સાથે વધેરેલા પંખીના લોહીમાં
અને ઝરાના વહેતાં પાણીમાં બોળવાં અને સાત વખત ઘર ઉપર છંટ-
કાવ કરવો. 52 આ પ્રમાંણે તેણે પંખીનું લોહી, ઝરાનું પાણી, જીવતું
પંખી, દેવદારનું લાકડું, ઝુફો અને કિરમજી કાપડ, એનાથી ઘરની શુદ્ધિ
કરવી. 53 ત્યારબાદ યાજકે શહેરની બહાર ખુલ્લા મેદાનમાં બીજા પક્ષીને
છુટ્ટુ કરી ઉડી જવા દેવું. આ રીતે યાજક ઘરને શુદ્ધ કરશે અને ઘર સાફ
થશે." 54 બધી જ જાતના કોઢ માંટે સોજા-ચાંદાં-ગૂમડાં માંટે, કપડાંને
તેમજ ઘરમાં લાગેલા કોઢના રોગ માંટે આ નિયમો છેઃ 55 વસ્ત્રોમાં કે
ઘરમાં, 56 કોઈની ચામડીના સોજામાં કે દાઝવાથી થયેલા ઘામાં કે
ચાંદામાં; 57 આ રીતે તમે જાણી શકશો કે સાચે જ તે કોઢ છે કે નહિ, તે
માંટે જ આ નિયમો આપવામાં આવેલ છે, કોઢની બાબતમાં કોઈ અશુ-
દ્ધ ક્યારે કહેવાય, ને શુદ્ધ ક્યારે કહેવાય, તેની સમજ માંટે આ નિયમો
છે.

15 યહોવાએ મૂસા તથા હારુનને કહ્યું, 2 "ઇસ્રાએલના લોકોને
આ કહો; જયારે કોઈ માંણસને તેના શરીરમાંથી સ્રાવ થતો હોય
ત્યારે તે માંણસ અશુદ્ધ ગણાય. 3 સ્રાવ ચાલુ હોય ત્યારે અને તેમાંથી
સાજા થાય પછી પણ થોડા સમય માંટે તે અશુદ્ધ ગણાય. 4 "સ્રાવવા-
ળો માંણસ જે પથારીમાં સૂએ કે બેસે તે પણ અશુદ્ધ ગણાય. 5 તેથી જે
કોઈ વ્યક્તિ તે માંણસની પથારીને સ્પર્શ કરે તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ
નાખવાં, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ રહેશે. 6 વળી
અશુદ્ધ વ્યક્તિ જે જગ્યા પર બેઠી હતી તે જગ્યા પર કોઈ બેસે, તો તે
પણ સાંજ સુધી અશુદ્ધ ગણાય. તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં અને
સ્નાન કરવું. 7 સ્રાવવાળા પુરુષને જે કોઈ સ્પર્શ કરે તો તેણે પોતાના
વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ
રહેશે. 8 જો સ્રાવવાળો માંણસ કોઈના પર થૂંકે તો તે માંણસે પોતાનાં
વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ
રહેશે, 9 સ્રાવવાળો માંણસ જે જીન પર બેસીને સવારી કરે તે પણ
અશુદ્ધ ગણાય. 10 સ્રાવવાળો માંણસ જયાં બેઠો હોય તે વસ્તુને જો
કોઈ સ્પર્શ કરે તો સાંજ સુધી તે અશુદ્ધ ગણાય, અને જે કોઈ તે વસ્તુને
ઉપાડે તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં પાણીથી સ્નાન કરવું અને
સાંજ સુધી તે અશુદ્ધ ગણાય. 11 સ્રાવવાળો માંણસ પોતાના હાથ ધોયા
વિના જો કોઈ વ્યક્તિને અડે તો તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવા, પા-
ણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ ગણાય. 12 "અશુદ્ધ વ્ય-
ક્તિ માંટીના વાસણને સ્પર્શ કરે તો તે વાસણને ફોડી નાખવું, અને લા-
કડાનું વાસણ હોય તો પાણીથી વીછળી નાખવું જોઈએ. 13 "જયારે તે
વ્યક્તિનો સ્રાવ થોભી જાય ત્યારે તેણે શુદ્ધિકરણની વિધિ માંટે સાત
દિવસની હાર જોવી. અને પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, અને ઝરણાનાં
પાણીમાં સ્નાન કરવું, ત્યાર પછી તે શુદ્ધ ગણાશે. 14 તે વ્યક્તિએ
આઠમે દિવસે તેણે બે હોલા અથવા કબૂતરનાં બે બચ્ચાં લાવીને મુલા-
કાતમંડપના પ્રવેશદ્વાર યહોવા સમક્ષ આવીને યાજકને આપવા.
15 યાજકોમાંના એકને પાપાર્થાર્પણ તરીકે અને બીજાને દહનાર્પણ તરી-
કે યહોવાને ધરાવીને સ્રાવવાળા માંણસની શુદ્ધિ માંટે યહોવા સમક્ષ
પ્રાયશ્ચિત કરે. 16 "જો કોઈ પુરુષને વીર્યસ્રાવ થાય, તે તેણે આખા
શરીર પર પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ ગણાય.
17 જે કોઈ વસ્ત્રો કે ચામડા પર વીર્ય પડ્યું હોય તે ધોઈ નાખવું. સાંજ
સુધી તે અશુદ્ધ ગણાય. 18 જે કોઈ સ્ત્રી પુરુષે જાતીય સંબંધ કર્યો હોય
અને પુરુષને વીર્ય સ્રાવ થયો હોય, તો તેમણે બંનેએ પાણીથી સ્નાન
કરવું અને સાંજ સુધી તેઓ અશુદ્ધ ગણાય. 19 "સ્ત્રી માંસિક ઋતુમાં
હોય તો તે સાત દિવસ સુધી અશુદ્ધ ગણાય અને તે દિવસો દરમ્યાન જે
કોઈ તેને સ્પર્શ કરે તે સાંજ સુધી અશુદ્ધ ગણાય. 20 તે અશુદ્ધ હોય
ત્યારે એ જેના પર સૂતી હોય કે બેઠી હોય તે અશુદ્ધ ગણાય. 21 જે કોઈ
વ્યકિત તેની પથારીને સ્પર્શ કરે તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં.
22 એ સ્ત્રી જેના પર બેઠી હોય એવી કોઈ પણ વસ્તુને જો કોઈ સ્પર્શ કરે
તો તેણે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું, સાંજ સુધી
તે અશુદ્ધ ગણાય. 23 તે સ્ત્રી જેના પર બેઠી હોય તે પથારી અથવા
આસન પરની કોઈ વસ્તુને જો કોઈ સ્પર્શે તો પોતાનાં વસ્ત્રો ધોઈ નાખે
અને સ્નાન કરે. સાંજ સુધી તે અશુદ્ધ ગણાય. 24 "આ સમય દરમ્યાન
જો કોઈ પુરુષ તેની સાથે જાતીય સંબંધ કરે, તો તેના ઋતુકાળની
અશુદ્ધિ તેને પણ લાગે અને તે સાત દિવસ સુધી અશુદ્ધ ગણાય, તે જે
પથારીમાં સૂએ તે પણ અશુદ્ધ ગણાય. 25 25 "જો કોઈ સ્ત્રીને ઋતુ-
કાળ સિવાય ઘણા દિવસો સુધી રક્તસ્રાવ થાય અથવા તેના ઋતુકાળ
ઉપરાંત લાંબા સમય સુધી તેનો અટકાવ ચાલુ રહે, તો જયાં સુધી અટ-
કાવ આવે ત્યાં સુધી તે ઋતુકાળની જેમ અશુદ્ધ ગણાય. 26 એ સમય
દરમ્યાન પણ તે જે પથારીમાં સૂએ તે તેના ઋતુકાળના સામાંન્ય દિવ-
સોની જેમ અશુદ્ધ ગણાય. અને તે જયાં બેસે તે જગ્યા પણ અશુદ્ધ
ગણાય. 27 જે કોઈ તે પથારી કે આસનને અડે તે અશુદ્ધ ગણાય. તેણે
પોતાનાં કપડાં ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું અને સાજ સુધી
અશુદ્ધ ગણાય. 28 સ્રાવ બંધ થયા પછી સાત દિવસ પછી તે શુદ્ધ
ગણાય. 29 આઠમે દિવસે તેણે બે હોલાં અથવા કબૂતરનાં બચ્ચાં લા-
વીને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર પાસે યાજકને આપવાં. 30 યાજકે તે-
માંના એકને પાપાર્થાર્પણ માંટે અને બીજાને દહનાર્પણ તરીકે યહોવાને
ધરાવવા અને તેણીના લોહીના સ્રાવની શુદ્ધિ માંટે પ્રાયશ્ચિત કરે.
31 "આ રીતે ઇસ્રાએલના લોકોને અશુદ્ધિની બાબતમાં ચેતવવા. તમે તે-
ઓને ચેતવશો નહિ, તો તેઓ માંરો પવિત્રમંડપ અશુદ્ધ કરશે, અને તે-
ઓને મરવું પડશે." 32 જે કોઈ પુરુષને સ્રાવ હોય તો તે અશુદ્ધ છે. સ્રાવ
અથવા વીર્યપાત તે પુરુષને અશુદ્ધ કરે છે. 33 ઋતુસ્રાવમાં સ્ત્રી અશુદ્ધ
હોય છે તેથી ઋતુમતી સ્ત્રી સાથે જાતીય સંબંધ કરનાર પુરુષ પણ
અશુદ્ધ છે. શરીરના સ્રાવથી પીડાતા લોકો માંટેના નિયમો ઉપર પ્રમાંણે
છે."

16 યહોવા સમક્ષ ધૂપ અર્પણ કરતી વખતે હારુનના બે પુત્રો
અવસાન પામ્યા. 2 પછી યહોવાએ મૂસાને કહ્યું, "તારા ભાઈ
હારુનને ચેતવણી આપ કે, તેણે પરમ પવિત્રસ્થાનમાં એટલે કે તંબુના
પડદાની અંદરની બાજુએ પવિત્ર કોશ પરના ઢાંકણ સમક્ષ ઠરાવેલા
સમયે જ પ્રવેશ કરવો, નહિ તો તેનું મૃત્યુ થશે. કારણ કે તે ઢાંકણના

પરના ભાગમાં વાદળરૂપે હું દર્શન દઉ છું. 3 “ત્યાં તેને પ્રવેશ કરવા
માંટેની શરતો: તેણે પાપાર્થાર્પણ માંટે એક વાછરડો તથા દહનાર્પણ
તરીકે એક ઘેટો લાવવો અને પછી જ પરમ પવિત્રસ્થાનમાં પ્રવેશ કર-
વો. 4 તેણે શણનો પવિત્ર અંગરખો અને પાયજામો પહેરવો તથા કમરે
શણનો કમરપટો બાંધવો અને માંથે શણનો ફેંટો બાંધવો. આ બધાં
પવિત્ર વસ્ત્રો છે. તેથી એ પહેરતાં પહેલાં તેણે પાણીથી સ્નાન કરવું.
5 “ઇસ્રાએલી પ્રજાએ તેઓના પાપાર્થાર્પણ માંટે બે બકરા તથા દહના-
ર્પણ તરીકે એક ઘેટો આપવો. 6 તેણે પોતાના પાપાર્થાર્પણ માંટે યહો-
વાની સમક્ષ વાછરડાને વધેરવું અને પોતાના અને પોતાના પરિવારના
પાપની પ્રાયશ્ચિતવિધિ કરવી. 7 “ત્યાર પછી તેણે પેલા બે બકરાઓ
લઈને મુલાકાત મંડપના પ્રવેશદ્વાર આગળ યહોવા સમક્ષ રજૂ કરવા.
8 પછી તેણે ચિઠ્ઠી ઉપાડીને એ બકરામાંથી એક યહોવાને માંટે અને
એક અઝાઝેલ માંટે નક્કી કરવો. 9 “યહોવા માંટે નક્કી થયેલ બકરો તે-
ણે પાપાર્થાર્પણ તરીકે ચઢાવવો. 10 પરંતુ તેણે અઝાઝેલ માંટે પોતે
પસંદ કરેલા બીજા બકરાને લાવવો અને તેને જીવતો યહોવાની સમક્ષ
મૂકવો, પછી તેની પ્રાયશ્ચિતવિધિ કરીને તેને બીજા લોકોના પાપોને
ધરનાર તરીકે અઝાઝેલ પાસે અરણ્યમાં મોકલવો. 11 “હારુનને પોતા-
ના અને પોતાના પરિવારના પાપાર્થાર્પણને માંટે વાછરડો ધરાવીને પ્રા-
યશ્ચિત વિધિ કરવો અને તેને વધેરવો. 12 પછી તેણે એક ધૂપદાનીમાં
યહોવા આગળની વેદીમાંથી સળગતા અંગારા લેવા, અને બે મૂઠી ઝી-
ણો દળેલો ધૂપ લેવો, અને તેને પડદાની પાછળ ઓરડીમાં લઈ જવાં.
13 પછી યહોવા સમક્ષ અંગારા ઉપર ધૂપ નાખવો જેથી કરાર ઉપરનું
ઢાંકણ ધુમાંડાથી ઢંકાઈ જશે અને પોતે તેને જોવા નહિ પામે, અને મરી
નહિ જાય. 14 ત્યાર પછી તેણે વાછરડાના લોહીમાંથી થોડું લોહી ઢાંક-
ણની પૂર્વ બાજુએ આંગળી વતી છાંટવું અને ઢાંકણની સામે તેણે
આંગળી વતી સાત વાર લોહીના છાંટા નાખવા. 15 “ત્યાર પછી તેણે
લોકોના પાપાર્થાર્પણના બકરાનું બલિદાન કરવું અને તેનું લોહી પડદા-
ની અંદરની બાજુ લાવવું અને વાછરડાના લોહીની જેમ મંજૂષાના
ઢાંકણ ઉપર અને તેની સામે છાંટવું. 16 આ રીતે તેણે ઇસ્રાએલીઓની
શુદ્ધિથી તેમના અપરાધો અને તેમનાં પાપોથી પરમ પવિત્રસ્થાન ને મુ-
કત કરવા; પ્રાયશ્ચિતવિધિ કરવી, એજ રીતે તેણે ઇસ્રાએલીઓની
વસ્તીની વચમાં આવેલો હોવાને કારણે મુલાકાતમંડપને લાગેલી અશુ-
દ્ધિઓની શુદ્ધિ માંટે પ્રાયશ્ચિતવિધિ કરવી. 17 “હારુન પ્રાયશ્ચિત કરવા
માંટે પરમ પવિત્ર સ્થાનમાં દાખલ થાય ત્યારથી તે પાછો આવે ત્યાં સુ-
ધી કોઈને મુલાકાતમંડપમાં રહેવા ન દેવો. પોતાના માંટે, પોતાના પરિ-
વારને માંટે તેમજ સમગ્ર ઇસ્રાએલી સમાંજ માંટે પ્રાયશ્ચિત વિધિ પતા-
વ્યા બાદ 18 બહાર આવીને તેણે યહોવાની સમક્ષ વેદી પાસે જઈને તે-
નો પણ પ્રાયશ્ચિત વિધિ કરવો. તેણે વાછરડાના અને બકરાના લોહી-
માંથી થોડું થોડું લઈને વેદીનાં ટોચકાંઓને લગાડવું 19 એ લોહીમાંથી
આંગળી વડે તેણે વેદી ઉપર સાત વખત છાંટા નાખવા, આ રીતે તેણે
ઇસ્રાએલીઓની અશુદ્ધિથી મુકત કરી તેને પવિત્ર કરવી. 20 “પરમ
પવિત્ર સ્થાનની, મુલાકાતમંડપની અને વેદીની શુદ્ધિ પતી ગયા પછી
તેણે જીવતો રહેલો બકરો લાવવો. 21 અને પછી હારુનને તેના માંથા
પર હાથ મૂકીને ઇસ્રાએલીઓના બધા દોષ, બધા અપરાધ, અને બધાં
પાપ કબૂલ કરવાં અને તે બધાં એ બકરાંને માંથે નાખવાં, અને તે પછી
તેણે આ કામ માંટે નક્કી કરેલા માંણસ સાથે તે બકરાને રણમાં મોકલી
આપવો. 22 પછી તે બકરો લોકોનાં સર્વ પાપ, જે જગ્યાએ કોઈ રહેતું ના
હોય તેવી નિર્જન જગ્યાએ લઈ જશે, અને આ માંણસ તેને નિર્જન અર-
ણ્યમાં છોડી દેશે. 23 “હારુનને બકરાને નિર્જન અરણ્યમાં છોડી દીધા
બાદ મુલાકાતમંડપમાં પાછા આવીને પવિત્રસ્થાનમાં દાખલ થતી વખ-
તે ધારણ કરેલાં શણનાં વસ્ત્રો કાઢી નાખવાં, અને ત્યાં જ રહેવા દેવા.
24 અને એક પવિત્ર સ્થાનમાં સ્નાન કરીને પોતાનાં બીજાં વસ્ત્રો ધારણ
કરીને બહાર જઈ પોતાના અને લોકોના દહનાર્પણ અર્પણ કરવા, આ
રીતે તે પોતાને અને લોકોને શુદ્ધ કરશે. 25 તેણે પાપાર્થાર્પણની ચરબી
વેદીમાં હોમી દેવી. 26 “અઝાઝેલ માંટેના બકરાને લઈ જનાર માંણસે
પોતાનાં કપડાં ધોઈ નાખવાં અને સ્નાન કરવું, ત્યાર પછી જ તે છાવ-
ણીમાં પાછો આવી શકે. 27 “પછી પાપાર્થાર્પણ તરીકે ધરાવેલા વાછર-
ડાને અને બકરાંને-જેમનું લોહી પ્રાયશ્ચિતવિધિ માંટે પવિત્ર સ્થાનમાં
લઈ જવામાં આવ્યું હતું, તેમને છાવણી બહાર લઈ જવા અને ચામડાં,
માંસ અને આંતરડાં સહિત બાળી નાખવાં. 28 આ બધું બાળનાર માંણ-
સે પોતાનાં વસ્ત્રો ધોઈ નાખવાં, સ્નાન કરવું અને પછી છાવણીમાં પા-
છા ફરવું. 29 “નીચે દર્શાવેલ નિયમ તમાંરે સદાય પાળવાનો છે: તમાંરે
તથા તમાંરી મધ્યે વસતા વિદેશીઓએ સાતમાં મહિનાના દશમાં દિવસે
ઉપવાસ કરવો અને કોઈ કામ કરવું નહિ. 30 તે દિવસે તમને શુદ્ધ કરવા
માંટે પ્રાયશ્ચિત વિધિ કરવામાં આવશે; તમાંરે યહોવાની દ્રષ્ટિએ બધાં
પાપોથી શુદ્ધ થવાનું છે. 31 તમાંરા માંટે તે બહુ ખાસ વિશ્રામનો દિવસ
છે. તમાંરે ઉપવાસ કરવાનો છે અને કંઈ કામ કરવાનું નથી. આ કાયમ
માંટેનો નિયમ છે. 32 “આ પ્રાયશ્ચિતવિધિ મુખ્ય યાજકે જે તેના પિતાના
સ્થાને વિધિપૂર્વક દીક્ષિત કરવામાં આવ્યો હોય તેણે કરવો, તે યાજકે
પવિત્ર શણના કપડા પહેરવા. 33 તેણે શણનાં પવિત્ર વસ્ત્રો ધારણ
કરવાં અને પરમ પવિત્રસ્થાનને માંટે, મુલાકાતમંડપને માંટે, વેદી માંટે,
યાજકો માંટે, તથા લોકોના સમગ્ર સમાંજ માંટે પ્રાયશ્ચિતવિધિ કરવો.
34 આ કાયમી નિયમ છે, પ્રતિવર્ષ આ રીતે એક વખત ઇસ્રાએલીઓનાં
પાપો માંટે પ્રાયશ્ચિત કરવું.”યહોવાએ મૂસાને આપેલી આ સર્વ આજ્ઞાનો
હારુને અમલ કર્યો.

17 યહોવાએ મૂસાને કહ્યું, 2 “તું હારુનને તેના પુત્રોને તેમજ બધા
ઇસ્રાએલીઓને આ પ્રમાંણે જણાવ: યહોવાએ આ મુજબ જણા-
વ્યું છે. 3 જો કોઈ ઇસ્રાએલી છાવણીમાં અથવા છાવણીની બહાર
બળદ, હલવાન અથવા બકરાનો વધ કરશે, 4 પરંતુ યહોવાહના માંડ-
વાની સામે યહોવાહને સારૂ અર્પણ ચઢાવવા માંટે મુલાકાતમંડપના
દ્વારની પાસે તેને ન લાવે, તે પુરૂષને માથે રક્તનો દોષ બેસે; તેણે તો
રક્ત વહેવડાવ્યું છે; તે પુરુષ પોતાના લૂ મધ્યેથી કાપી નંખાય; 5 આ
નિમય આપવામાં આવ્યો જેથી ઇસ્રાએલીઓ ખુલ્લા મેદાનોમાં વધેરેલા
પશુઓ યહોવાને ભેટ અર્પણ કરવા લાવશે. તેઓએ તેને મુલાકાતમંડ-
પના પ્રવેશદ્વાર આગળ યાજક સમક્ષ લાવીને યહોવાને ભોગ તરીકે
ધરાવવાં, 6 અને યાજકે અર્પણનું લોહી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર
આગળની યહોવાની વેદી પર છાંટવું અને ચરબી વેદીમાં હોમી દેવી.
એની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 7 તેઓ ખુલ્લા મેદાનોમાં તેમના
‘વન દેવતાઓને’ અર્પણ ચઢાવે છે તે બંધ થવું જોઈએ. ઇસ્રાએલીઓ
ખોટા દેવોની પાછળ પડ્યા છે. આ રીતે તેઓએ વારાંગના જેવો વર્તાવ
કર્યો છે. ઇસ્રાએલીઓ અને તેમના વંશજો માંટે આ કાયમી નિયમ છે.
8 “જો કોઈ ઇસ્રાએલી અથવા ઇસ્રાએલીઓ વચ્ચે રહેતો વિદેશી મુલાકા-
તમંડપના પ્રવેશદ્વાર આગળ યહોવાને ધરાવ્યા વગર દહનાર્પણ કે બી-
જો કોઈ યજ્ઞ ચઢાવે, 9 તો તેનો સમાંજમાંથી બહિષ્કાર કરવો. 10 “અને
જો કોઈ ઇસ્રાએલી અથવા ઇસ્રાએલીઓ વચ્ચે વસતો વિદેશી લોહીવા-
ળું માંસ જમશે, તો હું (દેવ) તેની વિમુખ થઈશ અને હું તેને તેના લોકો-
થી જુદો કરીશ. કારણ લોહી એ જ પ્રાણીનો પ્રાણ છે. 11 કારણ કે શરી-
રનો જીવ લોહીમાં છે અને મેં તમને તે લોહીને વેદી પર રેડવાના કાયદા
આપ્યા છે. આ તમાંરે પોતાની શુદ્ધિ માંટે કરવાનું છે. તમાંરે તે લોહી
મને જીવની કિંમત તરીકે આપવાનું છે. 12 ઇસ્રાએલના લોકોને આપ-
વામાં આવેલી આ આજ્ઞા પાછળનું કારણ એ છે કે તે લોકો કે તેઓમાં
વસતો કોઈ વિદેશી લોહીનો ખોરાકમાં ઉપયોગ ન કરે. 13 “જે કોઈ
ઇસ્રાએલી અથવા ઇસ્રાએલીઓ વચ્ચે વસતો વિદેશી ખાદ્ય પક્ષીનો શિ-
કાર કરે ત્યારે તેણે તેનું બધું લોહી વહી જવા દેવું. અને તેના પર માંટી
ઢાંકી દેવી. 14 કારણ કે લોહીમાં તેનો જીવ છે, તેથી જ મેં ઇસ્રાએલની
પ્રજાને કહ્યું છે કે કદાપિ રકત ખાવું નહિ, કેમકે દરેક પ્રાણી અને પક્ષી-
નો જીવ તેના લોહીમાં છે, તેથી જો કોઈ ખાય તો તેનો સામાંજિક બહિ-
ષ્કાર કરવો જોઈએ. 15 “જે કોઈ ઇસ્રાએલી કે વિદેશી કુદરતી રીતે મૃત્યુ
પામેલું અથવા જંગલી પ્રાણીઓ માંરી નાખેલું પ્રાણી ખાય તો તેણે પો-
તાનાં વસ્ત્રો ધોઈ નાખવાં. પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે
અશુદ્ધ ગણાય તેથી કશાને અડવું નહિ. 16 પછીથી જ તે શુદ્ધ જાહેર
થશે, જો તે પોતાનાં વસ્ત્રો ધોઈ ન નાખે અને સ્નાન ન કરે, તો તેનું
પરિણામ તેને માંથે, તેને પાપની સજા ભોગવવી પડે.

18 યહોવાએ મૂસાને કહ્યું, 2 “ઇસ્રાએલી પ્રજાને કહે: હું યહોવા
તમાંરો દેવ છું. 3 માંટે તમાંરે લોકોએ પહેલા તમે જયાં રહેતા
હતા, તે મિસરના અથવા હું તમને લઈ જાઉ છું તે કનાન દેશના લોકો-

ની જેમ વર્તવુ નહિ, તમારે તેમના રિવાજો પાળવા નહિ. 4 તમારે ફક્ત
મારા જ વિધિઓ પાળવા, અને તમારે તેનો અમલ સંપૂર્ણ રીતે કરવો.
અને તે અનુસાર તમારે તમારું જીવન ગાળવું. હું યહોવા તમારો દેવ છું.
5 તમારે મારા વિધિઓ અને નિયમો પાળવા. જે માંણસ તેનું પાલન
કરશે તે જીવવા પામશે, હું યહોવા છું. 6 "તમારામાંના કોઈએ પણ લો-
હીની સગાઈવાળા સાથે જાતીય સંબંધ કરવો નહિ, હું યહોવા છું.
7 "કોઈ પણ પુત્રએ પોતાની માંતા સાથે જાતીય સંબંધ કરીને પિતાને
કલંક લગાડવું નહિ. એ તમારી માંતા છે તેને તમારે કલંકિત ન કરવી.
8 પોતાના પિતાની પત્નીઓમાંથી કોઈની સાથે જાતીય સંબંધ કરવો
નહિ કારણ કે તેમાં પિતાનું અપમાન છે. 9 "પોતાની બહેન કે ઓરમાંન
બહેન, સાથે જાતીય સંબંધ કરવો નહિ પછી તે તમારા બાપની પુત્રી
હોય કે માંતાની પુત્રી હોય; તે એક જ ઘરમાં જન્મી હોય તેથી તમારે તે-
ની સાથે લગ્ન ન કરવાં કે જાતીય સંબંધ પણ ન કરવો. 10 "તમારે
તમારા પુત્રની પુત્રી, કે પુત્રીની પુત્રી સાથે લગ્ન કે જાતીય સંબંધ ન કર-
વો, એ તમારી પોતાની જાતને કલંકિત કરવા બરાબર છે. 11 "તમારે
તમારાં પિતાની પત્નીને તમારા પિતાથી થયેલ પુત્રી સાથે લગ્ન કે જા-
તીય સંબંધ ન કરવો, તે તમારી બહેન છે. 12 "તમારે તમારા પિતાની
બહેન સાથે જાતીય સંબંધ ન કરવો, કારણ કે તમારા પિતાની સાથે લો-
હીની સગાઈ છે. 13 "તમારે તમારી માંતાની બહેન સાથે જાતીય સંબંધ
ન કરવો, કારણ કે એને તમારી માંતા સાથે લોહીની સગાઈ છે,
14 તમારે તમારા પિતાના ભાઈને બદનામ ન કરવા, તમારે તેની પત્ની
સાથે જાતીય સંબંધ ન કરવો, કારણ કે તમારી કાકી છે. 15 "તમારે
તમારી પુત્રવધૂ સાથે જાતીય સંબંધ ન કરવો, તે તમારા પુત્રની પત્ની
છે, તમારે તેને કલંકિત ન કરવી. 16 "તમારે તમારી ભાઈની પત્ની સાથે
જાતીય સંબંધ ન કરવો, કારણ એ તમારા ભાઈને કલંકિત કર્યા બરાબર
છે. 17 "તમારે કોઈ સ્ત્રી સાથે તેમજ તેની પુત્રી, પૌત્રી કે દોહિત્રી સાથે
જાતીય સંબંધ કરવો નહિ, કારણ કે તેઓ નજીકનાં સગાં છે, અને એમ
કરવું એ અતિશય દુષ્ટ કર્મ છે. 18 "તમારી પત્ની જીવતી હોય ત્યા સુ-
ધી તેની બહેન સાથે લગ્ન ન કરવા. કેમકે તમે બન્નેને પરણો તો તેમના
વચ્ચે અણગમો થાય. તમારે તમારી સાળી સાથે જાતીય સંબંધ ન કર-
વો. 19 "તમારે કોઈ ઋતુમતિ સ્ત્રી સાથે જાતીય સંબંધ ન કરવો, કાર-
ણકે તે આ સમયમાં અશુદ્ધ છે. 20 "તમારે પારકાની સ્ત્રી સાથે વ્યભિ-
ચાર ન કરવો: પરસ્ત્રીથી તમારી જાતને અશુદ્ધ ન કરવી. 21 "તમારે
તમારું કોઈ બાળક મોલેખને ચઢાવવા આપવું નહિ. મોલેખની વેદી પર
તમારા બાળકની આહુતિ ન આપવી. આ રીતે તમે કરશો તો તમારા દે-
વનો અનાદર થશે અને તેમના નામને કલંક લાગશે, હું યહોવા છું.
22 "સજાતીય શારીરિક સંબંધની સંપૂર્ણ મનાઈ છે. તમારે કોઈ પુરુષ
સાથે સ્ત્રીની જેમ જાતીય સંબંધ ન કરવો, કેમકે એ તો ભયંકર પાપ છે.
23 "તમારે કોઈ માંદા પશુ સાથે સ્ત્રીની જેમ જાતીય સંબંધ ન કરવો,
એથી તમે અશુદ્ધ થશો, કોઈ સ્ત્રીએ કોઈ નર પશુ સાથે જાતીય સંબંધ
ન કરવો, એ વિકૃતિ છે, તે ભયંકર દુષ્ટતા છે. 24 "આમાંની કોઈ પણ
રીતે તમારે તમારી જાતને અશુદ્ધ ન કરવી. હું જે પ્રજાઓને તમારા માંટે
સ્થાન ખાલી કરવા હાંકી કાઢનાર છું તેઓ આવી રીતે અશુદ્ધ થયેલ પ્ર-
જા છે. 25 એ સમગ્ર દેશ આ પ્રકારની દુષ્ટ પ્રવૃતિઓથી ભ્રષ્ટ બની ગયો
છે, તેથી ત્યાં રહેતા લોકોને એમના દોષની સજા કરીને હું તેઓને તે દે-
શમાંથી હાંકી કાઢવાનો છું. 26 "પરંતુ તમારે મારા વિધિઓ અને નિય-
મોનું પાલન કરવું. તમારે આમાંનું કોઈ ઘૃણાજનક કાર્ય કરવું નહિ, પછી
ભલે તમે ઈસ્રાએલ પ્રજામાં જન્મેલા હોય કે વિદેશથી આવીને વસ્યા
હોય. 27 તમારા પહેલા જે પ્રજા આ દેશમાં રહેતી હતી, તે આ બધા ઘૃ-
ણાજનક કાર્યો કરતી હતી તેથી દેશ અશુદ્ધ થઈ ગયો. 28 તમે આ પ્ર-
માંણે કરશો નહિ, નહિ તો તે પ્રજાની જેમ તમને પણ તે દેશમાંથી હું
હાંકી કાઢીશ. 29 જે કોઈ આમાંનું કોઈ પણ ભયંકર પાપ કરશે તેનો
સમાંજમાંથી બહિષ્કાર થશે. 30 માંટે ફરમાંનનું પાલન ચોકસાઈ પૂર્વક
કરજો, તમારા પહેલાના લોકો ઘૃણાપાત્ર રિવાજો પાળતા હતા, તેનું પા-
લન કરીને તમારી જાતને અશુદ્ધ ન બનાવશો. હું તમારો દેવ યહોવા
છું."

19 પછી યહોવાએ મૂસાને કહ્યું, 2 "ઈસ્રાએલીઓના સમગ્ર
સમાંજને આ પ્રમાંણે જણાવ: તમે પવિત્ર થાઓ, કારણ હું
તમારો દેવ યહોવા પવિત્ર છું. 3 તમારામાંના પ્રત્યેક વ્યક્તિએ પોતાના
માંતાપિતાને માંન આપવું અને મારા ખાસ વિશ્રામવારોનું પાલન કરવું.
હું તમારો દેવ યહોવા છું. 4 ધાતુની મૂર્તિઓ બનાવશો નહિ, ને મૂર્તિપૂ-
જા કરશો નહિ. હું યહોવા તમારો દેવ છું. 5 "તમે જ્યારે યહોવાની
આગળ ભેટ અર્પણ ચઢાવો ત્યારે તેને સરખી રીતે ચઢાવો જેથી તેનો
સ્વીકાર થાય. 6 જે દિવસે તમે અર્પણ કરો તે જ દિવસે જમી લેવું જો-
ઈએ. અને પછી તે દિવસે જે કાંઈ બચ્યું હોય તે જમી લેવું; પરંતુ ત્રીજા
દિવસ સુધી એમાંનું જે બચે તે અગ્નિમાં બાળી નાખવું. 7 કારણ, તે દૂ-
ષિત છે અને તે ત્રીજે દિવસે સહેજપણ ખાવું નહિ, કારણ કે તે અમંગળ
છે, એનો સ્વીકાર નહિ થાય. 8 જે કોઈ તે ખાય તેણે સજા ભોગવવી
પડશે, કારણ, તે દોષિત છે. તેણે યહોવાને ચઢાવેલું પવિત્ર અર્પણ ભ્ર-
ષ્ટ કર્યુ છે, તેથી તેનો લોકોએ સામાંજીક બહિષ્કાર કરવો. 9 "જયારે
તમે ખેતરમાં પાકની કાપણી કરો ત્યારે છેક ખૂણા સુધી લણશો નહિ
અને ધઉની કાપણીનો મોડ પણ વીણી લેશો નહિ. 10 એ જ પ્રમાંણે
દ્રાક્ષના વેલાને પૂરેપૂરા વીણશો નહિ, તેમજ નીચે પડેલી દ્રાક્ષ પણ વી-
ણશો નહિ. ગરીબો તેમજ મૂસાફરો માંટે તે રહેવા દેજો. હું યહોવા તમારો
દેવ છું. 11 "તમારે ચોરી કરવી નહિ, કે કોઈને છેતરવું કે ઠગવું પણ
નહિ. 12 તમારે ખોટી વાત માંટે મારા નામના સમ ખાઈને તમારા દેવ
યહોવાનું નામ વગોવવું નહિ, કારણ, હું યહોવા છું. 13 "તમારે કોઈને
લૂંટવો નહિ કે કોઈનું શોષણ કરવું નહિ, ત્રાસ આપવો નહિ, મજૂરીએ
રાખેલા માંણસનું મહેનતાણું સમયસર ચૂકવી દેવું. તેઓના મહેનતા-
ણાંમાંથી તારી પાસે કાંઈ બાકી રહે તો તે સવાર થતાં સુધી તારી પાસે
રાખવું નહિ. 14 "બહેરા માંણસને કદી શાપ ના દેવો, અને અંધજનના
માંર્ગમાં અડચણ ન મુકવા. મારી બીક રાખજો. હું તમારો દેવ યહોવા
છું. 15 "ન્યાયધીશોએ પોતાના ન્યાયમાં સદા પ્રામાંણિક રહેવું, ગરીબો
પ્રત્યે ખોટી દયા દર્શાવીને કે મોટાની આણ રાખીને અન્યાયી ચુકાદો
આપવો નહિ, હંમેશા ઉચિત ન્યાય કરવો. 16 દેશબાંધવોમાં તમારે કો-
ઈની કૂથલી કરવી નહિ, કોઈના પર ખોટો આરોપ મૂકીને એનું જીવન
જોખમમાં મૂકવું નહિ, હું યહોવા છું. 17 "તમારે તમારા ભાઈના વિષે
મનમાં ડંખ રાખીને તેનો તિરસ્કાર કરવો નહિ, તારા પડોશીને પાપ કરે
તો તેનો દોષ બતાવી ઠપકો આપવો અને તેને છોડી મૂકવો. એટલે તેનું
પાપ તમારા માંથે આવે નહિ. 18 કોઈના પર વૈર વાળીને બદલો લેવાની
ભાવના રાખવી નહિ, પરંતુ જેમ પોતાના પર પ્રેમ રાખીએ તેમ પડો-
શીઓ પર પણ પ્રેમ રાખવો. હું યહોવા છું. 19 "માંરા નિયમો પાળજો.
તમારાં પશુઓને જુદી જાતનાં પશુ સાથે ગર્ભાધાન કરાવશો નહિ.
તમારા ખેતરમાં એકી સાથે બે જાતનાં બી વાવશો નહિ તેમજ જુદી જુદી
બે જાતના તારનું વણેલું કાપડ પણ પહેરશો નહિ. 20 "જો કોઈ માંણસ
બીજા માંણસની દાસીનાપર ઉપભોગ કરે, જે તેણે તેને ખરીદી ન હતી
અથવા આઝાદ ન હતી તો શિક્ષા થવી જોઈયે પણ બન્નેને મૃત્યુદંડ ન
થાય, કારણ કે તે આઝાદ ન હતી. 21 તેથી તેમાં સંડોવાયેલ વ્યક્તિએ
દોષાર્થાર્પણ માંટે મુલાકાતમંડપના દ્વાર આગળ યહોવા સમક્ષ ઘેટો
લઈને આવવું. 22 અને યાજકે તે વ્યક્તિના પાપના નિવારણાર્થે યહોવા
સમક્ષ પ્રાયશ્ચિતવિધિ કરવી, એટલે તેને માંફ કરવામાં આવશે.
23 "કનાન દેશમાં તમે જ્યારે પ્રવેશ કરો અને કોઈ પણ ફળનું વૃક્ષ રોપો
તો તેનાં ફળને ત્રણ વર્ષ સુધી અશુદ્ધ હોવાને કારણે ખાશો નહિ.
24 ચોથે વર્ષે તેના બધા જ ફળને યહોવાનું સ્તવન કરવા માંટે અર્પણ
કરી દેજો. 25 છેવટે પાંચમે વરસે તમે તેનાં ફળ ખાઈ શકો. જો એમ કર-
શો તો તેનો ફાલ વધુ ઊતરશે. હું યહોવા તમારો દેવ છું." 26 "તમારે લો-
હીવાળું માંસ ખાવું નહિ, તેમજ કામણ ટૂમણ પણ કરવું નહિ, તેમજ
તમારે જ્યોતિષીઓ કે જાદુગરો પાસે જવું નહિ. 27 "તમારા કાનની બા-
જુના વાળ મૂર્તિપૂજાકોની જેમ કાપો નહિ, તમારી દાઢી બોડવી નહિ.
28 કોઈના મૃત્યુના શોકમાં તમારા શરીર પર ઘા કરવા નહિ તથા તમારા
શરીર પર છૂંદણાં છૂંદાવવા નહિ, હું યહોવા છું." 29 "તમારી પુત્રીને દેવ-
દાસી બનીને ભ્રષ્ટ થવા દેશો નહિ; તમારા દેશના લોકોને વારાંગના
બનવા દેતા નહિ. તે પ્રકારનું પાપ તમારા આખા દેશમાં પ્રચલિત ન
થવા દેતા. 30 "તમે મારા સાબ્બાથો પાળજો, અને મારા પવિત્રસ્થાનનું
માંન જાળવજો, હું યહોવા છું. 31 "ભૂવા કે જાદુગરો પાસે જઈને તેમને
પ્રશ્નો પૂછીને તેમની સલાહ લઈને તમારી જાતને અશુદ્ધ કરશો નહિ, કા-

રણ કે હું યહોવા તમારો દેવ છું. 32 “દેવનો ડર રાખો અને વડીલોનું
સન્માન કરો, તેઓ જ્યારે ઓરડીમાં આવે ત્યારે ઉભા થાવ, હું તમારો
દેવ યહોવા છું.” 33 “જો કોઈ વિદેશી તમારા દેશમાં આવે, ને તમારી સા-
થે રહે તો તમારે તેને છેતરવો કે તેની પર ત્રાસ કરવો નહિ. 34 તેને
તમારે તમારા જેવો જ વતની માંનવો અને તેના પર તમારી જાત જેટલો
જ પ્રેમ રાખો. તમે પણ મિસરમાં પરદેશી હતા તેનું સ્મરણ કરો. હું યહો-
વા તમારો દેવ છું. 35 “તમારે લોકોનો ન્યાય કરતી વખતે નિષ્પક્ષ રહે-
વું. લંબાઈ માંપવામાં, કે વસ્તુઓનું વજન કરવામાં અને માંપવામાં ખો-
ટાં માંપ વાપરી કોઈની સાથે છેતરપિંડી કરવી નહિ. 36 તમારે સાચાં
ત્રાજવાં, સાચાં કાટલાં, અને સાચાં માંપ રાખવાં, હું તમને મિસર દેશ-
માંથી બહાર લઈ આવનાર તમારો દેવ યહોવા છું. 37 “તમારે માંરા બધા
જ નિયમો આજ્ઞાઓ અને માંરી વિધિઓ પ્રત્યે સંપૂર્ણ ધ્યાન આપવું
અને કાળજીપૂર્વક તેનું પાલન કરવું અને તેમનો અમલ કરવો, કારણ, હું
યહોવા છું.”

20 યહોવાએ મૂસાને કહ્યું, 2 “તું ઈસ્રાએલી પ્રજાને આ આજ્ઞાઓ
આપ: જો કોઈ ઈસ્રાએલી કે તેઓની વચમાં રહેતો વિદેશી પો-
તાનાં બાળક મોલેખ દેવને ચઢાવવા આપે તો તેને મૃત્યુદંડ આપવો.
3 હું પોતે તે માંણસની વિરુદ્ધ થઈશ, અને તેના લોકોમાંથી તેનો બહિ-
ષ્કાર કરીશ, કારણ તેણે મોલેખને પોતાનું બાળક ચઢાવીને માંરા પવિ-
ત્રસ્થાનને ભ્રષ્ટ કર્યુ છે. અને માંરા પવિત્ર નામને કલંકિત કર્યુ છે. 4 જો
કોઈ માંણસ પોતાનું બાળક મોલેખને ચઢાવે, ત્યારે દેશના લોકો જો
આંખ આડા કાન કરે અને તેને મૃત્યુદંડ આપવાની ના પાડે, 5 તો હું
જાતે તેની અને તેના પરિવારની વિમુખ થઈ જઈશ, અને તેનો તથા તે-
ની સાથે મોલેખની પૂજા કરનારા તથા માંરા તરફ વિશ્વાસઘાત દાખવ-
નાર સૌ કોઈનો તેના લોકોમધ્યેથી બહિષ્કાર કરીશ. 6 “જે કોઈ માંરા
પ્રત્યે વિશ્વાસઘાત દાખવશે અને મધ્યસ્થી તથા જાદુગરો પાસે જઈને
તેમની સલાહ લેશે, તેની હું વિમુખ થઈશ અને તેમના લોકોમાંથી તેનો
હું બહિષ્કાર કરીશ. 7 “તેથી તમારી જાતને શુદ્ધ અને પવિત્ર રાખો, કા-
રણ કે, હું યહોવા તમારો દેવ પવિત્ર છું. 8 તમારે કાળજીપૂર્વક માંરા સર્વ
વિધિઓનું પાલન કરવું, કારણ હું તમને શુદ્ધ કરનાર યહોવા છું. 9 “જો
કોઈ પોતાના પિતાને અને માંતાને શાપ આપે તો તેને મૃત્યુદંડ આપ-
વો. એણે પોતાના પિતાને કે માંતાને શાપ આપ્યો છે તેથી તે પોતાના
મોત માંટે પોતે જ જવાબદાર ગણાય. 10 “જે કોઈ પુરુષ પરસ્ત્રી સાથે
વ્યભિચાર કરે તો તેને અને સ્ત્રીને બંનેને મૃત્યુદંડ આપવો. 11 જો કોઈ
પુરુષ પોતાના પિતાની પત્ની સાથે કૂકર્મ કરે, તો તેણે પોતાના પિતાને
કલંક લગાડ્યું છે, તે બંને મૃત્યુદંડને પાત્ર થાય. તેમના મોતની જવાબ-
દારી તેમને માંથે છે. 12 “જો કોઈ પુરુષ પોતાની પુત્રવધુ સાથે વ્યભિ-
ચાર કરે, તો તે બંનેને મૃત્યુદંડ આપવો. તેમણે અગમ્યગમન કર્યુ હોવા-
થી પોતાના મોત માંટે તેઓ પોતે જ જવાબદાર ગણાય. 13 “જો કોઈ પુ-
રુષ અન્ય પુરુષ સાથે સ્ત્રીની જેમ વ્યભિચાર કરે તો તે બંનેએ
અમંગળ કર્યુ છે, તેમને મૃત્યુદંડ આપવો. તેમના મૃત્યુ માંટે તેઓ પો-
તેજ જવાબદાર છે. 14 “જો કોઈ પુરુષ કોઈ સ્ત્રીને તેની માંતાને બંનેને
પરણે કે વ્યભિચાર કરે તો તે દુષ્ટતા છે. તે પુરુષને અને તે સ્ત્રીઓને
અગ્નિમાં બાળી મૂકવાં, તમારામાં લંપટતા હોવી જોઈએ નહિ. 15 “જો
કોઈ પુરુષ કોઈ પશુ સાથે કુકર્મ કરે, તો તેને મૃત્યુદંડ આપવો અને તે
પશુને માંરી નાખવું. 16 અને જો કોઈ સ્ત્રી કોઈ પશુ સાથે જાતીય સંબંધ
કરે, તો તે સ્ત્રીને અને પશુને બંનેને માંરી નાખવાં કારણ, તેઓ એ જ
શિક્ષાને લાયક છે. 17 “જો કોઈ પુરુષ પોતાના પિતાની કે માંતાની પુ-
ત્રીને પરણે અને તેની સાથે જાતીય સંબંધ કરે તો એ અત્યંત લજ્જાસ્પદ
છે. તેમનો વધ જાહેરમાં કરવો. એ વ્યક્તિએ પોતાની બહેન સાથે વ્ય-
ભિચાર કર્યો છે માંટે તેનો સમાંજમાં બહિષ્કાર કરવો. તેનો દોષ પુરુષ-
ને માંથે છે. 18 “જો કોઈ પુરુષ કોઈ સ્ત્રી સાથે તેના ઋતુકાળ દરમ્યાન
શારીરિક જાતીય સંબંધ કરે તો નિયમોનો ભંગ કરવા બદલ બંનેનો
સમાંજમાંથી બહિષ્કાર કરવો. 19 “કોઈ પણ પુરુષે તેની માંસી કે ફોઈ-
ની સાથે શારીરિક જાતીય સંબંધ કરવો નહિ. એ અગમ્યગમન છે, કા-
રણ, તેઓ તેના નજીકનાં સગાં છે, તેમને તેમના પાપની સજા થવી જ
જોઈએ. 20 “જો કોઈ માંણસ પોતાની કાકી સાથે કુકર્મ કરે તો તે પોતા-
ના કાકાને કલંક લગાડે છે. એ બંનેને તેમનાં પાપની સજા થવી જ જો-
ઈએ. તેઓ નિઃસંતાન અવસાન પામશે. 21 “જો કોઈ પુરુષ પોતાના
ભાઈની સ્ત્રી સાથે પરણે તો તે વ્યભિચાર ગણાય; તેણે એના ભાઈને
કલંક લગાડ્યું છે એ બંને નિઃસંતાન રહેશે. 22 “તમારે માંરા તમાંમ વિ-
ધિઓ અને નિયમોનું પાલન કરવું અને તેને અનુસરવું; હું તમને તમારા
નવા દેશમાં લઈ જઈશ અને તમે માંરા કાયદાઓ અને નિયમોનું પાલન
કરશો તો તે દેશ તમને હાંકી કાઢશે નહિ. 23 તમારે ત્યાંના લોકોના રિ-
વાજો પાળવા નહિ. એ બધા કૂકર્મો કરવા બદલ હું તેમને ધિક્કારું છું
અને તે સૌને તમારી આગળથી હાંકી કાઢીશ. 24 “મેં તમને તેઓનો દેશ
આપવાનું વચન આપ્યું છે. તમે તે દેશના માંલિક બનો. હું જાતે તમને
જયાં દૂધ અને મધનીરેલછેલ છ એવી એ ભૂમિનો કબજો આપીશ. “હું
તામરો દેવ યહોવા છું. મેં તમને અન્ય પ્રજાઓથી જૂદા પાડ્યા છે.
25 તેથી તમારે ખાદ્ય અને અખાદ્ય પશુઓ અને પંખીઓનો ભેદ પરખવો.
તમારે એ અખાદ્ય પશુઓ, પંખીઓ અને પેટે ચાલનારા જીવો ખાઈને
અશુદ્ધ થવું નહિ. 26 મેં એ બધાંને અખાદ્ય ઠરાવ્યાં છે, એમને ખાવાથી
અશુદ્ધ થશો, તમે માંરાજ છો અને પવિત્ર રહેવા બંધાયેલા છો, કારણ હું
યહોવા પવિત્ર છું, મેં તમને આ બધા લોકોથી જુદા પાડયા છે જેથી તમે
માંરા થઈ શકો.” 27 “તમાંરામાંથી જે કોઈ પુરુષ કે સ્ત્રી ભૂતવૈદ હોય કે
જાદુગર હોય તેને મૃત્યુદંડ આપવો. લોકોએ તેઓને પથ્થરો વડે માંરી
નાખવાં તેઓના મોતની જવાબદારી તેમની પોતાની જ છે.”

21 યહોવાએ મૂસાને કહ્યું, 2 “હારુનના વંશના યાજકોને કહે કે,
3 કોઈ યાજકે પોતાનાં માંતા, પિતા, પુત્ર, પુત્રી, ભાઈ અથવા
ઘરમાં રહેતી કુંવારી સગી બહેન જેવાં લોહીની સગાઈ સિવાયના બીજાં
સગાંના મૃત્યુ વખતે શબ પાસે જઈને કે અડીને અભડાવું નહિ. 4 કા-
રણ, યાજક તેના લોકોનો આગેવાન છે તેથી તેણે જે લોકો તેના નજીક-
ના સગા નથી, તેઓના મૃતદેહને અડીને પોતાની જાતને અશુદ્ધ કરવી
નહિ. 5 “યાજકોએ શોક પાળવા માંટે પોતાના માંથાના વાળ મૂંડાવવા
નહિ, તેમજ દાઢીની કિનાર પણ મૂંડાવવી નહિ અને પોતાના શરીર પર
કોઈ ઘા પણ પાડવો નહિ. 6 તેઓ માંરા છે તેથી પવિત્ર રહેવા બંધાયે-
લા છે, તેમણે માંરા નામને કલંક લગાડવું નહિ, કારણ તેઓ યહોવાના
હોમયજ્ઞો એટલે પોતાના અર્પણ મને ધરાવનાર છે, તેથી તેમણે પવિત્ર-
તા જાળવવી જોઈએ. 7 “તેમણે વારાંગનાને અથવા કૌમાંર્ય ગુમાંવેલી કે
છૂટાછેડા લીધેલી સ્ત્રીને પરણવું નહિ, કારણ યાજક તો દેવને સમર્પિત
થયેલ હોય છે. 8 તમારે યાજકને પવિત્ર ગણવો જોઈએ, કારણ કે મને
અર્પણ ધરાવનાર તે છે. તમારે તેને પવિત્ર ગણવો જોઈએ, કારણ હું
યહોવા પવિત્ર છું અને તમને પવિત્ર બનાવું છું. 9 “જો કોઈ યાજકની પુ-
ત્રી વારાંગના થઈ જાય તો તે પોતાના પિતાને કલંકિત કરે છે, તેથી તેને
બાળી મૂકવી. 10 “તેલથી અભિષેક થયેલા અને યાજકનાં વસ્ત્રો પરિ-
ધાન કરી દીક્ષિત થયેલા વડા યાજકે શોક પાળવા પોતાના વાળ છૂટા
મૂકવા નહિ તથા પોતાનાં વસ્ત્રો ફાડવા નહિ. 11 જે જગ્યાએ માંણસનું
શબ પડયું હોય ત્યાં તેણે જવું નહિ, અશુદ્ધ થવું નહિ, પછી ભલે તે શબ
પોતાના પિતા કે માંતાનું હોય. 12 તેલથી અભિષિક્ત થઈને તે મને
સમર્પિત થયેલ છે, એટલે તે ફરજ પર હાજર હોય ત્યારે પવિત્રસ્થાનની
બહાર જાય નહિ તેમજ ત્યાં જવા માંટે માંરા મુલાકાતમંડપને છોડી તેણે
તેને ભ્રષ્ટ કરવાનો નથી, કારણ હું યહોવા છું. 13 “જેનું કૌમાંર્ય કાયમ
હોય તેવી સ્ત્રી સાથે જ તેને લગ્ન કરવા. 14 તેણે કોઈ વિધવાને, કે વા-
રાંગનાને, કે છૂટાછેડા લીધેલી સ્ત્રીને પરણવું નહિ, પણ પોતાના લોક-
માંની જ કોઈ કુમાંરિકા સાથે જ પરણવું. 15 નહિ તો તેનાં સંતાનો વગ-
ળવંશી થઈ જશે, તેમનું અડધું લોહી યાજકનું અને અડધું લોહી સા-
માંન્ય હોય તેમ બનવું જોઈએ નહિ. હું યહોવા છું. મેં મહા યાજકને
પવિત્ર બનાવેલો છે.” 16 યહોવાએ મૂસાને કહ્યું, 17 “તું હારુનને કહે કે,
તારા શારીરિક ખોડખાંપણવાળા કોઈ પણ વંશજે મને અર્પણ ધરાવવું
નહિ. 18 શારીરિક ખોડખાંપણવાળા કોઈ પણ માંણસે પછી તે આંધળો
હોય, કે લૂલો હોય, કોઈ અંગ અતિશય મોટું હોય કે નાનું હોય, 19 અથ-
વા ઠૂંઠો હોય કે લંગડો હોય, 20 ખૂંધો હોય કે વામણો હોય, કે નેત્રનો
રોગ કે ચામડીનો રોગ થયેલો હોય, કે વ્યંઢળ હોય અર્પણ ધરાવવું
નહિ. 21 “હારુનના શારીરિક ખોડખાંપણવાળા કોઈ પણ વંશજે મને
આહુતિ ધરાવવી નહિ, જો તેનામાં કોઈ ખોડ હોય તો તેણે માંરું અર્પણ
ધરાવવું નહિ. 22 તેમ છતાં દેવ સમક્ષ ધરાવેલ અર્પણ પવિત્ર તેમજ

પરમપવિત્ર અર્પણોમાંથી યાજકોનો જે ભાગ છે તેમાંથી તે જમી શકે.
23 પરંતુ તેણે પડદાની નજીક કે પડદાની પાછળ અગ્નિની વેદીની
નજીક જવું નહિ કારણ તેનામાં શારીરિક ખોડ છે, અને તેણે માંરી પવિ-
ત્ર જગ્યાઓને ભ્રષ્ટ કરવાની નથી; કારણ મેં યહોવાએ તેને પવિત્ર કરે-
લી છે.” 24 મૂસાએ હારુનને અને તેના પુત્રોને અને સૌ ઇસ્રાએલીઓને
આ પ્રમાંણે જણાવ્યું.

22 યહોવાએ મૂસાને કહ્યું, 2 “હારુનને તથા તેના પુત્રોને આ
આજ્ઞાઓ આપ: લોકોએ આપેલી પવિત્ર ભેટોને અપવિત્ર કરી-
ને તેઓ માંરા પવિત્ર નામને કલંક ન લગાવે. હું યહોવા છું. 3 તું તેમને
કહે: તમાંરો કોઈ પણ વંશજ પોતે અશુદ્ધ હોય ત્યારે ઇસ્રાએલીઓએ
મને ધરાવેલા અર્પણની પાસે આવે તો તેને માંરી સેવામાંથી યાજકપદે-
થી દૂર કરવો. હું યહોવા છું. 4 “હારુનના વંશના જે કોઈને કોઢ થયો
હોય અથવા સ્રાવ થતો હોય; તેણે શુદ્ધ થતાં સુધી પવિત્ર અર્પણમાંથી
કશું ખાવું નહિ, જો યાજક મૃતદેહને અડે અથવા યાજકને વીર્ય સ્રાવ
થયો હોય. 5 અથવા સર્પવર્ગના પ્રાણીનો કે મનાઈ કરેલી વસ્તુઓ સ્પ-
ર્શ કરે અથવા કોઈ કારણસર અશુદ્ધ થયેલી વ્યક્તિને અકડે; 6 તો તે
યાજક સાંજ સુધી અશુદ્ધ ગણાય અને સાંજે તે સ્નાન કરીને શુદ્ધ ન
થાય ત્યાં સુધી તેણે પવિત્ર અર્પણમાંથી કશુંય ખાવું નહિ. 7 સૂર્યાસ્ત
થયા પછી તે શુદ્ધ ગણાય, અને ત્યારે તે પવિત્ર ખોરાક ખાઈ શકે, કા-
રણ તે પર તેના જીવનનો આધાર છે. 8 “તેણે કુદરતી રીતે મૃત્યુ પામેલું
કે જંગલી જનાવરે ફાડી નાખેલું પ્રાણી ખાવું નહિ. જો તે ખાય તો અશુદ્ધ
ગણાય. હું યહોવા છું. 9 “તું યાજકોને ચેતવણી આપ કે યાજકોએ માંરા
નિયમોનું પાલન કરવું: નહિ તો તેમને પાપ લાગશે, અને માંરા નિયમો-
નો ભંગ કરવા તેમણે મરવું પડશે. તેઓને પવિત્ર કરનાર હું યહોવા છું.
10 યાજક પરિવારના ના હોય એવા કોઈ પણ માંણસે પછી તે યાજકનો
મહેમાંન હોય કે પછી તેણે મજૂરીએ રાખેલો નોકર હોય. યાજકના ભાગ-
ની પવિત્ર અર્પણની રોટલી ખાવી નહિ. 11 આમાં એક અપવાદ છે જો
યાજકે પોતાના નાણાથી ચાકર ખરીદેલો હોય તો તે ચાકર અને યાજક-
ના ઘરમાં જન્મેલા ચાકર બાળકો આ પવિત્ર અર્પણ જમી શકે. 12 યા-
જકની દીકરીના લગ્ન જે માંણસ યાજક ન હોય તેની સાથે થયા હોય, તો
તેણે પવિત્ર અર્પણોમાંથી ખાવું નહિ. 13 “પણ જો તે વિધવા હોય અથ-
વા છૂટાછેડા આપેલી હોય અને તેનું ભરણપોષણ કરવાને કોઈ પુત્ર ન
હોય અને તે પોતાના પિતાના પરિવારમાં પાછી ફરી હોય, તો તે પોતા-
ના પિતાના પવિત્ર અર્પણોમાંથી ખાવાનુ ખાઈ શકે છે. આ સિવાય
જેઓ યાજકોના પરિવારમાં નથી તેઓએ આ અર્પણોમાંથી ખાવું નહિ.
14 “જો કોઈ વ્યક્તિ અજાણતા આ પવિત્ર અર્પણોમાંથી ખાય તો, તેની
કિંમતના 20 ટકા ઉમેરીને યાજકને તે મૂલ્ય ભરપાઈ કરી આપે.
15 “યાજકોએ ઇસ્રાએલીઓએ યહોવાને ધરાવેલાં અર્પણનો પોતાનો
ભાગ યાજક ન હોય એવા લોકોને ખાવા દઈ એને ભ્રષ્ટ કરવો નહિ.
16 યાજકે પવિત્ર અર્પણોને બીજા લોકોને ખાવા દઈને તેમના પાપમાં
વધારો ન કરવો અને તેને અપવિત્ર ન કરવું. હું યહોવા અર્પણોને પવિત્ર
કરનાર છું.” 17 યહોવા દેવે મૂસાને કહ્યું, 18 “તું હારુનને અને તેના પુ-
ત્રોને તથા તમાંમ ઇસ્રાએલીઓને કહે કે જો કોઈ ઇસ્રાએલી અથવા તે-
ઓની વચ્ચે રહેતો વિદેશી માંનતા પૂરી કરવા માંટે દહનાર્પણ તરીકે
યહોવાને ઢોર કે ઘેટાં બકરાંની આહુતિ ચઢાવે, 19 તો તે પશુ ખોડ-
ખાંપણ વગરનું નર હોય તો જ સ્વીકાર્ય બને. 20 તેથી તમાંરે ખોડવાળું
પશુ ચઢાવવું નહિ, નહિ તો તે અસ્વીકાર્ય થશે. 21 “જો કોઈ વ્યક્તિ
માંનતા પૂરી કરવા અથવા ઐચ્છિકાર્પણ તરીકે યહોવા સમક્ષ વિશેષ
ભેટ તરીકે લાવે, તો તે પ્રાણી બળદ અથવા ઘેટું હોઈ શકે પણ તેમાં
કોઈ દોષ હોવો ન જોઈએ, નહિ તો તે અમાંન્ય થશે. 22 તમાંરે યહોવાને
આંધળું, લૂલું, અપંગ, ઈજા પામેલ અંગવાળું, વહેતા ધારાવાળું, ગદગૂ-
મડાવાળું કે પરુંવાળું પ્રાણી ચઢાવવું નહિ, એવું કોઈ પ્રાણી યહોવાને
અર્પણ તરીકે વેદી પર ધરાવવું નહિ. 23 “જો કોઈ બળદ અથવા ઘેટું
યહોવાને અર્પણ કરવામાં આવે અને જો તેને બહુ લાંબો પગ હોય અથ-
વા પગનો સરખો વિકાસ ન થયો હોય, તો તેનો વિશેષ ભેટ તરીકે વધ
કરી શકાય પણ તેને માંનતા કે પ્રતિજ્ઞા પૂરી કરવા માંટે અર્પણ કરી
શકાય નહિ. 24 “જે પશુના અંડકોશ છૂંદી, કચડી, ચીરી કે કાપી નાખ-
વામાં આવ્યા હોય તેને તમાંરે યહોવાને ધરાવવું નહિ, તમાંરા દેશમાં
એવું કદી કરવું નહિ. 25 “જે વિદેશીઓ તેવા પશુઓને યહોવાને અર્પણ
તરીકે લાવે, તો તમાંરે એનો સ્વીકાર ન કરવો. કારણકે પ્રાણી અપંગ
હોઈ શકે અને તેમને ખોડખાંપણ હોઈ શકે, તેથી તે સ્વીકારાય નહિ.”
26 યહોવાએ મૂસાને કહ્યું, 27 “જયારે કોઈ વાછરડું, લવારુ કે બકરું
જન્મે ત્યારે સાત દિવસ સુધી તેને તેની માં પાસેથી કોઇએ લઈ લેવું
નહિ. આઠમાં દિવસે અને તે પછી તે યહોવા સમક્ષ અગ્નિ દ્વારા યજ્ઞ
માંટે માંન્ય થશે. 28 તમાંરે એક જ દિવસે બચ્ચાંનો તથા તેની માંનો
વધ કરવો નહિ. પછી તે ગાય હોય કે ઘેટી. 29 “જો તમને વિશેષ આભા-
રાર્થે દેવને અર્પણ આપવાની ઈચ્છા હોય, તો તે ભેટ આપવાની તમને
છૂટ છે. પણ તે તમાંરે એ રીતે આપવું જેથી તેઓ પ્રસન્ન થાય. 30 તમાંરે
તે જ દિવસે તે આખુ પ્રાણી જમી લેવું. બીજા દિવસે સવાર માંટે તેમાંથી
કાંઈ રાખવું નહિ. હું યહોવા છું. 31 “તમાંરે માંરી સર્વ આજ્ઞાઓનું પાલન
કરવું અને તેનો અમલ કરવો, કારણ કે હું યહોવા છું. 32 તમાંરે માંરા
પવિત્ર નામને ભ્રષ્ટ કરવું નહિ; બધા ઇસ્રાએલીઓએ માંરી પવિત્રતા
જાળવવી. હું તમને પવિત્ર કરનાર યહોવા છું. 33 હું તમને મિસરમાંથી
તમાંરો દેવ થવા માંટે લઈ આવ્યો હતો. હું યહોવા છું.”

23 યહોવાએ મૂસાને કહ્યું, 2 “ઇસ્રાએલી લોકોને તું આ કહે: યહો-
વાના ઉત્સવો નીચે મુજબ છે, તમાંરે યહોવાના પસંદ કરેલા
ઉત્સવોને ધર્મસંમેલનો તરીકે જાહેર કરવા. 3 “છ દિવસ કામ કરવું, પણ
સાતમો દિવસ તો સંપૂર્ણ વિશ્રામનો દિવસ છે, એ તો પવિત્ર સંમેલન-
નો દિવસ છે, એ દિવસે કામ ન કરવું. તમે ગમે ત્યાં રહેતા હોય, તે યહો-
વાનો દિવસ છે, વિશ્રામવાર છે. 4 “પ્રતિવર્ષ યહોવાના જે ઉત્સવો ઉજ-
વવાના, ધર્મસંમેલનો બોલાવવાના પવિત્ર પર્વો છે તે નીચે મુજબ છે.
5 આ પર્વની ઊજવણી પહેલા મહિનાના ચૌદમે દિવસે પરોઢે શરુ થવી
જોઈએ. 6 “એ મહિનામાં પંદરમાં દિવસથી બેખમીર રોટલીનો ઉત્સવ
શરુ થાય છે. સાત દિવસ સુધી તમાંરે ખમીર વગરની રોટલી ખાવી.
7 આ પર્વના પ્રથમ દિવસે ધર્મસંમેલન રાખવું અને કોઈ દૈનિક સાંસા-
રિક કાર્ય કરવું નહિ. 8 પર્વના સાતમાં દિવસે પણ તમાંરે ફરી ધર્મસંમે-
લન કરવું. રોજના કામ કરવાં નહિ અને પ્રથમ દિવસ અને છેલ્લા દિવસ-
ની વચ્ચેના દિવસોએ રોજ તમાંરે યહોવા સમક્ષ અગ્નિમાં આહુતિ માંટે
અર્પણ લાવવું.” 9 યહોવાએ મૂસાને કહ્યું, 10 “ઇસ્રાએલીઓને કહો, હું
તમને આપું છું તે દેશમાં તમે દાખલ થાઓ અને પાક લણો ત્યારે તમાંરે
પહેલા પાકનો પહેલો દાણાનો પૂળો તમાંરે સાબ્બાથના પછીના દિવસે
યાજક પાસે લઈને આવવું. 11 યાજક સાબ્બાથના પછીના દિવસે પૂળો
યહોવાને ઉપાસનાની જેમ ધરાવવો અને યહોવા તમાંરી ભેટ સ્વીકાર-
શે. 12 “જે દિવસે તમે પૂળો ધરાવો તે દિવસે તમાંરે એક વર્ષનું ખોડ-
ખાંપણ વગરનું નર ઘેટું યહોવાને દહનાર્પણ તરીકે ધરાવવું. 13 તેની
ઉપરાંત તમાંરે અગ્નિમાં ખાદ્યાર્પણ તરીકે તેલમાં મોયેલો 16 વાટકા ઝી-
ણો લોટ તથા પેયાર્પણ તરીકે એક લિટર દ્રાક્ષારસ લાવવો, એની સુવા-
સથી યહોવા પ્રસન્ન થાય છે. 14 તમે આ પ્રમાંણે અર્પણો ધરાવો નહિ
ત્યાં સુધી એટલે કે તે પહેલા તમાંરે નવા પાકમાંથી કાંઈ ખાવું નહિ. તા-
જો પોંક, નવું અનાજ, કાચું શેકેલું કે રોટલી કે લીલાં કણસલાં, આમાંનું
કશું જ ખાવું નહિ. આ નિયમ તમાંરે સૌએ સમગ્ર દેશમાં વંશપરંપરાગત
પાળવાનો છે. 15 “પચાસમાં દિવસનું પર્વ: “વિશ્રામવાર પછીના દિવ-
સથી તમે જે દિવસે પૂળાની ભેટ ધરાવો તે દિવસથી પૂરા સાત અઠવા-
ડિયા ગણવાં. 16 સાતમાં આઠવાડિયા પછીના રવિવારે એટલે કે પચા-
સમાં દિવસે, તમાંરે યહોવાને નવા પાકમાંથી ખાદ્યાર્પણ કરવું: 17 તમાંરે
તમાંરાં ઘરમાંથી વિશેષ ભેટ તરીકે ખમીર નાખીને બનાવેલી 16 વાટકા
લોટની બે રોટલી લાવવી. એ તમાંરા પાકના પ્રથમ દાણાનું યહોવાને
અર્પણ છે. 18 “રોટલી ઉપરાંત યહોવાને દહનાર્પણરૂપે તમાંરે એક વર્ષ-
ના ખોડખાંપણ વગરનાં સાત ઘેટાંના બચ્ચા, એક વાછરડું, અને બે ઘે-
ટાં અર્પણ કરવા. આ સર્વને અનુરૂપ ખાદ્યાર્પણ અને પેયાર્પણ પણ હો-
વા જો ઈએ, જે અગ્નિમાં આહુતિ માંટેના અર્પણો છે. એની સુવાસથી
યહોવા પ્રસન્ન થાય છે. 19 તમાંરે એક બકરો પાપાર્થાર્પણ તરીકે, અને
શાંત્યર્પણ તરીકે એક વર્ષના બે નર ઘેટાં પણ ધરાવવા. 20 “યાજકે તે-
મને નવા પાકના પહેલા દાણામાંથી બનાવેલી રોટલી સાથે યાજકના
ભાગ તરીકે યહોવા સામે ઉપાસના સાથે ધરાવવા. એ યાજકને માંટેની
યહોવાને ધરાવેલી ભેટ ગણાશે. 21 એ જ દિવસે તમાંરે ધર્મસંમેલન

બોલાવવું. અને તે દિવસે કોઈ સાંસારિક કામ કરવાં નહિ, તમે ગમે ત્યાં
રહેતા હોય છતાં તમારા વંશજોએ કાયમ માંટે આ નિયમ પાળવાનો છે.
22 "તમે જયારે પાક લણો, ત્યારે તમારે છેક ખેતરના શેઢા સૂધી વાઢવું
નહિ. તેમજ મોડ પણ વીણી લેવા નહિ. તમારે તેને ગરીબો તથા વિદે-
શીઓ માંટે રહેવા દેવા. હું તમારો દેવ યહોવા છું." 23 યહોવાએ મૂસાને
કહ્યું, 24 "ઇસ્રાએલના લોકોને એમ જણાવ: સાતમાં મહિનાના પહેલા
દિવસે તમારે સંપૂર્ણ વિશ્રામના સ્મરણના દિવસ તરીકે પાળવો. 25 એ
દિવસે તમારે રણશિંગડા ફૂંકવા અને ધર્મસંમેલન કરવું. તમારે રોજનું
કોઈ કામ કરવું નહિ પરંતુ યહોવાની સમક્ષ અગ્નિમાં આહુતિ આપવી."
26 યહોવાએ મૂસાને કહ્યું, 27 "સાતમાં મહિનાનો દશમો દિવસ પ્રાયશ્ચિ-
તનો દિવસ છે. એ દિવસે પવિત્ર મેળાવડો રાખવો. ઉપવાસ કરવો અને
યહોવા સમક્ષ અગ્નિમાં આહુતિ આપવી. 28 એ દિવસે તમારે કોઈ કામ
કરવું નહિ, કારણ કે તે પ્રાયશ્ચિતનો દિવસ છે. તે દિવસે યાજકો તમારા
દેવ યહોવા સમક્ષ તમને શુદ્ધ કરવાની વિધિ કરે છે. 29 "એટલે તે દિવ-
સે જો કોઈ પશ્ચાતાપમાં અને પાપ માંટે દિલગીરી વ્યક્ત કરી ઉપવાસ
નહિ કરે તો તેનો સમાંજમાંથી બહિષ્કાર કરવો. 30 જે કોઈ આ દિવસે
કોઈ પણ કામ કરશે તો હું (યહોવા) તેના લોકોમાંથી તેનો નાશ કરીશ.
31 ઇસ્રાએલની પ્રજાએ આ કાનૂન વંશપરંપરા પાળવાનો છે. 32 કારણ,
આ તો પવિત્ર વિશ્રામનો સાબ્બાથ છે, માંટે તમે ઉપવાસ કરો અને દુઃ-
ખી થાઓ. પશ્ચાતાપના આ સમય દરમ્યાન નવમાં દિવસની સાંજથી
પછીના દિવસની સાંજ સુધી તમારે વિશ્રામ પાળવાનો છે." 33 યહો-
વાએ મૂસાને કહ્યું, 34 "ઇસ્રાએલના લોકોને એમ કહે કે, આ સાતમાં
મહિનાના પંદરમાં દિવસથી યહોવાનો માંડવાપર્વ શરૂ થાય છે અને તે
સાત દિવસ ચાલે છે. 35 પ્રથમ દિવસે તમારે ધર્મસંમેલન ભરવું. તમારે
એ દિવસે કોઈ કાર્ય કરવું નહિ. 36 પર્વના સાતે દિવસ તમારે યહોવા
સમક્ષ હોમયજ્ઞો અર્પણ કરવા. આઠમાં દિવસે ફરીથી પવિત્ર મેળાવડો
કરવો અને ફરીથી હોમયજ્ઞો અર્પણ કરવા. આ પછી પર્વની ઊજવણી
પૂરી થાય, આ દિવસે પણ તમારે કોઈ પણ સાંસારિક કામ કરવાં નહિ.
37 "આ બધા યહોવાના વાર્ષિક પર્વો નિયમિત ઉજવવાના છે. આ પ્ર-
સંગો પર પવિત્ર મેળાવડા યોજવા, એ દિવસો દરમ્યાન નક્કી કરેલા
નિયમ મુજબ દહનાર્પણ, ખાદ્યાર્પણ અને પેયાર્પણ યહોવાને અર્પણ
કરવા. 38 આ પર્વોત્સવો પ્રતિસપ્તાહ આવતા વિશ્રામવાર ઉપરાંતના છે
અને બધી આહુતિઓ, અર્પણો બાધાઓ, અને સ્વેચ્છાએ ખાસ ભેટો
તરીકે ધરાવેલ અર્પણો ઉપરાંતના છે. 39 "તેમ છતાં સાતમાં માંસના
પંદરમાં દિવસે જમીનની ઉપજનો સંગ્રહ કરી રહ્યાં બાદ તમારે યહોવાને
પ્રસન્ન કરવા માંટે સાત દિવસ સુધી આ પર્વ ઊજવવું. પહેલો દિવસ
અને આઠમો દિવસ સંપૂર્ણ વિશ્રામ પાળવાનો છે. 40 પ્રથમ દિવસે
તમારે તાડનાં પાંદડાં અને ખાસફળો અને સુદંર વૃક્ષોની ડાળીઓ ભેગી
કરવી અને સાત દિવસ સુધી તમારા દેવ યહોવા સમક્ષ આનંદોત્સવ
ઊજવવો. 41 તમારે પ્રતિવર્ષ યહોવાના માંનમાં સાત દિવસ આ ઉત્સવ
ઊજવવો. તમારા વંશજોએ કાયમ આ કાનૂન પાળવાનો છે. સાતમાં
મહિનામાં તમારે આ ઉત્સવ ઊજવવાનો છે. 42 એ સાત દિવસો દર-
મ્યાન ઇસ્રાએલના તમાંમ વતનીઓએ સાત દિવસ મંડપોમાં રહેવું.
43 જેથી તમારા વંશજોને યાદ રહે કે હું તમને ઇસ્રાએલીઓને મિસર-
માંથી બહાર લઈ આવ્યો ત્યારે મેં તમને માંડવાઓમાં વસાવ્યા હતા. હું
યહોવા તમારો દેવ છું." 44 મૂસાએ યહોવાના માંનમાં પાળવાના ઉત્સ-
વોને લગતા નિયમો ઇસ્રાએલના તમાંમ લોકોને જણાવ્યા.

24 યહોવાએ મૂસાને કહ્યું, 2 "ઇસ્રાએલના લોકોને કહે કે, તેઓ મુ-
લાકાતમંડપમાં કરાર કોશની આગળના પડદા બહારની દીવી-
માં અખંડ દીપ પ્રગટતો રાખવા માંટે ચોખ્ખું જૈતૂનનું તેલ લાવી આપે.
3 હારુને તે દીપ સાંજથી સવાર સુધી યહોવા સમક્ષ પ્રગટતો રહે તેની
કાળજી રાખવાની છે. આ કાનૂન તમને અને તમારા વંશજોને કાયમ
માંટે બંધનકર્તા છે. 4 હારુને શુદ્ધ સોનાની દીવી ઉપરના દીવા યહોવા
સમક્ષ અંખડ પ્રગટતા રહે તે માંટે કાળજી રાખવાની છે. 5 "તમારે ઘઉ-
નો લોટ લઈને તેમાંથી 16 વાટકાનો એક એવા બાર રોટલી બનાવવી.
6 તમારે તે બાર રોટલા શુદ્ધ સોનાના બાજઠ ઉપર યહોવા સમક્ષ છ
છની બે થપ્પીમાં ગોઠવવા. 7 તે બંને થપ્પી પર તમારે શુદ્ધ લોબાન મૂ-
કવો, આથી યહોવાને પોતાની સમક્ષ અગ્નિ આહુતીનું અર્પણ યાદ રહે-
શે. 8 પ્રતિ વિશ્રામવારે તે યહોવા સમક્ષ નિયમિત ગોઠવવા. તે ઇસ્રાએ-
લી લોકોનું કાયમી કામ છે. 9 પવિત્ર જગાએ હારુન અને તેના પુત્રો આ
રોટલી ખાય. એ એમનો હક છે. કારણ, તે યહોવાને ચઢાવાતા અગ્નિ
ખાદ્યાર્પણોનો યાજકને મળતો પવિત્ર ભાગ છે. યાજકને આ ભાગ હંમે-
શા આપવાના છે. 10 એક દિવસ ઇસ્રાએલી માંતા અને મિસરી પિતાના
યુવાનને છાવણીમાં એક ઇસ્રાએલી વ્યક્તિ સાથે ઝઘડો થયો. 11 ઝઘ-
ડા દરમ્યાન આ ઇસ્રાએલી યુવતીના દીકરાએ યહોવાને શાપ આપ્યો.
તેથી ન્યાય માંટે મૂસા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેની માંતાનું નામ
શલોમીથ હતું, તે દાનના કુળના દિબ્રીની પુત્રી હતી. 12 યહોવાનો ચૂ-
કાદો ના આવે ત્યાં સુધી તેને ચોકી પહેરા હેઠળ રાખવાનું નક્કી થયું.
13 યહોવાએ મૂસાને કહ્યું, 14 "તેને છાવણીમાંથી બહાર લઈ જા અને જે-
ઓને તેને નિંદા કરતા સાંભળ્યો હતો તે સર્વને તેના માંથા પર હાથ મૂ-
કવાનું કહે; પછી બધા લોકો પથ્થરો માંરી તેને માંરી નાખે. 15 ત્યાર-
બાદ તું ઇસ્રાએલીઓને કહે કે, જે કોઈ દેવની નિંદા કરશે તેણે પોતાના
પાપની સજા ભોગવવી પડશે. 16 જે કોઈ યહોવાના નામની નિંદા કરે
તેને મૃત્યુદંડ આપવો, પછી તે ઇસ્રાએલી હોય કે વિદેશી; સમગ્ર સમાંજે
તેને પથ્થરો માંરવા; અને મૃત્યુદંડ આપવો. 17 "જે કોઈ વ્યક્તિ બીજા-
ની હત્યા કરે તો તેને મોતની સજા કરવી. 18 જે કોઈ પશુને માંરી નાખે
તેણે તેની નુકસાની ભરપાઈ કરવી જીવને બદલે જીવ. 19 "જો કોઈ
વ્યક્તિ અન્યને ઈજા પહોંચાડે તો તેણે જે કર્યુ હોય તે તેને કરવું: 20 હા-
ડકું ભાંગનારનું હાડકું ભાંગવું, આંખ ફોડનારની આંખ ફોડવી, દાંત પા-
ડનારનો દાંત પાડવો, એણે સામી વ્યક્તિને જેવી ઈજા કરી હોય તેવી જ
ઈજા તેને કરીને બદલો આપવામાં આવે. 21 જે કોઈ વ્યક્તિ કોઈ પશુને
માંરી નાખે તો તેણે નુકસાની ભરપાઈ કરવી, પણ જો કોઈ માંણસને
માંરી નાખે તો તેને મૃત્યુદંડ આપવો. 22 "વિદેશી કે ઇસ્રાએલી પ્રજામાં
જન્મ ધારણ કરનાર નાગરિક સર્વને સમાંન કાનૂન લાગુ પડે, કારણ હું
યહોવા તમારો દેવ છું." 23 મૂસાએ ઇસ્રાએલીઓને આ પ્રમાંણે કહ્યા
પછી તેમણે દેવનિંદા કરનાર માંણસને છાવણી બહાર લઈ જઈને યહો-
વાએ મૂસાને કરેલી આજ્ઞા પ્રમાંણે તેને પથ્થરો માંરીને માંરી નાખ્યો.

25 સિનાઈ પર્વત પર યહોવાએ મૂસાને કહ્યું, 2 "તું ઇસ્રાએલી લો-
કોને આ પ્રમાંણે કહે: તમને જે દેશ હું આપવાનો છું તેમાં તમે
પ્રવેશ કરો અને વસો ત્યારે તે દેશને પણ યહોવાના માંનમાં વિશ્રામ
પાળવા દેવો. 3 છ વર્ષ સુધી તમારે તમારા ખેતરોમાં વાવણી કરવી, છ
વરસ સુધી તમારે દ્રાક્ષની વાડીઓને છાંટવી, અને તમારી પાકની કાપ-
ણી કરવી, 4 પરંતુ સાતમે વર્ષે જમીનને યહોવાના માંનમાં સંપૂર્ણ વિ-
શ્રામ પાળવા દેવો. એ વર્ષે ન તો ખેતરમાં કંઈ વાવવું કે ન તો દ્રાક્ષની
વાડીઓ છાંટવી. 5 જમીન પર પડેલા દાણામાંથી જે કંઈ પાકે અથવા
છાંટયા વગરની દ્રાક્ષની વાડીઓમાં જે દ્રાક્ષ બેસે તે તમારે લેવાં નહિ,
એ વર્ષે જમીનને સંપૂર્ણ વિશ્રામ આપવો. 6 "એ વિશ્રામના વર્ષમાં ખેડ-
યા વગરની જમીનમાં આપોઆપ જે કંઈ ઊપજ થશે તે તમને તેમજ
તમારાં સ્ત્રીપુરુષ, ચાકરોને, તમે મજૂરીએ રાખેલા માંણસોને, તમારા
ઘરમાં રહેતા વિદેશીઓને, 7 તમારાં ઢોરોને તથા દેશના જંગલી જાનવ-
રોને ખાવા કામ લાગશે, તેથી જે કંઈ આપોઆપ પેદા થાય તેનો ખાવા-
માં ઉપયોગ કરી શકશો. 8 "તમારે પોતાના માંટે સાત વર્ષનાં સાત જૂથ
ગણવાં, એટલે કે સાત વાર સાત વરસ, એટલે 49 વર્ષ. તે સમય દર-
મ્યાન ભૂમિને સાત વરસનો વિશ્રામ રહેશે 9 પછી સાતમાં મહિનાના
દશમે દિવસે પ્રાયશ્ચિતને દિવસે તમારે આખા દેશમાં ઘેટાનું શિંગ વગ-
ડાવવું. 10 અને પચાસમાં વર્ષને પવિત્ર જાહેર કરી દેશના બધા વત-
નીઓ માંટે ઘોષણા કરવી. તમારા માંટે એ રણ શિંગડાનું જુબિલીનું વર્ષ
છે. જો કોઈની મિલકત વેચાઈ ગઈ હોય તો એ વર્ષે છૂટી થઈ જાય અને
મૂળ માંલિકને પાછી મળે, વળી જો કોઈ ચાકર તરીકે વેચાયો હોય તો તે
છૂટો થઈ પોતાના પરિવારમાં પાછો જાય. 11 એ પચાસમું વર્ષ તમારા
માંટે ખાસ ઉજવણીનું વર્ષ છે, એ વર્ષે તમારે કાંઈ વાવવું નહિ, અને
આપોઆપ જે ઊગ્યું હોય તે લણવું નહિ, તેમજ છાંટયા વિનાની દ્રાક્ષ-
ની વાડીમાંથી દ્રાક્ષ ઉતારવી નહિ, 12 કારણ, તમારા માંટે એ રણશિંગ-
ડાનું પવિત્ર મુક્તિવર્ષ છે, અને તમારે તેને પવિત્ર રાખવાનું છે એટલે એ
વર્ષે ખેતરોમાં આપમેળે ઊગી નીકળેલો પાક તમારે ખાવાના ઉપયોગમાં
લેવો. 13 આ મુક્તિ વર્ષે પ્રત્યેક વ્યક્તિએ પોતાને ઘેર, પોતાના પરિવા-

રની મિલકતવાળા મકાનમાં પાછા ફરવું, જો તેણે તે વેચી દીધું હોય, તો
તે ફરીથી તેને પ્રાપ્ત થશે. 14 “એટલે તમે અરસપરસ જમીન વેંચો કે
ખરીદો ત્યારે કોઈ પણ પક્ષે એક બીજાને છેતરવો નહિ. 15 જમીનની
કિંમત ઉત્સવના પછીના વર્ષોની ગણતરી પર થાય છે, કેમકે માંલિક
ફક્ત આવતા ઉત્સવ સુધીનો કાપણીનો હક્ક વેચે છે. 16 જો વર્ષો
વધારે બાકી હોય તો કિંમત વધારે ઠરાવવી અને વર્ષ ઓછા બાકી હોય
તો કિમત ઓછી ઠરાવવી, કારણ જે વેચાય છે તે અમુક પાક કુલ મળશે
તે છે, અને નહિ કે જમીન. 17 આથી તમારે એકબીજાને છેતરવા નહિ,
દેવથી ડરીને ચાલવું. હું તમારો દેવ યહોવા છું. 18 ‘મારા કાનૂનો અને
મારા નિયમોનું પાલન કરશો અને તેનો અમલ કરશો તો તમે દેશમાં સુ-
રક્ષિત રહી શકશો; 19 જો તમે નિયમોને આધીન થશો તો ભૂમિ મબ-
લખ પાક આપશે તેથી તમે સુરક્ષિત રહેશો અને તૃપ્ત થશો. 20 “તમે
કહેશો કે, ‘જો અમે દાણા ન વાવીએ અથવા લણીએ તો સાતમાં વર્ષે
અમને કંઈ ખાવા નહિ રહે.’ 21 તેનો ઉત્તર આ છે, છઠ્ઠા વર્ષે હું તમને
ત્રણ વર્ષ ચાલે તેટલા મબલખ પાકથી આશીર્વાદિત કરીશ. 22 તમે
આઠમે વરસે વાવશો ત્યારે પણ તમે આગળના વર્ષના પાકમાંથી ખાતા
હશો, નવમે વર્ષે તમે નવો પાક ઘરમાં લાવશો ત્યાં સુધી તમે છઠ્ઠા વર્ષ-
ના પાકમાંથી તમે ખાશો. 23 “યાદ રાખો, જમીન માંરી છે, તેથી જમીન-
નું કાયમી વેચાણ થઈ શકે નહિ, તમે માંત્ર વિદેશીઓ અને યાત્રીઓ
તરીકે માંરી જમીન પર રહો છો. 24 વેચાણ ખરીદમાં એક શરત એવી
હોવી જ જોઈએ કે જમીનને વેચનાર ગમે ત્યારે પાછી મેળવી શકે.
25 કોઈ વાર કોઈ માંણસ ગરીબ થઈ જાય અને તેની જમીનને થોડો
ભાગ વેચે, તો તેનો સૌથી નજીકનો સગો તે જમીનને પાછી લઈ શકે.
26 પરંતુ જો તેને છોડાવનાર કોઈ નજીકનો સગો ના હોય અને તે પોતે
ફરી ખરીદવાની સ્થિતિમાં આવ્યો હોય, 27 તો તેણે વેચાણ પછી વીતે-
લાં વર્ષો હિસાબમાં ગણી, બીજા મુક્તિવર્ષને જેટલાં વર્ષ બાકી હોય તે
પ્રમાંણે ખરીદનારને કિંમત ચૂકવવી, અને તેણે એની મિલકત પાછી
આપવી. 28 અસલ માંલિક જમીનને ન છોડાવી શકે તો તે જમીન જુ-
બિલીના વર્ષ સુધી ખરીદનાર પાસે રહે; પણ જુબિલી વર્ષમાં તે જમીન
અસલ માંલિકને પાછી આપી દેવી. 29 “જો કોઈ માંણસ નગરમાંનું તેનું
મકાન વેચે, તો વેચાણ પછી પૂરા એક વર્ષ સૂધી તેને ફરીથી ખરીદી લે-
વાનો હક્ક રહે. 30 એક પૂરા વર્ષ દરમ્યાન તે પાછું ખરીદી લેવામાં ના
આવે તો તે મકાનની કાયમની માંલિકી નવા માંલિકની અને તેના વંશ-
જોની થાય. 31 જુબિલી વર્ષમાં પણ તે મૂળ માંલિકને પાછું ન મળે, કોટ
વગરનાં ગામડાંમાંનાં મકાનો જમીન જેવાં ગણાય, તે પાછાં ખરીદી લે-
વાના હક્ક કાયમ રહે, અને જુબિલી વર્ષમાં તો તે મકાન મૂળ માંલિકને
પાછું મળે જ. 32 “તેમાં એક અપવાદ છે: લેવીના મકાનો કોટવાળાં
નગરોમાં હોય તો પણ ગમે ત્યારે છોડાવી શકાય; 33 જો કોઈ લેવી
એવા શહેરમાં આવેલું પોતાનું મકાન પાછું ન ખરીદી લે, તો તે જુબિલી-
ના વર્ષમાં તેને પાછું મળી જાય; કારણ, લેવીઓનાં શહેરમાંનાં મકાન
એ તેમની ઇસ્રાએલમાંની મિલકત છે. 34 લેવી પોતાના નગરોની આસ-
પાસ આવેલી સહિયારી જમીન વેચી શકે નહિ, કારણ કે તે તેઓની કા-
યમી મિલકત છે અને તેના પર અન્ય કોઈનો હક રહે નહિ. 35 “અને જો
કોઈ ઇસ્રાએલી બંધુ ગરીબીમાં આવી પડે અને પોતાનું ભરણપોષણ
કરી શકે નહિ, તો તેને મદદ કરવાની જવાબદારી તારી છે; તારે ઘેર મહે-
માંન તરીકે આવવા માંટે તેને નિમંત્રણ આપ. જેથી તે તમારી સાથે રહી
શકે. 36 દેવનો ડર રાખીને તારા ભાઇને તારી સાથે રહેવા દે; તેને ધીરેલા
પૈસાનું વ્યાજ તમારે ન લેવું, અને તમે ધીરેલા કરતા વધારાની આશા
તેની પાસે ન કરતા. 37 તમારે તેને ધીરેલાં નાણાં ઉપર વ્યાજ લેવું નહિ,
તેમજ વધારે ભાવે અનાજ વેચવું નહિ. 38 તમને કનાનનો પ્રદેશ આપ-
વા માંટે અને તમારો દેવ થવા માંટે તમને મિસરમાંથી બહાર લાવનાર હું
તમારો દેવ યહોવા છું. 39 “જો કોઈ ઇસ્રાએલી બંધુ ગરીબાઇમાં આવી
પડે અને પોતે તમને વેચાઈ જાય તો તમારે તેની પાસે ચાકર તરીકે કામ
કરાવવું નહિ. 40 તેણે નોકરીએ રાખેલ ચાકર અથવા મહેમાંન તરીકેનો
વ્યવહાર તેની સાથે કરવો. અને તેને વસવાટી માંણસ જેવો ગણવો. જુ-
બિલી વર્ષ સુધી તે તમારું કામ કરશે. 41 પછી તમારી સેવા તે છોડી
જશે અને પોતાનાં વંશજો સાથે પાછો પોતાના પરિવારમાં જઈ પોતાની
મિલકતનો માંલિક બનશે. 42 કારણ કે હું ઇસ્રાએલીઓને મિસરમાંથી
બહાર લાવ્યો હતો એટલે તેઓ માંરા સેવકો છે. ચાકરોની જેમ તેમને વે-
ચી શકાશે નહિ. 43 “તમારે દેવનો ડર રાખીને એવા માંણસ પાસે ચાક-
રની જેમ મજૂરી કરાવવી નહિ. 44 “અને જો તમારે ચાકરોની જરૂર હોય
તો તે તમારી આસપાસ રહેતા લોકોમાંથી તમે ખરીદી શકો છો. 45 તદુ-
પરાંત તમારી વચ્ચે રહેતા વિદેશીઓના સંતાનોને તમારા દેશમાં
જન્મ્યા હોય તો પણ તમે ચાકરો ખરીદી શકો છો. એ લોકો તમારી મિ-
લકત ગણાય. 46 અને તમે તે લોકોને તમારા વંશજોને વારસામાં આપી
શકો છો, તેમજ તમે તેમનો કાયમ માંટે ચાકર તરીકે ઉપયોગ કરી શકો
છો, પણ તમારા ઇસ્રાએલી ભાઈઓ પાસે ચાકરોની જેમ મજૂરી કરાવી
શકો નહિ. 47 “જયારે કોઈ પરદેશી કે તમારી સાથે રહેતો વસવાટી ધન-
વાન થઈ જાય અને તમારો ઇસ્રાએલી ભાઈ ગરીબીમાં આવી પડતાં પો-
તાની જાત તે માંણસને વેચી દે, 48 તેને તેનો એકાદ ભાઈ પાછો ખરીદી
શકે છે. 49 અથવા કાકા કે ભત્રીજે કે અન્ય કોઈ નજીકનો સગો તેને
પાછો ખરીદી લઈ શકે, અથવા તેની પાસે પૈસા થયા હોય, તો તે પોતે
પોતાની જાતને છોડાવી શકે. 50 “તેના છુટકારાની કિંમત જુબિલી વર્ષ-
ને જેટલા વર્ષ બાકી હોય તે પ્રમાંણે ગણવામાં આવે, બાકી રહેલાં વર્ષો
માંટે પગારે રાખેલા ચાકરનો ખર્ચ કેટલો થાય તે, 51 જો આગલી જુબિ-
લીને ઘણા વર્ષો બાકી હોય તો વ્યક્તિએ કિંમતનો મોટો ભાગ પાછો
આપવો. એ વર્ષોની ગણતરી પર આધારીત છે. 52 ઘણાં વર્ષો વીતી
ગયાં હોય અને જુબિલી વર્ષને થોડાં જ વર્ષ બાકી હોય, તો પોતાની જા-
તને વેચી જે નાણાં પ્રાપ્ત કર્યા હોય તેનો થોડોજ ભાગ તેણે પાછો આપ-
વો. 53 તેનો હોદ્દો મજૂરીએ રાખેલા માંણસનો ગણાશે, અને તમારે તેના
માંલિકને તેની પાસે સખતાઈથી કામ લેવા દેવું જોઈએ નહિ. 54 “જો જુ-
બિલી વર્ષના વચગાળાનાં વરસો દરમ્યાન તેને પાછો ખરીદી લેવામાં ન
આવ્યો હોય, તો તેને અને તેનાં બાળકોને જુબિલીના વર્ષમાં છૂટાં કરી
દેવાં જોઈએ, 55 કેમ કે, ઇસ્રાએલીઓ માંરા સેવકો છે; હું તેમને ચાકરી-
માંથી મિસર દેશમાંથી બહાર લઈ આવ્યો છું; હું યહોવા તમારો દેવ છું.”

26 તમારે પૂજા કરવા માંટે દેવોની મૂર્તિઓ બનાવવી નહિ, તેમજ
કોતરેલી મૂર્તિ, સ્તંભ કે કંડારેલા પથ્થરની પૂજા કરવી નહિ, કા-
રણ ‘હું યહોવા તમારો દેવ છું.’ 2 “તમારે માંરા વિશ્રામવાર પાળવા અને
માંરા મુલાકાતમંડપની પવિત્રતા જાળવવી, હું યહોવા છું. 3 “જો તમે
માંરા સર્વ કાનૂનો પ્રમાંણે ચાલશો અને માંરી સર્વ આજ્ઞાઓનું પાલન
કરીને તેનો અમલ કરશો; 4 તો હું તમારા માંટે નિયમિત ઋતુ પ્રમાંણે
વરસાદ મોકલીશ, જમીન તમને પાક આપશે અને વૃક્ષો ફળ આપશે.
5 તમારે ત્યાં પુષ્કળ પાક ઊતરશે, વાવણીનો સમય આવે ત્યાં સુધી
દ્રાક્ષ પાકયા કરશે, અને લણવાનું કામ વાવણીના સમય સુધી ચાલશે,
તમે ધરાતાં સુધી જમશો અને દેશમાં સુરક્ષિત રહેશો. 6 હું તમને દેશમાં
શાંતિ આપીશ, અને તમે રાત્રે નિર્ભય બની નિરાંતે ઊંઘી શકશો, ‘હું દે-
શમાંથી હિંસક પ્રાણીઓને ભગાડી મૂકીશ અને યુદ્ધ થવા દઈશ નહિ.
7 “તમે તમારા દુશ્મનોને હાંકી કાઢશો, અને તેઓ તમારી તરવારનો
ભોગ બનશે. 8 તમારામાંના પાંચ એકસોને હાંકી કાઢશે અને તમારા-
માંના 100 હાંકશે 10,000ને! તમારા સર્વ શત્રુઓનો પરાજય થશે અને
તમારી તરવારથી માંર્યા જશે. 9 “હું તમારા તરફ થઈશ, તમારી સંભાળ
રાખીશ, અને તમારું સંખ્યાબળ વધારીશ. તમને ઘણાં સંતાન આપીશ,
અને તમારી સાથેનો માંરો કરાર હું પૂર્ણ કરીશ. 10 તમારી પાસે પુષ્કળ
અનાજ હશે, આખું વરસ ખાવા છતાં તે ખૂટશે નહિ. નવો પાક તૈયાર
થશે ત્યારે તેને સંઘરવા જૂના પાકનો વધેલો ભાગ ફેંકી દેવો પડશે.
11 હું તમારી વચ્ચે માંરું નિવાસ કરીશ. હું તમારો ત્યાગ કરીશ નહિ.
12 હું તમારી મધ્યે વાસો કરીશ. હું તમારો દેવ થઈશ અને તમે માંરી પ્રજા
થશો. 13 કારણ કે તમને ચાકરીમાંથી છોડાવી મિસરની બહાર લાવ-
નાર હું તમારો દેવ યહોવા છું. તમારી ચાકરીની ઝૂસરી તોડી નાખીને
તમને ઉન્નત મસ્તકે ચાલતા મેં કર્યા છે. 14 “પરંતુ જો તમે માંરું કહ્યું
સાંભળશો નહિ અને માંરી આજ્ઞાઓનું ઉલંઘન કરશો, 15 તથા માંરા
કાનૂનોને ફગાવી દેશો, માંરા કાયદાઓની ઉપેક્ષા કરશો અને માંરી પ્ર-
ત્યેક આજ્ઞાનું પાલન ન કરીને માંરા કરારનો ભંગ કરશો, 16 તો હું તમને
આ પ્રમાંણે સજા કરીશ: હું તમારા પર અત્યંત ત્રાસ વર્તાવીશ. હું તમારા
પર એવા રોગો અને જવર મોકલીશ કે જે તમને અંધ બનાવી દેશે, અને
તમારા જીવનનો નિકાસ કરી નાખશે. તમે વાવશો દાણા છતાં તમારો

પાક જમી શકશો નહિ, કારણ કે તે તમારો શત્રુ જમશે. 17 હું તમારી વિ-
રુદ્ધ થઈ જઈશ અને તમારો પરાજય તમારા દુશ્મનોને હાથે હું કરાવીશ
તમારા શત્રુઓ તમારા પર રાજ કરશે, અને કોઈ તમારી પાછળ નહિ
પડયું હોય છતાં તમે ભાગતા ફરશો. 18 "આટલી મુશ્કેલીઓ પડવા
છતાં તમે જો મારું કહ્યું નહિ માનો, તો હું તમને તમારા પાપો બદલ
સાત ગણી વધુ શિક્ષા કરીશ. 19 હું તમારું શક્તિનું અભિમાન ઉતારી
નાખીશ, તમારા આકાશને લોખંડના તવા જેવું બનાવીશ જેથી એક ટી-
પું ય વરસાદ પડશે નહિ, અને તમારી જમીનને પિત્તળ જેવી સૂકી ભઠ્ઠ
બનાવી દઈશ; 20 તમારી મહેનત વ્યર્થ જશે. તમારી જમીનમાં કશુંય
પાકશે નહિ અને તમારાં વૃક્ષોને ફળ પણ આવશે નહિ." 21 "અને તે
છતાંય તમે મારી આજ્ઞાની વિરુદ્ધ વર્તન કરવાનું ચાલુ રાખશો અને
મારું નહિ સાંભળો તો હું તમારાં પાપોને કારણે સાતગણી વધુ આફતો
ઉતારીશ. 22 પછી હું તમારા ઉપર જંગલી જાનવરો છોડી મૂકીશ, જે
તમારાં બાળકોને મારી નાખશે અને તમારાં પશુઓનો નાશ કરશે, પરિ-
ણામે તમારી સંખ્યા ઘટી જતા તમારા રસ્તાઓ ઉજ્જડ થઈ જશે."
23 "આમ છતાં પણ જો તમારું પરિવર્તન નહિ થાય અને તમે નહિ સુધ-
રો અને મારી વિરુદ્ધ વર્તન કરવાનું ચાલુ રાખશો; 24 તો હું તમારી વિ-
રુદ્ધ થઈશ, અને હું પોતે તમને તમારાં પાપો માટે સાતગણી વધુ આક-
રી સજા કરીશ. 25 મારા કરાર ભંગનો બદલો લેવા હું તમારા ઉપર યુદ્ધ
મોકલીશ. તમે તમારાં નગરોમાં અદશ્ય થઈ જશો તો હું ત્યાં તમારી
મધ્યે મરકી મોકલીશ; તમારે તમારા શત્રુઓને શરણે જવું પડશે. 26 હું
તારા અનાજના પૂરવઠાનો નાશ કરીશ જેથી દશ પરિવારો માટે રોટલી
શેકવા માટે ફકત એક ભઠ્ઠી પૂરતી થઈ પડશે; તેઓ તમને માપી તોલી-
ને રોટલી વહેંચશે, અને તમારું પેટ નહિ ભરાતા તમે ભૂખ્યાં જ રહેશો.
27 "આટઆટલું વીતવા છતાંય તમે મારું નહિ સાંભળો અને મારી સામે
થશો, 28 તો હું પણ ક્રોધે ભરાઈને તમારી સામે પડીશ અને તમારાં પા-
પોની સાતગણી મોટી શિક્ષા તમને કરીશ. 29 તમારે તમારા પુત્ર અને
પુત્રીઓનું માંસ જમવાનો સમય આવશે. 30 હું તમે જયાં તમારી મૂર્તિ-
ઓની પૂજા કરો છો તે ટેકરીઓ ઉપરનાં મુલાકાતમંડપનો નાશ કરીશ
અને તમારી મૂર્તિઓના ભંગાર ઉપર હું તમારાં મૃતદેહો ખડકીશ. હું તમ-
ને તિરસ્કૃત કરી નાખીશ. 31 હું તમારા નગરોને વેરાન ખંડેર બનાવી
દઈશ. તમારાં પવિત્ર સ્થાનોનો વિનાશ કરીશ, અને તમારાં સુવાસિત
અર્પણોનો અસ્વીકાર કરીશ. 32 હું તમારા દેશને એવો તારાજ કરી ના-
ખીશ કે તમારા દુશ્મનો જે તેમાં વસશે તેઓ પણ તમારી દુર્દશા જોઈને
આભા બની જશે. 33 હું તમને અનેક દેશોમાં વેરવિખેર કરી નીખીશ, હું
તરવાર લઈને તમારી પાછળ પડીશ અને તમારો દેશ ઉજ્જડ વેરાન
થઈ જશે, અને તમારાં શહેરો ખંડેર થઈ જશે. 34 "અને જયારે તમે દુશ્મ-
નોના પ્રદેશમાં રહેતા હશો તે વર્ષોમાં જમીન ઉજ્જડ પડી રહેશે, અને તે
તેનો વિશ્રામવાર ભોગવશે અને તેના વિશ્રામ વર્ષોના આનંદ માંણશે.
35 જયારે તમે ત્યાં વસતા હતા ત્યારે દરેક સાતમે વર્ષે તમે આપ્યો ન્હો-
તો તે વિશ્રામ હવે તે પ્રાપ્ત કરશે. 36 જે લોકો તમારામાંથી બચી જઈને
દુશ્મનોના દેશમાં દેશવટો ભોગવી રહ્યા હશે તેમને હું એવા ભયભીત
કરીશ કે એક પાંદડુ પડવાનો અવાજ થતાં તેઓ જાણે મોત પાછળ
પડયું હોય તેમ ભાગવા માંડશે, ને કોઈ પાછળ પડયું ના હોવા છતાં
તેઓ ભોંય પર ઢળી પડશે. 37 વળી કોઈ પાછળ પડયું ના હોવા છતાં
યુદ્ધમાંથી મૂઠીવાળીને ભાગતા હોય તેમ તેઓ ભાગતાં એકબીજા સાથે
ભટકાઈને, ઠોકરો ખાઈને પડશે અને શત્રુઓનો સામનો કરવાની શક્તિ
પણ તેઓનામાં રહેશે નહિ. 38 "વિદેશી પ્રજાઓ વચ્ચે તમારો અંત
આવશે અને તમારા દુશ્મનોની ભૂમિ તમને ગળી જશે, અને તમે મૃત્યુ
પામશો. 39 જેઓ દુશ્મનોના દેશમાં બચી જશે તેઓ પોતાના અને પો-
તાના પિતૃઓનાં પાપોને કારણે ઝૂરી ઝૂરીને ક્ષય પામતા જશે.
40 "પરંતુ કદાચ તેઓ પોતાનાં અને પોતાના પિતૃઓનાં પાપો કબૂલ
કરશે, મને વિશ્વાસઘાત કરીને મારી વિરુદ્ધ પડીને તેમણે જે પાપો કર્યા
છે તે કબૂલ કરશે, 41 તેઓના પાપોએ મને તે લોકોની વિરુદ્ધ કર્યો, તે-
થી મેં તેઓને વિદેશી પ્રજાઓમાં દેશનિકાલ કર્યા. છેલ્લે તમારા વંશજો
નમ્ર થશે અને મારી વિરુદ્ધ આચરેલા પાપ અને બંડને કારણે થયેલી
શિક્ષા ભોગવશે. 42 ત્યારે હું યાકૂબ સાથેનો ઈસહાક સાથેનો અને
ઈબ્રાહિમ સાથેનો મારો કરાર અને આ ભૂમિને સંભારીશ. 43 "કારણ કે
ભૂમિ જયાં સુધી ઉજ્જડ પડી રહેશે તેટલો સમય તે પોતાના સાબ્બાથો
વિશ્રામના વર્ષો માંણશે, પરંતુ મારી આજ્ઞાઓના ઉલ્લંઘન કર્યા બદલ
અને મારા નિયમોને ધિક્કારવાના કારણે જ તેઓ ઉપર આ ભારી શિક્ષા
આવી પડી છે તેનું તેઓને ભાન થશે, અને તેઓ પૂરેપૂરી સજા ભોગવ-
શે. 44 છતાં, તેઓ તેમના દુશ્મનોના દેશમાં હશે ત્યારે પણ હું તેમનો
સંપૂર્ણ નાશ નહિ કરું. તેમનો પૂરેપૂરો ત્યાગ પણ નહિ કરું અને મારો
જે કરાર તેઓની સાથે છે તેનો ભંગ કરીશ નહિ, કારણ કે હું યહોવા તે-
મનો દેવ છું. 45 તેઓના પિતૃઓને તેમનો દેવ થવા માટે હું બીજા દેશો-
ના જોતા જ મિસરમાંથી બહાર લઈ આવ્યો હતો અને તેમની સાથે જે
કરાર કર્યો હતો તે સંભારીને તેમનું કલ્યાણ કરીશ. હું યહોવા છું."
46 યહોવાએ સિનાઈ પર્વત પર મૂસા મારફતે ઈસ્રાએલીઓને આપેલા
કાનૂનો, નિયમો અને ઉપદેશો ઉપર પ્રમાણે છે.

27 યહોવાએ મૂસાને કહ્યું, 2 "ઈસ્રાએલ પુત્રોને આ કહે, જો કોઈ
માંણસ યહોવાને ખાસ પ્રતિજ્ઞા કરે કે તે કોઈ બીજા વ્યક્તિને
દેવને અર્પણ કરશે, તો યાજકે તે માંણસની કિંમત ઠરાવવી જેથી બીજુ
કોઈ તેને દેવ પાસેથી પાછો ખરીદી શકે. તે વ્યક્તિની કિંમત નીચે
જણાવ્યા મુજબ નક્કી કરવી. 3 વીસથી તે સાઠ વર્ષ સુધીની ઉંમરના
પુરુષની કિંમત મુલાકાતમંડપના ધોરણ અનુસાર 50 શેકેલ ચાંદી.
4 વીસથી તે સાઠ વર્ષ સુધીની સ્ત્રી હોય તો30 શેકેલ ચાંદી.2 શેકેલ
અને છોકરીની કિંમત 10 શેકેલ. 5 પાંચથી વીસ વર્ષની ઉંમરના છોક-
રાની કિંમત 20 શેકેલ અને છોકરીની કિંમત 10 શેકેલ. 6 એક મહિના-
થી 5 વર્ષ સુધીના છોકરાની કિંમત 5 શેકેલ અને છોકરીની કિંમત 3 શે-
કેલ. 7 સાઠ અને ઉપરની ઉંમરના પુરુષની કિંમત 15 શેકેલ; સ્ત્રીની
કિંમત 10 શેકેલ ચુકવે. 8 "પણ જો કોઈ વ્યક્તિ આ કિંમત ચુકવી શકે
તેમ ના હોય, તો તેણે તે વ્યક્તિને યાજક સમક્ષ રજૂ કરવી અને યાજકે
તેની કિંમત પ્રતિજ્ઞા લેનાર વ્યક્તિ ચૂકવી શકે તેટલી નક્કી કરવી."
9 "જો યહોવાને ધરાવી શકાય એવું કોઈ પ્રાણી અર્પણ કરવાની પ્રતિજ્ઞા
લીધી હોય તો તે અર્પણ થનાર પ્રાણી પવિત્ર બની જશે. 10 પ્રતિજ્ઞા
બદલી શકાય નહિ, તે પ્રાણીની બીજા પ્રાણી સાથે અદલાબદલી થઈ
શકે નહિ સારાને બદલે ખરાબ અને ખરાબને બદલે સારું તેવો ફેરફાર
કરી શકાય નહિ. છતાં જો અદલાબદલી કરી હોય તો બંને પશુઓ પવિ-
ત્ર બની જાય અને યહોવાના થાય. 11 "પરંતુ પ્રતિજ્ઞા લઈ અર્પણ કર-
વાનું પ્રાણી નિયમ પ્રમાંણે અશુદ્ધ હોય અને તેનું અર્પણ ન થઈ શકે તો
તે પ્રાણી યાજક પાસે લાવવું. 12 યાજક તેની કિંમત નક્કી કરે, પછી
પ્રાણી સારું હોય કે ખરાબ તેથી ફરક ન પડે વ્યક્તિએ યાજકે ઠરાવેલ
કિંમત માંન્ય રાખવી. 13 જો તે વ્યક્તિ તેને છોડાવવા ઈચ્છતો હોય તો
તેણે કિંમત કરતાં પાંચમો ભાગ વધુ ચુકવવો. 14 "જો કોઈ વ્યક્તિ પો-
તાનું મકાન યહોવાને સમર્પણ કરી દે, તો તે સારું હોય કે ખરાબ તેના-
થી કોઈ ફરક ન પડે, યાજક તેની કિંમત નક્કી કરશે અને તે વ્યક્તિએ
એ બાંધેલો ભાવ સ્વીકારવો. 15 પછી જો સમર્પણ કરનાર વ્યક્તિ
મકાન છોડાવવા ઈચ્છે તો તેણે કિંમત ઉપરાંત વધુ 20ટકા આપવા,
એટલે મકાન પાછું તેની માંલિકીનું થઈ જાય." 16 "જો કોઈ વ્યક્તિ પો-
તાની માંલિકીની જમીનનો અમુક ભાગ યહોવાને સમર્પણ કરી દે તો
તમારે તેની કિંમત એમાં જેટલું બિયારણ વાવી શકાતું હોય તેને આધારે
નક્કી કરવી, જેમ કે 20 મણ જવની (1 હોમર) જરૂર પડે તો તેનું મૂલ્ય
પચાસ શેકેલ થાય. 17 જો કોઈ માંણસ જુબિલી વર્ષમાં પોતાનું ખેતર
સ્વેચ્છાએ સમર્પણ કરે તો યાજકે ઠરાવેલી પૂરી કિંમત તેને લાગુ પડે;
18 પણ જો તે જુબિલી વર્ષ પછીથી સમર્પણ કરે તો યાજકે પછીના જુ-
બિલી વર્ષના જેટલા વર્ષ બાકી હોય તેના પ્રમાંણમાં રોકડ કિંમત નક્કી
કરવી અને તે આકડાં મુજબ કિંમત ઠરાવવી. 19 પરંતુ જો સમર્પણ કર-
નાર જમીન છોડાવવા માંગતો હોય તો તેણે ઠરાવેલી કિંમત કરતાં વીસ
ટકા વધુ આપવા એટલે તે ખેતરની માંલિકી ફરીથી તેની થાય. 20 પરંતુ
જો તે જમીન નહિ છોડાવતાં બીજા કોઈને વેચી દે તો તેને તે કદી પાછું
મળે નહિ, કારણ જુબિલી વર્ષના તેના હક્કો યહોવાને આપેલા હોય છે.
21 જયારે જુબિલી વર્ષમાં તે ખેતર મુકત થાય, ત્યારે યહોવાને અર્પિત ખે-
તર તરીકે તે યાજકોને આપવામાં આવે. 22 "જો કોઈ વ્યક્તિ પોતે ખરી-
દેલું ખેતર સમર્પણ કરે, અને તે તેના પરિવારની મિલકતનો ભાગ
નથી, 23 યાજકે બીજા જુબિલી વર્ષને જેટલા વર્ષ બાકી હોય તેને

આધારે તેની કિંમત ઠરાવવી, અને તે વ્યક્તિએ નક્કી કરેલી કિંમત
યહોવાને તાત્કાલિક અર્પણ કરવી. [24] જુબિલી વર્ષે એ ખેતર તેના મૂળ
માંલિક, જેની પાસેથી તે ખરીધું હોય તેને પાછું મળે, જેની એ પોતાના
વતનની મિલકત છે. [25] “અધીકૃત માંપ પ્રમાંણે શેકેલમાં ઠરાવાય, એ
માંપ પ્રમાંણે શેકેલનુ વજન 10 ગેરાહ હોય.” [26] “કોઈ પણ વ્યક્તિએ
બળદ અથવા ઘેટાનાં પ્રથમજનિતને ઐચ્છિકાર્પણ તરીકે યહોવાને
ચઢાવવું નહિ, કારણ, એ તો યહોવાનું જ છે; પછી ભલે તે કોઈ પણ
પશુનું હોય, [27] પરંતુ જો યહોવાએ માંન્ય કર્યુ ના હોય તો તેવા પ્રાણીના
પ્રથમજનિતને અર્પણ તરીકે લાવવામાં આવે, તો યાજક તેની કિંમત
ઠરાવે તે ઉપરાંત વીસ ટકા વધુ તે માંલિક આપે. જો તેનો માંલિક તેને
છોડાવવા માંગતો ન હોય તો યાજક તે પ્રાણી બીજા કોઈને વેચી શકે
છે. [28] “પરંતુ યહોવાને માંત્ર કરેલું કોઈ પણ અર્પણ પછી તે માંણસ
હોય, પ્રાણી અથવા વારસામાં મળેલું ખેતર, તો તેને વેચી અથવા છો-
ડાવી શકાય નહિ. કારણ તે યહોવાને પરમપવિત્ર અર્પણ છે, [29] જો તે
ખાસ અર્પણ માંણસ હોય તો, તે વ્યક્તિને પાછો ખરીદી ન શકાય તેને
માંરી નાખવો. [30] “જમીનની ઉપજનો ઠરાવેલો દશમો ભાગ પછી તે ખે-
તરના અનાજનો હોય કે વૃક્ષનાં ફળોનો હોય તે યહોવાનો ગણાય, તે
પવિત્ર છે, કારણ કે યહોવાને સમર્પિત થયેલો છે. [31] જો કોઈ વ્યક્તિ
આ અનાજ કે ફળનો એ દશમો ભાગ પાછો ખરીદવા ઈચ્છે તો તેની
કિંમતમાં વીસ ટકા ઉમેરીને ચૂકવે. [32] “ઢોરઢાંખર તથા ઘેટાબકરાંની
તથા બીજા જાનવરોની ગણતરી થાય ત્યારે લાકડી નીચેથી પસાર થતાં
દર દશમું પ્રાણી યહોવાનું ગણાય. [33] પસંદ કરેલુ પ્રાણી સારું છે કે
ખરાબ તેની ચિંતા માંલિકે ન કરવી. તેને એ પ્રાણી બીજા પ્રાણી સાથે
અદલા બદલી ન કરવી. અને તેને જો બીજા પ્રાણીથી બદલવા માંગે, તો
બન્ને પ્રાણીઓ દેવના થશે. તે પ્રાણી પાછું ન ખરીદાય.” [34] મૂસાને યહો-
વાએ ઈસ્રાએલી લોકો માંટે સિનાઈ પર્વત પર આ આજ્ઞાઓ આપી હતી.

# ગણના

1 ઇસ્રાએલીઓ મિસર દેશમાંથી નીકળી ગયા ત્યાર પછી બીજા
વર્ષના બીજા મહિનાના પ્રથમ દિવસે સિનાઈના અરણ્યમાં મુલા-
કાતમંડપમાં યહોવાએ મૂસાને કહ્યું, 2 “સમગ્ર ઇસ્રાએલી સમાંજની
વસ્તી ગણતરી કરો, દરેક વ્યક્તિની તેના કુટુંબ તથા કુળસમૂહ સાથે
યાદી તૈયાર કરો. 3 જેઓ વીસ વર્ષ અને તેનાથી મોટી ઉંમરના હોય
અને જે બધા લશ્કરમાં જોડાવા લાયક હોય તેમની ગણતરી તેમનાં
સમૂહો પ્રમાંણે કરીને યાદી તૈયાર કરો. 4 પ્રત્યેક કુળસમૂહના એક આગે-
વાન પુરુષને તમાંરી મદદમાં રહેવા કહો. 5 અને તમને મદદ કરનારા-
ઓનાં નામ આ પ્રમાંણે છે:રૂબેનના કુળસમૂહમાંથી અલીસૂર જે શદેઉર-
નો પુત્ર છે. 6 શિમયોનના કુળસમૂહમાંથી શલુમીએલ જે સૂરીશાદાયનો
પુત્ર છે. 7 યહૂદાનાં કુળસમૂહમાંથી આમ્મીનાદાબનો પુત્ર નાહશોન.
8 ઈસ્સાખારના કુળસમૂહમાંથી સૂઆરનો પુત્ર નથાનિયેલ. 9 ઝબુલોન-
નાં કુળસમૂહમાંથી હેલોનનો પુત્ર અલીઆબ. 10 યૂસફના કુટુંબોમાંથી:
એફ્રાઈમના કુળસમૂહમાંથી આમ્મીહૂદનો પુત્ર એલીશામાં. અને મના-
શ્શાના કુળસમૂહમાંથી પદાહસૂરનો પુત્ર ગમાંલ્યેલ. 11 બિન્યામીનનાં
કુળસમૂહમાંથી ગિદિયોનીનો પુત્ર અબીદાન. 12 દાનનાં કુળસમૂહમાંથી
આમ્મીશાદાયનો પુત્ર અહીએઝેર. 13 આશેરનાં કુળસમૂહમાંથી ઓક્રાન-
નો પુત્ર પાગીએલ. 14 ગાદનાં કુળસમૂહમાંથી દેઉએલનો પુત્ર એલ્યા-
સાફ. 15 નફતાલીના કુળસમૂહમાંથી એનાનનો પુત્ર અહીરા. 16 તે બધા
પુરુષો તેઓના કુટુંબોના આગેવાનો હતા. લોકોએ તેઓને તેમના કુળ-
સમૂહના આગેવાન તરીકે પસંદ કર્યા. 17 મૂસાએ અને હારુને ઉપર
દર્શાવેલ આગેવાન ઇસ્રાએલીઓને સાથે લીધા. 18 બીજા મહિનાના પ્ર-
થમ દિવસે તેમણે સમગ્ર ઇસ્રાએલ સમાંજને એકત્ર કરીને તેમના કુટુંબો
અને કુળસમૂહો અનુસાર નોંધણી કરી, વીસ વર્ષ અને તેથી વધારે ઉંમર
ના સર્વ પુરુષોનાં નામની નોંધણી કરવામાં આવી. 19 યહોવાએ જે
આજ્ઞા આપી હતી તે મુજબ મૂસાએ સિનાઈના રણમાં તેઓની ગણતરી
કરી. 20 ઇસ્રાએલના જયેષ્ઠ પુત્ર રૂબેનના કુળસમૂહના 20 વર્ષના અને
તેની ઉપરના લશ્કરમાં જોડાવા શક્તિમાંન હોય તેવા બધા પુરુષોની
છેવટની સંખ્યા નોંધવામાં આવી. 21 તો તેઓની સંખ્યાની ગણના રૂબે-
નના કુળસમૂહમાં 46,500 થઈ. 22 શિમયોનનાં કુળસમૂહના 20 વર્ષ-
ના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શક્તિમાંન હોય તેવા બધા પુ-
રુષોની ગણના કુટુંબવાર કરવામાં આવી. 23 શિમયોનના કુળસમૂહની
કુલ સંખ્યા 59,300 થઈ. 24 ગાદનાં કુળસમૂહના 20 વર્ષના અને તેની
ઉપરના લશ્કરમાં જોડાવા શક્તિમાંન હોય તેવા બધા પુરુષોની કુટુંબ-
વાર નોંધ કરવામાં આવી 25 તો તેમની કુલ સંખ્યા 45,650 થઈ.
26 યહૂદાનાં કુળસમૂહના 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડા-
વા શક્તિમાંન હોય તેવા બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં
આવી, 27 તો તેમની કુલ સંખ્યા 74,600 થઈ. 28 ઈસ્સાખારનાં પુત્રોના
કુળસમૂહમાં, 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શક્તિ-
માંન હોય તેવા બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી. 29 તો
તેમની કુલ સંખ્યા 54,400 થઈ. 30 ઝબુલોનનાં પુત્રોના કુળસમૂહમાં
20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શક્તિમાંન હોય તેવા
બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી, 31 તો તેમની એકંદર
સંખ્યા 57,400 થઈ. 32 યૂસફના પુત્રોના, એટલે એફ્રાઈમના કુળસમૂહ-
માં 20 વર્ષના અને તેની ઉપરના બધા જે લશ્કરમાં જોડાવા શક્તિમાંન
હોય તે પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી, 33 તો તેમની કુલ
સંખ્યા 40,500 થઈ. 34 મનશ્શાનાં કુળસમૂહમાં 20 વર્ષના અને તેની
ઉપરના લશ્કરમાં જોડાવા માંટે શક્તિમાંન હોય તે બધા પુરુષોની કુ-
ટુંબવાર નોંધ કરવામાં આવી 35 તો તેમની કુલ સંખ્યા 32,200 થઈ.
36 બિન્યામીનનાં કુળસમૂહના 20 વર્ષના અને તેમની ઉપરના બધાં જ
પુરુષો જે લશ્કરમાં જોડાવા શક્તિમાંન હોય તેમની કુટુંબવાર નોંધ કર-
વામાં આવી. 37 તેમની કુલ સંખ્યા 35,400 થઈ. 38 દાનના કુળસમૂહ-
માં 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શક્તિમાંન હોય તે-
વા બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી. 39 તો તેમની કુલ
સંખ્યા 62,700 થઈ. 40 આશેરનાં કુળસમૂહમાં 20 વર્ષના અને તેની
ઉપરના લશ્કરમાં જોડાવા શક્તિમાંન હોય તે બધા પુરુષોની કુટુંબવાર
નોંધ કરવામાં આવી. 41 તો તેમની કુલ સંખ્યા 41,500 થઈ. 42 નફતા-
લીનાં કુળસમૂહમાં 20 વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા
શક્તિમાંન હોય તેવા બધા પુરુષોની કુટુંબવાર નોંધ કરવામાં આવી,
43 તો તેમની કુલ સંખ્યા 53,400 થઈ. 44 મૂસા અને હારુને તથા ઇસ્રા-
એલના પ્રત્યેક કુળસમૂહના અધિપતિ તરીકે આવેલા બાર કુળસમૂહના
આગેવાનોએ સાથે મળીને નોંધેલી સંખ્યા આ પ્રમાંણે હતી: 45 વીસ
વર્ષના અને તેની ઉપરના લશ્કરમાં જોડાવા શક્તિમાંન હોય તેવા પુરુ-
ષોની તેઓના કુટુંબો અનુસાર ગણતરી કરવામાં આવી. 46 તો તેઓની
કુલ સંખ્યા 6,03,550 હતી. 47 પણ બાકીના કુળસમૂહોની સાથે લેવી-
ઓની કુટુંબવાર નોંધણી કરવામાં આવી નહોતી, કારણ, 48 યહોવાએ
મૂસાને કહ્યું હતું કે, 49 “લશ્કરમાં જોડાઈ શકે તેવા લાયક પુરુષોની તમે
ગણતરી કરો ત્યારે લેવીના કુળસમૂહની સંખ્યા નોંધવાની નથી. 50 કા-
રણ કે લેવીઓને પવિત્રમંડપની સેવાનું તથા તેને ઊંચકી લેવાનું કામ
સોંપવાનું છે, તેઓએ એકલાએ જ હાજરમાં રહેવા માંટે પવિત્રમંડપની
પાસે જ તેની ચારે બાજુ પોતાની છાવણી રાખવાની છે. 51 જ્યારે એ
પવિત્રમંડપે બીજે લઈ જવાનો પ્રસંગ ઊભો થાય, ત્યારે લેવીઓએ જ
એ ઉઠાવવાનો એટલે કે છૂટો પાડવાનો અને ફરીથી ઊભો કરવાનો છે.
લેવી કુળસમૂહના સદસ્ય સિવાય જે કોઈ વ્યક્તિ પવિત્રમંડપની
સંભાળ રાખવાનો પ્રયાસ કરે તો તેને મૃત્યુદંડની સજા કરવી. 52 ઇસ્રા-
એલના દરેક કુળની છાવણી અલગ રાખવી, અને પોતપોતાના કુળની
પોતાની ટુકડી સાથે અને ધ્વજ સાથે પડાવ નાખવો. 53 પણ લેવીઓએ
પવિત્રમંડપની આસપાસ જ પોતાની છાવણી નાખવી. તેઓ પવિત્ર મુ-
લાકાત મંડપની રક્ષા કરશે. જેથી ઇસ્રાએલી લોકોનું કશું ખોટું થશે
નહિ.” 54 યહોવાએ મૂસાને કહ્યું હતું તે પ્રમાંણે સર્વ આજ્ઞાઓનો અમલ
ઇસ્રાએલીઓએ બરાબર કર્યો.
2 યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, 2 “પ્રત્યેક ઇસ્રાએલી કુળને
છાવણી માંટે પોતાનું અલગ સ્થાન હોય તથા પોતાના કુળનું
અલગ નિશાન અને અલગ ધ્વજ હોય; કુળોની સર્વ છાવણીઓની
મધ્યમાં મુલાકાત મંડપ રહે અને બધા જ પ્રવેશદ્વાર મુલાકાત મંડપ
તરફ હોય. 3 “પૂર્વની બાજુએ, સૂર્યોદય તરફ યહૂદાના કુળસમૂહના ધ્વજ
નીચે આવતાં લોકોએ તેમની ટુકડી પ્રમાંણે પડાવ નાખવા. આમ્મીના-
દાબનો દીકરો નાહશોન યહૂદાના દીકરાઓનો આગેવાન રહેશે. 4 તેના
સૈન્યમાં તેઓમાંના જેઓની નોંધણી થઈ છે તેવા 74,600 પુરુષો રહે.
5 “એના પછી ઈસ્સાખારનું કુળસમૂહ છાવણી કરે; સૂઆરનો પુત્ર નથા-
નિયલ ઈસ્સાખારના પુત્રોના અધિપતિ થાય; 6 તેના સૈન્યમાં તેમાંના
જેઓની નોંધણી થઈ છે તેવા 54,400 પુરુષો રહે. 7 “અને ઝબુલોનના
કુળસમૂહો પણ યહૂદાના કુળસમૂહોની બાજુમાં જ છાવણી કરે અને હે-
લોનનો પુત્ર અલીઆબ તે ઝબુલોનના પુત્રોનો અધિપતિ થાય; 8 અને
તેના સૈન્યમાં તેઓમાંના જેઓની ગણના થઈ છે તેવા 57,400 પુરુષો
રહે. 9 “યહૂદાના કુળસમૂહોની છાવણીના માંણસોની કુલ સંખ્યા
1,86,400 છે એ લોકો કૂચ કરતી વખતે પહેલા ઊપડશે. 10 “દક્ષિણ
બાજુએ રૂબેનના કુળની સેનાના ધ્વજ હેઠળના લોકોએ નીચેના આગે-

વાનો હેઠળ ટુકડીવાર છાવણી નાખવી; શદેઉરનો પુત્ર એલીસૂર તે રૂબે-
નના પુત્રોનો અધિપતિ થાય. 11 તેના સૈન્યમાં તેઓમાંના જેઓની
નોંધણી થઈ છે તેવા 46,500 સૈનિકો તેની સાથે રહે. 12 “એ પછી શિ-
મયોનનો કુળસમૂહ તેની પાસે છાવણીમાં પડાવ નાખે; અને સૂરીશાદા-
યનો પુત્ર શલુમીએલ તે શિમયોનના પુત્રોનો અધિપતિ થાય; 13 અને
તેના સૈન્યમાં તેઓમાંના જેઓની નોંધણી થઈ છે તેવા 59,300 સૈનિ-
કો સાથે રહે. 14 “અને તે પછી ગાદનું કુળસમૂહ પડાવ નાખશે; અને રેઉ-
એલનો પુત્ર એલ્યાસાફ તે ગાદના પુત્રોનો અધિપતિ થાય; 15 અને તે-
ના સૈન્યમાં તેઓમાંના જેઓની નોંધણી થઈ છે તેવા 45,650 સૈનિકો
રહે. 16 “રૂબેનના કુળોની છાવણીના માંણસોની કુલ સંખ્યા 1,51,450
હતી, અને તેઓ કૂચ કરતી વખતે બીજું સ્થાન લેશે. 17 એ પછી પ્રથમ
બે ટુકડીઓ અને પછીની બે ટુકડીઓ વચ્ચે લેવીઓ મુલાકાત મંડપને
ઉપાડીને ચાલશે. પ્રત્યેક ટુકડી છાવણી નાખ્યાના ક્રમે જ ઊપડશે અને
પ્રત્યેક પુરુષ પોતાના ધ્વજ હેઠળ પોતાનું સ્થાન જાળવશે. 18 “પશ્ચિમ
બાજુએ એફ્રાઈમના કુળસમૂહની સેનાના ધ્વજ હેઠળ તેમની ટુકડીઓ
આગેવાનો હેઠળ છાવણી નાખશે; અને આમ્મીહૂદનો પુત્ર એલીશામાં તે
એફ્રાઈમના પુત્રોનો અધિપતિ થાય. 19 અને તેના સૈન્યમાં તેઓમાંના
જેઓની નોંધણી થઈ છે તેવા 40,500 સૈનિકો રહે. 20 “અને તેની પાસે
મનાશ્શાનું કુળસમૂહ રહે; અને પદાહસૂરનો પુત્ર ગમાંલ્યેલ તે મનાશ્શા-
ના પુત્રોનો અધિપતિ થાય. 21 અને તેના સૈન્યમાં તેઓમાંના જેઓની
નોંધણી થઈ છે તેવા 32,200 સૈનિકો રહે. 22 “તે પછી બિન્યામીનનું
કુળસમૂહ પડાવ નાખશે આગેવાન ગિદિયોનીનો પુત્ર અબીદાન તે બિ-
ન્યામીનના પુત્રોનો અધિપતિ થાય; 23 અને તેના સૈન્યમાં તેઓમાંના
જેઓની નોંધણી થઈ છે તેવા 35,400 સૈનિકો રહે. 24 “એફ્રાઈમની છા-
વણીમાં જે બધાની ગણના થઈ તેઓ છે, પોતાનાં સૈન્યો પ્રમાંણે,
1,08.100 છે અને તેઓ કૂચ કરતી વખતે ત્રીજા ક્રમે ચાલી નીકળે એમ
ગોઠવણી કરવામાં આવે. 25 “ઉત્તર બાજુએ દાનના કુળસમૂહોની સેના-
ના ધ્વજ હેઠળના લોકોએ તેમના આગેવાનો હેઠળ ટુકડીવાર છાવણી
તેમના ભાગલા પ્રમાંણે નાખવી; આમ્મીશાદાયનો પુત્ર અહીએઝેર તે
દાનના પુત્રોનો આગેવાન છે. 26 અને તેના સૈન્યમાં નોંધણી થઈ હોય
તેવા 62,700 સૈનિકો છે. 27 “અને તેની પાસે આશેરના કુળસમૂહો છા-
વણી કરે; અને ઓક્રાનનો પુત્ર પાગીએલ તેનો અધિપતિ થાય; 28 અને
તેના સૈન્યમાં નોંધણી થઈ છે તેવા 41,500 સૈનિકો છે. 29 પછી તફતા-
લીના કુળસમૂહો; અને એનાનનો પુત્ર અહીરા તે નફતાલીના પુત્રોનો
અધિપતિ થાય. 30 અને તેના સૈન્યમાં તેઓમાંના જેઓની નોંધણી થઈ
છે તેવા 53,400 સૈનિકો રહે. 31 “દાનના કુળોની છાવણીના માંણસો-
ની કુલ સંખ્યા 1,57,600 હશે, તેઓ કૂચ કરતી વખતે છેલ્લા રહેશે.’”
32 ઈસ્રાએલ પ્રજાની કુટુંબવાર નોંધણી કરવામાં આવી ત્યારે તેમની
સંખ્યા 6,03,550 હતી. 33 યહોવાએ મૂસાને આજ્ઞા કરી તે પ્રમાંણે આ
ગણતરી કરવામાં આવી ત્યારે લેવીઓને ગણવામાં આવ્યા નહોતા.
34 યહોવાએ મૂસાને કહ્યું હતું તે જ પ્રમાંણે બરાબર વ્યવસ્થા થઈ. તેઓ
પોતપોતાના સમૂહના ધ્વજ હેઠળ છાવણી નાખતા. અને કૂચ કરતી
વખતે પ્રત્યેક વ્યક્તિ પોતાના કુળસમૂહની ટુકડીમાં પોતાના સ્થાને જ
રહેતા.

3 સિનાઈ પર્વત પર યહોવાએ મૂસા સાથે વાત કરી ત્યારે હારુન
અને મૂસાના વંશાવળી આ પ્રમાંણે હતી: 2 હારુનના જયેષ્ઠ પુત્ર-
નું નામ નાદાબ, તે પછી અબીહૂ, એલઆઝાર અને ઈથામાંર. 3 એમનો
યાજકો તરીકે અભિષેક કરવામાં આવ્યો હતો અને તેમને યાજકના
અધિકારો આપવામાં આવ્યા હતા. 4 પરંતુ નાદાબ અને અબીહૂ એ
અપવિત્ર અગ્નિ યહોવાને ધરાવ્યો તેથી તેઓ સિનાઈના રણમાં જ મૃત્યુ
પામ્યા. તેઓને એક પણ પુત્ર ન હતો. અને તેથી એલઆઝાર અને
ઈથામાંર તેઓના પિતાના જીવનકાળ દરમ્યાન યાજકપદમાં સેવાઓ
આપતા હતા. 5 યહોવાએ મૂસાને કહ્યુ, 6 “લેવીના કુળસમૂહોને બોલાવી
લાવ અને તેમને યાજક હારુનની સેવામાં નિયુક્ત કર. 7 તેમણે યાજકો
અને સમગ્ર સમાંજ તરફથી મુલાકાતમંડપની સેવામાં ઉપસ્થિત રહીને
ફરજો બજાવવાની છે; 8 અને તેઓએ મુલાકાત મંડપની સાધન સામગ્રી
સંભાળવાની છે અને તેમણે બધા ઈસ્રાએલી પ્રજાજનો તરફથી થાનક-
ની ફરજો બજાવવાની છે. 9 “અને તારે હારુનના તથા તેના પુત્રોના
હવાલામાં લેવીઓને સોંપી દેવા કારણ કે બધા ઈસ્રાએલીઓમાંથી તેમ-
ને સેવા કરવા માંટે પસંદ કરવામાં આવ્યા છે. 10 “અને તારે હારુનને
અને તેના કુળોને યાજકની ફરજો બજાવવા નિયુક્ત કરવા. જો કોઈ બિ-
નઅધિકૃત વ્યક્તિ એ ફરજ બજાવવા જાય તો તેને મોતની સજા કર-
વી.” 11 પછી યહોવાએ મૂસાને કહ્યું, 12 “ઈસ્રાએલ પ્રજાના પ્રથમજનિત
પુત્રોની અવેજીમાં મેં લેવીઓનો સ્વીકાર કર્યો છે, તેથી ઈસ્રાએલના સર્વ
પ્રથમ જન્મેલા પુત્રોના સ્થાને લેવીઓ માંરી સેવામાં રહેશે. 13 એ લોકો
માંરા ગણાશે, કારણ કે પ્રત્યેક પ્રથમ પુત્ર ઉપર માંરો હક છે, જયારે મેં
મિસરના બધા પ્રથમ પુત્રોને માંરી નાખ્યા હતા ત્યારે મેં ઈસ્રાએલનાં
બધાં જ પ્રથમ અવતરેલાંને માંરે માંટે રાખી લીધાં હતાં, પછી એ માંણસ
હોય કે પશુ હોય, તેઓ માંરાં છે; હું યહોવા છું.” 14 સિનાઈના અરણ્યમાં
યહોવાએ ફરીથી મૂસા સાથે વાત કરી અને કહ્યુ, 15 “લેવી કુળસમૂહના
બધા પુરુષોની નોંધણી કર; એક મહિના અને તેથી વધારે ઉમરના સર્વ
પુરુષોની કુટુંબ પ્રમાંણે ગણતરી કર.” 16 યહોવાની આજ્ઞા પ્રમાંણે મૂ-
સાએ તેમની યાદી તૈયાર કરી. 17 લેવીના પુત્રોનાં નામ આ મુજબ છે:
ગેર્શોન, કહાથ, અને મરારી, 18 ત્રણેય એમના નામે ઓળખાતાં કુળસ-
મૂહોના મૂળ પુરુષો હતા. ગેર્શોનના કુળસમૂહો લિબ્ની અને શિમઈ.
19 કહાથના કુળસમૂહો; આમ્રામ, યિસ્હાર, હેબ્રોન અને ઉઝઝીએલ.
20 મરારીના કુળસમૂહ; માંહલી અને મૂશી. આ સર્વનાં નામો પરથી લે-
વીઓનાં ગોત્રોનાં નામ ગણાયા. આ થઈ લેવીના કુળસમૂહોની કુટુંબ-
વાર યાદી. 21 ગેર્શોનના કુળસમૂહોમાં લિબ્ની અને શિમઈ એ બે કુટુંબો
થયા હતા. 22 એક મહિનાના અને તેથી વધારે ઉમરના પુરુષોની સંખ્યા
ગણતા તે 7,500 હતી. 23 તેઓની છાવણીનું સ્થાન પવિત્રમંડપની
પાછળ પશ્ચિમ દિશામાં હતું. 24 લાએલનો પુત્ર એલ્યાસાફ તેમનો
આગેવાન હતો. 25 એ લોકોએ પવિત્રમંડપમાં એની અંદરનું આવરણ,
બહારનું આવરણ, પ્રવેશદ્ધારનો પડદો, 26 પવિત્રમંડપની અને વેદીની
આસપાસના ચોકના પડદાઓની, ચોકના પ્રવેશદ્ધારના પડદાની,
એની દોરીઓની, તેમજ એ બધાંને લગતાં કામકાજની સંભાળ રાખવા-
ની હતી. 27 કહાથના કુળસમૂહમાં આમ્રામી, ઈસ્હાર, હેબ્રોન અને ઉઝ-
ઝીએલ એટલાં કુટુંબો હતાં. 28 એક મહિનાના અને તેથી વધારે ઉમરના
પુરુષોની સંખ્યા 8600 હતી. 29 તેમની છાવણીનું સ્થાન પવિત્રમંડપ-
ની દક્ષિણમાં હતું. 30 ઉઝઝીએલનો પુત્ર અલીસાફાન તેમનો આગેવાન
હતો. 31 તે લોકોએ પવિત્રકોશની, બાજઠની, દીવીની અને વેદીઓની,
ઉપાસનામાં વપરાતાં પવિત્ર વાસણોની, ગર્ભગૃહ આગળના પડદાની
તથા એ બધાને લગતાં સર્વ કામકાજની અને ઉપયોગની સંભાળ રાખ-
વાની હતી. 32 લેવીઓના આગેવાનોનો મુખી, યાજક હારુનનો પુત્ર
એલઆઝાર હતો; પવિત્રસ્થાનની સેવામાં જે બધા હતા તે સૌનો તે
ઉપરી હતો, તેમના કાર્ય ઉપર દેખરેખ રાખવાની જવાબદારી તેની હતી.
33 મરારીના કુળસમૂહોમાં માંહલી અને મૂશી એ બે કુટુંબો હતાં. 34 એક
મહિના અને તેથી વધારે ઉમરના પુરુષોની સંખ્યા કુલ 6,200 હતી.
35 તેમની છાવણીનું સ્થાન પવિત્રમંડપની ઉત્તરના વિસ્તારમાં હતું.
અબીહાઈલનો પુત્ર સૂરીએલ મરારી કુળસમૂહનો આગેવાન હતો. 36 લો-
કોએ થાનકના મંડપના પાટિયાં, તેની વળીઓ, સ્તંભો, કૂંભીઓ,
ઓજારો તથા આ સર્વને લગતાં કામકાજની સંભાળ રાખવાની હતી.
37 તદુપરાંત આંગણાની આસપાસના સ્તંભો, કૂંભીઓ, ખીલીઓ, અને
દોરીઓની સંભાળ પણ તેમણે જ રાખવાની હતી. 38 મૂસા હારુન અને
તેના પુત્રોનો મુકામ થાનકના પવિત્રમંડપની સામે ઉગમણી દિશામાં
હતો. ઈસ્રાએલીઓ તરફથી મુલાકાતમંડપની પૂરી જવાબદારી તેઓને
માંથે હતી. જો કોઈ બિનઅધિકૃત વ્યક્તિ એ ફરજ બજાવવા જાય તો
તેને મૃત્યુદંડની સજા થતી. 39 યહોવાની આજ્ઞા અનુસાર મૂસાએ અને
હારુને કુટુંબવાર ગણેલા એક મહિનાના અને તેની ઉપરની ઉમરના લે-
વી પુરુષોની સંખ્યા કુલ 22,000 હતી. 40 યહોવાએ મૂસાને કહ્યુ, “એક
મહિનાના અને તેની ઉપરની ઉમરના બધા પ્રથમજનિત ઈસ્રાએલી પુ-
રુષોની નોંધણી કર અને તેમની સંખ્યા ગણ. 41 અને તું એ પ્રથમજ-
નિત ઈસ્રાએલના પુરુષોની અવેજીમાં મને લેવીઓ સમર્પી દે. હું યહોવા
છું, એ જ રીતે ઈસ્રાએલીઓનાં ઢોરના પ્રથમ વેતરના વાછરડાના અવે-
જીમાં લેવીઓનાં ઢોર મને સોંપી દે.” 42 યહોવાના કહ્યાં મુજબ મૂસાએ
ઈસ્રાએલીઓના પ્રથમજનિત પુત્રોની યાદી તૈયાર કરી. 43 એક મહિના-

ના અને તેની ઉપરના પ્રથમજનિત પુત્રોની નામવાર યાદી કરી તો તેમ-
ની કુલ સંખ્યા 22,273 થઈ. 44 ત્યાર પછી યહોવાએ મૂસાને કહ્યું,
45 “બધા પ્રથમજનિત ઇસ્રાએલીઓના પુરુષોની અવેજીમાં મને લે-
વીઓ આપ; અને ઇસ્રાએલીઓનાં ઢોરના પ્રથમ વેતરનાં વાછરડાંના
બદલામાં લેવીઓનાં ઢોર સોંપી દે. 46 લેવીઓની સંખ્યા કરતાં ઇસ્રાએ-
લીઓના પ્રથમજનિત પુત્રોની સંખ્યા 273 જેટલી વધુ છે. એટલે તું તે-
ઓને એ વધારના પુત્રોને છોડાવી લેવા કહે. 47 અધિકૃત માંપ પ્રમાણે
ખંડી લેવાના પ્રત્યેક પુરુષ દીઠ 5 શેકેલ ચાંદી આપવી. 48 અને તે ના-
ણાં તારે હારુનને અને તેના પુત્રોને આપવાં.’” 49 ઇસ્રાએલના પ્રથમજ-
નિત પુરુષો લેવીઓના પુરુષો કરતા 273 વધારે હતા: આ વધારના
પ્રથમજનિતોને છોડાવવાં મૂસાએ ઇસ્રાએલીઓ પાસેથી નાણાં એકઠા
કર્યા. 50 અધિકૃત માંપ અનુસાર એ રકમ 1,365 શેકેલ ચાંદી જેટલી
હતી. 51 યહોવાએ આજ્ઞા કરી હતી તે મુજબ મૂસાએ તે રકમ હારુનને
અને તેના પુત્રોને આપી દીધી.

4 યહોવાએ મૂસા અને હારુનને કહ્યું, 2 “લેવીના કુળસમૂહમાં કહા-
થના કુળસમૂહના તેઓના કુટુંબો પ્રમાણે તથા તેઓના પિતાઓ-
ના ઘર પ્રમાણે 3 ત્રીસથી પચાસ વર્ષની ઉંમરના મુલાકાત મંડપમાં સે-
વા કરવા લાયક બધા પુરુષોની કુટુંબવાર નોંધણી કરો. 4 કહાથના કુ-
ળસમૂહોએ મુલાકાત મંડપને લગતી નીચે મુજબની સેવાએ કરવાની છે
જે પરમપવિત્ર વસ્તુઓને લગતી છે. 5 “જયારે છાવણીનો મુકામ ઉપા-
ડવાનો સમય આવે ત્યારે હારુન અને તેના પુત્રોએ પવિત્ર કરારકોશ
આગળનો પડદો ઉતારી લઈ તેનાથી સાક્ષ્કોશને ઢાંકી દેવો, 6 ત્યાર-
બાદ તેઓ બકરાના કુમાંશદાર ચામડા વડે પડદાને ઢાકે, બકરાના ચા-
મડાને ભૂરા જાંબુડિયા રંગના કપડાથી ઢાંકે અને પવિત્રકોશને ઉપાડ-
વાના દાંડા તેની કડીઓમાં નાખે. 7 “પછી તેઓએ રોટલી ધરાવવાના
બાજઠ પર એક ભુરા જાંબુડિયા રંગનું કાપડ પાથરી દેવું, અને થાળીઓ,
ચમચા, વાટકા, ધૂપદાની અને પેયાર્પણ અને ખાસ રોટલો હમેશા તેની
ઉપર હોવો જોઈએ. 8 નૈવેધની રોટલી તેના ઉપર રાખવી, અને એ બધા
ઉપર કિરમજી રંગનું કાપડ પાથરવું. કિરમજી રંગના આ કપડા પર બક-
રાનું ચામડું ઢાંકવું, અને પછી ઊચકવા માટેના દાંડા દાખલ કરવા.
9 “ત્યારબાદ તેઓએ એક ભૂરા જાંબુડિયા રંગનું કપડું લઈ તેના વડે દી-
પવૃક્ષ, દીવાઓ, ચીપિયા, તાસકો અને દીવામાં વપરાતા તેલપાત્રોને
ઢાંકવાં. 10 તે પછી આ બધી જ વસ્તુઓ સહિત એ દીવીને કુમાંશદાર
ચામડામાં લપેટીને તેમને લઈ જવા માટેની પાલખી ઉપર મૂકી દેવી.
11 “પછી તેઓએ સોનાની વેદી ભૂરા જાંબૂડિયા રંગના કપડાથી ઢાંકવી,
તેઓએ તેને બકરાના કુમાંશદાર ચામડાથી ઢાંકવું અને તેને ઊચકવાના
દાંડા દાખલ કરી દેવા. 12 “પછી પવિત્રજગ્યામાં ઉપાસનામાં વપરાતાં
બધાં વાસણોને ભૂરા રંગનું કાપડ ઢાંકવું અને તેના પર બકરાનું કુમાંશ-
દાર ચામડું ઢાંકી દેવું અને તેને પાલખી પર મૂકવાં. 13 “ત્યારબાદ તેમણે
વેદી પરથી રાખ સાફ કરી નાખવી અને તેના પર જાંબુડિયા રંગનું કપડું
ઢાંકવું. 14 અને વેદીની ઉપાસનામાં વપરાતાં સર્વ વાસણોને દેવતા ભર-
વાની તબકડી, ચીપિયા, પાવડી અને પાણી છાંટવાના ડોયા-વગેરે
ઉપર બકરાનું કુમાંશદાર ચામડું ઢાંકવું અને પછી ઉપાડવાના દાંડા દા-
ખલ કરવા. 15 “હારુન અને તેના પુત્રો મુકામ ઉપાડતી વખતે પવિત્ર-
સ્થાનને અને તેની બધી સાધનસામગ્રીને ઢાંકે અને તે પછી કહાથના
કુળોએ તે ઉપાડવા માટે હાજર થઈ જવું, અને જયાં છાવણી કરવાની
હોય ત્યાં બધું લઈ જવું; પરંતુ તેઓએ પવિત્ર વસ્તુઓને અડવું નહિ,
અડે તો રખેને તેઓ મૃત્યુ પામે. કહાથના કુળોએ મુલાકાત મંડપમાંથી
વસ્તુઓ ઉપાડવાનું પવિત્રકાર્ય કરવાનું છે. 16 “યાજક હારુનના પુત્ર
એલઆઝારે દીવાના તેલની, સુવાસિત સુગંધીની, રોજના ખાધાર્પણ
તથા અભિષેકના તેલની જવાબદારી બજાવવાની છે, તથા સમગ્ર પવિ-
ત્રમંડપ અને તેમાંની સર્વ વસ્તુઓની સંભાળ રાખવાની જવાબદારી
પણ તેમણે જ કરવાની છે.” 17 પછી યહોવાએ મૂસાને તથા હારુનને
કહ્યું, 18 “તમારે કહાથના કુળસમૂહના કુટુંબોના લેવીઓમાંથી ઉચ્છેદ
થવા દેવો નહિ. 19 પરમપવિત્ર વસ્તુઓ ઊચકીને લઈ જતાં મૃત્યુ ન
પામે તે માટે તારે આ પ્રમાણે કરવું: હારુને અને તેના પુત્રોએ આવીને
પ્રત્યેકને તેમનું કામ અને તેમને જે ઉપાડવાનું હોય તે સુપ્રત કરવું.
20 તથા તે પવિત્ર વસ્તુઓ બંધાતી હોય ત્યારે કહાથના કુળસમૂહોએ
પવિત્રસ્થાનમાં પ્રવેશ કરવો નહિ, રખેને તેઓની નજર પવિત્ર વસ્તુઓ
પર ત્યાં પડે અને તેઓ મૃત્યુ પામે.” 21 યહોવાએ મૂસાને કહ્યું,
22 “તમારે લેવી કુળના ગેર્શોનના કુળસમૂહોની પણ કુટુંબવાર નોંધણી
કરવી. 23 પવિત્રમંડપમાં સેવા કરવાને લાયક હોય તેવા ત્રીસથી પચાસ
વર્ષની ઉંમરના જે પુરુષો હોય તેમની નોંધણી કરવી. 24 “ગેર્શોનના કુ-
ળસમૂહના પુરુષોએ નીચેની વસ્તુઓ ઉપાડવાની સેવા બજાવવાની
છે: 25 તેમણે પવિત્ર મંડપના અંદરના પડદા, પવિત્રમંડપનું બહારનું
આવરણ, છત તરીકેનું બકરાના ચામડાનું આવરણ અને પવિત્રમંડપ-
ના પ્રવેશદ્વારનો પડદો. 26 તથા ચોકના પડદા, પવિત્રમંડપ અને વેદી-
ની આસપાસના ચોકના પ્રવેશદ્વારનો પડદો-દોરડાંઓ, અને એ સર્વને
લગતી બધી સાધન-સામગ્રી ઉપાડવાની જવાબદારી તેઓની છે. 27 આ
બધાં કામો તેમણે હારુન અને તેના પુત્રોની આજ્ઞા મુજબ ગેર્શોનીઓએ
કરવાનાં છે. અને ભાર ઊચકવાનું પવિત્રમંડપની કે સેવાનું જે કામ
સોંપે તે તેઓએ કરવાનું છે. 28 ગેર્શોનના કુળસમૂહોએ પવિત્ર મંડપની
લગતી આ સેવાઓ કરવાની છે, અને યાજક હારુનના પુત્ર ઈથામારે
એમના ઉપર દેખરેખ રાખવાની છે.” 29 “પછીથી તમારે મરારીના કુળસ-
મૂહોની કુટુંબવાર નોંધણી કરવાની છે. 30 પવિત્રમંડપના પવિત્ર કાર્ય
માટે લાયક હોય તેવા 30 વર્ષથી 50 વર્ષની ઉંમરના પુરુષોની ગણતરી
તારે કરવાની છે. 31 તેમણે પવિત્રમંડપમાંની નીચેની વસ્તુઓ ઉપાડ-
વાની છે: તંબુનાં પાટિયાં, તેની વળીઓ, થાંભલીઓ અને કૂંભીઓ,
32 આંગણાની ચારે બાજુની દીવાલના સ્તંભો, કૂંભીઓ, ખુંટીઓ, દોર-
ડીઓ અને તેની સાધનસામગ્રી. 33 પ્રત્યેક પુરુષને તેણે ઉપાડવાની
વસ્તુઓ સોંપવામાં આવે. મરારીના કુળસમૂહો પણ આટલી સેવા કરે.
પવિત્રમંડપના તેઓનાં બધાં કામો ઉપર યાજક હારુનના પુત્ર ઈથામારે
દેખરેખ રાખવાની ફરજ બજાવવાની છે.” 34 યહોવાની આજ્ઞા મુજબ મૂ-
સા તથા હારુને અને અન્ય આગેવાનોએ કોહાથના કુળસમૂહોની કુ-
ટુંબવાર નોંધણી કરી. 35 પવિત્રમંડપની સેવા માટે યોગ્ય એવા 30 વર્ષ-
થી 50 વર્ષની ઉંમર ના સર્વ પુરુષોની નોંધણી કરી. 36 તેઓની કુલ
સંખ્યા 2,750 થઈ. 37 યહોવાની આજ્ઞા અનુસાર મૂસા અને હારુને
નોંધણીનું આ કાર્ય કર્યું. 38 એ જ રીતે ગેર્શોનના કુળસમૂહની કુટુંબવાર
નોંધણી કરી. 39 પવિત્રમંડપની સેવા માટે યોગ્ય એવા 30 વર્ષથી 50
વર્ષની ઉંમરના બધા જ પુરુષોની નોંધણી કરવામાં આવી. 40 તેઓના
કુળસમૂહની કુટુંબવાર નોંધણીની કુલ સંખ્યા 2,630 થઈ. 41 યહોવાએ
આપેલી આજ્ઞા મુજબ મૂસા અને હારુને નોંધણીનું આ કાર્ય કર્યું.
42 મરારી કુળસમૂહની કુટુંબવાર નોંધણી કરી. 43 પવિત્રમંડપની સેવા
માટે યોગ્ય એવા 30 વર્ષથી 50 વર્ષની ઉંમરના સર્વ પુરુષોની નોંધણી
કરવામાં આવી. 44 તેઓની કુટુંબવાર નોંધણી અનુસાર કુલ સંખ્યા
3,200 થઈ. 45 યહોવાની આજ્ઞા મુજબ મૂસાએ અને હારુને આ નોંધ-
ણીનું કાર્ય કર્યુ. 46 આ રીતે મૂસાએ અને હારુને તથા ઇસ્રાએલના સર્વ
આગેવાનોએ બધા જ લેવીઓની વંશાનુસાર તથા કુટુંબવાર નોંધણી
કરી. 47 ત્રીસ વર્ષથી પચાસ વર્ષની ઉંમરના જે લેવી પુરુષો પવિત્રમંડ-
પની સેવા કરવા તથા તેને ઉપાડી લઈ જવાનું કામ કરવા આવ્યા 48 તે-
ઓની કુલ સંખ્યા 8,580 થઈ. 49 યહોવાએ મૂસાને આપેલી આજ્ઞા
અનુસાર દરેકને સેવાની અને ભાર ઉપાડવાની જવાબદારી સોંપવામાં
આવી. આમ, યહોવાએ મૂસાને કરેલી આજ્ઞા અનુસાર તેઓની નોંધણી
કરવામાં આવી.

5 યહોવાએ મૂસાને કહ્યું, 2 “ઇસ્રાએલી પ્રજાને તું એવું જણાવ કે,
તેઓ પોતાની છાવણીમાંથી બધા જરફતપિત્તના દર્દીઓને, જેમ-
ના શરીરમાંથી સ્ત્રાવ થતો હોય તેઓને, તથા જેઓ શબના સ્પર્શથી
અશુદ્ધ થયા હોય તેઓને છાવણીમાંથી બહાર કાઢી મૂકે. 3 સ્ત્રી હોય કે
પુરુષ, બંનેને બહાર કાઢી મૂકવાં, જેથી જે છાવણીમાં હું તમારી વચ્ચે
રહું છું તેને તેઓ અશુદ્ધ કરે નહિ.” 4 યહોવાએ મૂસાને કરેલી આજ્ઞા
અનુસાર ઇસ્રાએલીઓએ છાવણી બહાર એ લોકોને કાઢી મૂકયાં.
5 યહોવાએ મૂસાને કહ્યું, 6 “તું ઇસ્રાએલીઓને કહે કે, જે પુરુષ અથવા
સ્ત્રી યહોવાની આજ્ઞાઓનો ભંગ કરીને અન્યને નુકસાન કરે, તો તે દો-
ષિત બને છે, તેથી તેણે તે બદલ પ્રાયશ્ચિત કરવું જ જોઈએ. 7 પોતે કરે-
લાં પાપની તેણે કબૂલાત કરવી અને જેનું તેણે જે કાંઈ નુકસાન કર્યું
હોય તે પૂરેપૂરું ભરપાઈ કરી આપવા ઉપરાંત વીસ ટકા જેટલું વધારે ચૂ-

કવવું. 8 પણ જેને નુકસાન કર્યું છે તે જો મૃત્યુ પામ્યો હોય અને ક્ષતિપૂ-
ર્તી માંટે તેનું નજીકનું કોઈ સગું ના હોય, તો તે રકમ યહોવાને આપવી
અને યાજકને ચૂકવવી અને જે ઘેટો પાપોના પ્રાયશ્ચિત માંટે વધેરવા
આપવાનો હોય છે, તે ઉપરાંત આ રકમ આપવાની છે. 9 "ઇસ્રાએલીઓ
દેવને જે કંઈ ઉચ્છાલીયાર્પણ ધરાવે છે, તે યાજકની ગણાય છે. 10 યા-
જકોને માંણસો જે કોઈ ભેટ આપે છે તે યાજકો પોતાને માંટે રાખે."
11 યહોવાએ મૂસાને કહ્યું, 12 "ઇસ્રાએલી પ્રજાને તું આ પ્રમાંણે કહે: જો
કોઈ પુરુષની પત્ની આડે રસ્તે જાય અને વિશ્વાસઘાતી નીવડે, કોઈ
પરપુરુષ સાથે સૂઈને વ્યભિચાર કરે, 13 પરંતુ તેની સાબિતી ના હોય
અને સાક્ષી આપનાર કોઈ ના હોય, 14 અને છતાં તેના પતિને તેના પર
શંકા જાય; અથવા પત્નીએ વ્યભિચારનું પાપ કર્યુ ના હોય તો પણ તે-
ના પતિના મનમાં વહેમ જાગ્યો હોય તો પતિએ તેને યાજક પાસે લઈ
જવી. 15 તેણે 8 વાટકા જવનો લોટ (એક દશાંશ એફાહ) લઈ યહોવાને
અર્પણ કરે. તેણે તેના પર તેલ રેડવું નહિ કે ધૂપ પણ મૂકવો નહિ, કા-
રણ કે એ વહેમને કાઢવા ગુનાનું પારખું કરવા માંટેનું સ્મરણદાયક ખા-
ધાર્પણ છે. 16 યાજકે તે સ્ત્રીને યહોવા સમક્ષ રજૂ કરવી. 17 પછી યાજકે
માંટીના પાત્રમાં પવિત્ર જળ લેવું, અને તેમાં પવિત્રમંડપની પવિત્ર ભૂ-
મિ પરની ધૂળ લઈને તેમાં નાખવી. 18 પછી તેણે તે સ્ત્રીને યહોવા સમ-
ક્ષ ઊભી રાખી તેના વાળ છોડી નાખશે, અને તેણીના હાથમાં ખાધા-
ર્પણ મૂકશે. પતિની ઈર્ષ્યાને કારણે આપવામાં આવેલો આ જવનો લોટ
છે. પછી યાજક નક્કી કરે કે તેના પતિનો વહેમ સાચો છે કે નહિ, યાજકે
શ્રાપ આપવા માંટેના કડવા જળનું પાત્ર પોતાના હાથમાં રાખવું.
19 "ત્યારબાદ યાજકે સ્ત્રી પાસે સોગન લેવડાવવા, તેને કહેવું કે, 'જો તેં
કુમાંર્ગે જઈને કોઈ માંણસ સાથે વ્યભિચાર કર્યો ન હોય, તો આ શ્રાપના
કડવા જળથી તને કશું જ નુકસાન નહિ થાય. 20 "પણ જો તેં કુમાંર્ગે
જઈને કોઈ માંણસ સાથે વ્યભિચાર કર્યો હશે તો 21 યહોવા તારા નામને
તારા લોકમાં શ્રાપરૂપ બનાવી દો. તારી જાંઘોમાં સડો પેદા કરો, અને
તારા શરીરને ફુલાવી દો. 22 "આ જળ તારા પેટમાં પ્રવેશીને તેને ફુલાવી
દો, અને તારા ગર્ભાશયને સંકોચાવી દો." પછી તે સ્ત્રીએ 'આમીન'
'આમીન' એમ જવાબ આપે.' 23 "પછી યાજકે તે શ્રાપ સૂચિપત્રમાં લખ-
વા અને તેને કડવા જળમાં ધોઈ નાખવા, 24 ત્યારબાદ યાજક તે સ્ત્રીને
તે પાણી પીવડાવે, જેથી તે ગુનેગાર હોય તો ખૂબ હેરાન થાય. 25 "પણ
જળ પીવડાવતાં પહેલાં યાજક પાપની કસોટી કરવા ખાધાર્પણને સ્ત્રી-
ના હાથમાંથી લઈને યહોવા સમક્ષ ધરાવીને વેદી પર અર્પણ કરશે.
26 એ પછી યાજકે તે ખાધાર્પણમાંથી એક મૂઠી ભરી વેદીમાં હોમવું.
અને પછી સ્ત્રીને જળ પાઈ દેવું. 27 જો તે સ્ત્રીએ વ્યભિચાર કર્યો હશે તો
શ્રાપનું પાણી પેટમાં જતાં જ તેનું પેટ ફૂલી જશે અને તેનું ગર્ભાશય
સંકોચાઈ જશે, અને તેનું નામ તેના લોકોમાં શ્રાપરૂપ થઈ પડશે.
28 પણ જો તે સ્ત્રી પવિત્ર હશે અને પોતાની જાતને કલંકિત નહિ કરી
હોય તો તેને કંઈ પણ હાનિ થશે નહિ અને થોડા સમય પછી તે ગર્ભ
ધારણ કરશે. 29 "આ નિયમો સ્વચ્છંદી પત્ની માંટે અથવા જેના પર
પતિને વહેમ હોય એવી પત્ની માંટે છે. 30 પછી એ સ્ત્રીએ ખરેખર વ્ય-
ભિચાર કર્યો હોય કે ખાલી વહેમ આવ્યો હોય પતિએ આવી સ્ત્રીને
યહોવા સમક્ષ લાવવી અને યાજકે ઉપર દર્શાવેલી રીત અનુસાર નક્કી
કરવું. 31 પછી સ્ત્રી જો પોતાની સજા ભોગવે તો તે માંટે પતિ જવાબદાર
ઠરશે નહિ. સ્ત્રી પોતે જ તેના પાપોના પરિણામ માંટે જવાબદાર છે."

6 યહોવાએ મૂસાને કહ્યું, 2 "તું ઇસ્રાએલી પ્રજાને આ પ્રમાંણે કહે:
જો કોઈ સ્ત્રી કે પુરુષ 'નાજીર' થઈને યહોવાની સેવા કરવાનું
ખાસ વ્રત લે, 3 તો યહોવાને કરેલા સમર્પણના પૂર્ણ સમય દરમ્યાન તે-
ણે દ્રાક્ષારસનો અને કેફી પીણાનો ત્યાગ કરવો, તદુપરાંત તેણે દ્રાક્ષા-
માંથી બનાવેલું કોઈ પણ પ્રકારનું પીણું પીવું નહિ, કે દ્રાક્ષ કે કિસમિસ
ખાવી નહિ. 4 જયાં સુધી તેનું વ્રત ચાલુ હોય ત્યાં સુધી તેણે દ્રાક્ષમાંથી
કોઈ પણ વસ્તુ દ્રાક્ષના બી કે છાલ પણ ખાવા નહિ! 5 "વળી એ સમય
દરમ્યાન તેણે વાળ કપાવવા નહિ, કારણ કે તેનું વ્રત ચાલુ હોય છે,
અને જયાં સુધી વ્રત પૂરું પૂર્ણ ન થાય ત્યાં સુધી તે દેવને સમર્પિત
થયેલો છે તેથી તેણે પોતાના વાળ વધારવા જોઈએ. 6 "તેણે લીધેલા
વ્રતના સર્વ દિવસો દરમ્યાન તેણે કદી મૃતદેહ નજીક જવું નહિ. 7 તેનાં
માંતા-પિતા કે ભાઈ બહેન મરી જાય તો પણ તેણે મૃતદેહ નજીક જઈ
પોતાની જાતને અશુદ્ધ કરવી નહી, કારણ તેના માંથા પરના વાળ તેના
દેવના સમર્પિત થયાની નિશાની છે. 8 વ્રતના પૂરા સમય દરમ્યાન તે
'નાજીર' વ્રતી હોવાથી ત્યાં સુધી તે યહોવાને સમર્પિત થયેલ છે.
9 "પરંતુ જો કોઈ વ્યક્તિનું અચાનક તેની પડખે જ અવસાન થાય અને
તે અશુદ્ધ બને, તો સાત દિવસ પછી તેણે પોતાના અશુદ્ધ થયેલા
માંથાના વાળ કપાવવા. કારણ કે તે દિવસે તેની શુદ્ધિ થાય છે. 10 અને
આઠમાં દિવસે તેણે પવિત્ર મંડપના પ્રવેશદ્વાર આગળ યાજક સમક્ષ બે
હોલા અથવા કબૂતરના બે બચ્ચાં લાવવાં. 11 યાજકે એમાંનું એક પા-
પાર્થાર્પણ તરીકે અને બીજું દહનાર્પણ તરીકે ચઢાવીને તે માંણસના
પાપનો પ્રાયશ્ચિતવિધિ કરવો, કારણ કે તે મૃતદેહના સ્પર્શથી અશુદ્ધ
થયો હતો. તે સમયે વ્યક્તિ ફરીથી પોતાના વાળ કપાવ્યા વિના દેવને
સમર્પિત કરશે. 12 અને તે જ દિવસે તેણે 'નજીરી' ના વ્રતની નવેસરથી
શરૂઆત કરીને વાળ વધારવા. આ અગાઉના તેના સમર્પણના દિવસો
ગણવામાં આવશે નહિ, કારણ, તેનો વ્રતભંગ થયો હતો જેના દોષાર્થા-
ર્પણરૂપે તેણે એક વર્ષનું નર હલવાન લાવવું. 13 "યહોવાની સેવા માંટે-
ના 'નાજીરી' વ્રતની સમય પૂર્ણ થતાં તે દિવસે તેણે નીચે પ્રમાંણે વિધિ
કરવી; તેને પવિત્રમંડપના પ્રવેશદ્વાર આગળ લઈ જવો. 14 અને ખોડ
વિનાના એક વર્ષનાં નર ઘેટાનું દહનાર્પણ, ખોડ વિનાની એક વર્ષની
ઘેટીનું પાપાર્થાર્પણ અને ખોડ વિનાના નર ઘેટાનું શાંત્યાર્પણ કરવું:
15 તથા એક ટોપલી ભરીને મોહેલા લોટની બેખમીર રોટલી તથા તેલ
ચોપડેલા બેખમીર ખાખરા, અને ખાધાર્પણ તથા પેયાર્પણ તે ચઢાવે.
16 "યાજકે આ બધું યહોવાને ધરાવવું અને તે માંણસનાં પ્રથમ પાપાર્થા-
ર્પણ અને દહનાર્પણ ચઢાવવાં. 17 પછી તેણે નર ઘેટાને યહોવા સમક્ષ
શાંત્યાર્પણ તરીકે સમર્પિત કરવું. રોટલીની ટોપલી, ખાધાર્પણ અને પે-
યાર્પણ સાથે તે યહોવાને અર્પણ કરશે. 18 "નાઝારી' વ્રત ધારણ કરનારે
પવિત્રમંડપના પ્રવેશદ્વાર આગળ વાળ કપાવી નાખવાં, અને એ સમ-
ર્પિત કરી શાંત્યાર્પણની નીચેના અગ્નિમાં હોમી દેવા. 19 "વ્રતધારીએ
વાળ ઉતરાવ્યા પછી યાજકે નર ઘેટાનો બાફેલો ખભો તથા ટોપલી-
માંથી એક બેખમીર રોટલી અને એક બેખમીર ખાખરો લઈને તેના હાથ-
માં મૂકવાં. 20 ત્યારવાદ યાજક અર્પણ તરીકે એ વસ્તુઓ યહોવાની
સમક્ષ ઝુલાવે. એ અર્પણો યાજકને માંટેનો પવિત્ર ભાગ ગણાય છે.
એની ઉપરાંત, ઘેટાની છાતીનો ભાગ અને જાંઘ દેવને ધરવા, આ અર્પ-
ણો પણ યાજકના ગણાય, હવે તે વ્યક્તિ નાજીરી વ્રતમાંથી મુક્ત થઈ-
ને ફરી દ્રાક્ષારસ પી શકે છે. 21 "નાજીરી' માંટે અને બલિદાનો માંટેના
આ નિયમો છે. 'નાજીરી' થવાની પ્રતિજ્ઞા લીધી હોય ત્યારે તેણે અન્ય
અર્પણો માંટે વચન આપ્યું હોય તો નક્કી કરેલાં બલિદાનો સાથે તે
અર્પણો પણ લાવીને ચઢાવવાં." 22 પછી યહોવાએ મૂસાને કહ્યું, 23 "હા-
રુન અને તેના પુત્રોને કહે કે, તેઓ ઇસ્રાએલી પ્રજાને આ ખાસ આશી-
ર્વાદ આપે: 24 યહોવા તમને આશીર્વાદ આપો અને તમાંરું રક્ષણ કરો;
25 યહોવાની તમાંરા પર કૃપાદૃષ્ટિ અને મહેરબાની થાવ. 26 યહોવા
તમાંરા પર પ્રસન્ન હો અને તમને શાંતિ આપો." 27 પછી યહોવાએ મૂસા-
ને કહ્યું, "આ રીતે હારુન અને તેના પુત્રો માંરા આશીર્વાદ ઇસ્રાએલી
લોકોને આપે અને હું પોતે વ્યક્તિગત માંરા આશીર્વાદ તેઓને
આપીશ."

7 જે દિવસે મૂસાએ પવિત્રમંડપ ઊભો કરવાનું કાર્ય સંપૂર્ણ કર્યું, તે
દિવસે તેણે મંડપનો તેમજ તેમાંની બધી સાધન-સામગ્રી વેદી
તથા તેનાં બધાં સાધનોનો અભિષેક કરી તેમના બધાં પાત્રોનો અભિ-
ષેક કરીને પવિત્ર કર્યા. 2 ત્યારપછી ઇસ્રાએલનાં કુળસમૂહોના આગેવા-
નોમાંથી પસંદ કરેલા પુરુષો પોતાનાં અર્પણો લાવ્યા. તેઓ કુળોના મુ-
ખ્ય આગેવાનો હતાં અને તેઓએ વસ્તી ગણતરીના કામમાં મદદ કરી
હતી. 3 તેમણે યહોવાની સંમુખ બે બળદ જોડેલા છત્તરાવાળાં છ ગાડાં
તેઓ લાવ્યા બે કુટુંબના વડાઓ દીઠ એક ગાડું અને પ્રત્યેક આગેવાન
દીઠ એક બળદ. આ બધુ તેઓએ પવિત્ર મંડપમાં પ્રવેશદ્વાર પાસે યહો-
વાની સમક્ષ રજૂ કર્યુ. 4 પછી યહોવાએ મૂસાને કહ્યું, 5 "તેઓની ભેટોનો
સ્વીકાર કર, મુલાકાતમંડપની સેવામાં આ ગાડાનો ઉપયોગ કરજે. લે-
વીઓને તું એ તેમના કાર્યમાં ઉપયોગ કરે, તે માંટે તેમણે બજાવવાની
સેવા અનુસાર સોંપી દેજે." 6 તેથી મુસાએએ ગાડાં અને બળદો સ્વીકા-
ર્યા અને લેવીઓને સોંપી દીધાં. 7 તેણે ગેર્શોનના સમૂહને તેઓને જે સે-

વાઓ કરવાની હતી તે માટે બે ગાડાં અને ચાર બળદો આપ્યા. 8 મરા-
રીના સમૂહે યાજક હારુનના પુત્ર ઈથામારની આગેવાની હેઠળ જે સે-
વાએ કરવાની હતી તેને માટે તેણે તેમને ચાર ગાડાં અને આઠ બળદો
આપ્યા. 9 પરંતુ કહાથના વંશજોને કાંઈ જ આપ્યું નહિ, કારણ કે તેઓને
જે પવિત્ર વસ્તુઓ સોંપવામાં આવી હતી તેની જવાબદારી તેઓ પોતા-
ના માંથે જ રાખતા અને પોતાના ખભા ઉપર ઊંચકી લેતા હતા. 10 જે
દિવસે યજ્ઞવેદીને અભિષિક્ત અને સમર્પિત કરવામાં આવી તે દિવસે
આગેવાનો પોતાના અર્પણો લાવ્યા અને વેદી આગળ રજૂ કર્યા.
11 યહોવાએ મૂસાને કહ્યું, “વેદીની પ્રતિષ્ઠા કરવા સારુ અર્પણ વારાફર-
તી એક દિવસે એક જણેજ ધરાવવા.” 12 પ્રત્યેક વંશના આગેવાન એક
સરખાં જ અર્પણ લઈને આવ્યાં.પ્રથમ દિવસે ‘યહૂદા’ના કુળસમૂહનો
આગેવાન આમ્મીનાદાબનો પુત્ર નાહશોન અર્પણ લઈને આવ્યો.
13 અને તેનું ઉપહારમાં 1 શેકેલ વજનની ચાંદીની કથરોટ તથા 70 શે-
કેલ વજનનો એક ચાંદીનો પ્યાલો હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે
તેલથી મોયેલો લોટ ભરેલો હતો. 14 દશ શેકેલ વજનની સોનાની ધૂપ-
દાની ધૂપથી ભરેલી હતી, 15 તથા દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું,
16 તથા પ્રાયશ્ચિતના બલિ માટે એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન;
17 શાંત્યર્પણ માટે બે બળદ, પાંચ ઘેટા, પાંચ લવારા અને એક વર્ષની
ઉપરના પાંચ હલવાન હતાં. 18 બીજે દિવસે ઈસ્સાખાર વંશનો સૂઆર-
નો પુત્ર નથાનિયેલે અર્પણ લઈને આવ્યો 19 અને તેનું ઉપહારમાં 1 શે-
કેલ વજનની ચાંદીની કથરોટ તથા 70 શેકેલ વજનનો એક ચાંદીનો
પ્યાલો હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો લોટ ભરેલો
હતો. 20 દશ શેકેલ વજનની સોનાની ધૂપદાની ધૂપથી ભરેલી હતી,
21 તથા દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું, 22 તથા પ્રાયશ્ચિતના બલિ
માટે એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન; 23 શાંત્યર્પણ માટે બે
બળદ, પાંચ ઘેટા, પાંચ લવારા અને એક વર્ષની ઉપરના પાંચ હલવાન
હતાં. 24 ત્રીજે દિવસે ઝબુલોનના વંશનો વડો અને હેલોનનો પુત્ર અલી-
આબ અર્પણ લાવ્યો. 25 અને તેનું ઉપહારમાં 1 શેકેલ વજનની ચાંદીની
કથરોટ તથા 70 શેકેલ વજનનો એક ચાંદીનો પ્યાલો હતો. આ બંનેમાં
ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો લોટ ભરેલો હતો. 26 દશ શેકેલ વજન-
ની સોનાની ધૂપદાની ધૂપથી ભરેલી હતી, 27 તથા દહનાર્પણ માટે એક
વર્ષનું વાછરડું, 28 તથા પ્રાયશ્ચિતના બલિ માટે એક ઘેટું તથા એક વર્ષ-
નો એક હલવાન; 29 શાંત્યર્પણ માટે બે બળદ, પાંચ ઘેટા, પાંચ લવારા
અને એક વર્ષની ઉપરના પાંચ હલવાન હતાં. 30 ચોથે દિવસે રૂબેન
વંશનો શદેઉરનો પુત્ર અલીસૂર અર્પણ લાવ્યો. 31 અને તેનું ઉપહારમાં
1 શેકેલ વજનની ચાંદીની કથરોટ તથા 70 શેકેલ વજનનો એક ચાંદી-
નો પ્યાલો હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો લોટ ભરે-
લો હતો. 32 દશ શેકેલ વજનની સોનાની ધૂપદાની ધૂપથી ભરેલી હતી,
33 તથા દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું, 34 તથા પ્રાયશ્ચિતના બલિ
માટે એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન; 35 શાંત્યર્પણ માટે બે
બળદ, પાંચ ઘેટા, પાંચ લવારા અને એક વર્ષની ઉપરના પાંચ હલવાન
હતાં. 36 પાંચમે દિવસે શિમયોન વંશના વડા સૂરીશાદાયના પુત્ર શલુ-
મીએલે અર્પણ લાવીને ધરાવ્યું. 37 અને તેનું ઉપહારમાં 1 શેકેલ વજન-
ની ચાંદીની કથરોટ તથા 70 શેકેલ વજનનો એક ચાંદીનો પ્યાલો હતો.
આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો લોટ ભરેલો હતો. 38 દશ
શેકેલ વજનની સોનાની ધૂપદાની ધૂપથી ભરેલી હતી, 39 તથા દહના-
ર્પણ માટે એક વર્ષનું વાછરડું, 40 તથા પ્રાયશ્ચિતના બલિ માટે એક ઘેટું
તથા એક વર્ષનો એક હલવાન; 41 શાંત્યર્પણ માટે બે બળદ, પાંચ ઘેટા,
પાંચ લવારા અને એક વર્ષની ઉપરના પાંચ હલવાન હતાં. 42 છઠ્ઠે દિવ-
સે ગાદના વંશના વડા દેઉએલના પુત્ર એલ્યાસાફે અર્પણ લાવીને ધરા-
વ્યું. 43 અને તેનું ઉપહારમાં 1 શેકેલ વજનની ચાંદીની કથરોટ તથા 70
શેકેલ વજનનો એક ચાંદીનો પ્યાલો હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે
તેલથી મોયેલો લોટ ભરેલો હતો. 44 દશ શેકેલ વજનની સોનાની ધૂપ-
દાની ધૂપથી ભરેલી હતી, 45 તથા દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું,
46 તથા પ્રાયશ્ચિતના બલિ માટે એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન;
47 શાંત્યર્પણ માટે બે બળદ, પાંચ ઘેટા, પાંચ લવારા અને એક વર્ષની
ઉપરના પાંચ હલવાન હતાં. 48 સાતમે દિવસે એફ્રાઈમના વંશના વડા
આમ્મીહૂદના પુત્ર અલીશામાંએ અર્પણ લાવીને ધરાવ્યું. 49 અને તેનું
ઉપહારમાં 1 શેકેલ વજનની ચાંદીની કથરોટ તથા 70 શેકેલ વજનનો
એક ચાંદીનો પ્યાલો હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો
લોટ ભરેલો હતો. 50 દશ શેકેલ વજનની સોનાની ધૂપદાની ધૂપથી ભરે-
લી હતી, 51 તથા દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું, 52 તથા પ્રાયશ્ચિ-
તના બલિ માટે એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન; 53 શાંત્યર્પણ
માટે બે બળદ, પાંચ ઘેટા, પાંચ લવારા અને એક વર્ષની ઉપરના પાંચ
હલવાન હતાં. 54 આઠમાં દિવસે મનાશ્શા વંશના વડા પદાહસૂરના પુત્ર
ગમાંલ્યેલ અર્પણ લાવીને ધરાવ્યું. 55 અને તેનું ઉપહારમાં 1 શેકેલ વજ-
નની ચાંદીની કથરોટ તથા 70 શેકેલ વજનનો એક ચાંદીનો પ્યાલો
હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો લોટ ભરેલો હતો.
56 દશ શેકેલ વજનની સોનાની ધૂપદાની ધૂપથી ભરેલી હતી, 57 તથા
દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું, 58 તથા પ્રાયશ્ચિતના બલિ માટે
એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન; 59 શાંત્યર્પણ માટે બે બળદ,
પાંચ ઘેટા, પાંચ લવારા અને એક વર્ષની ઉપરના પાંચ હલવાન હતાં.
60 નવમાં દિવસે બિન્યામીન વંશના વડા ગિદિયોનીના પુત્ર અબીદાને
અર્પણ લાવીને ધરાવ્યું. 61 અને તેનું ઉપહારમાં 1 શેકેલ વજનની
ચાંદીની કથરોટ તથા 70 શેકેલ વજનનો એક ચાંદીનો પ્યાલો હતો.
આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો લોટ ભરેલો હતો. 62 દશ
શેકેલ વજનની સોનાની ધૂપદાની ધૂપથી ભરેલી હતી, 63 તથા દહના-
ર્પણ માટે એક વર્ષનું વાછરડું, 64 તથા પ્રાયશ્ચિતના બલિ માટે એક ઘેટું
તથા એક વર્ષનો એક હલવાન; 65 શાંત્યર્પણ માટે બે બળદ, પાંચ ઘેટા,
પાંચ લવારા અને એક વર્ષની ઉપરના પાંચ હલવાન હતાં. 66 દશમે દિ-
વસે દાનના વંશના વડા આમ્મીશાદાયના પુત્ર અહીએઝેર અર્પણ ધરા-
વ્યું. 67 અને તેનું ઉપહારમાં 1 શેકેલ વજનની ચાંદીની કથરોટ તથા 70
શેકેલ વજનનો એક ચાંદીનો પ્યાલો હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે
તેલથી મોયેલો લોટ ભરેલો હતો. 68 દશ શેકેલ વજનની સોનાની ધૂપ-
દાની ધૂપથી ભરેલી હતી, 69 તથા દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું,
70 તથા પ્રાયશ્ચિતના બલિ માટે એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન;
71 શાંત્યર્પણ માટે બે બળદ, પાંચ ઘેટા, પાંચ લવારા અને એક વર્ષની
ઉપરના પાંચ હલવાન હતાં. 72 અગિયારમે દિવસે આશેરના વંશના
વડા ઓક્રાનના પુત્ર પાગીએલે અર્પણ લાવીને ધરાવ્યું. 73 અને તેનું
ઉપહારમાં 1 શેકેલ વજનની ચાંદીની કથરોટ તથા 70 શેકેલ વજનનો
એક ચાંદીનો પ્યાલો હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો
લોટ ભરેલો હતો. 74 દશ શેકેલ વજનની સોનાની ધૂપદાની ધૂપથી ભરે-
લી હતી, 75 તથા દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું, 76 તથા પ્રાયશ્ચિ-
તના બલિ માટે એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન; 77 શાંત્યર્પણ
માટે બે બળદ, પાંચ ઘેટા, પાંચ લવારા અને એક વર્ષની ઉપરના પાંચ
હલવાન હતાં. 78 બારમે દિવસે નફતાલીના વંશના વડા એનાનના પુત્ર
અહીરાએ અર્પણ લાવીને ધરાવ્યું. 79 અને તેનું ઉપહારમાં 1 શેકેલ વજ-
નની ચાંદીની કથરોટ તથા 70 શેકેલ વજનનો એક ચાંદીનો પ્યાલો
હતો. આ બંનેમાં ખાદ્યાર્પણ તરીકે તેલથી મોયેલો લોટ ભરેલો હતો.
80 દશ શેકેલ વજનની સોનાની ધૂપદાની ધૂપથી ભરેલી હતી, 81 તથા
દહનાર્પણ માટે એક વર્ષનું વાછરડું, 82 તથા પ્રાયશ્ચિતના બલિ માટે
એક ઘેટું તથા એક વર્ષનો એક હલવાન; 83 શાંત્યર્પણ માટે બે બળદ,
પાંચ ઘેટા, પાંચ લવારા અને એક વર્ષની ઉપરના પાંચ હલવાન હતાં.
84 આ રીતે વેદીના અભિષેકના પ્રસંગે ઈસ્રાએલના વંશના આગેવાનો
સમર્પણવિધિમાં પોતપોતાનાં અર્પણો લાવ્યાં; ચાંદીની 12 કથરોટ,
ચાંદીના 12 પ્યાલા, તથા સોનાની 12 ધૂપદાનીઓ, 85 ચાંદીની પ્રત્યેક
કથરોટનું વજન અધિકૃત માંપ અનુસારે 130 શેકેલ હતું, અને ચાંદીના
પ્રત્યેક પ્યાલાનું વજન 70 શેકેલ હતું. ચાંદીની કથરોટો અને ચાંદીના
પ્યાલાઓનું કુલ વજન 2,400 શેકેલ હતું. 86 તદુપરાંત ધૂપથી ભરેલાં
12 સોનાનાં પાત્રો હતાં, તે પ્રત્યેકનું વજન અધિકૃત માંપ પ્રમાંણે દશ
શેકેલ હતું. એ પાત્રોના સોનાનું કુલ વજન મંદિરના માંપ પ્રમાંણે 120
શેકેલ હતું, 87 દહનાર્પણો માટે કુલ 12 બળદો, 12 ઘેટાઓ એક વર્ષની
ઉમરના 12 હલવાન હતા. પાપાર્થાપણ માટે 12 નર બકરાં પણ હતાં.
88 તથા શાંત્યર્પણ માટે કુલ 24 બળદો, 60 ઘેટા, 60 બકરાં, અને એક
વર્ષની ઉમરના 60 હલવાન હતા, આ અર્પણો વેદીનો અભિષેક કરી તે-
ના સમર્પણના પ્રસંગે અર્પણ થયા હતા. 89 જે સમયે મૂસા યહોવા સાથે

વાત કરવા માંટે પવિત્રમંડપમાં પ્રવેશ્યો તે સમયે તેણે કરારકોશના
ઢાંકણા ઉપરના બે કરૂબ દેવદૂતોની વચ્ચેનો અવાજ સાંભળ્યો. યહોવા
આ રીતે તેની સાથે બોલતા હતા.

**8** યહોવાએ મૂસાને કહ્યું, 2 “તું હારુનને જણાવ કે તે દીપવૃક્ષની
સાત દીવીઓને પ્રગટાવે ત્યારે તેનો પ્રકાશ દીપવૃક્ષના આગળના
ભાગમાં પડે તે ધ્યાનમાં રાખજે.” 3 હારુને યહોવાની સૂચના પ્રમાંણે
કર્યુ. તેણે દીવીઓને ઉચિત સ્થાને રાખી અને તેમનું મોઢું એવી રીતે રા-
ખ્યું અને દીપવૃક્ષનો આગળનો ભાગ પ્રકાશીત કર્યો. આ તેણે દેવે મૂ-
સાને કરેલ આજ્ઞા પ્રમાંણે કર્યુ. 4 દીપવૃક્ષ તથા ફૂલોથી સુશોભિત તેની
બેઠક તથા ડાળીઓ, સંપૂર્ણ સોનાના ઘડેલા હતાં. મૂસાને યહોવાએ
દર્શાવેલા નમૂના પ્રમાંણે ખૂબ કાળજીપૂર્વક તે બનાવવામાં આવી હતી.
5 પછી યહોવાએ મૂસાને કહ્યું, 6 “હવે બાકીના ઈસ્રાએલીઓમાંથી લેવી-
ઓને અલગ કરીને તારે તેઓની વિધિપૂર્વક શુદ્ધિ કરવી. 7 એમની શુદ્ધિ
આ મુજબ કરવી: પ્રથમ તેના પર પવિત્ર શુદ્ધિકરણનાં જળનો છંટકાવ
કરવો. ત્યારબાદ તેમણે આખા શરીરે મૂડન કરાવવું, કપડા ધોઈ નાખ-
વાં તથા શીરને ધોઈને સ્વચ્છ કરવું ત્યારે તેમની શુદ્ધિ થઈ ગણાશે.
8 “ત્યારબાદ તેમણે એક વાછરડું તથા મોયેલા લોટનો ખાધાર્પણ લાવ-
વો, અને સાથે તારે એક બીજો વાછરડો પાપાર્થાર્પણ માંટે પણ લેવો,
પછી લેવીઓને મુલાકાત મંડપ પાસે લાવવા. 9 પછી બધા મુલાકાત-
મંડપ આગળ ઈસ્રાએલીઓના સમગ્ર સમાંજને ભેગો કરવો. 10 અને તું
લેવીઓને યહોવા સમક્ષ લાવે ત્યારે ઈસ્રાએલીઓએ પોતાના હાથ લે-
વીઓના મસ્તક પર મૂકવા, 11 પછી હારુને લેવીઓને ઈસ્રાએલીઓ
તરફથી ખાસ ઉપહાર તરીકે મને ધરાવવા અને માંરી સેવા માંટે સમર્પિત
કરવા. ઈસ્રાએલી પ્રજાના પ્રતિનિધિ તરીકે લેવીઓ યહોવાની સેવા કર-
શે. 12 “ત્યારબાદ લેવીએ બંને બળદોના માંથા પર હાથ મૂકવા અને
એક બળદ પાપાર્થાર્પણ તરીકે અને બીજો દહનાર્પણ તરીકે યહોવાને
ધરાવવા, લેવીઓને શુદ્ધ કરવા માંટે પ્રાયશ્ચિત કરવાની આ વિધિ છે.
13 પછી સર્વ લેવીઓને હારુન અને તેના પુત્રો સમક્ષ ઉભા કરવા અને
યહોવાને ઉપાસના તરીકે ધરાવવાં. 14 આ રીતે તારે લેવીઓને બીજા
ઈસ્રાએલીઓથી અલગ કરીને વિધિસર મને અર્પણ કરવા, જેથી લે-
વીઓ માંરા પોતાના થશે. 15 “આ પ્રમાંણે લેવીઓનું શુદ્ધિકરણ અને
અરત્યર્પણ થયા પછી જ તેઓ મુલાકાતમંડપમાં સેવા કરવાનું શરૂ કરી
શકે. તારે લેવીઓની શુદ્ધ કરીને મને સમર્પિત કરવા. 16 કારણ કે બધાં
જ ઈસ્રાએલીઓ તરફથી તેઓ મને ઈનામરૂપે અપાયેલા છે. તેથી તેઓ
માંરા પોતાના છે. ઈસ્રાએલી કુળના સર્વ પ્રથમજનિતોના બદલામાં મેં
લેવીઓનો સ્વીકાર કર્યો છે. 17 કારણ કે ઈસ્રાએલીઓનું પ્રથમજનિત
બાળક પછી તે મનુષ્યનું હોય કે પશુનું હોય, માંરુ છે, જે દિવસે મેં મિ-
સરના એકેએક પ્રથમજનિત બાળક, પછી તે મનુષ્યનું હોય કે પશુનું
હોય, સર્વને માંરી નાખ્યાં, તે દિવસે મેં ઈસ્રાએલનાં પ્રથમજનિત પુત્રોને
મેં માંરા માંટે રાખી લીધા હતાં. 18 હવે મેં ઈસ્રાએલ સમાંજના સર્વ જયેષ્ઠ
પુત્રોની અવેજીમાં લેવીઓને સ્વીકાર્યો છે, 19 હું તેમને હારુનને તથા તે-
ના પુત્રોને ઈસ્રાએલીઓ તરફથી સેવા કરવા અને તેમના બદલે પ્રાય-
શ્ચિતવિધિ કરવા મુલાકાત મંડપમાં ભેટો તરીકે આપીશ. જેથી જ્યારે
ઈસ્રાએલીઓ પવિત્રસ્થાનની પાસે આવે ત્યારે મરકી કે કોઈ મુશ્કેલી
તેમના પર ન પડે.” 20 પછી યહોવાએ મૂસાને લેવીઓની દીક્ષાવિધી
વિષે જે સૂચનાઓ આપી હતી તેનો મૂસાએ, હારુને તથા સમગ્ર ઈસ્રા-
એલી સમાંજે અમલ કર્યો. 21 લેવીઓએ પોતાની જાતને શુદ્ધ કરી અને
વસ્ત્રો પણ ધોયાં. હારુને તે સૌને અર્પણ તરીકે યહોવાને ધરાવી દીધા,
અને તેમને શુદ્ધ કરવા માંટે પ્રાયશ્ચિતવિધિ કરીને સૌને શુદ્ધ કર્યા.
22 ત્યારવાદ લેવીઓને મુલાકાતમંડપમાં હારુન અને તેના પુત્રોના હાથ
નીચે સેવા કરવાની છૂટ મળી. આમ યહોવાએ લેવીઓ અંગે જે
આજ્ઞાઓ મૂસાને જણાવી હતી તેનું અક્ષરસ: પાલન કરવામાં આવ્યું.
23 યહોવાએ મૂસાને કહ્યું, 24 “પચ્ચીસ વર્ષની ઉમરે લેવીઓ મૂલાકાત-
મંડપની સેવા શરૂ કરી શકે. 25 પચાસ વર્ષની ઉમરે તેઓ સેવામાંથી
નિવૃત્ત થાય અને સેવા કરવાનું બંધ કરે. 26 તેઓ મુલાકાતમંડપમાં સે-
વા કરતા પોતાના સાથીને ભલે મદદ કરે, પણ પોતે નિયમસરની સેવા
ન કરે, લેવીઓની સેવા માંટે આ વ્યવસ્થાનું આયોજન કરવું.”

**9** મિસરમાંથી પ્રસ્થાન કર્યા પછી બીજા વર્ષના પ્રથમ મહિનામાં
ઈસ્રાએલી પ્રજા અને મૂસા સિનાઈના અરણ્યમાં હતા ત્યારે યહો-
વાએ મૂસાને કહ્યું, 2 “ઈસ્રાએલી પ્રજાએ નિયત સમયે પાસ્ખાપર્વ પાળ-
વાનું છે. 3 પાસ્ખાપર્વ પ્રથમ મહિનામાં ચૌદમાં દિવસની સંધ્યાઓ શરૂ
થાય છે. તમાંરે એને લગતા બધા નિયમો અને વિધિઓનું ચુસ્તપણે
પાલન કરવાનું છે.” 4 તેથી મૂસાએ ઈસ્રાએલી પ્રજાને પાસ્ખાપર્વ ઉજવ-
વાની આજ્ઞા કરી. 5 ઈસ્રાએલી પ્રજાએ પાસ્ખા પર્વની ઉજવણી સિનાઈ-
ના અરણ્યમાં પ્રથમ મહિનાના ચૌદમાં દિવસે સંધ્યાકાળે શરૂ કરી હતી.
યહોવાએ મૂસાને સૂચવ્યું હતું તે મુજબ ઈસ્રાએલીઓએ કર્યુ. 6 પરંતુ
એવું બન્યું કે કેટલાક માંણસો મૃતદેહના સ્પર્શથી અશુદ્ધ થયા હતા,
તેઓ દફનક્રિયામાં હતા તેથી તે દિવસે પાસ્ખાપર્વ પાળી શકે એમ
નહોતું. તેમણે તે જ દિવસે મૂસા અને હારુનની પાસે જઈને પોતાની
હકીકત દર્શાવી. 7 તેઓએ મૂસાને કહ્યું, “અમે મૃત દેહના સ્પર્શથી અશુ-
દ્ધ થયેલા છીએ. સર્વ ઈસ્રાએલીઓ નિયત સમયે યહોવાને બલિદાન
અર્પણ કરે છે. તે અમને શા માંટે તેમ કરવાની મનાઈ કરવામાં આવે
છે?” 8 મૂસાએ તેમને કહ્યું, “તમાંરી બાબતમાં યહોવાની આજ્ઞા શી છે તે
હું જાણી લઉ ત્યાં સુધી તમે ધીરજ ધરો.” 9 યહોવાએ મૂસાને કહ્યું,
10 “તારે ઈસ્રાએલીઓને આ પ્રમાંણે કહેવું કે: તમાંરામાંથી અથવા
તમાંરા વંશજોમાંથી કોઈ મૃતદેહના સ્પર્શને કારણે અશુદ્ધ થયો હોય
અથવા દૂર પ્રવાસમાં હોય, તો પણ માંરા માંનમાં પાસ્ખા નીચે પ્રમાંણે
પાળી શકે છે. 11 આવા લોકો બીજા મહિનાના ચૌદમાં દિવસે સંધ્યાકા-
ળે ઉજવણી શરૂ કરી શકે છે. તેઓએ અર્પણ કરેલુ હલવાન બેખમીર રો-
ટલી તથા કડવી ભાજી સાથે ખાવું; 12 એમાંનું કશું સવાર સુધી રહેવા દે-
વું નહિ, તેમજ એ બલિના પશુનું કોઈ હાડકું ભાંગવું પણ નહિ. તેમણે
એ પાસ્ખાને લગતા બધા નિયમો અને વિધિઓનું પાલન કરવું.
13 પરંતુ જો કોઈ વ્યક્તિ અશુદ્ધ ના હોય તે લાંબા પ્રવાસમાં હોય અને
પાસ્ખાનું પાલન ન કરે, તો તેને તેના લોકોથી જુદો કરવો. કારણ, એણે
નિયત સમયે યહોવાને બલિદાન અર્પણ નથી કર્યુ, તેથી તે દોષિત
ગણાય અને એનું પાપ એણે ભોગવવું જ જોઈએ. 14 “પરંતુ તમાંરી
વચ્ચે કોઈ વિદેશી રહેતો હોય અને તે પાસ્ખા ઊજવવા ઈચ્છતો હોય
તો તેણે પણ એના બધા નિયમો અને વિધિઓ પ્રમાંણે એ ઊજવવું જો-
ઈએ. દેશના વતનીઓ તથા વિદેશીઓ સૌને માંટે એક જ નિયમ છે.”
15 જે દિવસે કરારનો પવિત્રમંડપ એટલે કરારમંડપ ઊભો કરવામાં
આવ્યો તે જ દિવસે તેના પર વાદળે આચ્છાદન કર્યુ. અને સાંજે વાદળ-
નું સ્થાન અગ્નિએ લીધું અને આખી રાત તે ઝળહળતો રહ્યો. 16 આ પ્ર-
માંણે હંમેશા થતું રહ્યું. દિવસે વાદળ આચ્છાદન કરતો અને રાત્રે અગ્નિ-
ની જેમ ઝળહળતું. 17 જ્યારે જ્યારે પવિત્ર મંડપ ઉપરથી વાદળ હઠી
જતું, ત્યારે ત્યારે ઈસ્રાએલી પ્રજા મુકામ ઉઠાવતી, અને આગળ મુસાફ-
રી કરતી અને જયાં જયાં વાદળ થોભે ત્યાં ત્યાં મુકામ કરતી. 18 આમ
યહોવાની આજ્ઞા પ્રમાંણે તેઓ મુકામ ઉઠાવતા મુસાફરી કરતા અને મુ-
કામ કરતા. જયાં સુધી વાદળનું આચ્છાદન લાંબા સમય સુધી રહે તો
ત્યાં સુધી તેઓ મુકામ ચાલુ રાખતા. 19 જો વાદળ લાંબા સમય સુધી
પવિત્રમંડપ પર રહેતું તો ઈસ્રાએલી પ્રજા યહોવાની આજ્ઞા માંથે ચઢા-
વીને આગળ પ્રવાસ કરતી નહિ અને લાંબા સમય સુધી ત્યાં જ રોકાતી.
20 પરંતુ કેટલીક વખત વાદળ થોડા દિવસ જ મુલાકાત મંડપ પર રહેતું
ત્યારે પણ તેઓ યહોવાની આજ્ઞા થતાં મુકામ કરતા અને યહોવાની
આજ્ઞા થતા મુકામ ઉઠાવતા. 21 કેટલીક વખત વાદળ સાંજથી સવાર
સુધી રહેતું, સવારે વાદળ હઠતાં જ તેઓ મુકામ ઉઠાવતા, અને તેને
અનુસરતાં. જો તે રાતના હઠતાં તો તેને અનુસરતા. 22 જયાં સુધી વા-
દળ પવિત્રમંડપ પર ભલે રહે પછી એ બે દિવસ માંટે હોય, એક મહિના
માંટે હોય કે એક વર્ષ માંટે હોય ત્યાં સુધી ઈસ્રાએલીઓ મુકામ ઉઠાવતા
નહિ; જયારે વાદળ હઠતું ત્યારે જ તેઓ મુકામ ઉઠાવી પ્રવાસ કરતા.
23 આમ તેઓ યહોવાની આજ્ઞા અનુસાર છાવણી કરતાં અથવા પ્રવાસ
કરતા, યહોવા મૂસા દ્વારા તેઓને જે આજ્ઞા કરે તે પ્રમાંણે તેઓ કરતા.

**10** યહોવાએ મૂસાને કહ્યું, 2 “બે ચાંદીનાં ઘડેલાં રણશિંગડાં બના-
વડાવ અને લોકોને ભેગા થવા કહેવા માંટે તથા પડાવને
આગળ વધવા કહેવા માંટે તેનો ઉપયોગ કરજે. 3 જે સમયે બંને રણ-
શિંગડા વગાડવામાં આવે, ત્યારે સમગ્ર સમાંજે મુલાકાતમંડપના પ્રવેશ-

દ્વાર આગળ તારી સમક્ષ એકત્ર થવાનું છે. 4 પરંતુ જો એક જ રણશિંગડું
વગાડવામાં આવે, તો ફક્ત ઈસ્રાએલ પ્રજાના કુળોના મુખ્ય આગેવા-
નોએ તારી સમક્ષ આવવાનું છે. 5 "જ્યારે પહેલીવાર તૂટક તૂટક રણ-
શિંગડાં વગાડવામાં આવે, ત્યારે પૂર્વ દિશામાં નાખેલી છાવણીઓએ
કૂચ કરવી. 6 બીજી વખતે રણશિંગડાં તૂટક તૂટક વાગે, ત્યારે દક્ષિણ
દિશામાંની છાવણીએ કૂચ કરવી. આમ મુકામ ઉઠાવવાના સંકેત તરીકે
તૂટક તૂટક રણશિંગડું વગાડવું. 7 પણ ઈસ્રાએલ સમાજને સભા માટે
એકત્ર થવા જણાવવું હોય તો એકધારું રણશિંગડું વગાડવું. 8 હારુનના
વંશજોએ એટલે કે યાજકોએ જ રણશિંગડાં વગાડવાનાં છે. આ કાયમી
કાનૂનનો અમલ તમારે પેઢી દરપેઢી કરવાનો છે. 9 "તમારી ભૂમિમાં દુ-
શ્મનો સાથે લડતા પહેલાં જોરથી રણશિંગડા ફૂંકો, ત્યારે યહોવા રણ-
શિંગડાંનો અવાજ સાંભળશે અને તમને યાદ કરશે અને તમને તમારા
દુશ્મનોથી બચાવશે. 10 વળી ઉત્સવો વખતે, દર અમાસના દિવસે તે-
મજ તમે દહનાર્પણો અને શાંત્યર્પણો ધરાવો તે દિવસે પણ રણશિંગડાં
વગાડવાં, યહોવા તમને સંભારે તે માટે આમ કરો. હું તમારો દેવ યહોવા,
તમને સંભારીશ." 11 ઈસ્રાએલીઓ મિસરમાંથી પ્રસ્થાન કરી આવ્યા તે-
ના બીજા વર્ષના બીજા મહિનાના વીસમાં દિવસે કરારના પવિત્રમંડપ
ઉપરથી વાદળ હઠી ગયું અને 12 ઈસ્રાએલી પ્રજાએ સિનાઈના અરણ્ય-
માંથી કૂચ શરૂ કરી ત્યાં તો પારાનના અરણ્યમાં વાદળ પાછુ સ્થિર
થયું. 13 યહોવા તરફથી મૂસાને યાત્રા સંબંધી સૂચનાઓ મળ્યા પછીની
તેઓની આ પ્રથમ યાત્રા હતી. 14 કૂચ વખતે યહૂદાના વંશના ધ્વજ ની-
ચેનું સૈન્ય પ્રથમ ચાલતું: આમ્મીનાદાબનો પુત્ર નાહશોન તેમનો આગે-
વાન હતો. 15 તેઓની પાછળ ઈસ્સાખારના કુળસમૂહનું સૈન્ય હતું, જેનો
આગેવાન સૂઆરનો પુત્ર નથાનિયેલ હતો. 16 અને હેલોનના પુત્ર અલી-
આબની સરદારી હેઠળ ઝબુલોનના કુળસમૂહનું સૈન્ય હતું. 17 ત્યાર
પછી પવિત્ર મંડપ ઉઠાવી લેવામાં આવતો અને તેને ઉપાડનાર ગેર્શોન
તથા મરારીના વંશજો કૂચ કરતા. પવિત્રમંડપને ઉતારીને તેઓ પોતાના
ખભા ઉપર ઊંચકીને ચાલતા હતા. 18 એ પછી રૂબેનના કુળસમૂહના
ધ્વજ હેઠળની સેના કુટુંબવાર કૂચ કરતી: શદેઉરનાં પુત્ર અલીસૂરની
સરદારી હેઠળ રૂબેનના કુળસમૂહોનું સૈન્ય હતું. 19 તેમની પાછળ સૂરી-
શાદાઈના પુત્ર શલુમીએલની સરદારી હેઠળ શિમયોનના કુળસમૂહોની
સેના હતી. 20 અને તે પછી દેઉએલના પુત્ર એલ્યાસાફની સરદારી હે-
ઠળ ગાદના કુળસમૂહોનું સૈન્ય હતું. 21 તેઓની પાછળ કહાથના વંશજો
પવિત્રસ્થાનમાંની વિવિધ સાધનસામગ્રી ઊંચકીને ચાલતા હતા. તેઓ
બીજે મુકામે પહોંચે તે પહેલાં ત્યાં પવિત્રમંડપ ઊભો કરી દેવામાં આવ-
તો. 22 તેમની પાછળ એફ્રાઈમના વંશના ધ્વજ હેઠળનું સૈન્ય કૂચ કરતું.
આમ્મીહૂદના પુત્ર અલીશામાંની સરદારી હેઠળ એફ્રાઈમના વંશજોનું સૈ-
ન્ય હતું. 23 તે લોકોની પાછળ પદાહસૂર ના પુત્ર ગમાંલ્યેલની ગણતરી
હેઠળ મનાશ્શાના કુળસમૂહોનું સૈન્ય હતું. 24 ગિદિયોનીના પુત્ર અબી-
દાનની સરદારી હેઠળ બિન્યામીનના કુળસમૂહોનું સૈન્ય હતું. 25 છેક છે-
વટે રક્ષક તરીકે દાનના વંશના ધ્વજ હેઠળ બધી સેનાઓના રક્ષક તરી-
કે ટુકડીવાર કૂચ કરતી. આમ્મીશાદાયનો પુત્ર અહીએઝેર તે ટુકડીનો
આગેવાન હતો. તેની સરદારી હેઠળ દાનના કુળસમૂહોની ટુકડી હતી.
26 ઓફ્રાનના પુત્ર પાગીએલની સરદારી હેઠળ આશેરના કુળસમૂહોની
ટુકડી હતી. 27 અને એનાનના પુત્ર અહીરાની સરદારી હેઠળ નફતાલી-
ના કુળસમૂહોની ટુકડી હતી. 28 હંમેશા આ ક્રમમાં જ ઈસ્રાએલના કુળ
ટુકડીવાર કૂચ કરતા. 29 એક દિવસ મૂસાના સસરા મિદ્યાની રેઉએલના
પુત્ર હોબાબને મૂસાએ કહ્યું, "છેવટે દેવે અમને જે દેશ આપવાનું વચન
આપ્યું હતું ત્યાં જવા માટે અમે પ્રસ્થાન કરીએ છીએ. તમે પણ અમારી
સાથે ચાલો. અમે તમારા શુભચિંતક બનીશું; કારણ કે યહોવાએ ઈસ્રા-
એલને અદભુત સુરક્ષા અને જનસમૂહ માટે વચનો આપ્યાં છે." 30 હો-
બાબે પ્રત્યુત્તર આપ્યો, "ના, હું તમારી સાથે નહિ આવું. હું તો મારા પો-
તાના દેશમાં મારાં સંગાઓ પાસે પાછો જઈશ." 31 મૂસાએ વિનંતી કરી
કહ્યું, "અમને છોડીને ન જશો, કારણ કે અરણ્યમાં કેવા રસ્તાઓ છે તે
તું જાણે છે, ક્યાં મુકામ કરવો તે પણ તમે જાણો છો એટલે તમે તો
અમારી આંખ બની રહેશો. 32 અને જો તમે અમારી સાથે આવશો, તો
યહોવા અમને જે સુખસંપત્તિ આપશે તેમાં અમે તમને ભાગીદાર બના-
વીશું." 33 અને હોબાબ સંમત થયો, ત્યારબાદ તેમણે યહોવાના સિનાઈ
પર્વતથી નીકળી ત્રણ દિવસ યાત્રા કરી. તે ત્રણે દિવસ દરમ્યાન યહો-
વાના પવિત્ર કોશ તેમને માટે મુકામ કરવાની જગ્યા શોધવા સૌથી
આગળ રહેતો. 34 જયારે તેઓ મુકામ ઉઠાવતા ત્યારે તે દિવસે યહોવાનું
વાદળ તેમના ઉપર રહેતું. 35 જયારે જયારે કરારકોશ ચાલી નીકળતો,
ત્યારે મૂસા પોકાર કરતો: "હે યહોવા, તમે ઊઠો અને તમારા દુશ્મનોને
વેરવિખેર કરી નાખો, અને તમારો તિરસ્કાર કરનારને હાંકી કાઢો."
36 અને જયારે કરારકોશને નીચે મૂકવામાં આવતો ત્યારે તે કહેતો; "લા-
ખો ઈસ્રાએલીઓ વચ્ચે, હે યહોવા, પાછા પધારજો."

11 લોકો પોતાની હાડમારીઓની ફરિયાદો યહોવા સમક્ષ કરવા
લાગ્યા. યહોવા તે સાંભળીને તેઓના પર ગુસ્સે થયો. યહોવા-
નો અગ્નિ છાવણીના છેવાડેના લોકો વચ્ચે ભડભડી ઊઠયો અને તેનો
છેડો બળી ગયો. 2 લોકોએ મૂસાને સહાય માટે પોકાર કરી, તેથી તેણે
લોકો માટે યહોવાને પ્રાર્થના કરી તેથી અગ્નિ શાંત થઈ ગયો. 3 ત્યાર-
બાદ તે જગ્યાનો વિસ્તાર તાબએરાહ નામે પ્રચલિત થયો. કારણ, ત્યાં
યહોવાનો અગ્નિ તે લોકોની વચ્ચે ભડભડી ઊઠયો હતો. 4 ઈસ્રાએ-
લીઓ સાથેના કેટલાક લોકો સારું સારું ખાવાના લાલચુ હતા; તેઓને
મિસરનો ખોરાક યાદ આવ્યો. ઈસ્રાએલીઓમાં પણ અસંતોષ વધતાં
તેઓએ રોદણાં રડવા લાગ્યા. "અરે! અમને ખાવા માટે માંસ કોણ
આપશે? 5 મિસરમાં તો અમે મફતમાં મજાથી માંછલીઓ ખાતા હતા,
ત્યાં તો કાકડી, તડબૂચ, ડુંગળી, પ્યાજ અને લસણ પણ મળતાં હતા!
6 અહીં તો અમારા શરીર દિવસે દિવસે નબળા પડી ગયા છે. દરરોજ
ફક્ત આ માંન્ના જ અમને મળે છે." 7 માંન્નાનું કદ ધણાના દાણા જેટલું
હતું. તેનો રંગ પીળાશ પડતો ધોળો હતો. 8 લોકો ખેતરમાં ફરીને માંન્ના
વીણીને એકત્ર કરી લાવતા અને ઘંટીમાં દળતા અથવા ખાંડણિયામાં
ખાંડી લેતા અને લોટ બનાવીને તેને તપેલીમાં બાફીને તેની ભાખરી
બનાવતા. 9 એનો સ્વાદ મોવણ નાખેલી ભાખરી જેવો લાગતો. રાતના
સમયે છાવણી ઉપર ઝાકળ પડતું ત્યારે તેની સાથે માંન્ના પણ પડતું.
10 મૂસાએ બધા લોકોને પોતપોતાના તંબુના બારણા આગળ ઊભા
રહીને રોદણાં રડતા સાંભળ્યા. યહોવાનો ક્રોધ ભભૂકી ઊઠતા મૂસા
પણ ભારે ચિંતામાં પડયો. 11 મૂસાએ યહોવાને કહ્યું, "તમે મારી આવી
ભૂંડી દશા શા માટે કરી? તમને દ્વિધા થાય એવું મે શું કર્યુ છે? સમગ્ર
ઈસ્રાએલી લોકોની જવાબદારી લેવા તમે મને કેમ પસંદ કર્યો? 12 શું હું
તેઓનો પિતા છું? શું તે બધાં મારાં બાળકો છે? તમે તેઓના પિતૃઓને
જે દેશ આપવાનું વચન આપ્યું હતું તે દેશમાં તમે, કોઈ ધાવણા બાળ-
કને છાતીએ વળગાડીને લઈ જાય તેમ તેઓની સંભાળ રાખવાનું કાર્ય
મને શા માટે સૌપ્યું છે? 13 આ બધા લોકોને માટે મને માંસ કયાંથી
મળી શકે? તેઓ રૂદન કરીને મને કહે છે, "અમને માંસ આપો.' પણ
મારે આ લોકો માટે માંસ લાવવું કયાંથી? 14 હવે હું એકલો આ સમગ્ર પ્ર-
જાનો ભાર સહન કરવા અસમર્થ છું. 15 જો મારી પાસેથી તમે આ બધું
કામ કરાવવા માંગતા હો, તો કૃપા કરીને હમણા જ મને મારી નાખો;
તમે મારા ઉપર ભલાઈ કરતા હો, તો મને આગળ પણ દુઃખ ન જોવા દે-
તા." 16 પછી યહોવાએ મૂસાને કહ્યું, "ઈસ્રાએલના સિત્તેર વડીલોને મારી
સમક્ષ મુલાકાત મંડપ આગળ લઈ આવ જેઓને વિષે તને ખાતરી હોય,
અને ત્યાં તારી સાથે ઊભા રહેવાનું તેઓને કહે. 17 હું નીચે ઊતરીને ત્યાં
આવીશ અને તારી સાથે વાત કરીશ, મેં તને જે આત્માં આપ્યો છે તે-
માંથી લઈને હું એ લોકોને આપીશ તેથી તેઓ પણ તારી સાથે લોકોનો
ભાર ઊંચકશે, પછી તારે એકલાએ તે ભાર સહન કરવો પડશે નહિ."
18 યહોવાએ મૂસાને કહ્યું, "તું લોકોને આ પ્રમાંણે કહે; દેહ શુદ્ધ કરી
આવતીકાલને માટે તૈયાર થાઓ, તમને માંસ ખાવા મળશે, તેઓને એ
પણ કહે કે, યહોવાએ તમને રડતાં અને ફરિયાદ કરતાં સાભળ્યાં છે કે,
'અમને માંસ કોણ આપશે? અમે મિસરમાં જ સારા હતાં! તે તમને માંસ
આપશે, ને તમે તે જમશો. 19 એક દિવસ કે બે દિવસ નહિ, પાંચ, દશ કે
વીસ દિવસ નહિ, 20 પરંતુ એક મહિના સુધી, તમે એનાથી કંટાળી
જાઓ, તમને ચીતરી ચડે ત્યાં સુધી તમારે તે જમવું પડશે. કારણ કે
તમે તમારી વચ્ચે વસતા યહોવાનો અનાદર કર્યો છે, અને તેમની
આગળ એમ કહીને રોદણાં રડયા છો કે, 'અમે મિસર છોડીને ન આવ્યા
હોત તો સારું થાત.'" 21 મૂસાએ કહ્યું, "અત્યારે અહીં મારી સાથે
6,00,000 પુરુષો કૂચ કરી રહ્યા છે, 'અને તમે એમને એક આખા મહિ-

ના સુધી માંસ આપવાનું વચન આપો છો?’ 22 અરે! અમે અમારાં બધાં
જ ઘેટાં બકરાં તથા ઢોરઢાંખર કાપીએ, તો પણ તેમાંથી આટલું બધું
માંસ મળી શકે નહિ. દરિયાની બધી માંછલીઓ પકડીએ તો પણ તે પૂ-
રી પડે નહિ.” 23 યહોવાએ મૂસાને કહ્યું, “માંરી શક્તિ તો અમર્યાદિત છે,
તું હમણાં જ જોશે કે, માંરુ વચન સાચું સાબિત થાય છે કે નહિ.”
24 પછી મૂસાએ બહાર આવીને યહોવાએ જે કહ્યું હતું તે લોકોને કહી
સંભળાવ્યું. તેણે લોકોમાંથી સિત્તેર વડીલો પસંદ કરીને ભેગા કર્યા.
અને તેઓને તંબુની આજુબાજુ ઊભા રાખ્યા. 25 ત્યારબાદ યહોવા વાદ-
ળમાંથી ઊતરી આવ્યા અને મૂસા સાથે વાત કરી, પછી તેમણે મૂસાને
જે આત્માં આપ્યો હતો તે લઈ અને તે સિત્તેર વડીલોને આપ્યો એટલે
તેઓનામાં આત્માંનો સંચાર થયો. એટલે થોડા સમય સુધી પ્રબોધકના
જેવા ભાવાવેશમાં પ્રબોધ કર્યો, પણ ત્યાર પછી તેઓએ એમ કર્યુ નહિ.
26 પરંતુ સિત્તેર પસંદગી પામેલા વડીલોમાંથી બે એલ્દાદ અને મેદાદ
હજુ છાવણીમાં જ હતા, તેઓ તંબુ આગળ ગયા નહોતા તેમ છતાં તે-
ઓનામાં પણ આત્માંનો સંચાર થયો જેણે તેમને પ્રબોધ કરાવ્યો.
27 એક યુવાને દોડી જઈને મૂસાને કહ્યું કે, “એલ્દાદ અને મેદાદ છાવ-
ણીમાં પ્રબોધકના જેવા ભાવાવેશમાં પ્રબોધ કરી રહ્યા છે.” 28 નૂનના
પુત્ર યહોશુઆ, જે નાનો હતો ત્યારથી મૂસાની સેવામાં રહ્યો હતો, તેણે
વિરોધ દર્શાવતાં કહ્યું, “માંરા ધણી, મૂસા, મહેરબાની કરી તેમને રોકો.”
29 પણ મૂસાએ પ્રત્યુત્તર આપ્યો, “શું તને માંર પ્રતિષ્ઠાની ચિંતા છે? હું
તો ઈચ્છું છું કે યહોવાના બધા લોકો પ્રબોધકો થાય યહોવા સૌને
આત્માં આપે.” 30 ત્યારબાદ મૂસા તથા સિત્તેર આગેવાનો છાવણીમાં
પાછા ગયા. 31 એના પછી તરત યહોવાએ પવનને મોકલ્યો, અને તે
દરિયામાંથી તેની સાથે લાવરીઓને ઉપાડી લાવ્યો. લાવરીઓ છાવ-
ણીમાં તથા તેની આસપાસ ધસડાઈને પડવા લાગી. તેઓએ જમીનને
ત્રણ ફુટ ઉંડી ઢાંકી દીધી. માંણસ એક દિવસમાં જેટલું અંતર કાપી શકે
તેટલાં અંતરમાં દરેક દિશામાં લાવરીઓ ફેલાયલી હતી. 32 તેથી લોકોએ
તે આખો દિવસ અને આખી રાત અને પછીનો આખો દિવસ લાવરીઓ
ભેગી કરી. કોઈ પણ વ્યક્તિએ દશ હોમેરથી ઓછી લાવરીઓ ભેગી
કરી ન્હોતી. તેઓએ તેને છાવણીની ફરતા સુકાવા માંટે ફેલાવી દીધી.
33 પણ હજું માંસ તેમના દાંત વચ્ચે જ હતું. તેમણે ચાવ્યું પણ નહોતું
ત્યાં તો તેમના ઉપર યહોવાનો રોષ ભભૂકી ઊઠયો; છાવણીમાં ભયંકર
રોગનો ઉપદ્રવ ફાટી નીકળ્યો. મરકીમાં અસંખ્ય લોકો મૃત્યુ પામ્યા.
34 તેથી તેમણે એ જગ્યાનું નામ ‘કિબ્રોથ-હાત્તાવાહ’ એટલે કે લાલચુ-
ઓની કબરો પાડયું. કારણ કે ત્યાં લોકોએ માંસની અને મિસરની લા-
લસા કરનારાઓને દફનાવ્યા હતા. 35 ત્યારબાદ તે લોકોએ તે સ્થળનો
ત્યાગ કર્યો અને યાત્રા કરીને હસેરોથ આવ્યા, અને ત્યાં તેઓએ થોડા
સમય માંટે મુકામ કર્યો.

12 મૂસા એક કૂશી સ્ત્રીને પરણ્યો હતો. એકવાર મરિયમ અને હા-
રુને મૂસાની ટીકા કરી, કેમકે તે તેને પરણ્યો. 2 તેઓએ કહ્યું,
“શું ફક્ત મૂસા સાથે જ યહોવાએ વાત કરી છે? તેમણે શું આપણી સાથે
પણ વાત નથી કરી?”યહોવાએ તેમના આ શબ્દો સાંભળ્યા. 3 મૂસા તો
ખૂબ નમ્ર માંણસ હતો એના જેવો નમ્ર માંણસ વિશ્વમાં પણ મળે નહિ.
4 યહોવાએ તાત્કાલિક મૂસા, હારુન અને મરિયમને મુલાકાત મંડપમાં
હાજર થવા આજ્ઞા કરી; “તમે ત્રણે જણ અહીં આવો.”તેથી તેઓ યહોવા
સમક્ષ ઊભા રહ્યા. 5 પછી તંબુના પ્રવેશદ્વાર પાસે યહોવા મેખસ્તંભમાં
નીચે ઊતર્યા, અને તંબુના પ્રવેશદ્વાર આગળ ઊભા રહી તેમણે “હારુ-
નને અને મરિયમને” બોલાવ્યાં, 6 “જ્યારે તે બંને જણ આગળ ગયાં
એટલે દેવે કહ્યું, હું કહું તે ધ્યાનથી સાંભળો. પ્રબોધકોની સાથે હું સ્વ-
પ્નમાં દર્શન આપીને વાત કરું છું. 7 પરંતુ માંરા સેવક મૂસાની વાત તો
ન્યારી છે. માંરું આખું ઘર મેં એના વિશ્વાસે છોડયું છે. 8 હું એની સાથે
તો મોઢામોઢ વાત કરું છું, હું ચોખ્ખી વાત કહું છું, મર્મોમાં બોલતો
નથી, તેણે માંરું સ્વરૂપ નિહાળ્યું છે. તે પછી માંરા સેવક મૂસાની ટીકા
કરતાં તમને ડર કેમ લાગતો નથી?” 9 પછી યહોવાનો કોપ તેમના પર
ઉતર્યો અને તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. 10 તંબુ પરથી વાદળ હઠી
જતાંની સાથે જ મરિયમને કોઢ ફૂટી નીકળ્યો અને તેની ચામડી કોઢથી
ધોળી થઈ ગઈ. હારુને તે જોયું. 11 ત્યારે તેણે મૂસાને પોકાર કર્યો,
“માંરા ધણી, દયા કરીને મૂર્ખાઈમાં અમે જે પાપ કરી બેઠાં છીએ તેને
માંટે અમને શિક્ષા કરશો નહિ. 12 જન્મ વખતે જ જેનું અડધું માંસ
ખવાઈ ગયું હોય એવા મરેલા જન્મેલા બાળક જેવી એને થવા ન દેશો.”
13 એટલે મૂસાએ યહોવાને પોકાર કર્યો, “ઓ દેવ, તેને સાજી કરો, હું
તમને વિનંતી કરું છું.” 14 યહોવાએ મૂસાને કહ્યું, “જો તેનો પિતા તેના
મુખ પર થૂંક્યો હોત, તો સાત દિવસ તે લજજીત ગણાત. તેથી તેને
સાત દિવસ છાવણી બહાર એકાંતમાં મોકલો, ત્યારબાદ તેને પાછી
છાવણીમાં લઈ આવજો.” 15 આથી મરિયમને સાત દિવસ સુધી છાવ-
ણીની બહાર જુદી રાખવામાં આવી, અને લોકોએ તે છાવણીમાં પાછી
ન આવી ત્યાં સુધી મુકામ ઉપાડીને આગળ મુસાફરી કરી નહિ. 16 ત્યા-
રબાદ તેમણે હસેરોથથી આગળ પ્રવાસ કર્યો અને પારાનના અરણ્યપ્ર-
દેશમાં મુકામ કર્યો.

13 પછી યહોવાએ મૂસાને કહ્યું, 2 “હું જે કનાની ભૂમિ ઈસ્રાએલી-
ઓને આપવાનો છું. તેની ફરીને જાસૂસી કરવા માંટે માંણસો
મોકલ. દરેક કુળસમૂહમાંથી એક એક માંણસ જે આગેવાન હોય તેને
પસંદ કરીને મોકલ.” 3 યહોવાની આજ્ઞા અનુસાર પારાનના અરણ્ય-
માંથી મૂસાએ ઈસ્રાએલીઓના નીચે પ્રમાંણેના આગેવાનોને મોકલી
આપ્યાં: 4 રૂબેન કુળસમૂહમાંથી ઝાક્કૂરનો પુત્ર શામ્મૂઆ; 5 શિમયોન-
ના કુળસમૂહમાંથી હોરીનો પુત્ર શાફાટ; 6 યહૂદાના કુળસમૂહમાંથી યફૂ-
ન્નેહનો પુત્ર કાલેબ; 7 ઈસ્સાખારના કુળસમૂહમાંથી યૂસફનો પુત્ર ઈગાલ;
8 એફ્રાઈમના કુળસમૂહમાંથી નૂનનો પુત્ર હોશિયા; 9 બિન્યામીનના કુ-
ળસમૂહમાંથી રાફુનો પુત્ર પાલ્ટી; 10 ઝબૂલોનના કુળસમૂહમાંથી સોદી-
નો પુત્ર ગાદીએલ; 11 યૂસફના મનાશ્શા કુળસમૂહમાંથી સૂસીનો પુત્ર
ગાદી; 12 દાન કુળસમૂહમાંથી ગમાંલ્લીનો પુત્ર આમ્મીએલ; 13 આશેરના
કુળસમૂહ તરફથી મિખાયેલનો પુત્ર સથૂર; 14 નફતાલીના કુળસમૂહ
તરફથી વોફસીનો પુત્ર નાહબી; 15 ગાદના કુળસમૂહમાંથી માંખીનો પુત્ર
ગેઉએલ. 16 જે પુરુષોને મૂસાએ દેશની જાસૂસી કરવા મોકલ્યા તેઓનાં
નામ એ હતા. મૂસાએ નૂનના પુત્ર હોશિયાનું નામ બદલીને યહોશુઆ
પાડયું. 17 મૂસાએ તેઓને કનાનભૂમિની ફરીને તપાસ કરવા મોકલતી
વખતે સૂચનાઓ આપી: “તમે નેગેબની દક્ષિણમાં થઈને ઉચ્ચ પ્રદેશમાં
જાઓ. 18 અને ત્યાં જઈને જુઓ કે તે પ્રદેશ કેવો છે; ત્યાં રહેનારા લોકો
કેવા છે-બળવાન છે કે નબળા, વસ્તી વધારે છે કે ઓછી; 19 તે દેશની
જમીન ઉપજાઉ છે કે નહિ; તેઓ જે શહેરોમાં રહે છે તે અરક્ષિત છે કે કિ-
લ્લેબંદીવાળા નગરો; 20 ત્યાંની જમીન ફળદ્રુપ છે કે ઉજજડ, ત્યાં જંગલો
છે કે નહિ, નિર્ભય થઈને જાઓ અને ત્યાંના કેટલાંક ફળોના નમૂના
લઈને આવો.” એ સમય દ્રાક્ષની ઋતુનો પ્રથમ પાકનો હતો. 21 તેઓએ
સમગ્ર દેશમાં જઈને સીનના અરણ્યથી માંડીને હમાંથની ઘાટી પાસે
આવેલા રહોબ સુધીનો પ્રદેશ તપાસ્યો. 22 ઉત્તર તરફ જતાં તેઓ નેગે-
બમાંથી પસાર થયા અને હેબ્રોન પહોંચ્યા. ત્યાં તેઓએ રાક્ષસ અનાક-
ના વંશજોના અહીમાંન, શેશાય અને તાલ્માંય કુટુંબોને વસેલાં જોયાં.
(મિસરમાં સોઆન સ્થપાયું તેના સાત વર્ષ પહેલાં હેબ્રોન સ્થપાયું હતું.)
23 તેઓ પછી હાલમાં જે એશ્કોલની ખીણ તરીકે ઓળખાય છે ત્યાં
આવ્યા. તેઓએ ત્યાં દ્રાક્ષના એક ઝૂમખા સાથેની દ્રાક્ષની વેલની એક
ડાળી કાપી લીધી. બે માંણસોએ તેને એક વાંસ ઉપર ઉપાડવી પડી,
પછી તેમણે દાડમ અને અંજીરના પણ કેલટાક નમૂના ભેગા કર્યા.
24 ઈસ્રાએલીઓએ ત્યાંથી દ્રાક્ષનો એક ઝૂમખો કાપી લીધો હોવાથી એ
જગ્યાનું નામ એશ્કોલનુંકોતર પાડવામાં આવ્યું. 25 તે દેશમાં ફરીને તે
લોકોએ 40 દિવસ સુધી તપાસ કરી. પછી પાછા એ લોકો પારાનના
અરણ્યમાં કાદેશ મુકામે મૂસા અને હારુનની તેમજ સમગ્ર ઈસ્રાએલી
સમાંજની પાસે પાછા આવ્યા. 26 ત્યાં પારાનના અરણ્યમાં કાદેશ મુકા-
મે તેમણે તેમની આગળ અહેવાલ રજૂ કર્યો અને તે દેશનાં ફળોનાં નમૂ-
ના બતાવ્યાં. 27 તેઓએ મૂસાને આ મુજબ કહ્યું, “તમે અમને જે દેશમાં
તપાસ કરવા મોકલ્યા હતા ત્યાં અમે ગયા, ત્યાં ખરેખર દૂધ અને મધ-
ની રેલછેલ છે. આ રહ્યાં ત્યાંનાં ફળ. 28 પણ ત્યાંના લોકો શક્તિશાળી
છે, તેઓનાં નગરો વિશાળ અને કિલ્લેબંધીવાળા છે. વળી અમે ત્યાં
અનાકના રાક્ષસીઓને પણ જોયા. 29 અમાંલેકીઓ દક્ષિણમાં રહે છે,
હિત્તીઓ, યબૂસીઓ અને અમોરીઓ પહાડી પ્રદેશોમાં રહે છે, અને
કનાનીઓ દરિયાકાંઠે અને યર્દનને કાંઠે રહે છે.” 30 પછી કાલેબે મૂસાની
આગળ ઊભા રહેલા લોકોને શાંત પાડ્યા અને કહ્યું, “આપણે, તરત એ

દેશનો કબજો લઈએ, આપણે એને જીતી શકવા માંટે સાચે જ સમર્થ
છીએ." 31 પણ તેમની સાથે ગયેલા બીજા જાસૂસોએ કહ્યું, "આપણે એ
લોકોને જીતી શકીએ તેમ છે જ નહિ, તેઓ આપણા કરતાં વધુ બળ-
વાન છે." 32 તેમણે તપાસેલી ભૂમિ વિરુદ્ધ ઇસ્રાએલીઓને કહેવાનું તે-
ઓએ શરુ કર્યું; "અમે જે ભૂમિ તપાસી તે શક્તિશાળી લોકોથી ભરેલી
છે કે જેઓ ત્યાં જતી કોઈ પણ વ્યક્તિને સરળતાથી હરાવવા સક્ષમ છે.
ત્યાં અમે જોયેલા બધા માંણસો કદાવર અને બળવાન હતા. 33 તદુપ-
રાંત અમે ત્યાં અનાકના વંશજો પુરાતન સમયના રાક્ષસોના વંશજોને
પણ જોયા, તેઓ ખૂબ ઊંચા અને કદાવર છે, અને અમે તો તેમની
આગળ તીતીધોડા જેવા છીએ. એમ અમને લાગતું હતું. અને તે લોકોને
પણ અમે તીતીધોડા જેવા જ લાગ્યા હોઈશું."

14 એ સાંભળીને સમગ્ર ઇસ્રાએલી સમાંજ મોટે સાદે આખી રાત
રુદન કરતો રહ્યો. 2 તેઓ બધા મૂસા અને હારુનની વિરુદ્ધ
બડબડાટ કરવા લાગ્યા. "'આના કરતાં તો અમે મિસરમાં કે અહીં અર-
ણ્યમાં જ મૃત્યુ પામ્યાં હોત તો વધારે સારું થાત. 3 યહોવા અમને એ
દેશમાં શા માંટે લઈ જાય છે? ત્યાં અમે યુદ્ધમાં માંર્યા જઈશું અને અમાંરી
સ્ત્રીઓ તથા બાળકોને તેઓ બાનમાં પકડી લેશે. આના કરતાં તો મિ-
સર પાછા જવું સારું!" 4 આમ તેઓ એકબીજાને કહેવા લાગ્યા કે, "ચા-
લો, આપણે કોઈને આગેવાન તરીકે પસંદ કરીએ અને પાછા મિસર
જઈએ." 5 આ સાંભળીને મૂસા તથા હારુન ઇસ્રાએલીઓના ભેગા મળે-
લા સમગ્ર સમાંજ સમક્ષ ઊંધે મસ્તકે ભૂમિ પર પડયા. 6 અને દેશમાં
ફરીને તપાસ કરવા ગયેલામાંના બે જણે, નૂનના પુત્ર યહોશુઆએ તથા
યફૂન્નેહના પુત્ર કાલેબે દુઃખના માંર્યા પોતાનાં કપડાં ફાડી નાખ્યાં,
7 અને ઇસ્રાએલીઓના સમગ્ર સમાંજને ઉદ્દેશીને કહ્યું, "અમે જે દેશની
તપાસ કરવા ગયા હતા તે અદભૂત ખૂબ સારો દેશ છે. 8 જો યહોવા
આપણા પર પ્રસન્ન હશે, તો તે આપણને એ દેશમાં લઈ જશે અને જ્યાં
દૂધ અને મધની રેલછેલ છે તેવી ભૂમિ તે આપણને આપશે. 9 યહોવા-
ની વિરુદ્ધ બંડ ન કરશો, એ લોકોથી ડરશો નહિ, તે બધાને હરાવવા
આપણે શક્તિમાંન છીએ. હવે તેમનું રક્ષણ કરનાર કોઈ રહ્યો નથી
અને યહોવા આપણી સાથે છે, તેથી તેમનાથી જરાય ડરશો નહિ."
10 તેમ છતાં લોકો યહોશુઆ અને કાલેબને પથ્થરે માંરવાની ધમકી
આપતા હતા, પરંતુ તે જ સમયે યહોવાનું ગૌરવ મુલાકાતમંડપ પર
બધા ઇસ્રાએલીઓ સમક્ષ પ્રગટ થયું. 11 યહોવાએ મૂસાને કહ્યું, "એ લો-
કો કયાં સુધી માંરી વિમુખ રહેશે? એમની વચ્ચે મેં આટલા બધા ચમ-
ત્કારો કર્યા છતાં પણ તેઓ માંરામાં વિશ્વાસ રાખતા નથી કયાં, સુધી
તેઓ માંરા પર વિશ્વાસ રાખવાની ના પાડયા કરશે? 12 હું મરકીનો રોગ-
ચાળો ફેલાવીને તેમનો નાશ કરીશ અને તારામાંથી હું એક નવી વધારે
મહાન અને બળવાન પ્રજા ઉત્પન્ન કરીશ." 13 પણ મૂસાએ યહોવાને
કહ્યું, "પરંતુ મિસરના લોકો જાણે છે કે, તમે તમાંરા બાહુબળથી તેઓને
મિસરમાંથી લઈ આવ્યા છો. 14 તેમણે આ દેશની પ્રજાને પણ તે જણા-
વ્યું છે. એ લોકો જાણે છે કે, યહોવા અમાંરી વચ્ચે વસે છે અને તે અમને
મોઢામોઢ દર્શન આપે છે, અમને તેમના વાદળની ઓથે મળે છે, એ લો-
કો જાણે છે કે, તમે દિવસે વાદળના સ્તંભરૂપે અને રાત્રે અગ્નિના સ્તંભ-
રૂપે અમાંરી આગળ ચાલો છો. 15 હવે, જો તમે તમાંરી પ્રજાનો સંહાર
કરશો, તો જે પ્રજાઓએ તમાંરી એ બધી વાતો સાંભળી છે તેઓ કહેશે,
16 'યહોવાએ આ લોકોને જે દેશ આપવાનું વચન આપ્યું હતું તેમાં તે
એમને લઈ જઈ શક્યા નહિ; એટલે તેમણે તે બધાને અરણ્યમાં એકસા-
મટા મોતને ઘાટ ઉતારી દીધા.' 17 "એટલે માંરી તમને વિનંતી છે કે, જેમ
તમે કહ્યું હતું તેમ તમાંરું સાર્મથ્ય બતાવો. 18 તમે કહ્યું હતું કે, 'હું યહો-
વા એકદમ ગુસ્સે થતો નથી, હું મહાન પ્રેમ અને વિશ્વાસ દર્શાવું છું,
અને પાપ તથા અપરાધોની માંફી આપું છું તેમ છતાં પાપીઓના પાપ-
ની સજા ત્રીજી અને ચોથી પેઢીનાં બાળકો સુધી કરવાનું હું ચુકતો
નથી.' એ હવે સાચું પુરવાર કરો. 19 અમે મિસરમાંથી બહાર નીકળ્યા
ત્યારથી આજપર્યંત દરેક સમયે તમે તેઓને માંફી આપી છે, તેમજ
આજે પણ તમાંરી મહાનતા અને તમાંરા અટલ પ્રેમને કારણે તમે આ
લોકોનાં પાપોને માંફ કરો એવી હું તમને આગ્રહપૂર્વક વિનંતિ કરું છું."
20 યહોવાએ કહ્યું, "તમાંરી વિનંતી મુજબ હું તેઓને માંફી આપીશ,
21 માંરા જીવ જેટલી ચોકસાઈથી હું માંરા પોતાના ગૌરવ કે જે આખી પૃ-
થ્વીમાં વ્યાપેલું છે તેનાથી સમ ખાઈને કહું છું કે, 22 જે લોકોએ માંરું
ગૌરવ અને મિસરમાં તથા અરણ્યમાં માંરા પરાક્રમો જોયાં છતાં દશદશ
વખત માંરું પારખું કર્યુ છે અને માંરું કહ્યું માંન્યું નથી, 23 મેં એમના પિ-
તૃઓને જે દેશ આપવાનું વચન આપ્યું હતું તેમાં તેઓમાંનો એક પણ
દાખલ થવા પામશે નહિ, માંરી વિરુદ્ધ ફરી જનાર કોઈ પણ તે દેશને
જોવા પામશે નહિ. 24 પરંતુ માંરો સેવક કાલેબ અલગ પ્રકૃતિનો માંણસ
છે, તે મને સંપૂર્ણપણે વફાદાર રહ્યો છે, તેથી જે દેશમાં એ જઈને
આવ્યો છે તે દેશમાં હું એને લઈ જઈશ અને તેના સંતાન એના ધણી
થશે. 25 એ દેશના સપાટ ભાગોમાં અત્યારે અમાંલેકીઓ અને કના-
નીઓ વસે છે. તેથી કાલે જ તમાંરે આ જગ્યા છોડી દેવાની છે અને રા-
તા સમુદ્રને રસ્તે પાછા રણમાં જજો." 26 ત્યારબાદ યહોવાએ મૂસાને
અને હારુનને કહ્યું, 27 "આ દુષ્ટ લોકો કયાં સુધી માંરી વિરુદ્ધ ફરિયાદો
કર્યા કરશે? તેઓએ જે કહ્યું છે તે સર્વ મેં સાંભળ્યું છે. 28 તું એ લોકોને
જણાવ કે, 'આ યહોવાનાં વચન છે: હું માંરા સમ ખાઈને કહું છું કે, તમે
માંરા સાંભળતા જે બોલ્યા હતા તે જ પ્રમાંણે હું કરીશ. 29 તમે લોકોએ
માંરા વિરુદ્ધ ફરિયાદ કરી છે તેથી તમાંરાં સૌના મૃતદેહ આ અરણ્યમાં
રઝળશે. 30 મેં તમને જે દેશમાં વસાવવાનું વચન આપ્યું હતું તેમાં વીસ
વર્ષના અને તેની ઉપરના તમાંરામાંના કોઈ પ્રવેશવા પામશે નહિ. ફકત
યફૂન્નેહનો પુત્ર કાલેબ અને નૂનનો પુત્ર યહોશુઆ તેમાં પ્રવેશ કરશે.
31 તમે એમ પણ કહ્યું હતું કે, દુશ્મનો તમાંરા બાળકો બાનમાં પકડશે
પણ હું તે બાળકોને તે ભૂમિમાં પાછા લઈ આવીશ અને તમે અસ્વીકાર
કરેલી ભૂમિનો તેઓ આનંદ માંણશે. 32 પણ તમાંરાં મૃતદેહો તો આ
અરણ્યમાં રઝળશે. 33 "'અને તમાંરામાંનો છેલ્લો માંણસ અરણ્યમાં મૃ-
ત્યુ પામશે નહિ ત્યાં સુધી તમાંરાં બાળકો અરણ્યમાં 34 વર્ષ સુધી ભર-
વાડ તરીકે રઝળશે; તેઓ દુઃખી થશે કેમકે તમે મને વફાદાર ન હતા.
35 ચાળીસ દિબસ સુધી તમે દેશમાં ફરીને તપાસ કરી હતી; તેમ તમે
36 વર્ષ સુધી અરણ્યમાં એકદિવસને બદલે એક વર્ષ સુધી તમાંરાં પાપો-
નો બોજ માંથે ઊચકીને ભટકશો ત્યારે તમને સમજાશે કે માંરી નારાજ-
ગીનું પરિણામ કેવું આવે છે?" 37 "હું યહોવા આ બોલું છું. માંરો વિરોધ
કરવા એકત્ર થયેલા આ દુષ્ટ લોકોના હું ભૂંડા હાલ કરીશ. તેઓ એકે
એક આ અરણ્યમાં મૃત્યુ પામશે." 38 જે દશ માંણસોને મૂસાએ દેશમાં
ફરીને તપાસ કરવા મોકલ્યા હતા તેમણે ખોટો હેવાલ આપ્યો, જેને કા-
રણે લોકોએ યહોવા વિરુદ્ધ બંડ કર્યું. 39 તેઓ બધા યહોવા સમક્ષ રોગ-
નો ભોગ બન્યા અને મરી ગયા, કારણ, તેમણે એ દેશને વખોડી કાઢયો
હતો. 40 જેઓ દેશમાં તપાસ કરવા ગયા હતા, તે જાસૂસોમાંથી ફકત નૂ-
નનો દીકરો યહોશુઆ અને યફૂન્નેહનો દીકરો કાલેબ જ જીવતા રહ્યા.
41 જયારે મૂસાએ સમગ્ર ઇસ્રાએલી પ્રજાને યહોવાના વચન કહી સંભ-
ળાવ્યાં ત્યારે છાવણીમાં ભારે શોક છવાઈ ગયો અને તેઓ ખૂબ પસ્તા-
વા લાગ્યા. 42 બીજે દિવસે વહેલી સવારે તેઓ ઊઠયા અને બોલ્યા,
"જુઓ, યહોવાએ જે ભૂમિની વાત કરી હતી ત્યાં જવા અમે તૈયાર છીએ,
અમે કરેલાં પાપનું અમને ભાન થયું છે. હવે અમે યહોવાએ જે દેશનું
વચન આપ્યું હતું ત્યાં જવા તૈયાર છીએ, એમ કહેતાં તેઓ પહાડી પ્ર-
દેશ ઉપર ચઢાઈ કરવા નીકળી પડયા." 43 પછી મૂસાએ કહ્યું, "હવે તે
માંટે ઘણું મોડું થયું કહેવાય. યહોવાએ તમને અરણ્યમાં પાછા જવાની
આજ્ઞા કરેલ છે, તમે હવે યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન શા માંટે કરો છો?
એમાં તમને કોઈ લાભ થશે નહિ. 44 હવે તમે જરાય આગળ વધશો
નહિ, નહિ તો તમાંરા દુશ્મનો તમને પરાસ્ત કરશે. કારણ કે યહોવા હવે
તમાંરી સાથે નથી. 45 અમાંલેકીઓ અને કનાનીઓ તમાંરો સામનો કર-
વા ઊભા છે અને તમે તેમના શિકારનો ભોગ બનશો. કારણ તમે યહો-
વાને અનુસરવાનું ત્યજી દીધું છે, અને તેથી હવે યહોવા તમાંરી સાથે
નથી."

15 યહોવાએ મૂસાને કહ્યું, 2 "ઇસ્રાએલી પ્રજાને તું આ મુજબ કહે:
જે દેશની ભૂમિ હું તમને વસવાટ માંટે આપવાનો છું ત્યાં પ્રવેશો
ત્યારે આ નિયમોનું પાલન કરવું જ. 3 નીચેનામાંથી કોઈ પણ અર્પણ
માંટે બલિદાન કરવા યહોવા સમક્ષ તમે બળદ, ઘેટું કે બકરું લાવી
શકો: દહનાર્પણ, પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માંટેનું અર્પણ, કે પ્રતિજ્ઞાની ભેટ,
કે ઉજાણી દરમ્યાન થતાં અર્પણો એ અર્પણોની સુવાસથી યહોવા પ્રસ-
ન્ન થાય છે, તેથી તમાંરે નીચેના નિયમોનું પાલન કરવું: 4 "બલિ અર્પણ

કરતી વખતે અર્પણ ચઢાવનારે એની સાથે આઠ વાટકા જીણા દળેલા
લોટમાં ગેલનના ચોથા ભાગનું જૈતૂન તેલ ભેળવીને ખાદ્યાર્પણ તરીકે
અર્પણ કરવું. 5 અને હલવાનને દહનાર્પણ તરીકે અર્પણ કરતી વખતે
એક લીટર દ્રાક્ષારસ પણ પેયાર્પણ તરીકે અર્પણ કરવો. 6 “જો ઘેટાનું
અર્પણ ચઢાવવું હોય તો, 7 તમારે 16 વાટકા ઝીણા દળેલા લોટમાં ગે-
લનના ચોથા ભાગનું તેલ ભેળવીને ખાદ્યાર્પણ તરીકે અને દોઢ લીટર
દ્રાક્ષારસ પેયાર્પણ તરીકે ચઢાવવો, આ બલિદાનની સુવાસથી યહોવા
પ્રસન્ન થાય છે. 8 “દહનાર્પણ કે પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે રજૂ કરવાનું
અર્પણ કે શાંત્યર્પણ માટે વાછરડાનું અર્પણ લાવે. 9 અને તે વાછરડા
સાથે ખાદ્યાર્પણ પણ લાવે; અડધા ગેલન જૈતૂન તેલ સાથે 24 વાટકા
ઝીણો દળેલો લોટ ભેળવી અર્પે. 10 અને અડધો ગેલન દ્રાક્ષારસ પણ
પેયાર્પણ તરીકે ચઢાવવાં. એ અર્પણની સૌરભથી યહોવા પ્રસન્ન થાય
છે. 11 પ્રત્યેક બલિદાન બળદ, ઘેટું કે બકરુ ચઢાવતી વખતે આ પ્ર-
માંણે કરવું. 12 જો એક કરતાં વધારે પ્રાણીઓનાં બલિદાન હોય તો પ્ર-
ત્યેક પ્રાણી દીઠ ઉપર જણાવ્યા પ્રમાંણે ખાદ્યાર્પણ તથા પેયાર્પણમાં
વધારો કરવો. 13 “યહોવાને અર્પણ ચઢાવનાર ઇસ્રાએલનો વતની હોય
તો તેણે ઉપરના નિયમો પાળવા, આવા અર્પણની સુવાસથી યહોવા
પ્રસન્ન થાય છે. 14 યહોવાને અર્પણ ચઢાવનાર તમારી સાથે કાયમી ધો-
રણે કે થોડા સમય માટે વસતો વિદેશી હોય તો પણ તેણે એ જ નિયમ-
નું પાલન કરવું, અર્પણની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 15 આ કા-
નૂનો તમારે માટે તથા તમારી સાથે રહેતા વિદેશીઓ માટે સમાન છે,
અને તે કાયમ માટે તમે અને તમારા વંશજોને બંધનકર્તા છે. યહોવા
સમક્ષ સ્વદેશી અને વિદેશી સરખા જ છે. 16 તમને અને તમારી વચ્ચે
વસતા વિદેશીઓને આ જ કાનૂનો અને નિયમો લાગુ પડશે.” 17 યહો-
વાએ મૂસાને કહ્યું, 18 “તું ઇસ્રાએલી પ્રજાને કહે કે, હું તમને જે દેશમાં
લઈ જવાનો છું ત્યાં ગયા પછી 19 તમે એ ભૂમિનું અનાજ ખાઓ ત્યારે
તમારે યહોવાને ધરાવવા થોડો ભાગ અલગ રાખવો. 20 પહેલી કાપણી-
ના દાણામાંથી બાંધેલા લોટને તમારે એક તરફ રાખવો તે પ્રથમ બાંધે-
લા લોટને ભેટ તરીકે યહોવાને આપો. તે ખળામાંથી આવતા ખાદ્યાર્પણ
જેવું ગણાશે. 21 તમે બાંધેલી પ્રથમ કણકનો અમુક ભાગ તમારે યહોવા-
ને માટે અલગ રાખવો, આ ઉચ્છાલીયાર્પણ તમારે લાવવાનું છે. 22 “આ
નિયમ તમારા વંશજોને પણ લાગુ પડે છે. 23 યહોવાએ મૂસા માંરફતે
તમને આપેલી આ આજ્ઞાઓમાંથી કોઈનો તમારામાંથી આજે કે ભવિ-
ષ્યમાં ભૂલથી ભંગ થઈ જાય તો તમારે આ પ્રમાંણે કરવું. 24 અને જો
આખા સમાંજે અજ્ઞાનતાને કારણે ભૂલ કરી હોય, તો તેઓ દહનાર્પણ
તરીકે વાછરડું બલિદાનમાં આપે. અને તેની સાથે નિયમ પ્રમાંણે ખા-
દ્યાર્પણ તથા પેયાર્પણ રજૂ કરે. તેની સુવાસથી યહોવા પ્રસન્ન થશે. આ
સાથે પાપાર્થાર્પણ માટે એક બકરાનું પણ બલિદાન કરવું. 25 “યાજકે
સમગ્ર ઇસ્રાએલી સમાંજ માટે પ્રાયશ્ચિતની વિધિ કરવી, તેથી તેમને
પણ માંફ કરવામાં આવશે. કારણ, એ શરતચૂક હતી અને એ શરતચૂક
માટે તેઓએ યહોવાને આહુતિ પણ ચઢાવ્યાં છે. 26 તેથી સમગ્ર ઇસ્રાએ-
લી સમાંજને અને તેમની ભેગા વસતા વિદેશીઓને માંફ કરવામાં આવ-
શે, કારણ કે શરતચૂકથી એ સૌની થયેલી ભૂલ હતી. 27 “જો કોઈ વ્ય-
ક્તિ અજાણતા પાપ કરી બેસે તો તેણે એક વર્ષની બકરી પાપાર્થાર્પણ-
ને માટે બલિ તરીકે ચઢાવવી. 28 અને યાજક યહોવા સમક્ષ તેને માટે
પ્રાયશ્ચિતવિધિ કરે તો તેને માંફ કરવામાં આવશે. 29 અજાણતા ભૂલથી
પાપ કરનાર પ્રત્યેક માટે આ કાનૂન છે. પછી તે દેશનો વતની ઇસ્રાએ-
લી હોય કે તેમની સાથે રહેતો વિદેશી હોય. 30 “પણ જો કોઈ વ્યક્તિ
પછી તે ઇસ્રાએલી વતની હોય કે વિદેશી હોય, જાણી જોઈને ઈરાદાપૂ-
ર્વક પાપ કરે તો તે યહોવાનું અપમાન કરે છે. એવા માંણસનો બહિ-
ષ્કાર કરવો અને સમાંજથી અલગ રાખવો, 31 કારણ કે, તેણે યહોવાની
આજ્ઞાનું ઉલ્લંઘન ઈરાદાપૂર્વક કર્યું છે. તેણે યહોવાની અવજ્ઞા કરી છે.
તેથી એ માંણસનો સંપૂર્ણ બહિષ્કાર કરવો. એના પાપની જવાબદારી
એના એકલાના જ માંથે છે.” 32 ઇસ્રાએલી પ્રજા અરણ્યમાં હતી ત્યારે
એક વ્યક્તિ વિશ્રામવારે લાકડાં વીણતાં પકડાઈ ગયો. 33 જે લોકોએ
તેને લાકડા વીણતો જોયો હતો તેઓએ એની ધરપકડ કરી અને તેને
મૂસા, હારુન અને સમગ્ર સમાંજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. 34 તેને
બંદીખાનામાં રાખવામાં આવ્યો, કારણ, એને શો દંડ આપવો તે હજી
નક્કી થયું નહોતું. 35 પછી યહોવાએ મૂસાને કહ્યું, “આ માંણસને મૃત્યુ-
દંડની શિક્ષા કરવી જોઈએ. સમગ્ર સમાંજે એને છાવણી બહાર ઈંટાળી
કરીને મોતને ઘાટ ઉતારવો જોઈએ.” 36 તેથી યહોવાએ મૂસાને આજ્ઞા
કરી હતી તે મુજબ તેઓ તેને છાવણીની બહાર લઈ ગયા અને ઈંટાળી
કરીને માંરી નાખ્યો. 37 યહોવાએ મૂસાને કહ્યું, 38 “ઇસ્રાએલી પ્રજાને તું
કહે કે, તમાંરાં વંશજોએ અને તમારે તમાંરાં વસ્ત્રને ખૂણે ફૂમતાં મૂકવા
અને એ ફૂમતામાં ભૂરા રંગનો દોરો ગૂંથવો. 39 તમને એ ફૂમતું જોઈને
માંરી બધી આજ્ઞાઓનું સ્મરણ થશે, તમે એનું પાલન કરશો તથા આ
રીતે માંરી સેવામાં સમર્પિત રહેશો. તમે માંરાથી દૂર ભટકી જશો નહિ
અને તમારા શરીરની ઈચ્છાઓ અને તમારી નજર જે જુએ છે તેની પા-
છળ ખેંચાશો નહિ, 40 જેથી તમે એ ફૂમતાઓને જોશો ત્યારે માંરી બધી
આજ્ઞાઓને યાદ કરી તેનું પાલન કરશો પછી તમે દેવના ખાસ લોકો
બનશો. 41 તમાંરો દેવ બનવા તમને મિસરમાંથી બહાર લાવનાર હું
તમાંરો દેવ યહોવા છું. હા, હું યહોવા તમાંરો દેવ છું.”

16 લેવી કુળના વંશજ કોરાહ, જે કહાથના પુત્ર યિસ્હારનો પુત્ર
હતો, રૂબેનના વંશજો દાથાન તથા અબીરામ જે અલીઆબના
પુત્રો હતા તથા રૂબેન કુળ સમૂહનો હજુ એક વંશજ ઓન જે પેલેથનો
પુત્ર હતો એ ચારે જણ ભેગા થયા અને મૂસા સામે ઉભા થયા. 2 તેમની
સાથે 250 ઇસ્રાએલી તેમની ઉશ્કેરણીથી મૂસા વિરુદ્ધ બંડમાં જોડાયા.
તેઓ બધા સમાંજના આગેવાનો, પંચના ચૂંટાયેલા અગ્રણી તથા પ્રતિ-
ષ્ઠિત માંણસો હતા. 3 તેઓ બધા મૂસા અને હારુનની વિરુદ્ધ થયા
અને તેમને કહ્યું, “તમે હવે હદ વટાવો છો, તમારી આગેવાનીથી અમે
થાકી ગયા છીએ. ઇસ્રાએલના સર્વ લોકો પવિત્ર છે? તેઓની વચ્ચે
યહોવાનો વાસ નથી? તમે તમારી જાતને યહોવાની મંડળી કરતાં ઊંચી
શા માટે ગણાવો છો?” 4 આ શબ્દો કાને પડતાં જ મૂસા જમીન પર
પછાડ ખાઈને પડયો. 5 પછી તેણે કોરાહને અને તેના બધા સાથીમિત્રો-
ને કહ્યું, “આવતી કાલે સવારે યહોવા જાહેર કરશે કે, કોણ યહોવાના છે,
અને કોણ ખરેખર પવિત્ર છે, યહોવા એ વ્યક્તિને પસંદ કરી અને તેને
પોતાની નજીક બોલાવશે. 6 કોરાહ, તું અને તારા સાથીઓ આ મુજબ
કરો: 7 આવતીકાલે તમારે ધૂપદાની લઈને તેમાં અગ્નિ અને ધૂપ મૂકવો
અને યહોવાને ધરાવવી. યહોવા પસંદ કરશે તે જ ખરેખરો પવિત્ર બન-
શે. લેવીના પુત્રો તમે જ છો. જે મર્યાદા વટાવો છો.” 8 વળી મૂસાએ
વધુમાં કોરાહને કહ્યું, “ઓ લેવીઓ, માંરી વાત સાંભળો. 9 સમગ્ર ઇસ્રા-
એલી સમાંજમાંથી દેવે તમને પસંદ કર્યા, અને અલગ કર્યા, મંદિરમાં સે-
વા ઉપાસના અને ઇસ્રાએલી લોકોને દેવની ઉપાસના કરવામાં મદદ
કરવા માટે. એટલું તમાંરા માટે શું પૂરતું નથી? 10 ફક્ત તને કોરાહને,
તથા તારા અન્ય લેવીબંધુઓને પોતાની આટલી સેવા કરવાનો અધિ-
કાર આપ્યો છે અને હવે તમે યાજકપદની અભિલાષા કરો છો? 11 હારુ-
ને કઈ ખોટું કર્યુ છે કે તમે એની સામે ફરિયાદ કરો છો? તું અને તારા
સાથીઓ યહોવાની વિરુદ્ધ બળવો કરો છો?” 12 ત્યારબાદ મૂસાએ
અલીઆબના પુત્ર દાથાનને અને અબીરામને તેડાવ્યા, પણ તેમણે કહે-
વડાવ્યું, “અમે નથી આવતા, 13 તું અમને દૂધ અને મધની રેલછેલ હતી
એવા દેશમાંથી આ અરણ્યમાં મરવા માટે લઈ આવ્યો એટલું ઓછું છે કે
તું અમારા પર પાછો દોર ચલાવવા માંગે છે? 14 તદુપરાંત જે અદભૂત દે-
શનું તેં વચન આપ્યું હતું તેમાં તું અમને લાવ્યો નથી, તેં અમને ખેતરો
કે દ્રાક્ષાવાડીઓ પણ આપી નથી, તને શું લોકોની આંખો કાઢી નાખીશ
જેથી તેઓ ઉપર કરેલું નુકશાન જુએ નહિ? ના, અમે તારી પાસે આવ-
વાના નથી.” 15 પછી મૂસાએ ગુસ્સે થઈને યહોવાને કહ્યું, “એમના
અર્પણ કરેલાં બલિદાનોનો સ્વીકાર કરશો નહિ, મેં તે લોકો પાસેથી
એક ગધેડું પણ લીધું નથી કે તેઓમાંના કોઈનું કશું નુકસાન પણ કર્યુ
નથી.” 16 એટલે મૂસાએ કોરાહને કહ્યું, “તું અને તારા સર્વ સાથીઓ
આવતીકાલે યહોવા સમક્ષ અહીં હાજર થજો. હારુન પણ આવશે.
17 તમાંરામાંનો પ્રત્યેક વ્યક્તિ પોતાની ધૂપદાની સાથે લઈને યહોવા
સમક્ષ આવે. ત્યાં આગેવાનો માટે 250 ધૂપદાનીઓ અને તારા અને
હારુન માટે એક-એક ધૂપદાની હશે.” 18 તેથી તે બધા પોતાની ધૂપદા-
નીઓ સાથે લાવ્યા અને તેમાં દેવતા મૂકી ધૂપ નાખ્યો; અને મૂસા અને
હારુનની સાથે મુલાકાત મંડપના પ્રવેશદ્વાર આગળ આવીને ઊભા
રહ્યા. 19 તે દરમ્યાન કોરાહે સમગ્ર સમાંજને મૂસા અને હારુન વિરુદ્ધ

ઉશ્કેરીને એ બે જણની સામે ભેગા કર્યા હતા. ત્યાં તો યહોવાના ગૌરવે
સમગ્ર સમાંજને દર્શન દીધાં. 20 યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું,
21 “તમે આ લોકોના સમાંજમાંથી બહાર નીકળી જાઓ, એટલે હું
તત્કાળ એ સર્વનો નાશ કરું.” 22 પરંતુ મૂસાએ અને હારુને યહોવા
સમક્ષ સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને કહ્યું, “હે દેવ, તમે જ બધા જીવોના
જીવનદાતા છો, એક જ વ્યક્તિના પાપને કારણે શું તમે સમગ્ર સમાંજ
પ્રત્યે ક્રોધાયમાંન થશો?” 23 એટલે યહોવાએ મૂસાને કહ્યું, 24 “તું એ લો-
કોને કહે કે તેઓ કોરાહ, દાથાન અને અબીરામના તંબુ આગળથી દૂર
ખસી જાય.” 25 ત્યારપછી મૂસાએ ઈસ્રાએલીઓના વડીલો સાથે દાથાન
અને અબીરામની પાસે જઈને આખા સમાંજને ઉદેશીને કહ્યું, 26 “તમે
આ દુષ્ટ માંણસોના તંબુઓથી આઘા ખસી જાઓ. એમની કોઈ વસ્તુને
અડશો નહિ. નહિ તો તેમનાં બધાં પાપોને કારણે તમે પણ તેમની સા-
થે નાશ પામશો.” 27 તેથી કોરાહ, દાથાન અને અબીરામના તંબુઓ
આગળથી બધા લોકો દૂર ચાલ્યા ગયા, દાથાન અને અબીરામ પોતાની
પત્નીઓ, પુત્રો અને બાળકો સાથે પોતાના તંબુમાંથી બહાર આવીને
પ્રવેશદ્વાર આગળ આવીને ઊભા રહ્યા. 28 મૂસાએ કહ્યું, “આ દ્વારા તમ-
ને ખાતરી થશે કે મેં જે કંઈ કર્યું છે તે કરવા માંટે મને યહોવાએ મોકલ્યો
છે; કારણ કે હું કાંઈ માંરી મરજી મુજબ આ બધાં કાર્યો કરતો નથી.
29 જો આ લોકો બીજા બધા માંણસોની જેમ કુદરતી રીતે મૃત્યુ પામે તો
માંનવું કે યહોવાએ મને મોકલ્યો નથી, 30 પણ જો યહોવા ચમત્કાર કરે
અને ધરતી પોતાનું મુખ ઉઘાડે અને તેઓને તથા તેઓની બધી જ
વસ્તુઓને ગળી જાય અને તેઓ જીવતા મૃત્યુલોકોમાં પહોંચી જાય તો
તમારે જાણવું કે, એ લોકોએ યહોવાનું અપમાંન કર્યું છે.” 31 મૂસા બોલી
રહ્યો કે તરત જ તે લોકોના પગ નીચેની ધરતી ફાટી; 32 ધરતીએ ખોલે-
લા મુખમાં તેમનાં કુટુંબો, તેમનાં તંબુઓ, તેઓ અને તેઓના સાથીઓ
અને તેઓનું સર્વસ્વ જતુ રહ્યું. 33 તેઓ પોતાના સર્વસ્વ સાથે જીવતા
મૃત્યુલોકમાં પહોંચી ગયા; ધરતી પાછી સંધાઈ ગઈ. આમાં તેઓનો
સર્વનાશ થઈ ગયો, તેઓ સમુદાયમાંથી જતાં રહ્યાં. 34 તેમની ચીસો
સાંભળીને ત્યાં આસપાસ ઊભેલા બધાં ઈસ્રાએલીઓ ભયભીત થઈને
ભાગવા માંડ્યા. રખેને તેઓને પણ “ધરતી હડપ કરી જાય.” 35 પછી
યહોવાનો અગ્નિ આવ્યો અને ધૂપ ચઢાવવા આવેલા 250 માંણસોને
ભસ્મ કરી ગયો. 36 પછી યહોવાએ મૂસાને કહ્યું, 37 “તું યાજક હારુનના
પુત્ર એલઆઝારને કહે કે, અગ્નિમાંથી ધૂપદાનીઓ ઉપાડી લે; કેમકે તે-
માંનો ધૂપ પવિત્ર છે કારણ એ યહોવાને અર્પિત થયેલ છે. અને એમને
કહો કે તેમાંનો કોલસો અને રાખ આમતેમ વેરી દે. 38 યહોવાની વેદી
સમક્ષ તે રજૂ થઈ હતી તેથી તે ધૂપદાનીઓ પવિત્ર છે, તેથી પાપ કરીને
મૃત્યુને ભેટનાર એ લોકોની ધૂપદાનીઓમાંથી પતરાં બનાવડાવી તેના
વડે વેદીના ઢાંકણને મઢાવજે, એ ઈસ્રાએલી લોકો માંટે ચેતવણીરૂપ
થઈ પડશે.” 39 યહોવાએ મૂસા માંરફતે કરેલી આજ્ઞા મુજબ યાજક
એલઆઝારે ધૂપ ધરાવતી વખતે અગ્નિનો ભોગ લોકોની ધૂપદાનીઓ
લઈને તેની વેદીને ઢાંકવા માંટે પતરાં બનાવડાવ્યાં. 40 જેને જોઈને
ઈસ્રાએલીઓને યાદ રહે કે જે હારુનના કુટુંબમાંથી ના હોય અને બિ-
નઅધિકૃત હોય તેણે યહોવા સમક્ષ ધૂપ ધરાવવા આવવું નહિ. નહિ તો
તેની હાલત કોરાહ અને તેના સાથીઓ જેવી થશે. આમ મૂસા દ્વારા
યહોવાએ એલઆઝારને આપેલી આજ્ઞા અનુસાર બધું કરવામાં આવ્યું.
41 પરંતુ બીજે દિવસે સમગ્ર ઈસ્રાએલી સમાંજ મૂસાની અને હારુનની
વિરૂદ્ધ એમ કહેતા કચવાટ કરવા લાગ્યો, “તમે જ યહોવાના માંણસોના
મોત નિપજાવ્યા છે.” 42 થોડા સમયમાં જ ફરિયાદ કરતા લોકોનું મોટું
ટોળું ભેગું થયું. તેઓએ મુલાકાત મંડપ તરફ જોયું તો એકાએક તેના
પર એક વાદળો આચ્છાદન કર્યું હતું. અને યહોવાના ગૌરવે ત્યાં દર્શન
દીથાં હતાં. 43 મૂસા અને હારુન મુલાકાત મંડપના પ્રવેશદ્વાર આગળ
જઈને ઊભા રહ્યાં. 44 એટલે યહોવાએ મૂસાને કહ્યું, 45 “આ લોકોથી દૂર
ખસી જા, જેથી હું એ લોકોનો એક પળમાં નાશ કરું.” એટલે મૂસા અને
હારુને જમીન પર લાંબા થઈને તેમને સાંષ્ટાંગ નમસ્કાર કર્યા. 46 અને
મૂસાએ હારુનને કહ્યું, “જલદીથી ધૂપદાની લઈને તેમાં વેદીમાંથી દેવ-
તા ભર અને તેમાં ધૂપ નાખ, અને તે લઈને દોડતો દોડતો લોકો પાસે
જા અને તેમના પાપનું પ્રાયશ્ચિત કર, કારણ કે યહોવાનો કોપ તેઓના
પર ઊતર્યો છે અને રોગચાળો ફાટી નીકળ્યો છે. લોકોમાં મરકી શરૂ થઈ
ગઈ છે.” 47 આથી મૂસાએ કહ્યું તે મુજબ હારુને કર્યું. અને ઝડપથી ધૂ-
પદાની લઈને ભેગા મળેલા લોકો વચ્ચે દોડી ગયો, તો ખબર પડી કે તે-
ઓમાં રોગચાળો શરૂ થઈ ગયો હતો. તેણે ધૂપદાનીમાં ધૂપ નાખી મરે-
લાં 48 અને જીવતા વચ્ચે ઊભા રહી લોકોના પાપનું પ્રાયશ્ચિત કર્યું. રો-
ગચાળો બંધ થઈ ગયો. 49 પરંતુ તેટલા સમયમાં 14,700 લોકો મૃત્યુ
પામ્યાં હતાં અને કોરાહના બંડ વખતે મૃત્યુ પામેલા તે તો જુદા. 50 આમ
રોગચાળો બંધ થઈ ગયો એટલે હારુન મુલાકાત મંડપના પ્રવેશ દ્વાર
આગળ મૂસા પાસે પાછો ચાલ્યો ગયો.

17 પછી યહોવાએ મૂસાને કહ્યું, 2 “તું ઈસ્રાએલી લોકોને કહે કે તે-
મના કુળસમૂહના આગેવાનો તને કુળદીઠ એક એટલે એકંદરે
બાર લાકડીઓ આપે. દરેકની લાકડી પર તેમનું નામ કોતરાવવું. 3 લે-
વીના કુળસમૂહની લાકડી પર હારુનનું નામ કોતરાવવું; કારણ કે લેવી-
ના વંશની પણ એક જ લાકડી હોય. 4 પછી હું તેને મુલાકાત મંડપમાં
કરારકોશ સમક્ષ મળું છું ત્યાં તારે આ લાકડીઓ મૂકવી. 5 મેં જે માંણસ-
ને પસંદ કર્યો છે તેની લાકડીને કળીઓ ફૂટશે. આ રીતે હું ઈસ્રાએલી પ્ર-
જાની તારી સામેની ફરિયાદોનો અંત લાવીશ.” 6 મૂસાએ ઈસ્રાએલીઓ-
ને વાત કરી, તેથી કુળસમૂહોના આગેવાનો તેની પાસે પોતપોતાની લા-
કડી લાવ્યા. અને હારુનની લાકડી પણ તે લાકડીઓ સાથે મૂકી. 7 મૂ-
સાએ એ લાકડીઓ મુલાકાત મંડપની અંદરની સાક્ષ્યમંડપમાં યહોવા
સમક્ષ મૂકી. 8 બીજે દિવસે જયારે મૂસા અંદર ગયો ત્યારે લેવીના કુળનું
પ્રતિનિધિત્વ કરતી હારુનની લાકડીને કળીઓ બેઠી હતી. ફૂલ ખીલ્યાં
હતાં, અને પાકી બદામો પણ લાગી હતી. 9 મૂસાએ યહોવા આગળથી
એ લાકડીઓ બહાર લાવીને બધા ઈસ્રાએલીઓને બતાવી. તેમણે લા-
કડી સામે જોયુ, પ્રત્યેક આગેવાન તેની લાકડી પાછી લઈ લીધી.
10 યહોવાએ મૂસાને કહ્યું, “હારુનની લાકડી પાછી કરાર સમક્ષ મૂકી દે.
એ બંડખોર ઈસ્રાએલીઓ માંટે ચેતવણીરૂપ છે, જેથી માંરી વિરુદ્ધના
તેમના આ કચવાટનો અંત આવે અને એમને મરવું પડે નહિ.” 11 યહો-
વાએ જણાવ્યું હતું તે મુજબ મૂસાએ કર્યુ. 12 છતાં ઈસ્રાએલી પ્રજાએ મૂ-
સા સમક્ષ ફરિયાદ કરવાનું ચાલુ રાખ્યું: “આપણે જાણીએ છીએ કે
આપણું મૃત્યુ નિશ્ચિત છે, આપણે ગુમાંવેલાં છીએ! આપણો બધાનો
વિનાશ થશે. 13 જે કોઈ યહોવાનાં પવિત્ર સ્થાનની નજીક જાય છે, તેનું
મૃત્યુ થાય છે. તો શું અમે બધા આમ જ મરી જવાના? શું અમાંરા સર્વ-
નો નાશ થશે?”

18 યહોવાએ હારુનને કહ્યું, “પવિત્રસ્થાનની સેવાની જવાબદારી
તારી, તારા પુત્રોની તેમજ લેવી વંશના બીજા બધા માંણસોની
છે. સેવામાં દોષ ન આવે તથા યાજક તરીકેના કાર્યમાં કોઈ પણ દોષ ન
રહે તે તારે તથા તારા પુત્રોને જોવાનું છે. તે જવાબદારી પણ તમાંરી જ
છે. 2 તું અને તારા પુત્રો કરારનાં મંડપમાં સેવા કરો, ત્યારે તારા પિતાએ
લેવીના કુળસમૂહના તારા બીજા જાતભાઈઓને પણ સાથે મદદમાં રા-
ખવા. 3 તેઓ તારા હાથ નીચે રહીને તંબુને લગતી બધી જવાબદારી પુ-
રી કરી શકે, માંત્ર તેમણે પવિત્રસ્થાનનાં પાત્રો કે વેદીની નજીક જવું
નહિ. જો તેઓ જશે તો તેઓ બધાજ મૃત્યુ પામશે. 4 લેવી વંશ સિવાય-
ના કોઈ પણ વ્યક્તિને તે કામમાં સાથે રાખવો નહિ. 5 “પવિત્રસ્થાનમાં
અને વેદી સમક્ષ ફકત યાજકોએ જ પવિત્ર ફરજો બજાવવાની છે, જેથી
ઈસ્રાએલી પ્રજા ઉપર ફરી કદી માંરો કોપ ઊતરશે નહિ. 6 હું તને ફરીથી
કહું છું, મેં પોતે બધા ઈસ્રાએલીઓમાંથી તારા કુટુંબી લેવીઓને મુલાકા-
તમંડપમાં સેવા બજાવવા માંટે પસંદ કર્યો છે. તેઓ મને સમર્પિત થયે-
લા છે. જે મેં તમને ભેટ આપ્યા છે. 7 પરંતુ વેદીને લગતી અને પડદાની
અંદર પરમપવિત્રસ્થાનમાં લગતી યાજક તરીકેની બધી જ ફરજો તારે
અને તારા પુત્રોએ જ પુરી કરવાની છે. કારણ કે, તમાંરી યાજક તરીકેની
સેવા મેં તમને ભેટો તરીકે આપી છે. બીજુ કોઈ જે માંરા પવિત્રસ્થાનની
નજીક આવે તો તેને મૃત્યુદંડની જ શિક્ષા કરવી.” 8 વળી યહોવાએ હા-
રુનને કહ્યું, “મને અર્પણ કરવામાં આવેલ બધી વસ્તુઓ મેં યાજકોને
આપી છે. ઈસ્રાએલી પ્રજા મને જે કઈ ધરાવશે તે હું તારા ભાગ તરીકે
તને અને તારા વંશજોને કાયમ માંટે આપું છું. 9 અગ્નિમાં હોમવામાં ન
આવેલા અર્પણનાં ભાગો સિવાય આ બધા અતિ પવિત્ર અર્પણો તારા
ગણાશે; બધા ખાદ્યાર્પણો, પાપાર્થાર્પણો અને દોષાર્થાર્પણો એ બધા
પવિત્ર અર્પણો તારા અને તારા વંશજોના ગણાશે. 10 તારે આ અર્પણો

ફકત પવિત્રસ્થાનમાં જ જમવા. અને તે પણ ફકત પુરુષોએ જ જમવા;
અને તારે પવિત્ર ગણવા. 11 “ઈસ્રાએલીઓ મને બીજા જે ઉચ્છાલીયાર્પ-
ણો ધરાવે તે પણ તારા જ ગણાશે. તે પણ હું તને અને તારાં પુત્રપુત્રી-
ઓને કાયમ માંટે આપું છું. માંત્ર તે સમયે જે અશુદ્ધ હોય તે સિવાયના
તમાંરાં કુટુંબના સર્વ સભ્યો આ જમી શકે. 12 “અને યહોવાને અર્પણ
કરવા માંટે લોકો પાકના પ્રથમ ફળ લાવે. ઉત્તમ જૈતતેલ, બધો ઉત્તમ
નવો દ્રાક્ષારસ અને ઘઉ. તે બધા તારે લેવાં. 13 લોકો પોતાની ભૂમિના
પ્રથમ પાક તરીકે જે કંઈ મને ધરાવવા લાવે તે બધુ તારું થશે. તમાંરાં
કુટુંબના બધાં સભ્યો તે જમી શકે. સિવાય કે તે સમયે જે અશુદ્ધ હોય.
14 “ઈસ્રાએલમાં મને સમર્પિત પ્રત્યેક વસ્તુઓ તારી છે. 15 “તેઓ મને
પ્રથમજનિત બાળકો અને પશુઓ અર્પણ કરે તે પણ તારાં છે. છતાં પ્ર-
ત્યેક પ્રથમજનિત બાળકની તથા અશુદ્ધ પ્રાણીની કિંમત લઈને તારે
તેમને મુકત કરવાં. 16 પ્રત્યેક પ્રથમજનિત બાળકને મુકત કરવાની
કિંમતરૂપે અધિકારયુક્ત અધિકૃત માંપ પાંચ શેકેલ ચાંદી લેવી. અને
બાળક એક મહિનાનું થાય ત્યારે તેને મુક્ત કરવું. 17 “પરંતુ ગાય, ઘેટા,
અને બકરાના પ્રથમજનિતોને બદલામાં નાણાં લઈને મુકત ન કરવાં,
કારણ કે, તેઓ સંપૂર્ણપણે યહોવાને સમર્પિત છે. તારે તેમનું લોહી વેદી
પર છાંટવું અને તેમની ચરબી અર્પણ તરીકે હોમવી. તેની સુવાસથી
યહોવા પ્રસન્ન થાય છે. 18 પરંતુ આરત્યર્પણ તરીકે ધરાવવામાં આવેલા
પ્રાણીની છાતી અને જમણી જાંઘની જેમ એનું માંસ તારું ગણાશે.
19 વેદી આગળ યહોવાને અર્પણ માંટે ઈસ્રાએલીઓ જે કોઈ પવિત્ર ભેટો
ધરાવે તે બધી કાયમ માંટે તને, અને તારાં પુત્ર અને પુત્રીઓને આપેલ
છે. તારી અને તારા વંશજોની સાથે મેં કરેલો આ કાયમી કરાર છે, જેનો
કદી ભંગ થઈ શકે નહિ.” 20 યહોવાએ હારુનને કહ્યું, “તમને યાજકોને
બીજા ઈસ્રાએલીઓની જેમ તમાંરી પોતાની ભૂમિ કે ભૂમિમાં ભાગ હોય
નહિ. કારણ કે હું જ ઈસ્રાએલીઓ મધ્યે તમાંરો હિસ્સો અને તમાંરો વા-
રસો છું. 21 “લેવીઓ મુલાકાત મંડપની જે સેવા બજાવે છે તેના બદલા-
માં હું તેમને ઈસ્રાએલમાંથી ઉઘરાવાતી બધી વસ્તુઓનો દશમો ભાગ
આપુ છું. 22 હવે પછી યાજકો અને લેવીઓ સિવાય અન્ય કોઈ પણ
ઈસ્રાએલી મુલાકાત મંડપમાં પ્રવેશ કરશે નહિ. જો પ્રવેશ કરશે તો મોત-
ની સજા વહોરી લેશે. 23 મુલાકાત મંડપની સેવા ફકત લેવીઓએ જ કર-
વી અને તેની બધી જ જવાબદારી ઉઠાવવી. આ કાયમી કાનૂન છે અને
જ તમાંરા વંશજોને પણ બંધનકર્તા છે. 24 લોકોએ તેમની પાસે જે કાઈ
હોય તેનો દશમો ભાગ યહોવાને અર્પણ કરવા. તે અર્પણો લેવીઓના
છે. તે હું તેમને તેમના વારસા તરીકે આપુ છું; તેથી જ મેં આ શબ્દો લે-
વીઓ વિષે કહ્યાં હતાં, તેઓને બીજા ઈસ્રાએલીઓની જેમ જમીન જા-
ગીર મળે નહિ.” 25 યહોવાએ મૂસાને કહ્યું, 26 “તું લેવીઓને જણાવ કે,
મેં તમાંરે માંટે ઠરાવેલો ઈસ્રાએલીઓ તરફથી મળવો જોઈતો દશમો
ભાગ મને વિશેષ ભેટ તરીકે ધરાવવો. 27 આમ યહોવાને અર્પણ કરવા-
માં આવેલું અનાજ અને દ્રાક્ષારસ જાણે કે તમાંરી પ્રથમ પાકનું અર્પણ
છે અને તમાંરી પોતાની જ સંપતિમાંથી અર્પણ કરેલું છે તેમ યહોવા તે-
નો સ્વીકાર કરશે. 28 આ રીતે ઈસ્રાએલીઓ તરફથી તમને મળેલા દશ-
માં ભાગમાંથી માંરે માંટે એક ભાગ જુદો કાઢી મુકશો, તો તે તમાંરી
કમાંણીનો દશમો ભાગ મને અર્પણ તરીકે ગણાશે. તમે માંરે માંટે જુદો
રાખેલો ભાગ યાજક હારુનને આપજો. 29 તમને જે મળે તેમાંથી જે શ્રેષ્ઠ
છે તે યહોવાનો ભાગ બને છે. 30 “મૂસા, લેવીઓને કહો! તે જાણો
તમાંરી જ જમીનની તથા દ્રાક્ષાકુંડની ઊપજનો દશમો ભાગ હોય તેમ
ગણવામાં આવશે. 31 હારુન અને તેના પુત્રો તથા તેઓનાં કુટુંબો પોત-
પોતાનાં ઘરોમાં અથવા પોતાને ગમે તે જગ્યાએ તેઓ તેને જમી શકશે,
કારણ કે મુલાકાત મંડપમાંની તેઓની સેવાનું તે વેતન ગણાશે, બદલો
ગણાશે. 32 તમે એ પ્રમાંણે યાજકોને તમાંરો દશાંશ શ્રેષ્ઠ ભાગ આપશો,
તો પછી ઈસ્રાએલીઓએ ધરાવેલી પવિત્ર ભેટો ભ્રષ્ટ કરવાનો દોષ
તમાંરે માંથે આવશે નહિ, અને તમાંરે મૃત્યુ પામવું પડશે નહિ.”
19 યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, 2 “ઈસ્રાએલના લોકોને
આ કાનૂનો જણાવ: તેઓ ખોડખાંપણ વગરની અને કદી જોત-
રાઈ ના હોય તેવી એક લાલ ગાય મૂસા અને હારુન પાસે લાવે. 3 તારે
એ ગાય યાજક એલઆઝારને આપવી. અને તેણે તેને છાવણી બહાર
લઈ જવી અને ત્યાં તેને માંરી નાખવી. 4 એલઆઝાર તેનું થોડું લોહી
પોતાની આંગળી પર લે અને મુલાકાતમંડપની આગળ તેનાં સાત
વખત છંટકાવ કરે. 5 ત્યારબાદ યાજકની સમક્ષ બીજી કોઈ પવિત્ર વ્ય-
ક્તિ ગાયનું ચામડું, માંસ, રક્ત તથા છાણનું દહન કરે. 6 ત્યારબાદ યા-
જકે ગંધતરુંનું લાકડું, ઝુફો અને કિરમજી રંગની દોરી લઈને ગાયનું
દહન થતું હોય ત્યારે તે અગ્નિમાં નાખવું. 7 ત્યારબાદ તેણે પોતાનાં કપ-
ડાં ધોઈ નાખવાં અને આખા શરીરે સ્નાનકરવું અને છાવણીમાં પાછા
ફરવું. સાંજ સુધી વિધિ અનુસાર તે અશુદ્ધ ગણાય. 8 જેણે ગાયનું દહન
કર્યુ હોય તેણે પોતાનાં કપડાં ધોઈ નાખવાં અને આખા શરીરે સ્નાન
કરવું, છતાં તે પણ સાંજ સુધી અશુદ્ધ ગણાય. 9 “તે પછી વિધિ મુજબ
જે શુદ્ધ ન હોય તેવી વ્યક્તિએ ગાયની રાખ ભેગી કરવી, અને છાવણી
બહાર શુદ્ધ કરેલી જગ્યાએ તેની ઢગલી કરવી. અને તે રાખ વ્યક્તિના
પાપ દૂર કરવાની વિધિ માંટેનું પાવકજળ બનાવવા રાખી મૂકવી. 10 “જે
માંણસે ગાયની રાખ ભેગી કરી હોય તેણે પોતાનાં કપડાં ધોઈ નાખવાં,
પણ તે સાંજ સુધી અશુદ્ધ ગણાશે.“ઈસ્રાએલી પ્રજા માંટે અને તમાંરી
ભેગા રહેતા વિદેશીઓ માંટે આ કાયમી નિયમ છે. 11 જે કોઈ મનુષ્યના
મૃતદેહને સ્પર્શ કરે તેને સાત દિવસ સૂતક પાળવું. 12 પછી તેણે ત્રીજે
અને સાતમે દિવસે પાવકજળ વડે પોતાની શુદ્ધિ કરાવવી. ત્યારબાદ તે
શુદ્ધ થયો ગણાશે. પણ જો તે આ પ્રમાંણે ત્રીજા દિવસે અને સાતમે દિ-
વસે પોતાની શુદ્ધિ નહિ કરાવે તો તે શુદ્ધ નહિ ગણાય. 13 જે કોઈ મનુ-
ષ્ય મૃતદેહને સ્પર્શ કર્યા પછી જણાવેલી રીત મુજબ પોતાને શુદ્ધ નહિ
કરે તો તે યહોવાના મુલાકાતમંડપને અશુદ્ધ કરે છે. તેના પર શુદ્ધિજળ
છાંટવામાં આવ્યું નથી તેથી તેવા માંણસનો બહિષ્કાર કરવો, કારણ કે
તે યહોવાના મંદિરને અપવિત્ર કરે છે. 14 “જો કોઈ માંણસ તંબુમાં મૃત્યુ
પામે તો તે માંટે આ નિયમો છે: તંબુમાં તે વખતે પ્રવેશ કરનારા અને મૃ-
ત્યુ સમયે હાજર રહેનારા સૌને સાત દિવસનું સૂતક લાગે. 15 મંડપમાંનું
ઢાકણ વગરનું પ્રત્યેક માંત્ર અશુદ્ધ ગણાય. 16 જો કોઈ મંડપની બહાર
હથિયારથી અથવા કુદરતી રીતે મૃત્યુ પામેલા માંણસને સ્પર્શ કરે અથ-
વા હાડકાંને કે કબરને સ્પર્શ કરે તો તે સાત દિવસ સૂતકી ગણાય.
17 “આવા સૂતક માંટે પાપાર્થાર્પણની લાલ ગાયની રાખને વાસણમાં
લઈ ઝરાના પાણી સાથે મિશ્ર કરવી. 18 ત્યારબાદ જે વ્યક્તિ શુદ્ધ ના
હોય તેણે ઝુફો લઈને એ પાણીમાં બોળીને તેના વડે મંડપ ઉપર અને
તેમાંનાં બધાં પાત્રો ઉપર તથા તેમાંના બધા માંણસો ઉપર છાંટવું, જેણે
વ્યક્તિના હાડકાને કે મરેલા કે માંરી નાખવામાં આવેલા વ્યક્તિના મૃત-
દેહને કે કબરને સ્પર્શ કર્યો હોય તો તે વ્યક્તિ ઉપર પણ છાટવું. 19 “સૂ-
તક વગરના માંણસે સૂતકવાળા માંણસ ઉપર ત્રીજે અને સાતમે દિવસે
પાણી છાંટવું. અને સાતમે દિવસે તેણે તે માંણસની શુદ્ધિ કરવી. સૂતકી
માંણસે એ દિવસે પોતાના કપડા ધોઈ નાખવાં, પોતે આખા શરીરે
સ્નાન કરવું, એટલે સાંજે તે શુદ્ધ થયો ગણાશે. 20 “પરંતુ જો કોઈ સૂતકી
પોતાની શુદ્ધિ ન કરાવે તો તેનો સમાંજમાંથી બહિષ્કાર કરવો, કારણ,
તેણે પવિત્ર મંડપને ભ્રષ્ટ કર્યુ છે, તેના પર શુદ્ધિજળ છાંટવામાં આવ્યું
નથી, તેથી તે સૂતકી છે. 21 આ તમાંરે માંટે કાયમી નિયમ છે. પાણીનો
છંટકાવ કરનાર વ્યક્તિ ત્યારબાદ પોતાનાં કપડાં ધોઈ નાખે. વળી જે
કોઈ તે પાણીને સ્પર્શ કરે તે પણ સાંજ સુધી સૂતકી ગણાય. 22 સૂતકી
વ્યક્તિ જે કોઈ વસ્તુને સ્પર્શ કરે તે પણ સાંજ સુધી અશુદ્ધ ગણાય;
અને તે વસ્તુને સ્પર્શ કરનાર વ્યક્તિ પણ સાંજ સુધી અશુદ્ધ ગણાય.”
20 પહેલા મહિનામાં બધાં ઈસ્રાએલીઓ સીનના અરણ્યમાં
આવ્યાં અને કાદેશમાં પડાવ નાખ્યો. ત્યાં મરિયમનું અવસાન
થતાં તેને દફનાવવામાં આવી. 2 તે સ્થળે સમાંજ માંટે પૂરતું પાણી
નહોતું તેથી બધા લોકો મૂસાની અને હારુનની વિરુદ્ધ ટોળે વળીને
કચકચ કરવા લાગ્યા. 3 એ લોકો મૂસા સાથે ઝઘડવા લાગ્યા, “યહોવા-
ની સામે જ અમાંરા ભાઈઓ મૃત્યુ પામ્યા ત્યારે જ અમે પણ મરી ગયા
હોત તો સારૂ થાત. 4 તું યહોવાના સમાંજને ઈરાદાપૂર્વક આ અરણ્યમાં
લાવ્યો છે, અમે અને અમાંરા ઘેટાંબકરાં તથા ઢોરઢાંખર અહીં મરી
જઈએ એટલા માંટે તું લઈ આવ્યો છે? 5 તે સ્થળે સમાંજ માંટે પૂરતું પા-
ણી નહોતું તેથી બધા લોકો મૂસાની અને હારુનની વિરુદ્ધ ટોળે વળીને
કચકચ કરવા લાગ્યા. 6 એ લોકો મૂસા સાથે ઝઘડવા લાગ્યા, “યહોવા-
ની સામે જ અમાંરા ભાઈઓ મૃત્યુ પામ્યા ત્યારે જ અમે પણ મરી ગયા
હોત તો સારૂ થાત. 7 તું યહોવાના સમાંજને ઈરાદાપૂર્વક આ અરણ્યમાં

લાવ્યો છે, અમે અને અમાંરાં ઘેટાંબકરાં તથા ઢોરઢાંખર અહીં મરી
જઈએ એટલા માંટે તું લઈ આવ્યો છે? 8 તું શા માંટે અમને મિસરમાંથી
બહાર લઈ આવ્યો? શા માંટે તું અમને આ ખરાબ જગ્યાએ લઈ આવ્યો?
આ જગ્યાએ નથી અનાજ કે અંજીર કે દ્રાક્ષ કે દાડમ. અહી તો પીવાનું
પાણી પણ નથી." 9 મૂસા અને હારુન તેઓ પાસેથી મુલાકાત મંડપના
પ્રવેશદ્વાર આગળ ગયા. તેમણે ભૂમિ પર પડીને સાષ્ટાંગ નમસ્કાર
કર્યા. અને યહોવાના ગૌરવે તેમને દર્શન દીધાં. 10 યહોવાએ મૂસાને
કહ્યું, 11 "તું કરારકોશ પાસે પડેલી લાકડી લે, અને પછી તારા ભાઈ હા-
રુન સાથે સમગ્ર સમાંજને ભેગો કર અને સૌના દેખતા ખડકને કહે કે તે
પોતાનું પાણી આપે! આમ તું કહીશ એટલે એમાંથી તેઓને અને તેઓ-
નાં પશુઓને પીવા માંટે પાણી પુષ્કળ પ્રમાંણમાં નીકળશે." 12 યહો-
વાએ આજ્ઞા કરી તે પ્રમાંણે મૂસાએ યહોવા સમક્ષ મૂકેલી લાકડી લીધી.
13 પછી મૂસાએ અને હારુને સમગ્ર સમાંજને ખડક આગળ ભેગો કર્યો
અને તેણે તેઓને કહ્યું, "ઓ બંડખોરો, સાંભળો, અમે શું આ ખડકમાંથી
તમાંરા માંટે પાણી કાઢીએ?" 14 પછી મૂસાએ હાથ ઊંચો કરીને લાકડી
બે વખત ખડક પર પછાડી એટલે ખડકમાંથી પુષ્કળ પાણી ધસારા
સાથે બહાર નીકળ્યું. તે સૌએ તથા પશુઓએ ધરાઈને પીધું. 15 પણ
યહોવાએ મૂસાને અને હારુનને કહ્યું, "બધા ઈસ્રાએલીઓ સમક્ષ તમે
તમાંરું માંરા પ્રત્યે સન્માંન બતાવ્યું નહિ. તમે તેઓને બતાવ્યું નહિ કે
પાણી કાઢવાની શકિત માંરામાંથી આવી હતી તેઓને તમે બતાવ્યું
નહિ કે તમે માંરામાં વિશ્વાસ કર્યો હતો તેથી મેં તેઓને જે ભૂમિ આપવા-
નું વચન આપ્યું હતું ત્યાં તમે તે લોકોને લઈ જશો નહિ." 16 આ સ્થળનું
નામ 'મરીબાહ' નું પાણી એટલે 'તકરારનું પાણી' પાડવામાં આવ્યું કા-
રણ કે, 'મરીબાહ' ના ઝરા આગળ આ બન્યું હતું. જયાં ઈસ્રાએલીઓએ
યહોવા વિરુદ્ધ ઝઘડો કર્યો હતો અને જયાં યહોવાએ તેમને પરચો
બતાવ્યો હતો. 17 કાદેશથી મૂસાએ આ સંદેશા સાથે સંદેશવાહકો અદો-
મના રાજાને મોકલ્યા, "આ સંદેશો તમાંરા ઈસ્રાએલી ભાઈઓ તરફથી
છે. અમાંરે કેવી હાડમાંરી સહન કરવી પડી છે એ તમે જાણો છો.
18 અમાંરા પિતૃઓ મિસર ગયા હતા અને ત્યાં અમે લાંબો સમય રહ્યાં
હતાં પરિણામે તેઓ મિસરવાસીઓના ગુલામો બન્યા. 19 પરંતુ અમે
યહોવાને પોકારીને કહ્યું ત્યારે તેમએ અમાંરો પોકાર સાંભળીને એક દે-
વદૂતને મોકલી આપ્યો, જે અમને મિસરમાંથી બહાર લઈ
આવ્યો."અત્યારે અમે તમાંરી સરહદે આવેલા કાદેશમાં છાવણી કરી છે.
20 કૃપા કરીને અમને તમાંરા દેશમાં થઈને જવાની રજા આપો. અમે
તમાંરા ખેતરમાંથી કે દ્રાક્ષનીવાડીઓમાંથી પસાર થઈશું નહિ, કે તમાંરા
કૂવાનું પાણી પણ પીશું નહિ, અમે આમ કે તેમ વાંકાચૂકા ગયા વિના
રાજમાંર્ગે તમાંરો દેશ વટાવી જઈશું." 21 પરંતુ અદોમના રાજાઓ કહ્યું,
"તમાંરે અમાંરા દેશમાં થઈને જવાનું નથી. જો તમે ગયા તો અમે તરવાર
લઈને સામાં થઈશું." 22 ઈસ્રાએલીઓએ કહ્યું, "અમે રાજમાંર્ગ થઈને ચા-
લ્યા જઈશું. જો અમે અને અમાંરાં પશુઓ તમાંરું પાણી પીશું તો અમે
તેની રકમ ચૂકવીશું. અમે ફકત તમાંરા દેશમાં થઈને પગપાળા જવાની
રજા માંગીએ છીએ." 23 છતાં અદોમના રાજાએ ચેતવણી આપીને કહ્યું,
"નહિ, તમાંરે જવાનું નથી. માંરા દેશની બહાર રહો."પછી પોતાનું સૈન્ય
એકત્ર કરીને પૂરી તાકાતથી તેમની સામે લડવા માંટે ધસી આવ્યો.
24 અદોમીઓએ ઈસ્રાએલીઓને પોતાના દેશમાં થઈને જવા દેવાની ના
પાડી એટલે ઈસ્રાએલીઓ ફરીને બીજે રસ્તે ગયો. 25 ઈસ્રાએલીઓનો
આખો સમાંજ કાદેશથી નીકળીને અદોમની સરહદે આવેલા હોર પર્વત
પાસે આવ્યો. 26 ત્યાં યહોવાએ મૂસાને અને હારુનને કહ્યુ, 27 "હારુન
પિતૃલોક ભેગો થનાર છે. મેં ઈસ્રાએલીઓને જે ભૂમિ આપવાનું વચન
આપ્યું છે તેમાં એ દાખલ થઈ શકશે નહિ, કારણ કે, મરીબાહના ઝરણા
આગળ તમે માંરી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યુ હતું. 28 "હારુન અને તેના પુત્ર
એલઆઝારને લઈને તું હોર પર્વત ઉપર જા. 29 ત્યાં તું હારુનના યાજક
તરીકેનાં વસ્ત્રો ઉતારી લઈને તેના પુત્ર એલઆજારને એ પહેરાવજે. હા-
રુન ત્યાં અવસાન પામશે."

21 જયારે નેગેબમાંરહેતા અરાદના કનાની રાજાએ સાંભળ્યું કે
ઈસ્રાએલી પ્રજા અથારીમ તરફ જઈ રહી છે ત્યારે તેણે પોતાના
સૈન્યને એકત્ર કરીને તેમના ઉપર હુમલો કરીને તેમાંના કેટલાકને બંદી-
વાન તરીકે પકડી લીધાં. 2 તેથી ઈસ્રાએલીઓએ યહોવાને વચન આપ્યું
કે, "તું જો આ લોકોને અમાંરા હાથમાં સોંપી દે તો અમે એમનાં ગામો
યહોવાને અર્પણ કરીશું અને તેઓનો સંપૂર્ણ નાશ કરીશું." 3 યહોવાએ
ઈસ્રાએલીઓની વિનંતી માંન્ય રાખી કનાનીઓને હરાવ્યા અને ઈસ્રાએ-
લીઓના હાથમાં સોંપી દીધા. ઈસ્રાએલીઓએ તેઓનો તથા તેમના
નગરોનો સંપૂર્ણ નાશ કર્યો. અને તે જગ્યાનું નામ હોર્માંહ પાડયું.
4 ઈસ્રાએલીઓ હોર પર્વત પાછા ફર્યા, ત્યાંથી તેઓ દક્ષિણ તરફ રાતા
સમુદ્રને રસ્તે થઈને અદોમ દેશ ફરતાં આગળ ગયા; હવે લોકોની ધીરજ
ખૂટી ગઈ હતી. 5 તેઓ દેવની અને મૂસાની વિરુદ્ધ બોલવા લાગ્યા,
"તમે શા માંટે અમને મિસરમાંથી લઈ આવ્યા. અહી મરવા માંટે? અહીં
ખાવા અનાજ નથી, પીવાને પાણી નથી. આ સ્વાદરહિત માંન્નાથી તો
અમે કંટાળી ગયા છીએ." 6 ત્યારે યહોવાએ તેમની વચ્ચે તેઓને શિક્ષા
કરવા ઝેરી સાપ મોકલ્યા અને ઘણા ઈસ્રાએલી લોકો સાપ કરડવાથી
મૃત્યુ પામ્યા. 7 તેથી લોકો મૂસા પાસે આવ્યા અને કહેવા લાગ્યા, "અમે
યહોવાની અને તારી વિરુદ્ધ બોલીને પાપ કર્યુ છે, તું અમને આ સર્પોથી
છોડાવવા માંટે યહોવાને પ્રાર્થના કર." તેથી મૂસાએ લોકો માંટે પ્રાર્થના
કરી. 8 અને યહોવાએ મૂસાને કહ્યું, "ઝેરી સાપના આકાર વાળો એક પિ-
ત્તળનો સાપ બનાવ અને તેને લાકડીની ટોચ પર મૂક, જેથી જેને સાપ
કરડયા હોય તે તેને જોઈને સાજાં થઈ જાય." 9 તેથી મૂસાએ પિત્તળનો
સાપ બનાવીને સ્તંભ પર મૂકયો, અને જેને જેને સાપ કરડયો હોય તે
તેના તરફ જોતાં જ સાજા થઈ જતાં. 10 ઈસ્રાએલી પ્રજાએ આગળ મુસા-
ફરી કરીને ઓબોથમાં મુકામ કર્યો. 11 અને ઓબોથથી નીકળી તેમણે
મોઆબની પૂર્વ સરહદે આવેલા અરણ્યમાં ઈયેઅબારીમમાં મુકામ કર્યો.
12 અને ત્યાંથી નીકળીને તેમણે ઝેરેદના ઝરાની ખીણ આગળ મુકામ
કર્યો. 13 ત્યારબાદ તેમણે ઝેરેદથી નીકળી આર્નોન નદીની ઉત્તર બા-
જુએ અમોરીઓ વચ્ચેની સરહદ સુધી જતા અરણ્યમાં મુકામ કર્યો.
આર્નોન મોઆબીઓ અને અમોરીઓ વચ્ચેની સરહદ છે. 14 આથી
યહોવાના યુદ્ધોના ગ્રંથમાં લખ્યું છે,"આર્નોન નદી અને સૂફામાં વાહેબ-
ની ખીણો, 15 અને આર શહેરને મળતા ખીણો પર્વતો. આ જગ્યાઓ
મોઆબની સરહદ પર આવેલી છે." 16 ત્યારબાદ ઈસ્રાએલી પ્રજા મુસા-
ફરી કરીને બએર (કૂવો) આવી. અહીંના કૂવા આગળ યહોવાએ મૂસાને
કહ્યું હતું કે, "તું લોકોને એકઠા કર અને હું તેઓને પાણી આપીશ."
17 અને તે સમયે ઈસ્રાએલી લોકોએ આ ગીત ગાયું હતું:"હે કૂવા, તારું
પાણી ઉપર આવો, તમને ગીતથી વધાવીશું અમે. 18 પ્રજાના આગેવા-
નોએ આ કૂવો ખોદ્યો છે અને, રાજદંડને લાકડીઓથી તેઓએ ખોદ્યો છે,
આ તો અરણ્યમાં ભેટ છે." 19 ત્યાંથી તેઓ અરણ્યમાં થઈને માંત્તાનાહ
ગયા અને માંત્તાનાહથી નાહલીએલ, અને નાહલીએલથી બામોથ,
20 અને બામોથથી મોઆબીઓના પ્રદેશમાં પિસ્ગાહના શિખરની તળે-
ટીમાં રણ તરફ આવેલી ખીણ તરફ ગયા. 21 ત્યાર પછી ઈસ્રાએલે પો-
તાના કાસદો માંરફતે અમોરીઓના રાજા સીહોનને સંદેશો મોકલ્યો કે,
22 "કૃપા કરીને અમને તમાંરા દેશમાં થઈને જવા માંટે રજા આપો, અમે
તમાંરા ખેતરો કે દ્રાક્ષની વાડીઓમાં થઈને જઈશું નહિ, અમે તમાંરા કૂ-
વાઓમાંથી પાણી પણ પીશું નહિ. અમે તમાંરી સરહદને પેલે પાર નહિ
જઈએ ત્યાં સુધી અમે ફકત મુખ્ય રસ્તાઓ ઉપર જ ચાલીશું." 23 પરંતુ
સીહોને ઈસ્રાએલીઓને પોતાના દેશમાં થઈને જવા દીધા નહિ. તેણે
પોતાના સૈન્યને એકત્ર કર્યુ અને રણમાં ઈસ્રાએલીઓ ઉપર હુમલો કર્યો
અને યાહાસ પાસે પહોંચી ગયો. ત્યાં તેઓની સાથે યુદ્ધ કર્યુ. 24 પણ
ઈસ્રાએલીઓએ તેમનો સંહાર કર્યો અને આર્નોનથી યાબ્બોક, આમ્મો-
નીઓની સરહદ સુધીનો તેમનો પ્રદેશ કબજે કરી લીધો. અહીં તેઓ
અટકી ગયા; કારણ કે આમ્મોનની સરહદે રક્ષણ મજબૂત હતું. 25 ઈસ્રા-
એલીઓએ હેશ્બોન અને તેની આસપાસનાં ગામો સહિત અમોરીઓનાં
બધાં શહેરો જીતી લીધાં અને તેમાં તેમણે રહેવાનું શરૂ કર્યું. 26 હેશ્બોન
અમોરીઓના રાજા સીહોનની રાજધાનીનું નગર હતું. અગાઉના મોઆ-
બના રાજા સામે સીહોને યુદ્ધ કરીને આર્નોન સુધીનો તેનો બધો પ્રદેશ
લઈ લીધો હતો. 27 તેથી ગાયકોએ આ ગીત ગાયું છે:"જાઓ અને હે-
શ્બોન ફરીથી બાંધો, હાં, ચાલો આપણે સીહોનના શહેરને; મજબૂત
બનાવી અને તેને ફરી વસાવીએ. 28 એક વખત હેશ્બોનમાંથી નીકળ્યાં
હતાં આગ, જેમ સીહોનનાં લશ્કર; આર્નોનના પર્વતને ગળી જઈ, ભસ્મ
કર્યુ મોઆબનું આર નગર. 29 આ શી તમાંરી દશા! મોઆબ તને દિલ-

ગીરી! કમોશના ભજનિકોનો નાશ! નિરાશ્રિત બનાવ્યો તને તારા દેવે,
દિલગીરી! અને તમારી સ્ત્રીઓ બની, અમોરીઓના રાજા સીહોનની કે-
દી, દિલગીરી! 30 અને હવે કર્યો છે એના ઉપર આપણે હલ્લો, હેશ્બોન,
દીબોન, નોફાહ, ને મેદબાનો થયો વિનાશ!” 31 આ રીતે ઇસ્રાએલીઓ
અમોરીઓના પ્રદેશમાં વસવા લાગ્યા. 32 મૂસાએ યાઝેર નગર પર કેવી
રીતે હુમલો કરવો તેની જાસૂસી કરવા માંટે માંણસો મોકલ્યા. અને
ઇસ્રાએલીઓએ આસપાસનાં ગામો સહિત યાઝેરનો કબજો લીધો અને
ત્યાં વસતા અમોરીઓને હાંકી કાઢયા. 33 પછી તેઓએ બાશાન તરફના
રસ્તા પર મુસાફરી કરી, બાશાનનો રાજા ઓગ યુદ્ધ માંટે પોતાના સૈન્ય
સાથે એડ્રેઈ આવ્યો. 34 યહોવાએ મૂસાને કહ્યું, “એનાથી ડરતો નહિ,
કારણ કે મેં તેને, એની પ્રજાને અને તેના દેશને તમાંરા હાથમાં સોંપી
દીધાં છે. હેશ્બોનમાં રહેતાં અમોરીઓના રાજા સીહોનની જેવી હાલત
કરી, તેવી જ હાલત તમે તેની કરજો.” 35 અને એ પ્રમાંણે જ થયું. ઇસ્રા-
એલનો વિજય થયો. ઇસ્રાએલીઓએ રાજા ઓગ, તેના પુત્રો અને તેના
સર્વ લોકોનો સંહાર કર્યો જીવતો પાછો જવા પામ્યો નહિ. અને ઇસ્રાએ-
લીઓએ તેનો પ્રદેશ કબજે કરી લીધો.

22 પછી ઇસ્રાએલી લોકો આગળ યાત્રા કરીને મોઆબના મેદાન-
માં યર્દન નદીને પૂર્વકાંઠે યરીખોની સામે આવ્યા અને ત્યાં
પડાવ નાખ્યો. 2 અમોરીઓના જે હાલ ઇસ્રાએલીઓએ કર્યા હતા તે મો-
આબના રાજા સિપ્પોરના પુત્ર બાલાકે જોયા, 3 ત્યારે તે અને તેના લોકો
ઇસ્રાએલીઓથી થથરી ગયા. એમની બહુ મોટી સંખ્યા જોઈને મોઆ-
વીઓ ભયભીત થઈ ગયા. 4 અને એમણે મિદ્યાનના આગેવાનોને કહ્યું,
“જેમ કોઈ બળદ ચરામાંનું ઘાસ ખાઈ જાય છે, તેમ આ ધાડા આપણને
ખાઈ જશે.” અને તે સમયે સિપ્પોરનો દીકરો બાલક મોઆબનો રાજા
હતો. 5 તેથી રાજા બાલાકે, બયોરના પુત્ર બલામને બોલાવી લાવવા
માંટે તેણે તેના માંણસોને મોકલ્યા. તે વખતે બલામ તેના વતનમાં યુ-
ફ્રેતિસ નદીને કિનારે પથોરમાં રહેતો હતો; તે તેને આ સંદેશો આપવાના
હતા, “મિસરમાંથી સમગ્ર પ્રજા આવી ગઈ છે, તેઓ એટલા બધા છે કે
તેઓ સમગ્ર ભૂમિ ઢાંકી દે. તેઓએ માંરી પાસે જ પડાવ નાંખ્યો છે. માંટે
તમે આવીને મને મદદ કરો. 6 એ લોકો અમાંરા કરતાં વધારે મજબૂત છે,
તેથી કૃપા કરીને તરત આવો અને એ લોકોને શ્રાપ આપો, તો કદાચ હું
એ લોકોને હરાવીને દેશમાંથી હાંકી કાઢી શકું, મને ખબર છે કે, તમે જેને
આશીર્વાદ આપો છો તેઓની સાથે સારું થાય છે અને તમે જેને શ્રાપ
આપો છો તેઓની સાથે ખોટું થાય છે.” 7 તેણે મોઆબના અને મિદ્યાન-
ના ઉચ્ચકક્ષાના આગેવાનોને સંદેશવાહકો તરીકે મોકલ્યા હતા. જદુ-
મંતરની દક્ષિણા સાથે તેઓએ બલામ પાસે આવીને તેને બાલાકનો
સંદેશો કહી સંભળાવ્યો. 8 બલામે તેઓને કહ્યું, “આજની રાત તમે અહીં
રહો, હું તમને યહોવા કહેશે તે જવાબ આપીશ.” તેથી મોઆબના આગે-
વાનો બલામ સાથે રાત રહ્યા. 9 તે રાત્રે દેવે બલામ પાસે આવીને પૂછ-
યું, “તારી સાથે આ માંણસો કોણ છે?” 10 બલામે જવાબ આપ્યો, “મો-
આબના રાજા સિપ્પોરના પુત્ર બાલાક પાસેથી તેઓ આવ્યા છે. 11 તેમ-
ણે કહેવડાવ્યું છે કે મિસરમાંથી એક પ્રજા માંરી સરહદે આવી પહોંચી
છે, તેઓ સંખ્યામાં એટલા બધા છે કે તેઓ સમગ્ર ભૂમિ ઢાંકી દે. કૃપા
કરીને આવો અને એ લોકોને શ્રાપ આપો, તો હું એ લોકોને હરાવીને દે-
શમાંથી હાંકી કાઢી શકુ.” 12 દેવે બલામને કહ્યું, “તારે એમની સાથે
જવાનું નથી કે તે લોકોને શ્રાપ આપવાનો નથી, કારણ કે મેં તેઓને
આશીર્વાદ આપેલા છે.” 13 તેથી બલામે બીજી સવારે વહેલા ઊઠીને બા-
લાકના કર્મચારીઓને કહ્યું, “તમે તમાંરા દેશમાં પાછા જાઓ, કારણ કે,
યહોવાએ મને તમાંરી સાથે આવવાની ના પાડી છે.” 14 તેથી મોઆબ-
ના આગેવાનોએ ત્યાંથી નીકળીને પાછા બાલાક પાસે જઈને તેને કહ્યું,
“બલામે અમાંરી સાથે આવવાની ના પાડી છે.” 15 બાલાકે ફરીથી પ્રય-
ત્ન કર્યો, અને પહેલાં કરતાં સંખ્યામાં વધારે અને વધારે પ્રતિષ્ઠિત
આગેવાનોને મોકલ્યા. 16 એટલે તેમણે બલામ પાસે આવીને જણાવ્યું,
“સિપ્પોરના પુત્ર બાલાકે આ મુજબ સંદેશો મોકલ્યો છે. કૃપા કરીને તમે
માંરી પાસે જલદી આવી પહોંચવામાં કોઈ અવરોધ ઊભો થવા દેશો
નહિ. 17 હું તમને ભારે મોટો બદલો આપીશ અને તમે જે કહેશો તે હું
કરીશ, માંટે જરૂર આવશો અને આ લોકોને શ્રાપ આપશો.” 18 બલામે
બાલાકના માંણસોને જવાબ આપ્યો, “જો તે મને તેના મહેલમાંનું
તમાંમ સોનું અને ચાંદી આપે તોયે હું નાની કે મોટી કોઈ પણ બાબતમાં
માંરા દેવ યહોવાની આજ્ઞા વિરુદ્ધ કંઈ કરી શકું તેમ નથી. 19 એટલે
આજની રાત પેલા લોકોની જેમ તમે પણ રોકાઈ જાઓ એટલે યહોવાએ
પહેલાં જે કહ્યું હતું તે કરતાં કંઈક વિશેષ કહેવું હોય તો તે હું જાણી શકું.”
20 રાત્રી દરમ્યાન દેવે આવીને બલામને કહ્યું, “જો આ લોકો તને બોલા-
વવા આવ્યા હોય, તો તું ઝટ ઊઠીને તેમની સાથે જા, પણ હું તને કહું
એટલું જ તું કરજે, અને તેનું ધ્યાન રાખજે.” 21 આથી બલામ બીજી
સવારે પોતાની ગધેડી ઉપર જીન બાંધીને મોઆબના આગેવાનો સાથે
ગયો. 22 પરંતુ બલામ તેઓની સાથે ગયો તેથી દેવને તેના પર રોષ ચઢ-
યો, જ્યારે બલામ પોતાના બે નોકરો સાથે ગધેડી પર સવાર થઈને જતો
હતો ત્યારે તેને રોકવા માંટે તેના રસ્તામાં યહોવાનો દૂત ઊભો રહ્યો.
23 અચાનક રસ્તાની વચ્ચે તરવાર ખેંચીને ઊભેલા યહોવાના દૂતને
ગધેડીએ જોયો, તેથી ગધેડીએ પોતાનો રસ્તો બદલ્યો અને ખેતરમાં
વળી ગઈ. બલામ તેને માંરીને ફરી રસ્તા પર લઈ આવ્યો. 24 પછી યહો-
વાનો દૂત એક નાળિયા આગળ જઈને ઊભો રહ્યો, જેની બંને બાજુએ
પથ્થરોની વાડ કરેલી દ્રાક્ષની વાડીઓ આવેલી હતી. 25 યહોવાના દૂત-
ને જોતા ગધેડી એક તરફ પથ્થરની વાડની નજીક ચાલવા લાગી અને
બલામનો પગ દિવાલમાં ચગદાયો, તેથી તેણે ગધેડીને ફરી માંરી.
26 ત્યાંથી આગળ જઈને યહોવાનો દૂત એક એવી સાંકડી જગ્યાએ
ઊભો રહ્યો કે, જયાંથી ગધેડી આમતેમ ડાબીજમણી બાજુએ ફંટાઈ શકે
નહિ. 27 યહોવાના દૂતને જોઈ તે બલામ સાથે જમીન પર બેસી પડી, તે-
થી બલામ એકદમ ગુસ્સે થઈ ગયો અને તેણે ગધેડીને ફરીથી લાકડીએ
લાકડીએ માંરી. 28 પછી યહોવાએ ગધેડીને વાચા આપી. તેણે બલામને
કહ્યું, “મેં તારું શું બગાડયું છે? તેં મને ત્રણ વખત શા માંટે માંરી?”
29 બલામે મોટા સાદે જવાબ આપ્યો, “કારણ કે તું માંરી ફજેતી કરે છે,
અત્યારે જો માંરી પાસે તરવાર હોત તો મેં તને અત્યારે જ કાપી નાખી
હોત.” 30 ગધેડીએ બલામને પૂછયું, “જો હું કંઈ તારાથી અજાણી છું? તેં
આખુ જીવન તો માંરા પર સવારી કરી છે. માંરા સમગ્ર જીવનમાં મેં પહે-
લા કદી આવું કર્યુ છે ખરું?”બલામે કહ્યું, “ના, કદાપી નહિ.” 31 પછી
યહોવાએ બલામની આંખો ખોલી, અને તેણે યહોવાના દૂતને રસ્તાની
વચ્ચે ઉઘાડી તરવાર લઈને ઊભેલો જોયો અને તેને સાષ્ટાંગ પ્રણામ
કર્યા. 32 યહોવાના દૂતે તેને કહ્યું, “તેં આ ગધેડીને ત્રણ વખત શા માંટે
માંરી! તને અટકાવવા માંટે હું જાતે રસ્તામાં આવીને ઊભો હતો. કારણ
કે મને તું જાય એ ગમતું નહોતું. 33 ગધેડીએ મને જોયો એટલે એ ત્રણ
વાર બાજુએ ખસી ગઈ. જો એ ખસી ગઈ ના હોત તો મેં તને માંરી ના-
ખ્યો હોત, અને ગધેડીનો બચાવ કર્યો હોત.” 34 પછી બલામે યહોવાના
દૂતને કહ્યું, “મેં પાપ કર્યુ છે. માંરી ભૂલ થઈ ગઈ છે, મને ખબર નહોતી
કે, તમે માંરા માંર્ગમાં આડા ઊભા છો, તમાંરી ઈચ્છા હું ત્યાં ન જાઉં તે-
વી હોય તો હું પાછો ઘેર જઈશ.” 35 યહોવાના દૂતે બલામને જણાવ્યું,
“તું આ લોકો સાથે જા, પણ હું જેટલું કહું તેટલાં શબ્દો જ કહેજે.” આથી
બલામ બાલાકના માંણસો સાથે ગયો. 36 રાજા બાલાકે જયારે સાંભળ્યું
કે બલામ આવી રહ્યો છે, ત્યારે તે પાટનગર છોડીને તેને મળવા માંટે
મોઆબની સરહદ પર આર્નોન પાસે આવેલા આર સુધી ગયો, 37 તેણે
બલામને પૂછયું, “મે તમને બોલાવવા માંણસો ન્હોતા મોકલ્યા? તમે
આટલો બધો વિલંબ શા માંટે કર્યો? તમને શું એમ લાગ્યું હતું કે હું તમ-
ને બદલો નહિ આપી શકું?” 38 એટલે બલામે બાલાકને કહ્યું, “હું અહીં
આવ્યો છું તે તું જુએ છે, શું તું એમ માંને છે કે હું ધારું તે કરી શકું છું? હું
તો દેવ મને જે બોલાવે છે તે જ બોલું છું.” 39 પછી બલામ બાલાક સાથે
કિર્યાથ-હુસોથ ગયો. 40 બાલાકે તે જગ્યાએ બળદો અને ઘેટાનો યજ્ઞ
ચઢાવ્યો તથા બલામ અને તેની સાથેના આગેવાનોને તેઓનાં બલિદા-
નો માંટે પ્રાણીઓ આપ્યાં. 41 બીજે દિવસે સવારે બાલાક બલામને બા-
મોથ-બાલ ઉપર લઈ ગયો. ત્યાંથી તેઓ ઇસ્રાએલી પડાવનો એક ભાગ
જોઈ શકતા હતા.

23 બલામે બાલાકને કહ્યું, “અહીં માંરે માંટે સાત વેદીઓ બાંધો
અને સાદ બળદ તથા સાત નર ઘેટા મને લાવી આપો.” 2 બા-
લાકે બલામની સૂચનાઓ પ્રમાંણે કર્યુ, અને તેણે અને બલામે દરેક વે-
દી પર એક વળદ અને એક નર ઘેટાની આહુતિ ચઢાવી. 3 બલામે પછી
રાજાને કહ્યું, “તું તારી વેદી પાસે ઊભો રહે. હું એકલો જાઉ છું. કદાચ

યહોવા મને મળે પણ ખરા. એ મને જે કહેશે તે હું તને જણાવીશ." અને
પછી તે એક ખુલ્લી ટેકરી પર ગયો. 4 ત્યાં તેને દેવનો મેળાપ થયો.
બલામે યહોવાને કહ્યું, "મેં સાત વેદીઓ તૈયાર કરી છે અને દરેક પર
એક બળદ અને એક નર ઘેટાની આહુતિ ચઢાવી છે." 5 પછી યહોવાએ
બલામને શું કહેવું તે જણાવ્યું, અને કહ્યું, "તું પાછો બાલાક પાસે જા
અને માંરા કહ્યાં પ્રમાંણે તેને કહેજે." 6 બાલાક જ્યારે બલામ પાસે પાછો
ફર્યો ત્યારે તે હજી આહુતિ પાસે મોઆબના આગેવાનો સાથે જ ઊભો
હતો. 7 બલામે યહોવા તરફથી પોતાને મળેલો સંદેશો પ્રગટ કર્યો તેણે
કહ્યું:"મોઆબનો રાજા બાલાક મને અરામમાંથી, પૂર્વના પર્વતોમાંથી
લઈ આવ્યો છે, અને મને કહ્યું છે, "આવ, માંરે માંટે યાકૂબને શ્રાપ દે!
આવ અને ઈસ્રાએલને શ્રાપ દે." 8 જેને દેવ શ્રાપ ન આપતો હોય તેને હું
શી રીતે શ્રાપ આપું? દેવ જેનું ભૂડું ઈચ્છતો નથી તેનું ભૂંડું હું શી રીતે
ઈચ્છું? 9 હું ઊંચા ખડકની ટોચ પરથી તે લોકોને નિહાળું છું, એ પ્રજા
એકલી રહે છે, તે અન્ય પ્રજાઓથી પોતાને ભિન્ન ગણે છે. 10 ઈસ્રાએલ-
ની પ્રજા અસંખ્ય છે! ગણ્યા ગણાય નહિ તેટલા છે. માંરું મૃત્યુ સજ્જન
જેવું થાઓ. ભલે માંરું જીવન ઈસ્રાએલીઓની જેમ પૂરું થાય." 11 રાજા
બાલાકે આ સાંભળીને બલામને કહ્યું, "આ તે શું કર્યું? મેં તમને માંરા દુ-
શ્મનોને શ્રાપ આપવા તેડાવ્યો અને તમે તો તેમને આશીર્વાદ આપ્યા."
12 પરંતુ બલામે પ્રત્યુત્તર આપ્યો, "માંરે તો યહોવા બોલાવે તે જ બોલ-
વાનું હોય છે." 13 ત્યાર પછી બાલાકે તેમને કહ્યું, "માંરી સાથે બીજી
જગ્યાએ આવો, ત્યાંથી તમે ઈસ્રાએલી પ્રજાને જોઈ શકો. તમે ફકત એક
ભાગને જ જોઈ શકશો, કદાચ તે જગ્યાએથી તમે તેઓને માંરા માંટે શ્રા-
પિત કરી શકો." 14 એમ કહીને રાજા બાલાક બલામને પિસ્ગાહ પર્વતની
ટોચે આવેલા ચોકીના મેદાનમાં લઈ ગયો, ત્યાં તેણે સાત વેદીઓ
બાંધી અને પ્રત્યેક વેદી ઉપર એક બળદ અને એક ઘેટાનું બલિદાન
આપ્યું. 15 બલામે રાજા બાલાકને કહ્યું, "હું યહોવાનો મેળાપ કરવા જાઉ
છું. તું તારી વેદી પાસે ઊભો રહે." 16 યહોવા બલામને મળવા આવ્યા
અને બલામે શું કહેવું તે યહોવાએ તેને જણાવ્યું. 17 આથી રાજા અને
મોઆબના સર્વ સરદારો તેઓની આહુતિ પાસે ઊભા હતા ત્યાં બલામ
બાલાક પાસે પાછો ગયો. રાજા બાલાકે આતુરતાથી પૂછયું: "યહોવાએ
તને શું કહ્યું છે?" 18 એટલે બલામે જવાબ આપ્યો:"બાલાક ઊઠ, ઊભો
થા અને ધ્યાનથી સાંભળ. હે સિપ્પોરના પુત્ર, હું જે કહું તે કાને ધર.
19 દેવ તે કાંઈ મનુષ્ય નથી કે જૂઠું બોલે, વળી તે કંઈ માંણસ નથી કે
પોતાના વિચાર બદલે. તે તો જે બોલે તે પાળે, ને જે કહે તે પ્રમાંણે કરે.
20 હું તેઓને આશીર્વાદ આપું તેવી મને આજ્ઞા મળી છે. દેવ તેઓને
આશીર્વાદ આપે તે હું ફેરવી શકું નહિ. 21 દેવે યાકૂબના લોકોમાં કઈ જ
ખોટું ન જોયું. દેવે ઈસ્રાએલના લોકોમાં કોઈ પાપ જોયું ન હતું. તેઓના
દેવ યહોવા તેમની સાથે છે; તેઓની વચ્ચે તેનો જયજયકાર રાજાની
જેમ થાય છે. 22 એ જ તેમને મિસરમાંથી બહાર લઈ આવ્યા છે, અને તે
જ એમને ઈસ્રાએલીઓને જંગલી આખલા જેવી તાકાત આપે છે.
23 ઈસ્રાએલી પ્રજા વિરુદ્ધ કોઈ જંતરમંતર ચાલે તેમ નથી. કોઈ પણ
કામણટૂમણ સફળ થાય તેમ નથી. ઈસ્રાએલ વિષે લોકો કહેશે; 'જુઓ
તો ખરા દેવે તેઓને માંટે કેવાં અદભૂત કાર્યો કર્યા છે!' 24 એ પ્રજા તો
સિંહની જેમ છલાંગ માંરવાને તાકી રહી છે; એ શિકારને ફાડી ખાધા વિ-
ના અને તેનું લોહી પીધા વિના જંપીને બેસનાર નથી." 25 પછી બાલાકે
બલામને કહ્યું, "ભલે, તું તેમને શ્રાપ ન આપે તો કંઈ નહિ, પણ ઓછા-
માં ઓછું તું એમને આશીર્વાદ ન આપતો." 26 બલામે જવાબ આપ્યો,
"મેં તમને કહ્યું નહીંનું કે માંરે તો યહોવા મને જે કહે તે જ બોલવાનું છે."
27 પછી રાજા બાલાકે બલામને કહ્યું, "ચાલ, હું તને બીજી કોઈ એક
જગ્યાએ લી જાઉ, કદાચ દેવ પ્રસન્ન થાય અને ત્યાંથી તને માંરા તરફથી
તેમને શ્રાપ આપવા દે." 28 તેથી રાજા બાલાક, બલામને રણને કાંઠે
આવેલા પેઓર પર્વતના શિખર પર લઈ ગયો, જયાંથી રણ જોઈ શકાતું
હતું. 29 પછી બલામે બાલાકને કહ્યું, "તું મને સાત વેદી બાંધી આપ
અને સાત બળદ અને સાત ઘેટાં બલિદાન માંટે લઈ આવ." 30 બલામે
જે કહ્યું તે જ પ્રમાંણે બાલાકે કર્યું અને પ્રત્યેક વેદી પર એક બળદ અને
એક ઘેટાનું બલિદાન આપવામાં આવ્યું.

24 બલામને ખબર પડી કે યહોવા ઈસ્રાએલને આશીર્વાદ આપવા
ઈચ્છે છે, તેથી તેણે જાદૂઈ ખેલો કરીને તેને બદલવા પ્રયત્ન
કર્યો નહિ. તેને બદલે તે રણ તરફ ઈસ્રાએલી છાવણી તરફ ફરીને ઊભો
રહ્યો. 2 તેણે જોયું તો ઈસ્રાએલીઓએ કુળસમૂહો પ્રમાંણે છાવણી નાંખી
હતી. પછી દેવના આત્માંએ તેનામાં પ્રવેશ કર્યો. 3 અને તેણે ભવિષ્ય-
વાણી ઉચ્ચારતા કહ્યું,"બયોરનો પુત્ર બલામ કહે છે, જે સ્પષ્ટ નિહાળે
છે તે દિવ્ય દૃષ્ટિ ધરાવનારની વાણી છે. 4 દેવના શબ્દો સાંભળનારની
વાણી છે. સમાંધિમગ્ન છતાં ખુલ્લાં અંતઃચક્ષુથી સર્વસમર્થ દેવે બતાવેલાં
દિવ્યદર્શનો જોનારની વાણી છે. 5 હે યાકૂબના લોકો, તમાંરા મંડપ કેવા
સુંદર છે! હે ઈસ્રાએલીઓ તમાંરા ઘરો કેવા રઢિયાળ છે! 6 જાણે નદીકાંઠે
વિસ્તરેલા બાગબગીચા, જાણે યહોવાએ રોપેલા કુવારના છોડ, 7 અને
પાણી પાસેના એરેજ વૃક્ષના જેવા છે, તેઓને ભરપૂર પાણીથી આશી-
ર્વાદિત કરવામાં આવશે. ઘણું જળસીંચન કરેલા ખેતરોમાં તે બી વાવ-
શે. તેઓનો રાજા અગાગ રાજા કરતાં મહાન થશે; તેઓનું રાજ્ય પ્રતાપી
રાજ્ય બનશે. 8 દેવ તેઓને મિસરમાંથી લઈ આવ્યા તે જ રાની બળદ-
ના શીંગડાની જેમ તેમનું રક્ષણ કરે છે. તેઓ સિંહ જેવા છે; પોતાની વિ-
રુદ્ધ થનાર પ્રજાઓને તે ખાઈ જશે; તે તેઓનાં હાડકાં ભાંગીને ચૂરા કર-
શે, અને તે અસંખ્ય તીરોથી તેઓને વીંધી નાખશે. 9 પછી તે આડો
પડીને ઊંઘે છે, તેને ઉઠાડવાની હિંમત કોણ કરે? હે ઈસ્રાએલીઓ, તમ-
ને જે આશીર્વાદ આપે તેના પર આશીર્વાદ ઊતરો, તમને જે શ્રાપ આપે
તેના પર શ્રાપ ઊતરો." 10 આ સાંભળીને રાજા બાલાક બલામ પર ખૂબ
ગુસ્સે થયો. ક્રોધાવેશમાં મુક્કી પછાડીને તેણે અણગમો વ્યક્ત કરતાં
ઊંચા સાદે કહ્યું, "હું માંરા દુશ્મનોને શ્રાપ આપવા માંટે તને લઈ આવ્યો
અને તેં ત્રણ ત્રણ વાર તેમને આશીર્વાદ આપ્યા! 11 ચાલ, ભાગ,
અહીંથી ચાલ્યો જા. ઘર ભેગો થઈ જા! મેં તને ભારે સન્માંન આપવાનું
વચન આપ્યું હતું, પણ યહોવાએ તને તેનાથી વંચિત રાખ્યો છે."
12 બલામે પ્રત્યુત્તર આપ્યો, "મેં તો તેં મોકલેલા માંણસોને કહ્યું હતું કે,
13 'બાલાક મને તેના ઘરનું બધું સોનું અને ચાંદી આપે, તોયે હું યહોવા-
ની આજ્ઞાની વિરુદ્ધ જઈને માંરી મરજી મુજબ સારું કે ખરાબ કઈ જ ન
કરી શકું. હું તો યહોવા જે કહેવાનું મને કહેશે તે જ કહીશ.' 14 હવે હું માંરા
લોકો પાસે જાઉ છું પણ તે પહેલા તને સાવધાન કરતો જાઉ છું કે આ
ઈસ્રાએલીઓ ભવિષ્યમાં તમાંરા મોઆબીઓના શા હાલ કરશે." 15 એમ
કહીને તેણે નીચે પ્રમાંણે ભવિષ્યવાણી પ્રગટ કરી:"બયોરના પુત્ર
બલામની, દિવ્ય દ્રષ્ટિ ધરાવનારની આ વાણી છે. 16 દેવના શબ્દો
સાંભળનારની, જેને પરાત્પર દેવ પાસે જ્ઞાન પ્રાપ્ત કર્યુ છે તેની આ વા-
ણી છે. સમાંધિમગ્ન છતાં ખુલ્લાં અંતઃચક્ષુથી સર્વસમર્થ દેવે બતાવેલા
દિવ્યદર્શનો જોનારની આ વાણી છે. 17 હું જે જોઉ છું તે દૃશ્ય આજનું
નથી, પણ ભવિષ્યનું છે. યાકૂબના વંશમાંથી એક તારો ઊગશે, ઈસ્રા-
એલના લોકોમાંથી એક નવો શાસક આવશે, તે પોતાના રાજદંડથી મો-
આબીઓનાં પ્રાણ હરશે. અને શેથના પુત્રોનો તે નાશ કરશે. 18 ઈસ્રા-
એલ મજબૂત બનશે! તેને અદોમની ભૂમિ પ્રાપ્ત થશે. તેને તેના દુશ્મન
સેઈરની ભૂમિ પ્રાપ્ત થશે. 19 યાકૂબના કુટુંબમાંથી એક નવો શાસક
આવશે. તે શાસક શહેરમાં બાકી રહેલા લોકોનો વિનાશ કરશે." 20 પછી
બલામે અમાંલેકીઓને જોયા અને ભવિષ્યવાણી પ્રગટ કરી:"અમાંલે-
કીઓ સર્વ પ્રજાઓમાં આગળ હતા; પણ તેનો અંત સંપૂર્ણ વિનાશમાં
આવશે." 21 પછી કેનીઓને જોયા પછી બલામે ભવિષ્યવાણી
કરી:"તમાંરું આશ્રયસ્થાન લાગે છે તો સુરક્ષિત, તે ખડકોમાં બાંધેલા
માંળા સમાંન છે. 22 પણ એ બળી જવા નિર્માયો છે. કેનીઓનો વિનાશ
થશે. તમે કયાં સુધી આશ્શૂરના કેદી બની રહેશો?" 23 અંતમાં તેણે
ભવિષ્યવાણી પ્રગટ કરતાં કહ્યું:"દેવ આ પ્રમાંણે કરે ત્યારે કોણ જીવી
શકે? 24 કિત્તીમમાંથી (સાયપ્રસ) કિનારા પરથી વહાણો આવશે. તેઓ
આશ્શૂરને અને એબેરને કચડી નાખશે, પછી છેવટે વિજેતા પણ વિ-
નાશ પામશે." 25 પછી બલામ ઊઠીને પોતાને ઘેર ફર્યો અને બાલાક
પણ પોતાના રસ્તે પડયો.

25 જયારે ઈસ્રાએલીઓએ શિટ્ટીમમાં મુકામ કર્યો હતો, ત્યારે એ
લોકો મોઆબી સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરવા લાગ્યા. 2 આ
સ્ત્રીઓ તે લોકોને પોતાના દેવોને બલિદાન અર્પણ કરવાના પ્રસંગોએ
નિમંત્રણ પાઠવતી, એ લોકો યજ્ઞનો જમણ લેતા અને મોઆબીઓના
દેવોની પૂજા કરતા. 3 આમ ઈસ્રાએલીઓ પેઓરના બઆલને પૂજતા
થઈ ગયા; એટલે યહોવા તેમના પર કોપાયમાંન થયા. 4 યહોવાએ મૂ-

સાને આજ્ઞા કરી કે, “તું ઈસ્રાએલી લોકોના બધા આગેવાનોને લઈને તે-
મનો ધોળે દિવસે મારી સમક્ષ વધ કર, જેથી ઈસ્રાએલ પરથી મારો ક્રોધ
શમી જાય.” 5 તેથી મૂસાએ ઈસ્રાએલના ન્યાયાધીશોને હુકમ કર્યો,
“તમારામાંની પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના અધિકાર નીચેના માણસો-
માંથી જેણે જેણે પેઓરના બઆલની પૂજા કરી હોય તે સૌનો વધ કરે.”
6 પરંતુ મૂસા અને સમગ્ર ઈસ્રાએલી સંઘ મુલાકાત મંડપના પ્રવેશદ્વાર
આગળ રૂદન કરતા હતા તે સમયે તેમના દેખતાં જ એક ઈસ્રાએલી એક
મિદ્યાની સ્ત્રીને પોતાની છાવણીમાં ખેંચી લાવ્યો. 7 તેથી યાજક હારુ-
નના પુત્ર એલઆઝારનો પુત્ર ફીનહાસ આ જોઈને સભામાંથી ઊભો
થઈ ગયો અને પોતાના હાથમાં ભાલો લીધો. 8 તે પેલા ઈસ્રાએલી વ્ય-
ક્તિની પાછળ છાવણીમાં ઝડપથી દોડી ગયો અને ભાલાનો એક ઘા
કરીને તે ઈસ્રાએલી વ્યક્તિના દેહને અને સ્ત્રીના પેટને વીંધી નાખ્યો,
અને પરિણામે ઈસ્રાએલીઓમાં મરકીનો રોગચાળો ફાટી નીકળ્યો હતો
તે બંધ થઈ ગયો. 9 પરંતુ ત્યાં સુધીમાં તો 24,000 ઈસ્રાએલીઓ તે
માંદગીથી મોતનો ભોગ બની ચૂક્યા હતા. 10 પછી યહોવાએ મૂસાને
કહ્યું, 11 “હારુન યાજકના પુત્ર એલઆઝારના પુત્ર ફીનહાસે ઈસ્રાએ-
લીઓ પરનો મારો ક્રોધ શાંત કર્યો, એ લોકોમાં મારા પ્રત્યેની નિષ્ઠાનો
અભાવ જોઈ એણે એટલો બધો રોષ વ્યક્ત કર્યો, મારો ક્રોધ શમી ગયો,
જેથી મેં એમનો નાશ ન કર્યો. 12 તેથી તું તેને હવે કહે કે; હું એની સાથે
હંમેશ માંટે શાંતિનો કરાર કરીને એને અને એના વંશજોને યાજકપદનો
હક્ક આપું છું. જે હક્ક તેઓ સદાને માંટે ભોગવશે. 13 કારણ કે, તેણે
પોતાના દેવ માંટેની શ્રદ્ધાનું ઉલ્લંઘન સહન ન્હોતું કર્યું અને તેણે ઈસ્રા-
એલી પ્રજાના પાપોનું પ્રાયશ્ચિત કર્યુ હતું.” 14 પછી મિદ્યાની સ્ત્રીની સા-
થે મારી નાખવામાં આવેલા ઈસ્રાએલી પુરુષનું નામ ઝિમ્રી હતું, તે શિ-
મયોન કુળસમૂહના પરિવારના આગેવાન સાલૂનો પુત્ર હતો. 15 એ મિ-
દ્યાની સ્ત્રીનું નામ કોઝબી હતું, તે મિદ્યાનીઓના એક કુટુંબના વડા સૂ-
રની પુત્રી હતી. 16 પછી યહોવાએ મૂસાને આજ્ઞા કરી, 17 “જા, મિદ્યા-
નીઓ પર હુમલો કર અને તેઓનો સંહાર કર. 18 પેઓરમાં તેમણે મિદ્યા-
ની સ્ત્રીઓ દ્વારા તને ખેલ કરાવી, તમને મિથ્યા દેવ બઆલની પૂજા
કરતા કર્યા, મિદ્યાની આગેવાનની પુત્રી કોઝબી નામની સ્ત્રી દ્વારા તે-
ઓએ તમને ફસાવ્યાં. પછી મૂર્તિપૂજાને કારણે ઈસ્રાએલીઓ એક રોગ-
થી મૃત્યુ પામ્યા. તેથી તેઓ તમારા દુશ્મનો છે.”

26 રોગચાળો બંધ થઈ ગયા પછી યહોવાએ મૂસાને તથા યાજક
હારુનના પુત્ર એલઆઝારને કહ્યું, 2 “ઈસ્રાએલમાં જેઓ વીસ
વર્ષ કે તેનાથી મોટી વયના છે, તેઓની વસ્તી ગણતરી કર, તથા પ્ર-
ત્યેક કુળ અને ગોત્રમાંથી જે લોકો લશ્કરમાં નોકરી કરવા લાયક હોય તે
સર્વની કુટુંબવાર ગણતરી કર.” 3 તેથી યર્દન નદીને કિનારે યરીખો સા-
મે, મોઆબના મેદાનમાં મૂસાએ અને યાજક એલઆઝારે ઈસ્રાએલના
આગેવાનોને જણાવ્યું, 4 “યહોવાએ મૂસાને આજ્ઞા આપી છે તે પ્રમાંણે
વીસ વર્ષ અને તેનાથી વધારે ઉંમરના પુરુષોની વસ્તી ગણતરી કરો.”
મિસરમાંથી આવેલા જે ઈસ્રાએલીઓ છે તે નીચે મુજબ છે: 5 ઈસ્રાએલ-
ના જયેષ્ઠ પુત્ર રૂબેનના વંશનાં કુટુંબો:હનોખનું કુટુંબ. પાલ્લૂનું કુટુંબ.
6 હેસ્રોનનું કુટુંબ. અને કાર્મીનું કુટુંબ. 7 રૂબેનના કુળસમૂહના આટલાં
કુટુંબો હતાં, તેમની કુળ સંખ્યા 43,730ની હતી. 8 પાલ્લૂના વંશજો:
અલીઆબ, 9 અને તેના પુત્રો: નમુએલ, દાથાન, અને અબીરામ. દા-
થાન અને અબીરામ એટલે મૂસાની અને હારુનની સામે બંડ પોકારનાર
પંચાયતના સભ્યો, કોરાહે અને તેની ટોળકીએ યહોવા સામે બળવો
કર્યો ત્યારે એમણે તેઓને સાથ આપ્યો હતો. 10 પરંતુ પૃથ્વીએ પોતાનું
મુખ ખોલ્યું અને તેઓને ગળી ગઈ; તથા સમગ્ર પ્રજાને ચેતવણી મળે તે
માંટે તે જ દિવસે યહોવાના અગ્નિએ 250 માંણસોને ભસ્મીભૂત કર્યા
હતા. 11 તેમ છતાં કોરાહના વંશજો મૃત્યુ પામ્યા નહોતા. 12 શિમયોનના
કુળસમૂહો:નમુએલનું કુટુંબ. યામીનનું કુટુંબ.યાખીનનું કુટુંબ, 13 ઝેરાહ-
નું કુટુંબ. શાઉલનું કુટુંબ. 14 શિમયોનના કુળસમૂહના આટલાં કુટુંબો
હતાં જેમની કુલ સંખ્યા 22,200ની હતી. 15 ગાદના કુળસમૂહમાં તેના
પુત્રોનાં નામ ઉપરથી ગોત્રો હતા.સફોનથી સફોનીઓનું કુટુંબ.હાગ્ગીથી
હાગ્ગીઓનું કુટુંબ.શૂનીથી શૂનીઓનું કુટુંબ. 16 ઓઝનીથી ઓઝનીઓ-
નું કુટુંબ.એરીથી એરીઓનું કુટુંબ. 17 અરોદથી અરોદીઓનું કુ-
ટુંબ.આરએલીથી આરએલીઓનું કુટુંબ. 18 આ ગાદના કુળસમૂહનાં
આટલાં કુટુંબો હતા જેમની કુલ સંખ્યા 40,500ની હતી. 19 યહૂદાના કુ-
ળસમૂહનાં કુટુંબો:એર અને ઓનાન યહૂદાના પુત્રો હતા.પણ તેઓ
કનાન દેશમાં મૃત્યુ પામ્યા હતા. 20 યહૂદાના વંશ માંત્રના પુત્રોના નામ
ઉપરથી ગોત્રો હતા:શેલાથી શેલાનીઓનું કુટુંબ.પેરેસથી પેરેસીઓનું કુ-
ટુંબ.ઝેરાહથી ઝેરાહીઓનું કુટુંબ.પેરેસના કુટુંબોનો પણ આ વસ્તી ગણ-
તરીમાં સમાવેશ થાય છે. 21 પેરેસના પુત્રોનાં નામ ઉપરથી પણ કુટુંબો-
ના નામ આવ્યા:હેસ્રોનથી હેસ્રોનીઓનું કુટુંબ.તેઓના પૂર્વજ હેસ્રોનના
નામ ઉપરથી જ આ નામ હતું. હામૂલથી હામૂલીઓનું કુટુંબ. 22 આ યહૂ-
દાના કુળસમૂહનાં કુટુંબો છે; તેઓની કુળ સંખ્યા 76,500 હતી.
23 ઈસ્સાખારના કુળસમૂહમાં તેના દીકરાઓનાં નામ ઉપરથી કુટુંબો
હતા:તોલાથી તોલાઈઓનું કુટુંબ.પૂઆહથી પૂઆહથીઓનું કુટુંબ.
24 યાશૂબથી યાશૂબીઓનું કુટુંબ.શિમ્રોનથી શિમ્રોનીઓનું કુટુંબ. 25 આ
ઈસ્સાખારના કુળસમૂહોનાં કુટુંબો છે; તેઓની કુળસંખ્યા 64,300ની
છે. 26 ઝબુલોનના કુળસમૂહમાં તેના પુત્રોનાં નામ ઉપરથી કુટુંબો
હતા:સેરેદથી સેરેદીઓનું કુટુંબ.એલોનથી એલોનીઓનું કુટુંબ.યાહલએ-
લથી યાહલએલીઓનું કુટુંબ. 27 ઝબુલોનના કુળસમૂહના આટલાં કુ-
ટુંબો હતા. એમની કુલ સંખ્યા 60,500ની હતી. 28 યૂસફના કુળસમૂહ-
માં તેના પુત્ર મનાશ્શા અને એફ્રાઈમના પુત્રોના નામ ઉપરથી કુટુંબો
હતા. 29 મનાશ્શાનાં વંશનાં કુટુંબો:માંખીરથી માંખીરીઓનું કુટુંબ.
30 માંખીરના પુત્ર ગિલયાદમાંથી આટલાં કુટુંબો ઊતરી આવે છે:ઈએઝે-
રથી ઈએઝેરીઓનું કુટુંબ.હેલેકથી હેલેકીઓનું કુટુંબ, અને 31 આસ્રીએ-
લથી આસ્રીએલીઓનું કુટુંબ.અને શખેમથી શખેમીઓનું કુટુંબ. 32 શમી-
દાથી શમીદાઈઓનું કુટુંબ.હેફેરથી હેફેરીઓનું કુટુંબ. 33 હેફેરના પુત્ર
સલોફહાદને પુત્ર નહોતા, તેની પુત્રીઓનાં નામ આ પ્રમાંણે છે:માંહ-
લાહ, નોઆહ, હોગ્લાહ, મિલ્કાહ અને તિર્સાહ. 34 મનાશ્શાના કુળસમૂ-
હના આટલાં કુટુંબો હતા:તેમની કુલ સંખ્યા 52,700 ની હતી. 35 એફ્રા-
ઈમના કુળસમૂહના કુટુંબો તેના પુત્રોનાં નામ ઉપરથી હતા.શૂથેલાહથી
શૂથેલાહીઓનું કુટુંબ.બેખેરથી બેખેરીઓનું કુટુંબ.તાહાનથી તાહાનીઓ-
નું કુટુંબ. 36 શૂથેલાહના વંશજો.એરાનથી એરાનીઓનું કુટુંબ. 37 એફ્રાઈ-
મના કુળસમૂહનાં આટલાં કુટુંબો હતાં. એમની સંખ્યા 32,500ની હતી.
આ બધાં યૂસફના કુળસમૂહોનાં કુટુંબો છે. 38 બિન્યામીનના કુળસમૂહ-
નાં તેમના પુત્રોનાં નામ ઉપરથી કુટુંબો હતાં:બેલાથી બેલાઈઓનું કુ-
ટુંબ.આશ્બેલથી આશ્બેલીઓનું કુટુંબ.અહીરામથી અહીરામીઓનું કુ-
ટુંબ. 39 શફુફામથી શુફામીઓનું કુટુંબ.હુફામથી હૂફામીઓનું કુટુંબ.
40 બેલાના વંશાનાં કુટુંબો:આર્દથી આર્દીઓનું કુટુંબ.નામાંનથી ના-
માંનીઓનું કુટુંબ. 41 આ બિન્યામીનના કુળસમૂહનાં આટલાં કુટુંબો
હતા, જેમની કુલ સંખ્યા 45,600ની હતી. 42 દાનના કુળસમૂહમાં તે-
ઓના પુત્રનાં નામ ઉપરથી કુટુંબ હતું:શૂહામથી શૂહામીઓનું કુટુંબ.
આમ દાનના કુળસમૂહનું માંત્ર એક જ કુટુંબ હતું. 43 શૂહામના કુળસમૂ-
હના સભ્યોની કુલ સંખ્યા 64,400ની હતી. 44 આશેરના કુળસમૂહમાં
તેના પુત્રોનાં નામ ઉપરથી કુટુંબો હતા.યિમ્નાહથી યિમ્નીઓનું કુ-
ટુંબ.યિશ્વીથી યિશ્વીઓનું કુટુંબ. તેઓનાં પૂર્વજ યિશ્વીના નામ ઉપરથી
હતું.બરીઆહ બહીઆહીઓનું કુટુંબ. 45 બહીઆહના વંશનાં કુટુંબો. તે-
ના પુત્રોનાં નામ ઉપરથી હતા.હેબેરથી હેબેરીઓનું કુટુંબ.માંલ્કીએલથી
માંલ્કીએલીઓનું કુટુંબ. 46 આશેરને એક પુત્રી હતી, જેનું નામ સેરાહ
હતું. 47 આ આશેરના કુળસમૂહનાં આટલાં કુટુંબો હતા, જેમની કુલ
સંખ્યા 53, 400ની હતી. 48 નફતાલીના કુળસમૂહમાં તેના પુત્રોનાં
નામ ઉપરથી કુટુંબો હતા:યાહસએલથી યાહસએલીઓનું કુટુંબ.ગૂનીથી
ગુનીઓનું કુટુંબ. 49 યેસેરથી યેસેરીઓનું કુટુંબ.શિલ્લેમથી શિલ્લેમીઓનું
કુટુંબ. 50 નફતાલીના કુળસમૂહના આટલાં કુટુંબો હતા. જેમની કુલ
સંખ્યા 45,400ની હતી. 51 ઈસ્રાએલના કુલ વંશજો 6,01,730 હતા, જે
યુદ્ધમાં જઈ શકે તેવા હતા. 52 પછી યહોવાએ મૂસાને કહ્યું, 53 “વસ્તી
ગણતરીના આધારે કુળસમુહોને આ જમીન તેમની સંખ્યાના પ્રમાંણમાં
વહેંચી આપવાની છે. 54 જેમની સંખ્યા મોટી છે તેમને વધુ જમીન
આપવાની છે, જેમની સંખ્યા નાની છે તેમને ઓછી જમીન આપવાની
છે. 55 પ્રત્યેક કુળસમૂહે નોંધાવેલી સંખ્યા પ્રમાંણે જમીન આપવાની છે.
પરંતુ જમીનની વહેંચણી ચિઠ્ઠી નાખીને કરવાની છે. દરેકને તેમના કુ-
ળસમૂહના વ્યક્તિઓની સંખ્યાના પ્રમાંણમાં જમીન આપવાની છે.

56 પ્રત્યેક વંશને ચિઠ્ઠીના આધારે જમીન મળશે. તેથી જમીન દરેક કુ-
ટુંબને મળશે ભલે તે નાનું હોય કે મોટું." 57 લેવીઓના નોંધયેલા કુળસ-
મૂહો અને કુટુંબો નીચે મુજબ હતા:ગેર્શોનનું કુટુંબ. કહાથનું કુટુંબ.મરા-
રીનું કુટુંબ, 58 લેવીઓનાં કુળસમુહોમાંથી બીજાં કુટુંબો નીચે મુજબ
છે:લીબ્નીનું કુટુંબ. હેબ્રોનનું કુટુંબ.માંહલીનું કુટુંબ. મૂશીનું કુટુંબ.તથા
કોરાહનું કુટુંબ. 59 કહાથનો પુત્ર આમ્રામ હતો. આમ્રાનની પત્નીનું નામ
યોખેબેદ હતું. તે લેવીની પુત્રી હતી. અને મિસરમાં જન્મી હતી, તેનાથી
આમ્રાનને હારુન, મૂસા અને તેમની બહેન મરિયમ જન્મ્યાં હતા. 60 હા-
રુનના પુત્ર નાદાબ અબીહુ, એલઆઝાર અને ઈથામાંર હતા. 61 નાદાબ
અને અબીહૂ નિષિદ્ધ અગ્નિ યહોવા સમક્ષ અર્પણ કરવાથી મૃત્યુ પામ્યા
હતા. 62 લેવી કુળસમૂહની વસ્તી ગણતરીમાં એક મહિનો અને તેનાથી
વધારે ઉમરના પુરુષોની કુળ સંખ્યા 23,000 થઈ. એમની નોંધણી
બીજા ઇસ્રાએલીઓ ભેગી કરવામાં ન્હોતી અવી, કારણ કે એમને
જમીન મળી ન્હોતી. 63 મૂસાએ અને યાજક એલઆઝારે યર્દન નદીને
કાંઠે યરીખો સામે મોઆબના મેદાનમાં ઇસ્રાએલીઓની વસ્તી ગણતરી
કરી ત્યારે આટલાં માંણસો નોંધાયાં હતા. 64 મૂસાએ અને યાજક હારુને
સિનાઈના રણમાં વસ્તી ગણતરી કરી હતી, ત્યારે નોંધાયેલાઓમાંથી
એક પણ માંણસ હયાત ન્હોતો. 65 કારણ, યહોવાએ તેમને કહ્યું હતું કે
યફૂન્નેહનો પુત્ર કાલેબ, અને નૂનના પુત્ર યહોશુઆ સિવાય બધા જ લો-
કો રણમાં મરણ પામશે. અને ખરેખર બધાજ મરણ પામ્યા. સિવાય કા-
લેબ અને યહોશુઆ.

27 અને યૂસફના પુત્ર મનાશ્શાના કુટુંબોમાંથી મનાશ્શાના પુત્ર
માંખીરના પુત્ર ગિલયાદના પુત્ર હેફેરના પુત્ર સલોફહાદની પુ-
ત્રીઓનાં નામ માંહલાહ, નોઆહ, હોગ્લાહ, મિલ્કાહ અને તિર્સાહ હતા.
2 તેમણે મૂસાની તથા એલઆઝારની અને સમગ્ર સમાંજના આગેવાનો-
ની સમક્ષ મુલાકાત મંડપના પ્રવેશદ્વાર આગળ હાજર થઈને દાવો રજૂ
કર્યો કે, 3 "અમાંરા પિતા રણમાં મૃત્યુ પામ્યા હતા. યહોવા સામે બળવો
કરનાર કોરાહની ટોળીમાં તે ન્હોતા. તે તેમના પોતાના પાપે જ મૃત્યુ
પામ્યા હતા અને તેમને કોઈ પુત્ર ન્હોતો. 4 અમાંરા પિતા અપુત્ર હતા
એટલા જ કારણસર તેમનું નામ કુટુંબમાંથી શા માંટે ભૂંસાઈ જાય?
અમાંરા પિતાના ભાઈઓની સાથે અમે પણ વારસો આપવામાં આવે."
5 એટલે મૂસાએ આ બાબત યહોવા સમક્ષ લાવી. 6 અને યહોવાએ તેને
કહ્યું, 7 "સલોફહાદની પુત્રીઓની વાત બરાબર છે. એ લોકોને પણ
એમના પિતાના ભાઈઓની સાથે તું તેમને ભાગ આપ; તેમના પિતા
જીવતાં હોત તો જે વારસો તેમને આપવામાં આવ્યો હોત તે તું તેઓને
આપ. 8 "તે ઉપરાંત તમાંરા સૌ માંટે આ સામાંન્ય કાનૂન છે: 'તું ઇસ્રાએ-
લીઓને આ પ્રમાંણે કહે; જો કોઈ વ્યક્તિ અપુત્ર મૃત્યુ પામે તો તેની
મિલકત તેની પુત્રીને મળે. 9 જો તેને પુત્રી પણ ના હોય, તો તેની મિલ-
કત તેના ભાઈઓને મળે. 10 જો તેને ભાઈઓ પણ ના હોય, તો તેની
મિલકત તેના કાકાઓને મળે. 11 અને જો તેને કાકાઓ ન હોય, તો તેની
મિલકત તેના સૌથી નજીકનાં સગાને મળે, અને તે તેનો માંલિક બને.
મેં યહોવાએ મૂસાને આજ્ઞા કરી છે તે મુજબ આ કાયદો સૌ ઇસ્રાએલી
પ્રજાએ પાળવાનો છે.'" 12 યહોવાએ મૂસાને કહ્યું, "તું આ અબારીમના
પર્વત પર ચઢી જા અને ઇસ્રાએલી પ્રજાને મેં જે ભૂમિ આપી છે તે જોઈ
લે. 13 તારો ભાઈ હારુન મૃત્યુ પામ્યો તેમ તું પણ તે ભૂમિને જોયા પછી
મૃત્યુ પામશે. 14 કારણ કે સીનના રણમાં જયારે સમગ્ર સમાંજે ઝરણા
આગળ માંરી સામે ઝઘડો કર્યો હતો, ત્યારે તમે માંરી આજ્ઞાનો ભંગ
કર્યો હતો: તમે તેમની આગળ માંરી શક્તિ વિષે અવિશ્વાસ પ્રગટ કર્યો
અને લોકોને બતાવ્યુ નહિ કે હું પવિત્ર છું." સીનના રણમાં આવેલા કા-
દેશ નજીકના 'મરીબાહ'ના ઝરણાની આ વાત છે. 15 ત્યારબાદ મૂસાએ
યહોવાને કહ્યું, 16 "હે યહોવા, સર્વ માંનવજાતના આત્માંઓના દેવ, આ
તમને માંરી અરજ છે કે હવે આ સમાંજનો કોઈ આગેવાન પસંદ કરો.
17 જે એમની આગળ રહે અને બધી જ બાબતોમાં માંર્ગદર્શન આપે, જે-
થી તમાંરા લોકો ભરવાડ વગરનાં ઘેટાં જેવા ન રહે." 18 યહોવાએ મૂસાને
જવાબ આપ્યો, "નૂનનો પુત્ર યહોશુઆ શક્તિશાળી માંણસ છે. 19 તું
તેને યાજક એલઆઝાર તથા સમગ્ર સમાંજ સમક્ષ ઊભો કર, પછી તેના
માંથા પર હાથ મૂકી તેમના દેખતાં જ તેને તારો ઉત્તરાધિકારી નિયુક્ત
કર. 20 "અને પછી તારી કેટલીક સત્તા તેને સોંપ, જેથી ઇસ્રાએલીઓનો
સમગ્ર સમાંજ તેની આજ્ઞામાં રહે. 21 તેણે માંરી ઈચ્છા જાણવા માંટે યા-
જક એલઆજાર પાસે જવું પડશે. પછી એલઆઝાર યહોવા સમક્ષ
ઉરીમ પાસો નાખીને યહોવાને જવાબ મેળવશે. આ રીતે એલઆઝાર
યહોશુઆને અને સમગ્ર ઇસ્રાએલી સમાંજને તેમની બધી બાબતમાં
માંર્ગદર્શન આપશે." 22 એટલે મૂસાએ યહોવાના કહ્યા પ્રમાંણે કર્યું. તેણે
યહોશુઆને લઈ જઈને યાજક એલઆઝાર તથા સમગ્ર ઇસ્રાએલી
સમાંજ સમક્ષ રજૂ કર્યો. 23 અને સૌ લોકોની હાજરીમાં મૂસાએ તેને માંથે
હાથ મૂકીને તેને યહોવાએ જણાવ્યા મુજબ ઉત્તરાધિકારી નિયુક્ત કર્યો.

28 યહોવાએ મૂસાને કહ્યું, 2 "ઇસ્રાએલી પ્રજાને આ પ્રમાંણે આજ્ઞા
કર: 3 તમાંરે નિયત સમયે મને આગમાં બનાવેલું ખાદ્યાર્પણ
ધરવું, તેની સુગંધ મને પ્રસન્ન કરે છે." તેથી તમાંરે નીચે મુજબ અર્પણ
ચઢાવવું. પ્રતિદિન તમાંરે એક વર્ષના ખોડખાંપણ વગરના બે નર હલ-
વાનોનું દહનાર્પણ કરવું જ. 4 એક હલવાનની આહુતિ સવારે અને બી-
જાની સંધ્યાકાળે અને રાત્રિની વચ્ચે આહુતિ આપવી. 5 ઝીણા દળેલા
આઠ વાટકા મેંદાના લોટમાં એક ક્વાર્ટજૈતૂન તેલ ભેળવીને તે પણ ખા-
દ્યાર્પણ તરીકે અર્પણ કરો." 6 તેઓએ સિનાઈ પર્વત પર દૈનિક અર્પણો
આપવાનું શરૂ કર્યું, આ અર્પણો આગથી બનાવેલા હતા, તેની સુગંધ
યહોવાને પ્રસન્ન કરે છે. 7 પેયાર્પણ તરીકે પા ગેલન દ્રાક્ષારસ દરેક હલ-
વાન સાથે અર્પણ કરવો. તમાંરે તેને દેવને પેયાર્પણ તરીકે પવિત્ર
જગ્યામાંની વેદી પર રેડી દેવો. 8 બીજા હલવાનની આહુતિ પણ તમાંરે
સંધ્યા અને રાત્રિ વચ્ચે આપવી, અને તેની સાથે સવારના જેવા જ ખા-
દ્યાર્પણ તથા પેયાર્પણ ધરાવવાં. આ હોમયજ્ઞની સુવાસથી યહોવા પ્ર-
સન્ન થાય છે. 9 "વિશ્રામવારને દિવસે તમાંરે ખોડખાંપણ વિનાના એક
વર્ષની ઉમરના બે હલવાન, ખાદ્યાર્પણ તરીકે તેલે મોયેલા 16 વાટકા
મેંદાનો લોટ અને નક્કી કરાયેલી માંત્રામાં દ્રાક્ષારસ ધરાવવો. 10 પ્રત્યેક
વિશ્રામવારે આ અર્પણ નિયમિત દહનાર્પણ અને પેયાર્પણ ઉપરાંત લા-
વવાનું છે." 11 "પ્રત્યેક મહિનાના પ્રથમ દિવસે તમાંરે યહોવાને દહનાર્પ-
ણમાં 2 વાછરડા, એક ઘેટો અને 1 વર્ષની ઉમર ના 7 નર હલવાનો ખો-
ડખાંપણ વગરના ચઢાવવાં. 12 પ્રત્યેક બળદ સાથે તમાંરે 24 વાટકા
ઝીણો દળેલો લોટ જૈતૂન0 તેલ સાથે ભેળવી અર્પણ કરવો. અને નર
ઘેટા સાથે 16 વાટકા ઝીણો દળેલો લોટ જૈતૂન તેલ સાથે ભેળવી
અર્પણ કરવો. 13 અને પ્રત્યેક હલવાન માંટે તેલે મોયેલા 8 વાટકા ઝી-
ણા દળેલા લોટમાં જૈતૂન તેલ ભેળવી અગ્નિમાં બનાવી તારે અર્પણ કર-
વું તેની સુંગધથી યહોવા પ્રસન્ન થાય છે. 14 તમાંરે પેયાર્પણમાં વાછરડા
દીઠ અડધો ગેલન દ્રાક્ષારસ, ઘેટા દીઠ સવા ગેલન દ્રાક્ષારસ અને હલ-
વાન દીઠ પા ગેલન દ્રાક્ષારસ ચઢાવવો, વર્ષના પ્રત્યેક મહિનામાં બારે
માંસ અર્પણ કરવાનું આ દહનાર્પણ છે. 15 પ્રત્યેક માંસના પ્રથમ દિવસે
એક બકરો પાપાર્થાર્પણ તરીકે તમાંરે યહોવાને ચઢાવવો. અને દૈનિક
દહનાર્પણ અને તે સાથેના પેયાર્પણ ઉપરાંતનુ આ અર્પણ છે. 16 "પહે-
લા મહિનાનો ચૌદમો દિવસ તે યહોવાનો પાસ્ખાનો દિવસ છે, દર વર્ષે
પહેલા મહિનાની 14 મી તારીખ તેની ઉજવણી કરવી. 17 આ માંસને
પંદરમે દિવસે બેખમીર રોટલીનો પર્વ શરૂ થશે અને સાત દિવસ સુધી
તે ચાલુ રહેશે જે દરમ્યાન તમાંરે બેખમીર રોટલી ખાવી. 18 પ્રથમ દિવસે
યહોવાની સમક્ષ સર્વ લોકોની ધર્મસભા રાખવી. તે દિવસે રોજનું પરિ-
શ્રમનું કામ કરવું નહિ. 19 તમાંરે યહોવાને દહનાર્પણમાં 2 વાછરડા, 1
ઘેટો અને 1 વર્ષની ઉમરનાં ખોડખાંપણ વિનાનાં 7 હલવાનો ચઢાવવાં.
20 પ્રત્યેક વાછરડા દીઠ 24 વાટકા ઝીણા દળેલા લોટમાં જૈતૂન તેલ ભે-
ળવી તથા નર ઘેટા સાથે 16 વાટકા ઝીણા દળેલા લોટમાં જૈતૂન તેલ
ભેળવી અર્પણ કરવાં. 21 અને પ્રત્યેક હલવાન સાથે 8 વાટકા તેલથી
મોયેલો લોટ. 22 અને તમાંરા પોતાના માંટે પ્રાયશ્ચિત કરવા પાપાર્થા-
ર્પણ તરીકે તમાંરે એક બકરાનું અર્પણ કરવું. 23 દરરોજના દહનાર્પણો
ઉપરાંત આ અર્પણો તમાંરે સાત દિવસ સુધી લાવવાનાં છે. 24 "ઉત્સવ-
ના સાતે દિવસ દરરોજ યહોવાને માંટે સુવાસિત હોમયજ્ઞનું અન્ન; જાથુ-
ના દહનાર્પણ સાથેના પેયાર્પણ ઉપરાંત ચઢાવવાનાં છે. 25 "સાતમાં
દિવસે ફરીથી પવિત્ર ધર્મસભા માંટે સર્વ લોકોએ ભેગા થવું અને તે દિ-
વસે રોજનું પરિશ્રમનું કામ કરવું નહિ. 26 "કાપણીના પર્વના પ્રથમ દિ-
વસે, નવા પાકની ઉજવણી કરવા યહોવા સમક્ષ સર્વ લોકોએ ધર્મસ-
ભામાં ભેગા થવું, તે દિવસે તમાંરે તમાંરા નવા પાકનું પ્રથમ ફળ યહો-

વાને ખાદ્યાર્પણ તરીકે અર્પણ કરવું. અને રોજનું કામ કરવું નહિ. 27 તે દિવસે એક ખાસ દહનાર્પણ યહોવા સમક્ષ ચઢાવવું. તેની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે, તે માંટે તમાંરે 2 વાછરડા, 1 ઘેટો અને એક વર્ષના 7 નર હલવાનો લાવવા. 28 એની સાથે બળદ દીઠ 24 વાટકા, ઘેટા દીઠ 16 વાટકા 29 અને હલવાન દીઠ 8 વાટકા તેલથી મોયેલો લોટ ચઢાવવો. 30 તદુપરાંત તમાંરા પોતાના પ્રાયશ્ચિતને માંટે એક બકરો અર્પણ કરવો. 31 પ્રતિદિન નિયમિત ચઢાવવામાં આવતાં દહનાર્પણ, ખાદ્યાર્પણ અને પેયાર્પણ ઉપરાંત આ અર્પણો તમાંરે લાવવાનાં છે. બલિદાન માંટેનાં પ્રાણીઓ ખોડખાંપણ વિનાના હોય તેની કાળજી રાખવી.

29 પ્રતિવર્ષ સાતમાં મહિનાના પ્રથમ દિવસે તમાંરે ધર્મસંમેલન રાખવું. એ દિવસે રણશિંગડાં વગાડવાનો ઉત્સવ ઉજવવો. રોજનું કામ તે દિવસે કરવું નહિ. તે દિવસે તમાંરે સૌએ આનંદના પોકારો કરવા. 2 તે દિવસે તમાંરે યહોવાને દહનાર્પણમાં એક વાછરડો, એક ઘેટો અને એક વર્ષની વયનાં ખોડખાંપણ વિનાના 7 હલવાન અર્પણ કરવાં. તેની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 3 તેની સાથે વાછરડા દીઠ 24 વાટકા, 4 ઘેટા દીઠ 16 વાટકા લોટ અને હલવાન દીઠ 8 વાટકા લોટ તેલમાં મોયીને ખાદ્યાર્પણ માંટે લાવીને ચઢાવવો. 5 આ ઉપરાંત તમાંરા પોતાના માંટે પ્રાયશ્ચિત કરવા પાપાર્થાર્પણ તરીકે એક બકરો ચઢાવવો. 6 અમાંવાસ્યાના દહનાર્પણ તથા દૈનિક યજ્ઞો અને તે સાથેના ખાદ્યાર્પણ અને પેયાર્પણ ઉપરાંત આ વિશિષ્ટ અર્પણો છે. એ યહોવાની સુવાસિત આહુતિ છે. 7 “આ સાતમાં મહિનાના દશમે દિવસે ધર્મ સંમેલન રાખવું, તે દિવસે તમાંરે ઉપવાસ કરવો અને રોજનું કોઈ કામ ન કરવું. 8 તે દિવસે તમાંરે યહોવા સમક્ષ દહનાર્પણમાં એક વાછરડો, એક ઘેટો અને એક વર્ષની વયના સાત નર હલવાનો ખોડખાંપણ વિનાના અર્પણ કરવાં. આની સુવાસથી યહોવા પ્રસન્ન થાય છે. 9 તમાંરે વાછરડા સાથે 24 વાટકા તેલમાં ભેળવેલો લોટ અર્પણ કરવો, 10 પ્રત્યેક ઘેટા દીઠ 16 વાટકા, અને હલવાન દીઠ 8 વાટકા, તેલથી મોયેલો લોટ ચઢાવવો. 11 વળી પાપાર્થાર્પણ માંટે તમાંરે એક બકરાનું બલિદાન આપવું. પ્રાયશ્ચિતના દિવસનું પાપાર્થાર્પણ વર્ષમાં એક વખત તે પ્રાયશ્ચિતના દિવસે અર્પણ કરવામાં આવતું અને પ્રતિદિન થતાં દહનાર્પણો, ખાદ્યાર્પણો અને પેયાર્પણો ઉપરાંતનું આ અર્પણ છે. 12 પછી સાતમાં મહિનાના પંદરમે દિવસે તમાંરે ધર્મસંમેલન રાખવું. રોજનું કામ કરવું નહિ, અને સાત દિવસ સુધી તમાંરે યહોવાનો ઉત્સવ ઊજવવો. 13 તે દિવસે યહોવા જેનાથી પ્રસન્ન થાય છે તે અર્પણ કરવું. તમાંરા આ વિશિષ્ટ દહનાર્પણમાં 13 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની ઉંમરનાં ખોડખાંપણ વિનાનાં 14 નર હલવાન ચઢાવવાં. 14 એની સાથે ખાદ્યાર્પણમાં વાછરડા દીઠ 24 વાટકા, 15 ઘેટા દીઠ 16 વાટકા અને હલવાન દીઠ 8 વાટકા તેલથી મોયેલો લોટ ધરાવવો. 16 તદુપરાંત પ્રાયશ્ચિત્તાર્પણ તરીકે એક બકરો ચઢાવવો. પ્રતિદિન નિયમિત થતા યજ્ઞો, ખાદ્યાર્પણો અને પેયાર્પણ ઉપરાંત આ અર્પણ કરવાનું છે. 17 “બીજે દિવસે 12 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની ઉંમરના ખોડખાંપણ વગરના 14 નર હલવાનો ચઢાવવા. 18 તેની સાથે નિયમ પ્રમાંણે ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચઢાવવા. 19 તદુપરાંત નિયમિત પ્રતિદિન થતા યજ્ઞ ઉપરાંત પાપાર્થાર્પણ માંટે એક બકરાનું બલિદાન અને તે સાથેનાં ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચઢાવવાં. 20 “ત્રીજે દિવસે 11 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની ઉંમરના ખોડખાંપણ વિનાના 14 હલવાનો, 21 તથા તેની સાથે પ્રાણીઓની સંખ્યા અનુસાર નકકી કરેલા ધોરણ મુજબ ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચઢાવવા. 22 ઉપરાંત, પ્રાયશ્ચિત્તાર્પણ તરીકે એક બકરો ચઢાવવો. આ પ્રતિદિન થતાં દહનાર્પણો, ખાદ્યાર્પણો અને પેયાર્પણ ઉપરાંત ચઢાવવું. 23 “ચોથે દિવસે 10 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની ઉંમરના ખોડખાંપણ વગરના 14 હલવાનો, 24 તથા તેની સાથે પ્રાણીઓની સંખ્યા મુજબ ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચઢાવવા. 25 તદુપરાંત પાપાર્થાર્પણ તરીકે એક બકરો ચઢાવવો. આ પ્રતિદિન અપાતાં દહનાર્પણ, ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ઉપરાંત ચઢાવવું. 26 “પાંચમે દિવસે 9 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની ઉંમરના ખોડખાંપણ વગરના 14 હલવાન. 27 તથા તેની સાથે પ્રાણીઓની સંખ્યા મુજબ યોગ્ય પૂરતા ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચઢાવવા. 28 પ્રતિદિન થતાં યજ્ઞ અને તે સાથે નિયમ પ્રમાંણે ખાદ્યાર્પણ અને પેયાર્પણ ઉપરાંત પાપાર્થાર્પણ માંટે એક બકરાનું બલિદાન આપવું. 29 “છઠ્ઠે દિવસે 8 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની ઉંમરના ખોડખાંપણ વગરના 14 હલવાન 30 તથા તેની સાથે પ્રાણીઓની સંખ્યા અનુસાર જરૂરી પૂરતાં ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચઢાવવા. 31 આ બધું પ્રતિદિન નિયમિત થતાં યજ્ઞ અને તે સાથે નિયમ પ્રમાંણે ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ઉપરાંત પાપાર્થાર્પણને માંટે એક બકરાનું બલિદાન અર્પણ કરવું. 32 “સાતમે દિવસે 7 વાછરડા, 2 ઘેટા અને એક વર્ષની ઉંમરના ખોડખાંપણ વગરના 14 હલવાન. 33 તથા તેની સાથે પ્રાણીઓની સંખ્યા અનુસાર નિયમ મુજબ ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચઢાવવાં. 34 ઉપરાંત પાપાર્થાર્પણ તરીકે એક બકરો ચઢાવવો. આ અર્પણ પ્રતિદિન થતાં ખાદ્યાર્પણ અને પેયાર્પણ ઉપરાંતના હશે. 35 “આઠમાં દિવસે તમાંરા માંટે ખૂબજ વિશિષ્ટ સભાનો દિવસ હશે, 36 તે દિવસે તમાંરે રોજના કામ ન કરવા. તમાંરે યહોવાને દહનાર્પણો અર્પવા. તેની સુવાસ યહોવાને પ્રસન્ન કરે છે. આ તમાંરા ખાસ દહનાર્પણમાં એક બળદ, એક ઘેટો અને એક વર્ષની ઉંમરના ખોડખાંપણ વગરના 7 હલવાન હોવા જોઈએ. 37 તથા તેની સાતે સંખ્યા અનુસાર નિયમ મુજબ ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ચઢાવવા. 38 ઉપરાંત તમાંરે પાપાર્થાર્પણ તરીકે એક બકરો ચઢાવવો. આ અર્પણ પ્રતિદિન દહનાર્પણ અને ખાદ્યાર્પણ તથા પેયાર્પણ ઉપરાંત ચઢાવવું. 39 “તમાંરા ઠરાવેલા વાર્ષિક ઉસ્તવો દરમ્યાન આ અર્પણો ફરજિયાત છે. આ અર્પણો તમાંરી બાધાના પૂર્ણ કરવાના અર્પણો, અથવા ખાસ ભેટના અર્પણો અથવા દહનાર્પણો, ખાદ્યાર્પણો, પેયાર્પણો તથા શાંત્યર્પણોની ઉપરાંત અર્પણ કરવાના છે.” 40 મૂસાએ આ સર્વ સૂચનાઓ યહોવાની આજ્ઞા પ્રમાંણે ઈસ્રાએલી પ્રજાને કહી સંભળાવી.

30 મૂસાએ ઈસ્રાએલીઓના કુળસમૂહોના વડાઓને કહ્યું, “યહોવાની આજ્ઞા આ પ્રમાંણે છે: 2 “જો કોઈ વ્યક્તિ કોઈ બાબત માંટે અથવા કોઈ વસ્તુનો ત્યાગ કરવા માંટે દેવ સમક્ષ વચન આપે તો તેણે તેનો ભંગ કરવો નહિ. વચનનું પાલન અચૂક કરવું. 3 “જો કોઈ કુંવારી સ્ત્રી પોતાના પિતાને ઘેર હોય ત્યારે યહોવાને કશું ચઢાવવાનું વચન આપે અગર અન્ય કોઈ વસ્તુનો ત્યાગ કરવાનું વ્રત લે. 4 અને તેના પિતાને તે વચન વિષે જાણ થાય છતાં તે કશો વાંધો ઉઠાવે નહિ, તો તે વચન તે સ્ત્રીને બંધનકર્તા બને છે. 5 પરંતુ જો તેના પિતાને જે દિવસે જાણ થાય તે જ દિવસે તેણીને વચન પુરું કરવાની મનાઈ કરે તો તે તેને પુરું કરવા બંધનકર્તા ન રહે, તેના પિતાએ તેને રોકી હોવાથી યહોવા તેને વચન તોડવા માંટે દોષિત ગણે નહિ. 6 “પરંતુ જો કોઈ સ્ત્રી કઈ કરવાની પ્રતિજ્ઞા લે, અને પછી લગ્ન કરે, 7 અને તેના પતિને તેના વચન વિષેની ખબર પડે અને જે દિવસે ખબર પડે તે દિવસે તે વિષે કશું ન કરે તો તેનું વચન બંધનકર્તા બને છે. 8 જો તેનો પતિ તેની પ્રતિજ્ઞા અથવા વચન પુરું કરવા ન દે તો તે પ્રતિજ્ઞા અથવા વચન મુક્ત થઈ જાય છે. તેથી યહોવા તેને માંફ કરશે. 9 “જો કોઈ વિધવા કે છૂટાછેડા આપેલી સ્ત્રીનું વચન હોય તો તે તેને બંધનકર્તા ગણાય, તે અચૂક પૂર્ણ કરવાં. 10 “જો કોઈ પરણેલી સ્ત્રીએ સાસરે આવ્યા પછી યહોવાને કોઈ વચન આપ્યું હોય, 11 અને તેની જાણ થવા છતાં તેનો પતિ તેને કાંઈ જ કહે નહિ કે ના પાડે નહિ, તો તેનું વચન તેને બંધનકર્તા ગણાય. 12 પણ જો પતિને જાણ થતાં તેને રદ કરે તો તેણે જે વચન આપ્યું હોય તે બંધનકર્તા રહે નહિ. તેના પતિએ તેને રદ કર્યા હોવાથી યહોવા તેને માંફ કરી દેશે. 13 પત્નીના કોઈ પણ વચનને પતિ મંજૂર કે રદ કરી શકે છે. 14 પરંતુ જો જાણ થયા પછી બીજા દિવસ સુધીમાં પતિએ તેને કંઈજ કહ્યું ના હોય તો એનો અર્થ એ કે તે એના વચન સાથે સંમત છે, અને પતિએ જાણ થઈ તે જ દિવસે તેણે કશું જ કહ્યું નહિ,એટલે એ મંજૂર રાખ્યું ગણાય. 15 પણ જો જાણ્યા પછી થોડા સમય બાદ પતિ ના કરે તો તેણીના વચનોનાં ભંગનો જવાબદાર તેનો પતિ છે.” 16 પતિ અને પત્નીને વિષે તેમજ પિતા અને તેના ઘરમાં રહેતી કુંવારી કન્યા વિષે યહોવાએ મૂસાને આ પ્રમાંણે નિયમો જણાવ્યા હતા.

31 યહોવાએ મૂસાને કહ્યું, 2 “મૂર્તિપૂજામાં ઈસ્રાએલને લઈ જનાર મિદ્યાનીઓ ઉપર તું પૂરેપૂરું વેર વસૂલ કરજે. તે પછી તું પિતૃઓ ભેગો પોઢી જશે.” 3 પછી મૂસાએ લોકોને કહ્યું, “તમાંરામાંથી કેટલાકે શસ્ત્રસજજ થઈને મિદ્યાનીઓ ઉપર હુમલો કરો, અને યહોવા

તમાંરા દ્વારા મિદ્યાનીઓ ઉપર બદલો લેશે. 4 તમાંરે ઇસ્રાએલના પ્રત્યેક
કુળસમૂહમાંથી 1,000 માંણસોને યુદ્ધમાં મોકલવા.” 5 આથી પ્રત્યેક કુ-
ળસમૂહમાંથી હજાર માંણસો મુજબ મૂસાએ 12,000 માંણસો ભેગા
કરીને તેમને શસ્ત્રસજજ કરીને યુદ્ધમાં મોકલ્યા.” 6 અને યાજક
એલઆઝારનો પુત્ર ફીનહાસ પવિત્ર સામગ્રી અને યુદ્ધનાદ કરવાનાં
રણશિંગડાં લઈને સાથે ગયો. 7 યુદ્ધમાં મિદ્યાનના સર્વ પુરુષોનો સંહાર
કરવામાં આવ્યો. કારણ કે મૂસાએ યહોવાની આજ્ઞા મુજબ મિદ્યાનીઓ
પર હુમલો કર્યો હતો. 8 યુદ્ધમાં માંર્યા ગયેલા માંણસોમાં મિદ્યાની રા-
જાઓ અવી, રેકેમ, સૂર, હૂર અને રેબા હતા. ઉપરાંત બયોરના પુત્ર
બલામને પણ માંરી નાખ્યો હતો. 9 ઇસ્રાએલીઓએ મિદ્યાનીઓની સર્વ
સ્ત્રીઓને અને બાળકોને કેદ પકડયાં, તેમના બધાં ઢોર, ઘેટાં બકરાં
અને સરસામાંન લૂંટી લીધાં. 10 તેમણે તેમના બધાં શહેરોને અને છાવ-
ણીઓને લૂટયાં. 11 ત્યાર પછી તેઓ બધી લૂટ અને કબજે કરેલાં
પશુઓ અને માંણસોને 12 મોઆબના મેદાનમાં યરીખોની સામે યર્દન
નદીને કાંઠે આવેલી છાવણીમાં મૂસા, યાજક એલઆઝાર અને સમગ્ર
ઇસ્રાએલી સમાંજ સમક્ષ લાવ્યા. 13 મૂસા, એલઆઝાર યાજક અને લો-
કોના આગેવાનો વિજયી સૈન્યને મળવા માંટે બહાર આવ્યા. 14 મૂસા
યુદ્ધમાંથી પાછા ફરતા લશ્કરના સેનાપતિઓ, અને લશ્કરના નાનામો-
ટા અધિકારીઓ ઉપર ક્રોધે ભરાયો હતો. 15 તેણે તેઓને પૂછયું, “તમે
આ બધી સ્ત્રીઓને શા માંટે જીવતી રહેવા દીધી? 16 આ એ જ સ્ત્રીઓ
છે જેઓએ બલામની શિખામણ મુજબ પેઓરના પર્વત પર ઇસ્રાએલી-
ઓને યહોવાનો ત્યાગ કરવા તથા મૂર્તિપૂજામાં લલચાવી ગઈ હતી,
અને તેને કારણે જ ઇસ્રાએલી સમાંજમાં મરકીનો રોગચાળો ફાટી નીક-
ળ્યો હતો. 17 આથી બધાં પુરુષ સંતાનોને માંરી નાખો, અને જેમણે શા-
રીરિક સંબંધ કર્યો હોય એવી બધી સ્ત્રીઓને પણ માંરી નાખો. 18 પરંતુ
જે સ્ત્રીઓએ શારીરિક સંબંધ ન કર્યો હોય તેઓને તમાંરે માંટે જીવતી
રાખો. 19 અને જેઓએ કોઈનો સંહાર કર્યો છે અથવા મૃતદેહનો સ્પર્શ
કર્યો છે તેઓ બધાએ સાત દિવસ સુધી છાવણીની બહાર રહેવું. તમાંરે
અને તમાંરા કેદીઓએ ત્રીજે અને સાતમે દિવસે દેહશુદ્ધિ કરવી, 20 વળી
તમાંરાં બધા કપડાં તથા જે કાંઈ ચામડાનું કે બકરાના વાળનું કે લાક-
ડાનું બનાવેલુ હોય તે બધું ય શુદ્ધ કરવાનું યાદ રાખો.” 21 પછી યાજક
એલઆઝારે યુદ્ધમાંથી પાછા ફરેલા યોદ્ધાઓને કહ્યું, “યહોવાએ મૂસા
માંરફતે જણાવેલા આ શાસ્ત્રનો નિયમ છે. 22 જે કાંઈ અગ્નિમાં મૂકી
શકાય જેમકે સોનું, ચાંદી, કાંસા, લોખંડ, કલાઈ અને સીસાને 23 શુદ્ધ
કરવા માંટે અગ્નિમાંથી પસાર કરવું પડશે; પછી શુદ્ધિના પાણી વડે તેને
શુદ્ધ કરવામાં આવશે, જો કાંઈ અગ્નિમાં મૂકી ન શકાય તે બધાને પાણી-
થી શુદ્ધ કરવું. 24 સાતમે દિવસે તમાંરે કપડાં ધોઈ નાખવાં, ત્યાર પછી
તમે શુદ્ધ થશો, અને પાછા છાવણીમાં દાખલ થઈ શકશો.” 25 અને
યહોવાએ મૂસાને કહ્યું, 26 “તું તથા એલઆઝાર યાજક અને કુળના
વડાલો સાથે મળીને કબજે કરાયેલાં માંણસો અને પશુઓ સહિત બધા-
ની ગણતરી કર, 27 અને એ યુદ્ધમાં ગલેયા યોદ્ધાઓ અને બાકીના
સમાંજ વચ્ચે સરખે ભાગે વહેંચી આપ. 28 યુદ્ધમાં ગયેલા યોદ્ધાઓના
ભાગમાંથી તારે દર 500 કેદીઓ, બળદો, ગધેડાં કે ઘેટાં દીઠ એક યહો-
વાને માંટે કાઢી લેવું. 29 પેલી વસ્તુઓ સૈનિકોએ યુદ્ધમાં લીધેલી વસ્તુ-
ઓના અડધા ભાગમાંથી લેવી અને તેને યાજક એલઆઝારને આપવી
તે ભાગ યહોવાનો છે. 30 લોકોના અડધા ભાગમાંથી, દર 50 માંણસ
દીઠ, બળદો, ગધેડાં, ઘેટાં અને બીજાં બધાં પશુઓમાંથી એક લઈને
યહોવાના પવિત્રમંડપની સંભાળ લેતા લેવીઓને તે આપ. તે દેવનો
ભાગ છે.” 31 તેથી યહોવાએ આજ્ઞા કરી હતી તે પ્રમાંણે મૂસાએ અને
યાજક એલઆઝારે કર્યું. 32 યોદ્ધાઓએ જે લૂંટ એકત્ર કરી હતી તેની યા-
દી: 6,75,000 ઘેટાં, 33 બોંતેર હજારઢોર, 34 એકસઠ હજાર ગધેડા,
35 બત્રીસ હજાર કુંવારી કન્યાઓ. 36 યુદ્ધમાં ગયેલા સૈનિકોને લૂંટમાંથી
જે અડધો ભાગ તેની વિગતો: 3,37,500 ઘેટા; 37 તેમાંથી 675 કર
તરીકે યહોવાને આપવામાં આવ્યાં. 38 છત્રીસ હજાર ઢોર, તેમાંથી72 કર
તરીકે યહોવાને આપવામાં આવ્યાં. 39 ત્રીસ હજારને પાંચસૌ ઘેડાં; તે-
માંથી 61 કર તરીકે યહોવાને આપવામાં આવ્યા. 40 સોળ હજાર માંણ-
સો, તેમાંથી 32 કર તરીકે યહોવાને આપવામાં આવ્યા. 41 યહોવાએ મૂ-
સાને કહ્યું હતું તે પ્રમાંણે યહોવાને સર્વ ભાગ યાજક એલઆઝારને
આપવામાં આવ્યો. 42 લૂંટનો અડધો ભાગ ઇસ્રાએલી લોકો માંટે હતો,
મૂસાએ યુદ્ધમાં ગયેલા યોદ્ધાઓના ભાગથી તેને જુદો રાખ્યો હતો, તેની
વિગતો; 43 અડધા ભાગમાં 3,37,500 ઘેટાં 44 છત્રીસ હજાર ગાયો.
45 ત્રીસ હજારને પાંચસૌ ગધેડાં, 46 ને સોળ હજાર પુરુષોઓ હતા.
47 યહોવાની આજ્ઞા અનુસાર મૂસાએ લોકોને મળેલા અડધા ભાગમાંથી
દર 50 માંણસોમાંથી એક માંણસ અને દર 50 પશુઓમાંથી એક પશુ
લઈને યહોવાના પવિત્ર મંડપની સંભાળ રાખનાર લેવીઓને તે આપ્યાં.
48 પછી સેનાપતિઓ અને લશ્કરના નાનામોટા અધિકારીઓએ આવીને
49 મૂસાને જણાવ્યું, “અમે આપના સેવકોએ તેમના હાથ નીચેને માંણ-
સોની ગણતરી કરી છે અને એક પણ માંણસ ઓછો થયો નથી.
50 આથી લૂંટના અમાંરા ભાગમાંથી ખાસ સ્તુત્યાર્પણો યહોવાને અર્પણ
કરવા લાવ્યા છીએ: સોનાનાં ઘરેણાં, સાંકળા, કડાં, વીટીઓ, કુડળો
અને હારો-અમાંરા પ્રાણ બચાવવા બદલ યહોવાને ધરાવવા આવ્યા
છીએ. યહોવા સમક્ષ અમાંરા આત્માંઓના પ્રાયશ્ચિતને માંટે આ સર્વ
અર્પણો છે.” 51 મૂસાએ અને યાજક એલઆઝારે તેમની પાસેથી દાગી-
નાઓ સ્વીકારી લીધા. તે વધા શોભાયમાંન અલંકારના રૂપમાં હતા.
52 તેમણે યહોવાને ધરાવેલી આ સોનાની ભેટનું કુલ વજન બસો કિલો
હતું. તેની કિંમત 420 પાઉંડ હતી. એ 1000 માંણસોના અને 100
માંણસોના આગેવાનોએ આપેલ હતું. 53 અધિકારી નહોતા તેવા યોદ્ધા-
ઓએ પોતપોતાની લૂંટ પોતાની પાસે રાખી હતી. 54 મૂસા અને યાજક
એલઆઝાર ‘હજાર-હજાર’ ના અને સોસોના સેનાનાયકો પાસેથી સોનું
સ્વીકારીને મુલાકાત મંડપમાં લઈ આવ્યા, ઇસ્રાએલ પ્રજાના સ્મરણાર્થે
યહોવા સમક્ષ તે રાખવામાં આવ્યું, જેથી યહોવા ઇસ્રાએલનું રક્ષણ કરે.

32 ઇસ્રાએલી પ્રજા યાઝેર અને ગિલયાદના પ્રદેશમાં આવી, રૂબેન
અને ગાદના કુળસમૂહો પાસે ઘેટાનાં મોટાં મોટાં ધણ હતા. તે-
મણે જોયું કે આ પ્રદેશ ઢોરઢાંખરના ઉછેર માંટે ઉત્તમ અને અનુકુળ છે.
2 તેથી તેઓએ મૂસા; યાજક એલઆઝાર અને સમાંજના આગેવાનો
સમક્ષ આવીને કહ્યું, 3 “ઇસ્રાએલી સમાંજને યહોવાએ જીતી આપેલો પ્ર-
દેશ, અટારોથ, દીબોન, યાઝેર, નિમ્રાહ, હેશ્બોન, એલઆલેહ, સબામ,
નબો અને બેઓન. 4 આ સમગ્ર પ્રદેશ ઢોરઢાંખરના ઉછેર માંટે ખૂબ
અનુકૂળ છે, અને આપના સેવકો પાસે પુષ્કળ ઢોરો છે. 5 અમાંરા પર કૃ-
પા હોય તો યર્દન નદી ઓળંગીને તે તરફના વિસ્તારને બદલે આ પ્રદેશ
અમાંરા ભાગમાં આપો.” 6 મૂસાએ ગાદ અને રૂબેનના કુળસમૂહોને કહ્યું,
“તમાંરા બીજા ઇસ્રાએલી ભાઈઓ તો યુદ્ધમાં જાય છે ત્યારેશું તમે અહીં
રહેવા માંગો છો? 7 ઇસ્રાએલીઓ યર્દન નદી ઓળંગીને યહોવાએ તેમને
આપેલી ભૂમિમાં દાખલ થવા જાય છે, ત્યારે તમે શા માંટે તેમને નિરૂ-
ત્સાહી કરો છો? 8 જ્યારે મેં તમાંરા પિતૃઓને કાદેશ બાર્નેઆથી દેશની
જાસૂસી કરવા મોકલ્યા હતા, ત્યારે તેઓએ આવુ જ વર્તન કર્યુ હતું, 9 તે
લોકો એશ્કોલ ખીણ સુધી ગયા. પ્રદેશ જોયો અને જે પ્રદેશ યહોવાએ
ઇસ્રાએલીઓને આપ્યો હતો ત્યાં જવાનો તેમનો ઉત્સાહ તોડી પાડયો.
10 આથી તે દિવસે યહોવાનો ક્રોધ ભભૂકી ઊઠયો હતો અને તેણે વચન
આપ્યું કે, 11 ‘તે લોકો મને વિશ્વાસુ રહ્યા નથી તેથી મિસરમાંથી આવેલા
એમાંના 20 વર્ષ અને તેથી વધારે ઉંમરના ઇસ્રાએલીઓ ઈબ્રાહિમ,
ઈસહાક અને યાકૂબને જે ભૂમિ આપવાનું વચન આપ્યુ હતું તેમાં તે પ્ર-
વેશ કરશે નહિ. 12 અપવાદરૂપે ફકત માંરામાં સંપૂર્ણ વિશ્વાસ રાખનાર
કનિઝઝી યફૂન્નેહનો પુત્ર કાલેબ અને નૂનનો પુત્ર યહોશુઆ જેઓએ
વચનના દેશમાં જવા માંટે લોકોને અનુરોધ કર્યો હતો.’ 13 “ઇસ્રાએ-
લીઓ ઉપર યહોવાનો કોપ ભભૂકી ઊઠયો, અને તેણે તેમને 40 વર્ષ
સુધી રણમાં રઝળાવ્યા, અને આખેર યહોવાને દુઃખ આપનારી આખી
પેઢી સમાંપ્ત થઈ ગઈ 14 અને હવે તમે, પાપી લોકો, પણ તમાંરા પિતા-
ઓએ કર્યુ તેમ કરો છો. શું તમાંરે યહોવાને તેના લોકો વિરુદ્ધ હજુ વધા-
રે ગુસ્સે કરવા છે? 15 કારણ, જો તમે અત્યારે આ પ્રમાંણે દેવથી વિમુખ
થશો તો તે આ બધા લોકોને રણમાં રઝળતાં છોડી દેશે અને તમે તેમ-
ના વિનાશનું નિમિત્ત બનશો.” 16 તેથી તેમણે મૂસાની પાસે જઈને કહ્યું,
“અમે અહીં અમાંરાં ઘેટાંબકરાં માંટે વાડા બાંધીશું અને અમાંરાં સ્ત્રી બા-
ળકો માંટે કિલ્લેબંધી નગરો બાંધીશું; 17 ત્યાર બાદ અમે જાતે શસ્ત્રસ-
જ્જ થઈને ઇસ્રાએલી પ્રજાની આગળ રહી તેમને તેમની ભૂમિમાં
પહોંચાડતા સુધી લડીશું, એ સમય દરમ્યાન અમાંરાં સ્ત્રી બાળકો એ

ગામોમાં દેશના મૂળ વતનીઓના હુમલાથી સુરક્ષિત રહી શકશે. 18 અને
બધા ઈસ્રાએલીઓને તેઓનો વારસો-પોતાના ભાગની જમીનનો પાછો
નહિ મળે ત્યાં સુધી અમે પાછા નહિ ફરીએ. 19 વળી અમે યર્દન નદીને
પેલે પારના પ્રદેશમાં તેમની સાથે જમીનમાં ભાગ માંગીશું નહિ, કારણ
કે, તેના બદલે અમને યર્દન નદીને પૂર્વકાંઠે અમાંરા ભાગની જમીન
મળેલી છે ત્યાં રહેવાનું અમે પસંદ કરીશું.” 20 એટલે મૂસાએ કહ્યું, “ઠીક,
તો તમે જે કહ્યું છે તે પ્રમાંણે કરો અને યહોવાના યુદ્ધ માંટે પોતાને
સજજ કરો. 21 અને યહોવા પોતાના શત્રુઓને તે દેશમાંથી હાંકી કાઢે
ત્યાં સુધી તમાંરી સેનાની ટુકડીઓને યર્દન નદીને પાર રાખો અને ત્યાં
રહો. 22 પછી તે ભૂમિ યહોવાના તાબામાં આવી જાય ત્યાર બાદ જ તમે
પાછા ફરો તો, તમે યહોવા અને ઈસ્રાએલ પ્રત્યેના કર્તવ્યથી મુકત થશો
અને આ ભૂમિ યહોવાની દ્રષ્ટિએ તમાંરી માંલિકીની થશે. 23 પરંતુ જો
તમે જે કહ્યું, તે પ્રમાંણે નહિ કરો તો, તે યહોવાની વિરુદ્ધનું તમાંરું પાપ
ગણાશે, અને તમાંરે તમાંરું પાપ અચૂક ભોગવવું પડશે. 24 ભલે, જાઓ
અને તમાંરાં કુટુંબો, સ્ત્રી બાળકો માંટે નગરો તથા તમાંરાં ઢોરઢાંખર
માંટે વાડા બાંધો, અને તમે કહ્યું છે તે બધું તમે કરો. તમાંરું વચન પા-
ળજો.” 25 ગાદ અને રૂબેનના કુળસમૂહોએ મૂસાને કહ્યું, “ધણી, અમે
આપના સેવકો આપ કહેશો તેમ કરીશું, અને તમાંરી સૂચનાઓ અક્ષ:-
રશ પાળીશું. 26 અમાંરાં બાળકો અને સ્ત્રીઓ, અમાંરાં ઘેટાબકરાં અને
બીજાં બધાં પ્રાણીઓ અહીં ગિલયાદનાં ગામોમાં રહેશે, 27 પણ અમે
આપના સેવકો બધા હથિયાર ધારણ કરીશું અને યર્દન પાર જઈશું
યહોવાની સમક્ષ લડવા માંટે અમાંરા ધણીએ કહ્યા મુજબ.” 28 તેથી મૂ-
સાએ યાજક એલઆઝાર, યહોશુઆ અને ઈસ્રાએલના કુળસમૂહના
આગેવાનોને કહ્યું, 29 “જો ગાદના અને રૂબેનના વંશજો હથિયાર ધારણ
કરીને તમાંરી સાથે યહોવા સમક્ષ લડવાને યર્દન ઓળંગીને આવે, અને
જો તે પ્રદેશ તમાંરા તાબામાં આવી જાય તો તમાંરે તેમને ગિલયાદનો
પ્રદેશ તેમાં ભાગ તરીકે આપવો. 30 પણ જો તેઓ હથિયાર ધારણ કરી-
ને તમાંરી સાથે યર્દન ઓળંગીને ન આવે તો તેમને તેમનો ભાગ કનાન-
માં જ તમાંરી સાથે મળશે.” 31 ગાદના અને રૂબેનના લોકોએ કહ્યું,
“ધણી, અમે યહોવાએ જણાવ્યા મુજબ કરીશું. 32 અમે હથિયાર ધારણ
કરીને યહોવા સમક્ષ યર્દન પાર કરીને કનાનના પ્રદેશમાં જઈશું. પણ
અમને યર્દન નદીના આ પૂર્વકાંઠે અમાંરા ભાગની જમીન મળવી જો-
ઈએ.” 33 આથી મૂસાએ ગાદના અને રૂબેનના વંશજોને તથા યૂસફના
પુત્ર મનાશ્શાના અર્ધકુળસમૂહને અમોરીઓના રાજા સીહોનનું રાજ્ય
અને બાશાનના રાજા ઓગનું રાજ્ય, એ સમગ્ર પ્રદેશ અને તેમાંના શહે-
રો તથા આજુબાજુની જમીન બધું આપી દીધું. 34 પછી ગાદના વંશજોએ
કોટવાળાં નગરો બાંધ્યાં; દીબોન, અટારાથ, અરોએર, 35 આટ્રોથ-શો-
ફાન, યાઝેર, યોગ્બહાહ, 36 બેથ-નિમ્રાહ અને બેન-હારાન, તથા ઘેટાબ-
કરાંઓ માંટે વાડાઓ બાંધ્યા. 37 રૂબેનના વંશજોએ હેશ્બોન,
38 એલઆલેહ, કિર્યાથાઈમ, નબો, બઆલ-મેઓન અને સિબ્માંહ આ
રીતે નબો અને બઆલ-મેઓનને નવા નામ આપ્યા. 39 ત્યારબાદ
મનાશ્શાના વંશજોમાંથી માંખીરના કુળસમૂહના લોકોએ ગિલયાદ પર
ચઢાઈ કરીને તે જીત લીધું અને ત્યાંથી અમોરીઓને હાંકી કાઢયા.
40 આથી મૂસાએ મનાશ્શાના કુળસમૂહના માંખીરને ગિલયાદ આપ્યું
અને તે ત્યાં સ્થિર થયો. 41 મનાશ્શાના કુળસમૂહમાંથી યાઈરના ગોત્ર-
ના માંણસોએ ગિલયાદના અનેક નગરો પર ચઢાઈ કરી તેમનાં ગામડાં
કબજે કરી લીધાં અને તેઓના પ્રદેશનું નામ બદલીને હાવ્વોથ-યાઈર
નામ આપ્યું. 42 વળી નોબાહ નામનો વ્યક્તિ લશ્કર લઈને કનાથ અને
તેની આસપાસના ગામડાં પર ચઢી આવ્યો અને તે કબજે કરી લીધાં
અને તેનું નામ પોતાના નામ ઉપરથી ‘નોબાહ’ રાખ્યું.

33 મૂસા અને હારુનની આગેવાની હેઠળ ઈસ્રાએલ પ્રજા મિસર-
માંથી બહાર આવ્યા પછી તે લોકોએ જે જે ઠેકાણે મુસાફરી કરી
હતી. 2 તે તે સ્થળોનાં નામ યહોવાની આજ્ઞા અનુસાર મૂસાએ નોંધી
લીધાં હતા. તે આ પ્રમાંણે છે: 3 પાસ્ખા પર્વની રાત્રિ પછીના દિવસે
એટલે પહેલા મહિનાના 15 માં દિવસે તેઓ મિસરના રામસેસ નગરથી
નીકળ્યા. મિસરવાસીઓના દેખતાં તેઓ યહોવાના રક્ષણ હેઠળ ઉઘાડે
છોગે નીકળ્યા હતા. 4 તે વખતે મિસરીઓ યહોવાએ માંરી નાખેલાં તેમ-
નાં પહેલાં સંતાનોને દફનાવતા હતા. આમ યહોવા મિસરના બધા જ દે-
વો પર પરાક્રમી દેવ પૂરવાર થયા. 5 ત્યારબાદ ઈસ્રાએલીઓએ રામસે-
સથી નીકળીને સુક્કોથમાં મુકામ કર્યો. 6 તે પછી તેમણે સુક્કોથથી ની-
કળીને રણને કિનારે આવેલા એથામમાં મુકામ કર્યો. 7 ત્યાંથી નીકળીને
તેઓ બઆલ-સફોનની પાસે આવેલ પી-હાહીરોથ તરફ જઈને મિગ્દોલ
પર્વતની તળેટીમાં મુકામ કર્યો. 8 પછી પી-હાહીરોથથી નીકળી રાતા
સમુદ્રમાં થઈને તેઓ રણમાં પહોંચ્યા. પછી એથામના રણમાં ત્રણ દિ-
વસનો રસ્તો કાપીને તેઓએ માંરાહમાં મુકામ કર્યો, 9 અને પછી માંરાહ-
થી નીકળી તેઓ એલીમ આવ્યા, ત્યાં પાણીના 12 ઝરા અને તાડનાં
70 ખજૂરીનાં વૃક્ષો હતાં, ત્યાં તેમણે મુકામ કર્યો. 10 પછી એલીમથી ની-
કળીને તેમણે રાતા સમુદ્ર પાસે મુકામ કર્યો. 11 તેઓએ રાતાં સમુદ્ર છો-
ડીને સીનના રણમાં મુકામ કર્યો, 12 તે પછી સીનના રણમાંથી નીકળી-
ને દોફકાહમાં છાવણી કરી. 13 દોફકાહથી નીકળીને પછી આલૂશમાં મુ-
કામ કર્યો. 14 આલૂશથી નીકળીને તેમણે રફીદીમમાં મુકામ કર્યો. પણ
ત્યાં પીવાનું પાણી નહોતું. 15 પછી રફીદીમથી નીકળીને તેઓએ સિના-
ઈના રણમાં મુકામ કર્યો. 16 સિનાઈના રણમાંથી નીકળીને તેમણે કિ-
બ્રોથ-હત્તાવાહમાં મુકામ કર્યો. 17 કિબ્રોથ-હત્તાવાહથી નીકળી તેમણે
હસેરોથમાં મુકામ કર્યો. 18 હસેરોથથી તેમણે રિથ્માંહમાંથી મુકામ કર્યો.
19 રિથ્માંહમાંથી નીકળીને તેઓએ રિમ્મોન-પેરેસમાં છાવણી કરી.
20 રિમ્મોન-પેરેસથી નીકળીને તેઓએ લિબ્નાહમાં મુકામ કર્યો. 21 પછી
લિબ્નાહથી નીકળીને તેમણે રિસ્સાહમાં મુકામ કર્યો. 22 રિસ્સાહથી ની-
કળી તેમણે કહેલાથાહમાં મુકામ કર્યો. 23 કહેલાથાહથી નીકળીને તે-
ઓએ શેફેર પર્વત આગળ મુકામ કર્યો. 24 શેફેર પર્વતથી નીકળીને તે-
ઓએ હરાદાહમાં મુકામ કર્યો. 25 હરાદાહથી નીકળીને તેમણે માંકેહેલો-
થમાં મુકામ કર્યો. 26 માંકેહેલોથથી નીકળી તેમણે તાહાથમાં મુકામ
કર્યો. 27 તાહાથથી નીકળી તેમણે તેરાહમાં મુકામ કર્યો. 28 તેરાહથી ની-
કળી તેમણે મિથ્કાહમાં મુકામ કર્યો. 29 મિથ્કાહમાંથી નીકળી તેમણે
હાશ્મોનાહમાં મુકામ કર્યો. 30 હાશ્મોનાહથી નીકળી તેઓએ મોસેરોથમાં
મુકામ કર્યો. 31 મોસેરોથથી નીકળીને તેમણે બની-યાઅકાનમાં મુકામ
કર્યો. 32 બની-યાઅકાનથી નીકળીને તેઓએ હોર-હાગિદગાદમાં મુકામ
કર્યો. 33 હોર-હાગિદગાદથી નીકળીને તેમણે યોટબાથાહમાં મુકામ કર્યો.
34 યોટબાથાહથી નીકળીને તેમણે આબ્રોનાહમાં મુકામ કર્યો. 35 આબ્રો-
નાહથી નીકળીને તેઓએ એસ્યોન-ગેબેરમાં મુકામ કર્યો. 36 એસ્યોન-
ગેબેરથી નીકળીને તેમણે સીનના રણમાં એટલે કે કાદેશમાં મુકામ
કર્યો. 37 કાદેશથી નીકળી તેમણે અદોમની સરહદે આવેલા હોર પર્વત
આગળ મુકામ કર્યો. 38 યહોવાએ આજ્ઞા આપી તે પ્રમાંણે યાજક હારુન
હોર પર્વત ઉપર ગયો અને ત્યાં જ તે ઈસ્રાએલીઓએ મિસરમાંથી મહા-
પ્રસ્થાન કર્યા પછી ચાળીસમાં વર્ષે, પાંચમાં મહિનાના પ્રથમ દિવસે તે
મૃત્યુ પામ્યો. 39 તે મૃત્યુ પામ્યો ત્યારે તેની ઉંમર 123 વર્ષની હતી.
40 કનાની ભૂમિમાં નેગેબમાં આવેલા શહેર અરાદના કનાની રાજાઓ
સાંભળ્યુ કે ઈસ્રાએલી લોકો તેના દેશ તરફ આવી રહ્યા છે. 41 પછી
ઈસ્રાએલી પ્રજાએ હોર પર્વતથી યાત્રા કરી અને સાલ્મોનાહમાં મુકામ
કર્યો. 42 સાલ્મોનાહથી નીકળીને તેઓએ પૂનોનમાં મુકામ કર્યો. 43 પૂ-
નોનથી નીકળીને તેઓએ ઓબોથમાં મુકામ કર્યો. 44 ઓબોથથી નીક-
ળીને તેઓએ મોઆબીઓના પ્રદેશમાં અબારીમનાં ખંડેરોમાં મુકામ
કર્યો. 45 ત્યાંથી નીકળીને તેઓએ દીબોન-ગાદમાં મુકામ કર્યો. 46 દી-
બોન-ગાદથી નીકળીને તેઓએ આલ્મોન દિબ્લાથાઈમમાં મુકામ કર્યો.
47 આલ્મોન દિબ્લાથાઈમમાંથી નીકળીને તેમણે નબોની સામે આવેલા
અબારીમ પર્વત આગળ મુકામ કર્યો. 48 અબારીમ પર્વતથી નીકળીને
અંતે તેઓએ યરીખોની સામે યર્દન નદીના કાંઠે મોઆબના મેદાનોમાં
મુકામ કર્યો. 49 પછી તેઓએ યર્દનને કાંઠે બેથ-યશીમોથથી આબેલ-
શિટ્ટીમ સુધી મોઆબના મેદાનમાં મુકામ કર્યો. 50 ત્યાં મોઆબના મે-
દાનોમાં યર્દનને કિનારે યરીખોની સામે યહોવાએ મૂસાને કહ્યું, 51 “તું
ઈસ્રાએલી પ્રજાને કહે કે, તમે યર્દન નદી પાર કરીને કનાન દેશમાં પ્રવેશ
કરો; 52 ત્યારે તમાંરે દેશના બધા વતનીઓને હાંકી કાઢવા, તમાંરે તેમ-
ની બધી પથ્થરની કે ધાતુની મૂર્તિઓનો નાશ કરવો, તેમનાં બધાં કો-
તરેલા પથ્થરો, ધાતુની ગાળેલી પ્રતિમાંઓ તથા પર્વતોમાં આવેલાં મૂ-
ર્તિઓની પૂજા કરવાનાં દેવસ્થાનોનો તમાંરે પૂરો નાશ કરવો. 53 તમાંરે
તે પ્રદેશનો કબજો લેવો અને તેમાં વસવાટ કરવો, કારણ કે, મે એ પ્રદેશ

તમને જ આપી દીધો છે, તમારે ચિઠ્ઠી નાખીને એ પ્રદેશ તમારા વંશો
અને કુળો વચ્ચે વહેંચી આપવો. 54 વધારે સંખ્યા ધરાવતા કુળસમૂહોને
વધારે વિસ્તાર ધરાવતા પ્રદેશો અને ઓછી વસ્તી ધરાવતા કુળસમૂહો-
ને ઓછો વિસ્તાર ધરાવતા પ્રદેશો વહેંચી આપવામાં આવશે. 55 "તમે તે
દેશમાં વસતા લોકોને ત્યાંથી હાંકી નહિ કાઢશો, અને ત્યાં રહેવા દીધા
હશે તો તેઓ તમારી આંખમાં કણાની જેમ અને તમારા પડખામાં શૂળ-
ની જેમ ખૂંચ્યા કરશે, દેશની માલિકી બાબત તેઓ સતત તમારી સાથે
ઝઘડ્યા કરશે, 56 અને મેં તેમની જે દશા કરવા ધાર્યું હતું તેવી દશા હું
તમારી કરીશ અને તમારો વિનાશ કરીશ."

34 યહોવાએ મૂસાને કહ્યું, 2 "ઇસ્રાએલીઓને તું આ પ્રમાણે આજ્ઞા
કર: હવે તમે કનાનના પ્રદેશમાં દાખલ થશો, તમારા તાબામાં
આવનાર એ પ્રદેશની સરહદ આ પ્રમાણે છે: 3 એનો દક્ષિણ છેડો અદો-
મની સરહદે આવેલા સીનના રણ આગળ પૂરો થાય છે. 4 એની દક્ષિણ-
ની સરહદ પૂર્વમાં મૃત સમુદ્રના છેડાથી શરૂ થઈ દક્ષિણમાં આક્રાબ્બીમ
ઘાટ સુધી જઈ સીનમાં થઈને દક્ષિણમાં કાદેશ-બાર્નેઆ સુધી જાય છે.
5 ત્યાંથી તે હસાર આદાર થઈને છેક આસ્મોન સુધી જશે. ત્યાંથી મિસ-
રના કોતર તરફ વળી ભૂમધ્ય સમુદ્ર આગળ પૂરી થાય છે. 6 ભૂમધ્ય
સમુદ્ર એ તમારી પશ્ચિમ સરહદ હશે. 7 તમારી ઉત્તરની સરહદ ભૂમધ્ય
સમુદ્રથી શરૂ થઈ હોર પર્વત સુધી જશે. 8 ત્યાંથી લબોહમાંથ થઈને
સદાદ સુધી જશે. 9 ત્યાંથી એ ઝિફ્રોન થઈને હસાર-એનાન આગળ પૂરી
થશે. આ તમારી ઉત્તરની સરહદ થશે. 10 તમારી પૂર્વની સરહદ હસાર
એનાનથી શરૂ થઈ શફામ જશે. 11 શફામથી એ આયિનની પૂર્વે આવેલ
રિબ્લાહ થઈ નીચે ઊતરી કિન્નેરેથના સરોવરના પૂર્વ કિનારે પહોંચશે.
12 ત્યાંથી એ સરહદ યર્દનને કિનારે આગળ વધી મૃત સમુદ્ર આગળ પૂ-
રી થશે. આ થઈ તમારા દેશની ચારે દિશાની સરહદો." 13 મૂસાએ ઇસ્રા-
એલીઓને આ પ્રમાણે આજ્ઞા આપી, "આ પ્રદેશ તમારે ચિઠ્ઠી નાખીને
વહેંચી લેવાનો છે, યહોવાએ એ પ્રદેશ નવ આખા અને એક અડધા કુ-
ળસમૂહોને સોંપી દેવા જણાવ્યું છે. 14 રૂબેન અને ગાદના કુળસમૂહોને
અને મનાશ્શાના અર્ધકુળને વારસો વહેંચી આપવામાં આવ્યો છે.
15 યરીખોની સામે યર્દન નદીની પૂર્વ તરફનો પ્રદેશ તેઓને આપ્યો છે."
16 યહોવાએ મૂસાને કહ્યું, 17 "નીચેના માંણસો તને જમીનની વહેંચણી-
માં મદદ કરશે; યાજક એલઆઝાર અને નૂનનો પુત્ર યહોશુઆ. 18 ઉપ-
રાત જમીન વહેંચણી માંટે તેઓને મદદ કરવા તારે દરેક કુળસમૂહમાંથી
એક આગેવાન લેવો. 19 એમનાં નામ આ પ્રમાણે છે:યહૂદાના કુળસમૂહ-
માંથી યફૂન્નેહનો પુત્ર કાલેબ, 20 શિમયોનના કુળસમૂહમાંથી આમ્મીહુદ-
નો પુત્ર શમુએલ. 21 બિન્યામીનના કુળસમૂહમાંથી કિસ્લોનનો પુત્ર
અલીદાદ. 22 દાનના કુળસમૂહમાંથી યોગ્લીનો પુત્ર બુક્કી, 23 યૂસફના
વંશજ મનાશ્શાના કુળસમૂહમાંથી એફોદનો પુત્ર હાન્નીએલ 24 એફ્રાઈમ-
ના કુળસમૂહમાંથી શિફ્ટાનનો પુત્ર કમુએલ, 25 ઝબુલોનના કુળસમૂહ-
માંથી પાર્નાખનો પુત્ર અલીસાફાન. 26 ઈસ્સાખારના કુળસમૂહમાંથી
અઝઝાનનો પુત્ર પાલ્ટીએલ. 27 આશેરના કુલસમૂહમાંથી શલોમીનો
પુત્ર આહીહૂદ, 28 નફતાલીના કુળસમૂહમાંથી આમ્મીહૂદનો પુત્ર પદા-
હએલ." 29 કનાન પ્રદેશમાં કુળો મધ્યે ઇસ્રાએલીઓને જમીન વહેંચવા
માંટે આ માંણસોની નિમણૂક મેં કરી છે.

35 મોઆબના મેદાનમાં યરીખો નજીક યર્દનને કાંઠે યહોવાએ મૂ-
સાને કહ્યું, 2 "તું ઇસ્રાએલીઓને આજ્ઞા કર કે, તેઓ લેવીઓને
તેઓના વારસા તરીકે કેટલાંક નગરો અને આસપાસની ગૌચર જમીન
આપે. 3 તે નગરોમાં તેઓ વસવાટ કરશે અને ગૌચરની જમીનમાં તેઓ
પોતાનાં ઢોરો, ઘેટાંબકરાં અને અન્ય પશુઓ રાખશે. 4 તમે લેવીઓને જે
નગરો આપો તેની ગૌચરની જમીન ગામના કોટની ચારે બાજુએ 1000
હાથ હોય. 5 નગરથી 2000 હાથ પૂર્વ સુધીનો, 2000 હાથ દક્ષિણ સુ-
ધીનો, 2000 હાથ પશ્ચિમ સુધીનો અને 2000 હાથ ઉત્તર સુધીની
બધી ભૂમિ લેવીઓની થશે. નગર તે સમગ્ર ભૂમિની મધ્યમાં આવેલું
હશે. 6 તમારે લેવીઓને એકંદરે 48 ગામો ગૌચર જમીન સાથે સોંપવાના
છે, તેમાંથી 6 આશ્રયનગરો તરીકે આપવાના છે. અજાણતા જેનાથી
માંનવહત્યા થઈ ગઈ હોય તેમાંના એક આશ્રયનગરમાં નાસી જઈને
ત્યા આશ્રય મેળવી શકે. 7 આમ, કુલ ઉડતાળીસ નગરો અને તેની
આસપાસની ગૌચરની જમીન લેવીઓને સોંપવામાં આવે. 8 આ નગરો
દેશના વિવિધ ભાગોમાં આવેલા હોય, મોટાં કુળસમૂહો પાસે વધુ નગરો
છે, તેથી તેઓ વધુ નગરો આપે અને નાનાં કુળસમૂહો પાસે ઓછાં નગ-
રો છે તેથી તેઓ લેવીઓને થોડાં નગરો આપે." 9 યહોવાએ મૂસાને
કહ્યું, 10 "તું ઇસ્રાએલી લોકોને આ પ્રમાંણે કહે: જયારે તમે યર્દન નદી
ઓળંગીને કનાનના પ્રદેશમાં પ્રવેશ કરો. 11 ત્યારે તમારે અમુક નગરોને
આશ્રયનાં નગરો તરીકે પસંદ કરવાં જેમાં જે માંણસે અકસ્માંતે હત્યા
કરી હોય તે આશ્રય લઈ શકે. 12 એ નગરમાં તે મરનારનું વેર લેવા
ઈચ્છતા સગાથી તે સુરક્ષિત રહી શકે. સમાંજ સમક્ષ ન્યાય ચલાવ્યા
વિના તેને માંરી શકાય નહિ. 13 તેથી તમારે આશ્રયનાં નગરો તરીકે છ
શહેરો પસંદ કરવાં, 14 ત્રણ યર્દન નદીની પૂર્વ બાજુએ અને ત્રણ કનાન-
માં. 15 એ છ શહેરો આશ્રયનગરો ગણાશે અને તેમાં જેણે અકસ્માંતે ખૂન
કર્યુ હોય તેવો ઇસ્રાએલી કે વિદેશી કે તમારી સાથે વસતો હોય તેવો
કોઈ પણ વ્યક્તિ આશ્રય લઈ શકશે. 16 "જો કોઈએ લોખંડના સાધન-
થી કોઈને માંરી નાખ્યો હોય, તો તે ખૂન ગણાશે, તે ખૂનીને દેહાતદંડની
સજા આપવામાં આવે. 17 અથવા મોટો પથ્થર માંરીને કોઈની હત્યા કરી
હોય, તો પણ તે ખૂન ગણાશે. તે ખૂનીને દેહાતદંડની સજા થશે. 18 એ
જ પ્રમાંણે લાકડાથી ઈજા પહોંચાડી કોઈને માંરી નાખ્યો હોય, તો તે
પણ ખૂન ગણાશે અને તે ખૂનીને દેહાતદંડની સજા થશે. 19 મોતનો
બદલો લેનાર, ખૂનીને મળે ત્યારે તે પોતે જ તેને માંરી નાખે. 20 "તેથી
જો કોઈ દ્વેશને કારણે બીજી વ્યક્તિ પર કોઈ વસ્તુનો ઘા કરીને માંરી
નાખે અથવા છુપાઇને લાગ જોઈને માંરી નાખે. 21 અથવા ગુસ્સે થઈને
મુક્કા માંરી બીજી વ્યક્તિને માંરી નાખે તો તે ખૂની છે. મોતનો બદલો
લેનાર વ્યક્તિ જયારે તે ખૂનીને મળે ત્યારે તેને માંરી નાખે. 22 "પણ જો
કોઈ વ્યક્તિ દુશ્મનાવટ વગર કોઈને અકસ્માંતે ગબડાવી મૂકે અથવા
તેને માંરી નાખવામના ઈરાદા વગત તેના ઉપર કોઈ હથિયાર ફેંકે,
23 અથવા જોયા વગર પથ્થર ફેંકે અને તે કોઈને વાગે અને તે મરી જાય,
અને જો મરનાર માંણસ માંરનારનો દુશ્મન ના હોય અને તેને ઈજા કર-
વાના ઈરાદાથી માંર્યો ના હોય, 24 તો સમાંજે એ માંરનાર અને મરનારના
સૌથી નજીકના સગા વચ્ચેનો ન્યાય આ નિયમો પ્રમાંણે કરવો;
25 સમાંજે એ માંરનારનું મરનારના બદલો લેવા ઈચ્છતા સૌથી નજીકના
સગાના હાથથી રક્ષણ કરવું અને તેને એણે જે શહેરમાં આશ્રય લીધો
હોય ત્યાં પાછો લાવવો, પ્રમુખ યાજકનું મૃત્યુ થાય ત્યાં સુધી તેણે એ
નગરમાં રહેવું. 26 "જો મોત નીપજાવનાર આશ્રયનગર છોડીને બહાર
જાય, 27 અને મોતનો બદલો લેનાર તેને મળે અને તેને માંરી નાખે તો તે
ખૂન ગણાય નહિ. 28 કારણ કે મુખ્ય યાજકનું મૃત્યુ થાય ત્યાં સુધી મોત
નીપજાવનારે આશ્રયનગરમાં જ રહેવું જોઈતું હતું. મુખ્ય યાજકના મૃત્યુ
પછી તે વ્યક્તિ પોતાના પ્રદેશમાં અને પોતાને ઘરે પાછો ફરી શકે છે.
29 તમને અને તમારા વંશજોને આ નિયમો સર્વત્ર અને સર્વદા બંધનક-
ર્તા છે. 30 "મનુષ્યવધ કરનારને એકથી વધુ સાક્ષીઓના પુરાવાને
આધારે જ ખૂની ઠરાવીને દેહાતદંડની સજા કરી શકાય. ફકત એક જ
સાક્ષીનો પુરાવો દેહાંતદંડ આપવા માંટે પૂરતો ગણાય નહિ. 31 "દેહાત-
દંડની સજા થઈ હોય તેવા ખૂનીને પૈસા લઈને છોડી શકાય નહિ. તેનો
વધ થવો જ જોઈએ. તેના માંટે કોઈ પણ ખંડાણીનો સ્વીકાર કરવામાં
આવે નહિ. 32 "મુખ્ય યાજકનું મરણ થાય તે પહેલાં આશ્રયનગરમાં
રક્ષણ લેનાર હત્યારા પાસેથી કોઈ પણ પ્રકારની રકમ સ્વીકારીને તેને
ઘરે પાછા ફરવા માંટેની રજા આપી શકાય નહિ. 33 "તમે જે ભૂમિમાં
વસો છો તેને ભ્રષ્ટ ન કરશો. ખૂનથી ભૂમિ ભ્રષ્ટ થાય છે. જે ભૂમિ પર
ખૂન થયું છે તેનું પ્રાયશ્ચિત બીજી કોઈ રીતે થઈ શકે નહિ, ખૂનીને દેહા-
તદડંની સજા થવી જ જોઈએ. પ્રાયશ્ચિત કરવા માંટે ખૂનીના લોહી સિ-
વાય બીજો કોઈ રસ્તો નથી. 34 તમે જે દેશમાં વસવા માંટે જાઓ છો, તે-
ને તમે અપવિત્ર ન કરો, કારણ કે હું યહોવા તમારી મધ્યે નિવાસ કર-
નાર છું. તમે જે ભૂમિમાં વસો છો, જેમાં હું વસુ છું તેને તમારે ભ્રષ્ટ ન
કરવી, કારણ હું યહોવા ઇસ્રાએલીઓ વચ્ચે વસુ છું."

36 પછી યૂસફના પુત્રોનાં-કુટુંબોમાંના મનાશ્શાના પુત્ર-માંખીરના
પુત્ર ગિલયાદના પુત્રોના કુટુંબના પિતૃઓનાં ઘરના વડીલોએ
પાસે આવીને મૂસાની આગળ; તથા ઇસ્રાએલપુત્રોના કૂળસમૂહોના
વડીલો એટલે અધિપતિઓની આગળ જઈને નમ્ર વિનંતી કરી કહ્યું,
2 "યહોવાએ તમને ચિઠ્ઠી ઉપાડીને ઇસ્રાએલી પ્રજા વચ્ચે જમીન વહેંચી

આપવા આદેશ કર્યો છે, અને તેમણે અમાંરા ભાઈ સલોફદાહની જમીન
તેની પુત્રીઓને આપવાનું પણ આદેશ કર્યો છે. 3 પરંતુ હવે જો તેઓ
ઇસ્રાએલીઓના કોઈ બીજા કુળસમૂહમાં પરણે, તો તેમની જમીન તે કૂ-
ળસમૂહને જશે, અને અમાંરા કુળસમૂહના ભાગની જમીનમાં એટલો
ઘટાડો થશે. 4 અને જ્યારે ઇસ્રાએલીઓનું જુબિલીનું વર્ષ આવે, ત્યારે
પણ તેમની જમીન તેઓ જે કૂળસમૂહમાં પરણી હશે તે કુળસમૂહની
જમીનમાં જ કાયમ રહેશે, અને અમાંરો કૂળસમૂહ એ કાયમને માંટે ગુ-
માંવશે." 5 આથી મૂસાએ જાહેરમાં યહોવા તરફથી મળેલી આજ્ઞા અનુ-
સાર ઇસ્રાએલીઓને આ નિર્ણય કહી સંભળાવ્યો: "યૂસફના કૂળસમૂહ-
ની ફરિયાદ સાચી છે, 6 સલોફદાહની પુત્રીઓ સંબંધી યહોવાએ વધાર-
માં આ આજ્ઞાઓ આપી છે: પોતાની પસંદગીની વ્યક્તિ સાથે તેઓ
લગ્ન કરી શકે છે; પણ તે પોતાના જ કૂળસમૂહનો હોવો જોઈએ. 7 ઇસ્રા-
એલીઓની જમીન એક કૂળસમૂહમાંથી બીજા કૂળસમૂહમાં જઈ શકે
નહિ. પરંતુ દરેક ઇસ્રાએલી પોતાના પૂર્વજોની જમીન રાખશે. 8 જે તે કૂ-
ળસમૂહની જમીન જે તે કૂળસમૂહમાં જ વારસામાં સદાને માંટે જળવાઈ
રહેવી જોઈએ, કોઈ પણ ઇસ્રાએલી સ્ત્રીને પિતાની જમીનનો વારસો
મળ્યો હોય તો તેણે પોતાના કૂળસમૂહના જ કોઈ કુટુંબમાં પરણવું,
9 જેથી દરેક ઇસ્રાએલીની વંશપરંપરાગત જમીન સચવાઈ રહે, આ રીતે
વારસાનો કોઈ ભાગ એક કૂળસમૂહમાંથી બીજા કૂળસમૂહમાં જશે નહિ."
10 યહોવાએ મૂસાને જણાવ્યું હતું તે પ્રમાંણે જ સલોફદાહની પુત્રીઓએ
કર્યુ, 11 તેથી માંહલાહ, નિર્સાહ, હોગ્લાહ, મિલ્કાહ અને નોઆહએ તે-
ઓના પિતરાઈ ભાઈઓ એટલે કે પોતાના કાકાઓના પુત્રો સાથે લગ્ન
કર્યા. 12 તેઓએ યૂસફના પુત્ર મનાશ્શાના કુળસમૂહમાં તેમના કુટુંબમાં
જ લગ્ન કર્યા, એટલે તેમની જમીન તેમના કૂળસમૂહમાં જ રહીં અને તેમ-
નો વારસો સુરક્ષિત રહ્યો. 13 યર્દન નદીને કાંઠે મોઆબના મેદાનમાં
યરીખો સામે યહોવાએ મૂસા માંરફતે ઇસ્રાએલીઓ માંટે જણાવેલા કાનૂ-
નો અને નિયમો ઉપર પ્રમાંણે હતા.

# પુનર્નિયમ

1 જયારે સર્વ ઇસ્રાએલી પ્રજા યર્દન નદીને પૂર્વે આવેલા મોઆબ-
ના રણ પ્રદેશમાં હતી, મૂસાએ તે લોકોને જે વચનો કહ્યાં હતાં તે
આ પ્રમાંણે છે, તે વખતે તેઓ યર્દનકાંઠામાં સૂફની સામે હતા. તેમની
એક તરફ પારાનનું રણ આવેલું હતું અને બીજી તરફ તોફેલ, લાબાન,
હસેરોથ અને દીઝાહાબ આવેલાં હતાં.~ 2 હોરેબ પર્વતથી સેઈર પર્વતે
કાદેશ-બાનેર્આ દ્વારા યાત્રાને અગિયાર દિવસ થતા.~ 3 ઇસ્રાએલી લો-
કોએ મિસર છોડયા પછી ચાળીસમાં વર્ષના અગિયારમાં મહિનાના પ્ર-
થમ દિવસે મૂસાએ, યહોવાની આજ્ઞા મુજબ આ વચનો તે લોકોને કહી
સંભળાવ્યાં.~ 4 યહોવાએ હેશ્બોનમાં અમોરીઓના રાજા સીહોનને અને
એડેઇ પાસે આશ્તારોથમાં બાશાનના રાજા ઓગને હરાવ્યા હતા ત્યાર
પછીનું આ હતું.~ 5 મૂસાએ લોકોને સંબોધ્યા અને દેવે ઇસ્રાએલ માંટે
બનાવેલા નિયમો તેમને સમજાવ્યાં. તે સમયે ઇસાએલના લોકો મોઆ-
બના દેશમાં યર્દન નદીની પૂર્વ દિશા પર હતાં.~ 6 “જયારે આપણે હોરે-
બમાં હતા ત્યારે આપણા દેવ યહોવાએ આપણને આમ કહ્યું હતું કે,
‘તમે આ પર્વત આગળ ઘણું લાંબુ રહ્યાં.~ 7 હવે આ જગ્યા છોડો,
આગળ વધો અને અમોરીઓનો પર્વતીય પ્રદેશ, યર્દનની ખીણ, મધ્ય-
નો પર્વતીય દેશ, દક્ષિણનો રણ પ્રદેશ, ભૂમધ્ય સમુદ્ર કિનારો, કનાન
અને લબાનોનની જમીનો, છેક મહાનદી ફ્રાંત સુધી કબજે કરો.~
8 જુઓ, એ સમગ્ર પ્રદેશ હું તમને સોંપી દઉ છું; તમાંરા પૂર્વજો ઇબ્રાહિમ,
ઇસહાક અને યાકૂબને તથા તેમના વંશજોને યહોવાએ જે દેશ આપવાનું
વચન આપ્યું હતું, તે પ્રદેશમાં તમે જાઓ અને તેનો કબજો મેળવો.’~
9 “તે વખતે મેં તમને લોકોને જણાવ્યું હતું કે ‘હવે હું એકલો તમાંરા
બધાનો બોજો ઉપાડી શકું તેમ નથી.~ 10 કારણ કે યહોવાએ તમાંરો
વંશવેલો ઘણો વધાર્યો છે, આજે તમે આકાશના તારાઓ જેટલા થઈ
ગયા છો.~ 11 તમાંરા પૂર્વજોના દેવ યહોવાએ તમાંરી સંખ્યા 1,000
ગણી વધારી છે. તે તમને તેના વચન પ્રમાંણે આશીર્વાદ આપે.~
12 પણ હું એકલો તમાંરા સૌના ઝઘડા અને પ્રશ્નોનું નિરાકરણ કેવી
રીતે કરી શકું?~ 13 ‘માંટે તમે પ્રત્યેક કુળસમૂહમાંથી શાણા, સમજુ અને
અનુભવી માંણસોને પસંદ કરો અને હું તેમને તમાંરા આગેવાન તરીકે
નિયુકત કરીશ.’~ 14 “અને તમે સૌ સંમત થયા હતા અને કહ્યું કે ‘તમાંરો
અભિપ્રાય સારો છે અમે તે કરીશું.’~ 15 “તેથી પ્રત્યેક કુળમાંથી હોશિ-
યાર અને અનુભવી માંણસોને મેં પસંદ કર્યા અને તેઓને તમાંરા આગે-
વાનો અને અમલદારો તરીકે નિમ્યા; કેટલાકને 1,000ના, કેટલાક-
ને100ના, કેટલાકને 50ના તો કેટલાકને 10ના આગેવાનો બનાવ્યા.
અને મેં બીજાને પ્રત્યેક કુળસમૂહના અમલદારો નીમ્યાં.~ 16 “મેં તમાંરા
અધિકારીઓને તે વખતે આ પ્રમાંણે આજ્ઞા કરેલી: ‘તમાંરા જાતિભા-
ઈઓ વચ્ચે જે ઝઘડા થાય તે તમાંરે સાંભળવા, કોઈને પોતાના જાતિ-
ભાઈઓ સાથે કે તમાંરી વચ્ચે રહેતા વિદેશીઓ સાથે ઝઘડો હોય તો તે-
નો નિષ્પક્ષ રહીને નાનામોટા સૌનો ઉચિત ન્યાય કરવો.~ 17 ન્યાય
કરતી વખતે તમાંરા ઉપર કોઇનો પ્રભાવ ન પડવા દેવો. નાનામોટા સૌ-
ની સાથે સમાંન વ્યવહાર કરવો. જે ચુકાદો તમે આપો છો તે દેવનો ચુ-
કાદો છે, તેથી કોઇનાથી ડરવું નહિ. જો કોઈ મુકદમો તમને અઘરો લાગે
તો તે તમાંરે માંરી પાસે લાવવો, હું તેનો નિકાલ કરીશ.’~ 18 તે જ વખતે
મેં તેઓને તેમને કરવાની બધી બાબતો વિષે સૂચાનાઓ આપી હતી.~
19 “ત્યારબાદ આપણે દેવ યહોવાની આજ્ઞાને અનુસરીને હોરેબ પર્વત
છોડીને પેલા વિશાળ અને ભયંકર રણપ્રદેશમાં થઈને અમોરીઓના
પર્વતીય પ્રદેશ તરફ જવા નીકળી પડયા, અને કાદેશ-બાનેર્આ
પહોંચ્યા.~ 20 ત્યારે મેં તમને કહ્યું હતું: ‘હવે તમે અમોરીઓના પ્રદેશમાં
આવી પહોંચ્યા છો, જે આપણા દેવ યહોવાએ આપણને આપવાનું
વચન આપ્યું હતું.~ 21 જુઓ, તમાંરા દેવ યહોવાએ તમને આ પ્રદેશ
સોંપી દીધો છે. તમાંરા પિતૃઓના દેવ યહોવાની આજ્ઞાને અનુસરો,
જાઓ અને એનો કબજો લઈ લો, ડરશો નહિ કે નાહિંમત પણ થશો
નહિ.’~ 22 “પરંતુ તમે બધાએ માંરી પાસે આવીને મને જણાવ્યું કે,
‘આપણે પહેલાં દેશની તપાસ કરવા જાસૂસો મોકલીએ, તેઓ આવીને
આપણને કહેશે કે આપણે ક્યા માંગેર્ જવું અને ત્યાંનાં નગરો કેવાં
છે?’~ 23 “મને આ સૂચના ઠીક લાગી, તેથી મેં પ્રત્યેક વંશમાંથી એક
એમ બાર વંશમાંથી બાર માંણસો પસંદ કર્યા.~ 24 તે બધા પર્વતીય દે-
શમાં એશ્કોલના કોતર સુધી ગયા અને જમીનને જોઇ,~ 25 ત્યાંથી તેમ-
ણે કેટલાંક ફળ ભેગાં કર્યા અને ત્યાંથી તેઓ પાછા આવ્યા અને જણા-
વ્યું કે, ‘આપણા દેવ યહોવાએ આપણને જે પ્રદેશ આપ્યો છે તે સમૃદ્ધ
છે.’~ 26 “પણ તમે લોકોએ તે પ્રદેશમાં જવાની ના પાડી અને યહોવાની
આજ્ઞાનો અનાદર કર્યો.~ 27 તમે લોકોએ તમાંરા તંબુમાં બબડાટ શરૂ
કર્યો કે, ‘યહોવા આપણને ધિક્કારે છે, તેથી જ તેમણે આપણને મિસર-
માંથી બહાર લાવીને અમોરીઓના હાથમાં સોંપી દીધાં જેથી તેઓ
આપણા સૌનો વિનાશ કરે.~ 28 આપણે કયાં જઈ રહ્યા છીએ? આપણા
જ જાતિભાઈઓએ એમ કહી આપણામાં ખૂબ ભય ઉત્પન કર્યો છે કે,
“ત્યાંના લોકો આપણા કરતાં કદમાં મોટાં અને શકિતશાળી છે, તેમનાં
નગરો મોટાં છે અને તેના કોટ આકાશે અડે તેવા ઊચા છે અને અમે
ત્યાં કદાવરો પણ જોયાં!”’~ 29 “ત્યારે મેં તમને કહ્યું, ‘તમે ગભરાશો
નહિ, એમનાથી ડરશો નહિ.~ 30 તમાંરા દેવ યહોવા તમાંરી આગળ
જશે, અને તમે મિસરમાં હતા ત્યારે તમાંરા માંટે જેમ પરાક્રમી કૃત્યો
કર્યા તેમ તમાંરા માંટે લડશે.~ 31 રણપ્રદેશની યાત્રા દરમ્યાન તમે જોયું
છે કે કોઈ પિતા પોતાના બાળકને ઉપાડી લે તેમ યહોવા તમને અહીં
સુધી સતત તમાંરી સંભાળ રાખીને લાવ્યા છે.’~ 32 “છતાં માંરા કહેવા-
નો કોઈ પ્રભાવ તમાંરા પર પડયો નહિ, તમે તમાંરા દેવ યહોવા ઉપર
વિશ્વાસ ન કર્યો.~ 33 યહોવા આખા રસ્તે તમાંરા મુકામ માંટે જગ્યા શો-
ધવા તમાંરી આગળ ચાલતા હતા. રાત્રે અગ્નિસ્તંભ દ્વારા અને દિવસે
મેઘસ્તંભ દ્વારા તે આગળ રહી તમને માંર્ગ બતાવતા હતા.~ 34 “યહોવા
તમાંરો બડબડાટ સાંભળીને ખૂબ કોપાયમાંન થયા અને તેમણે પ્રતિ-
જ્ઞા કરી કે,~ 35 ‘તમાંરા પિતૃઓને મેં જે સમૃદ્ધ પ્રદેશ આપવાનું વચન
આપ્યું હતું તે આ લોકોમાંના કોઈને-આ દુષ્ટ પેઢીમાંના કોઈને, જોવા ન
દેવો.~ 36 ફકત યફૂન્નેહના પુત્ર કાલેબને તે પ્રદેશ જોવા મળશે. તે જે ભૂ-
મિમાંથી ફરી આવ્યો છે તે હું તેને અને તેના વંશજોને આપીશ, કારણ,
તે મને પૂરેપૂરો વિશ્વાસુ રહ્યો છે.’~ 37 “વળી તમાંરા કારણે યહોવાએ
માંરા ઉપર રોષે ભરાઈને કહ્યું, ‘તું પણ એ પ્રદેશમાં પ્રવેશ કરી શકશે
નહિ.~ 38 પણ તારો સેવક યહોશુઆ જે નૂનનો પુત્ર છે તે લોકોને દોરી
જશે, તેને હિંમત આપજે, કારણ કે એ જ ઇસ્રાએલને એ પ્રદેશનો કબજો
અપાવનાર છે.’~ 39 “પણ તે તમાંરા બાળકો છે જે ત્યાં જશે તે બાળકો
કે જેના વિષે તમે કહેલું કે, ‘તેઓ રણમાં મૃત્યુ પામશે અને તે દિવસોમાં
જેઓને સારા અને દુષ્ટ વચ્ચેના અંતરની ખબર ન હતી. હું જમીન તે
બાળકોને આપી દઇશ અને તેઓ તેને કબજે કરશે.~ 40 હવે તમાંરે
સૌએ તો પાછા ફરીને રાતા સમુદ્રનાં રસ્તે પાછા રણમાં જ જવાનું છે.’~
41 “ત્યારે તમે કબૂલ થયા અને મને એવો જવાબ આપ્યો હતો કે, ‘અમે
યહોવાનો ગુનો કરીને પાપ કર્યું છે, હવે અમે અમાંરા દેવ યહોવાની
આજ્ઞા મુજબ જઈશું અને તે પ્રદેશ કબજે કરવા યુદ્ધ કરીશું.’”પછી તેઓ
બધાએ હથિયાર ધારણ કર્યા અને પર્વતીય પ્રદેશ ઉપર હુમલો કરવા
અધીરા થઇ નીકળી પડ્યા.~ 42 પરંતુ યહોવાએ મને કહ્યું, ‘તું એ લોકો-
ને જણાવી કે, તેઓ યુદ્ધ કરવા જાય નહિ, હું તેઓની સાથે નથી, તેઓ

તેમના શત્રુઓ સામે હાર પામશે.'~ 43 "મેં તે બધાને એ મુજબ કહ્યું,
પણ તે લોકોએ સાંભળ્યું નહિ, અને તેઓએ ફરીથી યહોવાની આજ્ઞાનો
અનાદર કર્યો અને આવેશમાં પર્વતીય પ્રદેશ ઉપર હુમલો કર્યો.~
44 પરંતુ ત્યાં પર્વતોમાં વસતા અમોરીઓ તમારો સામનો કરવા બહાર
નીકળી આવ્યા અને મધમાંખીઓ જેમ તમારો પીછો પકડી સેઈરમાં
આવેલા હોર્માહ આગળ તમારી સેનાને ભયંકર નુકસાન પહોચાડ્યું
અને હાર આપી.~ 45 એટલે તમે પાછા આવ્યા અને યહોવા સમક્ષ
આક્રંદ કરવા લાગ્યા, છતાં પણ યહોવાએ તમારો પોકાર સાંભળ્યો
નહિ,~ 46 આથી તમારે કાદેશમાં લાંબા સમય સુધી રોકાવું પડ્યું.
2 "પછી યહોવાએ મને આપેલી આજ્ઞા મુજબ આપણે પાછા ફર્યા
અને રાતા સમુદ્રને રસ્તે રણપ્રદેશમાં આગળ વધ્યા. ઘણા વર્ષો્
સુધી આપણે સેઈરના પર્વતીય પ્રદેશની આજુબાજુ ભટકયા.~ 2 પછી
યહોવાએ મને કહ્યું,~ 3 'આ પર્વતીય પ્રદેશમાં તમે બહુ સમય ભટકયા
હવે ઉત્તરમાં જાઓ.~ 4 લોકોને આમ કહે: હવે તમે સેઈરની ભૂમિમાંથી
પસાર થવાના છો, જ્યાં એસાવના વંશજો, તમારાં સગાંઓ રહે છે. તેઓ
તમારાથી ડરી જશે. છતાં કાળજી રાખજો.~ 5 તેઓની સાથે યુદ્ધ શરૂ
કરશો નહિ. કારણ કે સેઈર પર્વતનો એ સમગ્ર પર્વતીય પ્રદેશ મેં એસા-
વને કાયમી વારસા તરીકે સોંપી દીધો છે. હું તમને એમના પ્રદેશમાંથી
એક વેંત જેટલી જમીન પણ આપીશ નહિ.~ 6 તમે જે કંઈ ખાઓ કે જળ
પીઓ તેની રકમ ચૂકવી દેજો; પૈસા ચૂકવ્યા વિના કશું જ ખાશો-પીશો
નહિ,~ 7 કારણ કે અત્યાર સુધી તમારાં બધાં જ કાર્યોમાં યહોવા તમારા
દેવે તમને સફળતા આપી છે, અને આ વિશાળ રણપ્રદેશમાં 40 વર્ષ
યહોવા તમારા દેવે મુસાફરી દરમ્યાન તમારું રક્ષણ કર્યુ છે, તે સદાય
તમારી સાથે રહ્યા છે અને તમને જોઇતું બધું તમને મળી ગયું હતું.'~
8 "આથી આપણે સેઈરમાં વસતા આપણા સગાંઓ એસાવના વંશજો-
માંથી પસાર થયા અને એલાથ અને એશ્યોન-ગેબેરથી મૃત સરોવર
જતા માંગેર્ મુસાફરી કરી. પછી અમે વળ્યાં અને મોઆબના રણ તરફ
આગળ વધ્યાં.~ 9 "ત્યાં યહોવાએ આપણને ચેતવણી આપતાં કહ્યું,
'લોટના વંશજો મોઆબીઓને પણ છેડશો નહિ કે તેમની સાથે યુદ્ધ
પણ કરશો નહિ, કારણ કે, તેઓના પ્રદેશમાંથી પણ હું તમને જમીન
આપીશ નહિ. મેં આરનગર અને તે પ્રદેશ લોટના વંશજોને આપી દીધો
છે.'"~ 10 (અગાઉ એમીઓ ત્યાં રહેતા હતા. તેઓની વસતી ઘણી હતી
અને તેઓ અનાકીઓ જેવા ઊંચા તથા કદાવર હતા.~ 11 અનાકીઓની
જેમ તેઓ પણ રફાઇમીઓ ગણાતા હતા પણ મોઆબીઓ તેમને
એમીઓ કહેતા હતા.~ 12 હોરીઓ પહેલા સેઈરમાં રહેતા હતા, પણ
એસાવના વંશજો તેઓને હંાકી કાઢીને તેમની ભૂમિ પડાવી લીધી,
અને તેમનું નામનિશાન ભૂંસી નાખ્યું. અને તેમની જગ્યાએ પોતે વસવા
લાગ્યા, જેમ ઇસ્રાએલીઓએ યહોવાએ, તેમને આપેલી ભૂમિનાં મૂળ
વતનીઓની સાથે કર્યુ તેમ.)~ 13 પછી યહોવાએ આપણને કહ્યું, "'હવે,
ઝેરેદની ખીણ ઓળંગો.' આથી આપણે ઝેરેદની ખીણ ઓળંગી.~
14 આપણી મુસાફરી કાદેશ બાનેર્આથી નીકળીને ઝેરેદનું કોતર ઓળંગ-
તા સુધીમાં આપણને આડત્રીસ વર્ષો્ લાગ્યાં. અને એ સમય દરમ્યાન
યહોવાના કહ્યા પ્રમાંણે યોદ્ધાઓની એક આખી પેઢી સમાંપ્ત થઈ ગઈ.~
15 તેઓ બધા મૃત્યુ પામે અને તેઓને ઇસ્રાએલી પડાવમાંથી દૂર કરવા-
માં આવે તેમ યહોવાએ કર્યુ.~ 16 "જયારે એ લોકોમાંના બધા જ યોદ્ધા
મરી ગયા~ 17 ત્યારે યહોવાએ મને કહ્યું,~ 18 'આજે તારે મોઆબની સર-
હદે આવેલા આરને વટાવીને લોટના વંશજો~ 19 આમ્મોનીઓના પ્રદેશ-
માં પહોંચી જવાનું છે. પરંતુ તેમને છેડશો નહિ કે તેમની સાથે યુદ્ધ પણ
કરશો નહિ, કારણ કે, તેઓની ભૂમિમાંથી હું તમને એક વસ્તુ પણ
આપવાનો નથી. મેં તે પ્રદેશ તો લોટના વંશજોને આપી દીધો છે.'"~
20 એ પ્રદેશ પણ રફાઈઓનો ગણાતો કારણ કે, એક વખતે તેઓ ત્યાં
વસતા હતા, જો કે આમ્મોનીઓ તેમને 'ઝામઝુમીઓ' કહે છે.~ 21 તે પ્ર-
જા પણ અનાકીઓની જેમ કદમાં ઊંચી અને કદાવર હતી. તેઓની
વસ્તી ઘણી વધારે હતી. પરંતુ આમ્મોનીઓનો ધસારો થતાં યહોવાએ
તેઓનો નાશ કર્યો અને આમ્મોનીઓ તેઓની જગ્યાએ વસ્યા.~ 22 તે-
વી જ રીતે સેઈરમાં વસતા એસાવના વંશજોને દેવે મદદ કરી. જ્યારે હો-
રીઓએ એમના ઉપર હુમલો કર્યો ત્યારે દેવે હોરીઓનો નાશ કરવામાં
તેમની મદદ કરી. અને એસાવના વંશજોએ તે લોકોના પ્રદેશનો કબજો
લઈને ત્યાં વસવાટ કર્યો અને આજે પણ તેઓ ત્યાં રહે છે.~ 23 છેક ગા-
ઝા સુધીના ગામોમાં રહેતા આવ્વીઓનું પણ એમ જ થયું હતું. કાફતોર-
થી આવેલા કાફતોરીઓએ તેઓનું નિકંદન કાઢીને તેઓની જગ્યાએ
વસવા માંડ્યું.~ 24 "પછી યહોવાએ આપણને કહ્યું, 'હવે, ચાલો, નીકળી
પડો અને આનોર્નની ખીણ વટાવી જાઓ, કારણ, મેં હેશ્બોનના રાજા
અમોરી સીહોનને તેમજ તેના પ્રદેશને તમારા હાથમાં સોંપી દીધા છે. તે-
ના ઉપર હુમલો કરો અને પ્રદેશ કબજે લેવા માંડો.~ 25 આકાશ નીચે
વસતા બધા લોકોને આદ્ધથી તમારાથી ગભરાતા અને બીતા રહે એમ હું
કરીશ; બધા ભયથી થથરશે જ્યારે તેઓ તમારા વિષે સાંભળશે.'~
26 "ત્યારબાદ મેં કદેમોથના વગડામાંથી હેશ્બોનના રાજા સીહોનને આ
મુજબ શાંતિનો સંદેશો એલચીઓ માંરફતે મોકલાવ્યો કે,~ 27 'મહેરબા-
ની કરીને અમને તમારા પ્રદેશમાંથી પસાર થવાદો. ડાબી કે જમણી બા-
જુ ફંટાયા વિના અમે સધા ધોરી માંર્ગે ચાલ્યા જઈશું.~ 28 રસ્તામાં અમે
જે કાંઈ ખાઈશું કે જલપાન કરીશું એના પૈસા ચૂકવી દઈશું; અમારે ફકત
તમારા પ્રદેશમાંથી પસાર થઇ.~ 29 યર્દન નદી ઓળંગીને અમારા દેવ
યહોવા અમને જે ભૂમિ આપે છે ત્યાં અમારે જવું છે. અમને પસાર થવા
દે જેમ સેઈરમાં વસતા એસાવના વંશજોએ તથા આરમાં વસતા મોઆ-
બીઓએ થવા દીધાં.'~ 30 "પરંતુ હેશ્બોનના રાજા સીહોને આપણને
માંર્ગ આપવાની ના પૅડી, કારણ, તમારા દેવ યહોવાએ તેને હઠીલો
અને બળવાખોર બનાવી દીધો, જેથી તે તમારા હાથે સીહોનનો વિનાશ
કરે અને તેના પ્રદેશનો તમે કબજો કરી શકો, જે હજી પણ અમારી પાસે
છે.~ 31 "પછી યહોવાએ મને કહ્યું, 'જો મેં સીહોનને અને તેના પ્રદેશને
તારા હાથમાં સોંપી દેવા માંડયા છે, એની ભૂમિનો કબજો લેવાનું તું શરૂ
કરી દે.'~ 32 "ત્યારબાદ સીહોન પોતાનું સમગ્ર સૈન્ય લઈને યાહાસ
આગળ આપણી સામે યદ્ધ કરવાને બહાર પડ્યો,~ 33 પરંતુ આપણા
દેવ યહોવાએ તેને આપણા હાથમાં સોંપી દીધા; અંતે આપણે તેને તેના
પુત્રોને તથા તેના સમગ્ર સૈન્યને હરાવ્યા.~ 34 ત્યારબાદ આપણે તેનાં
બધાં શહેરો કબજે કર્યા, અને દરેક શહેરમાંના બધાં જ સ્ત્રી, પુરુષો
અને બાળકોની હત્યા કરી, કોઈનેય જીવતા રહેવા ન દીધા;~ 35 પણ
આપણે જીતેલાં નગરોમાંથી મળેલી લૂંટ તથા પશધન આપણે રાખ્યાં.~
36 અનોર્નની ખીણની ધારે આવેલા અરોએરથી માંડીને ગિલયાદ સધી-
ના સપાટ પ્રદેશમાં એક પણ નગર આપણી સામે ટકી શકયું નહોતું,
આપણા દેવ યહોવાએ બધાં જ નગરો આપણા હાથમાં સોંપી દીધાં.~
37 પરંતુ આમ્મોનીઓના પ્રદેશમાં-યબ્બોક ખીણની આસપાસના કે
પર્વતીય પ્રદેશમાં આવેલાં ગામોમાં જયાં જયાં જવાની આપણા દેવ
યહોવાએ આપણને મનાઈ કરી હતી ત્યાં ત્યાં આપણે ગયા જ નહિ.
3 "ત્યારબાદ આપણે વળીને બાશાનને માંગેર્ આગળ વધ્યા. બા-
શાનનો રાજા ઓગ પોતાનું આખું સૈન્ય લઈને એડ્રેઇ મુકામે
આપણી સામે યુદ્ધ કરવા ધસી આવ્યો.~ 2 પરંતુ યહોવાએ મને કહ્યું,
'એનાથી તું ડરતો ના, કારણ કે, મેં તેને એની આખી સેના અને તેના પ્ર-
દેશ સાથે તારા હાથમાં સોંપી દીધો છે. મેં જે હાલ હેશ્બોનના રહેતા
આમ્મોનીઓના રાજા સીહોનના કર્યા તેવા જ હાલ તું એના કર.'~
3 "આમ, આપણા દેવ યહોવાએ બાશાનના રાજા ઓગને પણ તેના
સમગ્ર સૈન્ય સાથે હરાવવામાં આપણને મદદ કરી અને આપણે તે
તમાંમનો સંહાર કર્યો, એકને ય જીવતો જવા દીધો નહિ,~ 4 તે વખતે
આપણે ઓગના સર્વ એટલે કુલ સાઠ નગરોથી સંપૂર્ણ આગોર્બ પ્રદેશ
એટલે કે રાજા ઓગનું બાશાન રાજ્ય કબજે કર્યુ, તેવું એક પણ નગર ન
હતું જે અમે કબજે ન કર્યુ હોય.~ 5 આ બધાં નગરો ઊંચા કોટ અને દર-
વાજાં સાથે ભૂંગળોવાળાં હતાં. ઉપરાંત, કોટ વગરનાં અનેક ગામો
આપણે કબજે કર્યા.~ 6 હેશ્બોનના રાજા સીહોનની બાબતમાં પણ
આપણે જે કર્યુ હતું તેમ, આખાને આખા બાશાનનાં નગરો અને તેના
સ્ત્રી, પુરુષ, બાળકોનો નાશ કર્યો.~ 7 પરંતુ કબજે કરેલાં નગરોમાંથી
પ્રાપ્ત થયેલ લૂંટ અને પશુધન આપણે માંટે રાખી લીધાં.~ 8 "એ વખતે
આપણે યર્દન નદીની પૂર્વ બાજુએ અમોરીઓના એ બે રાજાઓનો સમ-
ગ્ર પ્રદેશ-આનોર્નની ખીણથી હેમોર્ન પર્વત સુધીનો કબજે કર્યો.~ 9 સિ-
દોનીઓ હેમોર્ન પર્વતને સીર્યોનન કહે છે અને અમોરીઓ તેને સનીર
કહે છે.~ 10 આપણે ઓગના તાબા હેઠળનાં સપાટ પ્રદેશમાંનાં તમાંમ
નગરો, સમગ્ર ગિલયાદ તેમ જ છેક સાલખાહ અને એડ્રેઇ સુધીનો બા-

શાનનો સમગ્ર પ્રદેશ જીતી લીધો હતો."~ 11 જરાક્ષસી રફાઈઓમાંથી
ફક્ત બાશાનનો રાજા ઓગ એકલો જ બાકી રહ્યો હતો. આજે પણ
આમ્મોનીઓના રાબ્બાહ નગરમાં તેનો લોખંડનો સાડાતેર હાથ લાંબો
અને છ હાથ પહોળો પલંગ જોવા મળે છે.~ 12 "આપણે જે ભૂમિ કબજે
કરી હતી, તે મેં રૂબેન અને ગાદના વંશજોને આપી: અરોએરનો આનોર્ન
નદીના કાંઠા પરનો પ્રદેશ તથા ગિલયાદના પર્વતીય પ્રદેશનો અડધો
ભાગ તેના નગરો સહિત.~ 13 અને ગિલયાદનો બાકીનો પ્રદેશ, બાશા-
નનો સમગ્ર પ્રદેશ, ઓગનું રાજ્ય, એટલે કે આગોર્બનો સમગ્ર પ્રદેશ મેં
મનાશ્શાના અડધા વંશને આપ્યો."જબાશાનનો સમગ્ર પ્રદેશ રફાઈઓ-
નો દેશ કહેવાય છે.~ 14 મનાશ્શાના વંશજ યાઈરે ગશૂરીઓ અને માંઅ-
ખાથીઓની સરહદ સુધીનો સમગ્ર આગોર્બનો એટલે કે બાશાનનો પ્ર-
દેશ કબજે કર્યો, અને પોતાના નામ ઉપરથી ત્યાંનાં ગામડાઓનું નામ
'યાઈરના ગામડાઓ' પાડયું. આજે પણ તે પ્રદેશ એ નામથી જ ઓળ-
ખાય છે."~ 15 "મે માંખીરના વંશજોને ગિલયાદ આપ્યું હતું.~ 16 અને રૂ-
બેનના અને ગાદના વંશજોને મેં ગિલયાદથી માંડીને આનોર્નના કોતર
સુધીનો પ્રદેશ આપ્યો હતો. કોતરનો મધ્ય ભાગ તે તેની દક્ષિણ સરહદ
હતી અને આમ્મોનીઓની સરહદે આવેલી યાબ્બોક નદીએ એની ઉત્તર
સરહદ હતી.~ 17 પશ્ચિમમાં તેમની જમીન યર્દન નદી સુધી વિસ્તરેલી
હતી. ઉત્તરમાં કિન્નેરેથના સરોવરથી દક્ષિણમાં અરાબાનાહ સમુદ્ર સુધી
એટલે કે ખારા સમુદ્ર સુધી, અને પૂર્વમાં પિસ્ગાહ પર્વતની તળેટીના
ઢાળ સુધી તે પ્રદેશ વિસ્તરેલો હતો, જમીન ખેચાયેલી હતી.~ 18 "એ
વખતે મેં રૂબેન અને ગાદના કુળસમૂહોને અને મનાશ્શાના અર્ધકુળને
આજ્ઞા કરી હતી કે; 'તમાંરા દેવ યહોવાએ આ ભૂમિ તમાંરા કબજામાં
સોંપી છે. દેવે તમને તમાંરો ભાગ આપ્યો છે. તમાંરા બધા યોદ્ધાઓએ
હથિયાર ધારણ કરીને ઇસ્રાએલના બીજા કુળસમૂહોને દોરવીને યર્દન
નદીને પેલે પારના પ્રદેશ તરફ આગળ વધવું જે પ્રદેશ દેવે તેમને આપ-
વાનું વચન આપ્યું હતું.~ 19 મેં તેઓને એ પણ કહ્યું હતું કે, "મેં તમને જે
નગરો આપ્યા છે તેમાં તમાંરી સ્ત્રીઓ અને બાળકો તથા પશુઓ પા-
છળ જ રહે. મને ખબર છે તમાંરી પાસે ઘણા ઢોર છે અને સ્ત્રીઓ તેની
સંભાળ રાખે.~ 20 યર્દનને પેલે પાર તમાંરા દેવ યહોવાએ તેમને આપેલી
ભૂમિનો કબજો તેઓ પ્રાપ્ત કરે અને જેમ તેમને પણ યહોવા સ્થાયી થવા
દે ત્યાં સુધી તમાંરે એમને સાથ આપવાનો છે. ત્યાર પછી તમાંરે મેં
તમને આપેલી ભૂમિમાં પાછા ફરવાનું છે.'~ 21 "ત્યારબાદ મેં યહોશુઆ-
ને એવો આદેશ આપ્યો કે, 'યહોવાએ આ બે રાજાઓના જે હાલ કર્યા તે,
તેં તારી સગી આંખે જોયા છે, અને તું જે પ્રદેશમાં જાય છે ત્યાંના રાજા-
ઓના પણ એવા જ હાલ કરશે.~ 22 ત્યાં રહેતી પ્રજાઓથી તું જરાય
ગભરાઈશ નહિ, કારણ કે તમાંરા દેવ યહોવા તમાંરા પક્ષે લડશે.'~
23 "તે સમયે મેં દેવને આગ્રહપૂર્વક અરજ કરી;~ 24 'હે યહોવા દેવ, તમે
અમાંરી મધ્યે તમાંરી મહાનતા તથા સાર્મથ્ય પ્રગટ કરો છો તેનું પરિ-
ણામ જોવાની માંરી ઇચ્છા છે; આકાશમાં કે પૃથ્વી પર એવો કોઈ દેવ
નથી જે તમે અમાંરા માંટે કરેલાં કાર્યોની સરસાઇ કરી શકે.~ 25 હે યહો-
વા, મને કૃપા કરીને યર્દન નદી ઓળંગીને સામે કિનારે આવેલી સમૃદ્ધ
ભૂમિ, પેલો રમણીય પર્વતીય પ્રદેશ તથા લબાનોનમાં જવા દો.'~
26 "પરંતુ તમાંરા કારણે યહોવા માંરા પર રોષે ભરાયા હતા અને માંરી
અરજ સાંભળી નહોતી; તેમણે મને કહ્યું, 'બસ, હવે એ વિષે ફરી વાત
કરીશ નહિ.~ 27 પરંતુ પિસ્ગાહ પર્વતની ટોચે જઈને પશ્ચિમમાં, ઉત્તરમાં,
દક્ષિણમાં અને પૂર્વમાં નજર કર, ધ્યાનપૂર્વક જોજે, કારણ કે, તું આ
યર્દન નદી ઓળંગીને સામે પાર જવાનો નથી.~ 28 તું તારું સ્થાન લેવા
માંટે યહોશુઆને આદેશ આપજે, તેને હિંમત આપજે, બળ આપજે, કા-
રણ કે, પર્વતની ટોચ પરથી તું જે દેશ જોશે તેને જીતવા માંટે, લોકોને
માંટે તે પેલે પાર આગળ લઈ જશે.'~ 29 "એ પ્રમાંણે આપણે બેથ-પેઓ-
રની સામેની ખીણમાં મુકામ કર્યો."

4 મૂસાએ લોકોને જણાવ્યું, "હે ઇસ્રાએલી પ્રજાજનો, હું તમને જે
કાયદાઓ અને નિયમો શીખવું છું તે ધ્યાનથી સાંભળો અને તેનું
પાલન કરો; તો તમે જીવતા રહી શકશો અને તમાંરા પિતૃઓના દેવ
યહોવા જે ભૂમિ તમને આપી રહ્યા છે, તેમાં પ્રવેશ કરી શકશો અને તેનો
કબજો પણ તમને મળશે.~ 2 હું તમને જે આજ્ઞા કરું છું તેમાં તમાંરે
કશો વધારો કે ઘટાડો કરવો નહિ. હું તમને તમાંરા દેવ યહોવાની જે
આજ્ઞાઓ જણાવું તેનું જ તમાંરે પાલન કરવું.~ 3 "બઆલ-પેઓરમાં
યહોવાએ જે કંઈ કર્યું તે તમે પ્રત્યક્ષ જોયું છે. તમાંરા દેવ યહોવાએ
તમાંરામાંથી જે કોઈ બઆલ દેવની પૂજા કરવા લાગ્યા હતા તે બધાનો
સંહાર કર્યો.~ 4 પરંતુ તમે કે જેઓ તમાંરા દેવ યહોવાને દ્દઢતાથી વફા-
દાર રહ્યા તે આજે જીવતા રહ્યા છો.~ 5 "યહોવા માંરા દેવે મને આજ્ઞા
કરી તે મુજબ મેં તમને કાનૂનો અને નિયમો શીખવ્યા છે, જયારે તમે તે
પ્રદેશમાં પ્રવેશ કરો અને તેનો કબજો લો, ત્યારે તમાંરે સૌએ એ કાનૂનો
અને નિયમોનું પાલન કરવું.~ 6 અને જો તમે તેનું કાળજીપૂર્વક પાલન
કરશો તો તમે સચેત અને જ્ઞાની રાષ્ટ થશો, અને આજુબાજુના રાષ્ટો
આ કાનૂનો વિષે સાંભળશે ત્યારે તેઓ કહેશે, 'આ મહાન રાષ્ટને કેવી
દક્ષતા અને સમજદારી છે!'~ 7 "આપણે જેમ આપણા દેવ યહોવાને
જયારે પોકારીએ છીએ ત્યારે તે આપણી સાથે જ હોય છે. એવો દેવ સા-
થેનો નિકટનો સંબંધ બીજી કંઈ મોટી કે નાની પ્રજાને છે?~ 8 બીજી કઈ
પ્રજા એવી મહાન છે કે જેના કાયદા અને નિયમો આજે હું તમાંરી
આગળ રજૂ કરું છું એ સમગ્ર આચારસંહિતા જેવા ન્યાયી હોય?~ 9 પણ
ધ્યાન રાખીને સાવધ રહેજો, તમે તમાંરી સગી અંાખે જે જોયું છે તે ભૂ-
લી જશો નહિ, અને મૃત્યુ પામો ત્યાં સુધી તેને તમાંરા મનમાંથી દૂર કર-
શો નહિ, પરંતુ તમાંરા સંતાનોને અને તેમનાં સંતાનોને એ શીખવજો.~
10 એ દિવસને તમે કદાપિ ભૂલશો નહિ, જે દિવસે તમે હોરેબમાં તમાંરા
દેવ યહોવા સંમુખ ઊભા હતા, અને યહોવાએ મને કહ્યું હતું કે, 'લોકોને
માંરી સમક્ષતામાં ભેગા કર. હું તે બધાને માંરાં વચનો સંભળાવીશ અને
તેઓ પૃથ્વી પર જીવશે ત્યાં સુધી માંરાથી ડરીને ચાલતાં શીખશે અને
પોતાનાં સંતાનોને પણ તેમ કરતાં શીખવશે.'~ 11 તેથી તમે નજીક
આવીને પર્વતની તળેટી આગળ ઊભા રહ્યા હતા. પર્વત અગ્નિથી ભડ-
ભડતો હતો અને જવાળાઓ આકાશ સુધી પહોંચતી હતી. સર્વત્ર અંધ-
કાર, વાદળ અને ગાઢ ધુમ્મસ છવાયેલાં હતાં,~ 12 ત્યારે યહોવા તમાંરા
દેવ અગ્નિમાંથી તમાંરી સાથે બોલ્યો. તેણે જે કહ્યું તમે સાંભળ્યું, પણ
તમે તેમની આકૃતિ જોઈ નહિ તમે ફક્ત અવાજ સાંભળ્યો.~ 13 તેમણે
તમને પોતાના કરારના દશ નિયમોનું પાલન કરવાનું કહ્યું. અને તે તે-
મણે પથ્થરની બે તકતીઓ પર લખ્યા.~ 14 તે જ સમયે યહોવાએ તમે
જે ભૂમિમાં પ્રવેશ કરીને કબજો લેવાના છો તે ભૂમિમાં તમાંરે એ જ કાય-
દાઓ અને નિયમો પાળવાના છે, તે તમને શિખવવાની મને આજ્ઞા
કરી.~ 15 "સાવધાન રહેજો. જે દિવસે તમે હોરેબમાં યહોવાને અગ્નિમાંથી
તમાંરી સાથે બોલતા સાંભળ્યા તે દિવસે તમે દેવની કોઈ આકૃતિ જોઈ
નહોતી,~ 16 તેથી દેવની મૂર્તિ બનાવીને પાપ કરશો નહિ, પુરુષ અથ-
વા સ્ત્રી જેવી દેખાય તેવી મૂર્તિ બનાવશો નહિ.~ 17 પૃથ્વી પર ચાલના-
રા કોઈ પ્રાણીની કે આકાશમાં ઊડતા પંખીની,~ 18 પૃથ્વી તળેના પા-
ણીમાંની માંછલીની મૂર્તિ કે આકૃતિ બનાવી ભ્રષ્ટ થશો નહિ.~ 19 તમે,
આકાશ તરફ નજર કરો ત્યારે સૂર્ય, ચંદ્ર કે તારાઓની સેવાપૂજા કરશો
નહિ. તમાંરા દેવ યહોવાએ એમને તો પૃથ્વી પર વસતા બધાં લોકોના
લાભ માંટે આપેલા છે.~ 20 પરંતુ તમને તો યહોવા મિસરની ભડભડતી
ભઠ્ઠીમાંથી બહાર લઈ આવ્યો હતો, જેથી તમે એની પોતાની પ્રજા બની
રહો અને તેમનો પોતાનો વારસો બનો, જેમ તમે આજે છો.~ 21 "પરંતુ
તમાંરે કારણે યહોવા માંરા પર રોષે ભરાયા હતા અને તેમણે સમ પૂર્વક
જણાવ્યું હતું કે, "તું યર્દન નદી ઓળંગી હું જે સમૃદ્ધ ભૂમિનો કબજો
તમાંરા લોકોને સોંપી રહ્યો છું તેમાં પ્રવેશ પામશે નહિ."~ 22 હું યર્દન
નદી ઓળંગી શકવાનો નથી. માંરે નદીની આ બાજુના દેશમાં જ મરવા-
નું છે. પણ તમે યર્દન ઓળંગીને તે સમૃદ્ધ ભૂમિનો કબજો પ્રાપ્ત કરશો.~
23 પણ સાવધાન! તમાંરા દેવ યહોવાએ તમાંરી સાથે જે કરાર કર્યો છે,
તેને ભૂલશો નહિ, તમાંરા દેવ યહોવાએ જેની સ્પષ્ટ મનાઈ કરી છે એવી
કોઈ પણ મૂર્તિ બનાવશો નહિ.~ 24 દેવ તો ભસ્મ કરી નાખનાર અગ્નિ-
રૂપ છે. એ તો સંપૂર્ણ નિષ્ઠા માંગનાર દેવ છે, તે મૂર્તિ પૂજા સહન નહિ
કરે.~ 25 "ભવિષ્યમાં તમને સંતાનો અને સંતાનોનાં પણ સંતાનો થાય
અને તમે બધાં તે દેશમાં સ્થાયી થશો, તમે જો મૂર્તિઓ બનાવીને પાપ
કરશો તો તમાંરા દેવ યહોવા તમાંરા પાપને કારણે અતિ ક્રોધિત થશે.~
26 અને હું આકાશ તથા પૃથ્વીની સાક્ષીએ તમને કહું છું કે, તમે યર્દન
ઓળંગ્યા પછી જે ભૂમિનો કબજો લેવાના છો તેમાંથી તમે થોડા જ
સમયમાં સમાંપ્ત થઈ જશો. ત્યાં તમે લાંબો સમય નહિ રહો અને તમાંરો

નાશ થશે.~ 27 યહોવા તમને અન્ય પ્રજાઓમાં વેરવિખેર કરી નાખશે
અને તમને જે લોકોમાં તે દોરી જશે તેમની વચ્ચે તમે બહુ થોડા જ બા-
કી રહેશો.~ 28 તમે ત્યાં લાકડાની અને પથ્થરની બનાવેલી મૂર્તિઓ કે
જે જોઈ શકતી નથી કે સાંભળી શકતી નથી અને ખાતી નથી કે સૂંઘતી
પણ નથી, ને શ્વાસ પણ નથી લેતી, તેની સેવા પૂજા કરશો.~ 29 “જો
તમે યહોવા તમારાં દેવ માંટે આ બીજી ભૂમિઓમાં શોધખોળ કરશો તો
તમને તે મળી જશે. પણ તમારે શોધ પૂર્ણ હૃદય પૂર્વક કરવી પડશે.~
30 તો પાછલા દિવસોમાં જ્યારે આફતમાં આવી પડશો અને તમને આ
બધું વીતશે ત્યારે તમે ફરી તમારાં દેવ યહોવા તરફ વળશો અને તેમની
આજ્ઞા મસ્તક પર ધારણ કરશો.~ 31 તમારાં દેવ યહોવા દયાળુ છે; તે
તમારો ત્યાગ કરશે નહિ કે, તમારો નાશ પણ કરશે નહિ કે, તમારાં પૂર્વ-
જોને આપેલાં વચનો પણ ભૂલશે નહિ.~ 32 “દેવે પૃથ્વી પર માંનવીનું
સર્જન કર્યું ત્યારથી માંડીને આજ સુધીના ઇતિહાસના પૃષ્ઠો તપાસી
જાઓ, આકાશના એક છેડાથી બીજા છેડા સુધી ફરી વળો અને પૂછો કે,
પહેલાં કદી આ પ્રમાંણેની અદભૂત ઘટના બનેલી જોઈ છે કે સાંભળી
છે?~ 33 તમે લોકોએ જેમ દેવને અગ્નિમાંથી બોલતા સાંભળ્યા છે તેમ
અન્ય કોઈ પ્રજાએ સાંભળ્યા છે ખરા? અને છતાં પણ તે જીવતી રહી
છે?~ 34 અથવા તમારાં દેવ યહોવાની જેમ કોઈએ એક પ્રજાને બીજી પ્ર-
જા પાસેથી પોતાને માંટે લઈ લેવાની હિંમત કરી છે? તેમણે તો મિસર-
માં તમારે માંટે તમારાં દેખતાં, પોતાના પ્રચંડ બાહુબળના ચમત્કારો
બતાવીને ભયંકર આફતોનો વરસાદ વરસાવ્યો હતો. યુદ્ધો, ચમત્કારો,
પરાક્રમો અને ભયાનક કૃત્યો કર્યા હતાં.~ 35 આ તમાંમ તેમણે એટલા
માંટે કર્યું કે પોતે જ દેવ છે, બીજું કોઈ નથી, એની ખાતરી તમને કરાવી
શકાય.~ 36 તમને ઉપદેશ મળે એ માંટે યહોવાએ આકાશમાંથી તેમની
બોધ આપતી વાણી સંભળાવી. અને તમને પૃથ્વી પર પોતાના મહાઅ-
ગ્નિનાં દર્શન કરાવ્યાં. અને એ જ અગ્નિમાંથી તમે તેમનાં વચનો સાંભ-
ળ્યાં~ 37 “યહોવા તમારાં પૂર્વજો પર પ્રેમ રાખતા હતા. અને તેઓના
વંશજોને આશીર્વાદ આપવા માંટે તેમણે પસંદ કર્યા હતા. એટલે એ જા-
તે જ તમને પ્રચંડ બાહુબળથી મિસરમાંથી બહાર લઈ આવ્યા.~
38 તમારાં કરતા મોટા અને શકિતશાળી રાષ્ટોને તેમણે હં◌ાકી કાઢી
અને તેઓના દેશો તમને સોંપ્યા, જેમ આજે છે તેમ.~ 39 “એટલે તમે
ચોક્કસ રીતે મનમાં રાખો કે યહોવા જ દેવ છે, અને બીજા કોઇ દેવ
નથી. તે આકાશમાં અને પૃથ્વી ઉપર દેવ છે.~ 40 આજે હું તમને જે કા-
નૂનો અને નિયમો આપું છું તેનું તમે પાલન કરજો, જેથી તમારું અને
તમારાં સંતાનોનું ભલું થાય અને તમારાં યહોવા દેવ જે ભૂમિ તમને
આપે છે તેમાં તમે દીર્ઘકાળ વસો અને દીર્ઘાયુ ભોગવો.”~ 41 ત્યાર બાદ
મૂસાએ ઇસ્રાએલી લોકોને યર્દન નદીની પૂર્વમાં ત્રણ નગરોમાં અલગ
કાઢયાં.~ 42 જયાં કોઈ માંણસે અગાઉના કોઈ પણ વેરઝેર વગર અજા-
ણતાં કોઈ વ્યકિતનું ખૂન કર્યું હોય, તો તે ત્યાં આશ્રય લઈ શકે. એવો
માંણસ જો આ નગરમાંના કોઈનું શરણું લે તો તેનો જીવનો બચાવ
થાય.~ 43 એ ત્રણ નગરો આ પ્રમાંણે હતા: રૂબેનીઓના વંશજોને માંટે
રણના સપાટ પ્રદેશમાં આવેલું ‘બેસેર’ ગાદના વંશજો માંટે ગિલયાદમાં
આવેલું રામોથ અને મનાશ્શાના વંશજો માંટે બાશાનમાં આવેલું ગો-
લાન.~ 44 ઇસ્રાએલી પ્રજાને મૂસાએ દેવની નિયમસંહિતા આપી.~
45 તેઓ મિસરમાંથી નીકળ્યા ત્યારે મૂસાએ તે લોકોને આ નિયમો
આપ્યા હતા.~ 46 યર્દન નદીની પૂર્વમાં બેથ-પેઓર નગર પાસે મૂસાએ
આ વચનો કહી સંભળાવ્યાં. અગાઉ આ દેશ અમોરીઓના રાજા સીહો-
નના કબજામાં હતો, તેની રાજધાની હેશ્બોન હતી. મૂસા તથા ઇસ્રાએ-
લીઓએ મિસરમાંથી આવતાં એ રાજાને હરાવ્યો હતો.~ 47 અને તેના
પ્રદેશનો તેમ જ બાશાનના રાજા ઓગના પ્રદેશનો એમ યર્દનના પૂર્વ-
કાંઠે આવેલા બે અમોરી રાજાઓના પ્રદેશનો કબજો લીધો હતો.~
48 આમ ઇસ્રાએલે આર્નોનની ખીણની સરહદે આવેલા અરોએરથી તે
સિયોન પર્વત જે હેમોર્ન પર્વત તરીકે પણ ઓળખાય છે.~ 49 અને યર્દન
નદીની પૂર્વે આવેલો સમગ્ર અરાબાહનો પ્રદેશ તેમજ પિસ્ગાહ પર્વતના
ઢોળાવ નીચે આવેલો મૃત સમુદ્ર અરાબાહ સુધીનો પ્રદેશ કબજે કરી
લીધો.

5 બધા ઇસ્રાએલી લોકોને બોલાવીને મૂસાએ તેઓને કહ્યું, “હે
ઇસ્રાએલીઓ, આજે હું તમને જે કાયદાઓ અને નિયમો સંભળાવું
છું તે ધ્યાનથી સાંભળો અને એ શીખી લો અને ચોક્કસ એનું પાલન
કરો.~ 2 આપણા દેવ યહોવાએ આપણી સાથે હોરેબમાં કરાર કર્યો
હતો.~ 3 એ કરાર યહોવાએ આપણા પિતૃઓ સાથે નહિ પણ આપણી
સાથે કર્યો હતો, જેઓ આજે અહીં જીવતા રહ્યા છે.~ 4 યહોવા તમારી
સાથે ત્યાં પર્વત પર અગ્નિમાંથી પ્રત્યક્ષ બોલ્યા હતા,~ 5 તે સમયે યહો-
વાના શબ્દો તમને સંભળાવવા હું મધ્યસ્થ તરીકે ઊભો હતો, કારણ કે,
તમને અગ્નિનો ભય લાગતો હતો અને તમે પર્વત પર તેમની પાસે ગયા
ન્હોતા. અને મેં તમને તે કહી સંભળાવ્યા હતા. તેમણે કહ્યું હતું:~ 6 “ગુ-
લામીના દેશ મિસરમાંથી તમને મુકત કરી બહાર લાવનાર હું જ તમારો
દેવ છું.~ 7 “માંરા સિવાય તમારે કોઈ પણ અન્ય દેવની ઉપાસના કરવી
જોઈએ નહિ.~ 8 “ઉપર આકાશમાં કે નીચે પૃથ્વી પર કે પૃથ્વી નીચેના
જળમાં વસનાર પશુ, પક્ષી કે જળચર પ્રાણીની મૂર્તિ તમારે બનાવવી
નહિ.~ 9 અને તમારે તેને નમસ્કાર કરીને તેમની પૂજા કરવી નહિ. કા-
રણ કે, હું તમારો દેવ યહોવા અનન્ય નિષ્ઠાની અપેક્ષા રાખનાર દેવ છું.
જે માંરો તિરસ્કાર કરે છે, તેમનાં સંતાનોને હું ત્રીજી તથા ચોથી પેઢી સુ-
ધી તેમનાં પાપોની શિક્ષા કરું છું.~ 10 પરંતુ જે લોકો માંરા પર પ્રેમભાવ
રાખે છે અને માંરી આજ્ઞાઓનું પાલન કરે છે, તેઓની હજારો પેઢી સુધી
હું તેમના પર કૃપા કરું છું.~ 11 “તમારી ઇચ્છા તમે લીધેલી પ્રતિજ્ઞા પૂ-
ર્ણ કરવાની ના હોય તો તમારે તમારાં દેવનું યહોવાનું નામ નકામું ના
લેવું. જે કોઈ યહોવાનું નામ નકામું લે છે તેને તે શિક્ષા કર્યા વગર રહેતો
નથી.~ 12 “તમારાં દેવ યહોવાની આજ્ઞા મુજબ વિશ્રામવારને પવિત્ર રા-
ખજો.~ 13 બાકીના છ દિવસો તમારે તમારાં રોજના બધા કામકાજ કર-
વાં.~ 14 પરંતુ સાતમો દિવસ તો વિશ્રામવાર છે, તમારાં દેવ યહોવાનો
દિવસ છે. તે દિવસે તમારે કોઈ પણ પ્રકારનું કામ કરવું નહિ,-તમારે કે
તમારાં પુત્રો કે તમારી પુત્રીઓએ, તમારાં દાસ કે તમારી દાસીએ,
તમારાં બળદોએ કે ગધેડાઓએ કે પછી બીજા કોઈ પશુએ, તેમજ
તમારાં ગામોમાં વસતા કોઈ પણ વિદેશીએ પણ કામ ન કરવું, જેથી
તમારાં દાસ-દાસીઓ પણ તમારી જેમ આરામ કરે.~ 15 તમારે વિશ્રામ
દિવસનું પાલન કરવાનં◌ુ છે. યહોવા તમને આ આજ્ઞા આપે છે કે જેથી
તમે યાદ રાખો કે તમે મિસરમાં ગુલામો હતાં, અને યહોવા તમારાં દેવે
તેની મહાન હાથ વડે તમને ગુલામીમાંથી મુકત કર્યા અને તમને મિસર-
માંથી બહાર લાવ્યાં.~ 16 “યહોવાની આજ્ઞા પ્રમાંણે તમારે તમારાં માંતા
અને પિતાનો આદર કરવો, કે જેથી યહોવા તમારાં દેવ તમને જે ભૂમિ
આપી રહ્યાં છે તેમાં તમે લાંબા સમય માંટે સારુ જીવો.~ 17 “તારે હત્યા
કરવી નહિ,~ 18 “તારે વ્યભિચાર કરવો નહિ.~ 19 “તારે ચોરી કરવી
નહિ.~ 20 “તારે બીજા લોકો વિરુદ્ધ ખોટી સાક્ષી પૂરવી નહિ.~
21 “તમારાં પડોશીની પત્નીની કામના કરવી નહિ, તેમ તેના ઘર કે ખે-
તર, દાસ કે દાસી, પશુ, ગધેડાં કે અન્ય કોઈ પણ વસ્તુનો કબજો કર-
વાની ઇચ્છા કરવી નહિ.”~ 22 “આ દશ આજ્ઞાઓ તમારાં સમગ્ર સમુદા-
યને યહોવાએ તે પર્વત ઉપર અગ્નિ તથા ગાઢ વાદળમાંથી મોટા સાદે
સંભળાવી હતી. એ પછી તે કશું બોલ્યા ન્હોતા અને તેમણે એ
આજ્ઞાઓ મને પથ્થરની બે તકતીઓ ઉપર લખીને આપી હતી.~
23 “પર્વત જયારે અગ્નિથી ભડભડ બળતો હતો, ત્યારે તમે અંધકાર-
માંથી એ અવાજ સાંભળ્યો, પછી તમારાં કુળસમૂહોના બધાં આગેવાનો
અને વડીલો માંરી પાસે આવ્યાં અને વિનંતી કરી,~ 24 “આપણા દેવ
યહોવાએ અમને પોતાના ગૌરવ અને માંહાત્મ્ય દર્શન કરાવ્યાં છે, અને
અમે અગ્નિમાંથી તેમનો અવાજ સાંભળ્યો છે; આજે અમે જોયું અને જા-
ણ્યું છે કે દેવ માંણસ સાથે બોલે છતાં માંણસ જીવતો રહે છે.~ 25 પરંતુ
અમારે મોતનું જોખમ ફરી શા માંટે લેવું? આ મહાભયંકર અગ્નિ તો અમ-
ને સૌને ભસ્મીભૂત કરી નાખશે. જો અમે ફરી વાર અમારાં દેવ યહોવાનો
અવાજ સાંભળીશું તો અમે જરૂર મૃત્યુ પામીશું.~ 26 પૃથ્વી પર એવી
કોઈ વ્યકિત નથી જેણે, જીવતા દેવને અગ્નિમાંથી બોલતા સાંભળ્યા
હોય આપણી જેમ, અને હજી જીવતું હોય.~ 27 તમે જ તેમની પાસે
જાઓ અને આપણાં દેવ યહોવા જે કહે તે સાંભળો, અને તેણે તમને જે
કહ્યું હોય તે અમને જણાવો. અમે તે સાંભળીશું અને તેનું પાલન અવ-
શ્ય કરીશું.’~ 28 “જયારે યહોવાએ તમારી વિનંતી માંન્ય રાખી અને મને
કહ્યું, ‘આ લોકોએ તને જે જણાવ્યું છે તે મેં સાંભળ્યું છે. હું તેઓની વાત
માંન્ય રાખું છું.~ 29 તે લોકોની વૃત્તિ હંમેશા આવી રહે અને તેઓ માંરા-

થી ડરતા રહે અને માંરી આજ્ઞાઓનું પાલન કરતા રહે તો કેવું સારું! તે
લોકો અને તેમનાં સંતાનો પેઢી દર પેઢી સુખી રહે.~ 30 ""જા, તું જઈને તે
લોકોને કહે કે, તમે તમારા તંબુઓમાં પાછા જાઓ.~ 31 પણ તું પોતે
અહીં માંરી પાસે ઊભો રહે, એટલે હું તને માંરી બધી આજ્ઞાઓ, કાય-
દાઓ અને નિયમો સંભળાવીશ; અને પછી તું તે એ લોકોને કહેજે, જેથી
હું એમને જે ભૂમિનો કબજો આપનાર છું તેમાં ત્યાં તેઓ તે બધી
આજ્ઞાઓનું પાલન કરે.'~ 32 "પછી મૂસાએ લોકોને કહ્યું. "તમાંરા દેવ
યહોવાએ તમને જે આજ્ઞાઓ કરી છે તેનું કાળજી રાખીને પાલન કરજો.
અને તમે જે માંગેર્ ચાલી રહ્યાં છો તેમાંથી વળતા નહિ.~ 33 અને જો
તમાંરે જીવતા રહેવું હોય, સુખી થવું હોય અને જે ભૂમિનો કબજો તમે
પ્રાપ્ત કરવાના છો તેમાં દીર્ધાયુ ભોગવવું હોય તો તમે તમારા દેવ યહો-
વાએ આપેલા માંર્ગ પર જીવન ગુજારજો.

6 "તમે જે દેશનો કબજો લેવાને જઈ રહ્યા છો, ત્યાં જે આજ્ઞાઓ,
કાયદાઓ અને નિયમો પાળવાનું તમને શીખવવા માંટેની આજ્ઞા
તમાંરા દેવ યહોવાએ મને કહી હતી તે આ છે.~ 2 તમને આ નિયમો શી-
ખવવાનો હેતુ એ છે કે તમે યહોવાથી ડરીને ચાલો અને હું તમને જે કા-
યદાઓ અને આજ્ઞાઓ આપું છું તેનું તમે, તમાંરા સંતાનો અને તમાંરા
બધા વંશજો જીવનભર પાલન કરો જેથી તમે સફળ દીર્ઘાયુ ભોગવો.~
3 હે ઇસ્રાએલી પ્રજાજનો, જો તમે ધ્યાનથી સાંભળશો અને કાળજીપૂર્વક
એનું પાલન કરશો, તો તમાંરા પિતૃઓના દેવ યહોવાએ આપેલા વચન
પ્રમાંણે જયાં દૂધ અને મધની રેલછેલ છે એવા દેશમાં તમે સુખી થશો
અને તમાંરો વંશવેલો ખૂબ વધશે. અને તમે એક મહાન પ્રજા બની રહે-
શો.~ 4 "હે ઇસ્રાએલી પ્રજાજનો; સાંભળો, યહોવા આપણા દેવ છે. એક
માંત્ર યહોવા.~ 5 અને તમાંરે તમાંરા દેવ યહોવા પર પૂર્ણ મનથી પૂર્ણ
અંત:કરણથી તથા પૂર્ણ મનોબળથી પ્રેમ રાખવો.~ 6 આજે હું તમને જે
આજ્ઞાઓ આપુ છું તેને તમાંરા મનમાં સંઘરી રાખજો.~ 7 અને તમાંરાં
સંતાનોને તે શીખવો, તમે ઘરમાં હોય કે રસ્તે ચાલતા હોય સુતાં હોય કે
જાગતાં હોય, તેનું રટણ કરતા રહો.~ 8 તમે એ આજ્ઞાઓને તમાંરા હાથે
યાદી તરીકે બાંધજો અને તમાંરા લલાટ પર બિલ્લા તરીકે.~ 9 તમાંરા
ઘરની બારસાખ ઉપર તથા તમાંરા દરવાજા ઉપર તે લખજો.~
10 "તમાંરા દેવ યહોવા કે જેમણે જે દેશ આપવાનું, તમાંરા પિતૃઓ
ઈબ્રાહિમ, ઇસહાકને અને યાકૂબને વચન આપ્યું હતું તે દેશમાં તમને
લઈ જશે. ખ્યાં મોટાં સુંદર નગરો છે, જે તમે બાંધ્યાં નથી.~ 11 ત્યાં સર્વ
પ્રકારની સારી વસ્તુઓથી ભરેલાં ઘર છે, જે તમે વસાવ્યાં નથી. પથ્થર-
માં ખોદી કાઢેલા કૂવા છે, જે તમે ખોધ્યા નથી; તથા દ્રાક્ષની અને જૈતૂ-
નની વૅડીઓ છે, જે તમે વાવેલી નથી, ત્યાં તમે પુષ્કળ પ્રમૅણમાં ખાશો
ને તૃપ્ત થશો.~ 12 "ખબરદાર રહેજો, રખેને મિસર એટલે કે ગુલામીના દે-
શમાંથી તમને કાઢી લાવનાર યહોવાને તમે ભૂલી જાવ.~ 13 તમાંરા દેવ
યહોવેથી ડરો, તેની સેવા કરવી અને તમાંરા બધા વચનોમાં ફકત તેમ-
નું જ નામ વાપરવું.~ 14 તમાંરે પડોશી પ્રજાઓના દેવોની પૂજા કરવી
નહિ.~ 15 કારણ કે, તમાંરી સૅથે રહેનાર તમાંરા દેવ યહોવા એકનિષ્ઠા
માંગતા દેવ છે. જો તમે અવજ્ઞા કરશો તો તમાંરા પર રોષે ભરાશે અને
તમને પૃથ્વીના પડ પરથી ભૂંસી નાખશે અને તમાંરું નામનિશાન રહેશે
નહિ.~ 16 "તમે માંસ્સાહમાં તેમની વિરુદ્ધ ફરિયાદ કરીને તેમને ઉશ્કેર્યા
હતા અને તેમની ધીરજની પરીક્ષા કરી હતી તેવી યહોવાની કસોટી કર-
શો નહિ.~ 17 તમાંરા દેવ યહોવાના કાનૂનો, નિયમો અને તેમની
આજ્ઞાઓનું તમાંરે ખૂબ જ કાળજીપૂર્વક પાલન કરવું.~ 18 અને યહોવા-
ની નજરમાં જે યોગ્ય અને સારું છે તે જ્યારે તમે કરશો, ત્યારે જ તમાંરું
ભલું થશે અને યહોવાએ તમાંરા પિતૃઓને જે સારો દેશ આપવાનું
વચન આપ્યું છે તેમાં દાખલ થઈને તેનો કબજો તમે મેળવી શકશો.~
19 વળી દેવના કહ્યા પ્રમૅણે તેમની મદદથી તમે તમાંરા દેશમાંથી
તમાંરી સામેના બધા દુશ્મનોને કાઢી શકશો.~ 20 "ભષિષ્યમાં તમાંરો
પુત્ર તમને પૂછે કે; 'આપણા દેવ યહોવાએ તમને કાયદાઓ, નિયમો
અને આજ્ઞાઓ શા માંટે જણાવ્યાં હતા?'~ 21 ત્યારે તમાંરે કહેવું, 'અમે
મિસરમાં ફારુનના ગુલામ હતા. યહોવા તેમના મહાન પરાક્રમ વડે
અમને મિસરમાંથી મુકત કરીને બહાર લાવ્યા.~ 22 તેમણે ભારે પર-
ચાઓ બતાવી મિસરવાસીઓ, ફારુન અને તેમના બધા અમલદારો પર
ભયંકર આફતો ઉતારી હતી, એ બધું અમે પ્રત્યક્ષ નજરે નિહાળ્યું છે.~
23 પરંતુ આપણને તો તે ત્યાંથી બહાર લઈ આવ્યાં, જેથી આપણા પિ-
તૃઓને જે ભૂમિ આપવાનું વચન આપ્યું હતું તેમાં આપણને લઈ આવે
અને તેનો કબજો આપણને સોંપે.~ 24 તે વખતે યહોવાએ આ બધા નિ-
યમોનું પાલન કરવાની આજ્ઞા કરી હતી, જેથી આપણે તેનો ભય રાખી-
ને ચાલીએ અને તેથી આજ સધી આપણે જેમ સુખસમૃદ્ધિમાં રહેતા
આવ્યા છીએ તેમ સદાને માંટે રહેવા પામીએ.~ 25 જો આપણે કાળજી-
પૂર્વક આ બધા નિયમોનું પાલન કરીએ જે યહોવા, આપણા દેવે આપ-
ણને આજ્ઞા કરેલી, તે આપણા માંટે સદાચારી કૃત્ય થશે.'

7 "તમે જે ભૂમિનો કબજો લેવા માંટે જઈ રહ્યા છો ત્યાં તમને
તમાંરા દેવ યહોવા લઈ જશે અને તમાંરા માંટે અનેક પ્રજાને તે
હાંકી કાઢશે, એટલે હિત્તીઓ, ગિર્ગાશીઓ, અમોરીઓ, કનાનીઓ, પરિ-
ઝઝીઓ, હિવ્વીઓ, અને યબૂસીઓ, આ સાત રાષ્ટો તમાંરાં કરતાં મો-
ટા અને શકિતશાળી છે. પણ તે તેઓને હાંકી કાઢશે.~ 2 તમાંરા દેવ
યહોવા એ પ્રજાઓને તમાંરે હવાલે સોંપી દેશે. અને તમે તેમનો પરાજય
કરશો, તે વખતે તમાંરે તેમનો પૂર્ણ વિનાશ કરવો. તમાંરે તેમની સાથે
દયા રાખવી નહિ કે કરાર કરવો નહિ.~ 3 તમે તેઓની સાથે લગ્નવ્યવ-
હાર ન રાખો. તમાંરા પુત્રોને તેઓની પુત્રીઓ સાથે કે તમાંરી પુત્રીઓને
તેઓના પુત્રો સાથે પરણાવશો નહિ.~ 4 કારણ તે લોકો તમાંરા સંતા-
નોને યહોવાની પૂજા કરતાં બીજે વાળશે, અને તેઓ બીજા દેવ દેવીઓ-
ને પૂજવાનું શરૂ કરશે, પછી યહોવા તમાંરા પર રોષે ભરાશે અને સત્વરે
તમાંરો નાશ કરશે.~ 5 "પરંતુ તમાંરે તે લોકો સાથે આ પ્રમાંણે વર્તવું: તે-
મની વેદીઓને તોડી પાડવી, તેમના સ્તંભોને ભાંગી નાખવા, તેઓની
ધિક્કારપાત્ર પ્રતિમાંઓને તોડી નાખવી અને તેમની મૂર્તિઓને બાળી
નાખવી.~ 6 તમે તમાંરા યહોવા દેવને અર્પિત થયેલા પવિત્ર લોકો છો.
તમાંરા દેવ યહોવાએ પૃથ્વી પરની બીજી બધી પ્રજાઓમાંથી તમને જ
પોતાના ખાસ લોકો થવા માંટે પસંદ કરેલા છે.~ 7 તમે અન્ય કોઈ પણ
પ્રજા કરતાં સંખ્યાંબળમાં વધારે હતા માંટે યહોવાએ તમને પસંદ કર્યા
નથી, તમે બધાં રાષ્ટોમાંનાં સૌથી નાના હતા.~ 8 પરંતુ યહોવાને
તમાંરા પર પ્રેમ હતો અને તમાંરા પિતૃઓને-વડવાઓને આપેલા વચન-
નું પાલન કરવું હતું, માંટે તે તમને ગુલામીના દેશમાંથી, મિસરના રાજા
ફારુનના હાથમાંથી પ્રચંડ ભૂજબળથી છોડાવી લાવ્યો હતો.~ 9 "તેથી
તમાંરે સમજી લેવું જોઈએ કે ફકત યહોવા જ તમાંરા દેવ છે, એ જ માંત્ર
સાચા વિશ્વાસુ દેવ છે. તે પોતાનો કરાર હજારો પેઢીઓ સુધી રાખે છે,
અને જેઓ તેના પર પ્રેમ રાખે છે અને તેની આજ્ઞાઓનું પાલન કરે છે,
તેમના પર કરુણા રાખે છે.~ 10 પરંતુ જેઓ તેમનો તિરસ્કાર કરે છે
તેઓ જાહેરમાં શિક્ષા ભોગવશે અને નાશ પામશે, જે કોઈ તેમનો તિર-
સ્કાર કરે છે તેમનો બદલો લેવામાં તે ઘડીનોય વિલંબ નહિ કરે.~
11 આથી આ બધી આજ્ઞાઓ જે હું આજે તમને જણાવું છું. તે આ કાય-
દાઓ અને નિયમોનું તમાંરે પાલન કરવું,~ 12 "જો તમે લોકો આ કાય-
દાઓ, નિયમો અને આજ્ઞાઓ ધ્યાનથી સાંભળશો અને ખૂબ કાળજીપૂ-
ર્વક તેનું પાલન કરશો, તો તમાંરા દેવ યહોવા તમાંરા પિતૃઓ સાથે કરે-
લા કરાર પાળશે અને તમાંરા પર કરુણા દર્શાવશે.~ 13 યહોવા તમાંરી
બધી બિમાંરીઓ લઈ લેશે, મિસરમાં જે ખરાબ રોગોનો તમને અનુભવ
થયો હતો, તેમાંનો કોઈ એ તમને નહિ થવા દે, પણ તમાંરા દુશ્મનોને
એ રોગોનો ભોગ બનાવશે.~ 14 યહોવા તમાંરા દેવ તમને જે બધી પ્રજા-
ઓને સોંપવાના છે, તેઓનો નાશ કરો. તેઓના પ્રત્યે સહાનુ-ભૂતિ ન
અનુભવો અને તેઓના દેવોને ન પૂજો, જો તમે તેમ કરશો તો તમે
ફસાઈ જશો.~ 15 "કદાચ તમને એવો વિચાર આવે કે, 'આ પ્રજાઓ તો
અમાંરા કરતાં ઘણી તાકતવર છે; અમે તેમને શી રીતે કાઢી શકીએ?'~
16 પરંતુ તમે તેમનાથી ગભરાશો નહિ, તમાંરા યહોવા દેવે ફારુન તથા
મિસર દેશના જે હાલ કર્યા હતા તેનું સ્મરણ કરવું.~ 17 યહોવા તેમના
પર જે ભયાનક આફતો લાવ્યા તે યાદ કરો. તમે તમાંરી જાતે તે બનતા
જોયું હતું. મિસરમાંથી તમને મુકત કરાવવા માંટે દેવે પોતાના પ્રચંડ
બળ અને સાર્મથ્યનો ઉપયોગ કરીને જે પરચો બતાવ્યો હતો અને અદ્-
ભૂત કૃત્યો કર્યા હતા તે યાદ કરો. તમે જે લોકોથી ડરો છો તેઓની સામે
યહોવા દેવ એવું જ બળ વાપરશે.~ 18 "જે લોકો તમાંરાથી સંતાઈ ગયા
હશે અને ભાગી ગયા હશે તેઓ વિરુદ્ધ યહોવા તમાંરા દેવ ભમરાં મોક-
લશે.~ 19 એ પ્રજાથી તમે જરાય ડરશો નહિ. કારણ કે, તમાંરા દેવ યહો-

વા તમારી વચ્ચે છે; અને તે તો મહાન અને ભયંકર દેવ છે.~ 20 તે
તમારી સાથે પ્રેમ કરશે અને શુભ આશીર્વાદ આપશે અને તમારો વંશવે-
લો વધારશે, જે ભૂમિ તમને આપવાની એમણે તમારા પિતૃઓ સમક્ષ
સમ ખાધા હતા તે ભૂમિમાં તે તમને આશીર્વાદ આપશે; તે તમને પુ-
ષ્કળ સંતતિ, અને ભૂમિની પેદાશ, અનાજ, દ્રાક્ષારસ અને તેલ, તથા
ઢોર અને ઘેટાંબકરાં આપશે.~ 21 “પૃથ્વી પરની બધી પ્રજાઓ કરતાં
તમે વિશેષ આશીર્વાદિત થશો, તમારા લોકોમાં તેમ જ તમારાં ઢોરમાં
કોઈ નિ:સંતાન નહિ રહે.~ 22 તે ધીમે ધીમે તમારી આગળથી એ પ્રજા-
ઓને હાંકી કાઢશે; એક સામટો તેઓનો ઉચ્છેદ નહિ કરે. કારણ કે,
કદાચ જંગલી પશુઓ વધી જાય અને તમને હેરાન કરે.~ 23 તમારા દેવ
યહોવા એ લોકોને તમારા હવાલે કરશે, જ્યાં સુધી તેઓ નાશ ન પામે
ત્યાં સુધી તે તેઓને યુદ્ધમાં ગભરાતા કરશે.~ 24 યહોવા તેઓના રાજા-
ઓને તમારા હાથમાં સુપ્રત કરશે અને તમે લોકો પૃથ્વી પરથી તેમનું
નામોનિશાન સમાપ્ત કરી દેશો. તેમનો નાશ કરતાં સુધી કોઈ તમારો
સામનો કરી શકશે નહિ.~ 25 “તમે લોકો તેઓની મૂર્તિઓને બાળી મૂકો.
એ મૂર્તિઓ ઉપરના સોનાચાંદીના મોહમાં પડીને તે ધાતુઓને અડકશો
નહિ. જો તમે તે ધાતુઓને લેશો તો તે તમારા માટે ફાંદારૂપ બનશે, કા-
રણ, તમારા દેવ મૂર્તિપૂજાને ધિક્કારે છે.~ 26 માટે તમારે ધિક્કારપાત્ર
કોઈ પણ મૂર્તિને તમારા ઘરમાં લાવવી નહિ, અને તેની પૂજા કરવી
નહિ, જો તમે એમ કરશો તો મૂર્તિની જેમ તમારો પણ નાશ થશે. માટે
તમે તેને ધિક્કારો, તે શ્રાપિત વસ્તુ છે.

8 ~“આજે હું તમને જે બધી આજ્ઞાઓ જણાવું છું એનું તમારે
બધાએ કાળજીથી પાલન કરવું, જેથી તમે જીવતા રહો, તમારી
વંશવૃદ્ધિ થાય અને તમારા પિતૃઓને યહોવાએ જે ભૂમિ આપવાનું
વચન આપ્યું છે, તેમાં પ્રવેશ કરીને તમે તેનો કબજો લઈ શકો.~ 2 યાદ
રાખો કે તમને નમ્ર બનાવવા, તમારી કસોટી કરવા અને તમે તેમની
આજ્ઞાઓનું પાલન કરવા માંગો છો કે કેમ, એ જાણવા માટે તમારા દેવ
યહોવાએ આ ચાળીસ વર્ષ સુધી તમને રણમાં ઠેર ઠેર ફેરવ્યા.~ 3 અને
હા, તેણે તમને દુ:ખી કર્યા અને તમને ભૂખ્યા જવા દીધા, અને તમને
નમ્ર બનાવ્યા. ત્યા તેણે તમને માંન્ના ખાવા આપ્યું જેને તમે કે તમારા
પિતૃઓએ પહેલાં જોયું નહતું, તેણે તમને ફકત માંન્નાથી પોષ્યાં. તે રીતે
તે તમને અનુભવ કરાવવા માંગતા હતા કે માંણસ ફકત રોટલીથી જી-
વીત રહેતો નથી. લોકોનુ જીવન યહોવાએ તેમને આપેલ વચનો પર
આધારિત છે.~ 4 આ ચાળીસ વર્ષ દરમ્યાન તમારા શરીર પરનાં વસ્રો
ઘસાઈ ગયાં નથી કે નથી તમારા પગ ફુલી ગયા.~ 5 એટલે આ વાત
તમે હૃદયમાં કોતરી રાખજો કે જે રીતે પિતા પોતાના પુત્રને શિસ્તમાં રા-
ખવા શિક્ષા કરીને કેળવે છે તેમ તમારા દેવ યહોવા તમને શિસ્તમાં રા-
ખી કેળવતા હતા.~ 6 “તેથી તમે લોકો તમારા યહોવા દેવના નિયમોનું
પાલન કરો. તેમને ચીંધેલા માર્ગે ચાલો અને તેમની બીક રાખો.~ 7 કા-
રણ કે તમારા દેવ યહોવા તમને એક સમૃદ્ધ ભૂમિમાં લઈ જઈ રહ્યા છે,
જયાં પુષ્કળ નદીઓ અને અનેક ઝરણાં ફૂટી નીકળીને પર્વતોમાં અને
ખીણમાં વહે છે.~ 8 જયાં ઘઉ, અને જવ પાકે છે, દ્રાક્ષ, અંજીર દાડમ
પણ થાય છે, તથા જે જૈતૂન તેલ અને મધનો પ્રદેશ છે.~ 9 એ એવો પ્ર-
દેશ છે જયાં ખાવાની કોઈ ખોટ નથી, વળી કોઈ વસ્તુની ખોટ પણ
નથી, તેમ જ પથ્થરની જેમ ત્યાં ખડકોમાં પુષ્કળ લોખંડ છે અને ટેકરી-
ઓમાં તાંબાની ખાણો પથરાયેલી છે.~ 10 ત્યાં તમે ખાઈને તૃપ્ત થશો
ત્યારે તમારા યહોવા દેવે જે સમૃદ્ધ ભૂમિ તમને આપી છે તે માટે તમે
તમારા દેવ યહોવાનો આભાર માંનશો.~ 11 “પરંતુ ખબરદાર! આ વખતે
તમારા દેવ યહોવાને ભૂલી ન જશો. પુષ્કળ સમૃદ્ધિને કારણે યહોવા દે-
વને ભૂલી ન જતા. અને હું તમને એમના જે કાયદાઓ, નિયમો અને
આજ્ઞાઓ સંભળાવું છું તેનું પાલન કરવાનું રખેને ચૂકતા,~ 12 જયારે
તમે ભરપેટ ખાઈને તૃપ્ત થાઓ અને સારા બાંધેલાં મકાનોમાં રહેતા
થાઓ,~ 13 અને જ્યારે તમારાં ઘેટાં અને ઢોરઢાંખરની સંખ્યામાં વધારો
થાય અને જ્યારે તમારી પાસે સોનું અને ચાંદી થાય, અને જ્યારે તમારી
પાસે બધી વસ્તુઓ ઘણી માંત્રામાં થાય.~ 14 ત્યારે અભિમાંનમાં છકી
ન જશો અને ગુલામીના દેશ મિસરમાંથી તમને બહાર લાવનાર તમારા
દેવ યહોવાને ભૂલી ન જશો.~ 15 રખે તમે એ દેવ યહોવાને ભૂલી જતા જે
તમને ઝેરી સાપ તથા વીંછીઓથી ભરેલા વિશાળ અને ભયંકર રણમાં
જઈને, સૂકાભટ નપાણિયા પ્રદેશમાં જઈને તમને દોરી લાવ્યા, કઠણ
ખડકમાંથી એમણે તમારા માટે પાણી વહેતું કર્યું,~ 16 અને તમારા પિતૃ-
ઓએ કદીય જોયું ન્હોતું એવું માંન્ના તમને અરણ્યમાં ખાવા આપ્યું;
આમ તમારી કસોટી કરીને તમારું અભિમાંન ઉતારીને અંતે તો તમારું
ભલું જ કર્યું.~ 17 તમારે તમારા મનમાં એવું કદીયે વિચારવું નહિ કે ‘આ
સમૃદ્ધિ મેં મારા ભૂજબળ અને ઉધમથી જ મેળવી છે.’~ 18 હંમેશા સતત
સ્મરણમાં રાખો કે તમને સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટેનું બળ આપનાર તો
એ જ છે; અને એ રીતે તમારા પિતૃઓને આપેલું વચન એ પૂર્ણ કરે છે.~
19 “જો તમે તમારા દેવ યહોવાને ભૂલી જશો અને અન્ય દેવો તરફ વળ-
શો અને પગે પડીને તેમની પૂજા કરશો તો હું તમને આજે સખત ચેતવ-
ણી આપી સાવધાન કરું છું કે તમે અચૂક વિનાશ પામશો.~ 20 કારણ
જો તમે યહોવા તમારા દેવને અનુસરવાનું બંધ કરો, તો તે તમારો નાશ
તે લોકોની જેમ કરશે જે તમારા શત્રુઓ છે.

9 “હે ઈસ્રાએલી પ્રજાજનો સાંભળો! આજે તમે યર્દન નદી ઓળંગી-
ને તમારા કરતાં મહાન અને શકિતશાળી પ્રજાઓનો દેશ કબજે
કરવાના છો. તેમનાં શહેરો મોટાં છે અને તેમને ગગનચુંબી કોટ છે.~
2 એ લોકો પોતે મહાકાય અને બળવાન છે. તેઓ રાક્ષસ જેવા છે, એ
તમે જાણો છો. અને તમે પેલી કહેવત સાંભળી છે કે, ‘રાક્ષસો સામે
કોણ ટક્કર ઝીલી શકે?’~ 3 તેથી તમે સમજી લેજો કે આજે તમારા દેવ
યહોવા સ્વયં સર્વભક્ષી અગ્નિરૂપે તમારા સૌની આગળ રહીને જશે. અને
તે એ લોકોનો વિનાશ કરશે. અને યહોવાના વચન અનુસાર તમે તેઓ-
ને હાંકી કાઢવા તેમજ તરત હરાવવા સમર્થ બનશો.~ 4 “તમારા દેવ
યહોવા તેમને તમારી આગળથી હાંકી કાઢે ત્યારે તમે એમ ન માંની લે-
શો કે, ‘અમે સારા છીએ તેથી યહોવાએ અમને આ પ્રદેશનો કબજો
અપાવ્યો છે.’ એ લોકો દુષ્ટ છે તેથી યહોવા તેઓને હાંકી કાઢે છે.”~
5 તમે નિષ્પક્ષ અને પ્રામાંણિક છો એટલા માટે યહોવા તમને આ પ્રદેશ
નથી આપતા. એ લોકો દુષ્ટ છે એટલા માટે યહોવા તેમને હાંકી કાઢે છે.
અને તેણે તમારા પિતૃઓ ઇબ્રાહિમ, ઇસહાક અને યાકૂબને આપેલું
વચન પાળુ છું એ સારૂ.~ 6 તમે સમજી લેજો કે તમારા કોઈ પુણ્યને લી-
ધે યહોવા તમને આ સમૃદ્ધ ભૂમિનો કબજો આપતો નથી, કારણ, તમે
તો હઠીલી પ્રજા છો.~ 7 “યાદ રાખજો, એ વાત કદી ભૂલશો નહિ કે તમે
તમારા દેવ યહોવાના રોષ રણમાં વહોરી લીધો હતો. તમે મિસરમાંથી
બહાર નીકળ્યા તે દિવસથી તે અહીં આવ્યા ત્યાં સુધી યહોવાની
આજ્ઞાનું ઉલ્લંઘન કરતા આવ્યા છો.~ 8 હોરેબ પર્વત આગળ તમે યહો-
વાનો કોપ વહોરી લીધો હતો અને તે એટલા બધા કોપાયમાંન થયા
હતા કે તમારો વિનાશ કરવા તૈયાર થયા હતા.~ 9 હું ત્યાં પર્વત પર
હતો, યહોવાએ તમારી સાથે કરેલા કરારની તકતીઓ લેવા હું ત્યાં ગયો
હતો. હું ત્યાં ખાધાપીધા વિના ચાળીસ દિવસ અને રાત રહ્યો હતો.~
10 જે દિવસે તમે બધા પર્વત પાસે ભેગા થયા હતા અને અગ્નિમાંથી
યહોવાએ તમને જે આજ્ઞાઓ કહી હતી તે આ બે તકતીઓ પર તેમણે
પોતાના હસ્તાક્ષરમાં લખીને મને આપી હતી.~ 11 “ત્યારે 40 દિવસ
અને રાત પછી યહોવાએ મને તે કરાર લખેલી તકતીઓ આપી,~
12 અને યહોવાએ મને કહ્યું, ‘ઝડપથી પર્વત ઉતરી જા, કારણ તારા લો-
કો જેને તું મિસરમાંથી બહાર લાવ્યો હતો, માંરી આજ્ઞાઓથી બહુ ઝડ-
પથી ફરી ગયા છે અને ઢાળેલી મૂર્તિઓ બનાવી ભ્રષ્ટતાથી વર્ત્યા છે.’~
13 “વળી યહોવાએ મને કહ્યું, ‘એ લોકો કેવા હઠીલા છે એ મેં જોઈ લીધું
છે.~ 14 તું મને રોકીશ નહિ, હું એમનો નાશ કરનાર છું. પૃથ્વી પરથી હું
એમનું નામોનિશાન ભૂંસી નાખીશ, અને તારામાંથી એમના કરતાં
વધારે સશકત અને મહાન પ્રજા ઉત્પન્ન કરીશ.’~ 15 “તેથી હું તરત પા-
છો ફરીને પર્વત પરથી નીચે આવ્યો. ત્યારે પર્વત અગ્નિથી ભડભડ
સળગતો હતો અને માંરા બે હાથમાં કરારની બે તકતીઓ હતી.~ 16 મેં
જોયું તો તમે તમારા દેવ યહોવાની વિરુદ્ધ ભયંકર પાપ કર્યું હતું. તમે
એક વાછરડાંની મૂર્તિ બનાવી હતી અને યહોવાએ તમને જે માંગેર્ ચા-
લવાનું કહ્યું હતું તે માંર્ગથી તમે એટલી જ વારમાં ચલિત થઈ ગયા
હતા.~ 17 એટલે મેં તમારી નજર સામે જ પેલી તકતીઓ જમીન પર
પછાડીને તોડી નાખી.~ 18 પછી પાછો બીજા ચાળીસ દિવસ અને ચા-
ળીસ રાત હું યહોવાની હાજરીમાં જમીન ઉપર ચહેરો નમાંવી કંઈ ખાધા-
પીધા વીના રહ્યો. કારણ તમે પાપ કર્યું હતું જે યહોવાની દ્રષ્ટિએ દુષ્ટ

હતું અને તેને ખૂબ ગુસ્સે કર્યા હતા.~ 19 તમાંરુ શું થશે તેની મને ખૂબ
બીક હતી, તે તમાંરા પર એટલા બધા રોષે ભરાયા હતા કે તમાંરો નાશ
કરવા તૈયાર થયા હતા, તેથી ફરી એક વાર યહોવાએ માંરી પ્રાર્થના
સાંભળી.~ 20 યહોવા હારુન પર પણ રોષે ભરાયા હતા અને તેનો નાશ
કરવા પણ તૈયાર થયા હતા, તેથી મેં હારુન માંટે પણ તે જ વખતે પ્રા-
ર્થના કરી.~ 21 પછી તમે જે પાપમય વસ્તુ બનાવી હતી, પેલું વાછરડું
પોઠીયો-તે લઈને મેં બાળી નાખ્યું, તેના ટુકડે ટુકડા કરી નાખ્યા, અને
તેનો દળીને ઝીણો ભૂકો બનાવ્યો અને તે ભૂકાને પર્વત પરથી વહેતાં
ઝરણામાં ફેંકી દીધો.~ 22 “ફરીથી તમે તાબએરાહમાં, માંસ્સાહમાં અને
કિબ્રોથ-હાત્તાવાહમાં પણ યહોવાનો કોપ વ્હોરી લીધો હતો.~ 23 અને
પછી યહોવાએ તમને કાદેશ-બાનેર્આથી જયારે એમ કહીને મોકલ્યા કે,
‘જાઓ, મેં તમને જે પ્રદેશ આપ્યો છે તેનો કબજો લો.’ ત્યારે પણ
તમાંરા દેવ યહોવાની સામે બંડ કર્યું. અને તે તમને મદદ કરશે એવો
તમે વિશ્વાસ રાખ્યો નહિ. અને તેમની આજ્ઞાનું પાલન કર્યુ નહિ.~ 24 હું
જયારથી તમને ઓળખતો થયો ત્યારથી તમે તેની સામે બળવો પોકાર-
તા રહ્યા છો.~ 25 “તેથી જ હું ચાળીસ દિવસ અને ચાળીસ રાત સુધી
યહોવા સમક્ષ ઘૂંટણીએ પડીને પડી રહ્યો, કારણ કે, યહોવાએ તમાંરો
નાશ કરવાનો નિશ્ચય કર્યો હતો.~ 26 એટલે મેં તેમને પ્રાર્થના કરી, “હે
યહોવા માંરા પ્રભુ, કૃપા કરીને તમાંરા લોકોનો, જેમને તમે અપનાવેલા
છે, જેમને તમે તમાંરી મહાન શકિતથી છોડાવ્યા છે, જેમને તમે તમાંરા
પ્રચંડ બાહુબળથી મિસરમાંથી બહાર લઈ આવ્યા છો, તેમનો નાશ ન
કરશો.~ 27 તમાંરા સેવકો, ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબને આપેલાં
વચનોને યાદ કરીને આ લોકોની હઠ અને દુષ્ટતા તથા એમનાં પાપને
ધ્યાનમાં લેશો નહિ.~ 28 નહિંતર તું અમને જે દેશમાંથી લઈ આવ્યો છે
ત્યાંના લોકો કહેશે કે, ‘યહોવાએ એ લોકોને જે દેશમાં લઈ જવાનું વચન
આપ્યું હતું તેમાં તે લઈ જઈ શકયા નહિ, તે તેમને ધિક્કારતા હતા માંટે
તેમને અહીંથી બહાર રણમાં માંરવા માંટે લઈ ગયા.’~ 29 આખરે તો,
તેઓ તમાંરા લોકો છે, તેઓ તમાંરી મિલકત છે, તેઓ તમાંરી વિશિષ્ટ
માંલિકીની છે અને તમે તમાંરી મહાન શકિત વાપરી તમે તેમને મિસર-
માંથી બહાર લાવ્યા છો.

10 “એ પછી યહોવાએ મને કહ્યું, ‘પહેલાં હતી તેવી જ બે પથ્થરની
તકતીઓ તૈયાર કર અને તેને મૂકવા માંટે લાકડાની એક પેટી
બનાવ. પછી માંરી પાસે તકતીઓ લઈને પર્વત પર આવ.~ 2 તેથી હું તેં
જે પહેલાની તકતીઓ તોડી નાખી છે, તેના પર જે લખાણ હતું તે જ હું
આ તકતીઓ ઉપર લખી આપીશ, અને પછી તું એ તકતીઓને પેટીમાં
મૂકી દેજે.~ 3 “માંટે મેં બાવળના લાકડાની એક પેટી બનાવી અને પહે-
લાના જેવી જ પથ્થરની બે તકતીઓ બનાવી અને તે લઈને હું પર્વત
પર ગયો.~ 4 પછી, યહોવાએ જ્યારે તમે પર્વત પર સભામાં ભેગા થયા
હતાં તે દિવસે અગ્નિમાંથી જે તમને કહ્યું હતું તે સમાંન દશ આજ્ઞાઓ
લખી અને તે મને આપી.~ 5 પછી મેં પર્વત પરથી પાછા નીચે આવીને
તે તકતીઓ યહોવાની આજ્ઞાનુસાર કોશમાં મૂકી, અને હજી પણ તે ત્યાં
જ છે.”~ 6 (ઈસ્રાએલી પ્રજા બએરોથ બેની-યાઅકાનથી યાત્રાનો આરંભ
કરી મોસેરાહ આવી; ત્યાં હારુનનું મૃત્યુ થયું અને તેને ત્યાં જ દફનાવ-
વામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર એલઆઝાર યાજક થયો.~ 7 ત્યાંથી
ઈસ્રાએલીઓ ગુદગોદાહ ગયા અને ગુદગોદાહથી યોટબાથાહ ગયા. ત્યાં
પાણીના ઝરણાં પુષ્કળ હતાં.~ 8 અહીં યહોવાએ લેવીના કુળને જુદું
પાડીને ખાસ સેવા સોંપી: યહોવાએ આપેલી દશ આજ્ઞાઓ જેમાં હતી
તે પેટી તેઓ ઊચકે, યહોવાની સેવામાં ઊભા રહી તેમની સેવા કરે અને
યહોવાના નામે આશીર્વાદ આપે. આજપર્યંત લેવીના કુળનું કામ એ જ
રહ્યું છે.~ 9 તેથી લેવીના વંશજોને જમીનનો કોઈ ભાગ આપવામાં
આવ્યો નહિ; જેમ બીજા કુળસમૂહોને આપવામાં આવતો. તમાંરા દેવ
યહોવાએ તેમને કહ્યું હતું તે મુજબ, યહોવા પોતે જ તેઓનો ભાગ છે.)~
10 “પહેલાંની જેમ હું 40 દિવસ અને 40 રાત પર્વત પર રહ્યો અને યહો-
વાએ ફરીથી માંરી યાચના સાંભળી અને તમાંરો નાશ નહિ કરવા તે
સંમત થયા.~ 11 પછી યહોવાએ મને કહ્યું, ‘ચાલ, આ લોકોની આગેવા-
ની લેવા તૈયાર થા, જેથી મેં એમના પિતૃઓને જે પ્રદેશ આપવાનું વચન
આપ્યું હતું તેનો એ લોકો ત્યાં જઈને કબજો મેળવી શકે.’~ 12 “હે ઈસ્રા-
એલીઓ, કાળજીપૂર્વક સાંભળો. યહોવા તમાંરા દેવ તમાંરી પાસેથી શું
ઈચ્છે છે? તે ફકત તમને તેનાથી ડરવા, તેના દ્વારા બતાવાયેલા માંગેર્
ચાલવા, તેને પ્રેમ કરવા, અને તેની હૃદય અને આત્માંમાં ઊડેથી સેવા
કરવા કહે છે.~ 13 અને આજે હું તમને યહોવાની જે આજ્ઞાઓ અને નિ-
યમો આપું છું તેનું પાલન તમાંરા પોતાના ફાયદા માંટે કરો.~ 14 “પૃથ્વી
પરનું સર્વસ્વ અને ઊચામાં ઉચા આકાશો પણ તમાંરા યહોવા દેવનાં
છે.~ 15 તેમ છતાં યહોવાનો તમાંરા પિતૃઓ પરનો પ્રેમ એટલો તો દ્રઢ
હતો કે, તેણે બધી પ્રજાઓમાંથી તેમના વંશજોને-તમને પસંદ કર્યા
અને આજે પણ તમે એની પસંદ કરેલી પ્રજા છો.~ 16 “તેથી તમાંરાં પા-
પી હૃદયોને શુદ્ધ કરો, ને હઠ છોડી દો,~ 17 કારણ કે, તમાંરા દેવ યહોવા
દેવાધિદેવ છે, તે મહાન, પરાક્રમી અને ભીષણ છે, તે નિષ્પક્ષ અને
ન્યાયી છે, તે કદી લાંચ લેતા નથી.~ 18 તે વિધવાઓને તથા અનાથોને
ન્યાય આપે છે, પરદેશીઓ પર પ્રેમ રાખે છે અને તેઓને ખોરાક તથા
વસ્ત્રો આપે છે.~ 19 તેથી તમાંરે પણ પરદેશીઓ પર પ્રેમ રાખવો. કા-
રણ કે તમે પણ મિસરમાં વિદેશી હતા.~ 20 “તમાંરા દેવ યહોવાથી ડરો
અને તેની ઉપાસના કરો. તેને કદી ન છોડો અને તેના નામ માંત્રથી સો-
ગન ખાવ.~ 21 તમાંરે એમની જ સ્તુતિ કરવી, તે જ તમાંરા દેવ છે. તેમ-
ણે તમાંરા માંટે જે મહાન અને અદભૂત કાર્યો કર્યા છે તે તમે પ્રત્યક્ષ નિ-
હાળ્યા છે.~ 22 જયારે તમાંરા પિતૃઓ મિસર ગયા હતા ત્યારે તેઓ ફકત
સિત્તેર જ હતા. પણ અત્યારે તમાંરા દેવ યહોવાએ તમને આકાશના તા-
રાની જેમ અસંખ્ય અને અગણિત બનાવ્યા છે.

11 “તમાંરે તમાંરા દેવ યહોવા પર વિશ્વાસ રાખવો. અને તેમના
આદેશ, કાયદા, નિયમો અને આજ્ઞાઓનું સદા પાલન કરવું.~
2 સાંભળો, આ હું તમાંરા સંતાનો વિષે વાત નથી કરતો, હું તમાંરી વાત
કરું છું. તમે યહોવાની મહાનતા, તેનું સાર્મથ્ય, તેની શકિત અને તેણે
તમાંરા માંટે કરેલી અદભૂત વસ્તુઓ તમે જોઈ છે. તેથી આજે તમાંરે
યહોવા તમાંરા દેવ દ્વારા અપાયેલ પાઠ ભણાવવો જ પડશે.~ 3 મિસર-
ના રાજા ફારુન તથા તેના દેશ વિરુદ્ધ તેમણે જે અદભુત પરાક્રમો કર્યા
હતા એ તમાંરાં સંતાનોએ જોયાં નથી.~ 4 અને મિસરનું લશ્કર તેના ઘો-
ડા અને રથો તમાંરો પીછો કરતાં હતાં, ત્યારે રાતા સમુદ્રના પાણી તેમ-
ના પર ફરી વળે એ રીતે તેમણે તેમનો કેવી રીતે સદંતર વિનાશ કર્યો
હતો તે તમે કયાં નથી જાણતા?~ 5 અત્યારે તમે આ સ્થળે આવી
પહોંચ્યા છો, તે પહેલા વષોર્ પર્યંત રણ પ્રદેશમાં ભટકયા ત્યારે દેવે
સતત તમાંરી સંભાળ રાખી હતી તે તેઓએ જોયું નથી.~ 6 અને રૂબેન-
ના વંશજોમાંથી, અલીઆબના પુત્રો, દાથાન અને અબીરામને દેવે શું
કર્યું તે તમે જાણો છો. બધા ઈસ્રાએલીઓના દેખતા પૃથ્વી પોતાનું મોં
ઉઘાડીને તેઓને, તેઓના કુટુંબોને, તેઓના તંબુઓને અને તેમની સા-
થેના નોકરચાકર તથા તેમના સૌ પ્રાણીઓને ગળી ગઈ હતી.~ 7 આ
બધું તમાંરાં સંતાનોએ જોયું કે અનુભવ્યું નથી, પણ તમે તો યહોવાનાં
અદભૂત પરાક્રમો નજરોનજર નિહાળ્યાં છે.~ 8 “તેથી હવે, હું આજે તમ-
ને જે કંઈ જણાવું છું તે સર્વનું તમાંરે પાલન કરવું, જેથી તમે લોકો સામે
પાર જે દેશમાં જઈ રહ્યા છો તેમાં પ્રવેશ કરવાનું અને તેને કબજે કરવાનું
તમને બળ પ્રાપ્ત થાય.~ 9 અને યહોવાએ દૂધ અને મધની જયાં રેલછેલ
હોય એવી જે ભૂમિ તમાંરા પિતૃઓને અને તેમનાં સંતાનોને આપવાનું
વચન આપ્યું હતું, તેમાં તમે સુખી દીર્ધાયુ પામો.~ 10 તમે જે ભૂમિનો
કબજો લેવા જઈ રહ્યા છો તે મિસરની ભૂમિ જેવી નથી, જયાંથી તમે
આવો છો, અને જયાં બી વાવ્યા પછી તમાંરે શાકભાજીની વાડીની જેમ
પાણી પાવું પડતું હતું.~ 11 પરંતુ આ દેશ તો પર્વતો અને ખીણોનો દેશ
છે. ત્યાં પુષ્કળ વરસાદ પડે છે.~ 12 એ એવો દેશ છે, જેની સારસંભાળ
તમાંરા દેવ યહોવા લે છે. અને વર્ષના આરંભથી તે અંત સુધી તેમની
નજર સતત તેના પર રહે છે.~ 13 “‘આજે હું તમને જે આજ્ઞાઓ જણાવું
છું તેનું જો તમે કાળજીપૂર્વક પાલન કરશો. અને તમાંરા દેવ યહોવા પર
પ્રીતિ રાખી તમાંરા મન અને આત્માંથી તેની સેવા કરશો તો,~ 14 તે
તમાંરા ખેતરો માંટે ઋતુ અનુસાર આવશ્યક વરસાદ મોકલશે. આગોત-
રો અને પાછોતરો બંને પ્રકારનો, જેથી તમને ધાન્ય અને દ્રાક્ષારસ માંટે-
ની દ્રાક્ષો તથા જૈતતેલ પેદા કરશે.~ 15 તમાંરાં ઢોરઢાંખર માંટે તે લી-
લાંછમ ગૌચરો આપશે. તમાંરી પાસે પુષ્કળ ખોરાક હશે અને તમને
ધરાઈને જોઈએ તેટલું ખાવા મળશે.’~ 16 “પણ જોજો, સાવધ રહેજો,
તમાંરુ હૃદય ભોળવાઈ જઈને આડે રસ્તે ચઢીને બીજા દેવોની સેવામાં

લાગી ન જાય.~ 17 નહિ તો તમાંરા પર યહોવાનો કોપ ઊતરશે અને તે
આકાશમાંથી વરસાદ પડતો બંધ કરી દેશે, તમાંરી જમીનમાં કાંઈ પાક-
શે નહિ, અને યહોવા જે ફળદ્રુપ જમીન-દેશ આપી રહ્યા છે તેમાં તમાંરું
નામનિશાન થોડા સમયમાં ભૂંસાઈ જશે.~ 18 “તેથી માંરી આ આજ્ઞાઓ
સદાય યાદ રાખો, તમાંરા હાથમાં ચિન્હની જેમ બાંધો, અથવા તેમને
તમાંરા કપાળ પર તેને સ્મૃતિપત્રની જેમ પહેરો.~ 19 તમાંરાં સંતાનોને તે
શીખવો. તેમનું રટણ કરતા રહો; ભલે તમે ઘરમાં હોય કે બહાર ચાલતા
હોય, ભલે સૂતા હોય હો કે ઉઠતા હોય.~ 20 તમાંરાં ઘરની બારસાખ
અને દરવાજા પર દેવની આજ્ઞા લખી રાખજો.~ 21 જેથી યહોવાએ જે
દેશ આપવાનું વચન તમાંરા પિતૃઓને આપ્યું હતું તેમાં તમે અને
તમાંરાં વંશજો જ્યાં સુધી આકાશ પૃથ્વી પર રહે તેટલું લાંબું જીવો.~
22 “હું જે બધી આજ્ઞાઓનું પાલન કરવાનો આદેશ આપું છું તેનું જો તમે
કાળજીપૂર્વક પાલન કરશો, તમાંરા યહોવા દેવ પર પ્રીતિ રાખશો અને
તેમને વળગી રહેશો, અને તેમના દોરેલા માંગેર્ આગળ વધશો,~ 23 તો
યહોવા તમાંરા કરતાં મોટી અને વધુ બળવાન પ્રજાઓને પણ એ ભૂમિ
પરથી હાંકી કાઢશે. જેનો તમે કબજો કરવાના છો.~ 24 અને તમે જયાં
જયાં પગ મૂકશો તે બધી ભૂમિ પણ તમાંરી થશે. તમાંરી સરહદ દક્ષિણ-
માં રણથી તે ઉત્તરમાં લબાનોન સુધી અને પૂર્વમાં ફ્રાત નદીથી તે પશ્ચિ-
મમાં સમુદ્ર સુધી વિસ્તરશે.~ 25 વળી તમાંરી સામે કોઈ ટકી શકશે
નહિ, તમાંરા દેવ યહોવાના વચન મુજબ તમે જયાં જયાં જશો ત્યાંના
લોકોમાં તે તમાંરી બીક અને ધાક બેસાડવા તમાંરી સાથે રહેશે.~
26 “ધ્યાન રાખો. આજે હું તમાંરી સમક્ષ દેવના આશીર્વાદ અને દેવના
શ્રાપની પસંદગી રજૂ કરું છું.~ 27 આજે હું તમને યહોવા દેવની
આજ્ઞાઓ આપું છું. જો તમે તેનું પાલન કરશો તો આશીર્વાદ પામશો.~
28 જો તમે યહોવા, તમાંરા દેવની આજ્ઞાઓનું પાલાન નહિ કરો, અને
આજે હું તમને જે માંર્ગ વિષે આજ્ઞા કરું છું તે ન અનુસરો અને બીજા
લોકોના દેવોને પૂજો તો. તે તમાંરા પર શ્રાપ મોકલશે.~ 29 “જે સમયે
તમાંરા યહોવા દેવ તમને વચન મુજબના દેશનો કબજો લેવા લઈ આવે
ત્યારે તમે ગરીઝીમ પર્વત પરથી આશીર્વાદ અને એબાલ પર્વત પરથી
શ્રાપ પોકારશો!~ 30 એ પર્વતો યર્દનની સામે પાર પશ્ચિમે કાંઠાના પ્રદે-
શમાં વસતા કનાનીઓની ભૂમિમાં રસ્તા ઉપર, મોરેહનાં પવિત્ર એલોન
વૃક્ષો નજીક ગિલ્ગાલની પાસે આવેલા છે.~ 31 ટૂંકમાં જ તમે યર્દન નદી
ઓળંગી જશો અને યહોવા તમાંરા દેવ તમને જે ભૂમિ આપી રહ્યા છે તે
ધારણ કરશો અને ત્યાં સ્થાયી થશો.~ 32 માંટે હું આજે તમાંરી સમક્ષ જે
બધા કાયદાઓ અને નિયમો રજૂ કરું છું તેનું કાળજીપૂર્વક પાલન કર-
જો.

12 “તમાંરા પિતૃઓના દેવ યહોવાએ તમને સદાને માંટે વતન
તરીકે જે ભૂમિ આપી છે, તેમાં તમાંરે નીચેના નિયમો તથા કા-
યદાઓ આજીવન પાળવાના છે.~ 2 તમે જયાં જયાં ઊચા પર્વતો પર
તથા ડુંગરાઓ પર અથવા વૃક્ષોની નીચે તમે જે પ્રજાઓની ભૂમિ કબજે
કરો છો તેમની રચેલી વેદીઓ અને સ્થાનકો જુઓ-તે સર્વનો તમાંરે
નાશ કરવો.~ 3 તેમની અગ્નિ વેદીઓ વિખેરી નાખો, તેમના સ્માંરક
સ્તંભોને ભાંગી નાખો. અશેરીમના થાંભલાને બાળી નાખવા અને તેમ-
ના દેવોની મૂર્તિઓ તોડી નાખો. યાદ રાખો- તમાંરે તેમનું નામ તે
જગ્યાએથી ભૂંસી નાખવાનું છે.~ 4 “એ લોકો તેમના પોતાના દેવોનું જે
રીતે પૂજન કરે છે તે રીતે તમાંરે તમાંરા દેવ યહોવાની આરાધના કરવી
નહિ.~ 5 યહોવા તમાંરા દેવ તમાંરા કુળસમૂહો વચ્ચે એક ખાસ જગ્યા
પસંદ કરશે. યહોવા તેમનું નામ ત્યાં મૂકશે. તે તેમનું ખાસ ઘર રહેશે.
તમાંરે તેની ભકિત કરવા તે જગ્યાએ જ જવાનું છે.~ 6 ત્યાં જ તમાંરે
તમાંરાં બધાં દહનાર્પણો અને અન્ય અર્પણો જે વેદી પર અર્પિત કરવા-
માં આવશે, કૃષિ ઉપજનો દશમો ભાગ, કૃષિ ઉપજના અન્ય અર્પણો,
તમાંરી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માંટેનાં ખાસ અર્પણો, તમાંરી ખાસ ભેટો
અને તમાંરાં ઘેટા, બકરાંના તથા ઢોરઢાંખરના પ્રથમજનિતો લાવવાં.~
7 યહોવા તમાંરા દેવની હાજરીમાં તમે અને તમાંરા પરિવારોએ સાથે
આનંદ માંણવો તમાંરા પરિશ્રમનાં ફળોથી સુખી રહો અને દેવે તમને જે
બધાંથી આશીર્વાદીત કર્યા છે તેનાથી આનંદ માંણવો.~ 8 “જ્યારે તમે
ભૂમિમાં પ્રવેશો ત્યારે તમાંરે અત્યારે જેમ પૂજા કરીએ છીએ તેમ ન કર-
વી. આજે પ્રત્યેક વ્યકિત પોતાને મન ફાવે ત્યાં પૂજા કરે છે.~ 9 કારણ
કે, યહોવા તમને જે વિશ્રામસ્થાન, જે ભૂમિ આપનાર છે,~ 10 તમે યર્દન
નદી પાર કરીને તમાંરા દેવ-યહોવાએ તમને જે ભૂમિ આપી છે તેમાં
જયારે તમે વસવાટ કરશો, ત્યારે યહોવા તમને તમાંરા ચારે દિશાના દુ-
શ્મનોથી રક્ષણ આપશે અને તમે બધા સુરક્ષિત રીતે સુખે રહી શકશો.~
11 તે સમયે તમાંરા દેવ યહોવા તેમની પોતાની સેવા માંટે એક જગ્યાની
પસંદગી કરશે ત્યાં હું આજ્ઞા કરું છું તે બધું તમાંરે લાવવું; તમાંરી ઊપ-
જનો દશમો ભાગ,યજ્ઞો તેમજ તમાંરાં બધાં દહનાર્પણ તથા અન્ય અર્પ-
ણો તે જ જગ્યાએ ચડાવવાં. બાધા તરીકે ચઢાવવાની ખાસ ભેટો તમાંરે
સાથે લાવવી.~ 12 ત્યાં તમાંરા દેવ યહોવાની સમક્ષ તમાંરાં સંતાનો,
દાસદાસીઓ તેમ જ તમાંરાં ગામોમાં વસતા લેવીઓ સાથે આનંદ
માંણવો; કારણ કે; એ લેવીઓને ભૂમિનો કોઈ ભાગ પોતાના માંટે પ્રાપ્ત
થયેલ નથી.~ 13 ધ્યાન રાખજો, તમાંરે દહનાર્પણો ગમે તે જગ્યાએ
અર્પણ કરવાના નથી.~ 14 તમાંરા બધા વંશોના પ્રદેશમાંથી યહોવા જે
એક જગ્યા પસંદ કરશે; ત્યાં જ તમાંરે તમાંરાં બલિદાનો અર્પવા અને
તમાંરી ભેટો લાવવી અને હું તમને જે ચઢાવવાની આજ્ઞા કરુ તે બધું
ચઢાવવું.~ 15 “તમાંરા વસવાટોમાં તમાંરા દેવ યહોવા આપે તેટલાં પ્રા-
ણીઓનો તમે ખાવા માંટે ઉપયોગ કરી શકો છો. હરણ અથવા સાબર
જેવા પ્રાણીઓ તમે છૂટથી ખાઇ શકો છો. તમે શુદ્ધ કે અશુદ્ધ હો તેનો
કોઇ વાંધો નથી.~ 16 એનું લોહી તમાંરે ખાવું નહિ, એ તમાંરે પાણીની
જેમ જમીન પર રેડી દેવુ.~ 17 “પરંતુ અર્પણોમાંનું કશું જ ઘરે ખાવું નહિ,
અનાજનો, દ્રાક્ષારસનો કે તેલનો દશમો ભાગ, અથવા તમાંરાં ઢોરનાં કે
ઘેટાંબકરાંનાં પ્રથમજનિત અથવા બાધાબલિઓ, સ્વૈચ્છિક બલિઓ કે
દાનબલિઓ તમાંરે તમાંરા વસવાટોમાં ખાવાના નથી.~ 18 આ બધું
તમાંરે એક જ જગ્યાએ લાવવું, જે યહોવા તમાંરા દેવ પસંદ કરશે જયાં
તમે, તમાંરાં બાળકો અને લેવીઓ યહોવા તમાંરા દેવની સમક્ષ તે
તમાંરા નર અને નારી સેવકો, અને તમાંરા શહેરોમાં વસતા સાથે ખાઇ
શકો. તમાંરાં પરિશ્રમનાં ફળોનો આનંદ યહોવા સમક્ષ સાથે માંણો.~
19 પણ તમે એ ભૂમિ પર વસો ત્યાં સુધી લેવીઓની જીવનભર કાળજી-
પૂર્વક સારસંભાળ લેવાનું ચૂકશો નહિ. તમે લેવીઓને ભૂલી ન જતા. તે-
ઓને તમાંરા ભાગીદાર બનાવજો.~ 20 “જયારે તમાંરા દેવ યહોવા પોતે
વચન આપ્યા મુજબ તમાંરો વિસ્તાર વધારે ત્યારે તમને જો માંસ ખા-
વાની ઈચ્છા થાય તો ખાવું હોય એટલું ખાવાની છૂટ છે.~ 21 તમાંરા દેવ
યહોવાએ પોતાના નામ માંટે પસંદ કરેલું સ્થાન જો બહુ દૂર હોય તો મેં
તમને કહ્યું તેમ, તમે યહોવાએ આપેલાં તમાંરાં ઢોર કે ઘેટાં બકરાંમાંથી
કોઈને માંરી નાખીને તેનું માંસ તમાંરા ગામમાં છૂટથી તમાંરે ઘરે ખાઈ
શકો છો.~ 22 શુદ્ધ કે અશુદ્ધ ગમે તે સ્થિતિમાં તેમ એ પ્રાણી, હરણ કે
સાબર ખાઓ છો તેમ ખાઈ શકો છો;~ 23 પરંતુ તમાંરે તેનું લોહી કદી
પણ ખાવું નહિ, કારણ કે, લોહીમાં જ જીવ છે, અને તમાંરે તે માંસ નથી
જ ખાવાનું જેમાં જીવ છે.~ 24 તમાંરે લોહી ખાવું નહિ, પણ જળની જેમ
જમીન પર ઢોળી દેવું.~ 25 જો તમે એ નહિ ખાઓ તો તમને અને તમાંરા
સંતાનો માંટે બધું જ સારું રહેશે, કારણ કે, યહોવાની દૃષ્ટિએ તમે સાચું
કામ કર્યુ છે.~ 26 “દેવ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માંટેનાં અર્પ-
ણો તથા દાન યહોવાએ પસંદ કરેલા સ્થાનમાં જ લઈ જવાં.~ 27 તમે
દહનાર્પણ કરો તો તેનું માંસ અને લોહી બંને તમાંરા દેવ યહોવાની વેદી
પર ધરાવવાં જોઈએ, જો તે ખાદ્યાર્પણ હોય તો તેનું માંસ તમે ખાઈ શકો
છો, પણ તેનું લોહી તમાંરે દેવ યહોવાની વેદી પર રેડવું.~ 28 હું જે આ
સર્વ આજ્ઞાઓ તમને કહું છું તેનું પાલન કરવામાં કાળજી રાખવી, યાદ
રાખો, યહોવા તમાંરા દેવની દૃષ્ટિમાં જે સારું અને યોગ્ય છે તે તમે કર-
શો તો તમને અને તમાંરાં સંતાનોને સદાસર્વદા બધુ સારું થાય.~
29 “તમાંરા દેવ યહોવા તમાંરે માંટે તમે જેમના પ્રદેશનો કબજો લો છો તે
પ્રજાઓનો નાશ કરશે અને તમે તે પ્રદેશમાં વસવાટ કરશો,~ 30 ત્યારે
જોજો, તમે ફસાઈ ન જતા અને ત્યાંની પ્રજાઓના પગલે ચાલીને તેઓ-
ના દેવોનું પૂજન કરવામાં તેઓનું અનુસરણ ન કરશો. એમની જેમ પૂજા
કરવાના હેતુથી એ લોકો પોતાના દેવની પૂજા કઈ રીતે કરે છે તે જાણ-
વાનો પ્રયત્ન પણ કરશો નહિ,~ 31 તેઓ જે રીતે પોતાના દેવોની પૂજા
કરે છે તે રીતે તમાંરે તમાંરા દેવ યહોવાની ઉપાસના કરવી નહંી, કા-
રણ કે, તેઓ પોતાના દેવો માંટે જે કંઈ કરે છે તે યહોવાની દૃષ્ટિએ ધિ-
ક્કારજનક અને ધૃણાને પાત્ર છે. તેઓ પોતાના દેવોની સમક્ષ પોતાના

પુત્રો તથા પુત્રીઓને સુદ્ધં઼ા બલિઓ તરીકે હોમી દે છે.~ 32 “મેં તમને
જે કંઈ આજ્ઞાઓ કરી છે તે સર્વનું પાલન કરજો. તેમાં
13 “તમારા કોઈ પ્રબોધક કે સ્વપ્નદષ્ટા તમારી પાસે આવશે અને
કોઈ અદ્દભુત ઘટના કે ચમત્કારની આગાહી કરીને તમે કદીયે
પૂજયા ના હોય એવા પારકા દેવોની પૂજા કરવાનું કહેવાનો દાવો કરનાર
છે.~ 2 કદાચ તેણે કરેલી આગાહી સાચી પણ પડે, અને જો તમને તે
કહે ‘આવો, આપણે અન્ય પ્રજાના દેવોનું પૂજન કરીએ.’~ 3 તો પ્રબોધક
કે સ્વપ્નદષ્ટાનું સાંભળશો નહિ, તમારા દેવ યહોવા તમારી કસોટી
કરીને એ જાણવા ઈચ્છે છે કે, તમે તેમના પર મન અને શ્રદ્ધાથી પ્રેમ-
ભાવ રાખો છો કે કેમ,~ 4 તમારે તમારા દેવ યહોવા સિવાય અન્ય કોઈ
દેવનું પૂજન કદી કરવું નહિ. તેનાથી ડરવું, ફકત તેમની જ આજ્ઞાઓને
અનુસરવું, અને તેમને જ વળગી રહેવું અને તેમની જ ઉપાસના કરવી.~
5 જે પ્રબોધક અથવા સ્વપ્નદષ્ટા તમને લોકોને તમારા દેવ યહોવાથી
દૂર લઈ જવા પ્રયત્ન કરે તેને મૃત્યુ તરફ ધકેલો, તેના પર સહાનુભૂતિ
અનુભવવી નહિ. કારણ કે, તે જેણે તમને ગુલામીમાંથી મુકત કર્યા અને
મિસરમાંથી આઝાદ કર્યા. તમારા દેવ યહોવાની સામે બળવો કરવાનું
કહે છે. એ તમને તમારા દેવ યહોવાએ જે માંગેર્ જવાનું જણાવ્યું છે તે
માંગેર્થી ચલિત કરવાનો પ્રયત્ન કરે છે. તમારી વચ્ચેથી તમારે એ
અનિષ્ટ દૂર કરવું જ જોઈએ.~ 6 “જો તમારા ખૂબ જ નજીકના સગામાંનું
કોઇ, અથવા તમારા ખાસ મિત્રોમાંનું કોઇ, તમારો પુત્ર અથવા પુત્રી
અથવા તમારી પ્રિય પત્ની તમને ખાનગીમાં ઉશ્કેરે અને અન્ય દેવો કે
જેઓને તમે કે તમારા પિતૃઓએ કદી પૂજ્યા નથી, તેઓનું પૂજન કરવા
લલચાવે.~ 7 તથા જે પ્રજા તમારી નજદીક આસપાસમાં કે દુનિયાનાં
કોઇ પણ છેડે વસે છે તેના દેવોનું અથવા જે પ્રજા તમારાથી દૂર રહે છે
તેના દેવોનું ભજન કરવા તેઓમાંથી કોઈ કહે,~ 8 તો તમારે તેની વાત
સાંભળવી કે માંનવી નહિ, તેનું ઉપરાણું લેવું નહિ ને તેની દયા પણ
ખાવી નહિ.~ 9 પરંતુ તેને માંરી નાખવો, તેની હત્યા કરવા માંટે તમારે
પોતાનો હાથ સૌથી પહેલો ઉગામવો જોઈએ અને ત્યાર બાદ બીજા લો-
કો પણ તેમ કરશે.~ 10 તમે સૌ તેને પથ્થર વડે માંરી નાખો, કારણ કે,
તમને મિસર દેશમાંથી ગુલામીમાંથી મુકિત અપાવીને બહાર લઈ આવ-
નાર તમારા યહોવા દેવથી તમને દૂર લઈ જવાનો પ્રયત્ન તેણે કર્યો છે.~
11 સમગ્ર ઈસ્રાએલને એની જાણ થશે અને બધા ગભરાઇ જશે પછી
તમારામાંથી કોઈ એવું દુષ્કૃત્ય નહિ કરે.~ 12 “જ્યારે તમે તમારા યહોવા
દેવે તમને આપેલાં નગરોમાં રહો. અને એક અહેવાલ સાંભળો,~ 13 કે
તમારા રાષ્ટનાં અમુક દુષ્ટ લોકોએ તેમના શહેરના લોકોને ગેરમાંગેર્
દોરીને તમે કદી પૂજ્યા ન હોય તેવા પારકા દેવોની પૂજા કરવાનું તેમને
કહ્યું છે,~ 14 તેથી તમારે તેની પૂરેપૂરી તપાસ કરવી, જો તમને લાગે કે તે
સાચું છે અને આવી ભયંકર બાબત દેવે તમને જે નગરો આપ્યાં છે તે-
માંના એક નગરમાં બની રહી છે,~ 15 તો તમારે નગરના બધા રહેવા-
સીઓ તથા નગરનો અને તેમાં રહેતાં સૌ ઢોરઢાંખરની હત્યા કરવી; ને
તે માંટે કોઈ પણ જાતનો વિલંબ કર્યા વિના નગર વિરુદ્ધ યુદ્ધ જાહેર
કરવું.~ 16 પછી તમારે તે નગરમાંથી પ્રાપ્ત થયેલી બધી વસ્તુઓને રસ્તા
વચ્ચે ઢગલો કરીને બાળી નાખવી. પછી સમગ્ર નગરને બાળી નાખવું.
શહેર અને તેની લૂંટને યહોવા તમારા દેવને દહનાર્પણ તરીકે હોમી દેવું
તે નગર સદાને માંટે ખંડેર નિર્જન ટેકરી જેવું જ રહે અને તેને ફરીથી કદી
બાંધવામાં આવે નહિ.~ 17 લૂંટમાંથી કશું જ તમારા માંટે રાખશો નહિ,
જેનો વિનાશ કરવાનો છે જેથી દેવ તમારા પર ગુસ્સે થતા બંધ થાય
અને બદલામાં તેઓ તમારા પ્રત્યે કૃપાળુ બનશે. તેઓ તમારી પર કરુ-
ણા દર્શાવશે અને જેમ તમારા પિતૃઓને વચન આપેલું તે પ્રમાંણે તમને
એક મહાન પ્રજા બનાવશે.~ 18 આવું બનશે જો તમે દેવની આજ્ઞાઓને
અનુસરશો અને આજે હું જે નિયમો તમને આપું છું તેનું પાલન કરશો,
તથા તમારા દેવ યહોવાની દૃષ્ટિમાં જે યોગ્ય છે તે જ કરશો
14 “તમે તમારા દેવ યહોવાનાં સંતાન છો તેથી મૃત મનુષ્યનો
શોક પાળવા માંટે તમારા પોતાના પર કાપા ન કરવા, વળી દફ-
નક્રિયા માંટે તમારા માંથાના આગળના ભાગનું મૂંડન ન કરાવુ.~ 2 તમે
દેવ યહોવાને સંર્પૂણ સમપિર્ત થયેલ પ્રજા છો અને યહોવાએ બધી પ્ર-
જાઓમાંથી તમને પસંદ કરીને પોતાની ખાસ પ્રજા તરીકે અપનાવ્યા
છે.~ 3 “યહોવાએ નિયમપ્રમેંણે જેનો નિષેધ કર્યો છે એવું કશું અશુદ્ધ
તમારે ખાવું નહિ.~ 4 તમે આટલાં પ્રૅંણીઓનો આહાર તરીકે ઉપયોગ
કરી શકો: બળદ, ઘેટાં, બકરાં,~ 5 પણ હરણ, સાબર, કાળિયાર, રાની
બકરાં, પર્વતીય બકરીઓ તથા રાની ઘેટાં,~ 6 જે કોઈ પ્રૅંણીની ખરી ફા-
ટેલી હોય અને તે વાગોળતું હોય તે તમે ખાઈ શકો.~ 7 પરંતુ જો આ
બંને લક્ષણ ના હોય તો તેવાં પ્રૅંણીઓ તમે ખાઈ શકો નહિ તેથી ઊંટ,
સસલું કે ઘોરખોદિયું (શાફાન) ખાવા માંટે નિષેધ છે. તેઓ વાગોળે છે
ખરાં પણ તેઓની ખરી ફાટેલી નથી હોતી.~ 8 વળી ડુક્કરની ખરી ફાટે-
લી હોય છે પણ તે વાગોળતું નથી એટલે તે ખાવા માંટે નિષિદ્ધ છે.
તમારે આવાં પ્રૅંણીઓનાં માંસ ખાવાં નહિ. તમારે તેમના મૃતદેહનો સ્પ-
ર્શ પણ કરવો નહિ.~ 9 “જળચર પ્રૅંણીઓમાં જેમને પર અને ભિંગડાં
હોય તે ખાઈ શકાય.~ 10 પરંતુ જેમને પર કે ભિંગડાં ના હોય એ
પ્રૅંણીઓ તમારે માંટે નિષિદ્ધ છે.~ 11 “તમે બધાં જ શુદ્ધ પક્ષીઓ ખાઈ
શકો.~ 12 તમારાથી ખાઈ ન શકાય તેવાં પક્ષીઓની યાદી નીચે મુજબ
છે. ગરૂડ, દાઢીવાળુ ગીધ, કાળું ગીધ,~ 13 સમડી તથા પ્રત્યેક જાતના
બાજ;~ 14 પ્રત્યેક જાતના કાગડાં;~ 15 શાહમૃગ, ચીબરી, લાંબા કાનવા-
ળું ઘુવડ: તથા જુદી જુદી જાતના શકરા;~ 16 બદામી ઘુવડ, હંસ,~
17 ઢીંચ, ગીધ, કરઢોક;~ 18 કોઇ પણ જાતના સારસ, છછૂંદર તથા ચા-
માંચીડિયું.~ 19 “બધા પાંખવાળાં જંતુઓ તમારા માંટે નિષિદ્ધ છે. તમારે
તે ખાવાં જોઈએ નહિ.~ 20 પરંતુ તમે બધાં શુદ્ધ જંતુઓ ખાઈ શકો.~
21 “કુદરતી રીતે મૃત્યુ પામેલ કોઈ પણ પશુપંખીનું માંસ તમારે ખાવું
નહિ. તમારા ગામમાં રહેતા વિદેશીઓને ખાવા માંટે આપવું હોય તો
આપવું. ભલે તે લોકો તેનો આહાર કરતાં અથવા કોઈ વિદેશીને તે વેચી
શકો છો. કારણ કે તમે તો તમારા દેવ યહોવાની પસંદગી પામેલ છો,
તમે તેમની પવિત્ર પ્રજા છો અને વળી લવારાને તમારે તેની માંતાના દૂ-
ધમાં ઉઢાળવું અથવા રૌંધવું નહિ.~ 22 “પ્રતિવર્ષ તમારે તમારાં ખેતરની
બધી જ ઊપજમાંથી દશમો ભાગ જુદો રાખવો,~ 23 અને દેવે જે જગ્યા
પોતાના પવિત્રસ્થાન માંટે નણ્ી કરી હોય ત્યાં તેમની સમક્ષ આ
દશાંશ ખાવા માંટે લાવવો. તમે અનાજનો, દ્રાક્ષારસનો, તથા તેલનો
દશમો ભાગ તેમ જ તમારાં ઢોરો તથા ઘેટાં બકરાંના પ્રથમજનિતને
પણ ખાઈ શકો, તેથી તમે તમારા દેવ યહોવેંથી હંમેશા ડરીને જીવતાં
શીખશો.~ 24 જો તમારા દેવ યહોવાએ તમને પુષ્કળ પાકના આશીર્વાદ
આપ્યા હોય, અને યહોવાએ પોતાની ઉપાસના માંટે પસંદ કરેલું સ્થાન
એટલું દૂર હોય કે તમારી ઉપજ દશમો ભાગ ત્યાં લઈ જઈ ન શકો,~
25 તો તમારે તે વેચીને પૈસા લઈને ઉપાસનાસ્થાને જવું.~ 26 ત્યાં તમારે
એ પૈસા વડે બળદ, ઘેટાં, દ્રાક્ષારસ અને સુરા તમારી જે ઈચ્છા હોય તે
ખરીદવું અને તમારા દેવ યહોવા સમક્ષ તમારે અને તમારા કુટુંબે પ્રસન્ન-
તાથી સૅથે બેસીને ખાવું.~ 27 તમારા વિસ્તારમાં વસતા લેવીઓને
તમારે કદી ભૂલવા જોઈએ નહિ. કારણ કે, તેમને ભૂમિનો કોઈ પણ
ભાગ મળેલો નથી.~ 28 “દર ત્રીજે વષેર્ તે વર્ષની ઊપજનો દશમો ભાગ
તમારા ગામના ચોરામાં લાવીને તમારે રાખવો જેથી જે લોકોને ભાગમાં
ભૂમિનો કોઈ ભાગ મળ્યો નથી.~ 29 લેવીઓ, જેઓને પોતાની કોઇ
જમીન નથી તેમજ તમારા ગામમાં રહેતા વિદેશીઓ, વિધવાઓ અને
અનૅથો આવીને ખાઇને સંતોષ પ્રાપ્ત કરે, આમ કરશો તો તમારો દેવ
યહોવા તમે જે કાંઈ કામ હાથમાં લેશો તેમાં તમને લાભ આપશે. અને
તેમના આશીર્વાદ તમારા પર ઉતરશે.
15 “દર સાતમે વષેર્ તમારે તમારા દેણદારોનું સર્વ પ્રકારનું દેવું
માંફ કરી દેવું. દેવામાંફીનો નિયમ આ પ્રમાંણે છે:~ 2 દરેક મહા-
જને દેવાદાર કે જેઓ તેના ઋણી છે તેઓને દેણાંથી મુકત કરવાં. તેણે
પોતાના જાતભાઈ પાસે દેવું વસૂલ કરવા દબાણ કરવું નહિ. કારણ કે
એ યહોવાએ ઠરાવેલું દેવામાંફીનું વર્ષ છે.~ 3 આથી તમે વિદેશી પાસે
દેવું ભરપાઈ કરાવી શકો પરંતુ દેણદાર જો તમારો ઈસ્રાએલી ભાઈ હોય
તો તમારે તે દેવું રદ કરવું.~ 4 તમારા દેવ યહોવા તમને જે પ્રદેશ આપે
છે, તેમાં તે તમને ખૂબ વિપુલતા આપશે તમારામાંનું કોઇ ગરીબ હશે
નહિ.~ 5 પરંતુ શરત એટલી કે તમે દેવની આજ્ઞાઓનું પાલન કરશો.
અને આજે તમને હું જે આજ્ઞાઓ જણાવું છું, તેનું પાલન બરાબર કર-
શો.~ 6 તમારા દેવ યહોવા વચન મુજબ તમને આશીર્વાદ આપશે અને
તમે અનેક પ્રજાઓના લેણદાર બનશો, તમે કોઈના દેવાદાર નહિ બનો,
અને તમે અનેક પ્રજાઓ ઉપર શાસન કરશો, પણ કોઈ તમારા ઉપર

રાજ કરશે નહિ.~ 7 “પરંતુ તમાંરા દેવ યહોવા તમને જે પ્રદેશ આપે છે,
તેના કોઈ પણ ગામમાં તમાંરો કોઈ જાતિભાઈ આર્થિક મુશ્કેલીમાં
આવી પડે, તો કઠોર હૃદયના ના બનશો. કે મદદનાં હાથને રોકશો
નહિ.~ 8 પરંતુ ઉદાર હાથે તમે તેઓને જરૂરિયાત પ્રમાંણે ધીરજો.~
9 “પણ સાવધાન! જોજો, એવું ના બને કે, “જયારે સાતમું ઋણમુકિતનું
વર્ષ નજીક આવ્યું છે ત્યારે હલકા વિચારથી ભરાઇને તમે તમાંરા
આર્થિક મુશ્કેલીમાં આવી પડેલા જાતભાઈ પ્રત્યે લાગણીહીન બની તે-
ને કંઈ ન આપો, નહિતર તે તમાંરી વિરુદ્ધ યહોવાને પોકાર કરશે અને
તમે દોષિત ઠરશો.~ 10 “વળી તેને જેની જરૂર હોય તે તમાંરે તેને ઉછીનું
આપવું અને તે માંટે દુ:ખી થવું નહિ! કારણ કે, આના લીધે તમે જે કર-
શો તેમાં યહોવા તમને તમાંરાં બધાં કાર્યોમાં લાભ આપશે.~ 11 તમાંરા
દેશમાં હંમેશા તમાંરી વચ્ચે કોઇ ગરીબ તો હોવાના જ. તેથી હું તમને
આજ્ઞા કરું છું કે, તમાંરા જે કોઈ જાતભાઈ ગરીબ હોય અને આર્થિક
ભીંસમાં હોય તો તેમને ઉદારતાથી મદદ કરજો.~ 12 “તમે જો કોઈ હિબ્રૂ
સ્ત્રી કે પુરૂષને ગુલામ તરીકે ખરીદો, તે તમાંરી છ વર્ષ સેવા કરે અને
તમાંરે તેને સાતમે વષેર્ મુકિત આપવી.~ 13 પરંતુ મુકત કરતી વખતે
તેને ખાલી હાથે જવા દેવો નહિ.~ 14 તમાંરાં ઘેટાં-બકરાં, જૈતવાડીઓ
અને દ્રાક્ષાવાડીઓમાંથી વિદાય ટાણે તેઓને ભેટ આપો. કારણ કે,
તમાંરા દેવ યહોવાએ તમને સુખસમૃદ્ધિ આપી છે, તેથી તેના પ્રમાંણમાં
તેમને આપો.~ 15 અને તમાંરે સ્મરણ કરવું કે, તમે પોતે પણ મિસરમાં
ગુલામ હતા અને તમાંરા દેવ યહોવાએ તમને છોડાવ્યા હતા. તેથી જ હું
આજે તમને આ આજ્ઞા કરું છું.~ 16 “પણ જો તમાંરો હિબ્રૂ ગુલામ તેને
તમાંરે ત્યાં સંતોષ હોય એમ કહેતો હોય કે, ‘માંરે તમાંરે ત્યાંથી જવું
નથી’ કારણ કે મને તમાંરા પર અને તમાંરા પરિવાર પર પ્રેમ છે.~ 17 તો
તમાંરે એક સોયો લઈને તેના કાનની આરપાર વીંધીને બારણામાં ખોસી
દેવો, તેથી તે જીવનભર તમાંરો ગુલામ બનીને રહેશે. સ્ત્રીગુલામની બા-
બતમાં પણ તમાંરે આ પ્રમાંણે જ વર્તવું,~ 18 “ગુલામને મુકત કરતી
વખતે તમાંરે ખોટું લગાડીને મન ઊંચું ન કરવું. કારણ કે, રોજે રાખેલા
મજૂર કરતાં અધેર્ ખરચે એણે તમાંરી નોકરી કરી છે, વળી તેને તમે મુ-
કત કર્યો માંટે યહોવા તમાંરા દેવ તમે જે કરશો તે સર્વમાં તમને આશી-
ર્વાદ આપશે.~ 19 “તમાંરાં ઘેટાં અને ઢોરઢાંખરના પ્રથમજનિત નર
બચ્ચાંને તમાંરે તમાંરા દેવ યહોવાને સમર્પણ કરી દેવાં. પ્રથમજનિતોને
એટલે કે પ્રાણીઓને ખેતરમાં કામે લગાડવાં નહિ, કે પ્રથમજનિત ઘે-
ટાંબકરાંનું ઊન તમાંરે ઉતારવું નહિ.~ 20 પ્રતિવર્ષ તમાંરે અને તમાંરા
પરિવારે યહોવાએ પસંદ કરેલા સ્થાને તમાંરા દેવ યહોવાને ધરાવીને
પછી જ તે પ્રાણીઓ ખાવાં.~ 21 પરંતુ જો તેમનાંમાં કોઈ ખોડખાંપણ
હોય, તે લુલૂ,લંગડુ કે આંધળુ હોય અથવા તેને બીજી કોઇ મોટી ખોડ
હોય, તો તમાંરે તેને તમાંરા દેવ યહોવાને ધરાવવું નહિ.~ 22 અને તેનો
ઉપયોગ તમાંરે ઘેર તમાંરા કુટુંબના ખોરાક તરીકે કરવો. શુદ્ધ કે અશુદ્ધ
ગમે તે સ્થિતિમાં હોય તો તમે, હરણ કે કાળિયારની જેમ એ પ્રાણીઓને
ખાઈ શકો છો.~ 23 પરંતુ તમાંરે તેનું લોહી ખાવું નહિ, તેને જળની જેમ
જમીન પર ઢોળી દેવું.

16 “આબીબના મહિનામાં યહોવા તમાંરા દેવના માંનમાં પાસ્ખા-
પર્વને ઊજવવાનું હંમેશા યાદ રાખશો. કારણ કે, એ મહિનામાં
તમાંરા દેવ યહોવા તમને રાતોરાત મિસરમાંથી બહાર લઈ આવ્યા
હતા.~ 2 યહોવાએ પસંદ કરેલા પવિત્રસ્થાને તમાંરે તમાંરા દેવ યહોવા-
ને બલિદાન તરીકે એક નર ગાડરુ, લવારું કે વાછરડું ધરાવવું.~
3 તમાંરે એના પ્રસાદ સાથે બેખમીર રોટલી ખાવી. મિસરમાંથી તમે ના-
સી છૂટયા ત્યારે જે રોટલી ખાધી હતી તેની સ્મૃતિમાં તમે સાત દિવસ
સુધી બેખમીર રોટલી ખાઓ. કારણ કે, તમાંરે મિસરમાંથી બહુ ઉતાવ-
ળમાં નીકળવું પડયું હતું અને આ રીતે તમે મિસરમાંથી જે રીતે જે દિવ-
સે બહાર આવ્યા તેની સ્મૃતિ જીવનભર તાજી રાખશો.~ 4 સાત દિવસ
પર્યંત તમાંરા ઘરમાં ખમીરનો છાંટો પણ ન હોવો જોઈએ. તેમજ પહેલે
દિવસે સાંજે વધેરેલા પશુનું થોડું પણ માંસ સવાર સુધી વાસી રહેવું જો-
ઈએ નહિ.~ 5 “પાસ્ખાના બલિદાનનું પશુ તમાંરે તમાંરા દેવ યહોવાએ
તમને આપેલા કોઈ પણ ગામમાં વધેરવું નહિ.~ 6 પરંતુ તમાંરે યહોવાએ
પોતાની ઉપાસના માંટે પસંદ કરેલા સ્થાને જ વધેરવું. તમાંરે એ પશુને
પાસ્ખાના બલીને સંધ્યાકાળે જે સ્માંમયે તમે મિસરમાંથી બહાર
આવ્યા હતા ત્યારે માંરવું.~ 7 અને યહોવાએ પસંદ કરેલ પવિત્રસ્થાને
જ તમાંરે તે રાંધીને ખાવું અને સવારમાં પાછા પોતપોતાને ઘેર જવા ની-
કળવું.~ 8 છ દિવસ સધી તમાંરે બેખમીર રોટલી જ ખાવી. સાતમાં દિવ-
સે પ્રત્યેક નગરમાં લોકો યહોવા તમાંરા દેવ સમક્ષ તેમના માંનમાં
ઉત્સવની પૂર્ણાહૂતિ કરે, તે દિવસે કોઈ કામ કરવું નહિ.~ 9 “ઊભા પાક-
ને લણવાની શરૂઆત કરો ત્યારથી તમાંરે સાત અઠવાડિયાં ગણવાં,~
10 ત્યાર બાદ તમાંરા દેવ યહોવાના માંનમાં કાપણીનો ઉત્સવ ઊજવ-
વો, અને યહોવાના તમાંરા પરના આશીર્વાદોના કારણે થયેલી ઊપજના
પ્રમૈંણમાં તમાંરે ઐચ્છિકાર્પૈણ લાવવું.~ 11 યહોવાએ પોતાની ઉપાસના
માંટે પસંદ કરેલા સ્થાને તમાંરે અને તમાંરાં સંતાનોએ, તમાંરાં દાસદા-
સીઓએ, તમાંરા ગામમાં વસતા લેવીઓએ, અને તમાંરા ભેગા વસતા
વિદેશીઓ, અનૈથો તથા વિધવાઓએ મળીને આ આનંદોત્સવ મૈંણ-
વો.~ 12 તમે મિસરમાં ગુલામ હતા, તેથી આ આજ્ઞાનું પાલન કરીને કા-
ળજીપૂર્વક નિયમોનું પાલન કરવાનું યાદ રાખજો.~ 13 “તમે તમાંરાં
ખળામાં અનાજ ઉપણવાનું અને દ્રાક્ષા પીલવાનું કામ પૂરું કરો તે પદ્ધી
કાપણીની ઋતુના અંત ભાગમાં સાત દિવસ સધી માંડવાપર્વ ઊજવ-
વું.~ 14 તમાંરે, તમાંરાં સંતાનો, દાસદાસીઓ, લેવીઓ તથા તમાંરા ગા-
મમાં વસતા વિદેશીઓ, અનાથો અને વિધવાઓ સાથે એ ઉત્સવનો
આનંદ મૈંણવો.~ 15 તમાંરા દેવ યહોવાના માંનમાં તમાંરે યહોવાએ
પસંદ કરેલા સ્થાને સાત દિવસ સધી ઉત્સવ ઊજવવો. તમાંરા દેવ
યહોવાના આશીર્વાદથી તમને તમાંરા પાકમાં તેમ જ તમાંરાં બધાં કા-
ર્યોમાં થયેલ લાભ માંટે તમાંરે આનૈંદથી ઉત્સવ ઊજવવો, તેથી આનંદ
કરો, ને ખુશ રહો.~ 16 “તમાંરામાંના બધાં પુરુષોએ યહોવાએ પસંદ કરે-
લા સ્થાને તમાંરા દેવ યહોવાને વર્ષમાં ત્રણ વાર મળવા આવવું જ. બે-
ખમીર રોટલીના પર્વના પ્રસંગે અઠવાડીયા પર્વના પ્રસંગે અને માંડવા-
યપર્વના પ્રસંગે કોઈ પણ વ્યકિત યહોવા સમક્ષ ખાલી હાથે આવે
નહિ.~ 17 પ્રત્યેકે યહોવાએ આપેલા આશીર્વાદના પ્રમાણમાં પોતપોતા-
ની શકિત મુજબ અર્પૈણો લાવવા.~ 18 “તમાંરા યહોવા દેવ તમને જે
બધાં નગરો આપે તેમાં તમાંરે વંશવાર ન્યાયાધીશો તથા બીજા વહીવ-
ટી અધિકારીઓની નિમણૂક કરવી, અને તેઓએ સમગ્ર દેશમાં ઉચિત
ન્યાય કરવો.~ 19 તેમણે ન્યાયના કામમાં ઘાલમેલ કરવી નહિ. કોઈની
શરમમાં ખેંચાવું નહિ, લાંચ લેવી નહિ, કારણ લાંચ શૈંણા મૈંણસને પણ
અંધ બનાવી દે છે. અને ન્યાયી મૈંણસ પાસે પણ ખોટા ચુકાદા અપાવે
છે.~ 20 સારાપણું અને નિષ્પક્ષપણું મહત્વનાં છે, હંમેશા સારા અને નિ-
ષ્પક્ષ રહેવા ઇચ્છો. તમાંરા દેવ યહોવા તમને જે ભૂમિ આપે છે જેમાં
તમે કાયમ માંટે વસવાટ કરવાના છો તેના પર જીવતા રહેવાનો આ
એક જ માંર્ગ છે.દેવ યહોવા મૂર્તિઓને ધિક્કારે છે~ 21 “તમે તમાંરા દેવ
યહોવા માંટે વેદી બાંધો તો તેની પાસે કોઈ પણ સંજોગોમાં શરમજનક
મૂર્તિઓ કે અશેરાદેવીઓનું કોઈ પણ લાકડાનું પ્રતીક રોપવું નહિ.~
22 તેમજ કોઈ પૂજાસ્તંભ ઊભો કરવો નહિ. કારણ કે; તમાંરા દેવ યહોવા
તેઓને ધિક્કારે છે.

17 “તમાંરા દેવ યહોવાને તમાંરે ખોડખાંપણવાળાં બળદ કે ઘેટું
અર્પણ કરવાં નહિ. કારણ કે આવાં બલિદાનો યહોવાને ધૃણા-
પાત્ર છે.~ 2 “તમાંરા દેવ યહોવાએ આપેલા કોઈ ગામમાં કોઈ સ્ત્રી કે પુ-
રૂષ યહોવાના કરારનો ભંગ કરીને તેની દૃષ્ટિએ પાપ કરે,~ 3 અને મેં જે
વિષે સખત ના જણાવી છે તેવા અન્ય દેવો એટલે સૂર્ય, ચંદ્ર અથવા
તારાઓનું-નક્ષત્રોનું પૂજન કરે છે.~ 4 અને તમને એ વાતની ખબર પડે
તો તમાંરે તેની કાળજીપૂર્વક તપાસ કરવી. અને જો એ વાત સાચી ઠરે
અને એવું સાબિત થાય કે, એવી ઘૃણાપાત્ર ઘટના ઇસ્રાએલમાં બનવા
પામી છે,~ 5 તો એવું દુષ્ટકૃત્ય કરનાર સ્ત્રી કે પુરૂષને શહેરના દરવાજા
આગળ લાવી, ઇટાળી કરી તેને માંરી નાખવો.~ 6 પરંતુ એકાદ સાક્ષીના
આધારે કોઈ વ્યકિતને માંરી નાખવી નહિ; તે માંટે ઓછામાં ઓછા બે
અથવા ત્રણ સાક્ષી હોવા જ જોઈએ.~ 7 ઇટાળી કરતી વખતે સાક્ષી-
ઓએ પ્રથમ પથ્થર માંરવો અને ત્યારબાદ બીજાઓએ માંરવા; આ રીતે
તમાંરે એ અનિષ્ટ દૂર કરવું.~ 8 “કોઈ વાર કોઈ ખટલાનો ચુકાદો આપ-
વો તમને બહું મુશ્કેલ લાગે-જેમ કે ખૂનનો, મિલકતના હકનો કે માંરા-
માંરીનો કે તમાંરા શહેરોમાંના કોઇ વિવાદનો જો કોઈ આવો ખટલો
તમાંરી સમક્ષ આવે તે બાબત તમાંરે જે જગ્યા તમાંરા દેવ યહોવા પસંદ

કરશે ત્યાં લઈ જવી.~ 9 લેવી કુળસમૂહના યાજકોની કે તે વખતના
ન્યાયાધીશની પાસે જઈ તેમને પૂછવું, તેઓ તમને સાચો નિર્ણય કહે-
શે.~ 10 ત્યાં યહોવાની પસંદ કરેલી જગ્યા પર તેઓ તેમનો ચુકાદો તમ-
ને કહેશે. તમારે તે ચુકાદાને સ્વીકારવો અને યથાર્થ તેનું અનુસરણ કર-
વું, તેઓ તમને જે કઈ કરવા કહે તે કરવા નિશ્ચિત બનો.~ 11 તેઓ જે
ચુકાદો આપે તેને સ્વીકારવો, અને તેમની તમાંમ સૂચનાઓનો અમલ
કરવો. તેઓ કહે તેમાં કઇ પણ બદલશો નહિ.~ 12 "જો કોઈ તે વખતે
દેવ યહોવાની સેવા કરનાર યાજકના કે ન્યાયાધીશના ચૂકાદાઓ
અસ્વીકાર કરવાની દષ્ટતા કરે, તો તેને દેહાતદંડ આપવો. આમ, તમારે
એ પાપીઓને ઇસ્રાએલમાંથી દૂર કરવા.~ 13 પછી બીજા બધા લોકોને
એની જાણ થશે ત્યારે તેઓ ગભરાઇ જશે અને એવી દુષ્ટતા કદી કરશે
નહિ.~ 14 "તમાંરા દેવ યહોવા તમને જે દેશ આપે છે ત્યાં પહોંચી જાઓ
અને તેનો કબજો લઈ ત્યાં વસવાટ કરો, પછી તમને એમ લાગે કે,
'અમાંરી આસપાસની અન્ય પ્રજાઓની જેમ અમારે પણ રાજા હોવો જો-
ઈએ.'~ 15 તો તમારે તમાંરા યહોવા દેવ જે વ્યકિતને પસંદ કરે તેને જ
તમારે રાજા તરીકે નિયુકત કરવો. પરંતુ તે ઇસ્રાએલી હોવો જોઈએ, વિ-
દેશી નહિ.~ 16 તે રાજા પાસે મોટી સંખ્યામાં ઘોડાઓ ન હોવા જોઇએ.
અને તેણે ઘોડાઓ લાવવા માંટે પોતાના માંણસોને મિસર મોકલવા
નહિ. યહોવાએ આદેશ કર્યો છે કે, 'તમારે ફરી કદી મિસર પાછા જવું
નહિ.'~ 17 વળી તેણે વધારે પત્નીઓ પણ કરવી નહિ. નહિ તો તેનું હૃ-
દય યહોવા તરફથી વિમુખ થઈ જવાનો ભય છે. વળી તેણે વધારે સોનું;
ચાંદી પણ સંઘરવુ નહિ. તે અતિ શ્રીમંત ન હોવો જોઇએ.~ 18 "તેના રા-
જ્યાભિષેક પછી તેણે લેવી યાજકો પાસે રહેલ નિયમની એક નકલ પો-
તાને માંટે કરાવી લેવી.~ 19 અને તેણે એ જીવનપર્યત પોતાની પાસે રા-
ખવી અને દરરોજ એનો પાઠ કરવો, જેથી તે પોતાના દેવ યહોવાથી
ગભરાઇને ચાલતાં શીખે અને આ નિયમના પ્રત્યેક નિયમોનું પાલન
કરે.~ 20 એમ કરવાથી તે પોતાના દેશબંધુઓને ઉતરતી કોટિના ગણશે
નહિ, તથા આ આજ્ઞાઓથી વિમુખ થશે નહિ અને આમ કરવાથી તેઓ
લ◌ાબો સમય શાસન કરશે, અને તેના વંશજો ઇસ્રાએલ પર પેઢીઓ
સુધી રાજ્ય કરશે.

18
"યાદ રાખજો, યાજકો તથા લેવી કુળસમૂહના અન્ય સર્વ
સભ્યોને ઇસ્રાએલમાં કોઈ પ્રદેશ ફાળવવામાં નહિ આવે, તેઓ
યહોવાને ચઢાવેલાં યજ્ઞ અને બીજા બલિદાન ઉપર ગુજરાન ચલાવે.~
2 તેઓને તેમના બીજા કુળસમૂહોની જેમ પ્રદેશનો કોઈ ભાગ મળે નહિ,
યહોવાએ આપેલા વચન પ્રમાંણે યહોવા જ તેમનો ભાગ છે.~ 3 "બલિ-
દાન માંટે લાવવામાં આવતાં પ્રત્યેક ઘેટાના અથવા બળદના ખભાનો
ભાગ, મોં તથા પેટનો ભાગ યાજકોને જ આપવામાં આવે.~ 4 તદુપરાંત
આભારસ્તુતિ અથેર્ કાપણીનો જે ભાગ યહોવા સમક્ષ લાવવામાં આવે
તે યાજકોને મળે-અનાજનો, નવા દ્રાક્ષારસનો જૈતતેલનો અને ઘેટાનું
ઊન ઉતારે ત્યારે તેનો પ્રથમ ફાલ.~ 5 કારણ કે યહોવાએ તમાંરા બધા
વંશોમાંથી તેના હિતમાં રહી સેવા કરવા લેવીના વંશજોને કાયમને માંટે
પસંદ કરેલા છે.~ 6 "ઇસ્રાએલમાં કોઈ પણ જગ્યાએ રહેતા લેવીને કોઇ
પણ સમયે દેવના ખાસ સ્થાનમાં આવવાનો હક્ક છે.~ 7 ત્યાં નિયમિત
સેવા કરતા તેના સાથી લેવીઓની જેમ તે યહોવાના નામમાં સેવા કરી
શકે છે.~ 8 યજ્ઞમાંથી તેમનો જેટલો જ ભાગ છે તેટલાનો જ એ હક્કદાર
છે. એના કુટુંબને સામાંન્ય રીતે જે ભાગ મળે છે, આ તેની ઉપરાંતનું
હશે.~ 9 "જયારે તમે તમાંરા દેવ યહોવા તમને જે ભૂમિ આપી રહ્યા છે
ત્યાં પહોંચો, ત્યારે ત્યાંની અન્ય પ્રજાઓના ધિક્કારપાત્ર દુષ્ટ રિવાજો-
નું અનુકરણ કરીને ભ્રષ્ટ થશો નહિ.~ 10 કોઈ પણ ઇસ્રાએલીએ પોતા-
ના પુત્ર કે પુત્રીને અગ્નિમાં બલી તરીકે હોમવાં નહિ, કોઇ પણ ઇસ્રાએ-
લી જયોતિષ, જાદુગર, ડાકણ, કે માંયાવી જાદુગર બને નહિ.~ 11 મદા-
રીનું કામ કરવું નહિ, ભૂવાનું કે જંતરમંતરની જાદુક્રિયા કરીને પ્રેતા-
ત્માંઓને બોલાવવા નહિ,~ 12 જે લોકો આવાં કામો કરે છે તેઓને યહો-
વા ધિક્કારે છે, અને આવા ધિક્કારપાત્ર રિવાજોને કારણે જ તમાંરા દેવ
યહોવા એ પ્રજાઓને તમાંરા માંર્ગમાંથી દૂર કરે છે.~ 13 તેથી તમારે
તમાંરા યહોવા દેવ સમક્ષ દોષરહિત જીવન જીવવું અને યહોવાને અન-
ન્ય નિષ્ઠાથી વળગી રહેવું.~ 14 "જે પ્રજાઓનું સ્થાન તમે લઈ રહ્યા છો
તે પ્રજાઓ જોષીઓ તથા શુકન અપશુકન જોનારાઓની વાત કાને ધરે
છે, પણ તમને તો તમાંરા દેવ યહોવા એવી છૂટ આપતા નથી.~
15 પરંતુ દેવ તમાંરામાંથી જ માંરા જેવો એક પ્રબોધક ઇસ્રાએલમાંથી પે-
દા કરશે. અને તેમની વાત જ તમારે સાંભળવી.~ 16 કારણ કે તમે આ
જ માંગણી હોરેબ પર્વત આગળ દેવ પાસે કરી હતી. ત્યાં પર્વતની તળે-
ટી આગળ તમે માંગ્યું હતું કે, 'તમારે દેવનો આવો ભયજનક અવાજ
ફરી ન સાંભળવો પડે અથવા પર્વત પર ભયજનક અગ્નિ જોવો ન પડે,
રખેને તમે મૃત્યુ પામો.'~ 17 "યહોવાએ મને કહ્યું, 'તેઓ માંગે છે તે સારૂં
છે. તેઓએ જે વિનંતી કરી છે તે પ્રમાંણે હું કરીશ.~ 18 હું તેઓમાંથી તા-
રા જેવા એક ઇસ્રાએલી પ્રબોધકને પેદા કરીશ. શું બોલવું તે હું તેને
જણાવીશ અને તે માંરા વતી લોકોની સાથે વાત કરશે;~ 19 અને જો
કોઈ માંરા નામે એ જે વચનો ઉચ્ચારશે તેનો અનાદર કરશે, તો હું તેનો
જવાબ માંગીશ.'~ 20 "પણ જો કોઈ પ્રબોધક ખોટો દાવો કરશે કે મેં તેને
કઇ સંદેશો આપ્યો છે, તો તેને માંરી નાખવો અને અન્ય દેવો તરફથી
તેને સંદેશો મળ્યો છે એમ કોઇ પ્રબોધક કહે તેને માંરી જ નાખવો.~
21 છતાં તમાંરા મનમાં જો એમ થતું હોય કે, 'અમુક વચનો યહોવાના
નથી, એ અમારે કેવી રીતે જાણવું?'~ 22 તો એનો ઉત્તર છે, જયારે કોઈ
પ્રબોધક યહોવાના નામે કંઈ કહે અને તે જો સાચું ન પડે તો સમજવું કે,
એ યહોવાનું વચન નથી. એ પ્રબોધકની ખોટી વાણી છે, પોતે ઉપજાવી
કાઢેલી છે, તેથી તમારે તેનાથી ગભરાવું નહિ.

19
"જે પ્રજાઓની ભૂમિ તમાંરા દેવ યહોવા તમને આપે, અને
તમાંરા દ્ધારા ત્યાં રહેતી પ્રજાઓને હાંકી કાઢી તેમનો નાશ કરે,
ત્યારબાદ તમે તેનો કબજો મેળવી તેઓનાં નગરોમાં અને ઘરોમાં વસ-
વાટ કરો.~ 2 ત્યારે તમારે તેમાંનાં ત્રણ નગરોને આશ્રયનગરો તરીકે
અલગ રાખવાં.~ 3 તમાંરા દેવ યહોવા તમને જે ભૂમિ આપે છે તેને ત્રણ
વિભાગોમાં વહેંચી નાખજો અને તે દરેકમાં એક નગર પસંદ કરો. કોઈ
વ્યકિત જેણે અજાણતાં બીજી વ્યકિતનું ખૂન કર્યુ હોય તો તે સુરક્ષા
માંટે તે શહેરમાં દોડ્યો જાય. અને આ નગરમાં લઈ જતા બધા રસ્તાઓ
સારી સ્થિતિમાં રાખવા.~ 4 "જો કોઈ વ્યકિત બીજી વ્યકિતને અજાણતા
અથવા, પહેલાંના કોઈ વેર વગર, માંરી નાખે અને પછી આમાંના કોઇ
એક શહેરમાં આશ્રય લે તો તેનો જીવ બચી રહે,~ 5 કોઈ વ્યકિત પોતા-
ના પડોશી સાથે જંગલમાં લાકડાં કાપવા જાય, અને ત્યાં લાકડાં કાપ-
તાં કાપતાં કુહાડો હાથમાંથી છટકીને અન્ય વ્યકિતને વાગે અને એનું
મૃત્યુ થાય, અને એવો ખૂની આ ત્રણ શહેરમાંથી કોઈમાં આશ્રય લે, તો
તેનો જીવ બચી રહે.~ 6 એમ બને કે બદલો લેવા માંટે મરનારનો નજી-
કનો સગો ગુસ્સાથી તેની પાછળ દોડે, તે આ ખાસ શહેર પહોચે તે પહે-
લા પકડી લે અને માંરી નાખે કારણ કે તે ઘણુ દૂર છે. આમ નિર્દોષ વ્ય-
કિતનું લોહી વહેવડાવાય કારણ કે એ ખૂની દેહાંતદંડને પાત્ર ન હતો.
તેણે જે માંણસને માંરી નાખ્યો તે તેને ધૃણા કરતો ન હતો.~ 7 તેથી હું
જણાવું છું તે મુજબ તમારે એ ત્રણે નગરો એકબીજાથી અમુક અંતરે રા-
ખવાં.~ 8 "અને જયારે તમાંરા દેવ યહોવા, તમાંરા પિતૃઓને આપેલા
વચન પ્રમાંણે, તમાંરી સરહદો વધારે અને વચન મુજબ સમગ્ર દેશ તમ-
ને સુપ્રત કરે.~ 9 યારે તમારે આ ત્રણ શહેરમાં બીજા ત્રણ શહેરોનો ઉમે-
રો કરવો. (જો તમે આજે હું તમને લોકોને જે આજ્ઞાઓ કરું છું તે બધાનું
તમે પાલન કરશો અને તમાંરા દેવ યહોવા પર પ્રેમભાવ રાખીને હંમેશા
તેને માંગેર્ ચાલશો તો તે તમને એ દેશ આપશે.)~ 10 આ રીતે તમે યહો-
વાએ તમને જે ભૂમિ આપી છે તેમાં નિદોર્ષ લોકોના લોહી વહેતાં અટ-
કાવી શકશો અને એ અન્યાયી રકતપાત માંટે તમે દોષિત ગણાશો
નહિ.~ 11 "પરંતુ જો કોઈ વ્યકિત પોતાના પડોશીની ઈર્ષ્યા કરે કે દ્વેષ
રાખે અને લાગ તાકીને છુપાઈ રહે અને તેને તક મળતાં તેના પડોશીની
હત્યા કરી નાખે અને પછી આ ત્રણ નગરોમાંથી કોઈ એકમાં આશ્રય
લે,~ 12 તો તેના પોતાના નગરના આગેવાનોએ તેને પકડાવી મંગાવવો
અને તેને મરનારના નજીકના સગાંને સુપ્રત કરવો પછી તે તેની હત્યા
કરે. 13 તેવા ગુનેગાર પ્રત્યે લેશ માંત્ર દયા બતાવવી નહિ. અને ઇસ્રાએ-
લમાંથી તમાંમ ખૂનીઓનું કાસળ કાઢી નાખશો તો જ શાંતિ અને સુખ-
થી રહી શકશો.~ 14 "તમાંરા દેવ યહોવાએ તમને સોંપેલા પ્રદેશમાં, પહે-
લાંના સમયમાં પૂર્વજોએ નક્કી કરેલી તમાંરા પડોશીઓની સરહદ હટા-
વશો નહિ.~ 15 "કોઈ એક જ વ્યકિતની સાક્ષીને આધારે કોઈને દોષિત
ન ઠરાવી શકાય. ગુનેગાર સાબિત કરવા માંટે બે કે ત્રણ સાક્ષીઓની

જુબાની આવશ્યક છે.~ 16 “જો કોઈ વેરવૃત્તિવાળો સાક્ષી કોઈ માંણસને
ઈજા કરવા પ્રયત્ન કરે અને તેણે ન જોયું હોય છતાં તેવી સાક્ષી આપે કે
તેણે માંણસને કઈ ખોટું કરતા જોયો છે,~ 17 તો એ બંને પક્ષકારોને
યહોવાના મંદિરમાં યાજકો અને તે સમયના ન્યાયાધીશો સમક્ષ ન્યાય
માંટે ઊભા કરવા.~ 18 ન્યાયાધીશોએ કાળજીપૂર્વક નિષ્પક્ષ તપાસ કર-
વી, અને જો આરોપ મૂકનાર સાક્ષી ખોટો છે એમ પુરવાર થાય,~ 19 તો
એણે જે શિક્ષા સામી વ્યકિતને કરવા ધારી હતી તે શિક્ષા તેને કરવામાં
આવે, આ રીતે તમાંરે એ અનિષ્ટનું કાસળ કાઢી નાખવું.~ 20 એટલે બા-
કીના જેમ જેમ આ જાણશે તેમ તેમ ગભરાઈને ચાલશે; અને ભવિષ્યમાં
તમાંરા લોકોમાં કોઈ આવું અધમ કાર્ય કરીને ખોટી સાક્ષી આપતા બી-
શે.~ 21 “ખોટી સાક્ષી આપનાર વ્યકિતના પ્રતિ તમાંરે જરાય દયા દર્શા-
વવી નહિ. જીવને બદલે જીવ, આંખને બદલે આંખ, દાંતને બદલે દાત,
હાથને બદલે હાથ અને પગને બદલે પગ લેવો. આવા કિસ્સાઓમાં
તમાંરા લોકો માંટે આ નિયમ છે.

20 “જયારે તમે યુદ્ધમાં જાઓ અને તમાંરા દુશ્મનો સામે યુદ્ધે ચઢો
અને તમાંરા કરતાં મોટી સંખ્યામાં રથો, ઘોડાઓ અને સેના
જુઓ તો ગભરાઈ જશો નહિ, કારણ કે, તમને મિસરમાંથી બહાર લાવ-
નાર તમાંરા દેવ યહોવા તમાંરી સાથે રહેશે.~ 2 “તમે યુદ્ધ શરૂ કરો તે
પહેલાં યાજકે ઈસ્રાએલી સેના આગળ આવીને આ રીતે સંબોધન કર-
વું,~ 3 ‘હે ઈસ્રાએલના પ્રજાજનો, સાંભળો; આજે તમે દુશ્મન સામે યુદ્ધે
ચઢો છો, જયારે તેમનો સામનો કરો ત્યારે હિંમત હારશો નહિ; કે ગભરા-
શો નહિ, કે ભયભીત થશો નહિ:~ 4 કારણ કે તમાંરા દેવ યહોવા તમાંરી
સાથે આવનાર છે, તે તમાંરા પક્ષે રહીને દુશ્મનો સામે લડશે. અને તમ-
ને વિજય અપાવશે.’~ 5 “ત્યારબાદ સેનાના અધિકારીઓએ પણ સેના-
ને આ પ્રમાંણે સંબોધન કરવું; ‘શું અહીં તમાંરામાં કોઈ એવો છે કે જેણે
નવું ઘર બંધાવ્યું હોય અને અર્પણવિધિ કરી ના હોય? જો તેવો કોઇ
હોય તો તે પાછો ઘેર જાય, નહિ તો યુદ્ધમાં તે કદાચ માંર્યો જાય અને તે-
ના ઘરનું અર્પણ બીજા કોઈએ કરવું પડે.~ 6 શું અહીં કોઈ એવી વ્યકિત
છે જેણે દ્રાક્ષની વાડી રોપી હોય અને હજી તેનાં ફળ ન ચાખ્યાં હોય? જો
હોય તો તે ઘેર પાછો જાય! કારણ કે, જો તમે લડાઈમાં કદાચ માંર્યા
જાઓ તો તેનાં ફળ બીજા કોઈ ખાશે!~ 7 શું અહીં કોઈ એવી વ્યકિત છે
જેણે કોઈ સ્ત્રી સાથે સગાઈ કરી હોય પણ તેની સાથે હજી લગ્ન ન કર્યા
હોય? અને જો હોય તો તે પાછો ઘેર જાય, નહિ તો કદાચ તે યુદ્ધમાં
માંર્યો જાય અને બીજો કોઈ પુરુષ તેની સ્ત્રી સાથે લગ્ન કરે.’~ 8 “વળી
અધિકારીઓએ વધુમાં કહેવું કે, ‘હવે, શું અહીં કોઈ એવો પુરૂષ છે જે
ગભરાઈ ગયો હોય કે હિંમત હારી ગયો હોય? અને જો હોય તો તે પાછો
જાય; નહિ તો તે કદાચ અન્ય સાથીદારોને પણ નાહિંમત બનાવી દે-
શે.’~ 9 અને અધિકારીઓ સેનાને સંબોધન કર્યા બાદ સેનાની ટુકડી-
ઓના સેનાનાયકો નિયુકત કરીને તેઓ તેમનાં નામ જાહેર કરે.~
10 “જયારે તમે કોઈ નગર સામે યુદ્ધ કરવા જાઓ ત્યારે પહેલાં તેને
સંધિનું કહેણ મોકલવું.~ 11 જો તે સંધિનો સ્વીકાર કરે અને તમાંરા માંટે
નગરના દરવાજા ઉઘાડે, તો તે નગરના તમાંમ લોકો તમાંરા ગુલામ
બની જાય.~ 12 પરંતુ જો તેઓ સંધિનો અસ્વીકાર કરે અને યુદ્ધે ચઢાવા
માંગે તો તમાંરે તે નગરને ઘેરો ઘાલવો.~ 13 અને જયારે તમાંરા યહોવા
દેવ તે નગરને તમાંરે હવાલે કરશે, તમાંરે તે નગરના તમાંમ પુરૂષોનો
સંહાર કરવો.~ 14 પરંતુ સ્ત્રીઓ, બાળકો, ઢોરઢાંખર અને બીજું બધું લૂંટી
લેવું. તમાંરા દેવ યહોવાએ દુશ્મનો પાસેથી અપાવેલી લૂંટ તમે ભોગવી
શકો છો.~ 15 જે પ્રજાઓની ભૂમિમાં તમે વસવાના છો તે પ્રજાઓનાં ના
હોય એવાં દૂરના નગરો સાથે તમાંરે એ રીતે વર્તવું.~ 16 “પરંતુ દેવ યહો-
વા જે ભૂમિ તમને તમાંરા કબજામાં આપે છે, તેમાં તમાંરા દ્વારા કોઇ
પણ જીવતું છોડાઇ જવું ન જોઇએ. તમાંરે તમાંમ મનુષ્ય અને પ્રાણી-
ઓનો નાશ કરવો.~ 17 હિત્તીઓ, અમોરીઓ, કનાનીઓ, હિવ્વીઓ
પરિઝઝીઓ અને યબૂસીઓનો તમાંરે સંપૂર્ણ નાશ કરવો. તમાંરા યહો-
વા દેવની આ આજ્ઞા છે.~ 18 જેથી તેઓ પોતે પોતાના દેવોની પૂજામાં
જે ધૃણાજનક વિધિઓ કરે છે એનું અનુકરણ કરવા તમને લલચાવે
નહિ અને શીખવે નહિ, તેથી તમે તમાંરા દેવ યહોવાના ગુનેગાર ન
બનો.~ 19 “કોઈ નગરને જીતી લેવા માંટે લાંબા સમય સુધી ઘેરો ઘાલવો
પડે તો, તમાંરે આજુબાજુનાં વૃક્ષોના નાશ ન કરવા, ફળાઉવૃક્ષોનાં ફળ
ખાવાં, પરંતુ તે વૃક્ષોનો નાશ ન કરો. વૃક્ષો તમાંરાં દુશ્મનો નથી કે તેમ-
ને કાપી નાખવા પડે.~ 20 ફળો ના આપે તેવાં વૃક્ષોને તમે કાપી શકો.
કિલ્લામાં અંદર અથવા બહાર જવાના રસ્તાને રોકવામાં તેને વાપરો અને
યુદ્ધમાં વપરાતા ઓજારો માંટે વાપરો, તમે શહેરને કબજે કરવા સમર્થ
થાવ ત્યાં સુધી.

21 “વચન અનુસાર તમાંરા દેવ યહોવા તમને જે દેશનો કબજો
સોંપી રહ્યા છે ત્યાં કોઈનું ખૂન થયું હોય અને તેની લાશ ખુલ્લા
ખેતરમાં મળી આવે અને એનો માંરનાર કોણ છે એની ખબર ના હોય,~
2 તો તમાંરા આગેવાનો અને ન્યાયાધીશો તે લાશથી આસપાસના નગ-
રોનું અંતર માંપે~ 3 અને કયું નજીક છે તે નક્કી કરે. ત્યારબાદ તે નગર-
ના વડીલો એ એવી ગાય લાવવી કે જેણે ખેતરમાં કામ કર્યું નથી અને
કદી ઝૂંસરીએ જોડાઇ ના હોય.~ 4 અને તેઓએ તેને જયાં કદી વાવણી
કે ખેડાણ ના થયું હોય તેવી ખીણમાં લઇ જવી, વહેતા જળના વહેળામાં
તેને લઈ જાય અને તેની ડોક ત્યાં ભાંગી નાખવી.~ 5 પછી લેવીવંશી
યાજકોએ આગળ આવવું; કારણ, તમાંરા દેવ યહોવાએ તેમને પોતાની
સેવા કરવા માંટે તથા યહોવાના નામે આશીર્વાદ આપવા પસંદ કરેલા
છે, તથા બધા જ ઝઘડાઓ તથા માંરામાંરીના બનાવોનો તેમની આજ્ઞા
પ્રમાંણે ચુકાદો આપવાનો છે.~ 6 ત્યારબાદ લાશની સૌથી નજીકના
ગામના વડીલો તે ગાય પર પોતાના હાથ ધોઈ નાખે,કે જેની ડોક ખીણ-
માં તેમણે ભંાગી છે.~ 7 અને પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરે કે, ‘અમાંરે હાથે
આ લોહી રેડાયું નહોતું તેમ અમે એના સાક્ષી પણ નહોતા.~ 8 હે યહો-
વા, તમે જેમને ગુલામીમાંથી મુકિત અપાવી છે તમાંરા પોતાના ઈસ્રાએ-
લી બંધુઓને માંફ કરો, અને આ નિર્દોષના ખૂનના દોષમાંથી તેમને મુ-
કત કરો.’~ 9 આ રીતે યહોવાએ જે નિયમ ઠરાવ્યો છે તેને અનુસરીને
યહોવાની નજરમાં જે ન્યાય છે તે કરશો તો તમે નિર્દોષના ખૂનના દોષ-
માંથી મુકત થશો.~ 10 “જયારે તમે યુદ્ધમાં જાઓ અને તમાંરા યહોવા
દેવ તમાંરા દુશ્મનોને તમાંરા કબ્જે કરાવે.~ 11 તેઓમાંના કેટલાકને તમે
કેદ કરી અને એ કેદીઓની કોઈ રૂપાળી સ્ત્રી તમાંરી નજરે પડે અને
તમને ગમી જાય અને તમાંરે તેની સાથે પરણવું હોય તો,~ 12 તમાંરે તેને
તમાંરે ઘેર લઈ આવવી, ત્યાં તે પોતાનું માંથું મુંડાવે અને પોતાના નખ
લેવડાવે~ 13 અને બંદીવાન થઈ ત્યારે જે વસ્ત્રો પહેર્યાં હોય તે બદલી
નાખે; ત્યારબાદ તે તમાંરા ઘરમાં રહે અને એક માંસ સુધી તેના માંતા-
પિતા માંટે શોક કરે. પછી તમે તેની સાથે પરણી શકો, તેને પત્ની માંની
તેની પાસે જવું.~ 14 પછી જયારે તે તમને ન ગમે તો તમાંરે તેને મુકત
કરી દેવી. પરંતુ તમાંરે તેને વેચવી કે ગુલામ તરીકે રાખવી નહિ, કારણ
કે તમે તેની આબરૂ લીધી છે.~ 15 “જો કોઈ પુરૂષને બે પત્નીઓ હોય,
એક માંનીતી અને બીજી અણમાંનીતી, અને તે બંનેને પુત્ર જન્મે, અને
અણમાંનીતી પત્નીનો પુત્ર મોટો હોય,~ 16 અને પછી જયારે પુત્રો વચ્ચે
મિલકત વહેંચવાનો વખત આવે ત્યારે તેણે અણમાંનીતી પત્નીનો પુત્ર
જે એનો સાચો મોટો પુત્ર છે તેની અવગણના કરીને માંનીતી પત્નીના
પુત્રને મોટો પુત્ર ગણવો નહિ.~ 17 તેણે અણમાંનીતી સ્ત્રીના પુત્રના
મોટા પુત્ર તરીકેના અધિકારો માંન્ય રાખવા તથા પોતાની બધી મિલક-
તમાંથી તેને બમણો ભાગ આપવો, કારણ, તે તેના પ્રથમ ખોળાનો પુત્ર
છે, અને જયેષ્ઠ પુત્ર તરીકેનો અધિકાર તેનો છે.~ 18 “જો કોઈ વ્યકિત-
નો પુત્ર જીદ્દી અને બંડખોર હોય, અને માંતાપિતાની અવજ્ઞા કરતો
હોય, અને શિક્ષા કરવા છતાં ગણકારતો ના હોય,~ 19 તો તેનાં માંતા-
પિતાએ તેને પકડીને ગામના ચોરામાં ગામના વડીલો આગળ રજૂ કર-
વો.~ 20 અને તેમને કહેવું કે, ‘અમાંરો પુત્ર અમાંરા કહ્યામાં નથી, જીદ્દી
અને બળવાખોર છે, તે લાલચુ અને પિયક્કડ છે, તે કાબૂ બહાર ચાલ્યો
ગયો છે.’~ 21 પછી તે ગામના બધા લોકોએ તેને ઈંટાળી કરીને માંરી
નાખવો. અને આ રીતે તમાંરે તમાંરી વચ્ચેથી એ અનિષ્ટ દૂર કરવું.
પછી સર્વ ઈસ્રાએલીઓ આ જાણશે અને ગભરાઇને ચાલશે.~ 22 “જો
કોઈ વ્યકિત અપરાધ કરે જે તેના પર મૃત્યુ દંડ લાવે અને તે મરી જાય
ત્યારે તમાંરે તેના શરીરને કોઈ વૃક્ષની ડાળીએ લટકાવવું.~ 23 પરંતુ તે-
ના મૃતદેહને રાત્રિ સમયે લટકતો ન રાખવો, તે જ દિવસે તેને દાટી દે-
વો, કારણ કે વૃક્ષ પર લટકાવેલા માંણસ દેવથી શ્રાપિત થાય છે, જે ભૂ-
મિ તમાંરા દેવ યહોવા તમને આપી રહ્યા છે તેને તમાંરે અશુદ્ધ કરવી
નહિ.

22 “જો તમે તમાંરા કોઈ ઈસ્રાએલીભાઈના ભૂલા પડી ગયેલા રખ-
ડતા બળદને કે ઘેટાને જુઓ તો જોયું ના જોયું કરવું નહિ, પરંતુ
તેને સાથે લઈ જઈને તેના માંલિકને પાછું સોંપવું.~ 2 અને જો તેનો
માંલિક નજીકમાં ન રહેતો હોય અને તમે તેને ઓળખતા ન હોય, તો એ
પશુને તમાંરે પોતાને ઘેર લઈ જવું અને તે ખોળતો આવે ત્યાં સુધી
તમાંરી પાસે રાખવું. જયારે એ આવી પહ◌ોચે ત્યારે તે તેને પાછું સોંપી
દો.~ 3 કોઈના ગધેડાં, વસ્ત્રો અથવા બીજું જે કાંઈ તમને મળી આવે તો
તેના માંટે પણ આ જ નિયમ છે, તેથી તેના માંલિક માંટે તે સાચવી રા-
ખવું; જોયું ના જોયું કરવું નહિ.~ 4 “તમે તમાંરા ઈસ્રાએલીભાઈના ગધે-
ડાને કે બળદને ભારને કારણે રસ્તામાં પડી ગયેલું કે બેસી પડેલું જુઓ
તો તમાંરે તેને ફરી ઊભો કરવામાં સહાય કરવી; જોયું ના જોયું કરવું
નહિ.~ 5 “કોઈ પણ સ્ત્રીએ પુરુષનાં વસ્ત્રો પહેરવા નહિ, તેમજ કોઈ
પણ પુરુષે સ્ત્રીના વસ્ત્રો પહેરવા નહિ; કારણ કે, જે કોઈ એમ કરે છે તે
તમાંરા દેવ યહોવાની દૃષ્ટિએ અમંગળ લાગે છે.~ 6 “રસ્તે જતાં આવતાં
કોઈ પક્ષીનો માંળો જમીન પર અથવા વૃક્ષ પર બાંધેલો તમાંરા જોવામાં
આવે અને માંળામાં બચ્ચાં હોય અથવા ઈડા પર બેઠેલી માંદા હોય, તો
બચ્ચાં સાથે તમાંરે એ માંદાને લેવી નહિ,~ 7 ફકત બચ્ચાંને જ લો અને
માંદાને જવા દો. આમ કરશો તો યહોવા તમને આશીર્વાદ આપશે અને
સુખી થશો અને દીર્ધાયુ પામશો.~ 8 “જયારે તમે નવું મકાન બંધાવો
ત્યારે ધાબા પર ભીંત બાંધો, જેથી કોઈ પડી ન જાય અને મકાનમાંલિ-
કને માંથે હત્યાનો દોષ ન આવે.~ 9 “તમાંરી દ્રાક્ષની વાડીઓમાં બે જુ-
દી-જુદી જાતનું બિયારણ વાવવું નહિ; નહિ તો બધોજ દ્રાક્ષનો પાક તે-
મજ જે કંઈ વાવ્યું હશે તે તમાંરા ઉપયોગ માંટે નિષિદ્ધ થશે. તેને જુદુ રા-
ખવું પડશે.~ 10 “બળદ તથા ગધેડાને એક સાથે જોતરીને તમાંરે હળ
વડે ખેડવું નહિ.~ 11 “બે જાતના દોરામાંથી તૈયાર થયેલાં કપડાં જેમ કે
ઊન અને શણના દોરાન◌ું જેમાં મિશ્રણ હોય તે પહેરવાં નહિ.~ 12 “જે
ઝભ્ભો તમે પહેરો છો તેને ચાર ખૂણે સુશોભિત ફૂમતાં મૂકવાં.~ 13 “કોઈ
પુરુષ સ્ત્રી સાથે લગ્ન કરે અને તેની સાથે શારીરિક સંબંધ કર્યા પછી તે-
ના પ્રત્યે અણગમો પેદા થાય,~ 14 અને તેને બદનામ કરી તેના પર ખો-
ટો આરોપ મૂકે, ‘લગ્ન સમયે તે કુંવારી ન હતી.’~ 15 તો તે સ્ત્રીનાં માંતા-
પિતાએ તે સ્ત્રી અક્ષત હોવાનો પુરાવો ચોરામાં ગામના આગેવાનો
સમક્ષ રજૂ કરવો.~ 16 ત્યાર બાદ પુત્રીના માંબાપે ગામના વડીલોને
કહેવું; ‘મે માંરી પુત્રી આ પુરુષને પરણાવી, ને હવે તે તેને ધિક્કારે છે;~
17 અને તે એના પર ખોટું આળ મૂકયું એમ કહીને કે, ‘મને તમાંરી પુત્રી
અક્ષત માંલૂમ પડી નથી. પરંતુ આ રહ્યો અમાંરી પુત્રીના અક્ષતપણાનો
પુરાવો.’ પછી તેમણે ગામના વડિલો સમક્ષ લોહીથી ખરડાયેલી ચાદર
પાથરવી.~ 18 ત્યારબાદ શહેરનાં વડીલો તે પુરુષને સજા કરે,~ 19 તથા
ઈસ્રાએલની એક કન્યાની બદનામી કરવા બદલ તેનો 100 તોલા
ચાંદીનો દંડ કરે. અને તેણે તે રકમ કન્યાના પિતાને આપવી. અને તે
સ્ત્રી પેલા પુરુષની પત્ની તરીકે ચાલુ રહે. અને તે પુરુષ તે સ્ત્રીને કદી
છૂટાછેડા આપી શકે નહિ.~ 20 “પરંતુ જો એ માંણસના આરોપો સાચા
હોય અને તે કન્યા કુંવારી ના હોય તો;~ 21 ગામના વડીલો તે સ્ત્રીને તે-
ના બાપના ઘરના બારણા આગળ લઈ જાય અને ત્યાં ગામના લોકોએ
તે સ્ત્રીને ઇટાળી કરીને માંરી નાખવી, કારણ કે, તેણે પોતાના પિતાના
ઘરમાં જ વ્યભિચાર કરીને ઈસ્રાએલમાં ગુનો કર્યો છે. તમાંરે તમાંરી
વચ્ચેથી એ અનિષ્ટ દૂર કરવું જ જોઈએ. 22 “જો કોઈ પુરુષ અન્ય પરિ-
ણિત સ્ત્રી સાથે વ્યભિચાર કરતાં પકડાય, તો તે બંનેને-તે સ્ત્રીને તથા
વ્યભિચાર કરનાર પુરુષને દેહાતદંડની શિક્ષા કરવી. આ રીતે ઈસ્રાએ-
લમાંથી દુષ્ટતા દૂર થશે.~ 23 “જો કોઈ પુરુષ કોઈ શહેરમાં એક કુમાંરિ-
કાને મળે જેની સગાઇ કોઇ બીજા માંણસ સાથે થઇ હોય, અને તેની
સાથે વ્યભિચાર કરે,~ 24 તો તમાંરે તે બંનેને ગામના ચોરા આગળ લા-
વીને જાહેરમાં ઈટાળી કરીને માંરી નાખવાં. છોકરીને એટલા માંટે માંરી
નાખવી કે ગામમાં હોવા છતાં તેણે સહાય માંટે બૂમ પાડી નહિ. અને પે-
લા માંણસને એટલા માંટે માંરી નાખવો કે તેણે એ સ્ત્રી સાથે વ્યભિચાર
કર્યો જેની તેના જાતભાઇ સાથે સગાઇ થઇ હતી. તમાંરે તમાંરી વચ્ચેથી
એ દુષ્ટને દૂર કરવું જ જોઈએ.~ 25 “પરંતુ જો આ બનાવ નગર બહાર
વગડામાં બન્યો હોય, તો ફકત તે પુરુષને જ ઈટાળી કરીને માંરી નાખ-
વો.~ 26 છોકરીને છોડી મૂકવી કારણ કે તેણે દેહાંતદંડને યોગ્ય કૃત્ય
કર્યું નથી. આ તો કોઈ માંણસ બીજા માંણસ પર હુમલો કરી તેને માંરી
નાખે તેવું છે.~ 27 તેણે અન્ય પુરુષ સાથે સગાઈ થયેલી કન્યા પર શહે-
રથી બહાર નિર્જન સ્થળ પર વ્યભિચાર કર્યો અને તેણે મદદ માંટે બૂમો
પાડી પણ તેણીને સાંભળવા અને બચાવવ◌ં◌ા ત્યં◌ા કોઈ નહોતું.~
28 “વળી જો કોઈ માંણસ કુંવારી કુમાંરિકાને મળે અને તેની સાથે વ્ય-
ભિચાર કરતાં પકડાઈ જાય.~ 29 તો તે પુરુષે તે કન્યા સાથે લગ્ન કરવાં
અને દંડ તરીકે કન્યાના પિતાને 50 તોલા ચાંદી આપે. તે છોકરી તેની
પત્ની થશે. વળી તેણે બળજબરીથી તે કન્યા જોડે વ્યભિચાર કર્યો છે
માંટે તે કદી તેને છૂટાછેડા આપે નહિ.~ 30 “કોઈ પણ પુરુષે પોતાના
પિતાની કોઈ પણ પત્ની સાથે વ્યભિચાર કરવો નહિ, કારણ કે તે તેના
પિતાનું અપમાંન છે.”

23 “જો કોઈ વ્યકિતના વૃષણ ઘાયલ થયા હોય અથવા જેની
જનેન્દ્રિય કાપી નાખવામાં આવી હોય, તેને યહોવાની સભામાં
દાખલ થવા દેવો નહિ.~ 2 વ્યભિચારથી જન્મેલ પોતે તથા તેની દશ
પેઢી સુધી તેના કોઈ પણ વંશજને પણ યહોવાની સભામાં દાખલ ન
કરવો.~ 3 “કોઇ આમ્મોનીને કે મોઆબીને અથવા દશ પેઢીના તેમના
કોઈ પણ વંશજને યહોવાની ઉપાસના માંટેની સભામાં દાખલ ન કર-
વાં;~ 4 આ નિયમનું કારણ છે કે જયારે તમે મિસરમાંથી બહાર આવ્યા,
ત્યારે આ પ્રજાએ પાણી અને રોટલી લઈને માંર્ગમાં તમને આવકાર પણ
આપ્યો નહિ. વળી તમને શ્રાપ આપવા તેઓએ અરામનાહરાઈમના
પથોરથી બયોરના પુત્ર બલામને પૈસાની લાલચ આપી બો લાવ્યો.~
5 પરંતુ તમાંરા દેવ યહોવાએ બલામની વાત સાંભળી નહિ અને તેના
શાપને પણ આશીર્વાદમાં ફેરવી નાખ્યો કારણકે તમાંરા દેવ યહોવાને
તમાંરા પર પ્રેમ હતો.~ 6 તમે જીવનભર આમ્મોનીઓ અને મોઆબી-
ઓની સાથે શ◌ાતિ જાળવશો નહિ.~ 7 “પરંતુ અદોમીઓ અને મિસર-
વાસીઓ પ્રત્યે એવો વ્યવહાર રાખશો નહિ; અદોમીઓ તમાંરા ભાઈઓ
છે અને મિસરવાસીઓ વચ્ચે તમે રહ્યા છો.~ 8 તેઓના વંશજોની ત્રીજી
પેઢી એટલે કે અદોમીઓ અને મિસરવાસીઓના પૌત્રો-પ્રપૌત્રો યહોવા-
ની ઉપાસના કરવા એકઠી થયેલી સભામાં જોડાઇ શકે.~ 9 “જયારે તમે
કોઈ દુશ્મન સાથે યુદ્ધના સમયે છાવણીમાં રહેતા હોય ત્યારે દરેક પ્રકા-
રની દુષ્ટતાથી દૂર રહો.~ 10 જો તમાંરામાંથી કોઈ વ્યકિત રાત્રે વીર્યપાત
થવાથી અશુદ્ધ થયો હોય તો તેણે છાવણીમાંથી બહાર ચાલ્યા જવું
અને સાંજ સુધી અંદર પાછા ન ફરવું.~ 11 સાંજે સૂર્યાસ્ત પછી તેણે
સ્નાન કરવું અને તે પછી છાવણીમાં પાછા આવવું.~ 12 “કુદરતી હાજત
માંટેનો વિસ્તાર છાવણીની બહાર હોવો જોઈએ.~ 13 કુદરતી હાજતે
જતી વખતે સાથે પાવડો રાખવો, અને દર વખતે તમાંરે ખાડો ખોદીને
મળને માંટી વડે ઢાંકી દેવો.~ 14 “તમાંરા દેવ યહોવા તમાંરું રક્ષણ કર-
વા તથા દુશ્મનોથી તમને ઉગારવા છાવણીમાં ફરે છે. માંટે તમાંરે છાવ-
ણીને શુદ્ધ રાખવી. તમાંરી છાવણીમાં કોઈ અશુદ્ધ વસ્તુ એમની નજરે
ચડવી જોઈએ નહિ, નહિ તો તે તમાંરો ત્યાગ કરશે.~ 15 “કોઈ ગુલામ
તેના માંલિકને છોડીને રક્ષણ માંટે તમાંરી પાસે ભાગીને આવે તો તેને
પાછો ન મોકલો.~ 16 તમાંરા નગરોમાંથી એને જયાં ગમે ત્યાં રહેવા દે-
વો, અને તમાંરે તેને રંજાડવો નહિ.~ 17 “મંદિરમાં કામ કરતી કોઈ પણ
ઈસ્રાએલી વ્યકિત વારાંગનાવૃતિ આચરશે નહિ.~ 18 દેવદાસ કે દેવદા-
સીના વારાંગનાવૃતિથી થતી કમાંણીના પૈસા કોઈપણ કારણે દેવ યહો-
વાના પવિત્રસ્થાનમાં લાવવા નહિ; કારણ કે, વારાંગનાવૃતિને તમાંરા
દેવ યહોવા ધિક્કારે છે. તે પૈસાને યહોવાને કરેલા કોઇ પણ સમની
કિંમત ભરવા ન વાપરવા.~ 19 “તમે તમાંરા ઈસ્રાએલી જાતિબંધુને ના-
ણાં, અનાજ કે બીજું કાંઈ ધીરો ત્યારે તેના પર વ્યાજ લેવું નહિ.~
20 પરંતુ તમે જો કોઈ વિદેશીને કંઈ ધીરો તો તેના પર વ્યાજ લઈ શકો
છો, પણ તમાંરા ઈસ્રાએલી જાતિબંધુ પાસે વ્યાજ લેવું નહિ, તેથી
તમાંરા દેવ યહોવા તમને, તમે જે ભૂમિમાં પ્રવેશ કરનાર છો તેમાં બધાં
કાર્યોમાં લાભ આપશે.~ 21 “જો તમે તમાંરા દેવ યહોવાની કોઈ બાબત
માંટે બાધા રાખી હોય તો તે પૂર્ણ કરાવામાં વિલંબ ન કરો, કારણ કે બા-
ધા કે પ્રતિજ્ઞા માંટે યહોવા તમને જ જવાબદાર ગણશે.~ 22 પ્રતિજ્ઞા કે
બાધા ન લેવી એ કોઈ પાપ નથી.~ 23 પરંતુ જો તમે સ્વેચ્છાએ તમાંરે
માંથે તમાંરા દેવ યહોવાની બાધા રાખો તો પછી તમાંરે તે પૂર્ણ કરવી જ
રહી.~ 24 “જયારે તમે બીજાની દ્રાક્ષની વાડીમાંથી પસાર થતાં હોય

ત્યારે જોઈએ તેટલી દ્રાક્ષ ધરાઈને ખાઈ શકો છો, પરંતુ કોઈ પાત્રમાં
ભરીને તમે લઈ જાઓ નહિ,~ 25 તેવું જ બીજાના ખેતરમાંના અનાજ
સંબંધી છે. કોઈના ઊભા પાકમાં થઈને પસાર થતાં તમે હાથ વડે કણ-
સલાં તોડીને એકાદ મુઠ્ઠી અનાજ ખાઈ શકો પણ તેના પાકને દાંતરડા
વડે કાપી શકો નહિ.

24 “જો કોઈ પુરુષ સ્ત્રીને પરણ્યો હોય, અને તેની સાથે થોડા
સમય સંસાર માંડ્યા બાદ તેનામાં કંઈ શરમજનક હોવાને કાર-
ણે તેને તે પસંદ ના હોય તો તેને છૂટાછેડા લખી આપી ઘરમાંથી કાઢી
મૂકી શકે.~ 2 અને તે તેનું ઘર છોડીને અન્ય પુરુષ સાથે લગ્ન કરે.~
3 અને તેનો બીજો પતિ પણ તેને ન ચાહે. અને છૂટાછેડા લખી આપી
તેને ઘરમાંથી કાઢી મૂકે, અથવા જો તે અવસાન પામે,~ 4 એ સ્ત્રીને છૂ-
ટાછેડા આપનાર એનો પ્રથમ પતિ એને પોતાની પત્ની તરીકે ફરીથી
લગ્ન કરીને રાખી શકે નહિ, કારણ કે, તે તેના માટે અશુદ્ધ થયેલી છે.
યહોવાની દ્રષ્ટિએ એ પાપ છે. તમારા દેવ યહોવા તમને જે દેશ આપ-
નાર છે તેને તમારે બગાડવો જોઈએ નહિ.~ 5 “કોઈ પણ નવપરિણીત
પુરુષની લશ્કરમાં કે અન્ય કોઈ જાહેર નોકરીમાં નિમણૂક કરવી નહિ;
કારણ કે એક વર્ષ સુધી તે ઘેર પોતાની પત્ની સાથે રહીને આનંદ કરવા
માટે મુકત છે.”~ 6 “કોઈ પણ વ્યકિતએ ઘંટીનું પડ કે ઉપલું પડ પણ
ગીરવે રાખવું નહિ; એ મનુષ્યનું જીવન ગીરવે રાખ્યા બરાબર છે.”~
7 “કોઈ વ્યકિતએ તેના જાતિબંધુ ઇસ્રાએલીનું અપહરણ કરી તેને ગુ-
લામ બનાવે અને પછી તેને ગુલામ તરીકે વેચી દે, તો તેને મૃત્યુદંડની
શિક્ષા કરવી. તમારામાંથી આ અનિષ્ટ દૂર કરવું.~ 8 “કોઈ વ્યકિતને રક-
તપિત્ત કોઢનો રોગ થયો હોય તો લેવી યાજકો જે સૂચનાઓ આપે તેનું
અત્યંત કાળજીપૂર્વક પાલન કરો, કારણ કે, મેં તેઓને સ્પષ્ટ માર્ગદર્શન
આપ્યું છે અને તે તમારે બહુ જ કાળજીપૂર્વક પાળવું~ 9 તમે લોકો મિ-
સરમાંથી આવતા હતા ત્યારે તમારા દેવ યહોવાએ મરિયમની શી દશા
કરી હતી તે યાદ રાખવું.~ 10 “તમે કોઈ વ્યકિતને કશું ધારો, તો ગીરવે
વસ્તુ લેવા માટે તમારે તેના ઘરમાં પ્રવેશ કરવો નહિ.~ 11 બહાર ઊભા
રહેવું, જે વ્યકિતએ ઉછીનું લીધું હશે તે તમને બહાર આવીને વસ્તુ ગી-
રવે મુકવા આપશે.~ 12 અને જો કોઈ માંણસ ગરીબ હોય તો ગીરવે મૂકે-
લો ઝભ્ભો પેહરીને તમે સૂઈ જાઓ નહિ.~ 13 સાંજ પહેલાં તમારે તે
ઝભ્ભો એને પાછો આપી દેવો, જેથી તે એ પેહરીને સૂએ અને તમને
આશીર્વાદ આપે, તમારા દેવ યહોવાની દ્રષ્ટિએ તે ન્યાયી અને સાચું
કાર્ય ગણાશે.~ 14 “તમે કોઈ ગરીબ માંણસને દૈનિક વેતને મજૂરીએ રા-
ખો તો તેને પજવશો નહિ, પછી તે તમારો જાતિબંધુ હોય કે તમારા
નગરમાં વસતો વિદેશી હોય, પણ તેની રોજી અટકાવશો નહિ.~ 15 સૂ-
ર્યાસ્ત પહેલાં તે માંણસને તમારે તેની મજૂરી રોજની રોજ ચૂકવી દેવી,
કારણ કે એ ગરીબ હોવાથી એ નાણાં પર જ તેના જીવનનો આધાર છે.
તમે જો એમ કરશો તો એને તમારી વિરુદ્ધ યહોવાને ફરિયાદ કરવી પડ-
શે નહિ અને તમને પાપ પણ લાગશે નહિ.~ 16 “પુત્રોનાં પાપને કારણે
તેમના પિતાઓને મૃત્યુદંડની શિક્ષા થશે નહિ, અને પિતાઓનાં પાપને
કારણે પુત્રોને મૃત્યુદંડની શિક્ષા થશે નહિ. પોતપોતાના પાપને કારણે
પ્રત્યેકને મૃત્યુદંડની શિક્ષા થશે.~ 17 “વિદેશીઓ કે અનાથો ન્યાયથી
વંચિત રહી ન જાય તેનું ધ્યાન રાખવું. વિધવાનાં વસ્રો તેના દેવા પેટે
કદી ગીરવે લેવાં નહિ.~ 18 તમે મિસરમાં ગુલામ હતા અને તમારા યહો-
વા દેવે તમને મુકત કરાવ્યંા હતાં એ હંમેશા યાદ રાખવું. તેથી જ હું
તમને આમ કરવાની આજ્ઞા જણાવું છું.~ 19 “જયારે પાકની કાપણી કરો
ત્યારે એકાદ પૂળો ખેતરમાં રહી જાય, તો તે લેવા પાછા ખેતરે જવું નહિ;
વિદેશીઓ, અનાથો તથા વિધવાઓ માટે તેને ત્યાં જ પડયો રહેવા દે-
વો, જેથી તમારા યહોવા દેવ તમને આશીર્વાદ આપશે અને તમારા કા-
મમાં લાભ આપશે.~ 20 જયારે તમે ફળ લેવાં જૈતૂનના વૃક્ષને ઝૂડો ત્યારે
કોઈ ડાળને બીજી વાર ઝૂડવી નહિ, કંઈ રહી ગયું હોય તો તે વિદેશીઓ,
વિધવાઓ અને અનાથો માટે રહેવા દેવું.~ 21 એ જ રીતે જયારે તમે દ્રા-
ક્ષની વાડીમાંથી પાક ઉતારો ત્યારે દ્રાક્ષ બીજી વાર વીણો નહિ. જે કંઈ
રહી જાય તે વિદેશીઓ, વિધવાઓ અને અનાથો માટે રહેવા દો.~
22 યાદ રાખો કે તમે મિસરમાં ગુલામ હતા, તેથી હું તમને આમ કરવાની
આજ્ઞા કરું છું.

25 “જો કોઈ બે માંણસો વચ્ચે ઝઘડો હોય કે તકરાર હોય તો તે-
ઓએ ન્યાય માટે અદાલતમાં જવું જોઈએ. અને ન્યાયાધીશો
કોણ નિર્દોષ છે અને કોણ ગુનેગાર છે તેનો ફેસલો કરશે.~ 2 ગુના અનુ-
સાર જો ગુનેગાર ફટકા મારવા યોગ્ય હોય તો એ નક્કી કરાશે કે તેને કે-
ટલા ફટકા મારવા. ગુનેગારે પોતાનું મોઢું નીચે તરફ રાખી સુવુ અને તેને
ઉચીત માંત્રામાં ફટકા મારવા.~ 3 ચાબુકના ચાળીસ ફટકાથી વધારે
ફટકાની સજા કરી શકાય નહિ; જો ચાળીસથી વધારે ફટકા મારવામાં
આવે તો તે બતાવે છે કે તમે તેના જીવનનું મહત્વ જેટલું અંાકવું જો-
ઈએ તેટલું આંકતા નથી.~ 4 “કોઈ પણ વ્યકિતએ બળદ ડૂંડાં ખૂંદતો
હોય ત્યારે તેને મોરી પહેરાવવી નહિ.~ 5 “બે ભાઈઓ સાથે રહેતા હોય
અને તેમાંનો એક નિ:સંતાન મૃત્યુ પામે, તો મરનારની પત્નીએ કુટુંબ-
ની બહાર કોઈ પારકા પુરુષને પરણવું નહિ. તેના પતિના ભાઈએ તેની
સાથે લગ્ન કરીને દિયર તરીકેની ફરજ બજાવવી.~ 6 તેનાથી તે સ્ત્રીને જે
પ્રથમ પુત્ર જન્મે તે મરનાર ભાઈનો પુત્ર ગણાય, જેથી તેનું નામ ઇસ્રા-
એલમાંથી ભૂસાઈ ન જાય.~ 7 પરંતુ જો તે પોતાના મૃત ભાઈની પત્ની
સાથે લગ્ન કરવા ઈચ્છતો ના હોય તો તે સ્ત્રીએ ચોરામાં નગરના આગે-
વાનો સમક્ષ જઈને કહેવું કે, ‘મારો દિયર તેના ભાઈના કુળનું નામ
ઇસ્રાએલમાં જીવંત રાખવા માંગતો નથી, વળી તે મારા પ્રત્યેની પતિ
તરીકેની જવાબદારી લેવા ઈચ્છતો નથી.’~ 8 ત્યારબાદ ગામના આગે-
વાન વડીલો તેને બોલાવી તેને સમજાવે, અને તેમ છતાં તે હઠ પકડીને
જણાવે કે, ‘હું તેને પરણવા માંગતો નથી.’~ 9 તો પછી તે વિધવા વડી-
લોની હાજરીમાં તેની પાસે જાય, તેના પગમાંથી તેનાં ચંપલ કાઢી નાખે
અને તેના મુખ પર થૂંકે, પછી કહે, ‘જે માંણસ પોતાના ભાઈનો વંશ ચા-
લુ રાખવા ઈચ્છતો નથી તેના આવા જ હાલ થાય છે.’~ 10 અને ત્યાર-
બાદ હંમેશા તેનું ઘર ઇસ્રાએલમાં આ પ્રમાંણે ઓળખાશે જે વ્યકિતનાં
ચંપલ કાઢી નંખાયા હતા તેનું કુટુંબ.’~ 11 “જો બે વ્યકિતઓ વચ્ચે ઝઘ-
ડો થાય અને પોતાના પતિને બચાવવા તેમાંનંા એકની વહુ વચમાં
પડે અને બીજા માંણસના વૃષણને પકડીને ખેંચે અને ઈજા પહોંચાડે,~
12 તો દયા બતાવ્યા વિના તમારે તે સ્ત્રીનો હાથ કાપી નાખવો.~
13 “તમારી થેલીમાં ખૂબ હલકાં કે ખૂબ ભારે કાટલાં ન હોવા જોઈએ.~
14 વળી તમારા ઘરમાં તમારે ખૂબ નાનાં અને ખૂબ મોટા માંપ રાખવાં
નહિ.~ 15 તમારે સાચા અને પ્રમાંણિત વજન અને માંપનો ઉપયોગ કર-
વો, જેથી યહોવાએ આપેલી ભૂમિમાં તમે લાંબુ આયુષ્ય ભોગવો.~ 16 જે
કોઈ વ્યકિત ખોટાં વજન અને ખોટા માંપથી છેતરપિંડી કરે છે, તે
તમારા યહોવા દેવની નજરમાં ધૃણાજનક છે.~ 17 “તમે જયારે મિસરથી
આવતા હતા ત્યારે અમાંલેકી પ્રજાએ તમારી સાથે કેવો વર્તાવ રાખ્યો
હતો તે યાદ રાખજો.~ 18 તે લોકો તમારી વિરુદ્ધ લડ્યાં અને તમારા
લોકો જે થાકી ગયા હતા અને નબળા હતા અને જેઓ બધાની પાછળ
ધીમે ચાલી રહ્યાં હતાં તેમના પર આક્રમણ કર્યું, અમાંલેકીઓને દેવનો
ડર ન હતો.~ 19 તેથી તમારા દેવ યહોવા તમને જે દેશ આપી રહ્યા છે
તેમાં તે તમારી આસપાસના શત્રુઓથી તમને રાહત આપે ત્યારે તમારે
અમાંલેકીઓનું નામનિશાન ધરતીના પટ ઉપરથી ભૂંસી નાખવાનું છે,
તે બાબત કદી ભૂલશો નહિ.

26 “તમારા દેવ યહોવા તમને જે દેશ આપી રહ્યા છે તેમાં તમે
પહોંચો અને તેનો કબજો લઈને તેમાં વસવાટ કરો,~ 2 ત્યારે
તમારે તમારા દેવ યહોવા તમને જે ભૂમિ આપી રહ્યંા છે તેમાં થતા પ્ર-
ત્યેક પાકનો પ્રથમ ભાગ તમારે લઈ, અને તેને યહોવા તમારા દેવ તેની
ઉપાસના કરવા જે જગ્યા પસંદ કરે ત્યાં લઈ જવો.~ 3 અને તે દિવસે
ત્યાં જે કોઈ યાજક સેવા કરતો હોય તેની પાસે જઈને કહેવું કે, ‘હું તમારા
દેવ યહોવા સમક્ષ જાહેર કરું છું કે, જે દેશ અમને આપવાનું યહોવાએ
અમારા પિતૃઓને વચન આપ્યું હતું તેમાં અમે પ્રવેશ કર્યો છે.’~ 4 “પછી
યાજકે તમારા હાથમાંથી ટોપલો લઈને તમારા દેવ યહોવાની વેદી સમ-
ક્ષ મુકવો.~ 5 પછી તમારે તમારા યહોવા દેવ સમક્ષ કહેવું, ‘મારા પિ-
તૃઓ સ્થળાંતર કરીને આવેલા અરામીઓ હતા અને આશ્રય માટે મિસ-
રમાં ગયા હતા. તેઓ ઘણી ઓછી સંખ્યામાં હતા, પરંતુ તેઓ ત્યાં એક
મોટી, શકિતશાળી અને અસંખ્ય પ્રજા બન્યા હતા,~ 6 પરંતુ મિસરી-
ઓએ અમારી સાથે દુર્વ્યવહાર કર્યો, અમને ગુલામ બનાવી, અમારા પર
ત્રાસ ગુજારી અને અત્યાચાર કરી, અમારી પાસે મજુરી કરાવી.~ 7 ત્યારે

અમે અમારાં યહોવા દેવને પોકાર કર્યો. તેમણે અમારો સાદ સાંભળ્યો
અને અમારાં દુ:ખો, મુશ્કેલીઓ અને સતામણી જોયા;~ 8 અને તેણે પર-
ચાઓ તથા અદ્દભૂત કૃત્યો કર્યા, કે જે મિસરવાસીઓના મનમાં ખૂબ
ભય લાવ્યાં,અને તેના પ્રચંડ બાહુબળથી તે આપણને મિસર માંથી
બહાર લાવ્યા.~ 9 અને અમને આ જગ્યાએ લાવીને દૂધ અને મધથી રે-
લછેલ થતો આ પ્રદેશ આપ્યો.~ 10 અને હવે, હે યહોવા જુઓ જે પ્રદેશ
તમે મને આપ્યો છે તેની ઊપજનું પ્રથમ ફળ, હું લાવ્યો છું.'"પછી ત્યાં
તમારા યહોવા દેવ સમક્ષ તે ભાગ મૂકીને દંડવત પ્રણામ કરી તેમની
ઉપાસના કરવી.~ 11 અને પછી તમારા દેવ યહોવાએ તમારું અને
તમારા કુટુંબનું જે ભલું કર્યુ છે તેને માંટે તમારે લેવીઓએ અને તમારી
વચ્ચે રહેતા વિદેશીઓએ ભેગા મળીને આનંદોત્સવ કરવો.~ 12 "પ્ર-
ત્યેક ત્રીજું વર્ષ ખાસ દશાંશનું વર્ષ ગણવું. તે વષેર્ તમારે તમારો સર્વ
દશાંશ લેવીઓને, વિદેશીઓને, વિધવાઓને અને અનાથોને આપવો
જેથી તેઓ તમારાં ગામોમાં ધરાઈને ખાવા પામે.~ 13 પછી તમારે તમારા
દેવ યહોવા સમક્ષ કહેવું કે, 'મેં મારા ઘરેથી બધી વસ્તુઓનો દશાંશ
ભાગ કાઢી લીધો છે અને તે લેવીઓને, વિદેશીઓને, વિધવાઓને અને
અનાથોને તમારી આજ્ઞા મુજબ આપી દીધો છે. તમારી એકપણ
આજ્ઞાનો મેં ભંગ કર્યો નથી તેમજ હું ભૂલ્યો પણ નથી.~ 14 હું અશુદ્ધ
હતો ત્યારે હું દશાંશને અડકયો પણ ન હતો. શોકના સમયમાં મેં કાંઈ
ખાધું નથી, કે મૃતાત્માંઓને ધરાવ્યું પણ નથી, હે મારા યહોવા, મેં
તમારું કહ્યું જ કર્યુ છે. તમે જે આજ્ઞાઓ જણાવી હતી તે બધી જ મેં પા-
ળી છે. 15 તમારા પવિત્રધામ સ્વર્ગમાંથી નીચે જુઓ, અને તમારી ઇસ્રા-
એલી પ્રજા ઉપર, તેમ જ અમારા પિતૃઓને વચન આપ્યા પ્રમાંણે તમે
અમને દૂધ અને મધથી છલકાતો જે દેશ આપ્યો છે તેના ઉપર આશી-
ર્વાદ વરસાવો.' 16 "આજે તમારા દેવ યહોવા તમને આ નિયમો અને કા-
નૂનો પાળવાની આજ્ઞા કરે છે; તમારે પ્રામાંણિકતાથી હ્રદયપુર્વક તેમને
પાળવાના છે. 17 તમે આજે યહોવાને તમારા દેવ તરીકે સ્વીકાર્યા છે.
તમે તેણે ચીંધેલા માંગેર્ ચાલવાનો કરાર કર્યો છે. તેનાં કાયદાઓ,
આજ્ઞાઓ અને નિયમો પાળવાનાં છે અને એ જે કહે તે પ્રમાંણે કરવાનું
વચન તમે આપ્યું છે. 18 યહોવાએ તમને જે વચન આપ્યું હતું તે પ્રમાંણે
આજે તમને પોતાના ખાસ લોકો તરીકે પસંદ કર્યા છે, તેથી તમારે તેની
સર્વ આજ્ઞાઓનું પાલન કરવાનું છે.~ 19 તેથી જો તમે તે પ્રમાંણે કરશો
તો યહોવા તમને અન્ય પ્રજાઓ કરતા મહાન પ્રજા બનાવશે, અને તમ-
ને માંન-પ્રતિષ્ઠા અને ગૌરવ પ્રાપ્ત થશે. અને યહોવાએ આપેલા વચન
પ્રમાંણે તમે એક પવિત્ર દેશ બનશો કે જે યહોવાને વિશિષ્ટ રીતે સમ-
પિર્ત છે."

27 ત્યારબાદ મૂસાએ અને ઈસ્રાએલના આગેવાનોએ આ પ્રમાંણે
જણાવ્યું, "આજે હું તમને બધાને જે આજ્ઞાઓ કરું છું તે સર્વનું
પાલન કરજો.~ 2 જયારે તમે યર્દન નદી ઓળંગીને તમારા દેવ યહોવાએ
તમને જે દેશ આપ્યો છે તેમાં પ્રવેશ કરો તે દિવસે તમારે ત્યાં મોટા
પથ્થરો ઊભા કરીને તેના પર ચૂનાનું પ્લાસ્ટર કરવું.~ 3 અને તેના ઉપર
નિયમના સર્વ શબ્દો લખી નાખવા, પછી તમે તમારા દેવ યહોવા તમને
જે ભૂમિ આપી રહ્યાં છે તેમાં સ્થાઇ થઇ શકશો. તમારા પિતૃઓના યહો-
વા દેવે તમને જે વચન આપ્યું હતું તેમ આ ભૂમિમાં દૂધ અને મધની રે-
લછેલ થશે.~ 4 "અને યર્દનને સામે કિનારે તમે પહોંચો ત્યારે એબાલ
પર્વત પર વહેલામાં વહેલી તકે સ્મૃતિચિન્હરૂપે પથ્થરોનો એક સ્તંભ
ઊભો કરી તેના પર ચૂનાનું પ્લાસ્ટર કરો.~ 5 પછી ત્યાં તમારે તમારા
દેવ યહોવાના નામે એક પથ્થરની વેદી બાંધવી.~ 6 તમારા દેવ યહોવા
માંટે વેદી બાંધવા માંટે વણઘડયા પથ્થરોનો ઉપયોગ કરવો. અને તેના
ઉપર તમારા દેવ યહોવાને આહુતિ ચઢાવવી.~ 7 યજ્ઞો અને શાંત્યર્પણો
કરો અને તમારા દેવ યહોવા સમક્ષ આનંદથી ખાવુ.~ 8 આ પથ્થરો
ઉપર તમારે નિયમનાં શબ્દો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે કાળજીપૂર્વક
કોતરવા."~ 9 પછી મૂસાએ તથા લેવી યાજકોએ તમાંમ ઇસ્રાએલીઓને
કહ્યું, "હે ઇસ્રાએલી બંધુઓ, શાંત થાઓ, અને સાંભળો. આજે તમે
તમારા દેવ યહોવાની પોતાની પ્રજા માંટે બની ગયા છો.~ 10 માંટે
તમારા દેવ યહોવાની આજ્ઞા સાંભળો. આજે હું તમને જે આજ્ઞાઓ અને
કાનૂનો જણાવું છું તેનું પાલન તમારે આજથી જ શરૂ કરવાનું છે."~ 11 તે
જ દિવસે મૂસાએ તે લોકોને આ મુજબ આજ્ઞા કરી:~ 12 "યર્દન નદી પાર
કર્યા પછી લોકો ઉપર આશીર્વાદ ઉચ્ચારાય, તે વખતે નીચેનાં કુળો
ગરીઝીમ પર્વત પર ઊભા રહે: શિમયોન, લેવી, યહૂદા, ઇસ્સાખાર, યૂ-
સફ અને બિન્યામીન,~ 13 શ્રાપ ઉચ્ચારાય ત્યારે એબાલ પર્વત ઉપર
રૂબેન, ગાદ, આશેર, ઝબુલોન, દાન અને નફતાલીના કૂળો ઊભા રહે.~
14 "તે પછી લેવીઓ મોટે સાદે તમાંમ ઇસ્રાએલીઓને કહે:~ 15 'શ્રાપિત
છે તે વ્યકિત જે ખોટા દેવ બનાવે છે, પછી તે કોતરેલી પ્રતિમાં હોય
અથવા ધાતુની મૂર્તિ હોય અને તેની ગુપ્ત રીતે પૂજા કરે, કારણ કે મનુ-
ષ્યસજિર્ત દેવોનો યહોવા ધિક્કાર કરે છે.'"અને બધા લોકો 'આમીન'
કહીને સ્વીકૃતિ આપશે.~ 16 "'જો કોઈ વ્યકિત પોતાના પિતા કે માંતાનું
અપમાંન કરે તો તેના પર શ્રાપ ઊતરો.'"અને બધા લોકો 'આમીન' કહી-
ને સ્વીકૃતિ આપશે.~ 17 "'જે કોઈ વ્યકિત પોતાના પડોશીની સીમાંનું
નિશાન હઠાવે તો તેના પર શ્રાપ ઉતરો.'"અને બધા લોકો 'આમીન'
કહીને સ્વીકૃતિ આપશે.~ 18 "'જો કોઈ વ્યકિત અંધ વ્યકિતનો ફાયદો
ઊઠાવે તો તેના પર શ્રાપ ઊતરો.'"અને બધા લોકો કહેશે 'આમીન'.~
19 "'જો કોઈ વ્યકિત વિદેશી, અનાથ અને વિધવાને અન્યાય કરે તો તે-
ના ઉપર શ્રાપ ઊતરો.'"અને બધા લોકો કહેશે 'આમીન'~ 20 "'જે વ્યકિત
પોતાના પિતાની પત્ની સાથે વ્યભિચાર કરે છે શ્રાપિત છે, કારણ કે, તે
તેના પિતાની બદનામી કરે છે;' "અને બધા લોકો કહેશે 'આમીન.'~
21 "'જો કોઈ વ્યકિત પ્રાણીની સાથે અઘટિત કર્મ કરે તો તે શ્રાપિત
થાઓ.'"બધા લોકો કહેશે 'આમીન.'~ 22 "'જો કોઈ વ્યકિત પોતાની
બહેન સાથે, પછી તે સગી બહેન હોય કે ઓરમાંન, જો તેની સાથે કુકર્મ
કરે તો તે શ્રાપિત થાઓ; '"અને બધા લોકો કહેશે, 'આમીન.'~ 23 "'જો
કોઈ વ્યકિત તેની સાસુ સાથે કુકર્મ કરે તો તે શ્રાપિત થાઓ.'"અને
બધા લોકો કહેશે, 'આમીન.'~ 24 "'જો કોઈ વ્યકિત ખાનગીમાં કોઈની
હત્યા કરે તો તે શાપિત થાઓ;'"અને બધા લોકો કહેશે, 'આમીન.'~
25 "' જે વ્યકિત નિદોર્ષ માંણસની હત્યા કરવા માંટે પૈસા લે છે તે શ્રા-
પિત છે;'"અને બધા લોકો કહેશે, 'આમીન.'~ 26 "'જો કોઈ વ્યકિત આ
આજ્ઞાઓનું પાલન ન કરે તો તે પણ શ્રાપિત થાઓ;'"અને બધા લોકો
કહેશે, ' આમીન.'"

28 "આજે હું તમને તમારા યહોવા દેવની આ બધી આજ્ઞાઓ કરું
છું તે સર્વેનું પાલન કરીને તમારા દેવ યહોવાનું કહ્યું, નિષ્ઠાપૂ-
ર્વક અનુસરશો તો તે તમને પૃથ્વીની બધી પ્રજાઓમાં ઉચ્ચ સ્થાને
સ્થાપશે,~ 2 તેથી જો તમે તમારા દેવ યહોવાને અનુસરશો, તો નીચેના
આશીર્વાદો તમારા પર ઊતરશે:~ 3 "નગરમાં અને ખેતરમાં પણ તમે
આશીર્વાદિત થશો.~ 4 ઘણાં સંતાનો, પુષ્કળ ધનધાન્ય, અસંખ્ય ઘે-
ટાંબકરાં અને ઢોરઢાંખર દેવનાં આશીર્વાદથી પ્રાપ્ત થશે.~ 5 તમારાં ટોપ-
લાઓ અને ભોજનના થાળો ખૂબ ખોરાકથી આશીર્વાદિત થશે. 6 વળી
તમારી અંદરની અને બહારની પ્રવૃત્તિઓમાં તમને આશીર્વાદ પ્રાપ્ત થશે.
7 "યહોવા તમારા ઉપર હુમલો કરવા આવનાર દુશ્મનોને પરાજીત કરશે;
તેઓ ભેગા મળીને તમારી સામે એક દિશામાંથી આવશે તો પણ તમારી
આગળથી સાત દિશાઓમાં ભાગી જશે. 8 "તમારા યહોવા દેવ તમને જે
દેશ આપે તેમાં જયારે તમે પહોંચશો ત્યારે તે તમારા અનાજના કોઠારો
ભરીને તમને આશીર્વાદિત કરશે. અને તમે જે કાંઈ કામ કરશો તેમાં
સફળતાનો આશીર્વાદ આપશે. 9 તમારાં ટોપલાઓ અને ભોજનના થા-
ળો ખૂબ ખોરાકથી આશીર્વાદિત થશે.~ 10 વળી તમારી અંદરની અને
બહારની પ્રવૃત્તિઓમાં તમને આશીર્વાદ પ્રાપ્ત થશે.~ 11 "યહોવા તમારા
ઉપર હુમલો કરવા આવનાર દુશ્મનોને પરાજીત કરશે; તેઓ ભેગા
મળીને તમારી સામે એક દિશામાંથી આવશે તો પણ તમારી આગળથી
સાત દિશાઓમાં ભાગી જશે.~ 12 "તમારા યહોવા દેવ તમને જે દેશ
આપે તેમાં જયારે તમે પહોંચશો ત્યારે તે તમારા અનાજના કોઠારો
ભરીને તમને આશીર્વાદિત કરશે. અને તમે જે કાંઈ કામ કરશો તેમાં
સફળતાનો આશીર્વાદ આપશે.~ 13 અને તમે જો તમારા દેવ યહોવાની
આજ્ઞાઓનું પાલન કરીને તેમના માંગેર્ ચાલશો, તો તેણે આપેલા
વચન પ્રમાંણે તે તમને પવિત્ર દેશ તરીકે સ્થાપિત કરશે.~ 14 તેથી પૃ-
થ્વી પરના બધા લોકો તમે યહોવાની પ્રજા છો એ જાણીને તમારાથી
ગભરાતા રહેશે.~ 15 "યહોવાએ તમને જે દેશ આપવાનું તમારા પિતૃઓ-
ને વચન આપ્યું હતું તે દેશમાં યહોવા તમને ઘણાં સંતાનો, ઢોરઢાંખર
તથા પુષ્કળ ઊપજ આપીને સર્વ સારાં વાનાં સાથે સમૃદ્ધિ આપશે.~

16 યહોવા તમારા દેશમાં તમારી ભૂમિ પર તમને પ્રત્યેક ઋતુમાં પુષ્કળ
પાક આપવા માટે આકાશના પોતાના સમૃદ્ધ ભંડારને ખોલીને યથાઋ-
તુ વૃષ્ટિ કરશે, અને ખેતીના પ્રત્યેક કામમાં લાભ આપશે, જેથી તમે
બીજી ઘણી પ્રજાઓને ઉછીનું આપશો પણ તેઓથી કઇ પણ ઉછીનું
લેશો નહિ.~ 17 આજે હું તમને તમારા દેવ યહોવાની જે આજ્ઞાઓ જણા-
વું છું તેનું તમે નિષ્ઠાપૂર્વક પાલન કરશો તો યહોવા તમને આગળ રાખ-
શે, પાછળ રાખશે નહિ, અને તમે હંમેશા ઉપર રહેશો નીચે નહિ.~
18 આજે મેં તમને જે નિયમો દર્શાવ્યા છે તેમાંથી તમે આમ કે તેમ જરાય
ચલિત થશો નહિ, અને અન્ય દેવોની કદાપી સેવાપૂજા કરશો નહિ, તે-
ના ઉપર આ સર્વ આશીર્વાદોનો આધાર છે.~ 19 "પરંતુ જો તમે તમારા
દેવ યહોવાની આજ્ઞા નહિ પાળો અને આજે હું જે એમની આજ્ઞાઓ અને
નિયમો જણાવું છું તેનું નિષ્ઠાપૂર્વક પાલન નહિ કરો તો આ સર્વ શ્રાપો
તમારા પર ઊતરશે.~ 20 "તમારાં શહેર અને ખેતરમાં તમે શ્રાપિત
થશો.~ 21 તમારા ટોપલાઓ અને ભોજનના થાળ ઉપર ખોરાકની દુર્લ-
ભતાનો શ્રાપ ઊતરશે.~ 22 તમારી સંતતિ ઉપર, ખેતીની ઉપજ ઉપર,
તમારાં ઢોરઢાંખર ઉપર તથા ઘેટાંબકરાં ઉપર શ્રાપ ઊતરશે.~ 23 તમારી
તમામ પ્રવૃતિઓમાં તમારા ઉપર શ્રાપ ઊતરશે.~ 24 "કારણ કે યહોવા
પોતે તેમનો શ્રાપ તમારા પર મોકલશે, યહોવા તમને શ્રાપ આપશે અને
તમને વ્યાકુળ બનાવી દેશે. તમે જે કાંઇ કરશો તેમાં નિષ્ફળતા તથા
આફતો આવશે. અંતે તમે થોડાજ સમયમાં નાશ પામશો. કારણ કે તમે
દુષ્ટકર્મો કરીને યહોવાને છોડી દીધા છે.~ 25 અને તમે જે દેશનો કબજો
લેવા જઈ રહ્યા છો ત્યાં યહોવા તમારામાં રોગચાળો મોકલશે, જેમાં તમે
બધા સમાપ્ત થઈ જશો,~ 26 યહોવા તમને ઘાસણી, જવર, સોજા, દુ-
કાળ, લૂ અને ગેરુના ભોગ બનાવશે. એ આફતો તમારો પીછો છોડશે
નહિ અને અંતે તમારો નાશ થશે.~ 27 તમારા માંથા ઉપરનું આકાશ
તાંબાના તવા જેવું અને નીચેની ધરતી લોખંડ જેવી બની જશે.~
28 યહોવા તમારી ધરતી પર પાણીની જગ્યાએ ધૂળ અને રેતીનો વર-
સાદ વરસાવશે, વરસાદની અછતને કારણે તમારો નાશ થશે.~
29 "યહોવા તમારા દુશ્મનોથી તમારો પરાજય કરાવડાવશે. તમે એક દિ-
શામાંથી તેમના ઉપર હુમલો કરશો પરંતુ તમે તેમનાથી સાત જુદી દિ-
શાઓમાં ભારે ગુંચવાઈને ભાગી જશો. સમગ્ર પૃથ્વીનાં રાજયો તમારી
દશા જોઈને ભયભીત થઇ જશે.~ 30 આકાશમાં ઊડતાં પંખીઓ અને
જંગલનાં પ્રાણીઓ તમારાં મૃતદેહને ખાવા આવશે; અને તેમને હાંકનાર
કોઈ નહિ હોય.~ 31 "યહોવા તમારા ઉપર મિસરમાં થતાં ગૂમડાં, ગાંઠો,
પરુ અને ખૂજલીનો રોગ મોકલશે, કોઈ દવાની અસર તેના પર થશે
નહિ. અને કોઈ તેને મટાડી શકશે નહિ.~ 32 યહોવા તમને ગાંડા, આંધ-
ળા બનાવશે અને બીજા માંનસિક રોગો આપશે;~ 33 જેથી તમે કોઈ
આંધળો ધોળે દહાડે અંધારામાં ફાંફાં મારે તેમ તમે ફાંફાં માંરશો છતાં
તમને રસ્તો જડશે નહિ, સતત તમારું શોષણ થશે, તમે લૂંટાશો છતાં
કોઈ તમને આવીને બચાવશે નહિ.~ 34 "તમારા વિવાહ કોઈ સ્ત્રી સાથે
થશે, પરંતુ તેનો ઉપભોગ બીજો પુરુષ કરશે; તમે તમારા માટે ઘર
બાંધશો છતાં પણ તમે તેમાં રહેવા પામશો નહિ. દ્રાક્ષની વાડીઓ તમે
કરશો પરંતુ તેનાં ફળ તમે ચાખી શકશો નહિ.~ 35 તમારાં ઢોરને તમારી
આંખો સામે કાપવામાં આવશે, પણ તેનું માંસ તમે ખાવા પામશો નહિ,
તમારી નજર સામે તમારો ગધેડો ચોરાઈ જશે પરંતુ તે તમને પાછો
મળશે નહિ. વળી તમારા ઘેટા બકરાં તમારા શત્રુઓ ઉઠાવી જશે છતાં
કોઈ તમારી મદદે આવશે નહિ.~ 36 "તમારા પુત્ર-પુત્રીઓને તમારાં દેખ-
તાં પરદેશીઓ ઉપાડી જશે, અને રોજ તમે તેમને શોધશો પણ તેઓ
તમને મળશે નહિ, પણ તમે કાંઈ મદદ કરી શકશો નહિ.~ 37 "કોઈ
અજ્ઞાત પ્રજા જ તમારા દેશ અને તમારી મહેનતનાં ફળ ભોગવશે, અને
તમારે ભાગે તો હંમેશા શોષણ અને પીડા જ રહેશે.~ 38 તમારી આજુબા-
જુ આ બધી દુ:ખદ ઘટનાઓ બનતી જોઇને તમારું માંથું ફટકી જશે.~
39 યહોવા, તમને પગે અને ઘૂંટણે ગૂમડાંના ભોગ બનાવશે અને તેનો
કોઈ ઉપાય હશે નહિ; અને એ ગૂમડાં પગથી માંથા સુધી પ્રસરી જશે.~
40 "યહોવા તમને અને તમારા નિયુકત કરેલા રાજાને વિદેશી પ્રજા વચ્ચે
દેશવટે લઈ જશે કે જેનો તમે અને તમારા પિતૃઓએ કદીય વિચાર કર્યો
નહિ હોય અને ત્યાં તમે લાકડાના અને પથ્થરના બનાવેલા બીજા જ
દેવોની પૂજા કરશો.~ 41 યહોવા તમને જે દેશોમાં મોકલશે ત્યાં તમને
થતી ખરાબ ચીજોથી લોકોને આઘાત લાગશે. તેઓ તમારા પર હસશે
અને તમારા વિષે ખરાબ બોલશે.~ 42 "તમે પુષ્કળ બી વાવશો પણ
લણશો ઓછું. કારણ કે, તમારો બધો પાક તીડો ખાઈ જશે.~ 43 તમે
દ્રાક્ષાવાડીઓ રોપશો, કાળજીપૂર્વક કેળવશો, છતાં તમે તેની દ્રાક્ષ ખા-
વા કે દ્રાક્ષારસ પીવા પામશો નહિ, કારણ કે જંતુઓ દ્રાક્ષોને ખાઈ
જશે.~ 44 તમારી જમીનમાં જૈતૂનનાં વૃક્ષો ઠેર ઠેર ઊગશે પણ તમે
તમારે શરીરે તેનું તેલ ચોળવા નહિ પામો. કારણ કે, ફળો પાકે તે પહેલાં
જ વૃક્ષો પરથી નીચે ખરી પડશે.~ 45 તમને પુત્ર-પુત્રીઓ પ્રાપ્ત થશે પણ
તે તમારાં નહિ રહે, કારણ કે તમારી પાસેથી લઈ લેવાશે અને તેઓ ગુ-
લામો બનશે.~ 46 તમારા દ્રાક્ષાવેલાઓનો, વૃક્ષોનો તથા ખેતીની બધી
પેદાશનો તીડો નાશ કરશે.~ 47 તમારી વચ્ચે રહેતા વિદેશીઓની ઉત્ત-
રોત્તર પ્રગતિ થશે. તેઓ ધનવાન બનશે અને તમે ઉત્તરોત્તર પડતી
થવાથી ગરીબ બનશો.~ 48 તેઓ તમારા લેણદાર બનશે. તમે તે લોકો-
ના લેણદાર નહિ બનો, તેઓ ઉપર રહેશે અને તમે નીચે રહેશો.'~
49 "આ બધાં શ્રાપો તમારા પર ઊતરશે; તમારો પીછો પકડશે અને અંતે
તમે નાશ પામશો-કારણ કે તમે તમારા દેવ યહોવાની વાણી સાંભળવા
ના પાડો છો, તેમણે જણાવેલી આજ્ઞાઓનું પાલન તમે કર્યુ નથી,~
50 વળી એ ચેતવણીરૂપ શ્રાપો તમારા પાપના પુરાવા રૂપ બનશે અને
તમારા તથા તમારા વંશજો પર કાયમ રહેશે.~ 51 "જયારે તમારી પાસે
યહોવાએ આપેલી વસ્તુઓ જોઈએ તેટલી હતી ત્યારે તમે પ્રસન્નચિત્તે
આનંદપૂર્વક તમારા દેવ યહોવાની સેવા કરી ન્હોતી,~ 52 તેથી તમે
તમારા દુશ્મનોના ગુલામ બની જશો. યહોવા તમારા દુશ્મનોને તમારી
વિરુદ્ધ લાવશે અને તમે ભૂખ્યા, તરસ્યા અને નગ્ન રહેશો અને પ્રત્યેક
વસ્તુની અછત અનુભવશો. તેઓ તમારી ડોક પર લોખંડી ઝૂંસરી લાદ-
શે અને છેવટે તમે મોતને ભેટશો.~ 53 "યહોવા, તમે જેની ભાષા સમજ-
તા નથી એવી દૂર દેશની પ્રજાને તમારી ઉપર ચઢાઈ કરીને ગરૂડની જેમ
તરાપ માંરવા મોકલશે.~ 54 એ પ્રજાના માંણસો યુવાન કે વૃદ્ધ પર
જરાય દયા દાખવશે નહિ, કારણ કે તેઓ અતિ હિંસક અને ક્રોધી છે.~
55 જ્યાં સુધી તમારો નાશ ન થઇ જાય ત્યાં સુધી તેઓ તમારા ઢોરઢાંખર
અને પાક લઇ જશે. તમારું અનાજ, નવો દ્રાક્ષારસ, જૈતતેલ, વાછરડાં,
ઘેટાં બચશે નહિ, પરિણામે તમે મોત ભેગા થઈ જશો.~ 56 "તમારા દેવ
યહોવા તમને જે ભૂમિ આપે છે તેમાંના બધાં નગરોને તેઓ ઘેરો ઘાલશે
અને અંતે જે કોટો પર તમે સુરક્ષા માટે આધાર રાખો છો, તે ઊંચા અને
અભેદ કોટોને ભોંયભેંગા કરી નાખશે.~ 57 તે આફતના દિવસોમાં જ્યારે
તમારા શહેરો પર દુશ્મનો ઘેરો ઘાલશે, કોઇ પણ ખાદ્ય સામગીર્ શહેરો-
ની અંદર આવવા નહિ દે ત્યારે તમે યહોવા તમારા દેવે આપેલા તમારા
પોતાના દીકરાનું અને દીકરીઓનું માંસ ખાશો.~ 58 "તમારામાંનો અતિ
કોમળ હૃદયનો નમ્ર વ્યકિત પણ તેના ભાઈ પ્રત્યે, વહાલી પત્ની પ્રત્યે
અને હજીયે જીવતાં રહેલાં તેનાં સંતાનો પ્રત્યે નિષ્ઠુર બનશે.~ 59 તે પો-
તાના જ સંતાનનું માંસ ખાશે પણ કુટુંબના અન્ય સભ્યને તેમાંથી ભાગ
આપવાની ના પાડી દેશે. તમારા દુશ્મનો તમારા શહેરોને ઘેરી લેશે અને
તમને ખોરાક વિના તરફડાવશે ત્યારે તે આમ કરશે.~ 60 "તમારામાંની
અતિ કોમળ, અને નમ્ર સ્ત્રી, કે જેણે ધરતી પર પગ મૂક્યો નથી, તે
પણ પોતાના પતિ જેને તે પ્રેમ કરે છે અને તેના પુત્ર અને પુત્રી સાથે ક્રૂર
બનશે.~ 61 તે પોતાના તાજા જન્મેલા બાળકને તેઓથી છુપાવશે અને
બાળકના જન્મ વખતે તેના શરીરમાંથી નીકળતા દ્રવ્યો અને તે બાળક
તે પોતે ખાઈ જશે. તમારા દુશ્મનો તમારા શહેરોને ઘેરે, અને તમે ખોરાક
વિના તરફડો ત્યારે તેણી આમ કરશે.~ 62 "આ પુસ્તકમાં નિયમના
લખેલ એકેએક શબ્દો તમે નહિ પાળો અને તમારા દેવ યહોવાના મહિ-
માંવંત અને ભયજનક નામનો નકાર કરશો,~ 63 તો યહોવા તમને અને
તમારા વંશજોને ભયંકર આફતો અને ખતરનાક અને અસાધ્ય રોગો
આપશે.~ 64 યહોવા તમારા ઉપર મિસરમાં પ્રચલિત અસાધ્ય રોગો મો-
કલશે જેનાથી તમે ગભરાતા હતા અને તમને આ રોગો લાગુ પડશે.~
65 ઉપરાંત, તે તમને આ સંહિતામાં ન ગણાવેલા બીજા બધા રોગો અને
મરકીઓનો ભોગ બનાવશે અને અંતે તમે હતા ન હતા થઈ જશો.~
66 તમે સંખ્યામાં આકાશના તારાની જેમ ગણ્યા ગણાય નહિ એટલા
બધા હોવા છતાં દેવ યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને કારણે
તમારામાંના બહુ જ થોડા બચી જશે.~ 67 "જે રીતે યહોવાએ તમારા પર

પ્રસન્ન થઈને તમારા માટે અદભૂત કાર્યો કર્યા અને તમારી વંશવૃદ્ધિ પણ
કરી તેટલી જ પ્રસન્નતા તેમને તમારો નાશ કરવામાં તેમ જ તમારું નિ-
કંદન કાઢવામાં થશે. તમે જે પ્રદેશમાં દાખલ થાઓ છો તે પ્રદેશમાંથી
તમને ઉખેડી નાખવામાં આવશે.~ 68 યહોવા તમને પૃથ્વીના એક છેડા-
થી બીજા છેડા સુધીના બધા રાષ્ટ્રોમાં વેરવિખેર કરી નાખશે. અને ન કે
તમે અથવા તમારા પિતૃઓ જેને જાણતા ન હતા તેવા, લાકડાં તથા
પથ્થરમાંથી બનાવેલા દેવોનું પૂજન કરશો.~

29 યહોવાએ હોરેબમાં ઇસ્રાએલી લોકો સાથે જે કરાર કર્યો. તેની
ઉપરાંત યહોવાએ મૂસાને તેમની સાથે મોઆબમાં કરાર કરવા
આજ્ઞા કરી તે કરાર આ છે.~ 2 તેણે ઇસ્રાએલ પ્રજાના સર્વ લોકોને બો-
લાવ્યા અને કહ્યું, “તમારી નજર આગળ મિસર દેશમાં ફારુનને તથા
તેના અધિકારીઓને તથા સમગ્ર દેશને યહોવાએ જે કર્યુ તે બધું તમે
નિહાળ્યું છે;~ 3 તમે જોયું કે યહોવાએ ફારુનને તેના તેના અમલદારોને
અને સમગ્ર મિસર દેશને શું કર્યુ. યહોવાએ કરેલી ભયંકર મરકીઓ ચમ-
ત્કારો તથા અદભૂત પરાક્રમો તમે જોયા.~ 4 પણ યહોવાએ આજ સુધી
તમને એ સમજવાની બુદ્ધિ કે એ જોવાની આંખ કે એ સાંભળવાને કાન
આપ્યા ન હતાં.~ 5 ચાળીસ વર્ષ સુધી તેમણે તમને રણમાં ચલાવ્યા,
તેમ છતાં ન તો તમારાં શરીર પરનાં કપડાં ઘસાઈ ગયાં કે ન તો તમારાં
પગરખાં ઘસાઈ ગયાં.~ 6 જોકે તમારી પાસે ખોરાક કે દ્રાક્ષારસ અથવા
મધ ન હતા છતાં પણ તેમણે તમારી જરુરિયાતો પૂરી પાડી જેથી તમને
સમજણમાં આવે કે તે યહોવા છે તમારા દેવ.~ 7 “જયારે આપણે આ
જગ્યાએ આવ્યા ત્યારે હેશ્બોનનો રાજા સીહોન તથા બાશાનનો રાજા
ઓગ આપણી સામે લડવા આવ્યા અને આપણે તેમનો પરાજય કર્યો.~
8 અને આપણે તેમનો દેશ કબજે કરી લીધો, અને રૂબેન વંશના, ગાદના
વંશના તથા મનાશ્શાના અડધા વંશને તેણે વહેંચી આપ્યો.~ 9 તેથી
આ કરારની તમામ કલમોનું તમારે પાલન કરવાનું છે. જો તમે તેમ કર-
શો તો તમે જે કોઈ કાર્ય હાથમાં લેશો તેમાં સફળ થશો,~ 10 “આજે તમે
બધા વંશોના વડાઓ, આગેવાનો, ઇસ્રાએલના લોકો, તમારા ન્યાયા-
ધીશો, તથા વહીવટી અધિકારીઓ-અહીં તમારા યહોવા દેવના સાન્નિ-
ધ્યમાં ઊભા છો.~ 11 વળી તમારી સાથે તમારાં સંતાનો, પત્નીઓ,
તમારી સાથેના વિદેશીઓ, કઠિયારા તથા પખાલીઓ પણ છે.~ 12 તમે
બધા તમારા દેવ યહોવા આજે તમારી સાથે જે કરાર કરે છે તે સ્વીકાર-
વાને તથા એના ભંગ બદલ થતી શિક્ષા માંથે ચઢાવવાને તૈયાર થયા
છો.~ 13 તમને અને તમારા પિતૃઓ ઇબ્રાહિમ, ઇસહાક અને યાકૂબને
વચન આપ્યા પ્રમાણે એ કરારથી યહોવા તમને આજે પોતાની પ્રજા
બનાવે છે અને પોતે તમારા દેવ થાય છે.~ 14 આ કરાર અને તેની શરતો
દેવ માંત્ર તમારી સાથે,~ 15 આજે તેમની સમક્ષ ઉભેલા આપણે સૌની
સાથે અને આપણા વંશજો જે આજે અહીં હાજર નથી તેમની સાથે પણ
તેઓ આ કરાર કરે છે.~ 16 તમે મિસરમાં કેવી રીતે રહેતા હતા અને તે
છોડીને કેવી રીતે દુશ્મનોના દેશોના શહેરમાં થઈને સુરક્ષાપૂર્વક આપણે
યાત્રા કરી, તે બધું તમને યાદ છે.~ 17 તમે તે લોકોના દેશની લાકડાની,
પથ્થરની, ચાંદીની તેમ જ સોનાની ધૃણાજનક મૂર્તિઓ જોઈ છે.~
18 તેથી ખાતરી કરો કે તમારામાંથી કોઈ પણ વ્યકિત-પુરુષ, સ્ત્રી, કુ-
ટુંબ કે ઇસ્રાએલનું કોઈ કુળ-તમારા યહોવા દેવ તરફથી ભટકી જઈને
બીજી પ્રજાઓના આ દેવોની પૂજા કરવા ન ઇચ્છે. ખાતરી કરો કે
તમારામાં કોઇ કડવું અને ઝેરી છોડ જેવું તો નથી ને.~ 19 “તમારામાં
એવી કોઈ વ્યકિત ના હોવી જોઈએ, જે આજ્ઞાભંગની સજાનાં વચનો
સાંભળ્યા છતાં તેને ગંભીરતાથી ન સ્વીકારે અને એવું વિચારે કે મન ફા-
વે તે રીતે ચાલીશ છતાં મારું કશું અહિત નહિ થાય! કારણ, સૂકા ભેગું
લીલું પણ બળી જશે.~ 20 તો યહોવા તેને માફ નહિ કરે, તેની સામે
યહોવાનો ઉગ્ર રોષ ભભૂકી ઊઠશે અને આ ગ્રંથમાં લખેલી એકેએક
સજા તેના પર ઊતરશે, અને યહોવા પૃથ્વી પરથી તેનું નામનિશાન ભૂ-
સી દેશે.~ 21 યહોવા ઇસ્રાએલના તમામ કુળસમૂહોમાંથી તેને જુદો પા-
ડીને નિયમના ગ્રંથમાં લખેલા કરારમાંના બધા શ્રાપો અનુસાર તેના
ઉપર વિનાશ ઉતારશે.~ 22 “ભવિષ્યમાં તમારા વંશજો, તેમજ દૂર દેશ-
થી આવનાર વિદેશીઓ પણ યહોવાએ તમારા અને તમારા દેશને
આપેલા રોગો અને આફતો જોશે.~ 23 સમગ્ર પ્રદેશમાં સર્વત્ર ગંધક અને
મીઠાથી બધી ધરતી બળી ગઈ હશે, કશુંય વાવી શકાય કે ઊગાડી
શકાય એવું રહ્યું નહિ હોય, યહોવાએ જયારે રોષે ભરાઈને સદોમ અને
ગમોરાહને, આદમાંહને અને સબોઈમને ખેદાન-મેદાન કરી નાખ્યાં હતાં
તેના જેવા હાલ તમારા થશે.~ 24 “આ જોઈને બધી પ્રજાઓ પૂછશે,
‘યહોવાએ પોતાના આ પ્રદેશના આવા હાલ શા માટે કર્યા? એના ઉપર
આવો ભારે રોષ શા માટે ઉતાર્યો?’~ 25 તેઓને પ્રત્યુત્તર મળશે, ‘તેઓના
પિતૃઓના દેવ યહોવા તેઓને મિસરમાંથી બહાર લાવ્યા પછી તેમની
સાથે કરેલા કરારને એ લોકોએ ફગાવી દીધો,~ 26 અને એ લોકોએ
અગાઉ કદી પૂજ્યા ન્હોતા તથા યહોવાએ જેની પૂજા કરવાની મનાઈ
કરી હતી એવા બીજા જ દેવોની તેમણે સેવાપૂજા કરવા માંડી.~ 27 તેથી
યહોવાએ ભૂમિનાં લોકો પર રોષે ભરાયા અને આ ગ્રંથમાં લખેલા બધા
શ્રાપો તેમના પર ઉતાર્યા,~ 28 અને તેમણે અતિ કોપાયમાન થઈને તે
લોકોને તેમની પોતાની ભૂમિમાંથી ઉખેડીને બીજા પ્રદેશમાં ફેંકી દીધા,
જયાં તેઓ આજે પણ વસે છે.’~ 29 “તમારા યહોવા દેવે તેમના તમામ
રહસ્યો આપણી સમક્ષ પ્રગટ કર્યા નથી. પરંતુ તેણે આ નિયમ હંમેશાને
માટે આપણી અને આપણા વંશજોની સમક્ષ પ્રગટ કરી છે, જેથી આપ-
ણે નિયમના એકેએક વચનોનું પાલન કરીએ.

30 “મે તમારી પસંદગી માટે દર્શાવેલા આ બધાં આશીર્વાદો તેમજ
શ્રાપો તમે અનુભવો પછી, યહોવા તમારા દેવ તમને બીજા દે-
શોમાં દેશવટે જવા દબાણ કરશે. ત્યાં તમે આ બધી બાબતો વિષે વિ-
ચારશો અને પસ્તાશો.~ 2 અને તમે તથા તમારા બાળકો ફરીવાર
આધિન બનશો અને આજે હું જે આજ્ઞા તમને કરું છું તેનું પાલન પૂર્ણ
હૃદયપૂર્વક કરશો.~ 3 તમારા દેવ યહોવા તમારા પર દયાદૃષ્ટિ કરીને
તમારું ભાગ્ય ફેરવી નાખશે, અને તમને જે બધા દેશોમાં વેરવિખેર કરી
નાખ્યા હશે ત્યાંથી ફરી પાછા ભેગા કરશે.~ 4 તમે ધરતીના છેડા સુધી
વેરવિખેર થઈને ગમે ત્યાં વસ્યા છો ત્યાંથી તમને તે શોધી કાઢશે અને
તમને તમારા દેશમાં પાછા લાવશે.~ 5 “તમારા દેવ યહોવા તમને જે દેશ
એક વખત તમારા પિતૃઓના કબજામાં હતો, ત્યાં ફરીથી લાવશે, અને
તમે તેનો કબજો પાછો મેળવશો, પછી યહોવા તમારા પિતૃઓ કરતાં
પણ તમારી આબાદી અને વસ્તીમાં વૃદ્ધિ કરશે.~ 6 તમારા દેવ યહોવા
તમારાં તથા તમારાં સંતાનોનાં હૃદય પરિવર્તન કરશે, જેથી તમે તેને પૂ-
ર્ણ હૃદય અને આત્માંથી પ્રેમ કરો અને જેથી તમે જીવતા રહેશો.~
7 “ત્યારબાદ તમારા દેવ યહોવા આ બધા શ્રાપ તમારા શત્રુઓ તથા
તમને રંજાડનાર પર મોકલી આપશે.~ 8 અને તમે ફરીથી તેને આધિન
થશો અને આજે હું તમને તેની જે આજ્ઞાઓ જણાવું છું તેનું ફરીથી પા-
લન કરશો,~ 9 તેથી તમારા યહોવા દેવ તમે જે કોઈ કામ કરશો તેમાં
તમને સફળતા આપશે, અને તમને ઘણાં સંતાનો, પુષ્કળ ઢોરઢાંખર
તથા ઉત્તમ પાકની ઉપજ આપશે. યહોવા તમારા પિતૃઓ પર પ્રસન્ન
હતા તેમ તમારા પર પણ ફરી પ્રસન્ન થશે અને તમારું કલ્યાણ કરશે;~
10 પણ તમારે તેને કાળજીપૂર્વક સાંભળવો જ. આ નિયમના પુસ્તકમાં
તમારા દેવે લખેલી આજ્ઞાઓ અને નિયમો પાળો. અને તેની તરફ પૂર્ણ
હૃદય અને આત્માંથી પાછા ફરો ત્યારે તે બહું પ્રસન્ન થશે.~ 11 “હું આજે
તમને જે આજ્ઞાઓ જણાવું છું તે તમારી શકિત બહારની નથી, તેમ
તમારાથી છેક દૂરની પણ નથી.~ 12 આ નિયમો આકાશમાં ઉંચે નથી કે
તમે કહો કે, ‘કોણ એટલું ઉપર જશે અને આપણા માટે તે લાવશે, કે જે-
થી આપણે તે સાંભળી તેનું પાલન કરીએ.’~ 13 તેમ એ દરિયાપાર પણ
નથી કે તમને એવું થાય કે, ‘દરિયાપાર જઈને કોણ અમારે માટે એ લઈ
આવે? અને અમને જણાવે, જેથી અમે તેનું પાલન કરી શકીએ?’~
14 પરંતુ તે તો છેક તમારી નજીક છે, તમારે હોઠે અને હૈયે છે, તેથી તમે
તેમને આધિન થાઓ.~ 15 “જુઓ, આજે હું તમને જીવન અને મૃત્યુ
વચ્ચે; સારા અને દુષ્ટ વચ્ચે પસંદગી આપું છું.~ 16 આજે હું તમને
તમારા દેવ યહોવાની જે આજ્ઞાઓ જણાવું છું તેનો અમલ કરશો,
તમારા દેવ યહોવા પર પ્રેમ રાખશો અને તેમની આજ્ઞાઓ, નિયમો અને
કાયદાઓનું પાલન કરીને તેને માંગેર્ ચાલશો, તો તમારા દેવ યહોવા
તમારા પર આશીર્વાદ વરસાવશે, તમે જે દેશનો કબજો લેવા માટે તેમાં
પ્રવેશ કરી રહ્યા છો ત્યાં સદાને માટે રહી શકશો, તથા વૃદ્ધિ અને સમૃ-
દ્ધિ પામશો.~ 17 પરંતુ જો તમારા હૃદય યહોવાથી વિમુખ થઈ જાય અને
તમે તેની અવજ્ઞા કરો અને તેનું ન સાંભળો, અને અન્ય દેવોની તમે સે-
વા પૂજા કરવા માટે દોરવાઈ જાઓ,~ 18 તો આજે હું તમને જણાવી દઉ

છું કે તમે નાશ પામશો, અને યર્દન ઓળંગીને તમે જે દેશમાં કબજો લે-
વા જઈ રહ્યા છો ત્યાં વધારે આયુષ્ય ભોગવી નહિ શકો."~ 19 "આજે હું
આકાશ અને પૃથ્વીની સાક્ષીએ તમાંરી આગળ જીવન અને મરણ,
આશીર્વાદ અને શ્રાપ પસંદગી માંટે રજૂ કરું છું. તમે જીવન પસંદ કરો
જેથી તમે અને તમાંરાં સંતાનો એ દેશમાં સદાય રહો.~ 20 તમાંરા દેવ
યહોવા પર પ્રેમભાવ રાખજો; તેમને આધિન રહો, અને તેમને કદી છોડી
દેશો નહિ, કારણ કે યહોવા તમાંરું જીવન છે. અને તે તમને તમાંરા પિ-
તૃઓ ઈબ્રાહિમ, ઈસહાક, અને યાકૂબને આપેલા વચન પ્રમાંણે આપેલા
દેશમાં દીર્ધાયુ પ્રદાન કરશે."

31 ઈસ્રાએલી પ્રજાને ઉદેશીને મૂસાએ આ બધી બાબતો અંગે
વધુમાં કહ્યું,~ 2 "હું હવે 120~વર્ષનો થયો છું, તેથી તમને સૌને
દોરવા માંટે હું શકિતમાંન નથી. યહોવાએ મને કહ્યું છે કે, 'હું યર્દન નદી
પાર કરી શકીશ નહિ.'~ 3 પરંતુ તમાંરા દેવ યહોવા તમાંરી આગળ રહી-
ને યર્દન નદી ઓળંગશે અને તમાંરી સામેની પ્રજાઓનો નાશ કરશે
અને તમે તેમનો પ્રદેશ કબજે કરશો. અને યહોવાની આજ્ઞા પ્રમાંણે
યહોશુઆ તમાંરી આગેવાની લેશે.~ 4 "યહોવાએ અમોરીઓના રાજાઓ
સીહોન અને ઓગ અને તેમના દેશોનો નાશ કર્યો તે રીતે તે આ દેશમાં
રહેતા લોકોનો નાશ કરશે.~ 5 અને યહોવા તે લોકોને તમાંરા હાથમાં સુ-
પ્રત કરશે અને તમાંરે તેમની સાથે મેં તમને આજ્ઞા કરી છે તે મુજબ
વર્તવુ.~ 6 તમાંરે બળવાન અને હિંમતવાન થવું, તેઓથી ગભરાવું નહિ,
કારણ કે, તમાંરા યહોવા દેવ તમાંરી સાથે છે. તે તમને છોડી દેશે નહિ
કે તમને તજી દેશે પણ નહિ."~ 7 ત્યારબાદ મૂસાએ યહોશુઆને બોલા-
વડાવીને બધા ઈસ્રાએલીઓ સમક્ષ તેને કહ્યું, "બળવાન તથા હિંમત-
વાન થજે, દૃઢ રહેજે, કારણ, તારે આ લોકોને યહોવાએ એમના પિતૃ-
ઓને જે દેશ આપવાનું વચન આપ્યું હતું તે દેશમાં લઈ જવાના છે.
અને તારે એ લોકોને તે દેશની ભૂમિ વહેંચી આપવાની છે,~ 8 યહોવા
જાતે તારી આગેવાની લેશે, તે તારી સાથે રહેશે, તે તારા પ્રત્યે અવિશ્વાસુ
બનશે નહિ; કે તને એકલો પણ મૂકશે નહિ, માંટે તું જરાય ગભરાઈશ
નહિ કે નાહિંમત થઈશ નહિ."~ 9 મૂસાએ આ નિયમ લખીને યહોવાના
કરારકોશ ઉપાડનાર લેવી યાજકોને અને બધા આગેવાનોને પણ તે
નિયમની એક એક નકલ આપી. 10 અને તેઓને એવી આજ્ઞા કરી કે,
"દર સાતમે વષેર્, એટલે કે મુકિત માંટે નક્કી કરેલા વષેર્ માંડવાન
ઉત્સવ વખતે,~ 11 જયારે બધા ઈસ્રાએલીઓ યહોવા તમાંરા દેવે પસંદ
કરેલા સ્થાને દેવને મળવા આવે ત્યારે તમાંરે આ નિયમો જાહેરમાં વાંચી
સંભળાવવો, કે જેથી ઈસ્રાએલના લોકો તેઓને સાંભળી શકે.~
12 તમાંરે સૌ પુરુષો, સ્ત્રીઓ અને બાળકો તેમ જ તમાંરા ભેગા વસતા
વિદેશીઓને આ સાંભળવા માંટે સભામાં એકત્ર કરવાં, જેથી તેઓ યહો-
વાથી ગભરાઈને જીવતાં શીખે અને આ નિયમોનું કાળજીપૂર્વક પાલન
કરે.~ 13 અને આ નિયમથી જાણીતા નહિ એવા તેમના વંશજો પણ એ
સાંભળશે, યર્દન નદીની સામેની ભૂમિ કે જે તમે કબજે કરવા જઇ રહ્યાં
છો તેમાં યહોવા તમાંરા દેવથી ગભરાતા શીખે."~ 14 પછી યહોવાએ મૂ-
સાને કહ્યું, "તારા મૃત્યુનો સમય નજીક આવી રહ્યો છે. યહોશુઆને બો-
લાવ અને તમે બંને મુલાકાત મંડપમાં માંરી પાસે આવો, જેથી હું તને
માંરો આદેશ આપી શકું." તેથી મૂસા અને યહોશુઆ ગયા અને મુલાકાત
મંડપમાં ઉભા રહ્યાં.~ 15 મુલાકાત મંડપના પ્રવેશદ્વાર પાસે યહોવાએ
મેઘસ્તંભમાં દર્શન આપ્યા.~ 16 યહોવાએ મૂસાને કહ્યું, "તારા પિતૃઓ-
ની જેમ તું પણ હવે મરવાની અણી પર છે. આ લોકો જે દેશમાં જઈ
રહ્યા છે તેમાં જઈ વિદેશીઓ ભેગા રહેશે એટલે માંરા પ્રત્યેની ભકિતથી
ચલિત થઈને તેઓ તે લોકોના દેવોની પૂજા કરવા માંડશે, મને છોડી દે-
શે અને મેં તેમની સાથે કરેલા કરારનો તેઓ ભંગ કરશે.~ 17 ત્યારે માંરો
કોપ તે લોકો પર ભભૂકી ઊઠશે અને હું તેઓને તજી દઈશ. અને તેમ-
નાથી વિમુખ થઈ જઈશ. તેમના પર અનેક આફતો અને સંકટો ઊતરશે
અને તેઓને ભરખી જશે, ત્યારે તેઓ કહેશે કે, 'આપણા દેવ આપણી
વચ્ચે નથી તેથી આ બધા સંકટો આપણા પર આવે છે.'~ 18 પણ અન્ય
દેવોની પૂજા કરીને તેઓએ કરેલાં પાપને કારણે હું તેમનાથી તે દિવસે
માંરું મુખ તેઓથી સંતાડીશ.~ 19 "હવે આ ગીત તું લખી લે, અને પછી
તું તે ઈસ્રાએલીઓને શીખવજે, તેમનો તે શીખવા અને રટણ કરવા કહે
કે જેથી આ ગીત માંરા માંટે તેમની વિરુદ્ધ સાક્ષી તરીકે ઉભુ રહેશે.~
20 જે દેશ મેં એમના પિતૃઓને આપવાનું વચન આપ્યું હતું ત્યાં હું તેમ-
ને લઈ જઈશ ત્યારે તે દૂધ અને મધથી ઉભરાતો હશે, તેઓને જેટલું
ખાવું હોય તેટલું ખાશે, કે જ્યાં સુધી સંપૂર્ણ તૃપ્ત ન થાય. અને તેઓ
અન્ય દેવો તરફ વળી જઈને તેમની પૂજા કરશે, એમ તેઓ માંરી અવજ્ઞા
કરીને માંરા કરારનો ભંગ કરશે.~ 21 અને તેઓના પર ભયંકર વિનાશ
આવી પડે ત્યારે આ ગીત તે લોકોને તેમના દુ:ખનું કારણ યાદ કરાવશે.
(કારણ કે આ ગીત પેઢી દર પેઢી ગવાશે.) તેઓ તે દેશમાં પ્રવેશે તે
અગાઉ હું જાણું છું કે, "આ લોકો કેવા મનસૂબા ઘડે છે."~ 22 તેથી તે જ
દિવસે મૂસાએ એ ગીતના શબ્દો લખી લીધા અને તે ઈસ્રાએલીઓને
શીખવ્યું.~ 23 પછી યહોવાએ નૂનના પુત્ર યહોશુઆને કહ્યું, "બળવાન
થજે અને દૃઢ રહેજે, કારણ કે, ઈસ્રાએલીઓને મેં જે દેશ આપવા કહ્યું
હતું ત્યાં તારે એમને લઈ જવાના છે, અને હું તારી સાથે રહીશ."~
24 જયારે મૂસાએ આ નિયમોના શબ્દો અથથી ઇતિ સૂધી એક પુસ્તક-
માં લખવાનું પૂર્ણ કર્યું.~ 25 ત્યાર પછી આમ કહીં તેણે યહોવાના કરાર-
કોશને ઉપાડવાની લેવીઓને આજ્ઞા કરી,~ 26 "આ નિયમનું પુસ્તક લો
અને તેને તમાંરા દેવ યહોવાની કરારકોશની જોડે રાખો, જેથી એ ઈસ્રા-
એલી પ્રજાને ગંભીર ચેતવણી તરીકે તે ત્યાં જ રહે.~ 27 મૂસાએ તેઓને
કહ્યું, તમે કેવા બળવાખોર અને હઠીલા છો તે હું જાણું છું. હું હજી તમાંરી
વચ્ચે જીવતો છું છતાં આજે તમે યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કરો છો,
તો માંરા મૃત્યુ પછી તો તમે શું નહિ કરો!~ 28 હવે તમાંરા બધા કુળસમૂ-
હોના આગેવાનો, વડીલો અને અમલદારોને માંરી આગળ ભેગા કરો,
જેથી હું તેઓ સાથે વાત કરું. અને આકાશ તથા પૃથ્વીને તેઓની વિ-
રુદ્ધ સાક્ષી તરીકે રાખું.~ 29 મને ખબર છે કે માંરા મૃત્યુ પછી તમે દુષ્ટ
થશો, મેં તમને જે માંર્ગ અપનાવવાની આજ્ઞા કરી હતી તે માંર્ગ છોડી
દઈને તમે યહોવાથી તથા તેમની આજ્ઞાઓથી ભટકી જશો, તેથી ભવિ-
ષ્યમાં તમાંરા પર આફત ઊતરવાની છે, કારણ કે યહોવાની નજરમાં જે
ભૂંડું છે તે તમે કરશો અને તમે યહોવાને ખૂબ ગુસ્સે કરશો."~ 30 પછી
મૂસાએ ઈસ્રાએલીઓના સમગ્ર સમાંજના સાંભળતાં એ આખા ગીતનો
પાઠ કર્યો:

32 "અરે! હે આકાશો, હું કહું તે કાને ધરો, અને હે પૃથ્વી, તુ માંરા
શબ્દો સાંભળ.~ 2 માંરા ઉપદેશો વર્ષાની જેમ વરસશે, માંરાં
શબ્દો ઝાકળની જેમ પડશે ઘાસ પર પડતા વર્ષાના ટીંપાની જેમ, કુલ
પર પડતા છાંટાની જેમ ખરશે.~ 3 હું યહોવાની મહાનતા પ્રગટ કરીશ
આવો, આવો, અને તેની મહાનતા ગાઓ.~ 4 યહોવા અચળ ખડક છે,
તેમનાં કાર્યો પણ સંપૂર્ણ છે; કારણ તેઓ હંમેશા ન્યાયની સાથે છે, તે
જે કઇ કરે તે ન્યાયી અને ઉત્તમ છે. તે સર્વદા વિશ્વાસપાત્ર છે! તેનામાં
કંઇ પણ દુષ્ટતા નથી.~ 5 તમે ઈસ્રાએલીઓ ભ્રષ્ટ થયા અને પાપથી
ખરડાયા. તમે એનાં, કેવાં કુટિલ-કપટી દુષ્ટ સંતાન નીવડયાં!~ 6 ઓ
મૂર્ખ લોકો! જરા તો વિચારો, શું તમે યહોવાને આ બદલો આપો છો? એ
શું તે તમાંરા પિતા નથી, જેણે તમને જન્મ દીધો? અરે! એણે જ તમને
સર્જ્યા, સ્થાપ્યા અને દૃઢ કર્યાં.~ 7 ભૂતકાળનું તમે જરા સ્મરણ તો કરો;
કેવા હતા તમાંરા પૂર્વજો! પૂછો તમાંરા પિતાને, તે તમને કહેશે; પૂછો
તમાંરા વડીલોને, તે પણ જણાવશે.~ 8 પરાત્પર યહોવાએ પૃથ્વી પર,
પ્રજાઓને વિભાજીત કર્યા, પ્રત્યેકને ભૂમિ વહેંચીને બાંધી આપી, સર-
હદ દેવદૂતોની સંખ્યા સમ પ્રજાઓને સ્થાપી.~ 9 પરંતુ તેમણે કોઇને
ઈસ્રાએલ માંટે ન નીમ્યા, કારણ, ઈસ્રાએલ દેવની પોતાની પ્રજા છે.~
10 વેરાન-રણમાં એમનું રક્ષણ કર્યું હતું, અને આંખની કીકીની જેમ
સંભાળ કરીં હતી.~ 11 જેમ કોઈ ગરૂડ પોતાના માંળાની ચોકી કરે અને
પોતાના બચ્ચાં ઉપર ચક્કર માંર્યા કરે અને તેમને પોતાની પાંખો ઉપર
ઉપાડી લે તેમ તેમણે સંભાળ લીધી અને ઈસ્રાએલ પર કૃપા કરી.~
12 એકલા યહોવાએ જ તેમને દોર્યા હતા. કોઈ વિદેશી દેવોનો તેને સાથ
ન્હોતો.~ 13 દેવે તેઓને ફળવંત પ્રદેશ આપ્યા, ખેતરોનો મોલ ખવડા-
વ્યો, ને કરાડોમાંના મધ અને જૈતૂનના તેલ; આપ્યા અને ઉચ્ચ પ્રદેશ-
માં લઇ જઇ સ્થાપ્યા.~ 14 યહોવાએ તેમને ગાયોનું અને બકરીઓનું
દૂધ, શ્રેષ્ઠ ઘેટાં અને સારામાં સારા ઘઉ આપ્યાં. તેઓએ દ્રાક્ષોમાંથી શ્રે-
ષ્ઠ પીણું દ્રાક્ષારસ પીધો.~ 15 પરંતુ યશુરૂને પસંદ કરેલા લોકોએ ચરબી
વધારી અને રાજદ્રોહ કર્યો. ઈસ્રાએલના લોકો જાડાં અને ખાધે સુખી
હતાં અને બગડી ગયા હતાં. તેઓએ તેમના સર્જનહાર દેવને છોડી દી-

ધા. તેઓ, તેમને બચાવનારા તેમના બળવાન તારણહારની ધૃણા કર-
વાનંુ શરુ કર્યું.~ 16 અન્ય દેવોની કરી પૂજા, યહોવામાં ઈર્ષ્યા જગાડી;
ધૃણાજનક આચારો પાળી દેવનો રોષ વહોર્યો.~ 17 જે દેવ ન હતાં એવા
દૈત્યોને તેઓ બલિ ચઢાવવા લાગ્યાં. જેઓ આસપાસની અજ્ઞાત પ્રજા-
ઓમાંથી આવ્યા હતાં અને જેમની ભૂતકાળમાં પિતૃઓએ પૂજા કરી
નહોતી એવા દેવોની ભકિત કરીને સૌએ તેમને અર્પણો ચઢાવ્યાં.~
18 તેઓ તેમના સર્જનહાર, તેમના બળવાન તારણહાર દેવને ભૂલી ગયા
અને તેઓ તેમને જન્મઆપનાર દેવને ભૂલી ગયા.~ 19 આ જોઈને યહો-
વા રોષે ભરાયા, તેનાં પુત્રો અને પુત્રીઓએ તેને ગુસ્સે કર્યા.~ 20 તેમણે
વિચાર્યુ, 'હું વિમુખ થઈ જાઉં એ લોકોથી, ને જોંઉ તો ખરો, શા હાલ
થાય છે એ લોકોના, એ પેઢી દગાબાજ અને વિશ્વાસઘાતી છોકરાં છે,
જોઉ તો ખરો, કેવી એ લોક પોક ભૂકે છે?~ 21 કહેવાતા દેવોની પૂજા
કરીને એ લોકોએ માંરામાં ઈર્ષ્યા જગાડી છે. અને મૂર્તિઓની કરી પૂજા,
વહોર્યો છે એમણે માંરો રોષ; હવે તો હું પણ કહેવાતી પ્રજા વડે એમના-
માં ઈર્ષ્યા જગાડીશ; અપીર્મુજ પ્રેમ વિદેશી પ્રજાઓને, હું એમનો જગા-
ડીશ રોષ.~ 22 એ મુજ ક્રોધાગ્નિ ભભૂકી ઉઠયો છે, પાતાળના તળિયા
સુધી બધુ ભસ્મ થશે. અને મૂળમાંથી આખા પર્વતને અને પૃથ્વીને અને
પાકને ભરખી જશે.~ 23 પછી હું તે લોકો પર એક પછી એક આફતો
ઉતારીશ; તરકશનાં માંરાં તીક્ષ્ણ તીરોથી હું તેઓને વીંધી નાખીશ.~
24 કરી દુકાળ, રોગચાળો અને મરકી; જશે તેમનો કોળિયો. અને છૂટા
મૂકીશ હું તેમના પર, ઝેરી નાગો અને જનાવરો જંગલી.~ 25 ઘર બહાર
તરવાર તેમને પૂરા કરશે, ને ઘરમાં ભયથી ફફડી મરશે; જુવાન સ્ત્રી-પુ-
રુષ કે વૃદ્ધો, વળી ધાવણાં બાળક પણ નહિ બચે.~ 26 દૂરના દેશોમાં
તેઓને વિખેરી નાખવાનો મે નિર્ણય કર્યો હતો, તેમનું સ્મરણ સુદ્ધાં ન
રહે, તેવો મેં સંકલ્પ કર્યો હતો.~ 27 પરંતુ મને ભય છે એવો કે તેમનાં
શત્રુઓ ખોટું સમજશે; અમાંરા બાહુબળથી ઈસ્રાએલનો કર્યો વિનાશ-
બડાશ હાંકશે. "યહોવાએ તેમનો વિનાશ નથી કર્યો.'~ 28 "ઈસ્રાએલ
સમજણ વગરની મૂર્ખ પ્રજા છે.~ 29 તેઓમાં હોશિયારી-સમજણ હોત
તો કેવું સારૂં? કયાં જઈ રહ્યા છે એટલું પણ જાણતા હોત તો કેવું સા-
રું?~ 30 એક માંણસ કહો શી રીતે હજારને હરાવે?~10,000 ને બે
માંણસ કહો શી રીતે નસાડે? સિવાય કે ખડક સમાં યહોવાએ તેમને
તજયા હોય; કે પછી તે સૌને દુશ્મનોના હાથમાં સોંપ્યા હોય.~ 31 અન્ય
પ્રજાઓ પાસે આપણા ખડક સમ ખડક નથી, આપણા શત્રુઓ પણ તે
જાણે છે.~ 32 તેઓની દ્રાક્ષ લતાઓ અને ખેતરો અદોમ અને ગમોરાહ-
ની જેમ કડવાશ અને ઝેરથી ભરેલા છે.~ 33 વિષવેલ જેવા કડવા વખ,
ને સર્પના જીવલેણ વિષ જેવા. દ્રાક્ષારસ તેઓ પીએ છે.~ 34 યહોવા કહે
છે: 'સજા માંરી પાસે રક્ષિત છે, મેં તેને માંરા સંગ્રહખાનામાં તાળું માંરી
રાખ્યાં છે.~ 35 હું બદલો લઇશ, હું તેમના દુશ્મનોને સજા કરીશ; તેનાં
દુશ્મનો લપસી પડશે, તેમના વિનાશનો દિવસ નજીક છે.'~ 36 યહોવા-
નો ન્યાય તેના લોકોના પક્ષમાં હશે, તેઓ દયા દર્શાવી સૌને બચાવી
લેશે; ગુલામ અને મુકત બંનેની શકિત ક્ષીણ થતાં જોઈ તે દુ:ખી થશે.~
37 યહોવા તે સમયે લોકોને, પૂછશે કે 'તેઓના દેવો કયાં છે? જેમને
બળવાન તારણહાર ખડક માંન્યા હતા, તે તમાંરા દેવો કયાં છે?~
38 કહેવાતા દેવ, જેમનું શરણું તમે લીધું હતું, જે તમાંરા બલિની ચરબી
ખાતાં હતા; જે પેયાર્પણનો દ્રાક્ષારસ પીતા હતા, તે તમાંરી મદદમાં કેમ
આવતા નથી?~ 39 હું જ એકલો દેવ છું. બીજો કોઈ દેવ નથી, શું તમે
નથી જોતા? હું જ માંરું છું, ને હું જ જીવાડું છું, હું જ કરું છું ઘાયલ, ને હું
જ કરૂં છું સાજા; તમને મુજ હાથમાંથી કોઈ છોડાવી શકે?~ 40 હું માંરો
હાથ આકાશ તરફ ઊંચો કરું છું. અને સમ ખાઉ છું કે હું સદાય જીવંત
છું.~ 41 કે હું જ માંરી ચળકતી તરવારની ધાર કાઢીશ, અને ન્યાય
કરીશ; દુશ્મનો પર હું વેર વાળીશ અને જે મને ધિક્કારે છે તેને હું સજા
કરીશ.~ 42 માંરા બાણો માંરા દુશ્મનોનું લોહી પીશે, અને માંરી તરવાર
જેઓને માંરી નાખવામાં આવ્યાં છે, તે તથા કેદીઓના માંસની મિજબા-
ની કરશે. તે તેઓના આગેવાનોના માંથા કાપી નાખશે.'~ 43 ઓ દેશજા-
તિઓ, દેવના લોકોનો જયનાદ કરો; તે પોતાના સેવકોના ખૂનનો બદ-
લો લેશે, કરશે સજા તે પોતાના દુશ્મનોને, ને કરશે પાવન પોતાના લો-
કોના દેશને."~ 44 મૂસાએ અને યહોશુઆએ આ ગીતના શબ્દો લોકોના
સમક્ષ ગાઈ સંભળાવ્યા.~ 45 મૂસાએ તમાંમ ઈસ્રાએલીઓને આ વચનો
આપવાનું પૂરું કર્યા પછી.~ 46 તેણે કહ્યું, "આજે મેં તમાંરી સમક્ષ જે
વચનો ઉચ્ચાર્યા છે તે હૈયે કોતરી રાખજો, તમાંરા વંશજોને આ નિયમ-
નાં વચનોનું પાલન કરવાનું જણાવજો.~ 47 આ નિયમો ફકત શબ્દો જ
નથી, તે તમાંરું જીવન છે! તેને આધિન થઈને પાલન કરશો તો યર્દન
નદી ઓળંગીને જે દેશનો, તમે કબજો મેળવશો તેમાં તમે દીર્ઘકાળ સુ-
ખી અને સમૃદ્ધ આયુષ્ય ભોગવશો."~ 48 તે જ દિવસે યહોવાએ મૂસાને
કહ્યું,~ 49 "મોઆબના પ્રદેશમાં યરીખોની સામે અબારીમના પર્વતોમાં
નબો પર્વત પર જા, તેની ટોચ પર ચઢીને ઈસ્રાએલી લોકોને હું જે કના-
નનો પ્રદેશ આપવાનો છું તે તું જોઈ લે.~ 50 તારો ભાઈ હારુન હોર
પર્વત પર મૃત્યુ પામીને તારા પૂર્વજો સાથે જોડાઈ ગયો, તેમ તે દેશ જો-
યા પછી તારે પણ એ જ પર્વત પર મૃત્યુ પામીને પિતૃલોકમાં જવાનું
છે,~ 51 કારણ કે તમે સીનના રણમાં કાદેશ આગળ આવેલા મરીબાહ-
નાં ઝરણા નજીક માંરા પર અવિશ્વાસ કરીને ઈસ્રાએલીઓ આગળ માંરુ
અપમાન કર્યુ હતું.~ 52 તેથી સર્વ ઈસ્રાએલીઓને જે દેશ આપનાર છું.
તેને તૂ દૂરથી જોઈ શકીશ. પણ તેમાં પ્રવેશ કરી શકીશ નહિ."
33 દેવના વિશ્વાસુ સેવક મૂસાએ પોતાના મૃત્યુ પહેલાં ઈસ્રાએલી-
ઓને આ પ્રમાંણે આશીર્વાદ આપ્યા હતા.~ 2 "મૂસાએ કહ્યું,
યહોવા આપણી પાસે સિનાઈ પર્વત પરથી આવ્યા. તે સેઈર પર્વત પર-
થી પોતાના લોકો સામે સૂર્યની જેમ પ્રગ્રટ થયા. પારાન પર્વત પરથી તે
પ્રકાશ્યા. તેમની સાથે~10~,000 દૂતો હતા. અને તેમને જમણે હાથે
ઝળહળતી જવાળા હતી.~ 3 હા, યહોવા પોતાનાના લોકોને ચાહે છે, તે-
ના બધા પવિત્ર લોકો તેના હાથમાં છે. તેઓ તેના પગ આગળ બેસે છે,
અને તેનો ઉપદેશ ગ્રહણ કરે છે.~ 4 મૂસાએ અમને જે નિયમનું પાલન
કરવાનું કહ્યું હતું તે જ અમાંરો યાકૂબના વંશજોના મૂલ્યવાન વારસો
છે.~ 5 યહોવા ઈસ્રાએલી લોકોના રાજા છે, જયારે ઈસ્રાએલીઓના બધા
વંશો પોતાના આગેવાનો સહિત ભેગા મળ્યા ત્યારે તેમને પોતાના રાજા
તરીકે પસંદ કર્યા હતા.~ 6 મૂસાએ રૂબેન વંશ વિષે કહ્યું, "રૂબેન સદા
જીવંત રહો, પરંતુ તેનું કુળસમૂહ હંમેશા નાનું રહે."~ 7 યહૂદા માંટે મૂ-
સાએ કહ્યું, "હે યહોવા, યહૂદાનો પોકાર સાંભળજે, અને તેને તેના લોકો
પાસે લાવ, તેને બળ આપજો અને એમના દુશ્મનોનો સામનો કરવામાં
એમને સહાય કરજો."~ 8 ત્યારબાદ મૂસાએ લેવી વંશ વિષે કહ્યું, "હે
યહોવા, લેવી વંશજો તમાંરા સાચા સેવકો છે, તેઓ ઉરીમ અને તુમ્મીમ
રાખે છે. માંસ્સાહ મુકામે તેં લેવીની પરખ કરી હતી, અને મરીબાહના
ઝરણાં આગળ તેં એમની કસોટી કરી હતી.~ 9 અને તેઓએ તમાંરી
આજ્ઞા માંથે ચઢાવી હતી. તેઓ તમાંરી સાથેના કરારને વળગી રહ્યા
હતા. પોતાના માંતાપિતાને તેમણે કહ્યું હતું; અમે તમને જરા પણ
ઓળખતા નથી. અને તેઓએ પોતાના ભાઈઓ અને સંતાનોને પણ
ઓળખવાનો ઈન્કાર કર્યો હતો.~ 10 તારો નિયમ લેવીઓ ઈસ્રાએલને
શીખવશે અને તેઓ તમાંરી ધૂપવેદી તથા દહનાર્પણની વેદી સમક્ષ સે-
વાઓ આપશે.~ 11 હે યહોવા, તારા આશીર્વાદથી એમની સંપત્તિની વૃ-
દ્ધિ કરજે, તેઓની પર પ્રસન્ન રહેજે, તેમના દુશ્મનોની કમર તોડી નાખ-
જે, જેથી તેઓ ફરી વાર બેઠા જ ન થઈ શકે."~ 12 પછી બિન્યામીન વિ-
ષે મૂસાએ કહ્યું, "તે યહોવાનો પ્રિય છે, દેવના રક્ષણમાં તે સુરક્ષિત છે.
પરાત્પર દેવ સદાય તેનું રક્ષણ કરે છે. અને એ તેના ખોળામાં વસે
છે."~ 13 પછી તેણે યૂસફ વંશ વિષે કહ્યું, "યહોવા, તેના પ્રદેશને ખૂબ
લાભ આપો, ઉપરથી આકાશની વૃષ્ટિ અને નીચેથી પાતાળના જળથી
દેવ તેની ભૂમિને આશીર્વાદિત કરો.~ 14 સૂર્ય તેમને શ્રેષ્ઠ પાક મેળવવા
તથા ચંદ્ર તેમને શ્રેષ્ઠ ફળો મેળવવા મદદ કરે.~ 15 એના પ્રાચીન પર્વતો
અને જૂના પર્વતો ઉત્તમ ફળોથી લચી રહો.~ 16 પૃથ્વીની સમગ્ર સમૃદ્ધિ
એને મળો. બળતાં ઝાંખરામાં પ્રગટ થયેલ યહોવાની તેના આશીર્વાદો-
થી તેને આશીર્વાદિત કરે એમના ઉપર કૃપાવૃષ્ટિ થાઓ, કારણ કે, બધા
ભાઈઓથી તેને જુદો કરવામાં આવ્યો હતો, તેમના પર સર્વ આશીર્વાદ
ઊતરો.~ 17 એ મહાન પ્રતાપી બળદના જેવો છે, એનાં શિંગડાં રાની
સાંઢના જેવાં છે, જે ભોંકી ભોંકીને તે પ્રજાઓને પૃથ્વીને છેડે હાંકી કાઢ-
શે. એફ્રાઈમના અસંખ્ય યોદ્ધાઓ અને મનાશ્શાના હજારો યોદ્ધાઓ
એના શિંગડાં છે."~ 18 પછી મૂસાએ ઝબુલોન અને ઈસ્સાખાર વંશો વિ-
ષે કહ્યું, "ઝબુલોન, તેની મુસાફરીઓમાં આશીર્વાદિત થાઓ અને
ઈસ્સાખાર તેના તંબુઓમાં આશીર્વાદિત થાઓ.~ 19 તેઓ બીજા લોકો-

ને તેમની સાથે જોડાવા બોલાવશે, તેઓ બલિઓ બરાબર રીતે અર્પશે,
તેઓ સમુદ્રની સમૃદ્ધિ માંણશે, અને રેતીમાં છુપાયેલ ભંડારોને ભોગવ-
શે."~ 20 ગાદના આશીર્વાદો: "ગાદના પ્રદેશને વિસ્તારનાર આશીર્વા-
દીત હો! ગાદ સિંહ જેવો છે, તેના શિકારને ઝડપવા તૈયાર છે, અને પછી
તે તેઓના હાથોને કાઢી અને તેમની ખોપરીઓ ભાંગી નાખે છે.~ 21 તે-
ણે પોતાના માંટે ઉત્તમમાં ઉત્તમ પ્રદેશ કર્યો હતો. કારણ કે, તેને આગે-
વાન તરીકેનો ભાગ ફાળવવામાં આવ્યો હતો. તેણે લોકોને નેતૃત્વ પૂરૂં
પાડ્યું, કારણ કે, ઇસ્રાએલ માંટેની યહોવાની આજ્ઞાઓ અને ન્યાયચુ-
કાદાનો તેણે અમલ કર્યો."~ 22 મૂસાએ દાન વિષે કહ્યું, "દાન તો સિંહનું
બચ્ચું છે-તે બાશાનમાંથી ઢોળાવો પરથી ફાળ ભરતું આવે છે."~
23 ત્યારબાદ નફતાલી વિષે તેણે કહ્યું, "નફતાલી પર તો યહોવાની કૃપા
અપરંપાર છે, તેના પર યહોવાના અસીમ આશીર્વાદ છે. તેનો પ્રદેશ ગા-
લીલના સરોવરથી છેક દક્ષિણ સુધી વિસ્તરે છે."~ 24 આગળ જતાં તેણે
આશેર વિષે કહ્યું, "બધા પુત્રોમાં આશેર સૌથી વધારે વહાલો હોવાથી
વધુ માંનીતો હતો તેથી વધુ લાભ પામ્યો છે. તે પોતાના પગ જૈતતેલમાં
બોળે છે, તેના પ્રદેશમાં મબલખ તેલ પેદા થાય છે.~ 25 તેની ભૂંગળો
લોખંડ અથવા પિત્તળની થશે, તે સદા માંટે બળવાન રહે.~ 26 હે ઇસ્રા-
એલ, તમાંરા દેવ જેવો બીજો કોઈ દેવ નથી, તે આકાશમાંથી વાદળ પર
સવાર થઇને તેના ગૌરવમાં તમને મદદ કરવા આવે છે.~ 27 સનાતન
દેવ તમાંરો રક્ષક છે, તેના અનંત બાહુ તને ઝીલી લે છે. તેણે દુશ્મનોને
તારી આગળથી હાકી કાઢ્યા છે, અને તને એમનો વિનાશ કરવાની
આજ્ઞા કરી છે.~ 28 ઇસ્રાએલીઓ નિશ્ચિત થઇને સુરક્ષામાં વાસ કરે છે.
યાકૂબના વંશજો મબલખ અનાજ અને દ્રાક્ષારસના ભંડાર સમી ધરતી
પર, અકળ વરસાવતા આકાશ નીચે સુરક્ષિત રહે છે.~ 29 હે ઇસ્રાએલ,
તું આશીર્વાદિત છે! તમાંરા આશીર્વાદો કેવા મહાન છે! યહોવાના હાથે
ઉદ્ધાર થનાર તારા જેવી બીજી કોઈ પ્રજા નથી. યહોવા ઢાલની જેમ તારૂં
રક્ષણ કરે છે. તે તને વિજય અપાવનાર તરવાર જેવા છે. તમાંરા દુશ્મનો
તમાંરા પગમાં પડશે, તમે તમાંરા પગ વડે તેઓને છૂંદી નાખશો અને
તેઓની પવિત્ર જગ્યાઓને કચરી નાખશો."

34 ત્યારબાદ મૂસા મોઆબના મેદાનમાંથી યરીખોની પૂર્વે આવે-
લા નબો પર્વત પર, પિસ્ગાહના શિખર પર ચઢયો, અને યહો-
વાએ તેને સમગ્ર પ્રદેશ બતાવ્યો: ગિલયાદથી દાન સુધીનો પ્રદેશ,~
2 આખો નફતાલીનો પ્રદેશ, એફાઇમ અને મનાશ્શાનો પ્રદેશ, પશ્ચિમ
સમુદ્ર સુધીનો યહૂદાનો સમગ્ર પ્રદેશ,~ 3 નેગેબનો પ્રદેશ અને ખજૂરી-
ઓના નગર યરીખોથી સોઆર સુધીનો સપાટ પ્રદેશ.~ 4 પછી યહોવાએ
મૂસાને કહ્યું, "આ રહ્યો તે પ્રદેશ જે તેમના વંશજોને આપવાનું મેં ઇબ્રા-
હિમ, ઇસહાક અને યાકૂબને વચન આપ્યું હતું. 'મેં તને તારી સગી આંખે
એ જોવા દીધો છે, પણ તું તેમાં આગળ જઈને પ્રવેશ કરવા નહિ પા-
મે.'"~ 5 આમ, યહોવાનો સેવક મૂસા તેમના કહ્યા પ્રમાંણે મોઆબની
ભૂમિમાં મૃત્યુ પામ્યો.~ 6 તેને એ જ મોઆબની ભૂમિમાં બેથપેઓરની
સામેની કોઈ ખીણમાં દફનાવવામાં આવ્યો, પરંતુ આજ સુધી કોઇને તે-
ની કબરની ખબર નથી.~ 7 મૂસા મૃત્યુ પામ્યો ત્યારે તેની ઉંમર 120
વર્ષની હતી. તેના શરીરે શકિત ગુમાંવી ન હતી કે તેની આંખોની શકિત
ઓછી થઈ નહોતી.~ 8 મોઆબના મેદાનમાં ઇસ્રાએલીઓએ ત્રીસ દિ-
વસ સુધી મૂસાના મૃત્યુનો શોક પાળ્યો. અને ત્યાર બાદ શોકના દિવ-
સો પૂરા થયા.~ 9 નૂનનો પુત્ર યહોશુઆ જ્ઞાનના આત્માંથી ભરપૂર હતો,
કારણ કે મૂસાએ તેના મસ્તક પર પોતાનો હાથ મૂકયો હતો, તેથી ઇસ્રા-
એલી લોકો યહોશુઆને આધિન રહેતા અને યહોવાએ મૂસા દ્વારા આપે-
લી આજ્ઞાઓ પાળતા હતા.~ 10 ત્યાર બાદ ઇસ્રાએલમાં મૂસા જેવો કોઈ
બીજો પ્રબોધક થયો નથી; યહોવાએ તેને પ્રત્યક્ષ દર્શન આપી તેની
સાથે વાતો કરી હતી.~ 11 મિસરના દેશમાં ફારુન અને તેના અમલદારો
તથા સમગ્ર દેશ વિરુદ્ધ યહોવાએ તેની પાસે જે ચમત્કારો અને પર-
ચાઓ કરાવ્યા તેવા બીજા કોઈ પ્રબોધકે કર્યા નથી.~ 12 સમગ્ર ઇસ્રાએ-
લી પ્રજાના દેખતાં તેમણે જે મહાન અને આશ્ચર્યજનક કૃત્યો કર્યા, તેવાં
કૃત્યો અન્ય કોઈ પ્રબોધક કરી શકયો

# યહોશુઆ

1 હવે યહોવાહના સેવક મુસાના મરણ પછી એમ થયું કે, નૂનના
દીકરા, એટલે મુસાના સહાયકારી, યહોશુઆને યહોવાહે કહ્યું કે,
2 મારો સેવક મુસા મારી ગયો છે; માટે હવે તું તથા આ સર્વ લોક ઉઠીને
જે દેશ હું તેઓને, એટલે ઈસ્રાએલપુત્રોને, આપું છું, તેમાં આ યરદન
ઉતરીને જાઓ. 3 મુસાને કહ્યું, તેમ જે ઠેકાણાં તમારા પગના તળિયાં
નીચે આવશે તે તે મેં તમને આપ્યાં છે. 4 અરણ્ય તથા આ લબાનોનથી
તે મોટી નદી, એટલે ફ્રાત નદી સુધી હિત્તીઓનો સઘળો દેશ, અને
આથમાંની દિશાએ મોટા સમુદ્ર સુધીતમારી સરહદ થશે. 5 તારા આયુ-
ષ્યના સર્વ દિવસ સુધી કોઈ માણસ તારી આગળ ટકી શકશે નહી. હું
જેમ મુસા સાથે હતો તેમ હું તારી સાથે હોઈશ; હું તને તજીશ નહિ, ને
તને મુકી દઈશ નહિ. 6 બળવાન તથા હિમ્મતવાન થા, કેમકે આ લોકો-
ને જે દેશ આપવાને મેં તેઓના પૂર્વજો પ્રત્યે સમ ખાધા, તેનું વતન હું
તેઓને પ્રાપ્ત કરાવશે. 7 પણ મારા સેવક મુસાએ જે સઘળો નિયમ તને
ફરમાવ્યો, તે પ્રમાણે સંભાળીને કરવા સારૂ બળવાન તથા બહુ હિમ્મત-
વાન થા; તેથી જમણી કે ડાબી ગમ ફરતો ના, એ માટે કે જ્યાં કંઈ તું
જાય ત્યાં તું સારી ફતેહ પામે. 8 એ નિયમશાસ્ત્ર તારા મ્હોમાંથી જાય
નહિ; પણ દિવસે તથા રાત્રે તેનું મનન કર, કે તેમાં જે બધું લખેલું છે તે
પ્રમાણે તું કાળજી પાળે; કારણ કે ત્યારે તારો માર્ગ આબાદ થશે, અને
ત્યારે તું સારી ફતેહ પામશે. 9 શું મેં તને આજ્ઞા આપી નથી? બળવાન
તથા ખૂબ હિમ્મતવાન થા, ભયભીત ન થા, ને ગભરા મા; કારણ કે
જ્યાં કંઈ તું જાય છે, ત્યાં તારો દેવ યહોવાહ તારી સાથે છે. 10 અને યહો-
શુઆએ લોકોનાં અધિકારીઓને આવી આજ્ઞા આપી કે, 11 તમે છાવ-
ણીમાં ફરો, અને લોકોને એવી આજ્ઞા અઆપો કે, તમે પોતાને સારૂ સી-
ધાં તૈયાર કરો, કેમકે જે દેશ તમારો દેવ યહોવાહ તમને વતનને સારૂ
આપે છે, તેનું વતન પ્રાપ્ત કરવાને તમારે ત્રણ દિવસની અંદર આ યર-
દન ઉતરીને ત્યાં જવાનું છે. 12 અણ રેઉબેનીઓને, તથા ગાદીઓને,
તથા મનાશ્શેહના અર્ધકુળને યહોશુઆએ એમ કહ્યું કે, યહોવાહના સે-
વક મુસાએ તમને જે વાત કહી હતી કે, 13 તમારો દેવ યહોવાહ તમને
વિસામો આપે છે અને તમને આ દેશ આપશે, તે યાદ રાખો. 14 યરદન
પાર જે દેશ મુસાએ તમને આપ્યો તેમાં તમારી સ્ત્રીઓ, તમારા બાળકો-
તથા તમારાં ઢોરઢાંક રહે; પણ તમ સર્વ બળવંત તથા બહાદુર પુરુષોને
શાસ્ત્ર સજીને તમારા ભાઈઓ આગળ પેલી ગમ જઈને, તેઓને સહાય
કરવી; 15 યહોવાહે જેમ તમને વિસામો આપ્યો, તેમ તે તમારા ભાઈઓ-
ને આપે, અને જે દેશ તમારો દેવ યહોવાહ તેઓને આપે છે, તેનું વતન
તેઓ પ્રાપ્ત કરે ત્યાં સુધી [સહાય કરવી], અને ત્યાર પછી, પોતાના
વતનના દેશમાં તમે પાછા જશો, ને યહોવાહના સેવક મુસાએ યરદન
પાર ઉગમણી દિશાએ જે દેશ તમને આપ્યો તેનો કબજો લેશો. 16 અને
તેઓએ યહોશુઆને ઉત્તર આપ્યો કે, જે સઘળી આજ્ઞા તે અમને આપી
છે તે અમે પાળીશું, અને જ્યાં જ્યાં તું અમને મોકલશે, ત્યાં ત્યાં અમે
જઈશું. 17 અને મુસાનું સાંભળતા હતા, તેમ સર્વ પ્રકારે અમે તારૂં સાંભ-
ળીશું; કેવળ યહોવાહ તારો દેવ મુસા અઠે હતો, તેમ તારી સાથે હો.
18 જે તારી આજ્ઞાથી વિરુદ્ધ વર્તશે, તથા જે સઘળી આજ્ઞા તું તેને આપે
તે પ્રત્યે તારાં વચનોને લક્ષ નહિ દે, તે ગમે તે હોય,તો પણ માર્યા જાય;
ફક્ત એટલુંજ કે તું બળવાન તથા ખૂબ હિમ્મતવાન થા.

2 અને નૂનના પુત્ર યહોશુઆએ શિટ્ટીમમાંથી બે માણસોને, જાસૂ-
સો તરીકે છુપી રીતે એમ કહીને મોકલ્યા છે, તમે જઈને દેશની
તથા યેરેખોની તપાસ કરો. નાને તેઓ જઈને રાહાબ નામે એક કસબે-
ણને ઘેર ઉતર્યા, ને ત્યાં સુતા. 2 ને યેરેખોના રાજાને એવી ખબર થઇ, કે
જુઓ, દેશની તપાસ કરવાને ઈસ્રાએલપુત્રોમાંના માણસો આજ રાત્રે
અહીં આવ્યા છે. 3 અને યેરેખોના રાજાએ રાહાબને કહેવડાવી મોકલ્યું
કે, જે માણસો તારે ત્યાં આવીને તારા ઘરમાં પેઠેલા છે તેઓને બહાર
કાઢ, કારણ કે તેઓ આખા દેશની બાતમી કાઢવાને આવ્યા છે. 4 અને
તે બાયડીએ તે બે માણસોને લઈને સંતાડ્યા, ને તેણીએ કહ્યું કે, એ
માણસો મારે ત્યાં આવ્યા ખરા, પણ તેઓ ક્યાંના છે, તે મને ખબર
નથી, 5 ને એમ થયું કે અંધારું થયું ત્યારે સુમારે દરવાજો બંધ કરવાની
વેળાએ તે માણસો બહાર નિકળ્યા; તે માણસો ક્યાં ગયા તે હું જાણતી
નથી; તેઓની પાછળ વહેલા જાઓ, કેમકે તેઓને તમ પકડી પાડશો.
6 પણ તેણીએ તેઓને ધાબા ઉપર લાવીને, પોતાની સણની સાંઠીઓ
જે ધાબા ઉપર સિંચેલી હતી, તેમાં તેઓને સંતાડ્યા હતા. 7 અને યરદન
જવાને રાસ્તે ઉતરવાની આર સુધી માણાસો તેઓની પાછળ દોડ્યા, ને
તેઓની પાછળ લાગનારા બહાર નિકળતાંજ લોકોએ દરવાજો બંધ કી-
ધો. 8 અને તેઓના સુતાં પહેલાં ધાબા પર તે તેઓની પાસે આવી; 9 ને
તેણીએ તે માણસોને કહ્યું, યહોવાહે આ દેશ તમને આપ્યો છે, ને તમારૂં
ભય અમારા પર પડ્યું છે, ને દેશના સર્વ રહેવાસીઓ તમારી આગળ
લોપ થઈ જાય છે, એ હું જાણું છું. 10 કેમકે તમે મિસરમાંથી નિકળ્યા
ત્યારે યહોવાહે તમારી આગળ સૂફ સમુદ્રના પાણી કેમ સુકવી નાખ્યું,
ને અમોરીઓના બે રાજા, સીહોન તથા ઓગ, જે યરદન પાર હતા, જે-
ઓનો તમે સંપૂર્ણ નાશ કીધો, તેઓની તમે શી વળે કરી તે અમે સાંભ-
ળ્યું છે. 11 અને એ સાંભળતાંજ અમારા ગાત્ર શિથળ થઈ ગયા, અને
તમારે લીધે કોઈમાં કાંઈ હિમ્મત રહી નહિ, કેમકે યહોવાહ તમારો દેવ
તેજ ઉપર આકાશમાં ને નીચે પૃથ્વી પર દેવ છે. 12 માટે હવે હું તમારી
વિનંતી કરૂં છું કે, મારી પાસે યહોવાહના સમ ખાઓ,કે મેં તમારા પર
દયા કરી કે માટે તમે પણ મારા બાપના ઘર ઉપર દયા કરીને મને ખરૂં
ચિન્હ આપશો; 13 અને તમે મારા બાપને ને મારી માને, ને મારા ભાઈ-
ઓને ને મારી બહેનોને, ને તેઓના સર્વસ્વને જીવતા રહેવા દેશો, ને
અમારા જીવ મરણથી ઉગારશો. 14 અને તે માણસોએ તેને કહ્યું, જો તમે
અમારી આ વાત નહિ કહી ડો તો તમારા જીવને બદલે અમારા જીવ
જાઓ; ને યહોવાહ આ દેશ અમને આપશે ત્યારે એવું થશે કે અમે તારી
પ્રત્યે દયાથી અને સત્યતાથી વર્તીશું 15 ત્યારે તેણીએ તેઓને બારી-
માંથી દોરડા વડે ઉતાર્યા; કારણ કે તેનું ઘર નગરકોટની ઉપર હતું, ને
કોટ ઉપર તે રહેતી હતી. 16 અને તેણીએ તેઓને કહ્યું કે, તમે પર્વતે
જતાં રહો, રખેને પાછળ લાગનારાઓના હાથમાં તમે આવી પડો; અને
પાછળ લાગનારા પાછા આવે ત્યાં સુધી ત્રણ દિવસ ત્યાં તમે સંતાઈ
રહો; અને ત્યાર પછી તમે તમારે માર્ગે જવાનું અડચણ નથી. 17 અને તે
માણસોએ તેને કહ્યું કે, જે સમ તેં અમને ખવડાવ્યા છે,તેમાંથી અમે આ
પ્રમાણે નિર્દોષી થઈશું કે, 18 જો, અમે દેશમાં આવીએ ત્યારે જે બારી-
માંથી તેં અમને ઉતાર્યા, તે પર તું આ કીરમજી રંગની દોરડી બાંધજે, ને
પોતાના બાપને, પોતાની માને, ને પોતાના ભાઈઓને, ને પોતાના બા-
પના સર્વ ઘરનાંને, પોતાની પાસે ઘરમાં એકઠા કરી રાખજે. 19 અને એમ
થશે કે જે કોઇ તારા ઘરનાં બારણી બહાર નિકળીને રસ્તામાં જશે, તેનું
રક્ત તેને માથે, અમે તો નિર્દોષ રહીશું;ને જે કોઇ તારી પાસે ઘરમાં હશે,
તે પર કોઈનો હાથ પડે, તો તેનું રક્ત અમારે માથે. 20 પણ જો તું અમારી
આ વાત કહી દેશે, તો જે સમ અમને તે ખવડાવ્યા છે તે વિષે અમે નિ-
ર્દોષ થઈશું. 21 ત્યારે તેણીએ કહ્યું, તમારા વચન પ્રમાણે થાઓ. અને
તેણીએ તેઓને વિદાય કીધા, ને તેઓ ચાલ્યા ગયા, અને તેણીએ તે
કિરમજી દોરડી બારીએ બાંધી. 22 અને તેઓ ચાલતાં થઈને પર્વતે
પહોંચ્યા, અને પાછળ લાગનારા પાછળ ગયા ત્યાં સુધી ત્રણ દિવસ
તેઓ ત્યાં રહ્યા; ને પાછળ લાગનારાઓએ આખે રસ્તે તેઓનો શોધ

કીધો, પણ તેઓને તેઓ મળ્યા નહિ. 23 અને તે બે માણસ પાછા ફરી-
નેપર્વત ઉપરથી ઉતર્યા, ને [નદી] ઓળંગીને નૂનના દીકરા યહોશુંઅ-
આની પાસે આવ્યા; અને તેઓને જે વિત્યું હતું તે સર્વ તેઓને તેને
કહ્યું. 24 અને તેઓએ યહોશુઆને એમ કહ્યું કે, નિશ્ચય યહોવાહે આંખો
દેશ અપના હાથમાં આપ્યો છે; ને વળી દેશના સઘળાં રહેવાસીઓ
આપણી આંગળ લોપ થઇ જાય છે.
3 અને યહોશુઆ મોટી સવારે ઉઠ્યો, ને તે તથા સર્વ ઇસ્રાએલપત્રો
શિટ્ટીમમાંથી નિકળ્યા ને યરદન પર આવ્યા; ને પેલે પાર ઉતર્યા
પહેલાં તેઓએ ત્યાં છાવણી કીધી. 2 અને ત્રણ દિવસ પછી એમ થયું કે
સરદારો છાવણી મધ્યે ફર્યા; 3 ને તેઓએ લોકોને એવી આજ્ઞા કરી કે,
લેવી યાજકોએ તમારા દેવ યહોવાહના કરારકોષ ઉંચકી લઇ જતાં તમે
જુઓ, ત્યારે તમે પોતાનું ઠેકાણું છોડીને તેની પાછળ જજો. 4 તો પણ
તમારી અને તેની વચ્ચે સુમારે બે હજાર હાથનું અંતર રહે; તેની પાસે ન
જશો, એટલે જે માર્ગે તમારે ચાલવું તે તમને જણાશે; કેમકે અગાઉ એ
માર્ગે તમે ગયા નથી. 5 અને યહોશુઆએ લોકોને કહ્યું કે, તમે પોતાને
શુદ્ધ કરો, કેમકે કાલે યહોવાહ તમારા મધ્યે આશ્ચર્યકૃત્યો કરશે. 6 ત્યાર
પછી યહોશુઆએ યાજકોને ફરમાવ્યું કે, કરારકોષ ઉંચકીને લોકોની
આગળ પેલે પાર જાઓ. અને તેઓ કરારકોષ ઉંચકીને લોકોની આગળ
ચાલ્યા. 7 અને યહોવાહે યહોશુઆને કહ્યું, આજ હું તને ઇસ્રાએલની
નજરમાં મોટો મનાવવાનો આરંભ કરીશ; એ સારૂ કે તેઓ જાણે કે જેમ
હું મુસા સાથે હતો તેમ તારી સાથે પણ હોઇશ. 8 અને જે યાજકો કરાર-
કોષ ઉંચકે છે તેઓના એવી આજ્ઞા કર, કે યરદનના પાણીને કિનારે
આવો ત્યાર યરદનમાં સ્થિર ઉભા રહેજો. 9 અને યહોશુએ ઇસ્રાએલપુ-
ત્રોને કહ્યું, અહીં આવીને પોતાના દેવ યહોવાહનાંવચનો સાંભળો.
10 અને યહોશુઆએ કહ્યું, આ ઉપરથી તમે જાણશો કે જીવતો દેવ તમ-
રી મધ્યે છે, ને કનાની તથા હિત્તિઓ તથા હિવ્વીઓ તથા પરીઝ્ઝીઓ
તથા ગિર્ગાશીઓ તથા અમોરીઓ તથા યબીસીઓને તે નિશ્ચય તમારી
આગળથી નસાડશે. 11 જુઓ, આખી પૃથ્વીના પ્રભુનો કરારકોષ તમારી
આગળ યરદન ઉતરે છે. 12 માટે હવે તમે પોતાને સારૂ પ્રત્યેક કુળમાંથી
એક એક માણસ એ પ્રમાણે ઇસ્રાએલના કુળમાંથી બાર માણસો લો.
13 અને આખી પૃથ્વીના પ્રભુ યહોવાહનો કોષ ઉંચકનારા યાજકોના
પગનાં તળિયા યરદનના પાણીમાં પડતાંજ એમ થશે કે, યરદનનું પા-
ણી જે ઉંચેથી નીચલી તરફ વહે છે તેના ભાગ પડી જશે, અને એક ઢગ-
લો થઇને ઠરી રહેશે. 14 અને એવી થયું કે, લોક યરદન ઉતરવ સારૂ પો-
તાના તંબુઓમાંથી નિકળ્યા, ને કરારકોષ ઉંચકનારા યાજકો લોકોની
આગળ હતા; 15 ને કોષ ઉચંકનારા જયારે યરદનની પાસે આવ્યા, ને
કોષ ઉંચકનારા યાજકોના પગ નદીના પાણીમાં પેઠા, (કેમકે કાપણીની
આખી ઋતુમાં યરદન પોતાના કાંઠાઓ ઉપર થઇને છલી જતી હતી),
16 ત્યારે ઉપલી તરફથી વહેનાર પાણી ઠરી રહ્યું, અને ઘણે દૂર સુધી,
એટલે સારેથાન પાસેના આદામ નગર સુધી, એક ઢગલો થઇને ચઢ્યું;
અને અરાબાહના સમુદ્ર એટલે ખારા સમુદ્રની ગમ જે વહેતું હતું તે છેક
વહી ગયું; ત્યારે લોક યેરેખોની સામે પેલે પર ઉતર્યા. 17 અને યહોવાહના
કરારનો કોષ ઉચકનારા યાજકો યરદનની વછે કોરી ભૂમિ પર સ્થિર
ઉભા રહ્યા, અને સઘળાં ઇસ્રાએલીઓ કોરી ભૂમિ ઉપર ચાલીને પેલે પર
ઉતર્યા; ને એમ આખી પ્રજા યાર્ડન ઉતરી રહી.
4 અને આખી પ્રજા યરદન ઉતરી રહી, ત્યારે એમ થયું કે, યહોવાહે
યહોશુઆને કહ્યું કે, 2 પોતાને સારૂ લોકોમાંથી બાર માણસ, એટ-
લે પ્રત્યેક કુળમાંથી એક એક માણસ, લો, 3 અને તેઓને એવી આજ્ઞા
કરો કે, યરદનની પધ્યેથી, એટલે જ્યાં યાજકોના પગ ઉભા રહ્યા હતા,
ત્યાંથી પોતાને સારૂ બાર પત્થર લઇને પોતાની સાથે પેલી ગમ લઇ
જાઓ, ને આજ રાત્રે જે મુકામે તમે ઉતારશો ત્યાં તેઓને મુકજો. 4 અને
પ્રત્યેક કુળમાંથી એક એક માણસ, એ પ્રમાણે ઇસ્રાએલપુત્રોમાંથી જે
બાર માણસો તૈયાર કીધા હતા, તેઓને યહોશુઆએ બોલાવ્યા; 5 અને
યહોશુઆએ તેઓને કહ્યું કે, તમારા દેવ યહોવાહના કોષ આગળ યરદ-
નના મધ્યે જાઓ, અને તમારામાંના પ્રત્યેક જણ ઇસ્રાએલપુત્રોના કુળ-
ની સંખ્યા પ્રમાણે પોતાને ખભ એક એક પત્થર ઉંચકી લો; 6 એ માટે કે
તેઓ તમારી મધ્યે ચિન્હ રૂપ થાય, જયારે આવતાં કાળમાં તમારાં છો-
કરાં એવું પુછે કે, અ પત્થરોનો અર્થ શો છે? 7 ત્યારે તમે તેઓને એમ
ખો કે, યહોવાહના કરાર કોશની આગલા યરદનના પાણીના ભાગ થઇ
ગયા; જયારે તે યરદનને પાર ઉતરતો હતો જયારે યરદનના પાણીના
ભાગ થઇ ગયા, અને આ પત્થરો ઇસ્રાએલપુત્રોના સ્મરણાર્થે સદાકાળ
રહેશે. 8 અને યહોશુઆએ આજ્ઞા આપી તેમ ઇસ્રાએલપુત્રોએ કીધું, અને
યહોવાહે યહોશુઆને કહ્યું હતું તે પ્રમાણે તેઓને ઇસ્રાએલપુત્રોનાં કુળ-
ની સંખ્યા પ્રમાણે યરદનના માધ્યમથી બાર પત્થરો ઉંચકી લીધા, અને
તેમને પોતાની સાથે પેલે પાર છાવણી સુધી લઇ જઇને ત્યાં મુક્યા.
9 અને યરદનની મધ્યે, જ્યાં કરારકોષ ઉંચકનારા યાજકોના પગ ઉભા
રહ્યા હતા તે ઠેકાણે, યહોશુઆએ બાર પત્થર ઉભા કીધા; ને તે આજ
સુધી ત્યાં છે. 10 કેમકે જે સઘળી આજ્ઞા મુસાએ યહોશુઆને આપી હતી,
તે પ્રમાણે જે કોઇ ફરમાવવાની યહોવાહે યહોશુઆને કહ્યું હતું, તે સઘળું
પુરૂં થયું, ત્યાં સુધી કોષ ઉચકનારા યાજકોયાદાન્ન મધ્યમાં ઉભા થઇ
રહ્યા, ને લોકો ઉતાવળ કરીને પર ઉતરી ગયા. 11 અને એમ થયું કે, સર્વ
લોક પર ઉતર્યા પછી યહોવાહનો કોષ ને યાજકો લોકોનાં દેખતાં પેલે
પાર ઉતર્યા. 12 અને રેઉબેનપુત્રો અને ગાદપુત્રો ને મનાશ્શેહનું અર્ધ કુળ
મુસાના ફરમાવ્યા પ્રમાણે શસ્ત્ર સજીને ઇસ્રાએલપુત્રોની આગળ પેલે
પાર ગયા. 13 સુમારે ચાળીસ હાજર માણસયુદ્ધને સારૂ શસ્ત્ર સજીને તૈ-
યાર થએલા, યહોવાહની આગળ, યેરેખોના મેદાનમાં લડવાન નદી
ઉતર્યા. 14 તેજ દિવસે યહોવાહે યહોશુઆને સર્વ ઇસ્રાએલના દેખતાં મો-
ટો મનાવ્યો, ને તેઓ જેમ મુસાની તેમ, તેના આયુષ્યના સઘળાં દિવ-
સભર, તેની બીક રાખતા હતા. 15 અને યહોવાહે યહોશુઆને કહ્યું કે,
16 સાક્ષ્યકોષ ઉંચકનારાયાજકોને યરદન્માંથી નિકળી આવવાની
આજ્ઞા આપ. 17 તે માટે યહોશુઆએ યાજકોને આજ્ઞા કરી કહ્યું, યરદન-
માંથી નિકળી આવો. 18 અને યહોવાહના કરારકોષ ઉંચકનારા યાજકો
જયારે યરદનની મધ્યમાંથી નિકળી આવ્યા, ને યાજકોનાં પગ તળિયાં
કોરી ભૂમિ પર પડ્યા, ત્યારે એમ થયું કે યરદનના પાણી પોતાને ઠેકા-
ણે આવીને પહેલાંની પેઠે ચાર કાંઠે ભરપૂર થઇને વહેવા લાગ્યું. 19 અને
લોકો પહેલાં માસને દસમે દિવસે યરદનમાંથી નિકળી આવ્યા, અને
યારીખોની પૂર્વ ગમની સીમા ઉપર ગીલ્ગાલમાં તેઓએ છાવણી કીધી.
20 અને જે બાર પત્થર તેઓએ યરદનમાંથી આણ્યા હતા, તે યહોશુ-
આએ ગિલ્ગાલમાં ઉભા કીધા. 21 અને તેણે ઇસ્રાએલપુત્રોને એવું કહ્યું
કે, આવતી કાળમાં તમારા વંશજો પોતપોતાના બાપને પુછે કે, આ
પત્થરોનો અર્થ શો? 22 ત્યારે તમારે તમારા વંશજોને જણાવવું કે, ઇસ્રા-
એલીઓ યરદનમાંથી કોરી ભૂમિ પર થઇને પાર આવ્યા. 23 કેમકે જેમ
તમારા દેવ યહોવાહે સૂફ સમુદ્રને કીધું એટલે અમે પાર ઉતરી રહ્યા સુધી
તેં અમારી આગળથી સુકવી નાખ્યો તેમ તમારા દેવ યહોવાહે તમે તેની
પાર ઉતરી રહ્યા ત્યાં સુધી તમારી આગળ યરદન નદીના પાણી સુકવી
નાખ્યા; 24 એ માટે કે પૃથ્વીમાંના સર્વ લોકો જાણે કે યહોવાહનો હાથ
બળવાન છે, ને તેઓ સર્વકાળ તમારા દેવ યહોવાહનો ભય રાખે.
5 અને યરદનના પેલે પર પશ્ચિમમાં જે સર્વ અમોરીઓના રાજ, ને
સમુદ્રની પાસેના જે સર્વ કનાનીઓના રાજા, તેઓએ સાંભળ્યું કે,
અમે પાર ઉતરી ગયા, ત્યાં સુધી યહોવાહે ઇસ્રાએલપુત્રોની આગળ યર-
દનનું પાણી સુકવી નાખ્યું, ત્યારે એમ થયું કે ઇસ્રાએલપુત્રોને લીધે તે-
ઓના ગાત્ર શિથળ થઇ ગયા, અને તેઓના હોશ ઉડી ગયા. 2 તે સમયે
યહોવાહે યહોશુઆને કહ્યું કે, ચકમકની છરીઓ બનાવ, ને ફરીથી
ઇસ્રાએલપુત્રોની બીજી વાર સુનત કર. 3 અને યહોશુઆએ પત્થરની
છરીઓ કરીનને અગ્રચર્મની ટેકરી પાસે ઇસ્રાએલપુત્રોના સુનત કીધી.
4 અણ યહોશુઆએ સુનત કીધી તેનું અર્થ હતું કે, મિસરમાંથી નીકળેલા
સઘળાં લોકોમાં જે પુરુષ હતા તેઓ, એટલે મરનારા સઘળાં માણસો
મિસરમાંથી નિકળ્યા પછી વાટે અરણ્યમાં મરણ પામ્યા. 5 કેમકે જે
સઘળાં લોક નિકળ્યા તેઓની સુનત કીધેલી હતી; પણ મીસ્રમાંથી નિ-
કળ્યા પછી જે અરણ્યમાં વાટે જન્મ્યા, તે સર્વ લોકની સુનત કીધેલી ન
હતી. 6 કેમકે આખી પ્રજા, એટલે મીસમાંથી નીકળેલા યુદ્ધ કરનારા મા-
ણસો મારી ગયા ત્યાં સુધી ઇસ્રાએલપુત્રો ચાળીસ વર્ષ અરણ્યમાં ફર્યા,
કારણ કે તેઓ યહોવાહની વાણી કાન ધર્યો નહિ. ને જે દૂધ મધની રેલ-
છેલાવાળો દેશ આપણને આપવાના તેઓના પૂર્વજો સાથે યહોવાહે
સમ ખાધા હતા, તે દેશ તેઓને જોવા દેવો નહિ એવો સમ યહોવાહે
તેઓ વિષે ખાધા. 7 અને તેઓને ઠેકાણે તેઓના જે દીકરાઓને તેણે

ઉભા કીધા હતા, તેઓની સુનત યહોશુએ કીધી; કેમકે તેઓની સુનત
વાટે કીધેલી ન હતી, માટે તેઓ બેસુનત હતા. 8 અને એમ થયું કે સર્વ
લોકોની સુનત થઈ રહ્યા પછી તેઓ સારા થયાં ત્યાં સુધી પોતાને ઠેકા-
ણે છાવણીમાં રહ્યા. 9 અને યહોવાહે યહોશુઆને કહ્યું કહ્યું, આજ મેં
તમારી ઉપરથી મીસરનો દોષ દૂર કરી છે. માટે તે જગ્યાનું નામ આજ
સુધી ગિલ્ગાલ પડ્યું. 10 ત્યારે ઈસ્રાએલપુત્રોએ ગિલ્ગાલમાં છાવણી
કીધી; અને તેઓએ તે મહિનાને ચૌદમે દિવસસાંજે યેરેખોના મેદાનમાં
પાસ્ખા પર્વ પાળ્યું. 11 અને પાસ્ખા પર્વના બીજે દિવસે તેઓએ તે દેશનું
આગલા વર્ષનું અનાજ ખાધું, એટલે તેજ દિવસે બેખમીર રોટલી તથા
શેકેલા દાણા ખાધા. 12 અને તેઓએ દેશનું જુનું અનાજ ખાધા પછી બી-
જે દિવસે માન્ના બંધ થયું, ને ઈસ્રાએલપુત્રોને ત્યાર પછી માન્ના પ્રાપ્ત
થયું નહિ; પણ તે વર્ષે તેઓએ કનાન દેશની પેદાશમાંથી ખાધું. 13 અને
યહોશુઆ યેરેખો પાસે હતો ત્યારે એમ થયું કે, તેણે પોતાની આંખો
ઉંચી કરીને જોયું, તો જુઓ, તેની સામે કોઈ પુરૂષ ઉભો રહેલો હતો, ને
તેના હાથમાં તેની તરવાર તાણેલી હતી, ને યહોશુઆ તેની પાસે જઈને
તેને કહેવા લાગ્યો, શું તું અમારી ગામનો છે, કે અમારી શત્રુઓની?
14 ત્યારે તે બોલ્યો, એમ તો નહિ, પણ યહોવાહના સૈન્યના સરદાર
તરીકે હમણાં આવ્યો છું. અને યહોશુઆ ભૂમિ પર ઉંધો પડ્યો, અને
ભજન કરીને કહ્યું કે, મારો ધણી પોતાના દાસને શું કહે છે? 15 ત્યારે
યહોવાહના સૈન્ય સરદારે એમ કહ્યું તારાં ચંપલ તારા પગમાંથી કાઢ, કે-
મકે જે ઠેકાણે તું છે તે પવિત્ર છે; પછી યહોશુઆએ તેમ કીધું.
6 (હવે ઈસ્રાએલપુત્રોને લીધે યેરેખોને ચોકસ રીતે બંધ કરી દીધું
હતું, કોઈ બહાર આવતું નહિ, ને કોઈ માંહે જતું નહિ). 2 અને યો-
વાહને યહોશુઆને કહ્યું કે, જો, યેરેખોના ને તેનો રાજા, તથા શૂરવીર પુ-
રુષો તારા હાથમાં આપ્યાં છે. 3 અને તમે યુદ્ધ કરનારા સઘળાં માણસો
બોલાવો, ને નગરની એક વાર પ્રદક્ષિણા કરો, એમ છ દિવસ કરો.
4 અને સાત યાજકો કોષ આગળ મેઢાંના શિંગનાં સાત રણશિંગડા લઈ-
ને ચાલે; ને સાત વાર નગરની પ્રદક્ષિણા કરો, ને યાજકો રણશિંગડા
વગાડે. 5 અને ધમાંકા સાથે મેઢાંના શિંગ લાંબે સાદે વગાડે, ત્યારે એમ
થાય કે, સઘળાં લોક મોટો આવાજ કરે; પછી નગરનો કોટ સમળગો
ઢળી પડશે, ત્યારે લોકોમાંથી બધા સીધા આગળ ધસી જવું. 6 અને નૂ-
નના દીકરા યહોશુઆએ યાજકોને બોલાવીને કહ્યું કે, કરારકોષ ઉંચકો,
અને સાત યાજકો યહોવાહના કોષ આગળ મેઢાંના શિંગનાં સાત રણ-
શિંગડા લઈને ચાલે. 7 અને તેઓએ લોકોને કહ્યું, આગળ ચાલો, અને
નગરનું પ્રદક્ષિણા કરો, અને હથિયાર બંધ પુરૂષો યહોવાહના કોષ
આગળ ચાલે. 8 અમે એમ થયું કે, જયારે યહોશુઆ લોકોને કહી રહ્યો,
ત્યારે સાત યાજકો યહોવાની આગાની મધ્તાં શિંગના રણશિંગડા લઈને
વગાડતાં વગાડતાં આગળ ચાલ્યા; અને યહોવાહના કરાર કોષ તેઓની
પાછળ પાછળ ચાલ્યો. 9 અને હથિયારબંધ પુરૂષો રણશિંગડા વગાડ-
નારા યાજકોની આગળ ચાલ્યા, અને પાછળની ટુકડી કોષની પાછળ
અને યાજકો ચાલતા ચાલતા રણશિંગડા વગાડતા હતા. 10 અને યહો-
શુઆએ લોકોને એવી આજ્ઞા કરી કે, હું તમને હોકરો કરવાનું કહ્યું તે દિ-
વસ સુધી તમે હોકારો કરશો મા, ને પોતાની વાણી સંભળાવા દેશો મા,
ને તમારા મ્હોડામાંથી કંઈ શબ્દ નિકળે નહિ; [હું કહું] ત્યારેજ તમે હોકા-
રો કરજો. 11 એ પ્રમાણે તેણે યહોવાહના કોષને નગરની આસપાસ ફેર-
વીને તેની પ્રદક્ષિણા કરાવી, ને તેઓ છાવણીમાં આવ્યા ને છાવણીમાં
રહ્યા. 12 અને સવારે યહોશુઆ વહેલો ઉઠ્યો, અને યાજકોએ યહોવાહ-
નો કોષ ઉંચકી લીધો. 13 ને સાત યાજકો યહોવાહના કોષ આગળ મે-
ઢાંના શિંગના સાત રણશિંગડા લઈને વગાડતાં વગાડતાં ચાલ્યા; અને
હથિયારબંધ માણસો તેઓની આગળ ચાલ્યા, અને પાછળની ટુકડી
યહોવાહના કોશની પાછળ ચાલી, અને યાજકો ચાલતા ચાલતા રણ-
શિંગડા વગાડતા હતા. 14 અને બીજે દિવસે તેઓએ નગરની એક વાર
પ્રદિક્ષણા કરીને પાછા છાવણીમાં આવ્યા; એ રીતે તેઓએ છ દિવસ
કીધું. 15 અને સાતમે દિવસે એમ થયું કે, પ્રભાત થતાંજ તેઓએ વહેલો
ઉઠીને એજ રીત પ્રમાણે નગરની સાત વાર પ્રદક્ષિણા કીધી; ફક્ત તેજ
દિવસે તેઓએ નગરની સાત વાર પ્રદક્ષિણા કીધી. 16 અને સાતમી વારે
એમ થયું કે, યાજકો રણશિંગડા વગાડતાં હતા ત્યારે યહોશુઆએ લોકો-
ને કહ્યું, હોકારો કરો; કેમકે યહોવાહે નગર તમને આપ્યું છે. 17 અને
નગર તથા તેમાંનું સર્વ યહોવાહ પ્રત્યે સમર્પિત થશે; કેવળ રાહાબ કસ-
બેણ અને તેની સાથે ઘરમાં જે હોય તે સર્વ જીવતા રહે; કારણ કે જે જા-
સુસ આપણે મોકલ્યા હતા તેઓને તેણીએ સંતાડ્યા. 18 અને શ્રાપિત
વસ્તુથી પોતાને સર્વ પ્રકારે અલગ રાખો, રખેને તમે તેને શ્રાપિત કર્યા
પછી પોતે શ્રાપિત વસ્તુને લો, અને એમ કરીને ઈસ્રાએલની છાવણીને
શ્રાપિત કરો, ને તેને હેરાન કરો. 19 પણ સર્વ રૂપું તથા સોનું, ને પિત્તળ-
ના તથા લોઢાનાં પાત્ર યહોવાહને સારૂ પવિત્ર છે; તેઓ યહોવાહના
ભંડારમાં જાય. 20 ત્યારે લોક્કોએ હોકારો કર્યો અને [યાજકોએ] રણ-
શિંગડા વગાડ્યાં; અને એવું થયું કે, લોકોએ રણશિંગડાનો સાદ સાંભ-
ળતાજ ઘાંતો કાઢીને મોટો હોકારો કીધો; ત્યારે કોટ ત્યાં ને ત્યાંજ નીચે
પડ્યો, એટલે કે લોકોમાંનો પ્રત્યેક પુરુષ સીધો નગરમાં ધુસી ગયો,
અને તેઓએ નગર લીધું. 21 અને નગરમાં જે સઘળું હતું તેનો, એટલે પુ-
રુષ ને સ્ત્રી, જુવાન ને વૃદ્ધ, ને ઢોર ને ઘેટાં ને ગધેડાં, તેઓનો તરવાર-
ની ધારથી વિનાશ કીધો. 22 અને જે બે માણસોએ દેશની જાસુસી કીધી
હતી તેઓને યહોશુઆએ કહ્યું કે, કસબેણને ઘેર જઈને તેની સાથે તમે
સમ ખાધા હતા, તે પ્રમાણે તેને ને તેના સર્વસ્વને ત્યાંથી કાઢી લાવો.
23 અને જુવાન જાસુઓએ માંહે જઈને રાહાબને ને તેના બાપને, ને તેની
માને, ને તેના ભાઈઓને, ને તેના સર્વસ્વને કાઢી આણ્યા, વળી તેના
સઘળાં સગાંને પણ તેઓએ કાઢી આણ્યા; ને તેઓને ઈસ્રએલની છાવ-
ણી બહાર મુક્યાં. 24 અને તેઓએ નગરને, અને જે સર્વ તેમાં હતું તેને,
અગ્નિથી બાળી નાખ્યા; કેવળ રૂપું ને સોનું, ને પિત્તળના ને લોઢાનાં
પાત્રો તેઓએ યહોવાહના ઘરનાં ભંડારમાં મુક્યાં. 25 પણ રાહાબ કસ્બે-
ણને, અને તેના બાપના કુટુંબકબિલાને, અને તેના સર્વસ્વને યહોશુ-
આએ જીવતાં રાખ્યાં; તે અઆજ સુધી ઈસ્રાએલમાં રહે છે; કારણ કે યેરે-
ખોની જાસુસી કરવાને યહોશુઆએ જે જાસુસો મોકલ્યા હતા તેઓને તે-
ણીએ સંતાડ્યા હતા. 26 અને તે વખતે યહોશુઆએ તેઓને એવા સમ
ઘાલ્યા કે, જે કોઈ ઉઠીને યેરેખો નગર બાંધે તે યહોવાહની આગલા શ્રા-
પિત થાય; તેનો પાયો તે પોતાના જ્યેષ્ઠપુત્રના જીવને સાટે નાખે, ને
પોતાના સૌથી નાના પુત્રના જીવને સાટે તેની ભાગળો ઉભી કરે. 27 એ
પ્રમાણે યહોવાહ યહોશુઆ સાથે હતો; ને તે આખા દેશહમાં તેની કીર્તિ
ફેલાઈ ગઈ.
7 પણ ઈસ્રાએલપુત્રોએ શ્રાપિત વસ્તુ વિષે અપરાધ કીધો, કેમકે
યહુદાહના વંશમાના ઝેરાહના પુત્ર ઝાબ્દીના પુત્ર કાર્મીના પુત્ર
આખાને તે શ્રાપિત વસ્તુમાંથી કંઈ લઈ લીધું; અને યહોવાહનો કોપ
ઈસ્રાએલપૂતો પર સળગ્યો. 2 બેથ-આવેન પાસે, બેથેલની પૂર્વ ગમ
આય છે, ત્યાં યહોશુઆએ યેરેખોથી માણસોને મોકલ્યા, અને તેઓને
એમ કહ્યું કે, જઈને તે દેશની જાસુસી કરી આવો, ને તે માણસોએ જઈને
આયની જાસુસી કીધી. 3 અને તેઓ યહોશુઆ પાસે પાછા આવ્યા, ને
તેને કહ્યું કે, સર્વ લોકોએ જવું નહિ; પણ સુમારે બે કે ત્રણ હજાર પુરુ-
ષોએ જઈને આયને મારવું; સઘળાં લોકોને ત્યાં જવાનો પરિશ્રમ આપ-
શો મા; કેમકે તે લોકો માત્ર થોડા છે. 4 ને લોકોમાંથી સુમારે ત્રણ હાજર
પુરુષો ત્યાં ગયા, પણ આયના માણસોએ તેઓને નાસડ્યા. 5 અને
આયના માણસોએ તેઓમાંથી સુમારે છત્રીસ માણસ માર્યા, ને ભાગળ
આગળથી શબારીમ સુધી તેઓની પાછળ દોડીને ઉતરવાની જગ્યા
આગળ તેઓને માર્યા; એ માટે લોકોનાં હૃદય પીગળીને પાણી જેવાં
થયાં. 6 અંને યહોશુઆએ પોતાના વસ્ત્ર ફાડ્યા, ને પોતે ઈસ્રાએલના
વડીલો સુદ્ધાં યહોવાહના કોષ આગળ ભૂમિ ઉપર સાંજ સુધી ઉંધો પડી
રહ્યો, ને તેઓએ પોતાના માથા ઉપર ધૂળ નાખી. 7 ત્યારે યહોશુઆ
બોલ્યો, અરેરે! ઓહ પ્રભુ યહોવાહ, અમને અમોરીઓના હાથમાં સોંપી-
ને અમારો નાશ કરવા સારૂ તેં આ લોકોને યરદન પાર કેમ આણ્યા?
અને સંતુષ્ટ થઈને યરદનની પેલે પાર રહ્યા હોત તો કેવું સારૂં! 8 હે પ્રભુ,
ઈસ્રાએલીઓએ પોતાના શત્રુ સામે પીઠ ફેવી છે તો હવે હું શું બોલું?
9 હવે કનાની અને દેશના સર્વ રહેવાસીઓ તે વિષે સાંભળશે, અને
અમને ચારોગમથી ઘેરીને અમારૂં નામ પૃથ્વીમાંથી નષ્ટ કરશે; પછી તું
તારા મોટા નામ વિષે શું કરશે? 10 ત્યારે યહોવાહે યહોશુઅને કહ્યું કે,
ઉઠ, એમ ઉંધો કેમ પડ્યો છે? 11 ઈસ્રાએલે પાપ કીધું છે, હા, તેઓએ
તો જે કરાર મેં તેઓને ફરમાવ્યો હતો તેનું ઉલ્લંઘન કીધું છે; હા, તેઓએ
તો શ્રાપિત વસ્તુઓમાંથી કંઈ લીધું છે; ને ચોરી ને જુઠાઈ પણ કીધી છે;

ને વળી તે પોતાના સામાન મધ્યે રાખ્યું છે. 12 એ કારણથી ઈસ્રાએલપુ-
ત્રો પોતાના શત્રુઓ આગળ ટકી શકતા નથી, પણ પોતાના શત્રુઓ
સામે પીઠ ફેરવે છે, કારણ કે તેઓ શ્રાપિત થયા છે; તમે તમારામાંથી
શ્રાપિત વસ્તુનો નાશ નહિ કરશો તો હું તમારી સાથે કદી રહેનાર નથી.
13 ઉઠ, લોકોને શુદ્ધ કર, ને કહે, કાલને સારૂ તમે પોતાને શુદ્ધ કરો, કા-
રણ કે ઈસ્રાએલનો દેવ યહોવાહ એમ કહે છે કે, હે ઈસ્રાએલ, તારા મધ્યે
શ્રાપિત વસ્તુઓ છે; તમે તમારામાંથી શ્રાપિત વસ્તુ કાઢી નહિ નાખશો,
ત્યાં સુધી તમે તમારા શત્રુ આગળ ઉભા રહી શકનાર નથી. 14 એ માટે
સવારે પોતપોતાના કુળ પ્રમાણે તમને રજુ કરવામાં આવશે; પછી એમ
થશે કે, જે કુળને યહોવાહ પકડશે, તે ઘરવાર આગળ આવે; પછી જે
ઘરનાંને યહોવાહ પકડશે તે પુરુષવાર આગળ આવે. 15 અને એમ થાય
કે જેની આગળ શ્રાપિત વસ્તુ મળશે તે પોતે ને તેનું સર્વસ્વ અગ્નિથી
બાળી નાખવામાં આવે; કારણ કે તેણે યહોવાહના કરારને ઉલ્લંઘ્યો છે,
ને ઈસ્રાએલમાં મૂર્ખાઈ કીધી છે. 16 આને યહોશુએ સવારે વહેલા ઉઠીને
ઈસ્રાએલને, તેઓના કુળ પ્રમાણે રજુ કીધા; ત્યારે યહુદાહના કુળ પક-
ડાયું; 17 ને તેણે યહુદાહના કુટુંબ આગળ આણ્યા, ત્યારે તેણે ઝેરાહી-
ઓનું કુટુંબ પકડ્યું; ને તેણે ઝેરહીઓનાં કુટુંબના પુરુષો એક પછી એક
રજુ કર્યો, ત્યારે ઝાબ્દી પકડાયો; 18 ને તેના ઘરનાં પુરુષો એક પછી
એક રજુ કર્યા, ત્યારે યહુદાહના કુળના ઝેરાહ્હના પુત્ર ઝાબ્દીના પુત્ર
કાર્મીનો પુત્ર આખાન પકડાયો. 19 ત્યારે યહોશુઆએ આખાનને કહ્યું,
મારા દીકરા, ઈસ્રાએલના દેવ યહોવાને મહિમા આપ, ને તેની આગળ
કબૂલ કર; ને તું શું કીધું છે તે હવે મને કહે; મારાથી ગુપ્ત રાખીશ મા.
20 અને આખાને યહોશુઆને ઉત્તર આપીને કહ્યું, ખરેખર, ઈસ્રાએલના
દેવ યહોવાની વિરુદ્ધ મેં પાપ કીધું છે; ને ફલાણું ફલાણું મેં કીધું છે.
21 લૂટ મધ્યે એક સારો શિનઆરી જામો ને બસેં શેકેલ રૂપું, ને સોનાનું
એક પાનું પચાસ શેકેલ વજનનું, એ જોઈને તેઓનો લોભ મને લાગ્યો,
ને મેં તે લીધાં; ને જુઓ, તેઓ મારા તંબુ મધ્યે ભૂમિમાં સંતાડેલા છે, ને
રૂપું તેની નીચે છે. 22 માટે યહોશુઆએ ખોપિયા મોકલ્ય, ને તેઓએ
તંબુએ દોડી ગયા; અને જુઓ, તે તંબુમાં સંતાડેલું હતું, ને રૂપું તેની ની-
ચે હતું. 23 અને તેઓએ તંબુમાંથી તે લઈને યહોશુઆની પાસે તથા સર્વ
ઈસ્રાએલપુત્રોની પાસે આણ્યા; ને તેઓને યહોવાહ આગળ મુક્યાં.
24 અને યહોશુઆએ ને તેની સાથે સર્વ ઈસ્રાએલે ઝેરેહનો પુત્ર આખાન,
ને રૂપું, ને જમો, ને સોનાનું પાનું, ને તેના દીકરા, ને તેની દીકરીઓ, ને
તેના બળદો, ને તેના ગધેડાં, ને તેના ઘેટાં ને તેનો તંબુ, ને તેનું સર્વસ્વ,
તેઓને લીધાં ને તેઓને તેઓ આખોરની ખીણમાં લઈ ગયા. 25 અને
યહોશુઆએ કહ્યું, તે હમને હેરાન કેમ કીધા છે? આજે યહોવાહ તને હે-
રાન કરશે. અને સર્વ ઈસ્રાએલે તેને પત્થર માર્યો; ને તેઓને તેઓને
અગ્નિથી બાળ્યાં અને પત્થરથી માર્યાં. 26 અને તેઓએ તેના પર પત્થર-
નો મોટો ઢગલો કીધો , તે આજ સુધી છે; ત્યારે યહોવાહ પોતાના ક્રોધ-
ના જુસ્સાથી ફર્યો. તે માટે તે ઠેકાણાંનું નામ આજ સુધી આખોર ખીણું
એવું પડ્યું.

8 અને યહોવાહે યહોશુઆને કહ્યું કે, બીશ મા, ને ગભરાઈશ મા;
તારી સાથે સર્વ લડવૈયા લોક લે, ને ઉઠીને આય જા; જો, આયનો
રાજા, ને તેના લોક, ને તેનું નગર, ને તેનો દેશ, મેં તારા હાથમાં સ્વા-
ધીન કીધાં છે; 2 ને તેં યરેખોને ને તેના રાજાને કર્યું, તેમ આયને ને તેના
રાજાને તું કરજે; પણ તેનો માલ ને તેના ઢોર તમે પોતાને સારૂ લૂટી લે-
જો; નગરની પાછળ માણસોને સંતાડી રાખજે. 3 એ માટે આય ઉપર
ચઢાઈ કરવાને યહોશુઆ સર્વ લડવૈયા લોક સુદ્ધાં ઉઠ્યો, ને યહોશુ-
આએ ત્રીસ હજાર શૂરવીર પુરુષોને ચુંટી કાઢીને તેઓને રાત્રે મોકલ્યા.
4 અને તેણે તેઓને એવી આજ્ઞા આપી કે, જુઓ, નગર લેવા સારૂ તમે
તેની પાછળ સંતાઈ રહેજો, નગરથી ઘણે દૂર જશો મા, પણ સર્વ તૈયાર
રહેજો; 5 ને હું ને મારી સાથેના સર્વ લોક નગર પાસે આવીશું; અને તેઓ
પહેલાંની પેઠે અમારી સામા બહાર ધસી આવશે, ત્યારે એમ થશે કે,
અમે તેઓની આગળથી નાસીશું; 6 અને અમારી પાછળ લાગવાને તેઓ
બહાર આવશે, અને પછી અમે તેમને નગરથી દૂર ખેંચી જઈશું; કેમકે
તેઓ કહેશે કે એઓ પહેલાંની પેઠે અમારી આગળથી નાસે છે; માટે
અને તેઓની આગળથી નાસીશું; 7 અને તમે સંતાવાની જગ્યાએથી
ઉઠીને નગરને કબજે કરજો; કેમકે તમારો દેવ યહોવાહ તમારા હાથમાં
તે આપશે 8 અને એમ થાય કે, નગર કબજો કર્યા પછી તમારે નગરને
આગ લગાડવી, યહોવાહના કર્યા પ્રમાણે તમારે કરવું; જુઓ, મેં તમને
આજ્ઞા આપી છે. 9 અને યહોશુઆએ તેઓને મોકલ્યા; અને તેઓ
સંતાઈ રહેવા સારૂ બેથેલ ને આયની વચ્ચે, આયની પશ્ચિમ ગમ, જઈને
રહ્યા; પણ યહોશુઆ લોકો મધ્યે તે રાત રહ્યો. 10 અને સવારે વહેલા
ઉઠીને યહોશુઆએ લોકોની હાજરી લીધી, ને તે ઈસ્રાએલના વડીલો સુ-
દ્ધાં લોકોને મોખરે આય ગયો. 11 અને તેની સાથે જે લડવૈયા લોક હતા,
તેઓ પણ સર્વ ચઢ્યા, ને પાસે જઈને નગર આગળ આવ્યા, અને તે-
ઓએ આયની ઉત્તર બાજુએ છાવણી કીધી; હવે તેની ને આયની વચ્ચે
ખીણ હતી. 12 અને તેણે આસરે પાંચ હજાર માણસોને લીધા, અને બે-
થેલ ને આયની વચ્ચે આયની પશ્ચિમ બાજુએ તેઓને સંતાડ્યા.
13 નગરની ઉત્તરે જે આખું સૈન્ય હતું તે, તથા તેઓમાંના સંતાઈ રહેનારા
જે નગરની પશ્ચિમે હતા તે લોકોને તેઓએ એ પ્રમાણે ગોઠવ્યા; અને
યહોશુઆ તે રાતે તે ખીણની મધ્યે ગયો. 14 અને આયના રાજાએ તે જો-
યું, ત્યારે એવું થયું કે, નગરના માણસો ઉતાવળ કરીને વહેલા ઉઠ્યા, ને
તે તથા તેના સર્વ લોકો એવું થયું કે, નગરના માણસો ઉતાવળ કરીને
વહેલા ઉઠ્યા, ને તે તથા તેના સર્વ લોકો ઈસ્રાએલ સાથે લડવાને નિમે-
લે વખતે અરાબાહ આગળ બહાર નિકળી આવ્યા; પણ નગરની પાછળ
પોતાની વિરુદ્ધ સંતાઈ રહેલા માણસો છે, એ તે જાણતો નહોતો.
15 અને યહોશુઆ તથા સર્વ ઈસ્રાએલ એઓની આગળ પરાજિત થવાનું
ડોળ દેખાડીને, રાનને માર્ગે નાઠા. 16 અને તેઓની પાછળ લાગવા સારૂ
નગરના સર્વ લોકને બોલાવી ભેગા કીધા, ને યહોશુઆની પાછળ લાગ-
તા તેઓ નગરથી દૂર ખેંચાયા. 17 એ માટે ઈસ્રાએલની પાછળ લાગ્યા
વગરનો એકે પુરૂષ આયમાં કે બેથેલમાં રહ્યો નહિ; ને નગર નિરાશ્રિત
મુકીને તેઓ ઈસ્રાએલની પાછળ લાગ્યા. 18 અને યહોવાહે યહોશુઆને
કહ્યું,તારો હાથમાંનો ભાલો આય તરફ લાંબો કર; કેમકે હું તેને તારાં હા-
થમાં આપીશ. અને યહોશુઆએ પોતાના હાથમાંનો ભાલો નગર તરફ
લાંબો કીધો. 19 અને તેણે પોતાનો હાથ લાંબો કીધો કે તરતજ સંતાઈ
રહેલા માણસો ઉતાવળથી પોતાની જગ્યાએથી ઉઠીને દોડ્યા, ને તે-
ઓએ નગરમાં જઈને તે લીધું; ને જલદીથી તેઓ નગરને આગ લગાડી.
20 અને આયના માણસોએ પોતાની પાછળ જોયું, તો જુઓ, નગરનો
ધુમાડો ગગનમાં ચઢતો હતો, ને આમ કે તેમ નાસવાને તેઓમાં શક્તિ
રહી નહિ; એટલામાં રાનની ગમ જે લોકો નાસતા હતા. તેઓ પાછા
વળીને પોતાની પાછળ લાગનારાઓ પર ધસ્યા. 21 અને સંતાએલા-
ઓએ નગર લીધું છે, ને નગરનો ધુમાડો ચઢેલો છે, એવું યહોશુઆએ ને
સર્વ ઈસ્રાએલે જોયું, ત્યારે તેઓએ પણ ફરીને આયના માણસોને કતલ
કીધા. 22 અને બીજાઓ તેઓની સામે નગરમાંથી ધસી આવ્યા; અને
તેઓ ઈસ્રાએલની વચ્ચે સપડાયા, કેટલાએક આણી ગમ ને કેટલાએક
તેણી ગમ હતા; અને તેઓએ તેઓને એવા માર્યા કે તેમાંથી તેઓએ
એકેને બચી જવા કે નાસી જવા દીધો નહિ. 23 અને તેઓએ અને તે-
ઓએ આયના રાજાને જીવતો પકડીને યહોશુઆ પાસે આણ્યો. 24 અને
રણક્ષેત્રમાં, એટલે જે અરણ્યમાં તેઓ એઓની પૂઠે લાગીને ગયા હતા,
તેમાં આયના સર્વ રહેવાસીઓનો સંહાર કરવાનું કામ ઈસ્રાએલે પુરૂં કર્યું,
અને તરવારની ધારથી કપાઈને તેઓનો લય થયો, ત્યારે એમ થયું કે,
સઘળાં ઈસ્રાએલ આયમાં પાછા આવ્યા, અણ તેને તરવારની ધારથી
માર્યું. 25 અને તે દિવસે પુરૂષો ને સ્ત્રીઓ સર્વ મળીને બાર હજાર, એટલે
આયના સર્વ માણસો પડ્યાં. 26 કેમકે યહોશુઆએ આયનો સર્વ રહેવા-
સીઓનો વિનાશ કીધો ત્યાં સુધી, જે હાથે તે ભાલો લાંબો કરી રહ્યો
હતો, તે હાથ પાછો ખેંચી લીધો નહિ. 27 કેવળ જે આજ્ઞા યહોવાહે યહો-
શુઆને ફરમાવી હતી, તે મુજબ નગરના ઢોર અને માલ ઈસ્રાએલે પો-
તાને વાસ્તે લુટી લીધાં. 28 અને યહોશુઆએ આયને બાળી નાખીને તે-
નો સદાને માટે ઢગલો કરી દીધો, એટલે આજ સુધીનું વેરાન [કીધું].
29 અને તેણે આયના રાજાને સાંજ સુધી ઝાડે ટાંગ્યો; ને સૂર્યાસ્ત થયો
ત્યારે યહોશુઆની આજ્ઞા પ્રમાણે તેઓએ તેની લોથ ઝાડ ઉપરથી
ઉતારીને નગરના દરવાજાના નાકામાં નાખી, ને તેના પર પત્થરનો મો-
ટો ઢગલો કીધો, તે આજ સુધી છે. 30 ત્યારે યહોશુઆએ એબાલ પર્વત
ઉપર ઈસ્રાએલના દેવ યહોવાહને સારૂ વેદી બાંધી; 31 યહોવાહના સેવક
મુસાએ ઈસ્રાએલપુત્રોને જે આજ્ઞા આપી હતી, અને મુસાના નિયમશા-

સ્ત્ર પુસ્તકમાં જેમ લખેલું છે, તે પ્રમાણે વેદી અખંડિત પત્થર, જેનાં પર
કોઇ માણસે લોઢું કદી ઉગામ્યું નહોતું, એવી હતી; અને તેઓએ તેના
પર યહોવાહને સારૂ દહનીયાર્પણ કીધાં, શાંત્યર્પણા યજ્ઞ કીધાં. 32 અને
ત્યાં તેણે તે પત્થરો ઉપર મુસાના નિયમશાસ્ત્રની પ્રત લખી; અને
ઇસ્રાએલપુત્રીની સમક્ષ તેણે તે લખી. 33 અને સર્વ ઇસ્રાએલ, ને તેઓ-
ના વડીલો તથા અધિકારીઓ, ને તેઓના ન્યાયધીશો, એતદ્દશી તેમજ
પરદેશી પણ, યહોવાહના કરારકોષને ઉંચકનારા લેવી યાજકોની
આગળ, કોષની આણી ગમ ને પેલી ગમ ઉભા રહ્યા; તેઓમાંના અર્ધા
ગરીઝીમ પર્વતની સામે અને અર્ધા એબાલ પર્વતની સામે, યહોવાહના
સેવક મુસાએ પહેલવહેલાં ઇસ્રાએલ લોકોને આશીર્વાદ આપવા વિષે
તેઓને આજ્ઞા આપી હતી તે પ્રમાણે, ઉભા રહ્યા. 34 અને ત્યાર પછી તે-
ણે નિયમશાસ્ત્રના સર્વ વચનો, એટલે આશીર્વાદ અને શ્રાપવચન, નિ-
યમશાસ્ત્રના પુસ્તકમાં લખેલાં છે, તે પ્રમાણે સઘળાં વાંચી સંભળાવ્યા.
35 મુસાએ જે સઘળી આજ્ઞા આપી હતી તે યહોશુઆએ ઇસ્રાએલની
આખી સભા આગળ, તથા સ્ત્રીઓ તથા બાળકો તથા જે પરદેશોઓ તે-
ઓની સાથે વ્યવહાર રાખતા હતા તેઓની આગળ, એક પણ શબ્દ બા-
કી રાખ્યા વિના વાંચી સંભળાવી.

9 અને યરદન પારના સઘળા રાજાઓ, જે પહાડી મુલકમાં, તથા
નીચપ્રદેશમાં, તથા મહાસમુદ્રના લબાનોનની સામેના આખા
કાંઠા ઉપર રહેતો હતા, એટલે હિત્તીઓએ તથા અમોરીઓએ તથા કના-
નીઓએ તથા પરીઝઝીઓએ, તથા હિવ્વીઓએ તથા યબૂસીઓએ
જયારે તે સાંભળ્યું, ત્યારે એમ થયું કે, 2 તેઓ એક સંપે યહોશુઆ સામે
ને ઇસ્રાએલીઓ સામે યુદ્ધ કરવાને ભેગા થયા. 3 પણ યહોશુઆએ યેરે-
ખોને તથા આયને જે કીધું હતું, તે ગિબઓનના રહેવાસીઓએ સાંભ-
ળ્યું, 4 ત્યારે તેઓએ પણ કપટ કીધું, ને તેઓએ એલચીઓનો વેશ
ધરીને પોતાનાં ગધેડાપર જુની ગુણપાટો, ને દ્રાક્ષરસની જુની ને ફાટેલી
ને થિગડાં મારેલી મસકો; 5 ને પોતાના પગોમાં જૂનાં ને થિગડાં મારેલાં
ખાસડાં, ને પોતાના અંગ પર જૂનાં વસ્ત્રો લીધાં; ને તેઓના ભાથાની
બધી રોટલી સુકાઇને કુગાઇ ગએલી હતી. 6 અને તેઓ ગિલ્ગાલ આગ-
ળની છાવણીમાં યહોશુઆ પાસે ગયા, ને તેઓએ તેને તથા ઇસ્રાએલ-
ના માણસોને કહ્યું કે, અમે એક દૂર દેશથી આવ્યા છીએ, એ માટે હવે
તમે અમારી સાથે કોલકરાર કરો. 7 અને ઇસ્રાએલના માણસોએ હિવ્વી-
ઓને કહ્યું, કદાપિ તમે અમારામાં રહેતા હશો, તો અમે તમારી સાથે કો-
લકરાર શી રીતે કરીએ. 8 ને તેઓએ યહોશુઆને કહ્યું, અમે તારા દાસ
છીએ. અને યહોશુઆએ તેઓને કહ્યું, તમે કોણ છો ને ક્યાંથી આવ્યા
છો? 9 ને તેઓએ તેને કહ્યું, તારા દેવ યહોવાહના નામને સારૂ અમે તારા
દાસો એક ઘણા દૂર દેશથી આવ્યા છીએ; કેમકે તેની કીર્તિ, ને તેણે મિ-
સરમાં જે સર્વ કીધું, તે અમે સાંભળ્યું છે. 10 અને યરદન પારના અમોરી-
ઓના બે રાજા, એટલે હેશ્બોનનો રાજા સીહોન, ને અશ્તારોથમાં રહેનાર
બાશાનનો રાજા ઓગ, તેઓને તેણે જે સર્વ કીધા [તે પણ અમે સાંભ-
ળ્યું છે]. 11 એ માટે અમારા વડીલો તથા અમારા દેશના રહેવાસીઓ
અમને એમ કહ્યું કે, વાટને સારૂ ખાવાનું તમારા હાથમાં લઈને, તેઓને
મળવાને જાઓ, ને તેઓને કહો, અમે તમારા દાસ છીએ; ને હવે તમે
અમારી સાથે કોલકરાર કરો. 12 અમે તમારી પાસે આવવાને નિકળ્યા તે
દિવસે પણ જુઓ,રોટલી અમારાભાથાને સારૂ અમે અમારા ઘરમાંથી
ઉન્હી લીધી હતી. પણ જુઓ, હવે તે સુકાઇને કુગાઇ ગઇ છે; 13 ને દ્રાક્ષ-
રસની આ મસકો અમે ભરી હતી તેઓ નવી હતી; પણ જુઓ, હવે તેઓ
ફાટી ગઇ છે; ને આ અમારા વસ્ત્રો ને અમારા ખાસડાં ઘણી લાંબી મુ-
સાફરીથી જૂનાં થયા છે. 14 અને ઇસ્રાએલ પુત્રોએ તેઓના ભાથામાંથી
લીધું, ને યહોવાહના મુખથી સલાહ લીધી નહિ. 15 અને યહોશુઆએ તે-
ઓની સાથે સલાહ કીધી, ને તેઓને જીવતા રહેવા દેવા અને શાંતિના
કરારકોષ તેઓની સાથે કીધો, ને જમાતના આગેવાનોએ પણ એઓની
આગળ વચન આપીને મંજૂરી કરી. 16 અને તેઓની સાથે તેઓએ કરાર
કીધો ત્યાર પછી ત્રણ દિવસને થઇ ગયા કે, તેઓ અમારા પડોશી, ને
અમારા મધ્યે રહેનારા છે, એવું તેઓએ સાંભળ્યું. 17 અને ઇસ્રાએલપુત્રો
ચાલી નિકળીને ત્રીજે દિવસે તેઓના નગરોમાં પહોંચ્યા; હવે તેઓનાં
નગરો તો ગિબઓન ને કફીરાહ બે બએરોથ ને કીર્યાથ-યઆરીમ હતાં.
18 અને ઇસ્રાએલપુત્રોએ તેઓને માર્યા નહિ; કેમકે જમાતના આગેવાનો
ઇસ્રાએલના દેવ યહોવાહના સમ તેઓની આગળ ખાધા હતાં; અને
આખી જમાતે આગેવાનોની વિરુદ્ધ કચકચ કીધી. 19 અને સર્વ આગે-
વાનોએ આખી જમાતને કહ્યું, અમે ઇસ્રાએલના દેવ યહોવાહના સમ
તેઓની આગળ ખાધા છે. માટે અમારાથી તેઓને ન અડકાય. 20 તેઓ-
ને આ પ્રમાણે કરીને અમે જીવવા દઇશું, નહિ તો જે સમ તેઓની
આગળ અમે ખાધા, તેના કારણથી અમારા ઉપર કોપ આવે. 21 અંને
આગેવાનોએ તેઓને કહ્યું, તેઓને જીવવા ડો, પણ એ સરતે કે, તેઓ
આખી જમાતને સારૂ લાકડાં કાપનારા ને પાણી ભરનારા થાય, જેમ
આગેવાનોએ તેઓને કહ્યું હતું તેમ. 22 અને યહોશુઆએ તેઓને બોલા-
વીને એમ કહ્યું કે, તમે અમારામાં રહો છો મ છતાં તમે અમને એમ કહી-
ને કેમ ઠગ્યા, કે અમે તમારાથી ઘણો દૂરનો છીએ? 23 તો હવે તમે શ્રા-
પિત થયાં છો, ને તમારામાંનો કોઇ દાસ થયા વગર, એટલે કે મારા દેવ-
ના ઘરમાં લાકડાં કાપનાર તેમજ પાણી ભરનાર થયા વગર, રહેશે નહિ.
24 અને તેઓએ યહોશુઆને ઉત્તર આપીને કહ્યું, અમે અમારા જીવ વિષે
તમારાથી ભયભીત થઈને આ કામ કર્યું છે; કેમકે સઘળો દેશ તમને
આપવાની તથા તમારી આગળથી દેશના સર્વ રહેવાસીઓનો વિનાશ
કરવાની જે આજ્ઞા તમારા દેવ યહોવાહે પોતાના સેવક મુસાને આપી
હતી, તે ખચિત તારા દાસોના સાંભળવામાં આવી હતી. 25 અને હવે,
જો, અમે તારા હાથમાં છીએ; જે કરવાનું તને સારૂ તથા વાજબી લાગે તે
અમને કર. 26 તેથી તેઓને તેજ પ્રમાણે કરીને તેણે તેઓને ઇસ્રાએલપુ-
ત્રોના હાથમાંથી છોડાવ્યા, ને તેઓએ તેઓને માર્યા નહિ. 27 અને યહો-
શુઆએ તેઓને, તે દિવસે, જમાતને સારૂ તથા જે જગ્યા તેઓ પસંદ કરે
ત્યાં, યહોવાહની વેદીને સારૂ લાકડાં ફાડનારા તથા પાણી ભરનારા
ઠરાવ્યા હતા; તે આજ સુધી [તેમજ છે].

10 હવે એમ થયું કે, યરૂશાલેમના રાજા અદોની-સેદેક સાંભળ્યું કે,
યહોશુઆએ આય લઈને તેનો વિનાશ કીધો છે; અને જેમ યેરે-
ખોને ને તેના રાજાને કીધું હતું, તેમ આયને ને તેના રાજાને કીધું છે;
અને ગિબઓનના રહેવાસીઓએ ઇસ્રાએલની સાથે સલાહ કીધી છે, ને
તેઓ તેઓ મધ્યે રહે છે. 2 ત્યારે તેઓ ઘણા બીધા, કેમકે ગિબઓન રા-
જકીય નગર જેવું મોટું નગર ને આય કરતાં મોટું હતું, ને તેના સર્વ માણ-
સો બળવંત હતા. 3 અને યરૂશાલેમના રાજા અદોની-સેદેક હેબ્રોનના રા-
જા હોહામને, તથા યામૂર્થના રાજા પિરઆમને તથા લાખીશના રાજા યા-
ફીઆને, તથા એગ્લોનના રાજા દબીરને સંદેશ મોકલ્યો કે, 4 મારી પાસે
આવો, ને મને સહાય કરો, અને આપણે ગિબઓન પર આક્રમણ
કરીએ; કેમકે તેણે યહોશુઆ સાથે ને ઇસ્રાએલપુત્રોની સાથે કરાર કર્યો
હતો. 5 માટે યરૂશાલેમનો રાજા, હેબ્રોનનો રાજા, યામૂર્થનો રાજા, લા-
ખીશ નો રાજા અને એગ્લોનનો રાજા, એ અમોરીઓના પાંચ રાજા એક-
ઠા મળ્યા ને તેઓની સામે ચઢાઈ કીધી. ચઢાઈ કરીને તેઓએ ગિબઓ-
નની સામે છાવણી કીધી, 6 અને ગિબઓનના માણસોએ ગીલ્ગાલની
છાવણીમાં યહોશુઆને સંદેશ મોકલ્યો કે, તું પોતાના દાસોને મદદ કર-
વામાં તારા હાથ લાંબો કર અને અમારી પાસે વહેલો આવ, ને અમને
બચાવ, ને અમારી સહાય કર; કેમકે પહાડી મુલકમાં રહેનારા અમોરી-
ઓના સર્વ રાજા એકઠા થઈને અમારા પર ચઢી આવ્યા છે. 7 તેથી યહો-
શુઆ પોતાની સાથે સર્વ લડવૈયા તથા સર્વ શૂરવીર પુરુષોને લઈને
ગિલ્ગાલમાંથી ચઢી ગયો. 8 અને યહોવાહે યહોશુઆને કહ્યું, તેઓથી
બીશ મા, કેમકે મેં તેઓને તારા હાથમાં આપ્યા છે; તેઓમાંનો કોઇ પુ-
રૂષ તારી આગળ ટકનાર નથી. 9 માટે યહોશુઆ ગિલ્ગાલથી આખી
રાત ચાલીને ઓચિંતો તેઓ પર આવી પડ્યો. 10 અને યહોવાહે ઇસ્રાએ-
લની આગળ તેઓને હરાવ્યા, ને તેણે તેઓને ગિબઓન આગળ મારી-
ને તેઓનો મોટો સંહાર કીધો, અને બેથ-હોરોન ઘાટના રસ્તામાં તેઓએ
તેઓની પાછળ લાગીને અઝેકાહ સુધી ને માક્કેદાહ સુધી તેઓને મા-
ર્યા. 11 અને તેઓ ઇસ્રાએલની આગળથી નાસતાં બેથ-હોરોનના ઢો-
ળાવ પર આવ્યા, ત્યારે એમ થયું કે, અઝેકાહ સુધી યહોવાહે તેઓ ઉપર
આકાશમાંથી મોટા પત્થર ફેંક્યા, ને તેઓ માર્યા ગયા; જેઓને ઇસ્રાએ-
લપુત્રોએ તરવારથી મારેલાં હતા, તેમના કરતાં જેઓ કરાંથી માર્યા ગયા
તેઓ વધારે હતા. 12 તે સમયે, એટલે યહોવાહી અમોરીઓને ઇસ્રાએલ-
પુત્રોની આગળ સ્વાધીન કીધા તે દિવસે, યહોશુઆ યહોવાહ આગળ
બોલ્યો; ને ઇસ્રાએલના દેખતાં તે બોલ્યો કે, સૂર્ય, ગિબઓન ઉપર તું

સ્થિર રહે; ચંદ્ર, આયાલોનની ખીણ ઉપર તું સ્થિર રહે. 13 અને લોકોએ
પોતાના શત્રુ ઉપર વેર વાળ્યું ત્યાં સુધી સૂર્ય સ્થિર રહ્યો ને ચંદ્ર થંભ્યો.
એ યાશારના પુસ્તકમાં લખ્યું નથી શું? ને આકાશની મધ્યે સૂર્ય થોભ્યો
અને આસરે એક આખા દિવસ સુધી તેણે આથમવાની ઉતાવળન ન
કીધી. 14 તે દિવસના જેવો એક પણ દિવસ તેની પાછળ કે તેની
આગળ થયો નથી, કે [જે દિવસે] યહોવાહે માણસની વાણી સાંભળી
હોય; કેમકે ઇસ્રાએલને સારૂ યહોવાહ લડ્યો. 15 અને યહોશુઆએ ને તે-
ની સાથે સર્વ ઇસ્રાએલ ગિલ્ગાલની છાવણીમાં પાછા આવ્યા. 16 અને
તે પાંચ રાજાઓ નાસીને માક્કેદાહની ગુફામાં સંતાયા. 17 અને યહોશુ-
આને કોઇએ કહ્યું કે, તે પાંચ રાજાઓ માક્કેદાહની ગુફામાં સંતાએલા
મળ્યા છે. 18 અને યહોશુઆએ કહ્યું ગુફાના મ્હો પર મોટા પત્થરો ગબ-
ડાવીને નાખો, ને એની પાસે તેઓની ચોક્કી કરવાને માણસોને રાખો;
19 પણ તમે થોભશો મા; પોતાના શત્રુઓની પાછળ લાગીને તેઓમાંથી
સૌથી પાછળનાઓને મારો, તેઓના નગરોમાં તેઓને પેસવા દેશો મા,
કેમકે તમારા દેવ યહોવાહે તેઓને તમારા હાથમાં આપ્યાં છે. 20 અને
જયારે યહોશુઆ તથા ઇસ્રાએલપુત્રો તેઓનો વિનાશ થયો ત્યાં સુધી
મોટી કતલથી તેઓનો સંહાર કરી રહ્યા, અને તેઓમાંના બાકીના બચી
ગએલા કોટવાળાં નગરોમાં પેસી ગયા,, ત્યારે એમ થયું કે, 21 સર્વ લોક
માક્કેદાહની છાવણીમાં યોહોશુઆ પાસે સહીસલામત પાછા આવ્યા;
ઇસ્રાએલપુત્રોમાંના કોઇની વિરુદ્ધ કોઇએ પોતાની જીભ હલાવી નહિ.
22 ત્યારે યહોશુઆએ કહ્યું, ગુફાનું મ્હો ઉઘાડીને તે પાંચ રાજાને ગુફા-
માંથી મારી પાસે કાઢી લાવો. 23 અને તેઓએ તેમ કીધું, ને યરૂશાલેમના
રાજાને, હેબ્રોનના રાજાને, યામૂર્થના રાજાને, લાખીશના રાજાને, એગ્લો-
નના રાજાને, એ પાંચ રાજાઓને તેઓ ગુફામાંથી તેની પાસે કાઢી લા-
વ્યા. 24 અને તે રાજાઓને યહોશુઆ પાસે તેઓ લાવ્યા, ત્યારે એમ થયું
કે, યહોશુઆએ ઇસ્રાએલના સર્વ માણસોને બોલાવ્યા, અને લડવૈયા
માણસોના સરદારો જેઓ તેની સાથે ગયા હતા, તેઓને કહ્યું કે, પાસે
આવીને તમારા પગ આ રાજાઓની ગરદનો પર મુકો, ને તેઓએ પાસે
આવીને પોતાના પગ તેઓની ગરદનો પર મુક્યા. 25 અને યહોશુઆએ
તેઓને કહ્યું, બીહો મા, તથા ગભરાઓ મા; બળવાન થાઓ ને હિમ્મત
રાખો; કેમકે તમારા જે શત્રુઓ સાથેહે તમે લડશો તે સર્વને યહોવાહ
એમજ કરશે. 26 અને ત્યાર પછી યહોશુઆએ તેઓને મારીને ઠાર કર્યા;
ને તેઓને પાંચ ઝાડ પર ટાંગ્યા; ને સાંજ સુધી તેઓ ઝાડ પર ટંગાએલા
રહ્યા. 27 અને સૂર્યાસ્ત થવાને સમયે એમ થયું કે, યહોશુઆએ આજ્ઞા
આપી, તે મુજબ તેઓએ તેઓને ઝાડ ઉપરથી ઉતારીને, જે ગુફામાં
તેઓ સંતાયા હતા, તેમાં તેઓને નાખ્યા, ને ગુફાના મ્હો પર મોટો
પત્થરો મુક્યા, તે આજ સુધી છે. 28 અને તે દિવસે યહોશુઆએ માક્કે-
દાહ લીધું, ને તેને તથા તેના રાજાને તરવારની ધારથી માર્યાં; તેણે તે-
ઓનો તથા તેમાંના સર્વ પ્રાણીઓનો પૂરો વિનાશ કીધો, તેણે એકને
જીવતું મુક્યું નહિ; ને જેમ તેણે યેરેખોના રાજાને કીધું હતું, તેમ તેણે મા-
ક્કેદાહના રાજાને કીધું. 29 અને યહોશુઆ તથા તેની સાથે સર્વ ઇસ્રા-
એલ માક્કેદાહથી લિબ્નાહમાં ગયા, ને લિબ્નાહની સામે લડાઇ કીધી;
30 ને યહોવાહે તેને ને તેના રાજાને પણ ઇસ્રાએલના હાથના આપ્યાં;ને
તેણે તેને ને તેમાંના સર્વ પ્રાણીઓને તરવારની ધારથી માર્યા; તેમાંના
એકેને તેણે જીવતું મુક્યું નહિ; અને જેમ તેણે યેરેખોના રાજાને કીધું
હતું, તેમ તેને તેના રાજાને કીધું. 31 અને યહોશુઆ ને તેની સાથે સર્વ
ઇસ્રાએલ લિબ્નાહથી લાખીશમાં ગયા,અંને તેની સામે છાવણી કરીને
તેની સામે લડાઇ કીધી; 32 ને યહોવાહે લાખીશ ઇસ્રાએલના હાથમાં
સોંપ્યું, ને બીજે દિવસે તેણે તે લીધું, ને જે બધું તેણે લિબ્નાહને કીધું
હતું, તે પ્રમાણે તેણે તેને તથા તેમાંના સર્વ પ્રાણીઓ તરવારની ધારથી
માર્યા. 33 ત્યારે ગેઝેરનો રાજા હોરામ લાખીશની સહાય કરવાને ચઢી
આવ્યો; અને યહોશુઆએ તેને ને તેના લોકોને એટલે સુધી માર્યા, કે તે-
ના કોઇને તેણે જીવતું મુક્યું નહિ. 34 અને યહોશુઆ ને તેની સાથે સર્વ
ઇસ્રાએલીઓ લાખીશથી એગ્લોન ગયા; ને તેઓએ તેની સામે છાવણી
કરીને તેની સામે લડાઇ કીધી; 35 ને તેજ દિવસે તેઓએ તે લીધું, ને તેને
તરવારની ધારથી માર્યું, ને તેણે લાખીશને કીધું હતું, તે પ્રમાણે તેમાંના
સર્વ પ્રાણીઓ તેજ દિવસે તેણે વિનાશ કીધો. 36 અને યહોશુઆ ને તે-
ની સાથે સર્વ ઇસ્રાએલ એગ્લોન છોડીને હેબ્રોનમાં આવ્યા; ને તેઓએ
તેની સામે લડાઇ કીધી; 37 ને તેઓએ તે લીધું, ને તેણે તથા તેના રાજા-
ને તથા તેના સર્વ નગરોને તથા તેમાંના સર્વ પ્રાણીઓને તરવારની ધા-
રથી માર્યા; જે સઘળું તેણે એગ્લોનને કીધું હતું તે પ્રમાણે તેણે કોઇને
જીવતું રહેવા દીધું નહિ; પણ તેણે તેનો તથા તેમાંનો સર્વ પ્રાણીઓ પુ-
રો નાશ કીધો. 38 અને યહોશુઆ તથા તેની સાથે સર્વ ઇસ્રાએલ પાછા
વળીને દબીરમાં આવ્યા, ને તેની સામે લડાઇ કીધી. 39 ને તેણે તેને, ને
તેના રાજાને, ને તેના સર્વ નગરોને લીધાં, ને તેઓએ તેઓને તરવારની
ધારથી માર્યાં, ને તેમાંના સર્વ પ્રાણીનો પુરો નાશ કીધો; તેણે કોઇને
જીવતું મુક્યું નહિ; જેમ હેબ્રોનને તેણે કીધું હતું, વળી જેમ તેણે લિબ્ના-
હને ને તેના રાજાને કીધું હતું, તેમ તેણે દબીરને ને તેના રાજાને કીધું.
40 એમ યહોશુઆએ સઘળા દેશને, એટલે મુલકને તથા નેગેબને, તથા
નીચ પ્રદેશને, તથા ઢોળાવને તથા તેઓના સર્વ રાજાઓને માર્યા; તેણે
કોઇને જીવતું રહેવા દીધું નહિ; પણ જેમ ઇસ્રાએલના દેવ યહોવાહે
આજ્ઞા અઆપી હતી, તેમ સર્વ શ્વાસોચ્છવાસ લેનારનો પુરો વિનાશ
કીધો. 41 અને કાદેશ-બાર્નેઆથી ઝાઝાહ સુધી તેઓને, તથા ગિ-
બઓન સુધી ગોશેનના આખા દેશને, યહોશુઆએ માર્યા. 42 અને એ
સર્વ રાજાઓને, ને એઓના દેશને યહોશુઆએ એકજ વેળાએ કબજે કી-
ધા, કેમકે ઇસ્રાએલનો દેવ યહોવાહ ઇસ્રાએલ સારૂ લડતો હતો. 43 અને
યહોશુઆ ને તેની સાથે સર્વ ઇસ્રાએલ ગિલ્ગાલની છાવણીનમાં પાછા
આવ્યા.

11 અને હાસોરના રાજા યાબીને એ વિષે સાંભળ્યું, ત્યારે એમ થયું
કે, તેણે માદોનના રાજા યોબાબને, તથા શિમ્રોનના રાજાને,
તાતા આખ્શાફના રાજાને, 2 અને ઉત્તરમાં પહાડી મુલકમાં, તથા કીન્ને-
રોથની દક્ષિણે આરાબાહમાં, તથા નીચ પ્રદેશમાં, અને પશ્ચિમે દોરના
પર્વતોમાં, જે રાજાઓ હતા તેઓને, 3 અને પૂર્વ તથા પશ્ચિમના કનાની-
ઓને, તથા અમોરીઓને, તથા હિત્તીઓને, તથા પરીઝ્ઝીઓને, તથા
પહાડી મુલકમાંના યબુસીઓને, તથા મિસ્પાહના પ્રાંતમાં હેર્મોનની
તળેટીના હિવ્વીઓને કહેવાડી મોકલ્યું. 4 અને તેઓ તથા તેઓની સા-
થે તેઓનું સર્વ સૈન્ય, એટલે સંખ્યામાં જાણે કે સમુદ્ર કાંઠા પરની રેતી-
ની માફક ઘણા લોક, બહુ ઘોડા ને રથો સહિત નીકળ્યાં. 5 અને એ સર્વ
રાજાઓ એકઠા થયાં, ને તેઓએ આવીને ઇસ્રાએલ સામે લડવાને મે-
રોમ સરોવર પાસે એકત્ર છાવણી કીધી. 6 એ યહોવાહે યહોશુઆને કહ્યું,
તેઓથી બી મા, કેમકે કાલે આ વખતે હું ઇસ્રાએલની આગળ તેઓ
સર્વને મુએલાં સોંપીશ; તારે તેઓને ઘોડાઓની જાંગની નસો કાપવી,
ને તેઓના રથ અગ્નિથી બાળવા. 7 તેથી યહોશુઆ ને તેની સાથે સર્વ
યુદ્ધ કરનારા લોક મેરોમ સરોવર પાસે તેઓ પર ઓચિંતા આવીને તુટી
પડ્યા. 8 અને યહોવાહે તેઓને ઇસ્રાએલના હાથમાં આપ્યાં, ને તેઓએ
તેઓને માર્યા; ને મોટા સીદોન સુધી ને મિસ્રફોથમાઇમ સુધી, ને પૂર્વ-
ગમ મિસ્પેહની ખીણ સુધી તેઓને નસાડ્યા, ને તેઓએ તેઓને એટલે
સુધી માર્યા કે તેઓમાંના એકને પણ જીવતો રહેવા દીધો નહિ. 9 અને
યહોવાહે યહોશુઆને કહ્યું હતું, તેમ તેણે તેઓને કીધું; તેણે તેઓના
ઘોડાઓની જાંગની નસો કાપી, ને તેઓનો રથ આગ્નિથી બાળ્યા.
10 અને તે વેળાએ યહોશુઆએ પાછા વળીને હાસોર લીધું ને તેના રાજા-
ને તરવારથી માર્યો; કેમકે અગાઉ હાસોર તે સર્વ રાજ્યોનું મુખ્ય હતું.
11 અને તેઓએ તેમાંના સર્વ પ્રાણીઓને જીવતા મુક્યું નહિ; ને તેણે હા-
સોર અગ્નિથી બાળ્યું. 12 અને યહોશુઆએ તે રાજાઓનાં સર્વ નગરોને
તથા તેઓના સર્વ રાજાઓને કબજે કીધાં, ને જમ યહોવાહના સેવક મુ-
સાએ આજ્ઞા આપી હતી તેમ તેને તેઓને તરવારની ધારથી મારીને તે-
ઓનો વિનાશ કીધો; 13 પણ જે નગરો તેઓની ટેકરી ઉપર હતાં, તેઓ-
માંથી હાસોર શિવાય એકે ઇસ્રાએલે બાળ્યું નહિ, પણ હાસોરને યહોશુ-
આએ બાળી નાખ્યું. 14 અને તે નગરોમાંની સર્વ માલમિલકત ને ઢોર-
ઢાંક ઇસ્રાએલપુત્રોએ પોતાને વાસ્તે લૂટી લીધા; પણ તેઓએ સર્વ મા-
ણસોનો નાશ થતાં સુધી તેઓને તરવારની ધારથી માર્યા, અને તેઓએ
કોઇ શ્વાસોચ્છવાસ લેનાર માણસને જીવતું દીધું નહિ. 15 જેમ યહોવાહે
પોતાના સેવક મુસાને આજ્ઞા આપી હતી, તેમ મુસાએ યહોશુઆને
આજ્ઞા આપી હતી; ને તે પ્રમાણે યહોશુઆએ કીધું; યહોવાહે મુસાને જે
આજ્ઞા આપી હતી, તે સઘળીમાંની તેણે એક પણ અમલમાં આણ્યા
વગર રહેવા દીધી નહિ. 16 એ પ્રમાણે યહોશુઆએ તે સર્વ દેશ લીધો,

એટલે પહાડી મુલક, ને આંખો નેગેબ, ને આંખો ગોશેન દેશ, ને નીચ પ્ર-
દેશ, ને આરાબાહ, ને ઈસ્રાએલનો પહાડી મુલક, ને તેનાજ તાંબાનો
નીચ પ્રદેશ; 17 એટલે સેઈર પાસેના હાલાક પર્વતથી તે હેર્મોન પર્વતની
તળેટીમાંના લબાનોનની ખીણમાં આવેલા બઆલગાદ સુધીનો [દેશ
લીધો]; ને તેઓના સર્વ રાજાઓને પકડીને તેઓને માર્યા, ને તેઓના
પ્રાણ લીધા. 18 તે સર્વ રાજાઓ સાથે યહોશુઆએ ઘણા વખત સુધી
લડાઇ કીધી. 19 ગિબઓનમાં રહેનારા હિવ્વીઓ શિવાય જેણે ઈસ્રાએ-
લપુત્રો સાથ સલાહ કીધી તેવું એક પણ નગર ન હતું; બીજા સઘળાં તે-
ઓએ લડાઇમાં લીધા. 20 કેમકે યહોવાહે તેઓના મન હઠીલાં કીધાં
હતા એ સારૂ કે તેઓ ઈસ્રાએલની સાથે લડવાને આવે, કે તે તેઓનો પુ-
રો વિનાશ કરાવે, ને તેઓ કંઈ કૃપા ન પામે, પણ જેમ યહોવાહે મુસાને
અજ્ઞા આપી હતી તેમ તે તેઓનો વિનાશ કરે.. 21 અને તે વેળાએ યહો-
શુઆએ જઈને પહાડી મુલકમાંના, હેબ્રોનમાંના, દબીરમાંના, અનાબ-
માંના, ને યહુદાહના, આખા પહાડી મુલકમાંના, ને ઈસ્રાએલના અખા
પહાડી મુલકમાંના અનાકીઓનો સંહાર કીધો; યહોશુઆએ તેઓનો
તથા તેઓનાં નગરોનો પુરો વિનાશ કીધો. 22 ઈસ્રાએલપુત્રોના દેશમાં
એકે અનાકીને રહેવા દીધો નહિ; માત્ર ગાઝ્ઝાહ, ગાથ ને અશ્દોદમાંજ
કેટલાક રહ્યા. 23 યહોવાહે મુસાને જે સર્વ કહ્યું હતું તે પ્રમાણે યહોશુ-
આએ આંખો દેશ લીધો; ને યહોશુઆએ તે દેશ ઈસ્રાએલને તેઓનાં કુ-
ળો પ્રમાણે હિસ્સા પાડીને વતનને સારૂ વહેંચી આપ્યો અને દેશને
લડાઈમાં આરામ મળ્યો.

12 હવે દેશના જે રાજાને ઈસ્રાએલપુત્રોએ મારીને તેઓનો દેશ,
એટલે યરદનની પેલે પાર, સૂર્યોદય તરફ, આર્નોનની ખીણમાં
હેર્મોન પર્વત સુધીનો! [દેશ] તથા પૂર્વ તરફનો સઘળો આરાબાહ, લઈ
લીધો, તેઓ આ હતા; 2 એટલે અમોરીઓના રાજા સિહોન કે જે હેશ્બો-
નમાં રહેતો હતો, અને જેનો અમલઅર્નોન ખીણની કોર પર આવેલા
અરોએરથી, તથા ખીણની મધ્યેના શેહેર તથા અર્ધો ગિલઆદથી માંડી-
ને, તે આમ્મોનપુત્રોની સરહદ ઉપરની યાબ્બોક નદી સુધી; 3 અને પૂર્વ
ગમ કિન્નેરોથ સમુદ્ર સુધી, આરાબાહ પ્રદેશ, તથા પૂર્વ તરફ આરાબાહ-
ના સમુદ્ર સુધી, એટલે ખારા સમુદ્ર સુધી, બેથ-યશીમોથને રસ્તે, અને
દક્ષિણે પિસ્ગાહના ઢોળાવની તળેટી સુધી હતો; 4 ને રફાઈઓના કુળ-
માંના બાકી રહેલામાંનો બાશાનનો રાજા ઓગ, કે જે આશ્તારોથ તથા
એડ્રેઈમાં રહેતો હતો, 5 હેર્મોન પર્વત ઉપર ને સાલખાહ ઉપર ને આખા
બાશાન ઉપર, એટલે હેશ્બોનના રાજા સીહોનની હદ સુધી, રાજ્ય કરતો
હતો તેની સરહદ સુધી [દેશ કબજે થયો]. 6 યહોવાહના સેવક મુસાએ
ને ઈસ્રાએલપુત્રોએ તેઓને માર્યા; ને યહોવાહના સેવક મુસાએ રેઉબે-
નીઓને ને ગાદીઓને ને મનાશ્શેહના અર્ધકુળને તે દેશ વતનમાં
આપ્યો. 7 અને યહોશુઆએ તથા ઈસ્રાએલપુત્રોએ દશના જે રાજાઓને
માર્યા તેઓ આ હતા. [તેઓનો દેશ] યરદન પાર, પશ્ચિમ તરફ, લબાનો-
નની ખીણમાંના બઆલગાદથી માંડીને સેઈર પાસે હાલાક પર્વત સુધી
હતો; ને યહોશુઆએ તે ઈસ્રાએલના કુળોને તેઓના હિસ્સા પ્રમાણે
વતનમાં આપ્યો; 8 એટલે પહાડી મુલકમાં, ને નીચ પ્રદેશમાં, અરાબાહ-
માં, ને ઢોળાવના પ્રદેશમાં, ને અરણ્યમાં, ને નેગેબમાં; હિત્તિઓ, અમો-
રીએ, નને કનાનીઓ, પરીઝ્ઝીઓ, હિવ્વીઓ, ને યબૂસીઓ; 9 યેરેખો-
નો રાજા એક; બેથેલની પાસેના આયનો રાજા એક; 10 યારૂશાલેમનો
રાજા એક; હેબ્રોનનો રાજા એક; 11 યાર્મૂથનો રાજા એક; લાખીશનો રાજા
એક; 12 એગ્લોનનો રાજા એક; ગેઝેરનો રાજ એજ; 13 દબીરનો રાજા
એક; ગેદેરનો રાજા એ; 14 હોર્માહનો રાજા એક; આરાદનો રાજા એક;
15 લીબ્નાહનો રાજા એક; અદુલ્લામનો રાજા એક; 16 માક્કેદાહનો રાજા
એક; બેથેલનો રાજા એક; 17 તાપ્પૂઆહનો રાજા એક; હેફેરનો રાજા
એક; 18 અફેકનો રાજા એક; લશ્શારોનનો રાજા એક; 19 માદોનનો રાજા
એક; હાસોરનો રાજા એક; 20 શિમ્રોન-મરોનનો રાજા એક; આખ્શાફનો
રાજા એક; 21 તાઅનાખનો રાજા એક; મગિદ્દોનો રાજા એક; 22 કેદેશનો
રાજા એક; કાર્મેલમાંના યોક્નઆમનો રાજા એક; 23 દોરના પર્વત ઉપર-
નો દોરનો રાજા એક; ગિલ્ગાલમાંના ગોઈમનો રાજા એક; 24 તિર્સાહનો
રાજા એક; સર્વ મળીને એકત્રીસ રાજા હતા.

13 અને યહોશુઆ ઘરડો ને વર્ષે વૃદ્ધ થયો, ને યહોવાહે તેને કહ્યું
કે, તું ઘરડો ને વર્ષે વૃદ્ધ થયો છે, તો પણ વતન કરી લેવાની ભૂ-
મિ હજી બહુ રહી છે. 2 જે ભૂમિ હજી રહી છે, તે આ છે, એટલે પલિસ્તી-
ઓનો સર્વ પ્રદેશ, ને સર્વ ગશૂરી; 3 મિસરની પૂર્વ ગમ શીહોરથી તે ઉત્ત-
રમાં એક્રોનની હદ sudhi [જે ભૂમિ] કનાનીઓની ગણેલી છે તે;
પલિસ્તીઓના પાંચ ઉમરાવ; એટલે ગાઝ્ઝીઓ, તથા આશ્દોદીઓ,
તથા આશ્કલોનીઓ, તથા ગિત્તીઓ, તથા એક્રોનીઓ; 4 વળી દક્ષિણે
આવ્વીઓ પણ; કનાનીઓનો સર્વ દેશ, ને સીદોનીઓનું મઆરાહ,
અને અફેક સુધી, એટલે અમોરીઓની સીમ સુધીનો દેશ; 5 ને ગબાલી-
ઓનો દેશ, ને ઉગમણી તરફ સઘળો લબાનોન, એતે હેર્મોન પર્વતની
તળેટીમાંના બઆલ-ગાદથી તે હમાથના નાકા સુધી; 6 અને લબાનોન-
થી તે મિસ્રફોથમાઈમ સુધીના પહાડ મુલકના સઘળાં રહેવાસીઓ,
એટલે બધા સીદોનીઓ, એઓને હું ઈસ્રાએલપુત્રોની આગળથી હાંકી
કાઢીશ; પણ જેમ મેં તમે આજ્ઞા આપી છે તેમ ઈસ્રાએલપુત્રોને તે દેશ તું
હિસ્સા પાડીને વહેંચી આપ. 7 તો હવે નવ કુળોને તથા મનાશ્શેહના
અર્ધ કુળને વતન થવા સારૂ અ દેશની વહેંચણ કર. 8 તેની સાથે રેઉબે-
નીઓને તથા ગાદીઓને પોતાનું વતન મળ્યું; અને તે મુસાએ યરદન
પાર, પૂર્વમાં, તેઓને આપ્યું, એટલે યહોવાહના સેવક મુસાએ જેમ તે-
ઓને આપ્યું હતું તેમ; 9 એટલે આર્નોનની ખીણની કોર પરના અરોએર-
થી, ને જે નગર ખીણની મધ્યે છે ત્યાંથી, તથા મેદબાનો સઘળો સપાટ
પ્રદેશ, દીબોન સુધી; 10 ને અમોરીઓના રાજા સીહોન જે હેશ્બોનમાં રા-
જ્ય કરતો હતો તેના સઘળાં નગરો આમ્મોનપુત્રોની સરહદ સુધી; 11 ને
ગિલઆદ ને ગશૂરી તથા આઅખાથીઓની હદ, ને સઘળો હેર્મોન
પર્વત, ને સાલખાહ સુધી સર્વ બાશાન; 12 વળી બાશાનના ઓગનું સર્વ
રાજ્ય [તેઓને] આપ્યું; તે આશ્તારોથ ને એડ્રેઈમાં રાજ્ય કરતો હતો;
(રફાઈઓમાંનો જે બચી રહેલી તેઓમાંથી તે બચ્યો હતો); કેમકે તેઓને
મુસાએ મારીને હાંકી મુક્યા હતા. 13 તો પણ ઈસ્રાએલપુત્રોએ ગશૂરીઓ-
ને તથા આઅખાથીઓને વતનમાંથી કાઢી મુક્યા નહિ; પરંતુ ગશૂરીઓ-
ને ને માઅખાથીઓ અજ સુધી ઈસ્રાએલ મધ્યે રહે છે. 14 માત્ર લેવીના
કુળને તેણે વતન આપ્યું નહિ; ઈસ્રાએલના દેવ યહોવાહના અર્પણો, જે
અગ્નિ વડે અર્પાય, ઈજ્ઞ તેઓનું વતન છે; જેમ તેણે તેને કહ્યું હતું તેમ.
15 અને મુસાએ રેઉબેનના પુત્રોના કુળને તેઓનાં કુટુંબો પ્રમાણે વતન
આપ્યું. 16 અને તેઓની હદ આ પ્રમાણે હતી, એટલે આર્નોનની ખીણને
કોર પરનું અરોએર તથા જે શહેર તે ખીણની મધ્યે છે, ત્યાંથી માંડીને
મેદબા પાસેનો સઘળો સપાટ પ્રદેશ; 17 હેશ્બોન, તથા સપાટ પ્રદેશ-
માંનાં તેના સર્વ નગરો, એટલે દીબોન તથા બામોથ-બઆલ, તથા
બેથ-બઆલ-મેઓન; 18 તથા યાહાસ, તથા કદેમોથ, તથા મેફાઆથ;
19 તથા કિર્યાથાઈમ, તથા સિબ્માહ, તથા ખીણનાપર્વત પરનું સેરેથ-
શાહાર; 20 તથા બેથ પેઓર તથા પિસ્ગાહના ઢોળાવ, તથા બેથયશી-
મોથ; 21 તથા સપાટ પ્રદેશનાં સર્વ નગરો, ને અમોરીઓના રાજા સીહો-
નનું સઘળું રાજ્ય; તે હેશ્બોનમાં રાજ્ય કરતો હતો, અને તેને મુસાએ
માર્યો અને તેની સાથે તે દેશમાં રહેનારા સીહોનના સરદારોને, એટલે
મિદ્યાન, તથા આવી, તથા રેકેમ, તથા સૂર, તથા હૂર, તથા રેબાના ના-
યકોને માર્યા. 22 જેઓને ઈસ્રાએલપુત્રોએ માર્યા, તેઓમાં બેઓરના દી-
કરા બલઆમ શકુન કહેનારને પણ તેઓએ તરવારથી મારી નાખ્યો.
23 અને યરદન તથા તેનો કાંઠો એ રેઉબેનપુત્રોની સીમા હતી; રેઉબેન-
પુત્રોના વતનનાં નગરો તથા ગામો તેઓનાં કુટુંબો પ્રમાણે એ હતાં.
24 અને મુસાએ ગાદના કુળને, એટલે ગાદપુત્રોને તેઓના કુટંબો પ્રમાણે
, વતન આપ્યું. 25 અને તેઓની સરહદ આ હતી, એટલે યાઝેર તથા ગિ-
લઆદના સર્વ નગરો, તથા શબ્બાહની સામેના આરોએર સુધીનો
આમ્મોનપુત્રોનો અડધો દેશ. 26 ને હેશ્બોનથી તે રામાથ-મિસ્પેહ ને
બટોનીમ સુધી, ને માહનાઈમથી તે દબીરની સરહદ સુધી; 27 ને ખીણ-
માં બેથ-હરામ, તથા બેથ-નિમ્રાહ, તથા સુક્કોથ, તથા સાફોન, એટલે
સીહોન હેશ્બોનના રાજાના રાજ્યનો રહેલો શેષ, યરદન તથા તેનો
કાંઠો,યરદન પાર પૂર્વમાં કિન્નેરોથ સમુદ્રના છેડા સુધી. 28 ગાદપુત્રોના
વતનના નગરો તથા ગામો તેઓનાં કુટંબો પ્રમાણે આ છે. 29 અને મના-
શ્શેહના પુત્રોના અર્ધ 30 કુળને વાસ્તે તેઓનાં કુટુંબો પ્રમાણે હતું.
31 અને તેઓની સરહદ માહનાઈમથી હતી, એટલે સઘળું બાશાન, બા-
શાનના રાજા ઓગનું સર્વ રાજ્ય, આદ, તથા આશ્તારોથ, તથા એડ્રેઈ,
બાશાનના ઓગના રાજ્યનાં નગરો, એ મનાશ્શેહના દીકરા માખીરના

પુત્રોને માટે, એટલે તેઓનાં કુટુંબો પ્રમાણે માખીરપુત્રોના અર્ધ ભાગને
માટે હતા. 32 આ દેશો મુસાએ મોઆબના સપાટ પ્રદેશમાં યરદનપાર
યેરેખોની પૂર્વમાં વતનને સારૂ વહેંચી આપ્યાં. 33 પણ લેવીના કુળને મુ-
સાએ કંઈ વતન ન આપ્યું; ઈસ્રાએલનો દેવ યહોવાહ તેઓનું વતન છે,
જેમ તેને તેઓને કહ્યું, તેમ.

14 અને કનાન દેશમાં ઈસ્રાએલપુત્રોએ જે વારસા તે આ છે, અને
તે એલઆઝાર યાજકે તથા નૂનના દીકરા યહોશુઆએ તથા
ઈસ્રાએલ પુત્રોનાં કુળના પિતૃઓના [ઘરનાં] વડીલોએ તોને વહેંચી
આપ્યાં; 2 યહોવાહે મુસાની હસ્તક નવ કુળો વિષે ને અડધા કુળ વિષે
જેમ આજ્ઞા આપી હતી, તેમ તેઓના વારસાના હિસ્સા પ્રમાણે તેઓને
વહેંચી આપ્યા. 3 કેમકે મુસાએ બે કુળને તથા અડધા કુળને યરદનપાર
વતન આપ્યું હતું; પણ તેઓમાં લેવીઓને તેણે કાંઇ વતન આપ્યું નહો-
તું. 4 કેમકે યુસફપુત્રોનાં બે કુળ હતા, એટલે મનાશ્શેહ તથા એફ્રાઈમ;
ને વસવાને સારૂ નગરો તથા તેઓનાં ઢોર તથા માલમિલકત સારૂ પરાં,
તે શિવાય તેઓએ દેશમાં લેવીઓને કંઈ ભાગ આપ્યો નહિ. 5 જેમ
યહોવાહે મુસાને આજ્ઞા આપી હતી તેમ પ્સ્રએલપુત્રોએ કીધું, ને દેશ વે-
હેંચ્યો. 6 અને યહુદાહપુત્રો યહોશુઆ પાસે ગિલ્ગાલમાં આવ્યા; ને કનિ-
ઝઝી યફુનેહના દીકરા કલેબે તેને કહ્યું, કાદેશ-બાર્નેઆમાં યહોવાહે
ઈશ્વરભક્ત મુસાને તારા ને મારા વિષે જે કહ્યું હતું તે તું જાણે છે. 7 જયા-
રે યહોવાહના સેવક મુસાએ દેશની જાસુસી કરવા સારૂ, કાદેશ-બાર્ને-
આથી મને મોકલ્યો, ત્યારે હું ચાળીસ વર્ષનો હતો, ને મારા હૃદયમાં જે
[ખાતરી] હતી, તે પ્રમાણે હું તેની પાસે ખબર પાછી લાવ્યો. 8 પણ મારા
ભાઈઓ જેઓ મારી સાથે આવ્યા હતા, તેઓએ લોકોનાં મન શિથળ
કરી નાખ્યાં; પણ હું પુરેપુરો યહોવાહની આજ્ઞાનુસાર વર્ત્યો. 9 અને મુ-
સાએ તે દહાડે સમ ખાધા, કે જે ભૂમિ પર તારા પગ ફર્યા છે તે ખચિત
તારૂં ને તારાં વંશજોનું વતન સદાકાળ થશે, કેમકે તું પુરોપુરો મારા દેવ
યહોવાહની આજ્ઞાનુસાર વર્ત્યો છે. 10 અને હવે, ઓ, યહોવાહે પોતાના
કહેવા મુજબ મને આ પિસ્તાળીસ વર્ષ જીવતો રાખ્યો છે, એટલે ઈસ્રા-
એલ અરણ્યમાં ચાલતા હતા, ત્યારે યહોવાહે એ વચન મુસાને આપ્યું
હતું ત્યારથી; ને હવે, જો, આજ હું પંચ્યાસી વર્ષનો થયો છું. 11 મુસાએ
મને મોકલ્યો હતો તે દિવસે જેવો હું મજબૂત હતો તેવોજ હજી આજ
પણ છું, ત્યારે મારૂં બળ હતું, તેવુંજ બળ હમણાં યુદ્ધને સારૂ ને જવા
આવવાને સારૂ મને છે. 12 તો હવે અ પર્વત કે જે વિષે યહોવાહે તે દિવસે
કહ્યું હતું, તે મને અપ; કેમકે તે દિવસે તે સાંભળ્યું કે, ત્યાં અનાકી, ને
મોટાં તથા કોટવાળાં નગરો છે, કદાપિ યહોવાહ મારી સાથે હશે, ને
યહોવાહે કહ્યું તેમ તેઓને હું હાંકી કાઢીશ. 13 અને યહોશુઆએ તેને
આશીર્વાદ આપ્યો; ને તેણે યફૂન્નેહના પુત્ર કાલેબને હેબ્રોન વતનને સા-
રૂ આપ્યું. 14 એ માટે કનિઝ્ઝી યાફૂન્નેહના દીકરા કાલેબનું વતન હેબ્રોન
આજ સુધી થયું; કેમકે તેણે ઈસ્રાએલના દેવ યહોવાહનું પુરેપુરૂં અનુગ-
મન કીધું. 15 પહેલાં હેબ્રોનનું નામ કીર્યાર્થ-આર્બા હતું; [તે આર્બા]
અનાકીઓ મધ્યે સૌથી મોટો પુરૂષ હતો. અને દેશ યુદ્ધથી પરવાર્યો.

15 યહુદાહપુત્રોના કુળનો ભાગ, તેઓના કુટુંબો પ્રમાણે, અદોમ-
ની સરહદ સુધી હતો; એટલે દક્ષીણ ગમ સીનનું અરણ્ય, જે તે-
ઓનો દક્ષીણ [ગમની સીમાનો] છેડો હતો ત્યાં સુધી. 2 અને તેઓની
દક્ષિણ ગમની સીમા ખારા સમુદ્રના છોડાથી, એટલે દક્ષીણ ગમની ખા-
ડીથી [શરૂ થતી] હતી; 3 ને ત્યાંથી તે [સીમા] આક્રાબ્બીમના ઘાટની
દક્ષિણે આવી લગી, ને આગળ વધીને સીનને લાગી, ને કાદેશ-બાર્ને-
આની દક્ષિણે થઈને ઉપર ગઈ, ને હેસ્રોનની પાસે રહીને આગળ ચાલી,
ને આદ્દાર સુધી ચાલી ગઈ, ને ચક્કર ખાઈને કાર્કાને લાગી; 4 ને ત્યાંથી
આગળ ચાલીને આસ્મોન સુધી ગઈ, ને ત્યાંથી નિકળીને મિસરના ના-
ળા આગળ ગઈ; ને તે સીમાનો છેડો સમુદ્ર આગળ આવ્યો; તમારી
દક્ષિણ ગમની સીમા એ પ્રમાણે થશે. 5 અને પૂર્વની સીમા ખારો સમુદ્ર
હતો, એટલે યરદનના છેડા સુધી. અને ઉત્તર ભાગની સીમા યરદનને
છેડે સમુદ્રની જે ખાડા છે ત્યાંથી [શરૂ થતી] હતી; 6 ને તે સીમા બેથ-હો-
ગ્લાહ સુધી ઉંચી ચઢી, ને બેથ-અરાબાહની ઉતર ગમ થઈને આગળ
ચાલી ગઈ; ને તે સીમા રેઉબેનના દીકરા બોહાનની શિલા સુધી ઉંચી
ગઈ; 7 ને તે સીમા આખોરની ખીણથી દબીર સુધી ઉંચી ગઈ, ને તેજ પ્ર-
માણે ઉત્તર ગમ ગિલ્ગાલ, ને નદીની દક્ષિણ બાજુ પરના અદુમ્મીમના
ઘાટની સામે છે, તેની સામે ગઈ; ને તે સીમા આગળ ચાલીને એનશેમે-
શનાં પાણી સુધી ગઈ, ને તેનો છેડો એન-રોગેલ આગળ આવ્યો; 8 ને તે
સીમા હિન્નોમના પુત્રની ખીણ પાસે થઈને યબૂસીઓની સરહદની
દક્ષિણ ગમ સુધી ઉપર ગઈ (એટલે યરૂશાલેમ સીધી); અને હિન્નોમની
ખીણ સામે પશ્ચિમે આવેલા પર્વતનું શિખર જે રફાઈમની ખીણની ઉતર
તરફને છેડે છે ત્યાં સધી તે સીમા ગઈ; 9 ને પર્વતના શિખરથી તે નેફ-
તોઆહના પાણીના ઝરા સુધી તે સીમ અંકાઈ હતી, ને ત્યાંથી એફ્રોન
પર્વતના નગરો સુધી ગઈ; ને તે સીમા બાઅલાહ (એટલે કીર્યાર્થ-યઆ-
રીમ) સુધી દોરાએલી હતી; 10 ને તે સીમા ત્યાંથી વળીને પશ્ચિમ ગમ
બાઅલાહથી સેઈર પર્વત સુધી ગઈ, ને આગળ ચાલીને ઉત્તર ગમ
યઆરીમ પર્વત, (એટલે કસાલોન)ની બાજુ સુધી ગઈ, ને બેથ-શેમેશ
સુધી નીચે ઉતરી, ને તીમ્નાહની બાજુ પર થઈને આગળ ચાલી; 11 ને તે
સીમા ઉતર ગમ એક્રોનની બાજુએ ગઈ; ને શિક્ક્રોન સુધી તે સીમા દોરે-
લી હતી, ને આગળ ચલીને બાઅલાહ પર્વત સુધી તે ગઈ, ને યા-
બ્નએલ સુધી પહોંચી; ને તે સીમાનો છેડો સમુદ્ર આગળ આવ્યો.
12 અને પશ્ચિમ સીમા મોટા સમુદ્ર તથા તેના કાંઠા સુધી હતી. યહુદાહપુ-
ત્રોની ચોગરદમ સીમા તેમનાં કુટુંબો પ્રમાણે એ હતી. 13 અને, યહોશુ-
આને [આપેલી] યહોવાહની આજ્ઞા પ્રમાણે, યહુદાહપુત્રોમાં યફૂન્નેહના
દીકરા કાલેબને તેણે એક ભાગ આપ્યો, એટલે કીર્યાથ-આર્બા (જે હે-
બ્રોન છે તે) આપ્યું, [આર્બા તો] આનાકનો બાપ હતો. 14 અને કાલેબે
અનાકના ત્રણ દીકરા શેશાય તથા અહિમાન તથા તાલ્માયને, એટલે
અનાકપુત્રોને, ત્યાંથી હાંકી કાઢ્યા. 15 અને તેને ત્યાંથી દબીરના રહેવા-
સીઓ પર ચઢાઈ કીધી; દબીરનું નામ તો પૂર્વે કીર્યાથ-સેફેર હતું.
16 અને કાલેબે કહ્યું, જે કોઈ કીર્યાથ-સેફેર્બે મારીને સર કરશે, તેને હું મા-
રી દીકરી, આખ્સાહ, પરણાવીશ. 17 અને કાલેબના ભાઈ કનાઝના દી-
કરા ઓથ્નીએલે તે લીધું; ને તેણે પોતાની દીકરી આખ્સાહને એની સા-
થે પરણાવી. 18 અને જયારે તે તેની પાસે આવી, ત્યારે એમ થયું કે, તે-
ણીએ તેને સૂચના કીધી કે, મારા બાપ પાસેથી એક ખેતર માગ; ન તે
પોતાની ઘધેડા પરથી ઉતરી; ને કાલેબે તેને કહ્યું કે, તારે શું જોઈએ?
19 તેણીએ ઉત્તર આપ્યો, મને આશીર્વાદ આપ; તેં મને નેગેબમાં જમીન
આપી છે, માટે પાણીના ઝરા પણ મને આપ.ને તેને તેણે તેને ઉપલા-
ણના ઝરા, ને નીચાણના ઝરા આપ્યાં. 20 યહુદાહપુત્રોના કુળનું વતન,
તેઓનાં કુટુંબો પ્રમાણે, આ છે. 21 અને નેગેબમાં અદોમની સરહદની
ગમ યહુદાહપુત્રોનાં કુળના છેવાડા નગરો કાબ્સએલ, તથા એદેર, તથા
યાગૂર; 22 તથા કીનાહ, તથા દીમોનાહ, તથા આદઆદાહ; 23 તથા કે-
દેશ, તથા હાસોર, તથા યિથ્નાન; 24 ઝીફ, તથા ટેલેમ, તથા બેઆલોથ;
25 તથા હાસોર-હદાત્તાહ, તથા કરીયોથ-હેસ્રોન [એટલે હાસોર]
26 અમામ, તથા શમા, તથા મોલાદાહ; 27 તથા હસાર-ગાદ્દાહ, તથા હે-
શ્મોન, તથા બેથ-પેલેટ; 28 તથા હસાર-શુઆલ, તથા બેરશેબા, તથા
બિઝયોથ્યાહ; 29 આઅલાહ, તથા ઈયીમ, તથા એસેમ; 30 તથા એલ્તો-
લાદ, તથા કસીલ, તથા હોરમાહ; 31 તથા સિકલાગ, તથા માદમાન્નાહ,
તથા સાન્સાન્નાહ; 32 તથા લબાઓથ, તથા શિલ્હીમ, તથા આયિન,
તથા રિમ્મોન; સઘળાં મળી ઓગણત્રીસ નગરો, તેઓનાં તાબાનાં ગા-
મો સહિત હતાં. 33 નીચ પ્રદેશમાં એશ્તાઓલ તથા સોરાહ તથા
આશ્નાહ; 34 તથા ઝાનોઆહ, તથા એન-ગાન્નીમ, તાપ્પુઆહ, તથા
એનામ; 35 યાર્મૂથ, તથા અદુલ્લામ, સોખોહ, તથા અઝેકાહ; 36 તથા શા-
અરાઈમ, તથા અદીથાઈમ, તથા ગદેરાહ,તથા ગદરોથાઈમ, ચૌદ નગરો
તેઓનાં ગામો સુદ્ધાં. 37 સનાન, તથા હદાશાહ, તથા મિગ્દાલ-ગાદ;
38 તથા દિલઆન, તથા મિસ્પેહ, તથા યોક્તએલ; 39 લાખીશ, તથા
બોસ્કાથ, તથા એગ્લોન; 40 તથા કાબ્બોન, તથા લાહમામ, તથા કિ-
થ્લીશ; 41 તથા ગેદેરોથ, બેથ-દાગોન, તથા નાઅમાહ, તથા માક્કેદાહ;
સોળ નગરો તેઓનાં ગામો સુદ્ધાં 42 લિબ્નાહ, તથા એથેર, તથા
આશાન; 43 તથા યિફતાહ, તથા આશનાહ, તથા નસીબ; 44 તથા કઈ-
લાહ, તથા આખ્ઝીબ, તથા મારેશાહ, નવ નગરો તેઓનાં ગામો સુદ્ધાં.
45 એક્રોન, તેનાં નગરો તથા ગામો સુદ્ધાં; 46 એટલે એક્રોનથી તે સમુદ્ર
સુધી, આશદોદની પડખે જે સઘળાં નગરો હતાં તે, તેઓના ગામો સુદ્ધાં.
47 આશ્દોદ, તેના નગરો તથા તેના ગામો; ગાઝ્ઝાહ, તેનો નગરો તથા
તેનાં ગામો; મીસરનું નાળું તથા મહા સમુદ્ર તથ્હા તેનો કિનારો, ત્યાં

સુધીના. 48 અને પહાડી મુલકમાં શામીર, તથા યાત્તીર, તથા સોખોહ;
49 તથા દાન્નાહ, તથા કીર્યાથ-સાન્નાહ, (એટલે દબીર); 50 તથા અનાબ,
તથા એશ્તમોહ, તથા આનીમ; 51 તથા ગોશેન, તથા હોલોન, તથા ગે-
લોહ; અગિયાર નગરો, તેઓનાં ગામો સુદ્ધાં. 52 અરાબ, તથા દૂમાહ,
તથા એશઆન; 53 તથા યાનીમ, તથા બેથ-તાપ્પુઆહ, તથા અફેકાહ;
54 તથા હુમ્ટાહ, તથા કીર્યાથ-આર્બા (એટલે હેબ્રોન), તથા સીઓર; નવ
નગરો, તેઓનાં ગામો સુદ્ધાં. 55 માઓન, કાર્મેલ, તથા ઝીફ, તથા યૂ-
ટ્ટાહ; 56 તથા યિઝ્રએલ, તથા યોકદઆમ, તથા ઝાનોઆહ; 57 કાઈન,
ગિબઆહ, તથા તિમ્નાહ; દસ નગરો, તેઓનાં ગામો સુદ્ધાં. 58 હાલ્હૂલ,
બેથ-સૂર, તથા ગદોર; 59 તથા માઅરાથ, તથા બેથ-અનોથ, તથા
એલ્તકોન; છ નગરો, તેઓનાં ગામો સુદ્ધાં. 60 કીર્યાથ-બઆલ (એટલે
કીર્યાથ-યઆરીમ), તથા રાબ્બાહ; બે નગરો, તેઓનાં ગામો સુદ્ધાં.
61 અરણ્યમાં બેથ-અરાબાહ, મિદ્દીન, તથા સખાખાહ; 62 તથા નિબ્શાન
તથા ખારાનું નગર તથા એન-ગેદી; છ નગરો તેઓનાં ગામો સુદ્ધાં.
63 અને યરૂશાલેમના રહેવાસી યબૂસીઓને તો યહુદાહપુત્રો હાંકી કાઢી
ન શક્યા; પણ યબૂસીઓ યહુદાહપુત્રો સાથે યારૂશાલેમમાં આજ સુધી
રહે છે.

16 અને યુસફ્પુત્રોનો ભાગ યરદનથી શરૂ થયો, એટલે યેરેખો
આગળથી, પૂર્વ તરફ યેરેખોના પાણી આગળથી, એટલે અર-
ણ્યથી [શરૂ થયો], ને યેરેખોથી નીકળીને ઉપલી તરફ પહાડી મુલકમાં
થઈને બેથેલ સુધી ગયો; 2 ને તે બેથેલથી લૂઝ સુધી ગયો, અને આગલા
ચાલીને આર્કીઓની સરહદ ઉપર થઈને અટીરોથ સુધી ગયો. 3 અને
પશ્ચિમ તરફ યાફલેટીઓની સીમા સુધી, નીચલા બેથ-હોરોનની સીમા
છેક ગેઝેર સુધી ઉતરી; અને તેનો છેડો સમુદ્ર આગળ આવ્યો. 4 અને
યુસફપુત્રો મનાશ્શેહ ને એફ્રાઈમે પોતાની વતન લીધું. 5 અને એફ્રાઈમ
પુત્રોની સીમા તેનાં કુટુંબો પ્રમાણે [આ મુજબ] હતી; એટલે પૂર્વ તરફ
તેઓના ભાગની સીમા આટ્રોથ-આદ્દાર, ઉપરના બેથ હોરેન સુધી હતી;
6 અને સરહદ મિખ્મથાથની ઉત્તરે પશ્ચિમ તરફ ગઈ; ને તે સીમા ત્યાંથી
પૂર્વ ગમ વળીને તાઅનાથ-શીલોહ સુધી ગઈ, ને તેની પાસે થઈને યા-
નોઆહનીપૂર્વે ગઈ; 7 ને યાનોઆહથી ઉતરીને અટારોથ સુધી, ને નાઅ-
રાહ સુધી ગઈ, ને યેરેખોને મળીને યરદન પાસે તેનો છેડો આવ્યો.
8 અને તે સીમા તાપ્પુઆહથી પશ્ચિમ તરફ ચાલીને કાનાહ નદી સુધી
ગઈ; ને તેનો છેડો સમુદ્ર આગળ આવ્યો; એફ્રાઈમ પુત્રોનાં કુળના કુ-
ટુંબો પ્રમાણે તેઓનું વતન આ છે; 9 ને તે સાથે મનાશ્શેહ પુત્રોના વતન
મધ્યે જે નગરો એફ્રાઈમપુત્રોને સારૂ અલાયદા પાડેલાં હતાં, એ સર્વ
નગરો તેઓના ગામો સુદ્ધાં [તેમને મળ્યાં]. 10 અને ઝેઝેરના રહેવાસી
કનાનીઓને તેઓએ કાઢી મુક્યા નહિ; પણ કનાનીઓ એફ્રાઈમ મધ્યે
આજ સુધી રહ્યા, ને વેઠ કરનારા દસો થયા.

17 અને મનાશ્શેહ જે યુસફનો પ્રથમ પુત્ર હતો, તેના કુળને સારૂ
આ ભાગ હતો. મનાશ્શેહનો પ્રથમ પુત્ર માખીર, ગિલઆદનો
બાપ, લડવૈયો હતો, માટે તેને તો ગિલઆદ તથા બાશાન મળ્યાં.
2 મનાશ્શેહના બાકીના પુત્રોને પણ તેઓના કુટુંબ પ્રમાણે [ભાગ હતો];
એટલે અબીએઝેરના પુત્રોને, અને હેલેકના પુત્રોને, ને આસ્રીએલના પુ-
ત્રોને, ને શેખેમના પુત્રોને, ને હેરેફના પુત્રોને, ને શમીદાના પુત્રોને; યુસ-
ફના દીકરા મનાશ્શેહના દીકરાઓ તેઓના કુટુંબો પ્રમાણે આ હતા.
3 પણ મનાશ્શેહના પુત્ર માખીરના પુત્ર ગિલઆદના હેફેરના પુત્ર સલો-
ફહાદને તો દીકરા ન હતા, પણ દીકરીઓજ હતી; ને તેના દીકરીઓનાં
નામ આ છે, માહલાલ, ને નોઆહ, હોગ્લાહ, મિલ્કાહ, ને તિર્સાહ.
4 અને તેઓ એલ-આઝાર યાજકની, ને નૂનના પુત્ર યહોશુઆની, ને
સરદારોની આગળ આવીને કહેવા લાગી કે, યહોવાહે મુસાને આજ્ઞા
આપી હતી કે, અમને અમારા ભાઈઓ મધ્યે વતન આપવું; એ માટે
યહોવાહની આજ્ઞા પ્રમાણે તેણે તેઓને તેઓના બાપના ભાઈઓ મધ્યે
વતન આપ્યું. 5 અને યરદનને પેલે પારના ગિલઆદ ને બાશાન પ્રાંત
શિવાય મનાશ્શેહના દસ ભાગ નિકળ્યા; 6 કેમકે મનાશ્શેહના દીકરી-
ઓને તેના દીકરાઓ મધ્યે વતન મળ્યું; ને મનાશ્શેહના બાકીનાં દીક-
રાઓને ગિલઆદ પ્રાંત મળ્યો. 7 અને મનાશ્શેહની સીમા આશેરથી
શખેમ સામેના મિખ્મથાથ સુધી ગઈ, ને તે સીમા આગળ ચાલીને જમ-
ણે હાથે એન-તાપ્પુઆહના રહેવાસીઓ સુધી ગઈ. 8 તાપ્પુઆહનો પ્રાંત
મનાશ્શેહનો હતો; પણ મનાશ્શેહની સરહદ ઉપરનું તાપ્પૂઆહ એફ્રાઈ-
મપુત્રોનું હતું. 9 અને તે સીમા ત્યાંથી ઉતરીને કાનાહ નદી સુધી એટલે
નદીની દક્ષિણે ગઈ; એફ્રાઈમના આ નગરો મનાશ્શેહના નગરો મધ્યે
આવ્યાં; ને મનાશ્શેહની સીમા નદીની ઉત્તર બાજુએ હતી, ને તેનો છેડો
સમુદ્ર આગળ આવ્યો; 10 દક્ષિણ ભાગ એફ્રાઈમનો, ને ઉત્તર ભાગ
મનાશ્શેહનો હતો, ને સમુદ્ર તેની સરહદ પર આવ્યો; ને તે [ભાગ] ઉત્તરે
આશેર સુધી તથા પૂર્વે યિસ્સાખાર સુધી પહોંચ્યા હતા. 11 અને યિસ્સા-
ખાર તથા આશેરના ભાગમાં બેથ-શેઆન ને તેનાં ગામો, ને યિબ્લઆમ
ને તના ગામો, દે દોરના તથા તેનાં ગામોના રહેવાસીઓ, ને એન-દોરના
તથા તેનાં ગામોના રહેવાસીઓ, ને તાઅનાખના તથા તેના ગામોના
રહેવાસીઓ, ને મગિદ્દોના તથા તેના ગામોના રહેવાસીઓ; એટલે ત્રણ
ઉંચા પ્રદેશ મનાશ્શેહનેમળ્યા. 12 પણ મનાશ્શેહ પુત્રો તે નગરો[ના રહે-
વાસીઓ] કાઢી મુકી ન શક્યા; પણ કનાનીઓ તો તે પ્રાંતમાં રહ્યા.
13 અને ઈસ્રાએલપુત્રો બળવંત થયા ત્યારે એમ થયું ક તેઓએ કનાની-
ઓને માથે વેઠ નાખી, ને તેઓને છેક કાઢી ન મુક્યા. 14 અને યુસફપુ-
ત્રોએ યહોશુઆને એમ કહ્યું કે, આજ લગી યહોવાહે મને આશિષ દીધી
છે, તેથી હું એક મોટી પ્રજા થયો છું, તો તેં મને વતન સારૂ એકજ હિસ્સો
તથા એકજ વાંટો કેમ આપ્યો છે? 15 અને યઓશુઆએ તેઓને કહ્યું કે,
જો હું એક મોટી પ્રજા થયો હોય, ને એફ્રાઈમના પહાડી મુલકમાં તને
સંકોચ પડતો હોય તો કાષ્ટવનમાં ચઢી જા, ને ત્યાં પરીઝઝીઓની અને
રફાઈઓની ભૂમિમાં પોતાને સારૂ ઝાડ કાપી [જગા કર]. 16 અને યુસફ-
પુત્રોએ કહ્યું, પહાડી મુલક અમને બસ તથો નથી; ને સર્વ કનાનીઓ
જેઓ મૈદાની ભૂમિમાં રહે છે, તેઓની પાસે, એટલે બેથ-શેઆન ને તેનાં
ગામડાઓમાં ને યિઝ્રએલના મેદાનમાં રહેનારાઓની પાસે, લોઢાના
રથો છે. 17 અને યહોશુઆએ યુસફના ઘરનાંઓને, એટલે એફ્રાઈમને
તથા મનાશ્શેહને કહ્યું કે, તું એક મોટી પ્રજા છે, ને તું ઘણો બળવાન છે;
તને માત્ર એકજ ભાગ નહિ મળશે; 18 પણ પહાડી પ્રદેશ તારો થશે; કે-
મકે તે કાષ્ટવન છે, તો પણ તું તેને કાપી નાખશે, ને તેની સરહદો તારી
થશે; ને કનાનીઓને જો કે લોઢાના રથો છે, ને તેઓ બળવંત છે, તો
પણ હું તેઓને હાંકી કાઢશે.

18 અને શીલોહ મધ્યે ઈસ્રાએલપુત્રોની આખી જમાત એકત્ર
મળી, અને ત્યાં તેઓએ મુલાકાતમંડપ ઉભો કીધો; ને તેઓની
સામે દેશ વશ થયો. 2 અને ઈસ્રાએલપુત્રોમાં વતન પામ્યા વગર હજી
સાત કુળ રહ્યા હતાં. 3 અને યહોશુઆએ ઈસ્રાએલપુત્રોને કહ્યું, જે દેશ
તમારા પિતૃઓના દેવ યહોવાહે તમને આપ્યો છે, તેનો કબજો લેવા
જવાને તમે ક્યાં સુધી ઢીલ કરશો? 4 તમારા પ્રત્યેક કુળમાંથી ત્રણ ત્રણ
માણસો ઠરાવો; ને હું તેઓને મોકલીશ, ને તેઓ ઉઠીને દેશમાં બધે
ફરીને તેઓના વતન પ્રમાણે તેનું વર્ણન કરે; ને તેઓ મારી પાસે પાછા
આવે. 5 અને તેઓ તેના સાત વિભાગ કરે; યહુદાહ દક્ષિણમાં પોતાની
સરહદ અંદર રહે; ને યુસફના ઘરનાંઓ ઉત્તરમાં પોતાની સરહદની અંદર
રહે. 6 અને સાત ભાગોમાં તમે દેશનું વર્ણન કરો. ને [તે વર્ણન] અહીં
મારી પાસે આણો, કે આપણા દેવ યહોવાહની આગળ હું અહીં તમારે
સારૂ ચિઠ્ઠીઓ નાખીને [ભાગ પાડું]. 7 કેમકે લેવીઓને તમારે મધ્યે
ભાગ નહિ; કેમકે યહોવાહનું યાજકપદ તેઓનું વતન છે; ને ગાળને
તથા રેઉબેનને તથા મનાશ્શેહના અર્ધકુળને યરદનની પેલી ગમ પૂર્વ-
માં, જે વતન યહોવાહના સેવક મુસાએ તેઓને આપ્યું, તે તેઓને મળ્યું
છે. 8 અને તે માણસો ઉઠીને ગયા; અને જેઓ દેશનું વર્ણન કરવાને
જતાં હતા, તેઓને યહોશુઆએ એવી આજ્ઞા આપી કે, જઈને દેશમાં
સર્વત્ર ફરીને તેનું વર્ણન કરો, ને મારી પાસે પાછા આવો; એ સારૂ કે હું
અહીં શીલોહમાં યહોવાહ આગળ તમારે સારૂ ચિઠ્ઠીઓ નાખીને [ભાગ
પાડું]. 9 અને તે માણસો જઈને દેશમાં બધે ફર્યા, ને નગરો પ્રમાણે સાત
ભાગે એક નોંધપત્રમાં તેઓનું વર્ણન કીધું, ને તેઓ શિલોહમાં યહો-
શુઆ આગળ છાવણીમાં આવ્યા. 10 અને યહોશુઆએ તેઓને સારૂ શી-
લોહમાં યહોવાહની આગળ ચિઠ્ઠીઓ નાખી; ને ત્યાં યહોશુઆએ ઈસ્રા-
એલપુત્રોને, તેઓના હિસ્સા પ્રમાણે, દેશ વહેંચી આપ્યો. 11 અને બિ-
ન્યામીનપુત્રોના કુળનો ભાગ, તેઓના કુટુંબો પ્રમાણ, આગળ નીક-
ળ્યો; એટલે તેઓના ભાગની સીમા યહુદાહપુત્રો ને યુસફપુત્રોની વચ્ચે
નીકળી. 12 અને ઉત્તર ભાગે તેઓની સીમા યરદનની હતી; અને તે સી-

મા ચઢીને યેરેખોની ઉત્તર બાજુએ ગઇ, પછી પશ્ચિમ તરફ પહાડી મુલક-
માં તે ગઇ; ને તેનો છેડો બેથ-આવેનના અરણ્યમાં આવ્યો. 13 અને
ત્યાંથી આગળ ચાલીને લૂઝ ગમ, લૂઝ {એટલે બેથેલ}ની દક્ષિણ બા-
જુએ સીમા ગઇ; ને નીચેના બેથહોરોનની દક્ષિણમાં જે પર્વત છે તેની
પાસે થઇને આટ્રોથ-આદ્દાર સુધી ઉતરી. 14 અને જે પર્વત બેથ-હોરોન-
ની સામે દક્ષિણ બાજુએ આવેલો છે ત્યાંથી સીમા સાક્ષીન ગમ લંબાઇ-
ને પશ્ચિમ ભાગ પર વળી; ને યહુદાહપુત્રોનું નગર કિર્યાથ-બઆલ (એટ-
લે કિર્યાથ-યઆરીમ) તેની પાસે તેનો છેડો આવ્યો; એ પશ્ચિમ ભાગ
હતો. 15 અને દક્ષિણ ભાગ કીર્યાથ-યઆરીમના છેડા આગળ શરૂ થયો,
ને તેની સરહદ પશ્ચિમ ગમ ચાલીને, નેફતોઆહના પાણીના ઝરા સુધી
ગઇ; 16 ને તે સરહદ હિન્નોમના દીકરાની ખીણ સામેનો પર્વત જે રફાઇ-
ઓની ખીણમાં ઉત્તર તરફ છે તેના છેડા સુધી ઉતરી; 17 ને તે ઉત્તરમાંથી
લંબાઇને એન-શેમેશ ગઇ, ને ગલીલોથ જે અદુમ્મીમના ઘાટના સામે
છે, તેની ગમ ચાલી ગઇ; ને રેઉબેનના પુત્ર બોહાનના પત્થર સુધી તે
ઉતરી. 18 અને ઉત્તર ગમ આરાબાહની સામે બાજુ પર થઇને અરાબાહ
સુધી ઉતરી ગઇ; 19 ને ઉત્તરમાં આગળ ચાલીને તે સીમા બેથ-હોગ્લાહ-
ની બાજુએ ગઇ; ને તે સરહદનો છેડો ખારા સમુદ્રહની ઉત્તર ખાડી
આગળ, એટલે યરદનને દક્ષિણ છેડે આવ્યો; એ દક્ષિણ સીમા હતી.
20 અને પૂર્વ બાજુએ તેની સરહદ યરદન હતી; ને બિન્યામીનપુત્રોના કુ-
ટુંબો પ્રમાણે તેઓના વતનની ચારોગમની સીમા આ હતી. 21 હવે બિ-
ન્યામીનપુત્રોનાંકુળના નગરો તેઓના કુટુંબો પ્રમાણે આ હતા; એટલે
યેરેખો, તથા બેથ-હોગ્લાહ, તથા એમેક્કસીસ; 22 તથા બેથ-અરાબાહ,
તથા સમારાઇમ, તથા બેથે; 23 તથા આવ્વીમ, તથા પારાહ, તથા
ઓફ્રાહ; 24 તથા કફાર-અમ્મોની, તથા ઓફની, તથા ગેબા; બાર નગરો,
તેઓનાં ગામો સુદ્ધાં; 25 ગિબઓન, તથા રામાહ, તથા બએરોથ; 26 તથા
મિસ્પેહ, તથા કફીરાહ, તથા મોસાહ; 27 તથા રેકેમ તથા યિર્પએલ, તથા
તારઅલાહ; 28 તથા સેલાહ, એલેફ, તથા યબૂસી (એટલે યરૂશાલેમ),
ગિબઆથ, કીર્યાથ; ચૌદ નગરો, તેઓના ગામો સુદ્ધાં. બિન્યામીનપુત્રો-
ના કુટુંબો પ્રમાણે તેઓનું વતન એ છે.

19 અને બીજો ભાગ શિમઓનને, એટલે શિમઓન પુત્રના કુળને
સારૂ, તેઓના કુટુંબ પ્રમાણે નીકળ્યો; ને તેઓનું વતન યહુદાહ-
પુત્રોના વતન મધ્યે હતું. 2 અને તેઓને [નીચેનાં નાગરોનું] વતન
મળ્યું, બેરશેબા અથવા શેબા, તથા માલાદાહ; 3 તથા હસારશૂઆલ,
તથા બાલાહ, તથા એસેમ; 4 તથા એલ્તોલાદ, તથા બથૂલ, તથા હો-
ર્માહ; 5 તથા સિક્લાગ તથા બેથ-માર્કાબોથ, તથા હસાર-સૂસાહ; 6 તથા
બેથ-લબાઓથ, તથા શારૂહેન; તેર નગરો, તેઓનાં ગામો સુદ્ધાં;
7 આયિન, રિમ્મોન, તથા એથેર, તથા આશાન; ચાર નગરો, તેઓનાં
ગામો સુદ્ધાં; 8 ને આ નાગરોની ચારોગમ જે સર્વ ગામો, બાઅલાથ-
બએર, એટલે દક્ષિણના રામાહ, સુધી હતા તે શિમઓનપુત્રોના કુળનું
વતન, તેઓના કુટુંબો પ્રમાણે, એ છે. 9 શિમઓન પુત્રોને વતન યહુદા-
હપુત્રોના વિભાગમાંથી મળ્યું; કેમકે યહુદાહપુત્રોના વિભાગ તેઓને જો-
ઇએ તે કરતાં વધારે હતો; માટે તેઓના વતન મધ્યે શિમઓન પુત્રોને
મળ્યું. 10 અને ત્રીજો ભાગ ઝબુલૂનપુત્રોને સારૂ, તેઓનાં કુટુંબ પ્રમાણે,
નિકળ્યો; તેઓના સીમાની સરહદ સારીદ પાસે હતી; 11 ને તેઓની સી-
મા પશ્ચિમ તરફ એટલે માંરઅલાહ સુધી ગઇ; ને પછી દાબ્બેશેથ સુધી
પહોંચી; ને યોકનઆમ સામેની ખીણ સુધી પહોંચી; 12 ને સારીદથી પૂ-
ર્વગમ વળીને સૂર્યોદય તરફ કીસ્લોથ તાબોરની સરહદ સુધી ગઇ; ને
ત્યાંથી નિકળીને દાબરાથ આગળ આવીને યાફીઆ સુધી ઉપર ગઇ;
13 ને ત્યાંથી આગળ ચાલીને ગાથ-હેફેરની પૂર્વગમ એથ-કાસીન સુધી
ઉપર ગઇ; ને ત્યાંથી નિકળીને તે રિમ્મોન સુધી ગઇ, કે જે નેઆહ સુધી
લંબાય છે, 14 ને એ સીમા તેને ચક્કર મારીને, ઉત્તરગમ હાન્નાથોન સુધી
ગઇ; ને તેનો છેડો યિફતાહ-એલ ખીણ આગળ આવ્યો; 15 ને કાટ્ટાથ,
તથા નાહલાલ, તથા શિમ્રોન, તથા યિદઅલાહ, તથા બેથલેહેમ; બાર
નગરો, તેઓનાં ગામો સુદ્ધાં. 16 ઝબુલૂનપુત્રોના કુટુંબો પ્રમાણે તેઓનું
એ વતન છે, એટલે એ નગરો અને તેઓનાં ગામો. 17 ચોથો ભાગ યિ-
સ્સાખારને સારૂ, એટલે યિસ્સાખારપુત્રોને સારૂ, તેઓનાં કુટુંબો પ્રમાણે,
નિકળ્યો. 18 અને તેઓની સીમા [આ નગરો] સુધી આવેલી છે, એટલે
યિઝ્રએલ, તથા કસુલ્લોથ, તથા શૂનેમ; 19 તથા હફારાઇમ, તથા શી-
ઓન, તથા અનાહરાથ; 20 તથા રાબ્બીથ, તથા કિશ્યોન, તથા એબેસ;
21 તથા રેમેથ, તથા એન-ગાન્નીમ, તથા એન-હાદ્દાહ, તથા બેથ-પા-
સ્સેસ; 22 એ તે સીમા તાબોર, ને શાહસુમાહ, ને બેથ-શેમેશ સુધી
પહોંચી; ને તેઓની સીમાનો છેડો યરદનની પાસે હતો; સોળ નગરો તે-
ઓના ગામો સુદ્ધાં. 23 યિસ્સાખારપુત્રોના કુળનું વતન, તેઓના કુટુંબ
પ્રમાણે, એ છે, એટલે એ નગરો ને તેઓના ગામો. 24 અને પાંચમો ભાગ
આશેરપુત્રોના કુળને સારૂ, તેઓનાં કુટુંબ પ્રમાણે, નિકળ્યો. 25 અને તે-
ઓની સરહદ આં પ્રમાણે હતી, એટલે હેલ્કાથ, તથા હલી, તથા બેટેન,
તથા આખ્શાફ; 26 તથા આલ્લામ્મેલેખ, તથા આમઆદ, તથા મિ-
શઆલ; અને તે સીમા પશ્ચિમમાં કાર્મેલ, તથા શીહોર-લિબ્નાથ સુધી
પહોંચી; 27 ને સૂર્યોદય તરફ બેથ-દાગોન ગમ વળીને, તે ઝબુલૂન સુધી,
ને યિફતાહ-એલની ખીણની ઉત્તરે બેથ-એમેક તથા નેઇએલ ઉંચી
પહોંચી, ને ત્યાંથી નીકળીને ડાબે હાથે કાબૂલમાં ગઇ; 28 ને એબ્રોન, ને
રેહાબ, ને હામ્મોન, ને કાનાહ, એટલે મોટા સીદોન સુધી ગઇ; 29 ને તે
સીમા વાલીન રામાહ, ને સોરના કોટવાળા નગર સુધી ગઇ; ને તે સીમા
ફરીને હોસાહમાં ગઇ; ને તેનો છેડો આખ્ઝીબના પ્રદેશની પાસે, સમુદ્ર
આગળ આવ્યો; 30 ને ઉમ્માહ, તથા અફેક, તથા રહોબ; બાવીસ નગરો,
તેઓના ગામો સુદ્ધાં. 31 આશેરપુત્રોના કુળનું વતન, તેઓના કુટુંબો પ્ર-
માણે, એ છે, એટલે એ નગરો ને તેઓનાં ગામો. 32 છઠ્ઠો ભાગ નાફતા-
લીપુત્રોને સારૂ, એટલે નાફતાલીપુત્રોને સારૂ તેઓના કુટુંબો પ્રમાણે
નીકળ્યો. 33 અને તેઓની સેમા હેલેફ, તથા સાઅનાન્નીમમાંનું આલોન
ઝાડ, તથા અદામી-નેકેબ, તથા યાબ્નએકલ, ત્યાં થઇને લાક્કૂમ સુધી
ગઇ; ને તેનો છેડો યરદન પાસે હતો; 34 તે સીમા પશ્ચિમ તરફ વળીને
આઝનોથ-તાબોર સુધી ગઇ; ને ત્યાંથી આગળ ચાલી હુક્કોક ગઇ; ને
દક્ષિણમાં ઝબુલૂન સુધી પહોંચી; ને પશ્ચિમમાં આશેર સુધી પહોંચી, ને
સૂર્યોદય તરફ યરદન પાસે યહુદાહને પહોંચી. 35 અને [તેમાં] કોટવાળા
નગરો આ હતાં; સિદ્દીમ, સેર, તથા હમ્માંથ, રાક્કાથ તથા કિન્નેરેથ;
36 તથા અદામાહ, તથા રામાહ, તથા હાસોર; 37 તથા કેદેશ તથા એડ્રેઇ,
તથા એન-હાસોર; 38 તથા યિરઓન, તથા મિગ્દાલએલ, તથા હેરેમ,
તથા બેથ-અનાથ, તથા બેથ-શેમેશ; ઓગણીસ નગરો, તેઓનાં ગામો
સુદ્ધાં. 39 નાફતાલીપુત્રોના કુળનું વતન, તેઓનાં કુટુંબો પ્રમાણે, એ છે,
એટલે તેઓના નગરો ને તેઓનાં ગામો. 40 અને સાતમો ભાગ દાનપુ-
ત્રોના કુળને સારૂ, તેઓના કુટુંબો પ્રમાણે નિકળ્યો. 41 અને તેઓના
વતનની સરહદમાં સોરાહ તથા એશ્તાઓલ તથા ઇર-શેમેશ; 42 તથા
શાઅલાબબીન, તથા આયાલોન, તથા યિથ્લાહ; 43 તથા એલોન, તથા
તિમ્નાહ, તથા એક્રોન; 44 તથા એલ્તકેહ, તથા ગિબ્બથોન, તથા બા-
અલાથ; 45 તથા યહુદ, તથા બની-બરાક, તથા ગાથ-રિમ્મોન; 46 તથા
મે-યાકોન તથા રાક્કોન, યાફો સામેની સેમા સુદ્ધાં. 47 અને દાનપુત્રોની
સરહદ તેઓની પેલી બાજુએ નિકળી; કેમકે દાનપુત્રોએ લેમેશની સામે
યુદ્ધ કરવાને ચઢાઇ કીધી, ને તે જીતી લીધું, ને તરવારની ધારથી તેને
માર્યું, ને તેને વતન કરી લઇને તેમાં વાસ કીધો, ને પોતાના પિતૃ દાન-
ના નામ પ્રમાણે લેશેમનું નામ દાન પાડ્યું. 48 દાનપુત્રોના કુળનું વતન,
તેઓના કુટુંબો પ્રમાણે, એ હતું, એટલે એ નગરો ને તેઓનાં ગામો.
49 એ પ્રમાણે તેઓ દેશનું વતન સીમાવાર વહેંચી રહ્યા; પછી ઇસ્રાએલ-
પુત્રોએ નૂનના દીકરા યહોશુઆને પોતા મધ્યે વતન આપ્યું; 50 એફ્રાઇ-
મના પહાડી મુલકનું તિમ્નાથ-સેરાહ નગર, જે તેણે માગ્યું, તે યહોવાહ-
ના કહેવા પ્રમાણે તેઓએ તેને આપ્યું; ને તે નગર બાંધીને તે તેમાં રહ્યો.
51 એલઆઝાર યાજકે ને નૂનના પુત્ર યહોશુઆએ ને ઇસ્રાએલપુત્રોનાં
કુળોના બાપોનાં [ઘરોના] મુખ્યોએ શીલોહ મધ્યે મુલાકાતમંડપને બા-
રણે, યહોવાહની આગળ ચિઠ્ઠીઓ નાખીને, જે વતનો વહેંચી આપ્યાં તે
એજ છે; એમ તેઓએ દેશ વહેંચવાનું કામ સમાપ્ત કીધું.

20 અને યહોવાહે યહોશુઆને કહ્યું, 2 ઇસ્રાએલપુત્રોને કહે કે, તેઓ
પોતાને સારૂ આશ્રયનગરો નીમે, કે જો વિષે મેં મુસાની હસ્તક
તમને કહ્યું હતું; 3 એ માટે કે જો કોઇ જણ ચૂકથી તથા અજાણે મનુષ્ય-
ઘાત કરે, તો તે મનુષ્યઘાતક તેમાં નાસી જાય; ને તે [નગરો] ખૂનનું વેર
લેનારથી તમારા રક્ષણને અર્થે થશે. 4 અને તેમાંના એક નગરે નાસી
ગયા પછી, તે નગરના દરવાજાના નાકા આગળ ઉભો રહીને, તે પોતા-
ના દવાની હકીકત નગરના વડીલોને કાને નાખે; ને તેઓ તેને નગરમાં

પોતાની પાસે લઇને પોતા મધ્યે રહેવાની જગ્યા આપે. 5 અને જો ખૂનનું
વેર લેનાર તેની પાછળ લાગેલો હોય, તો તેઓ તે મનુષ્યઘાતકને તેના
હાથમાં સ્વાધીન ન કરે; કેમકે અગાઉથી તને પોતાના પડોશીની સાથે
વેર ન છતાં તેણે અજાણે તેને માર્યો. 6 અને તે ફેસલાને સારૂ સભા
આગળ ઉભો રહે ત્યાં સુધી અથવા જે મુખ્ય યાજક તે દિવસમાં હોય તે-
ના મરણ સુધી, તે નગરમાં તે રહે; ત્યાર પછી મનુષ્યઘાતક પોતાના
નગરમાં, એટલે જે નગરમાંથી તે નાસી ગયો હોય તેમાં પોતાને ઘેર પા-
છો જાય. 7 અને તેઓએ ગાલીલમાં નાફતાલીના પહાડી પહાડી મુલક-
માનું કેદેશ, ને એફ્રાઈમના પહાડી મુલકમાનું શખેમ, ને યહુદાહના પહા-
ડી મુલકમાનું કીર્યાથ-આર્બા (એટલે હેબ્રોન), એમને અલાહિદાં કીધાં.
8 અને પૂર્વમાં યેરેખો પાસે યરદનને પેલે પાર તેઓએ રેઉબેનના કુળ-
માંથી સપાટ પ્રદેશમાંના અરણ્યમાનું બેસેર, ને ગાદ કુળમાંથી ગિલઆ-
દમાનું રામોથ, ને મનાશ્શેહના કુળમાંથી બાશાનમાંનું ગોલાન નીમ્યાં.
9 એ નગરો સર્વ ઇસ્રાએલ પુત્રોને સારૂ, ને તેઓ મધ્યે પ્રવાસ કરનારા
પરદેશીને સારૂ એ માટે નીમેલાં હતા કે, જે કોઈ જણ ચૂકથી કોઈ મનુ-
ષ્યનો ઘાત કરે, તે ત્યાં નાસી જઈને જમાતની આગળ ખડો થાય, ત્યાં
સુધી ખૂનનું વેર લેનારના હાથથી તે માર્યો ન જાય.

21 ત્યારે એલઆઝાર યાજક ને નૂનનો પુત્ર યહોશુઆ ને ઇસ્રાએ-
લપુત્રોનાં કુલોના બાપોનાં [ઘરોના] મુખ્યો, એઓની પાસે લે-
વીઓના બાપોનાં [ઘરોના] મુખ્યો આવ્યા; 2 અને એઓને કનાન દેશ-
ના શીલોહ આગળ તેઓને કહ્યું કે, યહોવાહે મુસાની હસ્તક એ પ્રમાણે
આજ્ઞા આપી છે, કે અમને રહેવા સારૂ નગરો, ને અમારાં ઢોરોને સારૂ તે-
ઓના પાદરો આપવાં. 3 અને ઇસ્રાએલપત્રોએ યહોવાહના કહ્યા પ્રમા-
ણે, પોતાના વતનમાંથી આ નગરો અને એઓનાં પાદરો લેવીઓને
આપ્યાં. 4 અને કહાથીઓનાં કુટુંબોને સારૂ ભાગ નિકળ્યો; અને લેવી-
ઓમાંના હારૂન યાજકના દીકરાઓને ભાગ યહુદાહના કુળમાંથી, ને શિ-
મઓનના કુળમાંથી, ને બિન્યામીનના કુળમાંથી તેર નગરો આવ્યા.
5 અને કહાથના બાકીનાં પુત્રોને ભાગ એફ્રાઈમના કુળના કુટુંબોમાંથી,
ને દાનના કુળમાંથી, ને મનાશ્શેહના અર્ધ કુળમાંથી દસ નગરો આવ્યાં.
6 અને ગેર્શોનપુત્રોને ભાગ યિસ્સાખાર કુળના કુટુંબોમાંથી, ને આશેરના
કુળમાંથી, ને નાફતાલીના કુળમાંથી ને બાશાનમાં મનાશ્શેહના અર્ધ કુ-
ળમાંથી તેર નગરો આવ્યાં. 7 મરારીના પુત્રોને ભાગ તેઓનાં કુટુંબો પ્ર-
માણે, રેઉબેનના કુળમાંથી, ને ગાદના કુળમાંથી, ને ઝબુલૂનના કુળ-
માંથી બાર નગરો આવ્યાં. 8 અને યહોવાહે મુસાની હસ્તક આજ્ઞા આપી
હતી, તેમ ઇસ્રાએલપુત્રોએ ચિઠ્ઠીઓ નાખીને આ નગરો ને એઓનાં પા-
દરો લેવીઓને આપ્યાં. 9 અને તેઓએ યહુદાહપુત્રોના કુળમાંથી, ને શિ-
મઓનપુત્રોના કુળમાંથી, આ નગરો જેઓનાં નામો કહેલો છે, તે
આપ્યાં; 10 અને લેવીપુત્રોમાંના, કહાથીઓના કુટુંબોમાંના, હારૂનના
દીકરાઓને વાસ્તે એ હતા; કેમકે પેહલો ભાગ તેઓનો હતો. 11 આને
તેઓએ તેઓને યહુદાહના પહાડી મુલકમાનું કીર્યાથ-આર્બા, એટલે
અનાકના બાપ[નું નગર], (એટલે હેબ્રોન) તથા તેની ચોતરફનાં પાદરો
આપ્યાં. 12 પણ નગરની સીમ ને તેના ગામો યફુન્નેહના પુત્ર કાલેબને
તેઓએ વતન તરીકે આપ્યાં હતાં. 13 અને તેઓએ હારૂન યાજકના પુ-
ત્રોને, મનુષ્યઘાતકનું આશ્રયનગર, હેબ્રોન ને તેના પાદરો, તથા લિ-
બ્નાહ ને તેનાં પાદરો; 14 ને યાત્તીર ને તેનાં પાદરો, તથા એશ્તમોઆ ને
તેનાં પાદરો; 15 ન હોલોન ને તેના પાદરો, તથા દબીર ને તેના પાદરો;
16 ને આયિન ને તેના પાદરો, તથા યૂટ્ટાહ ન તેનાં પાદરો, બેથ-શેમેશ
ને તેના પાદરો, એ પ્રમાણે તે બે કુળમાંથી નવ નગરો આપ્યાં. 17 અને
બિન્યામીનના કુળમાંથી ગિબઓન ને તેનાં પાદરો, ગેબા ને તેનાં પાદ-
રો; 18 અનાથોથ ને તેનાં પાદરો; તથા આલ્મોન ને તેનાં પાદરો; ચાર
નગરો; 19 હારૂનપુત્રો, જે યાજક હતા, તેઓના સર્વ નગરો મળી તેર
નગર ને તેઓના પાદરો હતાં. 20 અને કહાથ પુત્રોના કુટુંબો, એટલે કહા-
થના બાકીનાં પુત્રો એ લેવીઓને તો એઓનાં ભાગનાં નગરો એફ્રાઈમ
કુળમાંથી મળ્યાં. 21 અને તેઓએ એફ્રાઈમના પહલી મુલકમાનું મનુષ્ય-
ઘાતકના આશ્રયનું નગર શખેમ ને તેનાં પાદરો, તથા ગેઝેર ને તેનાં પા-
દરો, 22 ને કિબ્સાઈમ ને તેનાં પાદરો, તથા બેથ-હોરોન ને તેના પાદરો;
એ ચાર નગરો તેઓને આપ્યાં. 23 અને દાનના કુમાંથી એલ્તકે ને તેના
પાદરો; ગિબ્બથોન ને તેના પાદરો; 24 આયાલોન ને તેના પાદરો, ગાથ-
રિમ્મોન ને તેના પાદરો; એ ચાર નગરો પણ. 25 અને મનાશ્શેહના અર્ધ-
કુળમાંથી તાઅનાખ ને તેનાં પાદરો, તથા ગાથ-રિમ્મોન ને તેના પાદરો;
એ બે નગરો. 26 કહાથના બાકીના પુત્રોના કુટુંબોના સર્વ મળીને દસ
નગરો ને તેઓના પાદરો હતાં. 27 અને લેવીઓના કુટુંબોમાંના ગેર્શોન-
ના પુત્રોને મનાશ્શેહના અર્ધકુળમાંથી મનુષ્યઘાતકનું આશ્રયનગર બા-
શાનમાનું ગોલાન ને તેનાં પાદરો, તથા બએશ્તરાહ ને તેના પાદરો, એ
બે નગરો; 28 ને યિસ્સાખારના કુળમાંથી કિશ્યોન ને તેનાં પાદરો દાબ-
રાથ ન તેનાં પાદરો; 29 યાર્મૂથ ને તેના પાદરો, એન-ગાન્નીમ ને તેના પા-
દરો; એ ચાર નગરો. 30 અને આશેરના કુળમાંથી મિશઆલ ને તેના પા-
દરો, અબ્દોન ને તેના પાદરો; 31 હેલ્કાથ ને તેના પાદરો, તથા રહોબ ને
તેના પાદરો; એ ચાર નગરો. 32 અને નાફ્તાલીના કુળમાંથી ગાલીલ-
માંનું મનુષ્યઘાતકનું આશ્રયનગર કેદેશ ને તેના પાદરો, તથા હામ્મોથ-
દોર ને તેનાં પાદરો, તથા કાર્તાન ને તેના પાદરો; એ ત્રણ નગરો
આપ્યાં. 33 ગેર્શોનીઓનાં કુટુંબો પ્રમાણે, તેઓનાં સર્વ મળીને તેર નગ-
રો ને તેઓનાં પાદરો હતા. 34 અને બાકી રહેલા લેવીઓને, એટલે મરા-
રીના પુત્રોના કુટુંબોને, ઝબુલૂનના કુળમાંથી યોકનઆમ ને તેનાં પાદ-
રો, તથા કાર્તાહ ને તેના પાદરો, 35 દિમ્નાહ ને તેના પાદરો, નાહલાલ ને
તેના પાદરો; એ ચાર નગરો. 36 અને રેઉબેનના કુળમાંથી બેસેર ને તેના
પાદરો, તથા યાહાસ ને તેના પાદરો; 37 કદેમોથ ને તેઓના પાદરો,
તથા મેફાઆથ ને તેના પાદરો;એ ચાર નગરો. 38 અને ગાદના કુળમાંથી
મનુષ્યઘાતકનું આશ્રયનગર, એટલે ગિલઆદમનું રામોથ ને તેના પાદ-
રો, તથા માહનાઈમ ને તેના પાદરો; 39 હેશ્બોન ને તેના પાદરો, યાઝેર
ને તેનાં પાદરો; સર્વ મળી ચાર નગરો. 40 આ બધા નગરો, મરારીપુત્રોના
કુટુંબો પ્રમાણે, એટલે લેવીઓના બાકી રહેલા કુટુંબો પ્રમાણે, તેઓના
હતા; અને તેઓને ભાગ બાર નગર આવ્યાં. 41 ઇસ્રાએલ પુત્રોના વતન
મધ્યે લેવીના સર્વ નગરો તેઓના પાદરો સહિત ઉડતાળીસ હતાં.
42 આ નગરોમાંની પ્રત્યેક નગરની આસપાસ તેનાં પાદરો આવેલાં
હતા; એજ પ્રમાણે એ સર્વ નગરોને હતું. 43 એ રીતે યહોવાહ ઇસ્રાએલને
તે સઘળો દેશ આપ્યો, કે જે તેમના પિતૃઓને આપવાના તેણે સમ ખા-
ધા હતા, ને તેઓ તેનું વતન પ્રાપ્ત કરીને તેમાં રહ્યા. 44 અને યહોવાહે તે-
ઓં પૂર્વજો સાથે સમ ખાધા હતા, તે સર્વ પ્રમાણે તેઓને ચારોગમ વિ-
સામો આપ્યો,ને તેઓના સર્વ શત્રુમાનો કોઈ તેઓની આગળ ટક્યો
નહિ; યહોવાહે તેઓના સર્વ શત્રુઓને તેઓના હાથમાં આપ્યા. 45 યહો-
વાહે ઇસ્રાલેના ઘરનાઓને જે કંઈ સારા વચનો આપ્યાં હતા તેમાંથી
એકે નિષ્ફળ થયું નહિ; સર્વ પુરા થયાં.

22 ત્યારે યહોશુઆએ રેઉબેનીઓને તથા ગાદીઓને તથા મના-
શ્શેહના અર્ધ કુળને બોલાવ્યા, 2 ને તેઓને કહ્યું, યહોવાહના
સેવક મુસાએ જે આજ્ઞા તમને આપી હતી, તે સર્વ તમે પાળી છે; ને જે
સર્વ આજ્ઞા મેં તમને આપી, તેમાં મારી વાણી તમે સાંભળી છે; 3 ઘણા
દિવસથી આજ સુધી તમે પોતાના ભાઈઓને તજ્યા નથી, પણ પોતા-
ના દેવ યહોવાહની આજ્ઞાથી સોંપાએલી ફરજ તમે સાચવી છે. 4 અને
હવે તમારા દેવ યહોવાહ તમારા ભાઈઓને કહ્યું હતું તેમ, હમણાં તેણે
તેઓને વિશ્રામ આપ્યો છે, એ માટે તમે પાછા વળીને તમારા તંબુઓમાં
તથા તમારા વતનની ભૂમિ, જે યહોવાહના સેવક મુસાએ તમને યરદન-
ની પેલી ગમ આપી, તેમાં જાઓ. 5 ફક્ત જે આજ્ઞા તથા નિયમ યહોવા-
હના સેવક મુસાએ તમને ફરમાવ્યા, એટલે કે પોતાના દેવ યહોવાહ
ઉપર પ્રીતિ કરવી, ને તેના સર્વ માર્ગોમાં ચાલવું, ને તેની આજ્ઞાઓ પા-
ળવી, ને તેને વળગી રહેવું, ને પોતાના સંપૂર્ણ હૃદયથી, ને પોતાના
સંપૂર્ણ જીવથી તેની સેવા કરવી, તે સર્વ તમે ઘણી સાવચેતીથી પાળ-
જો. 6 અને યહોશુઆએ તેઓને આશીર્વાદ આપીને વિદાય કીધા; ને
તેઓ પોતાના તંબુઓમાં ગયા. 7 હવે મનાશ્શેહના અર્ધ કુળને મુસાએ
બાશાનમાં [વતન] આપ્યું હતું; પણ તેના બીજા અર્ધ ભાગને યહોશુ-
આએ તેઓના ભાઈઓ સાથે પશ્ચિમમાં યરદન પાર [વતન] આપ્યું;
વળી જયારે યહોશુઆએ તેઓને તેઓના તંબુમાં મોકલી દીધા, ત્યારે
તેણે તેઓને આશીર્વાદ દીધો. 8 અને તેણે તેઓને કહ્યું કે, ઘણા દ્રવ્ય,
ને બહુઘણાં ઢોર, રૂપું, સોનું, ત્રાંબુ, ને લોઢું, ને અતિઘણાં વસ્ત્રો લઈને
પોતપોતાના તંબુઓમાં પાછા જાઓ; પોતાના ભાઈઓ સાથે પોતાના
શત્રુઓની લૂટ વહેંચી લો. 9 અને રેઉબેનપુત્રો ને ગાદપુત્રો ને મનાશ્શેહ-

નું અર્ધ કુળ કનાન દેશમાંના શીલોહમાંથી ઇસ્રાએલપુત્રો મધ્યેથી નીક-
ળીને પોતાનના વતનનો ગિલઆદ પ્રાંત, જે મુસાની હસ્તક અપાએલી
યહોવાહની આજ્ઞા પ્રમાણે તેઓને મળ્યો હતો, તેમાં જવાને પાછા ફર્યા.
10 અને યરદનની પાસેનો પ્રદેશ જે કનાન દેશમાં છે, ત્યાં રેઉબેનપુત્રો
અને ગાદપુત્રો ને મનાશ્શેહનું અર્ધ કુળ આવ્યા, ત્યારે ત્યાં યરદન પાસે
તેઓએ વેદી, એટલે [દૂરથી] દેખાય, એવી મોટી વેદી, બાંધી. 11 અને
ઇસ્રાએલપુત્રોએ એવી વાર્તા સાંભળી કે, જુઓ, રેઉબેનપુત્રોએ ને ગાદ-
પુત્રોએ ને મનાશ્શેહના અર્ધ કુળે કનાન દેશના મોખરામાં, યરદન પાસે-
ના પ્રદેશમાં, તથા ઇસ્રાએલપુત્રોની [ભૂમિની] બાજુએ, એક વેદી બાંધી
છે. 12 અને ઇસ્રાએલપુત્રોએ તે સાંભળ્યું, ત્યારે ઇસ્રાએલપુત્રોની આખી
જમાત તેઓની સામે યુદ્ધ કરવા સારૂ શીલોહ મધ્યે એકત્ર થઇ. 13 અને
ઇસ્રાએલપુત્રોએ ગિલઆદ દેશમાં રેઉબેનપુત્રો, ને ગાદપુત્રો, ને મના-
શ્શેહનું અર્ધ કુળ, એઓની પાસે એલઆઝાર યાજકના પુત્ર ફીનહાસને
મોકલ્યો; 14 ને તેની સાથે ઇસ્રાએલના સર્વ કુળોમાંથી પ્રત્યેક મુખ્ય
ઘરનો એક એક આગેવાન, એવા દસ અધિપતિઓ મોકલ્યા; અને તે-
ઓમાંના બધા ઇસ્રાએલના કુટુંબો મધ્યે પોતપોતાના પિતૃઓના ઘરો-
ના મુખ્ય હતા. 15 અને તેઓએ ગિલઆદ પ્રાંતમાં રેઉબેનપુત્રોની ને ગા-
દપુત્રોની ને મનાશ્શેહના અર્ધ કુળની પાસે જઇને તેઓને કહ્યું, 16 યહો-
વાહની આખી જમાત એમ કહે છે કે, તમે ઇસ્રાએલના દેવની વિરુદ્ધ આ
શો અપરાધ કીધો કે, આજ તમે યહોવાહના અનુસરણથી ફરી જઇને,
પોતાને સારૂ વેદી બાંધીને આજ તમે યહોવાહની વિરુદ્ધ ફિતૂર કીધું છે.
17 પેઓરનો અન્યાય, કે જેણે લીધે યહોવાહની જમાત ઉપ મરકી આવી
હતી તો પણ તેમાંથી આજ સુધી આપણે પોતાને શુદ્ધ કીધી નથી, તે
આપણે સારૂ નાનો છે કે શું, 18 કે તમે યહોવાહના અનુસરણથી આજ
ફરી ગયા છો? અને એમ થશે કે, તમે આજ યહોવાહના વિરુદ્ધ ફિતૂર
કરો છો, માટે કાલે ઇસ્રાએલની આખી જમાત ઉપર તે કોપાયમાન થશે.
19 તથાપિ જો તમારા વતનની ભૂમિ અશુદ્ધ હોય, તો યહોવાહે વતનને
સારૂ આપેલી ભૂમિ, જ્યાં યહોવાહનો મંડપ રહે છે, ત્યાં [નદી] ઉતરીને
આવો, ને અમારા મધ્યે વતન લો; પણ આપણા દેવ યહોવાહની વેદી
શિવાય બીજી વેદી બાંધીને યહોવાહ વિરુદ્ધ ફિતૂર કરશો મા, ને અમારી
વિરુદ્ધ ફિતૂર કરશો મા. 20 ઝેરાહના દીકરા આખાને શ્રાપપાત્ર વસ્તુ વિ-
ષે ઉલ્લંઘન કીધું, ને તેથી ઇસ્રાએલની આખી જમાત પર કોપ આવ્યો કે
નહિ?ને તે માણસ પોતાન અન્યાયમાં એકલોજ નાશ પામ્યો નહિ.
21 ત્યારે રેઉબેનપુત્રોએ, ને ગાદપુત્રોએ, ને મનાશ્શેહના અર્ધ કુળે ઇસ્રા-
એલના હજારોના મુખ્યોને ઉત્તર આપતાં કહ્યું કે, 22 દેવોનો દેવ યહો-
વાહ, દેવનો દેવ યહોવાહ, તે જાણે છે, ને ઇસ્રાએલ જાણશે કે, જો યહો-
વાહની વિરુદ્ધ ફિતૂરથી અથવા ઉલ્લંઘનથી, (આજે તું અમારો બચાવ
કરીશ મા), 23 અમે યહોવાહના અનુસરણથી ફરી જવા સારૂ વેદી બાંધી
હોય, કે તે પર દહનીયાર્પણ, કે ખાદ્યાર્પણ, કે શાંત્યર્પણના યજ્ઞો કરવા
સારૂ [બાંધી હોય], તો યહોવાહ પોતેજ તેનો જવાબ લો; 24 કેમકે અમે
વિચાર કરીને એ હેતુથી તે કીધું છે કે રખેને આવતા કાળમાં તમારા દી-
કરાઓ અમારા દીકરાઓને એમ કહે , કે ઇસ્રાએલના દેવ યહોવાહની
સાથે તમારો શો લાગભાગ છે? 25 કેમકે હે રેઉબેનપુત્રો અને ગાદપુત્રો,
તમારી અને અમારી વચ્ચે, યહોવાહે યરદનને સરહદ કીધેલી; અને રખે-
ને તમને યહોવાહમાં કંઈ લાગભાગ નથી, એમ [કહીને] તમારા દીક-
રાઓ અમારા દીકરાઓને યહોવાહનું ભય રાખતાં અટકાવે. 26 એ માટે
અમે કહ્યું કે, હવે આપણે પોતાને સારૂ વેદી બાંધવાની તૈયાર કરીએ;
દહનીયાર્પણને સારૂ નહિ, કે યજ્ઞને સારૂ નહિ; 27 પણ અમારા ને તમારા
મધ્યે, ને અમારી પાછળ આપણી પેઢીઓ મધ્યે એ સાક્ષીરૂપ થશે, કે
અમને યહોવાહ આગળ અમારાં દહનીયાર્પણથી, ને અમારી યજ્ઞથી, ને
અમારા શાંત્યર્પણથી તેની સેવા કરવાનો હક છે; એ માટે કે આવતા કા-
ળમાં તમારા વંશજો અમારા વંશજોને એવું ન કહે કે, તમને યહોવામાં
લાગભાગ નથી. 28 માટે અમે કહ્યું કે, તેઓ આવતા કાળમાં, અમને કે
અમારી પેઢીને એમ કહેશે, ત્યારે એમ થશે કે, અમે એવું કહીશું, કે યહો-
વાહની વેદીનો નમુનો જુઓ; એ અમારા પિતૃઓએ કીધેલી છે, દહની-
યાર્પણને સારૂ નહિ, ને યજ્ઞને સારૂ નહિ; પણ એ તો અમારા ને તમારા
મધ્યે સાક્ષીરૂપ છે. 29 અમારા દેવ યહોવાહના મંડપની સામે જે તેની વે-
દી છે, તે શિવાય અમે દહનીયાર્પણને સારૂ ખાદ્યાર્પણને સારૂ, કે યજ્ઞને
સારૂ, બીજી વેદી બાંધીને યહોવાહની વિરુદ્ધ ફિતૂર કરીએ, તથા યહો-
વાહના અનુસરણથી આજ ફરી જઇને, એવું કદી ન થાઓ. 30 અને રેઉ-
બેનપુત્રોએ ને ગાદપુત્રોએ ને મનાશ્શેહપુત્રોએ જે વચન કહ્યા, તે ફીન-
હાસ યાજકે અને તેની સાથે જે જમાતના અધિપતિઓ એટલે ઇસ્રાએલ-
ના હજારોના મુખ્યો હતા તેઓએ સાંભળ્યા, ત્યારે તેઓને બહુ સારૂ લા-
ગ્યું. 31 અને એલઆઝાર યાજકના દીકરા ફીનહાસે રેઉબેનપુત્રોને, ને
ગાદપુત્રોને, ને મનાશ્શેહપુત્રોને કહ્યું, આજ અમે જાણીએ છીએ કે,
યહોવાહ આપણી મધ્યે છે, કેમકે તમે યહોવાહ વિરુદ્ધ આ ઉલ્લંઘન કી-
ધું નથી; હવે તો તમે ઇસ્રાએલપુત્રોને યહોવાહના હાથમાંથી છોડાવ્યા
છે. 32 અને એલઆઝાર યાજકના પુત્ર ફીનહાસે ને તે અધિપતિઓએ રે-
ઉબેનપુત્રો પાસેથી ને ગાદપુત્રો પાસેથી, ગિલઆદ પ્રાંતમાંથી, કનાન
દેશમાં ઇસ્રાએલપુત્રો પાસે પાછા આવીને, તેઓને ખબર આપી. 33 અને
તે ખબરથી ઇસ્રાએલપુત્રો ખુશી થયા; ને ઇસ્રાએલપુત્રોએ દેવની સ્તુતિ
કીધી; ને જે દેશમાં રેઉબેનપુત્રો ને ગાદપુત્રો રહેતા હતા, તેનો નાશ કર-
વાને તેઓ વિરુદ્ધ ચઢાઈ કરવાની વાત ત્યાર પછી કદી કાઢી નહિ.
34 અને રેઉબેનપુત્રોએ ને ગાદપુત્રોએ તે વેદીનું નામ [એદ] પાડ્યું; કેમકે
[તેઓએ કહ્યું] કે, તે આપણી વચ્ચે સાક્ષીરૂપ છે કે યહોવાહ એજ દેવ
છે.

23 અને યહોવાહે ઇસ્રાએલપુત્રોને તેઓના ચારોગમના સર્વ શત્રુ
વિષે વિશ્રામ આપ્યાં પછી, ઘણે દિવસે, એટલે યહોશુઆ ઘણો
વૃદ્ધ થયો હતો ત્યારે એમ થયું કે, 2 યહોશુઆએ સર્વ ઇસ્રાએલને ને તે-
ઓના વડીલોને ને તેઓના મુખ્ય પુરુષોને, ને તેઓના ન્યાયાધીશોને,
ને તેઓ પરના અધિકારીઓને બોલાવીને તેઓને કહ્યું, હું ઘણો વૃદ્ધ
થયો છું; 3 ને તમારા દેવ યહોવાહે આ સર્વ દેશજાતિઓને તમારે લીધે જે
કીધું, તે સર્વ તમે જોયું છે; કેમકે તમારા દેવ યહોવાહે પોતે તમારે સારૂ
યુદ્ધ કીધું છે. 4 જુઓ, બાકી રહેલી દેશજાતિઓનો ને જે દેશજાતિઓ મેં
કાપી નાખી છે તે સર્વનો દેશ, યરદનથી માંડીને છેક આથમણી તરફ
મોટા સમુદ્ર સુધી,મેં તમને તમારાં કુળોને વાસ્તે વતનને સારૂ વહેંચી
આપ્યો છે. 5 અને યહોવાહે તમારો દેવ પોતે તેઓને તમારી આગળથી
હેલી કાઢશે,ને તમારી દૃષ્ટિ આગળથી કાઢી મુકશે; ને તમારા દેવ યહો-
વાહે તમને વચન આપ્યું હતું તેમ, તમે તેઓનો દેશ વતનમાં લેશો.
6 એ માટે મુસાના નિયમશાસ્ત્રના પુસ્તકમાં જે લખ્યું છે, તે સઘળું પા-
ળીને અમલમાં આણવાને ઘણા હિમ્મતવાન થાઓ, ને તેથી જમણે કે
ડાબે હાથે તમે ફરો નહિ; 7 ને તમારી મધ્યે આ જે દેશજાતિઓ રહે છે,
તેઓ મધ્યે ન જાઓ; ને તેઓના દેવોનો નામું ઉચ્ચારણ ન કરો, એ તે-
ઓના સોગન ન દો, ને તેઓની સેવા પણ ન કરો, ને તેઓને પગે ન
લાગો; 8 પણ આજ સુધી તમે કરતાં આવ્યા તેમ, પોતાના દેવ યહોવા-
હને વળગી રહો. 9 કેમકે યહોવાહે તમારી આગળથી મોટી અને પરાક્રમી
દેશજાતિઓ હાંકી કાઢી છે; પણ તમારી આગળ તો આજ સુધી કોઇ
ટક્યો નથી. 10 તમારામાંનો એક માણસ હજારને નસાડશે; કેમકે તમારા
દેવ યહોવાહે તમને કહ્યું તેમ, તે પોતે તમારે સારૂ યુદ્ધ કરે છે. 11 તો પો-
તાના દેવ યહોવાહ પર પ્રીતિ કરવાની ઘણી કાળજી રાખો. 12 કેમકે જો
તમે કોઇ પણ પ્રકારે પાછી હઠશો, ને તમારી પાસે રહેલી આ દેશજાતિ-
ઓને, એટલે જે બાકી રહેલી છે, તેઓને વળગી રહેશો, ને તેઓ સાથે
લગ્નવ્યવ્હાર કરીને તેઓ મધ્યે જશો, ને તેઓ તમારા મધ્યે આવશે;
13 તો ખચિત જાણજો કે તમારો દેવ યહોવાહ હવે પછી આ દેશજાતિ-
ઓને તમારી નજર આગળથી હાંકી કાઢનાર નથી;ને આ સારી ભૂમિ જે
તમારા દેવ યહોવાહે તમને આપી છે, તે ઉપરથી તમે નષ્ટ થઇ જશો
ત્યાં સુધી તેઓ તમને ફંદા તથા ફાંસારૂપ, ને તમારી કૂખોમાં ફટકારૂપ,
અને તમારી આંખોમાં કાંટારૂપ થશે. 14 અને જુઓ, આજ હું જગતના
સર્વ લોકને સારૂ ઠરાવેલે માર્ગે જાઉં છું; તમારા સર્વ અંતઃકરણમાં ને
આત્મામાં તમે જાણો છો કે, જે સારાં વચનો તમારા દેવ યહોવાહે તમા-
રા વિષે કહ્યાં તે સઘળાંમાનું એકે નિષ્ફળ ગયું નથી; સર્વ તમારા પ્રત્યે
પૂરાં થયા છે, તેમાંનું એક નિષ્ફળ ગયું નથી. 15 એ એવું થશે કે, જેમ
તમારા દેવ યહોવાહે તમને આપેલા સર્વ સારાં વચન તમારા પ્રત્યે પૂરાં
થયાં, તેમજ, જે આ સારી ભૂમિ તમારા દેવ યહોવાહે તમને આપી છે, તે
ઉપરથી તમારો નાશ થતાં સુધી યહોવાહ તમારા પર સર્વ [કહેલી] વિપ-
ત્તિઓ પણ લાવશે. 16 તમારા દેવ યહોવાહે જે કરાર તમને ફરમાવ્યો,

તેનું જયારે તમે ઉલ્લંઘન કરશો, ને બીજા દેવોની સેવા કરશો, ને તેઓને
પગે લાગશો, ત્યારે યહોવાહનો કોપ તમારા ઉપર સળગશે ને જે સારો
દેશ તેણે તમને આપ્યો છે, તે ઉપરથી તમારો વહેલો નાશ થશે.
24 અને યહોશુઆએ ઇસ્રાએલનાં સર્વ કુળો શખેમમાં એકઠાં કરી-
ને ઇસ્રાએલના વડીલોને ને તેઓના મુખ્ય પુરુષોને ને તેઓના
ન્યાયાધીશોને ને તેઓના અધિકારીઓને બોલાવ્યા, ને તેઓ દેવ
આગળ રજુ થયા. 2 અને યહોશુઆએ સર્વ લોકોને કહ્યું, ઇસ્રાએલનો
દેવ યહોવાહ એમ કહે છે કે, પૂર્વકાળે તમારા પૂર્વજ, એટલે ઇબ્રાહીમનો
બાપ, ને નાહોરનો બાપ તેરાહ નદીની પેલી ગમ રહેતા હતા; અને તેઓ
અન્ય દેવોની સેવા કરતા હતા. 3 અને મેં તમારા પિતૃ ઇબ્રાહીમને નદી-
ની પેલી ગમથી આણ્યો, ને તેને તમામ કનાન દેશમાં ફેરવ્યો, ને તેનાં
સંતાન વધાર્યાં ને તેને ઇસ્હાક આપ્યો; 4 ને મેં ઇસ્હાકને યાકુબ તથા
એસાવ આપ્યાં; ને વતનમાં એસાવને સેઇર પર્વત આપ્યો; અને યાકુબ
અને તેના દીકરાઓ મિસરમાં ઉતરી ગયા. 5 અને મેં મુસાને તથા હારૂન-
ને મોકલ્યા, ને મિસરની મધ્યે મેં જે કીધું તે પ્રમાણે તે પર અનર્થ
આણ્યા; ને ત્યાર પછી હું તમને [ત્યાંથી] કાઢી લાવ્યો. 6 ને મેં તમારા
પિતૃઓને મિસરમાંથી કાઢ આણ્યા; ને તમે સમુદ્ર સુધી આવ્યા; ને મિ-
સરીઓ રથો તથા સવારો લઇને સૂફ સમુદ્ર સુધી તમારા પિતૃઓની પા-
છળ લાગ્યા. 7 ને તેઓએ યહોવાહ પ્રત્યે પોકાર કીધો, ત્યારે તેણે તમા-
રી તથા મિસરીઓની મધ્યે અંધકાર મુક્યો; ને સમુદ્રને તેઓ પર
આણીને તેઓને ડુબાવી દીધા; ને મેં મિસરમાં જે કીધું તે તો તમારી
આંખોએ જોયું; ને તમે અરણ્યમાં ઘણા દિવસ રહ્યા. 8 અને જે અમો-
રીઓ યરદનની પેલી ગમ રહેતા હતા, તેઓના દેશમાં મેં તમને આણ્યા;
ને તેઓએ તમારી સાથે યુદ્ધ કીધું; ને મેં તેઓને તમારા હાથમાં આપ્યાં,
ને તમે તેઓનો દેશ વતન કરી લીધો; અને મેં તમારી આગળથી તેઓ-
નો નાશ કર્યો. 9 પછી મોઆબના રાજા સિપ્પોરના દીકરા બાલાકે ઉઠી-
ને ઇસ્રાએલ સાથે યુદ્ધ કીધું; ને તેણે બેઓરના દીકરા બલઆમને તમને
શ્રાપ દેવા સારૂ બોલાવી મંગાવ્યો; 10 પણ બલઆમનું મેં સાંભળ્યું નહિ;
માટે તેણે તમને આશીર્વાદજ આપ્યો; અને મેં તમને તેના હાથમાંથી
છોડાવ્યા. 11 અને તમે યરદન ઉતરીને યેરેખો પાસે આવ્યા, ને યેરેખોના
માણસો અમોરીઓ, ને પરીઝીઓ, ને કનાનીઓ, ને હિત્તિઓ, ને ગિ-
ર્ગાશીઓ, હિવ્વીઓ, ને યબૂસીઓ, એઓએ તમારી સાથે યુદ્ધ કીધું;
અને મેં તેઓને તમારા હાથમાં આપ્યાં. 12 અને મેં તમારી આગળ ડાંસ
મોકલ્યા, ને તેઓએ તેઓને, એટલે અમોરીઓના બે રાજાઓને, તમારી
આગળથી હાંકી કાઢ્યા; તારી તરવારથી ને તારા ધનુષ્યથી [એ થયું]
નહોતું. 13 અને જે દેશ વિષે તમે શ્રમ કીધો નહોતો, ને જે નગરો તમે
બાંધ્યા નહોતાં, તે મેં તમને આપ્યાં, ને તમે તેમાં રહો છો; ને દ્રાક્ષવા-
ડીઓ તથા જૈતવાડીઓ જે તમે રોપી નહોતી, તેઓના [ફળ] તમે ખાઓ
છો. 14 તો હવે યહોવાહનું ભય રાખો, ને પ્રમાણિકપણાથી ને સત્યતાથી
તેની સેવા કરો; ને નદીની પેલી ગમ, ને મિસરમાં, તમારા પિતૃઓ જે દે-
વોની સેવા કરતાં હતા, તે દેવોને દૂર કરીને યહોવાહની સેવા કરો.
15 અને જો યહોવાહની સેવા કરવી, એ તમને માઠું દિસતું હોય તો
આજજ પસંદ કરો કે કોની સેવા તમે કરશો; એટલે નદીની પેલી ગમ
તમારા પિતૃઓ જે દેવોની સેવા કરતાં હતા તેઓની, અથવા જે અમોરી-
ઓના દેશમાં તમે રહો છો, તેઓના દેવોની; પણ હું ને મારા ઘરનાં તો
યહોવાહની સેવા કરીશું. 16 અને લોકોએ ઉત્તર આપીને કહ્યું કે, દેવ એવું
ન કરો કે યહોવાહને મુકીને બીજા દેવોની સેવા અમે કરીએ. 17 કેમકે જે-
ણે અમને ને અમારા પિતૃઓને મિસર દેશમાંથી, દાસપણાના ઘર-
માંથી, કાઢી આણ્યા, ને જેણે અમારા દેખતાં તે મોટા ચમત્કાર કર્યો, ને
અમે જે સર્વ રસ્તે ચાલ્યા તેમાં, ને જે સર્વ લોકો મધ્યે થઇને અમે ચા-
લ્યા તેઓ મધ્યે, અમારું રક્ષણ કીધું, તેજ યહોવાહ અમારો દેવ છે;
18 ને સર્વ લોકોને એટલે દેશમાં રહેનારા અમોરીઓને યહોવાહે અમારી
આગળથી કાઢી મુક્યા છે; તે માટે અમે પણ યહોવાહની સેવા કરીશું; કે-
મકે તે અમારો દેવ છે. 19 અને યહોશુઆએ લોકોને કહ્યું, તમારાથી
યહોવાહની સેવા કરાશે નહિ; કેમકે તે પવિત્ર દેવ છે; તે આસ્થાધારી
દેવ છે; તે તમારાં ઉલ્લંઘનની ને તમારા પાપોની ક્ષમા નહિ કરશે. 20 જો
તમે યહોવાહને છોડીને અન્ય દેવોની સેવા કરશો, તો તે, તમારૂં સારૂ
કીધા પછી, ઉલટો થઇને તમારૂં માઠું કરશે, ને તમારો ક્ષય પણ કરશે.
21 અને લોકોએ યહોશુઆને કહ્યું, એમ તો નહિ, પણ અમે યહોવાહની
સેવા કરીશું. 22 અને યહોશુઆએ લોકોને કહ્યું, તમે પોતાની સામે સાક્ષી
છો, કે તમે યહોવાહની સેવા કરવાને તેને પોતાને સારૂ પસંદ કીધો છે.
અને તેઓએ કહ્યું, અમે સાક્ષી છીએ. 23 [તેણે કહ્યું], તો હવે તમારે
મધ્યે જે અન્ય દેવો છે, તેમને દૂર કરો, ને પોતાનું હૃદય ઇસ્રાએલનો દેવ
યહોવાહની ગમ વાળો. 24 અને લોકોએ યહોશુઆને કહ્યું, આપણા દેવ
યહોવાહની સેવા અમે કરીશું, ને તેની વાણી સાંભળીશું. 25 માટે તે દિવ-
સે યહોશુઆએ લોકો સાથે કરાર કીધો, ને શેખેમમાં તેઓને વાસ્તે વિધિ
ને નિયમ સ્થાપ્યા. 26 અને યહોશુઆએ આ વાતો દેવના નિયમશાસ્ત્ર-
ના પુસ્તકમાં લખી, ને મોટો પત્થર લઇને ત્યાં યહોવાહના પવિત્રસ્થા-
નમાં જે આલોન વૃક્ષ છે તેની નીચે તે ઉભો કીધો. 27 અને યહોશુઆએ
સર્વ લોકોને કહ્યું, જુઓ, આ પત્થર આપણી વિરુદ્ધ સાક્ષી થશે; કેમકે
યહોવાહે પોતાની જે વાતો આપણી આગળ કહી તે સર્વ એણે સાંભળી
છે; તો એ તમારી વિરુદ્ધ સાક્ષી થશે, રખે તમે પોતાના દેવનો નકાર
કરો. 28 પછી યહોશુઆએ લોકોને, એટલે પ્રત્યેક માણસને પોતપોતાના
વતન ભણી રવાના કીધા. 29 અને એમ થયું કે, આ બિનાઓ બન્યા
પછી, નૂનનો પુત્ર, યહોવાહનો સેવક યહોશુઆ, એકસો દસ વર્ષનો
થઇને, મરણ પામ્યો. 30 અને તેઓએ તેના વતનની હદમાં એફ્રાઇમના
પહાડી મુલકમાં, જે તિમ્નાથ-સેરાહ છે તેમાં, ગાઆશ ડુંગરની ઉત્તરમાં,
તેને દાટ્યો. 31 અને યહોશુઆએ સર્વ દિવસોમાં, ને જે વડીલો યહોશુ-
આની પાછળ જીવતા રહ્યા, અને જેઓએ, યહોવાહે પોતાના જે સર્વ
કામ ઇસ્રાએલ સારૂ કીધાં હતાં, તે જાણ્યા હતા, તેઓના સર્વ દિવસોમાં
ઇસ્રાએલે યહોવાહની સેવા કીધી. 32 અને શેખેમમાં જે ભૂમિનો વિભાગ
યાકૂબે શખેમના બાપ હમોરના દીકરા પાસેથી સો રૂપીએ વેચાતો લીધો
હતો, ને જે યુસફના વતનનો થયો, તેમાં યુસફના હાડકાં, જે ઇસ્રાએલ-
પુત્રોએ મિસરમાંથી આણ્યા હતા, તે દાટ્યાં. 33 આને હારૂનનો પુત્ર
એલઆઝાર મરણ પામ્યો, ને તેના પુત્ર ફીનહાસની ટેકરી જે એફ્રાઇમના
પહાડી મુલકમાં એને આપેલી હતી, તેના પર તેઓએ તેને દાટ્યો.

# ન્યાયાધીશો

1 યહોશુઆના મરણ પછી એમ થયું કે, ઈઝરાયલનાં લોકોએ યહો-
વાને પૂછ્યું કે, "કનાનીઓની સામે લડવાને અમારી તરફથી કોણ
આગેવાની કરશે?" 2 યહોવાએ કહ્યું, "યહૂદા તમને દોરશે. જુઓ, મેં તે-
મના હાથમાં દેશ સોંપ્યો છે. 3 યહૂદાના પુરુષોએ પોતાના ભાઈ શિમ-
યોનને કહ્યું, "ચાલો આપણે કનાનીઓની સામે લડીએ માટે મારી સાથે
મારા વતનમાં આવ, તેથી હું પણ તારી સાથે તારા વતનમાં આવીશ."
તેથી તે કુળમાનો શિમયોન તેઓની સાથે ગયો.
4 યહૂદાના પુરુષો ગયા અને યહોવાએ કનાનીઓ તથા પરિઝીઓની
ઉપર વિજય અપાવ્યો. તેઓએ બેઝેકમાં તેઓમાંના દસ હજારનો સંહાર
કર્યો. 5 તેઓને બેઝેકમાં અદોની-બેઝેક મળ્યો, તેઓ તેની સામે લડ્યા
અને કનાનીઓનો તથા પરિઝીઓનો સંહાર કર્યો.
6 પણ અદોની-બેઝેક નાસી ગયો, તેઓએ તેની પાછળ પડીને તેને
પકડી પડ્યો અને તેઓએ તેના હાથના તથા તેના પગના અંગૂઠા કાપી
નાખ્યા. 7 અદોની-બેઝેકે કહ્યું, "સિત્તેર રાજાઓ, જેઓએ તેઓના હાથ
તથા પગના અંગૂઠા કાપી નાખ્યા, તેઓ મારી મેજ નીચેથી પડેલા ટુકડા
વીણી ખાતા હતા. જેવું મેં કર્યું છે, તેવો જ બદલો ઈશ્વરે મને આપ્યો છે."
તેઓ તેને યરુશાલેમમાં લાવ્યા અને તે ત્યાં મૃત્યુ પામ્યો.
8 યહૂદાના પુરુષોએ યરુશાલેમના શહેરની સામે લડાઈ કરીને તેને
લઈ લીધું. તેઓએ તરવારની ધારથી હુમલો કરી, તે નગરને અગ્નિથી
બાળી મૂક્યું. 9 ત્યાર પછી, યહૂદાના પુરુષો પહાડી પ્રદેશમાં, નેગેબમાં
તથા પશ્ચિમી ટેકરીઓમાં રહેનારા કનાનીઓની વિરુદ્ધ લડાઈ કરવાને
ગયા. 10 યહૂદા હેબ્રોનમાં રહેતા કનાનીઓની સામે ગયો (અગાઉ હેબ્રો-
નનું નામ કિર્યાથ-આર્બા હતું), તેઓએ શેશાયનો, અહીમાનનો તથા
તાલ્માઈનો સંહાર કર્યો.
11 ત્યાંથી યહૂદાના પુરુષો દબીરના રહેવાસીઓની સામે ગયા.
(અગાઉ દબીરનું નામ કિર્યાથ-સેફેર હતું). 12 કાલેબે કહ્યું, "જે કોઈ કી-
ર્યાથ-સેફેરને મારીને તેને લઈ લેશે, તેને હું મારી દીકરી આસ્ખા, તેની
પત્ની થવાને આપીશ." 13 કાલેબનો નાનો ભાઈ, કનાઝના દીકરા
ઓથ્નીએલે દબીરને લઈ લીધું અને તેથી કાલેબે, પોતાની દીકરી
આસ્ખાને, તેની પત્ની થવાને આપી.
14 જલ્દીથી આસ્ખા ઓથ્નીએલ પાસે આવી અને તેણે પોતાના પિ-
તાની પાસે ખેતર માગવાને તેને પ્રેર્યો. જેવી તે પોતાના ગધેડા પરથી
ઊતરી, કાલેબે તેને પૂછ્યું કે, "હું તારા માટે શું કરું?" 15 તેણે તેને કહ્યું,
"મને આશીર્વાદ આપ. જો તેં મને નેગેબની ભૂમિ આપી છે તોપણ મને
પાણીના ઝરા આપ." અને કાલેબે તેને ઊપરના તેમ જ નીચેના ઝરા
આપ્યા.
16 મૂસાના સાળા કેનીના વંશજો, યહૂદાના લોકોને સાથે લઈને ખજૂ-
રીઓના નગરમાંથી નીકળીને અરાદની દક્ષિણ બાજુએ આવેલા યહૂદા-
ના અરણ્યમાં ગયા. (જે નેગેબમાં છે) અરાદ નજીક જઈને યહૂદાના લો-
કો સાથે રહ્યા. 17 અને યહૂદાના પુરુષો શિમયોનના ભાઈઓ સાથે ગયા
અને સફાથમાં રહેતા કનાનીઓ પર હુમલો કર્યો અને તેનો પૂરો સંહાર
કર્યો. તે નગરનું નામ હોર્મા કહેવાતું હતું.
18 યહૂદાના લોકોએ ગાઝા, આશ્કલોન તથા એક્રોનની સીમાઓ જી-
તી લીધી. 19 ઈશ્વર યહૂદાના લોકોની સાથે હતા અને તેઓએ પહાડી પ્ર-
દેશોને હાંકી કાઢ્યા, પણ તેઓ નીચાણમાં રહેનારાઓને હાંકી કાઢી
શક્યા નહિ કેમ કે તેઓની પાસે લોઢાનાં રથો હતા.
20 જેમ મૂસાએ તેઓને કરવા કહ્યું હતું તેમ હેબ્રોન કાલેબને આપવા-
માં આવ્યું, તેણે અનાકના ત્રણ દીકરાઓને ત્યાંથી હાંકી કાઢ્યા.
21 પણ બિન્યામીનના લોકોએ યરુશાલેમવાસી યબૂસીઓને કાઢી મૂ-
ક્યા નહિ. જેથી યબૂસીઓ બિન્યામીનના લોકો સાથે આજ દિવસ સુ-
ધી યરુશાલેમમાં રહ્યા.
22 યૂસફના ઘરનાંઓએ બેથેલની સામે હુમલો કરવા તૈયારી કરી અને
યહોવા તેઓની સાથે હતા. 23 તેઓએ બેથેલની જાસૂસી કરવા પુરુષો
મોકલ્યા. (અગાઉ તે નગરનું નામ લૂઝ હતું). 24 જાસૂસોએ એક માણસ-
ને તે નગરમાંથી આવતો જોયો અને તેઓએ તેને કહ્યું કે, "મહેરબાની
કરીને, અમને નગરમાં જવાનો માર્ગ બતાવ અને અમે તારા પર કૃપા
કરીશું."
25 તેણે તેઓને નગરમાં જવાનો માર્ગ બતાવ્યો. અને તેઓએ તરવાર-
થી તે નગરનો નાશ, પણ તે માણસને તથા તેના આખા કુટુંબને જવા
દીધા. 26 અને તે માણસ હિત્તીઓના દેશમાં ગયો અને નગર બાંધ્યું, ને
તેનું નામ લૂઝ પાડ્યું. જે આજ લગી તેનું નામ તેજ છે. 27 મનાશ્શાના
લોકોએ બેથ-શેઆન તથા તેના રહેવાસીઓને, તાઅનાખના તથા તેના
રહેવાસીઓને, દોરના તથા તેના રહેવાસીઓને, યિબ્લામના તથા તેના
રહેવાસીઓને, મગિદ્દોના તથા તેના રહેવાસીઓને કાઢી મુક્યા નહિ;
પણ કનાનીઓએ તે દેશમાં રહેવા ચાહ્યું 28 જયારે ઈઝરાયલીઓ બળ-
વંત થયા, ત્યારે તેઓએ કનાનીઓ પર વેઠ નાખી, પણ તેઓએ તેમને
છેક કાઢી મૂક્યા નહિ. 29 એફ્રાઈમે ગેઝેરવાસી કનાનીઓને કાઢી મુક્યા
નહિ; પણ કનાનીઓ ગેઝેર માં તેઓની સાથે રહ્યા. 30 ઝબુલોને કિટ્રો-
નના રહેવાસીઓને, તથા નાહલોલના રહેવાસીઓને કાઢી મૂક્યા નહિ;
પણ કનાનીઓ તેઓની સાથે રહ્યા, તેમને વેઠ કરાવી. 31 આશેરે
આક્કોના રહેવાસીઓને, સિદોનના રહેવાસીઓને, અહલાબના,
આખ્ઝીબના, હેલ્બાના, અફીક તથા રહોબના રહેવાસીઓને કાઢી મૂ-
ક્યા નહિ; 32 તેથી આશેરનું કુળ કનાનીઓની સાથે રહ્યું (જેઓ તે દેશ-
માં રહ્યા.) કેમ કે તેઓએ તેઓને કાઢી મૂક્યા નહિ. 33 નફતાલીએ બેથ-
શેમેશના રહેવાસીઓને, બેથ-અનાથના રહેવાસીઓને કાઢી મુક્યા
નહિ; પણ નફતાલીનું કુળ કનાનીઓની સાથે રહ્યું.(લોકો જે તે દેશમાં
રેહતા હતા.) તો પણ બેથ-શેમેશના તથા બેથ-અનાથના રહેવાસીઓ
નફતાલીઓ માટે વેઠ કરનારા થયા. 34 અમોરીઓએ દાનના પુત્રોને
પહાડી મુલકમાં જબરદસ્તીથી કાઢી મુક્યા; કેમકે તેઓએ તેઓને
સપાટ પ્રદેશમાં આવવા દીધા નહિ; 35 પણ અમોરીઓ હેરેસ પહાડમાં,
આયલોનમાં અને શાલબીમમાં રહ્યાં. તો પણ યુસફના ઘરનાંઓનો
હાથ પ્રબળ થયો, માટે તેઓ તેમને વેઠ કરાવી. 36 અમોરીઓની સરહદ
આક્રાબ્બીમના ઘાટથી તથા ખડકથી ઉપર ગઈ.
2 યહોવાનો સ્વર્ગદૂત ગિલ્ગાલથી બોખીમમા ગયો અને કહ્યું કે, "હું
મિસરમાંથી તમને કાઢી લાવ્યો, જે દેશ તમારા પિતૃઓને આપવા
મેં સમ ખાધા હતા તે દેશમાં તમને લાવ્યો છું; મેં કહ્યું હતું કે, તમારી
સાથેનો મારો કરાર હું કદી રદ કરીશ નહી. 2 તમે આ દેશના રહેવાસી-
ઓની સાથે કંઈ કરાર ન કરો; તેઓની વેદીઓ તોડી નાખો.' પણ મારી
વાણી તમે સાંભળી નહી; તમે એમ કેમ કર્યું છે?
3 અને હવે હું કહુંછુ કે, હું તમારી સામેથી તેઓને હાંકી કાઢીશ નહિ ;
પણ તેઓ તમારી આજુબાજુ[કાંટારૂપ] થશે, અને તેઓના દેવો તમને
ફાંદારૂપ થશે'". 4 અને ઈશ્વરના સ્વર્ગ દૂતે ઈઝરાયલપુત્રોને એ વાતો
કહી, ત્યારે એમ થયું કે, લોકો પોક મુકીને રડ્યા. 5 અને તેઓએ તે
જગ્યાનું નામ બોખીમ પાડ્યું; ને ત્યાં યહોવાને સારૂ તેઓએ યજ્ઞ કર્યો.
6 હવે યહોશુઆએ લોકોને વિદાય કર્યા પછી, દેશનો વારસો લેવાને
ઈઝરાયલના સર્વ માણસો દેશ નો વારસો લેવા ને પોતપોતાના વતન-
માં ગયા. 7 યહોશુઆની આખી જિંદગી સુધી તથા તેના મરણ પછી જે
વડીલો જીવતા રહ્યા હતા અને જેઓએ ઈઝરાયલને સારૂ જે સર્વ મોટાં

કામ ઈશ્વરે કર્યાં હતાં તે જોયા હતાં તેથી લોકોએ યહોવાની સેવા કરી.
8 નૂનનો દીકરો યહોશુઆ, ઈશ્વરનો સેવક, એક સો દસ વર્ષનો થઇને
મરી ગયો.
9 ગાશ પર્વતની ઉત્તર બાજુએ, એફ્રાઇમના પહાડી મુલકમાં તેના વત-
નની સરહદની અંદર, એટલે તિમ્નાથ-હેરેસમાં, તેઓએ તેને દાટ્યો.
10 તે પેઢીના બધા માણસો પણ પોતાના પૂર્વજો સાથે મળી ગયા ને
એવી પેઢી તેઓની પછી ઉત્પન્ન થઇ કે જે ઈશ્વરને તથા ઇઝરાયલને સા-
રૂ તેણે જે કામો કર્યા હતા તે પણ જાણતી નહોતી.
11 અને ઇઝરાયલએ ઈશ્વરની દ્રષ્ટિમાં જે દુષ્ટ હતું તે કર્યું ને બઆલની
સેવા કરી. 12 તેઓએ ઈશ્વરનો ત્યાગ કર્યો જે તેઓના પૂર્વજોનો દેવ, જે
તેઓને મિસર દેશમાંથી કાઢી લાવ્યો હતો, તેનો ત્યાગ તેઓએ કીધો ને
અન્ય દેવોની એટલે તેઓની ચારેતરફના લોકોનાં દેવોની ઉપાસના
કરીને તેઓએ ઈશ્વરને રોષ ચઢાવ્યો. 13 તેઓએ ઈશ્વરને તજીને બઆલ
તથા અશ્તારોથની ઉપાસના કરી.
14 ઈશ્વરનો કોપ ઈઝરાયલ પર સળગ્યો ને તેણે તેઓને પાયમાલ કર-
નારાઓના હાથમાં સોંપ્યાં. અને તેઓએ તેમને પાયમાલ કર્યા અને તે-
ણે તેઓને તેઓની ચરોગમ શત્રુઓના હાથમાં સોપી દીધા કે, તેથી
તેઓ શત્રુઓની સામે કદી ટકી શક્યા નહિ.
15 જ્યાં કંઈ ઇઝરાયલ લડાઈ માટે ગયા, ત્યાં ઈશ્વરનો હાથ તેઓની
વિરુદ્ધમાં હતો જેમ ઈશ્વરે તેઓને કહ્યું હતું, જેમ તેણે તેઓ પ્રત્યે સમ
ખાધા હતા.અને તેઓ બહુ સંકટમાં આવી પડ્યા.
16 ત્યારે ઈશ્વરે ન્યાયાધીશ ઉભા કર્યા, કે જેઓએ તેઓને પાયમાલ
કરનારાઓના હાથમાંથી છોડાવ્યા. 17 તો પણ તેઓએ પોતાના ન્યા-
યાધીશોનું સાંભળ્યું નહિ, તેઓ ઈશ્વર ને વિશ્વાસુ ન હતા અને અન્ય દે-
વો ની ઉપાસના કરી ; તેઓ તેઓના પૂર્વજો ના માર્ગ માંથી જલદી ભટ-
કી ગયા-જેમણે ઈશ્વરની આજ્ઞા પાડી હતી. એમણે તેઓની પેઠે કર્યું
નહિ. 18 જયારે ઈશ્વરતેઓને સારૂ ન્યાયાધીશો ઉભા કરતો હતો, ત્યારે
ઈશ્વર તે ન્યાયાધીશની મદદ કરતો હતો ને તે ન્યાયાધીશોના સર્વ દિવ-
સો સુધી તેઓના શત્રુઓના હાથમાંથી તેઓને બચાવતો હતો; કેમકે
જેઓ તેમના ઉપર જુલમ કરતાં હતા ને તેમને દુઃખ દેતાં હતા, તેઓના
[જુલમને] લીધે તેઓના જે નિસાસા, તેને લીધે ઈશ્વર ને દયા આવી.
19 પણ ન્યાયાધીશના મરણ પછી , તેઓ પાછા ફરી જતાં અને અન્ય
દેવોની સેવા કરવાને, તથા તેઓની ઉપાસના કરીને પોતાના પૂર્વજો
કરતાં વધારે ભ્રષ્ટ થતા; તેઓ પોતાના દુષ્ટ કામો તથા હઠીલા રસ્તા
છોડ્યા નહિ. 20 ઈશ્વર નો કોપ ઇઝરાયલ પર વિરુદ્ધ હતો; તેણે કહ્યું ,"
કારણકે આ દેશે મેં જે કરાર એ લોકોનાં પિતૃઓ સાથે કર્યો હતો તેનું તે-
ઓએ ઉલ્લંઘન કર્યું છે, કારણકે તેઓએ મારી વાણી સાંભળી નથી,
21 યહોશુઆએ મરતી વેળાએ જે દેશજાતિઓને રહેવા દીધી હતી, તેઓ-
માંની કોઈને હું પણ હવે પછી તેઓની આગળથી હાંકી કાઢીશ નહિ;
22 હું આ કરીશ જેથી હું ઇઝરાયેલની પરીક્ષા કરુ, જેમ તેઓના પિતૃ-
ઓએ ઈશ્વરના માર્ગમાં ચાલ્યા હતા, તેમ તેઓ તે પાળીને તેમાં ચાલશે
કે નહિ. 23 તે માટે ઈશ્વરે તે દેશજાતિઓને ઉતાવળે કાઢી ન મુકતાં રહેવા
દીધી, તેથી યહોશુઆના હાથમાં તેઓને સોંપી નહિ.

3 હવે ઈશ્વરે આ દેશ ને ઇઝરાયલ ની પરીક્ષા કરવા સોપ્યું -એટલે
જેટલાઓએ કનાનની સર્વ લડાઇઓનો અનુભવ કર્યો ન હતો ,
2 (તેણ ઇઝરાયલ ની પેઢીઓ, એટલે બધા લોક નહિ તો જેઓને
અગાઉ યુદ્ધ વિષે કંઈ માહિતી ન હતી:) 3 પલિસ્તીઓના પાંચ સરદારો,
તથા સર્વે કનાનીઓ, તથા સિદોનીઓ, લબાનોન પર્વતમાં રહેનારા હિ-
વ્વીઓ,બઆલ-હેર્મોનના પહાડ થી હમાથ સુધી. 4 આ દેશો ઈશ્વર તેઓ
એ માટે બચી રહ્યા કે ઈશ્વરે જે આજ્ઞા મુસાની હસ્તક તેઓના પૂર્વજોને
આપી હતી, તેને ઇસ્રાએલ માનશે કે નહિ, એ જણાય, ને તેઓથી તેમ-
ની પરીક્ષા કરાય. 5 અને ઇસ્રાએલપુત્રો કનાનીઓની તથા હિત્તીઓની
તથા અમોરીઓની તથા પરીઝ્ઝીઓની તથા હિવ્વીઓની તથા યબૂ-
સીઓની વચમાં રહેતા; 6 તેઓની દીકરીઓ સાથે તેઓ પરણતા, ને તે-
ઓના દીકરાઓને પોતાની દીકરીઓ આપતા, ને તેઓના દેવોની સેવા
કરતા.
7 અને ઇઝરાયલના લોકો ઈશ્વરની નજરમાં જે દુષ્ટહતું તે કર્યું, ને પો-
તાના ઈશ્વરને વિસરી જઇને બઆલીમ તથા અશેરોથની ઉપાસના કરી-
કરી. 8 તે માટે ઈશ્વરનો કોપ ઇઝરાયલ પર સળગ્યો, ને તેણે અરામ-ના-
હરાઈમના રાજા કૂશાન-રિશઆથાઈમના હાથ માં વેચી દીધા . 9 જયારે
ઇઝરાયલના લોકો ઈશ્વર આગળ રડ્યા, ત્યારે ઈશ્વરે બચાવ કરવા સારૂ
ઓથ્નીએલને(કનાઝનોદીકરો) કાલેબ નો નાનો ભાઈ તેણે તેઓનો
બચાવ કર્યો . 10 ઈશ્વરનો આત્મા તેના પર આવ્યો, ને તેણે ઇઝરાયલ-
નો ન્યાય કર્યો ને તે લડાઇ કરવા ગયો. ને ઈશ્વરે આરામના રાજા કૂ-
શાન-રિશઆથાઈમને તેના પર વિજય આપ્યો. ઓથ્નીયેલ ના સામ-
ર્થ્યથી કૂશાન-રિશઆથાઈમનો પરાજય થયો. 11 અને ચાળીસ વર્ષ
લગી દેશમાં શાંતિ હતી, પછી ઓથ્નીએલ(કનાઝનોદીકરો) મરી ગયો.
12 ઇઝરાયલ ના લોકોએ દુષ્ટ બાબતો દ્વારા, ઈશ્વર ની આજ્ઞા નું પા-
લન કર્યું નહિ ; ઈશ્વરે મોઆબના રાજા એગ્લોનને ઇઝરાયલની સામે
બળવાન કર્યો, કેમકે ઇઝરાયલએ દુષ્ટ કામો કર્યા અને ઈશ્વરે તે જોયું.
13 એગ્લોને આમ્મોનીઓ તથા અમાલેકીઓ ને એકઠા કરીને ઇઝરાયે-
લીઓ ને હરાવ્યા અને ખજુરીઓના નગરનીસંપતિ લઈ લીધી. 14 ઇઝ-
રાયલ ના લોકોએ અઢાર વર્ષ લગી મોઆબના રાજા એગ્લોનની તાબે-
દારી કરી. 15 પણ જયારે ઇઝરાયલના લોકો ઈશ્વર આગળ રડ્યા, ત્યારે
ઈશ્વરે બિન્યામીની ગેરાનો દીકરો એહૂદ, જે એક ડાબોડિયો માણસ
હતો. તેને તેઓને મદદ કરવા સારૂ ઉભો કર્યો; ઇઝરાયલ ના લોકોતેની
હસ્તક મોઆબના રાજા એગ્લોન પર નજરાણું મોકલ્યું.
16 અને એહૂદે પોતાને સારૂ એક હાથ લાંબી એવી એક તલવાર બના-
વી જેની બે ધાર હતી. તેણે વસ્ત્રની નીચે પોતાની જમણી જાંઘ નીચે
લટકાવી. 17 તેણે મોઆબના રાજા એગ્લોનને નજરાણું આપ્યું. (હવે
એગ્લોન તો ઘણો જાડો માણસ હતો.) 18 જયારે એહૂદે નજરાણું પ્રસ્તુત
કર્યું, અંદર ઊંચકી લાવનાર લોકોને તેણે મોકલી દીધા.
19 તે પોતે, પણ, જયારે ગિલ્ગાલની નજીક કોતરેલી જગ્યાએ
પહોંચ્યો, ત્યાં તે વળ્યો અને પાછો ગયો, તેણે કહ્યું, "મારા રાજા, તારા
માટે મારી પાસે એક અંગત સંદેશ છે." એગ્લોને કહ્યું, "ચૂપ રહે!" અને
જેઓ તેની સેવા કરતા હતા તેઓ સર્વ ઓરડો છોડીને ચાલ્યા ગયા.
20 એહૂદ તેની પાસે આવ્યો. રાજા પોતાની રીતે, ઉપરની ઠંડી ઓરડીમાં
એકલો બેઠો હતો. એહૂદે કહ્યું, "હું ઈશ્વર તરફથી તારા માટે સંદેશ લા-
વ્યો છું," તે રાજા પોતાના આસન પરથી ઊભો થઈ ગયો.
21 એહૂદ પોતાના ડાબા હાથમાંથી, પોતાના જમણી જાંઘમાંથી તર-
વાર કાઢી અને તેણે રાજાના શરીરમાં ભોંકી દીધી. 22 અને તે તરવારની
સાથે હાથો પણ સંપૂર્ણપણે અંદર પેસી ગયો, તેના પાછળના ભાગ-
માંથી અણી બહાર આવી અને તે અણી ઉપર ચરબી આવી ગઈ, કેમ કે
એહૂદે તે તરવાર તેના શરીરમાંથી બહાર ખેંચી કાઢી નહોતી. 23 ત્યાર
પછી એહૂદ ઓરડીમાં ગયો અને ઓરડીમાંના બારણાંમાં તેને પાછળથી
બંધ કર્યો અને તેમને તાળું માર્યું. 24 એહૂદના ગયા પછી, રાજાના નોકરો
આવ્યા; તેઓએ જોયું કે ઉપરના ઓરડાના બારણાએ તાળું મારેલું હતું,
તેઓએ વિચાર્યું, "ચોક્કસ તે ઉપરની ઠંડી ઓરડીમાં પોતાનો રીતે
આરામ મેળવતો હશે." 25 જયારે રાજાએ બારણું ના ઉઘાડ્યું ત્યારે તે-
ઓની ચિંતા વધવા લાગી તેઓ પોતાના કામોને તુચ્છ ગણવા લાગ્યા.
જેથી તેઓએ ચાવી લીધી અને તેના બારણા ઉઘાડ્યા અને તેઓએ તે-
મના માલિકને ભૂમિ પર મરણ પામેલો જોયો. 26 જયારે નોકરો રાહ જો-
તા હતા કે, તેઓએ શું કરવું જોઈએ, એટલામાં એહૂદ નાસીને જ્યાં મૂર્તિ-
ઓની કોતરણી કરેલી હતી ત્યાં પહોંચી ગયો અને સેઈરાહ સુધી નાસી
ગયો. 27 જયારે તે પહોંચ્યો, તેણે એફ્રાઇમના પહાડી પ્રદેશમાં રણશિંગડું
વગાડ્યું. પછી ઇઝરાયલી લોકો તેની સાથે પહાડી પ્રદેશ ઉતર્યા અને
તેઓને તે આગેવાની આપતો હતો. 28 તેણે તેઓને કહ્યું, "મારી પાછળ
આવો, કેમ કે ઈશ્વરે તમારા દુશ્મનો મોઆબીઓને તમારા હાથમાં
આપ્યાં છે." તેઓ તેની પાછળ ગયા અને તેઓએ મોઆબ દેશ તરફના
યર્દનના કિનારા પાસેના પ્રદેશો કબજે કર્યા, તેઓએ કોઈને પણ નદી
પાર કરવા દીધી નહી. 29 તે જ સમયે તેઓએ મોઆબના આશરે દસ
હજાર પુરુષોને મારી નાંખ્યા, સર્વ મજબુત અને શૂરવીર પુરુષો હતા.
એકપણ બચ્યો નહિ. 30 તેથી તે દિવસે મોઆબ ઇઝરાયલની તાકાત-
થી પરાજિત થયું. અને એંસી વર્ષ સુધી દેશ શાંતિમાં રહ્યો. 31 ત્યાર
પછી અનાથનો દીકરો શામ્ગાર બીજો ન્યાયાધીશ થયો, જેણે બળદ

હાંકવાની પરોણીથી પલિસ્તીઓને મારી નાખ્યા. તેણે પણ ઈઝરાયલને
સંકટથી છોડાવ્યા.

4 એહૂદના મરણ પછી, ઇઝરાયલ લોકોએ ફરીથી દુષ્ટ કૃત્યોથી
અને જે દુષ્ટ બાબતો તેઓએ કરી તેથી ઈશ્વરનો અનાદર કર્યો.
2 ઈશ્વરે તેઓને હાસોરમાં રાજ કરનાર કનાનના રાજા યાબીનના હાથમાં
સોંપ્યા. સીસરા કે જે સૈન્યનો સેનાપતિ અને તે બિનયહૂદી હરોશેથનો
રહેવાસી હતો. 3 ઇઝરાયલ લોકોએ ઈશ્વરની આગળ મદદ માટે પોકાર
કર્યો, કારણ કે સીસરાની પાસે લોઢાના નવ હજાર રથો હતા અને તેણે
વીસ વર્ષ સુધી ઇઝરાયલ લોકો પર જુલમ ગુજાર્યો.
4 હવે તે સમયે લાપીદોથની પત્ની, દબોરા પ્રબોધિકા, ઇઝરાયલનો
ન્યાય કરવા માટે તેઓની આગેવાની કરતી હતી. 5 તેણી એફ્રાઈમના
પહાડી પ્રદેશમાંના રામા તથા બેથેલની વચમાં દબોરાની ખજૂરીની ની-
ચે બેસતી હતી અને ઇઝરાયેલ લોકો તેની પાસે ન્યાય મેળવવા દલીલો
લઈને આવતા હતા.
6 તેણે કેદેશ-નાફતાલીથી અબીનો-આમના દીકરા બારાકને બોલાવી
મંગાવીને તેને કહ્યું, "યહોવા ઇઝરાયલના ઈશ્વરે શું તમને આજ્ઞા નથી
આપી, 'તાબોર પર્વતની પાસે જા અને નાફતાલી તથા ઝબુલોનના પુ-
રુષોમાંથી દસ હજાર તારી સાથે લે. 7 હું સીસરાને બહાર ખેંચી કાઢીશ,
યાબીનના સૈન્યના સેનાપતિ સીસરાને, કીશોન નદી નજીક મળીશ,
તેના રથો સાથે તથા તેના સૈન્ય અને હું તને તેના પર વિજય અપા-
વીશ."
8 બારાકે તેણીને કહ્યું, "જો તું મારી સાથે આવે, તો હું જાઉં, પણ જો તું
મારી સાથે નહિ આવે, તો હું નહિ જાઉં." 9 તેણે કહ્યું, "હું તારી સાથે નિ-
શ્ચે જઈશ. તોપણ, તું જે આગેવાની કરવાનો છે તેમાં તને આદર મળશે
નહિ, કેમ કે ઈશ્વર એક સ્ત્રીની તાકાતથી સીસરાને હરાવશે." ત્યારે
દબોરા ઊભી થઈ અને બારાકની સાથે કેદેશ ગઈ.
10 બરાકે ઝબુલોન તથા નાફતાલીનના પુરુષોને કેદેશમાં ભેગા થવા
બોલાવ્યા. તેની પાછળ દસ હજાર પુરુષો ગયા, દબોરા તેની સાથે ગઈ.
11 હવે હેબેર કેનીએ પોતાને કેનીઓથી અલગ કર્યો - તેઓ મૂસાના
સાળા હોબાબના વંશજો હતા - અને તેણે તેનો તંબુ, એલોન વૃક્ષ સા-
અનાન્નીમમાંના કેદેશ પાસે માર્યો હતો. 12 જયારે તેઓએ સીસરાને કહ્યું
કે બારાક (અબીનોઆમનો દીકરો) તાબોર પર્વત પર ગયો હતો. 13 સી-
સરાએ પોતાના સર્વ રથો, નવસો લોઢાના રથો અને સર્વ સૈનિકો જેઓ
તેની સાથે હતા, હરોશેથમાંથી બિનયહૂદીઓને કીશોન નદી સુધી બો-
લાવ્યા. 14 દબોરાએ બારાકને કહ્યું, "જા! કેમ કે આજ દિવસે ઈશ્વર સી-
સરા તરફથી તમને વિજય અપાવશે. શું ઈશ્વર તમને આગેવાની ના
આપી શકે?" તેથી બારાક તાબોર પર્વત પરથી નીચે ઊતરી સાથે દસ
હજાર પુરુષો તેની પાછળ ગયા. 15 ઈશ્વરે સીસરાના સૈન્યને, તેના સર્વ
રથોને ગુંચવણમાં મૂક્યું અને બારકના પુરુષોએ તેઓ પર પરાભાવ
કર્યો, તેથી સીસરા પોતાના રથમાંથી ઊતરી અને પગે ચાલીને ભાગી
ગયો. 16 પણ બારાક રથોની અને બિનયહૂદી હેરોશેથના સૈન્યની પા-
છળ પડ્યો તેથી સીસરાનું સર્વ સૈન્ય તરવારની ધારથી માર્યું ગયું અને
એકપણ માણસ બચ્યું નહી. 17 પણ સીસરા પગે દોડીને (હેબેર કેનીની
પત્ની) યાએલના તંબુમાં નાસી ગયો, કેમ કે ત્યાં હાસોરના રાજા યાબી-
નની તથા હેબેર (કેનીના) કુટુંબ વચ્ચે સલાહ હતી. 18 યાએલ સીસરાને
મળવા બહાર નિકળી અને તેને કહ્યું, "ઓ મારા માલિક, આ બાજુ
આવ; મારી આ બાજુ આવ અને બિશ નહી." જેથી તે તેણીની તરફ
ફર્યો અને તેના તંબુમાં ગયો, તેણીએ તેને ધાબળો ઓઢાડ્યો. 19 તેણે
તેણીને કહ્યું, "મહેરબાની કરીને મને થોડું પાણી આપ, કેમ કે મને
તરસ લાગી છે." તેણીએ દૂધથી ભરેલી ચામડાની થેલી ઊઘાડી અને
તેને પીવાને આપી અને તેણે ફરીથી ઓઢાડી દીધું. 20 તેણે તેણીને
કહ્યું, "તું ખુલ્લા તંબુએ ઊભી રહે. જો કોઈ આવીને તને પૂછે કે, 'કોઈ
અહિયાં છે?' તો તારે કહેવું કે, 'ના.'" 21 ત્યારે યાએલ હેબેરની પત્ની
તંબુમાં લાકડું તથા હાથમાં હથોડી લઈને સંતાઈને તેની પાસે ગઈ, કેમ
કે તે ભરનિદ્રામાં હતો, તેણે તેનાં માથામાં તે લાકડું માર્યું અને તે તેને
વીંધીને જમીનમાં પેસી ગયું. અને એથી તે મરણ પામ્યો. 22 જયારે બા-
રાક સીસરાની પાછળ પડ્યો હતો, ત્યારે યાએલ તેને મળવાને આવી
અને તેને કહ્યું, "આવ, જેને તું શોધે છે તે હું તને બતાવું." જેથી તે તે-
ણીની સાથે અંદર ગયો અને સીસરાના માથામાં ભોંકેલા લાકડા સાથે
ત્યાં મરણ પામેલો પડ્યો હતો. 23 તેથી તે દિવસે ઈશ્વરે કનાનના રાજા
યાબીનને ઇઝરાયલ લોકોની આગળ હરાવ્યો. 24 ઇઝરાયલના લોકો
કનાનના રાજા યાબીનની વિરુદ્ધ અધિકાધિક મજબુત થતા ગયા, ત્યાં
સુધી કે તેઓએ તેનો નાશ કર્યો.

5 તે દિવસે દબોરાએ તથા અબીનોઆમના દીકરા બારાકે આ ગીત
ગાયું: 2 "જયારે આગેવાનોએ ઇઝરાયલમાં આગેવાની આપી,
જયારે લોકોએ યુદ્ધ માટે રાજીખુશીથી પોતાને આપ્યા- અમે ઈશ્વરની
સ્તુતિ કરીએ છીએ! 3 'રાજાઓ, તમે સાંભળો! આગેવાનો, તમે કાન
ધરો! હું, હું ઈશ્વર માટે ગાઈશ; હું ઇઝરાયલના ઈશ્વર યહોવાની સ્તુતિ
ગાઈશ. 4 ઈશ્વર જયારે તમે સેઈરમાંથી આવ્યા, જયારે તમારી સવારી
અદોમમાંથી નિકળી, ત્યારે પૃથ્વી કાંપી અને આકાશ પણ ધ્રુજ્યું; વાદ-
ળોમાંથી પાણી પણ પડ્યું. 5 ઈશ્વરના પ્રતાપથી પર્વતો કાંપવા લાગ્યા;
સિનાઈનો પર્વત પણ ઇઝરાયલના ઈશ્વર યહોવાના પ્રતાપની આગળ
કાંપવા લાગ્યો. 6 અનાથના દીકરા શામ્ગારના દિવસોમાં, યાએલના
દિવસોમાં, મુખ્ય માર્ગો તજેલા પડ્યા હતા અને વટેમાર્ગુઓ ગલીકૂંચીને
માર્ગે ચાલતા હતા. 7 ઇઝરાયલમાં સહનશીલતા નહોતી, ત્યાં સુધી મેં,
દબોરા, આજ્ઞા લીધી - ઇઝરાયલમાં મા જેવી ઊભી થઈ! 8 તેઓએ નવાં
દેવોને પસંદ કર્યા અને ત્યાં શહેરોના માર્ગોમાં યુદ્ધ થતું હતું; ઇઝરાયલ-
માં ચાળીસ હજાર મધ્યે ના તો ઢાલ કે ભાલો જોવા મળતો હતો. 9 મારું
હૃદય ઇઝરાયલના અધિકારીઓ માટે છે, રાજીખુશીથી લોકોમાં અર્પણ
થયા- તેઓને માટે ઈશ્વરને સ્તુત્ય માનો! 10 ઊજળા ગધેડાઓ પર
સવારી કરનારા, કિંમતી ગાદલાઓ પર બેસનારા તથા માર્ગોમાં ચાલ-
નારા, આ વિષે વિચાર કરો. 11 તીરંદાજોના અવાજથી દૂર, પાણી ભર-
વાની જગ્યાઓમાં, ત્યાં તેઓએ ફરીથી ઈશ્વરના ન્યાયકૃત્યો અને ઇઝ-
રાયલમાં તેમના રાજ્યના ન્યાયકૃત્યો, પ્રગટ કરશે. "ત્યારે ઈશ્વરના લો-
કો શહેરના ભાગળો પાસે નિકળી આવ્યા. 12 જાગ, જાગ, હે દેબોરાહ;
જાગ, જાગ, ગીત ગા; હે બારાક, તું ઉઠ, અને હે અબીનોઆમના દીકરા,
તારી ગુલામગીરીને ગુલામ કરી લઈ જા. 13 ત્યારે અમીરોમાંના તથા
આમમાંના બચેલા આવ્યા; યહોવાહ મારે સારૂ પરાક્રમીઓની વિરુદ્ધ
ઉતરી આવ્યો. 14 જેઓની જડ અમાલેકમાં છે તેઓ એફ્રાઈમમાંથી
[ઉતરી આવ્યા]; તારી પાછળ, તારા લોકોમાં બિન્યામીન [આવ્યો]; મા-
ખીરમાંથી અધિકારીઓ, ને ઝબુલૂનથી અમલદારની છડી ધરનારા ઉત-
રી આવ્યા. 15 અને યિસ્સાખારના સરદારો દબોરાહની સાથે હતા; યિ-
સ્સાખાર હતો, તેમજ બારાક પણ હતો; તેના પગ પાછળ તેઓ ખીણમાં
ધસી ગયા. રેઉબેનના વહેળાઓ આગળ મનમાં મોટા મોટા ઠરાવો કર-
વામાં આવ્યા. 16 ટોળાને બોલાવવાને વાંસળીના નાદ સાંભળવાને તું
શા વાસ્તે ઘેટાંના વાડામાં બેઠો? રેઉબેનના વહેળાઓ પાસે મોટી અંત-
રકસોટી થઇ હતી. 17 ગિલઆદ યરદનને પેલે પાર રહ્યો; ને દાન, તે કેમ
વહાણોમાં રહ્યો? આશેર સમુદ્રને કાંઠે શાંત બેઠો, ને પોતાની ખ્દીઓની
પાસે રહ્યો. 18 ઝબુલૂનની પ્રજાએ, તથા નાફતાલીએ મેદાનનાં ઉચસ્થા-
નોમાં, પોતાના જીવોને મોત સુધી જોખમમાં નાખ્યા. 19 રાજાઓ આવી-
ને લડ્યા; ત્યારે મગિદ્દોના પાણીની પાસેના તાઅનાખમાં, કનાનના
રાજાઓએ યુદ્ધ કીધું; તેઓએ ધનનો કંઈ લાભ લીધો નહિ. 20 આકાશ-
વાસીઓએ યુદ્ધ કીધું; તારાઓએ પોતાની વૃત્તોમાં સીસરાની સામે યુદ્ધ
કીધું. 21 કીશોન નદી તેઓને ઘસડી લઇ ગઈ, એટલે પેલી પ્રાચીન
નદી, કીશોન નદી. રે મારા જીવ, તું પરાક્રમથી આગળ ચાલ. 22 ત્યારે
કુદવાથી, એટલે તેઓના યોદ્ધાઓના કુદવાથી, ઘોડાઓની ખરીઓની
ધબકારા વાગ્યા. 23 યહોવાહના દૂતે કહ્યું, મેરોઝને શ્રાપ ડો, તેની
વસ્તીને સખત શ્રાપ ડો; કેમકે તેઓ યહોવાહની મદદે, [[એટલે] બળ-
વાનની વિરુદ્ધ યહોવાહની મદદે આવ્યા નહિ. 24 હેબેર કેનીની સ્ત્રી
યાએલ, બીજી સ્ત્રીઓ કરતાં અશીર્વાદિત થશે; તે તંબુમાંની સ્ત્રીઓ
કરતાં અશીર્વાદિત થશે. 25 તેણે પાણી માગ્યું, ત્યારે તેણીએ દૂધ
આપ્યું; મહા મૂલ્યવાન થાળીમાં તેને સારૂ તે માખણ લાવી. 26 તેણીએ
પોતાના હાથમાં મેખ લીધી, ને પોતાના જમણા હાથમાં મજૂરની મોગરી
લીધી; અને તે મોગરીથી તેણીએ સીસરાને માર્યો; તેણીએ તેની માથા-
ની આર પાર [મેખ ઠોકી ઘાલી, હા, તેણીએ તેનાં લમણાં વિંધ્યા, અને
તેમની આરપાર તે ઠોકી ઘાલી. 27 તેના ચરણ આગળ તે નમ્યો, તે

પડ્યો, તે સૂતો; તેના ચરણ આગળ તે નમ્યો, તે પડ્યો; તે જ્યાં નમ્યો,
ત્યાં તેની લોથ પડી. 28 સીસરાની માએ બારીમાંથી જોયું, ને જાળીમાંથી
ઘાંટો કાઢીને કહ્યું, તેના રથને આવતાં આટલી વાર કેમ? તેના રથનાં
પૈડાં કેમ વિલંબ કરે છે? 29 તેની શાની સખીઓએ તેને ઉત્તર દીધો, હા,
તેણીએ પોતે પણ પોતાને ઉત્તર દઈને કહ્યું, 30 શું, તેઓને લૂટ તો મળી
ન હોય? શું, તેઓએ તે વહેંચી તો લીધી ન હોય? પ્રત્યેક પુરૂષના હિ-
સ્સામાં એક કુંવારિકા કે બે કુંવારિકા મળી હશે; શું, સીસરાને નવરંગી
હિસ્સો, તથા નવરંગી ભરતકામનો હિસ્સો, એટલે લૂટના વસ્ત્રના
ગળાની બન્ને બાજુએ નવરંગી ભરત ભરેલો હિસ્સો મળ્યો હશે? 31 હે
યહોવાહ, તારા સર્વ વૈરી એમજ વિનાશ પામે, પણ જેઓ તેના ઉપર
પ્રીતિ કરે છે તેઓ, જેમ સૂર્ય પોતાના બળમાં ઘસી નિકળે છે, તેના જેવા
થાઓ. અને ચાળીસ વર્ષ પર્યંત દેશમાં શાંતિ હતી.

6 અને ઇસ્રાએલપુત્રોએ [ફરી] યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું તે કર્યું;
ને સાત વર્ષ લગી યહોવાહે તેઓને મિદ્યાનના હાથમાં સોંપ્યાં.
2 અને મિદ્યાનનો હાથ ઇસ્રાએલ વિરુદ્ધ પ્રબળ થયો; ને મિદ્યાનીઓના
કારણથી ઇસ્રાએલપુત્રોએ પર્વતોમાં જે કોતરો, તથા ગુફાઓ, તથા ગઢો
છે, તે પોતાને સારૂ બનાવ્યાં. 3 અને જયારે ઇસ્રાએલીઓ વાવણી કર-
તા, ત્યારે એમ થતું કે, મિદ્યાનીઓ તથા અમાલેકીઓ તથા પૂર્વ દિશા-
ના લોકો ચઢી આવતા; એટલે તેઓની સામે ચઢી આવતા; 4 ને તેઓ
તેઓની સામે છાવણી કરીને હેઠ ગાઝઝાહ સુધી જમીનની ઉપજનો
નાશ કરતા, ને ઘેટાં, બળદ, કે ગધેડાંરૂપી કંઈ પણ ઉપજીવિકા ઇસ્રાએ-
લમાં રહેવા દેતાં નહિ. 5 કેમકે તેઓ પોતાનાં ઢોર તથા તંબુઓ લઈને
ચઢી આવતા, ને તેઓ તીડની માફક સંખ્યાબંધ આવતા; તેઓ તથા
તેઓનાં ઉંટો અગણિત હતાં; ને દેશનો વિનાશ કરવાને તેઓ તેમાં પે-
સતાં. 6 અને મિદ્યાનીઓના કારણથી ઇસ્રાએલ બહુ કંગાલ અવસ્થામાં
આવી પડ્યા; ને ઇસ્રાએલપુત્રોએ યહોવાહ આગળ પોકાર કીધો. 7 અને
ઇસ્રાએલપુત્રોએ મિદ્યાનીઓના કારણથી યહોવાહ આગળ પોકાર કી-
ધો, ત્યારે એમ થયું કે, 8 યહોવાહે ઇસ્રાએલપુત્રોની પાસે એક ભવિષ્ય-
વાદી મોકલ્યો; ને તેણે તેઓને કહ્યું, ઇસ્રાએલનો દેવ યહોવાહ એમ કહે
છે કે, હું તમને મિસરમાંથી કાઢી લાવ્યો, ને બંદીખાનામાંથી તમને
બહાર લાવ્યો; 9 ને મિસરીઓના હાથમાંથી, તથા તમારા પર સર્વ જુલમ
કરનારાઓના હાથમાંથી મેં તમને છોડાવ્યા ને તમારી સામેથી તેઓને
હાંકી કાઢ્યા, ને તેઓનો દેશ તમને આપ્યો; 10 ને મેં તમને કહ્યું કે, હું
તમારો દેવ યહોવાહ છું; જે અમોરીઓના દેશમાં તમે રહો છો, તેઓના
દેવોથી તમે ન બીહો; પણ તમે મારી વાણી સાંભળી નથી. 11 આને
યહોવાહનો દૂત આવ્યો, ને અબીએઝ્રી યોઆશનું આલોન વૃક્ષ જે
ઓફ્રાહમાં હતું તેની તળે બેઠો; ને તેનો દીકરો ગિદઓન મીદ્યાનીઓની
નજરે ન પડે માટે દ્રાક્ષકુંડની અંદર ઘઉં ઝુડતો હતો. 12 અને યહોવાહના
દૂતે તેને દર્શન દીધું, ને તેને કહ્યું, પરાક્રમી શૂરવીર, યહોવાહ તારી સાથે
છે. 13 અને ગિદઓને તેને કહ્યું, મારા ધણી, જો યહોવાહ અમારી સાથે
હોય, તો આ સઘળું કેમ અમારે માથે આવી પડ્યું છે? અને યહોવાહ
અમને મિસરમાંથી કાઢી નથી લાવ્યો શું, એવું કહીને અમારો પિતૃઓ જે
સર્વ ચમત્કારો વિષે અમને કહેતાં હતા તે ક્યાં છે? પણ યહોવાહે અમને
તો તજી દીધો છે, ને અમને મિદ્યાનીઓની હાથમાં સોંપી દીધા છે.
14 અને યહોવાહે તેના પર દૃષ્ટી કરીને કહ્યું, આ તારા બળમાં જા, ને મિ-
દ્યાનીઓના હાથમાંથી ઇસ્રાએલીઓને બચાવ; મેં તને મોકલ્યો નથી
શું? 15 ને તેણે તેને કહ્યું, હે પ્રભુ, ઇસ્રાએલને હું શા વડે બચાવું? જો,
મનાશ્શેહમાં મારૂં કુટુંબ સૌથી ગરીબ છે, ને મારા બાપના ઘરમાં હું સૌ-
થી નાનો છું. 16 અને યહોવાહે તેને કહ્યું, નિશ્ચય હું તારી સાથે હોઈશ, ને
તું એક માણસમેં મારે તેમ મિદ્યાનીઓને મારશે. 17 અને તેણે તેને કહ્યું
કે, જો હું હવે તારી દૃષ્ટિમાં કૃપા પામ્યો હોઉં, તો તુંજ મારી સાથે વાત
કરે છે તેનું મને ચિન્હ દેખાડ. 18 હું તારી પાસે આવું ને અર્પણ લઈને
તારી આગળ મુકું, ત્યાં સુધી કૃપા કરીને હ્યાંથી જઈશ નહિ. અને તેણે
કહ્યું, તું પાછો આવશે ત્યાં સુધી હું હ્યાં થોભીશ. 19 અને ગિદઓને ઘર-
માં જઈને એક હલવાન, તથા એક એફાહ લોટની બેખમીરી રોટલી તૈ-
યાર કરી; ને ટોપલીમાં માંસ લઈને, તથા એક વાટકામાં શેરવો લઈને,
સીમમાં આલોન વૃક્ષની તળે તેની પાસે તે લાવીને તેણે અર્પણ કર્યું.
20 સને દેવના દૂતે તેને કહ્યું, એ માંસ તથા બેખમીર રોટલી લઈને આ
ખડક ઉપર મુક, ને શેરવો રેડી દે; ને તેણે તેમ કર્યું. 21 ત્યારે યહોવાહના
દૂતે પોતાના હાથમાંથી છડીનો છેડો લંબાવીને તે માંસ તથા બેખમીર
રોટલીને અડકાડ્યો; ને ખડકમાંથી અગ્નિ નિકળ્યો, ને તે માંસ તથા બે-
ખમીર રોટલીને ભસ્મ કીધા; ને યહોવાહના દૂત તેની દૃષ્ટી આગળથી
લોપ થયો. 22 અને ગિદઓને જોયું કે, તે યહોવાહનો દૂત હતો; ત્યારે
ગિદઓને કહ્યું, હે પ્રભુ યહોવાહ, મને અફસોસ, કેમકે મેં મ્હોડેમ્હોડ
યહોવાહના દૂતને દીઠો છે. 23 અને યહોવાહે તેને કહ્યું, તને શાંતિ
થાઓ; બી મા, તું મરશે નહિ. 24 ત્યારે ત્યાં ગિદઓને યહોવાને સારૂ
એક વેદી બાંધી, ને તેનું નામ યહોવાહ-શાલોમ પાડ્યું; તે હજી આજ સુ-
ધી અબીએઝ્રીઓના ઓફ્રાહમાં છે. 25 અને તેજ રાત્રે એમ થયું કે, યહો-
વાહે તેને કહ્યું, તારા બાપનો બળદ, ને સાત વર્ષનો બીજો બળદ લે, તે
બઆલનીજે યજ્ઞવેદી તારા બાપની છે, તે તોડી પાડ; ને તેની પાસેની
અશેરાહ [મૂર્તિ] કાપી નાખ; 26 ને આ ગઢના શિખર પર, ઠરાવેલી રીત
પ્રમાણે, યહોવાહ તારા દેવને સારૂ યજ્ઞવેદી બાંધ, ને જે અશેરાહ [મૂર્તિ]
તું કાપી નાખશે તેના લાકડાથી, પેલો બીજો બળદ લઈને, તેનું દહની-
યાર્પણ કર. 27 ત્યારે ગિદઓને પોતાના દાસોમાંના દસ જણને લઈને,
જેમ યહોવાહે તેને કહ્યું હતું તેમ કર્યું; ને એમ થયું કે, તે પોતાના બાપના
ઘરનાંથી તથા નગરના લોકોથી બીધો, એ માટે દિવસે તેમ ન કરી
શક્યો,, તેથી રાત્રે તેણે તેમ કર્યું. 28 અને નગરના માણસ મોટી સવારે
ઉઠયાં ત્યારે, જુઓ, બઆલની યજ્ઞવેદી તોડી પડી હતી, ને તેની પાસે-
ની અશેરાહ [મૂર્તિ] કાપી નાખેલી હતી, ને બાંધેલી યજ્ઞવેદી પર પેલા
બીજા બળદનો યજ્ઞ પર કરેલો હતો. 29 અને તેઓએ એક બીજાને કહ્યું,
એ કામ કોણે કર્યું છે? ને પૂછપરછ કરીને તેઓએ કહ્યું, યોઆશના દીક-
રા ગિદઓને તે કીધું છે. 30 ત્યારે નગરના લોકોએ યોઆશને કહ્યું, તારા
દીકરાને બહાર કાઢ, કે તે માર્યો જાય; કેમકે તેણે બઆલની યજ્ઞવેદી
તોડી પાડી છે, ને તેની પાસેની અશેરાહ [મૂર્તિ] કાપી નાખી છે. 31 અને
યોઆશે તેની સામે ઉભા રહેલા સર્વ લોકોને કહ્યું, શું તમે બઆલના
પક્ષમાં વિવાદ કરશો? અથવા શું તમે તેને બચાવશો? જે માણસ તેના
પક્ષમાં વિવાદ કરે તે આ સવાર વિત્યા પહેલાં માર્યો જાય; તે જો દેવ
હોય તો તે પોતે પોતાને સારૂ વિવાદ કરે, કેમકે કોઈએકે તેની વેદી ભા-
ગી નાખી છે. 32 તે માટે તે દિવસે તેણે તે [દીકરા]નું નામ યરૂબ્બઆલ
પાડીને કહ્યું, બઆલ તેની સામે વિરોધ કરો, કેમકે તેણે તેની વેદી તોડી
પાડી છે. 33 ત્યારે સર્વ મીદ્યાનીઓ, તથા અમાલેકીઓ, તથા પૂર્વ તરફ-
ના લોકો એકઠા થયા; ને પેલે પાર જઈને યિઝ્રએલની ખીણમાં જઈને
છાવણી કરી. 34 પણ યહોવાહનો આત્મા ગિદઓન પર આવ્યો; ને તેણે
એક રણશિંગડું વગાડ્યું; ને અબીએઝેર [ના માણસો] તેની પાછળ
એકઠા થયા. 35 અને તેણે મનાશ્શેહમાં સર્વત્ર સંદેશીઆ મોકલ્યા; અને
તેઓ પણ તેની પાછળ એકઠા થયા; ને તેણે આશેરમાં, તથા ઝબુલૂન-
માં, તથા નાફતાલીમાં સંદેશીઆ મોકલ્યા; ને તેઓ તેઓને મળવા સા-
મા ગયા. 36 અને ગિદઓને દેવને કહ્યું, જો તું, તારા કેહવા મુજબ, મારે
હાથે ઇસ્રાએલને ઉગારવાનો હોય, 37 તો, જો, હું ખળીમાં એક ઘેટાંનો
ઉન મુકીશ; ને જો એકલા ઉન પર ઝાકળ પડે ને સર્વ ભૂમિ સુકી રહે, તો
હું જાણીશ કે તું, તારા કેહવા મુજબ, મારે હાથે ઇસ્રાએલને ઉગારશે.
38 અને તેમજ થયું, કેમકે બીજે દહાડે મોટી સવારે તે ઉઠ્યો, ને ઉન
દબાવ્યું, ત્યારે ઉનમાંથી નિચોવતાં ઝાકળનું પાણી એક વાટકો ભરીને
નિકળ્યું. 39 અને ગિદઓને દેવને કહ્યું, તારો કોપ મારા પર ન સળગે, ને
હું માત્ર આ વખતજ બોલીશ, કૃપા કરીને આ એકજ વખત મને ઉનથી
સાબિતી કરવા દે; હવે એકલું ઉન કોરૂ રહે, ને સર્વ ભૂમિ પર ઝાકળ પડે.
40 અને દેવે તે રાત્રે તેમ કર્યું; કેમકે એકલું ઉન કોરૂં હતું, ને સર્વ ભૂમિ પર
ઝાકળ હતું.

7 ત્યારે યરૂબ્બઆલ, એટલે ગિદઓન, તથા તેની સાથેના સર્વ
લોકોએ મોટી સવારે ઉઠીને, હારોદના ઝરાની પાસે છાવણી કરી;
ને મિદ્યાનીઓની છાવણી મોરેહ પ્પર્વાતની પાસે તેઓની ઉત્તર ગમની
ખીણમાં હતી. 2 અને યહોવાહે ગિદઓને કહ્યું, તારી સાથેના લોકો એટ-
લા બધા છે તેથી હું મીદ્યાનીઓને તેઓના હાથમાં સોંપવા ઈચ્છતો
નથી, રખે ઇસ્રાએલ મારી આગળ ફુલાસ મારીને કહે કે, મારા પોતાના
હાથે મને ઉગાર્યો છે. 3 માટે હવે તું જા, અને લોકોને જાહેર કરતાં કહે કે,
જે કોઈ ભયભીત તથા ધ્રુજતા હોય, તેઓ ગિલઆદ પર્વતથી પાછા

વળીને ચાલ્યા જાય; ને લોકોમાંથી બાવીસ હજાર પાછા ગયા; ને દસ
હજાર રહ્યા. 4 અને યહોવાહે ગિદઓને કહ્યું, લોક હજી પણ વધારે છે;
તેઓને પાણીની પાસે લાવ, ને હું તારે સારૂ ત્યાં તેઓની પરીક્ષા કરીશ;
ને એમ થશે કે, જેનાં સંબંધી હું તને કહું, ફલાણો તારી સાથે નહિ જશે,
તેજ ન જાય. 5 એ માટે લોકોને તે પાણીની પાસે લાવ્યો; ને યહોવાહે
ગિદઓનને કહ્યું, પ્રત્યેક જણ જે કુતરાની માફક જીભથી લખલખાવીને
પાણી પીએ, તેને જુદો કાઢ; ને પ્રત્યેક જણ જે પાણી પીવા સારૂ ઘૂંટ-
ણીએ પડીને ઉબ્દો વળે, તેને પણ તેમજ કર. 6 અને તે લોકો મ્હોડે
હાથ લગાડીને પાણી લખલખાવ્યું, તેઓની ગણત્રી ત્રણસે ની હતી;
pપણ બીજા સર્વ લોકો પાણી પીવાને ઘૂંટણીએ પડીને ઉબ્ડા વળ્યા
હતા. 7 અને યહોવાહે ગિદઓનને કહ્યું, જે ત્રણસે માણસે પાણી લખલ-
ખાવીને પીધું છે, તેઓની હસ્તક હું તમને ઉગારીશ; ને મિદ્યાનીઓને
તારા હાથમાં આપીશ; ને બીજા સર્વ માણસ પોતપોતાની જગ્યાએ
જાય. 8 તે માટે લોકોએ પોતાનું ભાથું તથા પોતાના રણશિંગડા પોતાના
હાથમાં લીધા; ને તેણે સર્વ ઇસ્રાએલીઓને, પોતપોતાના તંબુએ મોક-
લી દીધા, પણ તે ત્રણસેં માણસોને પોતાની પાસે રાખ્યા; ને મિદ્યાનની
છાવણી તેની નીચેના મેદાનમાં હતી. 9 અને તેજ રાત્રે એમ થયું કે,
યહોવાહે તેને કહ્યું કે, ઉઠ, છાવણીમાં ઉતરી પદ; કેમકે તારા હાથમાં મેં
તે સોંપી છે. 10 પણ જો તું જતાં બીતો હોય, તો તું તથા તારો દાસ પુરાહ
છાવણી આગળ ઉતરી પડો; 11 ને તેઓ જે કહે તે સાંભળ; ને પછી છા-
વણીમાં ઉતરી પડવાને તારો હાથ બળવંત થશે. ત્યારે તે તથા તેનો
દાસ પુરાહ સૈન્યની સૌથી છેવાડી શસ્ત્રધારીઓની ટુકડી નજીક
આવ્યા. 12 અને મીદ્યાનીઓ તથા અમાલેકીઓ તથા સર્વ પૂર્વ દિશાના
લોકો મેદાનની અંદર સંખ્યામાં તીડની માફક પડેલા હતા; અને તેઓના
ઉંટ સંખ્યામાં સમુદ્રના કાંઠાની રેતીની પેઠે અગણિત હતાં. 13 અને ગિ-
દઓન ત્યાં આવ્યો, ત્યારે જુઓ, ત્યાં આગળ એક માણસ પોતાનાં મિ-
ત્રને એક સ્વપ્ન કહી સંભળાવતો હતો, ને કહેતો હતો કે, જો, મને એક
સ્વપ્ન આવ્યું, ને, જો, જવની એક રોટલી મિદ્યાનની છાવણી ઉપર
ઘસી પડી, ને એક તંબુની પાસે આવીને, તેણે તેને એવો માર્યો કે તે
પડ્યો, ને તેને એવો ઉથલાવી નાખ્યો કે તે તંબુ જમીનદોસ્ત થયો.
14 અને તેના સાથીએ ઉત્તર આપીને કહ્યું, ઇસ્રાએલના માણસ યોઆ-
શના દીકરા ગિદઓનની તરવાર વગર એ બીજું કંઈ નથી; મિદ્યાનને
તથા તેના સર્વ સૈન્યને દેવે તેના હાથમાં સોંપ્યો છે. 15 અને જયારે ગિ-
દઓને એ સ્વપ્નનું કથન તથા તેનો અર્થ સાંભળ્યા, ત્યારે એમ થયું કે,
તેણે આરાધના કીધી, ને ઇસ્રાએલની છાવણીમાં પાછો આવીને તેણે
કહ્યું, ઉઠો; કેમકે યહોવાહે મિદ્યાનના સૈન્યને તમારા હાથમાં સોંપ્યું છે.
16 અને તે ત્રણસેં માણસોની તેણે ત્રણ ટુકડીઓ કરી, ને તેઓ સઘળા-
ના હાથમાં રણશિંગડા, તથા ખાલી ઘડા, તથા ઘડામાં દીવા આપ્યાં.
17 અને તેણે તેઓને કહ્યું, તમે મારી તરફ નજર રાખીને, હું કરૂં તેમ કર-
જો; અને, જુઓ, જયારે હું છાવણીના સૌથી છેવાડા ભાગ આગળ
પહોંચું, ત્યારે એમ થાય કે, જેવું હું કરૂં તેવું તમે પણ કરજો. 18 હું તથા
મારી સાથેના સર્વ લોક જયારે રણશિંગડું વગાડીએ ત્યારે આખી છાવ-
ણીની આસપાસ તમે પણ રણશિંગડા વગાડીને કહેજો, યહોવાહની
તથા ગિદઓનની જે! 19 એમ ગિદઓન તથા તેની સાથેના સો માણસ
વચલા પહોરના આરંભમાં, છાવણીના સૌથી છેવાડા ભાગ આગળ
આવ્યા; તે વખતે માત્ર થીડીજ વાર ઉપર નવો પહેરો મુક્યો હતો; ને તે-
ઓએ રણશિંગડા વગાડીને પોતાના હાથમાંના ઘડા ફોડ્યા. 20 અને ત્ર-
ણે ટુકડીઓએ રણશિંગડા વગાડ્યા, તથા ઘડા ફોડ્યા, ને ડાબે હાથે
દીવા પકડ્યા, ને જમણા હાથમાં વગાડવાના રણશિંગડા લઈને તેઓએ
એવા લલકાર કીધો કે, યહોવાહની તથા ગિદઓનની તરવારની જે!
21 ને સર્વ માણસો પોતપોતાની જગ્યાએ છાવણીની ચારોગમ ઉભા
રહ્યા; ને સર્વ સૈન્ય નાઠું; ને તેઓએ હોકારો પાડીને [તેમને] નસાડી મુ-
ક્યા. 22 અને તેઓએ તે ત્રણસેં રણશિંગડા વગાડ્યા, અને યહોવાહે પ્ર-
ત્યેક માણસની તરવાર પોતાના સાથીની સામે, તથા આખા સૈન્યની
સામે લાગુ કરી; અને સૈન્ય સરેરાહ તરફ બેથ-શિટ્ટાહ સુધી, તથા ટા-
બ્બાથ પાસેના આબેલ-મહોલાહની સરહદ સુધી નાઠું. 23 અને નાફતા-
લી તથા આશેર તથા આખા મનાશ્શેહમાંથી ઇસ્રાએલના માણસો એક-
ત્ર થઈને મિદ્યાનીઓની પછવાડે લાગ્યા. 24 અને ગિદઓને એ વાત
કહેવાને એફ્રાઈમના આખા પહાડી મુલકમાં સંદેશીઆ મોકલીને કહેવ-
ડાવ્યું કે, તમે મીદ્યાનીઓ પર ધસી આવો, ને તેઓથી અગાઉ બેથ-બા-
રાહ લગી [જઈને] યરદનના પાણી આંતરો.માટે એફ્રાઈમના સર્વ માણ-
સો એકઠા થઈને, યરદનના પાણી બેથ-બારાહ લગી આંતર્યો. 25 અને
ઓરેબ તથા ઝએબ નામે મીદ્યાનના બે સરદારોને તેઓએ પકડ્યા; ને
તેઓએ ઓરેબ ખડક આગળ ઓરેબને મારી નાખ્યા, ને ઝએબના દ્રા-
ક્ષકુંડની પાસે ઝબેનને મારી નાખ્યો, ને તેઓ મીદ્યાનની પછવાડે લા-
ગ્યા; ને તેઓ ઓરેબ તથા ઝએબનાં માથા યરદનને પેલે પાર ગિદઓ-
નની પાસે લાવ્યા.

8 અને એફ્રાઈમના લોકોએ તેને કહ્યું, તું અમારી સાથે એવું કેમ
વર્ત્યો, કે જયારે તું મિદ્યાનીઓની સાથે લડવા ગયો ત્યારે તેં અમ-
ને બોલાવ્યા નહિ? અને તેઓએ તેને સખત ઠપકો દીધો. 2 અને તેણે
તેઓને કહ્યું, તમે જે કર્યું છે તેની સરખામણીમાં મેં તો શું કર્યું છે? એફ્રા-
ઈમનો દ્રક્ષ્શોનો સલો તે અબીએઝેરની દ્રાક્ષોના આખા ફાલ કરતાં શું
સારો નથી? 3 દેવે મિદ્યાનના ઓરેબ તથા ઝએબ સરદારોને તમારા હા-
થમાં સોંપ્યાં છે; ને તમારી સાથે સરખામણી હું શું કરી શક્યો છું? ને તે-
ણે એ વાત કહી, ત્યારે તેઓનો ક્રોધ તેના ઉપરથી ટાઢો પડ્યો. 4 અને
ગિદઓન યરદન આગળ આવ્યો, [ને] તે તથા તેની સાથેના ત્રણસેં મા-
ણસો તેની પાર ઉતર્યા; તેઓ થાકેલા છતાં પાછળ લાગેલા હતા. 5 અને
તેણે સુક્કોથના લોકોને કહ્યું, કૃપા કરીને મારા હાથ નીચેના આ લોકોને
રોટલી આપો; કેમકે તેઓ થાકેલા છે, ને હું મિદ્યાનના ઝેબાહ તથા સા-
લ્મુન્ના રાજાઓની પછવાડે લાગેલો છું. 6 અને સુક્કોથના સરદારોએ
કહ્યું, ઝેબાહ તથા સાલ્મુન્નાના હાથ હાલ શું તારા હાથમાં છે, કે અમે તા-
રા સૈન્યને રોટલી આપીએ? 7 ને ગિદઓને કહ્યું, એટલા માટે જયારે
યહોવાહ ઝેબાહ તથા સાલ્મુન્નાને મારા હાથમાં આપશે ત્યારે જંગલના
કાંટાથી તથા ચણી બોરડીથી હું તમારા શરીર ઉઝરડીશ. 8 અને તે
ત્યાંથી પનૂએલ ગયો, ને તેઓને તેજ રીતે કહ્યું; ને સુક્કોથના લોકોએ
જેવો ઉત્તર આપ્યો હતો, તેવો ઉત્તર પનૂએલના લોકોએ તેને આપ્યો.
9 અને તેણે પનૂએલના લૂને પણ કહ્યું, જયારે હું નિરાંતે પાછો આવીશ,
ત્યારે આ કિલ્લો તોડી પાડીશ. 10 હવે ઝેબાહ તથા સાલ્મુન્ના કાર્કોરમાં
હતા, ને તેઓનું સૈન્ય, એટલે પૂર્વ દિશાના લોકના આખા સૈન્યમાંથી
બચી રહેલા સુમારે પંદર હજાર માણસ, તેઓની સાથે હતા; કેમકે તર-
વાર તાણનારા એક લાખ ને વીસ હજાર માણસ પડ્યા હતા. 11 અને
ગિદઓને નોબાહની તથા યોગ્બહાહની પૂર્વ બાજુએ તંબુમાં રહેનાર લો-
કોને માર્ગે જઈને સૈન્યને માર્યું; કેમકે તે સૈન્ય નિર્ભય હતું. 12 અને ઝે-
બાહ તથા સાલ્મુન્ના નાઠા; ત્યારે તે તેઓની પછવાડે લાગ્યો; ને મિદ્યા-
નના ઝેબાહ તથા સાલ્મુન્ના એ બે રાજાઓને પકડીને, તેણે સર્વ સૈન્ય-
નો પરાભવ કર્યો. 13 અને હેરેસ ઘાટથી યોઆશનો દીકરો ગિદઓન
લડાઇમાંથી પાછો ફર્યો. 14 અને તેણે સુક્કોથના માણસોમાંથી એક જુ-
વાનને પકડીને તેને પુછ્યું, ત્યારે તેણે સુક્કોથના સરદારો તથા તેઓ-
ના વડીલો જે સિત્તોતેર હતા તેઓનું તેની આગળ વર્ણન કર્યું. 15 અને
તેણે સુક્કોથના લોકોની પાસે આવીને કહ્યું, ઝેબાહ તથા સાલ્મુન્નાને
જુઓ, જેઓ સંબંધી તમે એમ કહીને મને મહેણું માર્યું હતું કે, શું ઝેબાહ
તથા સાલ્મુન્નાના હાથ્થ તારા હાથમાં છે, કે અમે તારા થાકેલા માણસોને
રોટલી આપીએ? 16 ને તેને નગરના વડીલોને લીધા, અને જંગલના
કાંટા તથા ચણીબોરડી લઈને તેથી સુક્કોથના લોકોને શિક્ષા કીધું.
17 વળી તેણે પનૂએલનો કિલ્લો તોડી પાડ્યો, અને તે નગરના માણસો-
નો સંહાર કીધો. 18 ત્યારે તેણે ઝેબાહ તથા સાલ્મુન્નાને કહ્યું, તાબોરમાં
જે લોકોને તમે કતલ કીધા, તે કેવા માણસો હતા? અને તેઓએ ઉત્તર
આપ્યો કે, જેવો તું છે તેવા તેઓ હતા; પ્રત્યેક જણ રાજપુત્રના જેવો
હતો. 19 અને તેણે કહ્યું, તેઓ મારા ભાઈ, એટલે મારી માની દીકરા
હતા; હું જીવતા યહોવાહના સમ ખાઉં છું કે, જો તેઓના જીવ તમે બચા-
વ્યા હોત,તો હું તમને મારી નાખત નહિ. 20 અને તેણે પોતાના વડા દી-
કરા યેથેરને કહ્યું, ઉઠ, તેઓને મારી નાખ. પણ તે જુવાન માણસે પો-
તાની તરવાર તાણી નહિ; કેમકે તે હજી જુવાન હતો, માટે બીધો.
21 ત્યારે ઝેબાહે તથા સાલ્મુન્નાએ કહ્યું, તું ઉઠીને અમને મારી નાખ; કે-
મકે જેવું માણસ તેવું બળ. અને ગિદઓન ઉઠીને ઝેબાહ અને સાલ્મુ-
ન્નાને મારી નાખ્યા, ને તેઓનાં ઉંટોનાં ગળામાંની કલગીઓ લીધી.

22 ત્યારે ઈસ્રાએલના માણસોએ ગિદઓનને કહ્યું, તું અમારા પર રાજ્ય
કર, તું તથા તારો દીકરો તથા તારા દીકરાનો દીકરો પણ; કેમકે મિદ્યાન-
ના હાથમાંથી તે અમને ઉગાર્યો છે. 23 અને ગિદઓને તેઓને કહ્યું,
તમારા પર હું રાજ્ય નહિ કરૂં, ને મારો દીકરો પણ તમારા પર રાજ્ય નહિ
કરે; યહોવાહ તમારા પર રાજ્ય કરશે.. 24 અને ગિદઓને તેઓને કહ્યું, હું
તામને એક વિનંતી કરવા ચાહું છો કે, જે સર્વ કુંડળ તમે લૂટ્યા છે તે
સર્વ મને આપો; (કેમકે તેઓ ઈશ્માએલીઓ હતા, માટે તેઓના કુંડળ
સોનાનાં હતા). 25 અને તેઓએ જવાબ આપ્યો કે, અમે ખુશીથી તે
આપીશું. અને એક લુગડું પાથરીને તેઓમાંના પ્રત્યેક માણસે પોતાની
લૂટના કુંડળ તેમાં નાખ્યા. 26 અને તેણે જે કુંડળો માંગી લીધા, તેનું સો-
નું એક હજાર ને સાતસેં [શેકેલ] હતું; એ ઉપરાંત કલગીઓ, તથા લોલ-
કો, તથા મિદ્યાનના રાજાઓના અંગપરનાં જાંબુઆ વસ્ત્ર, ને તે ઉપરાંત
તેઓનાં ઉંટોના ગળામાંનાસંકળા હતાં. 27 અને ગિદઓને તેનું એક
એફોદ બનાવ્યું, ને પોતાના નગરમાં, એટલે એફ્રાહમાં, તે મુક્યું; ને ત્યાં
સર્વ ઈસ્રાએલ તેની પાછળ વંઠી ગયા; ને તે ગિદઓનને તથા તેના કુ-
ટુંબને ફાંદારૂપ થઈ પડ્યું. 28 એ રીતે મિદ્યાન ઈસ્રાએલપુત્રોની આંગળ
હાર્યા, ને તેઓએ ફરી પોતાનાં માથાં ઉંચા કર્યા નહિ, ને ગિદઓનના
દિવસોમાં ચાળીસ વર્ષ પર્યત દેશમાં શાંતિ હતી. 29 અને યોઆશનો દી-
કરો યરૂબ્બઆલ જઈને પોતાના ઘરમાં રહ્યો. 30 અને ગિદઓનને પેટે
સિત્તેર દીકરા થયા હતા; કેમકે તેને ઘણી સ્ત્રીઓ હતી. 31 અને શેખેમમાં
તેની એક ઉપપત્ની હતી, તેને પેટે પણ એક દીકરો થયો, ને તેણે તેનું
નામ અબીમેલેખ પાડ્યું. 32 અને યોઆશનો દીકરો ગિદઓન ઘણી વૃદ્ધ
ઉમરે મરણ પામ્યો, ને અબીએઝરીઓના ઓફ્રાહમાં પોતાના બાપ યો-
આશની કબરમાં દટાયો. 33 અને ગિદઓનના મરણ પછી એમ થયું કે,
ઈસ્રાએલપુત્રો પાછા ફરી ગયા, અને બઆલીમની પાછળ વંઠી ગયા, ને
બઆલ-બરીથને પોતાનો દેવ કરી માન્યો. 34 અને ઈસ્રાએલ પુત્રોએ
પોતાનો દેવ યહોવાહ, જેણે ચારોગમ સર્વ શત્રુઓના હાથથી તેઓને
બચાવ્યા હતા, તેને ન સંભાર્યો; 35 ને યરૂબ્બઆલે [એટલે] ગિદઓને જે
સર્વ ભલમનસાઇ ઈસ્રાએલપુત્રો પ્રત્યે દર્શાવી હતી, તે પ્રમાણે તેઓએ
તેના પર ઘર પર માયા રાખી નહિ.

9 અને યરૂબબઆલનો દીકરો અબીમેલેખ શખેમમાં પોતાના મા-
માઓ પાસે ગયો, ને તેણે તેઓની તથા પોતાના આજાના ઘરનાં
આખા કુટુંબના લોકોની સાથે વાત કરીને કહ્યું કે, 2 કૃપા કરીને, તમે
શખેમના સર્વ માણસોના કાનોમાં આ વાતો કહો કે, યરૂબ્બઆલના
સઘળાં દીકરા, એટલે સિત્તેર જણા તમારા પર રાજ્ય કરે, કે એક જણ
તમારા પર રાજ્ય કરે, એ બેમાંથી કયું તમારે વાસ્તે વધારે સારૂ છે. વળી
એ યાદ રાખો કે, હું તમારા હાડકાનો તથા તમારા માંસના છું. 3 અને તે-
ના માઓએ શખેમના સર્વ માણસોના કાનોમાં તેના સંબંધી એ સર્વ વા-
તો કહી, ને તેઓના હૃદયનું વળણ અબીમેલેખનું અનુગમન કરવા તરફ
થયું; કેમકે તેઓએ કહ્યું કે, તે આપણો ભાઇ છે. 4 અને તેઓએ
બઆલ-બરીથના મંદિરમાંથી તેને સિત્તેર રૂપિયા આપ્યા, ને અબીમેલે-
ખે તે વડે પોતાની સરદારી નીચે રહેવા સારૂ હલકા તથા લુચ્ચા લોકોને
નોકરીમાં રાખ્યા. 5 અને ઓફ્રાહમાં પોતાના બાપના ઘેર તે ગયો, ને
યરૂબબઆલના દીકરાઓને, એટલે પોતાના ભાઇ જે સિત્તેર જણ હતા
તેમને, એક પત્થર પર મારી નાખ્યા; પણ યરૂબ્બઆલના સૌથી નાનો
દીકરો બચી ગયો; કેમકે તે સંતાઇ ગયો હતો. 6 અને શખેમના સર્વ મા-
ણસો તથા મિલ્લોના આખા ઘરના એકઠા થયા, ને તેઓએ જઈને શખે-
મમાં જે સ્તંભ હતો તેની પાસેન આલોન વૃક્ષ આગળ અબીમેલેખને રા-
જા ઠરાવ્યો. 7 અને તેઓએ યોથામને તેની ખબર આપી, ત્યારે તેણે
ગરીઝીમ પર્વતના શિખર પર ઉભા રહીને મોટો ઘાંટો કાઢીને તેઓને
કહ્યું, ઓ શખેમના માણસો, મારી વાત સાંભળો કે ફ્દેવ તમારૂં સાંભળે.
8 એક સમયે વૃક્ષો અભિષેકક્રિયા વડે પોતા ઉપર એક રાજા નિમવાને
ગયાં; ને તેઓએ જૈતવૃક્ષને કહ્યું, તું અમારા પર રાજ્ય કર. 9 પણ જૈતવૃ-
ક્ષે તેઓને કહ્યું, મારૂં પૌષ્ટિકપણું કે જે વડે લોકો દેવન તથા માણસને
સન્માન આપે છે તે મુકીને, શું, વૃક્ષો પર આમ તેમ ઝોલા ખાવાને હું
આવું? 10 ને વૃક્ષોએ અંજીરીને કહ્યું, તું આવીને અમારા પર રાજ્ય કર.
11 પણ અંજીરીએ તેઓને કહ્યું, મારી મિઠાસ તથા મારાં સારાં ફળ મુકી-
ને, શું, વૃક્ષો પર આમ તેમ ઝોલા ખાવાને હું આવું? 12 ત્યારે વૃક્ષોએ દ્રા-
ક્ષવેલાને કહ્યું, તું આવીને અમારા પર રાજ્ય કર. 13 અને દ્રાક્ષવેલાએ
તેઓને કહ્યું, મારી દ્રાક્ષરસ જે દેવને તથા માણસને મગ્ન કરે છે તે મુકી-
ને, શું, વૃક્ષો પર આમ તેમ ઝોલા ખાવાને હું આવું? 14 પછી સઘળાં વૃ-
ક્ષોએ ઝાંખરને કહ્યું, તું આવીને અમારા પર રાજ્ય કર. 15 અને ઝાંખરાએ
વૃક્ષોને કહ્યું, જો તમારે ખરેખર પોતાના પર મને રાજા તરીકે અભિષિક્ત
કરવો હોય, તો આવો, અને મારી છાયા પર ભરોસો રાખો; પણ જો એમ
નહિ, તો ઝાંખરામાંથી અગ્નિ નિકળીને લેબાનોનનાં એરેજવૃક્ષોને ખાઇ
નાખો. 16 માટે હવે જો અબીમેલેખને રાજા કરવામાં તમે વાસ્તવિક રીતે
તથા પ્રમાણિકપણે વર્ત્યો હો, ને જો તમે યરૂબ્બઆલ તથા તેની ઘર-
નાંની સાથે સારી રીતે વર્ત્યો હો, ને તેના હાથની લાયકી પ્રમાણે તેની
પ્રત્યે તમે કીધું હોય; 17 (કેમકે મારા બાપે તમારે સારૂ લડાઇ કરી, ને પો-
તાના પ્રાણ જોખમમાં નાખીને તમને મિદ્યાનના હાથમાંથી છોડાવ્યા;
18 ને આજ તમે મારા બાપના ઘરની વિરુદ્ધ બળવો કરીને, તેના સિત્તેર
દીકરાને એક પત્થર પર મારી નાખ્યા છે, ને તેના દાસીના દીકરા અબી-
મેલેખને શખેમના માણસો પર રાજા કર્યો છે, કેમકે તે તમારો ભાઇ છે);
19 ત્યારે જો આજ તમે યરૂબ્બઆલની તથા તેના ઘરનાની સાથે વાસ્ત-
વિક રીતે તથા પ્રમાણિકપણે વર્ત્યો હો; તો તમે અબીમેલેખમાં આનંદ
કરો, ને તે પણ તમારામાં આનંદ કરે; 20 પણ જો [એમ વર્ત્યા] ન હો, તો
અબીમેલેખમાંથી અગ્નિ નિકળો, ને શખેમના માણસોનો તથા મિલ્લોના
ઘરનાનો વિનાશ કરો; ને શખેમના માણસોમાંથી તથા મિલ્લોના ઘર-
માંથી અગ્નિ નિકળો, ને અબીમેલેખનો વિનાશ કરો. 21 અને યોથામ પો-
તાના ભાઇ અબીમેલેખના ભયથી નાસી ગયો, અને બએરમાં જઈને
ત્યાં રહ્યો. 22 અને અબીમેલેખે ઈસ્રાએલ પર ત્રણ વર્ષ રાજ્ય કર્યું.
23 અને દેવે અબીમેલેખ તથા શખેમના માણસો વચ્ચે [વેર કરનારો] દુ-
ષ્ટ આત્મા મોકલ્યો; ને શખેમના માણસોએ અબીમેલેખ પ્રત્યે વિશ્વાસ-
ઘાત કર્યો; 24 એ સારૂ કે યરૂબ્બઆલના સિત્તેર દીકરા પર જે ગજબ ગુ-
જાર્યો હતો તેનો બદલો લેવાય, ને તેઓના ખૂનનો દોષ તેઓના ભાઇ
અબીમેલેખ પર મુકાઈ, કેમકે તેણે તેઓને મારી નાખ્યા હતા, ને શખેમ-
ના માણસો પર પણ [દોષ મુકાય], કેમકે તેઓએ તેના ભાઇઓના ખૂ-
નમાં તેને સહાય કરી હતી. 25 અને શખેમના માણસોએ પર્વતના શિખર
પર તેનો લાગ તાકીને સંતાઈ રહેનારાઓને બેસાડ્યા, ને જે સર્વ તેઓ-
ની પાસે થઈને તે માર્ગે જતા હતા, તે સર્વને તેઓ લૂટી લેતાં હતા; ને એ
વાત અબીમેલેખને કોઇએ કહી. 26 અને એબેદનો દીકરો ગાઆલ પોતા-
ના ભાઇઓની સાથે આવીને શખેમમાં ગયો; ને શખેમના માણસોએ તે-
ના પર ભરોસો રાખ્યો. 27 અને તેઓ સીમમાં ગયા; ને પોતાની દ્રાક્ષવા-
ડીઓ વેડી, ને તેને નીચોવીને મિજબાની કીધી, ને પોતાના દેવના
મંદિરમાં જઈને, ખાઇ પીને, અબીમેલેખને શ્રાપ દીધો. 28 અને એબેદના
દીકરા ગાઆલે કહ્યું, અબીમેલેખ કોણ છે, ને શખેમ કોણ છે, કે આપણે
તેની તાબેદારી કરીએ? તે શું યરૂબ્બઆલનો દીકરો નથી? ને ઝુબુલ શું
તેનો સેનાપતિ નથી. શખેમના બાપ હમોરના લોકોની તાબેદારી કરો;
પણ તેની તાબેદારી આપણે શા વાસ્તે કરીએ? 29 અને પરમેશ્વર કરે ને
આ લોકો મારા હાથ તળે આવે! તો હું અબીમેલેખને કાઢું. અને તેણે
અબીમેલેખને કહ્યું, તું પોતાના સૈન્યને વધારીને બહાર આવ. 30 અને
નગરના સરદાર ઝુબુલે એબેદના દીકરા ગાઆલનાં વચન સાંભળ્યા,
ત્યારે તેને રોષ ચઢ્યો. 31 અને તેણે અબીમેલેખની પાસે પક્કાઈથી
સંદેશીઆ મોકલીને કહેવડાવ્યું, જો, એબેદનો દીકરો ગાઆલ તથા તે-
ના ભાઇઓ શખેમમાં આવ્યા છે; ને, જો, જોરાવરીએ નગરને તારી વિ-
રુદ્ધ [ઉસકેરે છે]. 32 માટે હવે રાત્રે તું તથા તારી સાથેના લોકો ઉઠો; ને
મેદાનમાં સંતાઈ રહો; 33 ને એમ થાય કે, સવારે સૂર્ય ઉગતા, તું વહેલો
ઉઠીને નગર પર હુમલો કર; ને, જો, જયારે તે તથા તેની સાથેના લોક
તારી સામે ધસી આવે, ત્યારે જેવો પ્રસંગ તને મળે તે પ્રમાણે તેમને કર-
જે. 34 અને અબીમેલેખ તથા તેની સાથેના સર્વ લોક રાત્રે ઉઠીને, ચાર
ટોળીઓ થઈને, શખેમની સામે સંતાઈ રહ્યા. 35 અને એબેદના દીકરો
ગાઆલ બહાર જઈને નગરના દરવાજાના નાકામાં ઉભો રહ્યો; ને અબી-
મેલેખ તથા તેની લોક સંતાઈ રહ્યા હતા ત્યાંથી ઉઠ્યા. 36 અને ગાઆલે
તે લોકોને જોઇને ઝબુલને કહ્યું, જો, લોક પર્વતોના શિખર ઉપરથી ઉત-
રી આવે છે. અને ઝબુલે તેને કહ્યું, પર્વતોના ઓળા તને માણસોના
સરખા દેખાય છે. 37 ત્યારે ગાઆલે ફરી તેને કહ્યું, જો, લોક દેશની

મધ્યમાં થઈને ઉતરી આવે છે, ને બીજું એક ટોળું મેઓનનીમના
આલોન વૃક્ષની વાટે આવે છે. 38 ત્યારે ઝબુલે તેને કહ્યું, તું ક્યાં મ્હોથી
બોલતો હતો કે, અબીમેલેખ કોણ છે, કે અમે તેનું દાસપણું કરીએ? જે
લોકોને તે ધિક્કાર્યા છે તે શું એ નથી? મહેરબાની કરીને બહાર જઈને
તેઓની સાથે લડ. 39 અને ગાઆલ શખેમના માણસોને લઈને બહાર
ગયો, અને અબીમેલેખની સાથે લડ્યો. 40 અને અબીમેલેખે તેને નસા-
ડ્યો, ને તે તેની આગળ નાઠો, ને નગરના દરવાજામાં પેસતાં સુધી
ઘણા ઘાયલ થઈને પડ્યા. 41 અને અબીમેલેખ અરૂમાહમાં રહ્યો; ને
ઝબુલે ગાઆલ તથા તેના ભાઈઓને શખેમમાંથી કાઢી મુક્યા, કે ત્યાં
તેઓ ન રહે. 42 અને એમ થયું કે, બીજે દિવસે લોક મેદાનમાં ગયા; ને
અબીમેલેખને તેઓએ સમાચાર કહ્યા. 43 અને તે લોકોને લઈને તેઓની
ત્રણ ટોળીઓ કરીને મેદાનમાં સંતાઈ રહ્યો; ને તેણે જોયું, ને જુઓ, લો-
કો નગરમાંથી બહાર આવતા હતા ને તેણે તેઓ પર હલ્લો કરીને તેઓને
માર્યા. 44 અને અબીમેલેખ તથા તેની સાથેની ટોળીઓ આગળ ધસીને,
નગરના દરવાજાના નકામા ઉભા રહ્યા; ને પેલી બે ટોળીઓએ જે લોકો
મેદાનમાં હતા તે સર્વ ઉપર ધસી પડીને તેઓને મારી નાખ્યા. 45 અને તે
આંખો દિવસ અબીમેલેખ નગરની સામે લડ્યો; ને તેણે નગર લીધું, ને
તેમાં જે લોક હતા તેઓને મારી નાખ્યા; ને નગર તોડી પાડ્યું, ને તેમાં
મીઠું વેર્યું. 46 અને શખેમના કિલ્લાના સર્વ માણસો એ સાંભળીને એલ-
બરીથના ઘરનાં કિલ્લામાં પેઠા. 47 અને અબીમેલેખને ખબર મળી કે,
શખેમના કિલ્લાના સર્વ માણસો એકઠા થયા છે. 48 અને અબીમેલેખ
તથા તેની સાથેના સર્વ લોક સાલ્મોન પર્વત પર ચઢ્યા; ને અબીમેલેખે
પોતાની હાથમાં એક કુહાડી લઈને વૃક્ષની એક ડાળી કાપી, ને તે લઈને
પોતાની ખભે મુકી; ને પોતાની સાથેના લોકોને કહ્યું, મને જે કરતાં તમે
જોયાં છે, તે પ્રમાણે જલદીથી કરો. 49 અને સર્વ લોકો પણ પોતપોતાને
કાજે ડાળ કાપીને અબીલેખની પાછળ ચાલ્યા, ને તે ડાળો કિલ્લાને
લગાડીને, તે વડે કિલ્લાને સળગાવી દીધો; ને તેથી શખેમના કિલ્લાનાં
સર્વ માણસ પણ, એટલે હજારેક પુરૂષ તથા સ્ત્રી, મરી ગયાં. 50 પછી
અબીમેલેખ તેબેસ ગયો, ને તેબેસની સામે છાવણી નાખીને તે લીધું.
51 પણ તે નગરમાં એક મજબૂત કિલ્લો હતો, ને તેમાં નગરનાં સર્વ પુરુષ
તથા સ્ત્રીઓ તથા નગરના સઘળાં લોક નાસી ગયાં, ને માંહેથી કિલ્લાનું
બારણું બંધ કરીને તેના ધાબા પર ચઢી ગયાં. 52 અને અબીમેલેખ કિલ્લા
આગળ આવીને તેની સામે લડ્યો; ને તેને આગ લગાડવા સારૂ કિલ્લાના
બારણાની છેક નજીક આવ્યો. 53 અને એક સ્ત્રીએ ઘંટીનું ઉપલું પડ
અબીમેલેખના માથા પપર ફેંકીને તેની ખોપરી ફોડી નાખી. 54 અને તેણે
એક જુવાનને, એટલે પોતાના શાસ્ત્રધારને, ઉતાવળથી બોલાવીને
કહ્યું, તારી તરવાર કાઢીને મને મારી નાખ, કે લોક મારા વિષે એમ ન
કહે કે એક સ્ત્રીએ તેને મારી નાખ્યો. અને તેના જુવાને તેની આરપાર
[તરવાર] ભોંકી દીધી, ને તે મારી ગયો. 55 અને ઈસ્રાએલના માણસોએ
જોયું કે, અબીમેલેખ મારી ગયો, ત્યારે પ્રત્યેક માણસ પોતાની જગ્યાએ
જતો રહ્યો. 56 આ પ્રમાણે જે ઘાતકીપણું અબીમેલેખે પોતાના સિત્તેર
ભાઈઓની હત્યા કરીને પોતાના બાપ પ્રત્યે કીધું હતું, તે સર્વનો બદલો
દેવે વાળ્યો; 57 ને શખેમના લોકની સઘળી દુષ્ટાઈનો બદલો દેવે તેમ-
નાજ માથા પર વાળ્યો; ને યરૂબ્બઆલના દીકરા યોથામનો શ્રાપ તેઓ-
ને લાગ્યો.

10 અને અબીમેલેખ પછી ઈસ્રાએલને ઉગારવા સારૂ યિસ્સાખાર-
ના કુળના દોદોના દીકરા પૂઆહનો દીકરો તોલા ઉઠ્યો; ને તે
એફ્રાઈમના પહાડી મુલકમાંના શામીરમાં રહેતો હતો. 2 અને તેણે ત્રે-
વીસ વર્ષ ઈસ્રાએલનો ન્યાય કીધો; પછી તે મરણ પામ્યો, ને શામીરમાં
દટાયો. 3 અને તે પછી ગિલઆદી યાઈર ઉઠ્યો; ને તેણે બાવીસ વર્ષ
ઈસ્રાએલનો ન્યાય કીધો. 4 અને તેને ત્રીસ દીકરા હતા, તેઓ ત્રીસ ગધે-
ડાના વછેરા પર સવારી કરતા હતા, ને તેમને ત્રીસ નગર હતાં, કે જે
આજ સુધી હાવ્વોથ-યાઈર કહેવાય છે, અને ગિલઆદ દેશમાં છે. 5 અને
યાઈર મરણ પામ્યો, ને કામોનમાં દટાયો. 6 અને ઈસ્રાએલપુત્રોએ ફરી
યહોવાહની દ્રષ્ટિમાં ભુંડું કીધું, ને બઆલીમ તથા આશ્તારોથ, તથા
અરામના તથા સીદોનના તથા મોઆબના તથા આમ્મોનપુત્રોના તથા
પલિસ્તીઓના દેવોની તેઓએ સેવા કરી; ને યહોવાહનો ત્યાગ કરીને
તેઓએ તેની સેવા ન કરી. 7 ને યહોવાહનો કોપ ઈસ્રાએલ પર સળગ્યો,
ને તેણે તેઓને પલિસ્તીઓના તથા આમ્મોનપુત્રોના હાથમાં વેચ્યા.
8 અને તેઓએ તે વર્ષે ઈસ્રાએલપુત્રોને હેરાન કીધા તથા તેઓ પર જુ-
લમ કીધો; યરદનને પેલે પાર અમોરીઓનો જે દેશ ગિલઆદમાં છે,
ત્યાંના સર્વ ઈસ્રાએલપુત્રો પર અરાઢ વર્ષ [તેઓએ જુલમ કીધો]. 9 અને
યહુદાહની તથા બિન્યામીનની તથા એફ્રાઈમના કુળની સામે પણ લડ-
વા સારૂ, આમ્મોનપુત્રો યરદન ઉતર્યા; તેથી ઈસ્રાએલ બહુ દુઃખી થયા.
10 અને ઈસ્રાએલપુત્રોએ યહોવાહની આગળ પોકાર કરીને કહ્યું,અમે
પોતાના દેવને તજીને બઆલીમની સેવા કર્યાથી તારી વિરુદ્ધ પાપ કર્યું
છે. 11 અને યહોવાહે ઈસ્રાએલપુત્રોને કહ્યું, મિસરીઓથી તથા અમોરી-
ઓથી તથા આમ્મોનપુત્રોથી તથા પલિસ્તીઓથી, શું તમને [મેં ઉગાર્યો
નહોતા]? 12 વળી સીદોનીઓએ તથા અમાલેકીઓએ તથા માઓની-
ઓએ તમારા પર જુલમ કીધો; ને તમે મારી આગળ પોકાર કીધો, ને મેં
તમને તેઓના હાથમાંથી ઉગાર્યા. 13 તો પણ તમે મારો ત્યાગ કીધો છે,
ને બીજા દેવોની સેવા કીધી છે; એ માટે હું તમને હવે પછી નહિ ઉગા-
રીશ. 14 તમે જે દેવોને પસંદ કર્યા છે તેઓની પાસે જઈને પોકાર કરો;
તેઓ ભલે તમારા દુઃખની વેળાએ તમને બચાવે. 15 અને ઈસ્રાએલપુ-
ત્રોએ યહોવાહને કહ્યું, અમે પાપ કર્યું છે; તને જે સારૂ લાગે તે તું અમને
કર; પણ કૃપા કરીને આજેજ અમને છોડાવ. 16 અને તેઓએ પોતા
મધ્યેથી પારકા દેવોને દૂર કરીને યહોવાહની સેવા કરી; ને ઈસ્રાએલના
દુઃખને લીધે તેનો આત્મા ઉદાસ થયો. 17 અને આમ્મોનપુત્રોએ એકઠા
થઈને ગિલઆદમાં છાવણી કરી. અને ઈસ્રાએલપુત્રોએ એકઠા થઈને
મિસ્પાહમાં છાવણી કરી. 18 અને ગિલઆદના લોકોએ, એટલે સરદા-
રોએ, એક બીજાને કહ્યું, આમ્મોનપુત્રોની સામે યુદ્ધ કોણ શરૂ કરશે? તે
માણસ ગિલઆદમાં રહેનારા સર્વનો ઉપરી થશે.

11 હવે ગિલઆદી યિફતાહ [નામનો] એક પરાક્રમી યોદ્ધા હતો, ને
તે વેશ્યાનો દીકરો હતો; ને ગિલઆદને પેટે યિફતાહ થયો હતો.
2 અને ગિલઆદની સ્ત્રીની પેટે તેને દીકરા થયા; ને તેની સ્ત્રીના દીકરા
મોટા થયા ત્યારે તેઓએ યિફતાહને કાઢી મુકતાં તેને કહ્યું, અમારા બા-
પના ઘરમાં તને કંઈ વતન મળશે નહિ; કેમકે તું બીજી સ્ત્રીનો દીકરો
છે. 3 ત્યારે યિફતાહ પોતાના ભાઈઓ પાસેથી નાસી જઈને ટોબ દેશમાં
રહ્યો; ને કેટલાએક હલકા લોક યિફતાહની પાસે ભેગા થઈને તેની સાથે
નિકળી ગયા. 4 અને કેટલાક વખત પછી એમ થયું કે, આમ્મોનપુત્રોએ
ઈસ્રાએલની સામે યુદ્ધ કીધું. 5 આને એમ થયું કે, આમ્મોનપુત્રો ઈસ્રાએ-
લની સામે યુદ્ધ કરતાં હતા ત્યારે ગિલઆદના વડીલો યિફતાહને ટોબ
દેશથી તેડી લાવવા સારૂ ગયા. 6 અને તેઓએ યિફતાહને કહ્યું કે,
આવીને અમારો સેનાપતિ થા, કે અમે આમ્મોનપુત્રોની સામે લડીએ.
7 અને યિફતાહે ગિલઆદના વડીલોને કહ્યું કે, તમે શું મને ધિક્કાર્યો
નહોતો? ને મારા બાપના ઘરમાંથી શું મને કાઢી મુક્યો ન હતો? ને હવે
સંકટમાં તમે આવી પડ્યા ત્યારે કેમ મારી પાસે આવ્યા છો? 8 આને ગિ-
લઆદના વડીલોએ યિફતાહને કહ્યું, હાલ એ માટે અમે તારી પાસે પા-
છા આવ્યા છીએ, કે તું અમારી સાથે આવે, ને આમ્મોનપુત્રોની સાથે
લડે, તો તું ગિલઆદના સર્વ રહેનારા પર અમારો સરદાર થશે. 9 અને
યિફતાહે ગિલઆદના વડીલોને કહ્યું, જો આમ્મોનપુત્રોની સામે યુદ્ધ
કરવાને તમે મને સ્વદેશ લઇ જાઓ, ને જો યહોવાહ તેઓને મારી આગ-
ળથી હરાવે, તો શું હું તમારો સરદાર થાઉં? 10 ને ગિલઆદના વડીલોએ
યિફતાહને કહ્યું કે, યહોવાહ આપણી વચ્ચમાં સાક્ષી થાઓ કે ખચિત
તારા કહેવા પ્રમાણેજ અમે કરીશું. 11 અને યિફતાહ ગિલઆદના વડી-
લોની સાથે ગયો, ને લોકોએ તેને પોતાનો સરદાર તથા સેનાપતિ ઠરા-
વ્યો; ને યિફતાહે પોતાની સર્વ વાતો મિસ્પાહમાં આગળ કહી. 12 અને
યિફતાહે આમ્મોનપુત્રોના રાજાની પાસે સંદેશીઆ મોકલીને કહેવડાવ્યું
કે, મારે ને તારે શું છે કે મારા દેશની વિરુદ્ધ લડવાને તું મારી પાસે
આવ્યો છે? 13 ને આમ્મોનપુત્રોના રાજાએ યિફતાહના સંદેશીઆઓને
ઉત્તર આપ્યો કે, જયારે ઈસ્રાએલ મિસરમાંથી આવતા હતા, ત્યારે
આર્નોનથી યાબ્બોક તથા યરદન સુધી તેઓએ મારો દેશ લઇ લીધો
હતો; એ માટે હવે શાંતિથી તે પાછો આપ. 14 અને યિફતાહ આમ્મોનપુ-
ત્રોના રાજાની પાસે ફરી સંદેશીઅ મોકલ્યા; 15 અને તેણે તેને કહેવડા-
વ્યું કે, યિફતાહ એમ કહે છે કે, મોઆબનો દેશ તથા આમ્મોનપુત્રોનો
દેશ ઈસ્રાએલે લઇ લીધો નહોતો; 16 પણ જયારે ઈસ્રાએલ મિસરમાંથી

આવ્યા, ને લાલ સમુદ્ર લગી અરણ્યની એક બાજુથી બીજી બાજુ સુધી
ફરીને કાદેશમાં પહોંચ્યા; 17 ત્યારે ઇસ્રાએલે અદોમના રાજા પાસે સંદે-
શીઆ મોકલીને કહેવડાવ્યું કે, કૃપા કરીને તારા દેશમાં થઈને મને જવા
દે; પણ અદોમના રાજાએ તેનું સાંભળ્યું નહિ. અને તેજ પ્રમાણે તેણે
મોઆબના રાજાને કહેવડાવ્યું; પણ તે પણ એમ કરવા ચાહતો નહોતો;
ને ઇસ્રાએલ કાદેશમાં રહ્યા. 18 ત્યાર પછી અરણ્યમાં થઈને ચાલ્યા, ને
અદોમ દેશ તથા મોઆબ દેશની સરહદ ઉપર ચકરાવો ખાઈને, મોઆબ
દેશની પૂર્વ બાજુએ ફરી આવીને, આર્નોનને પેલે પાર તેઓએ છાવણી
કરી; પણ મોઆબની સરહદની અંદર આવ્યો નહોતો, કેમકે મોઆબની
સરહદ આર્નોન હતી. 19 અને ઇસ્રાએલે અમોરીઓના રાજા સીહોનની,
એટલે હેશ્બોનના રાજાની પાસે સંદેશીઆ મોકલ્યા; ને ઇસ્રાએલે તેને
કહેવડાવ્યું કે, અમે તારી વિનંતી કરીએ છીએ કે તારા દેશમાં થઈને
અમને અમારી જગ્યાએ જવા દે. 20 પણ પોતાની સરહદમાં થઈને તેમને
જવા દે એટલો સીહોનને ઇસ્રાએલનો ભરોસો નહોતો; પણ સીહોને પો-
તાના સર્વ લોકોને એકઠા કરીને યાહાસમાં છાવણી કરી, ને ઇસ્રાએલની
સામે યુદ્ધ કર્યું. 21 અને ઇસ્રાએલના દેવ યહોવાહે સીહોનને તથા તેના
સર્વ લોકોને ઇસ્રાએલના હાથમાં સોંપ્યાં, ને તેઓએ તેઓનો સંહાર કી-
ધો; એમ ઇસ્રાએલે તે દેશના રહેનારા અમોરીઓના સર્વ દેશનું વતન
પ્રાપ્ત કીધું. 22 અને આર્નોનથી તે યાબ્બોક સુધી, તથા અરણ્યથી તે યર-
દન સુધી, અમોરીઓની સર્વ સીમનું તેઓએ વતન પ્રાપ્ત કીધું. 23 એમ
ઇસ્રાએલના દેવ યહોવાહે પોતાના લોક ઇસ્રાએલની આગળથી અમો-
રીઓને વતનહિન કીધા છે, ને શું તું તેઓનું વતન લઇશ? 24 તારો દેવ
કમોશ જે વતન તને આપે છે, તે વતન શું તું નહિ લેશે? તેમ અમારા દેવ
યહોવાહે જેઓને અમારી આગળથી વતનહિન કીધા છે, તેઓનું વતન
અમે લઈશું. 25 અને હવે શું, તું સિપ્પોરના દીકરા મોઆબના રાજા બા-
લાક કરતાં શ્રેષ્ઠ છે? શું તેણે ઇસ્રાએલની સામે કદી ટક્કર લીધી? કે તે-
ઓની સામે તેણે કદી યુદ્ધ કીધું? 26 ઇસ્રાએલ હેશ્બોનમાં તથા તેના ગા-
મોમાં, ને અરોએરમાં તથા તેના ગામોમાં, તથા આર્નોનના કાંઠા ઉપરના
સઘળાં નગરમાં, ત્રણસેં વર્ષ લગી રહેતા હતા, તો તે દરમિયાનમાં તમે
કેમ તે પાછાં ન લીધાં? 27 માટે મેં તારો અપરાધ કીધો નથી, પણ તું મા-
રી સામે યુદ્ધ કરવાથી મારો અન્યાય કરે છે; ઇસ્રાએલપુત્રો તથા આમ્મો-
નપુત્રોની વચ્ચે આજ ન્યાયાધીશ યહોવાહ ન્યાય કરો. 28 તો પણ ચિ-
ફતાહ જે સંદેશો આમ્મોનપુત્રોના રાજાને કહેવડાવ્યો હતો તે તેણે કાન
પર લીધો નહિ. 29 ત્યારે યહોવાહનો આત્મા ચિફતાહ પર આવ્યો, ને તે
ગિલઆદ તથા મનાશ્શેહમાંથી આમ્મોનપુત્રોની પાસે ગયો. 30 અને ચિ-
ફતાહે યહોવાહની આગળ માનતા માનીને કહ્યું, જો તું આમ્મોનપુત્રોને
મારા હાથમાં જરૂર સોંપશે, 31 તો એમ થશે કે, હું સલાહ કરીને આમ્મો-
નપુત્રો પાસેથી જયારે શાંતિએ પાછો આવીશ, ત્યારે મને મળવા સારૂ
જે કોઈ મારા ઘરનાં બારણામાંથી બહાર નિકળે તે યહોવાહનું થશે, અને
હું તેને દહનીયાર્પણ કરીશ. 32 એમ આમ્મોનપુત્રોની સામે યુદ્ધ કરવા
સારૂ ચિફતાહ તેઓની પાસે ગયો; ને યહોવાહે તેઓને તેના હાથમાં
સોંપ્યો. 33 અને તેણે અરોએરથી મિન્નીથ સુધીનાઓનો, એટલે વીસ
નગરોનો, તથા આબેલ-કરામીમ સુધીનાઓનો, મોટો સંહાર કીધો. એમ
ઇસ્રાએલપુત્રોની આગળ આમ્મોનપુત્રો હાર્યો. 34 ને ચિફતાહ પોતાને
ઘેર મિસ્પાહમાં આવ્યો, ને, જુઓ, તેની દીકરી દફ તથા નૃત્ય સહિત તે-
ને મળવા સારૂ બહાર આવી; ને તે તેની એકનીએક દીકરી હતી; તે વિ-
ના તેને દીકરો કે દીકરી કાઈ ન હતું. 35 અને તેણે તેને દીઠી, ત્યારે એમ
થયું કે તેણે પોતાના વસ્ત્ર ફાડ્યાં, ને કહ્યું, હાય, મારી દીકરી! તે મને
બહુ નમાવ્યો છે, ને મને દુઃખ દેનારામાંની એક તું છે; કેમકે યહોવાહની
આગળ મેં મારૂં મુખ ઉઘાડ્યું છે, ને મારાથી પાછુ ફરાય નહિ. 36 અને તે-
ણીએ તેને કહ્યું, મારા બાપ, તેં યહોવાહની આગળ મુખ ઉઘાડ્યું છે; તો
તારા મુખમાંથી જે નિકળ્યું હોય તે પ્રમાણે મને કર; કેમકે યહોવાહે તારૂં
વેર તારા વેરીઓ પર, એટલે આમ્મોનપુત્રો પર વાળ્યું છે. 37 અને તે-
ણીએ પોતાના બાપને કહ્યું, મારે સારૂ આટલે થવા દે, કે મને બે મહિના
સુધી રહેવા દે, હું પોતાની સહિયરો સાથે પર્વતો પર જઈને ફરૂ, ને પોતા-
ના કુંવારાપણાનો શોક કરૂં. 38 અને તેણે કહ્યું જા, અંને બે મહિના સુધી
તેણે તેને વિદાય કીધી, ને તેણીએ પોતાની સહિયરો સાથે જઈને પર્વતો
ઉપર પોતાના કુંવારાપણાનો શોક કર્યો. 39 અને બે મહિના ગયા પછી
એમ થયું કે, તે પોતાના બાપની પાસે પાછા આવી, ને તેણે પોતાની
માનેલી માનતા પ્રમાણે તેને કર્યું; ને તેણીએ પુરૂષનો અનુભવ કીધો ન
હતો. અને ઇસ્રાએલમાં એવો રિવાજ પડ્યો કે, 40 વર્ષમાં ચાર દિવસ સુ-
ધી ગિલઆદી ચિફતાહની દીકરીનો શોક પાળવાને સારૂ ઇસ્રાએલપુ-
ત્રીઓ દર વર્ષે જતી હતી.

12 અને એફ્રાઈમના માણસો એકઠા થઈને ઉત્તર ગમ ગયા; ને તે-
ઓએ ચિફતાહને કહ્યું, તારી સાથે જવા સારૂ અમને બોલાવ્યા
વગર, તું કેમ આમ્મોનપુત્રોની સામે લડવા ગયો? અને તારૂં ઘર તને
[અંદર] પુરીને આગથી બાળીશું. 2 અને ચિફતાહે તેઓને કહ્યું, મારે તથા
મારા લોકોને આમ્મોનપુત્રો સાથે ઘણી તકરાર ચાલતી હતી; ને મેં તમ-
ને બોલાવ્યા ત્યારે તમે તેઓના હાથમાંથી મને બચાવ્યા નહિ. 3 અને
મેં જોયું કે તમે મને ઉગાર્યો નહિ, ત્યારે હું પોતાના જીવ હાથમાં લઈને
આમ્મોનપુત્રોની સામે ગયો, ને યહોવાહે તેઓને મારી હાથમાં સોંપ્યાં;
ત્યારે તમે આજ મારી સામે લડવાને કેમ મારી પાસે આવ્યા છો? 4 ત્યારે
ચિફતાહ ગિલઆદના સર્વ માણસોને એકઠા કરીને એફ્રાઈમની સાથે
લડ્યો; ને ગિલઆદના માણસોએ એફ્રાઈમને માર્યો, કેમકે તેઓએ કહ્યું
હતું કે, હે એફ્રાઈમ તથા મનાશ્શેહ મધ્યે રહેનારા ગિલઆદીઓ, તમે
એફ્રાઈમના નાસી ગએલા છો. 5 અને ગિલઆદીઓએ એફ્રાઈમીઓની
સામે યરદનના આર કબજે કર્યા; ને એમ થયું કે, કોઇ નાસી જતો એફ્રા-
ઈમી કહેતો કે, મને ઉતરી જવા દે, ત્યારે ગિલઆદના માણસો તેને પૂછ-
તા, શું તું એફ્રાઈમી છે? ને જો તે કહેતો કે, ના; 6 ત્યારે તેઓ તેને કહેતાં
કે, ત્યારે શિબ્બોલેથ બોલ; અને તે એમ બોલતો કે, સિબ્બોલેથ; કેમકે
તેનો ખરો ઉચ્ચાર તે કરી શકતો નહિ; ત્યારે તેઓ તેને પકડીને યરદન-
ના આરા આગળ મારી નાખતા; ને તે વેળા એફ્રાઈમીઓના બેંતાળીસ
હજાર માણસ પડ્યા. 7 અને ચિફતાહ છ વર્ષ લગી ઇસ્રાએલનો ન્યાય
કીધો. પછી ગિલઆદી ચિફતાહ, મરણ પામ્યો, ને ગિલઆદના [એક]
નગરમાં દટાયો. 8 અને તે પછી બેથલેહેમના ઇબ્સાને ઇસ્રાએલનો
ન્યાય કીધો. 9 અને તેને ત્રીસ દીકરા હતા, ને તેણે પોતાની ત્રીસ કન્યા-
ઓને બહાર કીધી, ને પોતાના દીકરાઓને સારૂ બહારથી ત્રીસ કન્યાઓ
લાવ્યો. અને તેણે સાત વર્ષ ઇસ્રાએલનો ન્યાય કીધો. 10 અને ઇબ્સાન
મારી ગયો, ને બેથલેહેમમાં દટાયો. 11 અને તે પછી ઝબુલૂની એલોને
ઇસ્રાએલનો ન્યાય કીધો; ને તેણે દસ વર્ષ ઇસ્રાએલનો ન્યાય કીધો.
12 અને ઝબુલૂની એલોન મરી ગયો, ને ઝબુલૂન દેશના આયાલોનમાં
દટાયો. 13 અને તે પછી હિલ્લેલ પિરઆથોનીના દીકરા આબ્દોને ઇસ્રા-
એલનો ન્યાય કીધો. 14 અને તેને ચાળીસ દીકરા ને ત્રીસ દીકરાના દી-
કરા હતા, તેઓ ગધેડીઓના સિત્તેર વછેરા પર સ્વારી કરતા હતા; ને તે-
ણે આઠ વર્ષ ઇસ્રાએલનો ન્યાય કીધો. 15 અને હિલ્લેલ પિરઆથોનીનો
દીકરો આબ્દોન મરી ગયો, ને અમાલેકીઓના પહાડી મુલકમાં એફ્રાઈમ
દેશના પિરઆથોનમાં દટાયો.

13 અને ઇસ્રાએલપુત્રોએ ફરી યહોવાહની દૃષ્ટિમાં ભુંડું કીધું; ને
ચાળીસ વર્ષ સુધી યહોવાહે તેઓને પલિસ્તીઓના હથ્થમાં
સોંપ્યાં. 2 અને દાનના કુળનો સોરાહનો રહેવાસી માનોઆહ નામે એક
માણસ હતો; ને તેની સ્ત્રી વાંઝણી હતી, ને તેને પેટે ફરજન થતાં નહો-
તા. 3 અને યહોવાહના દૂતે તે સ્ત્રીને દર્શન દઈને તેને કહ્યું, જો, તું તો
વાંઝણી છે, ને તને ફરજન થતાં નથી; પણ હવે તને હમેલ રહેશે, ને પુ-
ત્રનો પ્રસવ થશે. 4 માટે કૃપા કરીને તું સાવધાન રહેજે, દ્રાક્ષરસ કે મધ
પીશ નહિ, ને કંઈ અશુદ્ધ વસ્તુ ખાઈશ નહિ; 5 કેમકે, જો, તને હમેલ રહે-
શે, ને પુત્રનો પ્રસવ થશે; ને અસ્ત્રો તેના માથા પર કદી ન ફરે; કેમકે તે
છોકરો ગર્ભસ્થાનમાંથી દેવને સારૂ નાઝીરી થશે; ને તે પલિસ્તીઓના
હાથમાંથી ઇસ્રાએલને ઉગારવા માંડશે. 6 પછી તે સ્ત્રીએ આવીને પોતા-
ના ભરતારને કહ્યું કે, દેવનો એક માણસ મારી પાસે આવ્યો હતો, ને તે-
નું મુખ દેવના દૂતના મુખ જેવું, ઘણું ભયંકર હતું; ને તે ક્યાંથી આવ્યો
એ મેં પૂછ્યું નહિ, ને તેણે પણ પોતાનું નામ મને કહ્યું નહિ; 7 પણ તેણે
મને કહ્યું, જો, તમે હમેલ રહેશે, ને પુત્રનો પ્રસવ થશે, ને હવે તું દ્રાક્ષરસ
કે મધ પીશ મા, ને કંઈ અશુદ્ધ વસ્તુ ખાઈશ મા; કેમકે તે છોકરો ગર્ભ-
સ્થાનમાંથી માંડીને તેના મરણના દિવસ સુધી દેવને સારૂ નાઝીરી
થશે. 8 ત્યારે માનોઆહે યહોવાહની વિનંતી કરીને કહ્યું, હે પ્રભુ, કૃપા
કરીને, દેવના જે માણસને તેં મોકલ્યો હતો તે ફરી અમારી પાસે આવે,

ને જે છોકરો અમને જન્મશે તેને અમારે શું કરવું તે અમને શિખવે. 9 અને
દેવે માનોઆહની વિનંતી સાંભળી; ને તે સ્ત્રી ખેતરમાં બેઠી હતી, ત્યારે
દેવનો દૂત ફરી તેની પાસે આવ્યો; પણ તેનો ભરતાર માનોઆહ તેની
પાસે ન હતો. 10 અને તે સ્ત્રીએ ઉતાવળે દોડી જઈને પોતાના ભરતારને
ખબર આપતાં કહ્યું કે, જો, જે માણસ તે દિવસે મારી પાસે આવ્યો હતો,
તેણે [પાછું] મને દર્શન દીધું છે. 11 અને માનોઆહ ઉઠ્યો, ને પોતાની
સ્ત્રીની પાછળ ચાલ્યો, અને તે માણસની પાસે આવીને, તેણે તેને
કહ્યું, જે માણસે આ સ્ત્રીની સાથે વાત કરી હતી તે શું તું છે? ને તેણે
કહ્યું, હું છું. 12 અને માનોઆહે કહ્યું, હવે તારા વચન ફળિભૂત થાઓ; તે
છોકરાની વ્યવસ્થા તથા કામ કેવા થશે? 13 અને યહોવાહના દૂતે માનો-
આહને કહ્યું, મેં આ સ્ત્રીને જે સર્વ કહ્યું છે તે વિષે તેણે સંભાળ રાખવી.
14 દ્રાક્ષનું બનેલું કંઈ પણ તે ન ખાય, ને દ્રાક્ષરસ કે મધ ન પીએ, ને
એકીન અશુદ્ધ વસ્તુ ન ખાય; મેં જે આજ્ઞા તેને આપી છે તે સર્વ તે પાળે.
15 અને માનોઆહે યહોવાહના દૂતને કહ્યું, કૃપા કરીને, એક બકરીનું
બચ્ચું તારે સારૂ અમે રાંધીએ, ત્યાં લગી તું અમારી ખાતર થોભ. 16 અને
યહોવાહના દૂતે માનોઆહને કહ્યું, જો તું મને રોકી રાખીશ, તો પણ તા-
રી રોટલી હું ખાઈશ નહિ; ને જો તું દહનીયાર્પણ તૈયાર કરે, તો તારે તે
યહોવાહને ચઢાવવું જોઈએ. કેમકે માનોઆહ જાણતો ન હતો કે તે યહો-
વાહનો દૂત છે. 17 અને માનોઆહે યહોવાહના દૂતને કહ્યું, તારૂં નામ શું
છે, કે તારા વચન ફળે ત્યારે અમે તારૂં સન્માન કરીએ? 18 ને યહોવાહ-
ના દૂતે તેને કહ્યું, તું મારૂં નામ કેમ પુછે છે, કેમકે તે આશ્ચર્ય છે? 19 ત્યારે
માનોઆહે બકરીનું બચ્ચું ખાદ્યાર્પણ સાથે લઈને ખડક પર યહોવાહની
આગળ ચઢાવ્યું; ને માનોઆહના તથા તેના સ્ત્રીના દેખતા, [દૂતે]
આશ્ચર્યકૃત્ય કર્યું. 20 કેમકે અગ્નિની જ્વાળા વેદી પરથી આકાશની ગમ
ચઢી, ને માનોઆહ તથા તેની સ્ત્રી તે જોઈ રહ્યાં; ને તેઓ ભૂમિ પર
ઉંધા પડ્યા. 21 પણ યહોવાહના દૂતે માનોઆહને તથા તેની સ્ત્રીને ફરી
દર્શન દીધું નહિ. ત્યારે માનોઆહે જાણ્યું, કે તે યહોવાહનો દૂત હતો.
22 અને માનોઆહે પોતાની સ્ત્રીને કહ્યું, આપણે દેવને દીઠો છે, માટે
આપણે નિશ્ચય મરી જઈશું. 23 પણ તેની સ્ત્રીએ તેને કહ્યું, જો યહોવાહ
આપણે મારી નાખવા ચાહતો હોત, તો આપણા હાથથી દહનીયાર્પણ
તથા ખાદ્યાર્પણ ન લેત, ને તે આપણે આ સઘળી બાબતો ન જણા-
વાત, ને આ વખતે આના જેવી વાતો આપણને ન કહેત. 24 અને તે
સ્ત્રીને દીકરો સાંપડ્યો, ને તેણીએ તેનો નામ શામશૂન પાડ્યું; ને તે
છોકરો મોટો થયો; ને યહોવાહે તેને આશીર્વાદ આપ્યો. 25 અને સોરાહ
તથા એશ્તાઓલની વચ્ચે, માહનેહ-દાનમાં, યહોવાહનો આત્મા તેને
પ્રેરણા કરવા લાગ્યો.

14 અને શામશૂન તિમ્નાહમાં ગયો, ને તિમ્નાહમાં પલિસ્તીઓનો
દીકરીઓમાંથી એક સ્ત્રી તેણે દીઠી. 2 અને તેણે આવીને પોતા-
ના બાપને તથા પોતાની માને ખબર આપીને કહ્યું, તિમ્નાહમાં પલિ-
સ્તીઓની દીકરીઓમાંhi એક સ્ત્રી મેં જોઈ છે; તો હવે તેને મારી સાથે
પરણાવો. 3 ત્યારે તેના માબાપે તેને કહ્યું, તારા ભાઈઓની દીકરીઓમાં
અથવા મારા સર્વ લોકોમાં શું કોઈ સ્ત્રી નથી, કે તું બેસુનતી પલિસ્તી-
ઓમાં સ્ત્રી લેવા જાય છે? ને શામશૂને પોતાના બાપને કહ્યું, મારે સારૂ
તેને લાવ; કેમકે તે મને બહુ ગમે છે. 4 પણ તેના માબાપ જાણતાં નહો-
તા કે એ યહોવાહનું [કૃત્ય] છે; કેમકે તે પલિસ્તીઓની વિરુદ્ધ નિમિત્ત
શોધતો હતો. હવે તે સમયે પલિસ્તીઓ ઇસ્રાએલ પર રાજ્ય કરતાં હતા.
5 ત્યારે શામશૂન તથા તેનાં માબાપ તિમ્નાહ જતાં હતાં, ને તેઓ તિ-
મ્નાહની દ્રાક્ષવાડીઓમાં પહોંચ્યા; ને, જુઓ, એક જુવાન સિંહ તેઓ
સામે ગર્જ્યો. 6 અને યહોવાહનો આત્મા પરાક્રમસહિત તેના પર આવ્યો,
ને જેમ એક બકરીના બચ્ચાને ચીરી નાખે તેમ તેણે એને ચીરી નાખ્યો,
ને તેના હાથમાં કંઈ ન હતું; પણ તેણે જે કર્યું હતું તેની તેણે પોતાના
માબાપને ખબર ન આપી. 7 અને તેણે જઈને તે સ્ત્રી સાથે વાતચિત કી-
ધી; ને શામશૂનને તે બહુ ગમી. 8 અને કેટલીક મુદત પછી તે પેલી સ્ત્રી-
ને લેવા પાછો ગયો, ને સિંહનું મુડદું જોવા રસ્તેથી ફંટાયો; ને, જુઓ, તે
સિંહના ખોળિયામાં મધમાખીઓનું એક ટોળું તથા મધ હતું. 9 અને તે
હાથમાં લઈને ખાતો ખાતો ચાલ્યો, ને પોતાનાં માબાપની પાસે આવીને
તેણે તેઓને તે આપ્યું, ને તેઓએ ખાધું; પણ તેણે સિંહના ખોળિયા-
માંથી મધ લીધું હતું, એ તેણે તેઓને કહ્યું નહી. 10 અને તેનો બાપ તે
સ્ત્રીનો ઘેર ગયો; ને શામશૂને ત્યાં ઉજાણી કીધી; કેમકે જુવાનોનો એવો
રિવાજ હતો. 11 અને એમ થયું કે, જયારે તેઓએ તેને દીઠો, ત્યારે તેની
સાથે રહેવા સારૂ તેનો ત્રીસ સોબતીઓ લાવ્યા. 12 અને શામશૂને તેઓ-
ને કહ્યું, હવે હું તમારી આગળ ઉખાણો કહું; ને ઉજાણીના સાત દિવસો-
માં જો તેનો અર્થ ખોળી કાઢીને તમે મને કહેશો, તો હું સણના ત્રીસ
બદન તથા ત્રીસ જોડ વસ્ત્ર તમને આપીશ. 13 પણ જો તેનો અર્થ તમે
મને કહી નહિ શકો, તો તમે મને સણનાં ત્રીસ બદન તથા ત્રીસ જોડ
વસ્ત્ર આપજો. અને તેઓએ તેને કહ્યું કે, તારો ઉખાણો અમને કહે કે તે
અમે સાંભળીએ. 14 અને તેણે તેઓને કહ્યું, ખાનારમાંથી ખોરાક નિક-
ળ્યો, અને બળવંતમાંથી મિઠાસ નિકળી. અને ત્રણ દિવસમાં તેઓથી
તે ઉખાણાનો અર્થ કહેવાયો નહિ. 15 અને સાતમે દહાડે એમ થયું કે, તે-
ઓએ શામશૂનની સ્ત્રીને કહ્યું, તારા ભરતારને ફુસલાવીને ઉખાણાનો
અર્થ અમારી આગળ કહેવડાવ, નહિ તો અમે તને તથા તારા બાપના
ઘરનાને અગ્નિથી બાળીશું, તમે અમને લૂટી લેવાને બોલાવ્યા છે, ખરૂં કે
નહિ? 16 ને શામશૂનની સ્ત્રી તેની આગળ રડી, ને તેણીએ તેને કહ્યું કે,
તું કેવળ મને ધિક્કારે છે, ને મારા પર કંઈ પ્રેમ રાખતો નથી; મારા લો-
કોનાં પુત્રોને એક ઉખાણો તેં કહ્યો છે, પણ મને તે કહ્યા નથી. અને તે-
ણે તેને કહ્યું, જો, મેં પોતાનાં માબાપને તેનો અર્થ કહ્યો નથી. ને શું તને
કહું? 17 ને ઉજાણીના સાત દિવસો સુધી તે તેની આગળ રડી; ને સાતમે
દિવસે એમ થયું કે, તેણે તેને કહી દીધું, કેમકે તેણીએ તેને બહુ આગ્રહ
કર્યો હતો; ને તેણીએ પોતાના લોકોનાં પુત્રોને ઉખાણાનો અર્થ કહ્યો.
18 અને સાતમે દિવસે સૂર્યાસ્ત થયા અગાઉ તે નગરના માણસોએ તેને
કહ્યું, મધથી મીઠું શું છે? અને સિંહથી બળવાન શું છે? ને તેણે તેઓને
કહ્યું, જો મારી વાછરડીથી તમે ખેડ્યું ન હોત, તો મારા ઉખાણાનો પત્તો
તમને નહિ લાગત. 19 અને યહોવાહનો આત્મા તેના પર પરાક્રમ સહિત
આવ્યો, ને તેણે અશ્કલોનમાં જઈને તેઓમાંથી ત્રીસ જણને માર્યા, ને
તેઓના વસ્ત્ર લૂટી લઈને જે માણસોએ તે ઉખાણાનો અર્થ કહ્યો હતો
તેઓને [વસ્ત્રની] જોડો આપી. અને તેને ક્રોધ ચઢ્યો, ને તે પોતાના
બાપને ઘેર ગયો. 20 પણ શામશૂનનો સાથી જેણે તેની પ્રત્યે મિત્રનો હક
બજાવ્યો હતો તેને તેની વહુ [અપાઈ].

15 અને કેટલાક વખત પછી એવું થયું કે, ઘઉંની કાપણીના દિવ-
સોમાં, શામશૂન બકરીનું એક બચ્ચું લઈને, પોતાની સ્ત્રીની મુ-
લાકાતે ગયો; ને તેણે કહ્યું, હું ઓરડીમાં મારી સ્ત્રીની પાસે જઈશ; પણ
તેણીના બાપે તેને અંદર જવા ન દીધો. 2 અને તેણીના બાપે કહ્યું, મને
નિશ્ચય એમ લાગ્યું કે તું તેને તદન ધિક્કારે છે; એ માટે મેં તેને તારા સા-
થીને આપી દીધી; તેની નાની બહેન શું તે કરતાં સુંદર નથી? કૃપા કરીને
તેને બદલે એને લે. 3 અને શામશૂને તેઓને કહ્યું, હવે, જો, હું પલિસ્તી-
ઓને કંઈ ઉપદ્રવ કરૂં, તો તેઓ વિષે હું નિર્દોષી ઠરીશ. 4 અને શામશૂને
જઈને ત્રણસેં શિયાળ પકડયાં, ને મશાલો લઈને બબ્બે પૂછડીઓ ભેગી
કરીને એક એક મશાલ બબ્બે પૂછડીઓ વચ્ચે બાંધી. 5 અને મશાલો
સળગાવીને તેઓને પલિસ્તીઓના ઉભા અનાજમાં છોડી મુક્યા, અને
પૂળા તથા ઉભું અનાજ તથા જૈતવાડીઓ પણ બાળી મુકી. 6 ત્યારે
પલિસ્તીઓએ કહ્યું, એ કોણ કર્યું છે? ને તેઓએ કહ્યું કે, તિમ્નીના
જમાઈ શામશૂને, કેમકે તેણે તેની સ્ત્રીને લઈને તેના સાથીને આપી દી-
ધી છે. અને પલિસ્તીઓએ આવીને તેણીને તથા તેણીના બાપને
આગથી બાળી દીધાં. 7 અને શામશૂને તેઓને કહ્યું, જો તમે આમ કરો
છો, તો નિશ્ચય તમારા પર વેર વાળ્યા શિવાય હું જંપવાનો નથી. 8 અને
તેણે તેઓને મારીને તેઓનો પુરો સંહાર કર્યો; ને જઈને તે એટામ ખડક-
ની ખોમાં રહ્યો. 9 અને પલિસ્તીઓએ જઈને યહુદાહમાં છાવણી કરી, ને
લહીમાં પસરી ગયા. 10 અને યહુદાહના માણસોએ કહ્યું, તમે અમારા
પર કેમ ચઢી આવ્યા છો? ને તેઓએ ઉત્તર આપ્યો, શામશૂન જેમ અમ-
ને કર્યું છે, તેમ તેને કરવા સારૂ અમે તેને બાંધવા આવ્યા છીએ. 11 ત્યારે
યહુદાહના ત્રણ હજાર માણસોએ એટામ ખડકની ખોમાં જઈને શામશૂ-
નને કહ્યું, શું તું જાણતો નથી કે, પલિસ્તીઓ અમારા રાજ્યકર્તા છે?
ત્યારે તે અમારા ઉપર આ શું કર્યું છે? ને તેને તેઓને કહ્યું, તેઓએ જેવું
મને કર્યું છે, તેવું મેં તેઓને કર્યું છે. 12 અને તેઓએ તેને કહ્યું, તને પલિ-
સ્તીઓના હાથમાં સોંપવાને અમે તને બાંધવા આવ્યા છીએ. અને શા-
મશૂને તેઓને કહ્યું, મારી આગળ તમે સમ ખાઓ, કે તમે પોતે મારા પર

તુટી નહિ પડો. 13 અને તેઓએ તેને કહ્યું, એમ નહિ; પણ અમે તને
સજ્જડ બાંધીને તેઓના હાથમાં સોંપીશું; પણ અમે તારી હત્યા નહિજ
કરીશું. અને તેઓ તેને નવાં બે દોરડાથી બાંધીને તે ખડક પરથી લઇ
ગયા. 14 અને તે લહીમાં પહોંચ્યો ત્યારે પલિસ્તીઓએ તેને જોઇને પો-
કાર કીધો; ને યહોવાહનો આત્મા તેના પર પરાક્રમ સહિત આવ્યો, ને
તેને હાથે જે દોરડાં હતા તે અગ્નિથી બળેલા સણના જેવાં થઈને તેના
હાથ પરથી તેના બંધ ખરી પડ્યા. 15 અને તેને ગધેડાનું તાજું જડબું
મળ્યું, ને તેણે પોતાનો હાથ લાંબો કરીને તે લઈને એક હજાર માણસો
તે વડે માર્યો. 16 અને શામશૂન કહ્યું, ગધેડાના જડબાથી ઢગલે ઢગલા,
ગધેડાના જડબાથી મેં હજાર માણસો માર્યા છે. 17 અને એમ થયું કે, આ
પ્રમાણે બોલી રહીને તેણે પોતાના હાથમાંથી તે જડબું ફેંકી દીધું; ને તે
જગ્યાનું નામ રામાથ-લહી પાડ્યું. 18 અને તે બહુ તરસ્યો થયો, ને તેણે
યહોવાહની વિનંતી કરતાં કહ્યું કે, તે આ મોટો બચાવ પોતાના દાસની
હસ્તક કર્યો છે; ને શું હું હવે તૃષાથી મરીને બેસુનત લોકના હાથમાં
પડીશ? 19 પણ લહીમાં એક ખાડો છે તેમાં દેવે ફાટ પાડી, ને તેમાંથી
પાણી નિકળ્યું; ને પીધા પછી તે પાછો શુદ્ધિમાં આવ્યો, ને સાવચેત
થયો; એ માટે તેણે તે જગ્યાનું નામ એન-હાક્કોરે પાડ્યું, તે આજ લગી
લહીમાં છે. 20 અને પલિસ્તીઓના દિવસોમાં તેણે વીસ વર્ષ ઇસ્રાએલ-
નો ન્યાય કીધો.

16 અને શામશૂન ગાઝઝાહમાં ગયો, ને ત્યાં એક વેશ્યાને જોઇને
તેની પાસે ગયો. 2 અને ગાઝ્ઝીઓને [ખબર મળી] કે, શામશૂન
અહીં આવ્યો છે. અને તેઓએ તેને ઘેર્યો, ને તેને સારૂ નગરના દરવાજા-
માં તેઓ આખી રાત સંતાઈ રહ્યા, ને આખી રાત ગુપચૂપ રહ્યા, ને કહ્યું,
સવારે દિવસ ઉગતાં આપણે તેને મારી નાખીશું. 3 અને અડધી રાત
લગી શામશૂન સુઈ રહ્યો, ને અડધી રાતે ઉઠીને તેણે નગરના દરવાજા-
ના કમાડ તથા બન્ને બારસાખો પકડીને ભૂંગળ સમેત ખેંચી કાઢ્યાં, ને
તેમને ખાંધ પર મુકીને હેબ્રોનની સામેના એક પર્વતના શિખર પર લઇ
ગયો. 4 અને તે પછી એમ થયું કે, તેને સોરેકની ખીણમાંની દલીલાહ
નામની એક સ્ત્રી સાથે પ્રીતિ લાગી. 5 અને પલિસ્તીઓના સરદારે તેની
પાસે આવીને તેને કહ્યું, તું તેને ફુસલાવીને આટલું શોધી કાઢ કે, તેનું
મહાબળ શામાં રહેલું છે, તથા શા ઉપાય વડે તેના પર પ્રબળ થઈને
અમે તેને બાંધીને દુઃખ દઈએ; અને અમારાંમાંનો પ્રત્યેક જણ તને
અગિયારસે રૂપિયા આપશે. 6 અને દલીલાહે શામશૂનને કહ્યું, કૃપા કરી-
ને તું મને આટલું કહે કે, તારૂં મહાબળ શામાં રહેલું છે, તથા તું શાથી
બંધાય કે જેથી તને દુઃખ દઈ શકાય? 7 ને શામશૂને તેને કહ્યું, કદી નહિ
સુકાએલા એવા સાત લીલા બંધથી જો તેઓ મને બાંધે, તો હું નિર્બળ
થઈને બીજા માણસો જેવો થઈ જાઉં. 8 ત્યારે પલિસ્તીઓના સરદારોએ
ન સુકાએલા એવા સાત લીલા બંધ તેની પાસે આણ્યા, ને તેણીએ તે-
ઓથી તેને બાંધ્યો. 9 હવે તેણીએ કેટલાક સંતાઈ રહેનારાઓને અંદરની
ઓરડીમાં રાખ્યા હતા. અને તેણીએ તેને કહ્યું, શામશૂન, પલિસ્તીઓ
તારા પર આવી પડ્યા છે. અને જેમ સણની એક દોરી આગને અડા-
ક્યાથી તુટી જાય છે, તેમ તેણે તે બંધ તોડ્યો. એમ તેના બળ વિષે
જાણ પડી નહિ. 10 અને દલીલાહે શામશૂનને કહ્યું, જો, તેં મારી મશ્કરી
કરી છે, ને મને જૂઠી વાતો કહી છે; હવે કૃપા કરીને મને કહે કે, તું કંઈ રી-
તે બંધાઈ શકે? 11 ને તેણે તેને કહ્યું, જે વડે કંઈ કામ કરાયું ન હોય એવા
નવાં દોરથી જો તેઓ મને બાંધે, તો હું નિર્બળ થઈને બીજા માણસના
સરખો થઇ જાઉં. 12 તેથી દલીલાહે નવાં દોર લીધા, ને તેઓથી તેને
બાંધ્યો, ને તેને કહ્યું, શામશૂન, પલિસ્તીઓ તારા પર આવી પડ્યા છે.
અને સંતાઈ રહેનાર અંદરની ઓરડીમાં હતા. અને તેણે સુતરના દોરની
પેઠે તે [બંધ] પોતાના હાથ પરથી તોડી નાખ્યા. 13 અને દલીલાહે શામ-
શૂનને કહ્યું, તે અત્યાર સુધી મારી મશ્કરી કરી છે, ને મને જુઠીજ વાતો
કહી છે; શા વડે તું બંધાઈ શકે તે મને કહે. અને તેણે તેને કહ્યું, જો તું
મારા માથાની સાત લટો થાનની સાથે વણે તો. 14 અને તેણીએ [સાળ-
ના] ખીલા સાથે તે બાંધીને તેને કહ્યું, શામશૂન, પલિસ્તીઓ તારા પર
આવી પડ્યા છે. અને તેણે પોતાની ઉંઘમાંથી જાગીને સાલનો ખીલો
તથા થાન ખેચી કાઢ્યાં. 15 અને તેણીએ તેને કહ્યું, તારૂં દિલ મારા પર
નથી, ત્યારે તું એમ કેમ કહી શકે કે હું તારા પર હેત રાખું છું? આ ત્રણ-
વાર તેં મારી મશ્કરી કરી છે, ને તારૂં મહાબળ શામાં રહ્યું છે તે મને કહ્યું
નથી. 16 અને તેણીએ પોતાના વચનો વડે તેને દરરોજ આગ્રહ કીધો,
તથા હઠેઠ કીધી, ત્યારે એમ થયું કે, તેનો જીવ મરણતુલ્ય અકળાયો.
17 ત્યારે તેણે પોતાનું દિલ તેની આગળ પુરેપુરૂં ખોલીને તેને કહ્યું, મારા
માથા પર [કદી] અસ્ત્રો આવ્યો નથી; કેમકે મારી માના પેટથી હું દેવને
સારૂ નાઝીરી છું; હું જો મુંડાઉં, તો મારા બળ મારામાંથી જતું રહેશે, ને હું
નિર્બળ થઈને હરકોઈ બીજા માણસનો સરખો થઇ જઇશ. 18 અને જયા-
રે દલીલાહે જોયું કે, તેણે પોતાનું દિલ મારી આગળ પૂરેપુરૂં ખોલ્યું છે,
ત્યારે તેણીએ એમ કહીને પલિસ્તીઓના સરદારોને તેડી મગાવ્યા કે,
તમે આ એક વાર આવો, કેમકે તેણે પોતાનું દિલ મારી આગળ પુરેપુરૂં
ખોળી દીધું છે. ત્યારે પલિસ્તીઓના સરદારો હાથમાં પૈસા લઈને તેની
પાસે આવ્યા. 19 અને તેણીએ તેને પોતાના ખોળામાં સુવાડ્યો; ને એક
માણસને બોલાવીને તેના માથાની સાટે લટો બોડાવી; ને તે તેને હેરાન
કરવા લાગી, ને તેનામાંથી તેનું બળ જતું રહ્યું હતું. 20 અને તેણીએ
કહ્યું, શામશૂન, પલિસ્તીઓ તારા પર આવી પડ્યા છે. અને પોતાની
ઉંઘમાંથી જાગીને તેણે કહ્યું, હું બીજા સમયની પેઠે નિકળી જઈને મારૂં
શરીર ખંખેરીશ. પણ તે જાણતો નહોતો કે યહોવાહ તેની પાસેથી જતો
રહ્યો છે. 21 અને પલિસ્તીઓએ તેને પકડીને તેની આંખો ફોડી નાખી;
ને તેને ગાઝઝાહમાં લાવીને પિત્તળની બેડીઓ પહેરાવી; ને તે બંદીખા-
નામાં દળતો હતો. 22 તથાપિ મુંડાયા પછી તેના માથાના વાળ પાછા
વધવા લાગ્યા. 23 અને પલિસ્તીઓના સરદારો પોતાના દેવ દાગોન
આગળ મોટો યજ્ઞ તથા આનંદ કરવાને એકઠા થયા; કેમકે તેઓએ
કહ્યું, અમારો દેવે અમારા વૈરી શામશૂનને અમારા હાથમાં સોંપ્યો છે.
24 અને લોકોએ તેને જોયો, ત્યારે તેઓએ પોતાની દેવની સ્તુતિ કીધી;
કેમકે તેઓએ કહ્યું, અમારો શત્રુ તથા અમારા દેશનો નાશ કરનાર, જેણે
અમારામાંથી ઘણાને મારી નાખ્યા છે, તેને અમારા દેવે અમારા હાથમાં
સોંપ્યો છે. 25 અને તેઓના દિલ ખુશ હતા, ત્યારે એમ થયું કે તેઓને
કહ્યું, શામશૂનને બોલાવો કે, તે આપણી આગળ તમાશો કરે. અને
તેઓ શામશૂનને કેદખાનામાંથી બોલાવી લાવ્યા; ને તેણે તેઓની
આગળ તમાશો કર્યો; ને તેઓએ તેને થાંભલાઓની વચ્ચે રાખ્યો.
26 અને જે જુવાને તેનો હાથ પકડ્યો હતો તેને શામશૂન કહ્યું, જે થાંભ-
લાઓ પર ઘરનો આધાર રહેલો છે તે મને ટંટોળી કાઢવા દે, કે હું તેઓને
અઢેલું. 27 હવે તે ઘર તો પુરૂષોથી તથા સ્ત્રીઓથી ભરપૂર હતું; ને પલિ-
સ્તીઓના સર્વ સરદારો ત્યાં હતા; ને શામશૂન તમાશો કરતો હતો ત્યારે
અગાસી ઉપર પણ તેને જોનારાં, પુરૂષ તથા સ્ત્રીઓ મળીને, આસરે
ત્રણ હજાર માણસો હતા. 28 અને શામશૂને યહોવાહની પ્રાર્થના કરીને
કહ્યું, ઓ પ્રભુ યહોવાહ, કૃપા કરીને મને યાદ કર, ને હે દેવ, કૃપા કરીને
મને આટલી વાર બળવાન કર, કે હું મારી બન્ને આંખો [લીધા]નો સામટો
બદલો પલિસ્તીઓ પર વાળી શકું. 29 અને વચ્ચેનો બન્ને થાંભલા જેના
પર ઘરનો આધાર રહેલો હતો, તેમને શામશૂને પકડ્યા, એટલે એકને
જમણા હાથથી ને એકને ડાબા હાથથી, ને તેમને અઢેલીને તે ઉભો
થયો. 30 અને શામશૂન કહ્યું, હું પલિસ્તીઓની સાથે ભલે મારૂં. અને
પોતાના આખા બળથી તે વાંકો વળ્યો; ને સરદારો પર તથા તેની અંદર-
ના સર્વ માણસો પર ઘર ઘસી પડ્યું. એમ મરતી વખતે જેઓને તેણે
માર્યા તેઓની સંખ્યા પોતાની હયાતીમાં તેણે મારેલાં તેઓના કરતાં
વધારે હતી. 31 ત્યારે તેના ભાઇ તથા તેના બાપના ઘરનાં સર્વ ત્યાં
આવીને તેને લઇ ગયાં, ને સોરાહ તથા એશ્તાઓલની વચમાં તેના
બાપ માનોઆહના કબરસ્થાનમાં તેઓએ તેને દાટ્યો. અને તેણે વીસ
વર્ષ ઇસ્રાએલનો ન્યાય કર્યો હતો.

17 અને એફ્રાઈમના પહાડી મુલકનો મીખાહ નામે એક પુરૂષ હતો.
2 અને તેણે પોતાની માને કહ્યું, જે અગિયારસેં રૂપિયા તારી પા-
સેથી છીનવી લેવાયા હતા, ને જે વિષે તે શ્રાપ દીધો હતો, ને વળી મને
પણ કહી સંભળાવ્યું હતું, જો, તે રૂપિયા મારી પાસે છે; મેં તે લીધા હતા.
અને તેની મે કહ્યું, મારો દીકરો યહોવાહથી આશીર્વાદિત થાઓ. 3 અને
જયારે તેણે તે અગિયારસે રૂપિયા પોતાની માને પાછા આપ્યા, ત્યારે
તેની માએ કહ્યું કે, કોરેલી મૂર્તિ તથા ગાળેલી મૂર્તિ બનાવવાને મેં પો-
તાના હાથથી મારા દીકરાને સારૂ તે રૂપિયા યહોવાહને અર્પણ કર્યા
હતા; માટે હવે હું તને તે પાછા આપીશ. 4 ને તેણે પોતાની માને તે રૂપિ-
યા પાછા આપ્યાં, ત્યારે તેની માએ બસેં રૂપિયા લઈને સોનીને આપ્યા,

ને તેણે તેની કોરેલી તથા ગાળેલી મૂર્તિ બનવી; ને તે મીખાહના ઘરમાં
રહી. 5 અને તે મીખાહને એક દેવસ્થાન હતું, ને તેણે એફોદ તથા તરા-
ફીમ બનાવ્યાં, ને પોતાની એક દીકરાની પ્રતિષ્ઠા કરીને તેને તેનો યા-
જક બનાવ્યો. 6 તે દિવસોમાં ઇસ્રાએલમાં રાજા નહોતો; પ્રત્યેક માણસ
પોતાની દૃષ્ટિમાં જે સારૂ લાગતું તે કરતો. 7 અને યહુદાહનો કુટુંબનો બે-
થલેહેમ-યહુદાહમાંનો એક જુવાન પુરૂષ હતો, તે લેવી હતો, ને ત્યાં
આવી વસેલો હતો. 8 તે માણસ જ્યાં [જગ્યા] મળે, ત્યાં વસવા સારૂ બે-
થલેહેમ-યહુદાહ નગરમાંથી ચાલી નિકળ્યો; ને મુસાફરી કરતો કરતો તે
એફ્રાઇમના પહાડી મુલકમાં મીખાહના ઘેર આવી પહોંચ્યો 9 અને મી-
ખાહે તેને કહ્યું, તું ક્યાંથી આવે છે? ને તેણે તેને કહ્યું કે, હું બેથલેહેમ-
યહુદાહનો લેવી છું, ને જ્યાં મને [જગ્યા] મળે ત્યાં રહેવા સારૂ જાઉં છું.
10 અને મીખાહે તેને કહ્યું, મારી સાથે રહે, ને મારો બાપ તથા યાજક થા,
હું તમે દર વર્ષે દસ રૂપિયા, તથા એક જોડ લૂગડાં, તથા ખાવાનું
આપીશ. તેથી તે લેવી અંદર ગયો. 11 અને લેવી તે માણસની સાથે રહે-
વાનો રાજી હતો; ને તે જુવાનને પોતાના એક દીકરા સરખો તે ગણતો
હતો. 12 અને મીખાહે તે લેવીની પ્રતિષ્ઠા કીધી, ને તે જુવાન તેનો યા-
જક થયો, ને મીખાહના ઘરમાં રહ્યો. 13 ત્યારે મીખાહે કહ્યું કે, હવે હું જા-
ણું છું કે, એક લેવી મારો યાજક છે એ માટે યહોવાહ મારૂં ભલું કરશે.
18 તે દિવસોમાં ઇસ્રાએલમાં કોઇ રાજા નહોતો; ને તે દિવસોમાં
દાનીઓનું કુળ પોતાને વસવાને કાજે વતન શોધતું હતું; કેમકે
તે દિવસ લગી ઇસ્રાએલના કુળોની મધ્યે તેઓને વતનનો હિસ્સો
મળ્યો નહોતો. 2 અને દાનપુત્રોએ પોતાના કુટુંબના સઘળાં માણસો-
માંથી પાંચ શૂરવીર પુરૂષોને સોરાહ તથા એશ્તાઓલથી, દેશની જાસુ-
સી કરવા, તથા તપાસ કરવા સારૂ, મોકલ્યા; અને તેઓએ તેઓને કહ્યું
કે, જઇને દેશની તપાસ કરો; અને તેઓએ એફ્રાઇમના પહાડી મુલકમાં
મીખાહને ઘેર આવીને ત્યાં ઉતારો કીધો. 3 જયારે તેઓ મીખાહના ઘર-
ની નજીક આવ્યા, ત્યારે તેઓએ તે જુવાન લેવીનો સાદ ઓળખ્યો;
અને તેઓ વળીને ત્યાં ગયા, અને તેને કહ્યું કે, તને અહીં કોણ લઇ
આવ્યું? ને અહીં તું શું કરે છે? અને અહીં તને શું મળે છે? 4 અને તેણે તે-
ઓને કહ્યું કે, મીખાહે મારે વાસ્તે ફલાણું ફલાણું કર્યું છે, અને તેણે મને
પગાર પહીને રાખ્યો છે, અને હું તેનો યાજક થયો છું. 5 અને તેઓએ તે-
ને કહ્યું કે, કૃપા કરીને દેવની સલાહ પુછ, એ માટે કે અમે જાણીએ કે જે
રસ્તે અમે જઇએ છીએ તે આબાદ નિવડશે કે નહિ. 6 અને યાજકે તેઓ-
ને કહ્યું કે, શાંતિએ ચાલ્યા જાઓ; જે રસ્તે તમે જાઓ છો તે યહોવાહની
સમ્મુખ છે. 7 ત્યારે તે પાંચ માણસ વિદાય થયા, ને લાઇશ આવ્યા, ને
ત્યાંના લોકોને જોયાં, કે તેઓ બીક વગર રહેતા હતા, તથા સીદોનીઓ-
ની પેઠે શાંત તથા નિર્ભય હતા; કેમકે કશામાં તેઓને શરમાવે એવો
કોઇ હાકેમ તે દેશમાં નહોતો, ને તેઓ સીદોનીઓથી વેગળા હતા, ને
કોઇ સાથે તેઓને કંઈ વ્યવહાર નહોતો. 8 અને તેઓ સોરાહ તથા
એશ્તાઓલમાં પોતાના ભાઈઓ પાસે આવ્યા; ને તેઓના ભાઈઓએ
તેઓને કહ્યું, તમે શું [કહો છો]? 9 ને તેઓએ કહ્યું, ઉઠો, ને આપણે તે-
મના ઉપર ચઢાઇ કરીએ; કેમકે અમે તે દેશ જોયો છે, ને, જુઓ, તે ઘણો
સારો છે; તેમ છતાં તમે ગુપચુપ [બેસી કેમ રહ્યા છો]? જઇને દેશમાં પ્ર-
વેશ કરીને તેનો કબજો લેવામાં આળસ ન કરો. 10 તમે જશો, ત્યારે નિ-
ર્ભય લોક મધ્યે તમે આવશો, ને તે દેશ વિશાળ છે; કેમકે દેવે તે તમારા
હાથમાં આપ્યો છે; પૃથ્વીમાં જજે જે વસ્તુઓ છે તેઓમાંથી કશાની
ખોટ વગરની જગ્યા તે છે. 11 અને સોરાહ તથા એશ્તાઓલમાંથી દાન-
ના કુટુંબના છસેં માણસ યુદ્ધશસ્ત્ર સજીને ત્યાંથી ચાલી નિકળ્યા.
12 અને તેઓ ગયા, ને યહુદાહમાંના કીર્યાથ-યઆરીમમાં તેઓએ છાવ-
ણી કરી; એ માટે આજ સુધી તેઓએ તે જગ્યાનું નામ માહનેહ-દાન પા-
ડ્યું; જુઓ, તે કીર્યાથ-યઆરીમની પાછળ છે. 13 અને તેઓ ત્યાંથી
એફ્રાઇમના પહાડી મુલકમાં ગયા, અને મીખાહને ઘેર આવ્યા, 14 અને
જે પાંચ માણસ લાઇશના દેશની જાસુસી કરવાને ગયા હતા, તેઓએ
ઉત્તર આપીને પોતાના ભાઈઓને કહ્યું, શું તમે જાણો છો કે, આ ઘરોમાં
એફોદ તથા તરાફીમ તથા કોરેલી મૂર્તિ તથા ગાળેલી મૂર્તિ છે? માટે હવે
તમારે શું કરવો તેનો વિચાર કરો. 15 અને તેઓ તેણી ગણ વળીને તે જુ-
વાન લેવીના ઘરમાં ગયા, એટલે મીખાહને ઘેર આવ્યા, ને તેઓએ તેને
ક્ષેમકુશળ પુછ્યા. 16 અને દાનપુત્રોમાંના છસેં માણસો જેઓ યુદ્ધશસ્ત્ર
સજેલા હતા, તેઓ દરવાજાના નાકામાં ઉભા રહ્યા. 17 અને જે પાંચ મા-
ણસ દેશની જાસુસી કરવાને ગયા હતા, તેઓએ જઇને ત્યાં પેસીને, તે
કોરેલી મૂર્તિ તથા એફોદ તથા તરાફીમ તથા ગાળેલી મૂર્તિ લીધાં; ને યુ-
દ્ધશસ્ત્ર સજેલા પેલા છસેં માણસોની સાથે દરવાજાના નાકા પાસે યા-
જક ઉભો રહેલો હતો. 18 અને એઓ મીખાહના ઘરમાં ગયા, ને કોરેલી
મૂર્તિ, એફોદ, તથા તરાફીમ, તથા ગાળેલી મૂર્તિ લઇ આવ્યા, ત્યારે યા-
જકે તેઓને કહ્યું, તમે શું કરો છો? 19 અને તેઓએ તેને કહ્યું, ચુપ રહે,
તારા મુખ પર તારો હાથ મુક, ને અમારી સાથે આવીને અમારો બાપ
તથા યાજક થા; એક માણસનો ઘરના યાજક થવું તે, કે ઇસ્રાએલના
એક કુળનો તથા કુટુંબનો યાજક થવું તે, તારે માટે વધારે સારૂ છે? 20 ને
યાજકનું દિલ ખુશ થયું, ને એફોદ તથા તરાફીમ તથા કોરેલી મૂર્તિ લઇ-
ને તે તે લોકો મધ્યે ગયો. 21 એમ તેઓ પાછા ફર્યા ને ચાલ્યા ગયા, ને
છોકરાં તથા ઢોર તથા માલમિલકત પોતાની આગળ રાખ્યા. 22 તેઓ
મીખાહના ઘરથી ઘણે દૂર પહોંચ્યા, ત્યારે મીખાહના ઘરની પાસેનાં
ઘરોના માણસોએ એકઠા થઈને દાનપુત્રોને પકડી પાડ્યા. 23 અને તે-
ઓએ દાનપુત્રોને હાંક મારી. અને તેઓએ મુખ ફેરવીને મીખાહને કહ્યું,
તને શી ઇજા થઇ છે, કે તું આવી ટોળી લઈને આવે છે? 24 અને તેણે
કહ્યું, તમે મારા પોતાના બનાવેલા દેવોને તથા યાજકને લઈને આવતા
રહ્યા છો, ને મારી પાસે બીજું શું રહ્યું છે? એમ છતાં તમે મને કેમ કહો
છો કે, તને શું ઇજા થઇ છે? 25 અને દાનપુત્રોએ તેને કહ્યું, તારો સાદ
અમારામાં સંભળાવા ન દે, રખે બળી રહેલા મનવાળા માણસો તારા પર
તુટી પડે, ને તું પોતાના જીવ તથા તારા ઘરનાંનો જીવ ખોય. 26 અને
દાનપુત્રોએ પોતાનો રસ્તો પકડ્યો; ને મીખાહે જોયું કે તેઓ તેના
ગાંજ્યા જાય એવા નથી, ત્યારે તે પાછો વળીને પોતાને ઘેર ગયો.
27 અને તેઓએ મીખાહની બનાવ્વેલી વસ્તુઓ તથા તેના યાજકને
લઈને લાઇશમાં શાંત તથા નિર્ભય લોકોની પાસે આવીને, તેઓને તર-
વારની ધારથી માર્યા; ને નગરને અગ્નિથી બાળ્યું. 28 અને તેની વહારે
ચઢનાર કોઇ નહોતું, કેમકે સીદોનથી તે આઘું હતું, ને તેઓને કોઇની
સાથે કંઈ વ્યવહાર ન હતો. અને બેથ-રહોબની પાસેના મેદાનમાં એ
હતું. અને તેઓ નગર બાંધીને ત્યાં વસ્યા. 29 અને ઇસ્રાએલને પેટે
જન્મેલા પોતાના પૂર્વજ દાનના નામ પ્રમાણે, તેઓને તેનું નામ દાન
પાડ્યું; પણ પહેલાં તે નગરનું નામ લાઇશ હતું. 30 અને દાનપુત્રોએ પો-
તાને વાસ્તે તે કોરેલી મૂર્તિની પ્રતિષ્ઠા કીધી; ને દેશની ગુલામગિરીના
દિવસ સુધી મુસાના દીકરા ગેર્શોમનો દીકરો યોનાથાન તથા તેના પુત્રો
દાન કુળના યાજક હતા. 31 અને જ્યાં સુધી દેવનું ઘર શીલોહમાં રહ્યું તે
બધા વખત સુધી તેઓએ મીખાહની બનાવેલી કોરેલી મૂર્તિને પોતાને
સારૂ સ્થાપિત કરી રાખી.
19 અને ઇસ્રાએલમાં કોઇ રાજા નહોતો, ત્યારે તે દિવસોમાં એમ
થયું કે, એફ્રાઇમના પહાડી મુલકની સામેની બાજુએ કોઇ એક
લેવી આવી વસેલો હતો, ને તેણે બેથલેહેમ-યહુદાહની એક સ્ત્રીને પો-
તાની ઉપપત્ની તરીકે રાખી હતી. 2 અને તેની ઉપપત્નીએ પતિવ્રત
ભાગ કરીને વ્યભિચાર કીધો, ને તેની પાસેથી બેથલેહેમ-યહુદાહમાં પો-
તાના બાપને ઘેર ગઇ, ને ત્યાં ચાર મહિનાની મુદ્દત સુધી રહી. 3 અને
તેની સાથે પ્રીતિથી વાર કરવા સારૂ, ને તેને પાછી લાવવા સારૂ, તેનો
ભરતાર ઉઠીને, ને પોતાના ચાકરને તથા બે ગધેડાને સાથે લઈને, તેની
પાછળ ગયો; ને તેણી પોતાના બાપના ઘરમાં તેને લઇ ગઇ; ને તે યુવ-
તીના બાપે તેને જોયો, ત્યારે તે તેની મુલાકાતથી ખુશ થયો. 4 અને તે-
ના સસરાએ, એટલે યુવતીના બાપે, તેને રાખ્યો; ને તે તેની સાથે ત્રણ
દિવસ રહ્યો; ને તેઓએ ખાધું પીધું, ને ત્યાં ઉતારો કીધો. 5 અને ચોથે
દિવસે એમ થયું કે, તેઓ મોટી સવારે ઉઠ્યા, ને ત્યાંથી વિદાય થવા
સારૂ ઉભો થયો; ને યુવતીના બાપે પોતાના જમાઈને કહ્યું, કોળિયો
અન્ન ખાઈને પોતાના દિલને તાજું કર, ને ત્યાર પછી તમે તમારે રસ્તે
પડજો. 6 એવી રીતે તે બન્ને એકઠાં બેસીને ખાધું પીધું; ને તે યુવતીના
બાપે તે માણસને કહ્યું કે, કૃપા કરીને રાજી થઈને આખી રાત રહે, ને તા-
રા દિલને ખુશ કર. 7 અને તે માણસ વિદાયગિરી લેવા સારૂ ઉભો થયો;
પણ તેના સસરાએ તેને આગ્રહ કીધાથી તેણે પાછો ત્યાં ઉતારો કીધો.
8 અને તે પાંચમે દિવસે વિદાયગિરી લેવા સારૂ મોટી સવારે ઉઠ્યો, ને તે
યુવતીના બાપે કહ્યું, કૃપા કરીને મન શાંત પાડીને દિવસ સુધી તમે

રહો; ને તે બન્ને જમ્યાં. 9 અને જયારે તે પોતાની ઉપપત્ની તથા પોતાના
ચાકર સાથે વિદાયગિરી લેવા સારૂ ઉભો thayo, ત્યારે તેના સસરાએ,
એટલે તે યુવતીના બાપે, તેને કહ્યું કે, જો, હવે દિવસ અસ્ત થવા
આવ્યો છે, કૃપા કરી રાત રહી જાઓ; જો, દિવસ આખર થવા આવ્યો
છે, અહીં ઉતારો કરીને તારા હૃદયને ખુશ કર, ને તારે ઘેર જવા સારૂ કાલે
ઉઠીને તમારે રસ્તે પડજો. 10 પણ તે માણસ તે રાત ત્યાં રહી જવા રાજી
નહોતો, તેથી તે ઉઠીને વિદાય થયો, ને યબૂસ (એટલે યરૂશાલેમ) પાસે
આવી પહોંચ્યો. હવે તેની સાથે જીન બાંધેલા બે ગધેડા હતા; તેની ઉપ-
પત્ની પણ તેની સાથે હતી. 11 જયારે તેઓ યબૂસ પાસે પહોંચ્યો ત્યારે
દિવસ ઘણો નમી ગયો હતો; ને ચાકરે પોતાના શેઠને કહ્યું, કૃપા કરી
ચાલો, આપણે વળીને આ યબૂસીઓના નગરમાં જઇને તેમાં ઉતારો
કરીએ. 12 અને તેના શેઠે તેને કહ્યું કે, એ પરદેશીનું નગર કે જેમાં કોઇ
પણ ઈસ્રાએલપુત્રો નથી તેમાં આપણે વળીને નહિ જઇશું; પણ આપણે
આગળ ચાલીને ગિબઆહ સુધી જઇશું. 13 અને તેણે પોતાના ચાકરને
કહ્યું કે, ચાલો, આપણે આ જગ્યાઓમાંની એકની નજીક જઈ
પહોંચીએ; ને આપણે ગિબઆહ્માં કે રામાહમાં ઉતારો કરીશું. 14 તેથી
તેઓએ આગળ ચાલવા જારી રાખ્યું, ને બિન્યામીનના ગિબઆહ પાસે
તેઓ પહોંચ્યા ત્યારે સૂર્ય અસ્ત પામ્યો. 15 અને ગિબઆહ્માં જઇને
ત્યાં ઉતારો કરવા સારૂ તેઓ તે તરફ વળ્યા; ને તે અંદર દાખલ થઇને તે
નગરના રસ્તામાં બેઠો, કેમકે કોઇ માણસ પોતાને ઘેર તેઓને ઉતારો
કરવા સારૂ લઇ ગયો નહિ. 16 અને જુઓ, એક વૃદ્ધ માણસ સાંજે ખેતર-
માંથી કામ કરીને આવતો હતો; હવે તે માણસ એફ્રાઈમના પહાડી મુલ-
કનો હતો; ને તે ગિબઆહમાં આવી વસેલો હતો; પણ આ જગ્યાના
લોક બિન્યામીનીઓ હતા. 17 અને તેણે પોતાની દૃષ્ટી ઉંચી કરીને તે
વટે માર્ગને નગરના રસ્તામાં દીઠો; ને તે વૃદ્ધ માણસે કહ્યું, તું ક્યાં જાય
છે? ને તું ક્યાંથી આવ્યો છે? 18 ને તેણે એને કહ્યું, અમે બેથલેહેમ-યહુ-
દાહમાં એફ્રાઈમના પહાડી મુલકને પેલે છેડે જઈએ છીએ; હું ત્યાંનો છું,
ને હું બેથલેહેમ-યહુદાહમાં ગયો હતો; ને હું યહોવાહના ઘરમાં જાઉં છું.
19 ને જો કે અમારા ગધેડાને કાજે ચંદી તથા ચારો બન્ને છે; ને મારે કાજે
તથા મારી દાસીની કાજે તથા મારા સેવકો સાથેના જુવાનને કાજે પણ
રોટલી તથા દ્રાક્ષરસ છે, અમને કશાની કંઈ પણ ખોટ નથી, તો પણ
કોઇ માણસ મને પોતાના ઘરમાં આવકાર આપતો નથી. 20 અને વૃદ્ધ
માણસે કહ્યું, તને શાંતિ થાઓ, પણ તારે જે જે જોઈએ તેનો બહાર મારે
માથે રહેવા દે; ફક્ત એટલુંજ લે રસ્તામાં ઉતારા ન કર. 21 એવી રીતે તેને
તે પોતાને ઘેર લાવ્યો, ને તેના ગધેડાંને ઘાસ ચારો નીર્યો; ને તેઓએ
પોતાના પગ ધોઇને ખાધું પીધું. 22 તેઓ મોજ કરતાં હતા એટલામાં,
જુઓ, કેટલાક બલીયઆલપુત્રો ઘરની આસપાસ વીંટળાઈ વળીને બા-
રણું ઠોકવા લાગ્યા; ને તેઓએ ઘરઘણીની, એટલે તે વૃદ્ધ માણસની
સાથે વાત કરતાં કહ્યું કે, જે માણસ તારા ઘરમાં આવ્યો છે તેને બહાર
લાવ, કે અમે તેની આબરૂ લઈએ. 23 અને તે ઘરઘણી તેઓની પાસે
બહાર આવીને તેઓને કહ્યું કે, મારા ભાઈઓ, એમ નહિ, કૃપા કરી એવું
દુષ્ટ કૃત્ય ન કરો; એ માણસ મારા ઘરમાં આવ્યો છે એ ધ્યાનમાં લઈને
એ મૂર્ખાઈ ન કરો. 24 જુઓ, મારી કુંવારી પુત્રી તથા તે [માણસ]ની ઉપ-
પત્ની અહીં છે; તેઓને હું હમણાં બહાર લાવું, ને તમે તેમની આબરૂ
લો, તથા તમને જેમ સારૂ લાગે તેમ તેમને કરો; પણ એ માણસ ઉપર
એવું મૂર્ખાઈ ભરેલું કૃત્ય ન કરો. 25 પણ તે માણસો તેનું સાંભળવા ચા-
હતા નહોતા; તેથી તે માણસ તેની ઉપપત્નીને પકડીને તેઓની પાસે
બહાર લાવ્યો; ને તેઓએ તેણીની આબરૂ લીધી, ને આખી રાત સવાર
સુધી તેને દુઃખ દીધું; ને પોહ ફટવ લાગ્યો ત્યારે તેઓએ તેની છોડી.
26 ત્યારે પોહ ફાટતાં તે સ્ત્રી આવીને જે માણસના ઘરમાં તેનો પતિ
હતો તેના [ઘરના]બારણા આગળ અજવાળું થતાં સુધી પડી રહી.
27 અને તેનો પતિ સવારે ઉઠ્યો ને ઘરનાં બારણાં ઉઘાડ્યો, ને રસ્તે
પડવા સારૂ બહાર નિકળ્યો; તો, જુઓ, તે સ્ત્રી, એટલે તેની ઉપપત્ની,
ઘરનાં બારણા પાસે પડેલી હતી ને તેના હાથ ઉંબરા ઉપર પડેલા હતા.
28 અને તેણે તેણીને કહ્યું, ઉઠ, આપણે ચાલ્યા જઈએ; પણ ઓએ
ઉત્તર આપ્યો નહિ; પછી તેણે તેને ઉચકીને ગધેડા પર નાખી; ને તે મા-
ણસ ઉઠીને પોતાને મુકામે જઈ પહોંચ્યા. 29 અને પોતાને ઘેર આવીને
તેણે એક છરી લીધી, ને પોતાની ઉપપત્નીને લઈને, તેને સાંધે સાંધેથી
કાપી, ને તેના બાર ટુકડા કરીને ઇસ્રાએલની સાવ સીમાઓમાં મોક-
લ્યા. 30 અને એમ થયું કે, જે સર્વએ તે જોયું તેઓએ કહ્યું કે, ઇસ્રાએલ-
પુત્રો મિસર દેશમાંથી નિકળ્યા તે દિવસથી તે આજ સુધી આવું કૃત્યો
કરવામાં કે જોવામાં આવ્યું નથી; એ વિષે વિચાર કરો, સલાહ લો, ને
બોલો.

20 ત્યારે સર્વ ઇસ્રાએલપુત્રો દાનથી તે છેક બેરશેબા સુધીથી તથા
ગિલઆદ દેશમાંથી નીકળી આવીને આખી જમાત મિસ્પાહમાં
યહોવાહની આગ; એકમતે ટોળે મળી 2 અને સર્વ લોકોનાં, etle ઇસ્રા-
એલના સર્વ કુળોના મુખ્યો, ચાર લાખ તરવાર તાણનારા પેદળ પુરૂષો,
દેવના લોકોની સભામાં હાજર થયા. 3 બિન્યામીનપુત્રોએ તો સાંભળ્યું
હતું કે ઇસ્રાએલપુત્રો મિસ્પાહમાં ગયા છે) અને ઇસ્રાએલપુત્રોએ કહ્યું,
આ દુષ્ટ કૃત્ય કેવી રીતે બન્યું તે અમને કહો. 4 ત્યારે જે સ્ત્રીનું ખૂન થયું
હતું તેના પતિ લેવીએ ઉત્તર આપ્યો કે, હું તથા મારી ઉપપત્ની [રાત]
રહેવા સારૂ બિન્યામીનના ગિબઆહમાં ગયા હતાં. 5 અને ગિબઆહના
માણસોએ મારી સામે ધાંધળ મચાવીને જે ઘરમાં હું હતો તેને રાતે ચો-
ગદમ ઘેરી લીધું; મને તો તેઓએ મારી નાખવાનો વિચાર કીધો, ને મારી
ઉપ-પત્ની ઉપર તેઓએ બળાત્કાર ગુજારીને તેનો પ્રાણ લીધો. 6 અને
મેં મારી ઉપપત્નીને લઈને તેને કાપી, ને તેના ટુકડા કરીને ઇસ્રાએલના
વારસાના આખા દેશમાં તે મોકલી દીધા; કેમકે તેઓએ ઇસ્રાએલ મધ્યે
લંપટપણું તથા મૂર્ખાઈ કીધા છે. 7 જુઓ, હે સર્વ ઇસ્રાએલપુત્રો, અત્રે
તમારી સલાહ તથા મત આપો, 8 અને સર્વ લોકોએ એક મતે ઉભા થઈ-
ને કહ્યું કે, અમારામાંનો કોઇ પોતાને તંબુએ નહિ જશે, ને અમારામાંનો
કોઈ વળીને પોતાને ઘેર નહિ જશે. 9 પણ ગિબઆહને તો આપણે આ
પ્રમાણે કરીશું; દેવમતિ પ્રમાણે આપણે તે ઉપર ચઢાઈ કરીશું. 10 અને
આપણે ઇસ્રાએલના સર્વ કુળોમાંથી દર સો માણસોમાંથી દસ દસ,
તથા દર હજાર માણસોમાંથી સો સો, તથા દર દસ હજારમાંથી હજાર
હજાર માણસો લોકોને કાજે ખોરાક લાવવા સારૂ લઈશું, એ સારૂ તે
તેઓ બિન્યામીનના ગિબઆહમાં પહોંચીને જે સઘળી મૂર્ખાઈ તેઓએ
ઇસ્રાએલમાં કીધી છે તે પ્રમાણે તેમની વલે કરે. 11 એવી રીતે ઇસ્રાએલ-
ના સર્વ માણસો એકમતે તે નગરની સામે ટોળે મળ્યા. 12 અને ઇસ્રાએ-
લના કુલોએ બિન્યામીનના સઘળા કુળમાં માણસો મોકલીને કહાવ્યું
કે, આ કેવું દુષ્ટ કર્મ તમારામાં બન્યું છે? 13 તો હવે એ બલીયઆલના
પુત્રો કે જે ગિબઆહમાં છે તેઓને [અમારે] સ્વાધીન કરો, કે અમે તેઓ-
ને મારી નાખીને ઇસ્રાએલમાંથી ભ્રષ્ટાચાર દૂર કરીએ. પણ બિન્યામીન-
પુત્રોએ પોતાના ભાઈઓ ઇસ્રાએલપુત્રોનું કહેવું સાંભળ્યું નહિ. 14 અને
બિન્યામીનપુત્રો ઇસ્રાએલપુત્રો સામે યુદ્ધ કરવાને ઘસી જવા સારૂ જુદાં
જુદાં નગરોમાંથી ગિબઆહમાંભેગા થયા. 15 અને તે દિવસે બિન્યામી-
નપુત્રોની ગણત્રી આટલી થઇ, એટલે ગિબઆહના ચુંટી કાઢેલા રહેવા-
સીઓની ગણત્રીના સાતસેં પુરૂષો તથા તે ઉપરાંત જુદાં જુદાં નગરો-
માંથી આવેલા છવીસ હજાર તરવારીઆ પુરૂષો થયા. 16 આ સર્વ લોકો-
માં ચુંટી કાઢેલા સાતસેં ડાભોડિયા પુરૂષો હતા; તેઓમાંનો પ્રત્યેક ગોફ-
ણથી એવો ગોળી મારી શકતો કે એક વાળ પણ ચુકતો નહિ. 17 અને
બિન્યામીનીઓ શિવાય ઇસ્રાએલીઓની ગણત્રી ચાર લાખ તરવારીઆ
પુરૂષોની થઈ; એ સર્વ લડવૈયા પુરૂષો હતા. 18 અને ઇસ્રાએલપુત્રો ઉઠી-
ને બેથેલ ગયા, ને ઈશ્વરની સલાહ પુછતા તેઓએ કહ્યું કે, બિન્યામીન-
પુત્રોની સામે યુદ્ધ કરવા સારૂ અમારી તરફથી પહેલો કોણ ચઢાઈ કરે?
અને યહોવાહે કહ્યું કે, યહુદાહ પહેલો જાય. 19 અને ઇસ્રાએલપુત્રોએ
સવારે ઉઠીને ગિબઆહની સામે છાવણી કરી. 20 અને ઇસ્રાએલીઓ
બિન્યામીનીઓ સાને યુદ્ધ કરવાને ચાલી નિકળ્યા, ને ઇસ્રાએલીઓ ગિ-
બઆહ પાસે તેમની વિરુદ્ધ યુદ્ધવ્યૂહ રચ્યો. 21 અને બિન્યામીનપુત્રોએ
ગિબઆહમાંથી ઘસારો કરીને તે દિવસે બાવીસ હજાર ઇસ્રાએલીઓનો
નાશ કરીને જમીનદોસ્ત કીધા. 22 અને લોકોએ એટલે ઇસ્રએલીઓએ
હિમ્મત પકડીને જે જગ્યાએ તેઓએ પહેલે દિવસે વ્યૂહ રચ્યો હતો
ત્યાંજ ફરીથી યુદ્ધવ્યૂહ રચ્યો. 23 (અને ઇસ્રાએલપુત્રો યહોવાહની હજુર-
માં જઈને સાંજ સુધી રડ્યા; ને તેઓએ યહોવાહની સલાહ પુછતાં કહ્યું
કે, શું, હું મારા ભાઇ બિન્યામીનના વંશજો સામે યુદ્ધ કરવા ફરીથી જાઉં?
અને યહોવાહે કહ્યું કે, તેની સામે ચઢાઈ કર). 24 અને ઇસ્રાએલપુત્રો બી-
જે દિવસે બિન્યામીનપુત્રોની સામે ચઢાઈ કરીને નજીક ગયા. 25 અને

બિન્યામીનીઓ બીજે દિવસે ગિબઆહમાંથી તેની સામે ધસી નિકળ્યા,
અને ફરીથી ઈસ્રાએલપુત્રોમાંના અરાઢ હજાર પુરૂષોને સંહાર કરીને તેમ-
ને જમીનદોસ્ત કીધા; એ સઘળાં તરવારીઆ હતા. 26 ત્યારે સર્વ ઈસ્રા-
એલપુત્રો તથા સઘળાં લોકો ચાલી નિકળીને બેથેલમાં જઈને રડ્યા, ને
ત્યાં યહોવાહની હજુરમાં બેઠા, ને તે દિવસે સાંજ સુધી તેઓએ ઉપવાસ
કીધો; ને તેઓએ યહોવાહ પ્રત્યે દહનીયાર્પણ તથા શાંત્યર્પણો ચઢા-
વ્યાં. 27 અને ઈસ્રાએલપુત્રોએ યહોવાહની સલાહ પુછી, (કેમકે તે દિવ-
સોમાં દેવનો કરારકોષ ત્યાં હતો, 28 ને હારૂનનો દીકરો એલઆઝારનો
દીકરો ફીનહાસ તે દિવસોમાં તેની સમ્મુખ ઉભો રહેતો હતો) અને કહ્યું,
શું હું હજીએ ફરીથી મારા ભાઈ બિન્યામીનના વંશજો સામે યુદ્ધ કરવાને
જાઉં, કે પાછો રહું? અને યહોવાહે કહ્યું કે, જા; કેમકે કાલે હું તેને તારા
હાથમાં સોંપી દઈશ. 29 અને ઈસ્રએલીઓએ ગિબઆહની ચોમેરે સંતાઈ
રહેનારાઓને મુક્યા. 30 અને ત્રીજે દિવસે ઈસ્રાએલપુત્રોએ બિન્યામીન-
પુત્રોની સામે ચઢાઈ કરીને ગિબઆહની સામે અગાઉની પેઠે યુદ્ધવ્યૂહ
રચ્યો. 31 અને બિન્યામીનપુત્રો એ લોકોને સામે ધસી નિકળ્યા, ને [તે-
ઓની પાછળ પાછળ] નગરથી દૂર સુધી ખેંચાયા; અને તેઓએ શરૂઆ-
તમાં અગાઉની પેઠે ધોરી રસ્તાઓ પર સુમારે ત્રીસ ઈસ્રાએલી માણસો-
ને ખુલ્લા મેદાનમાં મારીને કાપી નાખ્યા, તે [રસ્તા]ઓમાંનો એક બેથેલ-
માં જાય છે, ને બીજો ગિબઆહમાં જાય છે. 32 અને બિન્યામીનપુત્રોએ
કહ્યું કે, એઓ પહેલાંની પેઠે આપણી સામે માર્યો જાય છે. પણ ઈસ્રાએ-
લપુત્રોએ કહ્યું કે, આપણે નાસીને તેઓને નગરમાંથી ધોરી રસ્તાઓ
ઉપર આકર્ષી લાવીએ. 33 અને સર્વ ઈસ્રાએલીઓ પોતાની જગ્યાએથી
ઉઠ્યા, ને તેઓએ બઆલ-તામર આગળ યુદ્ધવ્યૂહ રચ્યો; અને ઈસ્રાએ-
લના સંતાઈ રહેલા માણસો તેમની જગ્યામાંથી એટલે માઅરેહ-ગેબ-
માંથી નીકળી આવ્યા. 34 અને સર્વ ઈસ્રાએલમાંથી ચુંટી કાઢેલા દસ
હજાર માણસોએ ગિબઆહ ઉપર હલ્લો કીધો ને દારૂણ યુદ્ધ મચ્યું; પણ
તેઓ જાણતા નહોતા કે અમારૂં તો આવી બન્યું છે. 35 અને યહોવાહે
ઈસ્રાએલની સામે બિન્યામીનનો પરાજય કીધો; ને ઈસ્રાએલપુત્રોએ તે
દિવસે બિન્યામીનના પચીસ હજાર ને એકસો માણસોનો સંહાર કીધો;
એ બધા તરવારીઆ હતા. 36 હવે બિન્યામીનપુત્રોએ જોયું કે અમે હાર
ખાધી છે; કેમકે ઈસ્રાએલીઓએ બિન્યામીનીઓના આગળથી હઠી
ગયા, કેમકે જેઓએને તેઓએ ગિબઆહની સામે છુપાવી રાખ્યા હતા
તેઓ ઉપર તેમનો ભરોસો હતો. 37 અને છુપાઈ રહેલાઓએ એકદમ ગિ-
બઆહ ઉપર ધસારો કીધો; અને છુપાઈ રહેલાઓએ બધે પસરી જઈને
આખા નગરનો તરવારની ધારથી સંહાર કીધો. 38 હવે ઈસ્રાએલીઓની
તથા સંતાઈ રહેલાઓની વચ્ચે ઠરાવેલું ચિન્હ આ હતું, કે તેઓએ નગ-
રમાંથી ધુમાડાના ગોટેગોટા ચઢાવવા. 39 અને ઈસ્રએલીઓએ યુદ્ધમાં
પૂઠ ફેરવી, અને બિન્યામીનીઓએ શરૂઆતમાં ઈસ્રાએલીઓના સુમારે
ત્રીસેક પુરૂષોને ઘાયલ કરીને મારી નાખ્યા; કેમકે તેઓએ કહ્યું કે, જેમ
પહેલાં યુદ્ધમાં થયું હતું તેમ નિશ્ચે તેઓ આપણી સામે માર્યા જાય છે.
40 પણ જયારે નગરમાંથી ધુમાડાના સ્તંભરૂપે ગોટેગાટા ચઢવા લાગ્યા
ત્યારે બિન્યામીનીઓએ પાછળ જોયું, તો જુઓ, આખું નગર ધુમાડારૂપે
ગગનમાં ચઢતું હતું. 41 અને ઈસ્રાએલીઓ પાછા ફર્યા ને બિન્યામી-
નીઓ સ્તબ્ધ થઈ ગયા; કેમકે તેઓએ જોયું કે અમારૂં આવું બન્યું છે.
42 માટે તેઓ ઈસ્રાએલીઓ સામે પૂઠ ફેરવીને અરણ્યને માર્ગે દોડ્યા;
પણ યુદ્ધ તેઓની પાછળ ને પાછળ લાગુ રહ્યું; ન જેઓ નગરોમાંથી
આવ્યા હતા તેઓએ તેની મધ્યે તેઓનો સંહાર કીધો. 43 તેઓ બિન્યા-
મીનીઓને ચોતરફથી ઘેરીને ઉગમણી દિશાએ ગિબઆહની સામે સુધી
તેઓની પૂઠે લાગ્યા, ને તેઓની આરામ લેવાની જગ્યાએ તેઓને ખુંદી
નાખ્યા. 44 અને બિન્યામીનના અરાઢ હજાર માણસો પડ્યા; એ સર્વ શૂ-
રવીર પુરુષો હતા. 45 અને તેઓ પાછા ફરીને અરણ્ય તરફ નાઠા, ને રિ-
મ્મોન ગઢમાં જતાં રહ્યા; ને તેઓએ રાજમાર્ગોમાં વેરાએલા પાંચ હજાર
માણસોનો સંહાર કીધો. 46 એમ તે દિવસે સર્વ મળી બિન્યામીનના
પચ્ચીસ હજાર તરવારીઆ પડ્યા; ને એઓ સર્વ શૂરવીર પુરૂષો હતા.
47 પણ છસે માણસ પાછા ફરીને અરણ્ય તરફ નાઠા, ને રિમ્મોન ગઢમાં
જતાં રહ્યા, ને રિમ્મોન ગઢમાં ચાર માસ સુધી રહ્યા. 48 અને ઈસ્રએલી-
ઓએ પાછા ફરીને પાછા બિન્યામીનપુત્રો ઉપર હલ્લો કીધો, ને આખા
નગરની વસ્તીનો, તેમજ ઢોરઢાંકનો તથા જે સર્વ તેમની નજરે પડ્યાં
તેમનો, તેઓએ તરવારની ધારથી નાશ કીધો; વળી જે નગરો તેઓના
જોવામાં આવ્યાં તે સર્વને તેઓએ બાળી દીધાં.

21 હવે ઈસ્રાએલીઓએ મિસ્પાહમાં એવા સોગન ખાધા હતા કે,
અમારામાંનો કોઈ પોતાની દીકરીને બિન્યામીન સાથે નહી પર-
ણાવે. 2 અને લોકો બેથેલમાં આવ્યા, ને ત્યાં યહોવાહની હજુરમાં સાંજ
સુધી બેઠા, ને પોક મુકીને બહુ રડ્યા. 3 અને તેઓએ કહ્યું, હે યહોવાહ,
ઈસ્રાએલના દેવ, આજે ઈસ્રાએલમાં એક કુળ ખુટી પડે એવું ઈસ્રાએલ-
માં કેમ બન્યું છે? 4 અને બીજે દિવસે એમ થયું કે, લોકોએ પરોઢીએ
ઉઠીને ત્યાં એક વેદી બાંધી, ને દહનીયાર્પણો તથા શાંત્યર્પણો ચઢા-
વ્યાં. 5 અને ઈસ્રાએલપુત્રોએ કહ્યું કે, ઈસ્રાએલના સર્વ કુળો મધ્યે એવો
કોણ છે કે જે સભા સાથે યહોવાહની હજુરમાં આવ્યો ન હોય? કેમકે જે
જણ મિસ્પાહમાં યહોવાહની હજુરમાં ન આવે તે વિષે તેઓએ એવા
ભારે સોગન ખાધા હતા કે તેને જરૂર મારી નાખવો. 6 અને ઈસ્રાએલપુ-
ત્રોએ તેઓના ભાઈબિન્યામીન વિષે એવો પશ્ચાતાપ કરીને કહ્યું કે,
આજે ઈસ્રાએલમાંથી એક કુળ નાબુદ થયું છે. 7 જેઓ બચેલું છે તેઓને
પરણાવવા વિષે આપણે કેમ કરીશું? કેમકે આપણે તો યહોવાહના સો-
ગન ખાધા છે કે, આપણે તેઓને આપણી દીકરીઓ પરણાવીશું નહિ.
8 અને તેઓએ કહ્યું કે, ઈસ્રાએલના કુળોમાનો એવો કોણ છે કે કે મિ-
સ્પાહમાં યહોવાહની હજુરમાં આવ્યો ન હોય? અને જુઓ, છાવણીમાંની
સભામાં યાબેશ-ગિલઆદથી કોઈ પણ આવ્યો નહોતો. 9 કેમકે જયારે
લોકોની ગણત્રી કરવામાં આવી ત્યારે યાબેશ-ગિલઆદના રહેવાસીઓ-
માંના કોઈ ત્યાં હતા નહિ. 10 અને જમાતે પુરા શૂરવીર દસ હજાર પુરૂષો-
ને એવી આજ્ઞા આપીને ત્યાં મોકલ્યા કે, જઈ યાબેશ-ગિલઆદના રહે-
વાસીઓને તેઓની સ્ત્રીઓ તથા બાળકો સુદ્ધાં તરવારની ધારથી સંહા-
રો. 11 અને તમારે આ પ્રમાણે કરવું કે, પ્રત્યેક નરનો તથા જે સ્ત્રીઓએ
પુરૂષનો અનુભવ કીધેલો હોય તેઓનો તમારે છેક વિનાશ કરવો.
12 અને યાબેશ-ગિલઆદના રહેવાસીઓમાંથી તેઓને ચારસેં જુવાન
કુંવારિકાઓ મળી આવી, કે જેઓએ પુરૂષ સાથે સુવાનો અનુભવ કીધે-
લો નહોતો; ને તેઓ તેમને કનાન દેશના શીલોહ પાસે છાવણીમાં લા-
વ્યા. 13 અને આખી જમાતે રિમ્મોન ગઢમાંના બિન્યામીનપુત્રોને સંદેશો
મોલીને તેઓ પ્રત્યે સલાહનો ઢંઢેરો પિટાવ્યો. 14 અને તે વખતે બિન્યા-
મીનીઓ પાછા આવ્યા; ન યાબેશ-ગિલઆદની જે સ્ત્રીઓને તેઓએ
જીવતી રાખી હતી તે તેઓએ તેમને દીધી; તો પણ તેઓ તેમને માટે
બસ થઈ નહિ. 15 અને લોકોએ બિન્યામીન વિષે પશ્ચાતાપ કીધો, કેમકે
યહોવાહે ઈસ્રાએલના કુળોમાં તૂટ પાડી હતી. 16 ત્યારે જમાતના વડી-
લોએ કહ્યું કે, બાકી રહેલાઓને માટે વહુઓ વિષે આપણે કેમ કરીએ,
કેમકે બિન્યામીનમાંથી તો સ્ત્રીઓનો નાશ થયો છે? 17 અને તેઓએ
કહ્યું કે, બિન્યામીનમાંના જેઓ બચી ગયા છે તેઓને માટે વારસો જો-
ઈએ, એ સારૂ કે ઈસ્રાએલમાંથી એક કુળ નાબુદ ન થાય. 18 પરંતુ આપ-
ણી કન્યાઓ આપણે તેઓને દઈ શકતાં નથી; કેમકે ઈસ્રાએલપુત્રોએ
એવા સોગન ખાધા છે કે, જે બિન્યામીનને કન્યાદાન દે તે શ્રાપિત
થાઓ. 19 અને તેઓએ કહ્યું કે, જુઓ, બેથેલની ઉત્તરે [તથા] બેથેલની
શખેમ જવાના રાજમાર્ગની પૂર્વ બાજુએ તથા લબોનાહની દક્ષિણે
આવેલા શીલોહમાં વર્ષો વર્ષ યહોવાહનું પ્પર્વ પાળવામાં આવે છે.
20 અને તેઓએ બિન્યામીનપુત્રોને એવી આજ્ઞા કીધી કે, જઈને દ્રાક્ષવા-
ડીઓમાં સંતાઈ રહો; 21 ને જોતાં રહેજો, ને, જુઓ, શીલોહની દીકરીઓ
નાચમાં નૃત્ય કરવાને બહાર આવે, તો તમે દ્રાક્ષવાડીઓમાંથી નિકળી
આવીને સર્વ શિલોહની દીકરીઓમાંથી પોતપોતાને માટે વહુએ પકડી
લઈને બિન્યામીનના પ્રાંતમાં જતા રહેજો. 22 અને તેમના બાપો કે ભા-
ઈઓ આવીને અમારી આગળ ફરિયાદ કરશે, તો અમે તેઓને કહીશું કે,
મહેરબાની કરીને [ધારો કે] તે [કન્યાઓ] અમનેજ દીધી; કેમકે આપણે
યુદ્ધમાં તેઓમાંના પ્રત્યેકને વાસરે સ્ત્રી લીધી નથી, તેમજ તમે પણ તે-
મને સ્ત્રીદાન દીધું નથી; નહિ તો તમે દોષિત થાત. 23 અને બિન્યામી-
નપુત્રોએ એ પ્રમાણે કીધું, ને પોતે જેટલા હતા તેટલી સ્ત્રીઓને નૃત્ય
કરનારીઓમાંથી હારી જઈને પોતે રાખી; અને તેઓ પાછા પોતાના વત-
નમાં ચાલ્યા ગયા, ને નગરોને સમારીને તેમાં રહ્યા. 24 અને ઈસ્રાએલપુ-
ત્રો તે સમયે ત્યાંથી વિદાય થઈને સર્વ પોતપોતાની કુળમાં તથા પોત-
પોતાના કુટુંબમાં ગયા, ને ત્યાંથી નિકળીને તેઓ પોતપોતાના વતનમાં

ગયા. [25] તે દિવસોમાં ઇસ્રાએલમાં રાજા નહોતો; દરેક માણસની નજર-
માં જે ઠીક લાગતું તે તે કરતો.

# રૂથ

1 ન્યાયાધીશો ન્યાય કરતા હતા તે દિવસોમાં એવું બન્યું કે દેશમાં
દુકાળ પડયો. તેથી બેથલેહેમ-યહૂદિયાનો એક માણસ પોતાની
પત્ની તથા પોતાના બે દિકરાઓને લઈને મોઆબ દેશમાં જઈને રહ્યો.
2 તે માણસનું નામ અલીમેલેખ, તેની પત્નીનું નામ નાઓમી, તેના બે
દિકરાઓના નામ માહલોન તથા કિલ્યોન,જેઓ બેથલેહેમ-યહૂદિયાના
એફ્રાથીઓ હતા.તેઓ મોઆબ દેશમાં જઈને ત્યાં રહ્યાં.
3 નાઓમીનો પતિ અલીમેલેખ મૃત્યુ પામ્યો અને તેણી તેના બે દિક-
રાઓ સાથે રહી. 4 અને તે દિકરાઓએ મોઆબી સ્ત્રીઓમાંથી પત્ની
કરી; તેમાંની એકનું નામ ઓરપા અને બીજીનું નામ રૂથ હતું; તેઓ ત્યાં
લગભગ દસ વર્ષ રહ્યા. 5 પછી માહલોન તથા કિલ્યોન બન્ને મૃત્યુ પા-
મ્યા; એમ નાઓમી તેના બે દિકરા અને તેના પતિ વગર રહી.
6 પછી નાઓમીએ પોતાની પુત્રવધૂઓની સાથે મોઆબ દેશમાંથી
યહૂદિયા પાછાં જવાનો નિર્ણય કર્યો; કેમ કે તેણે મોઆબ દેશમાં સાંભ-
ળ્યું હતું કે ઈશ્વરે તેના લોકોની મદદ કરી અને તેઓને અન્ન આપ્યું છે.
7 અને જ્યાં તે પોતાની બે પુત્રવધૂઓની સાથે રહેતી હતી ત્યાંથી નીક-
ળી ગઈ અને તેઓ યહુદિયા દેશમાં પાછા જવાને રસ્તે ચાલવા લાગ્યા.
8 અને નાઓમીએ પોતાની બે પુત્રવધૂઓને કહ્યું કે, "તમે દરેક પોતા-
ની માના ઘરે પાછાં જાઓ.જેમ તમે મૃત્યુ પામેલાઓ તથા મારા પર
દયા રાખી છે, તેમ ઈશ્વર તમારા પર દયા રાખો. 9 ઈશ્વર કરો કે તમને દરે-
કને બીજા પતિના ઘરમાં આરામ મળે." પછી તેણીએ તેમને ચુંબન કર્યું
અને તેઓ પોક મૂકીને રડી. 10 અને તેઓએ તેને કહ્યું, એમ નહિ, પણ
અમે તો તારી સાથે તારા લોકો મધ્યે પાછાં આવીશું."
11 ત્યારે નાઓમીએ કહ્યું, "મારી દિકરીઓ પાછી ફરો; તમે મારી સાથે
કેમ આવવા માગો છો? શું હજી મારા પેટમાં દિકરાઓ છે કે તેઓ તમારા
પતિ થાય? 12 મારી દિકરીઓ, પાછી ફરો, તમારા રસ્તે ચાલી જાઓ,
કેમ કે પતિ કરવાને હું ઘણી વૃદ્ધ છું.જો હું કહું કે, મને આશા છે, હું આજ
રાત્રે જ પતિ કરૂં અને દિકરાને જન્મ આપું, 13 એ માટે શું તેઓ પુખ્ત
ઉંમરના થાય ત્યાં સુધી તમે રાહ જોશો? શું તમે રાહ જોશો અને માણસો
સાથે લગ્ન હવે કરશો નહિ? ના, મારી દિકરીઓ! તમને દુઃખ લાગે છે તે
કરતા વધારે મને દુઃખ લાગે છે કેમ કે ઈશ્વરે હાથ મારી વિરુદ્ધ કર્યો છે."
14 તેઓ ફરીથી પોક મૂકીને રડી અને ઓરપાએ પોતાની સાસુને જવા
માટે ચુંબન કર્યું; પણ રૂથે તેને છોડી નહિ.
15 ત્યારે તેણે કહ્યું, "જો, તારી દેરાણી પોતાના લોકો પાસે તથા પો-
તાના દેવો પાસે પાછી ગઈ છે; તું પણ તારી દેરાણી પાછળ પાછી જા."
16 ત્યારે રૂથે કહ્યું, "તને છોડીને તારી પાસેથી દૂર જવાની મને વિ-
નંતી ના કર; કેમ કે જ્યાં તું જાય છે ત્યાં જ હું જવાની અને જ્યાં તું રહેશે
ત્યાં જ હું રહેવાની; તારા લોકો તે મારા લોકો અને તારો ઈશ્વર તે મારો
ઈશ્વર થશે; 17 જ્યાં તું મૃત્યુ પામીશ ત્યાં જ હું મૃત્યુ પામીશ અને દટા-
ઈશ; જો મૃત્યુ સિવાય બીજું કંઈ પણ મને તારાથી અલગ કરે, તો ઈશ્વર
મને સજા કરે અને એથી વધારે કરે. 18 અને જયારે નાઓમીએ જોયું કે,
તેની સાથે આવવાનો રુથનો દઢ નિશ્ચય છે, ત્યારે તેણે તેને કહેવાનું
છોડી દીધું.
19 તેઓ બન્ને મુસાફરી કરતાં કરતાં બેથલેહેમ પહોંચ્યા. તેઓ બેથલે-
હેમ આવ્યા ત્યારે એમ બન્યું કે, નગરના સર્વ લોકો તેઓના વિષે
ઉત્સાહિત હતા અને ત્યાંની સ્ત્રીઓએ કહ્યું કે, શું, આ નાઓમી છે?
20 ત્યારે તેણે તેઓને કહ્યું, "મને નાઓમી કહીને ના બોલાવો, મને તો
કડવી કહીને બોલાવો; કેમ કે સર્વસમર્થે મારા પર ઘણી સખ્તાઈ ગુજારી
છે. 21 અહીંથી નીકળી ત્યારે હું ભરપૂર હતી, પણ ઈશ્વર મને ખાલી હાથે
વતનમાં પાછો લાવ્યો છે; ઈશ્વરે મારી તિરસ્કાર કર્યો છે અને સર્વસમર્થે
મને વિપત્તિમાં આણી છે, તો તમે મને નાઓમી કહીને કેમ બોલાવો
છો?
22 એમ નાઓમી તથા તેની સાથે મોઆબ દેશમાંથી પાછી આવેલી
તેની પુત્રવધૂ રૂથ મોઆબણ પાછા આવ્યાં; અને તેઓ જવની કાપણી-
ની શરૂઆતમાં બેથલેહેમ આવ્યાં.
2 નાઓમીના પતિનો એક સગો, જે અલીમેલેખના કુટુંબનો એક
મહા ધનાઢ્ય પુરુષ હતો; તેનું નામ બોઆઝ હતું. 2 અને રૂથ મો-
આબેણ નાઓમીને કહ્યું," મને ખેતરમાં જવા દે, એ સારૂ કે જેની દૃષ્ટિ-
માં હું કૃપા પામું તેની પાછળ અનાજનાં ડૂંડાના કણસલા વીણું." ત્યારે
તેણે તેને કહ્યું, મારી દીકરી જા."
3 તે ગઇ ને ખેતરમાં આવીને કાપનારાઓની પાછળ કણસલાં વીણ-
વા લાગી. અને એવું બન્યું કે તે અલીમેલેખના કુટુંબના બોઆઝના ભા-
ગના ખેતરમાં આવી પહોચી. 4 અને જુઓ, બોઆઝે બેથલેહેમથી
આવીને કાપનારાઓને કહ્યું કે, "યહોવા તમારી સાથે હો." અને તેઓએ
જવાબ દીધો કે, "યહોવા તમને આશીર્વાદ આપો."
5 પછી બોઆઝે પોતાના ચાકર કે જેને તેણે કાપનારાઓ પર મુકાદમ
ઠરાવ્યો હતો તેને પૂછ્યું કે, "આ કોની સ્ત્રી છે?" 6 ત્યારે જે ચાકરને કા-
પનારાઓનો મુકાદમ ઠરાવ્યો હતો, તેણે ઉત્તર આપતાં કહ્યું કે, "એ તો
મોઆબ દેશમાંથી નાઓમી સાથે પાછી આવેલી મોઆબી સ્ત્રી છે."
7 તેણે મને કહ્યું, 'કૃપા કરી મને કાપનારાઓની પાછળ પૂળીઓ મધ્યે-
થી કણસલાં વીણી ભેગાં કરવા દે; 'એવી રીતે તે આવી,ને સવારથી તે
અત્યાર સુધી લાગુ રહી છે, ફક્ત થોડી વાર તેણે ઘરમાં આરામ લીધો."
8 ત્યારે બોઆઝે રૂથને કહ્યું, મારી દીકરી, શું તું મને સાંભળે છે? બીજા
કોઇ ખેતરમાં કણસલાં વીણવા જઈશ નહિ, અને અહીંથી પણ જઈશ
નહિ, પણ મારી સ્ત્રીઓની સાથે રહીને કામ કર. 9 જે ખેતર તેઓ કાપે
છે તે ઉપર તારી નજર રાખીને તું તેઓની પાછળ ફર; શું, મેં માણસોને
એવી આજ્ઞાઆપી નથી કે, તેઓ તને અડકે નહિ? ને જયારે તું તરસી
થાય ત્યારે માટલાં પાસે જઈને માણસોએ ભરી રાખેલા પાણી માંથી
પીજે."
10 ત્યારે તેણે દંડવત્ પ્રણામ કરીને તેને કહ્યું, "હું એક પરદેશી છતાં
શા માટે તારી દૃષ્ટિમાં એટલી કૃપા પામી છું, કે તમે મારી કાળજી રાખો
છો?" 11 બોઆઝે તેને જવાબ આપતાં કહ્યું, તારા પતિના મૃત્યુ પછી જે
જે વર્તણુક તેં તારી સાસુ સાથે ચલાવી છે તે સઘળાની, તારા માતા-પિ-
તાને તથા તારી જન્મભૂમિને છોડીને જે લોકોને તું જાણતી નહોતી,
તેઓ મધ્યે તું કેવી રીતે આવી છે, તે સર્વની મને સંપૂર્ણ માહિતી મળી
છે. 12 યહોવા તારા કામનું ફળ તને આપો, ને જે ઈઝરાયલના ઈશ્વર
યહોવાની પાંખો નીચે આશ્રય લેવા તું આવી છે તેનથી તને પૂરો બદલો
મળે."
13 પછી તેણે કહ્યું, "હે મારા માલિક, મારા પર કૃપાદૃષ્ટી રાખો; કેમકે
તમે મને દિલાસો આપ્યો છે,જો કે હું તમારી દાસીઓમાંની એકના જેવી
નથી છતાં તમે મારી સાથે માયાળુપણે બોલ્યા છો."
14 જમવાના સમયે બોઆઝે તેને કહ્યું, "અહીં આવીને રોટલી ખા, ને
તારો કોળિયો સરકામાં બોળ." ત્યારે કાપનારાઓ ની પાસે તે બેઠી;
અને તેઓએ તેને પોંક આપ્યો, તે ખાઇને તૃપ્ત થઇ ને તેમાંથી વધ્યો.
15 જયારે તે કણસલાં વીણવા ઊઠી, ત્યારે બોઆઝે પોતાના માણ-
સોને આજ્ઞા આપી કે, એને પૂળીઓ માંથી પણ કણસલાં વીણવા દો,
તેને ધમકાવતા નહિ. 16 વળી તેને માટે પૂળીઓમાંથી કેટલુંક ખેંચી કા-
ઢીને રાખી મૂકો, ને તેને તેમાંથી કણસલાં વીણવા દો, તેને ધમકાવશો
નહિ.

17 એવી રીતે તેણે સાંજ સુધી ખેતરમાં કણસલાં વીણ્યાં, પછી તેણે
પોતાના વીણેલાં કણસલાં મસળ્યા , ને તેમાંથી આસરે એક એફાહ જવ
નીકળ્યા. 18 તે લઈને નગરમાં ગઈ; અને તેની સાસુએ તેનાં વીણેલાં
કણસલાં જોયા; અને પોતે તૃપ્ત થયા પછી જે પોંક વધ્યો હતો તે પણ
કાઢીને તેણે તેને આપ્યો.
19 ત્યારે તેની સાસુએ તેને કહ્યું, "આજે તે ક્યાં કણસલાં વીણ્યાં ? ને
તેં ક્યાં કામ કર્યું ? જેણે તારી મદદ કરી તે આશીર્વાદિત હો." જેની સાથે
તેણે કામ કર્યું હતું તેના વિષે પોતાની સાસુને વિદિત કરતાં તેણે કહ્યું
કે, "જે માણસની સાથે મેં આજે કામ કર્યું તેનું નામ બોઆઝ છે." 20 ના-
ઓમીએ પોતાની પુત્રવધૂને કહ્યું , "જેણે જીવતાં તથા મૃત્યુ પામેલાંઓ
ઉપર દયા રાખવી છોડી દીધી નથી તે યહોવાથી આશીર્વાદિત થાઓ.
ત્યારે નાઓમીએ તેને કહ્યું, એ માણસને આપણી સાથે નિકટની
સગાઇ છે, એટલે તે આપણો નજીકનો સગો છે.
21 ત્યારે રૂથ મોઆબેણે કહ્યું, "વળી તેણે મને કહ્યું, મારા માણસો
મારી બધી કાપણી સમાપ્ત કરે ત્યાં સુધી તારે મારા માણસોને પાસે ને
પાસે રહેવું." 22 ત્યારે નાઓમીએ પોતાનો પુત્રવધૂ રૂથને કહ્યું, "મારી
દીકરી, એ સારું છે કે તું તેની સ્ત્રીઓ સાથે જા, જેથી બીજા કોઈ ખેતર-
વાળા તને નુકસાન પોહચાડે નહી."
23 માટે જવની તથા ઘઉંની કાપણીના અંત સુધી તે કણસલાં વીણ-
વાને બોઆઝની સ્ત્રીઓ પાસે ને પાસે રહી; અને તે પોતાની સાસુની
સાથે રહેતી હતી.

3 અને તેની સાસુ નાઓમીએ તેને કહ્યું, "મારી દિકરી, તને આરામ
મળે માટે શું હું તારી માટે જગ્યા ના શોધું, કે જેથી તારૂ સારું
થાય? 2 અને હવે બોઆઝ, જેની કામ કરનારી સ્ત્રીઓ પાસે તું હતી, તે
શું આપણો નજીકનો સગો નથી? જો, તે આજ રાત્રે ખળીમાં જવ ઉપણ-
શે.
3 તે માટે, સ્વચ્છ થઈને, અત્તર લગાવીને, તારા વસ્ત્ર બદલીને નીચે
ખળીમાં જા. પણ તે માણસ ખાઈ પી રહે ત્યાં સુધી પોતાની તે માણસ-
ને જાણ થવા દઈશ નહિ. 4 અને ખાતરી કરજે, જયારે તે સૂઈ જાય, ત્યારે
તે જ્યાં સૂઈ જાય છે તે જગ્યા તું યાદ રાખજે કે જેથી પાછળથી તું તેની
પાસે જઈ શકે,તેના પગ ખુલ્લાં કરજે અને ત્યાં સૂઈ જજે; પછી તારે શું
કરવું તે તને કહેશે. 5 અને રૂથે નાઓમીને કહ્યું, જે સઘળું તું કહે છે, તે હું
કરીશ."
6 અને તેણી ખળીએ ગઈ અને તેની સાસુએ તેને જે સૂચનો આપ્યાં
હતા, તે પ્રમાણે તેણે કર્યું. 7 જયારે બોઆઝે ખાઈ પી લીધું અને તેનું હ્ર-
દય આનંદિત થયું ત્યારે અનાજના ઢગલાની કિનારીએ જઈને તે સૂઈ
ગયો.અને તેણી ધીમેથી આવી, તેના પગ ખુલ્લાં કર્યા અને સૂઈ ગઈ.
8 લગભગ મધરાત થવા આવી અને તે માણસ ચમકી ઉઠયો,તેણે
પોતાને ફેરવ્યો અને ત્યાં એક સ્ત્રી તેનાં પગ આગળ સૂઈ ગઈ હતી!
9 અને તેણે કહ્યું,"તું કોણ છે?" તેણીએ ઉત્તર આપ્યો કે, "હું તારી દાસી
રૂથ છું. તારો ઝભ્ભો તારી દાસી પર ઓઢાડ, કેમ કે તું નજીકનો સગો
છે."
10 અને તેણે કહ્યું, "મારી દિકરી, તું ઈશ્વરથી આશીર્વાદિત થા. પહેલાં
કરતાં તે પાછળથી અંતમાં વધારે માયાળુપણું બતાવ્યું છે, વધારે એ કે
ગરીબ કે ધનવાન જુવાન માણસની શોધ તે કરી નહિ. 11 અને હવે, મા-
રી દિકરી, બીશ નહિ! તેં જે કહ્યું છે તે સઘળું હું તારા માટે કરીશ, કેમ કે
મારા લોકોનું આખું નગર જાણે છે કે તું સદગુણી સ્ત્રી છે.
12 હવે તે સાચું છે કે હું નજીકનો સગો છું;તોપણ મારાં કરતાં વધારે
નજીકનો સગો એક છે. 13 આજ રાતે અહીંયા રહે અને સવારમાં, જો તે
નજીકના સગા તરીકેની પોતાની ફરજ તારા માટે બજાવે તો સારું,
નજીકના સગા તરીકેની પોતાની ફરજ તેને બજાવવા દેવી. પણ જો તે
નજીકના સગા તરીકેની પોતાની ફરજ નહિ બજાવશે તો, ઈશ્વરના જીવ-
નથી, પછી હું નજીકના સગા તરીકેની ફરજ બજાવીશ. સવાર સુધી સૂઈ
રહે."
14 માટે સવાર સુધી તેણી તેના પગ પાસે સૂઈ રહી.પણ કોઈ બીજાને
ઓળખી શકે તે પહેલા તેણી ઉઠી. કેમ કે તેણે કહ્યું હતું કે, "તે જાણ ના
થવા દેવી કે તે સ્ત્રી ખળીમાં આવી હતી." 15 પછી તેણે કહ્યું, "તારી
શાલ લાવ અને તે પકડી રાખ." જયારે તેણીએ તેમ કર્યું ત્યારે તેણે છ
માપ જવ તેમાં માપી આપ્યા અને તેણી પર મૂક્યા.અને તે નગરમાં
ગયો. 16 અને જયારે તેણી તેની સાસુ પાસે આવી ત્યારે તેણીએ કહ્યું,
"મારી દિકરી, તું કોણ છે?" અને તેની માટે પેલા માણસે જે કર્યું હતું તે
સઘળું તેણીએ તેને કહ્યું. 17 અને તેણીએ કહ્યું કે, "તેણે આ છ માપ
જવ મને આપ્યાં, કેમ કે તેણે કહ્યું હતું કે, 'તારી સાસુ પાસે ખાલી હાથે
ના જા.'" 18 પછી તેણીએ કહ્યું, મારી દિકરી, આ બાબત કેવી બદલાશે
તે તને જણાય ત્યાં સુધી અહીંયા રહે, કેમ કે તે પૂરૂં કર્યા વિના તે મા-
ણસ આરામ કરવાનો નથી.

4 હવે બોઆઝ દરવાજા પર ગયો અને ત્યાં બેઠો. જલ્દી,જે નજીક-
ના સગા વિષે બોઆઝ બોલ્યો હતો તે થયું. બોઆઝે તેને નામથી
બોલાવ્યો અને કહ્યું કે, "વળીને આવ અને બેસ." અને તે વળીને ત્યાં
આવ્યો અને બેઠો. 2 અને તેણે નગરના વડીલોમાંથી દસ માણસો લઈ-
ને,કહ્યું, "અહીંયા બેસો." અને તેઓ બેઠા.
3 ત્યારે તેણે પેલા નજીકના સગાને કહ્યું કે, "નાઓમી, જે મોઆબ દે-
શમાંથી પાછી આવી છે, તે આપણા ભાઈ અલીમેલેખની જમીનનો
ભાગ વેચી રહી છે. 4 અને તને કહીને, જણાવવાનું મેં વિચાર્યું, 'અહીંયા
બેઠેલા છે તેઓની સમક્ષ તથા મારા લોકોના વડીલોની સમક્ષ, તું તે
ખરીદ.' જો તેને છોડાવવાની તારી ઈચ્છા હોય, તો તેને છોડાવ. પણ જો
તેને છોડાવવાની તારી ઈચ્છા ના હોય તો પછી મને કહે, કે જેથી હું જા-
ણું, કેમ કે તેને છોડાવવાને તારા સિવાય બીજો કોઈ નથી અને તારા
પછી હું છું." તેણે કહ્યું કે, "હું તેને છોડાવીશ."
5 પછી બોઆઝે કહ્યું કે, "તું નાઓમીની પાસેથી એ ખેતર જે દિવસે
ખરીદે, તે જ દિવસે તારે મરનારની પત્ની,રૂથ મોઆબણને લેવી,કે તેના
વારસા પર મરનારનું નામ તું ઉભું કરે." 6 અને નજીકના સગાએ કહ્યું કે,
"મારા પોતાના વારસાને હાનિ કર્યા સિવાય હું પોતાના માટે તે છોડાવી
શકતો નથી.મારો છોડાવવાનો હક તારા પોતાના માટે તું લે,કેમ કે હું તે
છોડાવી શકતો નથી."
7 હવે પ્રાચીન કાળમાં ઈઝરાયલમાં છોડાવવાનો અને કંઈપણ અદ-
લાબદલી કરવાનો એ રિવાજ હતો. બધી બાબતોની ખાતરી કરવા, મા-
ણસ પોતાનું ચંપલ કાઢતો અને તે પોતાના પડોશીને આપતો; અને
ઈઝરાયલમાં કાયદાકીય કરાર કરવાની મતુ આ રીત હતી. 8 તેથી પેલા
નજીકના સબંધીએ બોઆઝને કહ્યું, "તારે પોતાને માટે તે ખરીદ." અને
તેણે તેના ચંપલ કાઢ્યા.
9 બોઆઝે વડીલોને તથા સઘળાં લોકોને કહ્યું, આ દિવસના તમે સા-
ક્ષી છો કે અલીમેલેખનું, કિલ્યોનનું તથા માહલોનનું જે સઘળું હતું તે મેં
નાઓમી પાસેથી ખરીધું છે. 10 વળી મૃત્યુ પામેલાંઓના વારસા ઉપર
તેનું નામ સ્થિર રાખવા સારૂ માહલોનની પત્ની એટલે રૂથ મોઆબેણને
મેં મારી પત્ની થવા સારૂ જેથી મૃત્યુ પામેલાંઓ નામ તેના ભાઈઓ-
માંથી, તથા ઘરના દરવાજામાંથી નષ્ટ ન થાય. તમે આજે સાક્ષીઓ
છો."
11 દરવાજામાંના સઘળાં લોકોએ તથા વડીલોએ કહ્યું, "અમે સા-
ક્ષીઓ છીએ.ઈશ્વર કરે જે સ્ત્રી તારા ઘરમાં આવી છે તે રાહેલ તથા લે-
આહ કે જે બન્નેએ ઈઝરાયલનું ઘર બાંધ્યું છે તેઓના જેવી થાય. તું
એફ્રાથામાં આબાદ, ને બેથલેહેમમાં પ્રસિદ્ધ થા. 12 ઈશ્વર જે ફરજંદ તને
આ જુવાન સ્ત્રીથી આપશે, તેથી તારૂં ઘર યહુદાથી તામારને પેટે થયેલા
પેરેસના ઘર જેવું થાઓ.
13 બોઆઝે રૂથને લીધી, એમ તે તેની પત્ની થઇ. તે તેની પાસે સૂઈ
ગયો,ને ઈશ્વરની કૃપાથી તેને ગર્ભ રહ્યો,ને તેને પુત્રનો પ્રસવ થયો.
14 સ્ત્રીઓએ નાઓમીને કહ્યું, ઈશ્વરને ધન્ય હો, જેમણે આજે તને નજી-
કના સબંધી વગરની રહેવા દીધી નથી, તેનું નામ ઈઝરાયલમાં પ્રખ્યાત
થાઓ. 15 તે તને જીવન આપનાર,ને વૃદ્ધાવસ્થામાં જતન કરનાર થશે;
માટે તારી પુત્રવધુ જેને તું પ્રેમ કરે છે, જે તને સાત દીકરાઓ કરતાં સારી
છે, તેણીએ તેને જન્મ આપ્યો છે.
16 નાઓમીએ તે બાળક લઈને પોતાની ગોદમાં મૂક્યું, ને તે તેનું
જતન કરતી. 17 અને "નાઓમીને દિકરો જન્મ્યો છે" એમ કહીને તેની
પડોશી સ્ત્રીઓએ તેનું નામ પાડયું; તેઓએ તેનું નામ ઓબેદ પાડયું;
તે દાઉદના પિતા યિશાઈનો પિતા થયો.

18 હવે પેરેસની વંશાવળીનીચે પ્રમાણે છે; પેરેસથી હેસ્રોન થયો;
19 અને હેસ્રોનથી રામ થયો, રામથી આમિનાદાબ થયો; 20 આમિનાદા-
બથી નાહશોન થયો, નાહશોનથી સલ્મોન થયો; 21 સલ્મોનથી બો-
આઝ થયો, બોઆઝથી ઓબેદ થયો, 22 અને ઓબેદથી યિશાઈ થયો,
ને યિશાઈથી દાઉદ થયો.

# 1 શમુએલ

1 હવે એફ્રાઈમના પહાડી મુલકના રામાથાઈમ-સોફીમનો એક મા-
ણસ હતો, ને તેનું નામ એલ્કાનાહ હતું, તે એફ્રાઈમી સૂફના દીક-
રા તોહૂનો દીકરા અલીહૂના દીકરા યરોહામનો દીકરો હતો. 2 અને તેને
બે પત્નીઓ હતી, એકનું નામ હાન્નાહ, ને બીજીનું નામ પનિન્નાહ; ને
પનિન્નાહને છોકરાં હતાં, પણ હાન્નાહને છોકરાં ન હતાં. 3 અને આ મા-
ણસ વર્ષોવર્ષ પોતાના નગરમાંથી શીલોહમાં સૈન્યના યહોવાહનું ભજન
કરવા સારૂ જતો હતો; ને એલીના બે દીકરા હોફની તથા ફીનહાસ યહો-
વાહના યાજક ત્યાં હતા. 4 અને એલ્કાનાહને યજ્ઞ કરવાનો દિવસ
આવ્યો, ત્યારે તેણે પોતાની પત્ની પનિન્નાહને તથા તેણીના સર્વ દીકરા
દીકરીઓને ભાગ વહેંચી આપ્યાં; 5 પણ હાન્નાહને તેણે બમણો ભાગ
આપ્યો, કેમકે તે હાન્નાહ પર પ્રીતિ રાખતો હતો, પણ યહોવાહે તેનું
ગર્ભસ્થાન બંધ કર્યું હતું. 6 અને યહોવાહે તેનું ગર્ભસ્થાન બંધ કર્યું હતું,
માટે તેને ખિજવવા સારૂ તેની સોક તેનું બહુ ચિડવતી હતી 7 અને જયા-
રે તે યહોવાહના ઘરમાં જતી, ત્યારે વર્ષો વર્ષ તેનો ઘણી તેમ કરતો, મા-
ટે તે તેને ચિડવતી હતી; તેથી તે રડતી ને ખાતી નહિ. 8 અને તેના પતિ
એલ્કાનાહે તેને કહ્યું, હાન્નાહ, તું કેમ રડે છે? ને કેમ ખાતી નથી? ને તારૂં
હૃદય કેમ ઉદાસ છે? તારે સારૂ દસ દીકરા કરતાં હું અધિક નથી શું?
9 અને શીલોહમાં તેઓ ખાઇ પી રહ્યા પછી હાન્નાહ ઉઠી. હવે એલી યા-
જક યહોવાહના મંદિરની બારસાખ પાસે પોતાના આસન પર બેહેલો
હતો. 10 અને તેણીનું દિલ બહુ દુખાતું હતું, ને તે યહોવાહની વિનંતી
કરીને બહુ રડી. 11 અને માનતા લઇને તેણે કહ્યું, હે સૈન્યના યહોવાહ,
જો તું નિશ્ચય તારી દાસીના દુઃખ સામું જોઇશ, ને મન સંભારીશ, ને તા-
રી દાસીને વીસરીશ નહિ, પણ તારી દીકરો આપીશ, તો હું તેને તેના
આયુષ્યના સર્વ દિવસોભર યહોવાહને આપીશ, ને અસ્ત્રો તેના માથા
પર કદી આવશે નહિ. 12 અને એમ થયું કે, યહોવાહ આગળ તે પ્રાર્થના
કરવામાં રોકાએલી હતી, ત્યારે એલીએ તેના મ્હો તરફ તાકીને જોયું.
13 હવે હાન્નાહ પોતાના હૃદયમાં બોલતી હતી, તેના હોઠ માત્ર હાલતા
હતા, પણ તેની વાણી સંભળાતી ન હતી; માટે લીને એવું લાગ્યું કે તે
પિધેલી છે. 14 અને એલીએ તેને કહ્યું કે, તું ક્યાં સુધી છાકટી રહીશ?
તારો દ્રાક્ષરસ તારાથી દૂર કર. 15 અને હાન્નાહે ઉત્તર આપ્યો કે, ના, મારા
મુરબ્બી, હું દુઃખી મનની સ્ત્રી છું, દ્રાક્ષરસ કે દારૂ મેં પીધો નથી, પણ
યહોવાહ આગળ હું મારો આત્મા રેડતી હતી. 16 તારી દાસીને બલી-
યઆલપુત્રી તરીકે ગણ મા, કેમકે મારા દુઃખ તથા કલેશની પુષ્કળતા-
થી હું અત્યાર સુધી બોલી છું. 17 ત્યારે એલીએ ઉત્તર આપ્યો કે,
શાંતિએ જા, ને જે વિનંતી તે ઇસ્રાએલના દેવની આગળ ગુજારી છે, તે
તે સાર્થક કરે. 18 અને તેણીએ કહ્યું, તારી દાસી ઉપર તારી કૃપાદૃષ્ટિ
થાઓ. એમ તે સ્ત્રી પોતાને માર્ગે ચાલી ગઇ, ને તેણે ખાધું, ને તેનું મુખ
ત્યાર પછી શોકાતુર રહ્યું નહિ. 19 અને મોટે પરોઢીયે ઉઠીને તેઓએ
યહોવાહનું ભજન કર્યું, ને પાછાં ફરીને તેઓ રામાહ મધ્યે પોતાને ઘેર
આવ્યાં, ને એલ્કાનાહે પોતાની સ્ત્રી હાન્નાહનો અનુભવ કીધો; ને યહો-
વાહે તેનું સ્મરણ કીધું. 20 અને એમ થયું કે, વખત થયો ત્યારે હાન્નાહને
ગર્ભ રહ્યો ને તેને પુત્રનો પ્રસવ થયો ને તેનું નામ તેણે શમૂએલ પાડ્યું,
કેમકે તેણે કહ્યું મેં એને યહોવાહ પાસેથી માગી લીધો છે. 21 અને તે મા-
ણસ એલ્કાનાહ પોતાના આખા ઘર સુદ્ધાં યહોવાહની આગળ વાર્ષિક
યજ્ઞ તથા પોતાની માનતા ચઢાવવા ગયો. 22 પણ હાન્નાહ ગઇ નહિ,કે-
મકે તેણે પોતાના વરને કહ્યું કે, છોકરાને ધાવણ મુકાવ્યા પછી હું તેને
લઇ જઇશ, કે યહોવાહની હજુરમાં તે હાજર થઇને ત્યાં સદા રહે. 23 અને
તેના વાર એલ્કાનાહે તેને કહ્યું, તને જે સારૂં લાગે તે કર, તું તેને ધાવણ
છોડાવે ત્યાં સુધી રહે;કેવળ યહોવાહ પોતાનું વચન સ્થાપિત કરો. માટે
તે સ્ત્રી રહી, ને પોતાના દીકરાનું ધાવણ છોડાવ્યું ત્યાં સુધી તેને ધવ-
ડાવ્યો. 24 અને તેણીએ તેનું ધાવણ મુકાવ્યા પછી તેને પોતાની સાથે
લીધો, ને ત્રણ વર્ષનો ગોધો, ને એક એફાહ આટો, ને એક કુંડી દ્રાક્ષરસ
પણ લીધાં, ને શીલોહ મધ્યે યહોવાહના ઘરમાં તેને આણ્યો; ને છોકરો
નાનો હતો. 25 અને તેઓએ ગોધો કાપ્યો, ને છોકરાને એલી પાસે
આણ્યો. 26 અને તેણીએ કહ્યું, ઓ મારા મુરબ્બી તારા જીવના સમ, જે
સ્ત્રી યહોવાહની પ્રાર્થના કરતી અહીં તારી પાસે ઉભી હતી તે હું છું.
27 આ છોકરાં સારૂ હું પ્રાર્થના કરતી હતી; ને યહોવાહ આગળ જે વિનંતી
મેં કીધી તે તેણે ફળિભૂત કીધી છે. 28 માટે મેં પણ એને યહોવાહને
આપ્યો છે, તે જીવે ત્યાં સુધી યહોવાહને અર્પેલો છે; ને તે ત્યાં યહોવાહ-
નું ભજન કરતાં રહ્યો.

2 અને હાન્નાહે પ્રાર્થના કરતાં કહ્યું કે, મારૂં અંતઃકરણ યહોવાહમાં
ઉત્સાહ કરે છે, મારૂં શિંગ યહોવાહમાં ઉંચું કરાયું છે; મારૂં મુખ મા-
રા શત્રુઓ સામે છુટું થયું છે; કેમકે હું તારા તારણમાં હર્ષ કરૂં છું. 2 યહો-
વાહ જેવો પવિત્ર કોઇ નથી; કેમકે તારો શિવાય બીજો કોઇ નથી; વળી
અમારા ઈશ્વર જેવો ખડક કોઇ નથી. 3 હવે પછી એમ અતિષય ગર્વથી
વાત કરશો નહિ, તમારા મુખમાંથી મદોન્મત્તપણું ન નીકળે; કેમકે યહો-
વાહ તો જ્ઞાનનો દેવ છે, ને તેનાથી કૃત્યોની તુલના થાય છે. 4 પરાક્રમી
પુરૂષોનાં ધનુષ્યો ભાંગી નંખાયા છે; ને જે લથડીઆં ખાતાં તેઓ બળ-
થી વેષ્ટિત કરાયા છે. 5 જે તૃપ્ત હતા તેઓ રોટલી સારૂ મજુરીએ રહ્યા છે;
ને જે ભૂખ્યા હતા તેઓ એશઆરામ ભોગવે છે; હા, વાંઝણીએ સાતને
જન્મ આપ્યો છે, ને જેણીને ઘણા છોકરાં છે તે ઝુરે છે. 6 યહોવાહ મારે
છે, ને જીવતાં કરે છે; ને શેઓલ સુધી નમાવે છે, ને તેમાંથી બહાર કાઢે
છે. 7 યહોવાહ દરિદ્રી કરે છે, ને દ્રવ્યવાન પણ કરે છે; તે પાડે છે, ને તેજ
ઉઠાડે છે. 8 દર્દ્રીઓને ધૂળમાંથી તે ઉઠાડે છે, તે ભિખારીઓને ઉકરડા
ઉપરથી ઉભા કરીને તેઓને સરદારો સાથે બેસાડે છે, ને ગૌરવના રા-
જ્યાસનનો વારસો તેઓને પમાડે છે; કેમકે પૃથ્વીના સ્તંભો યહોવાહના
છે, ને તેમના પર તેણે જગત સ્થાપ્યું છે. 9 ત પોતાના ભક્તોના પગ
સંભાળી રાખશે, પણ દુષ્ટો અંધકારમાં ચૂપ રખાશે; કેમકે બળથી કોઇ
માણસ જઈ પામશે નહિ. 10 યહોવાહની સાથે ટક્કર લેનારાઓના ટુકડે
ટુકડા કરાશે; આકાશમાંથી તેમની સામે તે ગર્જના કરશે; યહોવાહ પૃ-
થ્વીના છેડાઓ સુધી ન્યાય કરશે; ને તે પોતાના રાજાને બળ આપશે,
ને પોતાના અભિષિક્તનું શિંગ ઉંચું કરશે. 11 પછી એલ્કાનાહ રામાહમાં
પોતાને ઘેર ગયો; ને છોકરો એલી યાજકની આગળ યહોવાહની સેવા
કરતો હતો. 12 હવે એલીના પુત્રો બલીયઆલપુત્રો હતા; તેઓ યહોવાહ-
ને ઓળખતા નહોતા. 13 અને લોકો સાથે યાજકોનો રિવાજ એવો હતો,
કે જયારે કોઇ માણસ યાજ્ઞાર્પણ કરતો, ત્યારે માંસ બફાતી વેળાએ યા-
જકનો ચાકર હાથમાં ત્રિશૂળ લઇને આવતો; 14 ને તે કઢાઇમાં કે દેગમાં
કે તાવડામાં કે હાંલ્લામાં ભોંકતો; ત્રિશૂળ સાથે જેટલું બહાર આવતું તે
બધું યાજક પોતાને સારૂ લેતો. 15 વળી તેઓ ચરબીનું દહન કરતાં તે
અગાઉ યાજકનો ચાકર આવતો, ને યજ્ઞ કરનાર માણસને કહેતો કે, યા-
જકને કાજે ભુંજવાને માંસ આપ; કેમકે તે તારી પાસેથી સિજેલું નહિ લે-
શે, પણ કાચું માંસ લેશે. 16 અને જો તે માણસ તેને એમ કહેતો કે, તેઓ
જરૂર હમણાંજ ચરબીનું દહન કરી નાખશે, અને પછી તારૂં દિલ ચાહે
એટલું લઇ જજે; તો તે કહેતો કે, ના, તું મને હમણાંજ આપ, નહિ તો હું
જોરાવરીએ લઇશ. 17 અને એ જુવાનોનું પાપ યહોવાહ આગળ ઘણું મો-
ટું હતું, કેમકે માણસોને યહોવાહના અર્પણ પર કંટાળો ઉપજતો હતો.
18 પણ શમૂએલ બાલ્યાવસ્થામાં શણનો એફોદ પહેરીને યહોવાહની
હજૂરમાં સેવા કરતો હતો. 19 વળી તેની મા તેને સારૂ નાનો અંગરખો

બનાવીને પોતાના વરની સાથે વાર્ષિક યજ્ઞ ચઢાવવાને આવતી ત્યારે,
દર, વર્ષે, તેની પાસે લાવતી. 20 અને એલ્કાનાહને તથા તેની સ્ત્રીને
એલીએ આશીર્વાદ દેતાં કહ્યું કે, જે દાન યહોવાહને ને ધીર્યું છે, તેને
બદલે યહોવાહ આ બાઈને પેટે તને સંતાન આપો. અને તેઓ પોતાને
ઘેર ગયા 21 અને યહોવાહે હાન્નાહ પર એવી કૃપા કીધી કે, તેને ગર્ભ
રહ્યો, ને તેને પેટે ત્રણ દીકરી, ને બે દીકરીઓ થયાં; ને શમૂએલ બાળક
યહોવાહની હજુરમાં રહીને મોટો થયો. 22 હવે એલી ઘણો વૃદ્ધ હતો, ને
તેના દીકરા સર્વ ઇસ્રાએલ સાથે જે સઘળી વર્તણુક ચલાવતા, ને મુલા-
કાતમંડપના દ્ધાર આગળ કામ કરનારી સ્ત્રીઓ સાથે લેવી રીતે કુકર્મ
કરતા, એ વિષે તેણે સાંભળ્યું. 23 અને તેણે તેઓને કહ્યું કે, તમે આવાં
કૃત્યો કેમ કરો છો? કેમકે આ સઘળા લોકો પાસેથી તમારાં કુકર્મો વિષે
હું સાંભળું છું. 24 ના, મારા દીકરાઓ, કેમકે જે વર્તમાન હું સાંભળું છું તે
સારૂ નથી; તમે યહોવાહના લોકો પાસે ઉલ્લંઘન કરાવો છો. 25 જો કોઈ
માણસ બીજા માણસની વિરુદ્ધ પાપ કરે તો દેવ તેનો ન્યાય કરશે,
પણ જો કોઈ માણસ યહોવાહની વિરુદ્ધ પાપ કરે તો તેને સારૂ કોણ
વિનંતી કરશે? પણ તેઓએ પોતાના બાપની વાણી સાંભળી નહિ; કેમ-
કે યહોવાહે તેઓનો નાશ નિર્માણ કર્યો હતો. 26 અને શમૂએલ છોકરો
મોટો થતો ગયો, ને યહોવાહની તથા માણસોની કૃપા તેના પર હતી.
27 અને દેવના એક ભક્તે એલી પાસે આવીને તેને કહ્યું, યહોવાહ એમ
કહે છે કે, જયારે તારા પિતૃનું કુળ મિસરમાં ફારૂનના કુળની ગુલામીમાં
હતું, ત્યારે મેં તેઓને દર્શન દીધું કે નહિ? 28 અને મારો યાજક થવા, મા-
રી વેદી પર યજ્ઞ કરવા, ધૂપ બાળવા, ને મારી આગળ એફોદ પહેરવા
માટે મેં તને ઇસ્રાએલના સઘળાં કુળોમાંથી નિવડી કાઢ્યો હતો કે નહિ?
ને તેના બાપના કુળને ઇસ્રાએલપુત્રોના સર્વ હોમયજ્ઞો મેં આપ્યા હતા
કે નહિ? 29 મારા યજ્ઞ ને મારાં અર્પણ જે મારા રહેઠાણમાં કરવાની મેં
આજ્ઞા કીધી છે, તેઓને તમે લાત કેમ મારો છો? ને મારા ઇસ્રાએલ લો-
કનાં સર્વ ઉત્તમ અર્પણોથી પુષ્ટ બનીને મારા કરતાં પોતાના દીકરાઓ-
નું માન વધારે કેમ રાખો છો? 30 એ માટે ઇસ્રાએલનો દેવ યહોવાહ કહે
છે, તારૂં કુળ, ને તારા બાપનું કુળ સદા મારી સામે ચાલશો, એમ મેં કહ્યું
હતું તો ખરૂં; પણ હવે યહોવાહ કહે છે કે એ મારાથી દૂર હો; કેમકે જેઓ
મને માન આપે છે, તેઓને હું પણ માન આપીશ; ને જેઓ મને તુચ્છ
કરે છે, તેઓ હલકા ગણાશે. 31 જો, એવો દિવસો આવે છે, કે જેમાં હું
તારો ભુજ, ન તારા બાપના કુળનો ભુજ કાપી નાખશે, કે જેથી કરીને
તારા ઘરમાં ઘરડો માણસ થાય નહિ. 32 અને એસ્રાએલપુત્રોને જે સર્વ
દ્રવ્ય દેવ આપશે તે મધ્યે મારા રહેઠાણની વિપત્તિ તું જોશે; ને સદા તા-
રા ઘરમાં ઘરડો માણસ કોઈ થશે નહિ. 33 અને તારા માણસને સારી વે-
દી પાસેથી હું કાપી નાખીશ નહિ, તે તારી આંખોનો ક્ષય કરવાને, ને તા-
રૂં દિલ દુખાવવાને માત્ર રહેશે; ને તારા કુળની સઘળી વૃદ્ધિ તેઓની
ખીલતી વયમાં મરી જશે. 34 અને તને આ ચિન્હ મળશે, જે તારા બે દી-
કરાઓ હોફની તથા ફીનહાસ પર આવશે, એટલે તેઓ બેહુ એક દિવસે
મરણ પામશે 35 અને મારા અંતકરણ તથા મારા મનમાં છે તે પ્રમાણે
કરશે એવો એક વિશ્વાસુ યાજક હું મારે વાસ્તે ઉભો કરીશ; ને હું તેને
કાંજે એક સ્થિર ઘર બાંધીશ; ને મારા અભિષિક્તની સમ્મુખ તે સદા
ચાલશે. 36 અને એમ થશે કે, તારા કુળના જે કોઈ બચી ગયા હશે તે સર્વ
આવીને એક રૂપીઆને સારૂ ને રોટલીના એક કકડા સારૂ તેને પગે પડ-
શે, ને કહેશે કે, યાજકપદ્ધીઓમાંથી એક મને અપાવ, કે હું ટુકડો રોટલી
ખાવા પામું.

3 અને શમૂએલ છોકરો યહોવાહની સેવા એલી પાસે રહીને કરતો
હતો, ને તે દિવસોમાં યહોવાહની વાણી દુર્લભ હતી; પ્રગટ સંદ-
ર્શન થતાં નહોતા. 2 અને એક વેળાએ એલી પોતાની જગ્યાએ સૂતો
હતો, (હવે તેની આંખો ઝાંખી થવા લાગવાથી તે દેખી શકતો નહોતો,)
3 ને દેવનો દીવો હોલવાયા અગાઉ યહોવાહના મંદિરમાં જે ઠેકાણે દેવ-
નો કોષ હતો ત્યાં શમૂએલ સૂતેલો હતો; તે વેળાએ એવું થયું કે, 4 યહો-
વાહે શમૂએલ્ને હાંક મારી, એટલે તેણે ઉત્તર આપ્યો કે, હું આ રહ્યો.
5 અને તેણે એલીની પાસે દોડી જઈને કહ્યું, હું આ રહ્યો; કેમકે તેં મને
બોલાવ્યો અને તેણે કહ્યું, મેં બોલાવ્યો નથી, પાછો સુઈ જા. અને તે
જઈને સૂતો. 6 અને યહોવાહે હજીએ બીજી વાર હાંક મારી કે, શમૂએલ.
અને શમૂએલ ઉઠીને એલી પાસે ગયો, ને કહ્યું, હું આ રહ્યો; કેમકે તેં
મને બોલાવ્યો. અને તેણે ઉત્તર આપ્યો, મેં બોલાવ્યો નથી, મારા દીક-
રા; પાછો સુઈ જા. 7 હવે શમૂએલને હજી સુધી યહોવાહની ઓળખ થઇ
ન હતી; ને યહોવાહનું વચન પણ હજી સુધી તેને પ્રગટ કરાયું ન હતું.
8 અને યહોવાહે ફરીથી, ત્રીજી વેળા શમૂએલને હાંક મારી.અને તે ઉઠીને
એલી પાસે ગયો, ને કહ્યું, હું આ રહ્યો; કેમકે તેં મને બોલાવ્યો. અને
એલીએ જોયું કે યહોવાહે છોકરાંને હાંક મારી છે. 9 એ માટે એલીએ શમૂ-
એલને કહ્યું કે, જઈને સુઈ જા; ને જો તે તને બોલાવે તો એમ થાય કે તું
કહેજે કે, બોલ, યહોવાહ, કેમકે તારો સેવક સાંભળે છે. ત્યારે શમૂએલ
જઈને પોતાને ઠેકાણે સુતો. 10 અને યહોવાહ આવીને ઉભો રહ્યો, ને
પહેલાંની પેઠે હાંક મારી કે, શમૂએલ, શમૂએલ. ત્યારે શમૂએલે ઉત્તર
આપ્યો કે, બોલ, કેમકે તારો સેવક સાંભળે છે. 11 ત્યારે યહોવાહે શમૂ-
એલને કહ્યું, જો, ઇસ્રાએલ મધ્યે હું એક કાર્ય કરનાર છું કે તે વિષે જે
સાંભળશે તેના બન્ને કાનો ભણભણશે. 12 તે દિવસે એલીની વિરુદ્ધ,
તેના ઘર સંબંધી જે સઘળું મેં કહ્યું છે તે, આરંભથી તે અંત સુધી, હું પુરૂં
કરીશ. 13 કેમકે મેં તેને કહ્યું છે કે, જે દુષ્ટપણું તેને માલૂમ છે તેને લીધે
હું તેના ઘરનો ન્યાય સદાને માટે કરીશ, કારણ કે તેના દીકરાઓ પોતા
પર શ્રાપ લાવ્યા, ને તેણે તેઓને અટકાવ્યા નહિ. 14 અને એ કારણ મા-
ટે એલીના ઘર વિષે મેં એવા સમ ખાધા છે કે, એલીના ઘરની દુષ્ટાઇનું
પ્રાયશ્ચિત યજ્ઞથી કે અર્પણથી કદાપિ થશે નહિ 15 અને સવાર સુધી
શમૂએલ સુઇ રહ્યો, ને પછી યહોવાહના ઘરનાં બારણા ઉઘાડ્યાં; ને એ
સંદર્શન એલીને કહેતાં શમૂએલ બીધો. 16 ત્યારે એલીએ શમૂએલને હાંક
મારતા કહ્યું, મારા દીકરા, શમૂએલ. અને તેણે કહ્યું, હું આ રહ્યો. 17 અને
તેણે કહ્યું, યહોવાહે જે વાત તેને કહી છે તે શી છે? કૃપા કરીને તે મારાથી
છાની ન રાખીશ; તેણે જે બધી વાતો તને કહી તેમાંથી કોઇ પણ જો તું
મારાથી છુપાવે તો દેવ એવું ને એ કરતાં પણ વધતું તને કરો. 18 અને
શમૂએલે તે સર્વ વાત તેને કહી, ને તેનાથી કંઈ છુપાવ્યું નહિ; ને તેણે
કહ્યું, તે યહોવાહ છે, તેની નજરમાં જે સારૂ લાગે તે તે કરો. 19 અને શમૂ-
એલ મોટો થયો, ને યહોવાહ તેની સાથે હતો, ને તેનું એકે વચન નિ-
ષ્ફળ જવા દેતો નહિ. 20 અને દાનથી તે ઠેઠ બેરશેબા સુધીના સર્વ
ઇસ્રાએલીઓએ જાણ્યું કે, શમૂએલ યહોવાહથી સ્થપાએલો ભવિષ્યવા-
દી છે. 21 અને શીલોહ મધ્યે યહોવાહે ફરીથી દર્શન દીધું; કેમકે યહોવાહ
શમૂએલનો શીલોહ મધ્યે યહોવાહની વાણીરૂપે પ્રગટ થતો હતો.

4 અને શમૂએલનું વચન સર્વ ઇસ્રાએલ પાસે આવતું હતું. હવે
ઇસ્રાએલ પલિસ્તીઓ સામે યુદ્ધ કરવાને ગયા, ને એબેન-એઝેર
પાસે તેઓએ છાવણી કીધી; ને પલિસ્તીઓએ અફેકમાં છાવણી કીધી.
2 અને પલિસ્તીઓએ ઇસ્રાએલ સામે યુદ્ધવ્યૂહ રચ્યો; ને લડાઇ થવા
લાગી, ત્યારે પલિસ્તીઓની સામે ઇસ્રાએલે હાર ખાધી; ને તેઓએ રણ-
ક્ષેત્રમાં સૈન્યના આસરે ચાર હજાર માણસ માર્યા. 3 અને લોક છાવણી-
માં આવ્યા, ત્યારે ઇસ્રાએલના વડીલોએ કહ્યું, આજે યહોવાહે પલિસ્તી-
ઓની સામે આપણને કેમ માર ખવડાવ્યો છે? શીલોહ મધ્યેથી યહોવા-
હના કરારનો કોષ આપણે પોતાની પાસે લાવીને કે તે આપણા મધ્યે
આવીને આપણને આપણા શત્રુઓના હાથમાંથી બચાવે. 4 અને લો-
કોએ શીલોહમાં માણસ મોકલ્યા, ને તેઓ સૈન્યનો યહોવાહ, જે કરૂબી-
મની વચ્ચે બિરાજમાન છે, તેના કરારનો કોષ ત્યાંથી લાવ્યા; ને એલી-
ના બે દીકરા હોફની તથા ફીનહાસ દેવના કરારના કોષ સાથે ત્યાં
આવ્યા હતા. 5 અને યહોવાહના કરારનો કોષ છાવણીમાં આવ્યો, ત્યારે
સર્વ ઇસ્રાએલીઓએ એવો મોટો હોકારો કીધો કે, પૃથ્વીમાંથી પડઘા
પડ્યા. 6 અને પલિસ્તીઓએ હોકારાનો અવાજ સાંભળ્યો, ત્યારે તે-
ઓએ કહ્યું કે, હેબ્રીઓની છાવણીમાં આવ્યો છે. 7 અને પલિસ્તીઓએ
ભયભીત થયા, કેમકે તેઓએ કહ્યું કે, દેવ છાવણી મધ્યે આવ્યો છે.
અને તેઓએ કહ્યું, આપણને અફસોસ; કેમકે આજ સુધી આવું કદી થયું
નથી. 8 આપણને અફસોસ; આ પરાક્રમી દેવોના હાથમાંથી આપણને
કોણ છોડાવશે? જે દેવોએ મિસરીઓને રાનમાં સર્વ પ્રકારના મરાઓથી
માર્યા હતા તે એ છે. 9 ઓ પલિસ્તીઓ, તમે બળવંત થાઓ, ને હિમ્મત
રાખો, કે જેમ હેબ્રીઓ તમારા દાસ થયા હતા, તેમ તમે તેઓના દાસ ન
થાઓ; હિમ્મત રાખીને લડો. 10 અને પલિસ્તીઓ લડ્યા, ને ઇસ્રાએલી-
ઓએ માર ખાધો, ને તેઓમાંનો પ્રત્યેક પોતપોતાના તંબુમાં નાસી
ગયો, ને ઘણી મોટી કતલ થઈ; કેમકે ઇસ્રાએલના પાયદળમાંથી ત્રીસ

હજાર પડ્યા. 11 અને દેવનો કોષ શત્રુના હાથમાં પડ્યો; ને એલીના બે
દીકરા, હોફની તથા ફીનહાસ, માર્યા ગયા. 12 અને બિન્યામીનનો એક
પુરૂષ સૈન્યમાંથી દોડ્યો, ને તેના વસ્ત્ર ફાટી ગયેલા તથા તેના માથા
ધૂળ ભરેલી, એવી સ્થિતિમાં તે તેજ દિવસે શીલોહ મધ્યે આવી
પહોંચ્યો. 13 અને તે આવ્યો ત્યારે, જુઓ, એલી રસ્તાની કોરે આસન
ઉપર બેસીને વાટ જોતો હતો; કેમકે તેનું હૃદય દેવના કોષ વિષે થરથર-
તું હતું. અને જયારે તે માણસે નગરમાં આવીને તે ખબર કહી, ત્યારે
આખું નગર પોંક મુકીને રડ્યું. 14 અને એલીએ તે પોકનો આવાજ સાંભ-
ળ્યો, ત્યારે તેણે કહ્યું, ખળભલાટ તથા શોરબકોર કેમ થાય છે? ને તે
માણસે ઉતાવળથી આવીને અલીને કહ્યું. 15 એલી તો અઠ્ઠાણું વર્ષની
વયનો હતો; ને તેની આંખો એટલી ઝાંખી પડી ગઇ હતી કે તે દેખી શક-
તો નહોતો. 16 અને તે માણસે એલીને કહ્યું, સૈન્યમાંથી જે આવ્યો તે હું
છું, ને સૈન્યમાંથી આજજ હું દોડતો આવ્યો છું. અને તેણે કહ્યું, મારા દી-
કરા, ત્યાં શું થયું? 17 ને સંદેશો લાવનારે ઉત્તર આપીને કહ્યું, ઇસ્રાએલ
પલિસ્તીઓ આગળથી નાઠા છે, નને વળી લોકોમાં ઘણી કતલ થઇ છે,
ને તારા બન્ને દીકરા, હોફની તથા ફીનહાસ, પણ મરણ પામ્યા છે, ને દે-
વનો કોષ શત્રુના હાથમાં પડ્યા છે. 18 અને તેણે દેવના કોષ વિષે કહ્યું
ત્યારે એમ થયું કે, એલી દરવાજાની બાજુ પાસેન આસન ઉપરથી
ચત્તોપાટ પડી ગયો, ને તેની ગરદન ભાંગી ગઇ ને તે પરાંન પામ્યો; કે-
મકે તે માણસ વૃદ્ધ તથા શરીરે ભારે હતો. અને તેણે ઇસ્રાએલીઓનો
ન્યાય ચાળીસ વર્ષ કીધો હતો. 19 અને તેની પુત્રવધૂ, એટલે ફિન્હાસની
પત્ની ગર્ભવતી હતી તથા તેનો પ્રસૂતિનો વખત નજીક હતો; ને તે-
ણીએ જયારે એવી ખબર સાંભળી કે, દેવના કોશનું હરણ થયું છે, ને તે-
નો સસરો તથા તેનો વાર મરણ પામ્યો છે, ત્યારે તે વાંકી વળીને જણી,
કેમકે તેને ચૂંક આવતી હતી 20 અને તેના મરણની વખતે જે સ્ત્રીઓ તે-
ની પાસે ઉભેલી હતી તેઓએ કહ્યું કે, બી મા, કેમકે તને દીકરો જનમ્યો
છે. પણ તેણીએ ઉત્તર આપ્યો નહિ, ને પરવા પણ કંઈ કીધી નહિ.
21 અને તેણીએ છોકરાનું નામ ઈખાબોદ પાડીને કહ્યું કે, ઇસ્રાએલ
મધ્યેથી ગૌરવ ગયું છે; કારણ કે દેવનો કોષ લઇ જવાયો હતો, ને તેના
સસરાનું તથા વરનું મોત થયું હતું. 22 અને તેણીએ કહ્યું, ઇસ્રાએલ ના-
ધ્યેથી ગૌરવ ગયું છે; કેમકે દેવના કોશનું હરણ થયું છે.
5 હવે દેવનો કોષ પલિસ્તીઓના હાથમાં આવ્યો હતો તેને તેઓ
એબેન-એઝેરમાંથી આશ્દોદમાં લાવ્યા. 2 અને પલિસ્તીઓ દેવનો
કોષ લઈને દાગોનના ઘરમાં લાવ્યા, ને તેઓએ દાગોનની પાસે મુક્યો.
3 અને બીજે દિવસે અશ્દોદીઓ માટી સવારે ઉઠ્યા, ત્યારે, જુઓ, યહો-
વાહના કોષ આગળ દાગોન ભૂમિ પર ઉંધો પડેલો હતો. અને તેઓએ
દાગોનને લઈને તેની જગ્યામાં પાછો બેસાડ્યો. 4 અને તેઓ બીજે દિવ-
સે મોટી સવારે ઉઠ્યા, ત્યારે, જુઓ, યહોવાહના કોષ આગળ દાગોન
ભૂમિ પર ઉંધો પડેલો હતો; ને દાગોનનું શિર તથા તેની બન્ને હથેળીઓ
ઉંબરા ઉપર ભાંગી પડેલા હતા; કેવળ દાગોનનું ધડ તેને રહ્યું હતું. 5 એ
માટે દાગોનના યાજક, તથા જે કોઇ દાગોનના ઘરમાં આવે છે , તેઓ
આજ સુધી અશ્દોદમાં દાગોનના ઉંબરા ઉપર પગ મુકતા નથી. 6 પણ
યહોવાહનો હાથ અશ્દોદીઓ ઉપર ભારે હતો, ને તેણે તેઓનો નાશ કી-
ધો, ને તેઓને, એટલે અશ્દોદ તથા તેની સરહદમાં રહેનારાઓને,
ગાંઠિયા રોગથી માર્યા. 7 અને અશ્ડોદના માણસોએ જોયું કે આમ થયું
છે, ત્યારે તેઓએ કહ્યું કે, ઇસ્રાએલના દેવનો કોષ આપણી વચ્ચે
રખાય નહિ, કેમકે તેનો હાથ આપણા ઉપર ને આપણા દેવ દાગોન
ઉપર સખત છે. 8 માટે તેઓએ માણસ મોકલીને પલિસ્તીઓના સર્વ
સરદારોને પોતાની પાસે એકઠા કીધા, ને તેઓને કાહ્યું, ઇસ્રાએલના દે-
વના કોપનું અમારે કેમ કરવું? ત્યારે તેઓએ ઉત્તર આપ્યો કે, ઇસ્રાએલ-
ના દેવનો કોષ અહીંથી ગાથમાં લઇ જાઓ, અને તેઓ ઇસ્રાએલના દે-
વનો કોષ ત્યાં લઇ ગયા. 9 અને એમ થયું કે, તેઓ તેને ત્યાં લઇ ગયા
પછી યહોવાહના હાથે તે નગરની વિરુદ્ધ થઈને તેમાં મોટો સંહાર કીધો;
ને તેણે તે નગરના નાનાં મોટાં માણસો પર માર આણ્યો, ને તેઓનાં
અંગ પર ગાંઠો ફૂટી નિકળી. 10 તેથી તેઓએ દેવના કોષને એક્રોનમાં
મોકલ્યા. અને દેવનો કોષ એક્રોનમાં આવ્યો, ત્યારે એમ થયું કે, એક્રો-
નીઓએ બૂમ પાડીને કહ્યું કે, તેઓ અમારો તથા અમારા લોકનો સંહાર
કરવાને ઇસ્રાએલના દેવનો કોષ અમારી પાસે લાવ્યા છે. 11 માટે તે-
ઓએ માણસ મોકલીને પલિસ્તીઓના સર્વ સરદારોને એકઠા કીધા, ને
તેઓએ કહ્યું, ઇસ્રાએલના દેવનો કોષ મોકલી દો, ને તેને પોતાને ઠેકા-
ણે પાછા જવા ડો, કે તે અમારો તથા અમારા લોકનો સંહાર ન કરે; કેમકે
સર્વ નગરમાં ભયંકર ઘાણ વળ્યો હતો; દેવનો હાથ ત્યાં ઘણો આક્રો
હતો. 12 અને જે માણસો મુઆ નહિ તેઓને ગાંઠો ફુટી નિકળી; ને તે
નગરનો પોકાર આકાશ સુધી પહોંચ્યો.
6 અને યહોવાહનો કોષ પલિસ્તીઓના દેશમાં સાત મહિના રહ્યો.
2 અને પલિસ્તીઓએ યાજકોને તથા શુકન કહેનારાઓને બોલા-
વીને તેઓને કહ્યું કે, યહોવાહના કોષનું અમે કેમ કરીએ? અમે તેને તેની
જગ્યાએ કેવી રીતે મોકલીને એ અમને કહો. 3 અને તેઓએ કહ્યું, જો
તમે ઇસ્રાએલના દેવનો કોષ પાછો મોકલો તો તે ખાલી મોકલશો મા,
પણ તેની સાથે ગમે તેમ કરીને દોષાર્થાર્પણ મોકલજો; ત્યારે તમે સમા
થશો, ને તેનો હાથ તમારા ઉપરથી નિવારણ થતો નથી એનું કારણ
તમને જણાશે. 4 ત્યારે તેઓએ કહ્યું, અમે કેવું દોષાર્થાર્પણ તેની પ્રત્યે
મોકલીએ? ને તેઓએ કહ્યું, પલિસ્તીઓના સરદારોની ગણના પ્રમાણે
સોનાની પાંચ ગાંઠો ને સોનાનાં પાંચ ઉંદરો; કેમકે તમ સર્વને તથા
તમારા સરદારોને એકજ જાતનો રોગ લાગ્યો છે. 5 માટે તમારી ગાંઠોની
પ્રતિમા બનાવો, ને તમારા ઉંદરો જે દેશમાં રંજાડ કરે છે તેઓની પણ
પ્રતિમા તમે બનાવો; ને ઇસ્રાએલના દેવનું ગૌરવ તમે કરો; કદાચ તે
પોતાનો હાથ તમારા ઉપરથી, ને તમારા દેવો ઉપરથી, હલકો કરશે.
6 તો જેમ મિસરીઓએ તથા ફારૂને પોતાનાં અંતઃકરણ કઠણ કીધાં,
તેમ તમે તમારાં અંતઃકરણો કેમ કઠણ કરો છો? તેણે તેઓ મધ્યે
અદ્દ્ભૂતકૃત્યો કીધાં, ત્યાર પછી, શું, એમ ન થયું કે, તેઓએ લોકને
જવા દીધા, ને તેઓ ગયા? 7 તો હવે એક નવું ગાડું લઇને તૈયાર કરો, ને
બે દુઝણી ગાયો જેઓ ઉપર કદી ઝુંસરી આવી ન હોય તેવી લો; ને તે
ગાયોને તે ગાડે જોડો, ને તેઓના વાછરડા તેઓની પાસેથી ઘેર લાવો.
8 અને યહોવાહનો કોષ લઇને તે ગાડા ઉપર મુકો, ને જે સોનાના દાગી-
ના તમે દોષાર્થાર્પણ તરીકે તેની પ્રત્યે મોકલો છો, તેઓને તેની બાજુએ
એક ડબ્બામાં મુકો, ને તેને વિદાય કરો કે તે જાય. 9 અને, જુઓ, જો તે
તેની પોતાની સીમને માર્ગે બેથ-શેમેશ તરફ જાય, તો તેજ આપણા પર
આ મોટી આફત લાવ્યો છે; પણ જો તેમ તે જાય નહિ તો આપણે જા-
ણીશું, કે તેના હાથે આપણને માર્યા નથી, પણ દૈવયોગે એ આપણા
ઉપર વિત્યું હતું. 10 અને તે માણસોએ તેમ કીધું, એટલે તેઓએ બે દુઝ-
ણી ગાયો લઇને ગાડે જોડી ને તેઓના ઉંદરો તથા ગાથોની પ્રતિમા
ડબ્બામાં રાખીને એમને પણ ગાડામાં મુક્યા. 11 અને તેઓએ યહોવાહ-
ના કોષને, ને સોનાના ઉંદરો તથા ગાંઠોની પ્રતિમા ડબ્બામાં રાખીને
એમને પણ ગાડામાં મુક્યાં. 12 અને ગાયોએ સીધો બેથ-શેમેશનો રસ્તો
પકડ્યો; રાજમાર્ગે ચાલતી ચાલતી તે બરાડતી હતી, ને જમણી કે ડાબી
ગમ વળીજ નહિ; ને પલિસ્તીઓના સરદારો તેઓની પાછળ બેથ-શેમે-
શની સીમ સુધી ગયા. 13 અને બેથ-શેમેશના માણસો નીચાણમાં ઘઉં
કાપતા હતા; ને તેઓએ પોતાની આંખો ઉંચી કરીને કોષ દીઠો, ન તે
જોઇને તેઓ આનંદ પામ્યા. 14 અને તે ગાડું યહોશુઆ બેથ-શેમેશીના
ખેતરમાં આવ્યું, ને એક મોટો પત્થર હતો ત્યાં થોભ્યું, ને તેઓએ ગાડા-
નાં લાકડાં ચીરીને યહોવાહ આગળ તે ગાયોનું દહનીયાર્પણ કીધું.
15 અને લેવીઓએ યહોવાહના કોષને તથા તેની સાથેના સોનાના દા-
ગીનાવાળા ડબ્બાને ઉતારીને તે મોટા પત્થર પર મુક્યાં, ને બેથ-શેમે-
શના માણસોએ તેજ દિવસે યહોવાહને દહનીયાર્પણો તથા યજ્ઞો કીધાં.
16 અને પલિસ્તીઓના પાંચ સરદારો તે જોઇને તેજ દિવસે એક્રોનમાં
પાછા આવ્યા. 17 અને યહોવાહને સારૂ દોષાર્થાર્પણ તરીકે સોનાની જે
ગાંઠો પલિસ્તીઓએ મોકલી હતી તે આ પ્રમાણે; આશ્દોદને સારૂ એક,
ગાઝ્ઝાહને સારૂ એક, અશ્કલોનને સારૂ એક, ગાથને સારૂ એક, ને
એક્રોનને સારૂ એક; 18 ને જે મોટા પત્થર ઉપર તેઓએ યહોવાહનો કોષ
મુક્યો હતો, જે પત્થર આજ સુધી યહોશુઆ બેથ-શેમેશીના ખેતરમાં છે,
ત્યાં સુધી આવેલા પલિસ્તીઓનાં સર્વ નગરો, એટલે કોઠવાલાનગરો
તથા સીમનાં ગામડાં, જે એ પાંચ સરદારોના હતા, તે નગરીની સંખ્યા
મુજબ સોનાના ઉંદરો હતા. 19 અને તેણે બેથ-શેમેશના માણસોને,
એટલે તે લોકોમાંના પચાસ હજાર ને સિત્તેરને માર્યા, કેમકે તેઓએ
યહોવાહના કોશમાં જોયું, ને લોકોએ વિલાપ કીધો, કેમકે યહોવાહે તેમ-

ને મારીને મોટો ઘાણ વાળ્યો હતો. 20 અને બેથ-શેમેશના માણસોએ
કહ્યું કે, આ પવિત્ર દેવ યહોવાહની આગળ કોણ ઉભું રહી શકે? ને
અમારી પાસેથી કોને ત્યાં તે જાય? 21 અને તેઓએ કિર્યાથ યઆરીમના
લોકો પાસે સંદેશીઆ મોકલીને કહેવડાવ્યું કે, પલિસ્તીઓ યહોવાનો
કોષ પાછો લાવ્યા છે, તમે નીચે આવીને તે તમારે ત્યાં લઇ જાઓ.
7 અને કીર્યાથ-યઆરીમના માણસો આવ્યા, ને યહોવાહનો કોષ
લઈને પર્વત ઉપર અબીનાદાબના ઘરમાં લાવ્યા, ને તેઓએ તેના
દીકરા એલઆઝારને યહોવાહનો કોષ રાખવાને પ્રતિષ્ઠિત કીધો. 2 અને
એમ થયું કે, જે દિવસથી કોષ કિર્યાથ-યઆરીમમાં રહેવા લાગ્યો ત્યાર-
થી લાંબો કાળ વિતી ગયો; કેમકે તેને વીસ વર્ષ થઇ ગયાં, ને ઇસ્રાએલ-
ના ઘરનાં સઘળાંએ યહોવાહ વિષે વિલાપ કર્યો. 3 અને શમૂએલે ઇસ્રા-
એલના ઘરનાં સર્વને કહ્યું કે, જો તમે પોતાના પુરા હૃદયથી યહોવાહની
ગમ ફરો છો, તો તમારા મધ્યેથી અન્ય દેવો તથા આશ્તારોથ દૂર કરો,
ને પોતાનાં અંતઃકરણો યહોવાહની પ્રત્યે લગાડો, ને કેવળ તેની સેવા
કરો; એટલે તે તમને પલિસ્તીઓના હાથમાંથી છોડાવશે 4 ત્યારે ઇસ્રા-
એલપુત્રોએ બઆલીમ તથા આશ્તારોથને દૂર કરીને કેવળ યહોવાહના
સેવા કીધી. 5 અને શમૂએલે કહ્યું, સર્વ ઇસ્રાએલીઓને મિસ્પાહ મધ્યે
એકઠા કરો, પછી હું તમારે સારૂ યહોવાહની વિનંતી કરીશ. 6 અને તેઓ
મિસ્પાહ મધ્યે એકઠા થયા, ને તેઓએ પાણી કાઢીને યહોવાહ આગળ
રેડ્યું, ને તે દિવસે ઉપવાસ કીધો, ને ત્યાં કહ્યું કે, અમે યહોવાહ વિરૂદ્ધ
પાપ કીધું છે. અને શમૂએલે મિસ્પાહ મધ્યે ઇસ્રાએલપુત્રોનો ન્યાય કી-
ધો. 7 અને પલિસ્તીઓએ સાંભળ્યું ક, ઇસ્રાએલપુત્રો મિસ્પાહ મધ્યે
એકઠા થયા છે, ત્યારે પલિસ્તીઓના સરદાર ઇસ્રાએલીઓ ઉપર ચઢી
આવ્યા; ને ઇસ્રાએલપુત્રોએ એ સાંભળ્યું, ત્યારે તેઓ પલિસ્તીઓથી
બીધા. 8 અને ઇસ્રાએલપુત્રોએ શમૂએલને કહ્યું કે, આપણા દેવ યહોવા-
હની આગળ આપણે સારૂ વિનંતી કરવાનું જારી રાખ, કે તે આપણને
પલિસ્તીઓના હાથમાંથી છોડાવે. 9 અને શમૂએલે ધાવણું હલવાન
લઈને તેનું સકળ દહનીયાર્પણ યહોવાહને કીધું; ને શમૂએલે ઇસ્રાએલી-
ઓને સારૂ યહોવાહની આગળ પોકાર કીધો, ને યહોવાહે તેને ઉત્તર દી-
ધો. 10 અને શમૂએલ દહનીયાર્પણ કરતો હતો એટલામાં પલિસ્તીઓ
ઇસ્રાએલ સામે લડાઇ કરવાને પાસે આવ્યા; પણ તે દિવસે યહોવાહે
પલિસ્તીઓ ઉપર મોટા ધડાકા સાથે ગર્જના કરીને તેઓનો પરાજય કી-
ધો; ને તેઓ ઇસ્રાએલીઓ સામે માર્યા ગયા. 11 અને ઇસ્રાએલના માણ-
સો મિસ્પાહમાંથી નિકળ્યા, ને પલિસ્તીઓની પાછળ લાગીને બેથ-કા-
રણી તળેટી સુધી તેઓને મારતા ગયા. 12 ત્યારે શમૂએલે પત્થર લઈને
મિસ્પાહ તથા શેનની વચ્ચે ઉભો કીધો, ને તેનું નામ એબેનેઝેર પાડીને
કહ્યું કે, અત્યાર સુધી યહોવાહે આપણી સહાય કીધી છે. 13 એમ પલિ-
સ્તીઓ પરાજિત થઈને ફરીથી ઇસ્રાએલની સીમમાં આવ્યા નહિ; ને
શમૂએલના સર્વ દિવસોમાં યહોવાહનો હાથ પલિસ્તીઓ વિરુદ્ધ હતો.
14 અને એક્રોનથી ઠેઠ ગાથ સુધી જે નગરો પલિસ્તીઓએ ઇસ્રાએલ પા-
સેથી લીધાં હતા, તેઓ ઇસ્રાએલના હાથમાં પાછાં આવ્યાં, ને તેઓની
સીમાઓ ઇસ્રાએલે પલિસ્તીઓના હાથમાંથી છોડાવી. અને ઇસ્રાએ-
લીઓ તથા અમોરીઓ વચ્ચે સલાહ હતી. 15 અને શમૂએલે પોતાના
આયુષ્યના સર્વ દિવસ ઇસ્રાએલનો ન્યાય કીધો. 16 અને વર્ષોવર્ષ બે-
થેલ તથા ગિલ્ગાલ તથા મિસ્પાહમાં ને અનુક્રમે જતો હતો; ને તે સઘળે
ઠેકાણે ઇસ્રાએલનો ન્યાય કરતો હતો. 17 અને રામાહમાં તે પાછો આવ-
તો હતો કેમકે ત્યાં તેનું ઘર હતું; ને ત્યાં ઇસ્રાએલનો ન્યાય કરતો હતો,
ને ત્યાં તેણે યહોવાહને સારૂ વેદી બાંધી.
8 અને એમ થયો કે, શમૂએલ વૃદ્ધ થયો ત્યારે તેણે પોતાના દીકરા-
ઓને ઇસ્રાએલ ઉપર ન્યાયાધીશ કીધા. 2 હવે તેના જ્યેષ્ઠ દીકરા-
નું નામ યોએલ હતું; ને બીજાનું નામ અબીયાહ હતું; બેરશેબામાં તેઓ
ન્યાયાધીશ હતા. 3 અને તેના માર્ગોમાં તેના દીકરા ચાલ્યા નહિ; પણ
દ્રવ્યલોભ તરફ ભટકી ગયા, ને તેઓએ લાંચ લઈને ન્યાયને ઉંધો વા-
ળ્યો. 4 ત્યારે ઇસ્રાએલના સર્વ વડીલો એકઠા થયા, ને શમૂએલ પાસે
રામાહ મધ્યે આવ્યા; 5 ને તેઓએ તેને કહ્યું, જો, તું વૃદ્ધ થયો છે, ને તા-
રા દીકરા તારા માર્ગમાં ચાલતા નથી; માટે સર્વ દેશજાતિઓની પેઠે
અમારો ન્યાય કરવા સારૂ અમને રાજા ઠરાવી આપ. 6 પણ જયારે તે-
ઓએ કહ્યું કે, અમારો ન્યાય કરવા સારૂ અમને રાજા કરાવી આપ, ત્યારે
એ વાતથી શમૂએલએ માઠું લાગ્યું અને શમૂએલે યહોવાહની પ્રાર્થના
કીધી. 7 અને યહોવાહે શમૂએલને કહ્યું, લોકો જે સર્વ તને કહે છે તેમાં
તેમનું કહેવું તું સાંભળ; કેમકે તેઓએ તને નકાર્યો નથી, પણ મને નકા-
ર્યો છે કે હું તેઓ પર રાજ્ય કરૂં. 8 હું તેઓને મિસરમાંથી કાઢી લાવ્યો, તે
દિવસથી આજ સુધી જે સર્વ કામ તેઓએ કીધા છે, એટલે મને છોડીને
અન્ય દેવોની સેવા કીધો છે, તે પ્રમાણે તેઓ તારી સાથે કરે છે. 9 તો
હવે તેઓનું કહેલું સાંભળ, તથાપિ ગંભીર રીતે તેમની આગળ વાંધો કા-
ઢજે, અને તેઓ પર કેવા પ્રકારના રાજા રાજ્ય કરશે તે તેમને બતાવજે.
10 અને શમૂએલે, જે લોકો રાજા માગતા હતા, તેઓને યહોવાહના સર્વ
વચનો કહ્યા. 11 અને તેણે કહ્યું, જે રાજા તમારા ઉપર રાજ્ય કરશે તે
આવો થશે; તે તમારા દીકરાઓને લઈને તેઓને પોતાના રથોને સારૂ,
ને પોતાના સવારો થવા સારૂ રાખશે, ને તેઓ તેના રથ આગળ દોડશે.
12 અને તે પોતાને વાસ્તે તેઓને હજાર હજારના સુબેદારો, ને પચાસ
પચાસના સુબેદારોને બનાવશે; ને તે પોતાનાં ખેતરો ખેડ્વાને, ને પોતા-
ની ફસલ કાપવાને, ને પોતાના યુદ્ધશસ્ત્રો, ને પોતાના રથોનો સામાન
બનાવવાને કામે લગાડશે. 13 અને તે કંદોયણો, ને રસોઈઅણો, ને
ભઠિયારણો થવા સારૂ તમારી દીકરીઓ લેશે. 14 અને તમારા ખેતરો, ને
તમારી દ્રાક્ષવાડીઓ, ને તમારી જૈતવાડીઓ, એટલે તેઓમાંથી જે
ઉત્તમ તે લઈને પોતાના ચાકરોને આપશે. 15 અને તમારા દાણા ને
તમારી દ્રાક્ષવાડીઓનો દસમો ભાગ લઈને પોતાના કારભારીઓને તથા
પોતાના ચાકરોને આપશે. 16 અને તે તમારા દાસો, ને તમારી દાસીઓ,
ને તમારા જુવાનોમાં જે ઉત્તમ, ને તમારાં ગધેડા, એઓને લઈને પતાના
કામમાં લગાડશે. 17 તમારાં ઘેટાંનો દશમાંશ તે લેશે, ને તમે તેના દાસો
થશો. 18 અને જે રાજા તમે તમારે સારૂં પસંદ કર્યો હશે તેના કારણથી તે
દિવસે તમે બૂમ પાડશો, ને યહોવાહ તે દિવસે તમને ઉત્તર આપશે
નહિ. 19 અને લોકોએ શમૂએલની વાણી માનવાને ના પાડી; ને તેઓએ
કહ્યું, એમ નહિ; પણ અમારે અમારા ઉપર રાજા જોઈએજ; 20 કે અમે
પણ સર્વ દેશજાતિઓના જેવા થઈએ, અને અમારો રાજા અમારો ન્યાય
કરે, ને અમારી આગળ ચાલે, ને અમારી લડાઈઓ લડે. 21 અને શમૂએ-
લે લોકોનાં સર્વ શબ્દ સાંભળ્યા, ને તેણે તે હ્રોવાહના કાનમાં કહી
સંભળાવ્યા. 22 અને યહોવાહે શમૂએલને કહ્યું, તેઓની વાણી સાંભળ,
ને તેઓને સારૂ રાજા ઠરાવી આપ. અને શમૂએલે ઇસ્રાએલી માણસોને
કહ્યું, તમે પોતપોતાના નગરમાં જાઓ.
9 હવે બિન્યામીન કુળનો એક માણસ હતો, ને તેનું નામ કીશ હતું;
તે શૂરવીર માણસ, બિન્યામીનના દીકરા અફીઆહના દીકરા
બખોરાથના દીકરા સરોરના દીકરા અબીએલનો દીકરો, હતો 2 અને તેને
શાઉલ નામનો એક દીકરો હતો, તે જુવાન અને સુંદર પુરૂષ હતો; ને
ઇસ્રાએલપુત્રોમાં તે કરતાં કોઈ સુંદર નહોતો; તેના ખભાથી ઉપરનો
ભાગ સર્વ લોકોથી તરતો હતો. 3 અને શાઉલના બાપ કીશના ગધેડા
ખોવાયાં હતાં; ને કીશે પોતાના દીકરા શાઉલને કહ્યું, હવે તું તારી સાથે
ચાકરોમાંથી એકને લઈને નિકળ, ને જઈને ગધેડાનો શોધ કર. 4 અને
તેણે એફ્રાઈમના પહાડી મુલક ઓળંગ્યા, તથા શાલીશાહ દેશ
ઓળંગ્યો, પણ તેઓને તે મળ્યાં નહિ; પછી તેઓએ શાઅલીમ દેશ
ઓળંગ્યો, પણ તે ત્યાં ન હતાં; પછી તેઓએ બિન્યામીનીઓનો દેશ
ઓળંગ્યો, પણ તેઓને તે જડ્યાં નહિ. 5 અને તેઓ સૂફ દેશમાં આવ્યા,
ત્યારે શાઉલે પોતાની સાથે પોતાનો જે ચાકર હતો તેને કહ્યું, ચાલ
આપણે પાછો જઈએ; નહિ તો મારો બાપ ગધેડાની કાળજી છોડી દઈને
આપણી ચિંતા કરવા લાગશે. 6 અને તેણે કહ્યું, હવે, જો, આ નગરમાં દે-
વનો એક ભક્ત છે, ને તે આબરૂદાર માણસ છે; જે સર્વ તે કહે છે, તે
ખચિત પુરૂં થાય છે; તો આપણે ત્યાં જઈએ; કદાપિ તે આપણને કહી
શકશે કે કયે માર્ગે આપણે જવું. 7 ત્યારે શાઉલે પોતાના ચાકને કહ્યું,
પણ જો આપણે જઈએ તો તે માણસને વાસ્તે આપણે શું લઇ જઈશું?
કેમકે આપણા પાત્રોમાં રોટલી થઇ રહી છે, ને દેવના માણસને ભેંટ
આપવા સારૂ કંઈ નથી; આપણી પાસે શું છે? 8 ને તે ચાકર શાઉલને પ્ર-
ત્યુત્તર આપીને બોલ્યો કે, જો, મારી પાસે પા શેકેલ રૂપું છે, તે હું એ
ઈશ્વરભક્તને આપીશ, કે આપણો માર્ગ તે આપણને કહે. 9 પૂર્વે ઇસ્રાએ-
લમાં કોઇ દેવની સલાહ લેવા જતો, ત્યારે તે કહેતો કે, આવો, આપણે
ભવિષ્યદર્શક પાસે જઈએ; કેમકે જેણે હમણાં ભવિષ્યવાદી કહે છે તેને

પૂર્વે ભવિષ્યદર્શક કહેતાં હતા. 10 અને શાઉલે પોતાના ચાકરને કહ્યું, તેં
ઠીક કહ્યું, ચાલ, આપણે જઈએ; ત્યારે જે નગરમાં તે ઈશ્વરભક્ત હતો,
ત્યાં તેઓ ગયા. 11 અને તેઓ નગરમાં જવા સારૂ ઘાટ ઉપર ચઢતા
હતા, એટલામાં કન્યાઓ પાણી ભરવાને બહાર આવતી તેઓને મળી;
ને તેઓએ તેઓને પુછ્યું, શું ભવિષ્યદર્શક અહીં છે? 12 ને તેઓએ તે-
ઓને ઉત્તર આપ્યો કે, હા, તે છે; જુઓ, તે તમારી આગળ છે; હવે વહેલા
જાઓ, કેમકે આજ તે નગરમાં આવ્યો છે; કારણ કે આજ ઉંચસ્થાને લો-
કો યજ્ઞ કરવાના છે. 13 તમે નગરમાં પેસશો કે તરત, એટલે જમવા સારૂ
ગયા પહેલાં, તે તમને મળશે; કેમકે તે આવીને યજ્ઞને આશીર્વાદ દે, ત્યાં
સુધી લોકો ખાશે નહિ; ત્યાર પછી જેઓને નહોતરેલા છે તેઓ ખાશે. તો
હવે તમે ઉપર જાઓ, કેમકે આ વખતે તમને મળશે. 14 અને તેઓ ઉપર
ચઢીને નગરમાં ગયા; અને તેઓ નગરમાં પેસતાં હતા ત્યારે, જુઓ,
શમૂએલ ઉપરસ્થાને જતાં તેઓને મળ્યો. 15 હવે શાઉલના આવ્યાના
એક દિવસ અગાઉ, યહોવાહે શમૂએલને જણાવ્યું હતું કે, 16 કાલે,
આસરે આ વેળાએ, બિન્યામીનના દેશમાંથી એક માણસને હું તારી પા-
સે મોકલીશ, ને મારા લોક ઇસ્રાએલનો સરદાર થવા સારૂ તેનો અભિ-
ષેક તું કર, અને તે પલિસ્તીઓના હાથમાંથી મારા લોકોને છોડાવશે; કે-
મકે મારા લોકોનાં પોકાર મારી પાસે આવ્યો છે, માટે મેં તેમના પર
નજર કરી છે. 17 અને શમૂએલે શાઉલને જોયો, ત્યારે યહોવાહે તેને કહ્યું,
જે માણસ વિષે મેં તને કહ્યું હતું તેને જો, એજ મારા લોક પર અધિકાર
કરશે. 18 અને શાઉલે શમૂએલ પાસે દરવાજામાં આવીને કહ્યું, ભવિષ્ય-
દર્શકનું ઘર ક્યાં છે, એ કૃપા કરીને મને કહે. 19 અને શમૂએલે શાઉલને
ઉત્તર આપીને કહ્યું, હુંજ ભવિષ્યદર્શક ચૂલ મારી આગળ ઉંચસ્થાને
ચઢી જાઓ, કેમકે આજ મારી સાથે તમે જમશો, ને આવતી કાલે હું તને
જવા દઈશ; ને તારા હૃદયમાં જે સર્વ છે તે હું કહીં દેખાડીશ. 20 અને તા-
રા ગધેડાં જે ત્રણ દિવસથી ખોવાઈ ગયાં હતાં તેની કાળજી કરીશ મા,
કેમકે તે મળ્યાં છે. અને ઇસ્રાએલની સઘળી ઈચ્છા કોણના પર છે? શું
તારા પર ને તારા બાપના સઘળાં ઘરનાના પર નથી? 21 ને શાઉલે ઉત્તર
આપીને કહ્યું, શું, હું બિન્યામીની, તથા ઇસ્રાએલમાં કુળોમાં સૌથી ના-
નો કુળનો નથી? ને મારૂં કુટુંબ બિન્યામીન કુળના કુટુંબોમાં સૌથી નાનું
નથી શું? તો તું મારી સાથે એવી રીતે કેમ વાત કરે છે? 22 ને શમૂએલ
શાઉલ તથા તેના ચાકરને દિવાનખાનામાં લઈ આવ્યો, ને જે નહોતરા-
એલા હતા તેઓ મધ્યે તેઓને સૌથી ઉંચે ઠેકાણે બેસાડ્યા, ને તેઓ
આસરે ત્રીસ માણસ હતા. 23 અને શમૂએલે રસોઈઆને કહ્યું કે, જે વિ-
ભાગ મેં તને આપ્યો હતું, ને જે વિષે મેં તને કહ્યું હતું કે, તારી પાસે રા-
ખી મુક, તે લાવ, 24 અને રસોઈઆએ જાંગ તેનાં પરના માંસ સુદ્ધાં લઈ-
ને શાઉલ આગળ મુકી. અને શમૂએલે કહ્યું કે, જે રાખી મુકેલું છે તે જો;
તારી આગળ મુકીને ખા, કેમકે મેં ઠરાવેલા અવસરને માટે તારે સારૂ તે
રાખી મુક્યું છે, એમ કહીને કે, મેં લોકોને નહોતર્યા છે.એમ તે દિવસે શા-
ઉલ શમૂએલસાથે જમ્યો. 25 અને તેઓ ઉંચસ્થાનેથી ઉતરીને નગરમાં
આવ્યા, ત્યારે ઘરનાં ધાબા ઉપર શમૂએલે શાઉલ સાથે સંભાષણ કીધું.
26 અને તેઓ પરોઢીએ ઉઠ્યા, ને સુમારે સૂર્યોદયને સમયે એમ થયું કે,
શમૂએલે શાઉલને ઘરનાં ધાબા ઉપર બોલાવીને એમ કહ્યું, ઉઠ, એ સા-
રૂ કે હું તને વિદાય કરૂં. અને શાઉલ ઉઠ્યો, ને તે તથા શમૂએલ બન્ને
બહાર ચાલી નિકળ્યા. 27 અને નગરના છેડા આગળ તેઓ ઉતરતા
હતા, ત્યારે શમૂએલે શાઉલને કહ્યું કે, ચાકરને કહે કે, તે આપણી
આગળ ચાલ્યો જાય, ને તે ચાલ્યો ગયો, પપન તું હમણાં ઉભો રહે, કે હું
તને દેવનું વચન કહીં સંભળાવું.

10 પછી શમૂએલે તેલની કુપ્પી લઈને શાઉલના માથા ઉપર રેડી,
ને તેને ચુંબન કરીને કહ્યું કે, શું, યહોવાહે પોતાના વતન ઉપર
સરદાર થવા સારૂ તને અભિષિક્ત કીધો નથી? 2 આજ મારી પાસેથી તું
ગયા પછી બિન્યામીનની સીમમાં સેલ્સાહ પાસે રાહેલીની કબર નજીક
તને બે માણસ મળશે, ને તેઓ તને કહેશે કે, જે ગધેડાનો શોધ કરવા તું
ગયો હતો તે મળ્યાં છે; ને જો, તારો બાપ ગધેડાની કાળજી છોડીને તારા
વિષે ચિંતા કરતાં કહે છે કે, મારા દીકરા હું શું કરૂં? 3 પછી તું ત્યાંથી
આગળ ચાલતાં તાબોરના આલોન વૃક્ષ આગળ આવશે, ને ત્યાં એક
જણ બકરાનાં ત્રણ બચ્ચાં ઉંચકી જતો, ને એક જણ ત્રણ રોટલી ઉંચ-
કી જતો, ને એક જણ દ્રાક્ષરસની કુંડી ઉચકી જતો, એવા ત્રણ માણસો
દેવ પાસે બેથેલમાં જતાં તને મળશે. 4 અને તેઓ તને પ્રણામ કરીને
તને ત્રણ રોટલી આપશે, ને તું તેઓના હાથમાંથી લેશે. 5 ત્યાર પછી દે-
વનું પર્વત જ્યાં પલિસ્તીઓનું થાણું છે, ત્યાં તું આવશે; અને એમ થશે
કે, તું ત્યાં નગર પાસે પહોંચશે, ત્યારે ભવિષ્યવાદીઓની એક ટોળી,
તેની આગળ સિતાર, ને ડફ, ને વાંસળી, ને વીણા વગાડનારા સહિત,
ઉંચસ્થાનથી ઉતરતી તને મળશે, ને તેઓ ભવિષ્ય કહેતા માલમ પડ-
શે. 6 અને યહોવાહનો આત્મા પરાક્રમ સહિત તારા ઉપર આવશે, ને તે-
ઓની સાથે તું ભવિષ્ય કહેશે, ને તું બદલાઈને જુદોજ માણસ થઈ જશે.
7 અને જયારે તને એ ચિન્હ મળે ત્યારે એમ થાય કે, તારે પ્રસંગાનુસાર
વર્તવું; કેમકે દેવ તારી સાથે છે. 8 અને તું મારી અગાઉ ગિલ્ગાલમાં જજે;
ને જો, દહનીયાર્પણો તથા શાંત્યર્પણો કરવાને હું ત્યાં તારી પાસે
આવીશ; હું તારી પાસે આવીને તારે શું કરવું એ બતાવું ત્યાં સુધી, એટ-
લે સાત દિવસ સુધી, ત્યાં થોભજે. 9 અને એમ થયું કે, શમૂએલ પાસેથી
જવાને પીઠ ફેરવી કે દેવે તેને જુદું હૃદય આપ્યું; ને તેજ દિવસે તે સર્વ
ચિન્હો પૂરાં થયા. 10 અને જયારે તેઓ ત્યાં પર્વત પાસે આવ્યા, ત્યારે,
જુઓ, ભવિષ્યવાદીઓની ટોળી તેને મળી, ને દેવનો આત્મા તેના ઉપર
પરાક્રમ સહિત આવ્યો, ને તેણે તેઓની સાથે ભવિષ્ય કહ્યું. 11 અને
એમ થયું કે, જે સર્વે તેને પૂર્વે ઓળખતા હતા તેઓ જયારે જોયું કે,
જુઓ, ભવિષ્યવાદીઓની સાથે તે ભવિષ્ય કહે છે, ત્યારે તે લોકોએ
એકમેકને એમ કહ્યું કે, કીશના દીકરાને શું થયું છે? શાઉલ પણ ભવિ-
ષ્યવાદીઓ મધ્યે છે કે શું? 12 ને તેજ જગ્યાના એક જણે ઉત્તર આપીને
કહ્યું કે, તેઓનો બાપ કોણ છે? એ ઉપરથી એવી કહેવત ઉત્પન્ન થઈ કે,
શાઉલ પણ ભવિષ્યવાદીઓ મધ્યે છે કે શું? 13 ને ભવિષ્ય કહેવાનું
સમાપ્ત કર્યા પછી તે ઉંચસ્થાને આવ્યો. 14 અને શાઉલના કાકાએ તેને
તથા તેના ચાકરને કહ્યું કે, તમે ક્યાં ગયા હતા? ને તેણે કહ્યું કે, ગધે-
ડાંનો શોધ કરવાને; ને તે મળ્યો નહિ, એ જોઈને અમે શમૂએલ પાસે
ગયા હતા. 15 અંને શાઉલના કાકાએ કહ્યું, શમૂએલે તમને શું કહ્યું, એ
મને કૃપા કરીને કહે. 16 અને શાઉલે પોતાના કાકાને કહ્યું કે, ગધેડાં
મળ્યાં છે, એમ તે અમને સ્પષ્ટ કહ્યું. પણ રાજ્યની વાત જે વિષે શમૂ-
એલ બોલ્યો હતો તે સંબંધી તેણે તેને કહ્યું નહિ. 17 અને મિસ્પાહ મધ્યે
યહોવાહ પાસે શમૂએલે લોકોને બોલાવી ભેગા કીધા. 18 અને ઇસ્રાએલ-
પુત્રોને તેણે કહ્યું, ઇસ્રાએલનો દેવ યહોવાહ એમ કહે છે કે, હું મિસર-
માંથી ઇસ્રાએલને કાઢી લાવ્યો, ને મિસરીઓના હાથમાંથી, ને તમારા
પર જુલમ કરનારાં સર્વ રાજ્યોના હાથમાંથી ને તમને છોડાવ્યા. 19 પણ
તમારો દેવ જે પોતે તમારી સર્વ વિપત્તિઓથી તથા તમારાં સંકટોથી
તમને છોડાવે છે તેને આજ તમે નકાર્યો છે, ને તમે તેને કહ્યું છે કે,
અમારા ઉપર તો રાજા ઠરાવી આપ; તો હવે તમારા કુળો પ્રમાણે, ને
તમારા હજારો પ્રમાણે યહોવાહ આગળ હાજર થાઓ. 20 અને શમૂએલ
ઇસ્રાએલના સર્વ કુળોને પાસે લાવ્યો, ત્યારે બિન્યામીનનું કુળ માન્ય
થયું. 21 અને બિન્યામીનના કુળને તેના કુટુંબો પ્રમાણે તે પાસે લાવ્યો,
ત્યારે માટ્રીનું કુટુંબ માન્ય થયું. અને કીશનો દીકરો શાઉલ માન્ય કરા-
યો, પણ તેઓએ તેને શોધ્યો ત્યારે તે મળ્યો નહિ. 22 એ માટે તેઓએ
યહોવાહને વળી પુછ્યું કે, તે માણસ હજી આવ્યો છે કે નહિ? ત્યારે
યહોવાહે ઉત્તર આપ્યો કે, જુઓ, તે સમાન મધ્યે સંતાએલો છે. 23 અને
તેઓ દોડતા ગયા, ને તેને ત્યાંથી લાવ્યા; ને લોકો મધ્યે તે ઉભો રહ્યો,
ત્યારે તેના ખભાથી ઉપરનો ભાગ સર્વ લોકો કરતાં તરતો હતો. 24 અને
શમૂએલે સર્વ લોકોને કહ્યું કે, શું, યહોવાહના પસંદ કીધેલાને તમે જુઓ
છો કે સર્વ લોકોમાં તેના જેવો કોઈ નથી? ને સર્વ લોકોએ ઘાંટો પાડીને
કહ્યું કે, રાજાનો જયજયકાર થાઓ. 25 અને શમૂએલે રાજ્યની રીતી લો-
કોને કહી, ને પુસ્તકમાં લખી, ને યહોવાહ આગળ તે રાખી મુક્યું; ને
શમૂએલે સર્વ લોકોને પોતપોતાને ઘેર વિદાય કીધી. 26 અને શાઉલ
પણ પોતાને ઘેર ગિબઆહમાં ગયો, ને તેની સાથે જે શૂરવીરોના હૃદય
પર દેવે અસર કીધી હતી તેઓ ગયા. 27 પણ કેટલાક બલીઆલપુત્રોએ
કહ્યું, આ માણસ કેમ કરીને અમારો બચાવ કરશે? ને તેઓએ તેને તુ-
ચ્છ કીધો, ને તેની પાસે કંઈ ભેટ લાવ્યા નહિ, તો પણ તે છાનો રહ્યો.

11 ત્યાર પછી નાહાશ આમ્મોની ચઢી આવ્યો, ને તેણે યાબેશ-
ગિલઆદની સામે છાવણી કીધી, ને યાબેશના સર્વ માણસોએ
નાહાશને કહ્યું, અમારી સાથે કરાર કર, ને અમે તારા તાબેદાર થઈશું.

2 અને નાહાશ આમ્મોનીએ તેઓને કહ્યું કે, હું તમારી સાથે કરાર આ
સરતે કરૂં કે, હું તમ બધાઓની જમણી આંખો ફોડી નાખીને તેથી સર્વ
ઈસ્રાએલને બટ્ટો લગાડું. 3 અને યાબેશના વડીલોએ તેને કહ્યું, અમને
સાત દિવસની મુદ્દત આપ, કે ઈસ્રાએલની સર્વ સીમોમાં અમે ખેપીઆ
મોકલીએ, ને પછી, જો અમારો બચાવ કરનાર કોઈ નહિ હોય, તો અમે
તારી પાસે બહાર આવીશું. 4 પછી ખેપીઆ શાઉલના ગિબઆહ મધ્યે
આવ્યા, ને લોકોને એ વચનો કહી સંભળાવ્યા, ને સર્વ લોકો બૂમ પા-
ડીને રડવા લાગ્યા. 5 અને જુઓ, બળદોની પાછળ પાછળ શાઉલ ખેત-
રમાંથી આવ્યો, ને શાઉલે કહ્યું, લોકોને શું થયું છે કે તેઓ રડે છે? ને તે-
ઓએ તેને યાબેશના માણસોના વચનો કહી સંભળાવ્યા. 6 અને શાઉલે
એ વચનો સાંભળ્યા, ત્યારે તેના પર દેવનો આત્મા પરાક્રમ સહિત
આવ્યો, ને તે ઘણો ક્રોધાયમાન થયો. 7 અને તેણે બળદની એક જોડ
લઈને તેના કાપીને ટુકડા કીધા, ને તેમને ખેપીઆઓની મારફતે ઈસ્રા-
એલની સર્વ સીમોમાં મોકલીને કહેવડાવ્યું કે, જે કોઈ શાઉલ તથા શમૂ-
એલની પાછળ આવશે નહિ તેના બળદોને એમ કરવામાં આવશે. અને
યહોવાહનો ભય લોકોને લાગ્યો, ને એકમતે તેઓ નીકળી આવ્યા.
8 અને તેણે બેઝેકમાં તેઓની ગણત્રી કીધી, ત્યારે ઈસ્રાએલપુત્રો ત્રણ
લાખ, ને યહુદાહના માણસો ત્રીસ હજાર થયા. 9 અને જે ખેપીઆ
આવ્યા હતા તેઓને તેઓએ કહ્યું કે, તમે યાબેશ-ગિલઆદના માણસો-
ને એવું કહેજો કે, કાલે સૂર્યના તડકા ચઢતા સુધીમાં તમને સહાય મળ-
શે, ને ખેપીઆઓએ જઈને યાબેશના માણસોને તેમ કહ્યું; ને તેઓ
આનંદ પામ્યા. 10 માટે યાબેશના માણસોએ કહ્યું કે, કાલે અમે તમારી
પાસે બહાર આવીશું, ને તમારી દૃષ્ટિમાં જે સારૂ દેખાય તે સર્વ તમે
અમને કરજો. 11 અને સવારે એમ થયું કે, શાઉલે લોકોની ત્રણ ટુકડીઓ
કીધી, ને સવારના પહોરમાં તેઓએ છાવણીની મધ્યે પેસી જઈને
આમ્મોનીઓને તડકો ચઢતાં સુધી માર્યા, ને એમ થયું કે, જેઓ રહ્યા
તેઓ એવા વિખરાઈ ગયા કે કોઈ ઠેકાણે બે જણ ભેગા મળે નહિ.
12 અને લોકોએ શમૂએલને કહ્યું કે, એવું કોણે કહ્યું હતું કે, શું, શાઉલ
અમારા ઉપર સરદાર થાય? તે માણસોને રજુ કર, કે અમે તેમને જીવથી
મારીએ. 13 ને શાઉલે કહ્યું, અઆજ કોઈ પણ માણસને મારી નાખવું
નહિ; કેમકે આજે યહોવાહ ઈસ્રાએલ મધ્યે ઉદ્ધાર કીધો છે. 14 પછી શમૂ-
એલે લૂને કહ્યું કે, ચાલો, આપણે ગિલગાલમાં જઈએ, ને ત્યાં રાજ્ય
ફરીથી સ્થાપીએ. 15 પછી સર્વ લોક ગિલગાલમાં ગયા, ને ગિલગાલ-
માંયહોવાહ આગળ તેઓએ શાઉલને રાજા નિમ્યો; ને ત્યાં યહોવાહ
આગળ તેઓએ શાંત્યર્પણો યજ્ઞ કીધા; ને ત્યાં શાઉલે તથા ઈસ્રાએલ-
ના સર્વ માણસોએ ઘણો આનંદ કર્યો.
12 અને શમૂએલે સર્વ ઈસ્રાએલીઓને કહ્યું, જુઓ, જે સર્વ વિનંતી
તમે મારી આગળ કહી એ મેં સાંભળી છે; ને તમારા પ એક રાજા
નિમ્યો છે. 2 તો હવે, જુઓ, તે રાજા તમારી આગળ ચાલે છે, ને હું વૃદ્ધ
થયો છું, તથા માથામાં પળિયાં આવ્યાં છે; ને જુઓ, મારા દીકરા તમારી
પાસે છે; ને હું મારા યુવાવસ્થાથી આજ સુધી તમારી આગળ ચાલ્યો છું.
3 હું આ રહ્યો; જો મેં કોઈનો બળદ લીધો હોય, કે કોઈનું ગધેડું લીધું
હોય, કે કોઈને મેં ઠગ્યો હોય, કે કોઈ પર મેં જુલમ કીધો હોય, કે મારી
આંખે પાટો બાંધવા સારૂ કોઈના હાથથી મેં લાંચ લીધી હોય, તો યહો-
વાહ આગળ તથા તેના અભિષિક્ત આગળ મારી વિરુદ્ધ સાક્ષી આપો,
ને તે હું તમને પાછું આપીશ. 4 અને તેઓએ કહ્યું, તેં અમને ઠગ્યા નથી,
કે અમારા પર જુલમ કીધો નથી, કે કોઈ માણસના હાથનું કંઈ લીધું
નથી. 5 ને તેણે તેઓને કહ્યું કે, આજ યહોવાહ તમારી સામે સાક્ષી છે, ને
તેનો અભિષિક્ત સાક્ષી છે, કે મારા હાથમાંથી તમને કઈ જડ્યું નથી.
ત્યારે તેઓએ કહ્યું, તે સાક્ષી છે 6 અને શમૂએલે લોકોને કહ્યું કે, મુસા
તથા હારૂનને ઠરાવનાર, તથા તમારા પિતૃઓને મિસરમાંથી કાઢી લાવ-
નાર તે તો યહોવાહ છે. 7 તો હવે તમે છાનામાના ઉભા રહો, કે યહોવાહે
જે સર્વ યથાર્થ કામો તમારી પ્રત્યે, ને તમારા પિતૃઓ પ્રત્યે કીધાં, તે
વિષે યહોવાહ આગળ હું તમને બોધ કરૂં. 8 યાકુબ મિસરમાં ગયો ત્યાર
પછી, જયારે તામારા પિતૃઓએ યહોવાહની આગળ પોકાર કીધો, ત્યારે
યહોવાહે મુસા તથા હારૂનને મોકલ્યા, ને તેઓ તમારા પિતૃઓને મિસ-
રમાંથી કાઢી લાવ્યા, ને આ જગ્યાએ વસાવ્યા. 9 પણ તેઓ પોતાના
દેવ યહોવાહને વિસરી ગયા, ત્યારે તેણે હાસોરના સૈન્યના સેનાપતિ
સીસરાના હાથમાં, ને પલિસ્તીઓના હાથમાં, ને મોઆબ રાજાના હાથ-
માં તેઓને વેચ્યા, ને એઓએ તેઓની સામે લડ્યા. 10 અને તેઓએ
યહોવાહ આગળ બૂમ પાડીને કહ્યું કે, અમે પાપ કીધું છે, કેમકે અમે
યહોવાહને તજી દીધો છે, ને બઆલીમ તથા અશ્તારોથની સેવા કીધી
છે; પણ હવે અમારા શત્રુઓના હાથમાંથી અમને છોડાવ, ને અમે તારી
સેવા કરીશું. 11 અને યહોવાહે યારૂબ્બઆલ, ને બદાન, ને યિફતાહ, ને
શમૂએલ્ને મોકલીને ચારોગમના તમારા શત્રુઓના હાથમાંથી તમને છો-
ડાવ્યા; ને તમે સલામતીમાં વસ્યા. 12 અને આમ્મોનપુત્રોનો રાજા તમા-
રી વિરુદ્ધ આવ્યો એવું તમે જોયું, ત્યારે યહોવાહ તમારો દેવ તથા તમા-
રો રાજા હતો તે છતાં તમે મને કહ્યું કે, એમ નહી, પણ અમારા પર એક
રાજા અધિકાર ચલાવે. 13 તો હવે જે રાજાને તમે પસંદ કીધો છે તથા જે-
ણે તમે માંગી લીધો છે તેને તમે જુઓ; ને જુઓ, યહોવાહે તમારા પર રા-
જા ઠરાવ્યો છે. 14 જો તમે યહોવાહનો ભય રાખશો ને તેની સેવા કરશો,
ને તેની વાણી સાંભળશો, ને યહોવાહની આજ્ઞાઓની વિરુદ્ધ ફિતૂર
નહિ કરશો, અને તમે તથા જે રાજા તમારા ઉપર રાજ્ય કરતો હોય તે
પણ, તમારા દેવ યહોવાહની પછવાડે ચાલતો રહેશો તો સારૂં. 15 પણ
જો તમે યહોવાહની વાણી નહિ સાંભળશો, પણ યહોવાહની આજ્ઞાઓ-
ની વિરુદ્ધ ફિતૂર કરશો, તો યહોવાહનો હાથ જેમ તમારી પિતૃઓની વિ-
રુદ્ધ હતો તેમ તમારી વિરુદ્ધ થશે. 16 તો હવે ઉભા રહો, ને જે મહાભા-
રત કૃત્યો તામારી દૃષ્ટી આગળ યહોવાહ કરશે તે તમે જુઓ. 17 આજ
ઘઉંની કાપણી નથી શું? હું યહોવાહની આગળ વિનંતી કરીશ કે તે ગર્જ-
ના તથા વરસાદ મોકલે, કે તમે જાણો તથા જુઓ કે તમારે સારૂ રાજા
માંગવાથી જે દુષ્ટાઈ તમે યહોવાહની નજરમાં કીધી છે તે કેટલી મોટી
છે. 18 અને શમૂએલે યહોવાહની વિનંતી કીધી, ને તે દિવસે યહોવાહ
ગર્જના તથા વરસાદ મોકલ્યાં, ને સર્વ લોકો યહોવાહથી તથા શમૂએલ-
થી બીધા. 19 અને સઘળાં લોકોએ શમૂએલને કહ્યું કે, તારા સેવકોને
સારૂ તારા દેવ યહોવાહની વિનંતી કર કે, અમે માર્યા ન જઈએ; કેમકે
અમે અમારે સારૂ રાજા માગ્યો તેથી અમારાં સઘળાં પાપોમાં આ ભૂંડાઈ-
નો ઉમેરો કીધો છે. 20 અને શમૂએલે લોકોને કહ્યું, બીહો મા, એ સર્વ
ભુંડું તમે કીધું છે તો ખરૂં, પરંતુ યહોવાહની પાછળ ચાલવાથી આડા
અવળા ન ફરતાં તમારા આખા હૃદયથી તમે યહોવાહની સેવા કરો.
21 આમે તમે આડા અવળા ફરી ન જશો, કેમકે એમ કરવાથી તો વ્યર્થ
વસ્તુઓ કે જે વ્યર્થ હોવાથી ફાયદો કે બચાવ કરી શકતી નથી તેઓનું
અનુકરણ તમારાથી થાય. 22 કેમકે યહોવાહ પોતાના મોટા નામને સારૂ
પોતાના લોકોને તજી દેશે નહિ; કેમકે તમને પોતાના ખાસ લોકો કરવા
એ યહોવાહને સારૂ લાગ્યું છે. 23 વળી મારા વિષે પુછો તો, એવું ન થાય
કે, તમારે વાસ્તે પ્રાર્થના કરવાનું મુકી દેવાનું પાપ યહોવાહની વિરુદ્ધ હું
કરૂં, પણ સારા તથા ખરા રસ્તામાં હું તમને ફેળવીશ. 24 કેવળ યહોવાહ-
ની બીક રાખો, ને સત્યતાએ તમારા પુરા હૃદયથી તેની સેવા કરો, કેમકે
જે મહાભારત કૃત્યો તમારે સારૂ તેણે કીધાં છે તેનો તમે વિચાર કરો.
25 પણ જો હજી તમે ભુંડું કરશો, તો તમે તમારા રાજા સુદ્ધાં નાશ પામ-
શો.
13 શાઉલે રાજ્ય કરવા માંડ્યું ત્યારે તે ત્રીસ વર્ષની હતો; અને તે-
ણે બે વર્ષ ઈસ્રાએલ ઉપર રાજ્ય કીધું. 2 અને શાઉલે પોતાને
સારૂ ઈસ્રાએલમાંથી ત્રણ હજાર માણસોને ચુંટી કાઢ્યા; તેમાંના બે
હજાર શાઉલ સાથે મિખ્માશમાં તથા બેથેલ પર્વતમાં હતા; ને એક હજાર
યોનાથાન સાથે બિન્યામીનના ગિબઆહમાં હતા; ને બાકીનાં લોકોને
તેણે પોતાના તંબુએ મોકલ્યા. 3 અને યોનાથાને પલિસ્તીઓનું જે થા-
ણું ગેબામાં હતું તે માર્યું, ને પલિસ્તીઓએ તે વિષે સાંભળ્યું. અને શાઉ-
લે આખા દેશમાં રણશિંગડું વગડાવીને કહાવ્યું કે, હેબ્રીઓ, સાંભળો.
4 અને શાઉલે પલિસ્તીઓનું થાણું માર્યું છે, ને પલિસ્તીઓ ઈસ્રાએલને
પણ ધિક્કારપાત્ર ગણે છે, એવું સર્વ ઈસ્રાએલીઓએ સાંભળ્યું, ને લોકો
શાઉલ પાછળ ગિલ્ગાલમ એકઠા થયા. 5 અંને ત્રીસ હજાર રથો, ને છ
હજાર સ્વારો, ને સંખ્યામાં સમુદ્રની રેતી પ્રમાણે લોકોને લઈને પલિ-
સ્તીઓ ઈસ્રાએલ સામે લડવાને એકઠા થયા; ને તેઓએ આવીને બેથ-
આવેનની પૂવ ગમ મિખ્માશમાં છાવણી કીધી. 6 અને ઈસ્રાએલી માણ-
સોએ જોયું કે, અમે સંકટમાં આવી પડ્યા છીએ, કેમકે લોકો દુઃખિત
હતા, ત્યારે ગુફાઓમાં, ને ઝાડીઓમાં, ને ખડકોમાં, ને કોતરોમાં, ને ખા-

ડાઓમાં તે લોકો સંતાઈ ગયા. 7 હવે કેટલાક હેબ્રીઓ યરદન ઉતરીને
ગાદ તથા ગિલઆદ દેશમાં ગયા હતા; પણ શાઉલ હજી સુધી ગિલ્ગા-
લમાં હતો, ને સર્વ લોક તેની પાછળ કાંપતા કાંપતા ચાલતા હતા.
8 અને શમૂએલના કીધેલા પ્રમાણે તેણે સાત દિવસ વાટ જોઈ; પણ
શમૂએલ ગિલ્ગાલમાં આવ્યો નહિ, ને લોકો તેની પાસેથી વિખેરાઈ જતાં
હતા. 9 અને શાઉલે કહ્યું કે, દહીનીયાર્પણો તથા શાંત્યર્પણો અહીં મારા
પાસે લાવો. અને તેણે દહનીયાર્પણ ચઢાવ્યું. 10 અને એમ થયું કે, તે
દહનીયાર્પણ કરી રહ્યો, કે તુરંત, જુઓ, શમૂએલ આવ્યો, ને શાઉલ તેને
મળીને સલામ કરવા સારૂ સામો ગયો. 11 અને શમૂએલે કહ્યું, તે શું કીધું
છે? ને શાઉલે કહ્યું કે, મેં જોયું કે, લોકો મારી પાસેથી વિખેરાઈ ગયા છે,
ને ઠરાવેલી મુદ્દતની અંદર તું આવ્યો નહિ, ને પલિસ્તીઓ મિખ્માશ
પાસે એકઠા થયા છે; 12 તે માટે મેં કહ્યું કે, હવે પલિસ્તીઓ મારા પર
ગિલ્ગાલમાં ધસી આવશે, ને મેં યહોવાહની કૃપા વિનવી નથી; તેથી
મારૂં મન દુખવીને મેં દહનીયાર્પણ કીધું છે. 13 અને શમૂએલે શાઉલને
કહ્યું, તે મૂર્ખાઈ કીધી છે; તારા દેવ યહોવાહે જે અજ્ઞા તને આપી, તે તેં
માંની નથી; નહિ તો હમણાં યહોવાહે ઇસ્રાએલ ઉપર તારૂં રાજ્ય સદા
સ્થાપ્યું હોત. 14 પણ હવે તારૂં રાજ્ય જારી રહેશે નહિ; યહોવાહે પોતાને
મનગમતો માણસ શોધી કાઢ્યો છે, ને યહોવાહે પોતાના લોક પર રાજા
તરીકે તેની નિમણુક કીધી છે; કેમકે યહોવાહે જે આજ્ઞા તને આપી તે તેં
પાળી નથી. 15 અને શમૂએલ ઉઠ્યો, ને ગિલ્ગાલથી બિન્યામીનના ગિ-
બઆહમાં ગયો; ને શાઉલે પોતાની સાથે જે લોક હતા તેઓની ગણત્રી
કીધી, તેઓ આસરે છસેં માણસ હતા. 16 અને શાઉલ તથા તેનો દીકરો
યોનાથાન તથા તેઓની સાથે જે લોક હાજર હતા, તેઓ બિન્યામીનના
ગેબામાં રહ્યા; પણ પલિસ્તીઓએ મિખ્માશમાં છાવણી કીધી. 17 અને
પલિસ્તીઓની છાવણીમાંથી લુટારાની ત્રણ ટોળીઓ બહાર નીકળી,
એક ટોળી ઓફ્રાહને માર્ગે શૂઆલ દેશ તરફ વળી; 18 ને બીજી ટોળી
બેથ-હેરોનના માર્ગ ઉપર વળી; ને બીજી એક ટોળી, જે સીમા સબોઈમ-
ના નીચાણની સામે અરણ્ય તારફ છે, તેને માર્ગે વળી. 19 હવે ઇસ્રાએ-
લના આખા દેશમાં કોઇ લુહાર મળતો નહોતો; કેમકે પલિસ્તીઓએ
કહ્યું હતું કે, રખે હેબ્રીઓ પોતાન માટે તરવાર કે ભાલા બનાવે. 20 પણ
સર્વ ઇસ્રાએલ પોતાની કોશો, ને પોતાના ફાળદાંતા ને પોતાની કુહા-
ડીઓ, ને પોતાની કોદાળીઓ ટીપાવવાને પલિસ્તીઓ પાસે જતા.
21 તો પણ કોદાળીઓ, ને ફાળદાંતા, ને સેંતલા ને કુહાડીઓને વાસ્તે
તથા આરો બેસાડવાને વાસ્તે તેઓની પાસે કાનસ હતી. 22 તેથી લડા-
ઈને દિવસે એમ થયું કે જે સર્વ લોક શાઉલ તથા યોનાથાનની સાથે
હતા, તેઓના હાથમાં તરવાર કે ભાલા દેખાતા નહોતા; પણ શાઉલ
તથા તેના દીકરા યોનાથાનના હાથમાં હતા. 23 અને પલિસ્તીઓનું
લશ્કર બહાર નિકળીને મિખ્માશના ઘાટ આગળ ગયું.

14 હવે એક દિવસે એમ થયું કે, શાઉલના દીકરા યોનાથાને પોતા-
ના જુવાન શાસ્ત્રધારને કહ્યું કે, ચાલ, આપણે પલિસ્તીઓનું
લશ્કર જે પેલી ગમ છે તેમાં જઈએ. પણ પોતાના બાપને તેણે એ કહ્યું
નહિ. 2 અને શાઉલે ગિબઆહના છેક છેવાડા ભાગમાં મિગ્રાનમાં દાડે-
મના એક ઝાડ નીચે ઉતારો કીધો હતો; અને તેની સાથેના લોક આસરે
છસેં હતા 3 અને શીલોહ મધ્યે યહોવાહનો યાજક એલીના દીકરા ફીન-
હાસના દીકરા ઈખાબોદના ભાઈ અહીટૂબનો દીકરો અહીઆહ એફોદ
પહેરેલો હતો; ને લોકો જાણતા નહોતા કે યોનાથાન ગયો છે. 4 અને
પલિસ્તીઓના લશ્કર પાસે યોનાથાન જે રસ્તે થઈને જવાનું શોધતો
હતો, તેની એક બાજુએ ખડકની કઢણ હતી; ને એકનું નામ બોસેસ, ને
બીજીનું નામ સેનેહ હતું. 5 એક કઢણ ઉત્તર ગણ મિખ્માશ સામે, ને બી-
જી કઢણ દક્ષિણ ગમ ગેબા સામે આવેલી હતી. 6 અને યોનાથાને પો-
તાના શાસ્ત્રધાર જુવાનને કહ્યું કે, ચાલ, આપણે એ બેસુનતી લોકોની
છાવણીમાં જઈએ, કદાપિ યહોવાહ આપણી સહાય કરશે; કેમકે થોડા-
ની મારફતે કે ઘણાની મારફતે બચાવવાને યહોવાહને કંઈ અડચણ
નથી. 7 અને તેના શાસ્ત્રધારે તેને કહ્યું કે, જે સર્વ તારા મનમાં છે તે કર;
વળીને ત્યાં ચાલ, હું તારી ઈચ્છા પ્રમાણે તારી સાથે છું. 8 ત્યારે યોના-
થાને કહ્યું, જો, આપણે તે માણસોની પાસે જઈએ, ને તેઓને દેખા
દઈએ. 9 જો તેઓ આપણને એમ કહેશે કે, અમે તમારી પાસે આવીને
ત્યાં સુધી સબૂર કરો, તો આપણે પોતાને ઠેકાણે રહીશું, ને તેઓની પા-
સે નહિ જઈએ. 10 પણ જો તેઓ કહેશે કે, અમારી પાસે ઉપર આવો, તો
આપણે ઉપર જઈશું; કેમકે યહોવાહે તેઓને આપણા હાથમાં સોંપી દી-
ધા છે; ને એ આપણે સારૂ ચિન્હ થશે. 11 અને ને બન્નેએ પલિસ્તીઓના
લશ્કરને દેખા દીધા, અને પલિસ્તીઓએ કહ્યું, જુઓ, જે ખાડાઓમાં હે-
બ્રીઓ સંતાઈ રહ્યા હતા, તેઓમાંથી તેઓ નીકળે છે. 12 અને લશ્કરના
માણસોએ યોનાથાનને તથા તેના શસ્ત્રધારને ઉત્તર આપીને કહ્યું કે,
ઉપર અમારી પાસે આવો, એટલે અમે તમને કંઈ દેખાડીએ; ને યોનાથા-
ને પોતાના શસ્ત્રધારને કહ્યું કે, મારી પાછળ ઉપર આવ, કેમકે યહોવાહે
તેઓને ઇસ્રાએલના હાથમાં સોંપી દીધા છે. 13 અને યોનાથાનઘૂંટણીએ
પડીને ચઢ્યો, ને તેનો શસ્ત્રધાર તેની પાછળ પાછળ ચઢ્યો; ને યોના-
થાન આગળ તેઓ માર્યા ગયા, ને તેના શસ્ત્રધાર તેની પાછળ તેઓને
માર્યા. 14 અને જે પહેલી કતલ યોનાથાને તથા તેના શસ્ત્રધારે કીધી તે
આસરે વીસ માણસની હતી, એટલે જાણે કે એક એકર જમીનમાં અડ-
ધા ચાસની લંબાઈ જેટલામાં 15 અને છાવણીમાં તથા રણક્ષેત્રમાં તથા
સર્વ લોકમાં કંપારા વછૂટ્યો; ને લશ્કર તથા લૂટનારા પણ કંપ્યા, ને ભૂ-
મિ કંપી, ને એમ ઘણો મોટો કંપારો થયો. 16 અને શાઉલના પહેરેગીરો
જે બિન્યામીનના ગિબઆહમાં હતા તેઓએ જોયું, તો જુઓ, સમુદાય
ઓછો થતો હતો હતો, ને તેઓ અહીંતહીં દોડતા હતા. 17 અને શાઉલે
પોતાની સાથે જે લોક હતા તેઓને કહ્યું કે, ગણત્રી કરીને જુઓ કે
આપણામાં કોણ ગયો છે. 18 અને શાઉલે અહીયાને કહ્યું કે, દેવનો કોષ
અહીં લાવ; કેમકે તે વખતે દેવનો કોષ ઇસ્રાએલપુત્રો મધ્યે હતો.
19 અને શાઉલ યાજકની સાથે વાત કરતો હતો તે દરમ્યાન એમ થયું કે,
પલિસ્તીઓની છાવણીમાં જે હંગામો થતો હતો તે વધતો ને વધતો
થતો ગયો; ને શાઉલે યાજકને કહ્યું, તારો હાથ પાછો ખેંચી લે. 20 અને
શાઉલ તથા તેની સાથે જે સઘળા લોક હતા, તેઓ એકઠા થયા, ને
લડવાને આવ્યા; ને જુઓ, પ્રત્યેક માણસની તરવાર પોતાની સોબતી
વિરુદ્ધ હતી, ને મોટો ઘાણ વળી ગયો હતો. 21 હવે જે હેબ્રીઓ અગાઉ-
ની પેઠે પલિસ્તીઓ સાથે હતા, જેઓ ચારોગમના પ્રદેશમાંથી તેઓની
સાથે છાવણીમાં ગયા હતા, તેઓ પણ ફરી જઈને શાઉલ તથા યોના-
થાનની સાથેના ઇસ્રાએલીઓની સાથે મળી ગયા. 22 તેમજ જે સર્વ
ઇસ્રાએલના માણસો એફ્રાઈમના પહાડી દેશમાં સંતાઈ ગયા હતા તેઓ
પણ, પલીસ્તીઓ નાસે છે એવું સાંભળીને, લડાઇમાં તેઓની પૂઠે લા-
ગોલગ લાગ્યા. 23 એમ યહોવાહે તે દિવસે ઇસ્રાએલનો બચાવ કીધો; ને
લડાઇ બેથ-આવેનની પાસે થઈને આગળ ચાલી. 24 અને તે દિવસે
ઇસ્રાએલના માણસો હેરાન થયા; પણ શાઉલે લોકોને સોગન દઈને
કહ્યું હતું કે, સાંજ પડે ત્યાં સુધી તથા મારા શત્રુઓ પર મારૂં વેર વળે
ત્યાં સુધી કે કોઇ માણસ કંઈ પણ ખોરાક ખાય તો તે શ્રાપિત થાઓ;
માટે લોકોમાંથી કોઇએ કંઈ પણ ખાવાનું ચાખ્યું નહિ. 25 અને સઘળા
લોક વનમાં આવ્યા, ને ત્યાં ભૂમિ ઉપર મધ હતું. 26 અને વન મધ્યે લો-
કો આવ્યા ત્યારે, જુઓ, મધ ટપકતું હતું; પણ કોઈએ પોતાનો હાથ પો-
તાને મ્હોડે લગાડ્યું નહિ; કેમકે લોકો પેલા સમથી બીતા હતા. 27 પણ
તેના બાપે લોકોને સોગન દીધા ત્યારે યોનાથાને સાંભળ્યું ન હતું, માટે
તેણે પોતાના હાથમાં જે લાકડી હતી તે લાંબી કરીને તેનો છેડો મધકો-
ષમાં ઘોંચીને પોતાનો હાથ પોતાને મ્હોડે લગાડ્યો; ત્યારે તેની આંખો-
માં તેજ આવ્યું. 28 અને લોકોમાંથી એક જણે ઉત્તર દેતાં કહ્યું, તારા બા-
પે લોકોને સોગન દઈને સખત રીતે હુકમ કર્યો છે, કે જે માણસ આજ
કોઈ અન્ન ખાય તે શ્રાપિત થાય. અને લોકો નિર્ગત થઇ ગયા હતા.
29 ત્યારે યોનાથાને કહ્યું કે, મારા બાપે દેશને હેરાન કીધો છે; કૃપા કરીને
જો, મેં થોડુંક મધ ચાખ્યું છે, તેથી મારો આંખોમાં કેવું તેજ આવ્યું છે!
30 ને જો સુભાગ્યે આજે લોકોએ પોતાના શત્રુઓની પાસેથી મેળવેલી
લૂંટમાંથી મનમાન્યું ખાધું હોત, તો કેટલો વધારે ફાયદો થાત! કેમકે
હાલ પલિસ્તીઓમાં આ કરતાં ઘણી મોટી કતલ થઇ હોત. 31 અને તે
દિવસે મિખ્માશથી આયાલોન સુધી તેઓ પલિસ્તીઓને મારતા ગયા;
ને લોકો ઘણા નિર્ગત થઇ ગયા હતા. 32 અને લોકો લૂટ પર ધસી પડ્યા,
ને ઘેટાં તથા બળદો, તથા વાછરડા લઈને ભૂમિ ઉપર તેઓનો વધ કરી-
ને રક્ત સુદ્ધાં તેઓને ખાવા લાગ્યા. 33 ત્યારે તેઓએ શાઉલને કહ્યું કે,
જો, લોકો રક્ત સુદ્ધાં ખાઈને દેવ વિરુદ્ધ પાપ કરે છે. ત્યારે તેણે કહ્યું,
તમે ઠગાઇ કરી છે; આજે એક મોટો પત્થર ગબડાવીને મારી પાસે લા-

વો. 34 અને શાઉલે કહ્યું, તમે લોકો મધ્યે વિખેરાઈ જઈને તેઓને કહો
કે, પ્રત્યેક માણસ પોતાનો બળદ, તથા પોતાનું ઘેટું અહીં મારી પાસે
લાવે, તે અહીં તેઓને કાપીને ખાય; પણ તમે રક્ત સુદ્ધાં ખાઈને યહો-
વાહ વિરુદ્ધ પાપ કરશો મા. અને એ તે રાત્રે સર્વ લોકોએ પોતપોતાનો
બળદ સાથે લાવીને તેઓને ત્યાં કાપ્યાં. 35 અને શાઉલે યહોવાહને સારૂ
વેદી બાંધી; જે પહેલી વેદી તેણે યહોવાહને સારૂ બાંધી તે એજ હતી.
36 અને શાઉલે કહ્યું, આપણે રાતની વેળાએ પલિસ્તીઓની પાછળ
ઉતરી પડીએ, ને સવારના અજવાળા સુધી તેઓને લૂટીએ, ને તેઓ-
માંઓ એકે માણસ રહેવા ન દઈએ. અને તેઓએ કહ્યું, જે કંઈ તને સારૂં
લાગે તે કર; ત્યારે યાજકે કહ્યું કે, આપણે અહીં દેવની હજુરમાં એકઠા
થઈએ. 37 અને શાઉલે દેવની સલાહ પુછી કે, હું પલિસ્તીઓની પાછળ
ઉતરી પડું? શું તું તેઓને ઈસ્રાએલના હાથમાં આપશે? પણ તેણે તે દિ-
વસે કંઈ ઉત્તર આપ્યો નહિ. 38 અને શાઉલે કહ્યું, લોકોનાં સર્વ આગેવા-
નો, તમે અહીં આવો; અને આજ આ પાપ શાથી થયું છે એ તપાસ કરી
શોધી કાઢો. 39 કેમકે ઈસ્રાએલનો ઉદ્ધાર કરનાર યહોવાહના સોગન ખા-
ઈને હું કહું છું કે, જો તે મારો દીકરો યોનાથાન હશે તો પણ તે માર્યો
જશે. પણ સર્વ લોકોમાંથી કોઈએ પણ ઉત્તર આપ્યો નહિ. 40 ત્યારે તે-
ણે સર્વ ઈસ્રાએલને કહ્યું કે, તમે એક બાજુએ રહો, ને હું તથા મારા દીક-
રા યોનાથાન બીજી બાજુએ રહીએ; ને લોકોએ શાઉલને કહ્યું, જે તને
સારૂ લાગે તે કર. 41 માટે શાઉલે ઈસ્રાએલના યહોવાહ દેવને કહ્યું કે,
સત્ય વાત જણાવ. અને યોનાથાન તથા શાઉલ ચિઠ્ઠીથી પકડાયા;;
પણ લોક બચી ગયા. 42 અને શાઉલે કહ્યું, મારી ને મારા દીકરા યોના-
થાન વચ્ચે ચિઠ્ઠીઓ નાખો. અને યોનાથાન પકડાયો. 43 ત્યારે શાઉલે
યોનાથાનને કહ્યું, તું શું કીધું છે તે મને કહે. ત્યારે યોનાથાને તેને કહ્યું
કે, મારા હાથમાં લાકડી હતી તેના છેડાથી મેં કેવળ થોડું મધ ચાખ્યું છે;
ને જો, મારે મરવું પડે છે. 44 અને શાઉલે કહ્યું, એવું ને એથી વધારે પણ
દેવ કરો; કેમકે યોનાથાન તું નિશ્ચય મરશે. 45 અને લોકોએ શાઉલને
કહ્યું, શું, યોનાથાન જેણે ઈસ્રાએલ મધ્યે આ મોટો ઉદ્ધાર કીધો છે તે
મરશે? એવું ન થાઓ; જીવતા યહોવાહના સમ, કે તેના માથાનો એક
પણ વાળ ભૂમિ પર પડનાર નથી; કેમકે તેણે આજે દેવની સહાયથી
કામ કીધું છે એમ લોકોએ યોનાથાનને મોતથી ઉગાર્યો. 46 અને શાઉલ
પલિસ્તીઓનો કેડો છોડીને ચાલ્યો ગયો; ને પલિસ્તીઓ પોતાને ઠેકા-
ણે ગયા. 47 હવે ઈસ્રાએલ પર રાજ્યપદ ધારણ કીધા પછી શાઉલ તેની
ચરોગમ સર્વ શત્રુઓની એટલે મોઆબની સામે, તથા આમ્મોનપુત્રોની
સામે, તથા અદોમની સામે તથા સોબાહના રાજાઓ સામે તથા પલિ-
સ્તીઓ સામે લડ્યો; ને જ્યાં જ્યાં તે ગયો ત્યાં તેણે તેઓને ત્રાસ પમા-
ડ્યો. 48 અને તેણે બહાદુરી કરીને અમલેકીઓને માર્યા, ને ઈસ્રાએલને
તેઓના લૂંટારાઓના હાથમાંથી મુક્ત કીધા. 49 હવે શાઉલના દીકરા
યોનાથાન, ને યીશ્વી, ને માલ્કી શુઆ હતા; અને તેની બે દીકરીઓનાં
નામ આ હતાં; એટલે જ્યેષ્ઠનું નામ મેરાબ, ને કનિષ્ઠનું નામ મીખાલ
હતું 50 અને શાઉલની પત્નીનું નામ અહીનોઆમ હતું, તે અહીમાઆસ-
ની દીકરી હતી; સેનાપતિનું નામ આબ્નેર હતું, ને શાઉલ કાકાનેરનો
દીકરો હતો. 51 અને કીશ શાઉલનો બાપ હતો; ને આબ્નેરનો બાપ નેર
એ અબીએલનો દીકરો હતો. 52 અને શાઉલના સર્વ દિવસોમાં પલિ-
સ્તીઓ સાથે સખત યુદ્ધ ચાલતું હતું; ને શાઉલ કોઈ પરાક્રમી માણસને
કે કોઈ શૂરા માણસને જોતો, તો તે તેને પોતાની પાસે રાખતો.
15 અને શમૂએલે શાઉલને કહ્યું કે, યહોવાહે પોતાના લોક એટલે
ઈસ્રાએલ ઉપર રાજા થવા સારૂ તને અભિષિક્ત કરવાને મને
મોકલ્યો હતો, એ માટે હવે યહોવાહના વચનોની વાણી સાંભળ. 2 સૈ-
ન્યનો યહોવાહ એમ કહે છે કે, અમાલેકે ઈસ્રાએલને મિસરમાંથી નિક-
ળીને જતાં જે કીધું, એટલે કેવી રીતે માર્ગમાં તેની સામે થયો, તે મેં ધ્યા-
નમાં લીધું છે. 3 તો હવે તું જઈને અમાલેકને માર, ને તેઓનું જે કંઈ હોય
તેનો પુરો વિનાશ કર; તેમના પર દયા આણીશ નહિ; પણ પુરૂષ તથા
સ્ત્રી, ને બાળકો તથા ધાવણા, બળદ તથા ઘેટાં, ઉંટ તથા ગધેડા, એ
સર્વને મારી નાખ. 4 અને શાઉલે લોકોને બોલાવીને ટલાઈમમાં તેઓની
ગણત્રી કીધી, તો પાયદળ બે લાખ, ને યહુદાહના માણસો દસ હજાર
થયા. 5 અને શાઉલ અમાલેકના નગર પાસે જઈને નીચાણમાં સંતાઈ
રહ્યો. 6 આને શાઉલે કેનીઓને કહ્યું કે, અમાલેકીઓની સાથે તમારો
નાશ હું ન કરૂં માટે તેઓમાંથી નિકળીને તમે જતા રહો; કેમકે ઈસ્રાએલ-
પુત્રો જયારે મિસરમાંથી આવ્યા ત્યારે તે સર્વની સાથે તમે માયાળુપણે
વર્ત્યા હતા; તેથી કેનીઓ અમાલેકીઓમાંથી નિકળી ગયા. 7 અને શાઉ-
લે હવીલાહથી તે મિસર સામેના શૂર સુધી અમલેકીઓને માર્યા. 8 અને
અમાલેકીઓના રાજા અગાગને તેણે જીવતો પકડ્યો, ને સર્વ લોકનો
તેણે તરવારની ધારથી પુરો વિનાશ કર્યો. 9 પણ શાઉલે તથા લોકોએ
અગાગને, તથા ઘેટાં, તથા બળદો તથા પુષ્ટ જાનવરો, એઓમાંથી
ઉત્તમ ઉત્તમને, તથા હલવાનોને, તથા સારી સારી બી વસ્તુઓને બચા-
વી, ને તેઓનો વિનાશ કીધો નહિ; પણ પ્રત્યેક જે નકામી નાખી દેવા-
ની ચીજ, તેનો પુરો વિનાશ તેઓએ કીધો. 10 ત્યારે યહોવાહનું વચન
શમૂએલની પાસે એ પ્રમાણે આવ્યું કે, 11 શાઉલને રાજા ઠરાવ્યો છે એ
વિષે મને અનુતાપ થાય છે; કેમકે મારૂં પાછળ ચાલવું મુકી દઈને તે પા-
છો ફરી ગયો છે, ને મારી આજ્ઞાઓ તેણે પાળી નથી. શમૂએલને ગુસ્સો
ચઢ્યો ને આખી રાત યહોવાહની વિનંતી કીધી. 12 ને સવારે શાઉલને
મળવાને શમૂએલ પરોઢીએ ઉઠ્યો; અને શમૂએલને એવી ખબર મળી કે
શાઉલ કાર્મેલમાં આવ્યો છે, ને જુઓ, ને જુઓ, તેણે પોતાને સારૂ એક
કીર્તિ સ્મારક ઉભો કીધો છે, ને ત્યાંથી પાછો વળીને આગળ ચાલીને
ગિલ્ગાલમાં ઉતરી પાડ્યો છે. 13 અને શામૂએલ શાઉલ પાસે આવ્યો; ને
શાઉલે તેને કહ્યું, યહોવાહ તમારૂં ભલું કરો, મેં યહોવાહની આજ્ઞા પુરી
કીધી છે. 14 અને શમૂએલે કહ્યું, ત્યારે આ બેં બેં કરવી જે મારે કાને પડે
છે, ને બળદોનું બરાડવું જે હું સાંભળું છું, તે શો છે? 15 ને શાઉલે કહ્યું કે,
તેઓને તેઓ અમાલેકીઓ પાસેથી લાવ્યા છે અને લોકોએ ઉત્તમ ઘેટાં
તથા બળદો તારા દેવ યહોવાહ આગળ યજ્ઞ કરવા સારૂં બચાવ્યાં, ને
બાકીનાંઓનો અમે પુરા વિનાશ કીધો છે. 16 ત્યારે શમૂએલે શાઉલને
કહ્યું કે, ઉભો રહે, ને આજ રાત્રે યહોવાહે મને જે કહ્યું છે તે હું તને કહું, ને
તેણે તેને કહ્યું, કહે 17 અને શમૂએલે કહ્યું, તું પોતાની દૃષ્ટિમાં જૂજ જેવો
હતો તો પણ તને ઈસ્રાએલના કુળો પર મુખ્ય બનાવ્યો નહોતો શું? ને
યહોવાહે તને ઈસ્રાએલના રાજા તરીકે અભિષિક્ત કીધો; 18 ને યહોવાહે
તને સ્વારીએ મોકલીને કહ્યું કે, જા, ને તે પાપિષ્ટ અમાલેકીઓનો પુરે-
પુરો વિનાશ કર; ને તેઓની નાશ થાય ત્યાં સુધી તેઓ સાથે લડાઈ
કર. 19 તો યહોવાહની વાણી તે કેમ માની નહિ, પણ લૂટ પર ધસી
ગયો, ને યહોવાહની દૃષ્ટિમાં ભુંડું કર્યું? 20 ને શાઉલે શમૂએલને કહ્યું, મેં
યહોવાહની વાણી માની છે, ને જે માર્ગે યહોવાહે મને મોકલ્યો હતો તે
માર્ગે હું ગયો છું; ને અમાલેકીઓનો પુરો વિનાશ કરીને રાજા અગાગને
લાવ્યો છું. 21 પણ સમર્પિત વસ્તુઓમાંથી લૂટને સારૂ ઉત્તમ ઘેટાં, તથા
બળદો લોકોએ તારા દેવ યહોવાહની આગળ ગિલ્ગાલમાં યજ્ઞ કરવા
સારૂ લીધાં. 22 અને શમૂએલે કહ્યું કે, પોતાની વાણી માનવામાં આવ્યા-
થી જેટલો રાજી યહોવાહ થાય છે, તેટલો દહનીયાર્પણો તથા યજ્ઞોથી
થાય છે શું? જો, યજ્ઞ કરતાં આજ્ઞાપાલન સારૂ છે; ને ઘેટાંના મેદ કરતાં
સાંભળવું સારૂ છે. 23 કેમકે દંગો એ જાદુગીરીના પાપ જેવો છે, ને હઠી-
લાઈ દુષ્ટપણા તથા મૂર્તિપૂજા જેવું છે; તે યહોવાહનો શબ્દ નકાર્યો છે,
માટે તેણે પણ તને રાજા હોવાથી નકાર્યો છે. 24 અને શાઉલે શામૂએલને
કહ્યું, મેં પાપ કીધું છે, કેમકે મેં યહોવાહની વાતોનું તથા તારી વાતોનું
ઉલ્લંઘન કીધું છે; કારણ કે મેં લોકોથી બીને તેઓની વાણી સાંભળી.
25 તો કૃપા કરી મારા પાપની ક્ષમા કર, ને પાછો ફરીને મારી સાથે ચાલ,
કે હું યહોવાહનું ભજન કરૂં. 26 અને શમૂએલે શાઉલને કહ્યું કે, હું પાછો
ફરીને તારી સાથે નહિ આવું, કેમકે તે યહોવાહનો શબ્દ નકાર્યો છે. અને
યહોવાહ તને ઈસ્રાએલ ઉપર રાજા હોવાથી નકાર્યો છે. 27 અને શમૂએલ
જવાને પીઠ ફેરવી, ત્યારે તેણે તેના ઝબાની કોર પકડી, ને તે ફાટી.
28 આને શમૂએલ તેને કહ્યું કે, યહોવાહે આજ ઈસ્રાએલનું રાજ્ય તારી
પાસેથી ફાડી લીધું છે, ને તારો પડોસી જે તારા કરતો સારો છે તેને
આપ્યું છે. 29 અને વળી ઈસ્રાએલનું સામર્થ્ય તે જુઠું બોલશેજ નહિ, ને
અનુતાપ કરશેજ નહિ; કેમકે તે માણસ નથી કે અનુતાપ કરે. 30 ત્યારે
તેણે કહ્યું કે, મેં પાપ કીધું છે; તો પણ કૃપા કરી હાલ મારા લોકોનાં
વડીલો આગળ, તથા ઈસ્રાએલ આગળ મારૂં માન રાખ, ને તારા દેવ
યહોવાહનું હું ભજન કરૂં, માટે પાછો ફરીને મારી સાથે આવ. 31 તેથી
શમૂએલ ફરીને શાઉલની પાછળ પાછો ગયો; ને શાઉલે યહોવાહનું
ભજન કીધું. 32 ત્યારે શમૂએલે કહ્યું, અમાલેકીઓના રાજા અગાગને મા-

રી પાસે લાવો; ને અગાગ તેની પાસે ખુશીથી આવ્યો. અને અગાગે કહ્યું
કે, નિશ્ચે મરણની વેદનાની બીક વિતી ગઈ છે. 33 અને શમૂએલે કહ્યું,
જેમ તારી તરવારે સ્ત્રીઓને પુત્રહીન કીધી છે, તેમ તારી મા સ્ત્રીઓ
મધ્યે પુત્રહીન થશે. અને શમૂએલે ગિલ્ગાલમાં યહોવાહ આગળ અગા-
ગને કાપીને ટુકડા કીધા. 34 ત્યારે શમૂએલ રામાહમાં ગયો; ને શાઉલ
પોતાને ઘેર શાઉલના ગિબઆહમાં ગયો. 35 અને શમૂએલ પોતાના મર-
ણના દિવસ સુધી શાઉલને ફરીથી મળવા ગયો નહિ; તો પણ શમૂએલ
શાઉલને સારૂ શોક કરતો હતો; ને શાઉલને ઇસ્રાએલ ઉપર રાજા ઠરા-
વ્યાને લીધે યહોવાહને અનુતાપ થયો.

16 અને યહોવાહે શમૂએલને કહ્યું કે, શાઉલને ઇસ્રાએલ ઉપર રા-
જા હોવાથી મેં નકાર્યો છે, તેમ છતાં તું ક્યાં સુધી તેને સારૂ શોક
કરશે? તારૂં શિંગ તેલથી ભરીને જા. યિશાઈ બેથેલેહેમી પાસે હું તને મો-
કલીશ; કેમકે મેં તેના દીકરાઓ મધ્યે મારે સારૂ રાજા નિર્માણ કરી રા-
ખ્યો છે. 2 અને શમૂએલે કહ્યું, મારાથી કેમ કરીને જવાય? જો શાઉલ
સાંભળશે તો મને મારી નાખશે. અને યહોવાહે કહ્યું, તારી સાથે એક વા-
છરડી લે, ને યહોવાહને યજ્ઞ ચઢાવવા સારૂ હું આવ્યો છું એમ કહેજે.
3 અને તે યજ્ઞમાં યિશાઈને બોલાવજે, ને તારે શું કરવું એ હું તને બતા-
વીશ;ને હું જેનો નામ તને કહીશ તેનો મારે સારૂ અભિષેક કરજે. 4 અને
યહોવાહે જે કહ્યું હતું તે કરીને શમૂએલ બેથલેહેમ આવ્યો; ને નગરના
વડીલો તેને મળવા ધ્રુજતા ધ્રુજતા આવ્યા, ને કહ્યું, શું તું સલાહશાંતિ-
સહિત આવ્યો છે? 5 ને તેણે કહ્યું કે, સલાહશાંતિસહિત; હું યહોવાને
યજ્ઞાર્પણ ચઢાવવાને આવ્યો છું; તમે પોતાને શુદ્ધ કરીને મારી સાથે
યજ્ઞકાર્યમાં આવો. અને તેણે યિશાઈ તથા દીકરાઓને પાવન કરીને તે-
ઓને યજ્ઞકાર્યમાં બોલાવ્યા. 6 અને તેઓ આવ્યા એટલે એમ થયું કે,
અલીઆબને જોઇને તેણે કહ્યું, નિશ્ચે યહોવાહનો અભિષિક્ત તેની
સમ્મુખ છે. 7 પણ યહોવાહે શમૂએલ્ને કહ્યું કે, તેના મ્હો તરફ તથા તેના
શરીરની ઉંચાઈ તરફ ન જો; કેમકે મેં એને નાપસંદ કીધો છે; કારણ કે
જેમ માણસ જુએ છે તેમ યહોવાહ જોતો નથી; કેમકે માણસ બહારના
દેખાવ તરફ જુએ છે, પણ યહોવાહ હૃદય તરફ જુએ છે. 8 પછી યિશા-
ઈએ અબીનાદાબને બોલાવ્યો, ને તેને શમૂએલ આગળ થઈને ચાલ્યો;
ને તેણે કહ્યું કે, યહોવાહે એને પણ પસંદ કીધો નથી. 9 તે પછી યિશા-
ઈએ શામ્માહને ત્યાં આગળ થઈને ચલાવ્યો; ને તેણે કહ્યું કે, યહોવાહે
એને પણ પસંદ કીધો નથી. 10 અને યિશાઈએ પોતાના દીકરાઓમાંના
સાતને શમૂએલ આગળ થઈને ચલાવ્યા. અને શમૂએલે યિશાઈને કહ્યું,
એઓને યહોવાહે પસંદ કીધો નથી. 11 અને શમૂએલે યિશાઈને કહ્યું,
તારા સર્વ દીકરાઓ શું અહીં છે? ને તેણે કહ્યું, નાનો હજી બાકી રહ્યો છે,
ને જો, તે ઘેટા સંભાળે છે.. અને શમૂએલે યિશાઈને કહ્યું, માણસ મોક-
લીને તેને બોલાવી મંગાવ, કેમકે તે અહીં આવશે ત્યાં સુધી અમે નીચે
નહિ બેસીએ. 12 અને તેણે માણસ મોકલીને તેને તેડી મંગાવ્યો હવે તે
લાલચોળ તથા સુંદર ચેહેરાનો તથા દેખાવમાં ફૂટડો હતો. અને યહોવા-
હે કહ્યું કે, ઉઠીને એનો અભિષેક કર, કેમકે એજ તે છે. 13 ત્યારે શમૂએલે
તેલનું શિંગ લઈને તેના ભાઇઓની વચમાં તેનો અભિષેક કીધો; અને
તે દિવસથી માંડીને યહોવાહનો આત્મા દાઉદ ઉપર પરાક્રમ સહિત
આવ્યો અને શમૂએલ ઉઠીને રામાહમાં ગયો. 14 હવે યહોવાહનો આત્મા
શાઉલ પાસેથી જતો રહ્યો હતો, અને યહોવાહની તરફથી એક દુષ્ટ
આત્મા તેને હેરાન કરતો હતો. 15 અને શાઉલના દાસોએ તેને કહ્યું કે,
જો, દેવ તરફથી એક દુષ્ટ આત્મા તને હેરાન કરે છે. 16 અમારા સ્વામીએ
પોતાના હુજુરમાંના પોતાના દાસોને એવી આજ્ઞા કરવી કે, વીણા વગા-
ડનાર એક પ્રવીણ માણસને શોધી કાઢો, ને જયારે દુષ્ટ આત્મા દેવ
તરફથી તારા ઉપર આવશે ત્યારે એમ થશે કે, તે પોતાના હાથથી વગા-
ડશે ને તું સારો થશે. 17 અને શાઉલે પોતાના દાસોને કહ્યું કે, એક સારો
બજવૈયો મારે સારૂ ઉભો કરીને તેને મારી પાસે લાવો. 18 ત્યરે જુવાનો-
માંથી એકે એવો ઉત્તર આપ્યો કે, જો, યિશાઈ બેથલેહેમીનો દીકરો મેં
જોયો છે, કે જે વગાડવામાં કુશળ, ને પરાક્રમી યોદ્ધા તથા લડવૈયો,
તથા બોલવે શાણો, તથા ફૂટડો છે, ને યહોવાહ તેની સાથે છે. 19 અને
શાઉલે યિશાઈ પાસે સંદેશીઆ મોકલીને કહેવડાવ્યું કે, તારો દીકરો દા-
ઉદ જે ઘેટાંની સાથે છે તેને મારી પાસે મોકલ. 20 અને યિશાઈએ રોટલી,
તથા દ્રાક્ષરસની એક કુડી, તથા બકરાનું એક બચ્ચું, એક ગધેડા પર
લાદીને પોતાના દીકરા દાઉદની મારફતે શાઉલને સારૂ મોકલાવ્યાં.
21 અને દાઉદ શાઉલ પાસે આવ્યો, ને તેની સમ્મુખ ઉભો રહ્યો; ને તેને
તેના પર ઘણી પ્રીતિ ઉપજી; ને તે તેનો શસ્ત્રધાર થયો. 22 અને શાઉલે
યિશાઈ પાસે માણસ મોકલીને કહેવડાવ્યું કે, દાઉદને મારી હજુરમાં
ઉભો રહેનાર થવા દે, કેમકે મારી દૃષ્ટિમાં તે કૃપા પામ્યો છે. 23 અને દેવ
તરફથી દુષ્ટ આત્મા શાઉલ પર આવતો, ત્યારે એમ થતું કે, દાઉદ વી-
ણા લઈને પોતાની હાથથી વગાડતો; તેથી શાઉલ સાજો તાજો થઇ
જતો, ને તે દુષ્ટ આત્મા તેની પાસેથી જતો રહેતો.

17 પછી પલિસ્તીઓએ પોતાના સૈન્યો યુદ્ધને સારૂ એકઠા કીધાં.
અને સોખોહ જે યહુદાહનું છે તેમાં તેઓ એકઠાં થયા, એફેસદા-
મ્મીમમાં, સોખોહ તથા અઝેકાહની વચ્ચે છાવણી કીધી. 2 અને શાઉલ
તથા ઇસ્રાએલના માણસો એકઠાં થયા, અને તેઓએ એલાહની ખીણ-
માં છાવણી કરીને પલિસ્તીઓ સામે યુદ્ધવ્યૂહ રચ્યો. 3 અને પલિ-
સ્તીઓ એક બાજુએ પર્વત ઉપર રહ્યા, ને ઈસ્રાએલ બીજી બાજુએ
પર્વત ઉપર ઉભા રહ્યા. અને તેઓની વચ્ચે ખીણ હતી. 4 અને ગોલ્યાથ
નામે ગાથનો એક યોદ્ધો પલિસ્તીઓની છાવણીમાંથી બહાર નિકળી
આવ્યો, તેની ઉંચાઈ છ હાથ અને એક વેંત હતી. 5 અને તેના માથા
ઉપર પિત્તળનો એક ટોપ હતો, ને તેણે બખતર પહેરેલું હતું, ને તે બખ-
તરનું વજન પિત્તળના પાંચ હજાર શેકેલનું હતું. 6 અને તેને પગે પિત્તળ-
ના ખોભળા હતા, ને તેના ખભા વચ્ચે પિત્તળનો ભાલો હતો. 7 અને તે-
ની બરછીનો દાંડો વણકરની તોરના સરખો હતો, ને તેની બરછીના
ફળનું વજન લોઢાના છસેં શેકેલનું હતું, ને તેની ઢાલ ઉંચકનાર તેની
આગળ ચાલતો હતો. 8 અને તેણે ઉભા રહીને ઇસ્રાએલના સૈન્યને હાંક
મારી, ને તેઓને કહ્યું કે, તમે યુદ્ધવ્યૂહ રચવાને કેમ નિકળ્યા છો? શું હું
પલિસ્તી, ને તમે શાઉલના ચાકર નથી? તમે પોતાને સારૂ એક માણસ
ચુંટી કાઢો, ને તે મારી પાસે ઉતરી આવે. 9 જો મારી સાથે લડીને તે મને
મારી નાખી શકે, તો અમે તમારા તાબેદાર થઈશું; પણ હું તેના પર જીત
પામીને તેને મારી નાખું, તો તમારે અમારા દાસ થઈને અમારા તાબેદાર
થવું. 10 અને તે પલિસ્તીએ કહ્યું કે, હું આજ ઇસ્રાએલના સૈન્યનો તુ-
ચ્છકાર કરૂં છું; અને એક માણસ આપો, કે અમે દ્વંદ્વ યુદ્ધ કરીએ.
11 અને જયારે શાઉલે તથા સર્વ ઇસ્રાએલે તે પલિસ્તીના એ શબ્દ
સાંભળ્યા, ત્યારે તેઓ ગાભરા બની જઈને ઘણા બીધા. 12 હવે દાઉદ
બેથલેહેમ-યહુદાહના યિશાઈ નામના એક એફ્રાથી માણસનો દીકરો
હતો; ને તેને આઠ દીકરા હતા; ને તે માણસ શાઉલના દિવસોમાં વૃદ્ધ
તથા પાકી ઉમરનો લોકોમાં ગણતો હતો. 13 ને યિશાઈના ત્રણ દીક-
રાઓ શાઉલની સરદારી તળે લડાઇમાં ગયા હતા; ને તેના જે ત્રણ દીક-
રા લડાઈમાં ગયા હતા તેઓમાંના જયેષ્ઠનું નામ અલીઆબ, ને બીજાનું
અબીનાદાબ, અને ત્રીજાનું શામ્માહ હતું. 14 અને દાઉદ સૌથી નાનો
હતો, ને ત્રણ વડા શાઉલની સરદારી તળે હતા. 15 હવે દાઉદ પોતાના
બાપના ઘેટાં ચરાવવાને શાઉલ પાસેથી બેથલેહેમ આવ જા કરતો હતો.
16 અને તે પલિસ્તી સવારે તથા સાંજે પાસે આવીને ચાળીસ દિવસ
લગી સામો ઉભો રહેતો. 17 અને યિશાઈએ પોતાના દીકરા દાઉદને કહ્યું
કે, તારા ભાઈઓને સારૂ આ એક એફા પોંક, ને આ રોટલી લઈને છાવ-
ણીમાં તારા ભાઈઓ પાસે દોડતો જા. 18 અને આ દસ પનીર તેઓના
સહસ્રાધિપતિની પાસે લઇ જઈને તેને આપજે, ને તારા ભાઈઓની હા-
લત કેવી છે તે જોજે, ને તેઓની નિશાની લેજે. 19 હવે શાઉલ તથા
તેઓ તથા ઇસ્રાએલના સર્વ માણસો એલાહના નીચાણમાં પલિસ્તીઓ
સાથે લડતા હતા. 20 અને દાઉદ સવારે વહેલો ઉઠ્યો, ને એક રખેવાળને
સ્વાધીન ઘેટાં મુકીને યિશાઇએ તેને કીધેલી આજ્ઞા પ્રમાણે લઇને ગયો;
ને રણભૂમિમાં જવા માટે ચાલી નીકળેલા સૈન્યે યુદ્ધને સારૂ લલકાર કી-
ધો તે સમયે તે ગાંડાની વાડ આગળ આવી પહોંચ્યો. 21 અને ઇસ્રાએલે
તથા પલિસ્તીઓએ પોતાનાં સૈન્યોનો યુદ્ધવ્યૂહ સામસામે રચ્યો હતો.
22 અને દાઉદ સાચવનારના હાથમાં પોતાનો સામાન સોંપીને સૈન્ય
તરફ દોડ્યો, ને ત્યાં પહોંચીને તેણે પોતાના ભાઈઓને સલામ કીધી.
23 અને તે તેઓની સાથે બોલતો હતો, એટલામાં, જુઓ, ગોલ્યાથ નામ-
નો ગાથનો પલિસ્તી યોદ્ધો પલિસ્તીઓની સૈન્યમાંથી નિકળીને આગ-
ળના જેવા શબ્દો બોલવા લાગ્યો; ને દાઉદે તે સાંભળ્યો. 24 અને ઇસ્રા-
એલના સર્વ માણસો તે માણસને જોઇને તેની આગળથી નાઠા, ને

ઘણા બીધા. 25 અને ઇસ્રાએલના માણસોએ કહ્યું કે, આ જે માણસ
આગળ આવે છે એને તમે જોયો છે? ઇસ્રાએલને તુચ્છકારવાને તે નિ-
શ્ચય આગળ આવ્યો છે; ને એમ થશે કે, ને જે માણસ એને મારશે એને
રાજા ઘણા દ્રવ્યથી દ્રવ્યવાન કરશે, ને પોતાની દીકરી તેને દેશે, ને તેના
બાપના ઘરને ઇસ્રાએલ મધ્યે સ્વતંત્ર કરશે. 26 અને દાઉદે પાસે ઉભેલા
માણસોને કહ્યું કે, જે માણસ આ પલિસ્તીને મારીને ઇસ્રાએલથી મહેણું
દૂર કરશે, તેને શું મળશે? કેમકે આ બેસુનત પલિસ્તી કોણ છે કે જીવતા
દેવના સૈન્યનો તે તુચ્છકાર કરે? 27 અને લોકોએ તેને એ પ્રમાણે ઉત્તર
આપ્યો કે, જે માણસ તેને મારશે તેના હકમાં ફલાણું ફલાણું કરવામાં
આવશે. 28 અને તેના વડા ભાઇ અલીઆબે તેને તે માણસો સાથે બોલ-
તાં સાંભળ્યો; ને અલીઆબે દાઉદ ઉપર ગુસ્સે ભરાઇને કહ્યું કે, તું અહીં
કેમ આવ્યો છે?ને પેલાં થોડાંએક ઘેટાં તે કોણની પાસે રાનમાં મુક્યા
છે? તારો ગર્વ ને તારા અંતઃકરણની ભુંડાઇ હું જાણું છું; કેમકે લડાઇ
જોવા માટે તું આવ્યો છે. 29 અને દાઉદે કહ્યું કે, મેં હમણાં શું કીધું છે?
કંઈ કારણ નથી કે શું? 30 અને તે તેની પાસેથી મુખ ફેરવીને બીજાની
પાસે ગયો, ને તેજ પ્રમાણે બોલ્યો, ને લોકોએ ફરીથી તેને આગળ પ્ર-
માણે ઉત્તર આપ્યો. 31 અને જે શબ્દો દાઉદ બોલ્યો તે તેઓએ સાંભ-
ળીને શાઉલની આગળ કહીં સંભળાવ્યા; ને તેણે તેને તેડાવ્યો. 32 અને
દાઉદે શાઉલને કહ્યું કે, કોઇ માણસનો હૃદય તેને લીધે ઉદાસ ન
થાઓ; તારો સેવક જઇને તે પલિસ્તી સાથે લડશે. 33 અને શાઉલે દાઉ-
દને કહ્યું કે, તે પલિસ્તીની સામે જઇને તેની સાથે લડવાને તું શક્તિ-
માન નથી; કેમકે તું તો કેવળ જુવાન છે, પણ તે પોતાની જુવાનીથી
લડવૈયો છે. 34 અને દાઉદે શાઉલને કહ્યું કે, તારા સેવક પોતાના બાપ-
નો ઘેટાં સાચવતો હતો; ને એક સિંહે તથા એક રીંછે આવીને ટોળામાંથી
એક હલવાન લીધું; 35 ને મેં તેની પછવાડે લાગીને તેને માર્યો, ને એને
તેના મુખમાંથી છોડાવ્યું; ને તેને મારા પર હુમલો કીધો ત્યારે મેં તેની
દાઢી પકડીને તેને ઠેર માર્યો. 36 તારા સેવકે સિંહ તથા રીંછ એ બન્નેને
માર્યા, ને આ બેસુનત પલિસ્તીની હાલ એ બેમાંના એકના જેવા થશે,
કેમકે એણે જીવતા દેવના સૈન્યનો ધિક્કાર કીધો છે. 37 અને દાઉદે કહ્યું
કે, જે યહોવાહે તે સિંહના પંઝાથી, ને રીંછના પંઝાથી મને બચાવ્યો
હતો, તે આ પલિસ્તીના હાથમાંથી મને બચાવશે. અને શાઉલે દાઉદને
કહ્યું, જા, ને યહોવાહ તારી સાથે હોજે. 38 અને શાઉલે પોતાનો કવચ
દાઉદને પહેરાવ્યું, ને તેના માથા પર પિત્તળનો ટોપ મુક્યો, ને તેને
બખતર પહેરાવ્યું. 39 અને દાઉદે પોતાની તરવાર પોતાના કવચ ઉપર
બાંધી, ને તેણે ચાલી જોયું, કેમકે તેણે તેનો અનુભવ કરી જોયો ન હતો.
અને દાઉદે શાઉલને કહ્યું કે, આ પહેરીને હું જઇ શકતો નથી, કેમકે મેં
એઓનો અનુભવ કરી જોયો નથી. અને દાઉદે પોતાનો અંગ ઉપરથી તે
કાઢી મુક્યું. 40 અને તેણે પોતાની લાકડી પોતાના હાથમાં લીધી, ને ના-
ળામાંથી પાંચ સુંવાળા પથરા પોતાને સારૂ વિણી લીધા, ને તેણે પોતા-
ની પાસે ઘેટાંપાળકની જે થેલી, એટલે ઝોળી હતી, તેમાં તે મુક્યા; ને
તેની ગોફણ તેના હાથમાં હતી; ને પલિસ્તી ભણી તે ચાલ્યો ગયો.
41 અને તે પલિસ્તી ચાલતો ચાલતો દાઉદ પાસે આવ્યો; ને જે માણસ
ઢાલ ઉચકતો હતો તે તેની આગળ ચાલતો ચાલતો દાઉદ પાસે
આવ્યો; ને જે માણસ ઢાલ ઉચકતો હતો તે તેની આગળ ચાલતો હતો.
42 અને તે પલિસ્તીએ આમ તેમ જોઇને દાઉદને દીઠો, ત્યારે તેણે તેને
તુચ્છકાર્યો; કેમકે તે જુવાન હતો, ને લાલચોળ તથા સુંદર ચહેરાનો
હતો. 43 અને તે પલિસ્તીએ દાઉદને કહ્યું કે, હું શું કુતરો છું, તું લાક-
ડીઓ લઇને મારી પાસે આવે છે? ને તે પલિસ્તીએ પોતાના દેવોના ના-
મે દાઉદને શ્રાપ દીધો. 44 અને તે પલિસ્તીએ દાઉદને કહ્યું કે, મારી પા-
સે આવ, એટલે કે હું તારૂં માંસ વાયુચર પક્ષીઓને તથા વનચર પશુ-
ઓને આપું. 45 ત્યારે દાઉદે તે પલિસ્તીને કહ્યું કે, તું તરવાર ને ભાલો ને
બરછી લઇને મારી પાસે આવે છે, પણ હું સૈન્યનો યહોવાહ, ઇસ્રાએલ-
ના સૈન્યનો દેવ, જેનો તુચ્છકાર તેં કીધો છે તેને નામે તારી પાસે આવું
છું. 46 યહોવાહ આજે તને મારાં હાથમાં સોંપશે, ને હું તને મરીશ, ને તારૂં
માથું તારા ધડ પરથી લઇશ, ને આજે પલિસ્તીઓના સૈન્યનાં મુડદા
વાયુચર પક્ષીઓ તથા પૃથ્વીનાં રાની પશુઓને હું આપીશ; એ માટે કે
સર્વ પૃથ્વી જાણે કે ઇસ્રાએલ મધ્યે દેવ છે; 47 ને એ માટે કે આ સર્વ
સમુદાય જાણે, કે તરવાર ને બરછી વડે યહોવાહ બચાવ કરતો નથી; કે-
મકે લડાઇ યહોવાહની છે, ને તે તમને અમારા હાથમાં આપશે. 48 અને
તે પલિસ્તી ઉઠ્યો, ને દાઉદ સામે લડવા સારૂ પાસે આવવા લાગ્યો,
ત્યારે એમ થયું કે, દાઉદ ઉતાવળથી તે પલિસ્તીને મળવાને સૈન્યની
ગમ દોડ્યો. 49 અને દાઉદે પોતાનો હાથ થેલીમાં ઘાલીને તેમાંથી એક
પત્થર લીધો, ને ગોફણમાં વીંઝીને તે પલિસ્તીના કપાળમાં માર્યો; ને
પત્થર તેના કપાળમાં પેસી ગયો, ને તે ઉંધે મ્હોડે ભૂમિ પર પડ્યો.
50 એમ દાઉદ ગોફણ તથા પત્થર વડે તે પલિસ્તી પર જીત પામ્યો, ને
તે પલિસ્તીને મારીને તેનો સંહાર કીધો; પણ દાઉદના હાથમાં તરવાર
ન હતી. 51 પછી દાઉદ દોડીને તે પલિસ્તી પર ઉભો રહ્યો, ને તેની તર-
વાર લઇને તેણે તેના મિયાનમાંથી કાઢી, ને તેથી તેનું ડોકું કાપીને તેને
કતલ કીધો. અને પોતાનો યોદ્ધો માર્યો ગયો છે, એ જોઇને પલિસ્તીઓ
નાઠા. 52 અને ઇસ્રાએલના તથા યહુદાહના માણસો ઉઠીને હોકારો કરી-
ને ગાય સુધી તથા એક્રોનની ભાગળ સુધી પલિસ્તી પાછળ લાગ્યા; ને
શાઅરાઈમના માર્ગ ઉપર ગાથ તથા એક્રોન સુધી પલિસ્તીઓના માણ-
સો ઘાયલ થઈને પડ્યા. 53 અને ઇસ્રાએલપુત્રોએ પલિસ્તીઓની પા-
છળ લાગવાથી પાછા ફરીને તેમની છાવણી લૂટી. 54 અને દાઉદે પેલા
પલિસ્તીનું માથું લઈને યરૂશાલેમમાં આણ્યું; પણ તેનું કવચ તેણે પો-
તાના તંબુમાં મુક્યું. 55 અને શાઉલે દાઉદને એ પલિસ્તી સાથે લડવા
જતાં જોયો, ત્યારે તેણે સેનાપતિ આબ્નેરને પુછ્યું કે, આબ્નેર, આ જુ-
વાન કોનો દીકરો છે? ને અબ્નેર કહ્યું કે, રાજા, તારા જીવના સમ, હું જા-
ણતો નથી. 56 અને રાજે કહ્યું કે, તે જુવાન કોનો દીકરો છે તેની તપાસ
તું કર. 57 અને તે પલિસ્તીનો સંહાર કીધા પછી દાઉદ પાછો આવ્યો,
ત્યારે આબ્નેર તેને શાઉલ પાસે લાવ્યો, ને પલિસ્તીનું માથું તેના હાથ-
માં હતું. 58 અને શાઉલે તેને પુછ્યું કે, જુવાન, તું કોનો દીકરો છે? અને
દાઉદે કહ્યું, હું તારા સેવક યિશાઈ બેથલેહેમીનો દીકરો છું.
18 અને શાઉલ સાથે તે વાત કરી રહ્યો, ત્યારે એમ થયું કે, યોના-
થાનનો જીવ દાઉદના જીવ સાથે એક ગાંઠ થઇ ગયો, ને યોના-
થાન પોતાના જીવના જેવી પ્રીતિ તેના પર કરવા લાગ્યો. 2 અને શાઉલે
તે દિવસથી તેને રાખ્યો, ને ત્યાર પછી તેને તેના બાપને ઘેર જવા દીધો
નહિ. 3 અને યોનાથાને તથા દાઉદે કોલકરાર કર્યા, કેમકે તે તેના પર
પોતાના જીવના જેવી પ્રીતિ કરતો હતો. 4 અને જે જભ્ભો યોનાથાને
પહેરેલો હતો તે તેણે પોતાના અંગપરથી કાઢીને દાઉદને આપ્યો, તથા
પોતાનું કવચ, પોતાની તરવાર, તથા ધનુષ્ય, તથા કમરબંધ સહિત
આપ્યું. 5 અને જ્યાં કંઈ શાઉલ દાઉદને મોકલતો હતો, ત્યાં તે ચાલ્યો
જતો, ને ડાહપણથી વર્તતો; ને શાઉલે તેણે લડવૈયા માણસો ઉપર નિ-
મ્યો, ને એ સર્વ લોકની નજરમાં તથા શાઉલના ચાકરોની નજરમાં પણ
સારૂં લાગ્યું. 6 અને દાઉદ પલિસ્તીઓનો સંહાર કરીને પાછો આવ્યો
ત્યાર પછી તેઓ ચાલ્યા આવતા હતા, ત્યારે એમ બન્યું કે, સ્ત્રીઓ ડફ
તથા વાંજીત્રો લઇને આનંદથી ગાતી ગાતી તથા નાચતી નાચતી શાઉ-
લને મળવા સારૂ ઇસ્રાએલના સર્વ નગરોમાંથી નીકળી આવતી. 7 અને
તે સ્ત્રીઓ રમતમાં ગાઇને એક બીજાને કહેતી કે, શાઉલે પોતાના સહ-
સ્ત્રોને, અને દાદુએ પોતાના દસ સહસ્ત્રોને સંહાર્યા છે. 8 અને શાઉલને
ઘણો ક્રોધ ચઢ્યો, ને આ રાસડાથી તેને ખોટું લાગ્યું, ને તેણે કહ્યું કે, તે-
ઓને દાઉદને દસ સહસ્ત્રોનું માન આપ્યું છે, ને મને તો તેઓએ માત્ર
સહસ્ત્રોનુંજ માન આપ્યું છે; રાજ્ય વિના તેને બીજા શાની કમી રહી છે?
9 ને તે દિવસથી શાઉલે દાઉદને નજરમાં રાખવા માંડ્યો. 10 અને તેને
બીજે દિવસે એમ થયું કે, દેવ તરફથી એક દુષ્ટાત્મા શાઉલ પર જોસ-
ભેર આવ્યો, ને તે ઘરમાં બકવાટ કરવા લાગ્યો; ને દાઉદ પોતાના નિ-
ત્યના વહિવટ મુજબ પોતાના હાથથી વાંજીત્ર વગાડતો હતો; ને શાઉ-
લના હાથમાં ભાલો હતો. 11 અને શાઉલ તે ભાલો ફેંક્યો, કેમકે તેણે
કહ્યું કે, હું દાઉદને મારીનને ભીંત સાથે ચોંટાડીશ. આને દાઉદ તેની
આગળથી બે વખત બચી ગયો. 12 અને શાઉલ દાઉદથી બીતો હતો, કે-
મકે યહોવાહ તેની સાથે હતો, પણ શાઉલની પાસેથી તે દૂર થયો હતો.
13 માટે શાઉલે તેને પોતાની હુજુરમાંથી ખસેડીને તેને પોતાને લશ્કરમાં
સહસ્ત્રાધિપતિ બનાવ્યો; ને તે લોકોની અંદર જવા આવવાનો વહિવટ
રાખવા લાગ્યો. 14 ને દાઉદ પોતાના સર્વ માર્ગોમાં ડાહપણથી વર્તતો
હતો, ને યહોવાહ તેની સાથે હતો. 15 ને તે ઘણા ડાહપણથી વર્તે છે એ
જોઇને શાઉલને તેની બીક લાગતી હતી. 16 પણ સર્વ ઇસ્રાએલ તથા

યહુદાહ દાઉદ ઉપર પ્રીતિ રાખતાં હતા; કેમકે તે તેઓની અંદર જવાનો
વહેવાર રાખતો હતો. 17 અને શાઉલે દાઉદને કહ્યું, જો, મારી જ્યેષ્ઠપુત્રી
મેરાબ છે, તેને હું તારી સાથે પરણાવીશ; ફક્ત એટલુંજ કે મારે સારૂ
બળવાન થા, ને યહોવાહની લડાઈઓ લડ. કેમકે શાઉલે કહ્યું કે, મારો
હાથ એના પર ન આવે, પણ પલિસ્તીઓનો હાથ એના પર આવે.
18 અને દાઉદ શાઉલને કહ્યું કે, હું કોણ છું, તથા મારા સગાંવહાલાં તથા
ઇસ્રાએલમાં મારા બાપનું કુટુંબ કોણ છે, કે હું રાજાનો જમાઇ થાઉં?
19 પણ જયારે શાઉલની દીકરી મેરાબ દાઉદને આપવી જોઈતી હતી,
ત્યારે એમ થયું કે તેને આદ્રીએલ મહોલાથીની સાથે પરણાવી દીધી.
20 અને શાઉલની દીકરી મીખાલને દાઉદ સાથે પ્રીતિ લાગી હતી; ને તે-
ઓએ શાઉલને કહ્યું, ને તે વાત તેને સારી લાગી. 21 અને શાઉલે કહ્યું,
હું તેણીને તેને આપીશ, કે તે તેને ફાંદારૂપ થાય, ને પલિસ્તીઓનો હાથ
તેની વિરુદ્ધ થાય. તે માટે શાઉલે દાઉદને કહ્યું કે, આજે તું બીજી વાર
મારો જમાઇ થશે. 22 અને શાઉલે પોતાના ચાકરોને આજ્ઞા કીધી કે,
તમારે દાઉદ સાથે ગુપ્ત રીતે વાતચિત કરીને કહેવું કે, જો, રાજા તારા
ઉપર બહુ પ્રસન્ન છે, ને તેના સર્વે ચાકરો તને ચાહે છે; માટે હવે રાજાનો
જમાઇ થા. 23 અને શાઉલના ચાકરોએ એ શબો દાઉદના કાનમાં કહ્યા;
ને દાઉદે કહ્યું કે, હું કંગાલ તથા અલ્પ આબરૂવાન માણસ છતાં રાજા-
નો જમાઇ થાઉં, એ વાત તમને જુજ લાગે છે કે શું? 24 ને શાઉલના ચા-
કરોએ તેને ખબર આપીને કહ્યું કે, દાઉદ આમ બોલ્યો. 25 અને શાઉંલે
કહ્યું કે, તમારે દાઉદને એમ કહેવું કે, રાજાને કંઈ પણ પહ્યું જોઈતું નથી,
પણ રાજાના શત્રુઓ પર વેર વાળવા સારૂ પલિસ્તીઓનાં એકસો અગ્ર-
ચર્મ જોઈએ છે. હવે શાઉલનો ઈરાદો એવો હતો કે દાઉદ પલિસ્તીઓના
હાથથી માર્યો જાય. 26 અને તેના ચાકરોએ એ વાતો દાઉદને કહી, ત્યારે
દાઉદને રાજાનો જમાઇ થવાનું બહુ સારૂં લાગ્યું. અને દિવસો પૂરા થયા
નહોતા, 27 એટલામાં દાઉદ ઉઠ્યો, ને તેણે પોતાના માણસો સુદ્ધાં જઈ-
ને બસેં પલિસ્તીઓને મારી નાખ્યા; ને દાઉદ તેઓના અગ્રચર્મ લાવ્યો,
ને તે રાજાનો જમાઇ થાય, તે માટે તેઓએ રાજાને પૂરેપૂરા ગણી
આપ્યાં. અને શાઉલે પોતાની દીકરી મીખાલને તેની સાથે પરણાવી.
28 અને શાઉલે જોયું ને જાણ્યું કે, યહોવાહ દાઉદની સાથે છે; ને શાઉલ-
ની દીકરી મીખાલને તેની સાથે પ્રીતિ લાગી હતી. 29 અને શાઉલ દાઉદ-
થી અગાઉ કરતાં પણ વધારે બીવા લાગ્યો; ને શાઉલ જથુ દાઉદનો વે-
રી રહ્યો. 30 ત્યાર પછી પલિસ્તીઓના સરદારો સવારીએ નિકળવા લા-
ગ્યા; ને તેઓ જેટલા વખત સ્વારીએ નિકળતા તેટલા વખત એમ થતું
કે, દાઉદ શાઉલના સર્વ ચાકરો કરતાં ચતુરાઇથી વર્તતો; તેથી તેનું
નામ ઘણુંજ લોકપ્રિય થયું.

**19** અને શાઉલે પોતાના દીકરા યોનાથાનને તથા પોતાના સર્વ
ચાકરોને કહ્યું કે, તમારે દાઉદને મારી નાખવો. પણ શાઉલનો
દીકરો યોનાથાન તેના ઉપર ફિદા હતો. 2 અને યોનાથાને દુઆદને
ખબર આપતાં કહ્યું કે, મારો બાપ શાઉલ તને મારી નાખવા શોધે છે,
માટે કૃપા કરીને સવારમાં પોતા વિષે સાવચેત થઈને કોઇ ગુપ્ત જગ્યામાં
સંતાઈ રહેજે; 3 ને હું ફરવા નિકળીને જે ખેતરમાં તું હશે ત્યાં મારા બાપ
પાસે ઉભો રહીશ, ને મારા બાપની સાથે તારા વિષે વાતચિત કરીશ; ને
જો હું કંઈ જોઇશ તો હું તને ખબર આપીશ. 4 અને યોનાથાને પોતાના
બાપ શાઉલ આગળ દાઉદની પ્રશંસા કરતાં તેને કહ્યું કે, રાજાથી પોતા-
ના ચાકર દાઉદનો અપરાધ ન થાઓ; કેમકે તેણે તારો અપરાધ કીધો
નથી, ને તેનાં કામ તારી પ્રત્યે ઘણાં સારાં થતાં આવ્યાં છે; 5 કેમકે તેણે
પોતાનો જીવ પોતાના હાથમાં લઈને પલિસ્તીઓને માર્યા, ને યહોવાહે
સર્વ ઇસ્રાએલને સારૂ મોટી ફતેહ મેળવી; તે જોઇને તને હર્ષ થયો; ત્યારે
કારણ વગર મારી નાખીને નિર્દોષ લોહીની વિરુદ્ધ શા સારૂ તારે અપ-
રાધ કરવો? 6 ને શાઉલે યોનાથાનનું કહેવું સાંભળ્યું; ને શાઉલે જીવતા
યહોવાહનું સોગન ખાઈને કહ્યું કે, તે માર્યો નહિજ જશે. 7 અને યોનાથા-
ને દાઉદને બોલાવ્યો, ને યોનાથાને તેને એ સર્વ વાતો વિષે વાકેફગાર
કીધો. અને યોનાથાન દાઉદને શાઉલ પાસે લાવ્યો, ને તે આગળની
માફક તેની હજુરમાં રહ્યો. 8 અને ફરીથી વિગ્રહ થયો; ને દાઉદ સામો
જઈને પલિસ્તીઓની સાથે લડ્યો, ને મારીને તેઓનો મોટો સંહાર કી-
ધો; ને તેઓ તેની આગળથી નાઠા. 9 અને શાઉલ પોતાનો ભાલો પો-
તાના હાથમાં લઈને પોતાના ઘરમાં બેઠો હતો, અને અરસામાં તેના
ઉપર યહોવાહ તરફથી દુષ્ટાત્મા આવ્યો; ને દાઉદ પોતાના હાથથી
વાંજીત્ર વગાડતો હતો. 10 અને શાઉલે દાઉદને ભાલો મારીને તેને ભીંતે
ચોંટાડી દેવાનો પ્રયત્ન કીધો; પણ તે શાઉલની હજુરમાંથી સટકી ગયો,
ને તેનો મારેલો ભાલો ભીંતમા ચોંટ્યો; ને દાઉદ નાસીને તે રાતે બચી
ગયો. 11 અને દાઉદ ઉપર ચોકી રાખીને તેને સવારે મારી નાખવા સારૂ
શાઉલ તેને ઘેર હલકારા મોકલ્યા; અને દાઉદની સ્ત્રી મીખાલે તેને
ખબર આપીને કહ્યું કે, તો તું આજ રાત્રે તારો જીવને બચાવશે નહિ, તો
કાલે તું માર્યો જશે. 12 તેથી મીખાલે દાઉદને બારીએથી ઉતારી મુખ્યો;
ને તે નાસી જઇને બચ્યો. 13 અને મીખાલે તરાફિમ લઈને પલંગ પર સુ-
વાડ્યા, ને તેને ઓશીકે બકરાના વાળનો તકિયો મુક્યો ને તેના પર
લુંગડા ઓઢાડ્યાં. 14 અને શાઉલે દાઉદને પકડવાને હલકારા મોકલ્યા,
ત્યારે તેણીએ કહ્યું કે, તે માંદો છે. 15 અને શાઉલે દાઉદને જોવા સારૂ
હલકારા મોકલ્યા, એમ કહીને કે, તેને પલંગમાં મારી પાસે ઉંચકી લાવો,
કે હું તેને મારી નાખું. 16 અને હલકારા અંદર આવ્યા, ત્યારે, જુઓ, પલંગ
પર તો તરાફીમ હતા, તથા તેને ઓશીકે બકરાના વાળનો તકિયો હતો.
17 અને શાઉલે મીખાલને કહ્યું કે તેં કેમ મને આ રીતે છેતરીને મારા
શત્રુને જવા દીધો, કે જેથી તે બચી ગયો છે? ને મીખાલે શૌલને ઉત્તર
આપ્યો કે, તેણે મને કહ્યું કે, મને જવા દે, મારી પાસે તારૂં ખૂન કેમ કરા-
વે છે? 18 હવે દાદુ નાસી છૂટ્યો, ને રામાહમાં શમૂએલ પાસે આવીને જે
સઘળું શાઉલે તેના પર વિતાડ્યું હતું તેની ખબર તેને કહી. અને તે તથા
શમૂએલ જઈને નાયોથમાં રહ્યા. 19 અને શાઉલને એવા સમાચાર મળ્યા
કે, જો, દાઉદ રામાહના નાયોથમાં છે. 20 અને શાઉલે દાઉદને પકડવાને
હલકા મોકલ્યા; અને જયારે તેઓએ ભવિષ્યવાદીની તોલીને ભવિષ્ય-
વાણી બોલતી, તથા શમૂએલને તેઓના ઉપરી તરીકે તેઓ મધ્યે ઉભો
રહેલો જોયો, ત્યારે શાઉલના હલકારા ઉપર દેવનો આત્મા આવ્યો,
અને તેઓ પણ ભવિષ્યવાણી બોલવા લાગ્યા. 21 અને શાઉલને તે
સમાચાર મળ્યા, ત્યારે તેણે બીજા હલકારો મોકલ્યા, ને તેઓ પણ
ભવિષ્યવાણી વદવા લાગ્યા. 22 પછી તે પણ રામાહમાં ગયો, ને સેખુ-
માંના મોટા કુવા પાસે આવ્યો; ને તેણે પુછ્યું કે, શમૂએલ તથા દાઉદ
ક્યાં છે? ને કોઈએકે કહ્યું કે, જો, તેઓ રામાહમાં નાયોથમાં છે. 23 અને
તે રામાહના નાયોથમાં જવા નિકળ્યો; ને દેવના આત્મા તેના પર પણ
આવ્યો, ને તેણે રસ્તે ચાલતાં ચાલતાં રામાહના નાયોથમાં પહોંચ્યો
ત્યાં સુધી ભવિષ્યવાણી વધા કરી. 24 અને તેણે પોતાનો અંગવસ્ત્ર
પણ ઉતાર્યા, ને તે પણ શમૂએલની આગળ ભવિષ્યવાણી વદવા લા-
ગ્યો, ને તે આંખો દિવસ તથા રાત નગ્નાવસ્થામાં પડી રહ્યો. એ ઉપરથી
લોકોમાં કહેવત ચાલે છે કે, શું શાઉલ પણ ભવિષ્યવાડીઓમાં છે?

**20** અને દાઉદે રામાહના નાયોથમાંથી નાસીને યોનાથાન પાસે
આવીને કહ્યું કે, મેં શું કીધું છે? મારો અન્યાય શો છે? ને તારા
બાપ પ્રત્યે મારો શો અપરાધ છે કે તે મારો જીવ શોધે છે? 2 ને તેણે તેને
કહ્યું, એ તારાથી દૂર થાઓ; તું માર્યો નહિજ જશે; મારો બાપ મોટું કે ના-
ણું કંઈ પણ મને જણાવ્યા વગર કરતો નથી; ને આ વાત મારો બાપ
મારાથી કેમ છુપાવે? એમ તો ન હોય. 3 અને દાઉદ વળી સોગલ ખાઇને
કહ્યું કે, તારો બાપ સારી પેઠે જાણે છે કે, હું તારી દૃષ્ટિમાં કૃપા પામ્યો
છું; માટે તે કહે છે કે, યોનાથાન આ વાત ન જાણે, રખેને તેને દિલગીરી
ઉત્પન્ન થાય; પણ હું જીવતા યહોવાહના તથા તારા જીવના સોગન ખા-
ઉં છું કે, ખેરેખર મારી તથા મોતની વચ્ચે ફક્ત એક ડગલુંજ રહ્યું છે.
4 ત્યારે યોનાથાને દાઉદને કહ્યું કે, જે કંઈ તારા જીવની ઇચ્છા હોય, તે
હું તારે વાસ્તે કરૂં. 5 અને દાઉદે યોનાથાનને કહ્યું કે, જો કાલે અમાસ છે,
ને મારે રાજાની સાથે ખાણા પર બેઠા વગર ચાલે એમ નથી; પણ મને
જવા દે કે પરમ દહાડાની સાંજ સુધી હું સીમમાં સંતાઈ રહું. 6 જો મારી
ગેરહાજરી તારી બાપની નજરમાં આવેજ, તો તું કહેજે કે, દાઉદ પોતાના
નગર બેથલેહેમમાં દોડતો જઈને આવવાને સારૂ હઠેઠથી મારી પાસે
રજા માગી; કેમકે ત્યાં આખા કુટુંબને સારૂ વાર્ષિક યજ્ઞ છે. 7 જો તે એમ
કહે કે, ઠીક છે; તો તારા દાસને શાંતિ થશે; પણ જો તે ગુસ્સે થાય તો
જાણજે કે તેણે ઉપદ્રવનો નિશ્ચય કીધો છે. 8 માટે તારા સેવક ઉપર કૃપા
કર, કેમકે તેં તારા સેવકને તારી સાથે યહોવાહના કરારમાં લીધો છે;
પણ મારામાં દુષ્ટાઈ હોય, તો તું મને પંડે મારી નાખ;કેમકે તું મને તારા
બાપ પાસે શા સારૂ લઈ જય? 9 ને યોનાથાને કહ્યું કે, એ તારાથી દૂર

થાઓ; કેમકે જો એવું મારા જાણવામાં આવે, કે મારા બાપે તારા પર જો-
ખમ આણવાનો નિશ્ચય કીધો છે, તો શું તે હું તને ન કહું? 10 ત્યારે દાઉદે
યોનાથાનને કહ્યું કે, જો કદાપિ તારો બાપ તને કઠોર વચનોથી ઉત્તર
આપશે તો મને તે કોણ કહેશે? 11 અને યોનાથાને દાઉદને કહ્યું કે,
ચાલ, આપણે બહાર સીમમાં જઈએ. અને તે બન્ને બહાર સીમમાં ગયા.
12 અને યોનાથાને ઇસ્રાએલના દેવ યહોવાહને શાહેદી રાખીને દાઉદને
કહ્યું કે, કાલે સુમારે આ વેળાએ કે પરમ દિવસે મારા બાપના મનને
તપાસી જોઈને, જો દાઉદના હકમાં ઠીક હશે, તો શું હું તારી પાસે મા-
ણસ મોકલીને તને તેની ખબર નહિ કહાવીશ? 13 જો મારા બાપની મર-
જી તને હાનિ પહોંચાડવાની હશે તો, જો હું તને ખબર ના આપું, ને તું
શાંતિથી ચાલ્યો જાય માટે તને વિદાય ના કરૂં, તો યહોવાહ યોનાથાન
ઉપર એવું, તથા એથી પણ વધારે વિતાડો; ને જેમ યહોવાહ મારા બાપ-
ની સાથે હતો તેમ તે તારી સાથે હો. 14 અને ફક્ત મારી જિંદગીભર મારા
પર યહોવાહની કૃપા રાખીને મારૂં મોત તું ન આણીશ, એટલુંજ નહિ,
15 પરંતુ મારા ઘરપરથી પણ કોઈ કાલે તારી કૃપા ઉઠાવી લઈશ નહિ;
બલકે, યહોવાહ દાઉદના પ્રત્યેક શત્રુને પૃથ્વીની પીઠપરથી નષ્ટ કરી
નાખે ત્યારે પણ નહિ. 16 એ પ્રમાણે યોનાથાને દાઉદના ઘરની સાથે
કરાર કર્યો, ને કહ્યું કે, યહોવાહ દાઉદના શત્રુઓની પાસેથી જવાબ લે-
શે. 17 અને તેની ઉપરના પોતાના પ્યારની ખાતર, યોનાથાને દાઉદને
ફરીથી સમ ખવડાવ્યા; કેમકે તે પોતાના જીવની પેઠે તેના ઉપર પ્રીતિ
કરતો હતો. 18 પછી યોનાથાને તેને કહ્યું કે, કાલે અમાસ છે; ને તારી ગે-
રહાજરી જણાઈ આવશે, કેમકે તારી બેઠક ખાલી હશે. 19 અને ત્યાં ત્રણ
દિવસ રહ્યા પછી જલદીથી નીચે ઉતરીને, જ્યાં પેલા કામને પ્રસંગે તું
સંતાઈ રહ્યો હતો તે ઠેકાણે આવીને, એઝેલ પત્થર પાસે તું રહેજે.
20 અને નિશાન મારતો હોઉં એવું ડોળ દેખાડીને હું ત્રણ બાણ તે તરફ
મારીશ. 21 અને, જો, હું છોકરાને એમ કહીને મોકલીશ કે, જા, બાણ શો-
ધી કાઢ. જો હું છોકરાને કહું કે, જો, બાણ તારી આણીગમ છે; તો તેમને
લઈને આવજે; કેમકે જીવતા યહોવાહના સમ કે, ત્યારે તું સહીસલામત
તથા નિર્વિઘ્ન છે. 22 પણ જો હું તે છોકરાને કહું કે, જો, બાણો તારી પે-
લી તરફ છે, તો તારે રસ્તે ચાલ્યો જજે; કેમકે યહોવાહે તને વિદાય કીધો
છે. 23 અને જે બાબત વિષે તેં ને મેં વાત કરી છે તેમાં તો, જો, યહોવાહ
સદાકાળ સુધી તારી ને મારી વચમાં છે. 24 એમ દાઉદ સીમમાં સંતાઈ
રહ્યો; ને અમાસ આવી ત્યારે રાજા જમવાને બેઠો. 25 અને રાજા આગળ-
ના રિવાજ પ્રમાણે પોતાના આસન પર, એટલે ભીંત પાસેના આસન
પર બેઠો; ને યોનાથાન ઉભો રહ્યો હતો, ને આબ્નેર શાઉલની બાજુએ
બેઠો હતો; પણ દાઉદની જગ્યા ખાલી હતી. 26 પરંતુ શાઉલ તે દિવસે
કંઈ બોલ્યો નહિ; કેમકે તેણે ધાર્યું કે તેને કંઈ થયું હશે; તે અશુદ્ધ થયેલો
હશે; બેશક તે અશુદ્ધ થએલો છે. 27 અને અમાસને બીજે દિવસે,એટલે
માસને બીજે દિવસે, એમ બન્યું કે, દાઉદની જગ્યા ખાલી હતી; ને શા-
ઉલે પોતાના દીકરા યોનાથાનને કહ્યું કે, યિશાઈનો દીકરો જમવા કેમ
નથી આવતો, કાલે તેમ આજ પણ નહિ? 28 અને યોનાથાને શાઉલે
ઉત્તર આપ્યો કે, દાઉદે બેથલેહેમ જવા સારૂ આગ્રહથી મારી પાસે રજા
માગી; 29 ને તેણે કહ્યું કે, કૃપા કરીને મને જવા દે; કેમકે અમારા કુટુંબને
નગરમાં યજ્ઞ કરવાનો છે; ને મારા ભાઈએ મને ત્યાં જવાનો હુકમ કીધો
છે; ને હવે જો તારી દૃષ્ટિમાં હું કૃપા પામ્યો હોઉં, તો કૃપા કરી મને
અહીંથી જઈને મારા ભાઈઓને મળવા દે. એ માટે તે રાજાના ખાણા પર
આવ્યો નથી. 30 ત્યારે શાઉલે યોનાથાન ઉપર ક્રોધાયમાન થઈને તેને
કહ્યું કે, અરે વિપરીત તથા ફિતૂરી સ્ત્રીના છોકરાં, તારા પોતા પર લાજ
લાવવા સારૂ તથા તારી માંની ફજેતી કરવા સારૂ તે યિશાઈના દિકરાને
પસંદ કર્યો છે, એ શું હું નથી જાણતો? 31 કેમકે જ્યાં સુધી યિશાઈનો દી-
કરો ધરતી પર જીવે છે ત્યાં સુધી તું તથા તારૂં રાજ્ય સ્થાપિત થનાર
નથી. માટે હવે માણસ મોકલીને તેને મારી પાસે તેડી મંગાવ, કેમકે તેને
મરવું એ તો અવશ્ય છે. 32 અને યોનાથાને પોતાના બાપ શાઉલને
ઉત્તર આપતાં કહ્યું કે, તેને શા વાસ્તે મારી નાખવો જોઈએ? તેણે શું કી-
ધું છે? 33 અને શાઉલે તેને મારવા સારૂ પોતાનો ભાલો તેની તરફ ફેંક્યો;
તે ઉપરથી યોનાથાને જાણ્યું કે, મારા બાપે દાઉદને મારી નાખવાનો
નિશ્ચય કીધો છે. 34 તેથી યોનાથાન ઘણો ક્રોધાયમાન થઈને ખાણા
ઉપરથી ઉઠી ગયો, ને માસને બીજે દિવસે તે કંઈ પણ જમ્યો નહિ. કેમ-
કે દાઉદ વિષે તેને દુઃખ લાગ્યું, કેમકે તેના બાપે એનું અપમાન કીધું
હતું. 35 અને સવારમાં એમ થયું કે, યોનાથાન એક નાના છોકરાને સાથે
લઈને દાઉદની સાથે ઠરાવેલે વખતે ખેતરમાં ગયો. 36 અને તેણે પોતા-
ની સાથેના છોકરાને કહ્યું, દોડ, ને જે બાણો હું મારૂં તે શોધી કાઢ. ને
છોકરો દોડતો હતો તે દરમિયાન તેણે એક બાણ તેનાતી આગળ માર્યું.
37 અને યોનાથાને બાણ માર્યું હતું તે ઠેકાણે તે છોકરો પહોંચ્યો, ત્યારે
યોનાથાને છોકરાની પાછળ હાંક મારીને કહ્યું કે, બાણ હજી તારાથી
આગળ નથી શું? 38 ને યોનાથાને છોકરાપાછળ હાંક મારી કે, જડપ કર,
જલદી આવ, વિલંબ ન કર. અને યોનાથાનનો છોકરો બાણો એકઠા
કરીને પોતાના ધણી પાસે આવ્યો. 39 પણ ચોરો કંઈ જાણતો નહોતો;
કેવળ યોનાથાન તથા દાઉદ તે બાબત વિષે જાણતા હતા. 40 અને યો-
નાથાને પોતાનાં શસ્ત્રો પોતાના છોકરાને આપીને તેને કહ્યું કે, તેમને
નગરમાં લઇ જા. 41 અને છોકરો ગયો કે તરત દાઉદ દક્ષિણ બાજુએથી
ઉભો થયો, ને સાષ્ટાંગ દંડવત કરીને ત્રણ વાર પ્રણામ કીધા; ને તે-
ઓએ એકબીજાની સાથે રડ્યા, ને આખરે દાઉદનું રડવું વધારે થયું.
42 અને યોનાથાને દાઉદને કહ્યું કે, શાંતિએ જા, કેમકે આપણ બન્નેએ
યહોવાહને નામે સમ ખાધા છે કે, આપણે યહોવાહને સદાકાળ સુધી
મારી તથા તારી વચ્ચે, ને મારા સંતાન તથા તારા સંતાનની વચ્ચે રા-
ખીશું. અને તે ઉઠીને વિદાય થયો; ને યોનાથાન નગરમાં ગયો.

21 અને દાઉદ નોબમાં અહીમેલેખ યાજકની પાસે આવ્યો; અને
અહીમેલેખ ધ્રુજતાં ધ્રુજતાં દાઉદને મળવા આવીને તેને પુછ્યું
કે, તું એકલો કેમ આવ્યો છે, ને તારી સાથે કોઈ માણસ નથી? 2 એટલે
દાઉદે અહીમેલેખ યાજકને કહ્યું કે, રાજાએ મને એ કામ ફરમાવીને કહ્યું
છે કે, જે કામ વિષે હું તને મોકલું છું, તથા જે કામ મેં તને ફરમાવ્યું છે, તે
વિષે કોઈ માણસને કિન્ન ખબર ન પડે; ને ફલાણી ફલાણી જગ્યા પર મેં
યુવાનોની નિમણુક કરી છે. 3 તો હવે તારા હવાલામાં શું છે? પાંચ રોટ-
લી, અથવા જે કંઈ હાજર હોય તે, મારા હાથમાં આપ. 4 અને યાજકે દા-
ઉદને ઉત્તર આપીને કહ્યું કે, મારા હવાલામાં સાધારણ રોટલી બિલકુલ
નથી, પણ પવિત્ર રોટલી છે; પણ જો યુવાન પુરુષો સ્ત્રીઓથી દૂર રહે-
લા હોય તોજ તે અપાય. 5 અને દાદુએ યાજકને ઉત્તર આપીને તેને કહ્યું
કે, આસરે ગયા ત્રણ દિવસોમાં તો સ્ત્રીઓ ખરેખર અમારાથી દૂર રખાઈ
છે; જયારે હું ચાલી નિકળ્યો ત્યારે, જો કે મુસાફરી ફક્ત સાધારણ હતી
તો પણ યુવાન પુરુષોનાં પાત્રો પવિત્ર હતા; તો આજ તેમનાં પાત્રો કે-
ટલાં વિશેષ પવિત્ર હશે! 6 તો ઉપરથી યાજકે તેને પવિત્ર રોટલી આપી.
કેમકે બીજી ગરમ રોટલી યહોવાહની આગળ મુકવા સારૂ તે દિવસે તેની
આગળથી ઉઠાવી લીધેલી અર્પિત રોટલી શિવાય બીજી કંઈ રોટલી
હતી નહિ. 7 હવે તે દિવસે શાઉલના ચાકરોમાંના એક અમુક માણસ
ત્યાં યહોવાહની આગળ રોકલો હતો, ને તેનું નામ દોએગ અદોમી હતું,
તે શાઉલના ગોવાળીઓમાં મુખ્ય હતો. 8 અને દાઉદે અહીમેલેખને કહ્યું
કે, શું તારા હવાલામાં અહીં ભાલો કે તરવાર નથી. 9 અને યાજકે કહ્યું કે,
જો, પલિસ્તી ગોલ્યાથ જેણે તે એલાહની ખીણમાં મારી નાખ્યો હતો,
તેની તરવાર અહીં લુગડે વિંટાળીને એફોદની પાછળ મુકેલી છે; જો તે
તારે લેવાની ઈચ્છા હોય, તો લે; કેમકે તે શિવાય બીજી એકે અહીં નથી.
અને દાઉદે કહ્યું કે, એના જેવી એકે નથી, એ મને આપ. 10 અને દાઉદ
ત દિવસે ઉઠીને શાઉલની બીકથી ગાથના રાજા આખીશ પાસે નાસી
ગયો. 11 અને આખીશના ચાકરોએ તેને કહ્યું કે, શું આ તે દેશનો રાજા
દાઉદ નથી? શું તેઓએ નાચતાં નાચતાં સામાસામી આ પ્રમાણે ગાયું
નથી? કે, શાઉલ પોતાના સહસ્ત્રોને માર્યા છે, ને દાઉદે તો પોતાના દસ
સહસ્ત્રોને માર્યા છે. 12 અને દાઉદે એ શબ્દો મનમાં રાખ્યા, ને ગાથમાં
રાજા આખીશથી તે ઘણો બીતો હતો. 13 અને તેણે તેઓની આગળ પો-
તાની વર્તણુક બદલી, ને તેઓના હાથમાં હતો ત્યારે ઘેલાઈનું ઢોંગ ધા-
રણ કીધું, ને દરવાજાનાં કમાડો ઉપર લીટા પાડ્યા, ને પોતાનું થુંક દા-
ઢી ઉપર પડવા દીધું. 14 ત્યારે આખીશે પોતાના ચાકરોને કહ્યું કે, જુઓ,
તમે જુઓ છો કે એ માણસ ગાંડો છે, તો શા વાસ્તે તમે તેને મારી પાસે
લાવ્યા છો? 15 શું મને ઘેલા માણસની ખોટ છે કે તમે આ માણસને મા-
રી હજુરમાં ઘેલાઈ કરવાને આણ્યો છે? શું આ માણસને મારા ઘરમાં દા-
ખલ કરાય?

22 માટે દાઉદ ત્યાંથી નિકળીને અદુલ્લામની ગુફામાં નાસી ગયો,
ને તેના ભાઈઓ તથા તેના બાપનું આખું ઘર તે સાંભળીને ત્યાં
તેની પાસે ગયાં. 2 અને જે સર્વ સંકટમાં હતા, તથા જે સર્વ દેવાદાર
હતા, તથા જે સર્વ અસંતોષી હતા, તેઓ તેની પાસે એકઠા થયા; ને તે
તેઓનો સરદાર બન્યો; ને ત્યાં તેની સાથે આસરે ચારસેં માણસો હતા.
3 અને દાઉદ ત્યાંથી મોઆબના મિસ્પેહમાં ગયો; ને તેણે મોઆબના
રાજાને કહ્યું કે, દેવ મારા હકમાં શું કરવાનો છે એ મારા જાણવામાં
આવે, ત્યાં સુધી કૃપા કરીને મારા બાપને તથા મારી માને અહીં આવીને
તારી પાસે રહેવા દે. 4 અને તે તેઓને મોઆબના રાજાની હજુરમાં લા-
વ્યો; ને દાઉદ ગઢમાં રહેતો હતો તેટલો બધો વખત તેઓ તેની સાથે
રહ્યાં. 5 અને ગાદ ભવિષ્યવાદીએ દાઉદને કહ્યું કે, ગઢમાં ન રહેતો;
અહીંથી નિકળીને યહુદાહના દેશમાં જા. ત્યારે દાઉદ ત્યાંથી નીકળીને
હેરેથના વનમાં આવ્યો. 6 અને શાઉલે સાંભળ્યું કે દાઉદ તથા તેની સા-
થેના માણસો છતા થયા છે; આ વેળાએ શાઉલ તો ગિબઆહમાં, રામા-
હમાંના આમલીના ઝાડ તળે, પોતાના હાથમાં ભાલો રાખીને બેઠો હતો,
ને તેના સર્વ ચાકરો તેની આસપાસ ઉભા હતા. 7 અને શાઉલે પોતાની
આસપાસ ઉભેલી પોતાના ચાકરોને કહ્યું કે, હે બિન્યામીનીઓ, તમે
સાંભળો; શું યિશાઈનો દીકરો તમ પ્રત્યેકને ખેતરો તથા દ્રાક્ષવાડીઓ
આપશે, શું તે તમ સર્વેને સહસ્રાધિપતિઓ તથા શતાધિપતિઓ બના-
વશે; 8 કે તમ સર્વેએ મારી વિરુદ્ધ ફિસાદ રચ્યો છે, ને મારો દીકરો યિ-
શાઈના દીકરા સાથે કોલકરાર કરે છે ત્યારે મને ખબર આપનાર કોઈ
નથી, ને મારે લીધે દલગીર થનાર કોઈ નથી, અથવા મારા દીકરાએ મા-
રા ચાકરને મારી વિરુદ્ધ આજની પેઠે સંતાઈ રહેવાને ઉસકેર્યો છે તેની
મને ખબર આપનાર તમારામાંનો કોઈ નથી? 9 ત્યારે દોએગ અદોમી જે
શાઉલના ચાકરો પાસે ઉભો હતો, તેણે ઉત્તર આપીને કહ્યું કે, મેં યિશા-
ઈના દીકરાને નોબમાં અહીટૂબના દીકરા અહીમેલેખ પાસે આવતો જો-
યો હતો. 10 અને એણે તેને સારૂ યહોવાહની સલાહ પુછી, ને તેને ભાથું
આપ્યું, ને તેને ગોલ્યાથ પલિસ્તીની તરવાર આપી. 11 ત્યારે રાજાએ
અહીટૂબના દીકરા અહીમેલેખ યાજકને, તથા તેના બાપના આખા ઘર-
નાં યાજકો જે નોબમાં હતા, તેઓને તેડાવ્યા; ને તે સર્વે રાજા પાસે
આવ્યા. 12 અને શાઉલે કહ્યું, હે અહીટૂબના દીકરા, હમણાં સાંભળ.
અને તેણે ઉત્તર આપ્યો, હે મારા મુરબ્બી, હું હાજર છું. 13 અને શાઉલે
તેને કહ્યું કે, યિશાઈનો દીકરો મારી વિરુદ્ધ બળવો ઉઠાવીને આજની
માફક મારે સારૂ સંતાઈ રહે, તે માટે તે તેને રોટલી તથા તરવાર આપીને,
તથા તેને સારૂ દેવની સલાહ પુછીને, તમે, એટલે તેં તથા તેણે, મારી
વિરુદ્ધ ફિતૂર કેમ રચ્યું છે? 14 ત્યારે અહીમેલેખ રાજાને ઉત્તર આપ્યો કે,
દાઉદ કે જે રાજાનો જમાઈ છે, ને તારી રાજ્યસભામાં દાખલ કરાએલો
છે, તે તારા ઘરમાં માનવંતો છે, તેના જેવો વિશ્વાસુ તારા બધા ચાકરોમાં
કોણ છે વારૂ? 15 શું મેં આજજ તેને સારૂ દેવની સલાહ પૂછવાનું શરૂ કી-
ધું છે? એ મારાથી દૂર થાઓ; રાજાએ પોતાના ચાકરને માથે કે મારા બા-
પના ઘરનાં કોઈને માથે એ અપરાધ મુકવો નહિ; કેમકે એ સર્વ બાબતો
વિષે તારો ચાકર કંઈ પણ વત્તું કે ઓછું જાણતો નથી. 16 ત્યારે રાજાએ
કહ્યું કે, હે અહીમેલેખ તું તારા બાપના આખા ઘર સુધા ખચિત માર્યો
જશે; 17 અને રાજાએ પોતાની આસપાસ ઉભા રહેલા અંગરક્ષકોને કહ્યું
કે, ફરીને યહોવાહના યાજકોને મારી નાખો, કેમકે તેઓનો હાથ પણ દા-
ઉદ સાથે છે, ને તે નાસી જાય છે એમ તેઓ જાણતા હતા તેમ છતાં, તે-
ઓએ મને તેની ખબર ન આપી. પણ રાજાના ચાકરો યહોવાહના યાજ-
કો ઉપર તુટી પડવા સારૂ પોતાના હાથ લાંબા કરવાને રાજી નહોતા.
18 ત્યારે રાજાએ દોએગ્નેકહ્યુ કે, તું પાછો ફરીને યાજકો ઉપર તુટી પદ.
અને દોએગ અદોમી પાછો ફર્યો, ને યાજકો ઉપર તુટી પડીને તે દિવસે
તેણે સણનો એફોદ પહેરેલો પંચાશી પુરૂષોને મારી નાખ્યા. 19 અને યા-
જકોના નગર નોબને પણ તેણે તરવારની ધારથી કતલ કર્યું, એટલે પુ-
રૂષો તથા સ્ત્રીઓને, બાળકો તથા ધાવણાનો, અને બળદો તથા ગધેડાં
તથા ઘેટાંનો તેણે તરવારની ધારથી સંહાર કીધો. 20 અને અહીટૂબના
દીકરા અહીમેલેખનો અબ્યાથાર નામનો એક દીકરો બચી ગયો, ને દા-
ઉદ પાછળ નાસી ગયો. 21 અને અબ્યાથારે દાદુદને ખબર આપી કે, શા-
ઉલે યહોવાહના યાજકોને મારી નાખ્યા છે. 22 અને દાઉદે આબ્યાથારને
કહ્યું કે, તે દિવસે દોએગ અદોમી ત્યાં હતો, ત્યારથીજ હું જાણતો હતો
કે તે શાઉલને જરૂર કહી દેશે. તારા બાપના ઘરનાં સર્વ માણસોના મો-
તનું કારણ હુંજ થયું છું. 23 તું મારી સાથે રહે; બીશ નહિ; કેમકે જે તારો
જીવ લેવા શોધે છે તે મારો જીવ લેવા શોધે છે; કેમકે મારી સાથે તું
સહીસલામતીમાં રહેશે.

23 અને તેઓએ દાઉદને ખબર આપીને કહ્યું કે, જો, પલિસ્તીઓ
કઈલાહ વિરુદ્ધ લડે છે, ને ખળીઓ લૂટે છે. 2 તે માટે દાઉદે
યહોવાહની સલાહ પુછી કે, હું જઈને એ પલિસ્તીઓને મારૂં? ને યહોવાહે
દાઉદને કહ્યું કે, જા, ને પલીસ્તીઓને મારીને કઈ'લાહને બચાવ. 3 અને
દાઉદના માણસોએ તેને કહ્યું કે, જો, અમને અહીં યહુદાહમાં દર લાગે
છે; તો કાઈલાહમાં પલિસ્તીઓનાં લશ્કરો વિરુદ્ધ જતાં કેટલો વિશેષ
દર લાગશે! 4 ત્યારે દાઉદે બીજીવાર પણ યહોવાહની સલાહ લીધી, ને
યહોવાહે તેને ઉત્તર આપીને કહ્યું કે, ઉઠીને કઈલાહ પર ચઢાઈ કર; કેમ-
કે હું પલિસ્તીઊને તારા હાથમાં સોંપી દઈશ. 5 અને દાઉદ તથા તેના
માણસો કઈલાહમાં ગયા, ને પલિસ્તીઓ સાથે યુદ્ધ કરીને તેઓનાં ઢોર
હરણ કરી ગયા, ને તેમને કતલ કરીને તેમનો મોટો સંહાર કીધો. એમ
દાઉદે કઈલાહવાસીઓને બચાવ્યા. 6 અને એમ થયું કે, અહીમેલેખનો
દીકરો આબ્યાથાર દાઉદ પાસે કઈલાહમાં નાસી આવ્ય ત્યારે તે પોતા-
ના હાથમાં એક એફોદ લેતો આવ્યો હતો. 7 અને શાઉલને સમાચાર
મળ્યા કે દાઉદ કઈલાહમાં આવ્યો છે. અને શાઉલે કહ્યું કે, દેવે તેને મા-
રા હાથમાં સોંપી દીધો છે, કેમકે દરવાજા તથા ભુંગળોવાળા નગરમાં પે-
ઠાથી તે અંદર ગોંધાઈ ગયો છે. 8 અને કઈલાહ ઉપર ચઢાઈ કરીને દાઉદ
તથા તેના માણસોને ઘેરીને લેવા સારૂ શાઉલે સર્વ લોકોને યુદ્ધમાં બો-
લાવ્યા. 9 અને દાઉદ જાણતો હતો કે શાઉલ મને ઉપદ્રવ કરવાની યુ-
ક્તિઓ રચે છે; ને તેણે આબ્યાથાર યાજકને કહ્યું કે, એફોદ અહીં લાવ.
10 પછી દાઉદે કહ્યું કે, હે ઈસ્રાએલના દેવ યહોવાહ, તારા સેવકે નક્કી
સાંભળ્યું છે કે, મારે લીધે નગરનો નાશ કરવાને શાઉલ કઈલાહે આવ-
વાનો વગ શોધે છે. 11 કઈલાહના માણસો શું મને તેના હાથમાં સોંપી
દેશે? તારા ચાકરના સાંભળ્યા મુજબ શું શાઉલ અહીં આવશે? હે ઈસ્રા-
એલના દેવ યહોવાહ, હું તારી આજીજી કરૂં છું કે, તારા સેવકને કહે. અને
યહોવાહે કહ્યું કે, તે આવશે. 12 ત્યારે દાઉદે કહ્યું, શું કઈલાહના માણસો
મને તથા મારા માણસોને શાઉલના હાથમાં સોંપી દેશે? ને યહોવાહે
કહ્યું, તેઓ તને સોંપી દેશે. 13 ત્યારે દાઉદ તથા તેના માણસો, જે
આસરે છસેં હતા, તેઓ ઉઠીને કઈલાહમાંથી નિકળી ગયા, ને જ્યાં
જવાય ત્યાં ગયા અને શાઉલને સમાચાર મળ્યા કે દાઉદ કઈલાહમાંથી
નાસી ગયો છે; ને તેણે ત્યાં જવાનું માંડી વાળ્યું. 14 અને દાઉદ રાનમાં
મજબુત ગઢોમાં વસ્યો; ને ઝીફના રાનમાં પહાડી મુલકમાં રહ્યો. અને
શાઉલ તેને દરરોજ શોધતો હતો, પણ દેવે તેને તેના હાથમાં સોંપ્યો
નહિ. 15 અને દાઉદે જોયું કે શાઉલ મારો જીવ લેવા સારૂ બહાર નીકળે-
લો છે; બે દાઉદ ઝીફના રાનની એક ઝાડીમાં હતો. 16 અને શાઉંલનો
દીકરો યોનાથાન ઉઠીને ઝાડીમાં દાઉદ પાસે ગયો, ને તેના હાથ દેવમાં
મજબૂત કીધા. 17 અને તેણે કહ્યું કે, બીશ મા; કેમકે મારા બાપ શાઉલ-
નો હાથ તને ખોળી કાઢી શકશે નહિ; અને તું ઈસ્રાએલ પર રાજા થશે,
ને હું તારાથી બીજે દરજ્જે હોઈશ; ને મારો બાપ શાઉલ પણ એ તો જાણે
છે 18 અને તે બન્નેએ યહોવાહની આગળ કરાર કીધો; ને દાઉદ ઝાડીમાં
રહ્યો ને યોનાથાન પોતાને ઘેર ગયો. 19 ત્યારે ઝીફીઓએ ગિબઆહમાં
શાઉલ પાસે આવીને કહ્યું કે, અરણ્યની દક્ષિણે હખીલાહ ડુંગરની ઝા-
ડીમાં મજબુત ગઢોમાં અમારી મધ્યે શું દાઉદ સંતાઈ રહ્યો નથી? 20 માટે
હવે, ઓ રાજા, તારા મનની ત્યાં આવવાની સઘળી ઈચ્છા પ્રમાણે ત્યાં
આવ; ને તેને રાજાના હાથમાં સોંપી દેવો એ અમારૂં કામ. 21 અને શાઉ-
લે કહ્યું કે, યહોવાહ તમને આશિષ ડો; કેમકે તમે મારા પર દયા કરી છે.
22 કૃપા કરીને જઈને તે વિષે હજી વધારે નક્કી કરો, ને તેના પગફેરની
જગ્યા, તથા ત્યાં તેને કોણે જોયો છે, તે જાણો ને જુઓ; કેમકે મને
ખબર મળી છે કે તે ઘણી પક્કાઈથી વર્તે છે. 23 માટે જુઓ, ને તેની
સંતાઈ રહેવાની સર્વ જગ્યાઓ જાણી લઈને, જરૂર ફરીથી મારી પાસે
આવજો, એટલે હું તમારી સાથે આવીશ; ને જો તે દેશમાં હશે તો એમ
થશે કે, હું તેને યહુદાહના હજારોમાંથી શોધી કાઢીશ. 24 અને તેઓ ઉઠી-
ને શાઉલની અગાઉ ઝીફમાં ગયા; પણ દાઉદ ને તેના માણસો માઓન
રાનમાં, અરણ્યની દક્ષિણે અરાબાહમાં હતા. 25 અને શાઉલ તથા તેના

માણસો તેને શોધવા ગયા. ને લોકોએ દાઉદને ખબર આપી; માટે તે
ઉતરીને ખડક પાસે આવીને માઓન રાનમાં રહ્યા. અને તે સાંભળીને
શાઉલ માઓન રાનમાં દાઉદની શોધમાં ગયો. 26 અને શાઉલ પર્વતની
આ બાજુએ ગયો, ને દાઉદ તથા તેના માણસો પર્વતની પેલી બાજુએ
ગયા; ને દાઉદે શાઉલની બીકને લીધે સટકી જવાને ઉતાવળ કીધી; કે-
મકે શાઉલ તથા તેના માણસોએ દાઉદને તથા તેના માણસોને પકડવા
સારૂ તેઓને ઘેરી લીધા હતા. 27 પણ એક હલ્કારાએ શાઉલ પાસે
આવીને કહ્યું કે, જલદી ચાલ; કેમકે પલિસ્તીઓએ દેશમાં ઘાડ પાડી
છે. 28 એમ શાઉલ દાઉદની પુઠે લાગવાથી પાછા ફરીને પલિસ્તીઓની
સામે ગયો; એ માટે તે જગ્યાનું નામ તેઓએ સેલા-હામ્માહલકોથ પા-
ડ્યું. 29 અને દાઉદ ત્યાંથી નિકળી જઈને એન-ગેદીના મજબુત ગઢોમાં
રહ્યા.

24 અને શાઉલ પલિસ્તીઓની પુઠે લાગવાથી પાછો આવ્યો,
ત્યારે એમ બન્યું કે, તેને એવા સમાચાર મળ્યા કે, જો, દાઉદ
એન-ગેદીના રાનમાં છે. 2 તે પરથી શાઉલ સર્વ ઇસ્રાએલમાંથી ત્રણ
હજાર ચુંટી કાઢેલા માણસોને લઈને દાઉદની તથા તેના માણસોની શો-
ધમાં રાની બકરાંઓના ખડકો પર ગયો. 3 અને તે માર્ગે મેંઢવાડાઓ પા-
સે આવ્યો કે જ્યાં એક ગુફા હતી; ને શાઉલ પોતાના પગ ઢાંકવાને તેમાં
ગયો. હવે દાઉદ તથા તેના માણસો ગુફાના સૌથી માંહેલા ભાગમાં બેઠે-
લા હતા. 4 અને દાઉદના માણસોએ તેને કહ્યું કે, જો, જે દિવસે વિષે
યહોવાહે તને કહ્યું હતું કે, જો, હું તારા શત્રુને તારા હાથમાં સોંપીશ, ને
તને જેમ સારૂ લાગે તેમ તું તેને કરજે, તે દિવસ આવ્યો છે. ત્યારે દાઉદે
ઉઠીને ગુપ્ત રીતે શાઉલના જભ્ભાની કોર કાપી લીધી. 5 અને પછીથી
એમ થયું કે, તેણે શાઉલના જભ્ભાની કોર કાપી લીધી હતી તેને લીધે
દાઉદના મને તેને માર્યો 6 અને તેણે પોતાનો માણસોને કહ્યું કે, યહો-
વાહ એવું ન થવા દો, કે મારો હાથ તેના વિરુદ્ધ લંબાવીને મારો મુર-
બ્બી, તથા યહોવાહના અભિષિક્ત પ્રત્યે હું એવા કામ કરૂં, કેમકે તે
યહોવાહનો અભિષિક્ત છે. 7 એમ દાઉદે આ શબ્દો બોલીને પોતાના
માણસોને વાર્યા, ને તેમને શાઉલની સામે ઉઠવા દીધા નહિ. અને શા-
ઉલ ગુફામાંથી ઉઠીને પોતાને માર્ગે પડ્યો. 8 દાઉદ પણ પછીથી ઉઠ્યો,
ને ગુફાની બહાર નીકળીને શાઉલને હાંક મારીને કહ્યું કે, હે મારા મુર-
બ્બી રાજા; ને જયારે શાઉલે પોતાની પાછળ જોયું, ત્યારે દાઉદે સાષ્ટાંગ
પ્રણામ કીધાં. 9 અને દાઉદે શાઉલને કહ્યું કે, જો, દાઉદ તારૂં નુકસાન
શોધે છે, એવું બોલનારાઓના વચન તું શા માટે સાંભળે છે? 10 જો,
આજ તેં તારી નજરે જોયું છે કે, આજે ગુફામાં કેવી રીતે યહોવાહે તને મા-
રા હાથમાં સોંપ્યો હતો; કેટલાંકે તને મારી નાખવાને મને કહ્યું; પણ મેં
તને જીવતદાન દીધું; ને મેં કહ્યું કે, હું મારો હાથ મારો મુરબ્બીની વિરુદ્ધ
નહિ લંબાવું; કેમકે તે યહોવાહનો અભિષિક્ત છે. 11 વળી, મારા બાપ,
જો, હા, મારા હાથમાં તારા જભ્ભાની કોર જો; મેં તારા જભ્ભાની કોર કા-
પી લીધી તે છતાં તને મારી નાખ્યો નહિ, તે ઉપરથી જાણ ને સમજ કે
મારા હાથમાં ઉપદ્રવ કે ઉલ્લંઘન નથી, ને જો કે તું મારો જીવ લેવા સારૂ
મારી પૂઠે લાગ્યો છે, તો પણ મેં તારો અપરાધ કીધો નથી. 12 યહોવાહ
મારી તથા તારી વચ્ચે ન્યાય કરો, ને યહોવાહ મારૂં વેર તારી પાસેથી
લો, પણ મારો હાથ તારા પર નહિજ આવે. 13 પ્રાચીન લોકોની કહેવત
શિખવે છે તેમ, દુષ્ટાઈ તો દુષ્ટોમાંથી નીકળે છે; પણ મારા હાથ તારા
પર આવશેજ નહિ. 14 ઇસ્રાએલનો રાજા કોણની પાછળ નિકળ્યો છે? તું
કોણની પાછળ લાગેલો છે? એક મુએલાં કુતરા પાછળ, એક ચાંચડ
પાછળ. 15 યહોવાહ ન્યાયાધીશ થઈને મારો ને તારો વચ્ચે ચુકાદો
આપે, ને જોઇને મારા પક્ષની હિમાયતી કરે, ને મને તારા હાથથી છોડા-
વે. 16 અને દાઉદ એ શબ્દો શાઉલને કહી રહ્યો, એટલે એમ થયું કે, શા-
ઉલ કહ્યું કે, મારા દીકરા દાઉદ, શું એ તારો સાદ છે? 17 અને તેણે દાઉ-
દને કહ્યું કે, મારા કરતાં તું વધારે ન્યાયી છે; કેમકે તેં મને સારો બદલો
દીધો છે, પણ મેં તને માઠો બદલો આપ્યો છે. 18 અને તેં આજ જાહેર
કીધું છે કે તું મારી સાથે કેવી રીતે વર્ત્યો છે; કેમકે જયારે યહોવાહે મને
તારા હાથમાં સોંપ્યો હતો, ત્યારે તેં મને મારી નાખ્યો નહિ. 19 કેમકે જો
કોઇ માણસને તેનો શત્રુ મળે, તો તે તેને સહી સલામત જવા દેશે શું?
એ માટે તેં જે આજ મારી પ્રત્યે કીધું છે તેનો સારો બદલો યહોવાહ તને
આપો. 20 અને હવે, હો, હું જાણું છું કે તું નક્કી રાજા થશે, ને ઇસ્રાએલનું
રાજ્ય તારા હાથમાં સ્થાપિત થશે. 21 એ માટે હવે યહોવાહની સોગન
મારી આગળ ખા, તું મારી પાછળનાં મારાં સંતાનને નાબૂદ નહિ કરે, ને
તું મારૂં નામ મારા બાપના ઘરમાંથી નષ્ટ નહિ કરે, 22 અને દાઉદે શા-
ઉલ આગળ સોગન્ન ખાધા, ને શાઉલ પોતાને ઘેર; પણ દાઉદ તથા તે-
ના માણસો ઉપર ચઢીને ગઢમાં ગયા.

25 અને શમૂએલ મરણ પામ્યો; ને સર્વ ઇસ્રાએલે એકઠા થઈને તે-
ને સારૂ શોક કીધો, ને તેને રામાહમાં તેના ઘરમાં દાટ્યો. અને
દાઉદ ઉઠીને પરાનના રાનમાં ગયો. 2 અને માઓનમાં એક માણસ
હતો, ને તેની મિલકત કાર્મેલમાં હતી; ને તે માણસ ઘણો મોટો હતો, ને
તેની પાસે ત્રણ હજાર ઘેટાં તથા એક હજાર બકરાં હતાં; ને તે હમણાં
પોતાના ઘેટાં કાર્મેલમાં કાતરતો હતો. 3 હવે તે માણસનું નામ નાબાલ
હતું; ને તેની સ્ત્રીનું નામ અબીગાઈલ; ને સ્ત્રી ઘણી બુદ્ધીવંત તથહ
સુંદર ચહેરાની હતી; પણ તે માણસ અસભ્ય તથા પોતાના વ્યવહારમાં
દુષ્ટ હતો; ને તે કાલેબના કુટુંબનો હતો. 4 અને દાઉદે રાનમાં સાંભળ્યું
કે નાબાલ પોતાના ઘેટાં કાતરે છે. 5 અને દાઉદે દસ જુવાન પુરુષોને
મોકલ્યા, ને દાઉદે તે જુવાન પુરુષોને કહ્યું કે, તમે કાર્મેલ પર ચઢીને
નાબાલ પાસે જઈને તેને મારી સલામ કહેજો; 6 ને તે ભાગ્યશાળી માણ-
સને આ પ્રમાણે કહેજો કે, તારૂં કલ્યાણ તથા તારા ઘરનું કલ્યાણ તથા
તારા સર્વસ્વનું કલ્યાણ થાઓ. 7 અને હાલ મેં સાંભળ્યું છે કે તારે ત્યાં
કાતરનારાઓ આવેલા છે; તારા ઘેટાંપાળકો તો અમારી સાથે હતા, ને
હંમે તેમને કંઈ ઈજા કીધી નહિ, તેમજ જેટલો બધો વખત તેઓ કાર્મેલ-
માં હતા તે દરમિયાન તેમનું કંઈ ખોવાયું પણ નથી. 8 તારા જુવાનોને
પુછે, એટલે તેઓ તને કહેશે; માટે આ જુવાનો તારી દૃષ્ટિમાં કૃપા પામે;
કેમકે અમે ખુશાલીને દિવસે આવ્યા છીએ; જે તારે હાથ લાગે તે કૃપા
કરીને તારા દાસોને તથા તારા દીકરા દાઉદને આપ. 9 અને દાઉદના જુ-
વાનોએ ત્યાં પહોંચ્યા પછી, એ સર્વ શબ્દોની મતલબ દાઉદને નામે
નાબાલને કહી ને પછી છાના રહ્યા. 10 અને નાબલે દાઉદના ચાકરોને
ઉત્તર આપીને કહ્યું કે, દાઉદ કોણ છે? ને યિશાઈનો દીકરો કોણ છે?
પોતપોતાના ઘણીઓ પાસેથી નાસી જનારા ચાકરો હાલના સમયમાં
ઘણા છે. 11 તો શું, હું મારી રોટલી, તથા મારૂં પાણી, તથા મારૂં માંસ જે
હું મારા કાતરનારાઓને સારૂ કાપ્યું છે, તે લઈને, જે માણસો ક્યાંથી
આવેલા છે એ હું જાણતો નથી, તેઓને આપું? 12 તેથી દાઉદના જુવાનો
પાછા વળીને પોતાને રસ્તે પડ્યા, ને પાછા આવીને એ સર્વ શબ્દોનું
તાત્પર્ય તેઓને તેને કહ્યું. 13 અને દાઉદે પોતાના માણસોને કહ્યું કે,
તમે સર્વે પોતપોતાની તરવાર કમરે બાંધો. અને પ્રત્યેક માણસે પોત-
પોતાની તરવાર કમરે બાંધી; ને દાઉદે પણ પોતાની તરવાર કમરે
બાંધી; ને દાઉદની પાછળ આસરે ચારસેં માણસ ગયા; ને બસેં ઉચાળા
પાસે રહ્યા. 14 પણ જુવાનોમાંના એકે નાબાલની સ્ત્રી અબીગાઈલને
કહ્યું કે, જો, દાઉદે અમારા શેઠને સલામ કહેવા સારૂ રાનમાંથી હલકારા
મોકલ્યા હતા પણ એ તેમની ઉપર ઉતરી પડ્યો. 15 પણ તે માણસો
અમારી સાથે ઘણા સારી રીતે વર્ત્યા હતા, ને જયારે અમે સીમમાં રહેતા
હતા ત્યારે જ્યાં સુધી અમે તેઓની સાથે વ્યવહાર કીધો ત્યાં સુધી
અમને કંઈ ઈજા થઇ નહોતી, તેમ અમારૂં કંઈ ખોવાયું પણ નહોતું; 16 ઘે-
ટાં સાચવતાં જેટલો બધો વખત અમે તેઓની સાથે રહ્યા તે દરમિયાન
રાત્રે તેમજ દિવસે તેઓ અમારા હકમાં કિલ્લારૂપ હતા. 17 તો હવે તારે શું
કરવું તે જાણ તથા વિચાર; કેમકે અમારા શેઠની વિરુદ્ધ તથા તેના
આખા ઘરની વિરુદ્ધ ખરાબીનો નિશ્ચય કરવામાં આવ્યો છે; કેમકે તે
એવો બલીયઆલપુત્ર છે, કે તેની સાથે કોઇ વાત કરી શકે નહિ. 18 ત્યા-
રે અબીગાઈલ જલદીથી બસેં રોટલી તથા દ્રાક્ષરસની બે મસકો, તથા
રાંધીને તૈયાર કીધેલા પાંચ ઘેટાં, તથા પાંચ માપ પોંક, તથા દ્રાક્ષની સો
લૂમ, તથા અંજીરના બસેં ચકતા લઈને ગધેડા પર લાદ્યા. 19 અને તે-
ણીએ પોતાના જુવાન ચાકરોને કહ્યું કે, તમે મારી આગળ જાઓ, જુઓ,
હું તમારી પાછળ આવું છું; પણ તેણીએ પોતાના વાર નાબાલને કંઈ
કહ્યું નહિ. 20 અને એમ થયું કે, તે પોતાના ગધેડા પર સવારી કરીને
પર્વતની ઓથે ઓથે ચાલતી હતી, તે સમયે, જુઓ, દાઉદ તથા તેના
માણસો તેની સામે આવતા હતા; ને તેણીને તેમની ભેટ થઈ. 21 હવે દા-
ઉદે કહ્યું હતું કે, આ માણસની રાનમાંની મિલકત મેં એવી રીતે સંભાળી
કે તેના સર્વસ્વમતિ કંઈ પણ ખોવાયું નથી, એ ખચિત ફોગટ ગયું છે; ને

તેણે મને સારાનો બદલો ભુંડો આપ્યો છે. 22 જે સર્વ તેનું છે તેમાંથી
સવારનું અજવાળું થતા સુધીમાં જો એક નર બાળક સરખુંએ હું રહેવા
દઉં, તો એવું ને એથી પણ વધારે દેવ દાઉદના શત્રુઓને કરો. 23 અને
અબીગાઈલ દાઉદને જોયો ત્યારે તે જલદીથી પોતાના ગધેડા પરથી
ઉતરી પડી, ને તેણીએ દાઉદની આગળ સાષ્ટાંગ દંડવત કરીને તથા
જમીન સુધી વાંકી વળીને પ્રમાણ કીધા. 24 અને તેણીએ તેની પગે
પડીને કહ્યું કે, હે મારા મુરબ્બી, મારે શિરે, હા, મારા શિરે આ અન્યાય
ગણાય; ને કૃપા કરીને તારા સેવાકીને તારા સાંભળતા બોલવા દે, ને
તારા સેવકીના વચનો સાંભળ. 25 કૃપા કરીને મારા મુરબ્બીએ એ બલી-
યઆલના માણસ નાબાલને ગણકારવો નહિ; કેમકે જેવું તેનું નામ છે,
તેવો તે છે; તેનું નામ નાબાલ છે, ને તેની પાસે મૂર્ખાઈ છે; પણ મારા મુ-
રબ્બીના ચાકરો જેઓને તે મોકલ્યા હતા તેઓને મેં તારી દાસીએ દીઠી
નહોતા. 26 માટે હવે, હે મારા મુરબ્બી, હું જીવતા યહોવાહના તથા તારા
સમ ખાઈને કહું છું કે, યહોવાહ તને ખૂનના દોષથી, તથા તારે હાથે તારૂં
વેર લેવાથી પાછો રાખ્યો છે, માટે હવે તારા શત્રુઓ, તથા મારા મુરબ્બી-
નું ભુંડું તાકનારાઓ નાબાલ જેવા થાઓ. 27 અને હવે આ ભેટ જે તારી
સેવકી મારા મુરબ્બીને સારૂ લાવી છે, તે જે જુવાન પુરુષો મારા મુર-
બ્બીની તહેનાતમાં છે તેઓને આપવામાં આવે. 28 કૃપા કરી તારી દા-
સીનો અપરાધ માફ કર; કેમકે નિશ્ચય યહોવાહ મારા મુરબ્બીને સારૂ
અવિચળ ઘર બનાવશે; કેમકે મારો મુરબ્બી યહોવાહનો લડાઇ લડે છે;
ને તારા સર્વ દિવસોમાં તારા ભુંડાઇ માલમ પડશે નહિ. 29 અને જો કે
તારી પાછળ લાગવાને, તથા તારો જીવ શોધવાને માણસ ઉઠ્યો હશે,
તો પણ મારા મુરબ્બીના જીવ યહોવાહ તારા દેવની પાસેના જીવનના
ભંડારમાં બાંધી રખાશે; પણ તારા શત્રુઓના જીવને તો જેમ ગોફાનના
ચાડામાંથી ફેંકી દે તેમ તે ફેંકી દેશે. 30 અને જે સર્વ હિતવચનો યહોવાહ
તારા વિષે બોલ્યો છે, તે પ્રમાણે જયારે તેણે મારા મુરબ્બીને કર્યું હશે, ને
તને ઇસ્રાએલ ઉપર અધિકારી ઠરાવ્યો હશે, ત્યારે એમ થશે કે, 31 કારણ
વગર લોહી વહેવડાવવાનો, કે મારા મુરબ્બીએ પોતાનો વેર વાળવાનો
તને ખેદ કે તારા મનને સંતાપ લાગશે નહિ; ને જયારે યહોવાહ મારો મુ-
રબ્બીનું ભલું કરે ત્યારે તારી સેવકીની યાદ કરજે. 32 અને દાઉદે અબી-
ગાઈલને કહ્યું કે, ઇસ્રાએલના દેવ યહોવાહને ધન્ય હો, કે તેણે તને
આજ મને મળવાને મોકલી; 33 અને તારી ચતુરાઈને તથા તને પણ
ધન્ય હો, કે તે મને આજ ખૂનનું દોષથી તથા પોતાને હાથે પોતાનું વેર
વાળવાથી અટકાવ્યો છે. 34 કેમકે ઇસ્રાએલનો જીવતો દેવ યહોવાહ, જે-
ણે તને નુકસાન કરવાથી મને પાછો રાખ્યો છે, તેના સમ ખાઈને કહું છું
કે, જો તું ઉતાવળતી આવીને મને મળી ન હોત, તો નિશ્ચય સવારનું
અજવાળું થતાં સુધીમાં નાબાલનું એક નર બાળક સરખુએ રહેવા દેવા-
માં આવત નહિ. 35 પછી, જે તેની તેને સારૂ લાવી હતી તે દાઉદ તેણી-
ના હાથમાંથી લીધું, ને તેણે તેણીને કહ્યું કે, શાંતિએ તારે ઘેર જા, જો, મેં
તારી વાણી સાંભળી છે, ને તારી પંડતી ખાતર તે કબૂલમંજૂર છે. 36 અને
અબીગાઈલ નાબાલ પાસે આવી; ને જુઓ, તેણે પોતાને ઘેર બાદશાહી
જમણ જેવું જમણ કીધું હતું, ને નાબાલનું દિલ ઘણુંજ ખુશ હતું, કેમકે
તે ઘણો પિધેલો હતો; માટે સવારના અજવાળા સુધી તેણીએ તેને કંઈ
વધારે કે ઓછું કહ્યું નહિ. 37 અને સવારે એમ થયું કે, નાબાલને દ્રાક્ષરસ
ઉતર્યા ત્યારે તેની સ્ત્રીએ એ વાતો તેને કહી, ને તેના હોશકોશ ઉડી
ગયા, ને તે પત્થર જેવો થઇ ગયો. 38 અને આસરે દસ દિવસ પછી એમ
થયું કે યહોવાહ નાબાલને એવો માર માર્યો કે તે મારી ગયો. 39 અને દા-
ઉદે સાંભળ્યું કે, નાબાલ મરણ પામ્યો છે, ત્યારે તેણે કહ્યું કે, યહોવાહ
જેણે નાબાલની પાસેથી મને મહેણાં મારવાનું વેર લીધું છે, ને જેણે પો-
તાના સેવકને અન્યાયથી અટકાવ્યો છે તેને ધન્ય હોજે; ને યહોવાહે
નાબાલનું દુષ્ટ કર્મ પાછું વાળીને તેનાજ માથા પર નાખ્યું છે. અને દાઉ-
દે અબીગાઈલની સાથે લગ્ન કરવા સારૂ તેની પાસે માણસ મોકલીને તે
સંબંધી કહેવડાવ્યું. 40 અને દાઉદના ચાકરોએ કાર્મેલમાં અબીગાઈલ
પાસે આવીને કહ્યું કે, તને દાઉદની સાથે લગ્ન કરાવવા સારૂ તેડી જવા-
ને અમે આવ્યા છીએ. 41 અને તે ઉઠી, ને ભૂમિ સુધી વાંકી વળીને નમ-
સ્કાર કીધા, ને કહ્યું કે, જો, તારી દાસી મારા મુરબ્બાના ચાકરોના પગ
ધોનારી ચાકરડી તુલ્ય છે. 42 અને અબીગાઈલ ઉતાવળથી ઉઠીને ગધે-
ડા પર સ્વારી કરી, ને તેની પાંચ દાસીઓ પણ તેની સાથે ચાલી; ને તે
દાઉદના હલકારાઓની સાથે ગઈ, ને તેની સ્ત્રી થઇ. 43 દાઉદ યિઝ્રએ-
લી અહીનોઆમને પણ પરણ્યો, ને તે બન્ને તેની સ્ત્રીઓ થઇ. 44 હવે
શાઉલે પોતાની દીકરી, એટલે દાઉદની વહુ મીખાલને, ગાલ્લીમવાળા
લાઈશના દીકરા પાલ્ટીને દીધી હતી.

26 અને ઝીફીઓએ ગિબઆહમાં શાઉલ પાસે આવીને કહ્યું કે, શું
દાઉદ અરણ્ય સામેના હખીલાહ પર્વતમાં સંતાઈ રહ્યો નથી?
2 ને શાઉલ ઉઠ્યો, ને ઇસ્રાએલના ત્રણ હજાર ચુંટી કાઢેલા માણસોને
પોતાની સાથે લઈને, ઝીફના રાનમાં દાઉદની શોધ કરવાને, ઝીફના રા-
નમાં ઉતરી પડ્યો. 3 અને શાઉલે અરણ્ય સામેના હખીલાહ પર્વત ઉપર
માર્ગની પાસે છાવણી કીધી. પણ દાઉદ રાનમાં પડાવ નાખેલો હતો, ને
તેણે જાણ્યું કે શાઉલ મારી પાછળ રાનમાં આવ્યો છે. 4 માટે દાઉદે જા-
સુસો મોકલીને જાણી લીધું કે શાઉલ નિશ્ચે આવ્યો છે. 5 અને દાઉદ
ઉઠીને શાઉલે છાવણી કીધી હતી તે ઠેકાણે આવ્યો; ને શાઉલ તથા તે-
નો સેનાપતિ નેરનો દીકરો આબ્નેર સુતા હતા તે જગ્યા દાઉદે જોઈ; ને
શાઉલ ગાડાંનાં કોટને ઓથે સૂતો હતો, ને લોકો તેની આસપાસ છાવ-
ણી નાખી પડેલા હતા. 6 ત્યારે દાઉદે ઉત્તર આપીને અહીમેલેખ હિત્તીને,
અને યોઆબના ભાઈ તથા સરૂયાહના દીકરા અબીશાયને કહ્યું કે, મારી
સાથે છાવણીમાં શાઉલ પાસે કોણ ઉતરશે? ને અબીશાયે કહ્યું કે, હું
તારી સાથે નીચે ઉતરીશ. 7 અને દાઉદ તથા અબીશાય રાતે લોકો પાસે
આવ્યા, ને જુઓ, શાઉલ ગાડાંના બનાવેલા કોટની અંદર સૂતેલો હતો,
ને તેનો ભાલો તેના માથા આગળ ભોંયમાં ચોઢેલો હતો; ને આબ્નેર
તથા લોકો તેની આસપાસ સુતેલા હતા. 8 ત્યારે અબીશાયે દાઉદને
કહ્યું કે, દેવે આજ તારા શત્રુને તારા હાથમાં સોંપ્યો છે; તો કૃપા કરી મને
ભાલાના એક ઘાથી તેને જમીન સાથે ચોંટાડવા દે, ને હું તેને બીજી વાર
મારીશ નહિ; 9 ને દાઉદ અબીશાયને કહ્યું કે, તેનો નાશ ન કર; કેમકે
યહોવાહના અભિષિક્તની વિરુદ્ધ પોતાના હાથ લાંબો કરીને કોણ નિ-
ર્દોષ રહી શકે? 10 અને દાઉદે જીવતા યહોવાહના સમ ખાઈને કહ્યું કે,
યહોવાહ તને મારશે; અથવા તો તેના મોતના દિવસ આવી પહોંચશે;
અથવા તો તે યુદ્ધમાં ઉતરી પડશે, ને નાશ પામશે. 11 યહોવાહ એવું ન
થવા દે, કે હું મારો હાથ યહોવાહના અભિષિક્તની વિરુદ્ધ લાંબો કરૂં;
પણ હાલ તો કૃપા કરી તેના માથા પાસેના ભાલો તથા પાણીનો ચંબુ
ળ, ને પછી આપણે જઈએ. 12 અને દાઉદે ભાલો તથા પાણીનો ચંબુ
શાઉલના માથા આગળથી લીધા, ને તેઓ ત્યાંથી જતા રહ્યા, પણ કો-
ઈએ તે જોયું નહિ કે જાણ્યું નહિ, ને કોઈ જાગ્યો નહિ; કેમકે તે સઘળા
ઉંઘતા હતા; કેમકે યહોવાહે તેમના પર ઘોર નિદ્રા મોકલી હતી. 13 પછી
દાઉદ સામેની બાજુએ જઈને પર્વતના શિખર ઉપર આઘે ઉભો; ને તે-
ઓની વચમાં ઘણું અંતર હતું; 14 ને દાઉદે લોકોને તથા નેરના પુત્ર
આબ્નેરને હાંક મારીને કહ્યું કે, આબ્નેર, તું ઉત્તર નથી આપતો કે? ત્યા-
રે આબ્નેર ઉત્તર આપ્યો કે, રાજાને હાંક મારનાર તું કોણ છે? 15 ને દાઉ-
દે આબ્નેરને કહ્યું કે, શું તું શૂરવીર માણસ નથી? ને ઇસ્રાએલમાં તારા
સરખો કોણ છે? તો શા માટે તેં રાજાનો જાપતો રાખ્યો નથી? કેમકે તારા
મુરબ્બી રાજાને નાશ કરવા માટે લોકોમાંથી કોઈ એક અંદર આવ્યો
હતો. 16 આ જે તેં કર્યું છે તે ઠીક નથી. જીવતા યહોવાહના સમ, તમે મા-
રવા યોગ્ય છો, કેમકે તમે તમારા મુરબ્બીનો, એટલે યહોવાહના અભિ-
ષિક્તનો, જાપતો રાખ્યો નથી. અને હવે, રાજાનો ભાલો તથા તેના મા-
થા પાસેનો પાણીનો ચંબુ ક્યાં છે, તે જુઓ. 17 અને શાઉલે દાઉદનું
સાદ ઓળખીને કહ્યું કે, હે મારા દીકરા દાઉદ, શું આ તારો સાદ છે?
અને દાઉદે કહ્યું કે, હે મારા મુરબ્બી રાજા, એ મારો સાદ છે. 18 અને તેણે
કહ્યું કે, મારો મુરબ્બી પોતાનો દાસનો પેઠે કેમ લાગેલો છે? કેમકે મેં શું
કીધું છે? કે મારા હાથમાં શું દુષ્ટાઈ છે? 19 તો હવે, મારા મુરબ્બી રાજાએ
કૃપા કરીને પોતાના દાસના વચન સાંભળવા. જો યહોવાહે તને મારી
વિરુદ્ધ ઉસકેર્યો હોય, તો તે એક અર્પણ અંગીકારો; પણ જો તે કામ
મનુષ્યપુત્રોનું હોય, તો તેઓ યહોવાહની આગળ શ્રાપિત થાઓ; કેમકે,
જો, અન્ય દેવોની સેવા કર, એવું કહીને તેઓએ મને આજે હાંકી કાઢીને
યહોવાહના વતનથી વિયોગી કીધો છે. 20 તો હવે મારૂં લોહી યહોવાહની
હજુરથી દૂર ભૂમિ પર ના પડો; કેમકે જેમ કોઈ પર્વત પર તિતરનો શિ-
કાર કરતો હોય, તેમ ઇસ્રાએલનો રાજા એક ચાંચડ ને શોધવાને નિકળી
આવ્યો છે. 21 ત્યારે શાઉલે કહ્યું કે, મેં પાપ કીધું છે; મારા દીકરા દાઉદ,

પાછો આવ; કેમકે હજી પછી હું તને ઈજા નહિ કરીશ, કેમકે આજ મારો
દૃષ્ટિમાં તારો જીવ મૂલ્યવાન હતો; જો, મેં મૂર્ખાઈ કીધી છે, ને ઘણીજ
ભૂલ કીધી છે. 22 અને દાઉદે ઉત્તર આપ્યો કે, ઓ રાજા, જો, તારો ભા-
લો; તો જુવાન પુરૂષોમાંથી કોઇ અહીં આવીને તે લઇ જાય. 23 અને
યહોવાહ પ્રત્યેક માણસને તેના ન્યાયીપણાનું તથા તેના વિશ્વાસુપણા-
નું ફળ આપશે; કેમકે યહોવાહે તને આજ મારા હાથમાં સોંપ્યો હતો, તેમ
છતાં મેં યહોવાહના અભિષિક્તની વિરુદ્ધ પોતાનો હાથ લાંબો કરવાની
ઈચ્છા કીધી નહિ. 24 અને જો, જેમ તારો જીવ આજ મારી દૃષ્ટિમાં ઘણો
મૂલ્યવાન હતો, તેમ મારો જીવ યહોવાહની દૃષ્ટિમાં ઘણો મૂલ્યવાન
થાઓ, ને તે મને સર્વ સંકટોમાંથી ઉગારો. 25 ત્યારે શાઉલે દાઉદને કહ્યું
કે, મારા દીકરા દાઉદ, તને ધન્ય હો; તું પરાક્રમી કૃત્યો કરશે, ને નિશ્ચય
ફતેહ પામશે. એમ દાઉદ પોતાને રસ્તે પડ્યો, ને શાઉલ પોતાની
જગ્યાએ પાછો ગયો.

27 અને દાઉદે પોતાના મનમાં કહ્યું કે, હવે તો એક દિવસ હું શા-
ઉલના હાથથી માર્યો જઈશ; પલિસ્તીઓના દેશમાં નાસી જવું
તે કરતાં સારૂ બીજું કંઈ મને સૂઝતું નથી; ને શાઉલ મારા વિષે નિરાશ
થઈને ઈસ્રાએલની સર્વ સીમાઓમાં મારી શોધ કરવાનું છોડી દેશે; એમ
તેના હાથમાંથી હું બચી જઈશ. 2 અને દાઉદ ઉઠ્યો, ને તે તથા તેની
સાથેના છસેં માણસો માઓખના દીકરા તથા ગાથના રાજા આખીશની
પાસે જતાં રહ્યા. 3 અને દાઉદ તથા તેના માણસો ગાથમાં આખીશ સા-
થે રહ્યા, એટલે પ્રત્યેક માણસ પોતાના કુટુંબકબીલા સાથે, અને દાઉદ
પણ પોતાની બે સ્ત્રીઓ, એટલે યિઝ્રએલી અહીનોઆમ તથા નાબાલ-
ની સ્ત્રી કાર્મેલી અબીગાઈલ તેઓની સાથે રહ્યો. 4 અને શાઉલને સમા-
ચાર મળ્યા કે દાઉદ ગાથમાં નાસી ગયો છે; ને તેણે ત્યાર પછી ફરી તે-
ની શોધ કીધી નહિ. 5 અને દાઉદે આખીશને કહ્યું કે, જો હવે હું તારી દ-
ષ્ટિમાં કૃપા પામ્યો હોઉં તો મારે રહેવાને વાસ્તે દેશના કોઈએક નગરના
મને જગ્યા મળવી જોઈએ; કેમકે તારો ચાકર રાજધાનીમાં તારી સાથે
શા માટે રહે? 6 ત્યારે આખીશ તેને તે દિવસે સિક્લાગ આપ્યું; એ માટે
સિક્લાગ આજ સુધી યહુદાહના રાજાઓની માલકીનું છે. 7 અને જેટલા
દિવસો દાઉદ પલિસ્તીઓના દેશમાં રહ્યો તેટલાની સંખ્યા એક આખું
વર્ષ તથા ચાર માંસ જેટલી હતી. 8 અને દાઉદ તથા તેના માણસોએ
ચઢાઈ કરીને અશૂરીઓ, ગિર્ઝીઓ તથા અમાલેકીઓ ઉપર હલ્લો કીધો;
કેમકે પ્રાચીન કાળથી તે લોકો તે દેશમાં શૂરને માર્ગે મિસર દેશ સુધી
વસેલા હતા. 9 અને દાઉદે તે દેશ ઉપર મારો ચલાવીને કો પણ પુરૂષને
કે સ્ત્રીને જીવતા મુક્યા નહિ, ને ઘેટાં તથા બળદો તથા ગધેડાં તથા
ઊંટો તથા વસ્ત્રો હારી લઈને તે આખીશ પાસે પાછો આવ્યો. 10 અને
આખીશ કહ્યું કે, યહુદાહના દક્ષિણ પર, તથા યરાહમએલીઓના
દક્ષિણ પર, તથા કેનીઓના દક્ષિણ પર. 11 અને દાઉદે પુરૂષોને કે સ્ત્રી-
ઓને ગાથમાં લાવવા સારૂ પણ જીવતાં રાખ્યાં નહિ, કેમકે તેણે કહ્યું કે,
રખેને તેઓ અમારી વિરુદ્ધ સાક્ષી પૂરે કે, દાઉદ ફલાણું કીધું, ને જ્યાં સુ-
ધી તે પલિસ્તીઓના દેશમાં રહ્યો તેટલો બધો વખત તે એવીજ વર્તણુક
ચકાવતો આવ્યો છે. 12 અને આખીશ દાઉદનું માન્યું, ને કહ્યું કે, તેણે
પોતાના ઈસ્રાએલ લોકનો સંપૂર્ણ ધિક્કાર સમ્પાદન કીધો છે; એ માટે
તે સદા મારો દાસ થશે.

28 અને તે દિવસોમાં એમ બન્યું કે, પલિસ્તીઓએ પોતાના સૈ-
ન્યો ઈસ્રાએલ સાથે લડવાને એકઠાં કીધા અને આખીશે દાઉદ-
ને કહ્યું કે, તારે ખચિત જાણવું કે, તારે તથા તારા માણસોએ મારી સાથે
સૈન્યમાં આવવું પડશે. 2 અને દાઉદે આખીશને કહ્યું કે, તેથી તું જાણશે
કે તારો સેવક શું પરાક્રમ કરવાનો છે. અને આખીશે દાઉદને કહ્યું કે,
એમ હોય તો હું તને હમેશને માટે મારો શિરરક્ષક બનાવીશ. 3 હવે શમૂ-
એલ મરણ પામ્યો હતો, ને સર્વ ઈસ્રાએલે તેને સારૂ શોક કરીને તેને રા-
માહમાં એટલે તેના પોતાનાજ નગરમાં દાટ્યો હતો. અને શાઉલે ભૂતવૈ-
દો તથા જાદુગરોને દેશમાંથી કાઢી મુક્યા હતા. 4 અને પલિસ્તીઓ એક-
ઠા થયા અને શૂનેમમાં છવાની કીધી; ને શાઉલે સર્વ ઈસ્રાએલને ભેગા
કીધા, ને તેઓએ ગિલ્બોઆમાં છાવણી કીધી. 5 અને શાઉલ પલિસ્તી-
ઓનું સૈન્ય જોઈને બીધો, ને તેનું હૈયું બહુ થરથરવા લાગ્યું. 6 અને શા-
ઉલે યહોવાહની સલાહ પુછી, ત્યારે યહોવાહે તેને સ્વપ્નથી, કે ઉરીમ-
થી, કે ભવિષ્યવાદીઓથી કંઈ ઉત્તર આપ્યો નહિ. 7 ત્યારે શાઉલે પોતા-
ના ચાકરોને કહ્યું કે, એક ભૂતવૈદ સ્ત્રીને મારે સારૂ શોધી કાઢો, કે હું તે-
ની પાસે જઈને તેને પુછી જોઉં. અને તેના ચાકરોએ તેને કહ્યું કે, જો,
એક ભૂતવૈદ સ્ત્રી એન દોરમાં છે. 8 અને શાઉંલે વેષ ધારણ કરીને જુદાં
વસ્ત્રો પહેર્યા, ને તે તથા તેની સાથે બે માણસો ચાલીને રાત્રે તે સ્ત્રી
પાસે ગયા; ને તેણે કહ્યું કે, કૃપા કરી, તારા સાધેલા ભૂતની મદદથી મારે
સારૂ ભવિષ્ય જો, ને જેનું નામ હું તને કહું તેને મારે સારૂ હાજર કર.
9 અને તે સ્ત્રીએ તેને કહ્યું કે, જો, શાઉલે શું કીધું છે તે તું જાણે છે, એટ-
લે કે તેણે ભૂતવૈદોને તથા જાદોગરોને દેશમાંથી નાબૂદ કીધા છે; તો તું
મને મારી નાખવા સારૂ મારા જીવને કાજે ફાંદો કેમ માંડે છે? 10 અને શા-
ઉલે યહોવાહના સોગન તેની આગળ ખાઈને કહ્યું કે, જીવતા યહોવાહ-
ના સોગન, કે આ કૃત્યને કીધે તને કંઈ નુકસાન નહિ થશે. 11 ત્યારે તે
સ્ત્રીએ કહ્યું કે, હું કોણે તારી પાસે ઉઠાડી લાવું? ને તેણે કહ્યું કે, મારી
પાસે શમૂએલને ઉઠાડી લાવ. 12 અને તે સ્ત્રીએ શમૂએલને જોઈને મોટી
બૂમ પાડી; ને તે સ્ત્રીએ શાઉલને કહ્યું કે, તેં મને ઠગી છે? કેમકે તું શા-
ઉલ છે. 13 અને રાજાએ તેને કહ્યું કે, બી મા; તું શું દેખે છે? ને તે સ્ત્રીએ
શાઉલને કહ્યું કે, હું એક દેવને ભૂમિમાંથી ઉપર આવતો દેખું છું. 14 અને
તેણે તેણીને કહ્યું કે, તેનો ઘાત કેવો છે? ને તેણીએ કહ્યું કે, એક વૃદ્ધ
પુરૂષ ઉપર આવે છે; ને તેણે જામો પહેરેલો છે. ને શાઉલે જાણ્યો કે તે
શમૂએલ છે, ને તેણે પોતાનું મુખ ભૂમિ સુધી નમાવીને પ્રણામ કીધા.
15 અને શમૂએલે શાઉલને કહ્યું કે, તેં શા માટે મને ઉઠાડી આણીને
તસ્દી આપે છે? ને શાઉલે કહ્યું કે, હું ઘણા સંકટમાં આવી પહોંચ્યો છું,
કેમકે પલિસ્તીઓ મારી વિરુદ્ધ યુદ્ધ કરે છે, ને દેવે મને ત્યાગી દીધો છે,
ને તે ભવિષ્યવાદીઓ કે સ્વપ્ન વડે મને ઉત્તર દેતો નથી; એ કારણથી
મેં તને બોલાવ્યો છે, એ માટે કે, મારે શું કરવું એ તું મને કહે. 16 અને
શમૂએલે કહ્યું કે, યહોવાહે તને તજી દીધો છે તથા તારો શત્રુ થયો છે,
તેમ છતાં તું શા માટે મને પુછે છે? 17 ને જેમ યહોવાહે મારી મારફતે બો-
લ્યો હતો તેમ તેને તને કીધું છે, કેમકે યહોવાહે તારા હાથમાંથી રાજ્ય
ખુંચવી લઈને તે તારા પાડોશીને, એટલે દાઉદને, આપ્યું છે. 18 કેમકે તે
યહોવાહનું કહ્યું ન માનીને તેના સખત ક્રોધનો અમલ અમાલેક ઉપર
કીધો નહિ, એ માટે યહોવાહે આજ તને આ પ્રમાણે કીધી છે. 19 વળી
યહોવાહ ઈસ્રાએલને પણ તારી સાથે પલિસ્તીઓના હાથમાં સોંપશે; ને
કાલે તું તથા તારા દીકરાઓ મારી સાથે હશો; યહોવાહ ઈસ્રાએલના સૈ-
ન્યને પણ પલિસ્તીઓના હાથમાં સોંપશે. 20 ત્યારે શાઉલ તરત ભૂમિ
પર ઉંધો પડી ગયો; ને શમૂએલના વચનોથી બહુ ભયભીત થયો; ને તે-
નામાં કંઈ શક્તિ રહી નહોતી; કેમકે તેણે આંખો દિવસ તથા આખી રાત
કંઈ અન્ન ખાધું ન હતું. 21 અને તે સ્ત્રી શાઉલ પાસે આવી, ને તેને ઘણો
ગભરાયેલો જોઈને તેણીએ તેને કહ્યું કે, જો, તારી દાસીએ તારી વાણી
સાંભળી છે. 22 તો હવે કૃપા કરી તું પણ તારી દાસીની વાણી સાંભળી
અને અન્નનો એક કોળિયો તારી આગળ મુકવા દે; ને જેમ, કે રસ્તે ચાલ-
વાની શક્તિ તને આવે. 23 પણ તેણે ઈનકાર કરીને કહ્યું કે, હું નહીંજ
જમું, પણ તેના ચાકરોએ તથા તે સ્ત્રી મળીને તેને આગ્રહ કીધો; ને તે-
ણે તેઓનું કહેવું માન્યું; તેથી તે જમીન ઉપરથી ઉઠીને પલંગ પર બેઠો.
24 અને તે સ્ત્રીને ત્યાં એક માતેલું વાછરડું હતું, તે તેણીએ ઉતાવળે કા-
પ્યું; ને તેણીએ આટો લઈને મસળ્યો, ને તેની બેખમીરી રોટલી શેકી;
25 ને તેણે તે શાઉલની આગળ તથા તેના ચાકરોની આગળ મુકી; ને
તેઓ જમ્યા. પછી તેઓ ઉઠીને તે રાતે વિદાય થયા.

29 હવે પલિસ્તીઓએ પોતાનાં સર્વ સૈન્યોનો અફેક આગળ
જમાવ કીધો; ને ઈસ્રાએલીઓએ યિઝ્રએલમાં જે ઝરો છે તેની
પાસે છાવણી કીધી. 2 અને પલિસ્તીઓના સરદારો સો સોની તથ્હા
હજાર હજારની ટોળીઓ બંધ ચાલી નિકળ્યા, ને દાઉદ તથા તેના મા-
ણસો આખીશ સાથે સૈન્યને પાછલે ભાગે ચાલતા હતા. 3 ત્યારે પલિ-
સ્તીઓના સરદારોએ કહ્યું કે, આ હેબ્રીઓનું અહીં શું કામ છે? ને
આખીશ પલિસ્તીઓના સરદારોને કહ્યું કે, શું એ ઈસ્રાએલના રાજા શા-
ઉલનો ચાકર દાઉદ નથી? તે તો માટે સાથે કેટલાક દિવસ કે કેટલાક
વર્ષ થયાં રહે છે, તો પણ જે દિવસે તે મારી તરફ આવતો રહ્યો તે દિવ-
સથી આજ સુધી મને એનામાં કંઈ માલમ પડ્યો નથી. 4 પણ પલિસ્તી-
ઓના સરદારો તેના પર ગુસ્સે થયા; એટલે પલિસ્તીઓના સરદારોએ
તેને કહ્યું કે, આ માણસને પાછો મોકલ, કે જે જગ્યા તેં તેને ઠરાવી

આપે છે ત્યાં તે જાય, ને એને આપણી સાથે લડાઇમાં આવવા ન દેતો,
રખેને યુદ્ધમાં તે આપણા સામાવાળાથઇ પડે; કેમકે પોતાના શેઠની પ્રી-
તિ પાછી મેળવવા સારૂ તે શું મૂલ્ય નહિ આપે? શું આ માણસોના માથા
નહિ આપે? 5 શું એ દાઉદ નથી કે જેનાં વિષે તેઓએ નાચતાં નાચતાં
સામસામે ગાયું કે, શાઉલે પોતાના સહસ્ત્રોને ને દાઉદ પોતાના દસસ-
હસ્ત્રોને માર્યા છે? 6 ત્યારે આખીશે દાઉદને બોલાવીને તેને કહ્યું કે, જી-
વતા યહોવાહના સમ, તું પ્રમાણિકપણાથી વાર્યો છે, ને સૈન્યમાં મારી
સાથે તારી આવજા મારી દ્દષ્ટિમાં શુભ છે, કેમકે તું મારી પાસે આવ્યો તે
દિવસથી તે આજ સુધી તારામાં મને કંઈ દુષ્ટપણું માલમ પડ્યું નથી,
પરંતુ સરદારોની મહેરબાની તારા પર નથી. 7 માટે હવે તો પાછો વળ,
ને પલિસ્તીઓના સરદારો તારાથી નારાજી ન થાય તેને લીધે શાંતિએ
જા. 8 અને દાઉદે આખીશને કહ્યું, પણ મેં શું કીધું છે? ને જ્યાં સુધી હું
તારી હજુરમાં હતું ત્યાં સુધી,એટલે આજ સુધી, તેં પોતાના દાસમાં એવું
શું જોયું, કે મને જઈને મારા મુરબ્બી રાજાના શત્રુઓની સાથે લડવાની
પરવાનગી ન મળે? 9 ને આખીશે ઉત્તર આપીને દાઉદને કહ્યું કે, હું જાણું
છું કે મારી દ્દષ્ટિમાં તું સારો, દેવના દૂત જેવો છે; પરંતુ પલિસ્તીઓના
સરદારોએ કહ્યું છે કે, તેં અમારી સાથે યુદ્ધમાં ન આવે. 10 તે માટે હવે
તારા ઘણીના જે ચાકરો તારી સાથે આવેલા છે, તેઓની સથે તું પરો-
ઢીએ ઊઠજે; ને પરોઢીએ ઉઠ્યા પછી સૂર્યોદય થયે તમે વિદાય થજો.
11 તેથી દાઉદ તથા ટી માણસો સવારમાં ચાલી નિકળીને પલિસ્તીઓ-
ના દેશમાં પાછા જવા સારૂ પરોઢીએ ઉઠ્યા. અને પલિસ્તીઓએ યિ-
ઝ્રએલ તરફ કૂચ કરી.
30 અને દાઉદ તથા તેના માણસો ત્રીજે દિવસે સિક્લાગમાં
પહોંચ્યા, ત્યારે એમ બન્યું કે, અમાલેકીઓ નેગેબ ઉપર તથા
સિક્લાગ ઉપર હલ્લો કરીને, સિક્લાગ પર મારો ચલાવીને તેને આગથી
બાળી દીધું હતું; 2 ને તેનાથી સ્ત્રીઓને તથા નાનાં મોટાં સર્વને કેદ પક-
ડ્યા હતા; તેઓએ કોઈને મારી નાખ્યું ન હતું, પણ તેઓનું હરણ કરીને
પોતાને રસ્તે ચાલ્યા ગયા હતા. 3 અને દાઉદ તથા તેના માણસો નગર
આવ્યા, ત્યારે જો, તે આગથી બાળી નાખેલું હતું; ને તેઓની સ્ત્રીઓએ,
તથા તેઓના દીકરાઓને, તથા તેઓની દીકરીઓને પકડી લઇ ગયા
હતા. 4 તેથી દાઉદ તથા તેની સાથેના માણસોની રડવાની શકિત ખુટી
ગઇ ત્યાં ઉધી તેઓ પોંક મુકીને રડ્યા. 5 અને દાઉદની બે સ્ત્રીઓને,
એટલે અહીનોઆમ યિઝ્રએલીને, તથા અબીગાઈલ, નાબાલ કર્મેલીની
સ્ત્રીને તેઓ હારી ગયા હતા. 6 અને દાઉદને ઘણો ખેદ થયો, કેમકે લોકો
તેને પત્થરે મારવાની વાત કરવા લાગ્યા; કેમકે સર્વ લોક પોતપોતાના
દીકરાઓને લીધે તથા પોતપોતાની દીકરીઓને લીધે મનમાં દુઃખિત
હતા; પણ દાઉદ પોતાના દેવ યહોવાહમાં હિમ્મતવાન થયો. 7 અને દા-
ઉદે અહીમેલેખના પુત્ર અબ્યાથાર યાજકને કહ્યું કે, એફોદ અહીં મારી
પાસે લાવ; ને અબ્યાથાર એફૂદ દાઉદ પાસે લઇ આવ્યો. 8 આને દાઉદે
યહોવાહની સલાહ પુછી કે, હું એ ટુકડીની પાછળ લાગુ, તો શું, હું તેને
પકડી પાડી શકીશ? ને તેણે તેને ઉત્તર આપ્યો કે, પાછળ લાગ,કેમકે
નિશ્ચે તું તેઓને પકડી પાડીશ, ને બેશેક બધું પાછું મેળવીશ. 9 તેથી
દાઉદ તથા તેની સાથેના છસેં માણસો ગયા, ને બસોરના નાળા
આગળ પહોંચ્યા, જ્યાં પાછળ પડી ગએલાઓ થોભ્યા. 10 પણ દાઉદ
તથા ચારસેં માણસો લગી રહ્યા; કેમકે બાકીનાં બસેં માણસો એટલા
નિર્ગત થાય ગયા હતા કે તેઓ બસોરનું નાળું ઉતારવાને અશક્ત હતા,
તેથી તે પાછળ રહી ગયા. 11 અને તેઓને એક મિસરી પુરૂષ ખેતરમાં
મળી આવ્યો, ને તેઓ તેને દાઉદની પાસે લાવ્યા, ને તેને રોટલી આપી,
ને તેણે ખાધી; ને તેઓએ તેને પાણી પીવાને આપ્યું; 12 ને તેઓએ
અંજીરના ચકતામાંથી એક ટુકડો તથા સુકી દ્રાક્ષની બે લૂમો તેને
આપી, ને તેને ખાધું એટલે તેને પાછો હોશ આવ્યો, કેમકે ત્રણ દિવસ
તથા ત્રણ રાત તેણે રોટલી ખાધી ન હતી, ને પાણી પણ પીધું ન હતું.
13 અને દાઉદે તેને કહ્યું કે, તું કોણના તાંબાનો છે, ને ક્યાંથી આવ્યો
છે? ને તેણે કહ્યું કે, હું મીસરનો એક જુવાન છું, તથા એક અમલેકીનો
ચાકર છું; ને મારા ઘણીએ મને મુકી દીધો, કેમકે ત્રણ દિવસ અગાઉ હું
માંદો પડ્યો. 14 અમે કરેથીઓના દક્ષિણ ભાગ ઉપર, તથા યહુદાહના
દેશ ઉપર, તથા કાલેબના દક્ષિણ ભાગ ઉપર સવારી કરીને, સીક્લાગને
આગથી બાળી નાખ્યું. 15 અને દાઉદે તેને કહ્યું કે, તું મને તે ટુકડી પાસે
લઇ જઈશ? ને તેણે કહ્યું કે, જો ત દેવનો સોગન ખાઇ કે તું મને મારી
નહિ નાખે, અથવા મારા ઘણીના હાથમાં મને નહિ સોંપી દે, તો તને તે
ટુકડી પાસે લઇ જાઉં. 16 અને જયારે તે તેને ત્યાં લઇ ગયો ત્યારે, જુઓ,
તે લોક સઘળાં મેદાન ઉપર પસરેલા હતા, ને ખાતાં તથા પીતા તથા
મિજબાની કરતાં હતા, કેમકે તેઓએ પુષ્કળ લૂટ પલિસ્તીઓના દેશ-
માંથી તથા યહુદાહના દેશમાંથી લીધી હતી. 17 અને દાઉદે તેઓને પ્રા-
તઃકાળથી તે બીજા દિવસની સાંજ સુધી માર્યા; ને જે ચારસેં જુવાનો
ઉંટ ઉપર બેસીને નાસી ગયા તે શિવાય તેઓમાંનો એકે બચ્યો નહિ.
18 અને જે સઘળું અમાલેકીઓ લઇ ગયા હતા, તે દાઉદે પાછું મેળવ્યું,
ને દાઉદે પોતાની બે સ્ત્રીઓને છોડાવી. 19 અને નાનું કે મોટું, પુત્રો કે
પુત્રીઓ, કે લૂટ, કે જે કંઈ તેઓ હારી લઇ ગયા હતા, તે સઘળાંમાંથી
કાંઇ પણ તેમને પાછું મળ્યા વગર રહ્યું નહિ; દાઉદ સઘળું પાછું લાવ્યો.
20 અને દાઉદે સઘળાં ઘેટાં તથા ઢોરઢાંક લીધાં; ને તેમને બીજાં ઢોરોની
આગળ ઢાંકીને તેઓએ કહ્યું કે, આ દાઉદની લૂટ છે. 21 અને જે બસેં
માણસો એટલા થાકી ગયા હતા કે તેઓ દાઉદની સાઠ જઈ શક્યા ન
હતા, તથા જેમને તેમણે બસોરના નામલા આગળ રાખ્યા હતા, તેઓની
નજીક દાઉદ આવી પહોંચ્યો; ત્યારે તેઓ દાઉદને મળવાને તથા તેની
સાથેના માણસોને મળવાને સામા ગયા; ને જયારે દાઉદ તે લોકોની
પાસે આવ્યો ત્યારે તેને તેઓને ક્ષેમકુશળ કહ્યા. 22 ત્યારે જે માણસો
દાઉદ સાથે ગયા હતા તેમાંના સર્વ દુષ્ટ પુરૂષો તથા બલીયઆલપુત્રોએ
ઉત્તર આપ્યો કે, તેઓ આપણી સાથે આવ્યા ન હતા, માટે જે લૂટ
આપણે પાછી પડાવી છે તેમાંથી કંઈ આપણે તેઓને આપવીજ નહિ,
માત્ર પ્રત્યેકને તેની સ્ત્રી તથા બાળકો આપવાં, કે તેમને લઇ તેઓ વિ-
દાય થાય. 23 ત્યારે દાઉદે કહ્યું કે, મારા ભાઈઓ, યહોવાહ કે જેણે
આપણે બચાવી રાખ્યા છે, તથા આપણી વિરુદ્ધ આવેલી ટોળીને
આપણા હાથમાં સોંપી દીધા છે, તેણે આપણને આપ્યું જે આપ્યું છે તે
વિષે તમારે એમ ન કરવું. 24 અને એ બાબતમાં તમારૂં કોણ સાંભળશે?
લડાઇમાં જનારને જેવો ભાગ તેવોજ ઉચાળા પાસે રહેનારને મળશે; તે-
ઓને સરખો ભાગ મળશે. 25 અને તેણે તે દિવસથી માંડીને અઆજ સુ-
ધીને વાસ્તે એજ નિયમ તથા વિધિ ઈસ્રાએલને સારૂ બાંધ્યા. 26 એ દા-
ઉદ સિક્લાગમાં આવ્યો, ત્યારે તેણે લૂટમાંથી કેટલીક યહુદાહના વડી-
લોને ત્યાં, એટલે પોતાના મિત્રોને ત્યાં, મોકલાવીને કહાવ્યું કે, જુઓ,
યહોવાહના શત્રુઓ પાસેથી લીધેલી લૂટમાંથી આ ભેટ તમારે વાસ્તે;
27 તથા બેથેલવાસીઓને ત્યાં, તથા દક્ષિણના રામોથવાસીઓને ત્યાં,
યાત્તીરવાસીઓને ત્યાં; 28 ને અરોએરવાસીઓને ત્યાં, તથા સિફમોથ-
વાસીઓને ત્યાં, તથા એશ્તમોઆવાસીઓને ત્યાં; 29 ને રાખાલવાસી-
ઓને ત્યાં, તથા યરાહમએલીઓનાં નગરોના રહેવાસીઓને ત્યાં, તથા
કેનીઓનાં નગરોના રહેવાસીઓને ત્યાં; 30 ને હોર્માહવાસીઓને ત્યાં
તથા કોર-આશાનવાસીઓને ત્યાં તથા અથાખવાસીઓને ત્યાં; 31 ને હે-
બ્રોનવાસીઓને ત્યાં, તથા જે સઘળાં ઠેકાણાંમાં દાઉદ તથા તેના મા-
ણસો જતા આવતા હતા, ત્યાં [મોકલાવી].
31 હવે પલિસ્તીઓએ ઈસ્રાએલ વિરુદ્ધ યુદ્ધ કીધું; ને ઈસ્રાએલના
માણસો પલિસ્તીઓની સામેથી નાઠા, ને ગિલ્બોઆ પર્વત
ઉપર કતલ થઇ પડ્યા. 2 અને પલિસ્તીઓએ શાઉલનો તથા તેના દી-
કરાઓનો કેડો પકડ્યો; ને પલિસ્તીઓએ શાઉલના દીકરાઓ યોના-
થાન, તથા અબીનાદાબ, તથા માલ્કીશુઆને મારી નાખ્યા. 3 અને યુદ્ધ
શાઉલની વિરુદ્ધ સખત મચ્યું, ને ધનુર્ધારીઓએ તેને પકડી પાડ્યો, ને
તે ધનુર્ધારીઓને લીધે ઘણી સાંકડી પટ્ટીમાં આવી પડ્યો. 4 ત્યારે શા-
ઉલે પોતાના શસ્ત્રધારને કહ્યું કે, તારી તરવાર તાણીને તેથી મને વીંધી
નાખ; નહિ તો આ બેસુનતીઓ આવીને મને વીંધી નાખીને મારૂં અપ-
માન કરશે. પણ તેના શસ્ત્રધારે એમ કરવાની ના પાડી, કેમકે તે ઘણો
બીધો; માત શાઉલ પોતાની તરવાર લઈને તેની ઉપર પડ્યો. 5 અને
શાઉલને મુએલો દેખીને તેનો શસ્ત્રધાર પણ પોતાની તરવાર ઉપર
પડીને તેની સાથે મુઓ. 6 એ રીતે શાઉલ તથા તેના ત્રણ દીકરા, તથા
તેનો શસ્ત્રધાર, તથા તેના સર્વ માણસો તેજ દિવસે સાથે મરણ પામ્યા.
7 અને જયારે તે નીચાણની સામી બાજુના ઈસ્રાએલી માણસોએ તથા
યરદનની પેલી પારના લોકોએ જોયું કે ઈસ્રાએલના માણસો નાસે છે, ને
શાઉલ તથા તેના દીકરાઓ મરણ પામ્યા છે, ત્યારે તેઓ નગરો તજી

દઈને નાસી ગયા, ને પલિસ્તીઓ આવીને તેમાં વસ્યા. 8 અને બીજે દિ-
વસે એમ થયું કે, પલિસ્તીઓ મુએલાંઓનાં વસ્રાદિ ઉતારી લેવામાં
આવ્યા, ત્યારે શાઉલ તથા તેના ત્રણ દીકરાઓ ગિલ્બોઆ પર્વત પર
પડેલા તેઓને મળ્યા. 9 અને તેઓએ તેનું માથું કાપી લીધું, તથા તેના
શસ્ત્રો ઉતારી લઈને તે સમાચાર પોતાનાં મૂર્તિગ્રહોમાં તથા લોકોમાં પ્ર-
ગટ કરવા સારૂ પલિસ્તીઓના દેશમાં સર્વ ઠેકાણે તેઓએ હલકારા મો-
કલ્યા. 10 અને તેઓએ તેના શસ્ત્રો આશ્તારોથના ઘરમાં મુક્યા, ને તેની
લાસ બેથશાનને કોટે ચોંટાડી. 11 અને પલિસ્તીઓએ શાઉલને જે કીધું
હતું તે વિષે જયારે યાબેશ-ગિલઆદના રહેવાસીઓએ સાંભળ્યું,
12 ત્યારે સઘળાં બહાદૂર પુરૂષો ઉઠીને આખી રાત ચાલ્યા, ને બેથશાન-
ના કોટ પરથી શાઉલની લાસને તથા તેના દીકરાઓની લાસોને તેઓ
યાબેશમાં લઇ આવ્યા, ને ત્યાં તેઓએ તે બાળી. 13 અને તેઓએ તેના
હાડકાં લઈને યાબેશમાંના એશેલ વૃક્ષની તળે દાટ્યા, ને સાત દિવસ
ઉપવાસ કીધો.

# 2 શમુએલ

1 અને શાઉલના મરણ પછી એમ થયું કે, દાઉદ અમાલેકીઓને
કતલ કરવાના કામ પરથી પાછો આવીને સિક્લાગમાં બે દિવસ
રહ્યો, ત્યાર પછી, 2 એટલે ત્રીજે દિવસે, એમ થયું કે, જુઓ, છાવણી-
માંથી એક માણસ શાઉલ પાસેથી આવ્યો, તેનાં વસ્ત્રો ફાટેલાં, તથા
તેના માથા પર ધૂળ હતી; ને તે દાઉદ પાસે આવ્યો ત્યારે એમ થયું કે,
તેણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કીધા. 3 અને દાઉદે તેને કહ્યું કે, તું ક્યાંથી
આવે છે? ને તેણે કહ્યું કે, હું ઇસ્રાએલની છાવણીમાંથી નાસી આવ્યો
છું. 4 અને દાઉદે તેને કહ્યું કે, કૃપા કરી મને કહે, ત્યાં કેમ થયું? ને તેણે
ઉત્તર આપ્યો કે, લોકો લડાઇમાંથી નાઠા છે, ને ઘણાક લોકો પડીને
મરણ પણ પામ્યા છે; ને શાઉલ તથા તેનો દીકરો યોનાથાન પણ મુઆ
છે. 5 અને તેને ખબર આપનાર જુવાન દાઉદને કહ્યું કે, તેં કેમ જાણ્યું કે
શાઉલ તથા તેનો દીકરો યોનાથાન મુઆ છે? 6 ને તેને ખબર કહેનાર
જુવાને કહ્યું કે, હું અનાયાસે ગિલ્બોઆ પર્વત ઉપર હતો, ત્યારે, જો,
શાઉલ પોતાના ભાલા ઉપર ટેકીને ઉભો હતો; ને જો, રથો તથા સ્વારો
તેની પાછળ લાગોલગ લાગેલા હતા. 7 અને તેણે પોતાને પછવાડે નજર
કરી, એટલે મને જોઇને હાંક મારી; ને મેં કહ્યું કે, હું આ રહ્યો. 8 અને તેણે
મને કહ્યું કે, તું કોણ છે? ત્યારે મેં તેને કહ્યું કે, હું એક અમાલેકી છું.
9 અને તેણે મને કહ્યું કે, કૃપા કરી, મારી પડખે ઉભો રહીને મને મારી
નાખ, કેમકે મને ભારે વેદના થાય છે; કેમકે હજી સુધી મારો જીવ મારા
ખોળિયામાં સાબુદ છે. 10 માટે મેં તેની પાસે ઉભો રહીને તેને મારી ના-
ખ્યો, કેમકે મેં નિશ્ચે જાણતો હતો કે પડી ગયા પછી તે જીવવાનોજ
નથી; ને તેના માથા પરનો મુગટ, તથા તેના હાથ પરના કડા લઇને તે-
મને અહીં મારા ધણી પાસે લાવ્યો છું. 11 અને દાઉદે પોતાના વસ્ત્ર પક-
ડીને ફાડ્યા; ને તેની સાથે સઘળાં માણસોએ પણ તેમજ કીધું; 12 ને તે-
ઓએ શાઉલને લીધે, તથા તેના દીકરા યોનાથાનને લીધે, તથા યહો-
વાહના લોકોને લીધે, તથા ઇસ્રાએલના ઘરનાં લીધે શોક તથા વિલાપ
કીધો, તથા સાંજ સુધી ઉપવાસ કીધો; કેમકે તેઓ તરવારથી માર્યા
ગયા હતા. 13 અને તેને ખબર આપનાર જુવાનને દાઉદે કહ્યું કે, તું
ક્યાંનો છે? અને તેણે જવાબ આપ્યો કે, હું એક પર્દેશીનો દીકરો, એટલે
અમાલેકી છું. 14 અને દાઉદે તેને કહ્યું કે, યહોવાહના અભિષિક્તને મારી
નાખવા સારૂ પોતાનો હાથ લાંબો કરતાં તું કેમ ડર્યો નહિ? 15 ને દાઉદે
જુવાનોમાંથી એકને બોલાવીને તેને કહ્યું કે, પાસે જઇને તેના પર ધસી
પડ; ને તેણે તેને ઠાર માર્યો. 16 અને દાઉદે તેને કહ્યું કે, તારૂં લોહી તારે
માથે, કેમકે તારા મુખે તારી વિરુદ્ધ સાક્ષી પુરી છે કે, યહોવાહના અભિ-
ષિક્ત મેં મારી નાખ્યો છે. 17 અને દાઉદે શાઉલ તથા તેના દીકરા યોના-
થાનને સારૂ નીચે પ્રમાણે શોક કીધો. 18 અને તેણે યહુદાહપુત્રોને ધનુ-
ષ્ય ગીત શિખવવાનો તેઓને હુકમ કીધો; જો, તે યાશારના પુસ્તકમાં
લખેલું છે. 19 હે ઇસ્રાએલ, તારૂં ગૌરવ તારા પર્વતો પર કતલ થયું છે!
યોદ્ધાઓ કેવા માર્યા ગયા છે! 20 ગાથમાં એ કહેશો મા, આશ્કલોનની શે-
રીઓમાં એ પ્રગટ કરશો મા; રખે પલિસ્તીઓની દીકરીઓ હરખાય, રખે
બેસુનતીઓની દીકરીઓ જયજયકાર કરે. 21 હે ગિલ્બોઆના પર્વતો,
તમારા પર ઝાકળ, કે વરસાદ, કે અર્પણના ખેતરો ન હોય; કેમકે ત્યાં
યોદ્ધાઓની ઢાલ, એટલે શાઉલની ઢાલ, જાણે કે તે તૈલાભિષિક્ત ના
હોય એવી રીતે અશુદ્ધ કરાઈ. 22 માર્યા જનારાઓનું લોહી વહેવડાવવા-
થી, બળવંતોનો મેદ વિંધવાથી યોનાથાનનું ધનુષ્ય પાછું પડતું નહિ;
ને શાઉલની તરવાર ખાલી પછી ફરતી નહિ. 23 શાઉલ તથા યોનાથાન
જીવતાં પ્રિય તથા ખુશકારક હતા, ને તેઓના મૃત્યુકાલે તેઓ જુદા ન
પડ્યા. તેઓ ગરૂડ કરતાં જલદ હતા; તેઓ સિંહો કરતાં બળવંત હતા.
24 અરે ઇસ્રાએલની દીકરીઓ, શાઉલને સારૂ વિલાપ કરો, કે જેણે તમને
કીર્મજી વસ્ત્રો પહેરાવીને મોજ કરાવી, જેણે કાંચનાભૂષણોથી તમારા
વસ્ત્રો શણગાર્યાં. 25 કેવી રીતે યોદ્ધાઓ માર્યા ગયા છે! હે યોનાથાન, તું
તારા પર્વતો પર કતલ કરાયો છે. 26 હે મારા બંધવ યોનાથાન, તારે લીધે
મને ખેદ થાય છે; તું મને બહુ પ્રિય હતો; મારા પર તારો પ્યાર આશ્ચર્ય-
કારક હતો, સ્ત્રીઓના પ્યારથી વિશેષ હતો. 27 યોદ્ધાઓ કેવા માર્યા
ગયા છે! ને યુદ્ધશસ્ત્રોનો કેવો વિનાશ થયો છે!
2 અને ત્યાર પછી એમ થયું કે, દાઉદે યહોવાહની સલાહ પુછી કે,
શું હું યહુદાહના કોઇ નગરમાં જાઉં? ને યહોવાહે તેને કહ્યું કે, જા.
અને દાઉદે કહ્યું કે, હું ક્યાં જાઉં? અને તેણે કહ્યું કે, હેબ્રોનમાં. 2 તેથી
દાઉદ પોતાની બે સ્ત્રીઓને, એટલે યિઝ્રએલી અહીનોઆમને તથા ના-
બાલ કાર્મેલીને વિધવા અબીગાઈલને, લઈને ત્યાં ગયો. 3 અને તેની
સાથેના માણસોને પણ પોતપોતાના કુટુંબ પરિવાર સુદ્ધાં દાઉદ લઇ
ગયો, ને તેઓ હેબ્રોનના નગરોમાં રહ્યા. 4 અને યહુદાહના માણસો
આવ્યા, ને ત્યાં તેઓએ દાઉદને યહદાહના કુળ પર રાજા તરીકે અભિ-
ષિક્ત કીધો. અને તેઓએ દાઉદને એવા સમાચાર આપ્યાં કે, શાઉલને
દાટનારાઓ એ યાબેશ-ગિલઆદના માણસો હતા. 5 અને દુઆડે યા-
બેશ-ગિલઆદના માણસો પાસે હલકારા મોકલીન તેઓને કહાવ્યું કે,
યહોવાહ તમને આશિષ ડો, કેમકે તમે તમારા ધણી શાઉલ ઉપર કૃપા
કરીને તેને દાટ્યો. 6 અને હવે યહોવાહ તમારા પર કૃપા તથા સત્યતા દે-
ખાડો; ને તમે એમ કૃત્ય કર્યું છે; માટે હું પણ તમારી કૃપાનો બદલો
આપીશ. 7 માટે હવે તમારા હાથ બળવાન થાઓ, ને તમે શૂરવીર
થાઓ; કેમકે તમારો ધણી શાઉલ મરણ પામ્યો છે; ને વળી યહુદાહના
કુળે પોતા પર રાજા તરીકે મને અભિષિક્ત કીધો છે. 8 હવે શાઉલનો સે-
નાપતિ, નેરનો દીકરો આબ્નેર, શાઉલના દીકરા ઇશબોશેથને લઇ મા-
હનાઇમમાં જતો રહ્યો હતો; 9 અને તેણે તેને ગિલઆદ પર, તથા અશૂ-
રીઓ પર, તથા યિઝ્રએલ પર, તથા એફ્રાઇમ પર, તથા બિન્યામીન પર,
તથા સર્વ ઇસ્રાએલ પર રાજા કીધો. 10 શાઉલનો દીકરો ઇશ-બોશેથ
ઇસ્રાએલ પર રાજ્ય કરવા લાગ્યો ત્યારે તે ચાળીસ વર્ષનો હતો, ને તેણે
બે વર્ષ રાજ્ય કીધું. પણ યહુદાહનું કુળ દાઉદના અધિકાર તળે રહ્યું.
11 અને દાઉદે સાત વર્ષ ને છ માસની મુદત સુધી હેબ્રોનમાં યહુદાહના
કુળ ઉપર રાજ્ય કીધું. 12 અને નેરનો દીકરો આબ્નેર, તથા શાઉલના
દીકરા ઇશ-બોશેથના ચાકરો, માહનાઇમથી નિકળીને ગિબઓનમાં
ગયા. 13 અને સરૂયાહનો દીકરો યોઆબ, તથા દાઉદના ચાકરો ચાલી
નિકળીને ગિબઓનના તળાવ પાસે તેઓને મળ્યા; ને તેઓની એક ટુ-
કડી તળાવની આ પારે, ને બીજી ટુકડી તળાવની પેલી પારે બેઠી.
14 અને આબ્નેરે યોઆબને કહ્યું કે, કૃપા કરીને જુવાનોને ઉઠીને આપ-
ણી આગળ ગમત કરવા દે; ને યોઆબે કહ્યું કે, તેઓ છો ઉઠે. 15 ત્યારે
તેઓ સરખી સંખ્યામાં ઉઠીને સામી બાજુએ ગયા; એટલે બિન્યામીન
તથા શાઉલના દીકરા ઇશ-બોશેથ તરફથી બાર, અને દાઉદના ચકારો-
માંથી બાર. 16 અને તેઓમાંના પ્રત્યેક માણસે પોતાના સાથીનું ડોકું
પકડીને પોતાની તરવાર પોતાના સાથીની કૂખમાં ભોકી દીધી, ને તે
બધા સાથે નીચે ઢાળી પડ્યા; માટે તે જગ્યાનું નામ હેલ્કાથ-હાસ્સુરીમ
પાડ્યું, ને તે ગિબઓનમાં છે. 17 અને તે દિવસે યુદ્ધ ઘણું ઉગ્ર મચ્યું; ને
આબ્નેર તથા ઇસ્રાએલના માણસો દાઉદના ચાકરો આગળ પરાજિત
થયા. 18 અને સરૂયાહના ત્રણ દીકરાઓ, યોઆબ તથા અબીશાય તથા
અસાહેલ ત્યાં હતા, ને અસાહેલ રાની હરણ જેવો પગનો ચપળ હતો.
19 અને અસાહેલ અબ્નેરની પાછળ લાગ્યો; ને આબ્નેરની પાછળ દોડ-
વાથી જમણે કે ડાબે વાળ્યો નહિ. 20 ત્યારે આબ્નેરે પાછળ નજર કરીને
કહ્યું કે, અસાહેલ, એ શું તું છે? ને તેણે ઉત્તર આપ્યો કે, કે, હા, હું છું.

21 અને આબ્નેરે તેને કહ્યું કે, તારી જમણી કે ડાબી બાજુએ વળી જા, ને
જુવાનોમાંથી એકને પકડીને તેનો શસ્ત્ર લે; પણ અસાહેલ તેની પૂઠેથી
મરડાયો નહિ. 22 અને આબ્નેરે અસાહેલને ફરીથી કહ્યું કે, મારી પૂઠે લા-
ગવાથી તું આડો અવળો ફરી જા; શા સારૂ મારે હાથે મરવા માગે છે? ને
એમ થાય તો મારૂં મ્હો હું તારો ભાઇ યોઆબને શી રીતે દેખાડું? 23 પણ
તેણે બાજુ પર વળી જવાનું માન્યુંજ નહી, માટે આબ્નેરે ભાલાના દાંડા-
નો ગોદો તેના કરવા પેટમાં એવો માર્યો કે, ભાલો તેની પૂઠ પાછળ પૂ-
ટ્યો, ત્યાંજ પડીને મુઓ. અને એમ થયું કે, અસાહેલ પડીને મુઓ હતો
તે જગ્યાએ જેટલા માણસો આવ્યા, તેઓ ત્યાંજ ઉભા રહ્યા. 24 પણ
યોઆબ તથા અબીશાય આબ્નેરની પછવાડે લાગ્યા, ને તેઓ આમ્માહ
પર્વત, જે ગિબઓનના રાનના માર્ગ ઉપર ગીઆહ આગળ છે, ત્યાં
પહોંચ્યા, ત્યારે સૂર્ય અસ્ત થયો. 25 અને બિન્યામીન પુત્રો આબ્નેરની
પાછળ એકઠા થયા, ને એક ટોળી બનીને તેઓ એક પર્વતના શિખર
ઉપર ઉભા રહ્યા. 26 ત્યારે આબ્નેરે યોઆબને હાંક મારીને કહ્યું કે, શું
તરવાર સદા સંહાર કરશે? શું તું જાણતો નથી કે એનો પરિણામ તો કડ-
વાસરૂપ થશે? ત્યારે લોકોને પોતાના ભાઇઓની પૂઠે લાગવાથી પાછા
ફરવાનો હુકમ કરવાને તું ક્યાં સુધી વિલંબ કરીશ? 27 ને યોઆબે કહ્યું
કે, જીવતા દેવના સમ, જો તું બોલ્યો ન હોત તો નિશ્ચય સવારે લોકો
ચાલ્યા ગયા હોત ને પ્રત્યેક માણસ પોતાના ભાઇની પાછળ લાગત
નહિ. 28 પછી યોઆબે રણશિંગડુ વગાડ્યું, ને સર્વ લોક ઉભા રહ્યા, ને
ઇસ્રાએલની પાછળ લાગવાથી અટક્યા, ને તેઓએ લડવું બંધ કર્યું.
29 અને આબ્નેર તથા તેના માણસો આખી રાત અરાબાહમાં ચાલ્યા, ને
યરદન ઉતરીને આખું બિથ્રોન ઓળંગીને, માહનાઇમમાં પહોંચ્યા.
30 અને યોઆબ આબ્નેરની પૂઠે લાગવાથી પાછો ફર્યો, ને તેણે સર્વ લો-
કોને એકઠા કર્યા, ત્યારે અસાહેલ ઉપરાંત ઓગણીસ માણસ ઓછા
માલમ પડ્યા. 31 પણ દાઉદના ચાકરોએ બિન્યામીનના તથા આબ્નેર-
ના માણસોને એવા માર્યા હતા કે, ત્રણસેં ને સાઠ માણસો મરી ગયા.
32 અને તેઓએ અસાહેલને ઉંચકી જઇને તેને બેથલેહેમ મધ્યે તેના બા-
પની કબરમાં દાટ્યો. અને યોઆબ તથા તેના માણસો આખી રાત ચા-
લીને સૂર્યોદય થતાં હેબ્રોનમાં પહોંચ્યા.

3 હવે શાઉલના ઘર તથા દાઉદના ઘરની વચ્ચે લાંબી મુદત સુધી
વિગ્રહ ચાલ્યો; ને દાઉદ અધિકાધિક બળવાન થતો ગયો, પણ
શાઉલનું ઘર વધારે નબળું થવા લાગ્યું. 2 અને દાઉદને હેબ્રોનમાં પુત્રો
થયા; ને તેનો પ્રથમ જનિત આમ્નોન, તે અહીનોઆમ યિઝ્રએલીના પે-
ટનો હતો; 3 ને તેનો બીજો કિલઆબ, તે નાબાલ કર્મેલીની વિધવાના
પેટનો હતો; ને ત્રીજો આબ્શાલોમ, તે અશૂરના રાજા તાલ્માયની દીકરી
માઅખાહનો દીકરો હતો; 4 ને ચોથો, તે હાગ્ગીથનો દીકરો આદોનીયાહ
હતો; ને પાંચમો, તે અબીટાલનો દીકરો શફાટયાહ હતો; 5 ને છઠો, તે
દાઉદની વહુ એગ્લાહનો દીકરો યિથ્રઆમ હતો. હેબ્રોનમાં દાઉદને એ
પુત્રો થયા. 6 અને દાઉદના ઘર તથા શાઉલના ઘર વચ્ચે વિગ્રહ ચાલતો
હતો, અને તે દરમિયાન એમ બન્યું કે આબ્નેરે શાઉલના ઘરને વાસ્તે
જોર માર્યું. 7 હવે શાઉલની રિસ્પાહ નામની એક ઉપપત્ની હતી, તે
આયાહની દીકરી હતી; ને ઇશ્બોશેથે આબ્નેરને કહ્યું કે, મારા બાપની
ઉપપત્નીની પાસે તું કેમ ગયો? 8 ત્યારે આબ્નેર ઇશ્બોશેથના વચનો-
થી ખૂબ ગુસ્સે થયો, ને કહ્યું કે, શું હું યહુદાહના કુતરાનું માથું છું? હું
આજ તારા બાપ શાઉલના ઘર પર, તેના ભાઇઓ પર, તથા તેના મિત્રો
પર કૃપા કરૂં છું, ને તને દાઉદના હાથમાં મેં સોંપી દીધો નથી, તો પણ
આજ આ સ્ત્રી વિષે તું મારા ઉપર દોષ મુકે છે? 9 જો, જેમ યહોવાહે દાઉ-
દની આગળ સમ ખાધા છે તેમ હું તેને ન કરૂં, તો દેવ આબ્નેરને તેવું, ને
તે કરતાં પર વધારે કરો; 10 એટલે શાઉલને ઘેરથી રાજ્ય લઇ લઇને, દા-
ઉદનું રાજ્યાસન ઇસ્રાએલ પર તથા યહુદાહ પર દાનથી તે બેરશેબા સુ-
ધી સ્થપાયું નહિ તો. 11 અને તે આબ્નેરને બીજો એક શબ્દ પણ ઉત્તર-
માં કહી શક્યો નહિ, કેમકે તેને તેનો ડર લાગ્યો. 12 અને આબ્નેરે પોતા
તરફથી દાઉદ પાસે હાલ્કારા મોકલીને કહાવ્યું કે, દેશ કોણનો છે? ને
એ પણ કહાવ્યું કે, મારી સાથે સલાહ કર, ને જો, મારો હાથ સર્વ ઇસ્રા-
એલને તારી તરફ ફેરવી લાવવાને તારી કુમકે આવશે. 13 અને તેણે કહ્યું
કે, સારૂ; હું તારી સાથે સલાહ કરીશ; પણ હું તારી સાથે એક સરત કરવા
માંગુ છું, તે એ કે મારૂં મ્હો જોવાને તું આવે, ત્યારે શાઉલની દીકરી મી-
ખાલને પહેલી લાવ્યા વિના તું મારૂં મ્હો જોવા પામશે નહિ. 14 અને દા-
ઉદે શાઉલના દીકરા ઇશ્બોશેથ પાસે હલકારા મોકલીને કહાવ્યું કે, મા-
રી વહુ મીખાલ, કે જેની જોડે પલીસ્તીઓનાં એકસો અગ્રચર્મ આપીને
મેં વિવાહ કીધો હતો, તે મને સોંપ. 15 અને ઇશ-બોશેથ માણસ મોકલી-
ને તેના વાર પાસેથી, એટલે લાઇશના દીકરા પાલ્ટીએલ પાસેથી તેને
મંગાવી લીધી. 16 અને તેનો વાર બાહુરીમ સુધી રડતો રડતો તેની પા-
છળ ગયો. ત્યારે આબ્નેરે તેને કહ્યું કે, ચાલ, પાછો જા; ને તે પાછો
ગયો. 17 અને આબ્નેરે ઇસ્રાએલના વડીલો સાથે વાતચિત કરીને કહ્યું
કે, ગતકાળમાં તમારો રાજા થવા સારૂ તમે દાઉદને શોધતા હતા. 18 તો
હવે તે કામ કરો, કેમકે યહોવાહે દાઉદ વિષે બોલીને કહ્યું છે કે, હું મારા
ઇસ્રાએલ લોકને મારા સેવક દાઉદની હસ્તક પલિસ્તીઓના હાથમાંથી,
તથા તેઓના સર્વ શત્રુઓના હાથમાંથી છોડાવીશ. 19 અને આબ્નેરે
બિન્યામીનીઓના કાનમાં પર વાત કરી; ને વળી ઇસ્રાએલને તથા બિ-
ન્યામીનના આખા કુળને જે સારૂં લાગ્યું તે સઘળું દાઉદના કાનમાં કહે-
વા સારૂ આબ્નેર હેબ્રોનમાં ગયો. 20 અને આબ્નેર પોતાની સાથે વીસ
માણસો લઇને દાઉદ પાસે હેબ્રોનમાં આવ્યો; ને દાઉદે આબ્નેરને સારૂ
તથા તેની સાથેના માણસોને સારૂ જમણ કીધું. 21 અને આબ્નેરે દાઉદ-
ને કહ્યું કે, હું ઉઠીને વિદાયગિરી લઇશ, ને સર્વ ઇસ્રાએલને મારા મુર-
બ્બી રાજાની પાસે એકઠા કરીશ, કે તેઓ તારી સાથે કરાર કરે ને તું તા-
રા મનની ઇચ્છા હોય એટલા બધા પર રાજ્ય કરે. અને દાઉદે આબેરને
વિદાય કીધો, ને તે શાંતિએ ગયો છે. 22 અને જુઓ, દાઉદના સેવકો
તથા યોઆબ એક સ્વારીએથી પાછા આવ્યા, ને પોતાની સાથે ઘણી
લૂટ લેતાં આવ્યા; પણ આબ્નેર દાઉદ સાથે હેબ્રોનમાં ન હતો; કેમકે તે-
ણે તેને વિદાય કીધો હતો, ને તે શાંતિએ ચાલ્યો ગયો હતો. 23 યોઆબ
તથા તેની સાથેનું સર્વ સૈન્ય આવ્યા પછી, યોઆબને ખબર મળી કે,
નેરનો દીકરો આબ્નેર રાજા પાસે આવ્યો હતો, પણ તેણે તેને વિદાય
કીધો, ને તે શાંતિએ ગયો છે. 24 અને યોઆબે રાજા પાસે આવીને કહ્યું
કે, તું શું કર્યું છે? જો, આબ્નેર તારી પાસે આવ્યો, ત્યારે તે તેને કેમ વિ-
દાય કીધો? તે તો તદ્દન જતો રહ્યો છે. 25 નેરના દીકરા આબ્નેરને તું
ઓળખે છે, કે તને છેતરવાને, તથા તારી આવજા જાણી જવા સારૂ,
તથા તું જે કરે છે તે સઘળાંથી માહિતગાર થવા સારૂ તે આવ્યો હતો.
26 અને યોઆબ દાઉદ પાસેથી બહાર નિકળ્યો,એટલે તેણે આબ્નેર પા-
છળ હલકારા મોકલ્યા, ને તેઓ તેને સીરાહના હોજ પાસેથી પાછો લા-
વ્યા; પણ દાઉદ એ જાણતો નહોતો. 27 અને આબ્નેર પાછો હેબ્રોનમાં
આવ્યો, એટલે યોઆબ તેની સાથે એકાંતે વાત કરવા સારૂ તેને એક
બાજુએ દરવાજાની મધ્યે લઇ ગયો, ને તેણે ત્યાં પોતાના ભાઇ અસાહે-
લના ખૂનને સારૂ, તેના પેટમાં ખંજર ભોંકીને મારી નાખ્યો. 28 અને પછી
દાઉદે એ સાંભળ્યું ત્યારે તેણે કહ્યું કે, નેરના દીકરા આબ્નેરના ખૂન વિ-
ષે હું તથા મારૂં રાજ્ય યહોવાહ આગળ સદાકાળ સુધી નિર્દોષી છીએ;
29 તે યોઆબના શિર તથા તેના બાપના સઘળાં ઘેરને શિર થાઓ; ને
સ્રાવી, કે કોઢીઓ, કે લાકડીએ ટેકનાર, કે તરવારથી પડનાર, કે રોટલી-
ની ન્યૂનતાવાળો, યોઆબના ઘરમાંથી કદી ખૂટશો નહિ. 30 એમ યોઆ-
બે તથા તેના ભાઇ અબીશાયે આબ્નેરને મારી નાખ્યો, કેમકે તેણે તે-
ઓના ભાઇ અસાહેલને ગિબઓન પાસે લડાઇમાં મારી નાખ્યો હતો.
31 અને દાઉદે યોઆબને તથા તેની સાથેના સર્વ લોકને કહ્યું કે, તમે
પોતાના વસ્ત્ર ફાડો, ને તમારી કમરોએ તાટ વીંટાળો, ને આબ્નેરની
આગળ વિલાપ કરો. અને દાઉદ રાજા ઠાઠડી પાછળ ચાલ્યો, 32 અને
તેઓએ આબ્નેરને હેબ્રોનમાં દાટ્યો; ને રાજા આબ્નેરની કબર પાસે
પોંક મુકીને રડ્યો; ને સર્વ લોક રડ્યા. 33 અને રાજાએ આબ્નેરને લીધે
શોક કરીને કહ્યું કે, જેમ મૂર્ખ મરે છે તેમ શું આબ્નેર માર્યો જાય? 34 તારા
હાથ બંધાયા ન હતા, ને તારા પગમાં બેડીઓ ઘલાઈ ન હતી; દુષ્ટ મા-
ણસો આગળ કોઇ માર્યો જાય તેની પેઠે તું મુઓ. અને સર્વ લોકોએ
ફરીથી તેની કબર ઉપર શોક કીધો. 35 અને દાઉદને દિવસ છતાં અન્ન
ખવડાવવા સારૂ સર્વ લોકો તેની પાસે આવ્યા; પણ દાઉદે સમ ખાઇને
કહ્યું કે, સૂર્યાસ્ત થયા પહેલાં જો હું રોટલી કે બીજું કશું પણ ચાખું તો
ઇશ્વરે મને તેવું, ને તેથી પણ વધારે કરો. 36 અને સર્વ લોકોએ એ ધ્યાન-
માં લીધું, ને તેથી તેઓ ખુશ થયા; કેમકે રાજાએ જે સર્વ કીધું તેથી સઘ-
ળાં લોકો ખુશ થયા. 37 તે ઉપરથી તે દિવસે સર્વ લોકોએ તથા સર્વ

ઈસ્રાએલે જાણ્યું કે, નેરના દીકરા આબ્નેરના મોતમાં રાજાનો હાથ ન
હતો. 38 અને રાજાએ પોતાના ચાકરોને કહ્યું કે, શું તમે નથી જાણતા કે,
આજ ઈસ્રાએલમાં એક સરદાર તથા મહાન પુરૂષ મરાયો છે? 39 ને જો કે
હું એક અભિષિક્ત રાજા છું, તથાપિ હું આજ અશક્ત છું; ને આ માણ-
સો, સરૂયાહના દીકરાઓને, વશ કરવાને હું અશક્ત છું; યહોવાહ દુષ્ટાઈ
કરનારને તેનાં દુષ્ટ કર્મ પ્રમાણે ફળ આપો.

4 અને શાઉલના દીકરા ઈશ-બોશેથે સાંભળ્યું કે, આબ્નેર હેબ્રોન-
માં મરણ પામ્યો છે, ત્યારે તેના હાથ અશક્ત થયા; ને સર્વે ઈસ્રા-
એલીઓ ગભરાયા. 2 અને શાઉલના દીકરા પાસે બે માણસ હતા, તેઓ
ટોળીઓના નાયક હતા, એકનું નામ બાઅનાહ, તથા બીજાનું નામ રે-
ખાબ હતું; તેઓ બિન્યામીનપુત્રોમાંના રિમ્મોન બએરોથીના દીકરા
હતા; કેમકે બએરોથ પણ બિન્યામીનપુત્રોમાંના રિમ્મોન બએરોથીના
દીકરા હતા; કેમકે બએરોથ પણ બિન્યામીનનું ગણતું હતું; 3 ને બએરો-
થીઓ ગિત્તાઈમમાં નાસી ગયા, ને આજ સુધી ત્યાં આવી વસેલા છે.
4 હવે શાઉલના દીકરા યોનાથાનને એક દીકરો હતો, તે પગે લંગડો હતો
જયારે જયારે શાઉલ તથા યોનાથાનની ખબર યિઝ્રએલથી આવી, ત્યારે
તે પાંચ વર્ષનો હતો, ને તેની સાંભળનારી તેને લઈને નાઠી; ને એમ થયું
કે તે ઉતાવળી દોડતી હતી, તેથી તે પડી ગયો, ને લંગડો થયો. અને તે-
નું નામ મફીબોશેથ હતું. 5 અને રિમ્મોન બએરોથીના દીકરા રેખાબ
તથા બાઅનાહ ચાલી નિકળ્યા ને દિવસના મધ્યાન્હે ઈશ-બોશેથને ઘેર
પહોંચ્યા, ને તે બપોરની વખતે પલંગ પર સૂતેલો હતો. 6 અને તેઓ ઘઉં
લેવાને બહાને ઘરમાં ઘુસ્યા; ને તેઓએ તેના પેટમાં ખંજર ભોંકી દીધું;
ને રેખાબ તથા તેના ભાઈ બાઅનાહ નાસી ગયા. 7 હવે તે શયનગૃહમાં
પલંગ પર સૂતો હતો તે વેળાએ તેઓ ઘરમાં ઘુસીને તેને મારી નાખ્યો,
ને તેનું માથું કાપી નાખ્યું, ને તેનું માથું લઈને અરાબાહને માર્ગે આખી
રાત ચાલ્યા. 8 અને તેઓએ ઈશબોશેથનું માથું હેબ્રોનમાં દાઉદ પાસે
લાવીને કહ્યું કે, તારો શત્રુ શાઉલ જે તારો જીવ લેવાને શોધતો હતો તે-
ના પુત્ર ઈશ્બોશેથનું માથું જો, ને આજ યહોવાહે મારા મુરબ્બી રાજાનું
વેર શાઉલ તથા તેના વંશ પર વાળ્યું છે. 9 અને દાઉદે રિમ્મોન બએરો-
થીના દીકરા રેખાબ તથા તેના ભાઈ બાઅનાહને ઉત્તર આપીને કહ્યું કે,
જીવતો યહોવાહ જેણે મારા જીવને સર્વ વિપત્તિમાંથી બચાવ્યો છે, તેના
સોગન, 10 કે પોતે આણેલા સમાચાર સારા છે, એમ ધારીને કોઈએકે
મને એવા સમાચાર કહ્યા કે, શાઉલ મરણ પામ્યો છે, ત્યારે મેં તેને પક-
ડીને સિક્લાગમાં મારી નાખ્યો; એ ઈનામ મેં તેને તેની વધામણીના
બદલામાં આપ્યું. 11 તો જયારે દુષ્ટ માણસોએ એક ન્યાયી માણસને
તેના પોતાના ઘરમાં તેના પલંગ પર માર્યો છે, ત્યારે હવે વિશેષ કરીને
તેના ખૂનનો બદલો તમારી પાસેથી શા માટે ન ભરી લઉં, તથા પૃથ્વી
પરથી તમારો સંહાર શા માટે ન કરૂં? 12 ને દાઉદે પોતાના જુવાન પુરૂષો-
ને આજ્ઞા કીધી, ને તેઓએ તેમને મારી નાખ્યા; ને તેઓના હાથ પગ
કાપી નાખીને તેઓને હેબ્રોનના તળાવની તેડે ઉંચે લટકાવ્યા; પણ તે-
ઓએ ઈશ-બોશેથનું માથું લઈને હેબ્રોનમાં આબ્નેરની કબરમાં દાટ્યું.

5 ત્યાર પછી ઈસ્રાએલના સર્વે કુળો દાઉદ પાસે હેબ્રોનમાં આવ્યા,
ને તેઓએ કહ્યું કે, જો, અમે તારાં હાડકાના તથા તારા માંસના
છીએ. 2 ગતકાળમાં જ્યારે શાઉલ અમારા પર રાજ્ય કરતો હતો, ત્યારે
પણ ઈસ્રાએલને બહાર લઈ જનાર તથા માંહે લાવનાર તે તુંજ હતો; ને
યહોવાહે તને કહ્યું હતું કે, તું મારા લોક ઈસ્રાએલને પાળશે, ને તું ઈસ્રા-
એલ પર અધિપતિ થશે. 3 તેથી ઈસ્રાએલના સર્વ વડીલો રાજા પાસે હે-
બ્રોનમાં આવ્યા, ને દાઉદ રાજાએ યહોવાહની આગળ હેબ્રોનમાં તેઓ-
ની સાથે કોલકરાર કર્યા, ને તેઓએ દાઉદને ઈસ્રાએલનો રાજા તરીકે
અભિષિક્ત કીધો. 4 દાઉદ રાજ્ય કરવા લાગ્યો ત્યારે તે ત્રીસ વર્ષની
વયનો હતો, ને તેણે ચાળીસ વર્ષ રાજ્ય કર્યું. 5 હેબ્રોનમાં તેણે યહુદાહ
પર સાત વર્ષ ને છ માંસ રાજ્ય કર્યું; ને યરૂશાલેમમાં તેણે સર્વ ઈસ્રાએલ
પર તથા યહુદાહ પર તેત્રીસ વર્ષ રાજ્ય કર્યું. 6 અને રાજા તથા તે માણ-
સોએ તે દેશના રહેવાસી યબૂસીઓની સામે યરૂશાલેમ પર ચઢાઈ કરી.
અને દાઉદ અહીં પેસી શકવાનો નથી એમ ધારીને તેઓએ દાઉદને કહ્યું
કે, તું અહીં પેસી શકવાનો નથી, કેમકે આંધળા તથા લંગડાઓ પણ
તને હાંકી કાઢશે. 7 તો પણ દાઉદે સિયોનનો કિલ્લો લીધો; તેજ દાઉદનું
નગર છે. 8 અને તે દિવસે દાદુડે કહ્યું કે, જે કોઈ યબૂસીઓને મારે, તે
પાણીના નાળાએ થઈને ઉપર ચઢી જાય, ને આ આંધળા તથા લંગડા
કે જેઓનો દ્વેષ દાઉદનું અંતઃકરણ કરે છે, તેઓને મારે. માટે કહેવત
ચાલે છે કે, ત્યાં આંધળા તથા લંગડા છે, માટે તે ઘરમાં પેસી શકતો
નથી. 9 અને દાઉદ તે કિલ્લામાં રહ્યો, ને તેણે તેનું નામ દાઉદનું નગર
પાડ્યું. અને દાઉદે મિલ્લોથી માંડીને અંદરની તમામ જગ્યામાં ઈમારતો
ઉઠાવી. 10 અને દાઉદ અધિકાધિક મોટો થતો ગયો, કેમકે સૈન્યોનો દેવ
યહોવાહ તેની સાથે હતો. 11 અને સૂરના રાજા હીરામે હલકારાઓ સાથે
એરેજવૃક્ષો તથા સુથારો તથા સલાટો દૌદ્રીપાસે મોકલ્યા;ને તેઓએ દા-
ઉદને સારૂ ઘર બાંધ્યું. 12 અને દાઉદે જાણ્યું કે યહોવાહે મને ઈસ્રાએલ
પર રાજા તરીકે સ્થાપિત કીધોચે, ને તેણે મારૂં રાજ્ય પોતાના લોક
ઈસ્રાએલને સારૂ કીર્તિવાન કીધું છે. 13 અને દાઉદે હેબ્રોનથી આવ્યા
પછી બીજી ઉપપત્નીઓ, તથા સ્ત્રીઓ યરૂશાલેમમાં કીધી; બે દાઉદને
હજી બીજા દીકરા તથ્હા દીકરીઓ થયાં. 14 અંને તેને યારૂશાલેમમાં
થયા તેઓનાં નામ, શામ્મૂઆ, તથા શોબાબ, તથા નાથાન, તથા સુલે-
માન, 15 તથા યિબ્હાર, તથા અલીશૂઆ; ને નેફેગ તથા યાફીઆ; 16 ને
અલીશામા, તથા એલ્યાદા, તથા અલીફેલેટ, એ હતાં. 17 અને પલિસ્તી-
ઓએ સાંભળ્યું કે, તેઓએ દાઉદને ઈસ્રાએલના રાજા તરીકે અભિષિક્ત
કીધો છે, ત્યારે સર્વ પલિસ્તીઓ દાઉદની શોધ કરવા સારૂ ચઢી
આવ્યા; ને દાઉદ એ સાંભળીને કિલ્લામાં ઉતરી પડ્યો. 18 હવે પલિસ્તી
આવીને રફાઈમના નીચાણમાં પસર્યા હતા. 19 અને દાઉદે યહોવાહની
સલાહ પુછતા કહ્યું, શુહું પલિસ્તીઓ ઉપર ચઢાઈ કરૂં? શું તું તેઓને
મારા હાથમાં સોંપશે? ને યહોવાહે દાઉદને કહ્યું કે, ચઢાઈ કર, કેમકે હું
નિશ્ચે પલિસ્તીઓને તારા હાથમાં સોંપીશ. 20 અને દાઉદે બઆલ-પરા-
સીમમાં આવ્યો, ને ત્યાં દાઉદે તેઓને પરાજિત કીધા; ને તેણે કહ્યું કે,
જેમ પાણી ઘસી નિકળે તેમ યહોવાહ મારી આગળ મારા શત્રુઓ પર
ઘસી પડ્યો છે. એ માટે તેણે તે ઠેકાણાંનું નામ બઆલ-પરાસીમ પા-
ડ્યું. 21 અને તેઓએ પોતાની મૂર્તિઓ ત્યાં પડતી મુકી, ને દાઉદ તથા
તેના માણસો તેઓને લઈ ગયા. 22 અને પલિસ્તીઓ ફરીથી પાછા
આવ્યા; ને રફાઈમના નીચાણમાં પસર્યા. 23 અને દાઉદે યહોવાહની
સલાહ પુછી, ત્યારે તેણે કહ્યું કે, તું ચઢાઈ કરીશ મા; પણ ચક્કર ખાઈને
તેમની પૂઠ પાછળ જઈને સેંતુવૃક્ષોની સામેથી તેઓ પર હુમલો કર.
24 જયારે સેંતુવૃક્ષોની ટોચોમાં કૂચ કરવાનો ખડખડાટ સંભળાય ત્યારે
એમ થાય કે, તમારે પગ ચલાવવા, કેમકે ત્યારે યહોવાહ પલિસ્તીઓનું
સૈન્ય મારવાને તારી આગળ ચાલતો થયો છે. 25 અને જિમ યહોવાહે તે-
ને આજ્ઞા કીધી હતી, તેમ દાઉદે કીધું; ને તેણે ગેબથી ગેઝેર સુધી પલિ-
સ્તીઓને માર્યા.

6 અને દાઉદે ઈસ્રાએલમાંથી ચુંટી કાઢેલા સર્વ માણસોને ફરીથી
એકઠા કીધા; તેઓ ત્રીસ હજાર હતા. 2 અને દાઉદ ઉઠ્યો, ને પો-
તાની સાથેના સર્વ લૂને લઈને, દેવનો કોષ, એટલે કરૂબો ઉપર બિરાજ-
નાર સૈન્યોનો યહોવાહના નામનો કોષ ત્યાંથી લાવવા સારૂ બાઅલે-
યહુદાહથી નિકળ્યો. 3 અને તેઓએ દેવના કોષને એક નવાં ગાડાંમાં
ઘાલીને, અબીનાદાબનું ઘર જે ગિબઆહમાં હતું, ત્યાંથી લાવતાં હતા,
ને અબીનાદાબના દીકરા ઉઝ્ઝાહતથા આહયોતે નવું ગાડું હાંકતા હતા.
4 અને અબીનાદાબનું ઘર જે ગિબઆહમાં હતું, ત્યાંથી તેઓ તેં દેવના
કોષ સહિત લાવતાં હતા; અને આહયો કોષ આગળ ચાલતો હતો.
5 અને દાઉદ તથા ઈસ્રાએલના આખા ઘરના લોકો દેવદારના લાકડાંના
સર્વ પ્રકારના વાંજીત્રો તથા વીણા, તથા સતાર, તથા ડફ, તથા કરતાલ
તથા ઝાંઝ યહોવાહ આગળ વગાડતાં હતા. 6 અને તેઓ નાખોનના
ખળા પાસે આવ્યા, ત્યારે ઉઝ્ઝાહે પોતાનો હાથ દેવના કોષ તરફ
લાંબો કરીને તેને પકડ્યો, કેમકે બળદોએ ઠોકર ખાધી. 7 અને યહોવા-
હનો ક્રોધ ઉઝ્ઝાહ ઉપર સળગ્યો, ને દેવે તેને તેના અપરાધને લીધે
ત્યાં માર્યો, ને ત્યાં દેવના કોષ આગળ તે મરણ પામ્યો. 8 અને યહોવાહ
ઉઝ્ઝાહ ઉપર તુટી પડ્યો હતો, તેથી દાઉદને માઠું લાગ્યું, ને તેણે તે
જગ્યાનું નામ પેરેસ-ઉઝ્ઝાહ પાડ્યું,તે નામ આજ સુધી છે. 9 અને દાઉ-
દને તે દિવસે યહોવાહનો ડર લાગ્યો, ને તેણે કહ્યું કે, યહોવાહનો કોષ
મારી પાસે કેમ કરી આવી શકે? 10 એમ દાઉદ યહોવાહનો કોષ પોતાની
પાસે દાઉદના નગરમાં લઈ જવા ઈચ્છતો નહોતો; પણ દાઉદ તેને બી-
જી જગ્યાએ, એટલે ઓબેદ-અદોમ ગિત્તીના ઘરમાં, લઈ ગયો. 11 અને

યહોવાહનો કોષ ઓબેદ-અદોમ ગિત્તીના ઘરમાં ત્રણ માંસ રહ્યો, ને
યહોવાહ ઓબેદ-અદોમને તથા તેના ઘરનાં સર્વને આશીર્વાદ દીધો.
12 અને દાઉદ રાજાને કોઇએ એવા સમાચાર કહ્યા કે, યહોવાહે દેવના
કોષને લીધે ઓબેદ-અદોમમાં ઘરનાંને તથા તેના સર્વસ્વને આશીર્વાદ
દીધો છે. અને દાઉદ જઈને દેવના કોષને ઓબેદ-અદોમના ઘરમાંથી
દાઉદના નગરમાં ઉત્સવ સાથે લઇ આવ્યો. 13 અને એમ થયું કે, દેવનો
કોષ ઉચકનારા છ ડગલા ચાલ્યા, એટલે તેણે એક બળદ તથા એક પુ-
ષ્ટ પશુનો યજ્ઞ કીધો. 14 અને દાઉદ યહોવાહની આગળ પોતાન સઘળાં
બળથી નાચતો હતો, ને દાઉદે સણનો એફોદ અંગે વીંટાળેલો હતો.
15 એ પ્રમાણે દાઉદ તથા ઈસ્રાએલના ઘરનાં સર્વ લોક જય જયનો પો-
કાર કરતા તથ્હા રણશિંગડા વગાડતા, દેવનો કોષ લઈને આવતા હતા.
16 અને યહોવાહનો કોષ દાઉદના નગરમાં પેસતો હતો તે વેળાએ એમ
બન્યું કે, શાઉલની દીકરી મીખાલે, બારીમાંથી નજર કરીને, દાઉદ રા-
જાને યહોવાહ આગળ કૂદતો તથા નૃત્ય કરતો દીઠો, ને તેણીએ તેને
પોતાના અંતઃકરણમાં તુચ્છ કીધો. 17 અને તેઓએ યહોવાહનો કોષ
માંહે લઈ જઈને, જે મંડપ દાઉદે તેને સારૂ સિદ્ધ કીધો હતો, તે મધ્યે તેને
તેની જગ્યાએ મુક્યો; ને દાઉદે યહોવાહની આગળ દહનીયાર્પણો તથા
શાંત્યર્પણો કીધાં. 18 અને દહનીયાર્પણો તથા શાંત્યર્પણો કરી રહ્યા
પછી, દાઉદે સૈન્યના યહોવાહને નામે લોકોને આશીર્વાદ દીધો. 19 અને
તેણે સર્વ લોકને, એટલે ઈસ્રાએલના આખા સમુદાયને, જેમ પુરૂષને તે-
મજ સ્ત્રીને, એક એક રોટલી, તથા કેટલુંક માંસ, તથા સુકી દ્રાક્ષની
એકેક બાટી વહેંચી આપ્યાં; ને સર્વ લોક પોતપોતાને ઘેર વિદાય થયા.
20 પછી દાઉદ પોતાના ઘરનાંને આશીર્વાદ દેવા પાછો આવ્યો; ને શાઉ-
લની દીકરી મીખાલે દાઉદને મળવાને બાહર અઆવીને કહ્યું કે આજ
ઈસ્રાએલનો રાજા કેટલો મહિમાવાન દેખાતો હતો! કેમકે જેમ કોઇ હલ-
કો માણસ નિર્લજ્જતાથી નગ્ન થાય,તેમ તે પોતાના ચાકરોની દાસીઓ-
ના દેખતાં આજ નવસ્ત્રો થયો. 21 અને દાઉદે મીખાલને કહ્યું કે, એ તો
યહોવાહની આગળ મેં કર્યું, કેમકે મને યહોવાહના લોક ઈસ્રાએલ પર
અધિકારી ઠરાવવા સારૂ, તારાં બાપ કરતાં તથા તેના ઘરનાં સર્વ કરતાં
તેણે મને પસંદ કર્યો છે, માટે હું યહોવાહ આગળ ઉત્સાહ કરીશ. 22 અને
તે કરતાં પણ હું હલકો થઈશ, ને મારી પોતાની દ્રષ્ટીમાં નીચ થઈશ;
પણ જે દાસીઓ વિષે તું બોલી છે, તેઓથી હું સન્માન પામીશ. 23 અને
શાઉલની દીકરી મીખાલને તેણીના મરણના દિવસ સુધી કંઈ છોકરૂં
થયું નહિ.

7 અને રાજા પોતાના ઘરમાં રહેતો હતો,ને યહોવાહે તેની ચોતરફના
શત્રુઓથી તેને નિરાંત આપી હતી, તેવામાં એવું બન્યું કે, 2 રા-
જાએ નાથાન ભવિષ્યવાદીને કહ્યું કે, જો, હું એરેજવૃક્ષના લાકડાની
ઈમારતમાં રહું છું, પણ યહોવાહનું કોષ કનાતોમાં રહે છે. 3 અને નાથાને
રાજાને કહ્યું કે, જઈને જે સઘળું તારા મનમાં છે તે કર; કેમકે યહોવાહ
તારી સાથે છે. 4 અને તેજ રાતે એમ થયું કે, યહોવાહના શબ્દે નાથાન
પાસે આવીને કહ્યું કે, 5 જઈને મારા સેવક દાઉદને કહે કે, યહોવાહ એમ
કહે છે કે,શું તું મારે રહેવા સારૂ ઘર બાંધશે? 6 કેમકે હું ઈસ્રાએલ પુત્રોને
મિસરમાંથી કાઢીને લાવ્યો, તે દિવસથી આજ સુધી હું ઘરમાં રહ્યો
નથી, પણ તંબુમાં તથા મંડપમાં રહીને ચાલ્યો છું. 7 જે જે ઠેકાણે સર્વ
ઈસ્રાએલ પુત્રો સાથે હું ફર્યો છું, ત્યાં ઈસ્રાએલના કુળોમાંના જે જેનોને
મારા ઈસ્રાએલ લોકનું પાળણ કરવાની આજ્ઞા મેં આપી છે, તેઓમાંના
કોઈને મેં એક શબ્દ પણ કહ્યો કે, મારે સારૂ એરેજવૃક્ષના લાકડાનું ઘર
કેમ નાતી બાંધતા? 8 તો હવે મારા સેવક દાઉદને એમ કહે કે, સૈન્યનો
યહોવાહ એમ અહે છે કે, મારા લોક ઈસ્રાએલ પર અધિકારી થવા સારૂ
મેં તને મેઢવાડામાંથી તથા ઘેટાં પાછળ ભટકવા પરથી બોલાવી લીધો
છે. 9 અને જ્યાં જ્યાં તું ગયો, ત્યાં ત્યાં હું તારી સાથે હતો, ને મેં તારા
સર્વ શત્રુઓને તારી આગળથી નાબુદ કીધા છે, ને પૃથ્વી પરના મહાન
પુરૂષોના નામ જેવું તારૂં નામ હું મોટું કરીશ. 10 અને હું મારા ઈસ્રાએલ
લોકને સારૂ જગ્યા ઠરાવી આપીને તેઓને ત્યાં રોપીશ, કે તેઓ પોતા-
નીજ જગ્યાએ રહે ને ફરીથી ખસેડાય નહિ, 11 એટલે પહેલાંની પેઠે,
તથા જે દિવસે મારા ઈસ્રાએલ લોક ઉપર ન્યાયાધીશો થવાની આજ્ઞા મેં
કીધી ત્યાર પછીની પેઠે, તેઓને દુષ્ટાઇના પુત્રો હવે પછી દુઃખ દેશે
નહિ; ને હું તને તારા સર્વ શત્રુઓથી વિસામો પમાડીશ; વળી યહોવાહ
તને કહે છે કે,યહોવાહ તારૂં ઘર સ્થાપિત કરશે. 12 જયારે તારો દિવસો
પૂરા થશે, ને તું તારા પિતૃઓની સાથે ઉંઘી જશે, ત્યારે તારી પછી હું તા-
રા પેટના તારા સંતાનને ઉભો કરીશ, ને તેનું રાજ્ય સ્થાપીશ. 13 તે મારા
નામને સારૂ એક ઘર બાંધશે, ને તેનું રાજ્યાસન હું સદાને માટે સ્થાપિત
કરીશ. 14 હું તેનો બાપ થઈશ, ને તે મારો પુત્ર થશે; જો તે ભુંડાઇ કરશે,
તો હું મનુષ્યની સોટીથી તથા મનુષ્યપુત્રોના સાટકાથી તેને શિક્ષા
કરીશ. 15 પણ જેમ મેં શાઉલને તારી આગળથી દૂર કરીને તેની પાસેથી
પારી કૃપા લઇ લીધી, તેવી રીતે તેની પાસેથી તે લઇ લેવાશે નહિ.
16 અને તારૂં ઘર તથા તારૂં રાજ્ય સદા તારી આગળ અવિચળ થશે; તારૂં
રાજ્યાસન સદાને માટે સ્થાપિત થશે. 17 આ સર્વ શબ્દો પ્રમાણે તથા
આ સઘળા દર્શન પ્રમાણે નાથાન દાઉદની આગળ બોલ્યો. 18 ત્યારે
દાઉદ રાજા અંદર જઈને યહોવાહની સમ્મુખ બેઠો; ને તેણે કહ્યું કે, હે પ્ર-
ભુ યહોવાહ, હું કોણ, તથા મારૂં ઘર શું, કે આટલે સુધી તું મને લાગ્યો
છે? 19 ને, હે પ્રભુ યહોવાહ, તારી દ્રષ્ટિમાં હજી એ તો જૂજ વાત લાગી
હોય તેમ વળી તેં લાંબા કાળને માટે તારા સેવકના ઘર વિષે વચન
આપ્યું છે, ને હે પ્રભુ યહોવાહ, એ વળી માણસની રીતે! 20 ને દાઉદ તને
બીજું શું કહીં શકે? કેમકે હે પ્રભુ યહોવાહ, તું તારા સેવકને ઓળખે છે.
21 તારા વચનની ખાતર, તથા તારા પોતાના સ્વભાવ પ્રમાણે, આ સર્વ
મોટા કૃત્યો તેં કીધા છે, એ માટે કે તારો સેવક તે જાણે. 22 માટે, હે યહો-
વાહ દેવ, તું મોટો છે; કેમકે જે સઘળું અમે અમારા કાને સાંભળ્યું છે, તે
પ્રમાણે તારા જેવો કોઇ નથી, ને તારા શિવાય કોઇ દેવ નથી. 23 અને
તારા ઈસ્રાએલ લોક જેવા પૃથ્વી પર કયા લોક છે કે જેઓને પોતાના
લોક કરવા સારૂ છોડાવવાને, તથા પોતાનું નામ કરવાને, તથા જે પો-
તાના લોકને તે પોતાને સારૂ મિસરમાંથી તથા દેશજાતિઓમાંથી તથા
તેઓના દેવદેવીઓ પાસેથી છોડાવ્યા છે, તેઓના દેખતાં તારે વાસ્તે
મહાન તથા તારા દેશને વાસ્તે ભયંકર કૃત્યો કરવાને તું દેવ સિધાવ્યો?
24 ને તારા ઈસ્રાએલ લોક સર્વકાળ તારા લોક થાય, માટે તે તેઓને તારે
સારૂ સ્થાપિત કીધા, ને તું યહોવાહ તેઓનો દેવ થયો છે. 25 અને હવે, હે
યહોવાહ દેવ, જે વચન તેં તારા સેવક વિષે તથા તેના ઘર વિષે ઉચ્ચાર્યું
છે,તે સદાને માટે કાયમ કર, ને તારા બોલ્યા પ્રમાણે કર. 26 અને તારૂં
નામ સર્વકાળને સારૂ મોટું મનાઓ, ને એમ કહેવાય કે, સૈન્યનો યહો-
વાહ ઈસ્રાએલનો દેવ છે; ને તારા સેવક દાઉદનું ઘર તારી આગળ સ્થા-
પિત થશે. 27 કેમકે, હે સૈન્યના યહોવાહ, ઈસ્રાએલના દેવ, તેં તારા સેવ-
કને એવું જાહેર કીધુ છે કે, હું તારૂં ઘર બાંધીશ; એ માટે તારા સેવકે તારી
આગળ આ પ્રાર્થના કરવાની હિમ્મત પોતાના હૃદયમાં ધરી છે. 28 અને
હવે, હે પ્રભુ યહોવાહ, તું દેવ છે, ને તારા વચનો સત્ય છે, ને આ ઉત્તમ
વરદાન વિષે તેં તારા સેવકને વચન આપ્યું છે. 29 તો હવે તારા સેવકનું
ઘર તારી આગળ સર્વકાળ ટકે, તે સારૂ હવે કૃપા કરીને તેને આશીર્વાદ
દેજે, કેમકે, હે પ્રભુ યહોવાહ, તું તે બોલ્યો છે; ને તારા આશીર્વાદથી તા-
રા સેવકનું ઘર સદા આશીર્વાદિત હોજો.

8 અને ત્યાર પછી એમ થયું કે, દૌડે પલિસ્તીઓને મારીને વશ કી-
ધા; ને દાઉદે મેથેગ-આમ્માહ પલિસ્તીઓના હાથમાંથી લીધું.
2 અને તેણે મોઆબીઓને હરાવ્યા, ને તેઓને ભૂમિ પર આડા પાડીને
દોરીથી માપ્યા; ને તેણે મારી નાખવા સારૂ બે દોરીઓ જેટલા માપ્યા,
તથા જીવાડવા સારૂ એક આખી દોરી જેટલા માપ્યા. અને મોઆબીઓ
દાઉદના તાબેદાર થઈને ખંડણી આપતા થયા. 3 વળી રહોબનો દીકરો
તથા સોબાહનો રાજા હદાદએઝેર ફ્રાત નદી પાસે પોતાનું રાજ્ય પાછું
મેળવવા સારૂ પાછો જતો હતો, ત્યારે દાઉદે તેને પણ હરાવ્યો. 4 અને
દાઉદે તેની પાસેથી એક હજાર ને સાતસેં સવારો તથા વીસ હજાર પાય-
દળ લીધાં; ને દાઉદે રથનાં સર્વ ઘોડાઓના પાછલા પગની નસો કાપી
નાખી, પણ એકસો રથને સારૂ તેઓમાંથી જીવતા રાખ્યા. 5 અને દમ-
સ્કના અરામીઓ સોબાહના રાજા હદાદએઝેરને સાહ્ય કરવા સારૂ
આવ્યા, ત્યારે દાઉદે તે અરામીઓમાંના બાવીસ હજાર માણસોને મા-
ર્યા. 6 પછી દાઉદે દમસ્કના અરામમાં થાણા બેસાડ્યા, ને અરામીઓ
દાઉદના તાબેદાર થયા, ને ખંડણી આપવા લાગ્યા; ને દાઉદ જ્યાં જ્યાં
ગયો ત્યાં ત્યાં યહોવાહે તેને ફતેહ પમાડી. 7 અને દાઉદ હદાદએઝેરના
ચાકરોએ સજેલી સોનાની ઢાલો લઈને યરૂશાલેમમાં લાવ્યો. 8 અને
હદાદએઝેરનાં બેટાહ તથા બેરોથાય નગરોમાંથી દાઉદ રાજાએ પુષ્કળ

પિત્તળ લીધું. 9 અને હમાથના રાજા ટોઇએ સાંભળ્યું કે દાઉદે હદાદએઝે-
રના વિરુદ્ધ યુદ્ધ કરીને તેનો પરાજય કીધો છે, 10 ત્યારે દાઉદ રાજાએ
હદાદએઝેરની વિરુદ્ધ યુદ્ધ કરીને તેનો પરાજય કીધો હતો તેને લીધે,
તેને મુબારકબાદી તથા ધન્યવાદ આપવા સારૂ ટોઇએ પોતાના દીકરા
યોરામને મોકલ્યો, કેમકે હદાદએઝેરને ટોઇની સાથે વિગ્રહ ચાલતો
હતો; ને યોરામ પોતાની સાથે રૂપાનાં તથા સોનાનાં તથા પિત્તળનાં
પાત્રો લઇ આવ્યો હતો; 11 એઓને પણ દાઉદ રાજાએ યહોવાહ પ્રત્યે
અર્પણ કીધાં, ને તેમની સાથે જે સર્વ પ્રજાઓને તેણે તાબે કરી હતી તે-
ઓનું સોનું તથા રૂપું તેણે અર્પણ કીધું; 12 એટલે અરામનું, તથા મોઆ-
બનું, તથા આમ્મોનપુત્રોનું, તથા પલિસ્તીઓનું, તથા અમાલેકનું, તથા
સોબાહના રાજા રહોબના દીકરા હદાદએઝેરનું સોનું રૂપું. 13 અને દાઉદ
મીઠાના નીચાણમાં અરાઢ હજાર અરામીઓને મારીને પાછો આવ્યો,
ત્યારે તેનું નામ વિખ્યાત થયું. 14 આને તેણે અદોમમાં થાણાં મુક્યાં;
આખા અદોમમાં તેણે થાણાં બેસાડ્યાં, ને સર્વ અદોમીઓ દાઉદના તા-
બેદાર થયા, ને દાઉદ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં યહોવાહે તેને ફતેહ પમા-
ડી. 15 અને દાઉદનું રાજ્ય સર્વ ઇસ્રાએલ પર હતું; ને દાઉદ પોતાના
સર્વ લોકોનાં ફેસલા તથા ન્યાય કરતો હતો. 16 અને સરૂયાહનો દીકરો
યોઆબ સેનાપતિ હતો, તથા અહીલૂદનો દીકરો યહોશાફાટ ઇતિહાસક
હતો; 17 અને અહીટૂબનો દીકરો સાદોક તથા અબ્યાથારનો દીકરો
અહીમેલેખ યાજક હતા; ને સરૂયાહ ચિટણીસ હતો; 18 ને યહોયાદાનો
દીકરો બનાયાહ કરેથીઓ તથા પલેથીઓ ઉપર હતો; ને દાઉદના દીક-
રાઓ મુખ્ય કારભારીઓ હતા.

9 અને દાઉદે કહ્યું કે, શું શાઉલાના ઘરનું હજી કોઇ બચી રહ્યું છે, કે
હું તેના પર યોનાથાનને લીધે કૃપા દેખાડું? 2 ને શાઉલના ઘરનો
સીબા નામે એક ચાકર હતો; ને તેઓ તેને દાઉદ પાસે બોલાવી લાવ્યા;
ને રાજાએ તેને કહ્યું કે, શું તું સીબા છે? ને તેણે કહ્યું કે, તારો દાસ હું
તેજ છું. 3 અને રાજાએ કહ્યું કે, શાઉલના ઘરનું હજી કોઇ નથી રહ્યું કે હું
તેને દેવની કૃપા દેખાડું? ને સીબાએ રાજાને કહ્યું કે, યોનાથાનનો એક
દીકરો હજી છે, તે પગે લંગડો છે. 4 અને રાજાએ તેને કહ્યું કે, તે ક્યાં છે?
ને સીબાએ રાજાને કહ્યું કે, જો, લો-દબારમાં આમ્મીએલના દીકરા મા-
ખીરના ઘરમાં તે છે. 5 ત્યારે દાઉદ રાજાએ તેને લો-દબારથી આમ્મીએ-
લના દીકરા માખીરને ઘેરથી તેડી મંગાવ્યો. 6 અને શાઉલના દીકરા યો-
નાથાનના દીકરા મફીબોશેથ દાઉદ પાસે આવીને સાષ્ટાંગ દંડવત પ્ર-
ણામ કીધા. અને દાઉદે કહ્યું, મફીબોશેથ. અને તેણે ઉત્તર આપ્યો કે,
જો તારો ચાકર હાજર છે! 7 અને દાદુએ તેને કહ્યું કે, બી મા; કેમકે તારા
બાપ યોનાથાનની ખાતાર્હું નિશ્ચે તારા પર કૃપા રાખીશ, ને તારા દાદા
શાઉલનો સઘળો જાગીર હું તને પાછી આપીશ; ને તું હમેશાં મારી મેજ
પર ભોજન કરજે. 8 અને તેણે નમસ્કાર કરીને કહ્યું કે, તારો દાસ કોણ
છે, કે મારા સરખા મુએલાં કુતરા ઉપર તું નજર રાખે? 9 પછી રાજાએ શા-
ઉલના ચાકર સીબાને બોલાવીને તેને કહ્યું કે, શાઉલનું તથા તેના
આખા ઘરનું જે કંઈ હતું, તે સઘળું મેં તારા ધણીના દીકરાને આપ્યું છે.
10 અને તારે તથા તારા દીકરાઓએ તથા તારા ચાકરોએ તેની તરફથી
તે જાગીર ખેડવી, ને તેની ઉપજ તારે લાવવી, કે તારા ધણીના દીકરાને
ખોરાકી મળે; પણ તારા ધણીનો દીકરો મફીબોશેથ તો હમેશાં મારી મેજ
પર ભોજન કરશે. અને સીબાને પંદર દીકરા તથા વીસ ચાકર હતા.
11 ત્યારે સીબાએ રાજાને કહ્યું કે, મારા ધણી રાજાએ પોતાના દાસને જે
સઘળી આજ્ઞા કીધી છે, તે પ્રમાણે તારો દાસ વર્તશે. રાજાએ કહ્યું કે,
મફીબોશેથ તો રાજાના એક દીકરાની પેઠે મારી મેજ પર જમશે. 12 અને
મફીબોશેથને મીખા નામે એક નાનો દીકરો હતો; અને સીબાના ઘરમાં
જે રહેતા હતા તે સઘળાં મફીબોશેથના ચાકર હતા. 13 એમ મફીબોશેથ
યરૂશાલેમમાં રહ્યો; કેમકે તે હમેશાં રાજાની મેજ પર જમતો હતો; ને તે
બન્ને પગે લંગડો હતો.

10 અને ત્યાર પછી એમ થયું કે, આમ્મોનપુત્રોનો રાજા મરણ પા-
મ્યો, ને તેની જગ્યાએ તેનો દીકરો હાનૂન રાજા થયો. 2 અને દા-
ઉદે કહ્યું કે, નાહાશના દીકરા હાનૂન ઉપર હું માયા રાખીષ, જેમ એનો
બાપ મારા પર માયા રાખતો હતો તેમ; તેથી દાઉદે તેના બાપ વિષે તેને
દિલાસો દેવા સારૂ પોતાના ચાકરોની મારફતે સંદેશો મોકલ્યો; ને દાઉ-
દના ચાકરો આમ્મોનપુત્રોના દેશમાં પહોંચ્યા. 3 પણ આમ્મોનપુત્રોના
સરદારોએ પોતાના મુરબ્બી હાનૂનને કહ્યું કે, દાઉદે તારી પાસે દિલાસો
દેનારાઓને મોકલ્યા છે, તેથી શું તું એવું ધારે છે કે તે તારા બાપનું
સન્માન કરે છે? શું તેણે પોતાના ચાકરોને નગરની તપાસ કરવાને તથા
તેની બાતમી કાઢવાને તથા તેને પાયમાલ કરવાને સારૂ તારી પાસે મો-
કલ્યા નથી? 4 તેથી હાનૂને દાઉદના ચાકરોને પકડાવીને તેઓની અડ-
ધી અડધી દાઢીઓ મુંડાવી નાખી, ને તેઓના વસ્ત્રો વચ્ચોવચ્ચમાંથી
ઢગરાં સુધી કાપી નાખીને તેઓને મોકલી દીધા. 5 દાઉદને એ ખબર
મળી ત્યારે તેણે તેઓને મળવા સારૂ માણસ મોકલ્યા; કેમકે તે માણ-
સો ઘણા શરમાતા હતા; ને રાજાએ કહ્યું કે, તમારી દાઢી પાછી વધે ત્યાં
સુધી તમે યેરેખોમાં રહો, ને પછીથી પાછા આવજો. 6 અને આમ્મોનપુ-
ત્રોએ જોયું કે અમે દાઉદની નજરમાં ધિક્કારપાત્ર થયાં છીએ, ત્યારે
આમ્મોનપુત્રોએ માણસો મોકલીને બેથ-રહોબના અરામીઓ તથા સો-
બાહના અરામીઓમાંથી વીસ હજાર પાયદળને, તથા એક હજાર માણ-
સો સહિત માઅખાહના રાજાને, તથા ટોબના બાર હજાર માણસોને
પગાર પઠીને રાખ્યા. 7 અને દાઉદે એ વિષે સાંભળ્યું ત્યારે તેણે યોઆ-
બને યોદ્ધાઓના સઘળાં સૈન્યો સહિત મોકલ્યો. 8 અને આમ્મોનપુ-
ત્રોએ બહાર નિકળીને દરવાજાના નાકા આગળ યુદ્ધવ્યૂહ રચ્યો; ને સો-
બાહના તથા રહોબના અરામીઓ તથા ટોબના તથા માઅખાહના મા-
ણસો મેદાનમાં આગળ ઉભા હતા. 9 હવે યોઆબે જોયું કે પોતાની
આગળ તથા પાછળ યુદ્ધવ્યૂહ રચેલો છે, ત્યારે તેણે ઇસ્રાએલના સર્વ
ચૂણી કાઢેલા લોકોમાંથી ચુંટી કાઢીને, તેઓને અરામીઓ સામે યુદ્ધવ્યૂ-
હમાં ગોઠાવ્યા; 10 ને બાકીના લોકોને તેણે પોતાના ભાઇ અબીશાયના
હાથ નીચે સોંપ્યાં, ને તેણે તેઓને આમ્મોનપુત્રોની સામે યુદ્ધવ્યૂહમાં
ગોઠવ્યા. 11 અને તેણે કહ્યું કે, જો અરામીઓ અમને પાછા હઠાવે, તો તું
મને સાહ્ય કરજે;પણ જો આમ્મોનપુત્રો તને પાછો હટાવશે, તો હું તારી
મદદે આવીશ. 12 હિમ્મત ધરજે, ને આપણે પોતાના લોકને સારૂ તથા
પોતાનાદેવના નગરોને સારૂ મર્દાઈ કરવી; ને યહોવાહ પોતાને જે સારૂ
લાગે તે કરો. 13 પછી યોઆબ તથા તેની સાથેના લોક અરામીઓ સામે
યુદ્ધ કરવાને પાસે આવ્યા, ને તેની આગળથી તેઓ નાઠા. 14 અને
આમ્મોનપુત્રોએ જોયું કે અરામીઓ નાઠા છે,ત્યારે અબીશાઈની આગ-
ળથી તેઓ પણ નાઠા, ને નગરમાં પેસી ગયા.પછી યોઆબ આમ્મોન-
પુત્રોની પાછળથી પાછો વળીને યરૂશાલેમ આવ્યો. 15 અને અરામી-
ઓએ જોયું કે અમે ઇસ્રાએલ આગળ હારી ગયા છીએ, ત્યારે તેઓ એક-
ઠા થયા. 16 અને હદારએઝેર માણસ મોકલીને નદીની પેલી ગમ રહેનાર
અરામીઓને તેડાવ્યા; ને તેઓ હદારએઝેરના સેનાપતિ શોબાખની
સરદારી નીચે હેલામમાં આવ્યા. 17 અને એ સમાચાર દાઉદને મળ્યા,
એટલે તેણે સર્વ ઇસ્રાએલને એકઠા કીધા, ને તે યરદન ઉતરીને હેલામ
આગળ આવ્યો; ને અરામીઓએ દાઉદ સામે યુદ્ધવ્યૂહ રચ્યો, ને તેઓ
તેની સાથે લડ્યા. 18 અને અરામીઓ ઇસ્રાએલ સામેથી નાઠા; ને દાઉદે
અરામીઓના સાતસેં રથોમાંના માણસોને, તથા ચાળીસ હજાર રાવારો-
ને માર્યા, તથા તેઓના સેનાપતિ શોબાખને મારીને ઠાર કીધો. 19 અને
જે સઘળા રાજાઓ હદારએઝેરના તાબેદાર હતા,તેઓએ જ્યારે જોયું કે
તેઓએ ઇસ્રાએલ આગળ હાર ખાધી છે, ત્યારે તેઓએ ઇસ્રાએલ સાથે
સલાહ કરી, ને તેઓના તાબેદાર થયા. તેથી અરામીઓ આમ્મોનપુત્રોને
ત્યાર પછી સાહ્ય કરતાં બીતા હતા.

11 અને નવું વર્ષ બેસતાં જયારે રાજાઓ યુદ્ધને સારૂ નિકળે છે,
ત્યારે એમ થયું કે, દાઉદે યોઆબને તથા તેની સાથે તેના ચાક-
રોને તથા સર્વ ઇસ્રાએલને મોકલ્યા; ને તેઓએ આમ્મોનપુત્રોનો નાશ
કીધો, ને રાબ્બાહ નગરને ઘેરો ઘાલ્યો. પણ દાઉદ યરૂશાલેમમાં રહ્યો.
2 અને એક સાંજે એમ થયું કે, દાઉદ પોતાના પલંગ ઉપરથી ઉઠીને રા-
જમહેલના ધાબા ઉપર ફરતો હતો; ત્યારે તેણે ધાબા ઉપરથી એક સ્ત્રી-
ને સ્નાન કરતાં દીઠી, ને તે સ્ત્રી દેખાવમાં ઘણા કુટડી હતી. 3 અને દા-
ઉદે માણસ મોકલીને તે સ્ત્રી વિષે પૂછપરછ કરાવી, તો કોઇએકે કહ્યું
કે, શું એ એલીઆમની દીકરી તથા ઉરીયાહ હિત્તીની સ્ત્રી બાથ-શેબા
નથી? 4 ને દાઉદે હલકારા મોકલીને તેને પકડી મંગાવી; ને તેણી તેની
પાસે મહેલમાં આવી, ને તેણે તેણીની સાથે વ્યભિચાર કીધો; કેમકે તે
પોતાની અશુદ્ધતામાંથી નાઈ ધોઈને શુદ્ધ થઇ હતી; પછી તે પોતાને ઘેર
પાછી ગઈ. 5 અને તે સ્ત્રીને હમેલ રહ્યા, ને તેણીએ માણસ મોકલીને

દાઉદને સમાચાર કહાવ્યું કે, મને દહાડા રહ્યા છે. 6 અને દાઉદે યોઆ-
બની પાસે માણસ મોકલીને કહાવ્યું કે,ઉરીયાહ હિત્તીને મારી પાસે મો-
કલ; ને યોઆબે ઉરીયાહને દાઉદ પાસે મોકલ્યો. 7 અને ઉરીયાહ તેની
પાસે આવ્યો, ત્યારે દાઉદે તેને પુછ્યું કે, યોઆબ કેમ છે, તથા લોકની
ખબર કેવી છે,તથા લડાઈના શા હાલ છે? 8 ને દાઉદે ઉરીયાહને કહ્યું કે,
તારે ઘેર જઈને તારા પગ ધો. અને ઉરીયાહ રાજાના ઘેરથી વિદાય
થયો,ને રાજા તરફથી તેની પાછળ કંઈ જમણ મોકલવામાં આવ્યું.
9 પણ ઉરીયાહ રાજાના ઘરનાં દરવાજા પાસે પોતાના ઉપરીના સર્વ ચા-
કરોની સાથે સુતો ને પોતાના ઘેર ગયો નહિ. 10 અને દાઉદને ખબર
મળી કે ઉરીયાહ પોતાને ઘેર ગયો નથી; ત્યારે દાઉદે ઉરીયાહને કહ્યું કે,
શું તું મુસાફરીએથી આવ્યો નથી? તો તું કેમ તારે ઘેરગયો નહિ? 11 ને
ઉરીયાહ દાઉદને કહ્યું કે,કોષ, તથા ઈસ્રાએલ, તથા યહુદાહ રાવટીઓ-
માં રહે છે; ને મારો મુરબ્બી યોઆબ તથા મારા મુરબ્બીના ચાકરો ખુલ્લા
મેદાનમાં છાવણી કરી રહે છે; તો શું હું ખાવા, તથા પીવા, તથા મારી
સ્ત્રી સાથે સુવા મારે ઘેર જાઉં? તારા તથા તારા જીવના સમ, એ કૃત્ય હું
કરનાર નહિ. 12 અને દાઉદે ઉરીયાહને કહ્યું કે, આજ પણ અહીં રહેજે ને
કાલે હું તને વિદાય કરીશ. એમ ઉરીયાહ તે દિવસે તથા તેના બીજે દિ-
વસે યરૂશાલેમમાં રહ્યો. 13 અને દાઉદે તેને બોલાવ્યો ત્યારે તેની
આગળ તેને ખાધું તથા પીધું; ને તેણે તેને મસ્ત બનાવ્યો; ને સાંજે તે
પોતાના ખાટલા ઉપર પોતાના મુરબ્બીના ચાકરો સાથે સુવાને ગયો,
પણ પોતાને ઘેર ગયો નહી. 14 અને સવારે એમ થયું કે, દાઉદે યોઆબ
ઉપર પત્ર લખીને ઉરીયાહની મારફતે તે મોકલ્યો. 15 અને તેણે પત્રમાં
એમ લખ્યું કે, તમો ઉરીયાહને દારૂણ યુદ્ધને મોખરે રાખજો, ને તેની પા-
સેથી તમે દૂર ખસી જજો, એ માટે કે તે જીવથી માર્યો જાય. 16 અને એમ
થયું કે,યોઆબ નગરનું અવલોકન કરતો હતો, ત્યારે તેણે ઉરીયાહને
એવી જગ્યા સોંપી, કે જે વિષે તે જાણતો હતો કે ત્યાં શૂરવીર માણસો
છે. 17 અને નગરના માણસો બહાર નીકળીને યોઆબ સાથે લડ્યા; ને
દાઉદના ચાકરોમાંથી કેટલાએક લોક પડ્યા, ને ઉરીયાહ હિત્તી પણ મા-
ર્યો ગયો. 18 ત્યારે યોઆબે લડાઈનો સર્વે હેવાલ દાઉદને કહી મોકલ્યો.
19 અને તેણે હલકારાને ફરમાવ્યું કે લડાઈનો આ સર્વ હેવાલ રાજાને તું
કહી રહે, 20 ત્યાર પછી જો એવું બને કે રાજા ક્રોધે ભરાઈને તને એમ કહે
છે કે, લડવા સારૂ એટલા બધા નગરની નજીક તમે કેમ ગયા, શું તમે
નહોતા જાણતા, કે તેઓ ઉપરથી બાણો મારશે? 21 યારૂબ્બેશેથના દી-
કરા અબીમેલેખે કોણે માર્યો? એક સ્ત્રીને કોટ ઉપરથી ઘંટીનું ઉપલું પડ
નાખ્યાથી તે તેબેસમાં મરણ પામ્યો કે નહિ? તમે કોટની નજીક એટલા
બધા કેમ ગયા? ત્યારે તું કહેજે કે, તારો દાસ ઉરીયાહ હિત્તી પણ માર્યો
ગયો છે. 22 પછી હલકારો વિદાય થયો, ને ત્યાં પહોંચીને, જે સમાચાર
લઈને યોઆબે તેને મોકલ્યો હતો, તે સર્વ સમાચાર તેણે દાઉદને કહ્યા.
23 ને હલકારાએ દાઉદને કહ્યું કે,તે માણસો અમને પાછા હઠાવીને
અમારી પાસે મેદાનમાં બહાર આવ્યા, એટલે દરવાજામાં પેસતાં લગી
અમે તેમની ઉપર ધસારો કર્યો. 24 અને ધનુર્ધારીઓએ કોટ ઉપરથી તા-
રા ચાકરો ઉપર બાણ ફેંક્યા,ને રાજાના ચાકરોમાંથી કેટલાએક મરણ
પામ્યા; તારો દાસ ઉરીયાહ હિત્તી પણ મુઓ. 25 ત્યારે દાઉદે હલકારાને
કહ્યું કે, યોઆબને એમ કહેજે કે, એથી તું દુઃખી ન થતો, કેમકે તરવાર
તો જેમ એકને તેમજ બીજાને ખાઈ જાય છે; નગર વિરુદ્ધ વધારે સખ્ત
યુદ્ધ મચાવીને તેનો પરાજય કર; ને તું તેને હિમ્મત આપજે. 26 અને
ઉરીયાહની સ્ત્રીએ સાંભળ્યું કે, તેનો વાર ઉરીયાહ મરણ પામ્યો છે,
ત્યારે તેણીએ પોતાના પતિને લીધે શોક કીધો. 27 અને શોક પુરો થયા
પછી દાઉદે માણસ મોકલીને તેને પોતાને ઘેર તેડાવી; ને તે તેની સ્ત્રી
થઈ, ને તેને તેના પેટનો પુત્ર થયો; પણ દાઉદે જે કૃત્ય કીધું હતું તે
યહોવાહની દૃષ્ટિમાં ખોટું લાગ્યું.

12 અને યહોવાહે નાથાનને દાઉદ પાસે મોકલ્યો. અને તેણે તેની
પાસે આવીને તેને કહ્યું કે, એક નગરમાં બે માણસ હતા; એક
દ્રવ્યવાન, ને બીજો દરિદ્રી. 2 દ્રવ્યવાન માણસને પુષ્કળ ઘેટાં તથા ઢોર
હતાં; 3 પણ દરિદ્રીને એક નાની ઘેટી શિવાય બીજું કંઈ નહોતું; તેણે તે
વેચાતી લઈને પાળી હતી, ને તે તેની સાથે ને તેનાં છોકરાં સાથે ઉછરી
હતી; ને તેના પોતાના કોળિયામાંથી તે ખાતી, ને તેના પોતાના પ્યા-
લાંમાંથી તે પીતી હતી, ને તેની ગોદમાં તે સુતી હતી, ને તે તેને દીકરી
જેવી ગણતો હતો. 4 અને તે દ્રવ્યવાન માણસને ત્યાં એક વટેમાર્ગુ
આવ્યો, ને તેને ત્યાં આવેલા વટેમાર્ગુને સારૂ રાંધવા માટે તેણે પોતાના
ઘેટાં તથા ઢોરમાંથી કંઈ લીધું નહિ, પણ પેલા દરિદ્રી માણસની ઘેટી
લીધી, ને તેને ત્યાં આવેલા માણસને સારૂ તે રાંધી. 5 અને તે માણસ
ઉપર દાઉદનો ક્રોધ બહુ સળગ્યો; ને તેણે નાથાનને કહ્યું કે, જીવતા
યહોવાહના સમ, જે માણસ એ કૃત્ય કર્યું છે, તે માણસ મરણ યોગ્ય છે;
6 ને તેને ઘેટીને બદલે ચોગણું પાછું આપવું પડશે, કેમકે તેણે એવું કૃત્ય
કીધું, ને તેને કંઈ દયા આવી નહિ. 7 અને નાથાને દાઉદને કહ્યું કે, તુંજ
તે માણસ છે; ઈસ્રાએલનો દેવ યહોવાહ એમ કહે છે કે, મેં તને ઈસ્રાએલ
પર રાજા તરીકે અભિષિક્ત કર્યો, ને મેં તને શાઉલના હાથમાંથી છોડા-
વ્યો; 8 ને મેં તારા ધણીનું ઘર તને આપ્યું, ને તારા ધણીનો પત્નીઓ
તને ગોદમાં આપી, ને તને ઈસ્રાએલનું તથા યહુદાહનું ઘર આપ્યું; ને એ
જો કાંતિ પડત તો હું તને ફલાણાં ફલાણાં વાનાં પણ આપત. 9 તે શા
માટે યહોવાહનું વચન તુચ્છ કરીને તેની દૃષ્ટિમાં ભુંડું કર્યું છે? ઉરીયાહ
હિત્તીને તે તરવારથી મરાવ્યો છે, ને તેને આમ્મોનપુત્રોની તરવારથી
મારી નંખાવીને તેની પત્નીને તે તારી પત્ની કરી લીધી છે. 10 તો હવે
તરવાર તારા ઘરમાંથી કદી દૂર થશે નહિ, કેમકે તેં મને તુચ્છ કીધો છે,
મેં ઉરીયાહ હિત્તીની પત્નીને લઈને પોતાની પત્ની કરી લીધી છે.
11 યહોવાહ એમ કહે છે કે,જો, હું તારા પોતાના ઘરમાંથી તારી વિરુદ્ધ
ખલેલ ઉભું કરીશ, ને તારી નજર આગળ તારા સ્ત્રીઓને લઈને તારા
પડોસીને આપીશ, ને આ સૂર્યના દેખતાં તે તારી સ્ત્રીઓની આબરૂ લે-
શે. 12 કેમકે તે એ ગુપ્તમાં કર્યું, પણ હું આ કાર્ય સર્વ ઈસ્રાએલના દેખતાં,
તથા સૂર્યના દેખતાં કરીશ. 13 અને દાઉદે નાથાનને કહ્યું કે, મેં યહોવાહ-
ની વિરુદ્ધ પાપ કીધું છે; ને નાથાને દાઉદને કહ્યું કે, યહોવાહે પણ તારૂં
પાપ દૂર કીધું છે; તું મરીશ નહિ. 14 તો પણ આ કૃત્યથી તે યહોવાહના
શત્રુઓને તેની નિંદા કરવાનો મોટો પ્રસંગ આપ્યો છે, માટે જે દીકરો
તારે ત્યાં જન્મશે, તે નિશ્ચે મારી જશે. 15 અને નાથાન પોતાને ઘેર ગયો.
અને દાઉદનું જે બાળક ઉરીયાહની સ્ત્રીને પેટે થયું, તેને યહોવાહે મરજ
લાગુ કીધો, ને તે બહુ માંદુ થયું. 16 માટે દાઉદે તે બાળકને સારૂ દેવની
આગળ કાલાવાલા કર્યા; ને દાઉદે ઉપવાસ કીધો, ને અંદર જઈને
આખી રાત ભોંય ઉપર તે પડી રહ્યો. 17 અને તેને જમીન પરથી ઉઠાડ-
વા સારૂ તેના ઘરનાં વડીલો ઉઠીને તેની પાસે ઉભા રહ્યા; પણ તે
ઉઠ્યો નહિ, તેમ તેઓની સાથે તેણે રોટલી પણ ખાધી નહિ, 18 અને
સાતમે દિવસે એમ થયું કે, તે બાળક મરણ પામ્યું. અને બાળક મારી
ગયું છે, એ ખબર તેને કેહેતાં દાઉદના ચાકરો બીધા; કેમકે તેઓએ કહ્યું
કે, જો, બાળક જીવતું છતાં અમે તેની સાથે બોલતા તો તે અમારૂં કહેવું
સાંભળતો નહિ; ત્યારે જો અમે તેને કહીએ કે, બાળક મારી ગયું છે, તો
તે કેટલો દુઃખી થશે! 19 પણ દાઉદે જોયું કે તેના ચાકરો એકબીજાના
કાનમાં વાતો કરે છે, ત્યારે દાઉદ સમજ્યો કે બાળક મારી ગયું છે; ને
દાઉદે પોતાના ચાકરોને કહ્યું કે, શું બાળક મારી ગયું? ને તેઓએ કહ્યું
કે, તે મરી ગયું છે. 20 ત્યારે દાઉદ જમીન પરથી ઉઠ્યો, ને સ્નાન કરીને
પોતાને અંગે અત્તર ચોળ્યું, ને પોતાના વસ્ત્રો બદલ્યા; ને યહોવાહના
ઘરમાં જઈને તેણે ભજન કર્યું; પછી તે પોતાને ઘેર આવ્યો; ને તેણે મા-
ગ્યું ત્યારે તેઓએ તેની આગળ અન્ન પિરસ્યું, ને તેણે ખાધું. 21 ત્યારે તે-
ના ચાકરોએ તેને કહ્યું કે, તેં એમ કેમ કર્યું? બાળકના જીવતા તું ઉપ-
વાસ તથા વિલાપ કરતો હતો; પણ બાળક મુઆ પછી તેં ઉઠીને અન્ન
ખાધું. 22 અને તેણેકહ્યું, બાળકના જીવતા હું ઉપવાસ તથા વિલાપ કર-
તો હતો; કેમકે મેં કહ્યું કે, કોણ જાણે છે કે, યહોવાહ મારા પર કૃપા કરી-
ને બાળકને જીવતું નહિ રાખે? 23 પણ હવે તે મરણ પામ્યું છે, તો શા
માટે મારે ઉપવાસ કરવો? શું હું તેને પાછો લાવી શકું? હું તેની પાસે
જઈશ, પણ તે મારી પાસે નહિજ આવશે. 24 ને તેનું નામ તેણે સુલૈમાન
પાડ્યું, ને તેના પર યહોવાહની પ્રીતિ હતી; 25 ને તેણે નાથાન ભવિષ્ય-
વાદીની મારફતે સંદેશ મોકલીને યહોવાહની ખાતર તેનું નામ યદીદયાહ
પાડ્યું. 26 હવે યોઆબે આમ્મોનપુત્રોના રાબ્બાહ ઉપર હલ્લો કરીને રા-
જધાનીનું નગર સર કર્યું. 27 અને યોઆબે દાઉદ પાસે હલકારો મોકલીને
કહાવ્યું કે, મેં રાબ્બાહ ઉપર હલ્લો કીધો છે, હા, મેં પાણીનું નગર લીધું
છે. 28 તો હવે બાકીના લોકને એકઠાં કર, ને નગરની સામે છાવણી કરી-
ને તેને સર કર; નહિ તો એ નગર હું લઈ લઈશ, ને તે મારા નામથી

ઓળખાશે. 29 અને દાઉદ સર્વ લોકોને એકઠા કરીને રાબાહ ગયો, ને તે-
ના પર હલ્લો કરીને તેને સર કર્યું. 30 અને તેણે તેઓના રાજાનો મુગટ તે-
ને માથેથી ઉતારી લીધો; ને તે વજનમાં એક તાલંત સોનાનો હતો; ને
મૂલ્યવાન રાતનો તેમાં જડેલાં હતાં, ને તે દાઉદને માથે પહેરાવ્યો; ને તે
નગરની પુષ્કળ લૂટ તે બહાર લાવ્યો. 31 અને તેમાંના લોકોને બહાર
લાવીને તેણે તેઓના પર કરવતો તથા લોઢાની પંજેટીઓ તથા લોઢાની
કુહાડીઓ ચલાવી, ને તેઓને ઈંટની ભઠ્ઠીઓમાં થઈને ચલાવ્યા; ને
એજ પ્રમાણે તેણે આમ્મોનપુત્રોના સઘળાં નગરોને કર્યું. અને દાઉદ
તથા સર્વ લોક યરૂશાલેમ પાછા આવ્યા.
13 ત્યાર પછી એમ થયું કે, દાઉદના દીકરા આબ્શાલોમને તામાર
નામે એક સુંદર બહેન હતી; ને દાઉદના દીકરા આમ્નોનને તેનો
મોહ લાગ્યો હતો. 2 અને આમ્નોન પોતાની બહેન તામાર વિષે એટલો
બધી વ્યાકુળ થયો, કે તે માંદો પડ્યો; કેમકે તે કુંવારી હતી; ને તેને કંઈ
કરવું એ આમ્નોનને મુશ્કેલ લાગ્યું. 3 પણ દાઉદના ભાઇ શિમઆહનો
દીકરો નામે યોનાદાબ તે અમ્નોનનો મિત્ર હતો; ને યોનાદાબ ઘણો
પક્કો માણસ હતો. 4 અને તેણે તેને કહ્યું, હે રાજપુત્ર, તું રોજ રોજ સુકા-
તો કેમ જાય છે? શું તું મને નહિ કહે? ને અમ્નોને તેને કહ્યું, મારા ભાઇ
આબ્શાલોમની બહેન તામારનો મને મોહ લાગ્યો છે. 5 અને યોનાદાબ
તેને કહ્યું કે, તારા પલંગ ઉપર સુઇ જઈને મંદવાડનો ઢોંગ કર; ને તારો
બાપ તને જોવા આવે ત્યારે તેને કહેજે કે, કૃપા કરીને એમ કરો કે મારી
બહેન તામાર મારી પાસે આવીને મને ખાવાને અન્ન આપે,ને મારા દેખ-
તાં રસોઇ બનાવે, કે હું તે જોઉં ને તેના હાથથી ખાઉં. 6 માટે આમ્નોન
સુઇ ગયો, ને મંદવાડનો ઢોંગ કર્યો; ને રાજા તેને જોવા આવ્યો, ત્યારે
અમ્નોન રાજાને કહ્યું, કૃપા કરી મારી બહેન તામારને મોકલો, કે મારાં દે-
ખતાં તે મારે સારૂ બે પોળીઓ બનાવે, ને હું તેના હાથે ખાઉં. 7 ત્યારે દા-
ઉદે તામારને ઘેર માણસો મોકલીને કહાવ્યું કે, તારા ભાઇ આમ્નોનને
ઘેર હમણા જઈને તેને સારૂ રસોઇ બનાવ. 8 તેથી તામારે પોતાના ભાઇ
આમ્નોનને ઘેર ગઇ; ને તે સૂતેલો હતો. અને તેણીએ આટો લઇને મસ-
ળ્યો, ને તેના દેખતા પોળીઓ બનાવીને તે પોળીઓ શેકી. 9 પછી તે-
ણીએ તવો લઇને તેમાંથી પોળીઓ તેની આગળ ઠાલવી; પણ તેણે
ખાવાની ના પાડી.અને આમ્નોને કહ્યું કે, સર્વ માણસોને મારી પાસેથી
બહાર મોકલી દે. અનેસર્વ માણસો તેની પાસેથી બહાર ગયા. 10 અને
આમ્નોને તામારને કહ્યું કે, ખાવાનું શયનગૃહમાં લાવ, કે હું તારે હાથે તે
ખાઉં; ને પોતે જે પોળીઓ બનાવી હતી તે લઈને તામાર પોતાના ભાઇ
આમ્નોન પાસે શયનગૃહમાં લાવી. 11 અને તે તેની પાસે ખાવાનું લાવી,
ત્યારે તેણે તેને પકડીને કહ્યું, આવ, મારી બહેન, મારી સાથે સુઇ જા.
12 અને તેણીએ તેને ઉત્તર આપ્યો કે, નહિ, મારા ભાઇ, મારા પર બળા-
ત્કાર કરીશ નહિ; કેમકે એવું કૃત્ય ઇસ્રાએલમાં થવું ન જોઇએ; એવી મૂ-
ર્ખાઈ ન કર. 13 અને હું મારી ફજેતી લઈને ક્યાં જાઉં? ને તું તો ઇસ્રાએલ-
માં એક મૂર્ખ જેવો બનીશ; તો હવે તું રાજાને કહે;કેમકે તે મને તારાથી
પાછી રાખશે નહિ. 14 પણ તેણે તેનું કહેવું સાંભળ્યું નહિ; પણ તે તેણી-
ના કરતાં બળવાન હોવાથી તેણે બળાત્કારે તેની આબરૂ લીધી.
15 ત્યાર પછી આમ્નોનને તેના પર અતિશય ધિક્કાર ઉપજ્યો, તે એટ-
લો કે તે તેના પર મોહિત હતો તે કરતાં વધારે તે તેને ધિક્કારવા લા-
ગ્યો. અને અમ્નોને તેને કહ્યું, ઉઠ, જતી રહે. 16 ત્યારે તેણીએ તેને કહ્યું
કે, એમ નહિ, કેમકે જે કુકર્મ તેં મારી સાથે કર્યું છે, તે કરતાં મને કાઢી મુ-
કવી એ વધતું ભૂંડું છે. પણ તેણે તેનું કહેવું સાંભળ્યું નહિ. 17 પછી તેણે
પોતાની સારવાર કરનાર જુવાનને બોલાવીને કહ્યું કે, આ સ્ત્રીને હમણાં
મારી પાસેથી બહાર કાઢી મુકીને પાછળ બારણું બંધ કર. 18 અને તે-
ણીએ નવરંગી વસ્ત્ર પહેરેલાં હતાં, કેમકે રાજાની કુંવારી દીકરીઓ એવા
જામા પહેરતી હતી. અને તેના ચાકરે તેણીને બહાર કાઢી મુકીને તેની
પાછળ બારણું બંધ કર્યું. 19 અને તામારે પોતાના માથા પર રાખ નાખી,
ને પોતે પહેરેલું નવરંગી વસ્ત્ર તેણીએ ફાડ્યું; ને પોતાના હાથ પોતાના
માથા પર મુકીને રડતી રડતી ચાલી. 20 અને તેના ભાઇ આબ્શાલોમે
તેને કહ્યું કે, શું તારો ભાઇ આમ્નોન તારી સાથે હતો? પણ હવે મારી
બહેન, છાની રહે; તે તારો ભાઇ છે; એ વાત મનમાં ન લાવીશ. અને તા-
માર પોતાના ભાઇ આબ્શાલોમને ઘેર લાચાર સ્થિતિમાં રહી. 21 પણ
દાઉદ રાજાએ એ સર્વ વાતો સાંભળી, ત્યારે તેણે ઘણો ક્રોધ ચઢ્યો.
22 અને આબ્શાલોમે પોતાના ભાઇ આમ્નોનને સારૂં કે નરસું કાંઈ કહ્યું
નહિ; કેમકે આબ્શાલોમને આમ્નોન ઉપર ક્રોધ ચઢ્યો હતો, કારણ કે
તેણે તેની બહેન તામાર ઉપર બળાત્કાર કર્યો હતો. 23 અને પુરાં બે વર્ષ
પછી એમ થયું કે, અફ્રાઈમ પાસેના બઆલ-હસોરમાં આબ્શાલોમે કાત-
રનારાઓને બોલાવેલા હતા; ને આબ્શાલોમે રાજાના સર્વ પુત્રોને નોત-
ર્યા. 24 અને આબ્શાલોમે રાજા પાસે આવીને કહ્યું કે, જો, તારા દાસને
ત્યાં કાતરનારાઓ આવેલા છે, તો કૃપા કરી રાજાએ તથા તેના ચાકરોએ
આપના સેવકની સાથે આવવું. 25 અને રાજાએ આબ્શાલોમને કહ્યું કે,
એમ નહિ, મારા દીકરા, અમ સર્વે તો નહિ આવીએ, રખેને અમે તને ભા-
રે પડીએ. અને તેણે તેને આગ્રહ કીધો; પરંતુ તે ગયો નહિ, પણ તેણે
તેને આશીર્વાદ દીધો. 26 પછી આબ્શાલોમે કહ્યું કે, જો એમ નહિ, તો કૃ-
પા કરી મારા ભાઇ આમ્નોનને અમારી સાથે આવવા દે. અને રાજાએ તે-
ને કહ્યું, તે તારી સાથે શા સારૂ આવે? 27 પણ આબ્શાલોમે તેને હઠેઠ
કરી, માટે તેણે આમ્નોનને તથા રાજાના સર્વ પુત્રોને તેની સાથે જવા
દીધા. 28 અને આબ્શાલોમે પોતાના ચાકરોને આજ્ઞા કરીને કહ્યું કે,
આમ્નોનનું મન દ્રાક્ષરસથી મગ્ન થાય, ત્યારે તે ધ્યાનમાં લેજો; ને જયારે
હું તમને કહું કે, આમ્નોનને મારો, ત્યારે તમે તેને મારી નાખજો, બીશો
નહિ; શું મેં તમને આજ્ઞા નથી આપી? તમે હિમ્મતવાન તથા શૂરવીર
થજો. 29 અને જેમ આબ્શાલોમે આજ્ઞા આપી હતી તેમ તેના ચાકરોએ
આમ્નોનને કર્યું. ત્યારે રાજાના સઘળાં પુત્રો ઉઠ્યા, અને તેઓ પોતપો-
તાના ગધેડા પર બેસીને નાસી ગયા. 30 અને એમ થયું કે, તેઓ માર્ગમાં
હતા, એટલામાં દાઉદને એવા સમાચાર મળ્યા કે, આબ્શાલોમે રાજાના
સઘળા પુત્રોને મારી નાખ્યા છે, ને તેઓમાંથી એક પણ બચ્યો નથી.
31 ત્યારે રાજાએ ઉઠીને પોતાનાં વસ્ત્રો ફાડ્યાં, ને તે જમીન પર આડો
પડ્યો; ને તેના સર્વ ચાકરો ફાટેલાં વસ્ત્ર પહેરીને તેની પાસે ઉભા રહ્યા.
32 અને દાઉદના ભાઇ શિમઆહના પુત્ર યોનાદાબે ઉત્તર આપીને કહ્યું
કે, મારા મુરબ્બીએ એવું ન ધારવું કે તેઓએ રાજાના સર્વ જુવાન પુત્રોને
મારી નાખ્યા છે, કેમકે માત્ર આમ્નોન મુઓ છે; જે દિવસે તેણે આબ્શા-
લોમની બહેન તામાર ઉપર બળાત્કાર ગુજાર્યો, 33 માટે હવે રાજાના સર્વ
પુત્રો મરણ પામ્યા છે, એમ ધારીને મારા મુરબ્બી રાજાએ પોતાના મન-
માં દુઃખી થવું નહિ; કેમકે માત્ર એમ ધારીને મારા મુરબ્બી રાજાએ પો-
તાના મનમાં દુઃખી થવું નહિ; કેમકે માત્ર આમ્નોન મુઓ છે. 34 પણ
આબ્શાલોમ નાઠો. અને જે જુવાન ચોકી કરતો હતો, તેણે પોતાની
આંખો ઉંચી કરીને જોયું તો જુઓ, તેની પાછળના પર્વતની બાજુને માર્ગે
ઘણા લોક આવતા હતા. 35 અને યોનાદાબે રાજાને કહ્યું કે,જો, રાજાનો
પુત્રો આવ્યા છે; જેમ તારા દાસે કહ્યું તેમજ છે. 36 અને તે બોલી રહ્યો કે
તરત એમ થયું કે, જુઓ, રાજાના પુત્રો આવ્યા, ને પોક મુકીને રડ્યા; ને
રાજા સુદ્ધાં તેના સર્વ ચાકરો પણ બહુ રડ્યા. 37 પણ આબ્શાલોમ ના-
સીને ગશૂરના રાજાના એટલે આમ્મીહૂરના દીકરા તાલ્માયની પાસે
જતો રહ્યો; ને દાઉદે પોતાના પુત્રને સારૂ દરરોજ શોક કીધો. 38 એમ
આબ્શાલોમ નાસીને ગશૂર જતો રહ્યો, ને ત્યાં ત્રણ વર્ષ રહ્યો. 39 અને
દાઉદ રાજાનો જીવ આબ્શાલોમની પાસે જવા સારૂ તલપતો હતો; કેમ-
કે આમ્નોનના મરણ વિષે તેને દિલાસો મળ્યો હતો.
14 હવે સરૂયાહનો દીકરો યોઆબ સમજી ગયો કે, રાજાનું મન
આબ્શાલોમની તરફ છે. 2 અને યોઆબે તકોઆમાં માણસ મો-
કલીને ત્યાંથી એક ચતુર સ્ત્રીને તેડાવીને તેને કહ્યું કે, કૃપા કરીને તું
શોક કરનારનો વેશ ધારણ કરીને, ને શોકના વસ્ત્ર પહેરીને તારે અંગે
તેલ ન લગાડતાં મારી ગએલાને કાજે ઘણા દિવસથી શોક કરનાર સ્ત્રી-
ની જેવી તું થા; 3 ને રાજા પાસે અંદર જઈને તેની સાથે આ રીતે વાત
કર; ને શી વાત કરવી એ યોઆબે તેના મ્હોમાં મુકી. 4 અને તકોઆની
સ્ત્રીએ રાજાની સાથે વાત કરતી વેળાએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને
કહ્યું કે, હે રાજા, સાહ્ય કર. 5 અને રાજાએ તેને કહ્યું કે, તને શું દુઃખ છે?
ને તેણીએ ઉત્તર આપ્યો કે, હું ખરેખર એક વિધવા સ્ત્રી છું, ને મારો પતિ
મારી ગયો છે. 6 અને તારી દાસીને બે દીકરા હતા, ને તે બન્ને ખેતરમાં
વઢી પડ્યા; ને તેઓને છુટા પાડનાર કોઇ નહોતું, તેથી એકે બીજાને
મારીને ઠાર કર્યો. 7 અને જો, આખું કુટુંબ તારી દાસી વિરુદ્ધ ઉઠ્યું છે, ને
તેઓએ કહ્યું કે, જેણે પોતાના ભાઇને મારી નાખ્યો છે, તેને અમારે સ્વા-
ધીન કર, કે જે તેના ભાઇને તેણે મારી નાખ્યો, તેના જીવને લીધે અમે

તેને મારી નાખીએ, ને એમ વારસનો નાશ કરીએ. એમ તેઓ મારો બા-
કી રહેલો અંગારો હોલવી નાખશે, ને મારા વરનું નામ કે શેષ ધરતી ઉપર
રહેવા દેશે નહિ. 8 અને રાજાએ તે સ્ત્રીને કહ્યું કે, તું તારે ઘેર જા, ને તારા
વિષે હું હુકમ આપીશ. 9 અને તકોઆની સ્ત્રીએ રાજાને કહ્યું કે, હે મારા
મુરબ્બી રાજા, આ અન્યાય મારા પર તથા મારા બાપના ઘર પર હોજો;
ને રાજા તથા તેનું રાજ્યાસન નિર્દોષી રહેજો. 10 અને રાજાએ કહ્યું, જે
કોઇ તને કાંઇ કહે, તેને મારી પાસે લાવજે, ને તે ફરીથી તને અડકશે
નહિ. 11 ત્યારે તેણીએ કહ્યું કે, રાજા કૃપા કરી પોતાના દેવ યહોવાહનું
સ્મરણ કર, કે ખૂનનું વેર લેનારાઓ બીજો વધારે નાશ ન કરે, નહિ તો
તેઓ મારા દીકરાનો નાશ કરશે. અને તેણે કહ્યું કે, જીવતા યહોવાહનો
સમ, તારા દીકરાનો એક વાળ પણ ભૂમિ પર નહિજ પડશે. 12 ત્યારે તે
સ્ત્રી કહ્યું કે, કૃપા કરી તારી દાસીને એક વાત મારા મુરબ્બી રાજાને કહે-
વા દે. અને તેણે કહ્યું,બોલી જા. 13 અને તે સ્ત્રીએ કહ્યું, ત્યારે દેવના
લોક વિરુદ્ધ એવી યુક્તિ તે કેમ રચી છે? કેમકે એ વચન ઉચ્ચારતાં રા-
જા એક અપરાધી જેવો ઠરે છે, શા માટે કે રાજા પોતાના દેશનિકાલ કી-
ધેલા માણસને પાછો ઘેર તેડાવતો નથી. 14 કેમકે આપણે મરવું એ
આવશ્ય છે, ને જમીન ઉપર ઢળેલું પાણી જે ફરીથી એકઠું કરી લેવાતું
નથી, તેના જેવા છીએ; ને દેવ કોઈનો જીવ લેતો નથી, પણ ઉપાયો
યોજે છે, એ માટે કે જે કાઢી મુકાએલો, તે તેનાથી વિયોગી ન રહે. 15 મા-
ટે મારા મુરબ્બીને એ વાત કહેવાને હું આવી છું, એનું કારણ એ કે લો-
કોએ મને બીવડાવી છે; ને તારી દાસીએ કહ્યું કે, હવે હું રાજા સાથે વાત
કરીશ; કદાપિ એમ બને કે રાજા પોતાની દાસીની વિનંતી ફળિભૂત કરે.
16 કેમકે રાજા સાંભળીને, જે માણસ મને તથા મારા દીકરાને દેવના વા-
રસામાંથી નષ્ટ કરવાને ઈચ્છે છે, તેના હાથમાંથી પોતાની દાસીને છો-
ડાવશે. 17 પછી તારી દાસીએ કહ્યું કે, કૃપા કરીને, મારા મુરબ્બી રાજાનું
વચન દિલાસરૂપ થાઓ; કેમકે મારા મુરબ્બી રાજા સારા નરસાની પરી-
ક્ષા કરવામાં દેવના દૂત જેવો છે; અને તારો દેવ યહોવાહ તારી સાથે
થાઓ. 18 ત્યારે રાજાએ ઉત્તર આપીને તે સ્ત્રીને કહ્યું કે, જે કંઈ વાત હું
તને પુછું, તેમાંનું કંઈ કૃપા કરીન મારાથી છુપાવીશ નહિ. ત્યારે તે
સ્ત્રીએ કહ્યું કે, મારા મુરબ્બી રાજા, બોલો ત્યારે. 19 અને રાજાએ કહ્યું,
અસારવ કામમાં યોઆબનો હાથ તારી સાથે છે કે? ને તે સ્ત્રી ઉત્તર
આપ્યો કે, મારા મુરબ્બી રાજા, તારા જીવના સમ, કે જે કંઈ મારા મુર-
બ્બી રાજા બોલ્યો છે, તેથી કોઇ જમણી કે ડાબી ગમ ફરી શકતું નથી;
કેમકે તારા ચાકર યોઆબે મને આજ્ઞા આપી, ને તેણે આ સર્વ વાતો
તારી દાસીના મ્હોમાં મુકી; 20 ને એ વાતને જુદું ડોળ આપવા માટે તારા
ચાકર યોઆબે એ કામ કીધું છે; ને પૃથ્વી પર જે સર્વ છે તે જાણવામાં
મારો મુરબ્બી દેવના દૂત જેવો જ્ઞાની છે. 21 અને રાજાએ યોઆબને કહ્યું
કે, જો, મેં એમ તો કર્યું છે; માટે જઈને જુવાન આબ્શાલોમને પાછો તેડી
લાવ. 22 અને યોઆબે સાષ્ટાંગ પ્રણામ દંડવત કીધા, ને રાજાને ધન્ય-
વાદ આપ્યો; ને યોઆબે કહ્યું કે, હે મારા મુરબ્બી રાજા, આજ તારો ચા-
કર જાણે છે કે, હું તારી દૃષ્ટિમાં કૃપા પામ્યો છું, કેમકે રાજાએ પોતાના
ચાકરની વિનંતી સ્વીકારી છે. 23 અને યોઆબ ઉઠીને ગશૂર જઈને
આબ્શાલોમને યરૂશાલેમ તેડી લાવ્યો. 24 અને રાજાએ કહ્યું કે, તે પાછો
ફરીને પોતાને ઘેર જાય, પણ મારૂં મ્હો ન જુએ; ને આબ્શાલોમ વળીને
પોતાને ઘેર ગયો, ને રાજાનું મ્હો જોવા પામ્યો નહિ. 25 હવે સર્વે ઇસ્રાએ-
લમાં કોઇ પણ માણસ સૌંદર્યની બાબતે આબ્શાલોમના જેવા પ્રશંસા-
યોગ્ય નહોતો; તેના પગના તળિએથી તે તેના માથાની તાલ સુધી તેના
અંગમાં કંઈ એબ ન હતી. 26 અને જયારે તે પોતાનું માથું મૂંડાવતો, હવે
દર વર્ષની અંતે તે તેને મૂંડાવતો, વાળના ભાર તેના પર થતો માટે તે
મૂંડાવતો હતો; ત્યારે તે પોતાના માથાના વાળ તોલતો, ને તેનું વજન
રાજાના તોલતો, ને તેનું વજન રાજાના તોલ પ્રમાણે બસેં શેકેલ થતું.
27 અને આબ્શાલોમને ત્રણ દીકરા તથા તામાર નામની એક દીકરી
થયાં હતાં; તે સ્ત્રી સુંદરમુખી હતી. 28 અને આબ્શાલોમ યારૂશાલેમના
પુરાં બે વર્ષ રહ્યો, તેમ છતાં તેણે રાજાનું મ્હો દીઠું નહિ. 29 ત્યારે
આબ્શાલોમે યોઆબને રાજા પાઈ મોકલવા સારૂ તેડાવ્યો; પણ તે તેની
પાસે આવવા ચાહતો નહોતો; ને તેણે ફરીથી બીજીવાર માણસ મોક-
લ્યું, પણ તે આવ્યો નહિ. 30 માટે તેણે પોતાના ચાકરોને કહ્યું કે, જુઓ,
યોઆબનું ખેતર મારી ખેતરની પાસે છે, ને તેમાં તેના જવ છે; તમે જઈ-
ને તેમાં આગ મુકો. અને આબ્શાલોમના ચાકરોએ તે ખેતરમાં આગ મુ-
કી. 31 ત્યારે યોઆબ ઉઠીને આબ્શાલોમ પાસે તેને ઘેર ગયો, ને તેને
કહ્યું કે, તારા ચાકરોએ મારા ખેતરમાં આગ કેમ મુકી? 32 ને આબ્શાલોમે
યોઆબને ઉત્તર આપ્યો કે, જો, મેં તારી પાસે માણસ મોકલીને કહાવ્યું
કે, અહીં આવ, એ માટે કે હું તને રાજા પાસે મોકલીને કહેવડાવું કે, હું
ગશૂરથી શા માટે આવ્યો છું?હું હજી ત્યાંજ રહ્યો હોત તો મને વધારે હિત
થાત; તો હવે મને રાજનું મ્હો જોવા દે; ને મારામાં અન્યાય હોય તો તે
મને બેલાશક મારી નાખે. 33 માટે યોઆબે રાજા પાસે જઈને તેને ખબર
આપી;ને તેણે આબ્શાલોમને બોલાવ્યો,ત્યારે તે રાજા પાસે આવ્યો, ને
રાજાની આગળ સાષ્ટાંગ દંડવત કીધા, ને રાજાએ આબ્શાલોમને ચુંબન
કીધું.

15 ત્યાર પછી એમ થયું કે, અબ્શાલોમે પોતાને સારૂ રથો તથા
ઘોડા તથા પોતાની આગળ દોડવા સારૂ પચાસ માણસો તૈયાર
કીધા. 2 અને આબ્શાલોમ મોટી સવારે ઉઠીને દરવાજાના રસ્તાની બા-
જુએ ઉભો રહેતો; ને જયારે કોઇ માણસને એવો દાવો હોય, કે તેના ચુ-
કાદા વાસ્તે રાજા પાસે જવું પડે, ત્યારે આબ્શાલોમ તેને બોલાવીને કહે-
તો કે, તું ક્યાં નગરનો છે? ત્યારે તે કહેતો કે, તારો દાસ ઇસ્રાએલના
ફલાણા કુળમાંનો છે. 3 અને આબ્શાલોમ તેને કહેતો કે, જો, તારો દાવો
ખરો તથા વાજબી છે, પણ તારા દાવો સાંભળવા સારૂ રાજા તરફથી
કોઇ માણસ ઠરાવેલો નથી. 4 વળી આબ્શાલોમ કહેતો કે, આ દેશમાં
મને ન્યાયાધીશ ઠરાવે તો કેવું સારૂ! ત્યારે તો દાવા કે તકરારવાળો પ્ર-
ત્યેક માણસ મારી પાસે આવે, ને હું તેનો ફેંસલો કરૂં. 5 અને એમ થતું
કે, જયારે કોઇ માણસ તેને નમસ્કાર કરવા સારૂ પાસે આવતો, ત્યારે તે
પોતાના હાથ લાંબા કરીને તેને ભેટીને તેને ચુંબન કરતો. 6 અને જે સર્વ
ઇસ્રાએલના માણસો રાજા પાસે ન્યાય માંગવા આવતા, તેઓની સાથે
આબ્શાલોમ એ પ્રમાણે વર્તતો; એ પ્રમાણે આબ્શાલોમેં ઇસ્રાએલના
માણસોનાંમન હરી લીધાં. 7 અને ચાળીસ વર્ષ પછી એમ થયું કે,
આબ્શાલોમે રાજાને કહ્યું કે, જે માનતા મેં યહોવાહની આગળ રાખી છે,
તે હેબ્રોનમાં ઉતારવા સારૂ કૃપા કરીને મને જવા દે. 8 કેમકે જયારે તારા
સેવક અરામના ગશૂરમાં રહેતો હતો, ત્યારે મેં એમ કહીને માનતા રાખી
હતી કે, જો યહોવાહ મને નિશ્ચે યરૂશાલેમમાં પાછો લાવશે, તો હું યહો-
વાહની આરાધના કરીશ. 9 અને રાજાએ તેને કહ્યું કે, શાંતિએ જા; માટે
તે ઉઠીને હેબ્રોન ગયો. 10 પણ આબ્શાલોમે ઇસ્રાએલના સઘળાં કુળોમાં
જાસૂસો મોકલીને કહાવ્યું કે, તમે રણશિંગડાનો અવાજ સાંભળો કે તુ-
રત તમારે કહેવું ક, હેબ્રોનમાં આબ્શાલોમ રાજા છે. 11 અને નોતરેલા
બસેં માણસો યરૂશાલેમથી આબ્શાલોમની સાથે ગયા હતા, તેઓ ભો-
ળાપણામાં ગયા હતા; ને તેઓ કંઈ જાણતા ન હતા. 12 અને આબ્શા-
લોમ યજ્ઞ કરતો હતો, તે દરમિયાન તેણે દાઉદના મંત્રી અહીથોફેલ ગી-
લોનીને તેના ગીલોહ નગરથી તેડાવ્યો. અને ફિસાદ જોરાવર થયો, કેમ-
કે આબ્શાલોમની કુમળે લોકો જાથુ વધતા જતાં હતા. 13 અને એક હલ-
કારાએ દાઉદ પાસે આવીને કહ્યુકે, ઇસ્રાએલના માણસોની મત
આબ્શાલોમ તરફ છે. 14 અને દાઉદે પોતાના જે સઘળા ચાકરો યરૂશા-
લેમમાં તેની સાથે હતા, તેઓને કહ્યું કે, ઉઠો, આપણે નાસી જઈએ; કે-
મકે એમ નહિ કરીએ, તો આપણામાંનો કોઇ પણ આબ્શાલોમથી બચ-
વાનો નથી; ઉતાવળે નિકળો, રખે તે આપણને જલદી પકડી પાડે, ને
આપણા પર આફત લાવીને નગરને તરવારની ધારથી સંહારે. 15 અને
રાજાના ચાકરોએ રાજાને કહ્યું કે, જો, અમારા મુરબ્બી રાજાને જે કંઈ
સારૂં લાગે તે કરવાને તારા ચાકરો તૈયાર છે. 16 અને રાજા તથા તેની
પાછળ તેનું સર્વ ઘર ચાલી નિકળ્યાં; ને ઘર સંભાળવા સારૂ રાજાએ દસ
ઉપપત્નીઓને ત્યાં રહેવા દીધી. 17 અને રાજા તથા તેની પાછળ સર્વ
લોક ચાલી નિકળ્યા, ને બેથ-મેહાકમાં રહ્યા. 18 અને તેના સઘળાં ચાક-
રો તેની પડખે ચાલતા હતા, અને સઘળા પલેથીઓ, તથા સઘળા ગિ-
ત્તીઓ, એટલે ગાથથી તેની સાથે આવેલા છસેં માણસો, રાજાની
આગળ ચાલતા હતા. 19 ત્યારે ઇત્તાય ગિત્તીને રાજાએ કહ્યું કે,અમારી
સાથે તું પણ કેમ આવે છે? પાછો જા, ને રાજા પાસે રહે; કેમકે તું પરદેશી
તથા સ્વદેશવિયોગી છે; તારી પોતાની જગ્યાએ પાછો જા. 20 તું કાલેજ
આવ્યો છે, તો શું હું તને આજે મારી સાથે અહીં તહીં અથડાવું? વળી હું
તો મન ચાહે ત્યાં જાઉં છું; તું પાછો જા, ને તારા ભાઈઓને પાછા લઈ

જા; દયા તથા સત્યતા તારી સાથે હોજો. 21 અને ઇત્તાયે રાજાને ઉત્તર
આપીને કહ્યું કે, જીવતા યહોવાહના તથા મારા મુરબ્બી રાજાના જીવના
સોગન કે, જ્યાં જ્યાં મારા મુરબ્બી રાજા જશે, પછી ત્યાં મારવાનું હોય કે
જીવવાનું હોય તથાપિ ત્યાં તારો દાસ પણ નિશ્ચે રહેશે. 22 અને દાઉદે
ઇત્તાયને કહ્યું કે, જા, પેલે પાર ઉતરી જા; ને ઇત્તાય ગિત્તી તથા તેના
સઘળાં માણસો, તથા તેની સાથેના સઘળાં બાળકો, પેલે પાર ઉતરી
ગયાં. 23 અને અખો દેશ પોક મુકીને રડ્યો, ને સઘળાં લોક પેલે પાર
ગયા; ને રાજા પંડે પણ કિદ્રોન નાળું ઉતર્યો, ને સઘળા લોક રાનના મા-
ર્ગે પેલે પાર ગયા. 24 અને જુઓ, સાદોક પણ, તથા તેની સાથે સર્વ લે-
વીઓ દેવના કરારનો કોષ ઉંચકીને આવ્યા હતા; ને તેઓએ દેવના કો-
ષને નીછે મુક્યો, ને સર્વ લોક નગરમાંથી નિકળી રહ્યા ત્યાં સુધી
અબ્યાથાર ઉપર ગયો. 25 અને રાજાએ સાદોકને કહ્યું કે, દેવના કોષને
પાછો નગરમાં લઇ જા; જો યહોવાહની કૃપા દ્દષ્ટી મારા પર થશે, તો તે
મને પાછો લાવશે, ને એ તથા તેનું રહેઠાણ બન્ને મને દેખાડશે; 26 પણ
જો તે એમ કહે કે, હું તારા પર રાજી નથી, તો જો, હું રહ્યો, જેમ તેને સારૂ
લાગે તેમ તે મને કરે. 27 વળી રાજાએ સાદોક યાજકને કહ્યું કે, શું તું
ભવિષ્યદર્શક નથી? તારા બે દીકરાઓને, એટલે તારા દીકરા અહીમા-
આસને તથા અબ્યાથારના દીકરા યોનાથાનને તારી સાથે લઈને
શાંતિએ નગરમાં પાછો જા. 28 જો, મને ખાત્રી કરી આપવા સારૂ તમારી
તરફથી મને ખબર નહિ મળે, ત્યાં સુધી હું રાન તરફના આરા આગળ
થોભીશ. 29 માટે સાદોક તથા અબ્યાથાર દેવનો કોષ પાછો યરૂશાલેમ-
માં લઇ ગયા; ને તેઓ ત્યાં રહ્યા. 30 અને દાઉદ રડતો રડતો જૈતુન પર્વ-
તના ઢોળાવ પર ચઢ્યો; ને તેનું માથું ઢંકેલું હતું, તથા તે ઉઘાડે પગે
ચાલતો હતો; ને તેની સાથેના સર્વ લોકોમાંનો પ્રત્યેક પોતાનું માથું
ઢાંકીને રડતો રડતો ઉપર ચઢ્યો. 31 અને કોઇએ દાઉદને કહ્યુ કે, અહી-
થોફેલ આબ્શાલોમની સાથેના ફિસાદી લોકોમાં છે; ને દાઉદે કહ્યું કે, હે
યહોવાહ, કૃપા કરીને, અહીથોફેલની સલાહને મૂર્ખાઈરૂપ કરી નાખજે.
32 અને એમ થયું કે, પર્વતને શિખરે, કે જ્યાં લોકો દેવનું ભજન કરતાં,
ત્યાં દાઉદ આવ્યો, ત્યારે જુઓ, હૂશાય આર્કી તેને મળવા સારૂ આવ્યો,
ને તેનો ડગલો ફાટેલો, તથા તેના માથા પર ધૂળ હતી; 33 ને દાઉદે તેને
કહ્યું કે, જો તું મારી સાથે આવે, તો તૂ મને ભારરૂપ થઇ પડે; 34 પણ જો
તું નગરમાં જઇને આબ્શાલોમને કહે કે, હે રાજા, હું તારો ચાકર થઈશ; તૂ
તું મારી ખાતર અહીથોફેલની સલાહ નિષ્ફળ કરીશ. 35 અને શું સાદોક
તથા અબ્યાથાર યાજકો તારી સાથે ત્યાં નથી? તેથી એમ થશે કે, જે જે
વાતો રાજાના ઘરમાંથી તારા સાંભળવામાં આવે, એ તું સાદોક તથા
આબ્યાથાર યાજકોને કહેજે. 36 જો, ત્યાં તેઓના બે દીકરા, એટલે સા-
દોકનો દીકરો અહીમાઆસ તથા આબ્યાથારનો દીકરો યોનાથાન, તે-
ઓની સાથે છે; ને જે કંઈ તમે સાંભળો, ને તમે તેઓની મારફતે કહાવી
મોકલજો. 37 તેથી દાઉદનો મિત્ર હૂશાય નગરમાં આવ્યો; ને આબ્શા-
લોમ યરૂશાલેમમાં આવ્યો.

16 અને દાઉદે પર્વતના શિખરની પેલી મેર થોડેક ગયો, એટલે
જુઓ, મફીબોશેથનો ચાકર સીબા તેને મળ્યો, ને તે જીવ બાંધે-
લા, તથા બસેં રોટલી, તથા સુકી દ્રાક્ષોની એક સો લૂમો, તથા ઉન્હા-
ળાનાં એક સો ફળ, તથા દ્રાક્ષરસની એક કુંડીથી લાદેલાં બે ગધેડાં સા-
થે લાવ્યો હતો. 2 અને રાજાએ સીબાને કહ્યું કે, આ સઘળાં વાનાં તુષા
માટે લાવ્યો છે? ને સીબાએ કહ્યું કે, ગધેડાં રાજાના ઘરનાંને સવારી કર-
વા સારૂ; ને રોટલી તથા ઉન્હાળાનાં ફળ જુવાનોને ખાવા; તથા દ્રાક્ષરસ
રાનમાં જેઓ થાકે તેઓને સારૂ છે. 3 અને રાજાએ કહ્યું કે, તારા ધણીનો
દીકરો ક્યાં છે? ને સીબાએ કહ્યું કે, જો, તે યરૂશાલેમમાં રહેલો છે; કેમકે
તે કહે છે કે, આજ ઇસ્રાએલનું ઘર મારા બાપનું રાજ્ય મને પાછું સોંપશે.
4 ત્યારે રાજાએ સીબાને કહ્યું કે, જો, જે સઘળું મફીબોશેથનું હતું, તે તારૂં
છે; ને સીબાએ કહ્યું કે, હું નમસ્કાર કરૂં છું; હે મારા મુરબ્બી રાજા, હું તા-
રી દ્રષ્ટિમાં કૃપા પામું. 5 અને દાઉદ રાજા બાહૂરીમ પહોંચ્યો, ત્યારે
જુઓ, શિમઇ નામનો એક માણસ, જે ગેરાનો દીકરો હતો, ને શાઉલના
સગાંમાંનો હતો, તે અંદરથી બહાર નિકળી આવ્યો; તે શ્રાપ દેતો દેતો
આવ્યો. 6 અને તેણે દાઉદ પર, તથા દાઉદ રાજાના સર્વ ચાકરો પર,
પત્થર ફેંક્યો; ન સઘળાં લોક તથા સઘળાં યોદ્ધાઓ તેને જમણે હાથે
તથા તેને ડાબે હાથે હતા. 7 અને શિમઇએ શ્રાપ દેતાં દેતાં કહ્યું કે, હે ખૂ-
ની તથા બલીયઆલના માણસ, જતો રહે, જતો રહે; 8 શાઉલ, કે જેને
ઠેકાણે તે રાજ્ય કીધું છે, તેના ઘરનાં સઘળાં રક્તનો બદલો યહોવાહે
તારી પાસેથી લીધો છે; ને યહોવાહે રાજ્ય તારા દીકરા આબ્શાલોમના
હાથમાં સોંપ્યું છે; ને તારી ભુંડાઇમાં તું પોતે સપડાયો છે; કેમકે તું ખુની
માણસ છે. 9 ત્યારે સરૂયાહના દીકરા અબીશાયે રાજાને કહ્યું કે, આ મુ-
એલો કુતરો મારા મુરબ્બી રાજાને શા માટે શ્રાપ દે છે? કૃપા કરી મને
જવા દે કે હું તેનું માથું કાપી નાખું. 10 અને રાજાએ કહ્યું કે, હે સરૂયાહના
દીકરાઓ, મારે ને તમારે શું લેવા દેવા છે? તે છો શ્રાપ દેતો, કેમકે યહો-
વાહે તેને કહ્યું છે કે દાઉદને શ્રાપ દે, તો એવું કોણ કહી શકે કે, તેં એમ
કેમ કર્યું છે? 11 અને દાઉદે અબીશાયને તથા પોતાના સઘળાં ચાકરોને
કહ્યું કે, જુઓ, મારા પેટનો દીકરો મારો પ્રાણ લેવાને શોધે છે; તો હવે
એ બિન્યામીની એ પ્રમાણે કરે એ કેટલું વિશેષ સંભવિત છે? તેને રહેવા
દો; તે છો શ્રાપ દે, કેમકે યહોવાહે તેને ફરમાવ્યું છે. 12 કદાપિ યહોવાહ
મારા પર ગુજરેલા અન્યાય પર નજર કરશે, ને જે શ્રાપ તે આજ દે છે તે-
નો સારો બદલો યહોવાહ મને આપશે. 13 અને દાઉદ તથા તેના માણ-
સો માર્ગે માર્ગે ચાલતા હતા, ને શિમઇ સામેના પર્વતની બાજુ પર રહીને
તેમની પડખે પડખે ચાલતો હતો, ને તે ચાલતાં ચાલતાં શ્રાપ દેતો
હતો, ને તેની ઉપર પત્થર ફેંકતો, તથ્હા ધૂળ નાખતો હતો. 14 અને રાજા
તથા તેની સાથેના સર્વ લોક થાકી ગયા,ને તેણે ત્યાં વિસામો લીધો.
15 અને આબ્શાલોમ તથા ઇસ્રાએલના સર્વ લોકો યારૂશાલેમમાં
આવ્યા, ને અહીથોફેલ તેઓની સાથે હતો. 16 અને એમ થયું કે, દાઉદ-
નો મિત્ર હૂશાય આર્કી આબ્શાલોમ પાસે આવ્યો, ત્યારે હૂશાયે અબ્શા-
લોમને કહ્યું કે, “નામદાર રાજા, ઘણું જીવો! નામદાર રાજા ઘણું જીવો.”
17 પરંતુ આબ્શાલોમે તેને કહ્યું, “શું તારા મિત્ર પ્રત્યેની તારી આવી જ
વફાદારી છે? તું તારા મિત્ર દાઉદ સાથે શા માંટે ન ગયો?” 18 હૂશાયે તેને
જવાબ આપ્યો, “એ શી રીતે બને? જેને યહોવાએ, આ લોકોએ તથા
ઇસ્રાએલના સર્વ માંણસોએ પસંદ કર્યો, તેનો જ હું થઈશ, ને તેના જ
પક્ષમાં હું રહીશ. 19 વળી, જો હું માંરા ધણીના પુત્રની સેવા ન કરું તો
કોની સેવા કરવાનો હતો? મેં આપના પિતાની હજૂરમાં સેવા કરી હતી
તેમ તારી હજૂરમાં પણ હું સેવા કરીશ.” 20 પછી આબ્શાલોમે અહીથોફે-
લને કહ્યું, “હવે આપણે શું કરવું તે વિષે તું મને તારી સલાહ આપ.”
21 અહીથોફેલે તેને કહ્યું, “આપના પિતા તેની થોડી ઉપપત્નીઓને
મહેલમાં તેની સંભાળ લેવા માંટે મૂકી ગયા હતા, જાઓ અને તેમની
આબરૂ લો. તેથી સર્વ ઇસ્રાએલીઓને જાણ થશે કે, આપને આપના
પિતા સાથે દુશ્મનાવટ છે. અને આપના ટેકેદારોને હિંમત મળશે.”
22 તેથી તે લોકોએ મહેલની અગાસી ઉપર માંડવો કર્યો અને સૌ ઇસ્રા-
એલીઓના દેખતાં તે પોતાના પિતાની ઉપપત્નીઓ સાથે સૂતો. 23 તે
સમયમાં અહિથોફલની સલાહ દેવનીવાણી જેવીજ માંનવામાં આવતી
હતી. દાઉદ અને આબ્શાલોમ પણ અહીથોફેલની સલાહને એ જ પ્ર-
માંણે માંનતા હતા.

17 અહીથોફેલે આબ્શાલોમને કહ્યું, “આજે રાત્રે મને 12,000
માંણસો પસંદ કરવા દો. હું આજે રાત્રે જ દાઉદનો પીછો કરવા
નીકળી પડીશ. 2 જયારે તે થાકેલો અને હતાશ હશે ત્યારે હું તેની પાસે
જઇશ અને તેને ગભરાવીશ. અને તેના બધા માંણોસો ભાગી જશે અને
હું જ રાજાને માંરી નાખીશ. 3 અને તેના બધા માંણસોને, તારી પાસે પા-
છા લાવીશ. તમારે તો ફકત એક જ માંણસને માંરવાનો છે, બીજા બધા
સુરક્ષિત રહેશે.” 4 આબ્શાલોમ અને ઇસ્રાએલના આગેવાનોને આ
સલાહ ગમી. 5 પછી આબ્શાલોમે કહ્યું, “આકીર્ હૂશાયને બોલાવો. આ
યોજના સંબંધી તે શું વિચારે છે તે તેને પૂછો.” 6 હૂશાય આવ્યો એટલે
આબ્શાલોમે તેને કહ્યું, “અહીથોફેલ કહે છે, તે મુજબ અમે કરીએ? જો
તેમ કરવું યોગ્ય ના હોય તો પછી શું કરવું તે તું જ કહે.” 7 હૂશાયે જવાબ
આપ્યો, “આ વખતે અહીથોફેલે જે સલાહ આપી છે તે અયોગ્ય છે.”
8 તને ખબર છે કે, તારા પિતા અને તેના માંણસો બહુ હિંમતવાન છે.
જેમ બચ્ચાં છીનવી લીધેલ જંગલી રીંછણ જોખમકારક બની જાય છે,
તેવી જ રીતે તારા પિતા અને તેના માંણસો ભયાવહ છે. તારા પિતા
એક અનુભવી યોદ્ધા છે, અને રાત્રે તે તેના લશ્કર સાથે રહેતા નથી.
9 આ સમયે તે કોઈ ગુફામાં કે ઊંડી સાંકડી ખીણમાં સંતાયેલો હશે. તે
તેના સંતાઇ રહેવાના સ્થાનેથી અચાનક બહાર આવશે અને સૌથી પહે-

લા તારા માંણસો પર હુમલો કરશે પછી જે કોઈ આ વિષે સાંભળશે
તેઓ કહેશે. 'આબ્શાલોમના લોકોનો સંહાર થઈ રહ્યો છે.' 10 ત્યાર પછી
સિંહ જેવા બહાદુર માંણસો પણ નિરાશ થઇ જશે. અને હાર માંની લેશે.
કારણ આખું ઈસ્રાએલ જાણે છે કે તારા પિતા શૂરવીર યોદ્ધા છે અને તે-
ના માંણસો પણ. 11 "તેથી માંરી સલાહ છે કે, દાનથી બેર-શેબા સુધીના
સર્વ ઈસ્રાએલીઓને તેઓ સૌને તું એકઠા કર. આમ સમુદ્રની રેતીની
જેમ ઘણાં સૈનિકોથી તારું સૈન્ય વિશાળ થઇ જશે, અને પછી તારે જાતે
જ યુદ્ધનાં લશ્કરની આગેવાની લેવી પડશે. 12 દાઉદ જયાં હશે, ત્યાંથી
આપણે તેને શોધી કાઢીશું. અને ઝાકળ જેમ જમીન પર પડે છે તેમ
આપણે તેના ઉપર હુમલો કરીશું અને તેને કે તેના લશ્કરના એક પણ
માંણસને આપણે જીવતો જવા નહિ દઈએ, અને દરેકને માંરી નાંખીશું.
13 અને જો કોઈ નગરમાં ભાગી ગયો હશે, તો સર્વ ઈસ્રાએલીઓ દોરડાં
લઈ તેની દીવાલ તોડી પાડશે. અને તેઓને ખીણમાં ઘસડીને લઇ જશે
અને એક નાની કાંકરીએ નગરમાં રહેવા નહિ પામે." 14 ત્યારબાદ
આબ્શાલોમે તથા ઈસ્રાએલના સર્વ આગેવાનોએ કહ્યું, "હૂશાયની
સલાહ અહીથોફેલની સલાહ કરતા વધારે સારી છે." યહોવાએ અહીથો-
ફેલની સારી સલાહને મીટાવી દેવાનું નક્કી કર્યુ હતું, જેથી દેવ આબ્શા-
લોમનું ખરાબ કરે. 15 હૂશાયે યાજક સાદોક અને અબ્યાથારને કહ્યું,
"અહીથોફેલ આબ્શાલોમને અને ઈસ્રાએલીના આગેવાનોને આ પ્ર-
માંણેની સલાહ આપી હતી, પણ મેં આ મુજબની સલાહ આપી હતી.
16 હૂશાયએ તેઓને કહ્યું, ઉતાવળ કરો, દાઉદને શોધી કાઢો અને તેને
કહો જે સ્થળો ઓળંગીને લોકો રણમાં જાય છે ત્યાં આજે રાત્રે ન રહે
એને કહો તે તાત્કાલિક યર્દન નદી ઓળંગી જાય, નહિ તો રાજા અને
તેના સર્વ માંણસો માંર્યા જશે." 17 યોનાથાન અને અહીમાંઆસ એન-
રોગેલ પાસે થોભ્યા હતા, કારણ કે જો તેઓ શહેરમાં દાખલ થાય તો
કોઈ જોઈ જાય એક દાસી જે કાંઇ બને તે તેમને જઈને કહેતી હતી અને
ત્યારબાદ તેઓ જે કાંઇ બન્યું હોય તે રાજા દાઉદને જણાવતાં હતાં.
18 પરંતુ યોનાથાન અને અહીમાંઆસને એક છોકરો જોઈ ગયો અને તે
આબ્શાલોમને કહેવા દોડી ગયો આથી એ બે જણા તાબડતોબ 'બાહૂ-
રીમ' પાસે એક માંણસને ઘેર ગયા. ત્યાં તેના ફળિયામાં એક કૂવો હતો,
તેમાં તેઓ નીચે ઊતરી ગયાં. 19 તે માંણસની પત્નીએ કૂવા પર એક
ચાદર પાથરી. અને તેના પર સૂકવવા અનાજ પાથરી દીધું, જેથી કોઈને
કશી ખબર ન પડે. 20 આબ્શાલોમના અમલદારોએ ઘેર આવીને તે
સ્ત્રીને પૂછયું, "અહીમાંઆસ અને યોનાથાન કયાં છે?"તે સ્ત્રીએ કહ્યુ.
"તેઓ તો નદી ઓળંગીને ચાલ્યા ગયા છે."તે માંણસોએ તેમની શોધ
કરી પણ સફળતા મળી નહિ, એટલે તેઓ યરૂશાલેમ પાછા ફર્યા. 21 તે-
મના ગયા પછી પેલા બે માંણસોએ કૂવામાંથી બહાર નીકળી રાજા દા-
ઉદ પાસે જઈને કહ્યું, "ઝટ કરો, આજે રાત્રે જ યર્દન નદીની પાર જતા
રહો!" અહીથોફેલે દાઉદને બંદીવાન કરી તેનો સંહાર કરવા જે સલાહ
આપી હતી તે તેઓ તેને કહી સંભળાવી. 22 આથી દાઉદ અને તેની સા-
થેના માંણસો યર્દન નદી ઓળંગવા લાગ્યા અને સૂર્યોદય થતાં પહેલાં
બધા સામે પાર પહોંચી ગયા. 23 અહીથોફેલે જોયું કે પોતાની સલાહ
માંનવામાં આવી ન હતી, ત્યારે તેણે પોતાના ગધેડા પર જીન બાંધ્યું
અને પોતાના નગરમાં ગયો; પોતાના કુટુંબની વ્યવસ્થા કરીને પછી તે
પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈને મરી ગયો. અને તેને તેના પિતાની
કબર પાસે દફનાવવામાં આવ્યો. 24 તે પછી દાઉદ ઉતાવળથી માંહના-
ઈમ ગયો, તે દરમ્યાન આબ્શાલોમે ઈસ્રાએલના સમગ્ર પ્રજાજનો સાથે
યર્દન ઓળંગી. 25 અને આબ્શાલોમે યોઆબની જગાએ અમાંસાને
લશ્કરનો સેનાપતિ નીમ્યો. અમાંસા યિર્થા ઈસ્રાએલીનો પુત્ર હતો. તેની
માં ઈસ્રાએલી હતી અને તેનું નામ અબીગાઈલ હતું. તે નાહાશની પુત્રી
અને યોઆબની માં સરૂયાની બહેન હતી. 26 આબ્શાલોમ અને ઈસ્રાએ-
લીઓએ ગિલયાદના પ્રદેશમાં છાવણી નાખી. 27 જયારે દાઉદ મહાના-
ઈમ પહોંચ્યો ત્યારે તે રાબ્બાહના આમ્મોની નાહાશનો પુત્ર શોબીને લો
દબારના આમ્મીએલનો પુત્ર માંખીર, તથા રોગલીમનો, ગિલયાદીના
બાર્ઝિલ્લાયને મળ્યો. 28 તેઓ ખાટલા, વાસણો, હાઁલ્લાં, ઘઉં, જવ, લોટ,
અને ધાણી કઠોળ અને મસૂર, 29 મધ અને દહીં, ઘેટાં અને પનીર લઈને
તેમને મળ્યા, અને આ બધું દાઉદને અને તેનાં મેંણસોને ખાવા માંટે
આપ્યું, તેઓને થયું કે, "એ લોકો રાનમાં ભૂખ્યાં-તરસ્યાં થયા હશે અને
થાકી ગયાં હશે."

18 રાજા દાઉદે તેના લશ્કરની ગણતરી કરી. અને તેણે 1,000
માંણસો પર અને 100 માંણસો પરના પદવીધર અલગ અલગ
નીમ્યા. 2 ત્યાર પછી તેણે સેનાને ત્રણ ભાગમાં વહેંચી નાખી, એક યો-
આબના હાથ નીચે, બીજી યોઆબના ભાઈ અને સરૂયાના પુત્ર અબી-
શાયના હાથ નીચે અને ત્રીજી ગાથના ઈત્તાયના હાથ નીચે, પછી દાઉદે
સેનાને ઉદ્દેશીને કહ્યું, "હું જાતે તમાંરી સાથે આવીશ." 3 તેઓએ કહ્યું,
"ના, તમારે અમાંરી સાથે આવવાનું નથી, અમે પીછે હઠ કરીને નાશી
જઈએ અને અમાંરામાંથી અડધા ભાગના માંર્યા જાય તો પણ આબ્શા-
લોમના માંણસોને અમાંરી કાંઇ પડી નથી, તેઓ તમાંરી પાછળ પડ્યાં
છે અને તમે તો અમાંરા 10,000 માંણસોની બરાબર છો! તમે અહીં
નગરમાં રહી જાવ તે વધારે સારું છે. તમે નગરમાં રહીને અમને મદદ
મોકલતા રહો એ જ વધારે સારું છે, 4 છેવટે રાજા દાઉદે કહ્યું, "તમને
જેમ યોગ્ય લાગે તેમ હું કરીશ."પછી તે દરવાજા પાસે ઊભો રહ્યો અને
લશ્કર સો અને હજારની ટૂકડીમાં ગોઠવાઇ ગયું. 5 રાજાએ યોઆબ,
અબીશાય અને ઈત્તાયને હુકમ કર્યો કે, "માંરે ખાતર તમે યુવાન
આબ્શાલોમ સાથે નરમાંશથી બોલજો." અને આખા લશ્કરે આ હુકમને
સાંભળ્યો. 6 આ પ્રમાંણે દાઉદનું લશ્કર આબ્શાલોમની સેના સાથે યુદ્ધ
કરવા મેદાને પડયું અને એફ્રાઈમના જંગલમાં યુદ્ધ જામ્યું. 7 દાઉદના સૈ-
ન્ય આગળ ઈસ્રાએલના સૈન્યની હાર થઈ. આબ્શાલોમના માંણસો હા-
રી ગયા. એ હાર એવી ભંયકર હતી કે તે દિવસે 20,000 માંણસોએ પો-
તાના પ્રાણ ગુમાંવ્યા. 8 સમગ્ર વિસ્તારમાં યુદ્ધ ફેલાઈ ગયું પરંતુ તે દિવ-
સે તરવારથી મરવા કરતાં જંગલમાં વધુ માંણસો મરી ગયા. 9 યુદ્ધના
સમયે આબ્શાલોમનો દાઉદના કેટલાક અમલદારો સાથે ભેટો થઈ
ગયો, અને તેણે ભાગવાની કોશિષ કરી. આબ્શાલોમ ગધેડા પર બેસી-
ને જતો હતો, તે ગધેડો એક મોટા ઈમાંરતી કાષ્ઠના વૃક્ષની ઘટામાંથી
પસાર થતો હતો. એવામાં આબ્શાલોમનું માંથું ડાળીઓમાં ભરાઈ ગયું.
તે આકાશ અને જમીન વચ્ચે અદ્ધર લટકવા લાગ્યો અને ગધેડો
આગળ ચાલી ગયો. 10 કોઈ એક માંણસની નજર તેના પર પડી. એટલે
તેણે જઈને યોઆબને ખબર આપી, "મેં આબ્શાલોમને એક ઝાડે લટક-
તો જોયો હતો." 11 યોઆબે કહ્યું, "ખરેખર તેં જોયો? તો પછી તેં તેને શા
માંટે માંરી નાખ્યો નહિ? મેં તને દસ-ચાંદીના સિક્કા અને એક પટ્ટો
આપ્યો હોત," 12 પેલા માંણસે કહ્યું, "તમે માંરા હાથમાં 1,000 ચાંદીના
સિક્કા મુકો તો પણ હું રાજાના કુંવર સામે આંગળી સરખી ઊંચી ન
કરું; 'કેમકે, અમાંરા સાંભળતા રાજાએ તને, અબીશાયને તથા ઈત્તાયને
એવું કહ્યું હતું કે, ખબરદાર, જુવાન આબ્શાલોમને કોઇ હાથ અડકાડે
નહિ.' 13 મેં જો આબ્શાલોમને માંર્યો હોત તો રાજાને તેની ખબર પડી
હોત અને તમે પોતે જ માંરી વિરુદ્ધ થઇ ગયા હોત. માંરા ઉપર આરોપ
મૂકવામાં તમે પહેલા હોત." 14 યોઆબે કહ્યું, "માંરી પાસે તારી સાથે નિ-
રર્થક વાતોની ચર્ચા કરવાનો સમય નથી," એમ કહીને તેણે ત્રણ ભાલા
લીધા અને ઝાડે લટકતાં અને હજી જીવતા રહેલા આબ્શાલોમની છા-
તીમાં ભોંકી દીધા. 15 પછી યોઆબના દસ અંગરક્ષકોએ આબ્શાલોમને
ઘેરી લઈ, ઘા કરીને તેને પૂરો કર્યો, 16 પછી યોઆબે યુદ્ધનું રણશિંગડું
વગાડી લશ્કરને ઈસ્રાએલીના લશ્કરનો પીછો કરતા રોક્યું. તેથી તેઓ
પાછા ફર્યા. 17 તેઓએ આબ્શાલોમના શબને લઈને જંગલમાં એક ખા-
ડામાં ફેંકી દીધું. અને તેની ઉપર ઘણાં બધાં પથ્થરો મૂક્યાં, બધા ઈસ્રા-
એલીઓ પોતાને ઘેર જતા રહ્યા. 18 પોતાના જીવન દરમ્યાન આબ્શા-
લોમે રાજાઓની ખીણમાં સ્માંરક સ્તંભ ઊભો કર્યો હતો. કારણ, તેને
એમ થયું હતું કે, "માંરું નામ રાખવા માંટે મને પુત્ર તો છે નહિ." આથી
તે સ્તંભને તેણે પોતાનું નામ આપ્યું હતું; અને આજે પણ તે "આબ્શા-
લોમના સ્માંરક" તરીકે ઓળખાય છે. 19 ત્યારબાદ સાદોકના પુત્ર અહી-
માંઆસે કહ્યું, "યહોવાએ રાજાના શત્રુ આબ્શાલોમથી તેનું રક્ષણ કર્યું
છે, આ શુભ સમાંચાર કહેવાને મને રાજા દાઉદ પાસે દોડતો જવા દો."
20 યોઆબે તેને કહ્યું, "આજે તારે ખબર કહેવા જવાનું નથી, જવું હોય
તો કોઈ બીજા દિવસે જજે; આજે તો નહિ જ, કારણ, રાજકુમાંરનું અવ-
સાન થયું છે." 21 ત્યારબાદ યોઆબે એક કૂશીને કહ્યું, "તું જા, અને તેં
જે જોયું છે તે રાજાને કહેજે."તે ગુલામ યોઆબને પ્રણામ કરીને રાજાને

કહેવા દોડ્યો. 22 પણ સાદોકના પુત્ર અહીમાંઆસે યોઆબને વિનંતી
કરી અને "તેને વિનંતી કરવાનું ચાલું રાખ્યું, જે થવાનું હોય તે થાય મારે
કૂશીની પાછળ જવું જ છે અને રાજાને મળવું છે."યોઆબે પૂછ્યું, "તારે
શા માટે જવું જોઈએ? તને કંઈ ઈનામ નહિ મળે." 23 અહીમાંઆસ ફરી
બોલ્યો, "જે થવાનું હોય તે થાય, હું તો જવાનો જ."યોઆબે કહ્યું, "તો
જા."આથી તે યર્દનના કાંઠાને રસ્તે દોડવા લાગ્યો અને કૂસીની આગળ
નીકળી ગયો. 24 દાઉદ નગરના બે દરવાજા વચ્ચે બેઠો હતો. ચોકીદાર
નગરના કોટ ઉપર ચઢી ગયો તેણે જોયું, તો જુઓ એક મૅંણસ એકલો
દોડતો આવતો હતો. 25 રાજાએ કહ્યું, "જો તે મૅંણસ એકલો હોય તો
ખબર લઈને આવે છે." દોડનાર મૅંણસ નદ્દકને નદ્દક આવતો જતો હતો.
26 ત્યારે ચોકીદારે જોયું કે બીજો એક મૅંણસ પણ દોડતો આવતો હતો,
તેણે બૂમ પૅડીને દરવાનને સમાંચાર આપ્યા, એટલે રાજાએ કહ્યું, "એ
પણ ખબર લઈને આવે છે." 27 ચોકીદારે કહ્યું, "પ્રથમ મૅંણસ સાદોકના
પુત્ર અહીમાંઆસ જેવો લાગે છે."રાજાએ જવાબ આપ્યો, "તે સારો
મૅંણસ છે, અને સારા સમાંચાર લઈને આવે છે." 28 અહીમાંઆસે બૂમ
પૅડીને રાજાને કહ્યું, "બધુઁ ઠીક છે," રાજાની આગળ સાષ્ટાંગ દંડવત્ત પ્ર-
ણામ કરીને તેણે કહ્યું, "માંરા ધણી માંરા રાજા, તમાંરા દેવ યહોવાને
ધન્ય હોજો, જેઓએ આપની સામે બળવો પોકારનારાઓને હરાવી દી-
ધા છે." 29 રાજાએ પૂછ્યું, "જુવાન આબ્શાલોમ સુરક્ષિત તો છે
ને?"અહીમાંઆસે જવાબ આપ્યો, "યોઆબે મને મોકલ્યો ત્યારે ત્યાં
ખૂબ લડાઇ અને ભાગદોડ થતી હતી, પણ પછી શું થયું એની મને
ખબર નથી." 30 રાજાએ કહ્યું, "એક બાજુ ખસીને થોડી વાર ઊભો રહે."
આથી તે ખસીને એક બાજુએ ઊભો રહ્યો. 31 પછી પેલા કૂશીએ આવીને
કહ્યું, "ઓ, પ્રભુ આપને માંટે શુભ સમાંચાર છે! જે મૅંણસે આપની સામે
બળવો પોકાર્યો હતો, તે આપણા દેવ યહોવાની મદદથી હારી ગયો છે."
32 પછી રાજાએ તે કૂશીને કહ્યું "શું આબ્શાલોમ સુરક્ષિત નથી?"દોડનારે
જવાબ આપ્યો, "આપના બધા દુશ્મનોના અને આપની સામે બળવો
પોકારનાર એ આ મૅંણસ જેવા થાઓ." 33 પછી રાજા બહુ જ ગુસ્સે થયો,
તે નગરના દરવાજા પરની ઓરડી પર ગયો, તેની આંખો આંસથી ભરાઇ
આવી, તે રડવા લાગ્યો. અને જતાં જતાં તે બોલ્યો, "ઓ માંરા પુત્ર
આબ્શાલોમ! માંરા પુત્ર, ઓ માંરા પુત્ર આબ્શાલોમ! તારા બદલે હું જો
મૃત્યુ પામ્યો હોત તો કેવું સારું! ઓ આબ્શાલોમ, માંરા પુત્ર! માંરા પુ-
ત્ર!"

19 રાજા દાઉદ આબ્શાલોમ માંટે વિલાપ કરતાં કરતાં શોકમાં ડૂ-
બી ગયો તેની જાણ યોઆબને થઈ ગઈ. 2 તે દિવસે દાઉદનું
સૈન્ય યુદ્ધ જીતી ગયું હતું. પણ સર્વ લોકો માંટે જીતનો આનંદ દુ:ખમાં
ફેરવાઇ ગયો હતો. આ એક ખૂબ જ ઉદાસ દિવસ હતો કારણકે લોકોએ
સાંભળ્યું કે, "રાજા પોતાના પુત્ર માંટે ઘણો જ દુ:ખી હતો." 3 સૈન્યના
માંણસો જાણે કે યુદ્ધમાં પરાજય પામવાથી શરમાંતા હોય તેમ છાના-
માંના નગરમાં ચાલ્યા ગયા. 4 રાજા પોતાના હાથ વડે પોતાનું મુખ
ઢાંકીને વિલાપ કર્યા કરતો હતો. "ઓ માંરા પુત્ર આબ્શાલોમ! ઓ
આબ્શાલોમ, માંરા પુત્ર, માંરા પુત્ર!" 5 પછી યોઆબ રાજાના મહેલમાં
ગયો અને કહ્યું, "આજે આપે આપના અમલદારોનું અપમાંન કર્યું છે, જે-
મણે તમાંરો જીવ અને તમાંરા પુત્રોના અને પુત્રીઓના, આપની પત્ની-
ઓના અને ઉપપત્નીઓના પ્રાણ બચાવ્યાં હતાં. 6 અમને લાગે છે કે
આપના ઉપર જેઓ પ્રેમ રાખે છે તેમને આપ ધિક્કારો છો, અને જેઓ
આપને ધિક્કારે છે તેમના ઉપર આપ પ્રેમ રાખો છો. આપે એ સ્પષ્ટ
બતાવી આપ્યું છે કે સેનાપતિઓની અને લડાયકોની આપને કશી
કિંમત નથી. હુ સ્પષ્ટ જોઉં છું કે જો આજ આબ્શાલોમ જીવતો હોત
અને અમે બધા મરી ગયા હોત તો આપ રાજી થયા હોત. 7 હવે જાવ
અને આપના સૈનિકોને પ્રોત્સાહન આપો, કારણ, આપ, જો તેમ નહિ
કરો તો હું યહોવાના સમ ખાઈને કહું છું કે, સવાર સુધીમાં કોઇ આપની
સાથે હશે નહિ, એ આપના જીવનની મોટામાં મોટી આફત શરૂ થશે."
8 પછી રાજા ઊઠયો અને નગરના દરવાજા આગળ જઈને બેઠો, પછી
લોકોને ખબર પડી કે તે ત્યાં છે તો લોકો રાજાની પાસે આવ્યાં.દરમ્યા-
નમાં આબ્શાલોમના અનુયાયીઓ ઈસ્રાએલીઓ પોતાને ઘેર ભાગી
ગયા. 9 સર્વ ઈસ્રાએલીઓ એકબીજાને ચર્ચા કરતા હતા અને કહેતા
હતા કે, "રાજાએ આપણને શત્રુઓના હાથમાંથી પણ બચાવ્યા, અને
પલિસ્તીઓના હાથમાંથી બચાવ્યા હવે આબ્શાલોમને કારણે તે આપ-
ણને છોડી જાય છે. 10 આપણે આબ્શાલોમનો રાજ્યાભિષેક કર્યો પણ
તે તો યુદ્ધમાં માંર્યો ગયો છે, તેથી પાછા આવીને ફરીથી આપણો રાજા
બનવા માંટે આપણે દાઉદને વિનંતી કરીએ." 11 દાઉદ રાજાએ સાદોક
અને આબ્યાથાર યાજકોને સંદેશો મોકલ્યો. "આમ કહેતો કે યહૂદાના
આગેવાનો સાથે વાત કરી તેઓને કહો, રાજાને ફરીથી મહેલમાં લાવવા-
માં કુળસમૂહમાં તમે સૌથી છેલ્લા કેમ છો? સર્વ ઈસ્રાએલીઓ રાજાને ઘરે
લાવવાની વાતો કરે છે. 12 તમે તો માંરા ભાઈઓ છો, માંરું જ લોહી
અને માંરું જ માંસ છો. રાજાને પાછો લાવવામાં તમે શા માંટે સૌથી છે-
લ્લા છો?" 13 અને અમાંસાને કહો કે, તમે માંરા સગા સંબંધી છો. હું તને
યોઆબને સ્થાને લશ્કરનો સેનાપતિ નિયુકત કરું છું; જો ના નિયુકત
કરું તો દેવ મને શિક્ષા કરો." 14 આ રીતે તેણે યહૂદાના લોકોના સર્વ કો-
ઈનાં હૃદય જીતી લીધાં અને તેઓએ સૌએ સાથે રાજાને સંદેશો મોક-
લ્યો કે, "આપ અને આપના બધા માંણસોએ પાછા આવવું જ જોઇશે."
15 આથી રાજા પાછો ફર્યો, અને યર્દન નદી આગળ આવી પહોંચ્યો.
યહૂદાના લોકો તેને મળવા માંટે અને નદીને સામે પાર લઈ જવા માંટે
ગિલ્ગાલ આવ્યા. 16 ત્યાર પછી બાહૂરીમનો બિન્યામીનકુળનો ગેરાનો
પુત્ર શિમઈ યહૂદાના લોકો સાથે રાજા દાઉદને મળવા આવ્યો અને
જલ્દીથી ત્યાં પહોંચી ગયો. 17 તેઓની સાથે બિન્યામીનકુળના 1,000
માંણસો હતા, તેઓમાં શાઉલનો સેવક સીબા, તેના 15 પુત્રો, અને 20
સેવકો પણ તેની સાથે હતા. તેઓ તેઓના રાજાના આગમન માંટે ઝડ-
પભેર યર્દન નદીના કિનારા પર પહોંચી ગયા. 18 તેઓએ રાજાના કુટુંબ-
ને તથા તેના સૈન્યને નદી પાર કરાવવા સખત પરિશ્રમ કર્યો અને શકય
તેટલી સહાય કરી. રાજા નદી ઓળંગવાની તૈયારી કરતો હતો ત્યારે શિ-
મઈ તેમને પગે પડયો. 19 તેણે રાજાને વિનંતી કરી અને કહ્યું, "ઓ પ્રભુ
માંરા ખોટા કાર્યોને જ્યારે આપ યરૂશાલેમ છોડી ગયા, ત્યારે મેં જે
ખરાબ કાર્યો કર્યા હતા, તે કૃપા કરી સંભારશો નહિ, ને તેના વિષે વિચાર
કરશો નહિ. 20 કારણ, મેં પાપ કર્યુ છે તે હું તમાંરો સેવક જાણું છું, તેથી
જ માંરા દેવ અને રાજા આજે યૂસફના કૂળમાંથી તમને મળવા માંટે સૌ-
થી પહેલા હું અહીં આવ્યો છું." 21 સરૂયાના પુત્ર અબીશાયે કહ્યું, "દેવના
પસંદ કરેલા રાજાને શિમઈએ શાપ આપ્યો છે, શું આ માંટે તેને માંરી
નાખવો જોઈએ નહિ?" 22 ત્યારે દાઉદે કહ્યું, "ઓ સરૂયાના પુત્રો, આજે
માંરી સામે આવશો નહિ! આજનો દિવસ લોકોને મૃત્યુદંડ ફરમાંવવા
માંટેનો નહિ પણ ખુશી અને આનંદિત થવાનો છે. હું ફરી એક વાર
ઈસ્રાએલનો રાજા બન્યો છું." 23 પછી દાઉદે શિમઈ તરફ ફરીને પ્રતિજ્ઞા
લીધી, "હું તને જીવનદાન આપું છું." અને રાજાએ તેને સમ ખાઈને
વચન આપ્યું. 24 શાઉલનો પૌત્ર મફીબોશેથ પણ રાજાને મળવા ગયો
હતો, રાજા યરૂશાલેમ છોડીને ગયા તે દિવસથી, તે જીત મેળવીને પાછા
ન ફરે ત્યાં સુધી, તેણે પોતાનાં વસ્રો કે પગ ધોયાઁ નહોતાં, કે દાઢી પણ
વ્યવસ્થિત રીતે કરી નહોતી. 25 અને જ્યારે તે યરૂશાલેમના રાજાને
મળવા આવ્યો, રાજાએ તેને પૂછયું, 'મફીબોશેથ, તું માંરી સાથે કેમ
આવ્યો નહિ?" 26 તેણે કહ્યું, "હે માંરા પ્રભુ અને રાજા, માંરા સેવક સી-
બાએ મને દગો દીધો. હું લંગડો છું એટલે મેં તેને કહ્યું, 'માંરા ગધેડા પર
જીન નાખ, માંરે રાજા સાથે જવું છે.' 27 પરંતુ પછી માંરો સેવક જ તમને
મળવા આવ્યો, અને તમને માંરા વિષે દુષ્ટ વાતો કરી છે. હું જાણું છું કે
તમે દેવદૂત જેવા છો, આપને યોગ્ય લાગે તેમ કરો. 28 હું અને માંરા પિ-
તાનું આખું કુટુંબ આપ નામદારના હાથે મૃત્યુદંડને પાત્ર હતા, પરંતુ
આપે આ સેવકને આપની સાથે પોતાની મેજ પર ભોજન લેનારાઓ
સાથે બેસાડીને માંન આપ્યું છે. તેથી હું તમને કઈ રીતે ફરિયાદ કરી
શકું?" 29 દાઉદે કહ્યું, "હવે તમાંરે વધુ કહેવાની જરૂર નથી. મેં નિર્ણય
કર્યો છે કે, હું તારી અને સીબાની વચ્ચે શાઉલની બધી મિલકત વહેંચી
દઈશ." 30 મફીબોશેથે કહ્યું, "ભલે તે બધી મિલકત લેતો. આપ નામ-
દાર સુરક્ષિત પાછા આવ્યા, એ જ માંરે મન પૂરતું છે." 31 ગિલયાદનો
બાર્ઝિલ્લાય પણ રોગલીમથી રાજાને યર્દન નદી પાર પહોંચાડવાને
આવી પહોંચ્યો. 32 બાર્ઝિલ્લાય એંસી વર્ષનો ખૂબ વૃદ્ધ માંણસ હતો,
ધનવાન માંણસ હતો, અને તેણે રાજાને તથા તેના લશ્કરને રાજાના
માંહનાઈમના મુકામ દરમ્યાન ખોરાક અને બીજી જરૂરિયાતની વસ્તુઓ
પૂરી પાડી હતી. 33 રાજાએ તેને કહ્યું, "માંરી સાથે યર્દન નદીની પેલે પાર

યરૂશાલેમમાં રહે અને હું તારું પોષણ કરીશ અને સંભાળ લઈશ."
34 બાર્ઝિલ્લાયે કહ્યું, "હવે મારે કેટલાં વર્ષ કાઢવાનાં છે કે આપની સાથે
યરૂશાલેમ આવું! 35 અત્યારે મને 80 વર્ષ તો થઇ ગયા. હું હવે કશું કરી
શકતો નથી, સારું કે ખરાબ શું એ કહેવા માટે હું ખૂબ વૃદ્ધ છું. ખાવાપી-
વાનો સ્વાદ અને આનંદ લેવા માટે હું ખૂબ ઘરડો છું. અને ગાયકોને ગી-
તગાતાં સાંભળવાનો આનંદ માંણવા માટે પણ હું ખુબ વૃદ્ધ છું. શું કરવા
તો પછી તમને ભારરૂપ બની અને તમારી સાથે આવું? 36 અને આપે
મને આવો બદલો શા માટે આપવો જોઈએ? તમારી સાથે નદી પાર કરું
તે જ મારા માટે મોટું સન્માન છે. 37 મને મારા નગરમાં પાછો જવા દો
ત્યાં મારાં માંતાપિતાને મેં દફનાવ્યાં છે. હું રહીશ અને મારા બાકીના
વષોર્ તેમની કબર આગળ પૂરા કરીશ; ને ત્યાં જ મૃત્યુ પામીશ. માંરો
સેવક કિમ્હામ ભલે તમારી સાથે આવે. અને આપને જેમ ઠીક લાગે તેમ
એનું કરજો." 38 રાજાએ તે મંજૂર રાખીને કહ્યું, "ભલે, કિમ્હામ માંરી સાથે
આવે અને મેં તારા માંટે જે સારું હશે તે જ તેને માટે કરીશ અને તમે જે
કાંઇ કહેશો, તે હું તમાંરા માંટે કરીશ." 39 પછી રાજા અને તેના લોકો
યર્દન નદી ઓળંગી ગયા. બાર્ઝિલ્લાયને મળ્યા બાદ રાજાએ તેને આશી-
ર્વાદ આપ્યા, અને બાર્ઝિલ્લાય પાછો પોતાને નગર ગયો. 40 રાજા ગિ-
લ્ગાલ ગયા અને કિમ્હામ રાજા સાથે ગયો.યહૂદાના બધા લોકો અને
ઈસ્રાએલના અડધા લોકો પણ તેઓ સાથે ગયા અને નદી પાર આવ્યા.
41 ત્યાર પછી ઈસ્રાએલના બાકીના બધા લોકો રાજા પાસે ગયા અને તે-
મને વિનંતી કરી, "અમાંરા ભાઈઓ યહૂદાના લોકોએ આપને છાના-
માંના લઈ જઇને આપને, આપના પરિવારને અને આપનાં બધાં લશ્કર-
ને શા માટે નદી પાર લઇ આવ્યા?" 42 યહુદાના લોકોએ ઈસ્રાએલીઓને
જવાબ આપ્યો, "આ માંટે તમે અમાંરી પર ગુસ્સે કેમ થાઓ છો? રાજા
અમાંરા નજીકના સગા છે. અમે રાજાના ખર્ચે્ ખાવાનું ખાધું નથી અને
રાજાએ અમને કોઈ ભેટસોગાદો આપી નથી?" 43 ઈસ્રાએલીઓએ
જવાબ આપ્યો, "અમાંરો રાજા ઉપર દસગણો વધારે હક્ક છે. તમે શા
માંટે અમાંરી અવગણના કરી? રાજાને પાછો લાવવા વિષે વાત કરવા-
વાળા અમે પ્રથમ લોકો હતા."યહૂદાના લોકોએ કઠોરતાથી જવાબ
આપ્યો, તેઓના શબ્દો ઈસ્રાએલીઓના શબ્દો કરતાં વધારે કઠોર હતા.
20 બિખ્રીને શેબા નામે એક પુત્ર હતો, જે એક બિન્યામીની હતો,
અને દુષ્ટ અને સંતાપ આપનાર હતો, તેણે દાઉદ સામે રણ-
શિંગું ફૂંકીને કહ્યું,"દાઉદ સાથે અમારે કોઇ સંબંધ નથી. યશાઇના પુત્ર
સાથે અમારે કોઈ સંબંધ નથી! ઈસ્રાએલીઓ, તમે સૌ તમારે ઘેર
જાઓ!" 2 આથી ઈસ્રાએલના બધા લોકો દાઉદને છોડીને બિખ્રીના પુત્ર
શેબાની સાથે ગયા. પરંતુ યહૂદાના લોકો રાજાની સાથે રહ્યા અને તેની
સાથે યર્દનથી યરૂશાલેમ ગયા. 3 દાઉદ યરૂશાલેમમાં પોતાના મહેલમાં
ગયો, ત્યાં તેને દસ ઉપપત્નીઓ હતી જેને મહેલને વ્યવસ્થિત રાખવા
માંટે રાખી હતી અને મહેલનો ચોકીપહેરો કરવા રાખી હતી. તેણે તેમનું
ભરણપોષણ કર્યું અને તેઓને ખોરાક અને કપડાં આપ્યા, પણ કદી તે-
મની સાથે સૂતો નહિ, તેના મૃત્યુ પર્યંત તેણે તેઓને છતે પતિએ વિધ-
વાની જેમ મહેલમાં રાખી હતી. 4 પછી રાજાએ અમાંસાને કહ્યું, "યહૂદા-
ના માંણસોને લડવા માટે ભેગા કર, અને ત્રણ દિવસમાં માંરી સમક્ષ
પાછો હાજર થઈ જા." 5 તેથી અમાંસા યહૂદાના માંણસોને બોલાવવા
ગયો; પણ તેને રાજાએ ઠરાવેલી મુદત કરતા પાછા ફરવામાં વિલંબ
થયો. 6 તેથી દાઉદે અબીશાયને કહ્યું, "હવે બિખ્રીનો પુત્ર શેબા આપ-
ણને આબ્શાલોમ કરતાં વધુ હેરાન કરશે. માંરા અંગરક્ષકોને લઈને તેનો
પીછો કર, નહિ તો તે કિલ્લેબંધીવાળાં નગરોમાં પહોંચી જશે. અને
આપણા હાથમાંથી છટકી જશે." 7 આથી યોઆબના માંણસો, રાજાના
અંગરક્ષકો અને બધા યોદ્ધાઓ અબીશાયની સાથે બિખ્રીના પુત્ર શેબા-
નો પીછો કરવા યરૂશાલેમથી બહાર નીકળ્યા. 8 જયારે તેઓ ગિબયોન-
માં મહાશિલા આગળ પહોંચ્યા ત્યારે તેમને અમાંસાનો ભેટો થયો. યો-
આબે યુદ્ધનો વેશ ધારણ કર્યો હતો અને તેની ઉપર તેણે પટ્ટો ચડાવી
તેમાં મિયાન સાથે તરવાર લટકાવી હતી, તે જરા આગળ વધ્યો એટલા-
માં તરવાર પડી ગઈ. 9 યોઆબે અમાંસાને કહ્યું, "કેમ માંરા ભાઈ, કુશળ
તો છે ને?"અને તેને ચુંબન કરવા માટે તેણે તેનો જમણા હાથ લંબાવી
તેણે તેની દાઢી પકડી. 10 પણ યોઆબના હાથમાંની તરવાર વિષે
અમાંસા સાવધાન ન હતો. યોઆબે તેના પેટમાં તરવારથી ઘા કર્યો
એટલે તેનાં આંતરડાં જમીન પર પડ્યા, તરત જ તે મૃત્યુ પામ્યો. યો-
આબને બીજો ઘા કરવાની જરૂર પડી નહિ,ત્યારબાદ યોઆબ અને તે-
નો ભાઈ અબીશાય બિખ્રીના પુત્ર શેબા પાછળ પડયા. 11 યોઆબના
માંણસોમાંના એકે અમાંસાના શબ પાસે ઊભા રહીને પોકાર કર્યો,
"જેઓ યોઆબ અને દાઉદના પક્ષમાં હોય, તેઓ બધા યોઆબ સાથે
જાય!" 12 પરંતુ લોહીથી તરબોળ અમાંસા વચ્ચે પડયો હતો. યોઆબ-
ના યુવાન સૈનિકે જોયું કે અમાંસાના શબને જોવા માંટે લોકોનું ટોળું
એકત્ર થઈ ગયું હતું, તેથી તેણે તેના શબને રસ્તા પરથી લઇને ખેતરમાં
મૂક્યું અને તેના ઉપર ચાદર ઢાંકી દીધી. 13 અમાંસાને રસ્તા ઉપરથી
ખસેડી નાખ્યા પછી બધા લોકો યોઆબની પાછળ તેની સાથે જોડાવા
અને બિખ્રીના પુત્ર શેબાનો પીછો કરવા ગયા. 14 શેબા ઈસ્રાએલના
બધા કુળો પાસે થઈને રસ્તામાં આવતા આબેલ-બેથ-માંઅખાહ પાસે
ગયો અને ત્યાં બિખ્રીઓના કુટુંબના બધા મૅંણસો તેની આસપાસ એક-
ઠા થઈ ગયા અને તેની પાછળ નગરમાં ગયા. 15 યોઆબનું લશ્કર
આવી પહોંચ્યું, અને તેઓએ આબેલ- બેથ-માંઅખાહને ઘેરી લીધું. નગ-
રની દીવાલની સામે કચરાનો ઢગલો ઉભો કર્યો અને નગરની દીવાલને
તોડી પૅંડવા માંટે દીવાલમાંથી પથ્થરો તોડવાનું શરું કર્યું. 16 ત્યારે
શહેરની એક ચતુર સ્ત્રીએ કોટ ઉપર ઊભા રહીને બૂમ પૅંડીને કહ્યું,
"સાંભળો, સાંભળો યોઆબને કહો કે અહીં આવે, મારે તેની સૅંથે વાત
કરવી છે." 17 આથી યોઆબ આગળ આવ્યો અને પેલી સ્ત્રીએ તેને પૂ-
છયું, "તમે યોઆબ છો?"તેણે જવાબ આપ્યો, "હા, હું યોઆબ છું."એટ-
લે સ્ત્રીએ કહ્યું, "તો કૃપા કરીને માંરી વાત સાંભળો."યોઆબે કહ્યું, "હું
સાંભળું છું." 18 તેથી તેણે કહ્યું, "જૂના જમાંનામાં લોકો એમ કહેતા કે,
'મદદ માંટે આબેલ જાઓ અને તે તમને મળશે.' 19 આ શહેરના ઘણા
વિશ્વાસુ અને શાંત મૅંણસોમાંની હું એક છું. તમે ઈસ્રાએલનું એક મોટું
અને મહત્વના શહેરનો નાશ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છો. શા માંટે
તમે યહોવાની મિલકતનો નાશ કરવા માંગો છો?" 20 યોઆબે કહ્યું,
"ના, ના, માંરો એવો ઈરાદો હોય જ નહિ, મારે તમાંરા શહેરનો નાશ કર-
વો નથી." 21 વાત એમ નથી. પણ એફ્રાઇમના પર્વતીય પ્રદેશનો એક
મૅંણસ, બિખ્રીનો પુત્ર શેબા છે, તેણે રાજા દાઉદ સામે બળવો કર્યો છે,
તે મૅંણસ અમને સોંપી દો એટલે હું તમાંરા નગરનો ઘેરો ઉઠાવી લઈને
નગરને શાંતિમાં રહેવા દઈશ."એટલે પેલી સ્ત્રીએ કહ્યું, "જો એમ હોય
તો તેનું માંથું અમે કોટ ઉપરથી તમાંરા તરફ નાખીશું," 22 પછી તે સ્ત્રી
પોતાની ચતુરાઈથી સર્વ લોકો પાસે ગઈ અને તેમને સમજાવ્યાં. તેમણે
શેબાનું માંથું કાપી નાખ્યું અને કોટ પરથી યોઆબ તરફ ફેંકયું. પછી તે-
ણે રણશિંગડું ફૂંકાવ્યું અને આખા લશ્કરે ઘેરો ઉઠાવી લધો, અને સૌ
પોતપોતાને ઘેર પાછા ગયા, પછી યોઆબ રાજા પાસે પાછો યરૂશાલેમ
ગયો. 23 યોઆબ લશ્કરનો સેનાપતિ હતો. યહોયાદાનો પુત્ર બનાયા
રાજાના અંગરક્ષકોનો નાયક હતો. 24 અદોરામ લોકો પાસે વેઠ કરાવવા
માંટે જવાબદાર હતો. અહીલૂદનો પુત્ર યહોશાફાટ ઐતિહાસીક બનાવો-
ની નોધ રાખનાર હતો. 25 શેવા મંત્રી હતો, અને સાદોક અને અબ્યૅંથાર
યાજકો હતા. 26 અને યાઈરનો ઈરા દાઉદનો મુખ્ય સેવકહતો.
21 અને દાઉદના દિવસોમાં લાગલગાટ ત્રણ વર્ષ સુધી દુકાળ
હતો; ને દાઉદે યહોવાહનું મુખ શોધ્યું; ને યહોવાહે કહ્યું કે, એ
શૌલ તથા તેના ખૂની ઘરને લીધે, કેમકે તેણે ગિબઓનીઓને મારી ના-
ખ્યા હતા. 2 અને રાજાએ ગિબઓનીઓને બોલાવીને તેઓને કહ્યું, ગિ-
બઓનીઓ તો ઈસ્રાએલનહિ, પણ અમોરીઓના બાકી રહેલાઓમાંના
હતા; ને ઈસ્રાએલપુત્રોએ તેઓની સાથે સમ ખાધેલા હતા; ને શુલ ઈસ્રા-
એલપુત્રો તથા યહુદાહની તરફ પોતાના આવેશને લીધે તેઓને મારી
નાખવાની પેરવીમાં રહેતો; 3 ને દાઉદે ગિબઓનીઓને કહ્યું કે, હું તમારે
સારૂ શું કરૂં? ને હું શાથી પ્રાયશ્ચિત કરૂં કે તમે યહોવાહના વતનને
આશીર્વાદ દો? 4 ને ગિબઓનીઓએ તેને કહ્યું કે, અમારે શાઉલ કે તેના
ઘરની સાથે સોના કે રૂપાનો વાંધો નથી; તેમ અમારે ઈસ્રાએલમાંથી કો-
ઈને મારી નાખવું નથી; ને તેણે કહ્યું કે, તમે જે કહેશો તે હું તમારે સારૂ
કરીશ. 5 અને તેઓએ રાજાને કહ્યું કે, જે માણસ મને ખાઈ નાખતો
હતો, તથા ઈસ્રાએલની સર્વ સીમાઓમાંથી અમારો નાશ થઈને અમે
લોપ થઈએ, એવી યુક્તિઓ અમારી વિરુદ્ધ રચતો હતો; 6 તેના દીકરા-
ઓમાંથી સાત માણસો અમારે સ્વાધીન કરવામાં આવે, એટલે યહોવા-

હથી પસંદ કરાએલા શાઉલના ગિબઆહ મધ્યે અમે તેઓને યહોવાહ
આગળ ફાંસી દઈશું. અને રાજાએ કહ્યું, હું તેઓને સ્વાધીન કરીશ.
7 પણ શાઉલના દીકરા યોનાથાન તથા દાઉદની વચ્ચે યહોવાહના સમ
હતા, તેને લીધે રાજાએ શૌલના દીકરા યોનાથાનના દીકરા મફીબોશેથ-
ને બચાવ્યો. 8 પણ શાઉલના જે બે દીકરા, નામે આર્મોની તથા મફી-
બોશેથ, આયાહની દીકરી રિસ્પાહને પેટે થયા હતા તેઓને, તથા બા-
ર્ઝિલ્લાય મહોલાથીના દીકરા આદ્રીએલના પાંચ દીકરાઓ શાઉલની દી-
કરી મીખાલને પેટે થયા હતા; 9 તેઓને રાજાએ લઈને ગિબઓનીઓના
હાથમાં સોંપ્યાં; ને તેઓએ તેમને પર્વત ઉપર યહોવાહ આગળ ફાંસીએ
દીધા, ને તે સાતે જણ સાથે માર્યા ગયા; ને કાપણીની ઋતુના પહેલાં
દિવસોમાં, એટલે જવની કાપણીના આરંભથી તેઓ મારી નંખાયા.
10 અને આયાહની દીકરી રિસ્પાહે તાટ લઈને, કાપણીના આરંભથી તે
લોક ઉપર આકાશમાંથી પાણી પડ્યું ત્યાં સુધી, પોતાને માટે ખડક
ઉપર તે પાથર્યું, ને તેણીએ દિવસે વાયુચર પક્ષીઓને, તથા રાત્રે વન-
ચર પશુઓને તેમના પર ઉતરવા દીધા નહિ. 11 અને આયાહની દીકરી
રિસ્પાહે, એટલે શાઉલની ઉપપત્નીએ, જે કર્યું હતું, તેની ખબર દાઉદને
મળી. 12 અને દાઉદે જઈને શાઉલના હાડકાં તથા તેના દીકરા યોનાથા-
નના હાડકાં યાબેશ-ગિલઆદના માણસો પાસેથી લીધાં; તેઓ તેમને
બેથશાનના ચકલામાંથી ચોરી લાવ્યા હતા; જે દિવસે પલિસ્તીઓએ
ગિલ્બોઆમાં શાઉલને મારી નાખ્યો, તે દિવસે પલિસ્તીઓએ તેઓને
ત્યાં ટાંગ્યા હત. 13 અને તેને ત્યાંથી શાઉલના હાડકાં, તથા તેના દીકરા
યોનાથાનના હાડકાં મંગાવી લીધા; ને ફાંસીએ દીધેલાઓના હાડકાં તે-
ઓએ એકઠાં કીધાં. 14 અને તેઓએ શાઉલના તથા તેના દીકરા યોના-
થાનના હાડકાં, બિન્યામીન દેશના શેલાહ મધ્યે તેના બાપ કીશની
કબરમાં દાટ્યા; ને રાજાની કીધેલી સઘળી આજ્ઞા પ્રમાણે તેઓએ કીધું;
ને ત્યાર પછી દેવ દેશ પ્રત્યે પ્રસન્ન થયો. 15 અને પલિસ્તીઓએ ઇસ્રા-
એલ સાથે ફરીથી વિગ્રહ કીધો; ને દાઉદ તથા તેની સાથે તેના ચાકરો
જઈને પલિસ્તીઓની સામે લડ્યા; ને દાઉદ નિર્ગત થઇ ગયો. 16 અને
વીરપુત્રોમાંનો યિશ્બી-બનોબ, જેના ભાલાનું વજન પિત્તળનાં ત્રણસે
શેકેલ હતું, ને જેણે નવી તરવાર કમરે બાંધી હતી, તેણે દાઉદને મારવા-
નો વિહાર કીધો. 17 પણ સારૂયાહના દીકરા અબીશાયે તેની વહારે ધાઈ-
ને પેલા પલિસ્તીને મારીને ઠાર કર્યો; ત્યારે દાઉદના માણસોએ તેને
સમ ખાઈને કહ્યું કે, તારે ફરીથી અમારી સાથે લડાઇમાં ન નીકળી
આવવું, રખેને તું ઇસ્રાએલનો દીવો હોલવી નાખે. 18 અને એ પછી એમ
થયું કે, ગોબ પાસે પલિસ્તીઓ સાથે ફરીથી યુદ્ધ થયું; ત્યારે હુશાથી
સિબ્બખાયે વીરપુત્રોમાંના સાફને માર્યો. 19 અને ફરીથી ગોબ પાસે
પલિસ્તીઓની જોડે યુદ્ધ થયું; ને બેથલેહેમી યાઅરે-ઓરગીમના દીકરા
એલ્હાનાને ગોલ્યાથ ગીત્તીએ માર્યો; તેના ભાલાનો દાંડો વણકરની
તોર જેવું હતો. 20 અને ફરીથી ગાથ પાસે યુદ્ધ થયું, ત્યાં એક મોટો કાદ-
વર માણસ હતો, કે જેના દરેક હાથને છ છ આંગળા તથા જેના દરેક
પગને છ છ આંગળા, એકંદર ચોવીસ આંગળા હતાં; તે પણ વીરના પે-
ટનો હતો. 21 અને તે પ્સ્રાએલનો તુચ્છકાર કરતો હતો, એવામાં દાઉદ-
ના ભાઇ શિમાયના દીકરા યોનાથાને તેને માર્યો. 22 એ ચારે જણે ગાથ-
માં વીરને પેટે જન્મ ધારણ કીધો હતો; ને તેઓ દાઉદના હાથથી તથા
તેના ચાકરોને હાથથી માર્યા ગયા.

22 અને દાઉદને યહોવાહે તેના સઘળા શત્રુઓના હાથથી તથા
શાઉલના હાથથી છોડાવ્યો, તે દિવસે તે આ ગીતના શબ્દો
યહોવાહની આગળ બોલ્યો; 2 ને તેણે કહ્યું કે, યહોવાહ મારો ખડક,
તથા મારો કિલ્લો, તથા મારો બચાવનાર છે, હા, મારો છે; 3 મારા ખડક-
નો દેવ, હું તેના પર ભરોસો રાખીશ; તે મારૂં બખ્તર તથા મારા તારણનું
શિંગ, મારો ઉંચો બુરૂજ, તથા મારૂં આશ્રયસ્થાન છે; હે મારા ત્રાતા, તું
મને બળાત્કારથી બચાવે છે. 4 યહોવાહ જે સ્તુતિપાત્ર છે, તેને હું હાંક
મારીશ; એમ હું મારા શત્રુઓથી બચી જઇશ. 5 કેમકે મૃત્યુના મોજા-
ઓએ મને ઘેર્યો, દુષ્ટપણાની રેલાએ મને બીવડાવ્યો. 6 શેઓલના
બંધનોએ મને ઘેરો ઘાલ્યો; મરણના પાસા મારા ઉપર આવી પડ્યા.
7 મારા સંકટમાં મેં યહોવાહને વિનંતી કીધી; હા, મારા દેવનું મેં સંબોધન
કીધું, ને તેણે પોતાના પવિત્રસ્થાનમાંથી મારો ઘાટો સાંભળ્યો, ને મારી
હાંક તેને કાને પહોંચી. 8 ત્યારે પૃથ્વી હાલી તથા કાંપી, આકાશના પા-
યા ખસી ગયા, તથા હાલ્યા, કારણ કે તે રોષિત હતો. 9 તેના નસકારો-
માંથી ધુમાડો ચઢ્યો, ને તેના મુખમાંથી ખાઇ જનાર અગ્નિ નિકળ્યો, તે-
થી અંગારા સળગી ઉઠ્યા. 10 વળી તે આકાશોને નમાવીને ઉતર્યો; ને
તેના પગ તળે ઘોર અંધકાર હતો. 11 અને તે કરૂબ ઉપર સ્વારી કરીને
ઉડ્યો; હા, વાયુની પાંખો પર તે દેખાયો. 12 અને તેણે અંધકારને, પા-
ણીના ઢગલાને, તથા આકાશના ઘાડા મેઘોને પોતાની આસપાસ
આચ્છાદન બનાવ્યું. 13 તેની સામેના પ્રકાશથી અગ્નિના અંગારા સળગી
ઉઠ્યા. 14 આકાશથી યહોવાહે ગર્જના કીધી, ને પરત્પરે પોતાનો ઘાંટો
કાઢ્યો, 15 ને તેણે બાણો મારીને તેઓને વિખેરી નાખ્યા; વિજળી મોક-
લીને તેઓને થથરાવી નાખ્યા. 16 ત્યારે યહોવાહની ધમકીથી, તથા તે-
નાં નસકોરાંના શ્વાસના ઝપાટાથી સમુદ્રનાં તળિયાં દેખાયાં, જગતના
પાયા ઉઘાડા થયા. 17 તેણે ઉપરથી મોકલીને મને ઝાલી લીધો, તેણે
ઘણા પાણીઓમાંથી મને કાઢ્યો. 18 તેણે મારા બળવાન શત્રુથી, મારા
દ્વેષકોથી મને બચાવ્યો, કેમકે તેઓ મારા કરતાં જોરાવર હતા. 19 મારી
વિપત્તિને દિવસે તેઓ મારા પર તુટી પડ્યા, પણ યહોવાહ મારો
આધાર હતો. 20 વળી તે મને ખુલ્લી જગ્યામાં કાઢી લાવ્યો; તેણે મને
છોડાવ્યો, કેમકે તે મારા પર પ્રસન્ન હતો. 21 યહોવાહે મારા ન્યાયીપણા
પ્રમાણે મને પ્રતિદાન આપ્યું; તેણે મારા હાથની શુદ્ધતા પ્રમાણે મને
બદલો આપ્યો છે. 22 કેમકે મેં યહોવાહના માર્ગ પાળ્યા છે, ને મારા દેવ-
થી ભુંડાઇ કરીને હું હઠી ગયો નથી. 23 કેમકે તેના સર્વ ન્યાયકૃત્યો મારી
સમ્મુખ હતાં; ને તેના વિધિઓથી હું નિરાળો થયો નથી. 24 વળી હું તે-
ની પ્રત્યે પૂર્ણ હતો, ને મેં મારા અન્યાયથી પોતાને સંભાળ્યો. 25 એ માટે
યહોવાહે મારા ન્યાયીપણા પ્રમાણે, તથા તેની નજરમાં મારી શુદ્ધતા પ્ર-
માણે મને પ્રતિદાન દીધું છે. 26 કૃપાળુંની સાથે તું કૃપાળુ દેખાઈશ, ને
પૂર્ણ માણસની સાથે તું પૂર્ણ દેખાઈશ. 27 શુદ્ધની સાથે તું શુદ્ધ દેખાઈશ;
ને હઠીલાની સાથે તું હઠીલો દેખાઈશ. 28 અને દુઃખીતોને તું બચાવીશ,
પણ ગર્વિષ્ઠો પર તારી દૃષ્ટી છે, એ સારૂ કે તું તેઓને નમાવે. 29 કેમકે,
હે યહોવાહ, તું મારો દીવો છે, ને યહોવાહ મારા અંધકારને પ્રકાશિત કર-
શે. 30 કેમકે તારાથી હું પલટણ ઉપર ધસી પડું, મારા દેવથી હું કોટ કુદી
જાઉં છું. 31 દેવનો માર્ગ તો પૂર્ણ છે, યહોવાહનો શબ્દ પરખેલો છે; જે
સઘળા તેના પર ભરોસો રાખે છે તેઓની ઢાલ તે છે. 32 કેમકે યહોવાહ
વિના દેવ કોણ છે? ને અમારા દેવ વિના ગઢ કોણ છે? 33 દેવ મારો
મજબૂત ગઢ છે, ને તે નીતિસંપન્ન માણસને તેના માર્ગમાં દોરે છે. 34 તે
તેના પગને હરણીના પગ જેવા કરે છે, ને મારાં ઉંચસ્થાનો પર મને
સ્થાપે છે. 35 તે મારા હાથોને લડતાં શિખવે છે; તેથી મારા ભુજ પિત્તળ-
નું ધનુષ્ય તાણે છે. 36 વળી તેં તારા તારણની ઢાલ મને આપે છે; ને
તારી નિધેહબાનીએ મને મોટો કીધો છે. 37 તેં મારાં પગલાં હેઠળ જગ્યા
ખુલ્લી કરી છે, ને મારા પગ સરકી ગયા નથી. 38 મેં મારા શત્રુઓની પૂઠે
લાગીને તેઓનો વિનાશ કીધો છે; ને તેઓનો નાશ થયો ત્યાં સુધી હું
પાછો ફર્યો નહિ. 39 અને મેં તેઓનો સંહાર કીધો છે, તથા તેઓનો એવી
વિંધી નાખ્યા છે, કે તેઓ ઉઠી ન શકે; હા, તેઓ મારા પગ તળે પડ્યા
છે. 40 કેમકે તેં યુદ્ધને સારૂ મારી કમરે સામર્થ્ય બાંધ્યું છે; મારી સામે
ચઢનારાને તેં મારે તાબે કીધા છે; 41 વળી તેં મારા શત્રુની પીઠ મારા
તરફ ફેરવાવી છે; કે મારા દ્વેષકોનો હું નાશ કરૂં. 42 તેઓએ જોયું, પણ
બચાવનાર કોઇ નહોતો; વળી યહોવાહની વિનંતી કીધી, પણ તેણે તે-
ઓને ઉત્તર આપ્યો નહિ. 43 ત્યારે મેં તેઓને ખાંડીને ભૂમિની ધૂળ જેવા
બારીક કર્યા, તેઓને રસ્તાના કાદવની પેઠે ખુંદ્યા, ને તેઓને ચોગમ વિ-
ખેરી નાખ્યા. 44 વળી મારા લોકના વિવાદોથી તેં મને છોડાવ્યો છે, વિ-
દેશીઓનો ઉપરી થવા સારૂ તેં મને સંભાળી રાખ્યો છે; જે લોકોને હું
ઓળખતો નથી તેઓ મારી તાબેદારી કરશે. 45 પારકા લોક ઢોંગથી મારે
શરણ થશે, મારા વિષે સાંભળતાંજ તેઓ મારૂં માનશે. 46 પારકા લોકનો
ક્ષય થશે, ને તેઓ પોતાના કિલ્લાઓમાંથી ધ્રુજતા આવશે. 47 યહોવાહ
જીવે છે; ને મારા ખડકને ધન્ય હો; ને મારા તારણરૂપી ખડકનો દેવ
ઉત્તમ મનાઓ; 48 એટલે જે દેવ મારૂં વૈર વાળે છે, ને લોકોને મારા હાથ
તળે તાબે કરે છે, 49 અને મારા શત્રુઓની પાસેથી મને છોડાવી લાવે છે;
હા, મારી સામે ઉઠનારા પર તું મને ઉંચો કરે છે; તું બળાત્કારી માણસ-
થી મને બચાવે છે. 50 એ માટે વિદેશીઓ મધ્યે, હે યહોવા, તું તારી ઉપ-
કારસ્તુતિ કરીશ, ને હું તારા નામનાં સ્તોત્ર ગાઇશ. 51 તે પોતાના રાજાને

મોટું તારણ આપે છે, ને પોતાના અભિષિક્ત પર, એટલે દાઉદ તથા તે-
ના સંતાન પર, સદા સર્વકાળ સુધી મહેરબાની રાખે છે.

23 હવે દાઉદના છેલ્લાં વચનો આ છે. યિશાઈનો દીકરો દાઉદ કહે
છે, ને જે માણસ ઉંચી પદ્વીએ ચઢ્યો હતો તે, એટલે યાકૂબના
દેવનો અભિષિક્ત, ઈસ્રાએલનો મધુર ગીતકર્તા કહે છે; 2 યહોવાહનો
આત્મા મારી મારફતે બોલ્યો, ને તેનું વચન મારી જીભ પર હતું. 3 ઈસ્રા-
એલના દેવે કહ્યું, ઈસ્રાએલના ખડકે મને કહ્યું કે, મનુષ્ય પર જે નેકીથી
રાજ્ય કરે છે, તથા જે યહોવાહનો ભય રાખીને રાજ્ય કરે છે, 4 તે સવાર-
ના એટલે સૂર્યોદયના પ્રકાશ જેવો, એટલે નીર્મેઘ સવારના પ્રકાશ જેવો
થશે; કે જયારે વૃષ્ટિ પછીના ખુલ્લા પ્રકાશથી, કુમળું ઘાસ ભૂમિમાંથી
ઉગી નિકળે છે. 5 ખચિત મારૂં ઘર દેવ પ્રત્યે એવું નથી; તો પણ તેણે
મારી સાથે સદાનો કરાર કીધો છે, તે સર્વ પ્રકારે વ્યવસ્થિત તથા નક્કી
છે; કેમકે તે મારૂં સઘળું તારણ, તથા સઘળી ઈચ્છા છે, ને તેને વધારતો
નથી, તો પણ એ પ્રમાણે છે. 6 પરંતુ બલીયઆલપુત્રો તો સઘળા ઝાડી
કાઢવાના કાંટા જેવા થશે; કેમકે તેઓ હાથે પકડાય નહિ; 7 પણ જે મા-
ણસ તેઓને અડકે, તે લોઢાથી તથા ભાલાના દાંડાથી સજેલો હોવો
જોઈએ, ને તેઓ જ્યાં હોય ત્યાંજ અગ્નિથી છેક બાળી નાખવામાં આવ-
શે. 8 દાઉદના શૂરવીરોનાં નામ આ છે; મુખ્ય સરદાર તાહખમોની યોશે-
બબાશ્શેબેથ જે અસ્ની અદીનોએ એકી વેળાએ આઠસેને માર્યા હતા
તેજ એ હતો. 9 અને તેની પછી અહોહીનો દીકરો દોદોનો દીકરો
એલઆઝાર હતો; જયારે પલિસ્તીઓ લડાઈને સારૂ એકઠા થયા, ને
ઈસ્રાએલના માણસો જતાં રહ્યા, ત્યારે દાઉદની સાથેના જે ત્રણ શૂરા
માણસોએ તેમને તુચ્છ કીધા, તેઓમાંનો એક તે હતો; 10 તે ઉઠ્યો ને
તેનો હાથ થાકી જઈને તરવાર સાથે તેઓની સામે લડ્યો અને તેણે
પલિસ્તીઓને માર્યા; ને યહોવાહે તે દિવસે મોટો જય કીધો. એલઆઝા-
રે પલિસ્તીઓને હરાવ્યા પછી તેની પાછળ ફક્ત લૂંટવાને ગયા. 11 અને
તેથી ઉતરતો આગીનો પુત્ર હારારનો શામ્માહ હતા; ત્યારે લોક પલિ-
સ્તીઓની સામણેથી નાઠા. 12 પણ એણે તો ખેતરની વાંચે ઉભા રહીને
તેનું રક્ષણ કર્યું, ને પલિસ્તીઓને માર્યા; ને યહોવાહે મોટો જય કીધો.
13 અને ત્રીસ મુખ્ય માણસોમાંથી ત્રણ જણ નિકળીને કાપણીની વે-
ળાએ દાઉદની પાસે અદુલ્લામની ગુફામાં આવ્યા; ને પલિસ્તીઓની ટુ-
કડીએ રફાઈમના નીચાણમાં છાવણી નાખેલી હતી. 14 અને દાઉદ ગઢ-
માં હતો, ને તે વેળા પલિસ્તીઓનું થાણું બેથલેહેમમાં હતું. 15 અને દા-
ઉદે તરસથી તલપીને કહ્યું, બેથલેહેમના દરવાજા પાસેના કુવાનું પાણી
મને પીવાને કોઇ લાવી આપે તો કેવું સારૂં! 16 ને તે ત્રણ યોદ્ધાઓ પલિ-
સ્તીઓના સૈન્યમાં થઈને પસાર થયા, ને બેથલેહેમના દરવાજા પાસેના
કુવાનું પાણી કાઢીને તેઓ દાઉદ પાસે લઇ આવ્યા તો પણ તેમાંથી
પીવા ન ચાહતાં તેણે તે યહોવાહ આગળ રેડી દીધું. 17 અને તેણે કહ્યું
કે, હે યહોવાહ, એ કરવું મારાથી દૂર રહો; જે માણસો પોતાના જીવ જો-
ખમમાં નાખીને ગયા, તેઓનું રક્ત શું હું પીઉં? માટે તે તેણે પીધું નહિ;
એ કૃત્યો એ ત્રણ શૂરવીરોએ કર્યા. 18 અને સરૂયાહનો દીકરો યોઆબનો
ભાઈ અબીશાય એ ત્રણેમાં મુખ્ય હતો; ને તેણે પોતાનો ભાલો ત્રણસે
માણસો વિરુદ્ધ ઉઠાવીને તેઓને મારી નાખ્યા ને ત્રણેમાં તેણે નામના
કરી. 19 અને તે શું ત્રણેમાં સૌથી વિશેષ નામીચો ન હતો; એ કારણ માટે
તેને તેઓને નાયક ઠરાવ્યો હતો; તો પણ તે પહેલાં ત્રણની બરાબરી
કરી શકે એવો ન હતો. 20 અને કાબ્સએલના શૂરવીર તથા પરાક્રમી કૃ-
ત્યો કરનાર માણસના દીકરા યહોયાદાના દીકરા બનાયાહે, મોઆબના
અરીએલના બે દીકરાઓ ને માર્યા; વળી તેણે હિમના દિવસોમાં ખાડા-
માં ઉતરીને તેની વચમાં સિંહને માર્યો. 21 અને તેણે એક દેખાવડા મિસ-
રીને માર્યો; ને તે મિસરીના હાથમાં ભાલો હતું; પરંતુ ફક્ત લાકડી લઈને
તે તેહી પાસે ગયો, ને તે મિસરીના હાથમાંથી ભાલો ખુંચવી લઈને, તે-
નાજ ભાલાથી તેનો પ્રાણ લીધો. 22 એ કૃત્યો કરીને યહોયાદાના દીકરા
બનાયાહે તે ત્રણ યોદ્ધાઓમાં નામ મેળવ્યું. 23 પેલા ત્રીસ જણાએ કરતાં
તે વધારે નામાંકિત હતો, પણ તે પહેલા ત્રણની બરાબરી કરી શક્યો
નહિ. અને દાઉદે તેને પોતાની અંગરક્ષક ટુકડી ઉપર નિમ્યો હતો.
24 યોઆબનો ભાઈ અસાહેલ, એ પેલા ત્રીસમાંનો એક હતો; અને દોદો
બેથલેહેમીનો દીકરો એલ્હાનાન; 25 શામ્માહ હરોદી, અલીકા હરોદી;
26 હેલેસ પાલટી, ઈક્કેશ તકોઈનો દીકરો ઈરા; 27 અબીએઝેર અનાથો-
થી, મબુન્નાથ હુશાથી; 28 સાલ્મોન અહોહી, મહારાય નાટોફાથી; 29 બા-
આનાહ નાટોફાથીનો દીકરો હેલેબ, બિન્યામીનપુત્રોના ગિબઆહના
રીબાયનો દીકરો ઈત્તાય; 30 બનાયાહ પિરઆથોની, ગાઆશના નાળા-
નો હિદ્દાય; 31 અબી-આલ્બોન આર્બાથી, આઝ્માવેથ બાર્હુમી;
32 એલ્યાહબા શાઆલ્બોની, યાશેનના દીકરા ઓમાંનો યોનાથાન;
33 શામ્માહ હારારી, શારાર અરારીનો દીકરો અહીઆમ; 34 માઅખાથીના
દીકરા અહાસ્બાયનો દીકરો અલીફેલેટ, અહીથોફેલ ગિલોનીનો દીકરો
અલીઆમ; 35 હેસ્રો કાર્મેલી, પાઅરાય આર્બી; 36 સોબાહના નાથાનનો
દીકરો યિગઆલ, બાની ગાદી; 37 સેલેક આમ્મોની, નાહરાય બએરોથ;
નાહરાય સરૂયાના દીકરા યોઆબના શસ્ત્રધારો. 38 ઈશ યિથ્રી, ગારેબ
યિથ્રી; 39 ઊરિયાહ હિત્તી; સઘળાં મળીને સાડત્રીસ.

24 અને યહોવાહનો કોપ ફરીથી ઈસ્રાએલ ઉપર સળગ્યો; ને તેણે
દાઉદને તેઓની વિરુદ્ધ ઉસ્કેરીને કહ્યું કે, જા, ઈસ્રાએલ તથા
યહુદાહની ગણત્રી કર. 2 અને રાજાએ પોતાની સાથે યોઆબ સેનાપતિ
હતો તેને કહ્યું કે, દાનથી તે બેરશેબા સુધી ઈસ્રાએલના સઘળાં કુળોમાં
બધે ફરીને લોકોની ગણના કર, કે હું લોકોની કુળ સંખ્યા જાણું. 3 અને
યોઆબે રાજાને કહ્યું કે, લોક ગમે તેટલા હોય, તો પણ તારા દેવ યહો-
વાહ તેઓને સોગણા વધારો, ને મારો મુરબ્બી રાજા પોતાની આંખે તે
જુઓ; પણ મારો મુરબ્બી રાજા એ વાતમાં કેમ આનંદ મનાવે છે? 4 પણ
રાજાનું વચન યોઆબની તથા સૈન્યની સરદારોની ઉપર પ્રબળ થયું.
અને યોઆબ તથા સૈન્યના સરદારો ઈસ્રાએલના લોકોની ગણના કર-
વાને રાજાની હુજુરમાંથી ચાલ્યા ગયા. 5 અને તેઓએ યરદન ઉતરીને
યાઝેર પાસે ગાદની ખીણની મધ્યે જે નગર છે, તેની જમણી ગમ અરો-
એરમાં છાવણી કરી. 6 પછી તેઓ ગિલઆદ તથા તાહતીમ-હોદશીના
દેશમાં આવ્યા; પછી તેઓ દાન-યાઆનમાં આવ્યા, ને ચક્કર ખાઈને
તેઓ સિદોનની ભણી ગયા; 7 ને સૂરના મજબૂત કિલ્લામાં, તથા હિવ્વી-
ઓના તથા કનાનીઓના સઘળાં નગરોમાં આવ્યા, ને યહુદાહની દક્ષિ-
ણે બેરશેબામાં ગયા. 8 એમ આખા મુલકમાં ઠેકાણે ઠેકાણે ફરીને નવ
માંસ ને વીસ દિવસે તેઓ યરૂશાલેમમાં પાછા આવ્યા. 9 અને યોઆબે
રાજા આગળ લોકોની ગણત્રીની કુલ સંખ્યા રજુ કરી; અને ઈસ્રાએલમાં
તરવાર તાણનાર શૂરવીર પુરુષો આઠ લાખ હતા; તથા યહુદાહમાં પાંચ
લાખ પુરુષો તેવા હતા. 10 અને દાઉદે લોકોની ગણત્રી કીધા પછી તેના
મને તેને માર્યો; ને દાઉદે યહોવાહને કહ્યું કે, મેં જે કર્યું છે તેમાં મોટું પાપ
કીધું છે, પણ હવે, હે યહોવાહ, કૃપા કરી તારા સેવકની દુષ્ટતા દૂર કર,
કેમકે મેં ઘણી મૂર્ખાઈ કીધી છે. 11 અને દાઉદ સવારે ઉઠ્યો, ત્યારે દાઉ-
દના ભવિષ્યદર્શક ગાદ ભવિષ્યવાદીની પાસે યહોવાહનો શબ્દ એવો
આવ્યો કે, 12 દાઉદ પાસે જઈને તેને કહે કે, યહોવાહ એમ કહે છે કે, હું
તારી આગળ ત્રણ વાત મુકું છું, તેમાંથી એક તું પસંદ કર કે તે હું તને
કરૂં. 13 માટે ગાદે દાઉદ પાસે આવીને તેને ખબર આપતાં કહ્યું કે, તારા
દેશમાં સાત વર્ષ સુધી દુકાળ આવે, અથવા તો તારા શત્રુઓ તારી પૂઠે
લાગે ને તું ત્રણ માસ સુધી તેઓની આગળ નાસે, અથવા તો તારા દેશ-
માં ત્રણ દિવસ સુધી મરકી ચાલે? હવે વિચાર કર, ને જેણે મને મોકલ્યો
છે તેને હું શો ઉત્તર આપું તેનો ખ્યાલ કર. 14 અને દાઉદે ગાદને કહ્યું કે,
હું ઘણો મુશ્કેલમાં છું, આપણે યહોવાહના હાથમાંજ પડીએ; કેમકે તેની
દયા ઘણી છે; ને મારે માણસના હાથમાં પડવું ન થાય. 15 માટે યહોવાહ
ઈસ્રાએલમાં સવારથી તે ઠરાવેલા વખત સુધી મરકી મોકલી; ને દાનથી
તે બેરશેબા સુધીમાં લોકોમાંથી સિત્તેર હજાર માણસો મરણ પામ્યા.
16 અને દૂતે યરૂશાલેમનો નાશ કરવાને પોતાનો હાથ તેની વિરુદ્ધ
લંબાવ્યો, ત્યારે યહોવાહને એ અપાયને લીધે પશ્ચાતાપ થયો, ને જે દૂત
લોકોનો નાશ કરતો હતો, તેને તેણે કહ્યું કે, હવે બસ છે; હવે તારો હાથ
બંધ રાખ. અને યહોવાહનો દૂત આરાવ્નાહ યબૂસીની ખળી પાસે હતો.
17 અને જે દૂત લોકોને મારતો હતો તેને જોઇને દાઉદે યહોવાહને કહ્યું કે,
જો, મેં તો પાપ કીધું છે, તથા દુષ્ટતા કીધી છે; પણ આ ઘેટાંએ શું કીધું
છે?કૃપા કરી તારો હાથ મારી વિરુદ્ધ તથા મારા બાપના ઘરની વિરુદ્ધ
થાઓ. 18 અને તે દિવસે ગાદે દાઉદ પાસે આવીને કહ્યું કે, જઈને આરા-
વ્નાહ યબૂસીની ખળીમાં યહોવાહને સારૂ વેદી બાંધ. 19 અને ગાદના
કહેવા પ્રમાણે, એટલે યહોવાહે આજ્ઞા કીધી હતી તે મુજબ, દાઉદ ગયો.
20 અને આરાવ્નાહે દૂર નજર કરી, એટલે રાજાને તથા તેના ચાકરોને પો-

તાની તરફ આવતો જોયો; ને આરાવ્નાહ સામો ગયો, ને રાજા આગળ
સાષ્ટાંગ દંડવત પ્રણામ કીધા. 21 અને આરાવ્નાહે કહ્યું કે, મારો મુર-
બ્બી રાજા પોતાના સેવકની પાસે કેમ આવ્યો છે? ને દાઉદે કહ્યું કે, લો-
કોમાંથી મરકી બંધ થાય, માટે યહોવાહને સારૂ વેદી બાંધવા માટે તારી
પાસેથી આ ખળી વેચાતી લેવાને હું આવ્યો છું. 22 અને આરાવ્નાહે દા-
ઉદને કહ્યું કે, મારા મુરબ્બી રાજાને જે સારૂં લાગે તે લઈને અર્પણ કરે;
જો, દહનીયાર્પણ સારૂ બળદો છે, ને લાકડાંને સારૂ ખળીના રાચ તથા
બળદોનો સામાન છે. 23 એ સઘળું, હે રાજા, આરાવ્નાહ રાજાને આપે
છે; ને આરાવ્નાહે રાજાને કહ્યું, તારો દેવ યહોવાહ તને માન્ય કરો
24 અને રાજાએ આરાવ્નાહને કહ્યું કે, એમ નહિ, પણ હું ખચિત મૂલ્ય
આપીને તે તારી પાસેથી વેચાતું લઈશ; ને મારા દેવ યહોવાહની આગળ
મફત મળેલાનું દહનીયાર્પણ હું નહિજ કરીશ. મારે દાઉદે ખળીને તથા
બળદોને પચાસ શેકેલ રૂપાને માટે ખરીદ કીધાં. 25 અને દાઉદે ત્યાં
યહોવાહને સારૂ વેદી બાંધી, ને દહનીયાર્પણો તથા શાંત્યર્પનો કીધાં;
એમ યહોવાહ દેશ ઉપર પ્રસન્ન થયો, ને ઈસ્રાએલમાંથી મરકી બંધ થઇ.

# 1 રાજા

1 હવે દાઉદ રાજા ઘણો વૃદ્ધ થયો હતો. તેમને અનેક ધાબળાઓ
ઓઢાડયાં, છતાં તેનું શરીર ગરમ રહેતું નહોતું. 2 તેથી તેમના સે-
વકોએ તેને કહ્યું, “આપ, નામદારની આજ્ઞા હોય તો આપને માંટે કોઈ
યુવાન કુમાંરિકા શોધી કાઢીએ, જે આપની સેવામાં ઊભી રહે અને
આપની સારવાર કરે, આપની સોડમાં સૂઈ જશે, જેથી આપનું શરીર
હુંફાળું થઈ જશે.” 3 તેમણે આખા ઈસ્રાએલમાં એક સુંદર, જુવાન અને
અપરણિત કન્યા મેળવવા તપાસ કરી ,આખરે તેમને શૂનામ્મી અબી-
શાગ નામની કન્યા પસંદ આવી, તેથી તેઓ તેને રાજા પાસે લઈ
આવ્યા. 4 તે ખૂબ રૂપાળી હતી અને સતત રાજાની સાથે રહેતી અને
તેણ રાજાની મદદ અને સેવા કરી, છતાં રાજાએ તેનો સંસર્ગ કર્યો નહિ.
5 તે સમયે દાઉદ અને હાગ્ગીથના પુત્ર અદોનિયાએ પોતાના વૃદ્ધ પિ-
તાની જગ્યાએ રાજા થવાની મહત્વાકાંક્ષા રાખી હોવાથી તેણે એક રથ
મેળવ્યો, ઘોડા અને પોતાના રસાલા માંટે પચાસ માંણસો મેળવ્યા.
6 તેના પિતાએ તેને આખા જીવન દરમ્યાન કદી ઠપકો આપ્યો નહોતો
કે, તેને પૂછયું સરખુંય નહોતું કે, “તું આમ શા માંટે કરે છે?” વળી તે દે-
ખાવડો હતો; અને આબ્શાલોમ પછી જન્મ્યો હતો. 7 તેણે સરૂયાના પુત્ર
સરદાર યોઆબ અને યાજક અબ્યાથાર ને સર્વ પ્રથમ પોતાના વિશ્વાસ-
માં લીધા. તેઓએ તેને રાજા બનવામાં મદદરૂપ થવા તૈયારી બતાવી.
8 પરંતુ યાજક સાદોકે, યહોયાદાના પુત્ર બનાયા, પ્રબોધક નાથાન, શિ-
મઈ, રેઈ અને દાઉદના સૈન્યના સરદારોએ અદોનિયાને સાથ આપવા-
નો ઈન્કાર કર્યો, 9 તેથી એક વખત અદોનિયાએ એન-રોગેલના ઝરણાં
પાસે આવેલા ઝોહેલેથના ખડક પર ઘેટાં, ગાય અને વાછરડાઓનું
બલિદાન કર્યુ. અને તેણે પોતાના સર્વ ભાઈઓને-રાજકુમાંરોને અને જે
યહૂદાવાસીઓ રાજાના સેવકો હતા તે બધાને તેણે આમંત્રણ આપ્યું
હતું. 10 પરંતુ તેણે પ્રબોધક નાથાનને, યાજક બનાયાને કે અંગરક્ષકોને
અથવા ભાઈ સુલેમાંનને આમંત્રણ આપ્યું નહિ. 11 ત્યારબાદ પ્રબોધક
નાથાને સુલેમાંનની માંતા બાથશેબા પાસે જઈને પૂછયું; તમને ખબર છે
કે, “હાગ્ગીથનો પુત્ર અદોનિયા રાજા થઈને બેઠો છે, ને આપણા ધણી
રાજા દાઉદ એનાથી અજાણ છે? 12 હવે જો તમે તમાંરો અને તમાંરા પુત્ર
સુલેમાંનનો જીવ બચાવવા ઈચ્છતા હોય તો માંરી તમને સલાહ છે કે,
13 તમે અત્યારે જ દાઉદ રાજા પાસે જાઓ, અને તેમને કહો કે, ‘ધણી,
આપે આપની દાસીને એવું વચન નહોતું આપ્યું કે, માંરા પછી તારો પુત્ર
સુલેમાંન રાજા થશે, અને તે જ માંરી ગાદી પર બેસશે? તો પછી શા માંટે
અદોનિયા રાજા થયો છે?’ 14 અને તમે રાજા સાથે વાત કરતા હશો,
એટલામાં જ હું આવી પહોંચીશ અને તમે શું કહો છો તેની ચોકસાઈ
કરીશ.” 15 તેથી બાથશેબા રાજાના ઓરડામાં ગઈ, રાજા ઘણો વૃદ્ધ થઈ
ગયો હતો અને શુનામ્મી અબીશાગ તેમની સેવા ચાકરી કરતી હતી.
16 બાથશેબાએ રાજાની સમક્ષ જમીન પર પડી સાષ્ટાંગ પ્રણામ કર્યા.
રાજાએ પૂછયું, “બોલ, તારી શી ઈચ્છા છે?” 17 તેણે જવાબ આપ્યો,
“નામદાર, આપે આ દાસીને આપના દેવ યહોવાને નામે વચન આપ્યું
હતું કે, ‘માંરા પછી તારો પુત્ર સુલેમાંન રાજા થશે અને ફકત તે જ માંરી
રાજગાદી પર બેસશે.’ 18 પણ અત્યારે તો આપની જાણ બહાર અદોનિ-
યા જ રાજા થઈ બેઠો છે. 19 તેણે બળદો અને ઘણા તંદુરસ્ત બકરાઓનું
શાંત્યર્પણ અર્પણ કર્યુ, તમાંમ રાજકુમાંરોને, યાજક અબ્યાથારને અને
લશ્કરના સેનાપતિ યોઆબને નિમંત્રણ આપ્યાં છે, પરંતુ તેણે આપના
સેવક સુલેમાંનને નિમંત્રણ આપ્યું નથી. 20 અને હવે માંરા ધણી, માંરા
રાજા, સમગ્ર ઈસ્રાએલ આપના પછી કોણ રાજગાદી પર આવશે એની
જાહેરાત માંટે આપના પર મીટ માંડી રહ્યું છે. 21 જો તમે એમ નહિ કરો
તો તમે જ્યારે તમાંરા પિતૃઓ સાથે દટાયા હશો, ત્યારે માંરા પુત્ર સુલે-
માંન અને માંરી સાથે ગુનેગારનું વર્તન થશે.” 22 બાથશેબા હજી તો રા-
જાની સાથે વાત કરતી હતી, ત્યાં જ પ્રબોધક નાથાન આવી પહોંચ્યો.
23 સેવકોએ રાજાને જણાવ્યું કે, “પ્રબોધક નાથાન આવ્યા છે.” અને ના-
થાને રાજાની સમક્ષ આવીને ભૂમિ પર પડી પ્રણામ કર્યા. 24 તેણે કહ્યું,
“તો શું આપ નામદારની એવી આજ્ઞા છે કે, અદોનિયા આપના પછી રા-
જા થાય અને તે આપની ગાદીએ બેસે? 25 કારણ, આજે તેણે પોતાના
રાજયાભિષેકની ઉજવણી માંટે બળદો, અને ઘણંા પુષ્ટ બકરાઓનાં
બલિદાન આપ્યાં છે અને તેની ખાણીપીણીમાં તેણે તમાંરા પુત્રો ઉપ-
રાંત લશ્કરના સેનાપતિ અને યાજક અબ્યાથાર, તેઓ તેની સાથે ખાન-
પાન કરે છે અને કહે છે. ‘ઈશ્વર રાજા અદોનિયાને ઘણું જીવાડો!’ 26 તેમ
છતાં તેણે આપના સેવક મને કે યાજક સાદોકને કે યહોયાદાના પુત્ર
બનાયા અથવા આપના સેવક સુલેમાંનને આમંત્રણ આપ્યું નથી. 27 શું
આ બધું તમાંરી જાણમાં છે? આ બધું આપ નામદારની સંમતિથી થયું
છે, અને તમે આ સેવકોને જણાવ્યું પણ નથી કે, આપના પછી રાજગા-
દીએ કોણ આવનાર છે?” 28 ત્યારબાદ રાજા દાઉદે કહ્યું, “બાથશેબાને
માંરી પાસે બોલાવો.” તેથી તે રાજા સમક્ષ આવીને ઊભી રહી. 29 રાજા
દાઉદે કહ્યું કે, હું યહોવાના સોગંદ ખાઉં છું કે આજે હું માંરું વચન પા-
ળીશ.” 30 “મેં ઈસ્રાએલના દેવ યહોવાને નામે પ્રતિજ્ઞા કરી હતી, તારો
પુત્ર સુલેમાંન માંરા પછી રાજા થશે અને માંરી રાજગાદી પર બેસશે.
માંરા બધા સંકટોમાંથી મને યહોવાએ ઉગાર્યો છે. 31 ફરીવાર બાથશે-
બાએ તેની સમક્ષ ભૂમિ પર પડીને રાજાને પ્રણામ કર્યા અને બોલી,
“માંરા નામદાર રાજા દાઉદ અમર રહો!” 32 ત્યારબાદ રાજા દાઉદે કહ્યું,
“યાજક સાદોકને પ્રબોધક નાથાનને અને યહોયાદાના પુત્ર બનાયાને
પોતાની પાસે બોલાવી લાવવાની સેવકોને આજ્ઞા આપી,” અને તેઓ
રાજાની સમક્ષ ઉપસ્થિત થયા. 33 તેણે હુકમ કર્યો, “માંરા અંગરક્ષકોને
સાથે લઈ જાઓ, માંરા પુત્ર સુલેમાંનને માંરા ખચ્ચર પર બેસાડો અને
તેને ગીહોન લઈ જાઓ. 34 ત્યાં યાજક સાદોક અને પ્રબોધક નાથાન તે-
નો રાજા તરીકે અભિષેક કરશે. તે વખતે તમે રણશિંગડું વગાડી પોકાર
કરજો કે, ‘રાજા સુલેમાંન ઘણું જીવો!’ 35 ત્યારબાદ તમે સુલેમાંનને
ત્યાંથી અહીં લઈ આવો અને માંરા બદલે સુલેમાંનને રાજગાદી પર બે-
સાડો. સુલેમાંન ઈસ્રાએલ અને યહૂદાનો રાજા થશે; આ માંરો આદેશ
છે.” 36 ત્યારે યહોયાદાના પુત્ર બનાયાએ રાજાને કહ્યું, “ભલે એમ
થાઓ! યહોવા, તમાંરા દેવ તમાંરી ઈચ્છાઓ પૂરી કરે! 37 માંરા માંલિક
અને રાજા, જેવી રીતે યહોવા તમાંરી સાથે રહ્યાં છે, તેઓ સુલેમાંન સાથે
પણ રહો! એનું રાજ્ય રાજા દાઉદ કરતા પણ વધુ શકિતશાળી અને
મહાન બને.” 38 એ પછી યાજક સાદોક પ્રબોધક નાથાન. યહોયાદાના
પુત્ર બનાયા અને રાજાના અંગરક્ષકોએ જઈને સુલેમાંનને રાજા દાઉદના
ખચ્ચર પર બેસાડયો અને તેને લઈને તેઓ ગીહોન ગયા. 39 યાજક સા-
દોકે એક તેલનું શિંગડુ લીધું અને સુલેમાંનના માંથા પર તેનો રાજા
તરીકે અભિષેક કરવા રેડ્યું. તેમણે રણશિંગડું વગાડયું; અને બધા લો-
કો બોલી ઊઠયા. “રાજા સુલેમાંન ઘણું જીવો.” 40 પછી બધા લોકો
વાંસળી વગાડતા અને ધરતીકંપ કરતા પણ મોટા અવાજે બૂમો પાડતા
આનંદ કરતા તેની સાથે ઉપર ગયા. 41 તે વખતે અદોનિયા અને તેના
મહેમાંનોએ ભોજન પૂરું કર્યુ, ત્યાં તેમણે સૌએ આ અવાજ સાંભળ્યો.
રણશિંગડાનો નાદ સાંભળીને યોઆબ બોલી ઊઠયો. “શહેરમાં આ શો-
રબકોર શાનો છે?”~ 42 તે હજી બોલતો હતો, એટલામાં જ, યાજક
અબ્યાથારનો પુત્ર યોનાથાન આવી પહોંચ્યો. અદોનિયાએ કહ્યું, “અંદર
આવ, તું પ્રામાંણિક માંણસ છે અને શુભ-સંદેશ જ લાવ્યો હશે.”~
43 યોનાથાને જવાબ આપ્યો “નાજી, એમ નથી. આપણા નામદાર રાજા

દાઉદે સુલેમાંનને રાજા બનાવ્યો છે.~ 44 તેણે યાજક સાદોક, પ્રબોધક
નાથાન અને યહોયાદાના પુત્ર બનાયા તથા રાજાના અંગરક્ષકોને તેની
સાથે મોકલ્યા છે. તેમણે તેને રાજાના ખચ્ચર પર બેસાડ્યો છે.~ 45 ત્યાં
યાજક સાદોકે અને પ્રબોધક નાથાને સુલેમાંનના માંથા પર, તેલ રેડીને
તેને રાજા બનાવવા અભિષેક કર્યો છે, તેઓ હમણા જ ગીહોન ઝરણા-
થી નગરમાં પાછા આવ્યા છે, અને સમગ્ર નગર હર્ષોલ્લાસથી ઉત્સવ
ઊજવી રહ્યું છે, અત્યારે શહેરમાં ભારે કોલાહલ મચી રહ્યો છે તમે જે
સાંભળો છો તે એનો જ અવાજ છે.~ 46 સુલેમાંન હવે રાજગાદી પર બેસે
છે.~ 47 એટલું જ નહિ, બધા જ દરબારીઓ અને પ્રજાજનો રાજા દાઉદને
અભિનંદન આપતાં કહે છે, ‘દેવ સુલેમાંનને તમાંરા કરતા પણ વધુ પ્ર-
સિદ્ધ બનાવે. તમાંરા રાજ્ય કરતાં સુલેમાંનનું રાજ્ય દેવ વધારે પ્રતાપી
બનાવો.’ “રાજા દાઉદે પલંગમાંથી જ દેવને પ્રણામ કર્યા.~ 48 અને કહ્યું,
ઇસ્રાએલના દેવ યહોવાનો જય હો! માંરા એક વંશજને માંરી રાજગાદી
પર બેઠેલો હું માંરી નજરે જોઈ શકયો છું.”~ 49 આ સાંભળીને અદોનિ-
યાના બધા મહેમાંનો ભયભીત બની, એકદમ ઊઠીને સૌ પોતપોતાને
ઘેર ગયાં.~ 50 અદોનિયા પણ વેદી પાસે દોડી ગયો અને તેણે વેદીના
શિંગ પકડી લીધાં.~ 51 સુલેમાંનને સમાંચાર આપવામાં આવ્યા કે,
“અદોનિયા સુલેમાંનથી ડરતો હતો અને વેદીનાં શિંગ પકડીને કહેતો
હતો, ‘સુલેમાંન પહેલાં મને વચન આપો કે પોતે આ સેવકનો વધ નહિ
કરો,’”~ 52 પછી સુલેમાંને કહ્યું, “જો તે સારી રીતે વર્તશે તો તેને આંચ
નહિ આવે; પણ જો એ પ્રતિકારપૂર્વક વર્તશે તો એને માંરી નખાશે.”~
53 ત્યારબાદ રાજા સુલેમાંને તેને માંણસો મોકલીને યજ્ઞવેદી પરથી તે-
ડાવી મંગાવ્યો. તેણે આવીને રાજા આગળ પ્રણામ કર્યા; અને સુલેમાંને
તેને કહ્યું કે, “તું તારે ઘેર જા.”

2 રાજા દાઉદના જીવનનો અંત જયારે નજીક આવ્યો ત્યારે; તેણે
પોતાના પુત્ર સુલેમાંનને બોલાવ્યો અને તેને આ પ્રમાંણે હુકમ
કર્યો:~ 2 “જગતના સૌ માંનવીઓને જયાં જવાનું છે ત્યાં હું પણ હવે જા-
ઉં છું. તું બળવાન બનજે અને વીરની જેમ વર્તજે.~ 3 તમાંરા દેવ યહો-
વાએ તમને જેનું પાલન કરવા કહ્યું છે તેનું પૂર્ણ પાલન કરજે. મૂસાના
નિયમશાસ્રમાં લખેલી દેવ યહોવાના પ્રત્યેક કાનૂન અને આજ્ઞાને
આધીન થજે, જેથી તું જે કામ કરે ને જયાં જાય ત્યાં તેમાં તને સફળતા
પ્રાપ્ત થાય.~ 4 જો તું એમ કરીશ તો યહોવા મને આપેલું વચન પાળશે,
યહોવાએ મને કહ્યું છે, ‘જો તારા પુત્રો ધ્યાનપૂર્વક વફાદારીથી અને સા-
ચા અંત:કરણથી મને અનુસરશે તો ઇસ્રાએલનો રાજા સદા તમાંરા પરિ-
વારમાંથી જ આવશે,’”~ 5 “સરૂયાના પુત્ર યોઆબે માંરી સાથે કેવો
વર્તાવ રાખ્યો હતો તે તું જાણે છે, તને ખબર નથી કે તેણે ઇસ્રાએલી
લશ્કરના બે સેનાપતિ નેરનો પુત્ર આબ્નેર અને યેથેરના પુત્ર અમાંસાને
માંરી નાખ્યા હતા? યુદ્ધમાં તે બનેલો બનાવ હતો એવો તેણે દેખાવ
કર્યો હતો, પણ હકીકતમાં એ કૃત્ય શાંતિના સમયમાં કરવામાં આવ્યું
હતું. અને તેની તરવારબંધ અને પગરખાને નિર્દોષના લોહીથી કલંકિત
કર્યા હતાં.~ 6 તું તારા ડહાપણ અનુસાર કામ કરજે, અને તેને શાંતિપૂ-
ર્વક મરવા દેતો નહિ.~ 7 “પરંતુ ગિલયાદના બાર્ઝિલ્લાયના પરિવાર પ્રતિ
સદા મિત્રભાવ રાખજે, તેમને પણ ભોજન સમયે તારી સાથે રાખજે, કા-
રણ કે હું જયારે તારા ભાઈ આબ્શાલોમથી ભાગતો ફરતો હતો, ત્યારે
તેઓ માંરા પ્રત્યે વફાદાર રહ્યાં હતા, અને માંરી સારસંભાળ રાખી
હતી.~ 8 “બાહૂરીમનો બિન્યામીની જાતિના ગેરાનો પુત્ર શિમઈ હજી
તારી સાથે છે, હું માંહનાઈમ ગયો ત્યારે તેણે મને ભારે શાપ આપ્યો
હતો, પણ યર્દન નદી આગળ મળવા આવ્યો હતો અને મેં તેને યહોવા-
ને નામે સોગંદ ખાઈને વચન આપ્યું હતું કે, હું તેને માંરી તરવારથી
માંરીશ નહિ.~ 9 પરંતુ હવે તારે એને સજા વગર જવા દેવો નહિ, તું સમ-
જુ છે અને એની સાથે કેમ કામ પાર પાડવું એ તને સમજાઈ રહેશે, ખા-
તરી કરજે કે તે વેદનાપૂર્ણ મૃત્યુથી મરે.”~ 10 પછી દાઉદનું અવસાન
થયું અને તેને દાઉદના નગરમાં દફનાવવામાં આવ્યો.~ 11 તેણે ઇસ્રા-
એલ પર ચાળીસ વર્ષ રાજય કર્યુ સાત વર્ષ હેબ્રોનથી અને તેત્રીસ વર્ષ
યરૂશાલેમથી.~ 12 પછી તેના પિતા દાઉદને સ્થાને સુલેમાંને રાજગાદી
સંભાળી; તેણે રાજ્ય પર કાબૂ મેળવ્યો હતો, તેનો રાજ્ય પરનો કાબૂ
મજબૂત બન્યો.~ 13 એક વખત હાગ્ગીથના પુત્ર અદોનિયાએ સુલેમાંન-
ની માંતા બાથશેબા પાસે જઈને તેણે પ્રણામ કર્યા. બાથશેબાએ પૂછયું,
“તું શાંતિથી આવ્યો છે?” તેણે જવાબ આપ્યો, “હા, હું શાંતિપૂર્વક
આવ્યો છું.~ 14 એટલે તેણે કહ્યું, માંરે તમને એક વાત કરવી છે, બાથ-
શેબાએ કહ્યું “તમાંરે શું કહેવું છે?”~ 15 એટલે તેણે જવાબ આપ્યો, “તમે
જાણો છો કે રાજગાદી મને મળવી જોઈતી હતી અને સમગ્ર ઇસ્રાએલ હું
રાજા થઈશ એવી અપેક્ષા રાખતું હતું; પણ તેને બદલે રાજગાદી મને ટા-
ળીને માંરા ભાઈને મળી છે, તેને યહોવાએ તે આપી.~ 16 અને હવે માંરે
તમને એક વિનંતી કરવાની છે. કૃપા કરીને તમે ના ન પાડશો,” બાથશે-
બાએ પૂછયું, “તો શું?”~ 17 તેથી અદોનિયાએ જવાબ આપ્યો, “તમે
મહેરબાની કરી સુલેમાંનને પૂછો, મને અબીશાગ સાથે પરણવાની રજા
આપે. તમને તે ના પાડશે નહિ.”~ 18 એટલે બાથશેબાએ કહ્યું, “સારુ,
હું રાજાને વાત કરીશ.”~ 19 પછી બાથશેબા અદોનિયા વિષે વાત કરવા
રાજા સુલેમાંન પાસે ગઈ. અને આવકાર આપવા રાજા ઊભો થઇને પગે
લાગ્યો, પછી પાછો રાજ્યાસન પર બેઠો, રાજાએ તેની માંતા માંટે પણ
એક આસન લાવવાનો હુકમ કર્યો અને તેણી તેની જમણી બાજુ બેઠી.~
20 પછી તેણે કહ્યું, “માંરે તને એક નાની વિનંતી કરવાની છે, ના પાડતો
નહિ.”રાજાએ કહ્યું, “કહો, શી વિનંતી છે. માંતાજી? હુ ના નહિ પાડું.”
21 બાથશેબાએ કહ્યું, “શૂનામ્મી અબીશાગનાં લગ્ન તારા ભાઈ અદોનિ-
યા સાથે થાય તો સારુ,”~ 22 રાજા સુલેમાંને તેની માંતાને કહ્યું, “તમે
એમ શું કામ પૂછો છો કે, શૂનામ્મી અબીશાગનાં લગ્ન અદોનિયા સાથે
થાય! માંરા રાજ્ય માંટે પૂછો, તે એના માંટે પૂછયા બરોબર છે? કારણ,
એ માંરો મોટો ભાઈ છે. અને યાજક અબ્યાથાર અને સરૂયા નો પુત્ર યો-
આબે તેને ટેકો આપ્યો.”~ 23 રાજા સુલેમાંને સમ લીધા, યહોવા મને દંડ
આપે સિવાય કે, “અદોનિયા આ વિનંતી કરવા માંટે પોતાનો જીવ
આપે!~ 24 જે યહોવાએ મને માંરાં પિતા દાઉદની ગાદી પર સ્થિર કરીને
સ્થાપ્યો છે, અને જેણે વચન આપ્યા પ્રમાંણે માંરા વંશની સ્થાપના કરી
છે. તેના સમ ખાઈને હું કહું છું કે, અદોનિયાને આજે જ મોતને હવાલે
કરવામાં આવશે.”~ 25 તેથી સુલેમાંને યહોયાદાના પુત્ર બનાયાને આજ્ઞા
કરી, અદોનિયાને માંરી નાખવાની.~ 26 પછી અબ્યાથાર યાજકને રા-
જાએ કહ્યું, “તું તારે ઘેર અનાથોથ જતો રહે. તું મૃત્યુદંડને જ લાયક છે;
પણ હું તને માંરી નાખીશ નહિ. કારણ કે તેં દેવ યહોવાનો પવિત્રકોશ
માંરા પિતા દાઉદ સમક્ષ ઉચક્યો હતો અને તેમનાં બધાં કષ્ટોમાં તેં
ભાગ પડાવ્યો હતો.”~ 27 આમ સુલેમાંને યહોવાના યાજકપદેથી
અબ્યાથારને પદષ્ટ કર્યો. આમ એલી યાજકના વંશજો વિષે યહોવાએ
શીલોહમાં જે વાણી ઉચ્ચારી હતી તે સાચી પાડી.~ 28 જયારે યોઆબને
આ સમાંચાર મળ્યા ત્યારે, તે યહોવાના મંડપ પવિત્રસ્થાનમાં ભાગી
ગયો. અને વેદીનાં શિંગ પકડી લીધાં; કારણ, તેણે અદોનિયાનો પક્ષ
લીધો હતો. જો કે આબ્શાલોમનો પક્ષ લીધો નહોતો.~ 29 રાજા સુલે-
માંનને સમાંચાર મળ્યા કે, “યોઆબ યહોવાના પવિત્રમંડપમાં ભાગી
ગયો છે, અને ત્યાં વેદી પાસે છે. ત્યારે સુલેમાંને યહોયાદાના પુત્ર બના-
યાને મોકલીને કહ્યું કે, “જા, તેને પૂરો કર.”~ 30 એટલે બનાયાએ યહો-
વાના મંડપમાં જઈને કહ્યું, “તને રાજાનો હુકમ છે કે બહાર આવ.”પરંતુ
યોઆબે કહ્યું, “ના, હું તો અહીં જ મરીશ.”બનાયાએ રાજાને સમાંચાર
આપ્યા કે, યોઆબે મને આમ કહ્યું અને આવો જવાબ આપ્યો,~ 31 તે-
થી રાજાએ કહ્યું, “તેના કહ્યા પ્રમાંણે કર. તેને પૂરો કરીને દફનાવી દે;
અને મને અને માંરા કુટુંબને, નિર્દોષ લોકોને માંરીને યોઆબે કરેલા ગુ-
નાહમાંથી મુકત કર.~ 32 યહોવા એણે કરેલા ખૂનનું પાપ એને પોતાને
માંથે નાખશે; કારણ, એણે બે નિર્દોષ માંણસો કે જે તેના કરતા વધારે
સારા હતા, તેને માંરી નાખ્યા હતા, માંરા પિતા જાણતા નહોતા કે યો-
આબે ઇસ્રાએલના સેનાધિપતિ નેરનો પુત્ર આબ્નેરનું અને યહૂદિયાના
સેનાધિપતિ યેથેરના પુત્ર અમાંસાનું ખૂન કર્યુ હતું.~ 33 યોઆબ અને
તેનાં સંતાનોને માંથે એમના રકતનું પાપ કાયમ રહો, પણ દાઉદને અને
તેનાં વંશજોને અને તેના વંશને અને તેની રાજગાદીને યહોવા સદા સુ-
ખશાંતિ આપો.”~ 34 તેથી યહોયાદાના પુત્ર બનાયાએ જઇને યોઆબને
માંરી નાખ્યો. તેના ઘર પાસે તેને વગડામાં દફનાવવામાં આવ્યો.~
35 પછી રાજાએ યોઆબને બદલે યહોયાદાના પુત્ર બનાયાને લશ્કરના
સેનાધિપતિ તરીકે અને યાજક તરીકે; અબ્યાથારને બદલે સાદોકની
નિમણૂંક કરી.~ 36 એ પછી રાજાએ શિમઈને તેડાવી મંગાવ્યો અને કહ્યું,
“તું યરૂશાલેમમાં ઘર બંધાવીને ત્યાં રહે, યરૂશાલેમ છોડીને તારે બીજે

જવાનું નથી.~ 37 જે દિવસે તું શહેર છોડીને કિદ્રોનનું નાળું ઓળંગીશ
તે દિવસે જરૂર તારું મોત થવાનું. અને તારા મોત માંટે તું જ જવાબદાર
ગણાશે."~ 38 શિમઈએ રાજાને કહ્યું, "સારું, હું આપ નામદારની આજ્ઞા
મુજબ વતીર્શ," અને લાંબા વખત સુધી શિમઈ યરૂશાલેમમાં જ રહ્યો.~
39 પણ ત્રણ વરસ પછી તેના બે ગુલામો ગાથના રાજા માંઅખાહના દી-
કરા આખીશ પાસે ભાગી ગયા. જયારે શિમઈને કહેવામાં આવ્યું કે, તારા
ગુલામો ગાથમાં છે.~ 40 ત્યારે શિમઈ તુરંત જ ગધેડા પર જીન નાખીને
ગુલામોની શોધમાં ગાથમાં આખીશ પાસે જવા ગયો. પછી તે તેઓને
ગાથમાંથી પાછા લાવ્યો.~ 41 જયારે રાજા સુલેમાંનને સમાંચાર મળ્યા
કે, "શિમઈ યરૂશાલેમથી ગાથ ગયો હતો; અને પાછો આવી ગયો છે,"~
42 પછી માંણસ મોકલીને તેણે તેને બોલાવડાવ્યો અને કહ્યું, "મેં તને
યહોવાના સમ નહોતા લેવડાવ્યા, મેં તને સખત ચેતવણી નહોતી
આપી કે, તું જે દિવસે શહેર છોડીને બીજે જશે તે દિવસે જરૂર મોંત
આવ્યું સમજજે!' અને તેં કહ્યું હતું કે, "સારું, હું એ પ્રમાંણે કરીશ."~
43 તો પછી તેં યહોવાના સમ ખાઈને આપેલું વચન કેમ પાળ્યું નહિ,
અને માંરી આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કર્યું?~ 44 માંરા પિતા દાઉદ સાથે તેં જે
દુષ્ટ વ્યવહાર કર્યો હતો તે તું બરાબર જાણે છે. યહોવા તને તારાં એ દુ-
ષ્ટ કૃત્યો માંટે સજા કરશે;~ 45 પણ રાજા સુલેમાંન આશીર્વાદિત હશે
અને દાઉદની ગાદી યહોવાની હાજરીમાં સદાયને માંટે મજબૂત રીતે
સ્થાપિત રહેશે."~ 46 ત્યારબાદ યહોયાદાના પુત્ર બનાયાએ રાજાની
આજ્ઞા પ્રમાંણે શિમઈને બહાર લઈ જઈને માંરી નાખ્યો. આમ, સુલે-
માંનની સત્તા સ્થાપીત થઈ.

3 સુલેમાંને મિસરના રાજા ફારુનની સાથે કરાર કર્યો, તેણે તેની પુ-
ત્રી સાથે લગ્ન કર્યા. તે તેને દાઉદનગરમાં લઈ આવ્યો. સુલેમાંન-
નો મહેલ, યહોવાનું મંદિર અને યરૂશાલેમની ફરતી દીવાલ બાંધવામાં
આવી, ત્યાં સુધી તે ત્યાં રહીં.~ 2 તે સમયે યહોવાનું મંદિર હજી બંધાયુ
ન હોવાથી લોકો પોતાના બલિદાનો ટેકરી પરના થાનક પર અર્પણ
કરતા હતા.~ 3 સુલેમાંન પોતે યહોવા પર પ્રેમ રાખતો હતો અને તેના
પિતા દાઉદે ઠરાવેલા તમાંમ નિયમો અને વિધિઓનું પાલન કરતો
હતો. પરંતુ તે છતાં પણ તે ટેકરી પરના સ્થાનકો ઉપર જ બલિદાનો
અર્પણ કરતો હતો અને ધૂપ પેટાવતો હતો.~ 4 પર્વતનાં શિખરો પર
આવેલા બધાં સ્થાનકોમાં સૌથી વધારે પ્રખ્યાત ઉચ્ચસ્થાન ગિબયોન-
માં હતું. રાજાએ ત્યાં જઈને 1,000 દહનાર્પણો અર્પણ કર્યા!~ 5 તે રાત્રે
યહોવાએ તેને સ્વપ્નમાં દર્શન આપ્યું અને કહ્યું, "તારે જે જોઈએ તે તું
માંગી લે, હું તને તે આપીશ."~ 6 ત્યારે સુલેમાંને જવાબ આપ્યો, "હે
યહોવા, તમે માંરા પિતા દાઉદ પ્રત્યે પુષ્કળ પ્રેમ દર્શાવ્યો છે. કારણ કે
તમાંરી સાથેના સંબંધમાં તે પ્રામાંણિક, સત્ય અને વિશ્વાસુ હતા, અને
તમાંરી આજ્ઞાઓને આધીન હતા. વળી તમે તેને એક પુત્ર આપીને ના-
આજે તેની જગ્યાએ રાજા બનાવ્યો છે તેના પ્રત્યેનો તમાંરો પ્રેમ બતા-
વ્યો છે.~ 7 હવે, ઓ માંરા યહોવા દેવ, તમે તમાંરા આ સેવકને માંરા પિ-
તા દાઉદ પછી રાજા બનાવ્યો છે, જો કે હું તો હજી છોકરો છું. કયાં જવું
અને શું કરવું એ હું જાણતો નથી.~ 8 હું અહીં તમાંરા પસંદ કરેલા લોકો
વચ્ચે આવી પડયો છું. આ એક મહાન પ્રજા છે અને તેઓની સંખ્યા
અગણિત છે!~ 9 તેથી, મને વિવેકબુદ્ધિવાળું હૃદય આપો; જેથી કરીને હું
ન્યાયપૂર્વક તમાંરા લોકો પર રાજ કરી શકું અને તેમને સાચા અને ખોટા
વચ્ચેનો તફાવત સમજાવી શકું, નહિ તો તમાંરા મહાન લોકો પર કોણ
રાજ કરી શકશે?"~ 10 સુલેમાંનની વિનંતીથી યહોવા પ્રસન્ન થયા.~
11 અને તેણે સુલેમાંનને કહ્યું, "તેં આ માંગણી કરી છે અને પોતાના માંટે
લાબું આયુષ્ય કે સંપત્તિ કે તારા દુશ્મનોનાં મોત પણ માંગ્યાઁ નથી,
પરંતુ ન્યાય પૂર્વક લોકો પર રાજય કરવા માંટે ડહાપણ માંગ્યું છે,~
12 અને એટલે જ જો, હું તારી માંગણી પૂરી કરું છું. હું તને એવું ડહાપણ
અને સમજ શકિતવાળું હૃદય આપું છું કે, તારા પહેલાં તારા જેવો કોઈ
થયો નથી અને તારા પછી કોઈ થવાનો નથી.~ 13 તદુપરાંત તેં જે માંગ્યું
નથી; એ પણ હું તને આપીશ; સમૃદ્ધિ અને સન્માંન! તારા જીવનપર્યંત
તારા જેવો શ્રીમંત કે ખ્યાતનામ વિશ્વમાં અન્ય કોઈ થશે નહિ!~ 14 અને,
જો તું તારા પિતાની જેમ માંરે માંગેર્ ચાલશે અને માંરી આજ્ઞાઓ, અને
વિધિઓનું પાલન કરશે તો હું તને દીર્ઘાયુ આપીશ."~ 15 પછી સુલેમાંન
જાગી ગયો, તેને સમજાયું કે આ તો સ્વપ્ન છે. સુલેમાંન યરૂશાલેમ પા-
છો આવ્યો, અને યહોવાએ ખાસ ઈસ્રાએલ સાથે કરેલા કરારનામાં ધરા-
વતા પવિત્રકોશ સામે ઊભો રહ્યો, અને દહનાર્પણ તથા શાત્યર્પણ
અર્પણ કર્યા. પછી તેણે તેના બધા અધિકારીઓ માંટે મિજબાની રા-
ખી.~ 16 તે પછી બે વારાંગનાઓ રાજાની સમક્ષ આવીને ઊભી રહી.~
17 પહેલી બોલી, "નામદાર, આ બાઈ અને હું એક જ ઘરમાં રહીએ છીએ.
એક પુત્રને મેં ઘરમાં જન્મ આપ્યો એ જયારે ત્યાં માંરી સાથે હતી.~
18 માંરી પ્રસૂતિ પછી ત્રીજે દિવસે તે સ્રીને પણ એક બાળક અવતર્યું.
ઘરમાં અમે એકલાં જ હતાં; ઘરમાં ત્યાં બીજું કોઈ નહોતું.~ 19 એક રાત્રે
ઊંઘમાં પાસું ફેરવતાં તેનો પુત્ર દબાઈને મૃત્યુ પામ્યો~ 20 પછી રાત્રે
ઊઠીને તેણે માંરી પાસેથી માંરા પુત્રને મને ખબર ન પડે તેમ ઉઠાવી
લીધો, તે વખતે હું ઊંઘતી હતી તે દરમ્યાન તેણે માંરું બાળક પોતાની
બાજુમાં મૂકયું અને તેનું મૃતક માંરી બાજુમાં મૂક્યું.~ 21 જયારે સવારમાં
હું માંરા બાળકને ધવડાવવા ઊઠી, તો તે મરેલો જણાયો, પણ અજવા-
ળામાં મેં ધારીને જોયું તો ખબર પડી કે, એ મને અવતરેલું બાળક નહો-
તું."~ 22 ત્યારે બીજી સ્ત્રી બોલી; "જે પુત્ર જીવતો છે એ તો માંરો, અને
જે મરી ગયો છે તે તારો છે." પ્રથમ સ્રીએ કહ્યું, "ના, મરેલો પુત્ર એ તારો
છે, અને જે જીવતો છે, એ માંરો છે." આમ તેઓ બંને પોતાની દલીલો
રાજા સમક્ષ રજૂ કરવા લાગી.~ 23 રાજાએ મનમાં વિચાર કર્યો, "આ કહે
છે કે, જીવતો છોકરો માંરો છે અને મરેલો તારો છે, જયારે પેલી સ્રી કહે
છે કે, "એ વાત ખોટી છે, મરેલો તારો છે અને જીવતો માંરો છે."~
24 પછી તેણે કહ્યું, "મને એક તરવાર લાવી આપો." એટલે રાજા આગળ
તરવાર રજૂ કરવામાં આવી.~ 25 પછી રાજાએ કહ્યું, "આ જીવતા બાળ-
કના બે ભાગ કરો અને બંને સ્રીઓને એક એક ભાગ આપો!"~ 26 આ
સાંભળીને જીવતા બાળકની સાચી માંતાના હૃદયમાં પ્રેમની લાગણી
જન્મી અને તેણે રાજાને કહ્યું, "નામદાર, બાળક ભલે એને આપી દો,
પણ એને માંરી નાખશો નહિ. પણ પેલી બીજી સ્રી બોલી, "બાળક તો
કોઈને નહિ મળે, ના એને મળે કે ના મને મળે, એના બે ટુકડા કરી ના-
ખો."~ 27 ત્યારે રાજાએ ચુકાદો આપ્યો, "જીવતુ બાળક પહેલી સ્ત્રીને
આપી દો. એને માંરી નાખશો નહિ. એજ એની ખરી માંતા છે."~ 28 રા-
જાએ જે અદલ ઈન્સાફ કર્યો તેની જાણ સમગ્ર ઈસ્રાએલમાં થઈ ગઈ,
ત્યારે તેમના રાજયના લોકોના મનમાં રાજા માંટે આદરભાવ જાગ્યો.
તેઓ સમજી ગયા કે, એ ન્યાય કરવા માંટે દિવ્ય જ્ઞાન ધરાવે છે.

4 સમગ્ર ઈસ્રાએલ પર રાજા સુલેમાંન રાજય કરતો હતો.~ 2 તેના
અમલદારો નીચે પ્રમાંણે હતા:સાદોકનો પુત્ર અઝાર્યા યાજક
હતો.~ 3 શીશાના પુત્રો અલીહોરેફ તથા અહીયાલ પત્રકારો હતા. અહી-
લૂદનો પુત્ર યહોશાફાટ ઈતિહાસકાર હતો.~ 4 યહોયાદાનો પુત્ર બનાયા
લશ્કરનો સરસેનાધિપતિ હતો. સાદોક તથા અબ્યાથાર યાજકો હતા.~
5 નાથાનનો પુત્ર અઝાર્યા રાજયપાલોનો વડો હતો. યાજક નાથાનનો
પુત્ર ઝાબૂદ રાજાનો મિત્ર હતો.~ 6 રાજમહેલની બાબતોનો વ્યવસ્થાપક
અહીશાર હતો; અને આબ્દાનો પુત્ર અદોનીરામ વેઠ મજૂરોનો અધિકારી
હતો.~ 7 ઈસ્રાએલમાં બાર પ્રશાશક હતા અને દરેક જણ રાજાના પરિ-
વાર માંટે અનાજ પુરું પાડતા હતા. દર વષેર્ દરેક પ્રશાશક એક મહિ-
નાનું અનાજ પૂરું પાડતા હતાં.~ 8 એ બાર પ્રશાશકનાં નામ નીચે પ્ર-
માંણે છે;બેનહૂર એફ્રાઈમના પહાડી પ્રદેશનો પ્રશાશક હતો.~ 9 બેન-દે-
કેર માંકાશ, શાઆલ્બીમ, બેથશેમેશ અને એલોન બેથહાનાનનો પ્રશા-
શક હતો.~ 10 બેન-હેશેદ અરૂબ્બોથ, સોખોહ અને હેફેરના બધાં પ્રદેશો-
નો પ્રશાશક હતો.~ 11 નાફોથ પહાડી પ્રદેશ પર બેન-અબીનાદાબ પ્ર-
શાશક હતો. તે સુલેમાંનની પુત્રી, રાજકુંવરી ટાફાથને પરણ્યો હતો.~
12 અહીલૂદના પુત્ર બાઅનાએ તાઅનાખ તથા મગિદ્દો, અને સારથાન-
ની બાજુમાં યિઝએલ તળે આખા બેથશઆનમાં પ્રશાશક હતો, તેણે બે-
થશઆનથી છેક આબેલ મહોલાહ અને યોકમઆમની પેલી પાર સુધી
શાસન કર્યું.~ 13 બેનગેબેર રામોથ ગિલયાદ, મનાશ્શાના પુત્ર યાઈરના
ગિલયાદમાં આવેલ ગામો તથા બાશાનમાંનો આગોર્બ પ્રદેશ પર પ્રશા-
શક હતો. આમાં કાંસાના સળીયાં અને દીવાલો વાળા સાંઇઠ મોટાઁ
નગરો પણ સમાંયેલા હતા.~ 14 ઈદ્દોના પુત્ર અહીનાદાબ માંહનાઈમનો
પ્રશાશક હતો.~ 15 અહીમાંઆસ નફતાલીનો પ્રશાશક હતો અને તે સુ-
લેમાંનની પુત્રી બાસમાંથને પરણ્યો હતો.~ 16 હૂશાયના પુત્ર બાઅનાઅ
આશેર અને બઆલોથનો પ્રશાશક હતો.~ 17 પારૂઆહના પુત્ર યહોશા-

ફાટ ઇસ્સાખારનો પ્રશાશક હતો.~ 18 એલાના પુત્ર શિમઇ બિન્યામીન-
નો પ્રશાશક હતો.~ 19 ઉરીના પુત્ર ગેબેર ગિલયાદનો પ્રશાશક હતો, એ
ભૂમિનો જેના પર અમોરીઓનો રાજા સીહોન અને બાશાનનો રાજા
ઓગ એક સમયે રાજ્ય કરતાં હતાં યહૂદામાં ત્યારે એક જ પ્રશાશક
હતો.~ 20 યહૂદા અને ઇસ્રાએલ સમુદ્ર કિનારે રહેલી રેતીની જેમ લોકોથી
ભરેલા હતાં અને તેઓ પાસે ખાવાપીવાનું પુષ્કળ હતું અને સુખી
હતાં.~ 21 સુલેમાંન રાજા યુફ્રેતિસ નદીથી પલિસ્તીઓના દેશ સુધી
તથા દક્ષિણે મિસર સરહદ સુધીના સમગ્ર પ્રદેશ પર શાસન કરતો હતો.
આ પ્રદેશના તાબેદાર લોકો સુલેમાંનને ઉપહાર આપતા હતા. સુલે-
માંનના જીવનકાળ દરમ્યાન તેઓ તેમને આધીન રહેતા હતા.~ 22 રાજ-
મહેલમાં વસનારાં રાજવી કુટુંબીના રોજીંદા ખોરાક માંટે 30 માંપ મેંદો,
60 માંપ લોટ,~ 23 તબેલામાં ચરાવેલા દસ ગોધા, અને ચરાણમાં ચરા-
વેલા 20 ગોધા, 100 ઘેટાં અને અવારનવાર હરણ, સાબર, કાળિયાર
અને પુષ્ટ પક્ષીઓ રાજાના રસોડામાં પૂરાં પાડવામાં આવતાં હતા.~
24 રાજા સુલેમાંને ફ્રાંત નદી પેલે પારના વિસ્તારમાં છેક તિફસાહથી તે
ગાઝા સુધી શાસન કર્યું. ત્યાંના બધા રાજાઓ પર તેણે રાજ કર્યું, અને
તેના રાજયમાં સર્વત્ર શાંતિ હતી.~ 25 સુલેમાંનના સર્વ દિવસો સુરક્ષા
ભરેલાં હતાં જે બધાંને, દાનથી તે બેરશેબા સુધી યહૂદિયા તથા ઇસ્રાએ-
લના બધાં લોકો જેઓ પોતપોતાના દ્રાક્ષાવેલા નીચે તથા પોતપોતાની
અંજીરી નીચે રહેતાં તે લોકોને અપાઇ હતી.~ 26 સુલેમાંન પાસે રથોના
ઘોડાઓ માંટે 40,000 તબેલા હતા અને 12,000 રથ ચાલકો હતા.~
27 પોતાને ભાગે આવેલા માંસમાં સુલેમાંન રાજાને તથા સુલેમાંનને ત્યાં
જમવા આવનાર સઘળાંને ખોરાક પૂરો પાડતો હતો; દરેક અધિકારી
એક મહિના માંટે ખોરાક પૂરો પાડતો હતો. તેઓ કોઇપણ વસ્તુ છોડી
મૂકવા માંગતાં નથી.~ 28 તેઓ, પ્રત્યેક પોતપોતાને સોંપેલી ફરજ પ્ર-
માંણે, પોતાના ઘોડાઓને માંટે તથા રાજાના ઘોડાઓ માંટે જવ તથા
સુકુ ઘાસ મોકલતા હતા.~ 29 દેવે સુલેમાંનને ઘણું ડહાપણ તથા વિવે-
કબુદ્ધિ તથા સમુદ્ર કિનારે રહેલી રેતીની જેમ વિશાળ સમજણશકિત
આપ્યાં હતાં.~ 30 મિસર તથા પૂર્વના દેશોના મહાન જ્ઞાનીઓને ઘણું
જ્ઞાન હતું પરંતુ તે સુલેમાંનના ડહાપણથી ઓછું હતું.~ 31 એથામ
એઝ્રાહી તથા માંહોલના પુત્રો હેમાંન, કાલ્કોલ, અને દાર્દા જ્ઞાનીઓ હતાં
પરંતુ તેમના કરતાં સુલેમાંન અધિક જ્ઞાની હતો. આજુબાજુની પ્રજાઓ-
માં તેની કીતિર્ પ્રસરેલી હતી.~ 32 તેણે 3,000 કહેવતો અને 1,005
ગીતોની રચના કરી હતી.~ 33 સુલેમાંને લબાનોનના દેવદાર વૃક્ષથી
માંડીને દીવાલોમાંથી ઉગતા ઝુફાના વૃક્ષો બાબત જ્ઞાન આપ્યું. સુલે-
માંને પશુઓ, પક્ષીઓ, પેટે ચાલનારા પ્રાણીઓ તથા માંછલીઓ વિષે
જ્ઞાન આપ્યું.~ 34 જે સર્વ લોકોએ તથા પૃથ્વી પરના જે સર્વ રાજાઓએ
સુલેમાંનના જ્ઞાન વિષે સાંભળ્યું હતું, તેઓ તેની જ્ઞાનની વાતો સાંભળ-
વા આવતા હતા.

5 તૂરનો રાજા હીરામ રાજા દાઉદ સાથે સંલગ્ન થઇ ગયો, તેણે પો-
તાના નોકરોને સુલેમાંન રાજા પાસે મોકલ્યા; કારણ કે તેણે જા-
ણ્યું હતું કે દાઉદનો પુત્ર સુલેમાંન ઇસ્રાએલના નવા રાજા તરીકે અભિ-
ષિકત થયો છે.~ 2 હીરામને પ્રત્ત્યુત્તર આપતાં સુલેમાંને કહેવડાવ્યું કે,~
3 તું જાણે છે કે, “માંરા પિતા યહોવા દેવના માંનમાં મંદિર બાંધી શકયા
નહિ, કારણ કે તેમને આજુબાજુના દુશ્મન રાજયો સાથે ઘણાં યુદ્ધો કર-
વાં પડયાં હતાં, અને યહોવા શાંતિ સ્થાપન કરે તેની તે રાહ જોતા
હતા.~ 4 પરંતુ હવે યહોવા માંરા દેવે ઇસ્રાએલમાં સર્વ સરહદોએ શાંતિ
સ્થાપી છે. કોઇ શત્રુ નથી કે નથી કોઇ આપત્તિ.~ 5 તેથી હવે હું માંરા
યહોવા માંટે મંદિર બનાવી શકું અને હું તેમ કરવા માંટે યોજના કરું છું,
એ કામ માંરે કરવાનું છે એવી સૂચના યહોવાએ માંરા પિતાને આપી
હતી. યહોવાએ તેમને કહ્યું હતું, તારા પછી તારા પુત્રને હું તારા રાજયા-
સન પર બેસાડીશ. તે માંરા નામ માંટે થઇને મંદિર બંધાવશે.~ 6 તેથી
હવે લબાનોનમાં તમાંરા સેવકોને માંરા માંટે દેવદાર વૃક્ષ કાપવા હુકમ
કરો, માંરા સેવકો તમાંરા સેવકોની સાથે રહેશે; અને તમે જે પ્રમાંણે કહે-
શો તે મુજબ હું તમાંરા સેવકોને વેતન ચૂકવી આપીશ; કારણ કે તમે
જાણો છો કે, કોઇ પણ ઇસ્રાએલી સિદોનીઓની જેમ કેવી રીતે વૃક્ષો
કાપવા તે જાણતો નથી!”~ 7 જયારે હીરામે સુલેમાંનનો સંદેશો સાંભ-
ળ્યો ત્યારે તે ખૂબ પ્રસન્ન થયો; તેણે કહ્યું, “યહોવાની સ્તુતિ થજો! કાર-
ણકે તેમણે દાઉદને આ મહાન પ્રજા પર રાજ્ય કરવા એક શાણો પુત્ર
આપ્યો છે.”~ 8 હીરામે રાજા સુલેમાંનને સંદેશો મોકલ્યો કે, “તમે દેવદા-
રના અને ફરના વૃક્ષ કાપવા માંટેનો જે સંદેશો મોકલ્યો છે તે મેં સાંભ-
ળ્યો છે, હું તમાંરી સઘળી ઇચ્છાઓ પરિપૂર્ણ કરીશ.~ 9 માંરા માંણસો
લબાનોનથી સમુદ્ર સુધી લાકડાં લઇ આવશે અને ત્યાંથી તમે કહેશો
ત્યાં હું તે લાકડાં બાંધીને તરાપા બનાવીને, સમુદ્રમાંગેર્ વહાવી દઇશ,
પછી લાકડાં છૂટાં કરી તમને સોંપી દેવાશે. તમાંરે તો માંરા માંણસોને
ફકત વેતન, ખોરાક અને રહેવા માંટેની જગ્યા આપવી પડશે.”~ 10 એમ
આ રીતે હીરામે સુલેમાંને જેમ ઇચ્છયું હતું તેમ કર્યું અને જરૂરિયાત મુજ-
બનું ફર અને દેવદાર વૃક્ષોનું લાકડું મોકલી આપ્યું.~ 11 તેના બદલામાં
સુલેમાંને પ્રતિવર્ષ હીરામને 20,000 માંપ ઘઉં અને 20 માંપ શુદ્ધ જૈત-
તેલ મોકલી આપ્યાં,~ 12 અને યહોવાએ સુલેમાંનને વચન આપ્યું હતું,
તે મુજબ તેણે તેને જ્ઞાન આપી; અને હીરામ તથા સુલેમાંનની વચ્ચે સુ-
લેહ-શાંતિના કરાર કર્યા.~ 13 રાજા સુલેમાંને પોતાને માંટે કામ કરવા
ઇસ્રાએલના 30,000 માંણસોને મજબૂર કર્યા.~ 14 તે તેઓમાંથી તે વા-
રા પ્રમાંણે પ્રતિમાંસ 10000 માંણસોને લબાનોન મોકલતો હતો; તેઓ
એક માંસ લબાનોનમાં અને બે માંસ પોતાના ઘેર રહેતા; અદોનીરામ
બધાં મજૂરોનો ઊપરી હતો.~ 15 સુલેમાંન પાસે તેના માંટે બાંધકામની
સામગ્રી ઊપાડનારા વધારાના70,000 માંણસો હતા. વળી પહાડી પ્રદે-
શમાં પથ્થર તોડનારા 80,000 માંણસો હતા.~ 16 બાર પ્રશાશકો ઊપ-
રાંત સુલેમાંન પાસે મજૂરોના કામ પર દેખરેખ રાખનારા 3,300 મુકાદ-
મો હતા.~ 17 રાજાની આજ્ઞા મુજબ ઘડેલા પથ્થરોથી મંદિરનો પાયો
નાખવા માંટે તેઓ મોટા તથા મૂલ્યવાન પથ્થરો ખોદી કાઢતા હતા.~
18 અને ગબાલ પ્રદેશના માંણસો પણ સુલેમાંનના અને હીરામના કામ-
દારોને મંદિર બાંધવા માંટે પથ્થર કાપવાના અને મંદિર માંટે લાકડા કા-
પવાના કામમાં મદદ કરતા હતા.

6 ઇસ્રાએલીઓ મિસરમાંથી 480 વર્ષ પછી બહાર આવ્યા પછી,
રાજા સુલેમાંનના ઇસ્રાએલ પરના શાસનનું ચોથું વર્ષ હતું, બીજા
મહિનામાં એટલે કે ઝીવ માંસમાં તેણે યહોવાના મંદિરનું બાંધકામ શરૂ
કર્યું.~ 2 રાજા સુલેમાંને જે મંદિર યહોવા માંટે બંધાવ્યું તે 60 હાથ લાંબુ,
20 હાથ પહોળું અને 30 હાથ ઊંચું હતું.~ 3 મંદિરની સામેની પરસાળ-
ની પહોળાઇ 20 હાથ અને લંબાઇ 10 હાથ હતી.~ 4 તેણે ચોકઠાં અને
આડશવાળી બારીઓવાળું મંદિર બંધાવ્યું.~ 5 તેણે બરોબર મંદિરની
દીવાલોની ફરતે એક બાંધકામનું માંળખું બનાવ્યું જેની અંદર નાની
ઓરડીઓ હતી.~ 6 આ ઓરડીઓના ત્રણ માંળ હતા. ભોંયતળિયાની
ઓરડીઓ5હાથ પહોળી, વચ્ચેના માંળની 6 હાથ પહોળી અને ઉપલા
માંળની~ 7 હાથ પહોળી હતી. તેણે દીવાલની બહારના ભાગમાં થાંભ-
લા બનાવ્યા હતા જેથી કરીને ટેકાવાળાં ખંભા મંદિરના અંદરના ભાગ-
ની દીવાલમાં દેખાય નહિ. 7 મંદિર બાંધવામાં જે પથ્થરો વપરાતા હતા,
તેને ખાણમાંજ કાપીને ચમકદાર બનાવાતાં હતા. તેથી મંદિર બંધાતુ
હતુ ત્યારે હથોડા કુહાડી કે બીજા કોઇપણ લોખંડના ઓજારનો અવાજ
સંભળાયો નહોતો.~ 8 ભોંય તળિયાનું પ્રવેશદ્વાર મંદિરની દક્ષિણ બા-
જુએ આવેલું હતું, ત્યાં વચલા માંળે જવાનો એક વળાંક વાળો ગોળા-
કાર દાદરો હતો અને વચલા માંળેથી સૌથી ઉપલે માંળે જવાતું હતું.~
9 સુલેમાંને મંદિરનું બાંધકામ પૂરું કર્યું અને છત દેવદારના પાટડા અને
પાટિયાની બનાવી.~ 10 મંદિરની દીવાલો બંધાઇ ગઇ હતી અને દીવા-
લોની દરેક બાજુએ દેવદારના પાટિયા હતાં. બધાં માંળ પાંચ હાથ ઊંચા
હતાં.~ 11 પછી સુલેમાંનને યહોવાના વચન સંભળાયાં;~ 12 “તું માંરા
માંટે આ મંદિર બાંધે છે, તો હવે જો તું માંરા ઉપદેશનો અમલ કરશે અને
માંરા બધા કાનૂનો અને આજ્ઞાઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરશે; તો મેં
તારા પિતા દાઉદને તારે વિષે જે વચન આપ્યું હતું તે હું પાળીશ.~
13 વળી હું ઇસ્રાએલીઓ વચ્ચે વસવાટ કરીશ અને માંરા ઇસ્રાએલી લો-
કોને તજી દઇશ નહિ.”~ 14 આમ, સુલેમાંને મંદિરનું બાંધકામ લાકડાથી
પૂરું કર્યું.~ 15 તેણે મંદિરની અંદરની દીવાલોને ભોંયતળિયાથી છત સુ-
ધી દેવદારના પાટિયાથી જડી દીધી હતી અને તેણે ચીડના લાકડાંથી
મંદિરના ભોંયતળિયાને જડી દીધો હતો.~ 16 મંદિરની પાછળની બાજુ
તેણે 20 હાથ લાંબો એક ઓરડો બાંધ્યો. તેણે તેની દીવાલો દેવદારથી
જડી દીધી હતી અને તે તળિયેથી છેક છત સુધી પહોંચતી હતી, આ

અંદરની જગ્યા હતી, પરમપવિત્ર સ્થળ હતું.~ 17 પરમ પવિત્રસ્થળની
સામેની બાકીની જગ્યા 40 હાથ લાંબી હતી.~ 18 મંદિરની અંદરની બા-
જુના હિસ્સામાં દેવદારના લાકડા પર ફૂલો અને વેલાઓ કોતરેલાં હતાં.
અંદરનો બધો જ ભાગ દેવદારના લાકડાથી મઢી લેવામાં આવ્યો હતો.
જેથી મંદિરની અંદરના હિસ્સામાં કયાંય પથ્થર દેખાતો નહોતો.~
19 મંદિરના પાછલા ભાગમાં 'પવિત્રકોશ' રાખવાની પરમ પવિત્ર જગ્યા
હતી, આ કોશમાં દેવનો ઇસ્રાએલ સાથેનો ખાસ કરાર હતો. 20 તે 20
હાથ લાંબું,~ 20 હાથ પહોળું અને 0 હાથ ઊંચું હતું અને તેને શુદ્ધ સોના-
ના પતરાથી મઢી લીધું હતું. અને વેદીને દેવદારના લાકડાંથી મઢી
હતી.~ 21 પછી સુલેમાંને મંદિરની અંદરની દીવાલો સોનાના આવરણ-
થી મઢી લીધી, અને અંદરની ઓરડીઓને પણ શુદ્ધ સોનાના પતરાથી
મઢી લીધી. અને તે પવિત્રસ્થાનના પ્રવેશદ્વારના એક છેડેથી બીજા છે-
ડા સુધી સોનાની સાંકળો લટકતી હતી.~ 22 આમ, સુલેમાંને મંદિરની
અંદરનો આખો ભાગ સોનાથી મઢી લીધો હતો. તેણે અંદરની પવિત્ર
જગ્યામાંની વેદીને પણ સોનાથી મઢી હતી.~ 23 સુલેમાંને પરમપવિત્ર-
સ્થાનમાં જૈતૂનના લાકડામાંથી બનાવેલા બે કરૂબ દેવદૂતો મૂકયા. તે
દરેક દસ હાથ ઉંચા હતા.~ 24 દરેક કરૂબને બે પાંખ હતી અને તે દરેક
પાંખ 5 હાથ લાંબી હતી; આથી દરેકની એક પાંખથી બીજી પાંખના છે-
ડાઓ વચ્ચેનું અંતર 10 હાથ હતું.~ 25 બીજા કરૂબની બે પાંખો વચ્ચેનું
અંતર પણ 10 હાથ હતું, બંને કરૂબો કદ અને આકારમાં સરખા જ
હતા.~ 26 દરેક દેવદૂતની ઊંચાઈ 10 હાથ હતી.~ 27 તેઓએ એ બંન્ને
કરૂબોને મંદિરના પરમ પવિત્ર સ્થાનમાં ગોઠવ્યા હતાં. કરૂબની પાંખો
ફેલાયેલી હતી, તેથી એક દેવદૂતની પાંખ એક ભીંતને અને બીજા દેવદૂ-
તની પાંખ બીજી ભીંતને અડતી હતી, અને તેમની બીજી પાંખો ખંડની
વચ્ચોવચ્ચ એકબીજાને મળતી હતી.~ 28 એ કરૂબ સોનાથી મઢેલા
હતાં.~ 29 મંદિરની બંને ઓરડીઓની બધી જ દીવાલો પર કરૂબ દેવદૂ-
તો ખજૂરીનાં વૃક્ષો અને ખીલેલાં ફૂલોનું કોતરકામ કરેલું હતું.~ 30 મંદિર-
ના બધાજ ભાગના તળિયાં સોનાથી મઢેલાં હતાં.~ 31 પરમપવિત્ર સ્થ-
ળના પ્રવેશ માંટે સુલેમાંને જૈતૂનના લાકડાના દરવાજા બનાવ્યા હતા.
થાંભલા અને દરવાજાના ચોકઠાને પાંચ બાજુ હતી.~ 32 બંને દરવાજા
પર કરૂબો, ખજૂરીનાં વૃક્ષો અને ખીલેલા ફૂલોનું કોતરકામ કરેલું હતું
અને તેને સોનેથી મઢી દીધું હતું .~ 33 એ જ રીતે મંદિરના બારણા માંટે
પણ જૈતૂનના લાકડાની બારસાખ કરાવી હતી અને ઉંબર ચારખૂણિયો
હતો.~ 34 અને દરવાજાના બેબારણાં સાયપ્રસના લાકડાંનાં પાટિ-
યાંમાંથી બનાવ્યાં હતાં. દરવાજાના દરેક બારણાના બે ભાગ હતા અને
એક પર એક વાળી શકાતા હતા.~ 35 એ બારણાંઓ પર કરૂબ દેવદૂતો,
ખજૂરીનાં વૃક્ષો, અને ખીલેલાં ફૂલોનું કોતરકામ કરેલું હતું અને બારણાં
સોનાના પતરાંથી મઢેલાં હતાં.~ 36 તેણે કાપીને ઘસીને ચકચકિત કરે-
લાં પથ્થરોની ત્રણ હાર અને દેવદારના ખંભાની એક હાર વડે અંદરનું
પ્રાંગણ બનાવ્યું.~ 37 સુલેમાંનના રાજ્યશાસન દરમ્યાન ચોથા વર્ષના
ઝીવ માંસમાં મંદિરના બાંધકામનો પાયો નાખવામાં આવ્યો હતો.~
38 અને અગિયારમાં વર્ષનો આઠમો મહિનો, એટલે કે બુલનાં મહિનામાં
મંદિરનું સર્વ બાંધકામ પૂરું થયું. આમ મંદિરનું બાંધકામ પૂરું થવામાં
સાત વર્ષ લાગ્યાં હતાં.

7 સુલેમાંનને પોતાનો મહેલ પૂરો કરતાં 13 વર્ષ લાગ્યાં હતાં.~
2 તેણે એક મકાન બંધાવ્યું જેનું નામ "લબાનોનનું વનગૃહ" રા-
ખ્યું. તેની લંબાઈ 100 હાથ, પહોળાઈ 50 હાથ અને ઊંચાઈ 30 હાથ
હતી. તે દેવદારના સ્તંભોની ચાર હારમાંળાઓ પર ટેકવેલું હતું. આ
સ્તંભો પર પાટડાઓની હાર હતી.~ 3 પાટડાઓની હાર ત્રણ હતી, અને
પ્રત્યેક હારમાં 15 પ્રમાંણે કુલ બધા મળીને 45 પાટડા હતા. આ દેવદા-
રના થાંભલા છતને ટેકો આપતા હતા.~ 4 ત્રણ હારમાં બારીના ચોક-
ઠાઓ એકબીજાની સામસામે હતાં.~ 5 બધા પ્રવેશદ્વાર અને બારણાંનાં
ચોકઠાં ચોરસ આકારના હતા. અને તે એકબીજાની સામસામે ત્રણ હા-
રમાં ગોઠવેલાં હતા.~ 6 બીજા ઓરડાનું નામ "સ્તંભની પરસાળ" હતું.
તેની લંબાઈ 50 હાથ હતી અને તે 30 હાથ પહોળો હતો. આ ઓરડાની
આગળ થાંભલાઓ હતાં જે પરસાળની છતને ટેકવતાં હતાં.~ 7 એક રા-
જ્યાસનખંડ અથવા "ન્યાયખંડ" પણ હતો, જેમાં બેસીને સુલેમાંન
ન્યાય કરતો હતો. એ ખંડ આખો ભોંયતળિયાથી છત સુધી દેવદારની
તકતીઓથી જડેલો હતો. 8 સુલેમાંને તેનો પોતાનો મહેલ બનાવ્યો, જે-
માં તે રહ્યો હતો "ન્યાયખંડ"ની પાછળના ભાગમાં હતો. તે મહેલ, અને
ફારુનની પુત્રી જેને એ પરણ્યો હતો તેને માંટે બાંધેલો મહેલ સરખાંજ
હતાં. 9 રાજમહેલના આ ઓરડાઓનાં બાંધકામ માંટે અતિમૂલ્યવાન
અને જોઇતા માંપ પ્રમાંણે તૈયાર કરેલા મોટા કદના પથ્થરોનો ઉપયોગ
થયો હતો. સમગ્ર માંળખામાં આ પથ્થરો વપરાયા હતા.~ 10 એમના પા-
યા મોટા આઠથી દસ હાથ પહોળા કિંમતી પથ્થરોના બનેલાં હતા.~
11 અને તેના પર માંપસર ઘડેલા પથ્થરોના અને દેવદારના થર હતા.~
12 મોટા ચોકની ફરતી દીવાલમાં ત્રણ થર ઘડેલાં પથ્થરના અને એક
થર દેવદારના લાકડાનો હતો અને યહોવાના મંદિરના અંદરના ચોકમાં
તેમ જ મંદિરની પરસાળમાં પણ એ જ પ્રમાંણે થરો હતા.~ 13 રાજા સુ-
લેમાંને હીરામને: તૂરથી બોલાવડાવ્યો.~ 14 તે નફતાલી કુળસમૂહની
એક વિધવાનો પુત્ર હતો. અને તેનો પિતા તૂરનો એક કંસારો હતો. તે
પોતે પણ બધી જાતના કાંસાના કામનો ઘણો બુદ્ધિશાળી અને કુશળ
કારીગર હતો, તેણે આવીને સુલેમાંન રાજાનું તમાંમ કામ કરી આપ્યું.~
15 તેણે કાંસાને ઢાળીને બે થાંભલાઓ તૈયાર કર્યા. દરેક થાંભલાની
ઊંચાઈ 18 હાથ હતી અને તેનો પરિઘ 12 હાથનો હતો.~ 16 સ્તંભની
ટોચ પર મૂકવા માંટે તેણે કાંસાના બે કળશ બનાવ્યા; દરેકની ઊંચાઈ
5 હાથ હતી.~ 17 કળશને શણગારવા માંટે કાંસાની સાંકળીઓ વડે ઝા-
લરો બનાવી. દરેક કળશની ચારેબાજુ સાત કાંસાની સાંકળીઓનું જા-
ળી કામ કરેલ હતું.~ 18 કળશ પર મૂકવા માંટે તેણે દરેક જાળીની ગૂંથ-
ણીની આસપાસ દાડમની બે હારમાંળા બનાવી.~ 19 આ કળશનો
આકાર કમળ જેવો હતો, અને તેમની ઊંચાઈ ચાર હાથ હતી.~ 20 આ
કળશો જાળી ગૂંથણીની બાજુમાં સ્તંભની પર ગોળાકાર કિનારીની પર
સ્તંભની ટોચ પર હતા. દરેક સ્તંભો પર હારબંધ 200 દાડમો કોતરેલાઁ
હતાઁ.~ 21 એ થાંભલા મંદિરની ઓસરી આગળ આવેલા હતા. જમણે
હાથે આવેલા થાંભલાનું નામ યાખીન હતું અને ડાબે હાથે આવેલા
થાંભલાનું નામ બોઆઝ હતું.~ 22 સ્તંભ પર મૂકેલા કળશો કમળોના
આકાર જેવાં હતાં. આમ સ્તંભોનું કામ પૂર્ણ થયું.~ 23 પછી તેણે ગાળે-
લા કાંસામાંથી 'સમુદ્ર' નામનો હોજ બનાવ્યો, એનો આકાર ગોળાકાર
હતો, અને તેનો વ્યાસ 10 હાથ હતો. તેની ઊંચાઇ 5 હાથ; તેનો પરિઘ
30 હાથનો હતો.~ 24 'સમુદ્રની' કિનાર નીચે 'સમુદ્રને' ફરતી દસ હાથ
લાંબી દીવાલો હતી, દીવાલો બે હારમાં ગોઠવાયેલી હતી અને હોજની
જેમજ ઢળાયેલી હતી.~ 25 કાંસાના બનાવેલા 12 બળદ પર હોજ મૂકે-
લો હતો. ત્રણ બળદનાં મુખ ઉત્તર તરફ, ત્રણનાં દક્ષિણ તરફ ત્રણનાં
પશ્ચિમ તરફ અને ત્રણનાં પૂર્વ તરફ હતા. તેઓની પૂંછડી અંદરની બા-
જુએ હતી.~ 26 હોજની દીવાલની જાડાઈ ચાર આંગળ જેટલી હતી, તેની
કોરનો આકાર વાટકાની કોર જેવો અને કમળના ફૂલ સમાંન હતો, તેમાં
2ણ000 બાથ પાણી સમાંઈ શકે તેમ હતું.~ 27 તદુપરાંત તેણે કાંસાની
10 ઘોડીઓ બનાવી, પાયો બનાવી; દરેક ઘોડીનો, પાયો 4 હાથ
લાંબો, 4 હાથ પહોળો, અને 3 હાથ ઊંચો હતો.~ 28 આ ઘોડીઓની,
એવી રીતે રચના આવી હતી; કે તેની સપાટી પર કિનારી હતી.~ 29 અને
એ તખતીઓ પર, સિંહો, બળદો અને કરૂબો ચીતરેલા હતા. એ સિંહો,
બળદો અને કરૂબોની પર અને નીચે વેલ અને ફુલની કોતરણીવાળી
ઝાલરો હતી.~ 30 દરેક ઘોડીને કાંસાના ચાર પૈડાં હતાં. અને તેની ધરી
પણ કાંસાની હતી. મેજને ચાર ખૂણા હતાં જેને ગાળેલા પીતળમાંથી
બનાવેલા ચાર ટેકાઓ મૂક્યાં હતાં. એ હાથા પર ફુલ વેલની ભાત કોત-
રેલી હતી.~ 31 તે મથાળેથી અંદરની તરફ ખૂલતું હતું અને તે દોઢ હાથ
ઉંચુ હતું, મથાળા પર કોતરકામ કરેલું હતું અને એની તકતીઓ ચોરસ
હતી, ગોળ નહોતી,~ 32 ઘોડીઓની નીચે અંદરમાં ચાર પૈડા હતાં અને
તેની ધરી મેજના પાયામાં બેસાડેલી હતી. પૈડાં દોઢ હાથ ઊંચા હતાં.~
33 પૈડાંનો ઘાટ રથના પૈડાં જેવો હતો. તેમની ધરીઓ, તેમની વાટો તે-
મના આરા તથા તેમનાં ચક્ર એ બધાં કાંસાના બનેલાં હતાં.~ 34 દરેક
ઘોડીને ચાર ખૂણે ચાર ટેકાઓ હતા, તે બધાં ઘોડીની સાથે એક જ ટૂક-
ડામાંથી બનાવેલાં હતાં.~ 35 ઘોડીની પર એક ગોળાકાર ઘુંમટ હતો,
અને તેની ઊંચાઈ અડધા હાથની હતી. તેનો કિનારો અને ટેકાઓ બધાં
એક જ ટૂકડામાંથી બનાવ્યાં હતાં.~ 36 એ તકતીઓ પર જયાં જયાં ખા-
લી જગ્યા હતી ત્યાં ત્યાં કરૂબ દેવદૂતો, હરણો, મૃગો સિંહો અને ખજૂર-

નાં વૃક્ષો કોતરેલાં હતા, અને તેની ફરતે ફુલ વેલની ભાત કોતરેલી ઝા-
લરો હતી.~ 37 આ રીતે એણે 10 ઘોડીઓ બનાવી હતી; તે બધીજ એક
સરખી અને ગાળેલા કાંસામાંથી બનાવેલી હતી અને કદમાં અને આકા-
રમાં સમાંન હતી.~ 38 પછી તેણે કાંસાની 10 કૂંડીઓ બનાવી, દરેક
કૂંડીમાં 40 બાથ1 પાણી માંય એવી અને 4 હાથ વ્યાસની હતી. દરેક
ઘોડી માંટે એક ઘડો હતો.~ 39 તેણે 5 કૂંડી મંદિરની દક્ષિણ તરફ અને
પાંચ ઉત્તર તરફ મૂકી. તેણે પિતળનો 'સમુદ્ર' મંદિરના અગ્નિખૂણા પર
રાખ્યો.~ 40 તદુપરાંત હીરામે કૂંડા-પાવડા તથા તપેલાં બનાવ્યાં. આ પ્ર-
માંણે હીરામે યહોવાના મંદિરને લગતું સુલેમાંન રાજાને માંટે તે સર્વ તેણે
પૂરું કર્યુ.~ 41 તેણે 2 થાંભલા, અને કળશ અને સ્તંભની ટોચ પરના
ઘુંમટને ઢાંકતી બે જાળી બનાવી હતી.~ 42 અને એ 2 જાળીને માંટે 400
દાડમ; એટલે થાંભલાની ટોચ પરના બે કળશના બંને ઘુંમટ ઢાંકવાની
પ્રત્યેક જાળીને માંટે દાડમની બબ્બે હારો;~ 43 તેણે 10 ઘોડી બનાવી
અને તેને માંટે 10 કૂંડા બનાવ્યા.~ 44 બાર બળદો પર ટેકવેલો એક મો-
ટો હોજ,~ 45 દેગડા, પાવડા, અને વાસણો, યહોવાના મંદિર માંટેની આ
સર્વ વસ્તુઓ અને બીજાં બધાં વાસણો હીરામે મંદિરમાં વાપરવા માંટે
બનાવ્યાં હતાં. જે મંદિર રાજા સુલેમાંન યહોવા માંટે બંધાવતો હતો અને
તે કાંસાનાં બનાવેલાં હતાં.~ 46 આ બધી વસ્તુઓ તેણે યર્દન નદીના
મેદાન પ્રદેશમાં સુક્કોથ અને સારથાનની વચ્ચે માંટીના બીબા વાપરી-
ને ગાળેલા કાંસાની બનાવેલી હતી.~ 47 સુલેમાંને એ સર્વ વાસણો
વજન કર્યા વિના રહેવા દીધાઁ, કારણ તેમની સંખ્યા ઘણી હતી. તેથી
કાંસાનું કુલ વજન ક્યારેય નક્કી ન થઇ શક્યું.~ 48 સુલેમાંને યહોવાના
મંદિર માંટેનાં સાધનો બનાવ્યા: સોનાની વેદી અને જેના પર અર્પિત
રોટલી રાખી હતી તે સોનાનો બાજઠ,~ 49 તેણે શુદ્ધ સોનાના પાંચ
ઊભા દીવા દક્ષિણ બાજુએ અને પાંચ ઉત્તર બાજુ; પરમ પવિત્રસ્થાન-
ની સામે મૂક્યા. દરેક પર ફૂલો દીવીઓ અને ચીપિયાઓ હતાં જે બધા
સોનાનાઁ બનેલાઁ હતાઁ.~ 50 શુદ્ધ સોનાનાઁ પ્યાલાં, કાતરો, તપેલાં, વાટ-
કા, અને ધૂપદાનીઓ, અને ગર્ભગૃહનાં તેમજ પરમ-પવિત્રસ્થાનના બા-
રણાં માંટે મિજાગરાં પણ સોનાનાં બનાવડાવ્યાં.~ 51 આમ યહોવાના
મંદિરનું બાંધકામ પૂર્ણ થયું. ત્યારે સુલેમાંન રાજાએ તેના પિતાએ યહો-
વાને અર્પણ કરેલા બધાં સોનાઁ અને ચાંદીના પાત્રો લઈ જઈને યહોવા-
ના મંદિરના ભંડારમાં જમાં કરાવ્યાં.

8 સુલેમાંને ઈસ્રાએલના બધાજ વડીલો અને ઈસ્રાએલના દરેક કુ-
ળમાંથી બધાજ અગ્રણીઓને યરૂશાલેમ બોલાવ્યા. જેથી તેઓ
યહોવાનું ઈસ્રાએલ સાથેનું વિશેષ કરારનામું દર્શાવતો પવિત્રકોશ દાઉ-
દના નગરમાંથી જે સિયોન પણ કહેવાય છે ત્યાંથી લાવી શકે.~ 2 અને
તેઓ બધા એથાનીમ એટલે કે દશમાં મહિનામાં માંડવાપર્વને પ્રસંગે
રાજા સુલેમાંન સમક્ષ ભેગા થયા.~ 3 આ ઉજવણી વખતે ઇસ્રાએલના
બધાજ વડીલો આવ્યા અને યાજકોએ 'પવિત્રકોશ' ઊપર ઊચક્યો.~
4 તે યાજકો અને લેવીઓ યહોવાના પવિત્રકોશને મુલાકાત મંડપમાં
લાવ્યા અને બીજી બધી વસ્તુઓને જે યહોવાને પૂજવા માંટે વપરાતી
હતી.~ 5 ત્યારબાદ રાજા સુલેમાંન અને તમાંમ ઈસ્રાએલી પ્રજાજનો
પવિત્રકોશની સમક્ષ એકત્ર થયા અને અસંખ્ય ઘેટાં અને બળદોના
અર્પણો આપ્યા.~ 6 ત્યારબાદ યાજકો યહોવાના ઇસ્રાએલ સાથેના
કરારનામાંનો પવિત્રકોશ મંદિરના પરમ પવિત્રસ્થાનમાં લઈ ગયા, અને
કરૂબીઓ દેવદૂતોની નીચે તેને મૂકયો.~ 7 પવિત્રકોશ જયાં મૂકવામાં
આવ્યો, તેનાં પર પાંખો પ્રસરેલી રહે એ રીતે કરૂબ દેવદૂતોની રચના
કરવામાં આવી હતી. આમ કરૂબ દેવદૂતોની પાંખોએ કોશ અને તેના
છેડાઓ પર આચ્છાદન કર્યુ હતું.~ 8 પેલા છેડાઓ એટલા લાંબા હતા કે
તેમના છેડા તેજ ઓરડામાંથી જોઈ શકાતા નહોતા, પરંતુ બીજા રૂમની
બહારથી તે જોઈ શકાતા હતા, પણ બહારથી તે જોઇ શકાતા નહોતાં,
અને આજ સુધી તે ત્યાં છે.~ 9 ઇસ્રાએલીઓ મિસરમાંથી બહાર આવ્યા
ત્યારે યહોવાએ તેમને આપેલા વચનો જે પથ્થરની બે તકતીઓમાં
આલેખાયેલા હતાં; જે મૂસા હોરેબ પર્વત પરથી લાવ્યો હતો અને તેણે
પવિત્રકોશમાં મૂકી હતી, પવિત્રકોશમાં ફકત આ બે તકતીઓ જ હતી તે
સિવાય તેમાં બીજું કશું નહોતું.~ 10 જુઓ, જયારે યાજકો યહોવાના
મંદિરમાંથી બહાર આવ્યા ત્યારે યહોવાનું મંદિર વાદળ વડે ભરાઈ
ગયું!~ 11 અને તેથી તેઓ સેવા ચાલુ રાખી શકે તેમ નહોતાં. આખા
મંદિરમાં યહોવાનું ગૌરવ વ્યાપી ગયું હતું.~ 12 ત્યારે સુલેમાંને કહ્યું, "ઓ
યહોવા, તમે ગાઢ વાદળોમાં રહેવાનું પસંદ કર્યુ છે;~ 13 મેં તમાંરે માંટે
એક ભવ્ય મંદિર બાંધ્યુ છે, જેમાં તમે સદાકાળ નિવાસ કરો."~ 14 પછી
રાજા લોકોની સભા તરફ ફર્યો, લોકો તેમની સમક્ષ ઊભા રહ્યા હતા, તે-
ણે લોકોને આશીર્વાદ આપ્યા.~ 15 રાજાએ કહ્યું,"ઇસ્રાએલના દેવ યહો-
વાની સ્તુતિ હોજો! તેમણે માંરા પિતા દાઉદને જે વચન આપ્યું હતું, તે
તેમણે પોતાના બાહુબળથી કરી બતાવ્યું છે.~ 16 તેણે કહ્યું હતું કે, 'હું
માંરા લોકોને ઇસ્રાએલીઓને મિસરમાંથી બહાર લઈ આવ્યો, તે દિવસ-
થી મેં ઇસ્રાએલના કોઈ કુળસમૂહના પ્રદેશમાંથી માંરા માંટે મંદિરનું
સ્થાન નક્કી કર્યુ નહોતું. પરંતુ લોકોના આગેવાન થવા માંટે મેં એક પુ-
રુષ દાઉદની પસંદગી કરી હતી.'~ 17 "હવે માંરા પિતા દાઉદે ઇસ્રાએલ-
ના યહોવા દેવના નામનું એક મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો હતો.~
18 પરંતુ યહોવાએ તેને કહ્યું, 'માંરા નામનું મંદિર બાંધવાનો તેં નિર્ણય
કર્યો છે, અને એ વિચાર સારો છે,~ 19 હજી પણ તે મંદિર તું બનાવીશ
નહિ, પણ તારો સગો પુત્ર માંરા નામ માંટે મંદિર બાંધશે.'~ 20 "હવે
યહોવાએ પોતાનું વચન પાળ્યું છે. યહોવાએ વચન આપ્યા પ્રમાંણે, હું
માંરા પિતા દાઉદ પછી ઇસ્રાએલની ગાદી પર આવ્યો છું, અને મેં ઇસ્રા-
એલીઓના યહોવા દેવના નામનું મંદિર બંધાવ્યું છે.~ 21 અને તેમાં
યહોવાએ આપણા પિતૃઓને મિસરમાંથી બહાર લાવ્યા પછી તેમની
સાથે કરેલા કરાર આ પવિત્ર કોશમાં રાખવામાં આવેલા છે."~ 22 ત્યાર-
બાદ સુલેમાંને યહોવાની વેદી સમક્ષ ઊભા રહીને સમગ્ર ઇસ્રાએલી
સમાંજના દેખતાં આકાશ તરફ પોતાના હાથ ફેલાવ્યા,~ 23 "ઓ ઇસ્રા-
એલના યહોવા દેવ, પર આકાશમાં અને નીચે પૃથ્વીમાં તમાંરા જેવું કોઈ
નથી, તમે પ્રેમાંળ અને દયાળું છો. તમે કરાર પાળો છો, અને તમાંરા સે-
વકોને વફાદાર રહો છો, જેઓ તમાંરી સામે પૂર્ણ હૃદયથી વતેર્ છે.~
24 તમાંરા સેવક, માંરા પિતા દાઉદને આપેલું તમાંરું વચન આજે તમે
પૂર્ણ કર્યુ છે.~ 25 અને હવે, હે ઇસ્રાએલના યહોવા દેવ, દાઉદને આપેલું
આ બીજું વચન પણ તમે પૂર્ણ કરો; 'માંરા પિતા દાઉદનાં સંતાનો
તમાંરાં વચનો પ્રમાંણે વર્તશે અને તમે ચીંધેલા માંગેર્ ચાલશે અને
તમાંરી આજ્ઞાઓને આધીન રહેશે, તો દરેક પેઢીમાં દાઉદના વંશજો-
માંનો જ એક ઇસ્રાએલની રાજગાદી પર બેસશે.'~ 26 ઓહ, ઇસ્રાએલના
દેવ, જે કરાર તમે તમાંરા સેવક, માંરા પિતા દાઉદ સાથે કર્યો હતો તે પૂ-
ર્ણ કરો.~ 27 "પરંતુ ઓ! દેવ! શું એ શકય છે કે તમે સાચે જ આ પૃથ્વી
પર રહેશો? કારણ કે આકાશ, અરે! ઉંચામાંઉંચા સ્વગોર્, પણ તમને
ધારણ કરી શકે તેમ નથી, તો આ મંદિર જે મેં બંધાવેલું છે તેની શી વિ-
સાત?~ 28 તેમ છતાં, ઓ માંરા યહોવા, આ તમાંરા સેવકને આજે તમે
ધ્યાનથી સાંભળો અને તેની વિનવણી વિષે વિચારજો.~ 29 રાતદિવસ
તમાંરી આંખો આ મંદિર પર ઠરેલી રહો, આ સ્થાન પર રહો, જેને વિષે
તમે કહ્યું હતું કે, 'માંરું નામ એમાં વાસો કરશે.' તમાંરો સેવક આ સ્થાને
જે પ્રાર્થના કરે તે સાંભળજો~ 30 વળી તમાંરો સેવક અને ઇસ્રાએલના
તમાંરા લોકો, આ મંદિર તરફ મુખ રાખીને પ્રાર્થના કરે, ત્યારે તેઓની
દરેક અરજ તરફ કાન ધરજો; અને આકાશમાં તે સાંભળીને તમે તેઓને
ક્ષમાં કરજો.~ 31 "જો કોઈ માંણસ બીજા માંણસનો ગુનો કરે, અને એ
બીજો માંણસ જો તમાંરા મંદિરમાં આવે અને તમાંરી વેદીની સામે ઊભા
રહીને સોગંદ પૂર્વક પ્રતિજ્ઞા લે,~ 32 તો તમે આકાશમાંથી સાંભળજો,
અને જેમ કરવું જોઇએ તે મુજબ કરજો અને તમાંરા એ સેવકને ન્યાય
આપજો. જેનો વાંક હોય તેને તમે તે પ્રમાંણે સજા કરજો, અને જે નિદોર્ષ
હોય તેઓને તેઓની નિદોર્ષતા માંટે તમે જરૂર બદલો આપજો.~
33 તમાંરી વિરુદ્ધ પાપ કરવાને કારણે તમાંરા લોકો ઇસ્રાએલીઓ કોઈ
દુશ્મન સામે હારી જાય; તો તેઓ પાછા તમાંરા તરફ વળે, તમાંરું નામ
લે અન આ મંદિરમાં તમાંરી પ્રાર્થના અને વિનવણી કરે,~ 34 તો તમે
આકાશ-માંથી સાંભળજો અને તમાંરા લોકો ઇસ્રાએલીઓને તેમના પા-
પો માંટે માંફી આપજો, અને તેમના પિતૃઓને તમે જે જમીન આપી ત્યાં
તેમને પાછા લાવજો,~ 35 "તમાંરા લોકો ઇસ્રાએલીઓ દ્વારા તમાંરી વિ-
રુદ્ધ પાપ કરવાને લીધે આકાશમાંથી વરસાદ ન વરસે, અને જો તેઓ
આ મંદિરમાં આવીને પ્રાર્થના કરે, તમાંરું નામ લે, અને તમાંરી સજા
પામીને પશ્ચાતાપ કરે.~ 36 તો તમે આકાશમાંથી સાંભળજો, તમાંરા સે-
વકોને તમે માંફ કરજો, તેઓને જીવવા માંટેનો સાચો માંર્ગ શીખવજો

અને તમાંરા લોકોને તમે આપેલી ભૂમિ પર વરસાદ વરસાવજો.~ 37 “જો
દેશમાં દુકાળ પડે કે મરકી ફાટી નીકળે, પાક લૂથી બળી જાય, કે મસી
આવે, તીડ કે કાતરા પડે; એ લોકોના કોઈ દુશ્મનો એમના કોઈ શહેરને
ઘેરો ઘાલે કે કોઈ આફત ઊતરે કે, રોગચાળો ફાટી નીકળે.~ 38 અને
ઇસ્રાએલના લોકો જ્યારે ખરી લાગણી સાથે પશ્ચાતાપ કરે અને આ
મંદિરમાં હાથ પ્રસારીને તમાંરી પ્રાર્થના કરવા આવે.~ 39 તો તમે આકા-
શમાંથી તેઓની પ્રાર્થના સાંભળીને તેઓને ક્ષમા આપજો. પ્રત્યેક વ્ય-
ક્તિને તેની લાયકાત પ્રમાંણે આપજો, તમે એક જ માંત્ર જાણો છો, લો-
કોના હૃદયમાં શું છે.~ 40 તમે અમાંરા પિતૃઓને આ જમીન આપી હતી
જેથી તેઓ હંમેશા તમાંરો આદર કરે.~ 41 “બિનઇસ્રાએલી લોકો તમાંરા
નામના ગૌરવને માંટે દૂર દેશથી આ મંદિરમાં આવે,~ 42 કારણ કે તેઓ
તમાંરુ વિખ્યાત નામ, તમાંરા મજબૂત હાથ, તમાંરી શક્તિશાળી ભૂજા
વિષે જાણે છે અને તેઓ તમાંરાં મંદિરમાં તમને પ્રાર્થના કરવા આવશે,~
43 ત્યારે તમે તમાંરા ધામ આકાશમાંથી તે સાંભળજો, અને તે વિદેશી જે
કંઈ માંગે તે બધું આપજો, જેથી આખી પૃથ્વીમાં લોકો તમાંરું નામ જા-
ણવા પામે અને તમાંરા લોકો ઇસ્રાએલીઓની જેમ તમને અનુસરે અને
તમાંરાથી ડરીને ચાલે અને જાણે કે મેં બધાંવેલું આ મંદિર તમને અર્પણ
કરેલું છે.~ 44 “વળી તમે તમાંરા લોકોને તેઓના શત્રુઓની સામે યુદ્ધમાં
મોકલો અને ત્યારે જો તેઓ તમાંરા પસંદ કરેલા નગર અને મંદિર જે મેં
તમાંરે નામે બંધાવેલ છે તેની તરફ જોઇને યહોવાને પ્રાર્થના કરે.~ 45 તો
તમાંરે સ્વર્ગમાં તેઓની પ્રાર્થના સાંભળજો અને તેમને મદદ કરજો.~
46 “જો તેઓ તમાંરી વિરુદ્ધ પાપ કરે-કોણ નથી કરતું?- અને તું રોષે
ભરાઈને તેમને શત્રુના હાથમાં સોંપી દે, અને તેઓ તેમને કેદ કરીને પો-
તાના દેશમાં લઈ જાય, પછી એ દૂર હોય કે નજીક હોય.~ 47 જ્યારે તેઓ
તે દેશમાં છે જ્યાં તેઓને બંદી તરીકે લઇ જવાયા હતા, જો તેઓ પોતા-
ના દુષ્કૃત્યો અને પાપો વિષે જાણે અને તમાંરી તરફ પાછા વળે અને
પ્રાર્થના કરે કે, હે દેવ, અમે ખોટું કર્યુ છે! અમે પાપ કર્યુ છે;~ 48 અને
તેઓ ખરેખર તમાંરા તરફ પાછા વળે, જ્યારે તેઓ તેના દુશ્મન જેણે તે-
મને બંદી કર્યા હતા, તેના દેશમાં હોય અને પ્રમાંણિકપણે તમાંરી તરફ
વળે, અને જે દેશ તમે તેઓના પૂર્વજોને આપ્યો હતો, નગર જે તમે
પસંદ કર્યું હતું અને મંદિર જે મેં તમાંરા માંટે બાંધ્યું હતું, તેના સામે જો-
ઇને તેઓ પ્રાર્થના કરે.~ 49 તો તમે સ્વર્ગમાં તમાંરા નિવાસમાંથી જો જો
અને તેમની વિનવણી સાંભળજો; તેઓ પ્રત્યે ન્યાયપૂર્વક વર્તજો.~
50 તેમણે તમાંરી સામે કરેલાં બધાં પાપો અને ગુનાઓની ક્ષમાં આપજો,
તેમને કેદ કરનારાઓનાં હૃદયમાં દયા જગાડજો;~ 51 કારણ કે તેઓ
તમાંરા પોતાના લોકો છે. તમાંરા વારસો છે. અને જ્યારે તમે તેમનેજે
લોખંડની ભઠ્ઠી જેવું હતું. મિસર તેમાંથી બહાર લઇ આવ્યા.~ 52 “તેઓ-
ના પ્રત્યે કૃપાદ્રષ્ટિ રાખજો અને તેઓની પ્રાર્થના તમે સાંભળજો. હે
યહોવા, તેઓ મદદ માંટે આગ્રહપૂર્વક તમને વિનંતી કરે ત્યારે તે સાંભ-
ળીને તેઓને ઉત્તર આપજો.~ 53 કારણ કે યહોવા દેવ તમે અમાંરા પિતૃ-
ઓને મિસરમાંથી મુક્ત કરીને બહાર લઈ આવ્યા ત્યારે તમે તમાંરા સે-
વક મૂસાને કહ્યું હતું કે પૃથ્વી પરની તમાંમ પ્રજાઓમાંથી તમાંરા ખાસ
લોકો થવા માંટે તમે ઇસ્રાએલી પ્રજાને પસંદ કરી છે.”~ 54 હવે જ્યારે સુ-
લેમાંને યહોવા માંટેની આખી ઉપાસના કરવાનું પૂરું કર્યુ; તે ઘૂંટણિયે
પડ્યો હતો ત્યાંથી ઉભો થયો. અને યહોવાની વેદી સમક્ષ, અને
આકાશ તરફ જોતાં, રાજા સુલેમાંને પોતાના હાથ સ્વર્ગ તરફ લંબા-
વ્યા.~ 55 ત્યારબાદ ઊઠીને ટટાર ઊભા રહી મોટે સાદે આખા ઇસ્રાએલી
સમાંજને તેણે આશીર્વાદ આપ્યા.~ 56 “તે બોલ્યો, યહોવાની પ્રસંશા
થાઓ કારણ કે, તેણે જેમ કહ્યું હતું તેમ પોતાના લોકો ઇસ્રાએલીઓને
આરામ આપ્યો, તેણે તેના સેવક મૂસાને આપ્યા હતા તે બધાં વચનો
તેણે પાળ્યા.~ 57 આપણા દેવ યહોવા આપણા પિતૃઓની જેમ આપ-
ણી સાથે સદાય રહો, તે કદી આપણો હાથ ન છોડો અથવા આપણો
ત્યાગ ન કરો,~ 58 તે ભલે આપણાં હૃદયને તેની મહાનતા તરફ વાળે,
જેથી આપણે તેનામાં શ્રદ્ધા રાખીએ, તેના ચીંધેલા માંગોર્ને અનુસરીએ
અને તેમણે આપણા પિતૃઓને આપેલી આજ્ઞાઓ, વિધિઓ અને ધા-
રાઓનું આપણે પાલન કરીએ.~ 59 માંરા આ શબ્દો, દેવ યહોવા આગ-
ળની માંરી આ વિનવણી આપણા દેવ યહોવા સમક્ષ દિવસરાત હાજર
રહો, જેથી રોજરોજ ઊભી થતી જરૂરીયાત પ્રમાંણે તે પોતાના સેવકનું
અને પોતાના લોકો ઇસ્રાએલીઓને માંટે ઘટતું કરે.~ 60 આથી આખી દુ-
નિયાના લોકોને ખાતરી થશે કે, યહોવા એ જ આપણા દેવ છે અને તેના
સિવાય બીજા કોઇ દેવ નથી.~ 61 તમાંરાં હૃદય સંપૂર્ણપણે આપણા
યહોવા દેવને સ્વાધીન થવા જોઇએ અને આજે તમે તેના વિધિઓ અને
આજ્ઞાઓનું પાલન કરો છો તેમ હમેશાં પાલન કરતા રહો.”~ 62 પછી રા-
જાએ તથા તમાંમ ઇસ્રાએલી લોકોએ યહોવાને યજ્ઞો અર્પણ કર્યા.~
63 સુલેમાંન રાજાએ~22,000 બળદ અને 1,20,000 ઘેટાં અને બકરાં
યહોવાને શાંત્યર્પણો તરીકે અર્પણ કર્યા. આમ રાજાએ અને ઇસ્રાએલી
લોકોએ મંદિરને પવિત્ર કાર્ય માંટે અર્પણ કર્યું.~ 64 રાજાએ મંદિરની સા-
મેના ખુલ્લા આંગણાને પાવન કરાવ્યું. પછી ત્યાં દહનાર્પણો, ખાદ્યાર્પ-
ણો ઉપરાંત શાંત્યર્પણોમાં પશુઓનાં ચરબીવાળા ભાગો ધરાવ્યા, કા-
રણ; યહોવા આગળની કાંસાની વેદી આ બધી વસ્તુઓને સમાંવવા
માંટે પૂરતી નહોતી.~ 65 આમ, સુલેમાંને અને તેની સાથે બધાં ઇસ્રાએ-
લીઓએ ઉત્તરમાં હમાંથની ઘાટીથી તે દક્ષિણમાં મિસરની હદ સુધીનાં
આખા સમુદાયે સાત દિવસ સુધી મંદિરનું સમર્પણ ઉજવ્યું.~ 66 આઠમે
દિવસે રાજાએ લોકોને વિદાય કર્યા, અને તેઓ રાજાને આશીર્વાદ
આપીને, યહોવાએ પોતાના સેવક દાઉદનું અને પોતાના ઇસ્રાએલી લો-
કોનું જે કલ્યાણ કર્યુ હતું તેથી આનંદ અને હર્ષથી છલકાતાં હૈયે તેઓ
પોતપોતાને ઘેર ગયા.
9 સુલેમાંન જયારે યહોવાનું મંદિર અને રાજમહેલ તથા અન્ય જે જે
બાંધવાની એમની ઉત્કંઠા હતી તે બધું પૂરું કર્યુ.~ 2 ત્યારે યહો-
વાએ તેને જેમ ગિબયોનમાં દર્શન દીધા હતા, તેમ બીજી વાર દર્શન
આપ્યાં.~ 3 યહોવાએ તેને કહ્યું, “મેં તારી પ્રાર્થના અને અરજ સાંભળી
છે, તેં બંધાવેલું આ મંદિર હું પુનિત કરું છું. જેથી માંરું નામ હમેશાં ત્યાં
હશે. માંરું હૃદય અને માંરી દૃષ્ટિ નિરંતર હું ત્યાં રાખીશ.~ 4 અને જો તું
તારા પિતા દાઉદની જેમ તારૂં કામ નીતિમત્તાથી કરીશ અને પ્રામાંણિ-
કતાથી વર્તીશ અને માંરા આદેશો, કાનૂનો અને નિયમોને અનુસરીશ
તો.~ 5 મેં જે રીતે તારા પિતા દાઉદને કહ્યું છે તેમ ઇસ્રાએલ પર હંમેશ
માંટે તારા દ્વારા શાસન કરાવડાવીશ. મેં તેને કહ્યું હતું કે, તારા વંશજો-
માંનો એક હંમેશા ઇસ્રાએલની રાજગાદી પર બેસશે.~ 6 “પણ તમે કે
તમાંરા વંશજો માંરાથી વિમુખ થઈ જશો અને તમાંરી સમક્ષ રજૂ કરેલા
વિધિઓ અને આજ્ઞાઓનું પાલન નહિ કરો અને જો તમે અન્ય દેવોની
સેવાપૂજા કરશો,~ 7 તો હું ઇસ્રાએલીઓને જે ભૂમિ આપી છે તેમાંથી તે-
મને હાંકી કાઢીશ; મંદિર કે જેને મેં માંરી ખ્યાતિ માંટે સમપિર્ત કરેલું તે-
નો ત્યાગ કરીશ અને બધા ઇસ્રાએલીઓ બીજા બધા રાષ્ટો માંટે એક
મહેણાંટોણાં અને ધૃણાનું કારણ બનશે;~ 8 તથા આ મંદિર ખંડેર બની
જશે, અને જતા આવતા સૌ કોઈ એને જોઈને આશ્ચર્યથી પૂછશે, ‘યહો-
વાએ આ ભૂમિના અને આ મંદિરના આવા હાલ શા માંટે કર્યા?’~ 9 અને
તેમને પ્રત્યુત્તર મળશે, ‘કારણ, આ લોકોએ જેના પિતૃઓને મિસરમાંથી
તેમના દેવે બહાર કાઢયા હતાં તેને છોડી દીધો છે અને બીજા દેવોને
સ્વીકાર કરીને તેમની આરાધના કરવાનું શરૂ કર્યુ છે. એ જ કારણથી
યહોવાએ આ બધી વિપત્તિ તેમના પર મોકલી દીધી છે.’”~ 10 સુલેમાંન-
ને મંદિર અને મહેલ બાંધતાં 20 વર્ષ થયાં.~ 11 તૂરના રાજા હીરામે સુલે-
માંનને દેવદારનું લાકડું, એરેજનું લાકડું, સોનું અને બીજું જે કાઇ જોઇતું
હોય તે આપ્યું હતું તેથી રાજા સુલેમાંને હીરામને ગાલીલ પ્રદેશમાંના 20
ગામો આપ્યા હતા.~ 12 પણ જયારે હીરામ તેને સુલેમાંને આપેલાં ગામો
જોવા માંટે તૂરથી ગયો ત્યારે તેને એ ગામોથી સંતોષ ન થયો,~ 13 તે
બોલ્યો, “ભાઈ, તમે મને આ તે કેવાં ગામો આપ્યાં છે?” અને તેથી તેણે
એ પ્રદેશ નું નામ ‘કાબૂલ’ રાખ્યું, તે પ્રદેશ આજે પણ એ નામે ઓળખાય
છે.~ 14 હીરામે રાજાને તે ઉપરાંત 4ણ080 કિલો સોનું મંદિરના બાંધ-
કામ માંટે મોકલી આપ્યું હતું~ 15 સુલેમાંને યહોવાનું મંદિર અને પોતા-
નો મહેલ, મિલ્લોનો કિલ્લો, યરૂશાલેમનો કોટ, હાસોર, મગિદો તથા વેઠ
મજૂરીની પ્રથા દ્વારા બંધાવ્યા હતાં.~ 16 મિસરના રાજા ફારુને ગેઝેર પર
હુમલો કરી તેને કબજે કર્યુ હતું અને બાળી મૂક્યું હતું, અને ત્યાં વસતા
કનાનીઓની હત્યા કરી હતી. ત્યારબાદ તેણે એ નગર પોતાની દીકરી-
ને દહેજ તરીકે આપ્યું જેના લગ્ન રાજા સુલેમાંન સાથે થયાં હતાં.~
17 અને સુલેમાંને ગેઝેર નીચાણનો બેથહોરોન,~ 18 બાઅલાથ અને
વગડામાં આવેલું તાહમોર ફરી બાધ્યાં,~ 19 તેમજ પોતાનાં બધાં ભંડાર-

નાં નગરો, તેમજ જે શહેરોમાં એ પોતાના રથ અને ઘોડાઓ રાખતો હતો
તે પણ ફરી બંધાવ્યાં. અને યરૂશાલેમ લબાનોન અને તેના સમગ્ર સા-
મ્રાજ્ય ફરતે એણે જે કંઈ બંધાવવા વિચાર્યું હતું તે બધું પણ તેણે બંધા-
વ્યું.~ 20 ત્યાં હજી થોડાં અમોરીઓ, હિત્તીઓ, પરિઝ્ઝીઓ, હિવ્વીઓ
તથા યબૂસીઓ ઇસ્રાએલીઓની વચ્ચે રહેતા હતાં.~ 21 તેઓ તેમના
વંશજો હતાં, ઇસ્રાએલીઓ જેમનો સંપૂર્ણ નાશ કરી શકયા નહોતા. સુ-
લેમાંને તેમને બળજબરીથી ગુલામ મજૂર બનાવી દીધાં.~ 22 પણ સુલે-
માંને કોઈ ઇસ્રાએલીને ગુલામ નહોતા બનાવ્યાં. તેઓ તેના સૈનિકો
હતા; તેઓ તેના કારભારીઓ, સરકારી અમલદારો, સેનાપતિઓ, રથ-
સેના અને અશ્વસેનાના નાયકો અને સારથીઓ હતા.~ 23 સુલેમાંનના
બાંધકામોમાં કામ કરનારા કારીગરો પર દેખરેખ રાખનાર અધિકારીઓ-
ની સંખ્યા 550 હતી.~ 24 ત્યારબાદ ફારુનની પુત્રી દાઉદ નગરથી સુ-
લેમાંને તેને માંટે બંધાવેલા રાજમહેલમાં ગઈ અને ત્યાર પછી સુલેમાંને
મિલ્લો બંધાવ્યો.~ 25 મંદિરનું કામ પૂરું કર્યા પછી સુલેમાંને પોતે બંધા-
વેલી વેદી પર વર્ષમાં ત્રણ વાર દહનાર્પણો અને શાંત્યર્પણોનાં બલિ-
દાન અર્પણ કરતો હતો. તેવી જ રીતે તે વેદી પર ધૂપનું અર્પણ પણ
કરતો હતો.~ 26 સુલેમાંને અદોમના પ્રદેશમાં રાતા સમુદ્રને કાંઠે આવેલા
એલોથની નજીકના એસ્યોન ગેબેરમાં વહાણો બાંધ્યાં.~ 27 હીરામે કુ-
શળ કારીગરો અને કેળવાયેલા નાવિકોને તેને વહાણ બાંધવામાં મદદ
કરવા માંટે મોકલ્યા;~ 28 તેઓ ઓફીર જઈને ત્યાંથી 14,280 કિલો
સોનું લઈ આવ્યાં, અને તે તેમણે રાજા સુલેમાંનને પહોંચાડ્યું.

10 સુલેમાંનની કીતિર્ સાંભળીને શેબાની રાણીએ સુલેમાંનને
અટપટા પ્રશ્ર્નો પૂછીને તેના જ્ઞાનની કસોટી કરવાનો નિર્ણય
કર્યો.~ 2 તે પોતાની સાથે મોટો રસાલો, અને લાદેલાં ઊંટો અત્તરો, પુ-
ષ્કળ સોનું અને ઝવેરાત લઈને યરૂશાલેમ આવી પહોંચી. તેણે સુલે-
માંન પાસે આવીને પોતાના મનમાં હતા, તે બધા પ્રશ્ર્નો તેને પૂછયા.~
3 સુલેમાંને તેના તમાંમ પ્રશ્નોના ઉત્તર આપ્યા. તેને માંટે એકેય પ્રશ્ન બહુ
મુશ્કેલ ન હતો, તેથી તે તેને બધું જ કહી શક્યો.~ 4 પછી રાણીને ખાત-
રી થઈ કે રાજા સુલેમાંન ખૂબ શાણો હતો. રાજાએ બંધાવેલો સુંદર મહેલ
પણ તેણે જોયો.~ 5 વળી તેના ભાણામાં પીરસાતી વિવિધ વાનગીઓ
તેની આસપાસ બેઠેલા દરબારીઓ, તેના સેવકો, તેમનો પોષાક અને
તેમના વસ્રો, તેના પાત્રવાહકો અને જુદી જુદી જાતના યજ્ઞો જે યહોવા-
ના મંદિરમાં અર્પણ કર્યા હતા તે જોઈને રાણી સ્તબ્ધ થઈ ગઈ.~ 6 અને
તેણે રાજાને કહ્યું, “મેં માંરા દેશમાં તમાંરે વિષે તથા તમાંરા જ્ઞાન વિષે
જે સાંભળ્યું હતું તે બધું સાચું હતું.~ 7 હું અહીં આવી એ પહેલાં આ સઘ-
ળું માંરા માંન્યામાં આવતું ન હતું; પણ હવે તો મેં પોતે જોયું છે! અને
સાચે જ. આમાંનું અડધું પણ મને કહેવામાં આવ્યું ન હતું; મેં સાંભળ્યું
હતું તેના કરતા તમાંરું જ્ઞાન અને સમૃદ્ધિ ઘણાં વધારે છે.~ 8 તમાંરા
લોકો કેટલાં સુખી છે! સદા તમાંરી હાજરીમાં રહેતા અને તમાંરી જ્ઞાનવા-
ણી સાંભળતા આ દરબારીઓ કેટલા ભાગ્યશાળી છે!~ 9 તમાંરા દેવ
યહોવાની સ્તુતિ થજો, જેણે તમાંરા પર પ્રસન્ન થઈને તમને ઇસ્રાએલની
ગાદીએ બેસાડયા! કારણકે ઇસ્રાએલ પર યહોવાને કાયમ પ્રેમ હોવાથી
તેણે તમને ઇસ્રાએલમાં ન્યાય અને સત્ય પરાયણતા મેળવવા માંટે
ઇસ્રાએલના રાજા બનાવ્યા છે.”~ 10 ત્યારબાદ તેણે રાજાને 4,080 કિ-
લો સોનું અને પુષ્કળ અત્તરો અને ઝવેરાત ભેટ ધર્યું. શેબાની રાણીએ
રાજા સુલેમાંનને ભેટ ધરેલાં અત્તરો જેવાં પહેલાં ક્યારેય જોવામાં આવ્યા
નહોતા.~ 11 આ ઉપરાંત હીરામનાં વહાણોનો જે કાફલો ઓફીરથી સોનું
લાવ્યો હતો, તે ત્યાંથી પુષ્કળ સુખડનું લાકડું અને ઝવેરાત લઈ
આવ્યો હતો.~ 12 રાજાએ એ લાકડું યહોવાના મંદિર અને તેના પોતાના
મહેલના પાયા બનાવવા માંટે અને સંગીતકારો માંટે વાજિંત્રો બનાવવા-
માં વાપર્યું હતું; ત્યાર પછી એવું લાકડું ક્યારેય લવાયું નથી, કે જોવામાં
સુદ્ધાં આવ્યું નથી.~ 13 રાજા સુલેમાંને શેબાની રાણી અને તેના સેવકોને
તેણે જે જે માંગ્યું તે બધું આપ્યું, તેણે રાણીને જે એક રાજા આપી શકે તે
બધું ઉદારતાથી આપ્યું હતું અને પછી રાણી પોતાના દેશમાં પાછી
ફરી.~ 14 સુલેમાંન રાજાને પ્રતિવર્ષ લગભગ 22,644 કિલો સોનું મળતું
હતું.~ 15 તદુપરાંત વેપારની વસ્તુઓ, પરદેશો સાથેના વેપારનો નફો
અને આરબ રાજાઓએ મોકલાવેલી વસ્તુઓ વગેરે તો વધારાનું.~
16 રાજા સુલેમાંને સોનાની 200 મોટી ઢાલો બનાવી; અને દરેક મોટી
ઢાલમાં લગભગ 7 કિલો સોનું વપરાયું હતું.~ 17 વળી તેણે બીજી 300
નાની ઢાલો બનાવી, એ પ્રત્યેક નાની ઢાલમાં પોણાબે કિલો પર સોનું
વપરાયું હતું. આ સઘળી ઢાલને તેણે પોતાના રાજમહેલમાં ‘લબાનોન-
ના વનગૃહ’ નામની જગ્યામાં રાખી હતી.~ 18 વળી રાજાએ હાથીદ◌ાત-
નું એક મોટું સિંહાસન બનાવડાવ્યું, અને તેને શુદ્ધ સોનાથિ મઢાવ્યું.~
19 એ સિંહાસનને છ પગથિયાં હતાં એની પાછળનો આકાર ગોળ હતો,
તેને બાજુમાં બે હાથા હતા અને પ્રત્યેક હાથાને અડીને એકેક સિંહ
ઊભેલો હતો,~ 20 અને દરેક પગથિયાને સામે છેડે સિંહો ઉભેલા હતા
બધું મળીને કુલ બાર સિંહો હતા, બીજા કોઈ પણ રાજયમાં આવું સિંહા-
સન કદી બનાવવામાં આવ્યું નહોતું.~ 21 રાજા સુલેમાંનના બધા પ્યા-
લાઓ શુદ્ધ સોનાના બનેલા હતા, અને લબાનોનના વનગૃહની દરેક
વસ્તુઓ શુદ્ધ સોનાની બનાવેલી હતી. ચાંદી બિલકુલ વાપરવામાં
આવી નહોતી, કારણ, સુલેમાંનના જમાંનામાં તેની કશી કિંમત નહો-
તી.~ 22 સુલેમાંન રાજા અને હીરામ રાજા વચ્ચે વેપારી વહાણોનો વિ-
શાળ કાફલો હતો. દર ત્રણ વષેર્ એક વખત આ વહાણોનો કાફલો સો-
નું, ચાંદી, હાથીદાંત, વાનરો અને મોર લઈને આવતો હતો.~ 23 સમૃદ્ધિ
અને જ્ઞાનની બાબતમાં પૃથ્વી પરના તમાંમ રાજાઓ કરતાં સુલેમાંન
રાજા ચઢિયાતો હતો.~ 24 સમગ્ર વિશ્વમાંથી લોકો તેની દેવદત્ત જ્ઞાનની
વાતો સાંભળવા માંટે આવતા હતા.~ 25 તેને મળવા આવનાર પ્રત્યેક
વ્યકિત સોના-ચાંદીના પાત્રો, સુંદર વસ્ત્રો, શસ્ત્રો, સુગંધી દ્રવ્યો, ઘોડા
અને ખચ્ચરો રાજાને માંટે વાષિર્ક વસૂલી તરીકે લાવતા હતા.~ 26 સુલે-
માંને રથો અને ઘોડાઓની એક મોટી સેના ઊભી કરી, તેની પાસે
1,400 રથો અને 12,000 ઘોડા હતા. એમાંના કેટલાક એણે ચોક્કસ
નિયુકત નગરોમાં રાખ્યા અને બાકીના યરૂશાલેમમાં રાખ્યા.~ 27 સુલે-
માંને યરૂશાલેમમાં ચાંદી પથ્થર જેટલી સામાંન્ય બનાવી દીધી હતી;
અને દેવદારનું લાકડું શેફેલાહના અંજીરના વૃક્ષના લાકડાના જેવું સા-
માંન્ય બનાવી દીધું હતું.~ 28 સુલેમાંનને માંટે ઘોડા મિસર અને કિલકિ-
યાથી આયાત કરવામાં આવતા હતાં, રાજાના આડતિયાઓ કિલકિયા-
થી ઠરાવેલી કિંમતે ઘોડા ખરીદતા હતા.~ 29 રથોની કિંમત લગભગ
સાત કિલો ચાંદી જેટલી મિસરથી લાવવામાં આવતી હતી, અને ઘોડા
દરેક પોણા બે કિલો ચાંદી વડે ખરીદાયા હતા. હિત્તીઓના રાજાઓ
અને અરામના રાજાઓ પણ ઘોડા અને રથો તે વેપારીઓ પાસેથી ખરી-
દતાં હતાં જેઓ તેની આયાત કરતાં હતાં.

11 મિસરના ફારુનની પુત્રી સહિત અન્ય દેશોની ઘણી સ્ત્રીઓને
સુલેમાંન ચાહતો હતો તેમાં મોઆબની, આમ્મોનની, અદોમ-
ની, સિદોનની અને હિત્તીની સ્રીઓનો સમાંવેશ થતો હતો.~ 2 આ પ્ર-
જાઓ માંટે યહોવાએ પોતાના લોકોને સ્પષ્ટ ફરમાંન આપેલું હતું કે, તે-
ઓમાંની સ્રીઓ સાથે લગ્ન ન કરવાં, એ સ્રીઓ પોતાના પતિઓને બીજા
દેવોને પૂજતાં કરી દેશે. આમ છતાં સુલેમાંન આ સ્ત્રીઓને ચાહતો
હતો.~ 3 તેને 700 રાજવંશની રાણીઓ હતી અને 300 ઉપપત્ની હતી;
જેઓએ તેને દેવથી વિમુખ કરી દીધો હતો.~ 4 તેની વૃદ્ધાવસ્થામાં તે તે-
ના પિતા દાઉદ જેવો નહોતો જેણે યહોવા પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો.
તેને બદલે તેની પાસે તેની પત્નીઓએ પોતાના દેવોની પૂજા કરાવડા-
વી.~ 5 તેણે સિદોનીઓ જેની પૂજા કરતાં તે આશ્તોરેથ દેવી અને ધિ-
ક્કારપાત્ર મિલ્કોમ જેને આમ્મોનીઓ પૂજતા તેને પૂજવા લાગ્યો.~
6 આ રીતે સુલેમાંને યહોવાની દૃષ્ટિમાં અયોગ્ય ગણાય એવું આચરણ
કર્યું, અને પિતા દાઉદની જેમ યહોવાને હૃદયપૂર્વક અનુસર્યો નહિ.~
7 એ વખતે સુલેમાંને મોઆબના ધિક્કારપાત્ર દેવ કમોશ માંટે અને
આમ્મોનીઓના ધિક્કારપાત્ર દેવ મોલેખ માંટે યરૂશાલેમની નજીક
આવેલા પર્વતના શિખર પર એક ઉચ્ચ સ્થાન બંધાવ્યું.~ 8 એ જ રીતે
તેણે જુદા જુદા દેશની બધી પોતાની રાણીઓ માંટે મંદિરો બંધાવ્યાં
અને તેઓએ ત્યાં પોતાના દેવોને ધૂપ અર્પણ કર્યું અને યજ્ઞો કર્યા,~
9 તેને લીધે યહોવા સુલેમાંન પર ખૂબ ગુસ્સે થયો. કારણકે યહોવાએ તે-
ને બે વખત દર્શન આપ્યાં છતાં સુલેમાંને યહોવાથી મોઢું ફેરવી લીધું
હતું.~ 10 અને તેને અન્ય દેવની પૂજા ન કરવાની ચેતવણી આપી હતી
આમ છતાં તેણે યહોવાના હુકમનો અનાદર કર્યો.~ 11 તેથી યહોવાએ
તેને કહ્યું, “આપણી વચ્ચે થયેલા કરારોનું પાલન તેં કર્યું નથી અને
માંરા હુકમો પાળ્યા નથી, તેથી હું તારી પાસેથી રાજય ખૂંચવી લઈશ

અને તારા સેવકોમાંથી કોઈ એકને આપીશ.~ 12 તેમ છતાં તારા પિતા
દાઉદને કારણે તું જીવતો રહીશ ત્યાં સુધી હું આમ નહિ કરું, પરંતુ તારા
પુત્રના હાથમાંથી હું રાજ્ય ખૂંચવી લઈશ;~ 13 તેમ હું આખું રાજ્ય પણ
નહિ લઈ લઉં; પરંતુ હું માંરા સેવક દાઉદને માંટે અને માંરી પસંદગીના
નગર યરૂશાલેમને માંટે એક કુળ તારા પુત્રોના હાથમાં રહેવા દઈશ.”~
14 ત્યારબાદ યહોવાએ સુલેમાંનની સામે, એક શત્રુ ઊભો કર્યો, તે શત્રુ
અદોમીના રાજવંશનો હદાદ હતો.~ 15 જ્યારે દાઉદ અદોમમાં હતો,
ત્યારે તેના સેનાપતિ યોઆબે ત્યાં બધા શબોને દફનાવી દીધા અને
ત્યારે અદોમના દરેક જીવતા પુરુષને માંરી નાખ્યાં.~ 16 અદોમના એક-
એક પુરુષની હત્યા પૂરી થઈ ત્યાં સુધી, એટલે કે છ મહિના સુધી યો-
આબ આખી ઈસ્રાએલી સેના સાથે ત્યાં જ રહ્યો હતો. 17 પણ હદાદ, જે
તે વખતે બાળક હતો, તે તેના પિતાનાં કેટલાક નોકરોની સાથે મિસર
ભાગી ગયો.~ 18 તેઓ મિદ્યાનમાંથી નીકળીને પારાનમાં ગયા. પારાન-
માંથી તેમણે થોડા માંણસોને ભેગા કર્યા અને ત્યાંથી તેઓ સર્વ મિસર
ગયા અને ત્યાં મિસરના રાજા ફારુને તેઓના ખોરાકની અને રહેવાની
જગ્યાની વ્યવસ્થા કરી અને તેમને અમુક જમીન ભેટ તરીકે આપી.~
19 ફારુનને હદાદ ખૂબ પસંદ પડયો, અને તેણે રાણી તાહપનેસની
બહેન હદાદને પરણાવી.~ 20 તાહપનેસની બહેનને એનાથી ગનુબાથ
નામે એક પુત્ર થયો, અને તેને તાહપનેસે રાજમહેલમાં ઉછેરી મોટો
કર્યો, તે ફારુનનાં બાળકો સાથે જ રહેતો.~ 21 જયારે હદાદને મિસરમાં
સમાચાર મળ્યા કે દાઉદ ચિરનિંદ્રામાં પોઢી ગયો છે, અને તેનો સેનાપ-
તિ યોઆબ પણ મૃત્યુ પામ્યો છે, ત્યારે તેણે ફારુનને કહ્યું, “મને માંરા
પોતાના દેશમાં પાછો જવા દો.”~ 22 પરંતુ ફારુને કહ્યું, “તને અહીં કોઈ
વસ્તુની ખોટ છે કે તું તારે દેશ પાછો જવા માંગે છે?” હદાદે કહ્યું, “ના,
પણ મહેરબાની કરીને મને જવા દો.”~ 23 યહોવાએ સુલેમાંન સામે એક
બીજો શત્રુ ઊભો કર્યો; તે એલ્યાદાનો પુત્ર રઝોન હતો. જે તેનો માંલિક
સોબાહના રાજા હદાદએઝેરને છોડીને ભાગી છૂટયો હતો.~ 24 એ સમયે
જ્યારે દાઉદે સોબાહ પર હુમલો કર્યો ત્યારે રઝોને માંણસોની ટોળી ભે-
ગી કરીને પોતે તેનો નાયક બની ગયો, ત્યાંથી તેઓ દમસ્ક ગયા અને
ત્યાં સ્થાયી થઇ ગયા, અને રેઝોન તેમનો રાજા બની ગયો.~ 25 સુલે-
માંન જીવ્યો ત્યાં સુધી રઝોન તે ઇસ્રાએલનો દુશ્મન રહ્યો. તેણે હાદાદ
અને ઇસ્રાએલ માંટે મુશ્કેલીઓ ઉભી કરી.~ 26 બીજો એક બળવાખોર
આગેવાન યરોબઆમ નબાટનો પુત્ર હતો. એફ્રાઈમ પ્રદેશના સરૂઆહ
નગરમાંથી તે આવતો હતો, તેની માંતા સરૂઆહ વિધવા સ્રી હતી.~
27 યરોબઆમ બળવાનો વૃત્તાંત આ પ્રમાંણે છે: તેણે સુલેમાંન મિલ્લોનો
જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, અને પોતાના પિતા દાઉદના નગરની દીવાલ-
નું બાકોરું બંધ કરાવ્યું.~ 28 હવે આ યરોબઆમ ઘણો સક્ષમ માંણસ
હતો. સુલેમાંને જોયું કે યુવાન માંણસ તેનું કામ કેટલી સુંદર રીતે કરતો
હતો, અને તેને યૂસફના વંશના વેઠ મજૂરોનો મુકાદમ બનાવી દીધો.~
29 એક દિવસ યરોબઆમ યરૂશાલેમની બહાર ગયો હતો, ત્યારે શીલો-
નો પ્રબોધક અહિયા એને રસ્તામાં મળ્યો. અહિયાએ નવો ઝભ્ભો પહે-
ર્યો હતો; એ બંને ખુલ્લા વગડામાં તદન એકલા જ હતા.~ 30 અહિયાએ
પોતે જે નવો ઝભ્ભો પહેર્યો હતો, તે લઈ તેને ફાડીને બાર ભાગ કરી ના-
ખ્યા.~ 31 પછી અહિયાએ યરોબઆમને કહ્યું કે, “આમાંના દશ ટુકડા
લે, કારણ કે ઇસ્રાએલના યહોવા દેવ કહે છે, ‘હું સુલેમાંનના હાથમાંથી
રાજ્ય આંચકી લઇશ અને દશ ટોળીઓ હું તને આપીશ.~ 32 પણ માંરા
સેવક દાઉદને કારણે હું સુલેમાંન અને તેના કુટુંબને રાજ્ય કરવા માંટે
એક જાતિ અને યરૂશાલેમ આપીશ જે નગર મેં ઇસ્રાએલની બધી ટોળી-
ઓમાંથી પસંદ કર્યુ હતું.~ 33 કારણ કે સુલેમાંને માંરો ત્યાગ કર્યો છે,
તેણ સિદ્વોનીઓની દેવી આશ્તોરેથની, મોઆબના દેવ કમોશની અને
આમ્મોનીઓના દેવ મિલ્કોમની પૂજા કરી છે. તે માંરા માંગેર્ ચાલ્યો
નથી અને માંરી દૃષ્ટિમાં જે સારું છે, તે તેણે કર્યું નથી, તેના પિતા દાઉ-
દે માંરા બધા વિધિઓ અને ફરમાંનો પાળ્યા હતાં, પણ સુલેમાંને તે પ્ર-
માંણે કર્યુ નથી.~ 34 આમ હોવા છતાં પણ માંરા પસંદ કરેલા સેવક દા-
ઉદે માંરા હૂકમોનું પાલન કર્યુ હતું તેને લીધે, હમણાં હું તેની પાસેથી
આખું રાજ્ય આંચકી લઈશ નહિ, અને તેના બાકીના જીવનકાળ દર-
મ્યાન તે રાજ્ય કરવાનું ચાલુ રાખશે.~ 35 પરંતુ હું એના પુત્રના હાથ-
માંથી રાજ્ય ખૂંચવી લઇશ અને તને દસ ટોળીઓ સુપ્રત કરીશ.~ 36 તે-
ના પુત્રને હું એક ટોળી આપીશ, જેથી માંરા સેવક દાઉદનું નામ માંરા
પસંદ કરેલા નગર યરૂશાલેમમાં કાયમ રહે.~ 37 તને હું ઇસ્રાએલનો રાજા
બનાવીશ, અને તું ઇચ્છે તેટલા પ્રદેશમાં રાજ્ય કરીશ.~ 38 જો તું માંરી
બધી આજ્ઞાઓનું પાલન કરીને અને માંરા સેવક દાઉદની જેમ મને જે
યોગ્ય લાગતું હોય તેનું આચરણ કરીશ, તથા માંરા બધા હુકમ અને
નિયમોનું પાલન કરીશ, માંરે માંગેર્ ચાલીશ અને હું જેમ ઇચ્છું છું તેમ
રહીશ તો હું તારી બાજુએ રહીશ, તને ઇસ્રાએલ આપીશ અને દાઉદના
વંશની જેમ તારા વંશનું પણ નામ રાખીશ.~ 39 સુલેમાંનનાં પાપ માંટે
દાઉદના કુટુંબને સજા કરીશ, પણ સજા કાયમ માંટે નહિ હોય.”~ 40 આ
પછી સુલેમાંને યરોબઆમને માંરી નાખવાનો પ્રયત્ન કર્યો, પણ તે મિ-
સરના રાજા શીશાક પાસે ભાગી ગયો, અને સુલેમાંનના મૃત્યુ સુધી મિ-
સરમાં જ રહ્યો.~ 41 સુલેમાંનના રાજ્યના બીજા બધા બનાવો અને તે-
મનાં કાર્યો, તેમજ તેની બધી જ્ઞાનવાર્તા સુલેમાંનના વૃત્તાંતના ગ્રંથમાં
નોંધેલા છે.~ 42 સુલેમાંને યરૂશાલેમમાંથી સમગ્ર ઇસ્રાએલ પર ચાળીસ
વર્ષ રાજ્ય કર્યુ હતું.~ 43 ત્યારબાદ સુલેમાંન પોતાના પિતૃલોકને પા-
મ્યો, તેને તેના પિતા દાઉદના નગરમાં દફનાવવામાં આવ્યો; અને તેની
જગાએ તેનો પુત્ર રહાબઆમ ગાદીએ આવ્યો.

12 રહાબઆમ શખેમમાં ગયો. કારણ કે ઇસ્રાએલના બધાં લોકો
તેને રાજા બનાવવા માંટે ત્યાં ગયા હતા.~ 2 તે વખતે યરો-
બઆમ મિસરમાં હતો, સુલેમાંન રાજાની આગળથી તે ત્યાં નાસી ગયો
હતો. આ રાજ્યાભિષેક વિષે તેણે તેના મિત્રો પાસેથી સાંભળ્યું, અને તે
મિસરમાંથી પાછો આવ્યો.~ 3 કારણ કે ઇસ્રાએલના લોકોએ તેને બો-
લાવી લીધો હતો, પછી તે એ બધા લોકો સાથે રહાબઆમ પાસે ગયો
અને કહ્યું,~ 4 “તમાંરા પિતા અમાંરા પ્રત્યે બહુ કઠોર હતા અને અમાંરી
પાસે સખત કામ કરાવ્યા, હવે તમે અમાંરા પર તમાંરા પિતાએ મૂકેલો
આ ભાર હળવો કરો, અને અમે તમાંરી સેવા કરીશું.”~ 5 પછી રહાબઆ-
મે જણાવ્યું, “અહીંથી ચાલ્યા જાવ અને ત્રણ દિવસ પછી પાછા આવ-
જો.” પછી લોકો તેમની પાસેથી દૂર ગયા.~ 6 ત્યારબાદ રાજા રહાબઆ-
મે પોતાના પિતા સુલેમાંન જીવતા હતા ત્યારે જે વડીલો તેના સલાહ-
કારો હતા તેઓની સલાહ લીધી. તેણે પૂછયું, “તમે મને આ લોકોને શો
જવાબ આપવો તેની સલાહ આપો. “~ 7 તેમણે કહ્યું, “હવે આપ એ
લોકોની ઇચ્છાને તાબે થઈ જાઓ અને એમની સાથે નમ્રતાથી વાત
કરશો, તો તેઓ કાયમ માંટે તમાંરી સેવા કરશે.”~ 8 પરંતુ રહાબઆમે
આ વડીલોની સલાહની અવગણના કરી; અને તેણે પોતાની સાથે ઉછ-
રેલા જુવાન મિત્રોને બોલાવ્યા અને તેમની સલાહ લીધી,~ 9 તેણે પૂછ-
યું, “આ લોકોએ જે મને કહ્યું છે કે, ‘તમાંરા પિતાએ અમાંરા પર જે ભાર
મૂકયો છે તે હળવો કરો.’ તેઓને જવાબ આપવા માંટે તમે શી સલાહ
આપો છો?”~ 10 જુવાન મિત્રોએ તેને કહ્યું, “તમે તેઓને એવો જવાબ
આપો કે, ‘માંરા પિતાની કમર કરતાં માંરી ટચલી આંગળી જાડી છે.’~
11 અને માંરા પિતાએ તમાંરા પર જે બોજ મૂકયો હતો તેને હું વધારીશ.
માંરા પિતા તમને કોરડાથી ફટકારતા હતા, હું તમને લોખંડના ટૂકડા
બાંધેલા કોરડાથી ફટકારીશ.’”~ 12 યરોબઆમ અને તેના માંણસો ત્રણ
દિવસ પછી રહાબઆમ પાસે ગયા. બરાબર જે પ્રમાંણે રાજાએ તેમને
કરવા કહ્યું હતું તેમજ.~ 13 રાજાએ વડીલોની સલાહ માંની નહિ પણ
લોકોને કઠોરતાથી જવાબ આપ્યો.~ 14 જેમ તેના મિત્રોએ તેને કહ્યું હતું
તેમ તેણે કહ્યું, “માંરા પિતાએ તમાંરા પર જે ભાર મૂકયો હતો તે ભાર હું
હજી વધારીશ. માંરા પિતા તો તમને ચાબુકથી ફટકારતા હતા, હું તો
તમને લોખંડના ટુકડા બાંધેલા કોરડાથી ફટકારીશ.”~ 15 આમ, રાજાએ
લોકોની વાત પર ધ્યાન આપ્યું નહિ, યહોવાએ શીલોના પ્રબોધક
અહિયા માંરફતે નબાટના પુત્ર યરોબઆમને જે સંદેશો મોકલાવ્યો હતો
તે પૂરો કરવાનો હતો, તેથી રાજાએ તે પ્રમાંણે વર્તન કર્યુ હતું.~ 16 જયારે
લોકોએ જોયું કે રાજા આપણી વાત સાંભળતો નથી, ત્યારે તેઓએ
જવાબ આપ્યો, “દાઉદ સાથે અમાંરે શું સામ્ય છે? યશાઇના પુત્ર સાથે
અમાંરે શું લેવા દેવા છે? ઓ ઇસ્રાએલીઓ, સૌ પોતપોતાને ઘેર પાછા
જાઓ; દાઉદ, હવેથી તું તારું ઘર સંભાળ.” આમ, બધાં ઇસ્રાએલીઓ
પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.~ 17 અને આમ રહાબઆમે યહૂદાના નગ-
રમાં વસતા ઇસ્રાએલીઓ પર રાજ્ય કર્યુ.~ 18 રાજા રહાબઆમે વેઠ
મજૂરોનું ખાતુ સંભાળતા અદોરામને ઇસ્રાએલીઓ પાસે મોકલ્યો, પણ

તેઓએ તેને પથ્થરો માંરીને માંરી નાંખ્યો, આથી રાજા રહાબઆમને
રથમાં બેસી યરૂશાલેમ ભાગી જવું પડયું.~ 19 ત્યારથી ઈસ્રાએલીઓએ
દાઉદના કુટુંબ સામે બળવો કર્યો છે અને તેઓ આજ સુધી અલગ રહેતા
આવ્યા છે.~ 20 જયારે ઈસ્રાએલના બધા લોકોએ સાંભળ્યું કે, યરો-
બઆમ પાછો આવ્યો છે, ત્યારે તેમણે તેને ઈસ્રાએલી સભા સમક્ષ બો-
લાવી, આખા ઈસ્રાએલનો રાજા બનાવ્યો. યહૂદાના કુળસમૂહ સિવાય
કોઈ દાઉદના રાજવંશને વફાદાર રહ્યું નહિ.~ 21 રહાબઆમે યરૂશાલેમ
જઈને યહૂદાની ટોળીના અને બિન્યામીનના કુટુંબના કુલ 1,80,000
ચુનંદા યોદ્ધાઓને લઈને ઈસ્રાએલના વંશો સામે યુદ્ધ કરી પોતાનું રાજય
પાછું મેળવવા ભેગા કર્યા.~ 22 પણ ઈશ્વર ભકત શમાંયાને દેવની વાણી
સંભળાઈ કે,~ 23 “યહૂદાના સુલેમાંનના રાજા પુત્ર રહાબઆમને, તથા
યહૂદાના તથા બિન્યામીનના વંશના બધા લોકો જે આજ સુધી તેની
સાથે છે તેમને કહે.~ 24 ‘આ યહોવાનાં વચન છે: તમાંરા ભાઈઓ ઈસ્રા-
એલીઓ સામે લડવા જશો નહિ, સૌ કોઈ પોતપોતાને ઘેર પાછા જાય,
જે કંઈ બન્યું છે તે માંરી ઈચ્છાથી બન્યું છે.’” તેમણે યહોવાનું કહ્યું
માંન્યું અને તેની આજ્ઞા પ્રમાંણે તેઓ પાછા ઘેર ચાલ્યા ગયા.~ 25 પછી
યરોબઆમે એફ્રાઈમના પર્વતીય પ્રદેશમાં શખેમ નગરની કિલ્લેબંધી કરી
અને ત્યાં રહ્યો; અને ત્યાંથી તેણે પનુએલનગરની પણ કિલ્લેબંધી કરા-
વી.~ 26 યરોબઆમે વિચાર કર્યો, “આજે સ્થિતી એવી છે કે, માંરા રાજ-
યના લોકો પાછા દાઉદના રાજવંશને સ્વીકારશે.~ 27 જો આ લોકો યરૂ-
શાલેમમાં આવેલા યહોવાના મંદિરે યજ્ઞો અર્પણ કરવાનું ચાલુ રાખશે,
તો તેમના હૃદયમાં તેમના નેતા યહૂદાના રાજા રહાબઆમ પ્રત્યે ફરી
વફાદારી જાગશે; અને તેઓ મને માંરી નાખશે, અને ફરી પાછા યહૂદાના
રાજા રહાબઆમને અનુસરશે.”~ 28 આથી તેણે આ બાબત પર વિચા-
રીને બે સોનાના વાછરડા કરાવ્યા અને લોકોને કહ્યું, “હવે તમાંરે
બધાએ યરૂશાલેમ જવાની જરૂર નથી, ઓ ઈસ્રાએલીઓ; આ રહ્યા
તમાંરા દેવ જે તમને મિસરમાંથી બહાર લઈ આવ્યા હતા.”~ 29 એક વા-
છરડાને તેણે બેથેલમાં સ્થાપ્યો અને બીજો દાનમાં આપ્યો.~ 30 આથી
ઈસ્રાએલીઓએ પાપ કર્યુ. લોકો એક મૂર્તિ સામે પૂજા કરવા બેથેલ જતા
અને બીજી મૂર્તિ સામે પૂજા કરવા દાન સુધી જતા.~ 31 યરોબઆમે ટેક-
રીઓ પર કબરો બનાવી, અને લેવીવંશી ન હોય એવા બીજા કોઈ પણ
કુટુંબોમાંથી યાજકો નિયુકત કર્યા.~ 32 આઠમાં મહિનામાં પંદરમાં દિવ-
સે, યરોબઆમે યહૂદામાં જે ઉજવાતો હતો તેવો એક ઉત્સવ શરૂ કર્યો,
અને તે બેથેલની વેદી પર ઉજવાતો હતો જે તેણે બનાવી હતી. તેણે
વાછરડાઓને બલિદાનો અર્પણ કરવાનું શરુ કર્યું જે તેણે બનાવ્યા
હતાં. અને તેણે ઉચ્ચ સ્થાનો પરથી યાજકોને નિયુકત કર્યા, બેથેલની
કબરોમાં સેવા કરવા માંટે જે તેણે બનાવી હતી.~ 33 આમ, ઈસ્રાએ-
લીઓ માંટે પોતે શરૂ કરેલો ઉત્સવ ઊજવવા પોતે પસંદ કરેલા આઠમાં
મહિનાનાં પંદરમાં દિવસે તે બેથેલ ગયો, અને બલિદાનો અર્પણ કરવા
તે પોતે બનાવેલી વેદી પર ગયો.

13 યરોબઆમ વેદી પાસે બલિદાનો ચડાવવા માંટે ઊભો હતો,
ત્યારે યહોવાએ એક દેવના માંણસને યહૂદાથી બેથેલ મોક-
લ્યો.~ 2 અને યહોવાના વચનથી તેણે વેદીને પોકારીને કહ્યું,“વેદી, વેદી
આ યહોવાનાં વચન છે; ‘સાંભળ, દાઉદનાં વંશમાં યોશિયા નામે એક
બાળક અવતરશે, તે તારી પર બલિદાન ચઢાવશે, પર્વતના શિખર ઉપ-
રની દેરીઓના યાજકો જેઓ અત્યારે તારા પર ધૂપ ચઢાવે છે પરંતુ યો-
શિયા તારી પર મનુષ્યનાં હાડકાને બાળશે.’”~ 3 અને તે જ વખતે તેણે
વધુમાં જણાવ્યું કે, “આ વેદી તૂટી જશે અને તેના પરની રાખ ફેલાઈ
જશે, યહોવાની આ ભવિષ્યવાણી સાચી પડશે, તે સમયે તું જાણશે કે,
મેં જે કહ્યું હતું તે સત્ય હતું.”~ 4 જયારે યરોબઆમે પેલા દેવના માંણસ-
ને બેથેલની વેદીને શાપ આપતો સાંભળ્યો, તે સમયે તેણે વેદી પાસેથી
હાથ લઈ લીધો, તે માંણસ તરફ ચીંધ્યો અને કહ્યું, “તેને પકડો.” પણ
જેવું તેણે આમ કહ્યું કે, તરત જ એ માંણસ સામે એણે લંબાવેલો હાથ
એ જ સ્થિતિમાં લકવાગ્રસ્ત થઈ ગયો, તે પોતાના હાથને પાછો ખેંચી
શકયો નહિ.~ 5 એ સમયે દેવના માંણસની આગાહી પ્રમાંણે વેદીમાં
મોટી તિરાડ પડી અને તેના પરની રાખ વેરાઈ ગઈ. જે પ્રમાંણે યહોવાએ
દેવના માંણસને કહેવા માંટે કહ્યું હતું તેમજ બન્યું.~ 6 રાજાએ દેવના
માંણસને કાલાવાલા કર્યા, “મેહરબાની કરીને તમાંરા યહોવા દેવને કહો
કે, માંરો હાથ ફરીથી સાજો કરી આપે.”તેથી દેવના માંણસે દેવને પ્રાર્થ-
ના કરી, એટલે રાજાનો હાથ પહેલા હતો તેવો થઈ ગયો.~ 7 પછી રા-
જાએ દેવના માંણસને વિનંતી કરી, “માંરી સાથે માંરા રાજમહેલમાં
આવ, ત્યાં આરામ કર અને ભોજન લે. તેં માંરો હાથ સાજો કર્યો તે માંટે
હું તને ભેટ આપીશ.”~ 8 પણ દેવના માંણસે રાજાને કહ્યું, “તું મને તારો
અડધો મહેલ આપે, તો પણ હું તમાંરી સાથે નહિ આવું, હું અહીં કશું
ખાઈશ કે પીશ નહિ,~ 9 કારણ, મને યહોવાની આજ્ઞા છે કે, ‘તારે કશું
ખાવાનું કે પીવાનું નહિ, અને જે રસ્તે જાય તે રસ્તે પાછા ફરવાનું
નહિ.”~ 10 આથી તે બીજે રસ્તે પાછો ગયો; જે રસ્તે બેથેલ આવ્યો હતો
તે રસ્તે પાછો ન ગયો.~ 11 એ વખતે બેથેલમાં એક વૃદ્ધ પ્રબોધક રહેતો
હતો. તેના પુત્રોએ ઘેર જઈને પ્રબોધકે બેથેલમાં જે કર્યુ હતું તે અને તેણે
રાજાને જે કહ્યંુ હતું તે પોતાના પિતાને જણાવ્યું.~ 12 પિતાએ પૂછયું,
“તે કયા રસ્તે ગયો?” પુત્રોએ તેને યહૂદાનો દેવનો માંણસ જે રસ્તે ગયો
તે બતાવ્યો.~ 13 વૃદ્ધ પ્રબોધકે પોતાના પુત્રોને કહ્યું, “જલ્દીથી ગધેડા
પર જીન બાંધો.” તેઓએ તેને માંટે ગધેડા પર જીન બાંધ્યું. પછી તે પર
ચઢીને ગધેડા પર સવાર થઈ ગયો.~ 14 પછી એ વૃદ્ધ પ્રબોધક પેલા દે-
વના માંણસની પાછળ ગયો, અને તેને એક એલોન વૃક્ષની નીચે બેઠે-
લો જોયો. તેણે તેમને પૂછયું, “તું યહૂદાથી આવેલો દેવનો માંણસ છે?”
જવાબમાં તેણે કહ્યું, “હા, હું તે જ છું.”~ 15 વૃદ્ધ પ્રબોધકે તેને કહ્યું,
“માંરી સાથે માંરે ઘરે આવ અને ભોજન લે.”~ 16 તેણે જવાબ આપ્યો,
“ના, હું આવી શકું તેમ નથી, કેમકે મને તારી સાથે આવવાની રજા નથી
કે તારી સાથે આ જગ્યાએ કંઈ ખાવાની કે પીવાની રજા નથી.~ 17 કા-
રણ, મને યહોવાની આજ્ઞા છે કે, ‘તારે ત્યાં કશું ખાવાનું કે પીવાનું નહિ,
અને જાય તે રસ્તે પાછા ફરવાનું નહિ.’”~ 18 વૃદ્ધ પ્રબોધકે કહ્યું, “હું પણ
તમાંરા જેવો પ્રબોધક છું;” અને આજે મને એક દેવદૂતે યહોવાનો સંદેશો
આપતા કહ્યું છે કે, “માંરે તને ખોરાક અને પાણી માંટે માંરી સાથે ઘેર
લઈ જવો.” હકીકતમાં વૃદ્ધ પ્રબોધક તેની આગળ જૂઠ્ઠું બોલતો હતો.~
19 તેથી તેઓ બંને પાછા વળ્યા, અને દેવનો માંણસ પેલા વૃદ્ધ પ્રબોધ-
કને ઘેર ગયો અને ત્યાં ખાધું પીધું.~ 20 જયારે તેઓ હજુ ભાણા પર બેઠા
હતા ત્યારે વૃદ્ધ પ્રબોધક જે દેવના માંણસને પાછો લઈ આવ્યો હતો તે-
ને યહોવાની વાણી સંભળાઈ.~ 21 અને તેણે યહૂદાથી આવેલા દેવના
માંણસને કહ્યું “આ યહોવાની વાણી છે.” તેં યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન
કર્યુ છે અને તેણે કરેલાં હુકમો પાળ્યાં નથી,~ 22 પણ તેણે મના કરી
હતી, ત્યાં પાછા આવીને તેં ખાધુંપીધું છે, આથી તારું મડદું તારા પૂર્વ-
જોની કબરે નહિ પહોંચે.”~ 23 ભોજન લીધા પછી વૃદ્ધ પ્રબોધકે યહૂદા-
થી આવેલા દેવના માંણસ માંટે ગધેડા પર જીન બાંધી.~ 24 અને યહૂદા-
ના એ દેવના માંણસે પોતાની મુસાફરી શરૂ કરી, અને એ રસ્તામાં જતો
હતો ત્યારે એક સિંહે ત્યાં આવીને તેને માંરી નાખ્યો. તેનું શબ ત્યાં
રસ્તામાં પડયું હતું, અને ગધેડો તથા સિંહ તેની બાજુ પર ઊભા હતા.~
25 થોડા માંણસો જેઓ તે રસ્તેથી પસાર થતા હતાં વચ્ચે પડેલા શબને
અને તેની બાજુએ શાંતિથી ઊભેલા ગધેડા તથા સિંહને જોયો. અને
નગરમાં જઈને આના વિષે વાત કરી, જયાં વૃદ્ધ પ્રબોધક રહેતો હતો.~
26 જયારે વૃદ્ધ પ્રબોધકે આ વિષે સાંભળ્યું ત્યારે તેણે કહ્યું, “એ તો એ જ
દેવનો માંણસ છે, કે જેણે યહોવાની આજ્ઞાનો અનાદર કર્યો છે! સિંહ
દ્વારા તેને માંરી નંખાવીને યહોવાએ તેને આપેલી ચેતવણી પૂર્ણ કરી
છે.”~ 27 પછી તેણે પોતાના પુત્રોને ગધેડા પર જીન બાંધવા માંટે કહ્યું
અને તેઓએ તે પ્રમાંણે કર્યુ.~ 28 તે ગયો અને તેણે જોયું કે દેવના
માંણસનું શરીર માંર્ગમાં વચ્ચે પડયું હતું અને ગધેડો તથા સિંહ હજી
પણ તેની નજીક ઊભા હતા, વળી સિંહે મનુષ્યનું શરીર ખાધું ન હતું
અને સિંહે ગધેડા પર હુમલો નહોતો કર્યો.~ 29 પછી શોક પ્રદર્શિત કરવા
માંટે અને દફનવિધિ કરવા પેલા શબને ગધેડા પર મૂકીને નગરમાં લઈ
ગયો.~ 30 તેણે એ શબને પોતાની કબરમાં મૂકીને “ઓ માંરા ભાઈ રે!
કહીને પોક મૂકી.”~ 31 તેને દફનાવ્યા પછી, તે પ્રબોધકે પોતાના પુત્રોને
બોલાવીને કહ્યું, “હું મરી જાઉં ત્યારે મને આ પ્રબોધકની સાથે એક જ
કબરમાં દફનાવજો. માંરા અસ્થિ એ દેવના માંણસના અસ્થિ સાથે જ
મૂકજો;~ 32 કારણ કે, બેથેલની આ વેદી અને સમરૂન પાસેના ઉચ્ચ
સ્થાનો માંટે યહોવાનો સંદેશો જે તેણે આ દેવના માંણસ દ્વારા આપ્યો
હતો તે ચોક્કસ સાચો પડશે.”~ 33 આ ઘટના પછી પણ યરોબઆમે

પોતાનું દુષ્ટ આચરણ છોડયું નહિ. પણ તેણે ઉચ્ચસ્થાનો માંટે કોઈ
પણ કુળસમૂહના લોકોમાંથી યાજક તરીકે નીમવાનું ચાલું રાખ્યું. જે
કોઈ યાજક થવા તૈયાર થતો તેને તે ઉચ્ચસ્થાન પરનાં મંદિરનો યાજક
નીમતો.~ 34 તેથી કરીને યરોબઆમે પોતાના આખા વંશને પાપમાં ના-
ખ્યો અને તેમનું ભૂમિમાંથી સંપૂર્ણપણે ભૂંસાઇ જવું નિશ્ચિત કર્યુ.
14 યરોબઆમનો પુત્ર અબિયા ગંભીર માંદગીમાં સપડાયો.~
2 અને યરોબઆમે પોતાની પત્નીને કહ્યું, "આમ જો, તું માંરી
પત્ની છે એની લોકોને ખબર ન પડે, કોઇ તને ઓળખી ન શકે તે રીતે
વેશપલટો કરીને તું શીલોહ જા. અહિયા પ્રબોધક ત્યાં રહે છે, જેણે કહ્યું
હતું કે, હું આ લોકોનો રાજા થવાનો છું.~ 3 તારી સાથે દસ રોટલી, થોડી
ફળોના ટૂકડાવાળી રોટલી અને એક કુપ્પી મધ લઈને તેની પાસે જા.
આ બાળકનું શું થવાનું છે તે તને કહેશે."~ 4 યરોબઆમની પત્નીએ તે
પ્રમાંણે કર્યુ. તે તરત જ નીકળી અને શીલોહ ગઈ, અહિયાને ઘેર
પહોંચી, હવે વાત એમ હતી કે અહિયાને દેખાતું નહોતું. ઘડપણને લીધે
તેની આંખને ઝાંખ આવી હતી,~ 5 પરંતુ યહોવાએ તેને કહ્યું હતું કે,
"યરોબઆમની પત્ની પોતાના માંદા બાળક વિષે તને સવાલ કરવા
આવી રહી છે; તેણી આવશે ત્યારે કોઇક બીજુંજ હોવાનો ઢોંગ કરશે. તે-
ણીને આ કહેજે."~ 6 આથી અહિયાએ જયારે બારણાં આગળ તેનાં પગ-
લાંનો અવાજ સાંભળ્યો ત્યારે તેણે કહ્યું, "આવ, અંદર આવ, યરોબઆ-
મની પત્ની, તું બીજી સ્રી હોવાનો ઢોંગ શા માંટે કરે છે? માંરે તને માંઠા
સમાંચાર આપવાના છે.~ 7 જા, યરોબઆમને જણાવ કે, ઇસ્રાએલના
દેવ યહોવા એમ કહે છે કે, 'મેં તને એક સામાંન્ય માંણસમાંથી ઇસ્રાએ-
લનો રાજા બનાવ્યો.~ 8 મેં દાઉદના હાથમાંથી રાજ્ય છીનવી લઈને
તને આપ્યું. પણ તું માંરા સેવક દાઉદ જેવો ન નીકળ્યો. તે તો માંરી
આજ્ઞાઓ પાળતો હતો. અને પૂરા મનથી માંરા માંગેર્ ચાલતો હતો તથા
માંરી નજરમાં જે સાચું હોય તે જ કરતો હતો.~ 9 તેં તારા બધા પૂર્વજો
કરતાં વધારે ખરાબ કામો કર્યા છે, તેં બીજા દેવોની મૂર્તિઓ બનાવી છે,
અને સોનાના વાછરડા બનાવીને માંરો રોષ વહોરી લીધો છે; તેં તો માંરી
અવગણના કરી છે.~ 10 તેથી હું તારા વંશ પર આફત ઉતારીશ. તારા કુ-
ટુંબમાં દરેક પુરુષને માંરી નાખીશ, ઇસ્રાએલમાં તારા વંશનો કોઇ પણ
નર જીવતો બચશે નહિ જેમ છાણ રાખ થાય ત્યાં સુધી બળ્યા કરે છે.
તેવી જ રીતે તારું સમગ્ર કુટુંબ નાશ પામશે.~ 11 તારા કુટુંબમાંથી જેઓ
શહેરમાં મરણ પામશે તેમને કૂતરાં ખાશે, અને જેઓ વગડામાં મૃત્યુ પા-
મશે તેમને પંખીઓ ખાશે. આ યહોવાનાં વચન છે.'"~ 12 પછી અહિ-
યાએ યરોબઆમની પત્નીને કહ્યું, "હવે તું તારે ઘેર જા. તું નગરમાં
પહોંચશે તે જ સમયે છોકરો મૃત્યુ પામશે.~ 13 સર્વ ઇસ્રાએલી લોકો તેને
માંટે આક્રંદ કરશે અને તેને દફનાવશે, તારા કુટુંબમાંથી સારો ભૂમિદાહ
પામનાર તારો પુત્ર આ એક જ હશે. કેમકે ઇસ્રાએલના યહોવા દેવને
યરોબઆમના સમગ્ર પરિવારમાંથી માંત્ર આ છોકરાને જ સારી વ્યકિત
તરીકે જોયો છે.~ 14 ત્યારબાદ યહોવા ઇસ્રાએલ માંટે એક રાજા નિયુકત
કરશે, અને તે યરોબઆમના વંશનો અંત લાવશે.~ 15 જેવી રીતે છોડની
કુંમળી દાંડી નદીમાં ઝોલાં ખાય છે તેવી જ રીતે યહોવા ઇસ્રાએલ પર
પ્રહાર કરશે. યહોવા ઇસ્રાએલીઓને તેણે તેના પિતૃઓને આપેલા દેશ-
માંથી જડમૂળથી ઉખેડી નાખશે. અને નદીને પેલે પાર તેઓને વિખેરી
નાખશે, કારણ કે અશેરીમનો સ્તંભ બનાવી તેઓએ યહોવાને કોપાય-
માંન કર્યા છે.~ 16 યહોવા ઇસ્રાએલીઓને છોડી દેશે. કારણ કે યરો-
બઆમે પોતે પાપ કર્યુ છે અને પોતાની સાથે સર્વ ઇસ્રાએલી લોકોને
પણ પાપ કરવા માંટે દોરી ગયો છે, ને પાપ કરાવ્યા છે."~ 17 યરોબઆ-
મની પત્ની ઊઠીને ચાલતી થઈ, તે તિર્સાહ આવી પહોંચી અને જ્યારે
તેના ઘરના ઊંમરા પર પહોચી તે જ ઘડીએ બાળક મૃત્યુ પામ્યો.~
18 યહોવાએ પોતાના સેવક અહિયા પ્રબોધક દ્ધારા આગાહી કરી હતી
તેમ જ બધું બન્યું અને તેઓએ તેને દફનાવ્યો અને આખા ઇસ્રાએલે તે-
નો શોક પાળ્યો.~ 19 યરોબઆમના રાજ્યના બીજા પ્રસંગો, તેણે કયાં
કયાં યુદ્ધો કર્યા, કેવી રીતે રાજ્ય કર્યુ, ઇસ્રાએલી રાજાઓનાં કાળવૃત્તાંત-
માં નોંધાયેલું છે. 20 યરોબઆમ 21 વર્ષ રાજ્ય કરી પિતૃલોકને પામ્યો
અને તેના પછી તેનો પુત્ર નાદાબ ગાદીએ આવ્યો.~ 21 યહૂદાનાં રાજા
સુલેમાંનનો પુત્ર રહાબઆમ જ્યારે તે 41 વર્ષની ઊંમરનો હતો ત્યારે
યહૂદાનો રાજા બન્યો. રહાબઆમે યરૂશાલેમમાં 17 વર્ષ રાજ્ય કર્યુ.
ઇસ્રાએલની બધી જાતિઓમાંથી યરૂશાલેમ નગર હતું જેને યહોવાએ
પોતાના માંટે પસંદ કર્યુ હતું. રહાબઆમની માંતાનું નામ નાઅમાંહ હતું,
તે આમ્મોની હતી.~ 22 યહૂદાના લોકોએ યહોવાની નજરમાં પાપ
ગણાય એવું આચરણ કર્યુ, તેમણે પૂર્વજોએ કરેલાં પાપોથી પણ વધુ
પાપો કરી યહોવાનો કોપ વહોરી લીધો.~ 23 તેમણે દરેક ઊંચી ટેકરી
અને દરેક છાયો આપતા વૃક્ષ નીચે લોકોએ ઉચ્ચસ્થાને પવિત્ર સ્તંભો
અને અશેરાહના સ્તંભ બાંધ્યા.~ 24 એટલું જ નહિ, આખા પ્રદેશમાં દેવ-
દાસો અને દેવદાસીઓ બીજા દેવોની સેવા કરતી હતી, આ તો ભૂમિના
રાષ્ટોએ કરેલું અધમ પાપ જેવું હતું, આને કારણે યહોવાએ તેમની પા-
સેથી ભૂમિ લઇને ઇસ્રાએલીઓને આપી દીધી હતી.~ 25 રહાબઆમના
રાજયમાં પાંચમાં વષેર્ મિસરના રાજા શીશાકે યરૂશાલેમ પર આક્રમણ
કર્યું,~ 26 અને તેણે યહોવાના મંદિરના અને રાજમહેલના બધા ભંડારો
લૂંટી ગયો.~ 27 તેણે સોનાની ઢાલો જે સુલેમાંને બનાવડાવી હતી તે
લઇ લીધી.~ 28 પેલી સોનાની ઢાલોને બદલે રાજા રહાબઆમે કાંસાની
ઢાલો કરાવી, ને તે રાજમહેલના પ્રવેશદ્ધારનું રક્ષણ કરતા સૈનિકોના
સરદારોને સોંપી.~ 29 જયારે જયારે રાજા યહોવાના મંદિરે જતો ત્યારે
ત્યારે રક્ષકોએ ઢાલ સાથે લઈ જતા અને પછીથી પાછી તે શસ્રાગારમાં
મૂકી દેતા.~ 30 રહાબઆમના રાજ્યનાં બીજા બનાવો અને એણે કરેલા
બીજા બધા કાર્યો યહૂદાના રાજાઓનાઁ ઇતિહાસ નામક ગ્રંથમાં લખાયા
છે.~ 31 યરોબઆમ અને રહાબઆમ વચ્ચે સતત યુદ્ધ ચાલ્યા કર્યુ.~
15 ઇસ્રાએલના રાજા યરોબઆમના અઢારમાં વર્ષમાં અબીયામ
યહૂદાનો રાજા બન્યો.~ 2 તેણે ત્રણ વર્ષ યરૂશાલેમમાં રાજ્ય
કર્યુ. અબીશાલોમની પુત્રી માંઅખાહ તેની માંતા હતી.~ 3 તેના પિતાએ
તેની પહેલાં જે પાપો કર્યા હતાં, તેણે તેજ બધાં કર્યા. તેના પિતા દાઉદ
પોતાના દેવ યહોવાને સંપૂર્ણ વફાદાર રહ્યો હતો તેવો તે ન રહ્યો;~
4 તેમ છતાં દાઉદ પ્રત્યેના પ્રેમને માંટે તેના દેવ યહોવાએ યરૂશાલેમમાં
તેના કુટુંબનો દીવો બળતો રાખ્યો. તેણે તેને પુત્ર આપ્યો અને યરૂશા-
લેમને સુરક્ષિત રાખ્યું.~ 5 ફકત ઊરિયા હિત્તીની બાબત સિવાય દાઉદે
હંમેશા યહોવાને જે ન્યાયી લાગ્યું તે પ્રમાંણે જ કર્યું અને જીવનપર્યત
સંપૂર્ણ પણે દેવને આજ્ઞાંકિત રહ્યો હતો.~ 6 રહાબઆમનો પુત્ર અને
યરોબઆમનો પુત્ર એકબીજા સાથે સતત લડતા રહ્યાં.~ 7 અબીયામનાઁ
શાસન વિષે અને શાસન દરમ્યાન બનેલા બીજાં બનાવો વિષે યહૂદાના
રાજાઓના ઇતિહાસ નામક ગ્રંથમાં લખાયેલા છે.અબીયામ અને યરો-
બઆમના પુત્રો એકબીજા સાથે યુદ્ધો લડ્યાં.~ 8 પછી અબીયામ મૃત્યુ
પામ્યો અને તેને દાઉદના નગરમાં તેના પિતૃઓ સાથે દફનાવવામાં
આવ્યો. તેના પછી તેનો પુત્ર આસા રાજા બન્યો. 9 ઇસ્રાએલના રાજા
યરોબઆમના રાજયકાળનાં વીસમાં વષેર્ આસા યહૂદાનો રાજા
બન્યો.~ 10 તેણે યરૂશાલેમમાં એકતાળીસ વર્ષ રાજ કર્યું, તેની માંતાનું
નામ માંઅખાહ હતું, તે અબીશાલોમની પુત્રી હતી.~ 11 તેના પિતૃ દા-
ઉદની જેમ યહોવાને જે ન્યાયી લાગ્યું તેમ કર્યું.~ 12 તેણે દેવદાસીઓ જે
પ્રદેશનાં બીજા દેવોની સેવા કરતી હતી, તેને હાંકી કાઢી અને તેના પિ-
તૃઓએ બનાવેલી મૂર્તિઓને દૂર કરી.~ 13 તેણે તેની માંતા માંઅખાહને
સુદ્ધા રાજમાંતાના પદેથી દૂર કરી, કારણ તેણે અશેરાહ દેવીની પૂજા
માંટે એક ધિક્કારપાત્ર મૂર્તિ કરાવી હતી. આસાએ એ મૂર્તિને તોડી ના-
ખી અને કિદ્રોન નદીના તટ પરની ખીણમાં બાળી મૂકી,~ 14 જો કે ઉચ્ચ
સ્થાનોની સમાંધિઓને દૂર કરવામાં આવી નહોતી, તેમ છતાં આસા
જીવનભર યહોવાને પૂરેપૂરો વફાદાર રહ્યો.~ 15 તેના પિતાએ તેમજ તે-
ણે પોતે યહોવાને સોનું, ચાંદી અને ચાંદીના વાસણો વગેરે યહોવાને
અર્પણ કર્યુ.~ 16 ઇસ્રાએલના રાજા બાઅશા અને આસા વચ્ચે તેમના
સમગ્ર શાસન દરમ્યાન એકબીજા સામે લડાઇ લડ્યા કરી.~ 17 ઇસ્રાએ-
લના રાજા બાઅશાએ યહૂદાને ઘેરી લીધું, અને રામાં નગરને કિલ્લેબંધી
કરી, જેથી કોઇ પણ યહૂદાના રાજા આસાને મદદ કરી ન શકે.~ 18 ત્યા-
રબાદ આસાએ મંદિરના તથા રાજમહેલના ખજાનામાં બાકી રહેલું સોનું
અને ચાંદી એકઠાં કરીને દમસ્કમાં રહેતા અરામના રાજા બેનહદાદને
આપવા પોતાના અધિકારીઓને મોકલ્યા. બેનહદાદ ટાબ્રિમ્મોનનો પુ-
ત્ર અને હેઝયોનનો પૌત્ર હતો. અધિકારીઓ સાથે રાજાએ આ સંદેશો
મોકલ્યો કે,~ 19 "તમાંરા પિતા અને માંરા પિતા વચ્ચે શાંતિકરાર હતો,
તેવો આપણી વચ્ચે પણ છે. આ સાથે હું તમને સોનાચાંદીની ભેટ મો-

કલું છું. તમે ઈસ્રાએલના રાજા બાઅશા સાથેનો શાંતિકરાર તોડી નાખો
એટલે તેણે માંરા પ્રદેશમાંથી હઠી જવું પડશે.”~ 20 બેનહદાદે આ કરાર
માંન્ય રાખ્યો અને તેણે પોતાના સૈન્યને ઈસ્રાએલનાં કેટલાંક નગરો
સામે લડવા મોકલ્યું. તેઓએ ઈયોન, દાન, આબેલ-બેથ-માંઅ-
ખાહ,સમગ્ર કિન્નેરોથ અને નફતાલી પ્રદેશનાં તમાંમ નગરોનો નાશ
કર્યો.~ 21 બાઅશાએ આ આક્રમણના સમાંચાર સાંભળ્યા, ત્યારે તેણે
રામાં નગરનું બાંધકામ પડતું મૂકયું. અને પાછો તિર્સાહ ચાલ્યો ગયો.~
22 પછી આસા રાજાએ સમગ્ર યહૂદામાં જાહેરાત કરી કે, દરેક સશકત પુ-
રુષે ‘રામાં’નો નાશ કરવામાં મદદ કરવી અન તેનાં લાકડાં તથા પથ્થરો
ઉઠાવી લાવવાં. રાજા આસાએ તે સાધનસામગ્રીનો ઉપયોગ બિન્યામી-
નનું નગર ગેબા અને મિસ્પાહ બાંધવા માંટે કર્યો.~ 23 આસાના રાજય-
ના બીજા બધા પ્રસંગો, તેનાં વિજયો અને તેનાં બધાં કાર્યો, તેમજ તેણે
બંધાવેલા નગરો તે બધું યહૂદાના રાજાઓના ઈતિહાસનાં ગ્રંથમાં લખેલું
છે. વૃદ્ધાવસ્થામાં તેને પગનો રોગ લાગુ પડયો.~ 24 પછી તે મૃત્યુ પા-
મ્યો, અને તેને તેના પિતૃઓ સાથે દાઉદ નગરમાં દફનાવવામાં આવ્યો.
તેનો પુત્ર યહોશાફાટ તેના પછી રાજગાદીએ આવ્યો.~ 25 એ સમય દર-
મ્યાન ઈસ્રાએલમાં યરોબઆમનો પુત્ર નાદાબ રાજા બન્યો. તે આસાના
રાજયકાળના બીજા વષેર્ ગાદીએ આવ્યો હતો. તેણે બે વર્ષ રાજ કર્યુ.~
26 તેણે યહોવાની દૃષ્ટિએ પાપ ગણાય એવું આચરણ કર્યુ; તે પોતાના
પિતાને પગલે ચાલ્યો; પિતાની જેમ પોતે પાપ કર્યુ, ને ઈસ્રાએલ પાસે
પણ પાપ કરાવ્યું.~ 27 અહિયાનો પુત્ર બાઅશા જે ઈસ્સાખાર કુળનો
હતો. તેણે નાદાબની સામે બળવો કર્યો. નાદાબે ઈસ્રાએલી સૈન્યની
સાથે પલિસ્તીઓના નગર ગિબ્બથોનને ઘેરી લીધું હતું. ત્યારે બાઅ-
શાએ કાવત્રુ કરીને તેનું ખૂન કર્યું.~ 28 રાજા આસાના યહૂદામાં શાસન-
ના ત્રીજા વર્ષ દરમ્યાન બાઅશાએ નાદાબને માંરી નાખ્યો અને પોતે રા-
જા બન્યો.~ 29 જેવો એ રાજા બન્યો કે તરત તેણે યરોબઆમના કુટુંબ-
નો નાશ કર્યો. તેણે કોઈનેય જીવતા છોડયા નહિ. આ રીતે યહોવાએ જે
વાત તેના સેવક શીલોના અહિયાને કહી હતી તે સાચી પડી.~ 30 આ
બધું બન્યું કારણકે યરોબઆમે પાપ કર્યું, અને ઈસ્રાએલીઓને પણ
પાપ કરવા પ્રેર્યા અને આમ તેણે ઈસ્રાએલના દેવ યહોવાને ખુબ ગુસ્સે
કર્યા.~ 31 નાદાબના શાસન વખતના બીજા બનાવો અને બીજુ જે કાઇ
તેણે કર્યુ હતંુ તે ઈસ્રાએલના રાજાના ઈતિહાસ નામક ગ્રંથમાં લખેલું
છે.~ 32 યહૂદાના રાજા આસા અને ઈસ્રાએલના રાજા બાઅશા વચ્ચે
સતત સંઘર્ષ ચાલ્યા કર્યો.~ 33 યહૂદાના રાજા આસાના શાસનના ત્રીજા
વર્ષ દરમ્યાન અહિયાનો પુત્ર બાઅશા ઈસ્રાએલનો રાજા બન્યો. બાઅ-
શાએ તિર્સાહમાં ચોવીસ વર્ષ રાજ કર્યું,~ 34 યહોવાએ જેને અનિષ્ટ કહ્યું
હતું તે જ તેણે કર્યું, અને તે યરોબઆમના ઉદાહરણને અનુસર્યો. તેના
જેવા જ પાપ કર્યા અને ઈસ્રાએલીઓને પાપના માંગેર્ દોર્યા.

16 તેના પછી યહોવાએ હનાનીના પુત્ર યેહૂને બાઅશા માંટે સંદેશો
આપ્યો, તે સંદેશો આ હતો.~ 2 “કે મેં તને સામાંન્ય માંણસ-
માંથી માંરા ઈસ્રાએલી લોકોનો રાજા બનાવ્યો. પણ તું યરોબઆમને
પગલે ચાલ્યો, તેં માંરા લોકો ઈસ્રાએલીઓ પાસે એવાં પાપ કરાવ્યાં
અને તેમના આ પાપોએ મને કોપાયમાંન બનાવ્યો.~ 3 હવે હું તારો
અને તારા કુટુંબનો ઉચ્છેદ કરી નાખીશ, નબાટના પુત્ર યરોબઆમના
કુટુંબનાં મેં જે હાલ કર્યા હતા, તેવા તારા પણ કરીશ.~ 4 બાઅશાના કુ-
ટુંબના જે કોઈ નગરમાં મુત્યુ પામશે તેમને કૂતરાં ખાઈ જશે, અને જેઓ
વગડામાં મૃત્યુ પામશે તેમને પંખીઓ ખાઈ જશે.”~ 5 બાઅશાનાઁ શાસ-
નના બીજા બનાવો, અને તેનાં કાર્યો ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ
નામનાં ગ્રંથમાં લખેલ છે.~ 6 પછી બાઅશા પિતૃલોકને પામ્યો અને તે-
ને તિર્સાહમાં તેના પિતૃઓ સાથે દફનાવ્યો. તેના પછી તેનો પુત્ર એલાહ
તેની ગાદીએ આવ્યો.~ 7 હનાનીના પુત્ર યેહૂ પ્રબોધક, યહોવા તરફથી
બાઅશા અને તેના કુટુંબ માંટે એક સંદેશો લાવ્યો. એનું કારણ એ કે,
બાઅશાએ યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કરીને
યહોવાનો રોષ વહોરી લીધો હતો; તેણે યરોબઆમના કુટુંબના જેવું
આચરણ કર્યું હતું, તેથી યહોવા તેના કુળનો પણ નાશ કરશે.~ 8 યહૂદા-
ના રાજા આસાના શાસનના છવ્વીસમાં વષેર્ જયારે બાઅશાનો પુત્ર
એલાહ તિર્સાહમાં રાજા થયો અને તેણે બે વર્ષ રાજય કર્યુ,~ 9 તેના એક
અમલદાર, અડધી રથસેનાના નાયક ઝિમ્રીએ તેની વિરુદ્ધ બંડ કર્યું.
તિર્સાહમાં રાજાએ કેફી પીણું પીધું અને આર્સાના ઘરમાં ભાન ભૂલી
ગયો. જે આર્સા તિર્સાહના મહેલમાં ઉપરી હતો.~ 10 ઝિમ્રી ત્યાં આવ્યો
અને એલાહને ત્યાં માંરી નાખ્યો અને પછી રાજા બન્યો. આ યહૂદાના
રાજા આસાના અમલના સત્તાવીસમાં વર્ષ દરમ્યાન બન્યું.~ 11 તે જેવો
ગાદીએ આવ્યો કે તરત જ તેણે આસાના સમગ્ર પરિવારને રહેંસી ના-
ખ્યું. તેણે તેના કુટુંબમાંથી તેના ખૂબ દૂરના સગાસંબધી કે મિત્રોનાં
એકેય માંણસને તેણે જીવતા રહેવા દીધા નહિ.~ 12 ઝિમ્રી દ્ધારા બાઅ-
શાનાઁ કુળના સભ્યોનો સંહાર થયો, જેની પ્રબોધક યેહૂએ ભવિષ્યવા-
ણી કરી હતી અને આમ યહોવાના વચન સાચાં પડ્યાં.~ 13 બાઅશા
અને તેના પુત્ર એલાહનાઁ પોતાના જ અનિષ્ટ કૃત્યો અને દુષ્ટ કમોર્ને
લીધે તેઓનો સંહાર થયો. કેમકે તેઓ ઈસ્રાએલીઓને મૂર્તિઓની પૂજા
કરવામાં દોરી ગયા અને ઈસ્રાએલના યહોવા દેવને સખત ક્રોધાયમાંન
કર્યા.~ 14 એલાહનાઁ શાસનના બીજા બધાં બનાવો ઈસ્રાએલના રાજા-
ઓના ઈતિહાસ નામક ગ્રંથમાં લખેલ છે.~ 15 યહૂદાના રાજા આસાના
અમલના સત્તાવીસમેં વષેર્ ઝિમ્રીએ તિર્સાહમાં સાત દિવસ રાજ્ય કર્યુ.
તે વખતે ઈસ્રાએલી સૈન્યે ગિબ્બથોનના પલિસ્તીઓના શહેર પાસે
પડાવ નાખ્યો.~ 16 જયારે સેનાને ખબર પડી કે ઝિમ્રીએ રાજા વિરુદ્ધ
કાવતરું કરી, તેનું ખૂન કર્યુ છે. ત્યારે તેઓએ સેનાપતિ ઓમ્રીને નવા
રાજા તરીકે જાહેર કર્યો.~ 17 ઓમ્રીએ અને સમગ્ર ઈસ્રાએલી સેનાએ ગિ-
બ્બથોન છોડીને તિર્સાહને ઘેરો ઘાલ્યો.~ 18 જયારે ઝિમ્રીએ જોયું કે
શહેર દુશ્મનને હાથ ગયું છે, એટલે તેણે રાજમહેલમાં જઈને આખા મહે-
લને આગ લગાડી અને તે મરી ગયો.~ 19 યહોવાની દૃષ્ટિએ અયોગ્ય
ગણાય તેવું આચરણ કરી તેણે જે પાપ કર્યું હતું તથા તેણે આચરેલા દુ-
ષ્કૃત્યોનું આ ફળ હતું. તે યરોબઆમને પગલે ચાલ્યો હતો. તેણે યરો-
બઆમની જેમ પાપ કર્યુ હતું, અને ઈસ્રાએલીઓ પાસે પણ પાપ કરા-
વ્યું હતું.~ 20 ઝિમ્રીના શાસનના બીજા બનાવો અને તેણે કરેલા બળ-
વાની વાત ઈસ્રાએલના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં નોંધાયે-
લી છે.~ 21 ત્યારબાદ ઈસ્રાએલના લોકોમાં બે પક્ષો પડી ગયા. એક પક્ષ
ગિનાથના પુત્ર તિબ્નીને ટેકો આપતો હતો અને તેને રાજા બનાવવા
માંગતો હતો અને બીજો ઓમ્રીને ટેકો આપતો હતો.~ 22 જે લોકો
ઓમ્રીને ટેકો આપતા હતા, તેઓ વધુ બળવાન હતાં. તિબ્નીને માંરી
નાખવામાં આવ્યો અને ઓમ્રીનો વિજય થયો, તેથી તેણે કોઈના વિ-
રોધ વિના રાજ કર્યું.~ 23 જયારે આસા યહૂદાના રાજા તરીકે 31વર્ષ
રહ્યો. ઓમ્રી ઈસ્રાએલનો રાજા બન્યો, અને તેણે 12 વર્ષ રાજ્ય કર્યું.
એમાંથી તેણે છ વર્ષ તિર્સાહમાં રાજય કર્યું,~ 24 ત્યારબાદ તેણે શેમેર
નામની વ્યકિત પાસેથી સમરૂનની ટેકરી સમરૂન પર્વત લગભગ 68
કિલો ચાંદી આપીને ખરીદી લીધી અને તેના પર તેણે શહેર બંધાવ્યું
અને શેમેરના નામ પરથી તેનું નામ સમરૂન પાડયું.~ 25 ઓમ્રીએ યહો-
વાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યું; દુષ્ટતામાં તે પોતા-
ના બધા પૂર્વજો કરતાં વધી ગયો.~ 26 તેણે નબાટના પુત્ર યરોબઆમને
માંગેર્ ચાલી, યરોબઆમની જેમ પોતે પાપ કર્યા અને ઈસ્રાએલ પાસે
પણ પાપ કરાવ્યાં તથા મૂર્તિની પૂજા કરીને, ઈસ્રાએલના દેવ યહોવાને
કોપાયમાંન કર્યા.~ 27 ઓમ્રીના શાસનના બીજા બનાવો અને તેનાં વિ-
જયો ઈસ્રાએલીઓના રાજાઓના ઈતિહાસ નામક ગ્રંથમાં નોંધેલાં છે.~
28 પછી ઓમ્રી પિતૃલોકને પામ્યો અને તેને સમરૂનમાં દફનાવવામાં
આવ્યો, તેના પછી તેનો પુત્ર આહાબ ગાદીએ આવ્યો.~ 29 યહૂદાના રા-
જા આસાના અમલમાં આડત્રીસમે વષેર્ ઓમ્રીનો પુત્ર આહાબ ઈસ્રાએ-
લનો રાજા બન્યો; અને તેણે સમરૂનમાં 22 વર્ષ રાજ કર્યું.~ 30 ઓમ્રીના
પુત્ર આહાબે યહોવાની નજરે અયોગ્ય ગણાય એવું આચરણ કર્યુ. અને
પોતાના બધા પૂર્વજો કરતાં પણ તે વધારે ખરાબ નીવડયો.~ 31 તેને
માંટે નબાટના પુત્ર યરોબઆમના પગલે ચાલવું એ પૂરતું ન હતું. તેથી
તેણે ઈઝેબેલ સાથે લગ્ન કર્યા જે સિદોનના રાજા એથબઆલની પુત્રી
હતી, અને બઆલ દેવની પૂજા કરી હતી.~ 32 તેણે સમરૂનમાં બઆલ
દેવની પૂજા માંટે એક મંદિર બંધાવી તેમાં એક વેદી ચણાવી.~
33 આહાબે અશેરાહ દેવીની પણ એક મૂર્તિ ઊભી કરી, અને બીજાં પાપો
પણ કર્યા, પરિણામે તેણે તેની સામે બીજા ઈસ્રાએલી રાજાઓ કરતાં
પણ વધુ ઈસ્રાએલના દેવ યહોવાનો કોપ વહોરી લીધો.~ 34 તેના સમય
દરમ્યાન બેથેલના હીએલે યરીખો નગર ફરી બંધાવ્યું, તેણે જયારે તેનો

પાયો નાખ્યો ત્યારે તેનો સૌથી મોટો પુત્ર અબીરામ મરી ગયો, અને પો-
તાનો સૌથી નાનો પુત્ર સગૂબ જયારે તેના દરવાજાઓ ઊભા કર્યા ત્યારે
મરી ગયો. નૂનના પુત્ર યહોશુઆના શબ્દો, કે જે યહોવાની ભવિષ્યવા-
ણી હતી, આ રીતે સાચી પડી.
17 એલિયા ગિલયાદના તિશ્બેનો હતો, તેણે આહાબને કહ્યું કે,
“ઇસ્રાએલના દેવ યહોવા જેની સંમુખ ઊભો રહું છું તેનો હું સે-
વક છું, અને હું માંરા જીવના સમ ખાઈને કહું છું કે હવેના વર્ષોમાં હું કહું
નહિ ત્યાં સુધી ઝાકળ કે વરસાદ પડવાના નથી.”~ 2 ત્યારબાદ તેને
યહોવા તરફથી આ સંદેશો મળ્યો.~ 3 “આ જગ્યા છોડીને તું પૂર્વ તરફ
જા, યર્દન નદીની બાજુમાં કરીથના વહેળા પાસે સંતાઈ જા.~ 4 ઝરણાનું
પાણી પીજે, અને મેં કાગડાઓને આજ્ઞા કરી છે કે તે તને ત્યાં ખવડા-
વે.”~ 5 તેણે યહોવાનાં કહ્યાં પ્રમાંણે કર્યુ. તે યર્દન નદીની બાજુમાં
આવેલ કરીથના વહેળા પાસે ગયો.~ 6 કાગડાઓ સવાર-સાંજ તેને રોટ-
લી તથા માંસ લાવી આપતા, અને તે ઝરણામાંથી પાણી પીતો.~
7 પણ થોડા સમય પછી, નાની નદીનું પાણી સુકાઈ ગયું કેમકે દેશમાં
કોઈ સ્થળે વરસાદ વરસ્યો ન હતો.~ 8 પછી યહોવાએ એલિયાને
કહ્યું,~ 9 “તું ઊઠ, અને સિદોન નગરની પાસેના સારફત ગામમાં જઈને
રહે, ત્યાં એક વિધવા સ્ત્રી રહે છે, તે તારું પોષણ કરશે, તે માંટે મેં તેને
આજ્ઞા આપી છે.”~ 10 આથી તે સારફત ચાલ્યો ગયો, જયારે તે ગામની
ભાગોળે પહોંચ્યો ત્યારે, તેણે એક વિધવા સ્ત્રીને લાકડાં વીણતી જોઈ,
તેણે તેનું અભિવાદન કર્યુ અને કહ્યું, “જરા મને કૂંજામાં થોડું પાણી પી-
વા લાવી આપોને.”~ 11 તે પાણી લેવા જતી હતી એટલામાં એલિયાએ
તેને બૂમ પાડીને કહ્યું, “માંરે માંટે ટૂકડો રોટલીનો પણ લાવજો.”~
12 પણ તે વિધવા બોલી, “તમાંરા દેવ યહોવાના સમ માંરી બરણીમાં
મુઠ્ઠી લોટ અને કૂજામાં થોડું તેલ છે; એ સિવાય માંરી પાસે કશું ખાવાનું
નથી. હું અહીં આ થોડા લાકડાં ભેગાં કરવા આવી છું, જેથી જઈને મરતાં
પહેલાં માંરે માંટે ને માંરા પુત્રના છેલ્લા ભોજન માંટે કંઈ રાંધી શકું.”~
13 એલિયાએ કહ્યું, “ગભરાઈશ નહિ, જા ને હું કહું છું એ પ્રમાંણે કર.
પહેલાં માંરા માંટે એક નાની રોટલી બનાવજે, પછી એક તારા માંટે
બનાવ,અને ત્યાર પછી એક તારા પુત્ર માંટે બનાવ.~ 14 કારણ, ઇસ્રા-
એલના યહોવા દેવનાં વચન છે કે, ‘યહોવા ભૂમિ પર વરસાદ ન મોકલે,
ત્યાં સુધી બરણી માંનો લોટ અને તેલનો કૂંજો કદી ખાલી થશે નહિ.’”~
15 આથી તેણે જઈને એલિયાના કહેવા મુજબ કર્યુ; અને લાંબા સમય
સુધી એલિયાને, તે સ્રીને અને તેના કુટુંબને ખાવાનું મળતું રહ્યું.~
16 એલિયા માંરફતે યહોવાએ જે ભવિષ્યવાણી કરી હતી તે સાચી પડી
અને તે પ્રમાંણે લોટની બરણી અને તેલનો કૂંજો કદી ખાલી થયા
નહિ.~ 17 ત્યારબાદ તે ઘરવાળી સ્રીનો પુત્ર માંદો પડયો, તેની માંદગી
એટલી ભારે હતી કે તેનું મૃત્યુ થયું.~ 18 ત્યારે તેણે એલિયાને કહ્યું, “ઓ
યહોવાના માંણસ, તમે શા માંટે આવીને માંરા એ પાપ વિષે યાદ કરાવો
છો? જેને લીધે માંરો પુત્ર મરી ગયો હતો?”~ 19 એલિયાએ તેને કહ્યું,
“તારા પુત્રને માંરી પાસે લાવ.” એમ કહીને એલિયાએ તેના ખોળામાંથી
બાળકને લઈ લીધો અને પોતે રહેતો હતો તે માંળ ઉપરની ઓરડીમાં
લઈ જઈ તેને પોતાની પથારીમાં નીચે મૂક્યો.~ 20 પછી તેણે યહોવાને
પ્રાર્થના કરતાં કહ્યું, “ઓ માંરા યહોવા દેવ, હું જેને ત્યાં ઊતર્યો છું, તે
વિધવાને તમાંરે સાચેજ નુકસાન પહોંચાડવું છે? એના પુત્રને તમે શા
માંટે માંરી નાખ્યો?”~ 21 તેણે પોતે બાળક તરફ ખેંચાઈને ત્રણ વખત
લાંબા થઈને યહોવાને મોટેથી પ્રાર્થના કરી કે, “ઓ માંરા દેવ, આ બાળ-
કને ફરી જીવતો કરી દે.”~ 22 યહોવાએ તેનો પોકાર સાંભળ્યો. પેલા બા-
ળકને ફરીથી જીવતો કર્યો.~ 23 એલિયાએ તેને ઉપાડી લઈ ઘરના પર-
ના માંળપરની ઓરડીમાંથી તેને તેની માંતા પાસે લઈ આવ્યો. તે બા-
ળકને તેની માંતાને સુપ્રત કરીને તેણે કહ્યું, “જો, તારો પુત્ર તો જીવે
છે.”~ 24 તેથી તે સ્ત્રીએ કહ્યું, “હવે હું ખાતરી પૂર્વક જાણું છું કે તમે દેવ-
ના માંણસ છો, અને તમે બોલો છો તે યહોવાનું વચન છે તે સત્ય છે.”
18 ઘણા દિવસો પછી, દુકાળના ત્રીજે વર્ષે એલિયાને યહોવાની
વાણી સંભળાઈ, “જા, આહાબ સમક્ષ હાજર થા, હવે હું આ ધર-
તી પર વરસાદ વરસાવવાનો છું.”~ 2 આથી એલિયા આહાબને મળવા
નીકળી પડયો, તે સમયે સમરૂનમાં દુકાળ ઘણો વિષમ હતો.~ 3 આ
સમયે ઓબાદ્યા નામનો એક માંણસ જે યહોવાનો ખૂબ વફાદાર હતો
અને મહેલનો વ્યવસ્થાપક પણ હતો તેને આહાબે બોલાવડાવ્યો.~
4 જયારે રાણી ઈઝેબેલ યહોવાના પ્રબોધકોને માંરી નાખતી હતી, ત્યારે
તેણે એકસો પ્રબોધકોને આશ્રય આપ્યો, અને દરેક ગુફામાં 50 પ્રબો
50 ધકો એમ બે ગુફામાં તેઓને સંતાડ્યાં, અને તેમને અનાજપાણી પૂ-
રાં પાડયાં હતાં.~ 5 આહાબે ઓબાદ્યાને જણાવ્યું, “ચાલ, આપણે બંને
આખા દેશમાં ફરીને એકેએક ઝરણું અને એકેએક નદી જોઈ વળીએ. જો
આપણને પૂરતું ઘાસ મળી જાય તો આપણા ઘોડાઓ અને ખચ્ચરોને
થોડાં સમય માંટે જીવતાં રાખી શકીએ, નહિ તો આપણે તેમની હત્યા
કરવી પડશે.”~ 6 તેમણે દેશ વહેંચી લીધો, આહાબ એકલો એક બાજુ
ગયો અને ઓબાદ્યા એકલો બીજી બાજુ ગયો.~ 7 ઓબાદ્યા પોતાને
માંગેર્ જતો હતો ત્યારે, ત્યાં એને એલિયા મળ્યો, ઓબાદ્યાએ તેને
ઓળખ્યો એટલે તેને સાષ્ટાંગ પ્રણામ કરી કહ્યું, “આપ જ માંરા માંલિક
એલિયા ને?”~ 8 એલિયાએ કહ્યું, “હા, જા અને તારા ધણીને (આહાબ)
કહે કે એલિયા અહીં છે.”~ 9 ઓબાદ્યાએ કહ્યું, “મેં તમાંરા સેવકે, એવું શું
અનિષ્ટ કર્યું છે કે જે તમાંરે મને આહાબ પાસે મોકલવો જોઈએ. તે મને
માંરી નાખશે.~ 10 જેટલી ખાત્રી યહોવા તમાંરા દેવની હાજરીની છે તેટ-
લી જ ખાત્રીથી હું કહું છું કે, આ પૃથ્વી પર એક છેડાથી બીજા છેડા સુધી
એવા કોઈ રાજય કે પ્રજા બાકી નથી, જયાં રાજાએ તમાંરી શોધ કરી ના
હોય, અને દેશના રાજાએ જયારે બધાંને પૂછયું અને તેઓ બધાં કહેતા કે
‘એલિયા’ અહીં નથી ત્યારે એ કથન સાચું છે એવું પૂરવાર કરવા રાજા
તેની પાસે વચન લેવડાવતો હતો.~ 11 અને હવે તમે કહો છો જા તારા
ધણી (આહાબ) ને જઈને કહે કે એલિયા અહીંયા છે.~ 12 એટલે એવું
થશે કે હું આપની પાસેથી જઈને આહાબને કહીશ, અને યહોવાનો
આત્માં તમને દૂર લઈ જશે અને મને ખબર પણ નહિ પડે તમે ક્યાં છો
અને જ્યારે રાજા તમને જોવા નહિ પામે, તો તે મને માંરી નાખશે. હું
તમાંરો સેવક નાનપણથી યહોવાને અનુસરૂં છું તેમ છતાં પણ તમે જા-
ણતા નથી કે,~ 13 જયારે ઈઝેબેલ યહોવાના પ્રબોધકોને માંરી નાખતી
હતી ત્યારે મેં યહોવાના પ્રબોધકોને બે ગુફામાં છૂપાવ્યાં હતાં. દરેક ગુ-
ફામાં 50 માંણસો, અને તેમને અનાજ-પાણી પણ પૂરાં પાડયાં હતાં.~
14 અને અત્યારે આપ મને કહો છો કે, જા, તારા ધણી (આહાબ) ને કહે
કે એલિયા અહીં છે! તે જરૂર મને માંરી નાખશે.”~ 15 એલિયાએ કહ્યું,
“જેટલી ખાત્રી મને સૈન્યોના દેવ યહોવા જેની હું સેવા કરું છું તેમાં છે
તેટલી જ ખાત્રીથી હું તમને વચન આપું છું કે, આજે આહાબ સમક્ષ
માંરી જાતને છતી કરી દઈશ.”~ 16 તેથી ઓબાદ્યા આહાબને શોધવા
ગયો અને તેણે તેને સમાંચાર આપ્યા; એટલે આહાબ એલિયાને મળવા
ગયો.~ 17 જયારે આહાબે એલિયાને જોયો ત્યારે તેણે કહ્યું, “તું એ જ
વ્યકિત છે જે ઇસ્રાએલ માંટે સમસ્યા ઊભી કરી રહ્યો છે.”~ 18 એલિ-
યાએ જવાબ આપ્યો, “મેં નહિ, પણ તેં જ આ વિપત્તિ તારી ભૂમિ પર
નોતરી છે, કારણ કે તેં અને તારા પરિવારના સભ્યોએ યહોવાની
આજ્ઞાનો અનાદર કરીને બઆલની પૂજા કરી છે.~ 19 પરંતુ બઆલના
450 પ્રબોધકો અને અશેરાહના 400 પ્રબોધકો છે જેઓને ઈઝેબેલનો
ટેકો છે. તેઓને કામેર્લ પર્વત પર ભેગા કરો.”~ 20 તેથી આહાબે કામેર્લ
પર્વત પર બધા ઇસ્રાએલીઓને ભેગા કર્યા, અને પ્રબોધકોને પણ ભેગા
કર્યા.~ 21 એલિયાએ આગળ આવીને લોકોને કહ્યું, “તમે કેટલો વખત
અને ક્યાં સુધી તમે બે અભિપ્રાયની વચ્ચે ફર્યા કરશો? જો યહોવા દેવ
હોય, તો તેની પૂજા કરો, જો બઆલ દેવ હોય તો તેની પૂજા કરો.”પણ
કોઈ એક અક્ષરે બોલ્યું નહિ.~ 22 પછી એલિયાએ લોકોને કહ્યું, “યહો-
વાના બધાં પ્રબોધકોમાંથી એક હું જ એકલો બાકી રહ્યો છું, જયારે
બઆલના તો 450 પ્રબોધકો છે.~ 23 બે બળદો લઈ આવો, તેઓને
એક બળદ પસંદ કરવા દો અને તેને વધેરીને બલિદાનના લાકડા પર
મૂકો, પણ અગ્નિ ન પેટાવો, બીજા બળદને હું બલિદાન માંટે તૈયાર કરી-
ને લાકડા પર મૂકું, પણ અગ્નિ નહિ પેટાવું.~ 24 તમાંરે તમાંરા દેવનું
આહવાહન કરવું અને હું યહોવાને આહવાહન કરું. જે કોઈ દેવ અગ્નિને
પેટાવી શકશે તે સાચા દેવ હશે.”બધા લોકો સંમત થયા.~ 25 પછી
એલિયાએ બઆલના પ્રબોધકોને કહ્યું, “એક બળદ પસંદ કરો અને
પહેલાં તમે ધરાવો, કારણ તમે સંખ્યામાં ઘણા છો, તમાંરા દેવને પ્રાર્થ-
ના કરો, પણ લાકડામાં આગ ન મૂકશો.”~ 26 તેથી તેઓએ તેના કહ્યા
મુજબ કર્યું અને એક બળદ તૈયાર કર્યો, અને સવારથી તે બપોર સુધી

બઆલનું નામ જપ્યા કર્યું, “તેઓ ઓ બઆલ, અમને જવાબ આપ.”
એવા પોકારો કરતાં રહ્યાં, પણ ત્યાં કોઈ અવાજ ન હતો અને જવાબ ન
હતો. તેઓએ વેદીની ગોળ ફરતે નૃત્ય પણ કર્યું.~ 27 આમને આમ
બપોર થઈ ગઈ એટલે એલિયાએ તેમની મશ્કરી કરવા માંડી, તે બો-
લ્યો, “હજી મોટા સાદે બૂમો પાડો, તેઓ દેવ છે; એ વિચારમાં ઊંડા ડૂ-
બી ગયા હશે, અથવા કંઈ કામમાં ગૂંથાયા હશે કે, પ્રવાસે ગયા હશે,
કદાચ ઊંઘી પણ ગયા હોય તો જગાડવા પડે ને?”~ 28 આથી તેઓ
વધારે મોટે સાદે બૂમો પાડવા લાગ્યા અને તેમના રિવાજ મુજબ તરવાર
અને ભાલા વડે પોતાના શરીર પર એવા ઘા કરવા લાગ્યા કે, લોહીના
રેલા વહેવા લાગ્યા.~ 29 બપોર વીતી ગઈ અને છેક સંધ્યાબલિનો સમય
થયો ત્યાં સુધી તેઓ ધૂણતા રહ્યાં, અને તેઓના દેવને બોલાવતા
રહ્યાં; પણ ત્યાં કંઈ અવાજ કે જવાબ ન મળ્યો, કારણકે કોઈ સાંભળતું
નહોતું.~ 30 પછી એલિયાએ બધાં લોકોને કહ્યું, “અહીં આવો.” લોકો
આવ્યા; અને તેની ગોળ ફરતા ભેગા થયા. યહોવાની વેદી જે તોડી ના-
ખવામાં આવી હતી, તેને તેમણે સમી કરી.~ 31 યાકૂબ કે જેનું નામ
યહોવાએ ઈસ્રાએલ રાખ્યું હતું, તેના પુત્રોનાં કુળસમૂહોની સંખ્યા અનુ-
સાર તેણે બાર પથ્થર લીધા.~ 32 તે પથ્થરો વડે એલિયાએ એક વેદી
બનાવી અને તેને યહોવાને અર્પણ કરી. તેણે તે વેદીની ફરતે બે માંપ
બી સમાંય તેવડી ખાઈ ખોદી.~ 33 ત્યારબાદ તેણે લાકડા પણ ગોઠ-
વ્યાં. બળદના ટૂકડા કર્યા અને તેને લાકડાં પર ગોઠવ્યો.~ 34 પછી તેણે
કહ્યું, “ચાર ઘડા ભરીને પાણી લાવીને અર્પણ રેડો અને લાકડાં પર
છાંટો.” લોકોએ એ પ્રમાંણે કર્યું. તે બોલ્યો, “ફરી પાણી રેડો.” લોકોએ
ફરી વાર પાણી રેડયું, તેણે કહ્યું, “ત્રીજી વાર પાણી રેડો.” અને લોકોએ
ત્રીજીવાર પાણી રેડયું.~ 35 આથી પાણી વેદીની ચારે બાજુએ ફેલાઈ
ગયું. અને પેલી ખાઈ સુદ્ધાં પાણીથી બધી બાજુ ભરાઈ ગઈ.~ 36 સાંજે
જ્યારે બલિનો સમય થયો તે સમયે પ્રબોધક એલિયા આગળ આવીને
બોલ્યો, “ઓ ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબના યહોવા દેવ, આજે આ
લોકોને ખબર પડવા દો કે, ઈસ્રાએલમાં તમે સાચા દેવ છો, અને હું
તમાંરો સેવક છું, અને આ બધું હું તમાંરા હુકમથી કરું છે.~ 37 મને
જવાબ આપો, ઓ યહોવા મને જવાબ આપો. જેથી આ લોકોને ખાતરી
થાય કે, તમે જ યહોવા દેવ છો, અને તમે જ તેમનાં હ્દય પાછાં પોતા-
ના તરફ વાળી લીધાં છે.”~ 38 એટલામાં એકાએક આકાશમાંથી યહો-
વાનો અગ્નિ યજ્ઞમાં પડ્યો અને, દહનાર્પણ. લાકડાં, પથ્થર અને રેતીને
બાળી નાખ્યા અને તેણે ખાડાના પાણી પણ સૂકવી નાખ્યાં!~ 39 લો-
કોએ આ જોયું ત્યારે તેઓ ભૂમિ પર પ્રણામ કરવા નમ્યાં, અને પોકાર
કર્યો, “યહોવા એ જ દેવ છે! યહોવા એ જ દેવ છે!”~ 40 એલિયાએ કહ્યું,
“બઆલના પ્રબોધકોને પકડી લો, જોજો, એક પણ છટકી ન જાય.” લો-
કોએ તેમને પકડી લીધા અને એલિયા તેમને કીશોન નદીને કાંઠે લઈ
ગયા અને તેઓ સર્વને ત્યાં માંરી નાખ્યાં.~ 41 એલિયાએ આહાબને
કહ્યું, “હવે પાછો જા, અન્નજળ લે, કારણ, મને મૂશળધાર વરસાદનો
અવાજ સંભળાય છે.”~ 42 આહાબે જઈને અન્નજળ લીધાં અને એલિયા,
કામેર્લ પર્વતની ટોચે સુધી ગયો, ત્યાં તે જમીન પર પડ્યો અને ઘૂંટણ
વચ્ચે પોતાનું માંથું ઘાલી દીધું.~ 43 તેણે પોતાના નોકરને કહ્યું, “ઉપર
જઈને દરિયા તરફ નજર કર.”તેણે ઉપર જઈને નજર કરી, તે બોલ્યો,
“ત્યાં કાંઈ નથી.” એલિયાએ તેને સાત વાર પાછો મોકલ્યો, અને તે
સાત વાર પાછો ગયો.~ 44 સાતમી વખતે તે બોલ્યો, “માંણસના હાથ-
ના માંપનું નાનું વાદળું દરિયામાંથી પર ચઢે છે.”ત્યારે એલિયાએ કહ્યું,
“હવે જઈને આહાબને કહે, રથ જોડીને ચાલ્યો જા, નહિ તો વરસાદ તેને
રોકી રાખશે.”~ 45 દરમ્યાન આકાશ વાદળથી કાળું થઈ ગયું, પવન જો-
રથી ફૂંકાવા લાગ્યો અને ધોધમાંર વરસાદ વરસ્યો. આહાબ રથમાં બેસી
ગયો અને યિઝએલ જવા માંટે નીકળી પડ્યો.~ 46 એલિયામાં યહોવાની
શકિતનો સંચાર થયો અને તે ઝભ્ભો ઊંચો ખોસીને આહાબના રથની
આગળ આગળ ઠેઠ તે યિઝએલ પહોંચ્યો ત્યાં સુધી દોડતો ગયો.

19 એલિયાએ જે કંઈ કર્યું હતું તે, ને તેણે કેવી રીતે સઘળા પ્રબોધ-
કોને તરવારથી માંરી નાખ્યા હતા, તે પણ આહાબે ઈઝેબેલને
કહ્યું,~ 2 પછી ઈઝેબેલે કાસદ મોકલી એલિયાને કહેવડાવ્યું કે, “તેં જેમ
તે પ્રબોધકોના પ્રાણ લીધા છે તેમ હું તારા પ્રાણ આવતી કાલે રાત્રે
બરાબર આવી જ રીતે આ સમય પહેલા હું તને માંરી નાખીશ.’ જો હું તેમ
નહિ કરૂં તો, ભલે દેવ તેવું જ અને તેનાથી વધારે ખરાબ માંરા પ્રત્યે
કરે.”~ 3 એલિયા ડરી ગયો, ને જીવ બચાવવા યહૂદામાં આવેલા બેર-શે-
બા નગરમાં દોડી ગયો, પછી તેણે પોતાના નોકરને ત્યાં છોડી દીધો.~
4 અને તેણે એક આખો દિવસ મુસાફરી કરી, ત્યાં તે એક ઝાડ નીચે બે-
ઠો અને પ્રાર્થના કરી કે પોતે મરી જાય, તેણે કહ્યું “યહોવા દેવ, માંરા
પ્રાણ લઈ લો, હું માંરા પિતૃઓથી જરાય સારો નથી”~ 5 પછી તે વૃક્ષ
નીચે આડો પડયો અને ઊંઘી ગયો, તે ઊંઘતો હતો, ત્યારે એક દેવદૂતે
તેને સ્પર્શ કરીને કહ્યું, “ઊઠ અને ખાઈ લે,”~ 6 તેણે જોયું, તો તેના
માંથા આગળ હૂંફાળો રોટલો અને પાણીનો કૂજો હાજર હતો, તે ખાઈ
પીને પાછો સૂઈ ગયો.~ 7 યહોવાના દૂતે ફરી આવીને તેને બીજી વાર
સ્પર્શ કરીને કહ્યું, “ઊઠ, ને ખાઈ લે, તારે લાંબો પંથ કાપવાનો છે.”~
8 તેણે ઊઠીને ખાઈને પાણી પીધું અને તે ખોરાકને આધારે 40 દિવસ
અને ચાળીસ રાતનો પંથ કાપીને તે યહોવાનો પર્વત જે હોરેબ પર્વત
કહેવાય છે ત્યાં સુધી પહોંચી ગયો.~ 9 એક ગુફામાં દાખલ થઈને તેણે
ત્યાં રાત વિતાવી, અચાનક તેને યહોવાની વાણી સંભળાઈ;તેમણે કહ્યું
“એલિયા, તું અહીં શા માંટે આવ્યો છે?”~ 10 એલિયાએ કહ્યું, “હું સર્વસ-
મર્થ દેવ યહોવાને સંપૂર્ણ રીતે સમર્પિત છું, ઈસ્રાએલના લોકોએ તમાંરા
કરારનો ભંગ કર્યો છે, તમાંરી વેદીનો નાશ કર્યો છે અને તમાંરા પ્રબોધ-
કોને તરવારથી કાપી નાખ્યા છે. હું એકલો બાકી રહ્યો છું, અને હવે
તેઓ માંરો જીવ લેવા ઈચ્છે છે.”~ 11 યહોવાએ તેને જણાવ્યું, “બહાર જા
અને પર્વત પર યહોવાની ઉપસ્થિતિમાં ઊભો રહે.” કારણ યહોવા
ત્યાંથી પસાર થઈ રહ્યાં છે, પ્રચંડ પવન ફૂંકાવા લાગ્યો, જે યહોવાની
હાજરીમાં પર્વતને હલાવી શકે અને પથ્થરોને તોડી શકે એટલો શકિત-
શાળી હતો. પરંતુ યહોવા તે પવનમાં નહોતા. પવન પછી ભૂકંપ થયો,
પરંતુ યહોવા કંઈ એ ભૂકંપમાં નહોતા.~ 12 ભૂકંપ પછી અગ્નિ ફાટી નીક-
ળ્યો, પણ યહોવા એ અગ્નિમાં પણ નહોતા, અગ્નિ પછી ત્યાં સંપૂર્ણ
શાંતિ હતી.~ 13 આ સાંભળતાં જ એલિયાએ પોતાના ઝભ્ભાથી મોં
ઢાંકી દીધું અને બહાર નીકળીને તે ગુફાના બારણા આગળ ઊભો રહ્યો.
ત્યાં એક અવાજ આવ્યો, “એલિયા, તું અહીં શા માંટે આવ્યો છે?”~
14 તેણે ફરીથી જવાબ આપ્યો, “હું સંપૂર્ણરીતે સર્વસમર્થ દેવ યહોવાને
અર્પણ થઈ ગયો છુ, ઈસ્રાએલના લોકોએ તમાંરો કરાર ફગાવી દીધો છે,
તમાંરી વેદી તોડી પાડી છે, અને તમાંરા પ્રબોધકોને તરવારથી કાપી
નાખ્યા છે, હું એકલો બાકી રહ્યો છું, અને હવે તેઓ માંરો જીવ લેવા
માંગે છે.”~ 15 15~યહોવાએ તેને કહ્યું, “તું પાછો ફર, અને દમસ્કના
રણ વિસ્તારમાં જા, ત્યાં જઈને અરામના રાજા તરીકે ‘હઝાએલનો
અભિષેક કર.~ 16 નિમ્શીના પુત્ર યેહૂનો ઈસ્રાએલના રાજા તરીકે અભિ-
ષેક કર, અને અબેલ-મહોલાહના શાફાટના પુત્ર એલિશાને તારા પછી-
ના પ્રબોધક તરીકે નિયુકત કર,~ 17 હઝાએલની તરવારથી જે કોઈ પણ
છટકી ને ભાગી જશે યેહૂ તેને માંરી નાખશે, અને યેહૂની તરવારથી જે
કોઈ પણ છટકીને ભાગી જશે તેને એલિશા માંરી નાખશે.~ 18 પરંતુ હજી
પણ 7,000 એવા ઈસ્રાએલીઓ છે, જેઓ કદી બઆલને નમ્યા નથી કે
નથી તેને તેની મૂર્તિને ચુમ્યાં.”~ 19 એલિયા ત્યાંથી વિદાય થયો, અને
તેણે શાફાટના પુત્ર એલિશાને ખેડ કરતો જોયો, તેની આગળ બાર જોડ
બળદ હતા, અને તે પોતે છેલ્લી જોડ સાથે હતો; એલિયાએ ત્યાંથી
પસાર થતાં પોતાનો ઝભ્ભો તેના પર નાખ્યો.~ 20 એલિશા, બળદોને
છોડીને એલિયાની પાછળ દોડયો અને કહેવા લાગ્યો, “માંરે માંરા પિતા
અને માંતાને વિદાય વચન કહેવું છે, પછી હું તારી સાથે આવીશ.”એલિ-
યાએ કહ્યું, “જા, અને પાછો આવ. હું તને રોકીશ નહિ.”~ 21 એટલે
એલિશાએ પાછા ફરી શાંત્યર્પણ તરીકે બળદની જોડ લીધી અને માંસ
રાંધી લોકોને વહેંચી દીધું અને ત્યાર પછી તે એલિયાને અનુસર્યો અને
તેનો સેવક બની ગયો.

20 અરામના રાજા બેન-હદાદે પોતાનું બધું લશ્કર ભેગું કર્યું અને
બત્રીસ રાજાઓને તથા ઘણા ઘોડાઓ અને ઘોડાના રથોને પો-
તાની સાથે લીધાં. તેણે સમરૂનને ઘેરી લઈ તેના પર હુમલો કર્યો.~ 2 તે-
ણે ઈસ્રાએલના રાજા આહાબને જે નગરમાં હતો તેને સંદેશવાહક મોક-
લ્યો,~ 3 “સંદેશો આ પ્રમાંણે હતો બેન-હદાદ કહે છે, ‘તારાં સોના ચાંદી
માંરાં છે, તારી સ્રીઓ માંરી છે, તારા સંતાનો માંરાં છે, અને દરેક સારી
વસ્તુ જે તારી પાસે છે તે માંરી છે!’”~ 4 ઈસ્રાએલના રાજાએ જવાબ

આપ્યો, “જેવી આપની આજ્ઞા, મારા ધણી, હું અને મારી પાસે જે બધું
છે તે સર્વસ્વ આપના જ છે.”~ 5 સંદેશવાહકો પાછા આવ્યા અને કહ્યું
“બેન-હદાદ કહે છે કે, ‘તમારું સોનું, ચાંદી, સ્રીઓ, અને સંતાનો મને
આપી દો.~ 6 હવે આવતી કાલે આ વખતે હું મારા અમલદારોને તારા
ઘર અને તારા અમલદારોના ઘરોને તપાસવા મોકલીશ અને તેઓ તેમ-
ને જે કાંઈ ગમશે તે બધું તેઓ ઝૂંટવી લેશે.’”~ 7 ઇસ્રાએલના રાજાએ દે-
શના બધા વડીલોને તથા પ્રદેશના અગ્રણીઓને તેડાવી મંગાવ્યા અને
કહ્યું, “જોયું ને! આ માણસ મને મુશ્કેલીમાં મૂકી રહ્યો છે! એણે મારી
પાસે મારી સ્રીઓ, બાળકો, સોનું અને ચાંદી માંગ્યાં અને મેં ના નહોતી
પાડી.”~ 8 બધા જ વડીલો-અગ્રણીઓ અને લોકો-સેનાએ સલાહ
આપી, “તારે તેના કહેવા પર ધ્યાન આપવું નહિ અને તેની માંગણી પૂરી
કરવી નહિ.”~ 9 તેથી આહાબે બેન-હદાદના સંદેશવાહકોને જણાવ્યું,
“મારા ધણી મારા રાજાને કહેજો કે, પહેલી વારની માંગણી પ્રમાણેનું હું
બધું જ આપીશ. પણ હું તમારી બીજી માંગણી સાથે સહમત થતો
નથી” પછી સંદેશવાહકો બેન-હદાદ પાસે પાછા ગયા.~ 10 ત્યાર બાદ
બેન-હદાદે તેને એવો સંદેશો મોકલ્યો કે, “સમરૂનનો હું એવો સંપૂર્ણપ-
ણે નાશ કરીશ કે મારા સેનાના દરેક માણસ માટે ભેગી કરવા એક મુઠ્ઠી
ધૂળ પણ નહિ મળે. જો હું આમ નહિ કરું તો, કદાચ મને દેવતાઓ
ખૂબ નુકસાન પહોચાડે.”~ 11 પણ ઇસ્રાએલના રાજાએ જવાબ મોકલ્યો
કે, “યુદ્ધ પૂરું થયા પહેલા તેના પરિણામની બડાશ કરો નહિ.”~
12 જયારે બેન-હદાદને આ સંદેશો મળ્યો ત્યારે તે બીજા રાજાઓ સાથે
સુકોથમાં દ્રાક્ષારસ પીતો હતો, તેણે પોતાના માણસોને કહ્યું, “જાવ
અને શહેર પર હુમલો કરો.” અને તેમણે તે પ્રમાણે કર્યું.~ 13 એટલામાં
પ્રબોધકોમાંનો એક ઇસ્રાએલના રાજા આહાબની પાસે આવ્યો અને
બોલ્યો, “આ યહોવાની વાણી છે; ‘તેં આ મોટી સેના જોઈ? આજે હું
તમને તેઓ પર જીત અપાવીશ, અંતમાં તને ખબર પડશે કે, હું યહોવા
છું.’”~ 14 આહાબે પૂછયું, “કોની મારફતે?”પ્રબોધકે કહ્યું, “આ યહોવાનાં
વચન છે: ‘જેઓ પ્રાંતના આગેવાનોની સેવા કરે છે તે યુવાનો મારફતે.’”
આહાબે પૂછયું, “યુદ્ધ કોણ શરૂ કરશે?” પ્રબોધકે કહ્યું, “તું”~ 15 પછી
આહાબે યુવાનો કે જે પ્રાંતના આગેવાનોની સેવા કરતા હતા તેમને ભે-
ગા કર્યા, તેઓ 232~જણા હતા, પછી આહાબે આખી ઇસ્રાએલી સેના-
ને હાજર થવા કહ્યું, બધાં મળીને ત્યાં 7,000 સૈનિકો હતાં.~ 16 તેઓએ
ખરે બપોરે કૂચ કરી ત્યારે બેન-હદાદ તેના તંબૂમાં તેના~32~રાજાઓ
સાથે જેઓએ તેની સાથે જોડાણ કર્યુ હતું તેમની સાથે દ્રાક્ષારસ પીવા-
માં ચકચૂર હતો.~ 17 યુવાનો જેમણે ઇસ્રાએલના પ્રાંતના આગેવાનોની
સેવા કરી હતી તેઓ રસ્તાની આગળ હતા. બેન-હદાદને ખબર આપવા-
માં આવી કે, “કેટલાક માણસો સમરૂનમાંથી: આવ્યા છે.”~ 18 તેણે કહ્યું
“તેઓ શરણે થવા આવ્યા હોય કે લડવા આવ્યા હોય, તેઓને જીવતા
પકડી લો.”~ 19 પરંતુ યુવાનો જે ઇસ્રાએલના પ્રાંતના આગેવાનોની સે-
વા કરતા હતા, તેઓ નગરમાંથી પાછા ફરી ગયાં હતાં. અને સેના તેની
પાછળ હતી.~ 20 પ્રત્યેકે પોતાના સામાંવાળાને મારી નાખ્યો. અરા-
મીઓ ભાગવા લાગ્યા અને ઇસ્રાએલીઓએ તેમનો પીછો પકડયો.
અરામનો રાજા બેન-હદાદ કેટલાક ઘોડેસ્વારો સાથે ઘોડા પર છટકી
ગયો.~ 21 પછી ઇસ્રાએલીઓના રાજાએ બહાર આવીને ઘોડાઓ અને
રથો કબજે કર્યા, અને અરામીઓને સખત હાર આપી.~ 22 પછી પ્રબોધ-
કે ઇસ્રાએલના રાજા પાસે જઈને કહ્યું, “તું તારું બળ વધારજે, અને સા-
વધ રહેજે, અને જે કંઈ કરે તે વિચારીને કરજે, કારણ, આવતે વરસે
વસંતના સમયે અરામનો રાજા તારા પર હુમલો કરશે.”~ 23 તેના પરા-
જય પછી બેન-હદાદના લશ્કરના વડાઓએ તેને કહ્યું, “ઇસ્રાએલના
દેવ તો પર્વતોના દેવ છે, તેથી તેઓ જીતી ગયા છે. સપાટ મેદાનોમાં યુ-
દ્ધ થાય તો પછી આપણે જીતી શકીએ.~ 24 તે સમયે તમારે આટલું કર-
વું જોઈએ, આ બધા રાજાઓને તેના હોદ્દાઓ પરથી હટાવી દો અને તે-
ના બદલે પ્રશાસકની નિંમણૂંક કરો.~ 25 “તમે જે લશ્કર ગુમાવ્યું છે તેવું
બીજું ઊભું કરો, પહેલાના જેટલાં ઘોડા અને રથો તૈયાર કરો, એ પછી
જો આપણે તેમની સાથે સપાટ મેદાનમાં લડીશું, તો જરૂર આપણે તેમ-
ને હરાવીશું.” બેન-હદાદે તેમની સલાહ માની અને તે પ્રમાણે જ કર્યું.~
26 બીજે વર્ષે વસંતના સમયે તેણે અરામીઓનું લશ્કર ભેગું કરીને
ઇસ્રાએલીઓ સાથે લડવા અફેક પર કૂચ કરી.~ 27 ઇસ્રાએલીઓ પણ
લડવા ભેગા થયા. તેઓએ બખ્તર અને બીજા હથિયારો સાથે લીધાં
અને અરામીઓનો સામનો કરવા નીકળી પડયા અને તેમની સામે
પડાવ નાખ્યો. ઇસ્રાએલીઓ તો બકરાનાં બે ટોળાં જેવાં લાગતા હતાં
અને અરામીઓ તો સમગ્ર પ્રદેશમાં ફેલાઇ ગયા હતા.~ 28 દેવના એક
માણસે આવીને ઇસ્રાએલના રાજાને કહ્યું, “આ યહોવાનાં વચન છે;
‘અરામીઓ એવું માને છે કે, યહોવા તો પર્વતોના દેવ છે. કાંઇ ખીણોના
દેવ નથી, આથી હું તમને આ મહાન સૈન્ય તમારા હાથમાં સુપ્રત કરીશ,
જેથી તમને ખાતરી થશે કે હું યહોવા છું.’”~ 29 સાત દિવસ સુધી તેઓ
સામસામે છાવણી નાખીને પડી રહ્યાં. સાતમાં દિવસ પછી યુદ્ધ શરૂ
થયું અને ઇસ્રાએલીઓએ એક જ દિવસમાં ફોજના 1,00,000 અરામી
પાયદળના સૈનિકોને કાપી નાખ્યા.~ 30 બીજા સૈનિકો અફેકના નગરમાં
ભાગી ગયા પરંતુ તેઓ જેવા દાખલ થયા નગરની દીવાલ તૂટી ગઈ, જે-
માં તેઓમાંનાં~27~,000 માર્યા ગયા. બેન-હદાદે ભાગી જઈને શહેરમાં
એક અંદરના હિસ્સામાં આશ્રય લીધો હતો.~ 31 તેના અમલદારોએ તેને
કહ્યું, “જુઓ, અમે સાંભળ્યુ છે, કે ઇસ્રાએલના રાજાઓ દયાળુ હોય છે.
આપણે શોકના વસ્રો પહેરીએ અને માંથા પર દોરડાં વીંટી ઇસ્રાએલના
રાજા પાસે જઈએ, કદાચ તે આપણને માફી અને જીવનદાન આપે.”~
32 આથી તેઓએ શોકના વસ્રો પહેર્યા અને માંથા પર દોરડાં બાંધીને
ઇસ્રાએલના રાજા પાસે જઈને તેને કહ્યું, “આપના સેવક બેન-હદાદ કહે-
વડાવે છે, મહેરબાની કરીને મને જીવનદાન આપો.” તેણે જવાબ
આપ્યો, “શું તે હજી જીવતો છે? તે તો મારો ભાઈ છે.”~ 33 બેન-હદાદના
માણસોએ આને શુભ શુકન માની લઈ તરત જ તેના શબ્દો પકડી લઈ
કહ્યું, “જી, બેન-હદાદ આપના ભાઈ છે.”આહાબે કહ્યું, “જાઓ, તેને લઈ
આવો.”પછી બેન-હદાદ બહાર આવ્યો અને આહાબે તેને પોતાના રથ-
માં બેસાડ્યો.~ 34 બેન-હદાદે કહ્યું, “મારા પિતાએ તમારા પિતા પાસેથી
લઈ લીધેલાં શહેરો હું પાછાં આપીશ, અને મારા પિતાએ જેમ સમરૂનમાં
બજાર ખોલ્યાં હતાં તેમ તમે દમસ્કમાં ખોલજો.”આહાબે કહ્યું, “હું તમને
આ શરતો પર જવા દઇશ.” આથી આહાબે તેની સાથે શાંતિકરાર કર્યા
અને તેને મુકત કર્યો.~ 35 યહોવાની આજ્ઞાઓથી યુવાન પ્રબોધકોમાંથી
એકે પોતાના એક સાથીને કહ્યું. “કૃપા કરીને મને માર.” પણ પેલા
માણસે તેમ કરવાની ના પાડી,~ 36 એટલે તેણે તેને કહ્યું, તેં યહોવાની
આજ્ઞાનું ઉલ્લંઘન કર્યુ છે, તેથી તું મારી પાસેથી જશે તે જ ક્ષણે એક
સિંહ તને મારી નાખશે.” અને તે માણસ ગયો કે તરત જ તેને એક સિંહ
મળ્યો અને તેણે તેને મારી નાખ્યો.~ 37 ત્યાર બાદ પેલા યુવાન પ્રબો-
ધક બીજા માણસને મળ્યો અને તેને કહ્યું, “કૃપા કરીને મને માર.”અને
તે માણસે તેને માર્યો અને ઘાયલ કર્યો.~ 38 પછી તે પ્રબોધક ત્યાંથી
ચાલ્યો ગયો અને આંખો પર પાટો બાંધ્યો પોતાની જાતને છુપાવી દી-
ધી અને રસ્તા પર જઈને રાજાના આવવાની રાહ જોતો બેઠો.~ 39 જ્યારે
રાજા ત્યાંથી પસાર થયો એટલે તેણે તેને બૂમ પાડીને કહ્યું, “હું યુદ્ધની
વચ્ચોવચ્ચ જતો હતો એવામાં એક યોદ્ધાએ એક કેદીને લઈને મારી
પાસે આવીને કહ્યું, ‘આ માણસને સંભાળ, એ જો ભાગી ગયો તો એને
બદલે તારે તારો જીવ આપવો પડશે અથવા~34~કિલો ચાંદી આપવી
પડશે.’~ 40 પણ હું કોઈને કોઈ કામમાં રોકાયેલો હતો, એવામાં તે અદ્દ-
શ્ય થઈ ગયો.”ઇસ્રાએલના રાજાએ કહ્યું, “તને એ જ સજા થવી જોઈએ.
તેં જાતે જ ફેંસલો આપ્યો છે.”~ 41 તરત જ યુવાન પ્રબોધકે આંખ પર
બાંધેલો પાટો છોડી નાખ્યો અને ઇસ્રાએલના રાજાએ તેને ઓળખી કા-
ઢયો કે, આ તો પ્રબોધક છે.~ 42 તેણે રાજાને કહ્યું, “આ યહોવાના
વચન છે, ‘મેં તને બેનહદાદ પર વિજય અપાવ્યો જેથી તું તેને મારી ના-
ખે, પણ તેં તેને જીવતો છોડ્યો. તેથી તે માણસના બદલામાં તું મરી
જશે અને તારા સૈનિકો મરી જશે તેના સૈનિકોના બદલે.’”~ 43 ઇસ્રાએ-
લનો રાજા ઉદાસ અને ગુસ્સે થઈને ઘેર જવા નીકળ્યો અને સમરૂન
આવી પહોંચ્યો.

21 ત્યારબાદ એવું બન્યું કે, નાબોથ નામના માણસ પાસે દ્રાક્ષની
વાડી હતી, નાબોથ યિઝએલનો હતો અને તેની દ્રાક્ષવાડી યિ-
ઝએલમાં હતી, સમરૂનના રાજા આહાબના ઘર પાસે.~ 2 આહાબે ના-
બોથને કહ્યું, “તારો દ્રાક્ષનો બગીચો મારા મહેલને અડીને આવેલો છે,
તું મને વાડી બનાવવા માટે તે આપી દે, એના બદલામાં હું તને એના
કરતાં સારો દ્રાક્ષનો બગીચો આપીશ; અથવા તું ઇચ્છે તો તેની બદલે હું

તને ચાંદીમાં ચૂકવણી કરીશ."~ 3 પણ નાબોથે જવાબ આપ્યો, "માંરા
પૂર્વજોની જમીન હું તમને આપું તે માંટે યહોવાનો નિષેધ છે."~ 4 યિ-
ઝએલી નાબોથનો જવાબ સાંભળી આહાબ ધૂંવાપૂંવા થઈને ઘેર પાછો
ફર્યો, તે દીવાલ તરફ મોં ફેરવીને પથારીમાં સૂઈ ગયો, અને ખાવાનો
ઈન્કાર કર્યો.~ 5 તેની પત્ની ઈઝેબેલે તેની પાસે આવીને કહ્યું, "તમે
આટલા બધા ઉદાસ કેમ છો? અને તમે ખાવાની ના કેમ પાડો છો?"~
6 તેણે કહ્યું, "યિઝએલીના નાબોથ સાથે માંરે વાત થઈ. મેં કહ્યું, "તું
તારી દ્રાક્ષની વાડી મને આપ. હું તને ચાંદી આપીશ, જો તે ઈચ્છે તો
અથવા; તો એના બદલામાં બીજો બગીચો અપાવીશ. પણ તેણે કહ્યું,
"હું માંરી દ્રાક્ષવાડી તમને નહિ આપુ."~ 7 ત્યારે તેની પત્ની ઈઝેબેલે
કહ્યું, "તમે તે ઈસ્રાએલના રાજા છો કે કોણ છો? ચાલો, ઊઠો, ખાઈ લો,
એટલે સારું લાગશે. યિઝએલીના નાબોથની દ્રાક્ષાવાડી હું તમને
અપાવીશ!"~ 8 પછી આહાબને નામે પત્રો ઈઝેબેલે લખ્યા, તે પર મહોર
છાપીને બંધ કર્યા અને નાબોથ રહેતો હતો તે યિઝયેલ નગરના વડીલો
અને આગેવાનોને એ પત્રો તેણે મોકલી આપ્યા.~ 9 તેણીએ પત્રમાં
લખ્યું કે, "ઉપવાસ કરવાનું શરૂ કરો અને નાબોથને બધા લોકોની સામે
બેસાડો.~ 10 સભાની આગળમાં બે બદમાંશોને પણ બેસાડો અને તેમ-
ની પાસે કહેવડાવો કે "નાબોથે યહોવાને અને રાજાને શ્રાપ આપ્યો છે.
તો તેને બહાર લઇ જાવ અને તેના પર પથ્થરો ફેંકીને તેને માંરી ના-
ખો."~ 11 વડીલો અને આગેવાનોએ તથા જાણીતા માંણસોએ ઇઝેબેલે,
પત્રમાં લખી મોકલેલા હુકમ પ્રમાંણે કર્યુ.~ 12 તેમણે ઉપવાસ જાહેર
કર્યો, અને નાબોથને લોકોની સામે બેસાડયો.~ 13 અને પેલા બે બદ-
માંશો આવીને તેની સામે બેઠા અને તેના વિષે લોકો સમક્ષ જુબાની
આપી અને કહ્યું તેણે (નાબોથ) દેવને અને રાજાને શ્રાપ આપીને ખોટું
કર્યુ છે. પછી તેઓ તેને શહેરની બહાર લઈ ગયા અને પથ્થરો ફેકીને
માંરી નાખ્યો.~ 14 તેમણે ઇઝેબેલને સંદેશો મોકલ્યો કે, "નાબોથને
પથ્થરો ફેકીને માંરી નાખવામાં આવ્યો છે."~ 15 જયારે ઈઝેબેલને ખબર
પડી કે, નાબોથ પર પથ્થરો ફેકીને માંરી નાખવામાં આવ્યો છે ત્યારે તે-
ણે આહાબને કહ્યું, "ઊઠો, અને યિઝએલના નાબોથે જે દ્રાક્ષનીવાડી
તમને વેંચવાનો ઈન્કાર કર્યો હતો તેનો કબજો લઈ લો; કારણ નાબોથ
હવે જીવતો નથી, મરી ગયો છે." 16 જયારે આહાબે સાંભળ્યું કે, યિઝએ-
લનો નાબોથ મરી ગયો છે, ત્યારે તે ઊઠીને દ્રાક્ષના બગીચાનો કબજો
લેવા ગયો.~ 17 ત્યારબાદ તિશ્બેના પ્રબોધક એલિયાને યહોવાની વા-
ણી સંભળાઈ,~ 18 "ઊઠ, સમરૂનમાં વસતા ઈસ્રાએલના રાજા આહાબ
પાસે પહોંચી જા. તે તને નાબોથની દ્રાક્ષનીવાડીમાં મળશે. તે ત્યાં દ્રા-
ક્ષાવાડીનો કબજો લેવા ગયો છે.~ 19 તારે તેને આ પ્રમાંણે કહેવું, આ
યહોવાનાં વચન છે; 'તેં તારા વેરીનું ખૂન તો કર્યુ છે અને હવે તું તેની
મિલકત પચાવી પાડે છે? આ યહોવાનાં વચન છે: જયાં કૂતરાંઓએ
નાબોથનું લોહી ચાટયું હતું ત્યાં જ કૂતરાંઓ તારું લોહી પણ ચાટશે.'"~
20 આહાબે એલિયાને કહ્યું, "ઓ માંરા દુશ્મન, તેં આખરે મને પકડી પા-
ડયો!"એલિયાએ કહ્યું, "મેં તને પકડી પાડયો છે, કારણ, યહોવાની
નજરમાં તેં ખોટું કર્યુ છે.~ 21 હવે યહોવા કહે છે, 'હું તારે માંથે આફત
ઊતારીશ, હું તારા કુટુંબનો નાશ કરીશ. ઈસ્રાએલમાંના તારા એકેએક
વંશજને ધરતીના પડ પરથી નાશ કરીશ.~ 22 મેં નાબોથના પુત્ર યરો-
બઆમ અને અહિયાના પુત્ર બાઅશાના કુટુંબોનો નાશ કર્યો છે, હું તેવું
જ તારા કુટુંબ સાથે કરીશ. કારણ તેં ઈસ્રાએલના લોકો પાસે પાપ કરા-
વ્યા છે અને તેં માંરો રોષ વહોરી લીધો છે.'~ 23 "યહોવાએ ઈઝેબેલ વિષે
પણ વાણી ઉચ્ચારી કે, ઈસ્રાએલના કૂતરાં ઈઝેબેલના શરીરને 'યિઝએ-
લના ખેતરોમાં ફાડી ખાશે.~ 24 આહાબનાં કુટુંબના જે માંણસો શહેરમાં
મૃત્યુ પામશે તેમને કૂતરાં ખાઈ જશે. અને જેઓ વગડામાં મૃત્યુ પામશે
તેને પંખીઓ ખાઈ જશે.'"~ 25 આહાબ જેવું બીજું કોઈ નહોતું. દેવની દ-
ષ્ટિમાં જે પાપ હતું તે કરવા માંટે સંપૂર્ણ રીતે તે સમર્પિત થઈ ગયો હતો,
કેમકે તેની પત્ની ઈઝેબેલ સર્વ પ્રકારની દુષ્ટતા કરવા તેને ઉત્તેજન
આપતી હતી.~ 26 જે રીતે અમોરીઓએ મૂર્તિઓની પૂજા કરી હતી તે રી-
તે આહાબે પણ કરી. જો કે ઈસ્રાએલીઓને જમીન આપવા માંટે યહો-
વાએ અમોરીઓને હાંકી કાઢયાં હતાં.~ 27 પ્રબોધકનાં વચનો સાંભળીને
આહાબે પશ્ચાત્તાપથી કપડાં ફાડી નાખ્યાં. તેણે ઉપવાસ કર્યા અને શો-
કના કપડાં પહેર્યા, તેમાં સૂઇ ગયો અને ચૂપચાપ બધે ચાલતો રહ્યો.~
28 એ સમય દરમ્યાન એલિયા જે તિશ્બેનો હતો તેને યહોવાની વાણી
સંભળાઈ,~ 29 "આહાબ માંરી સમક્ષ નમ્ર બની ગયો છે તે તેં જોયું? તે
આમ નમ્ર બન્યો છે એટલે હું એ જીવશે ત્યાં સુધી એના કુટુંબ પર
આફત નહિ ઊતારું, પણ જ્યારે તેનો પુત્ર રાજા બનશે ત્યારે ઊતા-
રીશ."

22 ત્રણ વર્ષ સુધી અરામીઓ અને ઈસ્રાએલીઓ વચ્ચે કોઈ
લડાઈ થઈ નહિ.~ 2 પરંતુ ત્રીજે વર્ષે યહૂદાનો રાજા યહોશાફાટ
ઈસ્રાએલના રાજાને મળવા ગયો.~ 3 ઈસ્રાએલના રાજાએ પોતાના અમ-
લદારોને કહ્યું, "તમે જાણો છો કે અરામના રાજાએ હજી સુધી રામોથ-
ગિલયાદને પોતાના કબજા હેઠળ રાખ્યું છે જે આજે પણ આપણાં છે
અને આપણે હજી સુધી કશું કર્યા વગર શાંત બેસી રહ્યા છીએ."~
4 પછી યહોશાફાટ તરફ ફરીને તેણે કહ્યું, "તમે રામોથ-ગિલયાદ પર
ચડાઈ કરવા માંરી સાથે આવશો?"યહોશાફાટે ઈસ્રાએલના રાજાને
જવાબ આપ્યો, "આપણે બે કંઈ જુદા નથી. માંરા સૈનિકો એ તમાંરા જ
સૈનિકો છે. માંરા ઘોડા એ તમાંરા જ ઘોડા છે.~ 5 પણ પહેલાં યહોવાને
આ બાબતમાં તેમની શી ઈચ્છા છે, તે જાણવા પ્રશ્ર્ન કરો."~ 6 આથી
ઈસ્રાએલના રાજાએ~400 પ્રબોધકોને બોલાવીને ભેગા કર્યા. અને તેમ-
ને પૂછયું, "માંરે રામોથ-ગિલયાદ પર હુમલો કરવો કે રાહ જોવી?"તેમણે
કહ્યું, "હુમલો કરો, યહોવા તેને રાજાના હાથમાં સુપ્રત કરશે."~ 7 "પણ
યહોશાફાટે પૂછયું, અહીં યહોવાનો બીજો કોઈ પ્રબોધક નથી, જેને
આપણે આ પ્રશ્ર્ન પૂછી શકીએ?"~ 8 ઈસ્રાએલના રાજાએ જવાબ
આપ્યો, "બીજો એક પ્રબોધક છે, જેના દ્વારા આપણે યહોવાને પ્રશ્ર્ન
કરી શકીએ; પણ હું તેનો તિરસ્કાર કરું છે, કારણ તે કદી માંરે વિષે સા-
રું ભવિષ્ય ભાખતો નથી. તે ફકત માંરું ખરાબ જ બોલે છે, તેનું નામ
મીખાયા છે, ને તે યિમ્લાહનો પુત્ર છે."તેથી યહોશાફાટે કહ્યું, "રાજા
આહાબ, તમાંરે તેવી વાત ન કરવી જોઇએ."~ 9 આથી ઈસ્રાએલના રા-
જાએ પોતાના એક અમલદારને બોલાવી કહ્યું, "મીખાયાને તાત્કાલિક
બોલાવી લાવ."~ 10 ઈસ્રાએલનો રાજા અને યહૂદાનો રાજા યહોશાફાટ
સમરૂનના દરવાજા પાસે સિંહાસનો પર બેઠા હતા. તેઓએ રાજાનો પો-
ષાક પહેર્યો હતો અને તેમની સામે બધા પ્રબોધકો ભવિષ્યવાણી કરી
રહ્યાં હતા.~ 11 આ બધાં પ્રબોધકોમાં એક પ્રબોધક સિદકિયા હતો, જે
કનાઅનાહનો પુત્ર હતો. તેણે લોખંડના શિંગડા બનાવીને જાહેર કર્યું,
"યહોવા કહે છે કે 'આ લોખંડના શિંગડાઓ વાપરીને તમે અરામીઓને
ઘાયલ કરશો અને અંતે તેમનો નાશ થશે.'"~ 12 તમાંમ પ્રબોધકોએ
એવું જ ભવિષ્ય ભાખ્યું; તેમણે કહ્યું, "રામોથ-ગિલયાદ પર હુમલો કરો
અને વિજય પ્રાપ્ત કરો. યહોવા તેને રાજાના હાથમાં સુપ્રત કરશે."~
13 મીખાયાને તેડવા ગયેલા માંણસે મીખાયાને કહ્યું, "ધ્યાન રાખજો કે
બધા જ પ્રબોધકોએ એકી અવાજે રાજાને માંટે સારું ભવિષ્ય ભાખ્યું છે,
તમે પણ તેના માંટે તેમના જેવું જ કહેજો."~ 14 પરંતુ મીખાયાએ કહ્યું,
"યહોવાના સમ હું તો યહોવા કહેશે તે જ પ્રમાંણે કરીશ."~ 15 જયારે મી-
ખાયા રાજાની સન્મુખ આવ્યો, ત્યારે રાજાએ તેને કહ્યું, "મીખાયા, અમે
રામોદ-ગિલયાદ પર હુમલો કરીએ કે રોકાઈ જઈએ?"તેણે કહ્યું, "હુમલો
કરો અને વિજય પામો. યહોવાએ નગર રાજાના હાથમાં સુપ્રત કરી દે-
શે."~ 16 રાજાએ કહ્યું, "યહોવાને નામે માંત્ર સાચું જ બોલવા માંટે માંરે
તારી પાસે કેટલી વખત સોગંદ લેવડાવવા?"~ 17 મીખાયાએ કહ્યું, "મેં
બધા ઈસ્રાએલીઓને એક ઘેટાપાળક વગરનાં ઘેટાંના ટોળાની જેમ
પર્વતો પર વેરવિખેર થઈ ગયેલા જોયા છે, અને મેં યહોવાને એમ બોલ-
તા સાંભળ્યા છે કે, 'એ લોકોનો કોઈ ધણી નથી, તેથી તેઓ ભલે શાંતિ-
થી ઘેર જાય.'"~ 18 આ સાંભળીને ઈસ્રાએલના રાજાએ યહોશાફાટને
કહ્યું, "મેં તમને નહોતું કહ્યું કે, એ કદી માંરા માંટે કંઇ પણ સારુ બોલ-
તો નથી પણ હંમેશા ખરાબ જ બોલે છે!"~ 19 મીખાયાએ વધુમાં કહ્યું,
"હવે યહોવાની વાણી સાંભળો, મેં યહોવાને તેના સિંહાસન પર આકા-
શમાં બિરાજેલા જોયા છે. તેમને જમણે અને ડાબે બધા દેવદૂતો તેમની
સેવામાં ઊભા છે.~ 20 યહોવાએ કહ્યું, 'આહાબને રામોથ ગિલીયાદના
ધરે જઇ આમ્મોનિયો વિરુદ્ધ લડાઇ કરવા અને ત્યાં મરવા કોણ લલ-
ચાવશે?' આ વિષે તેમની વચ્ચે ઘણા સૂચનો થયાં,~ 21 છેવટે એક દૂતે
યહોવાની નજીક આવીને કહ્યું, 'હું એ કામ કરીશ.' યહોવાએ પૂછયું, કે-
વી રીતે?~ 22 તેણે કહ્યું, 'હું જઈને તેના બધા પ્રબોધકોના મોઢે જૂઠી

ભવિષ્યવાણી ઉચ્ચારાવીશ.' પછી યહોવાએ કહ્યું, 'તું જરૂર તેને લલ-
ચાવવામાં સફળ થઈશ. જા, અને એ પ્રમાંણે કર.'"~ 23 આમ, આપ
જુઓ છો કે, "યહોવાએ તમાંરા બધા પ્રબોધકો પાસે જૂઠી ભવિષ્યવા-
ણી કરાવડાવી છે, કારણ કે તેણે આપને માંથે આફત ઊતારવાનં
નક્કી કર્યુ છે."~ 24 એ વખતે કનાઅનાહના પુત્ર સિદિક્યાએ આવીને
મીખાયાના મોઢા પર લાફો ચોડી દીધો, અને પૂછયું, "જયારે મને તમાંરી
પાસે જવા માંટે છોડી મુક્યો ત્યારે યહોવાની શકિત ક્યાં ચાલી ગઇ?"~
25 મીખાયાએ સામે જવાબ આપ્યો, "એ તો તું જયારે ભાગીને ઘરના
અંદરના ઓરડામાં સંતાઈ જશે ત્યારે તને એની ખબર પડશે."~
26 ઇસ્રાએલના રાજાએ કહ્યું, "મીખાયાને કેદ પકડો અને નગરના આગે-
વાન આમોનને અને રાજાના પુત્ર યોઆશને સોંપી દો.~ 27 અને તેમને
કહો કે, 'રાજાની એવી આજ્ઞા છે કે, આને કેદમાં પૂરી દો, અને હું સુર-
ક્ષિત પાછો આવું ત્યાં સુધી જીવતો રહે એટલાં જ રોટલા અને પાણી
સિવાય બીજું કશું આપશો નહિ."~ 28 મીખાયાએ કહ્યું કે, "તમે જો સુર-
ક્ષિત પાછા આવો તો સમજવું કે માંરી માંરફતે યહોવા નહોતા બોલ્યા.
તેણે એમ પણ કહ્યું "તમે બધા લોકો સાંભળો."~ 29 પછી ઇસ્રાએલનો
રાજા અને યહૂદાનો રાજા યહોશાફાટ રામોથ-ગિલયાદ પર ચડાઈ કરવા
ગયો.~ 30 ઇસ્રાએલના રાજાએ યહોશાફાટને કહ્યું, "હું વેશપલટો કરીને
યુદ્ધમાં જઈશ; પણ તમે તમાંરા બાદશાહી પોશાક પહેરી રાખજો," આમ
ઇસ્રાએલનો રાજા વેશપલટો કરીને યુદ્ધમાં ગયો.~ 31 અરામના રાજાએ
પોતાના રથદળના બત્રીસ સરદારોને આજ્ઞા આપી હતી કે, તેઓએ બી-
જા કોઈની સાથે નહિ પણ માંત્ર રાજા આહાબની સામે જ યુદ્ધ કરવું.~
32 સારથિઓએ યહોશાફાટ રાજાને તેના રાજવી પોષાકમાં જોયો ત્યારે
તેઓએ માંની લીધું કે, જેને આપણે માંરી નાખવાનો છે તે ઇસ્રાએલનો
રાજા એ જ છે. તેથી તેઓ તેના પર હુમલો કરવા વળ્યા. પણ યહોશાફા-
ટે જોરથી બૂમો પાડી,~ 33 પછી સારથિઓ સમજી ગયા કે આ ઇસ્રાએલ-
નો રાજા નથી. અને તેમણે તેનો પીછો કરવો છોડી દીધો.~ 34 પરંતુ
એક સૈનિકે અનાયાસે તીર છોડયું. એ તીર ઇસ્રાએલના રાજાને તેના
બખ્તરના સાંધાની વચ્ચે વાગ્યું. તેથી આહાબે પોતાના સારથિને કહ્યું,
"રથ ફેરવીને મને યુદ્ધભૂમિની બહાર લઈ જા. હું ઘવાયો છું,"~ 35 દિવસ
ચડતો ગયો તેમ તેમ યુદ્ધ વધુને વધુ ભીષણ બનતું ગયું અને રાજા તે-
ના રથમાં અરામીઓ તરફ મોં કરીને ઢળેલો પડ્યો હતો, તેના ઘામાંથી
લોહી વહીને રથમાં ભેગું થતું હતું, સાંજ થતાં તેણે દેહ છોડયો.~ 36 દિ-
વસને અંતે સૂર્યાસ્ત થતાંજ રાજાની લશ્કરી છાવણીમાં એક મોટો પો-
કાર થયો, "દરેક જણ પોતપોતાના દેશમાં પોતપોતાને ઘેર જાવ."~
37 રાજાના મૃતદેહને સમરૂનમાં લાવવામાં આવ્યો, ત્યાં તેને દફનાવવા-
માં આવ્યો.~ 38 સમરૂનના તળાવને તીરે બાજુમાં રથ ધોવામાં આવ્યો.
કૂતરાં તેનું લોહી ચાટી ગયાં અને હવે ત્યાં તો વારાંગનાઓ સ્નાન કરતી
હતી આમ, યહોવાની વાણી સાચી પડી.~ 39 આહાબના શાસનના બી-
જા બનાવોની અને તેનાં કાર્યોની, તેણે બંધાવેલાં હાથીદાંતનાં મહેલની
અને તેણે કિલ્લેબંધી કરાવેલા નગરો, તે સર્વ ઇસ્રાએલના રાજાઓના
ઇતિહાસ નામક ગ્રથમાં લખાયેલું છે.~ 40 આમ, આહાબ, પિતૃલોકને
પામ્યો અને તેના પછી તેનો પુત્ર અહાઝયા રાજા બન્યો.~ 41 ઇસ્રાએલ-
ના રાજા આહાબના રાજયના ચોથા વર્ષમાં આસાનો પુત્ર યહોશાફાટ
યહૂદીયાઓનો રાજા થયો.~ 42 જયારે તે રાજા બન્યો, ત્યારે તેની
ઉંમર~35~વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં~25~વર્ષ રાજય કર્યું.
તેની માંનું નામ અઝૂબાહ હતું અને તે શિલ્હીની પુત્રી હતી.~ 43 તે તેના
પિતા આસાને પગલે ચાલ્યો અને તેના માંગેર્થી ચલિત થયો નહિ. તેણે
યહોવાને જે સારું લાગ્યું તે કર્યું.~ 44 પણ ઉચ્ચસ્થાનો નાશ કરવામાં
આવ્યા નહોતા, અને લોકોએ ત્યાં ધૂપ બાળવાનું અને અર્પણો ચડાવ-
વાનું ચાલું રાખ્યું હતું.~ 45 ઇસ્રાએલના રાજા સાથે યહોશાફાટ મિત્રતા-
થી શાંતિપૂર્વક રહ્યો.~ 46 યહોશાફાટના શાસન વખતના બીજા બનાવો,
તેણે કરેલા મહાન કાર્યો, તેણે લડેલી લડાઇઓ, તે સર્વ વિષે યહૂદાના
રાજાઓના ઇતિહાસ નામક ગ્રથમાં લખેલું છે.~ 47 તેણે તેના પિતા
આસાનાં સમયની દેવદાસીઓ જે હજી સુધી રહેતી હતી તેઓને ભૂમિ-
માંથી હાંકી કાઢી.~ 48 અદોમમાં કોઈ રાજા નહોતો, તેથી એક પ્રશાસક
ત્યાં અમલ કરતો હતો.~ 49 સોનું લઇ આવવા માંટે ઓફીર જવા માંટે
યહોશાફાટે મોટા વહાણો બનાવ્યા હતા, પણ વહાણ કદી ત્યાં પહોચ્યાં
નહિ કારણ કે, એસ્યોનગેબેર આગળ તે તૂટી પડ્યા હતા.~ 50 આહાબ-
ના પુત્ર અહાઝયાએ યહોશાફાટને કહ્યું કે, "તમાંરા માંણસો સાથે માંરા
માંણસોને તમાંરા વહાણમાં જવા દો." પણ યહોશાફાટ સંમત થયો
નહિ.~ 51 યહોશાફાટ મૃત્યુ પામ્યો પછી તેના મૃતદેહને દાઉદના નગર-
માં લઇ જવાયો અને યરૂશાલેમમાં દફનાવવામાં આવ્યો, તેના પછી તે-
નો પુત્ર યહોરામ રાજા બન્યો.~ 52 યહૂદાના રાજા યહોશાફાટના રાજય-
ના સત્તરમે વષેર્ આહાબનો પુત્ર અહઝિયા સમરૂનમાં ઇસ્રાએલનો રાજા
થયો. તેણે ઇસ્રાએલ પર બે વર્ષ રાજય કર્યું. યહોવાને જે અનિષ્ટ લાગ્યું
તે તેણે કર્યું. કારણ કે તેણે તેના પિતા તેની માંતા અને નબાટના પુત્ર
યરોબઆમ જેવું આચરણ કર્યું, જે બધાએ ઇસ્રાએલ પાસે પાપ કરાવ-
ડાવ્યા હતા.~ 53 તેણે તેના પિતા જેવું આચરણ કર્યું અને દેવ બઆલ-
ની પૂજા કરીને ઇસ્રાએલના દેવ યહોવાનો કોપ વહોરી લીધો.

# 2 રાજા

1 આહાબના મૃત્યુ પછી મોઆબે ઈસ્રાએલ સામે બળવો કર્યો.~
2 જયારે અહાઝયા સમરૂનમાં તેના મહેલના ઉપરના ખંડમાં હતો
અને ઝરૂખામાંથી પડી ગયો હતો, અને પથારીવશ હતો. ત્યારે ઈજા પા-
મ્યા પછી તેણે પોતાના માંણસોને, એક્રોનના દેવ બઆલ-ઝબૂબ પાસે
એમ કહીને મોકલ્યા કે, “જાણી આવો કે હું આ માંદગીમાંથી સાજો
થઈશ?”~ 3 પરંતુ યહોવાના દૂતે તિશ્બેના એલિયાને જણાવ્યું, “અહાઝ-
યાના સંદેશવાહકો પાસે જા, તેઓને પૂછી જો, ‘શું ઈસ્રાએલમાં કોઈ દેવ
નથી? તો શા માંટે તમે બઆલઝબૂબ પાસે એવું પૂછવા એક્રોન જાઓ
છો કે, રાજાને સારું થશે કે નહિ?~ 4 તમે આવું બધુ કર્યુ છે તેથી યહોવા
એ કહ્યું છે, તું જે પથારીમાં પડયો છે એમાંથી ઊઠવાનો નથી. તું જરૂર
મરી જશે.” ત્યાર પછી એલિયા ચાલ્યો ગયો.~ 5 સંદેશવાહકો રાજા પાસે
પાછા ગયા એટલે રાજાએ તેઓને પૂછયું, “તમે શા માંટે આટલા જલદી
પાછા આવ્યા?”~ 6 તેમણે કહ્યું, “એક માંણસ અમને મળવા આવ્યો
અને તેણે અમને કહ્યું કે, જે રાજાએ તમને મોકલ્યા છે તેની પાસે પાછા
જાઓ અને તેને કહો કે, ‘આ યહોવાના વચન છે; ઈસ્રાએલમાં કોઈ દેવ
નથી કે, તમે એક્રોનના દેવ બઆલ-ઝબૂબને જઈને પ્રશ્ર્ન કરો છો?
આને કારણે તું જે પથારીમાં પડયો છે તેમાંથી ઊઠવાનો નથી, તું જરૂર
મરી જશે.’”~ 7 રાજાએ પૂછયું, “તમને જે માંણસ મળ્યો હતો અને જેણે
તમને આ બધું કહ્યું તે કેવો હતો?”~ 8 તેમણે કહ્યું, “તે વાળની રુંવાટી
વાળો માંણસ હતો અને તેણે તેની કમર ફરતે ચામડાનો પટ્ટો પહેર્યો
હતો.”રાજા બોલ્યો, “તે તો તિશ્બેનો એલિયા છે!”~ 9 ત્યાર પછી રા-
જાએ પચાસ સૈનિકોના એક નાયકને તેની ટુકડી સાથે એલિયા પાસે
મોકલ્યો. તે જયારે ત્યાં પહોંચ્યો ત્યારે તેમણે તેને એક ટેકરીની ટોચે
બેઠેલો જોયો. પેલા નાયકે તેને કહ્યું કે, “હે દેવના માંણસ, રાજાએ તને
નીચે આવવાની આજ્ઞા કરી છે.”~ 10 એલિયાએ જવાબ આપ્યો, “જો હું
દેવનો માંણસ હોઉં તો સ્વર્ગમાંથી નીચે અગ્નિ વરસો અને તું અને તારા
સૈનિકો અહીં મરી જશો!”તેથી આકાશમાંથી અગ્નિ નીચે વરસ્યો અને
બધા સૈનિકોના મૃત્યુ થયા.~ 11 રાજાએ પચાસ સૈનિકોના બીજા નાય-
કને પચાસ સૈનિકો સાથે ફરી મોકલ્યો અને તેણે જઈને કહ્યું કે, “હે દેવ-
ના માંણસ, રાજાએ કહેવડાવ્યું છે કે, ‘તારે અત્યારે જ આવવું પડશે.’”~
12 એલિયાએ કહ્યું, “જો હું દેવનો માંણસ હોઉં, તો આકાશમાંથી અગ્નિ
વરસશે અને તું તથા તારા પચાસ સૈનિકો અહીં મરી જશે.” ફરીથી સ્વ-
ર્ગમાંથી અગ્નિ વરસ્યો અને બધા સૈનિકોને માંરી નાંખ્યા.~ 13 ફરી પાછા
રાજાએ બીજા પચાસ સૈનિકોને દેવના માંણસ પાસે મોકલ્યા, પચાસ
સૈનિકોના ત્રીજા નાયકે એલિયા પાસે આવી તેની આગળ ઘૂંટણિયે
પડી વિનંતી કરી કે, “હે દેવના માંણસ, કૃપા કરીને માંરું જીવન તથા
આ માંરા પચાસ સૈનિકોના જીવન બચાવશો.~ 14 છેક સ્વર્ગમાંથી વર-
સેલા અગ્નિએ અમાંરી પહેલા આવેલા બન્ને નાયકોનો સંહાર કર્યો હતો.
તું ચોક્કસ જાણ પણ હવે અમાંરા પર દયા કર.”~ 15 યહોવાના દૂતે
એલિયાને કહ્યું કે, “એની સાથે જા, ગભરાઈશ નહિ.” તે તેની સાથે રાજા
પાસે ગયો.~ 16 અને બોલ્યો, “આ યહોવાનાં વચન છે: કારણ કે ‘તેં
એક્રોનના દેવ બઆલઝબૂબને પ્રશ્ર્ન કરવા સંદેશવાહકો મોકલ્યા હતા,
તેથી તું હમણા જે પથારીમાં પડયો છે તેમાંથી ઊઠવાનો નથી, તું ચો-
ક્કસપણે મરી જશે.”~ 17 અને જેમ એલિયાએ કહ્યું હતું તેમ યહોવાના
શબ્દો સાચા પડ્યાં અને રાજા મૃત્યુ પામ્યો. તેને પુત્ર નહતો એટલે તે-
નો ભાઈ યહોરામ ઈસ્રાએલીઓનો રાજા બન્યો. યહૂદાના રાજા યહોરામ
જે યહોશાફાટનો પુત્ર હતો-તેના શાસનના બીજા વર્ષમાં આ બન્યું~
18 અહાઝયાના શાસન દરમ્યાન બનેલા બાકીના બનાવો ઈસ્રાએલના
રાજાઓના ઈતિહાસ વિષેના પુસ્તકમાં આલેખવામાં આવ્યાં છે.

2 જય ારે યહોવા માંટે એલિયાને વંટોળિયા માંરફતે આકાશમાં
લઈ લેવાનો સમય આવ્યો, ત્યારે એલિયા અને એલિશા ગિલ્ગા-
લથી આવી રહ્યાં હતા.~ 2 એલિયાએ એલિશાને કહ્યું કે, “તું અહીં રહે,
કારણ કે યહોવાએ મને બેથેલમાં જવાનું કહ્યું છે.”પણ એલિશાએ કહ્યું
કે, “યહોવાના અને તમાંરા સમ કે, હું તમને છોડીને જવાનો નથી.”~
3 આથી તેઓ બન્ને બેથેલ ગયા. બેથેલમાં રહેતા પ્રબોધકોનો સંઘ
એલિશાને મળવા આવ્યો અને તેમણે તેને કહ્યું, “ખબર છે કે, યહોવા
આજે તારા ધણીને તારાથી દૂર લઈ જવાના છે!”એલિશાએ કહ્યું, “મને
ખબર છે, હવે કશું બોલશો નહિ.”~ 4 પછી એલિયાએ કહ્યું, “એલિશા,
તું અહીં રોકાઈ જા, યહોવા મને યરીખો મોકલે છે.”એલિશાએ ફરીથી
જવાબ આપ્યો, “યહોવાના અને તમાંરા સમ કે હું તમને છોડીને જવાનો
નથી.” અને તેઓ યરીખો ગયા.~ 5 યરીખોમાં રહેતા પ્રબોધકોના સંઘે
એલિશા પાસે જઈ તેને કહ્યું, “તને ખબર છે કે, યહોવા આજે તારા
ધણીને તારાથી દૂર લઈ જવાના છે?”તેણે કહ્યું, “મને ખબર છે, હવે કશું
બોલશો નહિ.”~ 6 એલિયાએ કહ્યું, “એલિશા, તું અહીં રહી જા, યહોવા
તો મને યર્દન મોકલે છે.”પણ તેણે જવાબ આપ્યો, “યહોવાના અને
તમાંરા સમ કે હું તમને છોડીને જવાનો નથી.” અને તેઓ આગળ ચા-
લ્યા.~ 7 પચાસ પ્રબોધકો તેમની પાછળ પાછળ ગયા. જયારે તેઓ
યર્દન નદી પાસે ઊભા રહ્યા, ત્યારે પ્રબોધકો તેમનાથી અંતર રાખીને
દૂર ઉભા રહ્યાં.~ 8 એલિયાએ પોતાનો ઝભ્ભો લઈ તેનો વીંટો વાળી તે-
ના વડે પાણી પર પ્રહાર કર્યો અને તે સાથે નદીનું પાણી જમણી અને
ડાબી બાજુ વહેંચાઈ ગયું અને તેઓ પલળ્યાં વગર નદી ઓળંગી
ગયા.~ 9 જયારે તેઓ નદીની સામે પાર પહોંચી ગયા, ત્યારે એલિયાએ
એલિશાને કહ્યું, “દેવ મને તારી પાસેથી લઈ લે તે પહેલાં હું તારે માંટે શું
કરું? તારી શી ઈચ્છા છે?”એલિશાએ કહ્યું, “તમાંરી પાસે છે તેનાથી
બમણી દૈવી શકિત મને આપો”~ 10 એલિયાએ કહ્યું, “તારી માંગણી મુ-
શ્કેલ છે, મને તારી પાસેથી લઈ લેવાતો જો તું જોઈ શકીશ, તો તારી
ઈચ્છા પૂરી થશે; પણ જો તું જોવા ન પામે તો એ પૂરી નહિ થાય.”~
11 આમ વાતો કરતાં કરતાં આગળ ચાલ્યા જતા હતા, એવામાં એકાએક
તેમની બે જણની વચ્ચે અગ્નિરથ દેખાયો, અગ્નિના બે ઘોડા એ રથને
જોડેલા હતા. આ અગ્નિરથે એલિયા અને એલિશાને જુદા પાડી દીધા;
અને વંટોળિયાએ આવીને એલિયાને આકાશમાં ઉઠાવી લીધો.~
12 એલિશાએ તે જોયું, અને તે બોલી ઊઠયો, “ઓ માંરા બાપ! બાપ રે
બાપ! તમે તો ઈસ્રાએલનો રથ અને તેના ઘોડેસવાર છો!”પછી એલિયા
તેને દેખાતો બંધ થઈ ગયો ત્યારે એલિશાએ પોતાનો ઝભ્ભો ફાડીને તે-
ના બે ટુકડા કરી નાખ્યા.~ 13 પછી એલિયાનો ઝભ્ભો પડી ગયો હતો,
તે તેણે ઉપાડી લીધો, અને પછી તે યર્દનને કિનારે જઈને ઊભો રહ્યો.~
14 એલિયાના ઝભ્ભા વડે તેણે નદીના પાણી પર પ્રહાર કર્યો, તે મોટેથી
બોલ્યો, “એલિયાના દેવ યહોવા કયાં છે?” અને પાણી બે ભાગમાં વહે-
ચાઈ ગયું, એલિશા નદી પાર કરી ગયો.~ 15 યરીખોના પ્રબોધકોના સંઘે
તેને દૂરથી જોયો અને કહ્યું, “એલિયાની શકિત એલિશા પર ઊતરી છે.”
તેઓ તેને મળવા આવ્યા અને આદરપૂર્વક તેને પ્રણામ કર્યા.~ 16 તે-
ઓએ એલિશાને કહ્યું, “ધણી, તમે અમને માંત્ર આજ્ઞા કરો એટલે શકિ-
તશાળી એવા અમાંરા પચાસ માંણસો જશે અને તમાંરા ધણીની શોધ
કરશે, કદાચ યહોવાએ તેને લઈને કોઈ પર્વત પર અથવા ખીણમાં ફેંકી
દીધો હોય.”પણ એલિશાએ તેઓને ના પાડી.~ 17 પણ તેમણે તેને
એટલો બધો આગ્રહ કર્યો કે, આખરે કંટાળીને હા પાડી. આથી તેમણે
પચાસ માંણસોને મોકલ્યા. તેમણે ત્રણ દિવસ સુધી શોધખોળ કરી
પણ પત્તો ન લાગ્યો.~ 18 તેઓ પાછા આવ્યા, ત્યાં સુધી એલિશા યરી-

ખોમાં જ રહ્યો હતો, તેણે તેઓને કહ્યું, “તમે જશો નહિ એવું મેં તમને
નહોતું કહ્યું?”~ 19 હવે યરીખો નગરના કેટલાક આગેવાનો એલિશાને
મળવા આવ્યા, તેઓએ તેમને કહ્યું, “ધણી, આપ જોઈ શકો છો કે
અમારું શહેર કેવું રમણીય છે! પણ અહીંનું પાણી સારું નથી અને દેશ-
માં સ્ત્રીઓને કસુવાવડ થઈ જાય છે.”~ 20 તે બોલ્યો, “એક નવો વાટકો
લાવો અને તેમાં થોડું મીઠું મૂકો.”લોકો લઈ આવ્યા.~ 21 એટલે તેણે
ઝરણા પાસે જઈને તેમાં મીઠું નાખીને કહ્યું, “આ યહોવાના વચન છે: ‘હું
આ પાણીને નિરોગી કરું છું. હવે પછી એનાથી કોઈને મોત કે કસુવા-
વડ નહિ આવે.’”~ 22 પાણી શુદ્ધ થઈ ગયું અને એલિશાએ કહ્યા પ્રમાણે
આજ સુધી એ પાણી શુદ્ધ રહ્યું છે.~ 23 ત્યાંથી તે બેથેલ જવા નીકળ્યો;
અને તે રસ્તે થઈ જતો હતો એવામાં શહેરમાંથી કેટલાંક નાનાં બાળકો
આવીને તેમની ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યાં, તેઓ બૂમ પાડવા લાગ્યાં,
“હે, ટાલિયા, આગળ જા.”~ 24 એલિશાએ પાછળ ફરી તેમને જોયાં, અને
યહોવાના નામે તેમને શ્રાપ આપ્યો, તે જ વખતે જંગલમાંથી બે રીંછ-
ડીઓ આવી અને બેંતાળીસ બાળકોને રહેંસી નાખ્યા.~ 25 ત્યાંથી પછી
એલિશા કામેર્લ પર્વત પર ગયો અને ત્યાંથી સમરૂન પાછો ફર્યો.

3 યહૂદાના રાજા યહોશાફાટના શાસન દરમ્યાન અઢારમાં વષેર્
આહાબનો પુત્ર યહોરામ સમરૂનમાં ઈસ્રાએલનો રાજા થયો, અને
તેણે બાર વર્ષ રાજ્ય કર્યું.~ 2 તેણે યહોવાને નારાજ કરે તેવો કામો કાર્યા
હતા, જો કે તેના કાર્યો એ છેક એના માંતા પિતાના કાર્યો જેવા નહોતા,
કારણ, એણે એના પિતાએ ઊભુ કરેલુ બઆલનું પૂતળું પૂજાસ્થળેથી
કાઢી નાખ્યુ હતું.~ 3 તેમ છતાં તે નબાટના પુત્ર યરોબઆમ જેણે ઈસ્રા-
એલી લોકોને પાપ કરવા માંટે પ્રોત્સાહન આપ્યું હતું -તેના પાપને વળ-
ગી રહ્યો.~ 4 મોઆબનો રાજા મેશા ઘેટાં ઉછેરતો હતો, અને તે ઈસ્રાએ-
લના રાજાને નિયમિત એક લાખ ઘેટાંનાં બચ્ચાં અને એક લાખ ઘેટાનું
ઊન વસુલીરૂપે આપતો હતો.~ 5 જયારે આહાબ મૃત્યુ પામ્યો ત્યારે મો-
આબના રાજાએ ઈસ્રાએલના રાજા સામે બળવો કર્યો,~ 6 એટલે યહો-
રામ રાજાએ સમરૂનથી બહાર નીકળીને ઈસ્રાએલના બધા માંણસોને
યુદ્ધ માંટે ભેગા કર્યાં.~ 7 પછી તેણે યહૂદાના રાજાને સંદેશો મોકલ્યો કે,
“મોઆબના રાજાએ માંરી સામે બળવો કર્યો છે. મોઆબ પર હુમલો કર-
વામાં તમે મને સાથ આપશો?”તેણે જવાબ આપ્યો, “જરૂર, આપણે બે
કંઈ જુદા નથી; માંરા સૈનિકો એ તમાંરા જ સૈનિકો છે, માંરા ઘોડા એ
તમાંરા જ ઘોડા છે.~ 8 તેણે પૂછયું, “આપણે હુમલો કરવા ક્યો રસ્તો લે-
વો જોઈએ?”યહોરામે જવાબ આપ્યો, “અદોમના રણમાંથી પસાર થતો
રસ્તો.”~ 9 આમ, ઈસ્રાએલનો રાજા યહોરામ યહૂદાના રાજા અને અદો-
મના રાજાને સાથે લઈ યુદ્ધે ચડયો. સાત દિવસ સુધી ચકરાવાવાળે
રસ્તે કૂચ કર્યા પછી લશ્કર માંટે કે સરસામાંન ઉપાડતાં જાનવરો માંટે
પાણી ખૂટી ગયું.~ 10 ત્યારે ઈસ્રાએલનો રાજા બોલી ઊઠયો કે, “અફ-
સોસ! યહોવાએ આપણને ત્રણ રાજાઓને મોઆબીઓના હાથમાં
સોંપી દેવા માંટે જ ભેગાં કર્યા છે!”~ 11 પણ યહોશાફાટે કહ્યું, “અહીં કોઈ
યહોવાનો પ્રબોધક નથી કે, જેના માંરફતે આપણે યહોવાને પ્રશ્ર્ન કરી
શકીએ?”ઈસ્રાએલના રાજાના એક અમલદારે કહ્યું, “એલિશા અહીં છે,
તે શાફાટનો પુત્ર હતો, જે એલિયાની સેવામાં રહેતો હતો.”~ 12 યહૂદાના
રાજાએ કહ્યું, “યહોવા તેના દ્વારા બોલે છે.” આથી ઈસ્રાએલનો રાજા,
યહોશાફાટ અને અદોમનો રાજા તેની પાસે ગયા.~ 13 પણ એલિશાએ
ઈસ્રાએલના રાજાને કહ્યું કે, “માંરી પાસે તમાંરું શું છે? તમે તમાંરા માંતા
પિતાના જૂઠા પ્રબોધકો પાસે જાઓ.”ઈસ્રાએલના રાજાએ તેને કહ્યું કે,
“ના! યહોવાએ અમને ત્રણ રાજાઓને મોઆબીઓના હાથમાં સોંપી દે-
વા માંટે જ બોલાવ્યા છે!”~ 14 એલિશાએ કહ્યું, “હું જેમની સેવા કરું છું
તે સર્વસમર્થ યહોવાના સમ, યહૂદાના રાજા યહોશાફાટ પ્રત્યે મને માંન
છે, તેથી જ હું તમાંરા ભણી જોઉં છું નહિ તો મેં નજર સરખી કરી ના
હોત.~ 15 હવે કોઈ વીણા વગાડનારને માંરી પાસે લઈ આવો.”અને
બન્યું એવું કે જ્યારે વીણા વગાડનારે વીણા વગાડવા માંડી એટલે યહો-
વાની શકિત એલિશામાં આવી.~ 16 અને તે બોલ્યો, “આ યહોવાનાં
શબ્દો છે: આ ખીણને ખાડાંથી ભરી દો.~ 17 તમે બધા વરસાદ કે પવન
જોવા પામશો નહિ; પણ આ કોતર પાણીથી ભરાઈ જશે. અને તેમાં
તમે, તમાંરું લશ્કર અને જાનવરો માંટે પીવા પૂરતું પાણી હશે.~ 18 પણ
આ યહોવાની દ્રષ્ટિએ જાણે ઓછું હોય તેમ તે મોઆબને જ તમાંરા હા-
થમાં સોંપી દેશે.~ 19 તમે તેમનાં બધાં જ સારા સારા અને કિલ્લેબંદીવા-
ળા નગરોને ભોંયભેગા કરી નાખશો, બધાં જ સારા વૃક્ષોને કાપી નાખ-
શો, બધાં જ ઝરણાંને પૂરી દેશો, અને પ્રત્યેક ખેતરને તેમાં પથ્થર ના-
ખીને નકામાં બનાવી દેશો.”~ 20 પછી ખરેખર એમ જ થયું. બીજે દિવસે
સવારમાં યજ્ઞ કરવાને વખતે અદોમની દિશામાંથી પાણી વહેવા લાગ્યું
અને આખો દેશ જળબંબાકાર થઈ ગયો.~ 21 જયારે મોઆબીઓને
ખબર પડી કે ત્રણ રાજાઓ તેમની સાથે યુદ્ધ કરવા આવ્યા છે, ત્યારે
હથિયાર ધારણ કરી શકે એવા એકે એક પુખ્ત વયના માંણસને બોલા-
વવામાં આવ્યો, અને સરહદ પર ગોઠવી દેવામાં આવ્યો.~ 22 બીજે દિ-
વસે સવારે સૂર્યના લાલ રંગનો પ્રકાશ પાણી પર પડયો એટલે મોઆ-
બીઓને પાણી રકત જેવું દેખાયું!~ 23 તેઓ બોલી ઊઠયા, “આ તો લો-
હી છે! રાજાઓ અંદર અંદર લડ્યા હોવા જોઈએ અને તેમણે એકબીજાને
કાપી નાખ્યા હોવા જોઈએ. માંટે ચાલો, આપણે તેઓની છાવણીમાં
જઈને લૂંટ ચલાવીએ.”~ 24 પરંતુ જયારે મોઆબીઓ ઈસ્રાએલીની છા-
વણીએ આવ્યા ત્યારે ઈસ્રાએલીઓએ ઉભા થઈને મોઆબીઓની સામે
હુમલો કર્યો અને પછી મોઆબીઓ ત્યાથી ભાગવા લાગ્યા. ઈસ્રાએલી-
ઓએ મોઆબીઓને પૂર્ણ રીતે હરાવ્યા.~ 25 તેમણે નગરોને ભોંયભેગા
કરી નાખ્યાં, દરેક માંણસે એક એક પથ્થર નાખીને દરેક ખેતરને પથ્થ-
રથી ભરી દીધાં. બધા ઝરણાંને તેમણે બંધ કરી દીધા, અને બધાં જ
સારા વૃક્ષો કાપી નાખ્યાં, આખરે તેમણે કીર-હરેસેથને ઘેરો ઘાલ્યો અને
પથ્થરથી હુમલો કરવા માંટે ગોફણિયાઓનો ઉપયોગ કર્યો.~ 26 જયારે
મોઆબના રાજાએ જોયું કે, યુદ્ધનું પરિણામ પોતાની વિરૂદ્ધ જાય છે,
ત્યારે તેણે સાતસો તરવારધારી સૈનિકોને ભેગા કર્યા, અને અદોમના
રાજાના સૈનિકોને તોડી પાડવાનો પ્રયાસ કર્યો. જો કે તેના પ્રયત્નોમાં
તે સફળ ન થયો.~ 27 મોઆબના રાજાએ તેના પછી તેનો જયે પુત્ર જે
રાજા થવાનો હતો તેને લઈને નગરના કોટ પર તેનું બલિદાન ચઢાવ્યું,
આથી ઈસ્રાએલીઓ એટલા તો બેબાકળા બની ગયા કે, તેઓએ પીછે
હઠ કરીને પોતાને દેશ પાછા ચાલ્યા ગયા.

4 હવે પ્રબોધકોના સંઘના એક પ્રબોધકની પત્નીએ એલિશાને
કહ્યું, “આપનો સેવક માંરો પતિ મરી ગયો છે, આપ જાણો છો કે,
તે યહોવાથી ડરીને ચાલતો હતો, હવે એક લેણદાર આવ્યો છે અને તે
માંરા બે પુત્રોને લઈ જઈ ગુલામ બનાવવા માંગે છે.”~ 2 એલિશાએ
કહ્યું, “હું તને શી મદદ કરી શકું? તું મને એ કહે કે, તારી પાસે ઘરમાં શું
છે?”તે સ્રીએ જવાબ આપ્યો, “થોડુંક તેલ છે, એ સિવાય બીજું કશું જ
નથી.”~ 3 એટલે એલિશાએ કહ્યું, “તો બહાર જઈને તારા બધા આડો-
શી-પાડોશી પાસેથી ખાલી વાસણો અને બરણીઓ માંગી લાવ.~
4 પછી પાછી આવીને તું તારાં બાળકો સાથે અંદર જઈને બારણાં વાસી
દેજે. પછી તારી પાસે જે તેલ છે તેને પેલાં વાસણોમાં અને બરણીમાં રે-
ડવા માંડજે અને જેમ જેમ ભરાઇ જાય તેમ તેમ બરણીઓ બાજુએ મૂક-
તી જજે.”~ 5 પેલી સ્રીએ ત્યાંથી જઈને બાળકો સાથે ઘરમાં જઈ બારણાં
વાસી દીધાં, બાળકો જેમ જેમ તેને બરણીઓ આપતાં ગયાં તેમ તેમ તે
તેમાં તેલ રેડતી ગઈ.~ 6 જયારે બધી બરણીઓ ભરાઈ ગઈ ત્યારે તેણે
બાળકોને કહ્યું, “મને બીજી બરણી આપ.”ત્યારે તેણે કહ્યું, “હવે બરણી
રહી નથી.” એટલે તેલ વહેતું બંધ થઈ ગયું!~ 7 પછી સ્રીએ જઈને દેવના
માંણસને આ વાત જણાવી એટલે દેવના માંણસે તેને કહ્યું, “તું જઈને
એ તેલ વેચીને તારું દેવું ભરપાઈ કરી દેજે, અને જે નાણાં બાકી રહે તે
તારા બાળકો માંટે રાખી લેજે.”~ 8 એક દિવસ એવું બન્યું કે એલિશા શૂ-
નેમ ગયો હતો. ત્યાં એક ધનવાન સ્રીએ તેને રહેવા અને જમવા માંટે
આમંત્રિત કર્યો; આથી તે જયારે જયારે એ બાજુ આવતો, ત્યારે ત્યારે
ત્યાં રોકાતો અને જમતો.~ 9 એ સ્રીએ એક વાર પોતાના પતિને કહ્યું,
“મને ખાતરી છે કે જે માંણસ હંમેશા આપણે ત્યાં આવે છે તે દેવનો
માંણસ હોવો જોઈએ.~ 10 તો આપણે એને માંટે એક નાની ઓરડી
બનાવીએ અને તેમાં એક પથારી, એક મેજ, એક ખુરસી અને એક દી-
વાની વ્યવસ્થા કરીએ, તેથી એ જયારે અહીં આવે ત્યારે અહીં આ ઓર-
ડીમાં રહી શકે.”~ 11 એક દિવસ એલિશા ત્યાં આવ્યો. ત્યારે તે ઉપરની
ઓરડીમાં જઈને આરામ કરવા પથારીમાં સૂતો,~ 12 તેણે પોતાના નોકર
ગેહઝીનને કહ્યું, “માંરે એ સ્રીની સાથે વાત કરવી છે માંટે તું તેની પત્ની-
ને બોલાવ.”નોકરે બોલાવી એટલે તે આવીને દેવના માંણસ સામે

ઊભી રહી.~ 13 દેવના માંણસે નોકરને કહ્યું, “તું એને એમ કહે કે, ‘તેં
અમારા માંટે આટલી બધી તકલીફ ઉઠાવી છે તો અમે તારા માંટે શું
કરીએ?” રાજા કે લશ્કરના સેનાપતિ તારું ધ્યાન રાખે કે તને બીજી કોઇ
મદદ જોઇએ છે?’”પણ તે સ્રીએ જવાબ આપ્યો, “હું માંરા પોતાના
માંણસો વચ્ચે રહું છું અને હું સુખી છું.”~ 14 થોડીવાર પછી દેવના
માંણસે નોકર ગેહઝીનને પૂછયું, “આપણે તેને માંટે શું કરી શકીએ?”ગે-
હઝીએ જવાબા આપ્યો, “એક વાત છે કે તેની પાસે પુત્ર નથી અને
એનો પતિ ઘરડો છે.”~ 15 એલિશાએ કહ્યું, “એને પાછી બોલાવ.”નોકરે
તેને બૂમ પાડી અને તે બારણામાં આવીને ઊભી રહી.~ 16 એટલે દેવના
માંણસે કહ્યું, “આવતે વષેર્ આ વખતે તારા ખોળામાં બાળક હશે.”પણ
તેણે કહ્યું, “ના, દેવભકત! આપ દેવના ભકત છો! આ દાસીને છેતરશો
નહિ.”~ 17 પણ એ સ્ત્રીને ગર્ભ રહ્યો જ, અને એલિશાએ કહ્યું હતું તે પ્ર-
માંણે, તે વખતે પુત્ર અવતર્યો.~ 18 પછી તે બાળક મોટો થયો, એક દિ-
વસ એના પિતા ખેતરમાં લણનારાઓ સાથે કામ કરતા હતા, ત્યાં તેમ-
ની મુલાકાતે ગયો.~ 19 એકાએક માંથું દુ:ખતા તેણે તેના પિતાને ફરિ-
યાદ કરી,તેથી તેના પિતાએ પોતાના એક નોકરને કહ્યું, “તું છોકરાને
તેની માંતા પાસે ઘેર લઈ જા.”~ 20 તેથી તે છોકરાને ઘેર લઈ ગયો, તે
(છોકરો) તેની માંતાના ખોળામાં બપોર સુધી બેઠો અને પછી મૃત્યુ પા-
મ્યો.~ 21 પછી તે સ્રીએ પોતાના પુત્રના મૃતદેહને ઉપાડીને દેવના
માંણસના ઓરડામાં લાવીને તેની પથારીમાં સૂવડાવી દીધો અને પછી
તેણી બારણું વાસી ને બહાર ચાલી ગઈ.~ 22 પછી તેણે પોતાના પતિને
કહ્યું, “મને એક ગધેડો અને એક નોકર મોકલી આપો, કારણ કે હું
જલ્દીથી દેવના માંણસ પાસે જઇ શકું અને પાછી આવી શકું.”~ 23 તે-
ના પતિએ પૂછયું, “આજે કેમ? આજે નથી અમાંવાસ્યા કે નથી વિશ્રામ-
વાર.”પણ સ્રીએ જવાબ આપ્યો, “બધું સારું થશે, સૌ સારા વાનાં
થશે.”~ 24 ગધેડા પર જીન નંખાવીને તેણે નોકરને કહ્યું, “ઉતાવળ કર-
જે, અને સિવાય કે હું તને કહું ધીમો પડતો નહિ.”~ 25 આમ, તે નીકળી
પડી અને કામેર્લ પર્વત પર આવી ત્યારે એલિશાએ તેને દૂરથી જોઇને
ગેહઝીનને કહ્યું, “જો શૂનેમથી પેલી સ્ત્રીઆવી રહી છે.~ 26 દોડતો જા,
તેને મળ અને પૂછ કે, તું કુશળ તો છે ને? તારો પતિ કુશળ છે ને? તારો
પુત્ર કુશળ તો છે ને?” તે સ્રીએ જવાબ આપ્યો, “હા”~ 27 તે ટેકરી પર દે-
વભકત એલિશાના પગમાં પડી, તેને દૂર કરવા ગેહઝીન આગળ
આવ્યો પણ એલિશાએ કહ્યું, “એ છો રહેતી, એના માંથે ભારે દુ:ખ છે,
અને યહોવાએ એ વાત માંરાથી છુપાવી છે, મને કહ્યું નથી.”~ 28 તે સ્ત્રી
બોલી, “માંરા મુરબ્બી! મેં આપની પાસે પુત્ર માંગ્યો હતો? મેં એમ નહો-
તું કહ્યું કે, મને છેતરશો નહિ?”~ 29 એલિશાએ કહ્યું, “ગેહઝીન, કમર
કસ, માંરી લાકડી લે અને દોડતો જા, રસ્તે કોઈ મળે તો તેને પ્રણામ
કરવા પણ રોકાઈશ નહિ, માંરી લાકડી તે બાળકના મોંઢા પર મૂકજે.”~
30 પણ છોકરાની માંતાએ કહ્યું, “યહોવાના સમ, તમાંરા સમ; હું આપને
છોડવાની નથી. આથી એલિશા ઊઠયો અને તેની સાથે ગયો.~ 31 ગેહ-
ઝીને તે લોકો કરતાં વહેલાં પહોંચી જઈને લાકડી છોકરાના મોં પર મૂ-
કી, પણ જીવનાં કોઈ લક્ષણ જણાયાં નહિ, આથી તેણે પાછા જઈ
એલિશાને જણાવ્યું કે, “છોકરો, હજુ જાગ્યો નથી.”~ 32 એલિશા પછી
ઘરમાં દાખલ થયો અને ત્યા તેની પથારીમાં મરેલો છોકરો પડેલો
હતો.~ 33 તેણે ઓરડામાં જઈને બારણાં વાસી દીધાં. તે બે જણ અંદર
રહ્યા, પછી તેણે યહોવાને પ્રાર્થના કરી.~ 34 ત્યાર પછી તે પલંગ પર
ચઢીને છોકરાની પર લાંબો થયો તેણે પોતાનું મોઢું છોકરાના મોઢાં પર,
આંખ છોકરાની આંખ પર અને હાથ છોકરાના હાથની પર એટલે છોક-
રાના શરીરમાં ગરમાંવો આવ્યો.~ 35 પછી એલિશા ઊભો થયો અને
ઓરડામાં આંટા માંરી ફરી છોકરા પર સૂઇ ગયો. પછી છોકરાને સાત
વખત છીંક આવી અને પોતાની આંખો ઉઘાડી.~ 36 પછી પ્રબોધકે ગેહ-
ઝીનને બૂમ પાડી અને કહ્યું, “શૂનેમની સ્ત્રીને બોલાવ.” એટલે તેણે તે-
ણીને બોલાવી. તે આવી એટલે એલિશાએ તેને કહ્યું, “લે આ તારો પુ-
ત્ર.”~ 37 તે સ્રીએ અંદર જઈને જમીન પર લાંબા થઈને તેમને પ્રણામ
કર્યા.અને પછી પોતાના બાળકને લઈને બહાર ચાલી ગઈ.~ 38 એલિશા
ગિલ્ગાલ પાછો ફર્યો. તે સમયે ત્યાં મોંઘવારી હતી. એક દિવસ જ્યારે
પ્રબોધકોનો સમૂહ તેની પાસે બેઠા હતા; ત્યારે તેણે પોતાના નોકરને
કહ્યું, “એક મોટું તપેલું અગ્નિ પર ચઢાવીને પ્રબોધકોના સમૂહ માંટે
માંસની વાનગી રાંધવા માંટે મૂકો.”~ 39 એક જણ ખેતરમાં શાકપાંદડું
ભેગા કરવા ગયો ત્યાં તેણે એક જંગલી વેલામાંથી તેના ગોળ નાના ફળ
તોડીને માંસની વાનગી રંધાતી હતી તેમાં નાખ્યાં. પણ તેઓ આને
ઓળખતા નહોતા.~ 40 પછી તેમણે માંણસોને આવીને ખાવા માંટે બો-
લાવ્યા જેવી તેમણે માંસની વાનગી ચાખી, તેઓ બોલી ઊઠયાં, “દેવના
માંણસ, આ તપેલામાં તો મોંત ભર્યું છે!” અને તેઓ તે ખાઈ શકયાં
નહિ.~ 41 ત્યારે એલિશાએ કહ્યું, “તો થોડોલોટ લાવો.” એ લોટ તેણે
તપેલામાં નાખ્યો અને કહ્યું, “હવે માંણસોને પીરસી દો.” અને આ વખ-
તે તપેલામાં કંઈ વાંધો નહોતો.~ 42 બઆલ-શાલીશાહથી એક માંણસ
એલિશા પાસે, પહેલા પાકના જવમાંથી બનાવેલા વીસ રોટલા અને
ભરેલાં દાણાવાળાં તાજાં કણસલાં લઈને આવ્યો. એલિશાએ કહ્યું, “આ
લોકોને તે ખાવા આપી દો.”~ 43 પણ તેના નોકરે કહ્યું, “સો માંણસોને
હું આ શી રીતે પીરસું?”છતાં એલિશાએ કહ્યું, “તું તારે લોકોને પીરસી દે.
આ યહોવાનાં વચન છે; ‘એ લોકો ખાઈ રહેશે અને વધશે પણ ખરું.”~
44 તેણે લોકોને પીરસી દીધું અને તેઓ ખાઈ રહ્યા અને યહોવાના કહેવા
મુજબ વધ્યું પણ ખરું.

5 અરામના રાજાનો સેનાપતિ નામાંન તેના રાજાનો માંનીતો અને
કૃપાપાત્ર માંણસ ગણાતો હતો, કારણ, યહોવાએ એની માંરફતે
અરામીઓને વિજય અપાવ્યો હતો. તે વીર યોદ્ધો હતો, પણ તે કોઢથી
પીડાતો હતો.~ 2 અરામના દળો ઇસ્રાએલમાં થઇને પાછાં ફરતાં હતા
ત્યારે કેટલાંક બંદીવાનો સાથે એક નાની છોકરીને પણ તેઓ ગુલામ
તરીકે પકડી ગયા હતા. તેને નામાંનની પત્નીની દાસી તરીકે રાખવામાં
આવી હતી.~ 3 તેણે પોતાની શેઠાણીને કહ્યું, “હું ઇચ્છું છું કે, ઇશ્વર કરે
ને માંરા શેઠ પ્રબોધક પાસે સમરૂનમાં જાય, તેઓ તેના ચામડીના રોગ-
નો ઈલાજ કરશે!”~ 4 નામાંને જઈને પોતાના રાજાને કહ્યું કે, ઇસ્રાએલ
દેશની છોકરી આમ કહે છે.~ 5 અરામના રાજાએ કહ્યું, “સારું, તું જરૂર
જા, હું ઇસ્રાએલના રાજા પર તને પત્ર લખી આપીશ.”આથી નામાંન 10
મણ ચાંદી, 6,000 સોનામહોર અને 10 જોડ પોશાક લઈને સમરૂન
જવા ઉપડયો.~ 6 તેણે ઇસ્રાએલના રાજાને પત્ર આપ્યો, જે નીચે મુજબ
હતો, “હું માંરા સેવક નામાંનને તમાંરી પાસે મોકલું છું, તમે એનો ચામ-
ડીનો રોગ કોઢ મટાડશો.”~ 7 જેવો ઇસ્રાએલના રાજાએ પત્ર વાંચ્યો, તે
ગભરાઈ ગયો અને પોતાનાં કપડાં એમ કહેતા ફાડી નાખ્યાં, “કે હું તે
કંઈ દેવ નથી કે જે મરેલા માંણસને જીવતો કરે? એણે મને આ માંણસ-
ને એનો રોગ મટાડવા માંટે મોકલી આપ્યો છે! જરૂર એ માંરી સાથે યુદ્ધ
કરવા માંગે છે!”~ 8 પણ જ્યારે દેવના માંણસ એલિશાના જાણવામાં
આવ્યુ કે ઇસ્રાએલના રાજાએ પોતાનાં વસ્ત્ર ફાડયાં છે, ત્યારે તેણે તેને
સંદેશો મોકલ્યો: “તું શા માંટે ગભરાઈ ગયો છે? તું નામાંનને માંરી પાસે
મોકલ, એટલે એ જાણશે કે અહીં ઇસ્રાએલમાં યહોવાનો એક સાચો પ્ર-
બોધક છે.”~ 9 તેથી પોતાના રથો અને માંણસો સાથે નામાંન એલિશા
પ્રબોધકના ઘરે ગયો અને તેના બારણા સામે આવીને ઊભો રહ્યો.~
10 એલિશાએ અંદર રહીને જ તેને કહેવડાવ્યું કે, ‘તું યર્દન નદીએ જા;
અને તેમાં સાત વખત સ્નાન કર, તારો કોઢનો રોગ મટી જશે અને તું
શુદ્ધ થશે.’~ 11 ~પણ નામાંન તો ગુસ્સે થઈને બબડતો બબડતો ચા-
લ્યો ગયો કે, “હું તો એમ ધારતો હતો કે, તે બહાર આવી માંરી પાસે
ઊભો રહી, પોતાના દેવ યહોવાનું નામ લઈ, રોગવાળા ભાગ પર હાથ
ફેરવી કોઢ મટાડી દેશે.~ 12 દમસ્કની નદીઓ અબાનાહ અને ફાર્પાર
ઇસ્રાએલની બીજી નદીઓ કરતાં વધારે સારી નથી? તેમાં સ્નાન કરીને
હું રોગમુકત ન થઈ શકું? આમ તે પાછો ફરીને ગુસ્સામાં ચાલ્યો ગયો.~
13 પણ તેના નોકરોએ તેની પાસે જઈને તેને કહ્યું, “પ્રબોધકે આપને
કોઈ મુશ્કેલ કાર્ય કરવા માંટે કહ્યું હોત, તો તમે કર્યું હોત કે નહિ? તેથી
તેની આજ્ઞાને આધીન અવશ્ય થાઓ. જાઓ, સ્નાન કરીને શુદ્ધ
થાઓ!”~ 14 આથી તેણે જઈને દેવભકત એલિશાએ કહ્યા પ્રમાંણે યર્દ-
નમાં સાત વખત ડૂબકી માંરી, એટલે તેની ચામડી, બાળકની ચામડી
જેવી ચોખ્ખી થઈ ગઈ.~ 15 ત્યાર પછી તે પોતાના આખા રસાલા સાથે
દેવભકત એલિશા પાસે પાછો જઈ તેમની સામે ઊભો રહીને બોલ્યો,
“હવે મને ખાતરી થઈ કે; ઇસ્રાએલ સિવાય પૃથ્વી પર કયાંય દેવ નથી;
હવે આપ આ સેવકની એક ભેટ સ્વીકારવાની કૃપા કરો.”~ 16 પણ
એલિશાએ કહ્યું, “જે યહોવાનો હું સેવક છું તેના સમ ખાઈને કહું છું કે, હું

કોઈ ભેટ સ્વીકારીશ નહિ."નામાંને તેને કંઈક સ્વીકારવા માંટે આગ્રહ
કર્યો, પણ તેણે માંન્યું નહિ,~ 17 ત્યારે નામાંન બોલ્યો, "આપ ના જ
પાડો છો તો આ સેવકને બે ખચ્ચર માંટી આપો, કારણ, હું હવે યહોવા
સિવાય બીજા કોઈ દેવને દહનાર્પણ કે યજ્ઞો ચડાવવાનો નથી.~
18 માંત્ર આટલી એક બાબતમાં હું યહોવાની ક્ષમાં યાચું છું, અને તે એ કે
માંરા રાજા જયારે રિમ્મોન દેવના મંદિરમાં પૂજા કરવા જાય છે, ત્યારે
માંરા હાથનો ટેકો લે છે. અને તેઓ ત્યાં પગે લાગે છે. ત્યારે હું પણ પગે
લાગું છું. યહોવા, આ સેવકને આટલી ક્ષમાં કરો."~ 19 એલિશાએ કહ્યું,
"સારું, શાંતિથી જા,"પછી નામાંન સ્વદેશ જવા રવાના થયો.~ 20 ત્યાં
દેવભકત એલિશાના નોકર ગેહઝીએ મનમાં કહ્યું, "શું માંરા શેઠે આ
અરામી નામાંનને તે જે ભેટ લાવ્યો તે સ્વીકાર્યા વિના જ એમને એમ
જવા દીધો? યહોવાના સમ. હું દોડતો તેની પાછળ જાઉં છું અને તેની
પાસેથી કંઈ લઈ આવું છું."~ 21 એમ વિચારીને ગેહઝીએ નામાંનની પા-
છળ દોડતો નીકળી પડયો. જયારે નામાંને તેને પોતાની પાછળ દોડતો
જોયો ત્યારે તે રથમાંથી તેને મળવા કૂદી પડયો અને બોલ્યો, "બધું કુ-
શળ તો છે ને?"~ 22 તેણે કહ્યું, "બધું કુશળ છે. માંરા શેઠે મને મોકલ્યો
છે. તેણે કહ્યું કે, 'એફ્રાઈમના ટેકરી પ્રદેશના પ્રબોધકોના સમૂહમાંથી બે
યુવાનો હમણાં જ આવ્યા છે, તેમને લગભગ 34 કિલો ચાંદી અને બે
જોડી કપડાં જોઈએ છે."~ 23 નામાંને કહ્યું, "જરૂર; ખુશીથી 68 કિલો
લઈ જાઓ." આ રીતે નામાંને તેને ખૂબ કિંમતી એવાં બે જોડ વસ્ત્રો
આપ્યાં, અને બે થેલામાં લગભગ 68 કિલો ચાંદી આપી તે તેણે તેના
નોકરોના માંથે ચઢાવી; અને તેઓ ગેહઝીએની આગળ ચાલવા લા-
ગ્યા.~ 24 જયારે ગેહઝીએ એલિશા રહેતો હતો તે ટેકરી પર પહોંચ્યો,
ત્યારે તેણે પેલા બે માંણસો પાસેથી વસ્તુઓ લઈને ઘરમાં મૂકી દઈ તે-
મને મોકલી દીધા, પછી તેઓ વિદાય થયા.~ 25 જયારે તે અંદર જઈને
પોતાના શેઠની આગળ ઊભો રહ્યો ત્યારે અલિશાએ કહ્યું, "ગેહઝીએ,
તું કયાં ગયો હતો?"ગેહઝીએ કહ્યું, "કયાંય નહિ."~ 26 પણ એલિશાએ
કહ્યું, "જયારે રથમાંથી કૂદીને કોઈ તમને મળવા આવ્યું, ત્યારે માંરો
આત્માં તમાંરી સાથે નહોતો? આ કંઈ ભેટ લેવાનો પ્રસંગ છે? આ કંઈ
પૈસા, કપડાં, જેતૂનની વાડીઓ, અને દ્રાક્ષની વાડીઓ ઘેટાં અને બળ-
દો તથા દાસ અને દાસીઓ લેવાનો પ્રસંગ છે?~ 27 એથી નામાંનનો
કોઢ તને અને તારા વંશજોને કાયમનો વળગશે."તે ક્ષણે જ ગેહઝીને
તરત જ કોઢ ફૂટી નીકળ્યો, અને તેની ચામડી હિમ જેવી સફેદ થઈ ગઈ
અને તે એલિશાથી દૂર ચાલ્યો ગયો.
6 એક દિવસે પ્રબોધકોના પુત્રો એલિશાની પાસે ગયા અને તેને
કહ્યું, "તું જાણે છે કે, અમાંરી રહેવાની જગ્યા ઘણી સાંકડી છે,~
2 માંટે અમે યર્દન જઈએ અને દરેક જણ એક એક મોટું લાકડું લઈ
આવીએ અને રહેવા માંટે નિવાસ બાંધીએ."એલિશાએ કહ્યું, "જાઓ."~
3 ત્યારે એક જણ બોલ્યો, "આપ પણ આ સેવકો સાથે આવવાની કૃપા
કરો."એલિશાએ કહ્યું, "સારું, હું આવીશ."~ 4 અને તે તેમની સાથે
ગયો. યર્દન પહોંચીને તેમણે લાકડાં કાપવા માંડયાં.~ 5 પણ થયું એવું
કે એક જણ લાકડા કાપતો હતો, એવામાં તેની કુહાડી જળમાં પડી ગઈ;
તે બોલી ઊઠયો, "ગુરુજી, એ કુહાડી તો કોઈની માંગી લાવેલી હતી!"~
6 દેવના માંણસ એલિશાએ પૂછયું, "કયાં પડી?"એટલે પેલાએ જગ્યા
બતાવી. પછી એલિશાએ એક લાકડી કાપીને તે જગાએ નાખી અને
લોખંડની કુહાડીને તરતી કરી.~ 7 પછી તેણે કહ્યું, "ઉપાડી લે." અને પે-
લા માંણસે હાથ લંબાવીને તે ઉપાડી લીધી.~ 8 અરામનો રાજા ઇસ્રા-
એલ સામે યુદ્ધે ચડયો હતો, એ દરમ્યાન તેણે પોતાના અમલદારોને
ચર્ચા કરવા ભેગા કરી કહ્યું, "આપણે અમુક અમુક જગ્યાએ હુમલો કર-
વા માંગીએ છીએ."~ 9 પણ દેવભકત એલિશાએ ઇસ્રાએલના રાજાને
સંદેશો મોકલી ચેતવ્યો કે, "અમુક જગ્યાએ સાવધ રહેજો, કારણ, અરા-
મીઓ ત્યાં હુમલો કરનાર છે."~ 10 આથી ઇસ્રાએલના રાજાએ દેવના
માંણસ એલિશાએ કહેલી જગાએ માંણસો મોકલી આપ્યા. એલિશા
દરેક વખતે ચેતવણી આપતો રહ્યો અને રાજા સાવધ થઈ જતો. આવું
એક બે વાર નહિ અનેક વાર બન્યું.~ 11 આથી અરામનો રાજા ખૂબ વ્ય-
થિત થઈ ગયો અને તેણે પોતાના અમલદારોને ભેગા કરી કહ્યું,
"તમાંરામાંથી કોણ ફૂટી ગયો છે અને આપણી વાત ઇસ્રાએલના રાજાને
જણાવી દે છે? કોણ છે તે?"~ 12 ત્યારે એક અમલદાર બોલ્યો, "મુરબ્બી
રાજા, કોઈ નહિ, પણ ઇસ્રાએલમાં રહેતા પ્રબોધક એલિશા તમે તમાંરા
શયનખંડમાં પણ જે શબ્દો ઉચ્ચારો છો, તે ઇસ્રાએલના રાજાને કહી દે
છે."~ 13 રાજાએ કહ્યું, જાઓ, અને શોધી કાઢો કે, તે કયાં છે, "જેથી હું
તેને માંણસો મોકલીને પકડાવી લઉં."તેને પછી જણાવવામાં આવ્યું કે,
"પ્રબોધક અત્યારે દોથાનમાં છે."~ 14 એટલે તેણે એક મોટી ટુકડી રથો
અને ઘોડાઓ સાથે ત્યાં મોકલી અને તેમણે રાતે પહોંચી જઈ શહેરને
ઘેરી લીધું.~ 15 બીજે દિવસે વહેલી સવારે એલિશાનો ચાકર વહેલો
ઊઠયો અને બહાર ગયો, તો તેણે એક સૈન્યની ટુકડીને રથો અને ઘો-
ડાઓ સહિત શહેરને ઘેરો ઘાલીને પડેલી જોઈ, તે બોલી ઊઠયો, "હે
શેઠ, હવે તમે શું કરશો?"~ 16 તેણે કહ્યું, "ગભરાઈશ નહિ, કારણ, જેઓ
આપણી સાથે છે તેઓ તેમની સાથે જેઓ છે તેઓનાં કરતાં વિશેષ
છે."~ 17 પછી એલિશાએ યહોવાને પ્રાર્થના કરી કે, "હે યહોવા, તેની
આંખો ખોલી નાખો અને તેને જોવા દો."યહોવાએ તેના ચાકરની આંખ
ખોલી નાખી પછી ચાકરને એ જોઇને આશ્ચર્ય થયું કે નગરની આજુબા-
જુના પર્વતો અગ્નિ રથો અને ઘોડાઓથી ભરાઇ ગયા હતાં.~ 18 અરા-
મીઓ એલિશા તરફ ધસી આવ્યા, એટલે એલિશાએ યહોવાને પ્રાર્થના
કરી, "હે યહોવા, તેઓને અંધ બનાવી દો."અને યહોવાએ એલિશા એ
કહ્યા પ્રમાંણે તેમને આંધળા બનાવી દીધા.~ 19 પછી એલિશાએ તેમને
કહ્યું, "તમે ખોટા રસ્તા પર છો. આ ખરું નગર નથી. તમે માંરી પાછળ
આવો તમે જેને શોધો છો તેની પાસે હું તમને લઈ જઈશ." પછી તે તેમ-
ને સમરૂન પાસે દોરી ગયો.~ 20 તેઓ જ્યારે ત્યાં આવી પહોંચ્યા ત્યારે
તરત જ એલિશાએ પ્રાર્થના કરી, "હે યહોવા, હવે તેઓની આંખો ઉઘાડો
અને તેઓને જોવા દો."પછી યહોવાએ તેઓની આંખો ઉઘાડી. તેઓએ
જોયું કે તેઓ બરાબર ઇસ્રાએલના પાટનગર સમરૂનની વચ્ચોવચ છે.~
21 ઇસ્રાએલના રાજાએ તેમને જોયા ત્યારે તેણે એલિશાને કહ્યું, "ધણી,
હું એમનો વધ કરું?"~ 22 તેણે જવાબ આપ્યો, "વધ ન કરીશ, જયારે તું
તારી તરવાર અને ધનુષને જોરે માંણસોને કેદ પકડે છે ત્યારે પણ તેમ-
નો વધ કરે છે ખરો? એમને ખાવાપીવાનું આપ અને પાછા પોતાના રા-
જા પાસે જવા દે."~ 23 આથી રાજાએ તેમને સારું ખાવાનું આપ્યું, તેમનું
ધ્યાન રાખ્યું અને તેઓને તેઓના રાજા પાસે પાછા સ્વદેશ મોકલી દી-
ધા. ત્યારબાદ અરામી ધાડપાડુ ટૂકડીઓએ ઇસ્રાએલ પર કદી હુમલો
કર્યા નહિ.~ 24 આ પછી એવું બન્યું કે, અરામના રાજા બેન-હદાદે પોતા-
નું આખું લશ્કર ભેગું કર્યુ અને સમરૂનને ઘેરો ઘાલ્યો.~ 25 શહેરમાં લોકો
ભારે ભૂખમરો વેઠતા હતા. દુકાળ એટલો લાંબો ચાલ્યો હતો કે ગધેડાનું
1 માંથું ચાંદીના 80 સિક્કામાં વેચાતું હતું. પા કિલો "કબૂતરની અઘાર-
ના"5 ચાંદીના સિક્કા વચાંવી હતી.~ 26 એક દિવસ ઇસ્રાએલનો રાજા
નગરના કોટ ઉપરથી પસાર થતો હતો, ત્યારે એક સ્ત્રીતેની સામે આવી
અને તેને અરજ કરી, "હે રાજા, અમને મદદ કરો!"~ 27 રાજાએ કહ્યું, "જો
યહોવા તને મદદ ન કરતા હોય, તો હું તને કયાંથી મદદ કરવાનો હતો?
તને આપવા માંટે માંરી પાસે નથી અનાજ કે નથી દ્રાક્ષારસ."~ 28 પછી
રાજાએ તેને પૂછયું, "શી બાબત છે?"પેલી સ્રીએ કહ્યું, "આ સ્રીએ મને
એમ કહ્યું હતું કે, 'તું તારો પુત્ર આપ અને આપણે આજે તેને ખાઈશું
અને માંરા પુત્રને આવતી કાલે ખાઈશું.'~ 29 તેથી અમે માંરા પુત્રનું માંસ
રાંધીને ખાધું, બીજે દિવસે મેં જયારે તેને કહ્યું, 'હવે તારા પુત્રને માંરી
નાખ કે, આપણે તેનું માંસ ખાઈએ.' ત્યારે તેણે તેને સંતાડી દીધો."~
30 જેવું રાજાએ આ સાંભળ્યું કે તેણે દુ:ખના માંર્યા પોતાનાં વસ્ત્રો ફાડી
નાખ્યાં. જ્યારે રાજા નગરના કોટ પરથી જતો હતો ત્યારે લોકોએ જોયું કે
રાજાએ તેના કપડાંની નીચે શણના કપડાં પહેર્યા હતાં.~ 31 તે બોલ્યો,
"જો આજે હું શાફાટના પુત્ર એલિશાનું માથું તેના ધડ પર રહેવા દઉં, તો
યહોવા માંરી આવી અને આથી ય ખરાબ હાલત કરો!"~ 32 એલિશા પો-
તાના ઘરમાં બેઠો હતો અને તેની સાથે વડીલો બેઠા હતા. રાજાએ
અગાઉથી એક સંદેશવાહક મોકલ્યો હતો, પણ તે પહોંચે તે પહેલાં જ
એલિશાએ વડીલોને કહ્યું હતું કે, "જોયું? એ જન્મજાત ખૂનીએ માંરું
માથું ઉડાવી દેવાને માણસ મોકલ્યો છે. સાવધ રહેજો. સંદેશવાહક
આવે ત્યારે બારણાં વાસી દેજો અને તેને અંદર પ્રવેશવા દેશો નહિ,
એની પાછળ જ આવતા એના રાજાનાં પગલાં નથી સંભળાતાં?"~
33 હજી તો એલિશા આ વાત કરતો હતો, ત્યાં જ રાજા આવી પહોંચ્યો,

અને બોલ્યો, "આ આફત જરૂર યહોવા તરફથી આવેલી છે! મારે યહોવા
પાસેથી વધારે મદદની અપેક્ષા શા માટે રાખવી જોઈએ?"

7 એલિશાએ જવાબ આપ્યો, "આ યહોવાનાં વચન છે: આવતી
કાલે આ સમયે સમરૂનના બજારમાં એક શેકેલની સાટે એક માપ
લોટ અને એક શેકેલ સામે બે માપ જવ વેચાશે.~ 2 ત્યારે રાજાના અંગત
મદદનીશે દેવના માણસ એલિશાને જવાબ આપ્યો, "જો યહોવા આકા-
શમાં બારીઓ કરે તો પણ એ વાત બની શકે શું?"અને તેણે કહ્યું કે, "જો
તું તે નજરે જોશે, પણ તેમાંથી ખાવા પામશે નહિ."~ 3 હવે નગરના દર-
વાજા આગળ ચાર લોકો જેઓને ચામડીનો રોગ થયો હતો; તેઓ એક-
બીજાને પૂછતાં હતા, "આપણે શા માટે બેઠાં છીએ? 4 જો આપણે શહેર-
માં જવાનો વિચાર કરીએ તો ત્યાં ભૂખમરો છે, અને આપણે મરી જઈશું.
જો આપણે અહીં રહીએ છીએ તો ય આપણું મોત નિશ્ચિત છે, તો ચાલો,
આપણે અરામીઓની છાવણીમાં ચાલ્યા જઈએ; તેઓ જો આપણને
જીવતદાન આપશે, તો આપણે જીવી જઈશું, અને મારી નાખશે તોયે શું,
મરી જઈશું!"~ 5 આથી સંધ્યા સમયે તેઓ અરામીઓની છાવણીએ
જવા નીકળી પડ્યા; પણ જ્યારે તેઓ છાવણીની હદમાં પહોચ્યાં ત્યારે
ત્યાં કોઈ નહોતું.~ 6 કારણ, યહોવાએ એવું કર્યું કે અરામીઓને રથો,
ઘોડાઓ અને મોટા સૈન્યના અવાજ જેવો અવાજ સંભળાયો, અને તેથી
છાવણીમાં વાત ફેલાઈ ગઈ કે, "ઇસ્રાએલના રાજાએ હિત્તીઓના અને
મિસરના રાજાઓને આપણા પર હુમલો કરવા મોકલ્યા છે."~ 7 તેથી
સંધ્યાકાળે જ તેઓ તેમના ઘોડાઓ, તંબુઓ અને બીજી બધી વસ્તુઓ
છોડીને ભાગી ગયા, અને તેઓએ તેમનો પડાવ છોડી દીધો અને તેમ-
નો જીવ બચાવવા માટે ભાગી ગયા.~ 8 રક્તપિત્તના રોગીઓ છાવણી-
માં પહોંચીને એક તંબુમાથી બીજા તંબુમાં ગયા, ત્યાં તેઓએ ખાધું-પી-
ધું, વળી તેઓને સોનું ચાંદી અને વસ્ત્રો જે મળ્યું તે લઇ લીધું અને તેને
સંતાડી દીધું.~ 9 પછી તેઓએ એકબીજાને કહ્યું, "આપણે જે કરી રહ્યાં
છીએ તે બરાબર નથી. આ તો ઉજવણીનો દિવસ છે અને આપણે નગ-
રના લોકોને જણાવતા નથી! જો આપણે સવાર સુધી રાહ જોઇશું, તો
એ તો ગુનો હશે તેથી ચાલો, આપણે રાજાના મહેલ પાસે પાછા જઇએ
અને રાજાને કહીએ કે શું થયું હતું."~ 10 આથી તેઓ ગયા, અને નગરના
દરવાજાના ચોકીદારોને બૂમ પાડીને કહ્યું, "અમે અરામીઓની છાવ-
ણીએ ગયા હતા, ત્યાં કોઈ માણસો ન હતાં કે ન હતો કશો અવાજ,
ફકત ઘોડા અને ગધેડાં બાંધેલાં હતાં, અને તંબૂઓ જેમના તેમ ઊભા
હતા."~ 11 પછી દરવાજાના ચોકીદારોએ બૂમ પાડીને રાજાના મહેલમાં
ખબર પહોંચાડી.~ 12 હજી તો અંધારું હતું ત્યાં જ ઊઠીને રાજાએ પોતા-
ના અમલદારોને કહ્યું, "અરામીઓએ શું કર્યુ છે તે હું તમને કહું છું, તે
લોકો જાણે છે કે આપણે ભૂખે મરીએ છીએ, આથી તેઓ છાવણી છો-
ડીને વગડામાં સંતાઈ ગયા છે. તેમણે એમ ધાર્યુ છે કે, 'એ લોકો શહેર-
માંથી બહાર આવશે એટલે આપણે તેમને જીવતા પકડી લઈશું અને
શહેરમાં દાખલ થઈ જઈશું.'"~ 13 રાજાના અમલદારોમાંના એકે કહ્યું,
"તમે કોઇને સત્ય જાણવા ત્યાં મોકલશો તો સારું થશે. ભલે થોડા મા-
ણસો નગરમાં બાકી બચેલા ઘોડામાંથી પાંચ ઘોડાને લઇને જાય,આ
ઘોડાઓ જો મરી જશે તો તેમનું નશીબ ઇસ્રાએલના નશીબથી જુદું નહિ
હોય આખરે તો આપણે બધાં પણ મરી જવાના છીએ."~ 14 આથી તેમ-
ણે બબ્બે ઘોડા જોડેલા બે રથ તૈયાર કરાવ્યા અને અરામીઓ ક્યાં
સંતાઇ ગયા છે તેની તપાસ કરવા માટે બે રથચાલકોને મોકલવામાં
આવ્યા."~ 15 તેઓ યર્દન સુધી પાછળ પાછળ ગયા, તો આખો રસ્તો
અરામીઓએ ગભરાટમાં ને ગભરાટમાં ફેંકી દીધેલાં વસ્ત્રો અને સરસા-
માનથી છવાઈ ગયેલો હતો. સંદેશવાહકોએ પાછા આવીને રાજાને
ખબર આપી.~ 16 પછી લોકોએ બહાર જઈને અરામીઓની છાવણી
લૂંટી લીધી, અને યહોવાએ કહ્યું હતું તેમ એ દિવસે સમરૂનના બજારમાં
એક માપ મેંદો એક શેકેલે અને બે માપ જવ એક શેકેલે વેચાયાં~ 17 રા-
જાએ પોતાના અંગત મદદનીશને શહેરના દરવાજાની ચોકી કરવા રોક-
યો હતો; પણ લોકોએ તેને ત્યાં જ પગ તળે છૂંદીને મારી નાખ્યો. આમ
રાજા જયારે દેવના માણસ એલિશાને મળવા આવ્યો હતો ત્યારે એલિ-
શાએ જે વાતની ભવિષ્યવાણી કરી હતી તે સાચી પડી.~ 18 એલિશાએ
રાજાને કહ્યું હતું કે, "આવતી કાલે, આ વખતે સમરૂનના દરવાજા પાસે
એક માપ મેંદો એક શેકેલે અને બે માપ જવ એક શેકેલે વેચાશે." આમ
પણ પ્રબોધકે રાજાને કહ્યું હતું.~ 19 ત્યારે એ અમલદારે કહ્યું હતું કે,
"યહોવા આકાશમાં બારીઓ પાડે તો પણ આ સાચું પડે એમ છે ખરું?"
અને એલિશાએ જવાબ આપ્યો હતો કે, "તું તારી સગી આંખે એ જોવા
પામશે. જો કે એમાનું કશું તું ખાવા નહિ પામે."~ 20 અને એમ જ બન્યું;
લોકોએ તેને દરવાજા આગળ જ પગ નીચે કચડી નાખ્યો અને તે મરી
ગયો.

8 જે સ્રીના છોકરાને એલિશાએ ફરી સજીવન કર્યો હતો તેને તેણે
કહ્યું હતું કે, "તું તારા પરિવાર સાથે ચાલી જા અને જયાં નિવાસ
મળે ત્યાં કોઈ પરદેશમાં રહે, કારણ, યહોવા દેશમાં સાત વર્ષનો દુકાળ
પાડનાર છે અને તે આવી પહોંચ્યો જાણ."~ 2 તે સ્રીએ ઝટપટ દેવના
માણસ એલિશાના કહેવા પ્રમાણે કર્યું; તે તેના કુટુંબ સાથે નીકળી
પડી, અને સાત વર્ષ સુધી પલિસ્તીઓના દેશમાં રહી.~ 3 સાત વર્ષ પૂરાં
થતાં તેણે પાછાં આવીને પોતાનું ઘર અને જમીન પાછાં મેળવવા માટે
રાજાને જઈને ફરિયાદ કરી.~ 4 હવે બન્યું એવું કે રાજા એલિશાના નોકર
ગેહઝીની સાથે વાત કરતો હતો, તે કહેતો હતો, "દેવના માણસ એલિ-
શાએ કરેલા બધા ચમત્કારોની તું મને વાત કર."~ 5 ગેહઝી રાજાને
એલિશાએ સજીવન કરેલા છોકરાની વાત કરતો હતો, ત્યાં જ તે સ્ત્રીએ
રાજાને પોતાનું ઘર અને જમીન પાછાં અપાવવા વિનંતી કરી, એટલે ગે-
હઝી બોલ્યો, "મારા મુરબ્બી અને રાજા, આ જ તે સ્ત્રીછે અને આ જ તે-
નો છોકરો છે, જેને એલિશાએ સજીવન કર્યો હતો."~ 6 રાજાએ તે સ્રીને
પૂછયું, "શું આ સાચી વાત છે?"સ્ત્રીએ કહ્યું, "હા, એવું જ બન્યું હતું." તે-
થી રાજાએ એક અધિકારીને આજ્ઞા કરી કે, આ સ્ત્રીની માલિકીનું જે
સર્વ છે તે તેને સોંપી દેવામાં આવે અને તેની ગેરહાજરીમાં તેની જમીન-
માં આ જ સુધી થયેલી ઊપજનાં નાણાં પણ તેને આપવામાં આવે.~
7 પછી એલિશા અરામના પાટનગર દમસ્કમાં ગયો , ત્યાં બેન-હદાદ,
રાજા માંદગીમાં પથારીવશ હતો, અને તેને ખબર મળી કે, "દેવના મા-
ણસ છેક આપણે આંગણે આવ્યા છે."~ 8 જ્યારે રાજાએ એ જાણ્યું,
ત્યારે તેણે હઝાએલને કહ્યું, "કંઈ ભેટ લઈને એલિશા ને મળવા જા. તે-
મની મારફતે યહોવાને પ્રશ્ર્ન કરીને જાણી લાવ કે, હું આ માંદગીમાંથી
સાજો થઈશ કે કેમ."~ 9 આથી હઝાએલ દમસ્કની ઉત્તમોત્તમ વસ્તુઓ-
થી લાદેલાં 40 ઊંટો ભેટરૂપે સાથે લઈને એલિશાને મળવા ગયો. દેવના
માણસ સમક્ષ જઈ તેમની સામે ઊભા રહીને તેણે કહ્યું, "તમારા દીકરા
અરામના રાજા બેન-હદાદે મને તમને એ પૂછવા મોકલ્યો છે કે, 'હું મારી
માંદગીમાંથી સાજો થઈશ ખરો?"~ 10 એલિશાએ જવાબ આપ્યો, "જા
અને તેને એમ કહે કે, 'તું ચોક્કસ સાજો થશે પરંતુ યહોવાએ મને જણા-
વ્યું કે, તું જરૂર મરણ પામશે."~ 11 પછી એલિશા તેની સામે જ્યાં સુધી
તે ક્ષોભ પામ્યો ત્યાં સુધી અનિમેષ ષ્ટિથી જોતો રહ્યો પછી દેવનો મા-
ણસ રડી પડયો.~ 12 હઝાએલે પૂછયું, "સાહેબ, કેમ રડો છો?"એલિ-
શાએ કહ્યું, "કારણ તમે ઇસ્રાએલીઓને જે જે નુકસાન કરવાના છો તે-
ની મને ખબર છે: તમે તેમના કિલ્લાઓ બાળી મૂકશો, તેમના ચુનંદા
યોદ્ધાઓની હત્યા કરશો, તેમનાં બાળકોને ભોંય પર પછાડશો, અને તે-
મની સગર્ભા સ્રીઓનાં પેટ ચીરી નાખશો."~ 13 હઝાએલ બોલ્યો, "પણ
આ સેવક તે શી વિસાતમાં? હું તો એક કૂતરો માત્ર છું, એવું મોટુ કામ
શી રીતે કરી શકું?"એલિશાએ કહ્યું, "તું અરામનો રાજા થવાનો છે તે
યહોવાએ મને બતાવ્યું છે."~ 14 હઝાએલ એલિશા પાસેથી નીકળીને
પાછો પોતાના રાજા પાસે આવ્યો. તેણે તેને પૂછયું, "એલિશાએ તને શું
કહ્યું?" તેણે જવાબ આપ્યો, "તમારા સાજા થવાની જાણ એલિશાએ
મને કરી છે."~ 15 બીજે દિવસે હઝાએલે એક ધાબળો લીધો. તેને પા-
ણીમાં પલાળ્યો, પછી તેને રાજાના મોં પર વીંટાળી દીધો. રાજા ગૂંગળા-
ઈને મરણ પામ્યો, તેની જગાએ હઝાએલ રાજા થયો.~ 16 તે આહાબના
પુત્ર યોરામનું ઇસ્રાએલ પરના શાસનનું પાંચમું વર્ષ હતું જ્યારે યહોશા-
ફાટનો પુત્ર યહોરામ યહૂદાનો રાજા થયો.~ 17 યહોરામ ગાદીએ આવ્યો
ત્યારે તેની ઉંમર 32 વર્ષની હતી, અને તેણે યરૂશાલેમમાં આઠ વર્ષ રા-
જ્ય કર્યુ.~ 18 તે આહાબની પુત્રીને પરણ્યો હતો એટલે તેણે આહાબના
કુટુંબની જેમ ઇસ્રાએલના રાજાઓને પગલે ચાલી યહોવાની નજરમાં
ખોટું ગણાય એવું આચરણ કર્યું.~ 19 પરંતુ યહોવા યહૂદાનો વિનાશ કર-
વા માગતાં નહોતા, કારણ કે તેમનો પોતાનો સેવક દાઉદ જેને તેમણે
વચન આપ્યું હતું કે, હું તારા વંશનો દીવો હંમેશા ઝળહળતો રાખીશ.~

20 યહોરામના શાસનકાળ દરમ્યાન, અદોમીઓ યહૂદાના શાસનમાંથી
છૂટા પડી ગયા અને પોતાના માટે એક રાજા પસંદ કર્યો.~ 21 યહોરામ
પોતાના બધા રથો લઈને યર્દન નદીને સામે કાંઠે અને તેના રથના સે-
નાપતિઓ સાથે સાઈર ચાલ્યો ગયો. પછી રાત્રે ઊઠીને અદોમીઓ પર
હુમલો કર્યો જેણે તેને ઘેરી લીધા હતા.પણ તેની લશ્કરી ટૂકડીઓ પો-
તાના ઘરે નાસી ગઈ.~ 22 આ રીતે અદોમે બળવો કર્યો હતો અને યહૂદા-
ના શાસન માંથી મુકિત મેળવી હતી. જે આજ દિવસ સુધી આ પ્રમાણે
જ છે. લિબ્નાહે પણ યહૂદા સામે આજ રીતે બળવો કર્યો હતો.~ 23 યહો-
રામના શાસન દરમ્યાનનાં બીજાં બનાવો અને તેણે કરેલા કાર્યો “યહૂ-
દાના રાજાઓના ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલા છે.”~ 24 ત્યાર
પછી યહોરામ પિતૃલોકને પામ્યો. અને તેને દાઉદના નગરમાં તેના પિ-
તૃઓ ભેગો દફનાવવામાં આવ્યો, તેના પછી તેનો પુત્ર અહાઝયા ગા-
દીએ આવ્યો.~ 25 જયારે યહોરામનો પુત્ર અહાઝયા રાજા બન્યો તે સમ-
યે ઈસ્રાએલમાં આહાબનો પુત્ર યોરામ ઈસ્રાએલ પર શાસન કરતો હતો
અને આ તેના શાસનનું બારમું વર્ષ ચાલતું હતું.~ 26 અહાઝયા રાજા
થયો ત્યારે તે બાવીસ વર્ષનો હતો, પણ તેણે યરૂશાલેમમાં માત્ર એક
વર્ષ સુધી રાજ્ય કર્યું, તેની માતાનું નામ અથાલ્યા હતું, તે ઈસ્રાએલના
રાજા ઓમ્રીની પુત્રી હતી.~ 27 તે આહાબના કુટુંબને પગલે ચાલ્યો અને
આહાબના કુટુંબની જેમ તેણે યહોવાની નજરમાં ખોટું ગણાય એવું
આચરણ કર્યું. કારણ, તે એ કુટુંબ સાથે લગ્ન સંબંધથી જોડાયેલો
હતો.~ 28 અહાઝયા આહાબના પુત્ર યોરામ જોડે અરામના રાજા હઝા-
એલ સામે રામોથ ગિલયાદ મુકામે યુદ્ધે ચડયો, પણ અરામીઓએ યો-
રામને ઘાયલ કર્યો.~ 29 રાજા યોરામ જે અરામના રાજા હઝાએલ સાથે
લડતાં ઘાયલ થયો હતો, તે તેમાંથી સાજો થવા પાછો યિઝએલ ચાલ્યો
ગયો, તે માંદો હતો તેથી અહાઝયા તેની ખબર કાઢવા યિઝએલ ગયો.
9 આ સમયે એલિશાએ યુવાન પ્રબોધકોમાંના એકને બોલાવીને
કહ્યું, “તું તૈયાર થા; અને તેલની આ બરણી લઈને રામોથ-ગિલ-
યાદ જા.~ 2 તું ત્યાં પહોંચે એટલે નિમ્શીના પુત્ર યહોશાફાટના પુત્ર યેહૂ-
ને શોધી કાઢજે, તેને પોતાના મિત્રોથી છૂટો પાડજે અને અંદરની ઓર-
ડીમાં લઈ જજે.~ 3 પછી આ તેલની કુપ્પીમાંથી તેના માથા પર તેલ રે-
ડજે અને કહેજે કે, ‘આ યહોવાનાં વચન છે, હું તારો ઈસ્રાએલના રાજા
તરીકે અભિષેક કરું છું.’ પછી બારણાં ઉઘાડીને જીવ લઈને ભાગી
જજે.”~ 4 તેથી યુવાન પ્રબોધક રામોથ-ગિલયાદ જવા તરત જ નીક-
ળ્યો.~ 5 તે ત્યાં પહોંચ્યો ત્યારે તેણે લશ્કરના ઉપલા અમલદારોને ભે-
ગા થયેલા જોયા. તે બોલ્યો, “સેનાપતિ સાહેબ, હું આપને માટે એક
સંદેશો લાવ્યો છું.” યેહૂએ પૂછયું, “તે કોને માટે છે?” અને તેણે કહ્યું,
“સાહેબ, તમારા માટે.”~ 6 પછી યેહૂ ઊઠીને ઘરમાં ગયો અને પ્રબોધકે
તેના માથા પર તેલ રેડી દીધું અને કહ્યું, “આ ઈસ્રાએલના દેવ યહોવા-
નાં વચન છે, ‘હું તારો યહોવાના લોકો પર ઈસ્રાએલીઓના રાજા તરીકે
અભિષેક કરું છું.~ 7 તારે તારા રાજા આહાબના કુટુંબને મારી નાખવાનું
છે. ઈઝેબેલ અને તેણીના કુટુંબને મારીને હું મારા સેવકો તથા પ્રબોધ-
કોના ખૂનનો બદલો લઈશ. આહાબના આખા કુટુંબનો નાશ કરવાનો
છે.~ 8 હું આહાબના કુટુંબના પ્રત્યેક માણસનો સંહાર કરીશ.~ 9 નબા-
ટના પુત્ર યરોબઆમના કુટુંબનો અને અહિયાના પુત્ર બાઅશાના કુ-
ટુંબનો મેં નાશ કર્યો છે, તેમજ આહાબના કુટુંબનો પણ હું નાશ કરીશ.~
10 યિઝએલમાં આહાબની પત્ની ઈઝેબેલનું માંસ કૂતરા ખાશે, અને તેને
દાટનાર કોઈ હશે નહિ.’” પછી તેણે બારણું ઉઘાડયું અને દોડી ગયો.~
11 યેહૂ તેના મિત્રોની પાસે પાછો ગયો. તેઓમાંના એકે તેને પૂછયું, “પે-
લા પાગલ માણસને શું જોઈતું હતું? બધું કુશળ તો છે ને?”યેહૂએ જવાબ
આપ્યો, “તમને તે માણસ કેવા પ્રકારની વાતો કરે છે તે ખબર છે?”~
12 અમલદારો બોલી ઊઠયા, “વાત ઉડાવો નહિ, સાચેસાચું કહી દો.”
ત્યારે યેહૂએ કહ્યું, ‘તેના કેહવાનો સાર આ હતો: તેણે કહ્યું; આ યહોવા-
ના વચન છે: હું તો તારો ઈસ્રાએલના રાજા તરીકે અભિષેક કરું છું.’”~
13 વાત સાંભળીને તે લોકોએ પોતાના ઝભ્ભા ઉતારી નાખી તેને ચરણે
સીડીના પગથિયા પર પાથરી દીધા, અને રણશિંગડું વગાડી પોકાર
કર્યો. “યેહૂ રાજા છે!”~ 14 આ રીતે નિમ્શીના પુત્ર યહોશાફાટના પુત્ર યે-
હૂએ યોરામ સામે કાવત્રું કર્યું, દરમ્યાન યોરામ અને ઈસ્રાએલનું આખું
લશ્કર અરામના રાજા હઝાએલ વિરૂદ્ધ રામોથ -ગિલયાદમાં ઈસ્રાએલનું
રક્ષણ કરતાં હતા.~ 15 પણ ઘાયલ થયા પછી યોરામ સાજો થવા માટે
યિઝએલ પાછો ફર્યો હતો, જે માણસો ત્યાં યેહૂની સાથે હતા તેઓને યે-
હૂએ કહ્યું, “જો તમે મને રાજા બનાવવા ઈચ્છતા હો તો આપણે અહીં જે
વાત કરી છે તેની તમારામાંથી કોઈપણ યિઝએલમાં જઈને આ વાત
કહેશે નહિ.”~ 16 પછી યેહૂ પોતાના રથમાં બેસીને યિઝએલ જવા નીક-
ળ્યો, કારણ, યોરામ ત્યાં પથારીવશ હતો અને યહૂદાનો રાજા અહાઝયા
ત્યાં ગયો હતો.~ 17 યિઝએલના બૂરજ પરના ચોકીદારે યેહૂને તેના
લશ્કર સાથે આવતો જોઈને બૂમ પાડી, “મારા જોવાંમ◌ા એક ટૂકડી
આવતી દેખાય છે.”ત્યારે યોરામે કહ્યું, “એક ઘોડેસવારને મોકલીને પૂ-
છાવો કે તેઓ શાંતિ માટે આવે છે કે કેમ?”~ 18 ઘોડેસવાર યેહૂને મળ્યો
અને કહ્યું, “રાજા પૂછે છે કે, ‘તમે શાંતિ માટે આવ્યા છો કે નહિ?’”યેહૂએ
કહ્યું, “અમે શાંતિ માટે આવ્યા છીએ કે નહિ તેનું તારે શું કામ છે?”
આવો, મને અનુસરો ચોકીદારે રાજાને ખબર આપી કે, “આપણો મા-
ણસ ત્યાં જઈને તેમને મળ્યો છે, પણ તે પાછો ફર્યો નથી.”~ 19 રાજાએ
બીજો ઘોડેસવાર મોકલ્યો, તેણે ત્યાં પહોંચીને કહ્યું, “રાજા પૂછાવે છે કે,
તમે શાંતિ માટે આવો છો ને?”યેહૂએ કહ્યું, “અમે શાંતિ માટે આવ્યા
છીએ કે નહિ તેનું તારે શું કામ છે? આવો મને અનુસરો”~ 20 ચોકીદારે
ખબર આપી, “આપણો માણસ ત્યાં ગયો હતો અને તેને મળ્યો છે, પણ
પાછો ફર્યો નથી. તેની ઘોડા પર બેસવાની રીત પરથી લાગે છે કે એ યેહૂ
છે, કારણ કે તે અહીં ગાંડાની જેમ આવી રહ્યો છે.”~ 21 યોરામે કહ્યું,
“મારો રથ તૈયાર કરો.”અને રથ તૈયાર થતાં જ ઈસ્રાએલનો રાજા યોરામ
અને યહૂદાનો રાજા અહાઝયા પોતપોતાના રથમાં યેહૂનો સામનો કરવા
નીકળી પડયા અને નાબોથના ખેતર આગળ તેનો ભેટો થઈ ગયો.~
22 યોરામે યેહૂને જોતાં જ પૂછયું, “શાંતિ માટે આવ્યો છે ને?”યેહૂએ કહ્યું
“તમારી માનાં ઈઝેબેલ મૂર્તિપૂજા અને કામણટૂમણ કર્યા કરતાં હોય
ત્યારે શાંતિ કયાંથી હોય?”~ 23 આ સાંભળીને યોરામે રથ ફેરવીને ભાગ-
તાં ભાગતાં અહાઝયાને બૂમ પાડીને કહ્યું, “દગો દગો, અહાઝયા!”~
24 પણ યેહૂએ ધનુષ્ય ચડાવીને યોરામને બે ખભા વચ્ચે વીંધી નાખ્યો;
બાણ તેના હૃદયને વીંધીને પાર નીકળી ગયું અને તે રથમાં જ ઢળી
પડયો.~ 25 યેહૂએ પોતાના મદદનીશ બિદકારને કહ્યું, “એને ઉપાડીને
નાબોથના ખેતરમાં નાખી દે. યાદ છે, તું અને હું એના બાપ આહાબની
પાછળ પાછળ ઘોડે બેસીને આવતા હતા ત્યારે યહોવાએ તેની વિરૂદ્ધ
એવી દેવવાણી ઉચ્ચારી હતી ને યાદ કર. યહોવા કહે છે;~ 26 “ગઈકાલે
મેં નાબોથનું અને તેના પુત્રોનું રકત નજરે નિહાળ્યું છે. હું પ્રતિજ્ઞા કરું
છુ કે, ‘એ જ ખેતરમાં હું તારા પર બદલો લઈશ.’ આ હું યહોવા બોલું છું.
માટે એને ઉપાડીને ખેતરમ◌ાં ફેંકી દે અને યહોવાની વાણી સાચી
પાડ.”~ 27 યહૂદાના રાજા અહાઝયાએ જયારે આ બધ◌ું જોયું કે તરત જ
તે બેથ-હાગ્ગાનને રસ્તે ભાગી ગયો. પણ યેહૂએ તેનો પીછો પકડયો.
અને કહ્યું, “એને પણ મારી નાખો.”યિબ્લઆમ પાસે આવેલા ગૂરના
ચઢાવ આગળ તેઓએ તેને તેના રથમાં મારી નાખ્યો; તેણે મગિદોમાં
આશરો લીધો. અને તે ત્યાં મૃત્યુ પામ્યો.~ 28 ત્યાં જ તેનું અવસાન
થયું. તેના નોકરો તેને રથમાં યરૂશાલેમ લઈ ગયા અને દાઉદના નગર-
માં પિતૃઓ સાથે કબરમ◌ાં દફનાવ્યો.~ 29 આહાબના પુત્ર યોરામના
ઈસ્રાએલ ઉપરના શાસનના અગિયારમાં વર્ષે અહાઝયા એ યહૂદા પર
રાજ્ય કરવાનું શરું કર્યુ.~ 30 યેહૂ યિઝએલ પહોચી ગયો, ઈઝેબેલને
બધી વાતની જાણ થઈ ગઈ હતી, તેણે આંખોનો શણગાર કર્યો, માથું
ઓળ્યું અને બારીમાંથી જોવા લાગી.~ 31 જેવો યેહૂ નગરના દરવાજે
પહોચ્યો કે તરત જ તે બોલી, “ઓ ખૂની, તું તો તારા ધણીનો ખૂની છે!
તું અહીં શાંતિ થી આવ્યો છે?”~ 32 યેહૂએ બારી તરફ ઊંચું જોયું અને
કહ્યું, “મારા પક્ષે કોણ છે? કોઈ છે?”બેત્રણ અમલદારોએ ઉપરથી તેના
તરફ જોયું.~ 33 એટલે તે બોલ્યો, “તેણીને નીચે ફેકી દો.”તેથી તે લો-
કોએ તેણીને નીચે ફેંકી દીધી, તેના લોહીનાં છાંટા થોડા ભીંત પર અને
થોડા ઘોડાઓ પર પડ્યા જેમણે તેને કચડીને મારી નાખી હતી.~
34 પછી તે ખાવા અને પીવા માટે અંદર ગયો અને કહ્યું, “આ શાપિત
સ્રીને લઈ જાવ અને તેને દફનાવો; કારણ કે આખરે તો તે રાજાની પુત્રી
હતી.”~ 35 જયારે તેઓ દફનાવવા ગયા ત્યારે ખોપરી, પગ તથા હાથની
હથેળી સિવાય બીજું કઈ ન મળ્યું.~ 36 તેમણે પાછા આવીને યેહૂને વાત
કરી ત્યારે તે બોલ્યો, “યહોવાએ પોતાના સેવક તિશ્બી એલિયા મારફત

ઉચ્ચારેલાં આ વચન છે;~ 37 'યિઝએલના પ્રદેશમાં કૂતરાઓ ઇઝેબેલ-
ના મૃત શરીરનું માંસ ખાશે, આ મૃતદેહ ઇસ્રાએલની ભૂમિનું ખાતર
બનશે; અને કોઈને ખબર નહિ પડે કે આ ઈઝેબેલનું શરીર હતું.'"
10 આહાબને 70 પુત્રો હતા જે સમરૂનમાં રહેતા હતા. યેહૂએ સમ-
રૂન શહેરના અમલદારોને, વડીલોને અને આહાબના વંશજોના
વાલીઓને લખ્યું;~ 2 "તમારા રાજાનાં પુત્રો તમારી પાસે છે, તમારી પા-
સે રથ અને ઘોડા છે, તમારી પાસે કિલ્લેબંધ નગરો અને શસ્રો પણ છે.~
3 એટલે આ પત્ર પહોંચતાં જ તમારા ધણીના વંશજોમાંથી જે સૌથી સા-
રો અને લાયક હોય તેને તેના પિતાની રાજગાદીએ બેસાડો અને તમારા
ધણીના વંશ માટ યુદ્ધે ચડો."~ 4 પણ તેઓ અતિશય ભયભીત થઈ
ગયા અને બોલ્યા, "બબ્બે રાજાઓ તેની સામે ટકી ન શકયા, તો પછી
આપણે કેમ કરી ટકી શકીશું?"~ 5 આથી મહેલના મુખ્ય કારભારીઓએ,
વડીલોએ, અમલદારોએ અને છોકરાઓના વાલીઓએ યેહૂને સંદેશો
મોકલ્યો કે, "અમે આપના તાબેદાર છીએ. આપ જે કહેશો તે અમે કરી-
શું, પણ અમે કોઈને રાજા જાહેર કરવાના નથી. આપને જે ઠીક લાગે
તેમ કરો."આહાબનાં સંતાનો મારતા સમરૂનના વડીલો~ 6 ત્યારે યેહૂએ
તેમને બીજો પત્ર લખ્યો અને જણાવ્યું, "જો તમે મારે પક્ષે હો, અને મારું
કહ્યું કરવા તૈયાર હો, તો આવતી કાલે આ વખતે તમારા રાજાના પુત્રો-
નાં માથા લઈને યિઝએલમાં મારી સમક્ષ હાજર થઈ જાઓ." રાજાના
70 રાજકુમારો શહેરના મુખ્ય માણસોનાં હવાલામાં હતાં જેઓ તેમની
સુખાકારી માટે જવાબદાર હતાં.~ 7 જયારે આ પત્ર તેમને પહોંચ્યો ત્યારે
તેમણે રાજાના 70 રાજકુમારોને મારી નાખ્યા, અને તેમનાં માથાં ટોપ-
લીઓમાં ભરીને યેહૂને યિઝએલ મોકલી આપ્યાં.~ 8 સંદેશવાહકે આવી-
ને યેહૂને ખબર આપી કે, "એ લોકો રાજકુંવરોનાં માથાં લઈ આવ્યા
છે."ત્યારે તેણે કહ્યું, "બે ઢગલા કરીને તે માથાં કાલ સવાર સુધી શહેર-
ના દરવાજા આગળ રહેવા દો."~ 9 બીજે દિવસે દરવાજામાંથી બહાર
આવીને લોકોને કહ્યું, "તમારો કોઈ દોષ નથી. એ તો હું છું કે જેણે મારા
ધણીની સામે કાવતરું કરીને તેને મારી નાખ્યો; પણ આ બધાને કોણે
મારી નાખ્યા?~ 10 તમે એ જરૂર સમજી લો કે, યહોવાએ આહાબના કુ-
ટુંબ વિરૂદ્ધ ઉચ્ચારણો કર્યા છે અને તેણે જે કહ્યું છે એ બધું જ બનશે.
યહોવાએ પોતાના સેવક એલિયા મારફતે સંદેશો મોકલ્યો હતો અને તે-
ણે જે કહ્યું હતું તે સાચું કરી બતાવ્યું છે."~ 11 ત્યાર પછી યેહૂએ આહા-
બના વંશના યિઝએલમાં બાકી રહેલા સૌને તેમજ તેના ઉમરાવોને, નિ-
કટના મિત્રોને અને તેના યાજકોને મારી નાખ્યા, કોઈને જીવતો જવા ન
દીધો.~ 12 પછી યેહૂ સમરૂન જવા નીકળ્યો.~ 13 રસ્તામાં તેને અહાઝ-
યાના (સબંધીઓ) મળ્યા, તેણે તેમને પૂછયું, "તમે કોણ છો!"તેમણે
કહ્યું, "અમે અહાઝયાના સબંધીઓ છીએ અને અમે રાજાનાં અને રા-
ણીનાં સંતાનોને મળવા જઈએ છીએ."~ 14 યેહૂએ કહ્યું, "એ લોકોને જી-
વતા કેદ પકડો."તેમને જીવતા પકડવામાં આવ્યા પછી, ત્યાં જે ખાડો
હતો તેની પાસે તેમને મારી નાખવામાં આવ્યા. એ લોકો 42 હતા, તેમ-
ને એકને પણ જીવતો જવા ન દીધો.યહોનાદાબને મળતો યેહૂ~
15 ત્યાંથી નીકળીને તે જવા લાગ્યો, ત્યારે સામેથી રેખાબનો પુત્ર યહો-
નાદાબ તેને મળવા આવતો હતો. તેમણે એકબીજાની કુશળતા પૂ-
છી.પછી યેહૂએ તેને કહ્યું, "હું તારા પ્રત્યે જેવો વિશ્વાસુ છું તેવો તું મારા
પ્રત્યે છે?"યહોનાદાબે કહ્યું, "હા છું."પછી યેહૂએ કહ્યું, "તારો હાથ મને
આપ."અને યેહૂએ તેને રથમાં પોતાની બાજુએ ખેંચી લીધો.~ 16 યેહૂએ
તેને જણાવ્યું, "તું મારી સાથે ચાલ, અને યહોવાને માટે મેં શું શું કર્યુ છે
તે જો!"પછી તેણે યહોનાદાબને પોતાની સાથે રથમાં બેસાડી દીધો.~
17 સમરૂનમાં દાખલ થતાં જ તેણે ત્યાં બચવા પામેલા આહાબના કુ-
ટુંબીજનોની હત્યા કરી, અને આમ, યહોવાએ એલિયાને કહ્યું હતું તે મુ-
જબ તેના વંશનો નાશ કર્યો.~ 18 પછી યેહૂએ બધાં લોકોને ભેગા કરીને
કહ્યું, "આહાબે તો બઆલ દેવની થોડી સેવા કરી હતી, પણ યેહૂ તેની
ઘણી વધારે સેવા કરનાર છે.~ 19 બઆલના તમામ પ્રબોધકો અને યા-
જકોને બોલાવો. તેઓની સાથે તેઓના બધા જ અનુયાયીઓને પણ
હાજર રાખો. એક પણ વ્યકિત બાકી રહેવો જોઈએ નહિ. કારણ કે
આપણે, બઆલના ભકતોએ ભેગા થઈને તેની પૂજા માટે મોટી ઉજવ-
ણી કરવાની છે. બઆલના માણસોમાંનો જે કોઈ અહીં નહિ આવે તેને
મારી નાખવામાં આવશે."પણ બઆલના ભકતોને મારી નાખવા માટેનું
યેહૂનું આ ષડયંત્ર હતું.~ 20 યેહૂએ હુકમ કર્યો. "બઆલને માટે એક પવિ-
ત્ર મેળો બોલાવો.' અને મેળો બોલાવવામાં આવ્યો.~ 21 યેહૂએ પોતે
સમગ્ર ઇસ્રાએલમાં સંદેશવાહકો મોકલ્યા અને બઆલના બધા જ સેવ-
કો ભેગા થયા. એક પણ માણસ આવ્યા વગર રહ્યો નહિ. તે બધા
બઆલના મંદિરમાં એક છેડાથી બીજા છેડા સુધી ભરાયા.~ 22 પછી યે-
હૂએ પૂજાનાં વસ્ત્રોના ભંડારીને કહ્યું, "બઆલના બધા સેવકો માટે
વસ્ત્રો લાવ."એટલે તે લઈ આવ્યો.~ 23 પછી યેહૂ અને રેખાબનો પુત્ર
યહોનાદાબ લોકોને સંબોધન કરવા મંદિરના અંદરના ભાગમાં ગયા; તે-
ઓએ કહ્યું, "જેઓ બઆલનું ભજન કરે છે તેઓ જ અહીં હોવા જોઈએ
તે ખાસ ધ્યાનમાં રાખજો. જેઓ યહોવાનું ભજન કરે છે તેઓમાંનો કોઈ
અહીં હોવો જોઈએ નહિ!"~ 24 પછી તે યજ્ઞો અને દહનાર્પણો આપવા
અંદર ગયો.યેહૂએ 80 માણસોને બહાર ગોઠવ્યા હતા અને તેમને કહ્યું
હતું કે, "હું તમને સોંપી દઉં છું. એમાંના કોઈને પણ તમારામાનો જે કોઈ
જીવતો જવા દેશે તે પોતે જીવતો નહિ રહે."~ 25 દહનાર્પણ પછી તેણે
નાયકો અને ચોકીદારોને કહ્યું, "અંદર જાઓ અને બધાંને મારી નાખો,
એકનેય જવા દેશો નહિ."ચોકીદાર અને નાયકોએ અંદર જઈને એકેએક-
ની હત્યા કરતાં કરતાં છેક બઆલના મંદિરના ગર્ભગૃહ સુધી પ્રયાણ
કર્યું.~ 26 બઆલના મંદિરમાં જે સ્તંભ હતો તેને તેઓ બહાર લઇ
આવ્યા અને તેને બાળી મૂકયો.~ 27 આ રીતે તેઓએ બઆલના સ્તંભ-
નો વિનાશ કરી નાખ્યો. તેઓએ બઆલના દેવનું મંદિર તોડી પાડ્યું
અને તે જગ્યાને જાહેર શૌચાલય બનાવી દીધું જે આજે પણ છે.~ 28 આ
રીતે યેહૂએ ઇસ્રાએલમાંથી બઆલને સંપૂર્ણ રીતે સમાપ્ત કરી નાખ્યું.~
29 જે ઇસ્રાએલ પાસે પાપ કરાવતો હતો તે નબાટના પુત્ર યરોબઆમને
ફકત યેહૂ રોકી ન શક્યો. બેથેલ અને દાનમાં ચાલતી સોનાના વાછર-
ડાને પૂજવાની પ્રણાલીને તે બંધ ન કરી શક્યો.~ 30 પછી યહોવાએ યે-
હૂને કહ્યું, "આહાબના પરિવારનો નાશ કરવા માટેની મારી આજ્ઞાનું પા-
લન તેં કર્યું છે તેથી હું તારા પુત્રને, પૌત્રને અને પ્રપૌત્રીને એમ ચોથી પે-
ઢી સુધી તારા વંશજોને ઇસ્રાએલની ગાદી પર બેસાડીશ."~ 31 પણ યે-
હૂએ યહોવાના આદેશોનું હૃદયપૂર્વક પાલન ન કર્યું. યરોબઆમ ઇસ્રા-
એલ પાસે જે પાપ કરાવતો હતો તે કરવામાંથી પોતે દૂર રહી શક્યો
નહિ.~ 32 તે દિવસોમાં યહોવાએ ઇસ્રાએલને નાનું બનાવવાની શરુ-
આત કરી. હઝાએલે તેમને તેમના પોતાનાજ પ્રદેશમાં હરાવીને તેમની
ભૂમિ કબજે કરી.~ 33 યર્દનથી પૂર્વ તરફ, આનોર્ન નદી પાસે અરોએર
સુધી, આખો પ્રદેશ જીતી લીધો, તેમાં ગિલયાદ અને બાશાનનો પ્રદેશ
જેમાં ગાદના રૂબેનના અને મનાશ્શાના કુળસમૂહોના લોકો રહેતા હતા,
તે આવી જતો હતો.~ 34 યેહૂના રાજયનાં બીજાં બનાવો અને કાર્યો
ઇસ્રાએલના રાજાઓનાઁ કાળ વૃત્તાંતમાં નોંધેલા છે.~ 35 પછી યેહૂ પિતૃ-
લોકને પામ્યો, અને તેને સમરૂનમાં દફનાવવામાં આવ્યો.~ 36 તેના
પછી તેનો પુત્ર યહોઆહાઝ ગાદીએ આવ્યો. યેહૂએ ઇસ્રાએલ પર સમ-
રૂનમાં અઠ્ઠાવીસ વર્ષ રાજ કર્યું હતું.
11 અહાઝયાની માતા અથાલ્યાએ જાણ્યું કે તેનો પુત્ર મરણ પા-
મ્યો છે, તે સમયે તેણે રાજાના કુટુંબનો સંહાર કરવાનું શરૂ
કર્યું.~ 2 પણ રાજકુમારોની હત્યા ચાલતી હતી ત્યાં અહાઝયાની બહેન
અને રાજા યોરામની પુત્રી યહોશેબાએ અહાઝયાના પુત્ર યોઆશને અને
તેની દાસીને લઇ જઇને શયનખંડમાં પૂરી દીધાં આમ, તેણે તેને અથા-
લ્યાથી છુપાવી દીધો અને તેનો વધ થતો રહી ગયો,~ 3 તે છ વર્ષ સુધી
દાસી સાથે યહોવાના મંદિરમાં છુપાઈ રહ્યો અને એ દરમ્યાન અથાલ્યા
દેશ પર રાજ કરતી રહી.~ 4 સાતમે વષેર્ મુખ્ય યાજક યહોયાદાએ રાજા-
ના અને મહેલના રક્ષણદળને અને તેના નાયકોને બોલાવી મંગાવ્યા.
અને તેમને મંદિરમાં પોતાની પાસે બોલાવ્યા. તેણે તેમની સાથે યહો-
વાના મંદિરમાં કરાર કર્યો. પછી તેણે તે લોકોને રાજકુમારને બતાડ્યો
અને તેમની પાસે વચન લેવડાવ્યા.~ 5 "તમારે આ પ્રમાણે કરવાનું છે:
તમારી પાસે સૈન્યની ત્રણ ટૂકડી છે, જેઓ વિશ્રામવારે ફરજ પર આવે
છે. તેમાની એક ટૂકડીએ મહેલની ચોકી કરવાની છે.~ 6 બીજી અને ત્રી-
જી ટૂકડીના માણસો મુખ્ય દરવાજે અને પાછળના દરવાજે ચોકી કરે.
આ રીતે તમે લોકોને મંદિરથી દૂર રાખી શકશો.~ 7 જેઓને વિશ્રામવારે
રજા છે તે બે ટુકડીઓએ યહોવાના મંદિરે પહેરો ભરી પોતપોતાનાં શસ્રો
સાથે રાજાનું રક્ષણ કરવાનું છે. જે કોઈ તમારી હરોળને ભેદવાનો પ્રય-

ત્ન કરે તેને મારી નાખવાનો છે.~ 8 રાજા જયાં જયાં જાય કે આવે, ત્યાં
ત્યાં તમારે તેની સાથે રહેવાનું છે."~ 9 તેથી અધિકારીઓએ યહોયાદા-
ની આજ્ઞાનું પાલન કર્યું, તેમણે વિશ્રામવારે કામ ન કરતા પોતાના
બધા માણસોને એકઠા કર્યા અને તેમને લઈને તેઓ યાજક યહોયાદા
પાસે આવ્યા.~ 10 યાજકે સો સૈનિકોની ટૂકડીના નેતાને રાજા દાઉદના
ભાલા અને ઢાલ આપ્યાં જે યહોવાના મંદિરમાં રખાયા હતાં.~ 11 પછી
એ રક્ષકો શસ્ર સજીને મંદિરના દક્ષિણ ખૂણાથી તે ઉત્તર ખૂણા સુધી, વે-
દીને અને યહોવાના મંદિરને ઘેરીને રાજાનું રક્ષણ કરવા ગોઠવાઈ
ગયા.~ 12 પછી યહોયાદા રાજકુંવર યોઆશને સંતાડયો હતો ત્યાંથી
બહાર લઈ આવ્યા. અને તેના માથા પર રાજમુગટ મૂકયો. તેને કરારની
નકલ આપી અને રાજા તરીકે તેનો અભિષેક કર્યો. લોકોએ તાળીઓ
પાડીને પોકાર કર્યો, "રાજા ઘણું જીવો."~ 13 લોકોનાં પોકાર સાંભળીને
અથાલ્યા યહોવાના મંદિરે પહોંચી ગઈ.~ 14 જઈને જોયું તો, લોકો ટોળે
વળ્યાં હતાં અને રીતરિવાજ મુજબ રાજા મંચ પર ઊભો હતો, અને બધાં
દેશજનો હર્ષના પોકારો કરીને રણશિગડાં વગાડતાં હતા. અથાલ્યાએ
રોષમાં આવી પોતાનાં કપડાં ફાડી નાખ્યાં અને તે જોરથી બૂમ પાડી
ઊઠી, "રાજદ્રોહ! રાજદ્રોહ!"~ 15 યાજક યહોયાદાએ સેનાના નાયકોને હુ-
કમ કર્યો, "એને મંદિરની બહાર લઈ જાઓ, યહોવાના મંદિરમાં એનો
વધ કરવો નહિ, અને જે કોઈ એની સાથે આવે તેની હત્યા કરો."~ 16 તે-
થી તે લોકોએ તેને પકડી લીધી અને ઘોડાને દરવાજેથી તેને રાજમહેલ-
માં લઈ ગયા; ત્યાં તેનો વધ કર્યો.~ 17 યહોયાદા રાજાએ, યહોવા અને
પ્રજા વચ્ચે કરાર કર્યો કે તેઓ બધા યહોવાને વિશ્વાસુ રહેશે. તેણે રાજા
અને પ્રજા વચ્ચે પણ કરાર કર્યો.~ 18 પછી દેશના બધા લોકોએ બઆ-
લના મંદિરે જઈ તેને તોડી પાડયું. તેમણે તેની વેદીઓ અને મૂર્તિઓ
તોડી નાખી અને બઆલના યાજક માત્તાનને વેદીઓ સામે જ મારી ના-
ખ્યો.યાજકે યહોવાના મંદિરનું રક્ષણ કરવા માટે ચોકીદારો ગોઠવી દી-
ધા.~ 19 પછી રાજાના અને મહેલના રક્ષકદળના નાયકોને તથા દેશના
બધા લોકોને સાથે લઈ રાજાને યહોવાના મંદિરમાંથી રક્ષકોને દરવાજે
થઈને રાજમહેલમાં પહોંચાડી દીધો. યોઆશે રાજ સિંહાસન પર આસન
લીધું.~ 20 અથાલ્યાનો રાજમહેલમાં વધ કરવામાં આવ્યો હતો એટલે
દેશના બધા લોકો ખૂબ આનંદમાં આવી ગયા, અને શહેરમાં સર્વત્ર
શાંતિ વ્યાપી ગઈ.~ 21 યોઆશ જયારે રાજ કરવા આવ્યો ત્યારે તેની
ઉંમર સાત વર્ષની હતીં.

12 યેહૂના ઈસ્રાએલના રાજા તરીકેના શાસનના સાતમે વષેર્ યો-
આશ રાજા બન્યો હતો, અને તેણે યરૂશાલેમમાં ચાળીસ વર્ષ
રાજ કર્યુ હતું. તેની માનું નામ સિબ્યા હતું અને તે બેરશેબાની હતી.~
2 યહોયાદા યાજકના ઉપદેશાનુસાર તેણે જીવન પર્યત યહોવાની નજર-
માં સાચાં ગણાય એવાં કાર્યો કર્યા હતાં.~ 3 તેમ છતાં ઉચ્ચસ્થાનોનો
નાશ કરવામાં આવ્યો નહોતાં, અને લોકોએ ત્યાં ધૂપ ચડાવવાનું અને
દહનાર્પણો ચાલુ રાખ્યા હતા.~ 4 યોઆશે યાજકોને કહ્યું હતું કે, "મંદિર-
માં અર્પણ તરીકે આવેલી રકમ, માથાદીઠ ઉઘરાવેલી જકાત, તથા લો-
કોએ સ્વેચ્છાએ મંદિરમાં આપેલી રકમ યાજકોએ સ્વીકારવી જોઈએ.~
5 અને જયાં જયાં મંદિરમાં સમારકામ કરવાની જરૂર હોય ત્યાં ત્યાં
સમારકામ કરાવે.~ 6 પરંતુ યાજકોએ યોઆશ રાજાના ત્રેવીસમા વર્ષ સુ-
ધી મંદિરમાં જરૂરી કોઈ પણ પ્રકારનું સમારકામ કરાવ્યું નહોતું.~ 7 તેથી
રાજાએ બીજા યાજકોને બોલાવડાવ્યા, અને તેમને પૂછયું, "તમે મંદિરનું
સમારકામ કેમ કરાવતા નથી? હવેથી તમારે તમારા ભંડારમાંથી કોઈ પૈ-
સા લેવાના નથી, કારણ કે તે પૈસા તમને મંદિરના સમારકામ માટે
આપવામાં આવ્યા હતાં."~ 8 યાજકો લોકો પાસેથી કોઈ પૈસા ન લેવા
તેમજ મંદિરનું સમારકામ બંધ કરાવવા માટે કબૂલ થયાં.~ 9 પછી યહો-
યાદા યાજકે એક મોટી પેટી બનાવડાવી, તેના ઢાંકણામાં કાણું પડાવ્યું
અને તેણે એ પેટીને મંદિરના પ્રવેશદ્ધાર પાસે બલિદાનની વેદીની જમ-
ણી બાજુએ મૂકાવી. મંદિરના દરવાજે કામ કરતા યાજકો લોકો મંદિરમાં
જે કોઈ પૈસા લાવતા તે બધાં તે પેટીમાં નાખતા.~ 10 તેમાં મૂકેલાં ના-
ણાંથી પેટી જયારે ભરાઈ જતી ત્યારે રાજાનો નાણામંત્રી અને મુખ્ય યા-
જક એ નાણાં ગણીને થેલીઓમાં મૂકતાં હતાં.~ 11 પછી એ તોળેલાં-
ગણેલાં નાણાં તેઓ સમારકામ પર દેખરેખ રાખનારાઓને આપતા
હતા. તેઓ આ નાણાં સુથાર, કડિયા,~ 12 લાકડાના વેપારીઓ, પથ્થર
અને ઈટના વેપારીઓ, અને જેઓએ યહોવાના મંદિરના બાંધકામ માટે
સામગ્રી આપી હોય તેમને અને યહોવાના મંદિરના સમારકામ માટેની
સામગ્રી લેવા માટે આપતા હતા.~ 13 આ નાણાં યાજકો યહોવાના મંદિર
માટે વાપરતા હતાં પણ ચાંદીનાં પ્યાલા, કાતરો, વાસણો, રણશિંગડાં
અથવા કોઈપણ જાતના સોના-ચાંદીના વાસણો આ પૈસામાંથી નહોતા
લેતાં.~ 14 પણ તેઓ આ નાણાંમાંથી કારીગરોને મજૂરી ચૂકવતા અને
સમારકામનું ખર્ચ કરતા.~ 15 જે દેખરેખ રાખનારા મુકાદમોને એ નાણાં
કારીગરોને ચૂકવવા માટે આપવામાં આવતાં હતાં તેમની પાસે કશો હિ-
સાબ માગવામાં આવતો નહોતો, કારણ કે તેઓ પ્રામાણિક અને વિશ્વા-
સુ હતા.~ 16 દોષાર્થાર્પણ તથા પાપાર્થાર્પણ માટે આપેલાં નાણાં યહો-
વાના મંદિરમાં લાવવામાં આવતાં નહિ; એ સીધાં યાજકોને તેમના પો-
તાના ઉપયોગ માટે આપવામાં આવતાં હતાં. આ નાણાં પેલી પેટીમાં
મૂકવામાં આવતાં નહિ.~ 17 આ અરસામાં અરામનો રાજા હઝાએલ ગા-
થની સામે યુદ્ધે ચડયો અને તેને કબજે કરી યરૂશાલેમ પર હુમલો કરવા-
ની તૈયારી કરવા લાગ્યો.~ 18 તેથી યહૂદિયાના રાજા યોઆશે તેના પિ-
તૃઓએ, એટલે કે યહૂદિયાના રાજાઓ યહોશાફાટે, યહોરામે તથા અહા-
ઝયાએ જે સર્વ પવિત્ર વસ્તુઓ અર્પણ કરી હતી તે તથા તેની પોતાની
અર્પણ કરેલી વસ્તુઓ, તેમજ યહોવાના મંદિરના તથા રાજાના મહેલના
ભંડારમાંથી જે સોનું મળી આવ્યું તે સર્વ લઈને અરામના રાજા હઝાએલ
પર મોકલ્યાં; એટલે તે યરૂશાલેમથી જતો રહ્યો.~ 19 યોઆશના બીજાં
કાર્યો અને તેના શાસન દરમ્યાન બનેલા બનાવો યહૂદાના રાજાઓના
ઈતિહાસના પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 20 તેના પોતાના નોકરો તેની વિ-
રૂદ્ધ થઈ ગયાં. અને સિલ્લાના માર્ગ પર આવેલા મિલ્લો મુકામે તેના પો-
તાના ઘરમાં તે માર્યો ગયો.~ 21 તેને ઈજા કરીને મારનાર લોકો શિમઆ-
થનો પુત્ર યોઝાખાર અને શોમેરનો પુત્ર યહોઝાબાદ હતા.તેમણે તેને
દાઉદના નગરમાં તેના પિતૃઓ ભેગો દફનાવી દીધો અને તેના પુત્ર
અમાસ્યાને તેની પછી રાજા બનાવવામાં આવ્યો.

13 ~જયારે યહૂદાના રાજા યોઆશ રાજયકાળના ત્રેવીસમા વર્ષમાં
હતો ત્યારે યેહૂનો પુત્ર યહોઆહાઝ ઈસ્રાએલનો રાજા બન્યો.
તેણે સમરૂનમાં સત્તર વર્ષ રાજ કર્યું.~ 2 તેણે યહોવાની દૃષ્ટિએ અયોગ્ય
ગણાય એવું આચરણ કર્યુ અને નબાટના પુત્ર યરોબઆમે જે પાપકમોર્
કર્યા હતા તે ચાલુ રાખ્યાં, તેણે તે છોડ્યા નહિ.~ 3 તેથી યહોવા ઈસ્રાએ-
લીઓ પર ગુસ્સે થયા. અને તેણે તેમને વષોર્ સુધી અરામના રાજા
હઝાએલને અને તેના પુત્ર બેન-હદાદને ગુલામ તરીકે સોંપી દીધાં.~
4 પરંતુ યહોઆહાઝે યહોવાને પ્રસન્ન કરવા પ્રાર્થના કરી અને યહોવાએ
તેની પ્રાર્થના સાંભળી, કારણ અરામના રાજાએ ઈસ્રાએલના લોકોને કે-
વો ત્રાસ આપ્યો હતો, તે તેણે જોયં◌ુ હતું.~ 5 યહોવાએ ઈસ્રાએલને
એક છોડાવનાર આપ્યો અને તેણે ઈસ્રાએલીઓને અરામના પંજામાંથી
મુકત કર્યા અને તેઓ ફરી પોતાનાં ઘરમાં પહેલાંની જેમ સુખશાંતિમાં
રહેવા લાગ્યા.~ 6 છતાં યરોબઆમે તેમની પાસે જે પાપકમોર્ કરાવ્યાં
હતાં તે તેમણે છોડયાં નહિ. સમરૂનમાં અશેરા દેવીની એક પ્રતિમા પણ
હતી.~ 7 યહોઆહાઝ પાસે કોઈ સૈન્ય નહોતું સિવાય કે 50 ઘોડેસવાર,
10 રથ અને 10,000 સૈનિકો કારણ કે અરામના રાજાએ તેના બાકીના
સૈન્યનો નાશ કરી નાખ્યો હતો.~ 8 યહોઆહાઝના શાસનના બીજાં
બનાવો અને તેણે કરેલાં કાર્યો ઈસ્રાએલના રાજાઓનાઁ ઈતિહાસ નામક
પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 9 પછી યહોઆહાઝ મરી ગયો અને તેને સમરૂ-
નમાં દફનાવવામાં આવ્યો, પછી તેનો પુત્ર યોઆશ ગાદી પર બેઠો.~
10 જયારે યહૂદાના રાજા યોઆશના શાસનના સાડત્રીસ વર્ષમાં હતો,
ત્યારે યહોઆહાઝનો પુત્ર યોઆશ સમરૂનમાં ઈસ્રાએલનો રાજા થયો
અને તેણે સોળ વર્ષ રાજ કર્યું,~ 11 તેણે યહોવાની ષ્ટિએ અયોગ્ય
ગણાય તેવું આચરણ કર્યું અને નબાટના પુત્ર યરોબઆમે જે પાપ કમોર્
કર્યા હતાં તે કરવાનું તેણે ચાલું રાખ્યું, તેણે તે વસ્તુઓ છોડી નહિ.~
12 રાજાનું શાસન, તેમાં બનેલા અને તેણે કરેલાં મહાન કાર્યો તેણે યહૂ-
દાના અમાસ્યા સામે લડેલી લડાઈ સહિત, બધું ઈસ્રાએલના રાજાઓ-
નાઁ ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલું છે.~ 13 અને, યોઆશ મરી ગયો
અને તેને સમરૂનમાં ઈસ્રાએલના બધા રાજાઓ ભેગો દફનાવવામાં
આવ્યો પછી, તેની જગ્યાએ, યરોબઆમ રાજા બન્યો.~ 14 જયારે એલિ-
શા ભયંકર માંદગીમાં પથારીવશ થઈ ગયો ત્યારે ઈસ્રાએલનો રાજા યો-

આશ તેની પાસે જઈને રડવા લાગ્યો અને બોલ્યો, હે મારા પિતા! મારા
પિતા! તમે તો ઈસ્રાએલના રથ અને ઘોડેસવાર છો!"~ 15 એલિશાએ
કહ્યું, "ધનુષબાણ લઈ આવ."અને તેણે ધનુષબાણ મંગાવ્યાં.~ 16 પછી
એલિશાએ રાજાને કહ્યું, "ધનુષ્ય પર બાણ ચડાવ." અને તેણે ચડાવ્યું,
એલિશાએ પોતાના હાથ તેના હાથ પર મૂકયા અને કહ્યું,~ 17 "પૂર્વ તર-
ફની બારી ઉઘાડી નાખ." અને યોઆશે તેમ કર્યું, પછી એલિશાએ
કહ્યું,"બાણ છોડ." અને તેણે છોડયું,એટલે એલિશા બોલ્યો, "એ અરામ
પરના યહોવાના વિજયનું બાણ હતું. તું અરામને એફક પાસે પૂરેપૂરી
હાર આપીશ!"~ 18 "હવે બીજા બાણ ઉપાડી લે." એલિશાએ કહ્યું, રા-
જાએ બાણ ઉપાડી લીધાં એટલે એલિશાએ કહ્યું, "જમીન પર પછાડ."
રાજાએ ત્રણ વાર પછાડયાં અને પછી તે અટકી ગયો.~ 19 તેથી દેવના
માણસ એલિશા તેના પર ગુસ્સે થયા અને રાજાને કહ્યું, "તારે જમીનમાં
પાંચ કે છ બાણ મારવા જોઈતા હતાં. જો એમ કર્યું હોત તો અરામીઓ-
નો સંપૂર્ણ નાશ થઈ જાય ત્યાં સુધી તેં તેઓને પરાજય આપ્યો હોત,
હવે તું અરામને ફકત ત્રણ જ વાર હરાવી શકીશ."~ 20 ત્યારબાદ એલિ-
શાનું મૃત્યુ થયું અને તેને દફનાવવામાં આવ્યો. વરસોવરસ મોઆબી
દરોડાખોરોની ટોળીઓ દેશ પર આક્રમણ કરતી હતી.~ 21 એક વખત
થોડાં લોકો (ઈસ્રાએલીઓ) એક માણસને દફનાવતા હતા. જેવા ઈસ્રા-
એલીઓએ મોઆબી સૈનિકોને જોયા, લોકો મૃતદેહને એલિશાની કબર-
ની અંદર ફેંકી દઈને ભાગી ગયા. જેવો મૃતદેહ એલિશાનાં હાડકાંને
અડ્યો કે મૃત માણસ જીવતો થઈ ગયો અને ઊઠીને ઊભો થઈ ગયો.~
22 યહોઆહાઝના સમગ્ર રાજયશાસન દરમ્યાન અરામના રાજા હઝાએ-
લે ઈસ્રાએલીઓ પર ત્રાસ ગુજાર્યો હતો.~ 23 પણ યહોવાએ કૃપા કરીને
તેમની દયા ખાધી. ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબ સાથે કરેલા કરારને
કારણે તેની તેમના પ્રત્યે કૃપાદૃષ્ટિ હતી અને તેમનો નાશ કરવાની તે-
ની ઈચ્છા નહોતી, તેમ અત્યાર સુધી તેણે તેમને પોતાની નજરથી દૂર
પણ કર્યા નથી."~ 24 અરામનો રાજા હઝાએલ મૃત્યુ પામ્યો અને તેનો
પુત્ર બેનહદાદ તેની ગાદીએ આવ્યો.~ 25 ત્યાર પછી યોઆશે તેમને
ત્રણ વખત પરાજય આપ્યો, અને જે શહેરો હઝાએલના પિતા બેનહદાદે
તેના પિતા યહોઆહાઝ પાસેથી લઈ લીધાં હતાં તે પાછાં કબજે કર્યાં.

14 ઈસ્રાએલના રાજા યહોઆહાઝના પુત્ર યોઆશને બીજે વર્ષે્
યહૂદાના રાજા યોઆશનો પુત્ર અમાસ્યા રાજ કરવા લાગ્યો.~
2 તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી, અને તેણે યરૂશા-
લેમમાં 29 વર્ષ રાજ કર્યું. તેની માનું નામ યહોઆદ્દીન હતું અને તે યરૂ-
શાલેમની હતી.~ 3 અમાસ્યાએ યહોવાની દ્રષ્ટિએ યોગ્ય ગણાય એવું
આચરણ કર્યું. જો કે છેક પિતૃ દાઉદના જેવું તો નહિ જ, તે બધી બાબ-
તમાં પોતાના પિતા યોઆશને પગલે ચાલ્યો.~ 4 પણ તેણે મહત્વના
સ્થાનકોનો, મહત્વની જગ્યાઓનો નાશ નહોતો કર્યો. અને લોકોએ
ત્યાં બલિદાનો અર્પણ કરવાનું અને ધૂપ પેટાવવાનું ચાલુ રાખ્યું હતું.~
5 તેનું શાસન સુસ્થાપિત થઈ ગયા પછી તરત જ તેણે પોતાના પિતાનું
ખૂન કરનારા અમલદારોને મારી નાખ્યા,~ 6 પણ તેમના બાળકોને જી-
વતા રહેવા દીધા, કારણ, મૂસાની સંહિતામાં યહોવાએ જણાવેલું છે કે,
"સંતાનોના ગુના માટે મા-બાપને કે મા-બાપના ગુના માટે સંતાનોને દે-
હાંતદંડ ન દેવો, પ્રત્યેકને તેના પોતાના પાપ માટે જ દેહાંતદંડ દેવો."~
7 અમાસ્યાએ 10,000 અદોમીઓને મીઠાની ખીણમાં હરાવ્યા અને તે-
ણે સેલા નગરને કબજે પણ કરી લીધું, તેણે તેનું નામ યોકતએલ પાડ-
યું અને આજે એ જ નામે ઓળખાય છે."~ 8 પછી અમાસ્યાએ ઈસ્રાએ-
લના રાજા યોઆશને સંદેશો મોકલીને પડકાર કર્યો, "તારું સૈન્ય લઈને
યુદ્ધ માટે આવી જા."~ 9 રાજા યોઆશે અમાસ્યાને જવાબ આપ્યો,
"લબાનોન કાંટાળી ઝાડીએ લબાનોનના એરેજવૃક્ષ પાસે સંદેશો મોક-
લ્યો છે, 'મારે તારી દીકરી જોઈએ છે; મારા પુત્રની પત્ની બનવા માટે.'
પણ લબાનોનના જંગલી પશુઓએ આવીને કાંટાળી ઝાડીને કચડી
નાખી.~ 10 સાચે જ તેં અદોમનો નાશ કર્યો છે માટે તને એનો ખૂબ ગર્વ
છે. પણ મારી સલાહ છે કે તારી જીતથી સંતોષ માન અને તારા ઘેર જ
બેસી રહે. તારા પોતાના પર અને યહૂદા પર એમ બંને પર શા માટે
આફત નોતરે છે?"~ 11 છતાં અમાસ્યાએ સાંભળવાની ચિંતા કરી નહિ,
તેથી ઈસ્રાએલનાં રાજા યોઆશ યુદ્ધે ચડયો, તે અને અમાસ્યા યહૂદામાં
આવેલા બેથશેમશ આગળ બળનું પારખું કરવા ભેગા થયા.~ 12 ઈસ્રા-
એલીઓએ યહૂદાના લોકોને હરાવ્યા અને તેઓ પોતાને ઘેર ભાગી
ગયા. યહૂદાના રાજા અમાસ્યાને પકડયો અને યરૂશાલેમ ગયા.~ 13 ત્યાં
તેણે એફ્રાઈમ દરવાજાથી તે ખૂણાના દરવાજા સુધીનો 400 હાથની
યરૂશાલેમની ભીત તોડી પાડી.~ 14 તેણે બધું સોનું, ચાંદી, મંદિરમા
મળી શકે તે બધાં વાસણો, અને રાજમહેલનો ખજાનો લઈ લીધો અને
બંધકોને પણ લઈને તે સમરૂન પાછો ગયો.~ 15 યોઆશના શાસનનાં
બીજાં બનાવો, તેનો વિજય અને યહૂદાના રાજા અમાસ્યા સાથેનાં તેનાં
યુદ્ધો તે બધું ઈસ્રાએલના રાજાઓનાઁ ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયે-
લાઁ છે.~ 16 આમ યોઆશ પિતૃલોકને પામ્યો અને તેને ઈસ્રાએલના રા-
જાઓ ભેગો સમરૂનમાં દફનાવવામાં આવ્યો, તેના પછી તેનો પુત્ર યરો-
બઆમ રાજગાદી પર આવ્યો.~ 17 ઈસ્રાએલના રાજા યોઆશના મૃત્યુ
પછી યહૂદાનો રાજા અમાસ્યા 15 વર્ષ જીવ્યો.~ 18 અમાસ્યાના શાસન
દરમ્યાનના બીજા બનાવો યહૂદાના રાજાઓનાઁ ઈતિહાસ નામક પુસ્ત-
કમાં લખાયેલાઁ છે.~ 19 તેની સામે યરૂશાલેમમાં કાવતરું રચવામાં
આવ્યું, તેથી તે લાખીશ ભાગી ગયો, પણ લાખીશ સુધી તેના દુશ્મ-
નોએ હત્યારા મોકલીને તેનો પીછો કર્યો અને ત્યાં જ તેને મારી નાખ-
વામાં આવ્યો.~ 20 ઘોડસવારો મારફતે તેના મૃતદેહને યરૂશાલેમ લાવ-
વામાં આવ્યો અને તેને દાઉદના નગરમાં તેના પિતૃઓ ભેગો દફનાવ-
વામાં આવ્યો.~ 21 યહૂદાના બધા લોકોએ 16 વર્ષની ઉંમરના તેના પુત્ર
અઝાર્યાને પસંદ કર્યો અને તેના પિતા પછી તેને રાજા બનાવ્યો.~
22 અમાસ્યાના અવસાન પછી અઝાર્યાએ એલાથ યહૂદા માટે પાછું મે-
ળવ્યું અને તેને ફરી બંધાવ્યું.~ 23 યહૂદાના રાજા યોઆશના પુત્ર અમા-
સ્યાના શાસનના 15 મા વર્ષે્ યોઆશનો પુત્ર યરોબઆમ સમરૂનમાં
ઈસ્રાએલનો રાજા થયો અને તેણે 41 વર્ષ રાજ કર્યું.~ 24 તેણે યહોવાની
દૃષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ કર્યું. નબાટના પુત્ર યરોબઆમે
ઈસ્રાએલીઓને પાપકમોર્ કરવા પ્રેર્યા હતાં તે એણે છોડયાં નહિ,~
25 ઈસ્રાએલના દેવ યહોવાએ પોતાના સેવક ગાથ-હેફેરના પ્રબોધક
આમિત્તાયના પુત્ર યૂના મારફતે ઉચ્ચારેલી વાણી પ્રમાણે યરોબઆમે
હમાથના ઘાટથી તે મૃતસરોવર સુધીની ઈસ્રાએલની સરહદ પાછી મેળ-
વી લીધી,~ 26 કારણ, યહોવાએ જોઈ લીધું હતું કે ઈસ્રાએલને કેવાં
આકરાં કષ્ટો સહન કરવાં પડે છે અને ઈસ્રાએલની સાથે ચડે એવું કોઈ
રહ્યું નહોતું.~ 27 પણ યહોવાએ ઈસ્રાએલના નામને ધરતીના પડ પરથી
ભૂંસી ન નાખવાનો નિશ્ચય કર્યો હતો, આથી તેમણે યોઆશના પુત્ર
યરોબઆમ મારફત તેમણે તેઓને વિજય અપાવ્યા.~ 28 યરોબઆમના
શાસનના બીજા બનાવો, તેણે મેળવેલા વિજયો અને તેના પરાક્રમો
અને તેણે દમસ્ક અને હમાથ પર ઈસ્રાએલનો કબજો પાછો મેળવી
આપ્યો એ બધું ઈસ્રાએલના રાજાઓનાઁ ઈતિહાસ નામક પુસ્તકમાં
નોંધાયેલું છે.~ 29 પછી યરોબઆમ બીજો મૃત્યુ પામ્યો અને તેને ઈસ્રા-
એલના રાજાઓ ભેગો સમરૂનમાં દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો
પુત્ર ઝખાર્યા રાજગાદી પર આવ્યો.

15 ઈસ્રાએલના રાજા યરોબઆમના રાજયના 27 માઁ વર્ષે્ અમા-
સ્યાનો પુત્ર 'અઝાર્યા' યહૂદાનો રાજા થયો.~ 2 તે ગાદીએ
આવ્યો ત્યારે તેની ઉંમર 16 વર્ષની હતી. તેણે 52 વર્ષ યરૂશાલેમમાં
રાજ કર્યું, તેની માતાનું નામ યખોલ્યા હતું, અને તેનું વતન યરૂશાલેમ
હતું.~ 3 તેણે પોતાના પિતા અમાસ્યાની જેમ યહોવાની દૃષ્ટિએ યોગ્ય
ગણાય તેવું આચરણ કર્યું. તે ભલો રાજા હતો.~ 4 મહત્વના ઉચ્ચસ્થા-
નોનો નાશ કર્યો નહિ, લોકોએ ત્યાં બલિદાનો આપવાનું અને ધૂપસળી
પેટાવવાનું ચાલુ રાખ્યું હતું.~ 5 યહોવાએ તેને રકતપિત્તનો રોગી બના-
વ્યો, અને મરતાં સુધી તે રોગથી પીડાતો રહ્યો. તેથી તેને બધા કાર્યોથી
મુકત કરવામાં આવ્યો અને તે પોતાના ઘરમાં એકલો રહેતો હતો, તેનો
પુત્ર યોથામે મહેલનો કબજો લઈને દેશના લોકો પર શાસન કર્યું.~ 6 હવે
અઝાર્યાનાં શાસનના બીજા બનાવો, યહૂદાના રાજાઓનાઁ ઈતિહાસ ના-
મક પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 7 તે મૃત્યુ પામ્યો અને તેને દાઉદના નગ-
રમાં દફનાવવામાં આવ્યો, તેના પછી તેનો પુત્ર યોથામ રાજા બન્યો.~
8 યહૂદાના રાજા અઝાર્યાના રાજયના 38 માં વર્ષે્ યરોબઆમનો પુત્ર
ઝખાર્યા સમરૂનમાં ઈસ્રાએલનો રાજા થયો, અને તેણે 6 મહિના રાજ
કર્યું.~ 9 તેણે તેના પિતૃઓની જેમ યહોવાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય
એવું આચરણ કર્યું, તેણે નબાટના પુત્ર યરોબઆમે ઈસ્રાએલીઓ પાસે

જે પાપકમોર્ કરાવ્યાં હતાં તે પાપકમોર્ છોડયાં નહિ.~ 10 યાબેશના પુ-
ત્ર શાલ્લૂમે તેની વિરૂદ્ધ કાવતરું કર્યું. ઈબ્લામ ખાતે તેને મારી નાખ્યો
અને તેના પછી તે પોતે ગાદીએ આવ્યો.~ 11 ઝખાર્યાના શાસનનાં બી-
જા બનાવો અને તેના વિજયો ઈસ્રાએલનાઁ રાજાઓનાઁ ઈતિહાસ નામક
પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 12 આમ, યહોવાએ યેહૂને જે કહ્યું હતું તે સાચું
પડયું કે, "ચાર પેઢી સુધી તારા વંશજો ઈસ્રાએલની ગાદી પર બેસશે."
અને એમ જ થયું.~ 13 ઈસ્રાએલના નવા રાજાનું નામ શાલ્લૂમ હતું, તેના
પિતાનું નામ યાબેશ હતું. તેણે સમરૂનમાં એક માસ રાજ કર્યું. એ રાજા
થયો ત્યારે યહૂદામાં ઉઝિઝયા રાજા છેલ્લા 39 વર્ષથી રાજ કરતો હતો.~
14 ત્યારબાદ ગાદીના પુત્ર મનાહેમ તિર્સાહથી જઈને સમરૂનમાં પ્રવેશ
કરી શાલ્લૂમને મારી નાખ્યો, અને તેના પછી પોતે ગાદીએ આવ્યો.~
15 રાજા શાલ્લૂમ અને તેણે કરેલાં કૃત્યો, તેના વર્ણનો ઈસ્રાએલના રાજા-
ઓનાઁ ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 16 એ સમય દરમ્યાન
મનાહેમ તિર્સાહથી આવ્યો અને તિફસાહને હરાવ્યો. તેણે નગરમાં તથા
આજુબાજુના પ્રદેશોમાં વસતાં સૌ લોકોનો સંહાર કર્યો; કારણ કે એ લો-
કોએ તેના માટે નગરનાં દ્વાર ખોલ્યાં નહોતાં, તેણે નગરની સર્વ સગર્ભા
સ્રીઓનાં પેટ ચીરી નાખ્યાં.~ 17 યહૂદાના રાજા અઝાર્યાએ 39 વષોર્ સુ-
ધી શાસન કર્યુ અને તે વષેર્ ગાદીનો પુત્ર મનાહેમ ઈસ્રાએલનો રાજા
થયો. અને તેણે સમરૂનમાં 10 વર્ષ શાસન કર્યું.~ 18 તેણે યહોવાની દ્રૃ-
ષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ કર્યું. તેણે નબાટના પુત્ર યરો-
બઆમે શરું કરેલા પાપકમોર્ કરવાનાં ચાલુ રાખ્યાં. તેણે તે છોડ્યા
નહિ.~ 19 તેના શાસન દરમ્યાન આશ્શૂરના રાજા પૂલે ઈસ્રાએલ પર
આક્રમણ કર્યું. ઈસ્રાએલમાં પોતાની સત્તા મજબૂત કરવામાં તેની મદદ
મેળવવા માટે મનાહેમે તેને 34,000 કિલોચાંદી આપી.~ 20 આ પૈસા
મેળવવા માટે મનાહેમે ધનવાન લોકો પર કર નાખ્યો, દરેક પાસેથી 50
શેકેલ ચાંદી તેથી આશ્શૂરનો રાજા દેશમાં ન રહેતાં પાછો ચાલ્યો ગયો.~
21 મનાહેમના શાસનના બીજાં બનાવો અને તેણે કરેલા કાર્યો ઈસ્રાએ-
લના રાજાઓનાઁ ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 22 આમ,
મનાહેમ મૃત્યુ પામ્યો અને તેને દફનાવવામાં આવ્યો. તેના પછી, તેનો
પુત્ર પકાહ્યા સિંહાસન પર બેઠો.~ 23 યહૂદાના રાજા અઝાર્યાના રાજય-
ના 50 મે વષેર્ મનાહેમનો પુત્ર પકાહ્યા સમરૂનમાં ઈસ્રાએલનો રાજા
થયો અને તેણે2 વર્ષ રાજ કર્યુ.~ 24 તેણે યહોવાની દૃષ્ટિએ અયોગ્ય
ગણાય તેવું આચરણ કર્યુ હતું. તેણે નબાટના પુત્ર યરોબઆમે જે પાપ-
કમોર્ શરુ કર્યા હતાં તે કરવાનું ચાલુ રાખ્યું, તેણે તે વસ્તુઓ છોડી
નહિ.~ 25 રમાલ્યાનો પુત્ર પેકાહ તેનો સેનાપતિ હતો, તેણે તેની સામે
બળવો કર્યો અને કાવતરું કર્યું; જેમાં તેણે સમરૂનનાં રાજમહેલના કિ-
લ્લામાં 50 માણસોને મારી નાંખ્યા. તેણે અને ગિલયાદના 50 માણ-
સોએ પકાહ્યાને, આગોર્બ અને આયેર્હને પણ ત્યાં મારી નાખ્યા. પછી
પોતે ગાદી પર બેઠો.~ 26 પકાહ્યાનાઁ શાસનના બીજ બનાવો ઈસ્રાએલ-
ના રાજાઓનાઁ ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 27 યહૂદાના
રાજા અઝાર્યાના રાજયના 52 મેં વષેર્ પેકાહ સમરૂનમાં ઈસ્રાએલનો રા-
જા થયો, જે રમાલ્યાનો પુત્ર હતો. તેણે 20 વર્ષ રાજ કર્યું.~ 28 તેણે યહો-
વાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય તેવું આચરણ કર્યું. નબાટના પુત્ર યરો-
બઆમે ઈસ્રાએલીઓ પાસે જે પાપકમોર્ કરાવ્યાં હતાં તે કરવાનું તેણે
ચાલું રાખ્યું. તેણે તે વસ્તુઓ છોડી નહિ.~ 29 ઈસ્રાએલના રાજા પેકાહ-
ના શાસન દરમ્યાન આશ્શૂરનો રાજા તિગ્લાથે-પિલેસેરથી ચઢી આવી-
ને ઈયોન, આબેલ બેથ-માઅખાહ, યાનોઆહ, કેદેશ, હાસોર, ગિલયાદ
તેમ જ ગાલીલ અને નફતાલીના બધા પ્રદેશને સર કરી લીધાં અને
ત્યાંના લોકોને આશ્શૂરમાં બંદી બનાવીને લઇ ગયો.~ 30 યહૂદાના રાજા
ઉઝિઝયાના પુત્ર યોથામના શાસનના વીસમે વષેર્ એલાહના પુત્ર હો-
શિયાએ રમાલ્યાના પુત્ર પેકાહ વિરૂદ્ધ કાવત્રું કરી, તેને મારી નાખ્યો
અને પોતે રાજા બન્યો.~ 31 પેકાહનાઁ શાસનનાં બાકીનાઁ બનાવો અને
બીજાં કાર્યો ઈસ્રાએલના રાજાઓનાઁ ઈતિહાસ નામક પુસ્તકમાં લખાયે-
લાઁ છે.~ 32 ઈસ્રાએલના રાજા રમાલ્યાના પુત્ર પેકાહના શાસનના બીજા
વર્ષ દરમ્યાન ઉઝિઝયાનો પુત્ર યોથામ યહૂદાનો રાજા થયો.~ 33 તે
જયારે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી. તેણે યરૂશાલેમ
પર 16 વર્ષ શાસન કર્યું. સાદોકની પુત્રી યરૂશા, તેની માતા હતી.~
34 તેણે પોતાના પિતા ઉઝિઝયાની જેમ યહોવાની દ્રષ્ટિએ યોગ્ય
ગણાય તેવું આચરણ કર્યું.~ 35 પરંતુ અગત્યની જગ્યાના થાનકોને હજી
દૂર કરવામાં આવ્યાં નહોતાં, અને લોકો હજી ત્યાં બલિદાનો અર્પણ
કરતાં હતાં અને ધૂપ બાળતા હતાં. (તે એ વ્યકિત હતો જેણે યહોવાના
મંદિરનો ઉપરનો દરવાજો બંધાવ્યો હતો.)~ 36 યોથામનાઁ શાસન દર-
મ્યાન બનેલા બાકીનાઁ બનાવો, યહૂદાના રાજાઓના ઈતિહાસ નામક
પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 37 એ સમય દરમ્યાન યહોવાએ અરામના રા-
જા રસીનને અને રમાલ્યાના પુત્ર પેકાહને યહૂદા પર ચડાઈ કરવા મોક-
લવા માંડયા.~ 38 પછી યોથામ મૃત્યુ પામ્યો, અને દાઉદના નગરમાં તે-
ને દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર આહાઝ રાજા બન્યો.

16 રમાલ્યાના પુત્ર પેકાહના શાસનનું~17મું વર્ષ ચાલતું હતું,
યહૂદાના રાજા યોથામનો પુત્ર આહાઝ રાજા બન્યો.~ 2 જયારે તે
ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 20~વર્ષની હતી, તેણે યરૂશાલેમ પર
16~વર્ષ શાસન કર્યુ, તેણે દાઉદની જેમ પોતાના દેવ યહોવાની દૃષ્ટિએ
યોગ્ય ગણાય એવું કંઇ કર્યું નહિ.~ 3 તે ઈસ્રાએલી રાજાઓને પગલે ચા-
લ્યો; તેણે પોતાના પુત્રને પણ અગ્નિની આરપાર ચલાવ્યો હતો. આ એ
લોકો દ્વારા અનુસરાતી ઘૃણાજનક પ્રણાલી હતી, જેમને યહોવાએ
ઈસ્રાએલમાંથી હાંકી કાઢ્યા હતાં જ્યારે તેમણે ઈસ્રાએલ પર હુમલો કર્યો
હતો~ 4 ત્યારે ડુંગરોને ટેકરીઓ પરનાં થાનકોએ, અને દરેક ઘટાદાર વૃ-
ક્ષો નીચે તે યજ્ઞો અને ધૂપ ચડાવતો.~ 5 આ સમય દરમ્યાન અરામના
રાજા રસીન અને ઈસ્રાએલના રાજા પેકાહ બિન રમાલ્યાએ યરૂશાલેમ
પર ચડાઈ કરી આહાઝને ઘેરી લીધો, પણ તેને નમાવી ન શકયા.~ 6 તે
જ સમયે અરામના રાજા રસીને એલાથને પાછું કબજે કરી લીધું, ને તેણે
એલાથમાંથી યહૂદીઓને હાંકી કાઢયાં. અરામીઓ એલાથમાં આવીને
ત્યાં વસ્યા. આજ સુધી તેઓ ત્યાં જ છે.~ 7 પછી આહાઝે આશ્શૂરના
રાજા તિગ્લાથ પિલેસેરને સંદેશવાહકો મોકલીને કહેવડાવ્યું કે, "હું તથા
આપના પુત્ર બરાબર છીએ. અને આપનો સેવક છું, આવો, અને ઈસ્રા-
એલના રાજાઓ અને અરામીઓ સામે લડવામાં મારી મદદ કરો."~
8 આહાઝે મંદિરમાંના અને રાજમહેલના ભંડારમાંના સોનું તથા ચાંદી
લઈને આશ્શૂરના રાજાને ભેટ મોકલી આપ્યાં.~ 9 આશ્શૂરના રાજાએ તે-
ની વિનંતી માન્ય રાખી અને દમસ્ક પર ચડાઈ કરી તે કબજે કર્યું. અને
ત્યાંના વતનીઓને કીરમાં દેશવટો આપ્યો અને અરામના રાજા રસીન-
ને મારી નાખવામાં આવ્યો.~ 10 રાજા આહાઝ જયારે આશ્શૂરના રાજા
તિગ્લાથ પિલેસેરને મળવા દમસ્ક ગયો ત્યારે તેણે દમસ્કની વેદી જોઈ,
પછી તેણે એ વેદીનાં બધાં માપ સાથેની આકૃતિ યાજક ઊરિયાને મોક-
લી.~ 11 પછી દમસ્કથી આહાઝે મોકલેલી રૂપરેખા પ્રમાણે યાજક ઊરિ-
યાએ યરૂશાલેમમાં એક વેદી બંધાવી. આહાઝ દમસ્કથી પાછો ફરે તે
પહેલાં તેણે વેદી તૈયાર કરાવી દીધી.~ 12 રાજાએ પાછા આવીને વેદી
જોઈ, તેની પાસે જઈ, પર ચડી,~ 13 અને પોતાના તરફથી દહનાર્પણ,
ખાદ્યાર્પણ અને પેયાર્પણ ચડાવ્યાં અને પોતે ચડાવેલાં શાંત્યર્પણનાં
પશુઓનું લોહી વેદી પર છાંટયું.~ 14 મંદિરની આગળ ઉભી કરેલી
કાંસાની વેદીને તેણે ખસેડીને નવી વેદીની ઉત્તર તરફ મૂકાવી દીધી.
એટલે કે મંદિર અને નવી વેદીની વચ્ચે. 15 પછી રાજા આહાઝે યાજક
ઊરિયાને આજ્ઞા કરી કે, "હવેથી તમારે સવારની આહુતિ અને સાંજનું
અર્પણ અને રાજાના અર્પણો બધા લોકોની આહુતિ અને પેયાર્પણો
બધુ આ મોટી વેદી પર જ ચડાવવું. દરેક બલિદાનોનું લોહી અને બધાં
અર્પણોનું લોહી તેની પર જ છાંટવું. કાંસાની વેદી ફકત મારી એકલાની
જ રહેશે."~ 16 યાજક ઊરિયાએ રાજાના કહ્યા પ્રમાણે બધું કર્યું.~ 17 રા-
જા આહાઝે ખસતી ઘોડીઓની આડી પાટડીઓ કાઢી નાખી, અને તે-
માથી કૂંડીઓ હટાવી દીધી, અને કાંસાના બળદો પર જ્યાં તેમને રાખી
હતી ત્યાંથી ઉપાડીને પથ્થરની ઘોડી પર મૂકી દીધી.~ 18 આશ્શૂરના
રાજાને પ્રસન્ન કરવા માટે તેણે મંદિરમાંથી પડદાવાળી બેસવાની જગ્યા
અને બહારનો દરવાજો પણ દૂર કરી નાખ્યો.~ 19 આહાઝના શાસનનાં
બીજાં બધાં કાર્યો યહૂદાના રાજાઓનાઁ ઈતિહાસ નામક પુસ્તકમાં લખા-
યેલાઁ છે.~ 20 અને એ પછી રાજા આહાઝ મૃત્યુ પામ્યો અને તે પિતૃઓ
ભેગો પોઢી ગયો, અને તેને દાઉદના નગરમાં દફનાવવામાં આવ્યો, તે-
ના પછી તેનો પુત્ર હિઝિક્કયા ગાદીએ આવ્યો.

17 યહૂદાના રાજા આહાઝના શાસનનું~12~મું વર્ષ ચાલતું હતું તે
સમયે, એલાહનો પુત્ર હોશિયા સમરૂનમાં ઈસ્રાએલનો રાજા

થયો અને તેણે~9~વર્ષ શાસન કર્યુ.~ 2 તેણે યહોવાની દ્રષ્ટિએ અયો-
ગ્ય ગણાય એવું આચરણ કર્યું. જો કે ઈસ્રાએલના આગળના રાજાઓ
જેવું નહિ.~ 3 આ આશ્શૂરના રાજા શાલ્માનેસેરે હોશિયાને હરાવ્યો અને
હોશિયા તેનો ગુલામ બની ગયો અને તેને ખંડણી આપતો હતો.~
4 પણ હોશિયાએ તેને દગો આપ્યો અને મિસરના રાજા 'સો'ને સંદેશો
મોકલ્યો. અને તે ખંડણી ભરતો હતો તે પણ ભરી નહિ પાછળથી જ્યારે
રાજાને આની ખબર પડી ત્યારે તેને પકડીને કેદમાં પૂર્યો.~ 5 પછી
આશ્શૂરનો રાજા સમગ્ર દેશ પર ચઢી આવ્યો, ને સમરૂન સુધી આવીને
3~વર્ષ સુધી તેને ઘેરો ઘાલ્યો.~ 6 હોશિયાના શાસનના 9મે વરસે
આશ્શૂરનો રાજા સમરૂન કબજે કરવામાં સફળ થયો અને તે આશ્શૂરમાં
ઈસ્રાએલીઓને લઇ આવ્યો. તેણે તેમને હલાહ શહેરમાં, ગોઝાનની
નદી, હાબોર નદીને પાસે અને માદીઓના નગરમાં વસાવ્યા.~ 7 આમ
થવાનું કારણ એ હતું કે, ઈસ્રાએલીઓએ તેમને મિસરના રાજા ફારુન-
ની ચુંગાલમાંથી છોડાવી, મિસરની બહાર લાવનાર પોતાના દેવ યહો-
વાનો ગુનો કર્યો હતો, તેમણે બીજા દેવોની પૂજા કરવા માંડી હતી,~
8 તેઓ યહોવાએ હાંકી કાઢેલી પ્રજાના રિવાજો તથા ઈસ્રાએલના રાજા-
ઓએ શરું કરેલા રિવાજો અનુસરવા લાગ્યા.~ 9 યહોવા દેવની દ્રષ્ટિએ
અયોગ્ય હતું તેવું આચરણ ઈસ્રાએલીઓએ ગુપ્ત રીતે કર્યુ. તેઓએ તેમ-
ના બધાં શહેરોમાં, નિરીક્ષણ બુરજથી માંડીને કિલ્લેબંધ નગરોમાં ઉચ્ચ-
સ્થાનકો બાંધ્યાં.~ 10 તેમણે દરેક ઉચ્ચસ્થાન પર અને ઘટાદાર વૃક્ષ
નીચે સ્તંભો અને અશેરાદેવીનાં પ્રતીકો ઊભાં કર્યા,~ 11 અને યહોવાએ
જેમને હાંકી કાઢયા હતાં, તે લોકોની જેમ ઉચ્ચસ્થાનકો પર દહનાર્પણ
અને આહવાહન કરવા લાગ્યા.તેમની આ વર્તણૂકથી યહોવાનો રોષ
ભભૂકી ઊઠયો.~ 12 યહોવાએ તેમને કહ્યું હતું કે, "આ તમારે કરવાનું જ
નથી." તેમ છતાં તેમણે મૂર્તિપૂજા શરૂ કરી.~ 13 ઈસ્રાએલ અને યહૂદાના
લોકોને યહોવાએ પ્રબોધકો અને દ્રષ્ટાઓ દ્વારા ચેતવણી આપી. જે-
ઓએ તેમને કહ્યું, "તમારા અનિષ્ટ રસ્તાઓથી પાછા વળો, અને મારા
નિયમશાસ્ત્રનું પાલન કરો જે મેં તમારા પિતૃઓને આપ્યો હતો, અને
મારા સેવક પ્રબોધકો દ્વારા તમને કહેવડાવ્યો હતો.~ 14 પણ ઈસ્રાએ-
લીઓએ તેમના આદેશોનું પાલન ન કર્યું અને પોતે જે કરતા હતાં તે
કરવાનું ચાલુ રાખ્યું. તેઓ તેમના વડવાઓની જેમ જીદી હતા અને તે-
મને જે ગમ્યું તે જ કર્યું. તેમને યહોવા તેમના દેવ પર વિશ્વાસ નહોતો.~
15 તેમણે યહોવાના હુકમોની, તેમના પિતૃઓએ કરેલા કરારની અવગ-
ણના કરી તેમજ તેણે તેમને આપેલી ચેતવણીઓની કાળજી ન કરી.
તેઓએ નકામી મૂર્તિઓની પૂજા કરી. આસપાસની પ્રજાઓનું અનુકરણ
કર્યુ જેમના વિષે યહોવાએ તેમને ન કરવાની આજ્ઞા આપી હતી.~ 16 તે-
મણે તેમના પોતાના યહોવા દેવની આજ્ઞાઓનો ત્યાગ કર્યો અને તેમ-
ણે પોતાના માટે ઢાળેલા બે પોઠિયા બનાવડાવ્યાં. તેમણે અશેરાદેવી-
ની મૂર્તિ કરાવી અને આકાશનાં બધાં નક્ષત્રોની અને બઆલદેવની સે-
વાપૂજા કરવા લાગ્યાં.~ 17 તેમણે પોતાનાં સંતાનોને હોમયજ્ઞમાં હોમ્યાં.
તેમણે ભવિષ્ય જોવાનું શરું કર્યું અને કામણટૂંમણ કરવાનું પણ શરૂ
કર્યુ. યહોવાની ષ્ટિએ જે અયોગ્ય હતું એવા આચરણને તેમણે અનુસર્યું.
અને આ રીતે પોતાની જાતને વેચી મારી જેનાથી યહોવા ગુસ્સે થયા.~
18 આ બધાને કારણે યહોવાનો રોષ ઈસ્રાએલ સામે ભભૂકી ઊઠયો અને
તેણે તેમને પોતાની નજર આગળથી દૂર કર્યા. ફકત યહૂદાનું કુળસમૂહ
રહ્યું.~ 19 યહૂદાના લોકોએ પણ પોતાના યહોવા દેવની આજ્ઞાઓની
અવજ્ઞા કરી અને ઈસ્રાએલીઓના દુષ્ટ માર્ગોનું તેઓએ અનુકરણ
કર્યુ.~ 20 તેથી યહોવાએ બધા ઈસ્રાએલીઓનો ત્યાગ કર્યો, તેમને સજા
કરી, અને તેમને ધાડપાડુઓને સોંપી દીધા અને છેલ્લે તેમને પોતાની
નજર આગળથી દૂર કર્યા.~ 21 જયારે ઈસ્રાએલ દાઉદના ઘરમાંથી છૂટું
પડી ગયું ત્યારે ઈસ્રાએલીઓએ નબાટના યરોબઆમને રાજા બનાવ્યો;
તેણે ઈસ્રાએલીઓને યહોવા વિરૂદ્ધ પાપ કરવા પ્રેર્યા અને ભયંકર પાપ-
માં નાખ્યા.~ 22 તેમણે ખૂબ મુશ્કેલીઓનો સામનો કર્યો; યરોબઆમે જે
પાપ કર્યા હતા તે ઈસ્રાએલીઓએ કરવાનું ચાલુ રાખ્યું.~ 23 આખરે પ્ર-
બોધકોએ જે ભવિષ્યકથન કર્યું હતું તે બધું જ બન્યું. એટલે સુધી કે
યહોવાએ તેઓને પોતાની નજર આગળથી દૂર કર્યા. ઈસ્રાએલીઓને તે-
મનું વતન છોડવું પડ્યું અને તેમને આશ્શૂર જવા માટે વિદાય કરવામાં
આવ્યા, અને આજે પણ તેઓ ત્યાં જ છે.~ 24 આશ્શૂરના રાજાએ બા-
બિલ, કૂથાહ,આવ્વા, હમાથ અને સફાર્વાઈમના લોકોને લાવીને ઈસ્રા-
એલીઓને બદલે સમરૂનનાં શહેરોમાં વસાવ્યા. આથી તેઓએ સમરૂન-
નો કબજો લઈ તેનાં નગરોમાં વસવાટ કર્યો.~ 25 પણ જ્યારે તેઓએ
ત્યાં વસવાનું શરૂ કર્યુ ત્યારે તેઓએ યહોવાની આરાધના કરી નહોતી,
તેથી યહોવાએ તેઓની પાસે સિંહ મોકલ્યા, અને સિંહોએ તેઓમાંના
કેટલાકને મારી નાખ્યા.~ 26 આશ્શૂરના રાજાને કહેવામાં આવ્યું કે, "જે
લોકોને દેશ છોડાવીને તમે સમરૂનના નગરોમાં વસાવ્યા છે, તેઓને એ
દેશના દેવની ઉપાસનાની વિધિની ખબર નથી, આથી તેણે તેમની
વચ્ચે સિંહો મોકલ્યા છે અને તે સિંહો એમને ખાઈ જશે, કારણ, તેમને
પ્રદેશના દેવની ઉપાસનાની વિધિની ખબર નથી."~ 27 આથી આશ્શૂર-
ના રાજાએ એવી આજ્ઞા કરી કે, "સમરૂનમાંથી દેશ નિકાલ કરેલા યાજ-
કોમાંથી એકને ત્યાં પાછો મોકલો, જેથી તે ત્યાં જઈને રહે અને લોકોને
દેશના દેવની ઉપાસના કરવાની રીત શીખવે."~ 28 તેથી એક યાજક બે-
થેલમાં આવ્યો અને તેણે બાબિલમાંથી આવેલા લોકોને યહોવાની
ઉપાસના કેવી રીતે કરવી એની વિધિ શીખવી.~ 29 છતાં પ્રત્યેક પ્રજાના
લોકોએ પોતપોતાના દેવોની મૂર્તિઓ બનાવવાનું ચાલુ રાખ્યું અને તેને
સમરૂનના લોકોએ ઉચ્ચસ્થાનો પર ઊભાં કરેલાં થાનકોમાં મૂકી. તેમ-
ની આજુબાજુના નગરના લોકોએ પણ તેમની ઈચ્છા મુજબ કર્યુ.~
30 બાબિલના લોકો સુક્કોથ-બનોથને પૂજતા હતા. કૂથના લોકો નેર્ગા-
લને, હમાથના લોકો અશીમાને,~ 31 અને આવ્વીના લોકો નિબ્હાઝ
અને તાર્તાકને પૂજતા હતા, તો સફાર્વીમના લોકો આદ્રામ્મેલેખ અને
અનામ્મેલેખને પોતાનાં બાળકોની અગ્નિમાં આહુતિ આપતાં હતાં.~
32 આ લોકો યહોવાની પણ પૂજા કરતા હતા, અને તેમણે પોતાનામાંથી
કોઇ એકને યાજક નિયુકત કર્યો જે તેઓના મુખ્યસ્થાનોની મૂર્તિઓની
સેવાપૂજા કરતો હતો.~ 33 તેઓ યહોવાની પૂજા કરતા હતા અને સાથો
સાથ પોતે જે દેશમાંથી આવ્યા હતા તેની વિધિ પ્રમાણે પોતાના દેવોની
પણ પૂજા કરતા હતા.~ 34 આજે પણ તે લોકોમાં આ જ રીત છે. યાકૂબ
જે ઈસ્રાએલ કહેવાયો-ના વંશજોને યહોવાએ જે પ્રમાણે સૂચનાઓ
આપી હતી તે પ્રમાણે, તેઓ યહોવાની ઉપાસના કરતાં નથી.~ 35 યહો-
વાએ તેઓની સાથે કરાર કર્યો હતો કે, તેઓએ વિદેશીઓના કોઈ-દેવો-
ની પૂજા કરવી નહિ અને તેઓને યજ્ઞો અર્પણ કરવાં નહિ.~ 36 જે તમને
પોતાની મહાન શકિત દ્વારા મિસરમાંથી બહાર લઇ આવ્યા હતાં, તમારે
ફકત યહોવાની જ ઉપાસના કરવાની છે, તમારે ફકત તેના જ પગે પડ-
વાનું છે અને યજ્ઞો અર્પવાનાં છે.તેને અને ફકત તેને જ માટે બલિદાન
અર્પણ કરવાના છે.~ 37 નિયમો, કાયદા, સૂચના અને હૂકમો જે તેણે
(યહોવાએ) તમને આપ્યા છે, તેનું તમારે જીવન પર્યંત નિષ્ઠા પુર્વક પા-
લન કરવાનું છે. તમારે બીજા કોઈ દેવની સેવા કરવાની નથી.~ 38 યહો-
વાએ જણાવ્યું હતું, "મેં તારી સાથે જે કરાર કર્યો છે; તેને તારે કદી ભૂલ-
વાનો નથી, અને તેથી તારે અન્ય દેવોની પૂજા કદી કરવી નહિ. 39 તારે
કેવળ યહોવાની ભકિત કરવી, એ જ એક એવો છે જે તને તારા સર્વ
શત્રુઓથી બચાવશે."~ 40 પણ ઈસ્રાએલીઓએ તે સાંભળ્યું નહિ ને
અન્ય દેવોનું આહવાહન કરવાનું ચાલુ રાખ્યું.~ 41 આમ, એ લોકો યહો-
વાની પણ ઉપાસના કરતા અને પોતાની મૂર્તિઓની પણ પૂજા કરતા,
અને તેમનાં સંતાનો તેમજ તેમનાં સંતાનોનાં સંતાનો પણ આજે તેમના
પિતૃઓની વિધિઓને વળગી રહ્યાં છે.

18 ~ઈસ્રાએલના રાજા એલાહના પુત્ર હોશિયાના શાસનના ત્રીજા
વર્ષે આહાજનો પુત્ર હિઝિક્યા યહૂદાનો રાજા થયો.~ 2 તે રાજા
થયો ત્યારે તેની ઉંમર~25~વર્ષની હતી અને તેણે યરૂશાલેમ-
માં~29~વર્ષ રાજ કર્યુ, તેની માતાનું નામ અબીયા હતું અને તે ઝખાર્યા-
ની પુત્રી હતી.~ 3 તેણે પોતાના પિતૃ દાઉદની જેમ યહોવાની દષ્ટિએ
યોગ્ય એવું આચરણ કર્યુ.~ 4 તેણે ઉચ્ચસ્થાનો પરની સમાધિઓ દૂર
કરી, અશેરાદેવીની મૂર્તિ કાપી નાખી અને મૂસાએ તૈયાર કરાવેલા
કાંસાના સાપને તોડી ટુકડા કરી નાખ્યા, કારણ કે ત્યાં સુધી ઈસ્રાએ-
લીઓ તેને બલિદાનો અર્પણ કરતા હતા, તેણે તેઓને કહ્યું; આ તો
ફકત કાંસાનો ટૂકડો છે.~ 5 તેણે ઈસ્રાએલના દેવ યહોવા પર વિશ્વાસ
રાખ્યો હતો. તેની પેહલાં થઈ ગયેલા કે તેની પછી થયેલા યહૂદાના રા-
જાઓમાં કોઇ પણ તેના જેવો નહોતો.~ 6 તે યહોવાને સંપૂર્ણ નિવાન
હતો અને નિવાનીમાં તે કદી ચલિત થયો નહોતો, અને યહોવાએ મૂસા-

ને જણાવેલી આજ્ઞાઓનું તે પાલન કરતો હતો.~ 7 આથી યહોવા તેની
મદદમાં રહ્યાં અને તે જે કોઈ જવાબદારી સ્વીકારતો, તેમાં સફળ થતો,
તેણે આશ્શૂરના રાજા સામે બળવો કર્યો અને તેની તાબેદારી સ્વીકાર-
વાની ના પાડી.~ 8 તેણે દૂર ગાઝા સુધીના પલિસ્તીઓને હરાવ્યા અને
નાના ગામોથી માંડીને મોટા કિલ્લેબંધીવાળાં શહેરો તેણે જીતી લીધા.~
9 યહૂદાના રાજા હિઝ્કિયાના શાસનના 4થા વર્ષે, એટલે કે ઇસ્રાએલ-
માં હોશિયા રાજાના શાસનનું 7મું વર્ષ ચાલતું હતું આશ્શૂરના રાજા શા-
લ્માનેસેરે ઇસ્રાએલ પર આક્રમણ કર્યું અને સમરૂન નગરને ઘેરો ઘાલ્યો,
અને તે કબજે કર્યું.~ 10 તેણે તે 3વર્ષ પછી કબજે કર્યું. ઇસ્રાએલમાં, રા-
જા હોશિયા તેના શાસનના 9માં વર્ષમાં હતો અને તે વર્ષે રાજા હિઝિ-
ક્યા તેના યહૂદા પરના શાસનના છઠ્ઠા વર્ષમાં હતો. તે સમય દરમ્યાન,
સમરૂન નગરનું પતન થયું.~ 11 તે વખતે આશ્શૂરનો રાજા ઇસ્રાએલી
લોકોને પકડીને લઈ ગયો. તેણે તેઓને આશ્શૂરના નગર હલાહમાં, ગો-
ઝાન પ્રદેશમાં, હાબોર નદીના કિનારા પર અને માદીઓનાં નગરોમાં
વસાવ્યા.~ 12 આમ થવાનું કારણ એ હતું કે તેઓ પોતાના દેવ યહોવા-
ની આજ્ઞા માનતા નહોતા અને યહોવાના કરારનો તેમજ યહોવાના સે-
વક મૂસાએ જણાવેલી એકેએક આજ્ઞાઓનો ભંગ કરતા હતા. તેઓએ
પોતાના યહોવા દેવની વાણી સાંભળી નહિ અને તેમની ઇચ્છા મુજબ
ચાલ્યા નહિ.~ 13 હિઝ્કિયાના અમલના 4માં વર્ષે આશ્શૂરના રાજા
સાન્હેરીબે યહૂદાનાં બધાં કિલ્લેબંદી નગરો પર ચડાઈ કરીને તે કબજે
કરી લીધાં.~ 14 ત્યારે યહૂદાના રાજા હિઝ્કિયાએ લાખીશ સુધી પહોંચે-
લા આશ્શૂરના રાજાને સંદેશો મોકલ્યો કે, “મારી ભૂલ થઈ છે, તું મારી
પાસેથી પાછો જા, તું જે શરતો મારી આગળ રજૂ કરીશ તેનો હું સ્વીકાર
કરીશ.”આથી આશ્શૂરના રાજાએ 11~ટન ચાંદીની અને એક ટન સો-
નાની વસુલી માગી લીધી.~~ 15 હિઝ્કિયાએ તેને યહોવાના મંદિરમાંની
અને રાજમહેલના ભંડારમાંથી બધી ચાંદી આપી દીધી;~ 16 તે સમયે
તેણે, યહોવાના મંદિરમાં સોનાના પતરાંથી મઢેલા બારણાં અને બાર-
સાખોને કાપી નાખ્યાં, તેણે તે બધુંય આશ્શૂરના રાજાને આપી દીધું.~
17 લાખીશથી આશ્શૂરના રાજાએ સેનાપતિઓને, અને તેના મહત્વના
અમલદારોને વિશાળ લશ્કર સાથે યરૂશાલેમ મોકલ્યા. અને તેમણે યરૂ-
શાલેમ પહોંચીને ધોબીઘાટને ઘોરી માર્ગ પર આવેલા ઉપલા તળાવના
ગરનાળા આગળ પડાવ નાખ્યો,~ 18 અને રાજાને તેડાવ્યો; એટલે રા-
જાના મહત્વના અમલદારો હિલ્કિયાનો પુત્ર એલ્યાકીમ જે મહેલનો મુ-
ખ્ય કારભારી હતો, રાજયમંત્રી શેબ્ના અને આસાફનો પુત્ર યોઆહ જે
નોંધણીકાર હતો એ સૌને તેમણે મળવા મોકલ્યા.~ 19 સેનાપતિઓએ
તેમને કહ્યું કે, હવે તમે હિઝ્કિયાને જઈને કહો કે, આશ્શૂરનો રાજા કહે
છે કે,“તને આટલો બધો આત્મવિશ્વાસ શેનાથી છે?~ 20 શું તું એમ સમ-
જે છે કે, ખાલી મોઢાની વાતો, મુત્સદ્દીગીરી અને લશ્કરી બળનું સ્થાન
લઈ શકે છે? તું કોનો આધાર રાખીને મારી સામે બંડ પોકારે છે?~ 21 મિ-
સરીઓ ઉપર? મિસર તો ભાગેલા બરુ જેવું છે; જે કોઈ એનો આધાર લે
છે તેમના હાથ કપાઈ જાય છે. મિસરના રાજા ફારુનનો વિશ્વાસ કે
આધાર રાખી શકાય નહિ.”~ 22 અને કદાચ તમે એવું કહો, ‘અમને મુ-
શ્કેલીઓ અને પીડામાંથી બચાવવા માટે અમે યહોવા પર વિશ્વાસ રા-
ખીએ છીએ,’ તો શું એ તમે નહોતા કે જેણે, ઉચ્ચસ્થાનો, જ્યાં યહોવાને
યજ્ઞો કરાતાં હતાં તેનો નાશ કર્યો? અને એ તમે નહોતા કે, જેણે યહૂદા
અને યરૂશાલેમના લોકોને કહ્યું હતું કે, તેઓએ ફકત યરૂશાલેમમાં પૂજા
કરવી જોઇએ?”~ 23 તેથી હવે હું તમને કહું છું, “મારા ધણી આશ્શૂરના
રાજા સાથે સોદો કરી શકે તેવા 2,000 સૈનિકો તમારી પાસે હોય તો હું
તમને 2,000 ઘોડા આપવા તૈયાર છું.~ 24 તમે મારા ધણીના સેવકોનાં
એક પણ કપ્તાનને કેવી રીતે હરાવી શકો? જો તમે રથો અને ઘોડાઓ
માટે મિસર પર આધાર રાખો તો?~ 25 તમે શું એમ માનો છો કે, હું આ
દેશને ખેદાન-મેદાન કરવા ચઢી આવ્યો છું. તે યહોવાની સંમતિ વગર
આવ્યો હોઈશ? યહોવાએ પોતે મને કહ્યું છે કે, “તું આ દેશ પર ચઢાઈ
કરી એને ખેદાનમેદાન કરી નાંખ.”~ 26 એલ્યાકીમ, શેબ્ના અને યોઆહે
સેનાપતિઓને કહ્યું, “મહેરબાની કરીને અમારી સાથે અરામીભાષામાં
બોલો, અમે એ ભાષા સમજીએ છીએ. અમારી સાથે યહૂદીઓની ભાષા-
માં ના બોલશો. કારણ કે બધા લોકો જેઓ દિવાલ પર છે તેઓ સમજી
જશે કે તમે શું કહી રહ્યાં છો!”~ 27 પણ સેનાપતિએ કહ્યું, “શું અમારા
રાજાએ મને તમારી સાથે અને તમારા રાજાની સાથે જ વાત કરવા મોક-
લ્યો છે? તેણે મને આ કોટ પરના લોકોને પણ કહેવા મોકલ્યો છે. કા-
રણ કે તેમણે પણ તમારી જેમ પોતાનાં મળમૂતર પર જીવવું પડશે.”~
28 પછી આશ્શૂરના આ સંદેશવાહકે પેલા કોટ પર ઊભેલા લોકો સાંભળે
તે રીતે મોટા સાદે હિબ્રૂ ભાષામાં કહ્યું, “આશ્શૂરના રાજાધિરાજનો સંદેશ
સાંભળો:~ 29 રાજા કહે છે, “હિઝ્કિયાથી ભોળવાશો નહિ, એ તમને મા-
રા હાથમાંથી કદાપિ બચાવી શકશે નહિ.’~ 30 હિઝ્કિયાને અનુમતિ ન
આપશો કે, તે તમને યહોવા પર આધાર એમ કહીને રખાવે, “યહોવા
ચોક્કસપણે આપણને બચાવશે અને આ નગરનું આશ્શૂરના રાજાના
હાથે પતન નહિ થાય.”~ 31 તમે હિઝ્કિયા રાજાનું ચોક્કસ સાંભળશો
નહિ, કારણકે આશ્શૂરનો રાજા કહે છે કે, “મારી સાથે સુલેહ કરો અને
મારી પાસે આવો. પછી તમે દરેક તમારા પોતાના દ્રાક્ષના વાડાના અને
અંજીરના ઝાડોના ફળનો આનંદ માણશો. અને તમારા પોતાના કૂવાનું
પાણી પીશો.”~ 32 ત્યાં સુધી અહીં તમારા દેશમાં તમે શાંતિથી રહી શકો
છો. ત્યાર પછી હું તમને તમારા દેશ જેવા જ એક દેશમાં લઇ જઇશ,
અનાજ અને દ્રાક્ષારસનો દેશ, રોટલી અને દ્રાક્ષનીવાડીઓનો દેશ, જૈ-
તુન અને મધનો દેશ-તમે આમ કરો જેથી તમે મરશો નહિ પણ જીવી
જશો પણ જ્યારે હિઝ્કિયા રાજા તમને કહે કે, યહોવા તમને ઉગારશે તો
તેને સાંભળશો નહિ.~ 33 કોઈ પણ પ્રજાના દેવે મારા હાથમાંથી એના
દેશને બચાવ્યો છે ખરો?~ 34 હમાથ અને આર્પાદના દેવો કયાં છે? કયાં
છે સફાર્વાઈમ, હેના અને ઈવ્વાહના દેવો? એ દેવો સમરૂનને મારા હાથ-
માંથી છોડાવવા સમર્થ હતા ખરા?~ 35 આ બધા દેશોના દેવોમાંથી કયા
દેશના દેવો પોતાના દેશને મારા હાથમાંથી છોડાવી શક્યા? તો કેવી રી-
તે યહોવા યરૂશાલેમને મારા હાથમાંથી છોડાવશે?”~ 36 બધા લોકો
મૂંગા રહ્યા, કોઈ એક શબ્દ પણ બોલ્યું નહિ. કારણ, રાજાએ હુકમ કર્યો
હતો કે, “કોઈ એને જવાબ ન આપશો.”~ 37 મહેલોના મુખ્ય કારભારી
હિલ્કિયાનો પુત્ર એલ્યાકીમ, મંત્રી શેબ્ના અને આસાફનો પુત્ર નોંધણી-
કાર યોઆહ, હિઝ્કિયા રાજાની પાસે ગયા. તેઓએ નિરાશ થઇને પો-
તાનાં વસ્ત્રો ફાડયાં અને આશ્શૂરના રાજાના મુખ્ય સેનાપતિએ જે કહ્યું
હતું તે તેને કહી સંભળાવ્યું.

19 હિઝ્કિયા રાજાએ તેઓની પાસેથી સંદેશો સાંભળ્યો ત્યારે
તરત જ તેણે પોતાનાં વસ્ત્રો ફાડયાં. ત્યાર પછી તેણે શણનાં
વસ્ત્રો પહેર્યાં પછી તે યહોવાના મંદિરમાં પ્રાર્થના કરવા ગયો.~ 2 તેણે
મહેલના કારભારી એલ્યાકીમને, મંત્રી શેબ્નાને તથા વડીલ યાજકો-
માંના કેટલાકને જે બધાએ શણનાં વસ્ત્રો પહેર્યા હતા, તેમને આમોસ-
ના પુત્ર યશાયા પ્રબોધક પાસે સંદેશો આપવા મોકલ્યા.~ 3 તેમણે જઈ-
ને કહ્યું, હિઝ્કિયાએ આ પ્રમાણે કહેવડાવ્યું છે: “આજે અમારા માટે
દુ:ખનો દિવસ છે, સજાનો અને નામોશીનો દિવસ છે; કેમ કે બાળક
જન્મવા તૈયાર છે, પણ તેને જન્મ આપવાની શકિત માતા પાસે નથી,
એવી અમારી દશા છે.~ 4 આશ્શૂરના રાજાએ પોતાના સેનાપતિઓને
અમારા યહોવાની મશ્કરી કરવા મોકલ્યા છે. તમારા દેવ યહોવા તેના
શબ્દો સાંભળો અને તેને સજા કરે, તેથી હવે બાકી રહેલાઓ માટે પ્રાર્થ-
ના કરો.”~ 5 રાજા હિઝ્કિયાના મંત્રીઓએ યશાયા પાસે આવીને રાજા-
નો સંદેશો જણાવ્યો.~ 6 યશાયાએ જવાબ આપ્યો કે, “જાવ અને તમા-
રાં રાજાને કહો,” યહોવા કહે છે કે, આશ્શૂરના રાજાના સેવકો એ મારા
વિષે ખોટી વાતો કરી હતી તેનાથી તમે ગભરાશો નહિ.”~ 7 જુઓ, હું તે-
નામાં એક આત્મા મૂકીશ,ને તે એક અફવા સાંભળીને પોતાના દેશમાં
પાછો જશે; પછી હું તેને તેના પોતાના દેશમાં તરવારથી મારી ના-
ખીશ.”~ 8 આશ્શૂરનો વડો અમલદાર પાછો ફર્યો, ત્યારે તેને સમાચાર
મળ્યા કે, રાજા લાખીશ તેને છોડી જઈ લિબ્નાહ સામે લડી રહ્યો છે
એટલે તે તેને ત્યાં જઈને મળ્યો.~ 9 આશ્શૂરના રાજાને એવા સમાચાર
મળ્યા કે, કૂશનો રાજા તિર્હાકાહ તેના પર ચઢાઈ કરવા આવે છે, એટલે
તેણે ફરી યહૂદાના રાજા હિઝ્કિયાને પત્ર મોકલી કહેવડાવ્યું કે,~ 10 “તું,
યહૂદાના રાજા હિઝ્કિયાને જરુર કહેજે કે, તું જેના પર વિશ્વાસ રાખીને
બેઠો છે તે તારો યહોવા દેવ તને એમ કહીને છેતરે નહિ કે, “યરૂશાલેમ
આશ્શૂરના રાજાના તાબામાં જવાનું નથી.”~ 11 તું તો સારી રીતે જાણે
છે કે આશ્શૂરના રાજાઓ જ્યાં ગયા ત્યાં તેઓએ શું કર્યું છે. તેઓએ
સર્વનાશ કર્યો છે, તો પછી એ તને કયાંથી છોડવાનો છે?~ 12 પ્રજાઓ-

ના દેવો, જેનો મારા પૂર્વજોએ વિનાશ કર્યો હતો તેમને બચાવી શક્યા?
તેમાં ગોઝાન, હારાન, રેસેફ અને તલાસ્સારમાં રહેતા એદેનના લોકોનો
સમાવેશ થાય છે?"~ 13 હમાથના રાજાની, આર્પાદના રાજાની, સફાર્વા-
ઇમના રાજાની તથા હેનાના અને ઇવ્વાહના રાજાની કેવી દશા થઈ?~
14 હિઝિક્યાએ સંદેશવાહકો પાસેથી પત્ર લીધો, પછી તે યહોવાના
મંદિરમાં ગયો અને યહોવાની સમક્ષ એ પત્ર ખુલ્લો કરીને વાંચ્યો.~
15 પછી હિઝિક્યાએ યહોવા આગળ પ્રાર્થના કરી કે, હે ઇસ્રાએલના દેવ
યહોવા, "જેમનું આસન કરૂબના દેવદૂતો પર છે, પૃથ્વી પરનાં સર્વ લો-
કોના દેવ તમે એકલા જ છો, તમે આકાશ અને પૃથ્વીના સર્જનહાર
છો.~ 16 હે યહોવા, તમે કાન દઈને સાંભળો, તમારી આંખો ઉઘાડો અને
જુઓ, અને ધ્યાનથી સાંભળો કે કેવી રીતે સાન્હેરીબ હાજરાહજુર દેવની
મશ્કરી કરે છે.~ 17 હવે યહોવા, ખરેખર આશ્શૂરના રાજાઓએ પ્રજાઓ-
નો તથા તેમના દેશોનો નાશ કર્યો છે.~ 18 અને તેમના દેવોને અગ્નિમાં
પધરાવી દીધા છે! પણ એ દેવો નહોતા, એ તો માણસોના હાથની
બનાવેલી વસ્તુ, ફક્ત પથ્થર અને લાકડાં હતા, અને તેથી જ તેમણે તે-
મનો નાશ કર્યો હતો.~ 19 પણ હવે, ઓ અમારા દેવ યહોવા, અમને તે-
મના હાથમાંથી ઉગારો અને પૃથ્વીનાં બધાં રાજ્યોને ખબર પડવા દો
કે, તમે જ એક માત્ર દેવ છો."~ 20 પછી આમોસના પુત્ર યશાયાએ હિ-
ઝિક્યાને સંદેશો પહોંચાડયો કે, "ઇસ્રાએલના દેવ યહોવા આમ કહે છે
કે, "તેં આશ્શૂરના રાજા સાન્હેરીબ વિરૂદ્ધ મને પ્રાર્થના કરી હતી. મેં તારી
પ્રાર્થના સંભળી છે."~ 21 તેના વિષે યહોવા જે વચન બોલ્યા છે તે આ
છે:"સિયોનની કુંવારી પુત્રી તને તુચ્છ ગણે છે, તિરસ્કાર સહિત તારી
હાંસી ઉડાવે છે; યરૂશાલેમની પુત્રીએ તારા તરફ પોતાનું ડોકું ધુણાવ્યું
છે.~ 22 તમે કોની મજાક કરી છે? કોની ટીકા કરી છે? તેં કોની સામે
અવાજ ઉઠાવ્યો છે,ને ઉદ્ધતાઈભરી નજર કરી છે? તે ઇસ્રાએલના પવિ-
ત્ર દેવ વિરુદ્ધ જ!~ 23 તારા નોકરો મારફતે તેં યહોવા વિષે ખરાબ વાતો
કરી છે. તેં કહ્યું છે કે, "મારા રથો વડે હું પર્વતોના શિખર પર, લબાનોન-
ના દૂરતમ ખૂણાઓમાં ચઢયો છું, તેનાં સૌથી ઊંચા એરેજવૃક્ષોને તથા
તેનાં ઉત્તમ દેવદારનાં વૃક્ષોને મેં કાપ્યા; હું જંગલના સૌથી ગીચ પ્રદેશો-
માં પ્રવેશ્યો.~ 24 મેં જીતેલાં પ્રદેશોમાં કૂવા ખોદીને પરભોમનાં પાણી
પીધાં છે, અને મારા પગનાં તળિયાથી મેં મિસરની બધી નદીઓ સૂકવી
નાખી છે.~ 25 "તેં સાંભળ્યું નથી પણ મેં વિચારી જ રાખ્યું હતું. પ્રાચીન
કાળથી મેં એની યોજના કરી હતી અને અત્યારે મેં એ પરિપૂર્ણ કરી છે.
મેં તને કિલ્લેબંધ શહેરોને ખંડેરોમાં બદલવા દીધા હતાં.~ 26 તેથી ત્યાંના
રહેવાસીઓ શકિતહીન, ભયભીત અને હાંફળાં-ફાંફળાં બની ગયા હતા,
અને વગડાના છોડ જેવા, કુમળાં ઘાસ જેવા, ધાબા પર ઊગી નીકળેલાં,
ને લૂથી બળી ગયેલા ઘાસ જેવા બની ગયા હતા.~ 27 તારું નીચે બેસવું,
તારું બહાર જવું, તારું અંદર આવવું તથા મારા પર તારું કોપાયમાન
થવું એ સર્વ હું જાણું છું.~ 28 મારા પર ક્રોધ કરવાને લીધે હું તારા નાકમાં
કડી પહેરાવવાનો છું અને તારા મોંમા લગામ નાખવાનો છું અને જે રસ્તે
તું આવ્યો એ જ રસ્તે હું તને પાછો વાળી દેવાનો છું."~ 29 પછી યહો-
વાએ હિઝિક્યાને કહ્યું, 'આ તારા માટે આ ચિન્હ છે. આ વરસે તમે
આપમેળે ઊગી નીકળેલા દાણા ખાશો, અને બીજે વરસે એના દા-
ણાંમાંથી પાકેલું અનાજ ખાશો, અને ત્રીજે વર્ષે તમે વાવજો અને લણ-
જો, દ્રાક્ષની વાડીઓ કરજો અને તેનાં ફળ ખાજો.~ 30 યહૂદાના વંશના
રહ્યાસહ્યા માણસો, જેનાં મૂળ ઊંડાં ગયાં છે એવા છોડની જેમ ફૂલશે-
ફાલશે;~ 31 કારણ કે યરૂશાલેમમાં અને સિયોન પર્વત પર કેટલાક મા-
ણસો બચી જવા પામશે, યહોવાની આસ્થાના પ્રતાપે આ બધું સિદ્ધ
થશે.~ 32 "એટલે આશ્શૂરના રાજાના સંબંધમાં યહોવાની વાણી આ પ્ર-
માણે છે, "તે આ શહેરમાં પ્રવેશ નહિ કરે; તેમ તે એની સામે બાણ પણ
નહિ વીંધે, ઢાલ લઈને એની સામે નહિ આવે, તેમ એની સામે મોરચો
નહિ બાંધશો ઘેરો ઘાલવાનો ઢોળાવ પણ નહિ બાંધો.~ 33 તે જે રસ્તે
આવ્યો તે રસ્તે પાછો જશે. આ શહેરમાં તે પ્રવેશ નહિ કરે. આ હું યહોવા
બોલું છું.~ 34 મારે પોતાને માટે તેમજ મારા સેવક દાઉદને માટે હું આ
નગરનું રક્ષણ કરીશ અને તેને ઉગારી લઈશ."~ 35 એ જ રાત્રે યહોવાના
દૂતે જઈને આશ્શૂરીઓની છાવણીમાં 1,85,000 માણસોને મારી ના-
ખ્યા, અને સવારે લોકોએ જાગીને જોયુ તો બધા મરેલાં પડ્યાં હતા.~
36 તેથી આશ્શૂરનો રાજા સાન્હેરીબ પાછો ઘરે જતો રહ્યો. તે નિનવેહમાં
રહ્યો.~ 37 એક દિવસ તે પોતાના દેવ નિસ્રોખના મંદિરમાં પૂજા કરતો
હતો, ત્યારે તેના પુત્રો આદામ્મેલેખે અને શારએસેરે તેને તરવારથી મારી
નાખી 'અરારાટ' દેશમાં ભાગી ગયા. તેનો પુત્ર એસાર-હાદોન તેના પછી
ગાદીએ આવ્યો અને રાજ કર્યું.

20 આ સમય દરમ્યાન રાજા હિઝિક્યા મરણતોલ માંદગીમાં સપ-
ડાયો, ત્યારે આમોસના પુત્ર યશાયા પ્રબોધકે તેની મુલાકાતમાં
રાજાને કહ્યું, 'આ યહોવાનાં વચન છે, "તારા કુટુંબની છેલ્લી વ્યવસ્થા જે
કરવી હોય તે કરી લે, મરણની તૈયારી કર, હવે તું સાજો થવાનો નથી.~
2 ત્યારે હિઝિક્યાએ ભીત તરફ મોં કરી યહોવાને આ પ્રમાણે પ્રાર્થના
કરી;~ 3 "ઓ યહોવા, એટલું ધ્યાનમાં રાખજે, અને યાદ રાખજે કે હું
સફળ અને પ્રામાણિક જીવન જીવ્યો છું અને તે ચોધાર આંસુએ રડી
પડયો.~ 4 યશાયા ત્યાંથી નીકળીને નગરની અધવચ પહોંચ્યો તે પહે-
લાં એમ બન્યું કે, તેને યહોવાની વાણી સંભળાઈ કે,~ 5 "તું પાછો જઈને
મારા લોકોના આગેવાન હિઝિક્યાને કહે કે, 'આ તારા પિતૃ દાઉદના દેવ
યહોવાનાં વચન છે: મેં તારી પ્રાર્થના સાંભળી છે અને તારાં આંસુ મેં જો-
યાં છે. હું તને સાજો કરીશ અને આજથી ત્રિજે દિવસે તું મંદિરે જઈશ.~
6 હું પંદર વર્ષ તારું આયુષ્ય વધારીશ. તને અને આ શહેરને આશ્શૂરના
રાજાના હાથમાંથી ઉગારી લઈશ. મારી પોતાની અને મારા સેવક દાઉદ-
ને આપેલ વચન માટે હું એનું રક્ષણ કરીશ."~ 7 યશાયાએ કહ્યું, "અંજી-
રની પોટીસ લાવીને તેના ગૂમડા પર લગાવો અને રાજા સાજો થઈ
જશે."~ 8 પછી હિઝિક્યાએ યશાયાને પૂછયું, "યહોવા મને સાજો કરી દે-
શે અને હું ત્રીજે દિવસમાં મંદિરે જઈશ, એની એંધાણી શી?"~ 9 યશા-
યાએ કહ્યું, "આ એંધાણી યહોવા તરફથી આવે છે. હાં, તેમણે જેનું
વચન આપ્યું હતું તે જરુર કરે છે. આ છાંયડો~ 10 ડગલા આગળ જાય
કે~10~ડગલા પાછો જાય."~10~ત્યારે હિઝિક્યાએ કહ્યું, છાંયડો-
ને~10~ડગલા આગળ જવું તો સહેલું છે, પણ એ~10~ડગલા પાછળ
જાય એમ કરો."~ 11 પ્રબોધક યશાયાએ યહોવાને મોટેથી પોકાર કર્યો,
છાંયડાને~10~ડગલા પાછળ હઠાવ્યો, આ રીતે સૂર્ય આહાઝના સૌર-
ઘડિયાલ પર ક્ષીણ થયો.~ 12 તે સમયે બાબિલના રાજા બાલઅદાનના
પુત્ર બરોદાખ-બાલઅદાને કેટલાક માણસોને શુભેચ્છા પત્રો અને ભેટ
લઈને હિઝિક્યા પાસે મોકલ્યા કારણ કે તેણે તેની માંદગીના સમાચાર
જાણ્યા હતા.~ 13 હિઝિક્યાએ તેઓનો આભાર માન્યો અને તેઓને પો-
તાનો આખો ખજાનો બતાવ્યો, તેના ભંડારના બધા જ ચાંદી, સોનું, સુ-
ગંધી દ્રવ્યો, મૂલ્યવાન તેલ અને શસ્રભંડાર એ સર્વ તેને બતાવ્યું.~
14 ત્યારે પ્રબોધક યશાયાએ આવીને હિઝિક્યાને પૂછયું, "એ લોકો
કયાંથી આવ્યા અને તેમણે શું કર્યુ?"હિઝિક્યાએ કહ્યું, "તેઓ દૂરના દેશ
બાબિલથી આવ્યા છે."~ 15 યશાયાએ પૂછયું, "એ લોકોએ તારા મહેલ-
માં શું શું જોયું?" હિઝિક્યાએ કહ્યું, "એ લોકોએ મારા મહેલમાં બધું જ
જોયું છે. જે કંઈ પણ ભંડારમાં હતું તે બધું તેમણે જોયું છે, ત્યાં કંઈ બા-
કી નહોતું રાખ્યું જે મેં તેમને ન બતાવ્યું હોય."~ 16 ત્યારે યશાયાએ
કહ્યું, "યહોવાનાં વચન સાંભળ, તે કહે છે;~ 17 એવો સમય આવી રહ્યો
છે જયારે તારા મહેલમાંનું બધું જ, તારા પિતૃઓએ આજ સુધી જે કંઈ
ભેગું કર્યુ છે તે બધું જ, બાબિલ લઈ જશે. કશું જ બાકી રહેશે નહિ.~
18 અને તારા પોતાના પુત્રોને લઈ જઈને બાબિલના રાજાના મહેલમાં
નોકરો તરીકે રાખવામાં આવશે."~ 19 હિઝિક્યાએ કહ્યું, "તમે યહોવાનાં
જે વચન સંભળાવ્યાં તે સારાં છે."તેણે વિચાર્યુ કે, "હું જીવીશ ત્યાં સુધી
તો શાંતિ અને સુરક્ષા કાયમ રહેશે ને?"~ 20 હિઝિક્યાનાઁ શાસનનાં બી-
જા બનાવો અને તેણે કરેલા કાર્યોની તથા તેણે નગરમાં પાણી લાવવા
માટે બંધાવેલાં નહેરો અને બંધો આ બધું "યહૂદાના રાજાઓનાં ઇતિ-
હાસ" નામક પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 21 એ પછી હિઝિક્યા પિતૃલોકને
પામ્યો એટલે તેનો પુત્ર મનાશ્શા તેના પછી ગાદીએ આવ્યો અને રાજ
કરવા લાગ્યો.

21 યહૂદાનો નવો રાજા મનાશ્શા ગાદીએ આવ્યો, ત્યારે તેની ઉંમર
12 વર્ષની હતી, તેણે યરૂશાલેમમાં 55 વર્ષ રાજ કર્યુ, તેની મા-
તાનું નામ હેફસીબાહ હતું.~ 2 યહોવાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય તેવું
આચરણ કર્યું જેવી કે પ્રજાઓ દ્વારા કરાતી તિરસ્કૃત વસ્તુઓ જેને યહો-
વાએ હાંકી કાઢી હતી જ્યારે યહોવાએ તેમની જમીન ઇસ્રાએલીઓને
આપી દીધી હતી.~ 3 તેના પિતા હિઝિક્યાએ તોડી પાડેલા ઉચ્ચસ્થા-

નો પરનાં થાનકો તેણે ફરી બંધાવ્યાં, તેણે બઆલને માટે યજ્ઞ વેદીઓ
ચણાવી અને ઈસ્રાએલના રાજાની જેમ અશેરાદેવીની મૂર્તિ બનાવી
અને તેની પૂજા કરી, અને આકાશમાંનાં બધાં નક્ષત્રોની સેવાપૂજા કર-
વાનું શરૂ કર્યું.~ 4 જે મંદિર વિષે યહોવાએ એમ કહ્યું હતું કે, "યરૂશાલેમ-
માં મારા નામની સ્થાપના કરીશ." તે મંદિરમાં તેણે વેદીઓ ઊભી
કરી.~ 5 યહોવાના મંદિરનાં, બંને પ્રાંગણમાં આકાશમાંના બધાં નક્ષત્રો
અને ગ્રહો માટે વેદીઓ બંધાવી.~ 6 તેણે પોતાના પુત્રને હોમયજ્ઞમાં હો-
મી દીધો. તે લાભમુહૂર્ત પૂછતો, જાદુ કરતો, ને ભૂવાઓ તથા જાદુગરો
સાથે વ્યવહાર રાખતો; તેણે યહોવાને ન ગમે તેવાં બીજા અનેક કાર્યો
કરી યહોવાનો રોષ વહોરી લીધો.~ 7 તેણે અશેરાદેવીની કંડારેલી મૂર્તિ
બનાવડાવી અને તેને યહોવાના મંદિરમાં સ્થાપી, જે યહોવાએ દાઉદને
અને તેના પુત્ર સુલેમાનને કહ્યું હતું કે, ઇસ્રાએલના બધા વંશોના પ્રદે-
શમાંથી યરૂશાલેમ નગરીનો આ પ્રદેશ પસંદ કર્યો હતો. જ્યાં મારું
મંદિર છે અને મારું નામ જ્યાં હંમેશા સ્થપાયેલું રહેશે.~ 8 જો ઇસ્રાએ-
લીઓ મારા સેવક મૂસાએ તેમને સોંપેલી મારી બધી આજ્ઞાઓ અને મા-
રા ઉપદેશોનું પાલન કરશે તો હું તેમને, તેમના પૂર્વજોની ભૂમિમાંથી
જવા નહિ દઉં.~ 9 પણ તે લોકોએ સાંભળ્યું નહિ અને મનાશ્શાએ તેમ-
ની પાસે હજુ ખરાબ કામો કરાવ્યા જે ઇસ્રાએલીઓ પહેલાની પ્રજા જેનો
યહોવાએ વિનાશ કર્યો હતો.~ 10 ત્યારે યહોવાએ પોતાના સેવક પ્રબો-
ધકો મારફતે કહ્યું કે,~ 11 "યહૂદાના રાજા મનાશ્શાએ આ બધાં શરમજ-
નક કાર્યો કર્યા છે, અને એના પહેલાં અમોરીઓએ કરેલાં દુષ્ટ કૃત્યોને
પણ તેઓ વટાવી ગયાં છે, અને તેણે યહૂદાના લોકોને મૂર્તિપૂજા કરા-
વીને પાપમાં પ્રેર્યા છે.~ 12 તેથી હું આ વચનો ઉચ્ચારું છું: "હું યહોવા,
યરૂશાલેમ અને યહૂદા પર એવી આફત ઉતારીશ કે જે કોઈ એ સાંભળશે
તેના કાનમાં તે ગુંજ્યાં કરશે.~ 13 હું યરૂશાલેમને, સમરૂનને જે દોરીથી
માપ્યું હતું તે જ દોરીથી માપીશ, અને આહાબને માટે વાપર્યો હતો તે જ
ઓળંબો એને માટે પણ વાપરીશ, કોઈ માણસ થાળી સાફ કરીને ઊંધી
પાડી દે, તેમ હું યરૂશાલેમને સાફ કરી નાખીશ.~ 14 મારા પોતાના લો-
કોમાંના બાકી રહેલાઓને હું તજી દઇશ અને તેમને તેમના દુશ્મનોના
હાથમાં સોંપી દઈશ; તેઓ લૂંટનો અને દુશ્મનોનો ભોગ થઈ પડશે.~
15 કારણ તેમના પિતૃઓએ મિસરમાંથી બહાર આવ્યા ત્યારથી આજ
સુધી મારી દ્રષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કરી તેમણે મારો
રોષ વહોરી લીધો છે.~ 16 વળી મનાશ્શાએ યરૂશાલેમ લોહીથી છલો-
છલ ભરાઈ જાય એટલું બધું નિર્દોષોનું લોહી રેડ્યું હતું. ઉપરાંત, તેણે
યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કરી, યહૂદાવાસીઓ-
ને જે પાપ કરવા પ્રેર્યા તે તો જુદું."~ 17 મનાશ્શાનાઁ શાસનનાં બીજા
બનાવો અને કાર્યો યહૂદાના રાજાઓના ઇતિહાસ નામક પુસ્તકમાં
લખાયેલાઁ છે.~ 18 મનાશ્શા પિતૃલોકને પામ્યો અને તેને ઉઝઝાના
બગીચામાં આવેલી તેના કુટુંબની કબરમાં દફનાવવામાં આવ્યો, તેના
પછી તેનો પુત્ર આમોન ગાદીએ આવ્યો.~ 19 જ્યારે આમોન રાજા
બન્યો ત્યારે તેની ઉંમર બાવીસ વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં બે
વર્ષ રાજ કર્યું, તેની માતાનું નામ મશુલ્લેમેથ હતું, તે યોટબાહના હારુસ-
ની પુત્રી હતી.~ 20 તેણે તેના પિતા મનાશ્શાની જેમ યહોવાની દ્રષ્ટિમાં
અયોગ્ય તેવું આચરણ કર્યું.~ 21 તેના પિતાની જેમ તેણે પણ ભૂંડાઈથી
રાજ કર્યું, તેણે એ જ મૂર્તિઓની પૂજા ચાલુ રાખી.~ 22 તેણે પોતાના પિ-
તૃઓના યહોવા દેવનો ત્યાગ કર્યો અને દેવની સલાહ સાંભળવાની ના
પાડી.~ 23 આખરે તેના નોકરોએ તેની વિરૂદ્ધ કાવતરું ઘડીને, અને તેને
રાજમહેલમાં મારી નાખ્યો.~ 24 પરંતુ દેશના લોકોએ બધા કાવતરાઁ ખો-
રોને મારી નાખ્યા અને તેના પુત્ર યોશિયાને ગાદીએ બેસાડયો.~ 25 રા-
જા આમોનનાઁ શાસનનાં બીજાં બનાવો અને કાયેરા યહૂદાના રાજાઓ-
ના ઇતિહાસ નામક પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 26 તેને ઉઝઝાના બગી-
ચામાં તેના પિતાની કબરમાં દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર
યોશિયા ગાદીએ આવ્યો.

22 ~જ્યારે યહૂદાનો નવો રાજા યોશિયા ગાદીએ આવ્યો ત્યારે
આઠ વર્ષનો હતો, તેણે યરૂશાલેમ પર એકત્તીસ વર્ષ રાજ કર્યું,
તેની માતાનું નામ યદીદા હતું. તે બોસ્કાથના અદાયાની પુત્રી હતી.~
2 તેનું શાસન સારું હતું. તે તેના પિતૃ દાઉદને પગલે ચાલ્યો અને સંપૂ-
ર્ણ રીતે યહોવાને આધીન રહ્યો.~ 3 પોતાના રાજયના~18~મેં વર્ષે તે-
ણે મશુલ્લામના પુત્ર અસાલ્યાના પુત્ર શાફાનને બોલાવ્યો અને તેમને
યહોવાના મંદિરમાં આ સંદેશો આપીને મોકલ્યો:~ 4 "મુખ્ય યાજક હિ-
લ્કિયા પાસે જા અને કહે કે, તે પૈસા સાથે તૈયાર રહે જે પૈસા લોકોએ
યહોવાને અર્પણ કર્યા હતા અને દરવાનોએ એકઠા કર્યા હતાં.~ 5 અને
પછી યહોવાના મંદિરમાં ચાલતા કામના વ્યવસ્થાપકોને સોંપતા.~
6 તેઓએ તે પૈસા મંદિરના સમારકામમાં રોકાયેલા સુથારો, મિસ્રીઓ
અને કડિયાઓને પગાર ચૂકવવામાં અને મંદિરના સમારકામ માટે લાક-
ડું અને વહેરેલા પથ્થર ખરીદવામાં આપ્યા.~ 7 તેમને સોંપેલાં નાણાંનો
તેઓ હિસાબ માગવાના નથી. કારણ, તેઓ પ્રામાણિક છે."~ 8 મુખ્ય-
યાજક હિલ્કિયાએ સચિવ શાફાનને કહ્યું, "મને યહોવાના મંદિરમાંથી
નિયમશાસ્ત્રનું પુસ્તક મળી આવ્યું છે." હિલ્કિયાએ તે પોથી શાફાનને
આપી અને તેણે તે વાંચી જોઈ.~ 9 પછી સચિવ શાફાને રાજા પાસે જઈ-
ને જણાવ્યું કે, "આપના સેવકોને મંદિરમાંથી ચાંદી મળી અને તે તેમણે
મંદિરનું સમારકામ કરતાં માણસોને આપી દીધી."~ 10 પછી તેણે ખબર
આપી કે, "યાજક હિલ્કિયાએ મને એક પોથી આપી છે." અને તેણે રા-
જાને તે પોથી મોટેથી વાંચી સંભળાવી.~ 11 એ જે ક્ષણે રાજાએ ટીપ-
ણાંમાં શું લખેલું છે સાભળ્યું, રાજા ખૂબ વ્યથિત બની ગયો અને તેણે
પોતાનાં વસ્ત્રો ફાડી નાખ્યાં.~ 12 તેણે હિલ્કિયા યાજકને, શાફાનને,
પોતાના મદદનીશ અસાયાને, શાફાનના પુત્ર અહીકામને તથા મીખા-
માહના પુત્ર આખ્બોરને આજ્ઞા કરી.~ 13 જાઓ અને મારા અને લોકોના
વતી આ જે પોથી મળી આવી છે તેમાંનાં વચનો વિષે યહોવાને પ્રશ્ર્ન
કરો. આપણા પર યહોવા ખૂબ રોષે ભરાયા છે અને તેઓ આપણને
સજા કરશે, કારણકે આપણા પૂર્વજોએ આ પોથીમાં જે કંઈ કરવાનું
લખવામાં આવ્યું છે તેનું પાલન કર્યુ નહોતું. તેમાં જે આપણે કરવું જો-
ઈએ તેમ કહ્યું છે, તે આપણે નહોતું કર્યું."~ 14 યાજક હિલ્કિયા, અહી-
કામ, આખ્બોર, શાફાન અને અસાયાલ પ્રબોધિકા હુલ્દાહની સલાહ લે-
વા ગયા, તેણી તિકવાહનો પુત્ર અને હાહાર્સનો પૌત્ર, શાલ્લુમની પત્ની
હતી. શાલ્લુમ મંદિરના વસ્રભંડારનો ઉપરી હતો, તેની પત્ની હુલ્દાહ
યરૂશાલેમ નગરમાં બીજા વિસ્તારમાં રહેતી, તેણી એક પ્રબોધિકા
હતી.~ 15 આ પ્રબોધિકાએ ઇસ્રાએલના યહોવા દેવ તરફથી તેઓને
સંદેશો આપ્યો, "તમને મારી પાસે મોકલનાર માણસને કહેજો,~
16 "યહોવા આમ કહે છે, "જુઓ હું આ નગર અને તેના લોકો પર મુશ્કે-
લીઓ લાવવાનો છું. હા, યહૂદાના રાજાએ પુસ્તકમાં વાંચ્યા પ્રમાણે."~
17 કારણ એ લોકોએ મને છોડી દઈને બીજા દેવોને ધૂપ અર્પણ કરવાનું
શરૂ કર્યુ છે. આ બધાં કુકમોર્થી તેમણે મને ગુસ્સે કર્યો છે; મારો રોષ આ
ભૂમિ પર ભભૂકી ઊઠશે અને તે શાંત પડવાનો નથી."~ 18 અને જે વ્ય-
કિતએ તમને યહોવાને પ્રશ્ર્ન કરવા મોકલ્યો છે તે યહૂદાના રાજાને તમે
જઇને કહો, ઇસ્રાએલના દેવ યહોવા તમે સાંભળેલી વાતો વિષે આમ
કહે છે.~ 19 જ્યારે તમે ખૂબ દિલગીર થયા અને મારા પગે પડ્યા, જ્યારે
તમે જાણ્યું કે આ નગર અને તેના લોકો શ્રાપિત થશે અને નિર્જન થઇ
જશે, ત્યારે તમે તમારા વસ્રો ફાડી નાખ્યાં અને પશ્ચાતાપથી મારી પાસે
રડ્યાં, તેથી હું પણ તમને સાંભળીશ." અને એટલે હું આ જગ્યા પર જે
આફતો ઉતારનાર છું તે તારે નજરે જોવી નહિ પડે.~ 20 તે પહેલાં તું તા-
રા પિતૃઓ ભેગો થઈ જશે, અને શાંતિથી તું કબરમાં પહોંચી જશે."
તેઓ આ ઉત્તર લઈને રાજા પાસે ગયા.

23 ત્યારબાદ રાજાએ પોતાની સાથે યહોવાના મંદિરમાં આવવા
માટે સંદેશવાહકો મોકલીને યરૂશાલેમના તથા યહૂદાના વડીલો
તથા આગેવાનોને બોલાવ્યા.~ 2 યરૂશાલેમ અને યહૂદાના સર્વ યાજકો,
પ્રબોધકો, અને નાનાથી મોટા સર્વ લોકો મંદિર આગળ ભેગા થયા. રા-
જાએ તેઓની આગળ મંદિરમાંથી મળી આવેલું દેવના નિયમશાસ્ત્રનું
પુસ્તક પૂરેપૂરું વાચી સંભળાવ્યું.~ 3 ત્યારબાદ રાજાએ મંચ પર ઊભા
રહીને, તેમને યહોવાને અનુસરવાનું કહ્યું. અને તેના બધા આદેશો અને
હુકમોનું પાલન કરવાનું અને તેમની બધી સુચનાઓને તેમના પૂર્ણ હ્-
દયથી અને તેમના પૂર્ણ આત્માથી અનુસરવાનું કહ્યું. અને એ રીતે આ
પુસ્તકમાં લખેલા કરારની શરતોનો પૂરેપૂરો અમલ કરવાની પ્રતિજ્ઞા
કરી; અને બધા લોકોએ પણ એ કરારનું પાલન કરવાની પ્રતિજ્ઞા લી-
ધી.~ 4 એ પછી રાજાએ વડા યાજક હિલ્કિયાને તથા મદદનીશ યાજક-
ને તેમજ દ્વારના રક્ષકોને બઆલદેવની અશેરાદેવીની તેમજ આકાશનાં

નક્ષત્રોની પૂજામાં વપરાતી બધી સામગ્રી યહોવાના મંદિરમાંથી હઠાવી
લેવાનો હુકમ કર્યો, અને તે બધીને તેણે યરૂશાલેમ બહાર કિદ્રોનનાં કો-
તરમાં બાળી મુકાવી, અને તેની રાખ બેથેલ લઈ જવામાં આવી.~ 5 તે-
ણે યહૂદાના રાજાઓએ, યહૂદાના નગરોમાંના અને યરૂશાલેમની આસ-
પાસનાં ઉચ્ચસ્થાનોમાં ધૂપ અર્પણો કરવા નીમેલા વિધર્મી ચાજકોને
બરતરફ કર્યા, આમાં બધાં જેમણે બઆલમાં અર્પણો કર્યા હતા તે, સૂ-
ર્ય,ચંદ્ર, નક્ષત્રો અને આકાશના બધાં સમૂહોનો સમાવેશ થતો હતો.~
6 યરૂશાલેમના મંદિરમાંથી અશેરાદેવીની મૂર્તિને યરૂશાલેમની બહાર
કિદ્રોનના કોતરમાં લઈ જઈને બાળીને ભસ્મ કરી નાખી અને તેની રાખ
ગાઝા નજીક સામાન્ય લોકોની કબરો પર ફેંકી દીધી.~ 7 તેણે યહોવાના
મંદિરમાં આવેલું દેવદાસો અને દેવદાસીઓ માટેનું ઘર, જેમાં સ્રીઓ
અશેરા માટે વસ્ત્રો વણતી, તે તોડી પાડયું.~ 8 યહૂદાના નગરોમાંથી તે-
ણે બધા યાજકોને યરૂશાલેમમાં ભેગા કર્યા, અને ગેબાથી બેર-શેબા સુ-
ધી સર્વત્ર તેઓ જ્યાં જ્યાં અર્પણ સ્તંભ અને અર્પણ વેદીઓ હતી, તે
બધાં તેણે ષ્ટ કર્યા. પછી તેણે નગરના શાસક યહોશુઆના દરવાજા
પાસે આવેલા ઉચ્ચસ્થાનો તોડી નાખ્યા. જે મુખ્ય નગર દરવાજાની ડા-
બી બાજુએ હતો.~ 9 પરંતુ એ થાનકોના યાજકો યરૂશાલેમમાં આવેલી
વેદીની પૂજા કરવા આવ્યા નહોતા, તેઓએ તેમના કુટુંબો વચ્ચે બેખ-
મીર રોટલી ખાધી. 10 હવે પછી કોઈ પણ વ્યકિત પોતાના પુત્ર કે પુત્રીને
મારી નાખીને તેનું બલિદાન તરીકે અર્પણ ન કરી શકે, કારણકે રાજાએ
બેન-હિન્નોમની ખીણમાં આવેલી તોફેથની વેદીને પણ તોડી પાડી
હતી.~ 11 તેણે નાથાન મેલેખના નિવાસસ્થાન પાસે મંદરિના મુખ્ય પ્ર-
વેશદ્વાર આગળ આવેલી ઘોડાઓની પ્રતિમાઓને તોડી પાડી. તેણે સૂ-
ર્ય દેવને સમર્પિત થયેલા રથોને બાળી મૂક્યા.~ 12 આહાઝના ઉપરના
ઓરડા પર યહૂદાના રાજાઓએ બંધાવેલી વેદીઓ હતી, તેને તોડી પા-
ડી. ત્યાર પછી મંદિરના બંને આંગણામાં મનાશ્શાએ બાંધેલી બે વે-
દીઓ હતી, તે પણ તેણે તોડી નાખી, એ સર્વને ભાંગીને ભૂકો કર્યો અને
એ ભૂકો કિદ્રોનની ખીણમાં ફેંકી દીધો.~ 13 વળી તેણે ઇસ્રાએલની પૂર્વ
તરફના ઉચ્ચસ્થાનકો અપવિત્ર કર્યા. તે ઇસ્રાએલના સુલેમાન રાજાએ
બંધાવેલી "વિનાશક ટેકરીઓની" દક્ષિણે હતાં જે તેણે આશ્તોરેથ માટે
બંધાવી હતી જે સિદોનીઓની ભયાનક દેવી હતી, મોઆબીઓના
ભયાનક દેવ કમોશ અને આમ્મોનીઓના ભયાનક દેવ, મિલ્કોમના
સ્થાનકો પણ તોડી પાડ્યાં.~ 14 તેણે સ્તંભો તોડી પાડયા અને અશેરા-
દેવીનાં પ્રતીકો કાપી નાખ્યાં. તેઓ જે જગ્યાએ ઊભાં હતાં તે જગ્યાઓ
માણાસોનાં હાડકાંઓથી પૂરી દીધી.~ 15 એ જ રીતે બેથેલની વેદી અને
ઉચ્ચસ્થાનો, જે ઇસ્રાએલને પાપ કરવા પ્રેરનાર નબાટના પુત્ર યરો-
બઆમે બંધાવી હતી તેનો પણ તેણે નાશ કર્યો, તેના પથ્થરોને ભેગા
કરીને ભાંગીને ભૂકો કરી ફેકી દીધો અને અશેરાદેવીની બધી નિશાની-
ઓને બાળી મૂકી.~ 16 જ્યારે યોશિયા બીજી તરફ ફર્યો ત્યારે તેણે એક
ટેકરી પર કેટલીક કબરો જોઈ, આ રીતે, જે રીતે દેવના માણસે ભવિષ્ય-
વાણી ભાખી હતી તે પ્રમાણે જ તેણે વેદીને ષ્ટ કરી.~ 17 અને તેણે પૂછ-
યું, "ત્યાં પેલું સ્મારક શાનું છે?"નગરના લોકોએ કહ્યું, "એ તો જે દેવના
માણસ એલિયાએ યહૂદાથી આવીને તમે બેથેલની વેદીના જે હાલ કર્યા
તેની અગમ વાણી ભાખી હતી તેની કબર છે."~ 18 તેણે કહ્યું, "એ ભલે
રહી." કોઈ એનાં હાડકાં ખસેડશો નહિ." તેથી તેઓએ તેનાં હાડકાં છો-
ડી દીધાં અને સમરૂનથી આવેલા દેવના માણસનાં હાડકાંને પણ કોઈ
અડયું નહિ.~ 19 વળી, યોશિયાએ સમરૂનનાં નગરોમાં ઇસ્રાએલના રા-
જાઓએ બનાવેલા ઉચ્ચસ્થાનકોનો નાશ કરીને જે યહવોનો રોષ વહો-
રી લીધો હતો, તે બધાંની પણ તેણે બેથેલમાં કરી હતી તેવી જ દશા
કરી.~ 20 એ ટેકરી ઉપરનાં થાનકોના બધા યાજકોનો તેણે વેદીઓ પર
વધ કર્યો, અને તે વેદીઓ પર તેણે માણસનાં હાડકાં બાળ્યાં, પછી તે
યરૂશાલેમ પાછો ગયો.~ 21 રાજાએ સમગ્ર પ્રજાને આ પ્રમાણે આજ્ઞા
કરી, "તમારા દેવ યહોવાના માનમાં, કરારના આ પુસ્તકમાં ઠરાવ્યા મુ-
જબ, પાસ્ખાપર્વ ઊજવો."~ 22 ન્યાયાધીશોના સમયથી કયારેય આવો
પાસ્ખાપર્વ ઊજવાયો નહોતો, ઇસ્રાએલ કે યહૂદાના એક પણ રાજા દ્વા-
રા પણ નહિ.~ 23 પણ યોશિયાના અમલના 18 મે વષેર્ જ આ પાસ્ખા-
પર્વ યહોવાના માનમાં યરૂશાલેમમાં ઊજવાયો.~ 24 આ ઉપરાંત યોશિ-
યાએ યાજક હિલ્કિયાને યહોવાના મંદિરમાંથી મળેલી પોથીમાંના નિય-
મશાસ્ત્રાનાં વચનોનું પાલન કરવા માટે કહ્યું અને બધાં તાંત્રિકો, મેલી
વિદ્યાના ઉપાસકો, કુળદેવો અને યહૂદાના પ્રદેશમાં અને યરૂશાલેમમાં
જોવામાં આવતી બધી મૂર્તિઓ જે અનાદરને પાત્ર હોય તે બધી બાળી
નાખીને તેનો નાશ કરીને તે જગ્યા સાફ કરી નાખી.~ 25 એના પહેલાં કે
પછી એવો કોઈ રાજા થયો નથી, જેણે મૂસાના નિયમશાસ્ત્રનું પાલન
કરીને પૂરા હૃદયથી અને સંપૂર્ણ બળથી યહોવાની ભકિત કરી હોય."~
26 તેમ છતાં મનાશ્શાના ખરાબ કૃત્યોને કારણે યહૂદા વિરૂદ્ધ યહોવાને
ચઢેલો ભારે રોષ હજુ શમ્યો ન હતો.~ 27 યહોવાએ જાહેર કર્યું કે, "હું યહૂ-
દીઓને પણ ઇસ્રાએલીઓની જેમ મારા સાન્નિધ્યથી દૂર હડસેલી મુ-
કીશ. મેં પસંદ કરેલા આ નગર યરૂશાલેમને તેમજ યહોવાના જે મંદિરને
વિષે મેં એમ કહ્યું હતું કે, "ત્યાં મારું નામ કાયમ રહેશે." તેને પણ હું દૂર
કરીશ."~ 28 યહૂદાના રાજા યોશિયાનાઁ શાસનનાં બીજા બનાવો યહૂદા-
ના રાજાઓના ઇતિહાસ નામક પુસ્તકમાં લખાયેલાઁ છે.યોશિયાનું મૃ-
ત્યુ~ 29 એના અમલ દરમ્યાન મિસરના રાજા ફારુન નકોહ આશ્શૂરના
રાજાને મદદ કરવા ફ્રાત નદી આગળ જવા નીકળ્યો હતો અને રાજા યો-
શિયાએ તેને માર્ગમાં અટકાવ્યો હતો; નકોહ રાજાએ તેને જોયો ત્યારે
તેણે એને મગિદ્દોમાં મારી નાખ્યો.~ 30 તેના અધિકારીઓ તેના મૃતદેહ-
ને રથમાં મૂકીને મગિદ્દોથી યરૂશાલેમ લાવ્યા અને તેના મૃત્યુ અગાઉથી
તેણે પસંદ કરી રાખેલી કબરમાં તેને દફનાવ્યો. પછી તેના પુત્ર યહોઆ-
હાઝને તેના પિતાની જગ્યાએ નવા રાજા તરીકે પસંદ કરીને અભિષિક્ત
કર્યો.~ 31 યહૂદાનો નવો રાજા યહોઆહાઝ ગાદીએ બેઠો, ત્યારે તે ત્રે-
વીસ વર્ષનો હતો, તેણે યરૂશાલેમમાં ત્રણ મહિના રાજ કર્યું, તેની માતા-
નું નામ હમૂટાલ હતું. તે લિબ્નાહના યમિર્યાની પુત્રી હતી.~ 32 યહોઆ-
હાઝે પોતાના પિતૃઓની જેમ યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું
આચરણ કર્યું.~ 33 ફારુન નકોહે તેને યરૂશાલેમ કબજે કરતો અટકાવ-
વા માટે હમાથમાં કેદ પકડયો અને પછી તેણે દેશ પર 7,500 પાઉંડ
ચાંદી અને 75 પાઉંડ સોનાનો કર નાખ્યો.~ 34 ફારુને યોશિયાના પુત્ર
એલ્યાકીમને તેના પિતા યોશિયા પછી રાજા બનાવ્યો અને તેનું નામ
બદલીને યહોયાકીમ રાખ્યું. યહોઆહાઝને તે મિસર લઈ ગયો અને ત્યાં
તેનું અવસાન થયું.~ 35 યહોયાકીમે ફારુનને સોનું અને ચાંદી
આપ્યાં.પરંતુ લોકો પર, તેમના દરજ્જા પ્રમાણે કર નાખ્યો, તેણે તેમ કર્યું
જેથી તે ફારુનની માંગોને પહોંચી વળે.~ 36 યહોયાકીમ ગાદીએ આવ્યો
ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી. અને તેણે યરૂશાલેમમાં 11 વર્ષ રાજ
કર્યુ. તેની માતાનું નામ ઝબીદાહ હતું અને તે રૂમાહના પેદાયાની પુત્રી
હતી.~ 37 યહોયાકીમે પોતાના પિતૃઓની જેમ યહોવાની દૃષ્ટિએ અયો-
ગ્ય ગણાય તેવું આચરણ કર્યું.

24 યહોયાકીમે રાજાના અમલ દરમ્યાન બાબિલનો રાજા નબૂખા-
દનેસ્સાર યરૂશાલેમ પર ચઢી આવ્યો. યહોયાકીમ તેને તાબે
થઈ ગયો. પરિણામે ત્રણ વર્ષ પર્યંત તેને વસૂલી ભરવી પડી, પણ પછી
તેણે બંડ કર્યું.~ 2 આથી યહોવાએ બાબિલ, અરામ, મોઆબ અને
આમ્મોનના સશસ્ત્ર સૈનિકોને તેની સામે લડવા મોકલ્યા. અને આમ,
યહોવાએ પોતાના પ્રબોધકો મારફતે જણાવ્યા મુજબ યહૂદાને ખેદાન-
મેદાન કરી નાખ્યું.~ 3 યહૂદાની આવી સ્થિતી એક જ કારણથી થઈ
હતી.~ 4 તે કારણ હતુ કે, યહોવાએ તેમને મનાશ્શાના પાપોની સજા
કરવા માટે આ હુકમ કર્યો હતો. આ એટલા માટે થયું, કારણકે તેણે નિ-
ર્દોષ લોકોને મારીને તેમના લોહીથી યરૂશાલેમને ભરી દીધું હતું. યહોવા
આ પાપ માટે તેમને કદી માફ કરવા નહોતા માગતા.~ 5 યહૂદાના રાજા
યહોયાકીમનાઁ શાસનનાં બીજાં બનાવો અને કાર્યો, યહૂદાના રાજાઓના
ઇતિહાસ નામક પુસ્તકમાં લખાયેલાઁ છે.~ 6 તે મૃત્યુ પામ્યો અને તેનો
પુત્ર યહોયાખીન રાજા બન્યો.~ 7 મિસરનો રાજા ત્યાર પછી ફરી કદી
પોતાના દેશમાંથી હુમલો કરવા બહાર આવ્યો નહોતો, કારણ બાબિલ-
ના રાજાએ મિસરના વહેળાથી ફ્રાત નદી સુધીનો તેના કબજા હેઠળનો
પ્રદેશ પડાવી લીધો હતો.~ 8 યહોયાખીન ગાદીએ આવ્યો ત્યારે તેની
ઉંમર 18 વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં 3 મહિના રાજ કર્યુ, તેની
માતાનું નામ નહુશ્તા હતું અને તે યરૂશાલેમના એલ્નાથાનની પુત્રી
હતી.~ 9 યહોયાખીને તેના પિતાની જેમ યહોવાની દૃષ્ટિએ અયોગ્ય
ગણાય એવું આચરણ કર્યુ.~ 10 તે સમયે બાબિલના રાજા નબૂખાદને-
સ્સારના સેનાપતિઓએ યરૂશાલેમ પર ચઢાઈ કરી તેને ઘેરો ઘાલ્યો.~

11 તેનું લશ્કર શહેરને ઘેરો ઘાલીને પડયું હતું એ દરમ્યાન તે જાતે ત્યાં
આવી પહોંચ્યો.~ 12 અને યહૂદાનો રાજા યહોયાખીન, તેની મા, તેના
અમલદારો, તેના આગેવાનો અને દરબારીઓ સૌ બાબિલના રાજા પાસે
ગયાં અને બાબિલના રાજાએ તેમને પકડીને કેદ કર્યા. નબૂખાદનેસ્સાર
રાજા હતો ત્યારે તેના શાસનના 8મેં વષેર્ આ બન્યું.~ 13 નબૂખાદને-
સ્સાર, યહોવાએ અગમવાણી જણાવ્યા મુજબ, યહોવાના મંદિરના તે-
મજ રાજમહેલના બધા ખજાના ઉપાડી ગયો, અને તેણે ઈસ્રાએલના રા-
જા સુલેમાને બનાવડાવેલા બધાં સોનાના વાસણો પણ દૂર કર્યા, તેણે
જેમ યહોવાએ કીધું હતું તેમજ કર્યું .~ 14 તેણે યરૂશાલેમના બધા વત-
નીઓને-બધા ઉમરાવોને અને અગ્રગણ્ય માણસોને અને ધનવાનો
તથા લુહારો અને બીજા કારીગરો સુદ્ધાં સૌનો દેશનિકાલ કર્યો; તે બધા
મળીને કુલ 10,000 હતા, ફકત વસ્તીનો ગરીબમાં ગરીબ વર્ગ જ બાકી
રહ્યો.~ 15 યહોયાખીનને તેની માને તેના દરબારીઓને અને દેશના
બધા આગળ પડતા માણસોને તે યરૂશાલેમથી બાબિલ લઈ ગયો.~
16 વળી તે દેશના 7,000 બળવાન માણસોને, 1,000 લુહારો અને કા-
રીગરોને, જે બધા જ બળવાન અને યુદ્ધે ચડી શકે એવા હતા તેમને બા-
બિલ દેશવટે લઈ ગયો.રાજા સિદકિયા~ 17 બાબિલના રાજાએ યહોયા-
ખીનના કાકા માત્તાન્યાને તેની પછી રાજા બનાવ્યો અને તેનું નામ
બદલીને સિદકિયા રાખ્યું.~ 18 સિદકિયા ગાદીએ આવ્યો, ત્યારે તેની
ઉંમર 21 વર્ષની હતી, અને તેણે યરૂશાલેમમાં 11 વર્ષ રાજ કર્યું, તેની
માતાનું નામ હમૂટાલ હતું, અને લિબ્નાહના યમિર્યાની પુત્રી હતી.~
19 સિદકિયાએ યહોયા ખીનની જેમ યહોવાની દૃષ્ટિએ અયોગ્ય ગણાય
એવું આચરણ કર્યુ.~ 20 યરૂશાલેમે અને યહૂદાએ યહોવાનો એટલો
બધો રોષ વહોરી લીધો કે છેલ્લે તેણે તેમને પોતાની નજર આગળથી દૂર
કર્યા; પછી રાજા સિદકિયાએ બાબિલના રાજાની વિરૂદ્ધ બળવો કર્યો.

25 તેના શાસનના નવમા વર્ષમાં, દશમાં મહિનાના, દશમા દિવસે
બાબિલના રાજા નબૂખાદનેસ્સારે પોતાની આખી સેના સહિત
આવીને યરૂશાલેમ પર હુમલો કર્યો, તેણે એ શહેરને ઘેરો ઘાલ્યો અને
ચારે બાજુ ઘેરાના ઢાળીયા બાધ્યાં.~ 2 એ પ્રમાણે સિદકિયા રાજાના
અગિયારમા વર્ષ સુધી નગરને ઘેરો રહ્યો.~ 3 રાજયમાં ચોથા મહિનાના
નવમા દિવશે દુકાળ એટલો સખત બની ગયો કે, ખાવા માટે કઈ ખોરાક
બાકી ન રહ્યો. તે ચોથા મહિનાનો નવમો દિવસ હતો, નગરમાં અનાજ-
ની ભારે તંગી વર્તાતી હતી.~ 4 આખરે, નબૂખાદનેસ્સારના સૈન્યએ
નગરના કોટમાં ગાબડું પાડયું અને તે રાત્રે તેમાંથી સિદકિયા અને તેના
માણસો, બે દિવાલોની વચ્ચે આવેલા એક ગુપ્ત દરવાજામાંથી રાજાના
બગીચાના માગેર્ શહેરમાં ચારે બાજુ બાબિલવાસીઓ હતાં તે છતાં
પણ, રણ તરફ નાસી ગયા.~ 5 બાબિલના રાજાના સૈન્યે તેનો પીછો
કર્યો અને તેને યરીખોના મેદાનમાં પકડી પાડયો, અને તેની સાથેના
લોકો વિખેરાઈ ગયા અને તેને છોડી ગયા.~ 6 બાબિલના સૈનિકોએ સિ-
દકિયાને પકડીને તેમના રાજા નબૂખાદનેસ્સારની પાસે રિબ્લાહ લઈ
ગયા. અને ત્યાં તેને સજા કરવામાં આવી.~ 7 તેની નજર આગળ તેના
દીકરાઓને રહેંસી નાખવામાં આવ્યા અને ત્યાર પછી તેની આંખો ફોડી
નાખી, સાંકળે બાંધી તેને બાબિલ લઈ જવામાં આવ્યો.~ 8 બાબિલના
રાજા નબૂખાદનેસ્સારના શાસનના ઓગણીસમાં વર્ષમાં, પાંચમા મહિ-
નાના સાતમા દિવસે, રાજાના અંગરક્ષકો, તેમનો સરદાર, નબૂઝારઅ-
દાન અને તેના મંત્રીઓ યરૂશાલેમમાં પ્રવેશ્યા,~ 9 યહોવાના મંદિરને,
રાજાના મહેલને અને શહેરનાં બધાં મકાનોને બાળી મૂક્યાં.~ 10 તેના
લશ્કરે નગરની દીવાલો તોડી નાખી.~ 11 તેણે શહેરની બાકી રહેલી
વસ્તીને, અને જેઓ બાબિલના રાજાના પક્ષમાં ચાલ્યા ગયા હતા તેમને
રક્ષકોના નાયક નબૂઝારઅદાને દેશવટો દીધો.~ 12 અને ફકત વસ્તીના
ગરીબમાં ગરીબ વર્ગને દ્રાક્ષની વાડીમાં અને ખેતરમાં મજૂરી કરવા માટે
પાછળ રહેવા દીધા.~ 13 બાબિલવાસીઓએ યહોવાના મંદિરમાંના
કાંસાના થાંભલા, પૈડાવાળી ઘોડીઓ અને કાંસાનો સમુદ્ર તે બધું તેમ-
ણે ભાંગી નાખ્યું અને કાંસુ બાબિલ લઈ ગયા.~ 14 વળી તેઓ યહોવા-
ના મંદિરમાં વપરાંતા કાંસાના બધાં વાસણો, કૂંડાં, કુહાડીઓ, થા-
ળીઓ, વાટકા અને બધી વસ્તુઓ પણ લઈ ગયા.~ 15 સોનાચાંદીનાં
પાત્રોને પણ કબજે કરીને તેઓ લઈ ગયા.~ 16 કાંસાના બે સ્તંભો, સમૂ-
દ્ર અને પૈડાવાળી ઘોડીઓનું વજન કરવું અશકય હતું કેમ કે તે ઘણા
વજનદાર હતા. આ સર્વ વસ્તુઓ સુલેમાન રાજાએ યહોવાના મંદિરને
માટે બનાવડાવી હતી.~ 17 એક સ્તંભની ઊંચાઈ અઢાર હાથ હતી, અને
તેના પર કાંસાની મથોટી હતી અને તેની ઉંચાઈ ત્રણ હાથ હતી, તે એક
ઢાંકણું હતું જે ગોળ ફરતું હતું અને દરવાજે લટકતું હતું મથાળા પર ચો-
ગરદમ જાળી તથા દાડમો પાડેલાં હતાં, અને તે એક ગોળાકાર જેવું મા-
ળખું હતું. બીજો સ્તંભ પણ જાળીદાર નકશી પાડેલી હતી અને તેના જે-
વો જ હતો.~ 18 રક્ષકોના નાયકે મુખ્ય યાજક સરાયાને, તેની હાથ ની-
ચેના યાજક સફાન્યાને અને ત્રણ દ્વારપાળોને કેદ પકડયા.~ 19 ત્યાર
પછી તેણે નગરમાંથી લશ્કરના વડા અમલદારને, નગરમાંથી મળી
આવેલા રાજાના પાંચ સલાહકારોને, સેનાપતિના લશ્કરની ભરતી અને
તાલીમનું કામ સંભાળનાર મંત્રીને, તેમજ પ્રદેશના 60 સામાન્ય લોકો-
ને, જેઓ નગર માંથી મળ્યા હતાં તેમને સાથે લીધા.~ 20 અને એ બધા-
ને તે હમાથના પ્રદેશમાં આવેલા રિબ્લાહમાં બાબિલના રાજા આગળ
લઈ ગયા.~ 21 અને ત્યાં બાબિલના રાજાએ તેમને ફટકા મરાવીને મારી
નંખાવ્યા. આમ યહૂદાવાસીઓને બંદીવાન બનાવીને, તેઓના દેશ-
માંથી લઈ જવામાં આવ્યા.~ 22 બાબિલના રાજા નબૂખાદનેસ્સારે જે
લોકોને યહૂદાના પ્રદેશમાં રહેવા દીધા હતા, તેમના પર રાજય કરવાને
તેણે શાફાનના પુત્ર અહીકામના પુત્ર ગદાલ્યાને યહૂદામાં શાસન કર્તા
તરીકે નીમ્યો.~ 23 જયારે લશ્કરી ટુકડીઓના સેનાપતિઓએ અને તેમ-
ના માણસોએ સાંભળ્યું કે બાબિલના રાજાએ ગદાલ્યાને શાસન કર્તા
નીમ્યો છે, ત્યારે તેઓ તેને મળવા મિસ્પાહ ગયા, એટલે નથાન્યાનો
પુત્ર ઈશ્માએલ, કારેઆહનો પુત્ર યોહાનાન, નટોફાથી તાન્હુમેથનો પુત્ર
સરાયા, માઅખાથીનો પુત્ર યાઅઝાન્યા, અને તેઓના માણસો ગદા-
લ્યાને મળ્યા.~ 24 તેમની અને તેમના માણસોની સામે ગદાલ્યાએ
વચન આપીને કહ્યું કે, “બાબિલવાસીઓથી ડરશો નહિ, દેશમાં શાંતિ-
થી રહો અને બાબિલના રાજાનું પ્રભુત્વ સ્વીકારો, એટલે તે તમારી પ્ર-
ત્યે સારો રહેશે.”~ 25 સાતમા મહિનામાં રાજવંશના એલીશામાનો અને
નથાન્યાના પુત્ર ઈશ્માએલે દસ માણસો સાથે ગદાલ્યા પાસે આવીને
તેમજ મિસ્પાહમાં તેની સાથે રહેતા યહૂદાવાસીઓને અને બાબિલવા-
સીઓને મારી નાખ્યા.~ 26 ત્યારબાદ નાનાંમોટાં બધાંજ લોકો ઈસ્રાએ-
લીઓ તથા લશ્કરના અમલદારો બાબિલવાસીઓની બીકથી મિસર
ભાગી ગયા.~ 27 યહૂદાના રાજા યહોયાખીનને પણ બંદીવાસમાંથી મુ-
કત કરવામાં આવ્યો. આમ આ દેશનિકાલના સાડત્રીસમા વર્ષમાં
બન્યું. છેલ્લા માસના સત્તાવીસમે દિવસે બાબિલના રાજા એવીલ-મરો-
દાખે, પોતે ગાદીએ બેઠો અને તે જ વરસે યહૂદાના રાજા યહોયાખીનને
માફી અપાઈ અને તેને કારાવાસમાંથી મુકત કરવામાં આવ્યો.~ 28 તેણે
તેના પ્રત્યે માયાળુ વર્તાવ રાખ્યો અને તેને બાબિલમાં પોતાની સાથેના
બીજા રાજાઓ કરતાં ઊંચે આસને બેસાડયો.~ 29 આથી યહોયાખીને
કારાવાસનાં કપડાં ઉતારી સામાન્ય નાગરિકનો પોષાક પહેરી, બાકીનું
જીવન રાજાના આશ્રિત તરીકે વિતાવ્યું. એક જ મેજ પર બેસી તેણે તે-
મની સાથે ભોજન લીધું~ 30 અને જયાં સુધી તે જીવ્યો ત્યાં સુધી રા-
જાએ તેને ભાણું અને આધાર આપ્યો.

# 1 કાળવૃતાંત

1 આદમ, શેથ, અનોશ; 2 કેનાન, માહલાલએલ, યારેદ; 3 હનોખ,
મથૂશેલા, લામેખ; નૂહ. 4 નૂહના પુત્રો: શેમ, હામ તથા યાફેથ.
5 યાફેથના પુત્રો: ગોમેર, માગોગ, માદાય, યાવાન, તુબાલ, મેશેખ તથા
તીરાશ. 6 ગોમેરના પુત્રો: આશ્કનાજ, રીફાથ અને તોગાર્માહ. 7 યાવાન-
ના પુત્રો: એલિશા, તાર્શીર્શ, કિત્તીમ તથા દોદાનીમ. 8 હામના પુત્રો:
કૂશ, મિસરાઈમ, પૂટ તથા કનાન. 9 કૂશના પુત્રો: સબાહ, હવીલાહ, સા-
બ્તાહ, રાઅમાહ તથા સાબ્તેકા. રાઅમાહના પુત્રો: શબા અને દદાન.
10 કૂશનો બીજો એક પુત્ર નિમ્રોદ હતો જે પૃથ્વી પરનો સૌથી પહેલો
શકિતશાળી યોદ્ધો હતો. 11 મિસરાઈમ આ બધાનો પિતૃ હતો: લૂદીમ,
અનામીમ, લહાબીમ, નાફતુહીમ, 12 પાથરૂસીમ, કાસ્લુહીમ (પલિસ્તી
કાસ્લુહીમથી ઉતરી આવ્યાં હતા) અને કાફતોરીમ. 13 કનાનના પુત્રો:
સિદોન જયેષ્ઠ પુત્ર અને હેથ. 14 યબૂસી, અમોરી, ગિર્ગાશી; 15 હિવ્વી,
આકીર્, સીની; 16 આર્વાદી, સમારી તથા હમાથી. 17 શેમના પુત્રો:
એલામ, આશ્શૂર, આર્પાકશાદ, લૂદ, અરામ, ઉસ, હૂલ, ગેથેર, તથા મે-
શેખ. 18 આર્પાકશાદથી શેલાહ થયો, ને શેલાહથી એબેર થયો. 19 એબે-
રને બે પુત્રો હતા; એકનું નામ પેલેગ હતું, કારણ તેના દિવસોમાં પૃથ્વી-
ના લોકોમાં વિભાજન થયું હતું; એના ભાઈનું નામ યોકટાન 20 અને તે-
ના પુત્રો હતા: આલ્મોદાદ, શેલેફ, હસાર્માવેથ, યેરાહ; 21 હદોરામ,
ઉઝાલ, દિકલાહ, 22 એબાલ અબીમાએલ, શબા, 23 ઓફીર, હવીલાહ
અને યોઆબ, આ બધા યોકટાનના વંશજો હતા. 24 શેમ, આર્ફાકશાદ,
શેલાહ, 25 એબેર, પેલેગ, રેઉ, 26 સરૂગ, નાહોર, તેરાહ, 27 ઇબ્રામ (એટલે
ઇબ્રાહિમ). 28 ઇબ્રાહિમના પુત્રો: ઈસહાક અને ઇશ્માએલ. 29 આ તેઓ-
ની વંશાવળી છે: ઇશ્માએલનો: જયેષ્ઠ પુત્ર નબાયોથ, કેદાર, આદ-
બએલ, મિબ્સામ, 30 મિશ્મા, દૂમાહ, માસ્સા, હદાદ, તેમા, 31 યટર, ના-
ફીશ અને કેદમાહ. આ ઇશ્માએલના પુત્રો હતા. 32 ઇબ્રાહિમની ઉપપ-
ત્ની કટૂરાહના પુત્રો: ઝિમ્રાન, યોકશાન, મદાન, મિદ્યાન, યિશ્બાક અને
સૂઆહ થયા. 33 મિદ્યાનના પુત્રો : એફાહ, એફેર, હનોખ, અબીદા અને
એલ્દાઆહ, આ સર્વ કટૂરાહના વંશજો હતા. 34 ઇબ્રાહિમ ઈસહાકનો
પિતા હતો. ઈસહાક, એસાવ અને ઇસ્રાએલનો પિતા હતો. 35 એસાવના
પુત્રો: અલીફાઝ, રેઉએલ, યેઉશ, યાલામ તથા કોરાહ. 36 અલીફાઝના
પુત્રો: તેમાન, ઓમાર, સફી, ગાતામ, કનાજ, તિમ્ના તથા અમાલેક.
37 રેઉએલના પુત્રો: નાહાથ, ઝેરાહ, શામ્માહ તથા મિઝઝાહ. 38 સેઈરના
પુત્રો: લોટાન, શોબાલ, સિબયોન, અનાહ, દિશોન, એસેર, તથા દી-
શાન. 39 લોટાનના પુત્રો: હોરી અને હોમામ અને લોટાનની બહેન તિ-
મ્ના હતી. 40 શોબાલના પુત્રો: આલ્યાન, માનાહાથ, એબાલ, શફી તથા
ઓનામ. સિબયોનના પુત્રો: આયાહ તથા અનાહ. 41 અનાહનો પુત્ર:
દિશોન, દિશોનના પુત્રો: હામ્રાન, એશ્બાન, યિથાન તથા કરાન.
42 એસેરના પુત્રો: બિલ્હાન, ઝાઅવાન તથા યાઅકાન, દિશાનના પુત્રો:
ઉસ તથા આરાન. 43 ઇસ્રાએલમાં કોઇ પણ રાજાએ રાજ કર્યું તે અગાઉ
આ બધાં રાજા હતા; બયોરનો પુત્ર બેલા, જે દીનહાબાહ નગરમાં રહેતો
હતો. 44 બેલા મૃત્યુ પામ્યો પછી બોસ્રાહના વતની ઝેરાહનો પુત્ર યો-
બાબ રાજા બન્યો. 45 યોબાબના મૃત્યુ પછી, તેમાનીઓના દેશનો હૂ-
શામ રાજા બન્યો. 46 હૂશામના મૃત્યુ પછી, બદાદનો પુત્ર હદાદ રાજા
બન્યો. હદાદે મોઆબના મેદાનમાં મિદ્યાનીઓને હરાવ્યા; તેના નગરનું
નામ અવીથ હતું. 47 હદાદના મુત્યુ પછી, તેની જગ્યાએ માસ્રેકાહના
સામ્લાહે રાજ કર્યુ. 48 સામ્લાહના મૃત્યુ બાદ, તેની જગ્યાએ નદી પરના
રહોબોથના શાઉલે રાજ કર્યુ. 49 શાઉલના મૃત્યુ પછી, આખ્બોરનો પુત્ર
બઆલ-હાના રાજા થયો. 50 બઆલ- હાનાના મૃત્યુ પછી, પાઇ નગરનો
હદાદ રાજા થયો. તેની પત્નીનું નામ મહેટાબએલ હતું. તે મેઝાહાબની
પુત્રી માટેદની પુત્રી હતી. 51 હદાદ મૃત્યુ પામ્યો પછી અદોમના સરદારો
આ હતા: તિમ્ના, આલ્યાહ, યથેથ, 52 આહોલીબામાહ, એલાહ, પી-
નોન, 53 કનાઝ, તેમાન, મિબ્સાર, 54 માગ્દીએલ અને ઈરામ. આ બધા
અદોમના સરદારો હતા.

2 ઈસ્રાએલના પુત્રો આ છે: રૂબેન, શિમોન, લેવી, યહૂદા, ઈસ્સા-
ખાર, ઝબુલોન, 2 દાન, યૂસફ, બિન્યામીન, નફતાલી, ગાદ તથા
આશેર. 3 યહૂદાના પુત્રો: એર, ઓનાન અને શેલાહ, એ ત્રણેની માતા
કનાની સ્રી બાથશુઆ હતી. યહૂદાનો જયેષ્ઠપુત્ર એરે એવું કર્યું જે યહો-
વાની નજરમાં અનિષ્ટ હતું અને યહોવાએ તેનું મોત નિપજાવ્યું. 4 પછી
યહૂદાની પુત્રવધૂ તામાર અને યહૂદા પેરેસ તથા ઝેરાહના માતાપિતા
બન્યાં. આમ યહૂદાને પાંચ પુત્રો હતા. 5 પેરેસના પુત્રો: હેસ્રોન અને હા-
મૂલ. 6 ઝેરાહના પુત્રો: ઝિમ્રી, એથાન, હેમાન, કાલ્કોલ અને દાશ; તેઓ
બધા થઈને કુલ પાંચ હતા. 7 કામીર્નો પુત્ર: આખાર કે જે દેવને સમપિર્ત
વસ્તુઓની ચોરી કરીને ઈસ્રાએલ પર સંકટ લાવનાર હતો. 8 એથાનનો
પુત્ર: અઝાર્યા હતો. 9 હેસ્રોનના પુત્રો: યરાહમએલ, રામ અને કલૂબાય.
10 રામનો પુત્ર આમ્મીનાદાબ હતો અને તેનો પુત્ર નાહશોન હતો, તે
યહૂદાનો આગેવાન હતો. 11 નાહશોનનો પુત્ર સાલ્મા હતો અને તેનો પુ-
ત્ર બોઆઝ હતો. 12 બોઆઝ ઓબેદનો પિતા હતો અને ઓબેદ યશાઈ-
નો પિતા હતો. 13 યશાઈનો જયેષ્ઠપુત્ર અલીઆબ, બીજો અબીનાદાબ,
ત્રીજો શિમઆ; 14 ચોથો નથાનિયેલ, પાંચમો રાદ્દાય, 15 છઠ્ઠો ઓસેમ,
અને સાતમો દાઉદ; 16 તેમની બહેનો સરૂયા તથા અબીગાઈલ હતી.
સરૂયાના પુત્રો: અબીશાય, યોઆબ તથા અસાહેલ, એ ત્રણ. 17 અબી-
ગાઈલે અમાસાને જન્મ આપ્યો અને અમાસાના પિતા ઈશ્માએલી યે-
થેર હતો. 18 હેસ્રોનના પુત્ર કાલેબ, તેની પત્ની અઝુબાહ દ્ધારા થયેલા
પુત્ર યરીઓથનો પિતા હતો. તેના પુત્રો આ હતા: યેશેર, શોબાબ તથા
આદોર્ન. 19 અઝુબાહના મૃત્યુ પછી, કાલેબ એફ્રાથને પરણ્યો, જેણે હૂર-
ને જન્મ આપ્યો. 20 હૂરથી ઉરી અને ઉરીથી બસાલએલ થયો. 21 પાછ-
ળથી 60 વર્ષની વયે હેસ્રોન ગિલયાદના બાપ માખીરની પુત્રીને પર-
ણ્યો અને તેણીને પેટે તેને સગૂબ જનમ્યો. 22 સગૂબથી યાઈર થયો,
યાઈર ગિલયાદનાં 23 શહેરોનો ધણી હતો. 23 પાછળથી ગશૂર અને
અરામના લોકોએ ત્યાંનાં 60 શહેરો જીતી લીધાં; એમાં યાઈરનાં ગામો-
નો તથા કનાથ અને તેની આસપાસનાં ગામોનો સમાવેશ થતો હતો.
એ બધાંમાં ગિલયાદના પિતા માખીરના વંશજો વસતા હતા. 24 હેસ્ત્રો-
નના મૃત્યુ પછી કાલેબને તેના પિતા હેસ્ત્રોનની વિધવા એફ્રાથા સાથે
જાતિય સંબંધ હતો અને તેનાથી તેણીએ તકોઆના સ્થાપક આશ્શૂરને
જન્મ આપ્યો. 25 હેસ્રોનના જયેષ્ઠ પુત્ર યરાહમએલને પાંચ પુત્રો હતા:
જયેષ્ઠ પુત્ર રામ, પછી બૂનાહ, ઓરેન, ઓઝઝેમ અને અહિયા. 26 યરાહ-
મએલને અટારાહ નામે બીજી પત્ની હતી, તેનાથી ઓનામ જન્મ્યો
હતો. 27 યરાહમએલના જયેષ્ઠ પુત્ર રામના પુત્રો: માઆસ, યામીન અને
એકેર. 28 ઓનામના પુત્રો: શામ્માય અને યાદા. શામ્માયના પુત્રો: ના-
દાબ અને અબીશૂર. અબીશૂર અબીહાઈલને પરણ્યો હતો. 29 તેનાથી
તેને આહબાન અને મોલીદ જનમ્યાં હતા. 30 નાદાબના પુત્રો: સેલેદ
અને આપ્પાઈમ, સેલેદ નસંતાન અવસાન પામ્યો હતો. 31 આપ્પાઈમ-
નો પુત્ર: યિશઈ, યિશઈનો પુત્ર શેશાન અને શેશાનનો પુત્ર આહલાય.
32 શામ્માયના ભાઈ યાદાના પુત્રો: યેથેર અને યોનાથાન, યેથેર
નસંતાન અવસાન પામ્યો. 33 યોનાથાનના પુત્રો: પેલેથ અને ઝાઝા,
આ બધા યરાહમએલના વંશજો હતા. 34 શેશાનને પુત્ર નહોતો, ફકત પુ-
ત્રીઓ જ હતી, અને ત્યાં યાર્હા નામે એક મિસરી ચાકર હતો, 35 તેની
સાથે તેણે પોતાની પુત્રીને પરણાવી હતી, અને તેને આત્તાય નામે એક

પુત્ર થયો હતો. 36 આત્તાયનો પુત્ર નાથાન, તેનો પુત્ર ઝાબાદ, 37 તેનો
પુત્ર એફલાલ, તેનો પુત્ર ઓબેદ, 38 તેનો પુત્ર યેહૂ, તેનો પુત્ર અઝાર્યા,
39 તેનો પુત્ર હેલેસ, તેનો પુત્ર એલઆસાહ, 40 તેનો પુત્ર સિસ્માય, તેનો
પુત્ર શાલ્લૂમ, 41 તેનો પુત્ર યકામ્યા અને યકામ્યાનો પુત્ર અલીશામા
થયો. 42 યરાહમએલના ભાઈ કાલેબના પુત્રોમાં આ બધાં હતા: જયેષ્ઠ-
પુત્ર મેશા, જે ઝીફનો પિતા હતો; અને હેબ્રોનના પિતા મારેશાહના પુત્રો.
43 હેબ્રોનના પુત્રો: કોરાહ, તાપ્પુઆહ, રેકેમ તથા શેમા. 44 શેમા રાહામ-
નો પિતા અને રાહામ યોર્કઆમનો પિતા હતો. રેકેમ શામ્માયનો પિતા
હતો. 45 શામ્માયનો પુત્ર માઓન હતો; માઓન બેથસૂરનો પિતા હતો.
46 કાલેબની ઉપપત્ની એફાહથી થયેલા કાલેબના પુત્રો: હારાન, મોસા,
અને ગાઝેઝ તથા હારાનનો એક પુત્ર હતો, તેનું નામ ગાઝેઝ હતું.
47 યહદાયના પુત્રો: રેગેમ, યોથામ, ગેશાન, પેલેટ, એફાહ તથા શાઆફ.
48 કાલેબની ઉપપત્ની માઅખાહને પેટે શેબેર તથા તિર્હનાહ થયા.
49 વળી તેને પેટે માદમાન્નાહનો પિતા શાઆફ, માખ્બેનાનો પિતા શવા
તથા ગિબયાના પિતા થયા; કાલેબની પુત્રી આખ્સાહ હતી. 50 આ બધા
કાલેબના વંશજો હતા: એફ્રાથાહથી જન્મેલા હૂરને શોબાલ નામે પુત્ર
હતો. તે કિર્યાથયઆરીમનો પિતા હતો. 51 સાલ્મા, જે બેથલેહેમનો પિ-
તા હતો, અને હારેફ, બેથગાદેરનો પિતા હતો. 52 કિર્યાથયઆરીમનો
પિતા શોબાલને આ પુત્રો હતા: હારોએહ તથા મનુહોથના અર્ધા ભાગ-
ના લોકો, 53 અને કિર્યાથયઆરીમના કુટુંબો: યિથ્રીર્, પૂથી, શુમાથી
અને મિશ્રાઈ, સોરઆથી અને એશતાઓલીઓ આ લોકોના વંશજ હતા.
54 સાલ્માના વંશજો હતા: બેથલેહેમ, નટોફાથીઓ, આટોથ, બેથ-યો-
આબના લોકો તથા માનાહાથીઓનો અધોર્ ભાગ અને સોરઈઓ હતા.
55 યાબ્બેસમાં વસતા લહિયાઓનાં કુટુંબો: તિરઆથીઓ, શિમઆ-
થીઓ અને સૂખાથીઓ. આ સર્વ બેથ રેખાબના કુટુંબના પૂર્વજ હામ્મા-
થથી ઉતરી આવેલા કેનીઓ હતા.

3 દાઉદને હેબ્રોનમાં જે પુત્રો થયા તેમાં યિઝએલી અહીનોઆમથી
જન્મેલો આમ્મોન, દાઉદ રાજાનો જયેષ્ઠ પુત્ર હતો. બીજો પુત્ર,
કામેર્લની અબીગાઈલથી જન્મેલો દાનિયેલ હતો. 2 દાઉદનો ત્રીજો પુત્ર,
ગશૂરના રાજા તાલ્માયની પુત્રી માઅખાહથી જન્મેલો આબ્શાલોમ
હતો. ચોથો, હાગ્ગીથનો પુત્ર અદોનિયા હતો. 3 પાંચમો, શફાટયા જેની
માતા અબીટાલ હતી, અને છઠ્ઠો, યિથઆમ જેની માતા એગ્લાહ હતી.
4 આ છ પુત્રો હેબ્રોનમાં જન્મ્યાં હતા. જયાં દાઉદે સાત વર્ષ અને છ
માસ રાજ કર્યુ હતું. યરૂશાલેમમાં તેણે તેત્રીસ વર્ષ રાજ કર્યુ હતું 5 અને
ત્યાં તેને આમ્મીએલની પુત્રી બાથ-શૂઆથી જન્મેલા પુત્રો: શિમઆ,
સોબાબ, નાથાન અને સુલેમાન. 6 દાઉદને બીજા નવ પુત્રો હતા: યિ-
બ્હાર, અલીશામા, અલીફેલેટ. 7 નોગાહ, નેફેગ, યાફીઆ; 8 અલીશામા,
એલ્યાદા અને અલીફેલેટ. 9 તેની ઉપપત્નીઓના પુત્રો ઉપરાંત એ
સઘળા દાઉદના પુત્રો હતા; અને તામાર તેઓની બહેન હતી. 10 સુલે-
માનનો પુત્ર રહાબઆમ, તેનો પુત્ર અબિયા, તેનો પુત્ર આસા, તેનો પુત્ર
યહોશાફાટ; 11 તેનો પુત્ર યહોરામ, તેનો પુત્ર અહાઝયા, તેનો પુત્ર યો-
આશ; 12 તેનો પુત્ર અમાસ્યા તેનો પુત્ર અઝાર્યા, તેનો પુત્ર યોથામ;
13 તેનો પુત્ર આહાઝ, તેનો પુત્ર હિઝિક્યા, તેનો પુત્ર મનાશ્શા; 14 તેનો
પુત્ર આમોન, તેનો પુત્ર યોશિયા હતો. 15 યોશિયાના પુત્રો: તેના જયેષ્ઠ-
પુત્ર યોહાનાન; બીજો યહોયાકીમ; ત્રીજો, સિદકિયા; ચોથો, શાલ્લૂમ,
16 યહોયાકીમના પુત્રો: તેનો પુત્ર યખોન્યા, તેનો પુત્ર સિદકિયા.
17 બંદીવાન યખોન્યાના પુત્રો: તેનો પુત્ર શઆલ્તીએલ. 18 માલ્કીરામ,
પદાયા, શેનઆસ્સાર, યકામ્યા, હોશામા તથા નદાબ્યા. 19 પદાયાના
પુત્રો: ઝરુબ્બાબેલ તથા શિમઈ; ઝરુબ્બાબેલના પુત્રો: મશુલ્લામ તથા
હનાન્યા; તેઓની બહેન શલોમીથ હતી: 20 અને હશુબાહ, ઓહેલ, બેરે-
ખ્યા, હસાદ્યા તથા યુશાબહેસેદ, એ પાંચ ઝરુબ્બાબેલના બીજા પુત્રો
હતા. 21 હનાન્યાના પુત્રો: પલાટયા અને તેનો પુત્ર યશાયા, તેનો પુત્ર
રફાયા, તેનો પુત્ર આનાન, તેનો પુત્ર ઓબાદ્યા, તેનો પુત્ર શખાન્યા,
22 શખાન્યાનો વંશજ શમાયા, શમાયાના છ પુત્રો: હાટુશ, યિગઆલ,
બારિયા, નઆર્યા, તથા શાફાટ. 23 નઆર્યાના ત્રણ પુત્રો: એલ્યોએ-
નાય, હિઝિક્યા તથા આઝીકામ. 24 એલ્યોએનાયના સાત પુત્રો: હોદા-
વ્યા, એલ્યાશીબ, પલાયા, આક્કૂબ, યોહાનાન, દલાયા તથા અનાની.

4 યહૂદાના પુત્રો: પેરેસ, હેસ્રોન, કામીર્, હૂર તથા શોબાલ. 2 શોબા-
લનો પુત્ર રઆયા યાહાથનો પિતા હતો. યાહાથ અહૂમાય અને
લાહાદનો પૂર્વજ હતો. સોરાથીઓ એમના વંશજો છે. 3 એટામના વંશ-
જો: યિઝએલ, યિશ્મા તથા યિદબાશ, હાસ્સલએલ્પોની તેની પુત્રી.
4 ગદોરના પિતા પનુએલ, તથા યહૂશાના પિતા એઝેર, તેઓ બેથલેહેમ-
ના પિતા એફ્રાથાહનો જયેષ્ઠ પુત્ર હૂરના પુત્રો હતા. 5 તકોઆના પિતા
આશ્હૂરને બે પત્નીઓ હતી. હેલઆહ તથા નાઅરાહ. 6 તેને નાઅરાહને
પેટે અહૂઝઝામ, હેફેર, તેમની અને હાઅહાશ્તારી થયા. 7 હેલઆહથી તે-
ને જન્મેલા પુત્રો: સેરેથ, ઝોહાર, એથ્નાન અને હાક્કોસ. 8 આનૂમ અને
સોબેબાહનો પિતા હાક્કોસ હતો; વળી તે હારુનના પુત્ર અહાહેલના
નામથી ઓળખાતા અહાહેલ કુલસમૂહોનો પૂર્વજ હતો. 9 યાબેસ પોતા-
ના ભાઈઓ કરતાં વધારે નામાંકિત હતો, તેની માતાએ તેનું નામ યા-
બેસ પાડ્યું કારણકે તેણીએ કહ્યું "તેને જન્મ આપતી વખતે ઘણી પીડા
સહન કરવી પડી હતી." 10 યાબેસે ઇસ્રાએલના દેવને પ્રાર્થના કરી કે, હું
તમને, પ્રાર્થના કરું છું કે, તમે મને આશીર્વાદ આપો અને મારી ભૂમિનો
વિસ્તાર કરો, "તમે મારી સાથે રહો અને મને ગૌચર ભૂમિ આપો જેથી
મને પરિશ્રમ કરવો ન પડે." દેવે તેની પ્રાર્થના માન્ય રાખી. 11 રેખાહના
વંશજો; શૂહાહનો ભાઈ કલૂબ હતો, તેનો પુત્ર મહીર થયો. તે એસ્તોનનો
પિતા હતો. 12 એસ્તોન બેથરાફા, પાસેઆહ અને તહિન્નાહના પિતા તે
એસ્તોન હતા. તહિન્નાહ ઇર્નાહાશના પિતા હતા. 13 કનાઝના પુત્રો:
ઓથ્નીએલ અને સરાયા, ઓથ્ની-એલના પુત્રો: હથાથ અને મઓનો-
થાય. 14 મઓનોથાય ઓફ્રાહના પિતા હતા, સરાયા યોઆબના પિતા
હતા. યોઆબ "કારીગરોની ખીણ"નો સ્થાપક હતો તે એમ ઓળખાતી
હતી કારણ કે તેઓ ત્યાં કારીગરો હતા. 15 યફૂન્નેહના પુત્ર કાલેબના પુ-
ત્રો: ઇરૂ, એલાહ અને નાઆમ, એલાહનો પુત્ર: કનાઝ. 16 યહાલ્લેલએલ-
ના પુત્રો: ઝીફ, ઝીફાહ, તીર્યા અને અસારએલ. 17 એઝાહના પુત્રો: યે-
થેર, મેરેદ, એફેર, અને યાલોન, મેરેદ મરિયમ, શામ્માય અને યિશ્બાહ-
નો પિતા હતો. 18 એશ્તમોઆના સંસ્થાપક મેરેદેની પત્ની મિસરની
હતી, તે યેરેદ ગદોરીઓના સંસ્થાપક હેબેર સોખો ના સંસ્થાપકઅને
યકુથીએલ(ઝાનાઈઓના સંસ્થાપક)ની માતા હતી. આ બધાં પુત્રો મેરે-
દની પત્ની મિસરની બિથ્યા જે ફારુનની પુત્રી હતી તેના હતા. 19 હોદિ-
યા નાહામની બહેનને પરણ્યો હતો, તેમના વંશજો કેઇલાવાસી ગામીર્
લોકોના તેમજ એશ્તમોઆવાસી માઅખાથી લોકોના પૂર્વજો હતા.
20 શિમોનના પુત્રો: આમ્મોન, રિન્નાહ, બેન-હાનાન અને તીલોન, યિ-
શઈના પુત્રો: ઝોહેથ અને બેન-ઝોહેથ, 21 યહૂદાના પુત્ર શેલાહના પુત્રો:
લેખાહના પિતા એર, મારેશાહના પિતા લાઅડાહ, તથા બેથ-આશ્બેઆ-
ના રહેવાસીઓ, એટલે જેઓ શણનાં ઝીણાં વસ્ત્ર વણનારા કુલસમૂહો
હતા, તેઓનાં કુટુંબો; 22 યોકીમ, કોઝેબાના લોકો, યોઆશ તથા સા-
રાફ, જેણે મોઆબની સ્ત્રી સાથે લગ્ન કર્યા હતા અને મોઆબમાં રહેવા
ગયો હતો પરંતુ પાછળથી પ્રાચીન નોંધો પ્રમાણે લેહેમમાં પાછો ફર્યો
હતો. 23 એ લોકો કુંભાર હતા અને નટાઇમ અને ગદેરાહમાં રહેતા હતા,
અને રાજાની સાથે નોકરી કરતા હતા. 24 શિમોનના પુત્રો: નમૂએલ, યા-
મીન, યારીબ, ઝેરાહ અને શાઉલ, 25 શાઉલનો પુત્ર શાલ્લુમ, તેનો પુત્ર
મિબ્સામ, તેનો પુત્ર મિશ્મા. 26 મિશ્માના પુત્રો: પુત્ર હામ્મુએલ, તેનો
પુત્ર ઝાક્કૂર, ને તેનો પુત્ર શિમઈ. 27 શિમઈને સોળ પુત્રો તથા છ પુ-
ત્રીઓ હતી: પણ તેના ભાઈઓને ઘણાં સંતાન નહોતાં, તેમજ તેઓનું
આખું કુલસમૂહ યહૂદાના કુલસમૂહોની જેમ વૃદ્ધિ પામ્યું નહિ. 28 તેઓ
બેરશેબામાં, મોલાદાહમાં, હસાર શૂઆલમાં; 29 બિલ્હાહમાં એસેમમાં,
તોલાદમાં, 30 બથુએલમાં; હોર્માહમાં; સિકલાગમાં; 31 બેથ-માર્કાબોથમાં,
હસાર-સૂસીમમાં, બેથ-બીરઈમાં તથા શાઅરાઈમમાં રહેતા હતા, દાઉદ-
ના અમલ સુધી એ નગરો પર તેઓ શાસન કરતાં હતા. 32 તેઓના પાંચ
શહેરો હતા: એટામ, આઈન, રિમ્મોન, તોખેન તથા આશાન; 33 તથા
બઆલ સુધી તે જ નગરોની ચારે તરફનાં સર્વ ગામો પણ તેઓનાં
હતા, એ તેઓનાં રહેઠાણ હતા, તેઓએ પોતાની વંશાવળી રાખેલી છે.
34 મશોબાબ, યામ્લેખ, અમાસ્યાનો પુત્ર યોશાહ; 35 યોએલ તથા અશી-
એલના પુત્ર સરાયા જેનો પુત્ર યોશિબ્યા અને તેનો પુત્ર યેહૂ; 36 એલ્યો-
એનાય, યાઅકોબાહ, યશોહાયા, અસાયા, અદીએલ, યસીમીએલ તથા
બનાયા; 37 શમાયાના પુત્ર શિમ્રી, તેનો પુત્ર યદાયા, તેનો પુત્ર આલ્લોન,

તેનો પુત્ર શિફઈ, તેનો પુત્ર ઝીઝા. 38 આ બધા પુરુષો પોતાનંા કુ-
ટુંબોના સરદારો હતા; તેઓનાં કુટુંબો બહુ વૃદ્ધિ પામ્યાં. 39 ઢોરઢાંખરને
માટે ઘાસચારાની શોધમાં તેઓ ખીણની પૂર્વ બાજુ ગદોર સુધી
પહોંચ્યાં હતા. 40 તેઓને ઉત્તમ ચરાણ મળ્યું, તે પ્રદેશ શાંત અને સુર-
ક્ષિત હતો, હામના વંશજો ત્યાં ભૂતકાળમાં રહેતા હતા. 41 યહૂદિયાના
રાજા હિઝિક્યાના સમયમાં આ આગેવાનોએ તે પ્રદેશ પર ચઢાઈ કરી,
હામના વંશજોના તંબુઓ અને મકાનોનો નાશ કર્યો, અને તેના વતની-
ઓને મારી નાખી તેનો કબજો મેળવ્યો. 42 ત્યારબાદ શિમોનના કુલસ-
મૂહના પાંચસો પુરુષો સેઈર પર્વત સુધી ગયા, તેઓના સરદારો પલાટ-
યા, નઆર્યા, રફાયા, અને ઉઝઝીએલ હતા, એ સર્વ યિશઈના પુત્રો
હતા. 43 ત્યાં આગળ જે અમાલેકીઓ બચી ગયા હતા તેઓનો તેઓએ
સંહાર કર્યો, ત્યારથી તેઓ ત્યાં વસેલા છે.

5 અને ઇસ્રાએલના જયેષ્ઠ પુત્ર રેઉબેનના પુત્રો, કેમકે તે જયેષ્ઠ
હતો; પરંતુ તેણે પોતાના બાપનો પલંગ અશુદ્ધ કર્યાને લીધે તેનો
જયેષ્ઠપણાનો હક ઇસ્રાએલના પુત્ર યુસફના પુત્રોને અપાયો; ને વંશાવ-
ળી જયેષ્ઠપણાના હક પ્રમાણે ગણવાની નથી. 2 કેમકે યહુદાહ પોતાના
ભાઈઓ કરતાં પરાક્રમી થયો, ને તેના વંશમાં અધિકારી પ્રગટ થયો;
પણ જયેષ્ઠપણાનો હક યુસફને મળ્યો હતો; 3 ઇસ્રાએલના જયેષ્ઠ પુત્ર
રેઉબેનના પુત્રો; હનોખ તથા પાલ્લુ, હેસ્રોન તથા કાર્મી. 4 યોએલના પુ-
ત્રો; તેનો પુત્ર શમાયાહ, તેનો પુત્ર ગોગ, તેનો પુત્ર શિમઈ; 5 તેનો પુત્ર
મીખાહ, તેનો પુત્ર રઆયાહ, તેનો પુત્ર બઆલ; 6 તેનો પુત્ર બએરાહ,
જેને આશ્શુરનો રાજા તિલ્ગાથ-પિલ્નેસર બંદીવાન કરીને લઇ ગયો, તે
રેઉબેનીઓનો અધિકારી હતો 7 અને તેઓની પેઢીઓની વંશાવળી
ગણાઈ, ત્યારે તેઓનાં કુટુંબો પ્રમાણે તેના ભીઓ આ હતા; એટલે યેઇ-
એલ મુખ્ય, તથા ઝખાર્યાહ, 8 ને યોએલના પુત્ર શેમાના પુત્ર આઝાઝનો
પુત્ર બેલા, જેઓ અરોએરમાં ઠેઠ નબો તથા બઆલ-મેઓન લગી રહેતા
હતા; 9 ને પૂર્વ ગમ ફ્રાત નદીથી અરણ્યની સરહદ લગી તેમની વસ્તી
હતી; કેમકે ગિલઆદ દેશમાં તેઓના પશુનો વિસ્તાર વધ્યો હતો.
10 અને શાઉલના દિવસોમાં તેઓએ હાગ્રીઓની સાથે વિગ્રહ કીધો, કે
જેઓ તેઓના હાથથી માર્યા ગયા, ને તેઓ ગિલઆદની પૂર્વ બાજૂના
સઘળા પ્રદેશમાં પોતાના તંબુઓમાં વસ્યા. 11 અને ગાદના પુત્રો બા-
શાન દેશમાં તેઓની સામી બાજુએ સાલખાહ લગી વસતા હતા; 12 યો-
એલ મુખ્ય, તથા બીજો શાફામ, તથા યાનાઈ તથા શાફાટ બાશાનમાં
વસતા હતા; 13 ને તેઓના બાપોનાં ઘરોના તેઓના ભાઈઓ મીખાએલ
તથા મશુલ્લામ તાતા શેબા તથા યોરાય તથા યાકાન તથા ઝીઆ તથા
એબેર, એ સાત હતા. 14 એઓ બૂઝના પુત્ર યાહદોના પુત્ર યશીશાયના
પુત્ર મીખાએલના પુત્ર ગિલઆદના પુત્ર યારોઆહના પુત્ર હરીના પુત્ર
અબીહાઈલના પુત્રો હતા; 15 ગૂનીના પુત્ર આબ્દીએલનો પુત્ર અહી, તે-
ઓના બાપોના ઘરના મુખ્યો હતા. 16 અને તેઓ બાશાનમાંના ગિ-
લઆદમાં, તથા તેના કસ્બાઓમાં, તથા શારોનનાં સઘળાં પાદરોમાં તે-
ઓની સરહદ સુધી વસતા હતા. 17 યહુદાહના રાજા યોથામના દિવસો-
માં તથા ઇસ્રાએલના રાજા યારોબઆમના દિવસોમાં એઓ સર્વ વંશાવ-
ળી પ્રમાણે ગણાયા હતા. 18 રેઉબેનના પુત્રો, તથા ગાદીઓ, તથા મના-
શ્શેહનું અર્ધું કુળ, તેઓમાં ઢાલ તથા તરવાર બાંધી શકે એવા તથા
ધનુર્વિદ્યા જાણનારા તથા યુદ્ધકુશળ શૂર પુરુષો જે યુદ્ધે ચઢી શકે એવા
હતા તેઓ ચુમ્માળીસ હજાર સાતસે ને સાઠ હતા. 19 અને તેઓએ હા-
ગ્રીઓની, યટૂરની તથા નાફીશની તથા નોદાબની સાથે યુદ્ધ કીધું
20 અને એઓની વિરુદ્ધ તેઓને સાહ્ય મળી, ને હાગ્રીઓ તથા જે સર્વ
તેઓની સાથે હતા તેઓ તેઓના હાથમાં અપાયા; કેમકે તેઓએ યુદ્ધમાં
દેવની વિનંતી કીધી, ને તેણે તેઓની વિનંતી માન્ય કરી; કારણ કે
તેઓ તેના પર ભરોસો રાખતાં હતા. 21 અને તેઓ એઓનાં ઢોર, એટલે
પચાસ હજાર ઉંટ તથા બે લાખ ને પચાસ હજાર ઘેટાં તથા બે હજાર
ગધેડાં, એક લાખ માણસો સુદ્ધાં લઇ ગયા. 22 કેમકે ત્યાં ઘણા કતલ
થઇ પડ્યા, કેમકે તે યુદ્ધ ઈશ્વરનું હતું; ને તેઓ એઓની જગ્યાએ ગુલા-
મગીરી આવતાં લગી વસ્યા. 23 અને મનાશ્શેહના અર્ધા કુળના વંશજો
દેશમાં રહ્યા; તેઓ બાશાનથી વધીને બઆલ-હેર્મોન તથા સનીર તથા
હેર્મોન પર્વત લગી પહોંચ્યા. 24 અને પોતાના બાપોનાં ઘરોના મુખ્યો
આ હતા, એટલે એફેર તથા યિશઈ તથા અલીએલ તથા આઝ્રીએલ
તથા યિર્મેયાહ તથા હોદાવ્યાહ તથા યાહદીએલ, એ પરાક્રમી શૂરવીરો
તથા નામાંકિત પુરૂષો પોતાના બાપોનાં ઘરનાં મુખ્યો હતા. 25 અને તે-
ઓએ પોતાના બાપોનાં દેવની વિરુદ્ધ ઉલ્લંઘન કીધું, ને તેઓની આગ-
ળથી દેશના લોકોનો વિનાશ દેવે કર્યો હતો તેઓના દેવોની પાછળ
તેઓ વંઠી ગયા. 26 અને ઇસ્રાએલના દેવે આશ્શૂરના રાજા પૂલનું મન
તથા આશ્શૂરના રાજા તિલ્ગાથ-પિલ્નેસેરનું મન ઉસ્કેર્યું, ને તે તેઓને,
એટલે રેઉબેનીઓને તથા ગાદીઓને તથા મનાશ્શેહના અર્ધા કુળને,
પકડી લઇ ગયો, ને તેઓને હલાહ તથા હાબોર તથા હારામાં તથા ગો-
ઝાન નદીને કાંઠે લાવી આજ લગી વસાવ્યા.

6 લેવીના પુત્રો; ગેર્શોન, કહાથ, તથા મરારી. 2 કહાથના પુત્રો:
આમ્રામ, યિસ્હાર, હેબ્રોન અને ઉઝઝીએલ. 3 આમ્રામનાં સંતાન:
હારુન, મૂસા અને મરિયમ.હારુનના પુત્રો: નાદાબ, અબીહૂ, એલઆ-
ઝાર અને ઈથામાર. 4 એલઆઝાર, તેનો પુત્ર ફીનહાસ, તેનો પુત્ર
આબીશૂઆ, 5 તેનો પુત્ર બુક્કી, તેનો પુત્ર ઉઝઝી, 6 તેનો પુત્ર ઝરાહયા,
તેનો પુત્ર મરાયોથ, 7 તેનો પુત્ર અમાર્યા, તેનો પુત્ર અહિટૂબ, 8 તેનો પુત્ર
સાદોક, તેનો પુત્ર અહીમાઆસ, 9 તેનો પુત્ર અઝાર્યા, તેનો પુત્ર યોહા-
નાન, 10 તેનો પુત્ર અઝાર્યા, યરૂશાલેમમાં સુલેમાને બંધાવેલા મંદિરનો
યાજક હતો. 11 અઝાર્યાનો પુત્ર અમાર્યા, તેનો પુત્ર અહીટૂબ, 12 તેનો પુ-
ત્ર સાદોક, તેનો પુત્ર શાલ્લૂમ, 13 તેનો પુત્ર હિલ્કિયા, તેનો પુત્ર અઝાર્યા,
14 તેનો પુત્ર સરાયા અને તેનો પુત્ર યહોસાદાક થયો. 15 જ્યારે યહોવાએ
નબૂખાદનેસ્સારને યહૂદા અને યરૂશાલેમ પર વિજય અપાવ્યો તે સમયે
યહોસાદાકને દેશનિકાલ કરવામાં આવ્યો. 16 લેવીના પુત્રો હતા: ગેશો-
ર્મ, કહાથ અને મરારી. 17 ગેશોર્મના પુત્રો: લિબ્ની અને શિમઈ. 18 કહા-
થના પુત્રો: આમ્રામ, યિસ્હાર, હેબ્રોન અને ઉઝઝીએલ. 19 મરારીના પુ-
ત્રો: માહલી અને મૂશી, લેવીઓના કુલનાં હતા. 20 ગેશોર્મના વંશજો: પે-
ઢીના ક્રમ પ્રમાણે: લિબ્ની, એનો પુત્ર યાહાથ, એનો પુત્ર ઝિમ્માહ,
21 એનો પુત્ર યોઆહ, એનો પુત્ર યિદ્રો, એનો પુત્ર ઝેરાહ અને એનો પુત્ર
યેઆથરાય. 22 કહાથના વંશજો: પેઢીના ક્રમ પ્રમાણે; એનો પુત્ર આમ્મી-
નાદાબ, એનો પુત્ર કોરાહ, એનો પુત્ર આસ્સીર, 23 એનો પુત્ર એલ્કા-
નાહ, એનો પુત્ર એબ્યાસાફ, એનો પુત્ર આસ્સીર, 24 એનો પુત્ર તાહાથ,
એનો પુત્ર ઉરીએલ, એનો પુત્ર ઉઝ્ઝિયા, એનો પુત્ર શાઉલ, 25 એલ્કા-
નાહના વંશજો આ પ્રમાણે છે: અમાસાય તથા અહીમોથ, 26 એલ્કાનાહ-
ની વંશાવળી: એલ્કાનાહનો પુત્ર સોફાય, એનો પુત્ર નાહાથ, 27 એનો
પુત્ર અલીઆબ, એનો પુત્ર યરોહામ, એનો પુત્ર એલ્કાનાહ. 28 શમુએલ-
ના પુત્રો: જયેષ્ઠપુત્ર યોએલ તથા બીજો એબિયા. 29 મરારીના પુત્રો :
મરારીનો પુત્ર માહલી, માહલીનો પુત્ર લિબ્ની, અને લિબ્નીનો પુત્ર શિ-
મઈ, તથા શિમઈનો પુત્ર ઉઝઝાહ, 30 ઉઝઝાહનો પુત્ર શિમઆ, શિ-
મઆનો પુત્ર હાગ્ગિયા અને હાગ્ગિયાનો પુત્ર અસાયા. 31 કરાર કોશને
મુલાકાત મંડપમાં લાવ્યા, પછી દાઉદ રાજાએ ત્યાં યહોવાની સ્તુતિ
કરવા માટે ગાયકગણો અને તેમના આગેવાનો નીમ્યા. 32 સુલેમાને
યહોવાનું મંદિર યરૂશાલેમમાં બાંધ્યું નહોતું. ત્યાં સુધી તેઓ ગાયન
કરીને મુલાકાત મંડપનાં તંબુ આગળ સેવા કરતા હતા, તેઓ અનુક્રમે
વારા પ્રમાણે સેવા માટે હાજર રહેતા હતા. 33 ગાયકગણોના આગેવાનો-
નાં નામ અને કુટુંબ: ગાયકગણનો આગેવાન હેમાન કહાથના કુટુંબનો
હતો, તેના પૂર્વજો: યોએલ - શમુએલનો પુત્ર; 34 તેનો અલ્કાનાહનો પુ-
ત્ર, તેનો યરોહામનો પુત્ર, તેનો અલીએલનો પુત્ર, તેનો તોઆહનો પુત્ર,
35 તેનો સૂફનો પુત્ર, તેનો એલ્કાનાહનો પુત્ર, તેનો માહાથનો પુત્ર, તેનો
અમાસાયનો પુત્ર, 36 તેનો એલ્કાનાહનો પુત્ર, તેનો યોએલનો પુત્ર, તે-
નો અઝાર્યાનો પુત્ર, તેનો સફાન્યાનો પુત્ર, 37 તેનો તાહાથનો પુત્ર, તેનો
આસ્સીરનો પુત્ર, તેનો એબ્યાસાફ કોરાહનો પુત્ર, 38 તેનો યિસ્હારનો પુ-
ત્ર, તેનો કહાથનો પુત્ર, તેનો લેવીનો પુત્ર, તેનો ઈસ્રાએલનો પુત્ર હતો.
39 હેમાનનો મદદનીશ, અને સાથીદાર આસાફ હતો, તે તેને જમણે હાથે
ઊભો રહેતો હતો. આસાફના પૂર્વજો: તેનો બેરેખ્યાનો પુત્ર, તેનો શિ-
મઆનો પુત્ર હતો. 40 શિમઆન મિખાયેલનો પુત્ર, તેનો બાઅસેયાનો
પુત્ર, તેનો માલ્કિયાનો પુત્ર હતો. 41 માલ્કિયાને એથ્નીનો પુત્ર, તેનો
ઝેરાહનો પુત્ર, તેનો અદાયાનો પુત્ર હતો. 42 અદાયાને એ એથાનનો પુ-
ત્ર, તેનો ઝિમ્માહનો પુત્ર, તેનો શિમઈનો પુત્ર હતો. 43 શિમઈને યાહાથ-
નો પુત્ર, તેનો ગેશોર્મનો પુત્ર, તેનો લેવીનો પુત્ર હતો. 44 હેમાનનો બીજો

મદદનીશ એથાન મરારીનો વંશજ હતો. તે હેમાનને ડાબે હાથે ઊભો
રહેતો હતો. એથાનના પૂર્વજો: તેનો કીશીનો પુત્ર, તેનો આબ્દીનો પુત્ર,
તેનો માલ્લૂખનો પુત્ર હતો. 45 માલ્લૂખને હશાબ્યાનો પુત્ર, તેનો અમાસ્યા-
નો પુત્ર, તેનો હિલ્કિયાનો પુત્ર હતો. 46 હિલ્કિયાને આમ્સીનો પુત્ર, તે-
નો બાનીનો પુત્ર, તેનો શેમેરનો પુત્ર હતો. 47 શેમેરને માહલીનો પુત્ર, તે-
નો મૂશીનો પુત્ર, તેનો મરારીનો પુત્ર, તેનો લેવીનો પુત્ર હતો. 48 તેઓનાં
સગાંઓ, બીજા સર્વ લેવીઓ-મુલાકાત મંડપમાં, દેવના ઘરમાં જુદી જુદી
સેવાઓ માટે નિમાયેલા હતા. 49 પણ હારુન તથા તેના વંશજો દહના-
ર્પણની વેદી પર તથા ધૂપવેદી પર, પરમપવિત્રસ્થાનના સર્વ કામને
સારુ, તથા ઇસ્રાએલને માટે પ્રાયશ્ચિત કરવા સારુ, દેવના સેવક મૂ-
સાએ જે સર્વ નિયમો અને કાનૂનો આપ્યા હતા તે મુજબ અર્પણ ચઢા-
વતા હતા. 50 હારુનના પુત્રો આ છે: તેનો પુત્ર એલઆઝાર, એનો પુત્ર
ફીનહાસ, એનો પુત્ર અબીશૂઆ. 51 અબીશૂઆનો પુત્ર બુક્કી, એનો પુત્ર
ઉઝઝી, એનો પુત્ર ઝરાયા. 52 ઝરાયાનો પુત્ર મરાયોથ, એનો પુત્ર અમા-
ર્યા, એનો પુત્ર અહીટૂબ. 53 અહીટૂબનો પુત્ર સાદોક, અને એનો પુત્ર
અહીમાઆસ. 54 આ એ જગ્યાઓ છે જ્યાં હારુનના વંશજો રહેતા હતા;
તેમની સીમાઓની અંદર ચિઠ્ઠીઓ ફેંકીને કહાથીઓને રહેઠાણો માટે
એક ભાગ આપવામાં આવ્યો હતો. 55 તેઓને તેઓએ યહૂદિયા દેશમાં
હેબ્રોન તથા તેની આજુબાજુનાં તેનાં પાદરો આપવામાં આવ્યા હતા.
56 પણ તે નગરનાં ખેતરો તથા તેનાં ગામો તેઓએ યફુન્નેહના પુત્ર કાલે-
બને આપ્યાં. 57 વળી આસપાસના ગૌચરો સાથેનાં આશ્રયનગરો: લિ-
બ્નાહ, યાત્તીર, એશ્તમોઆ, 58 હીલેન, દબીર, 59 આશન અને બેથ-
શમેશ તેનાં પાદરો સહિત. 60 બિન્યામીનના કુલસમૂહે યાજકોને બીજા
તે નગરો તેમનાં ગૌચરો સાથે આપ્યાં હતા, જેમાં ગેબા, આલ્લેમેથ અને
અનાથોથનો પણ સમાવેશ થાય છે. 61 કહાથના બાકીના પુત્રોને ચિ-
ઠ્ઠીઓ નાખવાથી એફ્રાઈમ, દાન, તથા મનાશ્શાના અર્ધકુલસમૂહમાંથી
દશ નગરો મળ્યાં. 62 ગેશોર્મના પુત્રોને તેઓનાં કુલસમૂહો માટે ઈસ્સા-
ખારના કુલમાંથી, આશેરના કુલમાંથી, નફતાલીના કુલમાંથી, અને બા-
શાનમાં રહેતા મનાશ્શાના કુલમાંથી થોડો હિસ્સો મળીને તેર નગરો
મળ્યાં. 63 મરારીના વંશજોને, તેઓનાં કુલસમૂહો પ્રમાણે, રૂબેનના કુલ-
માંથી, ગાદના કુલમાંથી તથા ઝબુલોનના કુલમાંથી ચિઠ્ઠીઓ નાખવા-
થી બાર નગરો મળ્યાં. 64 ઇસ્રાએલપુત્રોએ લેવીઓને એ નગરો તેઓનાં
પાદરો સહિત આપ્યાં. 65 તેઓએ યહૂદાના કુલસમૂહોમાંથી, શિમોનના
કુલસમૂહોમાંથી તથા બિન્યામીનના કુલ સમૂહોમાંથી, આ નગરો જેઓ-
નાં નામ આપેલાં છે તે, ચિઠ્ઠીઓ નાખીને આપ્યાં. 66 કહાથનાં કુલસમૂ-
હોને એફ્રાઈમના કુલ પાસેથી 67 તેના ગૌચરો સાથે અપાયેલાં આશ્રયન-
ગરો: એફ્રાઈમના પર્વતીય પ્રદેશમાં આવેલું શખેમ તેનાં ગૌચરો સાથે;
ગેઝેર તેનાં ગૌચરો સાથે; 68 યોકમઆમ તેનાં ગૌચરો સાથે; બેથહોરોન
તેનાં ગૌચરો સાથે; 69 આયાલોન તેનાં ગૌચરો સાથે; અને ગાથ-રિમ્મોન
તેનાં ગૌચરો સાથે; 70 કહાથનાં કુટુંબોને મનાશ્શાના અર્ધકુલસમૂહ પા-
સેથી ગૌચરો સાથે ઇસ્રાએલીઓ દ્વારા અપાયેલાં આશ્રયનગરો: આનેર
તેનાં ગૌચરો સાથે; અને બિલહામ તેનાં ગૌચરો સાથે. 71 ગેશોર્મના કુ-
ટુંબોને મનાશ્શાના અર્ધકુલસમૂહ પાસેથી ગૌચરો સાથે અપાયેલા શહે-
રો આ પ્રમાણે હતા: બાશાન પ્રદેશનું ગોલાન તેનાં ગૌચરો સાથે; અને
આશ્તારોથ તેનાં ગૌચરો સાથે. 72 વળી ઈસ્સાખારના કુલસમૂહો તેઓને
ગૌચરો સાથે કેદેશ તેનાં ગૌચરો સાથે; દાબરાથ તેનાં ગૌચરો સાથે;
73 રામોથ તેનાં ગૌચરો સાથે; અને આનેમ તેનાં ગૌચરો સાથે આપ્યાં.
74 આશેરના કુલસમૂહે તેઓને ગૌચરો સાથે આબ્દોન તેનાં ગૌચરો સાથે
માશાલ તેનાં ગૌચરો સાથે, 75 હુક્કોક તેનાં ગૌચરો સાથે; અને રહોબ
તેનાં ગૌચરો સાથે આપ્યાં. 76 નફતાલીના કુલસમૂહે તેઓને ગૌચરો સા-
થે ગાલીલનું કેદેશ તેનાં ગૌચરો સાથે; હામ્મોન તેનાં ગૌચરો સાથે; અને
કિર્યાથાઇમ તેનાં ગૌચરો સાથે આપ્યાં. 77 ઝબુલોનના કુલસમૂહે રિ-
મ્મોન તેનાં ગૌચરો સાથે; અને તાબોર શહેરો અને તેનાં ગૌચરો સાથે;
મરારીનાં કુટુંબોને આપ્યાં. 78 રૂબેનના કુલસમૂહે તેઓને બેસેર તેનાં
ગૌચરો સાથે; યાહસાહ તેનાં ગૌચરો સાથે; 79 કદેમોથ તેનાં ગૌચરો સા-
થે; અને મેફાઆથ નગરો ગૌચરો સાથે આપ્યાં. આ નગરો યર્દન નદીની
સામી બાજુએ આવેલા રણમાં છે. 80 ગાદના કુલસમૂહે તેઓને ગિલયા-
દમાંનું રામોથ તેનાં ગૌચરો સાથે; માહનાઈમ તેનાં ગૌચરો સાથે; 81 હે-
શ્બોન તેનાં ગૌચરો સાથે; અને યાઝેર નગરો ગૌચરો સાથે આપ્યાં.

7 ઈસ્સાખારના પુત્રો: તોલા, પૂઆહ, યાશૂબ તથા શિમ્રોન એ ચાર.
2 તોલાના પુત્રો: ઉઝઝી, રફાયા, યરીએલ, યાહમાય, યિબ્સામ
અને શમુએલ હતા, તેઓ પોત પોતાના કુટુંબોના આગેવાનો હતા. દા-
ઉદ રાજાના સમયમાં આ કુટુંબોમાંના 22,600 પુરુષો શૂરવીર યોદ્ધાઓ
હતા. 3 ઉઝઝીનો પુત્ર યિઝ્રાહયા હતો. યિઝ્રાહયાના પુત્રો: મિખાએલ,
ઓબાધા, યોએલ અને યિશ્શીયા હતા, આ બધાં પાંચેય તેમના કુટુંબો-
ના આગેવાનો હતા. 4 દાઉદ રાજાના સમયમાં તેઓનાં કુટુંબોમાંથી
36,000 યોદ્ધાઓ સૈન્યમાં હતા; કારણ કે, આ પાંચ આગેવાનોને ઘણી
પત્નીઓ હતી અને ઘણાં પુત્રો હતા. 5 ઈસ્સાખારના કુલસમૂહના સર્વ
કુટુંબોમાંથી યુદ્ધને માટે ઉપલબ્ધ એવા પુરુષોની સંખ્યા 87,000 હતી,
તેઓ શૂરવીર યોદ્ધાઓ હતા, તેઓનાં નામ વંશાવળીમાં સામેલ કરેલાં
છે. 6 બિન્યામીનના ત્રણ પુત્રો હતા: બેલા, બેખેર અને યદીઅએલ.
7 બેલાના પુત્રો: એસ્બોન, ઉઝઝી, ઉઝઝીએલ, યરીમોથ અને ઈરી. આ
પાંચ શૂરવીર યોદ્ધાઓ કુટુંબોના આગેવાનો હતા અને તેઓના સૈન્યની
સંખ્યા 22,034 હતી. 8 બેખેરના પુત્રો: ઝમીરાહ, યોઆશ, અલીએઝેર,
એલ્યોએનાય, ઓમ્રી, યરેમોથ, અબિયા, અનાથોથ તથા આલેમેથ. એ
સર્વ બેખેરના પુત્રો. 9 તેઓની વંશાવળી પ્રમાણે તથા પેઢીઓ પ્રમાણે
તેમની ગણતરી કરતાં તેઓ 20,200 પરાક્રમી ને શૂરવીર પુરુષો, પો-
તાના પિતૃઓનાં કુટુંબોના સરદારો હતા. 10 યદીઅએલનો પુત્ર બિ-
લ્હાન, બિલ્હાનના પુત્રો: યેઉશ, બિન્યામીન, એહૂદ, કનાઅનાહ, ઝે-
થાન, તાશીર્શ તથા અહીશાહાર. 11 એ સર્વ યદીઅએલના પુત્રો હતા, તે-
ઓના પિતૃઓનાં કુટુંબોના સરદારો, 17,200 પરાક્રમી ને શૂરવીર પુરુ-
ષો હતા કે, જેઓ લડાઈ વખતે સૈન્યમાં જવાને લાયક હતા. 12 ઈરના
પુત્રો: હુપ્પીમ તથા શુપ્પીમ; અને આહેરનો પુત્ર હુશીમ હતો. 13 નફતા-
લીના પુત્રો: યાહસીએલ, ગુની, યેસેર તથા શાલ્લૂમ; તેઓની માતા બિ-
લ્હાહ હતી. 14 મનાશ્શાના વંશજો: અરામી ઉપપત્નીને પેટે તેને આસ્રી-
એલ જન્મ્યો અને ગિલયાદના પિતા માખીરને પણ જન્મ તેણે જ
આપ્યો. 15 માખીર હુપ્પીમ તેમ જ શુપ્પીમ માટે બે પત્નીઓ લાવ્યો,
એની બહેનનું નામ માઅખાહ હતું. બીજા પુત્રનું નામ સલોફહાદ હતુ.
સલોફહાદને ફકત પુત્રીઓ જ થઈ. 16 માખીરની પત્ની માઅખાહને પુત્ર
થયો; તેણે તેનું નામ પેરેશ પાડયું. તેના ભાઈનું નામ શેરેશ હતું; તેના
પુત્રો ઉલામ તથા રેકેમ હતા. 17 ઉલામનો પુત્ર બદાન, મનાશ્શાના પુત્ર
માખીરના પુત્ર ગિલયાદના વંશજો હતા. 18 તેની બહેન હામ્મોલેખેથને
પેટે ઇશ્હોદ, અબીએઝેર તથા માહલાહ થયા. 19 શમીદાના પુત્રો
આહ્યાન, શેખેમ, લિકહી તથા અનીઆમ હતા. 20 એફ્રાઈમના વંશજો:
એફ્રાઈમનો પુત્ર શૂથેલાહ હતો; એનો પુત્ર બેરેદ, એનો પુત્ર તાહાથ,
એનો પુત્ર એલઆદાહ, એનો પુત્ર તાહાથ, 21 એનો પુત્ર ઝાબાદ, એના
પુત્રો: શૂથેલાહ, એસેર તથા એલઆદ, તેમના દેશના મૂળ રહેવાસી
ઓને ગાથના પુરુષોએ મારી નાખ્યા, કારણ કે તેઓનાં ઢોરઢાંખરને
લઈ જવા માટે તેઓ ઊતરી આવ્યા હતા. 22 તેઓના પિતા એફ્રાઈમે
ઘણા દિવસો સુધી શોક કર્યો, ને તેના ભાઈઓ તેને સાંત્વના આપવા
આવ્યા. 23 પછી તેની પત્ની ગર્ભવતી બની, ને તેણે પુત્રને જન્મ
આપ્યો, ને તેણે તેનું નામ બરીઆહ (ભાગ્યહીન) પાડયું, કારણ કે તેના
કુટુંબની દુર્દશા થઈ હતી. 24 તેને શેઅરાહ નામની એક પુત્રી હતી. તેણે
નીચેનું તથા ઉપરનું બેથ-હોરોન તથા ઉઝ્ઝેન-શેઅરાહ બાંધ્યાં.
25 એફ્રાહિમનો પુત્ર રેફા હતો, રેફાનો પુત્ર રેશેફ હતો, અને રેશેફનો પુત્ર
તેલાહ હતો, અને પુત્ર તાહાન હતો; 26 એનો પુત્ર લાઅદાન, એનો પુત્ર
આમ્મીહૂદ; એનો પુત્ર અલીશામા; 27 એનો પુત્ર નૂન, ને એનો પુત્ર યહો-
શુઆ હતો. 28 તેઓનાં વતન તથા તેઓનાં રહેઠાણ બેથેલ તથા તેના
કસબાઓ હતાં, ને પૂર્વ તરફ નાઅરાન, પશ્ચિમ તરફ ગેઝેર તથા તેના
કસબાઓ; વળી શખેમને તેના કસબાઓ અને અઝ્ઝાહ તથા તેના
કસબાઓ સુધી હતા; 29 અને તેનો પુત્ર રેફાહ હતો અને બેથશઆન
તથા તેના કસબાઓ, તાઅનાખ તથા તેના કસબાઓ ત્યાં હતા. મગિ-
દો તથા તેના કસબાઓ, દોર તથા તેના કસબાઓ મનાશ્શાના વંશજો-
ના હતા. આ બધી જગ્યાઓ પર ઇસ્રાએલના પુત્ર યૂસફના વંશજો રહેતાં
હતા. 30 આશેરના પુત્રો: યિમ્નાહ, યિશ્વાહ, યિશ્વી, બરીઆહ, તેમની

બહેન સેરાહ. 31 બરીઆના પુત્રો: હેબેર અને માલ્કીએલ જે બિઝાઈથનો
પિતા હતો. 32 હેબેરના પુત્રો: યાફલેટ, શોમેર, હોથામ, તેમની બહેન
શૂઆ હતી. 33 યાફલેટના પુત્રો: પાસાખ, બિમ્હાલ અને આશ્વાથ. 34 શે-
મેરના પુત્રો: અહી, રોહગાહ, યહુબ્બાહ અને અરામ, 35 તેના ભાઈ હેલે-
મના પુત્રો: સોફાહ, યિમ્ના, શેલેશ અને આમાલ, 36 સોફાહના પુત્રો: સૂ-
આહ, હાનેફેર, શૂઆલ, બેરી, યિમ્રાહ. 37 બેસેર, હોદ, શામ્મા, શિલ્શાહ,
યિથ્ાન તથા બએરા, 38 યેથેરના પુત્રો: યફુન્નેહ, પિસ્પાહ, તથા અરા.
39 ઉલ્લાના પુત્રો: આરાહ, હાન્નીએલ તથા રિસ્યા. 40 એ બધા આશેરના
વંશજો હતા; તેઓ પોતાના પિતૃઓનાં કુટુંબોના ચૂંટી કાઢેલા સરદારો
તથા પરાક્રમી ને શૂરવીર પુરુષો હતા; અને વંશાવળી મુજબ યુદ્ધના
કામ માટેની તેઓની ગણતરી કરતાં તેઓ 26,000 પુરુષો હતા.
8 બિન્યામીનનો જયેષ્ઠ પુત્ર બેલા, બીજો આશ્બેલ, ત્રીજો આહ-
રાહ: 2 ચોથો નોહાહને પાંચમો રાફા હતો. 3 બેલાને આ પુત્રો હતા:
આદ્દાર, ગેરા, એહૂદ, 4 અબીશૂઆ, નામાન, અહોઆહ; 5 શફૂફાન અને
હૂરામ. 6 એહૂદના વંશજો ગેબામાં વસતાં કુટુંબોના આગેવાનો હતા. યુ-
દ્ધમાં તેઓને બંદીવાન કરીને માનાહાથમાં લઈ જવામાં આવ્યા. 7 તે-
ઓનાં નામ આ પ્રમાણે છે: નામાન, અહિયા, ગેરા (જેણે તેઓને દેશવ-
ટો અપાવ્યો), ઉઝઝી અને અહીહૂદનો પિતા હતો. 8 શાહરાઈમે તેની
પત્નીઓ હુશીમ અને બાઅરાને છૂટાછેડા આપી દીધા, પણ મોઆબ
દેશમાં 9 તેની નવી પત્ની હોદેશથી યોબાબ, સિલ્યા, મેશા, માલ્કામ,
10 યેઉસ, શાખ્યા અને મિર્માહનો જન્મ થયો. આ તેના પુત્રો તેમના કુ-
ટુંબોના આગેવાનો બન્યા. 11 તેની પત્ની હુશીમથી અબીટુબ અને
એલ્પાઆલ થયા હતા. 12 એલ્પાઆલના પુત્રો: એબેર, મિશઆમ, તથા
શેમેદ, જેણે ઓનો તથા લોદ તેમના કસબાઓ સહિત વસાવ્યાં; 13 તે-
ના બીજા પુત્રો બરીઆહ ને શેમા હતા. તેઓ કુટુંબોના આગેવાનો હતા
અને આયાલોનમાં રહેતા હતા. તેઓએ ગાથના રહેવાસીઓને હાંકી કા-
ઢયા. 14 એલ્પાલનાં પુત્રો: આહ્યો શાશાક અને યેરેમોથ, 15 બરીઆહના
પુત્રો: ઝબાધા, અરાદ, એદેર, 16 મિખાએલ, યિશ્પાહ અને યોહા.
17 એલ્પાઆલના પુત્રો હતો: ઝબાદ્યા, મશુલ્લામ, હિઝકી, હેબેર. 18 યિ-
શ્મરાય, યિઝલીઆહ, અને યોબાબ, 19 શિમઈના પુત્રો: યાકીમ, ઝિખ્રી,
ઝાબ્દી, 20 અલીએનાય, સિલ્લાથાય, અલીએલ, 21 અદાયા, બરાયા,
અને શિમ્રાથ. 22 શાશાકનાં પુત્રો: યિશ્પાન, એબેર, અલીએલ,
23 આબ્દોન, ઝિખ્રી, હાનાન, 24 હનાન્યા, એલામ, આન્થોથીયા 25 યિફ-
દયા અને પનુએલ. 26 યરોહામનાં પુત્રો હતો: શામ્શરાય, શર્હાયા,અથા-
લ્યા, 27 યાઅરેશ્યા, એલિયા અને ઝિખ્રી. 28 આ બધાં તેમના સમયમાં
કુટુંબોના આગેવાનો હતા અને યરૂશાલેમમાં રહેતા હતા. 29 ગિબયોનના
પિતા યેઈએલગિબયોનમાં રહેતા હતા.તેમની પત્નીનું નામ માઅખાહ
હતું. 30 તેનાં પુત્રો: જયેષ્ઠ પુત્ર આબ્દોન, સૂર, કીશ બઆલ, નાદાબ,
31 ગદોર, આહ્યો, ઝેખેર, 32 અને મિકલોથ જે શિમઆહનો પિતા હતા.
આ બધા કુટુંબો યરૂશાલેમમાં પોતાના ભાઈઓ સાથે રહેતા હતા. 33 નેર
કીશના પિતા હતા અને કીશ શાઉલના પિતા હતા. શાઉલનાં પુત્રો: યો-
નાથાન માલ્કી-શૂઆ, અબીનાદાબ અને એશ્બઆલ. 34 યોનાથાનનો
પુત્ર મરીબ-બઆલ હતો. મરીબ-બઆલનો પુત્ર મીખાહ હતો. 35 મીખા-
હના પુત્રો: પીથોન, મેલેખ, તારેઆ અને આહાઝ. 36 આહાઝ યહોઆદા-
હના પિતા હતા. યહોઆદાહના પુત્રો: આલેમેથ, આઝમાવેથ અને ઝિ-
મ્રી, મોસા ઝિમ્રીનો પુત્ર હતો. 37 મોસા બિનઆનો પૂર્વજ હતો, બિ-
નઆના પુત્રો: રાફાહ, શફાહનો પુત્ર એલઆસાહ, એલઆસાહનો પુત્ર
આસેલ. 38 આસેલના છ પુત્રો હતા; આઝીર્કામ, બોખરૂ, ઇશ્માએલ,
શઆર્યા, ઓબાદ્યા અને હાનાન. 39 આસેલના ભાઇ એશેકના પુત્રો:
જયેષ્ઠ પુત્ર ઉલામ, બીજો યેઉશ ને ત્રીજો અલીફેલેટ. 40 ઉલામના પુત્રો
પરાક્રમી શૂરવીર પુરુષો અને તીરંદાજ હતા, તેઓને ઘણા પુત્રો ને પુત્રો-
ના પુત્રો એટલે 150 જેટલા હતા. એ સર્વ બિન્યામીન વંશજો હતા.
9 એમ સર્વ ઇસ્રાએલની ગણત્રી વંશાવળી પ્રમાણે કરવામાં આવી;
ને જુઓ, તેઓ ઇસ્રાએલના રાજાઓના પુસ્તકમાં નોંધેલા છે; ને
યહુદાહ પોતાના ઉલ્લંઘનને લીધે બાબેલમાં કેદી તરીકે લઇ જવાયા
હતા. 2 હવે તેઓનાં નગરોમાં તેઓનાં વતનમાં પહેલાં રહેનાર તે ઇસ્રા-
એલીઓ, યાજકો, લેવીઓ, તથા નથીનીમ હતા 3 અને યહુદાહના પુત્રો-
માંના તથા બિન્યામીનના પુત્રોમાંના તથા એફ્રાઈમ તથા મનાશ્શેહના
પુત્રોમાંના જે યરૂશાલેમમાં રહેતા હતા તેઓ આ છે; 4 યહુદાહના પુત્ર પે-
રેસના વંશજોમાંથી બાનીના પુત્ર ઇમ્રીના પુત્ર ઓમ્રીના પુત્ર આમ્મીહૂદ-
નો પુત્ર ઉથાય. 5 અને શીલોનીઓમાં; તેનો જયેષ્ઠ પુત્રી અસાયાહ તથા
તેનો પુત્રો. 6 અને ઝેરાહના પુત્રોમાંના; યેઉએલ તથા તેઓના ભાઈઓ,
છસેં ને નેવુ. 7 અને બિન્યામીનના પુત્રોમાંના, હાસ્સેનુઆહના પુત્ર હો-
દાવ્યાહના પુત્ર મશુલ્લામનો પુત્ર સાલ્લૂ; 8 ને યરોહામનો પુત્ર યિબ્નયાહ;
ને મિખ્રીના પુત્ર ઉઝઝીનો પુત્ર એલાહ; ને યિબ્નીયાહના પુત્ર રેઉએલ-
ના પુત્ર શફાટયાહનો પુત્ર મશુલ્લામ; 9 ને તેઓની વંશાવળીઓ પ્રમાણે
તેઓના ભાઈઓ નવસેં ને છપ્પન. એ સર્વ પુરૂષો પોતાના પિતૃઓના
ઘરો પ્રમાણી પિતૃઓના ઘરોના મુખ્યો હતા. 10 અને યાજકોમાંના; યદા-
યાહ તથા યહોયારીબ તથા યાખીન; 11 ને અહીટૂબના પુત્ર મરાયોથના
પુત્ર સાદોકના પુત્ર મશુલ્લામના પુત્ર હિલ્કીયાહનો પુત્ર અઝાર્યાહ દેવના
ઘરનો કારભારી; 12 ને માલ્કીયાહના પુત્ર પાશ્હૂરના પુત્ર યરોહામનો પુત્ર
અદાયાહ; ને ઇમ્મેરના પુત્ર મશિલ્લેમીથના પુત્ર મશુલ્લામના પુત્ર યાહઝે-
રાહના પુત્ર અદીએલનો પુત્ર માઅસાય; 13 ને તેઓના ભાઈઓ, પોતા-
ના પિતૃઓના ઘરના મુખ્યો, એક હજાર સાતસે ને સાઠ હતા; તેઓના
દેવના ઘરની સેવાના કામ સારૂ ઘણા કુશળ પુરૂષો હતા. 14 અને લેવી-
ઓમાંના એટલે મરારીના પુત્રોમાંના; હશાબ્યાહના પુત્ર અઝીકામના પુ-
ત્ર હાશ્શૂબનો પુત્ર શમાયાહ; 15 ને બાકબાક્કાર, હેરેશ તથા ગાલાલ, ને
આસાફના પુત્ર ઝિખ્રીના પુત્ર મીખાનો પુત્ર માત્તાન્યાહ; 16 ને યદૂથૂનના
પુત્ર ગાલાલના પુત્ર શમાયાહનો પુત્ર ઓબાદ્યાહ, ને એલ્કાનાહના પુત્ર
આસાનો પુત્ર બેરેખ્યાહ, તેઓ નાટોફાથીઓનાં ગામોના રહેવાસીઓ
હતા. 17 અને દ્વારપાળો; શાલ્લુમ તથા આક્કૂબ તથા ટાલ્મોન તથા
અહીમાન તથા તેઓના ભાઈઓ; શાલ્લુમ મુખ્ય હતો; 18 તે ત્યાં લગી
રાજાના પૂર્વ ગમના દરવાજાનો રક્ષક હતો; તેઓ લેવી પુત્રોની છાવણી-
ને માટે દ્વારપાળો હતા. 19 અને કોરાહના પુત્ર એબ્યાસાફના પુત્ર કોરેનો
પુત્ર શાલ્લુમ, ને તેના બાપના ઘેરના તેના ભાઈઓ, એટલે કોરાહીઓ,
સેવાના કામ પર હતા, મંડપના દ્વારપાળો હતા; ને તેઓના પિતૃઓ
યહોવાહની છાવણીનું નાકું સંભાળનારા હતા. 20 ને ગતકાળમાં
એલઆઝારનો પુત્ર ફીનહાસ તેઓનો ઉપરી હતો, ને યહોવાહ તેની સા-
થે હતો. 21 મશેલેમ્યાહનો પુત્ર ઝખાર્યાહ મુલાકાતમંડપનો દ્વારપાળ
હતો. 22 એ સર્વ જે દરવાજા ઉપર દ્વારપાળ તરીકે પસંદ કરાએલા હતા
તેઓ બસેં ને બાર હતા. એ પોતાની ગામોમાં પોતાની વંશાવળી પ્રમાણે
ગણાયા હતા, તેઓને દાઉદે તથા શમૂએલ ભવિષ્યદર્શકે તેઓના મુક-
રર કીધેલા કામ પર નિમ્યા. 23 એમ તેઓનું તથા તેઓના પુત્રોનું કામ
યહોવાહના ઘરનાં દ્વારોની, એટલે મંડપના ઘરની, જિલ્લાવાર ચોકી
કરીન સંભાળ રાખવાનું હતું. 24 ચારે બાજુએ દ્વારપાળો હતા, એટલે પૂ-
ર્વ, પશ્ચિમ, ઉત્તર તથા દક્ષિણ ગમ. 25 અને તેઓના જે ભાઈઓ તેઓ-
ના ગામોમાં હતા, તેઓને સાત સાત દિવસને આંતરે વારાફરતી તેઓ-
ની સાથે સામેલ થવા સારૂ આવવાનું હતું; 26 કેમકે ચાર મુખ્ય દ્વારપાળો
જે લેવીઓ હતા, તેઓ અમુક કામ પર હતા, અને દેવના ઘરની ઓર-
ડીઓ પર તથા ભંડારો પર નીમેલાં હતા. 27 અને તેઓ દેવના ઘરની
આસપાસ રહેતા હતા, કેમકે તે તેમના હવાલામાં હતું, ને દર સવારે તેને
ઉઘાડવાનું કામ તેઓનું હતું. 28 અને તેઓમાંના કેટલાએકના હવાલામાં
સેવાનાં પાત્રો હતા; કેમકે તેઓને ગણીને બહાર લઈ જતાં, ને ગણીને
તેઓને માંહે લાવતા. 29 વળી તેઓમાંના કેટલાક રાચરચીલા પર તથા
પવિત્રસ્થાનનાં સર્વ પાત્રો પર તથા મેંદા પર તથા દ્રાક્ષરસ તથા તેલ
તથા લોબાન તથા સુગંધીઓ પર નિમાયલા હતા. 30 અને યાજકના પુ-
ત્રોમાંના કેટલાએક સુગંધીઓની મેળવણી તૈયાર કરનારા હતા. 31 અને
શાલ્લુમ કોરાહીનો જયેષ્ઠ પુત્ર માત્તિથ્યાહ, જે એક લેવી હતો, તેનું મુકરર
કીધેલું કામ તવાઓ પર શેકાયલી ચીજો સંભાળી રાખવાનું હતું. 32 અને
કહાથીઓના પુત્રોમાંના, તેઓના કેટલાક ભાઈઓ, અર્પેલી રોટલી દર
વિશ્રામવારે તૈયાર કરવાના કામ પર હતા. 33 અને આ ગવૈયાઓ હતા,
તેઓ લેવીઓના પિતૃઓના ઘરોના મુખ્યો હતા, ને તેઓ ઓરડાઓમાં
રહેતા હતા, ને તેઓ બીજા કામથી મુક્ત હતા, કેમકે તેઓ રાત દહાડે
તેમના કામમાં ગુંથાયલા રહેતા હતા. 34 એ લેવીઓના પિતૃઓના ઘરો-
ના મુખ્યો હતા, એટલે પોતાની સર્વ પેઢીઓમાં મુખ્ય પુરુષો હતા; એ
યરૂશાલેમમાં રહેતા હતા. 35 અને ગિબઓનના બાપ યેઈએલ ગિબઓ-

નમાં રહેતો હતો, ને તેની સ્ત્રીનું નામ માઅખાહ હતું. 36 આબ્દોન તેનો
જયેષ્ઠ પુત્ર, તથા સૂર, તથા કીશ તથા બઆલ તથા નેર તથા નાદાબ,
37 તથા ગાદોર તથા આહ્યો તથા ઝખાર્યાહ તથા મિક્લોથ હતા. 38 અને
મિક્લોથથી શિમઆમ થયો; ને તેઓ પણ પોતાના ભાઇઓની સાથે,
પોતાના ભાઇઓની સામે, યરૂશાલેમમાં રહેતા હતા. 39 અને નેરથી કીશ
થયો; ને કીશથી શાઉલ થયો; ને શાઉલથી યોનાથાન તથા માલ્કી-
શૂઆ તથા અબીનાદાબ તથા એશ્બઆલ થયા. 40 અને યોનાથાનનો
પુત્ર મરીબ-બઆલ હતો; ને મારીબ-બઆલથી મિખાહ થયો. 41 અને
મીખાહના પુત્રો; પીથોન તથા મેલેખ તથા તાહરેઆ તથા આહાઝ.
42 અને આહાઝથી યારાહ થયો; ને યારાહથી આલેમેથ તથા આઝ્માવેથ
તથા ઝિમ્રી થયા; ને ઝિમ્રીથી મોસા થયો; 43 ને મોસાથી બિનઆ થયો;
ને તેનો પુત્ર રફાયાહ, તેનો પુત્ર એલઆસાહ, તેનો પુત્ર આસેલ; 44 ને
આસેલને છ પુત્રો હતા, ને તેઓનાં નામ આ છે; આઝ્રીકામ, બોખરૂ,
તથા ઇશ્માએલ તથા શઆર્યાહ તથા ઓબાદ્યાહ તથા હાનાન; એ
આસેલના પુત્રો હતા.

10 હવે પલિસ્તીઓએ ઇસ્રાએલની સામે યુદ્ધ કીધું; ને ઇસ્રાએલના
પુરૂષો પલિસ્તીઓની આગળથી નાઠા, ને ગિલ્બોઆ પર્વત પર
કાપી નંખાયા. 2 અને પલિસ્તીઓ શાઉલની તથા તેના પુત્રોની પાછળ
લગોલગ લાગ્યા, ને પલિસ્તીઓએ શાઉલના પુત્ર યોનાથાનને તથા
અબીનાદાબને તથા માલ્કી-શુઆને માર્યા. 3 અને શાઉલની સામે યુદ્ધ
દારૂણ મચ્યું, ને ધનુર્ધારીઓએ તેને પકડી પાડ્યો, ને ધનુર્ધારીઓએ
તેને ઘાએલ કીધો. 4 ત્યારે શાઉલે પોતાના શાસ્ત્રધારને કહ્યું કે, તારી
તરવાર તાણીને મને વિંધી નાખ, રખે એ બેસુન્નતીઓ આવીને મારૂં
અપમાન કરે. પણ તેના શાસ્ત્રધારે ના પાડી; કેમકે તે ઘણો બિહીધો.
માટે શાઉલ તેની તરવાર લઇને તે પર પડ્યો. 5 અને શાસ્ત્રધારે જોયું કે
શાઉલ મરણ પામ્યો છે, ત્યારે તે પણ પોતાની તરવાર પર પડીને મારી
ગયો. 6 એમ શાઉલ તથા તેના ત્રણ પુત્રો મરણ પામ્યા; ને તેનું આખું
ઘર સાથે મરણ પામ્યું. 7 અને મેદાનમાં જે ઇસ્રાએલના માણસો હતા તે
સર્વેએ જોયું કે તેઓ નાઠા છે, ને શાઉલ તથા તેના પુત્રો માર્યા ગયા છે,
ત્યારે તેઓ પોતાનાં નગરો તજી દઇને નાસી ગયા; ને પલિસ્તીઓ
આવીને તેઓમાં રહ્યા. 8 અને તેને બીજે દિવસે એમ થયું, કે પલિ-
સ્તીઓ ઘવાએલાઓને લૂટવા સારૂ આવ્યા, ત્યારે શાઉલ તથા તેના પુ-
ત્રો ગિલ્બોઆ પર્વત પર પડેલા તેઓને મળ્યા. 9 અને તેઓએ તેની
ઉપરથી સઘળું ઉતારી લીધું, ને તેનું માથું તથા તેનું કવચ લીધાં, ને તે-
ઓએ પોતાની મૂર્તિઓને તથા લોકોને વધામણી આપવા સારૂ ચારો-
ગમ પલિસ્તીઓના દેશમાં સંદેશિયા મોકલ્યા. 10 અને તેઓએ તેનું
કવચ પોતાના દેવોના ઘરમાં મૂક્યું, ને દગોનના ઘરનાં તેનું માથું ટાંગ્યું.
11 અને પલિસ્તીઓએ જે સર્વ શાઉલને કર્યું હતું તે યાબેશ-ગિલઆદના
સઘળાઓએ સાંભળ્યું, 12 ત્યારે સર્વ શૂરવીર પુરૂષોએ ઉઠીને શાઉલની
લાસ તથા તેના પુત્રોની લાશે લીધા ને તેમને યાબેશમાં આણી, ને યા-
બેશના આલોન ઝાડ તળે તેઓનાં હાડકાં દાટ્યા, ને સાત દિવસ સુધી
ઉપવાસ કર્યો. 13 એમ શાઉલે યહોવાહનું વાચા ન પાળવાથી જે
ઉલ્લંઘન તેણે યહોવાહ વિરુદ્ધ કર્યું હતું, ને વળી ખબર મેળવવા માટે
યહોવાહને ન પૂછતાં ભૂતવૈદની સલાહ લીધી હતી, તેને લીધે તે મરણ
પામ્યો; 14 તે માટે એણે તેને મારી નાખ્યો, ને રાજ્યને ફેરવીને યીશાઇના
દીકરા દાઉદના હાથમાં આપ્યું.

11 અને સર્વ ઇસ્રાએલે હેબ્રોનમાં દાઉદની પાસે એકઠા થઇને કહ્યું
કે, જો, અમે તારાં હાડકાં તથા તારૂં માંસ છીએ. 2 ગતકાળમાં
શાઉલ રાજા હતો ત્યારે પણ ઇસ્રાએલને બહાર લઇ જનાર તથા અંદર
લાવનાર તુંજ હતો; ને તારા દેવ યહોવાહે તને કહ્યું હતું કે, તું મારા ઇસ્રા-
એલ લોકનું પાળણ કરશે, ને તુંજ મારા ઇસ્રાએલ લોકો પર અધિકારી
થશે. 3 એમ ઇસ્રાએલના સર્વ વડીલો હેબ્રોનમાં રાજા પાસે આવ્યા; ને
દાઉદે હેબ્રોનમાં યહોવાહની સમક્ષ તેઓની સાથે કરાર કીધો; ને શમૂ-
એલની હસ્તક અપાયલા યહોવાહના વચન પ્રમાણે તેઓએ દાઉદને
ઇસ્રાએલ પર રાજા તરીકે અભિષિક્ત કીધો. 4 અને દાઉદ તથા સર્વ
ઇસ્રાએલ યરૂશાલેમમાં એટલે યબૂસમાં ગયા; ને દેશના રહેવાસી યબૂ-
સીઓ ત્યાં હતા. 5 અને યબૂસના રહેવાસીઓએ દાઉદને કહ્યું કે, તારે
અહીં આવવું નહિ, તો પણ દાઉદે સિયોનનો કિલ્લો લીધો; તેજ દાઉદનું
નગર છે. 6 અને દાઉદે કહ્યું કે, જે કોઇ યબૂસીઓને પ્રથમ મારશે, તે મુ-
ખ્ય તથા સેનાપતિ થશે. અને સરૂયાહનો પત્ર યોઆબ પ્રથમ ચઢી
ગયો, ને મુખ્ય ઠર્યો. 7 અને દાઉદ કિલ્લામાં રહ્યો; એ માટે તેઓએ તેનું
નામ દાઉદનું નગર એવું પાડ્યું. 8 ને તેણે ચોતરફ નગર બાંધ્યું, મિલ્લો-
થી માંડીને ચોતરફ; ને યોઆબે બાકીના નગરને સમાર્યું. 9 અને દાઉદ
વધારે ને વધારે મોટો થતો ગયો; કેમકે સૈન્યનો યહોવાહ તેની સાથે
હતો. 10 હવે આ દાઉદના મુખ્ય યોદ્ધાઓ છે, કે જેઓ, ઇસ્રાએલ વિષે
યહોવાહના વચન પ્રમાણે તેને રાજા કરવા માટે ઇસ્રાએલની સાથે મક્ક-
મપણે તેના રાજ્યમાં તેની કુમકે રહ્યા. 11 અને દાઉદના યોદ્ધાઓની
ગણત્રી આ છે; એટલે હાખ્મોનીનો પુત્ર યશોબઆમ, એ ત્રાસનો મુખ્ય;
તેણે પોતાની બરછી ત્રણસેંની વિરુદ્ધ ઉઠાવીને તેઓને એકી વખતે
મારી નાખ્યા. 12 અને તેથી ઉતરતો આહોહી દોદોનો પુત્ર એલઆઝાર
હતો, ને તે ત્રણ યોદ્ધાઓમાંનો એક હતો, 13 તે પાસ-દામ્મીમમાં દાઉદ-
ની સાથે હતો, ને ત્યાં જવના ખેતરમાં પલિસ્તીઓ લડાઇને સારૂ એકઠા
થયા હતા, ને લોક પલિસ્તીઓની આગળથી નાસતા હતા. 14 અને તે-
ઓએ તે ખેતરની મધ્યે ઉભા રહીને તેનો બચાવ કીધો, ને પલિસ્તીઓ-
ને મારી નાખ્યા; ને યહોવાહે મોટો જયથી તેઓનો બચાવ કીધો. 15 અને
ત્રીસ મુખ્યોમાંના ત્રણ દાઉદની પાસે અદુલ્લામની ગુફામાં ગઢ આગળ
જઈ પહોંચ્યા; ને પલિસ્તીઓના સૈન્યે રફાઈમના મેદાનમાં છાવણી
કરેલી હતી. 16 ને દાઉદ તે વેળા ગઢમાં હતો, ને પલિસ્તીઓનું થાણું બે-
થલેહેમમાં હતું. 17 અને દાઉદે તલપ તલપ થઈને કહ્યું કે, કોઇ મને બે-
થલેહેમના દરવાજા પાસેના કુવાનું પાણી પાય તો કેવું સારૂ! 18 ને પલિ-
સ્તીઓની છાવણીમાં પેલા ત્રણે ઘસી જઈને તે દરવાજા પાસેના બેથ-
લેહેમના કુવામાંથી પાણી કાઢ્યું, ને તે દાઉદની પાસે લઇ આવ્યા; પણ
દાઉદે તે પીવા ઈચ્છતો નહોતો, પણ યહોવાહની આગળ તે રેડીને,
19 તેણે કહ્યું કે, મારો દેવ મને એવું કરવા ન દો; આ પુરૂષો જેઓએ પો-
તાનો જીવ જોખમમાં નાખ્યા છે તેઓનું લોહી શું હું પીઉં? કેમકે તેઓ તો
પોતાનો જીવનો જોખમે તે લાવ્યા છે, એ માટે તે પીવાને રાજી ન હોતો .
એ ત્રણ યોદ્ધાઓએ એ કાર્ય કીધાં. 20 અને યોઆબનો ભાઇ આબ્શાય
તે ત્રણમાંનો મુખ્ય હતો; કેમકે તેણે પોતાની બર્છી ત્રણસેં વિરુદ્ધ ઉઠા-
વીને તેઓને માર્યા, ને ત્રણમાં નામ મેળવ્યું. 21 એ ત્રણેમાં બાકીના બે-
ઉથી તે વધારે નામીચો હતો, ને તે તેઓનો ઉપરી થયો; તો પણ તે પહે-
લાં ત્રણની બરોબરી કરી શક્યો નહિ. 22 કાબ્સએલના પરાક્રમી કૃત્યો
કરનાર શૂર પુરૂષના પુત્ર યહોયાદાનો પુત્ર બનાયાહ, એણે મોઆબી
અરીએલના બે પુત્રોને મારી નાખ્યા; વળી એણે જઈને હીમની રૂતુમાં
ગુફાની મધ્યે એક સિંહને મારી નાખ્યો; 23 ને એણે એક મોટા કદાવર
પાંચ હાથના મિસરી પુરૂષને મારી નાખ્યો; ને તે મિસરીના હાથમાં વણ-
કરની તોરના જેવી એક બરછી હતી; ને એ લાકડી લઈને તેની પાસે જઈ
પહોંચ્યો, ને બરછી મિસરીના હાથમાંથી છિનવી લઈને તેનીજ બરછી-
થી તેને મારી નાખ્યો, 24 યહોયાદાના પુત્ર બનાયાહે એ કાર્ય કીધાં, ને
એ ત્રણ યોદ્ધાઓમાં તે નામાંકિત થયો, 25 જુઓ, તે ત્રીસ કરતાં વધારે
નામીચો હતો, પણ તે પહેલાં ત્રણની બરોબરી કરી શક્યો નહિ; અને
દાઉદે તેને પોતાની રક્ષકટોળીનો ઉપરી ઠરાવ્યો. 26 વળી સૈન્યના યો-
દ્ધાઓ પણ હતા; એટલે યોઆબનો ભાઇ અસાહેલ, બેથલેહેમનો દોદો-
ના પુત્ર એલ્હાનાન; 27 શામ્મોથ હરોરી, હેલેસ પલોની; 28 તકોઈ ઇક્કે-
શનો પુત્ર ઇરા, અબીએઝેર અનાથોથી; 29 સિબ્બખાય હુશાથી, ઈલાય
અહોહી; 30 માહરાય નાટોફાથી, નાટોફાથી બાઆનાહનો પુત્ર હેલેદ;
31 બિન્યામીનપુત્રોના ગિબઆહના રીબાયનો પુત્ર ઇથાય, બનાયાહ
પિરઆથોની; 32 ગાઆશનાં નાળાંવાળો હૂરાય, અબીએલ આર્બાથી;
33 આઝ્માવેથ બાહરૂમી, એલ્યાહબા શાઆલ્બોની; 34 ગીઝોની હાશેમ-
ના પુત્રો, હારારી શાગેનો પુત્ર યોનાથાન; 35 હારારી સાખારનો પુત્ર
અહીઆમ, ઉરનો પુત્ર અલીફાલ; 36 હેફેર મખેરાથી, અહીયાહ પલોની;
37 હેસ્રો કાર્મેલી, અઝબાયનો પુત્ર નાઅરાય; 38 નાથાનનો ભાઇ યોએલ,
હાગ્રીનો પુત્ર મિબ્હાર; 39 સેલેક આમ્મોની, સરૂયાહના પુત્ર યોબાબનો
શાસ્ત્રધાર નાહરાય બેરોથી; 40 ઇરા યિથ્રો, ગારેબ યિથ્રી; 41 ઉરીયાહ હિ-
ત્તી, આહલાયનો પુત્ર ઝાબાદ; 42 રેઉબેની શીઝાનો પુત્ર અદીના, રેઉબે-
નીઓનો મુખ્ય, ને તેની સાથે ત્રીસ હતા. 43 માઆખાહનો પુત્ર હાનાન,
ને યોશાફાટ મિથ્ની; 44 ઉઝઝીયા આશ્તરાતી, અરોએરી હોથામના પુત્ર

શામા તથા યેઇએલ; 45 શિમ્રીનો પુત્ર યદીઅએલ, ને તેનો ભાઇ યોહા
તીસી; 46 અલીએલ માહવી, ને એલ્નાઆમના પુત્ર યરીબાય તથા યો-
શાવ્યાહ, ને યિથ્માહ મોઆબી; 47 અલીએલ, તથા ઓબેદ, તથા યાઅ-
સીએલ મસોબાયી.
12 હવે દાઉદ કીશના પુત્ર શાઉલને લીધે હજી સંતાતો રહેતો હતો
તેવામાં તેની પાસે જેઓ સિકલાગ આવ્યા તેઓ આ છે; ને
તેઓ તેને યુદ્ધમાં સાહ્ય કરનાર શૂરવીરોમાંના હતા. 2 તેઓ ધનુર્ધારીઓ
હતા ને જમણે તથા ડાબે હાથે ગોફણથી પત્થર ફેંકી શકતા હતા, તથા
ધનુષ્યથી બાણ મારી શકતાં હતા; તેઓ બિન્યામીની શાઉલના ભાઇ-
ઓમાંના હતા. 3 મુખ્ય અહીએઝેર, પછી યોઆશ, એઓ ગિબઆથી
શમાઆહના દીકરા હતા; ને આઝમાવેથના પુત્રો યઝીએલ તથા પેલેટ;
ને બરાખાહ, તથા યેહૂ આનથોથી; 4 ને ત્રીસમાં પરાક્રમી તથા ત્રીસનો
ઉપરી યિશ્માયાહ ગિબઓની, ને યિર્મેયાહ તથા યાહઝીએલ, તથા યો-
હાનાન, તથા યોઝાબાદ ગદેરાથી; 5 એલઉઝાય, તથા યરીમોથ, તથા
બઆલ્યાહ, તથા શમાર્યાહ, તથા સફાટયાહ હરૂફી; 6 એલ્કાનાહ, તથા
યિશશીયાહ, તથા અઝારએલ, તથા યોએઝેર, તથા યશોબઆમ, એ
કોરાહિઓ; 7 ને ગદોરના યારોહામના પુત્રો યોએલાહ તથા ઝબાદ્યાહ.
8 અને ગાદીઓમાંથી શૂરવીર તથા યુદ્ધને સારૂ કેળવાયલા, ને ઢાલ તથા
ભાલા વાપરી શકે એવા, ને સિંહના મ્હો જેવા મુખવાળા, ને પર્વત પરના
હરણો જેવા ચપળ પુરૂષો જૂદા પડીને અરણ્યના ગઢમાં દાઉદ પાસે
ગયા; 9 તેઓમાં મુખ્ય એઝેર, બીજો ઓબાદ્યાહ, ત્રીજો અલીઆબ;
10 ચોથો મિશ્માન્નાહ, પાંચમો યિર્મેયાહ; 11 છઠ્ઠો આત્તાય, સાતમો
અલીએલ; 12 આઠમો યોહાનાન, નવમો એલ્ઝાબાદ; 13 દસમો યિર્મે-
યાહ, અગિયારમો માખ્બાન્નાય. 14 ગાદના પુત્રોમાંના એઓ સૈન્યના
સરદારો હતા, જે સૌથી નાનો તે સોની બરાબર હતો, ને સૌથી મોટો તે
હજારની બરાબર હતો. 15 પહેલાં માસમાં યરદન પોતાના સઘળા કાંઠા
પર છલી ગઇ હતી તે વખતે જે તેની પાર ગયા તે એ છે; ને તેઓએ પૂર્વ-
ના તથા પશ્ચિમના નીચ પ્રદેશમાં સર્વને નસાડી મુક્યા. 16 અને બિન્યા-
મીનના તથા યહુદાહના પુત્રોમાંના કેટલાક ગઢમાં દાઉદની પાસે
આવ્યા. 17 અને દાઉદ નીકળીને તેઓ સામે ગયો, ને તેઓને ઉત્તર
આપીને કહ્યું કે, જો તમે મને સહાય કરવા સારૂ સલાહ શાંતિથી મારી
પાસે આવ્યા હો, તો મારૂં હૃદય તામારી સાથ એક ગાંઠ થશે; પણ મારા
હાથમાં કંઈ અન્યાય ન છતાં, જો તમે મને મારા વૈરીઓને સ્વાધીન કર-
વા સારૂ આવ્યા હો, તો આપણા પિતૃઓનો દેવ તે જોઇને તેને માટે શિ-
ક્ષા કરો. 18 ત્યારે ત્રીસના મુખ્ય અમાસાય પર આત્મા આવ્યો; ને તેણે
કહ્યું કે, યીશાયના પુત્ર દાઉદ, અમે તારા, તથા તારી કુમકે છીએ; તને
શાંતિ, શાંતિ થાઓ, તથા તારા સહાયકારીઓને શાંતિ થાઓ, કેમકે તા-
રો દેવ તારો સહાયકારી છે. ત્યારે દાઉદ તેઓનો અંગીકાર કીધો, ને તે-
ઓને ટોળીઓના સરદારો ઠરાવ્યા. 19 વળી જયારે તે પલિસ્તીઓની
સાથે શાઉલની સામે યુદ્ધમાં આવ્યો ત્યારે મનાશ્શેહમાંના પણ કેટલા-
એક દાઉદની તરફ ફુટી આવ્યા, પણ તેઓએ તેમની સહાય કીધી નહિ;
કેમકે પલિસ્તીઓના સરદારોએ માહોમાંહે સલાહ લીધા પછી એમ કહી-
ને તેને વિદાય કીધો, કે તે પોતાના ધણી શાઉલની તરફ ફરી જઈને
અમારા શિર જોખમમાં નાખશે. 20 તે સિકલાગમાં જતો હતો, ત્યારે
મનાશ્શેહમાંના આદનાહ તથા યોઝાબાદ તથા યદીઅએલ તથા મીખા-
એલ તથા યોઝાબાદ તથા અલીહૂ તથા સિલ્લ્થાય, એ મનાશ્શેહના
સહસ્રાધિપતિઓ તેની તરફ ફુટી આવ્યા. 21 અને તેઓએ ભટકતાં ધા-
ડાં વિરુદ્ધ દાઉદને સહાય કરી; કેમકે તેઓ સર્વ શૂરવીરો તથા સૈન્યના
સરદારો હતા. 22 કેમકે તે સમયે રોજ રોજ દાઉદને સહાય કરવા માટે
લોકો તેની પાસે આવતા, જ્યાં સુધી કે તે સૈન્ય દેવના સૈન્ય જેવા મોટું
થયું. 23 અને સૈન્યને સારૂ સજ્જ થયલા જે લોકો યહોવાહના વચન પ્રમા-
ણે શાઉલનું રાજ્ય દાઉદની તરફ ફેરવી નાખવા સારૂ તેની પાસે હેબ્રોન-
માં આવ્યા, તેઓના ઉપરીઓની સંખ્યા આ છે; 24 એટલે, યહુદાહના પુ-
ત્રો, ઢાલ તથા બરછી ધારણ કરીને, સૈન્યને માટે સજ્જ થયલા, છ હજાર
ને આઠસે હતા. 25 શિમઓનના પુરૂષોમાંથી યુદ્ધને માટે શૂરવીર પુરૂષો
સાત હજાર ને એકસો. 26 લેવીના પુત્રોમાંથી ચાર હજાર ને છસેં. 27 અને
હારૂનના ઘરનો આગેવાન યહોયાદા હતો, ને તેની સાથે ત્રણ હજાર ને
સાતસે હતા; 28 ને સાદોક એક જુવાન તથા શૂરવીર પુરૂષ, તથા તેના
બાપના ઘરના બાવીસ સરદાર. 29 આને બિન્યામીનના પુત્રોમાંથી શા-
ઉલના ભાઈઓ ત્રણ હજાર; કેમકે હજી સુધી તેઓનો વિશેષ ભાગ શા-
ઉલના ઘર પ્રત્યે વફાદાર રહેલો હતો. 30 અને એફ્રાઈમના પુત્રોમાંથી
વીસ હજાર ને આઠસે, એઓ પોતાના બાપના ઘરમાં નામીચા શૂરવીર
પુરૂષો હતા. 31 અને મનાશ્શેહના અર્ધા કુળમાંથી અરાઢ હજાર, કે જેઓ
દાઉદને રાજા કરવા સારૂ આવવાને નામવાર નોંધાયેલા હતા. 32 અને
યિસ્સાખારના પુત્રોમાંથી, તે સમયે ઇસ્રાએલે શું કરવું તેવા સમજનારા
માણસો તેઓના મુખ્યો બસેં હતા, ને તેઓના સર્વ ભાઈઓ તેઓની
આજ્ઞાને આધીન હતા. 33 ઝબૂલૂનમાંથી સૈન્યમાં જઈ શકે એવા તથા
સર્વ પ્રકારના યુદ્ધશસ્ત્રો સહિત યુદ્ધવ્યૂહ રચી શકે એવા પચાસ હજાર;
ને તેઓના યુદ્ધવ્યૂહમાં વ્યવસ્થા કરી શકે એવા તથા બે મનવાળા નહિ,
એવા હતા. 34 અને નાફતાલીમાંથી એક હજાર સરદાર, ને તેઓની સાથે
ઢાલ બરછીવાળા સાડત્રીસ હજાર હતા. 35 અને દાનીઓમાંથી યુદ્ધવ્યૂહ
રચી શકે એવા અઠ્ઠાવીસ હજાર ને છસેં હતા. 36 અને આશેરમાંથી સૈ-
ન્યમાં જઈ શકે એવા તથા યુદ્ધવ્યૂહ રચી શકે એવા ચાળીસ હજાર હતા.
37 અને યરદનને પેલે પાર રેઉબેનીઓમાંથી તથા ગાદીઓમાંથી તથા
મનાશ્શેહના અર્ધ કુળમાંથી યુદ્ધને માટે સૈન્યના સર્વ પ્રકારનાં શાસ્ત્ર
સહિત, એક લાખ ને વીસ હજાર હતા. 38 એ સર્વ લડવૈયા તથા યુદ્ધ-
વ્યૂહ રચી શકે એવા પુરૂષો, દાઉદને સર્વ ઇસ્રાએલ ઉપર રાજા કરવા
સારૂ, સંપૂર્ણ અંતઃકરણથી હેબ્રોનમાં આવ્યા; ને દાઉદને રાજા કરવા
સારૂ બાકીના સર્વ ઇસ્રાએલ પણ એક એક મનના હતા. 39 અને તેઓ
ખાતાં તથા પીતા ત્રણ દિવસ સુધી ત્યાં દાઉદની સાથે રહ્યા, કેમકે તે-
ઓના ભાઈઓએ તેઓને સારૂ તૈયારી કરેલી હતી. 40 અને વળી જેઓ
તેઓની પાસેના હતા, એટલે યિસ્સાખાર તથા ઝબુલૂન તથા નાફતાલી
સુધીના હતા, તેઓ ગધેડાં પર, તથા ઉંટો પર, તથા ખચ્ચરો પર, તથા
બળદો પર, રોટલી, એટલે મેંદાનો ખોરાક, અંજીરના ચકતાં, લાવ્યા
હતા; કેમકે ઇસ્રાએલમાં આનંદોત્સવ હતો.
13 દાઉદે પોતાની સેનાના યોદ્ધાઓ, જે 1,000 માણસોની ટુકડી-
ના અને 100 માણસોની ટુકડીના સેના નાયક હતા તેમની સા-
થે વાત કરી. 2 પછી ઇસ્રાએલીઓના એકત્ર થયેલા લોકોને સંબોધીને
કહ્યું, “જો તમને સૌને મંજૂર હોય અને આપણા યહોવાની એવી ઇચ્છા
હોય તો આપણે સમગ્ર ઇસ્રાએલના બાકીના દેશબંધુઓને તેમજ આજુ-
બાજુની ભૂમિ સહિતના પોતાનાં શહેરોમાં વસતા યાજકોને અને લેવી-
ઓને સંદેશો મોકલીને આપણી સાથે જોડાવા માટે તેઓને આમંત્રણ
આપીએ. 3 આપણા દેવનો કરારકોશ પાછો લાવીએ કારણકે શાઉલ
જીવતો હતો. ત્યારથી આપણે ત્યાં ઉપાસના કરી નહોતી.” 4 સમગ્ર
સભા તેમની સાથે સહમત થઇ, કારણ બધા લોકોની ષ્ટિએ એ જ યો-
ગ્ય હતું. 5 તેથી દાઉદે મિસરની સરહદે આવેલા શિહોરથી માંડીને છેક
હમાથ સુધીના દેશભરના બધા ઇસ્રાએલીઓને કરારકોશ કિર્યાથ-
યઆરીમથી યરૂશાલેમ લઈ આવવા માટે ભેગા કર્યા. 6 પછી દાઉદ અને
બધા ઇસ્રાએલીઓ, જે યહોવાનું નામ ધરાવે છે, ને જેના પરના કરૂબો
પર દેવ યહોવા બિરાજે છે, તે કરારકોશ લઈ આવવા યહૂદામાં આવેલા
બાઅલાહ મુકામે ગયા. 7 તેઓએ અબીનાદાબના ઘરમાંથી દેવના કોશ-
ને લઇને નવા ગાડામાં મૂક્યો. ઉઝઝા અને આહ્યો ગાડું હાંકતા હતા.
8 દાઉદ અને બધા ઇસ્રાએલીઓ દેવની સમક્ષ વીણા, સારંગી, ખંજરી,
ઝાંઝ અને રણશીંગડા વગાડીને જોરશોરથી નાચતા અને ગાતા હતા.
9 જ્યારે તેઓ કીદોનની ખળી આગળ આવ્યા; ત્યારે બળદોને ઠોકર
વાગી એટલે ઉઝઝાએ કોશને પડી જતો અટકાવવા હાથ લંબાવીને તેને
પકડ્યો. 10 તે કોશને અડક્યો તેથી યહોવાનો રોષ તેના પર ભભૂકી
ઊઠયો. તેમણે ઉઝઝાને માર્યો અને તે દેવ સમક્ષ મૃત્યુ પામ્યો. 11 યહો-
વાએ આમ ઉઝઝા પર આક્રમણ કર્યુ. એથી દાઉદને ખોટું લાગ્યુ. અને
તેણે તે જગ્યાનું નામ “પેરેસ-ઉઝઝા” પાડ્યું જે આજે પણ તે જ નામે
ઓળખાય છે. 12 દાઉદને તે દિવસે દેવનો ભય લાગ્યો અને તે બોલ્યો,
“હું ‘દેવના કોશ’ ને મારે ઘેર શી રીતે લઈ જાઉં?” 13 આથી દાઉદ કોશને
પોતાને ઘેર દાઉદનગરમાં ન લઇ ગયો, પણ ગાથના વતની ઓબેદ-
અદોમની પાસે લઈ ગયો. 14 ત્રણ મહિના સુધી દેવનો કોશ ઓબેદ-
અદોમના કુટુંબ સાથે હતો અને યહોવાએ ઓબેદ-અદોમના કુટુંબ અને
તેના સર્વને આશીર્વાદ આપ્યા.

**14** તૂરના રાજા હીરામે દાઉદ પાસે એલચીઓ મોકલ્યાં અને તેમ-
ની સાથે મહેલ બાંધવા માટે ગંધતરુનું લાકડું, કડીયાઓ અને
સુથારો મોકલી આપ્યા. 2 હવે દાઉદને ખાતરી થઇ ગઇ કે, યહોવાએ તે-
ને ઇસ્રાએલના રાજા તરીકે સ્થાપ્યો છે અને પોતાના ઇસ્રાએલી લોકો
માટે થઇને તેના રાજ્યને મહાન બનાવે છે. 3 યરૂશાલેમમાં દાઉદે વધારે
પત્નીઓ કરી અને તેને વધુ પુત્રપુત્રી જન્મ્યાં. 4 તેને યરૂશાલેમમાં થયે-
લા બાળકોનાં નામ આ પ્રમાણે છે; શામ્મુઆ, શોબાબ, નાથાન, સુલે-
માન, 5 યિબ્હાર, અલીશૂઆ, એલ્પેલેટ, 6 નોગાહ, નેફેગ, યાફીઆ,
7 અલીશામા, બએલ્યાદા અને અલીફેલેટ. 8 જ્યારે પલિસ્તીઓએ
સાંભળ્યું કે હવે દાઉદનો સમગ્ર ઇસ્રાએલના રાજા તરીકે અભિષેક કર-
વામાં આવ્યો છે, ત્યારે તેઓ ભેગા મળીને તેની શોધમાં નીકળી પડ્યા.
દાઉદે જ્યારે આ વિષે સાંભળ્યું ત્યારે તે તેમનો સામનો કરવા નીકળી
પડ્યો. 9 પલિસ્તીઓએ આવીને રફાઇમની ખીણમાં જમાવટ કરી.
10 10 દાઉદે દેવની સલાહ લીધી, “હું પલિસ્તીઓ પર હુમલો કરુ? તું
તેમને મારા હાથમાં સોંપી દેશે?”યહોવાએ જવાબ આપ્યો, “હુમલો કર.
હું તેઓને તારા હાથમાં સોંપી દઇશ.” 11 આથી દાઉદે બઆલ-પરાસીમ
આગળ તેમના પર હુમલો કરી તેમને હરાવ્યા. દાઉદે કહ્યું, “જેવી રીતે
પાણી ભંગાણ પાડે તેમ દેવે મારા દુશ્મનોમાં ભંગાણ પાડ્યું છે” તેથી તે
જગ્યાનું નામ ‘બઆલ-પરાસીમ’ રાખવામાં આવ્યું. 12 પલિસ્તીઓ તેમ-
ની મૂર્તિઓને પાછળ મૂકીને ચાલ્યા ગયા હતા, દાઉદની આજ્ઞાથી તે
બધી મૂર્તિઓ બાળી નાખવામાં આવી. 13 પલિસ્તીઓએ ફરી ખીણમાં
જમાવટ કરી. 14 દાઉદે ફરીથી દેવની સલાહ લીધી અને દેવે જવાબ
આપ્યો, “આગળથી તેમની પર હુમલો કરીશ નહિ, પરંતુ ફરીને તેમની
પાછળ જઇ મેંદીના છોડ નજીક હુમલો કરજે. 15 જ્યારે તું છોડને મથાળે
પગરવ જેવો અવાજ સાંભળે ત્યારે તું હુમલો કરજે, કારણ, એ દેવ તારી
આગળ પલિસ્તીઓની સૈનાને હરાવવા માટે નીકળી પડ્યો હશે.”
16 દાઉદે દેવની સલાહ પ્રમાણે કર્યુ અને તેણે ગિબયોનથી ઠેઠ ગેઝેર
સુધી પલિસ્તીઓના લશ્કરને હાંકી કાઢયુ. 17 દાઉદની ખ્યાતિ સર્વત્ર
પ્રસરી ગઇ અને યહોવાએ બધી પ્રજાઓને તેનાથી ભયભીત બનાવી
દીધી.

**15** અને દાઉદના નગરમાં દાઉદે પોતાને માટે ઘરો બનાવ્યાં; ને
તેણે દેવના કોષને સારૂ જગ્યા તૈયાર કીધી, ને તેને સારૂ મંડપ
ચોઢયો. 2 ત્યારે દાઉદે કહ્યું કે, લેવીઓ શિવાય કોઇએ દેવનો કોષ ઉચ-
કવો નહિ; કેમકે દેવનો કોષ ઉંચકવા સારૂ તથા સદા તેની સેવા કરવા
સારૂ યહોવાહે તેઓનેજ પસંદ કીધી છે. 3 અને દાઉદે યહોવાહના કોષને
સારૂ જે જગ્યા તૈયાર કીધી હતી, ત્યાં તેને લઇ જવા સારૂ તેણે યરૂશાલે-
મમાં સર્વ ઇસ્રાએલને ભેગા કર્યા. 4 અને દાઉદે હારૂનના પુત્રોને તથા લે-
વીઓને એકઠા કર્યા; 5 કહાથના પુત્રોમાંના; ઉરીએલ મુખ્ય, તથા તેના
ભાઇઓ, એક સો ને વીસ; 6 મરારીના પુત્રોમાંના; અસાયાહ મુખ્ય, તથા
તેના ભાઇઓ બસેં ને વીસ; 7 ગેર્શોમના પુત્રોમાંના; યોએલ મુખ્ય, તથા
તેના ભાઇઓ એક સો ને ત્રીસ; 8 અલીસાફાનના પુત્રોમાંના; શમાયાહ
મુખ્ય, તથા તેના ભાઇઓ બસેં; 9 હેબ્રોનના પુત્રોમાંના; અલીએલ મુ-
ખ્ય, તથા તેના ભાઇઓ એંસી; 10 ઉઝઝીએલના પુત્રોમાંના; આમ્મીના-
દાબ મુખ્ય, તથા તેના ભાઇઓ એક સો ને બાર. 11 અને દાઉદે સાદોક
તથા અબ્યાથાર યાજકોને તથા ઉરીએલ, યસાયાહ, તથા યોએલ,
શમાયાહ, તથા અલીએલ તથા આમ્મીનાદાબ, એ લેવીઓને બોલા-
વ્યા, 12 ને તેઓને કહ્યું કે, તમે લેવીના બાપોનાં ઘરોના મુખ્ય છો; તમે
તથા તમારા ભાઇઓ બન્ને પોતાને શુદ્ધ કરો, એ માટે કે જે જગ્યા મેં
ઇસ્રાએલના દેવ યહોવાહના કોષને સારૂ તૈયાર કરી છે ત્યાં તેને લઇ
આવો. 13 તમે પહેલે વખતે તેને ન ઉંચક્યો, માટે આપણા દેવ યહોવાહ
આપણામાં ભંગાણ પાડ્યું, કેમકે આપણે નિયમ પ્રમાણે તેની હજુરીમાં
ગયા નહિ. 14 એ માટે યાજકોએ તથા લેવીઓએ ઇસ્રાએલના દેવ યહો-
વાહનો કોષ લઇ આવવા સારૂ પોતાને શુદ્ધ કર્યા. 15 અને યહોવાહના
વચન પ્રમાણે મુસાએ જે આજ્ઞા આપી હતી, તેમ લેવીના પુત્રોએ પોતા-
ની ખાંધ પર દેવનો કોષ તેની અંદરના દાંડાવડે ઉપાડ્યો. 16 ને દાઉદે
લેવીઓના મુખ્યોને કહ્યું કે, વાજીંત્રોથી, સ્ટાર તથા વીણાઓ તથા
ઝાંઝથી, મોટી આવાજ કરવા સારૂ તથા ઉત્સાહથી મોટી વાણી કહાડ-
વા સારૂ, પોતાના ગવૈયા ભાઇઓને નિમવા. 17 માટે લેવીઓએ યોએલ-
ના પુત્ર હેમાનને; તથા તેના ભાઇઓમાંના બેરેખ્યાહના પુત્ર આસાફને;
તથા તેમના ભાઇઓના એટલે મરારીના પુત્રોમાંના કૂશાયાહના પુત્ર
એથાનને; 18 ને તેઓની સાથે તેઓના બીજી પાયરીના ભાઇઓને,
એટલે ઝખાર્યાહ, ben તથા યઅઝીએલ તથા શમીરામોથ તથા યહી-
એલ તથા ઉન્ની, અલીઆબ તથા બનાયાહ તથા માઅસેયાહ તથા મા-
ત્તિથ્યાહ તથા અલીફલેહૂ તથા મિકનેયાહ તથા ઓબેદ-અદોમ તથા યે-
ઇએલ, એઓને દ્ધારપાળો નિમ્યા. 19 એમ હેમાન, આસાફ તથા
એથાન, એ ગવૈયા પિત્તળની ઝાંઝ મોટેથી વગાડવા સારૂ નિમાયા;
20 ને અલામોથ રાગે ચઢાવેલા સતારો સહિત ઝખાર્યાહ તથા અઝીએલ
તથા શમીરામોથ તથા યહીએલ તથા ઉન્ની તથા અલીઆબ તથા માઅ-
સેયાહ તથા બનાયાહને; 21 અને શમીનીથ રાગે ચઢાવેલા વીણાઓ
સહિત રાગ કાઢવા સારૂ માત્તિથ્યાહ તથા અલીફલેહૂ તથા મિકનેયાહ
તથા ઓબેદ-આદોમ તથા યેઇએલ તથા અઝાઝ્યાહ નિમ્યા. 22 અને
લેવીઓનો મુખ્ય કનાન્યાહ ગાયનનો ઉપરી હતો; તે પ્રવીણ હતો, એ
માટે તે ગાયન વિષે શિખવતો. 23 અને બેરેખ્યાહ તથા એલ્કાનાહ કોષ-
ને માટે દ્ધારપાળો હતા. 24 અને શબાન્યાહ તથા યોશાફાટ તથા નાથા-
નએલ તથા અમાસાય તથા ઝખાર્યાહ તથા બનાયાહ તથા અલીએઝેર
યાજકો દેવના કોષની આગળ રણશિંગડા વગાડનારા હતા; ને ઓબેદ-
એદોમ તથા યહીયાહ કોષને માટે દ્ધારપાળો હતા. 25 માટે દાઉદ તથા
ઇસ્રાએલના વડીલો તથા સહસ્રાધિપતિઓ આનંદથી ઓબેદ-અદોમના
ઘરમાંથી યહોવાહનો કરારકોષ લઇ આવવા સારૂ ગયા; 26 ને જ્યારે દેવે
યહોવાહનો કરાર કોષ ઉંચકનારા લેવીઓને સહાય કરી, ત્યારે એમ થયું
કે તેઓએ સાત બળદો તથા સાત ઘેટાંઓનો યજ્ઞ કીધો. 27 અને દાઉદે
તથા કોષ ઉંચકનાર સર્વ લેવીઓએ તથા ગવૈયાઓએ તથા ગવૈયાઓ-
ના ગાયનના ઉપરી કનાન્યાહે ઝીણા શણના ઝભ્ભા પહેરેલા હતા; ને
દાઉદે શણનો એફોદ પહેરેલો હતો. 28 એમ સર્વ ઇસ્રાએલો યહોવાહના
કરારકોષને હર્ષનાદ સહિત તથા સરણાઇના અવાજ સહિત તથા રણ-
શિંગડા સહિત તથા ઝાંઝ સહિત, સતાર, તથા વીણાથી મોટો અવાજ
કરતાં લઇ આવ્યા. 29 અને યહોવાહનો કરાર કોષ દાઉદના નગરમાં
આવ્યો, ત્યારે એમ થયું કે શાઉલની પુત્રી મીખાલે બારીમાંથી ડોકિયું
કરીને દાઉદને રાજાને કૂદતો તથા ઉત્સવ કરતો જોયો; ને તેણીએ પો-
તાના મનમાં તેને તુચ્છકાર્યો.

**16** દાઉદે બાંધેલા નવા મંડપમાં દેવનો કોશ લાવવામાં આવ્યો
અને દેવની સમક્ષ દહનાર્પણ અને શાંત્યર્પણ ચઢાવ્યાં. 2 અર્પ-
ણોની વિધિ પૂરી થઇ પછી દાઉદે યહોવાના નામે લોકોને આશીર્વાદ
આપ્યા. 3 પછી તેણે હાજર રહેલી પ્રત્યેક ઇસ્રાએલી વ્યકિતને, સ્ત્રી
તથા પુરુષને સમાન રીતે માંસનો કટકો, સૂકી દ્રાક્ષાનો એકેક ઝૂમખો
તથા એક એક ભાખરી વહેંચી આપી. 4 યહોવાના કોશ સમક્ષ સેવા કર-
વા, યાજક તરીકે ઇસ્રાએલના યહોવા દેવની સેવા કરવા, લોકોને તેના
વિષે યાદ દેવડાવવા માટે અને તેની સતત આભારસ્તુતિ કરવા; દાઉદે
કેટલાંક લેવીઓને નિમ્યા. 5 આસાફ આગેવાન હતો અને ઝાંઝ વગાડ-
તો હતો. ઝખાર્યા, યઅઝીએલ, શમીરામોથ, યહીએલ, માત્તિથ્યા,
અલીઆબ, બનાયા, ઓબેદ-આદોમ અને યેઇએલ સિતાર અને વીણા
વગાડતા હતા. 6 યાજકો બનાયા અને યાહઝીએલને યહોવાના દેવના
કોશ સમક્ષ આખો વખત ચાંદીનું રણશિંગુ તે સમયે વગાડવાનુ હતું,
7 જ્યારે દાઉદે આસાફ અને તેના કુટુંબીજનોને યહોવાની સ્તુતિ કરવા
માટે લોકોને દોરવા માટે કહ્યું. 8 યહોવાના નામની ઘોષણા કરો અને તે-
ઓનો ધન્યવાદ માનો. પ્રજાઓ માટેના તેના અદભુત કાર્યોની સ્તુતિ
ગાઓ. 9 એના ગુણ-ગાન ગાઓ, અને તેની સ્તુતિગાન કરો. તેના સર્વ
અદભૂત કાર્યો વિષે વાતો કરો. 10 તમે તેના પવિત્ર નામથી ગવિર્ષ્ઠ
થાઓ, તમે યહોવાના ભકતો, આનંદો! 11 યહોવાને અને તેના સાર્મથ્ય-
ને તમે શોધો. સદાસર્વદા તેના મુખને શોધો. 12 એનાં અનુપમ કાર્યો,
એના મુખનાં ન્યાયવચનો અને ચમત્કારને યાદ કરો. 13 તમે યહોવાના
દાસ, ઇસ્રાએલના વંશજો છો, તમે યાકૂબના વંશજો છો જેને તેમણે
પસંદ કર્યા છે. 14 તે આપણા યહોવા દેવ છે. તેનો ન્યાય સમગ્ર પૃથ્વી
પર છે. 15 જે આજ્ઞા, તેણે હજારો પેઢીઓને આપી હતી, તે કરારને તમે
સદાકાળ યાદ રાખજો. 16 તેણે ઇબ્રાહિમની સાથે જે કરાર કર્યો અને તે-
ણે ઇસહાકને જે વચન આપ્યું. 17 યાકૂબને માટે એ જ વચન નિયમ

તરીકે અને ઈસ્રાએલને માટે સદાકાળના કરાર તરીકે રહેશે. 18 તેણે કહ્યું,
“હું તને આ કનાન દેશ આપીશ.” તે તારી પોતાની જ માલિકીની ભૂમિ
બની રહેનાર છે.” 19 તે સમયે તમે સંખ્યામાં થોડાજ હતા. છેક થોડાંજ,
ને પાછા તમે પારકા હતા. 20 એક દેશથી બીજે, ને એક પ્રજામાંથી બીજી
પ્રજામાં તેઓ ભટક્યા કરતા હતા. 21 છતાઁ યહોવાએ કોઇ અત્યાચાર
થવા દીધો નહિ, એમને માટે તેણે રાજાઓને શિક્ષા કરી. 22 “મારા
અભિષિકતોને કોઇ અડશો નહિ, મારા પ્રબોધકોને કોઇ ઉપદ્રવ કરશો
નહિ.” 23 સૌ પૃથ્વીવાસી, યહોવાનાઁ ગુણગાન કરો, દિનપ્રતિદિન સૌ
તેના વિજયગાન ગાઓ. 24 દેશવિદેશમાં લોકો સમક્ષ તેના ગૌરવ અને
મહિમાની વાત કરો. એમની અદ્ભૂત પરાક્રમ-ગાથા સંભળાવો. 25 યહો-
વા, પરમ સ્તુત્ય ને મહાન છે, એ સર્વ દેવો કરતાં ભયાવહ છે. 26 સર્વ
લોકોના દેવ તો કેવળ મૂર્તિઓ છે! પરંતુ યહોવાએ તો આકાશો બના-
વ્યા છે. 27 યહોવાની આજુબાજુ ઝળહળ પ્રકાશની આભા છે, તેનો
આવાસ આનંદથી ભરેલો છે. 28 તમે બધી પ્રજાઓ, યહોવાના ગૌરવ
અને સાર્મથ્ય વિષે બોલો. 29 યહોવાના નામનું ગૌરવ કરો; તમે તેની
સમક્ષ અર્પણ લઇ આવો, તમે શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને તેના ચરણોમાં
તમારું માથુ નમાવો. 30 સમગ્ર પૃથ્વી તેની સમક્ષ થથરે છે, અને એણે
સ્થાપિત કરેલું જગ સદા અચલ રહે છે. 31 ભલે આકાશો આનંદ કરે, ને
પૃથ્વી હરખાય. “યહોવા રાજા છે” એવી ઘોષણા ભલે પ્રજાઓમાં થાય.
32 સમુદ્ર તથા તેમાં જે છે તે ગર્જના કરે છે, ખેતરો તથા તેઓમાં જે છે, તે
સર્વ ઉત્સાહ કરે છે. 33 અરણ્યાનાં વૃક્ષો યહોવા સમક્ષ હર્ષનાદ કરશે,
કારણકે તે પૃથ્વીનો ન્યાય કરવા આવે છે. 34 યહોવાનો આભાર માનો
કારણ કે તે ભલા છે, તેની કૃપા હંમેશ માટે રહે છે. 35 બોલો, હે દેવ અમ-
ને તારણ કરનાર, તમે અમારો ઉદ્ધાર કરો, બીજી પ્રજાઓથી અમારી
રક્ષા કરો અને અમને એકત્રિત કરો. અમે સહુ તમારા પવિત્ર નામનો
આભાર માનીશું; અમે તમારી સ્તુતિ ગાવા માટે ગૌરવ લઇશું.” 36 હે
યહોવા, ઈસ્રાએલના દેવ, અનાદિકાળથી તે અનંતકાળ પર્યંત તમે સ્તુ-
ત્ય થાઓ.સર્વ લોકોએ આમીન કહીને યહોવાની સ્તુતિ કરી. 37 ત્યાર
પછી દાઉદે યહોવાની સામે કોશની સેવા કરવા માટે આસાફની અને તે-
ના કુટુંબીઓની કાયમ માટે નિમણૂંક કરી. 38 ઓબેદ-અદોમ જે યદૂથૂ-
નનો પુત્ર હતો તે અને હોસાહને તેઓના અડસઠ સબંધીઓને દ્વારપા-
ળો તરીકે નીમવામાં આવ્યાં. 39 યાજક સાદોક અને તેના યાજકોના કુ-
ટુંબને ગિબયોનની ટેકરી પર આવેલા યહોવાના મંડપની સેવામાં મૂ-
ક્યા. 40 તેમણે યહોવાએ ઈસ્રાએલ માટે ફરમાવેલી સંહિતામાં કહ્યા પ્ર-
માણે દરરોજ સવારે અને સાંજે યજ્ઞવેદી પર યહોવાને દહનાર્પણ ચઢા-
વવાનું હતું. 41 તેમની સાથે તેણે હેમાન અને યદૂથૂનને તેમ જ યહોવા-
ની શાશ્વત કરુણા બદલ તેનાં સ્તવનગાન કરવા માટે ખાસ પસંદ કરે-
લા બીજા માણસોને મૂક્યા. 42 એમણે અને યદૂથૂને ચાંદીના રણશિંગ-
ડાં, ઝાંઝ અને ભજન સાથે વગાડવાનાં અન્ય વાજિંત્રો દેવ સમક્ષ વગા-
ડવાના હતા. યદૂથૂનના પુત્રોને દ્વારપાળનું કામ સોંપવામા આવ્યું હતું.
43 પછી બધા સૌ સૌને ઘેર ચાલ્યા ગયા અને દાઉદ પોતાના કુટુંબને
આશીર્વાદ આપવા પાછો આવ્યો.

17 પોતાના નવા મહેલમાં થોડો સમય રહ્યા પછી દાઉદે પ્રબોધક
નાથાનને કહ્યું, “જો હું દેવદારના કાષ્ટના મહેલમાં રહું છું. પરંતુ
યહોવાનો કરારકોશ મંડપમાં છે!” 2 નાથાને દાઉદને કહ્યું, “આપના
મનમાં જે હોય તે કહો, કારણ, દેવ આપની પડખે છે.” 3 પરંતુ તે જ રાત્રે
નાથાનને યહોવાની વાણી સંભળાઇ. 4 “જા, અને મારા સેવક દાઉદને
આ સંદેશો આપ, ‘તું મારે માટે રહેવાનું મંદિર બાંધવાનો નથી.” 5 હું
ઈસ્રાએલીઓને મિસરમાંથી બહાર લઇ આવ્યો ત્યારથી આજપર્યંત હું
કદી કોઇ મકાનમાં રહ્યો નથી. હું એક મંડપમાંથી બીજા મંડપમાં ફરતો
રહું છું. 6 ઈસ્રાએલીઓ સાથેના મારા પ્રવાસ દરમ્યાન મેં કદી મારી પ્રજા-
ના ભરવાડ તરીકે નિમેલા નેતાઓમાંના કોઇને કદી એમ પૂછયું છે કે,
તેમણે મારા માટે દેવદારનું મકાન કેમ બાંધ્યુ નથી?’ 7 “મારા સેવક દા-
ઉદને કહે, ‘સર્વસમર્થ યહોવાનાં આ વચન છે; તું ચરાણમાં ઘેટાં ચરાવ-
તો હતો. ત્યાંથી લઇને મેં તને મારા લોકો ઈસ્રાએલીઓનો આગેવાન
બનાવ્યો હતો. 8 તું જ્યાં જ્યાં ગયો, ત્યાં ત્યાં હું તારી સાથે રહ્યો છું.
અને તારી આગળના બધા દુશ્મનોનો મેં નાશ કર્યો છે. હું તને પૃથ્વીના
મહાપુરૂષો જેવો વિખ્યાત બનાવીશ. 9 હું મારા લોકો ઈસ્રાએલીઓને
માટે એક સ્થાન મુકરર કરીશ અને તેઓને તેમાં સ્થિર કરીને વસાવીશ;
ત્યાં તેઓ વસશે અને કોઇ તેમને રંજાડશે નહિ અગાઉ, બનતું હતું તેવું
થશે નહિ. 10 જ્યારે મે મારા લોકો ઈસ્રાએલીઓ પર ન્યાયાધીશો નિયુ-
કત કર્યા હતા. પરંતુ તારા સર્વ શત્રુઓને તારે શરણે લાવીશ, અને હું
હવે જાહેર કરું છું, હું તારા વંશજોને રાજા બનાવીશ. 11 “‘અને જ્યારે તા-
રો સમય પૂરો થશે અને જઇને તું તારા પિતૃઓની સાથે જોડાઇશ, ત્યારે
હું તારા સગા પુત્રને ગાદીએ બેસાડીશ અને તેના રાજ્યને સુરક્ષિત
કરીશ. 12 તે જ મારે માટે મંદિર બંધાવશે. અને હું તેની રાજગાદીને કા-
યમ કરીશ. 13 હું તેનો પિતા થઇશ અને તે મારો પુત્ર થશે. મેં તારા પુરો-
ગામી ઉપરથી મારી કૃપાષ્ટિ પાછી ખેંચી લીધી હતી તેમ હું એના પ્રત્યે
કદીય દયાળુ થવાનું બંધ નહિ કરું. 14 હું એના હાથમાં મારા લોકો અને
મારું રાજ્ય સોંપીશ. અને તેની ગાદી હંમેશા સુરક્ષિત રહેશે.’” 15 પછી
નાથાન દાઉદ રાજા પાસે ગયો અને યહોવાએ દર્શનમાં જે કહ્યું હતું તે
સર્વ તેને કહી સંભળાવ્યું. 16 ત્યારબાદ રાજા દાઉદ યહોવા સમક્ષ ગયો
અને તેની સામે બેસીને બોલ્યો, “હે યહોવા દેવ, હું કોણ અને મારું કુ-
ટુંબ કોણ? કે તેં મને આટલે ઊંચે સુધી ઊઠાવ્યો છે. 17 અને તેમ છતાં,
હે દેવ, એટલું પૂરતું ન હોય તેમ તેં તારા સેવકના દૂરના ભવિષ્યના વંશ-
જો માટે પણ વચન આપ્યું છે અને તું તો મને અત્યારથી જ એક મહાપુ-
રૂષ ગણીને ચાલે છે. 18 તેં તારા સેવકને જે માન આપ્યું છે તે વિષે તો હું
વધુ શું કહું? તું તારા સેવકને બરાબર ઓળખે છે; 19 હે યહોવા, મારા પ્ર-
ત્યે તમારું માયાળુપણું અને તમારી ઉદારતા અતિઘણાં થયા છે અને
તમે આ અદભૂત વચનો મને આપ્યાં છે, એ સર્વ તમારી મહાન ઉદાર-
તાને કારણે છે. 20 હે યહોવા, અમે તમારા સમાન અન્ય કોઇ દેવ વિષે
સાંભળ્યું નથી. તમારા સિવાય અન્ય કોઇ દેવ નથી. 21 પૃથ્વીના પટ
પર તમારા ઈસ્રાએલી લોકો જેવા કોઇ લોકો છે ખરા, જેમનો ગુલામી-
માંથી ઉધ્ધાર કરી, પોતાના કરી લેવા માટે દેવ જાતે ગયા હોય, જેમને
માટે તમે મહાન અને ભીષણ કાર્યો કર્યા હોય, જેમને મિસરમાંથી છોડા-
વી લાવી તેમના માર્ગમાંથી અનેક પ્રજાઓને હાંકી કાઢી હોય? 22 તમે
તમારા લોકો ઈસ્રાએલીઓને સદાને માટે અપનાવી લીધા છે અને, હે
યહોવા, તમે તેમના દેવ બન્યા છો. 23 “અને હવે, હે યહોવા, તમે તમારા
સેવક અને તેમના વંશ માટે જે વચન આપ્યું છે તેનું કાયમ માટે પાલન
કરજો અને તમે જે કહ્યું છે તે પ્રમાણે કરજો. 24 જેથી સદાકાળ તમારા
નામનો મહિમા થાય, અને લોકો કહે કે, ‘સર્વસમર્થ યહોવા ઈસ્રાએલના
દેવ છે.’ અને એ રીતે તમારા સેવક દાઉદનો વંશ તમારી નજર નીચે
અવિચળ રહેશે. 25 “હે મારા દેવ, તમારા આ સેવકના વંશને રાજગાદી
પર સ્થાપવાનો તમારો ઈરાદો તમે મારી આગળ પ્રગટ કર્યો છે તેથી હું
તમારી આગળ આવી પ્રાર્થના કરવાની હિંમત કરું છું. 26 હે યહોવા, તમે
જ દેવ છો, અને તમે જ તમારા સેવકને આ શુભ વચન આપ્યુ છે. 27 આ
સેવકના વંશને આશીર્વાદ આપવાની કૃપા કરશો, જેથી તે સદાસર્વદા
તમારી નજર નીચે રહે. જ્યારે તમે તમારા આશીર્વાદ આપ્યા છે, તો એ
આશીર્વાદ હંમેશા માટે રહો.”

18 એ પછી દાઉદે પલિસ્તીઓને હરાવી તેમને તાબે કર્યા અને તે-
મના હાથમાંથી ગાથ અને તેની આસપાસના ગામો કબ્જે કરી
લીધાં. 2 તેણે મોઆબીઓને પણ હરાવ્યાં, તેઓ તેના તાબેદાર બન્યા
અને તેને ખંડણી ભરવા લાગ્યા. 3 એ પછી દાઉદે ફ્રાત નદીની આસપા-
સના પ્રદેશ પર કબજો જમાવવા જતા સોબાહના રાજા હદારએઝેરને
હમાથ આગળ હરાવ્યો. 4 દાઉદે તેની પાસેથી તેના 1,000 રથ, 7,000
ઘોડેસવારો અને 20,000 પાયદળ કબજે કર્યા. તેણે રથોના સર્વ ઘોડા-
ની પગની નસો કાપી નાખી, પણ તેણે પોતાના 100 રથોને માટે પૂરતાં
ઘોડાઓને બચાવી રાખ્યા. 5 દમસ્કના અરામીઓ સોબાહના રાજા હદા-
રએઝેરની વહારે આવ્યાં તો દાઉદે 22,000 અરામી સૈનિકોને મારી ના-
ખ્યા. 6 અને તેમના પ્રદેશમાં લશ્કરી થાણાં સ્થાપ્યાં. તેઓ દાઉદના તા-
બેદાર બની ગયા અને તેને ખંડણી ભરવા લાગ્યાં.આમ દાઉદ જ્યાં જ્યાં
ગયો, ત્યાં ત્યાં યહોવાએ તેને વિજય અપાવવામાં મદદ કરી. 7 દાઉદ,
હદારએઝેર રાજાના સેવકોની સોનાની ઢાલો યરૂશાલેમમાં લઇ આવ્યો.
8 વળી તેણે હદારએઝર શહેરો ટિબ્હાથ અને કૂનમાંથી પુષ્કળ કાંસુ
પણ કબજે કર્યુ. સુલેમાને પાછળથી કાંસાનો મોટો કુંડ, થાંભલાઓ
અને વાસણો મંદિર માટે તૈયાર કરાવ્યાં. 9 હમાથના રાજા તોઉએ સાંભ-

વ્યું કે દાઉદે સોબાહના રાજા હદારએઝેરના સૈન્યનો નાશ કર્યો છે,
10 તેણે પોતાના પુત્ર હદોરામને દાઉદને સત્કાર કરવા અને હદારએઝેર-
ને યુદ્ધમાં હરાવવા માટે ધન્યવાદ આપવા મોકલ્યો. કારણ, હદારએઝે-
રને તોઉ સાથે વિગ્રહ ચાલ્યાં કરતો હતો. હદોરામ પોતાની સાથે સોના-
ચાંદી અને કાંસાના વાસણો લઇ ગયો હતો. 11 તે બધાં દાઉદે યહોવાના
મંદિરની સેવા માટે અપીર્ દીધાં. એ જ રીતે, તેણે જીતેલી બધી પ્રજાઓ
અદોમ, મોઆબી, આમ્મોનીઓ, પલિસ્તીઓ અને અમાલેકીઓ પાસે-
થી કબજે કરેલું સોનું ચાંદી તેણે યહોવાને અર્પણ કરી દીધું. 12 સરૂયાના
પુત્ર અબીશાયે મીઠાની ખાણમાં 18,000 અદોમીઓને મારી નાંખ્યા.
13 સમગ્ર અદોમ પ્રદેશમાં લશ્કરી થાણાં ગોઠવ્યાં. બધા અદોમીઓ હવે
દાઉદના તાબેદાર બની ગયા. આમ, દાઉદ જ્યાં જ્યાં ગયો, ત્યાં ત્યાં
યહોવાએ તેને વિજય અપાવ્યો. 14 દાઉદે સમગ્ર ઇસ્રાએલ પર રાજ્ય
સ્થાપ્યું, અને સમગ્ર રાષ્ટમાં નીતિમત્તા અને ન્યાયને સ્થાપિત કર્યાં.
15 સરૂયાનો પુત્ર યોઆબ સૈન્યનો સેનાપતિ હતો. અહીલૂદનો પુત્ર
યહોશાફાટ ઇતિહાસકાર હતો. 16 અહીટૂબનો પુત્ર સાદોક અને અબ્યા-
થારનો પુત્ર અબીમેલેખ યાજકો હતા. શાવ્શા રાજાનો લહિયો હતો.
17 યહોયાદાનો પુત્ર બનાયા રાજાના અંગરક્ષકો કથેરીઓ અને પલેથી-
ઓનો ઉપરી હતો.અને દાઉદના પુત્રો રાજાની તહેનાતમાં રહેતા માણ-
સોમાં મુખ્ય હતા.

19 થોડા સમય પછી આમ્મોનીઓના રાજાનું અવસાન થયું. એટ-
લે તેના પછી તેના પુત્રને રાજા બનાવાયો. 2 દાઉદે વિચાર્યું,
“નાહાશે મારા પ્રત્યે દાખવ્યો હતો તેવો સદભાવ મારે તેના પુત્ર હાનૂન
પ્રત્યે રાખવો જોઇએ.” તેથી દાઉદે હાનૂનના પિતાના મૃત્યુનું આશ્વાસન
આપવા માણસો મોકલી આપ્યા. પણ જ્યારે દાઉદના માણસો હાનૂન
પાસે આશ્વાસન આપવા આમ્મોન પહોંચ્યા. 3 ત્યારે આમ્મોની સરદા-
રોએ હાનૂનને કહ્યું, “તમે શું એમ માનો છો કે, તમારા પિતાને માન
આપવાના હેતુથી દાઉદે આ માણસોને આશ્વાસન આપવા મોકલ્યા છે?
એ માણસો તો તેના જાસૂસો છે અને આ દેશને શી રીતે જીતી લેવો
એની બાતમી મેળવવા આવ્યા છે.” 4 આથી રાજા હાનૂને રાજા દાઉદનાં
રાજદૂતોનું અપમાન કર્યુ. તેઓની દાઢી અડધી મૂંડાવી નાખી અને તે-
ઓનો પોષાક મધ્યમાંથી કાપી નાખ્યો જેના કારણે તેઓના શરીર
ઉઘાડાં દેખાય. પછી તેણે તેઓને શરમજનક સ્થિતિમાં દાઉદ પાસે પા-
છા મોકલ્યા. 5 જ્યારે કેટલાક લોકોએ દાઉદને ખબર આપી કે તેમના
માણસોના શા હાલ કરવામાં આવ્યા છે, ત્યારે તેણે તેમને મળવા મા-
ણસો મોકલ્યા, કારણ, તેઓ ખૂબ શરમાતા હતા, દાઉદે તેમને કહેવડા-
વ્યું કે, “તમારી દાઢી પાછી ઊગે ત્યાં સુધી યરીખોમાં રહેજો, પછી જ
અહીં આવજો. 6 જ્યારે આમ્મોનીઓને ભાન થયું કે તેઓ દાઉદની નજ-
રમાં ધિક્કારપાત્ર બન્યા હતા, હાનૂન અને આમ્મોનીઓએ, અરામ ના-
હરાઇમમાંથી, અરામ-માઅખાહમાંથી અને સોબાહમાંથી રથો તેમજ
અશ્વદળો ભાડેથી મેળવવા માટે 34,000 કિલો ચાંદી મોકલી આપી.
7 તેણે 32,000 રથો ભાડે રાખ્યા અને માઅખાહના રાજા તથા તેના
સમસ્ત સૈન્યનો પગાર ચૂકવી આપવા ગોઠવણ કરી. આ સર્વ સૈન્યે મે-
દબા આગળ છાવણી નાખી. જે આમ્મોનીઓ પોતપોતાના શહેરમાંથી
ભેગા થયા હતા તેઓ ત્યાં તેમની સાથે જોડાયા. 8 દાઉદને જ્યારે આ
વાતની જાણ થઇ ત્યારે તેણે યોઆબને પોતાના શૂરવીરો અને આખી
સૈના સાથે મોકલી આપ્યો. 9 આમ્મોનીઓ બહાર આવીને શહેરના દર-
વાજા આગળ ગોઠવાઇ ગયા અને તેમની મદદે આવેલા રાજાઓ ખુલ્લા
મેદાનમાં ચાલ્યા ગયા. 10 જ્યારે યોઆબે જોયું કે, પોતાના પર આગળ-
પાછળથી બંને બાજુએથી હુમલો થવાનો છે. ત્યારે તેણે ઇસ્રાએલના
ચુનંદા લડવૈયાઓને પસંદ કરીને અરામીઓની સામે ગોઠવી દીધા.
11 બાકીનું સૈન્ય તેણે પોતાના ભાઇ અબીશાયની સરદારી હેઠળ મૂકી
દીધું. અને તેમણે આમ્મોનીઓની સામે મોરચો માંડ્યો. 12 યોઆબે તે-
ના ભાઇને કહ્યું, “જો અરામીઓ મારા પર વિજયી થાય, તો તું આવીને
મને મદદ કરજે અને જો આમ્મોનીઓ તારા પર વિજય પામે તો, હું
આવીને તને મદદ કરીશ. 13 હિમ્મતવાન થા અને પુરુષાતન દેખાડ કે,
આપણે દેવનાં નગરો અને આપણા લોકોનો બચાવ કરીએ. યહોવાને
જે શ્રેષ્ઠ લાગે તે કરે.” 14 જ્યારે યોઆબ અને તેના માણસો અરામીઓ
સામે યુદ્ધ કરવા આગળ વધ્યા ત્યારે અરામીઓ ભાગવા લાગ્યા.
15 અને આમ્મોનીઓએ તેમને ભાગતા જોયા એટલે તેઓ પણ અબી-
શાયથી ભાગીને શહેરમાં ભરાઇ ગયા. પછી યોઆબ પાછો યરૂશાલેમ
આવી ગયો. 16 અરામીઓ સમજી ગયા કે પોતે ઇસ્રાએલીઓને હાથે હાર
ખાધી છે. એટલે તેમણે સંદેશાવાહકો મોકલીને નદી પારના બીજા અરા-
મીઓને હદારએઝેરના સેનાપતિ શોફાખની આગેવાની હેઠળ બોલાવી
લીધા. 17 આ સમાચાર મળતાં જ દાઉદે ઇસ્રાએલની આખી સૈના ભેગી
કરી યર્દન નદી ઓળંગીને તેમની સામે મોરચો માંડ્યો. યુદ્ધ શરૂ થયું
અને ઇસ્રાએલીઓએ અરામીઓને ભગાડી મૂક્યાં. 18 અરામીઓ ફરીથી
ઇસ્રાએલીઓ આગળથી નાસવા લાગ્યા. દાઉદે અરામના 7,000 સૈનિ-
કો અને 40,000 બીજા સૈનિકોને મારી નાખ્યા. અરામના સૈન્યના સે-
નાપતિ શોફાખને પણ તેણે મારી નાખ્યો. 19 જ્યારે હદારએઝેરના મા-
ણસોએ જોયું કે, તેમણે ઇસ્રાએલીઓને હાથે હાર ખાધી છે. ત્યારે તેમણે
દાઉદ સાથે સુલેહ કરી અને તેની શરણાગતિ સ્વીકારી. ત્યારબાદ અરા-
મીઓ આમ્મોનીઓની મદદ કરવા રાજી નહતા.

20 વસંત ઋતું બેસતાં સામાન્ય રીતે રાજાઓ યુદ્ધે ચઢે છે ત્યારે
યોઆબે સૈનાનું માર્ગદર્શન કરી આમ્મોનના પ્રદેશનો સંપૂર્ણ
વિનાશ કરી નાખ્યો અને પછી તે રાબ્બાહ આવ્યો અને તેને ઘેરો ઘા-
લ્યો. પણ દાઉદ યરૂશાલેમમાં જ રહ્યો, યોઆબે શહેર પર હુમલો કર્યો
અને તે જીતી લીધું. 2 દાઉદે રાબ્બાહના રાજા મિલ્કોમના મસ્તક પરથી
મુગટ લઇ લીધો અને તેને તેના પોતાના મસ્તક પર મૂક્યો. આ મુગટ
સોનાનો બનેલો હતો. અને તેમાં રત્નો જડેલાં હતા. તેનું વજન 75 પૌં-
ન્ડ હતું. દાઉદે નગરમાંથી પુષ્કળ લૂંટનો માલ ભેગો કર્યો હતો. 3 તેણે
નગરનાં લોકોને બહાર લાવીને કરવતો, તીકમો અને કુહાડીઓથી કર-
વાનું કામ સોંપ્યુ. આમ્મોનીઓ રાજા સાથેના વ્યવહારમાં દાઉદની આ
રીત હતી. પછી દાઉદ અને તેનું સૈન્ય યરૂશાલેમ પાછું ફર્યું. 4 કેટલાંક
સમય પછી ગેઝરમાં પલિસ્તીઓ સાથેનું યુદ્ધ ફરી ફાટી નીકળ્યું. એ
વખતે હુશાના સિબ્બખાયે રફાઇમના એક વંશજ સિપ્પાયને મારી ના-
ખ્યો. અને પલિસ્તીઓ હારી ગયા. 5 પલિસ્તીઓ સામે ફરી યુદ્ધ ફાટી
નીકળ્યું. અને યાઇરના પુત્ર એલ્હાનાને હમીને મારી નાખ્યો, જે ગાથના
ગોલ્યાથનો ભાઇ હતો અને તેના ભાલાનો દાંડો વણકરની તોર જેટલો
જાડો હતો. 6 ગાથ પાસે ફરી યુદ્ધ થયું. ત્યાં એક કદાવર સૈનિકને હાથે
અને પગે છ છ આંગળા હતા. તે પણ એક રફાઇઓમાંનો હતો. 7 અને
જ્યારે તેણે ઇસ્રાએલને પડકાર્યુ, ત્યારે દાઉદનાં ભાઇ શિમઆના પુત્ર
યોનાથાને તેને મારી નાખ્યો. 8 આ બધા રફાઇઓ દાઉદ અને તેના મા-
ણસોને હાથે માર્યા ગયા હતા.

21 પછી શેતાન ઇસ્રાએલીઓ સામે લડવા તૈયાર થયો. તેણે દાઉ-
દને વસ્તી ગણતરી કરવા ભડકાવ્યો. 2 આથી દાઉદે યોઆબને
અને લશ્કરી વડા અધિકારીઓને કહ્યું, “જાઓ અને બેર-શેબાથી દાન
સુધી સમગ્ર ઇસ્રાએલની વસ્તી ગણતરી કરો. અને પછી આવીને જણા-
વો કે, મારી પ્રજાની વસ્તી કેટલી છે.” 3 પરંતુ યોઆબે વાંધો લેતા
જણાવ્યું, “યહોવા પ્રજાની વસ્તીને બમણી કરે તોયે, એ બધા આપ ના-
મદારના સેવકો જ નથી? આપ શા માટે ઇસ્રાએલને દોષી ઠરાવવા ચાહો
છો? અને તમે ઇસ્રાએલને અપરાધી શા માટે ઠેરવો છો?” 4 પરંતુ રાજાની
આજ્ઞા આગળ યોઆબનું કાંઇ ચાલ્યુ નહિ. સમગ્ર ઇસ્રાએલ દેશમાં
ફરીને તે યરૂશાલેમ પાછો ફર્યો. 5 યોઓબે વસતી ગણતરીના આંકડા
દાઉદને આપ્યા; લશ્કરમાં જોડાઇ શકે, ને શસ્ત્ર ચલાવી શકે તેવા પુખ્ત
માણસો ઇસ્રાએલમાં 11,00,000 અને યહૂદિયામાં તે 4,70,000 હતા.
6 યોઆબને રાજાની આજ્ઞા એટલી અણગમતી લાગી હતી કે તેણે લે-
વીની અને બિન્યામીનની ગણતરી જ કરી ન હતી. 7 આ બધી કાર્યવા-
હીથી દેવ નારાજ થયા અને તેથી તેણે ઇસ્રાયેલને શિક્ષા કરી. 8 એટલે
દાઉદે દેવને કહ્યું, “આમ કરવામાં મેં ઘોર પાપ કર્યું છે, પણ હવે આ સે-
વકનો દોષ કૃપા કરીને માફ કરો. આ કામ માટે મેં ઘોર અપરાધ કર્યો
છે.” 9 તેથી યહોવાએ દાઉદના પ્રબોધક ગાદને કહ્યું, 10 “જા, અને દાઉ-
દને કહે, ‘યહોવા આ મુજબ જણાવે છે: હું તારી સમક્ષ ત્રણ વસ્તુ રજૂ
કરુ છું. તું ગમે તે એક પસંદ કર, અને જે તું પસંદ કરે તે પ્રમાણે હું
કરીશ.’” 11 ગાદ દાઉદ પાસે ગયો અને યહોવાએ જે કહ્યું, “તે જણાવ્યું.
અને પૂછ્યું, ‘તું શું પસંદ કરે છે? 12 ત્રણ વરસનો દુકાળ પડે. અથવા
ત્રણ મહિના સુધી દુશ્મનો તરવાર લઇને તારો પીછો પકડી તને હેરાન

કરે, અથવા ત્રણ દિવસ સુધી યહોવાની તરવાર કામે લાગે, સમગ્ર દેશ-
માં રોગચાળો ફાટી નીકળે અને યહોવાનો દૂત આખા ઈસ્રાએલમાં વિ-
નાશ કરતો ફરે.’ હવે તું વિચાર કરીને કહે, કે મને મોકલનાર માટે શો
જવાબ આપવો.” 13 એટલે દાઉદે ગાદને કહ્યું, “હું ભારે મુશ્કેલીમાં આવી
પડ્યો છું, પણ હું માણસોના હાથમાં પડવા કરતાં હું યહોવાના હાથમાં
પડું એ વધારે સારું છે, કારણ, તે અનંત કૃપાળુ છે.” 14 આથી યહોવાએ
ઈસ્રાએલમાં રોગચાળો મોકલ્યો અને 70,000 ઈસ્રાએલીઓ મૃત્યુ પા-
મ્યા. 15 પછી દેવે યરૂશાલેમનો નાશ કરવા એક દેવદૂતને મોકલ્યો, પણ
તે નાશ કરવાની અણી પર હતો ત્યારે યહોવાને દયા આવી અને તેણે
કહ્યું, “બસ કર, બહુ થયું, હવે તારો હાથ પાછો ખેંચી લે.” એ વખતે
યહોવાનો દૂત યબૂસીની ઓર્નાનની ખળી પાસે ઉભો હતો. 16 દાઉદે પર
નજર કરીને જોયું તો યહોવાનો દૂત આકાશ અને પૃથ્વી વચ્ચે ઉઘાડી
ખેંચેલી તરવાર લઈને યરૂશાલેમ તરફ પોતાના હાથ લંબાવી ઊભો
હતો. કંતાન પહેરેલા દાઉદ અને વડીલોએ ભૂમિ પર લાંબા થઈને પ્ર-
ણામ કર્યા. 17 અને દાઉદે દેવને પ્રાર્થના કરી, “વસતી ગણતરીનો હુકમ
આપીને મેં પાપ કર્યુ છે. આ ઘેટાઁઓએ શું કર્યું છે? હે યહોવા મારા દેવ,
મારો અને મારા કુટુંબનો નાશ કરો, પણ તમારા લોકોનો નાશ ન કરો.”
18 ત્યારબાદ યહોવાના દૂતે ગાદને કહ્યું કે, “તું દાઉદને જઈને કહે કે,
યબૂસી ઓર્નાનના ખળામાં યહોવાને પૂજવા એક વેદી બાંધે.” 19 યહો-
વાને નામે ગાદે જે કહ્યું હતું તે મુજબ દાઉદ ચાલી નીકળ્યો. 20 ઓર્નાને
પાછું વળીને જોતાં દેવદૂતને જોયો. તેના પુત્રો નાસી ગયા અને છુપાઇ
ગયા, પણ ઓર્નાન ઘઉં ઝૂડતો રહ્યો. 21 જ્યારે ઓર્નાને દાઉદને આવતો
જોયો, ત્યારે તે ખળીમાંથી બહાર આવ્યો અને તેણે દાઉદને સાષ્ટાંગ
દંડવત પ્રણામ કર્યા. 22 ઉદે તેને કહ્યું, “તું મને તારી ખળીની જગ્યા
આપ જેથી હું યહોવાને માટે યજ્ઞવેદી બાંધુ. તો જ લોકોમાં ફેલાયેલો રો-
ગચાળો બંધ થશે. હું તને એની પૂરેપૂરી કિંમત ચૂકવીશ.” 23 ઓર્નાને
કહ્યું, “લઈ લો, અને આપ મુરબ્બીને જેમ ઠીક લાગે તેમ તેનું કરો. આ
બળદોનું પણ દહનાર્પણ કરજો, આ ઝૂડવાના પાટિયા ઇંધણ તરીકે વા-
પરજો અને આ ઘઉંને ખાદ્યાર્પણ તરીકે ચઢાવજો. હું બધું જ આપને
સોંપી દઉં છું.” 24 પણ રાજા દાઉદે ઓર્નાનને કહ્યું, “ના પૂરી કિંમતે હું તે
ખરીદીશ. યહોવાને અર્પણ કરવા માટે તારું જે છે તે હું મફત લઈ શકું
નહિ. જેની કિંમત મેં ચૂકવી નથી તેનું અર્પણ હું તેમને નહિ ચઢાવું.”
25 પછી દાઉદે ઓર્નાનને એ જમીનના માટે 15 પૌન્ડ સોનું આપ્યું.
26 ત્યાં યહોવાને માટે તેણે વેદી બાંધી અને તેના પર તેણે દહનાર્પણ
કર્યું. તેણે તેની પર શાઁત્યર્પણ કર્યુ અને યહોવાનું આવાહન કર્યું. વેદી
પર અગ્નિ ઉતારીને યહોવાએ તેને જવાબ આપ્યો. 27 યહોવાએ દૂતને
તરવાર મ્યાન કરવા કહ્યું અને દૂતે તે પ્રમાણે કર્યું. 28 જ્યારે દાઉદે જોયું
કે ઓર્નાનના ખળીમાં યહોવાએ તેની પ્રાર્થનાનો જવાબ આપ્યો છે,
ત્યારે તેણે ત્યાં યજ્ઞ અર્પ્યા. 29 એ વખતે મૂસાએ વગડામાં બનાવેલો
યહોવાનો પવિત્ર મંડપ અને દહનાર્પણની વેદી હજી ગિબયોનના
ઉચ્ચસ્થાન પર હતા. 30 પરંતુ યહોવાના દૂતની તરવારનો દાઉદને એટ-
લો બધો ડર લાગતો હતો કે યહોવાને દર્શને પણ જઈ શકતો નહોતો.

22 પછી દાઉદે કહ્યું, “આ યહોવાનું મંદિર છે અને આ ઈસ્રાએલ
માટેની દહાનાર્પણની વેદી છે.” 2 દાઉદે ઈસ્રાએલ રહેતા બધા
વિદેશીઓને ભેગા કરવાનો હુકમ આપ્યો. અને તેમને દેવનું મંદિર
બાંધવા માટે પથ્થરો ઘડવા સલાટ તરીકે કામે લગાડી દીધા. 3 તેણે
બારણાં માટે ખીલા અને મિજાગરા બનાવવા પુષ્કળ લોઢું ભેગું કર્યુ અને
જોખ્યું જોખાય નહિ એટલું કાંસુ, 4 અને પાર વગરનું દેવદારનું લાકડું
પણ ભેગું કર્યું. સિદોન અને તૂરના લોકો દાઉદ માટે પુષ્કળ દેવદારનુ
લાકડું લઈ આવ્યા હતા. 5 દાઉદે જણાવ્યું, “મારો પુત્ર સુલેમાન યુવાન
અને બિનઅનુભવી છે. યહોવા માટે જે મંદિર બાંધવાનું છે તે ખૂબ ભવ્ય
અને દેશવિદેશમાં વિખ્યાત થવું જોઈએ. એટલે તેના માટે બધો જ સા-
માન મારે જ ભેગો કરવો જોઈએ.” આથી તેણે પોતાના મૃત્યુ પહેલા
બાંધકામની સર્વ સામગ્રી એકઠી કરી તૈયાર કરી નાખી. 6 પછી તેણે પો-
તાના પુત્ર સુલેમાનને બોલાવી, ઈસ્રાયેલના દેવ યહોવા માટે એક મંદિર
બાંધવાની આજ્ઞા કરી. 7 તેણે કહ્યું, “પુત્ર મેં યહોવા દેવને માટે મંદિર
બાંધવાનો નિશ્ચય કર્યો હતો. 8 પણ યહોવાએ મને કહ્યું, ‘તે મારા દેખતાં
પુષ્કળ ખૂનરેજી કરી છે અને મોટાં યુદ્ધો કર્યા છે, એટલે તારે મારા માટે
મંદિર બાંધવાનું નથી; 9 પણ તને એક પુત્ર થશે; તે શાંતિપૂર્વક રાજ્ય
કરશે, કારણકે આસપાસના શત્રુ દેશો તરફથી હું તેને સુરક્ષિત બના-
વીશ. તેને સુલેમાન નામ અપાશે અને તેના રાજ્યકાળ દરમ્યાન ઈસ્રા-
એલ શાંતિ અનુભવશે. 10 તે મારે માટે મંદિર બાંધશે. તે મારો પુત્ર થશે
અને હું તેનો પિતા થઈશ, અને હું ઈસ્રાએલમાં તેનું શાસન કાયમ
કરીશ.” 11 “હવે, પુત્ર સુલેમાન, ભલે તમારા દેવ યહોવા તને સહાય કરે
અને તેણે કહ્યા પ્રમાણે એમનું મંદિર બાંધવામા તને સફળતા મળે તે
માટે આશીર્વાદ આપે. 12 તારા દેવ યહોવા તને શાણપણ અને વિવેક-
બુદ્ધિ આપે જેથી તે તને ઈસ્રાયેલમાં રાજ્યસત્તા આપે ત્યારે તું એના નિ-
યમ મુજબ રાજ્ય ચલાવે. 13 યહોવાએ ઈસ્રાયેલને માટે મૂસાને જે નિય-
મો અને કાનૂનો જણાવેલાં છે તેનું તું કાળજીપૂર્વક પાલન કરશે તો જ તું
સફળ થશે. બળવાન થજે, મક્કમ રહેજે. હિંમત હારીશ નહિ કે ગભરા-
ઈશ નહિ. 14 “મેં પુષ્કળ મહેનત કરીને યહોવાના મંદિર માટે 3,750 ટન
સોનું, 37,500 ટન ચાંદી, અને જોખ્યું જોખાય નહિ તેટલું કાંસુ અને
લોઢું એકઠાં કર્યા છે. લાકડાં અને પથ્થર પણ મેં ભેગા કર્યા છે, પણ
તારે થોડા વધારે એકઠાં કરવા પડશે. 15 તારી પાસે પુષ્કળ કારીગરો છે,
સલાટો, કડીયાઓ, સુથારો 16 અને સોનાચાંદીના અને કાંસાના તથા
લોઢાના બધી જાતના કામમાં અસંખ્ય કારીગરો પણ છે. માટે હવે કામ
શરૂ કરી દે અને યહોવા તને સહાય કરો.” 17 પછી દાઉદે ઈસ્રાએલના
સર્વ આગેવાનોને આજ્ઞા કરી કે તેઓ તેના પુત્રને આ કાર્યમાં મદદ કરે.
18 વળી તેણે કહ્યું, “યહોવા તમારા દેવ તમારી સાથે છે. આસપાસની
પ્રજાઓ સાથે તેમણે તમને શાંતિ આપી છે, કારણકે યહોવાના નામમાં
અને તેમના લોકોને માટે મેં તેઓ પર જીત મેળવી છે. 19 આથી હવે પૂરા
હૃદયથી યહોવા, તમારા દેવના હૂકમોને પાળો. ઊભા થાવ અને યહોવા
આપણા દેવ માટે પવિત્રસ્થાન બનાવો. ટૂંક સમયમાં તમે યહોવાના
કરારકોશને અને દેવના પવિત્ર વાસણોને મંદિરમાં લાવશો જે યહોવાને
નામે સમર્પિત કરવામાં આવશે.”

23 હવે દાઉદ ઘણો વૃદ્ધ થયો હતો તેથી તેણે તેના પુત્ર સુલેમાન
પાસે ઈસ્રાએલના રાજા તરીકે રાજ્ય કરવાનું શરૂ કરાવ્યું. 2 દાઉ-
દે ઈસ્રાએલના બધા આગેવાનોને, યાજકોને અને લેવીઓને બોલાવ્યા.
3 ત્રીસ વર્ષના અને તેની ઉપરના લેવીઓની ગણતરી કરવામાં આવી
તો પુરુષોની સંખ્યા 38,000 થઈ. 4 એમાંના 24,000 ને યહોવાના
મંદિરની સેવા સોંપવામાં આવી. 6,000 ને અમલદારો અને ન્યાયાધી-
શો નીમવામાં આવ્યા. 5 ચાર હજારને દ્ધારપાળો તરીકે નીમવામાં
આવ્યા અને 4,000ને દાઉદે બનાવેલા વાજિંત્રો સાથે યહોવાની સ્તુતિ
ગાવા માટે નિયુકત કરવામાં આવ્યા.” 6 પછી દાઉદે તેમને ગેશોર્ન,
કહાથ અને મરારી કુલસમૂહની વંશાવળી પ્રમાણે તેઓને ત્રણ જૂથમાં
વહેંચી દીધા. 7 ગેર્શોર્નના પુત્રો હતા: લાઅદાન અને શિમઇ. 8 લાઅદા-
નના પુત્રો: પહેલો યહીયેલ પછી ઝેથામ અને યોએલ, એમ કુલ ત્રણ.
9 એ લોકો લાઅદાનના વંશજોનાં કુટુંબોના વડા હતા. શિમઈને ત્રણ પુ-
ત્રો હતા: શલોમોથ, હઝીએલ, અને હારાન. 10 શલોમોથને ચાર પુત્રો
હતા: યાહાથ, ઝીઝાહ, યેઉશ, અને બરીઆહ. 11 યાહાથ જ્યેષ્ઠ હતો
અને ઝીઝાહ બીજો હતો; યાહાથ અને બરીઆહને ઘણા પુત્રો ન હતા તે-
થી તેઓ એક જ કુટુંબ તરીકે ગણાયા. 12 કેહાથના ચાર પુત્રો: આમ્રામ,
યિસ્હાર, હેબ્રોન અને ઉઝઝીએલ. 13 આમ્રામનાપુત્રો: હારુન અને મૂસા.
હારુનને અને તેના વંશજોને કાયમને માટે જુદા પાડવામાં આવ્યા હતા.
તેમણે ઉપાસનાની સાધનસામગ્રી સંભાળવાની હતી, યહોવા આગળ
ધૂપ કરવાનો હતો, તેની યાજક તરીકે સેવા કરવાની હતી, અને તેને ના-
મે આશીર્વાદ આપવાના હતા. 14 દેવના સેવક મૂસાના વંશજોને લેવી-
ઓમાં ગણવામાં આવ્યા હતા. 15 મૂસાને બે પુત્રો હતા: ગેશોર્મ અને
એલીએઝેર, 16 ગેશોર્મનો સૌથી મોટો પુત્ર હતો; શબુએલ, 17 એલીએઝ-
રનો સૌથી મોટો પુત્ર રહાબ્યા; એલીએઝેરને બીજા પુત્રો ન હતા, પણ
રહાબ્યાને ઘણા હતા. 18 યિસ્હારનો સૌથી મોટો પુત્ર શલોમીથ. 19 હે-
બ્રોનના પુત્રો: સૌથી મોટો યરિયા, બીજો અમાર્યા, ત્રીજો યાહઝીએલ
અને ચોથો યકામઆમ. 20 ઉઝઝીએલના પુત્રો: સૌથી મોટો મીખાહ
અને બીજો યિશ્શિયા. 21 મરારીના પુત્રો: માહલી અને મૂશી. માહલીના
પુત્રો: એલઆઝાર અને કીશ. 22 એલઆઝાર મરી ગયો ત્યારે તેને કોઇ
પુત્ર નહોતો. બધી પુત્રીઓ જ હતી. તેના ભાઇ કીશના પુત્રો તેમને પર-

ણ્યા. 23 મૂશીને ત્રણ પુત્રો હતા; માહલી, એદેર અને યરેમોથ. 24 લેવીના
વંશજોના વીસ વર્ષ અને તેથી વધારે ઉંમરના પુરુષોની ગણતરી કરીને
પર પ્રમાણે વિભાગો અને પેટાવિભાગોમાં તેઓનું વર્ગીકરણ કરવામાં
આવ્યું. યહોવાના મંદિરમાં જુદી જુદી સેવાઓ માટે તેઓને નિયુકત કર-
વામાં આવ્યાં. 25 દાઉદે કહ્યું, “ઇસ્રાએલના યહોવા દેવે આપણને શાંતિ
બક્ષી છે. યહોવા હંમેશા યરૂશાલેમમાં નિવાસ કરશે. 26 હવે લેવીઓને
પવિત્ર મંડપ અને તેની સામગ્રીને લઇને એક સ્થળેથી બીજે સ્થળે લઇ
જવાની જરૂર પડશે નહિ.” 27 મૃત્યુ પહેલા દાઉદે જે છેલ્લું કામ કર્યુ તે જે
વીસ વરસ કે તેથી વધારે ઉંમર વાળા હતા. લેવીના કુલસમૂહના વંશ-
જોની ગણતરી કરી. 28 લેવીઓને સોંપાયેલા કામ; યાજકોને એટલે હા-
રુનના વંશજોને મંદિરમાં બલિદાનની વિધિમાં મદદ કરવી. આંગણા-
ઓની તેમજ ઓરડાઓની જવાબદારી યહોવાના પવિત્ર મંદિરમાંની
પવિત્ર વસ્તુઓના શુદ્ધિકરણમાં મદદ કરવી. 29 દેવને ધરાવેલી રોટલી
માટે, ખાદ્યાર્પણ માટેના લોટ માટે, ખમીર વગરની રોટલી માટે, શેકેલા
ખાદ્યાર્પણ માટે તેલથી મોયેલા લોટ માટે તેમજ મંદિરમાં ધરાવેલી
વસ્તુઓના વજન અને માપ માટે તેઓ જ જવાબદાર હતા. 30 વળી, તે-
મણે જ દરરોજ સવારે અને સાંજે યહોવાના ભજન-કીર્તન કરવાનાં હતા.
31 વિશ્રામવાર, ચંદ્ર દર્શન અને અન્ય તેહવારોને દિવસે યહોવાને દહ-
નાર્પણો ચઢાવતી વખતે તેમણે ઠરાવેલી સંખ્યામાં સતત યહોવાની સે-
વામાં મદદમાં રહેવાનું હતું. 32 લેવીઓએ મુલાકાત મંડપની અને પવિ-
ત્રસ્થાનની સંભાળ રાખવાની હતી. તેઓ તેમના હારુનવંશી સંબંધી-
ઓને યહોવાનાં મંદિરની સંભાળ રાખવામાં મદદ કરવાની હતી.

24 હારુનનાં વંશજોને પણ જૂથોમાં વહેંચી નાખવામાં આવ્યા
હતા. હારુનને પુત્રો હતા: નાદાબ, અબીહૂ, એલઆઝાર અને
ઇથામાર. 2 નાદાબ અને અબીહૂ તેમના પિતા જીવતા હતા એ દરમ્યાન
જ નિ:સંતાન મરી ગયા હતા. આથી એલઆઝાર અને ઇથામાર યાજક-
પદે આવ્યા. 3 દાઉદે એલઆઝારના વંશજ સાદોક અને ઇથામારના
વંશજ અહીમેલેખેની મદદથી હારુનના કુલસમૂહોને તેમની ફરજ પ્રમા-
ણે જૂથોમાં વહેંચી નાખ્યા. 4 એલઆઝાર વંશજો ઇથામારના વંશજો કર-
તાં સંખ્યામાં વધારે હતા, આથી એલઆઝારના વંશજોનાં જુદાં-જુદાં કુ-
ટુંબના સોળ જૂથ પાડવામાં આવ્યા અને ઇથામારના વંશજોનાં કુટુંબો-
ના આઠ જૂથ પાડવામાં આવ્યાં. અને એ દરેક જૂથનો આગેવાન તે પો-
તાના કુટુંબનો વડો હતો. 5 બન્ને, એલઆઝારના વંશજો અને ઇથામાર-
ના વંશજોમાં પ્રખ્યાત માણસો મંદિરના અધિકારીઓ હતા. તેથી ચિ-
ઠ્ઠીઓ નાખીને જુદા જુદા જૂથોને તેમની ફરજો સોંપવામાં આવી હતી.
6 નથાનએલનો પુત્ર, લેવી કુલસમૂહનો શમાયા, નોંધણીકાર હતો. આ
બધું કામ તે રાજા તથા સાદોક યાજક, અબ્યાથારના પુત્ર અહીમેલેખ
તથા યાજકો અને લેવીઓના મુખ્ય આગેવાનોની હાજરીમાં તે કરતો
હતો. એલઆઝારના કુંળકુટુંબોએ અને ઇથામારના કુલ કુટુંબોએ ફરજો-
ને વહેંચી લીધી હતી. 7 પહેલું સમૂહ યહોયારીબનું હતું; બીજુ સમૂહ
યદાયાનું હતું; 8 ત્રીજું સમૂહ હારીમનું હતું; ચોથું સમૂહ સેઓરીમનું હતું;
9 પાંચમું સમૂહ માલ્કિયાનું હતું; છઠ્ઠું સમૂહ મીયામીનનું હતું; 10 સાતમું
સમૂહ હાક્કોસનું હતું; આઠમું સમૂહ અબિયાનું સમૂહ અલિયાનું હતું;
11 નવમું સમૂહ યેશૂઆનું હતું; દસમું સમૂહ શખાન્યાનું હતું; 12 અગિયા-
રમું સમૂહ એલ્યાશીબનું હતું; બારમું સમૂહ યાકીમનું હતું; 13 તેરમું સમૂહ
હુપ્પાહનું હતું; ચૌદમું સમૂહ યેશેબઆબનું હતું; 14 પંદરમું સમૂહ બિ-
લ્ગાહનું હતું, સોળમું સમૂહ ઇમ્મેરનું હતું; 15 સત્તરમું સમૂહ હેઝીરનું હતું;
અઢારમું સમૂહ હાપ્પિસ્સેસનું હતું; 16 ઓગણીસમું સમૂહ પથાહ્યાનું
હતું; વીસમું સમૂહ યહેઝકેલનું હતું; 17 એકવીસમું સમૂહ યાખીનનું હતું;
બાવીસમુઁ સમૂહ ગામૂલનું હતું; 18 ત્રેવીસમું સમૂહ દલાયાનું હતું; ચોવી-
સમું સમૂહ માઆઝયાનીનું હતું. 19 આ બધાં માણસોને યહોવાના મંદિ-
રમાં જવા માટે અને ઇસ્રાએલના દેવ યહોવાએ જણાવ્યા મૂજબ આ મા-
ણસોના વડવા હારુને નક્કી કરેલી ફરજો બજાવવા માટે નીમવામાં
આવ્યા હતા. 20 લેવી કુટુંબના બાકીના વંશજો નીચે મુજબ છે:આમ્રામ-
નો વંશજ શુબાએલ અને શુબાએલનો વંશજ યહદયા; 21 રહાબ્યાનો
વંશજ યિશ્શિયા જે આગેવાન હતો; 22 યિસ્હારના વંશજ શલોમોથનો
વંશજ યાહાથ; 23 હેબ્રોનના પુત્રો: સૌથી મોટો યરિયા, બીજો અમાર્યા,
ત્રીજો યાહઝીએલ અને ચોથો યકામઆમ; 24 ઉઝઝીયેલના વંશજ મી-
ખાહનો પુત્ર શામીર; 25 મીખાહનો ભાઇ યિશ્શિયા, યિશ્શિયાનો પુત્ર
ઝખાર્યા; 26 મરારીના વંશજો; માહલી, મૂશી અને તેનો પુત્ર યાઅઝીયાહ,
27 મરારીના વંશજો વચ્ચે એના પુત્ર યાઅઝીયાના મારફતે: શોહામ, ઝા-
ક્કૂર અને ઇબ્રી. 28 માહલીના પુત્રો: એલઆઝાર અને કીશ. એલઆઝા-
રને પુત્ર નહોતો. 29 કીશનો યરાહમએલ. 30 મૂશીના પુત્રો: માહલી, એદેર
અને યરીમોથ.આ બધા તેમના પૂર્વજોની વંશાવળી પ્રમાણે નોંધેલા લે-
વીઓના વંશજો હતા. 31 બરાબર તેમના કુટુંબી હારુનના વંશજોની મા-
ફક આ કુટુંબોમાં પણ મોટા અને નાના કુટુંબનો ભેદ રાખ્યા વિના ચિ-
ઠ્ઠીઓ ફેંકીને તેમની ફરજો નક્કી કરવામાં આવી હતી. આ બંધુ રાજા
દાઉદ, સાદોક, અહીમેલેખ અને યાજકોના આગેવાનોની અને લેવીઓ-
નાં કુટુંબને સાક્ષી રાખીને કરવામાં આવ્યું હતું.

25 દાઉદે અને તેના મુખ્ય અમલદારોએ આસાફના, હેમાનના
અને યદૂથૂનના કુટુંબને સેવા માટે નિમ્યા. તેમને સિતાર વીણા
અને ઝાંઝ વગાડતાં વગાડતાં ભવિષ્યવાણી કરવાની હતી. તેમના ના-
મો તથા એમની સેવાના પ્રકાર નીચે પ્રમાણે છે; 2 આસાફના પુત્રો હતા;
ઝાક્કૂર, યૂસફ, નથાન્યા અને અશ્શારએલાહ. આ બધા આસાફના પુ-
ત્રો હતા અને તે તેઓનો આગેવાન હતો. તે રાજાની સૂચના મુજબ દેવ-
ની ભવિષ્યવાણી કરતો હતો. 3 યદૂથૂનના છ પુત્રો હતા: ગદાલ્યા, સરી,
યશાયા, શિમી, હશાબ્યા અને માત્તિથ્યા. એ છ પોતાના પિતા યદૂથૂન-
ની આગેવાની હેઠળ વીણા વગાડતાં અને ભવિષ્યવાણી કરતા, અને
તેઓ યહોવાનો આભાર માનતા અને તેની સ્તુતિ કરતાં હતા. 4 હેમાન-
ના પુત્રો: બુક્કીયા, માત્તાન્યા, ઉઝઝીએલ, શબુએલ, યરીમોથ, હના-
ન્યા, હનાની, અલીઆથાહ, ગિદાલ્તી, રોમામ્તી-એઝેર, યેશ્બકાશાહ,
માલ્લોથી, હોથીર અને માહઝીઓથ. 5 દેવે પોતે વચન આપ્યા મુજબ રા-
જાના ષ્ટા હેમાનને તેનું ગૌરવ વધારવા ચૌદ પુત્રો અને ત્રણ પુત્રી
આપ્યાં હતા. 6 એ બધા પોતપોતાના પિતાની આગેવાની હેઠળ, યહો-
વાના મંદિરમાં સારંગી, વીણા અને ઝાંઝની સંગાથે ગાતા અને રાજાએ
સોંપેલા કામ મુજબ દેવના મંદિરમાં સેવા બજાવતા. 7 યહોવાના કીર્તન
ગાવાની તાલીમ પામેલા તેમના કુટુંબીઓ બીજા લેવીઓ સાથે ગણાતાં
કુશળ સંગીતકારોની કુલ સંખ્યા 288 ની હતી. 8 કામની વહેંચણી માટે
જુવાન ઘરડા, ઉસ્તાદ અને શાગીર્દ સૌએ ચિઠ્ઠી નાખી હતી. 9 પ્રથમ
ચિઠ્ઠી આસાફના સમૂહની નીકળી: એમાં કુલ બાર માણસો હતા જેમાં
યૂસફ, તેના ભાઇઓ અને પુત્રોનો સમાવેશ થતો હતો.બીજી ચિઠ્ઠી
ગદાલ્યાની: તેના ભાઇઓની અને પુત્રોની નીકળી; તેઓ કુલ બાર
હતા. 10 ત્રીજી ચિઠ્ઠી ઝાક્કૂરની: તેના પુત્રોની અને તેના ભાઇઓની ની-
કળી. તેઓ કુલ બાર હતા. 11 ચોથી ચિઠ્ઠી મિસ્રીની: તેના પુત્રોની અને
તેના ભાઇઓની નીકળી. જે બધાં કુલ મળીને બાર હતા. 12 પાંચમી
ચિઠ્ઠી નથાન્યાની: તેના ભાઇઓ અને પુત્રો મળીને કુલ બાર હતા.
13 છઠ્ઠી બુક્કીયાની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર હતા.
14 સાતમી યશારએલાહની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર
હતા. 15 આઠમી યશાયાની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર
હતા. 16 નવમી મત્તાન્યાની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર
હતા. 17 દશમી શિમઇ: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર હતા.
18 અગિયારમી અઝારએલ: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર
હતા. 19 બારમી હશાબ્યાની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર
હતા. 20 તેરમી શુબાએલની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર
હતા. 21 ચૌદમી માત્તિથ્યાની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર
હતા. 22 પંદરમી યરેમોથની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર
હતા. 23 સોળમી હનાન્યાની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર
હતા. 24 સત્તરમી યોશ્બકાશાહની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ
બાર હતા. 25 અઢારમી હનાનની: તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ
બાર હતા. 26 ઓગણીશમી માલ્લોથીની: તેના પુત્રો અને ભાઇઓ મળી-
ને કુલ બાર હતા. 27 વીસમી અલીયાથાહની: તેના પુત્રો અને ભાઇઓ
મળીને કુલ બાર હતા. 28 એકવીસમી હોથીરની: તેના પુત્રો અને ભા-
ઇઓ મળીને કુલ બાર હતા. 29 બાવીસમી ગિદ્દાલ્તીની: તેના પુત્રો અને
ભાઇઓ મળીને કુલ બાર હતા. 30 ત્રેવીસમી માહઝીઓથની: તેના પુત્રો
અને ભાઇઓ મળીને કુલ બાર હતા. 31 ચોવીસમી રોમામ્તી-એઝેરની:
તેના પુત્રો અને ભાઇઓ મળીને કુલ બાર હતા.

26 કોરાહ કુટુંબમાંથી દ્વારપાળોના સમૂહ નીચે પ્રમાણે હતા:
આસાફના વંશજોના કોરાહનો પુત્ર મશેલેમ્યા. 2 મશેલેમ્યાના
પુત્રો હતા; ઝર્ખાયા જયેષ્ઠ પુત્ર હતો, બીજો યદીઅએલ હતો, ત્રીજો
ઝબાધા, ચોથો યાથ્નીએલ, 3 પાંચમો એલામ, છઠ્ઠો યહોહાનાન, સાત-
મો એલ્યહોએનાય. 4 આ બધાં ઓબેદ-અદોમના પુત્રો હતા: સૌથી મો-
ટો શમાયા, બીજો યહોઝાબાદ, ત્રીજો પુત્ર યોઆહ, ચોથો પુત્ર શાખાર
હતો, નથાનએલ પાંચમો પુત્ર હતો, 5 છઠ્ઠો આમ્મીએલ, સાતમો યિ-
સ્સાખાર, અને આઠમો પેઉલથ્થાઇ. આ પુત્રો આપીને દેવે તેને આશી-
ર્વાદ આપ્યા હતા. 6 શમાયાના પુત્રો બહુ નામાંકિત હતા અને તેઓના
ગોત્રમાં તેઓ ઉચ્ચ અધિકારના સ્થાને હતા. 7 તેઓનાં નામ: ઓથ્ની,
રફાએલ, ઓબેદ, અને એલઝાબાદ. તેના ભાઇઓ અલીહૂ અને સમા-
ખ્યા બહાદૂર પુરુષો હતા. 8 આ બધા ઓબેદ-અદોમના વંશજો હતા.
તેઓ, એમના પુત્રો અને ભાઇઓ મળીને કુલ 62 હતા. અને તે બધા
શકિતશાળી પુરુષો હતા. અને મંદિરમાં સેવા કરવાને લાયક હતા.
9 મશેલેટયાના પુત્રો અને ભાઇઓ મળી કુલ અઢાર શકિતશાળી બહા-
દુર માણસો હતા. 10 મરારીની વંશજોના હોસાહએ તેના પુત્રોમાંથી એક
શિમ્રીને સમૂહના નેતા તરીકે પસંદ કર્યો. જો કે તે જયેષ્ઠ પુત્ર ન હતો.
11 હિલ્કિયા બીજો હતો, ત્રીજા નંબરે ટબાલ્યા. ચોથા નંબરે ઝખાર્યા
હતા, હોસાહના પુત્રો અને ભાઇઓની કુલ સંખ્યા તેર હતી. 12 આ બધાં
દ્વારપાળો તેમના આગેવાનો દ્વારા ક્રમવાર નોંધવામાં આવ્યા હતા. તે
પોતાના કુટુંબો પ્રમાણે વારા ફરતી યહોવાના મંદિરમાં સેવા બજાવતા
હતા. 13 નાનાંમોટાં બધાં કુટુંબોએ ચિઠ્ઠી નાખી નિર્ણય કર્યો કે દરેક દર-
વાજા પર કોણ ચોકી કરશે. 14 પૂર્વનો દરવાજો શેલેમ્યાને ભાગે આવ્યો.
ત્યારબાદ એના હોશિયાર પુત્ર સલાહકાર ઝખાર્યાને માટે ચિઠ્ઠી ઉપાડ-
વામાં આવી તો તેને ભાગે ઉત્તરનો દરવાજો આવ્યો. 15 ઓબેદ-અદોમ-
ને ભાગે દક્ષિણનો દરવાજો આવ્યો, અને તેના પુત્રોને ભાગે કોઠાર
આવ્યો. 16 પશ્ચિમ તરફના દરવાજાની અને પર જતા માર્ગ પર આવેલા
શાલ્લેખેથ દરવાજાની જવાબદારી શુપ્પીમ અને હોસાહને સોંપવામાં
આવી.પહેરા વારાફરતી બદલતા રહેતા હતા; 17 'પૂર્વને દરવાજે દરરોજ
છ લેવી રહેતા તથા ઉત્તરને દરવાજે ચાર, 'દક્ષિણને દરવાજે' ચાર, અને
દરેક કોઠાર પર બબ્બે. 18 પશ્ચિમના દરવાજાની ઓશરી તરફના રસ્તાનું
રક્ષણ કરવા ચાર રક્ષકો અને ખુદ ઓશરીનું રક્ષણ કરવા બે રક્ષકો હતા.
19 એમ કોરાહના અને મરારીના વંશજોને દ્વારપાળોનું કામ વહેંચી આપ-
વામાં આવ્યું હતુ. 20 અહિયાની આગેવાની નીચે બીજા લેવીઓને દેવ-
નાં મંદિરના ખજાનાની અને પવિત્રસ્થાનની રખેવાળી કરવાની જવાબ-
દારી સોંપાઇ હતી. 21 આ માણસો ગેશોર્નના કુલસમૂહના લાઅદાનના
વંશજો હતા. યહીએલી તેઓનો આગેવાન હતો. 22 યહીએલનો પુત્રો ઝે-
થામ અને તેનો ભાઈ યોએલ પણ તે બધામાં હતા. તેઓ યહોવાના
મંદિરના કોઠારની સંભાળ રાખતાં હતા. 23 તેમાંથી કેટલાક આમ્રામનાં
યિસ્હારના, હેબ્રોનના અને ઉઝઝીએલના વંશજો હતા. 24 શબુએલ
ભંડારનો મુખ્ય અધિકારી હતો. શબુએલ ગેશોર્મનો પુત્ર હતો અને ગે-
શોર્મ મૂસાનો પુત્ર હતો. 25 અલીએઝરના વંશજો શબુએલનાં સગા થતા
હતા; અલીએઝરનો પુત્ર રહાબ્યા હતો, રહાબ્યાનો પુત્ર યશાયા હતો,
યોરામ યશાયાનો પુત્ર હતો, યોરામનો પુત્ર ઝિખ્રી હતો અને ઝિખ્રીનો
પુત્ર શલોમોથ હતો. 26 એ શલોમોથ અને તેના કુટુંબીઓ રાજા દાઉદે,
કુટુંબોના વડાઓએ, હજાર સૈનિકોના અને સો સૈનિકોના નાયકોએ
તથા બીજા ઉચ્ચ અમલદારો દ્વારા અર્પણ કરાયેલી ભેટોના ભંડારની
સંભાળ રાખતા હતા. 27 એ લોકોએ યુદ્ધો દરમ્યાન મળેલી લૂંટમાંનો કે-
ટલોક ભાગ યહોવાના મંદિરને ભેટ તરીકે આપ્યો હતો. 28 ષ્ટા શમુએલ,
કીશનો પુત્ર શાઉલ, નેરનો પુત્ર આબ્નેર, સરૂયાનો પુત્ર યોઆબે અથ-
વા બીજું કોઇ પણ વ્યકિત ભેટ લાવે તે બધાની કાળજી રાખવાની
જવાબદારી શલોમોથ અને તેના ભાઇઓને સોંપવામાં આવી હતી.
29 યિસ્હારના વંશજોમાંથી કનાન્યા અને તેના પુત્રોને ઇસ્રાએલના વહી-
વટી અધિકારીઓનું અને ન્યાયાધીશોનું કામ સોંપવામાં આવ્યું હતું.
30 યર્દન નદીની પશ્ચિમે આવેલા ઇસ્રાએલ દેશના વિસ્તારની જવાબદા-
રી હેબ્રોન વંશજોમાંથી હસાબ્યા અને તેના 1,700 કુટુંબીજનોને સોંપ-
વામાં આવી. તેઓ સર્વ નામાંકિત હતા અને તે વિસ્તારમાં જાહેર વહી-
વટ અને યહોવાની સેવા માટેના જવાબદાર અધિકારીઓ હતા. 31 દાઉ-
દના રાજ્યના ચાળીસમા વર્ષે હેબ્રોનના કુટુંબની વંશાવળી તપાસતા
એના કાબેલ માણસો ગિલયાદમાં આવેલા યઝેરમાં વસતા માલૂમ
પડ્યા હતા. 32 રાજા દાઉદે 2,700 આવા કાબેલ માણસોને- કુટુંબવા-
ળાઓને રૂબેન, ગાદ અને મનાશ્શાના અર્ધા કુલસમૂહના પ્રદેશનો ધા-
ર્મિક અને રાજકીય વહીવટ સંભાળવાનું કામ સોંપ્યું.

27 રાજ્યની સેવામાં રોકાયેલા સર્વ ઇસ્રાએલીઓ એટલે કે કુટુંબના
વડાઓ, હજાર સૈનિકોના અને સો સૈનિકોના નાયકો અને
અધિકારીઓની સંખ્યા દરેક જૂથમાં 24,000ની હતી. વરસ દરમ્યાન
દર મહિને જુદા જુદા જૂથો ફરજ બજાવતા હતા. 2 પહેલા મહિનાની ટૂક-
ડીનો 24,000 માણસોના જૂથનો નાયક, ઝાબ્દીએલનો પુત્ર યાશો-
બઆમ હતો. 3 તે પેરેસનો વંશજ હતો. દર વર્ષે પ્રથમ માસની જવાબ-
દારી તેની હતી. 4 બીજા મહિનાની ટૂકડીનો નાયક અહોહીના વંશનો
દોદાય હતો. તેના હાથ નીચે 24,000 માણસો હતા. 5 ત્રીજા મહિનાની
ટૂકડીનો નાયક યાજક યહોયાદાનો પુત્ર બનાયા હતો.તેના હાથ નીચે
24,000 માણસો હતા. 6 આ બનાયા 30 શૂરવીરોમાં મુખ્ય હતો. એનો
પુત્ર અમીજાબાદ એની ટોળીનો હતો. 7 ચોથા મહિનાની ટૂકડીનો ના-
યક યોઆબનો ભાઇ અસાહેલ હતો. એના પછી એનો પુત્ર ઝબાધ્યા
એની જગ્યાએ આવ્યો હતો. તેના હાથ નીચે 24,000 માણસો હતા.
8 પાંચમા મહિનાની ટૂકડીનો નાયક યિઝાહીનો વંશજ શામ્હૂથ હતો. તે-
ના હાથ નીચે 24,000 માણસો હતા. 9 છઠ્ઠા મહિનાની ટૂકડીનો નાયક
તકોઆનો ઇક્કેશનો પુત્ર ઇરા તેના હાથ નીચે 24,000 માણસો હતા.
10 સાતમા મહિનાની ટૂકડીનો નાયક એફ્રાઇમના વંશજ પલોનનો હે-
લેસ હતો જેના હાથ નીચે 24,000 માણસો હતા. 11 આઠમા મહિનાની
ટૂકડીનો નાયક ઝેરાહ સમૂહનો હુશાનો સિબ્બખાય હતો. તેના હાથ ની-
ચે 24,000 માણસો હતા. 12 નવમા મહિનાની ટૂકડીનો નાયક બિન્યા-
મીનનો વંશજ અનાથોથનો અબીએઝેર હતો. તેના હાથ નીચે 24,000
માણસો હતા. 13 દશમા મહિનાની ટૂકડીનો નાયક ઝેરાહના વંશજ
નટોફાનો માહરાય હતો.તેના હાથ નીચે 24,000 માણસો હતા.
14 અગિયારમા મહિનાની ટૂકડીનો નાયક એફ્રાઇમ કુલસમૂહનો પિરઆ-
થોનનો બનાયા હતો. તેના હાથ નીચે 24,000 માણસો હતા. 15 બાર-
મા મહિનાની ટૂકડીનો નાયક ઓથ્નીએલનો વંશજ નટોફાનો હેલેદ
હતો. તેના હાથ નીચે 24,000 માણસો હતા. 16 ઇસ્રાએલના કુલસમૂહો
પર નિયુકત થયેલા ઉચ્ચ અધિકારીઓની યાદી:રૂબેનના કુલસમૂહ પર
ઝિખ્રીનો પુત્ર અલીએઝેર; શિમોનના કુલ પર માઅખાહનો પુત્ર શફાટ-
યા; 17 લેવીના કુલ પર કમુએલનો પુત્ર હશાબ્યા; હારુનના વંશજો પર
સાદોક; 18 યહૂદિયાના કુલ સમૂહ પર દાઉદ રાજાનો ભાઇ અલીહૂ;
ઇસ્સાખારના કુલ સમૂહ પર મિખાયેલનો પુત્ર ઓમ્રી; 19 ઝબુલોનના
કુલ પર ઓબાદ્યાનો પુત્ર યિશ્માયા; નફતાલીના કુલ પર આઝીએલનો
પુત્ર યરેમોથ; 20 એફ્રાઇમના કુલ પર અઝાઝયાનો પુત્ર હોશિયા; મના-
શ્શાના અર્ધકુલ પર પદાયાનો પુત્ર યોએલ, 21 ગિલયાદમાં વસતાં
મનાશ્શાના અર્ધકુલ પર ઝખાર્યાનો પુત્ર યિદ્દો; બિન્યામીનના કુલ પર
આબ્નેરનો પુત્ર યાઅસીએલ; 22 દાનના કુલસમૂહ પર યરોહામનો પુત્ર
અઝારએલ. તેઓ ઇસ્રાએલનાં કુલોના અધિકારીઓ હતા 23 દાઉદે તેની
પ્રજામાંથી 20 વર્ષથી નીચેનાની વસ્તી ગણતરી કરાવી નહોતી, કારણ-
કે યહોવાએ ઇસ્રાએલીઓની સંખ્યા આકાશના તારા જેટલા અગણિત
બનાવવાનું વચન આપ્યું હતું. 24 સરૂયાના પુત્ર યોઆબે વસ્તી ગણત-
રી શરુ કરી પણ તેણે પૂરી કરી નહોતી. કારણકે ઇસ્રાએલ પર દેવનો
રોષ ઊતર્યો હતો. અને એટલે તે વસ્તી ગણતરીના આંકડા રાજા દાઉદ-
ના રાજ્યના ઇતિહાસમાં નોંધાયા નહોતા 25 અદીયેલનો પુત્ર અઝમા-
વેથ રાજાનો કોઠાર સંભાળતો હતો. ઉઝિઝયાનો પુત્ર યોનાથાન જિલ્લા-
નાં નગરોના, ગામડાંના અને કિલ્લાઓના ભંડાર સંભાળતો હતો.
26 કલૂબનો પુત્ર એઝીર્, જેઓ ખેતરમાં કામ કરતાં હતા તેની પર દેખ-
રેખ રાખતો હતો; 27 રામાથી શિમઇ દ્રાક્ષારસની વાડીઓ પર દેખરેખ રા-
ખતો હતો; શેફમનો ઝબ્દી દ્રાક્ષારસના ભંડાર પર દેખરેખ રાખતો હતો;
28 ગદેરનો બઆલ-હાનાન જેતૂનનાં વૃક્ષ અને નીચાણના પ્રદેશમાં થતાં
અંજીર પર દેખરેખ રાખતો હતો; યોઆશ તેલના ભંડાર પર દેખરેખ રાખ-
તો હતો; 29 શારોનનો શિટાય શારોનના મેદાનમાં ચરતાં ઢોરો પર દેખ-
રેખ રાખતો હતો; શાફાટ તે અદલાયનો પુત્ર હતો, ને ખીણોમાં ચરતાં

ઢોરો પર દેખરેખ રાખતો હતો, 30 ઇશ્માએલી ઓબીલ ઊંટોની સંભાળ
રાખતો હતો. મેરોનોથી યેહદયા ગધેડાંની સંભાળ રાખતો હતો; 31 હાગ્રી
યાઝીઝ ઘેટાંબકરાં સંભાળતો હતો.આ બધા માણસો રાજા દાઉદની
મિલકત સંભાળનાર અમલદારો હતા. 32 દાઉદના કાકા યોનાથાન નિ-
પુણ સલાહકાર અને એક લહિયો હતો. હાખ્મોનીના પુત્ર યહીયેલ રાજા-
ના પુત્રોની સાથે હતો. 33 અહીથોફેલ રાજાનો સલાહકાર હતો; અને હૂ-
શાય આકીર્ રાજાનો મિત્ર હતો. 34 બનાયાનો પુત્ર યહોયાદા અને
અબ્યાથાર હતા. અહીથોફેલના મદદનીશ યોઆબ રાજાના સૈન્યનો સે-
નાધિપતિ હતો

28 દાઉદે ઇસ્રાએલના બધા અધિકારીઓને યરૂશાલેમમાં ભેગા
કર્યા. એમાં કુલસમૂહોના આગેવાનો, રાજ્યની સેવામાં રોકાયે-
લા અમલદારો, હજાર હજારની અને સો સોની ટુકડીઓના નાયકો, રા-
જાની અને તેના પુત્રોની તમામ મિલકત અને ઢોરને સંભાળનાર વહીવ-
ટદારો, તેમજ દરબારીઓ, શૂરવીરો, ટૂંકમાં બધા જ મહત્વના માણસો-
નો સમાવેશ થતો હતો. 2 દાઉદ રાજાએ તેઓ સમક્ષ ઊભા થઇને સંબો-
ધન કરતાં કહ્યું, “મારા ભાઇઓ, અને મારાં પ્રજાજનો, મારી વાત સાંભ-
ળો, મારો વિચાર આપણા દેવ યહોવાના કરારકોશ માટે એક વિશ્રાંતિનું
મંદિર બાંધવાનો હતો, જે આપણા દેવ માટે પાયાસન જેવું બનશે. અને
મેં તેની તૈયારીઓ પણ કરી હતી; 3 પરંતુ, દેવે મને કહ્યું, ‘તારે મારે નામે
મંદિર બાંધવાનું નથી, કારણ, તે ઘણાં યુદ્ધો કર્યા છે. અને પુષ્કળ લોહી
રેડ્યું છે.’ 4 “તેમ છતાં ઇસ્રાએલના યહોવા દેવે મારા પિતાના કુલસમૂહ-
માંથી ઇસ્રાએલ પર રાજ્ય કરવા માટે મને સહાય માટે પસંદ કર્યો, કા-
રણ, તેણે રાજકર્તા વંશ તરીકે યહૂદાના કુલસમૂહને પસંદ કર્યો અને તે
યહૂદાનાં કુલસમૂહમાંથી મારા પિતાના કુટુંબને પસંદ કર્યું. અને તેઓ
મારા એટલાં બધાં કૃપાળુ હતા કે પિતાના પુત્રોમાંથી તેમણે મને સમગ્ર
ઇસ્રાએલનો રાજા બનાવ્યો. 5 અને મારા બધા પુત્રોમાંથી-કારણ, યહો-
વાએ મને ઘણા પુત્રો આપ્યા છે- યહોવાના રાજ્ય સમાન ઇસ્રાએલની
રાજગાદી પર બેસવા માટે સુલેમાનને પસંદ કર્યો. 6 અને મને જણાવ્યું,
‘તારો પુત્ર સુલેમાન મારે માટે મંદિર બંધાવશે, કારણકે, મેં તેને મારા પુ-
ત્ર તરીકે પસંદ કર્યો છે. અને હું તેનો પિતા થઇશ. 7 જો તે મારા
આજ્ઞાઓ તથા હુકમો પાલન આજે કરે છે તેમ દ્રઢતાથી કરતો રહેશે તો હું
તેની રાજ્યસત્તા કાયમ માટે સ્થાપન કરીશ.’” 8 ત્યારબાદ દાઉદે સુલે-
માન તરફ ફરીને કહ્યું, “આથી હવે આખા ઇસ્રાએલની, એટલે કે યહોવા-
ના સમાજની સમક્ષ અને યહોવાની સમક્ષ હું તમને સૌને તમારા દેવ
યહોવાની આજ્ઞાઓનો અભ્યાસ કરવાનું અને અનુસરવાનું જણાવું છું.
જેથી તમે આ સમૃદ્ધ ભૂમિના માલિક રહો અને તમારા પછી તમારા વંશ-
જોને એ કાયમ માટે વારસામાં આપી જઇ શકો. 9 “અને મારા પુત્ર સુલે-
માન, તું તારા પિતાના દેવનો સ્વીકાર કર અને તેની પૂરા હૃદયપૂર્વક
અને રાજીખુશીથી સેવા કર, કારણ, યહોવા અંતર્યામી છે અને તે માણ-
સના બધા વિચારો અને હેતુઓ જાણે છે, જો તું તેની શોધ કરીશ તો તે
તારી આગળ પ્રગટ થશે પરંતુ જો તું તેનો ત્યાગ કરીશ તો તે સદા માટે
તારો ત્યાગ કરશે. 10 તું એટલું યાદ રાખજે, જે યહોવાએ તને મંદિર
બાંધવા માટે પસંદ કર્યો છે; મન મજબૂત રાખી એ કામ પૂરું કરજે.”
11 પછી દાઉદે સુલેમાનને મંદિર, તેનું પ્રાંગણ અને તેની આસપાસના
મકાનોનો નકશો આપ્યો. તેણે તેને ભંડારના, માળ ઉપરની ઓરડીઓ,
અંદરની ઓરડીઓ અને દયાસન માટે ઓરડીનો નકશો પણ આપ્યો.
12 યહોવાના મંદિરનું પ્રાગણ બહારની ઓરડીઓ, દેવના મંદિરના
ભંડારો અને લોકો જે ભેટો અર્પણ કરે તે રાખવાના કોઠારનો નકશો
આપ્યો. 13 તદુપરાંત યાજકો અને લેવીઓના સમૂહો વિષે, યહોવાના
મંદિરની ઉપાસનાને લગતાં સર્વ કાર્યો વિષે તથા એ સેવામાં વપરાતાં
વાસણો વિષે પણ તેણે કહ્યું. 14 જુદી જુદી સેવામાં વપરાતા સોનાનાં
વાસણો માટે કેટલું સોનું વાપરવું, અને ચાંદીના વાસણો માટે કેટલી
ચાંદી વાપરવી, 15 સોના-ચાંદીની દીવીઓ અને તેના કોડિયા માટે કેટ-
લા સોના-ચાંદી વાપરવાં, 16 અર્પિત રોટલી માટેના બાજેઠોમાંના દરેક-
માં કેટલું સોનું વાપરવું, અને ચાંદીના બાજઠો માટે કેટલી ચાંદી વાપર-
વી, 17 ત્રિશૂળો, થાળીઓ, કટોરા અને રકાબીઓ માટે કેટલું ચોખ્ખુ સો-
નું વાપરવું, દરેક સોનાની થાળીઓ માટે કેટલું સોનું વાપરવું અને
ચાંદીની થાળી માટે કેટલી ચાંદી વાપરવી, 18 ધૂપની વેદી માટે કેટલું
ચોખ્ખું સોનું વાપરવું, અને રથ માટે કેટલું ચોખ્ખુ સોનું વાપરવું તથા
યહોવાના કરારકોશ પર પાંખ પ્રસારીને ઊભેલા કરૂબ દેવદૂતો માટે કેટ-
લું ચોખ્ખું સોનું વાપરવું તે કહ્યું. 19 અને તેણે કહ્યું, “આ બધી નકશાની
વિગતો યહોવાએ મને આપ્યા મુજબ તારા માટે મેં લખી રાખી છે.
20 વળી દાઉદે પોતાના પુત્ર સુલોમાનને કહ્યું, “બળવાન અને નિર્ભય
બન અને કામ શરૂ કર. આવું જંગી કામ જોઇને ગભરાઇ જતો નહિ. કાર-
ણકે જ્યાં સુધી યહોવાના મંદિરનું બાંધકામ તું પૂરું કરે ત્યાં સુધી. યહો-
વા મારા દેવ તારી સાથે રહેશે, અને તને છોડશે નહિ અને તારો ત્યાગ
નહિ કરે. 21 યાજકોની અને લેવીઓની દેવના મંદિરમાં સેવા કરવા માટે-
ની ટુકડીઓ મેં નક્કી કરી છે. તે બધાં કામોમાં કુશળ કારીગરો તને રા-
જીખુશીથી મદદ કરશે અને બધા અમલદારો તેમજ લોકો પણ તારી
આજ્ઞાનું પાલન કરવા તત્પર રહેશે.

29 ત્યારબાદ રાજા દાઉદે સમગ્ર સભાને ઉદ્દેશીને કહ્યું, “દેવે મારા
પુત્ર સુલેમાનને એકલાને જ પસંદ કર્યો છે, પણ તે હજી નાદાન
છોકરો છે અને કામ મોટું છે, કારણકે, આ મંદિર માણસ માટે નથી પણ
દેવ યહોવા માટે છે. 2 મેં મારી તમામ શકિત અનુસાર મારા દેવના મંદિર
માટે તૈયારી રાખી છે. સોનાની વસ્તુઓ માટે, સોનું, ચાંદીની વસ્તુઓ
માટે ચાંદી, કાંસાની વસ્તુઓ માટે કાંસા, લોખંડની વસ્તુઓ માટે લો-
ખંડ, લાકડાની વસ્તુઓ માટે લાકડું, બેસાડવા માટે ગોમેદ પથ્થરો,
જડાવકામ માટે દરેક જાતનાં રત્નો અને પુષ્કળ પ્રમાણમાં આરસપ-
હાણ તૈયાર રાખ્યો છે. 3 તદુપરાંત, પવિત્રસ્થાનના બાંધકામ માટે મારો
ફાળો આપવા ઉપરાંત મારા ભંડારમાં જે કાંઇ સોનું અને ચાંદી છે તે
બધું હું મારા દેવના મંદિર માટે આપી દઉં છું. 4 લગભગ એકસો દશ ટન
ઊંચી જાતનું સોનું, અને લગભગ 260 ટન ચોખ્ખી ચાંદી મંદિરની
ભીંતોને ઢાંકવા; 5 અને કારીગરો જે વસ્તુઓ બનાવવાના છે તેને મઢવા
આપી દઉં છું. હવે તમારામાંથી કોણ યહોવાને માટે છૂટે હાથે આપવા
ઇચ્છે છે?” 6 ત્યારે કુટુંબોના વડાઓ, ઇસ્રાએલના કુલસમૂહોના આગે-
વાનો, હજાર હજારના અને સો સો ના નાયકો, 7 અને રાજાની મિલકત-
ના વહીવટદારોએ દેવના મંદિરનાં કાર્ય માટે રાજીખુશીથી 190 ટન સો-
નું, 5,000 સિક્કા 375 ટનથી વધારે ચાંદી, 675 ટનથી વધારે કાંસા
અને આશરે 3,750 ટન લોખંડ આપવાની તૈયારી બતાવી. 8 વળી, જે-
મની પાસે રત્નો હતા તેમણે રત્નો યહોવાના મંદિરના ભંડારને આપી
દીધાં. એનો વહીવટ ગેશોર્નનો વંશજ યહીએલ કરતો હતો. 9 આ લો-
કોએ યહોવાને માટે ઉદાર મનથી અને હોંશે હોંશે આપ્યું અને એ જોઇને
સૌ કોઇને ખૂબ આનંદ થયો અને રાજા દાઉદ પણ પ્રસન્ન થયો 10 સર્વ
ઉપસ્થિત સભાજનો સમક્ષ દાઉદે યહોવાની સ્તુતિ અને પ્રાર્થના કરતાં
કહ્યું,“યહોવા અમારા પૂર્વજ ઇસ્રાએલના દેવ તમારી સદા સર્વદા સ્તુતિ
હો! 11 યહોવા તમે જ મહાન, શકિતશાળી, ગૌરવવંત, ભવ્ય અને પ્રતા-
પી દેવ છો. આ પૃથ્વી પર અને આકાશમાં જે કઇં છે તે સર્વ તમારું છે.
અને એ બધાં પર તમારી જ સત્તા સવોર્પરી છે, યહોવા તમે સર્વ રાજ્યો-
ની પર છો. 12 ધન અને યશ આપનાર તમે જ છો, તમે જ સર્વ પ્રજા પર
શાસન કરનાર છો. અને સાર્મથ્ય અને સત્તા તમારા હાથમાં જ છે; તમે
જ સૌને માનપાન અને શકિત પ્રદાન કરો છો, 13 અને અત્યારે, હે અમા-
રા દેવ, અમે તમારો આભાર માનીએ છીએ, અને તમારા મહિમાવંત ના-
મની સ્તુતિ કરીએ છીએ. 14 પરંતુ આ પ્રમાણે દાન કરનાર હું કે મારી પ્ર-
જા કોણ? કારણકે સર્વસ્વ તમારું જ છે. અને તમારા તરફથી જ મળેલું
છે જે અમે તમને આપીએ છીએ. 15 કારણકે અમે અમારા પૂર્વજોની જેમ
તમારી આગળ યાત્રી છીએ, આ ભૂમિ પર અમારું જીવન પડછાયા જેવું
છે. જેની આગળ અમે કઇ પણ જોઇ શકતા નથી. 16 હે અમારા દેવ
યહોવા, તમારા પવિત્ર નામ માટે મંદિર બાંધવા અમે ભેગી કરેલી બધી
સંપત્તિ તમારા તરફથી મળેલી છે, એ બધું તમારું જ છે. 17 હું જાણું છું,
મારા દેવ કે તમે અંતરને તપાસો છો, અને ખરા મનની સચ્ચાઇ તમને
ગમે છે, અને આ બધું મેં સ્વેચ્છાએ સાચા હૃદયથી અર્પ્યું છે. અને
અત્યારે અહીં હાજર રહેલ તમામ લોકો તમને સ્વેચ્છાએ ભેટ-સોગાદો
અપેર્ છે તે જોઇને મને આનંદ થાય છે. 18 હે યહોવા અમારા પિતૃઓ
ઇબ્રાહિમ, ઇસહાક અને ઇસ્રાએલના દેવ, તમારા લોકોનાં હૃદયમાં
આવી ભકિત સદા ઢ રાખો અને તેમના હૃદયને તમારા પ્રત્યે સમર્પિત
રાખશે. 19 મારા પુત્ર સુલેમાનને સંપૂર્ણ સમર્પિત હૃદય આપો જેથી તે

તમારી બધી જ આજ્ઞાઓ, વિધિઓ અને નિયમોનું નિષ્ઠાપૂર્વક અનુસ-
રણ કરે, અને જેને માટે મેં આ બધી તૈયારી કરી છે તે મંદિર બાંધે."
20 ત્યારબાદ દાઉદે સર્વ લોકોને જણાવ્યું, "યહોવા તમારા દેવની સ્તુતિ
કરો!" અને લોકોએ યહોવા તેમના પૂર્વજના દેવ સમક્ષ નમીને તેમની
સ્તુતિ કરી અને રાજાનું સન્માન કર્યુ 21 બીજે દિવસે યહોવાના માટે તે-
ઓએ 1,000 બળદો, 1,000 ઘેટાં અને 1,000 બકરાંઓનું યજ્ઞબલિ
આપ્યું અને તેઓએ પેયાર્પણ પણ કર્યું, તેમણે બધા ઇસ્રાએલીઓ વતી
ઘણી બલીઓ આપી. 22 પછી, તે દિવસે, યહોવા સમક્ષ ખાંધુપીધું, ને
તેમણે ખૂબ આનંદ કર્યો. ત્યારબાદ તેમણે દાઉદના પુત્ર સુલેમાનને
બીજીવાર રાજા જાહેર કર્યો અને તેનો યહોવાને નામે શાસક તરીકે અને
સાદોકને યહોવાના ઉચ્ચ યાજક તરીકે અભિષેક કર્યો. 23 આમ, સુલે-
માન પોતાના પિતા દાઉદ પછી યહોવાએ સ્થાપેલી રાજગાદી પર
આવ્યો. તેણે સફળતાપૂર્વક રાજ્ય કર્યું. અને સમગ્ર ઇસ્રાએલે તેની
આજ્ઞા માથે ચઢાવી. 24 તમામ અધિકારીઓએ અને યોદ્ધાઓએ તેમજ
રાજા દાઉદના બધા પુત્રોએ રાજા સુલેમાન પ્રત્યે વફાદારીના સમ લીધાં
25 યહોવાએ સુલેમાનને ઇસ્રાએલની નજરમાં ખૂબ મોટો કર્યો અને
ઇસ્રાએલના કોઇ પણ રાજાએ પહેલાં કદીય ભોગવી ના હોય તેવી જા-
હોજલાલી તેને આપી. 26 યશાઇ પુત્ર દાઉદે સમગ્ર ઇસ્રાએલ પર શાસન
કર્યું. 27 ઇસ્રાએલ પર તેનું રાજ્ય ચાળીસ વર્ષ ચાલ્યું; હેબ્રોનમાંથી તેણે
સાત વર્ષ અને યરૂશાલેમમાંથી તેત્રીસ વર્ષ રાજ્ય કર્યુ હતું. 28 તેણે સંપ-
ત્તિ અને સન્માન સાથે દીર્ઘાયુ ભોગવી ખૂબ મોટી ઉંમરે દેહ છોડ્યો,
અને તેના પુત્ર સુલેમાને તેના પછી શાસન કર્યું. 29 રાજા દાઉદના શાસ-
નમાં બનેલા બધા જ બનાવો પહેલેથી છેલ્લે સુધી ષ્ટા શમુએલ, પ્રબો-
ધક નાથાન અને પ્રબોધક ગાદના ગ્રંથોમાં નોંધેલાઁ છે. 30 આ લખાણ
બતાવે છે કે તેણે કેવી રીતે રાજ્ય કર્યું, તેણે અદભૂત કાર્યો કર્યા, અને
તેના ઉપર, ઇસ્રાએલ પર અને જગતના બધાં રાજ્યો પર શું શું વિત્યું.

# 2 કાળવૃતાંત

1 દાઉદનો પુત્ર સુલેમાન પોતાના રાજ્યમાં બળવાન થયો. કારણકે
તેના દેવ યહોવા તેની મદદમાં હતા. દેવે તેનો મહિમા ખૂબ વધા-
ર્યો. 2 તેણે લશ્કરના સર્વ અધિકારીઓને, ન્યાયાધીશોને તેમજ આગે-
વાનો અને ઇસ્રાએલના કુટુંબના વડીલોને ગિબયોનમાં એકત્ર કર્યા.
3 ત્યારબાદ સુલેમાન, સૌને ગિબયોન પર્વતની ટોચે લઇ ગયો, જ્યાં દે-
વનો મુલાકાત મંડપ હતો, જે મૂસા અને તેના લોકોએ તેમની અરણ્યની
મુસાફરી દરમ્યાન તે બાંધ્યો હતો. 4 દેવનો કરારકોશ ત્યાં ન હતો કાર-
ણકે દાઉદ દેવનો કરારકોશ કિર્યાથ-યઆરીમથી યરૂશાલેમ લઇ આવ્યો
હતો જ્યાં તેણે તેના માટે એક નવો મંડપ તૈયાર કર્યો હતો. 5 વળી હૂર-
ના પુત્ર ઉરીના પુત્ર બસાલએલે જે કાંસાની વેદી બનાવી હતી તે ગિબ-
યોનના પવિત્રમંડપની સામે હતી; સુલેમાન તથા એકત્ર થયેલા અધિ-
કારીઓએ તથા આગેવાનોએ ત્યાં યહોવાની ઉપાસના કરી. 6 સુલેમાને
યહોવાની સામે મુલાકાતમંડપ પાસે જે પિત્તળની વેદી હતી. તેના પર
1,000 દહનાર્પણો ચઢાવ્યા. 7 તે દિવસે રાત્રે દેવે સુલેમાનને દર્શન
આપ્યા અને કહ્યું, “માગ, તારી જે ઇચ્છા હોય તે, હું તને તે અવશ્ય
આપીશ.” 8 સુલેમાને કહ્યું, “હે દેવ, તમે મારા પિતા દાઉદ પ્રત્યે બહુ જ
ભલાઇ અને દયા દર્શાવી હતી, અને હવે તમે મને રાજ્ય સોંપ્યું છે. 9 હે
દેવ યહોવા, મારા પિતા દાઉદને આપેલું વચન પૂરું કરો. તમે મને ધર-
તીની ધૂળના કણ જેટલા અગણિત લોકોનો રાજા બનાવ્યો છે. 10 હવે
તમે મને ડહાપણ અને જ્ઞાન આપો, જેથી હું આ લોકોને દોરવણી
આપી શકું, કારણ, આ તમારી મહાન પ્રજાને માર્ગદર્શન કોણ કરી
શકે?” 11 દેવે સુલેમાનને કહ્યું, “તારો અભિગમ સારો છે, તેં ધન, સંપત્તિ
કે જાહોજલાલી અથવા તારા દુશ્મનોનાં મોત કે પોતાના માટે દીર્ધાયુ-
ષ્યની પણ માગણી કરી નથી, પણ તારા પર હું ડહાપણ અને જ્ઞાનની
વર્ષા કરીશ, જેથી તું મારા લોકો પર શાશન કરી શકે જેમનો મેં તને રાજા
બનાવ્યો છે. 12 ઉપરાંત, હું તને એવાં તો ધન, સંપત્તિ અને જાહોજલા-
લી આપીશ કે જેવાં તારી પહેલાંના કોઇએ પણ ન ભોગવ્યાં હોય કે તા-
રી પછી કોઇ ભોગવશે નહિ.” 13 ત્યારબાદ ગિબયોનના ઉચ્ચસ્થાનેથી,
મુલાકાત મંડપથી પાછા યરૂશાલેમ આવીને સુલેમાને ઇસ્રાએલ ઉપર
રાજ્ય કરવા માંડ્યું 14 સુલેમાને રથો અને ઘોડાઓની એક મોટી સેના
ઊભી કરી. તેની પાસે 1,400 રથો અને12,00 ઘોડા હતા, તેમાંના કેટ-
લાક તેણે રથ રાખવાના નગરોમાં રાખ્યા અને બાકીના પોતાની પાસે
યરૂશાલેમમાં રાખ્યા. 15 એના શાસન દરમ્યાન યરૂશાલેમમાં સોનું અને
ચાંદી કાંકરા જેટલાં સસ્તાં થઇ ગયાં હતા અને મૂલ્યવાન દેવદાર વૃક્ષો-
નું ઇમારતી લાકડું સામાન્ય ગુલ્લરકાષ્ટની જેમ મળતું થઇ ગયું હતું.
16 સુલેમાનના ઘોડા મિસર માંથી આણેલા હતા; રાજાના સોદાગરો એ
ઘોડાઓને જથાબંદમા ખરીદી કરી હતી. 17 મિસરથી 600 ચાંદીના શે-
કેલ ભાવે રથો આયાત કરવામાં આવતા હતા. અને ઘોડા 150 ચાંદીના
શેકેલ ભાવે, હિત્તીઓના તેમજ અરામના બધા રાજાઓ પણ ઘોડા અને
રથો એ આડતિયાઓ પાસેથી આયાત કરતા હતા.

2 સુલેમાને યહોવાને માટે એક મંદિર અને પોતાને માટે એક રાજમ-
હેલ બાંધવાનો નિર્ધાર કર્યો. 2 તેણે 70,000 લોકોને હમાલ તરીકે
સામાન ઊંચકવા માટે, 80,000 માણસોને પર્વતોમાં પથ્થરો કાપવા
માટે તથા 3,600 લોકોને તેઓના ઉપર દેખરેખ રાખવા મુકાદમો તરીકે
રાખ્યા. 3 ત્યારબાદ સુલેમાને તૂરના રાજા હૂરામને સંદેશો મકલ્યો કે,
“તમે મારા પિતા દાઉદને રાજમહેલ બાંધવા માટે સુખડનું લાકડું મોક-
લ્યું હતું. 4 અત્યારે હું મારા દેવ યહોવા માટે મંદિર બાંધવા માંગુ છું, જ્યાં
તેની સમક્ષ નિત્ય ધૂપ થાય, નિત્ય એની સામે રોટલી અર્પિત થતી રહે,
વિશ્રામવારોએ, અમાસને દિવસે અને અમારા દેવ યહોવા દ્વારા ઠરાવા-
યેલા બીજા ઉત્સવોને દિવસે સવારેને સાંજે દહનાર્પણ અપાય, કારણકે
ઇસ્રાએલને માથે એ કાયમી ફરજ છે. 5 “હું જે મંદિર બાંધવાનો છું તે
ઘણું મોટું થવાનું છે, કારણ, અમારો દેવ સર્વ દેવો કરતઁા મોટો છે.
6 પરંતુ તેમને માટે યોગ્ય નિવાસસ્થાન કોણ બાંધી શકે? અપાર ઊંચા-
માં ઊંચું આકાશ પણ તેને સમાવી શકતું નથી. તો પછી હું કોણ કે તેને
માટે મંદિર બાંધું? એ તો માત્ર તેની સમક્ષ ધૂપ કરીને તેમનું ભજન કર-
વાનું સ્થાન જ બનશે. 7 “તેથી સોના ચાંદીનું, અને પિત્તળ તથા લોખંડ-
નું કામ કરનારા કુશળ કારીગરો; તથા કિરમજી, લાલ અને આસમાની
રંગના કાપડ નું શું કરવું એ જાણનાર લોકોને મારી પાસે મોકલી આપો.
વળી મારા પિતા દાઉદે પસંદ કરેલા યહૂદિયા અને યરૂશાલેમના કારીગ-
રો સાથે કામ કરી શકે તેવા કોતરણી કામના નિષ્ણંાત કારીગરોને
મોકલી આપો. 8 વળી, મને દેવદારનું, પાઇનના વૃક્ષનું અને ઓલ્ગમના
વૃક્ષનું લાકડું પણ મોકલાવશો, કારણ, મને ખબર છે કે તમારા માણસો
દેવદારમાં વૃક્ષો પાડવામાં પાવરધાં છે. મારા માણસો તમારા માણસો
સાથે કામ કરશે. 9 તેઓને સહાય કરવા માટે હું મારા માણસો મોકલી
આપીશ. હું જે મંદિર બાંધુ છું તે માટે પુષ્કળ પ્રમાણમાં ઇમારતી લાકડું
જોઇશે કારણકે તે મંદિર બહુ જ મોટું અને અતિ ભવ્ય બનશે. 10 તમારા
વૃક્ષો પાડનારા માણસો માટે હું 1,25,000 બુશેલ ઘઉં, 1,25,000 બુ-
શેલ જવ, 1,15,000 ગેલન દ્રાક્ષારસ અને 1,15,000 ગેલન તેલ મોક-
લીશ.” 11 તૂરના રાજા હૂરામે રાજા સુલેમાનને પત્ર દ્વારા નીચેનો જવાબ
મોકલ્યો, “યહોવાને તેના લોકો માટે પ્રેમ છે માટે તેણે આપને તેમના
રાજા બનાવ્યા છે.” 12 હૂરામે વધુમાં લખ્યું છે, “ઇસ્રાએલના દેવ યહોવા-
નો જય હો! તેણે આકાશ અને પૃથ્વી બનાવ્યાં છે, અને રાજા દાઉદને
જ્ઞાની, બુદ્ધિશાળી અને સમજુ પુત્ર આપ્યો છે, જે યહોવાને માટે મંદિર
અને પોતાને માટે રાજમહેલ બંધાવનાર છે. 13 હું તમારી પાસે મારા પ્ર-
ખ્યાત અને નિપુણ કારીગર હૂરામ-અલીને મોકલું છું. તે ઘણો હોંશિયાર
છે. 14 એનાં માતા દાનવંશના અને પિતા તૂરના છે. એ સોના-ચાંદીનું,
કાંસાનું અને લોઢાનું પથ્થરનું અને લાકડાનું તેમજ જાંબુડીયા, કિરમજી
અને ભૂરા રંગના કિંમતી કાપડનું કામ કરવામાં કુશળ છે. વળી, એ
બધી જાતનું કોતરકામ કરવામાં પણ હોશિયાર છે. એને સોંપેલી કોઇ
પણ ભાત એ કોતરી શકે છે. એ મારા ધણી અને આપના પિતા દાઉદ-
ના કારીગરો અને આપના કારીગરો સાથે કામ કરી શકે તેમ છે. 15 “તેથી
તમારા જણાવ્યા મુજબ ઘઉં, જવ, તેલ અને દ્રાક્ષારસ મોકલી આપો.
16 અમે લબાનોનમાંથી આપને જોઇતાં બધાં લાકડાં કાપીશું, અને દરિ-
યાઇ માગેર્ યાફા સુધી પહોંચાડીશું. ત્યાંથી તેને યરૂશાલેમ પહોંચાડવા-
ની જવાબદારી તમારી રહેશે.” 17 સુલેમાને પોતાના પિતા દાઉદે કરાવે-
લી વસ્તી ગણતરીની જેમ ઇસ્રાએલમાં વસતા બધા વિદેશીઓની
વસ્તી ગણતરી કરાવી તો તેમની સંખ્યા 1,53,000 અને છસો જેટલી
થઇ. 18 તેણે તેઓમાંના 70,000ને મજૂરો તરીકે, 80,000ને પથ્થરોની
ખાણોમાં કામ કરવા અને 36,000ને છસોને આ લોકો પાસે કામ કરા-
વવા મુકાદમ તરીકે નીમ્યા.

3 સુલેમાને યહોવાનું મંદિર બાંધવાની શરૂઆત કરી, જ્યા એના
પિતા દાઉદને મોરિયા પર્વત પર યહોવાએ દર્શન આપ્યા હતા. એ
જગ્યા યબૂસી ઓર્નાન ઘઉં ઝૂડવાની ખળી ઉપર હતી. સુલેમાન બાંધ-
કામ શરૂ કરે તે પહેલા દાઉદે તે જગ્યા તૈયાર કરી હતી. 2 સુલેમાને
બાંધકામની શરૂઆત પોતાના શાશનના ચોથા વર્ષના બીજા મહિનામાં
કરી. 3 હવે સુલેમાને દેવનું મંદિર બાંધવા માટે જે પાયો નાખ્યો હતો તે
જૂના પ્રમાણિત માપ મૂજબ 60 હાથ લાંબો અને 20 હાથ પહોળો હતો.
4 મંદિરના આગળના પ્રાગણની લંબાઇ, મંદિરની પહોળાઇ જેટલી 20

હાથ હતી, અને ઊંચાઇ 120 હાથ હતી, એનો અંદરનો ભાગ સુલેમાને
શુદ્ધ સોનાથી મઢાવ્યો હતો. 5 મંદિરની અંદરના મોટા ઓરડાની અંદર-
ની દીવાલોને દેવદારના પાટિયાંથી જડી દીધેલી હતી અને તેમને શુદ્ધ
સોનાથી મઢી દીધી હતી અને તેમના ઉપર ખજૂરીઓ તથા સાંકળીઓ
કોતરેલી હતી. 6 તેણે એ મંદિરને રત્નોથી શણગાર્યું. અને તેમાં તેણે પા-
ર્વાઇમની ભૂમિનું સોનું વાપર્યું હતું. 7 તેણે મંદિરનો અંદરનો ભાગ, તેના
ઉંબરા, તેની પરસાળો તેની ભીંતો અને તેના બારણાં સોનાથી મઢાવ્યાં
અને ભીંતો ઉપર કરૂબોના ચિત્રો કોતરાવ્યાં હતાં. 8 મંદિરમાં એક તરફ
પરમપવિત્રસ્થાન હતું, તેનું માપ: પહોળાઇ 20 હાથ અને ઊંચાઇ 20
હાથ હતી. તેને સોનાથી મઢવામાં આવ્યું હતું. જેનું વજન લગભગ
20,400 કિલો જેટલું હતું. 9 સોનાના ખીલાઓનું વજન પચાસ શેકેલ
હતું અને ઉપરના ઓરડાઓને પણ સોનાથી મઢાવ્યા હતાં. 10 તેણે પર-
મપવિત્રસ્થાન કરૂબ દેવદૂતોની બે પૂતળાં ઘડાવ્યાં અને તેને સોનાથી
મઢાવ્યા. 11 એ કરૂબ દેવદૂતોની પાંખોનો કુલ વિસ્તાર 20 હાથનો હતો.
એક કરૂબ દેવદૂતની એક પાંખ પાંચ હાથ ફેલાઇને મંદિરની ભીંતને
અડતી હતી અને બીજી પાંખ, 5 હાથ ફેલાઇને બીજા કરૂબ દેવદૂતની
પાંખને અડતી હતી. 12 એજ રીતે બીજા કરૂબ દેવદૂતની એક પાંખ ફેલા-
ઇને મંદિરની બીજી ભીંતને અડતી હતી. અને બીજી પાંખ પહેલા કરૂબ
દેવદૂતની પાંખને અડતી હતી 13 આ પ્રમાણે કરૂબ દેવદૂતોની પાંખો 20
હાથ ફેલાયેલી હતી; તેઓ પોતાના પગ ઉપર ઊભા રહેલા, ને તેઓનાં
ચહેરા અંદરની તરફ વળેલા હતાં અને તેઓ પગ પર ટટ્ટાર ઉભાં હતાં.
14 તેણે નીલા, જાંબુડા, અને ઉજળા લાલ રંગના શણના પડદા બના-
વ્યા, ને તેના ઉપર કરૂબ દેવદૂતોની આકૃતિનું ભરતકામ કરેલું હતું.
15 મંદિરની આગળ 35 હાથ ઊંચા બે સ્તંભ ચણાવ્યા અને તેઓ પર 5
હાથ ઊંચા કળશ મૂક્યા, 16 તેણે તોરણો બનાવડાવીને તે સ્તંભોના
મથાળાં ફરતે બાંધ્યા અને 100 દાડમો કરાવી તે તોરણે મુકાવ્યાં. 17 એ
બે સ્તંભો તેણે મંદિરની સામે ઊભા કરાવ્યા, એક જમણી બાજુએ અને
એક ડાબી બાજુએ. જમણી બાજુના સ્તંભનુ નામ “યાખીન” અને ડાબી
બાજુનાનું નામ “બોઆઝ” રાખ્યું.

4 ત્યારબાદ તેણે કાંસામાંથી 20 હાથ લાંબી, 20 હાથ પહોળી
અને 10 હાથ ઊંચી વેદી બનાવડાવી. 2 તેણે ઢાળેલી ધાતુનો
હોજ પણ કરાવ્યો. એનો આકાર ગોળ હતો, અને તેનો વ્યાસ 10 હાથ
હતો. એ 5 હાથ ઊંચો હતો અને તેનો પરિઘ 30 હાથનો હતો. 3 એ હો-
જની ફરતે બહારની બાજુએ બળદના પૂતાળાની બે હારમાળા હતી,
દરેક તેના પરિઘમાં દસ હાથ ગોળ હતી. જે હોજની સાથે જ ઢાળેલી
હતી. 4 એ હોજ બાર બળદની પ્રતિમા ઉપર ગોઠવેલો હતો. ત્રણના
મોંઢા ઉત્તર તરફ અને ત્રણના મોંઢા પૂર્વ અને ત્રણના મોંઢા પશ્ચિમ અને
ત્રણના મોંઢા દક્ષિણ તરફ હતા. તેમની પૂછડીઓ અંદરના ભાગમાં
હતી. હોજ એ બળદો પર બેસાડેલો હતો. 5 એની જાડાઇ ત્રણ ઇંચ હતી.
અને તેનો આકાર ખીલેલાં કમળ જેવો હતો. તેમાં 17,500 ગેલન પાણી
સમાતું હતું. 6 એ કુંડ યાજકોને હાથપગ ધોવા માટે કરાવ્યો હતો. તેણે
દહનાર્પણના પશુને ધોવા માટે દસ કૂંડીઓ કરાવી અને પાંચ ડાબી
બાજુએ અને પાંચ જમણી બાજુએ મૂકાવી. 7 સુલેમાને, આ દીપવૃક્ષ
માટે બનાવેલી યોજના અનુસાર, સોનાનાં દશ દીપવૃક્ષ બનાવ્યાં; અને
પછી તેણે આ દીપવૃક્ષો મંદિરમાં અંદર મૂકાવ્યાં; પાંચ જમણી તરફ
અને પાંચ ડાબી તરફ. 8 સુલેમાને 10 મેજ બનાવીને મંદિરમાં મૂકાવ્યાં.
એણે મંદિરમાં 5 મેજ જમણી બાજુએ અને 5 મેજ ડાબી બાજુએ મૂક્યા.
વળી તેણે સોનાના 100 કટોરા બનાવ્યાં. 9 તેણે યાજકો માટે અલગ
ચોક કરાવ્યો, એણે સામાન્ય લોકો માટે એક મોટું પ્રાંગણ બનાવ્યું. તે-
ના દરવાજા ત્રાંબાથી મઢેલા હતાં. 10 યાજકો માટેનો મોટો કાંસાનો હોજ
મંદિરના બહારના ભાગમાં અગ્નિ ખૂણામાં મૂકવામાં આવ્યો હતો. 11 હૂ-
રામે કૂંડા, પાવડા અને ડોયા પણ બનાવ્યાં. આ રીતે તેણે દેવના મંદિર-
માં રાજા સુલેમાન તરફથી માથે લીધેલું મંદિરનું બધું કામ પૂરું કર્યું.
12 એટલે બે સ્તંભો, વાટકા તથા સ્તંભોની ટોચો ઉપર બે કળશ, તથા
સ્તંભોની ટોચો ઉપરના કળશોને ઢાંકવા સારુ બે જાળીઓ, 13 અને એ
બે જાળીને માટે 400 દાડમ; એટલે સ્તંભો ઉપરના કળશોને ઢાંકનાર
દરેક જાળીને માટે દાડમની બબ્બે હારો બનાવી. 14 તેણે ઘોડીઓ બના-
વી અને તેના ઉપર કટોરાઓ મૂક્યાં. 15 એક કુંડ અને એને જેના પર મૂ-
ક્યો હતો એ બાર બળદો. 16 રાખ માટેના કૂંડા, પાવડીઓ અને ચીપિ-
યા. 17 આ બધી વસ્તુઓ, મુખ્ય કારીગર હૂરામે, યહોવાના મંદિર માટે,
રાજા સુલેમાન તરફથી અપાયેલા કાંસામાંથી બનાવી. આ બધું તેણે સુ-
ક્કોથ અને સરેદાહની વચ્ચેની યર્દન નદીની ખીણમાં માટીનાં બીબા
વાપરીને બનાવ્યું હતું. 18 સુલેમાને એ વસ્તુઓ મોટા જથ્થામાં બનાવી,
અને એમાં વપરાયેલા કાંસાના વજનનો કોઇ હિસાબ નહોતો. 19 તદુપ-
રાંત સુલેમાને દેવના મંદિર માટે બીજા સાધનો પણ બનાવડાવ્યાં; સો-
નાની વેદી, અને રોટલી ધરાવવાનો સોનાનો બાજઠ. 20 યજ્ઞવેદી
આગળ મૂકવા માટેનું દીપવૃક્ષ જેનાં શુદ્ધ સોનામાંથી બનાવેલી દીવી-
ઓમાં અખંડ જ્યોત બળતી હોય. 21 શુદ્ધ સોનાનાં ફૂલ, કોડિયાં, ચીપિ-
યા, 22 દીપવૃક્ષો સાફ કરવાની કાતરો, કટોરાઓ, ચમચા અને સગ-
ડીઓ- આ સર્વ શુદ્ધ સોનાનાં બનાવ્યાં. તેમજ મંદિરના સર્વ દરવાજા
સોનાથી મઢવામાં આવ્યા.

5 યહોવાના મંદિર માટે સુલેમાને ઠરાવેલા બધાં કામ પૂરાં થયા
ત્યારે તેણે પોતાના પિતા દાઉદે યહોવાને સમર્પિત કરેલી તમામ
ભેટો સોનું, ચાંદી અને બીજી બધી સામગ્રી લાવીને દેવના મંદિરના
ભંડારમાં મૂકી દીધી. 2 ત્યારબાદ સુલેમાને, યહોવાના કરારકોશને સિ-
યોનમાંથી લઇ આવવા માટે, ઇસ્રાએલના બધા આગેવાનોને બધા કુળ-
સમૂહોના અને કુટુંબોના વડીલોને બોલાવ્યા. 3 ઇસ્રાએલના સર્વ પુરુષો
એથાનિમ એટલે કે સાતમા મહિનામાં માંડવાપર્વને ટાણે રાજા સમક્ષ
ભેગા થયા. 4 ઇસ્રાએલના સર્વ વડીલો આવી ગયા એટલે લેવીઓએ
કરારકોશ ઉપાડ્યો. 5 લેવીઓ તથા યાજકો કરારકોશને અને મુલાકાત-
મંડપને તેમાની બધી પવિત્ર સાધનસામગ્રી સહિત ઉપાડી મંદિરે લઇ
ગયા. 6 રાજા સુલેમાને અને ભેગા થયેલા આખા ઇસ્રાએલી સમાજે કરા-
રકોશ સમક્ષ ગણ્યાં ગણાય નહિ એટલા ઘેટાં અને બળદોની આહુતિ
ચઢાવી. 7 ત્યારબાદ યાજકો યહોવાના કરારકોશને તેને સ્થાને ગર્ભગૃહ-
માં લઇ આવ્યાં એટલેકે પરમપવિત્રસ્થાનમાં કરૂબ દેવદૂતોની પાંખો
નીચે. 8 કરારકોશ અને તેને ઊંચકવાના દાંડાઓ ઉપર કરૂબ દેવદૂતોની
પાંખો ફેલાયેલી હતી અને તેઓ ઉપર છાયા કરતી હતી. 9 કરારકોશના
દાંડા ઘણા લાંબા હતા અને પરમપવિત્રસ્થાનની બહારના ભાગમાંથી
દેખાતા હતા; પરંતુ દરવાજાની બહારથી દેખાતા નહોતા. આજે પણ
કરારકોશ ત્યાં જ છે. 10 ઇસ્રાએલીઓ મિસરમાંથી બહાર આવ્યા ત્યારે
યહોવાએ તેમની સાથે કરેલા કરારની પથ્થરની બે તકતીઓ મૂસાએ
હોરેબ પર્વત ખાતે કરારકોશમાં મૂકી હતી તે સિવાય તેમાં બીજું કશું
નહોતું. 11 બધા યાજકોએ પોતાને વિશુદ્ધ કર્યા હતાં જ્યારે યાજકો પવિ-
ત્રસ્થાનમાંથી બહાર આવ્યા. ત્યારે તેઓ સાથે ઉભા હતાં પણ હમેશ
મુજબના સમૂહમાં ન હતાં. 12 તે વખતે લેવીઓ યહોવાની આરાધના
કરતા હતા. ગાયકગણમાં આસાફ, હેમાન, યદૂથૂન અને તેઓના સર્વ
પુત્રો અને ભાઇઓ હતા. તેઓ સફેદ શણના ઝભ્ભા પહેરીને વેદીની પૂ-
ર્વ બાજુએ ઊભા હતા. તેઓ સંગીતનાં સાધનો વગાડતા હતા. રણ-
શિંગડા વગાડતા 120 યાજકો તેઓની સાથે હતા. 13 વાજિંત્રો વગાડ-
નારા અને ગીત ગાનારા એક સૂરે યહોવાની આરાધના કરતા હતા. અને
આભાર માનતા હતા. તેઓના ગીતો સાથે રણશિંગડા, ઝાંઝ, અને
અન્ય વાજિંત્રોનો મોટો અવાજ દૂર સુધી ફેલાતો હતો. તેઓ સર્વ પણ
યહોવાની સ્તુતિ કરતા હતા, અને આભાર માનતા હતા: “દેવ ઉત્તમ છે!
તેમનો પ્રેમ સર્વકાળ ટકે છે.” 14 તે જ સમયે તેજસ્વી વાદળરૂપે યહોવા-
નું ગૌરવ ઉતરી આવ્યું. અને મંદિર તેનાથી ભરાઇ ગયું, તેથી યાજકો સે-
વા કરવા માટે મંદિરમાં ઊભા રહી શક્યાં નહિ.

6 તે પ્રસંગે સુલેમાને પ્રાર્થના કરી: “યહોવા તમે કહ્યું છે કે હું ગાઢ
અંધકારમાં રહીશ. 2 પરંતુ મેં તમારા માટે મંદિર બંધાવ્યું છે, જેમાં
તમે સદાકાળ નિવાસ કરી શકો.” 3 ત્યારબાદ રાજાએ સમગ્ર ઇસ્રાએલી
સમાજ જ્યાં ઊભો હતો તેના તરફ ફરીને આશીર્વાદ આપતાં કહ્યું,
4 “ઇસ્રાએલના દેવ યહોવાનો જય હો! તેમણે મારા પિતા દાઉદને જે
વચન આપ્યું હતું તે પોતાના સાર્મથ્યથી પાળ્યું છે. તેમણે મારા પિતા
દાઉદને કહ્યું હતું કે, 5 ‘તે દિવસથી મારા નિવાસ માટે મંદિર બાંધવા
ઇસ્રાએલના કોઇ કુળસમૂહના પ્રદેશમાંથી કોઇ શહેર પસંદ કર્યું નહોતું,
તેમ મારા લોકો ઇસ્રાએલીઓ ઉપર શાસન કરવા માટે મેં કોઇ માણસ-
ની પસંદગી કરી નહોતી, જ્યારથી મેં ઇસ્રાએલના લોકોને મિસરમાંથી

બહાર કાઢ્યા ત્યારથી. 6 પણ હવે એ નગર તરીકે મેં યરૂશાલેમને અને
ઇસ્રાએલી રાજા તરીકે દાઉદને પસંદ કર્યો છે.' 7 "મારા પિતા દાઉદે
યહોવા, ઇસ્રાએલના દેવના નામનું મંદિર બાંધવાનો નિશ્ચય કર્યો હતો
પણ યહોવાએ કહ્યું, 8 'તે મારા નામનું મંદિર બાંધવાનો વિચાર કર્યો છે,
અને એ વિચાર સારો છે, 9 તેમ છતાં તારે એ મંદિર બાંધવાનું નથી, તા-
રો સગો પુત્ર મારા નામનું મંદિર બાંધશે.' 10 હવે યહોવાએ પોતાનું
વચન પાળ્યું છે, યહોવાએ વચન આપ્યા પ્રમાણે હું મારા પિતા દાઉદ
પછી ઇસ્રાએલની ગાદીએ આવ્યો છું. 11 અને મેં ઇસ્રાએલના દેવ યહો-
વાના નામનું મંદિર બાંધ્યું છે. અને તેમાં કરારકોશ મૂક્યો છે. આ કરાર-
કોશમાં યહોવા અને ઇસ્રાએલના લોકો વચ્ચે થયેલો કરાર છે. 12 યહો-
વાની વેદીની સમક્ષ, સમગ્ર ઇસ્રાએલી સમાજની સન્મુખ ઊભા રહીને
સૌના દેખતા પ્રાર્થના કરવા માટે પોતાના હાથ પ્રસાર્યા. 13 સુલેમાને
એક મોટો મંચ બનાવ્યો હતો, આ મંચ કાંસાનો બનાવેલો હતો અને તે
5 હાથ લાંબો, 5 હાથ પહોળો અને 3 હાથ ઊંચો હતો; અને તેને ચોકની
વચ્ચે મૂક્યો હતો, સુલેમાન તેના ઉપર ઊભો રહ્યો. સર્વ લોકોની હાજ-
રીમાં સુલેમાને ઘૂંટણ ટેકવી આકાશ તરફ હાથ પ્રસારીને પ્રાર્થના કરી.
14 "હે યહોવા, ઇસ્રાએલના દેવ, આકાશમાં કે પૃથ્વી પર તારા જેવો બી-
જો કોઇ દેવ નથી. તારા સર્વ કરારો તેં પૂર્ણ કર્યા છે. અને જેઓ તારી
શરણે આવવા ઇચ્છે છે અને તારી ઇચ્છા પૂર્ણ કરવા આતુર છે, તેના
પ્રત્યે તું કૃપાળુ છે. 15 તે તારા સેવક મારા પિતા દાઉદને આપેલું વચન
પાળ્યું છે, તેં તારા મોઢેથી જે કહ્યું તે આજે, તેં તારા હાથથી કરી બતાવ્યું
છે. 16 અને હવે, હે યહોવા, ઇસ્રાએલના દેવ, તેં તારા સેવક દાઉદને જે
બીજું વચન આપ્યું હતું તે પૂરું કર. તેં એને એમ કહ્યું હતું કે, 'જો તારા
વંશજો સંભાળીને ચાલશે અને તારી જેમ મારા નિયમોનું સદા પાલન
કરશે તો મારી નજર હેઠળ ઇસ્રાએલની ગાદી પર સદા તારો વંશજ બેસ-
શે.' 17 માટે ઇસ્રાએલના હે દેવ યહોવા, હવે તું તારા સેવક મારા પિતા
દાઉદને આપેલું એ વચન કૃપા કરીને પૂર્ણ કર. 18 "પરંતુ હે દેવ, તું કદી
માણસો ભેગા પૃથ્વી પર વસે ખરો? અરે, ઊંચામાં ઊંચુ સ્વર્ગ સુદ્ધાં તને
ધારણ ન કરી શકે, અને ન તો મેં બંધાવેલ મંદિર તને સમાવી શકે. 19 હે
યહોવા, મારા દેવ, મારી પ્રાર્થનાઓ ધ્યાનમાં લેવા તથા દયા કરવા હું
તને વિનંતી કરું છું. હાલ હું જે પ્રાર્થના કરું છું તે તું સાંભળ. 20 રાત દિ-
વસ તારી ષ્ટિ આ મંદિર ઉપર ઠરેલી રહો. આ સ્થાન ઉપર રહો, જેને વિ-
ષે તં કહ્યું હતું કે, 'મારું નામ એમાં વાસો કરશે.' 21 તારા સેવકો અને
તારા લોકો આ મંદિર તરફ જોઇને જે પ્રાર્થના કરે તે સાંભળજે; તમારા
પરમ ધામ સ્વર્ગમાંથી તું એ સાંભળજે અને સાંભળીને એમના ગુના
માફ કરજે. 22 "જ્યારે કોઇ વ્યકિત પાપ માટે દોષિત ઠરે, ગુનો કરે, અને
તે અહીં પોતાની નિર્દોર્ષતા પૂરવાર કરવાના સમ લે, 23 ત્યારે આકાશ-
માંથી તેનું સાંભળીને તેનો ન્યાય કરજો. જો તે જૂઠું બોલતો હોય તો તે-
ને શિક્ષા કરજો અને સાચું બોલતો હોય તો તેને ક્ષમા કરજો. 24 "જ્યારે
પાપ કરવાને કારણે તારા લોકો ઇસ્રાએલીઓ દુશ્મનો સામે હારી જાય,
અને જો તેઓ પાછા તારા તરફ વળે, તારું નામ લે અને આ મંદિરમાં
તને પ્રાર્થના અને વિનવણી કરે, 25 તો તું આકાશમાંથી સાંભળજે, તારા
લોકો ઇસ્રાએલીઓના પાપ માફ કરજે અને તું તેમને અને એમના પિતૃ-
ઓને જે ભૂમિ આપી હતી તેમાં તેમને પાછા લાવજે. 26 "તારા ઇસ્રાએલી
લોકો, તારી વિરૂદ્ધ પાપ કરવાને કારણે અને આકાશમાંથી વરસાદ ન
વરસે અને જો તેઓ આ મંદિરમાં આવીને પ્રાર્થના કરે, તારું નામ લે,
અને તારી સજા પામીને પશ્ચાતાપ કરે, 27 તો તું આકાશમાંથી સાંભળજે,
અને તારા સેવકોનો ગુનો માફ કરજે, અને શું સારું છે તે તેમને શીખવ-
જે. અને તારા લોકોને વતન તરીકે આપેલા તેઓના દેશમાં વરસાદ મો-
કલજે. 28 "જો દેશમાં દુષ્કાળ પડે, જીવલેણ રોગ ફેલાય, ખેતરના પાક-
માં રોગ આવે, ઇયળો પડે કે તીડ પાકનો નાશ કરે અથવા શત્રુઓ તારા
લોકના નગરોને ઘેરો ઘાલે, કોઇ પણ મુશ્કેલી આવી પડે, 29 ત્યારે તારા
લોકો ઇસ્રાએલીઓમાંનો જે કોઇ આ મંદિર તરફ હાથ પ્રસારીને પોતાની
મુશ્કેલી અને દુ:ખને જાણીને પ્રાર્થના અને આજીજી કરે; 30 તો તારા
આકાશના નિવાસ સ્થાનમાંથી તે સાંભાળીને માફી આપજે. અને પ્રત્યે-
કને યોગ્ય બદલો આપજે, કારણ, તું અંતર્યામી છે તું જ બધા માણસો-
ના અંતરને જાણે છે. 31 એ રીતે તેઓ તારાથી ડરીને ચાલશે અને અમા-
રા પિતૃઓને તેં જે ભૂમિ આપી હતી, તેમાં જીવનભર તેઓ તારી આજ્ઞા-
નું પાલન કરશે. 32 "અને કોઇ વ્યકિત જે ઇસ્રાએલીઓમાંનો નથી એવો
કોઇ વ્યકિત દૂર દેશથી તારા મહાન નામની અને પ્રચંડ શકિતની કીતિ-
ર્ સાંભળીને આવે અને આ મંદિર તરફ જોઇને પ્રાર્થના કરે, 33 તો તારા
નિવાસસ્થાન આકાશમાંથી તે સાંભળીને તેઓની વિનંતી માન્ય કરજે.
ત્યારે પૃથ્વીની સર્વ પ્રજાઓ તારી ખ્યાતિ વિષે સાંભળશે અને તારા
ઇસ્રાએલી લોકોની જેમ તારો ડર રાખશે અને તેઓ જાણશે કે મેં જે
મંદિર બાંધ્યું છે, તે સાચે જ તારું છે. 34 "જો તારા લોકોને તું જે કોઇ મા-
ગેર્ મોકલે તે માગેર્ તેઓ પોતાના શત્રુઓની સામે યુદ્ધ કરવા જાય, ને
આ નગર જે તે પસંદ કર્યુ છે, ને મેં જે મંદિર તારા નામને માટે બાંધ્યું છે,
તેની તરફ મુખ ફેરવીને તેઓ તારી પ્રાર્થના કરે; 35 તો તું તેઓની પ્રાર્થ-
ના તથા અરજી સાંભળીને તેઓનો પક્ષ લેજે અને તેમને ન્યાય મેળવ-
વા માટે મદદ કરજે. 36 "જો તેઓ તારી વિરૂદ્ધ પાપ કરે, કોણ નથી કર-
તું? અને તું રોષે ભરાઇને તેઓને દુશ્મનોના હાથમાં સોંપી દે. અને તેઓ
તેમને કેદ કરીને પોતાના દેશમાં લઇ જાય પછી એ દૂર હોય કે નજીક
હોય, 37 અને એ વિદેશમાં તેમને ભાન થાય અને તેઓ પશ્ચાતાપ કરી
તને વિનવે કે, અમે પાપ કર્યુ છે, અને દુષ્ટ વર્તન કર્યુ છે'એમ કહીને પા-
છા ફરે,' 38 અને જો તેઓ પૂરા મનથી તારી તરફ પાછા વળે અને તેં તેમ-
ના પિતૃઓને આપેલી ભૂમિ અને તે પસંદ કરેલા શહેર તથા તારા નામ
માટે મેં બાંધેલા આ મંદિર તરફ મોં કરીને પ્રાર્થના કરે. 39 તો તું તારા
ધામ આકાશમાંથી તેમની પ્રાર્થના અને વિનવણી સાંભળજે અને તેમને
ન્યાય મેળવવા માટે મદદ કરજે, અને તારા લોકોને તેમણે તારી વિરૂદ્ધ
કરેલાં બધાં પાપો માટે ક્ષમા કરજે. 40 હવે, હે મારા દેવ, આ મંદિરમાં
થતી પ્રાર્થના માટે તારી આંખ ઉઘાડી રાખજે, અને જાગૃત રહીને ધ્યાન
આપજે. 41 "હે દેવ યહોવા, ઊઠો, તું અને તારું સાર્મથ્ય દર્શાવતો કરાર-
કોશ તારા વિશ્રામસ્થાને ઊઠી આવ. હે દેવ યહોવા, તારા યાજકો વિજ-
યી વસ્ત્રથી શુશોભિત થાય, અને ભલે તારા ભકતો સમૃદ્ધિ પામે અને
આનંદોત્સવ મનાવે. 42 હે દેવ યહોવા, તે જેનો અભિષેક કર્યો છે તેના-
થી વિમુખ ન થઇશ. તારા સેવક દાઉદ પ્રત્યેનો તારો શાશ્વત પ્રેમ સંભા-
રી કૃપાનું સ્મરણ કર."

7 સુલેમાને પ્રાર્થના પૂરી કરી એટલે આકાશમાંથી અગ્નિએ ઊતરીને
દહનાર્પણ અને હોમબલિઓને ભસ્મીભૂત કર્યા અને યહોવાના
ગૌરવથી મંદિર ભરાઇ ગયું. 2 જેથી યાજકો યહોવાના મંદિરમાં પ્રવેશ
કરી શક્યાં નહિ. વળી યહોવાના ગૌરવથી મંદિર ભરાઇ ગયું હતું.
3 તમામ ઇસ્રાએલીઓએ અગ્નિને ઉતરતો અને યહોવાના ગૌરવને મંદિર
ઉપર સ્થિર થતો જોઇને ફરસબંદી ઉપર લાંબા થઇને પ્રણામ કર્યા. અને
યહોવાનો આભાર માન્યો, અને એમ કહ્યું, "તે ભલાઇનો ભંડાર છે, તે-
ની કરૂણા શાશ્વત છે." 4 ત્યારબાદ રાજાએ અને સર્વ લોકોએ મંદિરનું
અર્પણ કાર્ય કરી, યહોવા સમક્ષ તેઓએ હોમબલિઓ આપ્યાં. 5 રાજા
સુલેમાને 22,000 બળદ અને 1,20,000 ઘેટાનું બલિદાન આપ્યું. આ
રીતે, રાજાએ અને બધા લોકોએ મંદિરનું સમર્પણ કર્યુ. 6 યાજકો પોત-
પોતાના કામ પ્રમાણે નિયત સ્થાને ઊભા રહ્યા, એ જ રીતે લેવીઓ
પણ યહોવાના કીર્તન વખતે વગાડવા માટે દાઉદે બનાવેલાં વાજિંત્રો
લઇને ઊભા રહ્યા અને દાઉદે રચેલા સ્તવનો ગાવા લાગ્યાં કે, "તે
ભલાઇનો ભંડાર છે, અને તેની કરૂણા શાશ્વત છે." તેમની બાજુમાં યા-
જકો રણશિંગડાં ફૂંકતા હતા. બધા ઇસ્રાએલીઓ ત્યાં ઊભા હતા.
7 ત્યારબાદ સુલેમાને યહોવાના મંદિરની આગળ આવેલા ચોકનો વચ-
લો ભાગ પણ પવિત્ર કર્યો. ત્યાં તેણે દહનાર્પણો, ખાદ્યાર્પણો તથા
શાંત્યર્પણોના ચરબીવાળા ભાગો ધરાવ્યાં. કારણ સુલેમાને જે પિત્તળ-
ની વેદી બનાવડાવી હતી તેમાં આ બધી બલિઓ સમાઇ શકે એમ ન
હતી. 8 આ રીતે સુલેમાને અને સર્વ ઇસ્રાએલીઓએ ઉત્તરમાં ઠેઠ હમાથ-
ની ઘાટીથી તે દક્ષિણમાં મિસર સુધીના સમગ્ર સમુદાયે સાત દિવસ સુ-
ધી ઉત્સવ ઊજવ્યો. 9 અને આઠમે દિવસે ખાસ મુલાકાત રાખી કરી.
કારણ કે સાત દિવસ સુધી વેદીના સમર્પણની ઉજવણી કરી હતી અને
સાત દિવસ સુધી તે લોકોએ ઉજવણી કરી. 10 સાતમા મહિનાના ત્રેવી-
સમા દિવસે સુલેમાને લોકોને પોતપોતાને ઘેર મોકલી દીધા. યહોવાએ
દાઉદનું, સુલેમાનનું, અને પોતાની ઇસ્રાએલી પ્રજાનું જે કલ્યાણ કર્યુ
હતું તેથી આનંદ અને હર્ષથી છલકતાં હૈયે સૌ છૂટા પડ્યા. 11 આમ સુ-
લેમાને દેવનાં મંદિરનું અને પોતાના મહેલનું બાંધકામ પૂર્ણ કર્યું. જે

કાંઇ તેણે વિચાર્યુ હતું તે બધું જ તેણે પૂર્ણ કર્યુ. 12 તેથી રાત્રે યહોવાએ
તેને દર્શન આપ્યા અને કહ્યું, “મેં તમારી પ્રાર્થના સાંભળી છે અને મને
હોમયજ્ઞ અર્પવા માટે આ સ્થાન પસંદ કર્યું છે. 13 હું આકાશના દ્વાર બંધ
કરી દઉં અને વરસાદ ન વરસે, અથવા હું તીડોને પાક ખાઇ જવાની
આજ્ઞા કરું, અથવા લોકોમાં રોગચાળો મોકલું, 14 તે વખતે મેં જેમને
પોતાના કર્યા છે તે, લોકો મારે શરણે આવીને પ્રાર્થના કરે અને મારુ
માર્ગદર્શન માગે અને ખોટે માગેર્થી પાછા ફરે તો હું આકાશમાંથી સાંભ-
ળીશ અને તેમનાં પાપોને માફ કરીશ અને તેમની ભૂમિને સ્વસ્થ કરી
દઇશ. 15 આ સ્થળે કરેલી પ્રત્યેક પ્રાર્થના સંબંધી હું જાગ્રત રહીશ અને
તે સાંભળીશ. 16 કારણકે મારા સદાકાળના નિવાસસ્થાન માટે મેં આ
મંદિરને પસંદ કરીને પવિત્ર કર્યુ છે. મારી આંખો અને મારું અંત:કરણ
સદા અહીં જ રહેશે. 17 તારા પિતા દાઉદની જેમ જો તું મને આધીન રહે-
શે, હું જે કઇં કહું તે બધું કરશે અને મારા નિયમો અને કાનૂનનોનું પા-
લન કરશે, 18 પછી તે હું કરીશ, તે તું અને તારા વંશજો હંમેશા ઇસ્રાએલ-
ના રાજા બની રહો. એવું વચન મે તારા પિતા દાઉદને આપ્યુ હતું”
19 “પણ જો તમે મારાથી વિમુખ થઇ જશો અને મારી આજ્ઞાઓ અને
મારી આજ્ઞાઓ ત્યાગ કરી બીજા દેવોની આરાધના અને સેવા કરશો,
20 તો મેં તમને જે ભૂમિ આપી છે તેમાંથી તમને ઉખેડી નાખીશ અને
મને અર્પણ કરેલા આ મંદિરનો હું ત્યાગ કરીશ અને આ જગ્યામાં કાંઇક
ખરાબ બન્યું હતું તેના માટે આ મંદિરને હું પ્રસિદ્ધ કરીશ. 21 તેની ખ્યા-
તિને બદલે ત્યાં થઇને પસાર થનારાઓ આશ્ચર્ય પામી પૂછશે, ‘યહો-
વાએ આ દેશ અને આ મંદિરની આવી દુર્દશા શા માટે કરી?’ 22 અને
જવાબ મળશે, ‘કારણકે એ લોકોએ પોતાને મિસરમાંથી બહાર લાવનાર
પોતાના પિતૃઓના દેવ યહોવાનો ત્યાગ કર્યો અને બીજા દેવોનો અંગી-
કાર કરીને તેમની સેવાપૂજા કરવા માંડી, એ કારણથી યહોવાએ આ
બધી આફતો તેમના પર ઉતારી છે.”

8 સુલેમાનને યહોવાનું મંદિર અને પોતાનો રાજમહેલ બાંધતા વીસ
વર્ષ થયાં હતા. 2 રાજા હૂરામે સુલેમાનને નગરો આપ્યા હતા, હવે
સુલેમાને તે નગરોને ફરી બાંધ્યાં પછી તે લોકોને શહેરમાં રહેવા લઇ
આવ્યો. 3 ત્યારબાદ તેણે હમાથ જઇને તે કબ્જે કર્યું. 4 અને તેણે રણમાં
આવેલા તાદમોરને ફરીથી બંધાવ્યું અને હમાથમાં શહેરો બંધાવ્યા જ્યા
લશ્કરી પડાવ હતો. 5 તેણે ઉપરના બેથ-હોરોન અને નીચેના બેથ-હો-
રોન કિલ્લેબંધીવાળા બનાવ્યાં. તેણે શહેરોને સળિયા જડેલા દરવા-
જાઓ સાથે મજબૂત કિલ્લામાં ફેરવી નાખ્યા. 6 તેઓને પણ કોઠારના કે-
ન્દ્રો બનાવ્યા ઉપરાંત બાઅલાથ અને પોતાની માલિકીના બધા લશ્ક-
રી થાણા વાળા શહેરો, એના રથો અને ઘોડાઓ જેમાં રાખવામાં આવ્યા
હતા તે નગરી તથા પોતે યરૂશાલેમમાં, લબાનોનમાં તથા પોતાના તા-
બાના આખા પ્રદેશમાં જે જે બંધાવવાનું ધાર્યુ હતું તે બધું એણે બંધા-
વ્યું. 7 હિત્તીઓ, અમોરીઓ, પરિઝીઓ, હિવ્વીઓ, યબૂસીઓ વગેરે
બિન ઇસ્રાએલી લોકોમાંના જેઓ દેશમાં બાકી રહ્યા હતા, 8 એટલે કે જે-
ઓનું ઇસ્રાએલીઓ નિકંદન કાઢી શક્યા નહોતા, તેઓ પાસે સુલેમાને
ગુલામનું કામ કરાવડાવ્યું, જે આજે પણ ચાલુ છે. 9 પણ ઇસ્રાએલીઓ-
ને માથે સુલેમાને વેઠ નાખી નહોતી, તેઓ તેના યોદ્ધા, સેનાનાયકો,
રથસેનાના તથા અશ્વસેનાના નાયકો તરીકે કામ કરતા હતા. 10 લોકો
ઉપર દેખરેખ રાખનાર અધિકારીઓની કુલ સંખ્યા 250 હતી. 11 સુલે-
માન ફારુનની કુંવરીને તેને માટે બંધાવેલ ખાસ ઘરમાં લઇ આવ્યો, તે-
ણે કહ્યું, “દાઉદ રાજાના મહેલમાં તેણે રહેવું જોઇએ નહિ, કારણકે યહો-
વાનો કરારકોશ ત્યાં હતો તેથી તે સ્થાન પવિત્ર છે.” 12 ત્યારબાદ સુલે-
માને મંદિરની સામે બંધાવેલી વેદી ઉપર યહોવાને, મૂસાની આજ્ઞા મુ-
જબ, તે દહનાર્પણો ચઢાવવાનું શરૂ કર્યું. 13 દરરોજ, વિશ્રામવારને દિવ-
સે, ચંદ્રદર્શનને દિવસે, તથા ત્રણ વાર્ષિક ઉત્સવોને દિવસે એટલે કે બે-
ખમીર રોટલીને ઉત્સવ, સપ્તાહોના પર્વનો ઉત્સવ, અને માંડવાઓપર્વ-
ના ઉત્સવને દિવસે સુલેમાન મૂસાની આજ્ઞા પ્રમાણે બલિદાનો અર્પણ
કરતો હતો. 14 તેણે દેવના સેવક પોતાના પિતા દાઉદે તૈયાર કરેલા
આયોજન મુજબ સેવાપૂજાનાં કાર્યો માટે યાજકોની ટોળી નક્કી કરી,
રોજની વિધિ અનુસાર યાજકોને સેવાપૂજામાં મદદ કરવા લેવીઓની ટૂ-
કડીઓની નિમણૂંક કરી, અને દરેક દરવાજે દરવાનોની ટૂકડી પણ
નક્કી કરી. 15 દાઉદે યાજકોને, લેવીઓને અને ભંડારોને લગતી જે
આજ્ઞાઓ આપી હતી તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું. 16 આમ,
યહોવાના મંદિરના પાયાથી માંડીને એની સમાપ્તિ સુધીનું સુલેમાનનું
બધું કામ પૂર્ણ કર્યુ. 17 પછી સુલેમાન અદોમ દેશમાં દરિયાકિનારે આવે-
લાં એસ્યોનગેબેર અને એલોથ નગરોમાં ગયો. 18 હૂરામે પોતાના અમ-
લદારો મારફતે સુલેમાન માટે અનુભવી નાવિકો સાથે હોડીઓ મોકલી
આપી, તેઓ સુલેમાનના માણસો સાથે ઓફીર જઇને ત્યાંથી 15,300
કિલો સોનું લઇ આવ્યાં અને તે સુલેમાનને પહોંચાડ્યું.

9 સુલેમાનનાં અદ્દભૂત ડહાપણ અને તેની કીતિર્ સાંભળીને શેબા-
ની રાણી, તેની કસોટી કરવા માટે અઘરા પ્રશ્નો લઇને યરૂશાલેમ
આવી, તે પોતાની સાથે અંગરક્ષકો અને અમલદારોનો મોટો રસાલો
અને ઊંટ ઉપર લાદીને અત્તરો, પુષ્કળ સોનું અને ઝવેરાત લઇને આવી
હતી. 2 સુલેમાન આગળ આવીને, તેણે પોતાના મનમાં હતા તે બધાં
પ્રશ્નો પૂછયા અને સુલેમાને તેના બધા જ પ્રશ્નોના જવાબ આપ્યા.
3 એક પ્રશ્ર્ન પણ એવો નહોતો જેનો સુલેમાન જવાબ ન આપી શકે.
શેબાની રાણીએ જાણ્યું કે, સુલેમાન સાચે જ જ્ઞાની હતો અને તેના
મહેલની સુંદરતા અવર્ણનીય હતી. 4 શેબાની રાણીની થાળીમાં પીરસા-
તી વાનગીઓ, આસપાસ બેઠેલા દરબારીઓ, તેના સેવકો તથા સુંદર
પોષાકોમાં અંગરક્ષકો, વહીવટી અમલદારો તથા યહોવાના મંદિરમાં
ધરાવાતા દહનાર્પણો જોઇને આશ્ચર્યચકિત થઇ ગઇ. 5 પછી તેણે રાજા-
ને કહ્યું, “મેં મારા દેશમાં તમારા વિષે તથા તમારા જ્ઞાન વિષે જે સાંભ-
ળ્યું હતું તે બધું સાચું હતું. 6 અહીં આવીને મેં મારી આંખોએ આ જોયું
નહોતું ત્યાં સુધી હું તે માનતી નહોતી, મેં કલ્પના કરી હતી તેના કરતાં
તમારું જ્ઞાન અતિ વિશાળ છે! 7 તમારી રાણીઓ કેટલી સુખી છે! સદા
તમારી તહેનાતમાં રહેતા અને તમારી જ્ઞાનવાણી સાંભળતા આ દરબા-
રીઓ પણ કેટલાં ભાગ્યશાળી છે! 8 યહોવા તમારા દેવની સ્તુતિ થાઓ!
એ તમારા પર પ્રસન્ન છે. ઇસ્રાએલ પર તે એટલો બધો પ્રેમ કરે છે કે, તે-
મણે તમારા જેવો ન્યાયી રાજા તેઓને આપ્યો છે. દેવ ઇચ્છે છે કે, સદા-
ને માટે ઇસ્રાએલ મહાન અને બળવાન રાજ્ય બને.” 9 ત્યારબાદ તેણે
રાજાને 4,080 કિલો સોનું, પુષ્કળ અત્તરો અને ઝવેરાત ભેટ ધર્યું. શે-
બાની રાણીએ રાજા સુલેમાનને ભેટ ધરેલાં અત્તરો કદી કોઇએ જોયાં
નહોતાં. 10 હૂરામ રાજાના નાવિકો અને સુલેમાન રાજાના સેવકો ઓફીર-
થી સોનું લાવ્યા, વળી સાથે ચંદનના લાકડા અને મૂલ્યવાન રત્નો પણ
લાવ્યા. 11 એ ચંદનના લાકડામાંથી રાજાએ યહોવાના મંદિરના અને
મહેલના પગથિયા, અને ગાયકગણ માટે સિતાર, અને વીણા બનાવડા-
વ્યાં. આવાં સુંદર વાજિંત્રો યહૂદીયા દેશમાં અગાઉ કદી હતા નહિ. 12 રા-
જા સુલેમાને શેબાની રાણીને તેણે જે જે માંગ્યું હતું તે બધું આપ્યું. ઉપ-
રાંત, રાણી સુલેમાન માટે જે ભેટસોગાદ લઇ આવી હતી તેટલી ભેટસો-
ગાદો રાજાએ તેને આપી હતી તે જુદી, ત્યારબાદ તે પોતાના રસાલા
સાથે પોતાને દેશ પાછી ફરી. 13 રાજા સુલેમાનને પ્રતિ વર્ષ 22,644 કિ-
લો સોનું આવતું હતું. 14 આ તો વેપારીઓ ને ધંધંાદારીઓ જે સોનું
લાવ્યાં હતા તે ઉપરાંતનું હતું. તથા અરબસ્તાનના રાજવીઓ તથા
પ્રાંતોના સૂબાઓ પણ રાજાને સોનુંચાંદી આપતા હતા. 15 રાજા સુલેમા-
ને સોનાની 200 ઢાલો ઘડાવી. અને દરેક ઢાલમાં લગભગ સાડાસાત
પૌંડ સોનું વપરાયું હતું. 16 વળી તેણે ટીપેલાં સોનાની 300 નાની ઢાલો
ઘડાવી અને એવી દરેક ઢાલો આશરે પોણાચાર પૌન્ડ સોનાની બનેલી
હતી. એ ઢાલો તેણે લબાનોનના ‘વનગૃહ’ કહેવાતા મહેલમાં મૂકાવી.
17 સુલેમાન રાજાએ પોતાના માટે એક હાથીદાંતનું મોટું સિંહાસન બના-
વડાવ્યું અને તેને સોનાથી મઢાવ્યું. 18 એ સિંહાસનના છ પગથિયાં
અને પગ મૂકવાનો બાજઠ પણ સોને મઢેલા હતા. સિંહાસનની દરેક
બાજુએ હાથ ટેકવાના હાથા હતા અને તેના દરેક હાથાની બાજુમાં એક
સિંહનું પૂતળું હતું. 19 છ પગથિયાં ઉપર દરેક છેડે એક એક એમ બાર
સિંહો ઊભા હતા. બીજા કોઇ પણ રાજ્યમાં આવું સિંહાસન કદી બના-
વવામાં આવ્યું નહોતું. 20 સુલેમાન રાજાના સર્વ પ્યાલાઓ શુદ્ધ સોના-
નાં હતા અને લબોનોન વનગૃહના સર્વ પાત્રો સોનાનાં હતા. તે દિવસો-
માં ચાંદીની કોઇ વિસાત નહોતી. 21 દર ત્રણ વષેર્ રાજાના વહાણો, હૂ-
રામ રાજાના નાવિકો સાથે તાશીર્શ જતાં અને ત્યાંથી સોનું-ચાંદી, હા-
થીદાંત, વાંદરા અને મોર લાવતાં. 22 આમ પૃથ્વીના સર્વ રાજાઓમાં રા-
જા સુલેમાન સૌથી શ્રેષ્ઠ, શ્રીમંત અને જ્ઞાની હતો, 23 સમગ્ર દુનિયાના

સર્વ રાજાઓ દેવે સુલેમાનને જે જ્ઞાન આપ્યું હતું તે સાંભળવા માટે
એના દરબારમાં આવતા, 24 તેઓ બધા પ્રતિવર્ષે એક યા બીજી વસ્તું
ભેટ સોગાદો રૂપે લઇને આવતા: સોનાચાંદીના વાસણો, કીમતી વસ્રો,
શસ્રો, અત્તરો, ઘોડાઓ અને ખચ્ચરો. 25 સુલેમાન પાસે ઘોડાઓ અને
રથો માટે 4,000 તબેલા તેમજ 12,000 ઘોડેસવારો હતા, એમાંના કટે-
લાંક એણે રથનગરોમાં રાખ્યા અને બાકીના પોતાની પાસે યરૂશાલેમ-
માં રાખ્યા. 26 યુફ્રેટીસના બધાં રાજાથી માંડીને પલિસ્તીઓની ભૂમિ સુ-
ધી અને મિસરની સરહદ સુધી તેની આણ વર્તાતી હતી. 27 સુલેમાને
યરૂશાલેમમાં ચાંદીનો જથ્થો એટલા વિપુલ પ્રમાણમાં વધારી દીધો કે
તે રસ્તા પરના પથ્થરો જેવી સામાન્ય થઇ ગઇ. વળી દેવદારવૃક્ષોનું મુ-
લ્યવાન લાકડું નીચાણ જમીનના ગુલ્લરકાષ્ટ વૃક્ષ જેવું સામાન્ય થઇ
ગયું હતું. 28 સુલેમાનને માટે મિસર અને બીજા બધા દેશોમાંથી ઘોડા
આયાત કરવામાં આવતા હતા. 29 સુલેમાન રાજાના જીવનની બાકીની
વિગતો પ્રબોધક નાથાને લખેલા ઈતિહાસમાં, શીલોની-અહિયાના પ્ર-
બોધના પુસ્તકમાં અને નબાટના પુત્ર યરોબઆમ વિષે દ્રષ્ટા પ્રબોધકને
થયેલાં દર્શનના પુસ્તકમાં આપવામાં આવેલી છે. 30 સુલેમાન રાજાએ
યરૂશાલેમમાંથી સમગ્ર ઇસ્રાએલ ઉપર 40 વર્ષ રાજ કર્યું. 31 ત્યારબાદ તે
પિતૃલોકને પામ્યો અને તેને તેના પિતા દાઉદના નગરમાં દફનાવવામાં
આવ્યો. તેના પછી તેનો પુત્ર રહાબઆમ રાજગાદી પર આવ્યો.

10 રહાબઆમનો રાજ્યાભિષેક કરવા માટે ઇસ્રાએલના સર્વ આગે-
વાનો શખેમના શહેરમાં ભેગા થયા હતા. 2 જ્યારે સુલેમાન રાજા
હતો, ત્યારે યરોબઆમ તેનાથી ભાગીને મિસરમાં રહ્યો. એ દરમ્યિન
નબાટના પુત્ર યરોબઆમના મિત્રોએ તેને સમાચાર મોકલ્યા કે સુલે-
માન મૃત્યુ પામ્યો છે. તેથી તે મિસરમાંથી પાછો ફર્યો. 3 કારણકે મા-
ણસ મોકલીને તેને ત્યાંથી તેડાવ્યો હતો. યરોબઆમે તથા સર્વ ઇસ્રા-
એલીઓએ આવીને રહાબઆમને વિનંતી કરી કે, 4 "તમારા પિતાએ
અમારા પર ભારે ઝૂંસરી મૂકી હતી; માટે હવે તું એ આકરી ગુલામીની
ભારે ઝૂંસરી હળવી કર, એટલે અમે તારે તાબે રહીશું. અને અમારા રાજા
તરીકે સ્વીકારીશું." 5 રહાબઆમે હ્યું, "જાઓ, તમે મને ત્રણ દિવસની
મુદત આપો, ત્યાર પછી પાછા આવજો." તેથી તેઓ ચાલ્યા ગયા.
6 ત્યારબાદ રહાબઆમે તેના વડીલોની સલાહ લીધી, જેઓ તેના પિતા
સુલેમાન, જીવતા હતાં ત્યારે તેની સાથે હતાં. તેણે પૂછ્યું, "આ લોકોને
શું જવાબ આપવો તેની તમે મને શી સલાહ આપો છો?" 7 તેમણે કહ્યું,
"જો આપ એ લોકો સાથે માયાળુપણે વર્તશો અને તેમની સાથે મીઠાશ-
થી વાત કરી, તેમને પ્રસન્ન રાખશો તો તેઓ સદાને માટે આપના તાબે-
દાર થઇને રહેશે." 8 પરંતુ વડીલોએ આપેલી સલાહને તેણે ફગાવી દીધી
અને પોતાની સાથે ઊછરેલા અને પોતાની તહેનાતમાં રોકાયેલા જુવા-
નીયાઓની સલાહ લીધી. 9 તેણે પૂછ્યું, "મિત્રો, અમારા લોકો પર જે
ઝૂંસરી લાદેલી હતી તેને મારે હળવી કરવી એવી એ લોકોની વિનંતી છે,
તેનો જવાબ આપવાની તમે મને શુ સલાહ આપો છો?" 10 જુવાનીયા-
ઓએ કહ્યું, "તમે તે લોકોને એવો જવાબ આપો કે, 'મારા પિતાની કમર
કરતાં મારી ટચલી આંગળી વધારે જાડી છે!' 11 'મારા પિતાએ તમારા
ઉપર ભારે ઝૂંસરી લાદી હતી, હું એને વધુ ભારે બનાવીશ, મારા પિતા
તમને ચાબૂકથી ફટકારતા હતા, હું તમને લોખંડના ટુકડા બાંધેલા કોર-
ડાથી ફટકારીશ."' 12 રાજા રહાબઆમનો નિર્ણય સાંભળવા માટે ત્રણ
દિવસ પછી યરોબઆમ તથા લોકો તેની પાસે પાછા આવ્યા. 13 રાજાએ
તેઓની સાથે ઊદ્ધતાઇથી વાત કરી, વૃદ્ધ મંત્રીઓની સલાહ તેણે નકા-
રી કાઢી. 14 અને જુવાનીયાઓની સલાહ પર ધ્યાન આપ્યું. તેણે તેઓને
કહ્યું, "મારા પિતાએ તમારા ઉપર ભારે ઝૂંસરી લાદી હતી, હું એને હજી
વધારે ભારે બનાવીશ. મારા પિતા તમને ચાબુકથી ફટકારતા હતા, હું
તમને લોખંડના ટુકડા બાંધેલા કોરડાથી ફટકારીશ." 15 આમ, રાજાએ
લોકોની વાત પર ધ્યાન આપ્યું નહિ, યહોવાએ શીલોના અહિયા મારફ-
તે નબાટના પુત્ર યરોબઆમે દેવ તરફથી જે ભવિષ્યકથન પ્રગટ કર્યું
હતું તે પૂર્ણ કરવા દેવે તેમ થવા દીધું હતું. 16 રાજાનું કહ્યું સાંભળ્યા
પછી ઇસ્રાએલી લોકોએ રાજા તરફ પીઠ ફેરવી અને ચાલ્યા ગયા. ગુસ્સે
થઇને તેણે પોકાર કર્યો, "દાઉદ અને તેના કુટુંબને ભૂલી જાઓ! અમે
અન્ય કોઇને અમારો રાજા બનાવીશું, રહાબઆમ ભલે યહૂદાના કુળ પર
રાજ કરે, ચાલો આપણે ઘેર જઇએ!" પછી લોકો ચાલ્યા ગયા. 17 આમ,
બધા ઇસ્રાએલીઓ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા, અને રહાબઆમ યહૂ-
દાના પ્રદેશમાં વસતા ઇસ્રાએલીઓ ઉપર રાજ્ય કરતો હતો. 18 રાજા
રહાબઆમે હદોરામને ઇસ્રાએલીઓ પાસે મોકલ્યો હદોરામ વેઠ મજૂરો-
નો ઉપરી હતો. પરંતુ ઇસ્રાએલીઓએ તેને મારી નાખ્યો. આથી રાજાને
રથમા બેસીને યરૂશાલેમ ભાગી જવું પડ્યું. 19 આજ દિવસપર્યંત ઇસ્રા-
એલ પ્રજાએ દાઉદના વંશજોને પોતાના પર રાજ કરવા દીધું નથી.

11 રહાબઆમે યરૂશાલેમ આવીને યહૂદા અને બિન્યામીનના કુળ-
સમૂહના કુલ 1,80,000 ચુનંદા યોદ્ધાઓને ભેગા કર્યા. 2 પરંતુ
યહોવાએ દેવભકત શમાયાને કહ્યું કે, 3 "યહૂદાના રાજા અને સુલેમાન-
ના પુત્ર રહાબઆમને અને સર્વ ઇસ્રાએલીઓને જે યહૂદા અને બિન્યા-
મીનમાં રહે છે તેઓને કહે કે: 4 'આ યહોવાના વચન છે: તમારા ભાઇઓ
સામે લડવા જશો નહિ, ભલે સૌ કોઇ પોતપોતાને ઘેર પાછા જાય, જે
કાંઇ બન્યું છે તે ફકત મારી ઇચ્છાથી જ બન્યું છે."' તેમણે યહોવાનું
કહ્યુ માન્યું અને યરોબઆમની સાથે લડવાનું માંડી વાળ્યું. 5 રહા-
બઆમ યરૂશાલેમમાં રહ્યો. અને યહૂદાના કેટલાંક શહેરોની કિલ્લેબંદી
કરાવી. તેણે કિલ્લેબંદી કરાવેલા શહેરો આ પ્રમાણે છે: 6 બેથલેહેમ,
એટામ, તકોઆ 7 બેથ-સુર, સોખો, અદુલ્લામ 8 ગાથ, મારેશાહ, ઝીફ,
9 અદોરાઇમ, લાખીશ અઝેકાહ 10 સોરાહ, આયાલોન, અને હેબ્રોન, આ
શહેરો યહૂદામાં અને બિન્યામીનમાં આવેલાં છે, 11 તેણે ત્યાં મજબૂત
કિલ્લા બંધાવ્યા અને તેમાં અનાજ, તેલ અને દ્રાક્ષારસનો સંગ્રહ કરી
ત્યાં સૈન્યોના વડાઓને મૂકયા. 12 પ્રત્યેક નગરના શાસ્ત્રાગારમાં નગર-
નું રક્ષણ કરવા માટે તેણે ઢાલો અને ભાલાઓ મૂક્યા, આમ, યહૂદા અને
બિન્યામીન તેને વફાદાર રહ્યાં હતા. 13 યાજકો અને લેવીઓ ઉત્તરના
રાજ્યમાંથી પોતાના ઘરબાર તજીને તેની સાથે સહમત થવા માટે આવી
ગયાં. 14 યરોબઆમ રાજાએ તેઓને ફરજ પરથી છૂટા કર્યા હતા અને
કહ્યું હતું કે હવે તમારે યહોવાના યાજકો તરીકે કામ કરવું નહિ. 15 તેઓ-
ના સ્થાને તેણે બીજાઓને યાજકો બનાવ્યા. આ યાજકોએ લોકોને
ઉચ્ચસ્થાનોમાં, યરોબઆમે બનાવેલ વાછરડાંના પૂતળાંની પૂજા કરવા
માટે લોકોને ઉત્તેજન આપ્યું. 16 ઇસ્રાએલની બધી ટોળીઓમાંથી યહો-
વાના જેટલા ભકતો હતા, તે બધાએ યાજકો અને લેવીઓની પાછળ
પાછળ, યહોવા પોતાના પિતૃઓના દેવને બલિ ચઢાવવા યરૂશાલેમ
આવ્યા. 17 એ લોકોએ આને કારણે યહૂદાના રાજ્યના બળમાં વધારો
કર્યો અને ત્રણ વર્ષ સુધી તેમણે રહાબઆમને ટેકો આપ્યો, કારણ, એ
ત્રણ વર્ષ દરમ્યાન તે દાઉદ અને સુલેમાનને પગલે ચાલ્યો હતો.
18 રહાબઆમે માહલાથ સાથે લગ્ન કર્યું. માહલાથનો પિતા, દાઉદનો પુ-
ત્ર યરીમોથ હતો અને તેની માતા દાઉદના ભાઇ અલીઆબની પુત્રી
અબીહાઇલ હતી. 19 તેઓને ત્રણ પુત્રો થયા; યેઉશ, શમાર્યા અને ઝા-
હામ, 20 ત્યારબાદ તે આબ્શાલોમની પુત્રી માઅખાહને પરણ્યો અને તે-
નાથી તેને અબિયા, અત્તાય, ઝીઝા અને શલોમીથ જન્મ્યા. 21 પોતાની
બધી પત્નીઓ અને ઉપપત્નીઓ કરતાં રહાબઆમ માઅખાહ ઉપર
વધારે પ્રેમ રાખતો હતો. તેને બધી મળીને 18 પત્નીઓ અને 60 ઉપ-
પત્ની હતી. અને તેમનાથી તેને 28 પુત્રો અને 60 પુત્રીઓ થઈ હતી.
22 રહાબઆમે માઅખાહના પુત્ર અબિયાને બધા ભાઇઓમાં વડો ની-
મ્યો અને તેને પોતાના પછી રાજા બનાવવાની ષ્ટિએ પાટવી કુંવર ઠરા-
વ્યો. 23 રહાબઆમે યુકિતપૂર્વક તેના બીજા પુત્રોને યહૂદિયા અને બિ-
ન્યામીનના બધા પ્રદેશોમાં કિલ્લેબંદ નગરોમાં રહેવા માટે મોકલી દીધા.
તેણે તેઓને મોટા સાલિયાણાં બાંધી આપ્યા. અને પ્રત્યેકને ઘણી
સ્રીઓ સાથે પરણાવ્યા.

12 જ્યારે રહાબઆમનું રાજ્ય સ્થિર થયું અને તે બળવાન બન્યો,
ત્યારે તેણે અને યહૂદાના કુળસમૂહે યહોવાની સંહિતાનો માર્ગ
છોડી દીધો. 2 તેઓએ યહોવાની આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યુ તેથી રહા-
બઆમ રાજાના શાસનના પાંચમે વષેર્ મિસરના રાજા શીશાકે યરૂશા-
લેમ ઉપર 1,200 રથો તથા 60,000 સવારો લઇને હુમલો કર્યો. 3 મિ-
સરમાંથી તેની સાથે અસંખ્ય લૂબીઓ, સુક્કીઇઓ તથા કૂશીઓ
આવ્યા હતા. 4 યહૂદિયાના તાબાનાં કિલ્લાવાળાં નગરો સર કરતો કરતો
તે યરૂશાલેમ સુધી આવી પહોંચ્યો. 5 રહાબઆમ તથા યહૂદિયાના સર-
દારો, જેઓ પ્રબોધક શીશાકને લીધે યરૂશાલેમમાં એકઠા થયા હતા, તે-
ઓની પાસે શમાયા પ્રબોધકે આવીને તેઓને કહ્યું કે, "તમે મને અને

મારા કાનૂનોને તજી દીધા છે, માટે મેં પણ તમને શીશાકના હાથમાં
સોંપી દીધાં છે.” એમ યહોવા કહે છે. 6 ઇસ્રાએલના આગેવાનો અને રા-
જાઓ પોતે નમ્ર થઇને બોલ્યા, “યહોવાની વાત ન્યાયી છે.” 7 યહોવાએ
જ્યારે જોયું કે એ લોકો શરણે થઇ ગયા છે, ત્યારે તેણે ફરી શમાયાને
પોતાની વાણી સંભળાવી કે, “એ લોકો શરણે થઇ ગયા છે એટલે હું
એમનો નાશ નહિ કરું; હું એમને થોડીવારમાં રાહત આપીશ, હું મારો
રોષ શીશાક મારફતે યરૂશાલેમ પર નહિ ઉતારું. 8 પરંતુ એ લોકોએ શી-
શાકના ગુલામ થવું પડશે, અને ત્યારે તેમને સમજાશે કે મારી સેવા કર-
વામાં અને વિદેશી રાજાઓની સેવા કરવામાં કેટલો ફેર છે.” 9 મિસરના
રાજા શીશાકે યરૂશાલેમ ઉપર ચઢાઇ કરી અને તે યહોવાના મંદિરમાં
તથા રાજમહેલના બધા ભંડાર લૂંટી ગયો. તે સુલેમાને બનાવડાવેલી
સોનાની ઢાલો સહિત બધું જ લઇ ગયો. 10 રહાબઆમ રાજાએ તેમને ઠે-
કાણે પિત્તળની ઢાલો બનાવડાવીને રાજાના મહેલમાં દ્વારપાળોના
તથા અમલદારોના હાથમાં સોંપી. 11 જ્યારે જ્યારે રાજા યહોવાના મંદિ-
રમાં જતો ત્યારે ત્યારે રક્ષકો તે ઢાલ લઇને આવતા અને પછીથી શસ્ત્રા-
ગારમાં મૂકી દેતા. 12 રહાબઆમ યહોવાને શરણે થઇ ગયો, વળી યહૂદા-
માં ઘણાં સારા લોકો હતા, તેથી યહોવાએ તેનો સંપૂર્ણ નાશ ન કર્યો.
13 આમ, રહાબઆમ રાજાએ યરૂશાલેમમાં બળવાન થઇને રાજ્ય કર્યુ. તે
ગાદીએ આવ્યો અને ત્યારે તેની ઉંમર 41 વર્ષની હતી. તેણે યહોવાએ
ઇસ્રાએલના બધા કુળસમૂહોના પ્રદેશોમાંથી પોતાના નામની સ્થાપના
માટે પસંદ કરેલા નગર યરૂશાલેમમાં 17 વર્ષ સુધી રાજ્ય કર્યુ. રહા-
બઆમની માતા આમ્મોનની હતી અને તેનું નામ નાઅમાહ હતું.
14 યહોવાની ભકિત સાચા હૃદયથી ન કરીને, રહાબઆમે ખોટું આચરણ
કર્યુ. 15 રહાબઆમનાં અમલના બધા જ કૃત્યો પહેલેથી તે છેલ્લે સુધી,
શમાયા પ્રબોધકની તથા ઇદ્દો દ્રષ્ટાની તવારીખમાં વંશાવળીના અનુક્ર-
મે નોંધેલા છે. રહાબઆમ અને યરોબઆમ વચ્ચે સતત યુદ્ધ ચાલ્યા
કર્યું. 16 રહાબઆમ પિતૃલોકને પામ્યો, અને તેને દાઉદનગરમાં દફનાવ-
વામાં આવ્યો; અને તેની જગ્યાએ તેનો પુત્ર અબિયા રાજા થયો.

13 રાજા યરોબઆમના અમલના અઢારમા વર્ષે અબિયા યહૂદિ-
યાનો રાજા થયો. 2 તેણે ત્રણ વર્ષ રાજ્ય કર્યુ. તેની માતાનું નામ
મીખાયા હતું. તે ગિબયાહના ઉરીએલની પુત્રી હતી. અબિયા અને યરો-
બઆમ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. 3 અબિયા 4,00,000 ચુનંદા શૂરવીર
યોદ્ધાઓની સાથે આવ્યો અને યરોબઆમ 8,00,000 ચુનંદા શૂરવીર
લડવૈયાઓને લઇને સામે આવ્યો. 4 જ્યારે ઇસ્રાએલનું સૈન્ય એફ્રાઇમ-
ના પર્વતીય પ્રદેશમાં આવેલા સમારાઇમ આવી પહોંચ્યું, ત્યારે રાજા
અબિયાએ રાજા યરોબઆમ અને ઇસ્રાએલના સૈન્યને મોટા સાદે કહ્યું,
5 “સાંભળો! યરોબઆમ અને સર્વ ઇસ્રાએલીઓ, શું તમે નથી જાણતા
કે ઇસ્રાએલના યહોવા દેવે વચન આપ્યું છે કે, દાઉદના સંતાનો જ
ઇસ્રાએલ ઉપર સદાકાળ રાજ કરશે? 6 તેમ છતાં દાઉદના પુત્ર સુલેમા-
નના નોકર નબાટના પુત્ર યરોબઆમે પોતાના માલિક સામે બળવો
કર્યો છે, 7 અને કેટલાક નકામા અને અનિષ્ટ માણસો તેની સાથે મળી
ગયા છે. અને સુલેમાનનો પુત્ર રહોબઆમ નાદાન અને મૂર્ખ હતો, અને
તેમનો સામનો ન કરી શકે એવો હતો. તેઓ રહોબઆમ કરતા શકિત-
શાળી હતા. 8 “અને હવે તમે દાઉદના વંશજોના રાજ્યને હરાવવાની
વાત કરો છો, જેને યહોવાએ શાસન કરવાની શકિત આપી હતી. અને
તમે વિશાળ સમૂહ છો અને યરોબઆમે બનાવડાવેલી સોનાના વાછર-
ડાની મૂર્તિઓને તમારા દેવ તરીકે સાથે લઇને તમે આવ્યા છો! 9 તમે
હારુનના વંશજોને - યહોવાના યાજકોને અને લેવીઓને હાંકી કાઢ્યા
છે અને વિદેશી લોકોની જેમ તમે મનગમતા યાજકો નીમ્યા છે! જે કોઇ
એક વાછરડો અને સાત ઘેટાં લઇને યાજક બનવા આવે તેને તમે જેઓ
દેવ નથી તેમની સેવા કરવા માટે યાજક બનાવી દો છો. 10 “પરંતુ અમા-
રા માટે તો યહોવા જ અમારા દેવ છે; અને અમે તેમને તજી દીધા નથી.
ફકત હારુનના વંશજો અમારા યાજકો છે અને માત્ર લેવીઓ જ યાજકો-
ને તેઓના કામમાં મદદ કરે છે. 11 તેઓ રોજ સવારે તથા સાંજે દહનાર્પ-
ણો અને સુવાસિત ધૂપનું દહન કરે છે અને પવિત્ર મેજ ઉપર પ્રદર્શિત
કરવા માટેની રોટલી મૂકે છે. દરરોજ સાંજે સોનાના દીપવૃક્ષ પર દી-
વાઓ પ્રગટાવે છે. કારણકે યહોવા અમારા દેવની આજ્ઞાઓને અનુસર-
વા અમે કાળજી રાખીએ છીએ; પણ તમે તો તેમને તજી દીધા છે.
12 જુઓ, અમારા દેવ અમારી આગળ અને અમારી સાથે છે, અને તેના
યાજકો રણશિંગા લઇને તમારી સામે યુદ્ધનાદ કરે છે, “હે ઇસ્રાએલ પુ-
ત્રો, તમારા પિતૃઓના યહોવા દેવની સામે ન લડો; તેમાં તમે જીતી
શકશો નહિ.” 13 પણ યરોબઆમે પોતાના લશ્કરની એક ટૂકડીને યહૂ-
દાવાસીઓની પાછળ જઇ છુપાઇ રહેવા મોકલી આપી, એટલે મુખ્ય
લશ્કર યહૂદાવાસીઓની સામે રહ્યું અને છુપાયેલા માણસો તેમની પા-
છળ રહ્યા. 14 યહૂદાએ પાછળ જોયું; તો જુઓ, પોતાની આગળ તથા
પાછળ યુદ્ધની તૈયારી કરી રાખી હતી; ત્યારે તેઓએ યહોવાને આજીજી
કરી, ને યાજકોએ રણશિંગડા વગાડ્યાં. 15 યહૂદિયાના સૈનિકોએ મોટા
સાદે પોકાર કર્યો. જ્યારે તેઓએ પોકાર કર્યો, ત્યારે દેવે અબિયા રાજા
અને યહૂદિયા સૈન્યનો એવો ઉપયોગ કર્યો કે યરોબઆમ રાજા અને
ઇસ્રાએલનું સૈન્ય હારવા લાગ્યું. 16 તેથી ઇસ્રાએલીઓ યહૂદાવાસીઓ-
થી ભાગવા લાગ્યા, પણ દેવે તેમને યહૂદાવાસીઓના હાથમાં સોંપી દી-
ધા. 17 અબિયાએ અને તેની સેનાએ તેમનો સખત પરાજય કર્યો, ઇસ્રા-
એલના શ્રેષ્ઠ યોદ્ધાઓમાંથી 5,00,000 સૈનિકો માર્યા ગયા. 18 આમ, તે
સમયે ઇસ્રાએલીઓ હારી ગયા, ને યહૂદાના સૈન્યનો વિજય થયો, કાર-
ણકે તેઓએ પોતાના પિતૃઓના દેવ યહોવા પર ભરોસો રાખ્યો હતો,
19 અબિયાએ યરોબઆમનો પીછો પકડી, તેના કબજામાંથી આસપાસ-
ના કસબા સહિત બેથેલ, યશાનાહ, અને એફ્રોન નગરો લઇ લીધો.
20 અબિયા જીવતો હતો ત્યાં સુધી યરોબઆમ ફરી શકિતશાળી બની
શક્યો નહિ અને આખરે યહોવાએ તેને સજા કરી અને તે મરી ગયો.
21 પરંતુ અબિયાનું બળ વધતું ગયું; તે 14 સ્રીઓ સાથે પરણ્યો, તેને
22 પુત્રો તથા 16 પુત્રીઓ થયાં.અબિયાનો બાકીનો ઇતિહાસ, તેનાં કા-
ર્યો તેનાં આચરણ અને તેનાં વચનો ઇદ્દો પ્રબોધકના ટીકાગ્રંથમાઁ નોંધે-
લા છે.

14 એ પછી અબિયા પિતૃલોકને પામ્યો, અને તેને દાઉદનગરમાં
દફનાવવામાં આવ્યો, તેના પછી તેનો પુત્ર આસા યહૂદિયાનો
રાજા બન્યો. તેના શાસનકાળના પ્રથમ દશ વર્ષ દરમિયાન દેશમાં
શાંતિ હતી. 2 આસાએ એના દેવ યહોવાની નજરમાં સારું અને યોગ્ય
ગણાય એવું આચરણ કર્યુ. 3 તેણે પારકી મૂર્તિઓની વેદીઓ અને પર્વ-
તો પરનાં ઉચ્ચસ્થાનો તોડી પાડ્યાં. તેણે પૂજાસ્તંભો ભાંગી નાખ્યા,
અને અશેરા દેવીના લાકડાના થાંભલા કાપી નાખ્યા. 4 અને યહૂદાના
લોકોને તેમના પિતૃઓના દેવ યહોવાની સેવાપૂજા કરવાનો અને તેના
કાનૂનો અને આજ્ઞાઓનું પાલન કરવાનો હુકમ કર્યો. 5 તેણે યહૂદાના
પ્રત્યેક શહેરમાંના ટેકરી ઉપરના થાનકોનો અને ધૂપવેદીઓનો નાશ
કર્યો. તેના અમલ દરમિયાન રાજ્યમાં શાંતિ રહી. 6 તેને લીધે સમગ્ર
યહૂદિયામાં તે કિલ્લાવાળા નગરો બાંધી શક્યો. તે ભૂમિને યહોવાએ
શાંતિ આપી. 7 તેણે યહૂદાના લોકોને કહ્યું, “ચાલો, આપણે આ શહેરો
નવેસરથી બાંધીએ, તેમની ફરતે કોટ કરીએ અને તેના બુરજો અને
ભૂંગળોવાળા દરવાજા મૂકીએ, આ ભૂમિ હજી આપણી છે, કારણ,
આપણે આપણા દેવ યહોવાની સેવાપૂજા કરીએ છીએ અને તેણે આપ-
ણા ઉપર દયા કરી, આપણને બધી બાજુએથી શાંતિ અને સલામતી
આપી છે.” આથી તેમણે નગરો બાંધવા માંડ્યાં અને એ કામ સફળતા-
પૂર્વક પાર ઉતાર્યુ. 8 આસા પાસે ઢાલ અને ભાલાથી સજ્જ 3,00,000
યહૂદાવંશીઓ, અને 2,80,000 ઢાલ ધનુષ્યથી સજ્જ બિન્યામીન વંશી-
ઓનું સૈન્ય હતું. એ બધા જ શૂરવીર યોદ્ધાઓ હતા. 9 કૂશ દેશનો સેના-
પતિ ઝેરાહ 10,00,000 સૈનિકો અને 300 રથનું સૈન્ય લઇને આસા
સામે યુદ્ધ કરવા આવ્યો અને તે મારેશાહ સુધી આવી પહોંચ્યો.
10 આસા તેનો સામનો કરવા બહાર પડ્યો અને તેણે મારેશાહ આગળ
સફાથાહના મેદાનમાં સેનાને યુદ્ધ માટે ગોઠવી. 11 આસાએ પોતાના
દેવ યહોવાને અરજ કરી, “હે યહોવા, બળવાનની વિરૂદ્ધ નિર્બળને
સહાય કરનાર, તારા સિવાય બીજો કોઇ નથી; હે યહોવા, અમારા દેવ,
અમને સહાય કર; અમને માત્ર તારો જ આધાર છે. અને તારું નામ લઇ-
ને જ અમે આ મોટા સૈન્યની સામે આવ્યા છીએ, હે યહોવા, તું અમારો
દેવ છે. લોકો તારી પર વિજયી ન થાય, એ જોજે.” 12 યહોવાએ આસા
અને યહૂદાવાસીઓને હાથે કુશીઓને હરાવી દીધા અને તેઓ ભાગવા
લાગ્યા. 13 આસા અને તેના માણસોએ ગરાર સુધી તેમનો પીછો કર્યો.
યહોવા અને તેની સેના આગળ કુશીઓ છિન્નભિન્ન થઇ ગયા; તેથી

ઘણા કુશીઓ મરી ગયા કે તેઓ બીજુ લશ્કર ઊભુ કરી શક્યા નહિ.
યહૂદાવાસીઓએ મોટા જથ્થામાં લૂંટ ભેગી કરી. 14 તેમણે ગરારની
આસપાસના બધાં શહેરોનો નાશ કર્યો, કારણ, યહોવાએ લોકોને ભય-
ભીત બનાવી દીધાં હતા, તેમણે બધા શહેરો લૂંટી લીધા, અને તેમને એ
શહેરોમાંથી પુષ્કળ લૂંટ મળી, 15 તેઓએ નગરોને લૂંટી લીધા અને ઘે-
ટાંપાળકોનાં ઢોર રાખવાના માંડવા તોડી નાખ્યા અને સંખ્યાબંધ ઘેટાં
તથા ઊંટો લઇને અંતે તેઓ યરૂશાલેમ પાછા આવ્યા.

15 ત્યારબાદ ઓદેદના પુત્ર અઝાર્યામાં યહોવાનો આત્મા પ્રવે-
શ્યો. 2 તેથી તે આસાને મળવા ગયો, ને કહ્યું, “આસા તથા યહૂ-
દા અને બિન્યામીનના બધા લોકો, મારી વાત સાંભળો, જ્યાં સુધી તમે
યહોવા સાથે રહેશો ત્યાં સુધી તે તમારી સાથે રહેશે, તમે જો તેને શોધ-
શો, તો તે તમને મળશે. જો તમે તેનો ત્યાગ કરશો, તો તે તમારો ત્યાગ
કરશે. 3 ઘણા લાંબા સમયથી ઈસ્રાએલી લોકોએ સાચા દેવની પ્રાર્થના
કરી ન હતી, અને તેઓને તે વિષેનું શિક્ષણ આપવા માટે ત્યાં કોઇ યા-
જક ન હતો. દેવના નિયમશાસ્ત્ર અનુસર્યા વિના તેઓ જીવન પસાર
કરતા હતા. 4 પરંતુ જ્યારે પોતાના સંકટના સમયે તેમણે ઈસ્રાએલના
દેવ યહોવા તરફ વળી તેની શોધ આદરી ત્યારે તે તેમને પ્રાપ્ત થયા.
5 તેઓએ દેવ વિરુદ્ધ બળવો પોકાર્યો હતો, તેથી તે સમયે કોઇને શાંતિ
નહોતી, દેશ દરેક રીતે મુશ્કેલીમાં આવી પડ્યો હતો અને સર્વત્ર ગુ-
નાઓ વધી રહ્યા હતા. 6 પ્રજાઓ અને નગરો એકબીજા સાથે લડીને
પાયમાલ થતાં હતા. કારણકે દેવ તેઓને દરેક પ્રકારની આફતો વડે
શિક્ષા કરતા હતા. 7 પણ હવે તમે બળવાન બનજો અને હિંમત હારશો
નહિ. તમને તમારા કાર્યોના ફળ મળશે.” 8 જ્યારે આસાએ દિવ્યવાણી-
ના વચનો ઓદેદની ભવિષ્યવાણીમાં સાંભળ્યા, ત્યારે તેણે હિંમત રા-
ખીને યહૂદા તથા બિન્યામીનના દેશમાંથી તથા જે શહેરો તેણે એફ્રાઇમ-
ના પર્વતીય પ્રદેશમાં જીતી લીધાં હતા, તે બધામાંથી ધૃણાસ્પદ મૂર્તિ-
ઓને હઠાવી દીધી. અને યહોવાના મંદિરની સામેની વેદી તેણે ફરી
બંધાવી. 9 ત્યારબાદ તેણે યહૂદા અને બિન્યામીનના બધા લોકોને પો-
તાની સામે આવવા હુકમ કર્યો, યહોવા દેવ રાજા આસાની સાથે છે, તે
જાણીને એફ્રાઇમ, મનાશ્શા અને શિમયોન પ્રદેશોમાંથી ઈસ્રાએલમાં
વસવા આવેલાં લોકોને ભેગા કરવાનો હુકમ કર્યો. 10 આસાના અમલ
દરમ્યાન પંદરમા વર્ષના ત્રીજા મહિનામાં તેઓ યરૂશાલેમમાં ભેગા
થયા. 11 અને તેમણે તે દિવસે પોતે જે લૂંટ સાથે લાવ્યા હતા, તેમાંથી
700 બળદો અને 7,000 ઘેટાંનાં હોમબલિ તેઓએ યહોવાને ચઢાવી.
12 તેમણે પોતાના પિતૃઓના દેવ યહોવાની સાચા હૃદયથી ઉપાસના
કરવાનો કરાર કર્યો; 13 નાનો હોય કે મોટો, સ્રી હોય કે પુરુષ, જે કોઇ
ઈસ્રાએલનાં દેવ યહોવાની ઉપાસના ન કરે તેને મૃત્યુદંડ દેવાનું ઠરાવ-
વામાં આવ્યું. 14 ત્યારબાદ તેમણે શરણાઇ અને રણશિંગડા ને તુરા-
ઇઓ વગાડીને મોટા સાદે યહોવા સમક્ષ પ્રતિજ્ઞા લીધી. 15 તે બધા ખૂબ
આનંદમાં હતા; કારણકે તેઓએ પોતાના પૂરા અંત:કરણથી અને સંપૂ-
ર્ણ ઇચ્છાથી દેવ સાથે આ કરાર કર્યો હતો. અને દેવને સર્વશ્રેષ્ઠ સ્થાન
આપીને યહોવાને શોધ્યા. તે તેઓને મળ્યા; અને તેમણે તેઓને ચોત-
રફ શાંતિ આપી અને સલામતી બક્ષી. 16 આસાએ પોતાની દાદી માઅ-
ખાહને પણ રાજમાતા પદેથી ષ્ટ કરી, કારણકે તેણે અશેરાહની પૂજા
માટે અશ્લીલ મૂર્તિ કરાવી હતી. આસાએ તે મૂર્તિને તોડી, તેના ભૂક્કે-
ભૂક્કા કરી નાખ્યા અને કિદ્રોનની ખીણમાં સળગાવી દીધી. 17 જો કે
ઈસ્રાએલમાંથી ટેકરી ઉપરના સ્થાનકો દૂર કરવામાં આવ્યા નહોતા. તેમ
છતાં આસા જીવનભર યહોવાને સંપૂર્ણ વફાદાર રહ્યો. 18 તેના પિતાએ
તેમજ તેણે પોતે યહોવાને ધરાવેલી બધી ભેટો સોનુંરૂપું, અને વાસણો
બધું યહોવાના મંદિરમાં જમા કરાવી દીધું. 19 આસા રાજાની કારકિર્દીર્ના
પાંત્રીસ વર્ષ સુધી ત્યાં બીજું કોઇ યુદ્ધ કે લડાઇ થયા નહિ.

16 રાજા આસાના અમલના છત્રીસમા વર્ષમાં ઈસ્રાએલના રાજા
બાઅશાએ યહૂદા ઉપર ચઢાઇ કરી, તેના રાજા આસા પાસે
આવતાં લોકોની નાકાબંધી કરવા માટે રામાની કિલ્લેબંદી કરી. 2 એટલે
આસાએ યહોવાના મંદિરના અને રાજમહેલના ભંડારોમાંથી સોનુચાંદી
બહાર કાઢી દમસ્કમાં રહેતા અરામના રાજા બેનહદાદને સંદેશો મોકલા-
વ્યો કે, 3 તારા પિતા અને મારા પિતા વચ્ચે સલામતીનો કરાર કરેલો
હતો, તે આપણે તાજો કરીએ, જો, આ ચાંદી અને સોનું મેં મોકલ્યું છે.
ઈસ્રાએલના રાજા બાઅશા સાથેનો તારો કરાર તોડી નાખ, જેથી તે પા-
છો ચાલ્યો જાય.” 4 બેનહદાદ સંમત થયો અને તેણે પોતાના સેનાપ-
તિઓને ઈસ્રાએલનાં શહેરો ઉપર ચઢાઇ કરવા મોકલી આપ્યા; તેમણે
ઇયોન, દાન, આબેલ-માઇમ અને નફતાલીનાં સંગ્રહાલય શહેરો જીતી
લીધાં. 5 જ્યારે બાઅશાને આની જાણ થઇ, ત્યારે તેણે રામાની કિલ્લે-
બંદી કરવાનું છોડી દીધું, અને બધું કામ બંધ કરાવી દીધું. 6 ત્યારબાદ
રાજા આસાએ યહૂદાના બધા માણસોને સાથે લીધા અને તેઓ જે
પથ્થર અને લાકડાં વડે બાઅશા રામામાં કિલ્લેબંદી કરતો હતો તે ઉઠા-
વી ગયા, અને તેના વડે તેમણે ગેબા અને મિસ્પાહ બાંધ્યાં. 7 તે જ સમ-
યે હનાની પ્રબોધક આસા રાજા પાસે ગયો અને તેને કહ્યું, “તમે દેવ
યહોવાને બદલે અરામના રાજા ઉપર ભરોસો રાખ્યો છે, તેથી ઈસ્રાએલ-
ના રાજાનું લશ્કર તમારા હાથમાંથી છટકી ગયું છે. 8 કૂશીઓ અને લૂબી-
ઓનું લશ્કર પણ ઘણું મોટું હતું અને તેમની પાસે અસંખ્ય રથો અને
ઘોડેસવારો હતા. તેમ તું યહોવાના ભરોસે રહ્યો હતો એટલે તેણે તેમને
તારા હાથમાં સોંપી દીધા હતા. 9 યહોવાની ષ્ટિ સમગ્ર પૃથ્વી પર ફરતી
હોય છે. અને જેઓનું અંત:કરણ યહોવા પ્રત્યે સંપૂર્ણ છે, તેઓને તે શો-
ધે છે, જેથી તેઓને મદદ કરીને તે પોતાનું મહાન સાર્મથ્ય પ્રગટ કરે છે.
તેં કેવી મૂર્ખાઇ કરી છે! હવેથી તારે યુદ્ધો ખેલવા પડશે.” 10 પ્રબોધકના
આ શબ્દોથી આસાને હનાની પર ખૂબ ગુસ્સો આવ્યો; ને તેણે તેને કેદ-
માં પૂરી દીધો. એ જ વખતે તેણે ઘણાં પ્રજાજનો પર પણ કેર વર્તાવ્યો.
11 આસાના રાજ્યના બધા બનાવો પહેલેથી તે છેલ્લે સુધી યહૂદાના અને
ઈસ્રાએલના રાજાઓના વૃતાંતમાં નોંધાયેલા છે. 12 તેના રાજ્યના 39મા
વષેર્ તેને પગનો રોગ પડ્યો. અને તે વધતો જ ગયો. તેણે યહોવાને
શરણે જવાને બદલે વૈદોની સલાહ લીધી. 13 તે એના અમલના 41મા
વષેર્ તો પિતૃલોકને પામ્યો અને તેને દાઉદનગરમાં તેણે પોતાના માટે
ખોદાવેલી કબરમાં દફનાવવામાં આવ્યો. 14 તેમણે તેના શરીરને સુગંધી
દ્રવ્યોથી ભરેલી કબરમાં સુવડાવ્યો, કફનમાં મૂક્યા બાદ તેની દફનવિ-
ધિ વખતે તેના લોકોએ બહુ મોટા પ્રમાણમાં ધૂપ બાળ્યા.

17 ત્યારબાદ તેનો પુત્ર યહોશાફાટ રાજા બન્યો. અને ઈસ્રાએલથી
સુરક્ષિત રહેવા તેણે યહૂદાને શકિતશાળી બનાવ્યું. 2 તેણે યહૂ-
દાના બધાં કિલ્લેબંદીવાળા નગરોમાં લશ્કર ગોઠવ્યું, અને આખા યહૂદા-
ના તેમજ તેના પિતાએ કબજે કરેલાં એફ્રાઇમનાં શહેરોમાં સૂબાઓ મૂ-
ક્યા, 3 યહોવા તેની સાથે હતા, કેમ કે તેના પિતૃ દાઉદ શરૂઆતના
વષોર્માં જે માગેર્ ચાલ્યા તે માર્ગ પર જ યહોશાફાટ ચાલ્યો. તેણે મૂર્તિ-
ઓની પૂજા કરી નહિ. 4 ઈસ્રાએલના પ્રદેશમાં વસતા લોકો કરતાં તેનું
જીવન જુદા જ પ્રકારનું હતું. તે તેના પિતૃઓના દેવની આજ્ઞાઓને
આધીન રહીને જીવન ગુજારતો હતો. 5 આથી યહોવાએ તેના હાથમાં
યહૂદા પરની સત્તા કાયમ રાખી, આખું યહૂદા તેને ભેટસોગાદ આપતું
હતું. અને તે પુષ્કળ કીતિર્ અને સંપત્તિ પામ્યો. 6 તે યહોવાની સેવામાં
ગૌરવ લેતો હતો અને તેણે યહૂદામાંની ટેકરીઓ ઉપરના સ્થાનકોનો તે-
મજ પૂજાસ્તંભોનો પણ નાશ કર્યો. 7 તેના શાસનકાળના ત્રીજા વષેર્
તેણે પોતાના અમલદારો બેન-હાયિલ, ઓબાદ્યા, ઝખાર્યા, નથાનએલ
અને મીખાયાને, 8 લેવીઓ શમાયા, નથાન્યા, ઝબાદ્યા, અસાહેલ,
શમીરામોથ, યહોનાથાન, અદોનિયા, ટોબીયા, અને ટોબઅદોનિયા તે-
મજ યાજકો અલીશામા અને યહોરામ સાથે યહૂદાના ગામેગામ ઉપદેશ
કરવા મોકલ્યા. 9 “દેવના નિયમશાસ્ત્રના” પુસ્તકની નકલો તેઓ પો-
તાની સાથે લઇ ગયા. અને યહૂદિયાનાં સર્વ ગામોમાં જઇને લોકોને નિ-
યમશાસ્ત્રનું શિક્ષણ આપ્યું. 10 આથી યહૂદાની આસપાસના બધા પ્રદે-
શોમાં રાજાઓ યહોવાથી ડરવા લાગ્યા, અને તેમણે યહોશાફાટ સાથે
લડાઇ કરી નહિ. 11 કેટલાક પલિસ્તી લોકો ખંડણી તરીકે તેની પાસે
ઉપહાર તરીકે ચાંદી લઇને આવ્યા. રણના રહેવાસીઓ પણ 7,700
બકરીઓ અને 7,700 ઘેટાંની ભેટ લઇને આવ્યા. 12 યહોશાફાટ ઉત્તરો-
ત્તર વધુને વધુ મહત્વ પ્રાપ્ત કરતો ગયો અને તેણે યહૂદામાં કિલ્લાઓ
અને ભંડાર માટે નગરો બાંધ્યા 13 અને તેણે યહૂદાના શહેરોમાં ઘણું
કામ કર્યું. તેણે રાજધાની યરૂશાલેમમાં મોટું સૈન્ય રાખ્યું. 14 યરૂશાલેમ-
માં તેણે શૂરવીર યોદ્ધાઓનું થાણું ઉભું કર્યું હતું અને તેની કુળસમૂહવાર
યાદી નીચે પ્રમાણે છે:યહૂદાના સેનાનાયકો- યહૂદાના મુખ્ય સેનાપતિ
આદનાહના અને તેના હાથ નીચે 3,00,000 સૈનિકો; 15 15 તેના પછી

યહોહાનાન અને તેના હાથ નીચે 2,80,000 સૈનિકો; 16 તેના પછી
યહોવાને સ્વેચ્છાએ આત્મસમર્પણ કરનાર અમાસ્યા જે ઝિખ્રીનો પુત્ર
હતો; તેના હાથ નીચે 2,00,000 સૈનિકો. 17 બિન્યામીનના કુળસમૂહ-
ના સેનાનાયકો: શૂરવીર એલ્યાદાહ અને તેના હાથ નીચે 2,00,000
ધનુષ્ય અને ઢાલથી સજ્જ સૈનિકો; 18 તેના પછી યહોઝાબાદ અને તેના
હાથ નીચે 1,80,000 યુદ્ધ માટે સજ્જ યોદ્ધાઓ. 19 આ સર્વ સૈન્યો હતા.
અને તે પાટનગરના રાજાની પાસે હતા. સમગ્ર યહૂદા રાજ્યના કિલ્લે-
બંદીવાળાં નગરોમાં રાજાએ જેમને નિયુકત કર્યા હતા તે સૈન્યો તો જુદા.

18 યહૂદાના રાજા યહોશાફાટે પુષ્કળ સંપત્તિ અને લોકપ્રિયતા પ્રા-
પ્ત કરી. તેણે તેના પુત્રનું સગપણ ઇસ્રાએલના રાજા આહાબની
પુત્રી સાથે કર્યું. 2 થોડાં વરસો પછી તે આહાબને મળવા સમરૂન ગયો.
આહાબ તેને અને તેના રસાલાને માટે મોટી સંખ્યામાં બકરીઓ અને
બળદનું બલિદાન આપ્યું અને તેને રામોથ-ગિલયાદ ઉપર હુમલો કરવા
ભોળવ્યો. 3 આહાબે યહોશાફાટને કહ્યું, “તમે મારી સાથે રામોથ-ગિલ-
યાદ આવશો?” યહોશાફાટે કહ્યું, “આપણે બે કાઈ જુદા નથી. મારા સૈ-
નિકો એ તમારા જ સૈનિકો છે. આપણે સાથે મળીને આપણી લડાઇ
લડીશું.” 4 પણ પહેલાં યહોવાને પશ્ર્ન કરો કે, “તમારી શી ઇચ્છા છે તે
કૃપા કરીને કહો.” 5 તેથી ઇસ્રાએલના રાજાએ આશરે 400 પ્રબોધકોને
બોલાવીને ભેગા કર્યા, અને તેમને પૂછયું, “અમારે રામોથ-ગિલયાદ
ઉપર હુમલો કરવો કે, રોકાઇ જવું?” તેમણે કહ્યું, “હુમલો કરો. દેવ તેને
તમારા હાથમાં સોંપી દેશે.” 6 યહોશાફાટે પૂછયું, “અહીં યહોવાનો બીજો
કોઇ પ્રબોધક નથી, જેને આપણે પ્રશ્ર્ન કરી શકીએ?” 7 ઇસ્રાએલના રા-
જાએ કહ્યું, “બીજો એક છે જેની મારફતે આપણે યહોવાને પ્રશ્ર્ન કરી
શકીએ, પણ મને તેનો તિરસ્કાર છે, કારણ, તે કદી મારે વિષે સારું
ભવિષ્ય ભાખતો નથી, હંમેશા માઠું ભવિષ્ય જ ભાખે છે, તે તો યિમ્લા-
નો પુત્ર મીખાયા છે.” યહોશાફાટ બોલી ઉઠયો, “નામદાર, એવું ન બો-
લશો.” 8 આથી ઇસ્રાએલના રાજાએ એક અમલદારને બોલાવીને કહ્યું,
“મીખાયાને તાબડતોબ બોલાવી લાવ.” 9 ઇસ્રાએલનો રાજા અને યહૂ-
દાનો રાજા બાદશાહી પોશાક પહેરીને સમરૂનના દરવાજાની આગળ બે
સિંહાસન પર બેઠેલા હતા. બધા પ્રબોધકો પોત પોતાનો સંદેશો, એક
મોટી ખુલ્લી જગ્યામાં તેમની સામે આપી રહ્યાં હતા. 10 એમાંનો એક સિ-
દકિયા કે જે કનાઅનાહનો પુત્ર હતો જેણે પોતાના માટે લોખંડના શિંગ-
ડા બનાવડાવ્યા હતા. તે બોલ્યો, “આ, યહોવાનાં વચનો છે; આવાં
શિંગડાઓ વડે આપ અરામીઓને મારીને પૂરા કરી નાખશો.” 11 સર્વ પ્ર-
બોધકોએ એવો જ પ્રબોધ કર્યો છે કે, “રામોથ-ગિલયાદ પર ચઢાઇ કરી-
ને વિજયી થા; કારણકે યહોવા તે તારા હાથમાં સોંપી દેશે.” 12 મીખાયા-
ને તેડવા મોકલેલ માણસોએ મીખાયાને કહ્યું, “ખ્યાલ રાખજો કે બધા
પ્રબોધકોએ એક અવાજે રાજાને માટે સારું ભવિષ્ય ભાખ્યું છે. તમે
પણ તેમના જેવું જ ભવિષ્ય ભાખજો અને વિજયની આગાહી કરજો.”
13 પણ મીખાયાએ કહ્યું, “યહોવાના સોગંદ, હું તો મારા દેવ જે કહેશે તે
જ ભાખીશ.” 14 મીખાયા રાજાની સન્મુખ આવ્યો ત્યારે રાજાએ તેને
કહ્યું, “મીખાયા, અમે રામોથ-ગિલયાદ પર ચઢાઇ કરીએ કે રોકાઇ
જઇએ?” મીખાયાએ કહું, “ચઢાઇ કરો અને વિજય પામો. એ તમારા હા-
થમાં આવશે.” 15 પરંતુ રાજાએ કહ્યું, “યહોવાને નામે મને કેવળ સત્ય
જ કહેવા માટે મારે તારી પાસે કેટલી વાર સમ લેવડાવવાં?” 16 એટલે
મીખાયાએ કહ્યું, “મેં બધા ઇસ્રાએલીઓને ભરવાડ વગરનાં ઘેટાંની જેમ
પર્વતો ઉપર વેરવિખેર થઇ ગયેલા જોયા છે, અને મેં યહોવાને બોલતા
સાંભળ્યાં છે કે, ‘એ લોકોનો કોઇ ધણીધોરી નથી. તેથી તેઓ ભલે
શાંતિથી ઘેર જતા.’” 17 આ સાંભળીને ઇસ્રાએલના રાજા આહાબે યહો-
શાફાટને કહ્યું, “મેં તમને નહોતું કહ્યું કે, એ કદી મારે વિષે સારું ભવિ-
ષ્ય ભાખતો જ નથી. માઠું જ ભવિષ્ય ભાખે છે.” 18 મીખાયાએ વધુમાં
કહ્યું, “હવે યહોવાની વાણી સાંભળો;” મેં યહોવાને તેના સિંહાસન ઉપર
બિરાજેલા જોયા છે, તેને ડાબે અને જમણે હાથે બધા દેવદૂતો તેની તહે-
નાતમાં ઊભા હતા. 19 યહોવાએ કહ્યું કે, ‘કોણ ઇસ્રાએલના રાજા આહા-
બને ફોસલાવીને રામોથ-ગિલયાદ લઇ જાય કે, ત્યાં તે માર્યો જાય?’
ત્યારે એકે આમ કહ્યું, ને બીજાએ તેમ કહ્યું. 20 પછી એક આત્માએ
આગળ આવીને યહોવાની સન્મુખ ઊભા રહ્યીને કહ્યું કે, ‘હું તેને ફોસ-
લાવીશ’- યહોવાએ તેને પૂછયું કે, ‘શી રીતે?’ 21 તેણે કહ્યું, ‘હું જઇને તેના
બધા પ્રબોધકોને મોઢે જૂઠી ભવિષ્યવાણી ઉચ્ચારાવીશ.’ યહોવા બો-
લ્યા, ‘તું જરૂર તેને લલચાવવામાં સફળ થશે. જા અને એ પ્રમાણે કર.’
22 “તેથી આપ જોઇ શકો છો કે, યહોવાએ આપના બધા પ્રબોધકોને
મોઢે જૂઠી ભવિષ્યવાણી ઉચ્ચારાવી છે. કારણ, તેણે આપને માથે
આફત ઉતારવાનું નક્કી કર્યુ છે.” 23 ત્યારે કનાનનો પુત્ર સિદકિયા મી-
ખાયા પાસે ગયો અને તેના ગાલ પર તમાચો મારીને બોલ્યો, “તું જૂઠો
છે, યહોવાનો આત્મા મને તજીને તારામાં ક્યારે આવ્યો? 24 મીખાયાએ
જવાબ આપ્યો, “એ તો તું જે દિવસે ભાગી જઇને અંદરના ખંડમાં છુ-
પાઇ જશે ત્યારે તને ખબર પડશે.” 25 ઇસ્રાએલના રાજાએ કહ્યું, “મીખા-
યાને પકડો. અને તેને આમોન શહેરના પ્રશાસક અને રાજકુંવર યોઆ-
શને સોંપી દો, અને કહો, 26 ‘રાજાનો એવો હુકમ છે કે, આને કેદમાં પૂરો
અને હું સુરક્ષિત પાછો આવું ત્યાં સુધી જીવતો રહે એટલા જ રોટલા ને
પાણી સિવાય કશું આપશો નહિ.’” 27 મીખાયાએ જણાવ્યું, “જો તું સુર-
ક્ષિત પાછો ફરે તો યહોવા મારા દ્વારા બોલ્યા નથી એમ માનજે.” પછી
આસપાસ ઊભા રહેલા લોકો તરફ ફરીને તેણે કહ્યું, “મેં જે કહ્યું તેની
નોંધ લો.” 28 પછી ઇસ્રાએલનો રાજા અને યહૂદાનો રાજા યહોશાફાટ સૈ-
ન્યો સાથે રામોથ-ગિલયાદ ઉપર ચઢાઇ કરવા ગયો. 29 ઇસ્રાએલના રા-
જાએ યહોશાફાટને કહ્યું, “યુદ્ધમાં જતી વખતે હું વેશપલટો કરીશ પણ
તમે તમારો બાદશાહી પોશાક પહેરી રાખજો.” આમ ઇસ્રાએલના રાજાએ
વેશપલટો કર્યો અને યુદ્ધમાં ગયો. 30 હવે અરામના રાજાએ પોતાના
રથાધિપતિઓને એવો હુકમ આપ્યો હતો કે, “તમારે ઇસ્રાએલના રાજા
સિવાય બીજા ગમે તેના ઉપર હુમલો કરવો નહિ.” 31 રથાધિપતિઓએ
યહોશાફાટને જોયો ત્યારે તેઓએ એમ ધાર્યુ કે, “એ ઇસ્રાએલનો રાજા
છે.” માટે તેઓ તેની સાથે લડવાને આવ્યા; એટલે યહોશાફાટે બૂમ પા-
ડી, ને યહોવાએ તેને મદદ કરી; અને દેવે તેઓનાં મન ફેરવ્યાં, જેથી
તેઓ તેની પાસેથી જતા રહ્યાં. 32 રથાધિપતિઓએ જોયું કે, એ તો
ઇસ્રાએલનો રાજા નથી, ત્યારે તેને પકડવાની કોશિષ મૂકી દીધી.
33 પરંતુ એક યોદ્ધાએ અમસ્તુ જ બાણ છોડ્યું અને તેણે ઇસ્રાએલના
રાજાને બખતરના સાંધા આગળથી વીંધી નાખ્યો. આહાબે પોતાના સા-
રથીને કહ્યું, “રથ ફેરવીને મને યુદ્ધભૂમિની બહાર લઇ જા. હું ઘવાયો છું.”
34 તે દિવસે યુદ્ધ વધુને વધુ ભીષણ બનતું ગયું. સાંજ થતાં સુધી
આહાબ, અરામીઓ તરફ મોં રાખીને રથમાં ટટ્ટાર બેઠો હતો. પછી તે
મરી ગયો.

19 યહૂદાનો રાજા યહોશાફાટ શાંતિથી યરૂશાલેમમાં પોતાના ઘર-
માં પાછો ફર્યો. 2 ત્યારે પ્રબોધક હનાનીનો પુત્ર યેહૂ તેને મળવા
ગયો અને બોલ્યો, “તમે દુષ્ટોને મદદ કરી છે અને યહોવાના દુશ્મનો
સાથે મૈત્રી બાંધી છે, તેથી યહોવા તમારા ઉપર રોષે ભરાયા છે; 3 જો કે
તેં કેટલાંક સારાં કામો પણ કર્યા છે; તમે દેશમાંથી પૂજા-સ્તંભોનો નાશ
કર્યો છે અને દેવની ઉપાસના કરવાનું મનથી ચાલુ રાખ્યું છે.” 4 તેથી
યહોશાફાટ ફરીથી ઇસ્રાએલ ગયો નહિ, પણ યરૂશાલેમમાં રહ્યો. પછી-
થી તેણે બેરશેબાથી માંડીને એફ્રાઇમના પહાડી પ્રદેશ સુધી મુસાફરી
કરી અને તેઓના પિતૃઓનાં દેવનું ભજન કરવા ઉત્તેજન આપ્યું. 5 તેણે
દેશમાં, એટલે યહૂદાના સર્વ કિલ્લેબંદી નગરોમાંના પ્રત્યેક નગરમાં,
ન્યાયાધીશો નીમ્યા. 6 અને તેમને કહ્યું, “પૂર્ણ વિચાર કરીને તમારી
ફરજ બજાવજો, કારણ, તમે માણસને નામે નહિ પણ યહોવાને નામે
ન્યાય કરો છો. તમે જ્યારે ચૂકાદો આપો છો ત્યારે યહોવા તમારી સાથે
હોય છે. 7 માટે યહોવાથી ડરીને ચાલજો, જે કંઇ કરો તે સાવચેતીપૂર્વક
કરજો, કારણ, યહોવા આપણો દેવ અન્યાય, પક્ષપાત અને લાંચ સહન
કરતા નથી.” 8 ઉપરાંત યહોશાફાટે યરૂશાલેમમાં પણ અદાલતો સ્થાપી
અને લેવીઓ, યાજકો, કુટુંબોના આગેવાનોને ન્યાયાધીશ તરીકે નિમ-
ણૂંક કર્યા. 9 અને તેમને આ પ્રમાણે આદેશ આપ્યો, “તમારે યહોવાને
માથે રાખીને વફાદારીથી અને પ્રામાણિકપણે ફરજ બજાવવી. 10 બીજાં
શહેરોમાં રહેતા બંધુઓમાંથી જે કોઇ ફરિયાદ, ઝઘડો આવે, પછી તે ખૂ-
નમરકીને લગતો હોય કે નિયમો અને આજ્ઞાઓના ઉલ્લંઘનનો હોય;
તમારે લોકોને ચેતવણી આપવી કે, ખોટું કામ ન કરે અને તેઓને ન્યા-
યી નિર્ણય લેવા માટે સહાય કરવી; નહિ તો રખેને દેવનો કોપ તમારા
ઉપર અને તેઓ પર ઉતરે. જો તમે આ પ્રમાણે વર્તશો તો તમારી જવા-
બદારી યોગ્ય રીતે પૂરી કરી શકશો અને તમે ગુનેગાર ઠરશો નહિ.

11 બધી ધાર્મિક બાબતોમાં મુખ્ય યાજક અમાર્યા તમારા પ્રમુખ રહેશે
અને રાજ્યને લગતી તમામ બાબતોમાં યહૂદાના વંશના વડા ઇશ્માએ-
લના પુત્ર ઝબાદ્યા તમારા પ્રમુખ રહેશે. લેવીઓ તમારા ચિટનીસ તરીકે
કામ કરશે, હિંમતપૂર્વક કામ લેજો; સત્ય અને પ્રામાણિકતાને વળગી
રહો, નિર્દોષનું રક્ષણ કરવામાં દેવ તમારા પક્ષે રહેશે.”
20 કેટલાક સમય પછી એવું બન્યું કે, મોઆબીઓ અને આમ્મો-
નીઓએ કેટલાંક મેઉનીઓ સાથે મળીને યહૂદા પર આક્રમણ
કર્યુ. 2 યહોશાફાટને ખબર મોકલાવી કે, “તમારી તરફ એક લશ્કર મૃત-
સમુદ્રને સામે કિનારે આવેલા અદોમથી આગળ વધી રહ્યું છે,” અને તે
લોકો હાસસોન તામાર એટલે કે એનગેદી સુધી આવી પહોંચ્યા છે.
3 યહોશાફાટ ગભરાઇ ગયો અને તેણે યહોવાને પ્રાર્થના કરવાનો નિશ્ચય
કર્યો. અને આખા યહૂદામાં ઉપવાસ જાહેર કર્યો. 4 બધા યહૂદાવાસીઓ
યહોવાની મદદ માંગવા ભેગા થયા. 5 યરૂશાલેમમાં મળેલી યહૂદાના
લોકોની સભામાં યહોશાફાટ યહોવાના મંદિરના નવા ચોક સામે ઊભો
થયો. 6 અને બોલ્યો,“હે યહોવા, અમારા પિતૃઓના દેવ, તું સ્વર્ગાધીપ-
તિ છે અને બધી પ્રજાઓના રાજ્યો ઉપર તારી જ આણ પ્રવતેર્ છે. તા-
રું બળ અને સાર્મથ્ય એવું છે કે કોઇ તારી સામે થઇ શકે તેમ નથી. 7 હે
દેવ, તેં જ આ દેશના મૂળ વતનીઓને આ ભૂમિમાંથી હાંકી કાઢી, તારા
મિત્ર ઇબ્રાહિમના વંશજોને, તારા પોતાના લોકો ઇસ્રાએલીઓને એ
આપી હતી. 8 તેઓ તેમાં વસ્યા અને તેમણે તારા નામ માટે એક મંદિર
બાંધ્યું. 9 અને કહ્યું કે, ‘આ મંદિરમાં તારો વાસ છે. એટલે જો અમારા પર
કોઇ આફત આવે- યુદ્ધ આવે કે પૂર આવે, રોગચાળો આવે કે દુકાળ
આવે તો અમે આ મંદિરમાં તારી સમક્ષ ઊભા રહીને, એ સંકટ સમયે
તને યાદ કરીશું અને તું અમારી પ્રાર્થના સાંભળી અમને બચાવી લેશે.’
10 “અને હવે જો, આ આમ્મોનીઓ, મોઆબીઓ અને અદોમીઓ
આવ્યા છે. અમે ઇસ્રાએલીઓ મિસરમાંથી આવતા હતા ત્યારે તમે
અમને એ લોકોના દેશમાં દાખલ થવા દીધા નહોતા એટલે અમે એક
તરફ વળી ગયા, અને એ લોકોનો નાશ ન કર્યો. 11 અને હવે જો, એ લો-
કોનો નાશ ન કર્યો, જો, તમે અમને જે તમારા વતનનો વારસો આપ્યો
છે તેમાંથી અમને કાઢી મૂકવાને તેઓ આવ્યા છે, જો, તેઓ અમને કેવો
બદલો આપે છે! 12 હે અમારા દેવ યહોવા, તું તેમને સજા નહિ કરે? કા-
રણ, અમે અમારા ઉપર આક્રમણ કરતા એ મોટા સૈન્ય આગળ લાચાર
છીએ, શું કરવું એની અમને સમજ પડતી નથી, અમે તો તારા ઉપર
આધાર રાખીએ છીએ.” 13 યહૂદાના બધા લોકો, નાનામોટાં બાળકો
અને સ્રીઓ સુદ્ધા યહોવા સમક્ષ ઊભાં હતા. 14 પછી એ સભાની વચ્ચે
યહોવાનો આત્મા યાહઝીએલ ઉપર આવ્યો, યાહઝીએલ લેવી આસાફ-
ના વંશજ માત્તાન્યાના પુત્ર, યેઇએલના પુત્ર બનાયાના પુત્ર, ઝર્ખાયાનો
પુત્ર હતો. 15 તેણે કહ્યું, “હે યહૂદાના બધા પ્રજાજનો, યરૂશાલેમના બધા
વતનીઓ અને રાજા યહોશાફાટ ધ્યાનથી સાંભળો, યહોવા તમને કહે
છે: ‘ડરશો નહિ; આ મોટા સૈન્યથી ગભરાઇ જશો નહિ, આ યુદ્ધ પણ દે-
વનું છે. 16 આવતીકાલે તમે જાઓ, અને તેમના પર હુમલો કરો. તેઓ
‘સીસના ઢોળાવ’ થઇને આવે છે, યરૂએલના રણની સામે ખીણને છેડે
તમારો તેમની સાથે ભેટો થશે. 17 તમારે લડવાની જરુર નહિ પડે. તમે
મક્કમપણે ઊભા રહેજો અને જોયા કરજો કે યહોવા તમને શી રીતે
બચાવી લે છે. હે યહૂદા અને યરૂશાલેમ, ગભરાશો નહિ. આવતીકાલે
તેમનો સામનો કરવા બહાર જાઓ, યહોવા તમારે પક્ષે છે.’” 18 ત્યાર-
બાદ રાજા યહોશાફાટે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને યહૂદા તથા
યરૂશાલેમના સર્વ લોકોએ પણ દંડવત પ્રણામ કરીને યહોવાનું ભજન
કર્યુ. 19 ત્યાર પછી કહાથ અને કોરાહના કુળસમૂહોના લેવીઓએ ઇસ્રા-
એલના દેવ યહોવાની ઊંચા સ્વરે સ્તુતિ કરવા લાગ્યા. 20 બીજે દિવસે
તેઓ સવારમાં વહેલા ઊઠયા અને ‘તકોઆના વગડા’ તરફ જવા નીક-
ળી પડ્યા. તેઓ જતા હતા ત્યારે યહોશાફાટે ઊભા થઇને કહ્યું, “યહૂદા-
વાસીઓ અને યરૂશાલેમના વતનીઓ, મને ધ્યાનથી સાંભળો: જો તમે
તમારા દેવ યહોવા ઉપર વિશ્વાસ રાખશો, તો તમારે કોઇથી ડરવાનું રહે-
શે નહિ, જો તમે તેમના પ્રબોધકો ઉપર વિશ્વાસ રાખશો, તો તમારો વિ-
જય થશે.” 21 પછી લોકોના આગેવાનો સાથે મંત્રણા કર્યા પછી, તેણે
જેઓ યહોવાના માટે ગાય છે અને એની મહાન પવિત્રતાની સ્તુતિ કરે
છે તેવાઓને સૌથી આગળ કર્યા અને તેઓ ગાવા લાગ્યા, “યહોવાની
સ્તુતિ કરો, કારણ, તેની કરૂણા શાશ્વત છે.” 22 જેવું તેઓએ ગાયન અને
સ્તુતિ શરૂ કર્યુ, યહોવાએ આમ્મોનિઓ, મોઆબીઓ અને સેઇર પર્વત-
ના લોકો દ્વારા અચાનક હુમલો કરાવીને તેમને પછાડયા અને તેમનો
પરાજય કર્યો. 23 આમ્મોન અને મોઆબના સૈન્યોએ સેઇર પર્વતના સૈ-
ન્યની વિરૂદ્ધ લડીને તેનો સંપૂર્ણ નાશ કર્યો, તેમ કર્યા પછી તેઓ માંહે-
માંહે યુદ્ધ કરીને એકબીજાનો સંહાર કરવા લાગ્યાં. 24 તેથી યહૂદાના મા-
ણસો જ્યારે અરણ્ય તરફ નજર કરી શકાય તેવી જગ્યાએ આવી
પહોંચ્યા, ત્યારે તેમણે શત્રુઓના સૈન્ય તરફ ફરીને જોયું અને તેમણે
ચારે બાજુ ભૂમિ ઉપર મૃતદેહો પડેલાં જોયા. એક પણ જીવતો નહોતો.
25 યહોશાફાટ રાજા અને તેના લોકો લૂંટ એકત્ર કરવા લાગ્યા. તેઓને
નાણાં, પોશાક, અલંકારો અને રોજીંદા જીવનની વસ્તુસંગ્રહ કરી અને
લઇ લીધી. આ લૂંટ એટલી બધી હતી કે તે બધી લઇ જવા માટે તેઓને
ત્રણ દિવસ લાગ્યા. 26 ચોથે દિવસે તેઓ બરાખાહની ખીણમાં ભેગા
થયા, અને ત્યાં તેમણે યહોવાની સ્તુતિ કરી તેથી તે જગ્યાનું નામ
“બરાખાહ પાડવામાં આવ્યું અને આજે પણ એ ખીણ એ જ નામે ઓળ-
ખાય છે. 27 યારબાદ યહૂદા અને યરૂશાલેમના બધા માણસો યહોશાફા-
ટને મોખરે રાખી આનંદપૂર્વક પાછા નગરમાં ગયા, કારણ યહોવાએ તે-
મને શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યાનો આનંદ માણવાનો અવસર
આપ્યો હતો. 28 તેઓ સિતાર વીણા અને રણશિંગડાંના સરોદો સાથે
યરૂશાલેમમાં પ્રવેશ કરીને યહોવાના મંદિરમાં દાખલ થયા. 29 અગાઉ
બન્યુ હતું તે જ રીતે આજુબાજુના રાજ્યોએ સાંભળ્યું કે યહોવાએ પોતે
જ ઇસ્રાએલના દુશ્મનો સાથે યુદ્ધ કર્યુ હતું, ત્યારે તેઓ દેવથી ભયભીત
થઇ ગયા. 30 આમ, યહોશાફાટના રાજ્યમાં શાંતિ હતી, કારણકે દેવે તેને
સર્વ બાજુએથી સર્વ પ્રકારની શાંતિ આપી હતી. 31 આમ, યહોશાફાટે
યહૂદા ઉપર રાજ્ય કર્યુ. તે જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 35
વર્ષની હતી. અને તેણે યરૂશાલેમમાં 25 વર્ષ રાજ કર્યુ. શિલ્હીની પુત્રી
અઝુબાહ તેની મા થતી હતી. 32 તે પોતાના પિતા આસાને પગલે ચા-
લ્યો અને તેના માર્ગેથી ચલિત થયો નહિ. તેણે યહોવાની ષ્ટિએ યોગ્ય
ગણાય એવું આચરણ કર્યુ. 33 પણ ટેકરી ઉપરના સ્થાનકો દૂર કરવામાં
આવ્યા નહોતાં અને લોકોનાં હૃદય હજી પોતાના પિતૃઓનાં દેવ પ્રત્યે
પૂરેપૂરાં વળ્યાં નહોતા. 34 યહોશાફાટના શાસનના બાકીના બનાવો
શરૂઆતથી તે અંત સુધી હનાનીના પુત્ર યેહૂના વૃત્તાંતમાં નોંધાયેલા છે.
આ બનાવોની નોંધ કરી અને તેની નકલ કરીને તેનો ઇસ્રાએલના રા-
જાઓના ઇતિહાસ નામક પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. 35 તે-
ના જીવનના અંતકાળમાં યહૂદાના રાજા યહોશાફાટે ઇસ્રાએલના રાજા
અહાઝયા સાથે કરાર કર્યો. અહાઝયા ઘણો દુષ્ટ હતો. 36 તેની સાથે
મળીને યહોશાફાટે એસ્યોન-ગેબેરમાં બનાવેલ વહાણને તાર્શીશ મોક-
લ્યા. 37 પણ મારેશ્શાહના વતની દોદાવાહૂના પુત્ર અલીએઝેરે યહોશા-
ફાટની વિરૂદ્ધ ભવિષ્યવાણી ભાખી કે, “તેં અહાઝયા સાથે મૈત્રી કરી છે
તેથી યહોવા તારા વહાણોને ભાંગી નાખશે.” તેથી એ વહાણો નાશ પા-
મ્યાં અને તેઓ કદી તાર્શીશ પહોંચી શક્યાં નહિ.
21 યહોશાફાટ પિતૃલોકને પામ્યો અને તેને દાઉદના નગરમાં તેના
પૂર્વજો સાથે દફનાવવામાં આવ્યો. તેનો પુત્ર યહોરામ તેની
જગ્યાએ યહૂદાનો રાજા બન્યો. 2 તેને છ ભાઇઓ હતા: અઝાર્યા, યહી-
એલ, ઝખાર્યા, અઝાર્યા, મીખાએલ અને શફાટયા. એ બધા યહૂદાના રા-
જા યહોશાફાટના પુત્રો હતા, 3 અને તેણે એમને ઘણા ઉપહાર આપ્યા,
સોનું, ચાંદી, કીંમતી વસ્તુઓ, અને યહૂદામાં કિલ્લેબંદીવાળા નગરો.
પણ રાજગાદી તેણે યહોરામને આપી હતી. કારણકે તે સૌથી મોટો હતો.
4 રાજા તરીકે સ્થિર થયા પછી યહોરામે તેના ભાઇઓને તથા ઇસ્રાએલ-
ના કેટલાક આગેવાનોને મારી નાખ્યા. 5 બત્રીસ વર્ષની ઉંમરે તે રાજગા-
દીએ આવ્યો, અને યરૂશાલેમમાં તેણે આઠ વર્ષ રાજ કર્યુ. 6 તે આહાબ-
ની પુત્રીને પરણ્યો હતો એટલે તેણે આહાબના કુટુંબની જેમ ઇસ્રાએલ-
ના રાજાઓને પગલે ચાલી યહોવાની ષ્ટિએ ખોટું ગણાય તેવું આચરણ
કર્યુ. 7 તેમ છતાં યહોવા દાઉદના વંશનો નાશ કરવા રાજી નહોતા, કા-
રણ, તેણે દાઉદ સાથે કરાર કરીને તેને વચન આપ્યુ હતું કે, “હું તારા
વંશનો દીવો સદાસર્વદા સળગતો રાખીશ.” 8 એના અમલ દરમ્યાન
અદોમના લોકોએ બળવો પોકાર્યો અને પોતાને યહૂદાથી સ્વતંત્ર જાહેર
કર્યા પછીથી તેઓએ પોતાની પસંદગીથી પોતાના રાજા ચુટયાં. 9 યહો-

રામે તેના લશ્કરી અધિકારીઓ અને રથો સાથે અદોમ તરફ કૂચ કરી,
અદોમીઓએ તેઓને ચારે તરફથી ઘેરી લીધા પરંતુ યહોરામે તેમના
ઉપર રાત્રે આક્રમણ કર્યુ અને પોતાના લશ્કર અને રથોની મદદથી તે-
ઓને હરાવી દીધા. યહોરામ અને તેનું લશ્કર પાછું યહૂદા ભાગી ગયું.
10 પણ આજ સુધી યહૂદાની ઝૂંસરી પોતાના પરથી ફેંકી દેવામાં અદોમ
સફળ રહ્યો હતો. પછી લિબ્નાહે પણ યહૂદા સામે બળવો કર્યો. કારણકે
યહોરામ તેના પિતૃઓના દેવ યહોવાથી દૂર ભટકી ગયો હતો. 11 યહૂદા-
ની ટેકરીઓ ઉપર સ્થાનકો બાંધ્યા હતા, યરૂશાલેમના વતનીઓ મૂર્તિ-
પૂજા કર્યા કરતા હતા. અને આખા યહૂદાને ખોટે માગેર્ ચડાવ્યું હતું.
12 ત્યારબાદ એલિયા પ્રબોધકે તેના ઉપર પત્ર લખ્યો, “તારા પિતૃ દાઉ-
દના યહોવા દેવ કહે છે: ‘તારા પિતા યહોશાફાટ અને આસા રાજા જે
સારા માગોર્ પર ચાલ્યાઁ, તે માગોર્ ઉપર તું ચાલ્યો નથી. 13 પરંતુ તું
ઇસ્રાએલના રાજાઓને પગલે ચાલ્યો છે, અને આહાબના કુટુંબે ઇસ્રા-
એલના લોકોને મારાથી વિમુખ કરી દીધા હતા તેમ તેં યરૂશાલેમના
અને યહૂદાના લોકોને મારાથી વિમુખ બનાવી દીધા છે અને તારા કરતાં
સારા એવાં તારા ભાઇઓને તેં મારી નાખ્યા છે. 14 એટલે હું તારા પર,
તારી પ્રજા પર, તારા વંશજો પર, તારી પત્નીઓ પર અને બધી મિલકત
પર ભયંકર રોગ લાવીશ. 15 તને પોતાને આંતરડાનો જીણ રોગ લાગુ
પડશે અને આખરે એ રોગને કારણે તારાં આંતરડાં બહાર નીકળી પડ-
શે.’” 16 પછી યહોવાએ કૂશીઓ વચ્ચે વસતા પલિસ્તીઓ અને આરબો-
ને યહોરામ પર ચઢાઇ કરવા ઉશ્કેર્યા. 17 તેમણે યહૂદા પર હુમલો કર્યો
અને દેશ પર આક્રમણ કર્યું અને રાજાના મહેલમાં જે કાંઇ હાથ આવ્યું,
તે બધું તેઓ લૂંટી ગયા, રાજાનાં પુત્રો અને પત્નીઓને પણ લઇ ગયા;
એક માત્ર સૌથી નાનો પુત્ર યહોઆહાઝ બચી ગયો. 18 આ બધું બની
ગયા પછી યહોવાએ તેને આંતરડાના અસાધ્ય રોગનો ભોગ બનાવ્યો.
19 બે વર્ષ સુધી તે બહુ જ પીડાયો, તેનાં આંતરડા બહાર નીકળી પડ્યાં
અને ભારે વેદના સહીને તે મૃત્યુ પામ્યો. તેની પ્રજાએ તેના પિતાના મા-
નમાં જે અગ્નિ પ્રગટાવી હતી તેવી એના માનમાં પ્રગટાવી નહિ. 20 તે
ગાદીએ આવ્યો ત્યારે તે બત્રીસ વર્ષનો હતો અને તેણે યરૂશાલેમમાં
આઠ વર્ષ રાજ કર્યુ. તે મૃત્યુ પામ્યો ત્યારે કોઇએ તેને માટે શોક કર્યો
નહિ. તેને યરૂશાલેમમાં દફનાવવામાં આવ્યો, પણ રાજાઓનાં ખાસ
કબ્રસ્તાનમાં નહિ.

22 ત્યારબાદ યરૂશાલેમનાં લોકોએ તેના સૌથી નાના પુત્ર અહા-
ઝયાને તેના પછી રાજા બનાવ્યો, કારણ, આરબો સાથે જે ધા-
ડપાડુઓએ છાવણી ઉપર હુમલો કર્યો હતો, તેમણે એના બીજા બધા
મોટા પુત્રોને મારી નાખ્યા હતા. તેથી યહોરામનો પુત્ર અહાઝયા યહૂદા-
નો રાજા થયો. 2 તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 42 વર્ષની હતી
અને તેણે યરૂશાલેમમાં એક વર્ષ રાજ્ય કર્યુ. તેણે એ જ કામ કર્યા જે
આહાબના કુટુંબીઓએ કર્યા હતા. 3 કારણકે તેની માતા તેને દુષ્ટ
સલાહ આપતી હતી. 4 તેથી તે પણ આહાબના કુટુંબને પગલે ચાલ્યો,
અને આહાબના કુટુંબની જેમ તેણે યહોવાની ષ્ટિએ અયોગ્ય ગણાય તે-
વું આચરણ કર્યુ, કારણકે આહાબના કુટુંબીઓ જ એના પિતાના અવ-
સાન પછી એને સલાહ આપતા હતા જેને પરિણામે તે પાયમાલ થયો.
5 તેઓની ભૂંડી સલાહ માનીને અહાઝયાએ ઇસ્રાએલના રાજા, યહોરામ
સાથે મિત્રતા બાંધી, યહોરામ આહાબનો પુત્ર હતો. અરામના રાજા
હઝાએલ સામે તેણે યુદ્ધ જાહેર કર્યુ હતું. અહાઝયા પણ પોતાનું સૈન્ય
લઇને આ યુદ્ધમાં સામેલ થવા રામોથ-ગિલયાદ ગયો. યહોરામ આ યુ-
દ્ધમાં ઘાયલ થયો. 6 અને તે રામોથ આગળ અરામના રાજા હઝાએલ
સાથે લડતાં પડેલાં ઘામાંથી સાજો થવા માટે પાછો ઇસ્રાએલ ચાલ્યો
ગયો, એ ઘવાયેલો હતો તેથી અહાઝયા તેની ખબર કાઢવા યિઝ્એલ
ગયો. 7 યહોરામને મળવા જવા યહોવાએ અહાઝયાએ પ્રેર્યો હતો, જેથી
તેનો વિનાશ થાય. એ મુલાકાત દરમ્યાન તે યહોરામની સાથે જઇને
નિમ્શીના પુત્ર યેહૂને પડકાર્યો, યેહૂને આહાબના કુટુંબનો નાશ કરવા
માટે યહોવાએ નિમિર્ત કર્યો હતો. 8 યેહૂ એ કામમાં રોકાયેલો હતો તેવા-
માં તેને યહૂદાના અમલદારોનો અને અહાઝયાની સેવામાં રહેતાં તેનાં
કુટુંબીઓનો ભેટો થઇ ગયો, અને તેણે તેમને મારી નાખ્યાં અને પછી તે
અહાઝયાની શોધમાં ગયો. 9 અહાઝયા સમરૂનમાં સંતાઇ ગયો હતો.
ત્યાંથી તેને પકડીને યેહૂ પાસે લઇ આવ્યા અને તેને ત્યાં મારી નાખ્યો,
તેમણે તેને દફનાવ્યો ખરો, કારણકે, તેમણે કહ્યું કે, “એ યહોવાના સા-
ચા ભકત યહોશાફાટનો વંશજ છે.”પછી અહાઝયાનુ કુટુંબ કોઇ રાજ
કરવા જેટલું બળવાન રહ્યું નહિ. 10 જ્યારે અથાલ્યાએ પોતાના પુત્ર
અહાઝયાના મૃત્યુના સમાચાર સાંભળ્યા, ત્યારે તેણીએ યહૂદાના સમગ્ર
રાજકુટુંબનો નાશ કર્યો. 11 ત્યારે રાજકુંવરી યહોશાબ સાથે અહાઝયાના
પુત્ર યોઆશને અને તેની આયાને લઇ જઇ શયનખંડમાં પૂરી દીધા.
યહોશાબ સાથે રાજા યોરામની પુત્રી અને યાજક યહોયાદાની પત્ની
હતી. તેણી અહાઝયાની બહેન પણ થતી હતી. અથાલ્યા યોઆશને
મારી ન શકી કારણકે યહોશાબ સાથે તેને સંતાડી દીધો હતો. 12 તે છ
વરસ સુધી યાજકોની સાથે યહોવાના મંદિરમાં છુપાઇ રહ્યો. તે સમય
દરમિયાન અથાલ્યા દેશ ઉપર રાજ્ય કરતી હતી.

23 અથાલ્યા રાણીના શાસનકાળના સાતમા વષેર્ યહોયાદાએ
હિંમતવાન બનીને યહોરામના પુત્ર અઝાર્યાને, યહોહાનાન પુત્ર
ઇશ્માએલને, ઓબેદનો પુત્ર અઝાર્યાને, અદાયાના પુત્ર માઅસેયાને,
તથા ઝિખ્રીના પુત્ર અલીશાફાટને, અને બીજાઓને બોલાવડાવી તેમની
સાથે કોલકરાર કર્યા. 2 તેઓએ સમગ્ર યહૂદામાં ફરીને યહૂદાના બધાં
નગરોમાં લેવીઓને તેમજ ઇસ્રાએલી કુટુંબોના વડીલ આગેવાનોને યરૂ-
શાલેમમાં એકઠા કર્યા. 3 અને એ સમગ્ર સમૂહે દેવનાં મંદિરમાં રાજા સા-
થે કરાર કર્યો.યહોયાદાએ તેમને કહ્યું, “રાજાનો કુંવર શાસન કરશે. દાઉ-
દના વંશજો જ રાજા થશે, એવું યહોવાએ વચન આપ્યું હતું તે મુજબ જ
થશે. 4 તમારે બધાએ આ પ્રમાણે કરવાનું છે: તમારી ત્રણ ટૂકડી છે. તે-
માંથી યાજકો અને લેવીઓની જેજે ટૂકડીઓ વિશ્રામવારે ફરજ પર રહે-
વાનું છે, તેણે દરવાજાની ચોકી કરવી; બીજી ટૂકડીએ રાજમહેલની ચો-
કી કરવી, 5 અને ત્રીજી ટૂકડીએ પાયાના દરવાજાની ચોકી કરવી અને
બધા લોકોએ યહોવાના મંદિરના પ્રાંગણમાં રહેવું. 6 પરંતુ યાજકો તથા
જે લેવીઓ સેવા કરતા હોય તેઓના સિવાયના કોઇએ યહોવાના મંદિ-
રમાં પ્રવેશ કરવો નહિ; ફકત તેમણે જ અંદર જવું, કારણકે તેઓ પવિત્ર
છે; પરંતુ સર્વ લોકોએ યહોવાના નિયમોનો અમલ કરવો. 7 લેવીઓએ
પોતાની તરવાર હાથમાં રાખીને રાજાની આસપાસ ગોઠવાઇ તેનું રક્ષણ
કરવું. જે કોઇ મંદિરમાં પ્રવેશવાનો પ્રયત્ન કરે તેને મારી નાખવો. રાજા
જ્યાં જાય ત્યાં તેમણે તેની સાથે રહેવું.” 8 મુખ્ય યાજક યહોયાદાની
આજ્ઞાનું લેવીઓએ તથા સર્વ યહૂદાવાસીઓએ અક્ષરશ: પાલન કર્યુ.
યાજક યહોયાદાએ સમૂહમાંથી કોઇને પણ છોડ્યા નહિ. તેથી દરેક
આગેવાન તેના માણસો સાથે આવ્યાં, તે બન્ને પ્રકારના માણસો જેઓ
વિશ્રામવારને દિવસે અંદર આવ્યા, અને જેઓ વિશ્રામવારને દિવસે
બહાર ગયા. 9 પછી યાજક યહોયાદાએ રથાધિપતિઓને રાજા દાઉદે
યહોવાના મંદિરમાં આપેલાં ભાલા અને નાની-મોટી ઢાલો વહેંચી
આપ્યાં; 10 અને એ લોકોના હાથમાં હથિયાર સાથે મંદિરની જમણી બા-
જુ અને ડાબી બાજુ સુધી વેદી અને મંદિરને ઘેરીને રાજાનું રક્ષણ કરવા
ગોઠવી દીધા. 11 ત્યારબાદ યહોયાદા રાજકુંવરને લઇ આવ્યો અને તેના
માથા ઉપર રાજમુગટ પહેરાવ્યો. પછી તેણે તેના હાથમાં નિયમશાસ્ત્ર-
ના ગ્રંથની નકલ આપી તેને રાજા જાહેર કર્યો. ત્યારબાદ, યહોયાદા અને
તેના પુત્રો દ્વારા તેનો રાજ્યાભિષેક કરાયા બાદ તેઓએ રાજા ઘણું જી-
વો ના પોકારો કર્યા. 12 જ્યારે અથાલ્યા રાણીએ, લોકોની ભાગદોડનો
અવાજ અને રાજાની સ્તુતિના પોકારો સાંભળ્યા ત્યારે શું બની રહ્યું છે
તે જોવા માટે તે મંદિરમાં દોડી આવી. 13 ત્યાં તેણે રાજાને પ્રવેશદ્વાર
આગળ મંચ ઉપર ઊભેલો જોયો. તેની પાસે લશ્કરી અધિકારીઓ અને
રણશિંગડાં વગાડનારાઓ ઊભા હતા. દેશનાં દરેક ભાગોમાંથી આવેલા
લોકો આનંદ કરીને રણશિંગડાં વગાડતા હતા. ગાયકો વાજિંત્રો સાથે
ગીતો ગાઇને દેવની સ્તુતિ કરતાં હતાં. અથાલ્યાએ પોતાનાં વસ્ત્રો ફા-
ડ્યાં અને તેણે મોટે સાદે બૂમ પાડી, “રાજદ્રોહ, રાજદ્રોહ!” 14 યાજક
યહોયાદાએ સેનાનાયકોને હુકમ કર્યો, “એને મંદિરની બહાર લશ્કરની
વચ્ચે લઇ જાઓ અને જે કોઇ એની સાથે આવે તેની હત્યા કરો.” પછી
યાજકે ચેતવણી આપતાં કહ્યું, “યહોવાના મંદિરમાં એનો વધ કરવાનો
નથી.” 15 તેથી તેઓ તેને પકડીને રાજમહેલ સુધી લઇ ગયા અને ત્યાં
“ઘોડા-દરવાજાના” પ્રવેશ દ્વાર પાસે તેનો વધ કર્યો. 16 તે પછી યહોયા-
દાએ ગંભીર કરાર કર્યો કે, તે પોતે રાજા અને લોકો યહોવાના જ બનીને
રહેશે. 17 અને પછી બધા લોકોએ બઆલને મંદિરે જઇ તેને તોડી ના-

ખ્યું; તેમણે તેની વેદીઓ અને મૂર્તિઓ ભાંગી નાખી અને યાજક મત્તા-
નને વેદીઓની સામે જ મારી નાખ્યો. 18 ત્યારબાદ મૂસાના નિયમશા-
સ્ત્રના જણાવ્યા પ્રમાણે યહોયાદાએ, યજ્ઞો અર્પણ કરવા માટે લેવીઓ-
માંથી યાજકોની નિમણૂંક કરી. દાઉદ રાજાના સમયમાં જે કુટુંબો સેવા
આપતા હતા, તેઓને એ જ સેવાઓ સોંપી. તેઓ યહોવા માટે કામ કર-
તાં આનંદથી ગીતો ગાતા હતા. 19 પછી તેણે યહોવાના મંદિરના દરવા-
જાઓ આગળ દ્વારપાળો ગોઠવી દીધા જેથી કોઇ પણ રીતે અશુદ્ધ હોય
એવો માણસ તેમાં દાખલ ન થાય. 20 ત્યારબાદ રક્ષકદળના નાયકોને,
આગળપડતા પુરુષોને, અમલદારોને તથા દેશના બધા લોકોને સાથે
લઇને રાજાને મંદિરની બહાર લઇ જવામાં આવ્યો અને પછી યહોવાનાં
મંદિરના ‘ઉપલા દરવાજાથી’ રાજમહેલમાં લઇ ગયાને તેને રાજસિંહાસન
ઉપર બેસાડ્યો. 21 દેશનાં સર્વ લોકો ખૂબ આનંદ પામ્યા હતા અને નગ-
રમાં સર્વત્ર શાંતિ વ્યાપી ગઇ હતી કારણકે રાણી અથાલ્યા મૃત્યુ પામી
હતી.

24 યોઆશ ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર સાત વર્ષની હતી.
અને તેણે યરૂશાલેમમાં ચાળીસ વર્ષ રાજ કર્યુ. તેની માતાનું
નામ સિબ્યા હતું. તે બેરશેબાની હતી. 2 યહોયાદા યાજકના જીવનકાળ
દરમિયાન યોઆશે યહોવાને પ્રસન્ન કરવા પૂરાં ઉમંગ-ઉત્સાહથી કામ
કર્યુ. 3 યહોયાદાએ બે સ્ત્રીઓ સાથે તેનાં લગ્ન કરાવ્યાં અને તેના પુત્રો
અને પુત્રીઓ થયા. 4 યોઆશે યહોવાના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું
નક્કી કર્યુ. 5 આથી તેણે યાજકોને અને લેવીઓને એકઠા કરીને કહ્યું,
“યહૂદાના ગામેગામ જઇને બધા ઇસ્રાએલીઓ પાસેથી તમારા દેવ યહો-
વાના મંદિરની મરામત માટે વાર્ષિક પૈસા ઉઘરાવો. જાઓ, જલદી કરો.”
6 પણ લેવીઓએ કામમાં વિલંબ કર્યો. આથી રાજાએ મુખ્ય યાજક
યહોયાદાને બોલાવ્યો અને કહ્યું, “તમે શા માટે યહોવાના સેવક મૂસાએ
સાક્ષ્યમંડપ માટે ઇસ્રાએલના લોકો ઉપર નાખેલાં કર અને યહૂદા અને
યરૂશાલેમમાં રહેતા લેવીઓ પાસેથી કર ઉઘરાવ્યો નથી?” 7 દુષ્ટ અથા-
લ્યાના અનુયાયીઓએ યહોવાના મંદિરને લૂંટી લીધું હતું. દેવના ભજ-
નને માટે સમર્પિત કરેલા પાત્રો મંદિરમાંથી લઇ જઇને પૂજા માટે તે-
ઓએ બઆલના મંદિરમાં મૂક્યાં હતા. 8 રાજાએ એક પેટી બનાવડાવી-
ને યહોવાના મંદિરના દરવાજા બહાર મૂકાવી. 9 અને આખા યહૂદામાં
અને યરૂશાલેમમાં લેવીઓએ એવો ઢંઢેરો પિટાવ્યો કે, યહોવાના સેવક
મૂસાએ રણમાં ઇસ્રાએલીઓ પર જે કર નાખ્યો હતો તે લોકોએ લાવવો
જોઇએ. 10 બધા આગેવાનો અને બધા લોકો ઉત્સાહપૂર્વક પૈસા લઇ
આવીને એ પેટીમાં નાખવા લાગ્યાં. 11 પેટી ભરાઇ જતી ત્યારે એ પેટી
રાજાના અમલદાર આગળ લઇને આવતા, અને જ્યારે તેમને ખાતરી
થતી કે, પેટી બરાબર ભરાઇ ગઇ છે, ત્યારે રાજાનો મંત્રી અને મુખ્ય યા-
જકનો અમલદાર આવીને તે ખાલી કરતાં અને ત્યારબાદ તેને પાછી તે-
ની જગ્યાએ લઇ જતા. રોજ આ પ્રમાણે કરવામાં આવતું અને મોટી
રકમ ભેગી થતી. 12 રાજા અને યહોયાદા એ રકમ દેવના મંદિરનાં કામ
ઉપર દેખરેખ રાખનારા અધિકારીને સોંપી દેતા, તેમણે કડિયાઓ અને
સુથારોને મંદિરના જીર્ણોદ્ધાર માટે રોક્યા. લોખંડનું અને પિત્તળનું કામ
કરનાર કારીગરોને પણ મરામત કરવા માટે રોક્યા. 13 કારીગરો કામે લા-
ગી ગયા અને તેમણે યહોવાના મંદિરના જીર્ણોદ્ધારનું કામ પૂરું કર્યુ; તે-
મણે દેવના મંદિરને પહેલાનાં જેવું મજબૂત બનાવી દીધું. 14 બધું જ
કામ પૂરું થતાં તેઓ વધેલાં નાણાં રાજાની અને યહોવાની આગળ લઇ
આવ્યા, અને તેમાંથી મંદિરમાં પૂજા માટે વાપરવાના વાસણો અને બી-
જાં સોનાચાંદીના વાસણો મંદિર માટે બનાવડાવવામાં આવ્યાં. યહોયા-
દા જીવ્યો ત્યાં સુધી મંદિરમાં હંમેશા દહનાર્પણ અપાતાં રહ્યાં. 15 યહો-
યાદા ઘરડો થયો અને એકસોને ત્રીસ વર્ષની ઉંમરે અવસાન પામ્યો.
16 અને તેને રાજાઓ ભેગો દાઉદનગરમાં દફનાવવામાં આવ્યો. કારણ,
તેણે ઇસ્રાએલમાં દેવની અને તેના મંદિરની સારી સેવા બજાવી હતી.
17 યહોયાદાના મૃત્યુ પછી યહૂદાના આગેવાનો રાજાને સલામ ભરવા
આવવા લાગ્યા અને રાજા હવે તેમની સલાહ લેતો થયો ,તેઓએ તેને
ખોટી સલાહ આપી. 18 તે આગેવાનોએ તેમના વંશજોના દેવ યહોવાનું
મંદિર છોડી દીધું અને અશેરાદેવીની, ને બીજાં દેવદેવીઓની મૂર્તિઓની
પૂજા કરવા લાગ્યા. તેમના આ દોષને કારણે યહૂદા અને યરૂશાલેમ
ઉપર યહોવાનો રોષ ઊતર્યો. 19 યહોવાએ તેમને પોતાના તરફ પાછા
લાવવા માટે તેમની વચ્ચે પ્રબોધકો મોકલ્યા. પરંતુ તેમનો સંદેશો તેમ-
ણે સાંભળ્યો નહિ. 20 પછી યહોયાદાના પુત્ર ઝખાર્યા પર દેવનો આત્મા
આવ્યો. અને તેણે લોકોની સમક્ષ ઊભા થઇને કહ્યું, “શા માટે તમે
યહોવાની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને આફત વહોરો છો? તમે યહોવાને
છોડી દીધા છે એટલે તેણે તમને છોડી દીધા છે. 21 પરંતુ તેઓ બધા તે-
ની વિરૂદ્ધ એક થઇ ગયા અને રાજાના હુકમથી તેમણે તેને મંદિરના
પ્રાંગણમાં તેના પર પથ્થર ફેંકીને મારી નાખ્યો. 22 ઝર્ખાયાના પિતા
યહોયાદાએ પોતાના પ્રત્યે બતાવેલી વફાદારીને ભૂલી જઇને રાજા યો-
આશે તેના પુત્રને મારી નાખ્યો. મરતાં મરતાં ઝર્ખાયા કહેતો ગયો કે,
“યહોવા આ જુઓ અને એનો બદલો લો!” 23 એક વર્ષ પૂરું થતાં અરા-
મીઓની સેનાએ યોઆશ ઉપર ચઢાઇ કરી. તેમણે યહૂદા અને યરૂશા-
લેમ ઉપર હુમલો કર્યો અને લોકોના બધા આગેવાનોને મારી નાખ્યા
અને લૂંટનો માલ રાજાને દમસ્ક મોકલી આપ્યો. 24 અરામીઓએ હુમલો
કર્યો ત્યારે તેમનું લશ્કર કઇં મોટું નહોતું; તેમ છતાં યહોવાએ યહૂદાની
ભારે મોટી સૈના ઉપર તેમને વિજય અપાવ્યો. કારણ, એ યહૂદાના લો-
કોએ પોતાના પિતૃઓના દેવ યહોવાનો ત્યાગ કર્યો હતો, આમ અરામી-
ઓએ યોઆશને ઘટતી સજા કરી. 25 અરામીઓ યોઆશને સખત ઘવા-
યેલી હાલતમાં મૂકી ગયા અને ત્યાર પછી તેના પોતાના અમલદારોએ
યાજક યહોયાદાના પુત્રના મૃત્યુનું વેર લેવા તેની સામે ગુપ્તયોજના ઘડી
તેને પથારીમાં જ મારી નાખ્યો. આમ તે મરણ પામ્યો અને તેને દાઉદ-
નગરમાં દફનાવવામાં આવ્યો. જો કે રાજાઓના કબ્રસ્તાનમાં તો નહિ
જ. 26 જે સેવકોએ તેની સામે કાવત્રું કરીને તેને મારી નાખ્યો હતો તેઓ
આ બધાં હતાં; ઝાબાદ અને યહોઝાબાદ. આમ્મોની શિમઆથ તે ઝા-
બાદની માતા હતી અને યહોઝાબાદની માતા તે મોઆબેણ શિમ્રીથ
હતી. 27 યોઆશનાં છોકરાની વિગતો, તેની સામે પ્રબોધકોએ ઉચ્ચારે-
લી અનેક ચેતવણીઓ, તેમજ તેણે કરાવેલી મંદિરની મરારત વગેરે વિ-
ષે રાજાઓના વૃત્તાંતના ગ્રંથમાં લખ્યું છે. તેના પછી તેનો પુત્ર અમાસ્યા
ગાદીએ આવ્યો.

25 અમાસ્યા ગાદી પર આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી.
તેણે યરૂશાલેમમાં ઓગણત્રીસ વર્ષ રાજ કર્યુ. તેની માતાનું
નામ યહોઆદાન હતું અને તે યરૂશાલેમની હતી. 2 તેણે યહોવાની
ષ્ટિએ જે યોગ્ય હતું તે કર્યું. પણ હંમેશા તે પૂરા હૃદયથી તેમ કરતો ન
હતો. 3 રાજા તરીકે તે સ્થિર થયો ત્યારે તેણે પોતાના પિતાના ખૂનીઓ-
ને મારી નાખ્યા. 4 જો કે તેણે તેઓનાં બાળકોને મારી નાખ્યા નહિ, મૂ-
સાના નિયમમાં લખેલી દેવની આજ્ઞાને તે આધીન થયો, “બાળકોના
પાપોને કારણે પિતા માર્યા ન જાય, અને પિતાના પાપોને કારણે બાળ-
કો માર્યા ન જાય, પ્રત્યેક પોતાનાં પાપની શિક્ષા ભોગવે છે.” 5 ત્યાર-
બાદ અમાસ્યાએ રાજ્યના બધા લોકોને- યહૂદાના તેમજ બિન્યામીનના
વંશના લોકોને ભેગા કર્યા, અને તેમને કુટુંબવાર હજાર હજારના અને સો
સોના નાયકો નીચે ગોઠવી દીધા. 20 વરસના અને તેની ઉપરનાની તે-
ણે ગણતરી કરી તો 3,00,000 ચુનંદા યોદ્ધાઓ થયા. તેઓ બધા ઢાલ
અને ભાલાથી યુદ્ધ કરવાને સજ્જ હતા. 6 એ પછી તેણે ઇસ્રાએલમાંથી
1,00,000 શૂરવીરોને 3,400 કિલો ચાંદી આપવાની કહીને ભાડે રા-
ખ્યા. 7 પણ એવામાં એક દેવના માણસે આવીને તેને કહ્યું, “મહારાજ,
ઇસ્રાએલી સૈનાને તમારી સાથે આવવા ન દેશો, કારણ એ એફ્રાઇમીઓ
સાથે યહોવા નથી. 8 એ લોકો જો તમારી સાથે આવશે, તો તમે ગમે તે-
ટલી ધીરતાપૂર્વક લડશો, તો પણ દેવ તમને દુશ્મનો આગળ પરાજય
અપાવશે. કારણ, જયપરાજય આપવો એ એના હાથની વાત છે.”
9 અમાસ્યાએ કહ્યું, “પણ મેં જે ચાંદી આપી છે તેનું શું?” દેવના માણસે
ઉત્તર આપ્યો, “યહોવા તને એથી પણ વિશેષ આપવાને સમર્થ છે.”
10 આથી અમાસ્યાએ એફ્રાઇમમાંથી જે સૈનિકો આવ્યા હતા તેમને જુદા
પાડીને ઘેર પાછા મોકલી દીધા. એ લોકો યહૂદા પર ભારે રોષે ભરાયા
અને ધૂંધવાતા ધૂંધવાતા ઘેર ગયા. 11 ત્યારપછી અમાસ્યા પોતાના સૈ-
ન્યને હિંમતપૂર્વક મીઠાની ખીણમાં લઇ ગયો અને ત્યાં તેણે અદોમના
10,000 માણસોને કાપી નાખ્યા. 12 યહૂદાના માણસોએ બીજા
10,000ને જીવતા કેદ પકડ્યા અને તેમને ખડકની ટોચે લાવી ત્યાંથી
હડસેલી મૂક્યા. આથી તેમના બધાના ટુકડે ટુકડા થઇ ગયા. નીચેની
ખડકો ઉપર પછડાઇને તેઓ મૃત્યુ પામ્યા. 13 આ દરમ્યાન ઇસ્રાએલના

જે સૈન્યને ઘેર મોકલી દીધું હતું, તેઓએ બેથ-હોરોનથી સમરૂન સુધીના
યહૂદાના શહેરોમાં લૂંટ ચલાવી. તેઓ 3,000 માણસોને મારી નાખીને,
મોટી લૂંટ એકત્ર કરીને ચાલ્યા ગયા. 14 અદોમીઓને હરાવીને અમાસ્યા
પાછો આવ્યો અને જે અદોમીઓના પૂતળાં સાથે લઇ આવ્યો હતો, તે-
ની તેણે પોતાના દેવો તરીકે સ્થાપના કરી, પછી તેણે તેની પૂજા કરવા-
નું અને તેમની સામે ધૂપ બાળવાનું શરૂ કર્યું. 15 આથી યહોવા તેના
ઉપર ખૂબ કોપાયમાન થયા અને તેમણે એક પ્રબોધકને તેની પાસે મો-
કલ્યો. તેણે અમાસ્યાને કહ્યું, "તમે એ લોકોના દેવો પાસેથી સલાહ શા
માટે લીધી જે દેવો પોતાના માણસોને પણ તમારા હાથમાંથી બચાવી
શક્યા નહોતા?" 16 પરંતુ રાજાએ ગુસ્સે થઇને કહ્યું, "મેં તારી સલાહ ક્યાં
માંગી છે? ચૂપ રહે, નહિ તો હું તને મારી નાખીશ." પ્રબોધકે જતાં જતાં
ચેતવણી આપી, "હું જાણું છું કે, દેવે તારો નાશ કરવાનો નિર્ણય કર્યો છે
કારણકે તેં આ મૂર્તિઓની પૂજા કરી છે, અને મારી સલાહ માની નથી."
17 એ પછી યહૂદાના રાજા અમાસ્યાએ સલાહ મસલત કરીને યેહૂના પુત્ર
યહોઆહાઝના પુત્ર યોઆશ પાસે સંદેશાવાહક મોકલી કહેવડાવ્યું કે,
"ચાલો, આપણે મોઢા મોઢ મળીએ." 18 પછી ઇસ્રાએલના રાજા યહો-
આશે (યોઆશે) એમ કહીને વળતો જવાબ મોકલ્યો કે, "લબાનોનના
એક નાનકડાં જાંખરાએ લબાનોનના દેવદારને સંદેશો મોકલ્યો, 'મારા
પુત્ર સાથે તારી પુત્રી પરણાવ.' પણ લબાનોનના એક જંગલી પશુએ
ત્યાંથી પસાર થતી વખતે પેલા જાંખરાને પોતાના પગ તળે કચડી
નાંખ્યુ.' 19 'મેં અદોમ સર કર્યુ છે' એમ તું કહે છે, અને તેથી તારું મગજ
ફાટી ગયું છે. અદોમ ઉપર વિજય મળવાથી તું ઘણો અભિમાની થઇ
ગયો છે, પણ મારી સલાહ છે કે, તું તારે ઘેર રહે અને મારી સાથે યુદ્ધ
કરીશ નહિ, રખેને તું અને સમગ્ર યહૂદા ભારે નુકશાન વહોરી લો."
20 પણ અમાસ્યાએ સાંભળ્યું નહિ. કારણકે તેઓ અદોમના દેવને ભજ-
તા હતા. લડાઇમાં યહૂદા હારી જાય એમ દેવ ઇચ્છતા હતા. તેથી જ તે-
મણે અમાસ્યાને ઇસ્રાએલ સામે લડાવ્યો. 21 માટે ઇસ્રાએલના રાજા યો-
આશે ચઢાઇ કરી; અને તે તથા યહૂદાનો રાજા અમાસ્યા યહૂદાના બેથ-
શેમેશમાં એકબીજાને સામસામે મળ્યા. 22 યહૂદાના માણસો ઇસ્રાએલ-
ના માણસોથી હારીને પોતપોતાને ઘેર ભાગી ગયા. 23 પણ ઇસ્રાએલનો
રાજા યોઆશ યહૂદાના હારી ગયેલા રાજા અમાસ્યાને કેદ કરીને યરૂશા-
લેમ લઇ ગયો. ત્યાં તેણે એફ્રાઇમના દરવાજાથી ખૂણાના દરવાજા સુ-
ધીનો 200 હાથ જેટલો યરૂશાલેમનો કોટ તોડી નંખાવ્યો. 24 વળી દેવ-
ના મંદિરમાંથી જે બધું સોનું-ચાંદી તથા જે સર્વ પાત્રો તેને મળ્યા હતાં,
તે લઇને તે સમરૂન પાછો ફર્યો. આ બધી વસ્તુઓ ઓબેદ-એદોમના
તાબામાં હતી-તે રાજાના મહેલમાંથી પણ સંપત્તિ લઇ આવ્યો હતો અને
થોડા કેદીઓને પણ સમરૂન પાછા લાવ્યો હતો. 25 ઇસ્રાએલના રાજા
યહોઆહાઝના પુત્ર યહોઆશના મૃત્યુ પછી યહૂદાના રાજા યોઆશનો
પુત્ર અમાસ્યા 15 વર્ષ જીવ્યો. 26 અમાસ્યાનાં બાકીના કૃત્યો પહેલેથી
તે છેલ્લે સુધી યહૂદાના તથા ઇસ્રાએલના રાજાઓના પુસ્તકમાં નોંધેલા
છે. 27 અમાસ્યા યહોવાનું અનુકરણ ન કરતાં અવળે માગેર્ ચાલવા લા-
ગ્યો તે સમયથી યરૂશાલેમમાં લોકોએ તેની વિરૂદ્ધ બંડ કર્યું. તેથી તે
લાખીશ ભાગી ગયો, પણ લાખીશ સુધી તેનો પીછો કરવામાં આવ્યો
અને તેને ત્યાં જ ઠાર કરવામાં આવ્યો. 28 ત્યારબાદ તેનો મૃતદેહ ઘોડા
ઉપર યરૂશાલેમ લાવવામાં આવ્યો અને ત્યાં દાઉદના નગરમાં તેના
પિતૃઓ ભેગો દફનાવવામાં આવ્યો.

26 યહૂદાના બધા લોકોએ 16 વર્ષની ઉંમરના થયેલા ઉઝિઝયાને
પસંદ કર્યો અને તેને તેના પિતા અમાસ્યા પછી રાજા બનાવ્યો.
2 અમાસ્યાના અવસાન પછી ઉઝિઝયાએ એલોથ યહૂદા માટે પાછું મે-
ળવ્યું અને તેને ફરી બંધાવ્યું. 3 યરૂશાલેમમાં તેણે 52 વર્ષ રાજ કર્યું; તે-
ની માતા યખિલ્યા યરૂશાલેમની વતની હતી. 4 તે પોતાના પિતા અમા-
સ્યાને માગેર્ ચાલ્યો, અને યહોવાની ષ્ટિમાં તે સારો રાજા હતો. 5 ઝખા-
ર્યાની હયાતીમાં ઉઝિઝયા દેવને પ્રસન્ન કરવા હંમેશા આતુર હતો. ઝખા-
ર્યાએ લોકોને દેવની સેવા કરવાનો સાચો રસ્તો બતાવ્યો હતો. જ્યારે
રાજા દેવના માગેર્ ચાલ્યો; ત્યારે દેવે તેને સફળતા આપી. 6 તેણે પલિ-
સ્તીઓ ઉપર ચઢાઇ કરી ગાથ, યાબ્નેહ અને આશ્દોદની દીવાલો તોડી
પાડી અને તેણે આશ્દોદની નજીક અને પલિસ્તીઓના બાકીના પ્રદેશ-
માં શહેરો બંધાવ્યાં. 7 દેવે તેને પલિસ્તીઓ, ગૂર-બઆલમાં વસતા
આરબો અને મેઉનીઓની વિરુદ્ધ મદદ કરી. 8 આમ્મોનીઓ ઉઝિઝયા-
ને ખંડણી ભરવા લાગ્યા. તેની કીતિર્ ઠેઠ મિસરની સરહદ લગી ફેલાઇ,
કારણ, તે ખૂબ બળવાન બની ગયો હતો. 9 એ ઉપરાંત તેણે યરૂશાલેમ-
માં 'ખૂણાના દરવાજા,' ખીણના દરવાજા અને કિલ્લા દરવાજા પાસે અને
દીવાલનાં વળાંક પાસે બુરજો બંધાવ્યા. 10 તેણે રણમાં પણ બુરજો
બંધાવ્યા અને અનેક કૂવાઓ ખોદાવ્યા, કારણ, તેની પાસે નીચાણના
પ્રદેશમાં તેમજ ઉચ્ચ પ્રદેશમાં ઘણાં ઢોરો હતાં. તેને ખેતીવાડીનો શોખ
હતો, એટલે એણે દ્રાક્ષવાડીઓ ઉગાડનાર અને ફળદ્રૂપ ભૂમિમાં અને
પર્વતીય પ્રદેશોમાં કામ કરનાર ખેડૂતો રાખ્યા હતા. 11 ઉઝિઝયા પાસે
યુદ્ધ માટે સજ્જ તાલીમ પામેલી સેના હતી, અને મહામંત્રી યેઇએલ અને
અધિકારી માઅસેયાએ રાજાના એક સેનાપતિ હનાન્યાના હાથ નીચે
તૈયાર કરેલી યાદી પ્રમાણે તેની ટૂકડીઓ પાડવામાં આવી હતી. 12 સે-
નાનાયકોની કુલ સંખ્યા 2,600 હતી. 13 તેમના નેતૃત્વ હેઠળ
3,07,500 સૈનિકોનું તાલિમબદ્ધ સૈન્ય હતું અને તે દુશ્મનો સામે રાજા-
નું રક્ષણ કરતું હતું. 14 ઉઝિઝયાએ આખા સૈન્ય ને ઢાલો, ભાલાઓ, ટો-
પાઓ, બખ્તરો, ધનુષ્ય અને ગોફણો માટે પથ્થરો આપ્યાં હતા. 15 કુ-
શળ શોધકોએ શોધેલાં યુદ્ધના નવાં યંત્રોનું ઉઝિઝયાએ યરૂશાલેમમાં
ઉત્પાદન કર્યુ. આ યંત્રો બુરજો પરથી અને દીવાલોને ખૂણેથી બાણો
અને મોટા કદનાં પથ્થરો ફેંકવા માટે ઉપયોગી હતા. તેની કીતિર્ ઘણે
દૂર સુધી ફેલાઇ ગઇ. તેને ઘણી બધી મદદ મળી અને તે એક સાર્મથ્ય-
વાન રાજા બની ગયો. 16 પણ જેમ જેમ તેનું બળ વધતું ગયું, તેમ તેમ
તે અભિમાની બનતો ગયો અને તેમાંથી તેનો વિનાશ થયો. તેણે ધૂપ-
ની વેદી ઉપર ધૂપ ચઢાવવા માટે યહોવાના મંદિરમાં પ્રવેશ કરીને યહો-
વાનો ગુનો કર્યો. 17 યાજક અઝાર્યાએ યહોવાના 80 બહાદુર યાજકો
સાથે રાજા ઉઝિઝયાની પાછળ પાછળ જઇ તેને રોકીને કહ્યું, 18 "ઉઝિ-
ઝયા, યહોવાને ધૂપ ચઢાવવાનો તમને અધિકાર નથી. તે અધિકાર તો
એ સેવા માટે પવિત્ર બનાવવામાં આવેલ હારુનના વંશજોને જ છે.
પવિત્ર સ્થાનમાંથી બહાર નીકળો. તમે યહોવાનો ગુનો કર્યો છે. હવે
યહોવા દેવ તરફથી તમને સન્માન મળશે નહિ." 19 એટલે ઉઝિઝયાને
ક્રોધ ચઢયો; તેના હાથમાં ધૂપ કરવા માટે ધૂપદાન હતું; યાજકો પર તે
કોપાયમાન થયો હતો, એટલામાં ધૂપવેદીની પાસે યહોવાના મંદિરમાં
યાજકોના દેખતાં તેના કપાળમાં કોઢ ફૂટી નીકળ્યો. 20 મુખ્ય યાજક
અઝાર્યા અને બીજા યાજકોએ તેના તરફ જોયું તો તેના કપાળ પર કોઢ
જણાયો, અને તેને એકદમ મંદિરની બહાર હડસેલી મૂક્યો. યહોવાએ
તેને સજા કરી હતી. તેથી તે પોતે પણ બહાર જવા માટે આતુર હતો.
21 પોતાના મૃત્યુ સુધી ઉઝિઝયા કોઢી જ રહ્યો અને એકાંતવાસમાં જી-
વ્યો. તે મંદિરથી અને પોતાના લોકોથી અલગ કરાયેલો હતો. તેના પુત્ર
યોથામે રાજાનો વહીવટ સંભાળી લીધો અને દેશના લોકોનો ન્યાય કર-
વાનું કામ કર્યુ. 22 ઉઝિઝયાના રાજ્યના બીજા બનાવો પરથી પહેલેથી
છેલ્લે સુધી પ્રબોધક યશાયા-આમોસના પુત્રએ નોંધેલું છે. 23 ઉઝિઝયા
પોતાના પિતૃઓની સાથે ઊંઘી ગયો; અને તે કોઢિયો છે એમ કહીને તે-
ઓએ તેને રાજાઓના કબ્રસ્તાન પાસેના ખેતરમાં તેના પિતૃઓની સાથે
ન દફનાવતાં પાસેના ખેતરમાં તેને દફનાવ્યો; પછી તેનો પુત્ર યોથામ
નવો રાજા બન્યો.

27 યોથામ ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી અને
તેણે યરૂશાલેમમાં 16 વર્ષ રાજ્ય કર્યુ. તેની માતાનું નામ યરૂશા
હતું. અને તે સાદોકની પુત્રી હતી. 2 તેના પિતા ઉઝિઝયાએ જે સઘળું
કર્યુ હતું તે પ્રમાણે તેણે યહોવાની ષ્ટિમાં જે સારું હતું તે કર્યુ; પરંતુ
યહોવાના મંદિરમાં તે જતો નહિ; પણ લોકોએ ષ્ટ કાર્યો કરવાનું ચાલુ
રાખ્યું. 3 તેણે યહોવાના મંદિરનો ઉપલો દરવાજો બંધાવ્યો અને ઓફે-
લના કોટનું ઘણું બાંધકામ કરાવ્યું. 4 તેણે યહૂદાના પહાડી પ્રદેશમાં
નગરો બંધાવ્યાં અને જંગલોમાં કિલ્લાઓ અને બુરજો ચણાવ્યાઁ. 5 તેણે
આમ્મોનીઓના રાજા સાથે યુદ્ધ કરી તેને હરાવ્યો, અને તે વરસે
આમ્મોનીઓએ તેને 3,400 કિલો ચાંદી, 10,000 માપ ઘઉં, તથા
10,000 માપ જવ સતત ત્રણ વર્ષ સુધી તેને આપતાં રહ્યાં. 6 યોથામ
પોતાના બધા નિર્ણયો દેવના માર્ગોને અનુસરીને લેતો હતો. તેથી તે
ઘણો બળવાન બનવા પામ્યો. 7 યોથામના રાજ્યના બીજા બનાવોની,
તેના બધા યુદ્ધોની અને તેના રાજ્યવહીવટની નોંધ ઇસ્રાએલ અને યહૂ-

દાના રાજાઓના વૃત્તાંતમાં લેવામાં આવેલી છે. 8 તે જ્યારે ગાદીએ
આવ્યો ત્યારે તેની ઉંમર 25 વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં 16
વર્ષ શાસન કર્યું. 9 ત્યાર પછી તે પિતૃલોકને પામ્યો અને તેને દાઉદન-
ગરમાં દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર આહાઝ ગાદીએ
આવ્યો.

28 આહાઝ જ્યારે રાજા બન્યો ત્યારે તેની ઉંમર 20 વર્ષની હતી;
અને તેણે યરૂશાલેમમાં 16 વર્ષ રાજ્ય કર્યું. 2 પોતાના પિતૃ દા-
ઉદની જેમ યહોવા પ્રસન્ન થાય એવું આચરણ કરવાને બદલે તે ઇસ્રાએ-
લના રાજાઓને પગલે ચાલ્યો અને તેણે બઆલદેવોની મૂર્તિઓ પણ
ઢળાવી. 3 તેણે બેનહિન્નોમની ખીણમાં ધૂપ બાળવા શરુ કર્યા. અને
ઇસ્રાએલીઓના પ્રવેશ પહેલાં યહોવાએ જે પ્રજાઓને હાંકી કાઢી હતી,
તેમના ધૃણાજનક રિવાજોને અનુસરીને પોતાના પુત્રોને પણ બલી
તરીકે અગ્નિમાં હોમી દીધા. 4 તેણે પર્વતો પર આવેલાં ઉચ્ચસ્થાનકોમાં
અને પર્વત ઉપરના પ્રત્યેક લીલા વૃક્ષ નીચે યજ્ઞો કરીને ધૂપ બાળ્યાં.
5 આથી યહોવા તેના દેવે તેને અરામીઓના રાજાના હાથમાં સોંપી દી-
ધો; તેઓએ તેના લશ્કરને હરાવ્યું અને તેની પ્રજામાંથી ઘણા માણસોને
બંદીવાન કરી દમસ્ક લઇ ગયા. યહોવાએ તેને ઇસ્રાએલના રાજા પેકાહ
દ્ધારા હરાવ્યો. પેકાહ રમાલ્યાનો પુત્ર હતો. 6 ઇસ્રાએલનો રાજા પેકાહ જે
રમાલ્યાનો પુત્ર હતો. તેણે એક જ દિવસમાં 1,20,000 શૂરવીર યોદ્ધા-
ઓને કાપી નાખ્યા. કારણકે તેમણે તેમના પિતૃઓના દેવ યહોવાની
અવજ્ઞા કરી હતી. 7 એફ્રાઇમના શૂરવીર ઝિખ્રીએ રાજાના કુંવર માઅસે-
નાહને અને રાજમહેલના કારભારી હાઝ્ ીકામને તેમજ રાજાના મુખ્ય-
મંત્રી એલ્કાનાહને મારી નાખ્યા. 8 ઇસ્રાએલીઓના લશ્કરે પોતાના જા-
તભાઇઓમાંથી 2,00,000 સ્ત્રીઓ અને બાળકોને કેદ પકડ્યાં, ઉપ-
રાંત, પુષ્કળ લૂંટનો માલ પણ કબ્જે કરી, તેઓ સમરૂન લઇ આવ્યા.
9 ત્યાં ઓદેદ નામે યહોવાનો એક પ્રબોધક રહેતો હતો. તે સમરૂન પાછા
ફરતાં ઇસ્રાએલી લશ્કરને મળવા ગયો અને તેણે કહ્યું, “યહોવા તમારા
પિતૃઓના દેવ યહૂદાના લોકો ઉપર ક્રોધે ભરાયા હતા અને તેથી તેણે
તેમને તમારા હાથમાં સોંપી દીધા, પણ તમે તેમને મારી નાખીને, દેવને
તમારા ઉપર ગુસ્સે કર્યા છે. 10 અને હવે તમે યહૂદા અને યરૂશાલેમમાં
સ્ત્રીપુરુષોને તમારાં ગુલામ બનાવવા માંગો છો. તમારા દેવ યહોવાની
આગળ તમે લોકો ક્યાં ઓછા ગુનેગાર છો? 11 માટે હવે મારું કહેવું
સાંભળો, આ તમારા સગાઓને તેઓનાં ઘરે પાછાં મોકલી આપો, કાર-
ણકે યહોવાનો ઉગ્ર કોપ તમારા ઉપર છે. 12 ત્યારબાદ કેટલાક એફ્રાઇ-
મી આગેવાનો યોહાનાનનો પુત્ર અઝાર્યા, મશિલ્લેમોથનો પુત્ર બેરેખ્યા,
શાલ્લુમનો પુત્ર હિઝિક્યા અને હાદલાઇનો પુત્ર અમાસા યુદ્ધમાંથી પાછા
ફરતા ઇસ્રાએલી માણસોની સામે ગયા. 13 અને તેમને કહ્યું, “તમે આ
કેદીઓને અમારા દેશમાં લાવશો નહિ. તમે જે કરવા માંગો છો એથી
અમે યહોવા આગળ ગુનેગાર ઠરીશું, અને અમારા પાપોમાં વધારો થશે.
આમ પણ અમારા ગુના ઓછા નથી. અને યહોવાનો ભયંકર રોષ ઇસ્રા-
એલ ઉપર ઝઝૂમે છે.” 14 આથી લશ્કરના માણસોએ કેદીઓ અને લૂંટ-
નો સામાન અમલદારોને અને ભેગા થયેલા લોકોને સોંપી દીધો.
15 પછી અગાઉ જણાવેલ ચાર આગેવાનોએ લૂંટમાંથી કપડાં લઇને
બંદીવાનોમાંથી જે સ્ત્રીઓ અને બાળકોને જરૂર હતી ,તેઓને તે પ્રમાણે
વહેંચી આપ્યા, તેમજ પગરખાં, ખોરાક અને દ્રાક્ષારસ પણ આપ્યાં,
વળી જેઓ બીમાર અને વૃદ્ધ હતા તેઓને ગધેડા ઉપર બેસાડીને ખજૂ-
રીઓનાં નગર યરીખોમાં તેઓનાં કુટુંબ પાસે લઇ ગયા. પછી બંદીવાનો
સાથે ગયેલી ટૂકડી સમરૂન પાછી ફરી. 16 એ વખતે રાજા આહાઝે
આશ્શૂરના રાજાને પોતાની વહારે આવવા કહેવડાવ્યું. 17 કારણ, અદો-
મીઓ ફરી એકવાર યહૂદા ઉપર ચઢી આવ્યા અને ઘણા લોકોને બંદી-
વાન તરીકે પકડી ગયા. 18 પલિસ્તીઓએ પણ નીચાણના પ્રદેશોમાં તે-
મજ દક્ષિણનાં શહેરો ઉપર હુમલો કર્યો અને આજબાજુના ગામડાઓ
સહિત બેથ-શેમેશ, આયાલોન, ગદેરોથ, સોખો તેમજ તિમ્નાહ અને ગિ-
મ્ઝો કબજે કર્યા, અને તેમાં વસવાટ કર્યો. 19 આહાઝ યહૂદાના લોકોને
પાપ કરવા માટે પ્રોત્સાહન આપતો હતો. અને તે યહોવાને વફાદાર
રહ્યો નહોતો એટલે યહોવાએ યહૂદાના લોકોને નીચા પાડ્યા.
20 આશ્શૂરનો રાજા તિગ્લાથ-પિલ્નેસેર આવ્યો ખરો પણ તેને મદદ કર-
વાને બદલે તેણે તેને ઘેરો ઘાલ્યો. 21 આહાઝે યહોવાના મંદિરને, રાજ-
મહેલ અને પોતાના અમલદારોનાં ઘરોને લૂંટીને એ લૂંટનો માલ આશ્શૂ-
રના રાજાને આપ્યો પણ કશું વળ્યું નહિ. 22 અતિ સંકટના આ સમયે
રાજા આહાઝ વધુને વધુ પાપ કરતો ગયો. 23 દમસ્કના સૈન્યે તેને હાર
આપી હતી, તેથી તેણે તેઓના દેવના બલિદાનો કર્યા, તેણે માન્યું કે
જો એ દેવોએ અરામના રાજાઓને સહાય કરી તો આ બલિદાનો ચઢાવ-
વાને લીધે એ દેવો મારી પણ મદદ કરશે.” પણ તેમ કરવાથી ઊલટું તે-
નું અને યહૂદીયાના લોકોનું મોટું નુકશાન થયું. 24 આહાઝે યહોવાના
મંદિરમાં વાસણો ભાંગી નાખ્યા, અને યહોવાના મંદિરના બારણાં બંધ
કરી યરૂશાલેમમાં શેરીએ શેરીએ બીજા દેવોની વેદી ચણાવી, 25 અને
યહૂદાના એકે એક ગામમાં તેમને ધૂપ ચઢાવવા ટેકરી પરનાં સ્થાનકો
ઊભાં કર્યા; અને એમ કરીને પોતાના પિતૃઓના દેવ યહોવાનો રોષ
વહોરી લીધો. 26 તેના રાજ્યના બીજા બનાવો અને તેના જીવનની વિ-
ગતો યહૂદા અને ઇસ્રાએલના રાજાઓનાં વૃત્તાંતમાં નોંધેલી છે. 27 પછી
આહાઝ પિતૃલોકને પામ્યો અને તેને યરૂશાલેમમાં દફનાવવામાં
આવ્યો, પરંતુ તેને રાજાઓના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યો નહિ,
તેના પછી તેનો પુત્ર હિઝિક્યા ગાદી પર આવ્યો.

29 પચીસ વર્ષની ઉંમરે હિઝિક્યા યહૂદાનો રાજા બન્યો અને તેણે
યરૂશાલેમમાં 29 વર્ષ રાજ્ય કર્યુ. તેની માતાનું નામ અબિયા
હતું. તે ઝખાર્યાની પુત્રી હતી. 2 હિઝિક્યાએ પોતાના પિતૃ દાઉદની જેમ
યહોવાની ષ્ટિએ યોગ્ય ગણાય એવું આચરણ કર્યું. 3 તેના શાસનના
પહેલા વર્ષના પહેલા મહિનામાં તેણે યહોવાના મંદિરના બારણા ખોલી
નાંખ્યાં અને તેમની મરામત કરાવી. 4 ત્યારબાદ તેણે યાજકોને અને લે-
વીઓને બોલાવીને પૂર્વ તરફના ચોકમાં ભેગા કરી કહ્યું, 5 “લેવીઓ,
મારી વાત સાંભળો; અત્યારે તમે વિધિપૂર્વક દેહશુદ્ધિ કરો, અને તમારા
પિતૃઓના દેવ યહોવાના મંદિરની પણ શુદ્ધિ કરો, અને એ પવિત્રધામ-
માં જે કઇં ગંદવાડ પેસી ગયો છે તે બધો હઠાવી દો. 6 આપણા પિતૃ-
ઓએ ઉલ્લંઘન કર્યુ છે. અને તેમણે આપણા દેવ યહોવાની ષ્ટિએ ખરાબ
ગણાય એવું વર્તન કર્યું છે. તેમણે તેનો ત્યાગ કર્યો હતો, અને તેના
મંદિરથી વિમુખ થઇ ગયાં હતાં. 7 તેમણે મંદિરના દરવાજા બંધ કરી દી-
ધા હતા, દીપ ઓલવી નાખ્યા હતા, અને ઇસ્રાએલના દેવના પવિત્ર-
સ્થાનમાં ધૂપ કે દહનાર્પણ ચઢાવવાનું બંધ કરી દીધું હતું. 8 આથી
યહોવાનો કોપ યહૂદા અને યરૂશાલેમ ઉપર ઉતર્યો છે અને તેણે, તમે
જુઓ છો તેમ, તેમના એવા હાલ કર્યા છે કે જેઓ તેમની સામે જુએ છે,
તેઓ તેની સામે સ્તબ્ધતાથી હાંફે છે. 9 આ કારણે આપણા પિતૃઓ યુ-
દ્ધમાં માર્યા જાય છે. અને આપણા પુત્રો, પુત્રીઓ અને પત્નીઓ બંદી-
વાન બન્યાં છે. 10 હવે મેં ઇસ્રાએલના યહોવા દેવ સાથે કરાર કરવાનો
નિશ્ચય કર્યો છે, જેથી તેનો ભયંકર રોષ આપણા ઉપરથી ઊતરી જાય,
11 માટે, મારા પુત્રો, વખત બગાડશો નહિ, કારણ, યહોવાએ તેની સેવા
કરવા માટે અને તેને ધૂપ આપવા માટે તમને જ પસંદ કર્યાં છે.” 12 ત્યા-
રબાદ કામ કરવા માટે લેવીઓ આગળ આવ્યા; કહાથના કુટુંબમાંથી
અમાસાયનો પુત્ર માહાથ, તથા અઝાર્યાનો પુત્ર યોએલ, મરારીના કુ-
ટુંબોમાંથી: આબ્દીનો પુત્ર કીશ તથા યહાલ્લેલએલ નો પુત્ર અઝાર્યા; ગે-
શોર્નીઓના કુટુંબમાંથી ઝિમ્માહનો પુત્ર યોઆહ, તથા યોઆહનો પુત્ર
એદેન; 13 અલીસાફાનના વંશજોમાંથી શિમ્રી તથા યેઉએલ; આસાફના
વંશજોમાંના ઝખાર્યા તથા માત્તાન્યા; 14 હેમાનના વંશજોમાંના યહૂએલ
અને શિમઇ; યદૂથૂનના વંશજોમાના શમાયા તથા ઉઝઝીએલ, 15 તે-
ઓએ પોતાના ભાઇઓને ભેગા કર્યા, ને પોતાને પવિત્ર કરીને તેઓ
યહોવાના વચનથી રાજાની આજ્ઞા પ્રમાણે યહોવાના મંદિરને શુદ્ધ કર-
વા સારુ અંદર ગયા, 16 યાજકો યહોવાના મંદિરના અંદરના ભાગમાં
સાફસૂફ કરવા ગયા, ને જે સર્વ કચરો યહોવાના મંદિરમાંથી તેઓને
મળ્યો તે તેઓ યહોવાના મંદિરના આંગણામાં બહાર લાવ્યા, અને લે-
વીઓ તે કચરો કિદ્રોન નાળા આગળ બહાર લઇ ગયા. 17 તેમણે પહેલા
મહિનાના પહેલા દિવસે શુદ્ધિનો વિધિ શરૂ કર્યો આઠમે દિવસે તેઓ
યહોવાના મંદિરની પરસાળે પહોંચ્યા. ત્યારબાદ આઠ દિવસ સુધી તે-
મણે મંદિરની શુદ્ધિ કરી અને પહેલા મહિનાના સોળમા દિવસે કામ પૂરું
કર્યુ. 18 ત્યારબાદ તેમણે રાજમહેલમાં જઇ રાજા હિઝિક્યાને કહ્યું, “અમે
દહનાર્પણ ચઢાવવાની વેદી અને તેને લગતાં સાધનો, તેમજ ધરાવેલી
રોટલી મૂકવાના બાજઠ અને તેને લગતાં સાધનો સહિત આખું મંદિર

શુદ્ધ કર્યુ છે. 19 વળી રાજા આહાઝ ધર્મષ્ટ થઇ ગયો હતો ત્યારે તેણે
હઠાવી દીધેલાં બધાં પૂજાના સાધનો અમે પાછા લાવી શુદ્ધ કર્યા છે, તે
બધાં અત્યારે યહોવાની વેદી આગળ મૂકેલાં છે.” 20 બીજે દિવસે સવારે
રાજા હિઝિક્યાએ શહેરના અમલદારોને ભેગા કર્યા અને તેમને સાથે
લઇને તે યહોવાને મંદિરે ગયો. 21 એ લોકો સાત બળદ, સાત મેંઢા અને
સાત ઘેટા, સાત નર બકરાંને રાજ્યને માટે, પવિત્રસ્થાન માટે અને યહૂ-
દા માટે પાપાર્થાપણ તરીકે લઇ આવ્યા અને રાજાએ હારુનના વંશજોને
અર્થાત્ યાજકોને યહોવાની વેદી ઉપર બલિદાન અર્પણ કરવા જણા-
વ્યું. 22 આથી યાજકોએ બળદોને વધેર્યા અને તેમનું લોહી વેદી પર
છાંટયું. ત્યારબાદ તેણે ઘેટાંઓને વધેર્યા અને તેનું લોહી વેદી પર છાંટ-
યું. પછી નર બકરાઁ વધેરી તેમનું લોહી વેદી ઉપર છાંટયું. 23 ત્યારબાદ
યાજકો દ્વારા પ્રાયશ્ચિતના બલિના બકરાને રાજાની અને સભાની સમક્ષ
લાવવામાં આવ્યા. અને તેમણે તેમના ઉપર હાથ મૂક્યા. 24 યાજકોએ
તેમનો વધ કરી તેમનું લોહી સમગ્ર ઇસ્રાએલના પાપના પ્રાયશ્ચિત રૂપે
વેદી ઉપર છાંટયું. રાજાનું એવું ફરમાન હતું કે, આખા ઇસ્રાએલ તરફથી
દહનાર્પણ તેમજ પાપાર્થાર્પણ બંને ચઢાવવા. તે મુજબ આ થયું.
25 યહોવાના મંદિરમાં રાજાએ લેવીઓને ઝાંઝો, સિતારો, અને વીણાઓ
આપી હતી, આ વ્યવસ્થા દાઉદ તથા ષ્ટા ગાદ અને નાથાન પ્રબોધ-
કોએ ઠરાવ્યા મુજબની હતી, આ માટે તેઓને પ્રબોધકો દ્વારા યહોવા
તરફથી સૂચનાઓ મળી હતી. 26 લેવીઓ પાસે દાઉદનાં વાજિંત્રો હતા.
અને યાજકો પાસે રણશિંગડાં હતા. 27 એટલે હિઝિક્યાએ વેદી ઉપર
દહનાર્પણ ચઢાવવાનો હુકમ કર્યો; અને દહનાર્પણ ચઢાવવાનું શરૂ
થતાં જ યહોવાની સ્તુતિ પણ શરૂ થઇ અને તેની સાથે જ ઇસ્રાએલના
રાજા દાઉદના વાજિંત્રો સહિત રણશિંગડા પણ વાગી ઊઠયાં. 28 સમગ્ર
સભાએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા, સંગીતકારો ગાવા લાગ્યા. અને રણ-
શિંગડા વગાડનારાઓએ રણશિંગડા ફૂંક્યા, 29 દહનાર્પણ આપવાનું પૂ-
રું થયું અને રાજા અને સમગ્ર સભાએ સાષ્ટાંગ નમસ્કાર કરીને આરાધ-
ના કરી. 30 અને રાજા હિઝિક્યાએ તથા તેના અમલદારોએ લેવીઓને
દાઉદ અને પ્રબોધક આસાફે રચેલાં યહોવાનાં સ્તોત્રો ગાવા આજ્ઞા કરી.
આથી તેમણે ઉલ્લાસપૂર્વક સ્તોત્રો ગાયાં અને સાષ્ટાંગ નમસ્કાર કરી દે-
વનું ભજનકર્યું. 31 ત્યારબાદ હિઝિક્યાએ કહ્યું, “હવે તમે યહોવાની સે-
વાને સમપિર્ત થયા છો. આગળ આવો, અને યહોવાના મંદિર માટે હો-
મબલિ અને આભારના બલિ લઇ આવો.” આથી સભાજનો હોમબલિ
અને આભારના બલિ લઇ આવ્યા, અને જેમની ઇચ્છા હતી તેઓ દહ-
નાર્પણો લઇ આવ્યા. 32 સભાજનો જે દહનાર્પણો લાવ્યા હતા તેમાં 70
બળદો, 100 ઘેટાં, અને 200 લવારાં હતા; આ યહોવાના હોમબલિના
પશુ હતા. 33 વળી ઉપકારાર્થાર્પણ તરીકે 600 બળદ તથા 300 ઘેટાં
ચઢાવવામાં આવ્યાં, 34 પણ યાજકો ઓછા હોવાથી એ સર્વ દહનાર્પણો
તેઓ ઉતરડી શક્યા નહિ, માટે તેઓના ભાઇ લેવીઓએ એ કામ પૂરું
થતાં સુધી તથા યાજકોએ પોતાને પવિત્ર કર્યા ત્યાં સુધી તેઓને મદદ
કરી; કેમ કે પોતાને પવિત્ર કરવા વિષે યાજકો કરતાં લેવીઓ વધારે કા-
ળજી રાખતાં હતા. 35 વળી દહનાર્પણો, શાંત્યર્પણો અને પેયાર્પણો
પણ પુષ્કળ હતા. એ પ્રમાણે યહોવાના મંદિરની સેવા કરવાની વ્યવ-
સ્થા કરવામાં આવી. 36 આ રીતે ફરી યહોવાના મંદિરમાં ઉપાસના ચાલુ
કરવામાં આવી અને હિઝિક્યા અને બધા લોકો ખૂબ આનંદમાં આવી
ગયા. કારણકે બધું ખૂબ જલ્દી બની ગયું.

30 એ પછી હિઝિક્યાએ સમગ્ર ઇસ્રાએલના અને યહૂદાના લોકોને
સંદેશો મોકલ્યો અને એફ્રાઇમ અને મનાશ્શાના લોકોને પત્રો
લખ્યા અને તેમને ઇસ્રાએલના દેવ યહોવાના માનમાં પાસ્ખાનું પર્વ
ઉજવવા યરૂશાલેમમાં યહોવાના મંદિરમાં આવવા જણાવ્યું. 2 રાજા, તે-
ના અધિકારીઓ અને યરૂશાલેમના લોકોએ નિર્ણય કર્યો કે વર્ષના બી-
જા મહિનામાં, પાસ્ખાપર્વ ઉજવવો. 3 પરંતુ પૂરતી સંખ્યામાં યાજકો
પવિત્ર થયા ન હતા, અને યરૂશાલેમમાં ઘણા લોકો નહોતા, તેથી તેઓ
પ્રથમ મહિનામાં સમયસર પાસ્ખા પર્વ ઉજવી ન શક્યા. 4 આ કરાર રા-
જાને તેમજ સમગ્ર સભાને સ્વીકાર્ય હતો. 5 આથી એવું નક્કી કરવામાં
આવ્યું કે દાનથી તે બેર-શેબા સુધી સમગ્ર ઇસ્રાએલમાં એવો ઢંઢેરો કરા-
વવો કે, બધા લોકોએ ઇસ્રાએલના દેવ યહોવાના માનમાં પાસ્ખાનું પર્વ
ઉજવવા માટે યરૂશાલેમ આવવું, કારણ, બહુ ઓછા માણસોએ નિયમ-
શાસ્ત્રમાં લખેલી સૂચનાઓ મુજબ ઉજવ્યું હતું. 6 રાજાના અને તેના
અમલદારોના પત્રો લઇને કાસદો સમગ્ર ઇસ્રાએલમાં અને યહૂદામાં
પહોંચી ગયા. રાજાની આજ્ઞા પ્રમાણે કહ્યું કે,હે ઇસ્રાએલ પુત્રો, તમો
ઇબ્રાહિમ, ઇસહાક અને ઇસ્રાએલના દેવ યહોવા પ્રત્યે પાછા વળો, જે-
થી આશ્શૂરના રાજાઓના પંજામાંથી તમારામાંના જે બચી ગયા છે, તે-
મના પ્રત્યે યહોવા પાછો વળે. 7 તમારા પૂર્વજોએ- વડીલો અને દેશ-
બંધુઓ જેવા થશો નહિ; એમણે તો પોતાના પિતૃઓના દેવ યહોવાનો
દ્રોહ કર્યો હતો અને યહોવાએ તેમને વિનાશના મોંમા સોંપી દીધા હતા
તે તમે જોયું છે; 8 હવે તમે અમારા પિતૃઓના જેવા હઠીલા થશો નહિ.
યહોવાને તાબે થાઓ. સદાને માટે એણે જેને પવિત્ર કર્યું છે તે પરમપ-
વિત્રસ્થાનમાં આવો, તમારા દેવ યહોવાની સેવા કરો, જેથી તેનો રોષ
તમારા ઉપરથી ઊતરી જાય. 9 જો તમે સાચા દિલથી યહોવા તરફ પાછા
વળશો તો, તમારા દેશબંધુઓ અને તમારા પુત્રો ઉપર તેમને બાન પક-
ડનારાઓ દયા કરશે અને તેઓ પાછા આ ભૂમિમાં આવી શકશે, કારણ,
તમારો દેવ યહોવા કૃપાળુ અને દયાળુ છે. તમે જો તેના તરફ પાછા
વળશો તો, એ તમારાથી વિમુખ નહિ રહે.” 10 સંદેશવાહકો એફ્રાઇમ
અને મનાશ્શા અને હેઠ ઝબુલોન સુધી ગામેગામ ફરી વળ્યા, પણ લો-
કોએ તેમની હાંસી ઉડાવી અને હસી કાઢયા. 11 જો કે આશેર મનાશ્શા
અને ઝબુલોનમાં થોડા માણસો સમજી ગયા અને તેઓ યરૂશાલેમમાં
આવ્યા. 12 પણ દેવે યહૂદાના લોકોને એવી પ્રેરણા કરી કે રાજાએ અને
તેના અમલદારોએ યહોવાની આજ્ઞાથી જે ફરમાવ્યું હતું તે એક મતે તે-
મણે માથે ચઢાવ્યું. 13 બેખમીર રોટલીનું પર્વ મે માસમાં કરવા માટે મો-
ટો લોકસમુદાય યરૂશાલેમમાં એકત્ર થયો. 14 તેઓએ યરૂશાલેમમાં
આવેલી અન્ય દેવોની વેદીઓનો નાશ કર્યો, સર્વ ધૂપવેદીઓ તોડી ના-
ખી અને તેઓને કિદ્રોન નાળામાં નાખી દીધી. 15 લોકોએ બીજા મહિ-
નાના ચૌદમાં દિવસે પાસ્ખાનાં હલવાન વધ કર્યા. યાજકો અને લે-
વીઓ શરમીંદા થઇ ગયા હતા અને તેઓએ પોતાને પવિત્ર કર્યા અને
યહોવાનાં મંદિરમાં દહનાર્પણો કર્યા. 16 પછી તેઓ, મૂસાના નિયમ મુ-
જબ પોતાના દરજ્જા પ્રમાણે પોતપોતાની જગ્યાએ ઊભા રહ્યા; યાજ-
કોએ લેવીઓ પાસેથી રકત લઇને વેદી પર છાંટયું. 17 જે લોકો ભેગા
થયા હતા તેઓમાંના ઘણાએ વિધિપૂર્વક દેહશુદ્ધિ કરી નહોતી, એટલે
એ લોકો રિવાજ પ્રમાણે પાસ્ખાના હલવાન ચઢાવી શકે એમ નહોતા.
આથી તેમના વતી યહોવા માટે હલવાનો પવિત્ર કરીને, પાસ્ખાના બલિ
ચઢાવવાનું કામ લેવીઓને સોંપવામાં આવ્યું. 18 ખરું જોતાં, એફ્રાઇમ,
મનાશ્શા, ઇસ્સાખાર અને ઝબુલોનના ઘણંાખરાં માણસોએ દેહશુદ્ધિ
કરી નહોતી, છતાં તેમણે વિધિપૂર્વક નિયમો પાળ્યા વગર જ પાસ્ખાનું
ભોજન લીધું હતું. પણ હિઝિક્યાએ તેમને માટે પ્રાર્થના કરી કે, 19 “કૃ-
પાળુ યહોવા જે કોઇ પોતાના પિતૃઓના દેવ યહોવાની અંત:કરણથી
ઉપાસના કરે છે તેના દોષ માફ કરો- પછી ભલે તેણે વિધિપૂર્વક દેહશુ-
દ્ધિ ન કરી હોય.” . 20 યહોવાએ હિઝિક્યાની પ્રાર્થના સાંભળી અને લો-
કોને કશી ઇજા ન કરી 21 આ રીતે ઇસ્રાએલી લોકોએ યરૂશાલેમમાં સાત
દિવસ સુધી બહુ આનંદ સાથે બેખમીર રોટલીના પાસ્ખાપર્વની ઉજવ-
ણી કરી. તે દરમ્યાન લેવીઓ અને યાજકો દરરોજ ગીતો અને વાજિંત્રો
સાથે યહોવાની સ્તુતિ કરતા હતા. 22 હિઝિક્યા રાજાએ લેવીઓને દેવ-
ળમાં ઉત્તમ સેવા આપવા બદલ અત્યંત પ્રશંસા કરી. આમ સાત દિવસ
સુધી ઉજવણી ચાલુ રાખી, અને શાંત્યર્પણોના બલિદાન અર્પવામાં
આવ્યાં અને લોકોએ તેઓના પિતૃઓના દેવ યહોવાનો આભાર માન્યો
અને તેમની સ્તુતિ કરી. 23 ત્યારબાદ સમગ્ર સંઘ બીજા સાત દિવસ સુ-
ધી ઉત્સવ ઉજવવા માટે સંમત થયો. અને તેમણે બીજા સાત દિવસ
સુધી આનંદોત્સવ કર્યો. 24 કારણકે, યહૂદાના રાજા હિઝિક્યાએ સંઘ
તરફથી ધરાવવા માટે 1,000 બળદો અને 7,000 ઘેંટા પૂરા પાડ્યા
હતા, અને તેના અમલદારોએ એ ઉપરાંત બીજા 1,000 બળદો અને
10,000 ઘેંટા આપ્યા હતા અને યાજકોએ મોટી સંખ્યામાં દેહશુદ્ધિ કરી
હતી. 25 એ યાજકો અને લેવીઓ સહિત યહૂદાના સમગ્ર સંઘે તેમજ
ઇસ્રાએલથી આવેલા સમગ્ર સંઘે તથા જે વિદેશીઓ ઇસ્રાએલથી
આવ્યા હતા તેમજ જેઓ યહૂદામાં વસતાં હતા એ બધાએ આનંદોત્સવ
માણ્યો. 26 યરૂશાલેમમાં પણ ભવ્ય આનંદ ઉત્સવ ઉજવાયો. જે ઇસ્રા-
એલના રાજા સુલેમાનના સમય પછી કદી થયો જાણ્યો નથી. 27 ત્યાર-

બાદ યાજકો અને લેવીઓએ ઊભા થઇ આશીર્વાદ આપ્યા, તેમનો
અવાજ દેવના પવિત્ર નિવાસમાં-સ્વર્ગમાં પહોંચ્યો અને દેવે તેમની પ્રા-
ર્થના સ્વીકારી.

31 ત્યારબાદ હાજર રહેલાં બધા ઇસ્રાએલીઓ યહૂદાના ગામડા-
ઓમાં પાછા ગયા, અને ત્યાંના પૂજાસ્તંભો તોડી પાડ્યાં, અશે-
રાદેવીની પ્રતિમાઓ, ટેકરી ઉપરનાં થાનકો અને વેદીઓ ભાંગી નાખ્યાં.
અને સમગ્ર યહૂદા, બિન્યામીન, એફ્રાઇમ અને મનાશ્શાના વંશના પ્રદે-
શોમાંથી તેમનું નામનિશાન મીટાવી દીધું. એ પછી બધા ઇસ્રાએલીઓ
પોતપોતાના ગામમાં પોતપોતાને ઘેર પાછા ફર્યા. 2 તે પછી હિઝિક્યાએ
યાજકોને અને લેવીઓને ફરી ટોળીવાર ગોઠવી દીધા અને દરેક યાજક-
ને કે લેવીને તેણે કરવાનું ચોક્કસ કામ નક્કી કરી આપ્યું- પછી તે દહ-
નાર્પણ આપવાનું હોય કે શાંત્યર્પણ ધરવાનું હોય, કે મંદિરના જુદા જુ-
દા ભાગોમાં સેવા કરવાનું હોય, સ્તોત્રો ગાવાનું હોય કે ભજન-કીર્તન
કરવાનું હોય, 3 રાજાએ પોતાના અંગત ઢોરઢાંખરમાંથી દરરોજ સવારે
તેમજ સાંજે, તથા વિશ્રામવારોએ, ચંદ્રદર્શનને દિવસે અને ખાસ પર્વોને
દિવસે યહોવાના નિયમમાં લખ્યા અનુસાર ચઢાવવાના દહનાર્પણની
જોગવાઇ કરી આપી. 4 વળી તેણે યરૂશાલેમના લોકોને આજ્ઞા કરી કે
તેઓ પોતાની ઉપજનો થોડો ભાગ યાજકો તથા લેવીઓ પાસે લાવે,
જેથી તેઓ દેવના નિયમશાસ્ત્ર પ્રત્યે પોતાને સંપૂર્ણ સમય આપી શકે.
5 રાજાનું ફરમાન બહાર પડતાં જ ઇસ્રાએલીઓએ અનાજનો, દ્રાક્ષારસ-
નો, તેલનો, મધનો અને બધી જ ખેતીવાડીની પેદાશનો પહેલો ફાલ
ઉદાર હાથે આપ્યો. વળી એટલી જ ઉદારતાથી તેઓ દરેક વસ્તુમાંથી
દસમો ભાગ લઇ આવ્યા. 6 યહૂદાના ગામોમાં વસતા ઇસ્રાએલીઓ અને
યહૂદિયો પણ તેમના દસમા ભાગના ઢોર અને ઘેટાં લઇ આવ્યા અને
બીજી ભેટોનો દસમો ભાગ લઇ આવ્યા જે યહોવાને સમર્પિત કરાયો
હતો અને તેના ઢગલા કર્યા. 7 તેમણે આ ઢગલા ખડકવાનું ત્રીજા મહિ-
નામાં શરૂ કર્યું અને સાતમાં મહિનામાં પૂરું કર્યું. 8 હિઝિક્યાએ અને તે-
ના અમલદારોએ આવીને એ ઢગલા જોઇ, યહોવાને અને તેના લોકો
ઇસ્રાએલીઓને ધન્યવાદ આપ્યા. 9 હિઝિક્યાએ યાજકોને અને લેવી-
ઓને એ ઢગલાઓ વિષે પૂછયું. 10 અને મુખ્ય યાજક સાદોકવંશથી
અઝાર્યાએ જણાવ્યું કે, "લોકોએ યહોવાના મંદિરમાં ભેટો લાવવાનું શરૂ
કર્યુ, ત્યારથી અમને પૂરતું ખાવાનું મળી રહે છે. અને એ ઉપરાંત પુષ્કળ
વધે છે, કારણ યહોવાએ પોતાના લોકોને પુષ્કળ આશીર્વાદ આપ્યો છે,
આ મોટો ઢગ તો જે કઇં વધ્યું તેનો છે." 11 ત્યારે હિઝિક્યાએ યાજકોને
યહોવાના મંદિરમાં કોઠારો કરાવી લેવાને ફરમાવ્યું ને તેમ કરવામાં
આવ્યું. 12 યાજકો પ્રામાણિકપણે દસમો ભાગ અને યહોવાને સમર્પણ-
ની બીજી બધી ભેટો લાવ્યાં, લેવી કોનાન્યા એની સંભાળ રાખતો હતો
અને તેનો ભાઇ શિમઇ તેનો મદદનીશ હતો. 13 રાજા હિઝિક્યાએ અને
મંદિરના મુખ્ય કારભારી અઝાર્યાએ કોનાન્યાના અને તેના ભાઇ શિ-
મઇના હાથ નીચે કામ કરવા યહીએલ, અઝાઝયા, નાહાથ, અસાહેલ
યરીમોથ, યોઝાબાદ, અલીએલ, યિસ્માખ્યા, માહાથ, અને બનાયાની
નિમણૂંક કરી. 14 પૂર્વના દરવાજાના દ્વારપાળ લેવી યિમ્નાહના પુત્ર કો-
રેને યહોવાનાં અર્પણો તથા પરમપવિત્ર વસ્તુઓ સ્વીકારવાની અને તે-
મની ફાળવણી કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. 15 એદેન,
મિનિયામીન, યેશૂઆ, શમાયા, અમાર્યા અને સખાન્યાએ કોરેને મદદ
કરી, યાજકોના નગરોમાં તેઓ રહ્યાં અને નાના મોટા સર્વ લેવીબંધુઓ-
ને તેમના વર્ગ અનુસાર તેમના ભાગની ફાળવણી કરતા હતા. 16 ગમે તે
કુળના હોય તો પણ, જે કાંઇ યહોવાના મંદિરમાં આવતું તે બધા લોકો-
માં કે જે 3 વર્ષ અને તેનાથી ઉપરની ઉંમરના હોય કે જે મંદિરમાં કામ
કરવા માટે તેમની જવાબદારી નિભાવવા આવ્યા હોય તેમના વર્ગ અનુ-
સાર ભાગ વહેંચવામાં આવતો હતો. 17 યાજકોની નોંધણી કુટુંબવાર
કરવામાં આવી હતી. જ્યારે વીસ વર્ષના અને તેથી વધુ ઉંમરના લેવી-
ઓની નોંધણી તેમની ફરજો અને દરજ્જા વાર કરવામાં આવી હતી.
18 આ રીતે, નોંધાયેલા સર્વ કુટુંબોના બાળકોને, પત્નીઓને તેઓ ખો-
રાક આપતા હતા, કારણકે તેઓ પોતાનો સર્વ સમય અને શકિત મંદિ-
રનું કામ કરવામાં વાપરતા હતા અને તેઓ પાસે આવકનું બીજું કોઇ
સાધન હતું નહિ. 19 વળી જે હારુનના વંશજો યાજકો હતા તેઓ પોતા-
ના દરેક નગરની આસપાસના ગામડામાં રહેતા હતા. તેઓને માટે પણ
કેટલાક ચૂંટેલા માણસોને નીમવામાં આવ્યા હતા, જેથી તેઓ યાજકો-
માંના સર્વ પુરુષોને તથા લેવીઓમાં જેઓ વંશાવળી પ્રમાણે ગણાયા
હતા, તેઓ સર્વને ભાગ વહેંચી આપે. 20 20 સમગ્ર યહૂદામાં આ વ્યવ-
સ્થા અમલમાં હતી. હિઝિક્યાએ યહોવા પોતાના દેવ સામે, સાચું અને
સારૂં ગણાય એવું આચરણ કર્યું. 21 તેણે યહોવાના મંદિરની સેવા અર્થે
અને ધર્મસંહિતાને તેની આજ્ઞાઓના પાલન અર્થે જે જે કર્યુ તે બધું
સાચા હૃદયથી તે દેવ પ્રત્યેની પૂર્ણ નિષ્ઠાથી કર્યું. અને તેને સફળતા
મળી.

32 હિઝિક્યા રાજાએ આ સેવાભકિતના કાર્યો નિષ્ઠાપૂર્વક કર્યા
પછી આશ્શૂરના રાજા સાન્હેરીબે યહૂદા ઉપર ચઢાઇ કરી અને
કિલ્લેબંદીવાળાં શહેરો સામે પડાવ નાખ્યો અને તેમને હુમલો કરીને
કબજે કરવાનો હુકમ આપ્યો. 2 જ્યારે હિઝિક્યાએ જોયું કે સાન્હેરીબ
આવ્યો છે, તે યરૂશાલેમ ઉપર હૂમલો કરવા આવ્યો છે. 3 ત્યારે હિઝિ-
ક્યાએ પોતાના સરદારો અને અધિકારીઓને યુદ્ધ અંગે મંત્રણા કરવા
બોલાવ્યા. નગરની બહાર આવેલા પાણીના ઝરાઓને બંધ કરી દેવા
એવું નક્કી કરવામાં આવ્યું. 4 મોટી સંખ્યામાં લોકો ભેગા થયા અને તે-
મણે બધાં ઝરાને બંધ કરી દીધાં અને એ વિસ્તાર, પ્રદેશમાંથી પસાર
થતાં વહેતા ઝરણાને પણ બંધ કરી દીધા. તેમણે વિચાર્યું કે, "આશ્શૂર-
ના રાજા જ્યારે અહીં આવે ત્યારે તેમને મબલખ પાણી શા માટે મળવા
દેવું?" 5 હિઝિક્યાએ સંરક્ષણની પાકી વ્યવસ્થા કરી, અને કિલ્લાની દી-
વાલ જ્યાં જ્યાં તૂટી ગઇ હતી, ત્યાં ત્યાં તેનું સમારકામ કર્યું, બુરજો
બાંધીને તથા કિલ્લાની બહાર બીજી દીવાલ ચણીને તેણે નગરને વધુ
સુરક્ષિત બનાવ્યું. "દાઉદનું નગર" નામે ઓળખાતા નગરના જૂના ભા-
ગને તેણે ફરીથી બંધાવ્યુઁ. અને મોટી સંખ્યામાં હથિયારો અને ઢાલો
બનાવડાવ્યાં. 6 તેણે લશ્કરના સેનાપતિઓની નિમણૂંક કરી અને તેમ-
ને શહેરના દરવાજા પાસેના ચોકમાં એકઠા કરી ઉત્તેજન આપતાં આ પ્ર-
માણે કહ્યું, 7 "તમે બળવાન તથા બહાદુર થાઓ અને આશ્શૂરના રાજા-
થી કે તેના મોટા સૈન્યથી ડરશો નહિ. કારણકે આપણી સાથે જે એક
દેવ છે તે તે બધાં કરતાં અતિ મહાન છે, 8 તેની પાસે મોટું સૈન્ય છે પણ
તેઓ માત્ર માણસો છે, જ્યારે આપણાં યુદ્ધો લડવા આપણી સાથે યહો-
વા આપણા દેવ છે." હિઝિક્યાના ભાષણથી લોકો ઉત્સાહિત થયા
હતા. 9 તે પછી પોતાના લશ્કર સાથે લાખીશની બહાર પડાવ નાખીને
રહેલા આશ્શૂરના રાજા સાન્હેરીબ યહૂદાના રાજા હિઝિક્યાને અને યરૂ-
શાલેમમાં વસતા બધા યહૂદીઓને માણસો મોકલીને સંદેશો પાઠવ્યો
કે, 10 "આશ્શૂરના રાજા સાન્હેરીબનો સંદેશો સાંભળો, 'તમે કોના ઉપર
ભરોસો રાખીને યરૂશાલેમની ઘેરાબંધી સહન કરી રહ્યા છો? 11 "યહોવા
અમારા દેવ અમને આશ્શૂરના રાજાના હાથમાંથી બચાવશે," એમ હિ-
ઝિક્યા તમને કહે છે, "તે તમને છેતરે છે, તમે દુકાળ અને તરસથી મરી
જશો." 12 શું એ જ હિઝિક્યાએ ટેકરી પરના દેવના પૂજા સ્થળને ખસેડી
તથા તેની વેદીઓ તોડીને યહૂદિયાને તથા યરૂશાલેમને સૂચના નહોતી
આપી કે તમારે એક જ વેદી આગળ પૂજા કરવી તથા તેના જ ઉપર
તમારે ધૂપ બાળવો? 13 તમને ખબર નથી કે મેં અને મારા પિતૃઓએ
બીજા દેશોના લોકોના શા હાલ કર્યા છે? એ દેશોની એક પણ પ્રજાના
દેવો તેમને મારાથી કદી બચાવી શક્યા છે? 14 મારા પિતૃઓએ ઉચ્છેદી
નાખેલી પ્રજાઓના દેવોમાંથી મને એક નામ તો બતાવો જે પોતાના
લોકોને અમારાથી બચાવી શક્યા હોય? તો પછી તમારા દેવ તમને શી
રીતે બચાવવાના છે? 15 હિઝિક્યાથી ભોળવાશો નહિ, એનાથી આમ
છેતરાશો નહિ, એની વાત માનશો નહિ, કારણ કોઇ પણ પ્રજાનો કે રા-
જ્યના કોઇ પણ દેવ પોતાના લોકોને મારાથી કે મારા પૂર્વજોથી બચા-
વી શક્યા નથી. તો પછી તમારા દેવ શું કરવાના હતા?" 16 આ મુજબ,
સંદેશવાહકે, યહોવા દેવની, અને દેવના સેવક હિઝિક્યાની વિરૂદ્ધ
કાંઇક વધારે બોલ્યો. 17 ઉપરાંત સાન્હેરીબ પોતે પણ ઇસ્રાએલના દેવ
યહોવાનું અપમાન કરતા પત્રો લખ્યા હતા. તેમાં તેણે લખ્યું હતું કે,
"જેમ બીજા દેશોની પ્રજાઓના દેવો પોતાના લોકોને મારાથી બચાવી
શક્યા નથી તેમ હિઝિક્યાના દેવ પણ એની પ્રજાને મારાથી નહિ બચા-
વી શકે." 18 સંદેશવાહકોએ જેમણે પત્ર વાંચ્યા તેમણે નગરની દિવાલ
પર એકઠાં થયેલાં લોકોને યહૂદીભાષામાં મોટે અવાજે ધમકીઓ આપી-
ને તેઓને ડરાવીને યરૂશાલેમને કબ્જે કરવા પ્રયત્નો કર્યા. 19 યરૂશાલે-

મના દેવ પણ જગતના બીજા લોકોના દેવો જેવા માણસે ઘડેલા દેવ
હોય એમ તેઓ તેને વિષે બોલતા હતા. 20 આ પરિસ્થિતિમાં રાજા હિ-
ઝિક્યાએ અને આમોસના પુત્ર યશાયા પ્રબોધકે આકાશમાંના દેવની
પ્રાર્થના કરી અને દેવને ધા નાખી. 21 આથી યહોવાએ એક દેવદૂતને
મોકલ્યો. તેણે આશ્શૂરના રાજાની છાવણીમાંના બધા યોદ્ધાઓને, સે-
નાપતિઓને અને અમલદારોને કાપી નાંખ્યા, અને સાન્હેરીબને શર-
મિંદા બનીને પોતાને દેશ પાછું જવું પડ્યું, તે પોતાના દેવના મંદિરમાં
ગયો અને ત્યાં તેના પોતાના જ કોઈ પુત્રએ તેને તરવારથી કાપી ના-
ખ્યો. 22 આ રીતે યહોવાએ હિઝિક્યાને તથા યરૂશાલેમના રહેવાસીઓને
આશ્શૂરના રાજા સાન્હેરીબના હાથમાંથી તથા સર્વના હાથમાંથી ઉગારી
લીધા, ને ચારે બાજુથી તેઓનું રક્ષણ કર્યુ. 23 ઘણાં લોકો યરૂશાલેમમાં
યહોવાને માટે અર્પણો લાવ્યા, તથા યહૂદાના રાજા હિઝિક્યાને ઉત્તમ
વસ્તુઓ ભેટમાં આપી; આ સમયથી તે સર્વ પ્રજાઓમાં નામાંકિત થયો.
24 પછીથી હિઝિક્યા માંદો પડ્યો, અને મરણપથારીએ હતો, ત્યાંથી તે-
ણે યહોવાને પ્રાર્થના કરી; તેના જવાબમાં તેને એક ચિહ્ન આપવામાં
આવ્યું. 25 છતાં પણ હિઝિક્યાએ પોતાના પર થયેલા ઉપકારનો બદલો
યોગ્ય રીતે વાળ્યો નહિ; તેથી હિઝિક્યા પર, તેમજ યહૂદિયા તથા યરૂ-
શાલેમ પર દેવ કોપાયમાન થયો. 26 ત્યારે તેનો ગર્વ ગળી ગયો અને તે-
ણે અને યહૂદા અને યરૂશાલેમના વતનીઓએ પણ ભૂલ કબૂલ કરી.
આથી હિઝિક્યાના જીવન દરમ્યાન યહોવાનો રોષ ફરી તેમના પર
ઊતર્યો નહિ. 27 હિઝિક્યા પુષ્કળ સંપત્તિ અને કીતિર્ પામ્યો. તેણે સો-
નું ચાંદી, રત્નો, અત્તરો, ઢાલ અને બીજી કિંમતી વસ્તુઓ રાખવા ભંડા-
રો 28 તેમજ અનાજની ફસલ, દ્રાક્ષારસ અને તેલ માટે કોઠારો, અને
બધી જાતનાં ઢોર માટે તબેલા-કોઠાર તથા ઘેટાં માટે વાડા બંધાવ્યા.
29 વળી તેણે નગરો બંધાવ્યા, અને પુષ્કળ ઘેટાઁબકરાઁના ટોળાં તથા ઢો-
રઢાંખર પણ ભેગા કર્યા. દેવે તેને સાચે જ પુષ્કળ સંપત્તિ આપી હતી.
30 એ જ હિઝિક્યાએ ગીહોનના ઉપરથી વહેતા ઝરણાંને બંધ કરી તેના
પાણીને સીધાં દાઉદનગરની પશ્ચિમે વાળ્યાં, હિઝિક્યાએ જે કઇ હાથમા
લીધું તેમાં તે સફળ થયો. 31 બાબિલના સત્તાવાળાઓએ દેશમાં બનેલા
ચમત્કાર વિષે તેને પૂછવા મોકલેલા દૂતોની બાબતમાં જ દેવે તેનો
ત્યાગ કર્યો હતો, પણ તે ફકત તેની પરીક્ષા કરવા અને તેના મનમાં શું
છે તે જાણવા માટે જ. 32 હિઝિક્યાની અન્ય વાતો અને તેણે જે સારા
કાર્યો કર્યા હતા તે વિષેની નોંધ આમોસના પુત્ર યશાયા પ્રબોધકના પુ-
સ્તકમાં તથા યહૂદાના અને ઈસ્રાએલના રાજાઓના ઇતિહાસના પુસ્ત-
કમાં નોંધેલી છે. 33 આખરે હિઝિક્યા પિતૃલોકને પામ્યો અને તેને તેના
પિતૃઓ સાથે દાઉદના વંશજોના કબ્રસ્તાનમાં ઉપરના ભાગમાં દફના-
વવામાં આવ્યો, તે મૃત્યુ પામ્યો ત્યારે યહૂદિયાના બધા લોકોએ અને
યરૂશાલેમના બધાં વતનીઓએ તેનું સન્માન કર્યુ અને તેના પછી તેનો
પુત્ર મનાશ્શા ગાદીએ આવ્યો

33 મનાશ્શા બાર વર્ષની ઉંમરે ગાદીએ આવ્યો અને તેણે 55 વર્ષ
યરૂશાલેમમાં રાજ્ય કર્યુ. 2 ઇસ્રાએલીઓને ખાતર યહોવાએ જે
પ્રજાઓને હાંકી કાઢી હતી તે પ્રજાઓના ધૃણાજનક આચારોનું અનુસ-
રણ કરી તેણે યહોવાની ષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યુ.
3 એના પિતા હિઝિક્યાએ ટેકરી ઉપરનાં જે સ્થાનકો તોડી પાડ્યા હતા
તે એણે ફરી બંધાવ્યાં, બઆલ દેવને માટે વેદીઓ ચણાવી, અશેરા દે-
વીની પ્રતિમાઓ ઊભી કરાવી, અને આકાશના બધાં નક્ષત્રોની સેવાપૂ-
જા કરવાનું શરું કર્યુ. 4 જે મંદિરને વિષે યહોવાએ એમ કહ્યું હતું કે,
“યરૂશાલેમમાં મારું નામ સદાકાળ કાયમ રહેશે.” તે મંદિરમાં અન્ય દે-
વોની તેણે વેદીઓ બંધાવી. 5 તે મંદિરના બંને આંગણામાં તેણે તારા-
ઓની પૂજા કરવા વેદીઓ બંધાવી. 6 હિન્નોમની ખીણમાં મનાશ્શાએ
પોતાનાં જ બાળકોનો હોમયજ્ઞ કર્યો. તેણે મેલીવિદ્યા જાણનારા ભૂવા-
ઓની સલાહ લીધી. તેણે સર્વ પ્રકારની ભૂંડાઇને ઉત્તેજન આપ્યું. આમ
યહોવાને તેણે ઘણા ગુસ્સે કર્યા, અને તેમનો ગુસ્સો વહોરી લીધો.
7 મનાશ્શાએ દેવના એ મંદિરમાં મૂર્તિ સ્થાપન કરી કે જેના માટે દેવે દા-
ઉદ અને તેના પુત્ર સુલેમાને કહ્યું હતું કે, “જે મંદિર, માણસો તથા શહેર-
ને મેં મારું નામ રાખવા માટે પસંદ કર્યુ છે કે, ઇસ્રાએલના બીજા કોઇ
પણ શહેરો કરતાં, તે શહેર યરૂશાલેમ છે. 8 અને જો તમે મારી આજ્ઞાઓ-
ને એટલે કે મૂસાએ તમને આપેલા સર્વ નિયમો અને સૂચનાઓને
આધીન રહેશો તો તમારા પિતૃઓને મેં આપેલા આ દેશમાંથી ઇસ્રાએલ-
ને હું કદી કાઢી મૂકીશ નહિ.” 9 પરંતુ મનાશ્શાએ યહૂદાના અને યરૂશા-
લેમનાં વતનીઓને ગેરમાગેર દોર્યા, જેથી તેમણે યહોવાએ ઇસ્રાએલી-
ઓને ખાતર જે પ્રજાઓનું નિકંદન કાઢયું હતું તેમના કરતાં પણ ભૂંડા
કાર્યો કર્યા. 10 યહોવાએ મનાશ્શાને અને તેના લોકોને ચેતવણી આપી
પરંતુ તેમણે તે તરફ લક્ષ ન આપ્યું. 11 તેથી યહોવાએ આશ્શૂરના રાજા-
ના સેનાપતિઓને તેમની સામે મોકલ્યા અને તેઓ મનાશ્શાને આંકડી
વતી પકડીને જંજીરથી જકડી બાબિલ લઇ ગયા. 12 મનાશ્શા સંકટમાં
ફસાઇ ગયો એટલે તેણે પોતાના દેવ યહોવાને પ્રસન્ન કરવાનો પ્રયત્ન
કર્યો, અને તેની સમક્ષ ખૂબ ખૂબ પશ્ચાતાપ કર્યો. 13 તેણે પ્રાર્થના કરતાં
દેવે તેની પ્રાર્થના સાંભળી, તેની અરજ મંજૂર રાખી અને તેને પાછો યરૂ-
શાલેમમાં લાવી ફરી ગાદીએ બેસાડ્યો ત્યારે મનાશ્શાને ખાતરી થઇ કે
યહોવાએ જ દેવ છે. 14 આમ બન્યા પછી તેણે દાઉદના નગરની બહાર-
ની દિવાલ ફરી બાંધી, અને કિદ્રોન ખીણમાં ગીહોનના ઝરાની પશ્ચિમ
બાજુએ મચ્છી દરવાજા સુધી તે દિવાલ બાંધી, આ દિવાલ ઓફેલ પર્વ-
તની બહારની બાજુથી લેવામાં આવી હતી અને ત્યાં ઘણી ઊંચાઇ સુધી
બાંધવામાં આવી હતી પછી તેણે યહૂદાના સર્વ કિલ્લાવાળા નગરોમાં તે-
ના સેનાપતિઓને મૂક્યા. 15 તેણે અન્ય દેવોને તથા યહોવાના મંદિર-
માંથી પેલી મૂર્તિને, તથા જે સર્વ વેદીઓ તેણે યહોવાના મંદિરના પર્વત
પર તથા યરૂશાલેમમાં બાંધી હતી, તે સર્વને કાઢીને નગર બહાર નાખી
દીધી. 16 તેણે યહોવાની વેદી ફરી બંધાવી. અને ત્યાં શાંત્યર્પણ અને
આભારબલિ ચઢાવ્યાં અને યહૂદાના લોકને ઇસ્રાએલના દેવ યહોવાની
સેવા કરવા માટે ફરમાવ્યું. 17 તેમ છતાં લોકોએ ટેકરી ઉપરનાં સ્થાનકો-
ને હોમબલિ ચઢાવવાનું ચાલું રાખ્યું, જો કે એ હોમબલિ તેઓ ફકત પો-
તાના દેવ યહોવાને જ ચઢાવતા હતા. 18 મનાશ્શાના બાકીના કાર્યો, તે-
ણે કરેલી તેમના દેવની પ્રાર્થના, અને ઇસ્રાએલના દેવ યહોવાનો સંદેશો
તેને આપનાર પ્રબોધકોનાં વચનો ઇસ્રાએલના રાજાઓના વૃત્તાંતમાં
નોંધાયેલા છે. 19 તેણે કરેલી પ્રાર્થના અને દેવે આપેલો તેનો જવાબ, તે-
નાં બધાં પાપો, યહોવા પ્રત્યેની તેની બિનવફાદારી અને પસ્તાવો કર્યા
પહેલાં તેણે ક્યાં ક્યાં ટેકરી પરનાં સ્થાનકો અને અશેરાદેવીનાં પ્રતીકો
ઊભા કર્યા હતા અને મૂર્તિઓની સ્થાપના કરી હતી તે બધું પ્રબોધકના
વૃત્તાંતમાં નોંધેલું છે. 20 અંતે મનાશ્શા પિતૃલોકને પામ્યો અને તેને તેના
મહેલમાં દફનાવવામાં આવ્યો. તેના પછી તેનો પુત્ર આમોન ગાદીએ
આવ્યો. 21 આમોન રાજા થયો ત્યારે તે બાવીસ વર્ષનો હતો; તેણે યરૂ-
શાલેમમાં બે વર્ષ રાજ્ય કર્યુ. 22 જેમ તેના પિતા મનાશ્શાએ કર્યુ હતું તેમ
તેણે યહોવાની ષ્ટિમાં જે ભૂંડું હતું તે જ કર્યુ. તેના પિતા મનાશ્શાએ કો-
તરેલી મૂર્તિઓ બનાવી હતી તે સર્વને આમોને હોમબલિ આપ્યાં; ને તે-
ઓની પૂજા કરી. 23 જેમ તેનો પિતા મનાશ્શાહ નમ્ર થઇ ગયો હતો તેમ
તે યહોવાની આગળ થયો નહિ; પણ આમોન ઉત્તરોત્તર અધિક પાપો
કરતો ગયો. 24 જેમ તેના પાપો વધતાં ગયા, તેના દરબારીઓએ તેની
વિરૂદ્ધ કાવતરું કર્યુ. અને તેને મહેલમાં જ મારી નાંખ્યો. 25 પણ દેશના
લોકોએ, બધા કાવતરાખોરોને મારી નાંખ્યા અને એના પુત્ર યોશિયાને
ગાદીએ બેસાડ્યો.

34 જ્યારે યોશિયા ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર આઠ વર્ષની
હતી અને તેણે યરૂશાલેમમાં 31 વર્ષ રાજ્ય કર્યું. 2 યહોવાની
ષ્ટિએ યોગ્ય ગણાય એવું આચરણ તેણે કર્યું, સહેજ પણ આમ કે તેમ
ફંટાયા વગર તે પોતાના પિતૃ દાઉદને પગલે ચાલ્યો. 3 તેના શાસનના
આઠમે વષેર્ તે હજી કાચી ઉંમરનો જ હતો ત્યારે, તેણે પોતાના પિતૃ
દાઉદના દેવની ભકિત કરવાનું શરૂ કર્યુ. બારમે વષેર્ તેણે ટેકરી ઉપર-
નાં સ્થાનકો, અશેરાદેવીની પ્રતિમાઓ અને બીજી બધી મૂર્તિઓ હઠા-
વી, યહૂદા અને યરૂશાલેમનું શુદ્ધિકરણ કરવાનું શરૂ કર્યુ. 4 તેણે પોતા-
ની દેખરેખ નીચે બઆલદેવની વેદીઓ ભાંગી નંખાવી અને તેની પાસે-
ની ધૂપની વેદીઓ તોડી પડાવી. અને કોતરેલી અને ઢાળેલી અશેરાદે-
વીની અને બીજી બધી મૂર્તિઓ ભંગાવી નંખાવી. તેણે તેમનો દળીને
ભૂકો કરાવી તેને તેઓની કબર ઉપર ભભરાવ્યો જેઓ આ મૂર્તિઓને
બલિ ચઢાવતાં હતાં. 5 તેણે તે લોકોના યાજકોના હાડકાં તેમની વે-
દીઓ ઉપર બાળી નંખાવ્યાં અને એ રીતે યહૂદાની અને યરૂશાલેમની
શુદ્ધિ કરી. 6 તેણે આ પ્રમાણે મનાશ્શા, એફ્રાઇમ, શિમયોન, અને છેક

નફતાલીના નગરોમાં કર્યું અને આસપાસના ખેદાન-મેદાન થઇ ગયેલા
વિસ્તારોમાં પણ તેણે આમ જ કર્યું. 7 સમગ્ર ઇસ્રાએલમાં તેણે વેદીઓ
ભાંગી નંખાવી અને અશેરાદેવીના સ્તંભો તોડી પાડ્યાં અને તેણે મૂ-
ર્તિઓ તોડી પડાવી, તેમનો દળીને ભૂકો કરી નંખાવ્યો, ને બધી ધૂપની
વેદીઓનો નાશ કરાવ્યો. ત્યાર પછી તે પાછો યરૂશાલેમ આવ્યો. 8 દેશ-
નું અને મંદિરનું શુદ્ધિકરણ કર્યા પછી તેના શાસનના અઢારમા વષેર્,
તેણે અસાલ્યાના પુત્ર સાફાનને તથા નગરના સૂબા માઅસેયાને તથા
ઇતિહાસકાર યોઆહાઝના પુત્ર યોઆહને પોતાના દેવ યહોવાનું મંદિર
ફરી બાંધવા, મરામત કરાવવા મોકલ્યા. 9 તેમણે મુખ્ય યાજક હિલ્કિયા
પાસે જઇને દેવના મંદિર માટે ઉઘરાવાયેલી બધી ચાંદી તેને આપી. એ
ચાંદી લેવીઓ દ્વારા મનાશ્શા, એફ્રાઇમના દરવાજેથી અને ઇસ્રાએલના
બાકીના ભાગમાંથી ઉઘરાવાયેલી હતી, તેમજ યહૂદામાંથી બિન્યામીન-
ના પ્રદેશમાંથી તેમજ યરૂશાલેમના વતનીઓ પાસેથી પણ તેમણે ચાંદી
ઉઘરાવી હતી. 10 ત્યારબાદ એ ચાંદી યહોવાના મંદિરમાં ચાલતા કામ
ઉપર દેખરેખ રાખનારાઓને સોંપવામા આવી અને તેમણે એ ચાંદી
મંદિરની મરામત કરવા માટે 11 સુથારોને અને કડિયાઓને આપી દીધી.
જેથી તેઓ યહોબાના યહૂદાના રાજાઓ દ્વારા ભંગાર થઇ જવા દીધેલાં
મોભ અને પાટિયા માટે લાકડું તેમજ ઘડેલા પથ્થર ખરીદી શકે. 12 એ
માણસો પ્રામાણિકતાથી કામ કરતા હતા. મરારીના કુટુંબના લેવીઓ
યાહાથ અને ઓબાદ્યા અને કહાથના કુટુંબના ઝખાર્યા અને મશુલ્લામ
તેમના ઉપર દેખરેખ રાખતા હતા. બીજા લેવીઓ પણ હતા જે કુશળ
સંગીતકાર હતા. 13 ભાર ઊંચકનારાઓના તેમજ જુદાં જુદાં કામોના કા-
રીગરો પર પણ તેઓ જ નજર રાખતા હતા. કેટલાક લહિયા, કારભા-
રીઓ અને દ્વારપાળો તરીકે કામ કરતા હતા. 14 જે પૈસા લોકોએ યહો-
વાના મંદિરમાં સંગ્રહ કરેલા હતા. તે તેઓ કાઢતા હતા તેવામાં મૂસા મા-
રફતે આપવામાં આવેલુ યહોવાનું નિયમનું પુસ્તક હિલ્કિયા યાજકને
મળી આવ્યું. 15 તેણે રાજમંત્રી શાફાનને કહ્યું, “યહોવાના મંદિરમાંનું
નિયમનું પુસ્તક મને મળ્યું છે;” અને પુસ્તક તેને આપી દીધું. 16 શાફાન
તે પુસ્તક રાજા પાસે લઇ ગયો અને કહ્યું, “આપના સેવકો તેમને સોંપેલું
કામ કરી રહ્યાં છે. 17 તેમણે યહોવાના મંદિર માટે આવેલી ચાંદી બહાર
કાઢી લીધી છે, અને મુકાદમોને અને કારીગરોને સોંપી દીધી છે.” 18 રા-
જમંત્રી શાફાને રાજાને એ પણ કહ્યું કે, “યાજક હિલ્કિયાએ મને એક પુ-
સ્તક આપ્યું છે.” અને તેણે તે રાજા સમક્ષ વાંચી સંભળાવ્યું. 19 નિયમ-
શાસ્ત્રનાઁ વચનો સાંભળીને રાજાએ શોકથી પોતાના વસ્ત્રો ફાડી ના-
ખ્યં◌ા. 20 અને હિલ્કિયાને, શાફાનના પુત્ર અહીકામને, મીખાહના પુત્ર
આબ્દોનને, મંત્રી શાફાનને તથા સેવક અસાયાને હુકમ કર્યો કે, 21 “તમે
જાઓ, મારી ખાતર, તેમજ ઇસ્રાએલમાં તથા યહૂદામાં બાકી રહેલાઓને
ખાતર, મળી આવેલા પુસ્તકનાં વચનો સંબંધી યહોવાની સલાહ પૂછો;
કેમ કે યહોવાનો રોષ આપણા ઉપર થયો છે તે ભયંકર છે, કારણકે આ
પુસ્તકમાં જે જે લખેલું છે તે પ્રમાણે આપણા પિતૃઓએ યહોવાનું વચન
પાળ્યું નથી.” 22 આ માણસો હુલ્દાહ પ્રબોધિકા પાસે ગયા અને રાજાની
મુશ્કેલી જણાવી. હુલ્દાહ પ્રબોધિકા શાલ્લુમની પત્ની હતી. હાસ્રાહના
પુત્ર તોકહાથનો પુત્ર શાલ્લુમ રાજાના વસ્ત્રભંડારનો ઉપરી હતો. હુલ્દાહ
યરૂશાલેમનાં નવા ભાગમાં રહેતી હતી. 23 પ્રબોધકોએ ઉત્તર આપ્યો,
ઇસ્રાએલના યહોવા દેવ કહે છે કે, “જે માણસે તમને મોકલ્યો છે તેને
કહો, 24 આ ઇસ્રાએલના દેવ યહોવાના વચન છે; ‘હું આ જગ્યા પર અને
એના વતનીઓ પર આફત ઉતારનાર છું, યહૂદાના રાજા સમક્ષ વાંચવા-
માં આવેલા પુસ્કતમાં લખેલા બધા શાપો અમલમાં આણનાર છે.
25 કારણ, એ લોકોએ મને છોડી દઇને અન્ય દેવોની આગળ ધૂપ બા-
ળ્યા છે. અને પોતાનાં બધાં કૃત્યોથી મારો રોષ વહોરી લીધો છે. મારો
રોષ આ જગ્યા સામે ભડભડી રહ્યો છે અને એ શાંત પડવાનો નથી.’
26 “આ બાબતમાં યહોવાને પૂછવા માટે તમને મોકલનાર રાજાને કહી
દો કે, જે વાતો તમે થોડા સમય પહેલા સાંભળી છે તે માટે, ઇસ્રાએલના
યહોવા કહે છે, 27 “આ જગ્યા અને એના વતનીઓ વિરૂદ્ધ મેં ઉચ્ચારેલી
ચેતવણી સાંભળીને તારું હૃદય પીગળી ગયું છે, અને પશ્ચાતાપથી તેં
તારા કપડાં ફાડ્યાં છે અને તું મારી સમક્ષ રડી પડીને મને પગે લાગ્યો
છે, તેથી મેં પણ તારી અરજ સાંભળી છે, 28 હું આ જગ્યા અને તેના
વતનીઓ ઉપર જે આફતો ઉતારનારો છું તે તારે નજરે જોવી નહિ પડે,
તે પહેલાં તું તારા પિતૃઓ ભેગો થઇ જશે અને શાંતિથી કબરમાં જશે.’”
આ જવાબ લઇને તેઓ રાજા પાસે ગયા. 29 પછી રાજાએ યહૂદા અને
યરૂશાલેમના સર્વ વડીલોને એકત્ર થવાની આજ્ઞા કરી. 30 તેણે યાજકો,
લેવીઓ અને નાનામોટા સર્વ લોકોને પોતાની સાથે મંદિરમાં એકત્ર
કર્યા. રાજાએ મંદિરમાંથી મળી આવેલા કરારનાં પુસ્તકમાંથી વચનો
વાંચી સંભળાવ્યા. 31 ત્યારબાદ મંચ ઉપર ઊભા રહીને રાજાએ યહોવા
સમક્ષ યહોવાને અનુસરવાની, અને તેની બધી આજ્ઞાઓ, સાક્ષ્યો અને
વિધિઓ પૂર્ણ હૃદયથી પાલન કરવાની, અને તે રીતે પુસ્તકમાં લખેલી
કરારની બધી શરતોનો અમલ કરવાની પ્રતિજ્ઞા લીધી. 32 ત્યારબાદ તે-
ણે બિન્યામીનના લોકો અને યરૂશાલેમમાં જેઓ હાજર હતા તેઓ બધા
પાસે કરારનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી. એ પછી યરૂશાલેમમાં
વતનીઓએ પોતાના પિતૃઓના દેવ યહોવા સાથેનો કરાર પાળ્યો પણ
ખરો. 33 યોશિયાએ યહૂદીઓ જે પ્રદેશમાં રહેતા હતા ત્યાંથી સર્વ મૂ-
ર્તિઓ દૂર કરી, અને તેમના દેવ યહોવાનું ભજન કરવા આજ્ઞા કરી. તેના
બાકીના જીવનકાળ દરમિયાન સર્વ લોકો તેઓના પિતૃઓના દેવ યહો-
વાની સેવામાં ચાલુ રહ્યાં, યહોવાના માગેર્ ચાલવામાં તેઓ જરા પણ
પાછા ન પડ્યાં.

35 ત્યારબાદ યોશિયાએ જાહેર કર્યું કે એપ્રિલ મહિનાના ચૌદમા
દિવસે યરૂશાલેમમાં પાસ્ખાપર્વ ઉજવવામાં આવશે. તે સાંજે
પાસ્ખાના હલવાનો વધ કરવામાં આવ્યો. 2 તેણે યાજકોને પોતપોતાને
સ્થાને ફરી નીમ્યા અને તેમને યહોવાના મંદિરમાં પોતાની ફરજ બજાવ-
વા માટે ઉત્તેજન આપ્યું. 3 પછી તેણે લેવીઓ, જેઓ યહોવાને સમપિર્ત
ઇસ્રાએલના બોધ કરનાર હતા તેમને કહ્યું કે, “ઇસ્રાએલના રાજા દાઉદ-
ના પુત્ર સુલેમાને બંધાવેલા મંદિરમાં પવિત્ર કોશ મૂકો. હવે એને તમારે
ખભે ઉપાડવાની જરૂર નથી, હવે તમે યહોવા તમારા દેવની અને તેના
લોકો, ઇસ્રાએલીઓની સેવા કરો; 4 ઇસ્રાએલના રાજા દાઉદ અને તેના
પુત્ર સુલેમાનની સૂચનાઓમાં લખ્યા પ્રમાણે તમે કુટુંબવાર ટૂકડીઓમાં
ગોઠવાઇ જાઓ. જેથી 5 સામાન્ય પ્રજાજનોના પ્રત્યેક કુળ સમૂહ દીઠ
લેવીઓની એક ટૂકડી સેવામાં હોય. 6 પાસ્ખાનો બલિ વધેરો, તમારી દે-
હશુદ્ધિ કરો અને તમારા ભાઇઓ માટે બધી તૈયારી કરો, જેથી તેઓ મૂ-
સા મારફતે અપાયેલી યહોવાની આજ્ઞાનું પાલન કરી શકે.” 7 પાસ્ખાનાં
અર્પણો માટે રાજાએ લોકોને 30,000 હલવાનો અને લવારાં આપ્યો.
વળી 3,000 જવાન બળદો પણ આપ્યાં. 8 રાજાના અધિકારીઓએ રા-
જીખુશીથી યાજકોને અને લેવીઓને અને બાકીના લોકોને દાન આપ્યાં.
મંદિરના અધિકારીઓ હિલ્કિયા, ઝખાર્યા અને યહીએલે યાજકોને પા-
સ્ખાનાં અર્પણો તરીકે 2,600 ઘેટાં અને બકરા તથા 300 બળદો
આપ્યા. 9 લેવીઓના આગેવાનો, કોનાન્યા, શમાયા, નથાનએલ, અને
તેના ભાઇઓ હશાબ્યા, યેઇએલ, અને યોઝાબાદે પાસ્ખાનાં અર્પણો
માટે લેવીઓને 5,000 ઘેટાંબકરા અને 500 બળદો આપ્યાં. 10 સેવાની
વ્યવસ્થા કરતાં યાજકો પોતાને સ્થાને અને લેવીઓ પોતપોતાની ટૂક-
ડીઓમાં રાજાના હુકમ મુજબ ગોઠવાઇ ગયા. તેમણે પાસ્ખાના બલિનો
વધ કરવા માંડ્યો; 11 તેઓએ પાસ્ખાના પશુઓની બલિ ચઢાવી લે-
વીઓ બલિ ચઢાવેલા પશુઓની ચામડી ઊતારતા હતા. પછી યાજકોએ
લેવીઓએ આપેલું લોહી વેદી ઉપર છાંટયું. 12 અને દહનાર્પણમાં હોમ-
વાના ભાગ જુદા પાડી સામાન્ય પ્રજાજનોના કુટુંબોને મૂસાનાં નિયમો-
માં જણાવ્યા મુજબ યહોવાને ચઢાવવા માટે, વહેંચી આપતા હતા. એવું
જ બળદોનું પણ કરવામાં આવ્યું. 13 મૂસાના નિયમોમાં જણાવ્યા પ્રમા-
ણે તેઓએ પાસ્ખાનાં હલવાનો અગ્નિમાં શેક્યાં અને પવિત્ર અર્પણોને
તપેલાં, કઢાઇઓ અને તાવડાઓમાં ઉકાળી ઝટપટ પ્રજાને પીરસી દી-
ધાં. 14 ત્યારબાદ તેમણે પોતાને માટે અને યાજકોને માટે ખાવાનું બના-
વ્યું. યાજકો જે હારુનના વંશજો હતા તેઓ ખૂબ વ્યસ્ત હતા તેથી પો-
તાનું ખાવાનું બનાવવા અસમર્થ હતાં, તેઓ અંધારુ થાય ત્યાં સુધી
દહનાર્પણો તથા મેંદાર્પણ ચઢાવતા હતા. 15 આસાફના કુળના ગાયકો,
આસાફ, હેમાન, અને રાજાના ષ્ટા, યદૂથૂન દાઉદે ઠરાવેલા નિયમ મુ-
જબ પોતાને સ્થાને ઊભા રહ્યાં, દ્વારપાળો પણ પોતપોતાને દરવાજે
ઊભા રહ્યાં. તેમને પોતાનું સ્થાન છોડવાની જરૂર નહોતી કારણ, તેમ-
ના ભાઇઓ લેવીઓએ તેમને માટે બધી તૈયારી કરી હતી. 16 આ રીતે,
તે દિવસે રાજા યોશિયાની આજ્ઞા પ્રમાણે યહોવાની સેવાની બધી વ્ય-

વસ્થા કરવામાં આવી, પાસ્ખાની ઉજવણી થઇ અને યહોવાની વેદી
ઉપર દહનાર્પણ ચઢાવવામાં આવ્યું. 17 ત્યાં હાજર રહેલા ઇસ્રાએલી-
ઓએ એ વખતે પાસ્ખાનું પર્વ અને બેખમીર રોટલીનો ઉત્સવ સાત દિ-
વસ સુધી ઉજવ્યાં. 18 પ્રબોધક શમુએલના વખતથી ઇસ્રાએલમાં કદી
પાસ્ખાનું પર્વ આ રીતે ઊજવાયું નહોતું. ઇસ્રાએલના કોઇ પણ રાજાએ
યોશિયાની પેઠે પાસ્ખાનું પર્વ યાજકો, લેવીઓ, હાજર રહેલા બધા યહૂ-
દાવાસીઓ તથા ઇસ્રાએલવાસીઓ અને યરૂશાલેમના વતનીઓ સાથે
કદી ઊજવ્યું નહોતું. 19 યોશિયાના રાજ્યને અઢારમે વષેર્ આ પાસ્ખાપ-
ર્વ ઊજવવામાં આવ્યું હતું. 20 આ બધું બન્યા પછી, જ્યારે યોશિયાએ
મંદિર બાંધવાનું પૂરુ કરી નાખ્યું હતું ત્યારે, મિસરનો રાજા નખો યુદ્ધ
કરવા માટે ફ્રાતના કાંઠા પરના કાર્કમીશ ઉપર ચઢી આવ્યો. યોશિયા
તેની સામે લડવા ગયો. 21 પરંતુ નખોએ એલચીઓ મોકલીને કહેવડા-
વ્યું કે, “ઓ યહૂદાના રાજા, તારે ને મારે શો ઝઘડો છે? આજે હું તારી સા-
થે લડવા નથી આવ્યો, પણ જેની સાથે મારે દુશ્મનાવટ છે તે રાજા સા-
થે લડવા આવ્યો છું, અને યહોવાએ મને ઉતાવળ કરવા કહ્યું છે. દેવ
મારા પક્ષે છે, તેની આડે આવીશ નહિ, નહિ તો તે તારો નાશ કરશે.”
22 પણ યોશિયાએ તેનું સાંભળ્યું નહિ. અને તેની સાથે લડવા માટે પોતે
વેશપલટો કર્યો. દેવની આજ્ઞાથી ઉચ્ચારાયેલાં નખોના વચન તેણે કાન
પર લીધાં નહિ, અને મગિદોના મેદાનમાં તે યુદ્ધે ચઢ્યો. 23 બાણાવળી-
ઓએ તેના ઉપર મારો ચલાવ્યો અને તેણે પોતાના અંગરક્ષકોને કહ્યું,
“મને લઇ જાઓ, હું સખત ઘવાયો છું.” 24 તેઓ તેને તેના રથમાંથી
ઉપાડી બીજા રથમાં મૂકી પાછો યરૂશાલેમ લઇ ગયા, ત્યાં તે મૃત્યુ પા-
મ્યો અને તેને પિતૃઓની કબરોમાં દફનાવવામાં આવ્યો, સમગ્ર યહૂ-
દાએ અને યરૂશાલેમે તેનો શોક પાળ્યો. 25 યમિર્યા પ્રબોધકે તથા મંદિ-
રના ગાયકવૃંદે પણ તેના માટે વિલાપ કર્યો. આજ દિવસ સુધી તેના મૃ-
ત્યુ વિષે વિલાપના ગીતો ગવાય છે, અને આ ગીતો વિલાપના અધિ-
કૃત પુસ્તકમાં નોંધેલા છે. 26 યોશિયાનાં બાકીનાં કૃત્યો, તથા યહોવાના
નિયમશાસ્ત્રમાં લખ્યા પ્રમાણે કરેલાં તેના સુકૃત્યો, 27 તથા તેના બીજાં
કામો, પહેલેથી તે છેલ્લે સુધી, ઇસ્રાએલ અને યહૂદાના રાજાઓના ઇતિ-
હાસના પુસ્તકમાં નોંધેલા છે.

36 દેશના લોકોએ યોશિયાના પુત્ર યહોઆહાઝને નવા રાજા તરીકે
પસંદ કર્યો. 2 તે જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 23
વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં ત્રણ મહિના રાજ્ય કર્યુ. 3 ત્યારબાદ
મિસરના રાજા નખોએ તેને જેલમાં નાખ્યો અને યહૂદાના દેશ ઉપર
3,400 કિલોગ્રામ ચાંદીની અન 34 કિલોગ્રામ વજનદાર સોનાની વા-
ષિર્ક ખંડણી નાખી અને યહોઆહાઝનો એ રીતે દંડ કર્યો. 4 તથા તેની
જગ્યાએ તેના ભાઇ એલ્યાકીમને યહૂદાનો અને યરૂશાલેમનો રાજા
બનાવ્યો, અને તેનું નામ બદલીને યહોયાકીમ રાખ્યું. નખો તેના ભાઇ
યહોઆહાઝ ને મિસર ઉપાડી ગયો. 5 યહોયાકીમ ગાદીએ આવ્યો ત્યારે
તેની ઊંમર 25 વર્ષની હતી અને તેણે યરૂશાલેમમાં અગિયાર વર્ષ રાજ્ય
કર્યુ. 6 તેણે દેવ યહોવાની ષ્ટિએ ખોટું ગણાય એવું આચરણ કર્યુ. આથી
બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર તેના ઉપર ચઢી આવ્યો અને તેને
સાંકળ બાંધી બાબિલ લઇ ગયો. 7 વળી તે યહોવાના મંદિરની કેટલીક
સામગ્રી પણ બાબિલ લઇ ગયો અને તેને પોતાના મહેલમાં રાખી.
8 યહોયાકીમનાઁ રાજ્યમાં બીજા બનાવો, તેણે ઘૃણાજનક કાર્યો કર્યા
હતા અને જેને માટે તેને ગુનેગાર ઠરાવવામાં આવ્યો હતો તે બધું ઇસ્રા-
એલના અને યહૂદાના રાજાઓનાં વૃત્તાંતમાં નોંધાયેલું છે, તેના પછી તે-
નો પુત્ર યહોયાખીન ગાદીએ આવ્યો. 9 યહોયાખીન જ્યારે ગાદીએ
આવ્યો ત્યારે તેની ઉંમર 8 વર્ષની હતી. તેણે માત્ર ત્રણ માસ અને ત્રણ
દિવસ યરૂશાલેમમાં રાજ્ય કર્યુ. દેવની ષ્ટિમાં તે ભૂંડાઇનું રાજ્ય હતું.
10 ત્યારબાદ વસંતઋતુમાં નબૂખાદનેસ્સાર રાજાએ તેને બાબિલ બો-
લાવ્યો. તે વખતે મંદિરમાંથી ઘણો ખજાનો બાબિલ લઇ જવામાં
આવ્યો. નબૂખાદનેસ્સાર રાજાએ યહોયાખીનના ભાઇ સિદકિયાને યહૂ-
દા અને યરૂશાલેમમાં નવા રાજા તરીકે નીમ્યો. 11 સિદકિયા ગાદીએ
આવ્યો ત્યારે તેની ઉંમર 21 વર્ષની હતી. અને તેણે યરૂશાલેમમાં અગિ-
યાર વર્ષ રાજ્ય કર્યુ. 12 તેણે તે દેવ યહોવા વિરૂદ્ધ પાપ કર્યુ, અને યહો-
વાના મુખ્ય પાત્ર પ્રબોધક યમિર્યાનું કહ્યું તેણે માથે ચડાવ્યું નહિ.
13 વળી તેણે નબૂખાદનેસ્સાર સામે બળવો કર્યો. જેને વફાદાર રહેવાને
તેણે દેવને નામે સમ ખાધા હતા. તે જક્કી હતો અને તેણે ઇસ્રાએલના
દેવ યહોવાને શરણે પાછા વળવાની હઠપૂર્વક ના પાડી. 14 ઉપરાંત યહૂ-
દાના બધા આગેવાનો, યાજકો અને લોકો વધુ બગડતા અને બગડતા
ગયા. તેઓ આજુબાજુની પ્રજાઓના દેવોની મૂર્તિઓને પૂજતા હતા,
આમ તેઓએ યરૂશાલેમમાં આવેલા યહોવાના મંદિરને ષ્ટ કર્યુ જે તેણે
પાવન કર્યુ હતું. 15 તેઓના પિતૃઓના દેવ યહોવાએ વારંવાર પોતાના
પ્રબોધકો મોકલીને તેઓને ચેતવણી આપી, કારણકે પોતાના લોકો પર
અને પોતાના નિવાસ પર તેને દયા આવતી હતી. 16 પણ તેમણે દેવના
સંદેશવાહકોની ઠેકડી ઉડાવી, દેવના વચનોની ઉપેક્ષા કરી, અને પ્રબો-
ધકોને હસી કાઢ્યા, એટલે સુધી કે આખરે તેમના ઉપર યહોવાનો રોષ
એવો તો ઊતર્યો કે, કોઇ ઉપાય ન રહ્યો. 17 ત્યારે યહોવાએ બાબિલના
રાજાને તેમના ઉપર ચઢાઇ કરવા મોકલ્યો. બાબિલના રાજાએ તેમના
યુવાન માણસોને જ્યારે તેઓ મંદિરની અંદર જ હતાં ત્યારે મારી ના-
ખ્યાં. તેણે સ્ત્રી કે પુરુષ, વૃદ્ધ કે યુવાન, સાજાં કે માંદા કોઇનેય છોડ્યાં
નહિ. દેવે તેમને બધાંને તેના હાથમાં સુપ્રત કર્યા હતાં. 18 તે યહોવાના
મંદિરની નાનીમોટી બધી જ સામગ્રી તેમજ મંદિરમાંના, રાજાના અને
તેના અમલદારોના ખજાના, બધું જ બાબિલ લઇ ગયો. 19 તેણે મંદિર
બાળી મૂક્યું. યરૂશાલેમની દિવાલ ભોંયભેગી કરી નાખવામાં આવી
હતી. તેના મહેલોને આગ ચાંપી અને બધી જ કિંમતી વસ્તુઓનો નાશ
કર્યો. 20 હત્યાઓમાંથી બચી જવા પામેલાઓને તે બાબિલ બાન પકડી
ગયો, અને ઇરાનીઓ સત્તા પર આવ્યા ત્યાં સુધી તેઓ તેના તથા તેના
વંશજોના ગુલામ રહ્યાં. 21 આ રીતે યમિર્યા મારફતે ઉચ્ચારાયેલું યહોવા-
નું વચન સાચું પડ્યું ભૂમિ 70 વષોર્ સુધી વેરાન થઇ જશે. લોકો દ્વારા
વિશ્રામવર્ષની વિશ્રાંતિન પાળવા માટેની આ ભરપાઈ હશે.” 22 યમિર્યા
પ્રબોધક દ્વારા આપવામાં આવેલ યહોવાનું વચન પૂર્ણ થાય માટે ઇરા-
નના રાજા કોરેશના પહેલા વર્ષમાં યહોવાએ કોરેશને પ્રેરણા કરી કે, તે
તેના સમગ્ર રાજ્યમાં એક લેખિત ઢંઢેરો પ્રગટ કરે: 23 આકાશના યહોવા
દેવે મને પૃથ્વીના સર્વ રાજ્યો આપ્યા છે; તેણે મને તેને માટે યહૂદામાં
આવેલા યરૂશાલેમમાં મંદિર બાંધવા કહ્યું છે, તેના લોકોમાંથી તમારામાં
જે કોઇ હોય; તે ભલે જાય. તેના દેવ યહોવા તેને સાથ આપો.

# એઝરા

1 ઈરાનના રાજા કોરેશના અમલ દરમ્યાન પહેલા વષેર્ યહોવાએ
યમિર્યા દ્બારા આપેલું વચન પૂરું કરવા માટે ઈરાનના રાજા કોરેશ-
ને પ્રેરણા કરી કે, તેણે પોતાના આખા રાજ્યમાં લેખિત ઢંઢેરો પિટાવવો;
2 “ઈરાનના રાજા કોરેશ જાહેર કરે છે કે:આકાશના દેવ યહોવાએ મને પૃ-
થ્વી પરનાં બધાં રાજ્યો આપ્યાં છે, અને તેણે પોતે મને તેને માટે યહૂ-
દામાં આવેલ યરૂશાલેમમાં મંદિર બંધાવવાની જવાબદારી સોંપી છે.
3 તેથી યરૂશાલેમમાં આવેલા ઈસ્રાએલના દેવ યહોવાનું મંદિર ફરીથી
બાંધવા માટે રાજ્યમાંના કોઈ પણ યહૂદામાં આવેલા યરૂશાલેમમાં જઇ
શકશે. તેનો દેવ તેની સાથે રહ્યો. યરૂશાલેમમાં એ જ દેવની પૂજા થાય
છે. 4 એટલા માટે કોઇ પણ જગ્યાએ જ્યાં એમાંનો કોઇ બાકી રહેલો
હોય તો તેની જગ્યાના લોકો તેને યરૂશાલેમનાં મંદિરનાં બાંધકામ માટે
યથાશકિત સોના, ચાંદી, સામાન, પશુઓ અને અર્પણ આપીને મદદ
કરે.” 5 તેથી યહૂદા અને બિન્યામીનના કુળસમૂહોના બધાં આગેવાનો,
યાજકો, લેવીઓ અને યહોવા દ્બારા પ્રેરાયેલાઓ યરૂશાલેમમાં યહોવાનું
મંદિર બાંધવા જવા તૈયાર થયા. 6 તેમના આજુબાજુના પાડોશીઓએ
તેમને આ બધાં અર્પણ ઉપરાંત સોનાચાંદીનાં પાત્રો, સામાન, ઢોર-
ઢાંખર તથા કિંમતી ભેટ આપી. 7 વળી રાજા કોરેશે પણ તેમને યહોવા-
ના મંદિરમાંથી વસ્તુઓ આપી. આ વસ્તુઓ નબૂખાદનેસ્સાર રાજાએ
યરૂશાલેમના યહોવાના મંદિરમાંથી લઈ જઈને પોતાના દેવોના મંદિરમાં
મૂકી હતી. 8 તદુપરાંત ઈરાનના કોરેશ રાજાએ ખજાનચી મિથદાથ પાસે
તે વસ્તુઓને લાવ્યો અને તેણે આ વસ્તુઓ યહૂદાના આગેવાન શેશ્બા-
સ્સારને સોંપી દીધી. 9 આ તે બધી વસ્તુઓ છે જે કોરેશ રાજા યહોવાના
મંદિરમાંથી બહાર લાવ્યો હતો: 30 સોનાની થાળીઓ,1,000 ચાંદીની
થાળીઓ અને 29બીજા વાસણો, 10 ત્રીસ સોનાના કટોરા, 410 ચાંદી-
ના જુદા જુદા પ્રકારના પ્યાલાઓ, 1,000 અન્ય ચીજ વસ્તુઓ, 11 સો-
નાચાંદીનાં સર્વ પાત્રો મળીને 5,400 હતાં, જ્યારે બંદીવાનો બાબિલથી
યરૂશાલેમ આવ્યા, ત્યારે આ બધાં પાત્રો શેસ્બાસ્સાર પોતે પોતાની
સાથે લાવ્યો.

2 બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર યહૂદાના જે લોકોને બંદીવાન
કરીને બાબિલ લઇ ગયો હતો, તેઓમાંથી જે માણસો છૂટીને યરૂ-
શાલેમમાં તથા યહૂદામાં પોતપોતાના નગરમાં પાછા આવ્યા તેઓનાં
નામોની યાદી આ પ્રમાણે છે: 2 તેઓમાં યેશૂઆ, નહેમ્યા, સરાયા, રએ-
લાયા, મોર્દખાય, બિલ્શાન, મિસ્પાર, બિગ્વાય, રહૂમ, તથા બાઅનાહ-
ની ઝરુબ્બાબેલની સાથે આવ્યા.ઈસ્રાએલી લોકોની સંખ્યા: 3 પારોશ-
ના વંશજો 2,172 4 શફાટાયાના વંશજો 372 5 આરાહના વંશજો 775
6 પાહાથ-મોઆબના વંશજો, યેશૂઆ તથા યોઆબના વંશજો 2,812
7 એલામના વંશજો 1,254 8 ઝાત્તુના વંશજો 945 9 ઝાક્કાયના વંશજો
760 10 બાનીના વંશજો 642 11 બેબાયના વંશજો 623 12 આઝગાદના
1,222 13 અદોનીકામના વંશજો 666 14 બિગ્વાયના વંશજો 2,056
15 આદીનના વંશજો 454 16 હિઝિકયાના આટેરના વંશજો 98 17 બેસા-
યના વંશજો 323 18 યોરાહના વંશજો 112 19 હાશુમના વંશજો 223
20 ગિબ્બારના વંશજો 95 21 બેથલહેમના વંશજો 123 22 નટોફાહના
મનુષ્યો 56 23 અનાથોથના મનુષ્યો 128 24 આઝમાવેથના વંશજો 42
25 કિર્યાથ-આરીમના, કફીરાહના અને બએરોથના વંશજો 743 26 રામા-
ને ગેબાના વંશજો 621 27 મિખ્માસના મનુષ્યો 122 28 બેથેલ ને આય-
ના મનુષ્યો 223 29 નબોના વંશજો 52 30 માગ્બીશના વંશજો 156
31 બીજા શહેરના (પુત્રો) એલામના વંશજો 1,254 32 હારીમના વંશજો
320 33 લોદના, હાદીદના અને ઓનોના વંશજો 725 34 યરીખોના વંશ-
જો 345 35 સનાઆહના વંશજો 3,630 36 યાજકો: યદાયાના વંશજો,
યેશૂઆના વંશજો 973 37 ઇમ્મેરના વંશજો 1,052 38 પાશહૂરના વંશજો
1,247 39 હારીમના વંશજો 1,017 40 લેવીઓ: હોદાવ્યાના, યેશૂઆના
તથા કાદમીએલના વંશજો 74 41 ગવૈયાઓ: આસાફના વંશજો 128
42 મંદિરના દ્બારપાળોના વંશ: શાલુમ, આટેર, ટાલ્મોન, આક્કૂબ, હટી-
ટા અને શોબાયના વંશજો, 139 43 મંદિરના સેવકો: સીહા, હસૂફા અને
ટાબ્બાઓથ 44 કેરોસ, સીઅહા અને પાદોનના વંશજો; 45 લબાનાહ, હા-
ગાબાહ અને આક્કૂબના વંશજો; 46 હાગાબા, શામ્લાય, અને હાનાનના
વંશજો: 47 ગિદેલ, ગાહાર, અને આયાના વંશજો; 48 રસીન, નકોદા અને
ગાઝઝામના વંશજો; 49 ઉઝઝા, પાસેઆહ અને બેસાયના વંશજો;
50 આસ્નાહ મેઉનીમ અને નફીસીમના વંશજો: 51 બાકબૂક, હાકૂફા અને
હાહૂરના વંશજો; 52 બાસ્લૂથ, મહીદા અને હાર્શાના વંશજો; 53 બાકોર્સ,
સીસરા, અને તેમાહના વંશજો; 54 નસીઆહ અને હટીફાના વંશજો:
55 સુલેમાનના સેવકોના વંશજો: સોટાય, હાસ્સોફેદેથ અને પરૂદાના
વંશજો: 56 યાઅલાહ, દાકોર્ન અને ગિદ્ધોલના વંશજો: 57 શફાટયા, હા-
ટીલ અને પોખેરેશના વંશજો હાસ્બાઈમ અને આમીના વંશજો; 58 મંદિ-
રના સર્વ સેવકો અને સુલેમાનના સેવકોના વંશજો 392 હતા. 59 તેલ-
મેલાહ, તેલ હાર્શા, ખરૂબ, અદ્દાન, તથા ઈમ્મેરમાંથી પાછા આવેલા લો-
કો અને જેઓ ઈસ્રાએલીઓમાંના હતાં કે નહિ એમ સાબિત કરવા માટે
પોતાના પૂર્વજોની વંશાવળી દેખાડી શક્યા નહિ, તેઓ આ છે: 60 દલા-
યા, ટોબિયા, અને નકોદાના ગોત્રના 652 વંશજોનો સમાવેશ થતો
હતો. 61 યાજકોના ત્રણ કુટુંબો: હબાયાના વંશજો, હાક્કોસના વંશજો
અને બાર્ઝિલ્લાય જે ગિલયાદી બાર્ઝિલ્લાયની પુત્રીઓમાંથી એકને પરણી
લાવ્યો હતો ને જેથી તેનું એ નામ પાડ્યું હતું તેના વંશજો. 62 તેઓએ
સર્વ વંશાવળીમાં તપાસ કરી પણ તેઓનાં નામ મળ્યાં નહિ, તેથી તેઓ
અશુદ્ધ ગણાયા ને યાજકપદમાંથી બરતરફ થયા. 63 ઉરીમ અને તુમ્મીમ
દ્બારા તપાસ કરી કે તેઓ સાચેજ યાજકોના વંશજો છે કે નહિ એ નક્કી
થાય ત્યાં સુધી પ્રશાશકે અર્પણોના હિસ્સામાંથી પણ ખાવાની તેઓને
મના કરી હતી. 64 સર્વ મળીને કુલ 42,360 માણસો યહૂદા પાછા
આવ્યા. 65 તદુપરાંત 7,337 દાસદાસીઓ તથા ગાયકગણના સભ્યો
એવા 200 સ્ત્રી પુરુષો પાછા ફર્યા. 66 તેઓ પાસે 736 ઘોડા અને 245
ખચ્ચરો, 67 435 ઊંટ અને 6,720 ગધેડાં હતાં. 68 દેશવટેથી પાછા ફરે-
લા ટોળાઓ યરૂશાલેમમાં યહોવાના મંદિરે પહોંચ્યા ત્યારે કેટલાંક કુ-
ટુંબના વડીલોએ જુના સ્થાને મંદિર ફરી બાંધવા માટે સ્વેચ્છાએ દાન
આપ્યાં, 69 પ્રત્યેક વ્યકિતએ પોતાની યથા શકિત પ્રમાણે બાંધકામ
માટે આપ્યુ. 500 કિલો સોનું; 3,000 કિલોચાંદી અને યાજકો માટે
100 પોશાકો આપ્યા. 70 યાજકો, લેવીઓ તથા બીજા કેટલાક લોકો
યરૂશાલેમમાં તથા નજીકના ગામોમાં વસ્યા. ગવૈયાઓ, દ્બારપાળો અને
મંદિરના સેવકો અને બાકી બચેલાં ઈસ્રાએલીઓ પોતાના નગરમા
વસ્યા.

3 ઈસ્રાએલના પુત્રો પોતાનાં નગરોમાં વસ્યા પછી, સાતમો માસ
આવ્યો ત્યારે તેઓ બધા એક દિલથી યરૂશાલેમમાં ભેગા થયા.
2 યોસાદાકનો પુત્ર યેશૂઆએ તેના યાજકો સાથે તથા શઆલ્તીએલનો
પુત્ર ઝરુબ્બાબેલ અને તેના સાથીઓએ ઈસ્રાએલના દેવની વેદી ફરી-
થી બાંધી, જેથી દેવના સેવક મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે તેની પર
દહનાર્પણો ચઢાવી શકાય. 3 આજુબાજુના બીજા લોકોનો ડર હોવા
છતાં તેમણે પહેલાંને સ્થાને જ વેદી ઊભી કરી અને તેના પર સવાર
સાંજ યહોવાને દહનાર્પણો આપવાનું શરૂ કર્યુ. 4 તેઓએ મૂસાના નિય-
મશાસ્ત્રમાં લખ્યા પ્રમાણે માંડવાપર્વ ઊજવ્યો અને નિયમ પ્રમાણે દર-
રોજ જોઇતા પ્રમાણમાં દહનાર્પણો ચઢાવ્યા. 5 એના પછી લોકોએ નિ-

ત્યનાં દહનાર્પણો, ચંદ્રદર્શનના દિવસની ઉજવણીના અર્પણો તથા
બીજાં વાષિર્ક પવોર્ની ઉજવણીનાં અર્પણો ચઢાવ્યા જે યહોવાને માટે
પવિત્ર હતા એ લોકોએ ઉપહાર પણ અર્પણ કર્યા. 6 તેઓએ સાતમા
મહિનાના પ્રથમ દિવસથી યહોવાને દહનાર્પણો ચઢાવવાનું શરૂ કર્યું;
પરંતુ યહોવાના મંદિરનો પાયો હજી નંખાયો ન હતો. 7 તેમણે કડિયા-
ઓને અને સુથારોને પૈસા આપ્યા અને સિદોન અને તૂરના લોકોને ખો-
રાક પાણી અને તેલ મોકલ્યાં, જેથી તેઓ લબાનોનથી સમુદ્રમાગેર્ યા-
ફા સુધી દેવદારનું લાકડું લઈ આવે. ઈરાનના રાજા કોરેશે એ માટે પર-
વાનગી આપી હતી. 8 બીજા વર્ષના બીજા મહિનામાં યરૂશાલેમમાં દેવ-
ના મંદિરમાં પહોચ્યા પછી, શઆલ્તીએલનો પુત્ર ઝરુબ્બાબેલે અને
યોસાદાકનો પુત્ર યેશૂઆએ તેમના બીજા જાતભાઈઓની મદદ વડે,
યાજકો લેવીઓ અને દેશવટેથી યરૂશાલેમ પાછા ફરેલા બાકીના બધા
લોકોની મદદથી મંદિરનું ખરેખરું બાંધકામ શરૂ કર્યુ. તેમણે વીસ વર્ષ-
ના અને તેથી મોટા લેવીઓને યહોવાના મંદિરનાં બાંધકામની દેખરેખ
રાખવા નીમ્યા. 9 આ સમગ્ર યોજના પર દેખરેખ રાખવાનું કામ યેશૂઆ,
કાદમીએલ અને તેના પુત્રો, હેનાદાદ અને તેઓના પુત્રો તથા સબંધી-
ઓને સોંપવામા આવ્યું. તેઓ સર્વ લેવીઓ હતા. 10 જ્યારે યહોવાના
મંદિરનો પાયો નાખવાનું કામ પૂરું થયું ત્યારે, યહોવાની સ્તુતિ કરવા
માટે તેઓએ ઈસ્રાએલના રાજા દાઉદના હુકમ પ્રમાણે, યાજકોને તેઓ-
ના પોશાક પહેરાવીને રણશિંગડા સાથે તથા લેવીઓને તેમના હાથમાં
ઝાંઝની જોડી આપીને ઊભા રાખ્યા. 11 તેઓએ યહોવાની સ્તુતિ અને
આભાર ગીત ગાયાં; "દેવ ભલા છે અને તેમનો પ્રેમ તથા દયા ઈસ્રાએ-
લીઓ પર સદાકાળ રહેશે." ત્યારે બધા લોકો ઊંચે સાદે યહોવાની સ્તુ-
તિ કરવા લાગ્યા, કારણ; યહોવાના મંદિરનો પાયો નંખાઈ ચૂક્યો હતો.
12 ઘણા યાજકો, લેવીઓ અને કુટુંબના આગેવાનો અને વડીલો, જેમણે
પહેલાનું મૂળ મંદિર જોયું હતું તેઓ પોતાની નજર સામે પાયો નંખાતો
જોઈને રડી પડ્યા, પણ બીજા ઘણા લોકો મોટે સાદે હર્ષના પોકારો કર-
તા હતા. 13 તેથી લોકોના પોકારો હર્ષના છે કે વિલાપના છે તે પારખી
શકાતા નહોતા, કારણકે લોકો દૂર સુધી સંભળાય એટલે મોટે અવાજે
પોકારો કરતા હતા.

4 યહૂદા અને બિન્યામીનના દુશ્મનોને ખબર પડી કે દેશવટેથી પા-
છા આવેલા લોકો ઈસ્રાએલના દેવ યહોવાનું મંદિર બાંધે છે.
2 એટલે તેઓએ ઝરૂબ્બાબેલ અને કુટુંબના વડીલો પાસે આવીને કહ્યું,
"અમે પણ તમારી સાથે મંદિર બાંધવાના કામમાં જોડાવા માગીએ
છીએ, કારણ, અમે પણ તમારી જેમ તમારા દેવના ઉપાસક છીએ અને
અમને અહીં વસાવનાર આશ્શૂરના રાજા એસાર-હાદોનના વખતથી
એને યજ્ઞો અર્પણ કરતા આવ્યા છીએ." 3 ઝરૂબાબ્બેલ, યેશુઆ અને
ઈસ્રાએલી કુટુંબના બીજા વડવાઓએ કહ્યું, "અમારા દેવનું મંદિર બાંધ-
વામાં તમારે અમારી સાથે જોડાવું નહિ. ઈરાનના રાજા કોરેશે અમને ફર-
માવ્યા પ્રમાણે અમે એકલા જ યહોવાનું મંદિર બાંધીશું." 4 ત્યારબાદ દે-
શના લોકોએ યહૂદિયાઓને ડરાવીને ના હિંમત બનાવી તેમને આગળ-
નું બાંધકામ કરતા રોકવાનો પ્રયત્ન કર્યો. 5 તેઓએ તેમના વિરૂદ્ધ
સલાહકારો ભાડેથી રાખ્યા, આ માણસોએ તેમની યોજનાઓને નિષ્ફળ
બનાવવાનો પ્રયત્ન કર્યો, કોરેશ રાજાના સમગ્ર રાજ્યકાળ દરમ્યાન
અને દાર્યાવેશ રાજા ગાદી પર આવ્યો ત્યાં સુધી આમ ચાલ્યું. 6 ત્યાર-
બાદ રાજા અહાશ્વેરોશના અમલની શરૂઆતમાં તે લોકોએ યહૂદા અને
યરૂશાલેમના વતનીઓ વિરૂદ્ધ લેખિત ફરિયાદ કરી. 7 વળી ઈરાનના રા-
જા આર્તાહશાસ્તાના અમલ દરમ્યાન બિશ્લામે, મિથદાથ, તાબએલે
અને તેમના બીજા સાથીઓએ રાજાને પત્ર લખ્યો. એ પત્ર અરામી ભા-
ષામાં લખેલો હતો. તેનું ભાષાંતર કરીને સંભળાવવાનું હતું. 8 આમાં મુ-
ખ્યત્વે પ્રશાશક રહૂમે અને મંત્રી શિમ્શાયે, આર્તાહશાસ્તા રાજા પર યરૂ-
શાલેમ વિરૂદ્ધ પત્ર મોકવ્યો. 9 આ પત્રમાં સામેલ થનારાઓની યાદી:
શાસન કર્તા રહૂમે અને મંત્રી શિમ્શાય અને તેમના સાથીદારો; ન્યાયા-
ધીશો અને અધિકારીઓ તેઓ ત્રિપોલીસના, ઈરાનના, ઈરેખના અને
બાબિલના લોકો, સુસાના એલામીઓ, 10 અને બાકીની બધી પ્રજાઓ,
જેઓને મહાન અને સજ્જન રાજા અશૂરબનિપાલ સમરૂનનાં ગામોમાં
અને ફ્રાંત નદીની પશ્ચિમના બીજા પ્રદેશમાં લાવ્યો હતો તેમને ત્યાં
વસાવ્યા. 11 પત્ર નીચે મુજબ છે: રાજા આર્તાહશાસ્તા પ્રત્યે લિ. ફ્રાંતની
પશ્ચિમના પ્રાંતના તેમના સેવકોના પ્રણામ. 12 અમે તમારું ધ્યાન ખે-
ચીએ છીએ કે, બાબિલથી યરૂશાલેમ મોકલવામાં આવેલા યહૂદિયાઓ
બળવાખોર અને દુષ્ટ નગરનું ફરીથી બાંધકામ કરી રહ્યા છે. તેઓ નગ-
રના કિલ્લાની દીવાલ બાંધી રહ્યાં છે અને પાયાનું સમારકામ કરી રહ્યાં
છે. 13 એટલે હવે અમારે રાજાને જણાવવું જોઈએ કે, જો એ નગર બંધાશે
એના કિલ્લાની દીવાલો પૂરી થશે, તો તેઓ ખંડણી, કરવેરા કે જકાત
આપશે નહિ, તેથી આખરે રાજ્યની ઉપજમાં ઘટાડો થશે. 14 અમે તમા-
રી સેવામાં છીએ એટલે તમને આ રીતે લજ્જિત થતા જોઈ રહેવું અમને
યોગ્ય લાગતું નથી તેથી અમે આપ નામદારને આ હકીકત જણાવીએ
છીએ. 15 અમે તમને વિનંતી કરીએ છીએ કે તમે તમારા પૂર્વજોની
અધિકૃત નોંધોની તપાસ કરો તો, તમને ખબર પડશે કે આ નગર કેવું
બંડખોર હતું, કેટલાક રાજાઓ અને પ્રજાઓ વિરૂદ્ધ વિદ્રોહ કરવા માટેના
એક લાંબા ઈતિહાસના કારણે તેને પાયમાલ કરવામાં આવ્યું હતું. 16 તે-
થી અમે તો આપ નામદારને નિવેદન કરીએ છીએ કે, "જો એ નગરો
બંધાઈ જશે ને એના કોટ પૂરા થશે, તો નદી પાર આપનુ શાસન પશ્ચિ-
મના પ્રદેશમાં રહેશે નહિ." 17 એટલે રાજાએ આ પ્રમાણે જવાબ મોક-
લ્યો:પ્રશાસક રહૂમ, સચીવ શિમ્શાય તથા સમરૂન અને ફ્રાંતની પશ્ચિમ-
ના પ્રદેશમાં વસતા તેમના બીજા સાથીઓ સદગૃહસ્થો પ્રત્યે. શુભકામ-
ના. 18 તમે મોકલેલ પત્ર મને મળ્યો અને તેને અનુવાદ કરાવીને મને
વાંચી સંભળાવાયો છે. 19 મેં કાર્યાલયોમાં તપાસ કરાવી છે અને શોધી
કાઢયું છે કે, યરૂશાલેમના લોકોએ ભૂતકાળમાં ઘણાં રાજાઓ સામે
બળવો કર્યો છે. બળવો અને દગો ખરેખર તેઓને માટે સામાન્ય બાબત
છે. 20 યરૂશાલેમમાં પ્રતાપી રાજાઓ પણ છે અને તેમણે ફ્રાત પારના
સમગ્ર પ્રદેશ પર સત્તા ભોગવી છે અને કરવેરા વસૂલ કર્યા છે. 21 માટે
હવે તમારે એવો હુકમ કરવો જોઈએ કે, "એ લોકોની પ્રવૃત્તિ બંધ થાય,
અને બીજી આજ્ઞા આપના તરફથી થતાં સુધી એ નગર ન બંધાય.
22 સાવધાન રહો, હવે આ બાબતની જરાપણ અવગણના કરશો નહિ,
નહિ તો રાજ્યને વધારે નુકશાન થશે." 23 જ્યારે આર્તાહશાસ્તા રાજાનો
આ પત્ર રહૂમ અને શિમ્શાય અને તેમના બીજા સાથીઓને વાંચી સંભ-
ળાવવામાં આવ્યો ત્યારે તેઓ ઝડપથી યરૂશાલેમ ધસી ગયા અને જોર-
જુલમથી યહૂદીયાઓને કામ કરતાં રોકી દીધા. 24 અને એ જ રીતે યરૂ-
શાલેમમાંના યહોવાના મંદિરનું કામ થંભી ગયું હતું અને ઈરાનના રાજા
દાર્યાવેશના બીજા વર્ષ સુધી તે સ્થગિત જ રહ્યું હતું.

5 પરંતુ તે સમયે પ્રબોધકો હાગ્ગાય તથા ઉદ્દોના પુત્ર ઝખાર્યાએ
ઈસ્રાએલના દેવ યહોવાના નામે જેઓની તેમના પર કૃપા હતી
યહૂદા તથા યરૂશાલેમમાં જે યહૂદીયાઓ હતા, તેઓને ભવિષ્યવાણી
સંભળાવી. 2 ત્યારે શઆલ્તીએલના પુત્ર ઝરુબ્બાબેલ તથા યોસાદાક-
ના પુત્ર યેશૂઆએ યરૂશાલેમમાં યહોવાનું મંદિર બાંધવાનું શરૂ કરી દી-
ધું. દેવના પ્રબોધકો તેમને ટેકો આપતાં હતાં. 3 પરંતુ તે જ સમયે યુફ્રે-
તિસ નદીની પશ્ચિમ તરફના પ્રદેશનો પ્રશાશક તાત્તનાય અને શથાર-
બોઝનાય તથા તેઓના સાથીદારો યરૂશાલેમ આવ્યા અને પૂછયું, "આ
મંદિર ફરીથી બાંધવાની અને લાકડાનું કામ પુરું કરવાની પરવાનગી
તમને કોણે આપી છે?" 4 પછી તેઓએ પૂછયું, "જે માણસો આ મંદિર
બાંધે છે તેમના નામ શાં છે?" 5 પરંતુ યહૂદીઓના વડીલો પર તેઓના
દેવ યહોવાની કૃપાદ્રષ્ટિ હતી, માટે આ બાબત દાર્યાવેશને કાને
પહોંચ્યા પછી રાજાનો જવાબ આવે ત્યાં સુધી તેમને કામ કરતા અટકા-
વવામાં આવ્યા નહિ. 6 તાત્તનાય પ્રશાશક, શથાર-બોઝનાય તથા બી-
જા અધિકારીઓએ દાર્યાવેશ રાજા પર નીચે પ્રમાણે પત્ર મોકલ્યો: 7 પ્ર-
તિ: દાર્યાવેશ રાજા: સલામ! ક્ષેમકુશળ હશો. 8 આપને વિદિત થાય કે,
અમે યહૂદા પ્રાંતમાં મહાન દેવના મંદિરમાં ગયાં હતા, તે મંદિર પથ્થરની
મોટી શિલાઓથી બાંધવામાં આવી રહ્યું છે, એની ભીંતોએ લાકડાની
તખ્તીઓ જડવામાં આવે છે, ખૂબ સફળતાપૂર્વક અને ઉત્સાહથી કામ
ચાલી રહ્યું છે. 9 અમે ત્યાં આગેવાનોને પૂછયું, "તમને આ મંદિરનું
બાંધકામ કરવાની અને તેનું લાકડાનું કામ પુરું કરવા માટે કોણે પરવા-
નગી આપી છે?" 10 વળી અમે તેમના નામ પણ પૂછયાં, જેથી અમે
આપને જણાવવા માટે આગેવાનોના નામની યાદી તૈયાર કરી શકીએ.
11 તેઓએ અમને ઉત્તર આપ્યો કે,"અમે આકાશ અને પૃથ્વીના દેવના
સેવકો છીએ; ઈસ્રાએલના એક મહાન રાજાએ ઘણાં વષોર્ પહેલાં બંધા-

વેલ મંદિરનો અમે જીર્ણોદ્ધાર કરીએ છીએ. 12 અમારા પિતૃઓએ સ્વર્ગ-
ના દેવને ગુસ્સે કર્યા, તેથી તેણે તેઓનો ત્યાગ કર્યો. તેણે નબૂખાદને-
સ્સાર રાજા દ્વારા આ મંદિરનો નાશ કરાવ્યો અને રાજાએ લોકોનો દેશ-
નિકાલ કરીને બાબિલ મોકલ્યા." 13 પણ બાબિલના રાજા કોરેશે પોતા-
ના રાજ્યના પહેલા વર્ષમાં દેવના આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની પર-
વાનગી આપી. 14 ઉપરાંત દેવના મંદિરની સોના ચાંદીની વસ્તુઓ
નબૂખાદનેસ્સાર યરૂશાલેમના દેવના મંદિરમાંથી કાઢીને બાબિલના
મંદિરમાં લઇ ગયો હતો, ને તે બધી વસ્તુઓ કોરેશ રાજાએ બાબિલના
મંદિરમાંથી પાછી લઇને શેશ્બાસ્સારને સોંપી જેને તેણે પ્રશાશક નિમ્યો
હતો; 15 "રાજાએ તેને સૂચના આપી કે, તે સર્વ વસ્તુઓ યરૂશાલેમના
મંદિરમાં પાછી મોકલે અને દેવના મંદિરને તેની અસલ જગ્યાએ બંધા-
વે." 16 પછી તે જ શેશ્બાસ્સારે આવીને દેવના એ મંદિરનો પાયો યરૂશા-
લેમમાં નાખ્યો; અને ત્યારથી તેનું બાંધકામ ચાલુ છે, તે હજી પૂરું થયું
નથી. 17 તેથી આપ નામદારને યોગ્ય લાગે તો બાબિલના ભંડારમાં
તપાસ કરાવશો કે રાજા કોરેશે યરૂશાલેમમાં દેવનું મંદિર ફરી બાંધવાની
પરવાનગી આપી હતી કે કેમ, અને આ બાબતમાં આપનો નિર્ણય
જણાવશો.

6 એ પછી દાર્યાવેશ રાજાએ બાબિલના ભંડારોના કાર્યાલયમાં
તપાસ કરવાનો હુકમ કર્યો. 2 ત્યારે માદાય પ્રાંતના 'એકબાતાના'
કિલ્લામાંથી એક લેખ મળી આવ્યો; એમાં આ ટીપ્પણી હતી; 3 "રાજા
કોરેશે પોતાના શાસનના પ્રથમ વર્ષ દરમ્યાન યરૂશાલેમમાં આવેલા દે-
વના મંદિરના સંબંધમાં આ હુકમ ફરમાવ્યો હતો, લોકોનું યજ્ઞો અર્પણ
કરવાનું જે સ્થાન છે એ સ્થાન પર મંદિર ફરી બાંધવું. તેના પાયાઓ જા-
ળવી રાખવા એની ઊંચાઇ 90 ફુટ અને પહોળાઇ 90 ફુટ રાખવી.
4 ભીંતોમાં મોટા પથ્થરના ત્રણ થર અને નવા લાકડાનો એક થર રાખ-
વો. તમામ ખર્ચ રાજભંડારમાંથી કરવો. 5 તદુપરાંત યરૂશાલેમના મંદિર-
માંથી નબૂખાદનેસ્સાર જે સોના ચાંદીના વાસણો બાબિલ લઇ આવ્યો
હતો તે પાછાં સોંપી દેવા, તે બધાં પાછા યરૂશાલેમના દેવના મંદિરમાં
લઇ જઇ ત્યાં તેના મૂળસ્થાને ફરી ગોઠવી દેવાં." 6 ત્યારબાદ દાર્યાવેશે
આ મુજબ હુકમ બહાર પાડ્યો: ફ્રાંતની પશ્ચિમે આવેલા પ્રદેશના સૂબા
તાત્તનાય, શથાર-બોઝનાય અને તેમના સાથી અમલદારો જોગ. તે-
ઓએ ત્યાંથી દૂર રહેવું. 7 દેવના મંદિરના બાંધકામમાં તમારે વિઘ્નો ન
નાખવા, યહૂદાના પ્રશાસક અને યહૂદીયાઓના આગેવાનો દેવનું મંદિર
એના અસલ સ્થાને ફરીથી બાંધે. 8 યહૂદીયાઓના વડીલોને દેવનું
મંદિર બાંધવામાં તમારે મદદ કરવી એવું મારું ફરમાન છે: એનો સમગ્ર
ખચોર્ ફ્રાત પારના પ્રદેશના મહેસૂલમાંથી થતી રાજ્યની આવકમાંથી
અચૂક ચૂકવી દેવો. જેથી કામ અટકી પડે નહિ. 9 આકાશના દેવને દહ-
નાર્પણો અર્પવા માટે યરૂશાલેમના યાજકોને જુવાન વાછરડાં, બકરા,
ઘેટાં, હલવાનો, તથા ઘઉં, મીઠું, દ્રાક્ષારસ અને તેલ તેઓ જે કઇં માગે
તે બધું અચૂક દરરોજ પૂરું પાડવું. 10 જેથી તેઓ આકાશના દેવને પ્રસન્ન
કરવા માટે સુવાસિત દહનાર્પણો કરે, અને રાજાના તથા તેના પુત્રોના
દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરે. 11 વળી એવો હુકમ પણ કર્યો છે કે, "જે
કોઇ આ હુકમનું ઉલ્લંઘન કરે તેના ઘરનો એક મોભ ખેંચી કાઢવામાં
આવશે. અને તેનું ઘર કચરાનો ઢગલો કરી નાખવું. 12 જે રાજાઓ કે પ્ર-
જાઓ યરૂશાલેમના દેવના મંદિરનો ફેરફાર કરવાનો કે વિનાશ કરવાનો
પ્રયત્ન કરશે તેનો ભલે દેવ વિનાશ કરે."હું દાર્યાવેશ તમને આ હુકમ
કરું છું. તેનું સંપૂર્ણ વફાદારીથી પાલન કરવામાં આવે. 13 ત્યારપછી
ફ્રાંતની પશ્ચિમના પ્રદેશના સૂબા તાત્તનાયએ, શથાર-બોઝનાયે અને તે-
મના સાથીઓએ રાજા દર્યાવેશે મોકલેલી આજ્ઞાનું અક્ષરશ: પાલન કર્યુ.
14 યહૂદીયાઓના વડીલોએ પણ પ્રબોધકો હાગ્ગાય અને ઇદ્દોના પુત્ર
ઝખાર્યાના વચનોથી પ્રેરાઇને મંદિરનું બાંધકામ ફરીથી ચાલુ કર્યુ અને
તેમનું ઉદેશ્ય પુરું કર્યુ. તેઓએ ઇસ્રાએલના દેવના ફરમાન મુજબ તથા
કોરેશ, દાર્યાવેશ અને આર્તાહશાસ્તા અને ઇરાનના રાજાઓના ફરમાન
મુજબ બાંધકામને પૂરું કર્યુ. 15 તે મંદિર રાજા દાર્યાવેશના રાજ્યના
છઠ્ઠા વષેર્ અદાર મહિનાના ત્રીજે દિવસે પૂર્ણ થયું હતું. 16 ત્યારબાદ
ઇસ્રાએલીઓએ યાજકોએ, લેવીઓએ અને દેશવટેથી પાછા ફરેલા બા-
કીના બધા લોકોએ ભારે આનંદપૂર્વક એ મંદિરનું સમર્પણ ઉજવ્યું.
17 તેમણે 100 બળદો, 200 ઘેટાં, 400 હલવાન, અને બાર બકરાની
આખા ઇસ્રાએલ માટેની પાપાર્થાપણની બલી આપી. 18 ત્યારબાદ તેમ-
ણે મૂસાના ગ્રંથમા લખ્યા મુજબ, યાજકોને અને લેવીઓને દેવનાં મંદિ-
રની સેવા કરવા ટૂકડીવાર ફરીથી નીમી દીધા. 19 દેશવટેથી પાછા ફરેલા
માણસોએ પહેલા મહિનાના ચૌદમા દિવસે પાસ્ખાનું પર્વ ઊજવ્યું.
20 બધા જ યાજકો અને લેવીઓએ પોતાનું શુદ્ધિકરણ કર્યુ હતું અને
તેઓ હવે વિધિવત્ત શુદ્ધ હતા. લેવીઓએ બંદીવાસમાંથી આવેલા સર્વ
લોકો તેમના સગાંવહાલા, યાજકો અને પોતાને માટે પાસ્ખાના હલવા-
નનો વધ કર્યો. 21 ઇસ્રાએલી જેઓ દેશવટેથી પાછા આવ્યા હતા તે-
ઓએ પાસ્ખા ખાધું, કેટલાક બીજાઓએ ઇસ્રાએલના દેવ યહોવાને શો-
ધવા પોતાને પ્રજાની અશુદ્ધિઓથી જુદા કર્યા અને ઇસ્રાએલના દેવ
યહોવા પાસે આવ્યા. તેઓએ તેમની સાથે ખાધું પણ ખરું. 22 સાત દિ-
વસ સુધી તેમણે આનંદભેર બેખમીર રોટલીનું પર્વ ઊજવ્યું. તેઓ ખૂબ
આનંદમાં હતા કારણકે યહોવાએ આશ્શૂરના રાજાના હૃદયમાં ઇસ્રાએ-
લીઓ પ્રત્યે સદ્ભાવ જગાડી તેમના દેવ યહોવાના મંદિરના કામમાં તે-
મને મદદ કરવા પ્રેર્યા હતાં.

7 ઇરાનના રાજા આર્તાહશાસ્તાના શાસનમાં એઝરા બાબિલથી
યરૂશાલેમ આવ્યો. પોતાના કુટુંબના ઇતિહાસ પ્રમાણે એઝરા
સરાયાનો પુત્ર હતો; સરાયા અઝાર્યાનો પુત્ર હતો. અઝાર્યા હિલ્કિયાનો
પુત્ર હતો; 2 હિલ્કિયા શાલ્લૂમનો પુત્ર હતો; શાલ્લૂમ સાદોકનો પુત્ર હતો;
સાદોક અહીટૂબનો પુત્ર હતો. 3 અહીટૂબ અઝાર્યાનો પુત્ર હતો; અઝાર્યા
મરાયોથનો પુત્ર હતો; 4 મરાયોથ ઝરાહ્યાનો પુત્ર હતો; ઝરાહ્યા ઉઝઝી-
નો પુત્ર હતો; ઉઝઝી બુક્કીનો પુત્ર હતો 5 બુક્કી અબીશુઆનો પુત્ર
હતો. અબીશુઆ ફીનહાસનો પુત્ર હતો; ફીનહાસ એલઆઝારનો પુત્ર
હતો; એલઆઝાર પ્રમુખ યાજક હારુનનો પુત્ર હતો. 6 એઝરા બાબિલ-
થી આવ્યો, તે એક મહાન શિક્ષક હતો. જે ઇસ્રાએલના દેવ યહોવાએ
આપેલા મૂસાના નિયમશાસ્ત્રમાં ઘણો નિપૂણ હતો. તેના પર યહોવાની
કૃપા હતી તેથી રાજાએ તેની સર્વ અરજ મંજૂર રાખી. 7 કેટલાક યાજકો
લેવીઓ, ગવૈયાઓ, દ્વારપાળો મંદિરના સેવકો અને કેટલાક બીજા
ઇસ્રાએલીઓ સાથે રાજા આર્તાહશાસ્તાના શાસનના 8 સાતમા વર્ષના
પાંચમા મહિનામાં તે યરૂશાલેમ પહોંચ્યો. 9 એઝરાએ પ્રથમ માસના પ્ર-
થમ દિવસે બાબિલથી ઊપડવાનું નક્કી કર્યુ હતું, અને તેના પર તેના
દેવ યહોવાની હતી. એટલે તે પાંચમા મહિનાના પહેલે દિવસે યરૂશાલેમ
આવી પહોંચ્યો હતો. 10 એઝરાએ પોતાનું આખું જીવન યહોવાના નિય-
મોનો અભ્યાસ કરવામાં, તેને આચારમાં ઉતારવામાં અને ઇસ્રાએલી-
ઓને તેનાં કાનૂનો અને આજ્ઞાઓ સમજાવવામાં ગાળ્યું હતું. 11 રાજા
આર્તાહશાસ્તાએ આ પત્ર યાજક એઝરાને આપ્યો, જે યહોવાના નિયમ-
શાસ્રનો અને યહોવાએ ઇસ્રાએલને આપેલા હુકમોનો શિક્ષક હતો.
12 રાજાઓનાં રાજા આર્તાહશાસ્તા તરફથી: આકાશના દેવનું નિયમશા-
સ્ત્ર શીખવનાર શિક્ષક એઝરા યાજકને ક્ષેમકુશળ: 13 હું આથી આજ્ઞા
ફરમાવું છું કે, મારા રાજ્યમાંના ઇસ્રાએલીઓમાંથી તેમના યાજકોમાંથી
કે લેવીઓમાંથી, જે કોઇ પોતાની રાજીખુશીથી યરૂશાલેમ જવા ઇચ્છે,
તેમને તારી સાથે જવા દેવા. 14 મેં અને મારા સાત સલાહકારોએ તારા
દેવનો જે નિયમ તારી પાસે છે તેની બાબતમાં યહૂદામાં અને યરૂશાલે-
મમાં શી સ્થિતિ છે તે તપાસવા માટે તને મોકલ્યો છે. 15 અને અમે તમ-
ને તમારી સાથે લઇ જવા માટે ચાંદી અને સોનું આપી રહ્યાં છીએ, આ
ઇસ્રાએલના દેવ માટે ભેટ છે, જે યરૂશાલેમમાં નિવાસ કરે છે. 16 તદુપ-
રાંત તારે બાબિલના સર્વ રાજ્યોમાંથી યરૂશાલેમના દેવના મંદિર માટે
ચાંદી તથા સોનું સૈચ્છિકાર્પણો તરીકે યહૂદીયા અને તેઓના યાજકો
પાસેથી ઉઘરાવવું. 17 આ બધી ભેટો સાથે બળદો, ઘેટાં, હલવાન, ખા-
દ્યાર્પણ તથા પેયાર્પણ પણ ચોક્કસ ખરીદવામાં આવે, જ્યારે તમે યરૂ-
શાલેમ પહોંચો ત્યારે તે સર્વ અર્પણોનું યરૂશાલેમમાં તમારા દેવના
મંદિરની વેદી પર બલિદાન ચઢાવવામાં આવે. 18 જે કઇં સોનુંચાંદી વધે
તેનો ઉપયોગ તમારા દેવને પ્રસન્ન કરવા, જેમ તને અને તારા સાથીઓ-
ને ઠીક લાગે તે રીતે કરવો. 19 તમારા દેવના મંદિરની સેવા માટે જે વા-
સણો તને આપવામાં આવ્યાં છે, તે તારે પૂરેપૂરા યરૂશાલેમમાં દેવને
આપી દેવાં. 20 અને જો તારા દેવનાં મંદિર માટે બીજા કશાની તને જરૂર
પડે તો તું રાજ્યની તિજોરીમાંથી જરૂર વાપરી શકે છે. 21 હું રાજા આર્તા-
હશાસ્તા ફ્રાંત નદી પારના પ્રાંતના સર્વ ખજાનચીઓને હુકમ કરું છું કે,

આકાશના દેવના નિયમશાસ્ત્રના લહિયા યાજક એઝરા જે કઇં માગે તે
તમારે વિના વિલંબે પૂરું પાડવાનું છે. 22 3,400 કિલોચાંદી, 16,300
કિલોઘઉં, 600 ગેલનદ્રાક્ષારસ અને 600 ગેલન તેલથી પ્રમાણ વધી ન
જાય; મીઠું જોઇએ તેટલું આપવું. 23 આકાશના દેવ પોતાના મંદિર માટે
જે કઇં ફરમાવે, તે બધું તમારે તાબડતોબ કરવાનું છે, નહિ તો કદાચ
મારા રાજ્ય પર અને મારા વંશજો પર તેમનો રોષ ઊતરે. 24 અને તમને
એ પણ જણાવવામાં આવે છે કે, કોઇ પણ વધારાનો કરવેરો યાજકો,
લેવીઓ, ગાયકો, દ્વારપાળો કે મંદિરના સેવકો કે દેવના મંદિરના બીજા
કર્મચારીઓ પાસેથી લેવાનો નથી. 25 અને એઝરા, તું તને દેવે જે બુદ્ધિ
આપી છે તે વડે ન્યાયાધીશો અને અન્ય અધિકારીઓની પસંદગી કર
અને ફ્રાંત નદીની પશ્ચિમ તરફ વસતા જે લોકો તારા દેવના નિયમો જા-
ણે છે તેઓ પર વહીવટ ચલાવવા તેઓને નિયુકત કર; જો તેઓને યહો-
વાના નિયમશાસ્ત્રનું જ્ઞાન ના હોય તો તારે તેઓને શીખવવું. 26 દેવના
નિયમશાસ્ત્રનું તથા રાજાના કાનૂનનું પાલન કરવાની ના પાડનારને
તાત્કાલિક મૃત્યુદંડ અથવા દેશમાંથી હદપાર કરવાની સજા અથવા તે-
નો સામાન જપ્ત કરવાની અથવા કેદની સજા કરવી. 27 ત્યારે એઝરાએ
કહ્યું, “અમારા પૂર્વજોના દેવ યહોવાની સ્તુતિ હો! કારણ કે તેણે રાજાને
યરૂશાલેમના યહોવાના મંદિરનો મહિમાં વધારવાની પ્રેરણા કરી છે.
28 અને તેમણે રાજાને, તેના મંત્રીઓને અને બધા ઉચ્ચ અધિકારીઓને
મારા પ્રત્યે સદ્ભાવના ધરાવતા કર્યા છે. મને ખબર છે કે મારા પર મારા
યહોવા દેવની કૃપા હતી તેથી મેં ઇસ્રાએલના આગેવાનોને મારી સાથે
યરૂશાલેમ જવા માટે ભેગા કર્યા.”

8
આર્તાહશાસ્તા રાજાના શાસનકાળ દરમ્યાન બાબિલથી મારી
સાથે જેઓ આવ્યા હતા તેઓના કુટુંબના વડવાઓના નામ આ
મુજબ છે: 2 ફીનહાસના વંશજોમાંનો ગેર્શોમ; ઇથામારના વંશજોમાંનો
દાનિયેલ; દાઉદના વંશજોમાંનો શખાન્યાનો પુત્ર હાટ્ટુશ. 3 પારોશના
વંશજોમાંનો ઝખાર્યા; તેની સાથે વંશાવળી મુજબ 150 પુરુષો નોંધાયા
હતા. 4 પાહાથ-મોઆબના વંશજોમાંથી ઝરાહ્યાનો પુત્ર એલ્યહોએનાય;
તેની સાથે 200 પુરુષો હતા. 5 શખાન્યાના વંશજોમાંનો યાહઝીએલનો
પુત્ર; તેની સાથે ત્રણસો પુરુષો હતા. 6 આદીનના વંશજોમાંનો યોના-
થાનનો પુત્ર એબેદ; તેની સાથે 50 પુરુષો હતા. 7 એલામના વંશજો-
માંના અથાલ્યાનો પુત્ર યશાયા; તેની સાથે સિત્તેર પુરુષો હતા. 8 શફા-
ટયાના વંશજોમાંના મિખાયેલનો પુત્ર ઝબાદ્યા; તેની સાથે 80 પુરુષો
હતા. 9 યોઆબના વંશજોમાંના યહીએલનો પુત્ર ઓબાદ્યા; તેની સાથે
218 પુરુષો હતા. 10 શલોમીથના વંશજોમાંના યોસિફયાનો પુત્ર તેની
સાથે 160 પુરુષો હતા. 11 બેબાયના વંશજોમાનાં બેબાયનો પુત્ર ઝર્ખા-
યા; તેની સાથે 28 પુરુષો હતા. 12 આઝગાદના વંશજોમાંના હાક્કાટાન-
નો પુત્ર યોહાનાન; તેની સાથે એકસો દશ પુરુષો હતા. 13 છેલ્લા અદો-
નીકામના વંશજો હતા; તેઓનાં નામ આ છે: અલીફેલેટ, યેઉએલ,
શમાયા, ને તેઓની સાથે 60 પુરુષો હતા. 14 બિગ્વાયના વંશજોમાંના
ઉથાય તથા ઝાબ્બૂદ; તેઓની સાથે 70પુરુષો હતા. 15 અમે નદીને કિ-
નારે એકઠા થયા જે આહવા તરફ વહેતી અને ત્યાં ત્રણ દિવસ માટે
પડાવ નાખ્યો. તે દરમ્યાન મેં બંદીવાસમાંથી આવેલા લોકોની યાદી
તપાસી તો મને ખબર પડી કે તેમાં યાજકો હતા પણ એક પણ લેવી
નોંધાયો ન હતો. 16 તેથી મેં અલીએઝેર, અરીએલ, શમાયા, એલ્ના-
થાન, યારીબ, નાથાન ઝખાર્યા અને મશુલ્લામ તથા લેવી આગેવાનોને
તેડાવ્યા. વળી મેં યોયારીબ અને એલ્નાથાન બોધકોને પણ બોલાવ્યા,
કારણકે તેઓ ખૂબ અભ્યાસી માણસો હતા. 17 અને તેમને આશ્શૂરના
યહૂદી સમાજના આગેવાન ઇદ્દો પાસે મોકલ્યા, અને તેમની મારફતે
ઇદ્દોને અને આશ્શૂરમાં રહેતા તેના જાતભાઇઓને અમારા દેવનાં મંદિર
માટે સેવકો મોકલવા કહેવડાવ્યું. 18 અને અમારા પર દેવની કૃપા હતી.
એટલે તેમણે અમારી પાસે નીચે પ્રમાણે સેવકો મોકલ્યા:ઇસ્રાએલના
પુત્ર લેવીના પુત્ર માહલીનો વંશજ શેરેબ્યા, તેના ભાઇઓ અને તેના પુ-
ત્રો, કુલ 18 પુરુષો. શેરેબ્યા ખૂબ હોશિયાર માણસ હતો. 19 મરારીના
વંશજો હશાબ્યા અને યશાયા, તેના ભાઇઓ તથા તેઓના પુત્રો કુલ
20 પુરુષો. 20 દાઉદે તથા તેના સરદારોએ મંદિરની સેવાને માટે જે
નથીનીમને નીમ્યા હતા, તેઓમાંના 220 ને; એ બધાનાં નામ દર્શાવેલા
હતાં. 21 અમે આહવા નદીને કિનારે હતા ત્યારે મેં ઉપવાસની જાહેરાત
કરી, જેથી અમે અમારા દેવની આગળ પોતાને નમ્ર બનાવીએ; અમે પ્રા-
ર્થના કરી કે તે અમારું, અમારા બાળકોનું તથા અમારા સામાનનું મુસા-
ફરી દરમ્યાન રક્ષણ કરે. 22 શત્રુઓથી માર્ગમાં અમારું રક્ષણ કરવા માટે
રાજા પાસે પાયદળના સૈનિકો અને ઘોડેસવારોની માગણી કરતાં મને
શરમ આવી. કારણ અમે રાજાને કહ્યું હતું કે, “જે કોઇ દેવની આરાધના
કરે છે તેના પર દેવ પ્રસન્ન થાય છે અને તેમનું કલ્યાણ કરે છે, પણ જે
કોઇ તેના પ્રત્યે વિમુખ હોય છે તેના પર તેનો ભયંકર કોપ ઉતરે છે.”
23 આથી અમે ઉપવાસ કર્યો અને સુરક્ષિત મુસાફરી માટે દેવને પ્રાર્થના
કરી, અને તેણે અમારી પ્રાર્થના સાંભળી. 24 પછી મેં યાજકોમાંથી બાર
આગેવાનોને પસંદ કર્યા, મેં શેરેબ્યાને, હશાબ્યાને તથા તેના ભાઇઓ-
માંથી દસને પસંદ કર્યા; 25 મેં તે બધું સોનુ ચાંદી અને બીજી વસ્તુઓનું
વજન કર્યુ જે રાજાએ, તેના સલાહકારોએ, અધિકારીઓએ અને ત્યાં હા-
જર રહેલા બધાં ઇસ્રાએલીઓએ દેવના મંદિર માટે આપ્યું હતું. 26 મેં તે-
મને 22,100 કિલો ચાંદી, 3,400 કિલો વજનના ચાંદીના વાસણો,
3,400 કિલોગ્રામ સોનું. 27 સોનાનાં 20 ઘડાઓ, જેનું વજન 8 1/2 કિ-
લોગ્રામ હતું, અને પિત્તળના બે વાસણો, જે સોના જેટલાં જ કિંમતી
હતાં તે આપ્યાં. 28 અને મેં તે યાજકોને કહ્યું, “તમે યહોવાને સમર્પિત
થયેલા છો, તેમ આ વાસણો પણ યહોવાને સમર્પિત થયેલા છે. આ
સોનું અને ચાંદી તમારા પિતૃઓના દેવ યહોવાને સ્વેચ્છાએ ધરાવેલી
ભેટ છે.” 29 મેં તેઓને કહ્યું, “આ ખજાનાને કાળજીપૂર્વક સંભાળજો;
મંદિરે પહોંચો ત્યાં સુધી એનું રક્ષણ કરજો. ત્યાં યહોવાના મંદિરના
ભંડારના ઓરડાઓમાં યાજકોના અને લેવીઓના આગેવાનો તથા યરૂ-
શાલેમના ઇસ્રાએલીઓનાં કુટુંબના વડાઓની સમક્ષ વજન કરીને
સોંપી દેજો.” 30 આથી યાજકોએ અને લેવીઓએ યરૂશાલેમ દેવના
મંદિરે લઇ જવા માટે ચાંદી, સોનું અને વાસણો સંભાળી લીધાં. 31 અમે
પહેલા મહિનાને બારમે દિવસે આહવા નદીથી યરૂશાલેમ આવવા ઊપ-
ડ્યા. અમારા પર દેવની કૃપાષ્ટિ હતી અને તેણે માર્ગમાં દુશ્મનોનાં હુમ-
લાથી અને ચોર લૂંટારાથી અમારું રક્ષણ કર્યુ. 32 અને આમ અમે યરૂ-
શાલેમ પહોંચ્યા પછી અમે ત્રણ દિવસ આરામ લીધો. 33 અને ચોથે દિ-
વસે, યાજક ઊરિયાનો પુત્ર મરેમોથ, ફીનહાસનો પુત્ર એલઆઝાર, યે-
શુઆનો પુત્ર યોઝાબાદ અને બિન્નઇનો પુત્ર નોઆદ્યાએ ચાંદી, સોનું
અને બીજી કિંમતી વસ્તુઓનું અમારા દેવનાં મંદિરમાં વજન કર્યુ.
34 દરેક વસ્તુઓનું ગણીને વજન કરવામાં આવ્યું હતું અને તે સમયે સો-
ના અને ચાંદીનું કુલ વજન નોંધી લેવાયું હતું. 35 ત્યારપછી જેઓ દેશવ-
ટેથી પાછા ફર્યા હતા, તેમણે આખા ઇસ્રાએલ તરફથી યહોવાને બાર
બળદો અર્પણ કર્યા, 96 ઘેટાં, 77 ઘેટાંઓ દહનાર્પણ તરીકે, અને પા-
પાર્થાર્પણ તરીકે બાર બકરા ધરાવ્યાં; તેઓએ આ બધું જ યહોવાને દહ-
નાર્પણ રૂપે ચઢાવ્યું. 36 રાજાનો હુકમ ફ્રાત નદીની પશ્ચિમ તરફના સર્વ
રાજ્યોમાં તેના સરદારોને તેમજ પ્રશાશકોને જણાવવામાં આવ્યો અને
તે નેતાઓએ લોકોને અને દેવના મંદિરના કામમાં ઘણો જ સહકાર
આપ્યો.

9
પરંતુ આ બધું પૂરું થયા પછી કેટલાક આગેવાનો મારી પાસે
આવ્યા ને કહ્યું, “ઇસ્રાએલના લોકો, યાજકો અને લેવીઓએ પો-
તાની જાતને દેશમાં રહેતા વિદેશી લોકોથી જુદી પાડી નથી. તેઓએ
કનાનીઓ, હિત્તીઓ, પરિઝ્ઝીઓ, યબૂસીઓ, આમ્મોનીઓ, મોઆ-
બીઓ, મિસરવાસીઓ અને અમોરીઓના ઘૃણાપાત્ર રીત રિવાજો અને
માગોર્ અપનાવ્યા છે. 2 તેમણે આ લોકોની સ્ત્રીઓને પોતાની અને
પોતાના પુત્રોની પત્ની તરીકે સ્વીકારી છે; આમ પવિત્ર લોકોની પ્રદેશ-
ના લોકો સાથે ભેળસેળ થઇ ગઇ છે. આ પાપ કરવાવાળામાં આગેવાનો
અને અમલદારો જ પહેલા છે.” 3 મેં જ્યારે આ સાંભળ્યું ત્યારે મેં મારાં
વસ્ત્ર ફાડ્યાં, મારા માથાના તથા દાઢીના વાળ ખેંચી કાઢયાં અને હું
અતિશય સ્તબ્ધ થઇ બેસી ગયો. 4 આ સમયે બંદીવાસવાળાઓના પા-
પને લીધે ઇસ્રાએલના દેવના વચનોથી જેઓ ધ્રૂજતા હતા. તે સર્વ મારી
પાસે ભેગા થયા; સાંજના અર્પણ સુધી હું સ્તબ્ધ થઇને બેસી રહ્યો.
5 સાંજના અર્પણનો સમય થતાં હું શોકમગ્ન થઇને બેઠો હતો ત્યાંથી
ઊઠયો અને મારાં ફાટેલા ઝભ્ભા અને ઉપરણાં સાથે જ ઘૂંટણિયે પડી,
મારા દેવ યહોવા તરફ હાથ લંબાવી હું બોલ્યો, 6 “હે મારા દેવ મારી ના-
મોશીનો પાર નથી. તારી સામે જોતાં પણ મને શરમ આવે છે. અમારાં

પાપોનો ઢગલો અમારાં માથાથી પણ ઊંચો થઇ ગયો છે અને અમારા
અપરાધ છેક ઊંચા આકાશને અડે છે. 7 અમારા પિતૃઓના સમયથી
અમે ઘણા અપરાધ કર્યા છે; અમે અમારા રાજા તથા અમારા યાજકોએ
અમારા પાપોને કારણે અમારી જાતને અન્ય દેશોના રાજાઓને હવાલે
કરી દીધી છે અને અમે તરવારને, બંદીવાસને, લૂંટફાટને અને બેઆબ-
રૂને વશ થયા છીએ અને અમને અપમાનિત કરવામાં આવ્યા છે. આજે
અમે એ જ બેહાલ દશામાં છીએ. 8 પરંતુ ટૂંકા સમય માટે તમે, અમારા
દેવે અમારા પર કૃપા કરીને અમારામાંથી કેટલાંકને ઉગારી લીધા છે
અને આ પવિત્ર ભૂમિમાં અમને આશ્રયસ્થાન આપ્યું છે. તમે અમારી
આંખોમાં તેજ આપ્યું છે અને અમારી ગુલામ દશામાં તમે અમારામાં
નવા પ્રાણ પૂર્યા છે: 9 કારણ, અમે તો ગુલામ છીએ; તેમ છતાં અમારી
ગુલામ દશામાં પણ તમે અમને ભૂલી નથી ગયા, અને તમે ઈરાનના રા-
જાના હૃદયમાં અમારા માટે દયા જગાડી છે અને તેમણે અમને જીવત-
દાન તો આપ્યું જ છે, ઉપરાંત અમારા દેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરી
ફરી બાંધવાની પરવાનગી આપી છે, અને યહૂદામાં અને યરૂશાલેમમાં
અમને દીવાલ આપી છે. 10 હવે, હે અમારા દેવ, અમે તમને શું કહીએ?
કારણકે અમે ફરીથી તમારી આજ્ઞાઓ પાળી નથી અને તમારાથી દૂર
ભટકી ગયા છીએ. 11 દેવે, તેમના સેવકો પ્રબોધકો મારફત અમને ચેત-
વ્યા હતા કે, જે ભૂમિ અમને વારસામા મળવાની છે તે ત્યાંના રહેવાસી-
ઓના ભયંકર રીતરિવાજને લીધે તદ્દન અશુદ્ધ થયેલી છે અને એક છે-
ડાથી બીજા છેડા સુધી તેમાં વ્યાપેલી અશુદ્ધિઓને લીધે ષ્ટ થયેલી છે.
12 માટે તમારી પુત્રીઓને તેમના પુત્રો સાથે પરણાવશો નહિ. તેઓએ
અમને કહ્યું હતું, અને તમારા પુત્રોને તેમની પુત્રીઓ સાથે પરણાવશો
નહિ; અને એ લોકોની સુખ સમૃદ્ધિ માટે કશું કરશો નહિ. તો જ તમે
બળવાન બનશો, એ ભૂમિની ઉત્તમ ઉપજને માણી શકશો, અને તમારા
વંશજોને એ સદાકાળ માટે વારસામાં આપતા જશો. 13 અમારાઁ દુષ્ટ
કર્મોને લીધે તથા અમારા મોટા અપરાધને લીધે અમારા પર જે કઇ વી-
ત્યું છે, તે સર્વ ને માટે, હે યહોવા અમારા દેવ, જેટલી થવી જોઇએ તે
કરતાં તમે અમને થોડી શિક્ષા કરી છે; વળી અમારામાંથી તમે આટલાને
બચાવી પણ લીધા છે. 14 છતાં અમે તમારા હુકમોનો અનાદર કરીને
ફરી આ ધિક્કારપાત્ર કૃત્યો કરનાર લોકોની સાથે આંતરવિવાહ કરીશું?
તો પછી શું તું અમારા પર કોપાયમાન થઇને અમારો એવો વિનાશ નહિ
કરશે કે કઇ પણ અથવા કોઇ પણ ન બચે? 15 હે ઇસ્રાએલના દેવ યહો-
વા, તું ન્યાયી છે તેથી જ અમે આજે છીએ એટલા ઊગરવા પામ્યા
છીએ. અમે અપરાધીઓ તમારી સમક્ષ ઊભા છીએ, જુઓ. અમારા
અપરાધને કારણે અમને તમારી સમક્ષ આવવાનો કોઇ અધિકાર નથી.”

10 એઝરા દેવનાં મંદિર આગળ પગે પડીને રડતો રડતો પ્રાર્થના
કરતો હતો અને અપરાધની કબૂલાત કરતો હતો, તે દરમ્યાન
ઇસ્રાએલી સ્રીઓ, પુરુષો અને બાળકોનું એક મોટું ટોળું તેની આજુબા-
જુ ભેગું થઇ ગયું અને હૈયાફાટ રૂદન કરવા લાગ્યું. 2 ત્યારે એલામના
એક વંશજ યહીએલના પુત્ર શખાન્યાએ એઝરાને કહ્યું, “આપણે આ દે-
શની વિધર્મી સ્ત્રીઓને પરણીને દેવનો અવિશ્વાસ કર્યો છે. તેમ છતાં
ઇસ્રાએલીઓ માટે હજી આશા છે. 3 હવે આપણે આપણા દેવ સમક્ષ
કરાર કરીએ કે, આપણે આ સ્ત્રીઓને તેમના પુત્રો સાથે હાંકી કાઢીશું.
અમે આ પ્રમાણે તમારી અને દેવથી ડરીને ચાલનારા બીજાઓની
સલાહ પ્રમાણે કરીશું. દેવના નિયમનું પાલન થવું જ જોઇએ. 4 ઊઠો,
આ કામ તમારું છે. અમે તમને ટેકો આપીશું. હિંમત રાખો અને કામ
પાર ઉતારો.” 5 ત્યારે એઝરાએ ઊઠીને મુખ્ય યાજકોને, લેવીઓને તથા
સર્વ ઇસ્રાએલીઓને સમ ખવડાવ્યા કે અમો એ વચન પ્રમાણે જ કરીશું.
તેથી તેઓએ સમ ખાધા. 6 ત્યારબાદ એઝરાએ મંદિર સામેની તેની
જગ્યા છોડી અને એલ્યાશીબના પુત્ર યહોહાનાનની ઓરડીમાં પ્રવેશ્યો.
અને દેશવટેથી પાછા ફરેલા ઇસ્રાએલીઓએ દીધેલા છેહથી શોકમાંને
શોકમાં અન્નજળ લીધા વગર તેણે ત્યાં જ રાત ગાળી. 7 તેઓએ ઢંઢેરો
પિટાવીને આખા યહૂદામાં તથા યરૂશાલેમમાં તથા જેઓ બધાં બંધક
બનાવાયા હતાં તે બધાંને યરૂશાલેમમાં ભેગા થવા માટે કહેવડાવ્યું.
8 અને ત્રણ દિવસમાં જે કોઇ આવી નહિ પહોચે તેની બધી માલમિલ-
કત જપ્ત કરવામાં આવશે અને તેમને બંધકોના સમૂહમાંથી દૂર કરવામાં
આવશે આ આગેવાનો અને વડીલોનો નિર્ણય હતો.” 9 આથી ત્રણ દિ-
વસની અંદર યહૂદાના અને બિન્યામીનના પ્રદેશના બધા લોકો યરૂશા-
લેમમાં ભેગા થયા અને નવમા મહિનાના વીસમાં દિવસે તેઓ બધા દે-
વના મંદિરનાં પ્રાંગણમાં બેઠા આ વાતના ભયના લીધે તેઓ બધાં
ગંભીર અને મૂશળધાર વરસાદમાં થરથર ૂજતાં હતાં. 10 પછી યાજક
એઝરાએ ઊભા થઇને કહ્યું, “તમે વિધર્મી સ્ત્રીઓને પરણીને યહોવાને
છેહ દીધો છે, અને ઇસ્રાએલના અપરાધમાં વધારો કર્યો છે. 11 માટે હવે
તમારા પિતૃઓના દેવ યહોવા આગળ પાપોની કબૂલાત કરો અને તેની
ઇચ્છાને અનુસરીને તમારી નજીક વસતા અન્ય દેશોના લોકોથી અને
તમારી વિધર્મી પત્નીઓથી અલગ થઇ જાઓ.” 12 ત્યારે આખી સભા
મોટે સાદે બોલી ઊઠી, “જરૂર, તમે કહો તે પ્રમાણે અમારે કરવું જ જો-
ઇએ. 13 પણ તમે લોકો ઘણા છો, ને આ વખતે ઘણો વરસાદ પડે છે,
તેથી આપણે બહાર ઊભા રહી શકતા નથી, વળી આ કામ એક બે દિ-
વસનું પણ નથી; આ બાબતમાં અમે તો મોટું પાપ કર્યું છે. 14 આપણા
આગેવાનો આખા સમાજનું પ્રતિનિધિત્વ કરે, અને દરેક શહેરમાં તમા-
રામાંના જેઓ વિધર્મી સ્ત્રીઓને પરણ્યા છે તેઓ વડીલો અને ન્યાયા-
ધીશો સાથે ઠરાવેલ સમયે હાજર થાય, જ્યાં સુધી આપણા પરથી આ
કારણે ભભૂકી ઊઠેલો દેવનો કોપ ઉતરી ન જાય.” 15 કેવળ અસાહેલનો
પુત્ર યોનાથાન તથા તિકવાહનો પુત્ર યાહઝયા એ વાતના વિરોધી
થયા; અને તેમને લેવીઓ મશુલ્લામ તથા શાબ્બાથાયે ટેકો આપ્યો. બા-
કીના લોકોએ એનો સ્વીકાર કર્યો. 16 તેથી બંધકોએ પણ તે પ્રમાણે
કર્યુ. યાજક એઝરાએ તે તે કુટુંબના પ્રતિનિધિ તરીકે કેટલાંક કુટુંબના
વડાઓને પસંદ કર્યા અને તેમનાં નામની યાદી બનાવી. દશમા મહિ-
નાના પહેલા દિવસે તેમણે આ બાબતની તપાસ શરૂ કરી 17 અને પહે-
લા મહિનાના પહેલા દિવસ સુધીમાં તેમણે વિધર્મી સ્ત્રીઓને પરણેલાં
બધા માણસોની તપાસ પૂરી કરી. 18 યાજકોના કુટુંબોમાં નીચેના મા-
ણસો વિધર્મી સ્ત્રીઓને પરણેલા માલૂમ પડ્યા હતા, તેઓ આ મુજબ
છે: યેશુઆના વંશજોમાંના, યોશાદાકનો પુત્ર તથા તેના ભાઇઓ માઅ-
સેયા, અલીએઝેર, યારીબ તથા ગદાલ્યા. 19 એ બધાએ પોતાની પત્ની-
ઓને હાંકી કાઢવાનું વચન આપ્યું અને દરેકે પોતાના પાપના પાપાર્થા-
ર્પણ તરીકે એક ઘેટો ધરાવ્યો; 20 ઇમ્મેરના વંશજોમાંથી હનાની અને
ઝબદીયા; 21 હારીમના વંશજોમાંથી માઅસેયા, એલિયા, શમાયા, યહી-
એલ, અને ઊઝઝિયા, 22 પાશહૂરના વંશજોમાંથી એલ્યોએનાય, માઅ-
સેયા, ઇશ્માએલ, નથાનએલ, યોઝાબાદ અને એલઆસાહ. 23 લેવી-
ઓમાંથી યોઝાબાદ, શિમઇ, કેલાયા (કેલીટા પણ કહેવાય છે), પથાહ્યા
યહૂદા અને અલીએઝેર. 24 ગાયકોમાંથી એલ્યાશીબ, દ્વારપાળોમાંથી
શાલ્લુમ, ટેલેમ અને ઉરી. 25 અન્ય ઇસ્રાએલીઓમાં: પારોશના વંશજો-
માંના; રામ્યાહ, યિઝ્ઝિયા, માલ્કિયા, મીયામીન, એલઆઝાર, માલ્કિ-
યા તથા બનાયા. 26 માત્તાન્યા, ઝર્ખાયા, યહીએલ, આબ્દી, યરેમોથ
તથા એલિયા તે બધાં એલામના વંશજોમાંથી. 27 ઝાત્તૂના વંશજોમાંના:
એલ્યોએનાય, એલ્યાશીબ, માત્તાન્યા, યરેમોથ, ઝાબાદ તથા અઝીઝા.
28 બેબાયના વંશજોમાંના; યહોહાનાન, હનાન્યા, ઝાબ્બાય તથા
આથ્લાય. 29 બાનીના વંશજોમાંના: મશુલ્લામ, માલ્લૂખ, અદાયા, યા-
સૂબ, શેઆલ તથા યરેમોથ. 30 પાહાથમોઆબના વંશજોમાંના; આદના,
કલાલ, બનાયા, માઅસેયા, માત્તાન્યા, બસાલએલ, બિન્નૂઇ તથા મના-
શ્શા. 31 હારીમના વંશજોમાંના: અલીએઝેર, યિશ્શિયા, માલ્કિયા, શમા-
યા, શિમયોન, 32 બિન્યામીન, માલ્લૂખ તથા શમાયા. 33 હાશુમના વંશ-
જોમાંના; માત્તનાય, માત્તાત્તાહ, ઝાબાદ, અલીફેલેટ, યરેમાઇ, મનાશ્શા
તથા શિમઇ, 34 બિગ્વાયના વંશજોમાંના; માઅદાય, આમ્રામ, ઉએલ;
35 બનાયા, બેદયા, કલૂહુ; 36 વાન્યા, મરેમોથ, એલ્યાશીબ; 37 માત્તા-
ન્યા, માત્તનાય, યાઅસુ; 38 બિન્નૂઇના વંશજોમાંથી બાની, શિમઇ,
39 નાથાન, શેલેમ્યા, અદાયા, 40 માખ્નાદબાય, શાશાય, શારાય,
41 અઝારએલ, શેલેમ્યા, શેમાર્યા, 42 શાલ્લૂમ, અમાર્યા અને યૂસેફ;
43 નબોના વંશજોમાંના; યેઇએલ, માત્તિથ્યા, ઝાબાદ, ઝબીના, યિદો,
યોએલ તથા બનાયા. 44 એ સર્વ પરદેશી સ્ત્રીઓને પરણ્યા હતા; તેઓ-
માંના કેટલાકને તે સ્ત્રીઓથી છોકરાં થયાં હતા.

# નહેમ્યા

1 હખાલ્યાહના પુત્ર નહેમ્યાહનાં વચનો. 2 યહૂદાથી મારા એક
સગાવહાલા હનાની યહૂદિયાના બીજા કેટલાક માણસો સાથે
આવ્યો; અને બંદીવાસમાંથી બચેલાઓમાંના જે યહૂદીઓ હતા, તેઓ
તથા યરૂશાલેમ વિષે મેં તેમને પૂછયું. 3 તેઓએ મને કહ્યું કે, “જેઓ
બચી ગયા હતા અને જે પ્રાંતમાં રહે છે તેઓ ખૂબ મુશ્કેલીમાં છે. યરૂશા-
લેમની આજુબાજુની દીવાલમાં ભંગાણ પડી ગયા છે, અને દરવાજા
બાળી નાખવામાં આવ્યા છે.” 4 જ્યારે એ સમાચાર મેં સાંભળ્યા ત્યારે હું
નીચે બેસીને રડવા લાગ્યો. કેટલાક દિવસો સુધી મેં શોક પાળ્યો. અને
ઉપવાસ કરીને આકાશના દેવ સમક્ષ મેં પ્રાર્થના કરી. 5 મેં કહ્યું:“હે યહો-
વા આકાશના દેવ, મહાન અને ભયાવહ દેવ! જે પોતાના કરારને પાળે
છે! તે પોતાના કરારને જે તેને ચાહે છે અને જે તેની આજ્ઞાનું પાલન કરે
છે તેની સાથે વફાદારી પૂર્વક પાળે છે. 6 “કૃપયા તમારા સેવકની અરજ
ધ્યાનથી સાંભળો અને તમારી આંખો ઉઘાડી રાખો. અને મારી પ્રાર્થના
સાંભળો; “ઇસ્રાએલીઓ તમારા સેવકો માટે રાતદિવસ હું તમારી સમક્ષ
તમને પ્રાર્થના કરું છું. અમે ઇસ્રાએલના લોકોએ તમારી વિરૂદ્ધ જે પાપ
આચર્યા છે, તેની હું કબૂલાત કરું છું. 7 અમે તમારી વિરૂદ્ધ સાચે જ પાપ
કર્યા છે, અમે બધાએ તમારા સેવક મૂસા મારફતે તમે જે આજ્ઞાઓ, નિ-
યમો તથા કાનૂનો અમને આપ્યંા હતાં તેનો અનાદર કરીને અમે પાપ
કર્યુ છે. 8 “તમે મૂસાને જણાવ્યું હતું તે યાદ કરો, “જો તમે બેવફા નીવડ-
શો તો હું તમને બીજી પ્રજાઓમાં વેરવિખેર કરી નાખીશ. 9 પરંતુ જો તમે
મારી પાસે પાછા આવશો અને મારી આજ્ઞાઓનું પાલન કરશો અને તે-
નો અમલ કરશો, તો તમારા વંશજો પૃથ્વીના છેડા સુધી વેરવિખેર થઇ
ગયા હશે તો પણ હું તેમને મારા નામ માટે મેં જે સ્થાન પસંદ કર્યુ છે
ત્યાં પાછા લાવીશ.” 10 “તેઓ તમારા સેવકો અને પ્રજા છે, જેઓને તમે
તમારા મહાન સાર્મથ્ય વડે અને તમારાં બાહુબળથી બચાવ્યાં છે. 11 હે
યહોવા, તારા સેવકની પ્રાર્થના ધ્યાનપૂર્વક સાંભળ, અને તારા તે સેવ-
કોની પ્રાર્થના સાંભળ જેઓ તમારો આદર કરવામાં આનંદ માને છે
આજે તમે તમારા સેવકને સફળતા આપો. અને જ્યારે હું રાજા પાસે
જઇને તેમની મદદ માગું ત્યારે રાજા મારા તરફ દયાભાવ દર્શાવે, એ
અરસામા હું રાજાનો પાત્રવાહક હતો.”
2 વીસમા વર્ષના ચોથા નીસાન મહિનામાં રાજા આર્તાહશાસ્તાના
રાજ્યમાં, જ્યારે રાજા ભોજન કરતો હતો ત્યારે દ્રાક્ષારસ લઇને મેં
તેને આપ્યો. આ અગાઉ હું ઉદાસ ચહેરે રાજા સમક્ષ ગયો ન હતો. 2 તે-
થી, રાજાએ મને સવાલ કર્યો, “તું આવો ઉદાસ શા માટે દેખાય છે? તું
માંદો તો લાગતો નથી, એટલે જરૂર તારા મનમાં કોઇ ભારે ખેદ હોવો
જોઇએ.”આ સાંભળી હું બહુ ગભરાઇ ગયો. 3 છતાં મેં રાજાને જવાબ
આપ્યો, “રાજા, ચિરંજીવ રહો; હું કેમ ઉદાસ ના હોઉં? કારણકે જે નગર-
માં મારા પિતૃઓને દફનાવવામાં આવ્યાં છે તે ખંડેર થઇ ગયું છે, અને
નગરના દરવાજા અગ્નિથી બળીને ભસ્મ થઇ ગયાઁ છે.” 4 રાજાએ મને
પૂછયું, “તું મારી પાસેથી શું ઇચ્છે છે?”ત્યારે મેં આકાશના દેવને પ્રાર્થના
કરી. 5 અને મેં રાજાને જવાબ આપ્યો, “જો તમે પ્રસન્ન હો અને તમને
ઠીક લાગે તો મને યહૂદા જવાની રજા આપો. કારણકે હું તે શહેરને ફરી-
થી બાંધી શકું જ્યાં મારા પૂર્વજોને દફનાવ્યા હતા.” 6 રાજાની સાથે રા-
ણી પણ હાજર હતી, રાજાએ મને કહ્યું, “ત્યાં તારે કેટલો સમય લાગશે?
અને તું ક્યારે પાછો આવશે?”આમ મને જવા માટે રજા મળી ગઇ! મેં તે-
મની સાથે મારો જવાનો સમય નક્કી કર્યો! 7 ત્યારબાદ મેં રાજાને કહ્યું,
“જો આ વાત રાજાને પ્રસન્ન કરે તો મને ફ્રાંત નદીની પશ્ચિમે આવેલા પ્ર-
દેશના સૂબાઓ પર પત્રો આપજો, જેથી તેઓ મને પોતાના પ્રદેશમાંથી
પસાર થઇને યહૂદામાં જવા દે. 8 તથા બીજો એક પત્ર રાજાના વનરક્ષક
આસાફ પર પણ આપશો જેથી તે મંદિરની નજીકના કિલ્લાનો દરવાજો
ફરી બાંધવા માટે, નગરની દીવાલ માટે, અને મારા ઘર માટે, ઇમારતી
લાકડું આપે.”મારા પર મારા દેવની કૃપા હોવાથી રાજાએ મારી અરજ
માન્ય કરી. 9 પછી હું યુફ્રેતિસ નદીની પશ્ચિમ તરફના પ્રાંતોમાં આવ્યો
અને ત્યાંના પ્રશાસકોને મેં રાજાના પત્રો આપ્યા. રાજાએ મારી સાથે સૈ-
ન્યના અધિકારીઓ તથા ઘોડેસવારો મોકલ્યા હતા. 10 પરંતુ જ્યારે હો-
રેનના સાન્બાલ્લાટ અને આમ્મોની અમલદાર ટોબિયાએ આના વિષે
જાણ્યું કે કોઇ ઇસ્રાએલીઓનું ભલું કરવા આવ્યું છે ત્યારે તેઓ ખૂબ
નારાજ થયા. 11 ત્યારબાદ હું યરૂશાલેમ પહોંચ્યો, અને ત્યાં ત્રણ દિવસ
રહ્યો. 12 જ્યારે રાત્રે હું ઉઠયો તો થોડા માણસો લઇને બહાર નીકળ્યો;
યહોવાએ યરૂશાલેમ વિષે મારા હૃદયમાં જે યોજના મૂકી હતી તેના વિષે
મેં કોઇને કશુંય જણાવ્યું નહોતું, હું જે જાનવર પર સવાર હતો ફકત તે
એક જ જાનવર મારી સાથે હતું. 13 રાત્રે હું ખીણનો દરવાજો પસાર કરીને
અજગરકુંડ થઇને છેક કચરાના દરવાજા સુધી ગયો; તેમ જતાં રસ્તામાં
મેં યરૂશાલેમની દીવાલમાં પડેલા ભંગાણ અને તેના બળી ગયેલા દર-
વાજાનું નિરક્ષણ કર્યું. 14 પછી ત્યાંથી આગળ ચાલીને કારંજાના દરવા-
જામાંથી પસાર થઇને રાજાના તળાવ તરફ ગયો. પણ હું જે જાનવર પર
સવાર હતો તેને પસાર થવા માટે પૂરતી જગ્યા ન હતી. 15 તેથી હું અંધ-
કારમાં દીવાલનું નિરક્ષણ કરતો ખીણ સુધી ગયો. પછી હું પાછો વળ્યો
અને ખીણના દરવાજામાંથી પ્રવેશીને પાછો ફર્યો. 16 અધિકારીઓને હું
ક્યાં ગયો હતો અથવા હું શું કરતો હતો તે વિષે કશી જ ખબર પડી નહિ,
કારણકે મેં મારી યોજના સંબંધી કોઇને કઇંજ જણાવ્યું ન હતું, યહૂદી-
ઓને, યાજકોને, ઉમરાવોને અધિકારીઓને સુદ્ધાં નહિ. અરે, જેઓ આ
કાર્ય કરવાના હતા તેઓમાંથી પણ કોઇનેય નહિ. 17 પછી મેં તેઓને
કહ્યું, “આપણે કેવી દુર્દશામાં છીએ તે તમે જુઓ છો, યરૂશાલેમ ખંડેર
બનીને પડેલું છે, તેના દરવાજા અગ્નિથી ભસ્મ થયેલા છે; ચાલો, આપ-
ણે યરૂશાલેમને ફરતી દીવાલો બાંધીએ, જેથી આપણે વધારે ધિક્કાર-
પાત્ર ન થઇએ.” 18 મે એમને કહ્યું કે મારા દેવનાં હાથે મને આશીર્વાદ
આપ્યા અને રાજાએ મને જે કહ્યું હતું તે પણ મેં તેમને કહી સંભળાવ્યું.
તેથી તેઓ બોલી ઊઠયા, “ચાલો બાંધવાનું શરૂ કરી દઇએ.” એમ કહી-
ને તેઓએ ઉત્સાહપૂર્વક કામ કરવાનું શરૂ કર્યુ. 19 પરંતુ હોરોનના સા-
ન્બાલ્લાટે, આમ્મોની અધિકારી ટોબિયાએ તથા અરબી ગેશેમે આ
સાંભળીને અમારી હાંસી કરી, અને અમારો તિરસ્કાર કરીને કહ્યું, “આ
શું છે જે તમે કરી રહ્યાં છો? શું તમે રાજાની સામે બંડ કરવા ઇચ્છો છો?”
20 ત્યારે મેં તેઓને જવાબ આપ્યો કે, “આકાશના દેવ અમને સફળતા
આપશે. અમે તેના સેવકો છીએ અને અમે બાંધકામ શરૂ કરવાના
છીએ. પરંતુ તમારે અહીં યરૂશાલેમમાં તમારો કોઇ ભાગ નથી, કોઇ દા-
વો નથી, કે નથી કોઇ અધિકાર!”
3 મુખ્ય યાજક એલ્યાશીબે ઘેટાં દરવાજાનું નવેસરથી બાંધકામ
ચાલું કર્યુ, પછી તેણે તેની પ્રતિષ્ઠા કરી અને પછી તેનાં બારણાં
ચઢાવ્યાં; તેઓએ છેક હામ્મેઆહના ગુંબજ સુધી અને ત્યાંથી છેક હના-
નએલના ગુંબજ સુધી દીવાલને પવિત્ર બનાવી. 2 યાજકો પાસે યરીખો-
ના માણસો કામ કરતા હતા. અને ઇમ્રીનો પુત્ર ઝાક્કૂરે તેમની નજીક
દીવાલ ફરી બાંધી. 3 હસ્સેનાઆહના વંશજોએ માછલી દરવાજો
બાંધ્યો; તેમણે તેની પાસે બારસાખ ઊભી કરી અને બારણાં, આગળા
અને ભૂંગળ ચઢાવી દીધાં. 4 એ પછીના ભાગની મરામત હાક્કોસના પુ-
ત્ર ઊરિયાના પુત્ર મરેમોથે કરી.તેની પાસે મશેઝાબએલનો પુત્ર બેરે-
ખ્યાનો પુત્ર મશુલ્લામ મરામત કરતો હતો. તેની પાસે બાઅનાનો પુત્ર
સાદોક મરામત કરતો હતો. 5 તેમની પછી તકોઆના માણસો સમાર-

કામ કરતા હતા. પરંતુ તેમના આગેવાનોએ તેમના ધણીના કામમાં
મદદ કરી નહિ. 6 પાસેઆહના પુત્ર યોયાદા તથા બસોદ્યાનો પુત્ર મશુ-
લ્લામ જૂના દરવાજાની મરામત કરતા હતા; તેઓએ તેના પાટડા ગોઠ-
વ્યા, તેના કમાડો ચઢાવ્યાઁ, અને મિજાગરાં જડીને દરવાજાના સળિયા
બેસાડ્યા. 7 તેની પછીના ભાગનું સમારકામ ગિબયોની મલાટયાએ
અને મેરોનોથી યાદોને કર્યુ, તેઓ ગિબયોન અને મિસ્પાહના હતાં. જે
સ્થળો ફ્રાંત નદીની પશ્ચિમ બાજુના પ્રશાશકની તાબેદારીમાં હતા. 8 એ
પછીના ભાગમાં હાર્હયાનો પુત્ર ઉઝ્ઝિયેલ સમારકામ કરતો હતો, તે
સોની હતો. સુગંધી દ્રવ્યો બનાવનાર હનાન્યાએ યરૂશાલેમનું સમાર-
કામ છેક પહોળી દીવાલ સુધી કર્યું. 9 પછીના ભાગનું સમારકામ હૂરના
પુત્ર રફાયાએ કર્યુ, જે અડધા ઉપરાંત યરૂશાલેમનો પ્રશાશક હતો. 10 તે-
ની પાસે હરૂમાફનો પુત્ર યદાયા પોતાના ઘરની સામે મરામત કરતો
હતો. અને તેની પાસે હાશાબ્નયાનો પુત્ર હાટ્ટુશ મરામત કરતો હતો.
11 હારીમનો પુત્ર માલ્કિયા, તથા પાહાથમોઆબનો પુત્ર હાશ્શૂબ બીજા
એક ભાગની તથા ભઠ્ઠીઓના બુરજની મરામત કરતા હતા. 12 હાલ્લોહે-
શનો પુત્ર શાલ્લુમ, જે યરૂશાલેમના બીજા અડધા ભાગનો પ્રશાશક હતો,
તે તેની પુત્રીઓ સાથે તેની પછીના ભાગનું સમારકામ કરતો હતો.
13 હાનૂન અને ઝાનોઆહના માણસોએ ખીણના દરવાજાનું સમારકામ
કર્યુ હતું. તેઓએ તે બાંધીને તેના કમાડ ચઢાવ્યાં અને તેમને મિજાગરાં
જડ્યાં તથા દરવાજાના સળિયા બેસાડ્યા. તે પછી તેઓએ કચરા દર-
વાજા સુધી 1,000 હાથ જેટલી દીવાલનું સમારકામ કર્યુ હતું. 14 કચરા-
ના દરવાજાનું સમારકામ રેખાબના પુત્ર માલ્કિયાએ કર્યું હતું. તે બેથહા-
ક્કેરેમ પ્રાંતનો પ્રશાશક હતો. તેણે તેને કમાડો ચઢાવ્યાં, તેને મિજાગરાઁ
જડ્યાં અને દરવાજાના સળિયા બેસાડ્યા. 15 કોલહોઝેહનો પુત્ર શાલ્લૂન
મિસ્પાહ પ્રાંતનો પ્રશાસક હતો. તેણે કારંજાના દરવાજાનું સમારકામ
કરી ફરી બનાવ્યો અને તેને ઉપરથી ઢાંકી દીધો અને તેનાં બારણા,
આગળા અને દરવાજાના સળિયા ચઢાવ્યાં. વળી તેણે રાજાના બગી-
ચાને અડીને આવેલા શેલાહના તળાવની દીવાલ, દાઉદના શહેરથી
નીચે આવતા પગથિયાં સુધી બાંધી. 16 તેના પછી નહેમ્યા, જે આઝબૂ-
કનો પુત્ર હતો અને બેથ-સૂરના અડધા પ્રાંતનો પ્રશાસક હતો, તેણે દા-
ઉદની કબરોની સામે વાળી જગ્યાથી લઇને ખોદીને બનાવેલા તળાવ
સુધી અને શૂરવીરોના ઘર સુધીના ભાગનું સમારકામ કરાવ્યું. 17 તેના
પછી બાનીના પુત્ર રહૂમની આગેવાની હેઠળ તેના પછીના ભાગની
મરામત લેવીઓ કરતા હતા, તેની પાસે હશાબ્યા, જે કઇલાહના અડધા
જિલ્લાનો પ્રશાશક હતો તે પોતાના ભાગની મરામત કરતો હતો. 18 તેના
પછીનું સમારકામ બાવ્વાય જે હેનાદાદનો પુત્ર હતો અને કઇલાહ જિ-
લ્લાના અડધા ભાગનો પ્રશાશક હતો, તેની આગેવાની નીચે તેના
સબંધીઓએ આ કામ કર્યુ. 19 તેના પછી યેશૂઆનો પુત્ર એઝેરે અન્ય
ભાગનું સમારકામ કર્યુ. એઝેર મિસ્પાહના અડધા ભાગનો પ્રશાશક
હતો, આ ભાગ સામેના રસ્તાથી લઇને તે જગ્યાએ જતો હતો જ્યાં ખૂ-
ણા પર શસ્રો મૂકવામાં આવતા હતાં. 20 ઝાક્કાયનો પુત્ર બારૂખે એના
પછીના ભાગનું મરામત કર્યુ જે દરવાજાના, ખૂણાથી લઇને મુખ્ય યાજક
એલ્યાશીબના ઘરના બારણાં સુધી જતો હતો. 21 તેના પછીના એલ્યા-
શીબના ઘરના બીજા છેડા સુધીના ભાગની મરામત હાક્કોસના પુત્ર
ઊરિયાના પુત્ર મરેમોથે કરી. 22 પછીના ભાગની આસપાસ રહેતા યાજ-
કોએ મરામત કરી. 23 તેના પછી બિન્યામીન તથા હાશ્શૂબે અન્ય ભાગ-
ની મરામત કરી જે તેમના ઘરની પોતાના ઘરનાં આગળના ભાગની
મરામત કરી. અઝાર્યા જે માઅસેયાનો પુત્ર જે અનાન્યાનો પુત્ર હતો,
પોતાના ઘર પાસે તેણે બાજુના ભાગની મરામત કરી. 24 હેનાદાદનો પુ-
ત્ર બિન્નૂઇ અઝાર્યાના ઘરથી તે ખૂણાના વળાંકથી માંડીને, દીવાલના
ભાગની મરામત કરી. 25 ઉઝાયનો પુત્ર પાલાલ કોટના ખાંચા સામે,
તથા જે બુરજ રાજાના ઉપલા મહેલ પાસે ચોકીદારોના આંગણામાં
હતો, તેની સામે મરામત કરતો હતો. તેના પછી પારોશના પુત્ર પદાયા
મરામત કરતો હતો. 26 અને મંદિરના સેવક જે ઓફેલમાં રહેતા હતા, તે-
ઓએ પૂર્વની બાજું પાણીના દરવાજાથી તે બહાર પડતા બુરજ સુધીના
ખૂણાનું સમારકામ કર્યુ. 27 તેના પછી તકોઇઓ બહાર પડતા મોટા બુ-
રજ સામેથી તે છેક ઓફેલની દીવાલ સુધી અન્ય એક ભાગની મરામત
કરી. 28 ઘોડા દરવાજા ઉપરની મરામત યાજકોએ કરી; દરેક જણ પોત-
પોતાના ઘરની મરામત કરતો હતો. 29 તેમના પછી ઇમ્મેરનો પુત્ર સાદો-
કે પોતાના ઘરની સામેના ભાગની મરામત કરી. તેના પછી શખાન્યાનો
પુત્ર શમાયાએ મરામત કરી હતી. 30 તેના પછી શેલેમ્યાનો પુત્ર હનાન્યા
અને સાલાફનો છઠ્ઠો પુત્ર હાનૂને બીજા એક ભાગની મરામત કરી.તેના
પછી બેરેખ્યાનો પુત્ર મશ્શુલામે તેના ઘરની સામે વાળા ભાગની મરા-
મત કરી. 31 માલ્કિયા નામના સોનીએ મંદિરના સેવકો અને વેપારીઓ-
ના ઘરો સુધીનું, અને નિરીક્ષણ દરવાજાની સામે દીવાલના ખૂણા ઉપર-
ની ઓરડીનું સમારકામ કર્યું. 32 દીવાલના ખૂણાની બાજુની ઓરડી
તથા ઘેટાં દરવાજા વચ્ચેના ભાગનું સમારકામ સોનીઓ તથા વેપા-
રીઓ કરતા હતા.

4 અમે યરૂશાલેમની દીવાલનું બાંધકામ ફરીથી કરી રહ્યા હતા તેવી
ખબર સાન્બાલ્લાટને પડી ત્યારે તે અસ્વસ્થ થઇ બહુ રોષે ભરા-
યો, અને તેણે યહૂદીઓની હાંસી ઉડાવી. 2 તે પોતાના મિત્ર અને સમરૂ-
નની સૈનાની સામે બોલ્યો, “આ નિર્બળ યહૂદીઓ શું કરી રહ્યાં છે? શું
તેઓ આને ફરીથી નવું બનાવશે? શું તેઓ યજ્ઞ ચઢાવશે? શું તેઓ આ
કામ એક દિવસમાં પુરું કરી નાખશે? શું તેઓ ધૂળ ઢેફાંના ઢગલામાંથી
ફરીથી પથ્થર બનાવશે જે બળીને રાખ થઇ ગયા છે?” 3 આમ્મોની ટો-
બિયા જે તેની બાજુમાં ઊભો હતો, તેણે કહ્યું, “તેઓ બાંધી રહ્યાં છે તે
દીવાલ પર એક શિયાળવું ચઢે તોય તે તૂટી પડશે!” 4 ત્યારે મેં મારી પ્રા-
ર્થનામાં કહ્યું, “જુઓ હે અમારા દેવ, અમારી મશ્કરી કરવામાં આવે છે;
તેઓના ઉપહાસને તેમના જ માથે માર અને તેઓ પોતાની જાતેજ, તે-
ઓને વિદેશમાં બંદીવાસમાં લઇ જવામાં આવો. 5 તેઓનાં પાપ ના
સંતાડો. તેઓના પાપ ભૂંસી નાખશો નહિ, કારણકે તેઓએ બાંધનારા-
ઓનું તેમના મોઢા પર જ અપમાન કર્યું છે.” 6 તેથી અમે તો દીવાલ
બાંધતા જ રહ્યાં અને લોકોનો ઉત્સાહ એટલો બધો હતો કે, સમગ્ર દી-
વાલ તેની નિર્ધારિત ઊંચાઇથી અડધી તો જોતજોતામાં બંધાઇ ગઇ.
7 પરંતુ જ્યારે સાન્બાલ્લાટ અને ટોબિયાને, આરબો, આમ્મોનીઓ અને
આશ્દોદીઓને જાણ થઇ કે, યરૂશાલેમનાં દીવાલની મરામતનું કામ
આગળ વધી રહ્યું છે અને દીવાલમાં પડેલા ગાબડાં પુરાવા માંડ્યા છે,
ત્યારે તેઓ ખૂબ ગુસ્સે થઇ ગયા. 8 તેઓ બધાં ભેગા થયા અને યરૂશા-
લેમ વિરૂદ્ધ લડવા માટે અને એમને નિષ્ફળ બનાવવા માટે કાવત્રું કર્યુ.
9 પણ અમે અમારા દેવને પ્રાર્થના કરી અને તેમની સામે ચોકી કરવા રા-
તદિવસનો પહેરો ગોઠવી દીધો. 10 યહૂદાના લોકોએ કહ્યું કે, “મજૂરોની
શકિત ઘટતી જાય છે, અને ત્યાં એટલી બધી ગંદકી છે કે આ દીવાલ
અમે ફરી બાંધી શકતા નથી. 11 અમારા શત્રુઓએ કહ્યું, ‘આપણે તેમના
પર તૂટી પડીશું અને તેમને ખબર પડે અને જુએ તે પહેલાં તેમને મારી
નાખીશું. આપણે કામ પણ અટકાવી દઇશું.’” 12 તેઓની પડોશમાં જે
યહૂદીઓ રહેતં◌ા હતં◌ા, તેઓએ અમારી પાસે વારંવાર આવીને કહ્યું
કે, “તેઓ જ્યાં રહે છે ત્યાથી આવી રહ્યાં છે આપણી વિરૂદ્ધ ભેગા થઇ
રહ્યાં છે.” 13 તેથી મેં દીવાલની પાછળ ખુલ્લી જગ્યાઓમાં સૌથી નીચેના
ભાગમાં બેસાડ્યાં અને લોકોને તેઓનાં વંશો પ્રમાણે, તરવારો, ભા-
લાઓ તથા ધનુષ્યબાણ વડે તેમને શસ્રસજ્જ કર્યા. 14 જ્યારે મેં જોયં◌ુ
કે શું થઇ રહ્યું છે, ત્યારે મેં ઉભા થઇને ઉમરાવો, અધિકારીઓ, અને
બીજા લોકોને ઉદ્દેશીને કહ્યું, “તમારે તે લોકોથી ડરવું નહિ; આપણા
યહોવા કેવા મહાન અને ભયાવહ છે તે યાદ કરીને તમારા દેશબંધુઓ
અને પુત્રો, પુત્રીઓ માટે, તથા પત્નીઓ અને તમારા ઘર માટે લડજો.”
15 જ્યારે અમારા વિરોધીઓને ખબર પડી કે અમને તેઓના કાવત્રાની
જાણ થઇ ગઇ છે અને યહોવાએ તેઓની યોજના નિષ્ફળ બનાવી છે.
પછી અમે સર્વ દીવાલ સમારવા ગયા. 16 તે દિવસથી મારા માણસોના
અડધા માણસો બાંધકામ કરતા અને બાકીના ભાલા ઢાલ. તીરકામઠાં
અને બખ્તર ધારણ કરીને ચોકી કરતા ઊભા રહેતા. અને યહૂદાના બધાં
લોકોને આગેવાનો તેમની જોડે રહીને પીઠબળ પુરું પાડતાં. 17 જેઓ
દીવાલ બાંધતા હતા તેઓ, અને વજન ઉપાડતા હતા તેઓ બધાં એક
હાથથી કામ કરતાં, ને બીજા હાથમાં શસ્ત્ર રાખતાં; 18 બાંધકામ કરના-
રાઓ પણ કમરે તરવાર લટકાવેલી રાખી કામ કરતા હતા, મારી બાજુમાં
રણશિંગડું ફૂંકનાર હતો. 19 મેં ઉમરાવો, અધિકારીઓ, અને બાકીના
લોકોને ઉદ્દેશીને કહ્યું, “કામ મોટું છે અને ખૂબ ફેલાયેલું છે, આપણે દી-
વાલની ફરતે ઘણાં દૂર સુધી પથરાયેલા છીએ. 20 તમે જ્યાં પણ હો

જ્યારે રણશિંગડાનો અવાજ સાંભળો ત્યારે એકીસાથે બધા લોકો દોડી-
ને મારી પાસે ભેગા થઇ જજો, આપણા દેવ આપણા માટે યુદ્ધ લડશે.”
21 આ પ્રમાણે અમે નિર્માણનું કામ કરતા; અને અમારાંમાંના અડધા
સવારથી રાતે તારા નીકળતા સુધી અડધા હાથમાં ભાલા લઇને ચોકી
કરતા. 22 મેં તેઓને તે સમયે એમ કહ્યું કે, “દરેક પુરુષ અને તેનો મદદ-
ગાર યરૂશાલેમમાં જ રહે, જેથી તેઓ રાત્રે અમારું રક્ષણ કરે અને દિવ-
સે કામ કરે.” 23 આમ, હું મારા સગાંવહાંલા, મારા સેવકો મારી પાછળ
ચાલતા અંગરક્ષકો કોઈ કદી કપડા ઉતારતા નહિ, અને જ્યારે અમે પા-
ણી મેળવવા જતાં ત્યારે અમે દરેક જણ અમારા શસ્ત્રો પકડી રાખતાં.

5 વખતે યહૂદીઓ વિરૂદ્ધ લોકોએ તથા તેઓની સ્ત્રીઓએ જબરો
મોટો પોકાર કર્યો. 2 એમાંના કેટલાક કહેવા લાગ્યાં કે, “અમારા
પુત્રો તથા અમારી પુત્રીઓ સહિત અમે ઘણાં માણસો છીએ; અમને
અનાજ આપો કે જેથી અમે તેને ખાઇને જીવતાં રહીએ.” 3 તો બીજા કેટ-
લાંક કહેવા લાગ્યાં કે, “અમે આ દુકાળમાં અનાજ ખરીદવા માટે અમારાં
ખેતરો, દ્રાક્ષાવાડીઓ તથા ઘરો ગીરો મૂકી રહ્યાં છીએ.” 4 તો વળી બી-
જા કેટલાક એમ કહેવા લાગ્યા કે, “રાજાને મહેસૂલ ભરવા માટે અમે
અમારાઁ ખેતરો તથા દ્રાક્ષાવાડીઓ સામે કરજ લીધું છે. 5 અને જોકે અમે
અને અમારા સગાંવહાંલા સરખાંજ રકતમાંસના બનેલા છીએ અને
અમારાં બાળકો તેમના જેવાઁ જ છે, તેમ છતાં અમારે અમારાં પુત્રપુત્રી-
ઓને ગુલામ તરીકે વેચવા પડે છે. અને અમારી કેટલીક પુત્રીઓ પર
બળાત્કાર પણ થયો છે. અમે તદ્દન નિરુપાય છીએ; કારણકે બીજા
લોકો અમારાં ખેતરો તથા દ્રાક્ષાવાડીઓના માલિક બની બેઠાં છે.” 6 તે-
ઓની આ ફરીયાદ સાંભળીને હું બહુ ક્રોધિત થયો, 7 ત્યારે મેં મનમાં
વિચાર કર્યો અને ઉમરાવો તથા અમલદારો સામે આરોપ મૂકીને કહ્યું કે,
“તમે બધા પોતાના સગાંવહાંલા પાસેથી બહુ આકરું વ્યાજ લો છો.” મેં
તેનું નિવારણ કરવાં તે બધાંની સભા બોલાવી, 8 ‘અને તેમને કહ્યું કે,
પરદેશીઓને ગુલામ તરીકે વેચાઇ ગયેલા યહૂદીઓને અમે બને ત્યાં સુ-
ધી છોડાવતા આવ્યા છીએ; અને હવે તમે જ તમારા પોતાના જ ભાઇ-
ઓને ગુલામ તરીકે વેચી રહ્યાં છો, જેમને અમારે જ છોડાવવા પડશે
ને?”તેઓ મૂંગા થઇ ગયા અને કંઇ બોલી ન શક્યા. 9 વળી મેં કહ્યું કે,
“તમે આ બધું ખોટું કરી રહ્યા છો! શું તમારે દેવથી ડરીને ચાલવું નથી
જેથી આપણા શત્રુઓ વિદેશીઓ આપણી હાંસી ન ઉડાવે. 10 તે ઉપ-
રાંત હું, મારા સગાવહાલાં તથા મારા સેવકો, તેઓને પૈસાને અનાજ ધી-
રતા આવ્યા છીએ. તો હવે તમે વ્યાજ લેવાનું બંધ કરો. 11 અને હવે
મહેરબાની કરીને અત્યારે જ તેમનાઁ ખેતરો, દ્રાક્ષની વાડીઓ, જૈતૂનના
બગીચા અને તેમનાં ઘરબાર પાછાં આપી દો, અને તેમની પાસે તમારું
જે કઈ લેણું હોય, પછી એ નાણાં હોય, અનાજ હોય, દ્રાક્ષારસ હોય કે
તેલ હોય તે બધું માંડી વાળો.” 12 પછી તેમણે કહ્યું કે, “અમે બધું પાછું
સોંપી દઇશું અને હવે અમે બીજી કોઇ વસ્તુની માંગ નહિ કરીએ. અમે
તમારા કહ્યા પ્રમાણે કરીશું.”તેથી મેં યાજકોને બોલાવીને તેઓની પાસે
સમ લેવડાવ્યાં, તેઓ પોતાનું વચન પાળશે. 13 ત્યારબાદ મેં મારા કપ-
ડા પર પડેલી ઘડીઓ ખંખેરતા કહ્યું, “જે માણસ પોતાનું વચન ન પાળે
તેની પાસેથી દેવ તેનું ઘર અને મિલકત આ રીતે ખંખેરી લો; એને ખંખે-
રીને ખાલી કરી નાખો.”તેથી ત્યાં ભેગા થયેલા બધા લોકો બોલી ઊઠ-
યા, “આમીન!” પછી તેઓએ યહોવાની સ્તુતિ કરી. અને તેઓ બધા
આપેલા વચન પ્રમાણે વર્ત્યા. 14 તદુપરાંત જે સમયથી યહૂદાના દેશમાં
મારી પ્રશાસક તરીકે નિમણૂક થઇ ત્યારથી, એટલે આર્તાહશાસ્તા રા-
જાના વીસમા વર્ષથી તે બત્રીસમા વર્ષ સુધી, બાર વર્ષના પ્રશાસકના
હોદ્દામાં મેં તથા મારા ભાઇઓએ પ્રશાસકને જે ખાવાનું અપાતું હતું તે
ખાધું નથી. 15 મારી પહેલાનાં પ્રશાસકો લોકોને ભારરૂપ થઇ પડ્યા
હતા; તેઓ લોકો પાસેથી ખોરાક અને દ્રાક્ષારસ તેમજ 40 શેકેલચાંદી
લેતા હતા. તે ઉપરાંત તેમના નોકર લોકો પર ત્રાસ ગુજારતા તે તો જુદું.
પણ મેં દેવથી ડરીને તેમની સાથે એવો વર્તાવ કર્યો નહોતો. 16 વળી, હું
એ કિલ્લાના બાંધકામમાં મંડી રહ્યો, ને અમે કઈ પણ જમીન ખરીદી
નહિ; અને મારા સર્વ ચાકરો પણ તે કામ કરવા ભેગાં થયાં હતાં. 17 મારી
સાથે 150 થી વધારે અમલદારો અને બીજા યહૂદીઓ મારા ટેબલ પર
જમતા હતા. આજુબાજુની પ્રજાઓમાંથી જે લોકો આવતા તે તો જુદા.
18 દરરોજ એક બળદ, છ ઉત્તમ ઘેટાં અને મુરઘાં રંધાતા હતા. અને દર
દશ દિવસે પીપડા ભરીને દ્રાક્ષારસ પૂરો પાડવામાં આવતો હતો. તો
પણ મેં પ્રશાશક તરીકેનું ખાધાં ખોરાકી ભથ્થું માગ્યું નહિ, કારણકે આ
લોકો પર ભારે બોજો હતો. 19 હે મારા દેવ, મેં આ લોકો માટે જે જે કર્યુ છે
તે બધું યાદ કરી મારું ભલું કરજે.

6 જ્યારે સાન્બાલ્લાટ, ટોબિયા, અરબી ગેશેમ અને અમારા બીજા
દુશ્મનોને ખબર મળી કે મેં દીવાલો ફરી બાંધી છે, અને તેમાં એક
પણ બાકોરૂં રહ્યું નથી, ભલે આ સાચું હોય પણ જોકે તે વખતે હજી મેં
દરવાજાને બારણાં ચઢાવ્યાં નહોતાં. 2 ત્યારે સાન્બાલ્લાટ અને ગેશેમે
મને સંદેશો મોકલ્યો કે, “ચાલો આપણે ઓનોના મેદાનમાં એક દીવાલ
વગરના નગરમાં સાથે મળીએ,” પરંતુ તેઓ મને નુકશાન પહોચાડવા
માંગતાં હતા. 3 તેથી મેં તેઓની પાસે સંદેશાવાહક મોકલીને આ જવાબ
આપ્યો કે, “હું એક મોટું ચણતર કામ કરવામાં રોકાયેલો છું. માટે મારા-
થી આવી શકાય તેમ નથી. હું જો તમને મળવા આવું તો કામ અટકી
પડે. હું એવું શું કામ કરું?” 4 તેઓએ મને એ જ સંદેશો ચાર વખત મોક-
લ્યો અને દરેક વખતે મેં તેમને એ જ પ્રત્યુતર આપ્યો. 5 એટલે પાંચમી
વખતે સાન્બાલ્લાટે પોતાના સેવકને હાથમાં એક ખુલ્લો પત્ર આપીને મા-
રી પાસે મોકલ્યો; 6 તે આ પ્રમાણે હતો, “પ્રજાઓમાં એવી અફવા ચાલે
છે, ને ગેશેમ પણ કહે છે કે, તું અને યહૂદીઓ બળવો કરવાનું વિચારો
છો, અને તે કારણથી જ તેં દીવાલની મરામત કરવા માંડી છે.” એમ
પણ કહેવાય છે કે તું પોતે એમનો રાજા બનવાની ઇચ્છા રાખે છે. 7 અને
યરૂશાલેમ વિષે તને માહિતી આપવા માટે અને યહૂદામાં રાજા છે તેમ
કહેવા માટે તેં પ્રબોધક નીમ્યા છે. રાજા આ અફવા વિષે સાંભળશે. તે-
થી ચાલ, આપણે સાથે યોજના ઘડીયે.“રાજાને આ અફવાની જાણ
થયા વગર રહેવાની નથી. માટે આવો આપણે મળીને યોજના બના-
વીએ.” 8 ત્યારે મેં તેને કહેવડાવ્યું કે, “તું જાણે છે કે તું જૂઠું બોલે છે. એ
તો તારા મનની માત્ર કલ્પના જ છે.” 9 કારણ કે તેઓ અમને ડરાવવા
માગતા હતા, એમ વિચારીને કે તેમના હાથ ચણતરકામ અટકાવશે
અને તે પૂરું નહિ થાય પણ “હે દેવ, મારા હાથ મજબૂત કરો.” 10 એ
સમયે હું, દલાયાના પુત્ર શમાયાને ઘેર ગયો, દલાયા મહેટાબએલનો પુ-
ત્ર હતો. તે પોતાના જ ઘરમાં પૂરાયો હતો. તેણે કહ્યું:“આપણે દેવનાં
ઘરમાં, મંદિરની મધ્યમાં મળીએ અને આપણે મંદિરના બારણાં વાસી
દઇએ, કારણકે તેઓ તને મારી નાખવા માટે આવનાર છે.” 11 ત્યારે મેં
કહ્યું, “શું મારા જેવા માણસે નાસી જવું જોઇએ? મારા જેવો માણસ જીવ
બચાવવા મંદિરમાં ભરાય? હું નહિ જાઉં.” 12 પછી મને ખ્યાલ આવ્યો કે
દેવે તેને મોકલ્યો ન હતો પણ ટોબીયાએ અને સાન્બાલ્લાટે એને મારી
વિરૂદ્ધ ભવિષ્યવાણી કરવા મહેનતાણું આપીને રોક્યો. 13 મને ગભરા-
વા માટે શમાયાને ભાડે રાખ્યો હતો, જેથી હું પાપ કરું. અને તેને પરિ-
ણામે તેમને મારા નામને કલંક લગાડવાની અને મારી હાંસી ઉડાવવા-
ની તક મળે. 14 હે મારા દેવ! ટોબિયાને ને સાન્બાલ્લાટને તેઓએ કરેલા
કાર્ય પ્રમાણે તું યાદ રાખજે, ને નોઆદ્યા પ્રબોધિકા તથા બાકીના પ્રબો-
ધકો, જેઓ મને ડરાવવા ઇચ્છતા હતાં, તેઓને પણ યાદ રાખજે. 15 દી-
વાલનું કામ બાવન દિવસોમાં અલૂલ મહિનાના પચીસમાં દિવસે પૂરું
થયું. 16 જ્યારે અમારી આજુબાજુના અમારા શત્રુઓએ એ સાંભળ્યું ત્યા-
રે તેઓ અતિશય ઉદાસ થઇ ગયા અને તેમને આ વાત સમજાઇ કે આ
કામ તો અમારા દેવની મદદથી જ પૂરૂં થયું છે. 17 તદઉપરાંત તે સમયે
યહૂદાના ઉમરાવોએ ટોબિયા પર ઘણા પત્રો લખ્યા હતા, તેમજ ટોબિ-
યાએ પણ તેમને પત્રો મોકલ્યાં હતા. 18 યહૂદાના ઘણા લોકોએ તેને
વફાદાર રહેવાના સમ ખાધા હતા, કારણકે તે આરાહનો પુત્ર શખાન્યા-
નો જમાઇ હતો; અને તેનો પુત્ર યહોહાનાન બેરેખ્યાના પુત્ર મશુલ્લામની
પુત્રી સાથે પરણ્યો હતો. 19 તેમણે મને તેના સુકૃત્યો વિષે કહ્યું હતું.
અને પછી તેઓએ તેને તે સર્વ કહ્યું જે મેં તેમને કહ્યું હતું, અને મને ડરા-
વવા માટે ટોબિયાએ અનેક ધમકીઓ આપતા પત્રો મોકલ્યા હતા.

7 હવે દીવાલ બંધાઇ ચૂકી હતી અને તેના દરવાજાઓ જગ્યા પર
ઊભા કરવામાં આવ્યાં હતા અને દ્વારપાળો, ગવૈયાઓ અને લેવી-
ઓની નિમણૂંક કરવામાં આવી. 2 ત્યારે યરૂશાલેમનાં વહીવટની જવા-
બદારી મેં મારા ભાઇ હનાનીને અને કિલ્લાના સેનાપતિ હનાન્યાને
સોંપી દીધી; કારણ કે તે ઘણો વિશ્વાસુ હતો તથા બીજા કરતાં દેવથી
વિશેષ ડરનારો હતો. 3 મેં તેમને કહ્યું, “દિવસ ચઢે ત્યાં સુધી યરૂશાલે-

મના દરવાજા ખોલવા નહિ, અને જ્યારે હજી પહેરેગીરો ચોકી કરતા હોય
ત્યારે તમારે દરવાજા બંધ રાખી અને દરવાજા પર કમાડ વાસી દેવા.
યરૂશાલેમના વતની ઓમાંથી તમારે પહેરેગીરો નીમવા. કેટલાક ચો-
ક્કસ જગ્યાએ ચોકીઓ સંભાળે અને બાકીના પોતાના ઘર આગળ ચો-
કી કરે." 4 શહેરનો વિસ્તાર ખૂબ મોટો હતો; પણ વસ્તી ઓછી હતી
અને વધારે ઘરો બંધાયાઁ નહોતાં. 5 મારા દેવે મને પ્રેરિત કર્યો કે, ઉમરા-
વોને, અધિકારીઓને અને લોકોને સાથે બોલાવવા અને તેમને ભેગા
કરી તેમની કુટુંબવાર નોંધ કરવી. દેશવટેથી જેઓ સૌથી પહેલા આવ્યાં
હતા તેઓની વંશાવળીની યાદી મને મળી, તેમાં મને આ લખાણ જોવા
મળ્યું કે, 6 બાબિલના રાજા નબૂખાદનેસ્સાર દ્વારા જેઓનો દેશનિકાલ
કરવામાં આવ્યો હતો. જેઓને બંદીવાન બનાવીને લઇ જવાયાં હતા, તે
પ્રાંતના આ લોકો છે. તેઓ યહૂદાના પોતપોતાના નગરોમાં અને યરૂ-
શાલેમમાં પાછા આવ્યા. 7 એટલે જેઓ ઝરુબ્બાબેલ, યેશૂઆ, નહેમ્યા,
અઝાર્યા, રાઆમ્યા, નાહમાની, મોર્દેખાય, બિલ્શા, મિસ્પેરેથ, બિગ્વાય,
નહૂમ તથા બાઅનાહની સાથે આવ્યા તેઓ આ બધાં છે:ઇસ્રાએલના
લોકોના પુરુષોની સંખ્યા: 8 પારોશના વંશજો 2,172 9 શફાટયાના
વંશજો 372 10 આરાહના વંશજો 652 11 પાહાથ-મોઆબના વંશજો
એટલે કે યેશૂઆ તથા યોઆબના વંશજો, 2,818 12 એલામના વંશજો
1,254 13 ઝાત્તૂના વંશજો 845 14 ઝાક્કાયના વંશજો 760 15 બિન્નૂઇના
વંશજો 648 16 બેબાયના વંશજો 628 17 આઝગાદના વંશજો 2,322
18 અદોનીકામના વંશજો 667 19 બિગ્વાયના વંશજો 2,067 20 આદી-
નના વંશજો 655 21 આટેરના વંશજો એટલે હિઝ્કિયા 98 22 હાશુમના
વંશજો 328 23 બેસાયના વંશજો 324 24 હારીફના વંશજો 112 25 ગિ-
બયોનના વંશજો 95 26 બેથલેહેમના તથા નટોફાહના મનુષ્યો 188
27 અનાથોથના મનુષ્યો 128 28 બેથ-આઝમાવેથના મનુષ્યો 42 29 કિ-
ર્યાથ-યઆરીમના કફીરાહના તથા બએરોથના મનુષ્યો 743 30 રામાના
તથા ગેબાના મનુષ્યો 621 31 મિખ્માસના મનુષ્યો 122 32 બેથેલના
તથા આયના મનુષ્યો 123 33 નબોના બીજા નગરના મનુષ્યો 52
34 એલામના બીજા શહેરના વંશજો 1,254 35 હારીમના વંશજો 320
36 યરીખોના વંશજો 345 37 લોદના વંશજો, હાદીદના વંશજો તથા
ઓનોના વંશજો 721 38 સનાઆહના વંશજો 3,930 39 યાજકો: યદા-
યાના વંશજો,યેશૂઆના કુટુંબના 973 40 ઇમ્મેરના વંશજો 1052 41 પા-
શહૂરના વંશજો 1,247 42 હારીમના વંશજો 1,017 43 લેવીઓ: યેશૂઆ-
ના અને કાદ્મીએલ અને, હોદૈયાના વંશજોમાંના 74 44 ગવૈયાઓ:
આસાફના વંશજો 148 45 દ્વારપાળો: શાલ્લૂમના વંશજો,આટેર, ટા-
લ્મોન, આક્કૂબ, હટીટા અને સોબાયના વંશજો 138 46 મંદિરના સેવ-
કો: સીહા, હસૂફા અને ટાબ્બાઓથના વંશજો: 47 કેરોસના વંશજો, સી-
આના વંશજો, પાદોનના વંશજો; 48 લબાનાહના વંશજો, હગાબાના
વંશજો, સાલ્માયના વંશજો; 49 હાનાનના વંશજો, ગિદ્દેલના વંશજો, ગા-
હારના વંશજો; 50 રઆયાના વંશજો, રસીનના વંશજો, નકોદાના વંશજો;
51 ગાઝઝામના વંશજો, ઉઝઝાના વંશજો, પાસેઆહના વંશજો; 52 બેસા-
યના વંશજો, મેઉનીમના વંશજો, નફૂશશીમના વંશજો; 53 બાકબૂકના
વંશજો, હાકૂફાહના વંશજો, હાર્હૂરના વંશજો; 54 બાસ્લીથના વંશજો,
મહિદાના વંશજો, હાર્શાના વંશજો; 55 કાકોર્સના વંશજો, સીસરાના વંશ-
જો, તેમાહના વંશજો; 56 નસીઆહના વંશજો અને હટીફાના વંશજો.
57 સુલેમાનના સેવકોના વંશજો: સોટાયના વંશજો, સોફેરેથના વંશજો,
પરીદાના વંશજો, 58 યાઅલાના વંશજો; દાર્કોનના વંશજો; ગિદ્દેલના
વંશજો; 59 શફાટયાના વંશજો; હાટ્ટીલના વંશજો, પોખેરેથ-હાસ્સબાઇ-
મના વંશજો અને આમોનના વંશજો; 60 મંદિરના બધાં સેવકોની તથા
સુલેમાનના સેવકોના વંશજો સર્વ મળીને 392 હતા. 61 કેટલાક લોકો
તેલમેલાહ, તેલ-હાર્શા, કરૂબ, આદોન, તથા ઇમ્મેરમાંથી આવ્યા, પરંતુ
તેઓ તેમના કુટુંબના પિતૃઓને કે તેમની વંશાવળીને સાબિત કરી
શક્યા નહોતા કે તેઓ ઇસ્રાએલના છે. 62 તેઓ દલાયાના વંશજો, ટો-
બિયાના વંશજો તથા નકોદાના વંશજો 642 હતા. 63 યાજકોમાંના:
હબાયાના વંશજો, હાકકોસના વંશજો અને બાઝિર્લ્લાયના વંશજોએ ગિ-
લયાદી બાઝિર્લ્લાયની પુત્રીઓમાંથી એકની સાથે પરણ્યો હતો, માટે તે-
ઓના નામ પરથી તેનું નામ એ પડ્યું. 64 તેઓ તેઓના પરિવારના પૂ-
ર્વજોને સાબિત કરી ન શક્યા તેથી તેઓને યાજક તરીકે કાર્ય કરવા દે-
વામાં આવ્યુ નહિ કારણ તેઓ અયોગ્ય ગણાતા હતા. 65 પ્રશાશકે તે-
ઓને કહ્યું કે જ્યાં સુધી, "ઉરીમ અને તુમ્મીમ ધારણ કરનાર એક યાજક
ઊભો થાય નહિ ત્યાં સુધી તેઓએ પરમ પવિત્ર વસ્તુઓમાંથી ખાવું
નહિ." 66 આખા સમૂહની કુલ સંખ્યા 42,360 હતી. 67 જેમા સેવક અને
સેવિકાઓની ગણત્રી કરી નહોતી જેઓ 7,337 હતાં અને 245 ગાયક
અને ગાયીકાઓ હતા. 68 તેઓ પાસે 736 ઘોડા અને 245 ખચ્ચર હતાં.
69 તેઓ પાસે 435 ઊંટ અને 6,720 ગધેડાં હતાં. 70 પૂર્વજોના કુટુંબો-
માંના મુખ્ય આગેવાનોમાંથી કેટલાકે આ કામ માટે ભેટ આપી હતી. પ્ર-
શાસકે 8 1/2 કિલોસોનું, પચાસ પાત્રો અને 530 યાજકવસ્ત્રો ભંડાર-
માં આપ્યાં હતા. 71 અન્ય પિતૃઓનાં કુટુંબોના આગેવાનોમાંથી કેટલાકે
170 કિલોસોનું તથા 2,200 માનેહચાંદી આ કામ માટે ભંડારમાં
આપ્યાં. 72 બાકીના લોકોએ જે આપ્યું તે 170 કિલો સોનું, 2,000 મા-
નેહરૂપું તથા 6 યાજકવસ્ત્ર હતાં. 73 હવે યાજકો, લેવીઓ, દ્વારપાળો,
ગવૈયાઓ, થોડાં લોકો, મંદિરના સેવકો, તથા સર્વ ઇસ્રાએલીઓ તેમનાં
પોતપોતાનાં નગરોમાં વસ્યા.

8 બધા લોકો પાણી દરવાજાના સામેના મેદાનમાં ભેગા થયા અને
તેમણે લહિયા એઝરાને, યહોવાએ ઇસ્રાએલને જે નિયમશાસ્ત્ર
ફરમાવ્યુ હતું તે પુસ્તક લાવવા માટે પૂછ્યું. 2 અને તેથી સાતમાં મહિ-
નાનાં પહેલા દિવસે યાજક એઝરા, સ્ત્રીઓ અને પુરુષો તેમજ સમજ-
ણાં થયેલાં બાળકોની સભા સમક્ષ નિયમશાસ્ત્ર લઇ આવ્યો. જેઓ
સાંભળીને સમજી શકતા હતાં. 3 અને પાણીના દરવાજા સામેના ચોક
આગળ તે ઊભો રહ્યો અને પરોઢથી તે બપોર સુધી તેણે સ્ત્રી, પુરુષો
અને તેઓ જે સમજી શકે તેમની સમક્ષ તે નિયમોનું વાચન કર્યું. તેઓ
સર્વ ખૂબ ધ્યાનપૂર્વક નિયમશાસ્ત્ર સાંભળતા હતા. 4 આ માટે ઊભા
કરેલા લાકડાના મંચ પર લહિયો એઝરા ઊભો હતો, તેની જમણી બા-
જુએ માત્તિથ્યા, શેમા, અનાયા ઊરિયા, હિલ્કિયા, અને માઅસેયા; અને
તેની ડાબી બાજુએ પદાયા મીશાએલ, માલ્કિયા, હાશુમ, હાશ્બાદાનાહ,
ઝખાર્યા, અને મશુલ્લામ ઊભા હતા. 5 એઝરા બધા કરતાં ઊંચે ઉભેલો
હતો. તેણે સર્વ લોકોના દેખતાં તે નિયમશાસ્ત્ર ઊઘાડ્યું; તેને ઉઘાડતો
જોતાં જ તેઓ બધા ઊભા થઇ ગયા. 6 ત્યારબાદ એઝરાએ મહાન દેવ
યહોવાને ધન્યવાદ આપ્યા. સર્વ લોકોએ કહ્યું, "આમીન આમીન" અને
પોતાના હાથ આકાશ તરફ ઊંચા કર્યા અને ભૂમિ સુધી નીચે નમીને
પોતાના મુખ ભૂમિ તરફ રાખીને યહોવાનું ભજન કર્યું. 7 યેશૂઆ, બાની,
શેરેબ્યા, યામીન, આક્કૂબ, શાબ્બથાય, હોદિયા, માઅસેયા, કલીટા,
અઝાર્યા, યોઝાબાદ, હાનાન અને પલાયાએ એમ બધા લેવીઓએ પો-
તપોતની જગ્યાએ ઊભેલા કુળસમૂહોને નિયમશાસ્ત્રની સમજણ
આપી. 8 તેમણે દેવના નિયમશાસ્ત્રમાંથી વાંચ્યુ, અને જે વાંચ્યુ તેનો
અર્થ સ્પષ્ટ કરીને સમજાવ્યો જેથી લોકો સમજી શકે. 9 નિયમશાસ્ત્રનાં
વચનો સાંભળતા સાંભળતા એ લોકો રડતાં હતાં તેથી પ્રશાસક નહે-
મ્યાએ એઝરા જે યાજક અને લહિયો હતો તથા લોકોને શિક્ષણ આપ-
નાર લેવીઓએ સર્વ લોકોને કહ્યુ કે, "આ દિવસ તમારા દેવ યહોવાને
માટે પવિત્ર છે, માટે શોક કરતાં હોય તેવી રીતે વર્તવું નહિ પરંતુ બધાં
લોકો જેમણે નિયમશાસ્રના વચનો સાંભળ્યાં તે બધાં લોકો રડ્યાં."
10 પછી તેણે તેમને કહ્યુ કે, "હવે આગળ વધો, સારું સ્વાદિષ્ટ ભોજલ
ખાઓ, પીઓ અને જેઓની સ્થિતિ ન હોય તેમને સૌને માટે મિષ્ટાન
મોકતવામાં આવ્યા, કારણ, આજનો દિવસ આપણા યહોવાનો પવિત્ર
દિવસ છે. ઉદાસ થશો નહિ, કારણ, યહોવાનો આનંદ એ જ તમારું
બળ છે." 11 "છાના રહો, કારણકે આજનો દિવસ પવિત્ર છે; માટે ઉદાસ
ન થાઓ, એમ કહીને લેવીઓએ સર્વ લોકોને શાંત પાડ્યાં." 12 આથી
બધાં લોકોએ જઇને ખાધુંપીધું, બીજાઓને તેમના હિસ્સા મોકલ્યા અને
તેઓ ઘણાં જ આનંદમાં હતા. કારણ તેમને જે શાસ્ત્રવચનો વાંચી
સંભળાવવામાં આવ્યાં હતાં તે તેઓ સમજ્યા હતા. 13 બીજે દિવસે
સમગ્ર પ્રજાના કુટુંબના આગેવાનો, યાજકો અને લેવીઓ સાથે નિયમ-
શાસ્રના શબ્દનો અભ્યાસ કરવા શાસ્રી એઝરા સમક્ષ ભેગા થયા.
14 પછી તેઓને ખબર પડી કે નિયમમાં એવું લખેલુ છે કે યહોવાએ મૂસા
મારફતે એવી આજ્ઞા જણાવી હતી કે સાતમા મહિનાનાં ઉત્સવ દર-
મ્યાન ઇસ્રાએલીઓએ કામચલાઉ માંડવાઓમાં રહેવું જોઇએ; 15 એટલે
તેમણે યરૂશાલેમમાં અને બીજા બધાં શહેરોમાં ઢંઢેરો પિટાવીને એવું

જાહેર કરવું કે, "ડુંગરો પર જાઓ અને નિયમમાં લખ્યા પ્રમાણે કામચ-
લાઉ માંડવા બનાવવા માટે જૈતૂનની, જંગલી જૈતૂનની, મેંદીની અને
ખજૂરીની તેમજ બીજા ઘટાદાર વૃક્ષોની ડાળીઓ લઈ આવો." 16 એ
સાંભળીને લોકો જઈને તે પ્રમાણે લઈ આવ્યા, ને તેઓમાંના દરેક પો-
તાના ઘરના ધાબા પર, પોતાનાં આંગણામાં, દેવના મંદિરના આંગણા-
માં, પાણીના દરવાજાના ચોકમાં તથા એફ્રાઈમના દરવાજાના ચોકમાં
કામચલાઉ માંડવાઓ બાંધવા માટે તેનો ઉપયોગ કર્યો. 17 જેઓ બંદી-
વાસમાંથી પાછા આવ્યા હતા તેમણે બધાએ કામચલાઉ માંડવાઓ
બાંધીને તેમાં વાસ કર્યો. નૂનના પુત્ર યહોશુઆના દિવસોથી માંડીને
આજપર્યંત ઇસ્રાએલીઓએ કદી આવું કર્યું નહોતું. 18 સાત દિવસોના
આ પર્વના પ્રત્યેક દિવસે તેણે દેવના નિયમશાસ્રમાંથી વાંચન કર્યું અને
તેઓએ સાત દિવસ ઉત્સવ રાખ્યો અને આઠમા દિવસે પૂર્ણાહુતિ સભા
હતી જેવી રીતે નિયમમાં જણાવ્યું છે તેમ.

9 એ જ મહિનાને ચોવીસમાં દિવસે ઇસ્રાએલી લોકો શોકકંથા પહે-
રીને અને માથે ધૂળ નાખીને ઉપવાસ કરવા ભેગા થયા. 2 તે બધાં
જેઓના પૂર્વજ ઇસ્રાએલી હતા, તેઓએ પોતાને વિદેશીઓથી જુદા કર્યા
અને તેઓએ ઉભા થઈને પોતાના અને પોતાના પૂર્વજોના પાપ કબૂલ
કર્યા. 3 અને તેઓએ ત્રણ કલાક સુધી પોતાના દેવ યહોવાના નિયમ-
શાસ્રનું પુસ્તક વાચ્યું; બીજા ત્રણ કલાક સુધી તેઓએ પાપ કબૂલ કરી-
ને તેમના યહોવા દેવની ઉપાસના કરી. 4 પછી આ લોકો લેવીઓના
ઊંચા આસન પર ઊભા રહીને તેમના યહોવા દેવને મોટેથી વિનંતા
કરી. તેમના નામ: યેશૂઆ, બાની, કાહ્મીએલ, શબાન્યા, બુન્ની, શેરેબ્યા,
તથા કનાની હતા. 5 ત્યારબાદ લેવીઓ, યેશૂઆ, કાહ્મીએલ, બાની,
હશાબ્નયા, શેરેબ્યા, હોદિયા, શબાન્યા, અને પથાહ્યાએ કહ્યું, "ઊભા
થાઓ અને તમારા યહોવા દેવની સ્તુતિ કરો!"જે અનાદિ અને અનંત
છે, ધન્ય છે તારું મહિમાવંતુ નામ જે કોઈપણ ધન્યવાદ અને પ્રશંસા-
ની પરિસીમાથી પર છે. 6 તું જ એક માત્ર યહોવા છે, તંે આકાશ અને
સૌથી ઉંચુ સ્વર્ગ, તારા, પૃથ્વી અને જે બધી વસ્તુ તેમાં છે, અને સમુદ્ર
અને તેમાં જે બધું છે, તેં બધું બનાવ્યું. બધાંને જીવતા રાખ્યાં છે, અને
આકાશના તારાઓ પણ તને નમન કરે છે! 7 તું તે જ યહોવા દેવ છે કે,
જેણે ઇબ્રામને પસંદ કર્યો, તેં જ તેને ખાલ્દીઓના ઉરમાંથી બહાર કાઢ-
યો અને તેં જ તેનું નામ ઇબ્રાહિમ પાડ્યું. 8 તેનું અંત:કરણ તારી પ્રત્યે
વિશ્વાસુ જાણ્યુ; તેં તેની સાથે એક કરાર કર્યો અને તેને કનાનીઓનો,
હિત્તીઓનો, અમોરીઓનો, પરિઝ્ઝીઓનો, યબૂસીઓનો, અને ગિર્ગા-
શીઓનો દેશ તેનાઁ વંશજોને આપવાનું તેને વચન આપ્યું. તું ન્યાયી હો-
વાથી તેઁ તારૂં વચન પાળ્યું છે. 9 તેં મિસરમાં અમારા પિતૃઓનાં દુ:ખ
જોયાં, અને રાતા સમુદ્ર આગળ તેઓનો પોકાર સાંભળ્યો; 10 તેં ફારુન-
ને અને તેના બધા સેવકોને અને તેની ભૂમિની બધી એંધાણીઓ બતા-
વીને આશ્ચર્યો સૅજ્યા. કારણ કે તું જાણતો હતો કે તેઓ અમારા પૂર્વજો
કરતા સારી રીતે વર્તતા હતાં અને સારા હતાં, તેઁ તારા નામને પ્રતિષ્ઠિત
કર્યુ જે આજ સુધી છે. 11 તેઁ તેઓની સામે સમુદ્રને વિભાજીત કર્યો. જેથી
તેઓ તેમાંથી કોરી જમીન પરથી જઇ શકે. તેં તેઓની પાછળ પડેલા-
ઓને ઊંડા સાગરમાં ફેંકી દીધા, અને જેમ એક પથ્થરને વિશાળ સમુહ-
માં ફેકવામાં આવે. 12 તું દિવસે તેઓને વાદળના સ્તંભ રૂપે દોરતો હતો,
અને રાત્રે અગ્નિના સ્તંભરૂપે તેમનો માર્ગ ઉજાળતો હતો. 13 તું સિનાઈ
પર્વત પર પણ ઊતરી આવ્યો; તું આકાશમાંથી તેઓની સાથે બોલ્યો;
તેં તેઓને સત્ય નિયમો સારી વિધિઓ અને હિતકારી આજ્ઞાઓ આપી.
14 તેં તારા પવિત્ર સાબ્બાથો વિષે તેઓને જ્ઞાન આપ્યું, અને તારા સે-
વક મૂસા મારફતે તેઓને માટે તારી આજ્ઞાઓ વિધિઓ અને નિયમો
જણાવ્યાં. 15 તેઓ ભૂખ્યા હતા ત્યારે તેં તેઓને આકાશમાંથી રોટલી
આપી. તેઓ તરસ્યા હતા ત્યારે તેં ખડકમાંથી પાણી વહેવડાવ્યું. જે
વતન તેં તેઓને આપવા માટે વચન આપ્યું હતું તેમાં પ્રવેશ કરવા તથા
તેને જીતી લેવા તમે તેઓને આજ્ઞા આપી. 16 પરંતુ તેઓ અને અમારા
પૂર્વજો અભિમાની અને હઠીલા હતા અને તેઓ અક્કડ થયા અને તે-
ઓએ તારી આજ્ઞાઓની અવગણના કરી. 17 તેઓ સમક્ષ તેં જે ચમત્કા-
રો કર્યા હતા, તે ભૂલી જઇને તેમણે તારૂં કહ્યું કરવાની ના પાડી. તેઓ
અક્કડ થઇ ગયાં અને તેમણે મિસર જઇ ફરી ગુલામી સ્વીકારવાનો વિ-
ચાર સુદ્ધાં કર્યો. પણ તું તો ક્ષમાશીલ, દયાળુ અને પ્રેમાળ દેવ છે; તું
ઝટ ક્રોધ કરતો નથી. તારી કરૂણાનો પાર નથી; તેથી તેં તેમનો ત્યાગ
ન કર્યો. 18 હા, તેઓએ પોતાના માટે વાછરડાનું પૂતળું બનાવી અને
કહ્યું "આ અમારાં દેવ છે!" જે તમને મિસરમાંથી બહાર કાઢી લાવ્યા
હતાં, આમ તેઓએ ઘણી દેવ નિંદા કરી. 19 છતાંય તેં અપાર કરૂણા
બતાવી તેઓને વગડામાં છોડી ન દીધાં, દિવસે વાદળના સ્તંભે તેમને
દોરવાનું અને રાત્રે અગ્નિના સ્તંભે તેમના ચાલવાના માર્ગને ઉજાળવાનું
ચાલુ રાખ્યું. 20 વળી બોધ આપવા માટે તેં તારો ઉત્તમ આત્મા તેમને
આપ્યો, અને તેં તેમને શ્રેષ્ઠ આહાર પણ ખવડાવવાનું બંધ કર્યુ નહિ;
અને તેઓની તૃષા છીપાવવા તેં તેઓને જળ આપ્યું. 21 ચાળીસ વર્ષ
સુધી તેં રણમાં તેમની સંભાળ લીધી, તે સમય દરમ્યાન તેઓને કશાની
ખોટ પડી નહોતી; ન તેમનાં વસ્ત્રો ઘસાઇ ગયા કે ના તેમના પગ ફૂલી
ગયા. 22 તેં તેઓને રાજ્યો તથા પ્રજાઓ આપ્યાઁ. તેથી તેઓએ હેશ્બોન-
ના રાજા સીહોન તથા બાશાનના રાજા ઓગની ભૂમિ લઇ લીધી.
23 વળી તેં તેઓના વંશજોની આકાશના તારાઓની જેમ વૃદ્ધિ કરી, અને
જે દેશ વિષે તેં તેઓના પૂર્વજોને કહ્યું હતું કે, તેઓ તેમાં પ્રવેશ કરીને તે-
મની ભૂમિ પ્રાપ્ત કરશે, તેમાં તું તેઓને લાવ્યો. 24 જ્યારે તેઓએ એ ભૂ-
મિમાં પ્રવેશ કરીને એનો કબજો લીધો, ત્યારે તેં ત્યાંના વતની કનાની-
ઓને તેમની આગળ નમાવી દીધા અને ત્યાંના રાજાઓને અને લોકોને
તેમના હાથમાં જે કરવું હોય તે કરવા સોંપી દીધા. 25 પછી તેઓએ કિ-
લ્લાવાળાં નગરો તથા રસાળ ભૂમિવાળા પ્રદેશ લઇ લીધાં; તેઓએ સર્વ
ઉત્તમ વસ્તુઓથી ભરપૂર ઘરો, ટાંકાઓ, દ્રાક્ષાવાડીઓ, જૈતવાડીઓ,
તથા પુષ્કળ ફળનાં વૃક્ષો તેઓના કબજામાં આવ્યાં; તેથી તેઓ ધરાય
ત્યાં સુધી ખાધું, આ સર્વ સમૃદ્ધિઓથી તેઓ તૃપ્ત થયા, અને હૃષ્ટપુષ્ટ
થયાં અને તારી મહાન કૃપાથી આનંદ પામ્યા. 26 પરંતુ આ બધુંય હોવા
છતાં તેઓ તમને આધીન રહ્યા નહિ. અને તારી વિરૂદ્ધ બંડ પોકાર્યુ. તે-
ઓએ તમારા નિયમશાસ્ત્રને નકાર્યા. અને જે પ્રબોધકોએ તેઓને તારા
તરફ પાછા ફરવા કહ્યું તેઓને તેઓએ મારી નાખ્યા. વળી તેઓએ બી-
જાં અનેક ભયંકર કૃત્યો કર્યા. 27 માટે તેં તેઓને તેમના શત્રુઓનાં હાથ-
માં સોંપી દીધા, જેઓએ તેમને ત્રાસ આપ્યો. તેઓએ પોતાના સંકટ
સમયે તારી આગળ પોકાર કર્યો, ત્યારે તેં સ્વર્ગમાંથી સાંભળ્યું; અને
મહાન દયાળુ હોવાથી તેં તેઓને ઉદ્ધારકો આપ્યા કે, જેમણે તેઓને દુ-
શ્મનોના હાથમાંથી બચાવ્યા. 28 પરંતુ તેઓએ પછી આરામ કર્યો, અને
ફરી તેઓએ તારી સંમુખ દુષ્કૃત્યો કર્યાં; તે માટે તેં તેઓને તેમના દુશ્મ-
નોના હાથમાં સોંપી દીધા. જેથી તેમના દુશ્મનો તેમના ધણી બન્યાં,
પરંતુ જ્યારે ફરીથી તે લોકોએ તને પોકાર કર્યો ત્યારે તેઁ આકાશમાંથી
સાંભળ્યું અને તને તેઓને કેટલીયે વાર બચાવ્યા કેમકે તું દયાળુ છે.
29 અને તેં તેમને તારી સંહિતાનું પાલન કરવા માટે ફરી ચેતવણી આપી.
પરંતુ ઘમંડી વર્તણૂક કરીને તેઓએ તારા વિધિઓનું પાલન ન કર્યુ; જે-
ના પાલનથી મનુષ્યને જીવન મળે છે એવા તારા નિયમોના વિરૂદ્ધ તે-
મણે પાપ કર્યુ, ને તેઓના ખભા હઠીલા હતા, તેઓની ગરદન અક્કડ
હતી અને તેમણે તારું કહ્યું માન્યું નહિ. 30 છતાં પણ તેં ઘણાં વરસો
સુધી ધીરજ રાખી, તારા આત્મા દ્વારા અને તારાં પ્રબોધકો દ્વારા તેં તેમ-
ને ચેતવ્યા, પણ તેમણે કાને ન ધર્યુ. ત્યારે તેં તેમને વિદેશીઓના હાથ-
માં સોંપી દીધા. 31 છતાં પણ તું મહાન દયાળુ દેવ હોવાથી તે લોકોનો
છેક અંત આણ્યો નહિ. કે તેઓનો ત્યાગ કર્યો નહિ, કારણકે તું કૃપાળુ
તથા દયા કરનારો દેવ છે. 32 હે અમારા દેવ, હે મહાન શકિતશાળી અને
ભયાવહ દેવ; અનંત પ્રેમથી તું કરારનું પાલન કરે છે. અમારા પર, અમા-
રા રાજાઓ, અમારા આગેવાનો, અમારા યાજકો, અમારા પ્રબોધકો અને
તમારી આ સમગ્ર પ્રજા પર આશ્શૂરના રાજાઓના સમયથી આજપર્યંત
જે યાતનાઓ થઇ છે, તે ઓછી છે એમ ન ગણીશ. 33 અમારા પર જે કઇં
વીત્યું છે, તેમાં તું દેવ તો ન્યાયી જ રહ્યો છે. તેં તો તારુ ન્યાયપણુ સા-
ચવ્યું છે, ખોટું તો અમે કર્યુ છે. 34 અમારા રાજાઓ, અમારા અધિકા-
રીઓ, અમારા યાજકો અને અમારા પિતૃઓએ તારી વિધિઓને અનુસ-
ર્યા નહિ કે તારી ચેતવણીઓ કે હુકમો પ્રત્યે ધ્યાન આપ્યું નહિ. 35 જ્યા-
રે તેઓ પોતાનાજ રાજ્યમાં હતાં અને મહાન ઉદારતા ધરાવતાં હતાં,
ત્યારે તેં તેઓને વિશાળ ફળદ્રુપ જમીન આપી, ત્યારે તેઓએ તારી સે-
વા ના કરી અને તેઓએ પોતાની ભૂંડાઇથી પાછા ફરવાનો પણ ઇન્કાર
કર્યો. 36 પરંતુ અમારી તરફ જુઓ, અમે તે જમીનમાં ગુલામ છીએ, જે

તંે અમારા પૂર્વજોને આપી હતી, જેથી તેઓ એના ફળો અને ઉત્તમ
ઉપજનો આનંદ માણી શકે. 37 અમારાં પાપોને કારણે જે રાજાઓને તેં
અમારા પર વિજય અપાવ્યો છે, તેઓ આ દેશમાંથી પુષ્કળ ઊપજ પ્રાપ્ત
કરે છે, તેઓનો અમારા શરીરો તથા અમારાં ઢોરઢાંખર પર અધિકાર છે
અને અમે તેઓની ઈચ્છા મુજબ તેઓની સેવા કરીએ છીએ. અમે મોટાં
સંકટમાં આવી પડ્યાં છીએ! 38 આ બધી બાબતોને લીધે અમે ફરીથી
એક કરાર કરીએ છીએ. અને તેની નોંધ કરીને તેના પર અમારા અધિ-
કારીઓ, અમારા લેવીઓ અને યાજકો પોતપોતાની મહોર મારે છે.

10 મહોર મારેલા કરાર પર હખાલ્યાનો પુત્ર પ્રશાશક નહેમ્યા અને
સિદકિયાના નામ છે; 2 સરાયા, અઝાર્યા, યમિર્યા; 3 પાશહૂર,
અમાર્યા, માલ્કિયા, 4 હાટ્ટુશ, શબાન્યા, માલ્લૂખ, 5 હારીમ મરેમોથ
ઓબાદ્યા, 6 દાનિયેલ, ગિન્નથોન, બારૂખ, 7 મશુલ્લામ, અબિયા, મીયા-
મીન 8 માઆઝયા, બિલ્ગાય, અને શમાયા; આ બધા યાજકો છે. 9 અને
લેવીઓ: યેશૂઆ, તે અઝાન્યાનો પુત્ર, બિન્નૂઈ, હેનાદાદના પુત્રોમાંનો
એક કાદ્મીએલ, 10 અને તેમના સગાંવહાંલા, શબાન્યા, હોદિયા, કલીટા,
પલાયા, હાનાન, 11 મીખા, રહોબ, હશાબ્યા, 12 ઝાક્કૂર, શેરેબ્યા, શબા-
ન્યા, 13 હોદિયા, બાની અને બનીનુ, 14 લોકોના આગેવાન: પારોશ, પા-
હાથ-મોઆબ, એલામ, ઝાત્તુ, બાની, 15 બુન્ની, આઝગાદ, બેબાય,
16 અદોનિયા, બિગ્વાય, આદીન, 17 આટેર, હિઝિક્યા, અઝઝૂર, 18 હો-
દિયા, હાશુમ, બેસાય, 19 હારીફ, અનાથોથ, નેબાય, 20 માગ્પીઆશ,
મશૂલ્લામ, હેઝીર, 21 મશેઝાબએલ, સાદોક, યાદૂઆ, 22 પલાટયા, હા-
નાન, અનાયા, 23 હોશિયા, હનાન્યા, હાશ્શૂબ, 24 હાલ્લોહેશ, પિલ્હા, શો-
બેક, 25 રહૂમ, હશાબ્નાહ, માઅસેયા, 26 અહિયા, હાનાન, આનાન,
27 માલ્લૂખહારીમ તથા બાઅનાહ. 28 બાકીના લોકો, યાજકો, લેવીઓ,
દ્વારપાળો, ગવૈયાઓ, મંદિરના સેવકો અને તે દરેક જેણે ભૂમિના લોકો-
થી પોતાને જુદા પાડ્યાં હતાં, તેમની પત્નીઓ, તેમના પુત્રો, અને પુ-
ત્રીઓ સાથે અને જેમનામાં જ્ઞાન અને સમજણ છે. 29 તેઓએ પોતાના
સગાંવહાંલા અને ઉમરાવો સાથે મળીને, દેવના નિયમ પ્રમાણે ચાલવા-
ના સમ ખાધા, જે દેવના સેવક મૂસાએ આપ્યા હતા કે, અમે યહોવા
અમારા દેવની આજ્ઞા અને નિયમોનું આદેશ અનુસાર પાલન કરીશું
અને તેમના હુકમોને માનીશું. 30 “અમે અમારી પુત્રીઓ બીજી ભૂમિના
લોકોને આપીશું નહિ, તેમ તેમની પુત્રીઓ અમારા પુત્રો માટે લઈશું
નહિ. 31 “વળી જો ભૂમિના લોકો કંઈ વેચવા માટે અથવા અનાજ લાવ-
શે, તો અમે તે સાબ્બાથના દિવસે કે બીજા કોઈ પવિત્ર દિવસે ખરીદીશું
નહિ. પ્રત્યેક સાતમે વષેર્ અમે ભૂમિને ખેડશું નહિ અને અમારું બધું
લેણું માફ કરીશું. 32 “અમે અમારા પોતાના દેવના મંદિરની પૂરતી કાળ-
જી રાખવા માટે પ્રતિવર્ષ 1/3 શેકેલઆપવાનો નિયમ કર્યો. 33 પવિત્ર
રોટલી,નિત્યના ખાદ્યાર્પણો માટે, નિત્યના દહનાર્પણો માટે, સાબ્બાથ
અને ચંદ્રદર્શન માટે, તે ઉત્સવો માટે જે ઉજવવા માટે અમને નિયમશા-
સ્રમાં જણાવાયું છે, અને પવિત્ર અર્પણો માટે પૈસાની જરૂર છે, આ
ઈસ્રાએલ માટે પ્રાયશ્ચિત કરવા પાપાર્થાપણો અને દેવના મંદિરનાં સર્વ
કામો કરવા માટે જરૂરી છે. 34 “ત્યારબાદ નિયમશાસ્ત્રમાં લખ્યા પ્રમા-
ણે, અમારા દેવ યહોવાની વેદી પર બાળવા માટે, અમારા પિતૃઓનાં
પરિવારો પ્રમાણે પ્રતિવર્ષ ઠરાવેલા ચોક્કસ સમયે અમારા દેવના મંદિ-
રમાં લાકડાંઓના અર્પણો લાવવા માટે, અમે, યાજકો, લેવીઓ તથા
લોકો વચ્ચે ચિઠ્ઠીઓ નાખી. 35 “અમે પ્રતિવર્ષ, અમારી ભૂમિનો પ્રથમ
પાક અને દરેક વૃક્ષના પ્રથમ ફળો યહોવાના મંદિરમાં લાવવા માટે નિ-
યમ પણ બનાવીએ છીએ. 36 “વળી, નિયમશાસ્ત્રમાં લખ્યા પ્રમાણે,
અમારાં પુત્રોમાંના પ્રથમજનિત, અને પશુઓ અને ઢોરઢાંખરનાઁ તથા
ઘેટાંબકરાંનાં પ્રથમજનિતને અમારા યહોવાના મંદિરમાં, અમારા દેવના
મંદિરનાં યાજકો પાસે લાવીશું. 37 “અમે અમારા યાજકોને તથા દેવનાં
મંદિરની ઓરડીમાં અમારા બાંધેલા લોટનો પહેલો ભાગ, અને દરેક વૃ-
ક્ષના ફળો, દ્રાક્ષારસ અને તેલનું અર્પણ લાવીશું. વળી અમારી ભૂમિની
પેદાશમાંથી પ્રત્યેક વસ્તુનો દશમો ભાગ અમે લેવીઓ માટે લાવીશું.
કારણ કે અમારા સર્વ દેશના નગરોમાંથી દશાંશ એકત્ર કરવાની જવા-
બદારી લેવીઓની છે. 38 અમારા બધાં ખેતીવાડીવાળાં ગામોમાંથી
ઊપજનો દશમો ભાગ ઉઘરાવવા આવનાર લેવીઓને અમારી જમીનની
ઊપજનો દશમો ભાગ આપીશું. દશમો ભાગ ઉઘરાવતી વખતે હારુન-
ના વંશના એક યાજક લેવીઓની સાથે રહેશે, અને લેવીઓએ ઉઘરાવે-
લા દશમા ભાગનો દશમો ભાગ દેવના મંદિરનાં ભંડારમાં લઈ જશે અને
એક ઓરડામાં મુકશે. 39 તેથી ઈસ્રાએલીઓ અને લેવીઓએ પોતે ઉઘ-
રાવેલાં બધાં અનાજના અર્પણો, દ્રાક્ષારસ, તેલ વગેરે ભંડારના ઓરડા-
ઓમાં લાવવાં, જ્યાં મંદિરની સેવાની સામગ્રી રાખવામાં આવે છે, અને
જ્યાં તે વખતે સેવા કરતા યાજકો, દ્વારપાળો તથા ગાયકો રહે છે.“આમ
અમે સૌ અમારા દેવનાં મંદિરની અવગણના નહિ કરીએ.”

11 લોકોના તમામ આગેવાનો યરૂશાલેમમાં વસ્યા અને બાકીના
લોકોમાંથી દશ માણસમાંથી એક માણસ માટે પવિત્ર નગરી
યરૂશાલેમમાં વસે તે માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવી. જ્યારે બાકીના
નવ અન્ય નગરોમાં જઈને વસ્યા. 2 યરૂશાલેમમાં રહેવા માટે જે લોકો
રાજીખુશીથી આગળ આવ્યા, તે સર્વ માણસો પર લોકોએ આશીર્વચન
ઉચ્ચાર્યા. 3 આ યરૂશાલેમમાં રહેતાં પ્રાંતના આગેવાનો છે તેમ છતાં
યહૂદિયાના નગરોમાં સહુ પોતપોતાની ભૂમિ પર પોતપોતાના ગામમાં
રહેતાં હતાં; ઈસ્રાએલના લોકો, યાજકો, લેવીઓ, મંદિરના સેવકો, અને
સુલેમાનના સેવકોના વંશજો. 4 કેટલાક યહૂદાના અને કેટલાક બિન્યા-
મીનના લોકો યરૂશાલેમમાં રહેતા હતા તેઓ આ છે.અથાયા ઉઝિઝયા-
નો પુત્ર, (ઉઝિઝયા ઝખાર્યાનો, ઝખાર્યા અમાર્યાનો, અમાર્યા શફાટયા-
નો, શફાટયા માહલાલેલનો, હલાલએલ પેરેશના વંશજોમાંથી હતો.)
5 અને માઅસેયા (માઅસેયાને બારૂખનો પુત્ર, બારૂખ કોલહોઝેહનો, કો-
લહોઝેહ હઝાયાનો, હઝાયા અદાયાનો, અદાયા યોયારીબનો, યોયારીબ
ઝખાર્યાનો, ઝખાર્યા શીલોનીનો.) 6 પેરેશના સર્વ વંશજો જેઓ યરૂશાલે-
મમાં વસ્યા તેઓ 468 પરાક્રમી પુરુષો હતા. 7 આ બિન્યામીના પુત્રો
છે: સાલ્લુ મશુલ્લામનો પુત્ર, (મશુલ્લામ યોએલનો, યોએલ પદાયાનો, કો-
લાયાનો પુત્ર પદાયા હતો, જે માઅસેયાનો પુત્ર હતો, જે ઈથીએલનો પુ-
ત્ર હતો, અને ઈથીએલ યશાયાનો.) 8 અને તેના સગાંવહાંલા ગાબ્બાય,
સાલ્લાય, તેઓ કુલ 928 હતા. 9 ઝિખ્રીનો પુત્ર, યોએલ, તેઓનો આગે-
વાન હતો; હાસ્સનૂઆહનો પુત્ર યહૂદા એ નગરના પ્રભુત્વનો દ્વિતીય ક્ર-
મનો ઉપરી હતો. 10 યાજકોમાંના: યોયારીબનો પુત્ર યદાયા, યાખીન,
11 સારાયા હિલ્કિયાનો પુત્ર, હિલ્કિયા મશુલ્લામનો, મશુલ્લામ સાદોકનો,
સાદોક મરાયોથનો, મરાયોથ અહીટુબનો પુત્ર હતો જે દેવના મંદિરનો
કારભારી હતો, 12 અને તેમના સગાંવહાંલા જેઓ મંદિરનું કામ કરતા
હતા, તેઓ 822 હતા; યહોરામ પલાલ્યાનો પુત્ર હતો જે આમ્સીનો પુત્ર
હતો, આમ્સી ઝખાર્યાનો પુત્ર હતો, જે પાશહૂરનો પુત્ર હતો અને પાશહૂર
માલ્કિયાનો પુત્ર હતો, 13 તથા તેના સગાંવહાંલા જેઓ પોતાના કુટુંબો-
ના આગેવાનો હતાં તેઓ 242 હતાં; ઈમ્મેરના પુત્ર મશિલ્લેમોથના પુત્ર
આહઝાયના પુત્ર અઝારએલનો પુત્ર અમાશસાય, 14 તથા તેઓના
સગાંવહાંલા, એ પરાક્રમી પુરુષો 128 હતા; હાગ્ગદોલીમનો પુત્ર ઝા-
બ્દીએલ તેઓનો ઉપરી હતો. 15 લેવીઓમાંથી; હાશ્શૂબનો પુત્ર શમાયા
(હાશ્શૂબ તે આઝીકામનો પુત્ર હતો, તે હશાબ્યાનો પુત્ર હતો અને હશા-
બ્યા બુન્નીનો પુત્ર હતો); 16 શાબ્બથાય તથા યોઝાબાદ, (શાબ્બથાય
અને યોઝાબાદ લેવીઓના આગેવાન હતા જેઓ દેવના મંદિરના બહાર-
ના કામકાજ પર દેખરેખ રાખતા હતા;) 17 અને પ્રાર્થના તથા આભાર-
સ્તુતિનો આરંભ કરવામાં આસાફના પુત્ર ઝાબ્દીના પુત્ર મીખાનો પુત્ર
માત્તાન્યા મુખ્ય હતો, ને બાકબુક્યા પોતાના સગાઓમાં બીજો હતો,
તથા યદૂથૂનના પુત્ર ગાલાલના પુત્ર શામ્મૂઆનો પુત્ર આબ્દા હતો.
18 પવિત્ર નગરમાં સર્વ મળીને લેવીઓ 284 હતા. 19 દ્વારપાળ
આક્કૂબ, ટાલ્મોન તથા તેનાં સગાંઓ, જે દરવાજાની રખેવાળી કરતા
હતા, તેઓ 172 હતા. 20 ઈસ્રાએલનાં બાકીના લોકો, યાજકો, તથા લે-
વી યહૂદાના નગરોમાં રહેતા હતા, દરેક જણ પોતાના કુટુંબની જમીન
પર. 21 પણ મંદિરના સેવકો ઓફેલમાં રહેતા હતા. સીહા અને ગિશ્પા
તેના આગેવાન હતા. 22 મીખાના પુત્ર માત્તાન્યાના પુત્ર હશાબ્યાના પુત્ર
બાનીનો પુત્ર ઉઝઝી યરૂશાલેમમાં રહેતા લેવીઓનો આગેવાન હતો,
અને ઉઝઝીના પિતા અને પિતૃઓ ગવૈયા હતા, તે આસાફના વંશજો
હતા. તેઓ દેવના મંદિરના કામનો કારભાર સંભાળતા હતાં. 23 તેઓના
વિષે રાજાનો એક હુકમ હતો, ગાયકો માટે નિયત ભત્તુ આપવું, જેની
દરરોજ જરૂર પડતી હતી. 24 યહૂદાના પુત્ર ઝેરાહના વંશજ મશેઝાબએ-
લનો પુત્ર પેથાહ્યા જનસંપર્કના સર્વ વહીવટમાં રાજાને મદદ કરતો

હતો. 25 અને તેમના ખેતરો અને ગામડાઓ માટે યહૂદાના લોકો આ ગા-
મમાં રહ્યાં: કિર્યાથઆર્બા અને તેના ગામ, દીબોન અને તેના ગામ,
યકાબ્સએલ અને તેના ગામમાં, 26 અને યેશૂઆમાં મોલાદાહમાં, બેથ-
પેલેટમાં; 27 હસાર-શૂઆલમાં અને બેરશેબા અને તેના ગામોમાં; 28 સિ-
કલાગમાં, મખોનાહ અને તેનાં ગામોમાં, 29 એન-રિમ્મોનમાં, સોરાહમાં
યાર્મૂથમાં, 30 ઝાનોઆહમાં, અદુલ્લામ અને તેઓનાઁ ગામમાં. લાખીશ
અને તેનાઁ ખેતરોમાં, અઝેકાહ તથા તેનાઁ ગામમાં. આમ લોકોએ બેર-શે-
બાથી હિન્નોમની ખીણ સુધી છાવણી દરેક ઠેકાણે નાખી. 31 બિન્યામીન
કુળના લોકો જ્યાં વસ્યા તે નગરો આ પ્રમાણે હતા: ગેબા, મિખ્માશ,
આયા, બેથેલ, તેઓની આસપાસના ગામો સાથે હતા. 32 અનાથોથ,
નોબ, અનાન્યા, 33 હાસોર, રામા, ગિત્તાઇમ, 34 હાદીદ, સબોઇમ, નબા-
લ્લાટ, 35 લોદ, ઓનો અને કારીગરોની ખીણ. આ સર્વ સ્થળોએ તેઓ
વસ્યા હતા. 36 અને યહૂદામાં રહેતા કેટલાક લેવીઓના સમુહો બિન્યા-
મીનનો ભાગ બન્યા.

12 શઆલ્તીએલના પુત્ર ઝરુબ્બાબેલ અને યેશૂઆની સાથે જે
યાજકો આવ્યાં તેઓનાં નામની યાદી: સરાયા, યર્મિર્યા, એઝરા,
2 અમાર્યા, માલ્લૂખ, હાટ્ટૂશ, 3 શખાન્યા, રહૂમ, મરેમોથ, 4 ઇદ્દો, ગિન્ન-
થોઇ, અબિયા, 5 મીયામીન, માઆદ્યા, બિલ્ગાહ, 6 શમાયા, યોયારીબ,
યદાયા, 7 સાલ્લૂ, આમોક, હિલ્કિયા અને યદાયા. યેશૂઆના સમયમાં
આ લોકો યાજકોના અને તેના સંબંધીઓના આગેવાનો હતા. 8 વળી
તેઓની સાથે આવેલા લેવીઓ આ હતા: યેશૂઆ, બિન્નૂઇ, કાદ્મીએલ,
શેરેબ્યા, યહૂદા, માત્તાન્યા માત્તાન્યાએ પોતાના સગાંવહાંલાની સાથે
આભાર સ્તુતિનું ગીતનું માર્ગદર્શન આપ્યું. 9 સેવા દરમ્યાન લેવીઓના
સગાંવહાંલા બાકબુક્યા અને ઉન્નો વારાફરતી પહેરો ભરવા ઉભા રહ્યાં
હતાં. 10 યેશૂઆ યોયાકીમનો પિતા હતો. યોયાકીમ એલ્યાશીબનો પિ-
તા હતો. એલ્યાશીબ યોયાદાનો પિતા હતો; 11 યોયાદા યોનાથાનનો
પિતા હતો; યોનાથાન યાદૂઆનો પિતા હતો. 12 યોયાકીમ મુખ્ય યાજક-
ના હાથ નીચે જે યાજકો સેવા કરતા હતા તેઓના આગેવાનોના નામ
નીચે પ્રમાણે છે:સારાયા ગોત્રનો આગેવાન મરાયા; યર્મિર્યા ગોત્રનો
આગેવાન હનાન્યા. 13 એઝરા ગોત્રનો આગેવાન મશુલ્લામ, અમાર્યા ગો-
ત્રનો આગેવાન યહોહાનાન. 14 મેલીકુ ગોત્રનો આગેવાન યોનાથાન;
શબાન્યા ગોત્રનો આગેવાન યોસેફ. 15 હારીમ ગોત્રનો આગેવાન આદ-
ના; મરાયોથ ગોત્રનો આગેવાન હેલ્કાય. 16 ઇદ્દો ગોત્રનો આગેવાન
ઝખાર્યા; ગિન્નથોન ગોત્રનો આગેવાન મશુલ્લામ. 17 અબિયા ગોત્રનો
આગેવાન ઝિખ્રી; મિન્યામીન તથા મોઆદ્યા ગોત્રનો આગેવાન પિ-
લ્ટાય. 18 બિલ્ગાહ ગોત્રનો આગેવાન શામ્મૂઆ; શમાયા ગોત્રનો આગે-
વાન યહોનાથાન. 19 યોયારીબ ગોત્રનો આગેવાન માત્તાનાય; યદાયા
ગોત્રનો આગેવાન ઉઝઝી. 20 સાલ્લાય ગોત્રનો આગેવાન કાલ્લાય;
આમોક ગોત્રનો આગેવાન એબેર. 21 હિલ્કિયા ગોત્રનો આગેવાન હશા-
બ્યા; યદાયા ગોત્રનો આગેવાન નથાનએલ. 22 લેવીઓ માટે એલ્યા-
શીબ, યોયાદા, યોહાનાન અને યાદૂઆના સમયમાં કુટુંબોના આગેવા-
નોની સંપૂર્ણ યાદી તૈયાર થઇ હતી, એવી એક યાદી યાજકોને માટે
ઈરાનના રાજા દાર્યાવેશના શાસન દરમ્યાન પણ તૈયાર કરી હતી. 23 લે-
વીય કુટુંબોના આગેવાનોના નામ એલ્યાશીબના પુત્ર યોહાનાનના
સમય સુધી જ ઇતિહાસના પુસ્તકમાં નોંધ કરવામાં આવી હતી. 24 લે-
વીઓના મુખ્ય આગેવાનો આ પ્રમાણે હતા, હશાબ્યા, શેરેબ્યા તથા કા-
દ્મીએલનો પુત્ર યેશૂઆ, તથા તેઓના સગાંવહાંલા. આ સમૂહો સામસા-
મે ઊભા રહીને ગાતા, વારાફરતી પોતપોતાના સમયે ઈશ્વર ભકત દાઉ-
દની આજ્ઞા પ્રમાણે, સ્તુતિના ગીત ગાતા હતા. 25 માત્તાન્યા, બાકબુ-
ક્યા, ઓબાદ્યા, મશુલ્લામ, ટાલ્મોન અને આક્કૂબ, તેઓ ભંડારોના દર-
વાજાની ચોકી કરતાં દ્વારપાળો હતા. 26 તેઓ યોસાદાકના પુત્ર યેશૂઆ-
ના પુત્ર યોયાકીમના સમયમાં તેમજ પ્રશાશક નહેમ્યાના સમયમાં તથા
એઝરા યાજક જે લહિયો હતો તેના સમયમાં હતા. 27 યરૂશાલેમની દી-
વાલની પ્રતિષ્ઠાને પ્રસંગે લોકોએ લેવીઓને તેઓની સર્વ જગ્યાઓ-
માંથી શોધી કાઢયા અને તેમને, દેવની આભારસ્તુતિનાં ગાયનો ગાવા,
તથા ઝાંઝો, સિતાર અને વીણાઓ વગાડતાં ઉત્સાહથી પ્રતિષ્ઠાપર્વ
પાળવા માટે તેઓ યરૂશાલેમમાં લાવે, તેઓએ પ્રતિષ્ઠા વિધિ ખૂબ
ઉત્સાહપૂર્વક ઉજવી. 28 ગવૈયાઓના પુત્ર યરૂશાલેમની આસપાસના
મેદાનમાંથી તથા નટોફાથીઓનાં ગામોમાંથી એકઠા થયા; 29 વળી
તેઓ બેથ ગિલ્ગાલથી તથા ગેબાના અને આઝમાવેથનાઁ પ્રદેશમાંથી
પણ એકઠા થયા; કારણકે ગવૈયાઓએ પોતાને માટે યરૂશાલેમની
આસપાસ ગામો બાંધ્યા હતાં. 30 યાજકોએ તથા લેવીઓએ પોતાની
જાતને પવિત્ર કરી અને પછી લોકોને, દરવાજાઓને તથા દીવાલોને
પણ પવિત્ર કર્યા. 31 ત્યાર પછી મેં યહૂદાના આગેવાનોને બે મોટા સમૂહ
બનાવી દેવનો આભાર માનવા ભેગા કર્યા. તેઓ ચાલતા ચાલતા
આભાર સ્તુતિના ગીત ગાતા હતા અને એક સમુહ દીવાલની ધારેધારે
ચાલીને “કચરાના દરવાજા” પાસે ગયા. 32 હોશાયા તેઓની પાછળ ચા-
લતો હતો અને યહૂદાના અડધા આગેવાનો તેની પાછળ ચાલતા હતા.
33 તેમાં અઝાર્યા, એઝરા, મશુલ્લામ, 34 યહૂદા, બિન્યામીન, શમાયા અને
યર્મિર્યાનો સમાવેશ થતો હતો. 35 તથા યાજકોના સમૂહમાંના કેટલાક
રણશિંગડા લઇને ચાલ્યા; ઝખાર્યા પણ તેમાંનો એક હતો, (ઝખાર્યા
યોનાથાનનો પુત્ર હતો, યોનાથાન શમાયાનો પુત્ર, જે માતાન્યાનો પુત્ર
હતો તે મીખાયાનો પુત્ર હતો, મીખાયા ઝાક્કૂરનો પુત્ર હતો, અને ઝા-
ક્કૂર આસાફનો પુત્ર હતો.) 36 અને તેના સગાંવહાંલા દરમ્યાન, શમાયા
તથા અઝારએલ, મિલલાય, ગિલલાય, માઆય, નથાનએલ, યહૂદા
તથા હનાની, તેઓ ઈશ્વર ભકત દાઉદના વાજિંત્રો લઇને ચાલ્યા. અને
લહિયો એઝરા તેઓની આગળ ચાલતો હતો; 37 તેઓ ‘ઝરાના દરવાજા’
પાસે આવ્યા. ત્યાંથી તેઓ સીધા આગળ ચાલીને દાઉદના શહેરના
પગથિયાં પર ચઢયા જ્યાં દીવાલ દાઉદના મહેલની પર થઇને જાય છે
અને પછી પૂર્વ તરફ ‘પાણીના દરવાજા’ તરફ વળી જાય છે. 38 આભાર-
સ્તુતિ કરનારાઓની બીજી ટોળી તેઓની ડાબી બાજુ તરફ ગઇ. હું બા-
કીના અડધા લોકો સાથે દીવાલ પર તેની પાછળ ગયો અને ભઠ્ઠીના
મિનારાને વટાવીને પહોળી દીવાલ સુધી ગયો, 39 અને ત્યાંથી એફ્રાઇમ
દરવાજાના પર, ‘જૂનો દરવાજો,’ મચ્છી દરવાજો, હનાનએલનો બૂરજ
અને હામ્મેઆહ બૂરજ વટાવીને ઘેટાં-દરવાજા સુધી ગયા. ચોકીદારના
દરવાજા આગળ આવીને અમે અટક્યા. 40 પછી બંને આભાર સ્તુતિના
ગાયક વૃંદના સમૂહો દેવના મંદિરમાં ઉભા રહ્યાં. હું તથા મારી સાથે
અડધા અધિકારીઓ પણ મંદિરમાં ઊભા રહ્યા; 41 પછી આ યાજકો તે-
મની જગ્યાએ ઉભા રહ્યાં. એલ્યાકીમ, માઅસેયા, મિન્યામીન, મીખા-
યા, એલ્યોએનાય, ઝખાર્યા, હનાન્યા, એ યાજકો રણશિંગડા લઇને
ઊભા રહ્યા; 42 અને યાજકો માઅસેયા, શમાયા, એલઆઝાર, ઉઝિઝ,
યહોહાનાન, માલ્કિયા, એલામ અને એઝેર અને ગવૈયાઓએ તેમના ને-
તા યિઝ્રાહ્યાની સાથે ગાતા હતાં. 43 તે દિવસે તેમણે પુષ્કળ બલીઓ
અપીર્ તથા આનંદોત્સવ કર્યો; કારણ કે દેવે તેઓને આનંદથી અને સુ-
ખથી ભરપૂર કર્યા હતા; વળી સ્ત્રીઓએ તથા બાળકોએ પણ આનંદ
કર્યો; તે આનંદ એવો ભારે હતો કે તેનો ધ્વનિ યરૂશાલેમથી ઘણે દૂર સુ-
ધી સંભળાતો હતો. 44 તે દિવસે અર્પણો, દશાંશો, અને પ્રથમ ફળોના
અર્પણો નિયમો પ્રમાણે એકત્ર કરીને તેને ભંડારોમાં મૂકવા માટે માણ-
સોની નિમણૂંક કરવામાં આવી. આ અર્પણો યાજકો તથા લેવીઓને
આપવામાં આવતા હતા. યહૂદાના લોકો, યાજકો તથા લેવીઓની સેવા-
થી ખૂબ જ પ્રસન્ન હતા. 45 તેઓએ, ગવૈયાઓએ તથા દ્વારપાળોએ પો-
તાના દેવની સેવા કરી, તથા દાઉદ તથા તેના પુત્ર સુલેમાનની આજ્ઞા
પ્રમાણે લોકોને પવિત્ર કર્યા. 46 કારણ કે પ્રાચીનકાળમાં દાઉદના અને
આસાફના સમયમાં ગાયકોનો એક આગેવાન થતો હતો. વળી દેવના
સ્તવનનાઁ તથા આભારસ્તુતિના ગીતો પણ હતાઁ. 47 ઝરુબ્બાબેલનાઁ
તથા નહેમ્યાના સમયમાં સર્વ ઇસ્રાએલીઓએ ગવૈયાઓને તથા દ્વાર-
પાળોને દરરોજ તેમનો હિસ્સો આપ્યો; જે લેવીઓને માટે હતું તે તે-
ઓએ એક બાજુ મુકી દીધું, અને લેવીઓએ જે હારુનના વંશજો માટે
હતું તે એક બાજુ મૂક્યું.

13 તે દિવસે મૂસાનું પુસ્તક લોકોને વાંચી સંભળાવવામાં આવ્યું
હતું. ત્યાં તેમને એવું લખાણ મળ્યું કે, કોઇ પણ આમ્મોનીને કે
મોઆબીને દેવની મંડળીમાં કદી દાખલ ન કરવો. 2 કારણ કે એ લોકો
ઇસ્રાએલીઓને માટે અન્નપાણી લઇને સામે મળવા આવ્યા નહોતા,
પણ તેમણે ઇસ્રાએલીઓને શાપ આપવા માટે પૈસા આપીને બલામને
રોક્યો હતો; જોકે આપણા દેવે તે શાપને આશીર્વાદમાં ફેરવી નાખ્યો
હતો. 3 જ્યારે લોકોએ આ નિયમશાસ્ત્ર સાંભળ્યું ત્યારે સર્વ વિદેશીઓને

ઈસ્રાએલમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. 4 પરંતુ આ અગાઉ યાજક
એલ્યાશીબ જોડે એક ઘટના બની, જેને દેવના મંદિરની ઓરડીનો કાર-
ભારી નીમ્યો હતો, તે ટોબિયાના સગાંમાંથી એક હતો. 5 ટોબિયાને તે
વિશાળ ઓરડી વાપરવા માટે આપી; જે ઓરડીમાં ખાદ્યાર્પણો, ધૂપ,
વાસણો તથા અનાજ, નવો દ્રાક્ષારસ અને જૈતતેલના દશાંશ રાખવામાં
આવતા હતા. આ વસ્તુઓ નિયમ પ્રમાણે લેવીઓ, ગવૈયાઓ તથા દ્વા-
રપાળોને આપવામાં આવતી હતી અને આમાંની થોડી વસ્તુઓ યાજકો
માટે પણ રાખવામાં આવતી હતી. 6 તે સમયે જ્યારે આ બધું ચાલતું હતું
ત્યારે હું યરૂશાલેમમાં નહોતો, કારણ, રાજા આર્તાહશાસ્તાના અમલના
બત્રીસમાં વષેર્ હું રાજાને મળવા બાબિલ ગયો હતો. ત્યાર પછી મેં રા-
જા પાસે રજા માંગી. 7 અને પાછો યરૂશાલેમ આવ્યો, ત્યારે મને ખબર
પડી કે એલ્યાશીબે દેવના ઘરના ચોકમાં ટોબિયાને ઓરડી આપીને
ભૂલ કરી છે. 8 ત્યારે હું ઘણો ક્રોધિત થયો અને મેં તે ઓરડીમાંથી ટો-
બિયાનો સર્વ સામાન બહાર ફેંકી દીધો. 9 પછી મેં તેં ઓરડીને સંપૂર્ણપ-
ણે શુદ્ધ કરવાનો હુકમ કર્યો. પછી હું દેવના ઘરના પાત્રો, ખાદ્યાર્પણો
અને ધૂપ પાછાં લાવ્યો. 10 મને એ પણ ખબર પડી કે લેવીઓ અને યા-
જકો પોતપોતાના ખેતરમાં પાછા ફર્યા હતા, કારણ, તેમને તેમનો જે
ભાગ મળવા પાત્ર હતો તે તેઓને ન મળ્યો. 11 મેં તરત જ આગેવાનોને
તેની ફરિયાદ કરી અને કહ્યું, “તમે દેવના મંદિરની શા માટે અવગણના
કરી છે?” ત્યારબાદ મેં સર્વ લેવીઓને પાછા બોલાવ્યા અને ફરીથી તે-
ઓને ફરજ પર મંદિરમાં નીમ્યા. 12 ત્યારબાદ બધા ઈસ્રાએલીઓ
અનાજ, દ્રાક્ષારસ અને તેલનો દશમો ભાગ ભંડારમાં લાવવા લાગ્યા.
13 અને મેં યાજક શેલેમ્યા તથા સાદોક ચિટનીસ, અને લેવી પદાયાને
ભંડાર સંભાળવા મૂક્યા અને મેં તેમની મદદમાં માત્તાન્યાના પુત્ર, ઝા-
ક્કૂરના પુત્ર હાનાનને તેઓને મદદ કરવા નીમ્યો. આ માણસોની શાખ
ઘણી સારી હતી. તેઓનું કામ પોતાના સાથી લેવીઓને પ્રામાણિકપણે
પૂરવઠાની વહેંચણી કરી આપવાનું હતું. 14 હે મારા દેવ, આ મારાં સારાં
કાર્યોને યાદ રાખજો અને દેવના મંદિર માટે અને તેમની સેવા માટે મેં જે
સારા કામ કર્યા છે તે ભૂલી જશો નહિ. 15 એક દિવસ હું જ્યારે બહાર
યહૂદામાં હતો, ત્યારે મેં કેટલાક લોકોને સાબ્બાથના દિવસે દ્રાક્ષા પીલ-
વાનું કામ કરતા જોયા તથા અનાજની ગુણો અંદર લાવી ગધેડા પર લા-
દતાં હતાં અને સાબ્બાથના દિવસે દ્રાક્ષારસ, દ્રાક્ષો, અંજીર તથા સર્વ
પ્રકારના ભાર યરૂશાલેમમાં લાવતાઁ જોયા. તેથી મેં તેમને ત્યાં જ ચેતવ-
ણી આપી અને એ બધી વસ્તુઓ વેચવાની મનાઇ કરી. 16 તૂરથી આવે-
લા કેટલાક લોકો જેઓ યરૂશાલેમમાં રહેતાં હતાં, તેઓ પણ માછલી
અને બીજી બધી જાતનો માલ લઇને આવ્યાં અને તેને સાબ્બાથના દિ-
વસે યહૂદાના લોકો અને યરૂશાલેમમાં પણ વેચ્યો. 17 મેં યહૂદાના ઉમ-
રાવોને ફરિયાદ કરી અને કહ્યું, “આ કઇ રીતનું અનિષ્ટ છે? તમે પોતાનું
સામાન્ય કામ સાબ્બાથના દિવસે કરી રહ્યાં છો? 18 તમારા પિતૃઓએ
પણ બરાબર આ કર્યું હતું અને તેથી આપણા દેવે આપણા પર અને આ
નગર પર આ બધાં દુ:ખો વરસાવ્યા હતાં. તમે સાબ્બાથ દિવસને ષ્ટ
કરીને ઈસ્રાએલ પર નવેસરથી દેવનો રોષ ઉતારો છો?” 19 તેથી મેં તે-
ઓને આજ્ઞા કરી કે શુક્રવારની રાતે અંધારું થતાં નગરના દરવાજાઓ
બંધ કરવામાં આવે અને સાબ્બાથનો દિવસ પૂરો થાય ત્યાં સુધી તેને
ઉઘાડવામાં ન આવે. મારા કેટલાક સેવકોને મેં દરવાજા આગળ ગોઠવી
દીધા કે જેથી સાબ્બાથે કોઇ પણ જાતનો માલ અંદર લાવવામાં ન
આવે. 20 એક બે વખત તો જુદી જુદી જાતના માલના વેપારીઓ રાત્રે
યરૂશાલેમ બહાર પડી રહ્યા. 21 પણ મેં તેમને ચેતવણી આપી કે, “તમે
રાત્રે નગરની દીવાલ આગળ કેમ પડી રહો છો? જો ફરી એ પ્રમાણે કર-
શો તો તમારી સામે પગલાં લઇશ.” ત્યાર પછી તેઓ સાબ્બાથના દિવ-
સે ક્યારેય આવ્યા નહિ. 22 અને મેં લેવીઓને પોતાની જાતને પવિત્ર
કરવાની અને દરવાજો સાચવવાની આજ્ઞા કરી, જેથી સાબ્બાથનો દિ-
વસ પવિત્ર રહે.હે મારા દેવ, આ બધું પણ યાદ રાખી મારા પર કૃપા કર-
જે, હે કરુંણાના સાગર, મારા પર દયા રાખજે કારણ કે તારી કરુંણા
અપાર છે. 23 હવે તે સમય દરમ્યાન મારા જાણવામાં આવ્યું કે કેટલાક
યહૂદીઓએ આશ્દોદી, આમ્મોની તથા મોઆબી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા
છે. 24 અને તેઓમાંના અડધા બાળકો આશ્દોદી ભાષા બોલે છે, અને
તેઓ યહૂદાની ભાષા બોલી શકતા નથી. તેને બદલે પોતપોતાના લો-
કોની ભાષા બોલતા હતા. 25 તેથી મેં તેઓને તેમની બૂરાઇ માટે કહ્યું
અને તેમને શ્રાપ આપ્યો. તેઓમાંના કેટલાકને મેં માર્યા, તેઓના વાળ
ખેંચી કાઢયા, ને તેઓ પાસે દેવનાં સમ લેવડાવ્યા કે, અમે અમારી પો-
તાની પુત્રીઓને તેઓના પુત્રો સાથે પરણાવીશું નહિ અને તેઓની પુ-
ત્રીઓને અમારી કે અમારા પુત્રો સાથે પરણાવીશું નહિ. 26 ઈસ્રાએલના
રાજા સુલેમાને શું આવી સ્ત્રીઓને કારણે પાપ કર્યું નહોતું? જો કે ઘણાં
રાષ્ટોમાં તેના જેટલો મહાન રાજા કોઇ નહોતો. તે પોતાના દેવનો વહા-
લો હતો અને દેવે તેને સર્વ ઈસ્રાએલીઓ પર રાજા ઠરાવ્યો હતો; તેમ
છતાં વિદેશી સ્ત્રીઓએ તેને પાપ કરવા પ્રેર્યો હતો. 27 શું અમે તમારા
વિષે પણ સાંભળીએ કે તમે વિદેશી સ્ત્રીઓ સાથે લગ્ન કરીને આપણા
દેવની વિરૂદ્ધ મહા પાપ આચર્યા છે? 28 હવે યોયાદાના પુત્રોમાંથી એકા,
યોયાદા મુખ્ય યાજક એલ્યાશીબનો પુત્ર હોરોની સાન્બાહ્લાટનો જમાઇ
હતો. તેથી મેં તેને મારી આગળથી હાંકી કાઢયો. 29 હે મારા દેવ, યાદ કર
કે તે લોકોએ યાજકો તથા લેવીઓનો કરારનો ભંગ કરીને યાજકપદને
કલંકિત કર્યુ છે, 30 આ રીતે મેં સર્વ લોકોને બધી વિદેશીઓ સંબંધમાંથી
શુદ્દ કર્યા. અને મેં યાજકો તથા લેવીઓને માટે તેમની ફરજો માટે નિ-
યમો બનાવ્યા. 31 અને મેં ઠરાવેલા સમયે કાષ્ટાર્પણ માટે અને પ્રથમ
ફળોના અર્પણ માટે વ્યવસ્થા કરી જ્યારે તે નિર્ધારિત હતું.“હે મારા દેવ,
આ યાદ કરી મને આશીર્વાદ આપજે!”

# એસ્તેર

1 આ બધું બન્યું ત્યારે અહાશ્વેરોશ રાજા, ભારતથી તે કૂશ સુધીના
એકસો સત્તાવીસ પ્રાંતોનો સમ્રાટ હતો. 2 રાજા અહાશ્વેરોશ પાટન-
ગર સૂસામાં તેના સિંહાસન પર મહેલમાંથી રાજ્ય કરતો હતો. 3 તેના
અમલના ત્રીજા વષેર્ તેણે પોતાના બધા અમલદારો અને દરબારીઓને
એક ઉજાણી આપી. તે સમય દરમ્યાન ઈરાન તથા માદાયના લશ્કરી
આગેવાનો અને મહત્વના નેતાઓ પણ ઉજાણીમાં હાજર હતા; 4 તે
સમયે તેણે તેમની સમક્ષ એક સો એંશી દિવસ સુધી પોતાના રાજ્યની
વિપુલ સંપત્તિનું અને પોતાના રાજવૈભવનું પ્રદર્શન કર્યુ. 5 એક સો
એંશી દિવસની ઉજવણીને અંતે રાજાએ પાટનગર સૂસાના સર્વ લોકોને,
સૌથી વધારે મહત્વની વ્યકિતઓથી માંડીને સૌથી ઓછા મહત્વના
લોકોને ઉજાણી આપી, જે સતત સાત દિવસો સુધી મહેલના ઉદ્યાનમાં
રાખવામાં આવી હતી. 6 ત્યાં લટકતાં સફેદ અને ભૂરા રંગના શણના
કપડા જેને સફેદ શણની અને જાંબુડી રંગની દોરીઓ વડે ચાંદીની
કડીઓ પર અને આરસના સ્તંભો દ્વારા લગાડવામાં આવ્યા હતા. સો-
નાચાંદીના પલંગો આરસ અને બીજા ભાતભાતના મૂલ્યવાન પથ્થરો-
ની ફરશ પર ગોઠવ્યા હતા. 7 તેઓને અનેકવિધ પ્રકારના આકારના
સોનાના પાત્રોમાં દ્રાક્ષારસ પીરસવામાં આવ્યો હતો. રાજાએ પોતાને
શોભે એ રીતે દ્રાક્ષારસ છૂટથી પીવડાવ્યો હતો. 8 રાજાએ દ્રાક્ષારસ પી-
વા સંબંધી નિયમ કર્યો હતો; દરેક વ્યકિત પોતાની ખુશી પ્રમાણે ભલે
પીએ, પરંતુ કોઇને વધારે પીવા માટે ફરજ પાડવી નહિ. રાજાએ પોતા-
ના મહેલના સર્વ કારભારીઓને હુકમ કર્યો હતો કે, તે દરેકને પોતપોતા-
ની ઇચ્છા મુજબ પીવા દેવું. 9 રાણી વાશ્તીએ પણ સ્રીઓ માટે અહાશ્વે-
રોશ રાજાના રાજમહેલમાં એક ઉજાણી આપી હતી. 10 ઉજાણીના સાત-
મા દિવસે રાજા દ્રાક્ષારસ પીને ખુબ નશામાં હતો અને તેણે પોતાની સે-
વા કરતા સાત ખોજાઓ મહૂમાન, બિઝથા, હાબોર્ના, બિગ્થા, અબા-
ગ્થા, ઝેથાર અને કાર્કાસને બોલાવ્યા અને હુકમ કર્યો કે, 11 “રાણી વા-
શ્તીને તેણીનો મુગટ પહેરાવીને લાવો, જેથી આગેવાનો અને મહત્વના
લોકો તેના સૌંદર્યનું દર્શન કરે. રાણી સાચે જ બહુ સુંદર હતી. 12 પરંતુ
જ્યારે ખોજાઓએ રાજાના આદેશ વિષે રાણીને કહ્યું ત્યારે તેણે આવ-
વાનો ઈન્કાર કર્યો. આથી રાજાને ખૂબ ગુસ્સો ચઢયો, અને તે ક્રોધથી
ભભૂકી ઊઠયો. 13 તેથી રાજાએ બુદ્ધિમાન માણસોની કાનૂની નિ-
ષ્ણાંતોની અને હાલના વિષયોમાં જાણકારોની સલાહ લીધી, કારણ,
રાજા માટે કાનૂન અને વ્યવસ્થાના નિષ્ણાતોની સલાહ લેવાનો ત્યારે
રિવાજ હતો. 14 બુદ્ધિમાન માણસો જે રાજાની ખૂબ નજીક હતાં તે કાર્શ-
ના, શેથાર આદમાથા, તાર્શીશ, મેરેસ, માર્સના, અને મમૂખાન જેવા સૌ-
થી નજીકના માણસો હતા. એ સાતે ઈરાનના અને માદાયના નેતાઓ
હતા. તેઓ રાજાને સીધા મળી શકતા હતા, અને રાજ્યમાં ઉંચી પદ-
વીઓ ધરાવતા હતા. 15 રાજાએ તેઓને પ્રશ્ર્ન કર્યો, “દરબારીઓ મારફ-
તે પહોંચાડવામાં આવેલી રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માટે કાયદે-
સર રીતે રાણી વાશ્તી સામે શાં પગલાં લેવાં જોઇએ?” 16 પછી રાજા
અને તેના અમલદારો સમક્ષ મમૂખાને કહ્યુ કે, “વાશ્તી રાણીએ કેવળ
રાજા વિરૃદ્ધ જ નહિ પરંતુ અહાશ્વેરોશના સામ્રાજ્યના પ્રત્યેક અધિકારી
તથા પ્રત્યેક નાગરિક વિરૂદ્ધ અપરાધ કર્યો છે. 17 બધી જ સ્ત્રીઓને રા-
ણીના વર્તનની જાણ થશે અને તેઓ પણ પોતાના પતિ પ્રત્યે અનાદર
કરવા પ્રેરાશે, તેઓ પોતાના પતિઓને કહેશે કે, ‘અહાશ્વેરોશ રાજાએ વા-
શ્તી રાણીને પોતાની સંમુખ આવવા આજ્ઞા કરી પણ રાણીએ તેનુ પણ
પાલન કર્યુ નહિ. 18 તે જ દિવસે ઈરાન તથા માદાયના આગેવાનો અને
અમલદારોની પત્નીઓ જેને રાણીના જવાબની જાણ થઇ, તેઓ પોતા-
ના પતિઓની સાથે એની વાત કરવાની અને તેને પરિણામે સમગ્ર રા-
જ્યમાં અવિનય અને ક્રોધ મોટી માત્રામાં ફેલાઇ જશે, 19 જો રાજાને
પસંદ પડે તો અમારી સલાહ આ છે: જેને ઈરાન અને માદાયના કાનૂનો-
માં લખવામાં આવશે અને તેને બદલી શકાશે નહિ, શાહી ફરમાન બહાર
પાડો: “વાશ્તી રાણીએ અહાશ્વેરોશ રાજાની હાજરીમાં ક્યારેય ન આવ-
વું.” પછી આપ બીજી કોઇ વધુ પાત્રતાવાળી સ્ત્રીને રાણી બનાવો.
20 આ શાહી ફરમાન આખા સામ્રાજ્યમાં જાહેર થશે, પછી બધી જ
સ્ત્રીઓ પોતાના પતિને માન આપશે પછી તે મહાન અને અગત્યનો
હોય કે અગત્યનો ન હોય. 21 રાજા તથા તેના અધિકારીઓને મમૂખાન-
ની સલાહ પસંદ પડી અને તે પ્રમાણે કર્યુ. 22 તેણે રાજ્યનાં બધાં પ્રાંતો-
માં તેઓની સ્થાનિક ભાષામાં પત્રો મોકલી આપ્યાં, તે પત્રોને દરેક
પ્રાંતની ભાષામાં જાહેરાત કરવામાં આવી કે, પ્રત્યેક પુરુષ જ પોતાના
કુટુંબનો ઉપરી હોવો જોઇએ.

2 જ્યારે અહાશ્વેરોશ રાજાનો ગુસ્સો શમી ગયો, ત્યારે તેણે વાશ્તી
રાણી વિશે વિચાર્યુ અને તેને યાદ કર્યુ કે, તે કેવી રીતે વતીર્ હતી
અને તેણીની સામે કેવા પગલાં ભરવામાં આવ્યાં હતાં. 2 ત્યારે રાજાના
અંગત સેવકોએ સલાહ આપી, ચાલો રાજ્યની સૌથી વધુ સ્વરૂપવાન
કુમારિકાઓની શોધ થાય અને તેઓને તમારી પાસે લાવીએ. 3 ભલે રા-
જા દરેક પ્રાંતમાં આ કામને માટે લોકોને નીમે. તેઓ જુવાન સૌંદર્યવાન
કુમારિકાઓને પસંદ કરીને પાટનગર સૂસાના મહેલના જનાનખાનામાં
લઇ આવે. જનાનખાના પર નીમેલા રાજાના ખોજા હેગેની સંભાળ નીચે
તેઓ રહે. આ કુમારિકાઓને સૌંદર્યના દ્રવ્યો હેગે પુરા પાડશે. 4 પછી જે
કન્યા રાજાને સૌથી વધુ પસંદ પડે તે કુમારિકા વાશ્તીને બદલે રાણી
થાય. આ સલાહ રાજાને ગમી, તેણે તરત જ આ યોજનાનો અમલ કર્યો.
5 પાટનગર સૂસામાં એક યહૂદી રહેતો હતો. તેનું નામ મોર્દખાય હતું. તે
બિન્યામીન ટુકળીના, કીશના પુત્ર શિમઇના પુત્ર યાઇરનો પુત્ર હતો.
6 જ્યારે નબૂખાદનેસ્સાર રાજાએ યરૂશાલેમનો નાશ કર્યો અને યહૂદાના
રાજા યહોયાકીન અને તે બીજા અનેક યહૂદીઓની સાથે દેશ નિકાલ
કરાવી તેને બંદીવાન તરીકે બાબિલ લઇ જવાયો હતો. 7 તેના કાકાની
પુત્રી હદાસ્સાહ ઊર્ફે એસ્તેરને માબાપના મૃત્યુ પછી મોર્દખાયએ પો-
તાની પુત્રી તરીકે ખોળે લીધી હતી. અને તેને ઉછેરીને મોટી કરી હતી.
તે કુમારિકાનો દેહ ઘાટીલો અને મુખ રૂપાળું હતું. 8 રાજાનો હુકમ બહાર
પડ્યા પછી ઘણી કુમારિકાઓને પાટનગર સૂસા લાવીને હેગેને સોંપવા-
માં આવી હતી. એસ્તેરને પણ રાજાના મહેલમાં લઇ જઇને હેગેને સોંપ-
વામાં આવી હતી. 9 જ્યારે હેગેએ એસ્તેરને જોઇ ત્યારે તે તેનાથી ખૂબજ
પ્રભાવિત થયો અને તેને પ્રસન્ન રાખવા તેણે પોતાનાથી બનતું બધું જ
કર્યુ. તેણે એસ્તેર માટે તરત જ સૌંદર્ય પ્રસાધનો અને વિશિષ્ટ ખોરાક-
ની વ્યવસ્થા કરી આપી અને રાજમહેલમાંથી તેને સાત ચૂંટેલી દાસીઓ
પણ આપી, ઉપરાંત તેણીને અને તેણીની દાસીઓને જનાનખાનાનો
શ્રે ભાગ રહેવા માટે આપ્યો. 10 પોતે યહૂદી છે તેવું એસ્તેરે કોઇને જણા-
વ્યું ન હતું કારણકે મોર્દખાયે તેને તેમ કરવાની ના પાડી હતી. 11 એસ્તે-
રની શી સારસંભાળ છે અને નિયતિ વિષે પૂછપરછ કરવા માટે મોર્દ-
ખાય પ્રતિદિન સ્ત્રીઓના કક્ષોના ચોગાન સામે આગળ પાછળ ચાલ્યા
કરતો હતો. 12 રાજા અહાશ્વેરોશની સામે કુમારિકાઓના દરેકના વારા
આવે તે પહેલાં તેઓને છ માસ સુધી સુગંધી પદાથોર્ વડે માવજત
આપવામાં આવતી. પછી બીજા છ માસ તેઓને તેલો અને સૌંદર્ય માવ-
જતો આપવામાં આવતી. આમ તેઓની બાર માસ સુધી કાળજી લઇ
તૈયાર કરવામાં આવતી. 13 જ્યારે અહાશ્વેરોશ રાજા પાસે જવાનો કુમારિ-
કાનો વારો આવે ત્યારે તેને જનાનખાનામાંથી જે કંઇ ગમે તે આપવામાં
આવતું. 14 સાંજે તે કુમારિકા મહેલમાં જતી, અને સવારે બીજી સ્રીના

જનાનખાનામાં પાછી ફરતી, જેની સંભાળ રાજાની ઉપપત્નીઓનો
રક્ષક જે ખોજો શાઆશ્ગાઝની દેખરેખ હેઠળ હતી. રાજાને તે ખાસ પસંદ
પડી હોય અને તેને નામ લઈને બોલાવે તે જ કુમારિકા રાજા પાસે ફરી
જતી. 15 એસ્તેરનો વારો જ્યારે રાજા પાસે જવાનો આવ્યો ત્યારે તેણે
કોઇ પણ વસ્તુની માગણી ન કરી અને તેણીએ હેગેની સલાહ સ્વીકારી
કે તેણીએ શું લેવું (હેગે રાજાના જનાનખાનાનો અખત્યાર સંભાળતો
ખોજો હતો. એસ્તર તેના કાકાની દીકરીની દત્તક પુત્રી હતી.) બીજી કુ-
મારિકાઓએ જ્યારે તેને જોઇ ત્યારે તેઓએ તેની ખૂબ પ્રશંસા કરીને પ્ર-
સન્નતા વ્યકત કરી. એસ્તેર તે સૌનુ મન હરી લીધું જેઓએ તેણીને
જોઇ. 16 રાજા અહાશ્વેરોશના શાસનના સાતમા વર્ષે દશમા એટલે કે ટે-
બેથ મહિનામાં તેને રાજા પાસે લઇ જવામાં આવી ત્યારે બીજી કુમારિ-
કાઓ કરતાં રાજાને તે વધારે પસંદ પડી. 17 અને રાજા એસ્તેરથી બહુંજ
ખુશ હતો અને તે એસ્તેરને પ્રેમ કરતો અને બીજી કોઇ કુમારિકાઓ કર-
તાં એસ્તેરને વધારે માન્ય રાખતો. તે એસ્તેરથી એટલો બધો પ્રસન્ન
થયો કે તેણે સોનાનો મુગટ તેણીના માથા પર મૂક્યો અને વાશ્તી રા-
ણીની જગ્યાએ તેને રાણી તરીકે જાહેર કરી. 18 ત્યારપછી રાજાએ
એસ્તેરના માનમાં પોતાના અમલદારોને અને દરબારીઓને મોટો ભો-
જન સમારોહ આપ્યો. વળી તેણે રાજ્યના બધા પ્રાંતોમાં રજા જાહેર કરી
અને રાજાને શોભે એવી ભેટોની લ્હાણી કરી. 19 ત્યારબાદ જ્યારે બીજી-
વાર સુંદર કુમારિકાઓને એકત્રિત કરવામાં આવી તે સમયે મોર્દખાય
રાજાના દરવાજાની બાજુમાં બેઠો હતો. 20 મોર્દખાયની સૂચના પ્રમાણે
એસ્તેરે પોતે યહૂદી છે તેવું કોઇને જણાવ્યું ન હતું. હજુ પણ તે મોર્દખા-
યના ઘરમાં રહેતી હતી, ત્યારે તેણી જેમ તેની સૂચનાઓનું પાલન કરતી
હતી તે જ પ્રમાણે પાળવાનું તેણે ચાલુ રાખ્યું હતું. 21 જ્યારે મોર્દખાય
રાજાના દરવાજાની બાજુમાં બેઠો હતો તે દરમ્યાન રાજાના દરવાજાના
માગેર્ ચોકી કરતા બે અધિકારીઓ બિગ્થાન અને તેરેશ જે રાજાથી ગુ-
સ્સે થયા હતા અને તેમણે અહાશ્વેરોશનું ખૂન કરવાનું કાવત્રું રચ્યું.
22 મોર્દખાયને તેની જાણ થતાં તેણે રાણી એસ્તેરને વાત કરી, અને તે-
ણે મોર્દખાયનું નામ દઈને રાજાને જાણ કરી. 23 તપાસ કરતાં તે સાચુ
નીકળ્યું. બંને ચોકીદારોને ફાંસીએ ચઢાવવામાં આવ્યાં. આ બધી વાતો
રાજાની પાસે રખાતા કાળવૃત્તાંતના પુસ્તકમાં લખવામાં આવી હતી.

3 ત્યારબાદ થોડા સમય પછી અહાશ્વેરોશ રાજાએ અગાગી હામ્મ-
દાથાના પુત્ર હામાનને ઊંચી પદવીએ ચઢાવ્યો. તેને બધા અમ-
લદારોથીં ઉંચી પદવી આપવામાં આવી. 2 અને રાજાની આજ્ઞાથી રાજા-
ના બધા સેવકો રાજાના દરવાજે હામાનને નીચા નમીને પ્રણામ કરવા
લાગ્યા; પરંતુ મોર્દખાયે તેમ કર્યુ નહિ અને માન આપવાની ના પાડી.
3 તેથી દરવાજે રહેલા રાજાના સેવકોએ મોર્દખાયને પૂછ્યું; “તું શા માટે
રાજાની આજ્ઞાનો ભંગ કરે છે? ” 4 આ રીતે તેઓ રોજ તેને પૂછતા હતા
અને તે તેમની વાત સાંભળતો નહોતો, તેણે તેઓને એટલું જ કહ્યું કે,
“હું એક યહૂદી છું.” તે લોકોએ આ બાબતની જાણ હામાનને કરી, એ
જાણવા માટે કે, તે મોર્દખાયની વર્તણૂંક સહન કરે છે કે કેમ. 5 જ્યારે હા-
માને જોયું કે, મોર્દખાય તેની આગળ નીચો નમતો નથી કે તેને માન
આપતો નથી, ત્યારે તે ખૂબજ ગુસ્સે થયો, 6 અને મોર્દખાય યહૂદી છે
એવી જાણ થતાં ફકત મોર્દખાયનો જીવ લઈને સંતોષ માનવાને બદલે
તેણે આખા સામ્રાજ્યમાંથી એકેએક યહૂદીનો નાશ કરવાનો નિશ્ચય
કર્યો. 7 રાજા અહાશ્વેરોશના અમલના બારમા વર્ષ પહેલા એટલે કે ની-
સાન મહિનામાં હામાને ફાંસીનો દિવસ નક્કી કરવા ચિઠ્ઠીઓ નાંખી.
બારમો મહિનો એટલે કે અદાર મહિનો અને તેરમો દિવસ પસંદ થયો.
8 ત્યારે હામાને રાજાને કહ્યું, “આપના રાજ્યના બધા પ્રાંતોમાંની બીજી
પ્રજાઓ વચ્ચે એક પ્રજાના લોકો પ્રસરેલા છે; બીજા બધા લોકો કરતાં
તેમના રીત રિવાજો જુદા છે અને તેઓ આપ નામદારના કાનૂનો સુદ્ધાં
માનતા નથી. તેમને નભાવી લેવા તે તમારા હિતમાં નથી.” 9 “માટે જો
આપને યોગ્ય લાગે તો એમનો નાશ કરવાની આજ્ઞા ફરમાવો, તો જેઓ
આજ્ઞાનું પાલન કરશે, તેઓને હું દશ હજાર ચાંદીના સિક્કાઓ રાજ-
ભંડારમાં લઇ જવા માટે આપીશ.” 10 “એ સાંભળીને રાજાએ પોતાની
આંગળી ઉપરથી રાજમુદ્રા કાઢીને યહૂદીઓના દુશ્મન અગાગી હામાન
કે જે હામ્મદાથાનો પુત્ર હતો તેને આપી. 11 અને રાજાએ હામાનને કહ્યું
કે,” એ નાણાં અને એ લોકો પણ છો તારા હાથમાં રહેતાં, તારે જેમ કરવું
હોય તેમ કર.” 12 ત્યારબાદ પહેલા મહિનાને તેરમે દિવસે રાજાના મંત્રી-
ઓને બોલાવવામાં આવ્યા; અને હામોનની આજ્ઞાઓ પ્રમાણે અમલ-
દારો પર, દરેક પ્રાંતના સૂબાઓ પર, તથા દરેક પ્રજાના આગેવાનો પર,
અર્થાત્ પ્રત્યેક પ્રાંતની લિપિમાં અને પ્રત્યેક પ્રાંતની ભાષામાં અને
અહાશ્વેરોશ રાજાને નામે તે આદેશો લખાયા અને રાજાની મુદ્રિકાથી તે-
ના પર મહોર મારવામાં આવી. 13 સંદેશાવાહકો મારફત એ પત્રો રાજાના
બધા પ્રાંતોમાં મોકલવામાં આવ્યા જેમાં આજ્ઞા હતી કે, બારમા એટલે કે
અદાર મહિનાના તેરમા દિવસે એક જ દિવસમાં બધાં જ યહૂદી જુવાન
અને વૃદ્ધો સ્ત્રી-પુરુષો સહિતની હત્યા કરવામાં આવે અને તેમને સાફ
કરી નાખવામાં આવે, તેમની માલમિલકત લૂંટાઇ જવી જોઇએ. 14 આ
આદેશની નકલને બધાં પ્રાંતોમાં નિયમ તરીકે વહેંચવી તેને જાહેરમાં
પ્રગટ કરવી જેથી નિર્ધારિત સમયે રાજ્યનાં બધાં લોકો તે દિવસ માટે
તૈયાર જ રહે. 15 સંદેશાવાહકોએ આ હુકમનામાની જાહેરાત સૌપ્રથમ
સૂસાનાં પાટનગરમાં કરી. પછી સંદેશવાહકો આ આદેશપત્રોને દરેક
પ્રાંતમાં આપવા ગયા. સૂસાનું સમગ્ર નગર ભયભીત થઇ ગયું અને
મુંઝવણમાં મૂકાઇ ગયું. પણ રાજા અને હામાન દ્રાક્ષારસ માણી રહ્યાં
હતાં.

4 જ્યારે મોર્દખાયે આ બધું જાણ્યું ત્યારે તેણે પોતાનાં વસ્ત્રો ફા-
ડ્યાં, શરીરે રાખ ચોળી ટાટ પહેર્યું, અને મોટા સાદે રડતો રડતો
નગરમાં નીકળી પડ્યો. 2 તે છેક મહેલના દરવાજે જઇને બહાર ઊભો
રહ્યો, કારણ કે ટાટ પહેરીને અંદર પ્રવેશવાની કોઇનેય પરવાનગી ન
હતી. 3 જ્યાં જ્યાં રાજાની આજ્ઞા પહોંચી ગઇ તે બધા પ્રાંતોમાં યહૂદી-
ઓમાં શોક ફેલાઇ ગયો અને લોકો ઉપવાસ કરી રડવા લાગ્યા અને છા-
તી કૂટવા લાગ્યા. ઘણા તો ટાટ પહેરીને રાખ પાથરીને તેમાં સૂતાં.
4 જ્યારે એસ્તેરની દાસીઓએ તથા ખોજાઓએ આવીને તેને મોર્દખાય
વિષે કહ્યું, ત્યારે તે ખૂબ દુ:ખી થઇ ગઇ. મોર્દખાય ટાટ વસ્રો કાઢી બદ-
લી નાખે તે માટે તેણીએ વસ્ત્રો મોકલી આપ્યાં. પરંતુ મોર્દખાયે તેનો
અસ્વીકાર કર્યો. 5 પછી એસ્તેરે રાજાએ તેણીની સેવામાં નીમેલા ખોજા
હથાખને બોલાવી, તેને મોર્દખાય પાસે જઇ તેને શેની તકલીફ છે અને
શાથી, તે પૂછી લાવવાની આજ્ઞા કરી. 6 હથાક મોર્દખાય પાસે મહેલના
દરવાજે ગયો. 7 અને તેણે મોર્દખાય પાસેથી તેની સાથે શું બન્યું હતું તે
બધી વાત સાંભળી. હામાને યહૂદીઓનો નાશ કરવા માટે રાજ્યની તિ-
જોરીમાં જે નાણાં આપવાનું વચન આપ્યું હતું તેનો ચોક્કસ આંકડો
પણ મોર્દખાયે તેને કહ્યો. 8 વળી તેઓનો નાશ કરવાનો હૂકમ સૂસામાં
કરવામાં આવ્યો હતો, તેની નકલ તેણે તેને આપી કે, તે એસ્તેરને તે દે-
ખાડે, અને તેને વિનંતી કરે કે રાજાની હજૂરમાં જઇને તે પોતાના લોકોને
માટે કાલાવાલા કરીને તેમને બચાવવા અરજ કરે. 9 પછી હથાકે પાછા
ફર્યા બાદ મોર્દખાયનું કહેલું બધું એસ્તેરને કહ્યું. 10 એટલે એસ્તેરે હથા-
કને કહ્યું કે, જા, અને મોર્દખાયને આ મુજબ કહે, 11 “આ કાનૂન રાજાના
બધાંજ આગેવાનો અને પ્રાંતોના બધાં જ લોકો જાણે છે કે, કોઇ પણ
સ્ત્રી કે પુરુષ વગર પરવાનગીથી છેક અંદરના સભામંડળમાં જઇ શકતું
નથી કારણ કે જે કોઇ બોલાવ્યાં વગર તેમ કરે તો તેને મૃત્યુની સજા
કરવામાં આવે છે, સિવાય કે રાજા તે વ્યકિત સામે પોતાનો સોનાનો રા-
જદંડ ધરે. પણ છેલ્લા એક મહિનાથી રાજાએ મને બોલાવી નથી.”
12 એસ્તેરનો સંદેશો તેણે જઇને મોર્દખાયને કહી સંભળાવ્યો. 13 જવાબ-
માં મોર્દખાયે એસ્તેરને કહેવડાવ્યું, “તું એવું ના વિચારતી કે તું રાજમહે-
લમાં રહેતી હોવાથી જ્યારે બધાં યહૂદીઓની હત્યા થાય ત્યારે તું બચી
જશે?” 14 “જો તે સમયે તું મૌન રહીશ અને યહૂદીઓને બચાવવા માટે
કાઇં નહિ કરે તો બીજી કોઇ રીતે ચોક્કસ યહૂદીઓ માટે મદદ અને રા-
હત મોકલાશે, પરંતુ તારુ તથા તારાં પિતાના કુટુંબનો નાશ થશે. અને
કોને ખબર છે કે તને રાણીપદ કદાચ આવા સમય માટે તો પ્રાપ્ત થયું
હશે?” 15 ત્યારે એસ્તેરે તેઓને કહ્યું કે, તમારે મોર્દખાયને એવો જવાબ
આપવો કે, 16 જા, સૂસામાં જેટલા યહૂદીઓ છે તે સર્વને ભેગા કર. અને
તમે સર્વ આજે મારે માટે ઉપવાસ કરો, ત્રણ દિવસ સુધી રાત્રે કે દિવસે
તમારે કોઇએ ખાવું-પીવું નહિ; હું અને મારી દાસીઓ પણ એ જ રીતે
ઉપવાસ કરીશું. જો કે એ પણ નિયમ વિરૂદ્ધ છે તોપણ હું રાજાની હજૂર-
માં જઇશ; જો મારો નાશ થાય, તો ભલે થાય. 17 ત્યારે મોર્દખાય પોતાને
રસ્તે ગયો, અને એસ્તેરે તેને જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે તેણે કર્યું.

5 ત્રીજા દિવસે એસ્તેર રાણીનો પોષાક પહેરીને રાજાના ખંડની સા-
મે મહેલની અંદરના પ્રવેશમાં જઇને ઊભી રહી. એ વખતે રાજા રા-
જમહેલના પ્રવેશદ્ધાર આગળ સિંહાસન પર બિરાજેલ હતા. 2 તેમણે
એસ્તેરને દરબારમાં ઊભેલી જોઇ અને તેને જોઇને ખુશ થયા, તેમણે
સોનાનો રાજદંડ લંબાવ્યો. એટલે એસ્તેરે જઇને રાજદંડની અણીને
સ્પર્શ કર્યો. 3 રાજાએ પૂછયું,"રાણી એસ્તેર, તારી શી ઈચ્છા છે? તારી
શી માગણી છે? તું અડધું રાજ માગશે તો પણ તે તને આપવામાં આવ-
શે." 4 એસ્તેરે તેને કહ્યું કે, "આપ નામદાર જો મારા પર પ્રસન્ન હોય તો
આજે મેં રાખેલી ઉજાણીમાં આપ હામાન સાથે પધારો." 5 એટલે રાજાએ
નોકરોને કહ્યું કે, હામાનને જલદી હાજર કરો કે જેથી આપણે એસ્તરના
કહેવા મુજબ કરી શકીએ.તેથી રાજા તથા હામાન એસ્તેરની ઉજાણીમાં
આવ્યા. 6 દ્રાક્ષારસ પીતાં પીતાં રાજાએ એસ્તેરને કહ્યું, "એસ્તેર રાણી,
તારી ખરેખર શી માગણી છે તે કહે, અડધા રાજ સુધી હું તે મંજૂર કરીશ."
7 ત્યારે એસ્તેરે પ્રત્યુત્તર આપ્યો, "મારી અરજ તથા મારા અંતરની
ઈચ્છા આ છે: 8 જો આપની મારા પર કૃપાદ્રષ્ટિ હોય, અને જો આપને
મારી અરજ પ્રમાણે ઈનામ આપવાની તથા મારી વિનંતી પ્રમાણે આપ
આપવા માગતા હોય તો આવતી કાલે પણ આપ તથા હામાન આજ રી-
તે ઉજાણીમાં પધારો. આવતી કાલે હું આપની આગળ મારી ઈચ્છા પ્ર-
ગટ કરીશ. 9 ત્યારે તે દિવસે ઉજાણીમાંથી વિદાય લેતી વખતે હામાન
ખુશ-ખુશાલ દેખાતો હતો! પાછા જતાં તેણે મોર્દખાયને દરવાજામાં બેઠે-
લો જોયો, તેણે જોયું કે, તેને જોઇને તે ઊભો થયો નહિ કે બીકથી થથ-
ર્યો પણ નહિ, તેથી હામાન ખૂબજ ક્રોધે ભરાયો. 10 તેમ છતાં હામાને ગુ-
સ્સા પર કાબૂ રાખ્યો અને ઘેર પાછો આવ્યો અને તેની પત્ની ઝેરેશ
તથા તેના મિત્રોને ભેગા કર્યા. 11 તેઓની સમક્ષ પોતાની પુષ્કળ સમૃ-
દ્ધિ, પોતાનાં સંતાનોની વિશાળ સંખ્યા, કેવી રીતે રાજાએ તેનું સન્માન
કર્યું અને તેને બીજા બધા આગેવાનોથી ઉંચી પદવી આપી તેની બડાઇ
હાંકવા લાગ્યો. 12 પછી તેણે કહ્યું: એસ્તેર રાણીએ જે આપેલી ઉજાણી-
માં તેણીએ મારા અને રાજા સિવાય બીજા કોઈને પણ આમંત્રણ આપ્યું
નહોતું અને આવતી કાલે પણ તેણીએ મને રાજા સાથે ઉજાણી માટે
આમંત્રણ આપ્યું છે. 13 પરંતુ જ્યાં સુધી પેલા યહૂદી મોર્દખાયને હું રાજા-
ના દરવાજા આગળ બેઠેલો જોઉં ત્યાં સુધી આ સર્વ મને કંઇ સંતોષ
આપતું નથી." 14 ત્યારે તેની પત્ની તથા મિત્રોએ તેને સલાહ આપી,
"પંચોતેર ફૂટ ઊંચો ફાંસીનો માચડો તૈયાર કરાવ અને સવારે રાજા પા-
સેથી મોર્દખાયને તે પર લટકાવી મારી નાખવાની પરવાનગી લઇ આવ.
અને આમ થશે ત્યારે તું આનંદથી રાજા સાથે ઉજાણી માણી શકશે."આ
સલાહ હામાનને પસંદ પડી અને તેણે ફાંસીનો માચડો તૈયાર કરવાનો
હુકમ કર્યો.

6 તે રાત્રે રાજાને ઊંઘ આવી નહિ; તેથી તેણે તેના શાસનની વિગ-
તો માટે કાળવૃત્તાંતોનું પુસ્તક મંગાવ્યું જેને તેની સમક્ષ વાંચવા-
માં આવ્યું. 2 તેમાં લખેલું હતું કે, રાજાના બે ખોજાઓ કે જેઓ દ્ધારની
ચોકી કરતા હતાં, તે બિગ્થાના અને તેરેશ રાજાનું ખૂન કરવાનું કાવતરું
ઘડ્યું હતું અને તેની ખબર મોર્દખાયે આપી હતી. 3 આ ઉપરથી રાજાએ
પૂછયું કે, "એ માટે મોર્દખાયને શું માન-મોભો કે ઈનામ આપવામાં
આવ્યાં છે? ત્યારે રાજાની સેવામાં દરબારીઓ હતા તેમણે જણાવ્યું કે,
મોર્દખાયને કઈ જ આપવામાં આવ્યું નથી." 4 તેથી રાજાએ પૂછયું, "ત્યાં
પ્રાંગણમાં કોણ છે?" હવે બન્યું એવું કે એ જ ક્ષણે હામાન મોર્દખાયને
ફાંસીએ ચઢાવવાનું રાજાને પૂછવાં રાજમહેલના બહારના પ્રાંગણમાં દા-
ખલ થયો હતો, 5 તેથી રાજાના સેવકોએ તેને કહ્યું કે, પ્રાંગણમાં હામાન
ઊભો છે."રાજાએ કહ્યું, "એને અંદર લઈ આવો." 6 અને હામાન દાખલ
થયો એટલે રાજાએ તેને સવાલ કર્યો, "રાજા જેનું બહુમાન કરવા ઈચ્છ-
તો હોય તે માણસ માટે શું કરવું જોઈએ? હામાને વિચાર્યું કે, રાજા મારું
નહિ તો બીજા કોનું બહુમાન કરવાના હતા?" 7 એટલે હામાને રાજાને
કહ્યું કે, જે માણસને પ્રેમથી માન આપવા રાજા ઈચ્છતા હોય, 8 તેને
માટે રાજા પોતે પહેરતા હોય તે પોશાક મંગાવે અને રાજા પોતે જેના પર
સવારી કરતા હોય તે, ઘોડો મંગાવી તેનું માથું રાજમુગટથી શણગારો;
9 પછી એ લાંબા ઝભ્ભાઓ અને ઘોડો રાજાના સૌથી વધુ માનવંતા મુ-
ખિયાને સોંપો અને તે માણસને એ પોશાક પહેરાવવા અને તેને ઘોડા
પર બેસાડી નગરની ગલીઓમાં તેને ફેરવો એમ જાહેર કરતા, "રાજા જેનું
બહુમાન કરવા ઈચ્છે છે તે વ્યકિતનું આવી રીતે સન્માન કરવું."એમ
જાહેર કરવામાં આવે. 10 ત્યારે રાજાએ હામાનને કહ્યું, "ઝટ જા અને પો-
શાક અને ઘોડો લઈ આવીને રાજમહેલના દરવાજે બેઠેલા યહૂદી મોર્દ-
ખાયને તેં કહ્યું તે પ્રમાણે તું કર; તું જે બોલ્યો છે તે સઘળામાંથી કઈં જ
રહી જવું જોઈએ નહિ. 11 આથી હામાને પોશાક અને ઘોડો લઈ જઈને
મોર્દખાયને સજાવ્યો અને તેને ઘોડા પર બેસાડીને શહેરના ચોકમાં
થઈને, 'રાજા જેનું બહુમાન કરવા ઈચ્છે છે તેને આ રીતે સન્માને છે.'
એમ પોકાર કરતાં કરતાં ફેરવ્યો. 12 પછી મોર્દખાય પાછો મહેલને દરવા-
જે આવ્યો અને શરમાયેલો અને દુભાયેલો હામાન મોં છુપાવીને ઝડપ-
થી ઘેર ચાલ્યો ગયો. 13 પછી તેણે પોતાની પત્ની ઝેરેશને અને બધા
મિત્રોને તેણે જે બન્યું હતું તે બધું કહી સંભળાવ્યું. ત્યારે હામાનની
પત્ની અને તેને સલાહ આપનારા માણસોએ કહ્યું "જો મોર્દખાય એક
યહૂદી હોય, તો તું ન જીતી શકે; તારું પતન શરૂ થઈ ગયું છે, ચોક્કસ તું
નાશ પામીશ." 14 હજીતો તેઓ વાત કરી રહ્યાં હતાં એટલામાં રાજાના
માણસો આવી પહોંચ્યા અને એસ્તેરે તૈયાર કરેલી ઉજાણીમાં હામાનને
ઉતાવળે લઈ ગયા.

7 રાજા તથા હામાન રાણી એસ્તેરની દ્રાક્ષારસની ઉજાણીમાં જમ-
વા ગયા. 2 બીજે દિવસે પણ દ્રાક્ષારસ પીતાંપીતાં રાજાએ એસ્તે-
રને પૂછયું; "એસ્તેર રાણી, તારી અરજ શી છે? તે તને આપવામાં આવ-
શે; તારી વિનંતી શી છે? તારે શું જોઈએ છે? તું જે માગશે તે હું તને
આપીશ, અડધું રાજ પણ હું તને આપવા તૈયાર છું." 3 રાણી એસ્તેરે
કહ્યું, "જો આપ મારા પર પ્રસન્ન થયા હોય, અને જો આપને આ યોગ્ય
લાગતું હોય, તો મારી એટલી વિનંતી છે કે, મને અને મારા લોકોને જી-
વવા દો. 4 મને અને મારા લોકોને, મારી નાખવા માટે અમારું અસ્તિત્વ
મિટાવી દેવા માટે, વેચી દેવામાં આવ્યાં છે, જો અમને ફકત ગુલામ
તરીકે વેચી દેવામાં આવ્યાં હોત તો મેં કંઈ પણ માંગ્યું ન હોત, કારણ,
તેથી અમારી દશા એટલી ખરાબ ન થઈ હોત કે જેને માટે મારે આપ ના-
મદારને તસ્દી આપવી પડે." 5 "તું શી વાત કરે છે? અહાશ્વેરોશે ભારપૂ-
ર્વક પૂછયું; કોણ છે એ માણસ જેણે આવું કરવાની ધૃષ્ટતા કરી છે? તે
ક્યાં છે?" 6 એસ્તેરે જવાબ આપ્યો, "આ દુષ્ટ હામાન અમારો શત્રુ
છે,"આ સાંભળીને હામાન રાજા અને રાણીની સામે ડરવા લાગ્યો. 7 રા-
જા તો ગુસ્સામાં ઉજાણી છોડીને રાજમહેલમાં બગીચામાં ચાલ્યો ગયો.
હામાન સમજી ગયો કે રાજાએ તેને મારવાનું નક્કી કરી લીધું હતું. તેથી
તે રાણી એસ્તેર પાસે જીવનની માફી માંગવા ગયો. 8 જ્યારે રાજા મહેલ-
ના બગીચામાંથી ઉજાણી રૂમમાં પાછો આવ્યો, ત્યારે એસ્તરની દયા
યાચવા હામાન એસ્તરના પલંગ પર પડી રહ્યો હતો. આ જોઈને રાજા
બોલ્યો; "શું મારા મહેલમાં મારા દેખતાં જ રાણી પર બળાત્કાર કરવા
માઁગે છે?"રાજાના મોઢામાંથી આ શબ્દો નીકળતાંજ રાજાના સેવકોએ
હામાનનું મોઢું ઢાંકી દીધું. 9 જે ખોજાઓ રાજાની સન્મુખ તે વખતે હાજર
હતા તેઓમાંના એક, જેનું નામ હાબોર્નાહ હતું તેણે કહ્યું કે, મોર્દખાય,
જેણે કાવત્રાની માહિતી આપીને રાજાની મદદ કરી હતી, તેને લટકાવ-
વા માટે હામાને પોતાના ઘરની પાસે પંચોતેર ફુટનો ફાંસીનો માંચડો
કરાવ્યો છે.રાજાએ કહ્યું, "હામાનને તેના પર ફાંસી આપો." 10 એટલે હા-
માને મોર્દખાયને માટે તૈયાર કરેલી ફાંસી પર તેને પોતાને ચઢાવી દેવા-
માં આવ્યો. તે પછી રાજાનો ગુસ્સો શમી ગયો.

8 તે જ દિવસે રાજા અહાશ્વેરોશે રાણી એસ્તેરને યહૂદીઓના શત્રુ
હામાનનાં ઘરબાર અને માલમિલકત આપી દીધાં. અને એસ્તેરે
મોર્દખાય સાથેનો પોતાનો સંબંધ જણાવતાં મોર્દખાયને રાજા સમક્ષ
લાવવામાં આવ્યો. 2 રાજાએ હામાન પાસેથી પાછી લીધેલી રાજમુદ્રાવા-
ળી વીંટી આંગળીએથી ઉતારીને મોર્દખાયને આપી, અને એસ્તેરે તેને
હામાનનાં ઘરબાર અને માલમિલકત સંભાળવાનું સોંપ્યું. 3 રાણી
એસ્તેર ફરીથી એકવાર રાજાના દરબારમાં આવી અને રાજાના પગમાં
પડીને આંસુઓ ભરેલી આંખો સાથે અગાગી હામાને યહૂદીઓની વિરૂદ્ધ
ઘડેલું કાવતરું રદ કરવા કાલાવાલા કરવા લાગી. 4 પછી રાજાએ
એસ્તેર તરફ સોનાનો રાજદંડ ધર્યો, એટલે તે ઊઠીને રાજાની સમક્ષ
ઊભી રહી. 5 તેણીએ કહ્યું, "જો રાજાને આ યોગ્ય લાગતું હોય, અને જો
તમે મારાથી પ્રસન્ન હોય અને જો રાજાને વિચાર સારો લાગે તો અગાગી
હામાને યહૂદીઓનો નાશ કરવાનો જે હુકમ રાજાના સર્વ પ્રાંતોમાં મોક-

લી આપ્યો છે તેને રદ કરતો આદેશ તમે મોકલી આપો; 6 કારણ, મારા
લોકો પર આફત ઊતરે એ જોવાનું હું શી રીતે સહન કરું? હું મારા પોતા-
ના કુટુંબનો નાશ થતો જોઇ હું કેમ સહન કરી શકું?” 7 ત્યારે અહાશ્વેરોશ
રાજાએ યહૂદી મોર્દખાય તથા રાણી એસ્તેરને કહ્યું, “મેં હામાનનું ઘર
અને મિલકત એસ્તેરને સોંપી છે તથા હામાનને ફાંસી પર લટકાવવામાં
આવ્યો છે, કેમ કે તેણે યહૂદીઓનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો.
8 રાજાને નામે બહાર પાડવામાં આવેલો અને રાજાના સિક્કાવાળો એક
હુકમ કદી રદ થઇ શકતો નથી માટે હવે તું મારે નામે યહૂદીઓને માટે
તને સૌથી યોગ્ય લાગે એવી આજ્ઞા બહાર પાડી દે અને રાજમુદ્રાથી તે-
ના પર સિક્કો મારી દે.” 9 આથી ત્રીજા એટલે કે સીવાન મહિનાના, ત્રે-
વીસમા દિવસે રાજાના મંત્રીઓને બોલાવવામાં આવ્યા અને બરાબર
મોર્દખાયના કહેવા પ્રમાણે યહૂદીઓને લગતો એક હુકમ હિંદુસ્તાનથી
તે કૂશ સુધીના એકસો ને સત્તાવીશ પ્રાંતના સૂબાઓ, રાજ્યપાલો, અને
અમલદારોને તે પ્રાંતની ભાષાઓમાં અને લિપિમાં, તેમજ યહૂદીઓની
ભાષા અને લિપિમાં લખાવવામાં આવ્યો. 10 મોર્દખાયે આ હુકમ રાજા-
ના નામે લખાવ્યો અને રાજાની મુદ્રાથી સિક્કો મારીને રાજાની સેવામાં
વપરાતા ઝડપી ઘોડાઓ પર સવારી કરતા સંદેશાવાહકો દ્વારા સર્વ
જગ્યાઓએ આ પત્રો મોકલી આપવામાં આવ્યા. 11 એ પત્રોમાં તેણે
કોઇ પણ શહેરમાં રહેતા યહૂદીઓને સ્વરક્ષણ માટે ભેગા થવાની અને
તેમના પર હુમલો થાય તો કોઇ પણ પ્રાંતની કોઇ પણ જાતની સૈનાને
મારી નાખવાની, તેમના સ્ત્રી અને બાળકો મારી નાખવાની, તેમનો
નાશ કરવાની અને તેમજ તેમને લૂંટી લેવાની છૂટ આપી. 12 આ હુકમ
રાજા અહાશ્વેરોશના બધાજ પ્રાંતોમાં એક જ દિવસે એટલે કે બારમા
અર્થાત અદાર મહિનાના, તેરમા દિવસે અમલમાં આવવાનો હતો.
13 વળી આ કાનૂનની એક એક નકલ સર્વ પ્રાંતોમાં અને રાજ્યમાં જાહે-
રાત કરવા માટે મોકલી આપવામાં આવી અને તે એક કાયદો બની ગયો
જેના દ્વારા યહૂદીઓ પોતાના શત્રુઓનો સામનો કરવા અને તેમના પર
બદલો લેવા માટે પોતાની જાતને તૈયાર કરી શકે. 14 રાજાની આજ્ઞાથી
સંદેશાવાહકો ઝડપી ઘોડાઓ પર સવાર થઇ રવાના થયા. આ કાનૂન
રાજધાની સૂસામાં પણ પ્રકાશિત કરવામાં આવ્યો. 15 જ્યારે મોર્દખાય
રાજા પાસેથી નીકળ્યો ત્યારે તેણે સફેદ અને ભૂરા રંગના વસ્રો માથે મો-
ટો સોનાનો મુગટ અને ઝીણા શણનો જાંબુડી રંગનો ઝભ્ભો પહેર્યા
હતાં. આખા સૂસા શહેરે આનંદથી ઉજવણી કરી. 16 યહૂદીઓએ ખૂબ
આનંદ અને ખુશીથી ઉજવણી કરી. રાજાના પ્રાંતોમાં વસતા બાકી રહે-
લા યહૂદીઓ પોતાના રક્ષણ માટે અને શત્રુઓથી છૂટકારો પામવા માટે
સાથે એકઠા થયા. તેઓએ 75,000 શત્રુઓને મારી નાખ્યા પણ તે-
ઓએ કોઇની વસ્તુઓ લૂંટી નહિ. 17 જે જે નગર તથા પ્રાંતમાં રાજાનો
આદેશ પહોંચ્યો ત્યાં ત્યાં યહૂદીઓમાં આનંદ વ્યાપી ગયો અને હર્ષ પ્ર-
દર્ષિત કરવા માટે તે ઉત્સવનો દિવસ બની રહ્યો અને તેઓએ તે મહા-
આનંદપૂર્વક ઊજવ્યો. ઘણાં લોકોએ પોતાને યહૂદી તરીકે ઓળખાવ્યા
કારણકે તે લોકો યહૂદીઓથી ડરી ગયા હતા.

9

હવે બારમા, એટલે કે અદાર મહિનાના, તેરમા દિવસે રાજાનો હુ-
કમ અમલમાં આવવાનો હતો, એ દિવસે યહૂદીઓના દુશ્મનોએ
તેમને કચડી નાખવાની આશા રાખી હતી. પણ બન્યુ તેનાથી ઊલટું જ;
યહૂદીઓએ દુશ્મનોને કચડી નાખ્યા. 2 તે દિવસે અહાશ્વેરોશ રાજાના
સર્વ પ્રાંતોમાં યહૂદીઓ પોતપોતાનાં નગરોમાં એકઠા થયા, જેથી તેઓ-
નું નુકશાન કરવાની જે લોકો કોશિશ કરતા હતા, તેઓના પર તેઓ
હાથ નાખે; તેઓની વિરુદ્ધ કોઇ ઉભો રહી શક્યું નહિ; કારણ કે તેઓ
બધા તેમનાથી ડરેલા હતા. 3 અને પ્રાંતોના બધાં અમલદારો, સૂબાઓ,
રાજ્યપાલો, અને રાજાના વહીવટકર્તાઓ યહૂદીઓને મદદ કરી, કારણ
કે, તે બધાં મોર્દખાયથી ડરેલા હતા. 4 મોર્દખાય રાજમહેલમાં ખૂબ મહ-
ત્વનો બની ગયો હતો, તેની નામના બધાં પ્રાંતમા ફેલાઇ ગઇ હતી. તે-
ની સત્તા દિવસે દિવસે વધતી ગઇ. 5 નક્કી કરેલા દિવસે યહૂદીઓએ
પોતાના શત્રુઓની હત્યા કરી. વિરોધીઓ સાથે તેઓએ મન ફાવે તેવું
વર્તન કર્યુ. 6 પાટનગર સૂસામાં યહૂદીઓએ પાંચસો માણસોને મારી
નાખીને તેઓનો નાશ કર્યો. 7 વળી તેઓએ પાર્શાન્દાથા, દાલ્ફોન,
આસ્પાથા, 8 પોરાથા, અદાલ્યા, અરીદાથાને, 9 પાર્માશતાને, અરીસાય,
અરીદાય તથા વાઇઝાથાને. 10 આ રીતે તેઓએ યહૂદીઓના શત્રુ હામ્મ-
દાથાના પુત્ર હામાનના દશે પુત્રોને, તેઓએ મારી નાખ્યા; પણ તેઓએ
તેમને લૂંટી લીધા નહિ અને તેમની કોઇ પણ વસ્તુને હાથ લગાડ્યો
નહિ. 11 સૂસામાં મારી નાખવામાં આવેલા માણસોની સંખ્યા તે જ દિવ-
સે રાજાને જાહેર કરવામાં આવી. 12 તેણે રાણી એસ્તેરને જણાવ્યું, “પા-
ટનગર સૂસામાં યહૂદીઓએ પાંચસો માણસો અને હામાનના દશ પુત્રો-
ને મારી નાખ્યા છે, તો પછી તેમણે રાજ્યના બીજા પ્રાંતોમાં તું મારા દ્વા-
રા શું કરાવા માંગે છે! જે માગે તે આપુ, તારે બીજું શું જોઇએ છે? માંગ
અને તે મંજૂર થશે.” 13 ત્યારે એસ્તેરે તેને જણાવ્યું કે, “જો રાજાને ગમે
તો સૂસામાં જે યહૂદીઓ છે તેઓને આજના હુકમ પ્રમાણે કાલે પણ તે-
મજ કરવા દેવામાં આવે. અને હામાનના દશે પુત્રોને ફાંસીને માચડે
લટકાવવા જોઇએ.” 14 રાજા સંમત થયા અને પાટનગર સૂસામાં હુકમ
જાહેર કરવામાં આવ્યો. હામાનના દશ પુત્રોના મૃત શરીરને ફાંસી પર
લટકાવવામાં આવ્યા. 15 સૂસામાંના યહૂદીઓ અદાર મહિનાને ચૌદમે
દિવસે પણ ભેગા થયા. તેઓએ સૂસામાં ત્રણસો માણસોને મારી ના-
ખ્યા; પણ લૂંટ પર તેઓએ હાથ નાખ્યો નહિ. 16 રાજાના પ્રાંતોમાં વસ-
તા બાકીના યહૂદીઓ પણ પોતાનો બચાવ કરવા અને શત્રુઓથી છૂટ-
કારો મેળવવાં માટે ભેગા થયા. તેમણે પંચોતેર હજાર શત્રુઓનો સંહાર
કર્યો; પણ તેમણે કોઇની કોઇ વસ્તુ લૂંટી નહિ. 17 આ તો અદાર મહિ-
નાના તેરમા દિવસે બન્યું. ચૌદમે દિવસે તેમણે વિશ્રાંતી લીધી અને તે
દિવસે તેમણે ઉજવણી કરીને આનંદોત્સવ ઊજવ્યો. 18 પણ સૂસામાં
યહૂદીઓ અદાર મહિનાના તેરમા તથા તેના ચૌદમા દિવસે સ્વરક્ષણ
માટે ભેગા થયા; પંદરમા દિવસે તેઓએ ઉજાણી કરી અને વિશ્રાંતિ લી-
ધી. 19 આ કારણથી જ યહૂદીઓ કોટ વિનાના ગામડાંઓમાં અને શહે-
રોમાં રહે છે, તેઓ અદાર માસના ચૌદમા દિવસને ઉત્સવના દિવસ
તરીકે એક બીજાને ભેટો આપી અને ઉજાણી કરીને ઉજવે છે. 20 મોર્દ-
ખાયે આ સર્વ બનાવોને લખી અને અહાશ્વેરોશ રાજાના નજીકના તેમજ
દૂરના પ્રાંતોના સર્વ યહૂદીઓ પર પત્રો મોકલ્યા. 21 તેણે જણાવ્યું કે, દર
વર્ષે અદાર મહિનાનો ચૌદમો અને પંદરમો દિવસ ઊજવવો. 22 કારણ
તે દિવસે યહૂદીઓએ પોતાના દુશ્મનોનો નાશ કર્યો હતો, અને તે મહિ-
નામાં તેમનો શોક આનંદમા પલટાઇ ગયો હતો, અને તેમના દુ:ખના
દિવસો આનંદના દિવસોમાં બદલાઇ ગયા હતાં, જેમાં એકબીજાને ભેટ
આપવી અને ગરીબોને દાન આપવું. 23 આથી યહૂદીઓએ મોર્દખાયની
સૂચના મુજબ દરેક વર્ષે તે જ સમયે તહેવાર ઉજવવાનું શરૂ કર્યુ હતું
અને રિવાજ પાળવાનો ચાલુ રાખવાનું માથે લીધું. 24 યહૂદીઓના દુ-
શ્મન અગાગી હામ્મદાથાના પુત્ર હામાને યહૂદીઓને સંહાર કરી નાખ-
વાની યોજના કરી હતી. અને તેઓનો સંહાર કરવા અને વિનાશ કરવા
ચિઠ્ઠીઓ (એટલે “પૂર”) નાખી હતી; 25 પરંતુ જ્યારે તે વાતની રાજાને
ખબર પડી, ત્યારે તેણે પોતાના પત્રો દ્વારા આજ્ઞા કરી કે, હામાને જે દુ-
ષ્ટ યોજના યહૂદીઓ વિરુદ્ધ યોજી હતી તે અને તેના કુટુંબીઓને જ તેનો
ભોગ બને; અને હામાનને તેના સંતાનો સાથે ફાંસીએ લટકાવવો જો-
ઇએ. 26 આથી “પૂર” નામ ઉપરથી આ ઉત્સવના દિવસો પૂરીમ તરીકે
ઓળખાયા, એ મોર્દખાયના પત્રમાં જે લખ્યું હતું તે પ્રમાણે જ ઉજવાયા,
તેને કારણે તેમણે જાતે જે નજરોનજર જોયું હતું અને તેમના પર જે વી-
ત્યું હતું, 27 યહૂદીઓએ પોતાના તરફથી, પોતાના વંશજો તરફથી અને
યહૂદીધર્મ પાળનારાઓ તરફથી પ્રતિવર્ષ આ બે દિવસો ચૂક્યા વગર
ઠરાવેલ સમયે અને મોર્દખાયની સૂચના મુજબ અચૂક ઊજવવાનું માન્ય
રાખ્યું. 28 એ દિવસોને, વંશપરંપરાગત પ્રત્યેક કુટુંબમાં ઉજવવાના
હતાં, તેઓએ પ્રત્યેક પ્રાંતમાં, તથા પ્રત્યેક નગરમાં તેને ઉજવ્યાં, જેથી
એ પૂરીમના દિવસો યહૂદીઓ દ્વારા ઉજવવાનું બંધ ન થાય, અને તેઓ-
ના વંશજોએ કદી તે ભૂલવું જોઇએ નહિ. 29 ત્યારબાદ અબીહાઇલની
પુત્રી રાણી એસ્તેર અને યહૂદી મોર્દખાયે, બીજા પત્રને સંપુર્ણ અધિકાર
સાથે પ્રમાણિત કરવા, પૂરીમ વિષે પૂર્ણ અધિકારથી પત્ર લખ્યો. 30 તે-
થી મોર્દખાયે અહાશ્વેરોશના રાજ્યમાં એકસો સત્તાવીસ પ્રાંતોમાંના સર્વ
યહૂદીઓને સાચી શાંતિ પાઠવતા પત્રો મોકલ્યા 31 તે પત્રો એ જાણવા
માટે મોકલવામાં આવ્યા હતા કે પૂરીમનાં દિવસોયહૂદી મોર્દખાય અને
રાણી એસ્તરે આપેલા આદેશ પ્રમાણે એના નિર્ધારિત સમયે ઉજવવા-
માં આવેલા હતા. આ તેઓએ બે વિશ્રામવારોને તેમના અને તેમના
વંશજોને માટે નક્કી કર્યા 32 તેઓ એસ્તેરની આજ્ઞાથી વિશ્રામવારને

યાદ રાખશે જેમ તેઓ ઉપવાસ અને વિલાપના દિવસો યાદ રાખે છે.
"પૂરીમ" વિષેના નિયમો કાયમ કર્યા; અને પુસ્તકમાં આ બાબતો લખ-
વામાં આવી હતી.
10 અહાશ્વેરોશ રાજાએ રાજ્યના સર્વ પ્રદેશો પર તથા સમુદ્રના ટા-
પુઓ ઉપર કર નાખ્યા. 2 તેના મહાન શૌર્યનાઁ તથા તેના સાર્મ-
થ્યનાઁ સર્વ કૃત્યો, તથા જે ઉચ્ચ પદવીએ રાજાએ મોર્દખાયને ચઢાવ્યો
હતો તેની સંપૂર્ણ માહિતી ઈરાનના તથા માદાયના રાજાઓનાં કાળવૃ-
ત્તાંતોના પુસ્તકોમાં લખેલી છે. 3 યહૂદી મોર્દખાયનો દરજ્જો રાજા પછીનો
હતો. યહૂદીઓમાં તે આદર પાત્ર બન્યો અને ઘણો લોકપ્રિય હતો. કા-
રણ કે તેણે પોતાના લોકોના ભલા માટે પરિશ્રમ કર્યો અને તેમની કા-
ળજી રાખી. તેણે બધાં યહૂદીઓ માટે શાંતિ લાવી હતી.

# અયૂબ

1 ઉસ નામના દેશમાં અયૂબ નામે એક માણસ રહેતો હતો. તે
ભલો, પ્રામાણિક અને દેવથી ડરનાર અને દુષ્ટ વસ્તુ કરવાની
મનાઇ કરતો હતો. 2 તેનો પરિવાર મોટો હતો. અયૂબને સાત પુત્રો અને
ત્રણ પુત્રીઓ મળી કુલ દશ સંતાન હતા. 3 તેની પાસે મિલકતમાં
7,000 ઘેટાં, 3,000 ઊંટ, 500 જોડ બળદ, 500 ગધેડીઓ અને
અનેક નોકર-ચાકર હતાં. સમગ્ર પૂર્વવિસ્તારમાં અયૂબના જેવો કોઇ
ધનાઢય માણસ ન હતો. 4 અયૂબના સર્વ પુત્રોમાં રિવાજ હતો, દરેક પુ-
ત્ર પોતપોતાના જન્મદિનની ઉજવણીમાં પોતાનાં ભાઇબહેનોને નિ-
મંત્રણ આપતા. તે સમયે સૌ સાથે મળીને ખાતાંપીતા અને આનંદપ્ર-
મોદ કરતાં. અયૂબના પુત્રો વારા પ્રમાણે તેઓને ઘરે ઉજવણી રાખતા
અને તેઓ તેઓની બહેનોને આમંત્રણ આપતા. 5 તેના સંતાનો એ
ઉજવણી કર્યા પછી અયૂબ વહેલી સવારમા ઊઠતો અને દહનાર્પણ કર-
તો. તે વિચારતો, “મારા સંતાનોએ કદાચ ચિંતાહીન થઇને તેઓની
ઉજવણી પર દેવ વિરૂદ્ધ કોઇ પાપ કર્યું હોય.” અયૂબ હંમેશા આ દહના-
ર્પણ કરતો જેથી તેના સંતાનોને તેઓના પાપોની માફી મળી જાય.
6 એક દિવસ દેવદૂતો યહોવાની આગળ ભેગા થયા હતા. તેઓની સાથે
દુષ્ટ શેતાન પણ ઉપસ્થિત હતો. 7 યહોવાએ શેતાનને પૂછયું, “તું ક્યાં
ગયો હતો?”શેતાને યહોવાને જવાબ આપ્યો. “હું પૃથ્વી પર આમતેમ
ભટકતો હતો.” 8 પછી યહોવાએ શેતાનને કહ્યું, “તો પછી તેં મારા સે-
વક અયૂબને જોયો હશે! તે ભલો, પ્રામાણિક, દેવથી ડરનાર, અનિષ્ટ
વસ્તુનો ઇન્કાર કરનાર છે.” 9 શેતાને કહ્યું, “અયૂબ કારણ વિના દેવની
ઉપાસના કરે છે? 10 તમારા રક્ષણથી તેનું જીવન, તેનું ઘર, તેની સંપતિ
બધુંજ સુરક્ષિત છે. તે જે કઇ કરે છે તેમાં તમે તેને સફળ બનાવ્યો છે.
હા, તમે તેને આશીર્વાદ આપ્યા છે. તે એટલો શ્રીમંત છે કે તેના ગાયના
અને ઘેટાઁ બકરાઁના ઘણનાઘણ આખા દેશભરમાં છે. 11 એક વાર તેની
સંપત્તિને સ્પર્શ કરો, પછી જુઓ, એ કેવો તમારી સામો થાય છે? તે તમ-
ને તમારી સામે જ શાપ આપે છે કે નહિ?” 12 યહોવાએ શેતાનને કહ્યું,
“જો, તેની તમામ ચીજો હું તને સોંપું છું; પણ તેને નુકસાન કરતો નહિ”
એ પછી શેતાન યહોવાની હાજરી છોડી ચાલ્યો ગયો. 13 એક દિવસે તે-
ના પુત્રો અને તેની પુત્રીઓ તેઓનો મોટા ભાઇના ઘરમાં ખાતાઁ હતાઁ
અને દ્રાક્ષારસ પીતા હતા. તે સમયે, 14 એક સંદેશવાહક આવ્યો અને
અયૂબને જણાવ્યુ, “તમારા બળદો ખેતર ખેડતા હતા અને પાસે ગધેડા
ચરતાં હતા. 15 એટલામાં અચાનક શબાઇમ લોકોએ અમારા પર હુમલો
કર્યો. અને તમારા બધા પશુઓને ઊપાડી ગયા અને બધા સેવકોને મા-
રી નાંખ્યા, ફક્ત હું જ બચી ગયો છું તેથી હું તમને આ સમાચાર આપવા
આવ્યો છું.” 16 જ્યારે એક સંદેશવાહક આ કહેતો હતો, એટલામાં વળી
બીજો સેવક આવ્યો અને કહ્યું, “આકાશમાંથી વીજળી પડી છે અને ગા-
યના ઘણો અને સેવકો બળીને રાખ થઇ ગયા છે. ફક્ત હું જ બચી ગયો
છું. તેથી તમને હું આ દુ:ખદ સમાચાર કહેવા આવ્યો છું.” 17 તે બોલવા-
નું પૂરું કરે તે પહેલા, એક ત્રીજો સંદેશવાહક આવ્યો અને કહ્યું, “કાસ્દી-
ઓએ સૈનિકોના ત્રણ ટોળા મોકલ્યા. તેઓએ અમારા પર હુમલો કર્યો
અને ઊંટો લઇ લીધા. તેઓએ સેવકોને મારી નાખ્યા છે. તમને આ
સમાચાર આપવા ફક્ત હું જ બચી ગયો છુ.” 18 જ્યારે તે આ કહેતો
હતો, ત્યાં હજી એક આવ્યો અને કહ્યું, “તારા પુત્રો તથા તારી પુત્રીઓ
તેમના મોટાભાઇના ઘરમાં ખાતાઁ હતાઁ અને દ્રાક્ષારસ પીતાઁ હતાઁ.
19 પછી રણમાઁથી અણધાર્યો જોરદાર પવન આવ્યો અને ઘરને ફૂંકી મા-
ર્યું. ઘર તમારા પુત્રો અને પુત્રીઓ પર પડ્યું અને તેમને મારી નાખ્યા
ફક્ત હું જ બચીગયો છુઁ. તેથી હું તમને આ સમાચાર આપવા આવ્યો
છું.” 20 પછી અયૂબ ઊભો થયો. તેણે શોકમાં તેના કપડાં ફાડી નાખ્યાં,
માથું મૂંડાવી નાંખ્યું અને જમીન પર પડીને દેવને ઉપાસના કરી.
21 કહ્યું કે,“મારી માતાના ગર્ભસ્થાનમાંથી હું નગ્ન આવ્યો હતો અને મા-
રા મૃત્યુ સમયે પણ મારી પાસે કશું જ નહિ હોય.યહોવાએ આપ્યું, અને
યહોવાએ લઇ લીધું છે; યહોવાના નામને ધન્ય હો.” 22 આ બધું બની
ગયું, પણ અયૂબે દુષ્ટતા કરી નહિ. દેવે ખોટું કર્યુ હતું એમ તેણે કહ્યું
નહિ.

2 ફરી એક વખત દેવદૂતો યહોવાની સમક્ષ હાજર થયા, ત્યારે તે-
ઓની સાથે શેતાન પણ આવીને યહોવાની આગળ હાજર થયો.
2 યહોવાએ શેતાનને પૂછ્યું, “તું ક્યાં જઇ આવ્યો?”શેતાને યહોવાને
કહ્યું, “હું પૃથ્વી પર ચારે તરફ ભટકતો હતો.” 3 યહોવાએ શેતાનને પૂ-
છ્યું કે, “શું તેં મારા સેવક અયૂબને ધ્યાનથી જોયો છે? પૃથ્વી પર તેના
જેવો કોઇ નથી. તે ભલો, પ્રામાણિક, દેવથી ડરનાર, અનિષ્ટ કમોર્ કર-
વાનો ઇન્કાર કરનાર છે. એને હેરાન કરવાને તેં મને પડકાર ફેક્યો અને
તે પણ કોઇ કારણ વગર,અને તે છતાં પણ તે તેની પ્રામાણિકતાને દ્રઢ-
તાથી વળગી રહ્યો છે.” 4 શેતાને યહોવાને જવાબ આપ્યો, “માણસ
કોઇપણ ભોગે પોતાનું જીવન બચાવતો હોય છે. તે ચામડીને બદલે
ચામડી પણ આપે છે. 5 તમે તેના શરીરને સ્પર્શ કરો અને માંદગી
આપો. પછી જુઓ, તે તમારી સામો થશે અને તમારા પર શાપ વરસાવ-
શે.” 6 પછી યહોવાએ શેતાનને કહ્યું કે, “જા, હું એને તારા હાથમાં સોંપુ
છું. તારે એનું જે કરવું હોય તે કરજે; ફક્ત તેનો જીવ બચાવજે.” 7 પછી
યહોવા પાસેથી શેતાન ચાલ્યો ગયો, તેણે અયૂબને તેના પગના તળિ-
યાથી તે તેના માથા સુધી દુ:ખદાયક ગૂંમડાથી ભરી દીધો. 8 તેથી
અયૂબ ધૂળમાં બેઠો, અને તેની ખંજવાળ મટાડવા તેના ઘા ને ખજવા-
ળવા તેણે માટીના એક તૂટેલા ટૂકડાનો ઊપયોગ કર્યો. 9 તેની પત્નીએ
તેને કહ્યું, “તમે હજુ પણ દેવને વળગી રહ્યાં છો? તમે દેવ પર શાપ વર-
સાવો અને જીવનનો ત્યાગ કરો!” 10 પરંતુ અયૂબે ઉત્તર આપ્યો, “તું તો
એક મૂર્ખ સ્ત્રીની જેમ બોલે છે, શું આપણે દેવના હાથથી માત્ર સુખ જ
સ્વીકારવાનું, દુ:ખ નહિ?” આવા દુ:ખમાં પણ અયૂબે કદી દેવની વિરૂદ્ધ
એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. 11 આ અયૂબ પર આવી પડેલી આફ-
તોની વાત તેના ત્રણ મિત્રોના જાણવામાં આવી તેઓએ તેમના ઘર
છોડ્યા એક બીજાને સાથે મળ્યા. તેઓ અયૂબ પ્રત્યે સહાનુભૂતિ દર્શા-
વવા અને તેને આશ્વાસન આપવા જવા માટે સંમત થયા. તે મિત્રોના
નામ તેમાનથી અલીફાઝ, શૂહીથી બિલ્દાદ અને નાઅમાંથી સોફાર
હતાં. 12 તેઓએ દૂરથી અયૂબને જોયો અને હવે તે ઓળખી ન શકાય
તેવો થઇ ગયો હતો તેથી તેઓ મોટે અવાજે રડ્યા, શોકના માર્યા પોતા-
ના વસ્ત્રો ફાડી નાંખ્યા અને તેઓનો શોક વ્યક્ત કરવા, તેઓ તેઓના
માથા પર રેતી વરસાવવા લાગ્યાં. 13 તેઓ સાત દિવસ અને સાત રાત
તેની સાથે જમીન પર બેસી રહ્યા. તેઓ એક શબ્દ પણ બોલ્યા નહિ.
કારણકે તેઓએ જોયું કે અયૂબનું દુ:ખ ખૂબ વિશાળ હતું.

3 અયૂબ જન્મ્યો હતો તે દિવસને શાપ દે છે. 2 અયૂબે કહ્યું;
3 “મને એમ થાય છે કે હું જન્મ્યો તે દિવસ હંમેશ માટે અર્દ્રશ્ય થઇ
જાય! 4 મને થાય છે તે દિવસ અંધકારમાં જ હોત, અને હું ઇચ્છું છું દેવ
તે દિવસ ભૂલી જાય! મને થાય છે તેઓએ કહ્યું કે ‘તે એક છોકરો છે,’ તે
રાત આવી ન હોત! હું ઇચ્છું છું તે દિવસે કોઇ રોશની ઝળકતી ન હોત.
5 હું ઇચ્છું છું તે દિવસ અંધકાર ભર્યો હોત એવો કાળો જેવું કાળું મૃત્યુ,
હું ઇચ્છું છું, તે દિવસે વાદળો સંતાઇ ગયા હોય, હું ઇચ્છું છું, હું જન્મ્યો
તે દિવસથી કાળાં વાદળો પ્રકાશને બિવડાવી ભગાડી મૂકે. 6 હું ઇચ્છું
છું અંધકાર તે રાત્રિને પાસે રાખે, પંચાગમાં તે સુખનો દિવસ કોઇ મહિ-
નામાં પણ તે ન ગણાય. 7 તે રાત્રિ કોઇ વસ્તુ ઉત્પન કરે નહિ, તે રાત્રે

આનંદની એકપણ બૂમ ન સંભળાય. 8 કેટલાક જાદૂગરો હંમેશા અજગરને જગાડવા ચતુર હોય છે. તો તેઓને હું જન્મ્યો હતો તે દિવસને શાપ ઉપર શાપ આપવા દો. 9 તે દિવસના પ્રભાતના તારા અંધકારમાં રહે, તે રાત્રિ ભલે સવાર થવાની રાહ જોયા કરે પરંતુ પ્રકાશ તે આ ઉગતા સૂર્યના પહેલા કિરણોને ન જુએ. 10 તે રાત્રિ મારા જન્મ કરાવ્યા વગર રહી નહિ તેથી મને આ મુશ્કેલીઓ દેખાયા વગર રહી નહિ. 11 હું ગર્ભસ્થાનમાં જ મરી કેમ ન ગયો? જન્મતાંજ કેમ પ્રાણ ન છોડ્યો? 12 મારી માતાએ શા માટે મને તેના ઘૂંટણો પર રાખ્યો? માતાએ શા માટે મને ધવડાવ્યો? 13 જ્યારે હું જન્મ્યો ત્યારે જ મરી ગયો હોત તો અત્યારે મને શાંતિ હોત મને થાય છે, હું આરામમાં ઊંઘતો હોત. 14 જેઓ અગાઉ પૃથ્વી પર રાજાઓ અને વિદ્વાન માણસો સાથે રહેતા હતા તે માણસોએ પોતાને માટે મકાનો બંધાવ્યા હતા તે અત્યારે નાશ પામી ગયા છે અને સમાપ્ત થઇ ગયા છે. 15 અને હું ધનવાન રાજકર્તાઓ જેમણે તેમના ઘરો અઢળક સોના અને ચાંદીથી ભરી દીધેલા છે તેઓની સાથે શાંતિમય અને સુખદાયી થઇ ગયો હોત! 16 મરેલું જન્મે અને જમીનમાં દાટી દે તેમની પેઠે શા માટે હું એ બાળક ન હતો? મને થાય છે જેણે દિવસનો પ્રકાશ જોયો નથી તે એક બાળક જેવો હું હોત! 17 અધમ માણસો જ્યારે કબર ભેગા થાય છે ત્યારે હેરાન કરવાનું બંધ કરે છે અને જે લોકો થાકેલા છે તેઓને કબરમાં શાંતિ લાગે છે. 18 ગુલામોને પણ કબરમાં આરામ મળે છે કારણકે તેઓને ચોકીદારો તેના પર બૂમો પાડતા તે સંભળાતું નથી. 19 બધાજ જાતના લોકો કબરમાં છે-મહત્વશીલ અને મહત્વ વગરના લોકો ગુલામ તેના ધણીથી મુકત હોય છે. 20 માણસ જે પીડા ભોગવી રહ્યો છે શા માટે જીવતા રહ્યાં કરવું છે. એક દુ:ખી આત્માવાળા માણસને શા માટે જીવન અપાય છે? 21 તે માણસને મરવાની ઇચ્છા છે પણ મોત આવતં◌ુ નથી. તે દુ:ખદાયી માણસ છૂપાયેલા ખજાના કરતા મોતને વધારે શોધે છે. 22 તે લોકોને તેઓની કબર મળતા ખુશ થશે. તેઓ તેઓની સમાધિ મેળવવાથી આનંદ પામશે. 23 પરંતુ દેવ તેઓની આસપાસ રક્ષા કરતી એક દિવાલ છે અને તેઓનું ભવિષ્ય ગુપ્ત રાખે છે. 24 જ્યારે ખાવાનો સમય થાય છે ત્યારે હું માત્ર દુ:ખથી નિસાસો નાખું છું, આનંદનો નહિ અને મારી ફરિયાદો બહાર પાણીની જેમ રેડાય છે. 25 મને ડર છે કે મને કાંઇ ભયંકર થવાનું છે અને બરોબર તેમજ થયું. 26 હું શાંત રહીં શકતો નથી, હું સ્વસ્થ થઇ શકતો નથી, હું આરામ કરી શકતો નથી, હું ખૂબજ ઉદ્વિગ્ન થયો છું. જેની મને વધારે બીક લાગતી હતી તેજ મને થયું."

4 પછી તેમાનના અલીફાઝે જવાબ આપ્યો કે, 2 "શું, હું તને એકાદ બે શબ્દ કહું તો તું સહન કરી શકીશ? અને હવે હું કહ્યાં વગર પણ કેવી રીતે રહી શકું? 3 જો, તેં ઘણા લોકોને સલાહ આપી છે, અને તેં અનેક દુર્બળ હાથોને મજબૂત કર્યા છે. 4 તારા શબ્દોએ પડતાને ઊભા કર્યા છે, અને જે લોકો પોતાની જાતે પગભર નથી તેમને તેં પ્રબળ કર્યા છે. 5 પરંતુ હવે જ્યારે મુશ્કેલીઓ તારે માથે આવી પડી છે, ત્યારે તું ઉત્સાહ ભંગ થઇ ગયો છે, જ્યારે તારો વારો આવ્યો છે ત્યારે તું ગભરાઇ જાય છે. 6 દેવ પ્રત્યે તને ખરેખર વિશ્વાસ છે? તારી વિશ્વસનીયતાને કારણે તું આશા રાખે છે? 7 વિચારી જો, નિર્દોષ લોકો કદી નાશ પામ્યા છે? કદી એક સારી વ્યકિતનો નાશ થયો છે? 8 મને એવો અનુભવ છે કે, જેઓ પાપ અને અડચણો વાવે છે, તેઓ તેવું જ તે લણે છે. 9 દેવની એક ફૂંકથી જ તેઓ ઊડી જાય છે, તેમના એક કોપના ફૂંફાડા માત્રથી જ તેઓ ફેંકાઇ જાય છે. 10 દુષ્ટો બરાડા પાડે છે અને સિંહની જેમ ઘુરકે છે. પરંતુ દેવ દુષ્ટોને મૂંગા કરી દે છે, અને તેઓના દાંત તોડી નાખે છે. 11 હા, તે દુષ્ટ લોકો, શિકાર શોધી ન શકે તેવા સિંહ જેવા છે. તેઓ મરી જાય છે અને તેઓના બચ્ચાં રખડી પડે છે. 12 હમણા એક ગુપ્ત વાત મારી પાસે આવી, અને તેના ભણકારા મારા કાને પડ્યા. 13 જ્યારે માણસને રાત્રે નિદ્રા ઘેરી વળે છે ત્યારે રાતનાં સંદર્શનો પરથી આવતા વિચારોમાં- 14 હું ભયથી જી ગયો અને મારાઁ સર્વ હાડ થથરી ઊઠયાં. 15 ત્યારે એક આત્મા મારા મોંને સ્પર્શીને પસાર થઇ ગયો અને મારા શરીરનાં રૂઆં ઉભા થઇ ગયાં. 16 તે સ્થિર ઊભો રહ્યો, પણ હું તેનું સ્વરૂપ ઓળખી શક્યો નહિ. એક આકૃતિ મારી સમક્ષ આવીને ઊભી રહી, અને ત્યાં શાંતિ હતી. પછી મેં એક ખૂબજ શાંત અવાજ સાંભળ્યો. 17 'શું માણસ દેવ કરતાં વધારે ન્યાયી હોઇ શકે? શું તે તેના સર્જનહાર કરતાં વધારે પવિત્ર હોઇ શકે? 18 જુઓ, તેને તેના સ્વર્ગના સેવકોમાં વિશ્વાસ નથી; એ તો એના દેવદૂતોનો પણ વાંક કાઢે છે. 19 તો વસ્તુત: લોકો વધારે ખરાબ છે! લોકો પાસે માટીના ઘરો જેવા શરીર છે. તેમના પાયા ગંદવાડમાં હોય છે. તેઓને કચરીને મારવું તે પતંગિયા મારવા કરતાં પણ સહેલું છે. 20 તેઓ સવારમાં જીવતા હોય છે પણ સાંજ પડતા તો મૃત્યુ પામે છે. તેઓ સદાને માટે ચાલ્યા જાય છે, કોઇ તેઓની ચિંતા કરતું નથી. 21 જો તેઓના તંબૂના દોરડાં ઉપર તાણ્યાં હોય તો આ લોકો ડહાપણ રહિત મરી જાય છે."

5 "હાંક મારી જો હવે; તને જવાબ આપનાર કોઇ છે ખરું? તું હવે ક્યા દેવદૂતને શરણે જશે? 2 ક્રોધ મૂર્ખ માણસને મારી નાખે છે, ઈર્ષ્યા મૂર્ખનો નાશ કરે છે. 3 મેં મૂર્ખ માણસને જડ નાખતાઁ જોયો છે, પણ પછી અચાનક આફત આવી પડે છે. 4 તેનાં સંતાનોને મદદ કરવાવાળું કોઇ નથી, તેઓ ન્યાયાલયમાં ભાગી પડ્યાં છે. અને તેઓનો બચાવ કરે એવું કોઇ નથી. 5 તેઓનો ઊભો પાક ભૂખ્યા લોકો ખાઇ જાય છે, થોરકાંટામાંથી પણ તેઓ લૂંટી જાય છે. તેઓની સંપત્તિનો ઉપયોગ તેઓને બદલે બીજા કરે છે! 6 જટિલ સમસ્યાઓ ધરતીમાંથી નથી ઉગતી, અને મુશ્કેલીઓ જમીનમાંથી નથી ફૂટતી. 7 પરંતુ જેમ અગ્નિ તણખો પેદા કરે છે તેવીજ રીતે મનુષ્ય જટિલ સમસ્યાઓનો સામનો કરવા જ જન્મ્યો છે. 8 છતાં જો તમે મને પૂછો તો હું દેવ પાસે જઇશ અને તેમની સામે મારો કિસ્સો રજુ કરીશ. 9 દેવ, ઘણી અશક્ય અને મહાન વસ્તુઓ કરે છે જે લોકો સમજી શકતા નથી. તે અગણિત ચમત્કારો કરે છે. 10 તે પૃથ્વી પર વર્ષા વરસાવે છે અને ખેતરોમાં જળ પહોંચાડે છે. 11 તે ગરીબ અને નમ્ર લોકોને ઉચ્ચ બનાવે છે; તથા શોકાતુરોને ઊંચે ચઢાવી સુરક્ષા આપે છે અને શાંતિ આપે છે. 12 તે ચાલાક, દુષ્ટ લોકોની યોજનાઓ બગાડી નાખે છે જેથી તેઓ સફળ ન થાય. 13 કપટી લોકો પણ પોતાના જ છળકપટમાં ફસાઇ જાય છે. દેવ તેમના દુષ્ટકર્મોનો નાશ કરે છે. 14 ધોળે દહાડે તેઓ અંધારાને ભટકાય છે, તેઓ અંધજનની જેમ ખરે બપોરે રાતની જેમ ફાંફા મારે છે. 15 દેવ ગરીબને મોતમાંથી બચાવે છે. તે તેઓને મજબૂત લોકોના બળથી બચાવે છે. 16 તેથી ગરીબને આશા રહે છે અને દુષ્ટોનું મોઢું ચૂપ કરી દેવામાં આવશે. 17 દેવ જેને સુધારે છે તે ભાગ્યશાળી છે, માટે તું સર્વ સમર્થ દેવની શિક્ષાની અવજ્ઞા કરીશ નહિ. 18 કારણકે તે દુ:ખી કરે છે અને તે જ પાટો બાંધે છે; ઘા કરે છે અને ઘા રુઝાવે પણ છે. 19 તેઓ તમને છ આફતોમાંથી બચાવશે, સાતમીથી તમને દુ:ખ થશે નહિ. 20 તેઓ તમને દુકાળના સમયે મૃત્યુમાંથી અને યુદ્ધના સમયે તરવારના ત્રાસમાંથી બચાવી લેશે. 21 નિંદાખોરોથી તું સુરક્ષિત રહીશ, અને આફતની સામે પણ તું નિર્ભય રહીશ. 22 વિનાશ અને દુકાળને તું હસી કાઢીશ.અને પૃથ્વી પરનાં હિંસક પશુઓથી તું ગભરાઇશ નહિ, 23 તારા ખેતરના પથ્થરો પણ તારી દલીલમાં ભાગ લેશે, જંગલી જાનવરો પણ તારી સાથે સુલેહ કરશે. 24 તું બહાર હોઇશ ત્યારે પણ તારે તારા ઘરની કશી ચિંતા કરવાની રહેશે નહિ, અને તું તારા પોતાના વાડાને તપાસી જોઇશ, તો બધું સુરક્ષિત હશે. 25 તને પુષ્કળ સંતાનો થશે અને પૃથ્વી પરના ઘાસની જેમ તારા વંશજો પણ ઘણા થશે. 26 તું જેમ લણણીની ઋતું સુધી ઘંઉ ઊગે છે તેમ, તું તારી બરોબર પાકી ઉંમરે તારી કબરમાં જઇશ. 27 અમે આ વાતનો અભ્યાસ કર્યો અને અમે જાણીએ છીએ કે તેઓ સાચા છે. તારા પોતાના ભલા માટે મારી આ સલાહને તું ધ્યાનમાં લે."

6 પછી અયૂબે આ મુજબ જવાબ આપ્યો: 2 "અરે! મારા દુ:ખો અને વેદનાઓને ત્રાજવે તોળી શકાય એમ હોત તો! 3 તો તે સમુદ્રોની રેતી કરતાઁ પણ વજનમાં વધારે હોત. મારા વચનો મૂર્ખ જેવા લાગવાનું એજ કારણ છે. 4 સર્વસમર્થ દેવે મને તેના બાણથી ભરી દીધો છે. તેમના વિષમય બાણથી મારો આત્મા વીંધાઇ ગયો છે. દેવના ભયાનક શસ્ત્રો મારી સામે મૂકાયા છે. 5 જંગલી ગધેડા જ્યારે ઘાસ મળે છે ત્યારે ભૂંકતા નથી. જ્યારે ઘાસ મળતું હોય ત્યારે બળદો બરાડા પાડતા નથી. 6 મીઠા વગરનો બેસ્વાદ ખોરાક કોણ ખાય? અથવા ઇડાના સફેદ ભાગનો કોઇ સ્વાદ હોય છે? 7 હું તેને અડકવા નથી માગતો; એ જાતના ખાવાનાથી હું થાકી ગયો છું. 8 અરે! દેવ મારી પ્રાર્થના સ્વીકારે અને મારી આશા પૂરી કરે! 9 મને થાય છે દેવ મને કચરી નાખે, જરા

આગળ વધે અને મને મારી નાખે. 10 અને જો એ મને મારી નાખે, તો
મને એક વાતનો દિલાસો થશે, મને એક વાતની ખુશી થશે, કે આટલું
બધું દુ:ખ હોવા છતાં મે પવિત્ર દેવનાં વચનો પ્રમાણે ચાલવાની ના પા-
ડી નથી. 11 હવે મારામાં એવું તે કર્યું બળ છે કે હું સહન કયેર્ જાઉં?
અને એવો તે કેવો મારો અંત આવવાનો છે કે હવે હું ધીરજ રાખું? 12 શું
હું કાંઇ પથ્થર જેવો મજબૂત છું? શું મારું શરીર પિત્તળનું બનેલું છે?
13 અત્યારે મને મારી જાતને મદદ કરવાની શકિત નથી કારણકે મારી
પાસેથી સફળતા લઇ લીધી છે. 14 મુસીબતમાં પડેલા માણસને એના
મિત્રોનો સાથ હોવો જોઇએ, કદાચને તે સર્વસમર્થ દેવને ત્યજીદે.
15 પણ તમે, મારા ભાઇઓ, મને વિશ્વાસુ ન હતા. હું તમારા પર વિશ્વાસ
કરી શકું નહિ; તમે ઝરણાં જેવા છો જે કોઇવાર વહે છે અને બીજી કોઇ-
વાર નહિ. 16 ઝરણાઓ ઘેરા હોય છે જ્યારે તેઓ બરફ અને હિમથી
ભરેલા હોય છે. 17 પરંતુ ગરમીમાં તે શોષાઇ જાય છે, અને એમના પેટ
સૂકાઇ જાય છે; 18 વેપારીઓ વળાંક ને અનુસરીને જતા જતા રણમાં
આવી જાય છે અને તેઓ અશ્ય થઇ જાય છે. 19 તેમના વેપારીઓ પા-
ણીની શોધ કરે છે. શેબાના મુસાફરો આશાપૂર્વક રાહ જુએ છે. 20 તે-
ઓને ખાત્રી હતી કે તેઓને પાણી મળશે, પરંતુ તેઓ નિરાશ થયા
હતા. 21 તેવીજ રીતે તમે મારા કઠિન સમયમાં ગભરાઇ જઇને મારાથી
મોઢું ફેરવી અને મને મદદ કરવાની ના પાડી હતી. 22 મેં તને પૂછયું
હતું! કે, મેં તમારી સલાહ માટે પૂછયું હતું? 23 શું મે તમને કહ્યું, 'મને મા-
રા શત્રુના પંજામાંથી બચાવો? હેરાન કરનારાઓથી મને મુકત કરો?
પણ તમે મને મુકત રીતે તમારી સલાહ આપી. 24 મને કહો મેં શું પાપ
કર્યુ છે? મને શીખવો અને હું તમને અટકાવીશ નહિ. 25 સત્ય વચન
ઘણાં અસરકારક હોય છે. પણ તમારી દલીલો કાઇપણ પૂરાવા કરતી
નથી. 26 શું તમે માનો છો કે તમે મને ફકત શબ્દોથી સુધારી શકો?
પણ હતાશ માણસના શબ્દો પવન જેવા હોય છે. 27 અનાથોના ભાગ-
ની વસ્તુઓ જીતવા માટે તમે કદાચ જુગાર પણ રમો એવા છો. અથવા
તમારા મિત્રોના ભોગે નફો કરો છો. 28 મારી સામે જુઓ! હું તમારી
આગળ જૂઠું નહિ બોલું. 29 આટલેથી અટકી જાવ, મને અન્યાય ન કરો,
આટલેથી અટકો, મેં કાઇ ખોટું કર્યું નથી. 30 તમે એમ માનો છો કે હું જૂ-
ઠું બોલું છું? સાચું અને ખોટુ એ બે વચ્ચેનો ભેદ હું પારખી શકતો
નથી?"

7 અયૂબે કહ્યું, "શું પૃથ્વી પર માણસે મુશ્કેલીઓ વેઠવી પડતી
નથી? શું માણસનું જીવન મહેનતાણું આપી કામે રાખેલ કામદાર
જેવી નથી? 2 એ તો આતુરતાથી છાંયડાની રાહ જોનાર સેવક અને પો-
તાના પગારની રાહ જોનાર મહેનતાણુ લઇ કામે રહેલા કામદાર જેવી
છે. 3 મારે અર્થહીન મહિનાઓ અને કંટાળાભરેલી રાત્રિઓ પસાર કરવી
પડે છે. 4 હું જ્યારે સૂવા જાઉ છું 'ત્યારે પહેલા વિચારું છું કે ઊઠવાના
સમયને થવાને કેટલી વાર લાગશે?' રાત્રિ પસાર થયા કરે છે. હું સૂર્ય
ઊગે ત્યાં સુધી પડખા ફેરવ્યા કરું છુ. 5 મારા શરીર પર ધૂળ જામી જાય
છે અને એમાં કીડા પડ્યાં છે. મારી ચામડી સૂકાઇને તરડાઇ ગઇ છે.
6 મારા દિવસો વણકરના કાંટલા કરતાઁ વધુ ઝડપી છે, અને આશાઓ
વિનાનો મારા જીવનનો અંત આવે છે. 7 દેવ યાદ રાખજો, મારું જીવન
માત્ર એક શ્વાસ છે. હું ફરી કંઇ સારું જોઇશ નહિ. 8 દેવ, તમે મને ફરી
જોશો નહિ; થોડીવાર પછી તમે મને શોધશો પણ હું ચાલ્યો ગયો હો-
ઇશ. 9 જેમ વાદળાં વિખેરાઇ અને અલોપ થઇ જાય છે, જે કબરમાં જાય
છે ને ફરી કદી ઉપર આવશે નહિ. 10 1તે પોતાને ઘેર ફરી કદી પાછો
ફરશે નહિ, તે કુટુંબથી અને ઘરથી હમેશ માટે દૂર થઇ જશે. 11 મને મા-
રો ઊભરો ઠાલવવા દો, મારો આત્મા સંકટમાં છે તેથી હું શાંત રહીશ
નહિ. હું બોલીશ; મારા આત્માની વેદનાને કારણે હું મારું દુ:ખ રડીશ.
12 હે દેવ! તમે મને એકલો શા માટે મૂકતા નથી? શું હું સમુદ્ર કે સમુદ્રનું
પ્રચંડ પ્રાણી છંુ કે તમે મારો ચોકી-પહેરો રાખો છો? 13 જ્યારે હું એમ
કહું છું, "હવે પથારીમાં સૂઇ જાઉં ત્યારે મને ચેન પડશે, મને કળ વળશે.
14 ત્યારે તમે મને ભયાનક સ્વપ્નો દ્ધારા બીવડાવો છો. અને સંદર્શનો-
થી મને ગભરાવો છો. 15 ત્યાં હું જીવવાને બદલે ગુંગળાઇને મરી જાઉ
તો વધારે સારું. 16 હવે હું ત્રાસી ગયો છું. મારે કાયમ માટે જીવવું નથી.
મને એકલો રહેવા દો. મારા જીવનનો કોઇ અર્થ નથી! 17 દેવ, તમે મનુ-
ષ્યને મહત્વપૂર્ણ શા માટે ગણો છો? તમારે શા માટે તેને માન આપવું
જોઇએ? તમે શા માટે તેના પર ધ્યાન આપવાની પણ તસ્દી લો છો?
18 રોજ સવારે તમે તેની મુલાકાત કરો છો અને તમે પ્રત્યેક ક્ષણે તેની
કસોટી કરો છો? 19 શા માટે તમે મને છોડી દેતાં નથી? હું મારું થૂંક
ગળું એટલો સમય પણ તમે મને એકલો કેમ મૂકતા નથી? 20 દેવ, તમે
લોકો ઉપર ધ્યાન આપો, જો મે પાપ કર્યુ હોય, કાંઇ વાંધો નહિ, હું શું
કરી શકું? તમે શા માટે મને તમારું નિશાન બનાવ્યો છે? જેથી હું બોજા-
રૂપ થઇ ગયો છું? 21 તમે મને ખોટુ કરવા બદલ શા માટે સીધી રીતે
માફ કરતા નથી? તમે મારા પાપોને શા માટે સીધી રીતે માફ કરતા
નથી? થોડાજ સમયમાં હું મરી જઇશ અને માટીમાં મળી જઇશ. તમે
મને શોધશો, પણ હું ત્યાં હોઇશ જ નહિ."

8 ત્યારે બિલ્દાદ શૂહીએ અયૂબને જવાબ આપ્યો, 2 "તું ક્યાં સુધી
આવી વાતો કર્યા કરીશ? તારા તોફાની શબ્દો ક્યાં સુધી વંટોળિ-
યાની જેમ તારા મુખમાંથી નીકળ્યા કરશે? 3 શું દેવ અન્યાય કરે છે?
સર્વસમર્થ દેવ, જે વાત સાચી છે તેને શું બદલે છે? 4 જો તારા સંતા-
નોએ તેમની વિરૂદ્ધ પાપ કર્યા હશે, તો તેણે તેમને તે માટે સજા કરી છે.
5 જો તું ખંતથી દેવની શોધ કરશે અને એમની કરુણા યાચશે, 6 અને
તું જો પવિત્ર અને સારો હોઇશ તો એ તને ઝડપથી મદદ કરવા આવશે
અને તને તારાં કાયદેસરના ઘરને, પાછા આપી દેશે. 7 પછી તારી પાસે
પહેલા હતું તેના કરતા ઘણું વધારે હશે. 8 તું પહેલાની પેઢીઓને પૂછી
જો! જાણી લે આપણા પિતૃઓ શું શીખ્યા હતા? 9 આપણે તો આજકા-
લના છીએ, અને કાંઇજ જાણતા નથી. અહીં પૃથ્વી પરનું આપણું જી-
વન પડછાયા જેવું અલ્પ છે. 10 તેઓ કદાચ તને શીખવી શકશે. કદાચ
તેઓ તને તેઓ જે બાબત શીખ્યા હોય તે શીખવી શકે. 11 શું કાદવ
વિના કમળ ઊગે? જળ વિના બરુ ઊગે? 12 ના, જો પાણી સૂકાઇ જાય
તો તેઓ પણ સૂકાઇ જશે. 13 લોકો જે ઈશ્વરને ભૂલી જાય છે તે પેલા
બરુઓ જેવા છે. જે વ્યકિત ઈશ્વરને ભૂલી જાય છે તેને આશા રહેશે
નહિ. 14 તે માણસ પાસે અઢેલવા માટે કાઇ નથી. તેની સુરક્ષા કરોળિ-
યાના જાળ જેવી છે. 15 જો એક વ્યકિત કરોળિયાના જાળાને અઢેલી ને
ટેકો લે તો તે તૂટી જાય તે કરોળીયાના જાળાનો આશ્રય લે છે પણ તે
તેને ટેકો આપશે નહિ. 16 તે માણસ વનસ્પતિના એક છોડ જેવો છે જે-
ની પાસે પુષ્કળ પાણી અને સૂર્ય પ્રકાશ છે. તેની ડાળીઓ આખા બગી-
ચામાં ફેલાય છે. 17 પથ્થર પર ઉગવાની જગ્યા શોધતા તે જથ્થાબંદ
પથ્થરોને ઢાંકી દે છે. 18 પણ જો એને એકવાર ઊખેડવામાં આવે તો
પછી એ ઊગ્યાં હતાં કે નહિ એની ખબર પણ પડે નહિ. 19 આ તો તેના
માર્ગનું સુખ છે, અને જમીનમાંથી બીજા છોડ ઊગી નીકળે છે! 20 પરંતુ
દેવ નિર્દોષ લોકોને કદી અસમર્થ કરશે નહિ, અને અધમીર્ને કદી મદદ
કરશે નહિ. 21 તેઓ તારા ચહેરાને હાસ્યથી અને તારા હોઠોને આનંદના
પોકારોથી ભરી દેશે. 22 તારો તિરસ્કાર કરનારા દુશ્મનો શરમથી છુપાઇ
જશે અને દુષ્ટોના ઘરબાર નાશ પામશે."

9 ત્યારે અયૂબે જવાબ આપ્યો: 2 "હા, હું જાણું છું કે તું સાચું બોલે
છે. પરંતુ દેવ સાથેની દલીલ માણસ કેવી રીતે જીતી શકે? 3 જો
દેવ તેની સાથે દલીલ કરે, તો દેવના 1,000 પ્રશ્નોમાંથી શું ઓછા-
માંઓછો એકનો જવાબ તે આપી શકશે? 4 તે વિદ્ધાન તથા સર્વસમર્થ
છે, કોઇપણ માણસ ઈજા પામ્યા વગર દેવ સામે લડી શકે તેમ નથી.
5 તે દેવ જ્યારે ગુંસ્સે થાય છે ત્યારે પર્વતોને હલાવી દે છે અને તેઓને
તેની ખબર પડતી નથી. 6 દેવ પૃથ્વીને હલાવવા ધરતીકંપો મોકલે છે.
દેવ પૃથ્વીના પાયાઓ હલાવી નાખે છે. 7 જો તે આજ્ઞા કરે, તો સૂર્ય
ઊગશે નહિ, અને એ તારાઓને ગોંધી શકે છે જેથી તેઓ ઝગમગી શકે
નહિ. 8 તેણે એકલે હાથે આકાશને પાથર્યુ છે, અને સમુદ્રના મોજા પર
ચાલે છે. 9 તેણે સપ્તષિર્, મૃગશીર્ષ તથા કૃત્તિકા બનાવ્યા છે. તેણે
દક્ષિણી આકાશના નક્ષત્રો સર્જ્યા છે. 10 દેવ અદભુત કાર્યો કરે છે જે
લોકો સમજી શકતા નથી. અને કોઇ ગણી ન શકે તેનાથી વધારે ચમ-
ત્કારી કાર્યોનો કર્તા છે. 11 તે મારી બાજુમાંથી પસાર થાય છે; પણ હું
તેમને જોઇ શકતો નથી. તે આગળ ચાલ્યા જાય છે, પણ હું તેમને જોઇ
શકતો નથી. 12 તે જો ઓચિંતાના આવે અને તેમને જે કઈં જોઇતું હોય
તે ઝડપમારી પડાવી લે તો તેમને કોણ રોકી શકે? તેને કોણ પૂછી શકે,
'તમે આ શું કરો છો?' 13 ઈશ્વર તેમનો ગુસ્સો રોકશે નહિ રહાબનાં મદદ-
ગારો પણ દેવથી ડરે છે. માણસનો ગર્વ તેની સામે ઓગળી જાય છે.

14 તો પછી માત્ર મારા જેવા કઇ દલીલોને બળે એની સામે ઊભા રહી
શકે? 15 નિર્દોષ હોવા છતાં હું તેમને જવાબ આપી શકતો નથી મારા
ન્યાયાધીશ પાસે દયાની ભીખ માંગું એટલું જ હું કરી શકું. 16 હું જો
એની સામે ફરિયાદ કરું અને તે જવાબ આપે તો. મને ખાત્રી છે તે મારું
સાંભળશે નહિ. 17 તે મને કચરી નાખવા તોફાન મોકલશે. કારણ વગર
તે મને વધારે ઘાયલ કરશે. 18 તે મને શ્વાસ લેવા દેશે નહિ, પણ મને
મુશ્કેલીઓથી ભરપૂર કરી દેશે. 19 હું દેવને હરાવી શકીશ નહિ, તે ખુ-
બજ શકિતશાળી છે. હું દેવને ન્યાયાલયમાં લઇ જઇને મારી તરફ નિ-
ષ્પક્ષ રહેવાનો આગ્રહ કરી શકીશ નહિ. 20 હું નિર્દોષ છું, પણ હું જે કાંઇ
કહું છું તેમાં હું ગુનેગાર જ દેખાઉ છું, હું નિર્દોષ છું પણ જ્યારે હું બોલુ છુ,
મારુ મોઢુ મને અપરાધી સાબિત કરે છે. 21 હું નિર્દોષ છુઁ, પણ શું વિ-
ચાર કરવો તે હું જાણતો નથી. હું મારા પોતાના જીવનને ધિક્કારું છું.
22 ‘માણસ કદાચ ભલે વાંક વગરનો કે અનિષ્ટ હોય પરંતુ દરેકને સર-
ખીજ વસ્તુ થાય છે. તે બધાનો નાશ કરે છે.’ 23 જ્યારે કોઇ ભયંકર બા-
બત બની જાય અને એક નિર્દોષ માણસને મારી નાખવામાં આવે તો શું
દેવ તેના પર હસશે? 24 જ્યારે દુષ્ટ માણસ એક પ્રદેશને કબ્જામાં લઇ
લે છે, તો તે ન્યાયાધીશોને શું થઇ રહ્યું છે તે જોવા માટે રોકે છે? એ જો
સાચું હોય તો પછી દેવ કોણ છે? 25 મારા દિવસો એક દોડવીર કરતા
પણ વધારે ઝડપથી પસાર થઇ જાય છે. મારા દિવસો પસાર થઇ રહ્યા
છે અને તેમા કોઇ આનંદ નથી. 26 ઝડપથી પસાર થતા વહાણની જેમ
અંતે પોતાના શિકાર પર તૂટી પડતા ગરૂડની જેમ મારા દિવસો ચાલ્યાં
જાય છે. 27 જો હું એમ કહું કે ‘હું મારા દુ:ખ વિષે ભૂલી જઇશ. અને ખુશ
થઇને દેવ સામે ફરિયાદ ન કરવાનો નિર્ણય કરું.’ 28 વાસ્તવમાં કશું
બદલાતું નથી. વ્યથા હજી પણ મને ડરાવે છે. હું જાણું છું કે તમે મને
નિર્દોષ નહિ ગણો. 29 હું પહેલેથીજ ગુનેગાર ઠરાયો છું. તો હું ફોકટ શા
માટે શ્રમ કરું છું? 30 જો હિમથી હું મારું શરીર ધોઉં અને સાબુથી મારા
હાથ ચોખ્ખાં કરું. 31 તો પણ દેવ મને ખાઇમાં નાખી દેશે અને મારા
પોતાનાં જ વસ્ત્રો મને ધૃણા કરશે. 32 હું મારો પોતાનો બચાવ કરી
શકતો નથી કારણકે તમે મારા જેવા માણસ નથી. આપણે એક બીજાને
ન્યાયાલયમાં મળી શકીએ તેમ નથી. તમે માણસ હોત તો આપણે સા-
રી રીતે વાદ-વિવાદ કરી શક્યાં હોત. 33 મારી ઇચ્છા છે, કોઇ આડતિયો
હોત કે જે બંને પક્ષને સાંભળી શકે. હું ઇચ્છું છું એવું કોઇ હોત જે
આપણ બંનેનો ન્યાય કરી શક્યો હોત. 34 હું ઇચ્છું છુઁ, દેવનો શિક્ષા દંડ
મારા પરથી લઇલે એવું કોઇ હોત, તો પછી દેવ મને ક્યારેય ડરાવશે
નહિ. 35 તો હું દેવનો ડર રાખ્યા વગર તેને મોઢામોઢ કહી દઇશ. પણ
હમણાં હું એમ કરી શકું તેમ નથી.

10 હું જીવનથી કંટાળી ગયો છું. હું મુકત રીતે ફરિયાદ કરીશ. હું
દુ:ખ અને કડવાશથી બોલીશ. 2 હું દેવને કહીશ કે, ‘મને દો-
ષિત ન ઠરાવો; તમે મારી સાથે શા માટે ઝગડો કરો છો તે મને બતાવો.
3 દેવ, શું મને દુ:ખ આપીને તમને આનંદ મળે છે? એવું લાગે છે તમે જે
સર્જન કર્યુ છે તેની તમને કાળજી નથી. અથવા તો કદાચ તમે દુષ્ટ લો-
કોની યોજનાઓથી ખુશ થાઓ છો? 4 શું તને ચર્મચક્ષુ છે, અથવા શું તું
માણસની જેમ જુએ છે? 5 શું તમારા દિવસો અમારા દિવસો જેટલાં ટૂંકાં
છે? તમારું જીવન માણસના જીવન જેટલું ટૂંકુ છે 6 કે તમે મારી ભૂલ
શોધો છો અને મારા પાપ શોધો છો. 7 તમે સારી રીતે જાણો છો કે હું
નિર્દોષ છું. તમે જાણો છો કે તમારા હાથમાંથી મને કોઇ બચાવી શકે
તેમ નથી. 8 તમે તમારા પોતાના હાથે મને ઘડ્યો છે, પરંતુ હવે તેઓ
ભેગા થઇને મારો વિનાશ કરે છે. 9 યાદ રાખો કે હું માટીમાંથી બનેલો
છું. શું હવે તમે મને પાછો માટીમાં મેળવી દેશો? 10 તમે મને એક બાટ-
લીમાંથી બીજીમાં એમ દૂધની જેમ રેડ્યો છે અને મને પનીરની જેમ
વલોવો છો. 11 તમે મને ચામડી અને માંસથી મઢી લીધો. તમે મને હા-
ડકાં અને સ્નાયુઓથી વણી લીધો છે. 12 તમે મને જીવન આપ્યું, મારી
સાથે દયાળુ રહ્યાં, તમે મારું ધ્યાન રાખ્યું અને મારા આત્માનું રક્ષણ
કર્યું. 13 છતાં તમારા હૃદયમાં તો તમે આ છુપાવ્યું હતું. હું જાણું છું કે
તમારા મનમાં આ હતું: 14 તમે જોતા હતાં કે હું પાપ કરું છું કે નહિ,
એવા ઇરાદાથી કે જો હું પાપ કરું તો મને શિક્ષા કર્યા વગર છોડવો
નહિ. 15 જો હું પાપ કરું, તો મારે માટે બહું ખરાબ થશે. પણ જો હું નિ-
દોર્ષ હોઇશ તો પણ હું મારું માથું ઊપર ઉઠાવી શકીશ નહિ. હું ખૂબજ
શરમિંદો અને મુંઝાયેલો છું. 16 જો હું અભિમાની હોઉ તો તમે સિંહની
જેમ મારી પાછળ છો અને ફરીથી તમે મારી સામે તમારી અદભૂત
શકિત બતાવો છો. 17 તમે મારી વિરુદ્ધ નવા સાક્ષીઓ લાવો છો, અને
મારા ઉપર તમારો રોષ વધારો છો: અને મારો સામનો કરવા એક પછી
એક સૈન્ય મોકલો છો. 18 તો પછી તમે મને શા માટે ગર્ભમાંથી બહાર
કાઢ્યો? એના કરતાં તો હું મૃત્યુ પામ્યો હોત, કોઇએ મને જોયો સુદ્ધાં ન
હોત તો એ કેવું સારું થાત! 19 હું ઇચ્છું છું કે હું ક્યારેય જીવ્યો ન હોત!
હું ઇચ્છું છું કે હું મારી માતાના ગર્ભમાંથી સીધો કબરમાં લઇજવાયો
હોત. 20 તમને ખબર નથી કે હું હવે થોડા સમય માટે જીવવાનો છું?
21 મૃત્યુના પડછાયા અને અંધકારનો પ્રદેશ, કે જ્યાંથી કોઇ પાછા
આવતું નથી ત્યાં હું જાઉ તે પહેલા મારી પાસે જે થોડો સમય બચ્યો છે
તેનો આનંદ મને માણી લેવા દો. 22 આ મૃત્યુ દેશ તો મધ્યરાત્રિના
ઘોર અંધકાર જેવો દેશ છે; એ તો મૃત્યુછાયાનો દેશ છે જ્યાં બધું અસ્ત-
વ્યસ્ત છે તથા પ્રકાશ પણ અંધકારરૂપ છે.”’

11 ત્યારે સોફાર નાઅમાથીએ અયૂબને ઉત્તર આપ્યો: 2 “આટલા
બધા શબ્દો નિરુત્તર રહેશે? જો કોઇ માણસ બહુ બોલે તો તે તે-
ને સાચો ઠરાવશે? 3 શું તું વિચારે છે કે વાતો કરીને તું બીજા માણસોને
ચૂપ કરી દઇશ? તું શું વિચારે છે કે તું દેવની મશ્કરી કરીશ અને તને
કોઇ ઠપકો નહિ આપે? 4 કારણકે તું કહે છ કે, ‘હું જે કહું છું તે સાચું છે.
હું દેવની નજરમાં નિર્દોષ છું.’ 5 હું ઇચ્છું છું કે, દેવ બોલશે અને તને
કહેશે કે પોતે શું વિચારે છે! 6 દેવ તને ડહાપણના રહસ્યો વિષે કહેશે.
તે તને કહેશે કે દરેક વાત ને બે બાજુ હોય છે. અને તું ખાતરી રાખજે કે
તે તને તારા દોષોની પાત્રતાથી ઓછી સજા આપે છે. 7 અયૂબ, શું તું
ખરેખર માને છે કે તું દેવને સમજે છે? તું સર્વસમર્થ દેવને સમજી શકતો
નથી. 8 તું સ્વર્ગની બાબત કાંઇ કરી શકશે નહિ. શેઓલ બાબતે તું
કાંઇ જાણતો નથી. 9 તેનું માપ પૃથ્વી કરતાં પણ મહાન અને સમુદ્ર
કરતાં પણ વિશાળ છે. 10 તે ધસી જઇને કોઇની પણ ધરપકડ કરે;
અને તેનો ન્યાય કરવા તેને ન્યાયાલયમાં ઊભો કરી દે તો તેમ કરતાં
તેમને કોણ અટકાવી શકે? 11 સાચે જ દેવ જાણે છે કોણ નિરર્થક છે.
જ્યારે દેવ અનિષ્ટ જુએ છે ત્યારે તે તેને યાદ રાખે છે. 12 પણ મૂર્ખ મા-
ણસને તે બુદ્ધિમાન કરે છે, અને જંગલી ગધેડીના બચ્ચા જેવા માણસ-
ને તે સુધારે છે. 13 પણ તારે તારા હૃદયને માત્ર દેવની સેવા કરવા માટે
જ તૈયાર કરવું જોઇએ અને તેની પ્રાર્થના કરવા તારે તારા હાથ તેની
ભણી ઉપર કરવા જોઇએ. 14 જો તારા હાથ પાપથી ભરેલા હોય તો તેને
સ્વચ્છ કરી નાખ! તારાં ઘરમાં અનિષ્ટ ને દાખલ થવા દેતો નહિ
15 પછી તું દેવ સામે શરમાયા વગર જોઇ શકશે અને ભય વિના દેવ
સમક્ષ ઊભો રહી શકશે. 16 વહી ગયેલા પાણીની જેમ તું તારું દુ:ખ ભૂ-
લી જઇશ. અને તારા દુ:ખો ભૂતકાળ બની જશે. 17 તારું જીવન મધ્યા-
નના સૂર્યથી પણ વધુ ઊજળું થશે. અને અંધકાર પણ પ્રભાતના પ્રકાશ
જેવો બની જશે. 18 પછી તું સુરક્ષા અનુભવીશ કારણકે ત્યાં આશા છે.
દેવ તારી સંભાળ લેશે અને તને વિસામો આપશે. 19 તું નિરાંતે સૂઇ
શકશે અને તને કોઇ હેરાન કરશે નહિ. અને ઘણા લોકો તારી પાસે
મદદ માગવા આવશે. 20 દુષ્ટ લોકો કદાચ મદદ માગશે, પરંતુ તેઓ તે-
મની મુશ્કેલીમાંથી છટકી શકશે નહિ. તેમની આશાઓ તેમને મૃત્યુ સુ-
ધી દોરી જશે.”

12 ત્યારે અયૂબે ઉત્તર આપ્યો કે, 2 “હા, તમે જ પ્રજાના ડહાપણ-
નો ભંડાર છો; તમારા મૃત્યુની સાથે ડહાપણ પણ મરી પરવાર-
શે! 3 પરંતુ તમારી જેમ મને પણ ડહાપણ અને અક્કલ છે; અને હું
તમારા કરતાં ઊતરતો નથી; હા, એ બધું કોણ નથી જાણતું? 4 ‘એક
દિવસ દેવ મારી પ્રાર્થના સાંભળતા હતા;’ પણ હવે તો મારા મિત્રો પણ
મારી પર હસે છે, હું ખરેખર સાચો છું અને નિર્દોષ છું છતાં તેઓ હસે છે.
5 જે લોકોને મુશ્કેલીઓ નથી, તેઓ જે લોકોને મુશ્કેલીઓ છે તેમનો
તિરસ્કાર કરે છે. સ્થિર માણસ જેના પગ લથડી રહ્યાં છે તેને છેતરે છે.
6 ચોર ડાકુઓના ઘર આબાદ થાય છે. તેઓ સુખથી જીવે છે અને દેવને
પડકારનારાઓ સુરક્ષિત હોય છે; તેઓની તાકાત તે જ તેમનો દેવ છે.
7 પરંતુ પશુઓને તમે પૂછો તો તે તમને શીખવશે, જો પક્ષીઓને પૂછો
તો તે તમને કહેશે. 8 અથવા પૃથ્વીને પૂછો, તે તમને શીખવશે; સમુદ્ર-
માંની માછલીઓને પૂછો તો તે તમને માહિતી આપશે. 9 દરેક વ્યકિત

જાણે છે કે આ સર્વનું યહોવાએ સર્જન કર્યું છે. 10 બધાંજ જીવો તથા
મનુષ્યનો આત્મા પણ દેવના જ હાથમાં છે. 11 જેમ મારું મુખ સારા
ભોજનનો સ્વાદ પારખે છે તે જ રીતે જ્યારે હું સાંભળું છું ત્યારે મારું મન
સત્યની પરખ કરે છે. 12 અમે કહીયે છીએ, 'વૃદ્ધ પુરૂષોમાં ડહાપણ હોય
છે, અને પાકી વયમાં સમજણ હોય છે.' 13 પરંતુ ખરું ડહાપણ અને
સાર્મથ્ય તો દેવનાં જ છે. સમજ અને સત્તા તો તેની પાસે જ છે. 14 તે
મહા પરાક્રમી છે. તે જે કાંઇ ફાડી નાખે છે તે ફરીથી બાંધી શકાતું નથી.
જ્યારે તે માણસને કેદ કરે છે, ત્યારે કોઇ તેને છોડાવી શકતું નથી.
15 જ્યારે તે વરસાદને અટકાવે છે, એટલે જમીન સૂકાઇ જાય છે અને
જ્યારે તે વરસાદને છોડી દે છે, ત્યારે પાણી પૃથ્વી પર ફરી વળે છે.
16 દેવ સર્વસમર્થ છે અને હંમેશા જીતે છે. છેતરનારા અને છેતરાયેલાં
બંને તેનાં હાથમાં જ છે. 17 તે રાજમંત્રીઓની બુદ્ધિ લૂંટી લે છે અને
ન્યાયકર્તાઓને મૂર્ખા બનાવે છે. 18 રાજાઓ ભલે લોકોને કેદમાં પૂરે,
પણ દેવ તે લોકોને મુકત કરે છે, અને તેમને શકિતશાળી બનાવે છે.
19 તે દેવ યાજકો પાસેથી તેમની સત્તા આંચકી લે છે સરકારી અધિકારી-
ઓને તેમની નોકરીમાંથી કાઢી મુકે છે. 20 વિશ્વાસપાત્ર સલાહકારોને એ
ચૂપ કરે છે, અને વડીલોનું શાણપણ પણ છીનવી લે છે. 21 દેવ રા-
જાઓ ઉપર તિરસ્કાર કરે છે. તે શકિતશાળીઓની સત્તા આંચકી લે છે.
22 દેવ ગુપ્તમાં ગુપ્ત રહસ્ય પણ પ્રગટ કરે છે, તે મૃત્યુ જેવી કાળી
જગ્યાએ પણ પ્રકાશ પહોચાડે છે. 23 તે રાષ્ટ્રને મોટું બનાવે છે પછી તે-
ના લોકોને વિખેરી નાખે છે. 24 તે પૃથ્વીના લોકોના આગેવાનોની સમ-
જશકિત હણી લે છે અને તેઓને દિશા-વિહોણા અરણ્યમાં રખડતાં
હોય તેવા, 25 ઘોર અંધકારમાં અથડાતાં અને છાકટા માણસની જેમ
લથડતાં તેઓને કરી મૂકે છે."

**13** અયૂબે કહ્યું "તમે જે કઇં મને કહ્યું તે બધું તો મેં મારા કાનેથી
સાંભળ્યું છે, અને મારી આંખોએ જોયું છે અને હું એ બધું સમજું
છું. 2 તમે જે બધુ જાણો છો તે હું પણ જાણું છુ. તમે જેવા હોશિયાર છો
તેવો જ હું છું. 3 પણ મારે સર્વ સમર્થ દેવ સાથે મોઢાંમોઢ વાત કરવી છે.
મારે એમની સાથે વિવાદ કરવો છે. 4 તમે ત્રણ જણા તમારી અજ્ઞાન-
તાને જૂઠાણાથી છૂપાવવાની કોશિશ કરો છો. તમે બધાં ઊંટવૈદ જેવા
છો. જે કોઇને સાજા કરી શકતા નથી. 5 તમે મૂંગા રહ્યા હોત તો સારું
હતું! કારણકે એમાં તમારું ડહાપણ જણાત. 6 હવે મારી દલીલો સાંભ-
ળો, મારી બાબત પર ધ્યાન આપો. 7 શું તમે દેવ માટે જૂઠું બોલશો? શું
તમે સાચે એમ માનો છો કે તે તમારી પાસે જૂઠુ બોલાવવા માગે છે.
8 શું તમે દેવનો મારી સામે બચાવ કરવા પ્રયત્ન કરી રહ્યાં છો? તમે
પક્ષપાત કરો છો તમે દેવનો પક્ષ પસંદ કરો છો કારણકે તે દેવ છે એટ-
લા માટે. 9 સાવચેત રહેજો, તમે જે કાંઇ કરો છો એ બધં ુ તે જાણે છે.
શું તમે એમ માનો છો કે તમે જેમ માણસને મૂર્ખ બનાવો છો તેમ દેવને
પણ બનાવી શકશો? 10 તમે જાણો છો કે જો તમે ન્યાયાલયમાં કોઇ
વ્યકિતનો પક્ષ ફકત તે મહત્વપૂર્ણ વ્યકિત છે તે માટે લો છો તો દેવ
તમને ધિક્કારશે. 11 દેવની મહાનતા તમને નહિ ડરાવે તમે તેનાથી
કરશો નહિ? 12 તમારાં બધા જોરદાર સૂત્રો નિરર્થક છે અને તમારી બધી
દલીલો કોઇ કામની નથી. 13 હવે તમે છાના રહો, મને બોલવા દો અને
જે થવાનું હોય તે થવા દો. 14 ભલે ગમે તે થાય, હું મારું જીવન જોખમ-
માં મૂકવાં તૈયાર છું, હું મારો જીવ મૂઠીમાં લઇને ફરવા તૈયાર છું.
15 આમ કહેવાને કારણે દેવ ભલે મને મારી નાખે, હું તેમની રાહ જોઇશ;
તેમ છતાં હું તેમની સમક્ષ મારો બચાવ જરૂર રજૂ કરીશ. 16 ફકત એ જ
મારું તારણ પણ થઇ પડશે. કારણકે દુષ્ટ લોકોની દેવ સામે ઊભા રહે-
વાની હિંમત હોતી નથી. 17 હવે તમે મારી વાત સહેજ ધ્યાનથી સાંભ-
ળો. 18 હું કાળજીપૂર્વક મારી દલીલો રજૂ કરીશ. અને હું જાણું છું કે હું
નિદોર્ષ છૂટીશ. 19 મને કોણ ખોટો ઠરાવી શકે એમ છે? જો કોઇ પણ
હોય તો હું તત્કાળ ચૂપ થઇ જઇશ. 20 હે દેવ! માત્ર બે બાબતોથી તમે
મને મુકત કરો પછી હું તમારાથી મારું મુખ સંતાડીશ નહિ. 21 મને
સજા કરવાનું બંધ કરો અને મને ડરાવવાનું બંધ કરો! 22 પછી જો તમે
મારી સાથે બોલશો તો હું તમને જરૂર જવાબ આપીશ; અથવા મને બો-
લવા દો અને તમે જવાબ આપો. 23 મને કહો, "મેં શું ખોટું કર્યુ છે? મને
મદદ કરો! મારાં પાપ અને અપરાધ મને જણાવો. 24 શા માટે તમે મા-
રાથી મુખ ફેરવી લો છો? શા માટે તમે મારી સાથે તમારા દુશ્મન જેવું
વર્તન કરો છો? 25 શું તમે પવનથી ખરી પડેલા પાંદડાને શિક્ષા કરશો?
શું તમે સૂકા નિરર્થક તણખલાની પાછળ પીછો કરશો? હું તો એવો છું.
26 તમે મારી વિરુદ્ધ સખત ઠરાવ લખો છો અને મારી યુવાવસ્થાના પા-
પોની સજા મને આપો છો; 27 હે દેવ, તમે મારા પગમાં બેડીઓ બાંધો
છો, તમે મારા બધા રસ્તાઓ ધ્યાનથી નિરખો છો, અને મારું એકેએક
ડગલું તપાસો છો. 28 જો કે હું નીચે પડી સડી ગયેલ વૃક્ષ જેવો છું અને
ઊધઇથી ખવાઇ ગયેલા વસ્ત્ર જેવો છું."

**14** અયૂબે કહ્યું "માણસ કેવો નિર્બળ છે, તેનું આયુષ્ય અલ્પ છે
અને સંકટથી ભરપૂર છે. 2 જેમ ફૂલ ખીલે છે અને થોડીવારમાં
કરમાઇ જાય છે, વાદળ પસાર થઇ જાય છે અને તેની છાયા જતી રહે છે
મનુષ્યનું જીવન એક પડછાયા જેવું છે કે જે અહીં ટૂંકા સમય માટે રહે છે
અને પછી તે અદ્દશ્ય થઇ જાય છે. 3 શું આવા નિર્બળ માનવીની સામે
જોવાની ચિંતા તમે કરો છો? શું ન્યાય મેળવવા માટે તેને તમારી સમક્ષ
ઊભો કરવામાં આવશે? 4 અશુદ્ધ વસ્તુમાંથી શુદ્ધ વસ્તુ બનાવી શકે તો
કેવું સારું! પણ એવું બનવું અશક્ય છે. 5 તમે માણસના આયુષ્યના
મહિનાઓ એવાં મર્યાદિત કરી નાંખ્યા છે કે તેને ઓળંગી શકે નહિ; તે-
ના મહિનાઓની ગણતરી તમારા હાથમાં છે. 6 તેથી દેવ અમારી સામે
જોવાનું બંધ કરો. અમને એકલા રહેવા દો, દિવસને અંતે ભાડૂતી મજુર-
ને મળતા મહેનતાણાની જેમ અમને અમારા વળતરનો આનંદ માણવા
દો. 7 ઝાડને પણ આશા છે. તે ભલે કપાઇ ગયું હોય; તે પાછું વિકાસ
પામી શકે છે અને તેને નવાં અંકુર ફૂટી શકે છે. 8 તેનાં મૂળિયા કદાચ
જમીનમાં ઊગે અને તેનું થડ જમીનમાં સૂકાઇ જાય. 9 તે છતાંપણ તે
જો ફરતે પાણી સૂંઘે તો એ નવા છોડની જેમ ડાળીઓ ઉગાડી શકે.
10 પરંતુ માણસ જો મૃત્યુ પામે છે તો તે સમાપ્ત થઇ જાય છે. જ્યારે તે
મરી જાય છે એ ચાલ્યો જાય છે. 11 જેમ સાગરમાંથી પાણી ઊડી જાય
છે, અને નદી ક્ષીણ થઇને સુકાઇ જાય છે; 12 તેમ માણસ સૂઇ જઇને
ક્યારેય પાછો ઊઠતો નથી; જ્યાં સુધી આકાશોનું અસ્તિત્વ ન રહે ત્યાં
સુધી માણસ ફરીથી તેની ઊંઘમાંથી જાગશે નહિ. 13 હું ઇચ્છું છું કે તમે
મને શેઓલમાં સંતાડો, અને તમારો ક્રોધ શમી જાય ત્યાં સુધી છુપાવી
રાખો, અને મને ઠરાવેલ સમય ઠરાવી આપીને યાદ રાખો તો કેવું સારું!
14 માણસ મૃત્યુ પામ્યાં પછી શું તે ફરીથી સજીવન થશે ખરો? જ્યાં સુ-
ધી મને મુકત કરવામાં ન આવે ત્યાં સુધી હું રાહ જોઇશ. 15 દેવ તમે
મને બોલાવશો ત્યારે હું તમને જવાબ આપીશ. પછી હું જેનું તમે સર્જન
કર્યું છે, તમારા માટે મહત્વનો હોઇશ. 16 પછી તમે મારાં એકેએક પગ-
લાંને નજરમાં રાખશો, પણ મારા દુષ્કૃત્યો તમને યાદ નહિ આવે.
17 તમે મારા પાપોને એક થેલામાં બાંધશો, અથવા તમે મારા ગુનાઓ
ઉપર ચીતરશો! 18 પર્વતો પડીને નષ્ટ થાય છે, અને ખડકો પોતાની
જગાએથી ચળી જાય છે. 19 પથ્થરો પર સતત વહેતું પાણી તેને ઘસારો
પહોચાડે છે. પાણીના પૂર પૃથ્વી પરની જમીનને ધોઇ નાખે છે અને તે-
વી જ રીતે દેવ, તમે મનુષ્યની આશાઓનો વિનાશ કરી નાખો છો.
20 તમે મનુષ્યને સંપૂર્ણ રીતે હરાવ્યો અને પછી તે દૂર ચાલ્યો જાય છે.
તમે તેને ઉદાસ બનાવીને દૂર મોકલી દો છો. 21 તેના સંતાનો આદર-
પાત્ર થયાં છે કે નહિ, તેની તેને જાણ નથી; અથવા જો તેઓ નીચે
લવાયા હોય તો અપમાનિત કરાયા હોય, એ વિષે પણ તે અજાણ છે.
22 તે માત્ર પોતાના દેહનું દુ:ખ અનુભવી શકે છે અને મોટેથી પોતાના
માટે રડે છે."

**15** પછી અલીફાઝ તેમાનીએ જવાબ આપ્યો: 2 "અયૂબ જો તું
ખરેખર બુદ્ધિમાન હોત તો રડતા શબ્દોથી તું ઉત્તર ન આપત.
શું કોઇ શાણો માણસ, પોલા શબ્દોથી દલીલ કરે? 3 તને એવું લાગે છે
કે શાણો માણસ નકામા શબ્દો અને અર્થ વગરની વાતોથી દલીલ કર-
શે? 4 અયૂબ, જો તારી પાસે તારા પોતાના રસ્તા હોત તો કોઇએ પણ
દેવને માન આપ્યું કે ઉપાસના કરી ન હોત. 5 તું જે વાતો કરે છે તે તારા
પાપો બતાવે છે. અયૂબ, તું ચતુરાઇ ભરેલા શબ્દો વડે તારા પાપ છૂપા-
વવાનો પ્રયત્ન કરે છે. 6 હું નહિ, તારા શબ્દો જ તને દોષિત ઠરાવે છે,
હા, તારી વાણી જ તારું પાપ પોકારે છે. 7 તું જ પહેલવહેલો જન્મ્યો છે
એમ તું માને છે? શું પર્વતો ઉત્પન્ન થયા તે પહેલાં તું જન્મ્યો હતો? 8 દે-
વની ગુપ્ત યોજનાઓ વિષે તમે સાંભળ્યું છે ખરું? શું તને એમ છે તું એક
જ બુદ્ધિશાળી વ્યકિત છે? 9 અમારી પાસે ન હોય એવું ક્યું જ્ઞાન તારી

પાસે છે? અમારાં કરતાં તારામાં કઇ વિશેષ સમજદારી છે? 10 જેઓ તા-
રા પિતા કરતાં પણ મોટી ઉંમરનાં છે તે વૃદ્ધ અને અનુભવવાળાં માણ-
સો અમારા પક્ષે છે! 11 દેવ તને આશ્વાસન આપવાની કોશિષ કરે છે,
પણ એ તારા માટે પૂરતું નથી. અમે તને દેવનો સંદેશો નમ્રતા પૂર્વક
કહ્યો. 12 તું શા માટે ઉશ્કેરાઇ જાય છે? તારી આંખો કેમ મિચાય છે?
13 તું તારો ગુસ્સો દેવની ઉપર કેમ ઠાલવો છો? તમે શા માટે આમ બો-
લો છો? 14 શું માણસ પવિત્ર હોઇ શકે? સ્ત્રીજન્ય માનવી કદી નિદોર્ષ
હોઇ શકે? 15 જો, તે પોતાનાં સંત પુરુષોનો પણ ભરોસો કરતો નથી.
તેમની દ્રષ્ટિએ તો આકાશો પણ સ્વચ્છ અને શુદ્ધ નથી! 16 1મનુષ્ય
તો અધમમાં અધમ છે. મનુષ્ય મલિન અને અપ્રામાણિક છે. પછી મા-
ણસનું શું તે જે પાપોને પાણીની જેમ પી જાય છે. 17 "હું કહું તે સાંભ-
ળો; અને હું તો મેં જે જોયું છે, જાણ્યું છે તે જ કહેવાનો છું. 18 આવા જ
અનુભવો જ્ઞાની માણસોને થયેલા છે. તેઓ તેઓનાં પિતૃઓ પાસેથી
જે શીખ્યા હતા તે કાંઇ પણ તેઓએ છૂપાવ્યું નથી. 19 એકલા આપણા
પિતૃઓનેજ તેઓની પોતાની ભૂમિ આપવામાં આવી હતી. કોઇ વિદે-
શીઓ તેઓની ભૂમિમાથી પસાર થતા નહિ. તેઓ જે તેમના પિતાઓ
પાસે શીખ્યા તેમાંથી કાઇ પણ છૂપાવ્યું નથી. તેઓએ જ આ ડહાપણ
ભરેલી શિખામણ આપેલી છે. 20 એક દુષ્ટ માણસ તેના આખા જીવન
પર્યંત પીડા ભોગવે છે. દુષ્ટ લોકોના દહાડા બહુ ટૂંકા હોય છે. 21 દરેક
અવાજ તેને ડરાવે છે. જે સમયે તે વિચારે છે કે તે સુરક્ષિત છે ત્યારે તે-
ના દુશ્મનો આવી અને તેના પર હૂમલો કરશે. 22 અંધકારમાંથી છટક-
વાની એને કોઇ આશા નથી. કોઇક જગ્યાએ ત્યાં એક તરવાર તેને માર-
વાની રાહ જોઇ રહી છે. 23 તે ખોરાક માટે ભટકે છે પરંતુ તે ક્યાં મેળવે
છે? તે જાણે છે કે મૃત્યુના દિવસો નજીક છે. 24 સંકટ તથા વેદના તેને
ભયભીત કરે છે; યુદ્ધને માટે સજ્જ થયેલા રાજાની જેમ તેઓ તેના પર
વિજય મેળવે છે. 25 તેણે દેવની સામે પોતાની મુક્કી ઉગામી છે અને
સર્વસમર્થ દેવની સામે લડે છે. 26 તે દુષ્ટ વ્યકિત બહુ દુરાગ્રહી છે. મજ-
બૂત ઢાલથી સજ્જ થઇને તે દેવને પડકાર કરે છે. 27 એ દુષ્ટ માણસ
છકી ગયેલો, પુષ્ટ અને ધનવાન છે. તે માણસ કદાચ ચરબી યુકત અને
ધનવાન હશે. 28 પરંતુ તેના નગરો ખંડેર બની જશે, તેના ઘરનો નાશ
થઇ જશે અને તેનું ઘર ઉજ્જડ થઇ જશે. 29 તે ધનવાન નહિ રહે એની
સમૃદ્ધિ ટકશે નહિ. તે તેની સંપતિ ટકશે નહિ. 30 દુષ્ટ માણસ અંધકાર-
માંથી બચશે નહિ, તે એક વૃક્ષ જેવો થશે જેની કુમળી ડાળીઓ જવા-
ળાઓથી બળી જાય છે અને પવનમાં ફૂંકાઇ જાય છે. 31 દુષ્ટ માણસે
નિરર્થક બાબતોમાં વિશ્વાસ કરીને પોતાને મૂર્ખ બનાવવો જોઇએ નહિ.
કારણકે તેને કાંઇ મળશે નહિ. 32 દુષ્ટ માણસ તેના જીવનનો અંત
આવે તે પહેલા વૃદ્ધ થશે અને કરમાઇ જશે, તે સૂકી શાખા જેવો થશે.
33 તે જેની કાચી દ્રાક્ષ ખરી પડે એવા દ્રાક્ષના વેલા જેવો, જેનું અપકવ
ફળ ખરી પડે એવા જૈતૂનના વૃક્ષ જેવો છે, 34 કારણકે દેવ વિનાના લો-
કો પાસે કાઇ હોતું નથી. જેઓ પૈસાને પ્રેમ કરે છે, તેઓના ઘરો અગ્નિથી
નાશ પામી જશે. 35 દુષ્ટ લોકો હમેશા હેરાન કરવા માટે દુષ્ટ યોજનાઓ
બનાવે છે. તેઓ હંમેશા લોકોને છેતરવાની યોજનાઓ બનાવતા હોય
છે."

16 ત્યારે અયૂબે પ્રત્યુતર આપ્યો, 2 "આ બધું તો મેં પહેલાં સાંભ-
ળેલું છે. તમારો તો આશ્વાસન પણ ત્રાસદાયક છે. 3 શું તમારા
નકામા શબ્દોનો અંત નથી? તમારી સાથે શું ખોટું થયું છે કે તમે આ પ્ર-
માણે દલીલો કર્યા કરો છો. 4 જો તમારી જગાએ હું હોત તો હું આ પ્રમા-
ણે જ બોલી શક્યો હોત. મેં તમારી સામે ડાહી વાતો કરી અને માથું
હલાવ્યું હોત. 5 માત્ર મૌખિક રીતેજ હું તમને હિંમત આપી શક્યો
હોત,માત્ર મારા હોઠ ફફડાવીને જ હું તમને આશ્વાસન આપી શક્યો
હોત. 6 જો કે હું બોલું તો પણ મારું દુ:ખ દૂર થવાનું નથી; અને જો હું
ચૂપ રહું તો મને કેવી રીતે આરામ મળે? 7 સાચેજ દેવ! તમે મારી શકિત
લઇ લીધી છે, તમે મારા આખા કુટુંબનો નાશ કર્યો છે. 8 હે દેવ! તમે
મને કેવો હાડપિંજર જેવો બનાવી દીધો છે! લોકો એને મારાં પાપોનું
પરિણામ માને છે. 9 દેવ મારા પર હુમલો કરે છે, તે મારી સાથે ઉદ્વિગ્ન
છે અને મારા શરીરને કાપીને અલગ કરે છે. દેવ મારી સામે તેના દાંત
પીસે છે. મારા દુશ્મનો મારી સામે ધિક્કારથી જુએ છે. 10 લોકો મારી
આજુબાજુ ટોળે વળી ગયા છે. તેઓ મારી મશ્કરી કરે છે અને મારા મો-
ઢા પર તમાચો મારે છે. 11 દેવે મને દુષ્ટ લોકોને સોંપી દીધો છે; તેણે દુ-
ષ્ટ લોકોને મને ઇજા પહોંચાડવાની મંજૂરી આપી છે. 12 હું સુખચેનમાં
હતો, ત્યારે તેણે મને કચડી નાખ્યો; હા, તેમણે મને ગરદનમાંથી પક-
ડ્યો અને મારા ટૂકડેટૂકડા કરી નાખ્યા. દેવે મારો નિશાન તરીકે ઉપ-
યોગ કર્યો. 13 દેવના ધનુર્ધારી માણસોએ મને ઘેરી લીધો છે. તેઓ મા-
રુ હ્રદય ફાડી નાખે છે. તે દયા દાખવતા નથી. તે મારુ પિત્ત જમીન પર
ઢોળે છે. 14 મારાં પર તે વારંવાર આક્રમણ કરે છે અને યોદ્ધાની જેમ તે
મારા પર તૂટી પડે છે. 15 હું ખૂબ ઉદાસ છું તેથી મે આ શોકના વસ્ત્રો
પહેર્યા છે, હું અહી ધૂળ અને રાખ પર હાર માનીને બેઠો છું. 16 હું કોઇ
ઉપર ક્રૂર થયો ન હતો. મારી પ્રાર્થનાઓ પવિત્ર અને સાચી છે. 17 રડી
રડીને મારું મોં લાલ થઇ ગયું છે. મારી આંખોની આજુબાજુ કાળા કુંડા-
ળા પડી ગયાં છે. 18 હે પૃથ્વી ન્યાય માટે તલસતાં મારા લોહીને તું
ઢાંકી દઇશ નહિ. મારી ફરિયાદ માટે પોકારતાં મારા અવાજને તું દાટી
દઇશ નહિં. 19 હજુ પણ આકાશમાં કોઇ છે જે મારી તરફેણમાં બોલે છે.
ઉપર કોઇ છે જે મારી સાક્ષી પૂરશે. 20 મારા મિત્રો મારી વિરૂદ્ધ બોલે છે
જયારે હું દેવ આગળ આંસુ રેડું છું. 21 જેમ એક વ્યકિત તેના મિત્ર માટે
દલીલો કરે તેમ દેવ સામે મારા માટે બોલે છે. 22 થોડાજ વષોર્ માં હું એ
જગ્યાએ જઇશ જ્યાંથી હું પાછો ફરવાનો નથી."

17 "હું ત્રાહિત છું. મારો આત્મા રૂંધાય છે. હું જીવનને આરે આવી
ઊભો છું, હવે કબર સિવાય મારે માટે કોઇ મારી રાહ જોતું
નથી. 2 મારી આજુબાજુ હવે માત્ર મારી હાંસી કરનારાઓ જ રહ્યાં છે;
અને જ્યારે તેઓ કઠોર વચનો બોલે છે, હું તેઓને નજરમાં રાખું છું.
3 દેવ, મને બતાવો કે તમે ખરેખર મને આધાર આપો છો. બીજુ કોઇ
મને આધાર નહિ આપે. 4 હે દેવ, તમે જ તેઓને આ સમજવા દીધું
નથી, તેથી તમે તેઓને જીતવા દેશો નહિ. 5 તમે જાણો છો, લોકો શું
કહે છે, 'જ્યારે એક માણસ પોતાની સંપતિનો હિસ્સો મેળવવા માટે પો-
તાના મિત્રોને વાત કરે છે, તેના બાળકો અંધ બની જશે.' 6 દેવે મને
લોકોમાં હાંસીપાત્ર બનાવ્યો છે; તેથી લોકો મારા મોઢા પર થૂંકે છે.
7 દુ:ખથી આંસુ સારવાથી હવે મારી આંખે અંધારા આવે છે,અને મારાં
અંગો પડછાયા જેવા બની ગયા છે. 8 ન્યાયી લોકો આને લીધે ઉદ્વિગ્ન
છે. નિદોર્ષ લોકો જેઓ દેવની કાળજી કરતાં નથી તેને લીધે વ્યથિત
છે. 9 છતાંય સજ્જન પુરૂષો પોતાના માર્ગમાં ટકી રહેશે અને પ્રામાણિક
નીતિવાન અધિકાધિક બળવાન થતાં રહેશે. 10 પરંતુ તમે બધા રહેવા
જ દો, પાછા આવો, મને તમારી વચ્ચે એકપણ શાણો માણસ નહિ
મળે. 11 મારું જીવન પસાર થતું જાય છે. મારી યોજનાઓ નષ્ટ થઇ
ગઇ છે. મારી આશાઓ અદ્રશ્ય થઇ ગઇ છે. 12 પણ મારા મિત્રો રાત ને
દિવસ માને છે, અંધકાર હોવા છતાં તેઓ કહે છે," પ્રકાશ નજીકમાં છે."
13 13કદાચ આશા રાખુંકે કબર મારું નવું ઘર બને. હું કબરના અંધકાર-
માં પથારી પાથરવાની પણ કદાચ આશા રાખું. 14 મેં કબરને એમ કહ્યું
છે, 'તમે મારા પિતા છો.' મેં કીડાઓને કહ્યું છે, 'તમે મારી માતા અને
બહેનો છો.' 15 તો પછી હવે, મારે માટે કોઇ આશા રહી ખરી? કોણ જો-
શે, મારા માટે કોઇ આશા છે કે નહિ? 16 મારી આશા, નીચે મૃત્યુલોક
સુધી જશે? આપણે માટીમાં સાથે મળી જઇશું"

18 એટલે બિલ્દાદ શૂહીએ જવાબ આપ્યો કે, 2 "અયૂબ, તું ક્યાં
સુધી આમ શબ્દોને પકડવા જાળ ફેલાવ્યા કરીશ? સમજદાર
થા, પછી અમે તારી સાથે વાત કરીએ. 3 તમે અમને શા માટે ઢોર જેવા
ગણો છો? અને શા માટે અમને મૂર્ખ માનો છો? 4 અયૂબ, તું જ તારા ક્રો-
ધથી તારી જાતને દુ:ખ પહોંચાડી રહ્યો છે. શું તારા માટે લોકોએ પૃથ્વી
છોડીને જવું? શું તમે વિચારો છો કે માત્ર તમારા સંતોષ માટે દેવ પર્વ-
તોને હલાવશે? 5 હા, દુષ્ટ લોકોનું તેજ બહાર ચાલ્યંુ જશે. તેનો અગ્નિ
બળતો બંધ થઇ જશે. 6 તેના પ્રકાશિત ઘરમાઁ અંધારૂ થશે. તેની પાસે-
નો દીવો હોલવાઇ જશે. 7 તેનાં મજબૂત પગલાં નબળાં પડી જશે. તેની
અનિષ્ટ ઇચ્છાઓ તેને નીચે પાડશે. 8 તે ફાસલામાં ચાલે છે; તેના પગ
એમાં ફસાઇ જાય છે. 9 ફાસલો તેના પગની પાની પકડી લે છે, એના
પાશમાં તે જકડાઇ જાય છે. 10 જમીન પર જાળ સંતાઇને પડી હશે, તે-
નાં માર્ગમાં એ પાથરેલી હશે. 11 એની ચારેકોર ભય તેની પર ત્રાટકવા
ટાંપી રહ્યાં છે. દરેક પગલું તેની પાછળ તે ભરે છે. 12 ભૂખથી તેનું બળ
ક્ષીણ થઇ જશે. વિનાશ તેને નીચો પાડવાં રાહ જોઇને ઊભા હોય છે.

13 ભયંકર બિમારીઓ તેની ચામડીને કોરી ખાશે. એના હાથ, પગ કોહ-
વાઇ જશે. 14 એ જે ઘરમાં નિરાંતે જીવે છે એમાંથી એને બહાર ખેંચી કા-
ઢવામાં આવે છે અને એને ભયના રાજાની હાજરીમાં લાવવામાં આવશે.
15 જેઓ તેનાં નથી તેઓ તેના ઘરમાં વસશે; એના ઘર પર ગંધક છાંટ-
વામાં આવે શે. 16 તેની નીચેથી મૂળીયાં સડી જાય છે, તેની ઉપરની
ડાળીઓ સુકાઇ જાય છે. તેથી તે મૃત્યુ પામશે. 17 આ દુનિયામાં તેનું
નામનિશાન રહેશે નહિ. એને કોઇ પણ યાદ કરશે નહિ. 18 પ્રકાશમાંથી
તેને અંધકારમાં ધકેલી દેવામાં આવશે અને જગતમાંથી તેને હાંકી કાઢ-
વામાં આવશે. 19 તેને કોઇ સંતાન કે પૌત્ર, પૌત્રીઓ હશે નહિ. તેના કુ-
ટુંબમાંથી કોઇ જીવતું નહિ રહે. 20 પશ્ચિમના લોકો દિગમૂઢ થઇ જશે
જ્યારે તેઓ સાંભળશે કે તે દુષ્ટ માણસને શું થયું. અને પૂર્વના લોકો
ભયને કારણે તેમના વાળ ખેંચી નાખશે. 21 દુષ્ટ લોકોના ઘરને ખરેખર
આમ થશે, જેને દેવનું જ્ઞાન નથી તેની આવી જ દશા થશે.”

19 ત્યારબાદ અયૂબે જવાબ આપ્યો: 2 “તમે ક્યાં સુધી મને
આવો ત્રાસ આપ્યા કરશો? અને મહેણાં મારીને મને કચડ્યા
કરશો? 3 તમે પહેલેથીજ મને દસ વખત મહેણાં માર્યાં છે. જયારે તમે
મારા પર હુમલો કરો છો, તમને શરમ આવતી નથી! 4 જો મેં પાપ કર્યુ
પણ હોય, તો તે મારી સમસ્યા છે. તે તમને દુ:ખ નહિ પહોંચાડે.
5 તમારે ફકત તમારી જાતને મારી કરતા સારી દેખાડવી છે. તમે કહો છો
કે મારી સમસ્યા એ મારો દોષ છે. 6 આટલું સમજી લો દેવે મને વિના
વાંકે દંડ્યો છે અને મને ફાંસલામાં પકડી લીધો છે તે સાચું છે. 7 જો હું
એમ બૂમો પાડું, “મારી મદદ કરો, મારા ઉપર હુમલો થયો છે.” તો કોઈ
મારી મદદે આવતું નથી. જો હું પોકાર કરું તોય મને ન્યાય મળતો
નથી. 8 દેવે મારો માર્ગ બંધ કરી દીધો છે.તેણે મારા રસ્તાઓને અંધકા-
રથી ઢાંકી દીધા છે. 9 એમણે મને બેઆબરુ કર્યો છે અને અપમાનિત
પણ કર્યો છે. મારા માથા પરનો મુગટ ઉતારી નાંખ્યો છે. 10 જ્યાં સુધી
મારો વિનાશ ન થાય ત્યાં સુધી ચારે બાજુથી તે મારા પર પ્રહાર કરે છે.
મારી આશાઓ ઝાડની જેમ મૂળમાંથી ઉખેડાઇ ગઇ છે. 11 તદુપરાંત તે-
મણે પોતાનો બધો રોષ મારી વિરુદ્ધ પ્રગટ કર્યો છે, તેઓ મને પોતાનો
શત્રુ જેવો ગણે છે. 12 તેણે તેનું આખું સૈન્ય મારી સામે મૂકી દીધું છે,
મારી આજુબાજુ હુમલો કરવા માટે ઊંચી મજબૂત ઇમારતો બાંધી છે.
અને મારા ઘરની આસપાસ છાવણીઓ નાખી છે. 13 તેમણે મને મારા
ભાઇઓ અને સાથીઓથી વિખૂટો પાડ્યો છે. હું બધાય સ્વજનોમાં
અજાણ્યા જેવો લાગું છું. 14 સગાંવહાંલાઓએ મને તજી દીધો છે. મારા
મિત્રો પણ મને ભૂલી ગયા છે. 15 મારા ઘરમાં જે મુલાકાતીઓ રહે છે તે
તથા મારા નોકરો પણ મને પારકા જેવો ગણે છે. તેઓને હું વિદેશી જેવો
લાગુ છું. 16 મારા નોકરને હું બોલાવું છું અને તે આવતો નથી. જો હું
મદદ માટે આજીજી કરું તો પણ તે જવાબ આપતો નથી. 17 મારી
પત્ની મારા શ્વાસનેજ ધિક્કારે છે, અને મારા સગા ભાઇઓ પણ મારો
તિરસ્કાર કરે છે. 18 નાનાં બાળકો પણ મારો તિરસ્કાર કરે છે; અને
જ્યારે હું ઊઠું છું ત્યારે તેઓ મને ખરાબ શબ્દો કહે છે. 19 મારા ગાઢ મિ-
ત્રો મારો તિરસ્કાર કરે છે. મારા સૌ પ્રિયજનો મારી વિરૂદ્ધ થઇ ગયાં છે.
20 હું ખૂબ પાતળો છું, મારાં હાડકાંમાંથી મારી ચામડી ઢીલાશથી લટકે
છે. મારામાં થોડોકજ જીવ બાકી રહ્યો છે. 21 હે મારા મિત્રો, મારા પર
દયા કરો, કારણકે દેવ મારી વિરૂદ્ધ થઇ ગયા છે. 22 શા માટે દેવની જેમ
તમે પણ મારી પાછળ પડ્યાં છો? મેં વેઠેલા દુ:ખોથી પણ તમને સંતોષ
નથી થતો શું? 23 હું ઇચ્છું છું, કોઇ હું શું બોલું છું તે યાદ રાખે અને તે
એક ચોપડીમાં લખે. હું ઇચ્છું છું મારા શબ્દો ટીપણી પર લખાય. 24 હું
ઇચ્છું છું કે, હું જે કહું છું તે લોખંડની કલમથી સીસાથી ખડક પર કોતર-
વામાં આવે તો તે સદાય રહેશે. 25 હું જાણું છું કે મારો ઉધ્ધાર કરનાર
કોઇ છે. હું જાણુ છું તે જીવે છે. અને આખરે તે અહીં પૃથ્વી પર ઊભો
રહેશે અને મારો બચાવ કરશે. 26 મારી ચામડી ઉતરડાઇ જશે અને મા-
રો દેહ પડી જશે પછી પણ હું મારા દેવને મળીશ. 27 હા, હું તેમને મારી
પોતાની આંખો વડે જોઇશ.બીજું કોઇ નહિ હું પોતેજ દેવને જોઇશ અને
તે મને મનમાં કેટલો ક્ષુબ્ધ અનુભવ કરાવે છે તે હું તમને કહી શકતો
નથી. 28 તમે કદાચ કહો, “અમે અયૂબને હેરાન કરીશું. અને તેનો વાંક
કાઢવા કઇક કારણ શોધીશું.” 29 તરવારથી તમારે ડરવું જોઇએ; કારણ-
કે દેવ ગુનેગાર ને સજા આપે છે. તમને સજા આપવા દેવ તરવારનો
ઊપયોગ કરશે. ત્યારે તમને ખબર પડશે કે ન્યાય કરનાર એક છે.”

20 પછી નાઅમાથી સોફારે પ્રત્યુત્તર આપ્યો: 2 “હવે હું અકળા-
મણ અનુભવું છું અને જવાબ આપવાને અધીરો બની ગયો છું.
3 તમે તમારા જવાબોથી અમારું અપમાન કર્યું! પણ હું ચાલાક છું અને
તને કેવી રીતે જવાબ આપવો તે જાણું છું. 4 શું તને ખબર નથી કે, પ્રા-
ચીન કાળથી, એટલે કે મનુષ્ય પૃથ્વી પર આવીને વસ્યો ત્યારથી 5 દુ-
ષ્ટ લોકોની કીતિર્ ક્ષણભંગુર છે, તથા નાસ્તિકનો આનંદ ક્ષણિક છે?
6 એનું ઘમંડ ભલેને આકાશ જેટલું ઉંચુ થાય, એનું મસ્તક ભલેને વાદ-
ળોને આંબી જાય; 7 પણ એ પોતાના જ વિષ્ટાની જેમ હંમેશને માટે
નાશ પામે છે. જેમણે એને જોયો છે તેઓ પૂછે છે; ‘તે ક્યાં છે?’ 8 સ્વ-
પ્નની જેમ તે અદ્રશ્ય થઇ જશે. રાત્રિના સંદર્શનની જેમ તે અદ્રશ્ય થઇ
જશે. 9 જેણે તેને જોયો હતો, તે તેને ફરી કદી જોઇ શકશે નહિ. તેનું કુ-
ટુંબ તેની સામે ક્યારેય નહિ જોવે. 10 દુષ્ટ માણસનાં સંતાનો એ ગરીબ
પાસેથી જે લીધું હતું તે પાછું આપશે. 11 તે જ્યારે જુવાન હતો, તેના હા-
ડકા મજબૂત હતા. પણ તેના બાકીના શરીરની જેમ, તેઓ ધૂળમાં મળી
જશે. 12 તેણે પોતાની દુષ્ટતાના સ્વાદમાં આનંદ માણ્યો છે. દુષ્ટતાને
તેણે પોતાના મુખમાં ધીમે ધીમે ઓગળવા દીધી છે. 13 દુષ્ટ માણસ
અનિષ્ટ ને માણે છે. તે તેનાથી છૂટવા માગતો નથી. તે તેના મોઢામાં
સાકરના ટૂકડા જેવું છે. 14 પરંતુ તેનાં પેટમાં એ અનિષ્ટ ઝેરમાં બદલાઇ
જશે. તે તેની અંદર કડવા ઝેર જેવું થઇ જશે, સાપના ઝેર સમાન.
15 એણે જે ધનસંપતિ ગળી ગયો છે તે એણે ઓકી નાખવી પડે છે. દેવ
એનાં પેટમાંથી એ કઢાવે છે. 16 એણે જે શોષી લીધું હતું તે સાપનું ઝેર
હતું. સાપનો એ ડંખ એને મારી નાંખે છે. 17 તેણે હડપ કરી લીધેલી
વસ્તુઓ તેને આનંદ આપશે નહિ, તેને દૂધ અને મધની નદીઓનો
આનંદ મળશે નહિ. 18 એણે મહેનતથી જે મેળવ્યું છે તે ભોગવ્યાં વિ-
નાજ એને પાછું આપવું પડશે. જે ધનસંપતિ એ કમાયો છે તે એ માણી
શકશે નહિ. 19 કારણકે એણે ગરીબોને રંજાડ્યાં છે ને તરછોડ્યાં છે,
બીજાના બાંધેલા ઘર પચાવી પાડ્યાં છે. 20 તે કદી ધરાયો નથી. તેની
ધનસંપતિ તેને બચાવી શકશે નહિ. 21 તે જ્યારે ખાય છે, કાંઇ બાકી
રહેતું નથી. તેની સફળતા સતત રહેતી નથી. 22 એ સિદ્ધિના શિખરે હશે
ત્યારે જ આફતો તેને હંફાવશે. તેની આફતો સંપૂર્ણ શકિત પૂર્વક તેના
ઉપર ઊતરી પડશે. 23 જ્યારે તેનું પેટ તેને જે જોઇએ છે તેનાથી ભરાયું
હશે, દેવ તેની સામે ભભૂકતા ક્રોધનો વરસાદ વરસાવશે. દેવ તેના પર
સજાનો વડસાદ વરસાવશે. 24 જો એ લોઢાની તરવારમાંથી છટકી જશે
તો કાંસાનું બાણ એને વીંધી નાખશે. 25 તેના પેટમાંથી બાણ આરપાર
નીકળી જશે, અને પીઠમાંથી ભોંકાઇને બહાર આવશે. તેની ચળકતી
ધાર તેના પિત્તાશયને વીંધી નાખશે. તે ભયથી આઘાત પામશે. 26 તે-
નો ખજાનો અંધકારના ઊંડાણમાં ખોવાઇ જશે. પ્રચંડ અગ્નિ કે જેનો
કોઇ માનવે આરંભ કર્યો નથી. તેના માલ સામાનનો નાશ કરશે અને
તેનું જે કાંઇ બાકી છે તે સર્વ ભસ્મીભૂત થઇ જશે. 27 આકાશ તેનો ગુનો
ઉઘાડો પાડશે; પૃથ્વી એની વિરુદ્ધ સાક્ષી પૂરશે. 28 જે દિવસે દેવનો
પ્રકોપ ફાટી નીકળશે તે દિવસે ધસમસતાં પૂરમાં એનાં ઘરબાર તણાઇ
જશે. 29 દેવ દુષ્ટ લોકોને આ પ્રમાણે કરશે અને આ એજ છે જે તે તેમને
આપવાની યોજના કરે છે. “

21 પછી અયૂબે જવાબ આપ્યો અને કહ્યું: 2 “હું જે કહું તે ધ્યાનથી
સાંભળો અને મને એટલો તો દિલાસો આપો. 3 મારા બોલી
રહ્યા પછી ભલે તમે મારી હાંસી કરજો. પણ હું બોલું છું ત્યાં સુધી ધીરજ
રાખો. 4 શું મારી ફરિયાદ માણસ સામે છે? હું શા માટે અધીરો ના થા-
ઉં? 5 મારી દશા તો જુઓ! અને આઘાત પામજો મહેરબાની કરીને તમા-
રા મોઢા પર તમારો હાથ મૂકી અને ઢાંકી દેશો. 6 હું યાદ કરું છું ત્યારે
ગભરાઇ જાઉં છું. હું ભયથી જી ઊઠું છું. 7 શા માટે દુષ્ટ માણસો લાંબુ
જીવે છે? શા માટે તેઓ વૃદ્ધ થાય છે અને સફળ રહે છે? 8 દુષ્ટ લોકો તે-
મના સંતાનોને મોટાં થતા જુએ છે. દુષ્ટ લોકો પોતાના પૌત્ર-પૌત્રીઓને
જોવા માટે જીવે છે. 9 એમનાં ઘર સુરક્ષિત હોય છે, તેઓ ડરતા નથી તે-
ઓને સજા આપવા માટે દેવ લાકડીનો ઊપયોગ કરતા નથી. 10 તેઓ-
ના બળદો જાતીય સંબધ બાંધવામાં કદી નિષ્ફળ જતા નથી. તેઓની
ગાયો વાછરડાંઓને જન્મ આપે છે અને વાછરડાંઓ મરેલા જન્મતા

નથી. 11 દુષ્ટ લોકો તેઓના સંતાનોને ઘેટાંના બચ્ચાંઓની જેમ બહાર
રમવા મોકલે છે. તેઓના સંતાનો આસપાસ નાચે છે. 12 તેઓ નાચ-
ગાનમાં પોતાનો સમય પસાર કરે છે, તેઓ વાંસળી, સારંગી અને ખંજ-
રીના તાલે ગાય છે અને ઝૂમે છે. 13 દુષ્ટ લોકો તેઓના જીવન દરમ્યાન
સફળ થવાનો આનંદ માણે છે. ત્યાર પછી તેઓ મૃત્યુ પામે છે અને પી-
ડા વગર તેઓની કબરમાં જાય છે. 14 તો પણ દુષ્ટ લોકો દેવને કહે છે,
‘અમને એકલા મૂકી દો’ તમે અમારી પાસે શું કરાવવા માગો છો તેની
અમને ચિંતા નથી. 15 તેઓ કહે છે, ‘સર્વસમર્થ દેવ કોણ છે? અમારે તે-
મની સેવા શા માટે કરવી જોઇએ? શું એમને પ્રાર્થના કરીને કાઇ નહિ
વળે?’ 16 એ સાચું છે કે દુષ્ટ લોકો પોતાની જાતે સફળ થયા નથી. હું
તેઓની સલાહ પ્રમાણે અનુસરી શકતો નથી. 17 પણ કેટલીવાર દેવ
અવારનવાર દુષ્ટ લોકોનો દીવો ફૂંક મારીને ઓલવે છે? કેટલીવાર દુષ્ટ
લોકોને સમસ્યાઓ હોય છે? 18 આપણે એને કેટલીવાર હવામાં ખરસ-
લાંની જેમ ઊડી જતો જોયો છે? વંટોળિયામાં ફોતરાંની જેમ ફૂકાંઇ જતો
જોયો છે? 19 તમે કહેશો, ‘દેવ તેઓના પાપની સજા તેઓના સંતાનોને
કરે છે.’ પણ દેવ જો તેઓને સજા કરે, તોજ તેઓને જાણ થશે કે તેઓ
તેઓના પોતાના પાપોને લીધેજ સજા ભોગવી રહ્યાં છે! 20 પાપીને પો-
તાની સજા જોવા દો. તેને સર્વસમર્થ દેવનો ક્રોધ અનુભવવા દો.
21 જ્યારે દુષ્ટ માણસના જીવનનો અંત આવે છે, અને તે મરી જાય છે,
તે તેની પાછળ રહેલા કુટુંબની ચિંતા કરતો નથી. 22 માણસ શું દેવને
પાઠ ભણાવી શકશે? દેવ ઉચ્ચ સ્થાનના લોકોનો પણ અભિપ્રાય બાંધે
છે. 23 કોઇ માણસ મરી જાય છે ત્યાં સુધી તંદુરસ્ત રહે છે તથા સુખચે-
નમાં રહે છે. 24 તેના શરીરને સારું પોષણ મળ્યું હતું અને તેના હાડકાં
હજીપણ મજબૂત હતા. 25 પરંતુ બીજો તો પોતાના જીવનમાં કષ્ટ ભો-
ગવતો મૃત્યુ પામે છે, અને કદી સુખનો અનુભવ કરતો નથી. 26 પણ
માટીમાં તો એ બંને એક સાથે મળી જાય છે અને જીવડાં તેઓ બંને
ઉપર પથરાઇ જાય છે અને તેમને ઢાંકી દે છે. 27 જુઓ, તમારા વિચારો
હું જાણું છું અને હું જાણું છું તમે મને દુ:ખ પહોચાડવા માગો છો. 28 તમે
કહો છો, ‘એ મહાશયનું ઘર ક્યાં છે? એ દુષ્ટ માણસ વસતો હતો તે
જગા ક્યાં છે?’ 29 શું તમે રસ્તે જનારાઓને પૂછયું? તમે ખાત્રીપૂર્વક તે-
ઓની વાતો માનશો? 30 ભૂંડો માણસ સંકટના સમયે બચી જાય છે. દે-
વના કોપમાંથી દુષ્ટ ઊગરી જાય છે. 31 તેણે જે દુષ્કમોર્ કર્યા તે માટે
તેને કોઇ જાહેરમાં ઠપકો આપી શકતું નથી. તેણે જે કર્યુ છે તે માટે તેને
સજા આપનાર કોઇ નથી. 32 ઊલટું તેની કબરનુ રક્ષણ કરવાની વ્યવ-
સ્થા કરવામાં આવી છે. તેને માન અપાય છે. 33 એની કબરમાં માટી
પણ એની આસપાસ નરમાશથી પથરાઇ જાય છે. એની આગળ અને
પાછળ મોટી મેદની હોય છે. 34 અને તમે! શા માટે મને ખોટા આશ્વા-
સન આપો છો? તમારા એક એક જવાબ સદંતર જૂઠા છે.”

22 ત્યારે અલીફાઝ તેમાનીએ જવાબ આપ્યો કે, 2 “શું કોઇપણ
માણસ દેવને ઉપયોગી છે? ડાહ્યામાં ડાહ્યો માણસ પણ દેવને
ઉપયોગી છે ખરો? 3 તું સાચી રીતે જીવે તો પણ તેથી દેવને શું? તારું
વર્તન ગમે તેટલું નિર્દોષ હોય તો પણ તેથી દેવને શો ફાયદો? 4 અયૂબ,
દેવ તને શા માટે સજા આપે છે, અને તારો વાંક કાઢે છે? તું તેની ઉપા-
સના કરે છે એટલા માટે? 5 તારા અનિષ્ટો ઘણા ભયંકર છે, તારાં પાપ
પાર વિનાનાં છે. 6 કદાચ તેં તારા ભાઇને થોડા પૈસા ઊછીના આપ્યા
હોય અને તે તને પાછા આપશે તેની સુરક્ષાનો પૂરાવો આપવાનો
આગ્રહ કર્યો હોય. કદાચ એમ હોય કે તેં ઉછીના પૈસાના દેણા માટેના
વચન તરીકે ગરીબ માણસના કપડાં લીધા હોય. તેં આ કદાચ કારણ
વગર કર્યું છે. 7 કદાચ તમે તરસ્યાને પાણી પાયું નહિ હોય, તમે ભૂ-
ખ્યાને રોટલો આપ્યો નહિ હોય. 8 અયૂબ, તમે પુષ્કળ જમીનની મા-
લિકી ધરાવો છો. અને લોકો તમને માન આપે છે. 9 કદાચ તમે વિધ-
વાઓને ખાલી હાથે પાછી વાળી છે. તમે કદાચ અનાથોને છેતર્યા છે.
10 તેથી તારી ચારેતરફ ફાંસલો છે, અને અણધારી આફત તને ડરાવી
મૂકે છે. 11 એટલા માટે તું અંધકારમાં જોઇ શકતો નથી, અને પુરના પા-
ણી તને ઢાંકી દે છે. 12 શું દેવ આકાશમાં, ઊંચ્ચસ્થાનમાં, નથી? તારા-
ઓની ઊંચાઇ જો, તેઓ કેટલાં ઊંચા છે. 13 અને છતાં તું કહે છે, ‘દેવ શું
જાણે છે? કાળા વાદળોનીઆરપાર જોઇને તે આપણા વિશે અભિપ્રાય
કેવી રીતે આપી શકવાનો છે? 14 જેવો તે આકાશની ધાર પર ચાલે છે,
ગાઢ વાદળ તેને એવી રીતે ઢાંકી દે છે કે તે કાંઇ જોઇ શકતો નથી.’
15 અયૂબ, તું પ્રાચીન માર્ગમા ચાલી રહ્યો છે જેના પર દુષ્ટ લોકો પહેલા
ચાલતા હતા. 16 તે દુષ્ટ લોકો, તેઓનો મૃત્યુનો સમય આવે તે પહે-
લાંજ નાશ પામી ગયા હતા. 17 કારણકે તેઓ દેવને કહેતા હતાં કે, ‘તમે
અમારાથી દૂર ચાલ્યા જાઓ; સર્વસમર્થ દેવ તમે અમને શું કરી શકવા-
નાં છો?’ 18 તેમ છતાં પણ દેવે જ એમનાં ઘર ખજાનાથી ભર્યા હતા
ના! હું દુષ્ટ લોકોની સલાહ પ્રમાણે અનુસરી શકતો નથી. 19 ભલા લો-
કો તેમનો નાશ થતો જોઇને ખુશ થશે. અને નિર્દોષો દુષ્ટો પર હસશે.
20 તેઓ કહે છે, ‘જુઓ, બાકી રહેલા અમારા દરેક શત્રુઓનો નાશ થઇ
ગયો છે. અને અગ્નિ તેઓની સંપતિને ભરખી જાય છે.’ 21 અયૂબ, હવે
તું તારી જાત દેવને સમર્પિત કરી દે, અને તેની સાથે સુલેહ કર, જેથી
તારું ભલું થશે. 22 કૃપા કરીને એના મોઢેથી એનો બોધ સાંભળ અને
સ્વીકાર કર. એની વાણી તારા હૃદયમાં ધારણ કર! 23 જો તું સર્વસમર્થ
દેવ પાસે પાછો વળે તો તારો પુનરોદ્ધાર થશે. પાપને તારા ઘરથી દૂર રા-
ખજે. 24 જો તું તારું ધન ધૂળ સમાન ગણીશ અને કંચનને કથીર
સમાન માનીશ, 25 ભલે સર્વસમર્થ દેવ તારું સોનું અને ચાંદીનો સંગ્રહ
બને. 26 તો સર્વસમર્થ દેવ તારો પરમ આનંદ બની જશે. અને તું દેવ
સામે નજર મેળવીશ. 27 તું જે કઇં અરજ કરીશ તે એ સાંભળશે, અને
પછી તું તારી માનતાઓ પૂરી કરી શકીશ. 28 તારી સર્વ યોજનાઓ
સફળ થશે. તારા માર્ગમાં આકાશનું તેજ ઝળહળશે. 29 દેવ અભિમાની-
ને પાડે છે અને નમ્રને બચાવે છે. 30 તે જેઓ નિર્દોષ નથી તેઓને પણ
ઉગારે છે, તારા હાથ ચોખ્ખા હશે તો તને પણ ઉગારશે.”

23 ત્યારે અયૂબે જવાબ આપ્યો કે, 2 “આજે પણ મારી વાણીમાં
ફરિયાદ અને કડવાશ છે. કારણકે હું હજી પણ પીડા સહન કરું
છું. 3 હું ઇચ્છું છું, હું જાણતો હોત, હું દેવને ક્યાં શોધી શકીશ. હું તેના
સ્થાને આવી શકત! 4 હું મારી દલીલો દેવને સમજાવીશ. મારી નિર્દોષ-
તા બતાવવા મારું મોઢું દલીલોથી ભરેલું હશે. 5 મારે જાણવું છે, દેવ
મારી દલીલોના જવાબ કેવી રીતે આપે છે. મારે દેવના જવાબો સમજવા
છે. 6 શું દેવ તેની શકિતનો મારી સામે ઉપયોગ કરશે? ના, હું જે કઇં કહું
તે જરૂર સાંભળશે. 7 હું એક પ્રામાણિક માણસ છું. દેવ મને મારી દલી-
લો કહેવા દેશે. પછી મારો ન્યાયાધીશ મને મુકત કરશે. 8 પણ હું પૂર્વમાં
આગળ વધું છું અને એ ક્યાંય જડતાં નથી. હું પશ્ચિમમાં જોઉં છું અને
એ ક્યાંય નજરે પડતા નથી. 9 જ્યારે દેવ ઉત્તરમાં કામ કરે છે તે ત્યાં દે-
ખાતા નથી. જ્યારે દેવ દક્ષિણ તરફ ફરે છે તે ત્યાં પણ દેખાતા નથી.
10 પણ દેવ તો જાણે છે કે હું ક્યા માગેર્ જાઉં છું . એ મને કસી જોશે
ત્યારે હું સુવર્ણ જેવો શુદ્ધ પુરવાર થવાનો છું. 11 હું દેવના માગોર્માં રહ્યો
છું. તેમને પગલે ચાલ્યો છું. હું આમતેમ ભટકી ગયો નથી. 12 તેમણે જે
આજ્ઞાઓ કરી છે એનું હું પાલન કરું છું. હું મારું ધાર્યું નહિ, એનું ધાર્યું
કરૂં છું. 13 પરંતુ દેવ બદલાતા નથી. કોઇપણ તેની સામે ઊભું રહી શકતું
નથી. દેવ તેને જે કરવું હોય તેજ કરે છે. 14 તેમણે મારે માટે જે યોજના
બનાવી છે તે પ્રમાણે જ તે કરશે. અને તેની પાસે મારે માટે બીજી ઘણી
યોજનાઓ છે. 15 એજ કારણે હું તેમની હાજરીમાં જું છું. જ્યારે હું આ
બાબતો વિશે વિચાર કરું છું ત્યારે હું તેનાથી ગભરાઇ જાઉં છું. 16 દેવે
મારું મન નબળું પાડી દીધું છે. એમાં સર્વસમર્થ દેવે ડર પેસાડી દીધો
છે. 17 મારી સાથે બનેલા દુષ્ટ બનાવો મારું મુખ ઢાંકતા કાળા વાદળ
જેવા છે. પણ તે અંધકાર મને ચૂપ રહેવા દેશે નહિ.”

24 “સર્વસમર્થ દેવ, લોકોનું ક્યારે બૂરું થવાનું છે તે કેમ જાણે છે?
પરંતુ તેના અનુયાયીઓ તે એવું કાંઇક ક્યારે કરવાના છે તેનું
ભવિષ્ય ભાખી શકતા નથી.” 2 કારણકે દુષ્ટો પારકાની જમીન પચાવી
પાડવા સંપતિની આંકણી કરનારાઓને બદલી નાખે છે, તેઓ ઘેટાંબક-
રાં ચોરી જાય છે અને ચરાવે છે. 3 તેઓ અનાથોની માલિકીના ગધેડા-
ઓને ચોરી જાય છે અને વિધવાની માલિકીના બળદોને જ્યાં સુધી તે
તેનું દેવું તેઓને ચૂકવે નહિ ત્યાં સુધી લઇ લે છે. 4 તેઓ ઘર વગરના
એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા ગરીબોનો પીછો કરે છે. અને
બધા ગરીબ લોકોને આ દુષ્ટ લોકોથી છુપાવાની ફરજ પાડવામાં આવે
છે. 5 જંગલી ગધેડાની જેમ, ગરીબોએ કામ અને ખોરાકની શોધમાં ભટ-
કવું પડે છે. તેઓ ખોરાકની શોધમાં બહાર જવા માટે વહેલી સવારે ઉઠે
છે. તેઓના સંતાનો માટે ખોરાક મેળવવા, તેઓ મોડી સાંજ સુધી કામ

કરે છે. 6 ગરીબ લોકોએ ખેતરમાં સૂકું ઘાસ અને પરાળ કાપતા મોડી
રાત સુધી કામ કરવું જોઇએ. તેઓએ દ્રાક્ષની વાડીમાં દ્રાક્ષ ભેગી કરીને
ધનવાન લોકો માટે કામ કરવું જોઇએ. 7 તેઓ અન્ય લોકોના ખેતરોમાં
કામ કરે છે અને દુષ્ટ લોકોનું વધ્યું ઘટયું ખાવાનું ખાય છે. 8 તેઓ
આખી રાત વસ્રો વિના ઉઘાડા સૂઇ જાય છે. ઠંડીમાં ઓઢવા માટે એમ-
ની પાસે કાઇં હોતું નથી. 9 બાપ વગરના ગરીબ સંતાનો વેચાવા માટે
માતાના ખોળામાંથી ઊપાડી લેવામાં આવે છે. ઉછીના લીધેલા ના-
ણાંની જામીનગીરી તરીકે બાળકોને રાખવામાં આવે છે. 10 તેઓને વસ્ત્ર
વિના ઉડા ફરવું પડે છે, તેઓ જથ્થાબંધ અનાજ દુષ્ટ લોકો માટે ઊંચકે
છે છતાં પણ તેઓ ભૂખ્યાં રહે છે. 11 તેઓને જૈતૂનનું તેલ કાઢવાની
અને દ્રાક્ષો પીલીને તેનો રસ કાઢવાની ફરજ પાડવામાં આવે છે. તેમ
છતાં તેઓ તે તેલનો કે દ્રાક્ષાસવનો ઉપયોગ કરી શકતાં નથી, તેઓ
તો તરસ્યા જ રહે છે. 12 નગરોમાં મરતાં લોકોના દુ:ખદાયક અવાજો તમે
સાંભળી શકો છો. ઘાયલોના આત્મા બૂમ પાડે છે; તે છતાં દેવ તેઓનું
સાંભળતા નથી. 13 “એવા લોકો પણ છે જે પ્રકાશ સામે બળવો કરે છે,
તેઓ જાણતા નથી દેવની શું જરૂરિયાત છે? અને તેઓ દેવને જે રીતે
જોઇએ છે તેમ રહેતા નથી. 14 અજવાળું થતાં ખૂની માણસ ગરીબો અને
દરિદ્રી લોકોના ખૂન કરવાં નીકળી પડે છે અને રાત પડે તે ચોરી કરવાં
ફર્યા કરે છે. 15 જે વ્યકિત વ્યભિચાર કરે છે, તે સાંજે પરોઢ થવાની રાહ
જુએ છે. ‘તને લાગે છે તેને કોઇ જોઇ શકે તેમ નથી ‘ તે છતાં પણ તે તે-
નું મોઢું ઢાંકે છે. 16 રાત પડે ત્યારે ચોરો ઘરોમાં ખાતર પાડે છે; પણ દિ-
વસમાં તેઓ પોતાના ઘરમાં પૂરાઇને રહે છે અને અજવાળાથી દૂર રહે
છે. 17 અંધારી રાત એ તેઓની સવાર છે; અંધકારના ભય સાથે તેઓ
ફકત મિત્રતાજ રાખે છે. 18 દુષ્ટ માણસને પૂરનાં પાણી તાણી જાય છે.
એની જમીનને દેવનો શાપ લાગે છે. તેથી તેઓ દ્રાક્ષનીવાડીમાંથી દ્રા-
ક્ષો એકઠી કરશે નહિ. 19 અનાવૃષ્ટિ તથા ગરમીમાં બરફ ઓગળી જાય
છે તેમ મૃત્યુ પાપીઓનો નાશ કરે છે. 20 તેની માતા તેને ભૂલી જશે. કી-
ડો મગ્નથી તેનું ભક્ષણ કરી જશે, તેને કોઇ સંભારશે નહિ, દુરાચારી મા-
ણસ કોહવાયેલાં વૃક્ષની જેમ તૂટી પડે છે. 21 સ્રીઓ કે જેને સંતાન થઇ
શકે નહિ, દુષ્ટ લોકો તેઓને દુ:ખ પહોચાડે છે. તેઓ લાચાર વિધવા-
ઓને સહાય કરતા નથી. 22 દુષ્ટ લોકો તેઓનું બળ શકિતશાળી માણ-
સોના નાશ કરવામાં વાપરે છે. દુષ્ટ લોકો કદાચ સત્તા મેળવે પણ તેઓ
પોતાના જીવનનો કોઇ વિશ્વાસ કરી શકતા નથી. 23 હા, દેવ તેઓને સુ-
રક્ષાની ભાવનામાં આરામથી રહેવા દે છે. પરંતુ તેઓના માગોર્ ઉપર દે-
વની નજર છે. 24 ઘડીક માટે દુષ્ટ માણસ ઊંચો આવે છે પણ પછી તે
મળતો નથી. બીજા દરેકની જેમજ તે ધાન્યની જેમ કપાઇ જશે. 25 કોણ
કહી શકશે આ સાચું નથી? કોણ પૂરવાર કરી શકશે કે મારા શબ્દો ખોટા
છે?”

25 પછી બિલ્દાદ શૂહીએ ફરીથી ઉત્તર આપ્યો અને કહ્યું; 2 “દેવ
કર્તા-હર્તા છે. તે લોકોને તેનાથી ડરે એવા. અને તેને માન આપે
તેવા બનાવે છે, તે ઉપર તેના રાજયમાં શાંતિ જાળવે છે. 3 તેની સેનાની
સંખ્યા કોણ ગણી શકે તેમ છે? તેના તારાઓ કોઇ ગણી શકે તેમ નથી.
દેવનો સૂર્ય દરેક પર સરખો, પ્રકાશ આપે છે. 4 દેવની સમક્ષ ઊભો રહી
શકે તેવો શુદ્ધ અને ન્યાયી માણસ કોણ છે? 5 દેવની નજરમાં ચંદ્ર અને
તારાઓ પણ નિર્મળ નથી. અને પ્રકાશિત નથી. 6 મનુષ્ય એવો પવિત્ર
નથી. મનુષ્ય જંતુ જેવા છે, મૂલ્યહીન જીવડાં જેવા છે.””

26 પછી અયૂબે ઉત્તર આપ્યો અને કહ્યું કે: 2 “હા, તમે ખૂબ પ્રો-
ત્સાહન આપનારા છો અને તમે મારા દુર્બળ હાથને મજબૂત
બનાવ્યા છે. બિલ્દાદ, સોફાર અને અલીફાઝ, તમે આ થાકેલા, પજવા-
ચેલા માણસને ખુબ મદદ કર્તા રહ્યાં છો! 3 હા, તમે શાણપણ વગરના
આ માણસને અદભૂત શિખામણ આપી ! તમે ખરેખર દેખાડ્યું, તમે કે-
વા જ્ઞાની છો! 4 તમે કોની મદદથી બોલો છો? તમને કોના આત્માએ
પ્રેરણા આપી છે?” 5 પૃથ્વી તળે તથા પાણીમાં તે મરેલાઓના આત્મા
ભયથી ૂજે છે. 6 દેવની સમક્ષ શેઓલ ઉઘાડું છે, અને વિનાશને કોઇ
ઢાંકણ નથી. 7 દેવ ઉત્તરને ખાલી આકાશમાં ફેલાવે છે અને પૃથ્વીને શૂ-
ન્યાવકાશ પર લટકાવી છે. 8 એમણે ગાઢ વાદળામાં પાણી ભર્યું છે અને
છતાં પાણીના ભારથી વાદળ ફૂટતા નથી. 9 દેવ આખા રાજ્યાસનને
ઢાંકી દે છે. તે તેના પર વાદળાંઓ પાથરી અને સંતાડી દે છે. 10 દેવે
સમુદ્ર પર જે જગ્યાએ પ્રકાશ અને અંધકાર મળે છે, ગોળાકાર જેવી ક્ષિ-
તિજ અંકિત કરી. 11 જ્યારે દેવ તેઓને ડરાવે છે, આકાશના આધાર-
સ્તંભો હાલવા લાગે છે. 12 દેવની શકિત સમુદ્રને શાંત કરે છે. પોતાના
ડહાપણથી તેણે રહાબનોનાશ કર્યો છે. 13 એમના શ્વાસથી આકાશ સ્વ-
ચ્છ રહે છે, એમણે એમના બળથી ભાગી જતાં સાપને હણ્યો છે. 14 આ
તો માત્ર થોડીકજ અદભૂત ચીજો દેવ કરે છે. આપણે તો માત્ર દેવનો
મંદ ગણગણાટ જ સાંભળીએ છીએ. કોઇ ખરેખર જાણી શકતું નથી કે
દેવ કેવા મહાન અને શકિતશાળી છે.”

27 અયૂબે તેનું ષ્ટાંત કહેવાનું ચાલુ રાખ્યું. 2 “દેવે મારો ન્યાયનો
હક છીનવી લીધો છે, સર્વસમર્થ દેવે મારા જીવનને દુ:ખી બના-
વી દીધું છે, તેમના નામના સમ ખાઇને કહું છું; 3 જ્યાં સુધી હું જીવું છું
અને દેવનો શ્વાસ મારાઁ નસકોરાઁમાં છે, 4 જૂઠી બાબત મારા હોઠ પર
નહિ આવે, મારી જીભ અસત્ય નહિ ઉચ્ચારે. 5 તમે લોકો સાચા છો તે
હું કદી જ સ્વીકારીશ નહિ; હું મૃત્યુ પામું ત્યાં સુધી મારી નિર્દોષતા જા-
હેર કર્યા કરીશ. 6 હું મારી નિર્દોષતાને વળગી રહીશ; હું તેને કદી છોડીશ
નહિ હું જીવું ત્યાં સુધી મારો અંતરઆત્મા મને કદી દુ:ખ પહોચાડશે
નહિ. 7 લોકો મારી વિરુદ્ધ થઇ ગયા છે. હું ઇચ્છુ છું મારા દુશ્મનોને સજા
થાય જેવી રીતે દુષ્ટ માણસોને સજા થવી જોઇએ. 8 જો માણસ દેવની
કાળજી કરતો નથી તો તે મરી જાય ત્યારે તેની પાસે કોઇ આશા રહેતી
નથી. દેવ જ્યારે તેનું જીવન લઇ લે છે, તે વ્યકિત ને કોઇ આશા રહેતી
નથી. 9 તે દુષ્ટ વ્યકિત દુ:ખમાં આવી પડશે અને દેવને મદદ માટે પો-
કારશે. પરંતુ દેવ તેને સાંભળશે નહિ. 10 તે વ્યકિતએ સર્વ પ્રસંગે દેવની
પ્રાર્થના કરવી જોઇતી હતી. તે સર્વશકિતમાનથી આનંદ માનશે.
11 ઇશ્વરની સત્તા વિષે હું તમને શીખવીશ. સર્વસમર્થ દેવની યોજનાઓ
હું છુપાવીશ નહિ. 12 તમે તમારી પોતાની આંખોથી દેવની શકિત જોઇ
છે ને? છતાં મારી સાથે તમે શામાટે વ્યર્થ વાતો કરો છો? 13 દેવ પાસેથી
દુષ્ટ માણસનો ભાગ, તથા સર્વસમર્થ દેવ પાસેથી દુષ્ટોને મળતો વાર-
સો આ છે 14 જો તેમનાં સંતાનોની વૃદ્ધિ થાય, તો તે તરવારથી હત્યા
થવા માટે છે. અને તેના વંશજો ભૂખમરાને કારણે મૃત્યુ પામશે. 15 તે-
માંથી જેઓ બચી જશે તેઓ રોગ અને મૃત્યુના ભોગ બનશે. અને તેની
વિધવા શોક કરશે નહિ. 16 જો દુષ્ટ લોકો ધૂળની જેમ પુષ્કળ સંપત્તિ
એકઠી કરે, તો પણ ઢગલાબંધ કપડાં ઢગલાબંધ માટીની જેમ ધરાવે
છે. 17 પરંતુ અંતમાં તેઓને બદલે ભલા લોકો તેમના વસ્ત્રો પહેરશે,
અને નિર્દોષ લોકો તેની ચાંદી તેઓમાં વહેંચી લેશે. 18 તેણે બાંધેલા ઘર
કરોળિયાના જાળાં જેવા અને ચોકીદારના છાપરા જેવા છે. 19 દ્રવ્યવાન
જ્યારે સૂવા જાય છે ત્યારે એ કદાચ ધનવાન હોય, પણ જ્યારે તે આંખ
ખોલે છે ત્યારે બાકી કાંઇ હોતું નથી. 20 તે ગભરાયેલો હશે. તે એક જળ-
પ્રલય જેવું લાગશે, જાણેકે એક વંટોળિયો આવ્યો હતો અને બધું ઉપા-
ડી ને લઇ ગયો. 21 પૂર્વનો વાયુ તેને ઉડાવીને લઇ જાય છે, એટલે તે
લોપ થાય છે; વંટોળિયો તેને તેની જગાએથી બહાર ખેચી જાય છે.
22 દુષ્ટ વ્યકિત કદાચ વંટોળિયાના જોરથી બચવાનો પ્રયત્ન કરે પણ
તોફાન તેના પર દયા વગર તૂટી પડશે. 23 માણસો તેની સામે તાળી
પાડશે કારણકે તે દુષ્ટ વ્યકિત ભાગી ગયો છે. જેવો તે તેના ઘરમાંથી
ભાગે છે તેઓ તેના તરફ સીટી વગાડશે.

28 “ત્યાં ચાંદીની ખાણો છે. ત્યાં સોનું ગાળી તેને શુદ્ધ બનાવવા
માટે એક જગા છે. 2 લોઢું જમીનમાંથી ખોદી કાઢવામાં આવે છે,
અને પિત્તળ ખડકમાંથી ગાળવામાં આવે છે. 3 માણસ અંધકારને ભેદે
છે, કાળમીંઢ ખડકોને ખોદી કાઢે છે, ખાણમાં ઊંડાઁમાં ઊંડે ઊતરીને
કઇંક શોધી કાઢે છે. 4 ખનીજ ધાતુની શિરાના ચિહન દ્વારા કામદારો
જમીનની અંદર નીચે ઊંડાણમા ખોદે છે. તેઓ, લોકો રહે છે તેનાથી દૂર
એવી જગ્યાએ જયાં કોઇ કદી ગયું નથી ત્યાં રહે છે. તેઓ જમીનમાં ની-
ચે ઊંડા ઊતરે છે. 5 ધરતીની ઉપર અનાજ ઊગે છે પણ નીચે તો બધું
અલગ જ છે જાણે અગ્નિથી ઓગળી ગયું હોય એમ થાય છે. 6 તેના ખડ-
કોમાંથી નીલમણિઓ મળે છે, અને તેમાંથી સોનાના ગઠ્ઠા નીકળે છે.
7 શિકારી બાજ પક્ષીની આંખે પણ તે જમીનની નીચેનો રસ્તો દેખાતો
નથી. શિકારી પક્ષી પણ તે રસ્તો જાણતા નથી. 8 વિકરાળ પશુ પણ
ત્યાં પહોંચ્યુ નથી.મદોન્મત સિંહના પગ પણ ત્યાં પડ્યા નથી. 9 પરંતુ
લોકો જાણે છે, કેવી રીતે અચલ ખડકોને કોતરી કાઢવા અને પર્વતોના

મૂળિયાઓને કેવી રીતે ઊખાડી નાખવા. 10 તેઓ ખડકોમાં ભોંયરાઓ
ખોદી અને બધા ખડકોના ખજાનાઓ જુએ છે. 11 તેઓ નદીઓના મૂળ
શોધી કાઢે છે અને છૂપાયેલી વસ્તુઓને પ્રકાશમાં લાવે છે. 12 પરંતુ
તમને જ્ઞાન ક્યાંથી મળે? સમજશકિત ક્યાં મળી શકે? 13 આપણે જા-
ણતા નથી કે જ્ઞાન કેટલું કિંમતી છે. પૃથ્વીપરના લોકો ધરતીમાં ખોદી-
ને જ્ઞાન મેળવી શકતા નથી. 14 ઊંડાણ કહે છે, 'એ અમારી પાસે પણ
નથી;' મહાસાગરો કહે છે, 'એ અમારી પાસે નથી.' 15 તે સોનાથી ખરીદી
શકાય નહિ. આખી દુનિયામાં અનુભૂત જ્ઞાન ખરીદવા માટે ચાંદી પર્યા-
પ્ત નથી. 16 ઓફીરના સોનાને ધોરણે કે મૂલ્યવાન ગોમેદ કે નીલમને
ધોરણે તેની કિંમત થાય નહિ. 17 સોના કે હીરા સાથે તેની તુલના થઇ
શકે તેમ નથી. કે સોનાના પાત્રથી પણ તે ખરીદી શકાય તેમ નથી.
18 એની આગળ પરવાળાં કે રત્નની કોઇ તુલના થાય તેમ નથી. જ જ્ઞા-
નની કિંમત તો માણેકથી પણ વધુ ઊંચી છે. 19 કૂશ દેશના પોખરાજ
પણ અનુભૂત જ્ઞાન જેટલા કિંમતી નથી. શુદ્ધ સુવર્ણથી પણ તમે અનુ-
ભૂત જ્ઞાન ખરીદી શકો નહિ. 20 તો અનુભૂત જ્ઞાન ક્યાંથી આવે છે?
આપણને સમજશકિત ક્યાંથી મળી શકે? 21 અનુભૂત જ્ઞાન પૃથ્વી પર-
ની દરેક સજીવ વસ્તુથી છૂપાયેલું છે. આકાશના પક્ષી પણ અનુભૂત
જ્ઞાનને જોઇ શકતા નથી. 22 વિનાશ તથા મૃત્યુ કહે છે કે, 'અમે અમારા
કાનોએ તેની અફવા સાંભળી છે.' 23 દેવ જ તે તરફનો માર્ગ જાણે છે,
એને એના રહેઠાણની ખબર છે. 24 કારણકે એને ધરતીના છેડાની જાણ
છે, આકાશની નીચે જે કઇં છે તે બધું એ જોઇ શકે છે. 25 જ્યારે દેવ પવ-
નનું વજન કરે છે અને તે પાણીને માપથી નાખે છે. 26 જ્યારે તેમણે વર-
સાદ માટે નિયમ ઠરાવ્યો અને મેઘગર્જીત વાવાઝોડાનો માર્ગ નક્કી
કર્યો, 27 તે વખતે દેવે અનુભૂત જ્ઞાન જોયું હતું. અને તે વિશે ધ્યાનપૂર્વક
વિચાર્યુ. દેવે જોયું હતું અનુભૂત જ્ઞાનની કેટલી મહત્તા હતી અને તે
મંજૂર કર્યું. 28 તેણે માણસને કહ્યું, "યહોવાનો ડર અને તેમનો આદર-
ભાવ કરવો એ જ અનુભૂત જ્ઞાન છે. દુષ્ટતાથી દૂર રહેવું તે જ સમજશ-
કિત છે."

29 વધુમાં અયૂબે અનુસંધાનમાં કહ્યું: 2 "હું ઇચ્છું છું, મારું જીવન
થોડા મહિના પહેલા હતું તેવું હોત. તે વખતે દેવ મારું ધ્યાન
રાખતા હતા અને મારી સંભાળ લેતા હતા. 3 ત્યારે તેનો દીવો મારા પર
ઝળહળતો હતો અને એના પ્રકાશથી હું અંધકારમાં ચાલી શકતો હતો.
દેવે મને જીવવા માટેનો સાચો રસ્તો બતાવ્યો હતો. 4 હું એ દિવસો માટે
ઇચ્છું છું જ્યારે હું સફળ હતો અને દેવ મારા નિકટના મિત્ર હતા. 5 તે
વખતે સર્વસમર્થ દેવ મારી સાથે હતા અને મારા સંતાનો મને વીંટળાયે-
લા રહેતા હતાં. 6 તે વખતે જીવન સારું હતું, હું મારા પગ દૂધની તરથી
ધોતો અને મારી પાસે પુષ્કળ પ્રમાણમાં સારામાં સારુ તેલ હતું. 7 એ
દિવસોમાં હું જ્યારે નગરના દરવાજે જતો ત્યારે આદરપાત્ર આગેવાનો-
ની વચ્ચે જાહેર સભાના સ્થળમાં હું બેઠો હતો. 8 ત્યારે યુવાનો મને જો-
ઇને માર્ગ મૂકતા હતાં અને વૃદ્ધો ઊભા થઇને મને માન આપતા હતાં.
9 નેતાઓ પણ મને જોઇને બીજાઓને ચૂપ કરવા માટે બોલવાનું બંધ
કરી દેતા અને મોં પર તેઓના હાથ મૂકતાં. 10 નગરનાં ઉચ્ચ અધિકા-
રીઓ ધીમા અવાજે બોલ્યા. તેઓની જીભ તેઓના મોઢાના તાળવે
ચોંટી ગઇ. 11 મેં જે કહ્યું તે લોકોએ સાંભળ્યુઁ અને પછી મારા વિશે સારી
વાતો કરી. મેં જે કર્યું તે લોકોએ જોયું અને પ્રસંશા કરી. 12 કારણકે જ્યારે
ગરીબોએ મદદ માટે બોલાવ્યો, મેં અનાથને મદદ કરી કે જેની સંભાળ
લે તેવું કોઇન હતું. 13 જેઓ મરવા પડ્યા હતાં તેઓ મને આશીર્વાદ
આપતા હતાં. વિધવાઓના હૈયા હું ઠારતો હતો. 14 સદાચારી રહેવું એ
મારા વસ્ત્રો હતા. પ્રામાણિક વર્તન એ મારો ઝભ્ભો અને પાઘડી હતા.
15 હું અંધજનોની આંખ સમાન હતો. તેઓને જ્યાં ક્યાંય પણ જવાની
ઇચ્છા હતી, મેં તેઓને રસ્તો બતાવ્યો. અને હું લંગડા માટે પગ સમાન
હતો. તેઓ જ્યાં જવાં માંગતા હતા હું તેઓને ઊંચકીને લઇ ગયો.
16 ગરીબો સાથે હું તેઓના પિતાની જેમ વર્તતો. મેં લોકોને ન્યાયાલય-
માં તેઓની દલીલો જીતવા મદદ કરી જેઓને હું જાણતો પણ ન હતો.
17 મેં દુષ્ટ લોકોને તેઓની શકિતનો દુરુપયોગ કરતા રોક્યા અને નિર્દો-
ષ લોકોને તેઓથી બચાવ્યા. 18 હું આખો વખત વિચાર કરતો કે હું મારી
આસપાસ મારા કુટુંબ સાથે લાંબુ જીવન જીવીશ. 19 મેં વિચાર્યુ, હું ની-
રોગી છોડ જેના મૂળિયા ને ખૂબ પાણી છે અને જેની ડાળીઓ ઝાકળથી
ભીની છે તેના જેવો તંદુરસ્ત અને મરદાન પુરુષ થઇશ. 20 મેં વિચાર્યું
દરેક નવો દિવસ તેજસ્વી અને નવી અને ઉત્તેજિત વસ્તુઓથી ભરેલો
હશે. 21 લોકો મારા બોધને ધ્યાનથી સાંભળતા હતાં, તેઓ શાંતિ પૂર્વક
મારી સલાહની રાહ જોતા હતા. 22 મારા બોલી રહ્યાં પછી એ કોઇ દલીલ
કરતા ન હતા. કારણકે મારી સલાહથી તેઓને સંતોષ થતો હતો. 23 જેમ
પ્રતિકૂળ સમયમાં વરસાદની રાહ જોવાતી હોય તેવી રીતે લોકોએ મારી
સલાહ માટે આતુરતાપૂર્વક રાહ જોઇ. મારા શબ્દો જાણે વસંત ઋતુનો
વરસાદ હોય. તેમ તેઓ તેનો આસ્વાદ માણી રહ્યાં હતા. 24 તેઓ વિ-
શ્વાસ કરી શકતા નહિ. ત્યારે હું મોં મલકાવીને તેઓને ઉત્તેજન આપતો.
મારા સ્મિતે તેઓને સારું લગાડ્યું. 25 હું એમની વચ્ચે વડીલની જેમ
બેસી અને તેઓની બધી બાબતોનો ઉકેલ લાવતો. હું છાવણીમાં તેના
લશ્કર સાથેના એક રાજા જેવો હતો, અને જ્યારે તેઓ નિરાશ-હતાશ
થતા ત્યારે હું તેમને હિંમત અને આશ્વાસન આપતો હતો."

30 "પરંતુ હવે જે મારા કરતાં ઉંમરમાં નાના છે. તેઓ પણ મારી
મશ્કરી ઉડાવે છે. અને તેઓના પિતા એટલા લાયકાત વગરના
હતા કે હું તેઓને મારા ઘેટાંઓનું ધ્યાન રાખનાર કૂતરાઓ સાથે પણ
રાખીશ નહિ. 2 એ યુવાન માણસોના પિતાઓ મને મદદ કરવા માટે
ખૂબ નિર્બળ છે. તેઓ વૃદ્ધ અને થાકેલા છે. તેઓના સ્નાયુઓ હવે મજ-
બૂત અને કઠણ રહ્યાં નથી. 3 ખાવા માટે કંઇ ન હોવાને કારણે તેઓ ભૂ-
ખ્યા રહે છે. તેથી તેઓ રણની સૂકી ધૂળ ખાય છે. 4 તેઓ રણમાં ખારી
ભાજી ચૂંટી કાઢે છે અને છોડના મૂળીયાં ખાય છે. 5 તેઓના નાગરિક
તરીકેના હક પણ છીનવી લેવાયા હતાં. લોકો તેઓની પાછળ દોડતા
હતા, જાણે તેઓ ચોર હોય અને પીછો થઇ રહ્યો હોય. 6 તેઓ ખીણમાં,
ખડકોમાં, ગુફાઓમાં, અને ખાડાઓમાં પડી રહે છે. 7 તેઓ પશુની જેમ
ઝાડીઓમાં બરાડા પાડે છે. તેઓ ઝાડ નીચે સમૂહમાં ભેગા થાય છે.
8 તેઓ દેશમાંથી કાઢી મૂકાયેલા નામ વગરના નિરર્થક લોકોનો એક
સમૂહ છે. 9 હવે તે માણસોના પુત્રો અનુપ્રાસવાળી કવિતા ગાઇ મારી
મશ્કરી કરે છે. હું તેઓ મધ્યે મશ્કરી રૂપ બન્યો છું. 10 તેઓ મારા પ્રત્યે
ઘૃણા કરે છે અને મારી પાસે આવતા નથી. મારા મોં પર થૂંકતા પણ
તેઓ અચકાતા નથી. 11 દેવે મારા ધનુષ્યની દોરી લઇ લીધી છે અને
મને દુર્બળ બનાવી દીધો છે. 12 તેઓ મારી જમણી બાજુથી મારા પર હૂ-
મલો કરે છે તેઓ મારા પગે ફટકો મારી પાડી દે છે. કબજે કરેલા નગર
જેવું મને લાગે છે. હુમલો કરવા અને મારો નાશ કરવા તેઓએ ગંદા ટેક-
રા મારી દિવાલ સામે બાંધ્યા છે. 13 તેઓ રસ્તા તોડી નાખે છે જેથી હું
ભાગી ન શકું. મારો નાશ કરવામાં તેઓ સફળ થયા છે. તેઓને કોઇની
મદદની જરૂર નથી. 14 તેઓ દિવાલમાં એક કાણું પાડે છે. તેઓ તેની
આરપાર ધસી જાય છે અને પથ્થરો મારી પર પડે છે. 15 હું ભયથી જુ છું,
એ યુવાન માણસો જેમ પવન વસ્તુઓને ફૂંકી નાખે તેમ મારા સ્વમાન
પાછળ પડ્યા છે. મારી સુરક્ષા વાદળોની જેમ ચાલી ગઇ છે. 16 હવે મા-
રું જીવન લગભગ લુપ્ત થઇ ગયું છે અને હું મરવાની અણી પર છું.
દુ:ખના દિવસોએ મને ઘેરી લીધો છે. 17 રાત્રી દરમ્યાન મારા હાડકાઓ-
ને પીડા થાય છે, પીડા મને સતાવવાનું છોડતી નથી. 18 દેવે મારો કાંઠ-
લો પકડ્યો અને મારા વસ્ત્રોને ચોળીને બગાડી નાખ્યા છે. 19 દેવે મને
કાદવમાં ફેંકી દીધો છે. હવે હું ધૂળ તથા રાખ જેવો બની ગયો છું. 20 હે
દેવ, હું કાલાવાલા કરું છું, પણ તમે મારું સાંભળતા નથી. હું તમારી
સમક્ષ આવીને ઊભો છું પણ તમે મારી સામે નજર કરતા નથી. 21 તમે
મારા પ્રત્યે નિષ્ઠુર થઇ ગયા છો. તમે તમારી શકિતનો ઉપયોગ મને
ઇજા પહોંચાડવામાં કરો છો. 22 દેવ તમે મજબૂત પવનને મને ફૂંકી દેવા
દો છો. તમે મને હવાના તોફાનમાં ઊછાળો છો. 23 હું જાણું છું કે તમે
મને મોતને ઘાટ ઉતારી રહ્યા છો, જ્યા બધા જીવંત માણસોને મળવાનું
છે ત્યાં તમે મને લઇ જાઓ છો. 24 મુશ્કેલીમાં આવી પડેલો માણસ
મદદને માટે કાલાવાલા કરે છે અને હાથ લંબાવે છે. 25 શું દુ:ખી માન-
વીઓ માટે મેં આંસુ સાર્યા નથી? દીનદુ:ખિયાઓ માટે મારું હૃદય શું
રડી ઊઠયું નથી? 26 તેમ છતાં મેં જ્યાં સારી વસ્તુની આશા રાખી હતી
ત્યાં મને ખરાબ વસ્તુ મળી, જ્યાં મેં પ્રકાશની આશા રાખી હતી ત્યાં
મને અંધકાર મળ્યો. 27 મારું અંતર ઉકળે છે. દુ:ખનો અંત આવતો
નથી. અને પીડા હજી તો શરૂજ થઇ છે. 28 હું સૂર્યના પ્રકાશ વિના,
આખો વખત ઉદાસ અને ઉત્સાહ ભંગ રહું છું. જાહેર સભામાઁ ઊભો રહું

છું અને મદદ માટે બૂમો પાડું છું. 29 હવે હું રડતાં શિયાળવા જેવો અને
ચીખતાં શાહમૃગો જેવો બની ગયો છું. 30 મારી ચામડી કાળી પડી ગઇ
છે, અને ખરી પડી છે. મારું શરીર તાવથી તપી ગયું છે. 31 તેથી મારી
વીણામાંથી હવે વેદનાના સૂર નીકળે છે, મારી વાંસળીમાંથી હવે વ્યથા-
નું સંગીત સંભળાય છે.

31 “મેં મારી આંખો સાથે કરાર કર્યો છે; કે કોઇ કુમારિકા સામે લા-
લસાભરી નજરે જોવું નહિ. 2 સર્વસમર્થ દેવ, લોકોને માટે શું કરે
છે? તેના ઉચ્ચસ્થાનથી લોકોને બદલો કેવી રીતે આપે છે? 3 શું તે દુરા-
ચારીઓને માટે વિપત્તિ અને ખોટું કરનારાઓ માટે વિનાશ મોકલી
આપતા નથી? 4 શું તે મારા આચરણ નથી જોતા? અને મારા બધાં પગ-
લાં નથી ગણતા? 5 જો મેં કપટ ભરેલો આચાર કર્યો હોય, અથવા જો
મારો પગ કોઇને છેતરવા તરફ વળ્યો હોય; 6 જો દેવ ચોક્કસ માપનું
ત્રાજવું ઉપયોગમાં લે તો તેને જાણ થશે કે હું નિર્દોષ છું. 7 જો હું સત્ય-
ના માર્ગથી પાછો ફર્યો હોઉં, મારી આંખોએ મારા હૃદયને અનિષ્ટ કરવા
દીધું હોય અથવા તો જો મેં બીજા કોઇની નાની વસ્તુ પણ આંચકી લી-
ધી હોય, તો દેવને જાણ થઇ જશે. 8 તો મારું વાવેલું અનાજ બીજાઓ
ખાય અને મારા ઉગાવેલા છોડ ઊખેડી નાખવાનું યોગ્ય જ હશે. 9 જો
મારું મન કોઇ સ્ત્રી ઉપર લોભાયું હોય, જો મેં મારા પાડોશીના બારણે
તેની પત્ની સાથે વ્યભિચાર કરવાની રાહ જોઇ હોય. 10 તો ભલે મારી
પત્ની બીજા પુરુષ માટે રસોઇ કરે. અને ભલે બીજા પુરુષની થઇ જાય.
11 કારણકે જાતીય પાપ એ શરમજનક પાપ છે. એ તો ભયંકર શિક્ષાને
પાત્ર છે. 12 તે તો એક અગ્નિ છે જે તમામ વસ્તુઓને સળગાવી નાખે છે.
મેં જે કાઇ વાવ્યું છે તેને તે ઉખાડી શકે તેમ છે. 13 મેં મારા કર્મચારીઓ-
નો હક કદી ડૂબાડી દીધો નથી. 14 મેં જો એમ કર્યુ હોય તો જ્યારે દેવ
મારી સામે આવીને ઊભા રહેશે તો હું શું કરીશ? જ્યારે તે પૂછશે મેં શું
કર્યું, તો મારે શું કહેવું જોઇએ? 15 કારણકે જે દેવે મને સર્જ્યો છે તેણે જ
મારાં નોકરચાકરોને સર્જ્યા છે અ મને માતાઓના ગર્ભની અંદર દેવે અ
મને સૌને આકાર આપ્યા છે. 16 મેં ગરીબોને કશું આપ્યું ન હોય તેવું
કદી બન્યું નથી અને વિધવાઓને મેં કદી રડાવી નથી. 17 અનાથો ભૂ-
ખ્યા હોય ત્યારે મેં એકલપેટાની જેમ કદી ખાધું નથી. 18 હું જુવાન હતો
ત્યારથી મેં એમના પિતાની જેમ એમની સંભાળ લીધી છે અને વિધવા-
ઓને તો મેં પહેલેથી જ મદદ કરી છે. 19 અને કોઇને ઠંડીથી થરથરતા
અથવા તો એક ગરીબ માણસને ડગલા વગરનો જોયો હોય. 20 મેં હમે-
શા તેઓને કપડાં આપ્યા તેઓને હૂંફાળા કરવા મેં મારા પોતાના ઘે-
ટાંઓનું ઊન આપ્યું અને તેઓએ મને હ્રદયપૂર્વક આશીર્વાદ આપ્યા.
21 મેં એક અનાથ મદદ માગવા માટે તે જ્યારે દરવાજા પર આવ્યો હોય
ત્યારે હાથ ઉઠાવ્યો હોય. 22 જો મેં આવું કશું કર્યુ હોય તો મારો હાથ તો-
ડી નાંખવામાં આવે અને તેને ખભામાંથી ખેંચી કાઢવામાં આવે! 23 પણ
મેં કાંઇ ખોટુ કર્યુ નથી. હું દેવની શિક્ષાથી ડરું છું. તેની મહાનતા મને
ડરાવે છે. 24 મેં મારી ધનસંપત્તિ પર કદી આધાર રાખ્યો નથી, અને હંમે-
શા મદદ કરવા માટે મને દેવમાં વિશ્વાસ હતો. મેં કદી કહ્યું નથી કે શુદ્ધ
સ્વર્ણ, ‘તુંજ મારી એકમાત્ર આશા છે.’ 25 હું ધનવાન છું પણ તેથી હું
અભિમાની નથી. હું ખૂબ પૈસા કમાયો. પણ તે એકજ એવી વસ્તુ નથી
જેનાથી હું સુખી થયો. 26 મેં તેજસ્વી સૂર્ય કે સુંદર ચંદ્રની પૂજા કરી નથી.
27 હું સૂર્ય અને ચંદ્રની પૂજા કરું એવો મૂર્ખ ન હતો. 28 તે પણ એક પાપ
છે જેની સજા થવીજ જોઇએ. જો મેં એવી કોઇપણ વસ્તુની ઉપાસના
કરી હોય તો હું દેવને વિશ્વાસુ રહ્યો હોઇશ નહિ. 29 હું મારા શત્રુના દુ:ખે
કદી ખુશ થયો નથી. તેઓની મુશ્કેલીમાં મેં કદી હાંસી નથી ઉડાવી.
30 મે મારા મુખને મારા દુશ્મનોને શાપ આપવાનું અને તેઓ મરી જાય
તેમ ઇચ્છવાનું પાપ કદી કરવા દીધું નથી. 31 મારા ઘરમાં દરેક જણ જા-
ણે છે કે મેં અજાણ્યાને કાયમ ખાવાનું આપ્યું છે. 32 પરદેશીને માર્ગમાં
ઉતારો કરવો પડતો નહોતો; પણ મુસાફરને માટે મારાઁ બારણાં હંમેશા
ઉઘાડાં હતાં. 33 જો આદમની જેમ મેં મારાં પાપ સંતાડ્યાં હોય, 34 લોકો
કદાચ શું કહેશે એવો મને કદી ડર લાગ્યો નથી. ડરે મને કદી ચૂપ રહેવા
દીધો નથી. એણે મને કદી બહાર જતા રોક્યો નથી. લોકોના મારા પર-
ના ધિક્કારથી હું ડરતો નથી. 35 અરે હું ઇચ્છું છું, મને કોઇ સાંભળતું
હોત! મને મારી બાજુ સમજાવવા દો. હું ઇચ્છું છું કે સર્વસમર્થ દેવ મને
જવાબ આપે. હું ઇચ્છું છું કે તેને જે લાગે મેં ખોટું કર્યુ છે તો તે લખી ના-
ખે. 36 તો હું એને મારે ખભે લટકાવીશ. હું રાજમુગટની જેમ તેને પહેરીશ.
37 મારા એકેએક પગલાનો અહેવાલ તેને આપીશ. હું મારું માથું ઊંચુ
રાખીને એની સામે ઊભો રહીશ. 38 મેં મારી જમીન કોઇ પાસેથી ચોરી
નથી, કોઇપણ મને તેની ચોરી માટે દોષિત ઠરાવી શકે તેમ નથી. 39 મેં
હંમેશા ખેડૂતોને તેના ખોરાક માટે પૈસા ચૂકવ્યા, જે મને આ જમીન-
માંથી મળ્યા. મેં કદી બીજા માણસની જમીન તેને મારી નાખીને ઝૂંટવ-
વાની કોશિષ કરી નથી. 40 જો મેં કોઇ આવી ખરાબ બાબત કરી હોય તો
એવું થજો કે મારી જમીનમાં ઘંઉ અને જવને બદલે કાંટા અને ખડ ઉગે!”
અયૂબનું નિવેદન પૂરું થયું.

32 પછી અયૂબના ત્રણ મિત્રોએ અયૂબને જવાબ આપવાનું મૂકી
દીધુ કારણકે અયૂબને એટલો આત્મ વિશ્વાસ હતો કે તે પોતે
સાચે નિર્દોષ હતો. 2 પરંતુ રામના કુળનો બુઝનો વંશજ બારાકેલનો પુ-
ત્ર અલીહૂ અયૂબ પર ગુસ્સે થયો હતો, કારણકે અયૂબ પોતાને નિર્દોષ
અને દેવને દોષિત માનતો હતો. 3 વળી તેના ત્રણ મિત્રો વિરુદ્ધ પણ
તેનો ક્રોધ ચઢયો, કેમ કે તેઓ તેની વાતોનો ઉત્તર આપી શક્યા નહો-
તા, તો પણ તેઓએ અયૂબને દોષિત ઠરાવ્યો હતો. 4 તેઓ બોલતા
હતાં ત્યારે અલીહૂ બોલ્યા વિના બેસી રહ્યો હતો, કારણકે તેઓ એના-
થી ઉંમરમાં મોટા હતા; 5 પણ જ્યારે એણે જોયું કે એ ત્રણેના મોંમા
ઉત્તર નથી ત્યારે એને રોષ થયો હતો. 6 બુઝનો વંશજ બારાકેલના પુત્ર
અલીહૂએ ઉત્તર આપતા કહ્યું કે:“હું નાનો છું, અને તમે ઘણા વૃદ્ધ છો;
માટે હું દબાઇ ગયો, અને મારો મત તમને જણાવવાની મારી હિંમત ચા-
લી નહિ. 7 મને લાગ્યું, ‘મોટેરાઓએ બોલવું જોઇએ, વયોવૃદ્ધોએ એમનું
જ્ઞાન શીખવવું જોઇએ.’ 8 પરંતુ માણસમાં રહેલો આત્મા વ્યકિતને ડા-
હ્યો બનાવે છે. ને સર્વસમર્થ દેવનો શ્વાસ લોકોને સમજાવે છે. 9 માત્ર
મોટી ઉંમરવાળા બુદ્ધિમાન હોય છે, એમ નથી, અને વૃદ્ધો ન્યાય સમજે
છે એમ હંમેશા હોતું નથી. 10 માટે હું કહું છું કે, ‘મને સાંભળો; હું પણ મા-
રો મત દર્શાવીશ.’ 11 જુઓ, જ્યારે તમે બોલતા હતા ત્યારે મેં રાહ જોઇ.
જ્યારે તમે શબ્દો શોધતા હતા, હું તમારી દલીલો સાંભળતો હતો.
12 તમને મેં ધ્યાનથી સાંભળ્યા, પણ તમે કોઇએ અયૂબને ખોટો પાડ્યો
નહિ. અયૂબને સામો જવાબ આપ્યો નહિ. 13 તમે ત્રણ જણાઓ કહી ન
શકો કે તમને જ્ઞાન મળ્યુ . દેવે નહિ લોકોએ અયૂબની દલીલોનો
જવાબ આપવો જેઇએ. 14 એ મારી સાથે દલીલમાં ઊતર્યો નથી, અને હું
તમારી જેમ સામે જવાબ આપીશ નહિ. 15 અયૂબ, તેઓ દલીલ હારી
ગયા છે, તેઓ કંઇ વધારે સામો જવાબ આપતા નથી, એમની પાસે હવે
શબ્દો રહ્યા નથી. 16 અયૂબ, તને જવાબ આપવા હું આ માણસોની રાહ
જોતો હતો. પણ તેઓ ચૂપ રહ્યા. તેઓએ તમારી સાથે દલીલ કરવાનું
બંધ કર્યુ છે. 17 ના, હવે હું મારે જે કંઇ કહેવાનું છે તે કહીશ, હું જે વિચારું
છું તે કહીશ. 18 મારી પાસે ઘણી બાબતો કહેવા માટે છે મારી અંદરનો
આત્મા મને ફરજ પાડે છે. 19 હું દ્રાક્ષારસની તે નવી બાટલી જેવો છું કે
જે હજી ખોલી ન હોય. હું તે નવા દ્રાક્ષારસના ઢાંકણા જેવો છું કે જે ખો-
લાયા પછી ઊડવાની તૈયારીમાં હોય છે. 20 મારું મન સ્વસ્થ થાય માટે
મારે બોલવું જ જોઇએ, મારે મોંઢે અયૂબની દલીલોનો જવાબ આપવો
જ જોઇએ. 21 હું કોઇનો પક્ષ નહિ લઉં, હું કોઇની પ્રશંસા નહિ કરું.
22 મને પ્રશંસા કરતાઁ નથી આવડતું, જો હું એમ કરું તો દેવ મને કબર-
ની તરફ મોકલી દેશે!”

33 “અને હવે, અયૂબ, હું જે કહું તે કૃપા કરીને ધ્યાનથી સાંભળ,
2 જો, હવે મેં મારું મોં ખોલ્યું છે, મારી જીભ બોલવાની તૈયારી-
માં છે. 3 મારું હૃદય પવિત્ર છે, તેથી હું પ્રામાણિકતાથી બોલીશ, મારા
હોઠો હું જે જાણું છું એ વિશે સચ્ચાઇથી બોલશે. 4 દેવના આત્માએ મને
ઉત્પન્ન કર્યો છે, સર્વસમર્થ દેવનો શ્વાસ મને જીવન આપે છે. 5 જો તારા-
થી બની શકે, તો તું મને ઉત્તર આપ; તારી દલીલો વિચારી લે અને મા-
રી સાથે દલીલ કર. 6 દેવની નજરમાં તો હું તારા જેવો જ છું હું પણ મા-
ટીમાંથી જ પેદા થયો છું. 7 તારે મારાથી ડરવા જેવું કાંઇ નથી. હું તારી
સાથે કઠોર નહિ થાઉં. 8 મારી સુનાવણીમાં તમે કહ્યું છે, ‘તમારા એ
શબ્દો મેં સાંભળ્યા હતા.’ 9 હું નિર્મળ છું, મે ખોટું કાંઇ કર્યુ નથી. 10 દેવ
મારી વિરુદ્ધ થવા બહાનું શોધી કાઢે છે, દેવ મારી સાથે એક શત્રુ જેવો
વર્તાવ કરે છે. 11 તે મારું એકેએક પગલું ધ્યાનથી જુએ છે.’ 12 જો, હું
તને કહું છું કે એમાં તું સાચો નથી. દેવ માણસથી બહુ મહાન છે. 13 “તું

શા માટે એમની સાથે દલીલ કરે છે કે એ તારા એક પણ સવાલનો
જવાબ આપતા નથી? 14 દેવ વારંવાર અનેક રીતે બોલતા હોય છે, પણ
માણસ સમજતો નથી. 15 જ્યારે માણસો ગાઢ નિદ્રામાં હોય કે, પથારી
પર ઝોકાં ખાતાં હોય, અને સ્વપ્નમાં, અથવા રાતના સંદર્શનમાં પડ્યાં
હોય; 16 દેવ લોકોના કાન ખોલી નાખે છે, અને એમને ચેતવણી આપી-
ને ભયભીત કરે છે. 17 અને એમ એ માણસને પાપ કરતાં અટકાવે છે,
અભિમાનથી બચાવે છે, 18 દેવ, લોકોને ચેતવણી આપે છે જેથી તે તે-
ઓને કબરમાં જતાં બચાવી શકે. માણસને વિનાશમાંથી બચાવવા મા-
ટે દેવ આમ કરે છે. 19 તદુપરાંત, દેવ માણસને પથારીવશ કરીને સતત
તેના હાડકાઓમાં પીડા મારફતે તે તેઓને સમજાવે છે. 20 પછી તે મા-
ણસ ખાઇ શકતો નથી. તે માણસને એટલી બધી પીડા થાય છે કે તેને
સ્વાદિષ્ટ ભોજનનો પણ અણગમો થાય છે. 21 એનું શરીર સુકાઇ જાય
છે અને ચામડી નીચેથી હાડકાં દેખાઇ આવે છે. 22 તે વ્યકિત કબરની
પાસે છે. અને તેનુ જીવન મૃત્યુની નજીક છે. 23 દેવને હજારો દેવદૂતો
છે. કદાચ તે દેવદૂતોમાંથી એક તે વ્યકિત પર બરોબર નજર રાખે.
24 અને તેના પર દયાળુ થઇને દેવને કહે છે કે, 'એને કબરમાં ધકેલો
નહિ, તેના પાપનો ચુકાદો કરવા મેં એક રસ્તો શોધી કાઢયો છે. 25 તો
એનો દેહ ફરીથી પાંગરે છે, એ ફરીથી જ્યારે તે યુવાન હતો તેવો બની
જાય છે. 26 તે દેવને પ્રાર્થના કરે છે, અને દેવ તેની પ્રાર્થનાનો જવાબ
આપે છે. અને તે વ્યકિત એનું મુખ જોઇને આનંદમાં આવી જઇ બૂમો
પાડશે અને દેવની ઉપાસના કરશે. અને ફરીથી તે સારું જીવન જીવવા
લાગશે. 27 તે માણસ પોતાના મિત્રની આગળ કબૂલ કરશે, 'મેં પાપ કર્યુ
હતું. મેં સારા ને ખરાબમાં બદલાવ્યુ હતું. પરંતુ દેવે હું જે સજાને પાત્ર
હતો તે મને આપી નહિ. 28 તેમણે મને મોતના મુખમાંથી બચાવ્યો છે.
હવે હું ફરીથી જીવનનો આનંદ માણી શકીશ.' 29 દેવ તો માણસની સા-
થે એકવાર, બેવાર, વારંવાર આમ વતેર્ છે. 30 તે મનુષ્યને ચેતવવા
અને તેના આત્માને કબરમાંથી બચાવવા જેથી તે માણસ જીવનનો
આનંદ માણી શકે. 31 હે અયૂબ, હવે હું જે કહું તે ધ્યાનથી સાંભળ! તું
મૌન રહે અને મને બોલવા દે. 32 પણ અયૂબ, તારે જો મારી સાથે સંમત
થવું ન હોય, તો બોલવાનું ચાલુ રાખ, તારી દલીલ મને કહે કારણકે હું
તને નિદોર્ષ જાહેર કરવા માગું છુ 33 પણ જો તારે કાઇ કહેવાનું જ ન
હોય, મારું સાંભળો, છાના રહો અને હું તમને ડહાપણના જ્ઞાનના પાઠ
શીખવીશ."

34 અલીહૂએ અનુસંધાનમાં આગળ બોલતા કહ્યું; 2 "હે શાણા મા-
ણસો, તમે મારા શબ્દો સાંભળો; અને હે જ્ઞાનીઓ, તમે મારા
કહેવા પર ધ્યાન આપો. 3 જેમ જીભ સ્વાદને ઓળખી શકે છે, તેમ કાન
શબ્દોને પારખી શકે છે. 4 ચાલો આપણે પસંદ કરીએ કે સાચું શું છે,
ચાલો આપણે નક્કી કરીએ કે સારું શું છે. 5 કારણ કે અયૂબે કહ્યું છે કે,
'હું નિદોર્ષ છું અને દેવ મારી સાથે ન્યાયી નથી. 6 હું નિદોર્ષ છું છતાં હું
જૂઠા બોલો તરીકે ગણાઉં છું; એમણે મને સતત જીવલેણ પ્રહાર કર્યો
છે; પણ મેં કઇં વાંક ગુનો કર્યો નથી.' 7 અયૂબના જેવો બીજો કોણ છે?
અયૂબ જેટલી સરળતાથી પાણી પીએ છે તેટલી સરળતાથી તિરસ્કાર
પી જાય છે. 8 એને દુષ્ટ લોકોની સંગત ગમે છે, એ દુષ્ટ લોકોની સાથે
ફરે છે. 9 તેણે કહ્યું છે, 'દેવને ખુશ કરવાથી તેમાઁ તેને કોઇ લાભ નથી.'
10 તેથી હે શાણા માણસો, મારું સાંભળો દેવ કદી કંઇ ખોટું કરેજ નહિ,
અને સર્વસમર્થ દેવ કદી કંઇ અનિષ્ટ કરે નહિ. 11 તે માણસે જે કર્યુ હશે
તેનો બદલો તે માણસને દેવ આપશે. 12 દેવ ખોટું કરશે જ નહિ,
અન્યાય કરશે જ નહિ. આના કરતાં વધારે સાચું કોઇ વિધાન નથી.
13 પૃથ્વી પર કામગીરી બજાવવા માટે કોઇએ દેવને પસંદ કર્યા નથી.
કોઇએ દેવને આખી દુનિયાની જવાબદારી સોંપી નથી. દેવેજ બધી
વસ્તુઓ બનાવી છે અને તે વસ્તુઓ પર હમેશા તેમની જ સત્તા રહી છે.
14 જો દેવ પોતાનો આત્મા અને શ્વાસ પૃથ્વી પરથી લઈ લે. 15 તો
તમામ સજીવોનો વિનાશ થાય અને માણસ જાત પાછી ધૂળ ભેગી થઇ
જાય. 16 જો તમારામાં સમજ શકિત હોય તો મને સાંભળો! મારા શબ્દો
ધ્યાનમાં રાખો. 17 જે ન્યાયને ધિક્કારે, તો એ કદી રાજ ચલાવી શકે?
દેવ ન્યાયી અને પરાક્રમી છે. શું તને લાગે છે તું તેને દોષિત ઠરાવી
શકીશ? 18 શું દેવ કદી રાજાઓને કહે છે કે, 'તમે નકામા છો' અથવા રા-
જકુમારોને કે, 'તમે દુષ્ટ છો?' 19 દેવ રાજકર્તાઓને બીજા લોકો કરતા
વધારે પ્રેમ કરતા નથી, ધનવાનોને ગરીબ લોકો કરતા વધારે પ્રેમ કરતા
નથી. કારણ કે બધા તેના હાથે સર્જાયેલા છે. 20 એક ક્ષણમાં, મધરાતે
પણ, તેઓ મૃત્યુ પામે છે. જ્યારે દેવ પ્રહાર કરે છે, બળવાન પણ મરી
જાય છે. મહાન લોકો અદ્રશ્ય થઇ જાય છે અને તેમાં માણસનો હાથ
સંડોવાયેલો નથી. 21 કારણકે, દેવની નજર માણસની ચાલચલગત પર
હોય છે. તે તેની સઘળી વર્તણૂક જુએ છે. 22 દુષ્ટ માણસને સંતાડી શકે
એવો કોઇ પડદો કે અંધકાર નથી. 23 દેવને લોકોની વધુ પરીક્ષા કરવા
માટે સમય પસંદ કરવાની જરૂર નથી. દેવને લોકો વિશે અભિપ્રાય
આપવા તેમને સામે લાવવાની જરૂર નથી. 24 જો શકિતશાળી લોકો
પણ દુષ્કર્મ કરે, તો દેવને તેઓને માટે પ્રશ્ર્ન કરવાની જરૂર નથી. તે
સર્વથા તે લોકોનો વિનાશ કરશે અને બીજાઓને નેતા તરીકે નિયુકત
કરશે. 25 તેથી દેવ જાણે છે કે લોકો શું કરે છે એજ કારણે દેવ રાતોરાત
દુષ્ટ લોકોને પાયમાલ કરશે અને તેઓનો નાશ કરશે. 26 દેવ દુષ્ટ લો-
કોને તેઓએ જે દુષ્કમોર્ કર્યા છે તેને માટે બીજાઓ જ્યારે જોતા હશે
ત્યારે સજા કરશે. 27 કારણકે તેઓ દેવથી પાછા ફરી ગયા છે, તેઓ
એના માર્ગને અનુસરવા માગતા નથી. 28 તેમનો પોકાર દેવ સુધી
પહોંચે છે અને દેવ એ દુ:ખી લોકોનો સાદ સાંભળે છે. 29 પણ જો દેવ
તેઓને મદદ ન કરવાનો નિશ્ચય કરે તો કોઇપણ દેવને દોષિત ઠરાવી
શકે તેમ નથી. જો દેવ પોતે લોકોથી સંતાઇ જાય તો કોઇ તેને શોધી
શકે તેમ નથી. 30 ને જો તે લોકોને પાપ કરવાનું કારણ શાસન છે તો
દેવ તેને તેની સત્તા પરથી ઊતારી નાખશે. 31 શું કોઇએ ઇશ્વરને એમ
કહ્યું છે કે, 'હું ગુનેગાર છું, હવે પછી હું કદી પાપ કરીશ નહિ. 32 દેવ, હું
તમને જોઇ શકતો નથી તે છતાં મને જીવવાની સાચી રીત મને શીખવ-
શો જો મેં ખોટું કર્યુ હોય તો હું ફરી એવું કરીશ નહિ.' 33 અયૂબ, તને દેવ
પાસેથી ફળ જોઇએ છે. પણ તારે તે બદલવું નથી. અયૂબ એ તારો નિ-
ર્ણય છે અને મારો નથી. મને કહે તું શું જાણે છે. 34 ડાહ્યો માણસ મને
સાંભળશે ડાહ્યો માણસ કહેશે. 35 'અયૂબ જ્ઞાન વગર બોલે છે. એના
શબ્દોમાં કોઇ તાત્પર્ય નથી.' 36 મને લાગે છે કે અયૂબને વધારે સજા
થવી જોઇએ. કારણકે અયૂબ અમને દુષ્ટ માણસો જેવા જવાબ આપે
છે. અંત સુધી તેની કસોટી થવી જોઇએ. 37 અયૂબ તેના બીજા પાપોમાં
બળવાખોરીનો ઉમેરો કરે છે. અયૂબ ત્યાં અમારું અપમાન કરી અમારી
પહેલા બેસે છે. અને તે દેવની વિરુદ્ધ લાંબી લાંબી વાતો કરે છે."

35 વળી અલીહૂએ અનુસંધાનમાં કહ્યું; 2 "અયૂબ, તું દેવને પૂછ,
'જો કોઇ દેવને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરે તો તેને શું ફાયદો
થાય? જો મે પાપ ન કર્યા હોત તો મને વધારે ફાયદો થાત?' 3 તું એમ
માને છે કે, આમ કહેવું તે યોગ્ય છે? તું કહે છે; 'દેવ કરતા હું વધારે સા-
ચો સત્ય છું?" 4 હું તને તથા તારા બધા મિત્રોને એક સાથે જવાબ
આપીશ. 5 ઊંચે આકાશમાં જો! જો વાદળાં તારા કરતાં કેટલાં ઊંચા છે!
6 અયૂબ, જો તમે પાપ કરો, તો તેમાં દેવને કોઇ રીતે હાનિ થવાની
નથી. જો તમારી પાસે ખૂબ પાપ ભર્યા હોય તો તેમાં દેવનું કાંઇ નુકસાન
નથી. 7 અને અયૂબ, જો તું સારો હોય તો તે કોઇ રીતે દેવને સહાયરૂપ
નથી. તારી પાસેથી દેવને કાંઇ મળવાનું નથી. 8 અયૂબ, તુ જે કાંઇ સા-
રું કે ખરાબ કાર્ય કરે છે તે તારી જેમ ફકત બીજાઓને અસર થાય છે.
તેઓ દેવને મદદ કે હાનિ કરતા નથી. 9 જો દુષ્ટ લોકોને હાનિ થાય તો
તેઓ મદદ માટે પોકાર કરશે. તેઓ શકિતશાળી લોકો પાસે જાય છે
અને મદદ માંગે છે. 10 પરંતુ તે દુષ્ટ લોકો, તેઓને મદદ કરવાનું દેવને
કહેતા નથી. તેઓ કહેશે નહિ મારા સર્જનહાર દેવ ક્યાં છે? દેવ જેઓ
ઉત્સાહ ભંગ છે, તેઓને મદદ કરે છે. તો તે ક્યાં છે? 11 જે દેવે આપણને
પશુઓ અને પંખીઓ કરતાં વધારે સમજુ બનાવ્યા છે તો તે ક્યાં છે!
12 તેઓ બૂમો પાડે છે, પણ કોઇ એમને સાંભળતું નથી, કારણકે એમ-
નામાં અનિષ્ટનું અભિમાન હોય છે. 13 એ સાચું છે, દેવ તેઓની નિરર્થક
માંગણીઓ પર ધ્યાન આપશે નહિ. સર્વસમર્થ દેવ તેઓ તરફ જરા પણ
ધ્યાન આપશે નહિ. 14 તેથી અયૂબ, તું કહે છે કે, તું તેને જોતો નથી,
ત્યારે દેવ તેને સાંભળશે નહિ. તું કહે છે કે તું દેવને મળવાની તકની
રાહ જુએ છે અને તારી નિદોર્ષતા સાબિત કરે છે. 15 અયૂબ, વિચારે છે કે
દેવ દુષ્ટ લોકોને સજા કરતા નથી. તે વિચારે છે કે દેવ પાપ જોતા નથી.
16 તેથી અયૂબ, તેની અર્થ વગરની વાતો કરે છે. અયૂબ જાણે તે મહત્વ-

શીલ હોય તેમ વર્તે છે. એ સહેલાઇથી જાણી જવાય છે કે અયૂબને તે
શેના વિશે બોલે છે તેની તેને ખબર નથી.”

36 વળી અલીહૂએ આગળ અનુસંધાનમાં કહ્યું; 2 “જરા લાંબો
સમય મને નિભાવી લે, દેવના પક્ષમાં હું થોડા વધુ શબ્દો છે
કહેવા ઇચ્છું છું. 3 હું મારું જ્ઞાન એકેએક સાથે વહેંચીશ, દેવે મારું
સર્જન કર્યુ અને તે ન્યાયી છે તે હું સાબિત કરીશ. 4 હું તને જણાવું છું કે
તે ખરેખર સત્ય છે કેમ કે હું સંપૂર્ણ જ્ઞાની છું. 5 દેવ મહા બળવાન છે,
પણ એ કોઇનો તિરસ્કાર કરતા નથી. દેવ ખૂબ બુદ્ધિમાન છે, પણ ખૂબ
વિદ્વાન પણ છે. 6 એ દુષ્ટોને જીવતા રહેવા દેતા નથી; પણ ગરીબોનો
ન્યાય કરે છે. 7 જે સચ્ચાઇથી રહે છે, તે લોકો પર દેવ નજર રાખે છે. તે
તેઓને રાજાઓની સાથે સિંહાસન પર બેસાડે છે અને તેઓ સદાય
ઉચ્ચ સ્થાન પર રહે છે. 8 તેથી જો લોકોને સજા થઇ છે, જો તેઓ
સાંકળ અને દોરડાથી બંધાયેલા છે, તો તેઓએ કાંઇક ખોટું કર્યુ છે.
9 અને દેવ તેને કહેશે, તેઓએ શું કર્યુ હતું. દેવ તેને કહેશે કે તેઓએ
પાપ કર્યા હતા. દેવ તેઓને કહેશે તેઓ ઉદ્ધત હતા. 10 દેવ તેઓને પાપ
કરવાનું મૂકી દેવાનો આદેશ આપશે અને તેઓના શિક્ષણ તરફ કાન
ઉઘાડે છે. 11 તેઓ જો એનું માને અને એની સેવા કરે તો તેઓ તેમનું
બાકીનું જીવન સમૃદ્ધિમાં ગાળશે. તેઓના વર્ષો સુખથી ભરેલા હશે.
12 પરંતુ જો તેઓ એનું ન માને તો તેઓ અજ્ઞાનમાંજ મૃત્યુ પામે અને
મૃત્યુલોકમાં પહોંચી જાય. 13 લોકો જે દેવની ચિંતા કરતા નથી જ્યારે
આખો વખત તેઓ દુ:ખી રહે છે. દેવ તેઓને શિક્ષા કરે છે ત્યારે પણ
તેઓ તેમને મદદ માટે પ્રાર્થના કરતા નથી. 14 તેઓ હજુ જુવાન હશે
મરી જશે. અને તેમનો જીવ દુષ્ટોની સાથે નાશ પામે છે. 15 પણ દુષ્ટ-
લોકોને તેઓના દુ:ખ દ્વારા નરમ બનાવે છે. દેવ તે દુ:ખ દ્વારા લોકોને
જગાડી અને તેને સાંભળતા કરે છે. 16 તેણે તને દુ:ખમાંથી દૂર કર્યો છે,
તેણે તને નિરાંતનું જીવન આપ્યું છે. તેણે તને પુષ્કળ પ્રમાણમાં ખોરાક
પીરસ્યો છે. 17 પરંતુ હવે અયૂબ, તું દોષિત ઠરાયો. તેથી તને એક દુષ્ટ
વ્યકિતની જેમ સજા થઇ. 18 હવે તમે સાવધ રહેજો, જેથી સમૃદ્ધિ તમને
ફોસલાવે નહિં, લાંચ તમારું મન બદલાવે નહિ. 19 સંકટમાં તારી અઢ-
ળક સમૃદ્ધિ તને શા કામની? તારી શકિત તારા શા કામની? 20 રાતે
આવવાની ઇચ્છા કરતો નહિ. લોકો રાત્રિમા અલોપ થઇ જવાનો પ્રય-
ત્ન કરે છે. તેઓ વિચારે છે કે તેઓ પોતાને દેવથી સંતાડી શકશે.
21 અયૂબ, તેં ખૂબજ પીડા ભોગવી છે. પણ અનિષ્ટ પસંદ કરતો નહિ
કંઇ પણ ખોટું નહિ કરવાની સાવચેતી રાખજે. 22 દેવ પોતાના સાર્મથ્ય
વડે મહિમાવાન કાર્યો કરે છે. એના જેવો ગુરુ છે કોણ? 23 એમણે શું
કરવું એ કોઇ એમને કહી શકે ખરું? તમે ખોટું કર્યુ છે એમ એમને કોણ
કહી શકે?’ 24 તેમણે પ્રતાપી કાર્યો કરેલા છે. તેમણે કરેલાં મહાન કાર્યો
માટે તેમની સ્તુતિ કરવાનું યાદ રાખ. લોકોએ દેવની સ્તુતિ વર્ણવતા
ઘણા ગીતો લખ્યા છે. 25 દેવે જે કાઇં કર્યુ છે તે બધાએ જોયું છે, દૂર દે-
શાવરમાં પણ લોકો તે જોઇ શકે છે. 26 દેવ એટલાં મહાન છે કે આપણે
તેમને સમજી શકતા નથી. કેટલા સમયથી દેવ છે તે કોઇ સમજી શકે
એમ નથી. 27 દેવ, પૃથ્વી પરથી પાણીને ઊંચે લઇ જઇ અને તેનું ઝાકળ
અને વરસાદમાં રૂપાંતર કરે છે. 28 જે વાદળોમાંથી પૃથ્વી પર વરસે છે
અને અનેક લોકો પર પડે છે. 29 દેવ કેવી રીતે વાદળો પાથરે છે, અને
તેમાં થતી ગર્જનાઓને કોઇ સમજી શકે છે ખરું? 30 જુઓ, દેવ પૃથ્વી
પર વિજળી ફેલાવે છે અને મહાસાગરના ઊંડામાં ઊંડા ભાગને ઢાંકી દે
છે. 31 દેવ પોતાના અદ્ભૂત અંકુશ વડે, તે લોકો પર શાસન કરે છે અને
તેઓને ભરપૂર ખોરાક પૂરો પાડે છે. 32 તેઓ પોતાના હાથથી વીજળીને
પકડે છે અને જ્યાં તેને પાડવી હોય ત્યાં પડવાની આજ્ઞા કરે છે.
33 ગર્જના ચેતવણી આપે છે કે તોફાન નજીક આવી રહ્યું છે. તે દ્વારા
પણ સમાચાર પહોંચાડે છે કે તોફાન નજીક આવી રહ્યું છે.”

37 વીજળી અને ગર્જના મને બીવડાવે છે. મારું હૃદય મારી છાતી-
માં ધડકારા કરે છે. 2 દેવની ગર્જના તથા તેના મુખમાંથી નીક-
ળતી વાચા ધ્યાન થી સાંભળ. 3 આખા આકાશને તે વીજળીથી ઝળકા-
વે છે, એ ધરતીના એક છેડાથી બીજા છેડા સુધી ફરે છે. 4 વીજળીનો
ચમકારો થાય ત્યાર પછી દેવની ગર્જનાના અવાજ સાંભળી શકાય છે,
દેવ તેના મહત્વથી ગર્જના કરે છે. જ્યારે વીજળી ચમકે છે, દેવનો
અવાજ ગર્જે છે. 5 તેમની ગર્જનાનો અવાજ ભવ્ય હોય છે. જે મહાન કૃ-
ત્યો કરે છે જે આપણે સમજી શકતા નથી. 6 દેવે બરફને કહ્યું, ‘પૃથ્વી
પર પડો’ દેવે વરસાદને કહ્યું, “પૃથ્વી પર મૂશળધાર વરસો.” 7 અને આ
રીતે એ માણસોને કામે જતાં અટકાવે છે, જેને લીધે તેઓ સમજશે કે તે
શું કરી શકે છે. 8 ત્યારે પશુઓ તેમની ગુફામાં ભરાઇ જાય છે અને એમાં
પડ્યાં રહે છે. 9 દક્ષિણ દિશામાંથી વંટોળિયો આવે છે, ઉત્તર દિશામાંથી
ઠંડા પવનો ઊતરી આવે છે. 10 દેવના શ્વાસથી હિમ બને છે, અને સમુ-
દ્રો થીજી જાય છે. 11 તે ઘાડા વાદળોને પાણીથી ભરી દે છે અને તેમાં
વીજળીઓ ચમકાવે છે. 12 દેવ વાદળોને આખી પૃથ્વી પર વિખેરાઇ
જવાનો આદેશ આપે છે. વાદળો દેવની આજ્ઞા પ્રમાણે કરે છે. 13 દેવ
પૂર લાવી લોકોને શિક્ષા કરવા અથવા તો પાણી લાવી પોતાનો પ્રેમ
દર્શાવવા વાદળો બનાવે છે. 14 હે અયૂબ, સાંભળ, જરા થોભ, અને દેવ-
ના અદ્ભૂત કાર્યોનો વિચાર કર! 15 દેવ વાદળોને કેવી રીતે નિયંત્રણમાં
રાખે છે અને વાદળોમાંથી વીજળીને કેવી રીતે ચમકાવે છે એ શું તું જા-
ણે છે? 16 તે કેવી રીતે હવામાં વાદળાંને અદ્ધર સમતુલીત રાખે છે તે તું
જાણે છે? વાદળો દેવના અદભૂત સર્જનોનું એક દ્રષ્ટાંત છે અને દેવ
તેઓ વિષે સર્વ જાણે છે. 17 પણ અયૂબ, તું આ બાબતો જાણતો નથી.
તું એટલુંજ જાણે છે કે તને જ્યારે પરસેવો થાય ત્યારે તારા કપડાં તારી
ચામડી ને ચોંટી જાય છે. અને જ્યારે દક્ષિણ દિશામાંથી હુફાળો પવન
વાય છે ત્યારે બધું શાંત અને સૂમસામ થઇ જાય છે. 18 શું તમે પથરાયે-
લા આકાશને ચકચકીત કરેલા પીતળની જેમ ચમકીલુ બનાવામાં દેવ-
ને મદદ કરી શકશો? 19 અયૂબને કહેવા દો કે અમારે દેવને શું કહેવું!
અમારા માં અંધકાર છે! અમે એની સાથે દલીલો કરી શકતા નથી. 20 હું
દેવને કહીશ નહિ કે મારી ઇચ્છા તેની સાથે બોલવાની હતી. એતો પો-
તેજ પોતાનો વિનાશ માગવા જેવું થશે. 21 હવે પવને આકાશને ચોખ્ખું
કર્યુ છે અને ત્યાં એટલું બધુ અજવાળું છે કે અમે સૂર્ય સામે જોઇ શકતા
નથી. 22 તે જ રીતે આકાશમાંથી આપણી ઉપર આવતા અને આંખોને
આંજી દેતા દેવના ભવ્ય પ્રતાપ સામે પણ આપણે જોઇ શકતા નથી.
23 સર્વસમર્થ દેવ મહાન છે! આપણે તેને સમજી શકતા નથી. દેવ ખૂ-
બજ શકિતશાળી છે પણ તે આપણી સાથે ન્યાયી છે. આપણને નુક-
સાન પહોચાડવું દેવને ગમતું નથી. 24 એ કારણથી લોકો દેવનો આદર
કરે છે. પણ જે અભિમાની છે અને પોતાની જાતને વિદ્વાન માને છે, દેવ
તે લોકોને માન આપતા નથી.”

38 પછી યહોવાએ વંટોળિયામાંથી અયૂબને જવાબ આપતાં કહ્યું
કે, 2 “મૂર્ખતાથી ઇશ્વરી ઘટનાને પડકારનાર આ વ્યકિત કોણ
છે?” 3 તારી કમર બાંધ; કારણકે હું તને પૂછીશ, અને તું મને જવાબ
આપીશ, જવાબ આપવાનો તારો વારો છે. 4 જ્યારે મેં પૃથ્વીના પાયા
નાખ્યા ત્યારે તું ક્યાં હતો? તું બહુ સમજે છે તો એ તો કહે કે 5 પૃથ્વીને
ઘડવા માટે એનાં તોલમાપ કોણે નક્કી કર્યા હતાં? દુનિયાને એક માપ-
રેખાથી કોણે માપી હતી? 6 એના મજબૂત પાયાં શાના ઉપર નાંખવામાં
આવ્યા છે? તેની જગ્યામાં પહેલો પથ્થર કોણે મૂક્યો? 7 પ્રભાતના તા-
રાઓએ સાથે ગીત ગાયું અને દેવદૂતોએ જ્યારે તે થઇ ગયું ત્યારે
આનંદથી બૂમો પાડી! 8 સમુદ્રને પૃથ્વીના ઊંડાણમાંથી ધસી આવતા
રોકવા દરવાજાઓ કોણે બંધ કર્યા હતા? 9 વાદળાં અને ગાઢ અંધકારરૂ-
પી વસ્રો મેં તેને પહેરાવ્યં. 10 મે તેની બાજુઓની હદ બનાવી અને
બંધ દરવાજાઓની સીમાઓ પાછળ તેને મૂકી. 11 મે સમુદ્રને કહ્યું, ‘તું
અહીં સુધી ગતિ કરજે, અહીંથી આગળ ઉલ્લંઘન કરીશ નહિ. તારા પ્રચંડ
મોજા અહીં અટકી જશે.’ 12 શું આ પ્રભાત થાય છે, તે તમારા આદેશથી
થાય છે? સવારે સૂર્યના કિરણોએ કઇં દિશામાં ઊગવું તે શું તમે નક્કી
કરો છો? 13 અયૂબ, તે ક્યારે પણ પ્રભાતના પ્રકાશને પૃથ્વીને ઝૂંટવી
લઇને દુષ્ટ લોકોને તેઓની સંતાવાના સ્થાનેથી જાવી નાખવાનું કહ્યું
છે? 14 પ્રભાતનો પ્રકાશ ટેકરીઓ અને ખીણોને ષ્ટિ ગોચર કરે છે. જ્યારે
દિવસનો પ્રકાશ પૃથ્વી પર પડે છે, ત્યારે તે જગ્યાઓની આકૃતિ, કપ-
ડાની ઘડીની જેમ બહાર દેખાય છે. તે સ્થળો પોચી માટી પર છાપ વડે
પડેલી છાપ જેવો આકાર લે છે. 15 દુષ્ટ લોકોને દિવસનો પ્રકાશ ગમતો
નથી. જ્યારે તે તેજથી પ્રકાશે છે, તે તેઓને તેઓના દુષ્કર્મોની યોજના
કરતા રોકે છે. 16 અયૂબ, તું કદી સમુદ્રના ઉદ્ગમસ્થાનના ઊંડાણમાં
ગયો છે ખરો? તું ક્યારેય મહાસાગરની સપાટી પર ચાલ્યો છે? 17 શું તે
કદી મૃત્યુના દ્વાર જોયા છે? તમે કદી મૃત્યુની અંધારી જગાના દ્વાર જો-

યા છે? 18 તું જાણે છે કે પૃથ્વી કેટલી વિશાળ છે. આવું જ્ઞાન તારી પાસે
હોય તો તે મને કહે! 19 પ્રકાશનું ઉદગમસ્થાન ક્યાં છે? અંધકારની જગા
ક્યાં છે? મને જણાવ. 20 તમે પ્રકાશ અને અંધકારને તે જે સ્થાનેથી
આવ્યા હતા, ત્યાં પાછા લઇ જઇ શકો છો? તમે તેના ઉદ્ભવસ્થાને જઇ
શકો છો? 21 આ બધું તો તું જાણે છે, કારણકે ત્યારે તારો જન્મ થઇ ચૂ-
ક્યો હતો ને! અને તું તો ઘણો અનુભવી વૃદ્ધ ખરું ને? 22 બરફના તથા
કરાઁ ભંડારોમાં બેઠો છે? તથા સંગ્રહસ્થાન છે, શું તેં જોયાં છે? 23 મેં બરફ
અને કરાઁની જગાઓને આફતના સમય અને લડાઇ અને યુદ્ધના સમય
માટે બચાવી રાખી છે. 24 તમે કદી જ્યાં સૂર્ય ઊગે છે, જ્યાં તે પૂર્વ તરફ-
ના પવનને આખી પૃથ્વી પર ફૂંકાવે છે તે સ્થળે ગયા છો? 25 વરસાદના
પ્રચંડ પ્રવાહ માટે નાળાં અને ખીણો કોણે ખોદ્યા છે? ગર્જના કરતો વી-
જળીનો માર્ગ કોણે બનાવ્યો છે? 26 જ્યાં માનવીએ પગ પણ નથી મૂ-
ક્યો એવી સૂકી અને ઉજ્જડ ધરતી પર તે ભરપૂર વરસે છે. 27 જેથી ઉજ્જડ
તથા વેરાન જમીન તૃપ્ત થાય અને લીલોછમ ઘાસચારો ફૂટી નીકળે, તે
માટે ત્યાં વરસાદ કોણ મોકલે છે? 28 શું વરસાદનો કોઇ જનક છે? ઝાક-
ળનાં બિંદુઓ ક્યાંથી આવે છે? 29 કોના ગર્ભમાંથી હિમ ને કોણ જન્મ
આપે છે? 30 પાણી તો પથ્થરના ચોસલા જેવું થઇ જાય છે, અને મહાસ-
ગાર પણ થીજી જાય છે. 31 આકાશના તારાઓને શું તું પકડમાં રાખી
શકે છે? શું તું કૃતિકા અથવા મૃગશીર્ષના બંધ નક્ષત્રોને છોડી શકે છે?
32 શું તું રાશિઓને નક્કી કરેલા સમયો અનુસાર પ્રગટ કરી શકે છે? શું
તું સપ્તર્ષિને તેના મંડળ સહિત દોરી શકે છે? 33 શું તું આકાશને અંકુશમાં
લેવાના સિદ્ધાંતો જાણે છે? શું તું તેઓને પૃથ્વી પર શાસન કરાવી શકે
છે? 34 શું તમે તમારો અવાજ વાદળાં સુધી પહોંચાડી શકો છો? જેથી
તમે પુષ્કળ વરસાદ લાવી શકો? 35 શું તમે વીજળીને આજ્ઞા કરી શકો
છો? એ તમારી પાસે આવીને કહેશે કે, 'અમે અહીંયા છીએ, તમને શું
જોઇએ છે?' તમારે તેને જ્યાંજ્યાં લઇ જવી હશે શું તે જશે? 36 અયૂબ,
વાદળાંમાં જ્ઞાન કોણે મૂક્યું છે? અથવા ધૂમકેતુને કોણે સમજણ આપી
છે? 37 બધાં વાદળોની ગણતરી કરી શકે અથવા પાણી ભરેલી આકાશ-
ની મશકો રેડી શકે એવો પર્યાપ્ત વિદ્વાન કોઇ છે? 38 જેથી ધરતી પર
સર્વત્ર ધૂળ અને ઢેફાં પાણીથી પલળીને એકબીજા સાથે ચોંટી જાય છે.
39 શું તમે સિંહણને માટે શિકાર પકડી શકો? શું તમે સિંહણના
બચ્ચાંની ભૂખને સંતોષી શકો છો? 40 એટલે જ્યારે તેઓ તેમની બોડમાં
લપાઇને બેઠા હોય ત્યારે અથવા ઝાડીમાં સંતાઇને તેઓના શિકાર પર
તરાપ મારવા તૈયાર બેઠા હોય ત્યારે? 41 જ્યારે કાગડીનાં બચ્ચાં તેઓ-
ના માળામાં ભૂખે ટળવળતાં હોય અને દેવને પોકારતાં હોય ત્યારે તે-
ઓને ખોરાક કોણ પૂરો પાડે છે?

39 "ડુંગર પરની જંગલી બકરીઓ કેવી રીતે બચ્ચાંને જન્મ આપે
છે તે શું તું જાણે છે? જંગલી હરણી બચ્ચાઁને જન્મ આપે ત્યારે
તમે એમને જોયાં છે? 2 તમે તેને જાણો છો પર્વતની બકરી અને હરણે
કેટલા મહિનાઓ સુધી તેઓના બચ્ચાંઓને પેટમાં રાખવા જોઇએ? તમે
જાણો છો તે ક્યારે પ્રસવ કરશે? 3 તે પ્રાણીઓ નીચે સૂવે છે, તેઓને પ્ર-
સૂતિ પીડાનો અનુભવ થાય છે અને તેઓ તેઓના બચ્ચાને જન્મ
આપે છે. 4 આ બચ્ચાં વનવગડામાં ઊછરે છે અને મોટાં થાય છે. પછી
તેઓ પોતાની માતાને છોડીને જાય છે અને પાછા ફરતાં નથી. 5 જંગલી
ગધેડાંને કોણે છૂટો મૂક્યો? અથવા જંગલી ગધેડાના બંધ કોણે છોડી
નાખ્યા છે? 6 મેં જંગલી ગધેડાઓ માટે રણને ઘર તરીકે રહેવા દીધુ છે.
મેં તેઓને રહેવા માટે ખારી જમીન આપી છે. 7 જંગલી ગધેડાઓ ઘોંઘા-
ટવાળા નગરો પર હસે છે. અને કોઇ તેઓને અંકુશમાં લઇ શકતા નથી.
8 જંગલી ગધેડાઓ પર્વતો પર રહે છે, કે જે તેઓનું ચરાણ છે. અને
તેઓ તેઓનો ખોરાક શોધી કાઢે છે. 9 શું તમારી સેવા કરવામાં જંગલી
બળદો આનંદ માનશે ખરા? તેઓ તમારી ગમાણમાં રાત્રે આવીને તે
રહેશે ખરાં? 10 જમીન ખેડવા માટે તમે તેને ઉપયોગમાં લઇ શકશો? શું
તે તમારા માટે હળ ખેંચશે? 11 જંગલી બળદ ખૂબ શકિતશાળી છે! પણ
તમારું કામ કરાવવા માટે શું તમે તેની અપેક્ષા કરી શકશો? 12 ખળા-
માંથી દાણા લાવીને વખારમાં ભરવા માટે તેના પર ભરોસો રાખી શું તે-
ને મોકલશો? 13 શાહમૃગ પોતાની પાંખો આનંદથી હલાવે છે. તેની
પાંખો અને પીંછાઓ બગલાંની પાંખો જેવા નથી. 14 તે પોતાનાં ઇંડા
જમીન પર મૂકે છે અને તેઓ રેતીમાં હૂંફાળા થાય છે. 15 કોઇ પગ મૂકીને
ઇંડાને છૂંદી નાંખશે અથવા જંગલી પ્રાણીઓ તેમનો નાશ કરી નાખશે
તેની તેને ચિંતા નથી. 16 તે પોતાના બચ્ચાં વિષે એવી બેદરકાર રહે છે
કે જાણે તે બચ્ચાં તેના પોતાના હોય જ નહિ. તે મરી જાય તો પણ તેને
તેમની કશી ચિંતા હોતી નથી. કે તેની તે બધી મહેનત નિરર્થક થઇ ગઇ
હતી. 17 કારણકે દેવે તેને બુદ્ધિહીન સરજી છે; તેણે તેને અક્કલ આપી
નથી. 18 પરંતુ તે જ્યારે કૂદે છે અને દોડવા લાગે છે, તે ઘોડા અને તેના
સવાર પર હસે છે, કારણકે તે કોઇપણ ઘોડા કરતાં વધુ ઝડપથી દોડી
શકે છે. 19 શું ઘોડાને તમે બળ આપો છો? તેની ગરદનને કેશવાળીથી
તમે ઢાંકો છો? 20 તીડની જેમ તમે તેને કુદાવો છો? તેનો હણહણાટ કે-
વો ભવ્ય અને ભયજનક હોય છે? 21 એક ઘોડો ખુશ છે કારણકે તે ખૂબ
બળવાન છે. તે તેની પગની ખરીથી જમીન ખોતરે છે અને યુદ્ધમાં ઝડ-
પથી દોડી જાય છે. 22 તે ડરતો નથી, તે ડર ઉપર હસે છે. તે તરવાર જો-
ઇને પાછો પડતો નથી. 23 સૈનિકના તીરો નું ભાથું ઘોડાની બાજુમા
જતા જે છે. ભાલો અને બીજા શસ્ત્રો જે તેનો સવાર ઊંચકીને લઇ જાય
છે. તે સૂર્યથી ચળકે છે. 24 ઘોડો ઊશ્કેરાઇ જાય છે. તે ખૂબ ઝડપથી
જમીન પર દોડે છે. જ્યારે રણશિંગડાનો અવાજ તે સાંભળે છે, તે સ્થિર
રહી શકતો નથી. 25 રણશિંગડાના નાદે નાદે એ હણહણે છે. યુદ્ધની
ગંધ તેને દૂરથી આવે છે. સેનાપતિઓના હુકમો અને હકોટા એ સમજી
જાય છે. 26 બાજ પક્ષી કેવી રીતે આકાશમાં ઊડે છે અને પોતાની પાંખો
દક્ષિણ તરફ ફેલાવે છે તે શું તેં શીખવ્યું છે? 27 શું તારી આજ્ઞાથી ગરૂડ
પક્ષી ઊંચે ઊડે છે? શું તેં તેને પર્વતોમાં ઉંચે માળો બાંધવાનું કહ્યું હતું?
28 ગરૂડ પર્વતના શિખર પર રહે છે. ખડક એ ગરૂડોનો કિલ્લો છે.
29 ત્યાંથી તે પોતાનો શિકાર શોધી કાઢે છે, તેની આંખો તેને દૂરથી શો-
ધી કાઢે છે. 30 તેનાં બચ્ચાં પણ લોહી ચૂસે છે, અને જ્યાં મુડદાં પડ્યાં
હોય ત્યાં જાય છે."

40 યહોવાએ અયૂબને ઉત્તર આપતાં કહ્યું કે, 2 "અયૂબ, તેં સર્વસ-
મર્થ દેવ સાથે દલીલ કરી છે? તે મને ખોટું કરવા માટે દોષિત
ઠરાવ્યો. હવે તું કબૂલ કરીશ કે તું ખોટો છે? શું તું મને જવાબ આપીશ?"
3 ત્યારે અયૂબે યહોવાને જવાબ આપ્યો કે, 4 "મારી કશીજ વિસાત
નથી. હું તમને કેવી રીતે જવાબ આપી શકું? મારો હાથ મારા મોં પર રા-
ખીને હું મૌન રહું છું. 5 હું એક વખત બોલ્યો, પણ, હું ફરીથી બોલીશ
નહિ. હું બે વખત બોલ્યો, પણ હવે હું વધારે કહીશ નહિ." 6 પછી યહો-
વાએ વંટોળિયામાંથી અયૂબને જવાબ આપ્યો કે: 7 તું અયૂબ, તારી જા-
તને કાબૂમાં રાખ અને હું પ્રશ્ર્ન પૂછું તેનો જવાબ આપવા તૈયાર થા.
8 અયૂબ, શું તું માને છે કે હું ગેરવાજબી છું? તું કહે કે હું ખોટું કરવા માટે
દોષિત છું, તેથી શું તું નિર્દોષ દેખાઇ શકીશ? 9 તારે મારા જેવા ભુજ છે?
મારી જેમ તું ગર્જના કરી શકે છે? 10 તો તું જો દેવ સમાન હોય, તો તું
ગર્વ કરી શકે. જો તું દેવ સમાન હોય, તો માન અને પ્રતિષ્ઠાને વસ્ત્રો ની
જેમ ધારણ કરી શકીશ. 11 જો તું દેવ સમાન હોય, તો તું તારો ક્રોધ વ્ય-
કત કરી શકીશ અને ઘમંડીઓને પછાડીશ. 12 હાં અયૂબ! એ ગવિર્ષ્ઠ
લોકો સામે જો અને તેઓને નમ્ર બનાવ. દુષ્ટો જ્યાં ઊપસ્થિત હોય,
કચરી નાખ. 13 સર્વ ગવિર્ષ્ઠ લોકો ને ધૂળમાં દાટી દો. તેઓના મુખને
કબરોમાં ઢાંકી દે. 14 જો તું એવું કરી શકીશ તો હું પણ તારા વખાણ
કરીશ મને ખાતરી થશે કે તું તારા પોતાના બળથી પોતાને બચાવી
શકશે. 15 ગેંડાની સામે જો. મેં તારી સાથે ગેંડાને ઉત્પન્ન કર્યો છે, તે
બળદની જેમ ઘાસ ખાય છે. 16 તેના પેટમાંના સ્નાયુઓ ખુબજ બળ-
વાન છે તેના શરીરમાં ઘણી શકિત છે. 17 એની પૂંછડી દેવદાર વૃક્ષની
જેમ ટટ્ટાર ઊભી રહે છે, એની પગની પિંડીના સ્નાયુઓ કેવા મજબૂત
છે! 18 તેના હાડકાં કાંસા જેવા છે. તેના પગ લોખંડના સળિયા જેવા
મજબૂત છે. 19 મારા પ્રાણીઓના સર્જનોમાં ગેંડો શ્રેષ્ઠ છે. જો કોઇ તેનું
સર્જન કરવાનો દાવો કરે તો ભલે તે મારી સાથે તરવાર લઇને લડવા
આવે. 20 જંગલનાં બીજાં પ્રાણીઓ જ્યાં વસે છે તેવા પર્વતો પરથી તેને
ઘાસ મળી રહે છે. 21 તે કાદવ કીચડવાળી જગ્યામાં કમળના છોડ નીચે
પડી રહે છે. તે બરૂઓની વચ્ચે કાદવ કીચડમાં સંતાય છે. 22 કમળના
છોડો તેને પોતાની છાયાથી ઢાંકે છે; તે નદી પાસે ઉગતા વેલા નીચે રહે
છે. 23 જો નદીમાં પૂર આવે, તો ગેંડો ભાગી જશે નહિ. તે યર્દન નદી તે-
ના મોઢા પર પાણી ઊડાડે તો પણ તે ગભરાતો નથી. 24 તેને આંકડીમાં
ભરાવીને કોણ તેને પકડી શકે? તેના નાકમાં નથ કોણ નાખી શકે?

**41** "અયૂબ, શું તું મહાકાય સમુદ્રના પ્રાણીને માછલી પકડવાના આંકડાથી પકડી શકે છે? શું તું તેની જીભ દોરીથી બાંધી શકશે? 2 શું તેના નાકમાં નથ નાખીને તું તેને નાથી શકે છે? તેના જડબામાં આંકડી ભરાવી શકે છે? 3 શું તેને છોડી દેવા માટે તે તને કાલાવાલા કરશે? શું તે તારી સાથે નમ્રતાથી બોલશે? 4 શું તે તારી સાથે એવો કરાર કરશે કે તે આજીવન તારો ગુલામ રહેવા સંમત થશે? 5 શું તું તેની સાથે પાળેલા પક્ષીઓની જેમ રમી શકશે? શું તું તેને દોરડેથી બાંધશે જેથી તારી નોકરાણીઓ તેની સાથે રમી શકે? 6 શું તારી પાસેથી લિબ્યાથખરીદવા માટે વેપારીઓ કોશીશ કરશે? તેઓ વેપારીઓની વચ્ચે તેને વહેંચી નાખશે? 7 શું કાટાળું અસ્ત્રથી તેની ચામડીને છેદી શકાય? શું અણીદાર ભાલો તેના માથામાં ભોંકી શકાય? 8 તારો હાથ તેના માથા પર મૂકશે ત્યારે જે યુદ્ધ થશે તે તને લાંબા સમય સુધી યાદ રહેશે. તું ફરીથી એવું ક્યારેય કરશે નહિ. 9 શું તને લાગે છે કે તું મહાકાય સમુદ્ર પ્રાણીને હરાવી શકશે? ભૂલી જા! એમાં કોઇ આશા નથી. તેને જોઇનેજ તું ગભરાઇ જઇશ. 10 તેને છંછેડીને ગુસ્સે કરે એવો હિંમતવાળો કોઇ નથી. તો મારી સામે કોણ ઊભો રહી શકે? 11 તેની સાથે યુદ્ધ કરીને કોણ સફળ થયો છે? આખા આકાશ તળે એવો કોઇ નથી. 12 હવે મારે, તેના પગ, મજબૂત સ્નાયુઓના સાર્મથ્ય તથા તેના શરીરના આકર્ષક આકાર વિષે બોલવું જ જોઇએ. 13 તેની ચામડીને કોઇ ભોંકી શકે તેમ નથી. તેની ચામડી એક બખ્તર જેવી છે. 14 તેનું મોઢું કોણ ઉઘાડી શકે? કારણકે તેના દાંત લોકોને બીવડાવે છે. 15 મહાકાય સમુદ્ર પ્રાણીની પીઠ પર ઢાલ સંપૂર્ણપણે બંધ છે. 16 તે ઢાલો એક બીજાની એટલી નજીક છે કે તેમની વચ્ચે હવા પણ જઇ શકતી નથી. 17 તેઓ એકબીજા સાથે એવાં સજ્જડ ચોટેંલાં હોય છે કે તેમને કશાથી ઉખેડી શકાય નહિ. 18 તે છીંકે છે ત્યારે તે વીજળી નાં ચમકારા બહાર નીકળતા હોય એવું લાગે છે. તેની આંખો સવારના સૂરજની જેમ ચમકે છે. 19 તેના મુખમાંથી અગ્નિની જવાળાઓ નીકળે છે અને અગ્નિની ચિનગારીઓ વછૂટે છે. 20 ઊકળતા ઘડા નીચેના બળતાં ખડની જેમ મહાકાય સમુદ્ર પ્રાણીના નાકમાંથી ધુમાડા નીકળે છે. 21 મહાકાય સમુદ્ર પ્રાણીના ઉચ્છવાસથી કોલસા પણ સળગી ઊઠે છે. તેના મુખમાંથી ભડકા નીકળે છે. 22 તેની ગરદનમાં બળ છે, લોકો ગભરાઇ અને તેનાથી દૂર ભાગી જાય છે. 23 તેની ચામડી પર કોઇ હળવા ચિહન નથી. તે લોઢા જેવું કઠણ છે. 24 તેનું હૃદય ખડક જેવું મજબૂત અને ઘંટીના પથ્થર જેવું સખત છે. તેને કોઇ ડર નથી. 25 તે મહાકાય સમુદ્ર પ્રાણી જ્યારે ઊભું થાય છે ત્યારે સૌથી બળવાન પણ તેનાથી ડરી જાય છે. તે જ્યારે તેની પૂંછડી હલાવે છે ત્યારે તેઓ ભાગી જાય છે. 26 મહાકાય સમુદ્ર પ્રાણીને તરવાર, ભાલો અને અણીદાર શસ્ત્ર મારવામાં આવે તો તે ફેંકાઇને પાછા આવે. તે શસ્ત્રો તેને જરાપણ ઈજા પહોંચાડી શકે તેમ નથી. 27 તેની આગળ લોખંડ ઘાસ જેવું અને કાંસુ સડી ગયેલા લાકડા જેવું છે. 28 તે તેના પર બાણના મારથી પણ ગભરાતો નથી.પથ્થરની શિલા પણ તેને વાગીને ખરસલા ની જેમ પાછી ફરે છે. 29 જ્યારે લાકડાની ડાંગો મહાકાય સમુદ્ર પ્રાણીને વાગે છે ત્યારે તેને તો તે સળીનો ટૂકડો હોય તેમ લાગે છે, અને તેની ઉપર ફેંકેલા ભાલાને તે હસી કાઢે છે. 30 તેના પેટની ચામડી પરનાં ભીંગડાઁ ઠીકરાં જેવાં કઠણ અને ધારદાર હોય છે. તેના ચાલવાથી કાદવમાં ચાસ જેવાં નિશાન પડે છે. 31 મહાકાય સમુદ્ર પ્રાણીને ઊકળતા પાણીના ઘડાની જેમ હલાવે છે. ઊકળતા તેલની જેમ તે પરપોટો ઊડાવે છે. 32 જ્યારે મહાકાય સમુદ્ર પ્રાણી તરે છે ત્યારે તે તેની પાછળ માર્ગ કરી મૂકે છે, તે પાણીને હલાવી નાખે છે. અને પાછળ સફેદ ફીણ મૂકી દે છે. 33 પૃથ્વી પર બીજું કોઇપણ પ્રાણી તેનાં જેવું નિર્ભય સૃજાયેલુ નથી. 34 તે સૌથી ગવિર્ષ્ઠ પ્રાણીની પણ ઉપેક્ષા કરે છે. તે સર્વ ગવિર્ષ્ઠ પ્રાણીઓનો રાજા છે." અને મેં યહોવાએ તેનું સર્જન કર્યુ છે."

**42** ત્યારે અયૂબે યહોવાને જવાબ આપતાં કહ્યું કે: 2 "હું જાણું છું કે તું ધારે તે બધુંજ કરી શકે છે. તને કોઇ અટકાવી શકે તેમ નથી. 3 યહોવા તેં આ પ્રશ્ર્ન પૂછયો: "આવી મૂર્ખ બાબતો બોલવાવાળો આ કોણ છે?" મેં એવી ઘણી બાબતોની વાત કરી જે હું સમજી શકતો નથી, મારા માટે અતિ અદભુત બાબતો જેને હું જાણતો નથી. 4 તેં કહ્યું હતું કે,"સવાલ પૂછવાનો વારો મારો છે ને જવાબ આપવાનો વારો તારો છે.' 5 આજ સુધી મેં તારા વિષે પહેલા સાંભળ્યું જ હતું પરંતુ હવે મેં તને નજરે નિહાળ્યો છે. 6 અને યહોવા, મને શરમ આવે છે. હું ખૂબ દિલગીર છું. જેવો હું ધૂળ તથા રાખ પર બેસુ, હું મારું હૃદય અને જીવન બદલવાનું વચન આપું છું." 7 યહોવાએ આ બધું અયૂબને બોલી રહ્યા પછી તેણે અલીફાઝને કહ્યું કે, "હું તારા પર અને તારા બંને મિત્રો પર પણ ગુસ્સે થયો છું, કારણકે તમે, અયૂબ મારા સેવકની જેમ, મારા વિષે સાચું બોલ્યા નહિ." 8 તેથી અલીફાઝ, સાત બળદો અને સાત નર ઘેટા લાવી આપ. આ મારા સેવક માટે લઇ આવ. તેઓને મારી નાખ અને તેઓને તારા પોતાને માટે દહનાર્પણ ચઢાવો. મારો સેવક અયૂબ તમારે માટે પ્રાર્થના કરશે અને હું તેની પ્રાર્થના સાંભળીશ પછી હું તને સજા નહિ આપું, જેને તું લાયક છે. તને સજા થવીજ જોઇએ કારણકે તું બહુ મૂર્ખ હતો. તું મારા વિષે સાચું બોલ્યો નહિ. પણ મારો સેવક અયૂબ મારા વિષે સાચું બોલ્યો હતો." 9 અલીફાઝ, બિલ્દાદ, અને સોફારે યહોવાની આજ્ઞા પ્રમાણે કર્યુ ને યહોવાએ અયૂબની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો. 10 ત્યારબાદ અયૂબે એના ત્રણ મિત્રો માટે પ્રાર્થના કરી. પછી યહોવાએ તેની દુર્દશા ફેરવી નાખી અને પૂવેર્ એની પાસે જેટલું હતું એનાથી બેવડું એને આપ્યું. 11 અયૂબના બધાંજ ભાઇઓ બહેનો અને અગાઉના મિત્રો અયૂબને મળવા આવ્યાં અને એમણે તેનાં ઘરમાં તેની સાથે ભોજન કર્યું. તેમણે તેમની સહાનુભૂતિ પ્રગટ કરી અને દેવે તેની પર જે દુ:ખ નાખ્યું એ માટે તેને દિલાસો આપ્યો. દરેક જણે તેને ચાંદીનો એકેક સિક્કો અને એક-એક સોનાની વીંટી આપી. 12 યહોવાએ અયૂબને વધારે આશીર્વાદ એની પાછલી ઉંમરમાં આપ્યાં. હવે અયૂબની પાસે 14 ,000 ઘેટાં, 6,000 ઊંટ, 2,000 બળદ અને 1,000 ગધેડીઓ હતી. 13 તેને પણ સાત પુત્રો અને ત્રણ પુત્રીઓ હતાં. 14 અયૂબની સૌથી મોટી પુત્રીનું નામ યમીમાહ, વચલીનું નામ કસીઆહ અને સૌથી નાનીનું નામ કેરેન-હાપ્પૂખ હતું. 15 સમગ્ર દેશમાં અયૂબની પુત્રીઓ જેવી અન્ય કોઇ સુંદર સ્રીઓ ન હતી. તેમના પિતાએ તેઓના ભાઇઓની સાથે હિસ્સો આપ્યો. 16 ત્યાર પછી અયૂબ 140 વર્ષ સુધી જીવ્યો; અને તે પોતાના સંતાનો, પૌત્ર-પૌત્રી, પ્રપૌત્ર-પ્રપૌત્રી અને તેના સંતાનોને જોવા સુધી જીવ્યો. હા, ચાર પેઢીઓ જોઇ. 17 આ પ્રમાણે સારું જીવન જીવીને અયૂબ સંપૂર્ણ વૃદ્ધ વયે મૃત્યુ પામ્યો.

# ગીતશાસ્ત્ર

1 દુષ્ટ લોકોની સલાહ જેઓ સ્વીકારતા નથી; પાપીઓના માર્ગમાં
જેઓ ઉભા રહેતા નથી; દેવની હાંસી ઉડાવનારા સાથે બેસતાં
નથી; તેઓ સાચેજ સુખી છે, તેઓને ધન્ય છે. 2 યહોવાના નિયમશા-
સ્ત્રથી તેઓ આનંદ માણે છે, રાત દિવસ યહોવાનાં વચનોનું જે મનન
કરે છે; અને યહોવામય જીવન જીવવાં વિચાર્યા કરે છે, 3 તેઓ નદી કિ-
નારે રોપાયેલાં વૃક્ષો જેવા છે, એ વૃક્ષો ઋતુ પ્રમાણે ઉત્તમ ફળો આપે
છે; તેઓનાં પાંદડા કદી કરમાતાં નથી. તેઓ જે કાઇ કામ કરે છે, તેમાં
સફળ થાય છે . 4 પણ દુષ્ટો એવા નથી હોતા, તેઓની વાત જુદી છે.
તેઓ ખરેખર પવનમાં ઉડતાં ફોતરાં જેવા છે. 5 તેથી દુષ્ટો ન્યાયાસન
આગળ ટકશે નહિ; ન્યાયીઓની સભામાં પાપીઓ ઊભા રહી શકશે
નહિ. 6 યહોવા ન્યાયીઓની સંભાળ રાખે છે; પરંતુ તે દુષ્ટ લોકોનો વિ-
નાશ કરે છે.

2 બીજા રાષ્ટના લોકો શા માટે ધાંધલ કરે છે? શા માટે તેઓ આવી
નિરર્થક યોજનાઓ ઘડે છે? 2 કારણ, આ રાષ્ટના રાજાઓ અને
નેતાઓ, યહોવા અને તેણે પસંદ કરેલા રાજાઓની વિરુદ્ધ જોડાયા છે.
3 તેઓ કહે છે, “આવો આપણે દેવના બંધન તોડી પાડીએ, ગુલામી-
માંથી મુકત થઇ જઇએ.” 4 આકાશમાં બેઠેલા યહોવા તેમના પર હસે છે.
મારો માલિક તેમની મજાક કરે છે. 5 અતિ ક્રોધમાં બોલી તેઓને ઠપકો
આપશે, દેવના પ્રકોપથી તેઓ અતિ ત્રાસ પામશે. 6 યહોવા કહે છે,
“મારા પવિત્ર સિયોન પર્વત પર મેં મારા રાજાને અભિષિકત કર્યો છે.”
7 મને સાંભળો, ઓ લોકો, હું તમને યહોવાના ઠરાવ વિષે કહીશ. યહો-
વાએ મને કહ્યુ, “તું મારો પુત્ર છે, આજે હું તારો પિતા થયો છુ.” 8 તું મા-
રી પાસે માગ, એટલે હું તને સર્વ જાતની પ્રજાઓ આપીશ. 9 તેમના પર
લોઢાનાં દંડથી રાજ કર કે જે તેઓને વિખેરી નાખે જેવી રીતે લોઢાનો
સળિયો માટીના ઘડાને તોડી નાખે તેમજ તું કરજે. 10 પૃથ્વીના રાજાઓ,
તમે સૌ સમજણ રાખો, હજુ સમય છે, સત્તાધીશો તમે હવે આ બોધ લો.
11 યહોવાની સેવા આદર અને પ્રેમથી કરો, અને ભયથી થર થર કાંપો.
12 તેના પુત્રને ચુંબન કરો, જેથી તે રોષે ન ચઢે અને તારો નાશ ન થાય.
કારણ કે યહોવા કોઇપણ સમયે તેનો કોપ દેખાડવા તૈયાર છે. જેઓ
યહોવા પર ભરોસો રાખે છે તેઓ આશીર્વાદીત છે.

3 હે યહોવા, મારા વેરીઓ ઘણા વધી ગયા છે; ઘણા લોકો મારું
ખોટું ઇચ્છનારા છે. 2 “મને દેવ કદી તારશે નહિ,” એમ પણ મારા
વિષે અનેક લોકો કહે છે. 3 પણ, હે યહોવા, તમે મારી ઢાલ છો; તમે મા-
રું ગૌરવ છો; શરમથી ઝૂકી ગયેલા મારા માથાને ફકત તમે જ ઉપર
ઊઠાવી શકશો. 4 હું મારી વાણીથી યહોવાને વિનંતી કરું છું, ત્યારે તે
પોતાના પવિત્ર પર્વત પરથી, તેમના મંદિરમાંથી મને ઉત્તર આપે છે.
5 પછી હું શાંતિથી સૂઇ જાઉં છું, સવારે જાગીશ પણ ખરો! કારણ યહોવા
મારું રક્ષણ કરે છે. 6 જે હજારો શત્રુઓએ મને ઘેરી લીધો છે તેઓથી હું
જરાય ડરીશ નહિ. 7 હે યહોવા, ઉઠો; મારું તારણ કરો મારા દેવ; એમ હું
તમને હાંક મારીશ; કારણકે તમે મારા સર્વ શત્રુઓના જડબાં પર પ્રહાર
કર્યો છે અને તે દુષ્ટોના તમે દાંત તોડી નાખ્યાં છે. 8 યહોવાની પાસે
તારણ છે, લોકો પર તમારો આશીર્વાદ ઉતારો.

4 મારા ઉમદા દેવ, હું જ્યારે પ્રાર્થના કરું ત્યારે, મને ઉત્તર આપજો,
મારી પ્રાર્થના સાંભળીને તમારી કૃપા વરસાવજો, મને મારી મુશ્કે-
લીઓમાં રાહત આપજો. 2 હે મનુષ્યો, કયાં સુધી મારા માટે ખરાબ બો-
લશો? ક્યાં સુધી મને કહેવા માટે નવા જૂઠાણાં શોધશો? તમે તો તે જૂ-
ઠાણાં કહેવાનું ચાહો છો. 3 તમારે જાણવું જોઇએ કે યહોવા તેમના વિ-
શ્વાસુ અનુગામીને સાંભળે છે. તેથી હું હાંક મારીશ ત્યારે યહોવા જરૂર
મને સાંભળશે. 4 તમે ગુસ્સે થયા હશો પણ પાપતો કરશોજ નહિ, જ્યારે
તમે પથારીમાં સૂવા જાવ ત્યારે તમારાં હૃદયમાં ઉંડે સુધી વિચાર કરો
અને શાંત થઇ જાવ. 5 યહોવાને ઉમદા અને યોગ્ય અર્પણો ચઢાવો ,
અને યહોવા પર ભરોસો રાખો. 6 એવું પુછનાર તો ઘણા છે, “અમને દે-
વની સુંદરતા કોણ બતાવશે? હે યહોવા, તમારા ચમકતા ચહેરાનો પ્ર-
કાશ અમને બતાવો!” 7 હે યહોવા, ઋતુંનો પાક જોઈ લોકો પ્રસન્નતા
પામે છે. પરંતુ તે કરતાં અધિક પ્રસન્નતા તમે મારા હૃદયમાં મૂકી છે. 8 હું
સૂઇ જઇશ ને શાંતિથી ઉંઘી પણ જઇશ, કારણ; હે યહોવા, તમે જ એક
મને સુરક્ષાથી સુવા દો છો.

5 હે યહોવા, મારી પ્રાર્થના પર કાન ધરીને જરા મારા ચિંતન પર
લક્ષ રાખો. 2 હે દેવ, મારા રાજા, મારી અરજ જરા સાંભળો; કારણ,
હું માત્ર તમારી જ પ્રાર્થના કરીશ, અન્યની નહિ. 3 હે યહોવા, નિત્ય
સવારે તમે મારો અવાજ સાંભળો છો, જ્યારે હું તમારી સમક્ષ પ્રાર્થના
કરું છું. અને હું તમારા જવાબની આશા રાખીને રાહ જોઉં છુ. 4 હે યહો-
વા, મને ખબર છે, તમે દુષ્ટતાથી પ્રસન્ન થાવ તેવા દેવ નથી; તમે કોઇ-
ની ભૂંડાઇ કે પાપ સાંખી લેતા નથી. 5 તમે ઉદ્ધત લોકોનો અસ્વીકાર
કરો છો, અને અનિષ્ટ કરનારાને ધિક્કારો છો. 6 હે યહોવા, તમે જૂઠું બો-
લનારાઓનો નાશ કરો છો, તમે ખૂનીઓ અને ગુપ્ત રીતે બીજાને ઈજા
પહોચાડવા યોજના કરતાં લોકોનો તિરસ્કાર કરો છો. 7 પણ હું તો તારી
મહા કૃપાથી તારા મંદિરમાં આવીશ. હે યહોવા, ડરથી અને આદરથી હું
તમારા પવિત્ર મંદિરની સામે ઘૂંટણિયે પડીશ. 8 હે યહોવા, તમારા ન્યા-
યી અને સાચા માગેર્ મને ચલાવો. કારણ કે મારા દુશ્મનો મારા દરેક
પગલાં પર નજર રાખે છે; મને સમજાવો, મારે શું કરવું અને ક્યાં જવું.
9 કારણ, તેમની વાણીમાં કોઇ સચ્ચાઇ નથી, તેઓનું હૃદય નીચતાથી
ભરેલું છે. તેઓ મધુરભાષી છે! તેઓનું ગળું એક ઉઘાડી કબર જેવુ છે.
તે પોતાની જીભે પ્રશંસા કરે છે. 10 હે દેવ, એ સૌને તમે દોષી ગણો,
અને તેમને તેમના પોતાના જ છટકામાં સપડાવા દો, તેમને તેમના પા-
પના બોજ તળે કચડાઇ જવા દો કારણ કે તેઓ તમારી વિરુદ્ધ થઇ
ગયાં છે. 11 પરંતુ જેમને તમારામાં વિશ્વાસ છે તેને ખૂબ સુખી કરો- તેમને
હંમેશ માટે આનંદિત કરો, તેઓનું રક્ષણ કરો, જેઓ તમારા નામને ચાહે
છે તેઓ આનંદિત થશે. 12 હે યહોવા, જ્યારે તમે સજ્જન લોકોને આશી-
ર્વાદ આપો છો ત્યારે તમે તેની આજુબાજુ રક્ષણ કરતી ઢાલ જેવા છો.

6 હે યહોવા, તમારા ક્રોધમાં, મને ધમકાવશો નહિ, અને તમારા રો-
ષમાં, મને શિક્ષા કરશો નહિ. 2 હે યહોવા, મારા પર દયા કરો, કા-
રણ, હું માંદો અને દુર્બળ છું. હે યહોવા, મને સાજો કરો, કારણ, મારા
હાડકાં બહુ દુ:ખે છે. 3 હું ઘણો ભયભીત છું; મારું મન ભય અને અતિ
વ્યથાથી ભરાઇ ગયું છે. હે યહોવા, મને મદદ કરવામાં ક્યાં સુધી વિલંબ
કરશો? 4 હે યહોવા, પાછા આવો, મારો જીવ બચાવો. કૃપા કરી દયા દા-
ખવી મને મરણથી બચાવો. 5 મૃત લોકો પોતાની કબરોમાં તમને યાદ
કરતાં નથી, મૃત્યુની જગાએ કોઈપણ તમારી સ્તુતિ કરતું નથી.
6 આખી રાત પ્રાર્થના કરીને અને નિસાસા નાખીને હું નિર્બળ થયો છું,
રોજ રાત્રે મારા આંસુઓથી મારું બિછાનું ભીંજવું છું. 7 મારા શત્રુઓએ
મને આપેલ કષ્ટોને લીધે શોકને કારણે રૂદનથી મારી આંખો દુર્બળ
બની ગઇ છે. 8 ઓ ભૂંડુ કરનારાઓ, મારાથી બધા દૂર થઇ જાઓ. કા-
રણ, યહોવાએ મારા વિલાપનો સાદ સાંભળ્યો છે. 9 યહોવાએ મારા કા-
લાવાલા સાંભળ્યા છે, યહોવા મારી સર્વ પ્રાર્થનાઓ માન્ય કરશે. 10 મા-
રા બધા શત્રુઓ ભયભીત અને નિરાશ થશે. ઓચિંતા કઇ થશે અને
તેઓ બધા લજ્જિત બની ચાલ્યા જશે.

7 હે યહોવા મારા દેવ, હું તમારો વિશ્વાસ કરું છું. મારી પાછળ પડે-
લા શત્રુઓથી તમે મારી રક્ષા કરો ને મને બચાવો. 2 રખેને સિંહની

જેમ તે મને ચીરીને ફાડી નાખે, મને છોડાવનાર કોઇ ના હોય, એવું થવા
દેશો નહિ. 3 હે મારા યહોવા દેવ, જો મેં એમ કર્યુ હોય; તો મારા હાથમાં
કઇ ભૂડાઇ હોય, 4 અને જો મેં શાંતિમાં મારી સાથે રહેનારનું નુકશાન
કર્યું હોય, અને વિના કારણે કોઇ શત્રુ પર હુમલો કર્યો હોય અને તેમની
પાસેથી વસ્તુઓ લૂંટી હોય. 5 તો ભલે મારા શત્રુઓ મને પકડીને મારો
નાશ કરે, અને તેઓ મારું પતન કરે; અને મને ધૂળમાં રગદોળી નાખે!
અને મારા આત્માને મૃત્યુની જગાએ ધકેલી દેવાય. 6 હે યહોવા, કોપ
કરીને ઉઠો, મારા શત્રુઓના ક્રોધની સામે ઊભા થાઓ, હે યહોવા, મારા
માટે જાગૃત થાઓ અને ન્યાયની માગણી કરો. 7 હે યહોવા, સર્વ પ્રજા-
ઓને તમારી સમક્ષ એકત્ર કરો. તમારા રાજ્યાસન પર ઉચ્ચસ્થાને પુન:
બિરાજો. 8 હે યહોવા, તમે સર્વ લોકોનો ન્યાય કરો છો, મને જાહેરમાં
ન્યાયી ઠરાવો, અને તેઓ સમક્ષ મને તમે નિર્દોષ ને પ્રામાણિક સાબિત
કરો. 9 હે યહોવા, દુષ્ટ લોકોના દુષ્ટ કાર્યોનો અંત લાવો. ન્યાયી અને
નિષ્પક્ષ લોકોને ટેકો અને સામર્થ્ય આપો, કારણ કે તમે ન્યાયી દેવ છો,
અને બધાના હૃદય અને આત્મા જોઇ શકો છો. 10 દેવ મારી ઢાલ છે, જે
સત્ય અને ન્યાયી હૃદયવાળાને તારે છે. 11 દેવ ન્યાયી ન્યાયાધીશ છે,
તે સત્યતાથી ન્યાય કરે છે; તે સર્વ દુષ્ટો પર હંમેશા કોપાયમાન થાય
છે. 12 જો માણસ પાપનું પ્રાયશ્ચિત નહિ કરે, તો તે તેની તરવાર તીક્ષ્ણ
કરશે. તેણે પોતાના ધનુષ્યને તાણીને સિદ્ધ કર્યુ છે. 13 યહોવાએ તેને
માટે ભયંકર હથિયાર સજ્જ કર્યા છે. અને પોતાના તીરોને અગ્નિથી સળ-
ગતાં કર્યા છે. 14 એક દુષ્ટ માણસ દુષ્ટ કૃત્યો કરવાની યોજના બનાવે
છે. તે દુષ્ટ કૃત્યોનો ગર્ભ ધારણ કરે છે અને જૂઠને જન્મ આપે છે. 15 તે-
ણે ખાડા અને ખાઇ ખોદ્યા છે. અને તે પોતેજ તેમાં જઇને પડશે. 16 પો-
તાના દુષ્કૃત્યોથી તે પોતેજ મુશ્કેલીમાં મુકાશે; તે પોતાની ઉગ્રતાથી
પોતેજ ત્રાસ સહન કરશે. 17 હું યહોવાનો આભાર માનું છું, અને તેમની
પ્રશંસા કરું છુ. કારણ, તે ન્યાયી છે. હું પરાત્પર યહોવાના નામને
સન્માનવા સ્તોત્ર ગાઇશ.

8 હે યહોવા, અમારા દેવ, સમગ્ર પૃથ્વી પર તમારું નામ ઉત્તમ છે.
અને તમારો મહિમા આકાશમાં ભરપૂર છે. 2 નવજાતો અને બાળ-
કોના મુખમાંથી તમારી સ્તુતિની ગાથાઓ પ્રગટી છે. તમારા શત્રુઓને
ચૂપ કરી દેવા માટે તમે તેમને આ શકિતશાળી ગીતો આપ્યા છે. 3 હે
યહોવા, જ્યારે રાત્રે હું આકાશદર્શન કરું છું. અને ચંદ્ર તથા તારાઓથી
ભર્યું નભ નિહાળું છું, ત્યારે તમારા હાથનાં અદ્ભૂત કૃત્યો વિષે હું વિ-
ચારું છું. 4 પછી મને આશ્ચર્ય થાય છે, કે માનવજાત શું છે, જેનું તમે
સ્મરણ કરો છો? માણસો તે કોણ છે કે તેઓની તમે મુલાકાત લો છો?
5 કારણ, તમે એને દેવ કરતાં થોડોજ ઊતરતો સૃજ્યો છે, અને તેના મા-
થા પર મહિમા ને માનનો મુગટ મૂકયો છે. 6 તમે જ તેને, તમે ઉત્પન્ન
કરેલી સૃષ્ટિનો અધિકાર આપ્યો છે અને તે સઘળી સૃષ્ટિનો તમે તેને
કારભારી બનાવ્યો છે. 7 એટલે સર્વ ઘેટાં તથા બળદો, અને જંગલી પ્રા-
ણીઓનો પણ. 8 વળી આકાશનાં પક્ષીઓ, સમુદ્રમાં રહેતા માછલાં
તથા જીવોનો પણ. 9 હે યહોવા, અમારા પ્રભુ, સમગ્ર વિશ્વમાં તમારું
નામ સૌથી મહાન છે.

9 હું યહોવાની, મારા સંપૂર્ણ હૃદયથી આભારસ્તુતિ કરીશ; અને તે-
મના અદભૂત કૃત્યો હું પ્રત્યેક વ્યકિત સમક્ષ પ્રગટ કરીશ. 2 હે
દેવ, હું તમારામાં આનંદ પામીશ અને ખુશ થઇશ. સૌથી ઉંચા દેવ હું
તમારી પ્રશંસા કરતાં સ્તોત્રો ગાઇશ. 3 જ્યારે મારા સર્વ શત્રુઓ પાછા
ફરીને તમારાથી ભાગશે અને તેઓ ઠોકર ખાઇને નાશ પામશે. 4 અને
ન્યાયાસન પર બેસીને તમે સાચો ન્યાય કર્યો છે. તમે મને ન્યાય કરીને
મારી સજા નિશ્ચિત કરી છે. 5 હે યહોવા, તમે વિદેશી રાષ્ટોને, અન્ય પ્ર-
જાઓને અને દુષ્ટ લોકોનો નાશ કર્યો છે. અને તમે સદાને માટે તેઓના
નામ ભૂંસી નાખ્યાં છે. 6 હે યહોવા, સર્વ શત્રુઓનો અંત આવ્યો છે. અને
સદાકાળ માટે નાશ પામ્યા છે. જે નગરો તમે પાયમાલ કર્યા છે, તેના
નામોનિશાન નથી રહ્યાં. 7 પરંતુ યહોવા સદાકાળ રાજા તરીકે બિરાજે
છે; અને તેમની રાજગાદી સદા ન્યાય કરવાં સ્થાયી છે. 8 તે જગતનો
ન્યાય નિશ્પક્ષતાથી કરે છે અને તે રાષ્ટોનો ન્યાય પ્રામાણિકતાથી કરે
છે. 9 યહોવા, ત્રાસીને હેરાન થયેલા લોકોને કિલ્લારૂપ થશે, તે સર્વ સંક-
ટોમાં સહુ લોકોના ગઢ થશે. 10 જેઓ તમારૂં નામ જાણે છે તેઓ તમારો
વિશ્વાસ કરશે, કારણકે તમારી પાસે મદદ માટે આવેલાંઓને તમે કયા-
રેય તરછોડયા નથી. 11 યરૂશાલેમમાં વસનાર યહોવાના સ્તુતિગાન
ગાઓ; ભૂલી ન શકાય તેવાં તેમના કૃત્યો જગતને જણાવો. 12 કારણ જે
ન્યાય શોધતા હોય છે તેઓને તે યાદ રાખે છે. તેઓ રૂદન કરતા ગરીબ
લોકોને મદદ કરવાનું ભુલતાં નથી. 13 “હે યહોવા, તમે મારા પર દયા
કરો, મને મોતના મુખમાંથી બચાવો, મને કેવું દુ:ખ છે! તે તમે જુઓ.
14 જેથી પછી હું યરૂશાલેમના દરવાજે બધાં લોકોની સમક્ષ તમારી સ્તુ-
તિ ગાઇશ અને તમારા રક્ષણમાં ખુશ રહીશ.” 15 જે રાષ્ટોએ બીજાઓ
માટે ખાડા ખોધ્યા હતા, તેઓ પોતેજ ખાડામાં પડયા છે. તેઓ પોતે
ગોઠવેલા છટકામાં પોતેજ સપડાયા છે. 16 યહોવાએ ન્યાયી ચુકાદાઓ
આપીને, પોતાની ઓળખાણ આપી છે અને દુષ્ટો પોતાનીજ પ્રપંચી
જાળમાં ફસાઇ ગયા છે. 17 દેવને ભૂલનારા દુષ્ટોને નરકમાં ધકેલી દેવા-
શે. યહોવાને ભૂલનારા સઘળાં લોકો શેઓલમાં જશે. 18 ભિખારીઓ
કદીય ભૂલાઇ જશે નહિ. ગરીબોની આશા હંમેશ માટે નિરાશામાં નહિ
ફેરવાય. 19 હે યહોવા, ઊઠો; માણસને વધુ બળવાન થવા ન દેશો! ભલે
રાષ્ટોનો ન્યાય તમારી સંમુખ થાય. 20 હે યહોવા, તેઓને ભયભીત કરો,
જેથી તેઓ એમ જાણે કે તેઓ માત્ર સામાન્ય મનુષ્યો છે.

10 હે યહોવા, તમે શા માટે આઘા ઊભા રહો છો? સંકટ સમયે
અમને તમારી ખૂબ જરૂર છે, તમે પાછા કયાં સંતાઇ ગયા છો?
2 દુષ્ટ ઉધ્ધત પ્રપંચીઓ ગરીબોને સતાવે છે અને ગરીબ લોકો દુષ્ટ લો-
કોની યોજનાઓમાં ફસાઇ જાય છે. 3 ખરેખર દુષ્ટ લોકો તેમની દુષ્ટ
ઇચ્છાઓનું અભિમાન કરે છે; લોભીઓને યહોવામાં વિશ્વાસ હોતો
નથી, અને તેઓ તેમની નિંદા કરે છે. 4 દુષ્ટ, અતિ અભિમાની, ઉદ્ધત
માણસો માને છે કે દેવ છે જ નહિ; દેવ તરફ ફરવાનો વિચાર સુદ્ધાં
જરાય તેઓ કરતાં નથી. 5 તેમ છતાં જે કરે છે તે સર્વમાં તે સફળતા મે-
ળવે છે; અને તેઓ પોતાના શત્રુઓને હરાવે છે. દેવનો ન્યાય તેમનાથી
ઘણો ઊંચો છે. 6 “હું ડગનાર નથી, મને અથવા મારા વંશજોને પેઢીઓ
સુધી કોઇ વિપત્તિ નહિ આવે.” એવી બડાઇ તેઓ હાંકે છે. 7 તેમનું મોઢું
જુઠ્ઠાણાંઓથી અને શ્રાપોથી ભરેલું છે. તેમની જીભ દુષ્ટ યોજનાઓને
જન્મ આપે છે. 8 નિર્દોષ લોકોને ઓચિંતો હુમલો કરીને મારી નાખવા
માટે ગુપ્ત જગ્યાઓમાં બેસે છે. કોઇ કમનસીબ વ્યકિતને પસાર થતો
જોવા માટે તેઓ છુપાઇ જાય છે. 9 જેમ સિંહ ગુફામાં છુપાઇને ગુપ્ત જગા-
માં ભરાઇ રહે છે; અને જેમ શિકારી શિકારને ફસાવે છે તેમ તે ગરીબોને
પોતાની જાળમાં ફસાવે છે. 10 તેઓના બળ આગળ ગરીબો દબાઇને
નીચા નમી જાય છે, અને લાચાર બની તેઓના પંજામાં સપડાઇ જાય
છે. 11 તે પોતાના હૃદયમાં વિચાર કરે છે “આ શું થઇ રહ્યું છે? દેવ ભૂલી
ગયા છે? તેમણે પોતાનું મુખ જોયુ નથી, સંતાડી રાખ્યુ છે. અને શું તે
કદી જોશે નહિં?” 12 હે યહોવા, ઊઠો! હે દેવ, તમારો હાથ ઉંચો કરીને દુ-
ષ્ટ લોકોને શિક્ષા કરો અને ગરીબને ભૂલશો નહિ. 13 હે દેવ, દુષ્ટો શા
માટે તમારો દુરુપયોગ કરે છે? શા માટે તેઓ તેમનાં હૃદયમાં વિચારે છે
કે દેવ તેમની પાસે કયારેય જવાબ નહિ માગે? 14 હે યહોવા, તેઓ જે
કાંઇ કરી રહ્યાં છે તે તમે જુઓ છો. તેમના દુષ્ટ આચરણની નોંધ તમે
લીધી છે, તેઓની નજરમાં હંમેશા ઉપદ્રવ અને ઈર્ષા હોય છે. તમે તો
અનાથનાં બેલી છો, હવે તેઓને શિક્ષા કરો, હે યહોવા, ગરીબ માણસ-
ની દ્રૃષ્ટિ મદદ માટે તમારા પર જ છે તમે લોકોમાં, નિરાધારની સહાય
માટે જાણીતા છો. 15 દુષ્ટ લોકોના હાથ તમે તોડી નાખો. તેમાંથી એકને
પણ છોડશો નહિ અનિષ્ટ કરનારાઓનો દુષ્ટતાથી નાશ કરો જ્યાં સુધી
તેમાંનો એક પણ બાકી ન રહે. 16 યહોવા સદાકાળનો રાજા છે. વિદેશી
રાષ્ટોને તેના દેશમાંથી ભૂંસી નાખ્યા છે. 17 હે યહોવા, તમે નમ્રની
અભિલાષા જાણો છો; તમે તેઓના પોકારો સાંભળશો અને સહાય કર-
શો. અને તેઓના વ્યથિત હૃદયોને દિલાસો આપશો. 18 અનાથ તથા
ત્રસ્ત, લોકોનો ન્યાય કરો જેથી પૃથ્વીનો કોઇ પણ માણસ તેમના દમ-
નનો ભોગ બનનારા લોકોને હવે પછી ડરાવે કે ત્રાસ આપે નહિ.

11 યહોવા પર હું ભરોસો રાખું છું , તો પછી “શા માટે તમે મને સુર-
ક્ષા માટે પક્ષીની જેમ ઊડીને મારા પર્વતો પર નાસી જવાનું કહો
છો?” 2 કારણ કે દુષ્ટ લોકો તેમના ધનુષ્યની પણછ ખેંચે છે જુઓ, તે-
મણે પણછ પર તેમના તીર ચઢાવ્યાં છે. તેઓ અચાનક આક્રમણ કર-
વા માટે જાડીમાં છુપાઇ ગયા છે, અને તેઓ પ્રામાણિક માણસોના હૃદ-
યમાં તીર વીંધવાનું ધ્યેય રાખે છે. 3 જ્યારે સમાજના પાયાઓનો જ

નાશ થઇ ગયો છે, તો પછી સારા લોકો શું કરી શકે? 4 યહોવા હજુ પો-
તાના પવિત્ર મંદિરમાં છે. યહોવાનું રાજ્યાસન આકાશમાં છે. તે સ્વર્ગ-
માંથી શાસન કરે છે અને તેમની આંખો લોકો જે કરે છે તે બધું જુએ છે
અને તેઓ સારા છે કે ખરાબ તેને પારખે છે. 5 યહોવા ઉમદા માણસોની
પરીક્ષા કરે છે પણ દુષ્ટ અને અન્યાયી લોકોને ધિક્કારે છે. 6 દુષ્ટ લોકો
પર વરસાદની જેમ વરસાવવા માટે તે અગ્નિ અને ગંધકનુ નિર્માણ કરશે
અને તેઓ ગરમ લૂ સિવાય કંઇ નહિ મેળવે. 7 કારણ, યહોવા ન્યાયી છે
અને ન્યાયીપણાને ચાહે છે, જે પવિત્ર ને ન્યાયી છે, તેજ તેનું મુખ જોઇ
શકશે.

12 હે યહોવા, રક્ષા કરો; દેવથી ડરનારાઓનો નાશ થઇ રહ્યો છે
તો પછી વિશ્વમાં વિશ્વાસુ માણસો કયાં મળશે? 2 લોકો તેમના
પોતાના પડોશીઓ સાથે જૂઠ્ઠુ બોલે છે. લોકો જૂઠાણાંથી એકબીજાની
ખોટી પ્રશંસા કરે છે. 3 પણ યહોવા પ્રશંસા કરનારા હોઠોનો અને બડાઇ
કરનારી જીભોનો નાશ કરશે. 4 તેઓએ એમ કહ્યું, “અમારી જીભથી
અમે જીતીશું; હોઠ અમારા પોતાના છે, અમારો કોણ માલિક છે જે અમ-
ને અટકાવે?” 5 યહોવા કહે છે, “હવે હું ઊભો થઇશ અને તમારું રક્ષણ
કરવા આવીશ, કારણ કે ગરીબો લૂંટાયા તેને લીધે તેઓ નિસાસા લઇ
રહ્યાં છે. તેઓને જે સુરક્ષાની જરૂર છે તે હું તેમને આપીશ.” 6 યહોવાના
શબ્દો સાત વખત ભઠ્ઠીમાં તપાવેલી ચાંદી જેવા સાચા અને પવિત્ર છે.
7 હે યહોવા, તેઓને સંભાળજો; આ દુષ્ટ પેઢીથી તેમને સદાય બચાવ-
જો. 8 દુષ્ટ લોકો શિકારની શોધમાં ચારેબાજુ ફરતાં હોય છે. અને લોકો-
માં આવા નકામાં લોકોને માન મળે છે.

13 હે યહોવા, ક્યાં સુધી તમે મને ભૂલી જશો? શું સદાને માટે? હું
નિ:સહાય છું, તમે ક્યાં સુધી મારાથી મુખ ફેરવશો? 2 આખો દિ-
વસ મારું હૃદય દુ:ખથી ભરાઇ ગયું છે અને હું મારી જાતને પૂછ્યા કરું
છું: જો તમે મને ભૂલી ગયા હો તો કયાં સુધી મારે વિચારવું કે તમે મને
ભૂલી ગયા છો? કયાં સુધી મારા હૃદયમાં આ દુ:ખનો અનુભવ કરવો?
કયાં સુધી મારા દુશ્મનો મને જીતતા રહેશે? 3 હે યહોવા, મારા દેવ,
ધ્યાન દઇ અને મારા સવાલોના જવાબ આપો. જ્યાં સુધી હું મૃત્યુ-
નિંદ્રામાં ન પડું ત્યાં સુધી મારી આંખોમાં જયોતિ પ્રગટાવો. 4 શત્રુઓને
કહેવા દેશો નહિ કે, અમે તેની ઉપર વિજય મેળવ્યો છે. મારી હાર જોવા-
માં તેઓને રાજી ન કરતાં. 5 મેં હંમેશા તમારી કૃપા પર ભરોસો રાખ્યો
છે. તમારી પાસેથી મુકિત મેળવવામાં મારા હૃદયને આનંદ મળશે.
6 યહોવા સમક્ષ હું ગાયન ગાઇશ, કારણ યહોવાએ મારા પર કૃપા કરી
છે.

14 મૂર્ખ, દુષ્ટ માણસ માને છે: “દેવ છે જ નહિ.” તે માણસ ષ્ટ
અને અનૈતિક છે. તેવા માણસો દુષ્ટ, તિરસ્કારપાત્ર કૃત્યો કરે
છે. તેઓમાં કોઇ સત્કર્મ કરનાર નથી. 2 યહોવા સ્વર્ગમાંથી બધાંને જુએ
છે એ જાણવા માટે, કે કોઇ ડાહ્યાં લોકો છે કે જેમને દેવની મદદની
જરૂર છે. 3 પણ ના! ત્યાં કોઇ નથી. બધાએ સાચો રસ્તો છોડી દીધો છે
અને યહોવાથી દૂર થઇ ગયા છે. 4 તેઓ રોટલીની જેમ મારા લોકોને
ખાય છે, અને તે દુષ્કમોર્ કરનારાઓ દેવને નથી જાણતા. તેઓ નથી
યહોવાને પ્રાર્થના કરતા કે નથી તેની ઉપાસના કરતાં. 5 જુઓ! તેઓ
ભયભીત થઇ ગયા છે, કારણ યહોવા, ન્યાયીઓની સાથે છે. 6 દુષ્ટ લો-
કો ગરીબ લોકોની શિખામણની મજાક ઉડાવે છે. પણ ગરીબોને તો
યહોવાનું રક્ષણ અને આશ્રય છે. 7 ભલે ઇસ્રાએલનું તારણ સિયોન
પર્વત પર આવે. જ્યારે યહોવા ઇસ્રાએલીઓને તેમની સ્વતંત્રતા પાછી
લાવી આપશે ત્યારે યાકૂબ પ્રસન્ન થશે અને ઇસ્રાએલ સુખી થશે.

15 હે યહોવા, તમારા પવિત્ર મંડપમાં કોણ નિવાસ કરશે? તમારા
પવિત્ર પર્વત પર આવીને કોણ રહેશે? 2 જે સાધુશીલતા પાળે
છે, જે ન્યાયથી વર્તતા હૃદયથી સત્ય બોલે છે. 3 તે કદી બીજા લોકો
માટે ખરાબ બોલતો નથી, તે તેના પરિવાર માટે શરમજનક વાત કયા-
રેય કરતો નથી. તે કયારેય પોતાના મિત્રનું ભૂંડુ કરતો નથી; અને કયા-
રેય પોતાના પડોશીને હાની પહોંચાડતો નથી. 4 તેની દ્રષ્ટિમાં પાપી
માણસ વખોડવાને પાત્ર છે. જેઓ યહોવાનો ભય અને આદર રાખે છે
તેને તે માન આપે છે. તેને નુકશાન સહન કરવું પડે તો પણ પોતાના
વચન કયારેય તોડતો નથી. 5 તે તેણે ધીરેલાં નાણાં ઉપર વ્યાજ લઇને
તે કોઇનું શોષણ કરતો નથી. તે નિદોર્ષ માણસો સામે જૂઠી સાક્ષી દઇને
કદી લાંચ લેતો નથી. જેઓ આ રીતે જીવે છે તે હંમેશા સુરક્ષિત રહેશે.

16 હે યહોવા, મારી રક્ષા કરો, કારણ કે હું તમને આધીન છુ. 2 મે
યહોવાને કહ્યુ છે, “તમે મારા માલિક છો. મારી પાસે જે બધું
સારું છે તે ફકત તમારી પાસેથી જ આવ્યું છે. 3 પૃથ્વી પર યહોવાથી
ડરનારા સંતો ઉત્તમ છે, એવાં સ્રી પુરુષના સંગમાંજ મને આનંદ મળે
છે. 4 જેઓ યહોવાને બદલે બીજા દેવોની પૂજા કરવા દોડે છે તે સર્વ
દુ:ખના દરિયામાં ડૂબી જશે. હું તેઓની મૂર્તિ પર ચડાવાતા લોહીના પે-
યાર્પણમાં જોડાઇશ નહિ. હું તેમના દેવોના નામ કદી પણ ઉચ્ચારીશ
નહિ. 5 યહોવા, તમે મારા વારસાનો તથા મારા પ્યાલાનો ભાગ છો. હે
યહોવા, તમે મને સહાય કરો! તમે મને મારો ભાગ આપો ! 6 આનંદદા-
યક સ્થાનમાં મારા સુશોભિત વારસાનો ભાગ મને મળ્યો છે. 7 મને
બોધ આપવા માટે હું યહોવાની પ્રશંસા કરું છું. રોજ રાત્રે તે મને જ્ઞાન
આપે છે અને મારે શું કરવું તે મને જણાવે છે. 8 મેં યહોવાને સદા મારી
સામે રાખ્યા છે તેથી મને કદી પડવાનો કે ઠોકર ખાવાનો ડર નથી. હું
તેમના જમણા હાથ પાસે જ છું, ત્યાંથી મને કોઇ ખસેડી શકે તેમ નથી.
9 તેથી મારું હૃદય ભરપૂર આનંદમાં છે. અને મારો આત્મા પણ ખુશ છે;
તેથી મારું શરીર સુરક્ષિત રહેશે. 10 કારણ, તમે મારો આત્મા, શેઓલને
સોંપશો નહિ. તમે તમારા ભકતોને કબરમાં જવા દેશો નહિ. 11 તમે પો-
તેજ મને જણાવો છો, જીવનમાં ક્યા માગેર્ મારે જવું. તમારી હાજરીથી
સંપૂર્ણ આનંદ છે. તમારી જમણી બાજુએ અનંતકાલીન અને અસીમ
સુખો છે.

17 હે યહોવા, મને સાંભળો! ન્યાય માટેની મારી પ્રાર્થના પર
ધ્યાન આપો; કારણ કે હું પ્રામાણિક છું અને સત્ય બોલું છું, જે
ન્યાયી છે તે જ મેં કર્યુ છે તો મારી નમ્ર પ્રાર્થના સાંભળો. 2 હે યહોવા,
મારો ન્યાય તમારી પાસેથી આવશે, તમે સત્યને જોઇ શકો છો. 3 તમે
મારા હૃદયને ઊંડાણમાંથી જોયું છે. તમે રાત્રે મારી સાથે હતાં. તમે મારું
પારખું કર્યુ છે અને મારો કોઇ દોષ કાઢયો નથી. હું કદી ખરાબ યોજના
કરતો નથી અને તે તમે જાણો છો. 4 મેં સદા તમારી આજ્ઞાનું પાલન
કર્યુ છે અને જુલમીઓના માર્ગથી હું દૂર રહ્યો છું. ને ક્રૂર દુષ્ટ માણસોની
મેં કદી સંગત કરી નથી. 5 મારા પગલાં તમારા માગોર્માં સ્થિર રહ્યાં છે,
અને મારો પગ કદી લપસ્યો નથી. 6 હે દેવ, મારી વિનંતી છે કે તમે મારી
પ્રાર્થના સાંભળો અને તેનો જવાબ આપો. 7 ભરોસો રાખીને જેઓ તમા-
રી પાસે, શત્રુઓની વિરુદ્ધ સહાય માંગે છે; તેઓને તમે તમારા જમણાં
હાથે તમારી અદ્ભૂત કરુણા બતાવી બચાવી લો છો. 8 તમારી આંખની
કીકી સમજીને તમે મારી રક્ષા કરો. અને તમારી પાંખોની છાયા નીચે
મને સંતાડી દો. 9 મને લૂંટવા પ્રયત્ન કરતા દુષ્ટ લોકોથી મને બચાવો,
મને ચારેબાજુ ઘેરી વળેલા ભયજનક શત્રુઓથી મુકત કરો. 10 તેઓ તો
દયાહીન અને ઉદ્ધત છે, તેઓના મોંઢે તેમની બડાઇ સાંભળો. 11 તેઓ
અમને ડગલે ડગલે ઘેરીને ઊભા છે. તેઓની આંખો અમને ભૂમિ પર
પછાડવાને તાકી રહી છે. 12 તેઓ સિંહની જેમ શિકારને ફાડી ખાવા
આતુર છે. અને ત્રાટકવાની રાહ જોતા છુપાઇ ગયેલા સિંહના બચ્ચાના
જેવા છે. 13 હે યહોવા, તમે ઉઠો, આવો અને શત્રુઓની સામે થાઓ, તે-
ઓને પાડી નાખી પરાજીત કરી દો અને તમારી તરવાર વડે મને દુષ્ટોથી
બચાવો. 14 હે યહોવા, તમારી શકિત દ્ધારા દુષ્ટ લોકોને આ દુનિયા-
માંથી, આ સજીવોની દુનિયામાંથી દૂર કરો. પરંતુ જે લોકો મદદ માટે
તમારી પાસે આવ્યાં છે, હે યહોવા, તેમને ખાવા માટે પુષ્કળ આપો તે-
થી તેમનાં બાળકો પાસે પણ પુષ્કળ હશે અને તેથી તેઓ તેમનાં પૌત્રો
માટે પણ પૂરતું બચાવી શકે. 15 પણ હું ન્યાયપૂર્વક વર્ત્યો છું તેથી હું
તમારો ચહેરો જોઇ શકું અને તમને જોઇને મને સંતોષ થશે.

18 “હે યહોવા, મારા સાર્મથ્ય, હું તમને ચાહું છું.” 2 યહોવા મારો
ખડક, મારો મજબૂત કિલ્લો છે. દેવ મારો ખડક છે. તે મારું
આશ્રયસ્થાન છે. તે મારી ઢાલ છે. તેની શકિત મારું રક્ષણ કરે છે. પર્વ-
તોમાં ખૂબ ઉંચાઇ પર તે મારું સુરક્ષાનું સ્થાન છે. 3 યહોવા સ્તુતિપાત્ર
છે, હું તેમને વિનંતી કરીશ અને મારું સર્વ શત્રુઓથી રક્ષણ થશે. 4 મને
મૃત્યુનાં બંધનોએ ઘેરી લીધો છે, અને દુષ્ટતાનાં મોજાં મારા પર ફરી
વળ્યાં છે. 5 શેઓલનાં બંધનોએ મને બધી બાજુએથી ઘેરી લીધો છે. મૃ-
ત્યુનો ગાળિયો; મારી સામેજ આવી પડ્યો છે. 6 મને મારા સંકટમાં

સહાય કરવાં મેં યહોવાને કરુણાભરી વિનંતી કરી, તેમણે પોતાના
પવિત્રસ્થાનમાં મારો અવાજ સાંભળ્યો, અને તેનાં કાનમાં મારી અરજ
પહોંચી ગઇ. 7 ત્યારે ધરતી થરથર ધ્રુજી ઊઠી ને પર્વતોના પાયા ખસી
ગયા, અને હલવા લાગ્યા. પર્વતો ધ્રુજી ઊઠયા, કારણ, યહોવા કોપાય-
માન થયા હતાં. 8 તેમનાં નસકોરાંમાંથી ધુમાડો નીકળવા લાગ્યો, અને
દેવના મુખમાંથી ભસ્મ કરનાર અગ્નિ નીકળવા લાગ્યો. તેમનામાંથી
સળગતાં તણખા નીકળ્યાં. 9 તેમણે આકાશને ચીર્યું અને પગની નીચે
કાળા વાદળા સાથે નીચે ઉતર્યા. 10 તેકરૂબ પર ચડીને ઊડતા હતાં.
અને તેઓ પવનમાં ઉંચે ઊડતા હતાં. 11 તેમણે પોતાની આસપાસ
અંધકારથી ઢાંકી દીધું છે. અને પોતાના માર્ગને મેઘજળનાં ગાઢ વાદ-
ળોથી ઢાંકી દીધેલ છે. 12 એકાએક તેમના ઉજ્જવળ ધડાકા સાથે વીજ-
ળી ચમકી. પરિણામે ત્યાં કરાં વરસવાં લાગ્યા અને આગના તણખાં
ઝર્યા. 13 યહોવાએ આકાશમાંથી ગર્જના કરી અને પરાત્પર દેવે મોટો
અવાજ કાઢયો. એના પરિણામે ત્યાં કરાઁ પડ્યા અને વીજળીના ચમકા-
રા થયા. 14 તેણે તેના વીજળીના તીક્ષ્ણ બાણો મારાં બધાં શત્રુઓ પર
છોડ્યા અને તેમને મુંજવીને વિખેરી નાખ્યાં. 15 પછી હે યહોવા, તમારી
આજ્ઞાથી, જુઓ, સમુદ્રનાં તળિયાં દેખાયાઁ. તમારાં નસકોરાઁના શ્વાસથી
ધરતીના પાયા ઉઘાડા થઇ ગયા. 16 તેમણે હાથ લંબાવી મને આકાશ-
માંથી પકડી લીધો અને મહા વિપત્તિના ઊંડા પાણીમાંથી મને બહાર
ખેંચી લીધો. 17 તેમણે મને મારા બળવાન શત્રુથી અને દ્વેષીઓથી
બચાવ્યો, કારણ કે તેઓ મારા કરતાઁ જોરાવર હતા અને મને ધિક્કારતાં
હતા. 18 મારી વિપત્તિનાં દિવસોમાં તેઓ મારા પર તૂટી પડ્યા, અને હું
તો અતિ નિર્બળ હતો પરંતુ યહોવાએ મને સ્થિર રાખ્યો. 19 તેઓ મને
ખુલ્લી જગામાં દોરી ગયાં. અને એ તેઓ હતાં કે જેણે મને બચાવ્યો, કાર-
ણકે તેઓ મારાથી ખુશ હતા. 20 મને યહોવાએ, મારા ન્યાયીપણાનું ફળ
આપ્યું છે, મારા જીવનની શુદ્ધતા પ્રમાણે તેમણે મને પાછું વાળી આપ્યું
છે. 21 કારણ કે મેં યહોવાની આજ્ઞા પાળી છે, અને મેં તેમની વિમુખ
થઇને ભૂંડાઇ કરી નથી. 22 હું તેમનાં સર્વ નિયમોને કાળજીપૂર્વક અનુ-
સર્યો છું. મેં તેમની આજ્ઞા હંમેશા મારી સંમુખ રાખી છે અને તેમાની
એકેય આજ્ઞાની અવગણના કરી નથી. 23 હું તેમની સાથે વિશુદ્ધ અને
પ્રામાણિક હતો અને મેં મારી જાતને અનિષ્ટ અને અયોગ્ય કરવાથી દૂર
રાખી છે. 24 યહોવાએ મારું ન્યાયીપણુઁ અને મારા હાથની શુદ્ધતા જોઇ-
ને તે પ્રમાણે મને પ્રતિદાન દીધું છે. 25 હે યહોવા, જેઓ તમારી પ્રત્યે
વિશ્વાસુ છે, તેને તમે વિશ્વાસુ છો. જેઓ તમારી પ્રત્યે એકનિષ્ઠ છે, એને
તમે એકનિષ્ઠ છો. 26 જેઓ શુદ્ધ અને સારા છે તેમની સાથે તમે શુદ્ધ
અને સારા છો. પણ જેઓ હઠીલા છે તેઓને સાથે હઠીલા દેખાશો.
27 તમે ગરીબ લોકોને બચાવો છો, અને અભિમાની લોકોને અપમાનિત
કરો છો. 28 યહોવા, મારા દેવ! તમે મારા હૃદયમાં દીવાં પ્રગટાવો છો!
મારા અંધકારને તમે પ્રકાશમાં ફેરવ્યો છે. 29 તમારા સાર્મથ્ય વડે હું હવે
કિલ્લો પણ કૂદી જાઉઁ છું. અને કોઇપણ સૈન્યની ટૂકડી પર હું આક્રમણ
કરી શકું છુ. 30 દેવનો માર્ગ તો પરિપૂર્ણ છે અને યહોવાનો શબ્દ પરખે-
લો છે; જેઓ તેના પર ભરોસો રાખે છે તે સઘળાની તે ઢાલ છે. 31 કા-
રણ, યહોવા વિના બીજા દેવ કોણ છે? તેનંા વિના ખડક સમાન બી-
જું કોણ છે? 32 તેમની શકિતથી તેઓ મને ભરી દે છે અને પવિત્ર જીવન
જીવવાં માટે મને સહાય કરે છે. 33 તે મારા પગોને હરણીના જેવું દોડવાં
જેવા બનાવે છે અને ઉંચાઇઓ પર મને સ્થિર રાખે છે. 34 મારા હાથોને
તેઓ લડતાં શીખવે છે. પિત્તળનું ધનુષ્ય ખેંચવાની શકિત તેઓ મને
આપે છે. 35 તમે તમારા તારણની ઢાલ મને છે, તમારા જમણા હાથથી
તમે મને ટેકો આપ્યો છે, અને તમારી અમીષ્ટિએ મને મોટો કર્યો છે.
36 તમે મને ઝડપથી દોડવામાં મદદ કરી છે, જેથી મારા પગ કદી લપ-
સ્યાં નથી. 37 હું મારા શત્રુઓને તેઓની પાછળ પડીને જરૂર પકડી પા-
ડીશ; અને તેઓનો નાશ નહિ થાય ત્યાં સુધી પાછો ફરીશ નહિ. 38 હું
તેઓને એવા વીંધી નાખીશ કે તેઓ ફરી ઊભા નહિ થઇ શકે. તેઓ મા-
રા પગે પડશે. 39 કારણ તમે મને યુદ્ધને સારુ શકિતરૂપી શસ્ત્રથી સજ્જ
કર્યો છે. મારી સામે થનારને તમે મારે તાબે કર્યો છે. 40 શત્રુઓની ડોક
પર પ્રહાર કરવાની તમે મને તક આપી હતી. તેથી જેઓએ મારો તિર-
સ્કાર કર્યો છે, તે સર્વેનોં મેં સંહાર કર્યો છે. 41 તેઓએ ઘણી બૂમો પાડી
છતાં તેઓને બચાવનાર કોઇ નહોતું. હા, તેઓએ યહોવાને વિનંતી
કરી, પરંતુ કોઇ જવાબ મળ્યો નહિ. 42 પવનથી ફૂંકાતી ધૂળની જેમ તે-
મને મેં વિખેરી નાખ્યાં છે અને ગલીઓમાંની ધૂળની જેમ તેમને કચડી
નાખ્યાં છે. 43 તમે મને મારા વિરુદ્ધ લડતાં લોકોથી બચાવો. મને બીજા
રાષ્ટોનો રાજા બનાવો. જે લોકોને હું જાણતો પણ નથી તેઓ મારી સેવા
કરશે. 44 મારે શરણે પરદેશીઓ આવ્યાં છે. અને મારો હુકમ સાંભળતાં
જ તેઓ મારી આજ્ઞાને આધીન થાય છે. 45 પરદેશીઓ હિંમત ગુમાવી
બેઠંા છે, અને ધ્રૂજતા ધ્રૂજતા તેઓ કિલ્લાની બહાર આવે છે. 46 યહોવા
જીવતા જાગતા દેવ છે. મારા રક્ષકને ધન્ય હો; મારો ઉદ્ધાર કરનાર દેવ-
ની મહાનતાનો પ્રચાર કરો. 47 યહોવા મારા દુશ્મનોને શિક્ષા કરે છે અને
રાષ્ટોને મારા તાબામાં મૂકે છે. 48 તે મારા શત્રુઓથી મને છોડાવે છે.
અને મારી સામે થનાર પર મને વિજય અપાવે છે. મારી લાજ લૂંટનાર
માણસથી મને બચાવે છે. 49 માટે હે યહોવા, વિદેશીઓમાં હું તારી સ્તુ-
તિ કરીશ, અને હું તારા નામનાં સ્રોત્ર ગાઇશ. 50 યહોવા તેમના દ્વારા
પસંદ કરેલા રાજાઓને ઘણા વિજયો મેળવવામાં મદદ કરે છે, યહોવા
પોતે અભિષિકત કરેલા રાજાઓ પ્રતિ દયા બતાવે છે. યહોવા દાઉદ
તથા તેનાં વંશજો પ્રતિ હંમેશા વિશ્વાસુ રહેશે.

19 આકાશો દેવનાં મહિમા વિષે કહે છે. અંતરિક્ષ તેના હાથે સર્જન
થયેલી અદ્ભુત વસ્તુઓ વિષે કહે છે. 2 પ્રત્યેક નવો દિવસ તે-
ના સર્જનની સાચી વધારે વાતો કહે છે. દરેક રાત દેવના સાર્મથ્ય વિષે
વધારે કહે છે. 3 ત્યાં વાણી નથી અને ત્યાં શબ્દો નથી. કોઇ અવાજ
સંભળાતો નથી, 4 પણ તેમનો “અવાજ” આખી પૃથ્વી પર જાય છે,
સમગ્ર જગત તેના છેડાઓ સુધી તેમના “શબ્દો” સાંભળે છે.તેમણે સૂર્ય
માટે એક મંડપ નાખ્યો છે. 5 તે સૂર્ય પોતાના ઓરડામાંથી પરણવા ની-
કળતા વરરાજા જેવો છે, તે દોડની સ્પર્ધાના આનંદિત, તેજસ્વી અને
બળવાન ખેલાડી જેવો છે. 6 તે આકાશને એક છેડેથી નીકળી અને તેના
બીજા છેડા સુધી પરિક્રમણ કરે છે. તેની ઉષ્ણતા પામ્યા વિના કોઇ
બાકી રહી જતું નથી. 7 યહોવાના પવિત્ર વચનો સંપૂર્ણ છે. તે આત્માને
તાજગી આપે છે. યહોવાની સાક્ષી, ખરેખર વિશ્વાસપાત્ર છે. તે મૂર્ખને
ડાહ્યાં થવા માટે મદદ કરે છે. 8 યહોવાના વિધિઓ યથાર્થ છે. તેઓ હૃ-
દયને ભરપૂર આનંદ આપે છે. યહોવાની આજ્ઞાઓ નિર્મળ છે. જે
આંખોને પ્રકાશ આપે છે. 9 યહોવા માટેનો ભય શુદ્ધ અને અનાદિ છે.
યહોવાના ઠરાવો નિષ્પક્ષ અને સાચા છે. તેઓ સંપૂર્ણપણે ન્યાયી છે.
10 તે શુદ્ધ સોના કરતાં પણ વધુ પસંદ કરવા યોગ્ય છે. વળી મધપૂડાનાં
ટીંપાં કરતાંય તે ખરેખર વધારે મીઠાં છે. 11 કારણ, તમારો ઉપદેશ તેના
સેવકોને ચેતવણી આપે છે અને જેઓ તેનું સદા પાલન કરે છે તેઓને
સફળતા આપે છે. 12 મારા હૃદયમાં છુપાયેલા પાપોને હું જાણી શકતો
નથી, છાની રીતે કરેલા પાપોમાંથી મને શુદ્ધ કરો અને મુકત કરો.
13 મને કોઇનું ખરાબ કરવાના વિચારો અને પાપથી દૂર રાખો અને તેમ
કરતા અટકાવો. મને ખરાબ કાર્ય ન કરવા માટે તમે સહાય કરો. ત્યારે
જ હું દોષમુકત અને પૂર્ણ થઇશ અને મહાપાપ કરવામાંથી બચી જઇશ.
14 હે મારા રક્ષક અને ઉદ્ધારક યહોવા; મારા મુખના શબ્દો, તથા હૃદય-
નાં વિચારો તમારી સમક્ષ માન્ય રાખો.

20 સંકટનાં દિવસોમાં યહોવા તારી પ્રાર્થના સાંભળી તને ઉત્તર
આપો; યાકૂબનાં દેવ, સર્વ પ્રકારની વિપત્તિમાં તારી રક્ષા કરો.
2 ભલે તેઓ પોતાના પવિત્રસ્થાનમાંથી તેમની મદદ મોકલે અને તમને
સિયોનમાંથી શકિત આપે. 3 તારા કરેલા સર્વ અર્પણોને યાદ રાખી,
અને તારું દહનાર્પણ સ્વીકારે. 4 તને તારી ઇચ્છા પ્રમાણે આપે અને
તારી સર્વ યોજનાઓને પાર પાડે. 5 તમારી મુકિત અમને સુખી બનાવ-
શે, આપણા દેવને નામે આપણી ધ્વજાઓ ચઢાવીશું; યહોવા તમારી
બધી વિનંતિઓનો સ્વીકાર કરે. 6 યહોવાએ પોતે જેને અભિષિકત કર્યા
છે, તેને વિજય અપાવે છે, તે પવિત્ર આકાશમાંથી પોતાના જમણા હા-
થની તારક શકિતથી તેને જવાબ આપશે. 7 કોઇ રાષ્ટો પોતાના સૈન્યો
અને શસ્રો વિષે અભિમાન કરે છે, બીજા કોઇ તેમના રથો અને ઘોડાઓ
પર અભિમાન કરે છે. પણ અમે અમારા દેવમાં વિશ્વાસ રાખીએ છીએ.
અમે અમારા યહોવાના નામના પોકાર કરીશું. 8 તેઓ નમીને પડી ગયા
છે; પણ આપણે અડગ ઊભા રહીશુ. 9 હે યહોવા, અમારા રાજાને વિજય
આપો. અમે ભાર પૂર્વક વિનંતી કરીએ છીએ ત્યારે તમે જવાબ આપો.

21 હે યહોવા, તમારી શકિતથી રાજા ખૂબ આનંદ પામે છે. તમારા
તારણથી તેને એટલો બધો ગર્વ અને આનંદ થાય છે. 2 કારણ
કે તમે તેને તેનાં હૃદયની ઇચ્છા પ્રમાણે આપ્યું છે. તેના હોઠે કરેલી
અરજીને તમે કદી નકારી નથી. 3 કારણ કે તમે તેને સફળતાં અને સમૃ-
દ્ધિ આપી રાજ્યાસન પર બેસાડ્યો છે. અને પ્રેમથી તમે તેના માથે શુદ્ધ
સોનાનો મુગટ પહેરાવ્યો છે. 4 હે યહોવા, રાજાએ તમારી પાસે જીવન
માગ્યું અને તમે તેને સર્વકાળ રહે એવું દીર્ધાયુષ્ય આપ્યું. 5 તમે તેને જે
વિજય અપાવ્યો તેનાથી તેની કિતિર્માં ઘણો વધારો થયો. તમે તેને કૃ-
પાના અને ગૌરવના વસ્રોથી શણગાર્યો છે. 6 કારણ કે તમે તેને હંમેશા
આશીર્વાદ આપો છો. અને તમે તેને તમારી સમક્ષ રહેવાનો આનંદ
આપો છો. 7 કારણ રાજા યહોવાનો ભરોસો કરે છે. અને તેને કદીય પરા-
ત્પર દેવની કૃપાથી વંચિત કરવામાં નહિ આવે. 8 તમે તમારા તમામ
શત્રુઓને પકડી લેશો અને તમારો જમણો હાથ શોધી કાઢશે કે કોણ
તમને ધિક્કારે છે. 9 જયારે તમે પ્રગટ થશો ત્યારે તેઓ તમારી પવિત્ર
ઉપસ્થિતિના દિવ્ય અગ્નિમાં નાશ પામશે. યહોવા પોતાના કોપથી તે-
ઓને ગળી જશે અને તેમનો કોપાગ્નિ તેમને બાળીને રાખ કરી દેશે.
10 યહોવા પૃથ્વી પરના તેઓના પરિવારોનો વિનાશ કરશે; માણસ જા-
તમાંથી તેમના વંશજો નાશ પામશે. 11 કારણ, હે યહોવા, આ માણ-
સોએ તમારી વિરુદ્ધ કાવતરું કર્યું છે. છતાં તેઓને કદાપિ સફળતાં
મળવાની નથી. 12 તમારી પણછથી તમે તેઓ પર જે નિશાન તાકયું છે.
તે જ્યારે તેઓ જોશે, ત્યારે તેઓએ પાછા હઠી જવું પડશે. 13 હે યહોવા,
તમારા મહાન સાર્મથ્ય માટે અમે તમારી સ્તુતિ કરીએ છીએ; અને તમા-
રા મહાન કર્મોની ઉજવણી કરવા સ્તુતિગીતો બનાવી ગાઇશું.

22 હે મારા દેવ, તમે મને કેમ તજી દીધો છે? મારા દેવ, તમે શા
માટે સહાય કરવાની ના પાડો છો? શા માટે મારો વિલાપ સાંભ-
ળતાં નથી? 2 હે મારા દેવ, દિવસ દરમ્યાન હું રૂદન કરૂં છું અને તમને
પ્રાર્થના કરું છું, પરંતુ તમે મારી પ્રાર્થનાનો જવાબ દેતા નથી. હું તમને
આખી રાત દરમ્યાન સતત બોલાવું છું. 3 દેવ, તમે પવિત્ર છો. તમે
ઇસ્રાએલના સ્તોત્ર પર બિરાજો છો. 4 અમારા પૂર્વજોએ તમારા પર ભરો-
સો રાખ્યો હતો. અને તેઓએ ભરોસો રાખ્યો હોવાથી તમે તેઓને છો-
ડાવ્યા. 5 જ્યારે તેઓએ તમને પ્રાર્થના કરી, તમે તેમને મદદ કરી અને
તેમને બચાવ્યાં. તેઓએ તમારામાં વિશ્વાસ રાખ્યો અને તેઓ નિરાશ
થયા નહોતા. 6 હું માણસ નથી પણ માત્ર કીડો છુ. સમગ્ર માનવ જાત
મારો તિરસ્કાર કરે છે. અને મને તુચ્છ ગણે છે. 7 જેઓ મને જુએ છે
તેઓ બધા મારી હાંસી કરે છે. અને તેઓ મો મરડી-ડોકું ધુણાવી ને કડ-
વી વાણી બોલે છે. 8 તેઓ મારી મશ્કરી કરતાં કહે છે, “તે જરૂર તને
ઉગારશે કારણ તે તને ખૂબ પસંદ કરે છે.” 9 હે યહોવા, અગાઉ તમે મને
કેવી મદદ કરી હતી. તમે મને માતાના ઉદરમાંથી સુરક્ષિત બહાર લા-
વ્યાં હતા. હું જ્યારે મારી માતાને ધાવતો હતો ત્યારે પણ તમે મારી
સંભાળ લઇને વિશ્વાસ જગાવ્યો હતો. 10 હું જન્મથી જ તમારા હાથમાં
સોંપાયેલો છું. મારા બાળપણથી જ તમે મારા દેવ છો. 11 તમે મારાથી
જરાય આઘા ખસશો નહિ કારણ મારા માથે સંકટ આવ્યુ છે. અને મને
સહાય કરે તેવું મારી સાથે કોઇ નથી. 12 ઘણા ભયંકર શત્રુઓએ મને ઘે-
રી લીધો છે. બાશાનના આખલા, મારી ચારેબાજુએ ફરી વળ્યા છે.
13 જેમ ફાડી ખાનાર તથા ગર્જના કરતો સિંહ પોતાના શિકાર પર આક્ર-
મણ કરે છે, તેમ તેઓ પોતાના મોં ખુલ્લા રાખીને મારી તરફ ધસી આવે
છે. 14 જેમ પાણી વહી જાય તેમ, મારી શકિત પણ ચાલી ગઇ છે. જેમ
સાંધામાંથી હાડકાં ઢીલાઁ થઇ છૂટા પડી જાય છે, તેમ મારંુ હૃદય પણ
મીણનાં જેવું પોચું થઇ મારાં આંતરડામાં ઓગળી ગયું છે. 15 મારું બળ
માટીનાં વાસણના એક તુટેલા ટુકડંા જેવુ સુકંુ થઇ ગયું છે; મારી
જીભ મારા મુખના તાળવે ચોંટી જાય છે; અને મને ધૂળભરી મૃત્યુશૈયા
ઉપર નાખી દેવામા આવ્યો છે. 16 કારણ, મારી આસપાસ કૂતરાં ફરી
વળ્યા છે; અને મને દુષ્ટોની ટોળીએ ઘેરી લીધો છે અને તેઓએ મારા
હાથપગ વીંધી નાખ્યા છે. 17 હું મારા શરીરનાં સર્વ હાડકાં ગણી શકું છું.
આ માણસો કેટલા દુષ્ટ અને ક્રૂર છે! તેઓ ધારી ધારી ને કેવા જુએ છે!
18 તેઓ મારા વસ્રો અંદરો અંદર વહેંચી લે છે અને મારા ઝભ્ભા માટે
અંદરો અંદર ચિઠ્ઠી નાખે છે. 19 હે યહોવા, મારાથી દૂર ન જશો . હે દેવ!
હે મારા આશ્રય; મારા સાર્મથ્ય, મારી મદદે આવો. 20 મને આ તરવારથી
બચાવો, મારી રક્ષા કરી મારંુ મૂલ્યવાન જીવન પેલાં કૂતરાઓથી બચા-
વો. 21 મને સિંહોના જડબામાંથી બચાવો. તે બળદોના શિંગડાઓથી
મારું રક્ષણ કરો. 22 હું તમારા વિષે મારા બધા ભાઇઓને વાત કરીશ. હું
ભરી સભામાં તમે કરેલી અદભૂત વસ્તુઓ વિષે વાત કરીશ.” 23 હે યહો-
વાનો ભય રાખનારાઓ, તેમના ગુણગાન ગાઓ. તમે બધા યાકૂબના
વંશજો, તેને માન આપો. હે ઇસ્રાએલી પરિવારો, તેમનો ભય રાખો. 24 તે
ગરીબને જ્યારે મુસીબતો હોય ત્યારે કદી એમની અવગણના નથી કર-
તા. તેઓ કદી તેમનું મુખ એમનાથી છુપાવતા નથી. તેઓ મદદ માટે
તેમને પોકાર કરે છે ત્યારે તેઓ તેમને સાંભળે છે. 25 હું તમારી કૃપાથી
મોટી મંડળીમાં તમારી સ્તુતિ કરું છું; સર્વ ભય રાખનારાઓની સામે,
હા, હું મારી માનતા પૂરી કરીશ. 26 દરિદ્રીજનો ખાઇને તૃપ્ત થશે, જેઓ
યહોવાને શોધે છે, તેઓ તેમની કૃપા પ્રાપ્ત કરશે, અને તેઓ હર્ષનાદ
અને અવિનાશી આનંદથી તેમની સ્તુતિ કરશે. 27 ભલે દૂર દેશના લોકો
યહોવાનું સ્મરણ કરે અને તેમની પાસે પાછા ફરે. ભલે રાષ્ટોના બધા કુ-
ટુંબો નીચે નમીને યહોવાની ઉપાસના કરે. 28 કારણ, યહોવા રાજા છે,
અને તે સર્વ પ્રજા ઉપર રાજ કરે છે. 29 બધા લોકો, જેઓ મજબૂત અને
તંદુરસ્ત છે તેઓએ ખાધું છે અને યહોવા સમક્ષ નીચે નમ્યા છે - હા, એ
બધાં જેઓ મૃત્યુ પામવાની તૈયારીમાં છે અને તે પણ લોકો જેઓ
અત્યાર સુધીમાં મરણ પામ્યા છે તે બધાં યહોવાની સામે નીચા નમશે.
30 યહોવાનાં અદ્ભુત કર્મોર્ વિષે આવતી પેઢી પણ સાંભળશે, અને
આપણાં સર્વ સંતાનો પણ તેમની સેવા કરશે. 31 આવનાર પેઢીઓ જે
જન્મી નથી તેઓને પણ તેમનાં સર્વ ચમત્કાર વિષે પ્રગટ કરીને કહેશે.
અને તેમનું ન્યાયીપણું પ્રગટ થશે.

23 યહોવા મારા પાલનકર્તા છે. તેથી મને કશી ખોટ પડશે નહિ.
2 તે મને લીલાં બીડમાં સુવાડે છે અને મને શાંત જળની તરફ
દોરી જાય છે. 3 તે મને નવું સાર્મથ્ય ને તાજગી આપે છે. તેમનાં નામનો
મહિમા વધે તે માટે તે મને ન્યાયીપણાને માગેર્ ચલાવે છે. 4 મૃત્યુની
કાળી ખીણમાં પણ મારે ચાલવાનું હશે તો હું ડરીશ નહિ; કારણ હે
યહોવા, તમે મારી સાથે છો, તમારી લાકડી તથા તમારી છડી મને દિ-
લાસો દે છે. 5 તમે મારા દુશ્મનોની સામે મારું મેજ ગોઠવો છો. અને મા-
રા માથા પર તેલ રેડો છો. મારો પ્યાલો તમે વરસાવેલા આશીર્વાદથી
છલકાઇ જાય છે. 6 તમારી ભલાઇ અને દયા મારા જીવનનાં સર્વ દિવ-
સોમાં મારી સાથે રહેશે; અને હું યહોવાની સાથે તેના ઘરમાં લાંબા સમય
સુધી રહીશ.

24 આ પૃથ્વી યહોવાની છે અને જગતનું સર્વ કાંઇ પણ તેનુંજ છે,
આ જગત અને જગતમાં રહેનારા સર્વ તેનાંજ છે. 2 તેમણે સમુ-
દ્રો પર તેમનો પાયો નાખ્યો છે, અને તેમણે નદીઓ પર તેને સ્થાપન
કર્યુ છે. 3 યહોવાના પર્વત પર કોણ ચઢી શકશે? તેનાં પવિત્રસ્થાનમાં
કોણ ઊભો રહી શકશે? 4 ફકત તેઓ જેમના હાથ શુદ્ધ છે અને હૃદય
નિર્મળ છે, તેઓએ મારા નામના જૂઠા સમ લીધા નથી, તેઓ જેમણે
ખોટાં વચનો આપ્યાં નથી, અને જૂઠ્ઠુ બોલ્યાં નથી. તેઓજ યહોવાના
પર્વત પર ચઢી શકશે. 5 તેઓ યહોવાનો આશીર્વાદ પ્રાપ્ત કરશે, અને
પોતાના તારણ કરનાર દેવથી તેઓ ન્યાયીપણું પામશે. 6 તેઓ પેઢીના
લોકો છે જેઓ યાકૂબના દેવને શોધતાં આવ્યાં છે. 7 હે પ્રવેશદ્વારો,
તમારાં માથા ઊંચા કરો! હે પ્રાચીન પ્રવેશદ્વારો, ઊઘડી જાઓ ગૌરવ-
વાન રાજા અંદર આવશે! 8 તે ગૌરવવાન રાજા કોણ છે? એ સાર્મથ્ય-
વાન બળવાન યહોવા છે, તે યહોવા જે યુદ્ધમાં પરાક્રમી છે. 9 હે પ્રવેશ
દ્વારો, તમારા માથાં ઊંચા કરો. અને ગૌરવવાન રાજાને અંદર આવવા
દો. હે પ્રાચીન પ્રવેશદ્વારો, ઉઘડી જાઓ; અને ગૌરવવાન રાજા અંદર
આવશે! 10 આ ગૌરવવાન રાજા કોણ છે? યહોવા આકાશોના સર્વ સૈ-
ન્યોનો માલિક અને ગૌરવવાન રાજા છે.

25 હે યહોવા, મારી જાતને તને સોપું છું. 2 હું હમેશા તમારો વિ-
શ્વાસ કરું છું. તો મારી સાથે કોઇ એવી વસ્તુ ન બને કે જેથી
મારે શરમાવું પડે. મારા શત્રુઓને મારી ઉપર હસવા દેતા નહિ. 3 જેઓ
યહોવામાં વિશ્વાસ રાખે છે તેઓએ કદી કશાથી પણ શરમાવાનું નહિ.
પણ વિશ્વાસઘાતીઓની માનહાનિ થશે. તેઓને તેમના વિશ્વાસઘાતથી
કોઇ ફાયદો નહિ થાય. 4 હે યહોવા, મને તમારાં માર્ગ બતાવો; તમારા
રસ્તા વિષે મને શીખવો. 5 મને માર્ગદર્શન અને જ્ઞાન આપો; કારણ,

તમે જ માત્ર મને તારણ આપનાર દેવ છો. હું આખો દિવસ તમારી રાહ
જોઉ છું. 6 હે યહોવા, તમારી કૃપા અને તમારી પ્રેમાળ દયાળુતાને યાદ
રાખો કારણ તે સનાતન છે. 7 મારી જુવાનીનાં પાપ અને મારા અપરાધ-
નું સ્મરણ ન કરો. હે યહોવા, તમારા શુભ નામને માટે, તમારી કૃપા અને
અનુકંપા સાથે મને યાદ કરો. 8 યહોવા સારા અને પ્રામાણિક છે, તેથી
તેઓ પાપીઓને સાચા માગેર્ દોરે છે, અને તેઓ તેમને શું ન્યાયી અને
નિષ્પક્ષ છે તે શીખવે છે. 9 તેઓ નમ્ર લોકોને ન્યાયી બનવા માટે દોરે
છે અને તેઓ તેમને તેમના માગેર્ જીવવાનું શીખવે છે. 10 જે લોકો તેનો
પવિત્ર કરાર અને કાયદાઓનું પાલન કરે છે તેમનાં તરફ યહોવા દયાળુ
અને વિશ્વાસુ છે. 11 હે યહોવા, મારા પાપ તો ઘણાં છે, તમારા નામના
મહિમા માટે મને ક્ષમા કરો. 12 યહોવાથી ડરે એવા માણસો કયાં છે? શ્રે-
ષ્ઠ જીવન જીવવાનો શ્રેષ્ઠ રસ્તો પસંદ કરવાનું તેમને યહોવા શીખવશે.
13 તે માણસ પર યહોવાના આશીર્વાદ રહેશે; તેનાં સંતાન પૃથ્વીનો વા-
રસો પામશે. 14 જેઓ યહોવાનો ભય અને તેમના માટે માન રાખે તેઓ-
ની સાથે તેઓ પોતાના રહસ્યો વહેંચે છે. તેઓ તેઓને તેમનો કરાર શી-
ખવે છે. 15 મારી ષ્ટિ સહાય માટે સદાય યહોવા તરફ છે, કારણ, તે એક-
લાં જ મારા પગ ફાંદામાંથી કાઢશે. 16 હે યહોવા, હવે તમે આવો, ને મારા
પર દયા કરો. હું નિરાશ્રિત, દુ:ખી, નિ:સહાય અને એકલો છું. 17 મારી
મુસીબતો અને સમસ્યાઓ દિનપ્રતિદિન વધુ ખરાબ થતા જાય છે. હે
યહોવા, તે બધામાંથી મને મુકત કરો. 18 મારાં દુ:ખ તથા વેદના પર જરા
નજર કરો, અને કૃપા કરી મારાં સર્વ પાપની ક્ષમા કરો. 19 મારા શત્રુઓ
ઘણાં છે તે જરા જુઓ; તેઓ કેટલી ક્રૂરતાથી મારી ધૃણા કરે છે તે જુઓ.
20 મારું રક્ષણ કરો અને મારો જીવ બચાવો. મારી લાજ જવા દેતા નહિ,
કારણ હું તમારો વિશ્વાસ કરું છું. 21 મારા પ્રામાણિપણું તથા ન્યાયીપ-
ણાના, તમે રક્ષક બનો. કારણ, રક્ષણ માટે હું તમારી આશા રાખું છું.
22 હે યહોવા, હવે તમે ઇસ્રાએલને સર્વ સંકટોમાંથી છોડાવો.

26 હે યહોવા, મારો ન્યાય કરો, હું સદા પ્રામાણિકપણે વર્ત્યો છું.
મારો યહોવા પરનો વિશ્વાસ કદાપિ ડગ્યો નથી. મારી વિરુદ્ધના
લોકોની સામે મને સર્વ આક્ષેપોમાંથી નિર્દોષ જાહેર કરો. 2 હે યહોવા,
પૂરી તપાસ કરીને મારી પરીક્ષા કરો; મારા અંત:કરણની ઇચ્છાઓને
પણ કસોટીની એરણે ચઢાવી પરીક્ષા કરો. 3 કારણ, હું તમારી કૃપા મા-
રી સગી આંખે નિહાળું છું. અને હું હંમેશા સત્યો દ્વારા જીવી રહ્યો છું. 4 મેં
ક્યારેય દુરાચારીઓની સંગત કરી નથી. હું ક્યારેય નકામા લોકો સાથે
જોડાયો નથી. 5 હું દુષ્ટોની સંગતને ધિક્કારું છું ને દુષ્ટોની મંડળીમાં
કદાપિ બેસીશ નહિ. 6 હું મારી નિર્દોષતા સાબિત કરવા મારા હાથ ધો-
ઇશ; હે યહોવા, એ પ્રમાણે જ હું વેદીની પ્રદક્ષિણા કરીશ. 7 હું આભાર-
સ્તુતિનાં ગીત ત્યાં ગાઉં છું અને તમારા સર્વ ચમત્કારી કર્મ પ્રગટ કરું
છું. 8 હે યહોવા, મને પ્રિય છે તમારુ મંદિર, અને તે જગા જ્યાં તમારુ
ગૌરવ છે. 9 પાપીઓની સાથે મારો સર્વનાશ કરશો નહિ. માણસોની
સાથે મને મારી નાખશો નહિ. 10 તેઓ હમેશા ધૃણાજનક કૃત્યો કરે છે,
અને તેમના જમણા હાથ લાંચરુસ્વતથી ભરેલાં છે. 11 હે યહોવા, હું તે-
ઓના જેવો નથી, હું પ્રામાણિકપણાના માગેર્ ચાલું છું, મારા પર દયા
કરી મારો બચાવ કરો. 12 યહોવાએ મને પડી જવા દીધો નથી, માટે હું
યહોવાની સ્તુતિ જનસમૂહમાં ગાઇશ.

27 યહોવા મારું તારણ અને પ્રકાશ છે; શા માટે મારે કોઇથીય ડર-
વું? યહોવા, મારા જીવનનું સાર્મથ્ય છે, શા માટે મારે કોઇનાથી
ડરવું? 2 જ્યારે દુષ્ટ શત્રુઓ મારો સંહાર કરવા આવશે, ત્યારે તેઓ ઠોકર
ખાઇને નીચે પડશે. 3 ભલે સૈન્ય મારી વિરુદ્ધ છાવણી નાખે, તો પણ હું
જરાય ડરવાનો નથી; ભલે એ મારી વિરુદ્ધ યુદ્ધ કરે; પણ મને યહોવા
પર ભરોસો છે કે, તેઓ મારું રક્ષણ કરશે. 4 હું એકજ વસ્તુ માંગુ છું
યહોવાથી, “મારા જીવનના સર્વ દિવસો પર્યંત મને યહોવાનાં મંદિરમાં
બેસવા દો જેથી સદા યહોવાના દિવ્ય સૌંદર્યનું અવલોકન કરી શકું અને
તેમના પવિત્રસ્થાનની મુલાકાત કરું.” 5 સંકટના સમયે તેઓ ખરેખર
મને પોતાના પવિત્ર મંડપમાં સંતાડી દેશે. અને મને તેમની સુરક્ષિત
જગાએ લઇ જશે. 6 મારા શત્રુઓ મને ઘેરી વળ્યા છે, પણ તેમને હરાવ-
વા યહોવા મારી મદદ કરશે. હું તેના મંડપમાં હર્ષનાદ સાથે અર્પણો
ચઢાવીશ. હું સ્તુતિગીતો ગાઇશ, અને તેઓ જે મારો આભાર યહોવાને
વ્યકત કરે. 7 હે યહોવા, મારી વિનંતી સાંભળો. મારા પર દયા કરીને મને
જરૂરી સહાયતા આપો. 8 મારું હૃદય તમારા વિષે કહે છે કે તમે ઇચ્છો
છો કે અમે તમને શોધીએ, તેથી હે યહોવા, હું તમારી પાસે તમારૂં મુખડું
શોધવા આવું છું. 9 હે યહોવા, હું તમારી પાસે આવું છું. તમે તમારું મુખ
મારાથી ફેરવશો નહિ. તમારા આ સેવક પર ગુસ્સો ન કરો, હે મારા તાર-
ણહાર, મારા દેવ, હવે મને છોડી ન દેતા અને મને તજી ન દો. 10 મારા
માતાપિતાએ મને તજી દીધો છે, પરંતુ યહોવા મને સંભળશે અને સ્વી-
કારશે. 11 હે યહોવા, મને કહો, હવે મારે શું કરવું? હું શત્રુઓથી ઘેરાએલો
છું અને તમારી મદદની રાહ જોઉ છું માટે હવે મને તમે સત્કર્મના સરળ
માગેર્ દોરી જાઓ. 12 હે યહોવા, મને મારા શત્રુઓના હાથમાં સુપ્રત ન
કરો. કારણકે તેઓએ મારા ઉપર ખોટા આરોપો મૂક્યાં છે તથા તેઓ
હંમેશા મને નિષ્ઠુરતાથી ઇજા પહોંચાડવાની યોજનાઓ કરે છે. 13 હું
આશા રાખું છું કે યહોવા ખરેખર મને ફરીથી છોડાવશે, અને હું આ જીવ-
નમાં તેમની દયાનો અનુભવ કરીશ. 14 તું યહોવાની રાહ જોજે, ધૈર્ય ગુ-
માવીશ નહિ; તેઓ જરૂર આવશે અને તને બચાવશે; બળવાન થા અને
હિંમત રાખ; હા, તું યહોવાની રાહ જોજે, તેઓ તને સહાય કરશે.

28 હે યહોવા, તમને મદદ માટે પ્રાર્થના કરૂં છું. હે મારા ખડક,
તમારા કાન બંધ રાખતો નહિ, કારણકે તમે મારા મદદના પો-
કાર નો જવાબ નહિ આપો તો મારી ગણના કબરમાંના મૃત લોકો જેવી
જ થશે. 2 હે યહોવા, મદદ માટેની મારી બૂમો સાંભળો. તમારી પરમપ-
વિત્રસ્થાન તરફ હું હાથ ઊંચા કરું છું; અને તમારી સહાય માટે ખરા
મનથી પ્રાર્થના કરું છું. 3 મને દુષ્ટતા કરનારા અને પાપીઓ વચ્ચે ધકે-
લી ન દેતા. તે કુકર્મીઓ તેમના પડોશીઓને “સલામ”કરે છે પરંતુ તેઓ
તેમની વિરુદ્ધ દુષ્ટતા કરવાની યોજના કરી રહ્યાં છે. 4 તમે તેમને તેમ-
ની દુષ્ટતા પ્રમાણે ફળ આપજો, તેમને તેમની સર્વ દુષ્ટતાનો તમે બદ-
લો વાળી આપજો; જે ભારી શિક્ષાને તેઓ યોગ્ય છે, તમે તેમને તે શિક્ષા
કરો. 5 તેઓ યહોવાની, તેમના મહાન કર્મોની અને તેમના હાથનાં કા-
મોની સંપૂર્ણ અવગણના કરે છે; જૂનાં પુરાણાં મકાનની જેમ યહોવા તે-
ઓને તોડી પાડશે અને ફરી કદી સ્થાપિત કરશે નહિ. 6 યહોવાની સ્તુ-
તિ થાઓ, કારણ તેમણે મારા કાલાવાલા સાંભળ્યા છે. 7 યહોવા મારું
સાર્મથ્ય અને ભયસ્થાનોમો મારી ઢાલ છે. મારા હૃદયે તેમનો ભરોસો
રાખ્યો છે, અને મને તેમની સહાય મળી છે. મારા હૃદયમાં અત્યંત
આનંદ થાય છે, તેમની સ્તુતિ ગાઇને હું તેમનો આભાર માનું છુ. 8 યહો-
વા તેમનાં લોકોને મજબૂત બનાવે છે. યહોવા તારણહાર છે, અને તેમ-
ના પસંદ કરેલાઓનું સાર્મથ્ય છે. 9 હે યહોવા, તમારા લોકોનો તમે
ઉદ્ધાર કરો, અને તમારા વારસાને આશીર્વાદ આપો. વળી તેઓનું હંમે-
શા પાલનપોષણ કરી તમારા લોકોને ઊંચકી રાખો.

29 હે પરાક્રમી યહોવાના દૂતો, તમે સૌ તેમની સ્તુતિ કરો; તેમના
ગૌરવ અને સાર્મથ્ય માટે સૌ યહોવાની સ્તુતિ કરો. 2 યહોવાના
ગૌરવ માટે સ્તુતિ કરો. યહોવાના ભવ્ય નામ માટે તમે ગાઓ તમારા
પવિત્ર વસ્રો પહેરીને આવો અને તેમની ઉપાસના કરો, આવો અને તેમ-
નું ભજન કરો. 3 યહોવાનો સાદ સમુદ્રો પર ગાજે છે; ગૌરવવાન દેવ
મહાસાગર પર ગર્જના કરે છે. 4 યહોવાનો સાદ તેમની શકિત નિરૂપે છે,
યહોવાનો સાદ તેમનો મહિમા નિરૂપે છે. 5 યહોવાના સાદથી ગંધત-
રુઓ ભાંગી ગયા છે. લબાનોનનાં વિશાળ ગંધતરુઓ યહોવા તોડે છે.
6 યહોવા હેમોર્ન પર્વતને અને લબાનોનનાં પર્વતોને, ધ્રુજાવે છે. તે તેમ-
ને વાંછરડાની જેમ કૂદાવે છે. 7 યહોવાનો સાદ વીજળીઓને ભેદી અને
ગર્જના કરે છે. 8 યહોવાના સાદના પડઘા રણને, અને કાદેશના રણને
ધ્રુજાવે છે. 9 યહોવાનો સાદ દેવદારના વૃક્ષોને ધ્રુજાવે છે અને બધા
ઉપાસના કરનારાઓ તેના મંદિરમાં સ્તુતિ કરે છે. ‘યહોવાનો મહિમા
થાય.’ 10 યહોવા જળપ્રલય સમયે સત્તાસ્થાને ત્યાં બિરાજમાન થયા
હતા; અને યહોવા સર્વકાળ રાજા તરીકે બિરાજમાન થનાર છે. 11 યહોવા
પોતાના લોકોને સાર્મથ્ય આપશે, અને તેઓને શાંતિનો આશીર્વાદ
આપશે.

30 હે યહોવા, હું તમારી સ્તુતિ કરીશ, કારણ તમે મને મુશ્કેલીઓ-
માંથી બહાર કાઢયો છે. તમે મારા શત્રુઓને વિજયનો આનંદ
લેવા દીધો નથી. 2 હે યહોવા, મારા દેવ, મેં તમને અરજ કરી, અને તમે
મને સાજો કર્યો છે. 3 હે યહોવા, તમે મને શેઓલમાંથી પાછો કાઢી જીવ-
તો રાખ્યો છે, તમે મને કબરમાં પડવા દીધો નથી. 4 હે દેવના વિશ્વાસુ

અનુયાયીઓ, તમે સૌ તેમની સ્તુતિ ગાઓ. અને તેમના પવિત્ર નામની
આભાર સ્તુતિ ગાઓ. 5 તેમનો કોપ તો કેવળ ક્ષણિક છે, પણ તેમની
કૃપા "જીવન"ભર માટે છે. રૂદન ભલે આખી રાત રહે, પણ સવારમાં
હર્ષાનંદ થાય છે. 6 હું જ્યારે નિર્ભય અને સુરક્ષિત હતો, ત્યારે મેં કહ્યું
હતું, "હું ડગીશ નહિ." હું સમજતો હતો કે આ સ્થિતિ સદાય રહેશે. 7 હે
યહોવા, તમે મારા પર કૃપા કરી મને પર્વતની જેમ સ્થિર બનાવ્યો છે,
પણ પછી મારાથી મુખ આડુ ફેરવીને તમે મને ભયભીત કર્યો છે. 8 હે
યહોવા, મેં તમને પોકાર કર્યો અને મેં તમને વિનંતી કરી. 9 "હે યહોવા,
હું મરી જઇશ તો તમારું શું સારું થશે? મારી કબરની ધૂળ તમારી સ્તુતિ
કરી શકશે? શું તે તમારી વિશ્વસનીયતા વિષે કહી શકશે? 10 હે યહોવા,
મારા પર દયા કરો, મારી અરજીને સંભળો મને સહાય કરો." 11 પછી
તમે મારા દુ:ખનું સુખ કર્યુ, અને રૂદનને બદલે નૃત્યુ આપ્યું; મારા શોક-
ના વસ્ત્રો ઉતારી લીધા અને મને ઉત્સાહથી ઢાંકી દીધો. 12 કબરમાં
શાંત પડી રહેવાને બદલે, હું આનંદપૂર્વક યહોવાની સ્તુતિ કરીશ; હે
યહોવા, મારા દેવ, હું સદાય તમારી આભારસ્તુતિ કરીશ.

31 હે યહોવા, હું તમારી ઉપર આધાર રાખું છું મને નિરાશ ન કર-
શો. મારી સાથે હમેંશા સારા રહેજો અને મને કૃપા આપતા રહે-
જો. 2 હે યહોવા, મને સંભળો, ઉતાવળથી મારી મદદે આવો! મારા ખડક
બનો. મારી સુરક્ષાની જગા બનો. મારો કિલ્લો બનો અને મને બચાવો.
3 દેવ મારા ખડક અને કિલ્લો છો, તેથી તમારા નામને માટે મને દોરવણી
આપો અને મને માર્ગદર્શન આપો. અને તે પર ચલાવો. 4 મારા શત્રુ-
ઓએ પાથરેલી ગુપ્ત જાળમાંથી મને બચાવો. કારણ તમે મારો આશ્રય
છો. 5 હું, મારો આત્મા તમારા હાથમાં સોંપુ છું; હે સત્યના દેવ યહોવા,
તમે મારો ઉદ્ધાર કર્યો છે. 6 જૂઠા દેવોની પૂજા કરનારને હું ધિક્કારું છું,
હું ફકત યહોવામાં ભરોસો કરું છું; 7 યહોવા, હું તમારી દયાથી આનંદથી
હરખાઇશ તમે મારું સઘળું દુ:ખ જોયું છે, મારા આત્માની વ્યથા નિહા-
ળી છે. 8 તમે મને શત્રુઓના હાથમાં સોંપ્યો નથી, તમે મારા પગ વિ-
શાળ જગા પર સ્થિર કર્યા છે. 9 હે યહોવા; હું સંકટમાં છુ, હિંમત હારી
ગયો છું, મારા પર દયા કરો; શોકથી મારું શરીર, આંખ, મારો પ્રાણ
ક્ષીણ થાય છે. 10 મારા જીવનનો અંત આવે છે. ઉદાસીમાં મારા વર્ષો
નિસાસામાં પસાર થાય છે. મારા પાપોએ મારી શકિત હણી લીધી છે
અને મારાઁ હાડકાઁ બરડ થઇ રહ્યાં છે. 11 મારા બધા દુશ્મનો મને મહેણાં
મારે છે, અને મારા પડોશીઓ મારી હાંસી ઉડાવે છે. મારા સબંધીઓને
મારો ભય લાગે છે; તેથી તેઓ મને અવગણે છે. જેઓ મને જુએ છે
તેઓ તેમના મુખ ફેરવી લે છે. 12 મૃત્યુ પામેલ મનુષ્યની જેમ હું વિસ-
રાઇ ગયો છું; હું ફેંકી દીધેલાં અને ફુટી ગયેલાં વાસણ જેવો છું. 13 મેં
ઘણાં લોકોને મારી બદનક્ષી કરતાં સાંભળ્યા છે. તેઓ ભેગા થઇને મારી
વિરુદ્ધ મને મારી નાખવાની યોજના અને કાવતરાં કરે છે. 14 પરંતુ હે
યહોવા, હું તમારો વિશ્વાસ કરૂં છું મેં કહ્યું, "ફકત તમે જ મારા દેવ છો."
15 મારા જીવનની બધીજ બીનાઓ તમારા હાથમાં છે. મારા પર દયા
કરો અને મને દુશ્મનોથી અને જેઓ મારો પીછો કરી રહ્યાં છે તેમનાથી
બચાવો. 16 તમારા સેવક ઉપર તમારા મુખનો પ્રકાશ ફરીથી પાડો. અને
મારા પર તમારી કૃપા દર્શાવી મારો બચાવ કરો. 17 હે યહોવા, હું નિરાશ
થઇશ નહિં; કારણકે મેં તમને પ્રાર્થના કરી છે. દુષ્ટજનોને લજ્જિત કરી
અને ચૂપચાપ તેઓને કબરોમાં સુવડાવી દો. 18 જૂઠા હોઠ મૂંગા થાઓ;
તેઓ ડંફાસ મારે છે અને સજ્જનોની વિરુદ્ધ દ્વેષભાવ રાખીને ખરાબ વા-
તો કહે છે. 19 જે ઉદારતા તમારા ભકતોને ખાતર તમે રાખી મૂકી છે, તે
તમે તમારા ભરોસો પર રાખનાર માટે ખૂબ દાખવી છે. અને તમારો ભય
રાખનારા માટે તમારો આશીર્વાદ મહાન છે. 20 તમે તમારી સંમુખ તેઓ-
ને સંતાડી રાખશો, અને તેમનું કાવતરાબાજો વિરુદ્ધ રક્ષણ કરશો. તમે
તમારા મંડપમાં તેમને સુરક્ષિત રાખશો અને તેમને અનિષ્ટ જીભોથી
બચાવશો. 21 યહોવાને ધન્ય છે! કારણ તેણે મારા પર અસીમ પ્રેમ વર-
સાવ્યો છે. જ્યારે દુશ્મનોએ નગરને ઘેરી લીધું હતું ત્યારે તેમણે મારા
પર અદભૂત દયા દેખાડી છે. 22 અધીરતાથી મેં કહીં દીધું હતું કે, યહો-
વાએ મને તરછોડી દીધો છે, વિચાર કર્યા વિના હું એવું બોલ્યો હતો
છતાં મારી અરજ તમે સાંભળી. 23 હે યહોવાના સર્વ ભકતો, તમે તેમનાં
પર પ્રેમ રાખો; વિશ્વાસુઓની તેઓ રક્ષા કરે છે, અને અભિમાનીને શિ-
ક્ષા કરે છે. 24 તમારામાંના બધાં, જેઓ યહોવાની મદદની રાહ જુએ છે.
ભલે તમારા હૃદય નિર્ભય અને હિંમતવાન બને, અને તમે સહુ ભલે
બળવાન બનો!

32 જેના દોષને માફી મળી છે, તથા જેનું પાપ ઢંકાઇ ગયું છે તેને
ધન્ય છે અને તે જ સુખી છે. 2 જેને યહોવા દોષિત ગણતા નથી,
અને જેના આત્મામાં કંઇ કપટ નથી તે માણસ આશીર્વાદિત છે. 3 હું
ભયંકર પાપી છું તેનો હું સ્વીકાર કરતો ન હતો, તે દિવસથી મારી વ્યથા
વધી ગઇ અને મારા હાડકાં જીર્ણ થઇ ગયા. 4 આખો દિવસ અને આખી
રાત, તમારો ભારે હાથ મારા પર હતો. જેમ ઉનાળાની ગરમીમાં જળ સુ-
કાઇ જાય તેમ મારી શકિત હણાઇ ગઇ હતી. 5 પણ મેં મારા બધાં પાપો
તમારી સમક્ષ કબૂલ કરવાનો નિર્ણય લીધો. મે મારા પાપોને છુપાવવા-
નું બંધ કર્યુ. મે પોતાને કહ્યું, "હું મારા પાપો યહોવા સમક્ષ કબૂલ
કરીશ." અને તમે મારા પાપો બદલ મને ક્ષમા આપી. 6 તેથી જ્યારે દેવ-
નાં અનુયાયીઓને તેમનાં પાપનું ભાન થાય, ત્યારે તેઓ પ્રાર્થના કરીને
તેમનાં પાપની કબૂલાત કરશે. અને જો પ્રચંડ પૂરની જેમ મુશ્કેલીઓ
આવશે તો પણ તે તેઓ સુધી પહોંચી શકશે નહિ. 7 જીવનનાં સર્વ સંક-
ટોમાં તમે મારી છુપાવવાની જગા છો, તમે મને સંકટોમાં ઉગારી લો છો;
મારી આસપાસ તમારા ઉધ્ધારનાં સ્તોત્રો ગવડાવશો. 8 યહોવા કહે છે,
"જીવનનાં પ્રત્યેક તબક્કે તારે ક્યાં માગેર્ ચાલવું તે હું તને બતાવીશ,
હું તારો સતત ખ્યાલ રાખીને હું તને હંમેશા સાચો બોધ આપીશ. 9 ઘોડા
તથા ખચ્ચર જેને કંઇ સમજ નથી તેને કાબૂમાં રાખવા માટે લગામની
જરૂર છે. તું તેમનાં જેવો અણસમજુ થઇશ નહિ." 10 દુષ્ટ લોકોને ઘણી
તકલીફો સહન કરવી પડે છે; પણ જેઓ દેવમાં વિશ્વાસ કરે છે, તેઓ
તો યહોવાની કૃપાથી ઘેરાયેલાં રહેશે. 11 હે સદાચારી લોકો, યહોવાથી
આનંદીત થાઓ અને પ્રસન્ન થાઓ . હે શુદ્ધ હૃદયી માણસો, હર્ષના પો-
કાર કરો.

33 હે ન્યાયી લોકો, યહોવામાં હરખાઓ; શુદ્ધ હૃદયવાળા લોકો
યહોવાની સ્તુતિ કરે તે સારું છે. 2 વીણા વગાડી યહોવાની સ્તુ-
તિ કરો, દશ તારનું વાજીંત્ર વગાડી ગાઓ; સ્તુતિના મધુર ગીતો
આનંદથી ગાઓ. 3 યહોવાના નૂતન ગીતો ગાઓ; વાજીંત્રોને કુશળતા-
થી અને મોટેથી વગાડો. 4 યહોવાનો પ્રત્યેક શબ્દ ન્યાયી છે, તેનાં સર્વ
કાર્ય ભરોસાપાત્ર છે. 5 તે ન્યાય અને નિષ્પક્ષતાને ચાહે છે. પૃથ્વી યહો-
વાની કૃપાથી ભરાઇ ગઇ છે. 6 એમણે શબ્દોચ્ચાર કર્યો અને અકાશનું
નિર્માણ થયું, અને તેમના મુખમાંના શ્વાસે આકાશના સમગ્ર તારાઓની
રચના કરી. 7 તેમણે સમુદ્રો બનાવ્યાં અને મશકની માફક પાણી ભેગા
કર્યાર્ અને તેના અતિશય ઊંડાણોને વખારોમાં ભરી રાખે છે. 8 સમગ્ર
પૃથ્વી યહોવાથી બીઓ, અને પૃથ્વીવાસી તેનું ભય રાખો અને આદર
કરો. 9 કારણ, તેઓ બોલ્યા અને સૃષ્ટિ ઉત્પન્ન થઇ; અને તેમણે આજ્ઞા
કરી અને તે સ્થિર થઇ. 10 યહોવા તેમનો વિરોધ કરતી પ્રજાઓની યોજ-
નાઓને નિષ્ફળ બનાવે છે. જુઓ, યહોવા બધા લોકોની યોજનાઓને
નિરર્થક બનાવે છે. 11 યહોવાની યોજનાઓ સદાકાળ ટકે છે. તેમણે
કરેલી ધારણા પેઢી દર પેઢી રહે છે. 12 જે પ્રજાના દેવ યહોવા છે, અને
જેઓને તેમણે પોતાના લોકો તરીકે પસંદ કર્યા છે. તેઓને ધન્ય છે.
13 યહોવાનું નિવાસસ્થાન આકાશમાં છે, ત્યાંથી તે સર્વ માનવજાત પર
નજર રાખે છે. 14 હા, તે આકાશમાંથી સૃષ્ટિમાં વસતા સર્વ જીવોને ધ્યા-
નથી જુએ છે. 15 યહોવા સર્વના હૃદયના સરજનહાર છે, અને તેઓ જે
કાંઇ કરે છે તે એ સમજે છે. 16 રાજા ફકત તેના સુસજ્જ સૈન્યના બળથી
જીતી ન શકે. બળવાન યોદ્ધો ફકત પોતાની બહાદુરીથી બચી જતો
નથી. 17 યુદ્ધમાં વિજય માટે ઘોડાઓ પર આધાર રાખવો વ્યર્થ છે, તેઓ
પોતાના બાહુબળથી કોઇને ઉગારી શકતા નથી. 18 યહોવા તેઓની
નજર અને સંભાળ રાખે છે જેઓ તેનો ભય રાખે છે; અને તેમનો આદર
કરે છે જેઓ તેમની કૃપાની રાહ જુએ છે. 19 તે તેઓના જીવને મૃત્યુથી
બચાવે છે, અને દુકાળ સમયે તેઓને જીવતાઁ રાખે છે. 20 અમે પૂર્ણ શ્ર-
દ્ધાથી અમારી રક્ષા માટે યહોવાની પ્રતિક્ષા કરીએ છીએ, તે અમારા સા-
ચા સહાયક છે, અને તે અમારી ઢાલ છે. 21 અમે યહોવામાં આનંદિત
છીએ. અમે તેમનામાં ભરોસો રાખીએ છીએ. અમને તેમનાં પવિત્ર ના-
મમાં વિશ્વાસ છે. 22 હે યહોવા, અમે રાહ જોઇ અને તમારી આશા રાખી
છે કે તમારી કૃપા અમારા પર થાય.

34 હું હમેશા યહોવાની પ્રશંશા કરીશ, અને હું હંમેશા તેમના મહિ-
મા વિષે વાત કરીશ. 2 મારો આત્મા યહોવાની મોટાઇ કરશે.
આથી નમ્ર માણસો મારી સ્તુતિ સાંભળશે અને આનંદિત થશે. 3 આપ-
ણે સૌ સાથે મળી યહોવાની સ્તુતિ કરીએ. અને તેના નામનો મહિમા
વધારીએ. 4 યહોવાને મેં પ્રાર્થના કરી અને તેમણે મારી પ્રાર્થનાનો ઉત્તર
આપ્યો. તેમણે મને જે બધી બાબતોનો ભય હતો તેમાથી છોડાવ્યો.
5 જેઓ યહોવાની કૃપા પામ્યા છે, તેઓના મુખ પ્રકાશિત છે; તેઓના
મુખ પર કોઇ નિરાશા નથી. 6 આ લાચાર માણસે યહોવાને પોકાર કર્યો,
અને તે સાંભળીને તેમણે તેને સર્વ સંકટમાંથી ઉગાર્યો. 7 યહોવાનો દૂત,
યહોવાના ભકતોની આસપાસ પડાવ નાખે છે અને તેમને મુશ્કેલીમાંથી
ઉગારે છે, તેમનું રક્ષણ કરે છે. 8 યહોવા કેટલાં ઉમદા છે તેનો અનુભવ
કરો અને જુઓ. જેઓ તેમના ઉપર આધાર રાખે છે તેઓ ને ધન્ય છે.
9 યહોવાનાં પવિત્ર અનુયાયીઓ તેનું ભય રાખે છે અને તેમનો આદર
કરે છે; કેમકે, તેને કોઇ વસ્તુની ખોટ પડની નથી. 10 અને કદાચ તંગી
પડે સિંહના બચ્ચાંને અને ભૂખ વેઠવી પડે છે, પણ દેવની સહાય શોધ-
નારને ઉત્તમ વસ્તુઓની અછત પડતી નથી. 11 મારા બાળકો આવો,
મારું સાંભળો; “હું તમને યહોવાનો આદર કરતાં શીખવીશ.” 12 સુખી-
લાંબા જીવનની ઇચ્છા કોને છે? અને તમારામાંથી જીવન વહાલું કોને
છે? 13 તો હંમેશા તમારી જીભ પર કાબૂ રાખો; ને તમારા હોઠોને જૂઠું બો-
લવાથી દૂર રાખો. 14 દરેક દુષ્ટાથી દૂર રહો અને ભલું કરો. શાંતિ શોધી
તેની પાછળ લાગો. 15 યહોવાની આંખો હંમેશા સત્યનિષ્ઠ લોકો પર
નજર રાખે છે. તેમની મદદ માટેની પ્રાર્થના સાંભળવા માટે તેમનો કાન
સદા ખુલ્લો હોય છે. 16 દુષ્ટ માણસોની યાદને પૃથ્વી પરથી ભૂંસી નાંખ-
વાનો યહોવાએ સંકલ્પ કર્યો છે. 17 યહોવા ન્યાયીઓના પોકાર સાંભળે
છે, અને તેઓને સર્વ સંકટમાંથી છોડાવે છે. 18 યહોવા હંમેશા તેઓની
સાથે હોય છે જેમના હૃદય ભાંગી ગયા છે. જેમનો આત્મા કચડાઇ ગયો
છે અને જેઓ નમ્ર છે તેમને યહોવા મુકિત આપે છે. 19 ન્યાયી માણસ-
નાં જીવનમાં ઘણા દુ:ખો આવે છે, પણ કૃપાળુ યહોવા તેમને તે સર્વ-
માંથી ઉગારે છે. 20 યહોવા તેનાં સર્વ હાડકાંનું રક્ષણ કરે છે, તેઓમાંનું
એકપણ ભાંગવામાં આવતું નથી. 21 દુષ્ટો પોતાની જ દુષ્ટતાથી નાશ
પામશે, અને ન્યાયીઓના દ્વેષીઓ દોષિત ઠરશે. 22 યહોવા પોતાના સે-
વકોના પ્રાણોનો ઉદ્ધાર કરે છે; યહોવામાં ભરોસો રાખનારાઓમાંથી
કોઇ દોષિત ઠરશે નહિ.

35 હે યહોવા, મારી વિરુદ્ધ યુદ્ધ કરનારા સામે તમે યુદ્ધ કરો; મારી
ઉપરના તેઓના આક્રમણ સામે તમે યુદ્ધ જાહેર કરો. 2 તમે
ઢાલ અને બખતર ધારણ કરી ઊભા રહો, અને મારું રક્ષણ કરો. 3 ભા-
લો હાથમાં લઇને મારી પાછળ પડેલાને અટકાવો, મારા આત્માને ખા-
ત્રીથી કહો કે, “તમેજ મારો ઉદ્ધાર કરનાર છો.” 4 જેઓ મારા જીવના તર-
સ્યા છે તેઓ ફજેત થઇને બદનામ થાઓ; જેઓ મારું નુકશાન ઇચ્છે
છે, તેઓ રઝળી પડો અને પાછા હઠો. 5 તેઓ પવનથી ઊડતાં ભૂંસા જે-
વા થાય, અને તેમને યહોવાનો દૂત હાંકી કાઢો. 6 હે યહોવા, તેઓનો
માર્ગ અંધકારમય ને લપસણો થાઓ; યહોવાનો દૂત તેમની પાછળ
પડો. 7 તેઓનું ખરાબ નથી કર્યું છતાં તેઓએ મારા માટે ફાંદો ગોઠવ્યો
છે, વગર કારણે જીવ લેવા ખાડો ખોધ્યો છે. 8 તેમનાં પર અચાનક વિ-
પત્તિ આવી પડો, પોતાના ફાંદામાં તેઓ પોતેજ ફસાઇ જાઓ; પોતાના
ખોદેલા ખાડામાં પડી તેઓનો સંહાર થાઓ. 9 પણ હું યહોવાથી
આનંદિત થઇશ, અને તેમનાં તારણમાં સુખી થઇશ. 10 મારું સમગ્ર
વ્યકિતત્વ પોકારશે, “હે યહોવા, તમારા જેવું કોણ છે? જે લાચારને
બળવાનથી બચાવે છે, અને કંગાલને લૂંટનારાથી છોડાવે છે.” 11 નિર્દય
લોકો જૂઠી સાક્ષી આપે છે, અને જેના વિષે મેં કદી સાંભળ્યું નથી તે-
ના માટે મારા પર આરોપ મૂકે છે. 12 તેઓ ઉપકારને બદલે અપકાર કરે
છે, તેઓ મારા આત્માને રડાવે છે અને દુ:ખી કરે છે. 13 તેઓ જ્યારે બિ-
માર હતા ત્યારે મેં ઉપવાસ કરીને કંતાનના વસ્ત્રો પહેરીને મારી દિલગી-
રી બતાવી હતી. તેમનાં માટે પ્રાર્થના કરવાથી મને જે મળ્યું તે શું આ
છે? 14 તે લોકો જાણે મારા ભાઇઓ અને મારા નજીકનાં મિત્રો હોય તેવો
વર્તાવ મેં તેમની સાથે રાખ્યો; જેમ કોઇ માણસ તેની માતા જે મૃત્યુ પા-
મી છે તેના માટે શોક કરે તેમ હું તેમના માટે દુ:ખી હતો. 15 તેઓ ટોળા-
માં ભેગા થયાં અને મારી પડતી વખતે તેઓ આનંદિત હતાં. તે લોકો
સાચા મિત્રો ન હતાં. હું તેમને ઓળખતો પણ ન હતો. પરંતુ તેઓ મને
ઘેરી વળ્યા અને મારા પર હુમલો કર્યો અને ચૂપ રહ્યાં નહિ. 16 તેઓએ
મારી હાંસી ઉડાવી અને મારી વિરુદ્ધ ખરાબ ભાષા બોલ્યા, તેઓએ મા-
રા તરફ દાંત કચકચાવીને ગુસ્સો વ્યકત કર્યો. 17 હે યહોવા, મારા પ્રભુ
ક્યાં સુધી શાંત બેસી રહી જોયા કરશો? તેઓના ખૂની હુમલાઓથી મા-
રા પ્રાણને બચાવી લો. મારા મૂલ્યવાન જીવનને આ સિંહોથી બચાવી
લો. 18 હે યહોવા, હું મહામંડળીમાં તમારી આભારસ્તુતિ કરીશ. ઘણા
લોકોની સભામાં હું તમારી પ્રસંશા કરીશ. 19 મારા જૂઠા શત્રુઓને મારા
પર હસવા દેશો નહિ. આ દુશ્મનો જેઓ વિના કારણ મને ધિક્કારે છે
તેઓ મારા તરફ આંખ પણ ન મિચકારે. 20 કારણ, તેઓ ખરેખર શાંતિ-
ની યોજનાઓ કરતાં નથી. ગુપ્ત રીતે તેઓ આ દેશનાં શાંતિપ્રિય લોકોનું
અનિષ્ટ કરવાની યોજનાઓ કરે છે. 21 તેઓ મોટેથી કહે છે કે, “તેઓએ
અયોગ્ય આચરણ કરતાં મને જોયો છે, તેઓ કહે છે, અમે તને અમારી
પોતાની આંખે એ પ્રમાણે કરતાં જોયો છે.” 22 હે યહોવા, તમે તેના વિષે
બધુંજ જાણો છો, હવે તમે શાંત બેસી રહેશો નહિ; અને મને તરછોડી
મારાથી દૂર થશો નહિ. 23 હે યહોવા, ઊઠો! મને ન્યાય કરવા જાગૃત
થાઓ. મારા દેવ તથા મારા ધણી ઊભા થાઓ અને મારા કિસ્સાનો
બચાવ કરો. 24 હે યહોવા મારા દેવ, તમારા ન્યાયીપણાથી મારો ન્યાય
કરો. મારા શત્રુઓને મારા પર હસવા દેશો નહિ. 25 તેમને એમ કહેવાની
તક આપશો નહિ કે, “તેમનાથી વિમુખ થવાની અમારી ઇચ્છા પરિપૂર્ણ
થઇ છે અને તેમનો વિનાશ કર્યો છે.” 26 મારા નુકસાનમાં આનંદ પામ-
નારાં સર્વેર્ની ફજેતી થાવ અને તેઓ લજ્જિત થાવ. મારી વિરુદ્ધ બડાઇ
કરનારા સઘળા અપમાનિત થઇ અને શરમાઇ જાઓ. 27 જે લોકો મને
નિદોર્ષ ઠરાવવા માંગતા હોય તેઓ હર્ષ મનાવે અને સુખી થાય. તેઓ
હંમેશા કહો કે, “યહોવા મહાન છે! તેમના સેવકો સુખી થાય અને શાંતિ
પામે તેવું તે ઇચ્છે છે.” 28 મારી જીભ આખો દિવસ તમારા ન્યાયીપણા
વાતો કરશે અને તમારી પ્રસંશાની સ્તુતિ ગાશે.

36 દુષ્ટના ગહન હૃદયમાં પાપ તેને લલચાવે છે. અને દુષ્ટ કાર્યો
કરવા પ્રેરે છે; તેના હૃદયમાં દેવનો ભય કે જે તેને પાપ કરતાં
અટકાવે. 2 તે પોતાના મનમાં અભિમાન કરે છે કે, મારો અન્યાય પ્રગટ
થશે નહિ. અને મારો તિરસ્કાર થશે નહિ. 3 તેના શબ્દો મૂલ્યહીન જૂઠા-
ણા અને છેતરપિંડીવાળા છે. તેણે ડાહ્યું અને ભલું રહેવાનું છોડી દીધું
છે. 4 તે રાત્રે પલંગમાં જાગતો રહે છે અને કપટ કરવાની યોજના ઘડે છે;
તે અન્યાયના માર્ગમાં ઊભો રહે છે. અને તે દુષ્ટતાથી કંટાળતો નથી.
5 હે યહોવા, તમારો સનાતન પ્રેમ આકાશ જેટલો વિશાળ છે, અને
તમારું વિશ્વાસપણું વાદળો સુધી પહોંચે છે. 6 તમારી નિષ્પક્ષતા ઊંચા-
માં ઊંચા પર્વતથીપણ ઉંચી છે. અને તમારો ન્યાય અતિ ગહન અને
અગાથ છે. તમે માનવજાત અને પ્રાણીઓનું રક્ષણ કરો છો. 7 હે યહો-
વા, તમારી અવિરત કૃપા કેવી અમૂલ્ય છે! તમારી પાંખોની છાયામાં
સર્વ માનવીઓ આશ્રય લે છે. 8 તમારા આશીર્વાદોથી તેઓને ખૂબજ તૃ-
પ્તિ થશે, તમારી સુખ-સમૃદ્ધિની નદીમાંથી તેઓ પાણી પીશે. 9 કારણ,
તમારી પાસે જીવનનો ઝરો છે, અને અમે તમારા અજવાળામાં પ્રકાશ
જોઇશું. 10 હે યહોવા, જેઓ તમને સાચી રીતે ઓળખે છે, તેમના પર
તમારી દયા બતાવવાનું ચાલુ રાખજો અને જેમના હૃદય ચોખ્ખા છેં તે-
મની સાથે ન્યાયીપણું ચાલુ રાખજો. 11 મને ઘમંડીઓના પગ નીચે
કચડાવા દેશો નહિ, દુષ્ટ લોકોના હાથ મને હાંકી કાઢે નહિ તે તમે જો-
જો. 12 “જુઓ! અન્યાય કરનારાઓનું કેવું પતન થયું છે! તેઓ એવા ફેંકી
દેવાયા છે કે પાછા ઊઠી શકશે નહિ.”

37 દુષ્ટ લોકો પ્રતિ ગુસ્સે થઇશ નહિ. અને અન્યાય કરનારની
ઈર્ષા કરતો નહિ. 2 કારણ તેઓ તો ઘાસ અને લીલા છોડવા જે-
વાં છે જે ચીમળાઇને મરી જશે. 3 યહોવાનો વિશ્વાસ કર અને સત્કર્મ
કર, તો તું તારા દેશમાં રહીશ અને તે (યહોવા) વિશ્વસનીયતાથી જે
આપે તેનો આનંદ માણ. 4 યહોવા સાથેના તારા સબંધોનો આનંદ
માણ; ખાતરી રાખ કે તારા હૃદયની ઇચ્છાઓ તેના (યહોવા) દ્વારા પૂર્ણ
થશે. 5 તું જે કંઇ કર્મ કરે તે સર્વ યહોવાને આધીન કર, તું એના પર
ભરોસો રાખ, અને તે તારા સર્વ કામ ફળીભૂત કરશે. 6 તે તારું ન્યાયી-
પણું પ્રભાતની જેમ પ્રકાશિત કરશે, અને તારા પ્રામાણિકપણાને બપો-
રના સૂર્ય ની જેમ તેજસ્વી કરશે. અને તારી નિદોર્ષતાની સર્વ માણસોને

જાણ થશે. 7 યહોવાની સમક્ષતામા શાંત થાં, અને ધીરજથી તેમની વાટ
જો, જે કુયુકિતઓથી ફાવી જાય છે એમના પર તું ખીજવાતો નહિં. 8 ખી-
જાવાનું બંધ કર. અને તારો ગુસ્સો ત્યાગી દે, આટલો બેચેન ન બન કે
તું પણ કઇંક અનિષ્ટ કામ કરી બેસે. 9 કારણ, દુષ્કર્મીઓનો વિનાશ
થશે. અને જેઓ યહોવાની મદદની રાહ જુએ છે તેમને ભૂમિ મળશે.
10 થોડા સમયમાં દુષ્ટ લોકોનો જડમૂળથી નાશ થઇ જશે. તું તેમને શો-
ધવાની સખત મહેનત કરીશ તોપણ તને તેમના નામોનિશાન નહિ
મળે. 11 નમ્ર લોકોને દેશનું વતન પ્રાપ્ત થશે; તેઓને સર્વ વસ્તુઓનો
આશીર્વાદ મળશે. તેઓને મનની અદ્ભૂત શાંતિ મળશે અને સુખી થશે.
12 દુષ્ટો ન્યાયીઓની વિરુદ્ધ ખરાબ યુકિતઓ ઘડે છે અને તેમની જ
સામે પોતાના દાંત પીસે છે. 13 પ્રભુ જુએ છે કે તેમનો કાળ નજીક
આવ્યો છે; તેથી તે દુષ્ટ માણસોની હાંસી ઉડાવે છે. 14 દુષ્ટોએ દરિદ્રી
અને કંગાળનો, તથા સત્ય આચરણ કરનારનો સંહાર કરવા ખુલ્લી તર-
વાર લીધી છે, અને ધનુષ્યથી નિશાન તાક્યું છે. 15 તેઓની પોતાની જ
તરવાર તેઓના પોતાના જ હૃદયને વિંધશે; અને તેઓનાઁ ધનુષ્યને
ભાંગી નાંખવામાં આવશે. 16 નીતિમાન લોકો પાસે જે અલ્પ છે, તે દુષ્ટ
લોકોની વિપુલ સંપત્તિ કરતાં વધારે સારું છે. 17 કારણ, દુષ્ટ લોકોના
હાથોની શકિતનો નાશ કરવામાં આવશે પણ યહોવા નીતિમાન લોકો-
ની કાળજી લેશે અને તેમને ટેકો આપશે. 18 યહોવાને યથાથીઓના સર્વ
પ્રસંગોની ખબર છે, તેની દ્રૃષ્ટિમાં તેઓ નિદોર્ષ છે, તેઓનો વારસો
સદાય ટકી રહેશે 19 યહોવા તેઓની વિકટ સંજોગોમાં પણ કાળજી રાખે
છે, દુકાળનાં સમયે પણ તે સવેર્ તૃપ્ત થશે. 20 પણ દુષ્ટો અને યહોવાના
શત્રુઓ, ઘાસની જેમ ચીમળાઇ જશે, અને ધુમાડા ની જેમ અદ્રશ્ય થઇ
જશે. 21 દુષ્ટો ઉછીનું લે છે ખરા પણ પાછું કદી આપતા નથી, ન્યાયી જે
આપવામાં ઉદાર છે તે કરુણાથી વતેર્ છે. 22 જેઓ યહોવાથી આશીર્વા-
દિત છે, તેઓ પૃથ્વીનું વતન પામશે, પણ જેઓ દેવથી અભિશાપિત છે
તેઓનો અવશ્ય સંપૂર્ણ વિનાશ થશે. 23 યહોવા ન્યાયીને માર્ગ બતાવે
છે, અને તેના પગલાં સ્થિર કરે છે. યહોવા પ્રસન્ન થાય છે તેથી તેનું જી-
વન સ્થિર કરે છે. 24 તેઓ ઠોકર ખાશે છતાં પડશે નહિ, કારણ કે તેમને
ટેકો આપવા માટે અને સ્થિર રાખવાં માટે યહોવા ત્યાં છે. 25 હું જુવાન
હતો અને હવે વૃદ્ધ થયો છું. છતાં ન્યાયીને તરછોડ્યા હોય કે તેનાં
સંતાન ભીખ માંગતા હોય એવું કદાપિ મેં જોયું નથી. 26 તે ન્યાયીઓ છે
ઉદાર, તેઓ હંમેશા પોતાની પાસે જે છે તે છૂટથી બીજાને આપે છે. તે-
ઓના સવેર્ સંતાનોને યહોવાના આશીર્વાદ મળશે. 27 ભૂંડાથી દૂર થા,
અને ભલું કર; અને દેશમાં સદાકાળ રહે. 28 કારણ, યહોવા ન્યાય અને
પ્રામાણિકતાને ઇચ્છે છે તે તેમના વિશ્વાસુ ભકતોને કદી છોડી દેતાં
નથી; તે તેમનું સદા રક્ષણ કરશે અને દુષ્ટોનાં સંતાનોનો વિનાશ કરશે.
29 ન્યાયીઓ વતનનો વારસો પામશે, અને સદાકાળ ત્યાં નિવાસ કરશે.
30 ન્યાયીની વાણી ડહાપણ ભરેલી છે, તેની જીભ સદા ન્યાયની વાત
કરે છે. 31 તેમનાં પોતાના હૃદયમાં યહોવાનું નિયંત્રણ છે, અને તેમાંથી
તે કદાપિ ચલિત થતાં નથી. 32 દુષ્ટો સદા ન્યાયી માણસોની જાસૂસી
કરે છે, અને તેઓને મારી નાખવાના લાગ શોધતાં ફરે છે. 33 પણ યહો-
વા દુષ્ટ માણસોના હાથમાં ન્યાયીઓને પડવા દેશે નહિ. ભલે તેઓને
ન્યાયાલયોમાં લઇ જાય તોય તેઓ દોષિત ઠરાવાશે નહિ. 34 ધીરજથી
યહોવાની રાહ જુઓ અને તેના માર્ગને અનુસરો, અને યહોવા તમને વિ-
જયી કરશે અને તમને જે દેશનું વચન અપાયેલું હતું તે તમને વારસામાં
મળશે, અને તમે દુષ્ટ લોકોનો નાશ થતો જોશો. 35 અનુકુળ ભૂમિમાં
રોપેલા લીલા વૃક્ષની જેમ, મેં દુષ્ટને મોટા સાર્મથ્યમાં ફેલાતો જોયો.
36 હું ફરી ત્યાં થઇને ગયો ત્યારે તે ત્યાં નહોતો; મેં તેને શોધ્યો, પરંતુ તે-
નો પત્તો મળ્યો નહિ. 37 હવે જે નિદોર્ષ છે તેનો વિચાર કરો. જે પ્રામા-
ણિક છે તેનો વિચાર કરો. કેમ કે શાંતિપ્રિય લોકો તેમના વંશજો માટે
ઉજ્જવળ ભવિષ્ય પામશે. 38 પણ દુષ્ટો સમૂળગા વિનાશ પામશે, અંતે
તેઓના વંશજોનો અંત આવશે. 39 યહોવા ન્યાયીઓનો ઉદ્ધાર કરે છે.
સંકટ સમયે માત્ર યહોવા જ તેમનું તારણ-આશ્રયસ્થાન છે. 40 જે યહો-
વા પર ભરોસો રાખે છે, તેઓને તે દુષ્ટોથી છોડાવીને તારે છે; તેઓની
આવીને સહાય કરે છે; કારણ, તેમણે તેનો આશરો લીધો છે.

38 હે યહોવા, તમે ક્રોધમાં આવી મને ઠપકો આપશો નહિ, અને
તમારા ગુસ્સામંા મને તમે શિક્ષા કરશો નહિ. 2 તમારા બા-
ણોએ મને વીંધી નાખ્યો છે; અને તમારા હાથે મને કચડી નાખ્યો છે.
3 તમારા ગુસ્સાને લીધે મારું શરીર જરાપણ તંદુરસ્ત નથી. મારા પાપો-
ને લીધે અને તમારી શિક્ષાને લીધે મારા બધા હાડકાઁઓ ઇજા પામ્યા છે.
4 મારા માથા પર પાપો અને અન્યાયનો ભાર વધી ગયો છે, ભારે બોજા-
ની જેમ તે મને અસહ્ય થઇ પડ્યો છે. 5 મારી મૂર્ખાઇને કારણે ઘા પડી
ગયા છે અને કોહવાઇને ગંધાઇ ઊઠયા છે. 6 હું લથડી ગયો છું અને
વાંકો વળી ગયો છું, અને આખો દિવસ હું શોક કર્યા કરું છું. 7 મારી કમ-
રમાં અસહ્ય બળતરા થાય છે, અને મારું શરીર રોગગ્રસ્ત થઇ ગયું છે.
8 હું નિર્બળ થઇને કચડાઇ ગયો છું, હૃદયની વેદનાને કારણે નિસાસા
નાખું છું. 9 હે યહોવા, તમને મારી સર્વ ઇચ્છાની ખબર છે, મારા એ નિ-
સાસાથી તમે અજાણ્યા નથી. 10 મારા હૃદયના ધબકારા વધી ગયા છે,
આંખોનું તેજ ઘટી ગયું છે. અને શકિત ઘટી ગઇ છે. 11 મારા રોગનાં
ભયથી, મારા સ્નેહીજનો અને મિત્રો દૂર થઇ ગયા છે, અને મારા સગા-
સબંધી સૌ કોઇ, મારાથી જૂદા જઇ રહે છે. 12 શત્રુઓ મને મારવા ફાંદા
ગોઠવે છે, મારું અહિત કરનારા હાનિકારક વાતો કરે છે. 13 મારી વિરુદ્ધ
આખો દિવસ કપટી કાવતરા કરે છે. પણ હું તો બહેરા માણસની જેમ
સાંભળતો નથી, પોતાનું મોઢું ઉઘાડી ન શકું એવો હું મૂંગો માણસ છું.
14 સાંભળી ન શકે, ઉત્તર ન આપી શકે, હું એવા માણસ જેવો છું. 15 હે
યહોવા, મારા દેવ, હું તમારી વાટ જોઉં છું; હે યહોવા, હું આશા રાખું છું કે
તમે મને ઉત્તર આપશો. 16 મેં કહ્યું, “મારો પગ લપસે ત્યારે, મારી વિરુ-
દ્ધ બડાઇ કરનારા મારી દુ:ખદ પરિસ્થિતિ જોઇને કદાચ આનંદ પામે.
17 હું હવે કોઇપણ સમયે ઢળી પડીશ, મારું દુ:ખ હંમેશા મારી સાથે છે.
18 હું મારા પાપ ને અન્યાય કબુલ કરું છુ; અને મારા પાપ માટે હું બહુ
દિલગીર છું. 19 જેઓ વિના કારણે મારા શત્રુ થયા છે તેઓ અતિ પ્રબળ
છે; જેઓ વિના કારણ મારો તિરસ્કાર કરે છે તેઓની સંખ્યા વધી છે.
20 ભલાઇ ને બદલે દુષ્ટતા પાછી વાળે છે, અન્યાયથી તેઓ મારો તિર-
સ્કાર કરે છે, કારણ, હું જે સારું છે તેને અનુસરું છું. 21 હે યહોવા, તમે
મને તરછોડશો નહિ, હે મારા દેવ, મારાથી દૂર ન થશો. 22 હે યહોવા,
મારા તારણના દેવ, તમે જલદી આવો અને મને મદદ કરો!

39 મેં કહ્યું, “મારા આચાર વિચારની હું સંભાળ રાખીશ; મારી જીભે
હું પાપ કરીશ નહિ. જ્યાં સુધી, દુષ્ટો મારી આસપાસ હશે હું મા-
રા મોઢા પર લગામ રાખીશ.” 2 સત્ય બોલવાનું હતું પણ હું બોલ્યો
નહિ, છાનોમાનો મૂંગો ઊભો રહ્યો; ત્યારે મારી આંતરિક વ્યથા વધી
અને મારો શોક વધી ગયો. 3 મારા હૃદયમાં આગ ભભૂકતી હતી, અગ્નિ
સળગી ઊઠયો મારા વિચારનો; અને અંતે હું મારી જીભે બોલ્યો કે, 4 હે
યહોવા, મને જણાવો કે પૃથ્વી પર મારું આયુષ્ય કેટલુ છે? મારું જીવન
કેવું ક્ષણભંગુર છે તે મને સમજાવો. 5 તમે મને જીવવા માટે ખૂબ ટૂંકો
સમય આપ્યો છે! મારું ટૂંકુ જીવન તમારી તુલનામાં કંઇ નથી. પ્રત્યેક
વ્યકિતનું જીવન ઝડપથી અદ્રશ્ય થઇ જતાં વાદળ જેવું છે. 6 મનુષ્યનું
અસ્તિત્વ તો ફકત આરસીમાંનું પ્રતિબિંબ છે, તે જે કરે છે તે મૂલ્યહીન
છે. તે સંપત્તિનો સંચય કરે છે પણ જાણતો નથી કે તેના મૃત્યુ પછી તે
કોને મળશે? 7 હે પ્રભુ, મારે શું આશા હોય? તમે જ મારી આશા છો. 8 હે
યહોવા, મને મારા પાપોમાંથી ઉગારો, દુષ્ટ માણસની જેમ મને તિર-
સ્કૃત ન થવા દો. 9 હે યહોવા, હું મૂંગો રહ્યો છું, હું તમારી સમક્ષ મારા
મોઢેથી ફરિયાદ કરીશ નહિ; કારણ, તમે જે કર્યુ છે એ હું જાણું છું. 10 હે
યહોવા, હવે મને વધુ શિક્ષા ન કરશો, તમારા પ્રબળ હાથના પ્રહારે હું
ખરેખર નષ્ટ જેવોજ થઇ ગયો છું. 11 યહોવા, જીવન જીવવાનો સાચો
રસ્તો શીખવવા માટે તમે જે લોકો ખોટાં કાર્યો કરે છે તેને શિક્ષા કરો છો
એ લોકો જે વસ્તુ ઇચ્છે છે અને જેની ઇચ્છા રાખે છે તેનો તમે નાશ કરો
છો. જેમ ઉધઇ કપડાનો નાશ કરે છે. હા, અમારાં જીવન એક નાના વા-
દળ જેવાં છે. જે જલ્દી અદ્રશ્ય થઇ જાય છે. 12 હે યહોવા, મારી પ્રાર્થના
ધ્યાનથી સાંભળો. મારા આંસુઓની અવગણના ન કરશો, આ જીવન-
માં હું તમારી સાથે એક યાત્રી જેવો છું, મારા પિતૃઓની જેમ હું અહી
એક કામચલાઉ વતની છું. 13 મૃત્યુ પછી હું પૃથ્વી પરથીજાઉં તે પહેલાં
તમારી વેધક દ્રૃષ્ટી મારા પરથી દૂર કરો; જેથી ખરેખર બળ પામું ને ફરી-
થી આનંદ પામું.

40 મેં ધીરજથી સહાય માટે યહોવાની વાટ જોઇ, તેમણે મારી વિ-
નંતી સાંભળી ને મને ઉત્તર આપ્યો. 2 યહોવાએ મને ઉંચકીને

કબરની બહાર કાઢયો, તેમણે મને કાદવમાંથી બહાર કાઢયો, તેમણે
મારા પગને અચળ ખડક પર ગોઠવ્યા, અને મારા પગલા સ્થિર કર્યા.
3 તેમણે આપણા દેવનું સ્તોત્ર, મારા મુખમાં મૂક્યું છે, એટલે ઘણા નવું
ગીત જોશે અને બીશે; અને યહોવા પર ભરોસો રાખશે. 4 જે યહોવાનો
વિશ્વાસ કરે છે તે ને ધન્ય છે. તે દૈત્યો પાસે અને ખોટા દેવ પાસે મદદ
માટે જતો નથી. 5 હે યહોવા મારા દેવ, તમે અમારા માટે મહાન ચમત્કા-
રો કર્યા છે. તમારી પાસે અમારા માટે અદભૂત યોજનાઓ છે. તમારા જે-
વું કોઇ નથી ! હું તે અસંખ્ય અદભૂત કૃત્યોના વિષે વારંવાર કહીશ.
6 તમારે ખરેખર યજ્ઞોની અને ખાદ્યાર્પણની જરૂર નથી. તમે દહનાર્પણ
અથવા પાપાર્થાર્પણ માગ્યાઁ નથી. તમે મારા કાન ઉઘાડ્યા છે જેથી હું
તમારો સાદ સાંભળી શકુ. 7 મેં કહ્યું, “હું મારા વિષે પ્રબોધકોએ ગ્રંથમાં
લખાએલી ભવિષ્યવાણી પ્રમાણે આવ્યો છું. 8 હે મારા દેવ, હું તમારી
ઇચ્છાનુસાર કાર્ય કરવાને માટે રાજી છું. તમારો નિયમ મારા હૃદયમાં છે.
9 એક મહા મંડળીમાં તમારાં ન્યાયના શુભ સમાચારની જાહેરાત કરી
છે, હે યહોવા, તમે જાણો છો કે મેં ક્યારેય મારું મોઢું બંધ નથી રાખ્યું.
10 મેં કયારેય તમારી નિષ્પક્ષતાને મારા હૃદયમાં છુપાવી નથી. મેં મહા-
મંડળીમાં તમારી વિશ્વસનીયતા અને તારણ વિષે જાહેરાત કરી છે. 11 હે
યહોવા, તમારી અખૂટ કૃપા મારાથી પાછી ન રાખશો. તમારો સાચો પ્રેમ
હંમેશા મારી રક્ષા કરે છે.” 12 કારણ, મારા માથે સમસ્યાઓનો ઢગલો
ખડકાયો છે; મારા અસંખ્ય પાપોનાં બોજ નીચે હું દબાઇ ગયો છું મારા
પાપો મારા માથાના વાળથીચે વધારે છે. મેં મારી હિંમત ગુમાવી છે.
13 હે યહોવા, કૃપા કરી ને મારી રક્ષા કરો. હે યહોવા, હવે મને સહાય કર-
વા ઉતાવળ કરો. 14 હે યહોવા, જેઓ મને મારી નાંખવાનો પ્રયત્ન કરે છે
તેઓ ફજેત થાઓ અને પરાજય પામો જેઓ મારું નુકશાન કરવા માગે
છે તેઓ શરમથી નાસી જાઓ. 15 જેઓ મારી મજાક કરે છે; તેઓ પરા-
જયથી પાયમાલ થાઓ. 16 યહોવા પર અને તેના તારણ પર પ્રેમ કર-
નાર સર્વના હિતમાં, તેમના યહોવાના આનંદનો ભાગ સદા કાયમ રહો.
ઉદ્ધાર ચાહનારા નિરંતર કહો, “યહોવા મોટા મનાઓ.” 17 હું દીન તથા
દરિદ્રી છું, મારી ચિંતા કરો; હે મારા દેવ, તમે મારા સહાયક તથા મુક્તિ-
દાતા છો; માટે હવે વિલંબ ન કરશો.

41 જે દરિદ્રીની ચિંતા કરે છે, તે યહોવાથી આશીર્વાદિત છે; સંકટ
સમયે ખરેખર યહોવા તેને વિપત્તિમાંથી છોડાવે છે. 2 તેનું યહો-
વા રક્ષણ કરે છે તથા તેને જીવંત રાખે છે; તે તેના શત્રુઓના બળને
નષ્ટ કરે છે અને જાહેરમાં તેને માન આપે છે જેથી તે સંસારમાં સુખ પા-
મે. 3 યહોવા તેને બીમારીના બિછાના પર ટકાવી રાખશે, અને મંદવાડ-
માં તેનાં દુ:ખ અને ચિંતા લઇ લેશે. 4 મેં પ્રાર્થના કરી, “હે યહોવા, મારા
પર દયા રાખો અને મને મારી માંદગીમાંથી સાજો કરો, કારણકે મેં કબૂ-
લાત કરી હતી કે મેં તમારી વિરુદ્ધ પાપ કર્યા છે.” 5 મારા શત્રુઓ આ
બધી ખરાબ બાબતો મારી વિરુદ્ધ કહે છે, “તે ટૂંક સમયમાં મૃત્યુ પામ-
શે. તેનું નામ સમગ્ર સંસારમાંથી વિસરાઇ જશે.” 6 મારી માંદગીમાં મુલા-
કાતે આવી, ઢોંગ કરી મિત્રતાનો દાવો કરે છે, અને હૃદયમાં અન્યાય-
નો સંગ્રહ કરે છે; જ્યારે તે બહાર જાય છે તો નામોશી કરી અને તે જાહેર
કરે છે અને નિર્બળતાની હાંસી ઉડાવે છે. 7 મારો દ્વેષ કરનારા અંદરો
અંદર કાનમાં વાતો કરે છે, અને મારા વિષે તે અત્યંત ખરાબ કલ્પના
કરે છે. 8 તેઓ કહે છે; “તેની માંદગી એવી પ્રાણઘાતક છે કે તે પથારીમાં
પડ્યો છે એોટલે પાછો ઊઠવાનો નથી.” 9 મારો જે શ્રેષ્ઠ મિત્ર હતો, જે-
ની સાથે મેં ઘણીવાર ભોજન લીધું હતુ અને મને જેના પર ભરોસો હતો,
તે મારી વિરુદ્ધ થઇ ગયો છે. 10 હે યહોવા, મારા પર કૃપા કરો, અને મને
ફરી સાજો કરો; મને પથારીમાંથી ઊઠાડો, જેથી હુ તેમનો ઇલાજ કરું.
11 તમે મારા પર પ્રસન્ન છો એની મને ખબર છે; તમે મારા પર શત્રુઓને
વિજય આપ્યો નથી. 12 હું નિર્દોષ હતો અને તમે મને ટેકો આપ્યો હતો.
તમારી સમક્ષ હંમેશા ઉભો રહેવા તમે મારી મદદ કરી. 13 ઇસ્રાએલનાં
દેવ યહોવા પુરાતન કાળથી તે અનંતકાળ સુધી સ્તુત્ય રહે. આમીન
તથા આમીન.

42 હરણ જેમ પાણીના ઝરણાં માટે તલપે છે, તેમ હે યહોવા, હું
તમારા માટે તલપું છું. 2 મારો આત્મા જીવતા દેવ માટે તરસે છે.
હું મારી જાતને એમની સમક્ષ ક્યારે હાજર કરી શકીશ? 3 મારા આંસુ
રાત દિવસ મારો ભોજન થયા છે. શત્રુ મહેણા મારે છે, “તારા દેવ ક્યાં
છે?” 4 હે મારા આત્મા, તે સમય કયાંથી વીસરી શકાય? ઉત્સવના દિવ-
સોમાં હું મોટા લોકસમુદાયમાંથી પસાર થયો, જેઓ આનંદથી યહોવા-
ના સ્તુતિગીતો ગાતા હતાં અને હું સૌને એક સાથે દેવના મંદિરમાં દોરી
જતો હતો. એનું સ્મરણ કરતાં, મારું હૃદય ભાંગી જાય છે. 5 હે મારા
આત્મા, તું ઉદાસ કેમ થયો છે? તું આટલો અસ્વસ્થ અને વ્યાકુળ કેમ
થયો છે? દેવની મદદ માટે રાહ જો! તેમની કૃપા અને મદદ માટે હું હજી
પણ તેમની પ્રાર્થના કરીશ. 6 હે મારા દેવ, મારો આત્મા નિરાશ થયો છે.
તેથી હું તમારી કૃપાનું મિઝાર પર્વત પરથી જયાં હેમોર્ન પર્વત અને
યર્દન નદી મળે છે ત્યાંથી હું સ્મરણ કરું છું. 7 ધરતીના ઊંડાણનું પાણી
ભાંગી ને ધોધમાં પડવાનો અવાજ મને સંભળાય છે. તમારા બધા મો-
જાઓ અને મોટા મોજાઓ મારા પર ફરી વળ્યાઁ છે. 8 અને છતાં યહોવા
મારા માટે તેમનો સાચો પ્રેમ પ્રતિદિન દર્શાવે છે. અને રોજ રાત્રે હું તેમ-
ના સ્તુતિગીત ગાઉં છું , એટલે મારા જીવનદાતા દેવની પ્રાર્થના કરું છું.
9 દેવ મારા ખડક છે, હું તેમને કહીશ કે, “તમે કેમ મને ભુલી ગયા? મને
કેમ તજી દીધો છે? શા માટે શત્રુઓના જુલમ મારે સહન કરવા પડે?”
10 તારો દેવ ક્યાં છે એમ મશ્કરીમાં રોજ પૂછીને મારા શત્રુઓના મહેણાં
મારા હાડકાં ને કચરી નાખે છે. 11 હે મારા આત્મા, શા માટે તું આટલો
દુ:ખી છે? તું શા માટે આટલો અસ્વસ્થ અને વ્યાકુળ બની ગયો છે? દે-
વની મદદ માટે રાહ જો! જે મારા મુખનું તારણ તથા મારો દેવ છે, તેનું હું
હજી સ્તવન કરીશ.

43 હે દેવ, મારો ન્યાય કરો, અને મને નિર્દોષ પુરવાર કરો. અને જે
તમારો સંનિષ્ઠ અનુયાયી નથી તેવાથી મને બચાવો, તેવા ઠગ
અને છેતરપીંડી કરનારા માણસથી મને બચાવો. 2 કારણ, હે દેવ, તમે
મારું સાર્મથ્ય છો. તમે મને શા માટે તજી દીધો? દુશ્મનોની ક્રૂરતાને લી-
ધે હું શોક કરતો ફરૂં છું. 3 હે યહોવા, તમારું સત્ય અને પ્રકાશ પ્રગટ
કરો; જેથી હું માર્ગદર્શન મેળવું અને તેઓ મને તમારા પવિત્ર પર્વતમાં
તથા તમારા મંડપમાં લાવે. 4 તમે મારા અતિઆનંદ છો, તમારી વેદી
પાસે હું જઇશ, અને હે દેવ, મારી વીણા સાથે હું તમારી આભારસ્તુતિ
ગાઇશ. 5 હે મારા આત્મા, તું શા માટે આટલો બધો ઉદાસ છે? તું શા
માટે બેચેન છે ? દેવની મદદની રાહ જો, જે મારા મુખનું તારણ તથા મા-
રા દેવ છે હજી હું તેની કૃપા અને મદદ માટે પ્રાર્થના કરીશ.

44 હે દેવ, તમે પુરાતન કાળમાં, પિતૃઓના સમયે, જે મહાન કૃ-
ત્યો કર્યા હતા, તેના વિષે તેઓએ અમને કહ્યું; તે અમે અમારા
કાનોએ સાંભળ્યું છે. 2 વિદેશીઓની પ્રજાને, તમે તમારા હાથે હાંકી કા-
ઢી, ઇસ્રાએલીઓને એક છેડાથી બીજા છેડા સુધી તેઓને ત્યાં વસાવ્યા
હતા. 3 જેણે તેમને વિજય અપાવ્યો, તે તેમની તરવારો ન હતી. અને તે-
મને તે ભૂમિનો કબજો લેવા દીધો હતો. તેઓ પોતાના હાથની શકિતથી
પોતાનું રક્ષણ કરી શક્યાં ન હતા, પરંતુ તમારા જમણા હાથે, તમારા
ભુજે તમારા દૈવી પ્રકાશે તેઓને બચાવ્યાં હતા. કારણ, તમે તેમનાથી
પ્રસન્ન હતાં. 4 હે દેવ, તમે મારા રાજા છો. આજ્ઞા આપો અને યાકૂબના
લોકોને તારણ સુધી દોરી જાવ. 5 અમે અમારા શત્રુઓને માત્ર તમારી
સહાયથી હરાવીશું; અને તમારા નામે અમે અમારા વેરીઓને કચરી ના-
ખીશું. 6 હું મારા ધનુષ પર ભરોસો રાખતો નથી, ‘તરવાર’ પણ મારો
બચાવ કરી શકશે નહિ. 7 તમે અમારા શત્રુના લશ્કરથી અમારી રક્ષા
કરી છે, જેઓ અમારો દ્વેષ કરે છે, તેઓને તમે લજ્જિત કરો છો 8 આખો
દિવસ પર્યંત અમો દેવની સ્તુતિ કરીશું! અમે સદાકાળ તમારા નામની
આભારસ્તુતિ ચાલુ રાખીશું! 9 પણ હે યહોવા, તમે અમને તજી દીધા છે
અને શરમિંદા કર્યા છે. તમે અમારી સાથે યુદ્ધ માટે આવ્યાં ન હતાં.
10 તમે શત્રુઓ આગળ અમારી પીછેહઠ કરાવી છે, અને તેઓએ અમને
તેમની ઇચ્છા મુજબ લૂંટ્યા છે. 11 તમે અમને તજી દીધાં છે, અમારી હા-
લત કાપવા માટેનાં ઘેટાઁઓ જેવી થઇ છે, અને તમે અમને વિદેશી પ્રજા-
ઓમાં વિખેરી નાખ્યા છે. 12 તમે અમને નજીવી કિંમતમાં વેચી દીધાં છે,
શું તમારી નજરમાં અમારી કોઇ કિંમત નથી ? 13 અમારા પડોશીઓ
આગળ તમે અમને નિંદા રૂપ બનાવ્યાં છે; અને અમારી આસપાસનાં
લોકો સમક્ષ અમને હાંસીરૂપ બનાવ્યા છે. 14 તમે અમને રાષ્ટો વચ્ચે
તિરસ્કાર અને હાંસીને પાત્ર બનાવ્યા છે. તેઓ અમારી સામે જુએ છે,
તેઓના માથા હલાવે છે અને અમારા પર હસે છે. 15 આખો દિવસ હું
મારું કલંક જોઉં છું અને મારું માથું શરમથી ઝૂકી ગયું છે. 16 કારણ, મા-

રી નિંદા થાય છે અને મારા વિષે ખરાબ બોલાય છે. જુઓ, મારા શત્રુ
તથા વેર વાળનારા આવું કરે છે. 17 ભલે, આ બધું અમારા પર આવી
પડ્યું, તોય અમે તમને ભૂલી નથી ગયા; ને તમારા કરાર પ્રતિ વિશ્વાસ-
ઘાતી નથી થયા. 18 અમારું હૃદય તમારાથી પાછું હઠી ગયું નથી, અને
તમારા માર્ગથી, અમે એક ડગલું પણ ચલિત થયા નથી. 19 તો પણ
તમે અમને શિયાળવાની જગામાં કચડ્યા છે; અને અમને તમે મોતની
ગાઢ છાયાથી ઢાંકી દીધાં છે 20 જો અમે અમારા દેવનું નામ ભૂલી ગયા
હોત અથવા પારકા દેવોની તરફ અમારા હાથ ફેલાવ્યા હોત, 21 તો શું
દેવે તે જાણ્યું ન હોત? હા, યહોવા સર્વના હૃદયનું રહસ્ય જાણે છે.
22 પરંતુ તમારે કારણે જ અમે આખો દિવસ માર્યા જઇએ છીએ. તમારે
કારણે અમને કાપવા માટે દોરી જવાતાં ઘેટાં જેવા ગણવામાં આવે છે.
23 હે યહોવા, જાગૃત થાઓ! હવે ઊંઘસો નહિ; અને અમને સદાને માટે,
દૂર કરશો નહિ. 24 તમે તમારું મુખ અમારાથી શા માટે અવળું ફેરવો
છો? તમે અમારા સંકટો અને અમારી સતા વણીની અવગણના શા માટે
કરો છો? 25 અમો ધૂળમાં નીચે મ્હો રાખીને પડયાં છીએ અને અમારા
પેટ જમીનમાં દબાઇ રહ્યાં છે. 26 હે દેવ, અમને મદદ કરવા ઊઠો, અને
તમારી કૃપાથી અમને બચાવી લો.

45 મારૂં હૃદય સુંદર શબ્દોથી ભરાઇ ગયું છે. મેં રાજા માટે કવિતા
રચી છે તે. હું બોલ છું. મારી જીભ શ્રેષ્ઠ લેખકની જેમ ઘણા
શબ્દોથી ભરાઇ ગઈ છે. 2 તમે કોઈ પણ માણસ કરતાં વધારે સુંદર છો.
તમારાં શબ્દો કૃપાથી ભરેલાં છે. તમો દેવ દ્વારા સદાને માટે આશીર્વાદ
પામેલા છો. 3 હે પરાક્રમી, તમે તમારી તરવાર કમરે બાંધો; અને ગૌરવ-
થી પ્રતાપ પરિધાન કરો. 4 તમે ભવ્ય દેખાઓ છો, જાઓ, સત્ય અને
ભલાઇ અને ન્યાયની લડતમાં વિજયી થાઓ. પ્રભાવશાળી કાર્યો કરવા
માટે તમારી શકિતશાળી જમણી બાહુ કેળવાયલી છે. 5 તમારા તીક્ષ્ણ
બાણો મારા શત્રુઓના હૃદયો વીંધે છે, તેઓ તમારા ચરણોમાં ઢળી પડે
છે અને લોકો તમારા શરણે આવે છે. 6 હે દેવ, તમારૂં રાજ્યાસન સના-
તન છે; અને તમારો રાજદંડ એ તમારૂં ન્યાયી શાસન છે. 7 તમને ન્યા-
યીપણા પર પ્રીતિ છે, અને દુષ્ટતા પ્રતિ તિરસ્કાર છે; માટે સર્વસમર્થ
દેવ, હા, તારા દેવે; તમને સર્વ કરતાં શ્રેષ્ઠ ગણીને આનંદના તેલથી
અભિષિકત કર્યા છે. 8 હાથીદાંતના મહેલોમાં મારાં વસ્રો બોળ, અગરને
તજની સુગંધથી કેવા મહેકે છે, ને તારનાં વાદ્યો તને આનંદ આપે છે.
9 તમારી માનીતી સ્રીઓમાં ઘણી રાજકુમારીકાઓ છે. શુદ્ધ સોનામાંથી
બનાવેલો મુગટ પહેરેલી રાણી તમારી જમણે ઊભી છે. 10 હે રાજકન્યા,
હું કહું તે તું કાને ધર; ને પછી વિચાર કર; તારા લોકોને ભૂલી જા અને
તારા બાપનું ઘર ભૂલી જા. 11 તારા સૌંદર્યમાં મોહિત થઇને રાજા અતિ
આનંદ પામે છે, તે તારા સ્વામી છે, માટે તેની સેવાભકિત કર. 12 તૂરના
ધનવાન લોકો તમારા માટે ભેટ સોગાદો લઇને તમને મળવા આવશે.
13 અતિ સુંદર રાજકન્યા, જનાનખાનામાં રાહ જુએ છે; તેનાં સુંદર જરી-
નાં વસ્રોમાં, સોનાના તાર વણેલા છે. 14 તેણીએ સુંદર, શણગારેલા
વસ્ત્રો પરિધાન કર્યા છે. તેણીને રાજા પાસે લઇ જવામાં આવે છે. તમા-
રા માટે લાવવામાં આવેલી કુમારિકાઓ તેને અનુસરે છે. 15 જ્યારે રાજ-
મહેલમાં તેઓ પ્રવેશ કરશે ત્યારે તેઓ આનંદ તથા ઉત્સાહથી ભરેલાં
હશે. 16 તારા વંશજો તારા પછી શાસન કરશે. તું તેમને સમગ્ર પ્રદેશના
હાકેમ બનાવીશ. 17 હું તારું નામ સદા સર્વ પેઢીઓમાં અત્યંત પ્રિય
કરીશ; પૃથ્વી પરનાં સર્વ લોક સદા તારી આભારસ્તુતિ કરશે.

46 દેવ આપણો આશ્રય તથા આપણું સાર્મથ્ય છે; આપણે અનુ-
ભવ કર્યો છે કે, સંકટ સમયનાં તેઓ સાથી, ત્વરિત મદદ કર-
નાર હાજરાહજૂર છે. 2 માટે જ્યારે પૃથ્વી પર ભારે ધરતીકંપ થાય, અને
પર્વતો તૂટી ને સમુદ્રમાં પડે, તો પણ આપણે સૌએ ડરવાની જરૂર
નથી. 3 ભલે સમુદ્રનાં પાણી વિશાળકાય મોજાથી ગર્જના કરે, ને પર્વતો
ધ્રુજી ઉઠે. 4 ત્યાં એક નદી છે અને ઝરણાંઓ છે જે દેવનાં નગર પરા-
ત્પર દેવના પવિત્રસ્થળમાં સુખને વહેતું રાખે છે. 5 દેવ સ્વયં તે નગરમાં
વસે છે. દેવ પરોઢિયે તેની સહાય કરશે, તેથી નગરનું પતન ક્યારેય
નહિ થાય. 6 ભયથી ધ્રુજશે વિદેશીઓ, અને ડગમગી જશે રાજ્યો; જ્યાં
યહોવા ગર્જના કરશે એટલે પૃથ્વી ગઈ પીગળી. 7 આપણી સાથે આકા-
શી સૈન્યોના અધિકારી યહોવા છે; આપણો આશ્રય યાકૂબનાં દેવ
આપણી રક્ષા કરે છે. 8 આવો અને યહોવાના પરાક્રમો જુઓ. તેમણે કરે-
લાં પ્રભાવશાળી કાર્યો જુઓ. 9 તે પૃથ્વીના છેડાઓ સુધી યુદ્ધોને બંધ
કરી દે છે, ધનુષ્યને ભાંગી નાખે છે, ભાલાને કાપી નાખે છે; અને રથોને
અગ્નિથી સળગાવી દે છે. 10 દેવ કહે છે, “લડાઇ બંધ કરો, નિશ્ચે જાણો,
કે હું દેવ છું, સવેર્ રાષ્ટો મારો આદર કરશે. અને હું પૃથ્વી પર સૌથી
મહાન માનવામાં આવીશ.” 11 સૈન્યોના યહોવા આપણી સાથે છે, યાકૂ-
બનાં દેવ સદા આપણો બચાવ કરે છે.

47 આવો તમે, હે સર્વ લોકો, તાળી પાડો, આનંદથી મોટા અવાજે
દેવના સ્તુતિગાન કરો. 2 કારણ પરાત્પર યહોવા સમગ્ર પૃથ્વી-
ના રાજાધિરાજ એ અતિ ભયાવહ છે. 3 તે બીજા રાષ્ટોને આપણા તા-
બામાં અને આપણા શાસન નીચે મૂકે છે. 4 તે આપણા માટે આપણો
વારસો પસંદ કરે છે, અને એટલે જ તેમણે, પોતાના વહાલા યાકૂબની
ઉત્તમતા પસંદ કરી છે. 5 હા, આનંદના પોકારો સાથે અને રણશિંગડાના
નાદ સાથે, યહોવા રાજગાદી પર ચઢી ગયા છે. 6 દેવનાં સ્તોત્રો ગાઓ,
આપણા રાજાના સ્તોત્રો ગાઓ; પ્રશંસા કરતાં ગીતો ગાઓ. 7 દેવ સમગ્ર
પૃથ્વીના રાજા છે. તેમની પ્રશંસાના ગીતો ગાઓ. 8 તે પોતાનાં પવિત્ર
સિંહાસન પર બિરાજમાન છે, અને સર્વ પ્રજાઓ પર રાજ કરે છે. 9 ઇબ્રા-
હિમનાં દેવના લોકો સાથે બધાં રાષ્ટોના નેતાઓ ભેગા થયા છે. બધાં
રાષ્ટોના બધા નેતાઓ દેવની માલિકીના જ છે, દેવ સવોર્ચ્ચ છે.

48 યહોવા મહાન છે, આપણ દેવના નગરમાં અને તેમનાં પવિત્ર
પર્વતો પર તેમની ઘણી સ્તુતિ થાય છે. 2 કેવું સિયોન પર્વતની
ઊંચાઇએ આવેલું અતિ સુંદર નગર; આખી પૃથ્વીના આનંદરૂપ, મહાન
રાજાનું નગર, સર્વ લોકો જોઇ શકે તેવું, રમ્ય, આનંદરૂપ દ્રશ્ય, કેવું અદ્-
ભૂત છે! 3 તે નગરના મહેલોમાં દેવ આશ્રયની જગા તરીકે ઓળખાય છે.
4 પૃથ્વીના સર્વ રાજાઓ એકત્ર થયા, અને એકત્ર થઇ સૌ નગર પર કૂચ
કરીને ગયા. 5 જ્યારે તેઓએ તે જોયું ત્યારે તેઓ સૌ વિસ્મય પામી
ગયા, ભયથી ગભરાઇ ગયાં તેથી ઝડપથી પાછા ચાલ્યા ગયા. 6 તેમને
ભયથી ધ્રુજારી થઇ ગઇ અને પ્રસૂતિની પીડા જેવું કષ્ટ થયું. 7 દેવ તમે
તેમને બરાબર એવી રીતે ધ્રુજાવ્યા જેમ તમે પૂર્વનાં શકિતશાળી વાયુ
વડે તાશીર્શનાં વહાણોને ભાંગી નાંખો છો. 8 આપણે દેવની શકિત વિષે
સાંભળ્યું છે. આપણે તેને સૈન્યોના યહોવા દેવના નગરમાં, આપણા દે-
વના નગરમાં, હવે તે આપણે પોતે નિહાળીએ છીએ યરૂશાલેમનું સદા-
કાળ માટે દેવે સ્થાપન કર્યુ છે. 9 હે યહોવા, તમારા મંદિરમાં તમારી
અચળ કૃપા વિષે અમે મનન કર્યુ છે. 10 હે દેવ, સમગ્ર પૃથ્વી પર તમારું
નામ જાણીતું છે, પૃથ્વીની સીમા પર્યંત તમારી સ્તુતિ થાય છે; તમારો
જમણો હાથ ન્યાયીપણાથી ભરેલો છે. 11 તમારા ન્યાયનાં કાર્યોથી સિ-
યોન પર્વત આનંદ પામશે અને યહૂદિયાનાં નગરો હરખાશે. 12 સિયોન-
ની આસપાસ પ્રદક્ષિણા કરો; અને તેના બુરજોની ગણતરી કરો. 13 તેનો
કોટ ધ્યાનથી જુઓ, તેના મહેલોની મુલાકાત લો; જેથી તમે તે વિષે
તમારાં સંતાનોને કહી શકો. 14 કારણ, આ દેવ આપણા સનાતન દેવ છે
જે આપણને સદાય દોરી જશે.

49 હે સર્વ પ્રજાજનો, તમે આ સાંભળો; હે વિશ્વવાસી લોકો તમે
સાંભળો. 2 નિમ્ન કક્ષના કે ઉચ્ચકક્ષાનાં, શ્રીમંત કે દરિદ્રી, તમે
સૌ માણસો મારા શબ્દો પર ધ્યાન આપો. 3 હું બુદ્ધિ વિષે મારા મુખેથી
બોલીશ; મારા હૃદયમાંથી નિકળતા ઉદગારો જ્ઞાન વિષે હશે. 4 હું દ્રૃ-
ષ્ટાંત પર કાન લગાડીશ, અને વીણા પર મારો મર્મ ખોલીશ. 5 જ્યારે
સંકટો આવે છે ત્યારે, ચારેબાજુથી મને શત્રુઓ ઘેરી લે એવા દુષ્ટોના
સકંજામાં મારે ડરવાની જરૂર નથી. 6 જેઓ પોતાની સંપત્તિ પર ભરોસો
રાખે છે, તેઓ કેટલાં ધનવાન છે તેનું અભિમાન કરે છે. 7 તેઓમાંનો
કોઇ પોતાના ભાઇને કોઇ રીતે છોડાવી શકતાં નથી; દેવને તે તેનાં બદ-
લામાં ખંડણી આપી શકતાં નથી. 8 માનવ-જીવનની એટલી મોટી
કિંમત છે કે દુન્યવી સંપત્તિથી તેનો મૃત્યુદંડ ચૂકવી શકાતો નથી. 9 જે-
થી તે સદાકાળનું જીવન પામે, અને નરકનાં ખાડાની શિક્ષાથી બચી
જાય. 10 બધા લોકો સાક્ષી છે કે વિદ્વાન મૃત્યુ પામે છે, અને મૂર્ખ તેમજ
હેવાન માણસો પણ મૃત્યુ પામે છે. અને તેઓ તેમની પાછળ તેમની
સંપત્તિ બીજાઓ માટે મૂકી જાય છે. 11 તેઓ જમીનજાગીરને પોતાના
નામથી ઓળખાવે છે, જાણેકે સદાકાળને માટે તે તેઓની જ રહેવાની
હોય; અને જાણે તેઓ સદાકાળ અધિકાર ભોગવવાના હોય. 12 માણસો
ભલે ધનવાન હોય, પણ તેઓ અહીં કાયમ માટે રહેવાના નથી. જેવી

રીતે બીજા પ્રાણીઓ મરી જાય છે તેમ તેઓ પણ મૃત્યુ પામશે. 13 એવા
મૂર્ખ લોકો જેમણે તેમની સંપત્તિનો વિશ્વાસ રાખ્યો હતો, અંતે તો તેમનો
અંત એવોજ આવશે. 14 પેલા લોકો બરાબર ઘેટાઁ જેવાજ છે. શેઓલ તે-
મનો વાડો બનશે અને મૃત્યુ તેમનો ઘેટાંપાળક બનશે. જ્યારે પેલાં
અભિમાની લોકોના શરીરો તેમના વૈભવી ઘરોથી ખૂબ દૂર શેઓલમાં
ધીમેથી સડી જશે તે દિવસે નિષ્ઠાવાન લોકો વિજયી બનશે. 15 દેવ
મને શેઓલની પકડમાંથી છોડાવશે કારણ કે તેઓ મને તેમની સાથે
રહેવા લઇ જશે. 16 કારણ, તે લોકો ધનવાન છે, અને વૈભવી મકાનો
ધરાવે છે એટલા માટે તે લોકોથી ડરશો નહિ. 17 તેઓ જ્યારે મૃત્યુ પામે
છે ત્યારે તેઓ સાથે કશુંય લઇ જઇ શકશે નહિ અને તેમનો વૈભવ તેમ-
ની પાછળ જવાનો નથી. 18 ધનવાન વ્યકિત તેના જીવનકાળ દરમ્યાન
પોતાની જાતને મહાન ગણતી હશે, અને પોતાની જાતને ધન્યવાદ
આપ્યા હશે કે તે મહાન હતા, તેની દુન્યવી સફળતાઓ માટે લોકોએ
પ્રશંસા કરી હતી. 19 પરંતુ આખરે તો તે પણ તેના પૂર્વજોની જેમ મૃત્યુ
પામશે અને પછી તે જીવનનું અજવાળું ક્યારેય પણ નહિ જુએ. 20 જે
વ્યકિત પાસે દુન્યવી વૈભવ છે, પણ આત્મિક સમજ નથી; તે વ્યકિત
બુદ્ધિહીન નાશ પામનાર પશુ સમાન છે.

50 યહોવા, દેવોના દેવ બોલ્યા છે, તે સમગ્ર માનવ જાતને પૂર્વથી
પશ્ચિમ સુધી બોલાવે છે. 2 સિયોનમાંથી દેવ સવોર્ચ્ચ સુંદરતા
સાથે પ્રકાશે છે. 3 આપણા દેવ આવે છે, તેઓ મૌન રહેશે નહિ, ભસ્મ
કરનાર અગ્નિ આગળ આવે છે, તેમની આસપાસ મહાતોફાન જાગશે.
4 તેઓ અહીં પોતાના લોકોનો ન્યાય કરવા આવ્યાં છે. જ્યારે તેઓ પો-
તાના લોકોનો ન્યાય કરશે ત્યારે તેઓ પૃથ્વી અને આકાશને સાક્ષી
તરીકે બોલાવશે. 5 જેઓએ યજ્ઞથી મારી સાથે કરાર કર્યા છે, એવાં ભક-
તોને મારી પાસે ભેગા કરો. 6 દેવ પોતે જ ન્યાયાધીશ છે. તેમનું ન્યાયી-
પણું આકાશો પ્રગટ કરશે. 7 હે મારા લોકો, હું કહું તે સાંભળો, “હે ઇસ્રા-
એલ, હું તારી વિરુદ્ધ સાક્ષી પૂરીશ; કારણકે હું દેવ છું, હા, હું તારો દેવ
છું. 8 મારી વેદી પર તમે જે યજ્ઞો કરો છો, મારી સામે જે નિરંતર દહનાર્પ-
ણો થાય છે. તે માટે, હું તને ઠપકો દઇશ નહિ. 9 હું તમારા ઢોરવાડા-
માંથી બળદો નહિ લઉં કે તમારા નેસડામાંથી બકરાં નહિ લઉં. 10 કાર-
ણકે અરણ્યનાં પ્રત્યેક પશુ અને હજારો ડુંગરો પરનાં પ્રાણી મારાં છે.
11 હું પર્વતો પરના સર્વ પક્ષીઓને ઓળખું છું, અને જઁગલનાં સર્વ હિંસક
પ્રાણીઓ પણ મારા જ છે. 12 જો હું ભૂખ્યો હોઇશ, તોય તમને કહીશ
નહિ, કારણ સમગ્ર સૃષ્ટિનું સર્વ મારું જ છે. 13 શું હું બળદોનું માંસ
ખાંઉ, અથવા બકરાઓનું રકતપાન કરું?” 14 તેથી દેવ માટેના આભાર
સ્તુતિનાં અર્પણો લઇ આવો અને પરાત્પર તમે આપેલા વચનો પરિપૂ-
ર્ણ કરો. 15 “મારામાં વિશ્વાસ રાખીને સંકટ સમયે મને પ્રાર્થના કરો, હું
તમારી રક્ષા કરીશ અને પછી તમે મારો મહિમા કરી શકશો.” 16 પણ દુ-
ષ્ટ લોકોને દેવ કહે છ કે, “શા માટે તમે મારા વિધિઓ વિષે બોલો છો?
શા માટે તમારે મારા કરાર વિષે વાત કરવી જોઇએ? 17 મારા શિખામણ-
નો તેઁ તિરસ્કાર કર્યો છે અને મારી શિસ્તની તેં અવગણના કરી છે.
18 જો તમે એક ચોરને જુઓ છો, તો તમે તેની સાથે જોડાવા દોડો છો,
અને તમે વ્યભિચારીઓ સાથે વ્યભિચારમાં જોડાઓ છો. 19 તારું મુખ
શાપ આપે છે, અને તારી વાણી અસત્ય વદે છે. અને તારી જીભનો
ઉપયોગ તું કપટની ચાલમાં કરે છે. 20 તું તારા પોતાનાં ભાઇની નિંદા
કરે છે, તું તારી માતાના પુત્રની બદનામી કરે છે. 21 તમે આ ખરાબ કા-
મો કર્યા છે છતાં મેં કાંઇ કહ્યું નહિ. તેથી તમે વિચાર્યુ કે હું હતો તમારા
જેવો, પણ હવે આવ્યો છે સમય, મારા માટે તમારી સામે આ આરોપો
મૂકવાનો અને તમારા મોઢાં પર ઠપકો આપવાનો ! 22 તમે કે જે દેવને
ભૂલી ગયા છો, તમારા ટુકડા કરૂં તે પહેલા તમારે આ સમજવાનુ છે કે
તમને બચાવવાવાળું કોઇ નહિ હોય. 23 જે વ્યકિત આભારસ્તુતિનાં
અર્પણો અર્પણ કરે છે તે મને માન આપે છે. જે ન્યાયને માગેર્ ચાલે છે
તે વ્યકિતનું રક્ષણ કરવાં હું મારં◌ુ તારણ બતાવીશ.”

51 હે પ્રેમાળ દયાળુ દેવ! મારા પર દયા કરો. તમારી મહાન સહા-
નુભૂતિથી મારા પાપો ભૂંસી નાખો. 2 હે યહોવા, મારા અપરાધ
અને પાપોથી મને ધુઓ અને મને પરિશુદ્ધ કરો. 3 હું મારા શરમજનક કૃ-
ત્યોની કબૂલાત કરું છું, હું હંમેશા મારા પાપો વિશે વિચારું છું. 4 મેં
તમારી વિરુદ્ધ પાપ કર્યાં છે, હા તમારી વિરુદ્ધ; જે ભયંકર કૃત્યો મેં કર્યા
છે તે તમે જોયા છે. તેથી તમે તમારા નિર્ણયો અને મારી વિરુદ્ધ લીધેલા
ઠરાવોમાં સાચા અને ન્યાયી છો. 5 હું પાપમાં જન્મ્યો હતો, મારી મા-
તાએ પાપમાં મારો ગર્ભ ધારણ કર્યો. 6 તમે માંગો છો અંત:કરણની
સત્યતા અને પ્રામાણિકતા, મારામાના ઊંડાણમાં સાચું જ્ઞાન મૂકો.
7 મારા પાપો ઝુફાથી દૂર કરો, જેથી હું શુદ્ધ થઇશ; અને તેથી મને હિમ-
થી પણ શ્વેત બનાવવા માટે ધુઓ. 8 મને સુખ અને આનંદ આપો, અને
ભલે મારા હાડકાં, જે તમે કચડી નાંખ્યા હતાં તે ફરીથી આનંદ પામે.
9 મારા પાપો તરફ જોશો નહિ, ભૂંસી નાખો મારા સર્વ પાપ. 10 હે દેવ,
મારામાં નવું શુદ્ધ હૃદય ઉત્પન્ન કરો, અને મારા આત્માને મજબૂત કરો!
11 મને તમારી સંમુખથી સદાકાળ માટે દૂર કરશો નહિ, અને તમે મારી
પાસેથી તમારો પવિત્ર આત્મા છીનવી ન લેશો. 12 જ્યારે તમે મને
બચાવતા જે આનંદ આપ્યો હતો તે મને પાછો આપો. મારા આત્માને
મજબૂત, તૈયાર અને તમને અનુસરવા તત્પર બનાવો. 13 ત્યારે હું
ઉલ્લંઘન કરનારાઓને તમારા માગોર્ શીખવીશ, અને પાપીઓ તમારા
તરફ ફરશે. 14 હે મારા દેવ, મારા તારણહાર; મને મૃત્યુદંડથી બચાવો; હું
આનંદથી તમારી સ્તુતિ ગાઇશ, અને હું તમારી નિષ્પક્ષતા વિષે બો-
લીશ. 15 હે યહોવા, તમે મારા હોઠ ઉઘાડો; એટલે મારું મુખ સ્તુતિ પ્ર-
ગટ કરશે. 16 તમે યજ્ઞોથી રીઝતા નથી, નહિ તો હું તે અર્પણ કરત; તમ-
ને વેદી પર અર્પણ કરેલાં દહનાર્પણ પસંદ નથી. 17 દેવને જે અર્પણ જો-
ઇએ છે તે છે ભંગિત, ખેદિત, પશ્ચાતાપી આત્મા. હે દેવ, નમ્ર અને
આજ્ઞાંકિત હૃદયના વ્યકિતનો અસ્વીકાર તમે કરશો નહિ. 18 દેવ, તમે
સિયોનનું ભલું કરો, અને યરૂશાલેમની આજુબાજુ તમે ફરી દિવાલ
બાંધો. 19 અને પછી તમારી વેદી પર, ગોધાઓનું અર્પણ થશે, અને
તમને ન્યાયીપણાના યજ્ઞોથી, દહનાર્પણ તથા અખંડ દહનાર્પણોથી
પ્રસન્ન કરાશે.

52 અરે ઓ જુલમગાર, તું તારા દુષ્ટ કાર્યો વિષે શા માટે અભિમાન
કરે છે? તું લગાતાર દેવને અપકીતિર્ કરનાર છે? 2 તું દુષ્ટ યોજ-
નાઓ બનાવે છે. તારી જીભ અણીદાર અસ્રા જેવી છે. તારી જીભ દુષ્ટ-
તા કરવા જૂઠું બોલ્યા કરે છે. 3 તું ભલાઇ કરતાં વધારે દુષ્ટતા ચાહે છે,
તું સત્ય કરતાં વધારે અસત્ય આચરે છે. 4 તું અને તારી જૂઠી જીભ લો-
કોને ઇજા કરવા માંગે છે. 5 પણ દેવ તને નીચો પાડશે, અને તને ઘર-
માંથી ખેંચી કાઢશે; અને ઇહલોકમાંથી તને ઉખેડી નાખશે. 6 નિષ્પક્ષો
આ જોશે અને ભય રાખશે, અને દેવને માન આપશે તેઓ હસશે અને
કહેશે કે, 7 “જે પુરુષે ઇશ્વરને પોતાનો આશ્રય ન કર્યો, અને દુષ્કર્મોને
વળગી રહ્યો તે પોતાના આ ધન પર ભરોસો રાખીને રહ્યો.” 8 પણ હું તો
દેવના મંદિરમાં આબાદી પામતાં જૈતવૃક્ષ જેવો છું. હું હંમેશા ઇશ્વરની કૃ-
પા પર ભરોસો રાખીશ. 9 હે યહોવા, તમે જે કાંઇ કર્યું છે, તે માટે હું સદા-
કાળ આભાર સ્તુતિ કરીશ. તમારા સંતોની સામે તમારું નામ ઉત્તમ છે
એવું હું પ્રગટ કરીશ.

53 માત્ર મૂર્ખ પોતાના મનમાં કહે છે કે, “દેવ છે જ નહિ” તેનું હૃદય
દુષ્ટતાથી ભરેલું છે. તેવા માણસો ધૃણાને પાત્ર અને દુષ્ટ કૃત્યો
કરે છે. તેઓમાં કોઇ સારા કૃત્યો કરનાર નથી. 2 દેવ આકાશમાંથી નીચે
મનુષ્યો ઉપર દૃષ્ટિ કરીને તપાસ કરે છે કે એવી કોઇ વ્યકિત છે જેને
સાચી સમજ હોય; ને મનથી દેવની શોધ કરતી હોય. 3 તેઓમાંનાં દરેક
માર્ગષ્ટ થયા છે, અને તેઓ સઘળા અશુદ્ધ થયા છે; કોઇ વ્યકિત ન્યાયી
જીવન જીવતી નથી. ભલું કરનાર હવે કોઇ રહ્યુ નથી. 4 દેવ કહે છે કે,
“દુષ્ટ કરનારાઓ શું આ નથી સમજતા? મારા લોકોને તે જાણે રોટલી
ખાતાં હોય તેમ ખાઇ જાય છે. તેઓ દેવ પાસે જતા નથી, અને કદી પ્રા-
ર્થના કરતાં નથી.” 5 જોકે કશું ડરવા જેવું નહિ હોય ત્યાં તેઓ અચાનક
ભયભીત થઇ જશે. દેવે તે બધા દુષ્ટ લોકોને નકાર્યા છે. તેથી દેવના
લોકો તેમને હરાવશે, અને દેવ તે દુષ્ટ લોકોના હાડકાઁને વિખેરી નાખશે.
6 સિયોનમાંથી ઇસ્રાએલનું તારણ વહેલું આવે! યહોવા પોતે પોતાના
લોકોને બંધનમાંથી છોડાવશે અને તેમને પાછા તેમના વતનમાં લાવ-
શે, અને પછી યાકૂબ ખુશ થશે, તથા ઇસ્રાએલ આનંદિત થશે.

54 હે યહોવા દેવ, તમારા નામે મને બચાવો; અને તમારા પરાક્રમ-
થી મારો ન્યાય કરો. 2 હે દેવ, મારી પ્રાર્થના સાંભળો; મારા મો-
ઢાંની વાતો કાને ધરો. 3 વિદેશનાં માણસો મારી વિરુદ્ધ થયા છે, તેઓ
અતિ ક્રૂર છે, મારો જીવ લેવા ઇચ્છે છે. ‘દેવ છે’ એ હકીકતની તેમને દર-

કાર નથી. 4 યહોવા દેવ, મને સહાય કરનાર છો, મારા જીવનનો એજ
આધાર છે. 5 યહોવા મારા શત્રુઓને દુષ્ટતાનો બદલો આપશે, હે દેવ,
તમારા સત્ય વચનો પ્રમાણે દુષ્ટોનો અંત લાવો. 6 હું તમારી પાસે, રા-
જીખુશીથી મારા અર્પણો લાવું છું; હે યહોવા, હું તમારા શુભ નામની
સ્તુતિ કરીશ. 7 દેવે મારી, સર્વકાળે સર્વ સંકટમાં રક્ષા કરી છે; મારા
શત્રુઓ પર વિજય અપાવ્યો, તે મેં નજરે નિહાળ્યું છે.
55 હે દેવ, મારી પ્રાર્થનાને સાંભળો; મારી દયા માટેની પ્રાર્થનાની
અવગણના કરશો નહિ. 2 હે યહોવા, મને ધ્યાનથી સાંભળો; ને
મને ઉત્તર આપો; હું શોકને કારણે અશાંત છું; અને વિલાપ કરું છું. 3 દુ-
શ્મનો મારી સામે બૂમો પાડી રહ્યાં છે. તેઓએ મને ધમકી આપી ગુ-
સ્સામાં અને ધિક્કારથી મારા પર હુમલો કર્યો. તેઓ મારા ઉપર તકલી-
ફો લાવ્યા. 4 મારા હૃદયમાં ઘણી વેદના થાય છે, અને મૃત્યુની ધાકે મા-
રા પર કબજો જમાવ્યો છે. 5 મારું શરીર ભયથી ધ્રુજે છે, હું ભયથી ઘે-
રાઇ ગયો છું. 6 મને કબૂતરની જેમ પાંખ હોત, તો કેવું સારું! કે હું દૂર
ઊડી શકત અને વિશ્રામ કરત. 7 હું રણમાં દૂર સુધી ઊડી જાત અને
ત્યાં મુકામ કરત. 8 વિનાશકારી પવનનાં તોફાનથી હું ઉતાવળે નાસીને
આશ્રયસ્થાને પહોંચત. 9 હે યહોવા, આ દુષ્ટજનોમાં અંદરો અંદર ગેરસ-
મજ ઊભી કરો, મેં એકબીજાની વિરુદ્ધ નગરમાં હિંસક ઝગડા જોયાં છે.
10 આખા શહેરમાં રાત-દિવસ હિંસા અને ઉપાધિ છે, શહેરમાં ક્રૂરતા અને
દુષ્ટતા પ્રવર્તી રહી છે. 11 નગરમાં કેવાં વિનાશકારી પરિબળો સક્રિય
છે! જ્યાં જુઓ ત્યાં રસ્તામાં છેતરપિંડી તથા જુલમ છે. 12 મને મહેણાં
મારનાર કે નિંદા કરનાર, મારા શત્રુ ન હતા; એ તો મારાથી સહન કરી
શકાત; મારી વિરુદ્ધ ઊઠનાર મારો વેરી ન હતો, નહિ તો હું સંતાઇને
નાસી છૂટયો હોત. 13 પણ તે તો તમો છે મારા જેવા માણસ, મારા મિત્ર
ને મારા સાથીદાર છો. 14 આપણે એકબીજાની સાથે સુખે વાતો કરતાં
હતાં. અને જનસમુદાય સાથે દેવના મંદિરમાં જતા હતા. 15 એકાએક તે-
મના પર મોત આવો, તેઓ જીવતા જ શેઓલમાં ઉતરી પડો, કારણ,
તેઓનાં ઘરોમાં પાપ થાય છે, તેઓનાં અંતરનાં ઊંડાણોમાં દુષ્ટતા છે.
16 હું તો દેવને પોકાર કરીશ, તેથી યહોવા મારું તારણ કરશે. 17 પણ હું,
મારા દુ:ખમાં; સવારે બપોરે ને રાત્રે દેવને સાદ કરીશ; અને તે મારી પ્રા-
ર્થના સાંભળશે. 18 હું ઘણા યુદ્ધોમાં લડ્યો છું; પરંતુ દેવે હંમેશા મને
બચાવ્યો છે અને મને સુરક્ષિત રીતે પાછો લાવ્યો છે. 19 દેવ અનાદિકા-
ળથી ન્યાયાસન પર બિરાજમાન છે, તે તેઓને તેઓના શબ્દો સાંભ-
ળીને નમાવશે, તેઓ યહોવાનો ભય રાખતાં નથી ને પોતાના માર્ગ પણ
બદલતાં નથી. 20 તેઓએ તેમનાં મિત્રો પર હુમલો કર્યો છે, તેઓએ તે-
મની સાથે કરેલા કરારનો ભંગ કર્યો છે. 21 તેના શબ્દો છે માખણ જેવાં
સુંવાળા,પણ તેનું હૃદય યુદ્ધનાં વિચારોથી ભરેલુ છે. શબ્દો તેલ કરતાય
વધુ નરમ છે, પણ તે શબ્દો છરીની જેમ કાપે છે. 22 તમારી ચિંતાઓ
યહોવાને સોંપી દો, અને તે તમને નિભાવી રાખશે, તેઓ ક્યારેય સદા-
ચારી લોકોને પરાજીત થવા દેતા નથી. 23 હે દેવ, તમે મારા શત્રુઓને
વિનાશની ખાઇમાં ધકેલી દો છો. ખૂની-કપટી પોતાનું અડધું આયુષ્ય
પણ નથી ભોગવી શકતાં. પરંતુ મારા રક્ષણ માટે તો હું તમારા પર
ભરોસો રાખીશ.
56 હે દેવ દયા કરો મારા પર, શત્રુઓ મને નડી રહ્યાં છે તેઓ મારી
વિરુદ્ધ સતત લડે છે. 2 મારા શત્રુઓ સતત મારા પર હુમલો
કરી રહ્યાં છે. ઘણા લડવૈયાઓ મારી સામે ઊભા થયા છે. 3 જ્યારે મને
બીક લાગશે ત્યારે હું તમારો ભરોસો કરીશ. 4 હું દેવની કૃપાથી તેમના
વચન માટે સ્તુતિ કરું છું. દેવ પર આધાર રાખું છું, તેથી મને જરાપણ
બીક નથી. માત્ર મરણાધીન માનવી મને શું કરે તેમ છે? 5 મારા શત્રુઓ
હંમેશા મારા શબ્દોને મચડી નાખે છે. અને મારી વિરુદ્ધ કાવતરા કરે છે.
6 તેઓ એકઠા થાય છે ને સંતાઇ રહે છે, તેઓ મારાઁ પગલાં પકડે છે,
જીવ લેવાની રાહ જુએ છે. 7 યહોવા, તેમને તેમના દુષ્ટ કૃત્યો માટે દેશ-
નિકાલ કરો. તેમને વિદેશી રાષ્ટોનો કોપ સહન કરવા દો. 8 તમે મારી
બધી વેદના જોઇ છે. તમે મારા આંસુઓથી જ્ઞાત છો. તમે તેને તમારી
શીશીમાં સંઘર્યો છે. અને તે બધાંયનો તમે હિસાબ રાખ્યો છે. 9 હું જે
સમયે વિનંતી કરું છું, તે સમયે મારા શત્રુઓ પાછા ફરશે; હું ખાત્રી પૂ-
ર્વક જાણું છું કે દેવ મારા પક્ષે છે. 10 હું દેવની તેમનાં વચનને માટે સ્તુતિ
કરીશ, હું યહોવાની તેનાં વચન માટે સ્તુતિ કરીશ. 11 મને દેવ પર ભરો-
સો છે, હું જરાય ડરનાર નથી, પછી માણસ મને શું કરનાર છે? 12 હે
યહોવા, મેં તમને વચનો આપ્યા છે, અને હું તેમને પરિપૂર્ણ કરીશ, હું
તમને મારી આભાર સ્તુતિનાં અર્પણ કરીશ. 13 કારણકે મને તમે મૃત્યુ-
માંથી બચાવ્યો છે, તમે મારા પગને લથડતાં બચાવ્યાં છે, જેથી હું જી-
વનનાં અજવાળામાં દેવની સામે જીવી શકું.
57 હે દેવ, મારા પર દયા કરો, કારણ, મારો આત્મા તારા શરણ
આવ્યો છે, આ તોફાન શમી જાય ત્યાં સુધી હું તમારી પાંખોની
છાયામાં આશ્રય લઇશ. 2 હું પરાત્પર દેવને પ્રાર્થના કરીશ, તે દેવને જે
મારી સંપૂર્ણ સંભાળ રાખે છે. 3 તે આકાશમાંથી સહાય મોકલશે અને
મને બચાવશે. જેઓ મને નુકશાન કરવા માગે છે તેમનાથી મને ઉગાર-
શે. 4 મારું જીવન જોખમમાં છે. હું માનવભક્ષી સિંહોનાં જેવા હિંસક દુ-
શ્મનોથી ઘેરાયો છું. તેમના દાંત તીર ને ભાલાં જેવા છે, તેમની જીભ
જાણે ધારદાર તરવાર સમાન છે. 5 હે દેવ, તમે આકાશથી પણ ઊંચે
છો. તમારો મહિમા સમગ્ર પૃથ્વી કરતાં મોટો થાઓ. 6 મારા શત્રુઓએ
મારા માટે ફાંદો ગોઠવ્યો છે, મને પ્રબળ દુશ્મનોએ નીચો નમાવી દીધો
છે; તેઓએ મારા માર્ગમાં ખાડો ખોધ્યો છે; જુઓ! તેમાંજ તેઓ પોતે
પડી ગયા છે. 7 હે દેવ! મારું હૃદય તૈયાર છે, મારું હૃદય તમારો વિશ્વાસ
કરવા માટે અડગ છે. હું દેવ સ્તોત્રો ગાઇશ. 8 હે મારા આત્મા, મારી વી-
ણા અને તંબુરાઓ જાગ્રત થાઓ, હું પ્રભાતમાં વહેલો જાગીશ, ને હું
પરોઢને આવકાર આપીશ. 9 હે યહોવા, હું રાષ્ટો વચ્ચે તમારી પ્રશંસાના
ગીતો ગાઇશ. બધા લોકો પાસે હું તમારા વિષે ગાઇશ. 10 તમારો પ્રેમ
એટલો મહાન છે કે તે આભને આંબે છે. તમારી વિશ્વસનીયતા પણ
આકાશ જેટલી ઉંચે પહોંચે છે. 11 હે દેવ, તમે આકાશથી પણ ઊંચે છો.
તમારો મહિમા સમગ્ર પૃથ્વી કરતાં મોટો થા
58 ઓ ન્યાયાધીશો, શું ખરેખર જે ન્યાય છે તે તમે બોલો છો? શું
ખરેખર તમે લોકોનો નિષ્પક્ષપણે ન્યાય કરો છો? 2 ના, તમે કે-
વળ દુષ્ટતા કરવાના વિચાર કરો છે; તમારા હાથે જ તમે પૃથ્વી પર
હિંસા થાય તેવું કરો છો. 3 દુષ્ટ માણસો જન્મથી જ ખોટા માગેર્ વળે છે;
ત્યારથી જ દેવથી દૂર થાય છે, ને અસત્ય બોલે છે. 4 તેઓનું વિષ સા-
પના વિષ જેવું છે, તેઓ તેમનાં કાન બંધ રાખે છે, તેઓ બહેરા સાપ જે-
વા છે. 5 ગારુડી અતિ કુશળતાથી મહવર વગાડે છે, છતાંય તેનો સાદ
સંભળાતો નથી. 6 હે દેવ, તમે તેઓના દાંત તોડી નાંખો; હે યહોવા, તમે
યુવાન સિંહોની દાઢો તોડી પાડો. 7 સૂકી ધરતી પર જેમ પાણી ચૂસાઇ
જાય તેમ તેમને અદ્રશ્ય થવા દો; સુકાયેલા ઘાસની જેમ તેઓને કચ-
ડાઇ અને ચગદાઇ જવા દો. 8 તમે તેઓને કાદવમાં ઓગળતી જતી ગો-
કળગાય જેવા, અને જેણે સૂર્ય કદી જોયો નથી તેવા સમય પહેલા જન્મે-
લા મૃતબાળકના જેવા કરો. 9 તમારા હાંલ્લાંને કાંટાનો તાપ લાગે તે પહે-
લાં, પછી તે લીલા હોય કે સૂકા, તો પણ, વંટોળિયો પળવારમાં ઘસડી-
ને લઇ જશે તેમ તેનાથી પણ વધુ ઝડપે યુવાન અને વૃદ્ધનો નાશ
થાઓ. 10 દુષ્ટ લોકોએ તેના તરફ કરેલાં દુષ્ટ કાર્યો માટે તેને શિક્ષા
થતી જોઇને સજ્જન વ્યકિતને આનંદ થશે, તે એક સૈનિક જેવો થશે, જે-
ણે તેનાં શત્રુઓને હરાવ્યાં છે. 11 માટે લોકો કહેશે કે, ન્યાયીજનને અવ-
શ્ય બદલો મળે છે, સંસારમાં ખરેખર ન્યાય કરનાર દેવ છે.
59 હે મારા દેવ, મારા શત્રુઓથી મારી રક્ષા કરો; અને મારી વિરુદ્ધ
જેઓ ઊઠે છે, તેઓથી તમે મને ઉગારો. 2 દુષ્ટતા કરનારાઓથી
તમે મને બચાવો; અને ખૂની માણસોથી તમે મને બચાવો. 3 ઘાતકી
માણસો છુપાઇ રહીને મારો જીવ લેવા કેવા રાહ જોઇ રહ્યાં છે! હે યહો-
વા, મેં કોઇ પાપ કર્યુ છે કે કોઇ અપરાધ કર્યો છે, કે જેથી વિપત્તિ મારા
ઉપર આવી છે, એવું નથી. 4 જો કે મારો દોષ ન હોવા છતાં તેઓ અહીં
ધસી આવ્યા છે અને મારા ઉપર હુમલો કરવાની તૈયારી કરે છે. હે યહો-
વા, જાગૃત થાઓ, આ બધું જુઓ, અને મને સહાય કરો. 5 હે યહોવા, સૈ-
ન્યોના દેવ; ઇસ્રાએલના દેવ, જાગૃત થાઓ; આ વિદેશી પ્રજાઓને શિ-
ક્ષા કરો; તમે કપટ કરનાર દુષ્ટ અપરાધીઓ પર જરાય દયા રાખશો
નહિ. 6 તેઓ સંધ્યાકાળે પાછા આવે છે, અને તેઓ કૂતરાની જેમ ઘૂરકે
છે; નગરની આસપાસ ફેરા ખાય છે. 7 તેઓ અપમાનો અને ધમકીઓ
ઉચ્ચારે છે. તેઓના હોઠોમાંથી તરવારની જેમ શબ્દો નીકળે છે. તેઓને
કોણ સાંભળે છે તેની ચિંતા નથી. 8 હે યહોવા, તમે તેઓને હસી કાઢો;
અને વિદેશી પ્રજાની હાંસી ઉડાવો. 9 હે દેવ, મારા સાર્મથ્ય! હું તમારી

વાટ જોઇશ; તમે મારી સુરક્ષાનો ઊંચો મજબૂત ગઢ છો. 10 યહોવા મારો
કૃપાળુ દેવ મને મદદ કરવા આગળ આવશે. તે મને શત્રુઓનો પરાજય
જોવા દેશે. 11 દેવ, હમણાં તેઓનો સંહાર ન કરશો, કે મારા માણસો ભૂ-
લી જાય. હે યહોવા, અમારી ઢાલ, વિખેરી નાખો અને તેમને તમારા સા-
ર્મથ્યથી હરાવો. 12 તેઓ બધા પોતાના મુખનાં શબ્દોથી શાપ આપી
પાપ કરે છે, તેઓના જ હોઠે અસત્ય બોલે છે, પોતાના જ અભિમાનમાં
તેઓને ફસાઇ જવા દો. 13 તમે તમારા ક્રોધમાંજ તેઓનો સંહાર કરો; જે-
થી સંપૂર્ણ વિનાશ થાય; પછી સર્વ લોકો જાણશે કે ઇસ્રાએલમાં દેવ
રાજ કરે છે, અને તેમનો જ અધિકાર સમગ્ર પૃથ્વી પર છે. 14 સંધ્યાકાળે
દુષ્ટો પાછા આવી કૂતરાની જેમ ધૂરકે છે, અને તેઓ ચોરી છૂપીથી નગ-
રમાં ફરે છે. 15 તેઓ ખાવા સારું ખોરાક માટે રખડે છે, તેઓને સંતોષ ન
થાય ત્યારે ઘૂરકે છે. 16 પણ હું તો તમારા સાર્મથ્યનું ગીત ગાઇશ, સવા-
રમાં હું તમારી કૃપા વિષે ગાઇશ, કારણ તમે મારા મજબૂત ગઢ છો; અને
સંકટના સમયે સુરક્ષિત સ્થળ છો. 17 હે મારા સાર્મથ્ય, હું તમારા સ્તોત્રો
ગાઉં છું; કારણ તમે મારા મજબૂત ગઢ છો, દેવ, તમે મને પ્રેમ કરનારા
છો.

60 હે દેવ, તમે અમને તજી દીધા છે.અમારું કવચ તૂટી ગયું છે. હે
યહોવા, તમે અમારા પર કોપાયમાન થયા છો. મહેરબાની કરીને
અમને ફરીથી સંપૂર્ણ બનાવી દો. 2 તમે ધરતીકંપ કરીને પૃથ્વીને ચીરી
નાખી છે. હે યહોવા, તેને ફરીથી યથાર્થ બનાવી દો. જુઓ તેના પાયા
હલી ગયા છે. 3 તમે તમારા લોકોને અતિ વિકટ સમયમાં લઇ ગયાં છો,
તમે મારેલી લપડાકોએ અમને લથડિયાં ખવડાવ્યાં છે. 4 તમે તમારી
બીક રાખનારાઓને ધ્વજા આપી છે, અને ચેતવણી આપી છે, જેથી
તેઓ વિનાશમાં રક્ષા પામે. 5 આવો અને તમારા જમણા હાથથી અમને
બચાવો. મારી પ્રાર્થનાનો જવાબ આપો અને જેને તમે પ્રેમ કરો છો તેમ-
ને તમે બચાવો. 6 જ્યારે દેવે તેમની પવિત્રતાએ કહ્યું, “વિજય પામીને હું
શખેમનાં ભાગ પાડીશ; અને સુક્કોથની ખીણ મારા લોકમાં વહેંચીશ,”
ત્યારે હું ખૂબ ખુશ થઇશ. 7 ગિલયાદ મારું છે, મનાશ્શા મારું છે; અને
એફ્રાઈમ મારું શિરસ્રણ છે. યહૂદિયા મારો રાજદંડ બનશે. 8 મોઆબ
મારા પગ ધોવા માટેનો વાટકો છે, અને જે મારા પગરખાં લઇ જાય છે તે
અદોમ મારૂં ગુલામ છે. હું પલિસ્તીઓ હરાવીશ અને વિજયના પોકાર
કરીશ.” 9 મોરચાબંધ અદોમ નગરમાં મને કોણ લાવશે? અને તેના પર
વિજય મેળવીને કોણ પ્રવેશ કરાવશે? 10 હે દેવ, શું તમે અમને તજી દી-
ધા છે? તમે અમારા સૈન્ય સાથે આગેકૂચ કરતા નથી. 11 હા યહોવા,
અમારા શત્રુઓ વિરુદ્ધ તમે અમારી સહાય કરો; કારણ, માણસોની
સહાય વ્યર્થ છે. 12 દેવના સાથથી અમે પરાક્રમો કરીશું; કારણ, તેજ
અમારા શત્રુઓને કચડી નાખશે.

61 હે દેવ, મારી પ્રાર્થના સાંભળો અને મારી અરજી પર ધ્યાન
આપો. 2 જ્યારે મારું હૃદય વ્યાકુળ થશે, ત્યારે પૃથ્વીને છેડેથી
હું આપને પ્રાર્થના કરીશ! હું પોતે સુરક્ષાનો મજબૂત ખડક ચઢી શકતો
નથી, તેથી તે પર તમે મને લઇ જજો. 3 તમે મારૂં આશ્રય છો અને મજ-
બૂત બૂરજ છો જે મને મારા શત્રુઓથી બચાવે છે! 4 હું સદાકાળ તમારા
મંડપમાં રહીશ, અને તારી પાંખોના આશ્રયે રહીશ. 5 હે દેવ, મેં તમને
કરેલી પ્રતિજ્ઞાઓ તમે સ્વીકારી છે. જેઓ તમારો ડર રાખે છે અને તમા-
રો આદર કરે છે તેને તમે ઉપહાર આપો છો. 6 રાજાના વર્ષોમાં વૃદ્ધિ કરો
જેથી તે આવનાર પેઢીઓ સુધી જીવે. 7 તે સદાકાળ દેવની સંમુખ રહેશે.
તેની રક્ષા કરવા સત્ય ને કૃપા તૈયાર રાખજો. 8 હું, નિરંતર તમારા નામ-
ની સ્તુતિ ગાઇશ અને દરરોજ મારી પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરીશ.

62 દેવ સમક્ષ મારો આત્મા શાંત રહે છે. મારી રક્ષા કરવા તેની ધી-
રજથી રાહ જોઉ છું, કારણ ફકત તે જ મારૂં તારણ કરી શકે છે.
2 હા, તે એકલાં જ મારા ખડક તથા તારક, તે મારા ગઢ છે; સમર્થ
શત્રુઓ પણ મને પરાજય આપી શકે તેમ નથી, પછી મને શાનો ભય?
3 જે વ્યકિત નમી ગયેલી ભીંત કે ભાગી ગયેલી વાડ જેવી નિર્બળ છે,
તેના ઉપર તમે સર્વ માણસો ક્યાં સુધી આક્રમણ કરશો? 4 તેઓ તેને
તેના શ્રેષ્ઠ સ્થાનેથી નીચે પાડી દેવા ચાહે છે; તેઓ જૂઠથી હરખાય છે,
અને મુખેથી આશીર્વાદ આપે છે, પરંતુ હૃદયથી શાપ આપે છે. 5 મારો
આત્મા દેવ સમક્ષ શાંતિથી અને ધૈર્યથી રાહ જુએ છે. હું અપેક્ષા રાખુ છુ
કે તે મારી રક્ષા કરે; કારણ, તે એકલોજ મને બચાવી શકે તેમ છે. 6 હા,
તે એકલા જ મારા ખડક, તારક અને ગઢ છે, હું ઉથલાઇ જનાર નથી.
7 ઈશ્વરમાં મારું ગૌરવ તથા તારણ છે, મારો સાર્મથ્યનો ખડક અને
આશ્રય પણ ઈશ્વરમાંજ છે. 8 હે લોકો, દેવનો હંમેશા ભરોસો કરો, અને
તમારી શું મનોકામના છે તે તેને કહો. આપણા સૌનો આશ્રય દેવ છે.
9 ખરેખર લોકો મદદ કરી શકતા નથી, દેવની સાથે સરખાવીએ તો,
તેઓ કાંઇજ નથી; ફકત તમારી દમન અને દબાણથી હવાના એક સુસ-
વાટા સમાન છે. 10 દમન કરીને બળજબરીથી વસ્તુઓ લેવાની તમારી
શકિત પર આધાર રાખશો નહિ. લૂંટ કરીને મેળવવું છે એવું વિચારશો
નહિ. જો તમે ધનવાન બનો તો, તમારી સંપત્તિ તમને મદદ કરશે એવો
આધાર રાખશો નહિ. 11 દેવ એકવાર બોલ્યાં છે, ને મેં બે વાર સાંભળ્યું
છે: “સાર્મથ્ય દેવ પાસે છે.” 12 ઓ યહોવા, કૃપા પણ તમારી જ છે, તમે
પ્રત્યેક વ્યકિતને કર્માનુસાર તેના કર્મનું ફળ આપો છો.

63 હે દેવ, તમે મારા દેવ છો; તમારી શોધમાં હું કેટલું ફર્યો? જળ
ઝંખતી વેરાન સૂકી ભૂમિની જેમ; તમારે માટે મારો આત્મા કેટ-
લો તલસે છે! ને દેહ તલપે છે. 2 તેથી તમારું સાર્મથ્ય તથા ગૌરવ જો-
વા, પવિત્રસ્થાનમાં હું અપેક્ષા રાખું છું. 3 કારણ, તમારી કૃપા જીવન કર-
તાં ઉત્તમ છે તેથી જ હું તમારી પુષ્કળ સ્તુતિ કરું છું. 4 હું તમારી સ્તુતિ
મૃત્યુપર્યંત કરીશ, ને હું બે હાથ જોડીને પ્રાર્થના કરીશ. 5 મારી પથારીમાં
હું તમારૂં સ્મરણ કરું છું, અને મધરાતે તમારૂં ધ્યાન ધરું છું. 6 જાણે કે
મેં શ્રેષ્ઠ ખોરાક ખાધો હોય તેમ મારો આત્મા તૃપ્તિ અનુભવશે, આનંદી
હોઠોથી મારું મુખ તમારી સ્તુતિ કરશે. 7 તમે મને સહાય કરી છે, અને હું
તમારી પાંખોની છાયામાં હરખાઇશ. 8 મારા આત્માએ તમારો કેડો પક-
ડ્યો છે, તેથી મને તમારો જમણો હાથ ઊંચકી રાખે છે. 9 જેઓ મારું
જીવન નષ્ટ કરવાની યોજના ઘડે છે, તેઓ જરૂર પૃથ્વીના ઉંડાણમાં
ધકેલાઇ જશે. 10 તેઓ તરવારથી માર્યા જશે, અને જંગલી શિયાળો દ્વા-
રા ખવાઇ જશે. 11 પરંતુ રાજા દેવમાં આનંદ કરશે, અને તેમાંના દરે કે
જેણે તેમને આજ્ઞાંકિત રહેવા વચન આપ્યાં, તે તેમની સ્તુતિ કરશે,
અને જૂઠાઓનાં મોંઢા બંધ કરી દેવાશે.

64 હે યહોવા, મારી ફરિયાદનો પોકાર સાંભળો, શત્રુ તરફના ભય-
થી મને ઉગારો. 2 દુષ્ટ લોકો મારી વિરુદ્ધ કાવતરાં કરે છે અને
મારી સામે ગુપ્ત યોજનાઓ ઘડે છે. તેમનાથી મને છુપાવી દો. 3 તેઓએ
તેમની જીભને તરવાર જેવી તીક્ષ્ણ બનાવી છે. તેમનાં કડવાં શબ્દો
તીર જેવાં છે, જે પાછા ખેંચાઇને વીંધવા માટે તૈયાર છે. 4 તેઓ જાડીમાં
છુપાય છે અને નિર્દોષો ઊપર તેમનાં તીર ચલાવે છે. તેઓ ઓચિંતો જ
હુમલો કરીને તેઓને મારી નાખે છે. આમ કરતાં તેઓ ગભરાતા નથી.
5 તેઓ પોતાની દુષ્ટ ધારણા દ્ઢ કરે છે; અને ગુપ્ત જાળ બીછાવવા મસ-
લત કરે છે; તેઓ કહે છે કે: “અમને અહીં જોનાર કોણ છે?” 6 તેઓ દુષ્ટ-
કૃત્યો કરવા માટે યોગ્ય તકની ચતુરાઇથી રાહ જુએ છે; તેઓનાં હૃદય-
નાં ઊંડાણમાં દુષ્ટ વિચારો અને ખરાબ યોજનાઓ છે. 7 પણ દેવ પોતે
તેઓને “બાણ” મારશે, અને એકાએક તેઓને વીંધી નાંખશે. 8 દેવ તે-
ઓના પોતાના શબ્દો તેમની વિરુદ્ધ ફરે તેમ કરશે. અને તેઓ ઠોકર
ખાશે; જે કોઇ તેઓને જોશે તે સર્વ આશ્ચર્યથી માથાઁ ધુણાવશે. 9 ત્યારે
લોકોને દેવનો ભય લાગશે. અને તેઓ દેવનાં કૃત્યો વિશે બીજાઓને
કહેશે અને દેવનાં અદ્ભૂત કાર્યો વિષે બીજાઓને શીખવશે. 10 સદાચા-
રીઓ યહોવામાં આનંદ માણશે. તે દેવ પર આધાર રાખે છે. અને બધાં
સાચા અનુયાયીઓ તેની સ્તુતિ ગાશે.

65 હે દેવ, સિયોનમાં અમે તમારી સ્તુતિ કરતાં શાંતપણે વાટ જો-
ઇએ છીએ; અને અમે અમારી પ્રતિજ્ઞાઓ પૂર્ણ કરીએ છીએ.
2 તમે હંમેશા લોકોની પ્રાર્થનાઓ સાંભળો છો, અને તેથી બધાં તમારી
પાસે પ્રાર્થના સાથે આવશે. 3 અમારા પાપો અમારા માટે ખૂબ ભારે
બન્યાં છે, પણ તમે સર્વ પાપોને ભૂંસી નાંખો છો. 4 તેઓ કે જેઓને
તમારા પવિત્ર મંડપનાં આંગણાઓમાં તમારી નજીક પહોંચવા તમે
પસંદ કર્યા છે, તેઓ આશીર્વાદિત છે. તમારા ઘરની, એટલે તમારા
પવિત્ર મંદિરની સારી વસ્તુઓથી અમે તૃપ્ત થયા છીએ. 5 હે અમારા તા-
રણનાં દેવ, ન્યાયીકરણથી તમે અદ્ભૂત કૃત્યો વડે અમને ઉત્તર દેશો;
તમે પૃથ્વીની સર્વ સીમાઓના તથા દૂરનાં સમુદ્રો સુધી, તમે સર્વ મા-
નવ જાતનાં એકમાત્ર આશ્રય છો. 6 દેવે તેમની અદભૂત શકિતથી પર્વ-
તો રચ્યાં. તેઓ સાર્મથ્યથી સુસજજીત હતા. 7 તોફાની “સમુદ્રોને” અને

મોજાઓની ગર્જનાને, તથા લોકોનાં હુલ્લડને તમે શાંત કરો છો. 8 આખી
પૃથ્વી પરના લોકો દેવનાં મહિમાવંત કાર્યો નિહાળશે, અને આશ્ચર્ય પા-
મશે. સૂર્યનાં ઉદય અને અસ્તનાં સ્થળોએ તમે આનંદનાં ગીતો ગવડા-
વશો. 9 તમે એ છો જે પૃથ્વીની સંભાળ લે છે અને ભૂમિને પાણી આપે
છે. દેવની નદી પાણીથી ભરેલી છે જેથી તેના લોકોને સારી ફસલ મળે.
10 તમે ખેતરનાં ચાસોને વરસાદનું પાણી આપો છો, વરસાદનાં ઝાપ-
ટાંથી તમે ભૂમિને નરમ કરો છો, અને તેમાં થતી ફસલને આશીર્વાદ
આપો છો. 11 તમે વર્ષને પુષ્કળ ફસલથી આશીર્વાદિત કરો છો. તમે
ઋતુઓના ચક્રને ખૂબ વિપુલતાથી પૂર્ણ કરો છો. 12 વેરાન ખેતરો ઘાસ-
થી ભરાઇ ગયા છે અને ઘાસથી ભરેલી ટેકરીઓ આનંદથી ભરાઇ ગઇ
છે. 13 વળી ઘાસનાં બીડો ઘેટાઓના ટોળાથી ઢંકાઇ જાય છે, અને ખી-
ણો ભરપૂર અનાજના પાકથી ઢંકાયેલી છે; આખી પૃથ્વી હર્ષનાદનાં પો-
કાર કરે છે. અને હા, તેઓ ગીતો ગાય છે.
66 હે સર્વ પૃથ્વીવાસી લોકો, તમે દેવ સંમુખ હર્ષના ગીત ગાઓ.
2 તેમનાં નામનાં ગૌરવની સ્તુતિ ગાઓ. સ્તુતિગાનથી તેમને
મહિમાવાન કરો. 3 દેવને કહો, તમારા કામ કેવાં અદ્ભૂત છે! શત્રુઓ
તમારા સાર્મથ્યથી તમારી આગળ નમે છે. 4 આખી પૃથ્વીની બધી પ્ર-
જાઓ તમારી આગળ નમી જશે, અને તમારી ઉપાસના કરશે, તેઓ
તમારા નામનાં ગૌરવની સ્તુતિ ગાશે. 5 આવો, અને દેવના મહાન કૃત્યો
નિહાળો; કેવાં આશ્ચર્યકારક કાર્યો તેમણે લોકો માટે કર્યા છે! 6 સૂકવી
નાખ્યો તેણે સમુદ્રને, તેનાં લોકોએ પગે ચાલીને નદી પાર કરી. ત્યાં
અમે તેનામાં આનંદિત થયા. 7 તે પોતાના પરાક્રમથી સદાકાળ રાજ કરે
છે; પ્રજાઓની સર્વ હિલચાલ તેની આંખો જુએ છે, બંડખોર પ્રજાજનો
દેવ વિરુદ્ધ માથું ઊંચુ નહિ કરે. 8 હે પ્રજાજનો, આપણા દેવને, ધન્ય-
વાદ આપો અને તેનાં સ્તવનનો ધ્વનિ સંભળાવો. 9 તે આપણા
આત્માને જીવનમાં સુરક્ષિત રાખે છે, અને આપણા પગને લપસી જવા
દેતાં નથી. 10 હે યહોવા, તમે અમારી કસોટી કરી છે; અમને ચાંદીની
જેમ અગ્નિથી શુદ્ધ કર્યા છે. 11 તમે અમને તમારી જાળમાં પકડ્યાં છે;
અને અમારી પીઠ પર ભારે બોજો મૂક્યો છે. 12 તમે અમારા શત્રુઓને
અમારા ઉપર ચાલવા દીધાં, અમને અગ્નિ અને પાણીમાંથી ચાલવું
પડ્યું; પણ તમે અમને અંતે સંપત્તિ અને સમૃદ્ધિનાં સ્થળે લઇ આવ્યા.
13 દહનાર્પણો લઇને હું તમારા મંદિરમાં આવીશ, હું તમારી સંમુખ માન-
તાઓ પૂર્ણ કરીશ. 14 હું સંકટમાં હતો ત્યારે મેં તમારી સમક્ષ પ્રતિજ્ઞાઓ
લીધી હતી. 15 તેથી હું તમારી પાસે આ પુષ્ટ બકરાં, ઘેટાં અને વાછરડાં
લાવ્યો છું; તમારી સમક્ષ દહનાર્પણોની ધૂપ પહોંચશે. 16 હે દેવનાં ભક-
તો, તમે સર્વ સાંભળો; તેમણે મારા હકમાં જે કાંઇ કર્યુ છે તે હું તમને
કહીશ. 17 મેં મારા મુખે તમને અરજ કરી, અને મારી જીભે તેમનું સ્તવન
કર્યુ. 18 જો હું મારા હ્રદયમાઁ દુષ્ટતા કરવાનો ઇરાદો રાખું તો યહોવા મારું
નહિ સાંભળે. 19 પણ દેવે ચોક્કસ મારું સાંભળ્યું છે, અને મારી પ્રાર્થના
પર કાન ધર્યા છે. 20 સ્તુતિ હો દેવની, તેમણે મારી પ્રાર્થના નકારી કાઢી
નથી, કે મારા પરની કૃપા તેમણે અટકાવી નથી.
67 હે દેવ, અમારા પર કૃપા કરો, અને આશીર્વાદ આપો; ને અમારા
પર તમારા મુખનો પ્રકાશ આવવા દો. 2 જેથી પૃથ્વી પરનો પ્ર-
ત્યેક વ્યકિત તમારા માગોર્ વિષે ભલે શીખે. ભલે બધીંજ પ્રજાઓ
તમારા તારણની શકિત વિષે જાણે. 3 હે દેવ, લોકો તમારી આભારસ્તુ-
તિ કરે; સર્વ લોકો તમારી આભારસ્તુતિ કરે. 4 પ્રજાઓ આનંદ કરશે
અને હર્ષથી ગાશે; કારણ, પૃથ્વી પરની પ્રજાઓ ઉપર તમે રાજ કરશો;
અને લોકોનો અદલ ઇન્સાફ કરશો. 5 હે દેવ, લોકો તમારી આભારસ્તુ-
તિ કરે; હે પ્રજાઓ, તમે તેમનો આભાર માનો. 6 પૃથ્વીએ આપણને તે-
નો વિપુલ પાક આપ્યો છે. હા, યહોવા આપણા દેવ આપણને આશી-
ર્વાદ આપશે. 7 દેવ આપણને આશીર્વાદ આપશે, પૃથ્વીનાં સર્વ લોકો
દેવનો ભય રાખો.
68 હે દેવ ઊઠો, તમારા શત્રુઓ વિખરાઇ જાઓ; તેનાં સર્વ શત્રુઓ
તેની પાસેથી ભાગી જાઓ. 2 તેઓને ધુમાડાની જેમ ઉડાવી
નાંખો, જેમ મીણ અગ્નિથી ઓગળી જાય છે; તેમ દુષ્ટો દેવ સંમુખ નાશ
પામો. 3 પણ ન્યાયીઓ આનંદ કરો, અને હર્ષ પામો દેવ સંમુખ; હા, સૌ
અતિ આનંદ કરો. 4 દેવ સમક્ષ ગીત-ગાન કરો, તેમનાં નામનાં સ્તુતિ-
ગાન કરો; જે રેતીનાં રણમાં તેનાં રથ પર સવારી કરે છે. રણમાં તેમના
માટે સડકો બાંધો; જેમનું નામ છે યાહ, તેમની સામે ઉલ્લાસ કરો. 5 આ
દેવ, પોતાના પવિત્રસ્થાનમાં અનાથનાં પિતા ને વિધવાઓનાં રક્ષક
છે. 6 દેવ એકાકી લોકોને ઘર આપે છે. કેદીઓને બંધનમાથી મુકત કરે
છે અને સંપન્ન કરે છે. પણ બંડખોરોને સૂકા અને વેરાન પ્રદેશમાં રહેવા-
ની ફરજ પાડે છે. 7 હે દેવ, જ્યારે તમે લોકોની આગળ આગળ ચાલ્યાં,
અને તમે વેરાન રણમાં કૂચ કરી. 8 દેવ, ઇસ્રાએલના દેવ સિનાઇ પર્વત
પાસે આવ્યાં અને ધરા ધ્રુજી ઊઠી અને આકાશ ઓગળી ગયું. 9 હે દેવ,
તમે ધોધમાર વરસાદ મોકલ્યો; અને સૂક્કી જમીનને તાજી કરી. 10 ત્યાં
તમારી પ્રજાએ કાયમી વસવાટ કર્યો, હે દેવ, તમે તમારી સમૃદ્ધિથી દરિ-
દ્રીઓની ભૂખ ભાંગી. 11 જ્યારે યહોવાએ આદેશ આપ્યો, સ્ત્રીઓનું મોટું
ટોળું બધી જગાએ હતું. લોકોને તે વિષે તું સારા સમાચાર વિષે કહે.
12 “ઉતાવળથી રાજાઓ અને તેના સૈન્યો ભાગી જાય છે અને ઘરે સ્રીઓ
લડાઇમાં કરેલી લૂંટ વહેંચી લે છે. 13 જેઓ ઘેર રહ્યાં છે તેમને રૂપાથી
મઢેલી અને સુવર્ણથી ચળકતી કબૂતરની પાંખો મળશે.” 14 જેમ સા-
લ્મોનના હિમાચ્છાદિત શિખરોનો બરફ પીગળી જાય છે, તેમ જુઓ દેવે
તેઓના શત્રુઓને વિખેરી નાંખ્યા છે. 15 બાશાનનો પર્વત દેવનો ભવ્ય
પર્વત છે, બાશાનનો ઘણાં શિખરોવાળો પર્વત ઘણો મજબૂત છે. 16 હે
પર્વતો, શા માટે તમે સિયોન પર્વતની અદેખાઇ કરો છો? કે જેને યહોવા
પોતાને રહેવા માટે ઇચ્છતા હતાં જ્યાં તે સદાકાળ રહેશે. 17 યહોવા, પો-
તાના અસંખ્ય રથો સાથે સિનાઇના પર્વત પરથી આવે છે; અને તે પો-
તાના પવિત્ર મંદિરમાં આવે છે. 18 જ્યારે તે ઉંચાઇ પર જાય છે, તે બંદી-
વાનોની કૂચને ઘેરે છે, જે લોકો તેમની વિરુદ્ધ થયા હતા તેમની પાસેથી
તથા માણસોપાસેથી ભેટો સ્વીકારવા યહોવા દેવ ત્યાં નિવાસ કરવાં
ગયા. 19 ધન્ય છે પ્રભુને, કે જેઓ રોજ આપણો બોજો ઊંચકી લે છે,
અને તેઓજ સૌનું તારણ કરે છે. 20 તેઓજ આપણને મૃત્યુથી મુકત કરે
છે, યહોવા જ આપણા તારણના દેવ છે. 21 પણ દેવ પોતાનાં શત્રુઓનાં
માથા ફોડી નાખશે, કારણ, તેઓ અપરાધના માગોર્ છોડી દેવાની ના
પાડે છે. 22 મારા પ્રભુને કહ્યું, “હું તેમને બાશાનથી પાછા લાવીશ, પરંતુ
શત્રુઓને ઊંડા સમુદ્રમાંથી પાછા લાવીશ. 23 જેથી ભલે તમે શત્રુઓનાં
રકતમાં ચાલો, અને તમારા કૂતરાઓની જીભને પણ તે ભલે ચાખવા
મળે.” 24 હે દેવ, તેઓ તમારી વિજયકૂચ જોશે! તેઓ મારા રાજાને, વિ-
જય કૂચને દોરતા મારા પવિત્ર દેવને જોશે. 25 આગલી હરોળમાં ગાયકો
કૂચ કરતાં આવે છે. તેમના પછી સંગીતકારો, અને તેઓ ડફલી વગાડ-
તી કન્યાઓથી ઘેરાયેલા છે. 26 હે મંડળો, તમે દેવની સ્તુતિ કરો; ઇસ્રા-
એલના સંતાનો તમે યહોવાની સ્તુતિ કરો. કારણ, એ ઇસ્રાએલનાં ઝરા
સમાન છે. 27 બિન્યામીનનું નાનું કુળ ત્યાં આગેવાની આપે છે, યહૂદા-
ના સરદારો, ઝબુલોન-નફતાલીના સરદારો તેઓની સભા પાછળ છે.
28 હે યહોવા, તમારુ સામથર્ય બતાવો અને અગાઉ તમે અમારે માટે કર્યુ
હતું તેમ, તમારા મોટાં કાર્યો અમારી ભલાઇ માટે જાણ થાય. 29 યરૂશા-
લેમનાં તમારાં મંદિરમાં પૃથ્વીનાં રાજાઓ ઉપહારો લઇને આવે છે.
30 બરુઓ વચ્ચે છુપાયેલા “પ્રાણીઓને” ઠપકો આપો, રાષ્ટોના વાછર-
ડાઁ જેવા લોકોને આખલાઓનાં ટોળાઓને પણ ઠપકો આપો, જેથી
તેઓ તમારે શરણે આવે અને તમારા માટે ચાંદીની ભેટો લાવે, યુદ્ધમાં
આનંદ માણનારાઓને વિખેરી નાંખો. 31 મિસરવાસીઓ તમારા માટે તે-
મની સંપત્તિ લઇને આવશે. કૂશનાં લોકો દેવને તેઓની અર્પણ પ્રશંસા
આપવાં ઉતાવળા થશે. 32 હે પૃથ્વીના સર્વ રાજ્યો તમે દેવ સમક્ષ
ગાઓ, અને યહોવાનું સ્તવન કરો. 33 પુરાતન કાળનાં આકાશોમાં થઇ-
ને વાદળ પર સવારી કરનારા, એ અને જેમનાં પરાક્રમી અવાજથી
આકાશમાં ગર્જના થાય છે તે દેવની સ્તુતિ કરો. 34 પરાક્રમ કેવળ દેવનું
છે, તેમની સત્તા ઇસ્રાએલ પર છે; તેમનું સાર્મથ્ય તથા પરાક્રમ પણ
આકાશોમાં છે. 35 હે દેવ, તમે તમારા પવિત્રસ્થાનોમાં અતિ મહિમાવાન
અને ભયાવહ છો, ઇસ્રાએલના દેવ જેઓ પોતાના લોકોને સાર્મથ્ય તથા
પરાક્રમ આપે છે, તેમને ધન્ય હો!
69 હે દેવ, મારા માથા સુધી પાણી ચઢી આવ્યું છે, મારી રક્ષા કરો.
2 કીચડમાં હું ઊંડે ને ઊંડે ખૂપતો જાઉં છું, જ્યાં ઊભા રહેવાને
પણ આધાર નથી, હું ઊંડા જળમાં આવી પડ્યો છું, જળપ્રલયે મને ડૂ-
બાડી દીધો છે. 3 હું રડી રડીને નિર્ગત થઇ ગયો છું અને મારું ગળું સુ-
કાઇ ગયું છે. મારા દેવની વાટ જોતાં મારી આંખોનું તેજ ઘટી ગયું છે.

4 જેઓ વિનાકારણે મારો દ્વેષ કરે છે, તેઓ મારા માથાના વાળથી વધા-
રે છે; હું નિર્દોષ છું છતાં મારો સંહાર કરવાની યોજના ઘડનારાં વધુ
શકિતશાળી બન્યાં છે. તે શત્રુઓ મારા વિષે અસત્ય બોલે છે. કહે છે મેં
વસ્તુઓ ચોરી હતી. તેઓએ મેં જે વસ્તુઓ ચોરી ન હતી તેનું ભરણ
કરવા મને ફરજ પાડે છે. 5 હે દેવ, તમે મારી મૂર્ખાઇ જાણો છો, અને મા-
રા પાપો તમારાથી છુપાવેલા નથી. 6 હે સૈન્યના પ્રભુ યહોવા, મારા લી-
ધે તમારા અનુયાયીઓ શરમીંદા ન થાય. હે ઇસ્રાએલનાં દેવ, ભલે
જેઓ તમને શોધવા નીકળ્યા છે તેઓનું મારા લીધે અપમાન ન થાય.
7 મેં તમારા માટે શરમ સહન કરી છે, ને મારું મુખ પણ શરમથી ઢંકાયેલું
છે. 8 મારા ભાઇઓને મન હું પારકા જેવો છું, અને મારી માના પુત્રને મન
હું પરદેશી જેવો થયો છું. 9 કારણ, મારું હૃદય દેવ અને તેનાં મંદિર મા-
ટેના ઉત્સાહથી ઉત્તેજીત થયું છે. જેઓ તમારું અપમાન કરે છે તેમના
અપમાનો મારી ઉપર આવ્યાં છે. 10 જ્યારે હું યહોવા સમક્ષ રૂદન અને
ઉપવાસ કરું છું, ત્યારે તેઓ મારી મશ્કરી કરીને નિંદા કરે છે. 11 જ્યારે
હું મારા પાપનું દુ:ખ પ્રગટ કરવા અને આત્માનું રાંકપણું દર્શાવવાં ટાટ-
નાં વસ્ર ધારણ કરું છું, ત્યારે તેઓ મારી મશ્કરી કરે છે. 12 ભાગળમાં
બેસનારાઓ મારી મશ્કરી કરે છે. અને છાકટાઓ મારા વિષે રાસડા
ગાય છે. 13 પરંતુ હે યહોવા, તમારી કૃપાનાં સમયમાં મેં તમારી પ્રાર્થના
કરવાનું ચાલુ રાખ્યું છે, તમારાં ભરપૂર પ્રેમમાં, તારણની સત્યતાએ પ્ર-
ત્યુતર આપો. 14 મને કીચડમાંથી કાઢો, મને ઊંડા પાણીમાં ડૂબવાં દેશો
નહિ અને દ્વેષીઓથી મારી રક્ષા કરો. 15 રેલ સંકટ મારા પર ફરી ન વળે,
સાગરનાં ઊંડાણ મને ગળી ન જાય; અને ડરાવનાર કબરમાં મારી રક્ષા
કરો. 16 હે યહોવા, મારી પ્રાર્થનાનો ઉત્તર આપો; કારણ તારી કૃપ ઉત્તમ
છે; તમારા પુષ્કળ વાત્સલ્ય મુજબ મારા તરફ વળો. 17 તમારું મુખ
તમારા આ દાસથી છુપાવશો નહિ, હું અપાર સંકટોમાં છું, મને જલદી
ઉત્તર આપો. 18 હે યહોવા, આવો, મારા આત્માની રક્ષા કરો! મને મારા
સર્વ શત્રુઓથી મુકત કરો. 19 તમે જાણો છો કે મારે શરમ તથા અપમાન
અને નિંદા સહન કરવાં પડે છે. મારા શત્રુઓએ મારી સાથે કરેલી
વસ્તુઓ તમે જોઇ છે. 20 નિંદાએ મારું હૃદય ભાંગ્યું છે, અને હું લાંબુ
જીવવા માટે ખૂબ દુર્બળ બની ગયો છું. દિલાસો અને આરામ બતાવના-
રની રાહ જોઇ પરંતુ મને કોઇ પણ મળ્યું નહિ. 21 ખોરાકને બદલે મને
પિત્ત ખાવા મળ્યું, ને તરસ લાગતાં મને સરકો પાવામાં આવ્યો. 22 ભલે
તેમનું મેજ તેમના માટે છટકું બને, અને તેમનું મૈત્રીભોજન તેમનો ફાંસ-
લો બને. 23 ભલે તેઓની આંખો કઇપણ જોવા માટે ઝાંખી બને, અને
ભલે તેઓ અંધ બની જાય. અને ભલે તેમની કમરો નબળી બને.
24 ભલે તમે તમારો કોપ તેઓ પર વરસાવો, તમારો ક્રોધાગ્નિ તેઓને
પકડી પાડો. 25 તેમનાં ઘરો ઉજ્જડ થાઓ, ને તેમાં કદી કોઇ નિવાસ કરે
નહિ. 26 કારણ, જેને તમે શિક્ષા કરી છે તેઓ તેની પૂઠ પકડે છે, અને
જેને તમે ઘાયલ કર્યો છે તેનાં દુ:ખની વાત કરે છે. 27 તેઓને શિક્ષા કરો
જેને તેઓ પાત્ર છે. તમે કેટલાં સારા છો તે તેમને ન બતાવો. 28 જીવન
પુસ્તકમાંથી આ લોકોનાં નામ ભૂંસી નાખો, સારા લોકોનાં નામોની યા-
દીના પુસ્તકમાં તેમનાં નામો સાથે ન મૂકો. 29 પણ હે દેવ હું તો
નિ:સહાય અને ઉદાસ છું; હે દેવ, મારી રક્ષા કરો અને મને ઉપર
ઊઠાઓ. 30 પછી હું ગીત ગાઇને દેવના નામનું સ્તવન કરીશ, અને
આભાર માનીને તેમનાં નામની હું સ્તુતિ કરીશ. 31 અને તે બળદનાં
અથવા વાછરડાંનાં બલિદાન કરતાં તેમને વધુ આનંદ આપશે. 32 નમ્ર
જનો તે જોઇને આનંદ પામશે, દેવને શોધનારાઓ તમારા હૃદયો નવું
જીવન પામો. 33 કારણ યહોવા દરિદ્રીઓની અરજ સાંભળે છે, અને તે-
મનાં જે લોકો બંદીવાન આપે છે તેઓનાથી તેઓ પોતાનું મુખ આડું ફે-
રવતાં નથી. 34 આકાશ તથા પૃથ્વી તેમનું સ્તવન કરો; સમુદ્રો તથા તે-
માનાં સર્વ જળચર તેમની સ્તુતિ કરો. 35 કારણ, દેવ સિયોનને તારશે
અને યહૂદિયાનાં નગરોનું નવનિર્માણ કરશે; તેનાં લોકો તે નગરોમાં
વસવાટ કરશે અને તે જન્મભૂમિનો કબજો મેળવશે. 36 વળી તેના સેવ-
કોનાં સંતાન દેશનો વારસો પામશે, તેમનાં નામ પર પ્રીતિ રાખનારાઁ તે-
માં વસશે.

**70** હે દેવ, મારું રક્ષણ કરો; હે યહોવા, મને સહાય કરવાં દોડી
આવો. 2 જેઓ મારો પ્રાણ લેવા ઇચ્છે છે, તેઓ નિરાશ થાઓ
અને મુંજાઇ જાઓ. જેઓ મારું અનિષ્ટ ઇચ્છે છે તેઓ પાછા પડો અને
શરમ અનુભવો. 3 જેઓ મારી મશ્કરી કરે છે, તેઓ પોતાના પરાજયથી
લજ્જિત થાઓ. 4 જેઓ તમારું મુખ શોધે છે, તેઓ તમારામાં આનંદ કરો
અને હર્ષ પામો; જેઓ તમારા તારણ પર પ્રેમ કરે છે તેઓ પોકારીને કહો
કે દેવને મહાન માનો. 5 પણ હું તો દરિદ્રી અને લાચાર છું, હે યહોવા,
ઝટ તમે મારી મદદે આવો; તમે જ એકલાં મારા સહાયક તથા ઉદ્ધાર
કરનાર છો; હે યહોવા, હવે જરાપણ વિલંબ ન કરો.

**71** હે યહોવા, મેં તમારું શરણું લીધું છે. મને શરમિંદો કરશો નહિ.
2 મારા તરફ ન્યાયી થાઓ, અને મને મુકત કરો; મારી રક્ષા કરો,
મારા તરફ વળો અને મારી તરફ કાન ધરી મારો ઉદ્ધાર કરો. 3 જ્યાં હું
સદાને માટે રહી શકું તેવો ગઢ તમે થાઓ, તમે મને તારવાની આજ્ઞા
કરી છે કારણકે તમે મારા ખડક અને મારો ગઢ છો. 4 હે મારા દેવ, તમે
મને દુષ્ટોના ઘાતકી અન્યાયી હાથોમાંથી બચાવો. 5 હે પ્રભુ, ફકત તમે
જ મારી આશા છો! મેં બાળપણથી તમારો વિશ્વાસ કર્યો છે. 6 હું ગર્ભ-
સ્થાનમાં હતો, ત્યારથી તમે મારા આધાર રહ્યાં છો. મારી માતાનાં ઉદ-
રમાંથી મને કાઢનારા તમે જ છો. હે દેવ, હું હંમેશા તમારી સ્તુતિ ગાઇશ.
7 હું બીજા લોકો માટે એક ષ્ટાંત બન્યો છું. પણ તમે તો મારો શકિતશા-
ળી આશ્રય છો. 8 તમારી સ્તુતિથી મારું મુખ ભરપૂર થશે, આખો દિવસ
તમારા ગૌરવની ભરપૂર વાતો થશે. 9 વૃદ્ધાવસ્થા કાળે, મારી શકિત ખૂટે
ત્યારે મને તરછોડી મારો ત્યાગ ન કરો. 10 મારા શત્રુઓ જેઓ મારી વિ-
રુદ્ધ વાતો કરે છે, મારો પ્રાણ લેવાં તાકી રહ્યાં છે; તેઓ અંદરો અંદર
મસલત કરે છે. 11 તેઓ કહે છે કે, "દેવે તેને તજી દીધો છે, આપણે પા-
છળ દોડીને તેને પકડી પાડીએ; કારણકે તેને છોડાવનારું કોઇ નથી."
12 હે દેવ, મારાથી દૂર ન જશો; તમે મારી પાસે આવવાં ઉતાવળ કરો;
અને મને સહાય કરો. 13 મારા આત્માનાં દુશ્મનો ફજેત થઇને નાશ પા-
મો; મને ઉપદ્રવ કરવાને મથનારાઓ નિંદા તથા અપમાનથી ઢંકાઇ
જાઓ. 14 પણ હું તમારી નિત્ય આશા રાખીશ; અને દિવસે દિવસે
અધિક સ્તુતિ કરીશ. 15 તમારાં ન્યાયીપણાનાં અને ઉદ્ધારનાં કૃત્યો મા-
રું મુખ આખો દિવસ પ્રગટ કરશે. તેઓની સંખ્યા કેટલી મોટી છે તે હું
જાણતો નથી. 16 હે પ્રભુ યહોવા, સર્વસમર્થ! હું આવીશ, અને તમારાં
અદભૂત કાર્યોને પ્રગટ કરીશ! તમારા ન્યાયીપણા વિષે લોકોને જણા-
વીશ. 17 હે દેવ, મારા બાળપણમાં તમે મને શીખવ્યું છે, ત્યારથી હું
તમારા ચમત્કારો વિષે જણાવતો રહ્યો છું. 18 હે દેવ, હું હવે ઘરડો થયો
છું ને વાળ પણ સફેદ થયાં છે, ત્યારે મારો ત્યાગ ન કરશો. તમારા સર્વ
ચમત્કારો વિષે હું નવી પેઢી અને તેનાં સંતાનોને જણાવું તે માટે મને
સમય આપો. 19 હે દેવ, તમારું ન્યાયીપણું અતિશય ઉચ્ચ છે; હે દેવ,
તમે મોટાં કામો કર્યાં છે; તમારા જેવો બીજો કોણ છે? 20 ઘણાં ખેદજનક
સંકટો તમે અમને દેખાડ્યાં છે; તમે પૃથ્વીનાં ઊંડાણોમાંથી અમને પા-
છા કાઢી લાવશો; તમે અમને પુર્નજીવિત કરશો . 21 તમે મને અગાઉ
કરતાંય વધારે માન આપશો, અને પાછા ફરીને મને દિલાસો પણ
આપશો. 22 હું તમારું સિતાર સાથે સ્તવન કરીશ, હે મારા દેવ, હું તમારી
સત્યતાનું સ્તવન કરીશ; હે ઇસ્રાએલનાં પવિત્ર દેવ; હું વીણા સાથે
તમારા સ્તોત્રો ગાઇશ. 23 હું તમારી સ્તુતિ કરીશ, ત્યારે મારા હોઠો હર્ષ-
નો પોકાર કરશે, અને ઉદ્ધાર પામેલો મારો આત્મા અતિશય આનંદ પા-
મશે. 24 મારી જીભ આખો દિવસ તમારી દયા અને તમારા ન્યાયીપણા-
ની વાતો કરશે; જેઓ મને હાની પહોંચાડવા ઇચ્છે છે તેઓને લજ્જિત
અને અપમાનિત કરાયાં છે.

**72** હે દેવ, તમે રાજાને ન્યાય કરવા માટે તમારા જ્ઞાન અને અધિ-
કાર આપો, અને રાજાનાં પુત્રોને તમારું ન્યાયીપણું આપો.
2 તેઓ તમારા લોકોનો નિષ્પક્ષતાથી ન્યાય કરશે. તમારાં ગરીબ લોકો-
ને તેઓ ન્યાય કરશે. 3 પર્વતો અને ડુંગરો ન્યાયીપણે લોકો માટે શાંતિ,
આબાદી ને સમૃદ્ધિ લાવશે. 4 તે લોકોમાં ન્યાય કરશે દીનદુ:ખીઓનો,
દરિદ્રીઓનાં દીકરાઓનો ઉદ્ધાર કરશે; અને જુલમગાર પાપીઓને કચ-
ડી નાખશે. 5 તે લોકો, તેઓની પેઢી દર પેઢી આકાશમાં સૂર્ય અને ચંદ્ર
રહે ત્યાં સુધી બીહો અને રાજાને માન આપો. 6 જેમ ખેતરો પર વરસાદ
પડે છે, વરસાદનાં ઝાપટાં જમીન પર પડે છે તેમ રાજા રહે. 7 તેના શા-
સનકાળમા ન્યાયીઓની આબાદી થશે, અને જ્યાં સુધી ચંદ્ર રહેશે
શાંતિ ટકી રહેશે. 8 વળી તે સમુદ્રથી સમુદ્ર સુધી અને યુફ્રેતિસ નદીથી
પૃથ્વીના છેડા સુધી તે રાજ કરશે. 9 તેની સમક્ષ રણવાસીઓ નમશે,

અને તેનાં સર્વ શત્રુઓ ધૂળ ચાટશે. 10 તાશીર્શના રાજાઓ, અને ભૂમ-
ધ્ય સમુદ્રના કિનારાના રાજાઓ, તેમના માટે ભેટો લાવશે અને શેબાના
રાજાઓ તેમની ખંડણી તેઓ પાસે લાવશે. 11 સર્વ રાજાઓ તેને નમન
કરશે, અને સર્વ રાષ્ટ્રો તેની સેવા કરશે. 12 કારણકે તે ગરીબ અને જરુ-
રીયાતવાળા લોકોને બચાવે છે જે તેમને મદદ માટે પોકારે છે, પણ જે-
મનો કોઇ મદદગાર નથી, તેમને તે બચાવે છે. 13 તે લાચાર તથા દરિ-
દ્રીઓ ઉપર દયા બતાવશે, અને દરિદ્રીઓના આત્માનું તારણ કરશે.
14 તે તેઓનાં આત્માઓને જુલમ અને હિંસાથી છોડાવશે; તેઓની
નજરોમાં તેઓનું રકત મૂલ્યવાન છે. 15 શેબાનું સોનું તેમને આપવામાં
આવશે, રાજા ઘણું લાંબુ જીવો! તેમના માટે નિત્ય પ્રાર્થનાઓ થશે;
ધન્યવાદ આપશે સર્વ લોકો સદા તેને. 16 દેશમાં પર્વતોનાં શીખરો પર
પુષ્કળ ધાન્યનાં ઢગલાં થશે, તેનાં ફળ લબાનોનનાં ફળ જેવાં થાઓ,
ઘાસની જેમ વધશે નગરનાં રહેવાસીઓ. 17 તેમનાં નામનો સર્વકાળ
આદર કરવામાં આવશે; અને તેમનું નામ સૂર્ય તપે ત્યાં સુધી ટકશે; તે-
મનાથી સર્વ લોકો આશીર્વાદ પામશે; તેમને દેશનાં સર્વ લોકો ધન્યવાદ
આપશે. 18 ઇસ્રાએલના દેવને, યહોવા દેવને ધન્ય હોજો; એકલા તેઓ
જ આશ્ચર્યકારક કમોર્ કરે છે. 19 તેમનાં મહિમાવંત નામની સર્વદા સ્તુ-
તિ થાઓ! સમગ્ર પૃથ્વી તેમનાં મહિમાથી ભરપૂર થાઓ! આમીન તથા
આમીન! 20 યશાઇના પુત્ર દાઉદની પ્રાર્થનાઓ અહીં પૂર્ણ થાય છે.
73 જેઓના હ્રદય શુદ્ધ છે ઇસ્રાએલ પર; તેમના પર ખરેખર દેવ કૃ-
પાવાન છે. 2 પરંતુ હું લગભગ લપસ્યો અને પાપ કરવા લાગ્યો,
3 કારણ જ્યારે મેં પેલા દુષ્ટ લોકોની શાંતિ અને સમૃદ્ધિ જોઇ. 4 તેઓને
જીવનપર્યંત મુશ્કેલી આવતી નથી, અને તેઓ સમૃદ્ધ અને બળવાન
થતાં જાય છે. 5 તેમનાં પર માનવજાતનાં દુ:ખો આવતાં નથી; અને બી-
જાઓની જેમ તેઓને પીડા થતી નથી. 6 તેઓનો ગર્વ ગળાની કંઠી જે-
વો છે, જે હીરાની જેમ ચમકે છે; તેઓએ હિંસા રૂપી વસ્ત્ર ધારણ કર્યા છે.
7 તેઓ જે વસ્તુઓને જુએ છે તેને વધુ ને વધુ રાખવા ઇચ્છે છે; તેને પ્રા-
પ્ત કરવાના માગોર્ હંમેશા શોધે છે. 8 તેઓ અન્યોની મશ્કરી કરે છે અને
ધિક્કારથી વાત કરે છે, તેમણે અન્યો પર કેવી રીતે દમન કર્યું તેના વિષે
અભિમાનથી બોલે છે. 9 દેવની વિરુદ્ધ તેઓ બણગાં ફૂંકે છે, તેઓની
જીભ અભિમાનથી વાતો કરે છે; પૃથ્વી પર. 10 તેથી દેવના લોકો પણ
તેમની તરફ વળે છે અને તેઓ જે કહે તે સ્વીકારે છે. 11 તેઓ પૂછે છે કે,
“જે કાંઇ બની રહ્યું છે, તે વિષે શું દેવ માહિતગાર છે? શું પરાત્પરમાં કાંઇ
જ્ઞાન છે?” 12 દુષ્ટ લોકોને જુઓ તો તેઓ હંમેશા ચિંતામુકત હોય છે;
અને તેઓ શાંતિમાં રહીને સંપત્તિ વધારતા જાય છે. 13 મે મારું હ્રદય
શુદ્ધ રાખ્યું છે, અને મારા હાથ નિદોર્ષ રાખ્યા છે; પણ તેથી કોઇ વિશેષ
ફાયદો નથી. 14 કારણ હું આખો દિવસ પીડાયા કરું છું, અને દર સવારે
મને શિક્ષા થાય છે. 15 પરંતુ જો મેં આ પ્રમાણે કહેવાનો નિર્ણય કર્યો
હોત, તો મેં તમારા લોકોનો વિશ્વાસઘાત કર્યો હોત. 16 જ્યારે મેં તે સમ-
જવા ઊંડો વિચાર કર્યો, ત્યારે મને લાગ્યું કે તે સમજવું મારે માટે બહુ
કઠીન છે. 17 પછી હું દેવના પવિત્રસ્થાનમાં એક દિવસ ધ્યાન કરવા
માટે ગયો, ત્યાં હું આખરે દુષ્ટ લોકો વિષે તેમનાં ભવિષ્ય અને તેમના
અંત વિષે સમજ્યો. 18 તમે તેઓને લપસણી જગાએ મૂકો છો, અને તે-
ઓને વિનાશમાં ફેંકી દો છો. 19 તેમની સુખસમૃદ્ધિનો તત્કાળ અંત
આવશે, અને તેઓ અનંતકાળપર્યંત ત્રાસ પામશે. 20 તેઓનું વર્તમાન
જીવન કેવળ એક સ્વપ્ન જેવું છે, માનવ સ્વપ્નમાંથી જાગી વાસ્તવિક-
તા નિહાળે છે; તેમ તેઓ જાગ્રત થશે, હે યહોવા સત્ય સબંધી નીશ્ચે.
21 જ્યારે હું આ બધી વસ્તુઓ વિષે વિચારતો હતો ત્યારે મારું હ્રદય
ઉદાસ બની ગયું. 22 કેટલો મૂર્ખ અને અજ્ઞાની છું, હું તે જાણી શક્યો; હે
દેવ, તમારી સમક્ષ હું તો હતો માત્ર એક પશુ જેવો. 23 પરંતુ, તેમ છતાંય,
હું હંમેશા તમારી સાથે છું. અને તમે મારા જમણા હાથને પકડી રાખ્યો
છે. 24 તમારા બોધથી અને સલાહથી જીવનપર્યંત તમે દોરવણી આપ-
શો; અને પછી તમે તમારા મહિમામાં મારો સ્વીકાર કરશો. 25 આકાશમાં
તમારા વિના મારું બીજું કોણ છે; અને પૃથ્વી પર મને બીજું કોઇ પ્રિય
નથી. 26 મારી તંદુરસ્તી ભલે મને છોડી જાય, મારું હ્રદય ભલે તૂટી
જાય, પણ મારી પાસે ખડક છે જેને હું ચાહું છું મારી પાસે દેવ સદાકાળ
માટે છે. 27 પરંતુ તેઓ જે દેવથી દૂર છે તેમનો વિનાશ થશે. અને જેઓ
તમને વફાદાર રહેતા નથી, તેમનો સંપૂર્ણ નાશ તમારા દ્વારા થશે.
28 પરંતુ હું દેવની નજીક રહ્યો છું અને તે મારા માટે સારું છે! મેં મારા પ્ર-
ભુ યહોવાને મારો આશ્રય બનાવ્યો છે! હું તમારા બધાં અદભૂત કૃત્યો
વિષે કહેવા આવ્યો હતો.
74 હે દેવ તમે અમને સદાને માટે શા માટે તજી દીધા છે? તમે
તમારાં ઘેટાનાં ટોળા સામે હજી આજેય ગુસ્સામાં છો? 2 હે યહો-
વા, સ્મરણ કરો; પુરાતન સમયમાં તમે લોકોને પસંદ કરીને ખરીધા.
તમે લોકોને બચાવ્યાં અને તેમને તમારા પોતાના બનાવ્યા. સ્મરણ
કરો સિયોન પર્વત, જે જગાએ તમે રહો છો. 3 દેવ આવો અને આ પ્રા-
ચીન ખંડેરમાંથી ચાલ્યા આવો. તમારા પવિત્રસ્થાનને શત્રુઓએ કેટલું
મોટું નુકશાન કર્યું છે! 4 તમે જ્યાં અમારી મુલાકાત લો છો, તે સ્થળમાં
શત્રુ ગર્જના કરે છે; પોતાનો વિજય દર્શાવવા તેઓએ પોતાની ધ્વજાઓ
ઊભી કરી છે. 5 તેઓ જંગલનાં વૃક્ષો પર કુહાડા ઉગામનારાઓના જેવા
છે. 6 તેઓ તેનું તમામ નકશીદાર કામ કુહાડી-હથોડાથી તોડી નાખે છે.
7 તેઓએ તમારા પવિત્રસ્થાનને આગ લગાડી છે. તેઓએ તમારાં રહે-
ઠાણનો નાશ કર્યો છે. 8 તેઓએ તેમને પોતાને કહ્યું હતું: “તેમને પૂરેપૂરા
કચડી નાંખીએ.” તેઓએ દેશમાંના દેવના બધાં સભા સ્થાનોને બાળી
મૂક્યાં. 9 અમે તમારા લોકો છીએને દર્શાવતી એક પણ નિશાની બચી
નથી, નાશ પામ્યાં છે સર્વ પ્રબોધકો, આ સર્વનો અંત ક્યારે? કોણ કરી
શકે? 10 હે દેવ, ક્યાં સુધી અમારા શત્રુઓ તમારા નામનું અપમાન કર-
શે? શું તમે તેઓને સદા આમ કરવા દેશો? 11 શા માટે તમે વિલંબ કરો
છો? શા માટે તમારા સાર્મથ્યને અટકાવી રાખો છો? હાથ ઉગામીને
તેઓ પર તમારો અંતિમ ઘા કરો. 12 પુરાતન કાળથી, દેવ મારા રાજા છે.
તે પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી લોકોનું તારણ કરે છે. 13 તમે
તમારા મહાન પરાક્રમ વડે રાતા સમુદ્રનાં બે ભાગ પાડ્યાં, વળી તમે
પાણીમાં મહા મત્સ્યોનાં માથાં ફોડી નાખ્યાઁ. 14 પેલા પ્રચંડ પ્રાણીઓ-
ના માથાઓને ટૂકડે ટૂકડા કરીને ભાંગી નાખ્યા અને તેમના શરીરને
રણનાં પ્રાણીઓને ખાવા માટે આપી દીધાં. 15 તમારા લોકોને પાણી પૂ-
રુ પાડવાં, ઝરણાં અને નદીઓ સઘળે વહેવડાવી; નિરંતર વહેતી નદી-
ઓને સૂકવીને તમે સૂકી ભૂમિનો રસ્તો તૈયાર કર્યો . 16 દિવસ અને રાત
બંને તમારા છે, અને તમે જ સૂર્ય અને ચંદ્રનું સર્જન કર્યુ છે. 17 પૃથ્વીની
સીમાઓ, સ્થાપન તમે જ કરી છે; ઉનાળો-શિયાળો ઋતુઓ પણ તમે
બનાવી છે. 18 હે યહોવા, શત્રુઓ તમારી મશ્કરી કરે છે, મૂર્ખ લોકો તમા-
રા નામનો તિરસ્કાર કરે છે, આ વસ્તુઓ યાદ રાખો. 19 હે યહોવા, તમા-
રા હોલાનો જીવ હિંસક પ્રાણીઓનાં હાથમાં જવા દેશો નહિ; તમારા લો-
કોને ભૂલશો નહિ અને હિંસક પ્રાણીઓથી બચાવો. 20 હે યહોવા, તમે
કરેલો કરારનું સ્મરણ કરો, આ દેશના અંધકારમય ભાગમાં હિંસા વ્યા-
પક બની છે. 21 હે દેવ, તમારા આ દુ:ખી લોકોનું સતત અપમાન થવા
ના દેશો. દરિદ્રીઓ અને લાચારોને તમારું સ્તવન કરવાને કારણ
આપો. 22 હે દેવ તમે ઉઠો, અને તમારી લડાઇમાં લડો! મૂખોર્ આખો
દિવસ તમારું અપમાન કરે છે, તેનું સ્મરણ કરો. 23 જેઓ તમારી વિરુ-
દ્ધ થયા છે અને નિત્ય ઊંચાને ઊંચા ચઢે છે તે તમારા શત્રુઓની
ધાંધલ અને બરાડાઓને તમે ના વિસરશો.
75 હે યહોવા, અમે તમારો પુષ્કળ આભાર માનીએ છીએ, તમારું
નામ સન્નિધ છે; માટે તમારો આભાર માનીએ છીએ. લોકો
તમારા આશ્ચર્યકારક કામો પ્રગટ કરે છે. 2 યહોવાએ પ્રત્યુતર આપ્યો,
“હા, હું ચોક્કસપણે ચુકાદા માટે સમય પસંદ કરીશ અને નિષ્પક્ષતાથી
ન્યાય કરીશ. 3 પૃથ્વી અને તેનાં બધાં નિવાસીઓ કદાચ ધ્રુજતાં હશે,
અને પડવાની તૈયારીમાં હશે પણ હું તેને સ્થિર કરીશ.” 4 “મેં ઘમંડીઓ-
ને અભિમાન નહિ કરવાં ચેતવણી આપી છે અને દુષ્ટોને મેં કહ્યું છે કે,
ઘમંડ કરીને ડંફાસ ન મારો.’ 5 શિંગ ઉંચું કરીને અભિમાન સાથે ન બો-
લો ઘમંડ કરીને ડંફાસ ન મારો.” 6 તેથી જે લોકોને મહત્વના બનાવે તે
નથી પૂર્વમાંથી કે નથી પશ્ચિમમાંથી આવતો. તે રણ પર્વતોમાંથી પણ
નથી આવતો. 7 પણ દેવ છે, તે જ ન્યાયાધીશ છે; તે એકને નીચે પાડી
નાખે છે, અને બીજાને ઊંચો કરે છે. 8 યહોવાના હાથમાં કડક ક્રોધના
દ્રાક્ષારસનો પ્યાલો છે; ને ન્યાય ચુકાદો છે જે પૃથ્વી પરના દુષ્ટો પર રે-
ડી દેવાય છે. અને દુષ્ટોએ તેને છેલ્લાં ટીપાં સુધી પીવો પડશે. 9 પરંતુ હું
તો સદાકાળ બીજાઓને આ બાબતો માટે કહીશ. અને હું યાકૂબના દેવ-

ની સ્તુતિઓ ગાઇશ. 10 યહોવા કહે છે કે, “હું દુષ્ટ લોકોનાં સાર્મથ્યને
નષ્ટ કરીશ, પરંતુ હું ન્યાયીઓનાં શિંગ ઊંચાં કરીશ.”

**76** યહૂદિયામાં દેવ પ્રગટ થયેલો છે, ઇસ્રાએલમાં તેમના નામનો
ઊંચો આદર છે. 2 તેમનો મંડપ યરૂશાલેમમાં છે, અને તેમનું
નિવાસસ્થાન સિયોનમાં છે. 3 ત્યાં તેણે ચળકતાં બાણોને ભાંગી ના-
ખ્યાં, ઢાલ-તરવારને શસ્ર ભાંગી નાઁખ્યાં. 4 દેવ, તમે તમારા શત્રુઓને
જ્યાં હરાવ્યાં તે ટેકરીઓ પાછળથી તમે આવો છો ત્યારે તમે મહિમાવંત
લાગો છો. 5 જેઓ શૂરવીર છે, તેઓ લૂંટાયા છે, ને ચિર નિંદ્રાવશ થયા
છે; અને કોઇ પરાક્રમીઓના હાથથી કંઇ પણ થઇ શક્યું નથી. 6 હે યાકૂ-
બના દેવ, તમારી ધમકીથી રથ અને ઘોડા બંને ચિરનિંદ્રામાં પડ્યાં છે.
7 દેવ તમે ભયાવહ છો, તમે કોપાયમાન હો ત્યારે તમારી સામે કોણ
ઊભું રહી શકે? 8 તમે આકાશમાંથી ન્યાય ચુકાદો ફરમાવ્યો, અને ધરતી
ભયભીત બની શાંત થઇ ગઇ. 9 હે દેવ, તમે ન્યાય કરવા માટે તથા દે-
શના નમ્ર લોકોને બચાવવા માટે ઊભા થયા છો. 10 તમારા માણસો
વિરુદ્ધ કોપ તમારી ખચીત પ્રશંસા કરાવશે; અને તમારો જે કોપ બાકી
રહ્યો તે તમે તમારી કમરે બાંધશો. 11 જે પ્રતિજ્ઞાઓ તમે યહોવા તમારા
દેવની સમક્ષ લીધેલી છે તે તમે પૂર્ણ કરો. ભયાવહ દેવ સમક્ષ તમે સૌ,
તમારા દાન લાવો. 12 પૃથ્વીના રાજાઓ તેમનો ભય રાખે છે, કારણ
સરદારોનો ગર્વ તે તોડી નાખે છે.

**77** મે યહોવાને મદદ માટે પોકાર કર્યો; મારી વિનંતી સાંભળે તે
માટે પોકાર કર્યો. 2 જ્યારે મારા માથે ભારે સંકટ આવ્યું, મેં
સહાય માટે યહોવા તરફ દ્રષ્ટિ કરી. મેં તેમને આકાશ તરફ હાથ ઊંચા
કરીને આખી રાત પ્રાર્થના કરી જ્યાં સુધી મારા હકમાં કઈં કરશે નહિ
ત્યાં સુધી દિલાસો પામીશ નહિ. 3 હું દેવનું સંભારું છું, અને નિસાસાની
શરુઆત કરું છું. મને શું થાય છે તે કહેવા માટે હું પ્રાર્થના કરવાનો પ્ર-
યત્ન કરું છું, પરંતુ હું નિર્બળ અને લગભગ મૂર્છિત થાઉં છું. 4 તમે મને
ઊંઘમાંથી જાગતો રાખ્યો હું ખૂબ મુશ્કેલીમાં હતો કે બોલી શકતો નહિ.
5 હું અગાઉના દિવસો અને પૂર્વનાં વર્ષોનો વિચાર કરું છું . 6 તે સમયે
આનંદના ગીતોથી મારી રાત્રીઓ ભરપૂર હતી, હું મનન કરી બદલાયેલી
સ્થિતિ વિષે આત્મખોજ કરું છું. 7 “શું યહોવા સર્વકાળ માટે તજી દેશે?
ફરીથી કદી તે શું પ્રસન્ન થશે નહિ? 8 શું અદ્રશ્ય થઇ ગયો તેમનો અચળ
પ્રેમ? શું નિષ્ફળ ગયાં તેમણે અમને આપેલા વચન?” 9 અમારા પર કૃ-
પા કરવાનુ દેવ શું ભૂલી ગયાં? શું તેમણે તેમની સહાનુભૂતિને કોપમાં
બદલી નાખી? 10 પછી મેં મારી જાતે વિચાર્યું, “મને જે સૌથી વધારે
અસ્વસ્થ કરે છે તે આ છે.” 11 શું પરાત્પર દેવે તેમનું સાર્મથ્ય બતાવવા-
નું બંધ કર્યુ છે? અને હું તેમનાં અગાઉનાં ચમત્કાર સંભારીશ. 12 હું
તમારાં સર્વ કામોનું મનન કરીશ, અને તમારા કૃત્યો વિષે વિચાર કરીશ.
13 હે યહોવા, તમારા માગોર્ પવિત્ર છે, તમારા જેવા મહાન કોઇ દેવ
નથી! 14 તમે ચમત્કારો અને અદભૂત કાર્યો કરનાર દેવ છો, તમે રાષ્ટોને
તમારું સાર્મથ્ય બતાવી દીધું છે. 15 તમે તમારા લોકો યાકૂબ અને યૂસ-
ફનાં બાળકોને તમારા મહાન સાર્મથ્યથી બચાવ્યાં છે. 16 તમને રાતા
સમુદ્રે જ્યારે નિહાળ્યાં ત્યારે તે ભયભીત થયો, અને તેનાં ઊંડાણો પણ
ધ્રૂજી ઊઠયા’તા. 17 વાદળોએ પાણી વરસાવ્યું, ગર્જનાના પડઘા આકા-
શે પાડ્યાં; વીજળીરૂપી બાણો ચોતરફ ઊડ્યા. 18 મેઘ ગર્જનામાંથી
ભયંકર ઘોંઘાટ આવ્યો તારી ગર્જનાનો; વીજળીઓ ચમકી અને જગતને
પ્રકાશિત કર્યુ. અને પૃથ્વી કંપી તથા ડોલી. 19 તમારો માર્ગ તો સમુદ્રમાં,
અને વાટો હતી મહાજળમાં; તમારા પગલાં કોઇનાં જોવામાં આવ્યાં
નહિ. 20 તમે મૂસા તથા હારુનની મારફતે, તમારા લોકોને ઘેટાનાં ટો-
ળાની માફક દોર્યા.

**78** મારા લોકો, મારો નિયમ સાંભળો; મારા મુખના શબ્દોને તમે
ધ્યાનથી સાંભળો. 2 હું ષ્ટાંતો દ્વારા તમારી સાથે વાત કરીશ,
અને હું ભૂતકાળનાં રહસ્યોની વાત સમજાવીશ. 3 જે વાત આપણે
સાંભળી છે તથા જાણી છે; જે આપણા પૂર્વજોએ આપણને કહી છે.
4 યહોવાના મહિમાવંત સ્તુતિપાત્ર કૃત્યો, તેમનું પરાક્રમ અને આશ્ચર્યક-
મોર્ આપણા સંતાનોથી આપણે સંતાડીશું નહિ; આપણે આપણી ભા-
વિ પેઢીને જણાવીશું. 5 કારણકે તેમણે યાકૂબ સાથે તેમનો કરાર કર્યો
અને તેણે ઇસ્રાએલને નિયમ આપ્યો, તેમણે આપણા પૂર્વજોને આદેશ
આપ્યો કે તેમણે તેમના બાળકોને આ બાબતમાં કહેવું. 6 જેથી આવતી
પેઢીનાં જે બાળકો જન્મે તેઓ તે જાણે, અને તેઓ મોટાઁ થઇને પોતાનાં
સંતાનોને તે જણાવે. 7 જેથી તેઓ સહુ દેવનો આશા રાખે, અને દેવનાં
અદભૂત કાર્યોને વિસરી જાય નહિ, અને તેમની આજ્ઞાઓને પાળે.
8 વળી તેઓ પોતાના પિતૃઓ જેવા હઠીલા, બંડખોર, અવિશ્વાસુ અને
દેવને પોતાનું અંત:કરણ સોંપવાનો નકાર કરનાર ન થાય. 9 એફ્રાઇમ-
ના લોકો શસ્રસજ્જ હતાં છતાં તેઓએ યુદ્ધ દિને પીછેહઠ કરી. 10 કારણ,
તેમણે દેવનો કરાર પાળ્યો નહિ; અને તેમના નિયમ પ્રમાણે વર્તવાની
ના પાડી. 11 તેમણે કરેલા અદભૂત ચમત્કારો તેઓએ નિહાળ્યા હતાઁ,
છતાં તેમનાં કૃત્યો વિસરી ગયા. 12 તેઓના પિતૃઓએ મિસર દેશમાં,
સોઆનનાં મેદાનમાં; દેવે કરેલા ચમત્કારો જોયા હતાં. 13 તેમણે તેઓ-
ની સમક્ષ સમુદ્રનાં બે ભાગ કર્યા હતાં, તેઓને તેમાં થઇને સામે પાર
મોકલ્યા હતાં. તેઓની બંને બાજુએ પાણી દિવાલની જેમ સ્થિર થઇ
ગયું હતું, 14 વળી તે તેઓને દિવસે મેઘથી અને આખી રાત, અગ્નિનાં પ્ર-
કાશથી દોરતો. 15 તેમણે રણમાં ખડકને તોડીને, ઊંડાણમાંથી વહેતું
હોય તેમ પુષ્કળ પાણી તેઓને આપ્યું. 16 પછી તેમણે ખડકમાંથી પા-
ણી કાઢયું, અને વહેતી નદીની જેમ પ્રવાહ વહેવડાવ્યો. 17 તેમ છતાં તે-
ઓએ દેવ વિરુદ્ધ પાપ કરવાનું ચાલું જ રાખ્યું, અને અરણ્યમાં પરાત્પર
દેવ વિરુદ્ધ બંડ કરતાં રહ્યા. 18 તેઓએ હઠીલાઇ કરીને દેવની કસોટી
કરી, દેવ તેઓને આપતાહતા તે કરતાં જુદા જ ખોરાકની માગણી કરી.
19 તેઓ દેવની વિરુદ્ધ બોલ્યા અને કહ્યું, “શું રણમાં તે ભોજન મોકલી
શકે? 20 તેમણે ખડકને લાકડી મારી ને, પાણીના ઝરણાં વહેવડાવ્યાં તે
સાચું છે; શું તે આપણને રોટલી આપી શકે છે? અને તેમનાં લોકોને
માંસ આપી શકે?” 21 તેઓએ જે કહ્યું તે સાંભળ્યા પછી, યહોવા કોપાય-
માન થયા, તેઓ ઇસ્રાએલ પર ભારે કોપાયમાન થયા અને યાકૂબ પર
બહુ જ ગુસ્સે થયા. 22 કારણ, તેઓએ દેવમાં તેમનો વિશ્વાસ મૂક્યો
નહિ, અને તેમના તારણ પર વિશ્વાસ કર્યો નહિ. 23 છતાં તેમણે વાદ-
ળાંને આજ્ઞા આપી, અને આકાશનાં દ્વાર ખોલી નાખ્યાં. 24 તેઓના ખો-
રાક માટે માન્નાની વૃષ્ટિ કરી; અને તેમણે સ્વર્ગમાંથી ભોજન આપ્યું.
25 તેઓએ દેવદૂતોનો ખોરાક ખાધો! અને તેઓ તૃપ્ત થયા ત્યાં સુધી
યહોવાએ ભોજન આપ્યું. 26 દેવે તેમનાં મહાન સાર્મથ્યથી દક્ષિણ અને
પૂર્વનો પવન ફૂંકાવ્યો. 27 તેમણે ધૂળની જેમ માંસ અને સમુદ્રની રેતીની
જેમ પક્ષીઓ તેમનાં પર વરસાવ્યાઁ. 28 તેમણે તેઓની છાવણી મધ્યે
અને તેઓનાં તંબુઓની ચોપાસ પક્ષીઓ પાડ્યાં. 29 લોકો ધરાઇ રહ્યાં
ત્યાં સુધી ખાધું, યહોવાએ તેઓને, માગણી પ્રમાણે આપ્યું. 30 પણ
તેઓ તેમની ભૂખનું નિયંત્રણ કરી શક્યાં નહિ, અને માંસ હજી પણ તે-
મના મોંઢાં માઁ હતું. 31 પછી તેમની સામે યહોવાનો કોપ પ્રગટયો, અને
તેમણે ઇસ્રાએલમાં જેઓ સૌથી વધુ શકિતશાળી હતા તેમને મારી ના-
ખ્યાં, તેમણે શ્રેષ્ઠ યુવાનોને મારી નાખ્યાં. 32 આમ છતાં લોકો પાપ કર-
તાં રહ્યાં, અને તેમના ચમત્કારો પર ભરોસો કર્યો નહિ. 33 દેવે તેઓના
વ્યર્થ જીવનનો અંત આપત્તિઓ સાથે કર્યો. 34 જ્યારે જ્યારે તેમણે તે-
માંના કેટલાંકને મારી નાખ્યા, ત્યારે બીજાઓ તેમના તરફ વળ્યા, અને
તેમની મદદ માંગી. 35 ત્યારે તેઓએ યાદ કર્યુ કે, દેવ તેઓના ખડક છે,
અને પરાત્પર દેવ તેઓના તારક છે. 36 પરંતુ તેઓએ પોતાના મુખે તે-
ની પ્રસંશા કરી, અને પોતાની જીભે તેની સમક્ષ જૂઠું બોલ્યા. 37 તેઓનાં
હૃદય યહોવા પ્રત્યે વિશ્વાસુ નહોતા; તેઓ કરારને વફાદાર નહોતા.
38 તેમ છતા તેમણેં દયા દર્શાવી, તેઓનાં પાપોની ક્ષમા આપી, નાશ ન
કર્યો; તેમણે ઘણીવાર ક્રોધ સમાવી દીધો; અને પોતાનો પૂરો કોપ પ્રગટ
કર્યો નહિ. 39 યહોવાએ સંભાર્યુ કે તેઓ કેવળ ક્ષુદ્ર છે; અને એક ક્ષણમાં
પસાર થતાં વાયુ જેવા છે. 40 તેઓએ વષોર્ દરમ્યાન કેટલીવાર રણમાં
યહોવા વિરુદ્ધ બંડ કર્યું; અને રાનમાં દુ:ખી તેમને કર્યા. 41 વારંવાર તે-
ઓએ દેવની કસોટી કરી અને તેઓએ ઇસ્રાએલના પવિત્ર યહોવાને
દુ:ખી કર્યા. 42 તેઓ દેવનાં મહાન સાર્મથ્યને ભૂલી ગયા, તથા તેમણે
શત્રુઓથી તેઓને બચાવ્યાં હતાં, તે ભૂલી ગયાં. 43 યહોવાએ મિસરમાં
ચમત્કારિક ચિન્હો અને સોઆનના મેદાનમાં આશ્ચર્યકમોર્ કર્યા હતાં તે
પણ ભૂલી ગયા. 44 તેણે તેઓની નદીઓને તથા તેઓના વહેળાઓને
લોહી વહેતાં બનાવી દીધાં જેથી તેઓ પી ન શકે. 45 તેમણે મધમાખી-
ઓનું મોટું ઝૂંડ મોકલ્યું, અને જે તેઓને કરડ્યા, અને દેડકાઓએ બધી
વસ્તુઓનો નાશ કર્યો. 46 તેઓની ફસલ તેમણે કાતરાઓને આપી

હતી, ને તેઓનો બધો જ પાક તીડો ખાઇ ગયા હતા. 47 તેમણે તેઓની
દ્રાક્ષવાડીઓ, કરાથી તથા હિમથી તેઓના ગુલ્લરઝાડોનો નાશ કર્યો
હતો. 48 તેઓના ઢોરઢાંખર પર આકાશમાંથી મોટાં કરાનો માર પડ્યો,
અને ઘેટાનાં ટોળાઁ પર વીજળીઓ પડી. 49 દેવે પોતાનો ક્રોપ તેઓ પર
પ્રગટ કર્યો, તેમનો રોષ, ગુસ્સો અને તિરસ્કાર; તેઓની વિરુદ્ધ નાશ
કરનારા દૂતોની માફક મોકલ્યા. 50 તેમણે પોતાના ક્રોપ માટે રસ્તો ખૂ-
લ્લો કર્યો; અને મિસરવાસીઓના જીવન બચાવ્યાં નહિ, પણ તેઓને
વિપત્તિ તથા માંદગીને સોંપી દીધા. 51 પછી તેણે સર્વ પ્રથમ, મિસરમાં
સર્વ પ્રથમ જનિતને મારી નાખ્યાઁ; હામના પ્રથમ જનિત નર બાળકોને
તંબુઓમાં માર્યા. 52 પરંતુ તે પોતાના લોકોને ઘેટાઁનાં ટોળાઁની જેમ
બહાર લાવ્યાં; અને રણમાં થઇને તેઓને સુરક્ષિત ચલાવ્યા. 53 તેઓને
તેમણે એવા સુરક્ષિત ચલાવ્યા કે તેઓ બીધા નહિ, પરંતુ સમુદ્રના પા-
ણી શત્રુઓ પર ફરી વળ્યાં. 54 તેણે તેઓને તેની પવિત્ર ભૂમિમાં, ડુંગરો-
વાળા દેશ તરફ જે તેઓએ તેમની શકિતથી લીધો હતો તેમા ચાલતાં
કર્યા. 55 અને તેમણે અન્ય રાષ્ટોને તે જમીનમાંથી આગળ કાઢી મૂક્યા.
ઇસ્રાએલનાં પ્રત્યેક કુટુંબસમુહને કાયમ વસવાટ કરવા માટે જમીનનો
હિસ્સો આપ્યો. 56 છતાં ત્યારે પણ, તેઓએ પરાત્પર દેવની કસોટી કર-
વાનું અને તેમની વિરુદ્ધ બંડ કરવાનું ચાલુ રાખ્યું અને તેમની આજ્ઞા-
ઓનું અનુસરણ કરવાનો ઇન્કાર કર્યો. 57 તેઓ દેવ પાસેથી દૂર થયા.
તેઓ તેમનાં પૂર્વજોની જેમ દેવને અવિનયી થયાં. ફેંકનારતરફ પાછા
ફરતાં, વાંકા શસ્રની જેમ તેઓ પૂર્વજોની જેમ દિશા બદલતા હતા. 58 તે-
ઓએ ઉચ્ચાસ્થાનો બનાવીને અને જૂઠાં દેવોની મૂર્તિથી દેવને ગુસ્સે
કર્યા. 59 જ્યારે તેઓનાં કૃત્યો દેવે જોયાં દેવનો ક્રોધ પ્રબળ થયો, અને
પોતાના લોકોનો ત્યાગ કર્યો. 60 પછી માણસો મધ્યે તે નિવાસ કરતા;
એ શીલોહના મંડપનો તેમણે ત્યાગ કર્યો. 61 દેવે બીજા લોકોને પોતાના
લોકોને પકડવાં દીધા. દુશ્મનોએ દેવનું "ગૌરવ રત્ન" લઇ લીધું. 62 તે-
મણે પોતાના લોકોનો સંહાર થવા દીધો, કારણકે, તેમનો ક્રોધ અતિ
વધારે હતો. 63 તેઓના યુવાનો અગ્નિથી નાશ પામ્યાં; અને તેઓની
કન્યાઓ તેઓનાં લગ્નગીતો ગવાય તે પહેલાં જ મૃત્યુ પામી. 64 યાજકો-
નો વધ થયો અને તેઓની વિધવાઓ તેઓ માટે રૂદન કરે તે પહેલાં
તેઓ પણ મૃત્યુ પામી. 65 ત્યારે ઊંઘમાંથી કોઇ જાગે, તેમ, તથા દ્રાક્ષા-
રસમાંથી શૂરવીર પુરૂષને શૂરાતન આવે તેમ યહોવા ઊઠયા. 66 તે તેમ-
ના શત્રુઓ તરફ ઢળ્યા, તેમણે તેઓને પાછા વાળ્યા અને તેઓને કાયમ
માટે હિણપદ કર્યા. 67 દેવે યૂસફના પરિવારનો અસ્વીકાર કર્યો, અને
એફ્રાઇમના પરિવારનો પણ સ્વીકાર કર્યો નહિ. 68 પણ યહૂદા કુળને
તથા જેના ઉપર તે પ્રેમ કરતા હતા તે સિયોન પર્વતને તેમણે પસંદ
કર્યા. 69 ત્યાં તેમણે પર્વત જેવું ઉન્નત અને સદા માટે સ્થાપન કરેલી પૃ-
થ્વી જેવું અચળ પોતાનું પવિત્રસ્થાન બાંધ્યું. 70 તેમણે ઘેટાંની સંભાળ
રાખનાર દાઉદને પોતાના સેવક તરીકે પસંદ કર્યો. 71 જ્યાં એ ઘેટા ચાર-
તો હતો ત્યાંથી દેવ તેને લઇ આવ્યા અને પોતાના લોકો, યાકૂબનાં
સંતાન અને ઇસ્રાએલનાં લોકોના પાલક તરીકે અને દેવની સંપત્તિના
પાલક તરીકે નિયુકત કર્યો. 72 દાઉદે તેમને શુદ્ધ હૃદયથી અને કૌશલ્ય
સભર શાણપણથી દોર્યા.

79 હે દેવ, વિદેશી રાષ્ટોએ તમારા લોકો પર આક્રમણ કર્યુ છે. અને
તમારા પવિત્ર મંદિરને અશુદ્ધ કર્યુ છે. અને તેમણે યરૂશાલેમ
તારાજ કર્યુ છે. 2 તેઓએ તમારા સેવકોનાં મૃતદેહોને જંગલી પક્ષીઓને
ખાવા માટે આપ્યાં છે અને તેઓએ તમારા વફાદાર અનુયાયીઓના મૃ-
તદેહોને ખાવા માટે જંગલી પશુઓ છોડ્યા છે. 3 તેઓએ, યરૂશાલેમની
આસપાસ, પાણીની રેલની જેમ રકત વહેવડાવ્યું છે; ત્યાં મૃતદેહોને
દફનાવનાર કોઇ નથી. 4 અમારી આસપાસ આવેલી પ્રજાઓ અમારી
નિંદા, તિરસ્કાર કરે છે, અને અમારા પડોશીઓ મશ્કરી કરે છે. 5 હે યહો-
વા, તમે અમારા ઉપર ક્યાં સુધી કોપાયમાન રહેશો ? તમારા કોપનો
અગ્નિ ક્યાં સુધી સળગતો રહેશે? 6 તમે જે વિદેશીઓ જાણતા નથી
તેઓ ઉપર તમારો ક્રોધ ઉતારો, જે રાજ્યની પ્રજાઓ તમારા નામે અરજ
કરતી નથી . 7 કારણ તેઓએ યાકૂબનો વિનાશ કર્યો છે અને તેના વત-
નને ઉજ્જડ કર્યુ છે. 8 હે યહોવા, અમારા પૂર્વજોનાં પાપોને લીધે અમને
દોષિત ઠરાવશો નહિ; અમારા પર તમારી દયા કરવામાં વિલંબ કરશો
નહિ કારણ, અને બહુ દુર્દશામાં આવી પડ્યાં છીએ. 9 હે અમારા તારણ-
ના દેવ, અમારી સહાય કરો, તમારા નામના મહિમાને માટે, હે દેવ
અમારી રક્ષા કરો, તમારા નામની માટે, અમને અમારા પાપોની માફી
આપો. 10 વિદેશીઓ શા માટે એવું કહે છે કે, "ક્યાં છે તેઓના દેવ?" તે-
ઓએ તમારા લોકોનું લોહી વહેવડાવ્યું છે, તેમને એવી રીતે શિક્ષા કરો
કે અમારી આંખો જુએ અને લોકો તેના વિષે જાણે. 11 બંદીવાનોના નિ-
સાસા તમારી આગળ પહોંચો; તમારા હાથના પરાક્રમે મૃત્યુદંડ પામેલા-
ઓનું રક્ષણ કરો. 12 હે યહોવા, જે અમારા પડોશી રાષ્ટો તમારું અપ-
માન કરે છે, તેઓને તમે સાતગણી સજા કરો. 13 પછી નિરંતર અમે
તમારી આભારસ્તુતિ કરીશું, તમારા લોક તથા ચારાના ઘેટાઁ પેઢી દર પે-
ઢી તમારું સ્તવન કરીશું.

80 હે ઇસ્રાએલનાં પાળક, અમારી પ્રાર્થના સાંભળો; તમે તે જાણો
છો જેણે યૂસફના લોકોને ઘેટાંની જેમ દોર્યા હતા. કરૂબ દેવદૂત
પર બેઠેલા હે દેવ, અમને પ્રકાશ આપો! 2 એફ્રાઇમ, બિન્યામીન અને
મનાશ્શા આગળ તમારું સાર્મથ્ય બતાવો! અમને તારવાને આવ. 3 હે
દેવ, અમને તમે ફેરવો; તમારા મુખનો પ્રકાશ પાડો એટલે અમારો ઉદ્ધાર
થાય. 4 હે સૈન્યોના યહોવા દેવ, ક્યાં સુધી ક્રોધાયમાન રહીને અમારી
પ્રાર્થનાઓ નકારશો? 5 તમે તમારા લોકોને આંસુવાળી રોટલી ખવડાવી
છે અને પુષ્કળ આંસુઓ પાયાં છે. 6 તમે અમને અમારા પડોશીઓને
લડવા માટે યુદ્ધના નિશાન બનાવ્યાં છે; અમરા શત્રુઓ અમારી હાંસી
કરે છે. 7 હે સૈન્યોના દેવ, અમને પાછા ફેરવો, તમારા મુખનો પ્રકાશ
અમારા પર પાડો, જેથી અમારો ઉદ્ધાર થાય. 8 તમે વિદેશી રાષ્ટોને હાંકી
કાઢયા અને અહીં "દ્રાક્ષાવેલો" રોપ્યો. 9 તમે ભૂમિને તેને વાસ્તે સાફ
કરી, તેમાં દ્રાક્ષાવેલાના મૂળ નાંખ્યા, અને તેનાથી દેશ ભરપૂર થયો.
10 તેની છાયાથી પર્વતો ઢંકાઇ ગયા, અને તેની વિશાળ લાંબી ડાળી-
ઓથી દેવદારનાં વૃક્ષો ઢંકાઇ ગયા. 11 તેણે પોતાની ડાળીઓ સમુદ્ર સુ-
ધી પ્રસારી અને તેની ડાંખળીઓ નદી સુધી પ્રસારી. 12 તમે તેનો કોટ
એવી રીતે કેમ તોડ્યો છે કે જેથી રસ્તે જતાં મુસાફરો તેની દ્રાક્ષો ચૂંટી લે
છે? 13 જંગલમાંથી ડુક્કરો આવીને તેને બગાડે છે, અને રાની પશુઓ તે-
ને ખાઇ જાય છે. 14 હે સૈન્યોના દેવ, તમે પાછા આવો, આકાશમાંથી
નીચે દ્રષ્ટિ કરો, અને આ દ્રાક્ષાવેલાની રક્ષા કરો. 15 તમે તમારા જમણા
હાથે જેને રોપ્યો છે, અને તમે બળવાન કર્યો છે, જે દીકરાને પોતાને મા-
ટે, તેનું રક્ષણ કરો. 16 તમારા "દ્રાક્ષાવેલા"ને કાપી નાખ્યો છે અને
અગ્નિથી બાળી નાખ્યા છે. તમારા ક્રોધથી તમારા લોકો નાશ પામશે.
17 તમારા જમણા હાથે જે માણસ છે, અને તમે તમારા પોતાના માટે જે
માનવપુત્રને બળવાન કર્યો છે તેના પર તમારો હાથ રાખો. 18 તમારાથી
અમે કદી વિમુખ થઇશું નહિ; અમને પુર્નજીવન આપો, અને અમે તમા-
રા નામમાં પ્રાર્થના કરીશું . 19 હે સૈન્યોના દેવ યહોવા, અમને પાછા ફેર-
વો; તમારા મુખનો પ્રકાશ અમારા પર પાડો, જેથી અમારો ઉદ્ધાર થાય.

81 દેવ જે આપણું સાર્મથ્ય છે તેમની સમક્ષ મોટેથી સ્તુતિ ગાઓ,
યાકૂબના દેવ સમક્ષ હર્ષનાદ કરો. 2 ઢોલક અને સિતાર અને
મધુર વીણા સાથે તેમના સ્તુતિ-ગાન ગાઓ. 3 રણશિંગડું વગાડો!
આવો અને પૂનમનો દિવસ ઉજવો, નૂતન ચંદ્રનો પવિત્ર દિવસ અને
અન્ય સર્વ પવિત્રપર્વોનુ; ઉમંગે ઊજવો. 4 એમ કરવુંએ ઇસ્રાએલનાં લો-
કો માટે તે વિધિ છે, દેવે યાકૂબને તે હુકમ આપ્યો છે. 5 જ્યારે તે મિસર-
માંથી ઇસ્રાએલીઓને લાવ્યાં ત્યારે દેવે યૂસફસાથે કરાર કર્યો; જ્યાં અમે
એક ભાષા સાંભળી જે અમે સમજ્યાં નથી. 6 દેવ કહે છે, "મેં તમારા
ખભાને બોજથી મુકત કર્યા, મેં તમારા હાથોને વજનદાર ટોપલાંથી મુ-
કત કર્યા. 7 સંકટમાં તમે મને પોકાર કર્યો, તેથી મેં તમને છોડાવ્યાં; ગુ-
પ્તસ્થાનમાંથી ગર્જના દ્વારા મેં તમને પ્રત્યુતર આપ્યો; મરીબાહનાં પા-
ણી આગળ મેં તમારી પરીક્ષા કરી." 8 "હે મારા લોકો, સાંભળો; હે ઇસ્રા-
એલ માત્ર મારું સાંભળો; હું તમને" કડક ચેતવણી આપું છું. 9 અન્ય દે-
વતાઓની આરાધના તમારે કદાપિ કરવી નહિ, અને ઘરમાં મૂર્તિ રાખ-
વી નહિ. 10 કારણ, મિસર દેશમાંથી તમને બહાર કાઢી લાવનાર હું
'યહોવા' તમારો દેવ છું! તમારું મુખ ઉઘાડો અને હું તેને ભરી દઇશ. હું
તમને ખવડાવીશ. 11 પણ ના! મારા લોકોએ મને સાંભળી નહિ; ઇસ્રા-
એલ મારી ચેતવણી સ્વીકારવા ઇચ્છતુ નથી. 12 તેથી તેઓને મેં જવા
દીધા તેમના અંધારિયાં તથા હઠીલા માગેર્; અને તેઓની ઇચ્છા પ્રમા-
ણે જીવવા દીધા. 13 મારા લોકો મારું સાંભળે તો કેવું સારું! અરે, ઇસ્રા-

એલ મારું અનુસરણ કરો અને મારા માગોર્ પર ચાલે તો કેવું સારું!
14 તો હું તેઓના શત્રુઓને પરાજીત કરું અને વહેલા નમાવું; અને તે-
ઓના વેરીની વિરુદ્ધ, મારો હાથ ઝડપથી ઉપાડું! 15 જેઓ યહોવાને
ધિક્કારે છે તેઓ તેમની સામે ભયથી ૂજશે; પણ તેમની સજા તો
સદાને માટે રહેશે. 16 પરંતુ તમને હું, શ્રેષ્ઠ ઘઉંથી તૃપ્ત કરીશ; અને તમ-
ને, ખડકમાંના મધથી સંતોષ આપીશ."

**82** દેવની સભામાં ઈશ્વર ન્યાયાધીશ તરીકે ઊભા રહે છે. 2 દેવ કહે
છે, "તમે ક્યાં સુધી ખોટો ન્યાય કરવાનું ચાલુ રાખશો? ક્યાં સુ-
ધી તમે દુષ્ટો ઉપર વિશેષ કૃપા કરવાનું ચાલુ રાખશો?" 3 "તમે અબળ
અને અનાથને ન્યાય કરો, દુ:ખિત અને લાચારને તેમના હકો પાછા મે-
ળવવા મદદ કરો. 4 અબળ અને દરિદ્રી ને છોડી મૂકો તેમને દુષ્ટોની
પકડમાંથી મુકત કરો. 5 તેઓ જાણતા નથી કે સમજતા નથી; તેઓ
અંધકારમાં ચાલે છે. જ્યારે દુનિયા તેમની આજુબાજુ નીચે ઉતરી રહી
છે." 6 મેં કહ્યું કે "તમે દેવો છો, અને તમે પરાત્પર દેવના દીકરાઓ છો.
7 તો પણ માણસની જેમ મૃત્યુ પામશો અને અન્ય સરદારની મ પડ-
શો." 8 હે દેવ, ઊઠો! પૃથ્વીનો ન્યાય કરો; કારણ, સર્વ પ્રજાઓ તમારા
હાથમાં છે.

**83** હે દેવ, તમે છાના ન રહો; હે દેવ, તમે ચૂપ ન રહો; અને શાંત ન
રહો. 2 જુઓ, તમારા શત્રુઓ હુલ્લડ મચાવે છે. અને જેઓ તમને
ધિક્કાર છે તેમણે તમારી સામે માથું ઊંચું કર્યું છે. 3 તેઓ તમારા લોકો
વિરુદ્ધ કપટભરી યોજનાઓ કરે છે, અને તમારા લોક જેઓ તમને મૂ-
લ્યવાન છે, તેઓની વિરુદ્ધ પ્રપંચ રચે છે. 4 તેઓ કહે છે, "ચાલો, પ્રજા
તરીકેના તેમના અસ્તિત્વનો આપણે સંપૂર્ણ નાશ કરીએ; જેથી ઈસ્રા-
એલના નામનું સ્મરણ કદી ન રહે." 5 તેઓ નિર્ણય સર્વાનુમતે કરે છે,
અને યોજનાઓ કરે છે; તેઓ તમારી વિરુદ્ધ કરાર કરે છે. 6 તંબુમાં રહે-
નાર અદોમીઓ, ઇશ્માએલીઓ, મોઆબીઓ તથા હાગ્રીઓ, 7 ગબાલ,
તથા આમ્મોન ને અમાલેક; અને તૂર દેશના લોકો પલિસ્તીઓ કરાર કરે
છે. 8 તેઓની સાથે આશ્શૂર પણ સામેલ થાય છે; અને લોતના વંશજોને
સહાય કરી છે. 9 તમે જે મિદ્યાન સાથે વ્યવહાર કર્યો હતો, કીશોન નદી
પર સીસરા તથા યાબીન સાથે; તેવોજ વ્યવહાર તમે તેઓની સાથે કરો.
10 એન-દોરમાં તેઓ નાશ પામ્યા, અને ભૂમિ મૃતદેહોના કહોવાણથી
ફળદ્રુપ થઇ. 11 જેમ ઓરેબ તથા ઝએબ મૃત્યુ પામ્યા, તેમ તેઓના સર્વ
શૂરવીરો મૃત્યુ પામો; સર્વ અધિકારીઓના હાલ ઝેબાહ તથા સાલ્મુન્ના
જેવા થાઓ. 12 તેઓએ કહ્યું, ચાલો આપણે પોતાને માટે દેવના નિવા-
સસ્થાનને કબજે કરીએ. 13 હે મારા દેવ, તેઓને વંટોળિયાની ધૂળ જે-
વા; અને પવનથી ઊડતાં ફોતરાં જેવા કરો. 14 જેમ અગ્નિ જંગલોને
ભસ્મ કરે છે, અને આગ પર્વતોને સળગાવે તેમ વિનાશ કરો. 15 તમારા
વંટોળિયાઓ અને તોફાનોથી તેમનો પીછો કરો અને તેમને ડરાવો.
16 તેઓ લજ્જિત થઇ પોતાનાં મુખ સંતાડે તેમ કરો. હે યહોવા, તેઓ
તમારું નામ શોધે. 17 તેઓ હંમેશા લજ્જિત થાઓ, અને ગૂંચવાઇ જાઓ;
તેઓ અપમાનિત થાઓ અને નાશ પામો. 18 જેથી તેઓ જાણે કે તમારું
નામ છે, 'યહોવા' છે અને તમે એકલાં જ સમગ્ર પૃથ્વી પર પરાત્પર દેવ
છો.

**84** હે સૈન્યોનાં યહોવા, તમારું નિવાસસ્થાન કેવું સોહામણું છે!
2 તમારા આંગણામાં આવવા માટે મારો આત્મા ખૂબ ઉત્સુક છે;
જીવતા જાગતા યહોવા દેવ માટે મારું હ્રદય તથા મારો દેહ હર્ષનાદ કર-
શે. 3 હે સૈન્યોના યહોવા, મારા રાજા તથા મારા દેવ, ચકલીઓને પોતા-
નું રહેવાનું સ્થાન તથા અબાબીલને પોતાનાં બચ્ચાં રાખવા માળો
બાંધવા તમારી વેદીની પાસે જ છે તે સ્થાન મળ્યું છે. 4 તમારા ઘરમાં
વસનારાઓને ધન્ય છે; તેઓ સદા તમારા સ્તુતિગીત ગાશે. 5 જેઓ
યહોવામાં બળવાન, અને જેઓનાં હ્રદય તમારા માગોર્ માટે ઉત્સુક છે,
તેઓને ધન્ય છે. 6 તેઓ બાકાની ખીણમાંથી યાત્રા કરે છે. જેને દેવે પા-
ણીના ઝરા જેવી બનાવી છે. પાનખર ઋતુંની વર્ષા પાણીનો ઝરો બના-
વે છે. 7 તેઓ વધારે ને વધારે સાર્મથ્યવાન, થતાઁ આગળ વધે છે; તેઓ-
માંનો દરેક જણ સિયોનમાં, દેવ સમક્ષ હાજર થાય છે. 8 હે સૈન્યોના દેવ
યહોવા; મારી પ્રાર્થના સાંભળો; હે યાકૂબના દેવ, મને ધ્યાનથી સાંભ-
ળો. 9 હે દેવ, અમારી ઢાલને જુઓ; તમે જેને રાજા તરીકે અભિષિકત
કર્યા છે, તેમના પર કૃપાષ્ટિ કરો. 10 કારણ, અન્યસ્થળનાં હજાર દિવસ
કરતાં તારા આંગણામાંનો એક દિવસ શ્રેષ્ઠ છે, દુષ્ટોના તંબુમાં રહેવુ તે
કરતાં મારા દેવના મંદિરમાં દરવાન થવું, તે મને વધારે પસંદ છે. 11 કા-
રણ કે યહોવા દેવ સૂર્ય તથા ઢાલ છે, યહોવા કૃપા તથા ગૌરવ આપશે;
ન્યાયથી વર્તનારને માટે તે કંઇ પણ શ્રેષ્ઠ બાબત બાકી રાખશે નહિ.
12 હે સૈન્યોના યહોવા, તેને ધન્ય છે; જે રાખે છે ભરોસો તમારા ઉપર.

**85** હે યહોવા, તમારા દેશ પર તમે તમારી કૃપા દર્શાવી છે. અને
તમે યાકૂબના બંદીઓને આ દેશમાં પાછા મોકલી આપ્યા છે.
2 તમારા લોકોના પાપો તમે માફ કર્યા છે; અને તમે તેઓનાઁ બધા પા-
પોનું પ્રાયશ્ચિત કર્યુ છે. 3 તેથી હવે તમારા કોપનો ભસ્મ કરનારા ક્રોધનો
અંત આવ્યો છે. 4 હે મારા દેવ, અમારા તારનાર, તમારા પર પ્રેમ કરવા-
માં તમે અમને સંસ્થાપિત કરો. જેથી ફરી કદી તમારે અમારા ઉપર ક્રો-
ધીત ન થવું પડે. 5 શું તમે સદા અમારા પર કોપાયમાન રહેશો? શું
તમારો કોપ પેઢી દર પેઢી લંબાવાશે? 6 હે યહોવા, અમને પુન:પ્રસ્થા-
પિત કરો જેથી અમે, તમારા લોકો ફરી તમારામાં આનંદ પામીએ.
7 તમારો પ્રેમ અને દયા, અમારા ઉપર રેડી દો. અને અમને તમારું તા-
રણ પમાડો. 8 યહોવા દેવ જે કહે છે તે હું કાળજી પૂર્વક સાંભળુ છું. યહો-
વા તેના લોકોને અને તેના વફાદાર અનુયાયીઓને શાંતિનું વચન આપે
છે; પરંતુ તેઓ તેમની મૂર્ખાઇ તરફ ચોક્કસ પાછા ન વળે. 9 જેઓ તેમ-
નો ભય રાખે છે તેમને દેવનું તારણ છે. બહુ જલદી અમારી ભૂમિ પર
અમે માન પૂર્વક રહીશું. 10 કૃપા અને સત્યતા એકબીજાની સાથે મળેલી
છે; ન્યાયીપણાએ તથા શાંતિએ એકબીજાને ચુંબન કર્યુ છે. 11 પૃથ્વી-
માંથી સત્ય ઉપર ઉંચે જાય છે. અને ન્યાયીપણું આકાશમાંથી વરસશે.
12 હા, યહોવા 'કલ્યાણ' આપશે; અને આપણો દેશ મબલખ પાક ઉપ-
જાવશે. 13 તેમનું ન્યાયીપણું આગળ ચાલશે, અને તેમનાં પગલા માટે
માર્ગ તૈયાર કરે છે.

**86** હે યહોવા, મને ધ્યાનથી સાંભળો અને મને ઉત્તર આપો; કા-
રણ કે હું નિર્ધન તથા અસહાય છું. 2 મારા જીવનની રક્ષા કરો,
કારણ હું તમારો વફાદાર અનુયાયી છું, હે મારા દેવ, તમારા પર આસ્થા
રાખનાર સેવકને બચાવો. 3 હે યહોવા, મારા પર દયા કરો, કારણ;
આખો દિવસ હું તમારી સમક્ષ પોકાર કરું છું. 4 હે યહોવા, તમારા સેવ-
કને આનંદ આપો; હે પ્રભુ, હું મારું જીવન તારા હાથમાં સોંપુ છું. 5 હે પ્ર-
ભુ, તમે ઉત્તમ; અને ક્ષમા કરનાર છો. સહાયને માટે તમને પ્રાર્થના કર-
નારા પર તમે બંધનમુકત પ્રેમ દર્શાવો. 6 હે યહોવા, મારી પ્રાર્થના સાંભ-
ળો; મારી કૃપા માટેની પ્રાર્થના સાંભળો. 7 મારા સંકટના ટાણે હું તમને
પોકાર કરીશ, ને મને ખાતરી છે કે તમે મને ઉત્તર આપશો. 8 હે યહોવા,
અન્ય દેવોમાં તમારા જેવો દેવ કોઇ નથી; અને તમારા જેવા પરાક્રમો
પણ કોઇનાઁ નથી. 9 હે યહોવા, તમે જે રાષ્ટોનું સર્જન કર્યુ છે તે બધાં
આવીને તમને પ્રણામ કરશે; અને તેઓ તમારા નામનો મહિમા ગાશે.
10 કારણ તમે મહાન દેવ છો, અને અદભૂત ચમત્કારના કરનાર છો;
તમે જ એકલાં દેવ છો. 11 હે યહોવા, તમે તમારા માર્ગ શીખવો; અને હું
તે માર્ગ પર ચાલીશ અને સત્યનું પાલન કરીશ, તમારા નામનો આદર
કરવાને મારા હ્રદયને એકાગ્ર કરો. 12 હે પ્રભુ, મારા દેવ, મારા પૂર્ણ
અંત:કરણથી હું તમારી સ્તુતિ કરીશ; અને હું તમારા નામને સર્વદા
મહિમા આપીશ. 13 કારણ, મારા પર તમારી અનહદ કૃપા છે; તમે શેઓ-
લનાં ઊંડાણથી મારી રક્ષા કરી છે. 14 હે દેવ ઘમંડી અને ઉદ્ધત માણસો
મારી સામા થયા છે; અને ક્રૂર અને દુષ્ટ માણસો મારો સંહાર કરવા માટે
મારી પાછળ પડ્યાં છે તેઓ તમારું સન્માન કરતાં નથી. 15 પણ, હે પ્ર-
ભુ, તમે તો દયાને કરુણાથી ભરપૂર છો; તમે ક્રોધ કરવામાં ધીમા પણ
નિરંતર કૃપા અને સત્યતાથી ભરપૂર છો. 16 મારી તરફ ફરો, ને મારા પર
દયા કરો; તમારા આ દાસને તમારું સાર્મથ્ય આપો. મારી રક્ષા કરો, હું
તમારો વફાદાર પુત્ર છું. 17 તમારી ભલાઇ ચિન્હ મને આપો; મારા
શત્રુઓ તે જોશે અને નિરાશ થશે, કારણ હે યહોવા એ તમે છો જેણે મને
મદદ કરી છે, અને દિલાસો આપ્યો છે.

**87** તેમણે તેનો પાયો પવિત્ર પર્વત પર સ્થાપન કર્યો છે. 2 યાકૂબ-
ના સર્વ નગરો કરતાઁ, સિયોનના દરવાજાઓને યહોવા વધુ ચા-
હે છે. 3 હે દેવના નગર, તમારા વિષે અદભૂત વાતો કહેવાય છે. 4 જેઓ
મને જાણે છે તેમની વચ્ચે હું મિસર અને બાબિલનો એક યાદીમાં ઉમેરો
કરીશ; મારા કેટલાક લોકો પલિસ્તી, તૂર અને કૂશમાં જન્મ્યા છે. 5 વળી

સિયોન વિષે કહેવાશે કે: “આ માણસ સિયોનમાં જન્મેલો હતો, અને તે
માણસ પણ ત્યાં જન્મ્યો હતો.” દેવે તે શહેર બાંધ્યુ અને તેની સ્થાપના
કરી. 6 યહોવા પોતાના બધા લોકોની એક યાદી રાખે છે, જેમાં દરેક
જન્મ્યો હતો તે જગાનો સમાવેશ થાય છે. 7 વળી તેઓ ઉત્સવમાં ગીત
ગાશે, “મારું સર્વસ્વ તારામાં છે.”

**88** હે યહોવા, મારા તારણના દેવ, મેં રાતદિવસ તમારી વિનંતી
કરી છે. 2 હવે તમે મારી પ્રાર્થના સાંભળો, મારા પોકાર તમારે
કાને ધરો. 3 કારણ, મારું જીવન મુશ્કેલીઓથી ભરેલું છે, અને હું જલ-
દીથી મૃત્યુ પામીશ. 4 હું કબરમાં ઊતરનાર ભેગો ગણાયેલો છું, અને
લાચાર સ્થિતિમાં આવી પડ્યો છું. 5 હું મૃત્યુ પામેલાઓની વચ્ચે પડેલા
મૃતદેહ જેવો છું. જેઓ યુદ્ધમાં મરાયા હતાં અને કબરમાં દટાયા હતાં.
અને હવે તમે તેઓને યાદ કરતાં નથી. તેઓ તમારી કાળજીથી દૂર રખા-
યાં છે, હું તેમના જેવો છું. 6 તમે મને છેક નીચલા ખાડામા ધકેલી દીધોં,
તેવા ઊંડાણોમાં અતિશય અંધકાર હોય છે. 7 મારા પર તમારો કોપ
અતિ ભારે છે, તમારા સર્વ મોજાંથી હું દુ:ખમાં ડૂબી ગયો છું; 8 તમે મારા
મિત્રો પાસે મારો તિરસ્કાર કરાવ્યો છે, મારાથી તેઓ દૂર નાસે છે; હું
ફાંદામા ફસાઇ ગયો છું, અને તેમાંથી બહાર નીકળી શકતો નથી.
9 દુ:ખને લીધે મારી આંખો ક્ષીણ થાય છે; હે યહોવા, મેં તને સદા અરજ
કરી છે અને તારી સંમુખ મેં મારા હાથ જોડ્યા છે. 10 શું તમે મૂએલા સમ-
ક્ષ ચમત્કારો દેખાડશો? શું તેઓ ઊઠીને તારી આભારસ્તુતિ કરશે?
11 શું તારી કૃપા કબરમાં કે વિનાશમાં તારું વિશ્વાસપણું જાહેરમાં કરવા-
માં આવશે? 12 શું અંધકારમાં તારાં કૃત્યો જે આશ્ચર્યકારક છો, તે વિષે,
અને વિસ્મરણના દેશમાં તમારાં ન્યાયીપણાંનાં કૃત્યો વિષે જણાવવા-
માં આવે છે? 13 પણ, હે યહોવા, સહાય માટે હું વિનંતી કરું છું, દરરોજ
સવારે મારી પ્રાર્થના તમારી સમક્ષ આવશે. 14 હે યહોવા, તમે મને તજો
છો શા માટે? શા માટે તમે તમારું મુખ મારાથી ફેરવો છો? 15 મારી યુવા-
વસ્થાથી જ મારા પર દુ:ખ આવી પડ્યાં છે. હું તમારા ગુસ્સાથી દુ:ખી
થયો છું. હું અસહાય છું. 16 તમારો ઉગ્ર કોપ મારા પર આવી પડ્યો છે,
તમારા તરફથી મને ત્રાસ થાય છે; અને તેથી હું ભાંગી પડ્યો છું. 17 મને
જળપ્રલયની જેમ દરરોજ ઘેરી લે છે, અને તેઓએ મને ડૂબાડી દીધો છે.
18 તમે મારા મિત્રોને અને સબંધીઓને મારાથી દૂર કર્યા છે. ફકત અંધ-
કાર જ મિત્ર તરીકે મારી પાસે છે.

**89** યહોવાની કૃપા વિષે હું સદા ગાઇશ, સર્વ પેઢી સમક્ષ વિશ્વાસ
પ્રગટ કરીશ. 2 મે કહ્યું છે, “તમારો સાચો પ્રેમ સદાકાળ અવિ-
ચળ છે, અને તમારી વિશ્વસનીયતા આકાશની જેમ સતત રહે છે.”
3 યહોવા દેવ કહે છે, “મેં મારા પસંદ કરેલા સાથે કરાર કર્યો છે; અને મા-
રા સેવક દાઉદને વચન આપ્યું છે. 4 તારા સંતાનને હું સદા ટકાવી રા-
ખીશ; અને વંશપરંપરાગત તારું રાજ્યાસન સ્થિર રાખીશ.” 5 પણ, હે
યહોવા, તમારા ચમત્કારોની સ્તુતિ આકાશો કરશે, અને સંતોની મંડળી
તમારી વિશ્વસનીયતા વિષે ગાશે. 6 આકાશમાં કોણ છે એવું જેની તુલ-
ના થાય યહોવા સાથે? જનોમાં દેવદૂતોમાં તેના જેવો કોણ છે? 7 સંતો-
ની સભા દેવથી ડરે છે અને આદર આપે છે. જેઓ તેમની આસપાસ છે
તે સર્વ કરતાં, દેવ ભયાવહ અને સન્માનનીય છે. 8 હે સૈન્યોના દેવ
યહોવા; તમારા જેવું શકિતશાળી બીજું કોણ છે? તમે સંપૂર્ણ રીતે વિશ્વા-
સપાત્ર છો. 9 સમુદ્રના ગર્વ પર તમે અધિકાર ચલાવો છો; તમારા
શબ્દોચ્ચાર તોફાની ઊછળતાં મોજાઓને શાંત કરે છે. 10 તમે એ છો
જેણે રાહાબને હરાવ્યો છે. તમારી શકિતશાળી ભુજે તમારા શત્રુઓને
વિખેરી નાખ્યાં છે. 11 આકાશો અને પૃથ્વી તમારાં છે, કારણ; તમે જગત
તથા તેના સર્વસ્વને સ્થાપન કર્યા છે. 12 ઉત્તર તથા દક્ષિણ તમારાથી
ઉત્પન્ન થયા છે; તાબોર ને હેમોર્ન તમારા નામે હર્ષનાદ કરે છે . 13 તમા-
રો હાથ બળવાન છે, તમારા ભુજમાં પરાક્રમ છે, તમારો જમણો હાથ
ઊંચો છે, મહિમાવંત સાર્મથ્યમાં. 14 ન્યાયીપણું તથા ન્યાય તમારા રા-
જ્યાસનનો પાયો છે; તમારું વિશ્વાસપણું અને પ્રેમ સર્વ કૃત્યોમાં પ્રગટ
થાય છે. 15 હે યહોવા, ધન્ય છે આનંદદાયક નાદને જાણનાર લોકોને,
તેઓ તમારા મુખના પ્રકાશમાં. 16 તેઓ આખો દિવસ તમારા નામમાં
આનંદ માણે છે; અને તમારા ન્યાયીપણાંથી તેઓને ઊંચા કરાય છે.
17 તમે તેમની અદભૂત શકિત છો. અને તમારી ઇચ્છા પ્રમાણે તેઓની
વૃદ્ધિ થાય છે. 18 હા, યહોવા અમારી ઢાલ છે, અમારો ઇસ્રાએલનો પવિ-
ત્ર રાજા છે. 19 તમારા ભકતોને તમે દર્શનમાં કહ્યું, “જે પરાક્રમી છે તેને
મેં સહાય કરી છે; અને એક યુવાનને મેં સામાન્ય લોકોમાંથી પસંદ કરી-
ને ઊંચો કર્યો છે. 20 મારો સેવક દાઉદ મને મળ્યો છે; મેં તેને મારા પવિ-
ત્ર તેલથી અભિષિકત કર્યો છે. 21 મારો હાથ તેને ટકાવી રાખશે; અને
મારો ભુજ તેને સાર્મથ્ય આપશે. 22 તેનાં શત્રુઓ તેને હરાવીં નહિ શકે.
અને દુષ્ટ લોકો તેની પર વિજય પામી શકશે નહિ. 23 તેમનાં શત્રુઓને
તેમની સમક્ષ હું પાડી નાખીશ; અને હું તેમના દ્વેષીઓનો પણ નાશ
કરીશ. 24 પરંતુ મારું વિશ્વાસપણું તથા મારી કૃપા તેમની સાથે ચાલુ
રહેશે; ને હું નિરંતર પ્રેમ રાખીશ; મારા નામને માટે પણ હું તેમને મહાન
બનાવીશ. 25 હું તેના હાથ સમુદ્ર પર સ્થાપન કરીશ; અને નદીઓ પર
તેનો જમણો હાથ. 26 તે મને કહેશે; તમે મારા પિતા છો તમે મારું તા-
રણ કરનાર ખડક છો, તમે મારા દેવ છો જે મને બચાવે છે. 27 હું એની
સાથે, મારા પ્રથમજનિત પુત્રની જેમ વ્યવહાર કરીશ; અને તેને પૃથ્વી
પર સૌથી મહાન બળવાન રાજા બનાવીશ. 28 મારી કૃપા તેના પર સદા
રહેશે, અને મારો વિશ્વાસપાત્ર કરાર સદાકાળ તેની પાસે રહેશે!” 29 હું તે-
મની વંશાવળી સદાને માટે પ્રસ્થાપિત કરીશ. સ્વર્ગના અવિનાશી દિવ-
સો જેમ, તેના શાસનનો અંત આવશે નહિ. 30 જો તેનાં સંતાનો મારા
નિયમોનો ભંગ કરશે, અને મારા હુકમોને નહિ અનુસરે. 31 જો તેઓ મા-
રા વિધિઓને તોડશે, અને મારી આજ્ઞાઓ પ્રમાણે નહિ જીવે, 32 તો હું
તેમને તેમના પાપોની શિક્ષા સોટીથી કરીશ, અને તેમનાં અન્યાયને
ફટકાથી જોઇ લઇશ. 33 પરંતુ હું મારી કૃપા તેમની પાસેથી લઇ લઇશ
નહિ, અને હું તેમને અવિશ્વાસુ નહિ બનું. 34 ના, હું મારા કરારનું ખંડન
નહિ કરું, મેં તેમને જે વચન આપ્યું છે તે હું કદાપિ નહિ બદલું. 35 મેં
એકવાર તારી પવિત્રતાના સમ ખાધા છે; હું દાઉદ સાથે જૂઠું બોલીશ
નહિ . 36 તેમનાં સંતાન સર્વકાળ ટકશે, અને સૂર્યની જેમ તેમની હકૂમત
સર્વદા ટકશે. 37 તેમનું શાસન મારા વિશ્વાસુ સાક્ષી ચંદ્રની જેમ અચળ
રહેશે.” 38 પરંતુ, દેવ, તમે તમારા અભિષિકતને તજી દીધાં છે, તિરસ્કાર
કર્યો છે અને સજા કરી છે. 39 તમે તમારા સેવક સાથે કરેલો કરાર રદ
કર્યો છે, તમે રાજાના મુગટને કચરામાં ફેંકી દીધો હતો. 40 તેનું રક્ષણ
કરનાર દીવાલોને તમે તોડી પાડી છે, અને તેના દરેક કિલ્લાને તમે ખંડેર
બનાવ્યાં છે. 41 માગેર્ જનારા સર્વ કોઇ તેને લૂટી લે છે, અને પડોશી-
ઓથી તે અપમાનિત થાય છે. 42 તમે તેમના વૈરીઓને તેમની વિરુદ્ધ
બળવાન કર્યા છે. અને તેમના સર્વ શત્રુઓને તમે આનંદિત કર્યા છે.
43 તમે તેમની તરવાર નીચી પાડી છે, અને તેમને યુદ્ધમાં સહાય નથી
કરી. 44 તેના ગૌરવનો તમે અંત આણ્યો છે અને તેમનું રાજ્યાસન ઉથ-
લાવી મૂક્યું છે. 45 તેના યુવાનીના દિવસો તમે ટૂંકા કર્યા છે અને તમે તે-
ને શરમાવ્યો છે. 46 હે યહોવા, ક્યાં સુધી આમ ચાલ્યા કરશે? શું તમે
આમ છુપાઇ રહેશો સદાકાળ? શું તમારો કોપ અગ્નિની જેમ સળગતો
રહેશે? 47 હે યહોવા, તમે મારા આયુષ્યને કેટલું ટૂંકુ બનાવ્યું છે તે જરા
સંભારો; શું તમે માનવજાતનું નિર્માણ વ્યર્થતાને માટે કર્યુ છે? 48 છે કોઇ
એવો જે જીવશે ને મરણ દેખશે નહિ? શેઓલના કબજામાંથી પોતાનો
આત્મા કોણ છોડાવશે? 49 હે યહોવા, તમારી અગાઉની કૃપા ક્યાં છે?
જેનું તમે તમારી વિશ્વસનીયતા દ્વારા દાઉદને વચન આપ્યું હતું. 50 હે
યહોવા, તમારા સેવકોનું અપમાન કરનાર તે બધાં લોકોને હું સહન કરું
છું તે શરમનું સ્મરણ કરો. 51 હે યહોવા, તમારા શત્રુઓએ મારું અપ-
માન કર્યુ, અને તેઓએ તમારા પસંદ કરેલા રાજાનું પણ અપમાન કર્યુ!
52 યહોવાની સદાય સ્તુતિ કરો. આમીન તથા આમીન!

**90** હે દેવ, સર્વ પેઢીઓમાં તમે અમારું નિવાસસ્થાન થયા છો.
2 તમે પૃથ્વી અને જગતને રચ્યાં હતાં અને પર્વતો ઉત્પન્ન થયા
હતાં; તે પહેલાંથી તમે જ દેવ છો; તમારી શરૂઆત નથી કે અંત નથી.
3 તમે મનુષ્યોને ધૂળમાં પાછા લઇ જાઓ છો, અને કહો છો; મનુષ્યપુ-
ત્રો પાછા ફરો. 4 કારણ, તમારી દ્રષ્ટિમાં હજાર વષોર્ વીતી ગયેલી કાલ-
ના જેવાં છે! અને રાતના એક પહોર જેવાં છે! 5 તમે અમને, પાણીના પ્ર-
વાહની જેમ ઘસડી જાઓ છો; અમારું જીવન એક સ્વપ્ન જેવું છે, અને
સવારમાં અમે જોઇ ચૂક્યા હોઇએ છીએ કે અમે ઘાસ જેવાં છીએ. 6 તે
સવારે ખીલે છે અને વધે છે; સાંજે સૂકાઇ જાય છે ને પછી ચીમળાય છે.
7 કારણ, તમારા કોપથી અમારો નાશ થાય છે, અને તમારા રોષથી
અમને ત્રાસ થાય છે. 8 તમે અમારાં બધાં પાપો, અને અમારા ગુપ્ત પાપો

પણ જાણો છો અને તે બધાં તમે જોઇ શકો છો. 9 તમારા રોષમાં અમારા
સર્વ દિવસો વીતી જાય છે; નિસાસાની જેમ અમે વર્ષો પૂરાં કરીએ
છીએ. 10 અમારી વયના દિવસો સિત્તેર વર્ષ જેટલા છે; કેટલાંક તેમનાં
બળને કારણે એંસી વર્ષ પણ જીવે. તો પણ શ્રેષ્ઠ વર્ષો મિથ્યા, શ્રમ,
તથા દુ:ખ માત્ર છે; કારણ તે ઝડપથી પસાર થઇ જાય છે અને અમારો
અંત આવી જાય છે. 11 તમારા ક્રોધના બળને અને કોપને કોણ જાણી
શકે? અને તમને ઘટે છે તેવો તમારો ભય કોણ રાખી શકે? 12 અમારા
જીવન કેટલાં ટૂંકા છે તે તમે અમને શીખવો, જેથી અમે ખરેખર જ્ઞાની
બની શકીએ. 13 હે યહોવા, અમારી પાસે પાછા આવો; પાછા આવો
અને તમારા સેવકોને દિલાસો આપો. 14 પ્રત્યેક સવારે અમને તમારી કૃ-
પાથી ભરી દો. જેથી અમે અમારા સર્વ દિવસો સુખ અને આનંદમાં વિ-
તાવીએ. 15 અમારા અગાઉનાં દુ:ખોનાં પ્રમાણમાં અમને વધુ આનંદ
આપો; અમારી પીડાના વરસોના બદલામાં અમને સારા વર્ષો આપો.
16 તમારા સેવકોને ફરીથી, તમારા ચમત્કારો દેખાડો; અને તમારો મહિ-
મા તેઓના પુત્રો પર દેખાડો. 17 અમારા યહોવા દેવની કૃપા અમારા પર
થાઓ; અને અમને સફળતા આપો; અમારાં સર્વ કૃત્યોને તમે કાયમ
માટે સ્થાપન કરો .

91 પરાત્પર દેવના આશ્રયસ્થાનમાં જે વસે છે, તે સર્વસમર્થની
છાયામાં રહેશે. 2 હું યહોવાને કહું છું કે, “તમે મારો આશ્રય અને
ગઢ છો એજ મારા દેવ છે, હું તમારો વિશ્વાસ કરું છું.” 3 કારણકે તે તને
સર્વ ફાંદાઓથી અને જીવલેણ રોગ મરકીથી બચાવશે. 4 તેની પાંખો પ્ર-
સરાવીને તે તારું રક્ષણ કરશે, તમને તેની પાંખો નીચે આશ્રય મળશે,
તેની સત્યતા તમારું રક્ષણ કરતી ઢાલ અને દીવાલ જેવાં હશે. 5 હવે તું
રાત્રે બીશ નહિ કે દિવસે ઊડતા તીરોથી તું બીશ નહિ. 6 અંધકારમાં ફે-
લાતા ભયંકર ચેપી રોગથી કે મધ્યાહને આવતી પ્રાણઘાતક બિમારીથી
તું ગભરાઈશ નહિ. 7 તારી બાજુએથી હજાર અને તારે જમણે હાથ પડશે
દશ હજાર, છતાં તને સ્પર્શી શકશે નહિ. 8 તે તમે તમારી પોતાની
આંખોથી જોશો કે દુષ્ટ લોકોને કેવી સજા થાય છે! 9 શા માટે? કારણ
તમે યહોવાનો વિશ્વાસ કરો છો. તમે પરાત્પર દેવને તમારી સુરક્ષિત
જગા બનાવ્યાં છે. 10 તેથી તમારા પર કોઈ અણધારી આફત આવશે
નહિ, તમારી પાસે, તમારા રહેઠાણની જગાની નજીક કોઈ બિમારી
આવશે નહિ. 11 કારણ, તું જ્યાં જાય છે ત્યાં દેવ તારું રક્ષણ કરવા માટે
તેના દેવદૂતોને આજ્ઞા કરશે. 12 તેઓ તને પોતાના હાથોમાં ધરી રાખશે,
જેથી તારો પગ માર્ગમાં ખડકો સાથે અફળાય નહિ. 13 માર્ગમાં સિંહ મળે
કે પગ પડે ઝેરી સાપ પર, તો પણ તું સુરક્ષિત રહેશે; હા, તું તેઓને પગ
નીચે છૂંદી નાંખશે. 14 યહોવા કહે છે, “તે મને ચાહે છે તેથી હું તેને મુક્ત
કરીશ, હું તેને મહાન બનાવીશ, કારણકે તે મારું નામ જાણે છે. 15 તે
પોકાર કરશે એટલે હું ઉત્તર દઈશ; સંકટમાં હું તેની સાથે રહીશ અને તેને
છોડાવીને સન્માનીશ. 16 હું તેને દીર્ઘ આયુષ્યથી તૃપ્ત કરીશ, અને હું
મારું તારણ તેને આપીશ.”

92 યહોવાની સ્તુતિ કરવી અને આભાર વ્યક્ત કરવો અને તમારા
નામના, પરાત્પર દેવના સ્તોત્ર ગાન કરવા તે સારું છે. 2 દસ
તારવાળા વાજીંત્ર તથા સિતાર કે વીણાના મધુર સ્વર સાથે ગાવું તે
ખરેખર સારું છે. 3 પ્રત્યેક સવારે તેમના માટે તમારો પ્રેમ વ્યક્ત કરો,
અને પ્રત્યેક રાત્રે તેમનામાં તમારો વિશ્વાસ વ્યક્ત કરો. 4 હે યહોવા, તમે
તમારા કૃત્યોથી મને આનંદ પમાડ્યો છે; હું તમારા હાથે થયેલાં કામને
લીધે હર્ષનાદ કરીશ. 5 હે યહોવા, તમારા કૃત્યો કેવાં મહાન છે! તમારા
વિચારો બહુ ગહન છે. 6 ઊંડો વિચાર ન કરી શકે તેવા લોકો તે સમજી
શકતાં નથી, અને મૂર્ખ માણસ કદાપિ તેનો અર્થ પામી શકતો નથી.
7 દુષ્ટ માણસો ઘાસની જેમ પુષ્કળ ઉગે છે, ભૂંડુ કરનાર દરેક જગાએ
ફૂટી નીકળે છે. પણ તેમનો સદાને માટે વિનાશ થશે. 8 પણ, હે યહોવા,
તમે સર્વકાળનાં પરાત્પર દેવ છો. 9 હે યહોવા, તમારા શત્રુઓ અવશ્ય
નાશ પામશે; અને સર્વ ભૂંડુ કરનારાઓ વિખેરાઈ જશે. 10 પણ તમે મને,
જંગલી ગોધાના જેવો, બળવાન કર્યો છે; મને મૂલ્યવાન તેલ ચોળવામાં
આવ્યું છે, જે ચેતનવંતો બનાવે. 11 મેં નજરે નિહાળ્યું છે ને મારા શત્રુ-
ઓની હાર થઈ છે; અને મેં સાંભળ્યું છે, કે મારા દુષ્ટ દુશ્મનોને ભગાડી
મૂકવામાં આવ્યા છે. 12 સદાચારી લોકો તાડના વૃક્ષની જેમ ખીલશે
અને લબાનોનના દેવદાર વૃક્ષોની જેમ વધશે. 13 યહોવાના મંદિરમાં જે-
ઓને રોપવામાં આવેલા છે; તેઓ આપણા દેવનાં આંગણામાં ખીલી
ઊઠશે. 14 તેઓ ઘડપણમાં પણ ફળધારક થશે, અને તેઓ તાજાં લીલાં
વૃક્ષો જેવાં હશે. 15 તેથી તેઓ કહેશે કે, યહોવા સારા અને પ્રામાણિક છે.
તેઓ મારા ખડક છે, અને તેમના વિશે કઁઈ અન્યાયી નથીં.

93 યહોવા રાજ કરે છે, ભવ્યતા અને સાર્મથ્યને તેણે વસ્રોની જેમ
ધારણ કર્યા છે તેણે જગતને તેવી રીતે પ્રસ્થાપિત કર્યુ છે કે તે
અચળ રહેશે. 2 હે દેવ, પુરાતન કાળથી તમારું રાજ્યાસન સ્થપાયેલું છે;
તમે સદાકાળ અસ્તિત્વ ધરાવો છો! 3 હે યહોવા, નદીઓએ ગર્જનાકરી
છે. વહેતી નદીઓએ તેમનો અવાજ વધાર્યો છે અને પોતાના મોજાં
ઊંચા ઉછાળ્યાં છે. 4 તમે વધુ ગર્જના કરતાં સમુદ્રોથી વધારે શકિતશા-
ળી છો, અને સમુદ્રોનાઁ મોજાઁઓથી વધારે બળવાન. ઉપરવાળો દેવય-
હોવા,પરમ ઊંચામાં પરાક્રમી છે. 5 તમારા કરારો સંપૂર્ણ રીતે વિશ્વાસપા-
ત્ર છે, હે યહોવા, સર્વકાળ પવિત્રતા તમારા મંદિરને શોભે છે.

94 હે દેવ યહોવા, ખોટું કરનારને તમે શિક્ષા કરો છો, હે બદલો લે-
નારા દેવ! દર્શન આપો! 2 હે પૃથ્વીના ન્યાયાધીશ, ઊઠો અને
ગવિર્ષ્ઠોને યોગ્ય શિક્ષા કરો. 3 હે યહોવા, ક્યાં સુધી તમે દુષ્ટ લોકોને
તેમની હસીમજાક કરવા દેશો? કેટલી વધારે? 4 તેઓ અભિમાન યુક્ત
વાતો કરે છે; અને સર્વ અન્યાય કરનારા વડાઈ કરે છે. 5 હે યહોવા,
તેઓ તમારા લોકો પર જુલમ કરે છે; અને તેઓ તમારા વારસાને દુ:ખ દે
છે. 6 તેઓ વિધવાઓ અને વિદેશીઓની ભારે હત્યા કરે છે; અનાથની
હત્યા કરે છે. 7 તેઓ કહે છે, “યહોવા અમને જોતા નથી. યાકૂબના દેવ
ધ્યાન આપતા નથી.” 8 હે મૂર્ખ લોકો, ડાહ્યાં થાઓ! ઓ અજ્ઞાની લોકો
તમે ક્યારે ડાહ્યાં થશો? 9 જે કાનનો ઘડનાર છે, તે નહિ સાંભળે? આંખ-
નો રચનાર જે છે તે શું નહિ જુએ? 10 જે રાષ્ટોને શિસ્તમાં રાખે છે, તે શું
તમને સખત ઠપકો આપતા નથી? દેવ લોકોને તેઓ જે જાણે છે તે શી-
ખવે છે. 11 યહોવા સારી રીતે જાણે છે કે માનવજાતના વિચારો કેવાં વ્ય-
ર્થ અને મર્યાદિત છે! 12 હે યહોવા, તમે જેને શિસ્તમાં રાખો છો અને
તમારા નિયમશાસ્ત્ર શીખવો છો, તેઓને આશીર્વાદ મળેલા છે. 13 તમે
તેના પર સંકટના દિવસો નથી આવવા દેતા, દુષ્ટને માટે ખાડો ખોદાય
ત્યાં સુધી. 14 યહોવા, પોતાના લોકોને તરછોડશે નહિ; અને પોતાના
વારસાનો ત્યાગ કરશે નહિ. 15 કારણ, ન્યાય પાછો વળશે અને તે ન્યા-
યીપણું લાવશે અને સર્વ યથાર્થ હૃદયવાળાં તેને અનુસરશે. 16 મારો
પક્ષ લઈને દુષ્ટોની સામે કોણ ઉભું રહેશે? દુષ્કર્મીઓથી મારું રક્ષણ
કરવા કોણ મારી બાજુમાં ઉભું રહેશે? 17 યહોવાએ મારી સહાય ન કરી
હોત તો હું જરૂર મૃત્યુ પામ્યો હોત. 18 જ્યારે મેં વિચાર્યુ કે હું હવે પડવા-
નો છું ત્યારે યહોવા દેવે મને ટેકો આપ્યો. 19 હે યહોવા, મારા મન અને
હૃદય ચિંતા અને પરેશાનીથી ભરાઈ ગયા હતાં. પરંતુ તમે મને દિલાસો
આપ્યો અને મને સુખી બનાવ્યો. 20 હે દેવ, ચોક્કસ, તમે દુષ્ટ શાસકો-
ને ટેકો આપતા નથી જેઓએ પોતાના નિયમો દ્વારા લોકોનું જીવન
વધારે મુશ્કેલ બનાવી દીધું છે. 21 તેઓ સારા લોકો પર હુમલો કરે છે;
તેઓ નિંદોર્ષને દોષિત ઠરાવીને તેમને મૃત્યદંડ આપે છે. 22 પણ યહો-
વા મારા ગઢ છે, અને મારો દેવ મારા સાર્મથ્યવાન ખડક છે; અને હું તે-
મનો આશ્રય લઉં છું. 23 દેવ દુષ્ટ માણસોના પાપ પ્રમાણે તેઓને બદ-
લો આપ્યો છે; અને તે બધાનો સંહાર કરશે, તેઓની દુષ્ટતાને કારણે,
યહોવા આપણો દેવ તેઓનો જરૂર સંહાર કરશે.

95 આવો, યહોવા સમક્ષ આપણે ગાઈએ; આપણા તારણના
ખડક સમક્ષ હર્ષનાદ કરીએ. 2 તેની હજૂરમાં આભારસ્તુતિ સાથે
આવીએ; અને આપણે તેની સમક્ષ સ્તુતિગાન કરીએ. 3 કારણ, યહોવા
મહાન દેવ છે; તે સર્વ દેવો પર મહાન રાજા છે. 4 તેમનાં હાથમાં પૃથ્વી-
નાં ઊંડાણો છે; અને ઊંચા પર્વતોના માલિક પણ તે છે. 5 જેણે સમુદ્ર
બનાવ્યો અને કોરી ભૂમિ પણ બનાવી તેમના તે માલિક છે. 6 આવો
આપણે તેને ભજીએ અને નમીએ; ને આપણા કર્તા યહોવાને ઘૂંટણિયે
પડીએ. 7 કારણ તે આપણા દેવ છે, આપણે તેના ચારાના લોક અને તે-
ના હાથના ઘેટાં છીએ. આજે જો તમે તેની વાણી સાંભળો તો કેવું સારું!
8 દેવ કહે છે, “ઈસ્રાએલી લોકોએ અરણ્યમાં મરીબાહમાં તથા માસ્સાહ-
માં, પોતાના હૃદય કઠણ કર્યા, તેવું તમે કરશો નહિ. 9 તમારા પિતૃ-
ઓએ મારી કસોટી કરી, પરંતુ પછીથી તેઓએ જોયું કે હું શું કરી શકું
છું!” 10 યહોવા દેવ કહે છે, “ચાળીસ વર્ષ સુધી મેં તે પેઢીને સહન કરી છે

પણ જ્યારે હું તેમનાથી કંટાળ્યો ત્યારે મેં કહ્યું; તે લોકો અવિનયી છે.
તેઓએ મારા માગોર્ કદી શીખ્યાં નથી. 11 મેં મારા અતીશય ક્રોધમાં પ્ર-
તિજ્ઞા લીધી કે મેં તેઓ માટે નક્કી કરેલા વિશ્રામમાં વચનનાં દેશમાં,
તેઓ કદાપિ પ્રવેશ કરશે જ નહિ."

96 યહોવા સમક્ષ નવું ગીત ગાઓ! સમગ્ર પૃથ્વી પર સર્વત્ર એ
ગીત ગાઓ, યહોવા સમક્ષ ગાઓ. 2 તેમના નામને ધન્યવાદ
આપો; દિનપ્રતિદિન તેનું તારણ પ્રગટ કરો. 3 પ્રજાઓને તેના મહિમા
વિષે જણાવો અને બધા લોકોને તેમના ચમત્કારો વિષે કહો. 4 કારણ,
યહોવાની મહાનતા અવર્ણનીય છે; અને તે બહુ સ્તુત્ય છે; તેજ માત્ર
ભયાવહ દેવ; સર્વ "દેવોની" ઉપર છે. 5 લોકોના સર્વ "દેવો," મૂર્તિઓ
માત્ર છે; પણ યહોવાએ આકાશોને ઉત્પન્ન કર્યા છે. 6 ભવ્યતા અને
મહિમા તેમની સામે ચમકે છે. સાર્મથ્ય અને સૌન્દર્ય તેમના પવિત્રસ્થા-
નમાં છે. 7 હે વિશ્વની સર્વ પ્રજાઓ, યહોવા એકલા જ છે મહિમાવાન
અને પરાક્રમી; તે તમે કબૂલ કરો ને તેમને માન આપો . 8 યહોવાને ઘટે
છે ગૌરવ જે તે તેમને આપો, તેમની આરાધના કરવાને તમારા અર્પણો
લઇને તેનાં આંગણામાં જાઓ. 9 પવિત્રતાની સુંદરતા ધારણ કરી, યહો-
વાની ઉપાસના કરો; અને ધ્રૂજો સમગ્ર પૃથ્વી તેમની સમક્ષ. 10 પ્રજાઓ-
ની વચ્ચે જાહેર કરો, યહોવા એ છે જે જગત પર શાસન કરે છે અને ટકા-
વી રાખે છે, તેથી તેનો વિનાશ થશે નહિ. બધાં લોકોનો નિષ્પક્ષતાથી
ન્યાય કરશે. 11 આકાશો આનંદ પામો! હે પૃથ્વી, સુખી થાવ! હે ગર્જના
કરતા સમુદ્રની વિશાળતા હર્ષથી પોકારો. 12 ખેતરો અને તેમાં જે કઇં
ઊગે છે તે સર્વ સુખી થાઓ. હે વનનાં સર્વ વૃક્ષો યહોવાની આગળ હર્ષ
સાથે ગાઓ. 13 પૃથ્વીનો ન્યાય કરવાને, યહોવા આવે છે; તે સર્વ પ્રજા-
ઓનો ન્યાય સત્યતાએ કરશે; અને જગતનો યથાર્થપણે.

97 યહોવા શાસન કરે છે. હે પૃથ્વી, આનંદિત થાઓ! હે દૂરનાં પ્રદે-
શો, સુખી થાઓ! 2 તેની આસપાસ મેઘ ને અંધકાર છે; ન્યાયી-
પણું તથા ન્યાય તેના રાજ્યાસનનો પાયો છે. 3 અગ્નિ તેમની આગળ
ચાલે છે અને તેમનાં સર્વ શત્રુઓને ભસ્મ કરે છે. 4 તેમની વીજળીઓ
જગતને ચમકાવે છે અને પ્રકાશિત કરે છે; તે જોઇને પૃથ્વી થરથર કાંપે
છે. 5 પૃથ્વી પરના બધાં પર્વતો સમગ્ર પૃથ્વીના પ્રભુ યહોવા સમક્ષ મી-
ણની જેમ પીગળી ગયાં. 6 તેનું ન્યાયીપણું આકાશો પ્રગટ કરે છે; અને
સર્વ લોકોએ તેનો મહિમા જોયો છે. 7 મૂર્તિઓનું પૂજન કરનારા અને તે-
ના વિષે ડંફાસ હાંકનારા સહુ શરમાઓ, તેમના "દેવો" નમશે અને યહો-
વાની ઉપાસના કરશે. 8 હે યહોવા, તમારા અદલ ન્યાયથી સિયોન
આનંદ પામ્યું, તે સાંભળી યહૂદિયાની દીકરીઓ હરખાઇ. 9 હે યહોવા,
સમગ્ર પૃથ્વીના પરાત્પર દેવ છો; અને તમે સર્વ દેવો કરતાં શ્રેષ્ઠ છો.
10 હે યહોવા, પર પ્રેમ કરનારાઓ, તમે દુષ્ટતાને ધિક્કારો, તે પોતાના
ભકતોના આત્માઓનું રક્ષણ કરે છે. તે તેઓને દુષ્ટોના હાથમાંથી છો-
ડાવે છે. 11 સજ્જનો પર તેજ પ્રકાશે છે, જેઓના હૃદય શુદ્ધ છે તેઓને સુ-
ખથી ભરી દેવામાં આવે છે. 12 હે ન્યાયી લોકો, તમે યહોવામાં આનંદ
કરો; અને તેનાં પવિત્ર નામને માન આપો!

98 યહોવા સમક્ષ, કોઇ એક નવું ગીત ગાઓ; કેમ કે તેણે અદભૂત
કૃત્યો કર્યાં છે. એણે પવિત્ર બાહુબળનાં પુણ્ય પ્રતાપે જીત પ્રા-
પ્ત કરી છે. 2 યહોવાએ પોતાની તારણ શકિત બતાવી છે, તેમણે તેમનું
ન્યાયીપણું પ્રજાઓ સમક્ષ પ્રગટ કર્યુ છે. 3 તેણે પોતાનો સાચો પ્રેમ
તથા વિશ્વાસીપણું ઇસ્રાએલના લોકો માટે સંભાર્યા છે. બધા દૂરના રા-
ષ્ટોએ બધી સીમાઓએ તેમાં વસતાં પોતાની સગી આંખે જોયું કે,
આપણા દેવે તેમના લોકોને કેવી રીતે બચાવ્યા. 4 હે પૃથ્વીનાં લોકો,
યહોવાની આગળ હર્ષનાદ કરો. આનંદ અને ઉત્સાહથી તેમની સ્તુતિ
ગાઓ. 5 તમે સિતારનાં તાર સાથે તાર મેળવો, સૂર સાથે યહોવાના
સ્તોત્રો ગાઓ. 6 આપણા રાજા યહોવા સમક્ષ આનંદના પોકારો કરો!
ભૂંગળા અને રણશિંગડા જોરથી વગાડો. 7 સઘળા સમુદ્રોને ત્યાં સંચર-
નારા ગર્જી ઊઠો, આખું જગત અને આ ધરતી પર રહેનારાં ગાજો. 8 નદી-
ઓના પ્રવાહો તાળી પાડો અને પર્વતો ગાન પોકારો; યહોવાની સમક્ષ
અકત્ર હર્ષનાદ કરો. 9 યહોવા ધરતી પર ન્યાય શાસન કરવાં પધારે છે.
તે ન્યાયીપણાએ પૃથ્વીનો, અને યથાર્થપણાએ લોકોનો ન્યાય કરશે.

99 યહોવા રાજ કરે છે, પ્રજાઓ તેમની સમક્ષ કાઁપો, કરૂબીમ પર
તે બિરાજે છે, સમગ્ર પૃથ્વી કાપો. 2 સિયોનમાં યહોવા મહાન છે
તે સર્વ પ્રજાઓમાં પ્રતિષ્ઠિત છે! 3 તેઓ તમારા મહાન અને ભયાવહ
નામની સ્તુતિ કરો; તે પવિત્ર છે. 4 સાર્મથ્યવાન રાજા ન્યાયને ચાહે છે,
હે દેવ, તમે ભલાઇનું સર્જન કર્યુ છે અને તમે ભલમનસાઇ અને ન્યાય
ઇસ્રાએલમાં સ્થાપિત કર્યો છે. 5 આપણા દેવ યહોવા મોટો મનાવો,
અને તેમના ચરણોમાં તેમના પાયાસન પાસે આવો અને તેની ઉપાસ-
ના કરો, તે પવિત્ર છે. 6 તેમના યાજક, મૂસા, હારુન અને શમુએલે,
સહાયને માટે યહોવાને વિનંતી કરી; ત્યારે તેમણે તેઓને ઉત્તર આપ્યો.
7 તેમણે મેઘસ્તંભમાંથી તેમની સાથે વાત કરી, તેઓ તેમને આપેલા તે-
ના આદેશો અને કાયદાને અનુસર્યા. 8 હે યહોવા, અમારા દેવ, તેં તેઓ-
ને ઉત્તર દીધો; જો કે તેં તેઓના કામનો બદલો વાળી દીધો. તો પણ તે-
ઓને ક્ષમા કરનાર દેવ તો તું હતો. 9 આપણા યહોવા દેવને પ્રતિષ્ઠિત
કરો. પવિત્ર પર્વત પર તેમની ઉપાસના કરો, કેમ કે આપણા દેવ યહો-
વા પવિત્ર છે.

100 હે પૃથ્વીના લોકો, યહોવાની સમક્ષ ગાઓ! 2 આનંદથી યહો-
વાની સેવા કરો, હર્ષથી સ્તુતિગાન કરતાં; તેમની સમક્ષ
આવો. 3 અને તમે જાણો, યહોવા તે જ દેવ છે; તેણે આપણને ઉત્પન્ન
કર્યા છે, અને આપણે તેનાં જ છીએ; આપણે તેમનાં લોકો અને આપણે
તેમનાં ઘેટા છીએ. 4 આભારસ્તુતિ સાથે તેમના દરવાજામાંથી પ્રવેશો,
અને સ્તવન કરતાં તેના આંગણામાં આવો; આભાર માનીને તેના નામ-
ને આશીર્વાદ આપો. 5 કારણ, યહોવા ઉત્તમ છે, તેમની કૃપા સર્વકાળ
છે; અને પેઢી દરપેઢી તેમનું ન્યાયીપણું ટકી રહે છે.

101 હે યહોવા, હું તમારા માટે આ ગીત ગાઇશ. હું તમારી કૃપા
અને ન્યાય વિષે ગાઇશ. 2 હે યહોવા, હું મારા ઘરમાં શુદ્ધ હ-
દય સાથે સંભાળપૂર્વક શુદ્ધ જીવન જીવીશ. તમે મારી પાસે ક્યારે આવ-
શો? 3 હલકી અને દુષ્ટ બાબતોનો નકાર કરવાં મને મદદ કરો; અને સર્વ
પ્રકારની અપ્રામાણિક બાબતો; જેમાં મારો કોઇ લાગભાગ ન હોય તેને
ધિક્કારવા મને મદદ કરો. 4 હું ઠગ અને અપ્રામાણિક લોકોનો અસ્વી-
કાર કરીશ, અને હું દરેક દુષ્ટથી પણ દૂર રહીશ. 5 હું જે કોઇ તેમનાં પડો-
શીઓની વિરુદ્ધમાં ખાનગીમાં બોલે છે તેમને અટકાવીશ. જેની આંખો
અને હૃદય અભિમાનથી ભરેલાં છે; તેમને હું સહન કરીશ નહિ. 6 હું
આખા દેશમાં ભરોસાપાત્ર લોકોની ખોજ કરીશ અને તેઓને મારા મહે-
લમાં રહેવા દઇશ, ફકત જેઓ સંપૂર્ણ પ્રામાણિક છે તેઓ મારી સેવા
કરશે. 7 વિશ્વાસઘાતી લોકો મારા ઘરમાં રહી શકશે નહિ, જૂઠું બોલનારા
કોઇ મારી નજીક રહેશે નહિ. 8 આ દેશમાં રહેતા દુષ્ટ લોકોનો હું હંમેશા
વિનાશ કરીશ, હું તે દુષ્ટ લોકોને યહોવાના નગરમાંથી જબરદસ્તીથી
બહાર મોકલી આપીશ.

102 હે યહોવા, મારી પ્રાર્થના સાંભળો; મારા પોકારને કાન પર
આવવા દો. 2 ખના સમયમાં તમે મારાથી મુખ અવળું ના ફેર-
વો; કાન ધરીને તમે મને સાંભળો; અને તમે મને જલ્દી ઉત્તર આપો.
3 કારણ, મારા દહાડા; ધુમાડાની જેમ વીતી જાય છે, અને મારા હાડકાં
ખોયણાની જેમ બળે છે. 4 મારું હૃદય તો ઘાસના જેવું કપાયેલું અને
ચીમળાયેલું છે; તે એટલે સુધી કે રોટલી ખાવાનું પણ હું ભુલી જાઉં છું.
5 મારા ઘેરા વિષાદ ને નિસાસાને કારણે ફકત ચામડીથી ઢંકાયેલા હાડ-
પિંજર જેવો હું થઇ ગયો છું. 6 હું દૂરના રણનાં ઘુવડ જેવો થઇ ગયો છું;
વિધ્વંસની વચ્ચે જીવતા એક ઘુવડ જેવો. 7 હું જાગતો પડ્યો રહું છું,
છાપરે બેઠેલી એકલવાયી ચકલીના જેવો થઇ ગયો છું. 8 મારા શત્રુ
આખો દિવસ મને મહેણાઁ મારે છે; અને બીજાને શાપ દેવા મારા નામનો
ઉપયોગ કરે છે. 9 રોટલીને બદલે હું રાખ ખાઉં છું; મારા આંસુ વહીને
મારા પ્યાલામાં પડે છે. 10 તે તમારા રોષ તથા કોપને કારણે છે; કેમકે
તમે મને ઊંચો કરી નીચે ફેંકી દીધો છે. 11 મારા દિવસો નમતી છાયા જે-
વા છે; ઘાસની જેમ હું કરમાઇ ગયો છું. 12 પરંતુ હે યહોવા, તમે સદાકાળ
શાસન કરશો! પેઢી દર પેઢી સુધી તમે યાદ રહેશો. 13 મને ખબર છે; તમે
ચોક્કસ આવશો અને તમે સિયોન પર તમારી કૃપા વરસાવશો. તમારા
વચન પ્રમાણે, મદદ કરવાનો અને તેના પર કૃપા વરસાવવાનો આજ
સમય છે. 14 કારણકે તમારા સેવકો તેની દીવાલનાં પ્રત્યેક પથ્થરને
ચાહે છે, અને તેની શેરીઓની ધૂળ પ્રત્યે તેઓ મમતા ધરાવે છે. 15 પ્ર-
જાઓ બીશે અને યહોવાના નામનો આદર કરશે, અને તેમના રાજાઓ
તમારા ગૌરવનો આદર કરશે! 16 કારણ, યહોવા સિયોનને ફરીથી બાંધ્યું

છે; અને તે તમારી સમક્ષ પોતાનાં સંપૂર્ણ મહિમા સહિત પ્રગટ થયો છે!
17 ખીની પ્રાર્થનાઓ સાંભળશે; અને તેમની પ્રાર્થનાની અવગણના કરી
નથી. 18 આવનાર પેઢી માટે આ સર્વ બાબતોની નોંધ કરો; જેથી તેઓ
યહોવાની સ્તુતિ કરે. અને જે લોકો હજી જન્મ્યા નથી તેઓ યહોવાની
સ્તુતિ કરશે. 19 તેઓને કહો કે; દેવે સ્વર્ગમાંથી નીચે પૃથ્વી પર દ્રષ્ટિ
કરી છે. 20 તે બંદીવાનોની પ્રાર્થના સાંભળશે, જેઓ મૃત્યુ માટે દોષી
ઠરાવાયા હતા તેઓને મુકત કરશે. 21 પછી સિયોનનાં લોકો યહોવાનું
નામ જાહેર કરે છે અને તેઓ યરૂશાલેમમાં તેમની સ્તુતિ કરશે. 22 તે
વખતે યહોવાની સેવા કરવા માટે લોકો તથા પૃથ્વીનાં રાજ્યો એકઠાં
થશે. 23 મારા જીવનનાં મધ્યાહને તેમણે મારી શકિત ઘટાડી ને મારા
દિવસો ટૂંકા કર્યા. 24 મેં તેમને પોકાર કર્યો, “હે મારા દેવ, તમે સદા સર્વ-
કાળ જીવંત છો! મને મારા જીવનના મધ્યાહને મરવા ન દેશો. 25 તમે
યુગો પહેલાં પૃથ્વીનો પાયો નાખ્યો હતો અને તમારા હાથો વડે આકાશો
રચ્યાં હતાં. 26 એ સર્વ પણ નાશ પામશે, તમે સર્વકાળ છો; તેઓ જૂના
થશે, ફાટી ગયેલાં કપડા જેવાં થશે; અને માણસ જૂનું વસ્ત્ર ફેંકી નવું ધા-
રણ કરે, તેમ તમે પણ તેઓને બદલી નાંખશો. 27 પરંતુ તમે હે દેવ, તમે
કદી બદલાતાં નથી; અને તમારા વર્ષોનો કદી અંત આવશે નહિ.
28 તમારા સેવકોનાં બાળકો અહીં વસશે, અને તેમનાં વંશજો તમારી
સમક્ષ પ્રસ્થાપિત થશે.”

103 હે મારા આત્મા, યહોવાની સ્તુતિ કર! હા સંપૂર્ણ હૃદયથી દે-
વનાં પવિત્ર નામને આશીર્વાદ આપ. 2 હે મારા આત્મા, યહો-
વાની સ્તુતિ કરો! ભૂલીશ નહિ, તેઓ અદભૂતકાર્યો તારા ભલા માટે કરે
છે. 3 તારાં સઘળાં પાપ તે માફ કરે છે; અને તારાં સર્વ રોગ મટાડે છે.
4 અનંત નાશમાંથી તે તને છોડાવી લે છે અને પ્રેમભરી ભલાઇ અને કૃ-
પાથી નવાજે છે. 5 તારા જીવનને તે ઉત્તમ વસ્તુઓથી ભરી દે છે; જેથી
તારી યુવાની ગરૂડની જેમ તાજી કરાય છે. 6 જેઓ જુલમથી હેરાન થયે-
લા છે, તે સૌને માટે એ યહોવા ન્યાયનાં કામ, ને ચુકાદા કરે છે. 7 મૂસા
તથા ઇસ્રાએલનાં લોકો સમક્ષ તેમણે તેમના માર્ગો અને તેમના કાર્યો
પ્રગટ કર્યા હતા. 8 યહોવા દયાળુ અને ક્ષમાશીલ છે. તે દયા તથા પ્રેમ-
થી ભરપૂર છે, પણ તે ગુસ્સે થવામાં ધીમાં છે. 9 યહોવા હંમેશા ટીકા
કરતાં નથી, અને તે કદીય સદાને માટે ગુસ્સામાં રહેતા નથી. 10 તેઓ
આપણા પાપ પ્રમાણે આપણી સાથે નથી વર્ત્યા. તેમણે આપણને
આપણા અન્યાયી કાર્યો પ્રમાણે શિક્ષા કરી નથી. 11 કારણ તેના ભકતો
પરની તેની કૃપા જેટલું આકાશ પૃથ્વીથી ઊંચુ છે તેટલી છે. 12 પૂર્વ જેટ-
લું દૂર છે પશ્ચિમથી, એટલાં દૂર કર્યા છે આપણાં પાપ તેમણે આપણા-
થી. 13 જેમ પિતા પોતાના સંતાનો પર દયાળુ છે; તેમ યહોવા પોતાના
ભકતો પર દયાળુ છે. 14 કારણકે તે જાણે છે બંધારણ આપણું; માત્ર
ધૂળ છીએ આપણે એવું તે સંભારે છે. 15 આપણા જીવનનાં દિવસો
ઘાસ જેવા છે, અને તે ફૂલની જેમ ટૂંકા અને થોડા છે. 16 પવન તેના પર
થઇને વાય છે, અને તે ઊડી જાય છે; અસ્તિત્વની નિશાની રહેતી નથી,
અને તે નષ્ટ થઇ જાય છે. 17 પણ યહોવાની કૃપા તેમના ભકતો પર
અનાદિકાળથી તે અનંતકાળસુધી છે. અને તે તેનું ન્યાયીપણું તેના
બીજા વંશજોને સર્વદા બતાવવાનું ચાલુ રાખશે. 18 જેઓ તેમનો કરાર
અનુસરે છે; અને તેમની આજ્ઞાઓનું પાલન કરે છે તે સર્વ પર તે કૃપા
કરે છે. 19 દેવે આકાશમાં રાજ્યાસન સ્થાપ્યું છે; અને ત્યાંથી તે સર્વ
ઉપર શાસન ચલાવે છે. 20 તેમના હુકમનો અમલ કરનારાં અને તેમની
આજ્ઞાઓને સાંભળનારા તેના સમર્થ દૂતો, તમે યહોવાને ધન્યવાદ
આપો . 21 હે યહોવાનાં સૈન્યો તમો બધા, જે તેમના સેવકો છો તે જે
ઇચ્છે છે તે કરો છો, તેમની સ્તુતિ કરો! 22 યહોવાનાં રાજ્યમાં સર્વત્ર તે-
મનાં ઉત્પન્ન કરેલા છે; હે મારા આત્મા તેમની સ્તુતિ કર; દેવની સ્તુતિ
કર!

104 હે મારા આત્મા, યહોવાની સ્તુતિ કર! હે યહોવા મારા દેવ,
તમે ઘણા મહાન છો; તમે માન અને ગૌરવના ધારણ કર્યા છે.
2 તમે પ્રકાશથી વિંટળાયેલા છો, અને તમે આકાશને મંડપની જેમ ફે-
લાવો છો. 3 તમારા આકાશી ઘરનો પાયો; તમે અંતરિક્ષના પાણી પર
નાખ્યો છે; વાદળાં તમારા રથ છે, અને તમે પવનની પાંખો પર સવારી
કરો છો;. 4 તમે પવનોને (વાયુઓને) તમારા દૂત બનાવો છો, અને
તમારા સેવકો અગ્નિના ભડકા છે! 5 તમે પૃથ્વીને તેનાં પાયા પર સ્થિર
કરી છે, જેથી તે કદી ચલિત થાય નહિ. 6 તમે પૃથ્વીને વસ્રની જેમ
ઊંડાણથી ઢાંકી છે; અને પાણીએ તેનાં પર્વતોને ઢાંકી દીધાં છે. 7 તમે
આદેશ આપ્યો અને પાણી દૂર ધસી ગયાં, તમે તમારી ગર્જનાના અવા-
જથી પોકાર કર્યો અને પાણી દૂર ધસી ગયાં. 8 તમે જણાવેલી સપાટી
સુધી પર્વતો ઊંચા થયાં; અને ખીણો ઊંડી થઇ ગઇ. 9 તમે મહાસાગરો-
ને હદ બાંધી આપી; જેથી તે ઓળંગે નહિ અને પૃથ્વીને ઢાંકી ન દે.
10 તમે ખીણોમાં વહેતાં ઝરણાં બનાવ્યાં; અને પર્વતોમાં વહેતી નદીઓ
બનાવી. 11 તેઓ સર્વ પ્રાણીઓને પાણી પૂરું પાડે છે; અને ગધેડાઓ
ત્યાં તરસ છીપાવે છે. 12 પક્ષીઓ ઝરણાંઓને કિનારે માળા બાંધે છે;
અને વૃક્ષોની ડાળીઓ મધ્યે ગાયન કરે છે. 13 તમે પર્વતો પર વરસાદ
વરસાવો છો; અને પૃથ્વી તમારાં કામનાં ફળથી તૃપ્ત થાય છે. 14 તે ઢોર-
ને માટે ઘાસ ઉપજાવે છે, તે આપણને ખેડવા છોડ આપે છે, અને તે
છોડો આપણને જમીનમાંથી ખોરાક આપે છે. 15 દેવે આપણને ખુશ
કરવા માટે દ્રાક્ષ આપી, આપણી ત્વચાને નરમ કરવા તેલ અને શરીરને
ટકાવી રાખવા રોટલી આપે છે. 16 યહોવાનાં વૃક્ષ, એટલે લબાનોનનાં
દેવદારો; જે તેણે રોપ્યાં હતાં તેઓ ધરાયેલાં છે. 17 ત્યાં પક્ષીઓ પોતા-
ના માળા બાંધે છે; વળી દેવદાર વૃક્ષ બગલાઓનું રહેઠાણ છે. 18 ઊંચા
પર્વતો પર જંગલી બકરાને અને ખડકોમાં સસલાને રક્ષણ અને આશ્રય
મળે છે. 19 ઋતુઓને માટે તેમણે ચંદ્રનું સર્જન કર્યું, ક્યારે આથમવું એ
સૂર્ય હંમેશા જાણે છે. 20 રાત્રિ અને અંધકાર તમે મોકલો છો; જંગલનાં
પ્રાણીઓ ત્યારે બહાર આવે છે. 21 પછી સિંહનાં બચ્ચાં શિકાર માટે
ગર્જના કરે છે; તેઓ દેવ પાસે પોતાનું ભોજન માંગે છે. 22 પરોઢિયે તેઓ
ગૂપચૂપ જંગલોમાં પાછા જાય છે; અને પોતાની ગુફાઓમાં સૂઇ જાય છેં.
23 માણસ પોતાનો ઉધમ કરવાં બહાર નીકળે છે; અને સાંજ સુધી પોત-
પોતાના કામ કરે છે. 24 હે યહોવા, કેટલા છે તારા સર્જનો! તમે બહુ બુ-
દ્ધિપૂર્વક તેમને બનાવ્યા છે. તમારી બનાવેલી વસ્તુઓથી પૃથ્વી ભરપૂર
છે. 25 જુઓ આ વિશાળ મહાસાગરમાં નાના અને મોટા કેટલા અસંખ્ય
જીવજંતુઓ તથા જાનવરો તેની અંદર છે! 26 અને જુઓ, વહાણો તેમાં
આવજા કરે છે; વળી સમુદ્રમાં રમવાને મગરમચ્છ પેદા કર્યા છે. 27 તમે
તેઓને યોગ્ય ટાણે ખાવાનું આપો છો; તેથી આ સઘળાં જીવો તમારી
વાટ જુએ છે. 28 તમે જે કાંઇ આપો છો તે તેઓ વીણે છે; તમે તમારો
હાથ ખોલો છો ત્યારે તેઓ બધાં ઉપકારથી તૃપ્ત થાય છે 29 તમે જ્યારે
તેમની પાસેથી પાછા ફરો છો ત્યારે તેઓ ડરી જશે, તેઓનો પ્રાણ તે-
ઓને છોડે છે અને તેઓ નબળા થઇને મૃત્યુ પામે છે તેમનાં શરીર પા-
છાં માટી બની જાય છે. 30 પછી, જ્યારે તમે તમારો આત્મા મોકલો છો
તેઓ ઉત્પન્ન થાય છે; અને પૃથ્વીની સપાટી તેઓથી ભરપૂર થાય છે.
31 યહોવાનો મહિમા સદાકાળ ટકી રહો; અને પોતાના સર્જનથી યહોવા
આનંદ પામો. 32 જ્યારે યહોવા પૃથ્વી પર દ્રષ્ટિ કરે છે, ત્યારે તે ડરથી
કંપે છે; અને જ્યારે તે પર્વતોને સ્પર્શે છે ત્યારે તેમનામાંથી ધૂમાડો ની-
કળે છે. 33 હું જીવનપર્યંત યહોવાની પ્રશંસાનાં ગીતો ગાઇશ; હું મારા છે-
લ્લા શ્વાસ સુધી યહોવાની સ્તુતિ કરીશ. 34 તેમના માટેનાં મારા શબ્દો
વડે તે પ્રસન્ન થાઓ કારણ કે યહોવા મારા સર્વ આનંદનું ઉદભવ સ્થાન
છે. 35 પૃથ્વીમાંથી સર્વ પાપીઓ નાશ પામો અને દુષ્ટોનું અસ્તિત્વ મી-
ટાવી દેવામાં આવે. હે મારા આત્મા, યહોવાની સ્તુતિ કર! તમે યહોવા-
ની સ્તુતિ કરો!

105 યહોવાનો આભાર માનો, તેના નામની સ્તુતિ કરો. તેમનાં
કૃત્યો લોકોમં◌ા પ્રસિદ્ધ કરો. 2 યહોવા સમક્ષ ગાઓ, તેનાં
સ્તોત્ર ગાઓ; તેમનાં સર્વ ચમત્કારોનું મનન કરો અને સૌને તે જણાવો.
3 તમે યહોવાનાં પવિત્ર નામનું અભિમાન કરો; યહોવાની આરાધના
કરનારાઓ આનંદ કરો. 4 યહોવાને તથા તેના સાર્મથ્યને શોધો; સદા-
સર્વદા તમે તેના મુખને શોધો. 5 તેણે જે આશ્ચર્યકારક કર્મો કર્યા છે તે
તથા તેનાં ચમત્કારો અને તેનાં ન્યાયચુકાદા યાદ રાખો. 6 તમે લોકો દે-
વના સેવક ઇબ્રાહિમના વંશજો છો, તમે યાકૂબના વંશજો છો. અને તમે
યહોવાની પસંદગીના લોકો છો. 7 તેઓ આપણા દેવ યહોવા છે; તેમના
સાચાં નિર્ણયો સમગ્ર પૃથ્વીમાં પ્રસિદ્ધ છે. 8 તે પોતાનો કરાર સર્વદા
યાદ રાખે છે; અને હજાર પેઢીઓને આપેલું વચન પાળે છે. 9 એટલે
કરાર તેમણે ઇબ્રાહિમ સાથે કરેલો; અને તેમણે ઇસહાક પ્રત્યેની પ્રતિ-
જ્ઞા લીધેલી, 10 તેમણે યાકૂબ માટેના નિયમ તરીકે, તેનું સ્થાપન કર્યું,

અને તેમણે ઇસ્રાએલ માટે સર્વકાળનો કરાર બનાવ્યો. 11 તેમણે કહ્યું,
“આ કનાન દેશ હું તમને આપીશ; અને તે સર્વદા તમારું પોતાનું વતન
થશે.” 12 જ્યારે યહોવાએ આ કહ્યું તેઓ અલ્પ સંખ્યામાં હતાં તેઓ
કનાન દેશમાં ફકત પ્રવાસીઓ તરીકે જ હતાં. 13 તેઓ એક દેશથી બીજે
દેશ અને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ફરતાં. 14 તેમણે તેઓ પર કો-
ઇને દુર્વ્યવહાર કરવા દીધો નહિ; દેવે રાજાઓને તેમને ઇજા નહિ કરવા-
ની ચેતવણી આપી. 15 દેવ કહે છે, “તેમણે ચેતવણી આપી; મારા
અભિષિકતોને રંજાડશો નહિ; અને મારા પ્રબોધકોને તકલીફ આપશો
નહિ.” 16 તેમણે કનાનની ભૂમિમાં દુકાળ આવવા દીધો; અને અન્નનો
આધાર તેમણે તોડી નાખ્યો. 17 પછી તેમણે તેઓની પહેલાં યૂસફને
મિસર મોકલ્યો, અને તેને ગુલામ તરીકે વેચ્યો. 18 બંદીખાનામાં તેઓએ
તેના પગોએ સાંકળો બાંધી, અને તેઓએ લોખંડનો પટ્ટો તેના ગળે
બાંધ્યો. 19 યહોવાના શબ્દે પૂરવાર કર્યુ કે તે યૂસફ સાચો હતો ત્યાં સુ-
ધી યૂસફ જેલમાં રહો. 20 પછી રાજાએ માણસો મોકલીને તેને છોડાવ્યો;
અને લોકોના અધિપતિઓએ તેનો છુટકારો કર્યો. 21 પછી રાજાએ યૂસ-
ફને તેના મહેલનો તેમજ તેની સર્વ મિલકતનો વહીવટ સોંપ્યો. 22 અને
યૂસફે રાજાના અમલદારોને સૂચનાઓ આપી વૃદ્ધ નેતાઓને સમજાવ્યું.
23 પછી યાકૂબ મિસરમાં આવ્યો; અને ત્યાં હામનાં દેશમાં પોતાના પુ-
ત્રોની સાથે રહ્યો. 24 દેવે તેમની વૃદ્ધિ કરી, અને તેમના દુશ્મનો કરતાં
વધારે બળવાન કર્યા. 25 દેવે મિસરવાસીઓને ઇસ્રાએલીઓ વિરુદ્ધ
કર્યા; અને મિસરવાસીઓએ તેનો ધિક્કાર કર્યો અને તેઓને ગુલામ
બનાવ્યાં. 26 પણ યહોવાએ પોતાના સેવક મૂસાને તેના પ્રતિનિધિ
તરીકે મોકલ્યો અને તેની સાથે તેમણે યાજક તરીકે પસંદ કરેલા હારુ-
નને મોકલ્યો. 27 દેવે તેમને હામની ભૂમિ પર મોકલ્યા; ભયાવહ ચમ-
ત્કાર કરવા. 28 દેવે પૃથ્વી પર ખૂબ ગાઢ અંધકાર મોકલ્યો, છતાંય મિ-
સરવાસીઓએ તેમને ધ્યાનથી સાંભળ્યાં નહોતા. 29 અને તેમણે તેમના
દેશનાં સમગ્ર પાણીને લોહીમાં ફેરવી દીધું; અને સર્વ માછલાં મારી
નાંખ્યા. 30 પછી દેશ પર અસંખ્ય દેડકા ચઢી આવ્યાં; તે રાજાનાં ખાન-
ગી ઓરડામાં ઘૂસી ગયાં. 31 યહોવાએ આદેશ આપ્યો, અને જૂ'ઓ મિસ-
રમાં એક છેડાથી બીજા છેડા સુધી ફેલાઇ ગઇ. 32 તેણે વરસાદને બદલે
કરા મોકલ્યા; અને વીજળીની સાથે ધસી ગયા અગ્નિ. 33 તેમણે તેઓના
દ્રાક્ષવેલાઓ તથા અંજીરીના ઝાડોનો નાશ કર્યો. અને તેમની આખી
સરહદો પરનાં બધાં વૃક્ષો તોડી પાડ્યાં. 34 તેઓ બોલ્યા; અને ત્યાં
અગણિત તીતીઘોડા તથા તીડો આવ્યા. 35 તેઓ તેઓના દેશની સર્વ
વનસ્પતિ ખાઇ ગયાં; અને જમીનનાં બધાં ફળ ભક્ષ કરી ગયાં. 36 તે-
ઓનાં દેશમાંના સર્વ પ્રથમજનિતને મારી નાખ્યા, દેવે તેમના બધા સૌ-
થી મોટા પુત્રોને મારી નાખ્યા. 37 તેઓ તેમના લોકોને, તેમના સોના
ચાંદી સાથે, સુરક્ષિત રીતે પાછા લઇ આવ્યાં અને તેઓમાંથી કોઇ નિ-
ર્બળ ન હતું. 38 તેઓ ગયાં ત્યારે મિસરવાસી આનંદ પામ્યાં; કારણકે
તેઓ તેમનાથી ત્રાસ પામ્યા હતાં. 39 યહોવાએ મેઘસ્તંભથી તેઓ પર
છાયા કરી; અને રાત્રે પ્રકાશ માટે અગ્નિસ્તંભ આપ્યો. 40 જ્યારે તેઓએ
માંગ્યુ ત્યારે લાવરીઓ લાવ્યાં; અને આકાશમાંની માન્ના રૂપે રોટલીઓ-
થી તૃપ્ત કર્યા. 41 તેમણે ખડક તોડ્યો એટલે ત્યાં પાણી નીકળ્યું; જે નદી
થઇને સૂકી ભૂમિમાં વહેવા લાગ્યું. 42 તેમણે પોતાના સેવક ઇબ્રાહિમને
આપેલા પોતાના વચનનું સ્મરણ કર્યુ. 43 તેઓ પોતાના લોકોને, પોતા-
ના પસંદ કરેલાઓને, ખુશીથી પાછા લઇ આવ્યાં. 44 તેમણે તેઓને પર-
દેશીઓની ભૂમિ આપી; અને તે અન્ય લોકોએ બનાવેલી વસ્તુઓ તેમ-
ને વારસારૂપે મળી. 45 તેઓ ભરોસો કરે અને તેનાં વિધિઓનું પાલન
કરે અને તેના માર્ગોને અનુસરે તેથી યહોવાએ આ કર્યુ; હાલેલૂયા!

106 યહોવાની સ્તુતિ કરો! યહોવાનો આભાર માનો, કારણકે તે
ભલા છે, તેમનો સાચો પ્રેમ સદાકાળ છે! 2 યહોવાના મહાન
કૃત્યો કોણ વર્ણવી શકે? તેમની સંપૂર્ણ સ્તુતિ કોણ કરી શકે? 3 ધન્ય
છે તેઓને જેઓ ન્યાયને અનુસરે છે, અને હંમેશા જે સાચું છે તે જ કરે
છે. 4 હે યહોવા, તમે તમારા લોકો પર કૃપા કરો; ત્યારે મને યાદ રાખશો,
અને તમે જેઓને બચાવ્યાં છે તે લોકોમાં મારો સમાવેશ કરવાનું યાદ
રાખશો. 5 જેથી તમારા પસંદ કરેલાઓનું કલ્યાણ હું જોઉં; તમારી પ્રજા-
નાં આનંદમાં હું પણ આનંદ માણું; અને તમારા વારસોની સાથે હું હર્ષ-
નાદ કરું. 6 અમારા પિતૃઓની જેમ અમે પણ પાપ કર્યુ છે; અમે
અન્યાય કર્યા છે, અમે દુષ્ટતા કરી છે. 7 મિસરમાઁના તમારાં ચમત્કારો-
માંથી અમારા પિતૃઓ કાંઇ શીખ્યાં નહિ, અને તેઓ તમારો પ્રેમ અને
દયા જલ્દી ભૂલી ગયા, તેઓએ રાતા સમુદ્ર પાસે તમારી વિરુદ્ધ બંડ
પોકાર્યું. 8 તો પણ, પોતાના નામની માટે અને તેઓને પોતાના પરાક્રમ
દેખાડવાં માટે તેણે તેમને તાર્યા. 9 તે દેવે રાતા સમુદ્રને આદેશ આપ્યો
એટલે તે સૂકાઇ ગયો, અને તેણે અમારા પિતૃઓને ઊંડા સમુદ્રમાંથી રે-
તીના રણ જેવી સૂકી ભૂમિ પર દોર્યા. 10 તેમણે તેઓને વૈરીઓના હાથ-
માંથી તાર્યા; અને દુશ્મનનાં હાથમાંથી તેઓને છોડાવ્યા. 11 તેઓના દુ-
શ્મનો પર પાણી ફરી વળ્યું ; તેઓમાંનો એકેય બચ્યો નહિ. 12 ત્યાર
પછી જ તેના લોકોએ તેમનાં શબ્દો પર વિશ્વાસ કર્યો અને તેમની પ્ર-
શંસામાં સ્તુતિ ગાઇ. 13 તેઓ તેમનાં કૃત્યો જલદી ભૂલી ગયા; તેમની
સલાહ સાંભળવા, ધીરજ રાખી નહિ. 14 રણમાં તેઓ પોતાની ઇચ્છા-
ઓને આધીન થયા, અને વેરાન ભૂમિમાં દેવની પરીક્ષા કરી! 15 યહો-
વાએ તેમની માંગણીઓ પૂરી કરી; પણ પછી તેણે તેમના પર ભયંકર
રોગ મોકલી આપ્યો. 16 તેઓએ છાવણીમાં મૂસાની ઇર્ષા કરી, તથા
યહોવાના પવિત્ર યાજક હારુનની ઇર્ષ્યા કરી. 17 તેથી પૃથ્વીએ મોં ખો-
લ્યુ અને; દાથાન, અબીરામ અને તેમના સમૂહને ગળી ગઇ. 18 આકાશ-
માંથી અગ્નિ તેમની છાવણીમાં આવ્યો, અને આ દુષ્ટ માણસોને તે ભર-
ખી ગયો. 19 તેઓએ સિનાઇ પર્વત પર હોરેબ આગળ વાછરડો બના-
વ્યો; અને એ મૂર્તિની પૂજા કરી. 20 તેઓએ આ પ્રમાણે તેમના મહિમા-
વંત દેવને બદલી નાખ્યા, ઘાસ ખાનાર ગોધાની પ્રતિમા પસંદ કરીને!
21 આ રીતે તેઓ, પોતાના ચમત્કારીક કાર્યો વડે મિસરમાં બચાવનાર
દેવને ભૂલી ગયાં! 22 તેઓ “આ લાલ સમુદ્ર પાસે કરેલા ભયંકર કામો
અને પોતાના તારનાર દેવને ભૂલી ગયાં.” 23 યહોવાએ તેમનો વિનાશ
કરવો હતો પણ મૂસા, દેવનો પસંદ કરેલો, દેવના વિનાશી કોપને શાંત
પાડવા તેમની સામે ઊભો રહ્યો. અને મૂસાએ તેમને રોક્યા, જેથી તેમ-
ણે લોકોનો વિનાશ ન કર્યો. 24 તેમણે તે મનોહર દેશને તુચ્છ ગણ્યો;
અને તેઓએ તેની વાતનો વિશ્વાસ કર્યો નહિ. 25 તેઓ પોતાના મંડપો-
માં જઇને પોતાની અંદરો અંદર દેવની વિરુદ્ધ ફરિયાદ કરી, ને યહોવા-
ની વાણીનો અનાદર કર્યો. 26 તેથી યહોવાએ રેતીનાં રણમાં તેમને મારી
નાખવા સમ લીધા. 27 તેઓ તેમના વંશજોને દૂર ફેંકી દેશે, અને તેઓને
પ્રજાઓમાં વિખેરી નાખશે. 28 પછી પેઓરમાં આપણા પિતૃઓ, બઆ-
લનાં ભજનમાં જોડાયા; એટલુંજ નહિ પણ તેમણે મૃતાત્માઓને
અર્પણ કર્યા અને બલિદાનમાંથી તેમણે તે ખાધાં પણ ખરાં. 29 યહોવાને
આ બધી બાબતો દ્વારા તેઓએ કોપાયમાન કર્યા; તેથી તેઓ મધ્યે જી-
વલેણ રોગ મરકી ફાંટી નીકળ્યો. 30 ફીનહાસે પ્રાર્થના કરી ત્યાં સુધી; તે
ચાલુ રહ્યો અને પછી પ્લેગ અટકી ગયો હતો. 31 પેઢી દરપેઢી સર્વકાળ-
પર્યંત ન્યાયીપણાને અર્થે તેનું આ કામ તેના હકમાં યાદ કરાશે.
32 મરીબાહમાં ઇસ્રાએલીઓએ દેવને ક્રોધિત કર્યા; મૂસાએ તેઓને કાર-
ણે કઇંક ખરાબ કર્યું. 33 તેઓના વર્તનને કારણે મૂસા ગુસ્સે થયા હતાં;
અને તે પોતાને મોઢે અવિચારી વાણી બોલ્યા. 34 યહોવાએ કનાનીઓ-
નો નાશ કરવાની આજ્ઞા કરી હતી; તેઓએ તેમનો નાશ કર્યો નહિ.
35 પણ તેઓ પરદેશીઓ સાથે ભળી ગયા; અને તેઓના દુષ્ટ માર્ગો
અપનાવ્યા. 36 તેઓએ તેઓની મૂર્તિઓની પૂજા કરી ; અને તે તેઓને
ફાંદા રૂપ થઇ પડ્યું. 37 વળી તેઓએ ભૂતોનેપોતાના નાનાં દીકરાઓ
અને દીકરીઓના બલિદાનો આપ્યાં. 38 તેઓએ તેઓના પુત્ર અને પુ-
ત્રીઓનું નિર્દોષ લોહી વહેવડાવ્યું; અને કનાનની મૂર્તિઓ સમક્ષ બલિ-
દાન કર્યુ, આમ દેશ લોહીથી ષ્ટ થયો. 39 તેમનાં દુષ્ટ કાર્યોથી તેઓ
અપવિત્ર બન્યા; કારણ, દેવની ષ્ટિમાં તેમનો મૂર્તિઓ પ્રત્યેનો પ્રેમ
વ્યભિચાર હતો. 40 તેથી યહોવાનો કોપ પોતાના લોકો સામે સળગી
ઊઠયો; અને પોતાના વારસોથી કંટાળી ગયા, ને તેમના પર ઘૃણા થઇ.
41 તેમણે તેઓને વિદેશીઓના હાથમા સોંપી દીધાં; અને તેમના શત્રુ-
ઓએ તેમના ઉપર રાજ કર્યુ. 42 તેઓના શત્રુઓએ પણ તેઓને કચ-
ડ્યા; અને, તેઓના હાથ નીચે પડીને તેઓ તાબેદાર થયા. 43 યહોવાએ
વારંવાર મુકત કર્યા ગુલામીમાંથી; છતાં દેવ વિરુદ્ધ બંડ કરવાનું ચાલુ
રાખ્યુ; અને પોતાના પાપને લીધે તેઓ તારાજ થયા. 44 તેમ છતાં યહો-
વાએ તેમની પ્રાર્થનાઓ સાંભળી, અને તેઓની આફતો તરફ તેમણે
ધ્યાન આપ્યું. 45 યહોવાએ તેમની સાથે કરેલો તેમનો કરાર યાદ કર્યો

અને તેઓ પ્રતિ તેમનો મહાન પ્રેમ દર્શાવ્યો. 46 જે શત્રુઓએ તેના લોકો
કેદ કર્યા હતાં, દેવે તેઓની પાસે તેમનાં પર કરુણા દર્શાવડાવી. 47 હે
યહોવા અમારા દેવ, અમને તાર; પ્રજાઓ મધ્યેથી અમને ફરીથી એકત્ર
કરો; જેથી અમે તમારા પવિત્ર નામનો આભાર માનીએ અને સ્તુતિ ગા-
ઇને તમારો જયજયકાર કરીએ. 48 હે ઇસ્રાએલના દેવ યહોવા, અનાદિ-
કાળથી અનંતકાળ સુધી સ્તુત્ય મનાઓ; સર્વ લોકો આમીન કહો, અને
તમે યહોવાની સ્તુતિ કરો!

**107** યહોવાનો આભાર માનો, કારણ તે ઉત્તમ છે; અને તેમની કૃ-
પા સર્વકાળપર્યંત ટકે છે. 2 જે યહોવાના છોડાવાયેલા છે તે-
ઓએ આ પ્રમાણે કહેવું જોઇએ, કે દેવે તેઓને તેમના શત્રુઓથી બચા-
વ્યા. 3 પૃથ્વીના દૂર દૂરનાં ખૂણે ખૂણેથી અને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર દક્ષિણ
દિશામાંથી તેમણે પોતાના લોકોને સાથે ભેગા કર્યા. 4 કેટલાંક ઉજ્જડ
માગેર્ રણમાં ભટકતાં હતાં અને તેઓને વસવા નગર ન મળ્યું. 5 તેઓ
ભૂખ્યા અને તરસ્યા હતાં, અને નબળા પડી રહ્યાં હતાં. 6 ખમાંથી છોડા-
વ્યાં. 7 યહોવા તેઓને, જ્યાં તેઓ વસવાટ કરી શકે તેવા નગરમાં સીધે
રસ્તે દોરી ગયાં. 8 દેવની કૃપા માટે તથા માનવ જાત માટે તેમણે કરેલાં
અદભૂત કાર્યો માટે માણસો યહોવાની સ્તુતિ કરે તો કેવું સારું! 9 કારણ
કે તે તરસ્યા આત્માને સંતોષે છે, અને ભૂખ્યા આત્માને ઉત્તમ વાનાઁથી
તૃપ્ત કરે છે. 10 કારણ કે તેઓએ દેવના વચનોની સામે બંડ પોકાર્યુ હતું
તેમણે પરાત્પર દેવના બોધનો તિરસ્કાર કર્યો હતો. 11 કેટલાંક લોકોને
અંધારી જેલમાં સળિયા પાછળ તાળું મારીને કેદ કરવામાં આવ્યાં હતા.
12 તેઓ તેમની મુશ્કેલીઓથી નરમ થઇ ગયાં છે. તેઓ લથડીને નીચે
પડ્યાં, છતાં તેમને મદદ કરનાર કોઇ ન હતું. 13 ખમાંથી તાર્યા. 14 તે તે-
ઓને અંધકાર અને મરણછાયામાંથી કાઢી લાવ્યાં; અને બંધન તોડી
નાખ્યાઁ. 15 ભલે આભાર માને તેઓ યહોવાનો તેમની કૃપા માટે અને
વિસ્મયજનક કાર્યો જે તેઓ માનવજાત માટે કરે છે. 16 તેણે બંદીખાના-
ના પિત્તળના દરવાજા તોડી નાખ્યા અને તેઓની લોખંડની ભૂંગળો
પણ તોડી નાખી. 17 મૂર્ખ લોકો પોતાના પાપથી તથા પોતાની ભૂંડાઇ-
થી સંકટમાં આવી પડે છે. 18 સર્વ પ્રકારના ખોરાકથી, તેઓના જીવ
કંટાળી જાય છે; અને મૃત્યુ તરફ પહોંચી જાય છે. 19 ખમાંથી તારે છે.
20 તેઓ પોતાનું વચન મોકલીને તેમને સાજા કરે છે, અને તેણે તેઓને
દુર્દશામાંથી ઉગાર્યા છે. 21 ભલે આભાર માને તેઓ યહોવાનો તેમની કૃ-
પા માટે અને વિસ્મયજનક કાર્યો જે તેઓ માનવજાત માટે કરે છે. 22 તે-
મને દેવને આભારસ્તુતિનાં અર્પણો આપવા દો. યહોવાના કાર્યોને ગી-
તો દ્બારા પ્રગટ થવા દો. 23 જે નાવિકો સમુદ્રમાં એક બાજુએથી બીજી
બાજુ સુધી નૌકા વિહાર કરે છે અને સમુદ્ર પર કૌશલ્યનું કામ કરે છે,
24 તેઓ પણ દેવની કાર્યશકિત નિહાળે છે; અને અદ્ભૂત કૃત્યો ઊંડા-
ણોમાં જુએ છે. 25 તે આજ્ઞા આપે છે તો તોફાની પવનો ચડી આવે છે;
તેથી મોજાઓ ઊંચા ઊછળે છે. 26 મોજા સાથે તેઓના વહાણો ઊંચા
ઊંચકાય છે; અને પાછા ઊંડાણમાં પટકાય છે; લાચાર સ્થિતિમાં ખલા-
સીઓની હિંમત ઓગળી જાય છે. 27 તેઓ પીધેલાની જેમ આમતેમ ડો-
લતા લથડે છે; અને તેમ તેઓની બુદ્ધિ બહેર મારી જાય છે. 28 ખમાંથી
કાઢે છે. 29 તેણે તોફાનને અટકાવ્યા તથા મોજાઓને શાંત કર્યા છે.
30 પછી તેઓ મહાસાગરની સ્થિરતાનો આનંદ માણે છે અને દેવ તેઓ-
ને તેમની પસંદગીના બંદરે દોરી જાય છે. 31 તેમની આ કૃપા તથા માન-
વજાતને માટેના, તેનાં અદભૂત કાર્યો માટે; તેઓને યહોવાનો આભાર
માનવા દો. 32 લોકોની સભામાં યહોવાને મોટા મનાવો; અને વડીલોના
મંડળમાં તેઓની સ્તુતિ કરો. 33 તે જ્યાં નદીઓ છે ત્યાં રણ કરી દે;
અને જ્યાં ઝરા વહે છે ત્યાં તરસી ભૂમિ કરી દે. 34 વળી ત્યાં વસતાં લો-
કોની દુષ્ટતાને કારણે, ફળદ્રુપ ભૂમિને ખારવાળી બનાવે છે. 35 વળી તે
રણમાં સરોવર કરે અને કોરી ભૂમિમાં તે ઝરણાંઓને વહેતા કરે છે
36 અને ત્યાં ભૂખ્યાંજનોને વસવા લાવે છે; જેથી તેઓ પોતાને રહેવા
માટે નગર બાંધે છે. 37 તેઓ ખેતરમાં વાવેતર કરે છે; અને દ્રાક્ષાવાડી-
ઓમાઁ રોપણી કરીને; તેઓ તેનાં ફળની ઊપજ ઉત્પન કરે છે. 38 તે તે-
ઓને આશીર્વાદ આપે છે, તેથી તેમની પુષ્કળ વૃદ્ધિ થાય છે; અને ઢોર-
ઢાંખર પણ વધે છે . 39 પરંતુ જેમ સમય પસાર થાય છે, તેમ તેમની
વસ્તી જુલમો વિપત્તિઓ અને શોકથી ઓછી થાય છે તેમની સંખ્યામાં
ઘટાડો થયો છે. 40 તે અમીર ઉમરાવો ઉપર તે અપમાન લાવે છે, અને
માર્ગ વિનાના રણમાં રખડતાં કરી દે છે. 41 ખોમાંથી બહાર કાઢ્યા અને
તેમના કુટુંબોની સંખ્યા વધારી જે ઘેટાંના ટોળાઓની જેમ વધી હતી.
42 તે જોઈને ન્યાયીઓ આનંદ પામશે; અને સઘળાં અન્યાયીઓનાં મો-
ઢા બંધ થશે. 43 જેનામાં શાણપણ છે, તે આ બધું ધ્યાનમાં લેશે; અને
યહોવાના અવિકારી પ્રેમ વિષે વિચાર કરશે.

**108** હે દેવ, મેં મારા હૃદય અને આત્માને તૈયાર કર્યા છે, હું તમારી
સ્તુતિ કરીશ. ગીતો ગાઇશ અને તમારી સમક્ષ ખુશ થઇશ.
2 જાગો, ઓ વીણા અને સારંગી; ચાલો આપણે પ્રભાતને જગાડીએ.
3 "હે યહોવા, હું પ્રજાઓની તથા બીજા લોકોની વચ્ચે પણ તમારી સ્તુ-
તિ કરીશ, હું તમારા સ્તોત્ર ગાઇશ." 4 કારણ, તમારી કૃપા આકાશ કરતાં
મોટી છે અને તમારું વિશ્વાસુપણું વાદળો સુધી પહોંચે છે. 5 હે દેવ, સ્વ-
ર્ગથીય ઊંચા ઊઠો! ભલે સમગ્ર દુનિયા તમારું ગૌરવ જુએ! 6 દેવ, તમા-
રા પ્રિય મિત્રોની રક્ષા માટે આ કરો, તમે તમારા મહાસાર્મથ્ય સહિત
આવો અને તેમને ઉગારો. 7 દેવ તેમના પવિત્ર મંદિરમાંથી બોલ્યા, "હું
યુદ્ધ જીતીશ અને આનંદ પામીશ. હું આ ભૂમિ વહેંચીશ, અને તેમને
શખેમ તથા સુકકોથની ખીણ આપીશ. 8 ગિલયાદ અને મનાશ્શા પણ
મારા છે; એફ્રાઈમ માથાનો ટોપ છે અને, યહૂદિયા મારો રાજદંડ છે.
9 મોઆબ મારા પગ ધોવાનો વાટકો બનશે. અદોમ મારા ખાસડા ઊંચ-
કી લાવશે, હું પલિસ્તીઓને હરાવીશ અને જયનાદ કરીશ!" 10 મને કોટ-
બંધ નગરમાં કોણ લઇ જશે? અને મને અદોમમાં કોણ દોરી જશે? 11 હે
યહોવા, શું તમે અમને તરછોડ્યાં છે? હે દેવ, તમે અમારા સૈન્યને તજ્યું
છે? 12 અમને અમારા શત્રુઓ સામે મદદ કરો, અમને મદદ કરો, લોકો
તરફની મદદ નકામી છે! 13 અમે દેવની સહાયથી પરાક્રમો કરીશું; હા,
એ જ અમારા શત્રુઓને કચડી નાંખશે.

**109** હે મારા દેવ, તમે તે એક છો જેની હું સ્તુતિ કરું છું તમે મૌન
ધારણ કરીને દૂર ઊભા ન રહો. 2 કારણ, દુષ્ટ અને કપટી મા-
ણસો મારા પર આક્ષેપો મૂકે છે; તેઓ મારી સામે પોતાની જીભે જ જૂઠું
બોલે છે. 3 તેઓએ મને તિરસ્કૃત શબ્દોથી ઘેરી લીધો છે; તેમને વિના
કારણ મારી સાથે લડાઇ કરવી છે. 4 તેઓ મારી પ્રીતિના બદલામાં મારા
શત્રુ થયા છે; પણ હું તો તેઓ માટે પ્રાર્થના જ કરું છું . 5 તેઓ ઉપકાર-
ને બદલે અપકાર કરે છે; અને મારી પ્રીતિને બદલે તેઓ દ્બેષ કરે છે.
6 મારા શત્રુનો સામનો કરવા માટે એક દુષ્ટ માણસને નિયુકત કરો.
અને તેને એક અપ્રામાણિક ન્યાયાધીશ સામે ઊભો રાખો. 7 અને તેનો
મુકદ્દમો ચાલે ત્યારે ભલે તેને 'દોષી' ઠરાવાય, અને ભલે દેવ દ્બારા તેની
પ્રાર્થના પાપથી ભરેલી ગણાય. 8 તેનાં આયુષ્યનાં વર્ષોર્ થોડાં અને
ટૂંકા થાઓ; અને તેનું પદ કામ લેવાંને બીજા આગળ આવો. 9 તેમના
સંતાનો પિતૃવિહોણા થાઓ; અને તેની પત્ની વિધવા, થાઓ. 10 તેનાં
સંતાનો રખડી રખડીને ભીખ માગો; ઉજ્જડ થયેલા પોતાના ઘરોમાંથી
તેઓને હાંકી કાઢો, અને તેઓ રોટલાં માગી ખાય. 11 જોરજુલમથી લેણ-
દાર તેમનું બધું લઇ જાઓ; તેમનાં મહેનતનાં ફળ પરાયા લૂંટી જાઓ.
12 તેના પર દયા દાખવનાર કોઇ ન રહો; અને તેનાં અનાથ છૈયાં પર
કોઇ કૃપા રાખનાર ન રહો. 13 ભલે મારા શત્રુઓ અને તેના પરિવારોનો
નાશ થાય! અને ભલે આવતી પેઢીમાંથી તેનું નામ સંપૂર્ણ પણે ભૂંસાઇ
જાય! 14 યહોવાને ભલે યાદ રહો; તેના બાપદાદાના પાપો! માતાપિતા-
ના પાપની તેને સજા મળે! અને તેનાં પાપો પ્રત્યે તે (દેવ) આંખ આડા
કાન ન કરે! 15 તે પાપો યહોવાની નજરમાં નિત્ય રહો; જેથી તેનું પૃથ્વી
પરથી નામનિશાન ઉખેડી નાખવામાં આવે! 16 કારણ, તેણે બીજાઓ
પ્રત્યે માયાળુ બનવા ના પાડી છે; અને ગરીબોની સતાવણી કરી છે;
અને ભગ્નહૃદયી માણસોને મારી નાખ્યા છે. 17 બીજાઓને શાપ દેવાનું
તેને ગમતું હતું; ભલે શાપો તેની ઉપર આવે. તેણે બીજા કોઇને કદી
આશીર્વાદ આપ્યા નથી; તેથી ભલે આશીર્વાદોને તેનાથી દૂર રહેવા દો.
18 શાપોને તેના વસ્રો થવા દો! શાપોને તેનું પીવાનું પાણી થવા દો! શા-
પોને તેના શરીર પરનું તેલ થવા દો. 19 પહેરવાના વસ્રની જેમ તે તેને
ઢાંકનાર થાઓ; અને કમરબંધની જેમ તે સદા વીંટળાઇ રહો. 20 જેઓ
મારા શત્રુ છે, અને જેઓ મારા આત્માની વિરુદ્ધ બોલનાર છે; તેઓને
આ યહોવા તરફની શિક્ષા છે. 21 પણ, હે યહોવા દેવ, તમે મારા પ્રભુ છો!
ને તમારા નામને માટે મારા ભલા માટે કામ કરો; તમારી કૃપા ઉત્તમ છે,
યહોવા, મારો ઉદ્ધાર કરો. 22 હું ગરીબ છું અને તંગી અનુભવું છું; ને મારું

હૃદય ઊંડે સુધી ઘાયલ થયું છે. 23 મારું જીવન સંધ્યા સમયના પડછા-
યાની જેમ અંત પામે છે. મને તીડની જેમ ખંખેરી નાખ્યો હોય તેવું લાગે
છે. 24 ઉપવાસથી મારાં ઘૂંટણ નબળા પડ્યાં છે; અને પુષ્ટિ વિના મારું
માંસ ઘટી ગયું છે. 25 હું સર્વ માણસો માટે નિષ્ફળતાનું પ્રતિક બન્યો
છું; જ્યારે મને જુએ છે ત્યારે પોતાના માથાઁ હલાવે છે. 26 હે યહોવા મારા
દેવ, મને મદદ કરો; મારું તારણ કરો, તમે કૃપાળુ અને પ્રેમાળ છો.
27 જેથી હે યહોવા, આ તારે હાથે તેં જ કર્યુ છે એમ તે સર્વ લોકો જાણે.
28 તેઓ ભલે મને શાપ આપે, હું તેની કાળજી કરીશ નહિ; કારણ તમે
મને આશીર્વાદ આપો છો; જ્યારે તેઓ મારા પર હુમલો કરે ત્યારે તેમને
હારવા દો, પછી હું તમારો સેવક આનંદ પામીશ. 29 મારા શત્રુઓ વસ્રની
જેમ લાજથી ઢંકાઇ જાઓ! અને ડગલાની જેમ તેઓ નામોશીથી ઢંકાઇ
જાઓ. 30 પરંતુ હું યહોવાનો વારંવાર આભાર માનીશ; અને હું તેમની
ઘણા લોકોમાં સ્તુતિ ગાઇશ. 31 કારણકે તે ઊભા રહે છે ગરીબ અને ભૂ-
ખ્યાંઓની જોડે; અને જેઓ તેમને મોતની સજા કરવાનો પ્રયત્ન કરે છે;
તેમનાથી તે અસહાય લોકોને બચાવે છે.

110 યહોવાએ મારા પ્રભુને કહ્યું, “જ્યાં સુધી; હું તારા દુશ્મનોને
હરાવું અને તેઓને તારી સમક્ષ નીચા નમાવું, ત્યાં સુધી તું
મારી જમણી તરફ બેસ.” 2 યહોવા સિયોનમાંથી તારા સાર્મથ્યનો રાજ-
દંડ મોકલશે; તારા શત્રુઓ પર રાજ કર. 3 તારા લોકો તારા યુદ્ધને દિવસે
તારી સાથે જોડાવવા ઇચ્છશે. સવારે તેં તારા પવિત્ર વસ્રો ધારણ કરેલા
છે. તારી યુવાવસ્થાનું જોર તને દોરવે છે. 4 યહોવાએ પ્રતિજ્ઞા કરી, “તું
મલ્ખીસદેકની જેમ, સદાને માટે યાજક છે; તેમનું આ વચન તે કદી રદ-
બાતલ કરશે નહિ.” 5 તારી રક્ષા માટે, તારી પાસે પ્રભુ તારા જમણા હાથે
ઊભા છે; તે ઘણા રાજાઓનો પોતાના ક્રોધને દિવસે નાશ કરશે. 6 તે
સર્વ પ્રજાઓનો ન્યાય કરશે; અને તેમની પ્રજાઓના પ્રદેશ મૃતદેહથી
ભરી દેશે, અને તેની વિશાળ ભૂમિમાં માથાઓને છૂંદી નાંખશે. 7 તે મા-
ર્ગમાંના ઝરાઓમાંથી પાણી પીશે; નવી તાજગી સાથે પોતાનું માથું
ઊંચુ કરશે.

111 યહોવાની સ્તુતિ કરો! ન્યાયીઓની સભામાં અને મંડળીઓ-
માં હું ખરા હૃદયથી યહોવાનો આભાર માનીશ. 2 યહોવાના
કાર્યો મહાન છે; લોકોને જે સારી વસ્તુઓ જોઇએ છે જે દેવ પાસેથી
આવે છે. 3 તેના કાર્યો તેજસ્વી અને અદ્દભૂત છે. અને તેની નિષ્પક્ષતા
સદાકાળ ટકે છે. 4 દેવે તેના ચમત્કારોને અવિસ્મરણીય સ્મૃતિ બનાવી
દીધાં છે. યહોવા દયાળુ અને કૃપાથી ભરપૂર છે. 5 તે તેના અનુયાયીઓ-
ને ખોરાક પૂરો પાડે છે, અને તે પોતાના વચનોને કદી ભૂલતા નથી.
6 તેણે તેના લોકોને બીજા રાષ્ટોની જમીન આપી છે. અને આ રીતે તેમ-
ને તેના સાર્મથ્યભર્યા કૃત્યો દેખાડ્યા છે. 7 તેમણે જે કાંઇ કર્યુ છે તેમાં
સત્યતા અને ન્યાય છે; તેમની સર્વ આજ્ઞાઓ વિશ્વાસ યોગ્ય છે. 8 કા-
રણ, આ નિયમો સત્યમાંથી અને વિશ્વાસુપણામાંથી ઉદભવ્યા છે;
તેઓ સદાને માટે અચળ છે. 9 દેવે તેના લોકોને ઉદ્ધાર મોકલ્યો છે;
અને તેમણે તેઓની સાથે એક સનાતન કરાર બનાવ્યો છે. તેમનું નામ
પવિત્ર તથા ભયાવહ છે. 10 દેવ માટે માન અને ડરથી ડહાપણ શરૂ
થાય છે. જે લોકો તેના આદેશોનું પાલન કરે છે તેઓ ડાહ્યા છે. તેના
માટે સદાય સ્તુતિના ગાન ગવાતા રહેશે.

112 યહોવાની સ્તુતિ થાઓ! જે યહોવાનો ડર રાખે છે અને માન
આપે છે તેને ધન્ય છે. અને જેઓ ખુશીથી તેની આજ્ઞાને
અનુસરે છે તેઓ આશીર્વાદિત છે. 2 તેઓનાં સંતાન પૃથ્વી પર બળ-
વાન થશે; અને ન્યાયીઓના વંશજો સાચા અર્થમાં આશીર્વાદ પામશે.
3 તેમના ઘરમાં ધનદોલતની વૃદ્ધિ થશે; અને તેમનું ન્યાયીપણુ કદી
વિસરાશે નહિ. 4 સારા લોકો માટે અંધકારમાં પ્રકાશ પ્રગટ થાય છે; તે-
ઓને માટે દેવ ભલા, દયાળુ અને કૃપાળુ છે. 5 વ્યકિત માટે દયાળુ અને
ઉદાર થવું તે સારું છે, વ્યકિત માટે એ તેના બધાં વ્યવહારમાં ન્યાયી
રહેવું તે સારું છે. 6 તે વ્યકિત કદી પડશે નહિ તેથી સારા માણસનું સ્મ-
રણ સર્વકાળ રહેશે. 7 તે ખરાબ સમાચારથી ડરતો નથી; અને શું થશે
તેની પણ ચિંતા કરતો નથી તે દેવ પર ભરોસો રાખી દ્રઢ રહે છે. 8 કરણ
શાંત અને સ્થિર રહે છે; તેથી તે ડરશે નહિ. શત્રુઓ પર જીત મેળવશે.
9 તેણે ઉદારતાથી નિર્ધનોની મદદ કરી છે, અને તેનું ન્યાયીપણું સર્વ-
કાળ ટકે છે; અને તે મોટું સન્માન પ્રાપ્ત કરશે. 10 જ્યારે દુષ્ટો આ જોશે
ત્યારે ગુસ્સે થશે, તેઓ ક્રોધમાં પોતાના દાંત પીસશે; અને દુબળા થઇ
જશે એમ દુષ્ટોની યોજનાઓ નિષ્ફળ જશે.

113 યહોવાની સ્તુતિ કરો! હે યહોવાના સેવકો, સ્તુતિ કરો, યહો-
વાના નામની સ્તુતિ કરો. 2 યહોવાનું નામ આ સમયથી તે
સર્વકાળ સુધી સ્તુત્ય થાઓ. 3 સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી યહોવાના
નામની સ્તુતિ કરો. 4 યહોવા સર્વ પ્રજાઓ પર સર્વોપરી અધિકારી છે;
અને તેનું ગૌરવ આકાશો કરતાં મોટું છે. 5 આપણા દેવ યહોવા જેવો છે
કોણ? જે ઉચ્ચસ્થાનમાં પોતાનું રહેઠાણ રાખે છે. 6 આકાશો ને પૃથ્વી-
થી યહોવા ઘણા ઊંચા છે. પોતાને નીચા નમાવે છે, તેથી તેને જોવા તે-
મણે નીચું જોવુ પડે. 7 રાંકને ધૂળમાંથી તે ઉઠાવી લે છે; અને ભૂખ્યા-
ઓને કચરાનાં ઢગલામાંથી. 8 અને બેસાડે છે પોતાના લોકોને અમીર
ઉમરાઓ સાથે; રાજકુમારોની મધ્યે. 9 સંતાન સ્રી ને સંતાન આપે છે;
અને સુખી થશે માતા! યહોવાની સ્તુતિ થાઓ.

114 જ્યારે ઇસ્રાએલીઓ વર્ષો પૂર્વે મિસરમાંથી નીકળ્યા, તેથી
પરભાષા બોલનાર લોકોમાંથી યાકૂબનું કુટુંબ નીકળ્યું.
2 પછી યહૂદિયા દેવનું નવું ઘર અને ઇસ્રાએલ દેશ તેમનું રાજ્ય બન્યાં.
3 તેઓને આવતા જોઇને લાલ સમુદ્ર બે ભાગમાં વહેંચાઇ ગયો; યર્દન
નદી પાછી વળી અને દૂર દોડી ગઇ. 4 પર્વતો ઘેટાંઓની માફક કૂદ્યા
અને ડુંગરો ગાડરની જેમ કૂદ્યા. 5 અરે લાલ સમુદ્ર! તને શું થઇ ગયું કે તું
બે ભાગમાં વહેંચાઇ ગયો? યર્દન નદી, શું થયું તારા પાણીનું? શા માટે
તમે પાછા હઠી ગયા? 6 અરે પર્વતો, તમે શા માટે ઘેટાંની જેમ કૂદ્યા?
અને ડુંગરો તમે કેમ હલવાનોની જેમ કૂદ્યા? 7 હે પૃથ્વી, પ્રભુની સમક્ષ,
યાકૂબના દેવની સમક્ષ, તું થરથર કાંપ. 8 તેણે ખડકમાંથી પાણી વહેતું
કર્યું. તેણે ચકમકમાંથી જળનાં ઝરણા વહાવ્યાં.

115 હે યહોવા, અમારું નહિ, તમારું નામ થાઓ મહિમાવાન;
તમારી કૃપા અને તમારા વિશ્વાસુપણા માટે સર્વ સ્તુતિ કરે.
2 પ્રજાઓ શા માટે પૂછે છે: “તમારા દેવ ક્યાં છે?” 3 કારણ અમારા દેવ
સ્વર્ગમાઁ છે અને તેમની ઇચ્છા પ્રમાણે કાર્ય કરે છે. 4 તેઓના દેવો સોના
ચાંદીના જ છે; તેઓ માણસોના હાથથી ઘડાયેલા છે. 5 તેઓને મોંઢા છે
છતાં બોલતાં નથી; તેઓને આંખો છે છતાં જોઇ શકતાં નથી. 6 તેઓને
કાન છે છતાં સાંભળતા નથી; નાક છે, પણ, તેઓ સૂંઘી શકતા નથી.
7 તેઓને હાથ છે પણ ઉપયોગ કરતાં નથી; તેઓને પગ છે છતાં તે ચા-
લી શકતા નથી. તેઓ પોતાના ગળામાંથી અવાજ કાઢી શકતા નથી.
8 જેઓ તેમને બનાવશે, અને તેઓ પર વિશ્વાસ કરશે તેઓ બધાં જલ્દી
તેમના જેવા થશે. 9 હે ઇસ્રાએલ, યહોવામાં તમારો ભરોસાઓ રાખો. તે
તારો તારણહાર છે અને તે તારી ઢાલ છે. 10 હે હારુનપુત્રો, યહોવામાં
તમારી શ્રદ્ધા રાખો, તે તમારો તારણહાર અને તમારી ઢાલ છે. 11 હે યહો-
વાના ભકતો તેમનામાં તમારો વિશ્વાસ રાખો, તે તમારા મદદગાર અને
ઢાલ છે. 12 યહોવાએ આપણને સંભાર્યા છે, તે આપણને આશીર્વાદ
આપશે; ઇસ્રાએલપુત્રોને અને હારુનપુત્રોને પણ તે આશીર્વાદ આપશે.
13 હે યહોવાના ભકતો, નાનાઁમોટાં સર્વને તે આશીર્વાદ આપશે. 14 યહો-
વા ખચીત તમારા છોકરાંની તથા તમારી વૃદ્ધિ કર્યા કરશે. 15 હા,
આકાશ અને પૃથ્વીના સર્જક; યહોવા પોતે, તમને આશીર્વાદ આપશે.
16 આકાશો તે યહોવાનાઁ પોતાના છે, પણ પૃથ્વી તેણે માણસોને આપી
છે. 17 મૃત્યુ પામેલાઓ, કબરમાં ઊતરનારાઓ પૃથ્વી પર યહોવાના
સ્તોત્ર નથી ગાઇ શકતા. 18 પણ અમે આજથી સર્વકાળપર્યંત યહોવાની
સ્તુતિ કરીશું. યહોવાની સ્તુતિ થાઓ!

116 યહોવા મારી પ્રાર્થનાઓ સાંભળે છે અને તેના ઉત્તર આપે છે
તેથી તે મને ગમે છે. 2 તેણે પોતાના કાન મારા તરફ ધર્યા છે;
માટે હું તેમની પ્રાર્થના જીવનપર્યંત કરીશ. 3 મરણની જાળમાં હું સપ-
ડાઇ ગયો હતો; મને લાગતું હતું જાણે હું શેઓલમાં હોઉં; અને મને સંકટ
ને શોક મળ્યાં હતાં. 4 ત્યારે મેં યહોવાના નામનો પોકાર કર્યો, “હે યહો-
વા મને બચાવો.” 5 યહોવા ન્યાયી અને કૃપાળુ છે; આપણા દેવ ખરેખર
માયાળુ છે. 6 યહોવા અસહાયનું રક્ષણ કરે છે; હું છેક લાચાર બની ગયો
હતો; ત્યારે તેણે મને બચાવ્યો. 7 હે મારા આત્મા, વિશ્રામ કરો! કારણકે
યહોવા તમારી સંભાળ રાખે છે. 8 તમે મારા પ્રાણને મૃત્યુથી અને મારી
આંખોને આંસુથી અને મારા પગોને લથડવાથી બચાવ્યાં છે. 9 હું જીવ-
લોકમાં જીવતો રહીશ; અને યહોવાની સેવા કરવાનું ચાલુ રાખીશ.

10 ખી છું," મે જ્યારે એમ કહ્યું ત્યારે પણ મેં તે માનવાનું ચાલું રાખ્યું છે.
11 મારા ગભરાટમાં મેં કહી દીધું હતું કે, "સર્વ માણસો જૂઠાં છે." 12 યહો-
વાના મારા પર થયેલા સર્વ ઉપકારોનો હું તેને શો બદલો આપું? 13 મારું
રક્ષણ કરવા માટે તેમની માટે હું દ્રાક્ષારસનું અર્પણ લઇ જઇશ; અને હું
દેવના નામે પોકારીશ. 14 યહોવા સમક્ષ મેં જે માનતા લીધી છે, તે હું તે-
ના સર્વ લોક સમક્ષ પૂર્ણ કરીશ. 15 યહોવાની ષ્ટિમાં તેના ભકતનું મૃત્યુ
કિંમતી છે. 16 હે યહોવા, તમે મને મારા બંધનોથી મુકિત આપી છે, હે
યહોવા, ખરેખર હું તમારો દાસ; તમારો ગુલામ છું, દીકરો છું તમારી દા-
સીનો. 17 હું તમારા માટે સ્તુત્યર્પણો ચડાવીશ, અને હું યહોવાના નામે
પોકારીશ. 18 મેં યહોવાની સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાઓ; તેમનાં સર્વ લોકો
સમક્ષ હું પૂર્ણ કરીશ. 19 હે યરૂશાલેમ! તારી અંદર યહોવાના મંદિરનાં
આંગણામાં પ્રતિજ્ઞા લઇશ. યહોવાની સ્તુતિ થાઓ.

117 પૃથ્વીનાં સર્વ લોકો યહોવાને મોટા મનાઓ. બધી પ્રજાઓ
સર્વ સ્થળે યહોવાની સ્તુતિ કરો. 2 કારણ કે તેમની અનહદ
કૃપા આપણા પર છે; યહોવાની સત્યતા ટકે છે સર્વકાળ; યહોવાની
સ્તુતિ હો.

118 યહોવાનો આભાર માનો; કારણકે તે ભલા છે તેમનો સાચો
પ્રેમ સદાય રહે છે. 2 ઇસ્રાએલના પ્રજાજનો, તેમની સ્તુતિ કરો
આ શબ્દોથી, "તેમની કૃપા સદાય રહે છે." 3 હારુન પુત્રો, આ પ્રાર્થના
ગીત ગાઓ, "તેમનો સાચો પ્રેમ સદાય રહે છે." 4 યહોવાના અન્ય ભક-
તો, તમે પણ કહો કે; "તેમનો સાચો પ્રેમ સદાય રહે છે." 5 મારા સંકટમાં
મેં યહોવાને વિનંતી કરી; તેમણે મને ઉત્તર આપી ને મને બચાવ્યો.
6 યહોવા મારા પક્ષમાં છે, મને ડર શાનો? પૃથ્વી પરનો માણસ મને શું
કરી શકે? 7 યહોવા મને મદદ કરશે, તે મારા પક્ષમાં છે; તેથી મારી સગી
આંખે હું મારા શત્રુઓને પરાજીત થતાં જોઇશ. 8 માણસો પર ભરોસો રા-
ખીએ તે કરતાં; યહોવા પર ભરોસો રાખીએ તે વધુ સારુ છે. 9 સમર્થ રા-
જાઓના આશ્રયે જવું તે કરતાં; યહોવામાં આશ્રય મેળવવો તે વધું સારો
છે. 10 બધી પ્રજાઓએ મને ઘેરી લીધો છે, પણ હું યહોવાનું નામ લઇને
તેમને પરાજીત કરીશ. 11 હા, મને શત્રુઓએ ઘેર્યો હતો ખરેખર તેમણે
મને ઘેર્યો હતો; પણ યહોવાના નામેં હું તેમને હરાવીશ. 12 તેઓએ મને
મધમાખીઓની જેમ ઘેર્યો હતો; પણ તેઓ સળગતાં કાંટાની જેમ તુરંત
જ ઓલવાઇ ગયા છે. હું તેમને યહોવાનું નામ લઇને હરાવીશ. 13 ઓ
મારા શત્રુઓ, તમે મારો વિનાશ કરવા ઘણી મહેનત કરી. પણ મને
યહોવાએ સહાય કરી. 14 પણ યહોવા મારું સાર્મથ્ય છે અને વિજયગીત
છે; તે જ મારું તારણ થયા છે. 15 સદાચારીઓના મંડપમાં, વિજયોત્સ-
વના હર્ષનાદ સંભળાય છે, યહોવાનો જમણો હાથ બહાદુરીના કાર્યો કરે
છે. 16 યહોવાનો જમણો હાથ ઊંચો થયેલો છે; અને યહોવાનો જમણો
હાથ પરાક્રમ કરે છે. 17 હું મરીશ નહિ પણ હું જીવતો રહીશ; અને યહો-
વાએ કરેલા સર્વ કાર્યોને ઉચ્ચારીશ. 18 યહોવાએ મને ભારે શિક્ષા કરી,
પણ તેણે મને મૃત્યુને સ્વાધીન કર્યો નથી. 19 ન્યાયીપણાનું પ્રવેશદ્વાર
ઉઘાડો, હું તેમા થઇને જઇશ; અને યહોવાનો આભાર માનીશ. 20 એ
દ્વાર યહોવાની સમક્ષ જવાનું છે; યહોવાનો ભય રાખનાર ન્યાયીઓ તે-
માં જશે. 21 હે યહોવા, તમે મારી પ્રાર્થનાનો જવાબ આપ્યો છે; અને મા-
રો ઉદ્ધાર કર્યો છે, હું તમારો આભાર માનું છું. 22 જે પથ્થરને ઘર બાંધ-
નારાઓએ નકાર્યો હતો; તે જ ખૂણાનો મુખ્ય પથ્થર થયો છે. 23 આ કા-
ર્ય તો યહોવાથી થયું છે; આપણી દ્રષ્ટિમાં તે આશ્ચર્યકારક છે. 24 યહો-
વાએ આપણને આ દિવસ આપ્યો છે; આપણે તેમાં આનંદોત્સવ
કરીએ. 25 હે યહોવા, અમારી ઉપર દયા રાખ અને અમને તારણ આપો;
હે યહોવા, અમારી પર દયા કર અને મહેરબાની કરીને અમને સફળ
બનાવો. 26 યહોવાને નામે જે આવે છે તેને ધન્ય છે; યહોવા મંદિરમાંથી
અમે તમને આશીર્વાદ દીધો છે. 27 યહોવા તે જ દેવ છે અને તે અમારો
પ્રકાશ છે. બલિદાન માટે બાંધેલા ઘેટાને વેદીના શિંગ તરફ લઇ જતાં
ઉત્સવના સરઘસમાં તમે બધાં જોડાઇ જાઓ. 28 તમે મારા યહોવા, હું
તમારો આભાર માનીશ; તમે મારા દેવ છો, હું તમને મોટા માનીશ.
29 યહોવાનો આભાર માનો, તે ઉત્તમ છે; અને તેમની કૃપા સર્વકાળ ટકે
છે.

119 જેઓ પવિત્ર જીવન જીવે છે, તથા યહોવાના નિયમોને અનુ-
સરે છે તેઓ આશીર્વાદિત છે. 2 જેઓ પૂર્ણ હૃદયથી યહોવાની
શોધ કરે છે અને હંમેશા યહોવાના કરારનું પાલન કરે છે, તેઓ સર્વ
આશીર્વાદિત છે. 3 તેઓ કદી ખરાબ કામ કરતા નથી, અને તેઓ યહો-
વાના ન્યાયી માર્ગની કેડીએ ચાલે છે. 4 તમે અમને નિયમો આપ્યાં છે,
તમે અમને તે હુકમોનું કાળજીપૂર્વક પાલન કરવા કહ્યું છે. 5 મારા કાર્યો
તમારા વિધિઓ સાથે સુમેળમાં રહે તેમ હું ઇચ્છુ છું. 6 પછી જ્યારે હું
તમારી બધી આજ્ઞાઓ અભ્યાસ કરીશ હું ક્યારેય શરમિંદો નહિં થાઉં.
7 તમારા ખરા ન્યાયથી હું માહિતગાર થઇશ; ત્યારે શુદ્ધ હૃદયથી હું
તમારો આભાર માનીશ. 8 હું તમારા વિધિઓને અનુસરીશ, તેથી કૃપા
કરી મને છોડશો નહિ! 9 જુવાન માણસ કેવી રીતે પોતાનું જીવન શુદ્ધ
રાખી શકે? તમારા વચનોને અનુસરીને તે કરી શકે છે. 10 મેં મારા ખરા
હૃદયથી તને શોધ્યો છે; તારી આજ્ઞાઓથી ચૂકીને મને ભટકવા ન દે.
11 મેં તમારા વચન કાળજી પૂર્વક મારા હૃદયમા રાખી મૂક્યા છે; જેથી,
તમારી વિરુદ્ધ હું ફરી પાપ ન કરું. 12 યહોવાની સ્તુતિ થાય! કૃપા કરીને
મને તમારા વિધિઓ શીખવો. 13 મારા હોઠોથી હું તમારા બધાં નિયમો
વિષે વાત કરીશ. 14 સંપત્તિ કરતાં તમારા નિયમોમાં મને વધુ આનંદ
મળે છે. 15 હું તમારા શાસનોની ચર્ચા કરું છું, હું તમારા જીવન જીવવા-
ના માર્ગને અનુસરું છું. 16 હું તમારા વિધિઓને માનું છું; હું તેમને ભૂલી
જઇશ નહિ. 17 મને તમારા સેવકને બદલો આપો; જેથી હુ જીવિત રહું
અને તમારા વચનનું પાલન કરું. 18 તમારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્ય-
કારક વાતોનું અવલોકન કરવા માટે; મારી આંખો ઉઘાડો. 19 પૃથ્વી પર
હું તો એક યાત્રી છું; તારી આજ્ઞાઓ મારાથી સંતાડ નહિ. 20 મારું હૃદય
તમારા ન્યાયવચનો માટે હંમેશા તીવ્ર ઝંખના કરે છે. 21 તમે ઉદ્ધત લો-
કોને જેઓ તમારી આજ્ઞાઓને માનતા નથી. તેમને ઠપકો આપો છો.
22 મહેણાં તથા અપમાનને મારાથી દૂર કરો; કારણકે મેં તારાં નિયમો
માન્યાં છે. 23 સરદારો પણ આસનો પર બેઠાબેઠા મારી વિરુદ્ધ બોલતા
હતા; પણ તારા સેવકે તમારા વિધિઓનું મનન તો કર્યુ છે. 24 હું તમારા
નિયમોને માનું છું. અને હા, તેઓ મારા સલાહકારો પણ છે. 25 હું મૃત્યુ
પામવાની તૈયારીમાં છું. તમારા વચન આપ્યું હતું પ્રમાણે મને જિવડા.
26 મેં મારા માગોર્ પ્રગટ કર્યા; અને તેં મને ઉત્તર આપ્યો; મને તારા વિ-
ધિઓ શીખવ. 27 તમારા શાસનોને સમજવામાં મારી મદદ કરો, જેથી હું
તમારા અદભૂત કાર્યો વિશે ચર્ચા કરી શકું. 28 ખને કારણે મારું હૃદય
ભારે થઇ ગયું છે, તમે આપેલા વચન પ્રમાણે મને બળવાન કરો. 29 મે
મને પ્રત્યેક ભૂંડાઇથી દૂર રાખો; કૃપા કરીને મને તમારા નિયમોને
આધીન થવાનું શીખવો. 30 તમને વફાદાર થવાનું મે પસંદ કર્યુ છે.
તમારા ન્યાયવચનો વિષે વિચારવાનું મે સતત ચાલું રાખ્યું છે. 31 હું
વળગી રહ્યો છું તમારી આજ્ઞાઓને; મારે લજ્જિત થવું પડે એવું થવા ન
દેશો. 32 તમારી આજ્ઞાઓના માર્ગમાં હું જીવન જીવીશ; કારણ તમે મારી
સમજશકિત ખીલવો છો અને મારા હૃદયને પ્રફુલ્લિત કરો છો. 33 હે યહો-
વા, તમારા વિધિઓનો માર્ગ મને શીખવો; અને પછી હું તેને કાળજીપૂ-
ર્વક અનુસરીશ. 34 કરણથી તેને માનીશ. 35 મને તમારા આજ્ઞાઓના
માગેર્ દોરો. કારણકે હું તેમાં આનંદ માણું છું. 36 તમારા કરાર પર ધ્યાન
આપવા માટે મને મદદ કરો નહિ કે, કેવી રીતે ધનવાન બનવું તેના પર.
37 વ્યર્થતામાંથી તમે મારી દ્રષ્ટિ ફેરવો; અને તમારા માગેર્ જીવન જીવ-
વા માટે મને મદદ કરો. 38 તમારું જે વચન ભય ઉપજાવનારું છે; તે
તારા સેવકના લાભમાં દ્રઢ કર. 39 જે અપમાનનો મને ડર છે; તે મારાથી
દૂર કરો; કારણકે તારાં ન્યાયવચનો ઉત્તમ છે. 40 તમારા નિયમોને
આધીન થવાનું હું ઝંખુ છું; મારા ન્યાયીપણાંમાં તમે મારા જીવનને
સંભાળી રાખો. 41 હે યહોવા, તમારો અવિકારી પ્રેમ અને તમારા વચન
પ્રમાણે મારું તારણ મારા પર આવો. 42 તે મને અપમાનિત કરવાવા-
ળાને જવાબ આપવા માટે સક્ષમ કરશે, હું તમારા વચનનો ભરોસો કરું
છું. 43 ક્યારેય મારા મુખમાંથી સત્યને દૂર ન લઇ જશો, હું તમારા ન્યાય-
વચનો ઉપર આધાર રાખું છું. 44 હું સદાય તમારા નિયમોને આધીન
રહીશ. 45 તમારા શિક્ષણને આધીન થવામાં મેં ચિત્ત લગાડ્યું છે; તેથી
જીવન જીવવામા હું સ્વતંત્રતા અનુભવીશ. 46 હું રાજાઓ સાથે તમારા
કરાર વિષે વાત કરીશ, અને તેઓ (રસ પૂર્વક સાંભળશે અને) મને મૂંઝ-
વણમાં મુકશે નહિ. 47 તમારા નિયમો મને બહુ પ્રિય છે; તમારી આજ્ઞા-
ઓમાં હું આનંદ માણું છું. 48 હું તમારી આજ્ઞાઓ પાળવા મારા હાથ
ઊંચા કરીશ, હું તેને ચાહું છું અને હું તેના વિશે મનન કરું છું. 49 હું તમા-

રો સેવક છું, કૃપા કરીને મને આપેલા તમારા વચનને યાદ કરો, તે
વચન મને આશા આપે છે. 50 ખમાઁ આશ્વાસન મળ્યું છેં; અને તમારા
વચને મને જિવાડ્યો છે. 51 અભિમાની લોકો મારી મજાક કરે છે, પણ હું
તમારા નિયમમાંથી પાછો હઠ્યો નથી. 52 હે યહોવા, પુરાતન કાળથી
પ્રચલિત તમારા ન્યાયવચનો મેં મારા બાળપણથીજ યાદ રાખ્યા છે.
અને મને હંમેશા સાંત્વન મળ્યું છે. 53 જે ભૂંડાઓ તમારા નિયમ અવગ-
ણના કરે છે; તેઓ પર મને ક્રોધ ઉપજે છે. 54 તમારા વિધિઓ આ મારી
જીવનયાત્રામાં મારા માટે આનંદદાયક સ્તોત્ર બન્યા છે. 55 હે યહોવા,
મને રાત્રે તમારા નામનું સ્મરણ થાય છે, અને હું તમારા નિયમો પાળુ
છું. 56 આ મારું આચરણ છે; હું તમારા શાસનો પાલન કરું છું. 57 હે
યહોવા, મારો વારસો છો તમે; હું વચનો પાળીશ તમારા, એમ મે કહ્યું
છે. 58 મેં મારા હૃદયની ઉત્કંઠાથી તમારી કૃપાની માંગણી કરી છે; તમા-
રા વચન પ્રમાણે તમે મારા ઉપર દયા કરો. 59 મેં મારા જીવનના
રસ્તાઓ વિષે વિચાર કર્યો છે, અને પછી વળ્યો છું તમારા કરાર તરફ.
60 તમારી આજ્ઞાઓ પાળવા માટે મેં ઉતાવળ કરી છે; જરાય મોડું કર્યું
નથી . 61 મને દુષ્ટોનાં બંધનોએ ઘેરી લીધો છે; પણ તમારા નિયમોને હું
ભુલ્યો નથી. 62 હું મધરાતે ઊઠીને તમારા ન્યાયવચનો બદલ તમારો
આભાર માનીશ. 63 જે કોઇ તમારો ભય રાખે છે, તમારામાં વિશ્વાસ કે
છે, અને તમારા શાસનોનું પાલન કરે છે તે મારા મિત્રો છે. 64 હે યહોવા,
પૃથ્વી તમારી કૃપાથી ભરેલી છે, મને તમારા વિધિઓ શીખવો. 65 હે
યહોવા, તમે તમારા સેવકને વચન આપ્યા પ્રમાણે, મારા માટે સારું જ
કર્યું છે. 66 મને યોગ્ય ચપળતા શીખવો અને મને જ્ઞાન આપો, હું તમારા
આજ્ઞાઓ પર વિશ્વાસ કરું છું. 67 ખ સહ્યું તે પહેલા મેં ઘણી ખોટી બા-
બતો કરી, પણ હાલમાં હું તમારા વચન પાળું છું. 68 તમે ઉત્તમ છો અને
ઉત્તમ કરો છો; મને તમારા વિધિઓ શીખવો. 69 ઘમંડી લોકો મારા વિશે
જૂઠું બોલે છે, પણ હું તમારાં નિયમો ખરા હૃદયથી પાળીશ. 70 કરણ
સ્થૂળ છે; પણ હું તો તારા નિયમમાં પરમાનંદ પામું છું. 71 મેં જે સહન
કર્યું તે મારા સારા માટે પૂરવાર થયું, એ રીતે હું તમારા વિધિઓ શીખ્યો.
72 હજારો સોના ચાંદી કરતાં તમારા મુખનો નિયમ મારે માટે વધુ મૂલ્ય-
વાન છે. 73 તમે તમારા હાથેથી જ મને ઘડ્યો છે અને બનાવ્યો છે;
તમારી આજ્ઞાઓ શીખવો; અને તેનું પાલન કરવાની સમજ આપો.
74 તમારો ભય રાખનારા, મને જોઈને આનંદ પામશે; કારણ મેં તમારી
અને તમારા વચનોની આશા રાખી છે. 75 હે યહોવા, હું જાણું છું કે તમે
આપો છો તે વચનો સાચા અને ન્યાયી હોય છે. અને મને પીડા આપ-
વાનું તમારા માટે ન્યાયી હતું. 76 તમારા વચન પ્રમાણે તમારા સેવકને
તમારી કૃપાથી આશ્વાસન ને પ્રેમ મળો. 77 હું જીવતો રહું તે માટે તમારી
દયા મારી પાસે આવવા દો, તમારો નિયમ એ જ મારો આનંદ છે.
78 ભલે અભિમાનીઓ લજ્જા પામો; તેઓ મારા વિષે જૂઠું બોલ્યા છે અને
ખોટી રીતે મારા પર આક્ષેપ કર્યા છે. છતાં હું તો તમારા શાસનોનું મનન
કરું છું. 79 ભલે તમારા ભકતો, જેઓ તમારો આદર કરે છે અને જેમને
તમારા સાક્ષ્યો વિષે જ્ઞાન છે; તેઓ મારી પાસે આવો. 80 તમારા નિય-
મોથી આધીનતામાં મારું હૃદય નિર્દોષ શુદ્ધ રહો; તમારી દરેક ઇચ્છાને
ચાહવામાં મારી સહાય કરો; જેથી મારે પોતાના વિષે લજવાવું ન પડે.
81 મારો જીવ તમારા તારણ માટે વ્યથિત છે. પણ હું તમારા વચનની
આશા રાખું છું. 82 તમે જે બાબતો માટે વચન આપેલું તેના માટે રાહ જો-
વાનું મેં ચાલુ રાખ્યું છે. જેને કારણે મારી આંખો નબળી થઇ રહી છે. તમે
મને ક્યારે આશ્વાસન આપશો? 83 હું કચરાના ઢગલા પર પડેલી સૂકાયે-
લા ચામડાની કોથળી જેવો થઇ ગયો છું, પણ હું તમારા નિયમોને ભૂલ-
તો નથી. 84 કેટલા દિવસ છે તારા સેવકના? તમે મને સતાવનારાઓનો
ન્યાય ક્યારે કરશો? 85 જે ગવિર્ષ્ઠો તમારા નિયમો પ્રમાણે નથી વર્તતા;
તેઓએ ખાડા ખોદ્યા છે મારા માટે. 86 તેઓ વિનાકારણ મને ત્રાસ આપે
છે. તમે મને મદદ કરો, તમારી સર્વ આજ્ઞાઓ ભરોસાપાત્ર છે. 87 તે-
ઓએ લગભગ મને મારી નાખ્યો, છતાં મેં તમારા શાસનોનું પાલન કર-
વાનું છોડ્યું નહિ. 88 તમારી કૃપા પ્રમાણે તમે મને જીવાડો; એટલે હું
તમારા મુખની શિખામણ પાળીશ. 89 હે યહોવા, તમારું વચન આકાશ-
માં સદાકાળ સ્થિર છે. 90 તમારું વિશ્વાસપણું પેઢી દરપેઢી કાયમ રહે
છે; તમે જ ધરતી સ્થાપી છે અને તે નભી રહી છે. 91 તમારા ન્યાયી વચ-
નને કારણે દરેક વસ્તુ આજની સુધી અસ્તિત્વ ધરાવે છે; કારણ, તે
સર્વ તમારા સેવકો છે. 92 ખમાંજ નાશ પામ્યો હોત. 93 હું કદી ભૂલીશ
નહિ તમારા શાસનોને, કારણકે તમે મને તેઓથીજ જિવાડ્યો છે. 94 હું
તમારો છું; મારું રક્ષણ કરો; કારણ, મેં સદા તમારા શાસનોને શોધ્યા
છે. 95 દુષ્ટો મારો નાશ કરવાનો લાગ જોઇ રહ્યા છે; છતાં હું શાંત રહીને
તમારાં વચનોમાં ધ્યાન રાખીશ. 96 મેં જોયું છે કે પ્રત્યેક વસ્તુઓને તેની
પોતાની સીમાઓ હોય છે, પરંતુ તમારી આજ્ઞાની તો સીમા જ નથી.
97 તમારા નિયમો પર હું કેવો પ્રેમ રાખું છું! હું આખો દિવસ તેમના વિષે
મનન કરું છું. 98 મારા શત્રુઓના કરતાં તમારી આજ્ઞાઓ મને વધુ બુ-
દ્ધિમાન કરે છે; કારણકે મારી પાસે સર્વદા છે. 99 મારામાં મારા શિક્ષકો
કરતાં વધારે શાણપણ છે કારણ કે હું તમારા સાક્ષ્યો વિષે અભ્યાસ
અને ચર્ચા કરતો રહું છું. _x000D_ વૃદ્ધોના કરતાં હું વિશેષ જાણું છું ;
કારણકે મેં તમારા નિયમો પાળ્યાં છે. 100 વૃદ્ધોના કરતાં હું વિશેષ જાણું
છું ; કારણકે મેં તમારા નિયમો પાળ્યાં છે. 101 હું તમારું વચન પાળી
શકું તે માટે મેં મારા પગ સર્વ ભૂંડા માર્ગોથી પણ પાછા વાળ્યા છે.
102 તમારા ન્યાયી વચનોને મેં ત્યજ્યા નથી; કારણકે તમે મને તે શીખ-
વ્યા છે. 103 મારી રૂચિને તમારાં વચનો કેવા મીઠાઁ લાગે છે! મારા મુખને
તે મધથીય વધુ મીઠાઁ લાગે છે. 104 તમારાં શાસનોથી મને સમજણ મળે
છે; માટે હું દરેક જૂઠા માર્ગને ધિક્કારું છું. 105 મારા પગોને માટે તમારાં
વચન દીવારૂપ છે; મારા માર્ગમા પ્રકાશ પાથરી, તે મને ઠોકર ખાતાં
બચાવે છે. 106 એવી પ્રતિજ્ઞા મેં કરી હતી, “હું તમારા યથાર્થ ન્યાય શા-
સનો પાળીશ,” અને મેં તે પાળ્યા પણ ખરા. 107 ખમાં કચડાઇ ગયો છું;
તમારા વચનો પ્રમાણે મને જિવાડ. 108 હે યહોવા, મારા મુખનાં રાજીખુ-
શીથી આપેલાં અર્પણોનો તમે સ્વીકાર કરો; અને તમારાં ન્યાય વચનો
મને શીખવો. 109 મારો પ્રાણ સદા મારી મુઠ્ઠીમાં છે; છતાં હું ભૂલતો નથી
તારા નિયમને. 110 દુષ્ટ શત્રુઓએ મારે માટે પાશ રાખ્યો છે; છતાં હું
તમારાં શાસનોથી ભાગી ગયો નથી. 111 હું તમારા સાક્ષ્યોને સદાકાળ
અનુસરીશ; કારણ, તે મારા હૃદયનો આનંદ છે. 112 મેં મારા જીવનનાં
અંત સુધી સદા તમારા નિયમોનું પાલન કરવા માટે મારા હૃદયથી જવા-
બદારી સ્વીકારી છે. 113 બેવડી માનસિકતા ધરાવતા લોકોને હું ધિક્કા-
રું છું. પણ હું તમારા નિયમોને ચાહું છું. 114 તમે જ મારી ઓથ તથા
ઢાલ છો; મને તમારા વચનની આશા રાખું છે. 115 દુષ્ટ મન વાળા મા-
ણસો મારાથી દૂર રહો, જેથી હું મારા યહોવાની આજ્ઞાઓ પાળું.
116 તમારા વચન મુજબ મને ટેકો આપો જેથી હું જીવી શકું. મારી આશા-
ઓને નિરાશ ન કરો. 117 મને ટકાવી રાખો, જેથી હું બચી શકુ. અને
સદાય હું તમારા નીતિ નિયમોનો અભ્યાસ કરીશ. 118 હે યહોવા, જેઓ
તમારા નિયમોનો ભંગ કરે છે તેનો તમે અસ્વીકાર કરો છો, કારણકે તમે
તેમનાં છેતરામણા માર્ગોને પ્રગટ કરો છો. 119 તમે પૃથ્વીના સર્વ દુષ્ટોને
કચરાની જેમ ફેંકી દો છો; માટે હું તમારા નિયમોને પ્રેમ કરું છું. 120 હું
તમારા ભયથી કાંપુ છું, અને તમારા ન્યાયવચનનો આદર કરું છું.
121 મેં જે સારું અને સાચું છે તે કર્યુ છે; યહોવા, મને મારા પર જુલમ કર-
નારના હાથમાં ન સોંપો. 122 તમારા સેવક માટે સારી વસ્તુઓ તૈયાર
કરો. ઉદ્ધત લોકોને મારા પર જુલમ કરવા ન દો. 123 તમારા તારણની
અને પવિત્રવચનની રાહ જોતાં જોતાં મારી આંખો નિસ્તેજ થઇ ગઇ છે.
124 તમારી કૃપા પ્રમાણે તમારા સેવકની સાથે વર્તજો; અને તમારા વિ-
ધિઓ મને શીખવજો. 125 હું તો તમારો સેવક છું, મને શાણપણનું વર-
દાન આપો, જેથી હું તમારા સાક્ષ્યોને જાણી શકું. 126 હે યહોવા, હજુ
સમય છે કઇંક પગલા ભરો; કારણકે દુષ્ટ માણસોએ નિયમોનું ખંડન
કર્યુ છે. 127 જ્યારે હું સોના કરતાં, શુદ્ધ સોના કરતાય વધુ તમારી
આજ્ઞાઓ પર પ્રેમ રાખું છું. 128 તમારા શાસનો પ્રમાણે હું મારી સવેર્
વર્તણૂક યથાર્થ રાખું છું ; અને હું દરેક જૂઠા માર્ગને ધિક્કારું છું.
129 તમારા નિયમો અદભૂત છે; તેથી હું તેમને આધિન છું. 130 તમારા
વચનો એક તિરાડ જેવા છે જે અંધારા ઓરડામાં પ્રકાશ પાથરે છે, અને
તેથી એક સામાન્ય માણસ પણ સમજી શકે છે. 131 તમારાં વચનો માટે
મને ઉત્સુકતા છે; હું મારું મો ઉઘાડીને તલપી રહ્યો છું. 132 તમારા પર
પ્રેમ કરનારાઓ સાથે તમે જે રીતે વતોર્ છો; તેમ તમે મારા તરફ જોઇને
મારા પર દયા કરો. 133 હે યહોવા, તમારા વચનપ્રમાણે મને દોરો. કોઇ-
પણ દુષ્ટતાને મારા પર શાસન ન કરવા દો. 134 જુલમી માણસોમાંથી
મને બચાવો, જેથી હું તમારા શાસનોનું પાલન કરી શકું. 135 તમારા સે-

વક પર તમારા મુખનો પ્રકાશ પાડો; અને તમારા બધાં નિયમો મને શી-
ખવો. 136 તેઓ તમારા નિયમો પાળતા નથી, તેથી મારી આંખોમાંથી
ચોધારા આંસુ વહે છે. 137 હે યહોવા, તમે ન્યાયી છો, તમારા ન્યાયવચ-
નો યથાર્થ છે. 138 તમે તમારા સાક્ષ્યો અમને આપ્યા, ખરેખર અમે તેમ-
નો વિશ્વાસ કરી શકીએ. 139 તમારા માટેનો મારો ઉત્સાહ મને ક્ષીણ કરી
રહ્યો છે, કારણ મારા શત્રુઓ તમારા નિયમોને ભૂલી ગયાં છે. 140 તમારા
શબ્દો તદ્દન નિર્મળ છે; અને તેથી આ તમારો સેવક તમારા શબ્દોને
ચાહે છે. 141 જો કે હું યુવાન છું અને લોકો મને માન આપતાં નથી, હું
તમારા શાસનોને કદી ભૂલી જતો નથી. 142 તમારું ન્યાયીપણું તો
અનંતકાળ ટકશે; તમારો નિયમ સાચા અને વિશ્વસનીય છે. 143 મને
ઉપાધિઓ અને આપત્તિઓએ જકડી લીધો છે. પરંતુ તમારી આજ્ઞામાં
મારી પ્રસન્નતા રહે છે. 144 તમારા સાક્ષ્યો સદાકાળ ન્યાયયુકત છે, માટે
મને સમજણ આપ, જેથી હું જીવતો રહીશ. 145 મેં ખરા હૃદયથી અરજ
કરી છે, હે યહોવા, મને ઉત્તર આપ; હું તમારા નિયમોનું પાલન કરીશ.
146 'મારું રક્ષણ કરો' મેં તમને પ્રાર્થના કરી છે; એટલે હું તમારા નિયમો-
નું પાલન કરીશ. 147 પ્રભાત થતાં પહેલા મેં પ્રાર્થના કરી; અને મે તમારી
વાતની આશા રાખી. 148 તારા વચનનું મનન કરવા માટે; મારી આંખો
રાતના છેલ્લા પહોર અગાઉ ઊઘડી ગઇ હતી. 149 તમારી કૃપા પ્રમાણે
મારી વાણી સાંભળો; હે યહોવા, તમારા ન્યાયવચનો પ્રમાણે મને જિ-
વાડો. 150 તમારા નિયમનો ભંગ કરનારા અને દુષ્ટ પ્રપંચ ઘડનારા મારા
પર હુમલો કરવા આવી રહ્યાં છે. 151 હે યહોવા, તમે મારી નજદીક છો;
અને તમારી સર્વ આજ્ઞાઓ સત્ય છે. 152 લાંબા સમય પૂર્વે તમારા સા-
ક્ષ્યોમાંથી મેં જાણ્યું કે તમે તેઓને સદાને માટે સ્થાપ્યાં છે. 153 મારા
સંકટ સામે જુઓ અને મારી રક્ષા કરો; કારણ, હું તમારો નિયમ ભૂલતો
નથી. 154 મારી લડતને લડો અને મને બચાવો! મને તમારા વચન પ્ર-
માણે જીવવા દો. 155 દુષ્ટ અન્યાયીઓથી તારણ દૂર રહે છે; કારણકે તે
તમારા નિયમો શોધતા નથી. 156 હે યહોવા, તારી કરુણા ઘણી મહાન
છે; તારાં ન્યાયવચનો પ્રમાણે મને જિવાડ. 157 મને સતાવનારા, મારા
શત્રુઓ ઘણા છે; છતાં હું તારા નિયમોથી પાછો હઠી ગયો નથી.
158 જ્યારે મેં વિશ્વાસઘાતીઓને જોયા; ત્યારે મેં તેમનો અસ્વીકાર કર્યો;
કારણકે, તેઓ તમારા વચનનું પાલન કરતાં નથી. 159 હું તમારા શાસ-
નો પર કેટલો બધો પ્રેમ રાખુ છું, તે ધ્યાનમાં લે જો હે યહોવા, તમારી કૃ-
પા અનુસાર તમે મને જિવાડો. 160 તમારા બધાં વચનો અથથી તે ઇતિ
સુધી સત્ય છે; અને તમારા સર્વ ન્યાયી વચનો અનંતકાળ સુધી ટકવા-
ના છે. 161 મને સરદારોએ વિના કારણ સતાવ્યો છે; પણ મારું હૃદય
તમારાં વચનોનો ભય રાખે છે. 162 જેમ કોઇકને મોટો ખજાનો મળે તેમ
તમારા વચન મને રાજી કરે છે. 163 હું અસત્યને ધિક્કારું છું, હું તેમનો
તિરસ્કાર કરું છું પરંતુ હું તમારા નિયમને ચાહું છું. 164 તમારા યથાર્થ
અને ન્યાયી વચનોને કારણે, હું દિવસમા સાત વખત તમારી સ્તુતિ કરું
છું. 165 તમારા નિયમ પર પ્રેમ રાખનારાઓને અત્યંત શાંતિ મળે છે; તે-
ઓને કોઇ પણ ઠોકર ખવડાવી શકે તેમ નથી. 166 હે યહોવા, તમારા
તારણની મેં આશા રાખી છે; કારણ, મે તમારી આજ્ઞાઓ પાળી છે.
167 હું તમારા સાક્ષ્યોને અનુસર્યો અને તેથી હું તેમના પર ઘણો પ્રેમ રાખું
છું. 168 હું તમારા બધાં શાસનો અને સાક્ષ્યોને અનુસર્યો છું, હે યહોવા, હું
જે કરું તે બધુ તમે જાણો છો. 169 હે યહોવા, મારી પ્રાર્થનાઓ સાંભળો;
અને તમે વચન આપ્યું છે તે પ્રમાણે મને સમજણ આપો. 170 મારી પ્રા-
ર્થનાને તમારી સમક્ષ આવવા દો; અને તમારા વચન પ્રમાણે મને ઉગા-
રો. 171 મારા હોઠો તમારી સ્તુતિ ઉચ્ચારશે, કારણકે, તમે મને તમારા
વિધિઓ શીખવો છો. 172 મને તમારા વચનોનો જવાબ આપવા દો,
અને મને મારું ગીત ગાવા દો. કારણ કે, તમારી આજ્ઞાઓ પૂર્ણ ન્યાયી
છે. 173 મને મદદ કરવા તમારો હાથ તૈયાર થાઓ કારણ કે, મેં તમારાં
શાસનોને અનુસરવાનું પસંદ કર્યુ છે. 174 હે યહોવા, હું તારા તારણ માટે
અભિલાષી છું; તમારો નિયમ એ જ મારો આનંદ છે. 175 મારા આત્માને
જિવાડો જેથી હું તમારી સ્તુતિ કરી શકું; તમારા ન્યાયવચનો મને મદદ-
રૂપ થાઓ. 176 હું ભૂલા પડેલા ઘેટાઁની જેમ ભટકી ગયો છું; તમે આવો
અને મને તમારા સેવકને શોધી કાઢો. કારણકે હું તમારી આજ્ઞાઓને ભૂ-
લ્યો નથી.

**120** મારા સંકટોમાં મે યહોવાને પોકાર કર્યો; અને તેમણે મને
સાંભળ્યો ને ઉત્તર આપ્યો. 2 હે યહોવા, જૂઠા હોઠોથી તથા છે-
તરામણી જીભથી તમે મારા આત્માને બચાવો. 3 હે કપટી જૂઠા લોકો,
તમે શું મેળવશો? તમારા જૂઠાણાંથી તમને શો લાભ થશે? 4 તને તીક્ષ્ણ
બાણોથી વીંધવામા આવશે; અને ધગધગતા અંગારાથી તને દજાડાશે.
5 મને અફસોસ છે કે હું મેશેખમાં રહું છું અને કેદારનાં તંબુઓમાં વસું છું.
6 જે શાંતિ પર દ્વેષ રાખે છે તેની સાથે રહીને હવે તો હું ધરાઇ ગયો છું.
7 જ્યારે મેં કહ્યું, "મારે શાંતિ જોઇએ છે. હું શાંતિ ચાહું છું." ત્યારે તે લો-
કોને લડાઇ જોઇતી હતી.

**121** હું પર્વતો તરફ મારી આંખો ઊંચી કરું છું, મને સહાય ક્યાંથી
મળે? 2 આકાશ અને પૃથ્વી ઉત્પન્ન કરનાર યહોવા પાસેથી
મને સહાય મળે છે. 3 તે તમને ઠોકર ખાવા દેશે નહિ, કે લપસવા દેશે
નહિ. તે જે તમારી દેખરેખ રાખે છે તે ઘસઘસાટ ઊંઘી જનાર નથી.
4 જુઓ, ઇસ્રાએલનો જે રક્ષક છે તે ઊંઘતો નથી અને નિદ્રાવશ થતો
નથી. 5 યહોવા જમણે હાથે તમારી ઉપર પોતાની છાયા પાડશે; યહોવા
તમારા રક્ષક છે. 6 ખ નહિ પહોચાડે. 7 યહોવા, તારું દરેક આપત્તિઓમાં
રક્ષણ કરશે. યહોવા તમારા આત્માની સંભાળ રાખશે. 8 તમે જે બધું
કરશો તેમા યહોવા તમારી પર નજર રાખશે. તે હમણાંથી તે સર્વકાળ
સુધી તમારી દેખરેખ રાખશે.

**122** યરૂશાલેમમાં, યહોવાહના મંદિરમાં જવાનું મને કહ્યું તેથી
મને ખૂબ આનંદ થયો. 2 અને હવે અમે પણ યરૂશાલેમનાં
દરવાજાઓમાં ઉભા રહ્યા. 3 ફરી એક વખત યારૂશાલેમ એક સંગઠિત
નગર તરીકે બંધાયું છે. 4 ઇસ્રાએલની સર્વે જમાતો જે યહોવાની પોતાની
છે તેઓ તેમનો આભાર માનવા; અને તેમના નામની સ્તુતિ ગાવા ત્યાં
જશે. 5 જુઓ! ત્યાં નગરના દરવાજાઓ પાસે દાઉદના રાજવંશના રાજા-
ઓએ લોકોનો ન્યાય કરવા તેમના રાજ્યાસનો ઉભા કર્યા છે. 6 યરૂશા-
લેમની શાંતિને માટે પ્રાર્થના કરો; જેઓ તેમને ચાહે છે તેને શાંતિ મળો.
7 ઓ યરૂશાલેમ, તારા નગરના મહેલોની અંદર કુશળતા થાઓ. 8 મારા
ભાઇઓ તથા મારા મિત્રો માટે હું પ્રાર્થી રહ્યો છું. તારામાં શાંતિ થાઓ.
9 યહોવાહ અમારા દેવના મંદિરને માટે હું પ્રાર્થના કરું છું કે શુભ
વસ્તુઓ તમારી સાથે થશે.

**123** હે આકાશના રાજ્યાસન પર બિરાજનાર દેવ; હું તારા ભણી
આંખ ઊંચી કરું છું. 2 જેમ સેવક પોતાના માલિક તરફ જોયા
કરે; જેમ દાસીની આંખો પોતાની શેઠાણીને જોયા કરે; તેમ અમારી
આંખો અમારા દેવ યહોવાની દયા થાય ત્યાં સુધી તેના ભણી તાકી રહે
છે. 3 અમારા પર દયા કરો, હે યહોવા દયા કરો; ખરાબ વ્યવહારથી અમે
કંટાળી ગયા છીએ. 4 પેલા આળસુ અને ઉદ્ધત લોકો તરફથી અમારા
પર પૂરતું અપમાન અને દોષારોપણ થયું.

**124** ઇસ્રાએલના લોકો કબૂલ કરતાં કહે; જો યહોવા અમારા પક્ષ-
માં ન હોત. 2 હા, જ્યારે લોકોએ અમારા પર હુમલો કર્યો ત્યારે
જો યહોવા અમારા પક્ષમાં ન હોત. 3 તો દુશ્મનો અમને જીવતા ગળી
ગયા હોત; અને તેઓના કોપથી અમારો નાશ થયો હોત. 4 ત્યારે પા-
ણીની રેલમાં અમે તણાઇ ગયા હોત; અને પાણીએ અમને ડૂબાડી દી-
ધા હોત. 5 તે અભિમાની માણસોએ અમને પાણીમાં ડૂબાડી દીધા
હોત. 6 યહોવાને ધન્ય છે કે જેણે અમને તેઓના દાંતમાં શિકાર તરીકે
પકડાવા ન દીધા, અને તેમણે અમારો નાશ થવા દીધો નહિ. 7 જેમ પા-
રધીની જાળમાંથી પક્ષી છટકી જાય; તેમ અમારા જીવ બચી ગયા છે;
જાળ તૂટી ગઇ છે અને અમે બચી ગયા છીએ. 8 આકાશ અને પૃથ્વીના
સર્જનહાર; યહોવા જ અમારા મદદગાર છે.

**125** જેઓ યહોવામાં વિશ્વાસ કરે છે, સિયોન પર્વત જેવો અચળ
છે, તેઓને કદી હલાવામાં આવશે નહિ તેઓ સદાકાળ ટકી
રહેશે. 2 જેમ યરૂશાલેમની આસપાસ આવેલા પર્વતો તેઓનું સદાકાળ
રક્ષણ કરે છે; તેમ યહોવા પોતાના લોકોની આસપાસ છે અને સદાકાળ
સૌનું રક્ષણ કરે છે. 3 કારણકે દુષ્ટ લોકો સદાકાળ ભલા માણસોના પ્ર-
દેશ ને તાબામાં રાખી ન શકે, નહિ તો સારા લોકો દુષ્કર્મ કરવાનું શરુ
કરે. 4 હે યહોવા, જેઓ સારાઁ છે; અને જેઓના હૃદય યથાર્થ અને પવિત્ર
છે તેમની ભલાઇ કરો. 5 દેવ, કુટીલ લોકોને જેઓ અન્ય દુષ્કર્મોર્ કરવા

વાળા લોકોની સાથે કુટીલ કમોર્ કરે છે તેમને દૂર લઇ જાય છે. ઈસ્રાએ-
લમાં શાંતિ પ્રસરે!

126 જ્યારે યહોવા બંધકોને સિયોનમાં પાછા લઇ આવ્યા, ત્યારે
અમે સ્વપ્ન જોતાં હોઇએ એવું લાગ્યું. 2 અમે અતિ આનંદ
અને ઉત્સાહથી ગીતો ગાયા કરતાં હતાં; ત્યારે વિદેશીઓએ કહ્યું;
"યહોવાએ તેઓને માટે અદ્દભૂત કામો કર્યા છે." 3 યહોવાએ અમારે માટે
મોટા કામ કર્યા છે જેથી અમે આનંદ પામીએ છીએ. 4 હે યહોવા, અમારાં
બંધકોને પાછા લાવો, અને તેમને પાણીથી ભરેલા રણના ઝરણાંની
જેમ ધસમસતાં આવવાની રજા આપો. 5 જેઓ આંસુ પાડતાં પાડતાં
વાવે છે; તેઓ હર્ષનાદ કરતાં કરતાં લણશે. 6 જે કોઈ મૂઠ્ઠીભર બીજ
લઇને રડતાં વાવણી કરવા જાય છે; તે ગીતો ગાતો આનંદ ભેર પાકનાં
પૂળા ઊંચકીને પાછો આવે છે.

127 જો યહોવા ઘર ન બાંધે તો; બાંધનારાઓનો શ્રમ વ્યર્થ છે,
અને જો યહોવા નગરનું રક્ષણ ન કરે તો; ચોકીદારનો ચોકી
પહેરો સમયની બરબાદી છે! 2 જીવવા માટે વહેલી સવારથી મોડી રાત
સુધી સખત પરિશ્રમ કરવાનો કોઈ અર્થ નથી, કારણકે તે તેમને ચાહ-
નારા પ્રત્યેકને આરામ આપે છે. 3 બાળકો યહોવા પાસેથી મળેલી ભેટ
છે. તેઓ માતાના દેહમાંથી મળેલું ઇનામ છે. 4 યુવાવસ્થામાંના પુત્રો
તો; બળવાન વીર યોદ્ધાનાં હાથમાંના તીક્ષ્ણ બાણ જેવા છે. 5 જે માણ-
સનો ભાથો તેનાથી ભરેલો છે તેને ધન્ય છે. જ્યારે તે નગરનાં દરવાજે
શત્રુઓ સામે લડશે ત્યારે તે પરાજિત નહિ થાય. કારણકે તેનાં પુત્રો તે-
નો બચાવ કરશે.

128 જેઓ યહોવાનો ભય રાખે છે અને તેના માર્ગમાં ચાલે છે; તે
સર્વને ધન્ય છે. 2 તેઓ જાત પરિશ્રમથી કમાયેલી વસ્તુઓનો
આનંદ માણશે. તેઓ સુખી થશે અને તેઓ આશીર્વાદિત હશે. 3 પુરમાં
ફળવત દ્રાક્ષાવેલાના જેવી થશે; તારા સંતાનો તારી મેજની આસપાસ
જૈતુન વૃક્ષના રોપા જેવા થશે. 4 જે યહોવાથી ડરે છે તેને એવો આશી-
ર્વાદ મળશે. 5 યહોવા તને સિયોનમાંથી આશીર્વાદ આપશે; તમે જીવ-
નના સર્વ દિવસો પર્યંત યરૂશાલેમની સારી વસ્તુઓનો આનંદ માનશો.
6 તું પોતાના સંતાનોનાં સંતાનો જોશે; ઈસ્રાએલને શાંતિ થાઓ.

129 ઈસ્રાએલને કહેવા દો, "મારી યુવાવસ્થાથી મારી પાસે ઘણાં
દુશ્મનો હતાં." 2 મારી યુવાવસ્થાથી મારી પાસે ઘણા દુશ્મનો
હતા પણ તેઓ મને હરાવી ન શક્યા! 3 પીઠ પર લાંબા અને ઊંડા કાપા
પડ્યા તેટલો માર્યો, હળથી ખેતરમાં ચાસ પાડ્યા હોય તેમ. 4 પરંતુ
યહોવા તો ન્યાયી છે, દુષ્ટ લોકોએ મને બાંધેલા દોરડાં ને (બંધનોને)
તેણે કાપ્યાં છે. 5 સિયોનને ધિક્કારનારા બધાં અપમાનિત થાઓ અને
હારીને ભાગી જાય. 6 તેઓ છાપરા ઉપર અંકુરિત થતા ઘાસ જેવા
થાઓ; જે વૃદ્ધિ પામ્યાં પહેલા સુકાઇ જાય છે. 7 જેથી કાપનાર પોતાનો
હાથ અને પૂળા બાંધનાર પોતાની બાથ ભરી શકતો નથી. 8 તેઓની
પાસેથી જનારા એવું કહેતા નથી કે, "યહોવાનો આશીર્વાદ તમારા પર
હો! યહોવાના નામે અમે તમને આશિષ આપીએ છીએ."

130 હે યહોવા, સંકટોનાં ઉંડાણમાંથી મેં તમને મદદ માટે પોકાર
કર્યો. 2 હે યહોવા, મારી હાકલ સાંભળ; અને મદદ માટેની મા-
રી હાકલ પર તમારા કાન ધ્યાન આપે. 3 હે યહોવા, અમારા પ્રભુ; જો
તમે ખરેખર અમને અમારા પાપો માટે શિક્ષા કરી હોત, તો કોઇનું
અસ્તિત્વ રહેત નહિ. 4 પરંતુ તમે લોકોને માફી આપો છો, તેથી તમે
આદર પામશો. 5 તેથી હું મોટી આશા સાથે યહોવાની વાટ જોઉં છું, મા-
રો આત્મા તેમની રાહ જુએ છે, હું તેમના વચન પર આધાર રાખું છું.
6 પહેરો ભરનાર સંત્રી પ્રભાતની રાહ જુએ તે કરતાં વિશેષ હું યહોવાની
રાહ જોઉં છું. 7 હે ઈસ્રાએલ, યહોવામાં તમારો વિશ્વાસ મૂકો, કારણ, તે
દયાળુ ને કૃપાળુ છે અને તે આપણને બચાવવા આપણી પાસે આવે
છે. 8 તેઓના બધાં પાપોને માટે તે પોતે ઈસ્રાએલને માફ કરશે.

131 હે યહોવા હું ગવિર્ષ્ઠ નથી, હું કદી અગત્યના માણસ તરીકે
વર્તતો નથી. હું મારી જાતને કદીય "મહાન વસ્તુઓ" સાથે
સંડોવતો નથી જે કરવું મારા માટે અતિ ભયપ્રદ હોય. 2 મેં મારી જાતને
શાંત કરી છે. મારો આત્મા સ્વસ્થ અને શાંત છે. મારો આત્મા માતાના
બાહુમાં ધાવણથી તૃપ્ત થયેલ બાળક જેવો છે. 3 હે ઈસ્રાએલ, યહોવા પર
હંમેશા અને સદાય ભરોસો રાખ.

132 હે યહોવા, જે સર્વ કષ્ટો દાઉદે સહન કર્યા હતાં તેને યાદ કરો.
2 યાકૂબના સમર્થ દેવ સમક્ષ તેણે પ્રતિજ્ઞા લીધી હતી; હા
યહોવા સમક્ષ તેણે શપથ લીધા હતાં. 3 "જ્યાં સુધી હું યહોવાને માટે
મકાન ન મેળવું; અને યાકૂબના સમર્થ દેવ માટે નિવાસસ્થાન તૈયાર ન
કરું; 4 ત્યાં સુધી હું મારા ઘરમાં જઇશ નહિ; ત્યાં સુધી મારા પલંગ પર
ઊંઘીશ નહિ. 5 વળી મારી આંખોને ઊંઘ અને મારા પોપચાને નિંદ્રા
આવવા દઇશ નહિ." 6 દેવ, અમે તેના વિષે એફ્રાથાહમાં સાંભળ્યું, અમ-
ને તે કરારકોશ કિર્યાથ યેરામ ના જંગલના ખેતરોમાં મળ્યો. 7 પણ હવે
ચાલો આપણે મંદિરમા, દેવના કાયમી ઘરમાં જઇએ; ચાલો આપણે દે-
વના પાયાસનની આગળ તેને ભજીએ. 8 હે યહોવા, ઊઠો અને, તમે
તમારા શકિતશાળી કોશની સાથે તમારા વિશ્રામસ્થાનમાં આવો.
9 તમારા યાજકો ન્યાયીપણાથી આશીર્વાદિત થાઓ; અને તારા ભકતો
હર્ષનાદ કરો. 10 તમારા સેવક દાઉદને માટે દેવ, તમે જે એકને પસંદ
કરીને અભિષિકત કર્યો છે તેનો અસ્વીકાર ન કરો. 11 "હું તારી ગાદી પર
તારા વંશજોને મૂકીશ" તેથી તે તેનું વચન તોડશે નહિ. 12 જો તારા પુત્રો
મારો કરાર, અને જે નિયમો હું તેમને શીખવું તે પાળે; તો તેઓના સંતા-
નો પણ તારી ગાદીએ સદાકાળ બેસશે. 13 હે યહોવા, તમે સિયોનને
તમારા નિવાસસ્થાન તરીકે પસંદ કર્યુ છે. 14 તમે કહ્યું છે, "મારા સદા-
કાળના વિશ્રામનું આ સ્થળ છે. હું અહીં બિરાજમાન થઇશ." મેં તેમ કર-
વા ચાહ્યું હતું. 15 હું આ સિયોનને સમૃદ્ધ બનાવી અને અનાજથી ભરી
દઇશ. અને હું સિયોનમાં ગરીબ લોકોને ભરપૂર અનાજથી સંતોષીશ.
16 હું તેના યાજકોને તારણનો ઝભ્ભો પહેરાવીશ; મારા પરમ ભકતો
આનંદથી ગાશે. 17 દાઉદની શકિત આ જગાએ, મજબૂત બનશે. "મારા
અભિષિકત માટે મેં દીવો તૈયાર કર્યો છે." 18 તેના શત્રુઓને હું શરમથી
ઢાંકી દઇશ; પણ તે પોતે એક ગૌરવી રાજા બનશે.

133 ભાઇઓ સહુ સંપીને રહે તે કેવું સરસ અને શોભાયમાન છે!
2 તે માથે ચોળેલા, દાઢી સુધી, હા, હારુનની દાઢી સુધી અને
તેના વસ્રની કોર સુધી, ઊતરેલા મૂલ્યવાન તેલનાં જેવું છે. 3 વળી તે હે-
મોર્ન પર્વત પરના તથા સિયોનના પર્વતો પરના ઝાકળ જેવું છે.કારણ-
કે, યહોવાએ આપણને સિયોનમાં શાશ્વત જીવનનાં આશીર્વાદ આપ્યાં
છે.

134 હે યહોવાના સેવકો, રોજ રાત્રે યહોવાના મંદિરમાં સેવા કરતાં
સેવકો; તમે યહોવાને સ્તુત્ય માનો. 2 પવિત્રસ્થાન ભણી
તમારા હાથ ઊંચા કરો અને યહોવાની સ્તુતિ કરો. 3 સિયોનમાંથી યહો-
વા, જેણે આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યું છે તમને આશીર્વાદ આપો!

135 યહોવાના નામની સ્તુતિ કરો; હે યહોવાના સેવકો, તમે તેમ-
ની સ્તુતિ કરો. 2 યહોવાના મંદિરમાં, આપણા દેવના મંદિર-
માં; આંગણામાં ઊભા રહેનારા તેમની સ્તુતિ કરો. 3 યહોવાની સ્તુતિ
કરો કારણ, તે ઉત્તમ છે; તેના નામની સ્તુતિ કરો, કારણકે તે આનંદદા-
યક છે. 4 યહોવાએ પોતાને માટે યાકૂબને પસંદ કર્યો છે; ઈસ્રાએલને
પોતાની ખાસ સંપતિ થવા માટે. 5 હું યહોવાની મહાનતા જાણું છું, સર્વ
દેવો કરતાં તે મહાન છે. 6 આકાશમાં પૃથ્વી પર, સમુદ્રોમાં અને ઊંડામાં
ઊંડા સમુદ્રોમાં યહોવાએ જે ઇચ્છયું તે કર્યુ. 7 તે પાણીની વરાળને ઊંચે
લઇ જઇ તેના વાદળાં બાંધે છે; અને સમગ્ર પૃથ્વી પર ફેલાવે છે; તે વિ-
જળી મોકલી વરસાદને વરસાવે છે; પોતાના ખજાનામાંથી તે વાયુને
બહાર કાઢે છે. 8 મિસરમાં તેણે માણસોના તથા પશુઓના પ્રથમજનિ-
તોનો વિનાશ પણ કર્યો. 9 તેણે ફારુન અને તેના અધિકારીઓ વિરુદ્ધ
પોતાની નિશાનીઓ અને ચમત્કારો સમગ્ર મિસરમાં મોકલ્યા. 10 તેમ-
ણે શૂરવીર પ્રજાઓનો નાશ કર્યો; અને પરાક્રમી રાજાઓનો પણ તેણે
નાશ કર્યો. 11 અમોરીઓના રાજા સીહોનને, તથા બાશાનના રાજા
ઓગને; અને કનાનના સર્વ રાજ્યોને તેણે પરાજય આપ્યો. 12 તેમના
દેશને તેણે પોતાના લોક ઈસ્રાએલને વારસામાં આપ્યો. 13 હે યહોવા,
તારું નામ અનંતકાળ છે; હે યહોવા, તારું સ્મરણ પેઢી દરપેઢી ટકી રહે-
નાર છે. 14 યહોવા પોતાના લોકોનો ન્યાય કરશે; તે તેના સેવકો પ્રતિ
દયાળુ થશે. 15 બીજા રાષ્ટોના મૂર્તિદેવો તો સોના ચાંદીના છે. તેઓ
માણસોના હાથે જ બનેલા છે. 16 તેઓને મોં છે છતાં તે બોલતી નથી;
આંખો હોય છે છતાં તેઓ જોતાં નથી. 17 કાન હોય છે છતાં તેઓ સાંભ-
ળતા નથી; અને તેઓના મુખમાં શ્વાસ હોતો નથી. 18 જેઓ તેને બનાવે

છે તેઓ પણ તેના જેવા જ થશે; અને જેઓ તેમના પર ભરોસો રાખે છે
તેઓ પણ તેના જેવા જ થશે. 19 હે ઇસ્રાએલનું કુળ, યહોવાની સ્તુતિ
કરો! હે હારુનનું કુળ, યહોવાની સ્તુતિ કરો! 20 હે લેવીના યાજકો, યહો-
વાનો ધન્યવાદ માનો, જેઓ યહોવાનો ભય રાખો છો અને આદર કરો
છો, યહોવાની પ્રસંશા કરો! 21 યહોવા યરૂશાલેમમાં નિવાસ કરે છે; યરૂ-
શાલેમના સર્વ લોકો, યહોવાની સ્તુતિ કરો. સિયોનમાંથી ધન્ય હોજો,
યહોવાની સ્તુતિ કરો!

136 યહોવાની સ્તુતિ કરો, કારણકે તે ઉત્તમ છે. તેમનો સાચો
પ્રેમ અનંતકાળ ટકે છે. 2 સર્વ દેવોના દેવની સ્તુતિ કરો. તેમ-
નો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 3 પ્રભુઓના પ્રભુ સ્તુતિ કરો! તેમનો
સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 4 દેવની સ્તુતિ કરો જે એકલા જ મહાન
ચમત્કારો સર્જે છે! તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 5 જેણે પોતા-
ના ડહાપણ વડે આકાશો ઉત્પન્ન કર્યા છે; તેની સ્તુતિ કરો. કારણ કે તે-
મનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 6 જેણે પાણી પર ભૂમિને વિસ્તારી
છે, તેની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 7 આકાશોમાં
જેમણે મહાન જ્યોતિઓ બનાવી છે તેમની સ્તુતિ કરો. તેમનો સાચો
પ્રેમ અનંતકાળ ટકે છે. 8 દિવસ પર અમલ ચલાવવા જેમણે સૂર્ય બના-
વ્યો છે તેની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 9 રાત પર
અમલ ચલાવવાં જેમણે ચંદ્ર અને તારા બનાવ્યાં છે તેમની સ્તુતિ કરો.
તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 10 મિસરના પ્રથમજનિતોનો જેમ-
ણે સંહાર કર્યો; તેમની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
11 વળી તેઓની પાસેથી ઇસ્રાએલને છોડાવનારની સ્તુતિ કરો. તેમનો
સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 12 પોતાના બળવાન ભુજ અને લાંબા
કરેલા હાથ વડે જે તેઓને છોડવી લાવ્યા; તેમની સ્તુતિ કરો. તેમનો
સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 13 તેઓની આગળ માર્ગ કરવા જેમણે
લાલ સમુદ્રના બે ભાગ કર્યા તે યહોવાની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ
અનંતકાળ ટકે છે. 14 સમુદ્રમાં થઇને જે તેઓને સુરક્ષિત સામે પાર લઇ
ગયા; તેમની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 15 ફારુન
તથા તેની ફોજને લાલ સમુદ્રમાં ઉથલાવી નાખનારની સ્તુતિ કરો. તેમ-
નો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 16 રણમાં થઇને પોતાના લોકોને જેમ-
ણે દોર્યા; તેમની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.
17 જેણે મોટા રાજાઓને હરાવ્યા છે તેમની સ્તુતિ કરો. .તેમનો સાચો
પ્રેમ અનંતકાળ ટકે છે. 18 જેણે મહાન રાજાઓનો સંહાર કર્યો છે તેની
સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 19 અમોરીઓના રાજા
સીહોનનો જેમણે સંહાર કર્યો; તેમની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ
અનંતકાળ ટકે છે. 20 બાશાનના રાજા ઓગનો જેમણે સંહાર કર્યો; તેમ-
ની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ રકે છે. 21 જેમણે આ રા-
જાઓની ભૂમિ ઇસ્રાએલને ભેટ તરીકે સદાકાળ માટે આપી, તેમની સ્તુ-
તિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 22 જેમણે તે પોતાના સે-
વક ઇસ્રાએલને વારસામાં આપ્યો તેની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ
અનંતકાળ ટકે છે. 23 જેમણે અમારી નબળાઇઓમાં અમને સંભાર્યા; તે-
ની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 24 અમારા શત્રુઓ-
થી જેમણે અમારો બચાવ કર્યો, તેની સ્તુતિ કરો. તેમનો સાચો પ્રેમ
અનંતકાળ ટકે છે. 25 દરેક સજીવને ખોરાક પૂરો પાડે છે; તેમની સ્તુતિ
કરો. તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે. 26 આકાશોના દેવની આભા-
રસ્તુતિ કરો. કારણકે તેમનો સાચો પ્રેમ અનંતકાળ ટકે છે.

137 અમે બાબિલની નદીઓને કાંઠે બેઠા; સિયોનનું સ્મરણ થયું
ત્યારે અમે રડ્યા. 2 એટલે અમે વીણાઓ વગાડવી બંધ કરી;
અને નેતરના વૃક્ષની ડાળીઓ પર ટાંગી દીધી. 3 અમારા બંધકોએ અમ-
ને આનંદી ગીતો ગાવા કહ્યું; જેઓએ અમને યાતના આપી હતી તેઓએ
અમને જણાવ્યું કે, ફકત તેમને ખુશ કરવા સિયોનનાં ગીતોમાંનું કોઇ
એક ગીત ગાઓ. 4 આ વિદેશી ભૂમિ પર આપણે યહોવાના ગીતો કેવી
રીતે ગાઇ શકીએ? 5 હે યરૂશાલેમ, જો હું તને ભૂલી જાઉં તો એવું થાઓ,
“મારો જમણો હાથ તંતુવાદ્યની કળા ભૂલી જાય.” 6 જો હું યરૂશાલેમનું
સ્મરણ ન કરું, અને મારા ઉત્તમ આનંદ કરતાં પણ તેને શ્રેષ્ઠ ન માનું
તો મારી જીભ મારા તાળવાને ચોટી જાય અને હું ફરી કદી ય ગાઇ શકું
નહિ. 7 હે યહોવા, બાબિલના સૈન્યે યરૂશાલેમને કબજે કર્યુ તે દિવસે
અદોમીઓએ જે કહ્યું તે તમે ભૂલી ન જતાં; તેઓએ કહ્યું હતું, “તેને
જમીનદોસ્ત કરી નાખો.” 8 હે બાબિલ તેં અમારો નાશ કર્યો છે એ જ રી-
તે તારો નાશ કરવામાં આવશે જે માણસ તને યોગ્ય સજા આપે તેને
આશીર્વાદ આપ. 9 હા, જે માણસ તારાં બાળકોને ખડક પર અફાળીને
મારી નાખશે; તે ધન્ય કહેવાશે.

138 હે યહોવા, હું મારા ખરા હ્રદયથી તમારી આભારસ્તુતિ ગા-
ઇશ; હું તમારા સ્તુતિગાન દેવોની સમક્ષ ગાઇશ. 2 તમારી
વફાદારી અને સાચા પ્રેમ માટે, હું તમારા પવિત્ર મંદિર તરફ ફરીને
ભજન કરીશ, હું તમારો આભાર માનીશ અને સ્તુતિ ગાઇશ કારણ કે
તમારા શબ્દોએ તમારા નામને બધી વસ્તુઓ કરતાં ઉચ્ચપદે મૂક્યું છે.
3 મેં પ્રાર્થના કરી તે જ દિવસે તમે મને ઉત્તર આપ્યો; અને આત્મબળ
આપી મને બળવાન કર્યો. 4 હે યહોવા, પૃથ્વીનાં સર્વ રાજાઓએ તમારા
મુખનાં વચન સાંભળ્યાં છે; તેથી તેઓ તમારી સ્તુતિ કરશે. 5 તેઓ
યહોવાના માગોર્ વિષે ગીત ગાશે, કારણકે યહોવાનો મહિમા મહાન છે!
6 જો કે યહોવા સવોર્ચ્ચ સ્થાને બિરાજે છે. તે નિર્ધન અને રાંક લોકોની
કાળજી લે છે. પણ ગવિર્ષ્ઠ માણસોને તો તે દૂરથી જ ઓળખે છે. 7 ભલે
સંકટો મારા પર આવી પડે, તો પણ તમે મને સુરક્ષિત પાર ઉતારજો;
મારા શત્રુઓના ક્રોધની સામે તું તારો હાથ લાંબો કરજે, તમારા પરાક્રમ-
થી તમે મને બચાવજો. 8 યહોવા મારા જીવનને માટે તેમની યોજનાઓ
સાકાર કરશે. હે યહોવા, તમારી કૃપા, સદાકાળ વહેતી રહે છે; મને તર-
છોડશો નહિ; કારણ તમે જ મારા ઉત્પન્નકર્તા છો.

139 હે યહોવા, તમે મારા હ્રદયની પરીક્ષા કરી છે; અને તમે મારા
વિષે બધું જાણો છો. 2 મારું બેસવું તથા ઊઠવું તમે જાણો
છો; મારા વિચારો પણ તમે વેગળેથી સમજો છો. 3 તમે જાણો છો હું
ક્યાં જઇ રહ્યો છું અને હું ક્યારે સુઇ જાઉ છું. હું જે બધું કરું છું તે તમે
જાણો છો. 4 હું બોલું તે અગાઉ તમે જાણો છો, કે હું શું કહેવા ઇચ્છુ છું.
5 તમે મને આગળને પાછળ ઘેરી લીધો છે; અને તમે તમારા હાથે મને
ઝાલી રાખ્યો છે. 6 આવું જ્ઞાન મને તો અતિ ભવ્ય અને અદભૂત છે; તે
અતિ ઉચ્ચ છે, હું તેને કળી શકતો નથી. 7 તમારા આત્મા પાસેથી હું
ક્યાં જાઉં? તમારી હાજરી માંથી હું ક્યાઁ નાસી જાઉ? 8 જો હું આકાશમાં
જાઉં તો તમે ત્યાં છો; જો હું શેઓલમાં જાઉં તો પણ તમે ત્યાં જ છો.
9 જો હું પરોઢિયાની પાંખો પર સમુદ્રોને પેલે પાર ઘણે દૂર જાઉં 10 તો
ત્યાં પણ મને તમારો હાથ દોરશે; તમારું સાર્મથ્ય મને સહાય કરશે.
11 જો હું અંધકારમાં સમાઇ જવાનો પ્રયત્ન કરું તો રાત મારી આસપાસ
પ્રકાશરૂપ થશે. 12 અંધકાર પણ મને સંતાડી શકતો નથી યહોવાથી;
તમારી આગળ રાત પણ દિવસની જેમ પ્રકાશે છે; અંધકાર અને પ્રકાશ
બંને છે તમારી દ્રષ્ટિમાં સમાન. 13 કરણ તમે ઘડ્યું છે, અને મારી માતા-
ના ઉદરમાં મારી રચના તમે કરી છે. 14 ભય તથા નવાઇ પમાડે તે રીતે
મારી રચના થઇ; માટે હું તમારી આભાર સ્તુતિ ગાઇશ; હું સારી રીતે જા-
ણું છું કે તમારાં કાર્યો ખરેખર અદભૂત છે! 15 જ્યારે મારી માતાનાં ગર્ભા-
શયમાં સંતાઇનેમારી રચના થતી હતી ત્યારે પણ તમે મારાં હાડકાને
બનતા નિહાળ્યાં હતા અને જ્યારે મારું શરીર આકાર લેતું હતું. 16 તમા-
રી આંખોએ મારું બીજાંકુર તે સમયે જોયુ હતુ જ્યારે મારા શરીરના
એકેય અવયવે આકાર લીધો ન હતો. પછી તમે મારા શરીરના અંગોને
વધતા જોયા, તમે તેને તમારા પુસ્તકમાં દરરોજ એ જેમ જેમ આકાર લે-
તા ગયા તેમ નોંધ્યા. અને તેમાનાં એકેય ગુમ થયેલ નથી! 17 હે દેવ,
તારા વિચારો મારા માટે કેટલાં કિંમતી છે! દેવ તમે ઘણું બધું જાણો છો!
18 જો હું તમારા વિચારોને ગણવાનો પ્રયત્ન કરું તો તેઓ રેતીના કણ
કરતાંય વધારે થાય, અને જ્યારે હું તેમને ગણવાનું પૂરું કરીશ તો હજી
પણ હું તારી સાથે હોઇશ! 19 હે યહોવા, તમે દુષ્ટોનો ખચીત સંહાર કરો;
અને લોહી તરસ્યા ખૂનીઓ મારાથી દૂર થાઓ. 20 તેઓ તમારા નામની
નિંદા બહુ કરે છે; અને તમારી વિરુદ્ધ મગરુરીથી ઊભા રહે છે; તેઓ કે-
ટલા મૂર્ખ છે! 21 હે યહોવા, તમારો દ્વેષ કરનારાઓનો શું હું દ્વેષ ન કરું?
જેઓ તમારી સામે ઊઠે છે; શું હું તેઓનો ધિક્કાર ન કરું? 22 હું તેઓને
સંપૂર્ણ રીતે ધિક્કારું છું; હું તમારા શત્રુઓને મારા શત્રુઓ ગણું છું.
23 કરણ ઓળખ; મારી કસોટી કર અને મારા વિચારોને પકડ. 24 ખ
થાય તેવી બાબત તમને મારામાં દેખાય તો મને જણાવો; અને સનાતન
માગેર્ મને દોરી જાઓ.

**140** હે યહોવા, દુષ્ટ માણસોથી મને મુકત કરો; જુલમગારોથી
તમે મારું સદા રક્ષણ કરો. 2 તેઓ પોતાના અંતરમાં દુષ્ટ યો-
જનાઓ ઘડે છે; ને રોજ રોજ નવા ઝગડા ઊભા કર્યા કરે છે. 3 તેઓએ
પોતાની જીભ સાપની જેવી તીક્ષ્ણ બનાવી છે; અને તેઓની જીભની
નીચે નાગનું વિષ છે. 4 હે યહોવા, દુષ્ટોના હાથોમાંથી મને બચાવો; જે-
ઓએ મને હાની પહોંચાડવાની યોજના કરી છે; એવા હિંસક માણસોથી
તમે મને બચાવો. 5 હે ગવિર્ષ્ઠ માણસોએ મને પકડવા છટકું ગોઠવ્યું
છે; આચકો મારીને મને ઊંચે ખેંચીને હવામાં લટકતા છોડવા માટે જાળ
પાથરી છે; તેઓ મારા ઉપર જાળ નાખવા જાડીમાં છુપાયા છે. 6 મેં યહો-
વાને કહ્યું; તમે મારા દેવ છો; હે યહોવા, દયા માટેની મારી અરજ સાંભ-
ળો. 7 હે પ્રભુ યહોવા, મારા સમર્થ તારક; યુદ્ધના દિવસે તમે મારા શિરનું
રક્ષણ કરો છો. 8 હે યહોવા, આ દુષ્ટો જે ઇચ્છે છે તે તેમની પાસે ન
હોય. તેઓની યોજનાઓને સફળ થવા દેશો નહિ; નહિ તો તેઓ ઊંચા
ઊઠશે. 9 તેઓના કાવતરાંની જાળમાં તેઓ જ ફસાય તેવું થાઓ; મારું
ભૂંડુ થાય તે માટે તેમણે જે યોજનાઓ કરી છે તેનાથી તેઓનો જ નાશ
થાય તેવું થાઓ. 10 ધગધગતા અંગારા તેમના મસ્તક પર પડો; અથવા
તેઓને અગ્નિમાં ફેંકી દેવામાં આવે; અથવા તો ઊંડા ખાડાઓમાં નાખ-
વામાં આવે જ્યાંથી તેઓ કદી બચી શકે નહિ. 11 જૂઠું બોલનારાઓને
આ દેશમાં રહેવા દેશો નહિ, તે દુષ્ટ હિંસક માણસોનો શિકાર અને વિ-
નાશ થવા દો! 12 મને જાણ છે કે, યહોવા નિર્ધન લોકોનો નિષ્પક્ષતાથી
ન્યાય કરશે, અને ગરીબોનો હક જાળવશે. 13 યહોવાનો ભય રાખનારા
ન્યાયીઓ ખરેખર તમારા નામનો આભાર માનશે; કારણકે, યથાર્થ મનુ-
ષ્યો તમારી સક્ષમતામાં જીવશે.

**141** હે યહોવા, જલ્દીથી મને ઉત્તર આપો; કારણકે, મેં પ્રાર્થના
કરી છે. મદદ માટેનો પોકાર સાંભળો. 2 મારી પ્રાર્થના તારી
સંમુખ ધૂપ જેવી થાઓ, મારા ઊંચા થયેલા હાથો તે વેદી પરના સંધ્યા-
કાળના દહનાર્પણોની જેમ તમને સ્વીકાર્ય હો! 3 હે યહોવા, મારા મુખને
બંધ રાખવા અને મારા હોઠોને બીડેલા રાખવા મને સહાય કરો. 4 મારા
હૃદયમાં કંઇ દુષ્ટ વસ્તુ પ્રવેશે નહિ, જેથી દુષ્કમોર્ કરનારની સાથે તેમ-
ના દુષ્ટકાર્યોમાં હું જોડાઉં નહિ અને તેઓ જે કરવા ચાહે છે તેમાં હું તેમ-
ને સાથ ન આપું. 5 જો કોઇ ન્યાયી માણસ મને સુધારે તો હું તેમને સારી
વસ્તુ કરવા તરીકે સમજીશ. તેમનો ઠપકો માથા પર તેલ નાખવા જેવો
રહેશે. હું કદાપિ આવા સ્વાસ્થ્ય વર્ધકનો નકાર ન કરું! પણ ખરાબ લો-
કોનાં દુષ્ટ કૃત્યો વિરુદ્ધ હું પ્રાર્થના કરીશ. 6 તેઓના ન્યાયધીશો પર્વત-
ની ટોચ ઉપરથી પાડી નાખવામાં આવે. તેઓ સાંભળશે અને અનુભવ-
શે કે મારાં શબ્દો સાચા અને મીઠાં છે. 7 જેમ કોઇ જમીન ખેડે અને
આજુબાજુ ગંદકી ફેલાવે, તેમ અમારાં હાડકાં કબરના પ્રવેશ આગળ વિ-
ખરાયેલાં હતા. 8 પણ હે યહોવા પ્રભુ, હું મદદ માટે તમારી તરફ જોઉં છું.
હું તમારો વિશ્વાસ કરું છું. મારા આત્માનો નાશ ન થવા દો. 9 તેઓએ
મારા માટે ગોઠવેલા ફાંદાથી અને ભૂંડુ કરનારાઓએ ગોઠવેલી જાળમા-
થી મને બચાવો. 10 દુષ્ટો પોતાની જાળમાં ફસાઇ જાય, અને તમે મારી
રક્ષા કરો.

**142** હું મોટા સાદે યહોવાને આજીજી કરું છું; અને દયા માટે ઊંચા
સ્વરે વિનંતી કરું છું. 2 તેમની આગળ મારી ફરિયાદો વરસાવું
છું અને મારી મુશ્કેલીઓ વિષે હું તેમને જણાવું છું. 3 હું બેહોશ થવાનો
હોઉં, ત્યારે મને શું થાય છે તે તમે જાણો છો પણ; જે રસ્તે હું ચાલું છું;
તેમા તેઓએ ફંદા ગોઠવ્યા છે. 4 જ્યારે હું આજુબાજુ જોઉં છું, હું કોઇ મિ-
ત્રને જોતો નથી, જે મને મદદ કરી શકે, અથવા મારી સંભાળ રાખી શકે
અથવા મારો બચાવ કરી શકે. 5 હે યહોવા, મારી પ્રાર્થનામાં મે તમને
પોકાર કર્યો અને કહ્યું, “યહોવા, મારી સંતાવાની જગા માત્ર તમે જ છો.
આ જીવનમાં મારી પાસે જે બધું છે તે તમે છો.” 6 ખી છું; જેઓ મારી
પાછળ પડ્યાં છે તેમનાથી મને બચાવો; કારણકે તેઓ મારા કરતાં વધુ
બળવાન છે. 7 મને બંદીવાસમાંથી બહાર લાવો, જેથી હું તમારો આભાર
માની શકું. તમારી સર્વ મદદને માટે દેવનો ભય રાખનારા મારી સાથે
આનંદ કરશે તમે મારા માટે ઉદાર છો.

**143** હે યહોવા, મારી પ્રાર્થના સાંભળો, મારી આજીજીનો જવાબ
આપો અને મને બતાવો કે તમે ભલા અને ન્યાયી છો. 2 હે
યહોવા, મારી, તમારા સેવકની, ચકાસણી ન કરો, કારણ કે તમારી
આગળ કોઇ નિદોર્ષ મળશે નહિ. 3 મારા શત્રુઓ મારી પાછળ પડ્યા છે;
તેઓએ મને જમીન પર પછાડ્યો છે, અને અંધકારમાં પૂરી દીધો છે, જા-
ણે હું મરી ગયો હોઉં તેમ. 4 કરણ સ્તબ્ધ થઇ ગયું છે. 5 હું ભૂતકાળનાં
વષોર્ સ્મરું છું; તે વખતે તમે મહિમાવંત ચમત્કારો કર્યા હતાં; તેનું
મનન કરું છું. 6 હું મારા હાથ તમારા ભણી પ્રસારું છું; સૂકી ધરતીની
જેમ મારો જીવ તમારા માટે તરસે છે. 7 હે યહોવા, મને જલ્દી જવાબ દો
કારણકે હવે હું નબળો થતો જાઉં છું; તમે મારાથી મોઢું ફેરવશો તો હું મૃ-
ત્યુ પામીશ. 8 મને પ્રભાતમાં તમારી કૃપા અનુભવવા દો; કારણકે, હું
તમારા પર ભરોસો રાખું છું. જે માગેર્ મારે ચાલવું જોઇએ તે મને બતા-
વો, કારણકે, હું મારું જીવન તમારા હાથોમાં મૂકું છું. 9 મારા શત્રુઓથી
તમે મારી રક્ષા કરો; સંતાવા માટે હું તમારે શરણે આવ્યો છું. 10 મને
તમારી ઇચ્છા પ્રમાણે વર્તવાનું શીખવો; કારણકે તમે મારા દેવ છો;
તમારો ઉત્તમ આત્મા મને સત્યને માગેર્ દોરી જાઓ. 11 હે યહોવા,
તમારા નામને માટે મને જીવાડો; તમારા ન્યાયીપણાથી મને મુશ્કેલી-
માંથી બચાવો. 12 મારા પ્રત્યેની કૃપાથી તમે મારા શત્રુઓનો નાશ કરો;
અને મારા આત્માને સતાવનારાઓનો સંહાર કરો; કારણકે હું તમારો સે-
વક છું.

**144** યહોવા મારો ખડક છે, તેની સ્તુતિ કરો; તે મારા હાથને અને
મારી આંગળીઓને યુદ્ધમાં લડતાં શીખવે; તે મને યુદ્ધ માટે
પ્રશિક્ષણ આપે છે. 2 તે મારો ગઢ છે; મારો કિલ્લો છે; મારું સાર્મથ્ય અને
મારી સુરક્ષા છે; તે મારા રક્ષક છે; તે મારા લોકોને મારે તાબે કરે છે.
યહોવા મારો સાચો પ્રેમ છે. 3 હે યહોવા, શા માટે તમે લોકોને મહત્વના
ગણો છો? તમે માણસોની નોંધ પણ શા માટે લો છો? 4 લોકોના જીવન
તો પવનના સૂસવાટા જેવા હોય છે. લોકોના જીવન તો પસાર થઇ રહે-
લા પડછાયા જેવા હોય છે. 5 હે યહોવા, તમારાં આકાશોને નીચે નમા-
વીને ઊતરી આવો; પર્વતોને સ્પર્શ કરો; એટલે તેઓ ધુમાડામાં ફેરવાઇ
જશે. 6 વીજળી ચમકે અને મારા શત્રુઓ વિખેરાઇ જાય. તમારા “બાણ”
ચલાવીને તેઓને વીંધી મૂકો. 7 સ્વર્ગમાંથી નીચે ઊતરી આવો અને મને
શત્રુઓના સમુદ્રમાંથી ઉગારો, મને બહાર ખેંચી કાઢો, અને વિદેશીઓ-
થી મને બચાવો. 8 તેઓ જૂઠું બોલે છે, તેઓ છેતરપિંડી કરે છે. 9 હે
યહોવા, દશ તારવાળાં વાજીંત્ર સાથે હું તમારી સમક્ષ નવું ગીત ગાઇશ,
તમારી સ્તુતિનું ગીત ગાઇશ. 10 તે રાજાઓને તારણ આપે છે; તે પોતા-
ના સેવક દાઉદને ઘાતકી તરવારથી બચાવનાર છે. 11 આ શત્રુઓથી;
આ જૂઠાઓથી; મારી રક્ષા કરો; આ વિદેશીઓ જે છેતરપિંડી કરે છે તે
લોકોથી તમે મને ઉગારો. 12 અમારા પુત્રો પોતાની યુવાવસ્થામાં વધેલા
રોપા જેવા થાઓ; અમારી પુત્રીઓ રાજમહેલના શણગારેલી ખૂણાની
થાંભલીઓ જેવી થાઓ. 13 અમારી વખારો વિવિધ જાતના બધાં અના-
જથી ભરપૂર થાઓ; અને તે અમને હંમેશા મળતું રહે. અમારાં ઘેટાં
અમારા વાડાઓમાં હજારોને દશ હજારો બચ્ચાં જણનાર થાઓ.
14 અમારા બળદો ખેતરોની પેદાશથી લાદેલા થાઓ; અમારા નગર પર
શત્રુઓનું આક્રમણ ન થાઓ; સર્વત્ર શાંતિ વિસ્તરો; શેરીઓમાં કોઇ
અપરાધ ન કરો. 15 જે પ્રજાનું આ સત્ય વર્ણન છે; તે પ્રજાને ધન્ય હો.
જે પ્રજાના દેવ યહોવા છે તેઓને ધન્ય છે.

**145** હે મારા દેવ, મારા રાજા, હું તમારા નામનું ગૌરવ વધારીશ! હું
તમારા નામની સ્તુતિ સદાય અને હંમેશા કરીશ! 2 હું પ્રતિ-
દિન તમારી પ્રશંસા કરીશ, અને સદા હું તમારા નામની સ્તુતિ ગાઇશ.
3 યહોવા મહાન છે તે બહુ જ સ્તુતિપાત્ર છે; તેમની મહાનતાનો તાગ
પામી શકાય તેમ નથી. 4 પેઢી દરપેઢી તમારાં કામની પ્રશંસા થશે; અને
તમારા પરાક્રમનાં કાર્યો પ્રગટ કરાવાશે. 5 હું તમારી મહાનતા અને તમા-
રા મહિમા વિષે બોલીશ; હું તમારા અદ્ભૂત ચમત્કારો વિષે ચર્ચા કરીશ.
6 લોકો તમારાં પરાક્રમી કૃત્યોનું સાર્મથ્ય પ્રગટ કરશે; હું તમારી મહાન-
તા વર્ણવીશ. 7 તેઓ તમારા અનહદ પરોપકારનું સ્મરણ કરીને તમારી
કીતિર્ ગજાવશે; અને તમારા ન્યાયીપણા વિષે ગીતો ગાશે. 8 યહોવા
દયાળુ અને કૃપાળુ છે; તે ક્રોધ કરવામાં ધીમા અને પ્રેમથી ભરપૂર છે.
9 તેઓ પ્રત્યેક સાથે ભલા છે; અને તે જે કરે છે, તેમાં તેમની દયાની પ્ર-
તીતિ થાય છે. 10 હે યહોવા, જે બધાં તમારું સર્જન છે તે બધાં તમારો
આભાર માનો, અને તમારા ભકતો તમારી સ્તુતિ કરે. 11 તેઓ ભેગા
મળીને તમારા રાજ્યના મહિમા વિષે વાત કરશે; અને તમારું પરાક્રમ

પ્રગટ કરશે. [12] જેથી સર્વ લોકો તમારા ચમત્કાર વિષે, તથા તમારા રા-
જ્યના મહિમા વિષે અને પ્રતાપ વિષે જાણે. [13] કારણકે તમારા રાજ્યનો
અંત કદી આવતો નથી; અને તમારું શાસન પેઢી દરપેઢી ચાલું રહે છે.
[14] ભંગિત થયેલ સૌનો આધાર યહોવા પોતે છે; બોજા તળે કચડાયેલા-
ઓને તે બળવાન કરે છે. [15] સર્વ કોઇ તમને આતુરતાથી જોઇ રહ્યાં છે.
અને તેઓની જરૂરિયાત પ્રમાણે તમે અન્ન પૂરું પાડો છો. [16] પ્રત્યેક
સજીવોની ભૂખ અને તરસ તમે સતત સંતોષો છો. [17] યહોવા જે કઇ કરે
છે તે સર્વમાં પ્રામાણિક અને દયાથી ભરપૂર છે. [18] જેઓ પ્રામાણિકપણે
તેમને મદદ માટે પોકારે છે; તેઓની સાથે યહોવાની આત્મીયતા રહે છે.
[19] યહોવાનો ભય રાખનારા, અને તેમના પર ભરોસો રાખનારાઓની
મનોકામનાઓ પૂર્ણ કરે છે; સદાય માટેની તેમની વિનંતીઓ સાંભળીને
તેઓને છોડાવે છે. [20] તેમના પર પ્રેમ રાખનારા સર્વ કોઇનું તે રક્ષણ કરે
છે; પણ દુષ્ટોનો નાશ કરે છે. [21] હું મારા મુખે યહોવાની સ્તુતિ કરીશ;
તેમના પવિત્ર નામની સ્તુતિ દરેક જણ સદાકાળ કરતો રહેશે!

**146** યહોવાની સ્તુતિ કરો. હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર.
[2] મારા જીવન પર્યંત હું યહોવાની સ્તુતિ કરીશ; મારા જીવન-
નાં છેલ્લા શ્વાસ સુધી હું તેમનાં સ્તુતિગીતો ગાઇશ. [3] તમે રાજાઓ કે મા-
ણસોનો ભરોસો ન રાખો, કારણકે તેમની પાસે તારણ નથી. [4] તેનો
પ્રાણ તેમને છોડી જાય છે, અને તેમનું શરીર ધૂળમાં પાછું મળી જાય
છે; અને તેમની બધી યોજનાઓ નકામી જાય છે. [5] જે માણસને સહાય
કરનાર યાકૂબના દેવ છે; અને જેની આશા તેના દેવ યહોવામાં છે; તે
આશીર્વાદિત છે. [6] યહોવાએ પૃથ્વી તથા આકાશો, સમુદ્રો તથા તેમાંના
સર્વસ્વનું સર્જન કર્યુ છે, તે પોતાના પ્રત્યેક વચનનુઁ પાલન કરે છે. [7] તે
કચડાયેલાઓનો ન્યાય જાળવી રાખે છે, તે ભૂખ્યાઓને અનાજ પૂરું
પાડે છે. યહોવા કેદીઓને મુકત કરાવે છે. [8] યહોવા આંધળાને દેખતાઁ
કરે છે; યહોવા ભારે બોજથી દબાયેલાઓનો બોજો હલકો કરે છે, કારણ-
કે યહોવા ન્યાયી માણસને પ્રેમ કરે છે. [9] યહોવા નિરાશ્રિતોનું રક્ષણ કરે
છે; અને અનાથો તથા વિધવાઓની કાળજી લે છે; પણ દુષ્ટોની યોજ-
નાઓને ઊંધી વાળે છે. [10] યહોવા સદાકાળ રાજ કરશે, હે સિયોન,
તમારા દેવ પેઢી દર પેઢી રાજ કરશે. યહોવાની સ્તુતિ થાઓ!

**147** તે ભલા છે માટે યહોવાની સ્તુતિ થાઓ. આપણા દેવનાં
સ્તુતિગીતો ગાઓ. કારણકે તે સારું અને ગમતું છે. [2] યહોવા
યરૂશાલેમને બાંધે છે; તે ઈસ્રાએલી લોકો જેઓ બંદીવાન બનાવાયા
હતાં તેઓને ભેગા કરશે અને પાછા લાવશે. [3] હ્રદયભંગ થયેલાઓને તે
સાજાઁ કરે છે; અને તે તેઓના ઘા રૂઝવે છે અને પાટા બાંધે છે. [4] તે તા-
રાઓની ગણતરી કરે છે; અને તેઓને નામ દઈને બોલાવે છે. [5] આપણા
પ્રભુ કેવા મહાન છે! તેમના સાર્મથ્યનો પાર નથી! તેમના જ્ઞાનની કોઇ
સીમા નથી. [6] યહોવા નમ્રજનોને આધાર આપે છે; પરંતુ દુષ્ટોને અપ-
માનિત કરે છે. [7] યહોવાએ કરેલા ઉપકારો માટે તેમનો આભાર માનો;
આપણા યહોવાના સિતાર સાથે સ્તોત્રગીત ગાઓ. [8] તે આકાશને વાદ-
ળોથી ઢાંકે છે; પૃથ્વીને માટે તે વરસાદ તૈયાર કરી રાખે છે; તે પહાડો
પર ઘાસ ઉગાડે છે. [9] પશુઓને તેમજ પોકાર કરતાં કાગડાનાં બચ્ચાંને
પણ તે જ ખોરાક આપે છે. [10] દેવની ખુશી યુદ્ધના ઘોડાઓની શકિતમાં
અને બળવાન સૈનિકોમાં નથી. [11] પણ જેઓ તેમનો ભય રાખે છે; ને
યહોવાની કૃપા માટે વાટ જુએ છે; તેથી યહોવા ખુશ રહે છે. [12] હે યરૂશા-
લેમ, તમે યહોવાની સ્તુતિ કરો; હે સિયોન, તમારા દેવની સ્તુતિ કરો.
[13] કારણ, તેમણે તારા સર્વ શત્રુઓ વિરુદ્ધ, તારા દરવાજાઓને સુરક્ષિત
કર્યા છે. અને તારા કુળના સર્વ સંતાનોને આશીર્વાદિત કર્યા છે. [14] તે
તમારા સમગ્ર દેશમાં શાંતિ સ્થાપે છે; અને તે તારા કોઠારોને અનાજથી
ભરપૂર કરે છે. [15] તે પોતાની આજ્ઞા પૃથ્વી પર મોકલે છે; અને તેનું
વચન અતિ વેગથી દોડે છે. [16] તે જમીનને ઢાંકવા સફેદ ઊન જેવો બરફ
મોકલે છે અને ધૂળ જેવી હવામાંથી બરફનાં કરાંની વૃષ્ટિ કરે છે. [17] તે
આકાશમાંથી પથ્થરની જેમ પડતાં કરા મોકલે છે અને તેણે મોકલેલી
ટાઢ આગળ કોણ ઊભું રહી શકે? [18] તે પોતાનું વચન મોકલીને તેમને
ઓગળાવે છે; તે પોતાના પવનને ફૂંકાવાની આજ્ઞા કરે છે; અને સર્વ
નદીઓમા પાણી વહેતાં થાય છે. [19] દેવે યાકૂબને તેમના વચન આપ્યા,
તેમણે તેમના વિધિઓ અને નિયમો પણ ઈસ્રાએલને આપ્યા. [20] અન્ય
કોઇ પ્રજા સાથે તેમણે આ પ્રમાણે કર્યુ નથી; અન્ય પ્રજાઓએ તેમની
આજ્ઞાઓ જાણી નથી. યહોવાની સ્તુતિ થાઓ.

**148** યહોવાની સ્તુતિ કરો! આકાશમાંથી તેમની સ્તુતિ કરો!
ઉચ્ચસ્થાનમાંથી તેમની સ્તુતિ કરો! [2] તમે બધાં દેવદૂતો તે-
મની સ્તુતિ કરો; તેમનાં સર્વ સૈન્યો તેમની સ્તુતિ કરો! [3] સૂર્ય તથા ચંદ્ર,
તમે તેની સ્તુતિ કરો! સર્વ ઝગઝગતાં તારા તેમની સ્તુતિ કરો! [4] આકા-
શોનાં આકાશ તમે યહોવાની સ્તુતિ કરો! આકાશ ઉપરના પાણી તેમની
સ્તુતિ કરો! [5] તમે બધાં જેનું તેમણે સર્જન કર્યુ છે તે યહોવાનાં નામની
સ્તુતિ કરો; કારણ તેના હુકમથીજ તમે જન્મ્યા. [6] દેવે આ બધી
વસ્તુઓ, સદાકાળ માટે સ્થાપન કરી છે તેમણે જે નિયમ પ્રસ્થાપિત
કર્યા છે તેનો અંત કદાપિ આવશે નહિ અને ઉલ્લંઘન કરી શકે નહિ. [7] હે
પૃથ્વી પરના બધાં જ જીવો, તમે યહોવાની સ્તુતિ કરો; હે મહાસાગરનાં
ઊંડાણોમાં વસતાં સૌ જીવો તેમની સ્તુતિ કરો. [8] અગ્નિ તથા કરા, હિમ
તથા મેઘ; આંધીના વાયુ, જે એનુ વચન પૂરુ કરે છે. [9] તમે પર્વતો તથા
ડુંગરો; ફળવૃક્ષો તથા સર્વ દેવદારો. [10] હિંસક પ્રાણીઓ તથા સર્વ
પશુઓ; પેટે ચાલનારાં જીવજંતુ તથા ઊડનારાં પક્ષીઓ; [11] પૃથ્વીના
રાજાઓ, અને સર્વ પ્રજાઓ, તથા તેઓના અધિકારીઓ તેમજ ન્યાયા-
ધીશો; [12] યુવાનો અને કન્યાઓ, વૃદ્ધો અને બાળકો; [13] તમે સર્વે યહો-
વાની સ્તુતિ કરો કારણકે ફકત તેમનું એકલાનું જ નામ પ્રતિષ્ઠાપાત્ર
છે! આકાશ અને પૃથ્વી પરની તમામ વસ્તુઓ તેમની સ્તુતિ કરો! [14] તે
તેમના લોકોની તાકાત વધારશે, તેના વફાદાર સંતો તેમની સ્તુતિ કરો.
સર્વ ઈસ્રાએલીઓ જે લોકો તેમની ખૂબ નજીક છે તે તેમની સ્તુતિ કરો.

**149** યહોવાની સ્તુતિ કરો; તેમની સમક્ષ નવું ગીત ગાઓ; સંતો-
ની સભામાં તેની સ્તુતિ કરો. [2] ઈસ્રાએલ, તમારા સર્જનહાર-
નાં અસ્તિત્વનો તમે આનંદ કરો; સિયોનના લોકો, તમારા રાજાની નિ-
કટતાનો આનંદ મનાવો. [3] તેઓ તેના નામની સ્તુતિ નૃત્યસહિત કરો;
ડફ તથા વીણાથી તેનાં સ્તોત્ર ગીત ગાઓ. [4] કારણકે યહોવા પોતાના
લોકોમાં આનંદ માને છે; અને નમ્રજનોનો ઉદ્ધાર કરે છે. [5] તેમનાં સંતો
તેમના ગૌરવથી હરખાય છે; પથારીમાં સૂતા હોય ત્યારે પણ તમે
આનંદના ગીતો ગાઓ. [6] તેઓના કંઠમાંથી યહોવાની ઉત્તમ સ્તુતિ
ગવાઓ; અને તેઓના હાથમાં બેધારી તરવાર રહો. [7] તેઓ બીજા રા-
ષ્ટોને સજા કરે અને તેમને પાઠ ભણાવે. [8] તેઓના રાજાઓને અને
આગેવાનોને; લોખંડની સાંકળોથી બાંધે. [9] અને તેઓને દેવના ચુકાદો
મુજબ તેઓ સજા કરે! યહોવા તેમના બધાં સંતોનો આદર છે. યહોવાની
સ્તુતિ કરો.

**150** યહોવાની સ્તુતિ કરો! તેમના મંદિરમાં તેમની સ્તુતિ કરો! તે-
મના શકિતશાળી આકાશમાં તેમની સ્તુતિ કરો! [2] તેનાં પરા-
ક્રમી કાર્યો માટે તેમની સ્તુતિ કરો; તેમની અજોડ મહાનતા માટે તેમની
સ્તુતિ કરો. [3] રણશિંગડા વગાડીને તેમની સ્તુતિ કરો; સિતાર તથા વી-
ણાથી તેમની સ્તુતિ કરો. [4] ખંજરી તથાનૃત્યસહિત તેમની સ્તુતિ કરો;
સારંગી તથા શરણાઇ સાથે તેમની સ્તુતિ કરો. [5] તીવ્ર સૂરવાળી ઝાંઝો-
ના મોટા અવાજ સાથે તેમની સ્તુતિ ગાઓ, ઝાંઝોના હર્ષનાદ સાથે તે-
મની સ્તુતિ કરો! [6] શ્વાસોચ્છ્વાસ લેનારાં સર્વ યહોવાની સ્તુતિ કરો, તમે
સૌ યહોવાની સ્તુતિ કરો!

# નીતિવચનો

1 ઈસ્રાએલના રાજા દાઉદના પુત્ર સુલેમાનનાં નીતિવચનો: 2 વ્ય-
ક્તિ માટે આ પુસ્તકનો હેતુ છે કે તે જ્ઞાન અને શિક્ષણ મેળવે, જે-
નાથી તે ઊંડી સમજ આપે તેવા શબ્દો સમજી શકે. 3 કે તેને વિચાર પૂ-
ર્વકની વર્તણૂકની, સારા વિવેકની અને ન્યાયની કેળવણી મળે. 4 ભો-
ળા માણસો ચતુર બને, યુવાનોને જ્ઞાન તથા વિવેકબુદ્ધિ મળે. 5 જો
ડાહ્યો માણસ સાંભળશે તો તેનું ડહાપણ વધશે. અને સમજુ માણસને
દોરવણી મળે. 6 તેઓ કહેવતો અને ષ્ટાંતો જ્ઞાનીઓના વચનો અને તે-
મના કોયડાઓ પણ સમજી શકશે. 7 યહોવાનો ભય એ જ્ઞાનનો
આરંભ છે. પણ મૂખોર્ જ્ઞાન અને શિક્ષણને વ્યર્થ ગણે છે. 8 મારા દીક-
રા, તારા પિતાનો ઉપદેશ સાંભળ, અને તારી માતાનું શિક્ષણ નકારીશ
નહિ. 9 કેમ કે તારા મસ્તક પર ફૂલોના મુગટ અને ગળાના હાર રૂપ
બની રહેશે. 10 મારા દીકરા, જો દુષ્ટ પાપીઓ તને લલચાવે તો તું એમ-
ની વાતો માનતો નહિ. 11 જો તેઓ તને કહે કે “અમારી સાથે ચાલ, કો-
ઈની હત્યા કરવા માટે આપણે સંતાઈ રહીએ; અને જે નિદોર્ષ છે તેને
ફસાવવા છુપાઈ રહીએ. 12 જેમ શેઓલ જીવતા માણસોને ગળી જાય
છે તેમ આપણે તેમને ગળી જઈશું. 13 વિવિધ પ્રકારનો કિંમતી માલ
આપણા હાથમાં આવશે, આપણે આપણાં ઘર લૂંટથી ભરીશું. 14 તું
અમારી સાથે જોડાઈ જા. અને અમારો ભાગીદારથા; આપણાં સૌનો
ભાગ સિલકમાં સરખો રહેશે. 15 મારા દીકરા, એમના માગેર્ ચાલતો
નહિ, તેમના માગેર્ તારા પગ મૂકતો નહિ. 16 કારણ, તેમના પગ દુષ્ટ
પાપ કરવા ઉતાવળા હોય છે અને હત્યા કરવાને દોડી જતા હોય છે.
17 કારણ કે જ્યારે પક્ષીઓ સાવધ હોય ત્યારે જાળ પાથરવી તે નિરર્થક
છે. 18 તેઓ અન્યની હત્યા કરવા સંતાઈ રહે છે, પણ હત્યા એમની જ
થાય છે. બીજાનો જીવ લેવા જાય છે. અને પોતાનો જીવ ગુમાવે છે.
19 પ્રત્યેક ધનના લોભીના માગોર્ આવા જ છે. આવું ધન તેના માલિ-
કોનું જ સત્યાનાશ વાળે છે. 20 જ્ઞાન શેરીઓમાં મોટે અવાજે બોલાવે
છે. તે જાહેર સ્થળોએ બૂમો પાડે છે. 21 તે ઘોંઘાટવાળા રસ્તા પર બૂમો
પાડે છે અને શહેરને દરવાજે ઊભુ રહીને બૂમો પાડે છે: 22 “હે ભોળિ-
યાઓ, તમે ક્યાં સુધી ભોળપણને વળગી રહેશો? ઓ ટિખળી લોકો,
તમે ક્યાં સુધી ટિખળ કરવામાં આનંદ મેળવશો? ઓ મૂર્ખાઓ, ક્યાં સુ-
ધી તમે જ્ઞાનનો તિરસ્કાર કરશો? 23 જો તમે મારી ચેતવણી સાંભળશો
તો હું મારો આત્મા તમારા પર રેડીશ અને મારા વચનો તમને જણા-
વીશ. 24 પરંતુ મેં તમને બોલાવ્યા અને તમે ના પાડી. મેં મારો હાથ
લંબાવી ઈશારો કર્યો પણ કોઈએ તેની કાળજી કરી નહિ; 25 તમે મારા
સવેર્ ઉપદેશ ફગાવી દીધા છે અને મારી ચેતવણીને પણ ગણકારી
નથી. 26 તેથી જ્યારે તમારી ઉપર મુશ્કેલીઓ આવશે ત્યારે હું હાસ્ય
કરીશ; જ્યારે તમારા પર ભય આવશે ત્યારે હું તમારી મશ્કરી કરીશ.
27 એટલે જ્યારે વંટોળિયાની જેમ તમારી ઉપર ભય ફરી વળશે, વિપ-
ત્તિઓ ફૂટી નીકળશે, સંકટ અને વેદના તમારા પર આવશે. 28 “ત્યારે
તેઓ મને બોલાવશે તો પણ હું ઉત્તર આપીશ નહિ, તમે મને ખંતથી
શોધશો પણ હું તમને મળીશ નહિ. 29 કારણ, તેઓએ વિદ્યાનો તિર-
સ્કાર કર્યો છે અને તેમણે યહોવાનો ડર રાખ્યો નથી. 30 મારી સલાહ
માની નહોતી અને તેઓએ મારો સઘળો ઠપકો તુચ્છ ગણ્યો. 31 તેથી
તેઓને તેમના કર્મના ફળ મળશે અને તેમને તેમની પોતાની સલાહો
ભારે પડશે. 32 “આમ, મૂખોર્ના અવળા રસ્તા તેમને મૃત્યુના મુખમાં
લઈ જાય છે. અને મૂખોર્ની બેદરકારી તેમનો વિનાશ નોંતરે છે. 33 પરંતુ
જે કોઈ મારું કહ્યુ સાંભળશે તે સુરક્ષિત રહેશે. અને કોઈપણ જાતના નુ-
કશાન થવાના ભય વિના શાંતિ અનુભવશે.”

2 મારા દીકરા, જો તું મારાં વચનોનો અંગીકાર કરશે અને મારી
આજ્ઞાઓ અંતરમાં સંઘરી રાખશે, 2 ડહાપણની વાત ધ્યાનથી
સાંભળીને, સમજણમાં તારું ધ્યાન દોરીશ; 3 અને જો તું વિવેકબુદ્ધિને-
માટે પોકાર કરશે અને સમજણ શકિત માટે ખંત રાખશે. 4 અને તું જો
ચાંદીની જેમ અને છૂપાવેલા ખજાનાની જેમ તેને શોધશે. 5 તો તને
યહોવાના ભયનું ભાન થશે. અને તને દેવનું જ્ઞાન પ્રાપ્ત થશે. 6 કારણ
કે યહોવા જ્ઞાનના દાતા છે, તેના મુખમાંથી જ્ઞાન અને સમજણ શકિત
પ્રગટે છે. 7 તે નીતિમાન લોકોને વ્યવહારિક ક્ષમતા આપે છે, પ્રામાણિ-
કતાથી રહેતા લોકોની રક્ષા કરે છે. 8 તે ન્યાયના માર્ગની રક્ષા કરે છે
અને પોતાના વફાદાર લોકોની કાળજી લે છે. 9 ત્યારે તને સમજાશે કે
દરેક સાચો અને સારો રસ્તો સત્ય ન્યાયી અને પ્રામાણિક હોય છે;
10 તારા હૃદયમાં શાણપણ પ્રવેશશે અને જ્ઞાન તારા આત્માને ખુશીથી
ભરી દેશે. 11 વિવેકબુદ્ધિ તારું ધ્યાન રાખશે અને સમજણ તારું રક્ષણ
કરશે. 12 ખરાબ માગેર્થી અને આડું બોલનાર માણસોથી તને ઉગારી
લેશે; 13 જેઓ સદાચારના માર્ગ તજીને અંધકારને માગેર્ ચાલે છે.
14 જેઓ દુષ્ટતા આચરવામાં આનંદ માણે છે, અને છળકપટ કરવામાં
જ તેમને મજા પડે છે. 15 જેઓના રસ્તા આડા છે, અને જેમના પગલા
છેતરામણાં છે તેમનાથી તારું રક્ષણ કરશે. 16 વળી સમજ કે તે તને
વ્યભિચારી સ્ત્રીઓથી અને તેમની લોભામણી વાણીથી બચાવશે.
17 જે પોતાના પતિને જેની સાથે જુવાનીમાં તેણે લગ્ન કરેલા તેને છોડી
દે છે અને દેવ સાથે કરેલો પોતાનો કરાર વિષે ભૂલી જાય છે; 18 તેનું
ઘર મૃત્યુની ખાઈમાં ઊતરી જાય છે અને તેનો માર્ગ મૃત્યુલોકમાં જાય
છે. 19 તેની પાસે જનારાઓમાંથી કોઈ પાછો ફરતો નથી, તેઓ જીવન-
નો માર્ગ સંપાદન કરી શકતા નથી. 20 તું સજ્જનોના માગેર્ ચાલજે અને
ન્યાય અને સત્યના રસ્તા પર ટકી રહેજે. 21 કારણકે, પ્રામાણિક માણ-
સો જ પૃથ્વી પર જીવતા રહેશે. સંનિષ્ઠ અને નિદોર્ષ માણસો જ એમાં
વસશે. 22 પણ દુષ્ટોનું પૃથ્વી પરથી નિકંદન નીકળી જશે. અને જેઓ
કપટ કરનારા છે તેમને સમૂળગા ઉખેડી નાખવામાં આવશે.

3 મારા દીકરા! મારો ઉપદેશ ભૂલી જઈશ નહિ. પરંતુ તારા હૃદયમાં
મારી આજ્ઞાઓને સંઘરી રાખજે, 2 કારણ કે એ તને દીર્ઘ પૂર્ણ જી-
વન અને શાંતિ આપશે. 3 પ્રેમ અને વફાદારી તારો ત્યાગ ન કરે, વિશ્વા-
સનીયતાને તું તારા ગળે બાંધી રાખજે, અને તારા હૃદયપર લખી રાખ-
જે; 4 આ રીતે તું દેવ તથા માણસોની દ્રષ્ટિમાં કૃપા અને સફળતા પામ-
શે. 5 તારા પૂર્ણ હૃદયથી યહોવા ઉપર ભરોસો રાખ. અને તારી પોતાની
સમજણ પર આધાર રાખીશ નહિ. 6 તું જ્યાં પણ જાય, તેનો આભાર-
માન, અને તે તને સાચે માગેર્ દોરશે અને તને સફળ બનાવશે. 7 તું
તારી પોતાની જાતને જ્ઞાની ન માનીશ; યહોવાનો ડર રાખજે અને પાપ-
થી દૂર રહેજે. 8 તેથી તારું શરીર તંદુરસ્ત રહેશે અને તારા હાડકાં બળ-
વંત રહેશે. 9 તારા ધનથી અને તારા પહેલા પાકથી યહોવાનું સન્માન
કર. 10 એમ કરવાથી તારા અન્નના ભંડાર હર્યાભર્યા રહેશે અને તારા દ્રા-
ક્ષારસના કુંડો દ્રાક્ષારસથી ઊભરાઈ જશે 11 મારા દીકરા, યહોવાની શિ-
ક્ષાને નકારીશ નહિ, અથવા તેના ઠપકાથી કંટાળી જઈશ નહિ. 12 કા-
રણ કે યહોવા જેના ઉપર પ્રેમ રાખે છે તેને ઠપકો દે છે, જેમ બાપ પોતા-
ના દીકરાને, જે તેને ખુબ પ્યારો છે, તેને ઠપકો આપે છે. 13 જેને જ્ઞાન
મળ્યું છે, અને જેણે સમજશકિત મેળવી છે, તેને ધન્ય છે. 14 કારણ કે
તેનો નફો ચાંદીથી વધારે છે, અને તેનો લાભ ચોખ્ખા સુવર્ણના લાભ
કરતાં શ્રેષ્ઠ છે. 15 તે કીંમતી પથ્થરો કરતાં પણ વધારે મૂલ્યવાન છે.
તારી માલિકીની કોઈપણ વસ્તુ એની સાથે સરખાવાય તેમ નથી.
16 તેના જમણા હાથમાં દીર્ઘાયુંષ્ય છે અને તેના ડાબા હાથમાં સમૃદ્ધિ

અને સન્માન છે. 17 તેના માગોર્ સુખદાયક અને તેના રસ્તા શાંતિપૂર્ણ
છે. 18 જેઓ તેને વીટંળાય છે તેને માટે એ સંજીવનીવેલ છે, અને જેઓ
તેને દ્રઢતાથી પકડી રાખે છે તેઓ સુખી થાય છે. 19 યહોવાએ પૃથ્વીને
જ્ઞાનથી અને આકાશને સમજશકિતથી ભરીને સ્થાપન કર્યા છે. 20 તે-
ના જ્ઞાનને પ્રતાપે પાતાળમાંથી પાણીના ઝરણા ફૂટી નીકળ્યા છે, અને
વાદળોમાંથી વરસાદ વરસે છે. 21 મારા દીકરા, તેઓને તારી નજર
આગળથી દૂર થવા દઇશ નહિ, વ્યવહારૂ ક્ષમતા, વિવેકબુદ્ધિ, અને સા-
ર્મથ્યને પકડી રાખજે. 22 તો તેઓ તને જીવન આપશે અને તારા ગળા-
નો હાર બની રહેશે. 23 પછી તું તારા માગેર્ સુરક્ષિત જઇ શકીશ અને
ઠોકર ખાઇને લથડશે નહિ. 24 સૂતી વખતે તને કોઇ ડર રહેશે નહિ.
અને તું મીઠી ઊંઘ લઇ શકીશ. 25 ઓચિંતા ભયથી કે દુષ્ટ માણસો પર
આવતા સર્વનાશથી તું ગભરાઇશ નહિ. 26 કારણ કે યહોવા તારી જોડે
રહેશે અને તારા પગને ફસાઇ જતાં બચાવશે. 27 જો કોઇને તારી મદદ-
ની જરૂર હોય અને તું સમર્થ હોય તો ના પાડીશ નહિ. 28 જો તારી પાસે
હોય તો તારા પડોશીને એમ ના કહીશ કે," જાઓ,ફરીથી આવજો,
આવતીકાલે હું આપીશ. 29 તારો પડોશી તારી પડોશમાં પોતાને સુર-
ક્ષિત અનુભવે છે, તેની સામે અનિષ્ટ યોજના કરીશ નહિ. 30 જો કોઇ
માણસે તમારું નુકશાન કર્યુ ન હોય તો તેની સાથે કારણ વગર વિખ-
વાદ કરીશ નહિ. 31 દુષ્ટ માણસની ઈર્ષ્યા ન કરશો, અને તેનો એક
પણ માર્ગ પસંદ ન કરશો. 32 કારણ કે છેતરપિંડી કરનારા માણસોને
યહોવા દુ:ખી કરે છે. વાંકા માણસોને યહોવા ધિક્કારે છે પણ પ્રામા-
ણિક માણસોને તે પોતાના અંગત ગણે છે. 33 યહોવાનો શાપ દુષ્ટ મા-
ણસોના ઘર ઉપર ઉતરે છે. પણ સાચા માણસોના ઘર ઉપર તેમના
આશીર્વાદ ઉતરે છે. 34 તે ટીખળી માણસોની ટીખળ કરે છે અને જેઓ
નમ્ર છે તેના માટે કૃપાળુ છે. 35 જ્ઞાનીઓને ગૌરવનો વારસો મળશે
પરંતુ મૂખોર્ને અપકીતિર્ જ મળશે.

4 ‘દીકરાઓ, પિતાનો ઉપદેશ ધ્યાનથી સાંભળો, અને સમજણ મે-
ળવવા માટે ધ્યાન આપો. 2 હું તમને ઉત્તમ બોધ આપુ છું. મારા
શિક્ષણનો ત્યાગ કરશો નહિ. 3 જ્યારે હું મારા પિતાના ઘરનો સભ્ય
હતો, જ્યારે હું મારી માતાની દ્રષ્ટિએ એકનો એક યુવાન દીકરો હતો.
4 ત્યારે મારા પિતાએ મને શિક્ષણ આપીને કહ્યું હતુ કે, “તારા હૃદયમાં
મારા શબ્દો સંઘરી રાખજે, અને મારા આજ્ઞાઓને રાખજે અને તું જી-
વીશ. 5 જ્ઞાન પ્રાપ્ત કર, બુદ્ધિ સંપાદન કર; મારું કહ્યું યાદ રાખજે,
એમાંથી જરાય ચળીશ નહિ. 6 જ્ઞાનનો ત્યાગ ન કરીશ, તે તારું રક્ષણ
કરશે, તેના પર પ્રેમ રાખજે, તે તારી સંભાળ રાખશે. 7 “જ્ઞાન પ્રાપ્ત કર-
વાનું પહેલું પગથિયું છે: જ્ઞાન મેળવો! તારા સર્વસ્વને ભોગે પણ જ્ઞાન
પ્રાપ્ત કરજે. 8 તું એમનું સન્માન કરીશ તો એ તને ઊંચે ચઢાવશે; તું જો
તેને ભેટીશ, તો તે તને પ્રતિષ્ઠિત કરશે. 9 તે તને હારનો શણગાર અને
સુશોભિત મુગટ પહેરાવશે." 10 હે મારા પુત્ર, મને ધ્યાનથી સાંભળ
અને મારા શબ્દોનો સ્વીકાર કર તો તારું આયુષ્ય વધશે. 11 હું તને
જ્ઞાનનો માર્ગ બતાવીશ અને તને પ્રામાણિકતાને માગેર્ દોરીશ. 12 જે-
થી ચાલતી વખતે તને કોઇ બાધા પડે નહિ અને દોડતી વખતે ઠોકર
વાગે નહિ, એનું જીવની જેમ સંભાળ રાખજે. 13 આ શિક્ષાને તું મજબૂ-
તીથી વળગી રહેજે, તેને છોડતો નહિ, તેની કાળજી રાખજે કારણકે તે
જ તારું જીવન છે. 14 “દુષ્ટ માણસોના માગેર્ જઇશ નહિ, ખરાબ મા-
ણસોને રસ્તે પગ મૂકીશ નહિ. 15 તે રસ્તાથી દૂર રહેજે, તેની પાસે
જઇશ નહિ. તેમાંથી છૂટો પડીને નીકળી જજે. 16 એ દુષ્ટ લોકોને કોઇનું
નુકશાન કર્યા વિના ઊંઘ આવતી નથી. અને કોઇને ફસાવ્યા ન હોય તો
તેમની ઊંઘ ઊડી જાય છે. 17 કારણ કે તેઓ પાપનો રોટલો ખાય છે
અને હિંસાનો દ્રાક્ષારસ પીએ છે. 18 પણ સદાચારીઓનો માર્ગ પરોઢિ-
યાના પ્રકાશ જેવો છે, જે દિવસ ચઢતાં સુધીમાં વધું ઉજ્જવળ અને ઉજ્જ-
વળ પ્રકાશિત થતો જાય છે. 19 જ્યારે દુષ્ટોનો માર્ગ અંધકારમય છે, જે-
માં પોતે શા માટે ઠોકર ખાધી છે તે પણ તેઓ જાણી શકતા નથી.
20 દીકરા, મારા વચનો ઉપર ધ્યાન આપ, અને મારા ઉપદેશને કાને
ધર. 21 તારી આંખ આગળથી તેને દૂર થવા દઇશ નહિ, તેને તારા હૈયા-
માં સંઘરી રાખજે. 22 જે કોઇ તેને મેળવે તેના માટે તે જીવન છે. અને તે-
મને પૂર્ણ સ્વાસ્થ્ય આપે છે. 23 કોઇપણ બીજી વસ્તુ કરતાં સૌથી
વધારે તારાં હૃદયની કાળજી રાખજે. કારણ એમાંથી જ જીવનમાં ઝરણાં
વહે છે. 24 જૂઠ્ઠું બોલીશ નહિ અને ષ્ટવાણી બોલીશ નહિ. 25 તારી
આંખો સામી નજરે જુએ. અને તારી સીધી નજર સામેના રસ્તા ઉપર રા-
ખજે. 26 તારા ચરણોના માર્ગની યોજના કરજે. અને તારો સમગ્ર માર્ગ
સુરક્ષિત હશે. 27 જમણે કે ડાબે વળ્યા વિના સીધા માગેર્ ચાલ્યો જજે.
દુષ્ટ પાપને માગેર્ પગ મૂકીશ નહિ.

5 મારા દીકરા, મારા ડહાપણને સાંભળજે અને મારા શાણા શિક્ષણ
પર ધ્યાન આપજે. 2 જેથી કરીને તારી વિવેકબુદ્ધિ જળવાઇ રહે,
અને તારી વાણીમાં જ્ઞાન આવે. 3 કારણ કે અજાણી સ્ત્રીના હોઠોમાંથી
મધ ટપકે છે. અને તેની વાણી તેલ કરતા સુંવાળી હોય છે. 4 પણ તેનો
અંત વિષ જેવો કડવો અને બેધારી તરવાર જેવો તીક્ષ્ણ હોય છે. 5 તે-
ણીના પગ મૃત્યુ સુધી પહોંચે છે અને તેણીનાં પગલાં શેઓલમાં પહોંચે
છે. 6 તેણી સાચા રસ્તે જવાની મનાઇ કરે છે અને તેણીને ખબર નથી
કે પોતાના માર્ગેથી તેણી રખડી પડશે. 7 તેથી મારા પુત્રો, મારી વાત
સાંભળો, અને હું જે કહું છું તેનાથી દૂર થઇશ નહિ. 8 પરસ્ત્રીથી દૂર રહે-
જે અને તેના ઘરના બારણાં પાસે જતો નહિ. 9 રખેને તું તારી સંપતિ
ખોઇ બેસે અને તારું જીવન નિર્દય ઘાતકી માણસોના હાથમાં જાય.
10 રખેને તારી શકિત પારકાને મળે અને તારી મહેનતના ફળ બીજાના
કુટુંબને મળે. 11 તું અંત સમયે આક્રંદ કરીશ જ્યારે તારું હાડમાંસ અને
શ રીરનો વિનાશ થઇ જશે. 12 અને તું કહીશ કે, “મેં કેમ શિક્ષણને ધિ-
ક્કાર્યું અને મારા અંત:કરણના ઠપકાને તુચ્છ ગણ્યો! 13 શા માટે મેં
મારા ગુરુજનોનું કહ્યું માન્યું નહિ, અને મને શિક્ષણ આપનારાઓ પ્રત્યે
ધ્યાન નહોતું રાખ્યું! 14 હું તો લોકોની દરેક અનિષ્ટ વસ્તુઓમાં સંકળા-
યેલો હતો." 15 તારા પોતાના ટાંકામાંથી અને તારા પોતાના કૂવાના
ઝરણામાંથી જ પાણી પીજે. 16 તારા પાણીના ઝરાને શરીઓમાં ઉભરા-
વા દઇશ નહિ. 17 એ પાણી ફકત તારા એકલા માટે જ હો, તારી સાથે-
ના બીજાઓ માટે નહિં. 18 ભલે એ તારા ઝરણાઓને ઘણી સંતતિ મે-
ળવવાના આશીર્વાદ મળે. તારી પોતાની યુવાન પત્ની સાથે તું આનંદ
માન. 19 જે હરણી જેવી સુંદર અને પર્વતીય મૃગલી જેવી જાજરમાન
નારી છે તેના સ્તનોથી તું સદા સંતોષ પામ અને તેના પ્રેમમાં જ તું નિ-
રંતર મગ્ન રહે. 20 મારા પુત્ર, શા માટે તારે પરસ્ત્રી પર મોહિત થવું જો-
ઇએ? શા માટે તારે પરસ્ત્રીના શરીરને આલિંગન આપવું જોઇએ?
21 કારણ કે, માણસના પ્રત્યેક વર્તન-વ્યવહાર ઉપર યહોવાની નજર
હોય છે. અને તે જે કાઇં કરે છે તેના ઉપર તે ધ્યાન રાખે છે. 22 દુરાચારી
તે તેમના પાપોમાં સપડાય છે અને તેમના પાપો તેમને દોરડાની જેમ
જકડી રાખે છે. 23 કારણકે, સંયમના અભાવે તે મરી જશે અને તેની મૂ-
ર્ખતા ને કારણે તે છકી જશે.

6 1 “મારા દીકરા, જો તું તારા પડોશીનો જામીન થયો હોય, જો તેં
કોઇને બદલે પારકાને માટે કોલ આપ્યો હોય, 2 તો તું તારા
શબ્દોથી બંધાઇ ચૂક્યો હોય, જો તું વચનોને લીધે સપડાયો હોય, 3 તો
તારા પડોશીના હાથમાં સપડાયો છે. મારા પુત્ર, તું આટલું કરીને છૂટો
થઇ જજે; તું એકદમ જા. તારા પડોશીની આગળ નમી જઇને કાલાવા-
લા કર. 4 સૌથી પહેલા સૂઇશ નહિ. અને તારી પાંપણોને ઢળવા દઇશ
નહિ. 5 હરણું જેમ શિકારીના હાથમાંથી ભાગી જાય અથવા પંખી જેમ
પારધી પાસેથી છૂટી જાય, તેમ તું તારી જાતને છોડાવી લેજે. 6 ઓ
આળસુ, કીડી પાસે જા; તે કેમ જીવે છે તે જોઇને હોશિયાર થા. 7 તેના
પર કોઇ મુકાદમ નથી, કોઇ આજ્ઞા કરનાર નથી, કે કોઇ ધણી નથી.
8 છતાં તે પાક વખતે પોતાનાં અનાજનો સંગ્રહ કરે છે અને કાપણીની
મોસમમાં પોતાનો ખોરાક ભરી રાખે છે. 9 ઓ આળસુ. તું ક્યાં સુધી
પડ્યો રહીશ? તું ક્યારે ઊંઘમાંથી ઊઠીશ? 10 તું કહે છે કે “હજી થોડીક
નિદ્રા, થોડીક ઊંઘ, ટૂંટિયાં વાળીને થોડોક આરામ લેવા દો." 11 તો તું
જાણજે કે ચોરની જેમ અને હથિયારબંધ ધાડપાડુની જેમ ગરીબી તારા
પર ત્રાટકશે. 12 નકામો અને દુષ્ટ માણસ ગેરમાગેર્ દોરનારી વાતો કર-
શે. 13 તે પોતાની આંખોથી મીંચકારા મારી, પગથી ધૂળમાં નિશાનીઓ
કરશે અને આંગળીથી ઇશારો કરશે. 14 તેના મનમાં કપટ છે, તે વિ-
ધ્વંસી અનિષ્ટો ઘડે છે અને હંમેશા તકરારો મોકલે છે. 15 આથી અચા-
નક તેના પર વિપત્તિના વાદળ ઘેરાય છે. અને તે એકાએક ભાંગીને ભૂ-
ક્કા થઇ જાય છે, તે ફરી બેઠો થઇ શકતો નથી. 16 યહોવા સખત
અણગમતી સાત વસ્તુઓમાંથી છ વસ્તુને ધિક્કારે છે. 17 તુમાખીભરી

આંખો, જૂઠાબોલાની જીભ, નિદોર્ષના લોહીથી ખરડાયેલા હાથ, 18 દુષ્ટ
કાવતરાં રચનાર હૃદય, નુકશાન કરવા દોડી જતા પગ, 19 શ્વાસેશ્વાસે
જૂઠું બોલનાર જૂઠો સાક્ષી. અને સ્નેહી સંબંધીઓમાં કુસંપનું બીજ વાવ-
નાર માણસ. 20 મારા દીકરા, તારા પિતાની આજ્ઞાઓને માનજે. અને
તારી માતાની શિખામણો ભૂલીશ નહિ. 21 એને સદા તારા હૃદયમાં
બાંધી રાખજે અને તારા કંઠની આજુબાજુ લટકાવી દેજે. 22 તું જ્યારે
જ્યારે ચાલતો હોઇશ ત્યારે એ તને માર્ગ બતાવશે, તું ઊંઘતો હશે ત્યારે
એ તારી ચોકી કરશે. અને તું જાગતો હશે ત્યારે એ તારી સાથે વાતચીત
કરશે. 23 આજ્ઞા એ દીપક છે, અને નિયમ પ્રકાશ છે; અને ઠપકો તથા
ચેતવણી એ જીવનના માર્ગદર્શક છે. 24 એ તારું ભૂંડી સ્ત્રીથી રક્ષણ
કરશે અને, અપવિત્ર સ્ત્રીની લોભામણી વાણીથી ઉગારી લેશે. 25 તેના
રૂપ સૌંદર્યની કામના કરતો નહિ અને તેના આંખનાં પોપચાંથી સપડા-
ઇશ નહિ. 26 કારણ કે વારાંગનાને તો પુરુષે રોટલાનો ટૂકડો આપવો
જ પડે છે જ્યારે પરણેલી સ્ત્રીની વાસનાભૂખતો પુરુષના જીવનને લઇ-
ને સંતોષાય છે. 27 જો કોઇ માણસ અંગારા હૈયે ચાંપે તો તેનું પહેરણ
સળગ્યા વગર રહે? 28 જો કોઇ માણસ અંગારા પર ચાલે તો શું તેના
પગ દાઝયા વગર રહે? 29 એટલે કોઇ તેના પાડોશીની પત્ની પાસે જાય
છે, અને તેને સ્પર્શ કરે છે તેને સજા થયા વિના રહેતી નથી. 30 જો કોઇ
માણસ ભૂખ સંતોષવા ચોરી કરે તો લોકો તેના માટે માન નથી ગુમાવી
બેસતા. 31 પણ જો તે પકડાય છે તો તેણે તેનું સાતગણું આપવું પડે
છે. એનો અર્થ એવો થાય કે પોતાના ઘરની સઘળી સંપત્તિ સોંપી દેવી
પડે તો પણ. 32 જે પરસ્ત્રી સાથે વ્યભિચાર કરે છે તે અક્કલ વગરનો
છે, તે પોતાની જાતે પોતાનું જીવન બરબાદ કરે છે. 33 તેના નસીબમાં
તેને માર તથા અપમાન જ મળશે અને તેનું કલંક કદી ભૂંસાશે નહિ.
34 કારણ કે ઈર્ષ્યાથી ધણીનો રોષ ભભૂકી ઊઠશે અને તે વૈર વાળતી
વખતે જરાય કાચું રાખશે નહિ. 35 તે કોઇ પગાર સ્વીકારશે નહિ અને
કોઇપણ પ્રકારની ભેટો તેને શાંત પાડી શકશે નહિ.

7 મારા દીકરા, મારા વચનો પાળજે. અને મારી આજ્ઞા યાદ રાખજે.
2 તારે જીવવું હોય તો મારી આજ્ઞાઓનું પાલન કરજે, અને મારા
ઉપદેશને તારી આંખની કીકીની જેમ જાળવજે, 3 એને તારી આંગળીએ
બાંધજે, એને તારા હૃદય પર લખજે. 4 જ્ઞાનને કહે કે તું મારી બહેન છે,
અને બુદ્ધિને “તું મારું કુટુંબ છે.” 5 જેથી એ બંને તને વ્યભિચારી સ્ત્રી-
થી બચાવશે. પોતાના શબ્દો વડે ઉંપરાણું કરનાર પરસ્ત્રીથી તારું
રક્ષણ કરશે. 6 કારણ કે એક વખત મેં મારા ઘરની બારી નજીક ઊભા
રહીને જાળીમાંથી સામે નજર નાખી; 7 અને ત્યાં મેં ઘણાં અણઘડ યુ-
વાનોને જોયા. તેમાં એક અક્કલહીન યુવાન મારી નજરે પડ્યો. 8 એક
સ્ત્રીના ઘરના ખૂણા પાસેથી તે બજારમાંથી પસાર થતો હતો, તે સીધો
તેણીના ઘર તરફ જતો હતો. 9 દિવસ આથમ્યો હતો, સાંજ પડવા
આવી હતી અને રાતનું અંધારું ફેલાતું હતું. 10 અચાનક એ સ્ત્રી તેને
મળવા બહાર આવી, તેણે વારાંગના જેવા વસ્ત્રો પહેર્યા હતાં અને એના
મનમાં કપટ હતું. 11 તે ધ્યાનાકર્ષક અને બળવાખોર સ્ત્રી હતી. તેના
પગ પોતાના ઘરમાં કદી ટકતા ન હતા; 12 કોઈવાર ગલીઓમાં, ક્યારેક
બજારની જગ્યામાં, તો કોઈવાર ચોકમાં શેરીના-ખૂણે લાગ તાકીને
ઊભી રહેતી હતી. 13 તે સ્ત્રીએ તેને પકડ્યો અને ચુંબન કર્યુ અને નિર્લ-
જ્જ મોઢે તેને કહ્યું કે, 14 આજે રાત્રે મારે મારા શાંત્યાર્પણો ખાવા પડશે,
આજે મેં પ્રતિજ્ઞા લીધી છે; આજે મેં મારા વચનો પૂર્ણ કર્યા છે. 15 તેથી
હું તને મળવા બહાર આવી છું. હું ક્યારની તને શોધતી હતી, આખરે તું
મળ્યો ખરો. 16 મેં મારા પલંગ ઉપર સુંદર ચાદરો પાથરી છે આ ચાદરો
મિસરથી આવી છે! 17 મેં મારી શૈયાને બોળ, અગર, અને તજથી સુ-
ગંધીદાર બનાવી છે. 18 ચાલ, આપણે પરોઢ થતાં સુધી પેટપૂર પ્રીતિ,
આખી રાત મોજમાં મગ્ન થઇ પ્રેમની મજા માણીએ. 19 મારો ધણી ઘેર
નથી તે લાંબી મુસાફરીએ ગયો છે. 20 તે પોતાની સાથે રૂપિયાની થેલી
લઇ ગયો છે. અને છેક પૂનમ લગી તે પાછો આવનાર નથી. 21 તે તેને
ઘણા મીઠા શબ્દોથી સમજાવે છે અને સુંવાળી વાતોથી વહાલથી તે તે-
ને ખેંચી જાય છે. 22 અચાનક તે જેમ બળદ કસાઈવાડે જાય, અને જેમ
ગુનેગારને સજા માટે સાંકળે બાંધીને લઇ જવાય તેમ જલ્દીથી તેની પા-
છળ જાય છે. 23 આખરે તેનું કાળજુ તીરથી વીંધાય છે; જેમ કોઇ પક્ષી
પોતાનો જીવ જશે એમ જાણ્યા વગર જાળમાં ધસી જાય છે, તેમ તે
જાય છે. 24 માટે, હે પુત્રો, સાંભળો, અને મારા મુખના શબ્દો પર લક્ષ
આપો. 25 તારું હૃદય તેણીના રસ્તે વળે નહિ. તેના રસ્તાઓમાં રખડ-
તો નહિ. 26 કારણ, તેણે ઘણાને ઘાયલ કર્યા છે, તેમને મારી નાખ્યાં છે
અને અસંખ્ય માણસોના પ્રાણ લીધા છે. 27 તેનું ઘર મૃત્યુ લોકના મા-
ગેર્ છે કે, જે મૃત્યુનાં ઓરડામાં પહોંચાડે છે.

8 જ્ઞાન બોલાવે છે અને સમજણ મોટેથી બૂમો પાડે છે. 2 ડુંગરની
ટોચે, રસ્તે ઘાટે, ચોરેચૌટે 3 અને શહેરમાં પ્રવેશવાના દરવાજા
આગળ ઊભાં ઊભાં તે મોટે સાદે કહે છે: 4 હે માણસો, હું તમને પોકાર
કરીને કહું છું; હું પ્રત્યેક માણસને સાદ પાડું છું. 5 હે અજ્ઞાની લોકો, શા-
ણપણ શીખો, અને હે મૂર્ખાઓ તમે સમજણ હોવાનું શીખો. 6 સાંભળો,
હું તમને ઉત્તમ વાતો કહેવાનો છું. અને જે સાચું છે તે જ હું તમને શીખ-
વીશ. 7 હું સાચું જ બોલીશ, જૂઠાને હું ધિક્કારું છું. 8 મારા મુખના સઘ-
ળા શબ્દો પ્રામાણિક છે, હું તમને જૂઠું કે ગેર માગેર્ દોરનારું નહિ બો-
લું. 9 સમજુ માણસો માટે મારા શબ્દો સ્પષ્ટ છે. અને જ્ઞાનીઓને માટે
તે યથાયોગ્ય છે. 10 રૂપાને બદલે મારી સલાહ લો અને ઉત્તમ સોનાને
બદલે જ્ઞાન પ્રાપ્ત કરો. 11 કારણ કે જ્ઞાન રત્નો કરતા વધારે મૂલ્યાવાન
છે. એની તોલે મોંઘામાં મોંઘી વસ્તુ પણ ન આવે. 12 “હું જ્ઞાન છું, વિવે-
કબુદ્ધિ મારી સાથે રહે છે, અને હું જ્ઞાન અને ચતુરાઈ ધરાવું છું. 13 યહો-
વાનો ભય એટલે પાપને ધિક્કારવું, અભિમાન, ઉદ્ધતાઈ, કુમાર્ગ, અને
વાંકાબોલાપણાને હું ધિક્કારું છું. 14 મારી પાસે સારી સલાહ અને જ્ઞાન
છે. મારી પાસે ઊંડી સમજ અને શકિત છે. 15 મારે લીધે જ રાજાઓ રા-
જ્ય કરે છે અને રાજકર્તાઓ ન્યાય તોલે છે. 16 મારે લીધે રાજકુમારો
શાસન કરે છે અને ઊમદા લોકો સાચો ચુકાદો આપે છે. 17 મારા પર
પ્રેમ રાખનારાઓ પર હું પ્રેમ રાખું છું. અને જે ઓ મને ઉત્સુકતાથી શોધે
છે તે મને પામે છે. 18 ધન અને સન્માન મારા હાથમાં છે. મારી પાસે
ટકાઉ સંપત્તિ અને સદાચાર છે. 19 મારા ફળ સોના કરતાં ચડિયાતા છે.
અને મારી પેદાશ ઊંચી જાતની ચાંદી કરતાં શ્રેષ્ટ છે. 20 હું સદાચારને
માગેર્ ચાલું છું, મારો રસ્તો ન્યાયનો છે. 21 મારા પર પ્રેમ રાખનારને હું
સમૃદ્ધિ આપું છું અને તેમના ભંડારો ભરપૂર કરું છું. 22 યહોવાએ સૃષ્ટિ-
ક્રમનાં આરંભમાં, લાંબા સમય અગાઉ મારું સર્જન કર્યુ. 23 લાંબા
સમય અગાઉ, પૃથ્વીનું સર્જન થયા પહેલાઁ મારું સ્થાપન કરવામાં
આવ્યું હતું. 24 જ્યારે કોઈ સાગરો નહોતા, જ્યારે પાણીથી ભરેલા ઝર-
ણાઓ નહોતા ત્યારે મારો જન્મ થયો હતો. 25 પર્વતોના પાયા નંખાયા
તે પહેલાં, ડુંગરો થયા તેના પણ પહેલાં મારો જન્મ થયો હતો. 26 હજી
યહોવાએ પૃથ્વી ર્સજી નહોતી કે ખેતરો પણ ર્સજ્યા નહોતાં. અરે! ધૂળ-
ની કણી પણ ર્સજી નહોતી ત્યારે મારું અસ્તિત્વ હતું. 27 જ્યારે તેણે
આકાશને એને સ્થાને સ્થાપ્યું, અને સાગર ઉપર ક્ષિતિજને ગોઠવી હતી
ત્યારે મારું અસ્તિત્વ હતું. 28 જ્યારે તેણે અંતરિક્ષને સ્થિર કર્યું; અને
ઝરણાંને સમુદ્ર નીચે વહાવ્યાં. 29 જ્યારે તેણે સાગરની હદ નક્કી કરી
અને તેનું ઉલ્લંઘન કરવાની તેણે મના ફરમાવી. અને જ્યારે તેણે પૃથ્વી-
ના પાયા નાખ્યા. 30 ત્યારે કુશળ કારીગર તરીકે હું તેની સાથે હતી;
અને હું દિનપ્રતિદિન તેને આનંદ આપતી હતી; અને આખો વખત હું તે-
ની સામે નૃત્ય કરતી હતી. 31 તેની વસતિવાળી પૃથ્વી પર મને મજા
આવતી હતી. અને માણસોની સંગતમાં મને આનંદ આવતો હતો.
32 માટે હે મારા દીકરાઓ, મારું સાંભળો; કારણ કે જેઓ મારા માગેર્
ચાલે છે તેઓ સુખ પામે છે. 33 મારો ઉપદેશ સાંભળીને જ્ઞાની થાઓ,
અને સુધારણાની ઉપેક્ષા કરશો નહિ. 34 તે વ્યકિત આશીર્વાદિત છે, જે
મારું સાંભળે છે અને હંમેશા મારા દરવાજે, તથા મારા પ્રવેશદ્ધાર
આગળ મારી રાહ જુએ છે. 35 કારણ કે જે મને પામ્યો છે તે જીવન પા-
મ્યો છે અને યહોવાની કૃપા પામ્યો છે. 36 પણ જે મારી સામે પાપ કરે
છે, તે પોતાને, નુકશાન પહોંચાડે છે; જેઓ મને ધિક્કારે છે, તેઓ મૃત્યુ
સાથે પ્રેમ કરે છે.”

9 જ્ઞાને પોતાનું ઘર બાંધ્યું છે. તેણે પોતાના સાત સ્તંભો કોતરી
કાઢ્યા છે; 2 તેણે માંસ અને દ્રાક્ષારસ તૈયાર કર્યા છે; અને મેજ
ગોઠવીને તૈયાર કર્યુ છે. 3 તેણે પોતાની દાસીઓને શહેરમાં ઊંચામાં
ઊંચા સ્થાનેથી આ જાહેર કરવા મોકલી છે કે, 4 “કોઇ ભોળું હોય, તે
અહીં અંદર આવે; અને બુદ્ધિહીન લોકોને તે કહે છે, 5 આવો, મારી સાથે
ભોજન લો અને મેં રેડેલો દ્રાક્ષારસ પીઓ. 6 તમારી હઠ છોડી દો તો

જીવવા પામશો, બુદ્ધિને માગેર્ ચાલો.” 7 જે ઉદ્ધત માણસને ઠપકો
આપે છે તે અપમાનિત થાય છે. જે દુષ્ટ માણસને સુધારવા જાય છે તે
દુ:ભાય છે. 8 ઉદ્ધત માણસને ઠપકો ન આપો, નહિ તો તે તારો તિર-
સ્કાર કરશે, જ્ઞાની માણસને ભૂલ બતાવશો તો તે તમને પ્રેમ કરશે.
9 જો તમે જ્ઞાની વ્યક્તિને સલાહ આપશો તો તે વધુ જ્ઞાની બનશે. અને
ન્યાયી વ્યક્તિને શિક્ષણ આપશો તો તેના જ્ઞાનમાં વૃદ્ધિ થશે. 10 યહો-
વાથી ડરવું એ જ્ઞાનની શરૂઆત છે, પરમપવિત્રની ઓળખાણ એ જ
બુદ્ધિની શરૂઆત છે. 11 જ્ઞાનને લીધે તારું આયુષ્ય લાંબુ થશે અને
તારા જીવનના વષોર્ વધશે. 12 જો તું જ્ઞાની હોય તો એ તારા લાભની
વાત છે.જો તું ઉદ્ધત થઇશ, તો તારે તેની કિંમ્મત ચૂકવવી પડશે.મૂર્ખ
સ્ત્રી કંકાસિપણ 13 મૂર્ખ સ્ત્રી કંકાસિપણ છે; અને સમજણ વગરની છે.
અને છેક અજાણ છે. 14 તે નગરની ઊંચી જગાઓ ઉપર અને પોતાના
ઘરને બારણે બેસે છે. 15 ત્યાંથી તેણી પોતાને માગેર્ ઝડપથી પસાર
થતા લોકોને બોલાવે છે. 16 “જે કોઇ મૂર્ખ હોય, તે અહીં અંદર આવે;
અને બુદ્ધિહીનને તેણી કહે છે કે, 17 “ચોરીને પીધેલું પાણી મીઠું લાગે
છે, અને છુપાવીને ખાધેલો રોટલો સ્વાદિષ્ટ લાગે છે.” 18 પરંતુ એ લો-
કોને ખબર નથી કે ત્યાં તો મોતની જગ્યા છે. અને તેના મહેમાનો શે-
ઓલ તરફ આગળ વધી રહ્યાં છે.

10 જ્ઞાની પુત્ર પોતાના પિતાને હર્ષ ઉપજાવી સુખી કરે છે. અને મૂ-
ર્ખ પુત્ર પોતાની માતાને ભારરુપ છે. 2 કુમાગેર્ પ્રાપ્ત કરેલી
સંપત્તિથી કશો લાભ નથી. પરંતુ સદાચારી જીવન વ્યક્તિને મોતથી
ઉગારે છે. 3 યહોવા સદાચારી માણસને ભૂખ્યો રાખતા નથી, પણ તે દુ-
ષ્ટ માણસની ઇચ્છાઓને નકારે છે. 4 આળસુ હાથ ગરીબી લાવે છે.
પણ ઉધમીઓનો હાથ તેને ધનવાન બનાવે છે. 5 લણણી વખતે ડા-
હ્યો પુત્ર સંગ્રહ કરે છે પણ નિર્લજ્જ પુત્ર કાપણીના સમયે સૂઇ રહે છે.
6 સદાચારીના માથા ઉપર આશીર્વાદ ઊતરે છે; પણ દુરાચારીનું મોઢું
હિંસાને છુપાવે છે. 7 સદાચારીનું સ્મરણ આશીર્વાદ છે. પરંતુ દુરાચારી-
નું નામ તો સડી જાય છે. 8 જ્ઞાની હૃદયવાળો આજ્ઞાને અનુસરશે: પણ
લવારી કરનારો મૂર્ખ પાયમાલ થશે. 9 જે વ્યક્તિ પ્રામાણિકપણે જીવે
છે તે સુરક્ષિત છે, પરંતુ કુટિલ રસ્તે ચાલનાર ઉઘાડો પડે છે. 10 જે વ્ય-
ક્તિ આંખ મિંચકારે છે તે મુશ્કેલીઓ વહોરે છે. અનેપરંતુ લવારી કરનાર
નાશ પામશે. 11 સદાચારી વ્યક્તિની વાણી જીવનનો ઝરો છે, પરંતુ દુ-
ષ્ટોનું મોઢું હિંસાને છુપાવે છે. 12 ધિક્કાર ઝગડા ઊભા કરે છે પણ પ્રી-
તિ બધા ગુનાઓને ઢાંકે છે. 13 જ્ઞાની માણસની જીભને ટેરવે શાણપણ
રહે છે.જ્યારે મૂર્ખને પીઠે ડફણાં પડે છે. 14 જ્ઞાની લોકો વિદ્યાનો સંગ્રહ
કરે છે; પરંતુ મૂર્ખનું મોઢું ઝડપી નાશ નોતરે છે. 15 ધનવાનની સંપતિ
કિલ્લેબંધ નગર છે, પરંતુ દરિદ્રતા દરિદ્રોનો નાશ કરે છે. 16 સદાચારી
માણસની કમાણી જીવન છે, પણ દુષ્ટમાણસે તેનાપાપો માટે ચૂકવ્યું
છે. 17 જે શિખામણને સ્વીકારે છે, તે જીવનના રસ્તે છે, પણ જેઓ ઠપ-
કાને ગણકારતા નથી તેઓ ભૂલો કરે છે. 18 જે દ્વેષ છુપાવે છે તે જૂઠા
બોલો છે, પણ કૂથલી કરનાર મૂર્ખ છે. 19 બહુ બોલાય ત્યાં પાપ થવાનું
જ. જીભ પર લગામ રાખનાર તે ડાહ્યો છે. 20 સદાચારીની જીભ ચોખ્ખી
ચાંદી જેવી છે, પરંતુ દુષ્ટનું હૃદય મૂલ્યહીન છે. 21 ન્યાયી માણસની
વાણી ઘણાને પોષે છે, પણ મૂર્ખાઓ બુદ્ધિના અભાવે મોતને ભેટે છે.
22 યહોવાના આશીર્વાદ ધનવાન બનાવે છે, અને યહોવા તેમાં મુશ્કે-
લીઓ ઉમેરતો નથી. 23 દુષ્ટ યોજનાઓ મૂખોર્ને આનંદ આપે છે પરંતુ
શાણપણ પ્રાપ્ત કરવું એ સમજુને મન આનંદ છે. 24 દુરાચારી જેનાથી
ડરે છે તે જ તેને માથે આવી પડે છે, જ્યારે સદાચારી જે ઇચ્છે છે તે જ
તેને મળે છે. 25 વાવાઝોડું પસાર થતાં દુરાચારીનું નામ નિશાન રહેતું
નથી. પણ સદાચારી માણસ હંમેશાં અડીખમ ઉભો રહે છે. 26 જેમ
દાંતને કડવું પીણું અને આંખોને ધુમાડો તેમ આળસુ નોકર, જે માણસ
તેને કામે મોકલે છે તેના માટે આફત રૂપ છે. 27 યહોવાથી ડરીને ચાલ-
નારનું આયુષ્ય વધે છે, પણ દુષ્ટ વ્યક્તિનુ આયુષ્ય ઘટે છે. 28 ન્યાયી-
ની આશાનું પરિણામ આનંદ છે; પણ દુષ્ટ વ્યક્તિની આશાઓ ભાંગી-
ને ભૂક્કો થઇ જશે. 29 જેઓ પ્રામાણિકતાથી જીવે છે, તેમના માટે યહો-
વાનો માર્ગ કિલ્લારૂપ છે; પરંતુ અનિષ્ટ આચરનારા માટે વિનાશરૂપ છે.
30 ન્યાયીઓને કદી ખસેડવામાં આવશે નહિ, પરંતુ દુષ્ટો ક્યાંય ઠરી-
ઠામ થઇ કાયમ રહેશે નહિ. 31 ન્યાયીઓના મુખે ડહાપણ ઝરે છે, પરંતુ
છેતરામણા શબ્દો નાશ પામે છે. 32 સંતોષકારક અને ઉચિત શું છે તે
ન્યાયીની વાણી જાણે છે. પરંતુ દુષ્ટોની વાણી છેતરામણી હોય છે.

11 ખોટાં ત્રાજવાનો યહોવાને ગુસ્સો છે. પણ સાચાં કાટલાં જોઇ
તેને આનંદ થાય છે. 2 અહંકાર આવે એટલે અપમાન આવ્યું જ
જાણવું; પણ નમ્રતા જ્યાં હોય ત્યાં જ્ઞાન હોય છે. 3 પ્રામાણિક માણસ-
ની વિશ્વસનીયતા તેને દોરે છે, પણ ધોખેબાજની વક્રતા તેના દુષ્ટ ઇરા-
દાને છુપાવે છે. 4 જ્યારે દેવ કોપાયમાન થાય ત્યારે સંપત્તિ કામ નહિ
આવે, પણ પ્રામાણિકતા વ્યક્તિને મોતથી ઉગારે છે. 5 પ્રામાણિક મા-
ણસની નીતિમત્તા તેનો માર્ગ સાફ કરે છે, પણ ખરાબ વ્યક્તિની દુષ્ટ-
તા જ તેને પાયમાલ કરે છે. 6 માણસો પોતાની ભલાઇથી બચી જશે.
પરંતુ કપટ કરનારા તેમની પોતાની ઇચ્છાઓની જ જાળમાં ફસાય છે.
7 દુષ્ટ માણસનું મોત આવતાં તેની અભિલાષાનો અંત આવે છે, તેણે
પોતાની સંપત્તિમાં રાખેલી આશાનો પણ અંત આવે છે. 8 સદાચારી
લોકો સંકટમાંથી ઊગરી જાય છે અને તેને બદલે દુષ્ટો તેમાં ફસાય છે.
9 દુષ્ટ માણસ પોતાની વાણીથી પડોશીઓનો નાશ નોતરે છે. પરંતુ
ન્યાયી તેના જ્ઞાનવડે બીજાઓને ઉગારે છે. 10 ન્યાયી વ્યક્તિ સફળ
થાય છે ત્યારે આખું નગર હરખાય છે; અને દુષ્ટોનો નાશ થાય છે ત્યારે
હર્ષના નાદ સંભળાય છે. 11 સદાચારીના આશીર્વાદથી નગરની ઉન્નતિ
થાય છે, પણ દુરાચારીની વાણીથી તેનો નાશ થાય છે. 12 જે વ્યક્તિ
પોતાના પડોશી માટે ખરાબ બોલે છે તેનામાં અક્કલ હોતી નથી. પણ
સમજુ માણસ મૂંગો રહે છે. 13 કૂથલી ખોર વ્યક્તિ છૂપી વાત બહાર પા-
ડી દે છે, પણ વિશ્વાસુ વ્યક્તિ રહસ્ય સાચવે છે. 14 જ્યાં આગેવાન
અજ્ઞાન હોય, ત્યાં પ્રજા નાશ પામે છે. અનેક સલાહકારોમાં સુરક્ષા રહે-
લી છે. 15 અજાણ્યાના જામીન થનારને વેઠવું પડે છે; જે બાયંધરી લે-
વાનું ટાળે છે તે સુરક્ષિત છે. 16 સુશીલ સ્ત્રી આબરૂને સાચવી રાખે છે;
અને જુલમી માણસો દ્રવ્ય સાચવી રાખે છે. 17 દયાળુ માણસ પોતાની
જાતનું ભલું કરે છે, પણ ક્રૂર માણસ પોતાના દેહને દુ:ખમાં નાખે છે;
18 દુષ્ટ કમોર્ કરનાર પોતાનો જૂઠાણાનો પગાર મેળવે છે પણ જે ની-
તિમત્તાનું બીજ વાવે છે તે સાચો હોવા બદલ વળતર મેળવે છે. 19 જે
નીતિમત્તાને ‘હા’ પાડે છે તે જીવશે; પણ જે ખરાબ વસ્તુઓનો પીછો કરે
છે તે પોતાનું જ મોત આમંત્રે છે. 20 યહોવા માટે કપટી લોકો ઘૃણાસ્પદ
છે; પણ જેઓ નીતિમત્તાથી જીવે છે તેઓ તેને આનંદરુપ છે. 21 ખાત-
રી રાખજો દુષ્ટને સજા થયા વગર નહિ રહે, પણ સદાચારીઓનાં સંતા-
નો સજામાંથી છટકી જશે. 22 અક્કલ વગરની સુંદર સ્ત્રીની સુંદરતા
ભૂંડના નાકમાં સોનાની નથણી જેવી છે. 23 ભલા માણસોની
ઇચ્છાઓ સારી વસ્તુઓમાં પરિણમે છે, પરંતુ દુષ્ટોની ઇચ્છાઓ ફક્ત
ગુસ્સામાંજ વિરમે છે. 24 કોઇ છૂટે હાથે આપે તોય વધે છે, કોઇ વધુ
પડતી કરકસર કરે તોયે કંગાળ થાય છે. 25 જે બીજાને આશીર્વાદ આપે
છે તે સમૃદ્ધ થાય છે. 26 અનાજ સંઘરી રાખનારને લોકો શાપ દે છે, પણ
વેચનાર ઉપર આશીર્વાદ વરસાવે છે. 27 જેઓ ભલું શોધે છે તેઓ ઇશ્વ-
રની કૃપા મેળવે છે. ખોટું શોધે છે તેનું ખોટું થાય છે. 28 જેઓ પોતાની
સંપત્તિ ઉપર વિશ્વાસ કરે છે તેઓ વિનાશને આરે જઇને પડે છે, પણ
સદાચારી તંદુરસ્ત છોડની જેમ ફૂલેફાલે છે. 29 જે પોતાના જ કુટુંબને
દુ:ખી કરે છે, તે કંઇ નહિ મેળવે. અને મૂર્ખ માણસ જ્ઞાનીનો દાસ બન-
શે. 30 ન્યાયી માણસ જે કરે તે જીવનનાં ઝાડ સમાન છે. પણ શાણો
માણસ બીજા આત્માઓને બચાવે છે. 31 નીતિમાન લોકોને ભલાઇનો
બદલો મળતો હોય તો દુષ્ટો અને પાપીને તો બદલો મળે જ મળે.

12 જે વ્યક્તિને જ્ઞાન વહાલું છે તેને શિખામણ પણ વહાલી છે,
પણ જે વ્યક્તિ સુધારણાને ધિક્કારે છે તે ઢોર જેવો છે. 2 ભલા
માણસો યહોવાની કૃપા મેળવે છે, પણ જેઓ દુષ્ટ યોજનાઓ ઘડે છે
તેઓ સજા પામે છે. 3 દુષ્ટતા દ્વારા વ્યક્તિ સુરક્ષિત ઉભી ન રહી શકે,
ન્યાયનાં મૂળ કદી નહિ ઉખડે. 4 સદ્ગુણી સ્ત્રી પતિને મુગુટરૂપ છે, પણ
નિર્લજ્જ સ્ત્રી તેનાં હાડકાને સડારૂપ છે. 5 ભલાના વિચાર ભલા હોય છે,
ખોટાના મનસૂબા કપટભર્યા હોય છે. 6 દુરાચારી લોકોની વાણી લોહિ-
યાળ હોય છે, પણ પ્રામાણિક લોકોનું મોઢું તેમને બચાવે છે. 7 દુષ્ટો
એકવાર નાશ પામ્યા એટલે કંઇ બચતું નથી, પણ સદાચારીનું ઘર કા-
યમ રહે છે. 8 લોકો વ્યક્તિની તેની વિવેક બુદ્ધિ પ્રમાણે પ્રસંશા કરે છે,
પણ જેનું હૃદય દુષ્ટ છે તે તિરસ્કૃત થશે. 9 અન્ન વગરના સમ્માન કરતાં

મામૂલી વ્યકિત થઇને નોકર થવું એ વધારે સારૂં છે. 10 ભલો માણસ
પોતાના પશુના જીવની સંભાળ રાખે છે પણ દુષ્ટ માણસ ક્રૂર હોય છે.
11 પોતાની જમીન ખેડનારને પુષ્કળ અન્ન મળશે; પણ નકામી વાતોની
પાછળ દોડનાર અક્કલ વગરનો છે. 12 દુષ્ટ લોકો અનિષ્ટ યોજનાઓ-
ની ઇચ્છા રાખે છે પણ સદાચારીના મૂળ તો ફળદ્રુપ છે. 13 દુષ્ટ માણસ
પોતાની જ બંધી પાપી વાતોમાં સપડાય છે, ભલો માણસ મુશ્કેલી-
માંથી હેમખેમ બહાર આવે છે. 14 માણસ પોતે બોલેલા શબ્દોને કારણે
સારાપણાથી ભરાઇ જાય છે, તેને તેના કામનો બદલો મળે છે. 15 મૂર્ખ
સમજે છે કે હું સાચો છું, પણ જે વ્યકિત સલાહ સાંભળે છે તે ડાહી છે.
16 મૂર્ખ પોતાનો ગુસ્સો તરત પ્રગટ કરી દે છે, પણ ડાહ્યો માણસ અપ-
માન ગળી જાય છે. 17 એક ભરોસાપાત્ર સાક્ષી સત્ય કહે છે, પણ જૂઠો
સાક્ષી છેતરે છે. 18 વગર વિચારવાળી વાણી તરવારની જેમ ઘા કરે છે
પણ જ્ઞાની વ્યકિતના શબ્દો ઘા રૂઝાવે છે. 19 જે હોઠ સત્ય બોલે છે
તેઓ શાશ્વત રહે છે અને જૂઠા બોલી જીભ ક્ષણિક રહે છે. 20 જેઓ ભૂંડી
યોજનાઓ કરે છે તેમનાં મન કપટી છે; પણ શાંતિની સલાહ આપનાર
સુખ પામે છે. 21 સજ્જન પર કદી આફત આવતી નથી, પરંતુ દુષ્ટો મુશ્કે-
લીઓથી ભરેલા હોય છે. 22 યહોવા અસત્યને ધિક્કારે છે, પણ સાચા
માણસ પર પ્રસન્ન રહે છે. 23 ડાહ્યો પુરુષ જ્ઞાનને છુપાવે છે, પણ મૂર્ખ
પોતાની મૂર્ખાઇ છાપરે ચડીને જણાવે છે. 24 ઉદ્યમીનો હાથ અધિકાર
ભોગવશે; પરંતુ આળસુ માણસ પાસે મજૂરી કરાવવામાં આવશે.
25 ચિંતાઓ વ્યકિતને ગમગીન બનાવે છે, પણ પ્રોત્સાહક શબ્દો તેને
ખુશ કરે છે. 26 ભલો સાચો માણસ પોતાના પડોશીને સાચો માર્ગ
બતાવે છે, દુર્જન તેને આડે માગેર્ દોરે છે. 27 આળસુ વ્યકિત પોતે કરે-
લો શિકાર રાંધતો નથી. પણ ઉદ્યમી માણસ મહામૂલી સંપત્તિ માણે
છે. 28 ન્યાયીપણાનો રસ્તો માં જીવન છે. એને માગેર્ મોત તો છે જ
નહિ.

13 જ્ઞાની પુત્ર પોતાના પિતાની સૂચનાઓ સાંભળે છે, ઉદ્ધત પુત્ર
ઠપકાને ગણકારતો જ નથી. 2 સજ્જન પોતાની વાણીનાં હિત-
કારી સુફળ ભોગવે છે, પરંતુ દગાબાજ કપટી તો હિંસાનો જ ભૂખ્યો હોય
છે. 3 મોં સંભાળીને બોલનાર પોતાના જીવનું રક્ષણ કરે છે. પરંતુ જીભ-
ને છૂટી મૂકનાર વિનાશ નોતરે છે. 4 આળસુ ઇચ્છે છે ઘણું, પણ પામ-
તો કશું નથી; પણ ઉદ્યમી વ્યકિત પૂર્ણ રીતે સંતુષ્ટ હોય છે. 5 સદાચા-
રી જૂઠને ધિક્કારે છે, પણ દુર્જન શરમ અને અપમાન લાવે છે. 6 સદા-
ચાર ભલા માણસોનું રક્ષણ કરે છે; પણ દુરાચાર પાપીઓને પછાડી
નાખે છે, 7 કેટલાક કશું ન હોવા છતાં ધનવાન હોવાનો દંભ કરે છે, તો
કોઇ ભંડાર ભરેલા હોવા છતાં કંગાળ હોવાનો દેખાવ કરે છે. 8 ધનવાન
વ્યકિત પૈસા આપીને પોતાનો જીવ બચાવે છે, પણ નિર્ધન વ્યકિતને
પોતાના જીવ માટે ધમકી સાંભળવી પડતી નથી. 9 સદાચારીઓનો
દીવો ઉજવળતાથી પ્રકાશે છે, પરંતુ દુરાચારીનો દીવો હોલવી નાખવા-
માં આવશે. 10 અભિમાનથી તો કેવળ ઝઘડો જ થાય છે; સલાહ માન-
વામાં ડહાપણ છે. 11 સરળતાથી મેળવેલી સંપત્તિ ટકતી નથી. પણ
સખત પરિશ્રમથી મેળવેલી સંપત્તિની વૃદ્ધિ થાય છે. 12 આકાંક્ષા પૂરી
થવામાં વિલંબ થતાં હૈયુ ભારે થઇ જાય છે, ઇચ્છાઓની પરિપૂર્ણતા જ
જીવન છે. 13 શિખામણને નકારનાર આફત નોતરે છે, પણ આજ્ઞાઓ-
નો આદર કરનારને બદલો મળે છે. 14 જ્ઞાનીઓનો ઉપદેશ જીવન-
સ્ત્રોત છે, તે વ્યકિતને મૃત્યુના સકંજામાંથી ઉગારી લે છે. 15 સારી સમ-
જશકિત સન્માન પામે છે, વિશ્વાસઘાતી લોકો, વિનાશને નોતરે છે.
16 પ્રત્યેક ડાહ્યો માણસ સમજદારીથી વતેર્ છે. પણ મૂર્ખ પોતાની મૂ-
ર્ખાઇ જાહેર કરે છે. 17 એક દુષ્ટ સંદેશાવાહક મુશ્કેલીમાં મૂકાઇ જાય છે;
પણ વિશ્વાસુ સંદેશવાહક સાંત્વન લાવે છે. 18 શિખામણ ફગાવી દેના-
રના ભાગ્યમાં ગરીબી અને અપમાન છે, સુધારાઓને સ્વીકારનારને
સન્માન મળે છે. 19 ઇચ્છાની તૃપ્તિ આત્માને મીઠી લાગે છે; પણ દુષ્ટ-
તાથી પાછા વળવું એ મૂર્ખોને માટે આઘાત જનક લાગે છે. 20 જો તું
જ્ઞાની માણસોની સંગત કરશે, તો તું જ્ઞાની થશે. પરંતુ જે મૂર્ખની સો-
બત કરે છે તેના બૂરા હાલ થાય છે. 21 દુર્ભાગ્ય પાપીનો પીછો પકડે છે,
પણ ભલા માણસોને સારી વસ્તુઓ બદલા રૂપે મળે છે. 22 એક ભલો
માણસ પોતાનાં છોકરાંના છોકરાને માટે વારસો મૂકી જાય છે; અને પા-
પીનું ધન પુણ્યશાળી માટે ભરી મૂકવામાં આવે છે. 23 ગરીબના ખેતર-
માં ભલે ઘણું અનાજ ઊપજે, પણ તે અન્યાયથી આચકી લેવામાં આવે
છે. 24 જે પોતાના બાળકને શિસ્તપાલનની કેળવણી માટે સોટી મારતો
નથી તે પોતાના બાળકનો દુશ્મન છે; પરંતુ તેના પર પ્રીતિ કરનાર તેને
વેળાસર શિક્ષા કરે છે. 25 સજ્જન પેટ ભરીને ખાય છે, પણ દુર્જનનું પેટ
ખાલીને ખાલી રહે છે.

14 દરેક ડાહી સ્ત્રી પોતાનું ઘર ઊભું કરે છે, પણ એક મૂર્ખ સ્ત્રી તે-
ણીના પોતાને હાથે તેનો નાશ કરે છે. 2 જે પોતાની વિશ્વસની-
યતામાં ચાલે છે તે યહોવાનો ડર રાખે છે. પણ જેના માગોર્ વાંકા છે તે
તેને ધિક્કારે છે. 3 મૂર્ખના મોઢામાં અભિમાનનો દંડો છે, પણ જ્ઞાની
વ્યકિતની વાણી રક્ષણ કરે છે. 4 બળદ ન હોય તો ગભાંણ સાફ જ રહે
છે. પરંતુ મબલખ પાક બળદના બળથી જ પાકે છે. 5 સાચો સાક્ષી જૂઠું
બોલે નહિ, પણ જૂઠો સાક્ષી શ્વાસે શ્વાસે જૂઠું બોલે છે. 6 હાંસી ઉડાવ-
નાર જ્ઞાન શોધે છે પણ પામતો નથી, ડાહી વ્યકિત પાસે જ્ઞાન સહેલા-
ઇથી આવે છે. 7 મૂર્ખ માણસથી આઘા રહેવું, તેની પાસે તને જ્ઞાની
શબ્દો સાંભળવા નહિ મળે, 8 ડાહ્યા માણસનું ડહાપણ, વિચારીને કા-
ળજી પૂર્વક પગ મૂકવામાં છે, પણ મૂર્ખની મૂર્ખાઇ તેને ગેરમાગેર્ દોરે છે.
9 મૂર્ખ પ્રાયશ્ચિતને હસવામાં ઉડાવે છે, પણ ભલા માણસો દેવની કૃપા
મેળવે છે. 10 જ્યારે કોઇ વ્યકિતનું હૃદય વ્યથિત હોય છે ત્યારે ફકત તે
વ્યકિતજ તેનું દુ:ખ અનુભવે છે. એ જ રીતે, જ્યારે કોઇ વ્યકિત સુખી
હોય છે ત્યારે કોઇ અજાણ્યો તેના સુખમાં જોડાઇ શકતો નથી. 11 દુર્જ-
નનું ઘર બરબાદ થઇ જશે, પણ સજ્જન વ્યકિતના તંબૂ સમૃદ્ધ થશે.
12 એક રસ્તો એવો છે જે વ્યકિતને લાગે છે કે તે સારો છે, પણ અંતે તો
મોતનો રસ્તો નિવડે છે. 13 એવું પણ બની શકે કે જ્યારે વ્યકિત હસતી
હોય, ત્યારે તેનું હૃદય વ્યથિત હોય અને હર્ષનો અંત શોકમાં આવે છે.
14 દુષ્ટ વ્યકિત તેના કુકમોર્ની સજા ભોગવે છે અને ભલી વ્યકિત પોતા-
નાં કમોર્નું ફળ માણે છે. 15 જ્ઞાની માણસ બધું માની લે છે, પણ ચતુર
માણસ જોઇ જોઇને પગ મૂકે છે. 16 જ્ઞાની માણસ ચેતતો રહે છે અને
આફતને ટાળે છે, પણ મૂર્ખ હેતુ વિહીન છે અને વધુ પડતો વિશ્વાસ
ધરાવે છે. 17 જલ્દી ક્રોધ કરનાર મૂર્ખાઇ કરી બેસે છે, અને દુષ્ટ યોજ-
નાઓ ઘડનાર ધિક્કાર પામે છે. 18 ભોળા લોકો મૂર્ખાઇનો વારસો પામે
છે; પણ ડાહ્યા લોકોને વિદ્યાનો મુગટ પહેરાવવામાં આવે છે. 19 દુર્જનો-
ને સજ્જનો આગળ ઝૂકવું પડે છે, તેમને સદાચારીઓને બારણે નમવું
પડે છે. 20 ગરીબને પોતાના પડોશીઓ પણ ધિક્કારે છે, પરંતુ ધનવા-
નને ઘણા લોકો ચાહે છે. 21 બીજાને હલકા ગણનાર પાપમાં પડે છે,
પણ ગરીબ પર દયા કરનાર સુખ પામે છે. 22 ભૂંડી યોજનાઓ ઘડનાર
ભૂલા પડે છે, સારી યોજનાઓ ઘડનારને કૃપા અને સત્ય મળે છે.
23 જ્યાં મહેનત ત્યાં બરકત છે; પણ ખાલી વાતો જ થાય ત્યાં દળદર
લાવનારી છે. 24 જ્ઞાનીઓનો મુગટ તેઓની સંપત્તિ છે. મૂર્ખાઇ એ મૂર્ખો-
ર્ માટેનો બદલો છે. 25 સાચો સાક્ષી જીવ બચાવે છે, પણ કપટી મા-
ણસ જૂઠાણા શ્વસે છે. 26 યહોવાનાં ભયમાં ઢ વિશ્વાસ સમાયેલો છે. તે-
નાં સંતાનને તે આશ્રય આપે છે. 27 મોતના ફાંસલામાંથી છૂટી જવાને
માટે યહોવાનો ભય જીવન સ્ત્રોત છે. 28 ઘણી પ્રજા તે રાજાનું ગૌરવ છે;
પણ પ્રજા વગર શાસક નાશ પામે છે. 29 જેનામાં વધારે ધીરજ છે તે
વધારે સમજુ છે, પણ ઝટ ગુસ્સે થનાર મૂર્ખાઇનું પ્રદર્શન કરે છે. 30 હૃદ-
યની શાંતિ શરીરનું જીવન છે; પણ ઈર્ષ્યા હાડકાનો સડો છે. 31 ગરીબ-
ને રંજાડનાર તેના સર્જનહારનું અપમાન કરે છે. પણ ગરીબ ઉપર રહેમ
રાખનાર તેને સન્માને છે. 32 જ્યારે મુશ્કેલીઓ આવે છે, દુરાચારીનું
પતન થાય છે પરંતુ ન્યાયી વ્યકિત પોતાના મૃત્યુમાં પણ આશા રાખે
છે. 33 બુદ્ધિમાન હૃદયમાં જ્ઞાન વસે છે, તે મૂર્ખની વચ્ચે પણ જાણીતું
છે. 34 ન્યાયીપણાથી પ્રજા મહાન બને છે, પણ પાપ તો પ્રજાનું કલંક
છે. 35 બુદ્ધિમાન સેવક પર રાજાની કૃપા હોય છે, પણ નિર્લજ્જ સેવકો
પર તેનો રોષ ઉતરે છે.

15 નમ્ર જવાબથી ક્રોધ શમી જાય છે. પણ કઠોર વચનથી રોષ
ભભૂકી ઊઠે છે. 2 જ્ઞાની વ્યકિતની વાણી જ્ઞાન ઊચ્ચારે છે,
પરંતુ મૂર્ખની વાણી મૂર્ખાઇથી ઉભરાય છે. 3 યહોવાની દ્રષ્ટિ સર્વત્ર
હોય છે તે ભલા અને ભૂંડા બધાં પર લક્ષ રાખે છે. 4 ઘા રૂઝવે એવી વા-
ણી જીવનવૃક્ષ છે, પણ વક્રવાણી આત્માને તોડી નાખે છે. 5 મૂર્ખ પો-
તાના પિતાની સૂચનાઓને તુચ્છ ગણે છે; પણ ઠપકાને ગંભીરતાથી

લક્ષમાં લેનાર શાણો થાય છે. 6 સજ્જનના ઘરમાં ધનનો ભંડાર છે. પણ
દુર્જનની કમાણીમાં આફત હોય છે. 7 જ્ઞાની વ્યકિતની વાણી જ્ઞાન ફે-
લાવે છે, પણ મૂર્ખનું હૃદય મૂર્ખતા ફેલાવે છે. 8 દુષ્ટના યજ્ઞાર્પણને
યહોવા ધિક્કારે છે; પરંતુ પ્રામાણિકની પ્રાર્થનાથી તે પ્રસન્ન થાય છે.
9 દુષ્ટ વ્યકિતઓના આચારને યહોવા ધિક્કારે છે; પરંતુ નીતિમત્તાને
માગેર્ ચાલનાર ઉપર તે પ્રેમ દાખવે છે. 10 સદમાર્ગને તજી જનારને
આકરી સજા થશે. અને ઠપકાનો તિરસ્કાર કરનાર મરી જશે. 11 શેઓલ
તથા અબદોનયહોવા સમક્ષ ખુલ્લાં છે. તો માણસોનાં હૃદય કેટલાં વિશે-
ષખુલ્લાં હોવાં જોઇએ! 12 તુ માખી રાખનારને કોઇ ઠપકો આપે તે ગમતું
નથી. અને તે જ્ઞાની વ્યકિતની પાસે જવા પણ ઇચ્છતો નથી. 13 જો
અંતરમાં આનંદ હોય તો ચહેરો પ્રફુલ્લિત રહે છે. પરંતુ હૃદયમાં શોક હોય
તો મન ભાંગી જાય છે. 14 જ્ઞાની વ્યકિત જ્ઞાનની ઇચ્છા રાખે છે. પરંતુ
મૂર્ખનો આહાર મૂર્ખાઇ છે. 15 દરરોજ કોઇ વ્યકિત મુશ્કેલીમાં મૂકાય તો
તે બહુ ખરાબ છે. પણ સુખી હૃદય એ સતત ચાલતી ઊજવણી છે.
16 મુશ્કેલીઓ સાથેની વિપુલ સંપતિ કરતાં યહોવા પ્રત્યેના ભયની સા-
થે થોડું ધન હોવું વધારે ઉત્તમ છે. 17 સરસ માંસ ધિક્કારથી ખાવાં કર-
તા સાદા શાકભાજી પ્રેમથી ખાવા વધારે સારા છે. 18 ગરમ મિજાજનો
વ્યકિત કજિયા ઊભા કરે છે. પણ ધીરજવાન વ્યકિત બોલાચાલીને
શાંત પાડે છે. 19 આળસુ વ્યકિતનો માર્ગ કાંટાથી ભરાઇ ગયો છે; પણ
સજ્જનનો માર્ગ વિઘ્નોથી મુકત છે. 20 ડાહ્યો પુત્ર પિતાને સુખ આપે છે,
પણ મૂર્ખ પુત્ર પોતાની માતાને ધિક્કારે છે. 21 અજ્ઞાનીને મૂર્ખાઇ
આનંદરુપ લાગે છે; પણ બુદ્ધિમાન માણસ સીધે રસ્તે ચાલે છે.
22 સલાહ વગરની યોજના ધૂળમાં મળે છે, પરંતુ અનેક સલાહકાર હોય
તો તે સફળ થાય છે. 23 પોતાના હાજરજવાબીપણાથી વ્યકિત ખુશ
થાય છે; યોગ્ય સમયે બોલાયેલો શબ્દ કેટલો સરસ લાગે છે! 24 જ્ઞાની
માણસ માટે એક જીવન તરફ જતો રસ્તો છે જે તેને શેઓલતરફ જતા
રસ્તેથી પાછો વાળે છે. 25 યહોવા અભિમાનીનું ઘર તોડી પાડે છે, પણ
વિધવાની હદ તે કાયમ રાખશે. 26 દુષ્ટ લોકોની યોજનાઓથી યહોવા
ધિક્કારે છે, પરંતુ તેમની દ્રષ્ટિએ દયાળુ શબ્દો પવિત્ર છે. 27 જે લોભી
છે તે પોતાના કુટુંબને માથે આફત નોતરે છે, પરંતુ જે લાંચને ધિક્કારે
છે તે શાંતિથી જીવે છે. 28 સજ્જન જવાબ આપતાં પહેલાં વિચાર કરે છે,
પણ દુર્જન પોતાના મોઢે ભૂંડી વાતો વહેતી મૂકે છે. 29 યહોવા પોતાને
દુર્જનથી દૂર રાખે છે, પણ તે સજ્જનની પ્રાર્થના સાંભળે છે. 30 આંખોની
ચમક જોઇ હૃદયને આનંદ થાય છે. અને શુભ સમાચાર હાડકાને તંદુર-
સ્ત બનાવે છે. 31 જીવનપ્રદ શિખામણ સાંભળનારની ગણતરી જ્ઞાની-
ઓમાં થાય છે. 32 શિખામણનો ત્યાગ કરનાર પોતે પોતાના જ જીવન-
ને તુચ્છ ગણે છે. પણ સુધરવા માટેની શિક્ષા સાંભળનાર સમજણ મે-
ળવે છે. 33 યહોવાથી ડરીને ચાલવું એ જ જ્ઞાનની સૂચના છે; સન્માન
પામતાં પહેલા નમ્ર બનવું જરૂરી છે.

16 માણસો મનમાં સંકલ્પ કરે છે; પણ છેલ્લો નિર્ણય તો યહોવા-
ના હાથમાં છે. 2 વ્યકિતને પોતાનું બધું આચરણ સાચું લાગે
છે પરંતુ યહોવા તેના અંતરને પારખે છે. 3 તમારા કામો યહોવાને સોંપી
દે એટલે તમારી યોજનાઓ સફળ થશે. 4 યહોવાએ પ્રત્યેક વસ્તુને પો-
તપોતાના હેતુ માટે સર્જી છે; હા, દુષ્ટોને પણ, સંકટના કાળ માટે સર્જ્યા
છે. 5 દરેક અભિમાની વ્યકિતને યહોવા ધિક્કારે છે, ખાતરી રાખજો તેને
સજા થયા વગર નહિ રહે. 6 દયા તથા સત્યતાથી પાપનું પ્રાયશ્ચિત
થાય છે, અને યહોવાનો ડર વ્યકિતને દુષ્ટતાથી દૂર રાખે છે. 7 જ્યારે
કોઇ વ્યકિતના જીવનથી યહોવા ખુશ થાય છે ત્યારે તેના દુશ્મનોને
પણ તેની સાથે શાંતિથી રાખે છે. 8 અન્યાયથી મળેલી ઘણી આવક
કરતા, ન્યાયથી મળેલી થોડી આવક સારી છે. 9 વ્યકિતનું મન માર્ગ
પસંદ કરે છે, પરંતુ માત્ર યહોવા જ તેના પગલાને નક્કી કરે છે. 10 રા-
જાના મુખમાં પ્રેરણાત્મક નિર્ણયો વસે છે, તે જ્યારે ન્યાય કરે છે ત્યારે
ભૂલ કરતો નથી. 11 અદલ કાંટો તથા ત્રાજવાં યહોવાનાં છે. કોથળી
માંહેનાં સર્વ કાટલાં તેનું કામ છે. 12 અનિષ્ટ વસ્તુઓ કરવી એ રાજા
માટે અક્ષમ્ય છે, સારા કામોથી રાજગાદી સ્થાપિત થાય છે. 13 સાચી
વાણીથી રાજાઓ રીઝે છે, અને સત્યવાદી ઉપર તેઓ પ્રેમ રાખે છે.
14 રાજાનો રોષ યમદૂતો જેવો છે; પણ શાણી વ્યકિત તેના ગુસ્સાને
શાંત પાડે છે. 15 જ્યારે રાજાનું મુખ પ્રસન્ન હોય છે ત્યારે જીવન સુરક્ષિત
હોય છે, એની કૃપા વરસાદના વાદળ જેવી છે. 16 સોના કરતાં જ્ઞાન મે-
ળવવું એ ઉત્તમ છે! અને ચાંદી કરતા સમજણ મેળવવી વધારે યોગ્ય
છે. 17 પ્રામાણિક માણસનો માર્ગ દુષ્ટતાથી દૂર હોય છે, જોઇવિચારીને
ચાલનાર પોતાનો જીવ બચાવે છે. 18 અભિમાનનું પરિણામ નાશ છે,
અને પતનની પહેલાં ગવિર્ષ્ઠ સ્વભાવ આવે છે. 19 ગરીબની સાથે નમ્ર-
તા રાખવી તે અભિમાનીની લૂંટના ભાગીદાર થવા કરતાં વધારે સારું
છે. 20 જે યહોવાના વચનને ગણકારે છે તેનું હિત થશે. અને જે કોઇ
યહોવા પર વિશ્વાસ રાખે છે તેને ધન્ય છે. 21 જ્ઞાની અંત:કરણવાળો
શાણો કહેવાશે; તેની મીઠી વાણી જ્ઞાનનો વધારો કરે છે. 22 જેની પાસે
સમજ હોય તેને માટે સમજણ જીવનદાતા છે, પણ મૂર્ખ માટે શિક્ષા એ
તેમની મૂર્ખાઇ છે. 23 જ્ઞાની હૃદય વ્યકિતની વાણીને દોરવણી આપે છે
અને તે હોઠ ઉપર જ્ઞાનનો વધારો કરે છે. 24 માયાળુ શબ્દો મધ જેવા
છે, તેઓ આત્માને સ્વાદે મીઠી અને હાડકા માટે તંદુરસ્ત આપે છે.
25 એક એવો પણ માર્ગ હોય છે જે લાગે સીધો પણ લઇ જાય છે મૃત્યુ
તરફ. 26 મજૂરની ભૂખ તેની પાસે મજૂરી કરાવે છે; તેનું મોઢું માણસને
જંપીને બેસવા દેતું નથી. 27 નકામો માણસ દુષ્ટ યોજનાઓ ઘડે છે. તે-
ની જીભે બળબળતો અગ્નિ છે. 28 દુષ્ટ માણસ કજિયા-કંકાસ કરાવે છે,
લોકો વિષે અનિષ્ટ બોલનારી વ્યકિત મિત્રોમાં ફૂટ પડાવે છે. 29 હિંસક
માણસ પોતાના પડોશીને છેતરીને ખરાબ માગેર્ દોરી જાય છે.
30 આંખ મટકાવનાર વ્યકિત મુશ્કેલી લાવનારી યોજનાઓ કરે છે, અને
હોઠ ભીડનાર વ્યકિત કંઇક અનિષ્ટ કરી રહી હોય છે. 31 માથે પળિયાં
એ ગૌરવનો તાજ છે; સત્યને માગેર્ ચાલનારને એ મળે છે. 32 જે ક્રોધ
કરવે ધીમો શકિતશાળી યોદ્ધા કરતાં વધું ઇચ્છનીય છે; અને જે પોતા-
ના મિજાજને કાબૂમાં રાખે છે તે શહેર જીતનાર કરતાં ઉત્તમ છે. 33 લોકો
દ્ધારા ચિઠ્ઠી નાખવામાં આવે છે, પણ નિર્ણય તો તે બધાંયનો યહોવાના
હાથમાં છે.

17 જે ઘરમાં કજિયા-કંકાસ હોય અને ત્યાં મિજબાની હોય તો તે-
ના કરતાં શાંતિસહિત સૂકો રોટલો મળે તો તે વધારે સારો છે.
2 ડાહ્યો નોકર નકામા પુત્ર ઉપર અમલ ચલાવશે અને ભાઇઓ સાથે
વારસામાંથી ભાગ લેશે. 3 ચાંદીની પરીક્ષા કુલડી કરે છે. સોનાની પરી-
ક્ષા ભઠ્ઠી કરે છે. પણ અંત:કરણની પરીક્ષા યહોવા કરે છે. 4 જે કોઇ
અનિષ્ટ વાત સાંભળે છે તે દુષ્ટ વ્યકિત છે, જે કોઇ કિન્નાખોરી ભરેલી
વાતો સાંભળે છે તે જુઠ્ઠો છે. 5 જે ગરીબની મશ્કરી કરે છે તે તેના સર્જ-
નહાર દેવની નિંદા કરે છે; જે કોઇ કોઇની વિપત્તિને જોઇને રાજી થાય છે
તે શિક્ષા પામ્યા વગર રહેશે નહિ. 6 છોકરાનાં છોકરાં વૃદ્ધ પુરુષનો મુ-
ગટ છે; અને સંતાનોનો મહિમા તેઓના પૂર્વજ છે. 7 મૂર્ખના મુખમાં
ઉમદા વાણી શોભતી નથી, તો પછી મહાપુરુષના મુખમાં જૂઠી વાણી
કેવી રીતે શોભે? 8 જેને બક્ષિસ મળે છે તેની નજરમાં તે મૂલ્યવાન
મણિ જેવી છે; તે જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં તે ઉદય પામે છે. 9 દોષ
જતો કરવાથી મૈત્રી વધે છે. પણ તેને જ વારંવાર સંભારવાથી મૈત્રી તૂટે
છે. 10 મૂર્ખને સો ફટકા કરતાં બુદ્ધિમાનને એક ઠપકાનો ઘા વધારે ઊંડી
અસર કરે છે. 11 દુર્જન હંમેશા આફતો શોધ્યા કર્યા કરે છે.આથી તેની
સામે નિર્દય દૂત મોકલવામાં આવશે. 12 જેનાં બચ્ચાં છીનવી લીધાં
હોય એવી રીંછણ કોઇને મળજો; પણ મૂર્ખાઇ કરતો મૂર્ખ કોઇને ન
મળો. 13 જે કોઇ ભલાઇનો બદલો ભૂંડાઇથી વાળે છે, તેના ઘરમાંથી
ભૂંડાઇ દૂર થશે નહિ. 14 ઝગડાની શરૂઆત બંધમાં પડેલી તિરાડ જેવી
છે; લડાઇ ફાટી નીકળે તે પહેલાં જ વાતનો નિવેડો લાવી દો. 15 દોષિ-
તને જે નિદોર્ષ ઠરાવે અને નિદોર્ષને જે સજા કરે તે બન્નેને યહોવા ધિ-
ક્કારે છે. 16 મૂર્ખના હાથમાં પૈસા શા કામના? તેનામાં અક્કલ તો છે
નહિ, તે થોડો જ જ્ઞાન ખરીદવાનો છે? 17 મિત્ર સર્વ સમયે પ્રીતિ રાખે
છે, ખરો ભાઇ મુશ્કેલીઓને વહેંચી લેવાજ જન્મ્યો હોય છે. 18 અક્કલ
વગરનો માણસ જ પોતાના પડોશીનો જામીન થાય છે. 19 પાપ ગમતું
હોય છે તેને કજિયો ગમે છે; જે દ્ધારમાર્ગ વિશાળ બનાવે છે. તે વિનાશ
નોતરે છે. 20 કુટિલ હૃદયના માણસનું કદી ભલું થતું જ નથી, વાંકાબો-
લો માણસ વિપત્તિમાં પડે છે. 21 મૂર્ખને પેદા કરનાર દુ:ખી થાય છે, મૂ-
ર્ખના બાપને કદી આનંદ થતો નથી. 22 આનંદી હૈયું એ ઉત્તમ ઔષધ
છે, પણ ઘાયલ થયેલું મન હાડકાંને સૂકવી નાખે છે. 23 દુર્જન છૂપી રીતે
લાંચ લે છે અને પછી અન્યાય કરે છે. 24 બુદ્ધિમાન વ્યકિતની આંખ

જ્ઞાન ઉપર જ મંડાયેલી હોય છે, પણ મૂર્ખની આંખ ચોગરદમ ભટકે છે.
25 મૂર્ખ પુત્ર પિતાને માટે વ્યથારૂપ અને પોતાની માતાને માટે કડવાશ-
રૂપ લાગે છે. 26 નિર્દોષને દંડ કરવો એ સારું નથી, તેવી જ રીતે પ્રામા-
ણિકપણાને તેની વિશ્વસનીયતા માટે દંડ ફટકારવો યોગ્ય નથી.
27 સાચો જાણકાર કરકસરથી બોલે છે, જે મગજ ઠંડુ રાખે એ ડાહ્યો છે.
28 બોલે નહિ તે મૂર્ખ પણ ડાહ્યામાં ગણાય, મોઢું સીવેલું રાખે ત્યાં સુધી
તે ડાહ્યો ગણાય છે.
18 એકલો માણસ ફકત પોતાની ઈચ્છાઓ વિશે જ વિચારે છે
અને બધી સારી સલાહોને ગુસ્સાથી નકારે છે. 2 મૂર્ખને બુદ્ધિમાં
રસ નથી હોતો, તેને ફકત પોતાના મંતવ્યોને જ રજૂ કરવા હોય છે.
3 જ્યારે દુરાચાર આવે છે ત્યારે ધિક્કાર તેને અનુસરે છે, અને અપકીતિ-
ર્ સાથે શરમ પણ આવે છે. 4 શાણી વ્યક્તિની વાણી, ઊંડા પાણી,
વહેતું ઝરણું અને જ્ઞાનની નદી જેવી છે. 5 ન્યાયાલયમાં દુર્જનની તર-
ફેણ કરીને નિર્દોષ વ્યક્તિને અન્યાય કરવો એ સારું નથી. 6 મૂર્ખ બોલે
બોલે કજિયા કરાવે છે અને શબ્દે શબ્દે ડફણાં મારે છે. 7 મૂર્ખની વાણી
તેનો વિનાશ નોતરે છે. અને તે પોતાની શબ્દોનીજ જાળમાં સપડાય
છે. 8 કૂથલીના શબ્દો સ્વાદિષ્ટ ભોજન જેવા હોય છે, તે તરત ગળે
ઉતરી જાય છે અને શરીરના અંતરતમ ભાગમાં પહોચી જાય છે. 9 વળી
જે પોતાનાં કામ પ્રત્યે શિથિલ છે તે ઉડાઉનો ભાઇ છે. 10 યહોવાનું
નામ મજબૂત કિલ્લો છે, જ્યાં ભાગી જઇને સજ્જન સુરક્ષિત રહે છે.
11 ધનવાન માને છે કે, મારું ધન મારું કિલ્લેબંદીવાળું નગર છે, ઊંચો
કોટ છે. 12 અભિમાન વિનાશને નોતરે છે, પહેલી નમ્રતા છે પછી
સન્માન પ્રાપ્ત થાય છે. 13 સાંભળ્યા પહેલાઁ જવાબ આપવામાં મૂર્ખાઇ
તથા લજ્જા છે. 14 હિમ્મતવાન માણસ પોતાનું દુ:ખસહન કરી શકશે;
પણ ઘાયલ મન કોણ વેઠી શકે? 15 બુદ્ધિશાળી વ્યક્તિ જ્ઞાન પ્રાપ્ત કર-
વા મથે છે, જ્ઞાની વ્યક્તિના કાન જ્ઞાન શોધે છે. 16 વ્યક્તિની ભેટ તેને
માટે માર્ગ ખુલ્લો કરે છે, અને મહત્વની વ્યક્તિની સમક્ષ લઇ જાય છે.
17 ન્યાયાલયમાં પહેલા બોલે તે સાચો લાગે, પણ બીજો આવીને તેની
ઊલટ તપાસ કરે છે. 18 સમર્થ વ્યક્તિ વચ્ચેનો મામલો જામીનથી ની-
પટાવાય છે. 19 દુભાયેલા ભાઇને મનાવવો ગઢ જીતવા કરતાં કપરું છે;
તે કજિયા કિલ્લાની ભૂંગળો જેવા છે. 20 વ્યક્તિ જેવું બોલે છે તેવાં ફળ તે
ભોગવે છે; પોતાની વાણીનો બદલો તેને ચોક્કસ મળશે. 21 જન્મમૃત્યુ
જીભના સાર્મથ્યમાં છે; અને જીભ તેને જે પ્રેમ પૂર્વક વાપરે છે, તેઓ તે
પ્રમાણે બદલો મેળવે છે. 22 જેને પત્ની મળે તેને સારી ચીજ મળી જા-
ણવી, અને યહોવાની કૃપા પામ્યો જાણવો. 23 ગરીબ કાલાવાલા કરે
છે; પરંતુ દ્રવ્યવાન ઉદ્ધતાઇથી જવાબ આપે છે. 24 ઘણા મિત્રો આફત
લાવી શકે છે; પરંતુ એક ખાસ પ્રકારનો મિત્ર છે કે જે એક ભાઇ કરતા
વધુ નિકટ છે.
19 જૂઠા બોલો અને મૂર્ખ તવંગર કરતાં સત્યવકતા અને પ્રામાણિ-
કપણે વર્તનાર ગરીબ વ્યક્તિ સારી છે. 2 જ્ઞાન વગરની
આકાંક્ષા સારી નહિ, ઉતાવળાં પગળાં ભરનાર પાપમાં પડે છે. 3 વ્ય-
ક્તિ પોતાની મૂર્ખાઇથી પાયમાલ થાય છે અને પછી યહોવાને દોષ દે
છે. 4 સંપત્તિ મિત્રો વધારે છે પણ ગરીબના મિત્રો તેને છોડી જાય છે.
5 જૂઠો સાક્ષી સજા પામ્યા વગર રહેશે નહિ. જે શ્વાસે શ્વાસે જૂઠું બોલે છે
તે છટકવા પામતો નથી. 6 ઉદાર માણસની સૌ ખુશામત કરે છે. ઉપ-
હાર આપનારના સૌ કોઇ મિત્ર બને છે. 7 જે દરિદ્રીને તેના બધાં સગાં
ધિક્કારે છે; તેનાથી તેના મિત્રો વધારે દૂર થઇ જશે. જ્યારે દરિદ્રી તેઓ-
ને બોલાવશે તેઓ અદ્રશ્ય થઇ જશે. 8 જે જ્ઞાન મેળવે છે તે પોતાનું
હિત સાધે છે. જે સારાસારનો વિવેક જાળવે છે તે સારી વસ્તુને મેળવે
છે. 9 જૂઠો સાક્ષી સજા પામ્યા વગર રહે નહિ, જે શ્વાસે શ્વાસે જૂઠું બોલે
છે તે અવશ્ય નાશ પામશે. 10 મૂર્ખને મોજશોખ ભોગવવો શોભતા નથી
અને ગુલામ રાજકુમારો ઉપર શાશન કરે તે તેનાથી પણ ઓછું શોભે.
11 ક્રોધને કાબૂમાં રાખવો એ ડાહી વ્યક્તિનું લક્ષણ છે ક્ષમા આપવી એ
તેમના મહિમા છે. 12 રાજાનો ક્રોધ સિંહની ગર્જના જેવો છે; પણ તેની
કૃપા ઘાસ પરનાં ઝાકળ જેવી છે. 13 મૂર્ખ પુત્ર પોતાના પિતાને વિપત્તિ-
રૂપ છે. કજિયાળી પત્ની જાયુ ટપકતા પાણી જેવી છે. 14 ઘર અને ધન
તો પિતા તરફથી વારસામાં મળે છે, પણ ડાહી પત્ની તો યહોવાનુ
ઈનામ છે. 15 આળસ ભરનિદ્રામાં નાખે છે અને આળસુ વ્યક્તિને ભૂખ
વેઠવી પડે છે. 16 જે આજ્ઞાનું પાલન કરે છે તે આત્માનું રક્ષણ કરે છે,
પણ જે તેના પ્રત્યે બેદરકાર છે તે મૃત્યુ પામે છે. 17 ગરીબ પર દયા રા-
ખનાર યહોવાને ઉછીનું આપે છે. યહોવા એ સુકૃત્યનો બદલો આપશે.
18 સુધારવાની આશા હોય ત્યાં સુધી તમારા બાળકને શિક્ષા કરજો; તેને
પોતાની જાતને વિનાશ કરવામાં મદદ કરશો નહિ. 19 ઉગ્ર ક્રોધીને સજા
ભોગવવી પડશે, જો તું તેને બચાવવા જશે, તો તારે વારંવાર તેમ કરવું
પડશે. 20 સલાહ સાંભળીને શિખામણ સ્વીકારો; પછી અંતે તમે ડાહ્યા
બનશો. 21 વ્યક્તિના મનમાં અનેક યોજનાઓ હોય છે, પણ ફકત
યહોવાની ઈચ્છાઓ જ પ્રચલિત રહેશે. 22 વ્યક્તિની વફાદારી બીજાને
તેની સાથે રહેવા માટે આકષેર્ છે. જૂઠાબોલા અપ્રામાણિક થવાં કરતાં
ગરીબ રહેવું વધારે સારું છે. 23 જે કોઇ યહોવાનો ભય રાખે છે તે જીવન
પામે છે, તે ભય વગર સંતોષથી રહેશે. 24 આળસુ પોતાનો હાથ થાળી-
માં મૂકે છે ખરો, પણ તેને પોતાના મોં સુધી ઉઠાવવાનું મન થતું નથી.
25 તિરસ્કાર કરનાર વ્યક્તિને દંડો ફટકારો જેથી સરળ લોકો પાઠ ભણે,
જો તમે ડાહી વ્યક્તિને ઠપકો આપશો તો તે જ્ઞાન મેળવશે. 26 જે પુત્ર
પોતાના પિતાને લૂંટે છે અને પોતાની માતાને કાઢી મૂકે છે તે નિર્લજ્જ
અને નામોશી ભરેલો છે. 27 હે મારા પુત્ર,જો તું જ્ઞાનનીવાતો સાંભળવા-
નું બંધ કરીશ, તો તું જ્ઞાનના શબ્દોને ખોઇશ. 28 દુષ્ટ સાક્ષી ન્યાયની
મશ્કરી કરે છે. અને દુષ્ટ લોકો અનિષ્ટને ગળી જાય છે. 29 ઊદ્ધત લોકો
માટે શિક્ષા અને મૂર્ખોની પીઠને સારું ફટકા તૈયાર કરેલાં છે.
20 દ્રાક્ષારસ હાંસી ઊડાવનાર છે, મધનું પીણું દંગો મચાવે છે; જે
કોઇ સુરાપાનને લીધે ખોટેમાગેર્ જાય છે તો તે જ્ઞાની નથી.
2 રાજાની ધમકી સિંહની ગર્જના જેવી છે; તેનો રોષ વહોરી લેનાર પોતા-
ના જ જીવને જોખમમાં મૂકે છે. 3 ઝગડાથી દૂર રહેવું સન્માનીય છે,
પણ મૂરખ ઝગડો કરવા માટે ઊતાવળો હોય છે. 4 આળસુ વ્યક્તિ
ઉચિત સમયે ખેડ કરતો નથી, અને કાપણી વખતે પાક લેવા જાય છે,
ત્યારે તેને કશું મળતું નથી. 5 અક્કલ વ્યક્તિના મનમાં ઊંડા પાણી
જેવી છે, પણ સમજણો માણસ તેને બહાર કાઢી લાવશે. 6 ઘણા લોકો
દાવો કરે છે કે તેઓ વિશ્વાસુ મિત્રો છે; પણ જેના પર વિશ્વાસ રાખી
શકાય એવો માણસ ક્યાં મળે? 7 નીતિમત્તાને માગેર્ ચાલનારી વ્યક્તિ
સુંદર જીવન જીવે છે. અને તેની પછી તેના બાળકો આશીર્વાદિત છે.
8 ન્યાયાસન પર બેઠેલો રાજા પોતાની આંખથીજ દુષ્ટને ઓળખી કાઢે
છે. 9 કોણ કહી શકે કે, મૈં મારું અંત:કરણ સાફ છે અને હું પાપથી ચો-
ખ્ખો થયો હું? 10 આપવા-લેવાનાં જુદાં કાટલાં અને જુદાં માપ એ બન્ને-
થી યહોવા કંટાળે છે. 11 બાળક પણ તેના આચરણથી પરખાય છે કે
તેનાં કાર્યો શુદ્ધ અને સાચાં છે કે કેમ? 12 સાંભળતો કાન અને દેખતી
આંખ બંને યહોવાએ બનાવ્યાં છે. 13 ઊંઘ સાથે પ્રીત કરશો તો તમે
બધું ખોઇ બેસશો, આંખ ઊઘાડી રાખશો તો ભરપેટ ખાવા પામશો.
14 આ તો ખરાબ છે, ખરાબ છે, એવું ખરીદનાર કહે છે; પણ પછીથી પો-
તાની ખરીદી વિષે બડાશ મારે છે. 15 ત્યાં સોનું છે અને ત્યાં માણેક છે,
પણ જ્ઞાની વાણી તો કિંમતી રત્નો જેવી છે. 16 અજાણ્યાના જામીન
થનારનાં કપડાં લઇ લેવાં અને તે અવેજમાં રાખવાં. 17 છેતરપિંડીથી
મેળવેલો રોટલો મીઠો તો લાગે છે પણ પછી મોમાં રેતી ને કાંકરા રહી
જાય છે. 18 દરેક યોજના સલાહથી પરિપૂર્ણ થયેલી છે માટે શાણી
સલાહ પ્રમાણે તમારે યુદ્ધ કરવું. 19 જે વ્યક્તિ ખાનગી વાતોને બહાર
પાડે છે તે કૂથલી કરનારો છે. માટે વાતોડિયા સાથે સંબંધ ન રાખવો.
20 માતાપિતાને શાપ આપનારનો દીવો ઘોર અંધકારમાં ઓલવાઇ
જશે. 21 વારસો જલદીથી મેળવવામાં આવે છે, પણ તેનું પરિણામ
આખરે સુખદાઇ હોતું નથી. 22 હું ભૂંડાઇનો બદલો લઇશ, એવું તારે ન
કહેવું જોઇએ; યહોવાની રાહ જોજે, તે તને ઉગારી લેશે. 23 જુદાં જુદાં કા-
ટલાંથી યહોવાને ગુસ્સો છે; ખોટો કાંટો સારો નથી. 24 યહોવા વ્યક્તિ-
ના પગલાંને દોરે છે, તો પછી વ્યક્તિ તેનો માર્ગ શી રીતે સમજી શકે?
25 વગર વિચારે એમ કહી દેવું કે અમુક વસ્તુ અર્પણ કરેલી છે, અને મા-
નતા માન્યા પછી તેના વિષે તપાસ કરવી એ માણસને ફાંદારૂપ છે.
26 જ્ઞાની રાજા દુષ્ટોને વિખેરી કાઢે છે, અને તેમને સખત સજા કરે છે.
27 વ્યક્તિનો અંતરાત્મા યહોવાનો દીવો છે, તે તેના અંતરનો ખૂણે-ખૂ-
ણો તપાસે છે. 28 કૃપા અને સત્ય રાજાનું રક્ષણ કરે છે. તેનું રાજ્યાસન
વફાદારી ઉપર ટકેલું છે. 29 યુવાનોનું ગર્વ તેઓનું બળ છે; અને સફેદ-

વાળ વૃદ્ધોની શોભા છે. 30 ચાબખા અને ઘા દુષ્ટતાને ભૂંસી નાખે છે.
ફટકા અંતરના ઊંડાણ સુધી પહોંચે છે.
21 રાજાનું મન યહોવાના હાથમાં છે; તે તેને પાણીના પ્રવાહની
જેમ પોતાની ઈચ્છા પ્રમાણે વાળે છે. 2 વ્યકિતને લાગે છે કે
પોતાના પ્રત્યેક પગલાં સાચા છે, પણ યહોવા તેના હૃદયને ઓળખે
છે. 3 યહોવાને યજ્ઞ કરતાં નેકીનાં કૃત્યો અને ન્યાય વધારે પસંદ છે.
4 ઘમંડી આંખો, ઘમંડી હૃદય મશાલરૂપ જે દુષ્ટોને દોરે છે, તે બધાં પાપ
યુકત છે. 5 વિચારીને ઉદ્યમ કરનાર બરકત પામે છે. ઉતાવળિ વ્યકિત
નિર્ધન બને છે. 6 જે છેતરપીંડીથી સંપત્તિ મેળવે છે તે ઊડી જતી
વરાળ જેવું અને મૃત્યુને આમંત્રવા જેવું છે. 7 દુષ્ટ લોકોનો અત્યાચાર
તેને ઘસડી જાય છે, કારણકે, તેઓ ન્યાયને માગેર્ ચાલવાનો ઈન્કાર
કરે છે. 8 અપરાધીનો માર્ગ વાંકોચૂંકો છે પરંતુ પવિત્રના કાર્યો ન્યાયી
હોય છે. 9 કજિયાખોર સ્ત્રીની સાથે ઘરમાં રહેવા કરતાં ધાબાના ખૂણા-
માં રહેવું વધારે સારું છે. 10 દુષ્ટ વ્યકિત અનિષ્ટ ઈચ્છે છે. તે પોતાના
પડોશીઓ સાથે દયાળુતાથી વર્તતો નથી. 11 જ્યારે ઘમંડી વ્યકિતને
શિક્ષા થાય છે, ત્યારે જ સરળ વ્યકિત શાણો બને છે ઉપદેશ મળતા
શાણી વ્યકિતના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. 12 ન્યાયી લોકો દુષ્ટના ઘર
ઉપર નજર રાખે છે અને તેમના દુષ્ટમાગોર્ના પરિણામો પાસે તેમને મો-
કલી આપે છે. 13 જે કોઇ ગરીબની બૂમ સાંભળીને પોતાના કાન બંધ
કરે છે તેનો પોકાર પણ કોઇ સાંભળશે નહિ. 14 છૂપી રીતે આપેલ
ઈનામથી ક્રોધ શમી જાય છે, છુપાવેલ લાંચથી ભારે રોષ શમી જાય છે.
15 ભલી વ્યકિત ન્યાય કરવામાં પ્રસન્ન થાય છે, પણ દુર્જનતો તે વિના-
શરૂપ છે. 16 સમજણનો માર્ગ છોડીને ચાલનાર મૃતકોના સંગાથે રહી
જાય છે. 17 જે મોજશોખનો રસિયો છે; તે તેની જરૂરિયાતની વસ્તુઓ-
થી વંચિત રહે છે. અને દ્રાક્ષારસ અને તેલનો રસિયો કયારે પણ ધન-
વાન નહિ બને. 18 દુષ્ટ લોકોનો બદલો નીતિમાન લોકો અને પ્રામા-
ણિક માણસોનો બદલો કપટીને ભરવો પડશે 19 કજિયાખોર અને ગુ-
સ્સાવાળી પત્ની સાથે રહેવા કરતાં ઉજ્જડ પ્રદેશમાં જઇ રહેવું સારું છે.
20 જ્ઞાની વ્યકિતના મકાનમાં મૂલ્યવાન ભંડાર તથા તેલ છે; પણ મૂર્ખ
તેને સ્વાહા કરી જાય છે. 21 નીતિમત્તા અને વફાદારીના માગેર્ ચાલના-
રને જીવન, નીતિમત્તા અને સન્માન મળે છે. 22 જ્ઞાની વ્યકિત લડવૈ-
યાથી ભરેલા નગર પર હુમલો કરીને જે કિલ્લાનો તેમને આધાર છે તેની
ઉપર આક્રમણ કરી શકે છે. 23 જે કોઇ મોં અને જીભ ઉપર કાબૂ રાખે છે
તે પોતાની જાતને આફતથી દૂર રાખે છે. 24 અભિમાની અને ઘમંડી
વ્યકિત હાંસીપાત્ર છે; તેનાં પ્રત્યેક કાર્યમાં અહંકાર દેખાય છે. 25 આળ-
સુ વ્યકિતની ઈચ્છાઓ જ તેને મારી નાખે છે. કારણ, તેના હાથ કામ
કરવાની ના પાડે છે. 26 દુર્જન આખો દિવસ લોભ જ કર્યા કરે છે. પરંતુ
ધમીર્ છૂટે હાથે આપે છે. 27 દુષ્ટનો યજ્ઞ યહોવા ધિક્કારે છે, પછી જો
ખોટા વિચારોથી યજ્ઞ કરે તો પૂછવું જ શું? 28 જૂઠી સાક્ષી પૂરનારનું
નાશ પામશે, પરંતુ જે વ્યકિત ધ્યાનથી સાંભળે છે તેની જીત થશે.
29 દુર્જન અનિષ્ટ કરવા માટે કૃત્તનિશ્ચયી હોય છે; પણ સજ્જન વ્યકિત તો
પોતાનો માર્ગ સત્ય છે તે જાણે છે. 30 કોઇ જ્ઞાન, કે કોઇ યુકિતનું યહો-
વા આગળ કશું જ ચાલતું નથી. 31 યુદ્ધના દિવસ માટે ઘોડો તૈયાર કર-
વામાં આવે છે પરંતુ વિજય તો યહોવાના હાથમાં હોય છે.
22 વિપુલ સંપત્તિ કરતાં સારી પ્રતિષ્ઠા અને સોનારૂપાં કરતાં
ઉચ્ચ આદર વધારે ઈચ્છવાજોગ છે. 2 દરિદ્રી અને દ્રવ્યવાન
એક બાબતમાં સરખા છે કારણ કે યહોવાએ બંનેને સર્જ્યા છે. 3 ડાહ્યો
વ્યકિત આફતને આવતી જોઇને સંતાઇ જાય છે. મૂર્ખ વ્યકિત આગળ
વધતી રહે છે અને દંડાય છે. 4 ધન, આબરૂ તથા જીવનએ નમ્રતાનાં
અને યહોવાના ભયનાં ફળ છે. 5 વક્ર વ્યકિતના માર્ગમાં કાંટા અને છટ-
કા હોય છે; પણ જે વ્યકિતને જીવન વહાલું છે તે તેનાથી દૂર રહે છે.
6 બાળકને યથાર્થ માર્ગ વિષે શિક્ષણ આપો તો એ જ્યારે વૃદ્ધ થશે ત્યારે
પણ તે માર્ગ તે છોડશે નહિ. 7 ધનવાન ગરીબ ઉપર દોર ચલાવે છે
અને દેણદાર લેણદારનો ગુલામ છે. 8 જે અન્યાય વાવશે તે વિપત્તિ
લણશે અને તેમાં ક્રોધની સોટી તેનો અંત લાવશે. 9 ઉદાર વ્યકિત પર
આશીર્વાદ ઊતરશે; કારણ કે તે પોતાના અન્નમાંથી દરિદ્રીને આપે છે.
10 ઘમંડી વ્યકિતને હાંકી કાઢો એટલે ઝઘડો પણ સમી જશે. તકરાર
અને લાંછનનો અંત આવશે. 11 જે વ્યકિતનું હૃદય નિર્મળ છે અને જે
મીઠી વાણી બોલે છે, રાજા તેનો મિત્ર થશે. 12 યહોવાની દ્રષ્ટિ જ્ઞાનની
રક્ષા કરે છે ને ધોખાબાજ માણસોની વાણીને ઊંધી પાડે છે. 13 આળસુ
માણસ બહાનુ કાઢે છે-રસ્તામાં તો સિંહ બેઠો છે, બહાર નીકળું તો ફાડી
જ ખાય. 14 પરસ્ત્રીનું મુખ ઊંડી ખાઇ જેવું છે, જે તેમાં પડે છે તેના ઉપર
યહોવાનો કોપ ઉતરે છે. 15 બાળકના હૃદયમાં મૂર્ખાઇ વસે છે પરંતુ શિ-
સ્તનો દંડો તેનામાંથી તેને દૂર હાંકી કાઢશે. 16 જે ધનવાન થવા માટે
ગરીબને ત્રાસ આપે છે અથવા જે ધનવાનને ઈનામ આપે છે તે પોતે તો
ગરીબ જ રહે છે. 17 જ્ઞાની માણસોના શબ્દો ધ્યાનથી સાંભળ, અને હું
તને જે સલાહ આપું છું તેમાં તારું ચિત્ત લગાડ. 18 જો તું તેને ખુશ
ગણતો હોય અને તું તેને તારા હૃદયમાં સંઘરી રાખીશ તો તેઓ સદા
તારા હોઠ પર રહેશે. 19 હું તને આજે આ બધું એટલા માટે કહું છું કે
યહોવા ઉપર તારો વિશ્વાસ બેસે. 20 મેં તારા માટે સુબોધ અને જ્ઞાનની
ત્રીસ કહેવતો લખી રાખી છે, 21 આના દ્વારા તું સત્ય જ્ઞાન પામીશ અને
તેથી તું ભરોસા પાત્ર અહેવાલ લઇને તને જેણે મોકલ્યો છે તેની પાસે
જઇ શકે. 22 ગરીબને લૂંટીશ નહિ, કારણ કે તે ગરીબ છે, તેમજ ગરીબ-
ને ન્યાયાલયમાં હેરાન કરીશ નહિ. 23 કારણ કે યહોવા તેમનો પક્ષ લેશે
અને તેમનું હરી લેનારના પ્રાણ હરી લેશે. 24 ક્રોધી માણસ સાથે મિત્રતા
ન કર; અને ગુસ્સો કરનારનો સંગ ન કર. 25 રખેને તું તેના જેવું વર્તન
કરતાં શીખે અને જીવને જોખમમાં નાખે. 26 કોઇનો જામીન થતો નહિ
કે કોઇના દેવાની જવાબદારી લઇશ નહિ. 27 જો તારી પાસે દેવું ચૂકવ-
વા માટે કઇં પણ નહિ હોય તો તારી તળેથી તે તારી પથારી લઇ જશે.
28 તારા પિતૃઓએ તોડેલા જૂના સીમાના પથ્થર હઠાવીશ નહિ. 29 પો-
તાના કામમાં કુશળ માણસને તું જુએ તો જાણજે કે, તે તો રાજાઓની
હાજરીમાં રહેશે, હલકા માણસોની હાજરીમાં નહિ રહે.
23 જ્યારે તું કોઇ અધિકારીની સાથે ખાવા બેસે ત્યારે તું કોની સા-
થે બેઠો છે તે ધ્યાનમાં રાખજે. 2 અને જો તારી ભૂખ પ્રબળ હોય
તો તારે ગળે છરી મૂક. 3 સ્વાદિષ્ટ વાનગીઓ માટે ઝૂરીશ નહિ, કારણ
કે તે ખોરાક છેતરામણો હોય છે. 4 ધનવાન થવા માટે તન તોડીને વૈ-
તરું ના કરીશ, હોશિયાર થઇને પડતું મૂકજે. 5 તે (ધન) આંખના પલ-
કારામાં ઊડી જશે. પૈસો પોતાના માટે પાંખો ઉગાડશે. આકાશમાં ઊડ-
તાં ગરૂડની જેમ તે ઉડી જાય છે. 6 કંજૂસને ત્યાં ભાણું ખાઇશ નહિં, કે
તેની સ્વાદિષ્ટ વાનગીની તું ઈચ્છા રાખતો નહિ. 7 કારણકે, એ તારા
ગળામાં વાળની જેમ ચોંટી જશે. તે તને “ખાઓ, પીઓ” કહેશે તો ખરો,
પણ મનથી નહિં કહે. 8 તેં ખાધેલો કોળિયો પણ તારે ઓકી કાઢવો
પડશે, અને તેં કરેલાં વખાણ નકામાં જશે. 9 મૂર્ખને શિખામણ આપીશ
નહિ, તારી સમજુ સલાહનો પણ તે તિરસ્કાર કરશે. 10 અસલની હદના
પથ્થરો ખસેડીશ નહિં, અને અનાથના ખેતરોમાં પ્રવેશ કરીશ નહિ.
11 કારણ, તેમનું રક્ષણ કરનાર બળવાન છે; તે તારા વિરૂદ્ધ તેમનો પક્ષ
લેશે. 12 શિસ્તમાં ચિત્ત પરોવ અને જ્ઞાનને તારા કાને ધર. 13 બાળકને
ઠપકો આપતાં વિચલીત થઇશ નહિ. જો તું તેને ફટકારીશ તો તે કંઇ
મરી જશે નહિ. 14 તારે તેને ફટકારવું, અને તેને મૃત્યુથી ઉગારવો.
15 બેટા, જો તું ડાહ્યો થઇશ તો મારું હૃદય હરખાશે. 16 તારા મોઢે જ્ઞાન-
ના સારા શબ્દો સાંભળીને હું રાજી થઇશ. 17 તારા મનમાંય પાપીની
ઈર્ષ્યા ન કરીશ, પણ હંમેશા યહોવાથી ડરીને ચાલજે. 18 તો તારું
ભવિષ્ય ઉજ્જવળ છે અને તારી આશા વ્યર્થ નહિ જાય. 19 મારા દીકરા,
મારી વાત સાંભળ અને ડાહ્યો થા, અને તારા ચિત્તને સાચા માગેર્ દોર-
જે. 20 દ્રાક્ષારસ પીનારાઓનો અથવા તો જેઓ છૂટથી માંસ ખાય છે તે-
નો સંગ કરીશ નહિ. 21 કારણકે, દ્રાક્ષારસ પીનારાઓ અને ખાઉધરાઓ
કંગાલ દશાને પામે છે. અને ઊંઘ તેમને ચીથરાથી ઢાંકી દેશે. 22 તારા
પોતાના પિતાનું કહ્યું સાંભળ, એ તારા જન્મદાતા છે; અને તારી જને-
તાનો વૃદ્ધાવસ્થામાં ધિક્કારીશ નહિ. 23 સત્યને ખરીદજે પણ વેચીશ
નહિ; હા, જ્ઞાન, શિખામણ અને બુદ્ધિ ખરીદ જે પણ તેને વેચીશ નહિ.
24 નીતિમાન પુત્રના પિતા આનંદથી હરખાય છે, અને જે પુત્ર શાણો છે
તે તેના જન્મદાતાને આનંદ આપશે. 25 તારા માતાપિતા પ્રસન્ન થાય
એવું કર. અને તારી જનેતાનું હૈયુ હરખાય એવું કર. 26 મારા દીકરા, મને
તારું હૃદય આપ અને તારી આંખો મારા માર્ગોને લક્ષમાં રાખ. 27 વા-
રાંગના એ ઊંડી ખાઇ છે અને પરસ્ત્રી એ આફતોથી ભરેલો કૂવો છે.
28 તે લૂંટારાની જેમ સંતાઇને તાકી રહે છે. અને ઘણા પુરુષોને અવિશ્વા-

સુ બનાવે છે. 29 કોને અફસોસ છે? કોણ ગમગીન છે? કોણ ઝઘડે છે?
કોણ ફરિયાદ કરે છે? કોણ વગર કારણે ઘવાય છે? કોની આંખો લાલ
છે? 30 જેઓ દ્રાક્ષારસ જ પીધા કરે છે અને જેઓ દ્રાસારસના નવાં નવાં
મિશ્રણોની શોધમાં હોય છે તેઓને. 31 પ્યાલામાં ચળકતા દ્રાક્ષારસ
સામે જોઇશ નહિ, કારણકે, એ સહેલાઇથી ગળે ઊતરી જાય છે. 32 અને
આખરે તે સર્પની જેમ કરડે છે, અને નાગની જેમ ડસે છે. 33 તારી
આંખો ચિત્રવિચિત્ર વસ્તુઓ જોશે અને તારે મોઢેથી ઉલટસૂલટ વાણી
નીકળશે. 34 તને એવું થશે કે, હું સમુદ્રમાં હાલકડોલક થતાં વહાણમાં
સૂતો છું. 35 તું કહેશે કે, “કોઇએ મને માર્યુ પણ મને વાગ્યું નહિ, કોઇએ
મને ઝૂડ્યો પણ મને ખબર પડી નહિ, હું ક્યારે જાગીશ? ચાલો ફરી
એકવાર પી નાખીએ.”

24 દુર્જનોની ઈર્ષ્યા કરીશ નહિ કે તેમની સાથે રહેવાની ઇચ્છા સે-
વીશ નહિ. 2 કારણ, તેમનાં મન હિંસાના વિચારો કરે છે અને
તેમના મોઢેથી ઉપદ્રવની વાણી નીકળે છે. 3 જ્ઞાન વડે ઘર બંધાય છે;
બુદ્ધિથી તે સ્થિર થાય છે. 4 અને વિદ્યા વડે તેના ઓરડા બધી જ જાત-
ની મૂલ્યવાન અને સુખદાયક વસ્તુઓથી ભરાય છે. 5 શરીરબળ કરતાં
બુદ્ધિબળ સારું, જ્ઞાની વ્યકિત શકિતશાળી વ્યકિત કરતાં વધારે મહાન
છે. 6 કુશળ યોજનાથી યુદ્ધ જીતાય છે, અને અનેક સલાહકારોથી વિ-
જય નિશ્ચિત બને છે. 7 ડહાપણ મૂરખના ગજા બહારની વસ્તુ છે, તેથી
તે જાહેર સભામાં પોતાનું મોં ખોલી શકતો નથી. 8 જે ભૂંડુ કરવા માટે
યુકિતઓ રચે છે, તે લોકોમાં ઉપદ્રવી માણસ તરીકે ઓળખાય છે.
9 મૂર્ખ પાપ ભરેલી યોજનાઓ ઘડ્યા કરે છે, લોકો જે વ્યકિત બડાઇ
હાંકે છે તેને ધિક્કારે છે. 10 જો તમે સંકટ આવતાં તમારી હિંમત હારી
બેસશો તો તમે નબળા છો. 11 જેઓને મોત માટે ઘસડી જવામાં આવ-
તા હોય તેમને છોડાવ, જેઓ લથડતે પગે હત્યા માટે જઇ રહ્યા હોય તે-
મને ઉગારી લે. 12 જો તું કહે કે, “અમે તો એ જાણતા નહોતા,” તો જે
અંત:કરણોની ચકાસણી કરે છે તે શું જાણતો નહોત? અને જે તારા જી-
વનનો રક્ષક છે તે શું જાણતો ન હોત? અને તે પ્રત્યેક વ્યકિતને તેમનાં
કર્મ પ્રમાણે પાછું નહિ આપશે? 13 મારા દીકરા, મધ ખા; તે ગુણકારી
છે, એનો સ્વાદ મીઠો છે. 14 જાણો કે જ્ઞાન તમારા જીવન માટે સારૂં છે;
જો તું તેને પ્રાપ્ત કરે તો તારું ભાવિ ઉજ્જવળ છે, તારી આશા વ્યર્થ નહિ
જાય. 15 હે દુષ્ટ માણસ, સજ્જનનાં ઘર આગળ લાગ જોઇ બેસી રહીશ
નહિ, તેના ઘર પર આક્રમણ કરીશ નહિ. 16 કારણકે, સજ્જન સાત વાર
પડશે તોયે પાછો ઊભો થશે, પણ દુર્જન વિપત્તિ આવતાં ભાંગી પડે છે,
પાયમાલ થઇ જાય છે. 17 તારા દુશ્મનની પડતી જોઇને હરખાઇશ નહિ,
અને તે પાયમાલ થાય ત્યારે રાજી ન થઇશ; 18 નહિ તો યહોવા એ જોશે
અને નારાજ થશે, અને તેના ઉપરથી પોતાનો રોષ પાછો ખેંચી લેશે.
19 જેઓ દુષ્કર્મો કરે છે તેની ઉપર ગુસ્સે થતો નહિ કે દુર્જનની ઈર્ષ્યા
કરતો નહિ. 20 કારણકે, દુર્જનને કોઇ ભાવિ નથી, તેનો દીવો હોલવાઇ
જશે, 21 મારા દીકરા, યહોવાથી અને રાજાથી ડરીને ચાલજે, બળવાખો-
રો સાથે કશો સંબંધ રાખીશ નહિ; 22 કારણ, તેમના પર અચાનક
આફત આવી પડશે, અને કોને ખબર છે કે બંને કેવી પાયમાલી મોકલ-
શે? 23 આ જ્ઞાનીઓના વચન છે, ન્યાયમાં પક્ષપાત બતાવવો તે યોગ્ય
નથી. 24 ગુનેગારને નિર્દોષ ઠરાવનારને બધા લોકો શાપ દેશે, પ્રજાઓ
તેને ઠપકો આપશે. 25 પણ જેઓ દોષીને ઠપકો આપશે તેમનું ભલું
થશે. તેમના પર આશીર્વાદ ઊતરશે. 26 સાચો જવાબ મૈત્રીભર્યા ચુંબન
જેવો છે. 27 તારું બહારનું કામ કર, જમીન ખેડ, અને તારું ઘર બાંધ.
28 કારણ વગર તારા પડોશી વિરૂદ્ધ સાક્ષી પૂરીશ નહિ, તારે મોઢે તેની
વિરૂદ્ધ ખોટું બોલીશ નહિ. 29 એવું ના કહીશ કે, “એણે મારી સાથે
વર્તાવ રાખ્યો છે તેવો જ હું એની સાથે રાખીશ, એણે જે કર્યુ છે તેને હું
પાછું વાળી દઇશ. 30 હું આળસુ વ્યકિતના ખેતરમાંથી જઇને તથા મૂઢ
માણસની દ્રાક્ષાવાડી પાસેથી પસાર થતો હતો. 31 ત્યારે મેં જોયું તો
બધે ઝાંખરા ઊગી નીકળ્યાં હતાં. જમીન કાંટાથી છવાઇ ગઇ હતી. અને
પથ્થરની વાડ તૂટી પડી હતી. 32 એ જોઇને મેં વિચાર કર્યો, એ ઉપરથી
હું શીખ્યો કે, 33 થોડું ઊંઘો, થોડું ઘોરો, હાથ જોડીને થોડો આરામ કરો.
34 એમ કરવાથી તારી દરિદ્રતા લૂંટારાની જેમ તથા હથિયારધારી યોદ્ધા-
ની જેમ કંગાલાવસ્થા આવી પહોંચશે.

25 આ પણ સુલેમાનનાં નીતિવચનો છે. જે યહૂદિયાના રાજા હિ-
ઝિક્યાના માણસોએ ઉતારી લીધાં હતાં 2 કોઇ બાબત ગુપ્ત રહે
તેમાં દેવનો મહિમા છે, પણ કોઇ બાબત શોધી કાઢવી એમાં રાજાનો
ગૌરવ છે. 3 જેમ આકાશની ઊંચાઇ તથા પૃથ્વીની ઊંડાઇની જેમ રાજા-
નું મન પણ અગાધ છે. 4 ચાંદીમાંથી નકામો ભાગ કાઢી નાખો એટલે
રૂપાનો કારીગર તેમાંથી વાસણ બનાવી શકશે. 5 તેમ રાજા પાસેથી દુ-
ષ્ટોને દૂર કરો એટલે તેનું સિંહાસન ન્યાયવડે સ્થિર થશે. 6 રાજાની હા-
જરીમાં પોતાની બડાઇ ન કરવી. મોટા માણસોની જગાએ ઊભા ન રહે-
વું. 7 ઉમરાવના દેખતાં તને નીચે ઉતારવામાં આવે તેના કરતાં “આમ
આવો” કરીને ઉપર બેસાડે એ વધું સારું છે. 8 તેં જે જોયું હોય તેને વિશે
ન્યાયાલયે દોડી જવામાં ઉતાવળ ન કરીશ, કારણ, જ્યારે તને તારો
પડોશી, ખોટો સાબિત કરશે તો તું શું કરીશ? 9 તારા પડોશી સાથેના
વિવાદનું જરૂર તું નિરાકરણ કર, પણ બીજા કોઇની ગુપ્ત વાત ખુલ્લી ન
કરતો. 10 રખેને એ સાંભળી જનાર તારી નિંદા કરે અને તારી કાયમની
બદનામી થાય. 11 પ્રસંગને અનુસરીને બોલેલો શબ્દ રૂપાની ટોપલી-
માંનાં સોનાનાં ફળ જેવો છે. 12 જ્ઞાની વ્યકિતનો ઠપકો કાને ધરનારને
માટે સોનાની કડી અને સોનાના ઘરેણાં જેવા છે. 13 વફાદાર સંદેશાવા-
હક તેના મોકલનાર માટે ઉનાળામાં બરફ જેવો શીતલ હોય તેના જેવો
લાગે છે, તે પોતાના ધણીના આત્માને ફરીથી તાજો કરે છે. 14 જે એમ
કહે છે કે તે ભેટ આપશે, પણ કોડીય આપતો નથી, તે વરસાદ વગરના
વાદળ અને વાયુ જેવો છે. 15 લાંબી મુદતની સહનશીલતાથી અધિકા-
રીને પણ કદાચ મનાવી શકાય, અને કોમળ જીભ હાંડકાને ભાગે છે.
16 જો તને મધ મળ્યું હોય, તો જોઇએ તેટલું જ ખા; કારણકે જો તું વધારે
પડતું ખાઇશ તો તું વમન કરીશ. 17 તું તારા પડોશીના ઘરમાં કવચિત
જ જા; નહિ તો તે તારાથી કંટાળીને તારો ધિક્કાર કરશે. 18 પોતાના
પડોશી વિરૂદ્ધ જૂઠી સાક્ષી પૂરનાર માણસ હથોડી, તરવાર તથા તીક્ષ્ણ
તીર જેવો છે. 19 સંકટસમયે ધોખાબાજ માણસ પર મૂકેલો વિશ્વાસ
સડેલા દાંત અને ઊતરી ગયેલા પગ જેવો છે. 20 ઉદાસ વ્યકિતની
આગળ ગીતો ગાવાં તે ઠંડીમાં અંગ પરથી વસ્ત્ર કાઢી લેવા જેવું છે,
અથવા ઘા ઉપર સરકો રેડવા જેવું છે. 21 જો તારો શત્રુ ભૂખ્યો હોય તો
તેને ખાવા માટે રોટલો આપ. અને તરસ્યો હોય તો પીવા માટે પાણી
આપ. 22 એમ કરવાથી તું તેના માથા ઉપર સળગતો કોલસો મૂકતો
હોઇશ. અને યહોવા તને તેનો બદલો આપશે. 23 ઉત્તરનો પવન વર-
સાદ લાવે છે; તેમ જ ચાડીખોર જીભ ક્રોધિત ચહેરો ઉપજાવે છે.
24 કજિયાખોર સ્ત્રીની સાથે ઘરમાં અંદર રહેવાં કરતાં ધાબાના ખૂણામાં
વાસ કરવો સારો છે. 25 દૂર દેશથી આવતા શુભ સમાચાર તરસ્યા ગળા
માટે શીતલ પાણી જેવા લાગે છે. 26 જે સજ્જન માણસ દુષ્ટ માણસની
સામે પડે છે તે ડહોળાયેલા ઝરણા કે ઝેર ભરેલા કૂવા જેવો છે. 27 વધુ
પડતું મધ ખાવું સારું નહિ, પોતાની મોટાઇ પોતે ગાવામાં મોટાઇ
નથી. 28 જે વ્યકિત પોતાની જાત પર કાબૂ ધરાવતો નથી તે માણસ
કોટ વગરના નગર જેવો છે.

26 જેમ ઉનાળામાં હિમ, અને કાપણી કરતી વખતે વરસાદ કમો-
સમનો ગણાય તેમ મૂરખને સન્માન શોભતું નથી. 2 જેમ ભટ-
કતી ચકલી, અને જેમ ઊડતું અબાબીલ પક્ષી છે. તેમ વિનાકારણે
આપેલો શાપ કોઇને માથે ઊતરતો નથી. 3 ઘોડાને માટે ચાબૂક, અને
ગધેડાને માટે લગામ હોય છે, તેમ મૂખોર્ની પીઠને માટે દંડો છે. 4 મૂર્ખને
તેની મૂર્ખાઈ પ્રમાણે જવાબ ન આપવો, રખેને તું પણ તેના જેવો થઇ
જાય. 5 મૂર્ખને તેની મૂર્ખતા પ્રમાણે જ ઉત્તર આપ. જેથી તે જાણી શકે કે
તે પોતાને માને છે તેટલો બુદ્ધિશાળી નથી. 6 તે વ્યકિત પોતાનો પગ
કાપી નાખે છે તે પોતાની જાત સાથે હિંસા કરે છે. તેવીજ રીતે જે કોઇ
મૂર્ખ મારફત સંદેશો મોકલાવે છે. 7 મુશ્કેલીઓ માગવા બરાબર છે. મૂ-
ર્ખના મોઢામાં શાણી વાત એ લંગડાના પગ જેવું નકામું છે. 8 જે વ્યકિત
મૂર્ખને માન આપે છે, તે વ્યકિત ગોફણનો પથ્થર બાંધે. 9 જેમ પીધે-
લાના હાથમાં કાંટાની ડાળી હોય છે તેવી જ રીતે મૂર્ખના મોઢામાં સારી
વાત. 10 મૂર્ખને કે એક દારૂડિયાને કામે રાખનાર કોઇને પણ વીંધનાર
બાણાવાળીની જેમ સૌને નુકસાન કરે છે. 11 જેમ કૂતરો ઓકેલું ખાવાને
માટે પાછો આવે છે, તેમ મૂર્ખ કરેલી ભૂલ ફરી ફરીને કરે છે. 12 પોતે પો-
તાને જ્ઞાની સમજનાર માણસ કરતાં મૂર્ખ સારો, એને સુધરવાની વધારે

આશા છે. 13 આળસુ બહાના કાઢે છે, "રસ્તામાં સિંહ છે, ગલીઓમાં
સિંહ છે." 14 જેમ બારણું તેનાઁ મિજાગરાઁ પર ફરે છે, તેમ આળસુ પથા-
રીમાં ફર્યા કરે છે. 15 આળસુ પોતાનો હાથ થાળીમાં નાખે છે ખરો; પણ
તેને પાછો પોતાના મોં સુધી લાવતાં થાક લાગે છે. 16 હોંશિયારીથી
ઉત્તર આપી શકે તેવા સાત માણસો કરતાં આળસુ પોતાની નજરે પો-
તાને વધારે ડાહ્યો ગણે છે. 17 જે વ્યકિત, તેનો પોતાનો ન હોય તેવા
કજિયામાં દખલ કરે છે, તે કૂતરાના કાન પકડનારના જેવો છે. 18 જેઓ
ખોયણાં, તીર તથા પ્રાણઘાતક વસ્તુઓ ફેંકે છે તે ઘેલો માણસ છે.
19 તેવી જ વ્યકિત પોતાના પડોશીને છેતરીને, 'એ તો હું ગમત કરતો
હતો.' એમ કહેનાર છે. 20 બળતણ ન હોવાથી અગ્નિ હોલવાઇ જાય છે;
અને કુથલી ખોર ન હોય ત્યાં કજિયા સમી જાય છે. 21 જેમ અંગારા કો-
લસાને, અને અગ્નિ લાકડાઁને સળગાવે છે; તેમ કંકાસખોર માણસ કજિ-
યા સળગાવે છે. 22 નિંદા કરનાર વ્યકિતના શબ્દો સ્વાદિષ્ટ કોળિયા
જેવા લાગે છે; તે શરીરના અંતરતમ ભાગમા ઊતરી જાય છે. 23 કુટિલ
હૃદય અને મીઠી વાણી એ અશુદ્ધ ચાંદીનો ઢોળ ચઢાવેલાં માટીના વા-
સણ જેવો છે. 24 ધિક્કારવા લાયક માણસ મનમાં દગો રાખે છે. પણ
પોતાની વાણીથી તેને છુપાવે છે. 25 જ્યારે તે મીઠી મીઠી વાતો કરે
ત્યારે વિશ્વાસ ન કરવો, કારણ, તેના હૃદયમાં ઘણી દુષ્ટ યોજનાઓ
હોય છે. 26 વ્યકિત દંભથી તિરસ્કારને છુપાવે છે, પણ તેની દુષ્ટતા જા-
હેર સભા સામે ઉઘાડી પડી જશે. 27 જે ખાડો ખોદે તે પડે, ને જો કોઇ
વ્યકિત પથ્થર ગબડાવે તો તે પથ્થર ગબડીને તેના પર જ પાછો
આવીને પડે. 28 જૂઠી જીભે પોતે જેઓને ઘાયલ કર્યા છે, તેમનો તે દ્વેષ
કરે છે; અને ખુશામત કરનાર વ્યકિતને લોકો નકારે છે.

27 આવતી કાલની બડાશ મારીશ નહિ, કારણ, આવતીકાલે શું
થઇ જાય તે તું જાણતો નથી. 2 તારાં વખાણ બીજાને કરવા દે,
તારે મોંઢે ન કર; પારકો ભલે કરે, તું ન કર. 3 પથ્થર વજનદાર હોય છે,
અને રેતી ભારે હોય છે; પરંતુ મૂર્ખની ઉશ્કેરણી બંન્ને કરતાઁ ભારે હોય છે.
4 ક્રોધ ક્રૂર છે, અને કોપ રેલરૂપ છે, પણ ઈર્ષ્યા આગળ કોણ ટકી શકે?
5 છુપાવેલા પ્રેમ કરતાં ઉઘાડો ઠપકો સારો છે. 6 મિત્રના ઘા પ્રામાણિક
હોય છે, દુશ્મનનાં ચુંબન શંકાશીલ હોય છે. 7 ધરાયેલાને મધ પણ
કડવું લાગે છે, જ્યારે ભૂખ્યાને કડવું પણ મીઠું લાગે છે. 8 પોતાનું ઘર
છોડીને ભટકતી વ્યકિત પોતાનો માળો છોડી દીધેલા પક્ષી જેવી છે.
9 જેમ સુગંધીથી અને અત્તરથી મન પ્રસન્ન થાય છે, અંત:કરણથી સલાહ
આપનાર મિત્રની મીઠાશથી પણ થાય છે. 10 તારા પોતાના મિત્રને
તથા તારા પિતાના મિત્રને ન તજીશ. વિપત્તિને સમયે તારા ભાઇને ઘેર
ન જઇશ. દૂરના ભાઇ કરતાં નજીકનો પડોશી સારો. 11 મારા દીકરા જ્ઞા-
ની થા, અને મારા હૃદયને આનંદથી ભરી દે, જેથી મને મહેણાં મારનાર-
ને હું જવાબ આપી શકું. 12 ચતુર વ્યકિત આફતને આવતી જોઇને તેને
ટાળે છે, અવિચારી માણસ આગળ વધતો રહે છે અને તેને લીધે સહન
કરે છે. 13 અજાણ્યાનો જામીન થનારનાં કપડાં લઇ લેવાં, અને જો તે
દુરાચારી સ્ત્રીનો જામીન થાય તો તેને તાબામાં પકડી લેવો. 14 જે કોઇ
પરોઢિયે ઊઠીને પોતાના મિત્રને મોટે સાદે આશીર્વાદ દે છે, તે તેને શાપ
સમાન લાગશે. 15 ચોમાસામાં ચૂતું છાપરું તથા કજિયાળી સ્ત્રી બંને
બરાબર છે. 16 જે તેણીને રોકી શકે તે પવનને રોકી શકે, અને પોતાના
જમણા હાથમાં લગાવેલા તેલની સુગંધ પણ પકડી શકે. 17 લોઢું લોઢા-
ને તેજ બનાવે છે, તેમ એક મિત્ર બીજા મિત્રને તેજ બનાવે છે. 18 જે
કોઇ અંજીરી સાચવે છે તે અંજીર ખાશે, જે પોતાના ધણીની કાળજી કરે
છે તે માન પામે છે. 19 જેમ માણસોનો ચહેરો પાણીમાં પ્રતિબિંબિત
થાય છે, તેવી જ રીતે એક માણસનું હૃદય બીજા માણસના હૃદયમાં પ્ર-
તિબિંબિત થાય છે. 20 જેમ શેઓલ અને અબદોન કદી તૃપ્ત થતાં નથી;
તે જ રીતે માણસની આંખો કદી તૃપ્ત થતી નથી. 21 રૂપું ગાળવા સારુ
કુલડી અને સોનાને માટે ભઠ્ઠી હોય છે તેમ વ્યકિતની પરીક્ષા બીજા તે-
ની પ્રશંસા કરે તેના પરથી થાય છે. 22 ઘંટીમાં અનાજની જેમ દળાય
તોયે મૂર્ખની મૂર્ખાઇ ન જાય. 23 તારાં ઘેટાંબકરાંની પરિસ્થિતીથી બરા-
બર માહિતગાર રહે. તારા ઢોરઢાંકરની પૂરતી સંભાળ લે. 24 કારણ ધન
સદા ટકતું નથી અને રાજમુગટ કાયમ રહેતો નથી. 25 સૂકું ઘાસ વઢાઇ
જાય ત્યાં નવું ઘાસ ફૂટે છે, પર્વત પરની વનસ્પતિઓ ભેગી કરી લેવામાં
આવે છે. 26 ઘેટાં તને વસ્ત્રો આપે છે, અને બકરાં તારાં ખેતરનું મૂલ્ય
છે; 27 વળી બકરીનું દૂધ તને, તારા કુટુંબને અને તારી દાસીઓના ગુજ-
રાન માટે ચાલશે.

28 કોઇ પાછળ ન પડ્યું હોય તો પણ દુષ્ટ વ્યકિત ભાગે છે, પણ
ભલી વ્યકિત તો સિંહની જેમ હિંમતવાન હોય છે. 2 ગુનાથી
ભરેલા દેશમાં તેના રાજકર્તાઓ વારંવાર બદલાય છે. પણ બુદ્ધિમાન
તથા જ્ઞાની રાજકર્તા હેઠળ તે દીર્ઘકાળ પર્યંત સ્થિરતા અનુભવે છે.
3 અસહાયને રંજાડતી ગરીબ વ્યકિત પાકનો તદ્દન નાશ કરનાર વરસા-
દની હેલી જેવો છે. 4 જેઓ નિયમથી દૂર વળી જાય છે, તેઓ દુર્જનને
વખાણે છે, પણ તે પાળનારા તેમનો વિરોધ કરે છે. 5 દુષ્ટ માણસો
ન્યાય સમજતા નથી; પણ જેઓ યહોવાને શોધે છે તેઓ આ સઘળી
બાબતો સમજે છે. 6 અવળા માગેર્ ચાલનારા ધનવાન કરતાં પ્રામા-
ણિકપણે ચાલનારો ગરીબ વધારે સારો છે. 7 જે પુત્ર નિયમને અનુસરે
છે તે ડાહ્યો છે. પરંતુ નકામા લોકોની સોબત રાખનાર પુત્ર પિતાના ના-
મને બટ્ટો લગાડે છે. 8 જે કોઇ વ્યાજખોરી અને વધુ પડતી નફાખોરીથી
સંપત્તિની વૃદ્ધિ કરે છે; તે દરિદ્રી પર દયા રાખનારને માટે તેનો સંગ્રહ કરે
છે. 9 જે વ્યકિત નીતિનિયમ પાળતો નથી તેની પ્રાર્થના બેસ્વાદ હોય
છે. 10 જે કોઇ પ્રામાણિકને કુમાગેર્ ભટકાવી દે છે, તે તેના પોતાના જ
ખાડામાં પડે છે, પણ નિર્દોષ માણસનું ભલું થાય છે. 11 ધનવાન પો-
તાને ડાહ્યો માને છે પણ શાણો ગરીબ તેના દ્વારા સત્ય જાણે છે,
12 જ્યારે ન્યાયી વિજયી થાય છે ત્યારે આનંદોત્સવ થાય છે. પણ દુર્જ-
નોની ચઢતી થાય છે, ત્યારે લોકો સંતાઇ જાય છે. 13 જે માણસ પોતા-
ના અપરાધોને ઢાંકે છે, તેની આબાદી થશે નહિ, પણ જે કોઇ તેમને
કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે, તેઓ પર દયા કરવામાં આવશે. 14 જે
હંમેશા સાવધ રહે છે તે સુખી છે, પણ જે નઠોર બની જાય છે તે દુ:ખી
થશે. 15 ગરીબો પર રાજ્ય કરતો દુષ્ટ રાજકર્તા ત્રાડ નાખતા સિંહ જેવો
અને ધસી આવતા રીંછ જેવો છે. 16 સમજણ વગરનો શાસનકર્તા જુલ-
મો વધારે છે, પણ લોભનો જેને તિરસ્કાર છે તે લાંબો સમય રાજ્ય કર-
શે. 17 ખૂન માટે દોષી વ્યકિત કબર તરફ આગળ વધશે, કોઇ તેને મદદ
કરશો નહિ. 18 જે પ્રામાણિકતાથી ચાલે છે તે સુરક્ષિત છે, જે પોતાના
માગેર્થી ફંટાય છે. તેની અચાનક પડતી થશે. 19 જે માણસ પોતાની
જમીન ખેડે છે, તે પેટ ભરીને જમશે, પરંતુ જેઓ નકામી વસ્તુઓની પા-
છળ દોડે છે તેઓ ખૂબ ગરીબ રહેશે. 20 વિશ્વાસુ વ્યકિત આશીર્વાદથી
ભરપૂર થશે. પરંતુ ઉતાવળે ધનવાન થવા જનારને સજા થયા વગર રહે-
શે નહિ. 21 પક્ષપાત કરવો એ યોગ્ય નથી; તેમ જ કોઇ માણસ રોટલા-
ના ટૂકડા માટે ગુનો કરે તે પણ સારુ નથી. 22 લોભી વ્યકિત પૈસાદાર
થવા માટે દોડે છે, પણ તેને ખબર નથી કે પોતાના ઉપર દરિદ્રતા આવી
પડશે. 23 જે પ્રશંસા કરે છે તેના કરતાં જે વ્યકિત ઠપકો આપે છે તેને
વધુ કૃપા મળશે. 24 જે પોતાના માતાપિતાને લૂંટે અને પોતાની માને
કહે કે, એમાં પાપ નથી, તે નાશ કરનારનો સોબતી છે. 25 જે વ્યકિત
લોભી મનની હોય છે, તે ઝઘડા જગાવે છે, પણ જે યહોવા પર વિશ્વાસ
રાખે છે તે સફળ થશે. 26 જે માણસ પોતાની જાત પર વિશ્વાસ રાખે છે
તે મૂર્ખ છે; પણ જે કોઇ ડહાપણથી વતેર્ છે તેનો બચાવ થશે. 27 ગરી-
બને ધન આપનારને ત્યાં ખૂટવાનું નથી, પણ જે આંખમીંચામણાં કરશે
તે ઘણા શાપ પામશે. 28 દુર્જનો સત્તા પર આવે ત્યારે લોકો સંતાઇ જાય
છે. જ્યારે તેઓની પડતી આવે છે ત્યારે સજ્જનોની વૃદ્ધિ થાય છે.

29 જે માણસ વારંવાર ઠપકો પામ્યા છતાં પોતાની ગરદન અક્કડ
રાખે છે, તે અકસ્માત નાશ પામશે, તેનો કોઇ ઉપાય રહેશે
નહિ. 2 જ્યારે ન્યાયી લોકો સત્તા પર આવે છે ત્યારે લોકો આનંદોત્સવ
કરે છે, પણ દુર્જનના હાથમાં સત્તા આવે છે ત્યારે તેઓ નિસાસા નાખે
છે. 3 જે કોઇ જ્ઞાનને પ્રેમ કરે તે પોતાના પિતાને આનંદ આપે છે; પણ
જે વારાંગના સાથે સબંધ રાખે છે તે પોતાની સંપત્તિ પણ ગુમાવે છે.
4 નીતિમાન ન્યાયી રાજા દેશને સ્થિરતા અપેર્ છે, પણ લાંચ મેળવવા-
નું ચાહે છે તે તેનો નાશ કરે છે. 5 જે માણસ પોતાના પડોશીના ખોટા
વખાણ કરે છે તે તેને ફસાવવા જાળ પાથરે છે. 6 દુર્જન પોતાના પાપ-
નાં ફાંદામાં ફસાય છે. સજ્જન આનંદ કરે છે. 7 સજ્જન ગરીબોના હિતની
ચિંતા રાખે છે. દુર્જનને તે સમજવાની પણ પડી નથી. 8 તિરસ્કાર કર-
નાર માણસો શહેર ઉશ્કેરે છે, પરંતુ હોશિયાર રોષને સમાવે છે. 9 જો
ડાહ્યો માણસ મૂર્ખ સાથે ન્યાયાલયમાં જાય તો તો મૂર્ખ ડાહી વ્યકિત

પર ગુસ્સે થશે અને હસશે, અને ત્યાં કાંઇ સૂઝાવ નહિ હોય. 10 લોહી
તરસ્યા માણસો પ્રામાણિક માણસો પર વૈર રાખે છે, અને તેઓ ન્યાયી
માણસોને મારી નાખવા માટે ઝૂરે છે. 11 મૂર્ખ માણસ પોતનો ક્રોધ
બહાર ઠાલવે છે, પણ ડાહી વ્યકિત પોતાની જાતને કાબૂમાં રાખે છે.
12 કોઇ શાસનકર્તા જૂઠાંણું કાને ધરે છે, તો તેના બધા અમલદારો દુષ્ટ
થઇ જાય છે. 13 ગરીબને જેઓ તેમને તકલીફ આપે છે તેમનામાં એક
સમાનતા છે. યહોવાએ તેમને જીવન આપ્યુ છે. 14 જે રાજા વિશ્વાસુપ-
ણાથી ગરીબોનો ન્યાય કરે છે, તેનો હોદો સદાને માટે સ્થિર રહેશે.
15 સોટી તથા ઠપકો જ્ઞાન આપે છે; પણ સ્વતંત્ર મૂકેલું બાળક પોતાની
માને ફજેત કરે છે. 16 દુર્જનો સત્તા ઉપર આવે છે ત્યારે પાપ વધે છે,
પણ સજ્જનો તેઓની પડતી થતી જોશે. 17 તું તારા દીકરાને શિક્ષા
કરીશ તો તે તારા માટે આશીર્વાદરૂપ હશે, તે તારા હૈયાને આનંદ આપ-
શે. 18 જ્યાં સંદર્શન નથી, ત્યાં લોકો સ્વેચ્છાચારી બની જાય છે, પણ
જે દેવના નિયમને વળગી રહે છે તે સુખી છે. 19 ગુલામોને એકલા
શબ્દથી સુધારી ન શકાય, કારણ, તે સમજશે તો પણ ગણકારશે નહિ.
20 તમે ઝડપથી બોલતા માણસને જુઓ છો? તેના કરતાં મૂર્ખ માટે
વધારે આશા છે. 21 નાનપણથી લાડમાં ઉછરેલો ગુલામ પછીથી તે તે-
નો દીકરો થઇ જાય છે. 22 ક્રોધી માણસ ઝઘડા સળગાવે છે, અને ગુ-
સ્સાવાળો વ્યકિત ઘણા ગુના કરે છે. 23 અભિમાન વ્યકિતને અપમા-
નિત કરે છે, પણ નમ્રતાથી વ્યકિત સન્માન મેળવે છે. 24 ચોરનો ભા-
ગીદાર પોતાનો જ દુશ્મન છે; તેને જુબાની આપવા માટે બોલાવાય છે,
પણ સાક્ષી નથી પૂરતો. 25 વ્યકિતનો ભય એ છટકું છે, પણ જે કોઇ
યહોવા પર વિશ્વાસ રાખે છે તે સુરક્ષિત છે. 26 સૌ કોઇ શાશકની કૃપા
શોધે છે, પણ ન્યાય તો યહોવા પાસેથી જ મળી શકે છે. 27 પણ સજ્જ-
નો દુર્જનોને તિરસ્કારે છે અને દુર્જનો સાચા માગેર્ ચાલનારને ધૂત્કારે
છે.

30 આ, માસાહના યાકેહના પુત્ર આગૂરનાઁ વચનો છે. માનવીનો
બોધ: ઇથીએલ અને ઉક્કાલને. 2 નિશ્ચિતરીતે હું માણસોની
વચ્ચે મહામૂર્ખ છું. હું માનવ જેવો નથી. મારામાં માણસ જેવી બુદ્ધિ
નથી. 3 હું જ્ઞાન શીખ્યો નથી કે નથી મને પવિત્ર ઇશ્વરનું જ્ઞાન નથી.
4 આકાશમાં કોણ ચડ્યો છે, અને પાછો નીચે ઊતર્યો છે? કોણે હવાને
મૂઠ્ઠીમાં બાંધી રાખી છે? કોણે પાણીને પોતાના ઝભ્ભામાં બાંધ્યું છે?
પૃથ્વીની સીમાઓ બધી કોણે સ્થાપી છે? જો તું જાણતો હોય, તો તેનું
નામ શું છે? અને તેના પુત્રનું નામ શું છે? 5 દેવનું પ્રત્યેક વચન પરખેલું
છે; જેઓ તેમનામાં આશ્રય શોધે છે તેમના માટે તે ઢાલ છે. 6 તેનાઁ
વચનોમાં તું કશો ઉમેરો કરીશ નહિ, નહિ તો તે તને ઠપકો આપશે ને તું
જૂઠા તરીકે પૂરવાર થઇશ." 7 હે યહોવા, મેં તમારી પાસે બે વરદાન મા-
ગ્યાઁ છે; મારા મૃત્યુ પહેલાં મને તેની ના પાડીશ નહિ. 8 અસત્ય અને
વ્યર્થતાને મારાથી દૂર રાખજે, મને દરિદ્રતા કે દ્રવ્ય પણ ન આપ; મને
જરૂર જેટલો રોટલો આપજે. 9 નહિ તો કદાચ હું વધારે સંતુષ્ટ થાવ
અને તને નકારુ અને કહું કે, યહોવા કોણ છે? અથવા હું કદાચ ગરીબ
થઇને ચોરી કરુ અને પછી મારા દેવના નામને ષ્ટ કરું. 10 નોકરની
ખરાબ વાતો જે ખોટી છે તે તેના માલિક આગળ ન કર. રખેને તે તને
શાપ દે, ને તેણે જે કર્યું હતું તેને માટે તું દોષપાત્ર ઠરે. 11 એવી પણ
એક પેઢી છે કે જે પોતાના પિતાને શાપ આપે છે અને પોતાની માને
આશીર્વાદ દેતી નથી. 12 એવી પણ એક પેઢી છે જે પોતાને પવિત્ર મા-
ને છે, પણ તે પોતાની મલિનતામાંથી સ્વચ્છ થતી નથી. 13 એવી પણ
એક પેઢી છે કે જેમના ઘમંડનો પાર નથી અને જેઓ સૌને તુચ્છકારની
નજરે જુએ છે. 14 એવી પણ એક પેઢી છે કે જેમનાં દાંત તરવાર જેવા
અને તેમના જડબા છરી જેવા હોય છે; તેઓ પૃથ્વી પરથી કંગાલોને
અને લોકોમાંથી જરૂરિયાત મંદોને ભરખી જાય છે. 15 જળોને બે દીક-
રીઓ છે. તેઓ "આપો! આપો!" એમ ચીસો પાડે છે. જે કયારેય તૃપ્ત ન
થાય, તેવી ત્રણ વસ્તુઓ છે. પરંતુ ચાર, એવા છે કે જે કદી'બસ' કહેતા
નથી: 16 એટલે શેઓલ; વાંઝણીનું ઉદર, તરસી જમીન અને અગ્નિ, જે
કદી 'બસ' કહેતા નથી. 17 જે આંખ તેના પિતાની મશ્કરી કરે છે, અને
તેની માતાની આજ્ઞા માનવાની ના પાડે છે.તેની આંખને ખીણના કાગ-
ડા ફોડી નાંખો અને ગીધડા ખાઇ જાઓ. 18 ત્રણ વસ્તુઓ એવી છે, જે
મારા માટે આશ્ચર્યજનક છે, પરંતુ ચાર, એવી છે જે મને સમજાતી નથી;
19 આકાશમાં ઊડતા ગરૂડની ચાલ, ખડક ઉપર ચાલતા સાપની ચાલ,
મધદરિયે તરતા વહાણની ચાલ, અને યુવાન સ્ત્રી સાથેના પુરુષના
વ્યવહાર. 20 વ્યભિચારી સ્ત્રીની રીત આવી હોય છે: તેણી ખાય છે અને
મોં લૂછી નાખે છે અને કહે છે કે," મેં કશું ખોટું કર્યુ નથી." 21 ત્રણ વસ્તુ-
ઓથી ધરતી ધ્રુજે છે, પરંતુ ચાર,જે એનાથી સહન થતી નથી; 22 રાજ-
ગાદીએ બેઠેલો ગુલામ, અને ખોરાકની વિપુલતા માણતો મૂરખ,
23 પરણવા પામેલી પ્રેમથી વંચિત રહેલી સ્ત્રી, અને પોતાની શેઠાણીની
જગાએ આવેલી દાસી. 24 પૃથ્વી પર ચાર વસ્તુ એવી છે, જે નાની છે,
પણ અત્યંત હોશિયાર છે: 25 કીડી કંઇ બળવાન પ્રજા નથી, પણ તેઓ
ઉનાળામાં પોતાનો ખોરાક ભેગો કરે છે. 26 ખડકમાં રહેતા સસલાં પણ
નિર્બળ પ્રજા છે, તો પણ તેઓ સર્વ પોતાનાં રહેઠાણ ખડકોમાં બનાવે
છે. 27 તીડોનો કોઇ રાજા હોતો નથી. છતાં તેઓ બધાં ટોળાબંધ નીક-
ળે છે. 28 ઘરોળીને તમે તમારાં હાથમાં પકડી શકો, છતાં તે રાજાઓના
મહેલમાં પણ હોય છે. 29 ત્રણ પ્રાણીઓના પગલાં દમામદાર હોય છે,
હા, ચારની ચાલ દમામદાર હોય છે. 30 એટલે સિંહ જે પશુઓમાં સૌથી
બળવાન છે, અને કોઇને લીધે પીછે હઠ કરતો નથી. 31 વળી શિકારી
કૂતરો; તથા બકરો; તેમજ પોતાની પ્રજાને દોરતો રાજા કે જેની સામે
થઇ શકાય નહિ. 32 જો તેં ગર્વ કરવાની બેવકૂફી કરી હોય અને કોઇ
ભૂંડો વિચાર તેં કર્યો હોય, તો તારો હાથ તારાં મોં પર મૂક. 33 કારણ કે
દૂધ વલોવ્યાથી માખણનીકળે, અને નાક રગડવાથી લોહી નીકળે, તેમ
ક્રોધને છંછેડવાથી ઝગડો ઊભો થાય છે.

31 માસાઅ પાસેથી રાજા લમૂએલના નીતિવચનો જે તેને તેની
માતાએ શીખવાડ્યા હતાં: 2 "ઓ મારા પુત્ર, ઓ મારા ગર્ભના
દીકરા, હે મારી પ્રતિજ્ઞાઓના દીકરા, છે. 3 તારી શકિત સ્ત્રીઓ ઉપર ન
ખર્ચીર્શ, તેમ તારી સત્તા એ રાજાઓનો નાશ કરનારા ઉપર ન વાપરીશ.
4 દ્રાક્ષારસ પીવો તે રાજાનું કામ નથી, ઓ લમૂએલ; દ્રાક્ષારસની પાછળ
ઝૂરવું એ રાજકર્તાનું કામ નથી. 5 કારણ કે પીવાને લીધે તેઓ પોતાના
નિયમો ભૂલી જાય છે અને કચડાયેલાઓને નિષ્પક્ષન્યાય આપી શકે
નહિ. 6 જેઓ મરવાની અણી પર હોય તેને દ્રાક્ષારસ, અને જેઓ દુભા-
યેલા હોય તેને દ્રાક્ષારસ આપવો. 7 તેઓ દ્રાક્ષારસ પી શકશે અને પો-
તાની ગરીબી ભૂલી જશે અને પોતાનાં દુ:ખોને સંભારશે નહિ. 8 જે પો-
તા માટે બોલી શકતો નથી તેને માટે તું બોલ અને તું નિરાધારોના હક-
નો પક્ષ કર. 9 અને તેનો સાચો ન્યાય કર, દીનદુ:ખીઓના અને જરૂર-
તમંદનાં હક્કનું રક્ષણ કર. 10 સદગુણી પત્ની કોને મળે? હીરામાણેક
કરતાં પણ એનું મૂલ્ય વધારે છે. 11 તેનો પતિ તેના પર પૂરો વિશ્વાસ
રાખે છે, અને તેને સંપતિની કોઇ ખોટ નથી. 12 તે જીવનભર પોતાના
પતિનું ભલું જ કરે છે, કદી ખોટું કરતી નથી. 13 તે ઊન અને શણ ભેગું
કરે છે અને તેને ખંતથી પોતાના હાથે કાંતવામાં આનંદ માણે છે. 14 તે
વેપારીના વહાણ જેવી છે, તે દૂરથી પોતાનું અન્ન લઇ આવે છે. 15 ઘરનાં
સર્વને માટે ખાવાનું તૈયાર કરવા તે પરોઢ થતાં પહેલાં ઊઠી જાય છે,
અને તેની દાસીઓ માટે દિવસભરના કામનું આયોજન કરે છે. 16 તે
બહાર જાય છે, ખેતર તપાસે છે અને ખરીદે છે. પોતાના નફામાંથી તે
પોતાના હાથો વડે તે દ્રાક્ષની વાડી રોપે છે. 17 તે ખડતલ અને ભારે
ઉદ્યમી છે. તે કમર કસીને કામ કરે છે. 18 તે પોતાના વેપારના નફાનો
ખ્યાલ રાખે છે. તેથી રાતભર તેનો દીવો હોલવાતો નથી. 19 તે એક હા-
થે પૂણી પકડે છે ને બીજે હાથે રેંટિયો ચલાવે છે. 20 તે ગરીબોને ઉદાર
મને આપે છે અને દીનદુ:ખીને છૂટે હાથે મદદ કરે છે. 21 તેનાં ઘરના
સભ્યો માટે તેને શિયાળાની બીક નથી. તેનાં આખા કુટુંબે ઊનનાં કિર-
મજી વસ્ત્ર પહેરેલાં છે. 22 તે પોતાને માટે રજાઇઓ બનાવે છે; તેનાં
વસ્ત્રો ઝીણા મલમલનાં તથા જાંબુડા રંગના છે. 23 તેનો પતિ નગર
દરવાજે આદર પામે છે અને દેશનાં મુખ્ય આગેવાનોમાં તેની ઊઠબેસ
છે. 24 તે વસ્ત્રો અને કમરબંધ વણીને વેપારીઓને વેચેછે. 25 શકિત
અને પ્રતિષ્ઠા તેના વસ્ત્રો છે. તે ભવિષ્ય વિષે ચિંતિત નથી. તેને વૃદ્ધા-
વસ્થાનો ડર નથી. 26 તેના મોઢામાંથી જ્ઞાનની વાતો નીકળે છે. નમ્ર
સૂચનો તેની જીભમાંથી નીકળે છે. 27 તે પોતાના ઘરમાં બધા કામની
દેખરેખ રાખે છે. અને તે કદી આળસ કરતી નથી. 28 તેનાં સંતાનો જી-
વનમાં ઊંચે ઊડે છે, અને તેને ધન્યવાદ આપે છે. અને તેના પતિ તેના
વખાણ કરે છે અને પ્રશંસા કરતાં કહે છે કે, 29 જગતમાં ઘણી સદાચારી

સ્ત્રીઓ છે, પણ તું તે સર્વ કરતાં ઉત્તમ છે. 30 લાવણ્યામક છે, અને
સૌંદર્ય ક્ષણિક છે. પરંતુ યહોવાનો ડર રાખનાર સ્ત્રીની પ્રંશસા થશે.
31 તેના કામની પ્રસંશા કરો અને ભલે તે તેને નગર દરવાજે પ્રતિષ્ઠા
અપા

# સભાશિક્ષક

1 યરૂશાલેમના રાજા દાઉદના પુત્ર સભાશિક્ષકનાં વચનો. 2 જે
બધું અસ્તિત્વ ધરાવે છે તે બધુંજ નકામું છે સભા શિક્ષક કહે છે
કે. સઘળું નિરર્થક છે. 3 મનુષ્ય કોઇ પણ શ્રમ દુનિયા પર કરે, પણ તે
પછી અંતે તેને શું મળવાનું? 4 એક પેઢી જાય છે, અને બીજી આવે છે
પરંતુ દુનિયા સદા ટકી રહે છે. એનાથી કોઇ ફેર પડતો નથી. 5 સૂર્યોદય
થાય છે, અને સૂર્યાસ્ત પણ થાય છે અને ફરી તે ઊગવા માટે સત્વરે
ઊગવાની જગાએ જાય છે. 6 પવન દક્ષિણ તરફ વાય છે અને ઉત્તર
તરફ વળે છે આમ તે મૂળ માર્ગ ઉપર પાછો ફરે છે અને પોતાની ગતિમાં
આમથી તેમ ફર્યા કરે છે. 7 સર્વ નદીઓ વહેતી જઇને સમુદ્રમાં મળે છે
તો પણ સમુદ્ર ભરાઇ જતો નથી; જે જગાએ નદીઓ જાય છે ત્યાંથી
તેઓ પાછી આવે છે. 8 બધી જ વસ્તુઓ કંટાળાજનક છે; તેનું પૂરું
વર્ણન મનુષ્ય કરી શકે તેમ નથી. ગમે તેટલું જોવાથી આંખો થાકતી
નથી અને કાન પૂરેપૂરું સાંભળતા નથી. 9 ઇતિહાસનું કેવળ પુનરાવ-
ર્તન થાય છે, જે થઇ ગયું છે તે જ થવાનું છે; અને જે કરવામાં આવ્યું છે
તે જ કરવામાં આવશે; ખરેખર દુનિયા પર કશું જ નવું નથી. 10 એવી
કોઇ બાબત છે કે જેના વિષે લોકો કહી શકે કે તે નવું છે? ઘણા સમય
અગાઉ તે પહેલેથી જ બન્યુ હતું. તે આપણી સામે આવ્યું છે. 11 ભૂતકા-
ળની પેઢીઓનું સ્મરણ નથી; અને ભવિષ્યમાં આવનારી પેઢીઓ વિષે
તેના પછી આવનારી પેઢીને પણ તેનું સ્મરણ નહિ હોય. 12 હું સભાશિ-
ક્ષક, યરૂશાલેમમાં રહેનાર ઇસ્રાએલનો રાજા હતો. 13 વિશ્વમાં જે કાંઇ
બને છે તેની શોધ કરવા અને સમજવા મે મારા ડહાપણને રોકી રાખ્યું.
દેવે મનુષ્યને કરવા માટે એ કષ્ટમય શ્રમ આપ્યો છે. 14 પણ દુનિયા
પર લોકો જે કરે છે તે સર્વ બાબતો મેં જોઇ છે. એ સર્વ નિરર્થક તથા
હવામાં બાચકાં ભરવાની કોશિષ કરવા જેવું છે. 15 જે વાકું છે તેને સીધું
કરી શકાતું નથી; અને જે કાંઇ અનુપસ્થિત છે તે લક્ષમાં લઇ શકાતું
નથી. 16 મેં મારી જાતને કહ્યું કે, "જુઓ, યરૂશાલેમમાં મારી અગાઉ થઇ
ગયેલા અન્ય રાજાઓ કરતાં વધારે જ્ઞાની છું. મારા મનને જ્ઞાન અને
વિદ્યાનો ખૂબ અનુભવ મળ્યો છે. 17 પછી મેં જ્ઞાન તથા ગાંડપણ અને
મૂર્ખતા સમજવા માટે સંપૂર્ણ રીતે પ્રયત્નો કર્યાં પણ ત્યારે મને સમજાયું
કે આ પણ પવનને પકડવા જેવું હતું. 18 કારણ કે અધિક જ્ઞાનથી
આપત્તિમાં અધિક વૃદ્ધિ થાય છે. અને વિદ્યા-ડહાપણ વધે તેમ શોક
વધે છે, દુ:ખ પણ વધે છે."

2 તેથી મેં મારી જાતને કહ્યું કે, "ચાલ ત્યારે, હવે ભરપૂર આનંદ કર,
હવે હું તારી પરીક્ષા કરીશ; માટે મોજશોખ કરી લે; પણ મને સમ-
જાયું કે આ પણ નકામું કામ છે. 2 મેં વિનોદ વિષે જણાવ્યું કે, હંમેશા
હસતા રહેવું તે પણ મૂર્ખાઇ છે; તેનાથી શું ભલું થાય?" 3 પછી મેં મારા
અંત:કરણમાં શોધ કરી કે હું મારા દેહને દ્રાક્ષારસથી તરબોળ કરું, તેમ
છતાં મારા અંત:કરણનું ડહાપણ તેવું ને તેવું જ રહે. વળી માણસોએ દુ-
નિયા ઉપર પોતાના સઘળા આયુષ્ય પર્યંત શું કરવું સારું છે, તે મને
સમજાય ત્યાં સુધી હું મૂર્ખાઇ ગ્રહણ કરું. 4 પછી મેં મારે પોતાને માટે
મોટાં કામો ઉપાડ્યાં. મે પોતાને માટે મહેલો બંધાવ્યાં અને દ્રાક્ષાવા-
ડીઓ રોપાવી. 5 મેં મારા પોતાને માટે બગીચા બનાવડાવ્યા અને સર્વ
પ્રકારનાં ફળો આપે તેવી વાડીઓ રોપાવી. 6 મેં મારાં વૃક્ષોને પાણી પી-
વડાવવાં માટે જળાશયો અને નહેરો બંધાવ્યા જેનાથી વનમાં ઊછરતાં
વૃક્ષોને પણ પાણી સિંચાય. 7 મેં પુરુષ નોકરો અને સ્ત્રી નોકરો ખરી-
ધ્યાઁ. મારા ઘરમાંજ જન્મેલાં ગુલામો પણ મારી પાસે હતા. અગાઉ થઇ
ગયેલા રાજાઓ પાસે હોય તેનાથીય ઘણાં વધારે ઢોરઢાંખરાં મારી પાસે
હતાં. 8 મેં મારા માટે ઘણું સોનું ચાંદી અને રાજાઓનું તથા પરગણાંનું
ખાનગી દ્રવ્ય પણ ભેગું કર્યું; મેં પોતાને માટે ગવૈયા, ગાનારીઓ તથા
જેમાં પુરુષો આનંદ માણે છે, તે એટલે અતિ ઘણી ઉપપત્નીઓ, મેળ-
વી . 9 આ રીતે હું બળવાન અને શકિતશાળી થયો. અને જેઓ યરૂશા-
લેમમાં મારી અગાઉ થઇ ગયા હતાં તે સર્વ કરતાં હું વધારે સમૃદ્ધિ પા-
મ્યો; મારા જ્ઞાને મને આ બાબતો કરવા માટે શકિતમાન કર્યો. 10 મને
જે પસંદ હતું તે મેં પ્રાપ્ત કર્યું. અને કોઇ પણ પ્રકારનાં આનંદથી મેં મારી
જાતને રોકી નહિ. સખત પરિશ્રમમાં પણ મેં મારી જાતને રોકી નહિ.
સખત પરિશ્રમમાં પણ મેં ઘણો આનંદ મેળવ્યો. આ આનંદ મારા સઘ-
ળા પરિશ્રમનો કેવળ બદલો હતો. 11 ત્યારે જે બધાં કામો મેં મારે હાથે
કર્યાં હતા તે પર, અને જે મહેનત કરવાનો મેં શ્રમ ઉઠાવ્યો હતો તે પર
મેં નજર કરી; તો એ સઘળું વ્યર્થ તથા હવામાં બાચકાં ભરવા જેવું દેખા-
યું અને દુનિયા ઉપર મને કઇં લાભ દેખાયો નહિ. 12 હવે મેં જ્ઞાની,
ગાંડપણ અને મૂર્ખતાના લક્ષણોનો તુલનાત્મક અભ્યાસ શરું કર્યો.
જ્યારે એક રાજાની જગ્યાએ બીજો રાજા આવે છે તો નવા રાજાએ કાંઇ
નવું કરવાનું નથી. દરેક વસ્તુ બધી પહેલેથીજ કરી લીધેલી હોય છે.
13 પછી મેં જોયું કે જેટલે દરજ્જે અજવાળું અંધકારથી શ્રે છે, તેટલે દરજ્જે
જ્ઞાન મૂર્ખાઇ થી શ્રે છે. 14 કારણ કે જ્ઞાની માણસ જોઇ શકે છે જ્યારે મૂ-
ર્ખ દ્રષ્ટિહીન છે, તો પણ મેં જોયું કે જ્ઞાની અને મૂર્ખ, બંનેના પરિણામ
સરખાજ આવે છે. 15 ત્યારે મેં મારા મનમાં વિચાર્યું કે, જેમ મૂર્ખને થાય
છે તેમ મને પણ થશે જ, ત્યારે મને તેનાં કરતાં વધારે બુદ્ધિમાન હોવા-
મા શો લાભ? ત્યારે મેં મારા મનમાં કહ્યું કે, એ પણ નિરર્થક છે. 16 મૂર્ખ
કરતાં જ્ઞાનીનું સ્મરણ વધારે રહેતું નથી; જ્ઞાની અને મૂર્ખ બંન્ને મૃત્યુ પા-
મશે અને આવનાર દિવસોમાં બન્ને ભૂલાઇ જશે. 17 તેથી હવે હું જીવન-
ને ધિક્કારું છું. દુનિયા પર થતાં કાર્યો મને કષ્ટદાયક લાગ્યાં, તે સર્વ
નિરર્થક તથા હવામાં બાચકાં ભરવાં જેવું છે. 18 જે પરિશ્રમ મેં દુનિયા
પર કર્યો તેના પર મને ધિક્કાર ઉપજ્યો; કારણ કે મારા પછી થનાર વા-
રસ માટે મારે તે મૂકી જવું પડશે. 19 કોઇ કહી શકશે ખરું કે મારો વારસ
જ્ઞાની થશે કે મૂર્ખ? છતાં જેના માટે મેં આ દુનિયામાં પરિશ્રમ કર્યો અને
મારા જ્ઞાનનો ઉપયોગ કર્યો તેનો ધણી તે બનશે. પરંતુ આ પણ વ્યર્થ-
તા છે. 20 તેથી મેં દુનિયા પર જે સર્વ કામો માટે પરિશ્રમ કર્યો હતો તે
પ્રત્યે હું નિરાશ થઇ ગયો. 21 મનુષ્ય પોતાના જીવનમાં ડાહપણ, જ્ઞાન
તથા કુશળતાથી પોતાના કામ કરે, પણ એ સર્વ એક દિવસ એવી વ્ય-
કિતના હાથમાં જશે જેણે તેના માટે કઇ કામ કર્યું નથી. કોઇ પણ જાત-
ની કિંમત ચૂકવ્યાં વિના તે વારસ બને છે.આ વ્યર્થતા છે અને સાથે
અન્યાય છે. 22 પોતાનું સર્વ કામ સફળતાથી કરવા માટે પોતાની બુદ્ધિ-
નો ઉપયોગ કરીને માણસ દુનિયામાં પરિશ્રમ કરે છે પણ તેમાંથી તેને
શું પ્રાપ્ત થાય છે? 23 કારણ કે તેના બધા દિવસો શોકમય તથા તેનો
સઘળો પરિશ્રમ દુ:ખરૂપ છે; રાત્રે પણ તેનું મન ચિંતાગ્રસ્ત હોવાથી વિ-
શ્રાંતિ ભોગવતું નથી. એ પણ વ્યર્થતા છે. 24 તેથી આખરે હું આ નિ-
ર્ણય પર આવ્યો છું કે માણસે સંતોષથી ખાવું, પીવું અને પોતાના દૈનિક
કામમાં આનંદ માણવો, તેનાં કરતાં વધારે સારું બીજું કશું નથી. પછી
મને ખ્યાલ આવ્યો કે આ પ્રમાણે વસ્તુઓ દેવ જ બનાવે. 25 પરંતુ દેવ-
ની કૃપા વિના કોણ ખાઇ શકે અથવા સુખ ભોગવી શકે? 26 જે લોકો દે-
વને પ્રસન્ન કરે છે તેઓને તે બુદ્ધિ જ્ઞાન તથા આનંદ આપે છે; પણ પા-
પીને તે અતિ ભારે પરિશ્રમ આપે છે તેથી તે સંગ્રહ કરે અને ધનવાન
બને, અને જેઓ દેવને પ્રસન્ન કરે છે તેઓને માટે તે ધન મૂકીને જાય,
અહીં પણ આપણે વ્યર્થ તથા નિરર્થક હવામાં બાચકાં ભરવા જેવું
કરીએ છીએ.

3 પૃથ્વી ઉપર પ્રત્યેક વસ્તુને માટે યોગ્ય ઋતુ, અને પ્રત્યેક પ્રયો-
જનો માટે યોગ્ય સમય હોય છે; 2 જન્મ લેવાનો સમય, મૃત્યુ પા-

મવાનો સમય, છોડ રોપવાનો સમય અને રોપેલાને ઉખેડી નાંખવાનો
સમય; 3 મારી નાખવાનો સમય અને જીવાડવાનો સમય; તોડી પાડ-
વાનો સમય અને બાંધવાનો સમય; 4 રડવાનો સમય અને હસવાનો
સમય; શોક કરવાનો સમય અને નૃત્ય કરવાનો સમય; 5 પત્થરો ફેંકી
દેવાનો સમય અને પત્થરો એકઠાં કરવાનો સમય; આલિંગન કરવાનો
સમય; તથા આલિંગન કરવાથી દૂર રહેવાનો સમય; 6 શોધવાનો
સમય; ગુમાવવાનો સમય; રાખવાનો સમય; ફેંકી દેવાનો સમય; 7 ફા-
ડવાનો સમય; સીવવા કરવાનો સમય; શાંત રહેવાનો સમય; બોલવા-
નો સમય; 8 પ્રેમ કરવાનો સમય; ધિક્કારવાનો સમય; યુદ્ધનો સમય
સલાહ શાંતિનો સમય. 9 આટલો બધો સખત પરિશ્રમ કરવાથી માણ-
સને શું ફળ પ્રાપ્ત થાય છે? 10 દેવે જે ધંધો મનુષ્યોને તેઓને કાર્યરત
રાખવા આપ્યો છે તે મેં જોયો છે. 11 યહોવાએ પ્રત્યેક વસ્તુ ને તેના યો-
ગ્ય સમયમાં સુંદર બનાવી છે.જો કે દેવે મનુષ્યનાં હૃદયમાં સનાતનપ-
ણું મૂક્યું છે. છતાં શરૂઆતથી અંત સુધીનાં દેવનાં કાર્યો મનુષ્ય સમજી
શકતો નથી. 12 હું જાણું છું કે, પોતાના જીવન પર્યંત આનંદ કરવું ને
ભલું કરવું, તે કરતાં તેના માટે બીજું કંઇ શ્રેષ્ઠ નથી. 13 તેણે ખાવું, પીવું
અને પરિશ્રમથી જે સિદ્ધ કર્યુ છે તેનાથી સંતોષ અનુભવવો, કારણ કે
આ દેવ તરફથી પ્રાપ્ત થયેલું કૃપાદાન છે. 14 મને ખબર છે કે દેવ જે કંઈ
કરે છે તે ભવિષ્યમાં સદાને માટે રહેશે; તેમાં કશો વધારો કે ઘટાડો કરી
શકાય નહિ, આમા દેવનો મુખ્ય હેતુ એ છે કે માણસ દેવનો ડર રાખે.
15 જે હાલમાં છે તે અગાઉ થઈ ગયું છે; અને જે થવાનું છે તે પણ અગાઉ
થઈ ગયેલું છે; અને જે વીતી ગયું છે તેને દેવ પાછું શોધી કાઢે છે.
16 વળી મેં આ દુનિયામાં જોયું કે સદાચારની જગાએ અનિષ્ટ હતું; અને
ન્યાયની જગ્યાએ અનિષ્ટ હતું. 17 મેં મારી જાતને કહ્યું કે, “યહોવા
ન્યાયીનો અને દુષ્ટનો ન્યાય કરશે, કારણ કે પ્રત્યેક પ્રવૃતિ માટે અને
પ્રત્યેક કાર્ય માટે યોગ્ય સમય હોય છે.” 18 પછીં મે મારા મનમાં વિચાર્યુ
કે, “યહોવા મનુષ્યની કસોટી કરે છે. જેથી તેઓ જાણે કે તેઓ પશુ
સમાન છે. અને પશુઓથી વધારે સારા નથી. 19 કારણ કે પશુઓના જે
હાલ થાય છે તે જ હાલ મનુષ્યનાં થાય છે. મૃત્યુ બંને માટે છે, સર્વને
એક જ પ્રાણ હોય છે તેથી મનુષ્ય જાતને પશુઓ કરતાં વધારે લાભ
મળતો નથી. કેવી વ્યર્થતા! 20 એક જ જગાએ સર્વ જાય છે; સર્વ માટી-
માંથી આવ્યાં છે, ને અંતે સર્વ માટીમાં જ મળી જાય છે. 21 મનુષ્યનો
આત્મા ઉપર જાય છે અને પશુ આત્મા નીચે પૃથ્વીમાં જાય છે, તેની
ખબર કોને છે? “ 22 તેથી મેં જાણ્યુ કે, માણસ પોતાના કામમાં આનંદ
માણે, તેથી વધારે સારું કાંઇ નથી. એ જ તેનો ભાગ છે; ભવિષ્યમાં શું
બનવાનું છે તે તેને કોઇ દેખાડી શકે તેમ નથી.

4 ત્યારબાદ મેં પાછા ફરીને વિચાર કર્યો, અને દુનિયા પર થતાં
ત્રાસ અને દુ:ખ નિહાળ્યાં. ત્રાસ સહન કરનારાઓનાં આંસુ લૂછ-
નાર અને તેમને સાંત્વના આપનાર કોઇ નહોતું; તેઓના પર ત્રાસ કર-
નારાઓ શકિતશાળી હતાં. 2 તેથી મને લાગ્યું કે જેઓ હજી જીવતાં છે
તેઓ કરતાં જેઓ મૃત્યુ પામ્યા છે તેઓ વધારે સુખી છે; 3 વળી તે બંને
કરતાંય જેઓ હજી જન્મ્યાં જ નથી અને જેઓની આંખોએ ત્રાસ અને દુ-
નિયા પર થતાં ભૂંડા કૃત્યો જોયા નથી તે વધારે સુખી છે. 4 વળી મેં જો-
યું કે કાર્ય કરવામાં આવડત અને પરિશ્રમને લીધે માણસ અને તેના
પડોશી વચ્ચે ઈર્ષા ઉત્પન્ન થાય છે. એ પણ વ્યર્થ તથા હવામાં બાચકા
ભરવાં જેવું છે. 5 મૂર્ખ કામ કરતા નથી અને પોતાની જાત પર બરબાદી
લાવે છે. 6 અતિ પરિશ્રમ કરી અને પવનને પણ પકડવાના પ્રયત્નો
કરી પુષ્કળ કમાવું તે કરતાં શાંતિસહિત થોડું કમાવું વધારે સારું છે.
7 ત્યારબાદ હું પાછો ફર્યો, અને મેં દુનિયા ઉપર વ્યર્થતા જોઇ. 8 જો મા-
ણસ એકલું હોય, અને તેને એક પુત્ર કે એક ભાઇ પણ ન હોય; છતાંય
તે વધુ ધન પ્રાપ્ત કરવાં ખૂબ પરિશ્રમ કર્યા કરે છે “તેને સંતોષ નથી પણ
આ પરિશ્રમ તે કોના માટે કરે છે? શા માટે તે પોતાને આનંદથી દૂર રાખે
છે? “આ સર્વ પરિશ્રમ ફકત અક્કલહીન છે! અને તે ખોટનો ધંધો છે.
9 એક કરતાં બે ભલા; કારણ કે બંનેએ સાથે મળીને કરેલી મહેનતનું
ઘણું વધારે સારું ફળ તેઓને મળે છે. 10 જો બેમાંથી એક પડે તો બીજો
તેને મદદ કરે છે; પરંતુ માણસ એકલો હોય, અને તેની પડતી થાય તો
તેને મદદ કરનાર કોઇજ મળે નહિ અને ત્યારે તેની સ્થિતિ દયાજનક
થાય છે. 11 જો બે જણા સાથે સૂઈ જાય તો તેઓને એક બીજાથી હૂંફ
વળે છે. પણ એકલો માણસ હૂંફ કેવી રીતે મેળવી શકે? 12 એકલા મા-
ણસને હરકોઇ હરાવે, પણ બે જણ મળીને જીતી શકે છે; ત્રેવડી વણેલી
દોરી સહેલાઇથી તૂટતી નથી. 13 કોઇપણ વૃદ્ધ અને મૂર્ખ રાજા કે જે કો-
ઇની સલાહ સાંભળતો ન હોય, તેનાં કરતાં ગરીબ પણ જ્ઞાની યુવાન
સારો હોય છે. 14 આ યુવાન જેલમાંથી મુકત થઇને રાજા બની શકે છે.
અથવા તે દરિદ્રી પરિવારમાં જન્મ્યો હોય તો પણ રાજા થઇ શકે છે.
15 દુનિયા પરનાં સર્વ મનુષ્યોને મેં જોયા તો તેઓ બધા રાજાના વારસ
બનેલા આ યુવાનની સાથે હતાં. 16 અસંખ્ય લોકો તેની સન્મુખ ઊભા
હતાં, તો પણ તેના પછીની પેઢીનાં લોકો તેનાથી ખુશ નહોતા. તેથી
ખરેખર એ પણ વ્યર્થ અને હવામાં બાચકા ભરવા જેવું છે.

5 દેવના મંદિરમાં તમે જાઓ ત્યારે તમારાં પગલાં સંભાળો. ભૂંડુ
આચરણ કરે છતાં તે બાબતમાં સભાન ન રહે તેવા મૂર્ખ માણસો-
ના જેવા યજ્ઞાર્પણો લાવવા કરતાં દેવનાં વચનો ધ્યાનથી સાંભળવા તે
વધારે ઉચિત છે. 2 તારા મુખે અવિચારી વાત કરીશ નહિ, દેવની
સન્મુખ કંઇપણ બોલવા માટે તારું અંત:કરણ ઉતાવળું ન થાય; કારણ
કે દેવ આકાશમાં છે, અને તું તો પૃથ્વી પર છે; અને તારા શબ્દો તો થો-
ડા જ હોય. 3 કારણ કે અતિશય શ્રમની ચિંતાથી રાત્રે સ્વપ્નો આવે છે
અને બહુ બોલવાથી મૂર્ખની મૂર્ખાઇ ઉઘાડી પડી જાય છે. 4 જ્યારે તમે
દેવ સમક્ષ જે પ્રતિજ્ઞા લીધી હોય તો તે પૂર્ણ કરવામાં વિલંબ ન કરો.
કારણ કે દેવ મૂર્ખાઓ પર રાજી નથી હોતા; તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરો.
5 તમે પ્રતિજ્ઞા લો અને પાળો નહિ તેના કરતાં તમે પ્રતિજ્ઞા ના લો તે
વધારે ઉચિત છે. 6 તમે તમારી જાત પાસે પાપ કરાવવા દેતા નહિ, દે-
વના દૂતને તમે એમ કહેતા નહિ કે તમારાથી ભૂલમાં વચન અપાઇ ગયું
હતું, કારણ કે એ દેવને હજી વધારે ગુસ્સે કરાવશે. અને કદાચ તમારી
સમૃદ્ધિ નષ્ટ કરશે. 7 કારણ કે અતિશય સ્વપ્નોમાં રાચવાથી, વ્યર્થ
વિચારો કરવાથી અને ઝાઝું બોલવાથી આવું બને છે માટે તું યહોવાનો
ડર રાખ. 8 જો તમે ગરીબો પર થતાં અત્યાચાર અને દેશમાં ન્યાયને
ઊંધા વાળતા અતિશય ત્રાસને જુઓ, તો તે વાતથી આશ્ચર્ય પામશો
નહિ, કારણ કે પ્રત્યેક અધિકારી તેનાથી ઊંચા અધિકારીના હાથની
નીચે છે અને ઊંચો અધિકારી તેના પર દેખરેખ રાખનારની નજર હેઠળ
છે. 9 પૃથ્વીની ઊપજ તો તે બધાંને મળે છે. અને રાજા પણ તેના ખેત-
રોનો ગુલામ છે. 10 પૈસાનો લોભી પોતાની પાસે જે છે તેનાથી તૃપ્ત થશે
નહિ; અને સમૃદ્ધિનો પ્રેમી લોભી પોતાની આવકથી કદી સંતોષ પામશે
નહિ; આ બધું પણ વ્યર્થ છે. 11 જેમ તમારી પાસે શ્રીમંતાઇ વધતી
જાય છે તેમ તેનો ઉપભોગ કરનારા પણ વધે છે; અને તેથી તેનાં માલિ-
કને તો તે વપરાતી નજરે જોયા સિવાય બીજો શો લાભ થાય? 12 શ્રમ
કરનાર મનુષ્ય ઓછું ખાય કે વધારે, પણ તે શાંતિથી ઊંઘી જાય છે.
ધનવાન ચિંતા કર્યા કરે છે અને તેની સમૃદ્ધિ તેને શાંતિથી ઊંઘવા દેતી
નથી. 13 મેં ત્યારબાદ દુનિયામાં સર્વત્ર એક ગંભીર બાબત જોઇ, એટલે
સંપત્તિનો ધણી પોતાની હાનિને માટે જ દ્રવ્ય-સંગ્રહ કરી સંપત્તિ વધારે
છે. 14 પરંતુ ખોટા સાહસને કારણે સંપત્તિ ચાલી જાય છે અને તેના પો-
તાના પુત્રોના હાથમાં પણ કઇં આવતું નથી 15 માતાના ગર્ભાશયમાંથી
મનુષ્ય નગ્નસ્થિતિમાં બહાર આવે છે અને જાય છે ત્યારે એ જ સ્થિતિ-
માં વિદાય લે છે. સખત પરિશ્રમ કરીને જે કાંઇ પ્રાપ્ત કર્યુ છે તેમાંથી તે
કઇં પણ સાથે લઇ જતો નથી. 16 આ પણ એક ભારે દુ:ખ છે કે, જેવો તે
આવ્યો હતો તે જ સ્થિતિમાં તેને પાછા જવું પડે છે; તે પવનને માટે
પરિશ્રમ કરે છે અને અંતે સર્વ ઢસડાઇ જાય છે. 17 વળી તેનું સમગ્ર
આયુષ્ય અંધકારમાં જાય છે, અને શોક, રોગ અને ક્રોધથી તે હેરાન થાય
છે. 18 જુઓ, મને મનુષ્યનાં માટે જે બાબત સારી લાગી તે એ છે કે, દેવે
તેને આપેલા આયુષ્યના સર્વ દિવસોમાં ખાવું પીવું, અને દુનિયામાં જે
સઘળો શ્રમ કરે છે તેમાં મોજમજા માણવી; કારણ કે એ જ તેનો ભાગ
છે. 19 અને જો મનુષ્યને દેવ તરફથી સંપત્તિ પ્રાપ્ત થાય અને તેના ઉપ-
ભોગ માટે સારી તંદુરસ્તી પ્રાપ્ત થાય તે વધારે સારું છે. તેથી તેને પોતા-
ના કામમાં આનંદ માણવો અને તેને મળતો ભાગ સ્વીકારવો -ખરેખર
આ જ સાચી દેવ તરફથી મળતી ભેટ છે. 20 તેનાં જીવનનાં દિવસોનું
તેને બહુ સ્મરણ રહેશે નહિ; કારણ કે તેના અંત:કરણનો આનંદ તો તેને
દેવે આપેલો ઉત્તર છે.

6 મેં આ દુનિયામાં બીજી જાતનું દુ:ખ નિહાળ્યું છે, જે ઘણા લોકોને
અસર કરે છે. 2 દેવે કેટલાંક મનુષ્યોને ધન-સંપત્તિ અને સન્માન
પુષ્કળ પ્રમાણમાં આપ્યા છે પરંતુ તેઓને તે સર્વનો ઉપભોગ કરવાં
તંદુરસ્તી આપી નથી. તેઓના મૃત્યુ પછી બીજાઓ તે બધું ભોગવે છે!
આ પણ વ્યર્થતા છે, ભારે દુ:ખ છે! 3 જો કોઇ મનુષ્યને 100 સંતાનો
હોય અને તે દીર્ઘાયુષ્ય ભોગવે પણ જો તે સુખી ન હોય અને તેના મૃત્યુ
પછી તેને કોઇ યાદ ન કરે; તો હું કહું છું કે, એના કરતાં તો તે મરેલો જ
જન્મ્યો હોત તો વધારે સારું હતું. 4 આવા બાળકનો જન્મ વ્યર્થ અને
અંત અંધકારમય હોય છે; તેને નામ પણ અપાતું નથી. 5 વળી તેણે સૂ-
ર્યના દર્શન પણ કર્યા નથી, અને તેણે કશું જાણ્યું પણ નથી; છતાં પણ
તેની દશા પેલા વૃદ્ધ અને દુ:ખી માણસ કરતાં સારી છે. 6 જો તેનું આયુ-
ષ્ય હજાર વર્ષ કરતાં બમણું હોય, અને છતાંય તે કઇં સુખ ભોગવે નહિ;
તો તેનો અર્થ શો? શું છેવટે બધાં એક જ ઠેકાણે નથી જતાં? 7 ડાહ્યાં
અને વિશેષમાં મૂર્ખા, સર્વ કોઇ પોતાના પેટ માટે શ્રમ કરે છે. છતાં પેટ-
નો ખાડો કદી પૂરાતો નથી. 8 વળી મૂર્ખ કરતાં જ્ઞાનીને શું વધારે લાભ
મળે છે? છતાં એક ગરીબ માણસ જીવનની મુશ્કેલીઓ સામે કેમ ચાલ-
વું તે કેવી રીતે જાણે? 9 આ ભટકતી ઇચ્છાઓ કરતાં આપણી પાસે જે
હોય તેમાં સંતોષ માનવો તે વધારે ઇષ્ટ છે; એ પણ વ્યર્થ તથા હવામાં
બાચકા ભરવાં જેવું છે. 10 જે કાંઇ બની રહ્યું છે તેનું પહેલેથી ભૂતકાળ-
માં વર્ણન થઇ ગયું એ જાણીતું છે કે લોકો, તેઓ કરતા કોઇ વધારે
બળવાન હોય તો જીરવી શકતા નથી. 11 વધારે બોલવાથી બોલેલું
અર્થહીન થઇ જાય છે, તો બોલવું જ શા માટે? 12 કારણ કે મનુષ્ય
છાંયડાની જેમ પોતાનું જીવન વ્યર્થ ગુમાવે છે, તેના જીવનનાં સર્વ દિ-
વસોમાં તેને માટે શું ઇષ્ટ છે તે કોણ જાણે છે? કારણ કે કોઇ માણસની
પાછળ દુનિયામાં શું થવાનું છે, તે તેને કોણ કહી શકે?

7 મૂલ્યવાન અત્તર કરતાં મનુષ્યની સારી શાખ અતિ મૂલ્યવાન છે.
મનુષ્યનાં જન્મદિન કરતાં તેનો મૃત્યુદિન વધારે સારો છે.
2 ઉત્સવોની ઉજવણીમાં સમય બગાડવો તેનાં કરતાં દફનવિધીમાં
પસાર કરવો તે વધુ સારું છે. કારણ કે પ્રત્યેક વ્યકિતએ એક દિવસ
મરવાનું છે. સમય છે તો તે વિષે વિચારવું વધારે સારું છે. 3 દુ:ખ એ
હાસ્ય કરતા વધારે સારું છે. મોઢા પરનું દુ:ખ અંત:કરણને શુદ્ધ બનાવે
છે. 4 જ્ઞાની મનુષ્ય પોતાના મૃત્યુ વિષે વધારે વિચારે છે. મૂર્ખ પોતાના
વર્તમાનને સારી રીતે માણવામાં મગ્ન રહે છે. 5 મૂર્ખ મનુષ્ય આપણી પ્ર-
શંસા કરે તેનાં કરતાં જ્ઞાની માણસ આપણને ઠપકો આપે તે વધારે સા-
રું છે! 6 કારણ કે જેમ અગ્નિમાં કાંટા ઝડપથી સળગી જાય છે તેમ મૂર્ખ-
નું હાસ્ય લાંબો સમય ટકતું નથી, એ વ્યર્થ પણ છે. 7 ખરેખર લાંચથી
ડાહ્યો મનુષ્ય મૂર્ખ બને છે; તે તેની સમજશકિતનો નાશ કરે છે. 8 કોઇ
બાબતના આરંભ કરતાં તેનો અંત સારો છે; અને અભિમાની મનુષ્ય
કરતાં મનનો ધૈર્યવાન મનુષ્ય સારો છે. 9 ક્રોધ કરવામાં કદી ઉતાવળા
ન થવું- તે તો મૂર્ખતાની નિશાની છે. ક્રોધ મૂર્ખોના હૃદયમાં રહે છે.
10 "ભૂતકાળનાં દિવસો હાલનાં કરતાં વધારે સારા શા માટે હતા," એમ
નહિ કહો કારણ કે આ વિશે પૂછવા માટે તમને પ્રેરે છે તે ડહાપણ ભરેલું
નથી. 11 બુદ્ધિ વારસા જેવી છે; અને જીવવા માટે તે વધુ ઉત્તમ છે.
12 દ્રવ્ય આશ્રય છે તેમ બુદ્ધિ પણ આશ્રય છે; પરંતુ જ્ઞાનની ઉત્તમતા એ
છે કે, તે પોતાના માલિકના જીવનની રક્ષા કરે છે. 13 દેવનાં કામનો વિ-
ચાર કરો; જે તેણે વાંકુ કર્યુ છે, તેને સીધું કોણ કરી શકશે? 14 ઉન્નતિનાં
સમયે આબાદીનો આનંદ માણો. વિપત્તિકાળે વિચાર કરો; દેવ આપ-
ણને સુખ-દુ:ખ બંને આપે છે. જેથી દરેકને અનુભૂતિ થાય કે ભવિષ્યમાં
શું થશે તે માણસ શોધી શકતો નથી. 15 આ બધું મેં મારા જીવનનાં
વ્યર્થપણામાં જોયું છે. કેટલાક સારા માણસો નેક પણું હોવા છતાં યુવા-
નવયે જ મૃત્યુ પામે છે, જ્યારે કેટલાંક દુષ્ટ લોકો દુષ્ટતામાં રાચીને પણ
લાંબુ આયુષ્ય ભોગવે છે. 16 તેથી તમે વધુ પડતાં નેક ન થાઓ કે વધુ
પડતાં ડાહ્યાં ન થાઓ! શા માટે પોતાનો વિનાશ નોતરવો? 17 અતિ-
શય દુષ્ટ ન થાઓ તેમજ મૂર્ખ પણ ન થાઓ! શા માટે અકાળે મોત નો-
તરવું? 18 તમારે જે કરવાના જ છે તે સર્વ કાર્યો તમે કરો; એવું ન થવું
જોઇએ કે તમે એક કાર્ય કરો અને બીજું પડતું મૂકો અને જો તમે દેવનો
ડર રાખો, તો તમે બંને કરવામાં સફળ થશો. 19 દશ અમલદારો નગર-
માં હોય તેનાં કરતાં જ્ઞાની માણસને બુદ્ધિ વધારે શકિતશાળી બનાવે
છે. 20 સમગ્ર વિશ્વમાં એક પણ માણસ એવો નથી જે હંમેશા સારું જ
કરતો હોય અને કદીય તેણે પાપ ના કર્યું હોય. 21 કોઇ લોકો જે કહે તે
દરેક વાત સાંભળવી નહિ, અથવા તો તમારે તમારા નોકરને તમારી વિ-
ષે ભૂરું બોલતાં સાંભળવો જોઇએ! 22 કારણ કે તમારું અંત:કરણ જા-
ણે છે કે તમે કેટલીય વાર બીજાની વિરૂદ્ધ બોલો છો! 23 મેં હોશિયાર
થવા મારાથી શક્ય સર્વ પ્રયત્નો કર્યા છે; મેં જાહેર કર્યું કે, હું બુદ્ધિમાન
થઇશ;" પણ તે વાત મારાથી દૂર રહી. 24 ડહાપણ ઘણે દૂર અને અતિ-
શય ઊંડુ છે, તેને મેળવવું ઘણું મુશ્કેલ છે. તેનો પાર કોણ પામી શકે?
25 મેં જ્ઞાનની શોધમાં મારું મન લગાડ્યું અને સર્વ સ્થળોએ તેને શોધ્યું
તેમજ તેનાં કારણો તપાસ્યાં. જેથી દુષ્ટતા મૂર્ખાઇ છે, અને મૂર્ખામી
ગાંડપણ છે તે હું પૂરવાર કરી શકું. 26 તેથી મેં જાણ્યું કે મૃત્યુ કરતાં
પણ એક વસ્તુ વધારે કષ્ટ દાયક છે, તે છે એક સ્ત્રી, જે એક ફાંસલા
અને એક જાળ જેવી છે તથા જેના હાથ સાંકળ સમાન છે તે દેવતુલ્ય
વ્યકિતને આકર્ષવાનો પ્રયત્ન કરે છે તે તેનાથી નાસી છૂટશે; પરંતુ પા-
પી તેની જાળમાંથી છટકી શકતાં નથી. 27 સભાશિક્ષક કહે છે: "સત્ય
શોધી કાઢવા માટે બધી વસ્તુઓને સાથે મેળવીને હું આ નિર્ણય પર
આવ્યો છું." 28 હું જે મેળવી શકતો નથી તે હું શોધ્યાજ કરું છું. માણ-
સોમાં, હજારોમાં એક મને મળ્યો છે, પણ સ્ત્રીઓમાં એક પણ એવી
મળી નથી. 29 "અંતે મને ફકત એટલી જ સત્ય હકીકત જાણવા મળી
છે કે, દેવે માનવજાતને પ્રામાણિક અને દયાળુ બનાવી છે, પરંતુ તે-
ઓએ ઘણી યુકિતઓ શોધી કાઢી છે.

8 બુદ્ધિમાન પુરુષના જેવો કોણ છે? પ્રત્યેક વાતનો અર્થ કોણ જા-
ણે છે? જ્ઞાનથી માણસોનો ચહેરો ચમકે છે અને તેના ચહેરાની
કઠોરતા બદલાઇ જાય છે. 2 રાજાની આજ્ઞાનું પાલન કર કારણ કે તે
માટે તેં દેવ સમક્ષ પ્રતિજ્ઞા લીધી છે. 3 ફરજપાલનના માર્ગમાંથી નાસી
જવાનો પ્રયત્ન ન કરતો, તને તે ગમતું ન હોય, તો પણ તેમ કરજે, કા-
રણ કે રાજા બધું જ પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે. 4 કારણ કે રાજાનો
હુકમ સર્વોપરી છે, તેના નિર્ણયને કોઇ પ્રશ્ર્ન કરી શકે તેમ નથી? 5 જે
કોઇ રાજાની આજ્ઞાનું પાલન કરે છે તેને કોઇ પણ પ્રકારની શિક્ષા થશે
નહિ, તેનું કહ્યું ક્યારે કરવું અને કેવી રીતે કરવું તે બુદ્ધિમાન માણસ
શોધી કાઢે છે. 6 જો કે મનુષ્યનાં જીવનમાં ભારે મુશ્કેલીઓ આવે છે;
તો પણ દરેક બાબત માટે યોગ્ય સમય અને યોગ્ય રીત હોય છે.
7 એટલા માટે ભવિષ્યમાં શું થવાનું છે તેની તેને ખબર નથી. કારણ કે
કોઇ પણ તેને કહી શકે તેમ નથી. 8 તેનો પોતાના આત્માને રોકવાની
શકિત કોઇ માણસમાં હોતી નથી; અને મૃત્યુકાળ ઉપર કોઇ પણ ને
સત્તા નથી; કોઇ પોતાના માટે બીજા કોઇને તે યુદ્ધમાં મોકલી શકે નહિ.
અને જે તે કરે છે તેને દુષ્ટ બચાવી શકતો નથી. 9 આ બધું મે જોયું છે,
અને આ દુનિયામાં માણસો એકબીજાને નુકશાન પહોંચાડે છે, દુનિયા-
માં જે દરેક કામ થાય છે તેમાં મેં મારું અંત:કરણ લગાડ્યું છે, ને ઊંડો
વિચાર કર્યો છે. 10 મેં દુનિયામાં એવું પણ જોયું છે કે દુષ્ટ માણસને
દફનાવી પાછા ફરતાં તેનાં મિત્રો તેના ભૂંડા કાર્યોને ભૂલી જાય છે અને
જે નગરમાં તેણે પાપ કર્યા હોય ત્યાં જ તેનાં વખાણ કરે છે, એ પણ
વ્યર્થતા છે! 11 દુષ્કર્મીને દંડ આપવાની આજ્ઞા ત્વરાથી અમલમાં મૂકા-
તી નથી. અને તેથી લોકોનું હૃદય દુષ્ટકાર્ય કરવામાં નિશ્ચિંત રહે છે.
12 જો દુષ્ટ પાપી મનુષ્ય સેંકડો વખત દુષ્કર્મ કર્યા પછી પણ દીર્ઘાયુષ્ય
ભોગવે છે, છતાં હું સારી રીતે જાણું છું કે યહોવાનો ભય રાખનારાઓનું
ભલું થશે. 13 સારું જીવન નહિ જીવનારા દુષ્ટ લોકો સાંજના પડછાયા-
ની જેમ તેઓનું જીવન લંબાવી શકતા નથી, કારણ કે તેઓ દેવનો ડર
રાખતા નથી. 14 દુનિયા પર એક એવી વ્યર્થતા છે કે, સારા માણસોને
જાણે તેઓ ખરાબ હોય તેમ શિક્ષા પામે છે અને દુષ્ટ જાણે કે તેઓ સા-
રા હોય તેમ સારા ફળ પામે છે. આ પણ વ્યર્થતા છે! 15 તેથી મેં તેઓને
વિનોદ કરવાની ભલામણ કરી, કારણ કે ખાવું-પીવું તથા મોજમઝા કર-
વી તેના કરતાં માણસને માટે દુનિયા પર કોઇ શ્રે નથી; કારણ કે દેવે તે-
ને દુનિયા ઉપર જે આયુષ્ય આપ્યું છે તેનાં બધાં દિવસોની મહેનતનાં
ફળોમાંથી તેને એટલું જ મળશે. 16 તેથી હું જાતે બુદ્ધિ સંપાદન કરવા-
માં, તથા દુનિયામાં થતાં કામો જોવામાં પ્રવૃત રહ્યો, કારણ કે એવા
મનુષ્યો પણ હોય છે કે જેઓની આંખોને દિવસે કે રાત્રે ઊંઘ મળતી
નથી. 17 પરંતુ દેવ જે કાંઇ કરે છે એનો અર્થ તે પામી શકે તેમ નથી.

કદાચ કોઇ જ્ઞાની માણસ એમ માને કે એ સર્વ જાણે છે, પણ હકીકતમાં
તે કશું જાણતો નથી, તેનો પત્તો મેળવવા માણસ ગમે તેટલી મહેનત
કરે તો પણ તેને તે મળશે નહિ; અરે! તે કોઇ બુદ્ધિમાન વ્યકિત હોય, તો
પણ તે તેની શોધ કરી શકશે નહિ

9 એ બાબતમાં મેં જ્યારે કાળજીપૂર્વક તપાસ કરી તો મને જાણવા
મળ્યું કે દરેકના કાર્યનું ફળ સદાચારી અને જ્ઞાની લોકો માટે પણ
દેવ પર નિર્ભર છે. પણ કોઇ જાણતું નથી કે તેને પ્રેમ મળશે કે ધિક્કાર
અથવા તેની પાસે શું આવશે? 2 બધા લોકો સારા કે ખરાબ, પ્રમાણિક
કે દુષ્ટ, અર્પણો અર્પનાર કે નહિ અર્પનાર સૌનું ભાવિ એક જ છે, સારો
માણસ અને પાપી, જે પ્રતિજ્ઞા લે છે અને જે નથી લેતો સર્વ સમાન છે.
3 સર્વ મનુષ્યોની ગતિ એક જ થવાની છે, એ તો જે બધાં કામ દુનિયા-
માં થાય છે તેઓમાંનો એક અનર્થ છે; વળી માણસોનું અંત:કરણ
ભૂંડાઇથી ભરપૂર છે, જ્યાં સુધી તેઓ જીવે છે ત્યાં સુધી તેઓના હૃદય-
માં ગાંડપણ હોય છે, અને તે પછી તેઓ મૂએલાંઓમાં ભળી જાય છે.
કારણ કે તેઓને કોઇ આશા નથી. તેમને તો સામે ફકત મૃત્યું જ દેખાય
છે. 4 જેનો સંબંધ સર્વ જીવતાઓની સાથે છે તેને આશા છે;કારણ કે
જીવતો કૂતરો મૂએલા સિંહ કરતાં સારો છે. 5 જીવતાં મનુષ્યો એટલું
જાણે છે કે એક દિવસ તેઓ મરી જશે. પરંતુ મરેલાંઓ તો કશુંજ જાણ-
તા નથી. તેઓને કોઇ બદલો મળતો નથી. તેઓની સ્મૃતિ પણ નાશ
પામી જાય છે. 6 તેમનો પ્રેમ,ઇર્ષ્યા, ધિક્કાર, અને જે કાંઇ તેઓના જી-
વનકાળ દરમ્યાન તેઓમાં હતું તે ભૂતકાળ બની ગયું છે અને હવે દુનિ-
યામાં જે કાંઇ થઇ રહ્યું છે તેમાં તેઓને કોઇ લેવાદેવા નથી. 7 તેથી તારે
રસ્તે ચાલ્યો જા, ખાનપાન કર અને જીવનનો આનંદ માણ, દેવ સમક્ષ
તે માન્ય છે. 8 સુંદર શ્વેત વસ્રો સદા ધારણ કર. અને તારા મસ્તકને
અત્તરની ખોટ કદી પડવા દઇશ નહિ. 9 દુનિયા પર જે ક્ષણિક જીવન
તેણે તને આપ્યું છે, તે તારી પત્ની, જેના પર તું પ્રેમ કરે છે, તેની સાથે
આનંદથી વિતાવ, કારણ કે દેવે તને જે પત્ની આપી છે તે તારા દુનિયા
પરનાં ભારે પરિશ્રમનો ઉત્તમ બદલો છે. 10 જે કઁઇ કામ તારે હાથ લાગે
તે હૃદયપૂર્વક કર; કારણ કે જે તરફ તું જાય છે તે શેઓલમાં કઇં પણ
કામ, યોજના, જ્ઞાન અથવા બુદ્ધિ નથી. 11 ફરી પાછું મેં જાણ્યું કે હંમેશા
વેગવાન સ્પર્ધા જીતતા નથી અને યુદ્ધોમાં બળવાનની હંમેશા જીત
થતી નથી. અને ડાહ્યાં હંમેશા તેઓની રોટલી માટે કમાતા નથી. અને
બુદ્ધિ હંમેશા ધન ઉપજાવતી નથી. તેમજ ચતુર હંમેશા દયા (આશી-
ર્વાદ) દ્રષ્ટિ પામતા નથી. સમય અને આડી અવળી આકસ્મિક ઘટના
તો દરેકને બને છે. 12 મનુષ્ય પણ પોતાનો સમય જાણતો નથી; કેમ કે
જેમ માછલાં ક્રૂર જાળમાં સપડાઇ જાય છે, અને જેમ પક્ષીઓ ફાંદામાં
ફસાય છે, તેમ જ ભૂંડો સમય માણસો ઉપર એકાએક આવી પડે છે,
અને તેમને ફસાવે છે 13 વળી માણસોના વ્યવહારમાં મેં એક બીજી જ્ઞા-
નની બાબત જોઇ અને મારા ઉપર તેની ઉંડી અસર થઇ. 14 ઓછી
વસ્તીવાળું એક નાનું નગર હતું, એક બળવાન રાજા પોતાના સૈન્ય સા-
થે નગર પર ચડી આવ્યો, અને તેને આજુબાજુ મોટો યુદ્ધની સામગ્રી-
ઓથી ઘેરો ઘાલ્યો. 15 હવે આ નગરમાં એક ખૂબ ગરીબ પણ બુદ્ધિમાન
માણસ રહેતો હતો. તે જાણતો હતો કે નગરને કેવી રીતે બચાવવું, પો-
તાની બુદ્ધિ અને સલાહથી તેણે નગરને બચાવ્યું પણ થોડા સમય પછી
સર્વ તેને ભૂલી ગયા. 16 ત્યારે મેં કહ્યું કે, બળ કરતાં બુદ્ધિ ઉત્તમ છે;
તેમ છતાં ગરીબ માણસની બુદ્ધિને તુચ્છ ગણવામાં આવે છે, અને તેનું
કહેવું કોઇ સાંભળતું નથી. 17 પરંતુ શાશકોના મૂખોર્ વચ્ચેના બૂમબ-
રાડાં કરતાં બુદ્ધિમાન માણસના થોડાં શાંત બોલ વધારે સારા છે.
18 યુદ્ધશસ્રો કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે; પણ એક જ પાપી માણસ ઘણા સારા
લોકોનો નાશ કરી શકે છે.

10 જેમ મરેલી માખીઓ મઘમઘતા અત્તરને દૂષિત કરી દે છે; તેવી
જ રીતે થોડી મૂર્ખાઇ બુદ્ધિ અને સન્માનને નબળું પાડી દે છે.
2 બુદ્ધિમાન માણસનું હૃદય તેને સાચી દિશા બાજુએ દોરે છે; પણ મૂર્ખ-
નું એ જ હૃદય તેને ખોટી અને મૂર્ખ બાજુ પર દોરે છે. 3 વળી મૂર્ખ પોતા-
ને રસ્તે જાય છે ત્યારે તેની બુદ્ધિ ખૂટી જાય છે; અને તે દરેક ને કહે છે કે
હું મૂર્ખ છું. 4 જ્યારે તારો શાશક તારા પર ગુસ્સે થાય તો તું ત્યાંથી ના-
સી ન જતો. કારણ કે તું જે સાંત્વન લાવે છે તેનાથી મોટા પાપો વડે
થયેલો ગુસ્સો પણ ઠંડો પડી જાય છે. 5 મેં આ દુનિયામાં એક અનર્થ
જોયો છે, અને તે છે કે શકિતશાળી શાશક દ્રારા થયેલી ભૂલ; 6 મૂર્ખાને
મોટી સત્તાઓ મળે છે જ્યારે ધનવાનોને નીચા સ્થળે લાવવામાં આવે
છે! 7 મેં ગુલામોને ઘોડે સવાર થયેલા અને રાજકર્તાઓને ગુલામોની
જેમ પગે ચાલતા જોયા છે. 8 જે ખાડો ખોદે છે તે જ તેમાં પડે છે! અને
જે વાડમાં છીંડુ પાડે છે તેને સાપ કરડે છે. 9 જે પથ્થરની શિલા તેને જે
ખસેડે છે તેને જ ઇજા પહોચાડે અને કઠિયારાને લાકડું જ ભયમાં મૂકી
દે. 10 બુઠ્ઠી કુહાડી વાપરવામાં ધારદાર કરતા વધારે શકિતની જરૂર પડે
છે; તે ડહાપણ તમને તમારું કામ સરળ કરવામાં મદદ કરે છે. 11 સાપ
જો તેને મંત્રથી વશ કર્યા પહેલા જ કરડી જાય તો મદારી નકામો છે.
12 ડહાપણભર્યા શબ્દો મનને આનંદ આપે છે, પણ મૂર્ખના બોલ તેનો
પોતાનો જ નાશ નોતરે છે. 13 તેનાં મૂખના શબ્દોનો આરંભ મૂર્ખાઇ છે;
અને તેના બોલવાનું પરિણામ નુકસાનકારક ગાંડપણ છે. 14 મૂર્ખ મા-
ણસ વધારે બોલે છે, પણ ભવિષ્ય વિષે કોઇ જાણતું નથી. પણ કોઇ
કહી શકે તેમ નથી કે કાલે શું થવાનું છે? 15 કામ મૂર્ખને થકવી નાખે છે
જે નગરમાં જવાનો પોતાનો રસ્તો પણ શોધી શકતો નથી. 16 જે દેશનો
રાજા બાળક જેવો નાદાન હોય; અને જેના સરદારો સવારમાં ઉજાણીઓ
માણે છે તે દેશનો ઉદ્ધાર અશક્ય છે! 17 એ દેશને આશીર્વાદ છે જેનો
રાજા ઉમદા ગુણ લક્ષણ વાળો છે અને જેના નેતાઓ વધુ પડતું ખાતા
નથી કે પીધેલ હોતા નથી. 18 આળસથી છાપરું નમી પડે છે; અને
આળસુ હાથ ઘરમાં છિદ્ર વાટે ચૂવા દે છે. 19 ઉજાણી મોજમજાને માટે
ગોઠવવામાં આવે છે, અને દ્રાક્ષારસ જીવનને ખુશી આપે છે. પૈસાથી
બધું જ મળે છે. 20 રાજાને કે ધનવાનને તારા મનમાં પણ શાપ ન
આપીશ; કારણ કે, વાયુચર પક્ષી તે સાંભળીને વાત લઇ જાય છે.

11 તારી રોટલી પાણી પર નાખ, કારણ કે ઘણા દિવસો પછી તે
તને પાછી મળશે. 2 તારી પાસે જે છે તે ઘણાંઓમાં વહેંચી દે,
તને ખબર નથી કદાચ ભવિષ્યમાં એવો ખરાબ સમય આવે. 3 પાણી-
થી ભરેલાં વાદળાં વરસાદ લાવે છે; ઝાડ દક્ષિણ તરફ તો તે ઉત્તર તરફ
તે પડે કે ત્યાં જ પડ્યું રહે છે. 4 જે માણસ પવન પર ધ્યાન રાખ્યા કરે
છે તે વાવશે નહિ; અને જે માણસ વાદળ જોતો રહેશે તે કાપણી કરશે
નહિ. 5 તું જાણતો નથી ગર્ભવતી સ્રીનાં ગર્ભમાં જીવ કેવી રીતે પ્રવેશે
છે તેમ જ દેહ કેવી રીતે બંધાય છે તથા વાયુની ગતિ શી છે, તેવી જ રીતે
તું તે પણ જાણતો નથી કે સર્જનહાર દેવ કઇ રીતે કાર્ય કરે છે. 6 સવાર-
માં બી વાવ, ને સાંજે તારા કામમાંથી વિશ્રાન્તિ લઇશ નહિ; કારણ કે
આ સફળ થશે કે, તે સફળ થશે, અથવા તે બંને સરખી રીતે સફળ થશે
તે તું જાણતો નથી. 7 સાચે જ અજવાળું રમણીય છે, ને સૂર્યને જોવો એ
આંખને રુચિકર છે. 8 જો માણસ લાંબુ આયુષ્ય ભોગવે તો તેણે જીવ-
નનાં સર્વ દિવસોપર્યંત આનંદ કરવો. પરંતુ તેણે અંધકારના દિવસો
પણ યાદ રાખવા, કારણ કે તે ઘણા હશે, જે કાંઇ બધું બને છે તે વ્યર્થ-
તા જ છે. 9 હે યુવાન, તારી યુવાવસ્થાનો આનંદ લે; અને તારા હૃદયની
ઇચ્છાઓ પૂરી કર, યુવાવસ્થા અદભૂત છે! તારા હૃદયના માર્ગોમાં તથા
તારી આંખોની ષ્ટિ પ્રમાણે તું ચાલ. પણ યાદ રાખ, તું જે કાઇ કરે, દેવ
તેનો ન્યાય કરશે. 10 માટે તારા હૃદયમાંથી ગુસ્સો અને નિરાશાને દૂર
કર. પણ તું પોતે જ અનિષ્ટથી દૂર રહેજે; કારણ કે યુવાવસ્થા વ્યર્થ છે.

12 તારી યુવાવસ્થાના દિવસોમાં તું યહોવાનું સ્મરણ કર. તું જીવ-
નનો આનંદ માણી શકે તેવાં ભૂંડા વષોર્ અને દિવસો આવે તે
પહેલાં તારી યુવાનીમાં તારા યહોવાને ભૂલી જઇશ નહિ. 2 જ્યારે તારી
આંખો ચંદ્ર, સૂરજ અને તારાઓ જોવા ખૂબજ નિર્બળ બનશે, અને જ્યારે
વાદળો વરસાદ લઇ પાછા ફરશે ત્યારે તું તેમને યાદ કરી શકશે નહિ.
3 તે દિવસે જે ઘરનું નિયંત્રણ કરવાવાળાઓ ધ્રુજશે, બળવાન વાંકા
વળી જશે, અને દળનારી સ્રીઓ થોડી હોવાથી તેમનો તોટો પડશે, અને
બારીઓમાંથી બહાર જોનારની ષ્ટિ ઝાંખી થઇ જશે. 4 અને બજાર તર-
ફના બારણા બંધ કરી દેવામાં આવશે; અને ત્યારે દળવાનો અવાજ ધી-
મો થશે. અને માણસ પક્ષીના અવાજથી જાગી ઊઠશે, ને સર્વ ગાનારી
સ્ત્રીઓ શાંત થઇ જશે; 5 જે ઉંચે જાય છે તેને પડવાની બીક લાગશે. જે
રસ્તા પર ચાલતો હશે તે ત્યાં જતા ડરશે. બદામનું ઝાડ ફાલશે. તીડ
પોતે ધીમે ધીમે સાથે ઘસડાશે. બધી ઇચ્છાઓ મરી પરવારશે અને
દરેક જણ પોતાના અનંત અનાદિ ઘેર જશે. 6 તે દિવસે જીવનરૂપી રૂપે-
રી દોરી તૂટી જશે અને સોનેરી પ્યાલો ભાંગી જશે, અને ગાગર ઝરા

આગળ ફૂટી જશે, અને કૂવા ઉપર જ ગરગડી ભાંગી જશે; 7 અને તારી
કાયા જેમ અગાઉ હતી તેવી જ પાછી ધૂળ થઈ જશે, અને દેવે તને જે
આપેલો તે આત્મા તેમની પાસે પાછો જશે. 8 તેથી સભાશિક્ષક કહે છે
કે; વ્યર્થતાની વ્યર્થતા, સઘળું વ્યર્થ છે. 9 વળી સભાશિક્ષક સમજુ
હતો; તેથી તેણે જે જાણ્યું તે સર્વને શીખવવા લાગ્યો; તે વિચાર કરીને
ઘણા નીતિવચનો શોધી કાઢતો, અને તેમને નિયમસર ગોઠવતો.
10 સભાશિક્ષકે સત્ય વચનો, શોધી કાઢવાનો અને જે સત્ય હતા તે
લખવાનો પ્રયત્ન કર્યો. 11 જ્ઞાની માણસનો ઉપદેશ પરોણીની અણી-
દાર ધાર જેવો છે અને સભાશિક્ષકોનાં ઉપદેશ કે જે માત્ર એક જ પાદરી
દ્વારા આપવામાં આવેલાં છે, તે સજ્જડ જડેલા ખીલાની જેમ તેમનાં મન-
માં ઠસી રહેશે. 12 પણ મારા પુત્ર, મારી શિખામણ માન; ઘણાં પુસ્તકો
રચવાનો કંઇ પાર નથી; તેમનો અતિ અભ્યાસ કરવાથી શરીર થાકી
જાય છે. 13 આ મારી વાતનો ઉપસંહાર છે; દેવનો ભય રાખ અને તેની
આજ્ઞાઓનું પાલન કર, પ્રત્યેક માણસની એ સંપૂર્ણ ફરજ છે. 14 કારણ
કે આપણે ભલું કે ભૂંડુ જે કરીએ, તે સર્વનો એટલે પ્રત્યેક ગુપ્ત બાબત-
નો દેવ ન્યાય કરશે.

# ગીતોનું ગીત

1 સુલેમાનનું આ સર્વોત્તમ ગીત. પ્રેમિકા પોતાના પ્રેમીને: 2 તારા
ચુંબનોથી તું મને નવડાવી દે; કારણ તારો પ્રેમ દ્રાક્ષારસથી ઉત્તમ
છે. 3 તારા અત્તરની ખુશ્બો કેવી સરસ છે! તારું નામ અત્તર જેવું મહાન
છે! તેથીજ બધી કુમારિકાઓ તને પ્રેમ કરે છે! 4 હે મારા પ્રેમી, મને લઇ
જા તારી સાથે; ચાલ, ચાલને આપણે ભાગી જઇએ, રાજા મને તેના રા-
જમહેલમા લાવ્યો છે.ઓહ! અહીં આપણે કેવો આનંદ માણીશું અમે તા-
રા માટે ખૂબ ખુશ થઇશું અને તારી પ્રસંશા કરીશું. તારો પ્રેમ; દ્રાક્ષારસ-
થી પણ વધારે સારો છે, બધી યુવાન સ્ત્રીઓ તને શુભ આશયથી પ્રેમ
કરે છે. 5 હે યરૂશાલેમની દીકરીઓ, હું રંગે શ્યામ છતાં સ્વરૂપવાન છું,
મારી શ્યામલતા કેદારના તંબુઓના જેવી અથવા સુલેમાનના તંબૂના
પડદાઓ સમાન છે. 6 હું રંગે શ્યામ છું તેથી મારી સામે એકીટશે જોશો
નહિ. આ સૂર્યના તડકાએ મને બાળી નાખી છે; મારા ભાઇઓ પણ કો-
પાયમાન થયા હતા; અને દ્રાક્ષાવાડીની રખેવાળી કરવા ત્યાં મને મોક-
લી આપી. તેથી હું શ્યામ થઇ ગઇ, મેં મારી પોતાની દ્રાક્ષાવાડી સંભાળી
નથી. 7 હે પ્રાણપ્યારા, મને જણાવ તો ખરો કે, આજે ઘેટાં-બકરાં ચરા-
વવા કયાં જઇ રહ્યો છે? તેમને બપોરે વિસામો ક્યાં આપે છે તે તો કહે;
તારા સાથીદારોના ટોળાની સાથે બુરખાવાળી સ્રીની જેમ હું ભટકું તે
કરતાં તારી સંગત સારી છે. 8 હે વિશ્વસુંદરી! જો તને ખબર ના હોય તો,
ટોળાને પગલે પગલે, ભરવાડના નેસડા સુધી આવજે, અને ત્યાં તારાઁ
ઘેટાં ને લવારાં ચારજે. 9 મારી પ્રિયતમા! મેં તને સરખાવી છે, ફારુનના
રથોના ઘોડાની સુંદરતા સાથે. 10 તારા ગાલ પર તારા આભૂષણો સુંદ-
રતાથી લટકે છે અને તારી ગરદન હીરા જડિત હારો થી ચમકે છે.
11 અમે તારા માટે રૂપું જડેલા સોનાના આભૂષણો બનાવડાવીશું .
12 રાજાએ મેજ ગોઠવ્યું છે અને તેને તેજાના વડે સરસ સુગંધીત કર્યુ છે.
13 મારો પ્રીતમ મારા સ્તનોની વચ્ચે કસ્તુરીની થેલી જેવો લાગે છે.
14 મને મારો પ્રીતમ, એન. ગેદીની મેંદીનાઁ પુષ્પગુચ્છ જેવો લાગે છે.
15 મારી પ્રિયતમ, તું કેટલી સુંદર લાગે છે, હા ખરેખર ખુબ સુંદર! અને
આ તારી આંખો પણ કેવી પારેવા જેવી નમણી લાગે છે.સ્ત્રીનાં વચન:
16 હે પ્રીતમ, તું સુંદર છે, તું મનોહર છે; વળી આપણો પલંગ પણ લી-
લાછમ ઘાસની જેમ છે. 17 આપણા ઘરના ધાબાના મોભ એરેજ વૃક્ષો
અને આપણી છતની વળીઓ દેવદાર વૃક્ષોના બનેલા છે.

2 હું શારોનનું ગુલાબ છું, અને ખીણોની ગુલછડી છું. 2 હા,
કાંટાઓ મધ્યે જેમ ગુલાબ હોય, એમ યુવતીઓ વચ્ચે મારી પ્રીત-
મા છે. 3 સ્ત્રી જેમ ફળોના બાગમા સર્વોત્તમ સફરજનનું વૃક્ષ, તેમ યુવા-
નો વચ્ચે મારો પ્રીતમ ઉત્તમ છે;તેના છાંયડામાં મને ખૂબ સુખ મળે છે;
અને તેના ફળનો સ્વાદ મીઠો હોય છે. 4 ભોજન કરવાને તે મને ઘેર
લઇ આવ્યો, અને મારા પર પ્રીતિરૂપી ધ્વજ તેણે ફરકાવ્યો. 5 સુકી દ્રા-
ક્ષોથી મારું પોષણ કરો અને સફરજનથી મને બળવાન બનાવો; કારણ
કે હું પ્રેમપીડિત છું. 6 મારા મસ્તક નીચે છે તેનો ડાબો હાથ, અને
આલિંગન કરે છે મને તેનો જમણો હાથ. 7 હે યરૂશાલેમની યુવતીઓ,
તમે મને જંગલમાં વસતી ચપળ મૃગલીઓ અને જંગલી હરણીઓના
નામે વચન આપો કે યર્થાથ સમય આવે નહિ ત્યાં સુધી મારા પ્રીતમને
જગાડશો નહિ. 8 અરે! આ અવાજ તો મારા પ્રીતમનો છે; જુઓતો
ખરા,પર્વતો પર કૂદકા મારતો મારતો અને ખીણોને વટાવતો તે અહીં
આવી રહ્યો છે. 9 ચપળ અને યુવાન છે મારો પ્રીતમ,'મૃગલા જેવો.'
જુઓ, હવે તો તે દીવાલની પાછળ ઊભો રહી, બારીઓમાંથી ડોકિયા
કરે છે. 10 મારા પ્રીતમે મને કહ્યું, “પ્રીતમા, મારી સુંદરી, ઊઠ,અને બહાર
આવ. 11 શિયાળો સમાપ્ત થયો છે હવે, અને શિયાળુ વરસાદ પણ પૂરો
થઇ ગયો છે. 12 પુષ્પો જમીન પર ખીલવા લાગ્યાં છે; હવે વૃક્ષોને કાપ-
કૂપ કરીને વ્યવસ્થિત કરવાનો સમય આવ્યો છે. આપણા દેશમાં કબૂ-
તરોને ગીતગાંતા સાંભળી શકાય છે. 13 અંજીરના ઝાડ ઉપર લીલાં
અંજીર પાકી રહ્યાં છે, અને દ્રાક્ષવાડીમાં ખીલતી નવી દ્રાક્ષોને સૂંઘો
તેઓ પોતાની ખુશબો ફેલાવે છે! મારી પ્રિયતમા, મારી સુંદરી, ઊઠીને
નીકળી આવ.”સુલેમાન: 14 તું ભેખડ ઉપર નાની ગુફામાં છુપાયેલી
‘કબૂતરી’ જેવી છે. મને તારું સુંદર વદન બતાવ અને તારો મધુર અવાજ
સાંભળવા દે. કેમ કે તારું વદન ખૂબસૂરત છે. 15 પેલાં નાનાં નાનાં શિ-
યાળવાં દ્રાક્ષાવાડીમાં નાસભાગ કરી રહ્યાં છે, તમે મારા માટે પકડો.
અત્યારે આપણી દ્રાક્ષાવાડી ફૂલોથી ઝૂમી રહી છે. 16 મારો પ્રીતમ મારો
છે, ને હું પણ તેની જ છું; તે પોતાના ટોળાં સફેદ કમળોની વચ્ચે ચરાવે
છે. 17 દિવસ આથમી જાય અને પડછાયા ઉતરી જાય તે પહેલા, હે મા-
રા પ્રીતમ, તું પાછો આવ, અને પર્વતો પરના વિહરતા ચપળ હરણાં
અને મૃગલા સમાન તું થા.

3 મેં રાત્રે મારા પ્રાણપ્રિયને મારા પલંગમાં શોધ્યો, પણ તે મને
મળ્યો નહિ. 2 હું શહેરની ગલી ગલી અને રસ્તા ફરી વળી; છતાંય
મારી સઘળી શોધખોળ નિષ્ફળ નીવડી. 3 નગરમાં રોન ફરતાં ચોકીદા-
રોનો મને ભેટો થયો; મેં તેઓને પૂછયું, “મારા પ્રાણપ્રિયને તમે જોયો?”
4 થોડા સમય પછી મને મળ્યો મારો પ્રાણપ્રિય, પકડી લીધો મેં તેને, તે
લાવી નિવાસસ્થાને; ને ખેંચી ગઇ મુજ જનેતાના ઘરમાં; ત્યાં સુધી નહિ
છોડ્યાં મેં મારા પ્રીતમને. 5 હે યરૂશાલેમની યુવતીઓ, હું તમને હરણી-
ઓના તથા મૃગલીઓના સમ દઇને વીનવું છું કે યર્થાથ સમય આવ્યા
પહેલાં મારા પ્રીતમને જગાડશો નહિ. 6 રણ તરફથી આવતો, આ જે
મધુર સુગંધી ધૂપ બાળીને બનાવેલાં ધુમાડાંના સ્તંભ જેવો લાગે છે તે
કોણ છે? 7 જુઓ, આ તો સુલેમાનની પાલખી છે; તેની સાથે છે ઇસ્રા-
એલી સૈન્યના સાઠ યોદ્ધાઓ 8 તેઓ કુશળ તરવારબાજ અને અનુભ-
વી અંગરક્ષકો છે, રાત્રીના ભયને કારણે દરેકની કમરે તરવાર લટકે છે.
9 લબાનોનના કાષ્ટમાંથી બનાવ્યો છે રથ, સુલેમાન રાજાએ પોતાના
ઉપયોગાર્થે. 10 તેણે તેના સ્તંભ ચાંદીના અને છત સોનાની, અને તેનું
આસન બનાવ્યું જાંબુડા રંગનું; યરૂશાલેમની દીકરીઓ દ્વારા અંદરથી તે
પ્રેમપૂર્વક શણગારાયેલી હતી. 11 “ઓ સિયોનની યુવતીઓ, જાઓ
અને જુઓ સુલેમાન રાજાને, એના આનંદના દિવસે એટલે તેના લગ્નના
દિવસે તેની માતાએ તેને પહેરાવ્યો છે, તે મુગટસહિત નિહાળો તેને.”

4 તું કેવી સુંદર અને મનોહર છે; મારી પ્રિયતમા! તારા બુરખા પા-
છળ તારી કબૂતર જેવી આંખો છે; તારા ચહેરા પર લટકતી કેશની
લટો જાણે ગિલયાદ પર્વતના ઢાળ પરથી નીચે આવતાં બકરાંના ટોળા
જેવા લાગે છે! 2 તારા દાંત તરતની કતરાયેલ અને ધોયેલ ઘેટીના જેવા
સફેદ છે. પ્રત્યેક ઘેટીને છે બબ્બે બચ્ચાં, કોઇ નથી અહીં એકલી.
3 તારા હોઠ લાલ રંગના રેશમના તાંતણા જેવા છે, ને કેવું સુંદર છે તારું
મુખ! તારા બુરખાની પાછળ, તારા ગાલ દાડમના અડધિયા જેવા દે-
ખાય છે! 4 શસ્રગૃહ થવા માટે બાંધેલો દાઉદનો બુરજ, જેમા હજારો ઢા-
લો એટલે યોદ્ધાઓની સર્વ ઢાલો લટકાવેલી છે, તેના જેવી છે ગરદન
તારી. 5 સફેદ કમળોની વચ્ચે ચારો ચરતાં હરણના જોડીયાં બચ્ચાં જે-
વાં છે, જાણે બંન્ને સ્તન તારા. 6 દિવસ આથમે અને ઓળા ઉતરી જાય
ત્યાં સુધી હું કસ્તૂરી અને લોબાનની સુગંધ ધરાવતા પર્વતો પર જઇશ.
7 તું અતિ સુંદર છે મારી પ્રીતમા, તારા અંગમા કોઇ ખોડ નથી. 8 હે મા-
રી નવોઢા, લબાનોનથી તું આવ મારી સાથે; આપણે આમાનાહ પર્વત-
ના શિખર પર જઇએ અને સનીરની ટોચ પરથી નિહાળીશું; આપણે હે-
મોર્ન પર્વતની ટોચ પરથી નીચે જ્યાં સિંહોના રહેઠાણ છે ત્યાં ચિત્તાઓ
શિકારની શોધમાં ફરે છે. 9 હે મારી પ્રાણપ્રિયા, મારી નવોઢા, તેં મારું

હૃદય હરી લીધું છે. હું તારી આકર્ષક આંખોથી અને તારા ગળાના હારના
એક મણકાથી સંમોહિત થઇ ગયો છું. 10 મારી પ્રાણપ્રિયા, મારી નવો-
ઢા, તારો પ્રેમ કેવો મધુર છે! સાચે જ તે દ્રાક્ષારસથીય વધુ મધુર છે, તા-
રા પ્રેમની સુવાસ કોઇ પણ સુગંધિત દ્રવ્યો કરતાં વધારે મધુર છે.
11 મારી નવોઢા, મધપૂડાની જેમ ટપકે છે મીઠાશ તારા હોઠમાંથી; તારી
જીભ તળે મધને દૂધ છે; અને તારા વસ્રોની ખુશ્બો લબાનોનના દેવદા-
રોના વૃક્ષોની ખૂશ્બો જેવી છે. 12 મારી પ્રાણપ્રિયા, મારી નવોઢા, તું બંધ
કરેલી વાડી; બાંધી દીધેલો ઝરો, અથવા પૂરી દીધેલાં કૂવા જેવી છે!
13 તું જાણે દાડમડીઓના બગીચા જેવી છે જેમાં મેંહદીના છોડવાઓ
અને મધુર સુગંધિત મૂળિયાઓ છે. 14 કેશર, તજ, મધુર સુગંધી વૃક્ષો
અને સર્વ પ્રકારના શ્રે તેજાના પણ ખરા. 15 તું બાગમાંના કુવારા જેવી,
નદીના વહેતાં પાણી જેવી, તથા લબાનોનના વહેતાં ઝરણાં જેવી છે.
16 હે ઉત્તરના વાયુ, તું જાગૃત થા, અને હે દક્ષિણના વાયુ, તું આવ, મારા
બગીચામાં થઇને તું પસાર થા, જેથી તેની સુવાસ સર્વત્ર ફેલાય, મારો
પ્રીતમ પોતાના બગીચામાં આવે અને તેના શ્રે ફળો આરોગે.

5 હે મારી પ્રાણપ્રિયા, મારી નવોઢા, હું આવ્યો છું મારા બાગમાં; મેં
એકઠાં કર્યાં છે મારા બોળને સુગંધી દ્રવ્યો; ને મેં ખાધું છે મધ મા-
રાં મધપૂડામાંથી; મેં પીધો છે મારો દ્રાક્ષારસ મેં મારા દૂધની સાથે;હે મિ-
ત્રો, ખાઓ; હે વ્હાલાઓ, પીઓ; હા પુષ્કળ પીઓ. 2 હું સૂતી હોઉં છું
પણ મારું હૃદય જાગૃત હોય છે. એ મારા પ્રીતમનો સાદ છે! તે ખટખટા-
વે છે દરવાજો ને કહે છે કે, “મારી પ્રાણપ્રિયા, મારી વ્હાલીમારી (ક્ષતિ-
હીન) સંપૂર્ણ, મારી સુંવાળી સ્ત્રી, મારે માટે બારણું ખોલ; મારા વાળ રા-
ત્રીના ઝાકળથી ભરેલા છે, તેથી મારું માથું ઝાકળથી ભીજાઇ ગયું છે!”
3 “મે મારું વસ્ત્ર કાઢ્યું છે; તે હું કેવી રીતે ફરી પહેરું? મેં મારા ચરણ
ધોયા છે; હું તેમને શા માટે મેલા કરું?” 4 મારા પ્રીતમે કાણામાંથી તેનો
હાથ અંદર નાખ્યો અને મારા મનમાં તેના પર દયા આવી. 5 હું બારણું
ખોલવા કૂદી પડી અને સાંકળ ખોલવા ગઇ ત્યારે મારા હાથમાંથી અત્તર
અને મારી આંગળીઓમાંથી બોળ ટપકવા લાગ્યું. 6 મેં મારા પ્રીતમને
માટે દ્વાર ઉઘાડ્યું; પણ મારો પ્રીતમ ત્યાંથી ખસી ગયો હતો; તે બોલ્યો
તે સમયે મારું મન નાહિમ્મત થઇ ગયું હતું; મેં તેને શોધ્યો, પણ મને
જડ્યો નહિ. મે તેને બોલાવ્યો, પણ તેણે મને કઇં ઉત્તર આપ્યો નહિ.
7 નગરની ચોકી કરતાં ચોકીદારોએ મને જોઇ; તેમણે મને મારી અને
ઘાયલ કરી, નગરની દીવાલ પાસે ફરજ બજાવતાં ચોકીદારે મારો ઘુમટો
ચીરી નાખ્યો. 8 હે યરૂશાલેમની કન્યાઓ; હું તમને સમ દઉં છું કે, જો
તમને મારો પ્રીતમ મળે, તો તેને કહેજો કે હું પ્રેમની બિમારીથી પીડિત
છું. 9 ઓ સ્ત્રીઓમાં શ્રે સુંદરી, અમને કહે કે, તારા પ્રીતમમાં બીજાના
કરતાં એવું શું છે કે, તું અમને આવી આજ્ઞા કરે છે? 10 મારો પ્રીતમ ઉજ-
ળો મનોહર બદામી રંગનો છે, અને ફૂટડો છે, દશહજાર પુરુષોમાં તે શ્રે-
ષ્ઠ છે! 11 તેનું માથું ઉત્તમ પ્રકારના સોના જેવું છે, તેની લટો લહેરાતી
અને કાગડાના રંગ જેવી કાળી છે. 12 તેની આંખો નદી પાસે ઊભેલા
શુદ્ધ શ્વેત હોલા જેવી છે; તે દૂધમાં ધોયેલી તથા યોગ્ય રીતે બેસાડેલી
છે. 13 તેના ગાલ સુગંધી દ્રવ્ય તેજાના ઢગલા જેવા, તથા મધુર સુગંધ-
વાળા ફૂલો જેવા છે; જેમાંથી કસ્તૂરી ઝરતી હોય ગુલછડીઓ જેવા તેના
હોઠ છે! 14 તેના હાથ સોનાની વીંટીઓ જે કિંમતી પથ્થરોથી જડવામાં
આવી છે. તેનું શરીર નીલમ જડિત સફેદ હાથીદાંત જેવું છે. 15 તેના
પગ શુદ્ધ સુવર્ણના પાયા પર ઊભા કરેલા આરસપહાણના સ્તંભો જેવા
છે, તે લબાનોનના ઊમદા દેવદાર વૃક્ષો જેવો ઊંચો ઊભો રહે છે. 16 તે-
નું મુખ અતિ મધુર અને મનોહર છે, હે યરૂશાલેમની યુવતીઓ, આવો
છે મારો પ્રીતમ ને મારો મિત્ર.

6 હે સ્ત્રીઓમાં સર્વોતમ સુંદરી! તારો પ્રીતમ કઇ દિશા તરફ ગયો
છે એ તો જણાવ; અમે તેને તારી સાથે શોધીએ. 2 મારો પ્રીતમ
પોતાના બાગમાં આનંદ કરવા તથા મધુર સુવાસિત કમળ વીણવા
ગયો છે. 3 હું મારા પ્રીતમની છું અને મારો પ્રીતમ મારો જ છે; તે સફેદ
કમળોની વચ્ચે પોતાને આનંદિત કરે છે! 4 હે મારી પ્રીતમા, તું તિર્સાહ
જેવી સુંદર, યરૂશાલેમ જેવી ખૂબસૂરત, ધ્વજાઓ સહિતના સૈન્ય જેવી
ભયાવહ છે. 5 તારાં નેત્ર મારી તરફથી ફેરવી લે, કારણ, તેઓએ મારો
પરાજય કર્યો છે. તારા કેશ, જાણે ગિલયાદ પર્વતના ઢોળાવો પરથી
ઉતરી આવતાં બકરાંના ટોળા જેવા છે. 6 ધોવાઇને બહાર નીકળેલી ઘે-
ટીઓના ટોળા જેવા તારા દાંત છે કે, જેઓમાંની દરેક બબ્બે બચ્ચાં
જણે છે અને તેઓમાંના કોઇએ પોતાના બચ્ચાં ગુમાવ્યાં નથી. 7 તારા
ફેલાયેલા વાળ પાછળ, તારા લમણાં દાડમની ફાડ જેવાઁ છે. 8 ત્યાં
સાઠ રાણીઓ છે ને ઉપપત્નીઓ એંસી છે; અને અગણિત યુવતીઓ
છે. 9 પણ મારી વ્હાલી, મારી પ્રીતમા તો એકજ છે; પોતાની માતાની
એકની એક, અને પિતાની વહાલી. યરૂશાલેમની દીકરીઓ તારી સામે
જુએ છે અને તને ધન્યવાદ આપે છે; રાણીઓ અને ઉપપત્નીઓ તારી
પ્રશંસા કરે છે. 10 પ્રભાતના જેવી પ્રકાશિત કાંતિવાળી, ચંદ્ર જેવી સુંદર,
સૂર્ય જેવી ડાઘ વગરની; ધ્વજાઓ સહિતના સૈન્ય જેવી ભયંકર એ કોણ
છે? તેઓ પૂછે છે, 11 વસંતઋતુ ખીલી છે કે કેમ; દ્રાક્ષાવેલાને કૂંપળો
ફૂટી છે કે કેમ; દાડમડીને મોર આવ્યો છે કે કેમ; તે જોવા માટે હું અખરો-
ટના બગીચામાં થઇને ખીણમાં ગઇ. 12 હું કંઇ સમજુ તે પહેલા તો મેં
મારી જાતને મારા લોકોના રાજકુમારની બાજુના રથમાં બેસેલી જાણી.
13 હે શૂલ્લામી! પાછી આવ, પાછી આવ; પાછી ફર પાછી ફર કે અમે તને
નિહાળીએ.માહનાઇમના નૃત્યની જેમ શૂલ્લામીને જોવા તમે શા માટે
આટલા ઉત્સુક છો?

7 હે રાજકુંવરી, ચંપલોમાં તારા પગ કેવા સુંદર દેખાય છે! તારા પગ
કુશળ કારીગરે કંડારેલા ઝવેરાત જેવા છે! 2 તારી નાભિ જાણે
સુંદર ગોળાકાર પ્યાલો, જેમા દ્રાક્ષારસ કદી ખૂટતો નથી. તારું પેટ ખી-
લેલા ફૂલોથી શણગારેલી ઘઉંની ઢગલીના જેવું છે. 3 તારાં બે સ્તન જા-
ણે હરણીના મનોહર જોડિયા બચ્ચાં જેવા છે! 4 હાથીદાંતના બુરજ જે-
વી છે તારી ગરદન; તારી આંખો જાણે બાથ-રાબ્બીમના નગર દરવાજા
પાસે આવેલા હેશ્બોનના ઝરા! તાંરુ નાક જાણે દમસ્કની ચોકી કરતો
લબાનોનનો બુરજ! 5 તારું મસ્તક કામેર્લ પર્વત સમું છે. તારા કેશ
ઘનઘોર ઘટાં જેવા છે. તારા વળાંકોમાં રાજા પોતે બંદીવાન બની ગયો
છે. 6 અહા! મારી પ્રીતમા, તું કેવી સુંદર છે! તથા વિનોદ કરવા લાયક
અને આનંદદાયક છે! 7 તાડના વૃક્ષ જેવી તું ઊંચી અને સુડોળ છે;
અને તારા સ્તનો તેના ફળો જેવાઁ છે! 8 મેં કહ્યું, “હું તાડના વૃક્ષ પર
ચઢી જાઉં; તેના ફળો હું લઉં, તારા સ્તન દ્રાક્ષની લૂમો જેવાઁ થાય! તારા
શ્વાસની સુગંધ સફરજન જેવી થાય! 9 તારું મુખ ઉત્તમ દ્રાક્ષારસ જેવું
થાય! તે દ્રાક્ષારસ સીધો મારા પ્રીતમ પાસે જાય, અને તેના હોઠો તથા
દાંત ઉપર સરળતાથી પેટમાં ઊતરી જાય.” 10 હું તેની પ્રીતમા છું અને
તે મારા માટે તીવ્ર ઝંખના રાખે છે. 11 હે મારા પ્રીતમ! ચાલ, આપણે ખે-
તરમાં જઇએ; અને આપણે ગામડાંમાં ઉતારો કરીએ. 12 આપણે વહેલાઁ
ઊઠીને દ્રાક્ષાવાડીઓમાં જઇએ; દ્રાક્ષાવેલાને મોર આવ્યો છે તેનાં ફૂલ
ખીલ્યાં છે કે નહિ, ને દાડમડીઓને ફૂલ બેઠાં છે કે નહિ, તે આપણે જો-
ઇએ; ત્યાં હું તને મારી પ્રીતિનો અનુભવ કરાવીશ. 13 ત્યાં મદનવેલ તે-
ની સુગંધ પ્રસરાવે છે; વળી આપણાં આંગણામાં સર્વ પ્રકારના જૂના
અને નવા તરેહ તરેહનાં ફળો છે, મારા પ્રીતમ, મેં તેને કાળજી પૂર્વક તા-
રા માટે સાચવી રાખ્યા છે.

8 જો તું મારી માએ ધવડાવેલો મારો સગો ભાઇ હોત તો કેવું સારું
થાત! હું તો કોઇની ચિંતા કર્યા વિના જાહેરમાં તને ચુંબન કરું,
અને છતાં આના માટે મને કોઇએ ધિક્કારી ન હોત. 2 હું તને મારી મા-
તાના ઘરમાં લઇ આવત મેં તને મારા દાડમમાંથી નીચોવેલો મસાલેદાર
દ્રાક્ષાસવ આપ્યો હોત. 3 તેનો ડાબો હાથ મારા મસ્તક નીચે હોત, અને
જમણા હાથથી મને આલિંગન કર્યું હોત. 4 ઓ યરૂશાલેમની યુવતીઓ,
મને વચન આપો કે જ્યાં સુધી યોગ્ય સમય ન આવે ત્યાં સુધી તમે મા-
રા પ્રીતમને જગાડશો નહીં.” 5 પોતાના પ્રીતમ સાથે રણમાંથી આ સ્ત્રી
કોણ આવે છે?સફરજનના વૃક્ષ નીચે તારી માતા પ્રસુતિપીડા અનુભવ-
તી હતી અને તેણે ત્યાં જન્મ આપ્યો’ હતો એ વૃક્ષ નીચે જ મેં તારા પ્રે-
મને જાગૃત કર્યો છે.” 6 મને તારા હૃદયની મુદ્રા તરીકે અથવા તારા હાથ
પરની વીંટી તરીકે મને સ્થાપન કર. કારણકે પ્રેમ મૃત્યુ સમાન બળવાન
છે અને ઈર્ષા કબર જેવી ક્રૂર છે, અતિ પ્રજવલિત આગની જેમ તે ભડકે
બળે છે અને તેની જવાળા ઘણી પ્રબળ છે. 7 ધસમસતાં પાણીનો પ્ર-
વાહ પ્રેમજવાલાને હોલવી શકે નહિ, જળપ્રલયના પાણી એને ખેંચી
જતાં નથી! જે વ્યકિત પ્રેમને ખરીદવાનો પ્રયત્ન કરે છે તેને લોકો ધિ-
ક્કારે છે. પછી ભલેને તેણે પોતાની સઘળી સંપતિ આપી દીધી હોય તો
પણ. 8 અમારે એક નાની બહેન છે, હજી તો એનાં થાન પણ ઉપસ્યાં

નથી, હવે એની સગાઇની વાત લઈને કોઇ આવે તો અમારી બહેન માટે
અમે શું કરીએ?” 9 જો તે દીવાલ હોય તો, અમે તેને ચાંદીથી શણગારશું
અને જો તે પ્રવેશદ્ધાર હોય તો અમે તેને પાટીયા વડે ઢાંકીને મઢી
દઈએ.” 10 હું દીવાલ છું અને મારા થાન બુરજો જેવાઁ છે, તેની દ્રષ્ટિમાં
હું તેને સંતોષ શાંતિ લાવી શકું તેવી છું. 11 સુલેમાનની બઆલ હામોન-
માં એક દ્રાક્ષાવાડી હતી જે તેણે ખેડૂતોને ભાડે આપી દરેક ખેડૂતને તે
પેટે ચાંદીના એક હજાર સિક્કા લાવીને આપવાના હતા. 12 મારી દ્રાક્ષા-
વાડી મારી પોતાની છે. હે સુલેમાન, તું તારા હજાર શેકેલ રાખી લે અને
ભલે દરેક ખેડૂત પાસે બસ્સો શેકેલ રહે.” 13 હે બગીચાઓમાં વસનારી,
મારા મિત્રો તારો અવાજ સાંભળી રહ્યાં છે, મને પણ સાંભળવા દે. 14 હે
મારા પ્રીતમ, તું વહેલો આવ. સુગંધી દ્રવ્યોના પર્વત પર તું હવે સાબરી
જેવો બન અથવા યુવાન હરણ જેવો બન.

# યશાયા

1 આમોસના પુત્ર યશાયાએ યહૂદામાં ઉઝિઝયા, યોથામ, આહાઝ
અને હિઝિક્યા રાજાઓના અમલ દરમ્યાન સંદર્શનો જોયાં. તે
સંદર્શનોમાંથી તેને સંદેશા મળ્યા. આ સંદેશાઓમાં યહોવાએ યરૂશાલેમ
અને યહૂદામાં આવનાર દિવસોમાં શું બનવાનું હતું તે તેને બતાવ્યું. 2 હે
આકાશ અને પૃથ્વી! સાંભળો, કારણ, યહોવા બોલે છે:“જે બાળકોને મેં
ઉછેરીને મોટાં કર્યા છે, તેઓએ મારી વિરુદ્ધ બંડ કર્યું છે. 3 બળદ જેમ
પોતાના ધણીને ઓળખે છે અને ગધેડો પોતાના ધણીની ગભાણને
ઓળખે છે; પણ ઇસ્રાએલને ડહાપણ અને સમજણ નથી.” 4 ઓહ! પા-
પી પ્રજા, હે અપરાધોથી લદાયેલા લોકો, હે કુકર્મીઓ, હે વંઠી ગયેલાં
છોકરાં! તમે યહોવાનો ત્યાગ કર્યો છે. તમે ઇસ્રાએલના પવિત્ર દેવને
તિરસ્કાર્યા છે. અને તેમનાથી તમે અજાણ્યાની જેમ વિમુખ થઇ ગયા
છો. 5 દેવ કહે છે, “હે મારા લોકો, શું હજુ તમારે વધારે માર ખાવો છે? તે
આમ બળવા ઉપર બળવો કર્યા કરો છો? તમારું માથું રોગિષ્ઠ છે અને
તમારાં હૃદય અને મન અશુદ્ધ છે. 6 પગના તળિયાથી માંડીને તે માથા
સુધી કોઇ અંગ સાજુ નથી; ફકત ઘા, ઉઝરડા અને દૂઝતા ઘા છે; નથી
તમે તમારા ઘા સાફ કર્યા કે નથી પાટા બાંધ્યા, નથી તેના પર તેલ ચો-
પડવામાં આવ્યું. 7 “તમારો દેશ ઉજ્જડ થઇ ગયો છે, તમારાં નગરો આગ-
માં ભસ્મ થઇ ગયાં છે; તમારી નજર આગળ પરદેશીઓ તમને લૂંટે છે,
અને તેઓની નજરે જે પડે છે તેનો નાશ કરે છે. 8 સિયોન નગર બધી
વસ્તુઓથી વંચિત થઇ ગયું છે જેમકે દ્રાક્ષની વાડીઓમાં આશ્રય અથ-
વા કાકડીના ખેતર તે ઘેરાબંધ શહેર જેવું છે. 9 જો સૈન્યોના દેવ યહો-
વાએ આપણામાંના થોડાકને બાકી રહેવા ન દીધા હોત, તો આપણે
સદોમ અને ગમોરાના જેવા નામશેષ થઇ ગયા હોત.” છ ગેલન દ્રાક્ષરસ
એક બાથ,એક બાથ એટલે લગભગ છ ગેલન.એક ઓમેર એટલે લગ-
ભગ 65 ગેલન બી વાવ્યા પછી એક એફાહ- એટલે કે લગભગ 6 ગેલન
અનાજ ઉપજશે.માહેર-શાલાલ-હાશ-બાઝ ઇસાઇઆહનાં પુત્રોમાંના
એકનું નામ છે જેનો અર્થ થાય છે, “લૂંટારો પોતાનો લૂંટનો માલ લેવા
ઝડપથી આવે છે.”શેઓલ શેઓલ એ જગ્યા છે જ્યાં હિબ્રુ માન્યતા પ્ર-
માણે બધા મૃતલોકો ત્યાં જાય છે. સામાન્ય રીતે તે સજાની જગા હોય
છે એવું મનાતું નથી.ત્સવ, લે … ઝર શામ! શાબ્દિક રીતે “નિયમ પછી
નિયમ, આજ્ઞા પછી રેખા, થોડું અહીં, થોડું ત્યાં” આ મૂળાક્ષર શીખવા
માટે થઇને બાળકો માટેના ગીતના શબ્દો છે. તેનો અર્થ એ છે કે લો-
કોએ તેમના વિજેતાઓ સાથે બોલવા માટે નવી ભાષા શીખવી પડશે
અથવા તો તેમના વિજેતા બોલશે તે વાણી તેમના માટે અર્થહીન જેવી
હશે કારણ કે તેઓ તેને સમજતા નથી. 10 હે યરૂશાલેમના રાજકર્તાઓ
અને પ્રજાજનો, તમે સદોમના અને ગમોરાના રાજકર્તાઓ અને પ્રજાજ-
નો જેવા થઇ ગયા છો. તમે યહોવાની વાણી સાંભળો, આપણા દેવના
નિયમશાસ્ત્ર પ્રત્યે કાને ધરો. 11 યહોવા કહે છે, તમારા અસંખ્ય યજ્ઞો
મારી આગળ તમે કર્યા છે છતાં તે મારે કોઇ કામના નથી. તમારા પુષ્ટ
ઘેટાંની મારે જરૂર નથી. તમારાં અર્પણો, ગોધા, હલવાન તથા બકરાનું
લોહી મને ભાવતું નથી. 12 “તમને મારા માટે અર્પણો લાવવા કોણે કહ્યું
હતું? મારા મંદિરના આંગણાને હવે જરાપણ કચડો નહિ. 13 “તમારા
નકામા ખાદ્યાર્પણો લાવશો નહિ, ધૂપ તો મને તિરસ્કારરૂપ લાગે છે;
ચંદ્રદર્શન, સાબ્બાથ દિવસો અને ધર્મમેળો એમાં કેવળ પાપીઓ જ ભે-
ગા થાય છે. 14 તમારાઁ ચદ્રદર્શનને અને તમારા પવોર્ને હું ધિક્કારું છું. હું
તે સહન કરી શકતો નથી. 15 “પણ જો તમે મારી સામે તમારો હાથ
ઉગામશો, ત્યારે હું મારી આંખો ફેરવી લઇશ. હવે વધારે હું તમારી પ્રાર્થ-
નાઓને નહિ સાંભળું, કેમકે તમારો હાથ લોહીથી ખરડાયેલો છે.
16 “સ્નાન કરીને શુદ્ધ થાઓ. મારી આંખ આગળ દુષ્કૃત્યો કરવાનું બંધ
કરો, ભૂંડા કામ કરવાના છોડી દો. અને ભલું કરતાં શીખો. 17 ન્યાયને
માગેર્ ચાલો, જેમના પર ત્રાસ થાય છે તેમને બચાવો, અનાથનું રક્ષણ
કરો, વિધવાઓ અને ગરીબોને મદદ કરો, તેમના પ્રત્યે માયાળુ બનો.”
18 યહોવા કહે છે, “આવો, આપણે એક સમજૂતી પર આવીએ. તમારાં
પાપના ડાઘ ગમે તેટલા ઘેરા હશે, તો પણ હું તેને દૂર કરીશ. અને તમને
તાજાં વરસેલાં હિમ જેવા; ને ઊન જેવા શ્વેત બનાવીશ. 19 “જો તમે રા-
જીખુશીથી આજ્ઞા પ્રમાણે વર્તશો, ને કામ કરશો તો તમે ધરતીનો મબ-
લખ પાક ભોગવવા પામશો. 20 પણ જો તમે મારી આજ્ઞાઓનું ઉલ્લંઘન
કરશો તો તમે તરવારના ભોગ થઇ પડશો.” આ યહોવાના મુખનાં વચ-
નો છે. 21 “જે નગર દેવને વફાદાર હતું અને સંપૂર્ણ ન્યાયથી વર્તતુ હતું.
તે આજે કેવું ષ્ટ બની ગયું છે! ત્યાં ધર્મનિષ્ઠાનો વાસ હતો, પણ આજે
તો ત્યાં ખૂનીઓ વસે છે. 22 “હે યરૂશાલેમ, તું ચાંદીની હતી તે કલાઇની
થઇ ગઇ છે; તું શુદ્ધ રહી નથી, તમારા દ્રાક્ષારસમાં પાણી મિશ્રિત કરવા-
માં આવ્યું છે, અગાઉ તમે શુદ્ધ ચાંદી અને શુદ્ધ દ્રાક્ષારસ જેવા હતા.
23 તારા રાજકર્તાઓ જ બળવાખોર અને ચોરોના સાથીઓ થઇ ગયા છે.
તેઓ લાંચના લાલચુ છે, ને નજરાણાં માટે વલખાઁ મારે છે. તેઓ અના-
થનું રક્ષણ કરતાં નથી, અને વિધવાઓની દાદ તેઓ સાંભળતા નથી.
24 તેથી, સૈન્યોના દેવ યહોવા, ઇસ્રાએલના સૈન્યોનો દેવ, કહે છે! “તમે
મારા શત્રુ બન્યા છો. તમારા ઉપર વૈર વાળીને હું સંતોષ પામીશ. 25 હું
પોતે તમારા પર હાથ ઉગામીશ, તમને અગ્નિની ભઠ્ઠીમાં ગાળીશ અને
શુદ્ધ કરીશ. 26 આદિકાળની જેમ હું તારા ન્યાયાધીશોને, અને પૂર્વકાળ-
ની જેમ તારા મંત્રીઓને પાછા લાવીશ; ત્યાર પછી તારું નામ ‘ન્યાયન-
ગર, ધર્મપુરી કહેવાશે.’” 27 જેઓ ન્યાયી અને ભલા છે તેઓ યહોવા
તરફ પાછા ફરશે, સિયોનને અને તેના પશ્ચાતાપ કરનારા વતનીઓનો
ઉદ્ધાર થશે. 28 પણ ગુનેગારો અને પાપીઓનો એક સાથે નાશ કરવામાં
આવશે. અને જેઓ યહોવાનો ત્યાગ કરશે તેઓ હતા ન હતા થઇ જશે.
29 તમે એલોન વૃક્ષોની પૂજા કરતા હતા; ને ઉપવનોને ઉપાસના સ્થાન
માની બેઠા હતા તેથી તમારે શરમાવું પડશે, 30 તમારી દશા પાણી વગ-
રના બગીચા જેવી અને કરમાએલાં પાંદડાવાળાં વૃક્ષો જેવી થશે.
31 તૃણ જેમ તણખાથી બળી જાય તેમ બળવાન માણસો પણ પોતાના
દુષ્કૃત્યોથી બળી જશે. અને કોઇ હોલાવવા નહિ આવે.

2 એક બીજો સંદેશ જેની ભવિષ્યવાણી આમોસના પુત્ર યશાયાએ
યહૂદા અને યરૂશાલેમ માટે કરી, તે આ પ્રમાણે છે. 2 છેલ્લા કાળ-
માં, યહોવાના મંદિરનો પર્વતના શિખરો પર સ્થાપન થશે. અને બીજા
બધા શિખરોથી ઉંચો જશે. દેશવિદેશનાં અસંખ્ય લોકોનો પ્રવાહ ત્યાં
પગે ચાલતો આવશે. 3 દરેક જણ કહેશે, “ચાલો, આપણે યહોવાના
પર્વત પાસે, યાકૂબના દેવના મંદિર પાસે, ચઢી જઇએ; જેથી તે આપણ-
ને પોતાનો જીવનમાર્ગ બતાવે અને આપણે તેના માગેર્ ચાલીએ, કા-
રણ, યહોવા નિયમશાસ્ત્ર સિયોનનગરીમાંથી અને યરૂશાલેમમાંથી પો-
તાનાં વચન આપનાર છે, અને તેની વાણી ત્યાંથી પ્રગટ થનાર છે.”
4 તે વિદેશીઓમાં ન્યાય કરશે. તે અસંખ્ય પ્રજાઓનો ન્યાય કરશે. ત્યા-
રે લોકો તરવારને ટીપીને હળનાં ફળાં બનાવશે તથા ભાલાઓનાઁ દાંત-
રડાં બનાવશે; પ્રજાઓ એકબીજા સામે તરવાર નહિ ઉગામે કે કદી યુદ્ધ-
ની તાલીમ નહિ લે. 5 હે યાકૂબના વંશજો, ચાલો, આપણે યહોવાના પ્ર-
કાશમાં ચાલીએ. 6 હે યાકૂબના કુળો, તમે તમારા લોકોને છોડી દીધા
છે. તેઓ પૂર્વ દેશોના અને પલિસ્તીના ધંતરમંતર કામણટૂમણ ને વહે-
મોમાં તથા વિદેશીઓના રસ્તા અને રીતરિવાજોને અનુસરે છે. 7 વળી
તેમનો દેશ સોનાચાંદીથી ભરપૂર છે. તેમના ભંડારનો કોઇ પાર નથી.
તેમનો દેશ ઘોડાઓથી ભરાઇ ગયો છે. તેમના રથોનો કોઇ પાર નથી.

8 તેમનો દેશ મૂર્તિઓથી ભરાઇ ગયો છે, તેઓ પોતાને હાથે ઘડેલી
વસ્તુને પૂજે છે. 9 સૌ કોઇને નીચા પાડવામાં આવશે. સૌને નીચા નમા-
વવામાં આવશે. તું એમને માફ કરીશ નહિ. 10 પોતાને યહોવાની મહાન-
તા અને તેમની ભવ્યતાના મહિમાંથી બચવા ખડકોમાં શરણ શોધો,
જમીનમાં સંતાઇ જાઓ. 11 તે દિવસે માણસના ગર્વને નીચો નમાવવા-
માં આવશે. અને પુરુષોનું અભિમાન ઉતારવામાં આવશે અને ફકત
યહોવાનો જ મહિમા કરવામાં આવશે. 12 કારણ, સૈન્યોનો દેવ યહોવાએ
જે કઇં ગવિર્ષ્ઠ અને અભિમાની છે, જે કઇં ઊંચુ છે તે બધાને નમાવવા
માટે એક દિવસ નક્કી કરેલો છે. 13 લબાનોનનાં ઊંચાં દેવદાર અને
બાશાનનાં મજબૂત એલોનવૃક્ષોને નીચાં નમાવવામાં આવશે. 14 સર્વ
ઊંચા ઊંચા પર્વતોને, ડુંગરોને ભોંયભેગા કરવામાં આવશે. 15 સર્વ ઊંચા
મિનારાને અને બધા જ કિલ્લાના કોટોને ભોંયભેગા કરવામાં આવશે.
16 તાશીર્શનાં ભવ્ય વહાણોને ડૂબાડી દેવામાં આવશે. 17 તે દિવસે, મા-
ણસનો ગર્વ નીચો નમાવવામાં આવશે. અને તેનું અભિમાન ઉતારી
નાખવામાં આવશે. અને માત્ર યહોવા એકલાનો જ મહિમા કરવામાં
આવશે, 18 અને બીજી મૂર્તિઓ તો બિલકુલ સમાપ્ત થઇ જશે. 19 યહોવા
પૃથ્વીને ધ્રુજાવવા આવે ત્યારે લોકો તેના રોષથી અને તેના પ્રતાપના
તેજથી બચવા પર્વતોની ગુફાઓમાં અને જમીનની ફાંટોમાં ભરાઇ જશે.
20 તે દિવસે માણસ પોતે બનાવેલી સોનાચાંદીની મૂર્તિઓને ફેંકી દેશે.
તેઓ એ બધી મૂર્તિઓને છછૂંદર અને ચામાચિડિયા માટે ફગાવી દેશે.
21 જ્યારે યહોવા પૃથ્વીને ૂજાવવા માટે આવે ત્યારે તેના રોષથી, અને
તેના પ્રતાપના તેજથી બચવા લોકો પર્વતોની ફાંટોમાં અને ખડકોની
તિરાડોમાં ભરાઇ જશે. 22 હવે માણસને ભરોસે રહેશો નહિ, કારણ એની
શી વિસાત છે? જેનો શ્વાસ તેના નસકોરાંમાં જ છે.

3 જુઓ, સૈન્યોનો પ્રભુ યહોવા યરૂશાલેમમાંથી તથા યહૂદામાંથી
ટેકો તથા રોટલી અને પાણીનો સર્વ આધાર લઇ લેનાર છે; 2 તે-
મના વીરપુરુષો અને તેમના યોદ્ધાઓ, તેમના ન્યાયાધીશો અને તેમના
પ્રબોધકો, તથા વડીલો; 3 સેનાનાં સેનાપતિઓ, સરકારના નેતા, સલા-
હકાર અને કુશળ કારીગરો તેમજ જાદુગરો એ બધાને તે લઇ લેનાર છે.
4 “તે છોકરાઓને તેમના અધિકારીઓ ઠરાવશે, અને નાના બાળકો તે-
મના પર શાસન કરશે. 5 પડોશીઓ એકબીજા પર જુલમ કરશે. જુવાનો
વૃદ્ધોની સામે વિદ્રોહ કરશે. ઉતરતી કક્ષાના લોકો માણસોની અવગણ-
ના કરશે.” 6 એવો સમય આવશે જ્યારે માણસ પોતાના પિતાના ઘરમાં
પોતાના ભાઇને પકડીને કહેશે કે, “તારી પાસે તો વસ્ત્ર પણ છે; ચાલ,
તું અમારો આગેવાન થા અને આ ખંડેરના ઢગલા ઉપર રાજ્ય કર.”
7 ત્યારે તે બોલી ઊઠશે, “હું તો સુધારનાર થવાનો નથી; વળી મારા ઘર-
માં નથી ખાવાનું કે નથી પહેરવાનું; તમે મને લોકોનો આગેવાન ન
બનાવશો.” 8 યરૂશાલેમ ચોક્કસ રીતે નાશ પામશે કારણ કે યહૂદાના
લોકો પોતાની વાણીથી અને કરણીથી યહોવાની વિરુદ્ધ બોલ્યા છે.
અને તેમને માન આપતા નથી; તેઓ તેની પવિત્ર હાજરી છતાં વિદ્રોહી
બન્યા છે. 9 તેઓના ચહેરા જ તેમની વિરુદ્ધ સાક્ષી પૂરે છે; તેઓ સદો-
મના લોકોની જેમ પોતાના પાપનું પ્રદર્શન કરે છે. તેઓ પાપને છુપાવ-
તાં નથી; તેમનું ભવિષ્ય ભયંકર છે અફસોસ! તેમણે પોતે જ આફત
વહોરી લીધી છે. 10 ન્યાયીને માટે સર્વ સારું થશે. માટે તેને કહે કે, “તા-
રું ભલું થશે. તને તારા સારા સુકૃત્યોનો બદલો મળશે જ!” 11 પણ દુષ્ટ
માણસને કહે; “દુષ્કૃત્યોના કરનારા દુ:ખી થશે, તેમનું અકલ્યાણ થશે,
તેઓ તેમના હાથે કરેલાં કૃત્યોનું ફળ ભોગવશે.” 12 મારા લોકો પર બા-
ળકો અન્યાય કરે છે અને સ્ત્રીઓ તેમના પર રાજ્ય કરે છે. અરે મારા
લોકો, તમારા આગેવાનો તમને ખોટે માગેર્ દોરે છે, જેથી તમને ખબર
પડતી નથી કે કયે રસ્તે જવું. 13 યહોવા અદાલત ભરવાને તૈયાર થયા
છે; 14 અને પ્રજાઓનો ન્યાય તોળવા ઊભા છે. “સૌ પ્રથમ તે વડીલો
તથા રાજાઓ પર ગુસ્સો ઠાલવશે. કારણ કે તેઓએ ગરીબો વિરુદ્ધ
લાંચ લીધી છે. તેઓએ ગરીબ ખેડૂતોને લૂંટીને પોતાના ભંડારો ભર્યા
છે. 15 મારા લોકોને કચડી નાખવાનો અને ગરીબોના ચહેરાને ધૂળમાં
રગદોડવાનો તમને શો અધિકાર છે?” આ યહોવા મારા માલિક સૈન્યો-
ના દેવનાં વચન છે. 16 વળી યહોવા કહે છે, “સિયોનની પુત્રીઓ ઘમંડી
થઇ ગઇ છે! તેઓ ઊંચી ડોક કરીને, રમતિયાળ આંખોથી ચારેબાજુ જો-
તી અને રણકતા ઝાંઝરને ઝમકાવતી લચમાં ચાલે છે.” 17 તેથી મારા
માલિક યહોવા સિયોનની પુત્રીઓના માથાને ઊંદરીવાળાઁ કરી નાખશે.
તેઓના માથા બોડાં કરી દેશે, અને તેઓના પાપ ઉઘાડાં પાડશે.
18 પછી માલિક તેઓના માથાં, પગ, તથા ગળા ફરતે પહેરવાના સર્વ
આભૂષણો લઇ લેશે; 19 ગળામાં તથા હાથ પર પહેરવાનાં ઘરેણાં, બુટ્ટી,
પોંચી, દુપટ્ટા; 20 માથા પરના રૂમાલ, બાજુબંધ પગનાં ઝાંઝર, રેશમી
કમરપટ્ટા, સુગંધી દ્રવ્યો, માદળિયાં, 21 વીંટીઓ,વાળીઓ, 22 સુંદર
વસ્ત્રો, ઝભ્ભાઓ, ટોપીઓ, અને બુરખાઓ,અલંકૃત પર્સ, 23 કિનારવા-
ળા કપડાં, મલમલના કપડાં. 24 પછી સુગંધને બદલે દુર્ગંધ, કમરબંધને
બદલે દોરડું, સુંદર અંબોડાને બદલે તાલ, કીમતી વસ્ત્રને બદલે ચીંથ-
રો, અને સુંદરતાને બદલે કુરુપતા રહેશે. 25 સિયોનનગરીના પુરુષો
તરવારનો ભોગ થઇ પડશે. એના વીર યોદ્ધાઓ રણમાં ખપી જશે.
26 પછી એના દરવાજા પણ આક્રંદ કરશે અને મરશિયા ગાશે; અને એ
નગરીની દશા સર્વસ્વ ગુમાવીને ભોંય પર બેઠેલી સ્ત્રીના જેવી થશે.

4 તે દિવસે સાત સ્ત્રીઓ એક પુરુષને પકડીને કહેશે કે, “અમે
અમારો પોતાનો રોટલો ખાઇશું અને અમારાઁ પોતાનાં વસ્ત્રો પહે-
રીશું. પણ તું અમને તારે નામે ઓળખાવા દે, જેથી અમારું કુવારાંપણા-
નું મહેણું ટળે.” 2 તે દિવસે યહોવા ઇસ્રાએલનાઁ વૃક્ષો અને ખેતરોને સુંદર
અને મબલખ પાકથી ભરી દેશે. અને જમીનની પેદાશ ઇસ્રાએલના
બચી ગયેલા માણસો માટે અભિમાન અને ગૌરવનો વિષય બની રહેશે.
3 સિયોનમાં તથા યરૂશાલેમમાં જેઓ બાકી રહ્યા હશે, જીવવા નિર્માયા
હશે તેઓ પવિત્ર કહેવાશે. 4 જ્યારે માલિકે, ન્યાયના પાવક અગ્નિ વડે
સિયોનની પુત્રીઓના ગંદવાડને ધોઇ નાખ્યો હશે, અને યરૂશાલેમનું
રકત ન્યાયના તથા દહનના આત્માથકી તેનામાંથી નિર્મળ કરી નાખ્યું
હશે, 5 યહોવા સિયોનના પર્વતને અને ત્યાં ભેગા થયેલા લોકો ને દિ-
વસ દરમ્યાન વાદળ દ્વારા અને રાત દરમ્યાન જ્યોતિ અને ધુમાડાથી
ભરી દેશે. 6 દિવસ દરમ્યાન તાપથી છાયા તરીકે, ને તોફાન તથા વર-
સાદથી રક્ષણ તથા આશ્રયસ્થાન તરીકે યહોવાનો મહિમા ચંદરવાની
જેમ છવાઇ જશે.

5 હવે હું મારા પ્રિયતમ અને જેને હું સ્નેહ કરું છું તેની સમક્ષ તેની
દ્રાક્ષવાટિકા વિષે ગીત ગાઉં છું. ફળદ્રૂપ ટેકરી પર મારા પ્રિયતમ-
ની એક દ્રાક્ષની વાડી હતી. 2 તેણે તેને ખેડી અને પથ્થર વીણી કાઢયા.
અને અતિ ઉત્તમ દ્રાક્ષીના વેલા રોપ્યા, તેણે તેની વચ્ચે ચોકી કરવાની
છાપરી બાંધી અને દ્રાક્ષને પીલવા કુંડ ખોદી કાઢયો. એમાં મીઠી દ્રાક્ષ
થશે એવી તેને આશા હતી. પણ થઇ ત્યારે તેવી મીઠી દ્રાક્ષ બિલકુલ
નહોતી. 3 દેવે કહ્યું કે, “હે યરૂશાલેમ તથા યહૂદાના લોકો તમે આ કિ-
સ્સો સાંભળ્યો છે? તમે ન્યાય કરો! 4 આથી વિશેષ હું શું કરી શક્યો
હોત? મારી દ્રાક્ષવાટિકાએ મને મીઠી દ્રાક્ષને બદલે ખાટી દ્રાક્ષ શા માટે
આપી? 5 માટે હવે સાંભળો, મારી દ્રાક્ષનીવાડીનું હું શું કરીશ તે તમને
કહું છું:હું એના વાડાઓ કાઢી અને તેનો નાશ થવા દઇશ, હું એના વા-
ડાઓ તોડી નાખીશ, તેને પગ નીચે કચડાવી દઇશ. 6 અને હું તેને
ઉજ્જડ રહેવા દઇશ, કોઇ એને કાપશે નહિ અને કોઇ એને ખેડશે નહિ,
એમાં કાંટા ઝાંખરા ઊગી નીકળશે. હું વાદળોને આજ્ઞા કરીશ કે એમાં
કોઇ વરસાદ ન વરસાવો.” 7 ઇસ્રાએલી લોકો તે સૈન્યોના દેવ યહોવાની
દ્રાક્ષવાટિકા છે. યહૂદાના માણસો અને છોડવાઓ જેને પ્રેમથી ઉછેર્યા
છે.તેણે ન્યાયની આશા રાખી હતી. પણ બદલો મળ્યો અન્યાય નો! તે-
મણે આશા રાખી હતી સદાચારની પણ, જે બધું તેણે સાંભળ્યું તે મદદ
માટેની બૂમો હતી! 8 તમે માલમિલકતમાં ખેતરો અને મકાનો ખરીદીને
ભેગાં કર્યા જાઓ છો, એટલી હદ સુધી કે દેશમાં તમે એકલા જ રહી
જાઓ છો ને બીજા કોઇ માટે જગા જ રહેતી નથી તેમને અફસોસ.
9 પરંતુ સૈન્યોનો દેવ યહોવાએ વચન આપ્યું છે કે, “તમે અણધારી
આપત્તિઓ વેઠશો. મારા પોતાના કાનોથી મેં તેમને આમ બોલતા
સાંભળ્યાં છે. ઘણાં સુંદર ઘરો ઉજ્જડ પડ્યાં રહેશે, કારણ કે તેના માલિ-
કો કાંતો માર્યા જશે અથવા ઘર છોડીને જતાં રહેશે. 10 દશ એકરની દ્રા-
ક્ષની વાડીઓમાંથી ફકત છ ગેલન દ્રાક્ષરસઊપજશે એક ઓમેરબી વા-
વ્યાં પછી પણ ફકત એક એફાહ અનાજ ઊપજશે.” 11 જેઓ સવારમાં
વહેલા ઊઠીને દ્રાક્ષારસ જ પીયા કરો છો. અને છાકટા થાઓ ત્યાં સુધી
સાંજે મોડે સુધી જાગનારાઓ, હવે તમારું આવી બન્યું છે એમ સમજો.
12 તમારી ઉજવણીઓમાં હંમેશા સારંગી અને વીણા, ખંજરી અને વાંસ-

ળી, તથા દ્રાક્ષારસના પાન સાથે મોજમજા સંકળાયેલી હોય છે. પણ
યહોવા જે કરી રહ્યા છે તેની તેઓને ખબર નથી. 13 “પરિણામે મારા લો-
કો અજ્ઞાનતાને કારણે દેશનિકાલ થયા છે, અને તેમના પ્રતિષ્ઠિત પુરુ-
ષો ભૂખ્યા થયા છે, ને તેમના સામાન્ય લોકો તરસથી મરશે. 14 એથી
શેઓલે અત્યંત ક્ષુધાથી પોતાનું મોં પહોળું કર્યુ છે, તેમાં કુલીન લોકો
અને સામાન્ય લોકોનાં ખુશીથી કોલાહલ કરતાં ટોળાં હોમાઇ જશે.”
15 સૌને નીચા પાડવામાં આવશે, સૌનું ગુમાન ઉતારવામાં આવશે. સૌ-
ને નીચા નમાવવામાં આવશે. 16 પરંતુ સૈન્યોના દેવ યહોવા નિષ્ઠાપૂર્વક
ન્યાય કરશે અને આમ કરીને પોતાની મહાનતા પ્રગટ કરશે. પરમ
પવિત્ર દેવ ન્યાયી આચરણ કરીને બતાવશે કે તે પવિત્ર છે. 17 હલવા-
નો જાણે પોતાના બીડમાં ચરતાં હોય તેમ ચરશે, ને ધનાઢયોના પાય-
માલ થયેલાં સ્થાનોને પારકાઓ ખાઇ જશે. 18 જેઓ અન્યાયને અને
પાપના બંધનને વળગી રહે છે, અને તેને છોડી શકતા નથી, તેઓને
અફસોસ! 19 તમે કહો છો કે, “દેવે ઉતાવળ કરવી જોઇએ. તેને તેનું કામ
ઝડપથી સ્થપાવા દો, જેથી અમે જોઇ શકીએ છીએ! ભલે ઇસ્રાએલના
પવિત્ર દેવ જે કરવા માગે છે તે ઝડપથી કરશે, અમે તે જાણીશું!” 20 જે
લોકો પાપને પુણ્ય અને પુણ્યને પાપ કહે છે. અંધકારને પ્રકાશમાં અને
પ્રકાશને અંધકારમાં ફેરવી નાખે છે, કડવાનું મીઠું અને મીઠાનું કડવું
કરી નાખે છે તેઓને અફસોસ! 21 જે લોકો પોતાની ષ્ટિમાં બુદ્ધિમાન, ને
પોતાની નજરમાં ડાહ્યા છે, તેઓને પણ અફસોસ! 22 તે લોકો દ્રાક્ષારસ
પીવામાં શૂરા છે અને મધોનું મિશ્રણ કરવામાં બહાદુર છે. તેઓને અફ-
સોસ! 23 તે લોકો લાંચ લઇને ગુનેગારને નિર્દોષ ઠરાવે છે અને નિર્દોષને
ગુનેગાર ઠરાવે છે. 24 તેથી હવે જેમ વરાળ અને સૂકું ઘાસ અગ્નિમાં
બળીને ભસ્મિભૂત થઇ જાય છે, તેમ તમારાં મૂળ સડી જશે અને તમારાં
ફૂલ ચીમળાઇને ખરી પડશે.કારણ તમે સૈન્યોનો દેવ યહોવાના ઇસ્રાએ-
લના પરમ પવિત્ર દેવના વચનોનો અનાદર કર્યો છે. 25 માટે યહોવા પો-
તાના લોકો ઉપર ખૂબ ગુસ્સે થયા છે; અને તેઓને કચડી નાખવા માટે
તેમણે પોતાનો હાથ લંબાવ્યો છે. ટેકરીઓ ૂજશે, અને તેના લોકોના
મડદાં શેરીઓમાં કચરાની જેમ ફેંકી દેવામાં આવશે. તેમ છતાં તેમનો
ક્રોધ શાંત થયો નથી; હજી તેમના લોકો પર તેમનો હાથ ઉગામેલો જ
છે. 26 આથી યહોવા દૂરથી લોકોને નિશાની કરે છે, પૃથ્વીને છેડેથી તેમ-
ને સૌને બોલાવવા માટે તે સીટી વગાડે છે અને જુઓ, તેઓ વેગથી
સત્વરે આવી રહ્યા છે! 27 કોઇને થાક લાગતો નથી, કે કોઇ ઠોકર ખાતો
નથી. નથી કોઇ ઝોકાં ખાતો કે નથી કોઇ ઊંઘતો. કોઇ કમરબંધ ઢીલો
કરતો નથી કે કોઇ પગરખાંની દોરી છોડતો નથી. 28 તેમનાં બાણ ધાર-
દાર કરેલા છે, અને ધનુષ્યો નમાવીને ખેચેલા છે. તેમના ઘોડાની
ખરીઓ વજ્ર જેવી છે, અને તેમના રથના ચક્રો વંટોળિયા જેવા છે. 29 તે-
મની ગર્જના સિંહની ગર્જના જેવી છે! તેઓ સિંહની જેમ ઘૂરકાટ કરીને
તેમનો ભક્ષ્ય પકડે છે. અને તેને ખૂબ દૂર લઇ જાય છે, અને તેને બચા-
વવા ત્યાં કોઇ નથી. 30 તેઓ તે દિવસે તેમના શિકાર બનેલા ઇસ્રાએ-
લીઓ સામે સાગરના ઘૂઘવાટ જેવી ગર્જના કરશે. અને જો કોઇ ધરતી
ઉપર ધારીને જોશે તો તેને અંધકાર અને આફત દેખાશે, પ્રકાશ વાદ-
ળાંથી ઘેરાતો દેખાશે.

6 રાજા ઉઝિઝયા જ્યારે મૃત્યુ પામ્યા તે વષેર્ મેં મારા માલિકને
ઊંચા અને ઉન્નત આસન પર બેઠેલા જોયા. તેમના ઝભ્ભાની કિ-
નારોથી મંદિર ભરાઇ ગયું હતું. 2 સરાફ દેવદૂતો તેમની પાસે ધુમરાતાં
હતા તેમને દરેકને છ પાંખો હતી. બે પાંખો વડે તેઓ તેમના ચહેરા ઢાંક-
તા હતાં, બીજી બે પાંખો વડે તેમણે તેમના પગ ઢાંક્યાં હતાં અને બાકી-
ની બે પાંખોનો તેઓ ઉડવા માટે ઉપયોગ કરતાં હતાં. 3 તેઓ સામસામે
એકબીજાને પોકારીને કહેતા, “સૈન્યોનો દેવ યહોવા પવિત્ર છે, પવિત્ર
છે, પવિત્ર છે! આખી પૃથ્વીમાં તેમનું ગૌરવ વ્યાપી ગયું છે!” 4 તેમના
પોકારોથી બારસાખ પાયા સુધી હચમચી ઊઠી અને મંદિર ધુમાડાથી
ભરાઇ ગયું. 5 ત્યારે હું પોકારી ઉઠયો, “અરેરે! મને શાપ દેવામાં આવશે!
કારણ કે હું મેલા હોઠનો માણસ છું. અને મેલા હોઠના લોકો વચ્ચે વસું
છું. છતાં મેં મારી આ આંખો દ્ધારા રાજાધિરાજ સૈન્યોના દેવ યહોવાને
નિહાળ્યાં છે.” 6 પછી એક સરાફ દેવદૂત, વેદીમાંથી બળતો અંગારો
લઇને સાણસીમાં પકડીને, મારી પાસે ઊડતો ઊડતો આવ્યો. 7 અને
મારા મોંને અંગારો અડાડીને બોલ્યો; “જો, આ તારા હોઠને અડ્યો છે;
તારો દોષ દૂર કરાયો છે, અને તારા પાપો દૂર કરવામાં આવ્યા છે.”
8 પછી મેં યહોવાને એવું બોલતા સાંભળ્યાં કે, “હું કોને મોકલું? કોણ
મારા સંદેશા લઇ જશે?”એટલે મેં કહ્યું, “આ હું હાજર છું, મને મોકલો.”
9 ત્યારે યહોવાએ કહ્યું, “જા, ને આ લોકોને કહે કે, ‘સાંભળ્યા કરો, પણ
ન સમજો; જોયા કરો, પણ ન જાણો.’ 10 એ લોકોની બુદ્ધિ મંદ થઇ ગઇ
છે, એમના કાન બહેરા થઇ ગયા છે, અને આંખ આંધળી થઇ ગઇ છે.
આથી તેઓ આંખે જોઇ શકતા નથી કે કાને સાંભળી શકતા નથી. તે-
મજ બુદ્ધિથી સમજી શકતા નથી, એટલે તેઓ મારી પાસે પાછા ફરતા
નથી અને સાજા થતા નથી.” 11 પછી મેં પૂછયું,”તે ક્યાં સુધી આમ ચા-
લ્યા કરશે, હે માલિક?”તેણે કહ્યું, “શહેરો ખંડેર અને વેરાન બની જાય
અને ઘરો માનવ વસ્તી વગરનાં બની જાય. અને ધરતી વેરાન અને
ઉજ્જડ બની જાય ત્યાં સુધી.” 12 હું એ લોકોને દૂર દૂર મોકલી દઉં અને
આખો દેશ વિશાળ વેરાનવગડો બની જાય ત્યાં સુધી. 13 તે છતાં જો તે-
નો દશમો ભાગ પણ બચી જાય, તો તેને ફરીથી બાળી નાખવામાં
આવશે. જ્યારે મોટું ઝાડ કાપી નાખવામાં આવે છે ત્યારે ઠૂંઠા બાકી
બચે છે. ઇસ્રાએલના બાકી રહેલા લોકો તે ઠૂંઠા જેવા હશે.

7 તે સમયે ઉઝિઝયાનો પૌત્ર અને યોથામનો પુત્ર આહાઝ યહૂદામા
શાસન કરતો હતો ત્યારે અરામના રાજા રસીને તથા ઇસ્રાએલના
રાજા રમાલ્યાના પુત્ર પેકાહ સાથે યરૂશાલેમ ઉપર ચઢાઇ કરી, પણ તેને
કબજે ન કરી શક્યો. 2 જ્યારે યહૂદાના રાજાને એ સમાચાર મળ્યા કે,
“અરામીઓએ એફ્રાઇમ લોકો સાથે જોડાણ કર્યું છે.” ત્યારે રાજા અને
પ્રજાના હૈયા વનનાં વૃક્ષો પવનથી ધ્રુજે એમ ૂજવા લાગ્યાં. 3 ત્યાર-
બાદ યહોવાએ યશાયાને કહ્યું, “જા, તારા પુત્ર શઆર-યાશૂબને લઇને
ધોબીઘાટને રસ્તે આવતા ઉપલા કુંડના નાળાના છેડે આહાઝને મળવા
જાઓ. 4 “અને તેને કહે કે, ‘મક્કમ રહેજે. ગભરાઇશ નહિ અને હિંમત
હારીશ નહિ અરામી રસીન અને રમાલ્યાનો પુત્ર તો ઓલવાઇ જતી
મશાલ જેવા છે, તેમના ગુસ્સાથી તમે ડરશો નહિ. 5 અરામીઓએ ઇસ્રા-
એલીઓ સાથે અને તેમના રાજા જે રમાલ્યાના પુત્ર છે તેની સાથે હાથ
મિલાવીને તારી વિરુદ્ધ કાવત્રું રચ્યું છે. 6 તેઓ કહે છે, અમે યહૂદા પર
ચઢાઇ કરીશું અને તેને કબજે કરીશું. પછી અમે યરૂશાલેમ પર ચઢાઇ
કરીશું અને ટાબએલના પુત્રને તેઓનો રાજા બનાવીશું.’” 7 પણ યહોવા
મારા દેવ કહે છે, “આ યોજના સફળ થશે નહિ. 8 કારણ કે દમસ્ક, અરા-
મની રાજધાની છે. અને રસીન દમસ્કનો નેતા છે. અને પાંસઠ વર્ષમાં
એફ્રાઇમ પણ નાશ પામશે. 9 સમરૂન એફ્રાઇમ ની રાજધાની છે. અને
પેકાહ સમરૂનનો નેતા છે. શું તમે મારા શબ્દોને માનશો નહિ? હું તમારુ
રક્ષણ કરું તેવું તમે ઇચ્છતા હો તો તમે, હું જે કહું તે વાતમાં વિશ્વાસ રા-
ખવાનું જરુંર શીખો.” 10 થોડા વખતમાં આહાઝ રાજા ઉપર યહોવાએ
બીજો સંદેશો મોકલ્યો: 11 “યહોવાને, તારા દેવને એંધાણી બતાવવા
કહે; પછી ભલે એ નીચામાં નીચા પાતાળમાંથી કે, ઊંચામાં ઊંચા
આકાશમાંથી બતાવે.” 12 પરંતુ આહાઝે કહ્યું, “ના, મારે એંધાણીની
માંગણી કરી યહોવાની કસોટી કરવી નથી.” 13 ત્યારે યશાયાએ જવાબ
આપ્યો, “સાંભળ, દાઉદના વંશજ. તું માણસોને વાજ આણીને ધરાયો
નથી? તારે મારા દેવને પણ વાજ આણવો છે?” 14 એટલે યહોવા પોતે
તમને એંધાણી બતાવશે:જુઓ, એક કુમારીને ગર્ભ રહ્યો છે, અને તે એક
પુત્રને જન્મ આપશે. અને તેનું નામ ‘ઇમ્માનુએલ’ એટલે કે આપણી
સાથે દેવ એવું પડશે. 15 તે સારાસારનો વિવેક કરતો થાય, ત્યાં સુધીમાં
તો તે દહીં અને મધ ખાતો થઇ ગયો હશે. 16 એ બાળક નરસાનો ત્યાગ
કરી, સારાને પસંદ કરતા શીખશે. તે પહેલાઁ તું જેનાથી ભયભીત થાય છે
તે બે રાજાઓના દેશો ઉજ્જડ થઇ જશે. 17 “એફ્રાઇમ યહૂદાથી જુદો પડ્યો
ત્યાર પછી આવ્યા નહોતા એવા દિવસો યહોવા તારા પર, તારી પ્રજા
પર તથા તારા બાપના કુટુંબ પર લાવશે. તે આશ્શૂરના રાજાને બોલાવી
લાવશે. 18 “તે દિવસે યહોવા મિસરની નદીની દૂરની શાખાઓમાંથી
સીટી મારીને માખીઓને અને આશ્શૂરમાંથી મધમાખીઓને બોલાવશે.
19 તે બધી આવીને, કરાડોની બખોલમાં અને ખડકોની ફાંટોમાં વાસો
કરશે, ઝાંખરાં અને બીડો તેમનાથી ઢંકાઇ જશે. 20 તે દિવસે યહોવા
નદીને સામે કાંઠેથી ભાડે લાવેલા અસ્ત્રા વડે તમારું માથું અને પગોના
મૂંડી નાખશે, અને તમારી દાઢી પણ છોલી નાખશે. 21 “તે દિવસે પ્રત્યેક
માણસ એક વાછરડું અને બે ઘેટાં પાળી શકશે. 22 અને તે તેઓથી દૂધ

મેળવશે જે ફક્ત દહીં ખાવા જેટલું જ પૂરતું થશે. અને જે બધા પ્રદેશમાં
બાકી રહી ગયા હશે તે બધાં દહીં અને મધ ખાશે. 23 તે દિવસે જે જે
જગાએ 1,000 ચાંદીના ટુકડાના મૂલના 1,000 દ્રાક્ષના વેલાઓ હતા
ત્યાં ત્યાં કાંટા અને ઝાંખરા ઊગશે. 24 માણસ, ધનુષબાણ લઇને ત્યાં
ફક્ત શિકાર કરવા જશે, કારણ, કાંટા અને ઝાંખરાંથી બધો પ્રદેશ
છવાઇ ગયો હશે. 25 પહેલાં જે ટેકરાઓ ઉપર કોદાળી વડે ખેતી થતી
હતી, ત્યાં કાટાં અને ઝાંખરાની બીકથી કોઇ પગ સુદ્ધાં મૂકશે નહિ, ત્યાં
બળદોને છૂટા મૂકવામાં આવશે અને બકરા ચરશે."

8 યહોવાએ મને કહ્યું, "એક મોટું ટીપણું લઇને તેના પર 'માહેર-શા-
લાલ-હાશ-બાઝ'એમ બધા વાંચી શકે તે પ્રમાણે મોટા અક્ષરે સા-
દી ભાષામાં લખ.'" 2 અને યાજક ઊરિયાને અને બેરેખ્યાના પુત્ર ઝર્ખા-
યાને તે લખાય તે દરમ્યાન સાક્ષી તરીકે રહેવાનું મેં પૂછયું, કારણ કે
તેઓ વિશ્વાસુ માણસો છે. 3 પછી મેં પ્રબોધિકા સાથે ગયો, તેને ગર્ભ
રહ્યો અને પુત્ર અવતર્યો. પછી યહોવાએ મને કહ્યું, "તું એનું નામ 'મા-
હેર-શાલાલ-હાશ-બાઝ' રાખ. 4 કારણ કે એ 'બા' કે 'બાપા' બોલતો થાય
તે પહેલાં દમસ્કની સંપત્તિ અને સમરૂનની લૂંટ ઉપાડીને આશ્શૂરના રા-
જા સમક્ષ લઇ જવામાં આવશે." 5 ફરી વાર યહોવા મારા દેવે મારી સાથે
વાત કરી અને કહ્યું, 6 "કારણ કે યરૂશાલેમના લોકો મદદ માટે મારા પર
આધાર રાખતા નથી જે શિલોઆહના સ્થિર પાણી જેમ છે. ઉલ્ટાનું,
તેઓ રસીન અને રમાલ્યાના પુત્રથી ડરેલા છે." 7 તેથી હું યહોવા યહૂદા
પર ફ્રાત નદીના ધસમસતાં અને વેગીલા જળપ્રવાહને લઇને આવીશ,
હું આશ્શૂરના રાજા તથા તેના સમગ્ર બળવાન સૈન્ય સાથે આવીશ.
જળપ્રવાહ ઉભરાઇ જશે અને સમગ્ર તટ પ્રદેશને સપાટામાં લઇ લેશે.
8 તે યહૂદામાં ધસી જશે, અને આગળ વધતા વધતા તે તેના ગળા સુધી
પહોંચશે, અને તેના પાણી તમારી સમગ્ર ભૂમિમાં ફરી વળશે અને તેને
ભરી દેશે. પરંતુ દેવ આપણી સાથે છે, તારા આખો દેશ ભરપૂર થઇ
જશે! 9 હે રાષ્ટો! તમે અમારું ભૂંડુ કરવા નીકળ્યા છો. પણ તમે સફળ
થઇ શકશો નહિ, તમે છિન્નભિન્ન થઇ જશો, હે દૂરના રાષ્ટો, તમે બધા
સાંભળો; અમારી સામે યુદ્ધ કરવા તમારી જાતને સુસજ્જ કરો હા, અને
નાશ પામો! 10 અમારી સામે આક્રમણ કરવાની યોજનાઓ તૈયાર કરો,
તમારી વ્યૂહરચનાઓ વિકસાવો, સભાઓ બોલાવો; અને નાશ પામો!
કારણ કે યહોવા અમારી સાથે છે. 11 યહોવાએ મને જોરથી પકડીને એ
લોકોને માગેર્ જતો રોક્યો, અને મને આ મુજબ કહ્યું, 12 "કહેવાતા કાવ-
તરાઁની જેનાથી આ લોકો ડરે છે, ચિંતા કરશો નહિ તે લોકો જેનો ડર રા-
ખે છે, તેનાથી ગભરાશો નહિ: 13 તમારે તો માત્ર મને, સૈન્યોનો દેવ
યહોવાને જ પવિત્ર માનવો. અને મારાથી જ ડરીને ચાલવું. 14 તમારે
માટે પવિત્રસ્થાન હોવા છતાં એ લોકો માટે હું એવા પથરારૂપ થઇ
પડીશ જેની સાથે તેઓ ભટકાય; એની સાથે જ ઇસ્રાએલના, યહૂદાના
અને યરૂશાલેમના લોકો અથડાશે અને એના ઉપર જ ઠોકર ખાશે, એ
લોકોને માટે હું ફાંસલા અને જાળ જેવો બની રહીશ. 15 તેઓમાંના ઘણા
ઠોકર ખાઇને પટકાશે અને છિન્નભિન્ન થઇ જશે. ઘણા જાળમાં સપડાશે
અને પકડાશે." 16 "આ કરાર હું બંધ કરી દઉં છું. આ શિક્ષણને મહોર
મારીને મારા શિષ્યોને સુપ્રત કરું છું." 17 યહોવાની સહાય માટે હું આશા
રાખીશ. જો કે હાલમાં તે પોતાનું મુખ યાકૂબનાં સંતાનોથી સંતાડે છે
છતાં પણ મારી આશા ફક્ત તેમનામાં જ છે. 18 હું અને મારા સંતાનો, જે
મને યહોવાએ આપ્યા છે, સૈન્યોનો દેવ યહોવાની એંધાણીઓ છીએ,
જેઓ સિયોન પર્વત પર વસે છે. 19 જ્યારે તેઓ તમને કહે કે, "ભૂવાઓ
પાસે, ને ઝીણે સાદે બડબડનાર જંતરમંતર કરનારની પાસે જઇને ખબર
કાઢો; ત્યારે મારે જવાબ આપવો કે, લોકોએ પોતાના દેવની પાસે જઇને
ખબર કાઢવી નહિ? જીવતાંની ખાતર મરેલાં પાસે ખબર કાઢવા જવું?"
20 આપણે જરૂર આપણા શિક્ષણ અને સાક્ષી સમક્ષ જવું જોઇએ. જે
લોકો પેલી બીજી વસ્તુઓ કરે છે, તેઓ પરોઢનો પ્રકાશ નહિ જુએ.
21 ભૂખથી અને દુ:ખથી પીડાતા લોકો આખા દેશમાં ભટકશે. ભૂખના
માર્યા ગુસ્સે થઇને તેઓ પોતાના રાજાને અને દેવને શાપ આપશે, અને
ઊંચે આકાશ તરફ જોશે; 22 અને નીચે પૃથ્વી પર નજર કરશે તો, અલ-
બત્ત દરેક જગાએ તેઓને દુ:ખ, અભેદ્ય અંધકાર અને વેદના જ મળશે.
તેમને અંધકારમાં ધકેલી દેવામાં આવશે.

9 પરંતુ જે ભૂમિ પર સંકટ આવ્યું હતું, તે પ્રદેશમાં અંધકાર નહિ
રહે. પ્રથમ તેણે ઝબુલોન તથા નફતાલીના દેશને તિરસ્કારપાત્ર
બનાવી દીધો હતો. પણ છેવટે તેણે યર્દન અને ગાલીલની નદીને પેલે
પાર, સમુદ્રના રસ્તે આવેલા રાષ્ટોને પ્રતિષ્ઠા અપાવી. 2 અંધકારમાં
ચાલનારા લોકોએ તે મહાન પ્રકાશ જોયો છે; મૃત્યુની છાયાના પ્રદેશમાં
વસવાટ કરનારાઓ પર "પ્રકાશનું તેજ" પથરાયું છે. 3 કારણ કે ઇસ્રા-
એલ ફરીથી મહાન કહેવાશે, યહોવાએ પ્રજાની વૃદ્ધિ કરી છે અને તેણી-
નો આનંદ વધાર્યો છે. કાપણીમાં થતાં આનંદ પ્રમાણે, તેમ જ લોક લૂંટ
વહેંચતા આનંદ માણે છે તે મુજબ તેઓ તારી સંમુખ આનંદ કરે છે.
4 કારણ કે ભૂતકાળમાં તમે જેમ મિદ્યાનની સેનાને હાર આપી હતી. તેમ
એ લોકોને ભારરૂપ ઝૂંસરી તેમના ખભા પર પડતી લાકડી, તેમને હાંક-
નારનો પરોણો તમે ભાંગી નાખ્યો છે. 5 સૈનિકોના ધમ ધમ કરતા જોડા,
ને લોહીમાં બોળેલાં વસ્ત્રો, તે બધાયને બળતણની જેમ અગ્નિમાં સળ-
ગાવી દેવામાં આવશે. 6 કારણ કે આપણે સારુ બાળક અવતર્યુ છે,
આપણને એક પુત્રનું વરદાન આપવામાં આવ્યું છે. "તેના ખભા પર રા-
જ્યાધિકારની નિશાની છે. તે એક અદભુત સલાહકાર, પરાક્રમી દેવ,
સનાતન પિતા અને શાંતિનો રાજકુમાર કહેવાશે." 7 તેનું રાજ્ય વિશાળ
હશે; ત્યાં સદાને માટે અખંડ શાંતિ પ્રવર્તતી હશે. તે દાઉદના રાજસિંહા-
સન ઉપર બેસશે. ધર્મ અને ન્યાયના પાયા ઉપર પોતાની રાજ્યસત્તાની
પ્રતિષ્ઠા કરીને રાજ્ય કરશે. આજથી તે અનંત કાળ સુધી.સૈન્યોના દેવ
યહોવાનો સાચો પ્રેમ સિદ્ધ થશે. 8 પ્રભુએ ઇસ્રાએલ વિરુદ્ધ યાકૂબના
વંશજો વિરુદ્ધ પોતાનો ફેંસલો જણાવ્યો છે. 9 ઇસ્રાએલના પાટનગર
સમરૂનના સૌ વતનીઓને એની જાણ થશે.એ લોકો તો પોતાના અભિ-
માન અને તુમાખીમાં કહે છે કે, 10 "ભલે ઇંટો પડી ગઇ, હવે આપણે
ઘડેલા પથ્થરોથી બાંધીશું. ઉંબરના પાટડા તોડી નાખવામાં આવ્યા છે.
પણ આપણે એની જગાએ સાગના લાવીશું." 11 પરંતુ યહોવાએ તેમના
દુશ્મનોને તેમની વિરુદ્ધ ઉશ્કેર્યા છે; 12 પૂર્વમાંથી અરામીઓ અને પશ્ચિ-
મમાંથી પલિસ્તીઓ ઇસ્રાએલને એક જ કોળિયામાં મુખ પહોળું કરીને
ગળી જશે. આ બધું થવા છતાં યહોવાનો રોષ ઊતર્યો નથી. અને તેમનો
હાથ હજી ઉગામેલો જ રહ્યો છે. 13 આમ છતાં એ લોકો પોતાને ઘા કર-
નાર સૈન્યોના દેવ પાસે પાછા આવ્યાં નથી કે તેનું શરણું તેમણે સ્વીકા-
ર્યુ નથી. 14 આથી યહોવા એક દિવસે ઇસ્રાએલનું માથું, પૂંછડી, નાડ
અને બરૂ કાપી નાખશે. 15 વડીલો અને સન્માનનીય પુરુષો તે માથું
અને ખોટો ઉપદેશ કરનાર પ્રબોધકો તે પૂંછડી છે. 16 આ લોકોના આગે-
વાનોએ તેમને અવળે માગેર્ ચડાવ્યા છે. તેમને ભૂલા પાડ્યા છે.
17 આથી પ્રભુ તેમના યુવાનો પ્રત્યે રાજી થશે નહિ. તેમજ અનાથો અને
વિધવાઓ પ્રત્યે જરાયે સહાનુભૂતિ દાખવશે નહિ. બધાજ દુરાચારીઓ
છે, દેવને શું જોઇએ છે તે જાણવાની કોઇને કાળજી નથી, એકે એક વ્ય-
કિત અનિષ્ઠ વસ્તુઓ બોલે છે, આ બધાને લીધે યહોવાનો ગુસ્સો
ઓછો નથી થયો અને તેમનો બાહુ હજી પણ ઉગામેલો જ છે. 18 માણ-
સોની દુષ્ટતા આગની જેમ ભભૂકી ઊઠી છે. અને એ કાંટાઝાંખરાને ભર-
ખી જાય છે. જંગલની ઝાડીને પણ એ બાળી મૂકે છે. અને ધુમાડાના
ગોટેગોટા આકાશમાં ચઢે છે. 19 સમગ્ર ભૂમિ સૈન્યોના દેવ યહોવાના રો-
ષથી સળગી ઊઠી છે. અને લોકો એ આગમાં ઇધણરૂપ બન્યા છે. કોઇ
પોતાના સગા ભાઇને પણ છોડતો નથી. 20 બધા એકબીજાનું માંસ
ખાય છે. જમણી બાજુ બચકું ભરે છે તોયે ભૂખ્યો રહે છે અને ડાબી બા-
જુ બચકું ભરે તોય સંતોષ પામતો નથી. 21 મનાશ્શાના વંશજો અને
એફ્રાઇમના વંશજો એક બીજાને બચકાં ભરે છે અને બંને ભેગા થઇને
યહૂદાને ખાવા ધાય છે, આને લીધે યહોવાનો રોષ ઓછો થયો નથી
અને તેનો હાથ હજી ઉગામેલો જ રહ્યો છે.

10 જેઓ અન્યાયી કાયદા ઘડે છે અને અન્યાયી ચુકાદાઓ લખે
છે; 2 અને આ રીતે ગરીબોને ન્યાય મળતો અટકાવો છો અને
દલિતોના હક છીનવી લો છો. અને વિધવાઓની અને અનાથોની યા-
તનાઓમાંથી તમે લાભ મેળવો છો. 3 તમે ન્યાય ને દિવસે, જ્યારે દૂર
દેશથી તમારા પર વિનાશ ઊતરશે ત્યારે તમે શું કરશો? કોની પાસે
મદદ માટે દોડશો? તમારી માલમિલ્કત ક્યાં મૂકી જશો? 4 યુદ્ધમાં કપા-
ઇને પડ્યા વગર કે કેદ પકડાઇ નીચી મૂંડીએ ઘસડાયા વિના તમારો
છૂટકો જ નથી. તમારા કમોર્ને લીધે યહોવાનો રોષ નહિ ઉતરે. તેનો

હાથ હજી ઉગામેલો જ રહેશે. 5 પ્રભુએ કહ્યું, “આશ્શૂર તો મારા ગુસ્સાનો
દંડૂકો છે, તેના હાથમાં મારા ગુસ્સાની લાઠી છે! 6 હું તેને અધમીર્ પ્રજા
સામે મોકલું છું, મારો રોષ જગાડનાર લોકો સામે જઇ તેમને લૂંટવા, તે-
મની માલમિલ્કત પડાવી લેવા અને રસ્તા પરના કીચડની જેમ તેમને
રોળી નાખવા જણાવું છું. 7 “તેનો પોતાનો વિચાર તો જુદો જ છે, તેના
મનમાં જુદી જ યોજના છે. વિનાશ કરવાનો જ તેનો વિચાર છે, અનેક
પ્રજાઓનો સંહાર કરવાનો તેનો નિર્ધાર છે. 8 તે કહે છે, ‘મારા સેનાપ-
તિઓ બધાં રાજા નથી? 9 કાલ્નો અને કાર્કમીશ, હમાથ અને આર્પાહ,
દમસ્ક અને સમરૂન બધાંના મેં એકસરખા હાલ કરી નાખ્યા છે. 10 મારો
હાથ જ્યાં યરૂશાલેમ અને સમરૂન કરતાં જેઓની કોતરેલી મૂર્તિઓ હતી
એવાં રાજ્યોમાં પહોંચી ગયો છે. 11 તો જે રીતે સમરૂન અને ત્યાંના દેવો-
ના જેવા હાલહવાલ કર્યા છે, તેવા હાલહવાલ શું હું યરૂશાલેમનાં અને
ત્યાંની મૂર્તિઓના નહિ કરું?’” 12 પણ સિયોન પર્વત પર અને યરૂશાલે-
મમાં પોતાનું કામ પતાવ્યા પછી યહોવા આશ્શૂરના રાજાને તેની ઉદ્ધત
બડાશો માટે અને તેના તુમાખીભર્યા અભિમાન માટે સજા કરશે.
13 આશ્શૂરનો રાજા કહે છે, “મારા પોતાના બાહુબળથી અને ડહાપણથી
મેં આ કર્યું છે; હું કેટલો ચતુર છું? રાષ્ટ્રોની સરહદોને મેં હઠાવી દીધી છે.
તેમના ભંડારો લૂંટ્યા છે, અને આખલાની જેમ તેમના રાજાઓને પગ
નીચે કચડ્યા છે. 14 રેઢા પડેલા માળાનાં ઇંડાની જેમ પ્રજાની સંપત્તિ
મારા હાથમાં આવી પડી છે. મેં આખી દુનિયા ઉપાડી લીધી છે; નથી
એકે પાંખ ફફડી, કે નથી એકે ચાંચ ઉઘડી કે નથી કોઇએ ચી’ કર્યું.”
15 શું કુહાડી તેના વાપરનાર આગળ બડાશ હાંકશે? શું કરવત તેના
ખેંચનાર આગળ શેખી મારશે? એ તો લાઠી તેના ઘૂમાવનારને ઘૂમાવે
અથવા છડી જે લાકડું નથી એવા માણસને ઉપાડે એના જેવી વાત છે!
16 તે માટે સૈન્યોના દેવ યહોવા તેના બળવાન યોદ્ધાઓમાં ભયંકર બિ-
મારીઓ મોકલશે; તેમનાં દેહમાં અગ્નિ જેવી જવાળા ભડભડતી રહેશે.
17 ઇસ્રાએલના દીવારૂપ પવિત્ર દેવ જ અગ્નિની પ્રચંડ જવાળા બની
જશે. અને તે એક દિવસમાં પેલા કાંટાઝાંખરાને બાળીને ભસ્મીભૂત કરી
નાખશે. 18 તેના વન ઉપવનના વૈભવને, કોઇ માંદા માણસને તેનો રોગ
સમાપ્ત કરી નાખે તેમ સંપૂર્ણ રીતે સમાપ્ત કરી નાખશે. 19 તેના વનમાં
બાકી રહેલા ઝાડ એટલાં ઓછાં હશે કે એક બાળક પણ તેને ગણી શકે.
20 તે સમયે ઇસ્રાએલના બચવા પામેલા માણસો પોતાને ઘા કરનાર
દેશ ઉપર આધાર રાખવાનું છોડી દઇ સાચેસાચ ઇસ્રાએલના પવિત્ર
દેવ પર આધાર રાખતા થશે; 21 બાકી રહેલા યાકૂબના વંશજો મહાબળ-
વાન દેવ પાસે પાછા આવશે. 22 ઇસ્રાએલીઓ સાગરની રેતી જેટલા
હશે, તોયે તેમાંથી ફકત થોડા બાકી રહેલા માણસો જ પાછા આવશે,
એમનો વિનાશ નિર્માઈ ચૂક્યો છે, અને પ્રતિશોધ તો પૂરની જેમ આવી
રહ્યો છે. 23 સૈન્યોના પ્રભુ યહોવાએ, પોતે જાહેર કર્યું હતું તે મુજબ સમ-
ગ્ર ભૂમિનો વિનાશ કરવા કૃત નિશ્ચય છે. 24 તેથી મારા માલિક સૈન્યોના
દેવ યહોવા આ મુજબ કહે છે, “હે સિયોનમાં વસવાટ કરતા મારા લોકો,
આશ્શૂરના લોકો મિસરના લોકોની જેમ લાઠીથી તમને મારે અને દંડા
ઉગામે તોયે તમે તેમનાથી બીશો નહિ. 25 કારણ કે થોડા જ સમયમાં
મારો ક્રોધ તેમનો વિનાશ કરશે.” 26 હું, સૈન્યોનો દેવ યહોવા, મેં, જેમ
ઓરેબના ખડક પાસે મિદ્યાનના લોકોને માર્યા હતા તેમ આશ્શૂરના લો-
કોને ફટકારીશ. અને હું તેમની સામે દંડ ઉગામીશ જેમ મેં સમુદ્ર પર
આવેલા મિસર પર કર્યું હતું તેમ. 27 તે દિવસે આશ્શૂરનો બોજો તમારા
ખભા પરથી ઊતરી જશે અને તેની ઝૂંસરી તમારી ડોક પરથી ફગાવી દે-
વામાં આવશે. 28 તે આયાથ આવી પહોંચ્યો છે, તે મિગ્રોનમાં થઇને
ગયો છે; મિખ્માશમાં તે પોતાનો સરસામાન રાખી મૂકે છે. 29 તેઓ ખી-
ણની પાર આવ્યા છે; ગેબામાં તેઓએ ઉતારો કર્યો છે; રામા થથરે છે,
શાઉલનું ગિબયાહ નાસાનાસ કરે છે; 30 હે બાથ ગાલ્લીમ, હાંક માર; હે
લાઇશાહ, કાળજી પૂર્વક સાંભળ, હે અનાથોથ, તેને જવાબ દે. 31 માદ-
મેનાહના લોકો નાસભાગ કરે છે, ગેબીમના લોકો જીવ બચાવવા ભાગે
છે. 32 હુમલાખોરો આજે જ નોબમાં મુકામ કરશે. અને સિયોનના પર્વત
ભણી, યરૂશાલેમ ભણી તે મુક્કી ઉગામશે. 33 પરંતુ અમારા માલિક સૈ-
ન્યોનો પ્રભુ યહોવા, ફટકા સાથે કોઇ વૃક્ષની ડાળીઓની જેમ તેમને કા-
પી નાખશે; તે ઊંચા, મજબૂત ઝાડોને કાપી નાખશે અને તેને જમીન
પર ફેંકી દેશે; 34 કુહાડીથી કપાતાં જંગલના ઝાડોની જેમ તે તેમને કાપી
નાખશે અને લબાનોનનાં ભવ્યમાં ભવ્ય વૃક્ષો પણ ધરાશાયી થઇ જશે.

**11** દાઉદનો રાજવંશ એક વૃક્ષ સમાન છે. તેને કાપી નાખવામાં
આવ્યું છે. પરંતુ યશાઇના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે, અને તેના
મૂળિયામાંથી એક ડાળી ઉગવાની શરુ થશે. 2 યહોવાનો આત્મા, સુબુ-
દ્ધિ તથા સમજદારીનો આત્મા, વિવેકબુદ્ધિ તથા પરાક્રમનો આત્મા,
જ્ઞાન તથા યહોવાના ભયનો આત્મા તેના પર રહેશે. 3 તે યહોવાના
ભયમાં હરખાશે; અને પોતાની આંખે જોયા પ્રમાણે તે ન્યાય કરશે નહિ.
ને પોતાના કાને સાંભળ્યા પ્રમાણે તે નિર્ણય કરશે નહિ; 4 પણ તે ગરી-
બોનો પ્રામાણિકપણે ન્યાય કરશે અને દેશના દુ:ખીજનોનો સચ્ચાઇથી
ન્યાય કરશે. અન્યાયીઓને તેનો નિર્ણય દંડની જેમ પ્રહાર કરશે. તેનો
ચુકાદો દુષ્ટોનો સંહાર કરશે. 5 તેનાં સર્વ કાર્યોમાં ન્યાય અને નીતિ હશે.
6 ત્યારે વરુઓ અને ઘેટાંઓ સાથે વસશે અને ચિત્તો લવારા સાથે સૂશે;
વાછરડાં અને સિંહ તથા માતેલાં ઢોર ભેગા ચરશે અને નાનાં બાળકો
પણ તેમને ચરાવવા લઇ જશે. 7 ગાય અને રીંછ ભેગા મળીને ખાશે અને
તેમનાં બચ્ચાં પણ ભેગા સૂશે. સિંહો ઢોરની જેમ ઘાસ ખાશે. 8 નાનાં
બાળકો નાગના રાફડા પર રમશે. ઝેરી સાપના દરને સ્પર્શશે. 9 યહોવા-
ના આખા પવિત્ર પર્વત ઉપર ન તો કોઇ કોઇનું બુરૂં કરે, ન તો કોઇ કો-
ઇને ઇજા કરે; કારણ, જેમ સાગર જળથી ભરેલો હોય છે, તેમ દેશ યહો-
વાના જ્ઞાનથી ભર્યો ભર્યો હશે. 10 તે દિવસે રાજા, યશાઇનો વંશજ લો-
કોને એકત્ર કરવા ધ્વજારૂપ બની રહેશે. દેશવિદેશની પ્રજાઓ તેની
આસપાસ ભેગી થશે. તે અને તેનું નિવાસસ્થાન મહિમાવંતુ થશે. 11 તે
દિવસે મારા પ્રભુ આશ્શૂર, ઉત્તરી મિસર, દક્ષિણ મિસર, કૂશ, એલામ,
બાબિલ, હમાથ અને દરિયાપારના પ્રદેશોમાંથી પોતાના લોકોમાંના
જેઓ હજી બાકી રહેલા હશે તેમને પાછા લાવવા બીજીવાર પોતાનો
હાથ વિસ્તારશે અને પોતાની શકિતનો પરચો બતાવશે; 12 પ્રજાઓની
સમક્ષ “ધ્વજા” ફરકાવીને, તે પૃથ્વીના ચારે ખૂણેથી ઇસ્રાએલ અને યહૂ-
દાના વેરવિખેર થઇ ગયેલા લોકોને ભેગા કરશે. 13 ન તો ઇસ્રાએલ યહૂ-
દાની ઈર્ષ્યા કરશે કે, ન તો યહૂદા ઇસ્રાએલનું દુશ્મન રહેશે. 14 તેઓ
બંને ભેગા મળીને ખભેખભા મિલાવી પશ્ચિમમાં પલિસ્તીઓ પર તૂટી
પડશે અને પૂર્વના લોકોને લૂંટી લેશે; અદોમ અને મોઆબ તેમની મૂઠી-
માં આવશે; અને આમ્મોનના લોકો તેમની આણ સ્વીકારશે. 15 યહોવા
મિસરના રાતા સમુદ્રમાંથી રસ્તો કરશે; અને ફ્રાત નદી પર પોતાનો હાથ
હલાવીને પ્રચંડ પવનને મોકલશે અને તેને સાત પ્રવાહમાં વહેંચી નાખ-
શે જેથી તે સહેલાઇથી ઓળંગી શકાય. 16 યહોવાના લોકો ઇસ્રાએલીઓ
મિસરમાંથી બહાર આવ્યા ત્યારે તેમને માટે હતો તેવો જ માર્ગ એ લો-
કોના જેઓ આશ્શૂરમાં બાકી રહેલા હશે તેમને માટે પણ નિર્માણ થશે.

**12** તમે તે દિવસે ગાશો: “હે યહોવા હું તમારો આભાર માનું છું!
તમે મારા પર રોષે ભરાયા હતા, હવે તમારો રોષ સમી ગયો છે
અને તમે મને પ્રેમ આપ્યો છે. 2 દેવ મારા ઉદ્ધારક છે; અને હવે મને વિ-
શ્વાસ બેઠો છે અને ડર રહ્યો નથી; મારો આશ્રય યહોવા દેવ જ છે; ને
મારા રક્ષણહાર એ જ છે; ને એ જ મારા ઉદ્ધારક બન્યા. 3 અને તમે
ઉદ્ધારના ઝરણામાંથી આનંદભેર પાણી ભરશો.” 4 તમે તે દિવસે કહેશો
કે, “યહોવાની સ્તુતિ ગાવ, અને તેના નામનું આહવાહન કરો; સર્વ પ્ર-
જામાં તેનાં કાર્યોની ઘોષણા કરો; તેનું નામ સર્વોપરી છે એવું જાહેર
કરો.” 5 યહોવાની ઝળહળતી સિદ્ધિઓ માટે તમે તેના સર્વદા ગુણગાન
ગાઓ; ને સમગ્ર દુનિયામાં એની જાણ કરો. 6 હે સિયોનનાં વાસીઓ,
આનંદના પોકાર કરો, ઇસ્રાએલના મહાન પરમ પવિત્ર દેવ છે. અને
તમારા સૌની વચ્ચે વસે છે.

**13** આમોસના પુત્ર યશાયાને બાબિલ વિષે યહોવાએ સંદર્શન
આપ્યું તે આ રહ્યું: 2 “ઉજ્જડ પર્વત પર ધ્વજા ઊંચે ફરકાવો. તે-
ઓને ઊંચે સાદે હાંક મારો, હાથના ઇશારા કરો કે તેઓ ઉમરાવોના દર-
વાજા પર ત્રાટકે.” 3 દેવ કહે છે, “મેં મારા પસંદ કરેલા યોદ્ધાઓને મારા
સૈનિકોને, મારા વિશ્વાસુ લડવૈયાઓને, મારો વિરાટ ગુસ્સો બતાવવાનો
મેં હુકમ કર્યો છે. 4 સાંભળો! પર્વતો પર મોટી મેદનીનો કોલાહલ સંભ-
ળાય છે! ભેગા થતાં રાજ્યોનો અને પ્રજાઓનો શોરબકોર સાંભળો! સૈ-
ન્યોના દેવ યહોવા, યુદ્ધ માટે સૈન્યોને ભેગાં કરે છે. 5 યહોવા અને તેના
ક્રોધનો અમલ કરનારા યોદ્ધાઓ દૂર દૂરના દેશમાંથી, ક્ષિતિજને પેલે

પારથી સમગ્ર દેશનો નાશ કરવા આવી રહ્યા છે." 6 આક્રંદ કરો, કારણ
કે યહોવાનો દિવસ આવી ગયો છે. સર્વ શકિતશાળી તરફથી સર્વનાશ
આવશે. 7 બધા લોકોના હાથ ખોટા થઇ જશે. તેમના હૃદય હારી જશે.
8 તેઓ દુ:ખ અને વેદના અનુભવશે, પ્રસવવેદના ભોગવતી સ્ત્રી જેમ
તેઓ કષ્ટ પામશે; તેઓ ગભરાઇ જશે અને ડરથી એકબીજા સામે
અનિમેષ ષ્ટિથી જોયા કરશે. 9 જુઓ, યહોવાનો દિવસ આવે છે; તે રોષ
અને ભયંકર ક્રોધથી નિર્દય બનીને ધરતીને ઉજ્જડ કરી નાખશે અને તે-
માંથી પાપીઓનો સંહાર કરશે; 10 આકાશના તારાઓ અને નક્ષત્રો પ્ર-
કાશ આપતાં બંધ થઇ જશે. સૂર્ય ઊગતાંની સાથે ઘોર અંધકાર થઇ જશે
અને ચંદ્ર પ્રકાશ આપશે નહિ. 11 સૈન્યોના દેવ યહોવા કહે છે, "હું જગત
ઉપરનાં પાપો માટે આફત ઉતારીશ; તેમના ગુનાઓ માટે દંડ ફટકા-
રીશ. હું ઉદ્ધત વ્યકિતઓનું અભિમાન ઉતારીશ. 12 જુલમગારોની તુમા-
ખીને ધૂળ ચાટતી કરી નાખીશ. ઓફીરના શુદ્ધ સોનાની માફક લોકો
પણ દુર્લભ થઇ જશે. 13 હું મારા ભયંકર રોષના દિવસે આકાશોને ધ્રુજા-
વી મૂકીશ અને પૃથ્વી આકાશમાં પોતાના સ્થાનેથી ખસી જશે." 14 બા-
બિલમાં વસતા વિદેશીઓ જેની પાછળ શિકારીઓ પડ્યાં છે, એવાં હર-
ણાંની જેમ અથવા રેઢાં મૂકેલાં ઘેટાંની જેમ, પોતાને વતન પોતાના લો-
કોમાં ભાગી જશે. 15 બાબિલમાં રહેતા દરેક જણ જે પકડાઇ ગયાં છે, તે-
ઓને ભાલાથી વીંધી નાખવામાં આવશે અને પકડાયેલો દરેક જણ તર-
વારનો ભોગ બનશે. 16 તેમનાં બાળકોને તેમનાં દેખતાં પછાડીને મારી
નાખવામાં આવશે, તેમનાં ઘરો લૂંટી લેવામાં આવશે, અને તેમની સ્ત્રી-
ઓની લાજ લૂંટવામાં આવશે. 17 "કારણ કે હું માદીઓને બાબિલની
વિરુદ્ધ ઉશ્કેરીશ અને ચાંદીના કે સોનાના મોટા જથ્થા વડે તેઓ રીઝશે
નહિ, 18 બાબિલના યુવાનો, બાળકો કે વૃદ્ધો પર લશ્કરના સૈનિકો દયા
દાખવશે નહિ. 19 "સદોમ અને ગમોરાનો નાશ યહોવાએ આકાશમાંથી
આગ મોકલીને કર્યો હતો. તે જ પ્રમાણે રાજ્યોમાં સૌથી ગૌરવવાન, ખા-
લદીઓના વૈભવ અને ગર્વરૂપ બાબિલ તેમના હાથે ખેદાનમેદાન થઇ
જશે. 20 એમાં ફરી કદી વસતિ થશે નહિ, દીર્ઘકાળપર્યંત એમાં કોઇ વસ-
શે નહિ, કોઇ ભટકતી ટોળી પણ ત્યાં તંબુ તાણશે નહિ, કોઇ ભરવાડ
ત્યાં ઘેટાબકરાંને પણ નહિ બેસાડે. 21 પણ ત્યાં જંગલી પ્રાણીઓ વસ-
વાટ કરશે અને તેનાં ઘરો ઘુવડોથી ભરાઇ જશે; ત્યાં શાહમૃગનો વાસ
થશે અને રાની બકરાં કૂદાકૂદ કરશે. 22 એનાં આલીશાન મકાનોમાં અને
એનાં રંગમહેલોમાં વરુ અને શિયાળવાં ભૂંકતા રહેશે. એના દિવસો
ભરાઇ ગયા છે, એનો સમય પૂરો થઇ ગયો છે."

14 કેમ કે યહોવા યાકૂબ પર દયા લાવશે અને ફરીથી તેમનો સ્વી-
કાર કરશે. અને તેઓને પોતાની ભૂમિ ઇસ્રાએલમાં વસાવશે;
વિદેશીઓ તેઓની સાથે જોડાશે. અને તેઓ પોતાને યાકૂબના વંશજો
સાથે જોડશે. 2 ઘણી પ્રજાઓ તેમને તેમના પોતાના વતનમાં જવામાં
સાથ આપશે, અને યહોવાની આપેલી ભૂમિમાં ઇસ્રાએલીઓએ લોકોને
દાસ અને દાસીઓ તરીકે રાખશે; અને તેમને કેદ પકડનારાઓને તેઓ
કેદ પકડશે અને તેમના પર અન્યાય કરનારાઓ પર તેઓ રાજ્ય કરશે.
3 હે ઇસ્રાએલના લોકો, યહોવા તમને તમારા કલેશથી તથા તમારા
સંતાપથી અને તમે વેઠેલી સખત મજૂરીમાંથી તમને મુકિત આપશે. 4 તે
દિવસે તમે મહેણાં મારીને બાબિલના રાજાને કહેશો કે, "સિતમગાર કે-
વો શાંતિથી પડ્યો છે," તેનો ઉગ્ર રોષ કેવો શાંત પડ્યો છે! 5 યહોવાએ
તારી દુષ્ટ સત્તાને કચડી નાખીને તારા દુષ્ટ શાસનનો અંત કર્યો છે.
6 તમે તમારા ક્રોધમાં મારા લોકોનું દમન કર્યુ છે. તમે તેઓને સતત મા-
ર્યા છે, તમે તમારા ક્રોધમાં તેમના પર ડંખીલુ શાસન કર્યુ છે તમે પ્રજાની
પર જુલમ ગુજારતાં અટક્યા નથી. 7 સમગ્ર પૃથ્વી હવે નિરાંતે શાંતિ ભો-
ગવે છે. લોકો એકાએક ગીતો ગાઇ ઉઠે છે. 8 હે બાબિલનાં રાજા, તારી
દશા જોઇને સરુના વૃક્ષો અને લબાનોનના ગંધતરુઓ આનંદમાં
આવીને કહે છે, "તું કબરમાં સૂતો ત્યારથી કોઇ કઠિયારો અમને કાપવા
આવ્યો નથી!" 9 પાતાળમાં રહેલા શેઓલમાં ખળભળાટ અને ઉશ્કેરાટ
મચી ગયો છે. અને તે તમે જ્યારે આવો ત્યારે તમારું સ્વાગત કરવા મા-
ટે આતુર છે. પૃથ્વી પરના બધા રાજાઓના આત્માઓ તમારું અભિવા-
દન કરવા પોતાના આસન પરથી ઉભા થઇ ગયા છે." 10 તેઓ બધાં
તને જોઇને બોલી ઊઠે છે. "તું પણ અમારા જેવો નબળો નીકળ્યો!
અમારામાંનો એક બની ગયો!" 11 તારા વૈભવનો તથા તારા ગૌરવ માટે
વાગતી વીણાના સંગીતનો અંત આવ્યો છે. તું શેઓલમાંપહોંચી ગયો
છે. તારી પથારી અળસિયાઁની છે અને કૃમિ જ તારું ઓઢણ છે! 12 હે તે-
જસ્વી તારા, પ્રભાતના પુત્ર, તું ઊંચે આકાશમાંથી કેમ પડ્યો છે! બીજી
પ્રજાઓનો નાશ કરનાર, તને કાપી નાખીને ભોંયભેગો કરવામાં આવ્યો
છે. 13 તું તારા મનમાં એમ માનતો હતો કે, હું આકાશમાં ઉંચે ચઢીશ,
અને પ્રચંડ નક્ષત્રો કરતાં પણ ઊંચે મારું સિંહાસન માંડીશ, આકાશના
ઘુમ્મટની ટોચે દેવોની સભાના પર્વત પર બેસીશ; 14 હું વાદળોથી પણ
ઉપર જઇશ અને પરાત્પર દેવ સમાન બનીશ." 15 પણ તું તો અધોલો-
કમાં આવી પડ્યો છે, પાતાળને તળિયે પહોંચી ગયો છે! 16 જ્યારે જે
કોઇ તને જોશે, તે તારા તરફ ટીકી રહેશે અને વિચાર કરશે કે, "શું આ એ
માણસ છે, જેણે પૃથ્વીને ધ્રૂજાવી હતી, રાજ્યોને ડોલાવ્યાં હતાં જેણે
જગતને અરણ્ય સમાન બનાવી દીધું હતું. 17 નગરોને ખેદાનમેદાન કરી
નાખ્યાં હતાં. અને જેણે કદી પોતાના કેદીઓને છોડી મૂકીને ઘેર જવા
દીધા નહોતા?" 18 બીજી બધી પ્રજાના રાજાઓ માનપૂર્વક પોતપોતાની
કબરમાં સૂતેલા છે. 19 પણ તને તો કબર પણ મળી નથી. તારા શબને
તિરસ્કારપૂર્વક ફેંકી દેવામાં આવ્યું છે. તારું કચડાયેલું શબ, યુદ્ધમાં
વીંધાઇ ગયેલા યોદ્ધાઓથી વીંટળાઇને એક ખાડાના ખડક તળિયે
પડ્યું છે. 20 તારા નામનું કોઇ સ્મારક ઊભું કરવામાં આવશે નહિ કારણ
કે તેં તારા લોકોનો તેમજ તારા દેશનો નાશ કર્યો છે. તારી ગાદી પર તા-
રો પુત્ર આવશે નહિ, તારા જેવા કુકર્મીર્ના વંશજોનું નામોનિશાન પણ ન
રહેવું જોઇએ. 21 એમના પૂર્વજોના પાપ માટે તેમની હત્યાઓ કરો, જેથી
તેઓ ફરીથી ઊભા થઇ શકે નહિ, દેશને જીતી શકે નહિ અને પૃથ્વીના
નગરોને ફરીથી બાંધે નહિં." 22 સૈન્યોના દેવ યહોવા કહે છે, "હું બાબિ-
લની સામે થઇશ, હું તેનું નામોનિશાન ભુંસી નાખીશ, એનો વંશવેલો
નિર્મૂળ કરી નાખીશ. 23 "હું તેને શાહુડીનું વતન તથા પાણીનાં ખાબો-
ચિયાં જેવું બનાવી દઇશ; હું વિનાશનો સાવરણો ચલાવીશ અને બધું
સાફ કરી નાખીશ." આ સૈન્યોના દેવયહોવાના વચન છે. 24 સૈન્યોના
દેવ યહોવા સમપૂર્વક કહે છે કે, "મારી યોજના પ્રમાણે જ બધું થશે. મા-
રી ઇચ્છા અનુસાર જ બધું બનશે. 25 હું મારા દેશનાં ડુંગરો પર આશ્શૂર-
ને પગ તળે રોળી તેનો ભૂક્કો ઉડાવી દઇશ. ત્યારે તેની ઝૂંસરી મારા
લોકો પરથી ઊતરી જશે. તેનો બોજો તેમના ખભા પરથી ઊતરી જશે.
26 આ યોજના સમગ્ર પૃથ્વી માટે ઘડવામાં આવી છે. બધી પ્રજાઓ સા-
મે આ હાથ ઉગામેલો છે." 27 સૈન્યોના દેવ યહોવાની આ યોજના છે,
અને એને કોણ સમાપ્ત કરી શકે? તેમણે હાથ ઉગામ્યો છે, એને પાછો
કોણ વાળી શકે? 28 જ્યારે રાજા આહાઝનું અવસાન થયું તે વર્ષ દર-
મ્યાન આ પ્રમાણે દેવી વાણી સંભળાઇ. 29 હે સર્વ પલિસ્તીઓ, તમને
મારનારી લાઠી ભાંગી ગઇ છે, તેથી આનંદમાં નાચશો નહિ, કારણ કે
એક સાપમાંથી બીજો એક વધારે ભયંકર સાપ જન્મ લે છે, અને તેમાંથી
હજી બીજો ઊડતો સાપ પેદા થાય છે. 30 પરંતુ મારા ગરીબ અને દીનદ-
લિત લોકો રોટલો પામશે અને શાંતિથી રહેશે. હે પલિસ્તીઓ! હું દુકાળ
મોકલી તમારા લોકોને જડમૂળથી ઉખેડી નાખીશ. કોઇ તેમાંથી ઉગરી
શકશે નહિ. 31 હે પલિસ્તી દેશનાં નગરો, આક્રંદ કરો, હે પલિસ્તીઓ,
તમે સૌ ભયથી થથરી ઊઠો! કારણ ઉત્તરમાંથી તોફાનની જેમ સૈન્ય
આવે છે અને એમાં કોઇ ભાગેડુ નથી. 32 બીજા દેશમાંથી આવેલા સંદે-
શવાહકોને શો જવાબ આપવો? એ જ કે, યહોવાએ સિયોનની સ્થાપના
કરી છે અને ત્યાં જ તેના ગરીબ અને કચડાયેલા લોકો આશ્રય મેળવશે.

15 મોઆબ વિષે દેવવાણી. આર-મોઆબ અને કીર રાતોરાત ખે-
દાનમેદાન થઇ ગયાં અને કીર મોઆબ ઉજ્જડ થયું છે, નષ્ટ થયું
છે. 2 દીબોનના લોકો પર્વત પર અને ઉચ્ચસ્થાનકે રડવાને જાય છે.
મોઆબના લોકો નબો અને મેદબા પર મોઆબ આક્રંદ કરે છે. બધા જ
માણસોએ શોકને લીધે માથું મૂંડાવી નાખ્યું છે, અને દાઢી બોડાવી ના-
ખી છે; 3 બધા જ શોકની કંથા પહેરીને રસ્તા પર ફરે છે. અને છાપરે
ચડીને ચોરેચૌટે આક્રંદ અને રોકકળ કરે છે, અને પોક મૂકીને આંસુ સારે
છે. 4 વળી હેશ્બોન અને એલઆલેહના લોકો પોકેપોક રડે છે; તેમનો
અવાજ યાહાસ સુધી સંભળાય છે; તેથી મોઆબના સશસ્ત્ર યોદ્ધાઓ
પણ થથરી જાય છે, તેથી તેનું હૃદય ક્ષોભ પામે છે. 5 મારું હૃદય મોઆ-
બને માટે રૂદન કરે છે! ત્યાંના લોકો સોઆર અને એગ્લાથ-શલીશિયા
ભાગી ગયા છે. તેઓ રડતાં રડતાં લૂહીથનો ઘાટ ચઢે છે, હોરોનાયિમને

રસ્તે તેઓ હૈયાફાટ રૂદન કરે છે. 6 નિમ્રીમનાં જળાશય અરણ્ય તુલ્ય
થાય છે; ઘાસ સુકાઇ ગયું છે. તૃણ સમાપ્ત થઇ ગયું છે. લીલોતરીનું ના-
મોનિશાન નથી. 7 આથી લોકો પોતાની માલમિલ્કત અને જે કઇં સંઘરે-
લું છે તે લઇને વેલવાળી ખીણની સામે પાર ચાલ્યા જાય છે. 8 કારણ કે
સીમની આસપાસ રૂદનનો અવાજ પહોંચી ગયો છે; તેના આક્રંદના
પડઘા એગ્લાઇમ અને બએર-એલીમ સુધી સંભળાય છે. 9 દીમોનમાં
પાણી લોહી લોહી થઇ ગયા છે, તેમ છતાં દેવ દીમોનને માથે હજી મોટી
આફત ઉતારશે; મોઆબના જે થોડા લોકો બચી ગયા છે તેમના પર
એક સિંહ ત્રાટકશે.

16 રણમાં આવેલા સેલા નગરમાંથી મોઆબના લોકો ડુંગર પર
આવેલા યરૂશાલેમમાં વસતા દેશના અમલદારોને માટે હલવાન
મોકલો. 2 પોતાના માળામાંથી હાંકી કઢાયેલા પંખીઓની જેમ મોઆબ-
ના લોકો આર્નોન નદી પાર કરવાના માર્ગે આમતેમ ભટકે છે. 3 તેઓ
યહૂદાના લોકોને કહે છે, “અમને સલાહ આપો, ન્યાય કરો, મધ્યાહને
તારી છાયા રાતના જેવી કર; કાઢી મૂકેલાઓને સંતાડ; શરણાર્થીઓનો
વિશ્વાસઘાત કરીશ નહિ. 4 અમને મોઆબમાંથી હાંકી કાઢવામાં આવ્યા
છે, અમને તમારે ત્યાં વસવા દો. અમારો નાશ કરનાર હાથમાંથી અમા-
રું રક્ષણ કરો.” જ્યારે અત્યાચાર બંધ પડ્યો હશે અને અન્યાયનો અંત
આવ્યો હશે. અને દેશને પગતળે રોળી નાખનારાઓ જ્યારે દેશમાંથી
ચાલ્યા ગયા હશે. 5 ત્યારે દાઉદનો એક વંશજ તેના સિંહાસન પર બેસ-
શે અને તે દયા અને નિષ્ઠાપૂર્વક રાજ્ય કરશે. તે ન્યાય અને પ્રામાણિક-
પણે વર્તવામાં સદા તત્પર રહેશે. 6 યહૂદાના લોકો કહે છે, અમે મોઆ-
બના ઘમંડ વિષે સાંભળ્યું છે, કેવો ભારે ઘમંડ! તેના અભિમાન, તેના
અહંકાર તથા તેની ઉદ્ધતાઇ વિષે અમે સાંભળ્યું છે, પણ તેની બડાશો
બધી ખોટી છે. 7 આથી, મોઆબીઓએ મોઆબ માટે આક્રંદ કરવું જ
રહ્યું, ભારે આફતમાં તેઓ આવી જશે. અને કીર-હરેસેથની સૂકી દ્રાક્ષા-
ની બાટીઓને માટે શોક કરશે. 8 કારણ, હેશ્બોનમાં ખેતરો કસ વગરનાં
થઇ ગયા છે. સિબ્માહની દ્રાક્ષની વાડીઓ ખેદાનમેદાન થઇ ગઇ છે.
એક સમય એવો હતો જ્યારે એ દ્રાક્ષની વાડીઓ બાલ-ગોયિમ અને યા-
ઝેર સુધી પહોંચતી હતી. અને ત્યાંથી હેઠ રણ સુધી ફેલાતી હતી; અને
પશ્ચિમમાં એની શાખાઓ સમુદ્રની સામે પાર સુધી પહોંચતી હતી.
9 એટલે હું યાઝેરના લોકોની સાથે સિબ્માહની દ્રાક્ષકુંજો માટે રડીશ, હે
હેશ્બોન તથા એલઆલેહ, હું તને મારાં આંસુઓથી સિંચીશ, કારણ કે
તમારો પાક લણનારાઓનો કલશોર સંભળાતો નથી, 10 તમારી વાડી-
ઓમાંથી આનંદ લોપ પામ્યા છે, દ્રાક્ષકુંજોમાં ગીતો ગવાતા બંધ થઇ
ગયા છે; આનંદના પોકાર કોઇ કરતું નથી, કે કોઇ દ્રાક્ષારસ બનાવવા
માટે દ્રાક્ષો ગૂંદતું નથી, બધા લણનારાઓનો કલશોર શમી ગયો છે.
11 આથી મારું હૃદય મોઆબને માટે વીણાની જેમ રણજણી ઊઠે છે,
અને કીર-હેરેસથને માટે મારો અંતરાત્મા કકળે છે. 12 મોઆબના લોકો
પર્વત પરનાં ઉચ્ચસ્થાનકોએ પ્રાર્થના કરવા જઇને થાકી જશે, તોયે કશું
વળવાનું નથી. 13 યહોવાએ ભૂતકાળમાં મોઆબ વિષે ઉચ્ચારેલાં વચ-
નો આ પ્રમાણે છે. 14 અને હવે યહોવા કહે છે કે, “ત્રણ વર્ષ પૂરાં થતાં જ
મોઆબની જાહોજલાલી તુચ્છ થઇ જશે અને તેની વસ્તી વિશાળ હોવા
છતાં બહુ જ ઓછા લોકો બાકી રહેશે અને તે પણ તુચ્છ ગણાશે; શેષ
બહુ થોડો સમુદાય રહેશે તે પણ વિસાત વગરનો રહેશે.”

17 દમસ્કને લગતી દેવવાણી “જુઓ દમસ્ક નગર નહિ કહેવાય
એવું થઇ જશે, તે ખંડિયેરનો ઢગલો થઈ જશે. 2 અરામના નગરો
કાયમને માટે ઉજ્જડ બની જશે, ત્યાં ઘેટાં -બકરાંનાં ટોળાં નિરાંતે આવી-
ને બેસશે, અને કોઇ તેમને હાંકી કાઢશે નહિ. 3 ઇસ્રાએલના કોટકિલ્લા
અને દમસ્કની રાજસત્તા જતાં રહેશે; વળી ઇસ્રાએલીઓની જાહોજલા-
લીની જે દશા થઇ તે જ દશા અરામના બાકી રહેલા લોકોની થશે,” સૈ-
ન્યોના દેવ યહોવાના આ વચન છે. 4 “તે દિવસે ઇસ્રાએલમાંથી યાકૂબ-
ની જાહોજલાલી જતી રહેશે અને ગરીબી આવી પડશે અને તેની સમૃદ્ધિ
ઓસરી જશે, 5 એ લણીને અનાજ ભેગું કરી લીધેલાં ખાલી ખેતર જેવું,
થઇ જશે. તે રફાઇમની ખીણમાંના અનાજના ડૂંડા લણી લીધેલા કોઇ
ખેતર જેવું થઈ જશે. 6 ફક્ત રડ્યાં ખડ્યાં થોડાં ડૂંડા ત્યાં વેરાયેલા
પડ્યાં હશે. જેમ કોઇ જૈતૂનના ઝાડને હલાવ્યા પછી છેક ઉપરની ડાળી
પર બે ત્રણ ફળ રહે, અથવા ગાઢા પાંદડાવાળી ડાળીએ ચારપાંચ જૈ-
તૂન રહે, તેવું ઇસ્રાએલનું થશે” એમ સૈન્યોના દેવ યહોવાએ કહ્યું હતું.
7 આખરે તેઓ પોતાના ઉત્પન્નકર્તા દેવનું સ્મરણ કરશે અને ઇસ્રાએલ-
ના પવિત્ર યહોવાનો આદરસત્કાર કરશે. 8 તે દિવસે તેઓ મદદ માટે
મૂર્તિઓ આગળ વિનંતી કરશે નહિ તથા તેઓ પોતાના જ હાથે બનાવે-
લી મૂર્તિઓની પૂજા કરશે નહિ ત્યારે તેમને અશેરા સ્તંભ અને ધૂપ વે-
દીઓ માટે માન રહેશે નહિ. 9 તે દિવસે તેમનાં કિલ્લેબંદીવાળાં શહેરો,
ઇસ્રાએલીઓ આવતાં હિવ્વીઓ અને અમોરીઓએ તજી દીધેલાં સ્થાનો
જેવાં થઇ ગયાં હતાં તેવા થઇ જશે; બધું વેરાન થઇ જશે. 10 હે ઇસ્રાએ-
લના લોકો, તમે તમારા ઉદ્ધારક દેવને, ખડકની જેમ તમારું રક્ષણ કર-
નારને ભૂલી જઇને બીજા દેવની પૂજા માટે બગીચા બનાવો છો. 11 પણ
તમે રોપો તે જ દિવસે તેને ફણગાં ફૂટે અને વાવો તે જ સવારે તેને ફૂલ
બેસે, તોયે શોકના અને અસાધ્ય વેદનાના દિવસ આવે ત્યારે એનો
ફાલ અલોપ થઇ જશે. 12 અરે, સમુદ્રની ગર્જના જેવી ગર્જના કરતાંય
મોટી માનવમેદનીની ગર્જના સંભળાય છે. વળી લોકોના ઘોંઘાટ! પ્રચંડ
જળરાશિના ઘુઘવાટની જેમ ઘુઘવાટા કરે છે. 13 લોકો સાગરનાં મોજાંના
ઘુઘવાટની જેમ ઘુઘવાટા કરે છે. પણ દેવ તેઓને ઠપકો આપશે, ને
તેઓ ભાગી જશે, જાણે પર્વત ઉપર પવનથી ઊડી જતી ધૂળ; જાણે
વંટોળિયા આગળ ઘુમરાતી ધૂળ. 14 જુઓ, સવાર થતા પહેલાં તેઓ
નષ્ટ થશે; જોકે સંધ્યાકાળે તો તેઓ કેર વર્તાવતા હતા! આ છે આપણ-
ને લૂંટનારાઓનું ભાગ્ય. અને અમારી ધનસંપત્તિનું હરણ કરનારની
દશા.

18 અરે! કૂશની નદીઓને પેલે પાર, પાંખોના ફફડાટ વાળા દેશનું
દુર્ભાગ્ય! 2 તે દેશ નીલનદીને માર્ગે પાણી પર સરકટનાં વહા-
ણોમાં એલચીઓ મોકલે છે:વેગવાન કાસદો, તમે એ લોકો પાસે જાઓ,
જે કદાવર અને સુંવાળી ચામડીવાળાં છે, જેનાથી દૂરનાં અને નજીકના
સૌ ડરે છે, જે બળવાન અને પરાક્રમી છે, જેના દેશની ભૂમિને અનેક
નદીઓ સીંચે છે. 3 હે જગતના સર્વ રહેવાસીઓ, ને પૃથ્વી પર રહેના-
રાઓ, જ્યારે યુદ્ધ માટેની મારી ધ્વજા પર્વત પર ઊંચી કરવામાં આવે
ત્યારે ધ્યાન આપજો! જ્યારે હું રણશિંગડું વગાડું, ત્યારે સાંભળજો, 4 કા-
રણ, યહોવાએ મને આ પ્રમાણે કહ્યું છે, “ગ્રીષ્મના બળબળતા બેઠા
તડકાની જેમ, કાપણીની ઋતુંની ગરમીમાં જામતાં ઝાકળની જેમ, હું
શાંત બેઠો મારા નિવાસસ્થાનેથી જોયા કરીશ. 5 પરંતુ પછી, કાપણીની
ઋતું પહેલાં, ફૂલ બેસતાં બંધ થયાં હોય અને ફૂલની પાકી દ્રાક્ષ થવા
માંડી હોય, ત્યારે ધારિયાથી ડાંખળીઓને કાપી નાખવામાં આવે છે
અને વધી ગયેલી ડાળીઓને કાપીને લઇ જાય છે. 6 તેમ એ લોકોને કા-
પી નાખીને પર્વત પર શિકારી પંખીઓને માટે, જંગલી પશુઓને માટે મૂ-
કી દેવામાં આવશે; અને જંગલી પક્ષી તે પર ઉનાળો કાઢશે. અને જગ-
તનાં સર્વ પશુઓ તે ઉપર શિયાળો કાઢશે.” 7 તે વેળાએ એક પ્રજા, સૈ-
ન્યોના દેવ યહોવાના નામ ઉપર, યહોવા માટે અર્પણો લઇને સિયોન
પર્વત પરના મંદિરમાં આવશે, તેઓ ઉંચા અને સુંવાળી ચામડીવાળા
લોકો છે, જેમનાથી, દૂર અથવા નજીક રહેતા દરેક ડરે છે, અને જેની ભૂ-
મિને અનેક નદીઓ સીંચે છે.

19 મિસર વિષે દેવવાણી: જુઓ, યહોવા વેગીલા વાદળ પર સવા-
રી કરીને મિસર આવે છે, અને મિસરની મૂર્તિઓ તેને જોઇને ધ્રૂ-
જવા માંડશે, અને મિસરની હિંમત જતી રહેશે. 2 દેવ કહે છે, “હું મિસરી-
ઓને મિસરીઓ સામે ઉશ્કેરીશ, અને તેઓ અંદરોઅંદર લડશે, પડોશી-
ની સામે પડોશી, શહેરની સામે શહેર અને રાજ્ય સામે રાજ્ય. 3 મિસર
તેને લીધે હિંમત હારી જશે; અને હું તેની યોજના ઊંધી વાળીશ, અને
તેઓ મૂર્તિઓને, મૃતાત્માઓને, તાંત્રિકોને અને પ્રેતાત્માઓને પ્રશ્ર્ન
પૂછશે.” 4 આ સૈન્યોના દેવ યહોવાના વચન છે, “હું મિસરીઓને જુલમી
રાજાના હાથમાં સોંપી દઇશ, જે તેમના પર રાજ્ય કરશે.” 5 નીલના પા-
ણી સૂકાઇ જશે, નદીનાં પાણી ઓછાં થઇને સુકાઇ જશે. 6 નદીઓ ગંધ
મારશે; મિસરની નહેરો ખાલી થઇને સુકાઇ જશે; નાળાં સુકાઇ જશે.
ગંધાઇ ઊઠશે, અને બરુ અને કમળ ચીમળાઇ જશે. 7 નીલનદીને કાંઠે
આવેલી તમામ લીલોતરી અને તેની આસપાસ જે કઇં વાવ્યું છે તે બધું
સૂકાઇ જશે. પવનમાં ઊડી જશે. અને તેનું કોઇ નામો નિશાન નહિ રહે.
8 માછીઓ શોક કરશે, નીલમાં ગલ નાખનારાઓ આક્રંદ કરશે, અને પા-
ણીમાં જાળ નાખનારાઓ નાસીપાસ થશે. 9 પીંજેલા શણનું કામ કરના-

રા તથા સુતરાઉ કાપડના વણનારા નિરાશ થશે. 10 તેણીના (મિસરના)
પાયાઓ હચમચી જશે અને બધા કામદારો નિરાશ થઈ જશે. 11 સોઆ-
નના રાજકર્તાઓ બિલકુલ મૂર્ખ છે, ફારુનના ડાહ્યા ગણાતા મંત્રીઓ
પણ અક્કલ વગરની સલાહ આપે છે. તેઓ ફારુન આગળ એવું કેવી
રીતે કહી શકે કે, “અમે પ્રાચીન કાળના જ્ઞાની પુરુષોના અને રાજાઓ-
ના વંશજ છીએ?” 12 હે હારુન, તારા એ જ્ઞાની પુરુષો ક્યાં છે? હોય તો
આગળ આવે અને સૈન્યોના દેવ યહોવાએ મિસરનું શું કરવા ધાર્યુ છે, તે
તને જણાવે અને સમજાવે. 13 સોઆનના રાજકર્તાઓ બેવકૂફ છે, નોફ-
ના રાજકર્તાઓ મમાં છે; મિસરના આગેવાનોએ જ દેશને ખોટે રસ્તે
ચડાવ્યો છે. 14 યહોવાએ તેમની બુદ્ધિને ભમાવી છે, અને જેમ પીધેલો
માણસ ઊલટી કરતો લથડિયાં ખાય છે, તેમ તેઓએ મિસરને તેનાં
તમામ કામોમાં ખોટે રસ્તે ચડાવ્યો છે. 15 કોઈપણ વ્યકિત, મહત્વની કે
બિન મહત્વની, તે સમયે મિસરને બચાવી નહિં શકે. 16 તે દિવસે મિસ-
રીઓ સૈન્યોના દેવ યહોવાને પોતાની સામે હાથ ઉગામતો જોઈને, સ્ત્રી-
ની જેમ ભયભીત થઈને થથરવા લાગશે. 17 યહૂદાનો દેશ મિસરને બિ-
હામણો લાગશે. સૈન્યોના દેવ યહોવાએ મિસરના જે હાલ કરવા ધાર્યા
છે તેને લીધે યહૂદાનું નામ સાંભળતાં વેંત મિસરીઓ થથરી જશે. 18 તે
સમયે મિસરમાં પાંચ નગરો એવાં હશે, જ્યાં કનાની ભાષા બોલાતી
હોય અને જ્યાં સૈન્યોના દેવ યહોવાના સોગંદ લેવાના હોય તેમાનું એક
“વિનાશનું નગર” કહેવાશે. 19 તે દિવસે મિસર દેશમાં યહોવાની એક
યજ્ઞવેદી હશે અને મિસરની સરહદે યહોવાના એક સ્તંભ હશે. 20 એ મિ-
સર દેશમાં સૈન્યોનો દેવ યહોવાની એંધાણી અને સાક્ષીરૂપ બની રહેશે.
તેઓ જ્યારે જુલમગારના અન્યાયથી ત્રાસીને યહોવાને ધા નાખશે ત્યા-
રે તેમને એક તારક તથા રક્ષક મોકલશે તે તેઓને છોડાવશે, 21 યહોવા
મિસરીઓને પોતાનો પરચો બતાવશે અને પછી મિસરીઓ તેને પ્રેમ
કરશે; અને યહોવાને બલિદાન તથા અર્પણો આપીને તેની ઉપાસના
કરશે; અને યહોવાને વચનો આપીને અને તેને પરિપૂર્ણ કરીને તેને પ્ર-
સન્ન કરશે. 22 યહોવા મિસર પર ઘા કરશે. અને પછી ઘાને રૂઝવશે, મિ-
સરીઓ યહોવા તરફ વળશે અને તે તેમની અરજ સાંભળી તેમના ઘા રૂ-
ઝવશે. 23 તે દિવસે મિસરથી આશ્શૂર સુધી ધોરી માર્ગ હશે અને આશ્શૂ-
રના લોકો મિસર અને મિસરના લોકો આશ્શૂર આવશે અને મિસરના
અને આશ્શૂરના લોકો ભેગા ઉપાસના કરશે. 24 તે દિવસે મિસર તથા
આશ્શૂરની સાથે ત્રીજો ઈસ્રાએલ ભળશે, તે પૃથ્વી પર આશીર્વાદરૂપ
થઈ જશે. 25 સૈન્યોના દેવ યહોવા તેમને એમ કહીને આશીર્વાદ આપશે
કે, “મારી પ્રજા મિસર, મારા હાથનું સર્જન આશ્શૂર અને મારું પોતાનું
વતન ઈસ્રાએલ, સુખી રહો!”

20 જે વર્ષમાં આશ્શૂરના રાજા સાગોર્ને મોકલેલા સેનાધિપતિએ
આશ્દોહ ઉપર ચઢાઈ કરીને તેણે અને જીતી લીધું. 2 તે સમયે
જ યહોવાએ આમોસના પુત્ર યશાયાને કહ્યું હતું, “જા તેં પહેરેલા શોકના
વસ્રો ઉતારી નાખ અને તારા પગમાંથી જોડા ઉતારી નાખ.” અને તેણે
એ પ્રમાણે કર્યુ હતું, અને તે નવસ્ત્રો તથા ઉઘાડે પગે ફરવા લાગ્યો.
3 પછી આશ્દોદ જીતાયું ત્યારે યહોવાએ કહ્યું, “મારો સેવક યશાયા ત્રણ
વર્ષ પર્યંત મિસર અને કૂશની જે હાલત થવાની છે તેની એંધાણીરૂંપે
વસ્ત્ર વિના ફર્યો છે. 4 તે જ રીતે આશ્શૂરનો રાજા મિસરના અને કૂશના
કેદીઓને, જુવાનોને, તેમજ વૃદ્ધોને નવસ્રા અને ઉઘાડા પગે, નગ્નાવ-
સ્થામાં હાંકીને લઈ જશે, જેનાથી મિસરને શરમાવું પડશે. 5 જેમણે જેમ-
ણે કૂશ અને મિસર ઉપર મદાર બાંધી બડાશ હાંકી હશે, તેઓ ભોંઠા
પડશે અને લજવાશે.” 6 અને તે દિવસે આ કાંઠાનો રહેવાસી કહેશે કે,
“જુઓ, આપણું આશાસ્પદ, જ્યાં આશ્શૂરના રાજાના હાથમાંથી બચવા
માટે આપણે જેની મદદ લેવા દોડી ગયા હતા, તેના આ હાલ થયા! તો
આપણે હવે કેવી રીતે બચીશું?”

21 સમુદ્ર નજીકના વેરાન પ્રદેશને લગતી દેવવાણી: દક્ષિણમાં
વાવંટોળિયાના સુસવાટાની જેમ, રણમાંથી, ભયાનક પ્રદેશ-
માંથી સૈન્ય આવી રહ્યું છે. 2 મેં એક દુ:ખદાયી સંદર્શન જોયું છે; વિશ્વા-
સઘાતી છેતરતો જ જાય છે અને વિધ્વંસી વિનાશ કર્યે જ જાય છે. કોઈ
કહે છે, “હે એલામ, ચઢાઈ કર! ઘેરો ઘાલ; હે માદાય! હું બાબિલને આપે-
લા દુ:ખભર્યા નિ:સાસાનો અંત લાવીશ.” 3 તે જોઈને વેદનાથી મારા
અંગો કળે છે, પ્રસૂતાની પીડા જેવી પીડા મને ઘેરી વળે છે, હું એવો બા-
વરો થઈ ગયો છું કે કશું સાંભળી શકતો નથી, એવો ભયભીત થઈ ગયો
છું કે કશું જોઈ શકતો નથી. 4 મારા મગજને ચક્કર આવે છે, હું ભયથી
ધ્રૂજુ છું, જે સંધ્યાને હું ઝંખતો હતો તે જ મને ભયથી થથરાવી રહ્યો છે.
5 ત્યાં જોઉં છું તો ભાણાં પીરસાઈ ગયાં છે, જાજમ પથરાઈ ગઈ છે, “લો-
કો ખાય છે, પીએ છે,” ત્યાં હુકમ છૂટે છે. “સરદારો ઊઠો, યુદ્ધ માટે ઢા-
લોને તૈયાર કરો.” 6 પછી યહોવા મારા દેવે મને એમ કહ્યું કે, “જા, ચોકી-
દાર ગોઠવી દે; અને એને કહે કે જે જુએ તેની ખબર કરે. 7 જો તે બબ્બે-
ની હારમાં ઘોડેસવારોને આવતા જુએ, માણસોને ગધેડા પર અને ઊંટ
પર બેસીને આવતા જુએ, તો ખૂબ ધ્યાનથી નજર રાખે.” 8 પછી તે ચો-
કીદારે સિંહની જેમ પોકાર કર્યો, “હે યહોવા મારા પ્રભુ, હું આખો દિવસ
ચોકીના બુરજ પર ઊભો રહું છું, આખી રાત હું મારી જગાએ ઊભો રહી
ચોકી કરુ છું. 9 જુઓ, આ મનુષ્યોની સવારી, બબ્બે સાથે ચાલનાર
ઘોડેસવારો આવે છે.” તેણે ઉત્તરમાં કહ્યું, “બાબિલ પડ્યું છે, પડ્યું છે;
તેના દેવોની બધી મૂર્તિઓને તેણે ભાંગી નાખીને ભોંયભેંગી કરી છે.”
10 હે મારા ઝુડાયેલા લોકો, તમને ઝુડવામાં અને ઝાટકવામાં આવ્યા છે,
પણ હવે સૈન્યોના દેવ યહોવા, ઈસ્રાએલના દેવ પાસેથી મેં જે સાંભળ્યું
છે, મેં તે જ તમને જણાવ્યું છે. 11 દૂમાહને લગતી દેવવાણી. મને કોઈક
આદોમથી વારંવાર પૂછી રહ્યું છે, “હે ચોકીદાર, આજે રાત્રે શું બની રહ્યું
છે? હે ચોકીદાર, આજે રાત્રે શું બની રહ્યું છે?” 12 ચોકીદારે કહ્યું, “સવાર
થાય છે, ને રાત પણ, જો તમારે પૂછવું જ હોય તો પૂછો; પાછા આવો.”
13 અરબસ્તાન વિષે દેવવાણી: હે દેદાનના કાફલાઓ, તમે અરબસ્તા-
નના ઝાંખરાઓ વચ્ચે રાત પસાર કરશો. 14 તેમાંના રહેવાસીઓ, તર-
સ્યાની પાસે જળ લાવો; ભાગી આવેલાઓને સામે જઈને રોટલો આપો!
15 કારણ, એ લોકો તરવારથી, તાતી તરવારથી, ખેંચેલા ધનુષ્યથી અને
ભીષણ યુદ્ધથી ભાગીને આવ્યા છે. 16 પછી યહોવાએ મને એમ કહ્યું કે,
“એક જ વર્ષ જે ભાડે રાખેલા મજૂરોના કામના વર્ષ પ્રમાણે ગણતરી
કરેલ છે, પૂરું થતાં જ કેદારની બધી જાહોજલાલીનો અંત આવશે.
17 અને કેદારના શૂરવીર ધનુર્ધારીઓમાંના થોડા જ બાકી રહેશે.” આ
ઈસ્રાએલના દેવ યહોવાનાં વચન છે.

22 સંદર્શન ખીણને લગતી દેવવાણી: દરેક માણસો ક્યાં જઈ રહ્યાં
છે? તેઓ પોતાના ઘરની ટોચ પર કેમ દોડી ગયાં છે? 2 અરે,
શોરબકોરથી ભરપૂર, ઘોંઘાટ કરનાર નગર, મોજીલા નગર, તારા નિવા-
સીઓ જેઓ મૃત્યુ પામ્યા છે, તેઓ તરવારથી નથી મરાયા અને તેઓ
યુદ્ધમાં પણ માર્યા ગયા નથી. 3 તમારા સર્વ સેનાપતિઓ તેઓ વધારે
દૂર પહોંચે તે પહેલા તેમના શત્રુઓએ તેમને ધનુષ્ય બાણ વાપર્યા વગર
પકડી પાડ્યા છે. 4 એટલે હું કહું છું કે, “મને એકલો રહેવા દો, મને
દુ:ખમાં રડવા દો, મારા પોતાના લોકોના વિનાશ માટે મને દિલાસો
આપવાની તસ્દી ન લેશો.” 5 કારણ કે, આ સૈન્યોના દેવ યહોવાએ મો-
કલેલો ભયનો, વિનાશનો અને અંધાધૂંધીનો દિવસ છે. સંદર્શનની ખી-
ણમાં આવેલો કોટ તોડી પાડવામાં આવ્યો છે. અને મદદ માટે ઊઠેલા
પોકારના પડઘા પર્વતોમાં ગાજી ઊઠયા છે. 6 એલામના લશ્કરે બાણો-
થી સજ્જ થઈને ઘોડા તથા રથો તૈયાર કર્યા છે. કીરના યોદ્ધાઓએ પોતા-
ની ઢાલો ધારણ કરી છે. 7 યહૂદાની સૌથી રળિયામણી ખીણો રથોથી
ભરાઈ ગઈ છે અને ઘોડેસવારો યરૂશાલેમના દરવાજા આગળ આવી
ઊભા રહ્યા હતા. 8 યહૂદા રક્ષણ વગરનું નિરાધાર થઈ ગયું. અને તે દિ-
વસે તમે શસ્ત્રાગારમાં સંઘરેલા શસ્ત્રો તપાસી જોયાં. 9 વળી તમે જોયું
કે દાઉદનગરમાં કોટમાં પડેલાં અનેક ભંગાણોની તપાસ કરી. અને તમે
નીચલા તળાવનું પાણી એકઠું કર્યું. 10 અને ત્યાર પછી તમે યરૂશાલેમ-
નાં ઘરોની ગણતરી કરી, અને કોટનું સમારકામ કરવા માટે ઘરોને પાડી
નાખ્યાં. 11 અને તમે નીચલો કુંડ પાણીથી ભરી લીધો, અને પ્રાચીન પુ-
લની બે દીવાલો વચ્ચે ટાંકી બનાવી પરંતુ આ બધાંનું લાંબા સમય
પહેલાં નિર્માણ કરનાર અને તેનું ધ્યાન રાખનાર દેવનો તમે ન તો વિ-
ચાર કર્યો કે ન તેને સંભાર્યો. 12 વળી તે દિવસે સૈન્યોના દેવ યહોવાએ
તો તમને રડવાનું, છાતી કૂટવાનું, માથું મૂંડાવી શોકની કંથા પહેરવાનું
કહેતા હતા, 13 પરંતુ તેને બદલે તમે તો આનંદોત્સવ કર્યો,“ઢોર વધેર્યા,
ઘેટાં માર્યા, માંસ ખાધું અને દ્રાક્ષારસ પીધો અને વિચાર્યુ કે, આજે ખાઈ
પી લઈએ, કારણ, કાલે તો આપણે મરી જવાનું છે.” 14 સૈન્યોના દેવ
યહોવાએ મને દર્શન આપીને વચન આપી કહ્યું “તેમના જીવનકાળ દર-

મ્યાન તે તેમની દુષ્ટતા ને માફ નહિ કરે." આ સૈન્યોના દેવ યહોવાના
વચનો છે. 15 સૈન્યોના દેવ મારા યહોવા મને કહ્યું, "શેબ્ના, જે રાજમહે-
લનો કારભારી છે તેની પાસે જઇને તેને કહે કે, 16 અહીં તારે શું કામ છે,
તને અહીં શો અધિકાર છે કે તેં તારે માટે પર્વત ઉપર ખડકમાં કબર ખો-
દાવી છે? હું તને જોરથી ઝાટકી નાખીશ.' 17 "હે શૂરવીર માણસ, યહોવા
તને કઠોરતાથી હચમચાવવાનાં જ છે. 18 તે તને જરૂર દડાની જેમ લપે-
ટીને વિશાળ પ્રદેશમાં ફેંકી દેશે અને ત્યાં તારું મૃત્યુ થશે. તારાં ભભકા-
દાર રથો ત્યાં જ રહેશે, તેં તારા ધણીના નામને બદનામ કર્યુ છે." 19 દેવ
કહે છે, "હા, હું તને તારા પદસ્થાન પરથી દૂર હાંકી કાઢીશ, ને તને તારા
હોદ્ધા પરથી ઉથલાવી નાખીશ. 20 અને તે જ દિવસે હું મારા સેવક હિ-
લ્કિયાના પુત્ર એલ્યાકીમને તેડાવી મંગાવીશ, 21 અને તેને તારો હોદ્ધા-
નો પોશાક આપીશ, તેને તારો કમરબંધ બાંધીશ, અને તારો અધિકાર
તેને સોંપીશ. તે યરૂશાલેમના વતનીઓના અને યહૂદાના લોકોના પિ-
તાને સ્થાને ગણાશે. 22 "હું દાઉદના મહેલની ચાવી તેને સુપ્રત કરીશ,
તેને તે ઉઘાડશે, તેને કોઇ બંધ નહિ કરી શકે, અને તેને તે બંધ કરશે તે-
ને કોઇ ઉઘાડી નહિ શકે. 23 હું તેને મજબૂત રીતે ખોડેલા ખીલાની જેમ
સ્થિરપણે સ્થાપીશ, અને તેના પિતાના કુટુંબને માટે તે ભારે ગૌરવરૂપ
બની રહેશે. 24 તેઓ તેના બાપના ઘરના સર્વ વૈભવ, કુટુંબ-પરિવાર,
પ્યાલાં જેવા નાનાં પાત્રથી તે શિરોઇ જેવા પાત્ર સુધી, તે સર્વ તેના પર
લટકાવી રાખશે. 25 "સૈન્યોના દેવ યહોવાનું એવું વચન છે કે,એક દિ-
વસ તેને સ્થાને મજબૂત રીતે ખોડેલો ખીલો ઊખડી જશે. અને તેના
ઉપર લટકતો બધો ભાર ભોંયભેગો થશે અને તેના ટૂકડે ટૂકડા થઇ
જશે." આ યહોવાના વચન છે.

23 તૂરને લગતી દેવવાણી: "હે તાર્શીશના જહાજો, મોટેથી આક્રંદ
કરો! કારણ, તૂર ખેદાનમેદાન થઇ ગયું છે: "સાયપ્રસથી પાછા
ફરતાં તમને આ સમાચાર મળે છે. 2 હે સાગરકાંઠાના રહેવાસીઓ, હે
સિદોનના વેપારીઓ, આક્રંદ કરો. તમારા માણસો દરિયો ઓળંગી
ગયા, અને સાગરોને ખેડતા હતા. 3 અને શીહોરમાં ઉગાડેલા પાકથી
અને નીલ નદીને કાંઠે ઉગાડેલા અનાજમાંથી લાભ પામ્યા હતાં અને
અનેક રાષ્ટો સાથે વેપાર કર્યો હતો. 4 તમે જરા શરમાઓ, હે સિદોનન-
ગરી હતાશ સાગરકાંઠાનો દુર્ગ થઇને પોકારી ઊઠે છે કે,"હું એવી સ્રી જે-
વી છું કે, જેણે ક્યારેય બાળકને જન્મ આપ્યો નથી અને જેણે છોકરાઓ
મોટા કર્યા નથી કે છોકરીઓને ઉછેરી નથી." 5 મિસરમાં સમાચાર
પહોંચશે ત્યારે તેઓ તૂરની ખબર સાંભળીને શોકમાં ડૂબી જશે. 6 હે સા-
ગરકાંઠાના લોકો, આક્રંદ કરતાં તાર્શીશ ચાલ્યા જાઓ. 7 તમારી એક
વખતની આનંદી નગરીમાં હવે કેવળ વિનાશ જ રહ્યો છે. તમારો ભૂત-
કાળનો ઈતિહાસ કેટલો ભવ્ય હતો! તારા વતનીઓ દૂરના દેશોમાં જઇ
વસ્યા હતા. 8 જે તૂર બાદશાહી નગર હતું, જેના વેપારીઓ સરદારો હતા
અને જેના શાહસોદાગરોની પૃથ્વીમાં સૌથી વધુ શાખ હતી, તે તૂરની
આવી હાલત કરવાનું કોણે વિચાર્યુ? 9 આ બધી જાહોજલાલીનો ગર્વ
ઉતારવા અને પૃથ્વીના સર્વ માનવંતાઓને અપમાનિત કરવા સૈન્યોના
દેવ યહોવાએ વિચાર્યુ છે. 10 હે તાર્શીશના જહાજો, તમે તમારા દેશમાં
પાછા ફરો, કારણ અહીં કોઇ બંદર હવે રહ્યું નથી. 11 યહોવાએ સમુદ્ર
વિરુદ્ધ પોતાનો હાથ ઉગામ્યો છે; તે પૃથ્વીના સામ્રાજ્યોને ધ્રૂજાવે છે.
આ મહાન વેપારી નગર અને તેના સાર્મથ્યનો વિનાશ કરવા તેમણે
આજ્ઞા આપી છે, 12 યહોવએ કહ્યું છે, "હે સિદોનનગરી તારા સુખનો
અંત આવ્યો છે. તારા લોકો પર અન્યાય કર્યો છે; તેઓ સાયપ્રસ ચા-
લ્યા જશે તોયે ત્યાં પણ તેમને આરામ મળવાનો નથી." 13 ખાલદીઓ-
ની ભૂમિને જુઓ; આ એ રાષ્ટ છે જે હવે અસ્તિત્વ ધરાવતું નથી,
આશ્શૂરે તેને રણના લોકો માટે વસાવ્યો; તેઓએ તેના બૂરજો ઊભા
કર્યા અને એક કિલ્લો બાધ્યો. તેઓએ એનાં મહેલને ભોંયભેંગા કર્યા;
અને તેનો વિનાશ કર્યો. 14 હે સાગરખેડુ વહાણોના તાર્શીશના ખલા-
સીઓ, તમે આક્રંદ કરો; કારણ કે તમારો કિલ્લો નાશ પામ્યો છે. 15 તે
દિવસે એક રાજાની કારકિદીર્ સુધી, સિત્તેર વર્ષ સુધી, તૂર ભૂલાઇ જશે.
સિત્તેર વર્ષ પૂરાં થતાં તેની દશા પેલાં ગીતમાંની વારાંગના જેવી થશે.
16 "હે ભૂલાઈ ગયેલી વારાંગના, વીણા લઇને નગરમાં ફરી વળ; મધુરા
સ્વરો છેડી ગીત ઉપર ગીત ગા, જેથી લોકો તને ફરી સંભારે." 17 સિત્તેર
વર્ષ પૂરાં થયા પછી યહોવા તૂરની મુલાકાત લેશે, ને તૂર ફરીથી પોતાનો
ધંધો શરૂ કરશે, પૃથ્વીનાં સર્વ રાજ્યો સાથે તે વેપાર કરશે. 18 પણ તેની
કમાણી તથા પગાર યહોવાને અર્પણ કરવામાં આવશે; ખજાનામાં તેનો
સંગ્રહ કરાશે નહિ, એની કમાણીમાંથી યહોવાના ભકતો માટે પુષ્કળ
ખાવા-પીવાનું અને કપડાલત્તા ખરીદવામાં આવશે.

24 જુઓ! યહોવા પૃથ્વીનો નાશ કરી નાખશે; તે તેનો વિનાશ કરી-
ને તેને રસકસ વગરની બનાવશે. તે પૃથ્વીના પડને ઉપરતળે
કરી નાખે છે અને તેના પર વસતા સર્વજનને વેરવિખેર કરી નાખે છે.
2 બધાની દશા સરખી થશે; યાજકો, અને લોકો, સેવકો અને ધણીઓ,
દાસીઓ અને શેઠાણીઓ, ખરીદનારાઓ અને વેચનારાઓ, ઉછીનું લે-
નારા અને આપનારા, લેણદારો અને દેણદારો. 3 સમગ્ર પૃથ્વી બિલકુલ
ઉજ્જડ અને વેરાન થઇ જશે, તેને લૂંટી લેવામાં આવશે, કારણ કે આ
યહોવાના વચન છે. 4 પૃથ્વી સૂકાઇ જાય છે અને સંકોચાઇ જાય છે, સૂ-
કી ભૂમિ નકામી થઇ જાય છે અને ક્ષીણ થઇ જાય છે. પૃથ્વી અને
આકાશ બંને ક્ષીણ થતા જાય છે. 5 પૃથ્વી તેના વસનારાઓથી ષ્ટ થઇ
છે, કારણ કે તેમણે નિયમનું ઉલ્લંઘન કર્યુ છે, અને કાયદાઓ તોડ્યાં
છે. તેઓએ દેવ સાથેના સનાતન કરારનો ભંગ કર્યો છે. 6 આથી શાપ
પૃથ્વીને ભરખી રહ્યો છે અને એમાં વસનારાઓ પોતાના ગુનાની સજા
ભોગવી રહ્યા છે. આથી પૃથ્વીની વસ્તી ઘણી ઘટી ગઇ છે અને માત્ર
થોડાં જ માણસો બચવા પામ્યા છે. 7 દ્રાક્ષના વેલા કરમાઇ ગયા છે, તે-
થી દ્રાક્ષનો દ્રાક્ષારસ બનતો નથી, જેઓ મોજ માણતા હતા તેઓ નિ-
સાસા નાખે છે. અને રૂદન કરે છે. 8 વીણાનું સુમધુર સંગીત અને ખંજ-
રીનો અવાજ સંભળાતો બંધ થઇ ગયો છે. આનંદના દિવસોનો અંત
આવ્યો છે. 9 હવે લોકો ગીત ગાતાં ગાતાં દ્રાક્ષારસ પીતા નથી, તેમને તે
કડવો લાગે છે. 10 નગરી ઉજ્જડ અને વેરાન થઇ ગઇ છે; બધાં ઘરો બંધ
થઇ ગયાં છે, તેથી કોઇ વ્યકિત તેમાં પ્રવેશી શકતું નથી. 11 નગરમાં
રસ્તાઓ પર લોકો પોકાર કરે છે, કારણ દ્રાક્ષારસ મળતો નથી.
આનંદોત્સવ પર અંધકારની છાયા ઊતરી છે, ધરતી પરથી આનંદને દે-
શવટો દેવાયો છે; 12 સમગ્ર નગર ખંડેર થઇ ગયું છે; તેના દરવાજાઓ
તોડી પાડવામાં આવ્યા છે. 13 પૃથ્વી પરના લોકો, જાણે જૈતુન વૃક્ષને
ઝૂંડી નાખ્યા હોય તેવા. અથવા દ્રાક્ષ ચૂંટી લીધા પછી દેખાતા દ્રાક્ષવેલા
જેવા લાગે છે. 14 પરંતુ બચી ગયેલા તે થોડા લોકો મોટા સાદે આનંદના
ગીતો ગાશે. તેઓ યહોવાના મહાત્મ્યને લીધે પશ્ચિમમાં હર્ષનાદ કરશે.
15 તેથી પૂર્વમાં જેઓ છે તેઓ પણ યહોવાના મહિમાની ઘોષણા કરશે.
અને દરિયાકાંઠે રહેનારા લોકો પણ ઇસ્રાએલના યહોવા દેવની સ્તુતિ
કરશે. 16 પૃથ્વીના બધા છેડેથી આપણે "ન્યાયીનો મહિમા થાઓ" તેમ
સાંભળીશું પણ અફસોસ! "હું તો ક્ષીણ થતો જઉં છું, મારા માટે કોઇ
આશા નથી. દગાબાજી કરનારા દગાબાજી કરે જાય છે અને દિવસે દિવ-
સે તેઓની દગાબાજીમાં વધારો થતો જાય છે. 17 હે પૃથ્વીવાસીઓ,
તમારા માટે ભય, ખાડો અને ફાંસલો જ છે. 18 જે ડર લાગે તેવા સમા-
ચારથી જેઓ દૂર ભાગી જાય છે, તેઓ ખાડામાં પડશે અને જે ખાડા-
માંથી બહાર નીકળશે તે ફાંસલામાં સપડાશે." આકાશમાંથી મૂસળધાર
વરસાદ વરસશે, પૃથ્વીના પાયા હચમચી જશે. 19 પૃથ્વીનો સંપૂર્ણ વિ-
નાશ થશે, એમાં મોટી મોટી તિરાડો પડશે, અને ભીષણતાથી ◌ૂજી
ઊઠશે. 20 પૃથ્વી પીધેલાની જેમ લથડિયાં ખાશે, તોફાનમાં ફસાયેલા
તંબુની જેમ ઝોલા ખાશે, પૃથ્વીના પાપનો ભાર વધી ગયો છે, તેનું એવું
પતન થશે કે પછીથી તે ફરીથી ઊઠી શકશે નહિ. 21 તે દિવસે યહોવા
આકાશમાંના સૈન્યોને, તથા પૃથ્વી પરના અભિમાની રાજાઓને તથા
અધિકારીઓને શિક્ષા કરશે. 22 તે સર્વને કેદીઓની જેમ એકઠાં કરવામાં
આવશે અને જ્યાં સુધી તેઓનો ન્યાય કરીને શિક્ષા કરવામાં નહિ આવે
ત્યાં સુધી બંદીખાનામાં કેદ કરી રાખવામાં આવશે. 23 સૈન્યોનો દેવ
યહોવા યરૂશાલેમમાં સિયોન પર્વત પર રાજા થશે અને લોકોના આગે-
વાનો સમક્ષ તેનો મહિમા ઝળહળી ઊઠશે. એટલે ચંદ્ર શરમનો માર્યો
મોં સંતાડશે, સૂર્ય લજવાઇને ઝાંખો થઇ જશે.

25 હે યહોવા, તમે મારા દેવ છો, હું તમારા ગુણગાન ગાઇશ અને
તમારા નામની સ્તુતિ કરીશ, તમે અદભૂત કાર્યો કર્યા છે; તમે
લાંબા સમય પહેલાં ઘડેલી યોજનાઓ પૂરેપૂરી પાર ઊતારી છે. 2 તમે
સમૃદ્ધ નગરોને ઉજ્જડ કરો છો. તમે કિલ્લેબંધ નગરોને ખંડેરોનો ઢગ
બનાવી દીધાં છે. તમે વિદેશીઓના ગઢનો વિનાશ કરી નાખ્યો છે.

તેઓ તે ફરીથી બાંધશે નહિ. 3 તેના કારણે સાર્મથ્યવાન લોકો તમારી
સમક્ષ ભયથી થથરશે; ક્રૂર લોકો તમને આધિન થશે અને તમારા નામ-
નો મહિમા કરશે. 4 પણ હે યહોવા, તડકામાં તમે નિર્ધનોનો પડછાયો
છો, મુશ્કેલીઓમાં તમે દુ:ખી લોકોનો આશ્રય છો, વાવાઝોડા સામે
રક્ષણ છો, તમે નિર્દય લોકો સામે તેમને આશ્રય આપો છો જેઓ શિયા-
ળાના ધોધમાર વરસાદ જેવા છે. 5 તે ક્રૂર લોકો સૂકા પ્રદેશમાં વાતી લૂ
જેવા હતા, પરંતુ તમે ક્રૂર વિદેશીઓનો વિજય ઉન્માદ દબાવી દીધો છે
જેવી રીતે વાદળની છાયા ગરમીને ઓછી કરી નાખે છે તેમ. 6 સૈન્યોનો
દેવ યહોવા સિયોન પર્વત પર બધા લોકો માટે મિષ્ટાનની અને ઉત્તમ
પીણાની ઉજાણી તૈયાર કરશે. 7 આ સિયોન પર્વત પર, યહોવા સમગ્ર
પ્રજાઓના શોકનાં વાદળોને દૂર કરશે અને તેમની પર ફેલાયેલા દુ:ખના
કફનને દૂર કરશે; 8 તે સદાને માટે મૃત્યુને મિટાવી દેશે. યહોવા મારા
માલિક બધાનાં આંસૂ લૂછી નાખશે, અને સમગ્ર પૃથ્વી પર પોતાના લો-
કો તરફથી મળતી અપકીતિર્ દૂર કરશે. આ યહોવાના શબ્દો છે. 9 તે
દિવસે સૌ લોકો એમ કહેશે, "એ આપણો ઉદ્ધાર કરશે એવી જેને વિષે
આપણે આશા સેવતા હતા, તે આપણો દેવ આ છે, આપણે જેની પ્રતિ-
ક્ષા કરતા હતા તે આ યહોવા છે, અને તેણે આપણો ઉદ્ધાર કર્યો છે; માટે
ચાલો, આપણે આનંદોત્સવ કરીએ." 10 યહોવા, તેનો હાથ આ પર્વત
પર ટેકવશે પરંતુ જેમ તણખલાને પગ નીચે કચડીને કચરાના ઢગલા
પર ફેંકી દેવામાં આવે છે, તેમ ફેંકી દેશે. અને મોઆબને પગ નીચે કચ-
ડી નાખવામાં આવશે. 11 જેમ કોઇ તરનારો તરવા માટે પોતાના હાથથી
પાણીને પાછું ધકેલે છે, તેમ દેવ તેઓને પાછા હઠાવશે, તે તેઓના
ઘમંડનો અને સર્વ દુષ્ટ કાર્યોનો અંત લાવશે. 12 યહોવા મોઆબના કિ-
લ્લાઓની ઊંચી ભીતોને તોડી પાડશે. ભોંયભેગી કરી દેશે, ને ધૂળમાં મે-
ળવી દેશે.

26 તે દિવસે યહૂદિયા દેશમાં આ ગીત ગવાશે: અમારું નગર મજ-
બૂત છે. અમારું રક્ષણ કરવાને માટે યહોવાએ કોટ અને કિલ્લા
ચણેલા છે. 2 દરવાજા ઉઘાડી નાખો જેથી ધર્મને માગેર્ ચાલનારી પ્રજા
જે વફાદાર રહે છે તે ભલે અંદર આવે. 3 હે યહોવા, જેમનાં ચિત્ત ચલિત
થતાં નથી, તેમને તું પૂરેપૂરી શાંતિમાં રાખે છે; કારણ કે તેઓ તારા પર
વિશ્વાસ રાખે છે. 4 સદા યહોવા પર ભરોસો રાખો, તે જ આપણો સના-
તન ખડક છે. 5 તેણે ઊંચી હવેલીઓમાં વસનારાઓને નીચા નમાવ્યાં
છે, તેમના ગગનચુંબી નગરને તેણે તોડી પાડીને ભોંયભેગુ કરી નાખ્યું
છે. ધૂળભેગું કર્યું છે. 6 તે પગ તળે કચડાય છે, ને દીનદલિતોના પગ
તળે તે રોળાય છે. 7 ન્યાયીના માગેર્ ચાલનારનો રસ્તો સુગમ છે; તમે
યહોવા એને સરળ બનાવો છો. 8 અમે તમારા નિયમોને માગેર્ ચાલીએ
છીએ, અને તમારી જ પ્રતિક્ષા કરીએ છીએ, તમારું નામસ્મરણ એ જ
અમારા પ્રાણની એકમાત્ર ઝંખના છે. 9 આખી રાત હું તમારા માટે
ઉત્કંઠિત રહ્યો છું; મારા ખરા હૃદયથી આગ્રહપૂર્વક હું તમને શોધીશ;
કારણ કે જ્યારે તમે પૃથ્વીનો ન્યાય કરીને શિક્ષા કરો છો, ત્યારે લોકો
પોતાની દુષ્ટતાથી પાછા ફરે છે અને યોગ્ય માગેર્ વળે છે. 10 પણ દુષ્ટ
લોકો પ્રત્યે કૃપા દર્શાવાય, તો પણ તેઓ નીતિમત્તા શીખતા નથી;
સદાચારી લોકોથી ભરેલી આ ભૂમિમાં પણ તેઓ અધર્મ આચરે છે,
અને તમારા ગૌરવનો સહેજ પણ આદર કરતા નથી. 11 હે યહોવા, તમે
તમારો હાથ ઉગામ્યો છે, તો પણ તમારા દુશ્મનો તે જોતા નથી, તમારા
લોકો માટેનો તમારો પ્રેમ કેવો ઉગ્ર છે તેનું ભાન થતાં તેઓ લજવાય!
તમારા શત્રુઓ માટે રાખી મૂકેલા અગ્નિથી તેઓને ભસ્મ કરો. 12 હે યહો-
વા, તમે અમને મહેરબાની કરીને સુખ-શાંતિ આપો, અમારા ખોટા કાર્યો
બદલ તમે અમને અત્યાર પહેલા સજા આપી દીધી છે. 13 હે અમારા દેવ
યહોવા, તમારા સિવાયના બીજા હાકેમોએ અમારા ઉપર હકૂમત ચલા-
વી છે પણ અમે તો માત્ર તને જ સ્વીકારીએ છીએ. 14 પહેલાં જેઓએ
અમારી ઉપર શાસન કર્યું હતું, તેઓ મૃત્યુ પામ્યાં અને ચાલ્યા ગયા છે;
તેઓ હવે ફરીથી કદી જ પાછા આવી શકે તેમ નથી. તેમ તેઓની વિરુ-
દ્ધ થયા અને તેઓનો નાશ કર્યો અને તેઓનું નામનિશાન પણ રહ્યું
નથી. 15 યહોવાની સ્તુતિ થાઓ! હે યહોવા, તમે અમારી પ્રજાની વૃદ્ધિ
કરી છે, અમારા દેશના બધા જ સીમાડા વિસ્તાર્યા છે. 16 હે યહોવા, તે-
ઓના દુ:ખમાં તેઓએ તમારી શોધ કરી, જ્યારે તમે તેઓને શિક્ષા કરી
ત્યારે તેઓએ તમને પ્રાર્થના કરી. 17 હે યહોવા, કોઇ ગર્ભવતી સ્ત્રીનો
પ્રસવકાળ આવ્યો હોય, ત્યારે પ્રસુતિની વેદનામાં ચીસો પાડે છે; તેવી
પીડા તમારી સંમુખ અમને થતી હતી. 18 અમે પણ સ્ત્રીની પ્રસવવેદના
જેવી વેદનાથી પીડાયા પણ પરિણામ કાંઇ આવ્યું નહિ. અમારા સર્વ
પ્રયત્નો છતાં, અમે જગતના લોકોને જીંદગી આપી નહોતી. 19 છતાં
પણ અમારી પાસે આ ખાતરી છે: "જેઓ દેવના છે; તેઓ ફરીથી સજી-
વન થશે. તેઓનાં શરીરો ઊઠશે. હે ધૂળમાં રહેનારાઓ, તમે જાગૃત
થાઓ, ને મોટેથી હર્ષનાદ કરો; કારણ કે તમારું ઝાકળ પ્રકાશનું ઝાકળ
છે, તે જેમ વનસ્પતિને સજીવન કરે છે તેમ યહોવા મૃત્યુલોકમાં સૂતેલા-
ઓને સજીવન કરશે." 20 આવો, મારા લોકો, તમારા ઘરમાં પ્રવેશ કરો
અને બારણાં વાસી દો. તમારા શત્રુઓ વિરુદ્ધ યહોવાનો રોષ ઉતરે ત્યાં
સુધી થોડો સમય સંતાઇ રહો. 21 જુઓ, પૃથ્વી પરના સર્વ લોકોને તેમ-
ના પાપની સજા કરવા યહોવા આકાશમાંથી આવી રહ્યા છે, પૃથ્વી પો-
તાના ઉપર રેડાયેલું લોહી ઉઘાડું કરશે, તે પોતાના ઉપર માર્યા ગયેલા-
ઓને ઢાંકી નહિ રાખે.

27 તે દિવસે યહોવા પોતાની ભયાવહ અને સખત મોટી મજબૂત
તરવાર વડે વેગવાન ગૂંછળિયા સાપ લિવયાથાનને એટલે સમુ-
દ્રના અજગરને શિક્ષા કરશે. 2 તે દિવસે યહોવા પોતાની સુંદર રળિયામ-
ણી દ્રાક્ષવાટીકા વિષે ગાઓ: 3 "હું યહોવા મારી દ્રાક્ષાવાડીની ચોકી કરું
છું, હું વારંવાર એને પાણી પાઉં છું. રખેને કોઇ એને ઇજા પહોંચાડે માટે
રાતદિવસ હું એની ચોકી કરું છું. 4 હું હવે દ્રાક્ષાવાડી પ્રત્યે ક્રોધિત
નથી, પણ હવે અહીં જો કાંટા અને ઝાંખરા ઊગે તો હું તેનો સામનો કરી
તેને બાળીને ભસ્મ કરી નાખીશ. 5 પરંતુ જો મારી દ્રાક્ષવાડીને મારું
સંરક્ષણ જોઇતું હોય તો તેને મારી સાથે સમાધાન કરવા દો, હા, તેને
મારી સાથે સમાધાન કરવા દો. 6 પછી એવો સમય આવશે જ્યારે ઇસ્રા-
એલી યાકૂબના વંશજના લોકો દ્રાક્ષનાવેલાની જેમ પોતાનાં મૂળ નાખ-
શે; તે જમીનમાં તેના દ્રાક્ષ વેલાની જેમ ફૂલશે-ફાલશે, અને સમગ્ર પૃ-
થ્વીને ફળોથી ભરી દેશે." 7 ઇસ્રાએલના શત્રુઓને યહોવાએ જેવો માર
માર્યો છે. તેવો એને નથી માર્યો, શત્રુઓની જેવી હત્યા કરી છે તેવી
એની નથી કરી. 8 યહોવાએ પોતાના લોકોને દેશવટે મોકલીને સજા કરી
હતી, ઊગમણા પવન જેવી સખત ઝાપટ મારીને તેમને હઠાવી દીધા
હતા. 9 પરંતુ જ્યારે ઇસ્રાએલીઓ બીજા દેવોની વેદીઓના બધા પથ્થ-
રોને ચૂનાની માફક પીસી નાખ્યા અને એક પણ ધૂપની વેદીને અને
અશેરાહ દેવીની મૂર્તિઓના એક પણ સ્તંભને પણ રહેવા દીધો નહિ
આથી, તેમનાં પાપોનું પ્રાયશ્ચિત થશે અને તેમનાં પાપો દૂર થશે. 10 તે-
નાં કોટવાળાં નગરો ઉજ્જડ અને ખાલી પડી રહેશે. તેના ઘરોનો ત્યાગ
કરીને વેરાન બનાવી દેવામાં આવશે. તેની શેરીઓમાં ઘાસ ઊગી નીક-
ળશે, ત્યાં વાછરડાં ચરશે, ત્યાં બેસશે, ને ડાળખાં-પાંદડાં ખાશે. 11 તેના
વૃક્ષોની ડાળીઓ જ્યારે સૂકાશે ત્યારે તેઓને ભાંગી નાખવામાં આવશે;
અને સ્ત્રીઓ આવીને તેમને બળતણ તરીકે વાપરશે; કારણ, એ પ્રજા
સમજણ વગરની છે.અને તેથી એનો સર્જનહાર દેવ, તેના પર દયા નહિ
લાવે, તેના પર કૃપા નહિ કરે. 12 તે દિવસે યહોવા ફ્રાંત નદીથી તે મિસ-
રની સરહદ સુધી ખળીમાંના અનાજને ઝૂડવાનું શરૂ કરશે. અને તમને
ઇસ્રાએલના લોકોને એકે એકને ભેગા કરશે. 13 તે દિવસે મોટું રણશિંગડું
ફૂંકવામાં આવશે; અને જેઓ આશ્શૂર દેશમાં ખોવાઇ ગયા હતા અથવા
તો મિસર જવા માટે ફરજ પડી હતી તેઓને યરૂશાલેમમાં યહોવાના
પવિત્ર પર્વત પર તેમની ઉપાસના કરવાને પાછા એકત્ર કરવામાં આવ-
શે.

28 અફસોસ છે એફ્રાઇમના ધનવાન લોકો અહંકારી, છાકટા અને
પૌષ્ટિક ખોરાકથી હષ્ટપુષ્ટ થયેલાં છે. પરંતુ તેઓ જંગલી ફૂલ
કે પાંદડાના હારની જેમ ક્ષીણ થઇ જશે. 2 કારણ કે યહોવા મારા દેવ
તમારી વિરુદ્ધ આશ્શૂરના મહાન સૈન્યને મોકલશે; તે કરાના ભયંકર
તોફાનની જેમ તમારા પર, વિનાશ વેરનાર વાવાઝોડાની જેમ, તોફાને
ચઢેલાં ઊભરાતાં પાણીના ધસમસતા પૂરની જેમ ધસી આવશે, ને તેમ-
ને ભોંયભેગા કરીને પછાડશે. 3 ઇસ્રાએલના છાકટા આગેવાનોના તુમા-
ખીભર્યા મુગટો પગ તળે કચરાશે. 4 અને તેમના માથાં પરનાં કરમાતાં
ફૂલો જેવી તેમની જાહોજલાલી હશે અને પૌષ્ટિક ખોરાકથી હષ્ટપુષ્ટ
અને ઋતુંનાં પહેલાં પાકેલાં અંજીર જેવી થશે, જે નજરે ચડતાં જ ચૂંટા-
ઇને ખવાઇ જાય છે. 5 યહોવાના જે લોકો બચી ગયા હશે, તેઓ માટે છે-

વટે સૈન્યોનો દેવ યહોવા પોતે "મહિમાનો મુગટ" અને "સૌદર્યનો તાજ
થશે." 6 તે ન્યાયાસન ઉપર બેસનારાઓમાં ન્યાયની ભાવના પ્રેરશે
અને દુશ્મનોથી નગરના દરવાજાઓનું રક્ષણ કરનારાઓને બહાદુર
બનાવશે. 7 યાજકો અને પ્રબોધકો પણ દ્રાક્ષારસ પીને લથડીયાં ખાય
છે; દ્રાક્ષારસથી તેમના ચિત્ત ડહોળાઇ ગયા છે, તેઓ દિવ્ય દર્શનના
અર્થઘટનમાં ગોથાં ખાય છે, ચુકાદો આપવામાં ગૂંચવાય છે. 8 તેઓનાં
બધાં મેજ ઊલટીથી ભરાઇ ગયાં છે, કોઇ જગા ચોખ્ખી રહેવા પામી
નથી. 9 લોકો કહે છે, "યશાયા પોતાના મનમાં શું સમજે છે કે આપણી
સાથે આ પ્રમાણે વાત કરે? અમે શું હમણા જ બોલતા શીખ્યા હોય
એવા નાનાં બાળકો છીએ? " 10 પણ તે આ પ્રમાણે સંભળાશે,"ત્સવ,
લે સ્તવ, સ્તવ, લે સ્તવ, કવ, લેકવ, કવ, લેકવ, ઝર શામ, ઝર શામ!"
11 એટલે યહોવા આ લોકોની સાથે વાત કરશે, તેમને પાઠ ભણાવવા
અન્ય ભાષા બોલનાર વિદેશીઓને મોકલશે. 12 તેણે તેઓને કહ્યું હતું
કે, "અહીં વિશ્રામ છે. થાક્યા હોય તે વિશ્રામ કરે. અહીં શાંતિ છે," પણ
તેમણે કાને ન ધર્યું. 13 તેથી હવે યહોવાના શબ્દો પણ તેમનેઆ પ્રમાણે
સંભળાશે,"ત્સ, લેત્સવ, સ્ત, લેસ્તવ, કવ, લેકવ, કવ, લેકવ, કવ, લે-
કવ, ઝર શામ, ઝર શામ."તેથી તેઓ પોતાના રસ્તે જવાનું રાખે, અને
ઠોકર ખાઇને પાછા પડે, તૂટી પડે અને સપડાવીને કબ્જે કરાય. 14 માટે
યરૂશાલેમના લોકો પર રાજ્ય કરતાઓ ઘમંડી માણસો, તમે યહોવાના
વચન સાંભળો! 15 કારણ કે તમે એમ કહો છો કે, અમે મૃત્યુ સાથે કરાર
કર્યો છે, અમે શેઓલની સાથે સમજૂતી કરી છે; જ્યારે વિનાશનો ચાબ-
ખો વીંજાશે ત્યારે તે અમને સ્પર્શ કરશે નહિ, કારણ કે અમે જૂઠાણાનો
આશ્રય લીધો છે, અને અમારી જાતને જુઠ્ઠાણામાં છુપાવી દીધી છે.
16 તેથી યહોવા મારા દેવ કહે છે કે, "જુઓ, હું સિયોનમાં પાયાનો પથ્થર
મૂકું છું, જે નક્કર અને મજબૂત છે. જે માણસ વિશ્વાસ રાખે છે તે ગભરા-
તો નથી. 17 "હું ન્યાયની દોરી અને ન્યાયીપણાનો ઓળંબો લઇ ચણ-
તર કરીશ, કરાંનું તોફાન તમારા જૂઠાણાના આશ્રયને ઘસડીને લઇ
જશે, અને પાણીનું પૂર તમારી સંતાઇ જવાની જગા પર ફરી વળશે.
18 ત્યારે તમારો મૃત્યુ સાથેનો કરાર રદ થશે, અને શેઓલ સાથેની
તમારી સમજૂતી ટકશે નહિ, જ્યારે વિનાશનો ચાબખો વિંઝાશે ત્યારે
તમે તેનાથી પટકાઇ પડશો. 19 "તે જેટલી વાર વિંઝાશે તેટલી વાર તે
તમને પકડશે; પ્રતિદિન સવારે, રાતદિવસ તે વિંઝાશે, એના સમાચાર
માત્રથી ભય વ્યાપી જશે. 20 "તમે તૈયાર કરેલી પથારી એટલી ટૂંકી છે કે
તેના પર સૂઇ શકાય નહિ; અને ઓઢવાનું એટલું સાંકડું છે કે તમને
ઢાંકી શકે નહિ." 21 કારણ કે તે પરાસીમના પર્વત પર અને ગિબયોનની
ખીણમાં રોષે ભરાઇ ઉભો થઇ જશે, અને અસાધારણ તથા અનોખું કાર્ય
કરશે! 22 એટલે હવે તમે હાંસી ઉડાવશો નહિ. નહિ તો તમારી સાંકળો
મજબૂત થઇ જશે. સૈન્યોના દેવ યહોવાએ છોડેલી આખા દેશના વિના-
શની આજ્ઞા મેં સાંભળી છે. 23 ધ્યાનથી મારી વાણી સાંભળો! ધ્યાન
દઇને મારું વચન સાંભળો. 24 શું ખેડુત ખેતર ખેડ્યા જ કરે અને વાવ-
ણી જ ન કરે એવું બને ખરું? તે શું ચાલુ જમીન ખોદ્યા જ કરે છે અને
રાંપડી જ ફેરવ્યા કરે છે? 25 તેની જમીનની સપાટી સરખી કરીને તે તેમાં
સૂવા કે જીરું વાવતો નથી? અને ચાસમાં ઘઉં, ને નક્કી કરેલી જગાએ
જવ, ને યોગ્ય ઋતુંમાં શું તે બાજરી વાવતો નથી? 26 કારણ કે તેને તેના
દેવે શિક્ષણ આપીને યોગ્ય જ્ઞાન આપ્યુ હોય છે. 27 કારણ કે સૂવા ધાર-
દાર શસ્ત્રથી મસળાતા નથી કે જીરાના દાણા પર ગાડાનું પૈડું ફેરવાતું
નથી. સૂવા લાકડીથી ઝુડાય છે અને જીરું ઝૂડિયાથી ઝૂડાય છે. 28 ઘઉં
સરળતાથી દળાય છે તેથી તે તેને સતત ઝાડ્યા કરતો નથી અને એક
વ્યકિત અનાજના દાણા પર ગાડાનું પૈડું ફેરવે છે છતાં પણ તે દાણાને
તોડી નાખતો નથી. 29 એ જ્ઞાન પણ સૈન્યોના દેવ યહોવા પાસેથી મળે
છે, જેની સલાહ અદભુત છે અને જેનું શાણપણ અજબ છે.

29 યહોવાની યજ્ઞવેદી સમી હે યરૂશાલેમનગરી, તને અફસોસ!
જ્યાં દાઉદે પડાવ નાખ્યો હતો તે નગરીને અફસોસ! વર્ષ પર
વર્ષ જવા દો, ઉત્સવોનું ચક્ર ફરવા દો, 2 ત્યારબાદ દેવ તારા પર આફત
ઉતારશે, તારે ત્યાં શોક અને આક્રંદ વ્યાપી જશે. તું યજ્ઞવેદી જેવી લોહી
નીગળતી થઇ જશે. 3 "તારી આસપાસ યહોવા છાવણીઓ નાખશે, બુ-
રજો બાંધી તને ઘેરો ઘાલશે અને તારી સામે સૈન્યો ઊભા કરશે, 4 તું
ભોંયભેગી થઇ જશે અને ભૂમિ પર પડી પડી તું બોલશે. તું ધૂળમાં રગ-
દોળાશે; ત્યાં જમીનમાંથી તારો અવાજ આવશે. તને દફનાવી દીધી છે
તે ભૂમિમાંથી પ્રેતના જેવો તારો ધીમો અવાજ આવશે." 5 પણ ત્યાં તો
તારા ઘાતકી શત્રુઓનું સૈન્ય ધૂળની જેમ અને ફોતરાંની જેમ ઊડી જશે.
6 હું સૈન્યોનો દેવ યહોવા ગર્જના, મોટા આવાજ, ધરતીકંપ અને વંટો-
ળિયો અને અગ્નિની જવાળાઓ મારફતે તેઓ પર ઊતરી આવીશે.
7 અને તું દેવની યજ્ઞવેદી સમી એની સામે લડતી અને તને ભીસમાં લે-
તી બધી પ્રજાઓનું સૈન્ય એના બધા સરંજામ સાથે સ્વપ્નની જેમ, રા-
ત્રિએ દેખાતા આભાસની જેમ અલોપ થઇ જશે. 8 જેમ કોઇ ભૂખ્યો મા-
ણસ સ્વપ્નમાં આરોગે અને જાગે ત્યારે ભૂખ્યો ને ભૂખ્યો હોય છે, અથ-
વા કોઇ તરસ્યો માણસ સ્વપ્નમાં પાણી પીએ, પણ જાગે ત્યારે તરસ્યો
ને તરસ્યો હોય છે; તેમ તારા શત્રુઓ તારા પર ભવ્ય વિજય મેળવવાનું
સ્વપ્ન જોશે, પણ તેથી તેઓનું કાંઇ વળશે નહિ. 9 શું તમે વિસ્મિત થઇ
અચંબો પામો છો? શું તમે વિશ્વાસ કરી શકતા નથી? તો પછી આગળ
વધો અને આંધળા થઇ જાઓ! તમે છાકટા થયા છો, પણ દ્રાક્ષારસથી
નહિ! તમે લથડિયાં ખાઓ છો પણ દ્રાક્ષારસને લીધે નહિ! 10 કારણ કે
યહોવાએ તમારા પર પુષ્કળ નિદ્રાનો આત્મા રેડી દીધો છે. તેમણે
તમારા પ્રબોધકોની આંખો બંધ કરી છે. અને દ્રષ્ટાઓનાં મગજ ઢાંકી
દીધાં છે. 11 બધાંય દિવ્યદર્શન તમારા માટે મહોર મારી બંધ કરેલા ગ્રંથ-
ના શબ્દો જેવા થઇ ગયા છે; કોઇ વાંચી શકે એવા વ્યકિતને આપીને
કોઇ કહે કે, આ વાંચ, તો તે કહે છે કે, "હું નથી વાંચી શકતો, કારણ,
એને મહોર મારી બંધ કરેલો છે." 12 અને વાંચી ન શકે એવા માણસને
આપીને કહે છે કે, આ વાંચ; તો તે કહે છે કે, "મને વાંચતા નથી આવડ-
તું." 13 યહોવા મારા માલિક કહે છે, "આ લોકો મારી પાસે આવવાની
માત્ર વાતો જ કરે છે, અને કેવળ શબ્દોથી મને માન આપે છે, પરંતુ તે-
મનું હ્રદય તો મારાથી દૂર જ છે. તેઓની ઉપાસના તો તેઓએ કંઠસ્થ
કરેલા માનવીય હુકમો જ છે. 14 તેથી એ લોકોને મારે ફરીથી પરચો
બતાવવો પડશે, એટલે કે એમના જ્ઞાનીઓનું જ્ઞાન નાશ પામશે અને
એમના બુદ્ધિશાળી વ્યકિતઓની બુદ્ધિનો લોપ થશે." 15 જેઓ યહોવા-
થી પોતાની યોજનાઓ સંતાડવાનો પ્રયત્ન કરે છે. જેઓ અંધકારમાં
કામ કરે છે અને કહે છે કે, "અમને કોણ જોનાર છે! અમને કોણ ઓળખે
છે?" 16 તમે કેટલા મૂર્ખ છો! શું માટી અને કુંભાર એક જ સ્તરના
ગણાય? ઘડો કુંભારને એમ ન કહી શકે કે, "તે મને નથી બનાવ્યો. શું તું
કશું સમજતો નથી." 17 થોડા જ વખતમાં લબાનોનના ગાઢ જંગલો ખે-
તરો જેવા ગણાશે અને ખેતરો ફકત ઝાડીઓ જેવા જ ગણાશે. 18 તે દિ-
વસે બહેરો ગ્રંથ વંચાતો સાંભળશે અને અભેદ્ય અંધકાર દૂર થતાં આંધ-
ળાની આંખો જોશે. 19 દીનજનો અને ગરીબો ફરી ઇસ્રાએલના પરમપ-
વિત્ર યહોવા તરફથી મળતાં સુખ અને આનંદ ભોગવશે. 20 કારણ, જુ-
લમીઓનો અંત આવ્યો હશે અને હાંસી ઉડાવનાર હતો ન હતો થઇ
ગયો હશે; 21 અને બધા દુષ્કમોર્ કરવાને ટાંપી રહેનારા, જેઓ બીજાને
ગુનેગાર ઠરાવવા માટે ખોટી સાક્ષી આપનારા, ન્યાયાધીશોને લાંચ
આપવાનો પ્રયત્ન કરનારા, તથા પાયા વગરની દલીલથી નિદોર્ષને
ન્યાય મળતો રોકનારા નાશ પામ્યા હશે. 22 તે માટે જેણે ઇબ્રાહિમનો
ઉદ્ધાર કર્યો, તે યહોવા યાકૂબના વંશજો વિષે કહે છે કે, "તેમણે હવે કદી
શરમાવું નહિ પડે, તેમનો ચહેરો કદી ફિક્કો નહિ પડી જાય. 23 કારણ કે
મેં જે તેમના માટે કર્યુ છે તેને, તે તથા તેના બાળકો જોશે ત્યારે તેઓ
મારા નામનું સન્માન કરશે. તેઓ યાકૂબના પવિત્ર દેવની સ્તુતિ કરશે
અને ઇસ્રાએલના દેવનો આદર કરશે. 24 જેઓ આત્મામાં ભૂલા પડ્યા
છે તેઓ જ્ઞાન પામશે અને જેઓ બડબડાટ કરે છે તેઓ પણ શિખામણ
માથે ચડાવશે."

30 યહોવા કહે છે કે, "બંડ કરનારા મારા બાળકોને અફસોસ! તેઓ
યોજનાઓ ઘડે છે છતાં તે મારી યોજના નથી; તેઓ સંધિઓ
કરે છે પણ તે મારા માન્ય કરેલી નથી. તેઓ પાપ ઉપર પાપ ઉમેરવા
સારુ પેયાર્પણ રેડે છે, પણ તેઓ મારા આત્માને અનુસરતા નથી;
2 તેઓ મને પૂછ્યાં વિના મિસરની છાયામાં શરણું લેવા તેના રાજા ફા-
રુનના રક્ષણમાં આશ્રય લેવા મિસર જવા નીકળી પડ્યા છે! 3 "પણ
ફારુનનો આશ્રય લેવા જતાં તેમની માત્ર ફજેતી જ થશે, અને મિસરની
છાયામાં શરણું લેવાથી માનહાની જ થશે. 4 જો કે તેના અમલદારો સો-
આનથી લઇને હાનેસ સુધી મુસાફરી કરે છે. 5 પણ તેઓ કઇ કામના

નથી, જેઓ તેમના પર આધાર રાખે છે તેને તેમના તરફથી માત્ર અપ-
માન અને અપયશ જ મળશે, મદદ નહિ." 6 દક્ષિણનાં રણનાં પશુઓને
લગતી દેવવાણી: "એ એલચીઓ હાડમારી અને કષ્ટોભર્યા પ્રદેશમાં
થઇને, જ્યાં સિંહો વસે છે, ઝેરી નાગ અને ઊડતા સાપ વસે છે, તેમાં
થઇને ગધેડાં અને ઊંટો પર લાદીને મિસરની પ્રજા માટે ભેટસોગાદો
લઇ જાય છે. 7 પણ તે પ્રજાથી એમને કશો લાભ થાય એમ નથી. કા-
રણ, મિસરની સહાય મિથ્યા છે, તેની કશી વિસાત નથી; અને માટે જ
મેં મિસરનું નામ "દૈવત વગરનો દૈત્ય" પાડ્યું છે. 8 યહોવાએ મને કહ્યું,
"હવે ચાલુ તું જઇને લોકોના દેખતાં એક તકતી પર લખી નાખ, અને તે-
ને ટીપણાંમા કોતરી નાખ, જેથી ભવિષ્યમાં સદાને માટે એ સાક્ષી તરીકે
કામ આવે, 9 કારણ કે તેઓ બળવાખોર લોકો અને બેવફા બાળકો છે.
તેઓ યહોવાના શિક્ષણને સાંભળતા નથી." 10 તેઓ દષ્ટાઓને કહે છે,
"જોશો નહિ." પ્રબોધકોને કહે છે, "અમને સત્ય સંભળાવશો નહિ, અમ-
ને મીઠી મીઠી વાતો અને ભ્રામક દર્શનો વિષે કહેજો. 11 રસ્તો છોડો,
અમારા માર્ગમાંથી ખસી જાઓ, ઇસ્રાએલના પરમપવિત્ર દેવની વાત
અમારી આગળ ન કરશો." 12 આથી ઇસ્રાએલના પરમ પવિત્ર દેવ પ્ર-
ત્યુત્તર આપે છે: "તમે આ ચેતવણીની ઉપેક્ષા કરો છો, અને અન્યાયમાં
અને છળકપટમાં માનો છો અને એના પર જ આધાર રાખો છો, 13 એટ-
લે જેમ ભીંતમાં પહોળી ફાટ પડે છે અને તે તૂટી પડે છે અને થોડી ક્ષ-
ણોમાં જ કકડભૂસ નીચે પડે છે, તેમ તમારા પર અચાનક વિનાશ
આવી પડશે. 14 જેમ કોઇ ઘડાને જોરથી ફટકો મારે અને તેના ઝીણા
ઝીણા ટુકડા થઇ જાય અને તેમાં એક પણ ટૂકડો એવો ન રહે, જેના વડે
ચૂલામાંથી અંગારો અથવા ટાંકામાંથી પાણી લઇ શકાય, એવી તમારી
દશા થશે." 15 કારણ કે પ્રભુ યહોવા ઇસ્રાએલનો પવિત્ર દેવ કહે છે કે,
"કેવળ મારી તરફ પાછા ફરીને અને મારી વાટ જોઇને તમે બચાવ પામી
શકશો. શાંત રહેવામાં અને ભરોસો રાખવામાં તમારું સાર્મથ્ય રહેલું છે."
પરંતુ તમારામાં આમાનું કશું નથી. 16 એટલે તમે કહ્યું, "ના, અમે તો
ઘોડા પર બેસીને ભાગી જઇશું." એટલે હવે તમારે ભાગવું પડશે. તમે
કહ્યું, "અમે તો પવનવેગી ઘોડા પર ભાગી જઇશું." એટલે હવે તમારો
પીછો પકડનારાઓ પવનવેગે તમારો પીછો પકડશે. 17 તેઓમાંનો એક
તમારા એક હજારને ભગાડી મૂકશે! તેઓમાંના પાંચ તમને એવી રીતે
વિખેરી નાંખશે કે તમારામાંથી કોઇ બે વ્યકિતઓ ભેગી નહિ રહે. તમે
દૂરના પર્વતોની ટોચ પરના એકલા ધ્વજદંડની જેમ મૂઠીભર બાકી રહે-
શો. 18 તેમ છતાં યહોવા તમારા પર કૃપા કરવાની રાહ જોઇ રહ્યો છે,
તમારા પર દયા કરવાને તલપી રહ્યો છે; કારણ કે યહોવા તો ન્યાયનો
દેવ છે, તેને ભરોસે રહેનાર સર્વ આશીર્વાદિત છે. 19 હે યરૂશાલેમમાં સિ-
યોન પર રહેનારી પ્રજા, હવે ફરી તમારે રડવું નહિ પડે. તમારો પોકાર
કાને પડતાં યહોવા જરૂર તમારા પર કૃપા કરશે. સાંભળતા જ જવાબ
આપશે. 20 યહોવા તમને સંકટરૂપી રોટલી અને વિપત્તિરૂપી પાણી
આપે છે, તોપણ તમને શિક્ષણ આપવા તે તમારી સાથે રહેશે. તમે
તમારી પોતાની આંખોથી તમારા શિક્ષકને જોશો. 21 જ્યારે તમે આડા-
અવળા જશો કે તરત જ પાછળથી એવી વાણી તમને સંભળાશે કે, "આ
રહ્યો તમારો માર્ગ, તેના પર તમે ચાલો." 22 જ્યારે તમે તમારી ચાંદીથી
મઢેલી અને સોનાથી રસેલી મૂર્તિઓને અપવિત્ર માનીને ઉકરડાની જેમ
ફેંકી દેશો અને કહેશો, અહીંથી દૂર થા. 23 તમે જમીનમાં બી વાવશો, તે-
ને માટે યહોવા વરસાદ મોકલશે અને જમીન પુષ્કળ પાક આપશે; તથા
તમારાં ઢોરઢાંખરાં માટે ભરપૂર ચારો મળશે. 24 અને તે દિવસે તમારાં
ઢોર વિશાળ ચરાઓમાં ચરશે, અને જમીનને ખેડનાર બળદો અને ગધે-
ડાં પણ સારું સારું ખાણ ખાવા પામશે. 25 શત્રુઓની હત્યાને દિવસે,
જ્યારે તેમના બુરજો જમીન પર ઢળી પડતા હશે ત્યારે દરેક પર્વત અને
દરેક ટેકરી પર પાણીનાં ઝરણાં વહેતાં હશે. 26 જે દિવસે યહોવા પોતા-
ના લોકોના ઘા જે તેણે તેના લોકો પર કર્યા હતાં, તેને રૂઝવી દેશે, તે
દિવસે ચંદ્રનો પ્રકાશ સૂર્યના પ્રકાશ જેવો અને સૂર્યનો પ્રકાશ સાતગ-
ણો, સાત દિવસના પ્રકાશ જેટલો ઉજ્જવળ થઇ જશે. 27 જુઓ, અહીં
યહોવા પોતે સાર્મથ્ય અને મહિમા સાથે દૂર દૂરથી આવે છે. તેનો ક્રોધ
ભભૂકે છે, અને ધુમાડાના વાદળો પર ઊડે છે. તેના હોઠો કોપથી ભરે-
લા છે, ને તેની જીભ બળતા અગ્નિ સરખી છે; 28 તેનો શ્વાસ ગળા સુધી
આવતી ધસમસતી નદી જેવો છે. તે પ્રજાઓને વિનાશની ચાળણીએ
પ્રજાઓને ચાળે; લોકોના જડબામાં તિકારક લગામ મૂકે છે. 29 પણ તમે
તો ઉત્સવની રાત્રે જેમ ગીતો ગવાય છે તેમ ગીતો ગાશો; ઇસ્રાએલના
આધારરૂપ યહોવાના મંદિરની યાત્રાએ વાંસળી વગાડતા વગાડતા યા-
ત્રાળુઓ જતા હોય તેમના જેવો આનંદ તમે અંતરમાં અનુભવશો.
30 યહોવા પોતાનો પ્રતાપી અવાજ સૌને સંભળાવશે અને પોતાનો પ્ર-
ચંડ કોપ સર્વભક્ષી અગ્નિની જવાળારૂપે, મૂશળધાર વરસાદરૂપે, વાવા-
ઝોડારૂપે અને કરારૂપે ઉતારશે. 31 યહોવાના અવાજથી આશ્શૂરના લો-
કો શિક્ષા પામશે. એક સમયે યહોવાએ તે પ્રજાનો શિક્ષાની લાકડી તરી-
કે ઉપયોગ કર્યો હતો. 32 જ્યારે યહોવા તેઓને શિક્ષા કરશે ત્યારે યહો-
વાના લોકો વાજીંત્રોના નાદ સાથે ગાયનોથી આનંદ કરશે. 33 આશ્શૂર-
ના રાજાને દફનાવવા માટે લાંબા સમયથી ખાડો તૈયાર રાખવામાં આવે-
લો છે, એને ખોદીને ઊંડો અને પહોળો કરેલો છે, એમાં પુષ્કળ લાકડાં
ખડકેલાં છે; અને યહોવાનો શ્વાસ ગંધકના પ્રવાહની જેમ તેને સળગાવે
છે.

31 તેઓ સહાયને માટે મિસર ચાલ્યા જાય છે, ને ઘોડાઓ પર
આધાર રાખે છે; અને રથો પુષ્કળ હોવાથી તેમના પર ભરોસો
રાખે છે, ને સવારો ઘણા સમર્થ હોવાથી તેમના પર આધાર રાખે છે;
પણ તેઓ યહોવા પર, ઇસ્રાએલના પરમપવિત્ર દેવ તરફ તેઓ ષ્ટિ કર-
તા નથી, કે તેની મદદ માંગતા નથી, 2 તેમ છતાં યહોવા બધું સમજે છે
અને આફત લાવે છે, ને પોતાની ધમકી ફોક થવા દેતા નથી. તે દુષ્ટોનાં
સંતાનોને અને તેમને મદદ કરનારાઓને સજા કરશે. 3 મિસરીઓ પણ
માણસ છે, તેઓ દેવ નથી; તેમના ઘોડા પણ માંસના બનેલા છે, અમર
નથી. જ્યારે યહોવા હાથ ઉગામશે ત્યારે મદદ કરનાર ઠોકર ખાશે અને
મદદ લેનાર પડી જશે, અને તેઓ બધા જ એકી સાથે સમાપ્ત થઇ જશે.
4 કેમ કે, યહોવાએ મને એમ કહ્યું છે કે, "જેમ કોઇ સિંહ શિકાર પર
ઊભો રહીને ધૂરકે છે, અને ભરવાડોનું ટોળું તેની સામે આવે છે, તોયે
તેમની બૂમરાણથી તે ગભરાતો નથી કે નથી તેમના હાકોટાથી ભાગી
જતો."તેમ હું સૈન્યોનો દેવ યહોવા, સિયોનના પર્વત પર તેને પક્ષે લડ-
વા ઊતરી આવીશ અને મને કોઇ રોકી શકશે નહિ. 5 જે રીતે પક્ષી પો-
તાના બચ્ચાનું રક્ષણ કરવા માળા પર પાંખો પ્રસારે તેમ હું સૈન્યોનો
દેવ યહોવા યરૂશાલેમનું રક્ષણ કરીશ અને તેનો મોક્ષ કરીશ. 6 "હે ઇસ્રા-
એલના લોકો, તમે જેનો ભારે અપરાધ કર્યો છે તેની પાસે પાછા આવો.
7 કારણ, તે દિવસ આવી રહ્યો છે જ્યારે તમારાંમાંનો દરેક જણ તમારા
પોતાના પાપી હાથે બનાવેલી ચાંદીની અને સોનાની મૂર્તિને ફગાવી દે-
શે. 8 માણસની નહિ એવી તરવારથી આશ્શૂરનું પતન થશે, માણસની
નહિ હોય તેવી તરવારથી તેનો સંહાર થશે. તે રણસંગ્રામમાંથી ભાગી
જશે, અને તેના જુવાનજોધ યોદ્ધાઓને મજૂરીએ વળગાળવામાં આવશે;
9 તેનો રાજા ભયને લીધે ભાગી જશે અને તેના સરદારો એવા તો બીશે
કે ધ્વજને છોડીને નાસી જશે."આ યહોવાના વચન છે, જેની ભઠ્ઠીનો
અગ્નિ યરૂશાલેમમાં ભડભડ બળે છે.

32 જુઓ, એવો સમય આવશે જ્યારે રાજા ન્યાયથી રાજ્ય કરશે
અને અમલદારો ન્યાયથી તેનો અમલ ચલાવશે. 2 તે લોકો
ઇસ્રાએલને તોફાન અને વાવાઝોડા સામે રક્ષણ પૂરું પાડશે. તે તેને
રણમાં વહેતી નદી જેવી તાજગી આપશે. ઇસ્રાએલ માટે તે ગરમ અને
સૂકા પ્રદેશમાં શીતળ છાંયો આપનાર મહાન ખડક સમાન બનશે.
3 પછી, જેઓ જોઇ શકે છે તેમની આંખો બંધ નહિ થાય અને જેઓ
સાંભળી શકે છે તેમના કાન શ્રવણ કરશે. 4 ઉતાવળા માણસો જોઇ વિ-
ચારીને વર્તન કરશે, અને જે લોકો બોલતાં થોથવાય છે તે સ્પષ્ટ બોલ-
શે. 5 ત્યારબાદ મૂર્ખને કોઇ ખાનદાન નહિ કહે, કે ધૂર્તને કોઇ આદરપાત્ર
નહિ કહે. 6 કારણ કે મૂર્ખ મૂર્ખની જેમ બોલે છે, અને તે મનમાં દુષ્ટ મન-
સૂબા ઘડે છે. તે અધર્મ આચરે છે, યહોવા વિષે પણ વિપરીત બોલે છે,
ભૂખ્યાને ભૂખ્યું રાખે છે અને તરસ્યાને પાણી પાતો નથી. 7 અને પેલા
ધૂર્તની રીત પણ દુષ્ટ હોય છે; તે દુષ્ટ યુકિત પ્રયુકિતઓ વાપરે છે, તે
રંક લોકોને દુ:ભવવાનો પ્રયત્ન કરે છે અને તેમને કાયદાના ન્યાયાલય-
માં ઠગે છે. 8 છતાં ઉદાર માણસો ઉદારતા રાખવાનું ચાલુ રાખશે.
9 એશઆરામમાં જીવન વ્યતિત કરતી સુખવાસી સ્ત્રીઓ, ઊઠો અને
મારી વાણી સાંભળો; હે બેદરકાર પુત્રીઓ, મારાં વચનો પર ધ્યાન
આપો! 10 હે બેદરકાર સ્ત્રીઓ, અત્યારે તમને કશી ચિંતાફિકર નથી,

પણ વરસ પૂરું થતાં જ તમે ધ્રૂજી ઊઠશો, કારણ, દ્રાક્ષની ભેગી કરવા-
ની ઋતું પૂરી થઇ ગઇ હશે અને તમે કઇં ભેગું કર્યું નહિ હોય. 11 હે
એશઆરામી સ્ત્રીઓ, કંપી ઊઠો! હે બેદરકાર સ્ત્રીઓ, ધ્રૂજી ઊઠો! તમા-
રા રોજબરોજના વસ્રો દૂર કરો અને શણના કપડાં પહેરીલો. 12 પાકથી
ભરપૂર એવા તમારાં ખેતરો અને ફળદાયક દ્રાક્ષવાડીઓ માટે તમારી
દિલગીરી વ્યકત કરવા તમે તમારી છાતી કૂટો. 13 તમારી ભૂમિમાં કાંટા
અને ઝાંખરા ઊગી નીકળ્યા છે. એક વખતના આનંદભર્યા નગરો અને
સુખી ઘરો માટે આક્રંદ કરો. 14 કારણ, મહેલ સૂનો પડ્યો છે અને કોલા-
હલભર્યું શહેર ઉજ્જડ થઇ ગયું છે; ઘરો અને બુરજો કાયમના ખંડેર થઇ
ગયાં છે, જ્યાં ગધેડાઓ આનંદથી હરેફરે છે અને ઘેટાંબકરાં ચરે છે.
15 પરંતુ છેવટે દેવ આપણા પર સ્વર્ગમાંથી ચૈતન્ય વરસાવસે, અને
ત્યાર પછી રણ પ્રદેશ ખેતીની જમીન જેવો ફળદ્રુપ બની જશે અને ખે-
તર ભૂમિ જંગલ જેવી ફળદ્રુપ બની જશે. 16 ત્યારે સમગ્ર મરુભૂમિમાં
અને લીલી ધરતીમાં સર્વત્ર ઇનસાફ અને ન્યાય વાસો કરશે, 17 અને
ન્યાયીપણાને પરિણામે કાયમી શાંતિ અને સુરક્ષા રહેશે. 18 ત્યારે મારા
લોકો શાંતિભર્યા દેશમાં અને સુરક્ષાભર્યા તંબુઓમાં નિશ્ચિંત થઇને રહે-
શે. 19 પરંતુ જંગલો નાશ પામશે; નગરનો ધ્વંસ થશે. 20 સુખી છો તમે
જેઓ દરેક ઝરણાની ધારે બી વાવો છો અને તમારા બળદોને અને ગધે-
ડાને ચરાણમાં છૂટથી ચરવા દો છો.

33 અફસોસ છે તને! તું અલબત્ત, બીજાને લૂંટે છે, પણ તું લૂંટાયો
નથી! તું દગાબાજી કરે છે ખરો, પણ તારી સાથે કોઇએ દગાબા-
જી કરી નથી! પણ જ્યારે તારી ખરાબીઓ પૂરી થશે, ત્યારે તું ખરેખર
લૂંટાશે; જ્યારે તું તારી દગાબાજીનો અંત લાવીશ ત્યારે ખરેખર તારી સા-
થે દગાબાજી થશે. 2 હે યહોવા, અમારા પર કૃપા કરો, અમને તમારી જ
આશા છે. રોજે રોજ અમારું રક્ષણ કરો અને મુશ્કેલીના સમયે અમારી
રક્ષા કરો. 3 તમારી ધમકીની ગર્જના સાંભળીને લોકો નાસી જાય છે,
તમારા ઊઠતાં બરાબર જ પ્રજાઓ વેરવિખેર થઇ જાય છે. 4 તમારી યુદ્ધ-
ની લૂંટ, જાણે તીડ અને તીતીઘોડા ખાઇ રહ્યાં હોય તેમ ભેગી કરવામાં
આવશે. 5 યહોવા મોટો મનાયો છે; કેમ કે ઉચ્ચસ્થાને રહે છે, તે સિયો-
નને ન્યાય, ભલાઇ અને સદાચારનું નિવાસસ્થાન બનાવશે. 6 તે પોતા-
ની પ્રજાને સ્થિરતા આપશે. તારણ, ડહાપણ અને જ્ઞાન આપશે. યહો-
વાનો ભય સિયોનની પ્રજાનો ખજાનો છે. 7 પણ જુઓ, હમણા વીરપુ-
રુષો મદદ માટે પોકાર કરી રહ્યા છે, અને શાંતિ કરવા ગયેલા એલ-
ચીઓ પોક મૂકીને રડે છે. 8 રાજમાગેર્ ઉજ્જડ થઇ ગયા છે, કારણ કે
કોઇ વટેમાર્ગુ નથી, કરારોનો ભંગ કરવામાં આવ્યો છે, વચન પ્રતિબદ્ધ-
તાને માન અપાતું નથી. નગરો ધૃણિત થઇ ગયા છે, ત્યાં લોકો વિષે
કોઇ વિચારતું નથી. 9 ભૂમિ આક્રંદ કરે છે, ઝૂરી મરે છે; લબાનોન ઉજ્જડ
થઇ ગયું છે, શારોનની ફળદ્રુપ ભૂમિ વગડો બની ગઇ છે અને બાશાન
અને કાર્મેલના જંગલો તેમનાં પાંદડા ખેરવી નાખે છે. 10 યહોવા કહે છે,
“હવે હું ઉપર ઊઠીશ અને સાર્મથ્ય દેખાડીશ. 11 ‘તમે સૂકા ઘાસને ધા-
રણ કરો છો અને તણખલાને જન્મ આપો છો. તમારો શ્વાસ જ તમને
અગ્નિની જેમ ભરખી જશે. 12 જેમ કાંટાઓને કાપીને અગ્નિમાં ફેંકવામાં
આવે, તેમ તમારા યોદ્ધાઓને પૂરેપૂરા બાળી નાખવામાં આવશે. 13 “હે
દૂર દૂર તેમ જ નજીક વસનારાઓ, મેં શું શું કર્યું છે તે સાંભળી તમે મારું
સાર્મથ્ય જાણી લો.” 14 સિયોનમાં પાપીઓ ધ્રૂજે છે, દુષ્ટો થથરે છે, અને
પૂછે છે, “આ ભડભડતા અગ્નિમાં આપણામાંથી કોણ રહી શકે? આ
સદાય બળતી જવાળામાં આપણામાંથી કોણ બચી શકે?” 15 જે માણસ
ન્યાયને માગેર્ ચાલે છે અને સાચું બોલે છે, જે શોષણથી મળેલી કમા-
ઇનો તિરસ્કાર કરે છે, જે લાંચને હાથથી ઝાટકી ખંખેરી નાખે છે, જે
હિંસાની વાત સાંભળી કાનમાં આંગળી ઘાલે છે અને જે પાપ જોઇને
આંખ મીંચી દે છે, તે જ વાસો કરશે. 16 આ પ્રકારના સર્વ લોકો ઉચ્ચ-
સ્થાનોમાં રહેશે. પર્વતોના ખડકો તેઓની સુરક્ષાના કિલ્લા બનશે. તે-
ઓને ખોરાક પૂરો પાડવામાં આવશે અને તેઓને પૂરતું પાણી મળી રહે-
શે. 17 તમે ફરીવાર રાજાને (દેવને) એક સુવિશાળ દેશ પર પૂરા વૈભવપૂ-
ર્વક રાજ્ય કરતો જોવા પામશો. 18 ભૂતકાળના ભયને યાદ કરીને તમે
વિચારશો “ક્યાં ગયા એ કર ઉઘરાવનારા પરદેશી? ક્યાં ગયા પેલા વિદે-
શી જાસૂસો?” 19 કારણ કે તેઓનો નાશ થશે; તમે સમજી શકો નહિ તે-
વી વિચિત્ર તોતડી બોબડી ભાષાવાળા આ ક્રોધી અને હિંસક લોકો
નાશ પામશે. 20 આપણા ઉત્સવોની નગરી યરૂશાલેમ તરફ નજર કર!
ત્યાં તું સુરક્ષિત નિવાસસ્થાન જોવા પામશે, જે સ્થિર સ્થાવર તંબુ જેવું
હશે, જેની ખીંટીઓ કદી ઉખેડવાની નથી, જેની દોરીઓ કદી તૂટવાની
નથી. 21 ત્યાં સૈન્યોના દેવ યહોવા આપણને તેની ભવ્યતા સાથે દર્શન
દેશે. આપણે વિશાળ નદીઓ અને ઝરણાંઓના પ્રદેશમાં વસીશું. ત્યાં
કોઇ શત્રુઓના વહાણો નહિ આવે. 22 કારણ કે યહોવા આપણા ન્યા-
યાધીશ આપણા શાસક, અને આપણા રાજા છે; તે આપણી સંભાળ
રાખશે અને આપણો બચાવ કરશે. 23 શકિતશાળી વહાણોના દોરડાં
ઢીલાં થઇ જશે અને તેના કૂવાસ્થંભો ભાંગી જશે, જેથી તે સઢ ફેલાવી
શકશે નહિ. તેઓની સંપત્તિ દેવના લોકો દ્વારા વહેંચી લેવામાં આવશે.
જેઓ અપંગ છે તેઓ પણ પોતાનો હિસ્સો પ્રાપ્ત કરશે. 24 અને હવે
ઇસ્રાએલના કોઇ વતનીને એવું કહેવાનો વારો નહિ આવે કે, “અમે માંદા
છીએ.” કારણ કે યહોવા તે લોકોને તેઓની દુષ્ટતાની માફી આપશે.

34 ઓ પૃથ્વી પરની સર્વ પ્રજાના લોકો, અહીં આવો અને સાંભ-
ળો; સમગ્ર પૃથ્વી અને તેમાં વસતાં સૌ કોઇ, સાંભળો! 2 કારણ
કે યહોવા સર્વ પ્રજાઓ અને તેમની સેનાઓ પર રોષે ભરાયો છે, અને
તેણે તેમનો સંપૂર્ણ નાશ કરવાનો નિર્ધાર કર્યો છે. 3 તેમના હત્યા થયે-
લાંઓનાં શબોને રઝડતાં મૂકી દેવામાં આવશે, અને તે ગંધાઇ ઊઠશે
પછી પર્વતો પરથી તેઓનું રકત વહેશે અને ઓગળી જશે. 4 આકાશના
બધાં નક્ષત્રો અલોપ થઇ જશે, આકાશ ઓળિયાની જેમ સંકેલાઇ જશે,
અને બધાં તારામંડળ દ્રાક્ષનાવેલા પરથી પાંદડા ખરે તેમ ખરી પડશે.
5 “યહોવાની તરવાર આકાશમાં ઝઝૂમી રહી છે, જુઓ, હવે એ તરવાર
યહોવાએ જેમનો નાશ કરવાનો નિર્ધાર કર્યો છે તે અદોમના લોકો પર
ઊતરે છે. 6 યહોવાની તરવાર લોહીથી તરબતર અને ચરબીથી લથબથ
જાણે ઘેટાં-બકરાંના બલિના લોહીથી તરબતર અને તેમની ચરબીથી
લથબથ થઇ જશે. કારણ, યહોવાએ પાટનગર બોસ્રાહમાં યજ્ઞ માંડ્યો
છે અને અદોમમાં ભારે હત્યા શરૂ કરી છે. 7 જંગલી ગોધાઓ અને વાછ-
રડાંઓની જેમ મહા બળવાનોનો નાશ થશે. યુવાનો-પ્રૌઢોનો પણ નાશ
થશે. તેઓની ભૂમિ લોહીથી તરબોળ થશે અને તેની ધૂળ ચરબીથી
ફળદ્રુપ થશે. 8 કારણ કે, તે યહોવાનો વૈર વાળવાનો દિવસ હશે, સિયો-
નના શત્રુઓ પર બદલો લેવાનું વર્ષ હશે. 9 અદોમની નદીઓ સળગતાં
કોલસા અને ડામરથી ભરાઇ જશે. અને તેની માટી ગંધકની થઇ જશે;
અને તેની ભૂમિ બળતા ડામરમાં ફેરવાઇ જશે. 10 અદોમના આ ન્યાય-
કાળનો કદી અંત આવશે નહિ. તેનો ધુમાડો સદા ઉપર ચઢ્યા કરશે.
તેની ભૂમિ પેઢી દર પેઢી અરણ્ય જેવી પડી રહેશે; અને કોઇ પણ તેમાં
નિવાસ કરશે નહિ. 11 પણ ત્યાં ગીધ અને ઘુવડનો વાસ થશે. યહોવા
તેને ખેદાન-મેદાન અને વેરાન બનાવી દેશે. 12 તે જગા ‘ખાલીપણાની
ભૂમિ’ કહેવાશે અને તેના રાજા તથા અધિકારીઓ થોડા જ સમયમાં
નાશ પામશે. 13 તેના રાજમહેલમાં અને એના કિલ્લાઓ ઉપર કાંટા અને
ઝાંખરા ઊગી નીકળશે. ત્યાં શિયાળવાની બોડ હશે અને ત્યાં શાહમૃગ-
નો વાસ થશે. 14 ત્યાં રાની બિલાડીઓ અને વરુઓ ભેગા થશે અને
જંગલી બકરીઓ એકબીજાને પોકારશે; અને ત્યાં નિશાચર પ્રાણી
આરામ કરવા આવી ભરાશે. 15 ઘુવડો ત્યાં માળો બાંધશે. ઇંડા મૂકશે
અને સેવીને બચ્ચાં જન્મતા તેમને પોતાની પાંખોમાં ભેગા કરશે. ત્યાં
એક પછી એક સમડીઓ ભેગી થશે. 16 યહોવાના ગ્રંથમાં શોધીને
વાંચો; અને યહોવા જે કરવાના છે તે જુઓ. તેમાંની એકપણ વિગત તે
બાકી રાખશે નહિ, તેમાનું એક પણ પ્રાણી પોતાના સાથી વગરનું ખબર
પડશે નહિ, કારણ કે યહોવા આ પ્રમાણે બોલ્યા છે અને તેમનો આત્મા
તે સર્વને સત્ય પુરવાર કરશે. 17 તેમણે દરેકનો ભાગ ચિઠ્ઠી નાખીને
નક્કી કરી આપ્યો છે, તેણે પોતાને હાથે દોરી માપીને તેમને ભૂમિનો
ભાગ વહેંચી આપ્યો છે, તેઓ સદાસર્વદા એ ભોગવશે અને પેઢી દર પે-
ઢી તેમાં નિવાસ કરશે.

35 તે દિવસોમાં મરુભૂમિ આનંદોલ્લાસથી નાચી ઉઠશે, સૂકી તર-
સી ધરતી સુંદર ફૂલોથી ખીલી ઉઠશે, આનંદોદ્ગારથી ગાજી ઊઠ-
શે. 2 તે ખીલશે અને તેને ફૂલો આવશે અને આનંદથી ભરેલી હશે અને
ગુંજતી હશે. તેને લબાનોન પર્વતની સુંદર ભવ્યતા અને કાર્મેલ પર્વત
તથા શારોનની લીલીછમ ધરતીનો વૈભવ પ્રાપ્ત થશે; કારણ કે તેઓ
યહોવાનો મહિમા, આપણા દેવની ભવ્યતા જોશે. 3 જેઓ હારેલા છે તે-

મને હિંમત આપો, જેઓ ડગમગી રહ્યા છે તેઓને સ્થિર કરો, ભયભીત
થયેલાઓને કહો કે, હિંમત રાખો!' 4 જેઓ ચિંતાતુર છે, "તેઓને કહો દ્રઢ
થાઓ, ડરશો નહિ; જુઓ, તમારા દેવ! તમારો ઉદ્ધાર કરવા અને તમારા
શત્રુઓને સજા કરવા આવે છે." 5 પરંતુ જ્યારે તે આવશે ત્યારે અંધજ-
નોની આંખો ઊઘડી જશે અને બહેરાઓના કાન ખૂલી જશે. 6 લૂલાં-
લંગડાં હરણાની જેમ તેઓ ઠેકડા મારશે અને મૂંગાની જીભ મોટેથી હર્ષ-
નાદ કરીને ગાવા માંડશે. તે વખતે મરુભુમિમાં વહેળા વહેવા લાગશે.
7 લોકો વહેળાને જોશે, ધગધગતી રેતીના સરોવર બની જશે, અને સૂકી
ભૂમિના ઝરણાં બની જશે. જ્યાં શિયાળવાનો વાસ છે તે વેરાન ભૂમિમાં
ચારેબાજુ લીલોતરી ઊગી નીકળશે. 8 તેમાં થઇને એક રાજમાર્ગ જતો
હશે અને તે, "પવિત્રતાનો માર્ગ" કહેવાશે. એના પર કોઇ અપવિત્ર મા-
ણસ ચાલશે નહિ. કોઇપણ યાત્રી, એક મૂર્ખ પણ ત્યાં તે રસ્તા પર ભૂ-
લો પડી જશે નહિ. 9 ત્યાં કોઇ સિંહ નહિ હોય કે કોઇ જંગલી પ્રાણી ત્યાં
ભટકતું નહી હોય. માત્ર ઉદ્ધાર પામેલાઓ જ તેના પર ચાલશે. 10 યહો-
વાએ જે લોકોની ખંડણી ચૂકવી છે; તેઓ અનંતકાળ સુધી આનંદના
ગીતો ગાતાં આ માગેર્ થઇને સિયોનમાં પોતાને ઘેર જશે. કારણ કે તે-
ઓનાં સર્વ દુ:ખો અને તેમની પાછળ હષોર્લ્લાસ હશે; દુ:ખ અને શોક
જતા રહેશે.

36 હિઝિક્યા રાજાની કારકિદીર્ના અમલના ચૌદમા વષેર્ આશ્શૂર-
ના રાજા સાન્હેરીબે યહૂદાનાં બધાં કિલ્લેબંદી નગરો ઉપર ચઢાઇ
કરીને તે કબ્જે કરી લીધાં. 2 લાખીશથી આશ્શૂરના રાજાએ મુખ્ય સંદેશ-
વાહકને મોટા લશ્કર સાથે રાજા હિઝિક્યા પાસે યરૂશાલેમ મોકલ્યા,
અને તેમણે યરૂશાલેમ પહોંચીને ધોબીઘાટને રસ્તે આવતા ઉપલા
તળાવના ગરનાળા આગળ પડાવ નાખ્યો, અને રાજાને તેડાવ્યો;
3 એટલે ઇસ્રાએલના હિલ્કિયાનો પુત્ર એલ્યાકીમ જે મહેલનો કારભારી
હતો, રાજાનો મંત્રી શેબ્ના તથા આસાફનો પુત્ર જે નોંધણીકાર હતો,
યોઆહ તે બધાં સાથે મળીને નગરની બહાર તેને મળવા ગયા. 4 મુખ્ય
સંદેશવાહકે તેમને કહ્યું, "જાવ હિઝિક્યાને જઇને કહો કે, આશ્શૂરના
મહાન રાજાનો આ સંદેશ છે:તને આટલો બધો આત્મવિશ્વાસ શાથી છે?
5 તું શું એમ માને છે કે, મુત્સદ્દીગીરી અને લશ્કરી બળ માત્ર ખોખલાં
શબ્દો લઇ શકે છે? તું કોના ઉપર આધાર રાખીને મારી સામે બળવો
પોકારે છે? 6 મિસર ઉપર? મિસર તો ભાંગેલું બરું છે; જે કોઇ એનો
આધાર લે છે તેના હાથ ચિરાઇ જાય છે મિસરનો રાજા તો એવો છે જે
કોઇ તેના પર વિશ્વાસ રાખે છે તેના એવા હાલ થાય છે. 7 તમે કદાચ
એમ કહેશો કે, "અમે તો અમારા દેવ યહોવા પર આધાર રાખીએ છીએ."
પણ તમારા એ જ દેવનાં ઉચ્ચસ્થાનોને અને વેદીઓને હિઝિક્યાએ જ
હઠાવી દીધાં છે અને યહૂદા અને યરૂશાલેમના લોકોને એમ જણાવ્યું કે,
'તમારે એક જ વેદી આગળ ઉપાસના કરવાની છે." 8 જુઓ, મારા ધણી
આશ્શૂરના રાજા સાથે કરાર કરી લો, હું તમને બે હજાર ઘોડા આપવા
તૈયાર છું, જો તમે એટલા સવારો મેળવી શકતા હો તો. 9 તમે એવું કેમ
વિચારો છો કે તમે મારા ધણીના નાનામાં નાના અમલદારને સુદ્ધાં હરા-
વી શકશો, જ્યારે તમે રથો અને ઘોડાઓ માટે મિસર પર આધાર રાખો
છો? 10 શું તમે એમ માનો છો કે હું યહોવાના કહ્યા વિના આ ભૂમિને જી-
તી લેવા અહીં આવ્યો છું? યહોવાએ મને કહ્યું છે કે, "તું જઇને તેનો
નાશ કર!" 11 એલ્યાકીમ, શેબ્ના અને યોઆહે વડા અમલદારને કહ્યું,
"મહેરબાની કરીને અમારી સાથે અરામીમાં બોલો. અમે એ ભાષા સમ-
જીએ છીએ. કોટ ઉપરના લોકોના સાંભળતાં અમારી સાથે યહૂદીઓની
ભાષામાં ના બોલશો." 12 પણ સંદેશવાહકે પ્રત્યુત્તર આપ્યો, "કેવળ તું
અને તારો માલિક જ નહિ પરંતુ યરૂશાલેમમાં વસનારા દરેક વ્યકિત આ
સાંભળે તેવું મારા ધણી ઇચ્છે છે, કારણ કે તેઓ પોતાની વિષ્ટા ખાવા
માટે અને પોતાનો પેશાબ પીવા માટે નિયત થયેલા છે." 13 પછી સંદેશ-
વાહકે ટટાર ઊભા રહીને ઊંચા સાદે યહૂદીઓની ભાષામાં કહ્યું,
"આશ્શૂરના રાજાધિરાજનો સંદેશો સાંભળો; 14 રાજા કહે છે:હિઝિક્યાથી
ભોળવાશો નહિ; એ તમને નહિ બચાવી શકે. 15 યહોવા જરૂર આપણું
રક્ષણ કરશે, આ શહેર કદી આશ્શૂરના રાજાના હાથમાં જવાનું નથી.'
એમ કહીને હિઝિક્યા તમને યહોવા પર આધાર રાખવા સમજાવે તો મા-
નશો નહિ. 16 એની વાત સાંભળશો નહિ, હું આશ્શૂરનો રાજા તો એમ
કહું છું કે, "મારી સાથે સંધિ કરો, મારે તાબે થાઓ; તો તમારામાંના એકે-
એક જણ પોતાની દ્રાક્ષનીવાડીનાં અને અંજીરીના ફળ ખાવા પામશે
અને પોતાની ટાંકીનું પાણી પીવા પામશે; 17 અને છેલ્લે, હું તમને તમારા
દેશ જેવા જ એક દેશમાં મોકલી આપીશ, જ્યાં પુષ્કળ અનાજ અને દ્રા-
ક્ષારસ છે." 18 પરંતુ સાવધ રહેજો! હિઝિક્યા તો તમને કદાચ એમ કહી-
ને ગેરમાગેર્ દોરે છે કે, 'યહોવા આપણું રક્ષણ કરશે.' બીજી પ્રજાના દેવે
મારા હાથમાંથી એના દેશને બચાવ્યો છે ખરો? 19 હમાથ અને આર્પાદ-
ની મેં કેવી દશા કરી હતી તે શું તમને યાદ નથી? શું તેઓના દેવો તેઓ-
ને બચાવી શક્યા? અને સફાર્વાઇમ તથા સમરૂનનું શું થયું? તેઓના દે-
વો હાલ ક્યાં છે? 20 આ બધા દેશોના દેવોમાંથી કોણે પોતાના દેશને
મારા સાર્મથ્યમાંથી છોડાવ્યા છે? યહોવા યરૂશાલેમને મારા હાથમાંથી
છોડાવી શકશે એમ તમે માનો છો શું?" 21 બધા લોકો મૂંગા રહ્યાં, અને
એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહિ, કારણ કે હિઝિક્યાએ તેઓને કહ્યું હતું કે
તેઓએ જવાબમાં કશું કહેવું નહિ. 22 પછી મહેલના મુખ્ય કારભારી હિ-
લ્કીયાના પુત્ર એલ્યાકીમ, મંત્રી શેબ્ના અને નોંધણીકાર આસાફના પુ-
ત્ર યોઆહે દુ:ખના માર્યા પોતાનાં કપડાં ફાડી નાખ્યાં, અને હિઝિક્યા
પાસે જઇને સંદેશવાહકે જે કહ્યું હતું તે કહી સંભળાવ્યું.

37 જ્યારે હિઝિક્યા રાજાએ તે સાંભળ્યું ત્યારે તેણે પોતાનાં કપડાં
ફાડી નાખ્યાં, શોક-કંથા ઓઢી લીધી અને પોતે યહોવાના મંદિ-
રમાં ચાલ્યો ગયો. 2 તે દરમ્યાન તેણે પોતના મહેલના મુખ્ય કારભારી
એલ્યાકીમને, મંત્રી શેબ્નાને તેમ જ યાજકોના આગેવાનોને શોકકંથા
ઓઢાડીને આમોસના પુત્ર યશાયા પ્રબોધક પાસે મોકલ્યા. 3 તેમણે
જઇને કહ્યું, "હિઝિક્યાએ આ પ્રમાણે કહેવડાવ્યું છે: આજે અમારે માટે
દુ:ખનો દિવસ છે; નિરાશા અને આપત્તિનો દિવસ છે, બાળક અવતર-
વાની શકિત વિનાની સ્ત્રી જેવી અમારી દશા છે. 4 આશ્શૂરના રાજાના
મુખ્ય સંદેશવાહકે જીવતા દેવની મશ્કરી અને નિંદા કરી છે; યહોવા,
તમારા દેવે તે સાંભળી છે, એ શબ્દો માટે યહોવા તેમને જરૂર શિક્ષા કર-
શે, હે યશાયા, અમે જે બચી ગયા છીએ તેઓ માટે પ્રાર્થના કર." 5 તેથી
રાજા હિઝિક્યાના મંત્રીઓ યશાયા પાસે આવ્યા. 6 પછી તેણે તેમને પ્ર-
ત્યુત્તર આપ્યો: "તમારા ધણીને જઇને કહો કે, આ યહોવાના વચન છે:
'આશ્શૂરના રાજાના નોકરોને મોઢે મારી નિંદાના જે વચનો તેં સાંભળ્યા
છે તેનાથી ગભરાઇશ નહિ. 7 હું એને એવી પ્રેરણા કરવાનો છું કે એક
અફવા સાંભળી તે પોતાને દેશ પાછો ચાલ્યો જશે, અને ત્યાં હું એનો
તરવારથી વધ કરાવીશ.'" 8 આશ્શૂરનો સંદેશવાહક પાછો ફર્યો, "ત્યારે
તેને સમાચાર મળ્યા કે, રાજા, લાખીશ છોડી જઇ લિબ્નાહ સામે લડી
રહ્યો છે એટલે તે તેને ત્યાં જઇને મળ્યો. 9 ત્યાં આશ્શૂરના રાજાને એવા
સમાચાર મળ્યા કે કૂશનો રાજા તિર્હાકાહ તેમની સામે લડવા આવે છે.
એટલે તેણે સંદેશ વાહકોને યહૂદીયાના રાજા હિઝિક્યા પાસે મોકલી
કહાવ્યું કે, 10 તું જેના પર આધાર રાખીને બેઠો છે તે તારો દેવ તને એમ
કહે છે કે:'યરૂશાલેમ આશ્શૂરના રાજાના તાબામાં જવાનું નથી.' તો તેથી
ભોળવાઇ જતો નહિ. 11 આશ્શૂરના રાજાઓ જ્યાં ગયા છે તેના પરિણા-
મો શું આવ્યા છે તે તું યાદ રાખ. કારણ કે તેઓનો વિરોધ કરનાર દરેક-
નો તેઓએ પૂરેપૂરો વિનાશ કરી નાખ્યો છે. શું તું માને છે કે તું છટકી
જઇશ, જ્યારે તેઓ તેમ ન કરી શક્યા? 12 ગોઝાન, હારાનનાં નગરો
અથવા રેસેફ અથવા તલાસ્સારમાં રહેતા એદેનના લોકોને શું તેઓના
દેવો બચાવી શક્યા? ના, 13 અને હમાથના રાજા, આર્પાદના રાજા અને
સફાર્વાઇમ, હેના તથા ઇવ્વાહ નગરના રાજાઓનું શું થયું તે ભૂલી જશો
નહિ. 14 હિઝિક્યાએ કાસદો પાસેથી કાગળ લઇને વાંચ્યો કે તરત જ
તેણે મંદિરમાં જઇને યહોવા સમક્ષ તેને ખુલ્લો મુક્યો. 15 પછી હિઝિ-
ક્યાએ યહોવાને આ પ્રમાણે પ્રાર્થના કરી: 16 હે સૈન્યોના દેવ યહોવા,
કરૂબો પર બિરાજમાન, ઇસ્રાએલના દેવ, તમે જ પૃથ્વીનાં બધા રાજ્યો-
ના એક માત્ર દેવ છો. તમે જ આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યુ છે.
17 દેવ યહોવા, હવે અમને કાન દઇને સાંભળો. દેવ યહોવા, આંખ ઉઘા-
ડીને જુઓ, સાન્હેરીબે તમારું જીવતા જાગતા દેવનું અપમાન કરવા જે
શબ્દો કહેવડાવ્યા છે તે સાંભળો. 18 એ વાત સાચી છે, દેવ યહોવા, કે
આશ્શૂરના રાજાઓએ સર્વ દેશોની પ્રજાઓનું નિકંદન કાઢી નાખ્યું છે.
19 તેમના દેવોને અગ્નિમાં પધરાવી દીધાં છે; પણ એ તો દેવો નહોતા,
પરંતુ માણસના હાથ વડે બનાવેલી વસ્તુ, ફકત લાકડાં અને પથ્થર
હતા, અને તેથી તેમણે તેમનો નાશ કર્યો હતો. 20 પણ હવે, હે અમારા

દેવ યહોવા, અમને તેમના હાથમાંથી બચાવ, જેથી પૃથ્વીના સર્વ રા-
જ્યો જાણી શકે કે તમે જ એક માત્ર દેવ છો.” 21 પછી આમોસના પુત્ર
યશાયાએ હિઝિક્યા રાજાને આ સંદેશો મોકલાવ્યો: “ઇસ્રાએલના યહો-
વા દેવ કહે છે કે, ‘આશ્શૂરના રાજા સાન્હેરીબની વિરુદ્ધ કરેલી પ્રાર્થના-
નો મારો પ્રત્યુત્તર આ મુજબ છે.’ 22 “હે સાન્હેરીબ, તને યરૂશાલેમ નગ-
રી તુચ્છકારી કાઢે છે, તારી હાંસી ઉડાવે છે, અને તારી પાછળ ગર્વથી
માથું ધુણાવે છે. 23 તેં કોને મહેણું માર્યું છે? કોની નિંદા કરી છે? તેં કોની
સામે અવાજ ઉઠાવ્યો છે? ને તિરસ્કારભરી ષ્ટિ કરી છે? ઇસ્રાએલના
પરમપવિત્ર યહોવા તરફ! 24 તારા નોકરો મારફતે તેં મારું અપમાન કર્યું
છે; તે કહ્યું છે કે, ‘મારા રથમાં બેસીને મેં મહાન પરાક્રમો કર્યા છે, હું પર્વ-
તો ચઢયો છું અને તેના શિખરો પર પહોચ્યો છું. લબાનોનના ઊંચામાં
ઊંચા શિખર પર હું ચઢયો છું, મેં ઊંચામાં ઊંચા એરેજવૃક્ષોને તથા સૌ-
થી ઉત્તમ દેવદારના વૃક્ષોને કાપી નાખ્યા છે, મેં તેઓના ઊંચામાં ઊંચા
પર્વતોને જીતી લીધા અને તેઓના ગાઢ જંગલોમાં પહોચ્યો છું. 25 મેં
જીતેલી ભૂમિમાં કૂવા ખોદાવીને પરભોમનાં પાણી પીધાં છે, અને મારા
પગનાં તળિયાથી મેં મિસરની બધી નદીઓને સૂકવી નાખી છે.’ 26 ‘પણ
શું તને ખબર નથી કે, મેં ઘણા સમય અગાઉ આ બધી યોજના બનાવી
હતી? અને અત્યારે મેં એને હકીકત બનાવી છે. મેં તારી પાસે કિલ્લેબંદી-
વાળાં નગરોનો નાશ કરાવી ખંડેરોનો ગંજ ખડકાવ્યો છે.’ 27 ત્યાંના રહે-
વાસીઓ શકિતહીન, ભયભીત, અને હાંફળાફાંફળા બની ગયા હતા.
અને વગડાના છોડ જેવા, કુમળા ઘાસ જેવા, છાપરા ઉપર ઊગી નીક-
ળેલા ને લૂથી બળી ગયેલા ઘાસ જેવા બની ગયા હતા. 28 પરંતુ હું જાણું
છું, તું ક્યારે ઉભો થાય છે, ક્યારે તું બેસી જાય છે, ક્યારે તું બહાર જાય
છે, ક્યારે તું અંદર આવે છે, તથા તું જે કરે છે, તે સર્વ હું જાણું છું અને
મારી વિરુદ્ધ જે રીતે તું રોષે ભરાયો છે, તે પણ હું જાણું છું. 29 કારણ કે
મારી વિરુદ્ધના તારા રોષ વિષે અને તારી ઉદ્ધતાઇ વિષે મેં સાંભળ્યું છે.
તેને લીધે હું તારા નાકમાં મારી કડી તથા તારા હોઠોની વચ્ચે મારી
લગામ નાખીને જે માગેર્ તું આવ્યો છે તે જ માગેર્ તારા પોતાના દેશમાં
તને પાછો દોરી જઇશ.’” 30 પછી યશાયાએ હિઝિક્યાને કહ્યું, “તારા મા-
ટે આ એંધાણી છે: આ વષેર્ તમે આપમેળે ઊગી નીકળેલા દાણા ખા-
શો, પછીના વષેર્ પહેલા વર્ષના પાકમાંથી ઉગાડેલા અનાજ ખાશો.
પણ ત્રીજા વષેર્ તમે વાવશો અને લણશો, દ્રાક્ષનીવાડીઓ કરશો અને
તેના ફળ ખાશો. 31 “યહૂદાના વંશના રહ્યાસહ્યા માણસો જેના મૂળ
ઊંડા ગયાં છે એવા છોડની જેમ ફૂલશે-ફાલશે; 32 કારણ, યરૂશાલેમમાં
અને સિયોન પર્વત પર કેટલાક માણસો બચી જવા પામશે. સૈન્યોના
દેવ યહોવાના ઉત્કટ પ્રેમને પ્રતાપે આ બધું સિદ્ધ થશે.” 33 એટલે,
આશ્શૂરના રાજાના સંબંધમાં યહોવાની વાણી આ મુજબ છે:“તે આ
શહેરમાં પ્રવેશ નહિ કરે; તેમ તે એની સામે બાણ પણ નહિ છોડે, ઢાલ
લઇને એની સામે નહિ આવે, તેમ એની સામે મોરચો પણ નહિ માંડે,
34 એ જે રસ્તે આવ્યો તે જ રસ્તે પાછો જશે, આ શહેરમાં તે પ્રવેશ નહિ
કરે. આ હું યહોવા બોલું છું. 35 મારે પોતાને માટે તેમ જ મારા સેવક દા-
ઉદને માટે હું આ શહેરનું રક્ષણ કરીશ અને તેને ઉગારી લઇશ.” 36 તે જ
રાત્રે યહોવાના દૂતે આશ્શૂરીઓની છાવણીમાં જઇને 1ળ 85 ળ000
યોદ્ધાઓને મોતને ઘાટ ઉતાર્યા; લોકોએ સવારે ઊઠીને જોયું તો, તેઓ-
ની આગળ એ બધા મરેલા પડ્યા હતા. 37 પછી આશ્શૂરનો રાજા સાન્હે-
રીબ પોતાના દેશ નિનવેહ પાછો ફર્યો. 38 એક દિવસ તે પોતાના દેવ
નિસ્રોખના મંદિરમાં પૂજા કરતો હતો, એવામાં તેના પુત્રો આદ્રામ્મેલેખે
અને શારએસેરે તેને તરવારથી મારી નાખી અરારાટ ભાગી ગયા. તેનો
પુત્ર એસાર-હાદ્દોન તેના પછી ગાદીએ આવ્યો.

38 એ દિવસો દરમ્યાન રાજા હિઝિક્યા માંદો પડ્યો અને આમોસ-
નો પુત્ર યશાયા પ્રબોધક તેની મુલાકાત લેવાને ગયો અને યહો-
વા તરફથી તેને સંદેશો આપ્યો: “આ યહોવાના વચન છે: ‘તારા કુટુંબની
છેલ્લી વ્યવસ્થા કરવી હોય તો કરી લે, કારણ, તારું મોત આવી રહ્યું છે,
તું જીવવાનો નથી.’” 2 હિઝિક્યાએ ભીંત તરફ મોં કરી યહોવાને આ પ્ર-
માણે પ્રાર્થના કરી: 3 “હે યહોવા, હું તમારી સાક્ષીએ એકનિષ્ઠાથી અને
સચ્ચાઇપૂર્વક જીવન વીતાવુ છું. અને તમારી નજરમાં જે સારું હોય તે
જ કરતો રહ્યો છું.” પછી તે કટુતાપૂર્વક ખૂબ રડ્યો. 4 પછી યહોવાએ
યશાયાને બીજો એક સંદેશો કહ્યો: 5 “તું પાછો જઇને હિઝિક્યાને કહે કે,
આ તારા પિતૃ દાઉદના દેવ યહોવાના વચન છે; ‘મેં તારી પ્રાર્થના સાંભ-
ળી છે અને તારા આંસુ જોયાં છે. હું તારા આયુષ્યમાં પંદર વર્ષ વધારી
આપીશ. 6 હું તને અને આ નગરને આશ્શૂરના રાજાના હાથમાંથી ઉગા-
રી લઇશ.” 7 યશાયાએ કહ્યું, “યહોવાએ જે વચન કહ્યાં છે, તે તે પૂરાં
કરશે. તેની આ નિશાની છે: 8 જુઓ, આહાઝના છાયાયંત્ર પ્રમાણે એ
સૂર્યના પડછાયાને દશ આંક પાછો હઠાવશે!” અને તરત જ પડછાયો
દશ આંક પાછો હઠી ગયો.” 9 હિઝિક્યા રાજાએ માંદગીમાંથી સાજા થયા
પછી પોતાનો અનુભવ વિષે આ ગીત લખ્યું: 10 મને થયું હતું: મારા જી-
વનના મધ્યાહને જ મારે શેઓલને ધ્વારે જવું પડે છે, મારા આયુષ્યના
શેષ વષોર્ કપાઇ જાય છે. 11 “હવે પછી કદી આ જીવલોકમાં હું યહોવા-
ને જોવા નહિ પામું. આ દુનિયામાં વસતા માણસને હું કદી નજરેય નહિ
નિહાળીશ. 12 મારા ડેરાંતંબુ સમેટી લેવામાં આવ્યા છે, જેમ કાપડને
શાળ પરથી કાપી નાખવામાં આવે છે તેમ, મારો જીવનપટ કાપી નાખ-
વામાં આવ્યો છે. સમગ્ર દિવસ દરમ્યાન દેવ મને મારા જીવનના અંત-
ની નજીક અને નજીક લઇ આવે છે. 13 આખી રાત મેં કલ્પાંત કર્યું છે;
જાણે સિંહોએ ફાડી મારા ટૂકડા કર્યા હોય, સાંજ થાય ન થાય ત્યાં તો
દેવ મારા જીવનનો અંત લાવશે. 14 ટિટોડીની જેમ હું ટળવળું છું, હોલા-
ની જેમ હું આક્રંદ કરું છું, મારી આંખ નભ તરફ જોઇ જોઇ થાકી ગઇ છે!
હે યહોવા મારા માલિક, હું મુશ્કેલીમાં છું, તમે મને ઉગારી લેવાનું વચન
આપો.” 15 હું શું કહું? મારા માલિકને શું કહું? તેણે જ આ કર્યુ છે, મારા
જીવની વેદનાને લીધે હું આખી જીંદગી સુધી હળવે હળવે ચાલીશ. 16 હે
મારા માલિક, એવાં વચનો વડે માણસો જીવન ધારણ કરે છે. હું કેવળ
તારે માટે જ જીવીશ. તેં મને સાજો કર્યો છે અને જીવવા દીધો છે. 17 મા-
રી બધી વેદના શમી ગઇ છે, તેં પ્રીતિથી મારા જીવનને વિનાશની ગર્તા-
માંથી બચાવ્યું છે. તેં મારા બધાં પાપોને તારી પીઠ પાછળ નાખી દીધાં
છે. 18 જેઓ પહોંચી ગયા છે મૃત્યુલોકમાં, નથી કરી શકતાં ગુણગાન
તેઓ તારા. જેઓ શેઓલમાં પહોંચી ગયા છે તેઓ તારા વચન પર વિ-
શ્વાસ રાખી શકતા નથી. 19 હું આજે કરું છું તેમ, જીવંત, હા, ફકત જી-
વંત વ્યકિત તારી સ્તુતિ કરી શકે છે. વડવાઓ પોતાના સંતાનોને તેં
પાળેલા વચન અને વિશ્વાસુપણાની વાત કરે છે. 20 “યહોવા મને તમે
બચાવી લીધો છે, તેથી જીવનભર અમે તારા મંદિરમાં, વીણા વગાડતાં
વગાડતાં ગીતો ગાઇશું.” 21 યશાયાએ કહ્યું હતું, “અંજીરીમાંથી લેપ
બનાવી તેના ગૂમડા પર લગાવો, એટલે તે સાજો થશે.” 22 વળી હિઝિ-
ક્યાએ પૂછયું હતું, “હું યહોવાના મંદિરમાં જઇશ તેની કઇ નિશાની યહો-
વા આપશે?”

39 આ અરસામાં બાલઅદાનનો પુત્ર મેરોદાખ-બાલઅદાન બાબિ-
લનો રાજા હતો. થોડા સમય પછી તેણે હિઝિક્યા પર પોતાની
શુભેચ્છાઓ તથા ઉપહારો મોકલાવ્યાં. હિઝિક્યા મરણતોલ માંદગી-
માંથી સાજો થયો છે તેવા સમાચાર તેને મળ્યા હતા. 2 હિઝિક્યા ખૂબ
રાજી થયો અને તેમને પોતાનો આખો ભંડાર તેમાંના સોનું ચાંદી, સુ-
ગંધી દ્રવ્યો અને મૂલ્યવાન તેલથી ભરેલો ખજાનો બધું જ બતાવ્યું તેના
મહેલમાં કે આખા રાજ્યમાં એવું કશું જ બાકી રહ્યું નહોતું જે તેમને ન
બતાવ્યું હોય. 3 ત્યારે પ્રબોધક યશાયાએ આવીને હિઝિક્યાને પૂછયું,
“તે લોકો શું કહે છે? તેઓ ક્યાંથી આવ્યા છે?”હિઝિક્યાએ પ્રત્યુત્તર
આપ્યો, “તેઓ દૂર દૂરના દેશ બાબિલથી આવ્યા છે.” 4 યશાયાએ પૂછ-
યું, “એ લોકોએ તારા મહેલમાં શું શું જોયું?”હિઝિક્યાએ કહ્યું, “તે લો-
કોએ મારા મહેલમાં સર્વસ્વ જોયું છે. મારા ભંડારમાં એવું કશું જ નથી જે
મેં એમને ન બતાવ્યું હોય.” 5 ત્યારે યશાયાએ કહ્યું, “સૈન્યોના દેવ યહો-
વાનાં વચન સાંભળ, તે કહે છે: 6 ‘એવો વખત આવી રહ્યો છે કે જ્યારે
તારા મહેલમાંનુ બધું જ, તારા વડવાઓએ આજ સુધી જે કઇ ભેગું કર્યુ
છે તે બધું જ, બાબિલમાં લઇ જવાશે, કશું જ બાકી નહિ રહે.’ 7 અને તા-
રા પોતાના જ પુત્રોને લઇ જઇને બાબિલના રાજાના મહેલમાં નોકરો-
ખોજાઓ બનાવવામાં આવશે.” 8 હિઝિક્યાએ કહ્યું, “તમે યહોવાના જે
વચનો સંભળાવ્યાં તે સારાં છે.” તેણે વિચાર્યુ કે, “હું જ્યાં સુધી જીવીશ
ત્યાં સુધી તો શાંતિ અને સુરક્ષા કાયમ રહેશે ને!”

40 તમારા દેવની આ વાણી છે: “દિલાસો, હા, મારા લોકોને દિલા-
સો આપો. 2 યરૂશાલેમ, સાથે સૌમ્યતાથી વાત કરો, તેને જણા-
વો કે તેના દુ:ખના દહાડા પૂરા થયા છે, તેના પાપનું પ્રાયશ્ચિત પૂરું થયું

છે, તેણે યહોવાના હાથે તેના બધા દોષોની બમણી સજા મેળવી છે."
3 કોઇનો સાદ સંભળાય છેઃ "મરુભૂમિમાં યહોવાને માટે રસ્તો તૈયાર
કરો; આપણા દેવને માટે રણમાં સીધો અને સપાટ રાજમાર્ગ બનાવો.
4 બધી ખીણોને પૂરી દો અને બધા પર્વતો અને ડુંગરોને સપાટ બનાવી
દો. ખરબચડી જમીનને સરખી બનાવી દો. અને ખાડા-ટેકરાને સપાટ
મેદાન બનાવી દો. 5 પછી યહોવાનો મહિમા પ્રગટ થશે અને સમગ્ર મા-
નવજાત તે જોવા પામશે. આ યહોવાના મુખના વચન છે." 6 એક
અવાજ કહે છે, "સાદ પાડ." હું પૂછું છું, "શો સાદ પાડું?" જવાબ મળે છે,
સર્વ મનુષ્ય ઘાસ જ છે, ને તેમનું સર્વ સૌંદર્ય ખેતરના ફૂલ જેવું છેઃ 7 દે-
વના શ્વાસથી ઘાસ ચીમળાઇ જાય છે અને ફૂલો કરમાઈ જાય છે; નાશ-
વંત માનવી પણ તેના જેવો જ છે. 8 ઘાસના તણખલાં વચન સૂકાઇ
જાય છે, ફૂલો કરમાઇ જાય છે, પણ આપણા દેવનું વચન સદાકાળ સુ-
ધી કાયમ રહે છે." 9 હે સિયોનને માટે શુભ સમાચાર લાવનારા! તું પર્વ-
તની ટોચે ચઢી જા, મોટા સાદે પોકાર કર! હે યરૂશાલેમ માટે શુભ સમા-
ચાર લાવનારા લોકો, તમારાં અવાજ ઊંચા કરો, ગભરાશો નહિ, યહૂદી-
યાના નગરોને કહો, "આ તમારા દેવ છે!" 10 જુઓ, મારા માલિક યહોવા
તેમના પૂરા સાર્મથ્ય સહિત પધારે છે, તે પોતાના મજબૂત હાથથી દરેક-
ને પોતાના શરણે આવવા માટે દબાણ કરે છે. તે તેની પ્રજાને વળતર
તરીકે પોતાની સાથે લાવે છે, અને આ પ્રજા જે તેના કામનો બદલો છે,
તેઓ તેની આગળ ચાલે છે. 11 તે ગોવાળની જેમ પોતાના ટોળાંનું પા-
લન કરે છે; તે પોતાના હાથમાં હલવાનોને ઊંચકી લેશે અને વિયાએલી
ઘેટીઓને હળવે હળવે દોરી જશે. 12 સમુદ્રના જળને ખોબામાં લઇને કો-
ણે માપ્યાં છે અને આકાશને કોણે પોતાના વેંતથી માપ્યું છે? સમગ્ર પૃ-
થ્વીનું તથા પર્વતો અને ટેકરીઓનું વજન ત્રાજવાના પલ્લામાં કોણે તો-
ળ્યુ છે? 13 યહોવાના આત્માનો તાગ કોણે મેળવ્યો છે? કોણે તેમને
સલાહ આપી છે? 14 કોણ તેમને શીખવી શકે કે સલાહ આપી શકે?શું
તેમને કોઇ વ્યકિત સલાહ આપે તે ઉચિત છે? શું યોગ્ય છે અને શ્રેષ્ઠ શું
છે તે જાણવા કોઇના સૂચનની શું તેમને જરૂર છે? 15 અરે, એમને મન
પ્રજાઓ તો ડોલમાંથી ટપકતાં પાણીના ટીપા સમાન છે, ત્રાજવાને
ચોંટેલી રજ બરાબર છે. ટાપુઓ ધૂળના કણ જેવા હલકા છે. 16 આખો
લબાનોન પર્વત એના યજ્ઞ માટે પૂરતાં લાકડાં કે હોમવા માટે પુરતાં
પશુઓ પૂરાં પાડી શકે એમ નથી. 17 તેમની આગળ બધી પ્રજાઓ કશી
વિસાતમાં નથી, તેમને મન એ બધી નહિવત, શૂન્યવત છે. 18 તો તમે
દેવની તુલના શાની સાથે કરશો? તમે તેમનું વર્ણન કઇ રીતે કરી શક-
શો? 19 શું મૂર્તિની સાથે? મૂર્તિને તો કારીગર ઢાળે છે, સોની સોનાના
પતરાથી મઢે છે અને રૂપાના હાર ચઢાવે છે. 20 નિર્ધન માણસ તેના
અર્પણ તરીકે લાકડું પસંદ કરે છે તે સડતું નથી,પછી તે કુશળ કારીગર
પાસે એવી મૂર્તિ બનાવડાવે છે જે પોતાની જગાએથી પડે નહિ કે હાલી
પણ શકે નહીં. 21 શું તમે અજ્ઞાત છો? તમે સાંભળ્યું નથી? તમને અગા-
ઉથી કહ્યું નહોતું? પૃથ્વીનો પાયો કોણે નાખ્યો એ તમને ખબર નથી?
22 તે તો સૃષ્ટિના નભોમંડળ પર બિરાજમાન એવા દેવ છે. એની નજર-
માં તો પૃથ્વી પરના લોકો ક્ષુદ્ર કીડી જેવા છે! તેમણે આકાશને ચંદરવા-
ની જેમ ફેલાવ્યું છે, અને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે. 23 તે જગ-
તનો ન્યાય કરે છે, તે પૃથ્વીના અધિપતિઓને વિસાત વિનાના કરી દે
છે અને જગતના રાજકર્તાઓને શૂન્યમાં મેળવી દે છે. 24 હજી હમણાંજ
માંડ રોપાયા હોય. માંડ વવાયા હોય. માંડ તેમણે ધરતીમાં મૂળ નાખ્યાં
હોય, ત્યાં તો તેમના પર તેઓ ફૂંક મારે છે અને તેઓ કરમાઇ જાય છે;
વાવાઝોડું આવી તેમને તરણાંની જેમ ઘસડી જાય છે. 25 વળી પવિત્ર
યહોવા પૂછે છે, "તમે મારી સરખામણી કોની સાથે કરશો? મારી બરોબ-
રી કોણ કરી શકે છે?" 26 આકાશ તરફ ષ્ટિ કરો અને વિચારો કે એ બધાં
ગ્રહ નક્ષત્રોને કોણે સર્જ્યા છે? જે તેમને લશ્કરની જેમ ગણી ગણીને
લઇ આવે છે અને એ બધાંને નામ દઇને બોલાવે છે તેનું સાર્મથ્ય એટલું
પ્રચંડ છે, તેની શકિત એટલી પ્રબળ છે કે તેમાંનું કોઇ પણ હાજર થયા
વગર રહેતું નથી." 27 તો પછી હે યાકૂબ તું શા માટે ફરિયાદ કરે છે, હે
ઇસ્રાએલ! તું શા માટે કહે છે કે, "મારા માર્ગની યહોવાને ખબર નથી, હું
ન્યાય માગું છું તેના પર એ ધ્યાન આપતા નથી?" 28 શું તમે હજુ પણ
સમજતાં નથી? હજુ પણ તમે એ જાણી શક્યા નથી કે યહોવા તે સના-
તન દેવ છે, તે આ વિશાળ વિશ્વના સર્જનહાર છે, એ કદી થાકતા નથી
કે હારતા નથી; તેના જ્ઞાનનો તાગ કોઇ પામી શકે તેમ નથી 29 તે થાકે-
લા તથા નિર્ગત થયેલાંને પુષ્કળ જોર અને નિર્બળને બળ આપે છે.
30 તરુણો કદાચ થાકીને હારી જાય, ભરયુવાનીમાં આવેલા પણ લથ-
ડીને પટકાઇ પડે, 31 પરંતુ યહોવા પર વિશ્વાસ રાખનારાઓને નવું બળ
મળી રહે છે. તેઓ ગરૂડના જેવી પાંખો ઉપર ઊડે છે; તેઓ દોડે છે પણ
થાકતા નથી, તેઓ આગળ ને આગળ ધપતા રહે છે, કદી હારતા નથી
કે નથી નિર્ગત થતા.

41 યહોવા પૂછે છે, "સમુદ્રની પેલે પારના દેશો, મારી આગળ મૌન
જાળવો, સાંભળો, તમારી સબળ દલીલો રજૂ કરો, સજ્જ થાઓ,
મારી પાસે આવો અને બોલો, અદાલત તમારા પ્રશ્ર્ન માટે તૈયાર છે.
2 પૂર્વમાંથી આ વ્યકિતને કોણે ઊભી કરી છે, જેને પગલે પગલે વિજય
મળે છે? તેને ઊભો કરનાર બીજો કોઇ નહિ પણ યહોવા પોતે જ છે.
એમની તરવારથી તેઓ રજકણની જેમ વેરાઇ જાય છે. અને એનાં ધનુ-
ષ્યથી તેઓ તરણાંની જેમ ઊડી જાય છે. 3 તે તેઓને પીછો પકડે છે;
અને રોકાયા વગર આગળ વધે છે એના પગ ધરતીને તો અડતા સુદ્ધાં
નથી. 4 આરંભથી આ બધું કરાવનાર કોણ છે? અનાદિકાળથી માનવ-
જાતના સર્વ વ્યવહારને માર્ગદર્શન આપીને આ સર્વ પરાક્રમી કાર્યો કર-
નાર કોણ છે? એ હું યહોવા છું, હું પહેલો હતો અને છેલ્લો પણ હું જ છું.
5 સમુદ્રની પેલે પાર દૂર દેશાવરના લોકો મારા કાર્યો જોઇને ભયભીત
થઇ ગયા, પૃથ્વી એક છેડાથી બીજા છેડા સુધી ૂજી ઊઠી. બધા ભેગા
થઇને આવ્યા." 6 દરેક જણે પોતાના પડોશીને મદદ કરી અને પોતાના
ભાઇઓને ઉત્તેજન આપ્યું. 7 સુથાર સોનીને ઉત્તેજન આપે છે, હથોડી-
થી મૂર્તિને લીસી બનાવનાર એરણ પર ઘણ મારનારને ઉત્તેજન આપે
છે, તેઓએ કહ્યું, 'સાંધો મજબૂત થયો છે.' તે ખીલા સાથે મૂર્તિને એવી
જડે છે કે પડી ન જાય. 8 "પણ ઇસ્રાએલ, તું તો મારો સેવક છે, યાકૂબ,
મેં તને પસંદ કર્યો છે, તું મારા મિત્ર ઇબ્રાહિમના કુળનો છે. 9 મેં તને
ધરતીને છેડેથી ઉપાડી લીધો છે, અને દૂર દૂરના ખૂણેથી તને બોલાવ્યો
છે. મેં તને મારો સેવક કહ્યો છે, 'મેં તને પસંદ કર્યો છે,' તારો ત્યાગ કર્યો
નથી. 10 તું ગભરાઇશ નહિ, કારણ કે હું તારી સાથે જ છું. તું નાહિંમત
થઇશ નહિ, હું તારો દેવ છું, હું તને બળ આપીશ, તને મદદ કરીશ; હું
મારા વિજયવંત જમણા બાહુ વડે તને ટેકો આપીશ. 11 હવે તમારા પર
ગુસ્સે થનારાં સર્વ સૈન્યો વિમાસણમાં પડ્યા છે અને વિખેરાઇ ગયા છે.
જે કોઇ તમારો વિરોધ કરશે તે મૃત્યુ પામશે. 12 તમારી સાથે યુદ્ધે ચડ-
નારા સૌ કોઇ નાશ પામશે, અને શૂન્યમાં મળી જશે. તેઓની શોધ કર-
શો તો પણ તેઓ તમને જડશે નહિ; કોઇનું નામનિશાન નહિ રહે. 13 હું
તારો દેવ યહોવા તારો જમણો હાથ પકડું છું અને કહું છું, ડરીશ નહિ, હું
તારી મદદમાં છું. 14 હે ઇસ્રાએલ, તું જેમ નબળો થઇ ગયો છે, છતાં તું
ગભરાઇશ નહિ, કારણ કે હું તને મદદ કરીશ." હું તમારો યહોવા, તમારો
તારક છું; હું ઇસ્રાએલનો પવિત્ર દેવ છું. 15 "જો હું તને દાણાંના ફોતરાં
છૂટાં પાડવાનાં તીક્ષ્ણ દાંતાવાળા નવા સાધનમાં ફેરવી નાખીશ, તું
પર્વતોને અને ટેકરીઓને રોળીને ભૂકો કરી નાખશે. 16 તું તેઓને ઊપ-
ણશે; વાયુ તેઓ સર્વને ઉડાડી મૂકશે અને વાવાઝોડું તેઓને વિખેરી
નાખશે. પરંતુ તું યહોવાના આનંદથી ભરપૂર થશે; ઇસ્રાએલના પવિત્ર
દેવનાં પ્રતાપે તું આનંદ અને ગૌરવ અનુભવીશ." 17 "દુઃખી અને દરિ-
દ્રીઓ પાણી શોધશે, પણ મળશે નહિ, તેઓની જીભો તરસથી સુકાઇ
જશે. ત્યારે તેઓ મને પોકાર કરશે અને હું તેમનો પોકાર સાંભળીશ; હું
ઇસ્રાએલનો દેવ, તેમનો ત્યાગ નહિ કરું. 18 હું તેઓને માટે ઉજ્જડ ડુંગ-
રોમાં નદીઓ વહેવડાવીશ અને ખીણોની વચ્ચે ઝરણાં આપીશ! અર-
ણ્યમાં પાણીના સરોવરો થશે અને સૂકી ધરતીમાં ઝરા વહેવા માંડશે.
19 હું અરણ્યમાં દેવદાર ઉગાડીશ; બાવળ, મેંદી અને જૈતૂન ઉગાડીશ.
વળી હું રણ પ્રદેશમાં ભદ્રાક્ષો, સરળ અને સરુના ઝાડ ભેગાં ઉગાડીશ.
20 પ્રત્યેક વ્યકિત આ ચમત્કાર જોશે અને કબૂલ કરશે કે, ઇસ્રાએલના
પવિત્ર દેવે એને ઉત્પન્નકર્યુ છે." 21 યહોવા, યાકૂબના મહાન રાજા કહે
છે, "તમારા કિસ્સાની રજૂઆત કરો! તમારો ઉત્તમ બચાવ રજૂ કરો!
22 તમારી મૂર્તિઓ બહાર લઇ આવો અને તેમને કહેવા દો કે ભવિષ્યમાં
શું બનવાનું છે, ભૂતકાળના બનાવોનો અર્થ સમજાવો, જેથી અમે તેનો
વિચાર કરી શકીએ. 23 "હા, જો તમે દેવ હો તો આવનાર દિવસોમાં શું
બનવાનું છે તે કહો! અથવા કંઇક એવું કરીને અમારા પર પ્રભાવ પાડો

જે ઉપયોગી હોય અથવા નુકશાનકારક હોય. 24 “પણ ના, તમારી કશી
વિસાત જ નથી! તમે શું ધૂળ કરવાના હતાં! જે તમને પૂજે છે તે પણ
તમારા જેવો જ કેવળ ધિક્કારપાત્ર છે!” 25 “હું એક જણને ઉત્તરમાંથી
બોલાવી લાવ્યો અને તે આવ્યો; પૂર્વમાંથી તે મારા નામે બોલાવે છે,
અને કોઇ કુંભાર માટીનો ઢગલો ખૂંદતો હોય એમ તે રાજકર્તાઓને ખૂંદ-
તો આવશે.” 26 મારા સિવાય તમને કોણે કહ્યું હતું કે આ પ્રમાણે થશે?
બીજા કોણે અગાઉથી કહ્યું હતું કે આમ થવાનું છે જેથી આપણે એમ
કહી શકીએ કે તેઓ સાચા હતાં? કોઇએ તેમ કહ્યું નહોતું! તેઓએ તો
આના વિષે સાંભળ્યું પણ નહોતું! 27 મેં યહોવાએ જ સિયોનને શુભસ-
માચાર મોકલ્યા હતા કે, “જુઓ! જુઓ! હું યરૂશાલેમને વધામણી કહે-
નાર મોકલી આપીશ.” 28 પણ જ્યારે તમારી મૂર્તિઓ વચ્ચે જોયું, ત્યાં
કોઇ સલાહકાર નથી, કોઇપણ નહિ જે હું જ્યારે સવાલ પૂછું ત્યારે
જવાબ આપી શકે. મેં પ્રશ્નન કર્યો ત્યારે તેમના એક પણ દેવે પ્રત્યુત્તર
આપ્યો નહિ. 29 તેઓ સર્વ સાચે જ વ્યર્થ છે; જુઓ, એ દેવો કેવા નકામા
છે! એમનાં કામોમાં કોઇ ભલીવાર નથી; તેમની મૂર્તિઓ તો ખાલી હવા
છે.

42 યહોવા કહે છે, “જુઓ, આ મારો સેવક છે, જેનો મેં હાથ જાલ્યો
છે, એ મારો પસંદ કરેલો છે, જેના પર હું પ્રસન્ન છું, એનામાં મેં
મારા આત્માનો સંચાર કર્યો છે, અને તે જગતના સર્વ લોકોમાં ન્યાયની
આણ વર્તાવશે. 2 તે પોતાનો સાદ ઊંચો કરશે નહિ, અને શેરીઓમાં
ચૌરેચૌટે ઝઘડા કરી બૂમરાણ મચાવશે નહિ. 3 તે ઊઝરડાયેલા બરુને
ભાંગી નાખે નહિ કે મંદ પડેલી વાટને હોલાવી નાખે નહિ, તે નિષ્ઠાપૂ-
ર્વક ન્યાયની આણ વર્તાવશે. 4 તે નબળો નહિ પડે કે હારશે નહિ, જ્યાં
સુધી સમગ્ર પૃથ્વી ઉપર ન્યાયીપણું સ્થપાશે નહિ અને જ્યાં સુધી કિ-
નારાના દેશો તેના કાયદાની પ્રતિક્ષા કરશે.” 5 જે યહોવા દેવે આકાશોને
ઉત્પન્ન કરીને ફેલાવ્યા છે, પૃથ્વી તથા તેમાંની વનસ્પતિથી ધરતીને
વિસ્તારી છે અને એના ઉપર હરતાંફરતાં સર્વમાં શ્વાસ અને પ્રાણ પૂર્યા
છે તે દેવ યહોવાની આ વાણી છે. 6 “હું યહોવા છું, તારો હાથ હું પકડી
રાખીશ, હું તારું રક્ષણ કરીશ અને મદદ કરીશ, કારણ કે મારા લોકોની
સાથે કરેલા મારા કરારને અંગત સમર્થન આપવા મેં તને તેઓ પાસે મો-
કલ્યો છે. લોકોને મારી તરફ દોરી લાવનાર પ્રકાશ પણ તું જ થશે. 7 તા-
રે અંધજનોની આંખો ઉઘાડવાની છે. અને અંધકારમાં સબડતાં કેદીઓ-
ને કારાગારમાંથી બહાર કાઢવાના છે. 8 હું યહોવા છું, એ જ મારું નામ
છે, હું મારો મહિમા બીજા જૂઠા દેવોને નહિ લેવા દઉં, તેમ મારી સ્તુતિ હું
કંડારેલી મૂર્તિઓને નહિ લેવા દઉં. 9 મેં આપેલી દરેક ભવિષ્યવાણી
સત્ય પૂરવાર થઇ છે અને હું ફરીથી નવી ઘટનાઓની ભવિષ્યવાણી
ભાખું છું. તે ઘટનાઓ ભવિષ્યમાં બને તે પહેલાં હું તે તમને જણાવું છું.”
10 યહોવા સમક્ષ નવું ગીત ગાઓ: સમગ્ર પૃથ્વી તેના સ્તુતિગાનથી ગા-
જી ઊઠો! હે સાગરખેડુઓ અને સાગરના સૌ જીવો, હે દરિયા કિનારાના
પ્રદેશના રહેવાસીઓ, તેની સ્તુતિ ગાઓ! 11 અરણ્યના નગરો, હે કેદાર-
વંશી રણવાસીઓ અને સેલાના રહેવાસીઓ, આનંદથી પોકારી ઊઠો!
પર્વતો પરથી હર્ષનાદ કરો! 12 પશ્ચિમના દરિયાકાંઠે રહેનારા લોકો, તમે
યહોવાનો મહિમા કરો. સૌ તેમના પરાક્રમી સાર્મથ્યનાં ગીત ગાઓ.
13 યહોવા શૂરવીરની જેમ યુદ્ધને ઝનૂને ચડીને ધસી જાય છે; તે ગર્જના
કરે છે, યુદ્ધનાદ જગાવે છે અને પોતાના દુશ્મનોને પોતાનું પરાક્રમ
બતાવશે. 14 યહોવા કહે છે, “લાંબા વખત સુધી હું શાંત રહ્યો છું, મેં મૌન
જાળવ્યું છે અને હું ગમ ખાઇ ગયો છું, હવે હું પ્રસવ વેદનાથી પીડાતી
સ્રીની જેમ બૂમો પાડી ઊઠીશ; હું ઊંડા શ્વાસ લઇશ. 15 હું પર્વતો અને
ડુંગરોને ભોંયભેગા કરી નાખીશ, તેમની બધી લીલોતરીને ચિમળાવી
દઇશ; હું નદીઓનાં ભાઠાં બનાવી દઇશ અને તળાવોને સૂકવી ના-
ખીશ. 16 પછી હું આંધળાઓને દોરીશ, એવા રસ્તે ચલાવીશ જેની તમ-
ને ખબર નથી. તેમની આગળ હું અંધકારને પ્રકાશમાં ફેરવી નાખીશ.
અને ખરબચડા રસ્તાને સીધા બનાવી દઇશ. આ બધું હું કરીશ. અને
કશું બાકી નહિ રાખું. 17 પરંતુ જેઓ મૂર્તિઓમાં વિશ્વાસ રાખે છે અને તે-
ઓને દેવ તરીકે માને છે, તેઓ મોટી નિરાશામાં આવી પડશે. તેઓને
હાંકી કાઢવામાં આવશે.” 18 યહોવા કહે છે, “હે બહેરા માણસો, સાંભળો!
હે આંધળા માણસો, જુઓ! 19 મારા સેવક જેવું આંધળું કોણ છે? મારા
સંદેશવાહક જેવું બહેરું કોણ છે? મારા નક્કી કરેલા એક યહોવાના સે-
વક જેવું આંધળું કોણ છે? 20 તે જુએ છે ઘણું પણ, કંઇ યાદ રાખતો
નથી; તેના કાન ખુલ્લા છે, પણ તે કંઇ સાંભળતો નથી.” 21 યહોવાએ
પોતાના નિયમ શાસ્ત્રને મહાન અને સાચે જ મહિમાવંત બનાવ્યા છે.
પોતે ન્યાયી છે તે આખા જગતને દર્શાવવા તેમણે તેનું આયોજન કર્યુ
છે. 22 તેમ છતાં એ પ્રજા એવી નીકળી કે લૂંટાઇ ગઇ, એનું બધું હરાઇ
ગયું; એ બધા ફસાઇ ગયા છે અને કારાગારમાં પૂરાયા છે, તેમને છોડાવ-
નાર કોઇ નથી, તેઓ લૂંટાઇ ગયા છે “છતાં પાછું આપો” કહેનાર પણ
કોઇ નથી. 23 તમારામાંથી કોઇ મારી વાત ધ્યાનથી સાંભળે એમ છે?
કોણે ઇસ્રાએલીઓને લૂંટારાઓને સોંપી દીધા! શું એ યહોવા નહોતા?
તેમણે યહોવાનો ગુનો કર્યો હતો, તેઓ તેમના માગેર્ જવા માગતા
નહોતા, તેના નિયમોનું પાલન કરવાની ના પાડતા હતા. 24 કોણે યાકૂ-
બને લૂંટારાઓને સુપ્રત કર્યો છે, તથા ઇસ્રાએલને લૂંટનારાઓને સ્વા-
ધીન કર્યો છે? જે યહોવાની વિરુદ્ધ આપણે પાપ કર્યુ છે તેમણે શું એમ
કર્યુ નથી? તે લોકો તેમના માગેર્ ચાલવા રાજી નહોતા. તેથી તેમણે તે-
મના નિયમશાસ્ત્રને પણ ધ્યાનમાં લીધા નહિ, 25 માટે તેમણે એમના
ઉપર પોતાનો ક્રોધાગ્નિ વરસાવ્યો અને યુદ્ધની આફત ઉતારી, તેઓ
અગ્નિની જવાળાઓથી ઘેરાઇ ગયા હતા છતાં સમજ્યા નહિ, દાઝયા
હતા છતાં ચેત્યા નહીં અને બળી મર્યા.

43 પણ હવે, હે યાકૂબ તારો સર્જનહાર અને ઇસ્રાએલના ઘડવૈયા
યહોવા તને કહે છે, “ડરીશ નહિ, હું તારો ઉદ્ધાર કરીશ, મેં તને
તારું નામ દઇને બોલાવ્યો છે અને તું મારો પોતાનો છે. 2 જ્યારે તું
અગાધ જળમાં થઇને પસાર થતો હશે, ત્યારે હું તારી સાથે રહીશ, તું
નદીમાં થઇને જતો હશે, ત્યારે તેના વહેણ તને તાણી નહિ લઇ જાય,
અગ્નિમાં થઇને તું ચાલશે તો તું દાઝી નહિ જાય; જવાળાઓ તને બાળ-
શે નહિ. 3 કારણ કે હું યહોવા તારો દેવ છું, હું ઇસ્રાએલનો પવિત્ર યહોવા
છું, હું ઇસ્રાએલનો પવિત્ર યહોવા તારો ઉદ્ધારક છું, તારી મુકિતના બદ-
લામાં મેં મિસર આપ્યો છે, તારે બદલે કૂશ તથા સબા આપ્યાં છે. 4 મેં
તારે માટે થઇને બીજા બધાં લોકોને વિનિયોગ કર્યો છે, કારણ કે મારી
ષ્ટિમાં તું મૂલ્યવાન અને સન્માનપાત્ર છે, મેં તારા પર પ્રીતિ કરી છે.”
5 “તું ડરીશ નહિ, હું તારી સાથે છું. હું તારા લોકોને પૂર્વમાંથી અને પશ્ચિ-
મમાંથી લઇ આવી ઘરભેગા કરીશ. 6 હું ઉત્તરને કહીશ, તેમને જવા દે
અને દક્ષિણને કહીશ, તેમને રોકતો નહિ. મારા પુત્ર-પુત્રીઓને દૂર દૂરથી
છેક ધરતીને છેડેથી પાછા લાવો. 7 એ બધાં મારે નામે ઓળખાય છે,
એમને બધાંને મેં મારો મહિમા ગાવા માટે સર્જ્યા છે, ઘડ્યા છે, નિર્માણ
કર્યા છે.” 8 યહોવા કહે છે, “આ પ્રજા, જે આંખો હોવા છતાં દેખતી નથી,
કાનો હોવા છતાં સાંભળતી નથી, તેને સામે લાવો. 9 બધી પ્રજાઓ ભે-
ગી થઇ જાઓ. તેમના દેવોમાંથી આ બધું પહેલેથી કહ્યું હતું, અથવા જે
ઘટનાઓ બની ચૂકી છે તેની આગાહી કરી હતી! તેઓ પોતાનો દાવો
પૂરવાર કરવા સાક્ષીઓ રજૂ કરે છે, જેઓ એમની વાત સાંભળીને કહે કે,
આ સત્ય છે.” 10 યહોવા કહે છે, “તું મારો સાક્ષી છે, તું મારો સેવક છે, હું
જેને મેં પસંદ કર્યો છે, જેથી તું જાણી શકે અને મારા પર વિશ્વાસ મૂકી
શકે અને સમજી શકે કે ફકત હું જ દેવ છું. 11 હું, હું જ યહોવા છું; અને
મારા સિવાય કોઇ તમારો ઉદ્ધાર કરી શકે તેમ નથી; 12 આગાહી કરનાર
હું જ છું, ઉદ્ધારક હું જ છું, નહિ કે તમારામાંનો કોઇ વિધમીર્ દેવ, તમે
મારા સાક્ષી છો અને હું જ દેવ છું” યહોવા કહે છે, 13 “હું જ દેવ છું, છેક
સૃષ્ટિના સર્જન પહેલાના કાળથી હું જ દેવ છું. મારા હાથમાંથી કોઇ છો-
ડાવી શકે તેમ નથી; હું જે કાઇઁ કરું છું તેને કોઇ રોકી શકતું નથી.”
14 યહોવા, તમારો તારક, ઇસ્રાએલનો પવિત્ર દેવ કહે છે: “તમારી માટે હું
બાબિલ સામે લશ્કર મોકલીશ, તેના કારાવાસના સળિયાઓને હું ભોંય
પર ઢાળી દઇશ અને તેમનો વિજયનાદ આક્રંદમાં ફેરવાઇ જશે. 15 હું
યહોવા છું, તમારો પરમપવિત્ર દેવ છું, ઇસ્રાએલનો સર્જનહાર અને
તમારો રાજા છું.” 16 ભૂતકાળમાં યહોવાએ સમુદ્રમાં થઇને માર્ગ કર્યો
હતો, ધસમસતા જળમાં રસ્તો કર્યો હતો; 17 “તે રથને અને ઘોડાને,
અને સમગ્ર યોદ્ધાઓના સૈન્યને બહાર દોરી ગયો. બધાજ ઢળી પડ્યા,
પાછા બેઠા થવા પામ્યા નહિ, તેઓ સૌ ઓલવાઇ ગયા, તેઓ વાટની
જેમ ઓલવાઇ ગયા. 18 પરંતુ હવે તે સર્વ ભૂતકાળનું સ્મરણ કરવાની
જરૂર નથી. પહેલાં મેં જે કર્યુ હતું તેનો વિચાર ન કરો. 19 કારણ કે હું એક
નવું કામ કરવાનો છું. જુઓ, મેં તેમની શરૂઆત કરી દીધી છે! શું તમે

જોઇ શકતા નથી? મારા લોકો માટે અરણ્યમાં હું માર્ગ તૈયાર કરીશ અને
રાનમાં તેઓને માટે નદીઓ ઉત્પન્ન કરીશ! 20 જંગલી પ્રાણીઓ, વરુઓ
અને શાહમૃગો સુદ્ધાં મને માન આપશે, કારણ, હું મરુભૂમિમાં પાણી પૂ-
રું પાડીશ. સૂકા રણમાં નદીઓ વહેવડાવીશ, જેથી મારા પસંદ કરેલા
લોકો પાણી પીવા પામે. 21 એ લોકોને મેં મારે માટે બનાવ્યા છે, તેથી
તેઓ મારી સ્તુતિ જાહેર કરશે." 22 યહોવા કહે છે, "હે ઇસ્રાએલીઓ, તમે
મને વિનંતી કરતાં નથી, તમે તો મારાથી કંટાળી ગયા છો! 23 તમે મને
દહનાર્પણ તરીકે ઘેટાંને અર્પણ કર્યાં નથી; તમે યજ્ઞોથી મારો આદર
કર્યો નથી. મેં કંઇ બહુ ભારરુપ યજ્ઞો માગ્યા નહોતા કે તમને મારા માટે
ધૂપ પેટાવવા માટે દબાણ કર્યું નહોતું. 24 તમે કંઇ મારે માટે ધૂપસળી
પાછળ પૈસા ખર્ચ્યા નથી કે મને બલિદાનોની ચરબીથી તૃપ્ત કર્યો, તમે
તો કેવળ પાપ અર્પણ કર્યાં છે, અને તમારા એ અન્યાયોથી હું થાકી
ગયો છું. 25 "હા, હું એ જ છું, હું એકલો જ મારા પોતાના નામની માટે
તમારાં સર્વ પાપ ભૂંસી નાખું છું અને ફરીથી કદી હું તેનું સ્મરણ કરતો
નથી. 26 ઓ ઇસ્રાએલીઓ, આપણે સાથે ન્યાયાલયમાં જઇએ, મારા
પરનો તમારો આરોપ રજૂ કરો, તમારી દલીલો રજૂ કરીને તમારી નિર્દો-
ષતા સાબિત કરો. 27 તમારા આદી પુરુષે મારી વિરુદ્ધ પાપ કર્યું હતું.
તમારા પ્રબોધકો અને યાજકોએ મારી સામે બળવો કર્યો હતો, 28 આ
કારણે જ મેં તમારા અભિષિક્ત સરદારોને ષ્ટ કર્યા છે, ને યાકૂબ શાપ-
રૂપ તથા ઇસ્રાએલને નિંદાપાત્ર કર્યાં છે, અને તેમને વિનાશને માગેર્
મોકલ્યા છે."

**44** યહોવા કહે છે, "હે યાકૂબ, મારા સેવક, ઇસ્રાએલ, "મારા પસંદ
કરેલા, મને સાંભળ. 2 "હું જ તારો સર્જનહાર છું, જ્યારથી તું
જનમ્યો હતો ત્યારથી હું તને મદદ કરી રહ્યો છું. હે યાકૂબ, મારા સેવક,
મારા પસંદ કરાયેલા યશુરૂન, હું તને આ કહું છું તું ભયભીત થઇશ નહિ.
3 "હું તમારી તરસ છીપાવવા ભૂમિ પર પુષ્કળ પાણી વરસાવીશ. સૂકી
ધરતી પર ઝરણાં વહાવીશ. તારી સંતતિ ઉપર હું મારી શકિત ઉતારીશ.
તારા વંશજો પર મારા આશીર્વાદ વરસાવીશ. 4 તેઓ વહેતાં ઝરણાંની
ધારે પાણીમાં ઊગી નીકળતા ઘાસની જેમ તથા નદી કાંઠે ઊગી નીક-
ળતા નેતરના ઝાડોની જેમ વૃદ્ધિ પામશે, 5 "તેથી તેઓ બધા પોતાને
યહોવાના સેવક અને યાકૂબના વંશજો તરીકે ઓળખાવવામાં ગૌરવ લે-
શે. તેઓ કહેશે કે તેઓ યહોવાની માલિકીના છે અને 'ઇસ્રાએલીઓ'
તરીકે ઓળખાય." 6 ઇસ્રાએલનો રાજા અને તેના ઉદ્ધારક સૈન્યોના દેવ
યહોવા આ પ્રમાણે કહે છે: "હું જ આદિ છું અને હું જ અંત છું; મારા સિ-
વાય કોઇ બીજો દેવ નથી. 7 આવનાર ભવિષ્યમાં શું બનશે તે વિષે
તમને મારા સિવાય કોણ કહી શકે છે? જો કોઇ કહી શકે તેમ હોય તો
તેઓને કહેવા દો અને તેઓનું પરાક્રમ સાબિત કરવા દો. પ્રાચીનકાળ-
થી જે પ્રમાણે મેં કર્યું છે તેમ તેઓને કરવા દો. 8 ઓ મારા લોકો, ગભરા-
શો નહિ, ડરશો નહિ, પ્રાચીનકાળથી મેં એ બધું કહ્યું નથી? મેં જાહેર
નથી કર્યુ? તમે મારા સાક્ષી છો. મારા સિવાય અન્ય કોઇ દેવ છે? મારા
સિવાય બીજો કોઇ ખડક નથી." 9 જેઓ મૂર્તિ બનાવે છે તે બધા કેવા
તુચ્છ છે? તેઓ જેને મોંઘીમૂલી ગણે છે તે મૂર્તિઓ કશા કામની નથી,
તેમના સાક્ષીઓ કંઇ દેખતા નથી અને જાણતાં કંઇ નથી કે સાક્ષી
આપી શકે. એટલે આખરે એમની ફજેતી થાય છે. 10 કોણ દેવની મૂર્તિ
બનાવશે જે તેને સહેજ પણ સહાય કરી શકતી નથી? 11 જરા થોભો
અને જુઓ આ સર્વ મૂર્તિઓની પૂજા કરનારા ભેગા થશે અને તેમની
ફજેતી થશે. અને મૂર્તિઓને ઘડનારા સર્વ કારીગરો પણ માણસો જ છે.
તેમને ભેગા થઇને મારી સામે ઊભા તો રહેવા દો; બધા ધ્રુજી ઊઠશે
અને ફજેત થશે." 12 લુહાર ધાતુને અગ્નિમાં તપાવીને હથોડાથી ટીપી
ટીપીને ઘાટ આપે છે. પોતાના બળવાન બાહુ વડે ઘડતાં ઘડતાં તે ભૂ-
ખ્યો થાય છે અને થાકી જાય છે. ને તરસથી પાણી પીધા વિના નબળો
અને નિર્ગત થઇ જાય છે. 13 સુથાર લાકડા પર દોરી છાંટે છે, ચાકથી રૂ-
પરેખા દોરે છે, ફરસીથી કોતરી કાઢે છે, કંપાસથી માપ લે છે, તેને માણ-
સોનો આકાર આપે છે, પછી સુંદર મૂર્તિ બનાવી મંદિરમાં સ્થાપે છે.
14 માણસ જઇને એરેજવૃક્ષને કાપે છે, અથવા જંગલમાંથી બીજું કોઇ વૃ-
ક્ષ પસંદ કરે છે, અથવા દેવદારનો રોપો રોપે છે જે વરસાદ પડતાં મોટો
થાય છે. 15 પછી તે લાકડાનો કેટલોક ભાગ બળતણ તરીકે પોતાને
હૂંફાળા બનાવવા માટે વાપરે છે અને તેના પર રોટલી શેકે છે. બાકી રહે-
લા લાકડામાંથી તે પોતાને માટે દેવ બનાવે છે-લોકો ભકિત કરી શકે
માટે દેવ બનાવે છે! પગે લાગવા માટે તે મૂર્તિઓ ઘડે છે. 16 અડધાં લા-
કડાને તે ઇંધણ તરીકે વાપરે છે, તેના પર તે માંસ શેકે છે અને તૃપ્ત થાય
ત્યાં સુધી ખાય છે, પોતાની જાતને તપાવે છે અને કહે છે, "વાહ! કેવું
સરસ તાપણું છે! હવે હૂંફ વળી." 17 બાકીના ભાગમાંથી તે કોઇ દેવની
મૂર્તિ બનાવે છે, તેને પગે લાગીને તેની પૂજા કરે છે, તે તેની પ્રાર્થના કરે
છે અને કહે છે, "મારો ઉદ્ધાર કરો, કારણ તમે મારા દેવ છો!" 18 એ લોકો
કશું જાણતા નથી કે સમજતા નથી. એમની આંખો પર અને ચિત્ત પર
અજ્ઞાનના પડ જામ્યા છે એટલે એ લોકો નથી કશું જોઇ શકતા કે, નથી
કશું સમજી શકતા. 19 એવો માણસ કદી વિચાર કરતો નથી, "આ તો
લાકડાંનો ટુકડો છે! મેં તેને અગ્નિમાં બાળીને તાપણી કરી છે. અને રોટ-
લી તથા માંસ શેકવા તેનો ઉપયોગ કર્યો છે, તો પછી બાકી રહેલું લાકડું
તેનો દેવ કેવી રીતે બની શકે? તો શું મારે ફકત આ લાકડાના ટુકડા
આગળ નમવું જોઇએ?" 20 પોતાને મૂર્ખ બનાવનાર મનુષ્ય રાખ ખાવાનું
ચાલુ રાખે છે; તેના મિત ચિત્તે તેને ભમાવ્યો છે; તેનો ઉદ્ધાર થાય એમ
નથી, કારણ, તે એટલું પણ સમજતો નથી કે, "મારા જમણા હાથમાં છે
એ તો જૂઠી વસ્તુ છે." 21 યહોવા કહે છે, "હે યાકૂબ, આટલી વાતનું
ધ્યાન રાખજે, હે ઇસ્રાએલ, તું મારો સેવક છે. મેં તને ઉત્પન્ન કર્યો છે,
અને હું તને મદદ કરવાનું ક્યારેય ભૂલી જઇશ નહિ. 22 મેં તારા અપરા-
ધોને વાદળની જેમ હઠાવી દીધા છે. તારા પાપોને ધુમ્મસની જેમ વિખે-
રી નાખ્યાં છે. તું મારી પાસે પાછો આવ, કારણ હું તારો ઉપાસક છું."
23 ઓ આકાશ, હર્ષના પોકાર કરો, કારણ, આ કાર્ય યહોવાનું છે!
આનંદના લલકાર કરો, ઓ પૃથ્વીના ઊંડાણો! આનંદના ગીત ગાઓ, હે
પર્વતો, જંગલો અને જંગલના વૃક્ષો! કારણ, યહોવાએ યાકૂબનો ઉદ્ધાર
કરીને ઇસ્રાએલ દ્વારા પોતાનો મહિમા પ્રગટ કર્યો છે! 24 તને ઘડનારા,
તારા મુકિતદાતા યહોવા એમ કહે છે, "સર્વનો સર્જનહાર હું યહોવા છું;
મેં એકલાએ આકાશોને વિસ્તાર્યા છે. મેં જ્યારે આ પૃથ્વીને પાથરી ત્યા-
રે મારી મદદમાં કોણ હતું?" 25 હું દંભી પ્રબોધકોને જુઠ્ઠા પાડું છું અને
તેઓ જે બનાવો વિષે કહે છે તેના કરતાં જુદા જ બનાવો દઇને હું તેઓ-
ને ખોટા પાડું છું. હું જ્ઞાનીઓના વચન પાછા ખેંચાવું છું અને તેમના
જ્ઞાનને મૂર્ખાઇ ઠરાવું છું. 26 પણ મારા સેવકોનાં વચનને હું સાચાં ઠરાવું
છું. અને મારા સંદેશાવાહકો મારફતે પ્રગટકરેલા ઉદ્દેશો પાર પાડું છું.
યરૂશાલેમને હું કહું છું, "તારે ત્યાં ફરી વસ્તી થશે," "યહૂદાના શહેરોને હું
કહું છું," તમે ફરી બંધાશો, તમારાં ખંડેરો હું ફરી ઉભા કરીશ. 27 સાગરને
હું કહું છું, "તું સુકાઇ જા, તારી નદીઓને હું સૂકવી નાખીશ." 28 હું કોરેશ-
ને કહું છું, "તું તો મારો મોકલેલો પ્રજાનો પાલક છે, અને તું મારા બધા
મનોરથો પૂર્ણ કરશે; અને તું યરૂશાલેમને ફરી બાંધવાનો અને મંદિરનો
પાયો નાખવાનો આદેશ આપશે."

**45** પોતાના અભિષિક્ત કોરેશને યહોવા આ મુજબ કહે છે: "મેં તા-
રો જમણો હાથ પકડ્યો છે; દેશદેશના લોકોને હું તારી આગળ
નમાવીશ. રાજાઓને તેમનો રાજવી ઝભ્ભો ઉતરાવી દઇશ; તારી
આગળ બધાં નગરોના દરવાજા ખૂલી જશે, કોઇ દરવાજો બંધ નહિ રહે."
2 "કોરેશ, હું તારી આગળ જઇને પર્વતોને સપાટ કરીશ અને પિત્તળના
દરવાજાઓને તથા લોખંડની ભૂંગળોને ભાંગી નાખીશ. 3 અને હું તને
અંધારા ભોંયરામાં ભંડારી રાખેલા ગુપ્ત ખજાના આપીશ: ત્યારે તને ખા-
તરી થશે કે તને નામ દઇને બોલાવનાર હું યહોવા છું. ઇસ્રાએલનો દેવ
છું. 4 મારા સેવક યાકૂબને લીધે અને મારા પસંદ કરાયેલ સેવક ઇસ્રા-
એલ માટે, મેં તને નામ દઇને બોલાવ્યો છે અને તું મને ઓળખતો નથી
છતાં મેં તને અટક આપી છે. 5 હું જ યહોવા છું, મારા સિવાય બીજો દેવ
નથી. તું મને ઓળખતો નથી, છતાં હું તને શસ્રોથી સજ્જ કરીશ. 6 અને
પૂર્વથી પશ્ચિમ સુધી સર્વ પ્રજાઓ જાણશે કે બીજો કોઇ દેવ નથી. હું
યહોવા છું, હું એકલો જ દેવ છું. 7 હું જ પ્રકાશનો સર્જક છું અને અંધકાર-
નો ઉત્પાદક છું. સુખદુ:ખ એ મારું સર્જન છે, હું યહોવા આ બધું કરું છું.
8 હે આકાશો, તમે ઉપરથી વરસો, હે વાદળાંઓ, તમે ન્યાયીપણાની વૃ-
ષ્ટિ કરો; ધરતી ઊઘડી જાય, ને તેમાંથી તારણ ઉદ્ભવો; ન્યાયના ફૂલો
ખીલી ઊઠો! હું યહોવા આ બધું કરું છું. 9 "જે માણસ પોતાના સર્જનહા-
રની સામે દલીલ કરે છે તેને અફસોસ! શું માટીના ઠીંકરાં જેવો માણસ
પોતાના ઘડનારની સાથે દલીલમાં ઉતરે? 10 શું માટી કુંભારને કહી

શકે, 'તું શું બનાવે છે?' અથવા 'તારા બનાવેલા કૂંજાને હાથા નથી?' જે
બાપને પૂછે કે, તેં કોને જન્મ આપ્યો છે? અને સ્ત્રીને કહે કે, 'તું કોને
જન્મ આપવા કષ્ટાય છે, તેને અફસોસ!'" 11 યહોવા, ઇસ્રાએલના પવિ-
ત્રતમ સૃષ્ટા કહે છે:"મારા બાળકો વિષે પ્રશ્ર્ન પૂછવાનો તને શો અધિ-
કાર છે? મારા પોતાના હાથે કરેલા કાર્યો વિષે મને પ્રશ્ર્ન કરનાર તમે
કોણ? 12 મેં એકલાએ જ આ પૃથ્વીનું સર્જન કર્યુ છે. અને પૃથ્વી પર મા-
નવનું સર્જન કર્યુ છે. મેં મારા પોતાને હાથે જ આકાશને ફેલાવ્યું છે અને
મારી આજ્ઞાથી જ નક્ષત્રમંડળ ચાલે છે. 13 મેં જ કોરેશને વિજયને માટે
ઊભો કર્યો છે, અને હું એની આગળ માર્ગો સીધા અને સપાટ કરીશ.
એ મારું નગર પુન:સ્થાપિત કરશે અને બંદીવાન થયેલા મારા લોકોને
છોડાવશે. એમ કરવામાં સારો બદલો મેળવવાની તે ઇચ્છા રાખશે
નહિ." આ સૈન્યોના દેવ યહોવાના વચન છે. 14 યહોવા ઇસ્રાએલને આ
પ્રમાણે કહે છે: "મિસરની સંપતિ અને કૂશના વેપારીઓ તેમજ સબાના
કદાવર માણસો તારે શરણે આવશે અને તારા દાસ બનશે. તેઓ
આવીને સાંકળે જકડાઇને તારી પાછળ પાછળ ચાલશે." તેઓ તને પ્ર-
ણામ કરીને તારી આગળ અરજ કરશે. અને કહેશે,દેવ તારી સાથે જ છે,
એના સિવાય બીજો કોઇ દેવ નથી." 15 હે ઇસ્રાએલના દેવ, હે તારક,
તમે સાચે જ રહસ્યમય અને અકળ રીતે કાર્ય કરો છો. 16 મૂર્તિઓની પૂ-
જા કરનારાઓ અને બનાવનારાઓ સર્વ નિરાશ અને લજ્જિત થશે.
17 પરંતુ ઇસ્રાએલને યહોવાએ ઉગારી લીધું છે. સદાને માટે ઉગારી લીધું
છે, તેનો ફજેતો કદી નહિ થાય, તેને કદી શરમાવું નહિ પડે. 18 યહોવા
આકાશનો સર્જનહાર છે. તે દેવ છે. તેણે આ પૃથ્વીની રચના કરી છે.
ઘડી છે અને સ્થિર કરીને સ્થાપી છે એને સૂની રહેવા માટે નહિ, પણ
વસવા માટે તેણે બનાવી છે. યહોવા કહે છે, "હું યહોવા છું. મારા સિવાય
બીજું કોઇ નથી." 19 હું કંઇ અંધકારના પ્રદેશના કોઇ ખૂણામાંથી ગુપ્ત રી-
તે બોલ્યો નથી; હું જાહેરમાં કહું છું: "મેં ઇસ્રાએલના લોકોને એમ નહોતું
કહ્યું કે, 'મને શૂન્યમાં શોધજો.' હું યહોવા સાચું અને ચોખ્ખેચોખ્ખું બોલું
છું." 20 યહોવા કહે છે, "યુદ્ધમાંથી બચી ગયેલી તમે દેશવિદેશની સર્વ
પ્રજાઓ એકઠી થઇને આવો. જેઓ લાકડાની મૂર્તિઓને ઉપાડીને ફેરવે
છે, તારી શકે એમ નથી એવા દેવની જેઓ પૂજા કરે છે તેઓ મૂરખ છે.
21 આગળ આવો અને તમારો દાવો રજૂ કરો; ભેગા મળીને નક્કી
કરો."ભૂતકાળમાં કોણે આ ભવિષ્ય ભાખ્યું હતું? કોણે આ પહેલાથી
કહ્યું હતું? શું હું એ યહોવા નહોતો? મારા સિવાય બીજો કોઇ દેવ નથી,
જે વિજયવંત અને ઉદ્ધાર કરવા માટે સમર્થ હોય. 22 ઉદ્ધારને માટે પૃ-
થ્વીની સર્વ પ્રજાઓને મારા તરફ જોવા દો! કારણ કે હું દેવ છું: અને મા-
રા સિવાય બીજો કોઇ નથી. 23 "મેં મારી જાત પર સમ લીધા છે, મેં
વચન આપ્યું છે, હું તેને તોડીશ નહિ. કારણ કે તે સત્ય છે કે પૃથ્વીની
સર્વ પ્રજાઓ મારી સમક્ષ ઘૂંટણિયે પડશે અને મારા નામ પ્રત્યેની વફા-
દારી પોતાની જીભેજ કબૂલ કરશે. 24 મારા વિષે લોકો જાહેર કરશે, યહો-
વા મારું સાર્મથ્ય અને ન્યાયીપણું છે."અને જેઓ તેમના પ્રત્યે ક્રોધિત
થયેલા છે, તેઓ બધા તેમની પાસે આવશે અને ફજેત થશે. 25 ઇસ્રાએ-
લની સર્વ પેઢીઓ યહોવામાં ન્યાયી ઠરશે અને વિજય પામી જયજય-
કાર કરશે.

**46** યહોવા કહે છે, "બેલને નમાવી દીધું છે,નબો વિરોધ કરે છે, તે-
મની મૂર્તિઓ ઢોરો પર લાદવામાં આવી છે, જે મૂર્તિઓને તમે
માથે લઇને ફરતા હતા તે અત્યારે થાકેલાં જનાવરો પર ભારરૂપે લદાઇ
છે. 2 શું આથી ઉત્તમ તેઓ કશું જ કરી શકતા નથી? તેઓ બધા વાંકા
વળે છે, તેઓ નમી જાય છે; તેઓ ભારથી પોતાને બચાવી શકતા નથી.
વળી તેઓ પોતે બંદીવાન થયા છે. 3 "હે યાકૂબના વંશજો, ઇસ્રાએલના
બાકી રહેલા સર્વ લોકો મારું કહ્યું સાંભળો: મેં તમારું સર્જન કર્યુ છે
અને તમારો જન્મ થયો ત્યારથી મેં તમારી સંભાળ રાખી છે. 4 તમે વૃદ્ધ
થશો ત્યારે પણ હું એ જ રહેવાનો છું. તમારા વાળ ધોળા થતા સુધી હું
તમને ઉપાડીશ. મેં તમને ઉત્પન્ન કર્યા છે અને હું તમારી સંભાળ રા-
ખીશ. હું તમને ઊંચકી રાખીશ અને હું તમારો ઉદ્ધારક થઇશ. 5 "આ કો-
ની સાથે તમે મારી તુલના કરશો? કોણ મારો બરોબરિયો છે? મારા જેવો
બીજો કોણ છે? 6 એવા પણ કેટલાક લોકો છે, જેઓ કોથળીમાંથી સોનું
ઠાલવે છે અને ચાંદી ત્રાજવે તોળે છે અને સોનીને રોકે છે, તે તેમાંથી
મૂર્તિ ઘડે છે અને એ લોકો તેને પગે લાગી તેની પૂજા કરે છે. 7 તેઓ તેને
પોતાના ખભે ઉપાડીને ફેરવે છે અને તેને સ્થાને તેની સ્થાપના કરે છે.
તે ત્યાં જ ઊભી રહે છે, ત્યાંથી તે કદી ખસી શકતી નથી. કોઇ તેને ઘા
નાખે તો એ ઉત્તર આપતી નથી, કે નથી તેને સંકટમાંથી ઉગારી શકતી.
8 "હે પાપી લોકો, આ યાદ કરો! ફરી વિચાર કરો અને તમારી સ્મૃતિ તા-
જી કરો! 9 ભૂતકાળની જુની વાતોનું સ્મરણ કરો! એક માત્ર હું જ દેવ છું,
બીજો કોઇ નથી, એક માત્ર હું જ દેવ છું, મારા સમાન કોઇ નથી.
10 "ભવિષ્યમાં જે બનવાનું છે તે વિષે તમને કોણ કહી શકે? મારી
ઇચ્છા પ્રમાણે જ બધું બનશે કારણ કે મને જેમ ગમે તેમ હું કરું છું. 11 હું
પૂર્વમાંથી એક શકરાબાજને- દૂરદૂરના દેશમાંથી એક માણસને બોલાવું
છું, જે મારી યોજના પાર ઉતારશે. આજે હું જે બોલ્યો છું તે બનશે, મારી
ઇચ્છાઓને હું પાર પાડીશ. 12 "હે દુષ્ટ હઠીલા માણસો, મારું કહ્યું ધ્યા-
નથી સાંભળો! 13 તમે માનો છો કે વિજય દૂર છે, પણ હું વિજય નજીક
લાવી રહ્યો છું. એ દૂર નથી. હું જે મુકિત લાવનાર છું તેમા હવે વિલંબ
થાય એમ નથી. હું સિયોનને મુકત કરીશ, અને મારા ગૌરવ સમા યરૂ-
શાલેમ તથા ઇસ્રાએલને હું પુન:સ્થાપિત કરીશ."

**47** યહોવા કહે છે, "હે અપરાજીત બાબિલ નગરી, તું નીચે ઉતર
અને ધૂળમાં બેસ. રાજ્યાસન ઉપરથી ઊતરીને ભોંય પર બેસ.
તું કુંવારી કન્યા જેવી વણજીતાયેલી નગરી હતી, પણ હવે તું સુંવાળી કે
કોમળ રહી નથી. 2 ઘંટી લઇને તારે લોટ દળવો પડશે; બુરખો કાઢી ના-
ખી, ઘાઘરો ઊંચો ખોસી, પગ ઉઘાડા કરીને નદીનહેરો ઓળંગવી પડશે.
3 તારું શરીર ઉઘાડું થશે અને તું લજવાશે. હું તારા ઉપર વૈર લઇશ અને
હું કોઇને પણ છોડીશ નહિ. 4 'ઇસ્રાએલના પવિત્ર દેવ,' જેમનું નામ સૈ-
ન્યોના દેવ યહોવા છે, તે આપણને બંધનાવસ્થામાંથી છોડાવશે.'" 5 "હે
બાબિલની પ્રજા, અંધારા ખૂણામાં મૂંગી બેસી રહે, કારણ 'હવે કોઇ તને
રાષ્ટ્રોની મહારાણી કહેનાર નથી.' 6 કારણ કે બાબિલ, હું મારા ઇસ્રાએ-
લી લોકો ઉપર રોષે ભરાયો હતો. તેં તેમનું અપમાન કર્યુ હતું, મેં તેમને
તારા હાથમાં સોંપ્યા હતા. પરંતુ તેં તેમના પ્રત્યે દયા ન બતાવી, તેં વૃ-
દ્ધો ઉપર પણ તારી ઝૂંસરીનો ભાર નાખ્યો. 7 તેં કહ્યું, 'હું સદાસર્વદા
સમ્રાજ્ઞી રહીશ.' તેં કદી આ બધું ધ્યાનમાં ન લીધું અને એનું પરિણામ
શું આવશે એનો કદી વિચાર ન કર્યો. 8 તું, એશઆરામની પ્રેમી, જે સુર-
ક્ષામાં વસે છે, અને સર્વ પ્રજાઓમાં પરાક્રમી હોવાની મોટાઇ કરનાર,
તારા પાપ સંબંધી મારો ન્યાયચુકાદો સાંભળ; તું કહે છે, "મારાથી વધા-
રે મહાન કોઇ નથી! મને કદી વૈધવ્ય આવવાનું નથી; કે હું કદી સંતાનો-
ના નુકશાન સહન કરવાનો નથી." 9 સારું, હવે આ સાંભળીલે, એ બે
આફતો એક દિવસે એક ક્ષણમાં તારે માથે આવી પડશે, તારા બધા કા-
મણટૂમણ અને બધા જાદુમંત્રો છતાં સંતાનનો વિયોગ અને વૈધવ્ય પૂ-
રેપૂરાં તારે વેઠવા પડશે. 10 તારી દુષ્ટતામાં સુરક્ષિત રહીને તેં માન્યું હતું,
'કોઇ જોનાર નથી.' તારી હોશિયારી અને તારી લુચ્ચાઇ તને ગેરરસ્તે દો-
રી ગઇ અને તેં માન્યું કે, 'હું જ માત્ર છું અને મારા સિવાય બીજું કોઇ
નથી.' 11 તેથી અચાનક જ તારા પર એવી આફત આવી પડશે જેને તું
નિવારી નહિ શકે, તારા પર એવી વિપત્તિ આવશે જેને તું કોઇ મંત્રતંત્ર-
થી દૂર નહિ કરી શકે, તારી કલ્પનામાં પણ નહિ હોય એટલી ખરાબ તે
હશે. 12 બાળપણથી જાદુમંત્ર અને કામણટૂમણ તું વાપરતી આવી છે
તેને વળગી રહે, કદાચ તે કામ આવી શકે અને તું શત્રુઓને ડરાવી શકે.
13 તને જાતજાતની સલાહો મળશે છતાં તારું કશું ચાલે તેમ નથી. તારા
ભવિષ્યવેત્તાઓ અને જ્યોતિષીઓ, જેઓ તારા ભવિષ્યની આગાહી કરે
છે, ભલે તને મદદ કરે. 14 જુઓ, તેઓ અગ્નિમાં બાળી નાખવામાં આવ-
તા સૂકા ઘાસ જેવા નકામા છે. તેઓ પોતાનો પણ બચાવ કરી શકે તેમ
નથી! તેઓ તાપવા લાયક અંગારા કે પાસે બેસવા લાયક સગડી નહિ
થશે. તેઓ તરફથી તને સહેજ પણ સહાય મળશે નહિ. 15 બાળપણથી
તારી સાથે વહેવાર રાખતા જ્યોતિષીઓ અને સલાહકારો પોતપોતાના
રસ્તે ચાલ્યા જશે, કોઇ તને બચાવવા કે સહાય કરવા રહેશે નહિં."

**48** યહોવા કહે છે, "હે યાકૂબના વંશજો. તમે સાંભળો, તમે ઇસ્રા-
એલને નામે ઓળખાઓ છો, તમે યહૂદાના ફરજંદો છો: તમે
યહોવાના નામે સમ ખાઓ છો અને ઇસ્રાએલના દેવની ભકિત કરવાનો
દાવો કરો છો, પણ સાચેસાચ કે સાચી શ્રદ્ધાથી નહિ." 2 અને છતાં તમે
પોતાને પવિત્ર નગરીના નાગરિક કહેવડાવો છો અને જેનું નામ સૈન્યો-
ના દેવ યહોવા છે એવા ઇસ્રાએલના દેવ પર આધાર રાખો છો. 3 યહોવા

કહે છે, “ભૂતકાળના બનાવોની મેં અગાઉથી આગાહી કરી હતી, મારે
પોતાને મોઢે મેં એ જાહેર કર્યુ હતું, અને પછી એકાએક મેં અમલ કર્યો
અને એ સાચું પડ્યું. 4 મને ખબર હતી કે તમે હઠીલા હતા, તારા ડોકના
સ્નાયુઓ લોખંડ જેવા હતા, અને તારું કપાળ પિત્તળ જેવું હતું. 5 તેથી
મેં તમને લાંબા સમય પહેલાંથી એ બધું કહી રાખ્યું હતું, જેથી તમે એમ
ન કહી શકો કે, ‘આ તો મારી મૂર્તિએ કર્યુ છે, મારી કોતરેલી અને ઢાળેલી
મૂર્તિઓના હુકમથી એ બન્યું છે.’” 6 “તમે મારા ભવિષ્યકથનો વિષે
સાંભળ્યું છે અને તેમને પરિપૂર્ણ થતાં પણ જોયા છે. છતાં તેની સાથે
સહમત થવાની તેં સંમત્તિ દર્શાવી નથી. હવે હું તને નવી બાબતો વિષે
કહું છું જે મેં અગાઉ કહ્યું નથી, હું તને એક ગુપ્ત બાબત કહું છું જે તેં પહે-
લા સાંભળી નથી. 7 એ ઘટનાઓ પહેલાં બની નહોતી, અત્યારે જ મારી
ઇચ્છાથી બને છે, એને વિષે તમે અત્યાર સુધી કશું સાંભળ્યું નથી, જે-
થી તમે એમ ન કહો કે, ‘અરે! આ તો અમે જાણતા હતા.’ 8 હા, હું તને
સંપૂર્ણ નવી બાબતો કહેવાનો છું, કારણ કે હું સારી રીતે જાણું છું કે તું
દગાબાજ અને બાળપણથી જ તું બંડખોર છે, તું ષ્ટતાથી ભરેલો છે.
9 મારા નામની માટે મેં મારા ક્રોધને રોકી રાખ્યો હતો, મારી પ્રતિષ્ઠાને
માટે મેં સંયમ રાખ્યો હતો, તમારો નાશ નહોતો કર્યો. 10 મેં તને વિશુદ્ધ
કર્યો, પણ ચાંદી જેવો નહિ. મેં તને મુશ્કેલીઓની ભઠ્ઠીમાં તાપ્યો. 11 કે-
વળ મારા પોતાના માટે, હા, મારા પોતાના માટે, હું કાર્ય કરીશ, જેથી
મારું નામ ષ્ટ થાય નહિ, હું મારું ગૌરવ બીજા કોઇને આપીશ નહિ.”
12 યહોવા કહે છે, “હે યાકૂબના વંશજો, મારા પસંદ કરેલા ઇસ્રાએલીઓ,
મને સાંભળો! હું જ દેવ છું. હું જ આદી છું અને હું જ અંત છું. 13 મેં મારે
પોતાને હાથે આ પૃથ્વીનો પાયો નાખ્યો હતો, અને આ આકાશને પાથ-
ર્યું હતું. હું જ્યારે તેમને બોલાવું છું ત્યારે તેઓ ઉભા થાય છે. 14 “તમે
બધા એકઠા થાઓ અને સાંભળો, તમારી સર્વ મૂર્તિઓમાંથી કોણે તમ-
ને આ પ્રમાણે કહ્યું,” યહોવા કોરેશ ઉપર પ્રેમ કરે છે. બાબિલનાં સામ્રા-
જ્યનો અંત લાવવા યહોવા તેનો ઉપયોગ કરશે. તે ખાલદીઓના સૈન્ય-
નો વિનાશ કરશે. 15 “મેં મારી જાતે જ આ આગાહી કરી હતી અને કોરે-
શને હાંક મારીને બોલાવ્યો છે; હું તેને અહીં લઇ આવ્યો છું અને તેને
સફળ બનાવીશ. 16 મારી નજીક આવો, અને આ સાંભળો, શરુઆતથી
જ હું જાહેરમાં જે થવાનું છે તે સ્પષ્ટ શબ્દોમાં કહેતો આવ્યો છું અને આ
બધું બન્યું તે બધો સમય હું હાજર હતો.”અને હવે મારા માલિક યહો-
વાએ મને પોતાના આત્મા સાથે મોકલ્યો છે. 17 ઇસ્રાએલના પરમપવિ-
ત્ર દેવ યહોવા, તમારા તારક એમ કહે છે કે,“હું યહોવા તારો દેવ છું, હું
તારા હિત માટે તને શીખવું છું, તારે જે માગેર્ જવું જોઇએ તે માગેર્ હું
તને લઇ જાઉં છું. 18 તેં જો મારી આજ્ઞાઓ કાને ધરી હોત તો કેવું સારું
થાત! તારી સુખસમૃદ્ધિ સદા સરિતા સમી વહેતી હોત અને વિજય પા-
મીને તું સાગરના તરંગો જેમ ઊછળતો રહ્યો હોત. 19 તારી સંતતિની
સંખ્યા રેતી જેટલી અને તારા વંશજો તેના કણ જેટલા થયા હોત અને
તેમનાં નામ મારી નજર આગળથી ભૂંસાઇ ગયા ન હોત.” 20 છતાં હજી
બાબિલમાંથી બહાર ચાલ્યા જાઓ. ખાલદીઓ પાસેથી ભાગી જાઓ,
અને ત્યાંથી પાછા ફરતાં હર્ષનાદ સાથે પોકાર કરો, ધોષણા કરો, અને
પૃથ્વીના છેડા સુધી એના સમાચાર મોકલો કે, “યહોવાએ પોતાના સે-
વક યાકૂબના વંશજોનો ઉદ્ધાર કર્યો છે. 21 તેમણે તેઓને અરણ્યમાંથી
દોર્યા ત્યારે તેઓને તરસ વેઠવી પડી નહોતી. કારણ કે તેણે તેમને માટે
ખડકમાંથી પાણી કાઢયું હતું; તેણે ખડકને તોડી નાખ્યો અને પાણી
ખળખળ કરતું વહેવા લાગ્યું.” 22 પરંતુ યહોવા કહે છે, “દુષ્ટોને કદી સુ-
ખશાંતિ હોતી નથી.”

49 હે દૂર દેશાવરના લોકો, ધ્યાન દઇને સાંભળો! હું જન્મ્યો તે
પહેલાથી યહોવાએ મને બોલાવ્યો હતો, જ્યારે હું મારી માતાના
ગર્ભમાં હતો ત્યારે જ તેણે મને નામ આપ્યું હતું. 2 તેમણે મારી વાણીને
મર્મભેદી તરવાર બનાવી, અને મને પોતાના હાથની છાયામાં છુપાવી
દીધો. તેણે મને તીક્ષ્ણ બાણ બનાવી અને ભાથામાં સંતાડી દીધો.
3 તેમણે મને કહ્યું, “તું, ઇસ્રાએલ, મારો સેવક છે, તું મારો મહિમા વધા-
રનાર છે.” 4 પરંતુ હું તો એમ વિચારતો હતો કે, “મારી મહેનત પાણીમાં
ગઇ. મેં મારી શકિત નકામી, વ્યર્થ વાપરી. તેમ છતાં, મને ખાતરી છે કે,
યહોવા મને ન્યાય આપશે અને તે મને બદલો આપશે.” 5 “હું માતાના
ગર્ભમાં હતો ત્યારથી યહોવાએ મને પોતાનો સેવક નીમ્યો હતો, જેથી હું
યાકૂબના વંશજોને, ઇસ્રાએલના લોકોને, પાછા એને ચરણે લાવું. તેણે
મારો મહિમા કર્યો અને મને બળ આપ્યું.” આ યહોવા કહે છે: 6 “ઇસ્રાએ-
લને મારા માટે પુન:સ્થાપિત કરવા ઉપરાંત તું વધારે કામ કરીશ, પૃ-
થ્વીની સર્વ પ્રજાઓમાં તારણ પહોંચાડવા હું તને તેઓ માટેનો પ્રકાશ
બનાવીશ.” 7 જેને લોકો ધૃણાની નજરે જુએ છે, જેનો તિરસ્કાર સર્વ પ્ર-
જાઓ કરે છે, જે અન્યાયી શાસકોનો ગુલામ છે, તેને ઇસ્રાએલનો ઉદ્ધા-
રક પવિત્ર દેવ કહે છે, “તને જોઇને રાજામહારાજાઓ માનપૂર્વક ઊભા
થઇ જશે, અને સરદારો પગે પડશે,” એકવચની, અને તને પસંદ કરના-
રા ઇસ્રાએલના પવિત્ર દેવને પ્રતાપે આ થશે. 8 યહોવા કહે છે, “તમારો
બચાવ કરવાનો સમય આવશે ત્યારે હું તમારા પ્રત્યે ભલાઇ દેખાડીશ
અને તમારા સહાય માટેના પોકારો હું સાંભળીશ, હું તમારું રક્ષણ કરીશ
અને સર્વ લોકો સાથેના મારા કરારના મધ્યસ્થ તમને બનાવીશ, ઉજ્જડ
થયેલી જગામાં હું તમને ફરીથી વસાવીશ. 9 હું બંદીવાનોને કહીશ,
‘જાઓ તમે મુકત છો!’ અને જેઓ અંધકારમાં છે તેઓને કહીશ, ‘બહાર
પ્રકાશમાં આવો!’ તેઓ પર્વત પર ચરનારા ઘેટાં જેવા થશે. 10 તેઓને
ભૂખ કે તરસ લાગશે નહિ; તેઓને લૂ તથા તાપ વેઠવા પડશે નહિ. કા-
રણ કે યહોવા પોતાની ભલાઇથી તેઓને દોરતા રહેશે અને તેમને પા-
ણીના ઝરા આગળ લઇ જશે. 11 હું દરેક પર્વતને સપાટ રસ્તો બનાવી
દઇશ અને દરેક માર્ગને પૂરીને સરખો કરીશ, 12 જુઓ, મારા લોકો ઉત્તર-
ના તથા પશ્ચિમના તેમજ દક્ષિણના પ્રદેશોમાંથી પાછા ફરશે.” 13 હે
આકાશો, હર્ષનાદ કરો; અને હે પૃથ્વી, તું આનંદ કર; હે પર્વતો, તમે
જયઘોશ કરવા માંડો, કારણ કે યહોવાએ પોતાના લોકોને દિલાસો
આપ્યો છે, અને પોતાની દુ:ખી પ્રજા પર કરુણા દર્શાવી છે. 14 છતાં
સિયોનના લોકો કહે છે, “યહોવાએ અમારો ત્યાગ કર્યો છે, અમારો નાથ
અમને ભૂલી ગયો છે.” 15 પરંતુ યહોવા કહે છે, “કોઇ માતા પોતાના બા-
ળકને કઈ રીતે ભૂલી જઇ શકે? પોતાના પેટના સંતાનને હેત કરવાનું
કઇ રીતે ભૂલી જઇ શકે? કદાચ માતા ભૂલી જાય, પણ હું તને નહિ ભૂલું.
16 જો, મેં તને મારી હથેલી પર કોતરી છે, અને યરૂશાલેમ નગરના કોટ-
કાંગરાને હું સતત સંભાર્યા કરું છું. 17 તને ફરી બાંધનારાઓ થોડા જ
સમયમાં આવી પહોંચશે. અને તારો નાશ કરનારા સર્વને ભગાડી મૂક-
શે.” 18 જરા ઊંચી નજર કરીને ચારે બાજુ જો! તારા લોકો કેવા ભેગા
મળીને તારી પાસે પાછા આવે છે! હું યહોવા, મારા પ્રાણનાં સમ ખાઇને
પ્રતિજ્ઞા કરું છું કે, “તું તેમને આભૂષણની જેમ ધારણ કરશે, અને નવ-
વધૂની જેમ તેમના વડે તારી જાતને શણગારશે. 19 તું ખેદાન-મેદાન થઇ
ગઇ હતી, તું ખંડેરની ભૂમિ બની ગઇ હતી એ સાચું, પણ હવે તારા વત-
નીઓ માટે તારી સરહદ અત્યંત સાંકડી પડશે. અને તને ખેદાન-મેદાન
કરી નાખનારાઓ તો દૂર ચાલ્યા ગયા હશે. 20 દેશવટાના દિવસોમાં
જન્મ ધારણ કરનારાં બાળકો પાછાં આવશે અને તેને કહેશે, ‘અમારે
વધારે જગાની જરૂર છે! કેમ કે આ જગા તો ખીચોખીચ ભરાઇ ગઇ છે!’
21 પછી તું મનમાં વિચાર કરશે, હું તો સંતાન વિહોણી ત્યકતા હતી, આ
બધા બાળકો મને થયા શી રીતે? ‘હું તો એકલીઅટૂલી હતી, ત્યારે એમ-
ને ઉછેર્યા કોણે? એ આવ્યાં ક્યાંથી?’” 22 યહોવા મારા દેવ કહે છે,
“જુઓ, હું વિદેશીઓ તરફ મારો હાથ ઊંચો કરીશ, અને લોકો તરફ મારો
ધ્વજ રાખીશ. અને તેઓ તારા પુત્રોને પોતાના ખોળામાં ઊંચકીને અને
તારી પુત્રીઓને ખભા પર બેસાડીને તારી પાસે પાછા લાવશે. 23 રા-
જાઓ તેમના પાલકપિતા થશે અને તેમની રાણીઓ તેમની ધાવ થશે.
તેઓ તને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરશે અને તમારા ચરણની રજ ચા-
ટશે; ત્યારે તું જાણશે કે, હું યહોવા છું, જેઓ મારી વાટ જુએ છે તેઓ
કદી જ નિરાશ થશે નહિં.” 24 શકિતશાળી માણસના હાથમાંથી શિકાર-
ને કોણ પાછો ઝૂંટવી શકે? અત્યાચારી રાજવી પાસે બંદીવાનોને મુકત
કરાવવાની માગણી કોણ કરી શકે? 25 પણ યહોવા કહે છે કે, “જોરાવર-
ના હાથમાંથી લૂંટનો માલ ઝૂંટવી લેવાશે જ, અને દુષ્ટના હાથમાંથી કે-
દીને છોડાવાશે જ. તારી સામે જેઓ લડતા હશે તે બધાની સાથે હું
લડીશ અને તારાં બાળકોને હું પોતે બચાવીશ. 26 હું તારા દુશ્મનોને તે-
મનું પોતાનું માંસ ખવડાવીશ અને જાણે દ્રાક્ષારસ પીધો હોય એમ
તેઓ પોતાનું જ લોહી પીને છાકટા બનશે, અને આખી માનવજાતને
ખાતરી થશે કે હું, યહોવા તારો તારક અને ઉદ્ધારક અને યાકૂબનો
મહાન પરાક્રમી દેવ છું.”

50 યહોવા પૂછે છે, "શુ મેં તમને મારા લેણદારોને વેચી દીધા છે?
તેને લીધે શું તમે અહીં આવ્યા નથી? મેં તમારી માતાને છૂટાછે-
ડા આપીને કાઢી મૂક્યાનું ફારગતીપત્ર ક્યાં છે? ના, તમારા અપરાધોને
લીધે જ તમે પોતાને વેંચી દીધા હતા અને તમારું દેવું ચૂકવવાને માટે
જ તમારી માતાને પણ કાઢી મૂકવામાં આવીં હતી. 2 હું તમારો ઉદ્ધાર
કરવા આવ્યો, ત્યારે અહીં કેમ કોઇ હતું નહિ? મેં બૂમ પાડી ત્યારે કેમ
કોઇએ જવાબ ન આપ્યો? શું તમને એમ લાગ્યું કે, મારો હાથ તમારો
ઉદ્ધાર કરવા સમર્થ નથી! શું મારામાં તમને બચાવવાની શકિત નથી?
જુઓ, મારી આજ્ઞાથી સાગર સૂકાઇ જાય છે, અને ઝરણા રણ બની
જાય છે. તેમાંની માછલીઓ પાણી વિના ગંધાઇ ઊઠે છે અને તરસે મરી
જાય છે. 3 આકાશ જાણે શોક પાળતું હોય તેમ, હું તેને અંધકારથી
આચ્છાદિત કરુ છું." 4 યહોવા મારા દેવે મને શું કહેવું તે શીખવીને મો-
કલ્યો છે, તેથી હું થાકેલાને ઉત્સાહના વેણ કહી શકું. પ્રતિ પ્રભાતે તે
મને ઊંઘમાંથી ઊઠાડે છે અને તેમની ઇચ્છાને સમજવાનું સાર્મથ્ય મને
આપે છે. 5 યહોવા મારા દેવે મારા કાન ઉઘાડ્યા છે, મેં નથી આજ્ઞાભંગ
કર્યો કે, નથી પાછા પગલા ભર્યા. 6 મારનાર તરફ મેં પીઠ ધરી છે અને
વાળ ખેંચી કાઢનારની આગળ મારા ગાલ ધર્યા છે. અપમાન કરનાર
અને થૂંકનારથી મેં મારુ મુખ સંતાડ્યું નથી. 7 પરંતુ યહોવા મારા મા-
લિક મારી સહાયમાં ઊભા છે, તેથી કોઇ અપમાન મને નડતું નથી. મેં
મારું મુખ પથ્થર જેવું દ્રઢ અને મજબૂત કર્યું છે; મને ખાતરી છે કે મારી
લાજ નહિ જાય. 8 મને ન્યાય આપનાર નજીકમાં છે; હવે મારી સામે યુદ્ધ
કરવાની હિંમત કોણ કરી શકે? ક્યાં છે મારા દુશ્મનો? તેમને મારી સામે
આવવા દો! 9 જુઓ, યહોવા મારા દેવ મને સહાય કરશે, પછી મને અપ-
રાધી ઠરાવી શકે એવો કોણ છે? જેમ જીવાત જૂના કપડાંને ખાઇ જાય
છે, તેમ મારા સર્વ શત્રુઓનો નાશ થશે! 10 તમારામાંથી એવો કોઇ છે જે
યહોવાનો ડર રાખતો હોય? તેના સેવકની આજ્ઞા પાળતો હોય? જે
અંધારામાં દીવા વગર ચાલતો હોય તોતે યહોવાના નામ પર શ્રદ્ધા રાખે,
અને તેનો આધાર લે. 11 "પણ તમે બધા તો અગ્નિ પેટાવો છો અને ઝા-
ડના ઠૂંઠા બાળો છો. તો જાઓ, અગ્નિની જવાળાની વચ્ચે અને તમે જા-
તે સળગાવેલાં ઝાડના ઠૂંઠા વચ્ચે ચાલો. યહોવાને હાથે તમારી આ
દશા થવાની છે. તમે દુ:ખમાં જ સબડવાનાં છો અને વિપત્તિમાં જ
પડ્યા રહેવાના છો."

51 યહોવા કહે છે, "હે ન્યાયની અપેક્ષા રાખનારાઓ, મને પ્રાપ્ત
કરવા ઇચ્છનારાઓ. મારુ કહ્યું સાંભળો! જે ખડકમાંથી તમને
તોડી નાખવામાં આવ્યા છે તેનો ખ્યાલ કરો, જે ખાણમાંથી તમને ખોદી
કાઢવામાં આવ્યા છે, તેનો વિચાર કરો. 2 અને હા, તમારા પૂર્વજો ઇબ્રા-
હિમ અને સારાનો વિચાર કરો. મેં જ્યારે તેને બોલાવ્યો ત્યારે તેને એકે
સંતાન નહોતું. મેં તેને આશીર્વાદ આપ્યા અને તે એકના અનેક થયા."
3 યહોવા સિયોનને-એના ખંડેરમાં વસતા બધા લોકોને સાંત્વના આપ-
વા માગે છે. તે તેની ઉજ્જડ થઇ ગયેલી ભૂમિને એદન જેવા ઉપવનમાં ફે-
રવી નાખશે. ત્યાં આનંદોત્સવ વ્યાપી જશે અને સ્તુતિનાં ગીતો સંભ-
ળાશે. 4 "હે મારા લોકો, મારી વાત ધ્યાનથી સાંભળો! હે મારી પ્રજા, મા-
રી વાત કાને ધરો! કારણકે, હું મારો નિયમ પ્રજાઓને સંભળાવું છું, અને
મારો ન્યાયચુકાદો તેમને પ્રકાશ આપશે. 5 હું તમને મુકિત આપવા
આવી રહ્યો છું; મારો વિજય હાથવેંતમાં છે, હું પ્રજાઓ પર શાસન
કરીશ; તે દરિયા કિનારાના દેશો મારી વાટ જોશે, અને મારા આગમનની
તેઓ આતુરતાપૂર્વક પ્રતિક્ષા કરશે. 6 ઊંચે આકાશ તરફ જુઓ અને ની-
ચે પૃથ્વી તરફ નજર કરો! આકાશ ધુમાડાની જેમ અલોપ થઇ જશે,
અને પૃથ્વી વસ્ત્રની જેમ જીણ થઇ જશે, અને તેના લોકો મચ્છરની જેમ
મરી જશે. પરંતુ મારું તારણ સદાકાળ રહેશે, મારા ન્યાયનો ક્યારેય
અંત નહિ આવે; 7 ધર્મને ઓળખનારાઓ, મારા નિયમોને હૈયે રાખના-
રાઓ, મારું કહ્યું સાંભળો! લોકોના મહેણાં ટોણાંથી ગભરાશો નહિ,
લોકનિંદાથી ડરશો નહિ, 8 માટે જેમ જીવાત કપડાંનો નાશ કરે છે અને
કંસારી ઊનને કોતરી કાઢે છે. તેમ તેઓનો નાશ થશે, પણ મારો ન્યાય
સદાકાળ ટકી રહેશે અને મારું તારણ પેઢી દર પેઢી રહેશે." 9 હે યહોવા-
ના બાહુ, જાગૃત થાઓ! ઊઠો અને સાર્મથ્યના વસ્ત્રો ધારણ કરો, પ્રા-
ચીન કાળનાં, સમયો પૂર્વે જેમ જાગ્યા હતા તેમ જાગો. જેણે રાહાબને
વીંધી નાખી તેના ટુકડા કરી નાખ્યા, અને જેણે અજગરને વીંધ્યો, તે જ
તું નથી? 10 જેણે સાગરને, તેનાં અગાધ જળને સૂકવી નાખ્યાં, જેણે તા-
રણ પામેલાઓને પાર ઉતારવા માટે સાગરનાં ઊંડાણોમાં થઇને માર્ગ
કરી આપ્યો, તે જ તું નથી? 11 હવે એવો સમય આવશે જ્યારે યહોવા
દ્વારા ઉગારાયેલા સર્વ લોકો ફરીથી ગાતાં ગાતાં સિયોન પાછા આવશે.
તેઓ અનંત આનંદ તથા હર્ષથી ભરપૂર થશે; દુ:ખ તથા શોક સર્વ જતાં
રહેશે. 12 યહોવા કહે છે, "તમને હિંમત આપનાર હું પોતે બેઠો છું. મર્ત્ય
માણસથી, તરણા જેવા માણસથી ભયભીત થવાનું શું કારણ છે?"
13 તમે તમારા સર્જનહાર યહોવાને ભૂલી ગયા છો, જેણે આ આકાશનો
વિસ્તાર કર્યો છે અને પૃથ્વીનો પાયો નાખ્યો છે! હજી તમે આખો વખત
તમારો નાશ કરવા તૈયાર થયેલા જુલમગારના રોષથી શા માટે ફફડ્યા
કરો છો? એ જુલમગારનો રોષ તમને શું કરવાનો હતો? 14 જેઓ બંધન-
માં છે તેઓ જલદીથી મુકત થશે, તેઓ કબરમાં મરવા નહિ પામે. તેમ
તેમને કદી રોટલાની ખોટ નહિ પડે. 15 "હું તમારો દેવ યહોવા છું, હું સા-
ગરને ખળભળાવીને ગર્જના કરતા મોજાં પેદાં કરું છું." મારું નામ સૈ-
ન્યોના દેવ યહોવા છે. 16 મેં આકાશને વિસ્તાર્યું છે અને પૃથ્વીનો પાયો
નાખ્યો છે અને સિયોનના લોકોને કહ્યું છે કે, તમે મારી પ્રજા છો. મેં
તમારા મોઢામાં મારી વાણી મૂકી છે અને મારા બાહુની છાયામાં તમને
આશ્રય આપ્યો છે." 17 હે યરૂશાલેમ જાગૃત થા, જાગૃત થા, તેં યહોવાને
હાથે તેના રોષનો પ્યાલો પીધો છે, તું એ પ્યાલો પૂરેપૂરો પી ગયો છે
અને લથડે છે. 18 તારે પેટે જન્મેલા અને તે ઉછરેલા બધા પુત્રોમાંથી
એકે એવો નથી જે તારો હાથ પકડી તને માર્ગ બતાવે. 19 વિનાશ અને
પાયમાલી, દુષ્કાળ અને યુદ્ધ આ બે આફતો તારે માથે આવી છે ત્યારે
કોણ તને દિલાસો આપે? કોણ તને હિંમત આપે? 20 કારણ કે તારા પુ-
ત્રો મૂર્છિત થઇને શેરીઓમાં પડ્યા છે. તેઓ જાળમાં ફસાયેલા હરણાંની
જેમ લાચાર થયેલા છે. તારા દેવનો પુણ્યપ્રકોપ તેમના પર પૂરેપૂરો
ઊતર્યો છે. 21 માટે, તું જે ઘવાયેલી છે અને દ્રાક્ષારસ ન પીધાં છતાં લથ-
ડિયા ખાય છે. 22 પોતાના લોકોનો પક્ષ લેનાર તારા દેવ યહોવા એમ
કહે છે કે, "જો, હું તારા હાથમાંથી મારા રોષનો પ્યાલો, તને લથડિયાં
ખવડાવનારનો પ્યાલો લઇ લઉં છું, હવે તારે એ પીવો નહિ પડે. 23 હું
તારા ત્રાસગારોના હાથમાં તે આપીશ, જેઓ તને કહેતાં હતાં કે, જમીન
પર મોઢું નીચે કરીને સૂઇ જા કે, જેથી અમે તારા ઉપર થઇને જઇએ; તેં
તારી પીઠને સપાટ જમીન જેવી અને તેમને ચાલવાના રસ્તા જેવી
બનાવી દીધી હતી."

52 હે સિયોન, જાગૃત થા, જાગૃત થા, તારા સાર્મથ્યથી; હે યરૂશા-
લેમ, પવિત્ર નગર, તારાં સુંદર વસ્ત્રો તું પહેર; કારણ કે હવે જે
લોકોએ દેવ તરફ પૂંઠ ફેરવી છે, તે પાપીઓ તારા દરવાજાઓમાં પ્રવેશી
શકશે નહિ. 2 હે યરૂશાલેમ નગરી, ઉભી થા અને તારા પરની ધૂળ ખંખે-
રી નાખ, હે સિયોનની બંદીવાન પુત્રી, તારી ડોક પરની ગુલામીની ઝૂંસ-
રી કાઢી નાખ. 3 કારણ કે યહોવા કહે છે કે, "તમે વિના મૂલ્ય વેચાયા
હતા, અને નાણા વિના તમે પાછા લેવાશો." 4 કારણ કે યહોવા જે દેવ
છે તેણે કહ્યું, આરંભમાં તમે વસવાટ કરવા માટે મિસર ગયા હતા, પછી
આશ્શૂરના લોકોએ તમારા ઉપર વિના કારણ જુલમ કર્યો. " 5 અને હવે
યહોવા પૂછે છે, "અત્યારે હું અહીં શું જોઉં છું? તમને વિના મૂલ્યે ગુલામ
બનાવવામાં આવ્યા છે, તમારા પર શાસન ચલાવનારાઓ ઊંચા સ્વરે
બોલે છે અને દિનપ્રતિદિન મારા નામની સતત નિંદા કરે છે." 6 "પણ
એવો દિવસ આવે છે; જ્યારે તમને મારા નામના પરચાની ખબર પડશે
અને તેઓને ખાતરી થશે કે તમારી સાથે બોલનાર હું જ છું." 7 સુખ-
શાંતિના સંદેશ લાવનારના પગલાં પર્વતો પર કેવાં શોભાયમાન લાગે
છે! તે તારણના શુભ સમાચાર આપે છે અને વિજયની ઘોષણા કરે છે,
"તમારા દેવ શાસન કરે છે, એમ તે સિયોન પાસે જાહેર કરે છે." 8 નગર-
ના ચોકીદારો ઉંચે સાદે એકી સાથે હર્ષનાદ કરે છે. કારણ, તેઓ યહો-
વાને સિયોનમાં પાછો આવતો નજરો નજર નિહાળે છે. 9 હે યરૂશાલેમ-
નાં ખંડેરો, તમે એકી સાથે પોકાર કરો, હર્ષનાદ કરો! કારણ, યહોવા પો-
તાના લોકોને સુખના દહાડા બતાવશે અને યરૂશાલેમને મુકિત અપાવ-
શે. "તમારા દેવ શાસન કરે છે" એમ તે સિયોન પાસે જાહેર કરે છે.
10 સર્વ પ્રજાઓનાં દેખતાં યહોવાએ પોતાનો પવિત્ર ભુજ લંબાવ્યો છે,
પૃથ્વી પરની દરેક વ્યકિત આપણા દેવનું તારણ જોશે. 11 બહાર નીક-
ળો, બાબિલમાંથી બહાર આવો! કોઇ અશુદ્ધ વસ્તુને અડકશો નહિ. હે

મંદિરની સાધનસામગ્રી ઉપાડનારાઓ, તમારી જાતને શુદ્ધ રાખો!
12 તમારે ઉતાવળા થઇને નાસી જવાનું નથી અને પોતાનો જીવ બચા-
વવા અધીરા થવાનું નથી; કારણ કે યહોવા તમારી આગળ છે. ઇસ્રાએ-
લના દેવ તમારું રક્ષણ કરશે. 13 "જુઓ, મારો સેવક સમૃદ્ધ થશે; તેને
ઊંચેને ઊંચે ચડાવવામાં આવશે, તેની ખૂબ ઉન્નતિ થશે. 14 પહેલાં તેને
જોઇને ઘણા હેબતાઇ ગયા હતા; એનું રૂપ એવું તો વિરૂપ થઇ ગયું હતું
કે જાણે માણસ જ ન લાગે. 15 પરંતુ હવે અનેક પ્રજાઓ તેને જોઇને
આશ્ચર્યચકિત થઇ જશે. અને રાજાઓ આશ્ચર્ય પામીને સ્તબ્ધ થઇ જશે.
કારણ કે અગાઉ કોઇએ કહ્યું ના હોય એવું તેઓ જોશે, અને પહેલાં કદી
સાંભળ્યું ન હોય એવું નજરે ભાળશે."

53 આપણે જે સાંભળ્યું તે કોણે માન્યું હોત? એમાં યહોવાનો હાથ
હશે એવું કોણે ઓળખ્યું હોત? 2 તે યહોવાની આગળ છોડની
જેમ ઊગી નીકળ્યો. એનામાં નહોતું રૂપ કે નહોતી આંખોને આકર્ષતી
સુંદરતા કે નહોતી મનમોહક આકૃતિ. 3 લોકોએ તેની અવગણના કરી
અને તેનો નકાર કર્યો. તે દુ:ખી અને વેદના પામેલો માણસ હતો. તે
આપણી પાસે આવ્યો ત્યારે આપણે તેની તરફ પીઠ ફેરવી દીધી અને
આપણું મુખ અવળું ફેરવી લીધું. તે ધિક્કારાયેલો હતો અને આપણે તે-
ની ચિંતા કરી નહિ. 4 તેમ છતાં તેણે આપણાં વીતકો પોતા પર લઇ
લીધાં, આપણી બિમારીઓ પોતે વહોરી લીધી. આપણે તો એમ માન્યું
કે તેને સજા થઇ છે, દેવે તેને આઘાત કરીને દુ:ખમાં નાંખ્યો છે; 5 પણ
તે તો આપણે કરેલા અપરાધો માટે વિંધાયો હતો અને આપણાં પાપો
માટે કચડાયો હતો. એણે ભોગવેલી સજાને કારણે આપણે સુખશાંતિ
ભોગવીએ છીએ અને તેને પડેલા ચાબખાથી આપણે સાજાસમાં છીએ.
6 આપણે રસ્તો ભૂલી ગયા છીએ, અને ઘેટાંની જેમ રઝળી ગયા છે.
પણ યહોવાએ આપણા બધાનો દોષ તેને માથે નાખ્યો છે. 7 તેના પર
ત્રાસ ગુજારવામાં આવ્યા અને તેને સંકટમાંથી પસાર થવું પડ્યું; તેમ
છતાં તેણે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. તેને હલવાનની જેમ વધ કર-
વા લાવવામાં આવ્યો; અને જેમ ઘેટી પોતાના કાતરનારની આગળ
મૂંગી રહે, તેમ તેણે પોતાને દોષિત ઠરાવનારની આગળ પોતાનું મોં ખો-
લ્યું નહિ. 8 તેને જુલમથી પકડવામાં આવ્યો, ને તેનો ન્યાય તોળીને તે-
ને લઇ ગયા, તેનું શું થયું તેનો વિચાર સરખો કોઇએ કર્યો નહિ, જીવતાં
માણસોની દુનિયામાંથી તેનો વિચ્છેદ કરવામાં આવ્યો, મારા લોકોના
ગુનાઓ માટે તેને ઘાયલ કરી નાખવામાં આવ્યો. 9 દુષ્ટો વચ્ચે તેની
કબર બનાવવામાં આવી હતી અને તેનો મકબરો ધનિકો વચ્ચે મૂકવા-
માં આવ્યો હતો, જો કે તેણે કોઇ હિંસા આચરી નહોતી, કે કોઇ કપટ
ઉચ્ચાર્યું નહોતું. 10 તેમ છતાં તેને કચરવાની અને વિપત્તિઓમાંથી
પસાર કરવાની યહોવાની યોજના હતી. પણ જ્યારે તેના આત્માનું દો-
ષાર્થાપણ થશે ત્યારે તે પોતાનાં વંશજોને જોવા પામશે, તે લાંબુ જીવન
જીવશે અને યહોવાની યોજના તેના દ્વારા સફળ થશે. 11 તેની બધી વે-
દનાઓને અંતે તે પ્રકાશ જોવા પામશે અને પરમ તૃપ્તિ અનુભવશે. પ્રભુ
કહે છે, "આમ મારો નિદોર્ષ સેવક અનેકોને નીતિમાન બનાવશે, અને
તેમની સજા પોતાને માથે લઇ લેશે." 12 તેથી હું તેને પરાક્રમી તથા
મહાન માણસોની જેમ યુદ્ધની લૂંટનો ભાગ વહેંચી આપીશ, કારણ, તે-
ણે પોતાનું જીવન આપી દીધું હતું, અને પોતાની ગણતરી ગુનેગારોમાં
થવા દીધી હતી, તેણે અનેકોનાં પાપો પોતાને માથે લઇ લીધાં હતાં
અને ગુનેગારોને માટે તેણે પ્રાર્થના કરી હતી."

54 હે સંતાનવિહોણી, વાંઝણી સ્ત્રી સમી યરૂશાલેમ નગરી, તું મુ-
ક્ત કંઠે ગીત ગા, આનંદના પોકાર કર; કારણ, યહોવાના
આશીર્વચન છે કે, સોહાગણ સ્ત્રી કરતાં ત્યકતાને વધારે સંતાન અવત-
રશે. 2 તારો તંબુ વિશાળ બનાવ, તારા તંબુના પડદા પહોળા કર, તેની
દોરી ઠેઠ સુધી લંબાવ અને ખીલા બરાબર ઠોકી દે; 3 કારણ કે તું તારી
સરહદો ચારે બાજુએ વિસ્તારીશ. તારા વંશજો બીજી પ્રજાઓના તાબા
હેઠળના પ્રદેશો કબજો કરશે અને વેરાન નગરોને વસતાં કરશે. 4 ગભ-
રાઇશ નહિ; તારે ફરી શરમાવું નહિ પડે, તારે શરમાવાનું હવે કોઇ કારણ
નહિ રહે. તારી યુવાવસ્થાની શરમ અને તારા વૈધવ્યનાં દુ:ખને હવેથી
સંભારવામાં આવશે નહિ. 5 કારણ કે તારા સર્જનહાર જ તારા 'પતિ'
થશે. "સૈન્યોના દેવ યહોવા" તેમનું નામ છે; ઇસ્રાએલના પવિત્ર દેવ
અને સમગ્ર પૃથ્વીના યહોવા, તારા ઉદ્ધારક છે. 6 તું દુ:ખમાં ડૂબેલી ત્ય-
કતા જેવી છે. તારા દેવ, યહોવા, તને પાછી બોલાવીને કહે છે કે, "જુવા-
નીમાં જેનો હાથ પકડ્યો હતો તેને શી રીતે તજી શકાય?" 7 યહોવા કહે
છે, "મેં ક્ષણવાર માટે તારો ત્યાગ કર્યો હતો. પણ હવે પુષ્કળ સહાનુભૂ-
તિથી હું તને પાછી લાવીશ. 8 ક્રોધના આવેશમાં ક્ષણભર મેં તારાથી મોં
ફેરવ્યું હતું. પણ હવે ચિરંતન કરુણાથી પ્રેરાઇને હું તારા પર દયા
કરીશ."એમ તારો ઉદ્ધાર કરનાર યહોવા કહે છે. 9 દેવ કહે છે, "આ તો
નૂહના વખતના જેવું છે, જેમ તે વખતે મેં પ્રતિજ્ઞા કરી હતી કે, હું ફરી
કદી પૃથ્વી ઉપર જળપ્રલય નહિ લાવું. તેમ આજે હું તને વચન આપું છું
કે, ફરી કદી હું તારા પર ગુસ્સો કરીશ નહીં, કે તને ઠપકો દઇશ નહિ."
10 યહોવા કહે છે, "ભલે પર્વતો ખસી જાય અને ડુંગરોનું અસ્તિત્વ નાશ
પામે, પણ મારી ભલાઇ હંમેશા તમારી સાથે રહેશે. તમારી સાથે કરેલો
મારો શાંતિનો કરાર કદી ખંડિત થશે નહિ." એમ તમારા પર દયા કરનાર
યહોવા કહે છે. 11 "હે દુ:ખી, ઝંઝાવાતની થપાટો ખાતી દિલાસા વિહો-
ણી નગરી! હું તને નીલમના પાયા ઉપર ફરીથી ચણી લઇશ અને મૂલ્ય-
વાન પથ્થરોમાંથી તમારા ઘરની ભીંતો બનાવીશ. 12 તારા બુરજો માણે-
કના બંધાવીશ, તારા દરવાજા લાલ પથ્થરના અને તારો આખો કોટ
રત્નોનો બનાવીશ. 13 "તારાં બધાં સંતાનો મારા પોતાના શિષ્યો બન-
શે, અને તેઓ સુખશાંતિ અનુભવશે; 14 પ્રામાણિકતાથી તારી પ્રતિષ્ઠા
થશે. ત્રાસ તારાથી દૂર રહેશે અને તને કશાનો ડર રહેશે નહિ. તું ત્રાસથી
સદંતર મુકત રહેશે. 15 જો કોઇ પ્રજા તારી વિરુદ્ધ યુદ્ધ કરવા આવે, તો
તને શિક્ષા કરવાના હેતુથી હું તેઓને તારી પાસે મોકલીશ નહિ. જો
તેઓ યુદ્ધ કરશે, તો પણ તેઓનો નાશ કરવામાં આવશે કેમ કે હું તારા
પક્ષમાં છું. 16 "ભઠ્ઠીમાં અંગારાને વીંઝણા નાખનાર અને જુદાંજુદાં કામ
માટે હથિયારો ઘડનારા લુહારનો સર્જનહાર હું છું, બધું નાશ કરનારા
'સંહારકને' પેદા કરનાર પણ હું જ છું. 17 "પરંતુ હવે તારી વિરુદ્ધ વાપર-
વા માટે બનાવેલ કોઇ પણ હથિયાર કામ આવશે નહિ, અને ન્યાયલય-
માં તારી સામેના એકેએક આરોપને હું ખોટા પાડીશ, તને ન્યાય મળશે.
"મારા સેવકોનો આ વારસો છે, હું તેમને વિજય અપાવીશ," આ યહોવા-
ના વચન છે.

55 યહોવા કહે છે કે, "અરે, શું કોઇ તરસ્યા છે? તમારી પાસે પૈસા
ન હોય તો પણ આવો અને પીઓ! આવો, વગર પૈસે અનાજ
લઇ જાઓ અને ખાઓ, અને દૂધ અને દ્રાક્ષારસ વિના મૂલ્યે લઇ જાઓ.
2 જે ખવાય એવું નથી તેની પાછળ શા માટે પૈસા ખચોર્ છો? જેનાથી
તૃપ્તિ થતી નથી તેની પાછળ તમારી મજૂરી શા માટે ખચીર્ નાખો છો?
મારું કહ્યું ધ્યાનથી સાંભળો, અને ઉત્તમ ખોરાક ખાવ. 3 "મારી પાસે
આવો, હું કહુ છું તે સાંભળો. મારું સાંભળશો તો જીવન પામશો. હું
તમારી સાથે કાયમનો કરાર કરીશ. મેં દાઉદને જે ઉપકારો કરવાનું
વચન આપ્યું હતું તે તમારા ઉપર કરીશ. 4 મેં તેને લોકોની આગળ મારો
સાક્ષી બનાવ્યો હતો. તેને મેં પ્રજાઓનો નેતા અને શાસક બનાવ્યો
હતો." 5 તેમે પણ અજાણી પ્રજાઓ પર અધિકાર ચલાવશો. અને તે પ્ર-
જાઓ તમારી પાસે દોડી આવશે. કારણ કે ઇસ્રાએલના પરમ પવિત્ર
યહોવાએ તમારું સન્માન કર્યું છે." 6 યહોવા મળે એમ છે ત્યાં સુધીમાં
તેને શોધી કાઢો, તે નજીક છે ત્યાં સુધીમાં તેને બોલાવો. 7 દુષ્ટ માણ-
સો પોતાના દુષ્ટ આચરણોનો ત્યાગ કરે; અને પાપીઓ પોતાના પાપી
વિચારો છોડી દે; તેઓ યહોવા પાસે પાછા ફરે; તે તેમના પર દયા કરશે;
આપણા દેવને ચરણે પાછા વળો; તે પૂરી માફી આપશે. 8 યહોવા કહે
છે, "મારા વિચારો એ તમારા વિચારો નથી અને તમારા રસ્તા એ મારા
રસ્તા નથી. 9 કારણ કે જેમ પૃથ્વીથી આકાશ ઊંચું છે, તેમ મારા માગોર્
તમારા માગોર્થી અને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે."
10 "જેમ વરસાદ અને બરફ આકાશમાંથી આવે છે, અને ધરતીને જળથી
સીંચ્યા વગર પાછા વળતા નથી; તેથી જ ધરતી ફૂલેફાલે છે અને વાવ-
વા માટે બીજ અને ખાવા માટે અનાજ આપે છે. 11 તે જ રીતે મારા વચ-
નો મારા મુખમાંથી નીકળે છે અને હંમેશ ફળ આપે છે. મારી ઇચ્છા પ્ર-
માણે તે કાર્ય પૂરું કર્યા વગર અને મેં સોંપેલું કાર્ય સિદ્ધ કર્યા વિના એ
પાછો ફરતો નથી." 12 "તમે બાબિલમાંથી આનંદપૂર્વક નીકળી પડશો
અને સુરક્ષિત રીતે તમને દોરી લઇ જવામાં આવશે. તમારી આગળ પર્વ-
તો અને ડુંગરો આનંદના પોકારો કરીને અને જંગલના વૃક્ષો તાળીઓ
પાડીને તમને આવકારશે. 13 એક વખતે જયાં કાંટા-ઝાંખરા હતા, ત્યાં

દેવદાર અને મેંદી ઊગી નીકળશે. આ પરાક્રમને કારણે યહોવાના નામ-
નો મહિમા અમર થશે. તે શાશ્વત સ્મારકરૂપ પરાક્રમ અને ક્યારેય ન
ભૂંસાય તેવી નિશાની થશે."

**56** યહોવા કહે છે કે, "સર્વની સાથે ન્યાય અને પ્રામાણિકતાથી
વર્તોર્. ન્યાયને અનુસરો, કારણ હું મુક્તિ આપવાની તૈયારીમાં
છું, અને ન્યાયને વિજયી બનાવનારો છું." 2 જે માણસ વિશ્રામવારની
પવિત્રતા જાળવી તેનું પાલન કરે અને બધાં દુષ્કર્મોથી દૂર રહે, તે મા-
ણસ પરમસુખી છે! જે માણસ ભૂંડું કરવાથી પોતાને પાછો રાખે છે તે
આશીર્વાદિત છે. 3 યહોવાને શરણે આવેલા વિદેશીએ એમ ન કહેવું કે,
"યહોવા મને પોતાના લોકોથી ખરેખર જુદો રાખશે," અને કોઇ ખોજાએ
એમ ન કહેવું કે, "હું તો સુકાઇ ગયેલું ઝાડ છું." 4 કારણ યહોવાના વચન
છે, "જે ખોજાઓ વિશ્રામવારનું પાલન કરશે અને મારા કરારને દ્રઢતાથી
વળગી રહેશે. 5 તેના માટે, હું મારા મંદિરમાં, એની ભીંતો વચ્ચે, મારા
પુત્રો અને પુત્રીઓથી પણ ચડિયાતું સ્મારક અને નામ આપીશ. હું તેને
એવું અમર નામ આપીશ જે કદી નાશ ન પામે." 6 વળી જે વિદેશીઓ
મારે શરણે આવ્યા છે, જેઓ મારી સેવા કરે છે, મારા નામ પર પ્રેમ કરે
છે, મારા સેવકો છે, અને જે કોઇ મારા વિશ્રામવારની પવિત્રતા જાળવી
તેનું પાલન કરે છે, અને મારા કરારને દ્રઢતાપૂર્વક વળગી રહે છે. 7 યહો-
વા કહે છે કે, "તેમને હું મારા પવિત્ર પર્વત પર લઇ આવી મારા પ્રાર્થના-
ગૃહમાં આનંદનો અનુભવ કરાવીશ. તેણે યજ્ઞવેદી પર ચઢાવેલાં દહના-
ર્પણો અને યજ્ઞોનો હું પ્રસન્નતા પૂર્વક સ્વીકાર કરીશ. મારું મંદિર બધા
લોકો માટે, પ્રાર્થના કરવા માટેનું સ્થળ બની રહેશે." 8 ઇસ્રાએલના વેર-
વિખેર થયેલાંઓને એકઠા કરનાર પોતે યહોવા દેવના મુખના આ વચ-
નો છે, "જેઓને ભેગા કર્યા છે તેમની ભેગા બીજાઓને પણ હું ભેગા કર-
તો રહીશ." 9 આવો, વનવગડાંના પશુઓ, જંગલનાં પશુઓ, આવો
અને ખાઓ; 10 કારણ કે ઇસ્રાએલના બધાં ચોકીદારો સર્વ આંધળા છે
અને કંઇ જાણતા નથી; તેઓ મૂંગા કૂતરા છે કે જે ભસતા નથી, તેના જે-
વા છે. તેઓ જમીન પર લાંબા થઇને સૂઇ રહેવાનું, આરામ કરવાનું તથા
સ્વપ્નો જોવાનું પસંદ કરે છે. 11 તેઓ બધા ખાઉધરા કૂતરા છે, જે કદી
ધરાતા નથી, તેઓ એવા ઘેટાંપાળકો છે જે કશું સમજતા નથી. તેઓ
ફક્ત પોતાના જ હિતનો વિચાર કરે છે, ને શક્ય હોય તેટલું પોતાના
માટે મેળવવાનો પ્રયત્ન કરે છે. 12 પ્રત્યેક વ્યક્તિ કહે છે, "ચાલો, હું દ્રા-
ક્ષારસ લઇ આવું અને આપણે ધરાઇને પીએ અને ઉજાણી કરીએ; અને
આવતીકાલ આજના કરતાં પણ વધારે સરસ થશે!"

**57** સારા માણસો મરી જાય છે, પણ કોઇ વિચાર કરતું નથી;
ધર્મિષ્ઠ માણસો પોતાના સમય અગાઉ મૃત્યુ પામે છે. શા માટે
આવું બને છે તે કોઇ સમજતું નથી. ભૂંડા દિવસો અને આફતમાંથી
ઉગારવા માટે દેવ તેઓને ઉપાડી લે છે તે તેઓ સમજતા નથી. 2 દેવનો
ડર રાખીને સત્યને માગેર્ ચાલનારાઓ મૃત્યુમાં શાંતિ અને આરામ પા-
મે છે. 3 "પરંતુ તમે જાદુગરના પુત્રો, વ્યભિચારી અને વારાંગનાના
સંતાનો! અહીં પાસે આવો. 4 તમે કોની મશ્કરી કરો છો? તમે કોની સમ-
ક્ષ મોં પહોળું કરી, જીભ કાઢી ચાળા પાડો છો? શું તમે પાપીઓનાં અને
જૂઠાઓના સંતાનો નથી? 5 તમે એકેએક દેવદાર વૃક્ષ નીચે વિષયભોગ
કરો છો, ખાડીમાં અને ખડકોની ફાટોમાં બાળકોનો ભોગ આપો છો.
6 ખાડીમાંના સુંવાળા પથ્થરો તમારો વારસો છે, તમે તેને જ લાયક છો,
તમે તેમને પેયાપર્ણ અને ખાદ્યાર્પણ ચઢાવો છો. યહોવા કહે છે કે, "શું
આ બધાને હું નજર અંદાજ કરીશ?" 7 તમે ઊંચા ઊંચા પર્વતો પર બલિ-
દાનો અર્પણ કરવા જાઓ છો અને વિજાતિય વ્યવહાર કરો છો. 8 તમા-
રા ઘરના મુખ્ય બારણા અને બારસાખ પાછળ તમે તમારી મૂર્તિઓ ગો-
ઠવી છે. તમે મારો ત્યાગ કર્યો છે. "હે મારી પ્રજા, તું તો વારાંગના જેવી
છે! મને છોડીને તારી પહોળી પથારી પર નવસ્ત્રી થઇને સૂતી છે, અને
તું મનપસંદ માણસો સાથે સોદા કરી તારી કામવાસના સંતોષે છે. 9 તેં
સુગંધીદાર ધૂપ તથા અત્તર મોલેખ દેવને ભેટ તરીકે અર્પણ કર્યા છે.
સંદેશવાહકોને દૂર દૂરના શેઓલમાં મોકલે છે. 10 "લાંબી યાત્રાથી તું થા-
કી જાય છે; પણ તું અટકતી નથી. તેં તારી ઇચ્છાઓને બળવત્તર કરી
અને તારી શોધમાં તું આગળ વધતી ગઇ. 11 તું કોનાથી આટલી બધી
ગભરાય છે? કે તું અસત્ય બોલી? તું મને કેવી રીતે ભૂલી ગઇ અને મારો
સહેજ પણ વિચાર કર્યો નહિ? શું હું લાંબા સમય સુધી શાંત રહ્યો એટલે
તું મારો ડર રાખતી નથી? 12 પરંતુ હવે હું તારાં એ પુણ્ય કૃત્યો અને
'ન્યાયીપણું' જાહેર કરીશ; એ બંનેમાંથી એક પણ તારો બચાવ કરી નહિ
શકે. 13 તું તારા બચાવ માટે ધા નાખીશ ત્યારે આ તારી ભેગી કરેલી મૂ-
ર્તિઓ તારી મદદે આવવાનાં નથી. પવન તેમને તાણી જશે, અરે એક
ફૂંક પણ તેમને ઉડાડી મૂકશે, પણ જે મારું શરણું સ્વીકારશે, તે ધરતી-
નો ધણી થશે અને મારા પવિત્ર પર્વતનો માલિક બનશે." 14 વળી તે
વખતે હું કહીશ: સડક બાંધો, રસ્તાઓ ફરીથી તૈયાર કરો. મારા લોકોના
રસ્તાઓમાંથી ખડકો અને પથ્થરો દૂર કરો. અને મારા લોકો માટે સરળ
માર્ગ તૈયાર કરો. 15 જે અનંતકાળથી ઉચ્ચ અને ઉન્નત છે, તેવા પવિત્ર
દેવ આ પ્રમાણે કહે છે, "હું ઉન્નત અને પવિત્રસ્થાનમાં વસું છું, પણ
જેઓ ભાંગી પડ્યા છે અને નમ્ર છે તેમની સાથે પણ હું રહું છું. નમ્ર લો-
કોમાં હું નવા પ્રાણ પૂરું છું અને ભાંગી પડેલાઓને ફરી બેઠા કરું છું.
16 કારણ કે હું સદાકાળ તમારી પર ગુસ્સો કરીશ નહિ, અને આખો
વખત તમને ઠપકો આપ્યા કરીશ નહિ. કારણ, બધામાં પ્રાણ પૂરનાર,
હું જ છું. જો એમ ન હોય તો મારા જ સર્જેલા બધાં લોકો મારી સામે મૂ-
ર્છિત થઇ જશે. 17 તેમનાં લોભ અને પાપને કારણે ગુસ્સે થઇને મેં તેમને
ફટકાર્યા હતાં અને મેં તેમનાથી મારી જાતને છુંપાવી દીધી હતી. છતાં
તેમણે હઠપૂર્વક મનમાન્યા માગેર્ જવાનું ચાલુ રાખ્યું. 18 તેઓ કયા મા-
ગેર્ ગયા છે એ મેં જોયું છે, તેમ છતાં હું તેઓને સાજા કરીને ઘા રૂઝવીશ.
હું તેઓને સાચો માર્ગ દેખાડીશ, હિંમત અને દિલાસો આપીશ; 19 હું હો-
ઠોનાં ફળો ઉત્પન્ન કરીશ; જેઓ દૂર છે તેમજ પાસે છે તેઓને શાંતિ
થાઓ, કારણ કે હું તે બધાને સાજા કરીશ." 20 પણ દુષ્ટ માણસો તો
તોફાની સાગર જેવા છે, જે કદી શાંત રહેતા નથી, જેના જળ ડહોળાઇને
કાદવ અને કચરો ઉપર લાવે છે. 21 "દુષ્ટોને કદી શાંતિ હોતી નથી, એવું
મારા દેવ કહે છે."

**58** યહોવા કહે છે, "કોઇ પણ સંકોચ વિના મોટે સાદે પોકાર કર
કઇ પણ બાકી ન રાખ. રણશિંગા જેવો તારો સાદ ઊંચો કર.
મારા લોકો યાકૂબના વંશજોને તેઓના પાપ વિષે જણાવી દે. 2 રોજ
રોજ તેઓ મારી ઉપાસના કરવા આવે છે, તેઓ કહે છે કે, તેમને મારા
માગોર્ જાણવાનું ગમે છે, જો કે તેઓ ન્યાયનું આચરણ કરનારી પ્રજા
છે અને જેમણે પોતાના દેવના શાસનનો અંત લાવ્યો નથી. તેઓએ
મારી પાસે ન્યાયની અને સત્યની માગણી કરી અને તેઓ દેવની નજીક
રહેવા માગે છે." 3 લોકો પૂછે છે કે, "યહોવા, તમે જો જોતા જ ન હોય તો
પછી અમે ઉપવાસ શા માટે કરીએ? તું જો ધ્યાન જ ન આપતો હોય તો
અમે શા માટે અમારી જાતને નમાવીએ?"પરંતુ યહોવા તેમને કહે છે,
"તમે ઉપવાસ કરો છો ત્યારે પણ તમે તમારી મરજી મુજબ કરો છો અને
તમારા મજૂરો ને ત્રાસ આપો છો. 4 જુઓ, તમે ઉપવાસ કરો છો અને તે
જ સમયે તમે લડો-ઝગડો અને એકબીજા સાથે હિંસક મારામારી કરો
છો, પછી ઉપવાસ કરવાનો અર્થ શો? આ પ્રકારના ઉપવાસથી તમારો
સાદ સ્વગેર્ નહિ પહોંચે. 5 શું હું તમારી પાસેથી આ પ્રકારના ઉપવાસ
સ્વીકારું છું? જેમાં આ પ્રમાણે પ્રાયશ્ચિત કરવું અને હવામાં બરૂની જેમ
માથું નમાવવું અને શોકના વસ્ત્રો પહેરીને પોતાના શરીર ઉપર રાખ
ચોપડવી? શું તમને લાગે છે કે યહોવા આ પ્રકારના ઉપવાસને સ્વીકારે
છે? 6 "ના, હું એવા પ્રકારના ઉપવાસ સ્વીકારીશ જેમાં તમે ન્યાયથી
વર્તોર્ અને કચડાયેલાને મુક્ત કરો. 7 તમારે ભૂખ્યા સાથે વહેંચીને ખા-
વું, ઘર વગરનાને પોતાના ઘરમાં આશરો આપવો, ઉઘાડાને જોતાં તેને
વસ્ત્ર પહેરાવવાં. અને માનવબંધુઓને ભીડમાં જોઇને આંખ આડા કાન
કરવાં નહિ." 8 જો તમે આ બાબતોનો અમલ કરશો, તો દેવ પોતાનો
મહિમાવંત પ્રકાશ તમારા પર પાડશે; અને તમારા ઘા જલદી રૂઝાઇ
જશે; તમારો સદાચાર તમને આગળ દોરી જશે અને યહોવાનો મહિમા
તમને અનુસરશે. અને તમારી પાછળ યહોવાનો મહિમા પણ આવતો
હશે. 9 ત્યારબાદ તમે યહોવાને વિનંતી કરશો, તો તે તમને અવશ્ય પ્ર-
ત્યુત્તર આપશે, તે ઝડપથી પ્રત્યુત્તર આપતાં કહેશે; હા હું આ
રહ્યો."તમારે કેવળ આટલું કરવાનું છે: "નિર્બળ પર ત્રાસ આપવાનું બંધ
કરો. કોઇના તરફ આંગળી ચીંધીને ખોટા આક્ષેપો કરવાનું છોડી દો;
10 જો ભૂખ્યાઓને તમે તમારો રોટલો આપો અને દીન દુ:ખીજનની
આંતરડી ઠારો, તો પ્રકાશ અંધકારમાં પ્રકાશી ઊઠશે અને સંધ્યાકાળ
તમારે માટે બપોરની જેમ ઝળાંહળાં થશે. 11 હું સતત તમને દોરતો

રહીશ, અને મરુભૂમિમાં પણ તમને કશાની ખોટ નહિ પડવા દઉં. હું
તમારા અંગોમાં બળ પૂરીશ. અને તમે જળ સીંચેલી વાડી જેવા, સદા
વહેતાં ઝરા જેવા બની જશો. 12 ઘણા સમયથી ખંડેર પડેલા તમારા
નગરોને તમારાં સંતાનો ફરીથી બાંધશે, અને “ભીતો અને ધોરી માગોર્ને
બાંધનારા લોકો” એવા નામથી તમે ઓળખાશો. 13 જો તમે પવિત્ર વિ-
શ્રામવારને પાળશો અને તે દિવસે તમારો પોતાનો ધંધો તથા મોજમજા
કરશો નહિ, પણ તમે વિશ્રામવારને આનંદોત્સવનો યહોવાનો પવિત્ર
દિવસ જાણીને, તે વિષે આનંદથી બોલશો અને તમારાં કાર્યો બંધ રા-
ખીને યહોવાનો આદર કરશો, તેમ જ તમારી પોતાની ઇચ્છાઓને અને
આનંદપ્રમોદને અનુસરસો નહિ અને કૂથલી નહિ કરતાં, તેને માન
આપશો. 14 તો પછી તમે યહોવામાં ઉત્સવ કરશો અને યહોવા તમને
ધરતીનાં ઊંચા શિખરો પર સ્થાપિત કરશે, અને તમને તમારા પૂર્વજ
યાકૂબનો વારસો ભોગવવા મળે એવું કરશે. આ યહોવાના પોતાના
વચન છે.

59 જુઓ, યહોવાનો હાથ કઇં એવો નિર્બળ નથી કે તે તમારો
બચાવ ન કરી શકે અથવા તેનો કાન એવો બહેરો નથી કે
સાંભળી ન શકે. 2 પણ તમારા પાપોએ તમારી અને દેવની વચ્ચે આડ
ઊભી કરી છે; તમારાં પાપને કારણે તે તેમને દર્શન આપતો નથી કે
નથી સાંભળતો. 3 તમારા હાથ લોહીથી, ને અપરાધોથી ખરડાયેલા છે;
ને તમારી જીભ જૂઠું બોલે છે અને દગાફટકાથી વાત કરે છે. 4 અદાલત-
માં સાચી ફરિયાદ કરવાં કોઇ જતું નથી. સૌ પોકળ દલીલો પર આશા
બાંધે છે, ને સૌ કોઇ જૂઠાણું ચલાવે છે. દુષ્ટ મનસૂબા ઘડે છે અને અધ-
ર્મ આચરે છે. 5 તેઓ સાપનાં ઇંડા સેવે છે અને કરોળિયાનાં જાળાં ગૂંથે
છે; જે એ ઇંડા ખાય છે તે મોતને ભેટે છે, ને જે ઇંડુ ફૂટે છે તેમાંથી સાપ
નીકળે છે. 6 તેમનાં જાળાં કઇં વસ્ત્ર તરીકે કામ આવવાનાં નથી, કોઇ
તેને પહેરી શકવાનું નથી.તેમનાં કમોર્ કુકમોર્ છે અને તેમના હાથ
હિંસા આચરે છે. 7 દુષ્ટ કૃત્યો કરવા તેમના પગ દોડી જાય છે, ને નિદો-
ર્ષનું લોહી રેડવા તેઓ ઉતાવળા થાય છે, તેઓ હંમેશા કાવાદાવાના જ
વિચાર કરતા હોય છે, અને પોતાની પાછળ વિનાશ અને પાયમાલી મુ-
કતા જાય છે, 8 તેઓ શાંતિનો માર્ગ જાણતા નથી. તેમના માર્ગમાં કોઇ
ન્યાય નથી. તેમના માગોર્ છેતરામણા છે અને એ માગેર્ જનારા કોઇને
શાંતિ મળતી નથી. 9 તેથી આપણને ન્યાય મળતો નથી, આપણી મુ-
કિત હજી દૂર છે. અમે અજવાળાની આશા રાખીએ છીએ, પણ જુઓ
અંધકારમાં; તેજ ઝંખીએ છીએ અને અંધકારમાં અટવાઇએ છીએ.
10 આપણે અંધજનની જેમ ભીંતે હાથ દઇને ફાંફા મારીએ છીએ, આપ-
ણે ભરબપોરે જાણે અંધારી રાત્રિ હોય એમ ઠોકર ખાઇએ છીએ; જાણે
આપણે ભટકતાં મૃત લોકો ના હોઇએ! 11 આપણે બધા રીંછની જેમ ઘૂ-
રકીએ છીએ, ને હોલાની જેમ કણીએ છીએ. આપણે ન્યાયને ઝંખીએ
છીએ, પણ ન્યાય મળતો નથી, તારણની આશા રાખીએ છીએ, પણ તે
અમારાથી દૂર રહે છે. 12 હે યહોવા, અમે તારા અનેક અપરાધો કર્યા છે
અને અમારાં પાપ અમારી વિરુદ્ધ સાક્ષી પૂરે છે. અમને અમારા પાપોનું
ભાન છે, અમારા પાપ અમે જાણીએ છીએ. 13 તારી સામે અમે બળવો
કર્યો છે અને તારો નકાર કર્યો છે, અમે તમને, અમારા દેવને અનુસરવા-
નું છોડી દીધું છે, અમે ઘોર ત્રાસ અને બળવાની વાતો કરીએ છીએ,
અમે જૂઠાણાંઓ વિચારીએ છીએ અને તેને જ ઉચ્ચારીએ છીએ. 14 અમે
ન્યાયને પાછો કાઢીએ છીએ અને ધર્મને આઘો રાખીએ છીએ. ન્યાયી-
પણું નગરનાં ચોકમાં ઠોકર ખાય છે, અને પ્રામાણિકતાને પ્રવેશવા દે-
વામાં આવતી નથી. 15 હા, સત્યનો સદંતર અભાવ છે, અને જે સત્યને
વળગી રહેવા પ્રયત્ન કરે છે તેના ઉપર આક્રમણ થાય છે. યહોવાએ
સર્વ દુષ્ટતા નિહાળી છે અને પાપની વિરુદ્ધ કોઇ પગલું લેવામાં આવ્યું
નથી તેથી તે નારાજ થાય છે. 16 યહોવાએ આ જોયું છે અને તે ન્યાયના
અભાવથી અપ્રસન્ન થયા છે. દીનદલિતોની સાથે થવા કોઇ તૈયાર
નથી, એ જોઇને તે નવાઇ પામ્યા છે. આથી તે પોતાના જ બાહુબળથી
અને ન્યાયીપણાથી વિજય પ્રાપ્ત કરશે. 17 તે મુકિતનું બખતર ચઢાવશે
અને માથે વિજયનો ટોપ ધારણ કરશે, વેરના વાઘા પહેરશે અને ઉપર
ક્રોધનો ઝભ્ભો ઓઢશે. 18 તે દરેકને તેના કર્મ પ્રમાણે બદલો આપશે.
શત્રુઓ પર રોષ ઉતારશે, દુશ્મનોને દંડ દેશે અને દૂર દેશાવરના લોકોને
પણ સજા કરશે. 19 ત્યારબાદ પૂર્વથી પશ્ચિમ સુધી લોકો યહોવાના ના-
મથી ડરશે અને તેના પ્રતાપથી થરથર ધ્રુજશે; કારણ તે ધસમસતા પૂર-
ની અને પ્રચંડ વાયુની જેમ ધસી આવશે. 20 પણ સિયોનને માટે, પો-
તાના લોકોમાંથી જેઓ પાપથી પાછા ફર્યા હશે તેમને માટે તો તે ઉદ્ધાર-
કરૂપે આવશે. આ યહોવાના પોતાના વચન છે. 21 યહોવા કહે છે કે,
“આ મારો તમારી સાથેનો કરાર છે; મેં મારો આત્મા જે તારા પર છે, ને
મારાં વચનો જે તારા મુખમાં મૂક્યાં છે તે તારા મુખમાંથી તારા સંતાનના
મુખમાંથી, તથા તારા સંતાનના સંતાનનાં મુખમાંથી હમણાંથી તે સર્વ-
કાળપર્યંત અલોપ થનાર નથી.”

60 “હે યરૂશાલેમ, પ્રકાશી ઊઠ! તારા પર યહોવાનો મહિમા ઉદય
પામ્યો છે ને તે ઝળહળી રહ્યો છે. 2 જુઓ, પૃથ્વી પર હજી અંધ-
કાર છવાયેલો છે અને લોકો હજી ઘોર તિમિરમાં છે, પણ તારા પર યહો-
વા ઉદય પામે છે અને તેનો મહિમા તારા પર પ્રગટે છે. 3 પ્રજાઓ તમારા
પ્રકાશ તરફ આવશે; તેમના પરાક્રમી રાજાઓ પણ તમારા ચળકતા
ઉજાસને નિહાળવા આવશે. 4 તું જરા ઊંચી નજર કરીને ચારે તરફ જો;
બધા ભેગા થઇને તારા તરફ આવે છે. દૂર દૂરથી તારા પુત્રો આવશે અને
તારી પુત્રીઓને તેમની આયાઓ તેડીને લાવશે, 5 એ જોઇને તમારી
આંખો ખુશીથી ચળકશે અને તમારાં હૃદયો પ્રફુલ્લિત થશે, સમુદ્રની
સંપત્તિ તમારી પાસે આવશે, દૂર દેશાવરોની સમૃદ્ધિ તમને અપાશે.
6 ઊંટોના ટોળાથી તમારો દેશ છવાઇ જશે. તેઓ મિદ્યાન અને એફાહ-
માંના પ્રદેશમાંથી આવશે, શેબાથી પણ બધાં આવશે; સોનું અને લો-
બાન લઇને આવશે, યહોવાનાં સ્તોત્ર ગાતાં ગાતાં આવશે. 7 કેદારના
અને નબાયોથનાં બધાં ઘેટાંબકરાં તારા વિધિવત યજ્ઞ માટે લાવવામાં
આવશે અને યહોવાની યજ્ઞ વેદી પર તેને પ્રસન્ન કરવા બલિ તરીકે હો-
માશે અને તે એના મહિમાવંતા મંદિરનો મહિમા વધારશે. 8 વાદળની
જેમ અને પોતાના માળા તરફ જતાં કબૂતરોની જેમ ઊડતાં આ શું જાય
છે? 9 હા, એ તો દૂર દેશાવરના વહાણ ભેગાં થઇને આવે છે અને તાશી-
ર્શના વહાણો એમાં આગળ છે. તેઓ તમારા દેવ યહોવાને નામે, તને
મહિમાવંત બનાવનાર ઇસ્રાએલના પરમપવિત્ર દેવને નામે, તારા સંતા-
નોને સોનાચાંદી સાથે દૂર દૂરથી પાછાં આવે છે.” 10 યહોવા યરૂશાલેમને
કહે છે, “વિદેશીઓ આવશે અને તારા નગરોના કોટને ફરી બાંધશે. અને
તેમના રાજાઓ તારા ગુલામ બનશે. કારણ ક્રોધ ચઢતાં મેં તને પ્રહાર
કર્યો હતો. પણ હવે હું મારી કૃપામાં તારા પર દયા કરીશ. 11 તારા દરવા-
જા સદાય ખુલ્લા રહેશે, રાતે કે દિવસે કદી બંધ થશે નહિ, જેથી તેમાં
થઇને વિદેશી રાજાઓ પોતાની સમૃદ્ધિ લઇને આવે. 12 પરંતુ જે પ્રજા કે
રાજ્ય તારી તાબેદારી સ્વીકારવાની ના પાડશે તેનો નાશ થશે, તે ખેદા-
નમેદાન થઇ જશે. 13 લબાનોનનાં ગૌરવરૂપ ચિનાર, સરળ અને સરુનું
કિમતી લાકડું મારા પવિત્રસ્થાનની શોભા વધારવા, મારી પાદપીઠનો
મહિમા કરવા તારી પાસે લાવવામાં આવશે. 14 જેઓએ તારા પર ત્રાસ
કર્યો તેઓના પુત્રો તારી પાસે નમતા આવશે; અને જેઓએ તને તુચ્છ
માન્યું તેઓ સર્વ તારા પગનાં તળિયાં સુધી નમશે; અને તેઓ તને
‘યહોવાનું નગર’, ‘ઇસ્રાએલના પવિત્ર દેવનો મહિમાવંત પર્વત એવા ના-
મથી તેઓ સંબોધશે.’” 15 “તું એક નગરી હતી જે ત્યકતા અને તિરસ્કૃત
હતી, કોઇ તારામાંથી પસાર થતું નહોતું; પણ હું તને કાયમ માટે માન-
વંતી અને આનંદના ધામરૂપ બનાવીશ. 16 વિદેશી ભૂમિઓ અને તેના
રાજામહારાજાઓ તારું પોતાની માતાની જેમ પાલન કરશે, ત્યારે તને
ખબર પડશે કે હું, યહોવા તારો તારક છું, હું યાકૂબનો મહાબળવાન દેવ,
તારો રક્ષક છું. 17 હું તમને કાંસાને બદલે સોનું અને લોખંડને બદલે
ચાંદી તેમજ લાકડાને બદલે કાંસુ અને પથ્થરને બદલે લોઢું આપીશ.
તારા પ્રશાસક શાંતિ અને ન્યાયપૂર્વક શાસન ચલાવે એમ હું કરીશ,
18 તારી ભૂમિમાં હિંસાનું, વિનાશનું કે પાયમાલીનું નામ સાંભળવા નહિ
મળે. તમારી ભીતો ‘તારણ’ કહેવાશે અને તમારા દરવાજાઓ ‘સ્તુતિ’
કહેવાશે. 19 હવે પછી તને દિવસ દરમ્યાન પ્રકાશ માટે સૂર્યની કે રાત્રે
પ્રકાશ માટે ચંદ્રની જરૂર નહિ રહે, કારણ, હું તારો દેવ યહોવા, તારો શા-
શ્વત પ્રકાશ બની રહીશ, અને તારો દેવ તારો મહિમા હશે. 20 તારો સૂર્ય
હવે કદી આથમશે નહિ કે તારો ચંદ્ર છુપાશે નહિ, કારણ, હું યહોવા તા-
રો શાશ્વત પ્રકાશ બની રહીશ અને તારા દુ:ખના દિવસોનો અંત આવશે.
21 વળી તમારા સર્વ લોકો ધાર્મિક થશે. તેઓ સદાકાળ પોતાના દેશનું
વતન પામશે, કારણ કે હું મારા પોતાના હાથે તેઓને ત્યાં સ્થાપીશ;

અને એમ મારો મહિમા થશે. 22 છેક નાનું કુટુંબ પણ સંખ્યામાં વૃદ્ધિ પા-
મીને કુળસમૂહ બનશે. ને જે નાનકડું ટોળું છે તે વૃદ્ધિ પામીને પરાક્રમી
પ્રજા બનશે. હું યહોવા, સમયની સંપૂર્ણતાએ તે સર્વ પૂર્ણ કરીશ.”

61 યહોવા મારા માલિકે, તેનો આત્મા મારામાં મૂક્યો છે, કારણ,
તેણે મારો અભિષેક કર્યો છે. તેણે મને દીનદુ:ખીઓને શુભસ-
માચાર સંભળાવવા, ભાંગેલા હૈયાના ઘા રૂઝાવવા, કેદીઓને છુટકારા-
ની, ને બંદીવાનોને મુકિતની જાહેરાત કરવા મોકલ્યો છે. 2 જે લોકો
શોક કરે છે તેઓને એમ કહેવા મને મોકલ્યો છે કે, તમારા માટે યહોવા-
ની કૃપાનો દિવસ આવી પહોંચ્યો છે. અને તમારા શત્રુઓ માટે યહોવા-
ના કોપનો દિવસ આવી પહોંચ્યો છે. 3 તેણે મને સૌ દુ:ખીઓને સાંત્વ-
ના આપવા, તેમનો શોક હર્ષમાં ફેરવવા, એમનાં ભારે હૈયાને સ્તુતિનાં
ગીતો ગાતાં કરવા મોકલ્યો છે. એ લોકો યહોવાએ પોતાના મહિમા માટે
રોપેલાં ‘ધર્મનાં વૃક્ષો કહેવાશે.’ 4 “પ્રાચીન ખંડેરોનો તેઓ જીર્ણોદ્ધાર કર-
શે, અગાઉ ભોંયભેગા થઇ ગયેલાં મકાનોને ફરી ઊભા કરશે, પેઢીઓથી
ઉજ્જડ પડી રહેલાં નગરોને નવેસરથી બાંધશે. 5 “હે મારા લોકો, વિદે-
શીઓ તમારી સેવા કરશે, તેઓ તમારા ઘેટાંબકરાંને ચારશે અને તમારાં
ખેતરોમાં મજૂરી કરશે. 6 પરંતુ તમે લોકો ‘યહોવાના યાજકો’ તથા આપ-
ણા ‘દેવના સેવકો’ ગણાશો. તમે બીજી પ્રજાઓની સમૃદ્ધિ ભોગવશો
અને તેમની સંપત્તિથી શોભશો. 7 “તમારે બેવડી શરમ અનુભવવી પડી
હતી, અપમાન અને તિરસ્કાર વેઠવાં પડ્યા હતાં; તેથી હવે તમને તમા-
રા પોતાના દેશમાં બમણી સંપત્તિ પ્રાપ્ત થશે, અને તમે શાશ્વત આનંદ
ભોગવશો. 8 યહોવા કહે છે, હું યહોવા ન્યાયને ચાહું છું, હું લૂંટ અને
અયોગ્ય કાર્યને ધિક્કારું છું. હું દુ:ખ સહન કરતા મારા લોકોને વિશ્વાસુ-
પણે બદલો આપીશ અને તેઓની સાથે સદાકાળનો કરાર કરીશ. 9 તે-
ઓના વંશજો સર્વ પ્રજાઓમાં ખ્યાતિ પામશે; અને સર્વ લોકો જાણશે કે,
દેવે જેઓને ખૂબ આશીર્વાદિત કર્યા છે તે આ લોકો છે.” 10 “યહોવાના
ઉપકારોનું સ્મરણ થતાં મારા હૈયામાં આનંદ શમાતો નથી. મારા દેવને
સંભારતાં મારું હૈયું હર્ષથી ઊભરાય છે; કારણ, તેણે મને તારણનાં
વસ્ત્રો પહેરાવ્યા છે અને મને ન્યાયીપણાંનો ઝભ્ભો પહેરાવ્યો છે. લગ્ન-
નાં વસ્ત્રોમાં સજ્જ થયેલા વરરાજા જેવો અથવા રત્નાલંકારોથી શણગા-
રાયેલી જાણે વધૂ જેવો હું છું. 11 જેવી રીતે પૃથ્વી તેની વનસ્પતિઓનું
નવ સર્જન કરે છે, અથવા એક બગીચો તેમાં રોપેલા બીજાને ઉગાડે છે,
યહોવા જગતની પ્રજાઓને પોતાનો ન્યાય અને મહિમા બતાવશે.”

62 “હું સિયોન પર પ્રેમ કરું છું. યરૂશાલેમનો ઉદ્ધાર ન થાય ત્યાં
સુધી હું મૂંગો નહિ રહું. તેનો વિજય મશાલની જેમ ભભૂકી ન
ઊઠે ત્યાં સુધી હું દેવને પોકારવાનું બંધ નહિ કરું, અને હું વિશ્રામ
લઇશ નહિ. 2 સર્વ પ્રજાઓ તારું ન્યાયીપણું જોશે. તારા મહિમાથી તે
રાજાઓની આંખો અંજાઇ જશે; અને યહોવા તને એક નવું નામ આપશે.
3 તું યહોવાના હાથમાં ઝળહળતો તાજ, તારા દેવના હાથમાં રાજમુગટ
બની રહેશે. 4 પછી તને કોઇ “ત્યકતા” નહિ કહે, તારી ભૂમિને કોઇ “વે-
રાન” નહિ કહે. પણ તને સૌ “યહોવાની પ્રિયતમા” કહેશે, અને તારી ભૂ-
મિ “વિવાહિત” કહેવાશે, કારણ, યહોવા તારા ઉપર પ્રેમ રાખે છે અને
તારી ભૂમિનો તે માલિક થશે. 5 હે યરૂશાલેમ, તારો નિર્માતા (શિલ્પી)
જેમ એક યુવાન એક યુવતી સાથે લગ્ન કરે છે, તેમ તારી સાથે લગ્ન કર-
શે, અને જેમ કોઇ વર કન્યાથી હર્ષ પામે છે, તેમ તારો દેવ તારાથી
આનંદ પામશે.” 6 “હે યરૂશાલેમ, મેં તારા કોટ પર પહેરેગીરો ગોઠવ્યા
છે, તેઓ રાતે કે દિવસે કદી મૂંગા નહિ રહે.હે યહોવાને યાદ કરાવના-
રાઓ, તમે પોતે જંપશો નહિ, 7 અને જ્યાં સુધી યહોવા યરૂશાલેમની
ફરી પ્રતિષ્ઠા કરી તેને પૃથ્વી પર પ્રશંસાનું પાત્ર ન બનાવે, ત્યાં સુધી તે-
ને જંપવા દેશો નહિ. 8 યહોવા પોતાના સાર્મથ્યથી વચન આપે છે કે,
“હવે કદી હું તારું ધાન્ય શત્રુઓને ખાવા નહિ આપું. અથવા વિદેશીઓ-
ને તારી મહેનતથી બનેલો દ્રાક્ષારસ નહિ પીવાં દઉં. 9 પરંતુ ધાન્ય
લણનારા જ તે ખાઇને મારી સ્તુતિ કરશે, અને દ્રાક્ષને ભેગી કરનારા જ
મારા મંદિરના ચોકમાં તેનો દ્રાક્ષારસ પીશે.” 10 દરવાજામાંથી જાઓ
અને લોકો માટે રસ્તો તૈયાર કરો. રાજમાર્ગ બાંધો, ને પથ્થરો હઠાવી દો.
પ્રજાઓ પર ઊંચે ધ્વજ ફરકાવો. 11 જુઓ, પૃથ્વીના છેડા સુધી યહોવા
ઘોષણા કરે છે, “યરૂશાલેમના લોકોને જણાવો કે, આ તમારો મુકિતદા-
તા આવે છે, પોતે મુકત કરેલા લોકોને સાથે લઇને આવે છે.” 12 હું તેમને
ઘણા ઉપહારો આપીશ, અને તેઓ “પવિત્ર પ્રજા” “યહોવાએ મુકત કરે-
લા લોકો” કહેવાશે. અને યરૂશાલેમ “ઇપ્સિતા” “અત્યકતા નગરી” દેવ-
થી આશીર્વાદિત શોધી કાઢેલી ભૂમિ કહેવાશે.

63 અદોમના નગર બોસ્રાહથી આ કોણ આવે છે? કિરમજી રંગના
શોભાયમાન વસ્ત્રોમાં સજ્જ થઇને વીરત્વ ભરી ચાલે આ કોણ
આવે છે? એ તો હું યહોવા છું. “તમારું તારણ પ્રગટ કરું છું. તમારો
ઉદ્ધાર કરવાને શકિતમાન અને સમર્થ એવો હું યહોવા છું.” 2 “કૂંડીમાં
દ્રાક્ષ ગુંદનારા વસ્ત્રની જેમ તારાં વસ્ત્રો લાલ કેમ છે?” 3 “મેં એકલાએ
દ્રાક્ષ ગૂંદી છે. મને મદદ કરવા માટે ત્યાં કોઇ ન હતું. મારા ક્રોધમાં મેં
મારા શત્રુઓને દ્રાક્ષાની જેમ ગૂંદી નાખ્યા, રોષે ભરાઇને મેં તેમને રોળી
નાખ્યા અને તેમના લોહીની પિચકારી મારાં વસ્ત્રો ઉપર ઊડી અને મા-
રાં વસ્ત્રો બધાં ખરડાઇ ગયા. 4 કારણ, શત્રુઓને સજા કરી મારા પોતા-
ના લોકોને મુકત કરવાનો મેં નક્કી કરેલો સમય આવી ચૂક્યો છે. 5 મેં
આજુબાજુ નજર નાખી પણ કોઇ મારી મદદે આવ્યું નહિ. મારી સાથે
આવનાર કોઇ નથી એ જોઇને હું અચંબામાં પડી ગયો. 6 તેમ છતાં મારા
બાહુએ મને વિજય અપાવ્યો, મારા ક્રોધમાં મેં વિદેશી પ્રજાઓને કચડી
નાખી અને તે સર્વ લથડિયાં ખાઇને જમીન પર પડી ગઇ.” 7 યહોવાના
ઉપકારો હું સંભારીશ અને આપણે માટે એણે જે કાંઇ કર્યુ છે તે માટે હું
તેના ગુણગાન ગાઇશ. પોતાની અપાર કરુણા અને દયાથી પ્રેરાઇને તે-
ણે ઇસ્રાએલના લોકોનું ભારે મોટું કલ્યાણ કર્યુ છે. 8 તેણે કહ્યું, “ખરેખર
તેઓ મારી પ્રજા છે, મારા સંતાન છે; તેઓ મને દગો નહિ દે.” 9 અને તે-
ણે તેઓને બધાં સંકટોમાંથી ઉગારી લીધા. તેઓને બચાવવા માટે તેણે
કોઇ દૂત નહોતો મોકલ્યો, તે જાતે આવ્યા હતા. તેણે ઊંચકીને ભૂતકા-
ળમાં બધો સમય તેઓને ઉપાડ્યા કર્યા. 10 આમ છતાં તેઓએ દગો
કરીને તેમની વિરુદ્ધ બળવો કરી તેમના પવિત્ર આત્માને દુભાવ્યો. એ
પછી તે તેમના દુશ્મન બન્યા અને જાતે તેમની સામે યુદ્ધે ચડ્યા.
11 પછી તેમણે તેમના સેવક મૂસાના જૂના દિવસો યાદ કર્યા અને કહેવા
લાગ્યા, પોતાના લોકોના આગેવાનને સમુદ્રમાંથી પાર ઉતારનાર યહો-
વા ક્યાં છે? તેમનામાં પોતાના આત્માનો સંચાર કરનાર એ ક્યાં છે?
12 પોતાના સંપૂર્ણ સાર્મથ્યથી મૂસાની સાથે રહેનાર ક્યાં છે? પોતાના
લોકોને માટે જળના બે ભાગ કરી તેમને સમુદ્રમાંથી દોરી લાવી અમર
કીતિર્ પ્રાપ્ત કરનાર ક્યાં છે? 13 જેણે અમને જાણે મેદાન પર ઘોડો ચા-
લતો હોય તેમ ઊંડાણમાં એવી રીતે ચલાવ્યા કે અમે ઠોકર ખાધી નહિ,
તે ક્યાં છે? 14 ખીણમાં ઊતરી જનારાં ઢોરની જેમ તેઓ યહોવાના
આત્માથી વિશ્રામ પામ્યા; તે મુજબ તે પોતાને માટે મહિમાવંત નામ
કરવા માટે તમારા લોકોને દોર્યા. 15 હે યહોવા, ઉપર સ્વર્ગમાંથી નીચે
ષ્ટિ કર, તારા ભવ્ય અને પવિત્રસ્થાનમાંથી ષ્ટિપાત કર. ક્યાં છે તારી
શકિત? ક્યાં છે તારી અમારા પ્રત્યેની હૃદયની ઘેલછા? ક્યાં છે તારો
ઊભરાતો પ્રેમ અને તારી દયા? એને તું અટકવતો લાગે છે! 16 હજુ પણ
સાચે જ તમે અમારા પિતા છો! જો ઇબ્રાહિમ અને ઇસ્રાએલ(યાકૂબ)
અમારો અસ્વીકાર કરે તોયે, હે યહોવા, તું અમારો પિતા છે, પ્રાચીન
સમયથી તું ‘અમારો ઉદ્ધારક’ એ નામથી ઓળખાતો આવ્યો છે. 17 હે
યહોવા, શા માટે તમે અમારાં હૃદયો કઠણ કર્યા અને અમને તમારા મા-
ગોર્થી વાળ્યાં છે? પાછા આવો, તમારા સેવકોને ખાતર, જે કુળો તમારા
જ છે. 18 થોડા સમય માટે, તમારા પવિત્ર લોકો તમારા પવિત્ર ધામને
ધરાવતા હતાં, પણ હવે અમારા શત્રુઓએ તમારા મંદિરને રોળી નાખ્યું
છે. 19 અમારા પર તું રાજ્ય ન કરતો હોય તે રીતે, અમે તારી પ્રજા ન હો-
ઇએ તે રીતે, અમે ઘણો સમય વિતાવ્યો!

64 તમે આકાશ ફાડીને નીચે ઉતરી આવો! જેથી પર્વતો તમારી
હાજરીમાં કંપી ઊઠે! 2 તમારા મહિમાનો અગ્નિ જંગલોને બાળી
નાખે અને મહાસાગરોના પાણીને ઉકાળીને સૂકવી નાખે; પ્રજાઓ તમા-
રી સમક્ષ ધ્રૂજી ઊઠે, ત્યાર પછી જ તમારા શત્રુઓ તમારી કીતિર્ અને
સાર્મથ્યને સમજી શકશે. 3 અમારી કલ્પનામાં ન આવે તેવાં પ્રભાવિત
ભયંકર કામો જ્યારે કરતાં હતાં, તેવા એક સમયે તમે જ્યારે નીચે અવ-
તરણ કર્યું, અને પર્વતોએ તમને નિહાળ્યા ત્યારે તેઓ ભયથી કંપી
ઊઠ્યા! 4 કારણ કે પ્રાચીન સમયથી આજ સુધી કોઇપણ વ્યકિતએ
બીજા કોઇ પણ વિષે જોયુ કે સાંભળ્યું નથી, સિવાય કે આપણા દેવ,
જેણે તેઓની પ્રતિક્ષા કરનારાઓના હિતમાં કાર્ય કર્યા છે. 5 આનંદથી

ભલાં કાર્યો કરનારાઓને તથા દેવના માગેર્ ચાલનારા સૌને તમે આવ-
કારો છો. પરંતુ અમે દેવનો ભય રાખનારા નથી; અમે સતત પાપ કર્યા
કરીએ છીએ અને અમારા સમગ્ર જીવન દરમ્યાન પાપી જ રહ્યા છીએ.
તેથી અમારા પર તમારો રોષ ભારે છે, અમે કઇ રીતે બચી શકીએ?
6 અમે બધા અપવિત્ર થઇ ગયા છીએ. અમારાં ધર્મકાર્યો સુદ્ધાં મેલા
વસ્ત્રો જેવા છે. અમે બધાં પાંદડાની જેમ ચીમળાઇ ગયા છીએ અને
અમારાં પાપ પવનની જેમ અમને તાણી જાય છે. 7 કોઇ તમારા નામે
વિનંતી કરતા નથી, કે કોઇ તમને વળગી રહેવા પ્રયત્ન કરતું નથી. તેં
તારું મુખ અમારાથી ફેરવી લીધું છે અને અમને અમારાં દુષ્કર્મોને હવા-
લે કરી દીધા છે. 8 હે યહોવા, હવે તમે અમારા પિતા છો; અમે માટી અને
તમે કુંભાર છો. અમે સર્વ તમારા હાથોની કૃતિઓ છીએ. 9 હે યહોવા,
વધારે કોપ કરશો નહિ, અમારાં પાપ સદા સંભારશો નહિ! જરા અમારા
સામું જુઓ! અમે બધા તમારી પ્રજા છીએ. 10 તમારાં પવિત્ર નગરો
અત્યારે નિર્જન પ્રદેશ જેવા થઇ ગયા છે, સિયોન વેરાન થઇ ગયું છે.
યરૂશાલેમ ઉજ્જડ અરણ્ય થઇ ગયું છે. 11 અમારું પવિત્ર અને ભવ્ય
મંદિર, જ્યાં અમારા પિતૃઓ તમારી સ્તુતિ કરતા હતા, તે બળીને ખાખ
થઇ ગયું છે; જે જોઇને અમે આનંદ પામતા હતા, તે બધું ખંડેર બની ગયું
છે. 12 આમ છતાં, હે યહોવા, શું તમે સહાય કરવાની ના કરશો! શું તમા-
રું હ્રદય નહિ દ્રવે? શું હજુ પણ તમે શાંત રહેશો અને અમને અપાર વેદ-
ના આપતા રહેશો?

65 યહોવા કહે છે; “પહેલા કદી મારા વિષે જાણવાની કાળજી કરી
નહોતી એવા લોકો હવે મને શોધી રહ્યા છે. પહેલા કદી મને
તેઓ શોધતા નહોતા, છતાં હું તેમને મળવા તૈયાર હતો. એ પ્રજા મને
નામ દઇને પોકારતી નહોતી છતાં મેં તેમને કહ્યું કે, ‘આ રહ્યો હું. આ
રહ્યો હું.’ 2 “એ બળવાખોર લોકોને વધાવી લેવા મેં આખો દિવસ હાથ
પહોળા કર્યા, પણ તેઓ સ્વચ્છંદી બની ખોટે માગેર્ ચાલે છે, 3 સતત
મારા મોઢા આગળ મને ગુસ્સો ચડે એવું કરે છે. તેઓ ઉપવનોમાં જઇને
બીજા દેવોને બલિદાન આપે છે, અને તેમની વેદી પર ધૂપ ચઢાવે છે
4 અને રાત્રે તેઓ કબ્રસ્તાનમાં અને ગુફાઓમાં જાય છે; તેઓ ડુક્કરનું
માંસ ખાય છે અને તેમના પાત્રો અશુદ્ધ પ્રાણીઓમાંથી બનેલા રસાથી
ભરેલા હોય છે, 5 “તેમ છતાં તેઓ એકબીજાને કહે છે, ‘મારી વધારે
નજીક ન આવશો, નહિ. તો હું તમને પવિત્ર બનાવી દઇશ!’ તેઓ મને
ગૂંગળાવે છે; તેઓ મને સતત ક્રોધિત કરે છે.” 6 “જુઓ, આ સત્ય મારી
આગળ નોંધેલું છે: એનો બદલો આપ્યા વગર હું જંપીશ નહિ. 7 “હું તે-
ઓના પાપોનો જ નહિ પરંતુ તેઓના પિતૃઓના પાપોનો પણ બદલો
તેઓને આપીશ. કારણ કે તેઓએ પણ પર્વતો પર ધૂપ બાળ્યો છે અને
ટેકરીઓ પર મારું અપમાન કર્યું છે. હું તેઓના અપરાધોનો પૂરો બદલો
વાળી આપીશ.” 8 યહોવા કહે છે, “જેમ ઝૂમખામા નવો દ્રાક્ષારસ મળે છે
ત્યારે, તેનો નાશ કરશો માં, કારણ કે તેમાં આશીર્વાદ છે, એમ લોકો કહે
છે; તેમ હું મારા સેવકોને માટે કરીશ, જેથી તે સર્વ લોકોનો નાશ ન
થાય. 9 હું યાકૂબના વંશજો અને યહૂદાના લોકોને આશીર્વાદ આપીશ
અને તેમને મારા આ પર્વતીય પ્રદેશના વારસો બનાવીશ. મારા પસંદ
કરેલા લોકો, મારા સેવકો ત્યાં વાસો કરશે. 10 જેઓએ મારી શોધ કરી છે
તેવા મારા લોકોને માટે શારોનના મેદાનોને ફરીથી ઘેટાં-બકરાં અને
ઢોર-ઢાંખરથી ભરી દેવામાં આવશે અને આખોરની ખીણ તેઓનું ગોચર
બની રહેશે. 11 “પરંતુ તમે મારો ત્યાગ કરનારા છો, મારા પવિત્ર પર્વત
સિયોનને ભૂલી ગયા છો, ભાગ્યદેવતાઓને થાળ ધરાવો છો અને એમ-
ને જાતજાતનાં દ્રાક્ષારસની પ્યાલીનું નૈવેદ્ય ચઢાવો છો; 12 તેથી તમને
તો હું તરવારને ઘાટ ઉતારીશ. તમારા બધાની હત્યા કરવામાં આવશે,
કારણ, મેં તમને બોલાવ્યા પણ તમે જવાબ ન આપ્યો; હું બોલ્યો, પણ
તમે કાને ન ધર્યું. મારી નજરમાં જે ખોટું હતું તે તમે કર્યું અને મને જે
પસંદ નહોતું તે તમે પસંદ કર્યું.” 13 આથી યહોવા મારા માલિક કહે છે
કે, “મારા સેવકો ખાવા પામશે પણ તમે ભૂખ્યા રહેશો, મારા સેવકો પીશે
પણ તમે તરસ્યા રહેશો. મારા સેવકો ખુશી થશે પણ તમે ફજેત થશો.
14 મારા સેવકો આનંદથી ગીતો ગાશે પણ તમે ભગ્નહૃદય થઇને રડશો,
અને અંતરના સંતાપને લીધે આક્રંદ કરશો. 15 મારા અપનાવેલા સેવકો
શાપ આપવામાં તમારા નામનો ઉપયોગ કરશે. હું મારા માલિક, યહોવા
તમારું મોત નીપજાવીશ. પણ હું મારા સેવકોને નવું નામ આપીશ.
16 છતાં દેશમાં જે કોઇ વ્યકિત બીજા કોઇને આશીર્વાદ આપશે, તે તે
વ્યકિતને સત્ય દેવને નામે આશીર્વાદ આપશે. જે કોઇ દેશમાં સમ ખાશે
તે, વિશ્વાસપાત્ર દેવના નામના સમ ખાશે. કારણ પહેલાની મુશ્કેલીઓ
ભૂલાઇ ગઇ હશે અને મારી આંખથી સંતાઇ ગઇ હશે.” 17 યહોવા કહે છે,
“જુઓ, હું નવું આકાશ અને નવી પૃથ્વી સર્જુ છું. પહેલાની સૃષ્ટિને કોઇ
સંભારશે નહિ, તેનું કોઇને સ્મરણ પણ નહિ થાય. 18 પરંતુ હું જે સર્જું છું,
તેથી તમે ખુશ થઇને સદા આનંદોત્સવ કરો, કારણ, હું એક યરૂશાલેમ-
નું સર્જન કરીશ, જે મારા માટે આનંદ લાવશે અને જેના લોકો મારાથી
ખુશખુશાલ હશે. 19 હું યરૂશાલેમમાં આનંદ પામીશ અને ત્યાં રહેતા લો-
કોથી ખુશ રહીશ. ત્યાં ફરીથી રૂદન તથા આક્રંદનો અવાજ સંભળાશે
નહિ. 20 ત્યાં નવાં જન્મેલા બાળકો થોડા દિવસ જીવીને મૃત્યુ પામશે
નહિ; પૂરું આયુષ્ય ભોગવ્યા વિના કોઇ વૃદ્ધ મૃત્યુ પામશે નહિ; અને
સો વરસ પૂરાં ન જીવવું એ શાપરૂપ મનાશે. 21 લોકો જે ઘર બાંધશે તેમાં
રહેવા પામશે, જે દ્રાક્ષની વાડીઓ રોપશે તેના ફળ ખાવા પામશે.
22 કોઇ ઘર બાંધે ને કોઇ વસે, કોઇ વાડી રોપે ને કોઇ ખાય એવું નહિ
બને. વૃક્ષની જેમ મારા લોકો લાંબું જીવશે. મારા અપનાવેલા લોકો પો-
તાના પરિશ્રમના ફળ ભોગવવા પામશે. 23 તેઓની મહેનત વ્યર્થ નહિ
જાય, અને તેમણે ઉછેરેલા બાળકો આફતનો ભોગ નહિ બને, કારણ, હું
યહોવા, તેમને અને તેમના સંતાનોને આશીર્વાદ આપીશ. 24 તેઓ મને
પોકારે તે પહેલાં જ હું જવાબ આપીશ, તેઓ બોલે ના બોલે ત્યાં તો મેં
સાંભળી લીધું હશે. 25 વરૂ તથા ઘેટાનું બચ્ચું સાથે ચરશે, સિંહ બળદ-
ની જેમ કડબ ખાશે, અને ઝેરી સપોર્ કદી ડંખ મારશે નહિ! મારા આખા
પવિત્ર પર્વતમાં તેઓ ઉપદ્રવ કરશે નહિ ને વિનાશ કરશે નહિ.” એમ
યહોવા કહે છે.

66 યહોવા કહે છે, “આકાશો મારું રાજ્યાસન છે, અને પૃથ્વી મારી
પાદપીઠ છે; તમે મારું ઘર ક્યાં બાંધશો? મારું નિવાસસ્થાન
ક્યાં ઊભું કરશો? 2 આ આખું વિશ્વ તો મેં જ બનાવેલું છે અને એ બધું
તો મારું જ છે.” “હું એવા લોકોનું સન્માન કરીશ, જેઓ દીનદુ:ખી હોય,
કચડાયેલા અને ભાંગી પડેલા હોય, અને જે મારી આજ્ઞા માથે ચડાવતો
હોય અને જે મારા વચન સમક્ષ ધ્રૂજતો હોય. 3 પરંતુ જે લોકો પોતાની
જાતે પોતાના માર્ગની પસંદગી કરીને પોતાનાં પાપોમાં આનંદ માને છે
અને જૂઠા દેવોને ધૂપ અર્પણ કરે છે, તેમને હું શ્રાપ આપીશ. દેવ તેમના
અર્પણોને માન્ય રાખશે નહિ, આવા માણસો દેવની વેદી પર બળદનું
બલિદાન આપે તે મનુષ્યના બલિદાન સમાન ગણાશે અને તેનો સ્વી-
કાર થશે નહિ. પણ જો તેઓ ઘેટાંનું ખાદ્યાર્પણ લાવે તો તે દેવની ષ્ટિમાં
કૂતરાં અથવા ડુક્કરના રકતનું અર્પણ કરવા જેવું ધિક્કારપાત્ર ગણાશે!
4 હું તેઓ જેનાથી ડરે છે એવી આફતો જ પસંદ કરીને એમને માથે
ઉતારીશ. કારણ કે મેં હાંક મારી ત્યારે તેઓએ પ્રત્યુત્તર ન આપ્યો. મેં
તેઓને સંબોધ્યા ત્યારે તેઓએ સાંભળ્યું નહિ; મારી નજરે જે ખોટું હતું
તે તેઓએ કર્યું. અને મને ન ગમે તેવું તેઓએ પસંદ કર્યું.” 5 યહોવાના
વચનથી ધ્રૂજનારા, અને જેઓ દેવનો ભય રાખે છે તેઓ આ વચન
સાંભળો: “તમારા ભાઇઓ તમારો દ્વેષ કરે છે અને મારા નામ પ્રત્યેના
વિશ્વાસુપણાને લીધે તમને કાઢી મૂકે છે, તમારો બહિષ્કાર કરી મહેણાં
મારે છે; ‘અમે જોઇએ તો ખરાં કે યહોવા પોતાનો મહિમા કેવો પ્રગટ કરે
છે અને તમે કેવા ખુશ થાઓ છો!’ પરંતુ તેઓ પોતે જ ફજેત થશે.”
6 સાંભળો, નગરમાં આ સર્વ કોલાહલ ઊઠે છે, મંદિરમાંથી અવાજ સંભ-
ળાય છે! એ પોતાના દુશ્મનો પર વૈર વાળતા યહોવાનો અવાજ છે.
7 “પ્રસવવેદના થતાં પહેલાં બાળકને જન્મ આપનારી સ્ત્રી જેવી આ
મારી પવિત્ર નગરી છે. 8 આવું કદી કોઇએ જોયું છે કે સાંભળ્યું છે? શું
એક જ દિવસમાં કદી કોઇ દેશ અસ્તિત્વમાં આવે ખરો? સિયોનને પ્ર-
સવ વેદના વેઠવી પડશે નહિ, અને તે પહેલાં એ દેશને જન્મ આપશે.
9 યહોવા તમારા દેવ પૂછે છે કે, પ્રસૂતિકાળ પાસે લાવીને પછી પ્રસવ ન
થાય એવું શું હું કરીશ? ના, એમ હું કદી નહિ કરું.” 10 યહોવા કહે છે,
“યરૂશાલેમ પર પ્રેમ રાખનારાઓ, તેની સાથે તમે પણ આનંદો, હર્ષો-
લ્લાસ માણો! એને માટે આક્રંદ કરનારાઓ, હવે તેના આનંદમાં આનંદ
માનો; 11 માતાની શાતાદાયક છાતીએ ધાવીને બાળક જેમ ધરપત
અનુભવે છે તેમ તમે એની ભરી ભરી સમૃદ્ધિ ભોગવીને તૃપ્તિ પામશો.”
12 યહોવા કહે છે, “હું એના પર સરિતાની જેમ સુખશાંતિ વહાવીશ અને

ઊભરાતા વહેણાની જેમ પ્રજાઓની સમૃદ્ધિ રેલાવીશ. તમે ધાવશો; કેડે
ઊંચકી લેવાશો, ખોળામાં તમને ખૂબ લાડ લડાવાશે. 13 નાનાં બાળકો-
ને જેમ તેની મા દિલાસો આપે છે, તે પ્રમાણે હું તમને દિલાસો આપીશ;
અને યરૂશાલેમમાં તમે સૌ દિલાસો પામશો.” 14 તમે જ્યારે યરૂશાલેમને
જોશો ત્યારે તમારા હૃદયમાં આનંદ થશે; તમારી તંદુરસ્તી લીલોતરીની
જેમ ઉગશે. યહોવાનો ભલાઇનો હાથ તેમના લોકો પર છે, અને તેમનો
કોપ તેમના શત્રુઓ પર છે, તે સર્વ પ્રજાઓ જોઇ શકશે. 15 યહોવા
અગ્નિની જેમ, વાવંટોળ જેવા રથો સાથે પ્રખર રોષથી અને ભભૂકતા ક્રો-
ધાગ્નિથી આઘાત કરવાને આવી રહ્યા છે. 16 યહોવા આગ અને તરવાર-
થી આખી માનવજાતનો ન્યાય તોળશે, અને ઘણા યહોવાને હાથે માર્યા
જશે. 17 જેઓ દેહશુદ્ધિ કરી, સરઘસ કાઢી બીજા દેવોનાં ઉપવનમાં પૂજા
કરવા પ્રવેશ કરે છે, “જેઓ ભૂંડનું માંસ, ઊંદર અને સાપોલિયાનાં મના
કરાયેલા માંસની ઉજાણી કરે છે, તે બધાનો તેમના કૃત્યો અને વિચારો
સાથે દુ:ખદ અંત આવશે. 18 “તેઓ શું કરી રહ્યા છે અને તેઓ શું વિચા-
રી રહ્યા છે તે સર્વ હું જોઇ શકું છું. તેથી હું સર્વ પ્રજાઓને યરૂશાલેમમાં
એકઠી કરીશ અને ત્યાં તેઓ મારો મહિમા જોશે. 19 હું તેમને એક એંધા-
ણી આપીશ અને તેમનામાંના બચી ગયેલાઓને જુદી જુદી પ્રજાઓમાં
મોકલીશ. હું તેમને લીબિયા અને લ્યુડ તેમના કાર્યકુશળ ધર્નુધારીઓ
સાથે, અને તાશીર્શ, (પુટ અને બુદમા,) અને તુબાલ અને ગ્રીસ તથા દૂર
દૂરના દરિયાપારના દેશોમાં, જ્યાંના લોકોએ મારા ઉપદેશો સાંભળ્યાં
નથી કે મારો મહિમા જોયો નથી, અને મારા મોકલેલા એ લોકો ત્યાંની
પ્રજાઓમાં મારો મહિમા પ્રગટ કરશે. 20 અને યહોવાને માટે ઉપહાર
તરીકે દરેક પ્રજાઓમાંથી તારા સર્વ ભાઇઓને પાછા લાવશે. ત્યાંથી તે-
ઓને મારા પવિત્ર પર્વત યરૂશાલેમમાં ઘોડાઓ પર, રથોમાં, પાલખી-
ઓમાં, ખચ્ચરો પર તથા ઊંટડીઓ પર બેસાડીને કાળજીપૂર્વક લાવ-
વામાં આવશે, એમ યહોવા કહે છે. કાપણીના સમયમાં જેમ અર્પણોને
યહોવાના શુદ્ધ પાત્રોમાં મંદિરમાં લાવવામાં આવે તેમ તેઓ યહોવાની
સમક્ષ અર્પણ રૂપ થશે. 21 તેઓમાંના કેટલાકને હું મારા યાજકો અને
લેવીઓ બનાવીશ એમ યહોવા કહે છે.નવું આકાશ અને નવી પૃથ્વી
22 “હું જે નવું આકાશ અને નવી પૃથ્વી બનાવવાનો છું તે મારી નજર
સમક્ષ કાયમ રહેશે, તેમ તમારા વંશજો અને તમારું નામ પણ કાયમ
રહેશે. 23 વળી યહોવા કહે છે કે, દર મહિને ચદ્રદર્શનને દિવસે અને દર
અઠવાડિયે વિશ્રામવારને દિવસે આખી માનવજાત મારી આગળ ઉપા-
સના કરવા આવશે. 24 “અને તેઓ બહાર જશે ત્યારે મારી સામે બળવો
કરનારાંના મુડદાં તેઓ જોશે; કારણ કે તેઓનો કીડો કદી મરનાર નથી;
તેઓનો અગ્નિ ઓલવાશે નહિ; અને તેઓ સમગ્ર માણસજાતને ધિક્કા-
રપાત્ર થઇ પડશે.”

# યર્મિયા

1 બિન્યામીન પ્રદેશના અનાથોથ ગામના યાજક કુળસમૂહના હિ-
લ્કિયાના પુત્ર યર્મિયા પાસે દેવ તરફથી આવેલા આ યહોવાના
વચન છે: 2 યહૂદિયાના રાજા આમોનના પુત્ર યોશિયાના રાજ્યમાં તેરમે
વર્ષેર્ તેને યહોવાની વાણી સંભળાઇ; 3 વળી યોશિયાના પુત્ર યહોયાકી-
મના રાજ્યશાસન દરમ્યાન તેમ જ તે પછી યોશિયાના પુત્ર સિદકિયા-
ના રાજ્યના અગિયારમા વર્ષ સુધી એ સંભળાતી રહી. એ વર્ષના પાંચ-
મા મહિનામાં યરૂશાલેમના લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા. 4 યહો-
વાએ મને કહ્યું: 5 "તને ગર્ભમાં ઘડ્યો તે પહેલાં મેં તને પસંદ કર્યો હતો;
તું જન્મ્યો તે પહેલાં મેં તને આ કામ માટે પવિત્ર કર્યો હતો, આ તો પ્ર-
જાઓના પ્રબોધક થવા માટે મેં તને નીમ્યો હતો." 6 મેં કહ્યું, "હે પ્રભુ
યહોવા! હું તેમ કરી શકું તેમ નથી, મને બોલતા તો આવડતું નથી, હું તો
હજી નાની વયનો બાળક છું!" 7 પરંતુ યહોવાએ કહ્યું, "'હું બાળક છું,
'એવું કહીશ નહિ.' કારણ કે હું તને જે બધા લોકો પાસે મોકલું ત્યાં તારે
જવાનું જ છે, અને હું જે કઇં તને કહું તે તારે તેમને જરૂર કહેવુ પડશે.
8 તે લોકોથી બીશ નહિ, કારણ, હું તારી જોડે રહી તારું રક્ષણ કરીશ.'"
આ યહોવાના વચન છે. 9 પછી યહોવાએ પોતાનો હાથ લંબાવીને મારા
મોંને સ્પર્શ કર્યો અને મને કહ્યું,"જો મેં મારાં વચનો તારા મુખમાં મૂક્યાં
છે! 10 આજે હું તને પ્રજાઓ અને રાજ્યો પર સત્તા આપું છું, તારે તોડી
પાડવાનું અને ઉખેડી નાખવાનું છે, વિનાશ કરવાનું અને ઉથલાવી ના-
ખવાનું છે, બાંધવાનું અને રોપવાનું છે." 11 પછી મને યહોવાએ કહ્યું,
"યર્મિયા, જો! તું શું જુએ છે?" મેં જવાબ આપ્યો, "બદામડીના ઝાડની
ડાળીને હું જોઇ શકું છુ." 12 પછી યહોવાએ મને કહ્યું, "તેં જે કઇં જોયું તે
બરાબર છે, કારણ, હું તારા પરના મારાં વચનો પૂરાં કરવાની બાબતની
ખાતરી કરવા ધ્યાનથી જોઉ છું." 13 ફરીવાર મને યહોવાનાં વચન સંભ-
ળાયા, "તને શું દેખાય છે?"મેં કહ્યું, "એક ઊકળતો ચરું દેખાય છે; એ
ઉત્તર તરફથી આ તરફ નમેલો છે." 14 યહોવાએ કહ્યું, "ઉત્તરમાંથી જ
આ દેશનાં સૌ વાસીઓ પર આફત ઉતરશે. 15 હા! જુઓ, હું ઉત્તરમાં
બધા રાજ્યોને બોલાવું છું. તેમના રાજાઓ યરૂશાલેમના દરવાજા સામે
તેની ફરતેની દીવાલની સામે, તેમ જ યહૂદિયાના બધા નગરોની સામે
પોતપોતાનું સિંહાસન માંડશે. આ યહોવાના વચન છે. 16 મારા લોકોના
સર્વ દુષ્કૃત્યો બદલ હું તેમને સજા ફરમાવીશ. કારણ, તેમણે મને છો-
ડીને બીજા દેવોની આગળ ધૂપ કર્યા છે, પોતે બનાવેલી મૂર્તિઓની પૂ-
જા પણ કરી છે. 17 "તારા માટે તારે ઉભા થવું પડશે, તારો પોષાક પહેર
અને બહાર જા, અને હું તને જે ફરમાવુ તે તું જઇને તેઓને કહે. તેઓથી
ડરીશ નહિ, નહિ તો હું તને તેઓની આગળ ભયગ્રસ્ત ઠરાવીશ. 18 અને
તેના બદલે હું તને, તે શહેર જેની બાજુએ કિલ્લો હશે તેવો બનાવીશ
અને તને લોખંડી સ્તંભ જેવો અને કાંસાની દીવાલ બનાવું છું જેથી તું
રાજાઓ, આગેવાનો, યાજકો અને યહૂદિયાના બધા લોકો જે તારી વિ-
રુદ્ધ છે, તેમની સામે ઊભો રહી શકે. 19 તેઓ તારી સાથે યુદ્ધ કરશે,
પણ તને હરાવી શકશે નહિ, કારણ, હું તારે પડખે રહી તારું રક્ષણ
કરીશ." આ હું યહોવા બોલું છું.
2 ફરીથી યહોવાએ મારી સાથે વાત કરીને આ પ્રમાણે કહ્યુ: 2 "જા,
અને યરૂશાલેમ સાંભળે તે રીતે ઘોષણા કર:"'આ યહોવાના વચન
છે: મને યાદ છે કે, જુવાનીમાં તારી ભકિત કેવી અચળ હતી! નવાં નવાં
પરણ્યાં ત્યારે તું મારા પર કેટલો પ્રેમ રાખતી હતી! તું રણમાં ઉજ્જડ પ્રદે-
શમાં મારી પાછળ પાછળ આવી હતી. 3 એ દિવસોમાં, હે ઇસ્રાએલ, તું
મને સમપિર્ત હતી, જાણે ફસલની પહેલી ઊપજ. જે કોઇ તને ખાવા ધા-
તું તેને સજા થતી, તેને માથે આફત ઊતરતી." આ હું યહોવા બોલું છું.
4 હે યાકૂબના કુટુંબો, ઇસ્રાએલના કુળસમૂહો, યહોવાની વાણીનો સંદે-
શો સાંભળો. 5 યહોવા કહે છે, "તમારા પિતૃઓને મારામાં શો દોષ દેખા-
યો કે તેઓ મને છોડીને દૂર ચાલ્યા ગયા? તેઓ વિસાત વગરની મૂર્તિ-
ઓને ભજવા લાગ્યા અને પોતે વિસાત વગરના થઇ ગયા. 6 તેઓએ પૂ-
છયું નહી કે યહોવા ક્યાં છે? જે અમને મિસરમાંથી સલામત બહાર લા-
વ્યા અને અમને રેતી અને ખડકોની ભૂમિમાંથી દોરી ગયાં, જ્યાં સદા-
કાળ દુકાળ અને અંધકાર હોય છે, જ્યાં નથી કોઇ માણસના ક્યારેય
પગલાં પડ્યાં કે નથી કોઇ ત્યાં ક્યારેય વસ્યું" 7 યહોવાએ કહ્યું "હું જ
તેમને ફળદ્રુપ પ્રદેશમાં લઇ આવ્યો, જેથી તેઓ તેની મબલખ ઊપજ
ભોગવે. પણ તેમણે તો તેમાં પ્રવેશ કરતાં વેંત તેને અશુદ્ધ બનાવ્યો, મેં
આપેલી ભૂમિને ધૃણાપાત્ર બનાવી દીધી. 8 યાજકોએ કદી પૂછયું નથી
કે, 'યહોવા ક્યાં છે?' શાસ્ત્રના જાણકારોએ મને ઓળખ્યો નથી, લોકો-
ના આગેવાનોએ મારી સામે બળવો કર્યો છે. પ્રબોધકોએ બઆલદેવની
આરાધના કરી અને નકાંમા દેવોને ભજવામાં સમય બગાડ્યો."
9 "આથી હું, યહોવા, ફરી એકવાર મારા લોકો સામે આરોપ મુકું છું-તેમ-
ની અને તેમના વંશજો સામે. 10 સાગર પાર કરી પશ્ચિમમાં જાઓ કે પૂર્વ-
માં તપાસ કરો. ધ્યાનથી જુઓ અને વિચાર કરો, આવું કદી બન્યું છે
ખરું ? 11 કોઇ પ્રજાએ કદી દેવોને બદલ્યા છે? ભલેને એ પછી નામના
હોય? પરંતુ મારા લોકોએ તો પોતાના ગૌરવશાળી દેવના બદલામાં
નકામી મૂર્તિઓને સ્વીકારી છે. 12 આ જોઇને આઘાત પામો. ઓ સ્વર્ગ
આઘાત પામો, અને સંપૂર્ણ વિનાશ પામો." આ યહોવાની વાણી છે.
13 મારા લોકોએ બે પાપ કર્યા છે; તેમણે મારો ત્યાગ કર્યો છે, જે જીવન-
જળનું ઝરણું છે તેના જળનો ત્યાગ કર્યો છે, અને જેમાં જળ રહી શકતું
નથી એવા ભાંગેલા ટાંકા તેઓએ પોતાને માટે બાંધ્યા છે. 14 ઇસ્રાએલ
શા માટે ગુલામોની પ્રજા બની છે? શા માટે તેને બંદીવાન બનાવી દૂર
દેશમાં લઇ જવામાં આવી છે? 15 તરૂણ સિંહોએ તેની સામે ગર્જના કરી
છે, તેઓ ઘુરઘુરાટ કેમ કરે છે? એની ભૂમિ વેરાન કેમ થઇ ગઇ છે? એનાં
શહેરો બળીને ખાક કેમ થઇ ગયા છે, ઉજ્જડ કેમ છે? 16 અને હજી મેમ્ફિ-
સના અને તાહપન્હેસના મિસરી સૈન્યે તારી ખોપરી તોડી નાખી. તારું
માથું વાઢી નાંખશે. 17 શુ આ સાચું નથી? કે તું જ આ દશા તારી પર લા-
વ્યો છે? તેં આવું તારા યહોવા દેવને છોડી દઇને કર્યું છે, જયારે તે તને
માર્ગમાં દોરી રહ્યો હતો. 18 અને હવે નીલ નદીનાં પાણી પીવા મિસર
જવાનો શો અર્થ છે? અને ફ્રાંત નદીનાં પાણી પીવા આશ્શૂર જવાનો શો
અર્થ છે? 19 તારા પોતાનાંજ દુષ્કૃત્યોના પરિણામ તું ભોગવશે, તારા
પોતાના જ ધર્મથી વિમુખ થવાની સજા તું ભોગવી રહ્યો છે, "તારી જાતે
જો અને જાણ કે મારાથી, તારા યહોવા દેવથી મોઢું ફેરવી લેવું અને મારો
ભય રાખ્યા વગર જીવવું એ કેટલું અનિષ્ટ અને નુકશાનકારક છે." આ
સૈન્યોનો દેવ યહોવાના વચન છે. 20 "હા! ઘણા સમય પહેલા તેં તારી
ઝૂંસરી ભાંગી નાખી. અને દોરડાં જેણે તને તેની સાથે બાંધ્યો હતો તે
તોડી નાખ્યા અને મને કહ્યું કે, 'હું તારો ગુલામ નહિ થાઉં.' અને દરેક
ઊંચા પર્વત પર તથા દરેક લીલા વૃક્ષની નીચે તે વારાંગનાની જેમ
વર્તન કર્યું છે. 21 મેં તો તને ઉત્તમ દ્રાક્ષલત્તા માની, જાતવાન રોપો મા-
ની રોપી હતી, પણ તું તો ષ્ટ માણસોની આવી દુષ્ટ પેઢી જેવી કેવી રીતે
બની? 22 સાબુ તથા ખારો મોટા પ્રમાણમાં વપરાય તોપણ તે તમને શુ-
દ્ધ કરી શકશે નહિ, યહોવા દેવ કહે છે કે, તારા અપરાધોના ડાઘ સદા
મારી આંખો સમક્ષ છે." 23 તું કેવી રીતે કહી શકે કે, 'મેં મારી જાતને ષ્ટ
નથી કરી અને, હું બઆલ દેવની પાછળ નથી દોડી?' પેલા કોતરમાં તું
શી રીતે વતીર્ હતી તે યાદ કર, અને તેં જે કર્યું તે કબૂલ કર. તું તો ઋતુ-
માં આવેલી સાંઢણી જેવો છે, જે ગાંડી થઇને ગમે તેમ દોડે છે. 24 તું રા-
નમાં ઊછરેલી જંગલી ગધેડી છે, જે કામાવેશમાં છીંકારા કરતી રણમાં

દોડી જાય છે, વેતરે આવી હોય ત્યારે કોણ એને રોકી શકે? કોઇ નરે તે-
ની પાછળ કાલાવાલા કરવાની જરૂર નથી. વેતરે આવતાં એ જાતે
આવીને ઊભી રહેશે. 25 જો જે, તારા પગની ખરી ઘસાઇ ન જાય, જો જે
તારે ગળે પાણીનો શોષ ન પડે! પણ તું કહે છે, 'એ નહિ સાંભળું મને
અજાણ્યાઓ પ્રત્યે પ્રીતિ છે અને મારે તેમની પાછળ જ જવું છે.' 26 જેમ
ચોર પકડાય ને ફજેત થાય, તેમ તમે ઇસ્રાએલના લોકો ફજેત થશો,
તમે બધા જ તમારા રાજાઓ, આગેવાનો, યાજકો અને પ્રબોધકો,
27 તમે લાકડાંની અને પથ્થરની મૂર્તિઓને કહો છો, 'તમે અમારાં મા-
બાપ છો.' તમે મારી તરફ પીઠ ફેરવી છે, 'મને તમારું મોં સુદ્ધાં બતાવતા
નથી.' પણ આફત આવે છે ત્યારે મને હાંક મારો છો, 'યહોવા આવો,
અમને બચાવો!' 28 તમે પોતે બનાવેલા આ દેવોને શા માટે વિનંતી કર-
તા નથી? જો તેઓ કરી શકે તો ભલે આવીને તેઓ તમને મુશ્કેલીઓ-
માંથી ઉગારે. હે યહૂદિયા, તારે તો જેટલાં નગર છે તેટલાં દેવોની મૂ-
ર્તિઓ છે. 29 યહોવા કહે છે, "મારી વિરુદ્ધ તમે શા માટે ફરિયાદ કરો
છો? મારી સામે તો તમારામાંના બધાએ બળવો કર્યો છે." 30 "મેં તમારા
બાળકોને માર્યા કે તમને સજા થાય પણ તે વ્યર્થ ગયું. તમારામાં કોઇ
સુધારો થયો નથી. તમારી જ તરવાર ભૂખ્યા સિંહની જેમ તમારા પ્રબો-
ધકોને ભરખી ગઇ." 31 હે મારા લોકો, તમે તે કેવા છો? મારી વાત ધ્યા-
નથી સાંભળો! "શું હું તમારા માટે વેરાન વગડા જેવો કે ઘોર અંધકારની
ભૂમિરૂપ હતો! મારા લોકો શા માટે કહે છે કે 'અમે સ્વતંત્ર થયા છીએ;
હવે અમે તેમની સાથે કોઇ સંબંધ રાખવા માંગતા નથી?' 32 શું કોઇ
કન્યા કદી પોતાનાં ઘરેણાં ભૂલે? કોઇ નવવધૂ પોતાના કમરપટા ભૂલે?
તેમ છતાં હે મારી પ્રજા, ગણ્યા ગણાય નહિ એટલા દિવસોથી તું મને
ભૂલી ગઇ છે. 33 પ્રેમીઓની પાછળ અભિસારે શી રીતે જવું એ તને
બરાબર આવડે છે. તે માટે દુષ્ટ સ્ત્રીઓને પણ તું શીખવી શકે તેમ છે!
34 તારા વસ્ત્રોનો પાલવ લોહીથી ખરડાયેલો છે, નિર્દોષ ગરીબોના લો-
હીથી! તે કંઇ એ લોકોને તારા ઘરમાં ખાતર પાડતાં પકડ્યા નહોતા.
35 ને છતાં તું કહે છે, 'દેવ રોષે ભરાય તેવું કોઇ કૃત્ય મેં કર્યું નથી. મને
ખાતરી છે તે ગુસ્સે થયા નથી.' તું કહે છે, 'મેં પાપ નથી કર્યું', માટે હું તને
આકરી શિક્ષા કરીશ. 36 તું શા માટે આટલી સરળતાથી માર્ગ બદલે છે?
જેમ આશ્શૂરે તમને નીચા પાડયા છે તેમ મિસર પણ તમને નીચા પાડ-
શે. 37 તેથી તું પણ મિસરની બહાર તારો હાથ તારે માથે મુકીને આવીશ
કારણ કે મેં તેઓનો અસ્વીકાર કર્યો છે જેના પર તે વિશ્વાસ મૂક્યો હતો.
તેથી, તેઓ તારું ભલું નહીં કરી શકે.

3 યહોવા કહે છે, "એક નિયમ છે, કોઇ માણસ પોતાની પત્નીને
છૂટાછેડા આપે અને તેણી તેને છોડીને જાય અને બીજા માણસને
પરણે, તો પછી પહેલો પતિ તેને પાછો લઇ શકે ખરો? ચોક્કસ નહિ -
કારણ એ દેશ પૂરેપૂરા ષ્ટ થયો નથી? હે ઇસ્રાએલી પ્રજા, તેં તો અનેક
પ્રેમીઓ સાથે વ્યભિચાર કર્યો છે! અને તે છતાં પણ તું પાછી આવવા
માંગે છે?" 2 "જરા ઊંચી નજર કરીને ટેકરીઓ તરફ જો, એવી કોઇ જગ્યા
છે જ્યાં તું વેશ્યાની માફક ન વતીર્ હોય? ટાંપી બેઠેલા રણમાંના આર-
બની જેમ તું રસ્તાની ધારે પ્રેમીઓની રાહ જોતી બેઠી છે, અને તેં તારા
અધમ વ્યભિચારથી અને દુષ્ટતાથી ભૂમિને ષ્ટ કરી છે. 3 આથી જ વર-
સાદને રોકવામાં આવ્યો છે અને ત્યાં પાછલો વરસાદ પણ વરસ્યો
નથી; પરંતુ હજી પણ તું બેશરમ વારાંગનાની જેમ વતેર્ છે. 4 હજી થોડા
સમય પહેલા જ તું મને કહેતી હતી, "પિતા તમે તો મારા યુવાવસ્થાના
મિત્ર છો, તમે હંમેશા મારી સાથે રિસાયેલા રહેશો? 5 શુ તમે મારા પર
સદાય રોષમાં રહેશો? તેં મને આમ કહ્યું હતું, પણ છતાં તેં તારાથી થાય
એટલાં પાપ કર્યા." 6 યોશિયા રાજા હતો ત્યારે યહોવા તરફથી મારી પા-
સે આ સંદેશો આવ્યો, "પેલી બેવફા ઇસ્રાએલી પ્રજાએ શું કર્યું છે, તે તેં
જોયું? તે એકેએક ટેકરી પર અને એકેએક ઘટાદાર વૃક્ષ નીચે ગઇ અને
ત્યાં તે વેશ્યાની જેમ વતીર્. 7 મેં ધાર્યું હતું કે, 'એક દિવસ તે મારી પાસે
આવશે અને મારી થઇને રહેશે, પણ તે પાછી આવી નહિ, તેની બેવફા
બહેન યહૂદિયાએ ઇસ્રાએલનું બંડ સતત નિહાળ્યું છે. 8 તેણે એ પણ
જોયું કે, વ્યભિચાર કરવા માટે મેં બેવફા ઇસ્રાએલને છૂટાછેડા આપી
હાંકી કાઢી છે, તેમ છતાં, એની બેવફા બહેન યહૂદિયા ડરી નહિ, તેણે
પણ જઇને વેશ્યાના જેવો વર્તાવ કર્યો. 9 અને તેના કારણે તે એટલી
નફફટ થઇ ગઇ છે વ્યભિચારમાં કે પથ્થર અને લાકડાના ટુકડાની પૂજા
કરી તેણે ભૂમિને અશુદ્ધ કરી છે. 10 આ બધું છતા, ઇસ્રાએલની બહેન
યહૂદિયા સાચા હૃદયથી મારી પાસે આવી નથી. એ માત્ર આવવાનો
ઢોંગ કરે છે." આ યહોવાના વચન છે. 11 વળી યહોવાએ મને કહ્યું કે,
"બેવફા યહૂદિયાની તુલનામાં બેવફા ઇસ્રાએલ તો ઓછી દોષપાત્ર લા-
ગે છે. 12 તેથી જા અને ઉત્તર દિશામાં, આ શબ્દો જાહેર કરીને કહે,
અવિશ્વાસુ ઇસ્રાએલને 'મારી પાસે પાછા આવવા માટે કહે.' એવું યહોવા
કહે છે. 'હવે હું તેમની પર મારા ભવા નહિ ચઢાવું કે તારી સામે ક્રોધે
ભરાઇને નહિ જોઉં, કેમકે હું દયાળુ છું' એવું યહોવા કહે છે. 'હું હંમેશના
માટે ક્રોધે નહી ભરાઉં. 13 ફક્ત તારો દોષ કબૂલ કર કારણ કે તેં, તારા
યહોવા દેવ સામે બળવો કર્યો છે, પ્રત્યેક ઘટાદાર વૃક્ષ નીચે પારકા દે-
વોની મૂર્તિઓની તેં પૂર્ણહૃદયપૂર્વક ઉપાસના કરી છે. તેં મારો સાદ
સાંભળ્યો નથી.'" આ યહોવાના વચન છે. 14 ""પાછા આવો, ઓ બેવફા
બાળકો!" આ હું યહોવા તમને કહું છું,"હા, હું જ તમારો ધણી છું. હું પ્ર-
ત્યેક શહેરમાંથી એક જણને અને દરેક કુટુંબમાંથી હું બે જણને લઇને
તેમને સિયોન પર પાછા લાવીશ. 15 ત્યાં હું મને મનગમતાં રાજકર્તાઓ
તમને આપીશ; ને તેઓ જ્ઞાન તથા બુદ્ધિથી તમારું પાલન કરશે. 16 જો
તમારો દેશ ફરી એક વખત લોકોથી ભરપૂર થશે.""તો ભૂતકાળમાં યહો-
વાનો કરારકોશ તમારી પાસે હતો તે સમયના 'સારા દિવસોની' તમે
ઇચ્છા નહિ કરો. 'તમે કયારેય એવું નહિં વિચારો કે આ દિવસો ભૂતકા-
ળના દિવસો જેટલા સારાં નથી. કરારકોશ ફરીથી બનાવાશે નહિ; 17 તે
વખતે યરૂશાલેમ 'યહોવાનું રાજસિંહાસન' કહેવાશે. અને ત્યાં સર્વ પ્ર-
જાઓ યહોવાની પાસે આવશે અને તેઓ પોતાની ભૂંડી ઇચ્છાઓને
આધીન થવાની હઠ કદી કરશે નહિ, 18 તે વખતે યહૂદિયાના લોકો
ઇસ્રાએલના લોકો સાથે જોડાઇ જશે, અને તે બંને ભેગા મળીને ઉત્તરનાં
દેશમાંથી નીકળી જે ભૂમિ મેં તમારા પિતૃઓને પોતાના તરીકે આપી
હતી તેમાં પાછા આવશે." 19 યહોવા કહે છે,"હે ઇસ્રાએલ, 'મેં વિચાર્યું કે
હું તને મારા પુત્ર જેવો ગણું અને તને એક રળિયામણી ભૂમિ, આખી દુ-
નિયામાં સુંદરમાં સુંદર ભૂમિ વારસામાં આપું.' મેં એમ માન્યું હતું કે, તું
મને 'પિતા' કહીને બોલાવશે અને મારાથી કદી વિમુખ નહિ થાય.
20 પણ તમે મારો વિશ્વાસઘાત કર્યો છે. તમે મારાથી દૂર ચાલ્યા ગયા
છો. અને અસંખ્ય વિદેશી દેવોને તમે સોંપાઇ ગયા છો. વ્યભિચારી
પત્ની પોતાના પતિનો ત્યાગ કરે તેવા તમે થઇ ગયા છો." આ યહોવા-
ના વચન છે. 21 હું ઊંચા પર્વતો પર રૂદન અને દયા યાચનાનો અવાજ
સાંભળું છું. યહોવા દેવથી દૂર ભટકી ગયેલા ઇસ્રાએલી લોકોનો તે
અવાજ છે. 22 યહોવા કહે છે, "પાછાં આવો, હે બેવફા બાળકો! હું તમારી
બેવફાઇ દૂર કરીશ." અને લોકો જવાબ આપે છે, "હે યહોવા, આ રહ્યા
અમે, તમારી પાસે અમે આવીએ છીએ, કારણ, તમે જ અમારા યહોવા
દેવ છો. 23 અમે જાણીએ છીએ કે ટેકરીઓ પર અને પર્વતો પર જૂઠાં દે-
વોની કોલાહલ પૂર્વક પૂજા કરવી વ્યર્થ છે, માત્ર અમારા યહોવા દેવ પા-
સેથી જ ઇસ્રાએલને મદદ મળી શકે છે અને ઇસ્રાએલનું તારણ ફકત
અમારા યહોવા દેવ તરફથી જ શક્ય છે. 24 અમે અમારા બાળપણથી
જોયું છે. અમારા વડીલો પાસે જે હતું તે બધું ઘેટાં-બકરાં, ઢોરઢાંખર
તથા પુત્ર-પુત્રીઓ. તેઓએ યાજકો પાછળ તથા મૂર્તિઓ પાછળ વેડફી
નાખ્યું. ઘૃણાસ્પદ દેવતા બઆલ એ બધાંને ભરખી ગયો છે. 25 અમે
લજ્જિત થયા છીએ અને અમે જેને લાયક છીએ તે અપમાન સહન કરવા
તૈયાર છીએ, કારણ કે અમે અને અમારા વડીલોએ બાળપણથી જ
અમારા યહોવા દેવની વિરુદ્ધ પાપ કર્યું છે; અને અમે તેમને આધીન
થયા નથી, અને અમે તેના હુકમોને માન્યાં નથી."

4 યહોવા કહે છે, "હે ઇસ્રાએલ, જો તારે પાછા આવવું હોય તો તું
મારી પાસે જ પાછો આવ, તારી ઘૃણાસ્પદ મૂર્તિઓ ફગાવી દે
અને ફરીથી ખોટે માગેર્ જતો નહિ 2 અને જો તું સત્યથી, ન્યાયથી તથા
નીતિથી, 'યહોવા જીવે છે' એવા સોગંદ ખાઇશ; તો સર્વ પ્રજાઓ તેનામાં
પોતાને આશીર્વાદિત કહેશે, તથા તેનામાં અભિમાન કરશે." 3 યહૂદિયા-
ના લોકોને અને યરૂશાલેમના વતનીઓને યહોવા આ પ્રમાણે કહે
છે,"તમારાં વણખેડેલા ખેતર ખેડી નાખો, તમારાં બીજ કાંટા ઝાંખરા
વચ્ચે વાવશો નહિ; 4 યહોવાનું શરણું સ્વીકારો, તમારાં હૃદયનો મેલ
ધોઇ નાખો, રખેને તમારા દુષ્કૃત્યોને કારણે મારો રોષ અગ્નિની જેમ
ભભૂકી ઊઠે અને ઠાર્યો ઠરે જ નહિ અને ભડભડતો જ રહે." 5 "યરૂશાલે-

મમાં અને સર્વ યહૂદિયામાં પોકારીને કહો કે, આખા દેશમાં ભય દર્શાવતું
રણશિંગડું વગાડો. 'તમારા જીવ બચાવવાને દોડો! કિલ્લેબંધ નગરોમાં
નાસી જાઓ!' 6 સંકેત ધ્વજ ઊંચો કરો, 'સિયોન ને' "હમણાં જ ભાગી
જાઓ. વિલંબ કરશો નહિ!" કારણ કે હું યહોવા ઉત્તર તરફથી તમારા
પર ભયંકર વિનાશ લાવું છું." 7 "સિંહ" પોતાની ઝાડીમાંથી ચઢી આવ્યો
છે; તે તો પ્રજાઓનો વિનાશક છે; તારા દેશને ઉજ્જડ કરવા માટે તે પો-
તાના રહેઠાણમાંથી બહાર નીકળ્યો છે; તારાં નગરો એવાં ઉજ્જડ થશે કે,
તેઓમાં કોઇ રહેવાસી જોવામાં આવશે નહિ, 8 માટે શોકનાં વસ્ત્રો ધા-
રણ કરો, છાતી કૂટો અને વિલાપ કરો, કારણ, યહોવાનો ઉગ્ર ક્રોધ હજુ
શાંત પડ્યો નથી." 9 યહોવાએ કહ્યું, "તે દિવસે રાજાઓ અને સરદારો
ભયને લીધે કાંપશે, યાજકોને તથા પ્રબોધકોને ભયને કારણે ભારે
આઘાત લાગશે." 10 ત્યારે હું બોલ્યો, "આહા, પ્રભુ યહોવા, તેં અમને
અને યરૂશાલેમના સર્વ લોકોને પૂર્ણપણે છેતર્યા છે તેં તેઓને કહ્યું, 'તમે
શાંતિ પામશો.' પણ તમાર માથા પર તો તરવાર લટકી રહી છે." 11 "તે
સમય આવી રહ્યો છે, જ્યારે યરૂશાલેમના લોકોને કહેવામાં આવશે કે,
અરણ્ય તરફથી તેઓના પર બાળી નાખે તેવા પવનો આવે છે. તે તો
ઉપણવાના કે સ્વચ્છ કરવાના ઉપયોગમાં આવે તેવો હશે નહિ. 12 મારી
તરફથી ખૂબ શકિતશાળી પવન તમારી તરફ દોડયો આવશે. હવે હું
તમારી વિરુદ્ધ મારો ચુકાદો જણાવીશ." 13 જુઓ, તોફાની પવનની જેમ
લશ્કર અમારા પર ચઢી આવશે. તેના રથો વાવાઝોડાની જેમ ધસતા
આવે છે, તેના ઘોડા ગરૂડ કરતાં પણ વેગીલા છે. ઓહ! ખરેખર અમે
ખલાસ થઇ ગયા. 14 હે યરૂશાલેમ, તારા અંતરમાંથી પાપને ધોઇ નાખે,
તો કદાચ તું બચી જાય, તું ક્યાં સુધી તારા અંતરમાં પાપી વિચારો સંઘ-
ર્યા કરીશ? 15 કારણકે દાનથી અને એફ્રાઇમના પર્વતો પરથી તમારા
માટેના ચુકાદાની જાહેરાત થઇ ચૂકી છે. 16 "અન્ય લોકોને જાણ કરો,
યરૂશાલેમમાં દાંડી પિટાવો. યહૂદિયાના નગરો સામે યુદ્ધનાદો કરતા દૂ-
રના દેશથી દુશ્મનો આવે છે. 17 જંગલી પ્રાણીની આસપાસ ભરવાડો
ફરી વળે તે પ્રમાણે તેઓ યરૂશાલેમને ઘેરી લે છે; કારણ કે તેના લોકોએ
યહોવા વિરુદ્ધ બંડ પોકાર્યું છે." યહોવા આ વચનો કહે છે. 18 "હે યરૂશા-
લેમ તારાં પોતાનાં વર્તન અને કાર્યોને કારણે, તેં મારી વિરુદ્ધ બળવો
કર્યો છે. માટે આ બધું તારા પર વિત્યું છે. આ તારી સજા છે! કેવી આક-
રી: તારા હ્રદયને એ કેવું વીંધી નાખે છે!" 19 અરે! ઓહ! માંરુ અંતર કેવું
વલોવાય છે! મારી છાતી કેવી ધડકે છે! હું શાંત રહી શકતો નથી, કારણ
મેં રણશિંગડાનો ધ્વનિ સાંભળ્યો છે. 20 સંકટ પર સંકટ આવે છે, દેશ
આખો ખેદાન મેદાન થઇ ગયો છે, મારા તંબુઓ એકાએક ઢળી પડ્યા
છે. તેના પડદાઓના લીરા ઊડે છે. 21 મારે ક્યાં સુધી રણધ્વજ જોવો
અને રણશિંગડાનો નાદ સાંભળવો? 22 દેવ કહે છે, "જ્યાં સુધી મારા
લોકો મૂર્ખતા ન છોડે ત્યાં સુધી, કારણ, મારા લોકો મૂરખ છે, તેઓ મને
ઓળખતા નથી; એ લોકો નાદાન બાળકો છે. એમને કશી સમજ નથી.
એ લોકો ભૂંડુ કરવામાં ઘણાં ચાલાક છે, પરંતુ સાચું આચરણ કરતાં
એમને આવડતું નથી." 23 મેં તેઓના દેશ પર ચારે દિશાઓમાં જ્યાં સુ-
ધી નજર પહોંચે ત્યાં સુધી ષ્ટિ કરી. સર્વત્ર વિનાશ વેરાયેલો હતો.
આકાશો પણ અંધકારમય હતા. 24 મેં પર્વતો તરફ જોયું, તો તે ધ્રૂજતા
હતા. બધા ડુંગરો ડોલતા હતા. 25 મેં ષ્ટિ કરી, તો કોઇ મનુષ્ય દેખાયું
નહોતું. આકાશનાં પંખીઓ સુદ્ધાં ઊડી ગયા હતા. 26 મેં જોયું, તો ખેતરો
વેરાન થઇ ગયાં હતાં, બધાં નગરો ભોંયભેગા થઇ ગયા હતાં, કારણ,
યહોવા રોષે ભરાયા હતા. 27 કારણ કે યહોવાએ કહ્યું હતું કે, "આખા દે-
શનો વિનાશ થઇ જશે, પણ હું તેનો સંપૂર્ણ નાશ નહિ કરું. 28 સમગ્ર
પૃથ્વી ચિંતા કરશે અને આકાશ અંધકારમય બની જશે. કારણ, યહોવા
બોલી ચૂક્યો છે અને તેનો વિચાર તે બદલનાર નથી, તેણે નિર્ણય કર્યો
છે અને તેમાંથી ડગનાર નથી." 29 ઘોડેસવાર અને બાણાવળીનું નામ
સાંભળતાં જ સમગ્ર દેશ નાસભાગ કરે છે. કેટલાક ઝાડીમાં ભરાઇ જાય
છે, કેટલાક ડુંગરો પર ચઢી જાય છે. એકેએક શહેર સૂનું થઇ જાય છે,
કોઇ ત્યાં રહેતું નથી. 30 તેં શા માટે તારા સૌથી સુંદર વસ્ત્રો અને ઘરેણાં
પહેર્યાં છે? અને શા માટે આંખોમાં કાજળ લગાવીને આંખોને તેજસ્વી
કરી છે? તેનાથી તને લાભ થવાનો નથી. તારા પ્રેમીઓ, પ્રજાઓ તારો
ધિક્કાર કરે છે અને તારો વિનાશ કરવાનું ઇચ્છે છે. 31 હું કોઇની પ્રસવ-
વેદનાની ચીસ જેવી ચીસ સાંભળું છું. પ્રથમ બાળકને જન્મ આપતી
વખતે પ્રસૂતિની વેદનાથી કષ્ટાતી સ્ત્રીના સાદ જેવો અવાજ મેં સાંભ-
ળ્યો છે. એ તો મારા લોકોનો અવાજ છે. તેઓ હાંફી ગયા છે તેઓ પો-
તાના હાથને ખેંચી રહ્યા છે અને રડે છે, "અમે ડૂબી ગયા છીએ, અમારો
સંહાર કરી રહ્યા છે, તેની સામે અમે બેભાન થઇ રહ્યા છીએ."

5 યહોવા કહે છે, "યરૂશાલેમની ગલીએ ગલી શોધી કાઢો, તમારી
ચારેબાજુ જાતે જોઇ વળો, તેના ચોરા ચૌટા જોઇ વળો. ને જુઓ કે
ન્યાયી તથા પ્રામાણિક એવો એક માણસ પણ તમને મળે છે! અને જો
તમને એવો એક પણ માણસ મળે, તો હું યરૂશાલેમને માફ કરું. 2 લોકો
પ્રતિજ્ઞા લે છે અને મારામાં શ્રદ્ધા રાખે છે એમ કહે છે, પણ એ જૂઠું બોલે
છે." 3 હે યહોવા, તમે વિશ્વાસુપણું ચાહો છો. તમે તેઓને પ્રામાણિક
બનાવવા પ્રયત્ન કર્યો. તમે તેઓને શિક્ષા કરી પણ તેઓ સુધર્યા નહિ.
તમે તેઓને પાયમાલ કર્યા છતાં પોતાના પાપોથી પાછા ફરવા તેઓએ
અસંમતિ દર્શાવી. અને પશ્ચાતાપ નહિ કરવાનો તેઓએ નિરધાર કર્યો
છે. તેઓ પાષાણથી પણ વધુ કઠણ છે. 4 પછી મેં કહ્યું, "તેઓ જ
ગરીબ લોકો છે, તેઓને કંઇ ભાન નથી. હા, તેઓને યહોવાના માગોર્
ખબર નથી અને તેમના દેવના કાયદાથી અજાણ છે." 5 હું વડીલો પાસે
તેમની સાથે વાત કરવા જઇશ, કારણ કે તેઓ યહોવા તરફનો માર્ગ જા-
ણે છે અને જેઓ દેવના કાયદા જાણે છે, પણ તે લોકોએ દેવની ઝૂંસરી
ભાંગી નાખી છે અને જોતરો તોડી નાખ્યાં છે." 6 આથી જંગલમાંથી સિંહ
આવી તેમને ભોંયભેગા કરી દેશે. વગડામાંથી વરૂ આવી તેઓને ફાડી
ખાશે. તેમનાં શહેરો ફરતે ચિત્તો આંટા માર્યા કરશે; નગરની બહાર જના-
રા દરેકને તે ફાડી ખાશે, કારણ કે તેઓનાં પાપ અતિઘણાં અને મારી
વિરુદ્ધ તેઓનું બંડ અતિ ભારે છે. અસંખ્ય વાર તેઓ દેવથી વિમુખ
થયાં છે. 7 દેવે કહ્યું, "હું તેમને કંઇ રીતે માફી આપું? તમારા બાળકોએ
મને છોડી દીધો છે અને મૂર્તિઓના નામે વચન આપ્યા છે. મેં તેમને તે-
મના પેટ ભરાય ત્યાં સુધી ખવડાવ્યું, પણ તેઓ વ્યભિચારી નીકળ્યાં.
અને વેશ્યાઓનાં ઘરોમાં ભટકવા લાગ્યા. 8 તેઓ સારો ખોરાક ખવડા-
વીને મસ્ત બનાવેલા ઘોડા જેવા છે; દરેક પોતાની પડોશીની સ્ત્રી તરફ
કુષ્ટિ કરે છે. 9 આ માટે મારે એમને સજા ન કરવી?" શું હું આવી પ્રજાઓ
પર મારું વૈર ન વાળું? 10 "તેમની દ્રાક્ષાવાડીઓમાં પ્રવેશ કરો અને તે-
ઓનો વિનાશ કરો, પણ તેમનો સંપૂર્ણ વિનાશ ન કરો. તેની લીલી ડા-
ળીઓ કાપી નાખો, કારણ કે એ મારી નથી. 11 કારણ કે ઇસ્રાએલનાં
વંશ અને યહૂદાના વંશ બન્ને મને સંપૂર્ણપણે બેવફા નીવડ્યા છે." આ
યહોવાના વચન છે. 12 તેઓએ એમ કહીને અસત્ય ઉચ્ચાર્યુ છે, "'યહો-
વા અમને મુશ્કેલીમાં મૂકશે નહિ! અમારા પર સંકટ આવી પડશે નહિ,
અમે દુકાળ કે યુદ્ધ જોઇશું નહિ!' 13 જૂઠા પ્રબોધકો વાતોડિયા છે અને
હવાભરેલા થેલા જેવા છે. તેઓને કોઇ સંદેશો મળ્યો નથી. તેઓ જે
આપત્તિ વિષે કહે છે તે યહૂદિયા અને ઇસ્રાએલના લોકો પર નહિ આવે
પરંતુ તેમના પોતાના પર ચોક્કસ આવશે!" 14 એથી સૈન્યોનો દેવ યહો-
વા તેમના પ્રબોધકોને કહે છે: "તમારી આ પ્રકારની વાતોને કારણે હું
તમારા શબ્દોને અને ભવિષ્યવાણીને પ્રચંડ અગ્નિમાં ફેરવી નાખીશ
અને બળતણના લાકડાની જેમ આ લોકોને હું ભસ્મ કરીશ." 15 યહોવા
કહે છે, "હે ઇસ્રાએલના લોકો, હું તમારી સામે દૂરથી એક પ્રજાને લઇ
આવું છું. એ પ્રાચીન અને બળવાન પ્રજા છે, અને તેની ભાષા તમે જા-
ણતા નથી. 16 તેઓ બધા પ્રચંડ યોદ્ધાઓ છે, તેમનાં ભાથામાં જીવલેણ
બાણ ભર્યા છે. 17 તેઓ તમારી ફસલ અને તમારો ખોરાક ખાઇ જશે.
તેઓ તમારાં પુત્ર-પુત્રીને ભરખી જશે, તેઓ તમારાં ઘેટાં-બકરાંને અને
ઢોરઢાંખરને ખાઇ જશે; તેઓ તમારી દ્રાક્ષાવાડીઓને અને ફળઝાડોને
ખાઇ જશે; અને તમે જેના પર આધાર રાખો છો, તે તમારા કિલ્લેબંધ
નગરોને તેઓ તોડી પાડશે. 18 તેમ છતાં એ દિવસોમાં પણ- આ હું
યહોવા બોલું છું- હું તમારો સંપૂર્ણ નાશ નહિ કરું. 19 અને યમિર્યા જ્યારે
તમારા લોકો પૂછે, 'શા માટે યહોવા આ શિક્ષા અમારા પર લાવ્યા છે?'
ત્યારે તમે કહેજો, 'તમારા વતનમાં રહીને તમે યહોવાનો નકાર કર્યો અને
અન્ય દેવોની પાછળ ભટકી ગયા. હવે તમે વિદેશીઓના દેશમાં તેઓ-
ની ગુલામગીરી કરશો.'" 20 યહોવા કહે છે, "યાકૂબના વંશજોને આની
જાણ કરો, યહૂદિયાના લોકોમાં આની ઘોષણા કરો: 21 ધ્યાન દઇને
સાંભળો, 'હે મૂરખ અને અક્કલ વગરના લોકો! તમે છતી આંખે જોતા
નથી, છતે કાને સાંભળતા નથી; તમને મારો ભય નથી?'" 22 આ હું

યહોવા બોલું છું “શું તમે મને જોઇને થથરી નહિ જાઓ? મેં સાગરને રે-
તીની પાળ બાંધી છે; એ પાળ કાયમી છે; સાગર એને ઓળંગી શકે
નહિ, સાગર ગમે તેટલો તોફાને ચડે પણ કઈં કરી શકે નહિ. એનાં મોજાં
ગમે તેટલી ગર્જના કરે પણ એને ઓળંગી નહિ શકે. 23 પરંતુ આ લોકો
તો હઠીલા અને બળવાખોરો છો. તેઓ મારાથી દૂર ભટકી ગયા છે.
24 પ્રતિવર્ષ હું તમને પ્રથમ તથા છેલ્લો વરસાદ આપું છું અને વાવણીનો
સમય આપું છું, છતાં તમે તમારી જાતને ક્યારેય કહેતા નથી. ચાલો,
આપણા યહોવા દેવને માન આપીએ.” 25 તમારા પોતાના દુષ્કર્મોથી
વરસાદ તમારાથી વિમુખ થઇ ગયો. અને તમારાં પોતાના પાપે તમને
કુદરતના આશીર્વાદથી વંચિત રાખ્યા છે. 26 મારા લોકોમાં દુષ્ટ માણસો
છે, અને પારધીઓ જેમ ગુપ્ત રહીને શિકાર કરવાનો લાગ શોધે છે, તેમ
તેઓ મનુષ્યને પકડવા માટે ફાંદો માંડે છે. 27 જેમ પાંજરું પક્ષીઓથી
ભરાયેલું હોય છે, તેઓનાં ઘરો વિશ્વાસઘાતથી ભરેલાં છે. પરિણામે
તેઓ મહાન અને શ્રીમંત થઇ ગયા. 28 તેઓ હૃષ્ટપુષ્ટ અને તેજસ્વી
થયા છે. તેઓનાં દુષ્ટ કાર્યોની કોઇ સીમા નથી. તેઓ અનાથોની બા-
બતે ન્યાય કરતા નથી, તેમને સમૃદ્ધ થવાની કોઇ તક આપતા નથી,
અને તેઓ નિર્ધનોના હકોનું રક્ષણ કરતાં નથી. 29 આ બધાં માટે મારે
તેમને સજા ન કરવી? એવી પ્રજાને મારે બદલો ન આપવો?” આ હું
યહોવા બોલું છું. 30 યહોવા કહે છે, “દેશમાં ભયંકર આઘાતજનક વાતો
બની રહી છે: 31 પ્રબોધકો જૂઠી વાણી ઉચ્ચારે છે, યાજકો મનમાની
સત્તા ચલાવે છે; અને મારા લોકોને એ ગમે છે; પણ અંત આવશે ત્યારે
તેઓ શું કરશે?”
6 હે બિન્યામીનના લોકો, જીવ બચાવવા ભાગો, યરૂશાલેમમાંથી
નીકળી જાઓ, તકોઆમાં રણશિંગડું વગાડો અને બેથ-હાક્કેરેમ
પર ચેતવણીનો દીવો પેટાવો, સર્વને ચેતવણી આપો કે ઉત્તર તરફથી
સાર્મથ્યવાન લશ્કર મહાવિનાશ કરવા આવી રહ્યું છે. 2 તુ ખૂબ સુંદર
અને અડકવામાં નાજુક છે, પણ “સિયોનની દીકરી, હું તારો નાશ કર-
વાનો છું.” 3 ઘેટાંપાળકો પોતાનાં ટોળા લઇને ત્યાં આવે છે. એની ફરતે
તંબુઓ નાંખે છે, દરેક જણ પોતાને ગમે તે જગ્યાએ ચરશે. 4 તેઓ કહે
છે: “તેની સામે યુદ્ધે ચડવા માટે તૈયાર થાઓ; ચાલો, આપણે ભરબપોરે
તેના પર હુમલો કરીએ. હાય રે! દિવસ તો ઢળી ગયો, સંધ્યાની છાયા
લંબાતી જાય છે! 5 તો ચાલો, આપણે તેના પર રાતે હુમલો કરીને તેના
મહેલોનો નાશ કરીએ.” 6 આમ સૈન્યોના દેવ યહોવાએ આ પ્રમાણે કહ્યું
છે, “તેણીના વૃક્ષો કાપી નાખો અને યરૂશાલેમ પર આક્રમણ કરવા મો-
રચાઓ ઊભા કરો. આ નગર તો દંડને પાત્ર છે કારણ કે એમાં જુલમ
સિવાય બીજું કશું નથી. 7 જેમ ઝરો પાણીથી ઊભરાય છે તેમ એ દુષ્ટ-
તાથી ઊભરાય છે. નગરમાં મારઝૂડ અને લૂંટફાટ સિવાય કશું જ સંભ-
ળાતું નથી, માંદગી અને ઘા સિવાય કશું જોવા મળતું નથી. 8 માટે યરૂ-
શાલેમ, આ ચેતવણી પર તું ધ્યાન આપ. નહિ તો ધૃણાથી હું તારો
ત્યાગ કરીશ. તને વસ્તી વગરનું વેરાન બનાવી દઇશ.” 9 સૈન્યોના દેવ
યહોવાએ મને કહ્યું, “તમારા પર એક પછી એક આફત આવી પડશે
અને ઇસ્રાએલમાં જે થોડાં બાકી રહેલા હશે તેઓને શોધીને લઇ જવામાં
આવશે. દ્રાક્ષા તોડનાર વેલા પર ચં◌ૂટાયા વગર રહી ગયેલી દ્રાક્ષાઓને
એકત્ર કરવા ફરીથી વેલાને તપાસી જુએ છે, તેમ બચાવી લીધેલા મારા
થોડા લોકોને તું જરૂર જોતો હોઇશ.” 10 મેં જવાબ આપ્યો, “મારે કોને
કહેવું? કોને ચેતવવા? કોણ સાંભળશે? તેમના કાન તમારા વિષે કંઇ
સાંભળવા માંગતા નથી. હા, તેઓ યહોવાના વચનને નિંદાસ્પદ ગણે
છે, તેઓને તે ગમતા નથી. 11 પણ, યહોવા, હું તારા રોષથી ભર્યોભર્યો
છું, હું એને અંદર સમાવી શકતો નથી.” ત્યારે યહોવાએ કહ્યું, “તો એને
મહોલ્લામાં રમતાં નાનાં બાળકો પર અને ટોળે વળતા તરુંણો પર ઠા-
લવ, પતિ, પત્ની, અને ઘરડાઓ સુદ્ધાં બધા જ એનો ભોગ બનશે.
12 તેઓના શત્રુઓ તેઓનાં ઘરોમાં વાસો કરશે અને તેઓનાં ખેતરો
તથા પત્નીઓ લઇ લેશે. કારણ કે હું આ દેશના લોકોને શિક્ષા કરીશ.”
આ યહોવાના વચન છે. 13 “કારણ કે તેઓ બધા સામાન્ય માણસથી
માંડીને છેક ઉચ્ચ અધિકારી સુધી સર્વ તેમના લોભ દ્વારા ખોટા લાભો
મેળવે છે, અને તેમના પ્રબોધકો અને યાજકો પણ તેવી જ છેતરામણી
રીતે વતેર્ છે! 14 તેઓ મારા લોકોના ઘાને સામાન્ય ઉઝરડા હોય એમ
ઉપચાર કરે છે, તેઓ કહે છે કે, ‘બરાબર છે, બધું બરાબર છે.’ પણ
લગારે બરાબર નથી. 15 પોતાનાં અધમ કૃત્યોની તેમને લાજ શરમ
આવે છે ખરી? લાજશરમ? એમને વળી લાજશરમ કેવી? તેઓ ભોંઠપ-
ણને ધોળીને પી ગયા છે. તેથી બીજાની જેમ તેમનું પણ પતન થશે, હું
જ્યારે તેમને સજા કરીશ ત્યારે તેઓ ઠોકર ખાઇને ભોંયભેગા થઇ જશે.”
આ યહોવાના વચન છે. 16 હજુ પણ યહોવા તમને સમજાવે છે: “જુઓ,
ભૂતકાળના વષોર્માં તમે દેવના માગોર્માં ચાલતા હતા. તો જે ઉત્તમ મા-
ર્ગ છે તેની શોધ કરીને તે માગેર્ ચાલો. ત્યાં તમારા આત્માને શાંતિ
મળશે. પણ તમે પ્રત્યુત્તર આપો છો, ‘ના, અમારે એવા રસ્તા પર ચાલ-
વું નથી!’ 17 તમને ચેતવણી આપવા મેં તમારા પર ચોકીદારો નીમ્યા.
‘રણશિંગડાનો અવાજ સાંભળજો, વિપત્તિ આવતી હશે, ત્યારે તે તમને
ચેતવી દેશે.’ પરંતુ તમે કહ્યું, ‘ના, અમે તે તરફ ધ્યાન આપીશું નહિ.’
18 આથી યહોવાએ કહ્યું, “હે પ્રજાઓ, તમે સાંભળો, અને જાણી લો કે
મારા લોકોના શા હાલ થવાના છે. 19 હે પૃથ્વીના લોકો, સાંભળો, અને
નોંધી રાખો, કે તે લોકો પર હું આફત ઉતારનાર છું. એ એમના કાવાદા-
વાનું ફળ છે. તેમણે મારા શબ્દો કાને ધર્યા નથી; અને તેમણે મારા નિ-
યમશાસ્ત્ર નો અસ્વીકાર કર્યો છે.” 20 યહોવા કહે છે, “હવે મારી સમક્ષ
શેબાથી દૂરદેશાવરથી મંગાવેલ ધૂપ-લોબાન બાળવાથી કાંઇ વળવાનું
નથી. તમારી કિંમતી સુગંધીઓ સાચવી રાખો! હું તમારા અર્પણો સ્વી-
કારી શકતો નથી. તેમાં મને પ્રસન્ન કરતી સુગંધ નથી. 21 યહોવા કહે છે,
“તેથી હું મારા એ લોકોને ઠોકર ખવડાવીશ અને તેઓ ભૂમિ પર પછડા-
શે; પિતા અને પુત્ર, પડોશી અને મિત્ર બધા જ નાશ પામશે.” 22 યહોવા
કહે છે, “ઉત્તરમાંથી એક પ્રજા આવી રહી છે, પૃથ્વીને દૂરને છેડે એક
બળવાન પ્રજા યુદ્ધની તૈયારી કરી રહી છે. 23 તેઓ ક્રૂર અને નિર્દય છે,
શસ્ત્રસજ્જ થઇ ઘોડેસવારી કરતા આવે છે, તેઓની કૂચનો અવાજ ઘૂઘ-
વતા સમુદ્ર જેવો છે. હે સિયોનની દીકરી, તેઓ તારી વિરુદ્ધ લડાઇ કર-
વા તૈયાર છે.” 24 લોકો કહે છે, “અમે સમાચાર સાંભળ્યા છે, અમારા ગા-
ત્રો ગળી ગયા છે. અમને વેદના જાગી છે, જાણે પ્રસૂતિની વેદના.
25 બહાર ખેતરોમાં જશો નહિ, રસ્તાઓ પર મુસાફરી કરશો નહિ કારણ
કે સર્વત્ર શત્રુ છે અને સંહાર કરવાને તત્પર છે. ચારે તરફ ભય છે. 26 હે
મારા પ્રિય લોકો શોકનાં વસ્ત્રો ધારણ કરો, રાખમાં બેસો, અને એકના
એક પુત્રને માટે હોય તેમ ભગ્નહૃદયે ચિંતા કર. કારણ કે વિનાશ કરનાર
સૈન્યો એકાએક આપણા પર ચઢી આવશે. 27 યમિર્યા, મેં તને ધાતુઓ-
નો પારખનાર કર્યો છે, મારા લોકોની પરીક્ષા કર, અને તેઓનું મૂલ્ય
નક્કી કર. તેઓ શું કહે છે તે તું સાંભળ. અને તેઓ શું કરે છે તે તું જો.
28 “એ બધા અધમ બંડખોરો અને યહોવાની વિરુદ્ધ દુષ્ટતા ભરેલી વા-
તો કરનારા નથી? તેઓ પિત્તળ જેવા કઠોર અને લોખંડ જેવા ક્રૂર છે.
29 ધમણ ચાલે છે, વેગથી હવા ફૂંકે છે. અને શુદ્ધ કરનારો અગ્નિ વધુ પ્ર-
બળ બની અતિશય ગરમી આપતો જાય છે. આવો અગ્નિ પણ તેઓને
શુદ્ધ કરી શકતો નથી. કારણ કે તેઓમાંથી કોઇ જ પ્રકારની શુદ્ધતા
બહાર આવી શકે તેમ નથી. તો પછી શુદ્ધિકરણની પ્રક્રિયા શા માટે ચા-
લુ રાખવી? તે બધુંજ કચરો છે. અગ્નિ ગમે તેટલો પ્રબળ બને પણ તેઓ
તો પોતાના દુષ્ટ માગોર્માં ચાલુ જ રહે છે. 30 તેઓ ‘નકારેલી ચાંદી એમ
કહેવાય છે. કારણ કે યહોવાએ તેમનો નકાર કર્યો છે.”
7 પછી યહોવાએ યમિર્યાને કહ્યું, 2 “યહોવાના મંદિરના પ્રવેશદ્વાર
પાસે તું જા અને ત્યાં થઇને મારી ઉપાસના કરવા આવનાર સૌ
યહૂદિયા વાસીઓની આગળ જાહેરાત કર; 3 ઇસ્રાએલના દેવ સૈન્યોનો
દેવ યહોવાનાં વચન સાંભળો, તે કહે છે; ‘તમારાં આચરણ અને કમોર્
સુધારો, તો હું તમને આ સ્થળે રહેવા દઇશ. 4 પરંતુ તે લોકોનો વિશ્વાસ
કરતાં નહિ, જેઓ જૂઠું બોલતા એમ કહેતા રહે છે, “યહોવાનું મંદિર,
યહોવાનું મંદિર, યહોવાનું મંદિર અહીંયાં જ છે.” 5 કારણ કે જો તમે સાચે
જ તમારો સ્વભાવ સુધારો અને તમારા કમોર્ સુધારો અને તમે સાચે જ
એકબીજા સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર કરો, 6 અને જો તમે વિદેશીઓ,
અનાથો અને વિધવાઓનું શોષણ ન કરો, અને જો તમે આ જગ્યાએ
નિદોર્ષનું લોહી ન રેડો અને જો તમે બીજા દેવો પાછળ દોડી તમારો પો-
તાનો જ વિનાશ ન નોતરો; 7 તો હું તમને આ દેશમાં વસવા દઇશ. આ
ભૂમિ મેં તમારા પિતૃઓને સદાકાળ માટે આપેલી છે. 8 “‘જરા જો કે તું શું
કરી રહ્યો છે? શું તું હજી એ છેતરામણા શબ્દોમાં માને છે જે તને કોઇ
રીતે મદદ ન કરી શકે? 9 તમે ચોરી કરો છો, ખૂન કરો છો, વ્યભિચાર

કરો છો. ખોટા સોગંદ ખાઓ છો. બઆલદેવને ભોગ ચઢાવો છો. અને
અજાણ્યા જ બીજા દેવોની પાછળ પડો છો. 10 અને પછી અહીં આવી
મારા મંદિરમાં મારી સમક્ષ ઊભા રહીને કહો છો, “અમે સુરક્ષિત છીએ,”
આ બધા અધમ કાર્યો કરવાને અમને છૂટ છે! 11 તમે શું એમ માનો છો
કે આ મારું મંદિર એ ચોરલૂંટારાનો અડ્ડો છે? યાદ રાખજો, મેં જાતે આ
બધું જોયું છે.’” આ હું યહોવા બોલું છું. 12 “‘મારું સ્થાન એક વખત ‘શી-
લોહમાં હતું ત્યાં જાઓ, જ્યાં મારું પ્રથમ નિવાસસ્થાન હતું. અને જોઇ
આવો કે મારા લોકો ઇસ્રાએલીઓની દુષ્ટતાને કારણે મેં તેના શા હાલ
કર્યા છે! 13 અને હવે, જ્યારે આ સર્વ દુષ્ટતા તમે કરી છે માટે હવે હું
તમારી સાથે પણ એવો જ વ્યવહાર કરીશ. મેં વારંવાર કહ્યું છે કે યહોવા
આ પ્રમાણે કહે છે, છતાં તમે મારું સાંભળ્યું નહિ, મેં તમને સાદ કર્યો
છતાં તમે પ્રત્યુત્તર ન આપ્યો. 14 તેથી તમે મદદ માટે મંદિર પર ભરોસો
રાખો છો, પણ મેં જેમ ‘શીલોહ’માં કર્યું તેમ મારા નામથી ઓળખાતા આ
મંદિરનો અને તમારા પિતૃઓનો પ્રદેશ તથા તમને મેં આપેલા આ સ્થ-
ળનો હું નાશ કરીશ. 15 તમારા ભાઇઓને એટલે એફ્રાઇમના લોકોને
જેમ કર્યું હતું, તેમ હું તમને બંદીવાસમાં મોકલી આપીશ.’” 16 યહોવાએ
મને કહ્યું, “યમિર્યા, એ લોકો માટે પ્રાર્થના કરીશ નહી, મારી આગળ
કોઇ મધ્યસ્થી કરીશ નહિ, કારણ, હું સાંભળનાર નથી. 17 તું જોતો નથી
કે યહૂદિયાના નગરોમાં અને યરૂશાલેમની શેરીઓમાં તેઓ શું કરી રહ્યા
છે? 18 આકાશની રાણી માટે ભાખરી બનાવવા બાળકો લાકડાં વીણે
છે, પુરુષો દેવતા સળગાવે છે અને સ્ત્રીઓ ગૂંદે છે. બીજા દેવોને પણ
તેઓ પેયાર્પણ ચઢાવે છે. જાણે મારું અપમાન ન કરતાં હોય? 19 શું
તેઓ ખરેખર મારું અપમાન કરે છે? ખરું જોતાં તેઓ પોતાનું જ અપ-
માન કરતાં નથી? પોતે જ શરમજનક નામોશી વહોરી લેતા નથી?”
20 તેથી આ હું યહોવા બોલું છું, “મારો રોષાગ્નિ અને મારો ક્રોધાગ્નિ આ
જગ્યા પર તેમ જ ખેતરો પર ઊતરશે, અને તે હોલાવ્યો પણ હોલવાઇ
જશે નહિ.” 21 ઇસ્રાએલના દેવ સૈન્યોનો દેવ યહોવાના આ વચન છે,
“મારા લોકો, ભલે તમે મને ચઢાવેલ યજ્ઞ ભેગુ દહનાર્પણ પણ લઇ લો
અને એ બધું માંસ તમે ખાઇ જાઓ. 22 કારણ કે તમારા પિતૃઓને હું મિ-
સરમાંથી લઇ આવ્યો હતો, ત્યારે મેં તેમને દહનાર્પણ અને યજ્ઞ વિષે
કશુંય નહોતું કહ્યું કે, કોઇ આજ્ઞાય ફરમાવી નહોતી; ફકત મેં તેઓને
કહ્યું હતું; 23 ‘મને આધીન થાઓ અને હું તમારો દેવ થઇશ અને તમે
મારા લોકો થશો; હું તમને ફરમાવું છું તેટલું તમે કરો તો તમે સુખી અને
સમૃદ્ધ થશો!’ 24 “પરંતુ તેઓએ સાંભળ્યું નહિ, ને ધ્યાન પણ આપ્યું
નહિ, પોતાના દુષ્ટ હઠીલા વિચારો પ્રમાણે જ ચાલ્યા. સારા બનવાને
બદલે તેઓ વધારે ખરાબ થતા ગયા. આગળ વધવાને બદલે પાછળ
હટયા. 25 તમારા પૂર્વજો મિસરમાંથી બહાર આવ્યા ત્યારથી અત્યાર સુ-
ધી, સતત મેં મારા સેવકો પ્રબોધકોને તમારી પાસે મોકલ્યા છે. 26 છતાં
તમે મારું સાંભળ્યું નથી. ધ્યાન આપ્યું નથી. અને હઠીલા થઇને તમારા
પિતૃઓ કરતાં પણ વધારે બંડખોર થઇને ર્વત્યા છો. 27 યમિર્યા, તું
જ્યારે તેમને આ વાત કરશે ત્યારે તેઓ સાંભળવાના નથી, તું જો તેમને
સાદ કરશે તો તેઓ જવાબ આપનાર નથી. માટે યોગ્ય પ્રત્યુત્તરની
આશા રાખીશ નહિ. 28 માટે તું એમને કહેજે, ‘આ એ પ્રજા છે જે પોતાના
દેવ યહોવાનું સાંભળતી નથી કે સુધરતી નથી; સચ્ચાઇ મરી પરવારી
છે; એમને મોઢે હવે એનું નામ પણ સાંભળવા મળતું નથી.” 29 “હે યરૂ-
શાલેમ, શરમને કારણે તારું માથું મૂંડાવ, શોક પાળ, અને પર્વતો પર
એકાંતમાં ચિંતા કર; કારણ કે યહોવાએ પોતાના રોષને કારણે આ લો-
કોનો નકાર કર્યો છે અને તેઓનો ત્યાગ કર્યો છે. 30 આવુ બન્યું કારણકે
યહૂદિયાના લોકોએ મારી સામે એવું શરમજનક કૃત્ય કર્યું છે, કે તે મને
ગમ્યું નથી, તેમણે મારું નામ ધરાવતા મંદિરમાં ઘૃણાસ્પદ મૂર્તિઓ મૂ-
કી એને તેને અશુદ્ધ કર્યું છે. 31 તેમણે પોતાનાં પુત્રપુત્રીઓને હોમવા
બેન-હિન્નોમની ખીણમાં તોફેથ નામનો યજ્ઞકુંડ બાંધ્યો છે. મેં એવી
આજ્ઞા કરી જ નથી, એવો વિચાર સુદ્ધાં મારા મનમાં કદી આવ્યો નથી.”
32 “એવો સમય આવે છે જ્યારે ‘તોફેથ’ અથવા “બેન-હિન્નોમની ખીણ”
નું નામ બદલીને ‘કતલની ખીણ’ રાખવામાં આવશે અને તેઓને દફના-
વવા જગ્યા બાકી ન રહે ત્યાં સુધી તેમને તોફેથમાં દફનાવવામાં આવશે
પછી તેઓના મૃતદેહોને ખીણમાં નાખી દેવામાં આવશે. 33 પછી એ લો-
કોના મૃતદેહોને આકાશના પંખીઓ અને જંગલી પશુઓ ખાશે અને તે-
મને ડરાવીને હાંકી મૂકનાર કોઇ નહિ હોય, 34 ત્યારે હું યહૂદિયાના ગા-
મોમાંથી અને યરૂશાલેમની શેરીઓમાંથી આનંદના અને હર્ષના અવાજો
અને વરવધૂના કિલોલ-હર્ષોલ્લાસ બંધ કરીશ. જેથી સમગ્ર પ્રદેશ ઉજ્જડ
વેરાન વગડો બની જશે.”

8 યહોવા કહે છે, “જ્યારે એ સમય આવશે ત્યારે યહૂદિયાના રાજા-
ઓનાં અને તેમના આગેવાનોનાં, યાજકોનાં અને પ્રબોધકોનાં તે-
મજ યરૂશાલેમના વતનીઓના હાડકાં તેમની કબરોમાંથી બહાર કાઢ-
વામાં આવશે. 2 અને તેઓનાં હાડકાં સૂર્ય, ચંદ્ર અને આકાશનાં નક્ષત્રો
સમક્ષ પાથરવામાં આવશે, જેમના પર તેમને પ્રેમ હતો, જેમની તેઓ પૂ-
જા કરતા હતા, જેમની તેઓ સલાહ લેતા હતા. એ હાડકાં ફરી ભેગાં કર-
વામાં કે દાટવામાં નહિ આવે, પરંતુ પૃથ્વીના પટ પર ખાતરરૂપ થઇ
જશે. 3 “અને આ દુષ્ટ પ્રજામાંથી જેઓ જીવતાં રહેશે, તેઓને હું જ્યાં
જ્યાં વિખેરી નાખીશ, ત્યાં ત્યાં તેઓ જીવવા કરતાં મરવું વધારે પસંદ
કરશે.” એમ આ યહોવાના વચન છે. 4 તું એ લોકોને કહેજે કે આ યહો-
વાના વચન છે. “કોઇ પડી જાય છે તો પાછો ઊભો થાય છે. કોઇ રસ્તો
ભૂલે છે તો પાછો ભૂલ સમજાતા સાચે રસ્તે પાછો ફરે છે. 5 તો પછી તમે
મારાથી મોં ફેરવીને ગયા છો તો પાછા કેમ નથી ફરતા? તમે તમારી ભ્રા-
મક મૂર્તિઓને વળગી રહો છો અને પાછા આવવાની ના પાડો છો. 6 મેં
તમને ધ્યાનથી સાંભળ્યા છે, પણ કોઇ સાચું બોલતું નથી, કોઇ પોતા-
ની દુષ્ટતા માટે પશ્ચાતાપ કરતું નથી, કહેતું પણ નથી કે, “અરે અમે આ
શું કર્યું?” જેમ ઘોડો યુદ્ધના મેદાનમાં વેગથી ધસે છે, તેમ તેઓ પાપનાં
રસ્તા પર વેગથી આગળ વધે છે. 7 આકાશમાં ઊડતો બગલો પણ પો-
તાના સ્થળાંતરનો સમય જાણે છે, તેમ જ હોલો, અબાબીલ તથા સા-
રસ પણ જાણે છે, પ્રતિવર્ષ તેઓ સર્વ યહોવાએ તેમના માટે નિર્ધારિત
કરેલા સમયે પાછા ફરે છે; પરંતુ મારા લોકોને યહોવાના નિયમનું ભાન
નથી. 8 તમે એવું શી રીતે કહી શકો કે, ‘અમે શાણા છીએ, અમારી પાસે
યહોવાનુ નિયમશાસ્ત્ર છે’ શાસ્ત્રીઓએ જૂઠી કલમો દ્બારા નિયમશાસ્ત્ર-
માં જૂઠ દાખલ કર્યું છે! 9 ‘શાણા માણસો લજ્જિત થશે, તેઓ ડરી જશે
અને તેમના કામો ઉઘાડા પડી જશે. નોંધી રાખજો, આ યહોવાના શબ્દો
તેમણે નકાર્યા હતા. તેમની પાસે કેવું શાણપણ હોઇ શકે? 10 હું તેમની
પર દુકાળ, તરવાર અને બીમારી મોકલી દઇશ. હું તેમની પર ત્યાં સુધી
હુમલો કરીશ જ્યા સુધી તે મરી નહિ જાય, ત્યારે તેઓ આ ભૂમિ પર
સદાને માટે નહી રહે. જે મેં તેમને અને તેમના પિતૃઓને આપી હતી.
11 તેઓ મારા લોકોના ઘા નો સામાન્ય ઉઝરડા હોય એમ ઉપચાર કરે
છે. તેઓ કહે છે કે, ‘બરાબર છે, બધું બરાબર છે.’ પણ લગારે બરાબર
નથી. 12 મૂર્તિઓની પૂજા કરવાને લીધે, શું તેઓને શરમ લાગે છે? ના,
તેઓને સહેજે શરમ લાગતી નથી; વળી શરમ શું છે તે પણ તેઓ જાણ-
તા નથી! તે કારણે હું જોઇશ કે આથી બીજાની જેમ તેમનું પણ પતન
થશે. હું જ્યારે તેમને સજા કરીશ ત્યારે તેઓ ભોંયભેગા થઇ જશે.” આ
યહોવાના વચન છે. 13 યહોવા કહે છે કે, “હું તેઓનો સંપૂર્ણ નાશ
કરીશ; વળી દ્રાક્ષાવેલા પર કઇં દ્રાક્ષો થશે નહિ, ને અંજીરીને અંજીર લા-
ગશે નહિ, ને પાંદડા ચીમળાશે; મેં તેઓને જે કઇં આપ્યું છે તે તેઓની
પાસેથી જતું રહેશે.” આ યહોવાના વચન છે. 14 પછી યહોવાના લોકો
કહેશે, “અહીં આપણે મરણ પામવાની પ્રતિક્ષા શા માટે કરીએ? આવો,
આપણે કિલ્લેબંધ નગરોમાં જઇએ અને ત્યાં મૃત્યુ પામીએ, કારણ કે
આપણા દેવ યહોવાએ આપણું મૃત્યુ જાહેર કર્યું છે અને આપણા સર્વ
પાપોને કારણે દેવે આપણને ઝેરનો પ્યાલો પીવાને આપ્યો છે.
15 આપણે શાંતિની અપેક્ષા રાખી હતી, પરંતુ કઇં શાંતિ થઇ નહિ,
આપણે કુશળ સમયની રાહ જોઇ હતી, પરંતુ તેના બદલે ભય આવી
પડ્યો.” 16 ઉત્તર દિશાની સરહદ ઉપરથી યુદ્ધના ભણકારા સંભળાઇ
રહ્યા છે. દુશ્મનો દાનના કુળસમૂહોના શહેર સુધી આવી પહોંચ્યા છે;
ત્યાંથી તેમના ઘોડાઓના હણહણાટ સંભળાય છે, તેમના હણહણાટ-
થી આખો દેશ ધ્રુજી ઊઠે છે, એ લોકો આખો પ્રદેશ અને એમનું સર્વસ્વ,
શહેરો અને તેના વતનીઓને ભરખી જવા આવે છે.” 17 યહોવા કહે છે,
“સાવધાન! હવે હું તમારા પર સપોર્ અને નાગો મોકલું છું, એવા કે જેને
કોઇ મંત્રથી વશ ન કરી શકે, તે તમને કરડશે.” 18 દેવ મારું હૃદય થાકી
ગયું છે, શોક મને ઘેરી વળે છે. 19 સાંભળ! દુર સુધી દેશમાં મારા લોકો-
ની ચીસ સંભળાય છે, તેઓ કહે છે, “યહોવા હવે સિયોનમાં નથી? સિ-

યોનના રાજાઓનો રાજા એમાં વસતો નથી?" યહોવાએ પ્રત્યુત્તર
આપ્યો, "તમારી કોતરેલી મૂર્તિઓની પૂજા કરીને અને તમારા વિદેશી
દેવો દ્વારા શા માટે મને ક્રોધિત કર્યો છે?" 20 લોકો કહે છે, "કાપણી પૂરી
થઇ છે, ઉનાળો વિતી ગયો છે, પણ આપણું તારણ ન થયું." 21 મારા
લોકોના ઘા જોઇને મારું હૈયું ઘવાય છે, હું શોક કરું છું; અને હું વિશાદ-
થી દિગ્મૂઢ થઇ ગયો છું. 22 શું હવે ગિલયાદમાં દવા નથી? ત્યાં કોઇ વૈ-
દ્ય નથી? તો પછી મારા લોકોના ઘા રુઝાતા કેમ નથી?

9 મારું માથું જળાશય હોય તો કેવું સારું! મારી આંખો આંસુના
ઝરણાં હોય તો કેવું સારું! હું સદાકાળ ચિંતા કર્યા કરું; મારા લો-
કોની હત્યાઓ માટે હું રાત-દિવસ કલ્પાંત કર્યા કરું! 2 અરે, હું તેઓથી
દૂર ચાલ્યો જાઉં અને તેઓને વીસરી જાઉં અને અરણ્યમાં મને રહેવા
માટે કોઇ ઝૂંપડી મળી જાય ને, તો હું મારા લોકોને છોડીને ત્યાં ચાલ્યો
જાઉં! એ બધા બેવફા લોકો છે, દગાબાજોની ટોળકી છે. 3 યહોવા કહે
છે, "તેઓ ધનુષ્યની માફક પોતાની જીભ વાળીને પોતાનાં અસત્યના
બાણો ફેંકે છે. તેઓ સત્યની પરવા કરતા નથી અને તેઓ વધુ ને વધુ
દુષ્ટ બનતા જાય છે; તેઓ મારી પણ પરવા કરતા નથી." 4 "પ્રત્યેક
જણ પોતાના મિત્રથી સાવધ રહેજો, ભાઇનો પણ વિશ્વાસ ન કરતા, કા-
રણ, એકેએક ભાઇ યાકૂબ જેવો દગાબાજ છે. 5 અને એકેએક મિત્ર પો-
તાના મિત્રની નિંદાત્મક જૂઠી વાતો ફેલાવે છે. દરેક જણ પોતાના મિત્ર-
ને છેતરે છે, કોઇ સાચું બોલતું નથી, તેમની જીભ જૂઠું બોલવા ટેવાઇ
ગઇ છે. 6 તેઓ ખોટે માગે ચડી ગયા છે, પાછા ફરી શકે એમ નથી,
અન્યાય પર અન્યાય અને છેતરપિંડી ઉપર છેતરપિંડી કર્યા જ જાય છે!
મારી પાસે આવવાનો સંપૂર્ણ ઇન્કાર કરે છે." આ યહોવાના વચન છે.
7 તેથી સૈન્યોનો દેવ યહોવા કહે છે, "હું તેઓને દુ:ખરૂપી કુલડીમાં
ઓગાળીશ. હું તેઓને શુદ્ધ કરીશ અને ધાતુની જેમ હું તેઓની પરીક્ષા
કરીશ, આ સિવાય તેઓને માટે હું બીજું શું કરું? 8 તેમની જીભ જીવ-
લેણ બાણ જેવી છે, તેઓ જૂઠાણું જ ઉચ્ચારે છે. બધા મોઢે મીઠું બોલે
છે, પણ મનમાં એકબીજાને ફસાવવાના ઘાટ ઘડે છે." 9 યહોવા પૂછે છે,
"આ બધા માટે મારે તેમને શું સજા ન કરવી? આવી પ્રજા પર શું મારો
આત્મા વૈર નહિ લે?" 10 હું તેઓના પર્વતો અને ઘાસચારાના બીડો માટે
વિલાપ અને રૂદન કરતાં કરતાં તેમની તરફ નજર કરું છું; તેઓ ઉજ્જડ
થઇ ગયા છે, તેમાં કોઇ જીવતું રહ્યું નથી. ઢોરનો અવાજ સંભળાતો
નથી અને પક્ષીઓ તથા જંગલી પ્રાણીઓ પણ ત્યાં નથી; સર્વ નાસી
ગયા છે. 11 યહોવાએ કહ્યું, "યરૂશાલેમને હું ખંડેરોનો ઢગલો બનાવી
દઇશ, શિયાળોની બોડ બનાવી દઇશ, અને હું યહૂદિયાના શહેરોને નિ-
ર્જન વગડામાં ફેરવી નાખીશ." 12 મેં પૂછયું, "યહોવા, કોણ એવો શાણો
છે જે આ સર્વ સમજી શકે? તે સમજાવનાર યહોવાનો સંદેશાવાહક ક્યાં
છે? વળી આ દેશ શા માટે અરણ્ય જેવો થઇ ગયો છે કે તેમાં થઇને મુ-
સાફરી કરવાની કોઇ હિંમત કરતું નથી? 13 યહોવાએ કહ્યું, "એનું કારણ
એ છે કે લોકોએ એમને માટે મેં રજૂ કરેલી નિયમસંહિતાનો ત્યાગ કર્યો
છે. તેમણે નથી મારું કહ્યું સાંભળ્યું કે નથી તેનું પાલન કર્યું. 14 તેના
બદલે તેઓએ પોતાને ગમ્યું તે કર્યું છે. અને તેઓના પિતૃઓએ શીખ-
વ્યા પ્રમાણે બઆલની મૂર્તિઓની પૂજા કરી છે." 15 આથી હું, ઇસ્રાએલ-
નો દેવ, સૈન્યોનો દેવ યહોવા કહું છું કે, "હવે હું આ લોકોને ખાવા માટે
કડવી વેલ અને પીવા માટે ઝેર આપવાનો છું. 16 હું તેમને સમગ્ર વિશ્વ-
માં વિખેરી નાખીશ, તેઓ દૂરના દેશોમાં વિદેશીઓ જેવા થશે; ત્યાં પણ
વિનાશકારી તરવાર તેઓનો પીછો કરશે. આમ તેઓનો સંપૂર્ણ નાશ
થશે." 17 સૈન્યોનો દેવ યહોવા કહે છે, "પરિસ્થિતિઓનો વિચાર કરીને
દુ:ખનાં ગીતો ગાનારીઓને બોલાવો. દુ:ખનાં ગીતો ગાવામાં જે પારંગત
હોય તેને બોલાવો; 18 જલદી કરો, તેમને કહો કે આપણે માટે જલ્દી
દુ:ખનાં ગીતો ગાય, જેથી આપણી આંખોમાં ચોધાર આંસુ વહે અને
આપણી પાંપણો ભીંજાઇ જાય.' 19 સિયોનમાં વિલાપના સ્વર સંભળાય
છે: 'આપણો વિનાશ કેટલો ભયંકર છે! આપણે કેવા શરમિંદા થવું
પડ્યું? આપણને આપણી ભૂમિ છોડવાની ફરજ પડી, કારણ કે તેઓએ
આપણા ઘરોને તોડી પાડયા છે.'" 20 પરંતુ હે વિલાપ કરનારી સ્ત્રીઓ,
દેવનો સંદેશો સાંભળો. તે શું કહે છે તે ધ્યાનથી સાંભળો; "તમારી પુ-
ત્રીઓને અને તમારી પડોશણોને મરશિયા ગાતાં શીખવો. 21 'મૃત્યુ
આપણી બારીઓમાં થઇને આપણી હવેલીઓમાં અંદર ઊતર્યું છે. અને
આપણા બાળકોને વધેરી નાખ્યા છે. તેઓ હવે રસ્તા પર રહ્યાં નથી,
અને તરુણો જાહેર ચોકમાં રહ્યાં નથી.'" 22 યહોવા કહે છે: "તેઓને આ
પ્રમાણે કહો, 'ખેતરમાં ખાતરની માફક તથા કાપણી કરનારની પાછળ
કણ્વા પડે છે તેની માફક મૃત શરીરો ખેતરોમાં વિખરાયેલા હશે. અને તે-
ઓને દફનાવનાર કોઇ હશે નહિ.'" 23 યહોવા કહે છે, "જ્ઞાનીએ પોતાના
જ્ઞાનની કે બળવાને પોતાના બળની કે ધનવાને પોતાના ધનની
બડાશ મારી અભિમાન કરવું જોઇએ નહિ. 24 પરંતુ તેઓ ફકત આ એક
બાબતમાં અભિમાન કરે કે તેઓ મને સાચે જ ઓળખે છે અને સમજે છે
કે હું નિષ્પક્ષ અને ન્યાયી યહોવા છું અને મારી પ્રીતિ અવિચળ છે કા-
રણ કે આ જ મને પસંદ છે." આ યહોવાના વચન છે. 25 યહોવા કહે છે
કે, "એવો સમય આવે છે કે જ્યારે હું સર્વ બે સુન્નતીઓને શિક્ષા કરીશ;
26 જ્યારે મિસર, યહૂદિયા, અદોમ, આમ્મોન, અને મોઆબના વતની-
ઓને તેમજ જેઓ રણમાં ભટકતા ફરે છે અને તે બધાં જેઓ પોતાના
વાળના ખૂણાઓ કાપે છે તેમને હું સજા કરનાર છું. કારણ, આ બધી પ્ર-
જાઓની સુન્નત થઇ નથી અને ઇસ્રાએલીઓના હૃદય સુન્નત થયા
નથી."

10 હે ઇસ્રાએલના લોકો, યહોવા તમને જે સંદેશો આપે છે તે ધ્યા-
નથી સાંભળો; 2 તે કહે છે, "બીજી પ્રજાઓને રસ્તે જશો નહિ,
તેઓ કુંડળી તૈયાર કરે છે તથા ગ્રહોની સ્થિતિને આધારે પોતાનું ભવિ-
ષ્ય જુએ છે. તેઓ ભવિષ્યકથન કરે તેથી ડરશો નહિ. કારણ કે તે સર્વ
કેવળ જૂઠાણું છે. 3 તે પ્રજાઓની મૂર્તિઓ કશા કામની નથી, તે તો
જંગલમાંથી કાપી આણેલું લાકડું છે; કારીગરે તેને પોતાના ઓજારોથી
કોતરી છે. 4 અને પછી સોનારૂપાથી શણગારી છે. તેને હથોડા અને ખી-
લાથી જડી દીધી છે, જેથી પડી ન જાય. 5 ખેતરોમાં ઊભા કરેલા અસ-
હાય ચાડિયાની જેમ તેઓના દેવ ત્યાં ઊભા રહે છે! તે બોલી શકતા
નથી, તે ચાલી શકતા નથી તેથી ઊંચકીને લઇ જવા પડે છે. આવા દે-
વોથી ડરશો નહિ, તે કશી ઇજા કરી શકે તેમ નથી, તેમ જ કશું ભલું કર-
વાની પણ એમની શકિત નથી." 6 હે યહોવા, તમારા જેવા બીજા કોઇ
દેવ નથી. તમે કેવા મહાન છો અને તમારા નામનો પ્રતાપ પણ કેવો
મહાન છે! 7 હે લોકાધિપતિ, તમારો ભય કોને નહિ લાગે? તમારાથી તો
ડરીને જ ચાલવું જોઇએ. સર્વ પ્રજાઓનાં જ્ઞાનીઓમાં અને બધા રાજા-
ઓમાં તમારા જેવું કોઇ નથી. 8 મૂર્તિઓની પૂજા કરનારા બન્ને અક્કલ
વગરના અને મૂર્ખ છે. તેઓ મૂર્તિઓ પાસેથી શિખામણ મેળવે છે જે મા-
ત્ર લાકડાનાં ટુકડા છે. 9 તાર્શીશથી ચાંદી અને ઉફાઝમાંથી સોનું લાવી-
ને સોનીઓ એમાંથી વરખ બનાવીને એને શણગારે છે અને જાંબુડિયાં
અને કિરમજી રંગના કિંમતી વસ્ત્રો એમને પહેરાવે છે. એ બધી મૂર્તિઓ
કારીગરોએ બનાવેલી છે. 10 પરંતુ યહોવા તો સાચેસાચ દેવ છે, એ જી-
વતાજાગતા દેવ છે, શાશ્વત અધિપતિ છે. તે જ્યારે રોષે ભરાય છે ત્યારે
ધરતી ધ્રુજી ઊઠે છે; પ્રજાઓ એમના ક્રોધાગ્નિને ખમી શકતી નથી.
11 યહોવા કહે છે, અન્ય દેવોની પૂજા કરનારાઓને તમે આ પ્રમાણે કહે-
જો: "જેમણે આકાશ અને પૃથ્વીનું સર્જન કર્યું નથી, તેવા તમારા દેવો
આકાશ તળેથી તથા પૃથ્વી પરથી નાશ પામશે." 12 પરંતુ આપણા દેવે
પોતાના સાર્મથ્યથી પૃથ્વીને ઉત્પન કરી, પોતાના ડાહપણથી પૃથ્વીને
સ્થાપી, પોતાના કૌશલ્યથી આકાશને વિસ્તાર્યું. 13 તોફાની વાદળોની
ગર્જનાઓથી તેમના અવાજનો પડઘો પડે છે, તે ધુમ્મસને પૃથ્વી પરથી
ઊંચે ચઢાવે છે. જેથી વીજળીને ચમકાવીને વરસાદ વરસાવે છે અને
પોતાના ભંડારમાંથી વાયુઓને મોકલે છે. 14 તેની સરખામણીમાં બધા
માણસો મૂર્ખ અને અજ્ઞાની થઇ ગયા છે. દરેક સોની પોતે બનાવેલી મૂ-
ર્તિ જોઇને શરમાઇ જાય છે, કારણ, એ બધી મૂર્તિઓ તો અસત્ય અને
પ્રાણ વગરની છે, 15 નકામી છે, હાંસીપાત્ર છે. દેવ તેમને સજા કરશે
ત્યારે તેઓ નેસ્તનાબૂદ થઇ જશે. 16 પણ યાકૂબનો દેવ એવો નથી; તે
તો આખી સૃષ્ટિનો સર્જનહાર છે, અને ઇસ્રાએલીઓને તે પોતાની પ્રજા
ગણે છે. તેનું નામ "સૈન્યોનો દેવ યહોવા છે." 17 યહોવા કહે છે, "તમા-
રામાંના જેઓ ઉપર ઘેરો નાખવામાં આવ્યો છે, તેઓ તમારો સામાન
બાંધો અને હવે જવાને માટે તૈયાર રહો." 18 કારણ કે તે એમ કહે છે કે,
"આ વખતે હું એકાએક તેમને આ દેશમાંથી બહાર ફેંકી દઇશ અને મોટી
આપત્તિઓ નીચે એમને કચડી નાખીશ, એક પણ માણસ બચવા પા-
મશે નહિ." 19 લોકોએ કહ્યું, "અમારા ઘાની વેદના અસહ્ય છે, તે ઘા કદી

રૂજાય તેમ નથી, અમે વિચાર્યુ કે; આતો ફકત એક બિમારી જ છે અને
અમે આ સહન કરી શકીશું.” 20 પણ અમારો તંબુ હતો ન હતો થઇ ગયો
છે, એનાં દોરડાં તૂટી ગયા છે; અમારા પુત્રો અમને છોડીને ચાલ્યા ગયા
છે; એક પણ રહ્યો નથી; અમારો તંબુ ફરી ઊભો કરનાર કે એના પડદા
બાંધનાર કોઇ નથી!” 21 આનુ કારણ મારા લોકોના ઘેટાંપાળકો ભાન
ભૂલી ગયા છે; તેઓ યહોવાને અનુસરતા નથી તેથી સફળ થતા નથી.
અને તેમના બધા લોકો ઘેટાંઓના ટોળાની જેમ વેરવિખેર થઇ ગયા છે.
22 સાંભળો, ઉત્તર તરફથી આવતાં મોટાં સૈન્યોનો ભયંકર અવાજ
સાંભળો, તેઓ યહૂદિયાના નગરોને શિયાળવાની કોતરોમાં ફેરવી ના-
ખશે. 23 હે યહોવા, હું જાણું છું કે માણસનું ભાગ્ય એના હાથની વાત
નથી. તે પોતાનો જીવનમાર્ગ નક્કી કરી શકતો નથી. 24 તેથી હે યહોવા,
તમે અમને સાચે માગેર્ વાળો. અમને પ્રમાણસર શિક્ષા કરો, રોષમાં
આવીને નહિ, નહિ તો અમે હતા ન હતા થઇ જઇશું. 25 તમારો રોષ તમે
બીજી પ્રજાઓ પર ઉતારો, જે લોકો તમને માનતા નથી, તમારું નામ
લેતાં નથી. કારણ, તેઓ યાકૂબના કુટુંબોને ખાઇ ગયા છે, તેમણે તેમ-
નો અંત આણ્યો છે, અને તેમના દેશને વેરાન બનાવી દીધો છે.
11 ફરીથી યમિર્યાને યહોવાની વાણી સંભળાઇ, 2 “આ કરારના
શબ્દો ધ્યાનથી સાંભળ અને તે યહૂદિયાના લોકોને અને યરૂ-
શાલેમના વતનીઓને કહી સંભળાવ. 3 તેમને કહે, ‘આ ઇસ્રાએલના દેવ
યહોવાના વચન છે; જે માણસ આ કરારનું પાલન કરતો નથી તેના પર
શાપ ઊતરશે!’ 4 જે દિવસે હું તમારા પિતૃઓને લોખંડ ગાળવાની ભઠ્ઠી
સમા મિસરમાંથી બહાર લઇ આવ્યો, ત્યારે મેં તેમની સાથે આ કરાર
કર્યો હતો. મેં તેમને કહ્યું હતું: જો તમે મારું કહ્યું સાંભળશો અને મારી
એકેએક આજ્ઞાનું પાલન કરશો. 5 “તો તમે મારા લોકો થશો. અને હું
તમારો દેવ થઇશ અને હું તમારા પિતૃઓને આપેલું વચન પાળીશ, હું
તમને જ્યાં દૂધ અને મધની રેલછેલ હોય તેવી ભૂમિ આપીશ. અને મેં
એ પ્રમાણે કર્યું પણ છે.”પછી મેં જવાબ આપ્યો, “યહોવા આમીન, હું
એમ કહીશ.” 6 ત્યારબાદ યહોવાએ કહ્યું, “યહૂદિયાનાં નગરોમાં અને
યરૂશાલેમની શેરીઓમાં આ સંદેશો જાહેર કરો. તમારા પિતૃઓએ દેવ
સાથે કરેલા આ કરારને યાદ કરો. તમારા પિતૃઓએ જે જે કરવાનું વચન
દેવને આપ્યું હતું તે બધું તમે કરો. 7 આ કરારની શરતો ધ્યાનથી સાંભ-
ળો અને તેનું પાલન કરો, કારણ, હું જ્યારે તમારા પિતૃઓને મિસરમાંથી
બહાર લઇ આવ્યો હતો, ત્યારે મેં તેમને સખત ચેતવણી આપી હતી
અને આજ સુધી આપતો રહ્યો છું કે, મારું કહ્યું સાંભળો, 8 પણ તેમણે
સાંભળ્યું નહિ, અને દરેક જણ પોતાનું હઠીલું અને દુષ્ટ મન કહે તેમ
કરવા લાગ્યા. તેથી મેં તેમની સાથે જે કરાર કર્યો હતો અને જેનું તેમણે
પાલન કર્યું નહોતું તેમાં દર્શાવેલી બધી સજાઓ મેં તેમને માથે ઉતારી.”
9 ફરીથી યહોવાએ મારી સાથે વાત કરી અને કહ્યું, “યહૂદિયાના અને
યરૂશાલેમના લોકોએ મારી વિરુદ્ધ કરેલું કાવત્રું મેં શોધી કાઢયું છે.
10 તેઓ પાછા પોતાના પિતૃઓના પાપ કરવા લાગ્યા છે અને તેમની
જેમ મારું કહ્યું સાંભળવાની ના પાડે છે, તેઓ બીજા દેવોને માને છે
અને તેમની પૂજા કરે છે. ઇસ્રાએલે અને યહૂદિયાએ મેં એમના પિતૃઓ
સાથે કરેલા કરારનો ભંગ કર્યો છે.” 11 તેથી યહોવા કહે છે, “હું તેઓ પર
વિપત્તિઓ લાવનાર છું અને તેમાંથી તેઓ બચી શકશે નહિ, તેઓ
દયાની યાચના કરશે ત્યારે હું તેઓની વિનંતીઓ સાંભળીશ નહિ.
12 એટલે યહૂદિયાના ગામોના અને યરૂશાલેમના વતનીઓ જઇને જે મૂ-
ર્તિઓને તેઓ ધૂપ બાળે છે તેમને મદદ માટે ઘા નાખશે, પણ આફતને
વખતે તે દેવો તેમને કોઇ પણ રસ્તે ઉગારવાના નથી. 13 હે મારા લોકો,
તમારા જેટલાં નગરો છે તેટલા તમારા દેવો છે. અને યરૂશાલેમના વત-
નીઓએ શહેરમાં જેટલા મહોલ્લા છે તેટલી યજ્ઞવેદીઓ ઘૃણાસ્પદ
બઆલદેવ માટે ચણી છે. 14 “તેથી, હે યમિર્યા, એ લોકો માટે પ્રાર્થના
કરીશ નહિ. તેમના તરફથી કોઇ વિનંતી કે આજીજી કરીશ નહિ, કારણ
કે સંકટના સમયે તે લોકો ઘા નાખશે તે હું સાંભળવાનો નથી.” 15 યહો-
વા કહે છે, “હે મારી પ્રિય પ્રજા, તું મારા ઘરમાં બેશરમ વર્તન કરે છે. તને
અહીં શો અધિકાર છે? તું શું સમજે છે? પ્રતિજ્ઞાઓ અને બલિદાનો
તમારા વિનાશને અટકાવી તમને ફરીથી જીવન તથા આનંદ આપી
શકશે?” 16 એક વખતે હું તમને મનોહર ફળથી લચી જતું જૈતૂનનું વૃક્ષ
કહીને બોલાવતો હતો, પણ અત્યારે હું મોટા કડાકા સાથે તારાં પાંદડા-
ને સળગાવી મૂકું છું અને ડાળીઓને ભાંગી નાખું છું. 17 બઆલની
આગળ ધૂપ બાળીને તથા બલિદાનો ચઢાવીને ઇસ્રાએલે તથા યહૂદિ-
યાએ દુષ્ટતા કરી છે અને તેથી સૈન્યોનો દેવ યહોવાએ પોતે રોપેલા આ
વૃક્ષનો વિનાશ કરવાનો હુકમ કર્યો છે.” 18 યહોવાએ પોતે મને જણાવ્યું
છે, જેથી હું સમજી શકું પછી તેણે મને બતાવ્યું કે તેઓ શું કરી રહ્યા છે.
19 હું તો કતલખાને દોરી જવાતા ગરીબ ઘેટા જેવો હતો. મને ખબર નહો-
તી કે તેઓ મારી વિરુદ્ધ કાવતરું રચી રહ્યા હતા અને કહેતા હતા કે,
“ઝાડ જોરમાં છે ત્યાં જ આપણે એને કાપી નાખીએ; આપણે તેને જીવ-
તાનાં જગતમાંથી હતો ન હતો કરી નાખીએ, એટલે એનું નામ પણ ભૂ-
લાઇ જાય.” 20 ત્યારે મેં પ્રાર્થના કરી, હે સૈન્યોના દેવ યહોવા! તું સાચો
ન્યાય કરનાર છે, તું માણસના મનને અને હૃદયને જાણે છે, મને જોવા
દો કે તમે તેમની પર વૈર વાળશો કારણ કે એ તું જ છે જેની પર મે મારો
બચાવ કરવા માટે વિશ્વાસ રાખ્યો છે. 21 તેથી યહોવા કહે છે કે તને મા-
રી નાખવાનું ષડયંત્ર કરનાર અનાથોથના માણસોને હું સજા કરીશ,
તેઓ કહે છે: “તું યહોવાના નામનો પ્રબોધ ન કરીશ નહી તો અમે તને
મારી નાખશું.” 22 તેથી યહોવા અનાથોથના લોકો વિષે આ પ્રમાણે કહે
છે, “હું તેમને સજા કરીશ, તેમના યુવાનો તરવારથી મરશે અને તેમનાં
પુત્રપુત્રી દુકાળમાં મરશે. 23 પરંતુ જ્યારે અનાથોથના લોકોને શિક્ષા
કરવાનો સમય આવશે, ત્યારે હું તેમના પર આફત ઉતારીશ અને એક
પણ વ્યકિત જીવતો રહેવા નહિ પામે.”
12 હે યહોવા, હું તમારે વિષે ફરિયાદ કરું છું ત્યારે સત્ય તમારે
પક્ષે હોય છે. તેમ છતાં ન્યાયના એક મુદ્દા વિષે મારે તને પૂછવું
છે, દુષ્ટ માણસો કેમ સુખસમૃદ્ધિ પામે છે? બદમાશો કેમ નિરાંતે જીવે
છે? 2 તમે તેઓને રોપો છો, તેઓનાં મૂળ ઊંડા જાય છે. અને તેઓનો
વેપાર વધતો જાય છે, તેઓ ઘણો નફો કરે છે. અને ધનવાન થાય છે.
તેઓ કહે છે, “દેવની કૃપાથી!” સાચા હૃદયથી તેઓ તમારો આભાર મા-
નતા નથી. 3 હે યહોવા, તમે મને જાણો છો, તમારા પ્રત્યેની મારી
ભકિત તમે ક્યાંય જોઇ છે? તેઓને ઘેટાંની જેમ કતલખાને ખેંચીને લઇ
જા, અને કતલના દિવસ સુધી તેઓને રાખી મૂક. 4 અને હે યહોવા, ક્યાં
સુધી ભૂમિ શોક કરશે? તેઓનાં દુષ્ટ કાર્યોને કારણે ક્યાં સુધી ખેતર-
માંનું લીલું ઘાસ પણ સૂકાતું રહેશે અને આક્રંદ કરતું રહેશે! વનચર પશુ-
પક્ષીઓ પણ ચાલ્યા ગયા છે. દેશ ઉજ્જડ થઇ ગયો છે તેમ છતાં લોકો
કહે છે, “આપણે શું કરીએ છે તે દેવ જોઇ શકતો નથી!” 5 યહોવાએ
કહ્યું, “જો માણસો સાથે દોડતાં તું થાકી જાય તો પછી ઘોડાઓ સાથે
શી રીતે હોડમાં ઊતરશે? જો તું સલામત પ્રદેશમાં નિશ્ચિંત નથી તો,
યર્દનના કાંઠે આવેલાં જંગલમાં તારું શું થશે? 6 અને આના કારણે તારા
પોતાનાં ભાઇઓ અને તારા પોતાના કુટુંબે પણ તને દગો દીધો છે.
તેઓ તને મારી નાખવા માટે તારી પીઠ પાછળ મોટી બૂમો પાડે છે.
તેઓ ગમે તેટલા મીઠા શબ્દોથી તારી સાથે વાત કરે, છતાં પણ તેઓ-
નો વિશ્વાસ કરીશ નહિ.” 7 પછી યહોવાએ કહ્યું, “મારા લોકોનો, મારા
વારસાનો મેં ત્યાગ કર્યો છે; મારી અતિપ્રિય પ્રજાને મેં શત્રુઓને સ્વા-
ધીન કરી છે. 8 મારા લોકો જંગલમાંના સિંહની જેમ મારી સામે થયા છે.
અને મારી સામે ભયંકર ગર્જનાઓ કરે છે, તેથી હું તેમનો તિરસ્કાર કરું
છું. 9 મારા પોતાના લોકો કાબરચીતરાં બાજ જેવા છે; બીજા બધાએ
ચારેબાજુએથી તેમના પર હલ્લો કર્યો છે. ચાલો, જંગલનાં સર્વ પશુઓ
એકઠા થાઓ અને મિજબાનીમાં જોડાઇ જાઓ. 10 ઘણા ઘેટા પાળકો
મારી દ્રાક્ષનીવાડીનો નાશ કર્યો છે અને મારું ખેતર પગ તળે ખૂંદી ના-
ખ્યું છે. તેમણે મારા રળિયામણા ખેતરને વેરાન વગડો બનાવી દીધું છે.
અને મારી નજર આગળ તેને ખેદાનમેદાન કરી નાખ્યું છે. 11 તેઓએ
આખી ભૂમિને વેરાન કરી નાખી છે, કારણકે ત્યાં રહેતી કોઇ પણ વ્ય-
કિત તેની કાળજી લેતી નથી. 12 વગડાના ઉજ્જડ ટેકરાઓ પર થઇને
ધાડપાડુઓના ધાડાં ધસી આવ્યા છે. કારણ કે મારી તરવાર બધું ભર-
ખી રહી છે. દેશનાં આ છેડાથી પેલા છેડા સુધી બધાના જીવને અશાંતિ
છે. 13 મારા લોકોએ ઘઉં વાવ્યા છે અને કાંટા લણ્યા છે. મહેનત તો
ઘણી કરી છે, પણ કશું પ્રાપ્ત થયું નથી. મારા ઉગ્ર રોષને લીધે તેઓની
ફસલ નકામી ગઇ છે.” 14 યહોવા કહે છે, “જે વારસો મેં મારી પ્રજાને,
એટલે કે ઇસ્રાએલને આપ્યો છે, તેને જ મારા દુષ્ટ પડોશીઓ આંચકી
લેવા માંગે છે,” તેથી યહોવા તેઓ વિષે કહે છે, “જુઓ, હું તેઓની ભૂમિ-

માંથી તેઓને ઉખેડી નાખીશ, અને હું તેમના હાથમાંથી યહૂદિયાને
ખૂંચવી લઇશ. 15 પરંતુ ત્યારબાદ હું પાછો આવીશ અને તમારા બધા
પર દયા દર્શાવીશ તથા તમને તમારા પોતાના દેશમાં તમારા ઘરોમાં
પાછા લાવીશ. દરેક માણસને તેના પોતાના વારસામાં પાછો લાવીશ.
16 જેવી રીતે તેમણે મારી પ્રજાને બઆલના સોગંદ ખાતા શીખવ્યા હતાં.
અને જો તેઓ મારા પોતાના નામે સોગંદ ખાતા શીખશે, એમ કહીને,
'જેવી રીતે યહોવા જીવે છે; 'એજ પ્રમાણે તો પછી, તેઓ ખરેખર મારા
પોતાના લોકો વચ્ચે ફરીથી સ્થપાશે. 17 પરંતુ જે કોઇ પ્રજા મને આધીન
થવાનો ઇન્કાર કરશે, તો હું તેને જડમૂળથી ઉખેડી નાખીશ અને તેનો
નાશ કરીશ." આ યહોવાના વચન છે.

13 યહોવાએ મને આ પ્રમાણે કહ્યું, "જા, શણનો કમરબંધ ખરીદી
લાવ અને તે પહેર. પણ તેને પાણીમાં બોળીશ નહિ." 2 આથી
યહોવાના કહ્યા પ્રમાણે મેં કમરબંધ વેચાતો લીધો અને મારી કમરે
બાંધ્યો. 3 યહોવાનો સંદેશો ફરીથી મારી પાસે આવ્યો. આ વખતે તેમણે
કહ્યું, 4 "તેં જે કમરબંધ ખરીદી લાવીને પહેર્યો છે તે લઇને એકદમ ફ્રાત
નદીએ જા અને ત્યાં ખડકોની ફાટમાં સંતાડી દે." 5 તેથી મેં તેમ કર્યું;
યહોવાએ કહ્યું હતું તે પ્રમાણે મેં તેને ફ્રાત નદીએ જઇને સંતાડી દીધો.
6 ઘણા દિવસો વીત્યા પછી યહોવાએ મને કહ્યું, "એકદમ ફ્રાત નદીએ
જા અને મેં તને કમરબંધ સંતાડવા કહ્યો હતો તે પાછો લઇ આવ."
7 આથી હું ફ્રાત નદીએ ગયો અને જે જગ્યાએ કમરબંધ સંતાડ્યો હતો
તે શોધી કાઢી અને ઉપાડ્યો તો ખબર પડી કે, તેને ફૂગ લાગી ગઇ હતી
અને તૂટી જતો હતો. હવે તે સંપૂર્ણપણે નકામો થઇ ગયો હતો. 8 પછી
યહોવાનો સંદેશ મારી પાસે આવ્યો, 9 "આજ છે જે યહોવાએ કહ્યું, જેવી
રીતે કમરબંધ ખરાબ થઇ જાય છે અને કશા કામનું નથી રહેતું, હું યહૂ-
દિયા અને યરૂશાલેમના લોકોને નષ્ટ કરી નાખીશ. 10 તે દુષ્ટ લોકોએ
મારું કહ્યું સાંભળવાની ના પાડી છે; તેઓ પોતાના હઠીલાં મન કહે તેમ
કરે છે, બીજા દેવોને માને છે, તેમની પૂજા કરે છે અને તેમને પગે લાગે
છે, આથી તેઓની દશા પણ આ કમરબંધ જેવી થશે; તેઓ કશા કામ-
ના નહિ રહે." 11 યહોવા કહે છે, "જેમ કમરબંધ માણસની કમરે વળગી
રહે, તેમ ઇસ્રાએલના અને યહૂદિયાના બધા લોકોને મેં મારી આસપાસ
વીંટાળ્યા હતા, જેથી તેઓ મારા લોકો બની શકે અને મારી કીતિર્ થાય,
મારા નામનું ગૌરવ વધે; પણ તેમણે મારું સાંભળ્યું નહિ." 12 "યમિર્યા,
તું તે લોકોને કહે કે, 'આ ઇસ્રાએલના દેવ યહોવાના વચન છે; દ્રાક્ષારસ-
ની દરેક બરણી દ્રાક્ષારસથી ભરાઇ જવી જોઇએ' અને તેઓ જવાબ
આપશે, 'અલબત્ત અમે ઘણી સારી રીતે જાણીએ છીએ કે દરેક બરણી
દ્રાક્ષારસથી ભરાઇ જવી જોઇએ.' 13 પણ તું તેઓને કહે; 'તમે મારા માટે
ગેરસમજ કરો છો. મારું કહેવું આ છે, કે દેશના બધાં રહેવાસીઓને
એટલે કે, દાઉદના રાજ્યાસન પર બેઠેલા રાજાને, યાજકોને, પ્રબોધકોને
અને સર્વ સામાન્ય લોકોને હું છાકટાપણાથી ભરી દઇશ.'" 14 યહોવા
કહે છે, "હું તેમને-વડીલોને તેમજ જુવાનોને, એકબીજાની સાથે અથડા-
વીશ. હું તેઓ પર દયા કે કરૂણા દર્શાવીશ નહિ, પણ હું તેમનો સંપૂર્ણ
નાશ કરીશ." આ યહોવાના વચન છે. 15 યહોવા કહે છે, "હે ઇસ્રાએલના
લોકો, સાંભળો, ધ્યાન આપો, ગર્વ છોડી દો! 16 અંધારું થાય તે પહેલાં
અને સંધ્યાં સમયે પર્વત પરના પ્રવાસીની જેમ તમે ગબડી પડો તે પહે-
લાં તમારાં દેવ યહોવાને સન્માન આપો, અને તે અને તમે જે પ્રકાશની
આશા રાખો છો તેને ધૂંધળા પડછાયા અને ગાઢ અંધકારમાં ફેરવી નાખે
છે. 17 શું હજુ પણ તમે સાંભળવા ના પાડો છો? તો પછી તમારા અભિ-
માનને લીધે ભગ્ન થયેલું મારું અંત:કરણ એકાંતમાં શોક કરશે, મારી
આંખોમાંથી આંસુઓની ધારાઓ વહેશે, કારણ કે યહોવાના લોકોને
બંધનાવસ્થામાં લઇ જવામાં આવશે." 18 યહોવાએ મને કહ્યું, "રાજાને
અને રાજરાણીને કહે; નીચે બેસો, કારણ, તમારા મહિમાવંત મુગટો
તમારા શિર પરથી ઉતારી લેવામાં આવ્યા છે. હવે તે તમારા નથી
રહ્યા." 19 દક્ષિણનાં શહેરો ઘેરાઇ ગયાં છે; કોઇ તે ઘેરાને વીંધીને ત્યાં
પહોંચી શકે એમ નથી, આખા યહૂદિયાના લોકોને દેશવટો દેવામાં
આવ્યો છે, કોઇ કહેતાં કોઇ બાકી રહ્યું નથી. 20 હે યરૂશાલેમ, આંખો
ઊંચી કરીને જો! ઉત્તરમાંથી પેલા દુશ્મનો આવી રહ્યા છે, જે લોકોને મેં
તને સોંપ્યા હતા, જેને માટે તું ગૌરવ લેતી હતી, તે ક્યાં છે? 21 તારા
પડોશી દેશોને જેને તેં શીખવાડ્યું હતું અને જેમને તેં મિત્રો ગણ્યા હતાં
તેમને તારા પર રાજકર્તાઓ તરીકે હું બેસાડીશ. ત્યારે તને કેવું લાગશે?
સ્ત્રીને પ્રસૂતિની વેદના થાય તેવી વેદના અને કષ્ટ તું અનુભવશે.
22 ત્યારે તને થશે કે, "મારે માથે આ બધું શા માટે ગુજર્યુ?" તારાં ભયંકર
પાપને કારણે તને નવસ્ત્રી કરીને તારા પર બળાત્કાર કરવામાં આવ્યો
છે. અને તારો નાશ કર્યો છે. 23 હબસી કદી પોતાની ચામડી બદલી
શકે? અથવા ચિત્તો પોતાના ટપકાં દૂર કરી શકે? તે જો શક્ય હોય તો જ
ખોટું કરવાને ટેવાયેલી તું સત્કર્મ કરી શકે. 24 "અરણ્યના સૂસવાટાભર્યા
પવનથી ભૂસું ઊડી જાય છે તેમ તમને હું વિખેરી નાખીશ. 25 તારા ભા-
ગ્યમાં એ જ છે, એ જ મેં તારે માટે નીમ્યું છે, આ હું યહોવા બોલું છું.
"કારણ તું મને ભૂલી ગઇ છે, અને તેં ખોટા દેવોમાં વિશ્વાસ મૂક્યો છે.
26 હું તારા વસ્ત્રો તારા મોઢા સુધી પર લઇ જઇશ અને તારાં પાપ ઉઘા-
ડા કરીશ. 27 તારા વ્યભિચાર, તારી કામવેગના હિસોટા, તારા જારકમો-
ર્, ડુંગરો પરનાં અને ખેતરોમાંના તારાં એ અધમ કૃત્યો મેં જોયાં છે. હે
યરૂશાલેમ, તારું આવી જ બન્યું છે! તારે શુદ્ધ થવું જ નથી. ક્યાં સુધી
આમને આમ ચલાવ્યા કરીશ? તમારી મૂર્તિઓની પૂજાથી હું વાકેફ છું."

14 યહોવા શા માટે વરસાદને રોકી રાખતા હતાં તે સમજાવતો આ
વચન, યહોવા તરફથી યમિર્યા પાસે આવ્યું: 2 "યહૂદિયા શોકમાં
છે, તેનાં નગરો મરવા પડ્યા છે, તેનાં માણસો દુ:ખના માર્યા ભૂમિ પર
ઢળી પડ્યા છે. યરૂશાલેમમાંથી મદદ માટે પોકાર ઊઠે છે. 3 ધનવાનો
પોતાના ચાકરોને પાણી લાવવા માટે ટાંકા પાસે મોકલે છે, પણ તેમાં
પાણી હોતું નથી. તેઓ ખાલી ઘડા લઇને પાછા ફરે છે; ચાકરો સંતાપ-
થી અને હતાશ થઇને દુ:ખને કારણે પોતાનાં માથાં ઢાંકે છે. 4 વરસાદ
વિના ધરતી સુકાઇ ગઇ છે. અને તેમાં તિરાડો પડી છે. ખેડૂતો હેબતાઇ
ગયા છે. તેઓ પોતાનાં ચેહરા છુપાવે છે. 5 ઘાસની અછતને કારણે હર-
ણી પણ પોતાનાં તાજાં જન્મેલા બચ્ચાંનો ત્યાગ કરે છે. 6 જંગલી ગધે-
ડાં ઉજ્જડ ટેકરા પર ઊભાં ઊભાં શિયાળવાની જેમ હવાને માટે હાંફે છે.
તેમની આંખે જાંખ વળે છે અને અંધારા આવે છે. કારણ કે, તેઓને ખા-
વા માટે ઘાસ નથી." 7 લોકો કહે છે, "અમારા પાપો અમારી વિરુદ્ધ સા-
ક્ષી પૂરે છે, તેમ છતાં, હે યહોવા, તારા નામ ખાતર કઇંક કર; અમે અને-
કવાર તારો ત્યાગ કર્યો છે, અમે તારી વિરુદ્ધ પાપ કર્યું છે. 8 હે યહોવા,
ઇસ્રાએલની એક માત્ર આશા, સંકટ સમયના તારણહાર, તું અમારા દે-
શમાં પારકા જેવો કેમ છે? એક રાત માટે મુકામ કરતા વટેમાર્ગુ જેવો કેમ
થઇ ગયો છે? 9 તમે પણ શું મૂંઝવણમાં છો? અમારો બચાવ કરવા શું
તમે નિ:સહાય છો? હે યહોવા, તમે અહીં અમારી મધ્યે છો અને અમે
તમારું નામ ધારણ કરીએ છીએ; અમે તમારા લોક છીએ. હે યહોવા,
હવે અમારો ત્યાગ કરશો નહિ!" 10 યહોવા આ લોકો વિષે કહે છે, "એ
લોકોને ભટકવામાં એટલો આનંદ આવે છે કે, તેઓ પોતાના પગને કા-
બૂમાં રાખી શકતાં નથી; આથી હું એમના પર પ્રસન્ન નથી. હું હમણા તે-
મના અપરાધો, ને તેમનાં પાપોની સજા કરનાર છું." 11 ત્યારબાદ યહો-
વાએ મને કહ્યું, "મને આ લોકોને મદદ કરવાનું કહેવા માટે થઇને મારી
પ્રાર્થના કરીશ નહિ. 12 એ લોકો ઉપવાસ કરશે તોયે, હું એમની પ્રાર્થના
સાંભળનાર નથી. તેઓ મને દહનાર્પણ અને ખાદ્યાર્પણ ચઢાવે તોયે, હું
પ્રસન્ન થનાર નથી. હું તેમનો યુદ્ધ દુકાળ, અને રોગચાળાથી અંત લા-
વીશ." 13 પણ મેં કહ્યું, "અરે મારા પ્રભુ યહોવા, અહીયાં પ્રબોધકો તો
તેમને એમ કહે છે કે, 'તમારે યુદ્ધ જોવું નહિ પડે કે દુકાળ વેઠવો નહિ
પડે. આ દેશમાં સદા શાંતિ અને સલામતી રહેશે.'" 14 ત્યારે યહોવાએ
કહ્યું, "પ્રબોધકો મારે નામે જૂઠાણું ચલાવે છે. મેં એમને મોકલ્યા નથી,
મેં એમને કોઇ આજ્ઞા આપી નથી. તે પ્રબોધકો તમને ખોટાં સંદર્શનો,
નકામી આગાહીઓ અને પોતાનાં ભ્રામક દિવ્યસ્વપ્નો સંભળાવે છે.
15 તેથી યહોવા કહે છે, મેં મોકલ્યા નહોતાં છતાં જે જૂઠાં પ્રબોધકો મારા
નામે ભવિષ્ય ભાખે છે અને કહે છે કે, 'આ દેશમાં યુદ્ધ થાય કે દુકાળ
પડે એમ નથી.' તેમના સંબંધમાં મારાં વચન આ પ્રમાણે છે: એ પ્રબોધ-
કો તરવાર અને દુકાળનો ભોગ બનશે. 16 જે લોકોને પ્રબોધકો ભવિષ્ય-
વાણી સંભળાવે છે, તેમની પત્નીઓ, પુત્રો અને પુત્રીઓ સહિત તરવાર
અને દુકાળના ભોગ બની તેઓ યરૂશાલેમના રસ્તાઓ પર ફેંકાઇ જશે.
કોઇ તેમને દફનાવનાર પણ નહિ હોય. હું તેમને દુષ્ટતાના ફળ ચખા-
ડીશ." 17 યહોવાએ મને કહ્યું, "તારે લોકોની આગળ આ પ્રમાણે કહેવું;
'મારી આંખોમાંથી દિનરાત અવિરત અશ્રુધારા વહ્યા કરો, કારણ, મારી

પ્રજા દારૂણ આઘાતથી ઘવાઇને ઢળી પડી છે. 18 જો હું ખેતરોમાં જાઉં
છું, તો યુદ્ધમાં તરવારથી માર્યા ગયેલાઓનાં મૃતદેહો ત્યાં પડ્યા છે; જો
હું શહેરમાં જાઉં છું, તો ત્યાં લોકોને દુકાળથી પીડાતાં જોઉં છું. પ્રબોધકો
અને યાજકો સુદ્ધાં આમ તેમ ભટક્યા કરે છે. શું કરવું તે તેમને સૂઝતું
નથી!'" 19 લોકો કહે છે, "હે યહોવા, શું તમે યહૂદિયાને સંપૂર્ણ પણે તજી
દીધું છે? શું તમે યરૂશાલેમને ધિક્કારો છો? શું શિક્ષા પછી પણ ત્યાં
શાંતિ નહિ સ્થપાય? તે અમને સાજાપણું આપશે તથા અમારા ઘા પર
પાટા બાંધશે એવું અમે માનતા હતા. પરંતુ શાંતિ સ્થપાઇ નહિ અને
સર્વત્ર ફક્ત સંકટ અને ત્રાસ જ જોવા મળે છે. 20 હે યહોવા, અમે અમારી
દુષ્ટતા અને અમારા પૂર્વજોના અપરાધ કબૂલ કરીએ છીએ; અમે પોતે
પણ તારી વિરુદ્ધ પાપો આચર્યા છે. 21 તારા નામની ખાતર અમારો
ત્યાગ ના કરીશ, તારા ગૌરવ પ્રતાપી સિંહાસન યરૂશાલેમને બેઆબરૂ
ના કરીશ. અમારી સાથેના તારા કરારનું સ્મરણ કર, તેનો ભંગ કરીશ
નહિ. 22 બીજી પ્રજાઓમાંના જૂઠા દેવોમાંથી કયો વિદેશી દેવ વરસાદ
લાવી શકે? અથવા આકાશ પોતાની જાતે ઝાપટાં વરસાવી શકે, હે
યહોવા અમારા દેવ, માત્ર તમે જ તેમ કરી શકો છો. તેથી મદદ માટે
અમે તમારી જ આશા રાખીશું."

15 "મૂસા તથા શમૂએલ પણ જો મારી સમક્ષ ઊભા રહે, તોયે હું
લોકો પર દયા કરવાનો નથી. તેઓને મારી નજર સમક્ષથી દૂર
લઇ જા! 2 અને તેઓ તને જો એમ કહે; 'પણ અમે ક્યાં જઇએ? 'ત્યારે
તેઓને કહેજે: આ યહોવાના વચન છે:'"જેઓ રોગથી મૃત્યુ પામવાના
છે તેમણે ત્યાં જવું, જેઓ યુદ્ધમાં મૃત્યુ પામવાના છે તેમણે ત્યાં જવું,
જેઓ દુકાળથી મૃત્યુ પામવાના છે તેમણે દુકાળ તરફ જવું, અને જેઓ
બંદીવાસમાં જવા નિર્માયા છે તેમણે બંદીવાસમાં જવું.' 3 મેં એ લોકોને
માટે ચાર પ્રકારના અંત નિર્માણ કર્યા છે. તરવાર તેમનો સંહાર કરશે, કૂ-
તરાં તેમને ફાડી ખાશે, આકાશના પંખીઓ એમને ખાઇ જશે, અને બાકી
રહ્યા તેમને જંગલી જાનવરો ખાઇ જશે. 4 હિઝિક્યાના પુત્ર, યહૂદિયાના
રાજા મનાશ્શાએ યરૂશાલેમમાં કરેલાં દુષ્ટ કાર્યોને લીધે, હું તમને આક-
રી શિક્ષા કરીશ. અને તમને કરવામાં આવેલી શિક્ષાને લીધે પૃથ્વીના
સર્વ લોકો ભયભીત થશે.'" 5 યહોવા કહે છે, "કોણ તારી દયા ખાશે, હે
યરૂશાલેમ? કોણ તારે માટે શોક કરશે? તારી ખબર અંતર પૂછવાની
તસ્દી પણ કોણ લેશે? 6 તમે મારો ત્યાગ કર્યો છે અને મારા તરફ પીઠ
કરી છે; તેથી તમારી વિરુદ્ધ મારો હાથ ઉઠાવીને હું તમારો વિનાશ
કરીશ. દર વખતે પશ્ચાત્તાપ કરતાં હું થાકી ગયો છું." આ યહોવાના
વચન છે. 7 પ્રદેશના દરવાજા આગળ મેં તેઓને સૂપડાથી ઝાટક્યાં છે;
મેં મારા લોકોને નિ:સંતાન તથા નષ્ટ કર્યા છે; કારણ કે તેઓએ પોતા-
ના સર્વ દુષ્ટ માર્ગો તજીને મારા તરફ પાછા ફર્યા નથી. 8 અસંખ્ય સ્ત્રી-
ઓને મેં વિધવા બનાવી છે. મેં તેમના જુવાનોને ભરયુવાનીમાં મારી
નાખ્યા છે; અને તેમની માતાઓને વિલાપ કરાવ્યા છે; મેં તેમને એકા-
એક દુ:ખ અને ભયના ભોગ બનાવ્યા છે. 9 સાત સાત પુત્રોની માતા મૂ-
ર્છા ખાઇને પડી છે, શ્વાસ લેવા માટે હવાતિયાં મારે છે. તે દિવસે તેને
અંધારાં દેખાય છે, તેની શરમ અને નામોશીનો પાર નથી. તમારામાંથી
જેઓ હજુ પણ જીવતાં હશે, તેઓનો હું તમારા શત્રુઓ દ્ધારા સંહાર કરા-
વીશ." આ યહોવાના વચન છે. 10 પછી યમિર્યાએ કહ્યું, "હે મારી મા, તેં
આ દુ:ખીયારાને શા માટે જન્મ આપ્યો! મારે દેશમાં બધા સાથે ઝગડો
તથા તકરાર કરવાં પડે છે! મેં નથી કોઇની પાસે ઊછીનું લીધું કે, નથી
કોઇને ઉછીનું આપ્યું, તેમ છતાં બધાં મને શાપ શા માટે આપે છે? 11 હે
યહોવા, સાચે જ મેં તારી હૃદયપૂર્વક સેવા કરી નથી? મારા દુશ્મનો
જ્યારે આફતમાં આવી પડ્યા, દુ:ખમાં આવી પડ્યા ત્યારે તેમના તરફ-
થી તને મેં પ્રાર્થના નથી કરી?" 12 "શું કોઇ માણસ સળીયા એટલે ઉત્તર-
ના દેશનાં લોખંડ તથા કાંસુ ભેળવીને બનાવેલા સળીયા ભાંગી શકે?
13 હું તમારી મિલકતોને અને ખજાનાઓને લૂંટાવી દઇશ. લોકોએ આના
માટે કશું ભરવું નહી પડે. આનુ કારણ એ છે કે આખા દેશમાં તમે બધા-
યે મારી વિરુદ્ધ આચરેલા પાપ. 14 હું તમને અજાણ્યા દેશમાં તમારા દુ-
શ્મનોના ગુલામ બનાવી દઇશ, કારણ મારો ક્રોધ તમારી પર ભભૂકી
ઊઠયો છે અને મારો ક્રોધ જેને ઓલવી ન શકાય તેવો ભડભડતા અગ્નિ
જેવો છે." 15 યમિર્યાએ કહ્યું, "હે યહોવા, તમે બધું જાણો છો, મને યાદ
કરો ને મદદ કરો, મને સતાવનારા પર વૈર લો. જ્યારે તમે તેમની સાથે
ધીરજ રાખો છો, ત્યારે તેઓ મને દૂર લઇ ન જાય. જરા, જુઓ તો ખરા,
તમારે ખાતર હું કેટકેટલાં અપમાન સહન કરું છું! 16 તમારા વચનો મને
ટકાવી રાખ્યો છે; મારા ભૂખ્યા આત્માનું તે ભોજન છે, તે મારા દુ:ખી હૃ-
દયને આનંદિત અને હર્ષિત કરે છે. હે સૈન્યોના દેવ યહોવા, તમારું
નામ ધારણ કરીને હું કેટલો ગર્વ અનુભવું છું. 17 મેં કદી નિરર્થક મોજમ-
જા કરનારાઓના સંગમાં આનંદ માણ્યો નથી. તમે મને બનાવ્યો છે
અને એમના પ્રત્યે મારામાં પુણ્યપ્રકોપ જગાડ્યો છે તેથી હું અળગો
રહ્યો છું. 18 મારાં દુ:ખોનો કોઇ પાર નથી, મારો ઘા અસાધ્ય કેમ છે, રુ-
ઝાતો કેમ નથી? તમારી મદદ ચોમાસામાં વહેતાં ઝરણાં જેવી અચો-
ક્કસ છે. કોઇ વાર પૂર આવે અને પછી હાડકાં જેવું એકદમ સૂકું હોય."
19 યહોવાએ પ્રત્યુત્તર આપ્યો, "જો તું મારી પાસે પાછો આવીશ તો હું
તને મારી સેવામાં પાછો રાખીશ. તું જે કહે તે નિરર્થક નહોતાં, યથાયો-
ગ્ય હોય તો હું તને મારાવતી બોલનારો બનાવીશ. લોકો વળીને તારી
પાસે આવવા જોઇએ, પણ તારે તેમની પાસે જવાનું નથી. 20 હું તને એ
લોકો સામે પિત્તળની ભીંત જેવો બનાવી દઇશ, તેઓ તારી સામે લડશે
પણ તને હરાવી નહિ શકે. કારણ, તારું રક્ષણ કરવા અને તને બચાવ-
વા હું તારી સાથે જ છું." આ યહોવા વચન છે. 21 "હા, આ દુષ્ટ માણસો-
ના હાથમાંથી હું તને જરૂર બચાવીશ અને જુલમગારોના પંજામાંથી મુ-
ક્ત કરાવીશ." આ યહોવાના વચન છે.

16 બીજા એક પ્રસંગે મને યહોવાની વાણી સંભળાઇ; 2 'તારે આ
જગ્યાએ લગ્ન કરવા નહિ, કે છોકરાં વાળા ન થવું." 3 કારણ,
આ જગ્યાએ જન્મેલા બાળકો વિષે અને તેમને જન્મ આપનાર માતા-
પિતા વિષે હું કહું છું કે, 4 "તેઓ ભયંકર રોગોને લીધે મૃત્યુ પામશે, કોઇ
તેઓને માટે ચિંતા કરશે નહિ કે તેઓને દફનાવશે નહિ, પરંતુ તેઓના
મૃતદેહો ખુલ્લા મેદાનમાં પડ્યા રહેશે અને ભોંય પર સડી જઇ ખાતરરૂપ
થશે. તેઓ યુદ્ધ કે દુકાળમાં મૃત્યુ પામશે અને તેઓના મૃતદેહોને
પંખીઓ અને પશુઓ ફાડી ખાશે." 5 "જે ઘર શોકમાં હોય ત્યાં જઇશ
નહિ. તેમના શોકમાં ભાગ લેવા કે, તેમને આશ્વાસન આપવા જઇશ
નહિ." આ યહોવાના વચન છે. 6 "કારણ કે આ લોકો પાસેથી મેં મારી
શાંતિ પાછી ખેંચી લીધી છે, મેં મારો પ્રેમ અને મારી દયા પાછા ખેંચી
લીધા છે. આ દેશમાં ઊંચ કે નીચ જે કોઇ મરશે, તેને નહિ કોઇ દફનાવે
કે તેનો નહિ કોઇ શોક કરે: તેમને માટે નહિ કોઇ પોતાના શરીર પર ઘા
કરે કે નહિ કોઇ માથું મુંડાવે. 7 કોઇ તેને સાંત્વન આપવા શોક કરનાર-
ની સાથે ખાશે નહિ કે પીશે નહિ, પછી ભલે ને તેનાં માબાપ મૃત્યુ પા-
મ્યા હોય. 8 "જે ઘરમાં ખાવાપીવાની ઉજાણી ચાલતી હોય ત્યાં જઇને
ખાવાપીવા બેસી જઇશ નહિં. 9 કારણ, મેં ઇસ્રાએલના દેવ સૈન્યોનો દેવ
યહોવાએ કહ્યું છે કે, 'હું અહીં આ દેશનાં સર્વ હાસ્યનો, આનંદના ગીતો-
નો, લગ્ન ઉત્સવોનો તથા વર-કન્યાનાં ગીતોનો અંત લાવીશ.' 10 "જ્યા-
રે તું આ લોકોને આ બધું કહેશે ત્યારે એ લોકો તને પૂછશે કે, 'યહોવાએ
આ બધી ઘોર આફતો આપણે માથે નાખવાનું શાથી નક્કી કર્યું છે?
આપણો શો અપરાધ છે? આપણે આપણા દેવ યહોવાનો શો ગુનો કર્યો
છે?' 11 ત્યારે તારે જવાબ આપવો; 'કારણ, તમારા પિતૃઓએ મારો
ત્યાગ કર્યો હતો,' આ હું યહોવા બોલું છું. 'અને બીજા દેવોને માની તેમ-
ની પૂજા કરી હતી; તેમણે મારો ત્યાગ કર્યો હતો અને મારા નિયમશા-
સ્ત્રનું પાલન કર્યુ નહોતું. 12 અને તમે તમારાં પિતૃઓનાં કરતાં પણ
વધારે દુષ્ટતા આચરો છો! તમારા હૃદયની ઇચ્છાઓ સંતોષાય ત્યાં સુ-
ધી તમે દુષ્ટતાની પાછળ જાઓ છો અને મને આધીન થવાનો ઇન્કાર
કરો છો. 13 આથી હું તમને આ દેશમાંથી ઉખાડી; તમને અને તમારાં
પિતૃઓને અજાણ્યા દેશમાં ફગાવી દેનાર છું. ત્યાં તમે રાતદિવસ વિદે-
શી દેવોને ભજ્યા કરજો. કારણ, હું તમારા પર દયા રાખવાનો નથી.'"
14 યહોવા કહે છે, "જુઓ, હવે એ સમય આવે છે જ્યારે લોકો સોગંદ લે-
તી વખતે ક્યારેય નહિ કહે કે જેવી રીતે ચોક્કસ પણે યહોવા જીવે છે
ઇસ્રાએલના લોકોને મિસરમાંથી બહાર લઇ આવ્યો હતો. 15 પણ તેઓ
કહેશે જેમ ચોક્કસ પણે યહોવા જીવીત છે તેમ ઇસ્રાએલીઓને ઉત્તરના
પ્રદેશમાંથી અને પોતે તેઓને જ્યાં હાંકી કાઢયા હતા તે બધા દેશોમાંથી
પાછા લાવનાર યહોવાના સમ!' કારણકે, મેં તેમના પૂર્વજોને ભૂમિ
આપી હતી તેમાં જ હું તેમને પાછા લાવીશ." 16 યહોવા કહે છે, "હવે હું
અનેક માછીમારોને મોકલીશ અને તેઓ તે લોકોને જાળમાં પકડી પાડ-

શે. ત્યાર પછી હું અનેક શિકારીઓને મોકલીશ અને તેઓ તેમને એકે-
એક પર્વત પરથી અને એકેએક ગુફામાંથી શોધી કાઢીને તેમનો શિકાર
કરશે. 17 કારણ કે હું આખો વખત તેમનું અને તેમના પાપોનું નિરીક્ષણ
કરું છું. તેથી મારાથી કશું છુપું રહેતુ નથી. 18 "હું તેમની પાસે તેમનાં
પાપોનો અને દુષ્ટતાનો બમણો બદલો લઇશ, કારણ, તેમણે મારા દે-
શની ભૂમિને મુડદાં જેવી ઘૃણાસ્પદ મૂર્તિઓથી ભરી દઇને અભડાવી
છે." 19 હે યહોવા, સંકટના સમયમાં મને બચાવનાર, મારું સાર્મથ્ય
તથા મારો ગઢ, સમગ્ર જગતમાંથી પ્રજાઓ તમારી પાસે આવશે અને
કહેશે, "અમારા વડીલો મૂર્ખ હતા, કારણ કે તેઓએ જૂઠા દેવોની તથા
નિરર્થક મૂર્તિઓની પૂજા કરી હતી." 20 માણસ કદી પોતાના દેવને
બનાવી શકતો હશે? માણસના બનાવેલા હોય તે દેવ હોઇ જ ન શકે.
21 યહોવા કહે છે, "તેઓ આવી કબૂલાત કરતા આવશે, તો હું મારું સા-
ર્મથ્ય અને પરાક્રમ તેઓને દેખાડીશ અને 'હું એકલો જ દેવ છું ને મારું
નામ જ 'યહોવા છે' તેવું તેઓને સમજાવીશ."
17 યહોવા કહે છે, "યહૂદિયાનું પાપ લોઢાના ઢાંકણાથી તથા હીરા-
કણીથી લખેલું છે; તે તેઓના હૃદયની પાટી પર કોતરેલું છે
અને તમારી વેદીઓનાં શિંગો પર કોતરેલું છે; 2 કારણ કે તેઓના પુત્રો
ઊંચા પર્વતો પરનાં લીલાં ઝાડની પાસે તેઓની વેદીઓ તથા જુઠ્ઠા દે-
વો અને તેઓની અશેરાદેવીનું સ્મરણ કરે છે. 3 અરે, ખેતરમાંના મારા
પર્વત, તમારાં સર્વ પાપોની કિંમત રૂપે હું તમારી સર્વ સંપત્તિ તમારા
શત્રુઓને આપી દઇશ. 4 મે તમને માલિકી માટે વારસો આપ્યો હતો તે
તમે ગુમાવી દેશો. દેશમાં તમારા દુશ્મનોના ગુલામો તરીકે, જેના વિષે
તમે કશું જાણતા નથી એ દેશમાં હું તમને મોકલી આપીશ. તમે મારા
ક્રોધના અગ્નિને સળગાવ્યો છે અને તે સદાકાળ સળગતો રહેશે." 5 આ
યહોવાના વચન છે, "એને શાપિત જાણજો જે મારાથી વિમુખ થઇને
માણસ પર વિશ્વાસ રાખે છે, જે માટીના માનવીને પોતાનો આધાર માને
છે! 6 તે રાનમાંની સૂકી ઝાડીના જેવો છે. જે ઉજ્જડ મરું ભૂમિમાં જ્યાં
કોઇ વસી શકે એવી ખારી જમીનમાં ઊભો છે અને તે જોઇ નહિ શકે કે
ક્યારે સારી વસ્તુઓ આવશે. 7 પરંતુ જે મારા પર વિશ્વાસ રાખે છે અને
મને પોતાનો આધાર માને છે તેના પર મારા આશીર્વાદ વરસશે. 8 તે
ઝરણાની ધારે રોપેલા ઝાડ જેવો છે, જેના મૂળિયા પાણી તરફ ફેલાયેલાં
છે; તાપ પડે તોય એને કશું ડરવા જેવું નથી; એનાં પાંદડા લીલાછમ રહે
છે. દુકાળના વર્ષમાં તેને કશી ચિંતા નથી, તે ફળ આપતું જ રહે છે.
9 માણસના મન જેવું કઇં કપટી નથી; તે એવું તો કુટિલ છે કે તેને સાચે
જ કોઇ જાણી શકતું નથી. 10 માત્ર યહોવા તે જાણે છે, યહોવા સર્વ હૃદ-
યોની તપાસ કરે છે. અને તેના અભ્યંતરની પરીક્ષા કરે છે. જેથી પ્રત્યેક-
ના આચરણ પ્રમાણે એટલે તેણે કેવું જીવન વીતાવ્યું છે તેના આધારે
તેને તે યોગ્ય બદલો આપે છે. 11 અન્યાયને માગેર્ ધન એકઠું કરનાર
માણસ તો કોયલ જેણે પોતે જન્મ આપ્યો નથી તેવા ઇડાને સેવી રહી
છે તેના જેવો છે. અડધી ઉંમર થતાં એ ધન એને છોડી જશે; આખરે તે
મૂરખ ઠરશે." 12 પરંતુ આપણું મંદિર, આપણો આશ્રય તો અનાદિ કાળ-
થી ઉચ્ચસ્થાને મૂકેલું મહિમાવંત સિંહાસન છે. 13 હે યહોવા, તું ઇસ્રાએ-
લની આશા છે, જેઓ તારો ત્યાગ કરશે તે બધા ફજેત થશે, ધૂળમાં
લખેલા નામની જેમ તે ભૂંસાઇ જશે, કારણ કે તેમણે તમારો, જીવનના
પાણીના ઝરાનો ત્યાગ કર્યો છે. 14 હે યહોવા, તમે જો મને સાજો કરો,
તો હું સાચે જ સાજો થઇ જઇશ. મને ઉગારો અને મારું ખરેખરું તારણ
કરો કારણ કે તમે જ તે છો જેની હું સ્તુતિ કરું છું. 15 લોકો મારી મશ્કરી
કરીને મને પૂછ્યા કરે છે, "યહોવાના વચનો ક્યાં ગયા? જોઇએ તો ખરા
કેવાં સાચાં પડે છે!" 16 યહોવા, મેં તમને એમનું ભૂંડું કરવાં આગ્રહ કર્યો
નથી, મેં આ આફતની આંધીનો દિવસ માગ્યો નથી, એ તમે જાણો છો;
મારે મોઢેથી શું નીકળ્યું હતું એની તને ખબર છે. 17 મને ભયભીત ન
કરશો. તમે તો સંકટ સમયના મારા આશ્રય છે. 18 મારા જુલમગારો પર
તમે મૂંઝવણો તથા મુશ્કેલીઓ લાવો, પરંતુ મને શાંતિ આપો, હા, તેઓ
પર તમે બમણો વિનાશ લાવો. 19 યહોવાએ મને આ પ્રમાણે કહ્યું, "જા,
જે દરવાજે થઇને યહૂદિયાના રાજાઓ આવજા કરે છે તે 'જનતાના દર-
વાજા' આગળ અને યરૂશાલેમના બધા દરવાજા આગળ ઊભો રહે.
20 "અને કહે: 'આ દરવાજામાંથી પસાર થનાર હે યહૂદિયાના રાજાઓ,
યહૂદિયાના બધા લોકો અને યરૂશાલેમના વાસીઓ! તમે યહોવાની વા-
ણી સાંભળો. 21 આ યહોવાના હુકમો છે: ધ્યાન રાખજો કે વિશ્રામવારને
દિવસે કોઇ બોજો ઉપાડશો નહિ કે યરૂશાલેમના દરવાજામાં થઇને
અંદર લાવશો નહિ. 22 વિશ્રામવારના દિવસે ઘરમાંથી બોજો ઉપાડી
બહાર જશો નહિ અને કોઇ કામ કરશો નહિ! તમારા પિતૃઓને મેં આજ્ઞા
આપી હતી તેમ વિશ્રામવારના દિવસને પવિત્ર માનો. 23 તમારા પૂર્વ-
જોએ મારા હુકમોં માન્યાં નહિ, તેઓએ તે ધ્યાન પર પણ લીધાં નહિ,
અને હઠે ચડીને ન તો સાંભળ્યું કે ન તો શિખામણ લીધી.'" 24 યહોવા
કહે છે, "'હવે જો તમે મને આધીન થશો અને વિશ્રામવારને દિવસે કોઇ
કામ નહિ કરો તેને અલગ કરાયેલો-વિશિષ્ટ અને પવિત્ર દિવસ માની
તેની પવિત્રતા જાળવો. 25 "'તો રાજાઓ જે દાઉદના સિંહાસન પર બેઠા
છે તેઓ આ શહેરના દરવાજામાંથી, રથો અને ઘોડાઓ પર સવાર લશ્ક-
રના સરદારો સાથે, અને યહૂદિયાના લોકો અને યરૂશાલેમના વતનીઓ
સાથે આવજા કરશે અને આ નગર યરૂશાલેમ સદાકાળ હર્યુભર્યુ વસેલું
રહેશે. 26 યહૂદિયાના નગરોમાંથી, યરૂશાલેમની આસપાસના ગામો-
માંથી, બિન્યામીનના, નીચાણના તેમજ પહાડી પ્રદેશમાંથી અને દક્ષિ-
ણમાંથી લોકો દહનાર્પણ, બલિઓ, ખાદ્યાર્પણ અને ધૂપ તથા ઉપકારા-
ર્થાર્પણ લઇને મંદિરે આવશે. 27 "'પરંતુ જો તમે મારું સાંભળશો નહિ
અને વિશ્રામવાર દિવસને પવિત્ર માનવાની ના પાડશો, તથા અન્ય દિ-
વસોની જેમ વિશ્રામવારને દિવસે પણ તમે યરૂશાલેમના દરવાજાઓ-
માંથી વેપારની ચીજ-વસ્તુઓ લાવશો, તો હું આ દરવાજાઓને આગ
ચાંપીશ. તે અગ્નિ રાજમહેલ સુધી ફેલાશે અને તેનો સંપૂર્ણ નાશ થશે
અને અગ્નિની ભભૂકતી જવાળાઓને કોઇ હોલવી શકશે નહિ.'"
18 યહોવાનું જે વચન યર્મિર્યાની પાસે આવ્યું તે એ છે કે, 2 "તું
એકદમ કુંભારને ઘેર જા અને ત્યાં હું તને મારે જે કહેવાનું છે તે
કહીશ." 3 પછી હું કુંભારને ઘેર ગયો. અને જોયું તો તે ચાક પર કામ કર-
તો હતો. 4 પરંતુ તે જે વાસણ ઘડતો હતો તે તેની ઇચ્છા મુજબ તૈયાર
થયું નહિ, તેથી તેણે તેને તોડીને ફરીથી માટીનો પિંડ પોતાને સારું લા-
ગ્યું તેવા ઘાટનું બનાવ્યું અને બીજીવાર વાસણ બનાવવાની શરૂઆત
કરી. 5 પછી યહોવાની વાણી મને સંભળાઇ: 6 "હે ઇસ્રાએલ, આ કુંભારે
જેમ માટીના પિંડનું જે કર્યું તેવું શું હું તમારી સાથે ન કરી શકું? જેમ મા-
ટીનો પિંડ કુંભારના હાથમાં છે તેમ તમે મારા હાથમાં છો. 7 કોઇ વાર હું
કોઇ પ્રજાને કે રાજયને ઉખેડી નાખવાની, તોડી પાડવાની કે ખેદાનમે-
દાન કરી નાખવાની ધમકી આપું, 8 અને તે પ્રજા જો દુષ્ટ માગેર્થી પાછી
વળે તો તેના પર આફત ઉતારવાનો મેં કરેલો વિચાર માંડી વાળું;
9 અથવા કોઇવાર હું કોઇ પ્રજાને કે રાજ્યને મજબૂત અને સ્થિર કરવાનું
વિચારું. 10 પણ પછી તે પ્રજા પોતાના વિચારો બદલી નાખે અને દુષ્ટ-
તા તરફ ફરે તથા મને આધીન થવાની ના કહે તો હું પણ મારા વિચારો
ફેરવીશ અને મેં કહ્યું હતું તે પ્રમાણે હું તેઓને આશીર્વાદ આપીશ નહિ.
11 "હવે જા અને યહૂદિયાના લોકોને અને યરૂશાલેમના વતનીઓને કહે
કે, 'આ યહોવાના વચન છે: સાંભળો, હું તમારે માટે આફતની તૈયારી
કરી રહ્યો છું. હું તમારી વિરુદ્ધ યોજના ઘડી રહ્યો છું. માટે હવે તમારા-
માંનો એકેએક માણસ દુષ્ટ માગેર્થી પાછો વળે, પોતાનાં આચરણ અને
કમોર્ સુધારે.' 12 પણ તેઓ કહે છે કે, 'તારો સમય વેડફીશ નહિ. યહોવા
કહે છે તે પ્રમાણે આચરણ કરવાનો અમારો કોઇ જ વિચાર નથી. અમે
અમારી ઇચ્છા પ્રમાણે જ સર્વ પ્રકારના બંધનોથી મુકત અને સંપૂર્ણ
હઠીલાઇથી તથા દુષ્ટતામાં જીવવાનું ચાલુ રાખીશું!'" 13 તેથી યહોવા
કહે છે, "બધી પ્રજાઓમાં જઇને પૂછો, 'કોઇએ કદી આવું સાંભળ્યું છે?'
મારી પ્રજા ઇસ્રાએલે ભયંકર કૃત્ય કર્યું છે. 14 લબાનોન પર્વતોની ટોચ
પરનો બરફ કદી જ ઓગળી જતો નથી. હેમોર્ન પર્વતના ખડકોમાંથી
વહેતાં ઠંડા પાણીના ઝરાઓ કદી સુકાઇ જતા નથી. 15 પણ મારા લોકો
મને ભૂલી ગયા છે. તેઓ નિરર્થક તુચ્છ મૂર્તિને ધૂપ ચઢાવે છે. તેઓએ
તેમના પૂર્વજોના સારા માગોર્નો ત્યાગ કર્યો છે અને પગદંડી વગરના
ગંદા રસ્તાઓ પર ચાલ્યા છે. 16 તેમણે પોતાના દેશના એવા ભયંકર
હાલ કર્યા છે કે લોકો સદા તેનો તિરસ્કાર કરશે. જતા આવતા સૌ કોઇ
એની દશા જોઇને આભા બની માથું ધુણાવશે. 17 મારા લોકોને હું પૂર્વ-
ના વાયરાની જેમ દુશ્મનો આગળ વેરવિખેર કરી નાખીશ. તેમની આફ-
તને વખતે હું તેમના તરફ પીઠ ફેરવીશ, જોઇશ સુદ્ધાં નહિ." 18 પછી લો-
કોએ કહ્યું, "આવો આપણે યર્મિર્યાને દૂર કરીએ, આપણી પાસે આપણા

પોતાના યાજકો આપણને શીખવવા માટે, શાણા પુરુષો આપણને
સલાહ આપવા માટે, તથા પ્રબોધકો આપણે શું કરવું તે આપણને કહે-
વા માટે છે. આપણને યર્મિયાની સલાહની જરાય જરૂર નથી. આપણે
તેને ચૂપ કરી દઇએ. જેથી તે આપણી વિરુદ્ધ કાંઈ પણ વધારે બોલી
શકે નહિ અને આપણને ફરીથી હેરાન કરે નહિ.” 19 યર્મિયાએ પ્રાર્થના
કરી, “હે યહોવા, મને ધ્યાનથી સાંભળ! મારા દુશ્મનો મારી વિરુદ્ધ જે
કહે છે તે સાંભળ! 20 ભલાઇનો બદલો બૂરાઇથી કરાય તેમ છતાં, એ
લોકો મારે માટે ખાડો ખોદી રહ્યા છે. તારો રોષ તેમના પરથી ઊતરે
એટલા માટે તારી સમક્ષ ઊભા રહીને મેં એમની વકીલાત કરી હતી તે
યાદ કર. 21 તો હવે તું એમના બાળકોને દુકાળને હવાલે કર. તેમને તર-
વારની ધારે મરવા દે. તેમની સ્ત્રીઓને પુત્રવિહોણી અને પતિવિહોણી
થવા દે. પુરુષોને રોગથી અને જવાનો લડાઇમાં તરવારથી માર્યા જાય.
22 અચાનક લશ્કરી ટૂકડીઓ તેઓ પર આવી ચઢે અને તેઓનાં ઘરો-
માંથી ચીસો સાંભળશે, જ્યારે તું તારું લશ્કર લઇને તેમની પર ચઢી
આવે, કારણ કે મને ખાડામાં પાડી નાખવા માટે તેઓએ ખાડો ખોદ્યો
છે. અને મારા રસ્તામાં તેઓએ છૂપાં છટકાં ગોઠવી રાખ્યા છે. 23 પણ,
હે યહોવા, મારો જીવ લેવા માટેનાં એમના તમામ ખૂની કાવત્રાઓ તમે
જાણો છો. તમે તેઓને માફ કરશો નહિ, એમનાં પાપકમોર્ ભૂલશો
નહિ, તેઓ તમારી સમક્ષ ઠોકર ખાઇને પછડાઇ પડો. તમારો રોષ ભભૂ-
કી ઊઠયો હોય ત્યારે જ એમને સજા કરજો.”

19 ત્યારબાદ યહોવાએ યર્મિયાને કહ્યું, “જા, અને એક માટીની
બરણી ખરીદી લાવ, ત્યાર પછી લોકોના કેટલાક આગેવાનોને
અને કેટલાક યાજકોને તારી સાથે લઇ લે. 2 નગરનાં પૂર્વ દરવાજાએથી
તેઓને બેન-હિન્નોમની ખીણમાં લઇ જા, અને હું તને જે વચનો આપું તે
તું ત્યાં તેઓને કહી સંભળાવ. 3 તું એમ કહેજે, ‘સાંભળો, હે યહૂદિયાના
રાજાઓ અને યરૂશાલેમના વતનીઓ! ઇસ્રાએલના દેવ સૈન્યોના દેવ
યહોવાના આ વચનો છે; હું આ જગ્યા પર એવી વિપત્તિ ઉતારનાર છું કે
જે કોઇ સાંભળશે તેનાં કાનમાં ગુંજ્યા કરશે. 4 રણ કે ઇસ્રાએલે મારો
ત્યાગ કર્યો છે અને તેમણે વિદેશી દેવોને દહનાર્પણો ધરાવીને આ સ્થા-
નને ષ્ટ કર્યુ છે. એ વિદેશી દેવો જેના વિષે તેમણે તેમના પૂર્વજોએ તથા
યહૂદિયાના રાજાએ પણ ક્યારેય સાંભળ્યું નથી. તેમણે આ સ્થાનને
નિર્દોર્ષોના લોહીથી ભરી દીધું છે. 5 તેમણે બઆલ દેવને માટે યજ્ઞવે-
દીઓ ઊભી કરી છે. જ્યાં તેઓ પોતાનાં બાળકોની આહુતિ આપે છે. મેં
કદી એવી આજ્ઞા કરી જ નથી. એવો કોઇ વિચાર પણ મારા મનમાં કદી
આવ્યો જ નથી!’” 6 યહોવા કહે છે, “‘એવો દિવસ આવશે જ્યારે આ
ખીણ ‘તોફેથ’ અથવા ‘બેન-હિન્નોમ’ થી ઓળખાશે નહિ પરંતુ તેઓ તેને
કતલની ખીણ કહેશે. 7 આ જગ્યાએ હું યહૂદિયા અને યરૂશાલેમના લો-
કોની બધી યોજનાઓના માટીની બરણીની જેમ ભૂક્કેભૂક્કા ઉડાવી
દઇશ! હું તેમનો તેમના દુશ્મનોને હાથે તરવારથી નાશ કરાવીશ, તેમના
મૃતદેહ હું પંખીઓને અને જંગલી પશુઓને ખાવા સોંપી દઇશ. 8 હું યરૂ-
શાલેમને સંપૂર્ણ તારાજ કરી નાખીશ. ત્યાંથી પસાર થનાર દરેક જોશે કે
મેં તેને કેટલું ભારે નુકશાન પહોંચાડ્યું છે! અને તે આ જોઇને આશ્ચર્ય
પામશે, કે મે તેનો કેવો નાશ કર્યો. 9 તેઓના શત્રુઓ, જેઓ તેઓનો
જીવ શોધે છે તેઓ ઘેરો ઘાલીને તે બધાને સંકડામણમાં લાવશે, તે
વખતે તેઓ પોતાના પુત્રોનું તથા પોતાની પુત્રીઓનું માંસ ખાય એવું હું
કરીશ. તેઓ બધા એકબીજાનું માંસ ખાશે.’ 10 “અને હવે, યર્મિયા, તારી
સાથે લાવેલી બરણીને તું આ માણસોના દેખતા તોડી નાખ. 11 તેઓને
કહે, ‘યહોવા સૈન્યોનો દેવ તરફથી તમને આ સંદેશો છે; તેવી જ રીતે હું
યરૂશાલેમ શહેરને તોડી નાખીશ જેમ કુંભાર એક વાસણને તોડી નાખે
છે જેથી તેનું સમારકામ ક્યારેય ન થાય. તોફેથમાં ઘણા બધા લોકોને
દફનાવવામાં આવશે કારણ કે તેઓને દફનાવવા માટે બીજી કોઇ
જગ્યા નથી. 12 આ ખીણમાં જેવું હશે તેવું જ યરૂશાલેમમાં પણ હશે, કા-
રણ કે હું યરૂશાલેમને પણ મૃતદેહોથી ભરી દઇશ.’ 13 ‘યરૂશાલેમનાં
મકાનો, યહૂદિયાના રાજાઓનાં મકાનો અને જે જે ઘરનાં છાપરાં પર
લોકોએ આકાશનાં નક્ષત્રોને બલિદાન ચઢાવ્યાં છે અને બીજા દેવોને
પેયાર્પણો આપ્યા છે તે બધા મકાનો ‘તોફેથ’ જેવાં ષ્ટ બની જશે.’”
14 યહોવાએ દેવી વાણી ભાખવા યર્મિયાને તોફેથ મોકલ્યો હતો, ત્યાંથી
પાછા ફર્યા બાદ તે યહોવાના મંદિરના ચોકમાં ઊભો રહ્યો અને બધા
લોકોને ઉદ્દેશીને બોલ્યો, 15 “સૈન્યોનો દેવ યહોવા, ઇસ્રાએલનો દેવ કહે
છે; ‘મેં વચન આપ્યું છે તે મુજબ આ નગર તેમજ તેની આસપાસના
નગરો પર સર્વ વિપત્તિઓ હું લાવીશ, કારણ કે તમે લોકો હઠીલા છો
અને મારું કહ્યું માનતા નથી.’”

20 ઇમ્મેરનો પુત્ર યાજક પાશહૂર યહોવાના મંદિરના રક્ષકોનો ઉપ-
રી હતો. તેણે યર્મિયાને આવી ભવિષ્યવાણી ભાખતો સાંભ-
ળ્યો, 2 તેથી તેણે યર્મિયાની ધરપકડ કરી અને તેને કોરડાથી ફટકાર્યો,
પછી તેણે તેને મંદિરના બિન્યામીન દરવાજા આગળ સાંકળોથી બા-
ધ્યો. 3 બીજા દિવસે સવારે પાશહૂરે યર્મિયાને હેડમાંથી છૂટો કર્યો ત્યારે
યર્મિયાએ તેને કહ્યું, “યહોવા તને પાશહૂર નહિ કહે, પણ માગોર-મિ-
સ્સાબીબ (સર્વત્ર ત્રાસ) કહેશે. 4 કારણ કે યહોવા તારા પર તથા તારા
સર્વ મિત્રો પર ભય મોકલશે અને તેઓના શત્રુઓની તરવારોથી તેઓને
તું મૃત્યુ પામતાં જોશે. આખો યહૂદિયા હું બાબિલના રાજાને સોંપી
દઇશ. તે તેમને કેદ કરીને બાબિલ લઇ જશે અને ત્યાં તરવારથી મારી
નાખશે. 5 આ શહેરની સર્વ સંપત્તિ, એના બધા ભંડારો અને કિમતી
વસ્તુઓ, યહૂદિયાના રાજાનો બધો ખજાનો હું તેમના શત્રુઓને સોંપી
દઇશ, શત્રુઓ લૂંટમાર કરીને એનો કબજો લેશે અને બાબિલ લઇ જવા-
માં આવશે. 6 તું, પાશહૂર, અને તારું કુટુંબ કેદ પકડાશો, તમને બાબિલ
લઇ જવામાં આવશે, અને ત્યાં તમારું મોત થશે અને ત્યાં તમે દટાશો.
તું અને તારા બધા મિત્રો, જેમને તેં ખોટી ભવિષ્યવાણી સંભળાવેલી
છે.’” 7 પછી મેં કહ્યું, “હે યહોવા, તમે મને યુકિતપૂર્વક છેતર્યો છે. તમારા
સંદેશાઓ આપવા માટે તમે મને દબાણ કર્યુ. કારણ કે મારા કરતાં તમે
અતિ બળવાન છો. પરંતુ હવે હું બધા દિવસો હાંસીપાત્ર થયો છું અને
સર્વ લોકો મારી મશ્કરી કરે છે. 8 કેમ કે જ્યારે જ્યારે હું બોલું છું ત્યારે
ત્યારે ઘાટાં પાડીને એક જ વાત કહેવાની છે, ‘હિંસા અને વિનાશ!’ હે
યહોવા, તારી વાણી સંભળાવવાને કારણે આખો દિવસ મારે હાંસી અને
નામોશી સહન કરવી પડે છે.” 9 હું જો એમ કહું કે, “હવે હું યહોવાને
સંભારીશ નહિ, એને નામે બોલું જ નહિ.” તો તારી એ વાણી મારા અંગે
અંગમાં ભંડારાયેલી આગની જેમ મારા અંતરમાં ભડભડી ઊઠે છે; અને
હું તેને કાબૂમાં રાખવા મથું છું, પણ નથી રાખી શકતો. 10 ચારે બાજુથી
હું તેઓની ધમકીઓ ઉચ્ચારાતી સાંભળું છું અને મને ડર લાગે છે, તેઓ
કહે છે, “આપણે ફરિયાદ કરીશું. જેઓ મારા મિત્રો હતા તેઓ સાવધા-
નીથી મને નિહાળે છે કે, ક્યારે ભયંકર ભૂલ કરી બેસું. તે પોતે જ ફસાઇ
જશે અને ત્યારે આપણે તેના પર આપણું વૈર વાળીશું. તેઓ આ પ્રમા-
ણે કહે છે.” 11 પરંતુ મહાન યોદ્ધાની જેમ યહોવા મારી પડખે ઊભા છે.
તે પરાક્રમી તથા ભયાવહ છે. મારા જુલમગારો ઠોકર ખાશે, તેઓ નહિ
ફાવે, તેઓ નિષ્ફળ જતાં ભારે ફજેત થશે; તેઓ બધી રીતે અપમાનિત
થશે અને સદાને માટે તેઓ પર કલંક લાગશે. 12 હે સૈન્યોના દેવ યહો-
વા, તમે સતનું પારખું કરો છો, મારા મનનો અને હૃદયનો તાગ લો છો;
અને હું ઇચ્છું છું કે હું તમને એમના પર બદલો વાળતા જોવા પામું, કા-
રણ કે મેં મારો દાવો ફકત તમને સોંપ્યો છે. 13 યહોવાના ગીત ગાઓ,
એમનાં ગુણગાન કરો. કારણ, તેણે દુષ્ટોના હાથમાંથી દરિદ્રીઓનું જી-
વન ઉગારી લીધુ છે. 14 તેમ છતાં મારા જન્મનો દિવસ શાપિત થાઓ!
15 તને પુત્ર થયો છે એવી વધામણી મારા પિતાને આપનાર માણસ શા-
પિત થાઓ. 16 તે માણસના હાલ એ પુરાતન નગરોના જેવા થાવ. જેનો
યહોવાએ દયા રાખ્યા વગર નાશ કર્યો છે, ભલે તેને આખો દિવસ રણ-
નાદ સંભળાય; સવારમાં આર્તનાદ અને બપોરે યુદ્ધનાદ સંભળાય,
17 કારણ કે, તેણે મને ગર્ભમાં જ મારી ન નાખ્યો, તો મારી માતા જ મા-
રી કબર બની હોત, તેનું ઉદર સદા માટે મોટું રહ્યું હોત. 18 હું કષ્ટો અને
દુ:ખ સહન કરવા માટે, શરમાળ જીવન જીવવા માટે શું કામ ગર્ભમાંથી
બહાર આવ્યો?

21 પછી જ્યારે સિદકિયા રાજાએ માલ્કિયાના પુત્ર પાશહૂરને તથા
માઅસેયા યાજકના પુત્ર સફાન્યાને યર્મિયાની પાસે મોકલીને
કહેવડાવ્યું કે, 2 “બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર અમારી સામે યુદ્ધે
ચઢયો છે માટે તમે અમારા તરફથી યહોવાને અરજ કરો, કદાચ તે
અમારે ખાતર કોઇ ચમત્કાર કરે, જેથી નબૂખાદનેસ્સારને પાછા જવું
પડે.” 3 ત્યારે યર્મિયાને યહોવાની વાણી સંભળાઇ, અને તેમણે તે લો-
કોને કહ્યું, “સિદકિયાને જઇને કહેજો કે, 4 ઇસ્રાએલનો દેવ યહોવા આ

પ્રમાણે કહે છે; 'કોટની બહાર ઘેરો ઘાલીને પડેલા બાબિલના રાજા અને
તેની સૈના સામે તમારા જે યોદ્ધાઓ લડી રહ્યા છે, તેમણે પાછા હઠી
શહેરની મધ્યમાં આવવું પડશે. 5 "'કારણ, હું જાતે ભારે રોષ અને ક્રોધ-
પૂર્વક પૂરા બળ અને પરાક્રમથી તમારી સામે ઝઝુમીશ. 6 આ નગરમાં હું
ભયંકર મરકી મોકલીશ અને માણસો તથા પશુઓ મૃત્યુ પામશે. 7 અંતે
હું રાજા સિદકિયાને તથા નગરમાં બચી ગયેલાઓને બાબિલના રાજા
નબૂખાદનેસ્સારના હાથમાં સોંપી દઇશ. અને તે તેમની કત્લેઆમ
ચલાવશે અને તેમના પર જરાપણ દયા કે કરૂણા દર્શાવશે નહિ.' 8 "તે
તારે કહેવું પડશે તેવું યહોવા કહે છે: 'હું તમને જીવનના માર્ગ અને મૃ-
ત્યુના માર્ગ વચ્ચે પસંદગી કરવાની તક આપું છું. 9 જે કોઇ આ શહેરમાં
રહેશે તે યુદ્ધથી, દુકાળથી કે રોગથી મૃત્યુ પામશે, પણ જે કોઇ તમને
ઘેરો ઘાલીને પડેલી બાબિલની સૈનાને શરણે જશે તે બચવા પામશે,
કઇં નહિ તો યે તે જીવતો તો રહેશે જ. 10 કારણ કે આ નગરનું ભલું નહિ
પણ વિનાશ કરવાનો મેં નિરધાર કર્યો છે, તેને બાબિલના રાજાના હા-
થમાં સોપી દેવામાં આવશે અને બાળીને રાખ કરી દેવામાં આવશે." આ
યહોવાના વચન છે. 11 "વળી યહૂદિયાના રાજા દાઉદના વંશજને યહો-
વા કહે છે: ધ્યાનથી સાંભળ! 12 હે દાઉદના ઘર, હંમેશા ન્યાય કરો, જે
માણસ જુલ્મીઓના હાથે લૂંટાઇ ગયો છે તેને તેના હાથમાંથી છોડાવ,
નહિ તો તારાં દુષ્ટકૃત્યોને કારણે મારો રોષ ભભૂકી ઊઠશે અને મારો ગુ-
સ્સો જે અગ્નિ જેવો છે તે હોલવ્યા વગર ભડભડયા કરશે. 13 અરે, હે યરૂ-
શાલેમ હું તારી વિરુદ્ધ થઇ ગયો છું. ખીણ પર ઝઝૂમતા ખડકની ધારે
બેઠેલું તું એમ કહે છે કે, "કોણ મારા પર હુમલો કરી શકે એમ છે, 'કોણ
મારા ગઢમાં પ્રવેશી શકે એમ છે'" આ યહોવાના વચન છે. 14 પરંતુ તારા
પાપી કૃત્યોની ઘટતી સજા હું તને કરીશ. એમ યહોવા કહે છે: 'હું જંગલ-
માં અગ્નિ સળગાવીશ અને તે પોતાના માર્ગમાં આવનાર સર્વને મહેલ
સહિત બાળીને ભસ્મિભૂત કરી નાખશે.'"

22 પછી યહોવાએ મને યહૂદિયાના રાજાના મહેલમાં જઇને આ પ્ર-
માણે સીધી વાત કરવા કહ્યું: 2 "'દાઉદના રાજ્યાસન પર બેઠે-
લા હે યહૂદિયાના રાજા, તું અને તારા અમલદારો તથા યરૂશાલેમના
બધાં વતનીઓ હું જે કહું છું તે ધ્યાનથી સાંભળો. 3 હું, યહોવા આ પ્રમા-
ણે તમને કહું છું; ન્યાયથી અને સદાચારથી વર્તોર્, જે વ્યકિત તેના જુ-
લ્મીના હાથે લૂંટાઇ ગઇ છે તેને બચાવો; પરદેશીઓ, અનાથો અને વિ-
ધવાઓ પ્રત્યે હિંસા આચરો નહિ, આ સ્થાને નિર્દોષનું લોહી રેડશો
નહિ. 4 જે હું તને કહું છું જો તું સાચે જ કરે તો, હું ખાતરી કરીશ કે તે રા-
જાઓ જે દાઉદના રાજ્યાસન પર બેસે છે. તેઓ આ દ્વાર તરફથી જશે.
તેઓ રથોમાં અને ઘોડા પર સવારી કરશે અને તેઓના ચાકરો અને તે-
ઓના લોકો પણ. 5 પણ જો તમે મારી ચેતવણી તરફ ધ્યાન નહિ
આપો, ને મારું કહ્યું નહી કરો તો હું મારા પોતાના સમ ખાઇને કહું છું કે,
આ મહેલ ખંડેર બની જશે. આ હું યહોવા બોલું છું.'" 6 યહૂદિયાના રાજ-
મહેલ વિષે યહોવાએ કહ્યું છે કે,"તું મારે મન ગિલયાદ જેવો, લબાનોન
પર્વતના શિખર જેવો છે. તેમ છતાં હું સમ ખાઉ છું, તને વેરાન અને
વસ્તીહિન સ્થળ જેવું બનાવી દઇશ. 7 હું તારો વિનાશ કરવા માટે મા-
ણસો નક્કી કરીશ. તેઓ દરેક જણ હાથમાં કુહાડો લઇને તારા ગંધતરૂ-
ના સુંદરમાં સુંદર વૃક્ષોને કાપી નાખશે અને અગ્નિમાં હોમી દેશે. 8 "તા-
રાજ થયેલા આ નગરની પાસેથી પસાર થતાં, ઘણી પ્રજાઓના લોકો
એકબીજાને કહેશે, 'યહોવાએ શા માટે આ નગરનાં આવા હાલ કર્યા? શા
માટે તેમણે આવા મહાન નગરનો વિનાશ કર્યો?' 9 ત્યારે પ્રત્યુત્તર મળ-
શે, 'કારણ કે એ લોકોએ પોતાના દેવ યહોવા સાથેના કરારને ફગાવી
દઇ બીજા દેવોની પૂજા કરી.'" 10 યહૂદિયાના લોકો, જે મૃત્યુ પામ્યા છે
તેને માટે ચિંતા કરશો નહિ, તેમ તેનો શોક પણ ન કરશો; પણ જે ચા-
લ્યો ગયો છે તેને માટે હૈયાફાટ રૂદન કરજો, કારણ તે કદી પાછો આવ-
વાનો નથી. તે કદી ફરી જન્મભૂમિના દર્શન કરવાનો નથી. 11 તેના પિ-
તા યોશિયા રાજાની જગ્યાએ ગાદીએ આવનાર શાલ્લૂમને બંદીવાસમાં
લઈ જવામાં આવ્યો છે. તેના વિષે યહોવા કહે છે: 12 "તેને જ્યાં કેદ પક-
ડીને લઇ જવામાં આવ્યો છે તે દેશમાં જ તે મૃત્યુ પામશે અને આ ભૂમિ-
ને કદી જોવા પામશે નહિ." 13 યહોયાકીમ રાજા તારી પર શરમ છે, કા-
રણ કે તેં પ્રામાણિકતાથી અને અન્યાયથી લોકો પર દબાણ મુક્યું છે,
કે તારી માટે તેઓ સખત કામ કરે અને જેની ઉપરની તરફ ઓરડા હોય
તેવો મહેલ બનાવે. તેં જ તારા સાથી માણસોને તેમને તેમનો પગાર
આપ્યા વગર કામ કરવા માટે દબાણ કર્યુ હતું. 14 તે કહે છે, "હું મારા
માટે જેમાં વિશાળ ઉપરી ઓરડાઓ હોય તેવો એક ભવ્ય મહેલ બંધા-
વીશ, પછી તેમાં બારીઓ મૂકાવીશ, સુગંધીદાર એરેજકાષ્ટથી તેને મઢા-
વીશ તથા મનમોહક કિરમજી રંગથી તેને રંગાવીશ." 15 પરંતુ ભવ્ય
મહેલ બનાવ્યા તેથી કાઇં મહાન રાજા થઇ શકાતું નથી! તારા પિતા યો-
શિયાએ શા માટે ઘણાં વર્ષોર્ સુધી રાજ કર્યું? કારણ કે તે ન્યાયી હતો
અને સર્વ વ્યવહારમાં પ્રામાણિક હતો. તેથી દેવે તેને આશીર્વાદ આપ્યો
હતો. 16 ગરીબો તથા જરૂરતમંદોને ન્યાય તથા સહાય પૂરી પાડવામાં
તેણે કાળજી રાખી, તેથી તે બધી વાતે સુખી હતો. આમ કરવાથી મા-
ણસ દેવની નજીક રહી શકે છે. આ યહોવાના વચન છે. 17 પણ તને તો
સ્વાર્થ સિવાય બીજું કશું જોવાને આંખો જ નથી, નથી તને નિર્દોર્ષનું
લોહી રેડવા અને ઘાતકી અત્યાચારો કરવા સિવાય બીજા કશા વિચાર
આવતા. આ યહોવાના વચન છે. 18 તે માટે યહૂદિયાના રાજા યોશિયા-
ના પુત્ર યહોયાકીમ વિષે યહોવા કહે છે કે, "તે મૃત્યુ પામશે ત્યારે તેનું
કુટુંબ તેને માટે શોક કરશે નહિ, ઓ મારા ભાઈ! અથવા ઓ મારી
બહેન! એવું બોલીને રડશે નહિ. તેની પ્રજા પણ તેના મૃત્યુની નોંધ લેશે
નહિ. 'મારા માલિક! મારા રાજા!' એમ કહીને કોઇ રડશે નહિ. 19 એક
ગધેડાંના જેવી તેની અંતિમ યાત્રા થશે, તેને ઘસડીને યરૂશાલેમના દર-
વાજા બહાર નાખી આવશે." 20 હે યરૂશાલેમની પ્રજા, લબાનોનના
પહાડ પર જઇને હાંક માર! બાશાનમાં જઇને પોકાર કર! અબારીમ
પર્વત પરથી હાંક માર! કારણ, તારા બધા મિત્રો પાયમાલ થઇ ગયા છે.
21 જ્યારે તુ સમૃદ્ધ થતો હતો; ત્યારે મેં તારી સાથે વાત કરી હતી, પણ તેં
કહ્યું, "હું નહિ સાંભળુ. તારી યુવાનીથી માંડીને તું આ રીતે વર્તતી આવી
છે, તેં કદી મારું કહ્યું કર્યું નથી. 22 તારા સર્વ આગેવાનો પવન દ્વારા
ઘસડાઇ જશે. તારા સર્વ મિત્રોને ગુલામો તરીકે દેશવટે લઇ જવામાં
આવશે, આખરે તારી દુષ્ટતાને કારણે તારી બદનામી થશે, ને તું શરમ
અનુભવશે. 23 લબાનોનના એરેજવૃક્ષો મધ્યે ભવ્ય મહેલમાં સુખચેનથી
રહેવું ઘણું સારું છે. પરંતુ પ્રસૂતાની વેદનાની જેમ તારા પર આફત
આવશે ત્યારે તારી દશા, કેવી દયાજનક હશે!" 24 જેમ સાચે જ હું જીવું
છું, એવું યહોવા કહે છે, "જો યહૂદિયાના રાજા, યહોયાકીન રાજા યહોયા-
કીમના પુત્ર, જો તું મારા જમણા હાથ પરની વીંટી હોત, તો મેં તેને મારા
હાથમાંથી દૂર કર્યો હોત. 25 તું જેનાથી ડરે છે અને જે તારો જીવ લેવા
તાકે છે તે બાબિલના રાજા નબૂખાદનેસ્સાર અને તેના સૈન્યના હાથમાં
સોંપી દઇશ. 26 હું તને તથા તારી માતાને આ દેશમાંથી બહાર ફેંકી
દઇશ. અને તમે પરદેશી ભૂમિમાં મૃત્યુ પામશો. 27 અને તમે જ્યાં પાછાં
જવા માટે ઝૂરતાં હશો તે ભૂમિમાં કદી જવા પામશો નહિ." 28 મેં કહ્યું,
આ માણસ કોન્યા, એટલે ફૂટેલા અને ફેંકી દીધેલા ઘડા જેવો છે. તેને
તથા તેનાં બાળકોને દૂરના અજાણ્યા પ્રદેશમાં ફેંકી દેવામાં આવ્યા છે.
અને એક એવી ભૂમિમા નાંખી દેવામાં આવ્યા છે જેને તેઓ જાણતા
પણ નથી. 29 હે ભૂમિ, ભૂમિ, ભૂમિ! તું યહોવાના વચન સાંભળ!
30 યહોવા કહે છે: "'લખી રાખોકે આ માણસને સંતાન નહી થાય. જીવ-
નમાં એ કદી સફળ નહિ થાય. એ કોઇ વંશજ નહિ મૂકી જાય, જે દાઉદ-
ના રાજ્યાસન પર બેસે અથવા ફરીથી યહૂદીઓ પર રાજ કરે.'"

23 "ઈસ્રાએલના દેવ યહોવા તેમની પ્રજાના રખેવાળો વિષે આ પ્ર-
માણે કહે છે, "જે ઘેટાંપાળકો મારા બીડના ઘેટાંનો નાશ કરે છે,
તથા તેઓને વિખેરી નાખે છે. તેઓને હાય હાય!" આ યહોવાના વચન
છે. 2 તેની પ્રજાનું ધ્યાન રાખવાની જેમની ફરજ હતી તે ઘેટાંપાળકો મા-
ટે યહોવા આમ કહે છે, એ તમે છો જેણે મારા ટોળાને વિખેરીને ભગાડી
મૂક્યાં છે, તમે ક્યારેય તેમની પર ધ્યાન નથી આપ્યું, હવે હું તમે કરેલા
દુષ્કૃત્યો માટે તમને સજા કરીશ એવું યહોવા કહે છે. 3 "પરંતુ મારા લો-
કોમાંના બચેલાઓને હું જાતે જે દેશોમાં મેં તેમને હાંકી કાઢ્યા છે ત્યાંથી
પાછા એકત્ર કરીને, તેમના વાડામાં પાછા લાવીશ. ત્યાં તેઓનો વંશવે-
લો ફૂલશે-ફાલશે અને વૃદ્ધિ પામશે. 4 હું એવા પાળકોની નિમણૂંક કરીશ
જેઓ તેમની સંભાળ રાખે. એટલે પછી તેમને બીવાનું કે ડરવાનું રહેશે
નહિ. તેમની સતત ગણતરી કરવામાં આવશે જેથી કોઇ ભૂલું પણ નહિ
પડે." આ યહોવાના વચન છે. 5 યહોવા કહે છે, "એવો સમય આવી
રહ્યો છે જ્યારે હું દાઉદના વંશમાં એક ન્યાયી "અંકુર" ઉગાવીશ, તેને

રાજા તરીકે પસંદ કરીશ. જે ડહાપણપૂર્વક રાજ્ય શાસન કરશે અને દેશ-
માં ન્યાય અને નીતિમત્તાની આણ વર્તાવશે. 6 તેની કારકિદીર્ દરમ્યાન
યહૂદિયાનો અને ઈસ્રાએલનો ઉદ્ધાર થશે અને તેઓ સુરક્ષિત રહેશે લો-
કો તેમને યહોવા અમારું ન્યાયીપણું છે. એ નામે બોલાવશે.” 7 યહોવા
કહે છે, “હવે એવો સમય આવશે, જ્યારે લોકો સમ ખાતી વખતે એમ
નહિ કહે કે, ‘હું ઈસ્રાએલીઓને મિસરમાંથી બહાર લાવનાર યહોવાના
નામે સોગંદ લઉં છું!’ 8 પણ એમ કહેશે કે , ‘ઈસ્રાએલના વંશજોને ઉત્તર-
ના પ્રદેશમાંથી અને પોતે તેમને જ્યાં હાંકી કાઢ્યા હતા તે બધા દેશો-
માંથી ફરી પાછા લાવનાર જીવતા યહોવાના સમ!’ તેઓ તેમની પોતા-
ની ભૂમિમાં વસશે.” 9 અતિ કપટી જૂઠા પ્રબોધકોથી મારું હૃદય વ્ય-
થિત થયું છે. હું ભયથી જાગી જાઉં છું અને દ્રાક્ષારસ પીધેલાં માણસની
જેમ લથડીયાં ખાઉં છું, કારણ કે તેઓ માટે ભયંકર શિક્ષા રાહ જુએ છે,
અને તેઓની વિરુદ્ધ યહોવાએ ન્યાયાસનનાં પવિત્ર વચનો ઉચ્ચાર્યાં
છે. 10 કારણ કે દેશ વ્યભિચારીઓથી ભરાઇ ગયો છે; આ શાપને કારણે
દેશ ઘેરી વ્યથામાં છે અને દુકાળ પડ્યો છે. લોકો ખોટા માગેર્ છે અને
તેઓ પોતાની સત્તાનો યોગ્ય ઉપયોગ કરતા નથી. 11 યહોવા કહે છે,
“પ્રબોધકો અને યાજકો બંને ષ્ટ થઇ ગયા છે. મેં તેમને મારા મંદિરમાં
પણ દુષ્ટતા આચરતા જોયા છે. 12 તેને લીધે તેઓના રસ્તાઓ અંધકા-
રમય તથા લપસણા થઇ ગયા છે. અંધકારમય જોખમી માર્ગ પર તેઓ-
નો પીછો પકડવામાં આવશે અને તેઓ પછડાશે. કારણ કે હું તેમના
પર વિપત્તિ લાવવાનો છું. જ્યારે તેઓનો સમય આવશે ત્યારે તેઓને
તેમનાં સર્વ પાપોની સજા કરવામાં આવશે. 13 “મેં સમરૂનના પ્રબોધકો-
માં ધૃણાજનક વસ્તુઓ જોઇ છે; તેઓએ બઆલ દેવને નામે પ્રબોધ
કર્યો છે અને ઈસ્રાએલીઓને ખોટે માગેર્ દોર્યા છે. 14 પરંતુ યરૂશાલેમના
પ્રબોધકોમાં તો મેં આનાથી પણ ભયંકર કૃત્યો જોયાં છે; તેઓ વ્યભિ-
ચાર કરે છે, અને અન્યોને છેતરે છે, દુષ્ટ માણસોને સાથસહકાર આપે
છે જેથી દુષ્ટતામાંથી કોઇ પાછું વળતું નથી; મારે મન તેઓ બધા
સદોમ અને ગમોરાના લોકો જેવા છે, જેઓ સંપૂર્ણ રીતે ષ્ટ થઇ ગયા
છે.” 15 તેથી સૈન્યોનો દેવ યહોવા કહે છે, “હું તેઓને કડવી વેલ ખવડા-
વીશ અને ઝેર પાઇશ કારણ કે તેઓને લીધે આ દેશ દુષ્ટતાથી ભરાઇ
ગયો છે.” 16 સૈન્યોનો દેવ યહોવા કહે છે, “મારા લોકોને મારી આ ચેત-
વણી છે. જ્યારે આ જૂઠા પ્રબોધકો તમને પ્રબોધ કરે છે અને તમને જૂઠી
આશાઓ આપે ત્યારે તમે સાંભળશો નહિ. તેઓ ધડમાથા વગરની વા-
તો કરે છે, તેઓ મારાં મુખનાં વચનો નથી કહેતાં. 17 જેઓ મારી વાણી-
નો તિરસ્કાર કરે છે તેમને કહેવાય છે કે, “તમારી સાથે બધું સારું થશે,
જેઓ પોતાની ઇચ્છા મુજબ વતેર્ છે તેમને કહે છે, કોઇ પણ આફતથી
તમારે ગભરાવાની જરૂર નથી, 18 હા, જ્યાં યહોવાએ પોતાનો સંદેશો
જાહેર કર્યો હતો ત્યાં આ બધા પ્રબોધકોમાંથી કોણ ત્યાં ઊભું હતું અને
તેને ધ્યાનથી સાંભળ્યો હતો? કોઇ પણ પ્રબોધકે ધ્યાનથી સાંભળવા-
ની કાળજી રાખી છે ખરી? 19 આ યહોવાના ક્રોધનો વંટોળ ચડ્યો છે; એ
ઘૂમરી લેતો લેતો દુષ્ટોને માથે અફળાશે. 20 તેઓની વિરુદ્ધ જે શિક્ષા
યહોવાએ ઉચ્ચારી છે તેનો સંપૂર્ણ અમલ થશે નહિ, ત્યાં સુધી તેમનો
ક્રોધ શાંત થશે નહિ. પાછળથી જ્યારે યરૂશાલેમનું પતન થશે ત્યારે મેં
જે કહ્યું છે તે તમે સમજી શકશો. 21 યહોવાએ કહ્યું, “આ પ્રબોધકોને મેં
મોકલ્યા નથી. છતાં તેઓ દોડાદોડ કરે છે; મેં આ લોકોને કઇં કહ્યું
નથી. છતાં તેઓ મારે નામે બોલે છે. 22 તેઓ જો મારી મંત્રણામાં ઉપ-
સ્થિત રહ્યા હોત તો મારા લોકોને મારી વાણી સંભળાવી હોત અને તે-
મને ખોટે માગેર્થી અને ખોટાં કાર્યોથી પાછા વાળ્યા હોત.” 23 “શું હું એ
દેવ છું કે જે દૂરના સ્થળે રહે છે? અથવા શું હું એ દેવ છું જે પોતાના લો-
કોની નજીક રહે છે? 24 શું કોઇ મારાથી પોતાને સંતાડી શકે? શું હું
આકાશ તથા પૃથ્વીમાં સર્વત્ર હાજર નથી?” આ યહોવાના વચન છે.
25 તેઓ કહે છે, “ગઇ રાત્રે યહોવા તરફથી મને એક સ્વપ્નદર્શન થયું. તે
સાંભળો, ‘અને પછી તેઓ મારા નામે જૂઠી વાતો કરે છે.’ 26 આવું ક્યાં
સુધી ચાલશે? જો તેઓ ‘પ્રબોધકો’ છે તો તેઓ જૂઠા પ્રબોધકો છે અને
તેઓ જે કહે છે તે સર્વ ઉપજાવી કાઢેલું છે. 27 તેઓ એકબીજાને સ્વપ્નો-
ની વાત કહીને મારું નામ ભૂલાવી દેવાની કોશિશ કરે છે. બરાબર એવી
જ રીતે-જેમ તેમના પિતૃઓ મારું નામ ભૂલીને બઆલદેવનું નામ લેતા
થયા હતા. 28 આ જૂઠાં પ્રબોધકોને પોતાનાં સ્વપ્નો કહેવા દો અને મારા
સંદેશાવાહકોને પણ વિશ્વાસપૂર્વક મારું પ્રત્યેક વચન કહેવા દો. ઘઉંની
તુલનામાં તેનાં ફોતરાની શી કિંમત? 29 મારુ વચન આગ જેવુ નથી?
ખડકના ચૂરેચૂરા કરનાર હથોડા જેવુ નથી? 30 “એટલે મારો વિરોધ
એકબીજાના શબ્દો ચોરી લઇ એને મારે નામે ખપાવનાર પ્રબોધકો સા-
મે છે. 31 જે પ્રબોધકો પોતાની વાણીને મારી વાણી તરીકે ખપાવે છે. તે-
મની સામે મારો વિરોધ છે. 32 જુઓ હું તે બધા પ્રબોધકોની વિરુદ્ધમાં
છું જેમના સ્વપ્નો કેવળ નિર્લજ્જ જૂઠાણાં છે અને જેઓ મારા લોકોને જૂ-
ઠાણાં દ્વારા અને મોટી મોટી વાતો દ્વારા પાપમાં દોરી જાય છે. મેં તેઓ-
ને મોકલ્યા નથી. અને મારા લોકને માટે તેઓની પાસે કોઇ સંદેશો
નથી, જેઓ તેમના માટે કઇક છે.” એમ યહોવા કહે છે. 33 પછી યહો-
વાએ મને કહ્યું, “જ્યારે લોકોમાંથી કોઇ એક યાજક અથવા કોઇ પ્રબો-
ધક તેમનામાંથી કોઇ તને પૂછે કે, ‘યહોવાએ કયા સંદેશા દ્વારા તારી પર
બોજો7 નાખ્યો છે?’ તો તારે જવાબ દેવો કે, ‘તમે જ યહોવા પર બોજા-
રુંપ છો અને તે તમને ફગાવી દેશે.’” એમ યહોવા કહે છે. 34 “જો કોઇ પ્ર-
બોધક કે યાજક કે કોઇ બીજો ‘યહોવાની વાણી ભારરૂપ છે.’ એમ કહેશે
તો હું તેને અને તેનાં કુટુંબને ભારે પડીશ. 35 તમે અંદરોઅંદર એકબીજા-
ને પૂછી શકો છો, ‘યહોવાનો સંદેશો શો છે? યહોવા શું કહે છે?” એવો જ
પ્રયોગ કરવો. 36 આજ પછી, તમારે ક્યારે પણ ‘યહોવાનો બોજો ’ એમ
બોલવું નહીં, જે કોઇ તેનો ઉપયોગ કરશે તે ખરેખર મુશ્કેલીમાં મુકાઇ
જશે કારણ કે તેઓ, મેં જે કહ્યું છે તેનો અવળો અર્થ કરે છે અને લોકોને,
એમ કહી છેતરે છે કે આ એ છે જે જીવતા જાગતા દેવ, આપણા યહોવા
દેવ જે દરેક વસ્તુ પર શાસન કરે છે.-કહે છે. 37 “તમે આદરપૂર્વક પ્રબો-
ધકને પૂછી શકો, ‘યહોવાનો સંદેશ શો છે? તેણે તમને શું કહ્યું છે?’ 38 મેં
તમને આ શબ્દો નહિ વાપરવા માટે ચેતવણી આપી છે છતાં જો તમે
યમિર્યાને પૂછો છો, ‘યહોવા તરફથી આજે શું બોજ છે? 39 પછી જે તમે
મને ભારરૂપ છો, તે ભાર હું ફેંકી દઇશ. તમને તથા આ નગરને જે મેં
તમને અને તમારા પિતૃઓને આપ્યું હતું. મારી નજરથી બહાર કરી
દઇશ. 40 અને હું તમારાથી કદી ભૂલાય નહિ એવી નામોશી અને નિરંતર
નિંદા તથા સતત અપમાન હું તમારા પર આણીશ.’”

24 યહૂદિયાના રાજા યહોયાકીમના પુત્ર કોન્યાહને બાબિલના રા-
જા નબૂખાદનેસ્સારે દેશ નિકાલ કર્યો અને તેને યહૂદિયાના સર-
દારો તથા સુથારી અને લુહારી કામનાં નિપૂણ કારીગરોને બાબિલમાં
બંદીવાસમાં મોકલી દીધા, પછી યહોવાના મંદિરની સામે બહાર મૂકેલી
અંજીરની બે ટોપલીઓ યહોવાએ મને દેખાડી. 2 યરૂશાલેમમાં મંદિરની
સામે અંજીરની ભરેલી બે ટોપલીઓ મેં જોઇ, એક ટોપલીમાં તાજાં અને
હમણાંજ પાકેલા અંજીર હતા. પરંતુ બીજી ટોપલીમાં બગડી ગયેલા
અને ખાવાને લાયક નહિ એવાં અંજીર હતાં. 3 પછી યહોવાએ મને કહ્યું,
“યમિર્યા તું શું જુએ છે?” મેં ઉત્તર આપ્યો, “અંજીર, તેમાનાં કેટલાક બહુ
સારા છે અને કેટલાંક ખૂબજ બગડી ગયા છે, તે એટલાં ખરાબ છે કે
ખવાય પણ નહિ.” 4 ત્યારે યહોવાએ મને કહ્યું, 5 આ ઈસ્રાએલના દેવ
યહોવાના વચન છે. “યહૂદિયામાંથી જે લોકો દેશવટે ગયા છે. જેમને મેં
અહીંથી બાબિલમાં દેશવટે મોકલી આપ્યા છે તેમને હું આ સારાં અંજીર
જેવા સારા માનું છું. 6 તેઓ સાથે સારો વ્યવહાર કરવામાં આવે તેવું હું
કરીશ અને તેઓને ફરીથી આ દેશમાં પાછા લાવીશ. તેઓને સહાય
કરીશ અને તેઓને હાની થશે નહિ, હું તેઓને રોપીશ અને તેઓને ઉખે-
ડી નાખીશ નહિ. 7 હું તેમને બુદ્ધિ આપીશ, જેથી તેઓ મને ઓળખે કે હું
યહોવા છું. પછી તેઓ મારા લોકો થશે અને હું તેમનો દેવ થઇશ; કા-
રણ, તેઓ પૂરા દિલથી મારી પાસે પાછા આવશે. 8 “પણ યહૂદિયાના
રાજા સિદકિયા તો ખાઇ ન શકાય તેવા સડેલા અંજીર જેવો હશે. સિદ-
કિયા, અને તેના ઉચ્ચ અમલદારો અને યરૂશાલેમમાંના બાકીના લોકો-
ને, જેઓ આ દેશમાં જ રહ્યાં હોય કે યહૂદિયાના તે બધાં લોકો જેઓ મિ-
સરમાં રહેતા હોય, એ બધા ખવાય પણ નહિ એવા ખરાબ અંજીર જેવા
હશે. 9 “હું તે લોકોને સજા કરીશ તેમને થયેલી સજા જોઇને પૃથ્વીના
બધા લોકો થથરી જશે, લોકો યહૂદિયાના લોકોની ઠેકડી ઉડાવશે, લો-
કો તેમના વિષે મજાક મશ્કરી કરશે અને મેં તેમને જ્યાં જ્યાં વિખેરી ના-
ખ્યાં છે ત્યાં લોકો તેમને શાપ આપશે. 10 હું તેમના પર તરવાર, ભૂખમ-
રો અને રોગચાળો મોકલીશ. તેઓ જ્યાં સુધી નષ્ટ ન થઇ જાય ત્યાં સુ-

ધી હું તેમના પર ત્રાટકીશ પછી તેઓનું અસ્તિત્વ ભૂમિ પરથી મટી જશે
જે મેં તેમને અને તેમના પિતૃઓને આપી હતી."

25 યોશિયાનો પુત્ર રાજા યહોયાકીમ યહૂદિયા પર રાજ્ય કરતો
હતો. તેના ચોથા વષેર્ યહૂદિયાના સર્વ લોકો માટે યહોવા તર-
ફથી યમિર્યા પાસે આ સંદેશો આવ્યો. બાબિલના રાજા નબૂખાદનેસ્સારે
તે વષેર્ રાજ કરવાનું શરું કર્યું. 2 અને યમિર્યા પ્રબોધકે યહૂદિયાના
બધા લોકોને તથા યરૂશાલેમના બધા વતનીઓને કહ્યું, 3 "છેલ્લા ત્રે-
વીસ વર્ષથી, યહૂદિયાના રાજા આમ્મોનના પુત્ર યોશિયાના શાસનનાં
13 માં વર્ષથી તે આજ પર્યંત યહોવા પોતાના સંદેશાઓ મને મોકલતો
રહ્યો છે. મેં વિશ્વાસુપણે તે તમારી આગળ પ્રગટ કર્યા છે, છતાં તમે તે
પર ધ્યાન આપ્યું નથી. 4 વળી વર્ષોર્ના વષોર્ સુધી યહોવાએ તમારી
પાસે પોતાના પ્રબોધકો મોકલ્યા હતા; છતાં પણ તમે તેઓનું સાંભળ્યું
નહિ. 5 તેમનો સંદેશો એ હતો કે, "તમે બધા તમારા દુષ્ટ વ્યવહાર અને
દુષ્ટ કૃત્યોમાંથી પાછા ફરો, તો તમે જે ભૂમિ યહોવાએ લાંબા સમય
પહેલાં તમને અને તમારા પિતૃઓને સદાને માટે આપી હતી તેમાં રહી
શકશો. 6 તમે લોકો મૂર્તિઓની પૂજા અને સેવા કરશો નહિ. તમારા પો-
તાના માટે બનાવેલી વસ્તુઓથી મને ક્રોધિત કરશો નહી. તો હું તમને
હાનિ પહોંચાડીશ નહિ." 7 "પરંતુ તમે મારું સાંભળ્યું નહિ, તમે તમારે
માગેર્ આગળ વધ્યા અને તમારી મૂર્તિઓ વડે મને ક્રોધિત કર્યો છે. તે-
થી તમારા પર આવી પડેલી સર્વ વિપત્તિને માટે તમે પોતે જ જવાબદાર
છો." 8 અને હવે સૈન્યોનો દેવ યહોવા કહે છે, "તમે મારું કહ્યું માન્યું
નથી. 9 તેથી હું ઉત્તરના બધા કુળસમૂહોને અને બાબિલના મારા સેવક
નબૂખાદનેસ્સારને તેડાવી મંગાવીશ તેમને હું આ દેશ સામે, એના વત-
નીઓ સામે અને આસપાસની બધી પ્રજાઓ સામે યુદ્ધ કરવા લઇ
આવીશ. હું તેમનું નિકંદન કાઢી નાખીશ અને તેમની એવી હાલત
કરીશ જે જોઇને લોકો હેબતાઇ જશે. તેમની હાંસી ઉડાવશે અને હંમેશને
માટે તેમની નામોશી થશે. 10 હું તમારી ખુશી અને લગ્નના ઉલ્લાસને છિ-
નવી લઇશ અને તમારા નોકરી ધંધા પડી ભાંગશે અને હું તમારા ઘરોમાં
પ્રકાશતા દીવાઓને હોલવી નાખીશ. 11 આ સમગ્ર દેશ ખેદાન-મેદાન
અને વેરાન થઇ જશે. અને એ લોકો સિત્તેર વર્ષ બાબિલના રાજાની ગુ-
લામીમાં ગાળશે. 12 "અને જેટલા જલ્દી 70 વર્ષ પૂરાં થાય કે તરત જ હું
બાબિલના રાજા તથા તેના લોકોને તેનાં પાપોને લીધે શિક્ષા કરીશ; તે-
મની ભૂમિને હું હંમેશને માટે ઉજ્જડ કરીશ." 13 મેં જે જે કહેલું છે, આ
ગ્રંથમાં લખેલું છે, અને યમિર્યાએ એ લોકોની વિરુદ્ધ જે જે આગાહી કરી
છે, તે બધું હું એ દેશ પર ગુજારીશ. 14 તેઓ પોતે બળવાન પ્રજાઓ અને
મહાન રાજાઓના ગુલામ બનશે અને હું તેમને તેમના હાથનાં કર્યા કૃ-
ત્યોનો બદલો આપીશ." 15 ઇસ્રાએલના દેવ યહોવાએ મને આ પ્રમાણે
કહ્યું, "મારા ક્રોધથી છલોછલ ભરેલો દ્રાક્ષારસનો આ પ્યાલો મારા હાથ-
માંથી લે. જે સર્વ પ્રજાઓની પાસે હું તને મોકલું તે સર્વને તેમાંથી પીવ-
ડાવજે. 16 તેઓ બધા એ પીધા પછી લથડીયાં ખાશે. અને તેમની વચ્ચે
મેં મોકલેલા યુદ્ધથી ભાન ભૂલી જશે." 17 આથી મેં યહોવાના હાથમાંથી
તે પ્યાલો લીધો. અને યહોવાએ મને જે જે પ્રજાઓમાં મોકલ્યો તેમને મેં
પાયો. 18 હું યરૂશાલેમ તથા યહૂદિયાના નગરોમાં ગયો અને તે પ્યાલા-
માંથી તેઓના રાજાઓએ તથા સરદારોએ પીધું. પરિણામે તે દિવસથી
આજ સુધી તેઓ ઉજ્જડ, ધિક્કાર પામેલા તથા શાપરૂપ થયેલા છે.
19 મિસરના રાજા ફારુનને, તેના અમલદારોને તેના દરબારીઓને અને
બીજા બધા લોકોને મેં આ પીણું પાયું હતું. 20 તેમ જ મિસરમાં વસતા
બધા વિદેશીઓને, ઉસના બધા રાજાઓને, પલિસ્તીઓનાં શહેરો
આશ્કલોન, ગાઝા અને એક્રોનના રાજાઓને અને આશ્દોદના બચી
ગયેલા વતનીઓને, 21 અદોમ, મોઆબ અને આમ્મોનના લોકોને,
22 તૂરના અને સિદોનના બધા રાજાઓને ભૂમધ્ય કાંઠાના બધા રાજા-
ઓને, 23 દદાન, તેમા અને બૂઝના શહેરોને, અને એ બધાં જેઓએ તેમ-
ના વાળ પોતાના માથાની બાજુ પરથી કાપ્યાં હતાં, 24 અરબસ્તાનના
રણમાં વસતી જાતિઓમાં વસતા બધા રાજાઓને, 25 ઝિમ્રીના, એલામ-
ના તથા માદીઓના સર્વ રાજાઓ; 26 એક પછી એક નજીકના અને દૂર-
ના, ઉત્તરના બધા રાજાઓને અને પૃથ્વીના પડ પરના બધાં રાજ્યોને
સૌથી છેલ્લો બાબિલનો રાજા પણ એ પીશે. 27 "પછી તું તેઓને કહેજે કે,
સૈન્યોનો દેવ યહોવા, ઇસ્રાએલના દેવ કહે છે કે, 'પીધા જ કરો મદમસ્ત
થઇનેઊલટી કરો અને એવા પડી જાઓ કે ફરીથી ઊઠી ન શકો. કારણ
કે હું તમારા પર ભયાવહ યુદ્ધો મોકલી રહ્યો છું.' 28 "જો તેઓ તારા હાથ-
માંથી પ્યાલો લઇને પીવાની ના પાડે તો તારે તેમને કહેવું. 'આ સૈન્યો-
નો દેવ યહોવાની આજ્ઞા છે; તમારે એ પીવો જ પડશે! આ યહોવાના
વચન છે. 29 તારે આવું કરવું જ પડશે કારણ કે આ શહેર મારા નામથી
ઓળખાય છે. હું તેની પર આફત લાવવાનો જ છું. અને એવી અપેક્ષા
રાખતો નહિ કે તને સજા નહી મળે. કારણ કે હું આ સૃષ્ટિના બધા લોકો
પર યુદ્ધ મોકલાવીશ.'" આ સૈન્યોના દેવ યહોવાના વચન છે. 30 "'તારે
તેઓની વિરુદ્ધ પ્રબોધ કરવો જ પડશે. તેઓને કહે કે, યહોવા તેના પો-
તાના લોકોની વિરુદ્ધ તથા પૃથ્વી પર વસનારા સર્વની વિરુદ્ધ પોતાના
પવિત્ર મંદિરમાંથી ગર્જના કરશે. રસ બનાવવા માટે દ્રાક્ષ છુંદનારા લો-
કોની જેમ તે ઘાંટા પાડશે. 31 એમનો હોકારો પૃથ્વીના છેડા સુધી
પહોંચશે. યહોવા બધી પ્રજાઓ સામે આરોપ મૂકે છે, તે બધા માણસો-
નો ન્યાય કરે છે. તે દુષ્ટોનો તરવારથી સંહાર કરશે.'" આ યહોવાના
વચન છે. 32 સૈન્યોના દેવ યહોવા જાહેર કરે છે, "જુઓ, આફત એક દે-
શમાંથી બીજા દેશમાં, એક પ્રજામાંથી બીજી પ્રજામાં ફેલાઇ રહી છે, પૃ-
થ્વીના દૂર દૂરને છેડેથી પ્રચંડ વાવાઝોડું ફૂંકાય છે." 33 તે દિવસે યહો-
વાએ જેમને મારી નાખ્યા હશે, તેમના મૃતદેહો પૃથ્વીના એક છેડાથી
બીજા છેડા સુધી પડ્યા રહી ખાતરરૂપ થઇ જશે; કોઇ તેમને માટે શોક
નહિ કરે કે કોઇ તેમને ઉપાડીને દાટશે નહિ." 34 હે દુષ્ટ આગેવાનો!
રડો, પોક મૂકીને રડો, હે લોકોના ઘેટાં પાળકો! તમારી કતલનો સમય
આવી પહોંચ્યો છે. તુટેલા માટલાના ટુકડાની જેમ તમે ચારેબાજુ વિખે-
રાઇ જશો. 35 તમને હવે સંતાવાની જગ્યા મળશે નહિ, નાસી જવાને
રસ્તો પણ નહિ મળે. હવે લોકોના ગોવાળને ઉગારવાનો કોઇ આરો
નથી. 36 સાંભળો, આગેવાનો આક્રંદ કરે છે, ઘેટાંપાળકો પોક મૂકીને રૂ-
દન કરે છે, કારણ કે યહોવા તેમના દેશનો નાશ કરી રહ્યાં છે. 37 તેમના
ભયંકર રોષને કારણે તેમના શાંત નિવાસો ખંડેર થઇ રહ્યા છે. 38 શિકા-
રની શોધમાં ગુફામાંથી બહાર જતા સિંહની જેમ યહોવા બહાર આવે છે.
યહોવાના ભયંકર ક્રોધને લીધે સૈન્યો વારંવાર ચઢી આવ્યાં, પરિણામે
તેમની ભૂમિ વેરાન વગડો થઇ ગઇ છે.

26 યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર યહોયાકીમના રાજ્યની શરૂ-
આતમાં યહોવાએ યમિર્યાને આ પ્રમાણે કહ્યું, 2 "આ યહોવાના
વચન છે: મંદિરના પ્રાંગણમાં ઊભા રહીને, યહૂદિયાના ગામોમાંથી જે
લોકો મંદિરમાં ઉપાસના કરવા આવે છે, તે બધાને મેં તને જે કહેવા કહ્યું
છે તે એક પણ શબ્દ ભૂલ્યા વગર કહેજે. 3 કારણ કે કદાચ તેઓ તે
સાંભળે અને પોતાના દુષ્ટ માગોર્થી પાછા ફરે અને તેઓનાં દુષ્ટ કાર્યોને
લીધે જે સર્વ શિક્ષા હું તેઓ પર રેડી દેવાને તૈયાર છું. તે હું તેઓ પર ન
મોકલું." 4 વળી યહોવાએ મને કહ્યું, 'તું એમને કહેજે, આ યહોવાના
વચન છે. "જો તમે મારું કહ્યું નહિ કરો, અને તમારા માટે ઠરાવેલ નિય-
મશાસ્ત્રનું પાલન નહિ કરો, 5 તથા મેં વારંવાર મોકલેલા મારા જે સેવ-
કો, પ્રબોધકોને તમે કદી સાંભળ્યા નથી. તેમનાં વચનો નહિ સાંભળો.
6 તો આ મંદિરના હું શીલોહ જેવા હાલ કરીશ અને દુનિયાની પ્રત્યેક પ્ર-
જામાં યરૂશાલેમને હું શાપરૂપ કહીશ.'" 7 યાજકો, પ્રબોધકો અને સર્વ
લોકોએ યમિર્યાને યહોવાના મંદિરમાં આ બધા વચનો કહેતા સાંભળ્યો.
8 યહોવાએ તેને જે પ્રમાણે હુકમ કર્યો હતો તે મુજબ કહેવાનું યમિર્યાએ
જ્યારે પૂરૂં કર્યુ કે તરતજ યાજકોએ, પ્રબોધકોએ અને બધા લોકોએ, તે-
ને પકડ્યો અને કહ્યું, તું હમણા જે બોલ્યો છે તેના કારણે તું મૃત્યુ પા-
મીશ. 9 તેં શા માટે યહોવાના નામે એવી ભવિષ્યવાણી ઉચ્ચારી કે, આ
મંદિરની હાલત શીલોહ જેવી થશે અને આ શહેર વેરાન અને વસ્તી
વગરનું થઇ જશે?" બધા લોકો યહોવાના મંદિરમાં યમિર્યાને ઘેરી વળ્યા.
10 આ સાંભળીને યહૂદિયાના ઉચ્ચ અધિકારીઓ રાજમહેલમાંથી મંદિર-
માં પહોંચી ગયા અને યહોવાના મંદિરના નવા પ્રવેશદ્વાર આગળ ગોઠ-
વાઇ ગયા. 11 પછી યાજકોએ અને પ્રબોધકોએ, અધિકારીઓ અને લો-
કોને સંબોધીને કહ્યું, "આ માણસને મૃત્યુદંડની સજા થવી જોઇએ, કા-
રણ, તેણે આ નગરની વિરુદ્ધ ભવિષ્યવાણી ઉચ્ચારી છે તે તમે
બધાએ તમારા પોતાના કાને સાંભળી છે." 12 ત્યારે યમિર્યાએ પોતાના
બચાવમાં કહ્યું, "આ નગર તથા મંદિરની વિરુદ્ધ ભવિષ્યવાણી ઉચ્ચા-
રવા માટે યહોવાએ મને મોકલ્યો છે. મેં જે કહ્યું છે તેનો પ્રત્યેક શબ્દ તે-

મણે મને આપ્યો છે. 13 માટે હવે તમારાં આચરણ અને કમોર્ સુધારો
અને તમારા દેવ યહોવાનું કહ્યું સાંભળો, તો કદાચ તે તમારા પર જે
આફત ઉતારવાની પોતે ધમકી આપી હતી તે ઉતારવાનું માંડી વાળે.
14 જ્યાં સુધી આ બાબત મને લાગુ પડે છે, હું તો તમારા હાથમાં છુ.
તમને જે યોગ્ય અને તાકિર્ક લાગે તે મને કરો. 15 પણ એટલું ખાતરીથી
માનજો કે જો તમે મને મારી નાખશો, તો તમે આ શહેર અને એના બધા
વતનીઓ એક નિદોર્ષ માણસના પ્રાણ લીધાના અપરાધી ઠરશો. કા-
રણ યહોવાએ મને ખરેખર આ બધું તમને કહી સંભળાવવા મોકલ્યો
છે." 16 ત્યારે અધિકારીઓએ અને લોકોએ યાજકોને અને પ્રબોધકોને
કહ્યું, "આ માણસ મૃત્યુદંડને પાત્ર નથી. એણે આપણા દેવ યહોવાને
નામે આપણને સંભળાવ્યું છે." 17 પછી દેશના કેટલાક વડીલો અને
જ્ઞાની માણસો ઊભા થયા અને આજુબાજુ ઊભા રહેલા સર્વ લોકોને
સંબોધીને કહ્યું, 18 "યહૂદિયાના રાજા હિઝિક્યાના વખતમાં મોરાશ્તી
મીખાહ દેવી વાણી ભાખતો હતો અને તેણે યહૂદિયાના બધા લોકોને
આ પ્રમાણે કહ્યું હતું."આ સૈન્યોના દેવ યહોવાના વચન છે, "સિયોન
ખેતરની જેમ ખેડાઇ જશે, યરૂશાલેમ ખંડેરનો ઢગલો થઇ જશે, અને હા-
લમાં જે જગ્યાએ મંદિર આવેલું છે ત્યાં જંગલ ઊગી નીકળશે!" 19 "શું
યહૂદિયાના રાજા હિઝિક્યા અને યહૂદિયાના બધાં લોકોએ આ માટે મી-
ખાહને મારી નાખ્યો હતો? તેને બદલે, હિઝિક્યાએ યહોવાનો ડર રાખી-
ને તેની પાસે માફી નહોતી માગી? આને કારણે યહોવાએ તેમના પર જે
આફત ઉતારવાની ધમકી આપી હતી તે ઉતારવાનું માંડી વાળ્યું. આ
રીતે તો આપણે જ આપણા પર મોટી આફત નોતરીશું." 20 વળી શમા-
યાનો પુત્ર ઊરિયા કિર્યાથ-યઆરીમનો વતની હતો અને યહોવાનો બી-
જો સાચો પ્રબોધક હતો. યમિર્યાના સમયમાં તે પણ આ નગર તથા દે-
શની વિરુદ્ધ ભવિષ્યવચન કહેતો હતો. 21 રાજા યહોયાકીમે પોતાના
બધા અમલદારો અને અંગરક્ષકો સહિત તેણે જે કહ્યું તે સાંભળ્યું હતું.
અને તેને મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો જ્યારે ઊરિયાને એની ખબર
પડી ત્યારે ભયભીત થઇ મિસર ભાગી ગયો. 22 ત્યારે યહોયાકીમ રા-
જાએ ઊરિયાને બંદીવાન કરવા માટે આખ્બોરના પુત્ર એલ્નાથાનને
અને તેની સાથે કેટલાંક માણસોને મિસરમાં મોકલ્યા. 23 તેઓ તેને
બંદીવાન બનાવીને યહોયાકીમ રાજાની હજૂરમાં લઇ આવ્યા, ત્યારે રા-
જાએ તેનો તરવારથી વધ કરાવ્યો, અને તેના મૃતદેહને હલકા લોકોના
કબ્રસ્તાનમાં દાટયો. 24 પરંતુ શાફાનના પુત્ર અને રાજવી મંત્રી અહીકા-
મે યમિર્યાનો પક્ષ લીધો અને ન્યાયસભાને સમજાવ્યું કે યાજકો, પ્રબો-
ધકો, લોકોના હાથમાં યમિર્યાને સોંપવો નહિ, કે તેઓ તેને મારી નાખે.

27 યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર સિદકિયાની કારકિદીર્ના
આરંભમાં યમિર્યાની પાસે આ વચન યહોવાની પાસેથી આવ્યું,
2 "યહોવાએ મને કહ્યું, તું તારે માટે ઝૂંસરી જોડતર બનાવ અને તે તારી
ડોક પર મૂક, જેમ ખેતર ખેડતા બળદની ડોક પર હોય છે. 3 ત્યારબાદ
અદોમ, મોઆબ, આમ્મોન, તૂર અને સિદોનના રાજાઓને યહૂદિયાના
રાજા સિદકિયાના દરબારમાં આવેલા તેના એલચીઓ મારફતે સંદેશા
મોકલ: 4 તેઓને કહે કે, 'તમે જઇને તમારા માલિકોને કહો કે, સૈન્યોનો
દેવ યહોવા ઇસ્રાએલના દેવે આ સંદેશો તમને મોકલાવ્યો છે, 5 મેં પોતે
જ મહાન સાર્મથ્ય અને શકિતથી પૃથ્વીને અને એના પર વસતાં માણ-
સો અને પશુઓને સૅજ્યા છે, અને હું ચાહું તેને તે આપી દઇ શકું છું.
6 તેથી હવે તમારા સર્વ દેશો મેં બાબિલના રાજા, મારા સેવક, નબૂખાદ-
નેસ્સારને સોંપ્યા છે. વળી જંગલી પશુઓ પણ તેની સેવા કરે તેવું મેં
ઠરાવ્યું છે. 7 બધી પ્રજાઓ તેના અને તેના પુત્રના અને પૌત્રના તાબા-
માં રહેશે, અને અંતે જ્યારે તેના દેશનો વારો આવશે ત્યારે બળવાન પ્ર-
જાઓ અને મહાન રાજાઓ તેને તાબે કરશે; તેને આધીન થાઓ અને
તેની સેવા કરો. 8 "'બળવાન પ્રજા અને રાજ્ય, બાબિલની ઝૂંસરી નીચે
તમારી ગરદન મૂકો! જે કોઇ પ્રજા તેના ગુલામ બનવા ના પાડશે તેને હું
શિક્ષા કરીશ. તે પ્રજા પર હું યુદ્ધ, દુકાળ અને મરકી મોકલીશ જેથી અંતે
તે બાબિલના હાથમાં સોંપાઇ જાય. 9 માટે તમારા પ્રબોધકો, જોશીઓ,
ભૂવાઓ અને જાદુટોણા કરનારાઓ જેઓ તમને કહે કે, તમે બાબિલના
રાજાની સેવા કરશો નહિ, તો તેની તરફ ધ્યાન ના આપશો. 10 કેમકે તે-
ઓએ તમને જૂંઠુ કહ્યું છે, જો તમે તેમની સલાહ માનશો અને બાબિલ-
ના રાજાના શરણે નહિ જાવ તો તમને તમારી ભૂમિમાથી હાંકી કાઢવા-
માં આવશે. હા, હું તમારો પીછો પકડીશ. અને તમે નાશ પામશો.
11 "'પણ જો કોઇ પ્રજા બાબિલના રાજાની ઝૂંસરી આગળ ગરદન ઝુકા-
વી દેશે, તો હું તેને પોતાની ભૂમિમાં સુખથી રહેવા દઇશ. તેઓ ત્યાં ખે-
તી કરશે અને વસસે.'" આ યહોવાના વચન છે. 12 "'યહૂદિયાના રાજા
સિદકિયાને આ બધી બાબતો મે કહી, મેં કહ્યું, "તમે બાબિલના રાજાને
શરણે જાવ, જેથી તમે જીવતા રહેશો. 13 તારે તથા તારી પ્રજાએ યુદ્ધ, દુ-
કાળ અને રોગચાળાથી શા માટે મરવું જોઇએ? જે કોઇ પ્રજા બાબિલના
રાજાની તાબેદારી ન સ્વીકારે તેની યહોવાએ આ દશા કરવાની ધમકી
આપેલી છે.'" 14 તેણે કહ્યું છે, "'પ્રબોધકોની વાત ના સાંભળશો, જે-
ઓએ તમને કહ્યું છે કે, તમારે બાબિલના રાજાની સેવા ન કરવી, કારણ
કે તેઓ જૂઠા છે. 15 મેં તેમને મોકલ્યા નહોતા. તેઓ મારા નામે તમને
જૂઠાણા કહે છે. જો તમે તેઓનું સાંભળ્યા કરશો તો હું તમને આ દેશ-
માંથી હાંકી કાઢીશ, અને તમે આ ખોટું ભવિષ્ય ભાખનારા પ્રબોધકો
સાથે નાશ પામશો.'" 16 ત્યારબાદ મેં યાજકોને અને બધા લોકોને આ
પ્રમાણે કહ્યું, "આ યહોવાના વચન છે: જે પ્રબોધકો તમને એમ કહે છે
કે, 'જુઓ, યહોવાના મંદિરની સાધનસામગ્રી થોડા જ વખતમાં બાબિ-
લમાંથી પાછી લાવવામાં આવશે તેમની વાત સાંભળશો નહિ.' તેઓ
તમને જૂઠું કહે છે; 17 તે લોકોનું કહેવું તમે સાંભળશો નહિ. બાબિલના
રાજાની શરણાગતિ સ્વીકારો જેથી તમે જીવતા રહેશો, શા માટે આખું
શહેર નાશ પામે? 18 જો તેઓ સાચા યહોવાના પ્રબોધકો હોય, જો તેઓ
મારી વાણી ઉચ્ચારતા હોય, તો તેમણે અત્યારે મારી સૈન્યોના દેવ
યહોવાની એવી પ્રાર્થના કરવી કે, મંદિરમાં અને યહૂદિયાના રાજમહેલ-
માં અને યરૂશાલેમમાં બાકી રહેલી સાધનસામગ્રી બાબિલ ચાલી ન
જાય." 19 બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર યહૂદિયાના રાજા યહોયાકી-
મના પુત્ર યકોન્યાને તથા યહૂદિયાના તેમ જ યરૂશાલેમના સર્વ કુલીન
લોકોને યરૂશાલેમમાંથી બાબિલમાં બંદીવાસમાં લઇ ગયો. 20 ત્યારે
મંદિરની સામેનો સ્તંભ, મંદિરના આંગણામાંનો પિત્તળનો મોટો હોજ,
ધાતુના પાયા અને ક્રિયાકાંડ માટેના પાત્રો તે લઇ ગયો નહોતો. 21 જે
પાત્રો યહોવાના મંદિરમાં, યહૂદિયાના રાજાના મહેલમાં તથા યરૂશાલેમ-
માં હજુ રહેલા છે, તેના વિષે હું, ઇસ્રાએલનો દેવ, સૈન્યોનો દેવ યહોવા,
આમ કહું છું; 22 તે સર્વ ખજાનો બાબિલ લઇ જવામાં આવશે અને હું
જ્યાં સુધી તેઓ પર ધ્યાન નહિ આપું ત્યાં સુધી તેઓ ત્યાં જ રહેશે.
ત્યાર પછી હું તે સર્વ ખજાનાને ફરીથી યરૂશાલેમ લાવીશ."

28 તે જ વષેર્ યહૂદિયાના રાજા સિદકિયાના શાસનની શરૂઆત-
માં ચોથા વર્ષનાં પાંચમા મહિનામાં ગિબયોનના વતની આઝ-
ઝુરના પુત્ર પ્રબોધક હનાન્યાએ યહોવાના મંદિરમાં, યાજકો અને બધા
લોકોની હાજરીમાં કહ્યું, 2 "સૈન્યોનો દેવ યહોવા, ઇસ્રાએલના દેવ કહે
છે; 'બાબિલના રાજાની ઝૂંસરી મેં તારા પરથી હઠાવી લીધી છે. 3 બે
વર્ષની અંદર હું બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર યહોવાના મંદિરની જે
સાધન-સામગ્રી બાબિલ લઇ ગયો હતો તે બધી અહીં પાછી લાવીશ.
4 તેમ જ હું યહૂદિયાના રાજા યહોયાકીમના પુત્ર યકોન્યાને તેમ જ બા-
બિલમાં દેશવટે ગયેલા યહૂદિયાના બધા લોકોને પાછા લાવીશ, કારણ,
હું બાબિલના રાજાની સત્તા તોડી નાખીશ.'" આ યહોવાના વચન છે.
5 ત્યારબાદ પ્રબોધક યમિર્યાએ મંદિરમાં યાજકો અને બધા લોકો સમક્ષ
પ્રબોધક હનાન્યાને જવાબ આપ્યો: 6 "આમીન! યહોવા એ પ્રમાણે
કરો. તમે જે વચનો ઉચ્ચાર્યા છે તેને તો તમે સાચાં પાડો અને મંદિરની
બધી સાધન-સામગ્રી અને દેશવટે ગયેલા બધા લોકોને તે બાબિલથી
ફરી અહીં લઇ આવો. 7 "તેમ છતાં મારે તને અને આ સૌ લોકોને જે કહે-
વાનું છે તે સાંભળો. 8 તારા અને મારા પહેલાં થઇ ગયેલા પ્રાચીન પ્રબો-
ધકોએ અનેક દેશો વિરુદ્ધ પ્રબોધ કર્યો હતો. અને હંમેશા યુદ્ધ, દુકાળ
તથા મરકી વિષે ચેતવણી આપી હતી. 9 જ્યારે પણ કોઇ પ્રબોધક સુખ-
શાંતિની આગાહી કરે છે અને તેનાં શબ્દો સાચાં પડે છે, ત્યારે ખાતરી
થાય છે કે યહોવાએ તેને મોકલ્યો છે." 10 પછી પ્રબોધક હનાન્યાએ
યમિર્યાની ડોક પર મૂકેલી ઝૂંસરી લઇ લીધી અને તેને ભાંગી નાખી.
11 તેણે બધા લોકો સમક્ષ કહ્યું, "આ યહોવાના વચન છે; 'આ જ રીતે
આજથી બે વર્ષ પછી હું બાબિલના રાજા નબૂખાદનેસ્સારની ઝૂંસરી
બધી પ્રજાઓની ડોક પરથી ઉઠાવી લઇને ભાંગી નાખીશ.'"એ પછી
યમિર્યા મંદિરમાંથી ચાલ્યો ગયો. 12 ત્યારબાદ તરત જ યહોવાનો આ

સંદેશો યર્મિયા પાસે આવ્યો. 13 “તું હનાન્યા પાસે જઇને તેને કહે કે, ‘યહોવા કહે છે, તેં લાકડાની ઝૂંસરી ભાંગી નાખી છે, પરંતુ હું એની જગ્યાએ લોઢાની ઝૂંસરીઓ મુકીશ. 14 હા મેં આ બધી પ્રજાઓની ડોક પર લોઢાની ઝૂંસરી મૂકી છે અને તેઓ બાબિલના રાજા નબૂખાદનેસ્સારના તાબામાં છે. તેઓ તેની આજ્ઞા માનશે. આ હુકમને કોઇ બદલી શકશે નહિ, એમ ઇસ્રાએલના દેવ સૈન્યોનો દેવ યહોવા કહે છે, જંગલી પશુઓ પણ નબૂખાદનેસ્સારનું દાસત્વ સ્વીકારશે.’” 15 ત્યારબાદ યર્મિયાએ પ્રબોધકને કહ્યું, “સાંભળ હનાન્યા, યહોવાએ તને મોકલ્યો નથી, અને તારે કારણે આ લોકો જૂઠાણામાં માને છે, 16 તેથી આ એ છે, જે યહોવા કહે છે, ‘હું પૃથ્વીના નકશા પરથી તારું નામોનિશાન મીટાવી દઇશ. આ વર્ષના અંત પહેલા તું મૃત્યુ પામીશ. કારણ કે તે જ લોકો પાસે દેવની આજ્ઞાનો અનાદર કરાવ્યો છે.’” 17 અને સાચે બન્યું પણ એમ જ. પ્રબોધક હનાન્યા તે જ વષેર્ સાતમા મહિનામાં મૃત્યુ પામ્યો.

29 યકોન્યા રાજા, રાજમાતા, રાજ્યના અધિકારીઓ, કુળોના આગેવાનો અને કુશળ કારીગરોને બાબિલમાં બંદીવાન તરીકે નબૂખાદનેસ્સાર લઇ ગયો. 2 ત્યારે બંદીવાસમાં ગયેલાઓમાંના બાકી રહેલા વડીલો, ત્યાંના યાજકો, પ્રબોધકો તથા જે લોકોને નબૂખાદનેસ્સાર યરૂશાલેમમાંથી બાબિલમાં લઇ ગયો હતો. 3 તે બધાની પાસે યર્મિયા પ્રબોધકે, શાફાનનો પુત્ર એલઆસાહ તથા જેને યહૂદિયાના રાજા સિદકિયાએ બાબિલમાં, બાબિલના રાજા નબૂખાદનેસ્સારની પાસે મોકલ્યો હતો, તે હિલ્કિયાનો પુત્ર ગમાર્યા, તે બંનેની સાથે જે પત્ર મોકલ્યો, તેમાં આ પ્રમાણે લખેલું છે: 4 યરૂશાલેમમાંથી બાબિલના બંદીવાસમાં તેમણે મોકલેલા સર્વ પર સૈન્યોનો દેવ યહોવા, ઇસ્રાએલના દેવ તરફથી આ સંદેશો છે: 5 “તમે ઘર બાંધો અને ઠરીઠામ થઇને રહો, દ્રાક્ષાનીવાડીઓ રોપો અને તેનાં ફળો ખાઓ, કારણ કે તમે ત્યાં ઘણાં વષોર્ સુધી રહેવાના છો. 6 તમે પરણો અને પ્રજા પેદા કરો. પછી તમારાં છોકરાં-છોકરીઓને પરણાવો. જેથી તેઓ પણ પ્રજા પેદા કરે. તમારે તમારી સંખ્યા વધારવાની છે, ઘટવા દેવાની નથી. 7 તે શહેરની શાંતિ અને સમૃદ્ધિ માટે કાર્ય કરો. જ્યાં મેં તમારો દેશનિકાલ કર્યો છે. તેના માટે પ્રાર્થના કરો. કારણ કે જ્યારે તે સમૃદ્ધ થશે ત્યારે તમે પણ આબાદ થશો.” 8 હું ઇસ્રાએલનો દેવ, સૈન્યોનો દેવ યહોવા, તમને કહું છું કે, “તમારામાંના પ્રબોધકોથી કે જોશીઓથી છેતરાશો નહિ, તેઓનાં સ્વપ્નો પર ધ્યાન આપશો નહિ, 9 કારણ, એ લોકો મારે નામે જૂઠું ભવિષ્ય ભાખે છે. મેં તેમને મોકલ્યા નથી,” એમ યહોવા કહે છે. 10 સત્ય તો આ છે: “તમે 70 વર્ષ બાબિલમાં રહેશો, પરંતુ ત્યાર પછી હું યહોવા આવીશ અને મેં આપેલા વચન પ્રમાણે સર્વ સારી બાબતો હું તમારે માટે કરીશ અને તમને ફરીથી યરૂશાલેમમાં પાછા લાવીશ. 11 તમારા માટે મારી જે યોજનાઓ છે તે હું જાણું છું,” એમ યહોવા કહે છે. “તે યોજનાઓ છે તમારા સારા માટે, નહિ કે તમારું ભૂંડું થાય તે માટે. તે તો તમને ઊજળું ભાવિ અને આશા આપવા માટે છે. 12 તે સમય દરમિયાન તમે મારી પાસે આવીને પ્રાર્થના કરશો તો હું તમારું સાંભળીશ. 13 તમે મારી શોધ કરશો તો મને પામશો, કારણ, તમારી શોધ પ્રામાણિક હૃદયની હશે.” 14 યહોવા કહે છે, “હા, હું તમને જરૂર મળીશ અને તમારી ગુલામીનો અંત લાવીશ અને તમારી સમૃદ્ધિ તમને પાછી આપીશ, અને જે જે પ્રજાઓમાં અને દેશોમાં મેં તમને વેરવિખેર કરી નાખ્યા હશે, ત્યાંથી હું તમને પાછા એકઠા કરીશ; જ્યાંથી મેં તમને દેશવટે મોકલ્યા હતાં ત્યાંથી હું તમને પાછા લાવીશ.” આ હું યહોવા બોલું છું. 15 “પણ જે જૂઠાં પ્રબોધકો તમારી મધ્યે છે, તેઓનો તમે સ્વીકાર કરો છો અને કહો છો કે યહોવાએ તેમને મોકલ્યા છે.” 16 દાઉદની ગાદી પર બેસનાર રાજાને વિષે અને આ શહેરમાં વસતાં સૌ લોકો વિષે, તમારા જે દેશબંધુઓ તમારી સાથે દેશવટે નહોતા આવ્યા તેમને વિષે સૈન્યોનો દેવ યહોવાએ આ પ્રમાણે કહેલું છે: 17 સૈન્યોનો દેવ યહોવા કહે છે, “એ લોકોને હું યુદ્ધ, દુકાળ અને રોગચાળાનો ભોગ બનાવીશ; હું એમને ખાઇ ન શકાય એવાં સડેલાં અંજીર જેવા બનાવી દઇશ. 18 હું, યુદ્ધ, દુકાળ અને મરકીથી તેઓનો પીછો કરીશ અને તેઓની એવી દશા કરીશ કે, સમગ્ર દુનિયાના લોકો તે જોઇને ધ્રૂજી ઊઠશે. અને મેં તેમને જે જે પ્રજાઓમાં વેરવિખેર કરી નાખ્યા છે તે પ્રજાઓમાં એ લોકોની નામોશી અને હાંસી થશે અને તેમનું નામ શાપરૂપ લેખાશે. 19 આ બધું એટલા માટે બન્યું છે કે મારા પ્રબોધકો મારફતે મેં વારંવાર તેઓની સાથે વાત કરી પણ તેઓએ મારું સાંભળવાની ના પાડી દીધી.” આ યહોવાના વચન છે. 20 “અને તમે બધાં યહૂદિયાના બંધકો-જેને મેં યરૂશાલેમથી બાબિલ મોકલ્યાં હતાં, દેવના વચનો સાંભળો તેથી બાબિલમાં બંદીવાન થયેલા તમે સર્વ યહૂદીઓ, યહોવાના વચનો સાંભળો.” 21 સૈન્યોનો દેવ યહોવા, ઇસ્રાએલનો દેવ, કહે છે: “કોલાયાનો પુત્ર આહાબ, અને માઅસેયાનો પુત્ર સિદકિયા જેણે તમને મારા નામે ખોટી રીતે પ્રબોધ્યા હતાં તેમના માટે આમ કહે છે. જુઓ, તેઓનો જાહેરમાં શિરચ્છેદ થાય માટે હું તેઓને નબૂખાદનેસ્સારના હાથમાં સુપ્રત કરું છું. 22 યહૂદિયાથી બાબિલ દેશવટે ગયેલા બધા માણસો કોઇ શાપ આપવા માગતા હશે ત્યારે એમ કહીને આપશે કે, ‘યહોવા તારા હાલ સિદકિયા અને આહાબ જેવા કરો, જેમને બાબિલના રાજાએ જીવતા બાળી મૂક્યા હતા.’ 23 કારણ કે આ માણસોએ મારા લોકો મધ્યે ભયંકર કૃત્યો કર્યા છે. તેઓએ પોતાના પડોશીઓની પત્નીઓ સાથે વ્યભિચાર કર્યો છે, અને મારા નામે જૂંઠાણું પ્રગટ કર્યું જે મેં તેમને કહેવા માટે હુકમ કર્યો નહોતો. હું જાણું છું કેમ કે તેઓનાં સર્વ કૃત્યો મેં જોયાં છે.” આ યહોવાના વચન છે. 24 ઇસ્રાએલના દેવ સૈન્યોનો દેવ યહોવાએ નેહેલામીના શમાયા વિષે યર્મિયાને એક સંદેશો આપ્યો. 25 જ્યારે તમે પોતે જ યરૂશાલેમના બધાં લોકોને આ પત્ર તમારા પોતાના નામે મોકલ્યા, અને માઅસેયાના પુત્ર સફાન્યા અને બધા યાજકોને કહ્યું, 26 ‘યહોવાએ તમને યાજક તરીકે યાજક યહોયાદાને સ્થાને નીમ્યા છે, અને મંદિરના અધિકારી તરીકે જે કોઇ ગાંડો માણસ પોતાને પ્રબોધક તરીકે ખપાવતો હોય તેને સજા કરવાના માંચડામાં મૂકવાની ફરજ આવી છે. 27 તો પછી અનાથોથના યર્મિયા જે તમારી આગળ પોતાને પ્રબોધક તરીકે ખપાવવાનો પ્રયત્ન કરે છે, તેને ઠપકો કેમ નથી આપતા? 28 કારણ કે બાબિલમાં અહીં તેણે અમારા પર લખ્યું છે કે, “અમારો બંદીવાસ લાંબા સમય સુધી ચાલશે. એણે અમને ઘર બનાવી અહીં રહેવાનું કહ્યું અને વાડીઓ રોપીને તેના ફળોનો આનંદ માણવા કહ્યુ.’” 29 યાજક સફાન્યા તે પત્ર લઇને યર્મિયા પાસે આવ્યો અને તેને તે વાંચી સંભળાવ્યો. 30 ત્યારે યહોવાએ યર્મિયાને આ વાણી સંભળાવી: 31 “બધા લોકોને જેમનો દેશ નિકાલ કર્યો છે એમને આ સંદેશો મોકલજે: નેહેલામીના શમાયા વિષે યહોવા આ પ્રમાણે કહે છે: ‘શમાયાએ મારા મોકલ્યા વગર તમને વાણી સંભળાવી છે અને તમે બધાં તેના જૂઠાણાને માનવા લાગ્યા છો. 32 માટે હું તેને તથા તેના પરિવારને શિક્ષા કરીશ, મારા લોકો માટે જે સારી બાબતો મેં રાખી મૂકી છે, તે તેના વંશજો જોવા પામશે નહિ, કારણ કે તેણે તમને યહોવાની વિરુદ્ધ બંડ કરવાનું શીખવ્યું છે.’” આ હું યહોવા બોલું છું.

30 યહોવા પાસેથી યર્મિયાને બીજો સંદેશો મળ્યો. 2 ઇસ્રાએલના દેવ યહોવાના આ વચન છે. “મેં તને જે જે કહ્યું છે તે બધું એક પોથીમાં નોંધી લે. 3 કારણ કે ધ્યાનથી સાંભળ, તે દિવસ આવી રહ્યો છે કે, જ્યારે હું મારા લોકોના ઇસ્રાએલના અને યહૂદિયાના લોકોની સમૃદ્ધિને ફરીથી સ્થાપીશ, તેઓના પિતૃઓને જે ભૂમિ આપી હતી, એમાં હું તેઓને પાછા લાવીશ. તેઓ તેનો કબ્જો મેળવશે અને ફરીથી ત્યાં વસવાનું શરૂ કરશે.” 4 ઇસ્રાએલ અને યહૂદિયાના લોકોને યહોવા કહે છે: 5 આ યહોવાના વચન છે:“મેં ભયની એક ચીસ સાંભળી છે, નહિ કે શાંતિની. 6 તમારી જાતને પૂછો, વિચાર કરો કે કોઇ પુરુષ બાળકને જન્મ આપી શકે? તો પછી હું કેમ દરેક માણસને પ્રસૂતિએ આવેલી સ્ત્રીની જેમ કમરે હાથ દેતો જોઉં છું? બધાના ચહેરા કેમ બદલાઇ ગયા છે, ધોળા પૂણી જેવા થઇ ગયા છે? 7 અરેરે! એ ભયંકર દિવસ આવી રહ્યો છે! એના જેવો દિવસ કદી ઊગ્યો નથી, યાકૂબના વંશજો માટે દુ:ખના દહાડા આવે છે. પણ તેઓ સાજાસમા પાર ઊતરશે.” 8 સૈન્યોનો દેવ યહોવા કહે છે, “તે દિવસે હું તેમની ડોક ઉપરની ઝૂંસરી ભાંગી નાખીશ, અને તેમના બંધન તોડી નાખીશ. વિદેશીઓ ફરી કદી એમને ગુલામ નહિ બનાવે, 9 તેઓ પોતાના દેવ યહોવાની અને દાઉદની જેના એક વંશજને હું તેમનો રાજા બનાવનાર છું. તેની સેવા કરશે. એમ યહોવા કહે છે. 10 “અને તમે, યાકૂબના વંશજો, મારા સેવકો ગભરાશો નહિ. રે ઇસ્રાએલીઓ, તમારે ભય રાખવાની જરૂર નથી. હું તમને અને તમારા વંશજોને તમે જ્યાં બંદી છો તે દૂરના દેશમાંથી છોડાવી લાવીશ, અને તમે પાછા સુખશાંતિપૂર્વક રહેવા પામશો, કોઇ તમને ડરાવશે નહિ,

11 કારણ કે હું તમારી સાથે છું અને હું તમારો બચાવ કરીશ," એમ યહો-
વા જણાવે છે. "તમને જે પ્રજાઓમાં મેં વિખેરી નાખ્યા હતા તે લોકોનો
પણ જો હું સંપૂર્ણ રીતે વિનાશ કરું તોપણ હું તમારો વિનાશ કરીશ
નહિ, હું તમને તેવી જ રીતે અનુશાશિત કરીશ અને તમે સાચે જ સજા-
થી ભાગી નહિ શકો." 12 યહોવા પોતાની પ્રજાને કહે છે, "હે મારી પ્રજા,
તારો ઘા રૂઝાય એવો નથી, તારો ઘા જીવલેણ છે; 13 તમારુ અહીંયા
કોઇ નથી જે તમારા બાબતે ન્યાય કરી શકે, તમારા ઘા ની કોઇ દવા
નથી. તેથી તમે સ્વસ્થ નહિ થઇ શકો. 14 તારા બધા પ્રેમીઓ તને ભૂલી
ગયા છે. હવે તેઓ તારી સંભાળ રાખતા નથી. કારણ કે મેં તને કોઇ
શત્રુની જેમ ઘાયલ કર્યો છે. હા, નિર્દય માણસની જેમ મેં તને ઇજા
પહોંચાડી છે. કારણ કે તારાં પાપ ઘણા વધી ગયા છે અને તે તારો
ઘણો મોટો અપરાધ છે. 15 તારા ઘા વિષે રોક્કળ કરવાથી શું? તે ઘા રૂ-
જાય એવો નથી, તારા અપરાધો ખૂબ જ નિંદાત્મક છે જેને લીધે તારા
દુ:ખનો અંત આવશે નહિ! તારા પાપો ઘણા મોટા છે માટે તને વધુ શિ-
ક્ષા કરવાની મને ફરજ પડી. 16 પણ હવે એ દિવસ આવી રહ્યો છે, તે
દિવસે તને કોળિયો કરી જનારાઓ જ કોળિયો થઇ જશે. તારા બધા
શત્રુઓને કેદ કરવામાં આવશે, તારા પર જુલમ ગુજારનારાઓ જ જુલમ-
નો ભોગ બનશે, તને લૂંટનારાઓ જ લૂંટાઇ જશે. 17 હાં હું તને તારી તંદુ-
રસ્તી પાછી આપીશ અને તારા ઘાને રૂઝાવીશ, કારણ કે તારા શત્રુઓ
કહેતા કે, 'સિયોન તો ખંડેર બની ગયું છે, કોઇને તેની પડી નથી.'" આ
હું યહોવા બોલું છું. 18 યહોવા કહે છે, "જ્યારે યાકૂબના વંશજોને બંદીવા-
સમાંથી મુકત કરાશે અને તેમની ભૂમિ તેમને પાછી અપાશે અને પ્રત્યેક
કુટુંબ પર કરૂણા દર્શાવાશે; યરૂશાલેમને પોતાના ખંઢેર પર ફરી બાંધવા-
માં આવશે અને કિલ્લાને તેના યોગ્ય સ્થાને ઊભો કરવામાં આવશે.
19 બધા નગરો આનંદ તથા આભારસ્તુતિના અવાજોથી ગૂંજી ઊઠશે. હું
મારા લોકોની વૃદ્ધિ કરીશ અને તેઓને મહાન તથા મહિમાવંત પ્રજા
બનાવીશ. 20 તેમનો સમાજ પાછો પહેલાના જેવો થશે; તે મારી નજર
સમક્ષ વ્યવસ્થિત થશે, અને એમના બધા અન્યાયીઓને હું સજા
કરીશ. 21 તેઓને ફરીથી પોતાનો રાજા મળશે, જે પરદેશી નહિ હોય, હું
તેને મારી પાસે બોલાવીશ, અને તે મારી પાસે આવશે. કારણ કે વગર
આમંત્રણે મારી પાસે આવવાની કોની હિંમત છે? 22 તમે મારા લોક
થશો અને હું તમારો દેવ થઇશ." 23 "જુઓ યહોવાનો ક્રોધ, દુષ્ટોના મા-
થાને અથડાઇને, ઝંઝાવાતથી ઘુમરાતા વંટોળની માફક ગર્જના કરતો
ધસી રહ્યો છે. 24 યહોવાની યોજના પ્રમાણે ભયંકર વિનાશ પ્રવર્તશે
નહિ, ત્યાં સુધી તેમનો ક્રોધ શાંત થાય તેમ નથી, હું જે તમને કહી રહ્યો
છું તે ભવિષ્યમાં તમને સમજાશે."

31 યહોવા કહે છે, "એવો સમય આવી રહ્યો છે જ્યારે ઇસ્રાએલના
સર્વ કુળસમૂહો મને દેવ માનશે અને મારી પ્રજા થશે." 2 અને
યહોવા કહે છે, "જ્યારે ઇસ્રાએલે રાહત શોધી ત્યારે જે લોકો તરવારથી
બચી ગયા છે, તેઓને અરણ્યમાં કૃપા મળી." 3 ઇસ્રાએલી પ્રજા વિસા-
માની શોધમાં ફરતી હતી, ત્યારે મેં તેને દૂરથી દર્શન દીધાં હતાં. હે ઇસ્રા-
એલી પ્રજા, "હું અનંત પ્રેમથી તને ચાહું છું, એટલે મારી કૃપા તારા પર
વરસાવ્યા કરું છું. 4 હું તને ફરીથી પર ઉઠાવીશ અને તું પાછી ઊભી
થશે. ફરીથી તું કુમારિકાની જેમ ઝાંઝરથી શણગારાઇશ અને આનંદથી
નાચવા લાગીશ. 5 તું ફરીથી સમરૂનના ડુંગરા પર દ્રાક્ષનીવાડીઓ રોપ-
શે, ને રોપનારાઓ એનાં ફળ ખાવા પામશે. 6 એવો દિવસ જરૂર આવી
રહ્યો છે. જ્યારે એફ્રાઇમના પર્વતો પરથી પહેરેગીરો પોકાર કરશે, 'ચાલો
આપણે સિયોનની યાત્રાએ જઇએ, આપણા દેવ યહોવાને દર્શને
જઇએ.'" 7 યહોવા કહે છે, "યાકૂબને માટે આનંદપૂર્વક ગાઓ, મહાન
કોમ માટે જયજયકાર કરો. તેથી મુકતકંઠે સ્તુતિગાન કરીને કહો, 'દેવ
યહોવા તારા લોકોને ઇસ્રાએલના અવશેષને બચાવ." 8 હું તેઓને ઉત્ત-
રમાંથી લાવીશ, ને પૃથ્વીના છેડાઓથી તેઓને એકત્ર કરીશ. હું તેઓ-
નાં અંધજનોને અને લંગડાઓને, ગર્ભવતી તથા નાનાં બાળકોવાળી
સ્ત્રીઓને રઝળતા નહિ મૂકું. તેઓ એક મોટા સમુદાયની જેમ અહીં પા-
છા ફરશે. 9 હું તેમને પાછા લાવીશ ત્યારે તેઓ રડતાં રડતાં અરજ કરતાં
કરતાં આવશે. હું તેમને ઠોકર ન વાગે એવા સપાટ રસ્તે થઇને વહેતાં
ઝરણાં આગળ લઇ જઇશ, કારણ કે હું ઇસ્રાએલનો પિતા છું અને એફ્રા-
ઇમ મારો જયેષ્ઠ પુત્ર છે. 10 હે વિશ્વની પ્રજાઓ, તમે યહોવાના વચન
સાંભળો, અને દૂર દૂરના દ્વીપોને તે જાણ કરો. 'જેણે ઇસ્રાએલના લોકો-
ને વેરવિખેર કરી નાખ્યા હતા તે પોતે જ તેમને એકત્ર કરશે અને તેમની
ઘેટાંપાળકની જેમ સંભાળ લેશે.' 11 કારણ કે યહોવાએ યાકૂબને બચા-
વ્યો છે, ને તેનાં કરતાં બળવાનના હાથમાંથી તેને છોડાવ્યો છે. 12 તેઓ
આનંદના પોકાર કરતા સિયોનના પર્વત પર આવશે, અને યહોવાએ
આપેલા ધાન્ય, દ્રાક્ષારસ, તેલ અને ઢોરઢાંખરરૂપી સમૃદ્ધિથી ખુશખુ-
શાલ થશે. તેમનું જીવન સિંચેલી વાડી જેવું થશે અને તેઓનાં સર્વ
દુ:ખો દૂર થઇ ગયા હશે. 13 ત્યારે કુમારિકાઓ આનંદ સાથે નાચી ઊઠશે
અને યુવાનો તથા વૃદ્ધો હરખાશે; કારણ કે હું તેઓના શોકને હર્ષમાં ફેર-
વી નાખીશ, હું તેઓને ખાતરી આપીશ અને તેઓને હર્ષિત કરીશ, કા-
રણ કે તેઓનાં બંદીવાસનાં સર્વ દુ:ખો દૂર થઇ ગયા હશે. 14 હું યાજકોને
પુષ્કળ ખોરાક આપીશ. અને મારી પ્રજા મેં આપેલી ઉત્તમ વસ્તુઓથી
ભરાઇ જશે." 15 યહોવાએ ફરીથી મારી સાથે વાત કરીને કહ્યું, "રામાહમાં
ભારે રૂદનનો અવાજ સંભળાય છે, રાહેલ પોતાનાં સંતાનો માટે ઝૂરે કરે
છે. તેને સાંત્વન આપી શકાય તેમ નથી. કારણ કે તેનાં સંતાનો મૃત્યુ
પામ્યા છે." 16 પરંતુ યહોવા કહે છે: "રૂદન બંધ કરો, આંસુ લૂછી નાખો,
તારાં કષ્ટો વ્યર્થ નહિ જાય, તારા બાળકો દુશ્મનના દેશમાંથી પાછા
આવશે. 17 તારા ભવિષ્ય માટે આશા છે; તારાં સંતાનો પોતાના શહેરમાં
પાછાં આવશે, એમ યહોવા કહે છે. 18 મેં સ્પષ્ટ રીતે એફ્રાઇમના નિસા-
સા સાંભળ્યા છે, 'તમે મને સખત સજા કરી છે; પણ જેમ વાછરડાને
ઝૂંસરી માટે પલોટવો પડે છે તેમ મને પણ સજાની જરૂર હતી, મને
તમારી તરફ પાછો વાળો અને પુન:સ્થાપિત કરો, કારણ કે ફકત તમે જ
મારા યહોવા દેવ છો. 19 મને જ્યારે સમજાયુ કે મેં શું કર્યુ છે, ત્યારે મેં
મારી જાંઘપર થબડાકો મારી; હું લજ્જિત અને અપમાનિત થયો છું, કા-
રણ કે, જ્યારે હું જુવાન હતો ત્યારે મેં બંદનામીવાળા કામો કર્યા હતા.'"
20 યહોવા કહે છે, "હે ઇસ્રાએલ, તું ખરેખર મારો લાડકો દીકરો છે! તું મને
વહાલો છે! હું તને ગમે તેટલી વાર ધમકાવું તોય પાછો તને યાદ કરું છું,
અને મારું હૃદય તને ઝંખે છે. હું ચોક્કસ તારા પર અનુકંપા બતાવીશ.
21 જ્યારે તું બંદીવાસમાં જાય ત્યારે રસ્તામાં ઇસ્રાએલનો માર્ગ સૂચવતાં
નિશાન કર. અને માર્ગદર્શક સ્તંભો બનાવ. તું જે રસ્તે ગઇ હતી તે બરા-
બર ધ્યાનમાં રાખ. કારણ કે હે ઇસ્રાએલની કુમારી, તું ફરીથી તારાં નગ-
રોમાં અહીં પાછી ફરશે. 22 હે જક્કી ભટકી ગયેલી દીકરી, તું ક્યાં સુધી
અવઢવમાં રહીશ? કેમકે યહોવાએ પૃથ્વી પર એક નવી વાત પેદા કરી
છે. કોઇ સ્ત્રી પુરુષનું રક્ષણ કરે તેવી તે અદ્વિતીય વાત છે." 23 આ
ઇસ્રાએલના દેવ, સૈન્યોનો દેવ યહોવાના વચન છે: "હું યહૂદિયાં અને
તેના નગરોનું ભાગ્ય ફેરવી નાખીશ અને તેથી તેઓ ફરીથી આ વચનો
ઉચ્ચારશે કે, 'નીતિવંતોનું રહેઠાણ એવો પવિત્રપર્વત, યહોવા તમને
આશીર્વાદિત કરો!' 24 "અને યહૂદિયા તથા તેના બધા ગામોમાં ખેડૂતો
અને ભરવાડો ભેગા રહેશે. 25 હાં, હું થાકેલા જીવને વિશ્રામ આપીશ
અને જેઓ નબળા થઇ ગયા છે તેમને મજબૂત બનાવીશ." 26 ત્યારબાદ
યમિર્યા જાગ્યો, તેણે કહ્યું, "આ ઊંઘ મને મીઠી લાગી." 27 યહોવા કહે
છે, "એ દિવસો આવી રહ્યા છે કે જ્યારે હુ ઇસ્રાએલને અને યહૂદિયાને
માણસોને તથા તેના પશુધનને પુષ્કળ વધારીશ. 28 ભૂતકાળમાં જેમ હું
તેમને ઉખેડી નાખવા, તોડી પાડવા, ઉથલાવી પાડવા, નાશ કરવા,
અને હાનિ કરવા માટે નજર રાખતો હતો તેમ હવે તેમના પર કાળજી રા-
ખીને તેઓને સંસ્થાપિત કરીશ." આ યહોવાના વચન છે. 29 "તે દિવસે
પછી કોઇ એમ નહિ કહે કે, પિતૃઓના પાપની કિંમત તેઓનાં બાળકો
ચૂકવે છે. 30 કારણ કે દરેક માણસ પોતાના પાપને લીધે મરશે. જે ખાટી
દ્રાક્ષ ખાશે તેના દાંત ખટાઇ જશે." 31 યહોવા કહે છે, "એ દિવસો આવી
રહ્યા છે કે જ્યારે હું ઇસ્રાએલ અને યહૂદિયા સાથે નવો કરાર કરીશ. 32 મેં
જ્યારે એમના પિતૃઓને હાથ પકડીને મિસરમાંથી બહાર કાઢયા હતા
ત્યારે તેમની સાથે જે કરાર કર્યો હતો તેવો આ કરાર નહિ હોય. હું તેમનો
વિશ્વાસુ માલિક હોવા છતાં પણ તેમણે મારા કરારનું ઉલ્લંઘન કર્યુ છે.
33 "પરંતુ હવે ઇસ્રાએલના લોકો સાથે જે કરાર કરીશ તે આવો હશે: હું
મારા નિયમો તેમના અંતરમાં ઠસાવીશ અને તેમનાં હૃદય પર લખીશ.
હું તેમનો દેવ થઇશ. અને તેઓ મારી પ્રજા થશે. 34 તે સમયે યહોવાને
ઓળખવા માટે એકબીજાને શીખવવાની જરૂર રહેશે નહિ, કારણ કે
ત્યારે નાનાથી મોટા સુધી સૌ કોઇ મને ઓળખશે. હું તેમના દુષ્કૃત્યો

માફ કરીશ અને તેમના પાપને ફરી સંભારીશ નહિ." આ યહોવાના
વચન છે. 35 "જેણે દિવસે પ્રકાશ આપવા માટે સૂર્ય અને રાત્રે પ્રકાશ
આપવા માટે ચંદ્ર અને તારાઓ આપ્યા છે, જે સાગરને એવો ખળભળા-
વે છે કે તેનાં તરંગો ગર્જના કરી ઊઠે, જેનું નામ સૈન્યોનો દેવ યહોવા છે"
તે કહે છે: 36 "જો મેં કુદરતમાં સ્થાપેલી વ્યવસ્થા લોપ પામે તો જ ઇસ્રા-
એલનો વંશ પણ મારી પ્રજા તરીકે લોપ પામી શકે છે. 37 જો ઉપરનું
આકાશ માપી શકાય અને નીચેની ધરતીના તળીયાનો તાગ માપી
શકાય, તો જ હું ઇસ્રાએલની સમગ્ર પ્રજાનો તેમણે જે કઈં કર્યું છે તે માટે
તિરસ્કાર કરી શકું." આ યહોવાના વચન છે. 38 યહોવા કહે છે, "સમય
આવી રહ્યો છે કે જ્યારે યરૂશાલેમ મારા નગર તરીકે હનામએલના બુર-
જથી તે ખૂણાના દરવાજા સુધી ફરી બાંધવામાં આવશે. 39 તે સરહદ
પસાર કરીને આગળ જશે. તે ઠેઠ ગોરેબની ટેકરી સુધી જશે અને ત્યાથી
દક્ષિણ તરફ વળીને ગોઆહ જશે. 40 કિદ્રોનથી ઠેઠ ઘોડાના દરવાજા
સુધી, સમગ્ર ખીણ અને દરેકે દરેક ખેતરને આ શહેરમાં સામેલ કરવામાં
આવશે. જે યહોવા માટે પવિત્ર છે. અને આને ફરીથી કયારેય ઉખેડવા-
માં કે નાશ કરવામાં નહિ આવે."

32 યહૂદિયાના રાજા સિદકિયાના અમલના દશમાં વર્ષમાં, નબૂ-
ખાદનેસ્સારના અઢારમાં વર્ષમાં યર્મિયાને યહોવાની વાણી
સંભળાઇ. 2 તે વખતે બાબિલના રાજાની સૈના યરૂશાલેમને ઘેરો ઘાલી-
ને પડી હતી અને પ્રબોધક યર્મિયા યહૂદિયાના રાજમહેલના રક્ષકઘરના
ચોકમાં કેદમાં પડેલો હતો; 3 સિદકિયા રાજાએ યર્મિયાને કેદ કર્યો હતો,
કારણ કે તેણે ભવિષ્યવચન કહેવાનું સતત ચાલું રાખ્યું હતું કે, "'બા-
બિલનો રાજા નગરને જીતી લેશે. 4 અને રાજા સિદકિયા બચવા નહિ
પામે, તેને ચોક્કસપણે બાબિલના રાજાના હાથમાં સોંપી દેવામાં આવ-
શે, તે તેને રૂબરૂ મળશે અને તેની સાથે વાત કરશે. 5 તે સિદકિયાને બા-
બિલ લઇ જશે અને હું તેને સંભારું નહિ ત્યાં સુધી તેણે ત્યાં રહેવું પડ-
શે. તમે બાબિલવાસીઓ સામે લડશો તો યે વિજય નહિ પામો!'" આ
તો યહોવાનું વચન છે. 6 પછી યહોવાનો આ સંદેશો યર્મિયા પાસે
આવ્યો: 7 "તારા કાકા શાહ્લૂમનો પુત્ર હનામએલ તારી પાસે આવીને
તને કહેશે કે, 'અનાથોથનું મારું ખેતર તું ખરીદી લે, કારણ નજીકના
સગા તરીકે તારો એ હક્ક છે.' 8 "અને યહોવાના કહ્યા પ્રમાણે મારો પિ-
તરાઇ ભાઇ હનામએલ રક્ષકઘરમાં ચોકમાં મારી પાસે આવ્યો અને બો-
લ્યો, 'બિન્યામીનના કુળસમુહના દેશમાંના અનાથોથમાં મારું જે ખેતર
છે તે તું વેચાતું લે; કારણ કે વારસાનો તથા મૂલ્ય આપીને છોડાવવાનો
હક્ક તારો છે.'"તે તારે પોતાને માટે વેચાતું લે, ત્યારે મેં જાણ્યું કે આ તો
યહોવાનું વચન છે. 9 તેથી 17 શેકેલ ચાંદી ચૂકવીને મેં હનામએલ પા-
સેથી તે ખેતર વેચાતું લીધું. 10 મેં વેચાણખત કરી તેના પર સહીસિક્કા
અને સાક્ષી કરાવી અને કાંટા પર કિંમત ચૂકવી દીધી. 11 ત્યાર પછી મેં
મહોર મારેલું બંધ ખરીદખત લીધું જે નિયમો અને શરતો ધરાવતું હતું
અને તેની એક ઉઘાડી પ્રત પણ લીધી. 12 અને જાહેરમાં મારા પિતરાઇ
ભાઇ હનામએલ, વેચાણખત પર સહી કરનારા સાક્ષીઓની અને રક્ષક-
ઘરના ચોકમાં તે વખતે હાજર હતા તે બધા યહૂદીઓની સાક્ષીમાં નેરિ-
યાના પુત્ર માઅસેયાના પૌત્ર બારૂખના હાથમાં સુપ્રત કરી. 13 "તેમનાં
દેખતા જ મેં બારૂખને આ પ્રમાણે સૂચના આપી: 14 'આ બન્ને દસ્તાવેજ,
મહોર મારેલું બંધ ખરીદખત અને તેની ઉઘાડી પ્રત લઇ લે અને તેને
લાંબા વખત સુધી સાચવવા માટે એક માટીના ઘડામાં મૂકજે. 15 કારણ
કે ઇસ્રાએલના સૈન્યોનો દેવ યહોવાએ કહ્યું છે કે, "લોકો આ દેશમાં
ફરીથી ઘરો, ખેતરો અને દ્રાક્ષનીવાડીઓ ખરીદશે."' 16 "દસ્તાવેજી નકલ
બારૂખને આપ્યા પછી મેં પ્રાર્થના કરી: 17 "હે સૈન્યોનો દેવ યહોવા, તમેં
તમારી પ્રચંડ શકિતથી આકાશ અને પૃથ્વી સર્જ્યા છે. તમારે માટે કશું
અશકય નથી. 18 હજારો પ્રત્યે તું કરૂણા બતાવે છે, પણ પૂર્વજોનાં પાપ-
ની સજા તેમનાં સંતાનોને કરે છે. તું મહાન અને બળવાન છે. તારું
નામ સૈન્યોનો દેવ યહોવા છે. 19 તારી યોજના મહાન છે, તારાં કાર્યો પ્ર-
ચંડ છે, તારી આંખો માણસોનું બધું જ હલનચલન જુએ છે, અને તું દરે-
કને તેનાં કાર્યોને અનુરૂપ બદલો આપે છે. 20 તેં મિસરમાં ચમત્કારો
અને અદભૂત કાર્યો કરી નામના મેળવી હતી અને ઇસ્રાએલમાં અને બી-
જી પ્રજાઓમાં આજ સુધી તું એમ કરતો રહ્યો છે. 21 મહાન ચમત્કારો
અને મહાપરાક્રમ દર્શાવીને તથા શત્રુને ભયભીત કરીને તમે ઇસ્રાએલને
મિસરની બહાર લઇ આવ્યા હતા. 22 "ત્યારબાદ તેમના પિતૃઓને
વચન આપ્યા પ્રમાણે તેં આ ભૂમિ જ્યાં દૂધ અને મધની રેલછેલ છે તે-
મને આપી હતી. 23 તેમણે આવીને એનો કબજો લીધો. પણ તેમણે તા-
રું કહ્યું ન કર્યું કે, ન તારા નિયમશાસ્ત્રનું પાલન કર્યુ. તેમણે તારી બધી
સૂચનાઓની અવગણના કરી અને તેથી તે આ બધી આફત તેમની પર
ઉતારી. 24 "શત્રુએ નગરનાં સામે મજબૂત મોરચાઓ બાંધ્યા છે. બાબિ-
લનું સૈન્ય તરવાર વડે તથા નગરમાં પ્રવર્તતા દુકાળ અને મરકીને કાર-
ણે નગરને જીતી લેશે. તમે કહ્યું હતું અને તમે નક્કી કર્યું હતું તે જ પ્રમા-
ણે બની રહ્યું છે, તમે તમારી જાતે જોઇ શકો છો. 25 "'અને છતાં, સૈન્યો-
નો દેવ યહોવા મારા પ્રભુ, તેં મને આજ્ઞા કરી કે, સાક્ષીઓના દેખતાં પૈ-
સા ચૂકવીને ખેતર ખરીદી લે; જો કે શહેર તો અત્યારે બાબિલ વાસીઓ-
ના હાથમાં જઇ રહ્યું છે." 26 પછી યર્મિયાને યહોવાની વાણી સંભળાઇ;
27 "હું, યહોવા, માનવ માત્રનો દેવ છું, શું મારા માટે કાઇં અશક્ય હોઇ
શકે ખરું?" 28 તેથી આ યહોવા કહે છે, "જુઓ, હું આ નગર નબૂખાદને-
સ્સારને સોંપી રહ્યો છું. 29 જે ખાલદીઓ લડી રહ્યાં છે, તેઓ આવીને તે-
ને આગ લગાડી દેશે. તે તેમના ઘરની સાથે સળગાવી દેશે, જેના છાપરા
પર બઆલ દેવના બલિદાન અર્પણો અને બીજા દેવોને ધરેલા પેયાર્પ-
ણો હતા. આ બાબતે મને ખૂબ ક્રોધિત કરી દીધો. 30 હા ઇસ્રાએલના
અને યહૂદિયાના લોકોએ તેમના ઇતિહાસના પ્રારંભથી જ મારી નજરમાં
અયોગ્ય ગણાય એવાં કાર્યો કર્યા છે, અને પોતાના એ કાર્યોથી મારો
રોષ વહોરી લીધો છે. 31 આ નગર બાંધવામાં આવ્યું ત્યારથી આજદિન
સુધી તેઓએ હું ક્રોધિત થાઉં તેવા જ કાર્યો કર્યા છે. તેથી તેઓને દૂર
કરવાનો મેં નિરધાર કર્યો છે. 32 ઇસ્રાએલના અને યહૂદિયાના બધા લો-
કોએ તથા તેમના રાજાઓ યાજકો અને પ્રબોધકોએ અને યહૂદિયાના
માણસો અને યરૂશાલેમના લોકોએ દુષ્કૃત્યો કર્યા છે, અને તેને કારણે
હું એને મારી નજર આગળથી દૂર કરવા માંગુ છું. 33 "તેમણે મારા તરફ
મોઢું નહિ, પીઠ ફેરવી છે, અને જો કે હું તેમને સતત ઉપદેશ આપતો
રહ્યો છું, છતાંય તેઓ સાંભળતા નથી કે શીખતા નથી. 34 તેઓએ મારા
પોતાના મંદિરમાં તેઓની ધિક્કારપાત્ર મૂર્તિઓની પૂજા કરીને તેને પણ
અપવિત્ર કર્યું છે. 35 "તેમણે હિન્નોમની ખીણમાં બઆલ દેવ માટે ઉચ્ચ-
સ્થાનકો બાંધ્યા છે. ત્યાં તેઓએ મોલેખની સામે પોતાનાં સંતાનોને
અગ્નિમાં હોમીને બલિદાન આપ્યાં છે. મેં એવી સૂચના તેઓને કદી
આપી જ નથી. તેઓ આવા ધૃણાજનક કાર્ય કરશે અને યહૂદિયાના લો-
કોને પાપમાં નાખશે. એવો વિચાર મારા મનમાં આવ્યો જ નથી. 36 "તે-
થી હવે ઇસ્રાએલના દેવ યહોવા આ નગર વિષે કહે છે કે 'તેને તરવાર,
દુકાળ અને મરકી દ્ધારા બાબિલના રાજાના હાથમાં સુપ્રત કરવામાં
આવશે.' 37 'મારા પુણ્યપ્રકોપ અને ભયંકર રોષને લીધે એ લોકોને મેં જે
જે દેશોમાં વેરવિખેર કરી નાખેલા છે, ત્યાંથી એમને પાછા એકત્ર કરીશ,
આ જગ્યાએ પાછા લાવીશ અને શાંતિ અને સલામતીપૂર્વક અહીં વસા-
વીશ. 38 તેઓ મારા લોકો થશે અને હું તેઓનો દેવ થઇશ. 39 હું તેમને
બધાંને સમાન અભિગમ અને જીવનનો માર્ગ આપીશ જેથી તેઓને હર
સમય મારો ભય રહેશે. આ તેઓના પોતાના ભલા માટે જ અને ત્યાર
પછી તેઓના સંતાનોના ભલા માટે છે. 40 હું તેઓની સાથે એક કાયમી
કરાર કરીશ, હું સદાય તેમની ભલાઇ કરતા અટકીશ નહિ, અને તેમના
હૃદયમાં મારે વિષે એવું દૈવત્વ ઉત્પન કરીશ કે, તેઓ કદી મારાથી વિ-
મુખ ન થઇ જાય. 41 એમનું કલ્યાણ કરવામાં મને આનંદ આવશે અને
હું તેમને પૂર્ણ હૃદયથી આ ભૂમિ પર ફરીથી સુસ્થાપિત કરીશ."' 42 હા,
આ યહોવા કહે છે, "જેમ તેઓ પર આ બધા દુ:ખ અને સમસ્યાઓ હું
લાવ્યો હતો, તે જ રીતે હું તેઓને આપેલાં વચન મુજબ તેઓનું સર્વ રી-
તે ભલું કરીશ. 43 તમે જે ભૂમિને વિષે એમ કહો છો કે, 'એ તો વેરાન થઇ
જાણો, એમાં નહિ માણસ વસે કે નહિ એમાં પશુ વસે.' એ તો બાબિલ-
વાસીઓના હાથમાં જ પડી જાણો. તેમાં લોકો ફરી ખેતર ખરીદશે.
44 બિન્યામીન કુળસમૂહના પ્રદેશમાં, યરૂશાલેમની આસપાસ, યહૂદિ-
યાના ગામોમાં, પહાડી દેશોમાં, શફેલાહની તળેટીમાં અને નેગેબમાં લો-
કો ખેતરો ખરીદશે, કિંમત ચૂકવશે, અને સહીસીક્કા કરીને કરારો બના-
વશે, કારણ કે હું તેમનું ભાગ્ય ફેરવી તેઓને સુખ-સમૃદ્ધિ આપીશ."

33 યર્મિયો હજી કેદી તરીકે રક્ષકઘરના ચોકમાં હતો ત્યાં જ તેને
બીજી વાર યહોવાની વાણી સંભળાઇ. 2 આ પ્રમાણે યહોવા કહે

છે જે જગતનો ઉત્પન કરનાર છે, જે યહોવાએ તેને સ્થાપિત થાય તે
માટે બનાવ્યું છે, યહોવા તેનુ નામ છે. 3 “તું મને હાંક માર અને હું તને
જવાબ આપીશ. આ સ્થળે જે બનવાનું છે તે વિષે કેટલાક ગાઢ રહસ્યો
હું તને જણાવીશ. 4 આથી જ ઇસ્રાએલના દેવ યહોવા આ નગરના ઘરો
અને યહૂદિયાના રાજાઓના ઘરો માટે કહે છે, જેને બાબિલના હુમલા-
ઓથી રક્ષણ મેળવવા માટે તોડી નંખાયાં હતાં. 5 “તેઓ બાબિલની વિ-
રુદ્ધ લડાઇ કરશે, પણ પછી તેઓ એ લોકોના મૃત દેહથી પોતાના ઘરો-
ને ભરી દેશે. જેઓને મે ગુસ્સાથી મારી નાખ્યા છે. આવું બનશે કારણકે,
તેમણે આચરેલા દુષ્કૃત્યોને લીધે મેં આ નગર છોડી દીધું છે. 6 “છતાં
એવો સમય આવશે ત્યારે હું તેના ઘા રૂઝાવીશ અને આરોગ્ય બક્ષીસ.
હું તેના વતનીઓને સાજા કરી પૂર્ણ શાંતિને સલામતીનો અનુભવ કરા-
વીશ. 7 હું યહૂદિયા અને ઇસ્રાએલને ફરીથી બાંધીશ અને તેઓનું ભાગ્ય
ફેરવીને તેમને ઉજ્જવળ ભવિષ્ય આપીશ. 8 તેમણે મારી વિરુદ્ધ જે બધાં
પાપો અને દુષ્કૃત્યો કર્યા છે તે હું ધોઇ નાખીશ, તથા તેઓને ક્ષમા
આપીશ. 9 પછી આ યરૂશાલેમ માટે પૃથ્વી પરની બધી પ્રજાઓ સમક્ષ
આનંદનું, સ્તુતિનું અને ગૌરવનું કારણ થઇ પડશે. હું એને જે બધી
સંપત્તિ બક્ષવાનો છું તેની વાત જ્યારે એ પ્રજાઓ જાણશે, ત્યારે મેં એને
બક્ષેલી સંપત્તિ અને સુખશાંતિથી ભયભીત થઇને કંપી ઉઠશે.” 10 યહો-
વા કહે છે તે આ પ્રમાણે છે: “આ દેશમાં, જે, તું કહે છે કે નાશ પામ્યું છે,
માણસો અને પ્રાણીઓ વગરના યહૂદિયાના શહેરોમાંથી અને યરૂશાલે-
મની શેરીઓમાંથી જે હવે નિર્જન છે, ત્યાં ફરી એક વખત અવાજો સંભ-
ળાશે. 11 વરવધૂના કિલ્લોલ કરતાં અવાજો અને યહોવા માટેના આભા-
રઅર્પણોના આનંદિત ગીતો ફરી સંભળાશે. તે લોકો કહેશે,”સૈન્યોનો
દેવ યહોવાનો સૌ માનો આભાર, એ છે ભલાઇનો ભંડાર, એની કરૂણા
અપરંપાર” લોકો આ પ્રમાણે કહેશે.કારણ કે હું ફરીથી યહૂદિયા માટે સા-
રી વસ્તુઓ કરીશ. આ યહોવાના વચન છે. 12 સૈન્યોનો દેવ યહોવા કહે
છે, “આ જગ્યામાં એનાં માનવ કે પશુની વસ્તી વગરનાં ખંડેર ગામોં
ફરીથી ઘેટાંબકરાંને આરામ કરાવતા ભરવાડોનું આશ્રયસ્થાન થશે.
13 પહાડી દેશમાં, શફેલાહના ગામોમાં અને નેગેબ અને બિન્યામીન પ્ર-
દેશમાં, યહૂદિયાના ગામોમાં અને યરૂશાલેમની નજીકના સ્થળોએ ફરી-
વાર ઘેટાં ગણતા ઘેટાંપાળકોના હાથ નીચેથી ઘેટાં પસાર થશે.”
14 યહોવા કહે છે કે, “એવો દિવસ આવશે કે ઇસ્રાએલ તથા યહૂદિયાના
હકમાં સર્વ સારું કરવાનું મેં આપેલું વચન હું પૂર્ણ કરીશ. 15 તે સમયે હું
દાઉદના કુળનો એક સાચો જ વંશજ પેદા કરીશ. જે નીતિ અને ન્યાયી-
પણાથી રાજ કરશે. 16 તે સમયે યહૂદિયા તથા યરૂશાલેમના લોકો સમૃ-
દ્ધ થશે અને તેઓ સુરક્ષામાં જીવશે. ‘યહોવા આપણું ન્યાયીપણું’ એ તે-
ઓનું નામ હશે.” 17 કારણ કે યહોવા આ પ્રમાણે કહે છે, “ઇસ્રાએલની
ગાદીએ બેસવા માટે દાઉદના કુટુંબમાં કદી વારસની ખોટ નહિ પડે,
18 અને ત્યાં અર્પણ એવા બલિદાન, પ્રાણીઓના બલિદાન વગેરે માટે
હવે લેવી વંશી યાજકનો અભાવ નહિ હોય.” 19 ત્યારબાદ યહોવાનો આ
સંદેશો યમિર્યા પાસે આવ્યો: 20 મેં દિવસ તથા રાત સાથે મારો કરાર
કર્યો છે: “દિવસ અને રાત પોતાના નિર્ધારિત સમયે જ આવે છે. આ
કરારનો કદી ભંગ થઇ શકતો નથી. 21 એ જ પ્રમાણે મેં મારા સેવક દા-
ઉદ સાથે કરાર કર્યો છે કે, રાજ્યશાસન પર હંમેશા તેનો વંશજ રાજ કર-
શે. વળી લેવી કુળના યાજકો સાથે મેં કરાર કર્યો છે કે, તેઓ હંમેશા મા-
રી સેવા કરશે અને આ કરારોનો પણ ભંગ થઇ શકે નહિ. 22 આકાશ-
માંના અસંખ્ય તારાઓની જેમ અથવા સમુદ્રની અગણિત રેતીની જેમ
હું મારા સેવક દાઉદના અને મારી સેવા કરનાર લેવીવંશી યાજકના કુળ-
સમૂહોની વૃદ્ધિ કરીશ.” 23 યહોવાએ યમિર્યા સાથે ફરીથી વાત કરી અને
કહ્યું; 24 “લોકો શું કહે છે તે તેં સાંભળ્યું છે? ‘યહોવાએ યહૂદિયા તથા
ઇસ્રાએલને પસંદ કર્યાર્ અને પછી ફરી તેઓનો ત્યાગ કર્યો! તેઓ હાંસી
કરે છે અને કહે છે કે, દેવની પ્રજા તરીકે ઇસ્રાએલની ગણના કરી શકાય
તેમ નથી.” 25 પરંતુ યહોવાનો ઉત્તર આ છે: “દિવસ તથા રાત અને પૃ-
થ્વી તથા આકાશના પરિમણનો સમય નિર્ધારિત કરેલો છે; 26 એટલી
ખાતરી છે કે યાકૂબના વંશજો અને મારા સેવક દાઉદ સાથેનો કરાર એ
પણ એટલો જ ચોક્કસ છે. હું જરુર ઇબ્રાહિમ, ઇસહાક અને યાકૂબના
વંશજો પર રાજ કરવા માટે દાઉદના કોઇ વંશજને પસંદ કરીશ. હું તેઓ
પર દયા દર્શાવીશ અને તેઓના ભાગ્યને બદલી નાખીશ.”

**34** બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર જે દેશો પર રાજ્ય કરતો હતો
તે સર્વ સૈન્યો સાથે ચઢી આવ્યો અને યરૂશાલેમ તથા યહૂદિ-
યાના નગરો સાથે યુદ્ધ કર્યું. તે સમયે યમિર્યા પાસે યહોવાનો આ સંદેશો
આવ્યો: 2 “ઇસ્રાએલના દેવ યહોવાના આ વચનો છે: જા અને યહૂદિયા-
ના રાજા સિદકિયાને કહે કે, આ મારાં વચન છે: ‘હું આ યરૂશાલેમ શહેર
બાબિલના રાજાના હાથમાં સોંપી દેનાર છું અને તે તેને બાળી મૂકશે.
3 તું જાતે ભાગી શકશે નહિ. પણ તને બંદી બનાવી લઇ જવાશે અને
બાબિલના રાજાને સુપ્રત કરી દેવામાં આવશે. તારે તેને મોઢામોઢ મળ-
વાનું થશે અને તે તારી સાથે વાત કરશે. તે તને બાબિલમાં બંધક તરીકે
લઇ જશે. 4 તેમ છતાં, હે યહૂદિયાના રાજા સિદકિયા, હું યહોવા કહું છું
કે, તું યુદ્ધમાં મૃત્યુ પામીશ નહિ. 5 પરંતુ તું તારા લોકો મધ્યે શાંતિથી
મૃત્યુ પામશે. જેમ તેમણે તારા પિતૃઓ માટે કર્યું હતું તેમ તારી યાદમાં
તારા લોકો ધૂપસળી બાળશે, અને તેઓ તને દિલાસો આપશે અને ગા-
શે કે, “અરેરે, ઓ રાજા!”’ આ યહોવાના વચન છે. 6 તેથી પ્રબોધક યમિ-
ર્યાએ આ બધું શબ્દે શબ્દ યહૂદિયાના રાજા સિદકિયાને કહી સંભળા-
વ્યું. 7 તે સમયે બાબિલનું સૈન્ય યહૂદિયાના બાકી રહેલા કિલ્લેબંદીવા-
ળા નગરો યરૂશાલેમ, લાખીશ અને અઝેકાહની આસપાસ ઘેરો ઘાલતું
હતું. 8 યહૂદિયાના રાજા સિદકિયાએ યરૂશાલેમના સર્વ ગુલામોને મુકત
કરવાને લગતા કરાર કર્યા પછી યમિર્યાને યહોવાની વાણી સંભળાઇ.
9 કારણ કે રાજા સિદકિયાએ ફરમાન બહાર પાડ્યું હતું કે, દરેક જણે પો-
તાનાં સ્ત્રી કે પુરુષ હિબ્રૂ ગુલામને છોડી દેવાના હતાં. અને કોઇએ પછી
કોઇ જાતભાઇને ગુલામ રાખવાનો નહોતો. 10 કરાર કરનાર બધા જ
અમલદારો અને લોકો પોતાનાં સ્ત્રીપુરુષ ગુલામોને મુકત કરવા તથા
તેમને હવે ગુલામ તરીકે ન રાખવા કબૂલ થયાં હતાં અને તેમણે એનું
પાલન કરી તેમને છોડી મૂક્યાં. 11 પાછળથી તેઓનાં મન બદલાઇ
ગયાં અને તેઓએ ફરીથી પોતાના ચાકરોને ગુલામ બનાવ્યાં. 12 એ
વખતે યરૂશાલેમમાં યમિર્યાને યહોવાની વાણી સંભળાઇ; 13 ઇસ્રાએલ-
ના દેવ યહોવાના આ વચન છે: “હું તમારા પિતૃઓને ગુલામીના દેશ
મિસરની બહાર લઇ આવ્યો ત્યારે મેં તેમની સાથે કરાર કર્યો હતો કે,
14 ‘તમે જે જાતભાઇને ગુલામ તરીકે ખરીદેલો હોય અને જેણે છ વર્ષ
તમારી ગુલામી કરી હોય, તેને તમારે સાતમે વષેર્ છોડી મૂકવો.’ પરંતુ
તમારા પિતૃઓએ મારું કહ્યું સાંભળ્યું નહિ અને તેના પર ધ્યાન પણ
આપ્યું નહિ. 15 મેં તમને ફરમાવ્યું હતું તે પ્રમાણે મારી ષ્ટિમાં જે યોગ્ય
છે તે તમે તાજેતરમાં કર્યું છે અને તમારા ગુલામોને મુકત કર્યા છે. અને
જે મંદિર મારા નામથી ઓળખાય છે તેમા તમે મારી આગળ કરાર કર્યો
હતો. 16 પરંતુ હવે તમે ફરી ગયા, તમે ના પાડીને મારા નામનું અપમાન
કર્યું, અને તમે છોડી મૂકેલાં સ્ત્રીપુરુષ ગુલામને તમે પાછા લાવ્યાં અને
ફરી ગુલામ બનાવ્યાં. 17 “‘તમે મારું સાંભળ્યું નથી અને ગુલામોને મુકત
કર્યા નથી. તેથી હું તમને યુદ્ધ, દુકાળ અને મરકી, તરવાર, રોગચાળો
દ્ધારા મૃત્યુને હવાલે કરીશ. બીજા શહેરના લોકો જ્યારે તારી સાથે શું
થયું છે એ સાંભળશે ત્યારે ભયભીત થઇ જશે. યહોવા આમ કહે છે.
18 જેમણે મારા કરારનું ઉલ્લંઘન કર્યુ છે તેમને હું વાછરડા જેવા બના-
વીશ, જેને તેઓએ બે ટુકડામાં કાપ્યાં હતાં અને કરાર બનાવતી વખતે
તેની વચ્ચેથી પસાર થયા હતાં. 19 તે લોકોને એટલે યહૂદિયાના તથા
યરૂશાલેમના સરદારોને, ત્યાંના અધિકારીઓને, યાજકોને, તથા વાછર-
ડાના બે ભાગો વચ્ચે થઇને ગયેલી દેશની સર્વ પ્રજાને. 20 હું તેમનો
જીવ લેવા ટાંપી રહેલા તેમના શત્રુઓના હાથમાં તેમને સોંપી દઇશ.
અને તેમનાં શબ આકાશનાં પંખી અને જમીનનાં પશુઓ ખાશે. 21 યહૂ-
દિયાના રાજા સિદકિયાને તથા તેના સરદારોને પણ હું તેઓના શત્રુઓ-
ના હાથમાં, એટલે એ જેઓ તેઓનો સંહાર કરવા માંગે છે તેઓના હાથ-
માં, ને બાબિલના રાજાનું જે સૈન્ય તમારી પાસેથી પાછું ગયું છે તેના
હાથમાં સુપ્રત કરીશ. 22 હું હુકમ કરીશ, અને બાબિલના સૈન્યોને પાછા
બોલાવીશ, તેઓ આ નગર પર હુમલો કરશે, એને જીતી લઇને બાળી
મૂકશે. એ રીતે હું યહૂદિયાના નગરોને વસ્તીહીન ઉજ્જડ જગ્યા બના-
વીશ.”’ આ યહોવાના વચન છે.

**35** યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર યહોયાકીમના રાજ્યકાળ દર-
મ્યાન યહોવાનો આ સંદેશો યમિર્યા પાસે આવ્યો: 2 “રેખાબીઓ
પાસે જઇને તેમને વાત કર, તેમને મંદિરના એક ઓરડામાં લઇ આવ

અને તેઓને પીવા માટે દ્રાક્ષારસ આપ." 3 આથી હું હબાસીન્યાના પુત્ર
યર્મિયાના પુત્ર યાઅઝાન્યાને તથા તેના સર્વ ભાઈઓ અને પુત્રોને એટ-
લે કે રેખાબીના સર્વ કુટુંબોના પ્રતિનિધિઓને મળવા ગયો. 4 મંદિરમાં
તેઓને ગદાલ્યાના પુત્ર હનાન પ્રબોધકના પુત્રોને આપવામાં આવેલા
ઓરડામાં લઇ આવ્યો. આ ઓરડો મહેલના અધિકારીના ઓરડા પાસે
તથા મંદિરના દરવાન શાલ્લૂમના પુત્ર માઅસેયાના ઓરડાની બરોબર
પર હતો. 5 પછી મેં તેઓની આગળ પ્યાલા તથા દ્રાક્ષારસ ભરેલા જગ
મૂક્યા અને તેઓને તે પીવા માટે આમંત્રણ આપ્યું. 6 પરંતુ તેઓએ
કહ્યું, "ના, અમે દ્રાક્ષારસ પીતા નથી. કારણ કે અમારા પિતૃઓ રેખાબ-
ના પુત્ર યોનાદાબે અમને આજ્ઞા કરી છે કે, 'તમે તેમ જ તમારા પુત્રો
કોઇ કાળે દ્રાક્ષારસ પીશો નહિ; 7 વળી તેમણે અમને એમ પણ કહ્યું કે,
અમારે કદી ઘર બાંધવા નહિ, કે અનાજ ઉગાડવું નહિ, તેમજ દ્રાક્ષાવા-
ડીઓ રોપવી નહિ, તમારે એવી કોઇ મિલકત રાખવી નહિ એને બદલે
તમારે જીવનભર તંબુઓમાં જ રહેવું; તે પછી તમે આ ભૂમિમાં જ્યાં તમે
વિદેશીઓ તરીકે રહો છો, લાંબા સમય સુધી જીવશો.' 8 અમે આ સર્વ
અમારા પિતૃઓ રેખાબના પુત્ર યોનાદાબે કહ્યા પ્રમાણે કર્યુ છે. ત્યારથી
અમે, અમારી પત્નીઓએ, અમારા પુત્રો કે પુત્રીઓ અને અમે પોતે કદી
દ્રાક્ષારસ પીતા નથી. 9 અમે ઘરો બાંધ્યા નથી કે નથી રાખ્યા પોતાનાં
ખેતરો કે નથી કરી અમે અનાજની વાવણી. 10 અમે તંબુઓમાં રહીએ
છીએ અને અમારા પિતા યોનાદાબે અમને જે સર્વ આજ્ઞાઓ ફરમાવી
હતી તે અમે સંપૂર્ણપણે પાળી છે, 11 પણ જ્યારે બાબિલના રાજા નબૂ-
ખાદનેસ્સારે આ દેશ પર ચઢાઇ કરી ત્યારે અમે નક્કી કર્યું કે, 'બાબિલ-
વાસીઓના અને અરામના સૈન્યથી બચવા માટે અમારે યરૂશાલેમ ભા-
ગી જવું.' અને આમ અમે યરૂશાલેમમાં વસીએ છીએ." 12 ત્યારબાદ
યહોવાનું વચન યર્મિયાની પાસે આ પ્રમાણે આવ્યું: 13 ઇસ્રાએલના દેવ
યહોવા કહે છે કે: "યહૂદિયા અને યરૂશાલેમમાં જઇને કહે કે, શું તમે મારાં
વચનો સાંભળીને શિખામણ નહિ લો?" આ યહોવાના વચન છે. 14 "રે-
ખાબીઓ દ્રાક્ષારસ પીતા નથી, કારણ કે તેઓના પિતા યોનાદાબે તે-
ઓને તેમ કરવાની મનાઇ કરી છે. પણ હું તમારી સાથે વારંવાર બોલ્યો
છું છતાં તમે મારું સાંભળતા નથી કે આધીન પણ થતાં નથી. 15 મેં
એક પછી એક પ્રબોધકોને તમારી પાસે મોકલીને કહેવડાવ્યું કે, તમારા
દુષ્ટ માર્ગોથી પાછા ફરો તથા અન્ય દેવોની પૂજા કરવાનું બંધ કરો. તો
જે દેશ મેં તમને તથા તમારા પિતૃઓને આપ્યો છે તેમાં તમે વસશો;'
પણ તમે કાન ધર્યા નહિ, ને મારું સાંભળ્યું નહિ. 16 રેખાબના પુત્ર યો-
નાદાબના પુત્રોએ પોતાના પિતૃઓએ જે આજ્ઞા તેઓને આપી, તે માની
લીધી છે, પરંતુ આ લોકોએ મારું સાંભળ્યું નથીં." 17 અને તેથી હું કહું
છું: "મેં જે જે આફતોની ધમકી આપી છે તે બધી હું યહૂદિયા અને યરૂ-
શાલેમના વતનીઓ પર ઉતારીશ. કારણ, મેં તેમને કહ્યું ત્યારે તેમણે
સાંભળ્યું નહિ, અને મેં તેમને હાંકલ કરી ત્યારે તેમણે મને જવાબ ન
આપ્યો." આ ઇસ્રાએલના દેવ, સૈન્યોનો દેવ યહોવાના વચન છે."
18 પછી યર્મિયાએ રેખાબીઓના કુળને કહ્યું, "સૈન્યોનો દેવ યહોવા,
ઇસ્રાએલનો દેવ, કહે છે કે, 'તમે તમારા પિતૃઓ યોનાદાબની આજ્ઞા
માની છે, તથા તેની સર્વ આજ્ઞાઓનું પાલન કર્યું છે, અને તમને જે કર-
વા કહ્યું તે પ્રમાણે જ તમે બધું કર્યું છે; 19 માટે સૈન્યોનો દેવ યહોવા,
ઇસ્રાએલના દેવ કહે છે કે, રેખાબના પુત્ર યોનાદાબના વંશમાં મારી સે-
વા કરનારની ખોટ તને કદી પડશે નહિ.'"

36 યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર યહોયાકીમના ચોથા વર્ષમાં
યહોવાનું આ વચન યર્મિયાની પાસે આવ્યું. 2 "યોશિયાના શા-
સનમાં જ્યારે હું તારી સાથે પહેલી વાર બોલ્યો હતો ત્યારથી માંડીને
આજસુધી મેં તને ઇસ્રાએલ અને યહૂદિયા તેમજ બીજી પ્રજાઓ વિષે જે
જે કઇં કહ્યું હતું તે બધું એક ઓળિયું લઇને તેના પર લખી નાંખ.
3 કદાચ હું યહૂદિયાના લોકો પર જે આફતો ઉતારવાનું વિચારું છું તે
તેઓ જાણવા પામે અને ખોટે રસ્તે જવાનું છોડી દે, તો હું તેમનાં દુષ્કૃ-
ત્યો અને પાપ માફ કરું." 4 તેથી યર્મિયાએ નેરિયાના પુત્ર બારૂખને
બોલાવ્યો અને યર્મિયાએ લખાવ્યું તે પ્રમાણે બારૂખે બધા ભવિષ્યવચ-
નો લખ્યાં. 5 ત્યારબાદ યર્મિયાએ બારૂખને આ પ્રમાણે કહ્યું, "મને યહો-
વાના મંદિરમાં જવાનો નિષેધ છે. 6 માટે, તું ચોક્કસ જા અને મે તને જે
યહોવાના વચનો લખાવ્યા છે તેને તું, એ બધા લોકોની સામે જે ઉપવા-
સના દિવસે મંદિરમાં આવ્યાં છે. તેની સામે વાંચ, ઉપરાંત તારે યહૂદિ-
યાના સર્વ લોકો જેઓ પોતાના ગામમાંથી આવ્યા છે તેમની સામે પણ
જરૂર વાંચવું. 7 કદાચ તે લોકો યહોવાને આજીજી કરે અને ખોટે માર્ગેથી
પાછા વળે; કારણ, યહોવાએ એ લોકોને ભારે રોષ ને ક્રોધપૂર્વક ધમકી
આપેલી છે." 8 યર્મિયાએ કહ્યું હતું તે મુજબ નેરિયાના પુત્ર બારૂખે કર્યું
અને મંદિરમાં લોકોની આગળ સર્વ સંદેશાઓ વાંચી સંભળાવ્યાં. 9 યો-
શિયાના પુત્ર યહોયાકીમ રાજાના અમલ દરમિયાન પાંચમા વર્ષે નવ-
મા મહિનામાં યરૂશાલેમના બધા લોકોએ તેમજ યહૂદિયાનાં ગામોમાંથી
ત્યાં આવેલા બધા માણસોએ યહોવા સમક્ષ ઉપવાસ પાળ્યો. 10 એ
વખતે યહોવાના મંદિરમાં બધા લોકોના સાંભળતા બારૂખે યર્મિયાના
વચનો વાંચી સંભળાવ્યાં. શાફાન ચિટનીસના પુત્ર ગમાર્યાના ઓરડા-
માંથી તેણે આ વચનો વાંચી સંભળાવ્યાં, એ ઓરડો મંદિરના નવા દર-
વાજાના ઓટલા આગળ ઉપલા ચોકમાં આવેલો હતો. 11 શાફાનના પુ-
ત્ર ગમાર્યાના પુત્ર મીખાયાએ યહોવા તરફથી આવેલા આ સંદેશાઓ
સાંભળ્યાં. 12 ત્યારે તે નીચે ઊતરીને મહેલનાં વહીવટી સભાખંડમાં
ગયો. અલીશામા મંત્રી ત્યાં હાજર હતો. અને તેની સાથે શમાયાનો પુત્ર
દલાયા, આખ્બોરનો પુત્ર એલ્નાથાન શાફાનનો પુત્ર ગમાર્યા, હનાન્યા-
નો પુત્ર સિદકિયા તથા બીજા બધા અમલદારો પણ ત્યાં હાજર હતાં.
13 બારૂખ લોકોની સમક્ષ વાંચતો હતો તે સંદેશાઓ વિષે મીખાયાએ તે-
ઓને કહી સંભળાવ્યું. 14 પછી અમલદારોએ કૂશીના પુત્ર, શેલેમ્યાના
પુત્ર, નથાન્યાના પુત્ર યેહૂદીને મોકલી બારૂખને કહેવડાવ્યું કે, "જે
ઓળિયામાંથી તે લોકોને વાંચી સંભળાવ્યું છે, તે ઓળિયું લઇને અહીં
આવ." 15 તેથી બારૂખ ઓળિયું લઇને તેમની પાસે આવ્યો. તેમણે
કહ્યું, "મહેરબાની કરીને બેસ અને એ ઓળિયું અમને વાંચી સંભ-
ળાવ."આથી બારૂખે તેમને તે વાંચી સંભળાવ્યું. 16 બારૂખે તેમની સામે
જે વાંચન કર્યુ, તે જેવું તેઓએ સાંભળ્યું કે, તેઓ એકબીજાની સામે
ભયથી જોવા લાગ્યા અને બારૂખને કહ્યું, "તેં જે બધું વાંચ્યું છે તેના વિ-
ષે આપણે જરૂર રાજાને જણાવવું જોઇએ." 17 પરંતુ પહેલા તું અમને
જણાવ કે, આ સંદેશાઓ તારી પાસે કેવી રીતે આવ્યા: "શું યર્મિયાએ
પોતે આ સંદેશાઓ તને લખાવ્યા હતા?" 18 તેથી બારૂખે ખુલાસો કર્યો,
"યર્મિયાએ મને શબ્દે શબ્દ લખાવ્યો અને મેં તે ઓળિયામાં શાહીથી
લખી લીધો." 19 પછી અધિકારીઓએ બારૂખને કહ્યું, "તું અને યર્મિયા
ક્યાંક છુપાઇ જાઓ. તમે ક્યાં છો તે વિષે કોઇને પણ જાણ કરશો
નહિ!" 20 ત્યારબાદ અધિકારીઓએ મંત્રી અલીશામાની ઓરડીમાં તે
ઓળિયાને સંતાડી દીધું અને તેઓ રાજાને તેની વાત કરવા ગયા. 21 રા-
જાએ યેહૂદીને ઓળિયું લઇ આવવા મોકલ્યો, યેહૂદી તે ઓળિયું મંત્રી
અલીશામાની ઓરડીમાંથી લઇ આવ્યો અને રાજાને તે વાંચીને સંભ-
ળાવ્યું. તે વખતે બધા અમલદારો રાજાની આજુબાજુ ઊભેલા હતા.
22 તે સમયે રાજા તેના મહેલના શિયાળું ખંડમાં બેઠા હતા. નવમો મહિ-
નો ચાલતો હતો. તેની આગળ સગડીમાં લાકડા બળતાં હતાં. 23 યેહૂદી
ત્રણચાર ફકરા વાંચી રહે એટલે રાજા લહિયાની છરીથી તેટલો ભાગ કા-
પી લઇ બળતા લાકડામાં નાખી દેતો. આમને આમ આખું ઓળિયું
સગડીમાં હોમાઇ ગયું. 24 આ બધું જ સાંભળ્યા પછી પણ રાજાએ કે તે-
ના અમલદારોએ ન તો ગભરાટ વ્યકત કર્યો કે ન તો પશ્ચાતાપમાં કપડાં
ફાડ્યાં; 25 જો કે એલ્નાથાન, દલાયા અને ગમાર્યાએ રાજાને ટઓળિયું
ન બાળવા કહ્યું હતું, પણ તેના પર ધ્યાન આપ્યું નહોતું. 26 પછી રા-
જાએ બારૂખ તથા યર્મિયાને પકડવા માટે યરાહમએલને, આઝીએલના
પુત્ર સરાયાને તથા આબ્દએલના પુત્ર શેલેમ્યાને મોકલ્યા. પરંતુ યહો-
વાએ તેઓને સંતાડી રાખ્યા હતા. 27 રાજાએ ઓળિયાને બાળી નાખ્યું,
પછી યહોવાએ યર્મિયાને કહ્યું: 28 "બીજું ઓળિયું લઇને તેના પર યહૂ-
દિયાના રાજા યહોયાકીમે બાળી મૂકેલા પહેલાના ઓળિયામાં જે લખ્યું
હતું તે બધું લખી કાઢ. 29 અને યહૂદિયાના રાજા યહોયાકીમને કહે કે,
'આ યહોવાના વચન છે: "તે પોતે આ ઓળિયું બાળીને યર્મિયાને એમ
કહીને ઠપકો આપ્યો છે કે, તું આવું તો કેવી રીતે કહી શકે કે, બાબિલનો
રાજા આ દેશમાં ચોક્કસપણે આવી જે અહીંના માણસોનો અને પશુ-
ઓનો સંહાર કરી નાખશે?" 30 આથી હું યહોવા તને કહું છું કે તારા પછી
દાઉદની ગાદીએ બેસનાર કોઇ વંશજ તારો રહેશે નહિ, અને તારું શબ
દિવસના બળબળતા તાપમાં અને રાત્રીની કડકડતી ઠંડીમાં બહાર ફેંકી

દેવામા આવશે. 31 હું તને, તારા વંશજોને તથા તારા અમલદારોને તેમ-
નાં દુષ્કૃત્યો માટે સજા કરીશ, અને તમારા પર, યરૂશાલેમના વતનીઓ
પર અને યહૂદિયાના લોકો પર મેં જે જે અનિષ્ટ લાવવાની ધમકી આપી
હતી તે તમારી પર અવશ્ય ત્રાટકશે, મેં તેઓને ધમકી આપી હતી પણ
તેમણે સાંભળ્યું નહિ.'" 32 ત્યારબાદ યમિર્યાએ બીજું ઓળિયું લીધું અને
નેરિયાના પુત્ર બારૂખ લહિયાને લખવા આપ્યું. પછી પહેલાં લખાયું હતું
તે સર્વ તેણે બારૂખને ફરીથી લખાવ્યું, પરંતુ આ વખતે યહોવાએ તેમાં
ઘણાં વચનો ઉમેર્યા.

37 બાબિલના રાજા નબૂખાદનેસ્સારે યહૂદિયાના નવા રાજા તરીકે
યહોયાકીમ રાજાના પુત્ર કોન્યાની નિમણૂંક કરી નહિ, પણ તેને
બદલે તેણે યોશિયાના પુત્ર સિદકિયાની પસંદગી કરી. 2 યહોવાએ
યમિર્યા દ્વારા જે વચનો કહેવડાવ્યા હતાં તે રાજા સિદકિયાએ તથા તેના
અધિકારીઓએ તથા દેશમાં બાકી રહેલા લોકોએ સાંભળ્યાં નહિ. 3 તેમ
છતાં સિદકિયાએ શેલેમ્યાના પુત્ર યહૂકાલને તથા માઅસેયાના પુત્ર યા-
જક સફાન્યાને યમિર્યા પાસે મોકલીને કહેવડાવ્યું કે, "તું અમારે માટે
યહોવા આપણા દેવ પાસે પ્રાર્થના કર." 4 એ વખતે યમિર્યાને લોકોમાં
જવા આવવાની છૂટ હતી, હજી તેને કેદમાં નાખવામાં આવ્યો નહોતો;
5 દરમ્યાન ફારુનના લશ્કરે મિસરમાંથી કૂચ કરી, અને યરૂશાલેમને ઘેરો
ઘાલીને પડેલા બાબિલવાસીઓએ, એની જાણ થતા જ ઘેરો ઉઠાવી
લીધો. 6 પછી યહોવાનું વચન યમિર્યા પ્રબોધકની પાસે આ પ્રમાણે
આવ્યું: 7 "ઇસ્રાએલના દેવ યહોવા આ પ્રમાણે કહે છે કે, 'યહૂદિયાના જે
રાજાએ તમને મારી પાસે પૂછવા મોકલ્યા, તેને કહો કે, જુઓ, તમને
સહાય કરવાને ફારુનનું જે સૈન્ય મોકલ્યું છે, તે પોતાના મિસર દેશમાં
પાછું જશે. 8 અને બાબિલવાસીઓ ફરી હુમલો કરશે. ઓ આ યરૂશાલેમ
શહેર ને કબજે કરી એને બાળી મૂકશે.' 9 આ હું યહોવા બોલું છું. 'તમે
પોતાની જાતને છેતરશો નહિ, એમ ન માનશો કે બાબિલવાસીઓ
તમારા દેશમાંથી કાયમ માટે પાછા જશે. 10 જો તમે બાબિલના સમગ્ર
સૈન્યનો નાશ કરો અને તેઓમાંના મુઠ્ઠીભર માણસો બચી જાય અને
ઘાયલ થઇને પોતાના તંબુઓમાં રહે તોપણ તેઓ ઊઠશે અને તમને
પરાજીત કરશે, અને આ નગરને બાળી નાખશે.'" 11 અને ત્યારે, ફારુન-
નું સૈન્ય ત્યાં પહોચવાના કારણે બાબિલના સૈન્યે યરૂશાલેમને છોડી
દીધુ. 12 યમિર્યા યરૂશાલેમ છોડીને પોતાના કુટુંબીઓની મિલકતમાંથી
પોતાના ભાગ લેવા બિન્યામીનના પ્રદેશમાં જવા ઊપડ્યો. 13 પરંતુ
બિન્યામીનના દરવાજામાંથી યમિર્યા પસાર થતો હતો, ત્યારે હનાન્યા-
ના પુત્ર શેલેમ્યાના પુત્ર ઇરિયા સંત્રીએ તેની ધરપકડ કરી અને કહ્યું કે,
"તે બાબિલના પક્ષમાં જતો રહે છે અને તે રાજદ્રોહી છે." 14 યમિર્યાએ
કહ્યું, "ખોટી વાત છે, બાબિલવાસીઓ સાથે ભળી જવા માટે હું નથી
જતો. આમ કરવાનો મારો કોઇ ઇરાદો નથી." પરંતુ ઇરિયાએ તેનું કહ્યું
માન્યું નહિ અને તેને પકડીને અમલદાર આગળ રજૂ કર્યો, અમલદારો
યમિર્યા પર ક્રોધે ભરાયા. 15 તેમણે તેને ચાબુક મરાવી તેને મંત્રી યહો-
નાથાનના ઘરમાં કેદ પૂરી દીધો. 16 તેમણે તેના ઘરને કેદખાનામાં ફેરવી
નાખ્યું હતું. તેમણે યમિર્યાને એક ધાતુના ટાંકામાં પૂરી દીધો અને લાંબા
સમય સુધી તે ત્યાં જ રહ્યો. 17 સમય જતાં સિદકિયા રાજાએ ગુપ્ત રીતે
મહેલમાં તેડી મંગાવ્યો. રાજાએ તેને પૂછ્યું કે, "આજના દિવસોમાં શું
યહોવા તરફથી તને કોઇ સંદેશો મળ્યો છે?"યમિર્યાએ કહ્યું, "હા, સંદેશો
મળ્યો છે. બાબિલના રાજાથી તું હાર પામશે." 18 ત્યારબાદ યમિર્યાએ
રાજા સિદકિયાને પૂછ્યું, "મેં તમારું કે તમારા અમલદારોનું કે આ લોકો-
નું શું બગાડ્યું છે કે તમે મને કેદ કર્યો છે. 19 જે પ્રબોધકોએ તમને કહ્યું
હતું કે, 'બાબિલનો રાજા તમારા પર કે તમારા દેશ પર હુમલો નહિ કરે,
તેઓ ક્યાં ગયા?' 20 તેથી, મારા ધણી મારા રાજા, મહેરબાની કરીને મને
સાંભળો, મારી નમ્ર વિનંતિ ધ્યાનમાં લો. મને પાછો મંત્રી યહોનાથાનને
ઘેર ન મોકલશો, નહિ તો હું ત્યાં મરી જઇશ." 21 જ્યારે રાજા સિદકિ-
યાએ આજ્ઞા કરી કે, યમિર્યાને કેદમાં ન મોકલવામાં આવે, પરંતુ તેને રા-
જમહેલની જેલમાં રાખવામાં આવે અને નગરમાં રોટલી ખલાસ થઇ
જાય ત્યાં સુધી તેને રોજ તાજી બનાવેલી રોટલી આપવામાં આવે. આમ
થવાથી યમિર્યા રાજમહેલની જેલમાં રહ્યો.

38 પરંતુ જ્યારે માત્તાનનો પુત્ર શફાટયા, પાશહૂરનો પુત્ર ગદાલ્યા,
શેલેમ્યાનો પુત્ર યુકાલ અને માલ્ખિયાનો પુત્ર પાશહૂરે યમિર્યા
લોકોને જે કહેતો હતો તે સાંભળ્યું: 2 "આ યહોવાના વચન છે: 'જે કોઇ
આ નગરમાં રહેશે તે યુદ્ધ, દુકાળ કે રોગચાળાથી મૃત્યુ પામશે, પણ જે
કોઇ બાબિલવાસીઓને શરણે જવા બહાર ચાલ્યો જશે તે બચવા પામ-
શે, કઈઁ નહિ તો તે જીવતો તો રહેશે જ.' 3 'અને આ નગર બાબિલના રા-
જાના લશ્કરના હાથમાં જશે, અને તેઓ તેનો કબજો લેશે.'" 4 ત્યારબાદ
પેલા અમલદારોએ રાજાને કહ્યું, "આ માણસને મારી નાખવો જોઇએ.
આવી વાતો કરીને એ આપણા યોદ્ધાઓને અને નગરમાં બાકી રહેલા
લોકોને નાહિંમત બનાવી દે છે. એ આ લોકોનું હિત કરવા નથી માગતો
પણ વિનાશ કરવા માંગે છે. તે દેશદ્રોહી છે." 5 રાજા સિદકિયાએ કહ્યું,
"સારું તમને યોગ્ય લાગે તેમ કરો. હું તમને રોકી શકતો નથી." 6 આથી
એ લોકોએ યમિર્યાને લઇ જઇને રક્ષકઘરના પ્રાંગણમાં આવેલા રાજકુ-
માર માલ્ખિયાના ધાતુંના ટાંકામાં તેને ઉતાર્યો. તેઓએ તેને દોરડા વડે
નીચે ઉતાર્યો. ધાતુના ટાંકામાં પાણી નહોતું, પણ ફક્ત કાદવ હતો
અને યમિર્યા એ કાદવમાં ખૂંપી ગયો. 7 કૂશનો એબેદ-મેલેખ એ રાજમહે-
લમાં એક ખોજો હતો. તેણે સાંભળ્યું કે તેઓએ યમિર્યાને ધાતુના ટાંકા-
માં નાખવામાં આવ્યો છે. 8 રાજા બિન્યામીન દરવાજા આગળ બેઠો
હતો એવામાં એબેદ-મેલેખે આવીને તેને કહ્યું, 9 "મારા ધણી, મારા રા-
જા, આ લોકોએ પ્રબોધક યમિર્યા સાથે જે બધું કર્યુ છે તે ઘણું અનિષ્ટ
થયું છે; એ લોકોએ તેને પાણીનાં ટાંકામાં નાખ્યો છે અને નગરમાં ખો-
રાક તો છે નહિ એટલે તે કદાચ ભૂખે મરી જશે." 10 આ સાંભળીને રા-
જાએ એબેદ-મેલેખેને આજ્ઞા કરી કે તું અહીંથી ત્રીસ માણસને તારી સા-
થે લઇને પ્રબોધક યમિર્યા મૃત્યુ પામે તે પહેલાં તેને બહાર ખેંચી કાઢ.
11 એબેદ-મેલેખે પોતાની સાથે ત્રીણ માણસો લઇને મહેલના ભંડારમાં
ગયો. અને પોતાની સાથે કેટલાંક ફાટેલાં ચીથરાં લઇને દોરડા વડે
ટાંકાંમાં યમિર્યાને પહોંચાડ્યા અને કહ્યું, 12 "દોરડાથી તને હાનિ પહોંચે
નહિ માટે આ જૂના ફાટેલાં કપડાને તારી બગલમાં મૂક." 13 યમિર્યાએ તે
પ્રમાણે કર્યું. અને તેને દોરડા વડે ધાતુના ટાંકામાંથી બહાર ખેંચી કાઢયો
અને પહેલા જ્યાં હતો ત્યાં રક્ષકઘરમાં મોકલી અપાયો. 14 પછી રાજા
સિદકિયાએ પ્રબોધક યમિર્યાને યહોવાના મંદિરમાં ત્રીજા દરવાજે તેડા-
વી મંગાવ્યો અને તેને કહ્યું, "મારે તને એક વાત પૂછવી છે; મારાથી કશું
છુપાવીશ નહિ." 15 યમિર્યાએ સિદકિયાને કહ્યું, "હું તમને સત્ય હકીકત
જણાવીશ તો તું મને મારી નાખશે અને જો હું સલાહ આપુ તો પણ તું
મારું સાંભળવાનો નથી." 16 ત્યારે રાજા સિદકિયાએ ખાનગીમાં યમિ-
ર્યાને એવું વચન આપ્યું કે, "આપણને જીવન બક્ષનાર સૈન્યોનો દેવ
યહોવાના સમ ખાઇને કહું છું કે, હું તને મારી નાખવા ઇચ્છતા લોકોના
હાથમાં સોંપી દઇશ નહિ કે તને મારી નાખવા દઇશ નહિ." 17 એટલે
યમિર્યાએ સિદકિયાને કહ્યું, "ઇસ્રાએલના દેવ સૈન્યોનો દેવ યહોવાનાં
આ વચન છે: 'જો તમે બહાર જઇને બાબિલના રાજાના શરણે જશો, તો
તમે તથા તમારું કુટુંબ જીવતાં રહેશો અને આ નગરને અગ્નિથી બાળી
નાખવામાં આવશે નહિં. 18 પરંતુ જો તમે બહાર જઇ તેને શરણે નહિ
જાઓ, તો તેઓનું સૈન્ય આ નગરને આગ લગાડશે અને તમે તેઓનાં
હાથમાંથી બચવા નહિ પામો.'" 19 એટલે રાજા સિદકિયાએ યમિર્યાને
કહ્યું, "મને યહૂદિયાના લોકોથી ડર લાગે છે, જેમણે બાબિલના સૈન્યની
શરણાગતિ સ્વીકારી છે, મને તેમની બીક લાગે છે. કદાચ મને તેમનાં
હાથમાં સોંપી દેવામાં આવે, તેઓ મારી સાથે કેવી રીતે વર્તશે તેની કોને
ખબર?" 20 યમિર્યાએ પ્રત્યુત્તર આપ્યો, "તને તેમના હાથમાં સોંપવામાં
નહિ આવે. જો તું કેવળ યહોવાને આધીન થશે તો તારું જીવન બચી
જશે અને બધા સારા વાનાં થશે. 21 પરંતુ જો તમે બહાર જઇને તાબે
થવાની ના પાડશો, તો યહોવાએ મને આવું દિવ્યદર્શન આપ્યું છે:
22 યહૂદિયાના મહેલમાં રહેતી સર્વ સ્ત્રીઓને બહાર લાવવામાં આવશે.
અને તેઓને બાબિલના સૈન્યના અધિકારીઓને વહેંચી દેવામાં આવ-
શે;" તેઓ જતાં જતાં ગાય છે:તમારાં પરમમિત્રોએ તમને ખોટે રસ્તે દો-
ર્યા છે, તેમણે તમારી પાસે પોતાનું ધાર્યું કરાવ્યું છે. તમારા પગ કાદવ-
માં ફસાઇ ગયા છે. અને તેઓ તમને છોડીને ભાગી ગયા છે. 23 "તમારી
બધી સ્ત્રીઓને અને તમારા બધાં બાળકોને બાબિલવાસીઓ સમક્ષ
લઇ જવામાં આવશે, અને તમે પોતે પણ બચવા નહિ પામો; તમે પણ
બાબિલના રાજાના કેદી બનશો અને આ નગરને બાળીને ભસ્મિભૂત
કરી દેવામાં આવશે." 24 એટલે સિદકિયાએ યમિર્યાને કહ્યું, "આ વચ-

નોની કોઈને ખબર ન પડે, નહિ તો તારું આવી જ બન્યું જાણજે. 25 જો
અમલદારોને ખબર પડે કે, હું તારી સાથે વાત કરતો હતો તો આપણે શું
ચર્ચા કરી છે તે જાણવા માટે તેઓ તને મારી નાખવાની ધમકી પણ
આપે. 26 છતાં તું કેવળ એટલું જ કહેજે કે, યહોનાથાનના ઘરમાં આવે-
લી કેદમાં મને પાછો મોકલે નહિ, હું ત્યાં મરી જઈશ, તેવી વિનંતી મેં રા-
જાને કરી હતી.” 27 બધા અમલદારોએ યમિર્યા પાસે આવીને તેને પૂછ-
યું, અને તેણે રાજાએ તેને કહ્યું હતું તે પ્રમાણે જ બરાબર તેમને કહ્યું.
તેઓ છાનામાના ચાલ્યા ગયા, કારણ તેમણે વાતચીત સાંભળી નહો-
તી. 28 યરૂશાલેમને જીતી લેવામાં આવ્યું ત્યાં સુધી યમિર્યા રક્ષકઘરના
ચોકમાં જ રહ્યો.

39 યહૂદિયાના રાજા સિદકિયાના અમલના નવમાં વર્ષના દશમાં
મહિનામાં નબૂખાદનેસ્સારે પોતાની આખી સૈના સાથે યરૂશા-
લેમ પર ચઢાઈ કરીને તેને ઘેરો ઘાલ્યો. 2 સિદકિયાના શાસનના અગિ-
યારમા વર્ષના ચોથા મહિનાના નવમા દિવસે તેઓએ નગરની બધી
દીવાલોને તોડી નાખીને ભંગાણ પાડ્યું. 3 બાબિલના સૈન્યના સર્વ
અધિકારીઓ નગરમાં આવ્યાં અને વિજય પ્રાપ્ત કરીને નગરનાં વચલા
દરવાજામાં બેઠાં, સામ્ગારનબૂ, સાર્સખીમ, રાબ-સારીસ અને રાજાનો
મુખ્ય મદદનીશ નેર્ગલ-શારએસેર તથા અન્ય ત્યાં હાજર હતાં. 4 સિદ-
કિયા રાજાને તથા તેના સૈન્યને તેની ખબર પડી કે નગર જીતી લેવાયું
છે, ત્યારે તેઓ રાજાના બગીચાના રસ્તા પરથી ભાગી ગયા. તેઓએ બે
દીવાલો વચ્ચેના દરવાજામાંથી નગર છોડ્યું અને યરદન નદી તરફ
આગળ વધ્યાં. 5 પરંતુ બાબિલવાસીઓના લશ્કરે તેમનો પીછો કર્યો
અને યરીખોના મેદાનમાં સિદકિયાને પકડી પાડ્યો. તેઓ તેને કેદ પક-
ડી હમાથના પ્રદેશમાં રિબ્લાહ ખાતે બાબિલના રાજા નબૂખાદનેસ્સાર
સમક્ષ લઈ ગયા અને તેના પર કામ ચલાવવામાં આવ્યું. 6 પછી બાબિ-
લના રાજાએ સિદકિયાની નજર સામે તેના પુત્રોનો વધ કર્યો તથા બા-
બિલના રાજાએ યહૂદિયાના સર્વ રાજવી અધિકારીઓને પણ મારી ના-
ખ્યા. 7 ત્યારબાદ તેણે સિદકિયાની આંખો ફોડી નાખી, તેને સાંકળે
બાંધી બાબિલ મોકલી આપ્યો. 8 બાબિલવાસીઓએ રાજમહેલને અને
લોકોના ઘરોને બાળી મૂક્યા અને યરૂશાલેમની દીવાલ તોડી નાખી.
9 બાકી રહેલા લોકોને અને જેઓ બાબિલના લોકોને શરણે જતા રહ્યાં
હતાં તેમને રક્ષકોના નાયક નબૂઝારઅદાને બાબિલમાં દેશવટો દીધો.
10 તેણે વસ્તીમાંના ગરીબ લોકોને યહૂદિયામાં રહેવા દીધા, જેમની પાસે
કશું જ નહોતું, તેમને દ્રાક્ષનીવાડીઓ અને ખેતરો આપ્યાં. 11 હવે નબૂ-
ખાદનેસ્સાર રાજાએ નબૂઝારઅદાનને હુકમ કર્યો કે તે યમિર્યાને શોધી
કાઢે. 12 તેણે કહ્યું, “તેને સહેજ પણ ઈજા થવી જોઈએ નહિ, તેની
સંભાળ રાખજે, અને તેને જે જોઈએ તે બધું પૂરું પાડજે.” 13 તેથી નબૂ-
ઝારઅદાનને મુખ્ય દરબારી નબૂશાઝબાનને વડા અધિકારી નેર્ગાલ-
શારએસેરને અને બાબિલના રાજાના બધા મુખ્ય અમલદારોને મોક-
લ્યા. 14 યમિર્યાને કેદખાનામાંથી કાઢી લાવવા માટે તેઓએ સૈનિકોને
મોકલ્યા, યમિર્યાને ચોકીમાંથી બહાર કાઢયો, તે તેને ઘેર લઈ જવા સા-
રું શાફાનના પુત્ર અહીકામના પુત્ર ગદાલ્યાને સ્વાધીન કર્યો; આમ તે
પોતાના લોકો સાથે જ રહ્યો. 15 યમિર્યા કેદખાનામાં જ હતો અને બા-
બિલનું સૈન્ય યરૂશાલેમ પર ચઢી આવ્યું તે પહેલાં યહોવાનો આ સંદેશો
તેની પાસે આવ્યો હતો: 16 “તુ જઈને કૂશના એબેદ-મેલેખને કહે કે, ‘આ
ઈસ્રાએલના દેવ સૈન્યોનો દેવ યહોવાના વચન છે: મેં કહ્યા પ્રમાણે આ
શહેર પર આફત ઉતારનાર છું, હું એનું ભલું કરનાર નથી. જે વખતે આ
બનશે ત્યારે તું એ જોવા હાજર હોઈશ: 17 પણ તે દિવસે હું તને ઉગારી
લઈશ, તું જેમનાથી ડરે છે તે માણસોના હાથમાં તને નહિ સોંપી દઉં.
18 કારણ કે હું તને ચોક્કસ બચાવી લઈશ, તું મરણ નહિ પામે. હું તારું
જીવન બચાવીશ કારણ કે, તેં મારા પર વિશ્વાસ રાખ્યો હતો,’” આ યહો-
વાના વચન છે.

40 રક્ષકોની ટુકડીના નાયક નબૂઝારઅદાને યમિર્યાને રામામાંથી
મોકલી દીધો, તે પછી તેને યહોવાની વાણી સંભળાઈ, યરૂશા-
લેમ અને યહૂદિયાના બીજા જે લોકોને કેદી તરીકે બાબિલ દેશવટે લઈ
જતા હતા તેમની ભેગો યમિર્યાને પણ ત્યાં લઈ જવાયો. 2 સરદારે યમિ-
ર્યાને બોલાવ્યો અને કહ્યું, “યહોવા તમારા દેવ તેમણે આપેલા વચન
પ્રમાણે આ વિપત્તિ દેશ પર લાવ્યા છે. 3 અને હવે તેણે એ આફત ઉતા-
રી છે; તેણે જે કરવાની ધમકી આપી હતી તે કરી છે, કારણ, તમે યહોવા
સામે પાપ કર્યું છે અને તેનું કહ્યું કર્યું નથી. 4 જો હવે હું તારા બંધનો છો-
ડી નાખીશ અને તને મુકત કરીશ. તારે જો મારી સાથે બાબિલ આવવું
હોય તો આવ, હું તારી સંભાળ રાખીશ. પરંતુ જો તારે મારી સાથે બા-
બિલ ન આવવું હોય તો તેનો ય વાંધો નથી, જો, તારી સમક્ષ પસંદગી
કરવા માટે આખો દેશ પડેલો છે. તારે જ્યાં જવું હોય ત્યાં તું જઈ શકે
છે.” 5 પરંતુ યમિર્યા જવાબ આપે તે પહેલાં જ નબૂઝારઅદાને કહ્યું, “તું
જો અહીં વસવાનો નિર્ણય કરે તો પછી યહૂદિયા પાછો જા, કારણ કે
બાબિલના રાજાએ ત્યાં ના લોકો પર ગદાલ્યાને હાકેમ તરીકે નીમેલો
છે, અને તેની હકૂમત હેઠળના લોકો સાથે તું રહે. પરંતુ તેનો નિર્ણય
તારે કરવાનો છે; તું ઈચ્છે ત્યાં જઈ શકે છે.”ત્યારબાદ નબૂઝારઅદાને
થોડો ખોરાક અને નાણાં યમિર્યાને આપ્યાં અને તેને વિદાય કર્યો.
6 પછી યમિર્યા ગદાલ્યા પાસે પાછો આવ્યો અને યહૂદિયા પ્રાંતમાં રહે-
લા લોકો સાથે આવીને રહ્યો. 7 હવે જ્યારે વગડામાંના સૈનિકોના નેતા-
ઓને અને તેના માણસોએ સાંભળ્યું કે, જેમને બંદીવાન તરીકે લઈ
જવામાં આવ્યા નથી એવા દેશમાં બાકી રહેલા ગરીબ લોકો પર બાબિ-
લના રાજાએ ગદાલ્યાને હાકેમ તરીકે નીમ્યો છે. 8 તેઓ મિસ્પાહ ખાતે
ગદાલ્યા પાસે આવ્યા, ત્યારે નથાન્યાનો પુત્ર ઈશ્માએલ, કારેઆહના
પુત્રો યોહાનાન અને યોનાથાન તાન્હુમેથના પુત્ર સરાયા, નટોફાથીને
એફાયના પુત્રો માઅખાથીનો પુત્ર યઝાન્યા તથા તેઓની ટૂકડીઓ મિ-
સ્પાહમાં ગદાલ્યાની પાસે આવ્યા. 9 ગદાલ્યાએ તેમને અને તેમના મા-
ણસોને વચન આપ્યું કે, “બાબિલવાસીઓને તાબે થતાં ડરશો નહિ.
આ દેશમાં ઠરીઠામ થઈને રહો અને બાબિલના રાજાની સેવા કરો. સૌ
સારાવાના થશે. 10 જ્યાં સુધી મારો સવાલ છે, હું મિસ્પાહમાં વસીશ.
અને જ્યારે જ્યારે બાબિલવાસીઓ આવશે ત્યારે હું તમને તેમની સામે
રજુ કરીશ. પણ તમે દ્રાક્ષારસ, ફળ અને તેલ ભેગા કરી શકો છો અને
તમે જે ગામો કબજે કર્યા છે તેમાં વસી શકો છો.” 11 તે ઉપરાંત મોઆબ,
આમ્મોન તથા અદોમમાં અને તેની પાસેના પ્રદેશોમાં વસતા યહૂદિયા-
ના લોકોએ સાંભળ્યું કે હજુ પણ થોડા લોકો વસવાટ કરે છે, યહૂદિયા-
માં ગદાલ્યાને તે બધાં લોકોનો નેતા તરીકે નીમવામાં આવ્યો જેમને તે
બાબિલ લઈ ગયો નથી. 12 ત્યાર પછી તેઓ બધાં જુદા જુદા સ્થળોએ-
થી ગદાલ્યા પાસે આવ્યા. તેમણે પુષ્કળ ફળ અને દ્રાક્ષારસ ભેગાં કર્યાં.
13 પછી કારેઆહનો પુત્ર યોહાનાન તથા જે સૈન્યોના સરદારો સીમમાં
હતાં, તેઓ બધા મિસ્પાહમાં ગદાલ્યા પાસે આવ્યા અને 14 તેઓએ તેને
કહ્યું, “શું તમને ખબર છે કે આમ્મોનીઓના રાજા બાઅલીસે નથાન્યા-
ના પુત્ર ઈશ્માએલને તમારું ખૂન કરવા માટે મોકલ્યો છે?” પરંતુ અહી-
કામના પુત્ર ગદાલ્યાએ તેમની વાત પર વિશ્વાસ મૂકયો નહિ. 15 કારે-
આહના પુત્ર યોહાનાને મિસ્પાહમાં ગદાલ્યાને ખાનગીમાં કહ્યું, “નથા-
ન્યાના પુત્ર ઈશ્માએલને મારી નાખવા માટે મને જવા દે, ને તે વાતની
કોઈને ખબર પડશે નહિ; તે શા માટે તને મારી નાખે? જે યહૂદિયાઓ
પાછા ફર્યા છે તેઓનું શું થશે? શેષ યહૂદિયાના લોક તારી પાસે ભેગા
થયા છે તે શા માટે વિખેરાઈ જાય અને નાશ પામે?” 16 પરંતુ અહીકામ-
ના પુત્ર ગદાલ્યાએ યોહાનાનને કહ્યું, “તું આ પ્રમાણે ના કરીશ, હું તને
આમ કરવા માટે મનાઈ ફરમાવું છું, કારણ કે ઈશ્માએલ વિષે તું જૂઠું
બોલે છે.”

41 અલીશામાનો પુત્ર નથાન્યાનો પુત્ર ઈશ્માએલ રાજવી કુટુંબનો
સભ્ય અને રાજાના મુખ્ય અધિકારીઓમાંનો એક હતો. તે દશ
માણસો સાથે મિસ્પાહ ખાતે અહીકામના પુત્ર ગદાલ્યાને મળવા
આવ્યો. ગદાલ્યાએ તેઓને ભોજન માટે આમંત્રણ આપ્યું. 2 જ્યારે
તેઓ ભોજન લઈ રહ્યા હતાં ત્યારે ઈશ્માએલ તથા તેની સાથેના દશ
માણસો એકદમ ઊઠયા અને પોતાની તરવાર ખેંચીને ગદાલ્યાને મારી
નાખ્યો. 3 ઈશ્માએલે ત્યાં મિસ્પાહમાં ગદાલ્યા સાથે હાજર રહેલા યહૂ-
દિયાના બધાં માણસોને અને ખાલ્દીઓના યોદ્ધાઓને પણ મારી ના-
ખ્યા. 4 બીજા દિવસે, આ વાતની કોઈને ખબર પડે તે પહેલાં, 5 શખેમ,
શીલોહ તથા સમરૂનમાંથી એંસી માણસો યહોવાની ભકિત કરવા માટે
મંદિરમાં આવ્યા. તેઓએ પોતાની દાઢી મૂંડાવેલી હતી તથા પોતાનાં
કપડા ફાડ્યાં હતાં, અને પોતાના શરીરો પર ઘા કર્યા હતા. તેઓ અર્પ-
ણો તથા ધૂપ લઈને આવ્યા હતા. 6 નથાન્યાનો પુત્ર ઈશ્માએલ રડતો

રડતો તેમને મળવા મિસ્પાહથી નીકળ્યો, જ્યારે તેઓને મળ્યો ત્યારે
કહ્યું, "અરે, આવો, અહીકામના પુત્ર ગદાલ્યાને મળવા ચાલો, અને શું
થયું છે તે જુઓ!" 7 તેઓ બધા શહેરની મધ્યમાં પહોંચ્યા પછી ઇશ્મા-
એલ તથા તેના માણસોએ દશ માણસો સિવાય સર્વને મારી નાખ્યા
અને તેઓના મૃતદેહોને ટાંકામાં ફેંકી દીધા. 8 પરંતુ તેઓમાંના દશ મા-
ણસોએ ઇશ્માએલને કહ્યું, "અમને મારી ન નાખશો. અમારી પાસે ઘઉં,
જવ, તેલ અને મધ ખેતરોમાં સંતાડેલા છે." આથી તેણે તેમને જીવતા
રહેવા દીધા અને તેમના સાથીઓ ભેગા મારી ન નાખ્યા. 9 ઇશ્માએલે
મૃતદેહોને જે ટાંકામાં નાખી દીધા તે ઘણું મોટું હતું. આસા રાજાએ ઇસ્રા-
એલના રાજા બાઅશાથી રક્ષણ મેળવવા મિસ્પાહના નગરને કિલ્લેબંધ
કર્યું ત્યારે તે બંધાવ્યું હતું. 10 ત્યારબાદ ઇશ્માએલ રાજકુમારીઓને તથા
બાકી રહેલા લોકોને બંધકો તરીકે લઇ ગયો. જેઓને રક્ષક ટૂકડીના સર-
દાર નબૂઝારઅદાને અહીકામના પુત્ર ગદાલ્યાના તાબામાં સોપ્યાં હતાં.
એ સર્વને લઇને તે આમ્મોન તરફ આગળ વધ્યો. 11 પરંતુ નથાન્યાનો
પુત્ર ઇશ્માએલે જે સર્વ ભૂંડા કાર્યો કર્યા હતાં, તે વિષે કારેઆહના પુત્ર
યોહાનાન અને સૈન્યના સર્વ અધિકારીઓ, જે તેની સાથે હતા તેઓએ
સાંભળ્યું. 12 તેઓ પોતાના સર્વ માણસોને લઇને ઇશ્માએલની પાછળ
તેની સાથે યુદ્ધ કરવા માટે ગયા. તેઓએ ગિબયોન પાસેના મોટા જળ-
સમૂહ પાસે તેને પકડી પાડ્યો. 13 ઇશ્માએલે જેમને મિસ્પાહ ખાતે કેદ
પકડ્યા હતા તે બધા માણસો યોહાનાન અને તેની સાથેના સૈનાનાયક-
કોને જોઇને પ્રસન્ન થયા. 14 ઇશ્માએલ જે બધા લોકોને મિસ્પાહ પાસે
બંધક બનાવીને લઇ ગયો હતો તેઓ પાછા ફરીને યોહાનાનની સાથે
ગયા. 15 પરંતુ ઇસ્માએલ આઠ માણસો સાથે છટકી ગયો અને આમ્મો-
નના પ્રદેશમાં ભાગી ગયો. 16 ગદાલ્યાને મારી નાખ્યાં પછી ઇશ્માએલ
જે પુરુષો, સ્ત્રીઓ, બાળકો અને અધિકારીઓને, ગિબયોનથી લઇ
આવ્યો હતો તે સર્વ બાકી રહેલા લોકોને પછી યોહાનાન અને તેના સૈ-
ન્યના અધિકારીઓ પોતાની સાથે લઇ ગયા. 17 તેઓ ત્યાંથી બાબિલ-
વાસીઓથી બચવા મિસર જવા નીકળ્યાં અને માર્ગમાં તેમણે બેથલેહેમ
પાસે કિમ્હામ આગળ મુકામ કર્યો. 18 તેઓને ડર લાગતો હતો કે હવે તે
સમાચાર બાબિલ પહોંચશે ત્યારે તેઓ શું કરશે. કારણ કે બાબિલના
રાજાએ ગદાલ્યાને પસંદ કરીને નીમ્યો હતો અને ઇશ્માએલે ગદાલ્યાને
મારી નાખ્યો.

42 પછી કારેઆહનો પુત્ર યોહાનાન અને હોશાયાનો પુત્ર યઝાન્યા
પણ બધા સૈનાનાયકો; નાના મોટા બધા લોકો સાથે પ્રબોધક
યર્મિર્યા પાસે ગયા અને કહેવા લાગ્યા. 2 "કૃપા કરીને અમારી અરજ
સાંભળો, અમારા તરફથી અને બાકી રહેલા આ લોકો તરફથી તમારા
દેવ યહોવાને પ્રાર્થના કરો. 3 તમે જુઓ છો કે અમે કેટલા બધા હતા
અને કેટલા ઓછા થઇ ગયા છીએ. તમે એવી પ્રાર્થના કરો જેથી અમારા
દેવ યહોવા અમારે ક્યાં જવું અને શું કરવું તે કહે." 4 પ્રબોધક યર્મિર્યાએ
કહ્યું, "ઠીક, મેં તમારી અરજ સાંભળી છે. હું તમારી ઇચ્છા મુજબ તમારા
દેવ યહોવાને પ્રાર્થના કરીશ અને તે જે જવાબ આપશે તે તમને જણા-
વીશ. કશું છુપાવીશ નહિ." 5 ત્યારે તેમણે યર્મિર્યાને કહ્યું, "જો તમારી
મારફતે યહોવાએ આપેલી બધી સૂચનાઓનું અમે પાલન ન કરીએ તો
ભલે યહોવા અમારી વિરુદ્ધ મજબૂત અને વિશ્વાસુ સાક્ષી બની રહે.
6 અમને પસંદ પડે, ન પડે પણ અમે અમારા દેવ યહોવાનું કહ્યું કરીશું,
જેની પ્રાર્થના કરવા અમે તમને મોકલીએ છીએ. અમે જો અમારા દેવ
યહોવાનું કહ્યું કરીશું તો સૌ સારા વાનાં થશે." 7 દશ દિવસ વીતી ગયા
પછી યર્મિર્યાને યહોવાએ પોતાનો જવાબ આપ્યો. 8 તે સાંભળી તેણે
યહોવાને તથા તેની સાથેના બધા સૈનાનાયકોને તેમજ નાનામોટા
બધા લોકોને તેડાવી મંગાવ્યા. 9 અને કહ્યું, "તમે મને ઇસ્રાએલના દેવ
યહોવા પાસે તમારી અરજ રજૂ કરવા મોકલ્યો હતો. તે કહે છે; 10 'જો
તમે ફરી આ દેશમાં જ નિવાસ કરશો તો હું તમને આશીર્વાદ આપીશ,
તોડી પાડીશ નહિ, તમારા મૂળીયાં રોપીશ, ઉખેડી નાખીશ નહિ, કારણ
તમારા પર મેં આફત ઉતારી તેનો મને પસ્તાવો થાય છે. 11 બાબિલના
રાજાથી હવે તમે જરાય ડરશો નહિ, કારણ કે તમારો બચાવ કરવા તથા
તેના હાથમાંથી તમને મુકત કરવા હું તમારી સાથે જ છું. 12 હું તમારા પર
દયા લાવીને તેના હૃદયમાં તમારે માટે દયા જગાડીશ, અને તે તમને
તમારાં વતનમાં પાછા જવા દેશે.' આ યહોવાના વચન છે. 13 'પરંતુ જો
તમે યહૂદિયામાં બાકી રહેલા લોકો, એમ કહેવાનુ ચાલુ રાખશો, કે ના,
અમે આ શહેરમાં નહિ રહીએ, તો તમે તમારા દેવ યહોવાની આજ્ઞાનું
ઉલ્લંઘન કરશો. 14 અને એમ કહેશો કે, "અમે આ દેશમાં રહેવા માગતા
નથી. અમારે તો મિસર જવું છે, જ્યાં અમારે યુદ્ધ જોવું ન પડે કે રણ-
શિંગડાનો નાદ સાંભળવો ન પડે, તેમ ખાવા માટે અનાજની પણ ખોટ
ન પડે. અમારે તો ત્યાં રહેવું છે.' 15 તો યહોવાના વચન ધ્યાનથી સાંભ-
ળો. ઇસ્રાએલના દેવ સર્વસમર્થર્ યહોવાના આ વચન છે, 'જો મિસર
જવાનો અને ત્યાં ભાગી જવાનો તમારો નિર્ણય હોય; 16 તો તમે જે યુદ્ધ-
થી ડરો છો તે મિસરમાં પણ તમારો પીછો નહિ છોડે, જે દુકાળથી તમે
ડરો છો તે મિસરમાં પણ તમારો પીછો પકડશે, અને ત્યાં તમે મરી
જશો. 17 તમારામાંથી જે લોકો મિસરમાં જઇને ત્યાં વસવાનો આગ્રહ રા-
ખે છે તે પ્રત્યેક માટે આ વિપત્તિઓ રાહ જોઇ રહી છે. હા, તમે તરવાર,
દુકાળ અને મરકીથી મૃત્યુ પામશો. ત્યાં હું તમારા પર જે સર્વ વિપ-
ત્તિઓ લાવીશ તેમાંથી કોઇ પણ બચવા પામશે નહિ.' 18 "કારણ કે આ
ઇસ્રાએલના દેવ સૈન્યોનો દેવ યહોવાના વચન છે: 'જેમ મારો ક્રોધ અને
રોષ યરૂશાલેમના વતનીઓ પર વરસ્યો હતો તેમ તે તમારા પર વરસશે
જો તમે મિસર જશો તો. તમને જોઇને તે લોકો ભયભીત અને સ્તબ્ધ
બની જશે; લોકો તમારી હાંસી ઉડાવશે અને તમારું નામ શાપરૂપ બની
જશે. તમે ફરી કદી આ જગ્યા જોવા નહિ પામો.'" 19 યર્મિર્યાએ વધુમાં
કહ્યું, "યહૂદિયામાં બાકી રહેલા લોકો, તમને યહોવા કહે છે, 'તમે મિસર
જશો નહિ.' આ બરાબર સમજી લેજો. મેં આજે તમને ચેતવણી આપી
દીધી છે. 20 જો તમે જશો તો તમારો જીવ ગુમાવશો, કારણ કે તમે તમા-
રી જાતે જ મને તમારા માટે વિનંતિ કરવા મોકલ્યો હતો અને મને કહ્યું
હતું, 'તમારા યહોવા દેવ તને જે કહે તે તું અમને કહેજે અને અમે તેને
આધીન થઇશું.' 21 યહોવાએ મને જે કહ્યું તે સર્વ મેં આજે તમને જણા-
વ્યું છે. પરંતુ અગાઉ ઘણી વખત કર્યું હતું તેમ હમણાં પણ તમે આધીન
થવાના નથી, 22 અને તેથી તમે ખચીત સમજી લો કે, તમે જ્યાં જવાનો
આગ્રહ રાખો છો, તે મિસરમાં તમે યુદ્ધથી, દુકાળથી અને રોગચાળાથી
મૃત્યુ પામશો."

43 અને પછી જેવો યર્મિર્યાએ યહોવા તેમના દેવ તરફથી આવેલો
સંદેશો લોકોને કહેવાનું પુરું કર્યુ. 2 હોશાયાના પુત્ર અઝાર્યાએ
અને કારેઆહના પુત્ર યોહાનાને તથા બીજા અભિમાની માણસોએ
યર્મિર્યાને કહ્યું, "'તું જૂઠું બોલે છે! અમે મિસરમાં જઇએ તેવું અમારા દેવ
યહોવાએ તને કહ્યું નથી!' 3 નેરિયાના પુત્ર બારૂખે અમારી વિરુદ્ધ કાવ-
તરું કર્યું છે અને આ પ્રમાણે અમને કહેવા તને જણાવ્યું છે, જેથી અમે
અહીં વસવાટ કરીએ અને બાબિલનું સૈન્ય આવે ત્યારે તે અમને મારી
નાખે અથવા ગુલામો તરીકે અમને બાબિલ લઇ જાય." 4 તેથી યોહાના-
ને, સૈનાનાયકોએ અને સર્વ લોકોએ યહોવાનું કહ્યું કરવાની અને યહૂ-
દિયામાં રહેવાની ના પાડી. 5 આથી યોહાનાન અને સૈનાનાયકોએ યહૂ-
દિયાના બાકી રહેલા લોકોને, 6 એ બધી સ્ત્રીઓ, પુરુષો અને બાળકો
અને રાજકુમારીઓ જેને રક્ષકોના નાયક નબૂઝારઅદાને ગદાલ્યાને
સોંપ્યાં હતાં, અને પ્રબોધક યર્મિર્યા, નેરિયાના પુત્ર બારૂખને પણ.
7 તેઓ યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને મિસર ગયા અને ત્યાં તાહ-
પાન્હેસ પહોંચ્યા. 8 તાહપાન્હેસમાં યહોવાએ ફરીથી યર્મિર્યા સાથે વાત
કરી, અને કહ્યું: 9 "તું મોટા પથ્થરો લે, પછી યહૂદિયાના માણસોને ભે-
ગા કર અને તેઓના દેખતા અહીં તાહપાન્હેસમાં ફારુનના મહેલના પ્ર-
વેશદ્ધાર આગળના ફરસબંધીવાળા માર્ગમાં એ મોટા પથ્થરને દાટી દે."
10 પછી યહૂદિયાના માણસોને આ પ્રમાણે કહે, 'સૈન્યોનો દેવ યહોવા,
ઇસ્રાએલના દેવ કહે છે, બાબિલના રાજા નબૂખાદનેસ્સારને હું ચોક્કસ
અહીં મિસરમાં લાવીશ. કારણ કે તે મારો સેવક છે. આ જે પથ્થરો મેં
જડેલાં છે તેના પર હું તેનું સિંહાસન સ્થાપન કરીશ. તેના પર તે પોતા-
નો રાજવી મંડપ ઊભો કરશે." 11 તે આવીને મિસર પર હુમલો કરશે;
જેઓ રોગચાળાથી મરવા નિર્માયેલા છે તેઓ રોગચાળાથી મૃત્યુ પામ-
શે, જેઓ કેદ પકડાવા નિર્માયા છે તેઓ કેદ થશે અને જેઓ યુદ્ધમાં મર-
વા સર્જાર્યા છે તેઓ યુદ્ધમાં મૃત્યુ પામશે. 12 તે મિસરના દેવોનાં મંદિરો-
ને અગ્નિથી બાળીને ભસ્મ કરશે, તે લોકોને બંદીવાન બનાવી લઇ જશે.
જેમ કોઇ ભરવાડ પોતાની ચાદરમાંની જૂ વીણીને સાફ કરી નાખે છે
તેમ તે મિસરને વીણીને સાફ કરી નાખશે અને વિજયી બનીને પાછો

જશે. 13 તે મિસરમાંના બેથ-શેમેશના પૂજાસ્તંભો તોડી પાડશે; અને મિસરના દેવોના મંદિરો બાળી મૂકશે.'"

**44** મિસરના ઉત્તર ભાગમાં મિગ્દોલ, તાહપાન્હેસ, નોફ અને પાથોસના પ્રદેશમાં વસતા યહૂદિયાવાસીઓ વિષે યહોવાનો સંદેશો યર્મિયા પાસે આવ્યો. 2 "ઇસ્રાએલના દેવ સૈન્યોનો દેવ યહોવાના આ વચન છે: યરૂશાલેમ અને યહૂદિયાના બધા નગરો પર મેં જે આફત ઉતારી છે તે તમે જોઇ છે. આજે પણ એ નગરો ખંડેર હાલતમાં અને વસ્તી વગરના છે. 3 જે 'દેવો' ને તેઓએ કે તમે તમારા પિતૃઓમાંથી પણ કોઇએ જાણ્યા નથી, તે દેવોની તેઓએ પૂજા કરી; તેથી હું તેઓ પર અતિ કોપાયમાન થયો. 4 મેં સતત મારા સેવકો, પ્રબોધકો, મોકલીને તેમને ચેતવ્યા હતા કે, 'આ અધમ કૃત્ય કરશો નહિ; હું તિરસ્કાર કરું છું.' 5 પરંતુ તમારા વડવાઓએ સાંભળ્યું નહિ, અને પોતાના દુષ્ટ માગોર્થી પાછા ફર્યા નહિ; તેઓએ તો આ 'દેવો' આગળ પોતાના બલિદાનો ચઢાવવાનું ચાલું જ રાખ્યું. 6 આથી મારો કોપ યહૂદિયાના નગરોમાં અને યરૂશાલેમના મહોલ્લાઓમાં અગ્નિની જેમ પ્રગટી ઊઠયો અને તે શહેરો ખંડેર અને વેરાન થઇ ગયાં, આજે પણ તેમની એ જ દશા છે, ઉજ્જડ પડેલાં છે." 7 અને હવે હું ઇસ્રાએલનો દેવ, સૈન્યોનો દેવ યહોવા કહું છું: "આવી સમસ્યાઓ તમે તમારે માથે શા માટે નોતરો છો? તમે શા માટે યહૂદિયાના સ્ત્રીઓ, પુરુષો, બાળકો અને ધાવણાં બાળકોનો વિનાશ થવા દો છો? તમે શા માટે તમારી પાછળ કોઇને બાકી રહેવા દેતા નથી? 8 તમે મૂર્તિઓ બનાવી છે અને અહીં મિસરમાં તેઓની પૂજા કરીને તેઓની આગળ બલિ ચઢાવી ધૂપ બાળ્યો છે. તેમ કરીને તમે મને વધુ કોપાયમાન કર્યો છે અને તમારો સંપૂર્ણ વિનાશ કરવા તથા તમને પૃથ્વીના સર્વ દેશોમાં શાપરૂપ તથા નિંદારૂપ કરવા તમે મને ફરજ પાડી છે. 9 તમારા પિતૃઓના પાપ, યહૂદિયાના રાજાઓ તથા રાણીઓનાં પાપ, અને તમારા પોતાના દ્વારા તથા તમારી પત્નીઓ દ્વારા યહૂદિયા તથા યરૂશાલેમની શેરીઓમાં આચરવામાં આવેલા પાપ શું તમે ભૂલી ગયા? 10 આજપર્યંત તમે તે માટે પશ્ચાતાપ કર્યો નથી, કે મેં તમારી અને તમારા પિતૃઓની આગળ રજૂ કરેલા નિયમો અને કાયદાઓનું પાલન કર્યું નથી." 11 તેથી ઇસ્રાએલના દેવ, સૈન્યોનો દેવ યહોવા કહે છે: "જુઓ, હું તમારી પર ભયાનક મુસીબતો મોકલવા માટે અને યહૂદિયાના લોકોનો જડમૂળથી નાશ કરવા માટે કૃત નિશ્ચયી છું. 12 યહૂદિયાના બાકી રહેલા લોકો જેમણે મિસર જઇને વસવાનો નિર્ધાર કર્યો છે, તેમને હું હતા ન હતા કરી નાખીશ. તેઓ બધા જ મિસર દેશમાં નાશ પામશે; કોઇ યુદ્ધમાં મરશે તો કોઇ દુકાળમાં મરશે. નાનામોટા સૌ યુદ્ધમાં કે દુકાળમાં મરી પરવારશે. તેમની દશા જોઇને લોકો ભયભીત અને સ્તબ્ધ બની જશે. સૌ તેમની હાંસી અને નાલેશી કરશે, અને તેમનું નામ શાપરૂપ લેખાશે. 13 યરૂશાલેમની જેમ જ મિસરમાં વસનારાઓને પણ હું યુદ્ધ, દુકાળ અને રોગચાળાથી સજા કરીશ. 14 તેથી યહૂદિયાના બાકી રહેલા જે ફરી યહૂદિયા જઇને વસવાની આશાએ મિસરમાં જઇને વસ્યા છે તેમાંથી કોઇ પણ જીવતો રહેવાનો નથી કે પાછો યહૂદિયા જવા પામવાનો નથી, કારણ, થોડા ભાગી છૂટેલા સિવાય કોઇ મારા કોપમાંથી બચી શકવાના નથી." 15 આ સાંભળીને જેઓ જાણતા હતા કે તેમની પત્નીઓ બીજા દેવોને બલી ચઢાવે છે તે બધાએ અને ત્યાં ઊભેલી બધી સ્ત્રીઓ જેઓ મોટા સમૂહમાં હતી તેમને તેમ જ મિસરમાં પાથોસમાં વસતાં બધા માણસોને યર્મિયાએ કહ્યું, 16 "તું અમારા માટે દેવનો સંદેશ લાવે છે, પણ અમે એ સાંભળવાના નથી. 17 અમે જે જે કરવાની પ્રતિજ્ઞા કરી છે તે જ અમે ચોક્કસ કરીશું. અમે અને અમારા વડીલો, અમારા રાજાઓ અને અમારા આગેવાનો જેમ યહૂદિયાના ગામોમાં અને યરૂશાલેમમાં થાય છે, તેમ આકાશની સમ્રાજ્ઞીને બલિદાન, અર્પણો અને પેયાર્પણો ચઢાવતા રહીશું. તે વખતે અમને જોઇએ તેટલું ખાવા મળતું હતું, અમે ઘણા સુખી અને સમૃદ્ધ હતા. 18 પરંતુ જ્યારથી અમે આકાશની સામ્રાજ્ઞીને આહુતિ આપવાનું અને પેયાર્પણો ચઢાવવાનું બંધ કર્યું, ત્યારથી અમે ભારે મુશ્કેલીઓ ભોગવીએ છીએ, યુદ્ધનો કે દુકાળનો અમે ભોગ થઇ પડ્યા છીએ." 19 સ્ત્રીઓ બોલી ઊઠી, "શું તું એવું ધારે છે કે અમારા પતિઓની સંમતિ વગર, તેઓની મદદ વિના 'આકાશની સામ્રાજ્ઞી' ની પૂજા કરતા હતાં અને તેને પેયાર્પણ ચઢાવતા હતાં તેમ જ તેની મુદ્રાવાળી રોટલીઓ તૈયાર કરી તેને અર્પણ કરતા હતાં? ના, એવું નથી." 20 પછી યર્મિયાએ એવો ઉત્તર આપનારા સૌ કોઇને, સ્ત્રીઓને અને પુરુષોને કહ્યું, 21 "તમે તથા તમારા વડીલો તથા તમારા રાજાઓ અને સરદારો તેમજ દેશના બધા લોકો યહૂદિયાના નગરોમાં અને યરૂશાલેમના મહોલ્લાઓમાં મૂર્તિઓ આગળ ધૂપ બાળતા હતાં, તને લાગે છે કે તેને તે યાદ નથી? ચોક્કસ, તે આ બધું તેના મનમાં રાખે છે. 22 તમે જે દુષ્કર્મો કરતા હતા તે યહોવા વધુ વખત સહન કરી શક્યા નહિ; તેથી તેમણે તમારો દેશ જેમ આજે છે તેમ ઉજ્જડ, વેરાન, શ્રાપરૂપ અને નિર્જન કરી નાખ્યો. 23 તમારા પર આ આફત આવી છે અને આજે પણ કાયમ છે તેનું કારણ, તમે એ અપીર્ને યહોવાનો અપરાધ કર્યો, તેનું કહ્યું કર્યું નહિ કે તેના નિયમો, કાયદાઓ અને આજ્ઞાઓનું પાલન પણ ન કર્યું." 24 પછી યર્મિયાએ તે સ્ત્રીઓને તથા સર્વ લોકોને કહ્યું, "મિસરમાં વસતા યહૂદિયાના નાગરિકો તમે સર્વ યહોવાનું વચન ધ્યાનથી સાંભળો! 25 સૈન્યોનો દેવ યહોવા, ઇસ્રાએલના દેવ કહે છે, 'જ્યા સુધી આ બાબત તને અને તારી પત્નીને લાગુ પડે છે, તેં એ જ કર્યુ છે જે તે કહ્યું હતું, "તે કહ્યું હતું, અમે સ્વર્ગની રાણીને બલિદાન, અર્પણો અને પેયાર્પણો ચઢાવીને અમારી પ્રતિજ્ઞા ચોક્કસ પાળીશું તેથી કોઇ પણ ભોગે તમે તમારી પ્રતિજ્ઞાઓ પૂરી કરો. 26 પણ મિસરમાં વસતા બધાં યહૂદીઓ, તમે મારા વચન ધ્યાનથી સાંભળો; હું મારા મોટા નામનાં સમ ખાઇને કહું છું. આ હું યહોવા બોલું છું, કે આખા મિસરમાં હવે કોઇ પણ યહૂદી મારું નામ લઇ શકશે નહિ. કોઇ પણ યહૂદી "યહોવાના સમ કહીને સમ લઇ શકશે નહિ." 27 "'સાવધાન, હું તમારા પર મારી નજર રાખીશ પણ તમારા ભલા માટે નહિ! તમારા પર આફત આવે તેવું હું કરીશ, અને તમે બધાં યુદ્ધ અને દુકાળથી સમાપ્ત થઇ જશો. કોઇ પણ બચવા નહિ પામે. 28 તેમ છતાં મિસરમાં વસતાં થોડા યહૂદીઓ મોતમાંથી ઊગરી જશે અને તેઓ યહૂદિયા પાછાં જશે. ત્યારે બચવા પામેલા લોકોને ખબર પડશે કે કોના વચન સાચાં છે, મારાં કે તેમના. 29 હું તને આ પ્રમાણે નિશાની આપીશ કે, તેથી હું તને મિસરમાં શિક્ષા કરીશ, કે જેથી તને ખબર પડે કે હું તારી પર ખરેખર ભયાનક વિપત્તિ લાવીશ. 30 યહોવા કહે છે: જુઓ, જેમ મેં યહૂદિયાના રાજા સિદકિયાને બાબિલના રાજા નબૂખાદનેસ્સારના હાથમાં સોંપી દીધો, તેમ હું મિસરના રાજા ફારુન હોફ્રાને તેના દુશ્મનના હાથમાં, તેનો જીવ લેવાની શકિત લોકોના હાથમાં સોંપીશ.'"

**45** યહૂદિયાના રાજા યોશિયાના પુત્ર યહોયાકીમના અમલમાં ચોથા વર્ષ દરમ્યાન નેરિયાના પુત્ર બારૂખે પ્રબોધક યર્મિયાએ લખાવ્યા પ્રમાણે આ શબ્દો એક પોથીમાંથી લખી લીધા. 2 ત્યારબાદ યર્મિયાએ તેને કહ્યું, "બારૂખ, તારી બાબતમાં ઇસ્રાએલના દેવ યહોવા આ પ્રમાણે કહે છે: 3 તેં કહ્યું, 'મને હાય હાય! મારા જીવનમાં મુશ્કેલીઓની ખોટ છે શું? અને હવે યહોવાએ તેમાં વધારો કર્યો છે! હું નિસાસા નાખીને થાકી ગયો છું. હું આરામ અનુભવતો નથી.'" 4 યહોવા કહે છે, "બારૂખને આ પ્રમાણે કહે: 'આ દેશને મેં બાંધ્યો છે, હવે હું તેનો નાશ કરીશ. જે મેં સ્થાપન કર્યું છે તેને હું દૂર કરીશ. 5 તું શું પોતાને માટે મહાન બાબતો શોધે છે? તેવું કરીશ નહિ, જો કે આ સર્વ લોકો પર હું ભારે વિપત્તિ લાવીશ. પણ તું જ્યાં જશે ત્યાં હું તારું રક્ષણ કરીશ, એ જ તારો બદલો છે.'"

**46** જુદા જુદા રાષ્ટ્રો વિષે યર્મિયાને આ સંદેશા આપવામાં આવ્યા હતા.મિસર વિષે સંદેશ 2 મિસર વિષે મિસરના રાજા ફારુનની સૈનાને બાબિલના રાજા નબૂખાદનેસ્સારે ફ્ંાત નદીને કાંઠે આવેલા કાર્કમીશ ખાતે યહૂદિયાના રાજા યહોયાકીમના અમલના ચોથા વર્ષ દરમ્યાન હરાવી હતી તે પ્રસંગે મિસરની વિરુદ્ધ આ સંદેશો આપવામાં આવ્યો હતો. 3 "હે મિસરના લોકો, તમે તમારાં શસ્ત્રો સજીને યુદ્ધ કરવા માટે આગળ વધો. 4 ઘોડાઓ પર જીન બાંધો અને તેના પર સવાર થઇ જાઓ! તમે ટોપ પહેરીને સજ્જ થાઓ! ભાલાઓની ધાર તીણી કરો! બખતર ધારણ કરો! 5 પરંતુ હું આ શું જોઉં છું? તેઓ ભયભીત થઇ ભાગે છે, તેમના શૂરવીરોને મારી હઠાવવામાં આવ્યા છે. તેઓ પાછું જોયા વગર ઊભી પૂંછડીએ ભાગે છે. ચારેકોર ભય વ્યાપી ગયો છે." આ હું યહોવા બોલું છું. 6 "ખૂબ અતિ ઝડપથી દોડનાર કે અતિ શૂરવીર સૈનિકો પણ બચી શકે નહિ, ઉત્તર તરફ યુફ્રેતીસ નદી પાસે તેઓ ઘવાઇને પડ્યા છે. 7 નીલ નદીના પૂરની જેમ સમગ્ર દેશમાં ફેલાઇ જતું આ શૂર-

વીર સૈન્ય કોણ છે? 8 મિસર નીલ નદીની જેમ ઉભરાય છે, જેમ નદીઓ
તેમના કાંઠા પર પૂરથી ફરી વળે છે. તે કહે છે, ‘હું ઉપર ચઢીશ અને
આખી પૃથ્વીને ઢાંકી દઇશ, હું શહેરોને અને તેના વતનીઓને તાણી
જઇશ.’ 9 તો હે મિસરના ઘોડેસવારો, રથસવારો, અને શૂરવીર યોદ્ધાઓ,
આવો! કૂશના અને પુરના અને લૂદોના ઢાલ ધારણ કરેલા ધનુર્ધારીઓ,
તમે સર્વે આવો!” 10 કારણ કે આજે અમારા પ્રભુ યહોવાનો દિવસ છે,
આજે તેનો વૈર લેવાનો, પોતાના દુશ્મનો ઉપર વૈર લેવાનો દિવસ છે.
આજે તેની તરવાર ધરાઇ ધરાઇને તેમને ખાઇ જશે અને તૃપ્ત થતા સુધી
તેમનું લોહી પીશે. અમારા પ્રભુ યહોવાએ ઉત્તરમાં ફ્રં◌ાત નદીને કિનારે
યજ્ઞ માંડ્યો છે. 11 હે મિસરની કુમારિકાઓ, ગિલયાદ જાઓ અને થોડી
ઔષધી લો. તમે ઘણી ઔષધી લીધી પણ તમે સ્વસ્થ નહિ થાઓ.
12 સર્વ પ્રજાઓમાં તારી અપકીતિર્ સાંભળી છે. નિરાશા અને પરાજય-
નો તારો વિલાપ સમગ્ર પૃથ્વી પર સંભળાય છે; તારા ‘શૂરવીર યોદ્ધાઓ
‘અંદર અંદર અથડાય છે અને બંને સાથે ભોંય પર પછડાય છે.” 13 યહો-
વાએ યમિર્યા પ્રબોધકને નબૂખાદનેસ્સાર માટે આમ કહ્યું, “બાબિલના
રાજા મિસરની ભૂમિ પર હુમલો કર.” 14 “મિસરમાં જાહેર કરો, મિગ્દોલ-
માં અને નોફમાં તેમજ તાહપાન્હેસમાં ઢંઢેરો પિટાવો, જણાવો કે, ‘હોશિ-
યાર! તૈયાર! તમારી આસપાસ તરવાર વિનાશ સર્જી રહી છે.’ 15 શા માટે
તારા બહાદુર યોદ્ધા ભાગી ગયા? તેઓ સામનો ન કરી શક્યા, કારણ કે
યહોવાએ તેમને તેમના શત્રુઓની સામે ચત્તાપાટ કરી દીધા હતાં. 16 તે-
ણે તેઓને લથડતા કરી દીધા છે. આથી શુ વધારે છે, તેઓ એક બીજા
પર પડીને કહેવા લાગ્યા કે, ‘ચાલો, ઘરે જઇએ, કારણ કે તરવાર આપ-
ણને મારી નાખશે.’ 17 “મિસરના ફારુનનું નામ આપો, ‘શકિતહીન, જે
ડંફાસ તો બહુ મારે છે; પણ અણીને વખતે કરતો કશું નથી.’” 18 હું રા-
જાનો રાજા સૈન્યોનો દેવ યહોવા, “મારા જીવના સમ ખાઇને કહું છું;
પર્વતોમાં જેવો તાબોર, સાગર સમીપે જેવો કામેર્લ તેવું બનશે. 19 હે મિ-
સરના પ્રજાજનો, તમારો સામાન બાંધો અને બંદીવાસ જવાને તૈયાર
થાઓ. કારણ કે મેમ્ફિસ નગરનો સંપૂર્ણ નાશ થશે. અને તે વસતિવિ-
હીન તથા ઉજ્જડ થશે. 20 “મિસર તો રૂડીરૂપાળી વાછરડી હતી. પણ
ઉત્તરમાંથી એક અશ્વમાખ આવીને તેને ડંખ મારશે અને તેને દોડાવશે!
21 તેના ભાડૂતી યોદ્ધાઓ પણ પાળેલા વાછરડા જેવા હતા, પણ તેઓ
પણ બધા નાસી છૂટયા, કોઇ ટકી ન રહ્યો, કારણ, તેમની સજાનો દિ-
વસ આવી પહોંચ્યો હતો, તેમના સર્વનાશનો ઘડો ભરાઇ ચૂક્યો હતો.”
22 “સાંભળો, નાસી જતા સર્પ જેવો મિસર અવાજ કરે છે; કારણ કે એના
દુશ્મન જોરશોરથી ધસતા તેની સામે આવે છે, તેઓ વૃક્ષો તોડી પાડ-
નારા લોકોની જેમ કુહાડા લઇ તેના પર આવે છે.” આ યહોવાના વચન
છે. 23 “જાણે કઠીયારા ઝાડ કાપતા ના હોય! તેમ તેઓ તેના ગાઢા જંગ-
લો કાપી નાખે છે. કારણ કે તેઓ તીડોની જેમ અસંખ્ય છે, તેઓ ગણ્યાં
ગણાય એમ નથી. 24 મિસરના લોકોએ તેમની આબરૂ ગુમાવી છે, ઉત્ત-
રના લોકોએ તેમને તેમના ગુલામ બનાવ્યા છે.” 25 સૈન્યોનો દેવ યહો-
વા, ઇસ્રાએલનો દેવ, કહે છે, “હવે હું નોશહેરના દેવ આમોનને, મિસર-
ને, તેના દેવોને અને રાજાઓને તથા ફારુનને અને તેના પર વિશ્વાસ
રાખનારાઓને સજા કરનાર છું. 26 હું તેમને તેમનો જીવ લેવા તાકી રહે-
લા બાબિલના રાજા નબૂખાદનેસ્સારને સુપ્રત કરી દઇશ. અને પછી મિ-
સરમાં પાછી પહેલાંની માફક વસ્તી થશે.” આ હું યહોવા બોલું છું. 27 “હે
મારા સેવક યાકૂબના વંશજો, હે ઇસ્રાએલીઓ! તમારે ડરવાની જરૂર
નથી. કારણ કે, હું તમને અને તમારા વંશજોને તમે જ્યાં બંદી છો તે દૂર-
ના દેશમાંથી છોડાવી લાવીશ, અને તમે પાછા સુખશાંતિપૂર્વક રહેવા
પામશો. કોઇ તમને ડરાવશે નહિ.” 28 યહોવા કહે છે કે, “હે યાકૂબ, મારા
સેવક, ગભરાઇશ નહિ, કારણ, હું તમારી પડખે છું. જુદી જુદી પ્રજાઓની
વચ્ચે મેં તમને દેશવટો દીધો છે તે બધાનો હું અંત લાવનાર છું. પણ હું
તમને મારીશ નહિ પણ હું ચોક્કસ તમને શિક્ષા કર્યા વિના છોડવાનો
નથી.” આ યહોવાના વચન છે.

47 જ્યારે ફારૂન અને મિસરનું સૈન્ય ગાઝા પર ચઢી આવ્યું તે પહે-
લા, યહોવાએ પ્રબોધક યમિર્યા દ્વારા પલિસ્તીઓ માટે આ સંદે-
શો મોકલ્યો. 2 આ યહોવાના વચન છે, “ઉત્તરમાંથી પૂર આવી રહ્યું છે
અને પલિસ્તીઓના સમગ્ર દેશ પર તે ફરી વળશે. તે તેઓનાં નગરો
તથા તેમાનાં સર્વસ્વનો નાશ કરશે. શૂરવીર પુરુષો ભયથી બૂમો પાડશે
અને સર્વ પ્રજાજનો પોક મૂકીને રડશે.” 3 ઘોડાઓના દાબડાનો અવાજ
અને રથના પૈડાની ઘરઘરાટી તીર્વ વેગથી દોડતાં રથોને કારણે પિ-
તાઓ એટલાં નિ:સહાય હશે કે તેઓ પોતાના સંતાનો તરફ પાછા ફરીને
જોયા વગર નાસી જશે. 4 કારણ કે, એ દિવસ આવી પહોંચ્યો છે, જ્યારે
બધા જ પલિસ્તીઓનો સંહાર થવાનો છે, જ્યારે તૂર અને સિદોનની
સાથે થનારા કોઇ રહેશે નહિ. યહોવા બધા પલિસ્તીઓનો-કાફતોરના
ટાપુમાંથી આવી વસેલા સૌનો સંહાર કરનાર છે. 5 ગાઝા અને આશ્કલો-
નના નગરો ધૂળભેગા કરવામાં આવશે, અને ખંડેર બની જશે. અનાકી-
મના વંશજો તમે કેવી રીતે પસ્તાવો અને રૂદન કરશો! 6 હે યહોવાની
તરવાર, તું ક્યારે શાંત થઇશ? ફરી તું મ્યાનમાં પાછી જા અને આરામ
કર અને શાંત રહે! 7 પણ યહોવાએ એને આજ્ઞા કરી હોય પછી એ
આરામ શી રીતે કરે? કારણ કે આશ્કલોન તથા સમુદ્રને કાંઠે વસનારા-
ઓનો વિનાશ કરવાની તેણે તેને આજ્ઞા કરીને મેં દરિયાકાંઠાને સાફ
કરવાનું સોંપ્યું છે.”

48 ઇસ્રાએલના દેવ યહોવા મોઆબ વિષે આ પ્રમાણે કહે છે કે,
“નબોનું આવી બન્યું! તે ભોંય ભેંગુ થઇ ગયું છે, કિર્યાથાઇમને
લાંછન લાગ્યું છે, તે જીતાઇ ગયું છે. તેનો કિલ્લો તોડી પાડવામાં આવ્યો
છે! હવે મોઆબનું ગૌરવ નથી રહ્યું! 2 મોઆબનું ગૌરવ હવે રહ્યું નથી,
હેશ્બોનમાં મોઆબના શત્રુઓએ એના પતનની યોજના ઘડી છે. તેઓ
કહે છે ‘ચાલો, આપણે એને રાષ્ટ તરીકે ભૂંસી નાખીએ.’ માદમેન નગરને
પણ ચૂપ કરવામાં આવશે; શત્રુઓની તરવાર તારો પીછો કરશે.
3 સાંભળો, હોરોનાચિમમાંથી પોકાર સંભળાય છે; “હિંસા, વિનાશ.”
4 મોઆબ નષ્ટ થઇ ગયું છે, સોઆર સુધી તેનાં બાળકોનું આક્રંદ સંભ-
ળાય છે. 5 કારણ કે તેઓ રડતાં રડતાં લૂહીથના ઢોળાવો પર ચઢે છે.
અને તેઓ દુ:ખથી વિલાપ કરતાં કરતાં હોરોનાચિમના ઢોળાવો ઉતરે
છે. 6 નાસો, તમારો જીવ લઇને નાસો! વગડાનાં જંગલી ગધેડા જેવા
થાઓ. 7 હા, તમે પોતાની સંપત્તિ અને આવડત પર નિર્ભર રહ્યાં છો,
તમે પણ નાશ પામશો, તમારા મૂંગા દેવ કમોશ દેશવટે જશે, તેના યા-
જકો અને અમલદારો તેની સાથે જશે. 8 દરેક નગર પર વિનાશ ઊતરશે,
એક પણ શહેર બચવા પામશે નહિ.” આ હું યહોવા બોલું છું. 9 “મોઆબ
માટે મીઠું અલગ રાખો કારણકે તે ચોક્કસ પડશે. તેના નગરો વસ્તી
વિનાના ઉજ્જડ ખંડેર થઇ જવાના છે. 10 જે યહોવાનું કામ પૂરા દિલથી
કરતા નથી તે શાપિત થાઓ! જે માણસ તરવારથી રકતપાત કરતા
નથી તેને ધિક્કાર હો!” 11 યહોવાએ કહ્યું, “પ્રાચીનકાળથી મોઆબ પર
આક્રમણો થયા નથી, ને તેને હેરાન કરવામાં આવ્યું નથી, તેનો દેશનિ-
કાલ કરવામાં આવ્યો નથી, મોઆબ એવા દ્રાક્ષારસ જેવો છે કે જેને એક
પાત્રમાંથી બીજા પાત્રમાં રેડવામાં આવ્યો નથી. તેનો સ્વાદ જેવો ને તે-
વો રહ્યો છે, ને તેની સુગંધ બદલાઇ નથી. ” 12 યહોવાએ કહ્યું છે કે,
“આ લોકો મોઆબ શહેરને ખાલી કરી નાખશે જેમ લોકો દ્રાક્ષારસની
બરણી ખાલી કરે છે. જેમ લોકો માટીના ઘડાના ટૂકડે ટૂકડા કરી નાખે
છે તેમ તેના નગરોનો નાશ કરવામાં આવશે.” 13 ત્યારે મોઆબનો કમો-
શદેવ વિષેનો મ ભાંગી જશે, જેમ ઇસ્રાએલનો બેથેલના દેવ વિષે મ
ભાંગી ગયો હતો જેના પર તેણે વિશ્વાસ રાખ્યો હતો. 14 “હે મોઆબના
લોકો, આ રાજાઓના રાજા એવા સૈન્યોનો દેવ યહોવાના વચન છે.
“તમારી હિંમ્મત કઇ રીતે થઇ આવુ કહેવાની. કે ‘અમે બહાદુર છીએ, કે-
ળવાયેલા યોદ્ધાઓ છીએ?’ 15 મોઆબ અને તેના નગરોનો નાશ થયો
છે, તેના ચુનંદા જુવાનો રહેંસાઇ ગયા છે.” આ સૈન્યોનો દેવ યહોવાના
વચન છે. 16 “હવે મોઆબનો વિનાશ હાથવેંતમાં છે, એનું પતન વાયુ-
વેગે આવી રહ્યું છે. 17 હે મોઆબના મિત્રો, તેના માટે વિલાપ તથા રૂદન
કરો. જુઓ, બળવાનો અને સ્વરૂપવાનો કેવા ધૂળધાણી થઇ ગયા છે!
18 હે દીબોનના લોકો, તમારા સન્માનજનક સ્થાન ઉપરથી નીચે ઊતરો
અને ભોંય પર ધૂળમાં બેસો. કારણ કે મોઆબનો વિનાશ કરનાર આવી
પહોંચ્યો છે. અને તેણે તમારા કિલ્લાઓનો નાશ કર્યો છે. 19 હે અરોએર-
ના લોકો, રસ્તે ઊભા રહીને ચોકી કરો, ભાગી જતા લોકોને પૂછો. શું
થયું છે? 20 તેઓ તને જવાબ આપશે, મોઆબ ખંડેર થઇ ગયું છે; રૂદન
અને શોક કરો. આનોર્નના કિનારાઓ પરથી જાહેર કરો કે, મોઆબ ખે-
દાન મેદાન થઇ ગયું છે! 21 મોઆબના ઉચ્ચ મેદાન પરના નગરો તે હો-
લોન, યાહસાહ, મેફાઆથને સજા કરવામાં આવશે, 22 દીબોન, નબો,

બેથ દિબ્લાથાઈમ છે. 23 ક્રિયા-થાઈમ, બેથ-ગામૂલ, બેથ-મેઓન,
24 કરીઓથ, બોસ્રાહ, અને મોઆબના સર્વ નગરો જે નજીકમાં છે તે
તથા જે દૂર આવેલા છે, આ બધાને સજા થઈ છે. 25 મોઆબનું બળ તો-
ડી નાખવામાં આવ્યું છે, અને તેની સત્તા ભાંગી નાખવામાં આવી છે."
આ યહોવાના વચન છે. 26 "મોઆબને છાકટો પીધેલો બનાવી દો!
એણે યહોવાનો વિરોધ કર્યો છે. એ એની ઊલટીમાં આળોટશે અને લો-
કોની હાંસીનું પાત્ર થશે, સર્વ કોઈ તેનો તિરસ્કાર કરશે. 27 શું તેં ઈસ્રા-
એલની હાંસી કરી નહોતી? શું તેં તેઓને ચોરોની ટોળી માની નહોતી?
હા, જ્યારે પણ તે તેમના વિષે વાત કરી છ,ે ત્યારે તેં તુચ્છકારથી તા-
રુંડોકુ હલાવ્યુ છે. 28 હે મોઆબના લોકો, તમારા નગરોમાંથી ભાગી
જાઓ અને ઊંડી સાંકડી ખીણોમાં પોતાના માળા બાંધીને રહેતા કબૂત-
રોની માફક તમે ગુફાઓમાં રહો. 29 મોઆબ અતિ ગવિર્ષ્ઠ છે. અમે તેના
અભિમાન, ઉદ્ધતાઈ અને તુમાખી વિષે સાંભળ્યું છે." 30 યહોવા કહે છે,
"મને પોતાને એની ઉદ્ધતાઈની ખબર છે. તેની ડંફાસો બધી ખોટી છે,
અને તેનાં કાર્યો બધા પોકળ છે. 31 અને તેથી હું મોઆબને માટે ચિંતા
કરું છું. સમગ્ર મોઆબ માટે હું પોકે પોકે રડું છું અને કીરહેરેસના માણ-
સો માટે હું શોક કરું છું. 32 દ્રાક્ષાવાડીઓથી ભરપૂર સિબ્માહના લોકો,
હું યાઝેરના કરતાં પણ તમારા માટે વધુ વિલાપ કરું છું. કારણ કે વિ-
નાશે તમારી ફેલાયેલી ડાળીઓને કાપી નાખી છે અને તમારી દ્રાક્ષાઓ
તથા ઉનાળાનાં ફળોની ફસલને લઈ લીધી છે. તેણે તમને ઉજ્જડ કરી
મૂક્યા છે! 33 મોઆબની રસાળ ભૂમિમાંથી ખુશી અને આનંદ અદ્રશ્ય
થઈ ગયાં છે, દ્રાક્ષારસના કોલુમાંથી દ્રાક્ષારસ વહેતો નથી. દ્રાક્ષ ગૂંદતા
ગૂંદતાં હવે કોઈ આનંદના પોકારો કરતું નથી." 34 તેના બદલે બધી
જગ્યાએથી; હેશ્બોનથી એલઆલેહ સુધી; સોઆરથી હોરોનાયિમ સુધી,
અને ત્યાંથી એગ્લાથ શલી-શીયા સુધી ભય અને વેદનાના પોકારો
સંભળાય છે. નિમ્રીમનાં પાણી પણ સુકાઈ ગયા છે. 35 યહોવા કહે છે:
મોઆબ જૂઠા દેવોની પૂજા કરતું હતું અને મૂર્તિઓ આગળ ધૂપ બાળતું
હતું. તે સર્વ મેં બંધ કરાવી દીધું છે." આ યહોવાના વચન છે. 36 "આથી
મારું હૃદય મોઆબ અને કીર-હેરેસ માટે મારા હૃદયમાં શોક છે. કારણ
કે તેઓની સર્વ સંપત્તિ નાશ પામી છે. 37 હા, હરેક માણસનું માથું મૂડાયું
છે અને બધા માણસની દાઢી બોડવામાં આવી છે. તેઓના હાથ કાપા-
ઓથી ભરેલા છે. અને તેઓ સૌએ શણના વસ્રો પહેર્યા છે. 38 મોઆબને
ઘેરઘેર અને ચોરેચૌટે પસ્તાવા સિવાય કશું નથી, કારણ, મેં મોઆબને
જૂની અને નકામી બાટલીની જેમ તેના ચૂરેચૂરા કર્યા છે." આ યહોવાના
વચન છે. 39 મોઆબ ભાંગી ગયું! રડો! મોઆબ શરમજનક રીતે પીછે-
હઠ કરે છે! મોઆબના બધા પડોશીઓ એની હાંસી ઉડાવે છે!" આ
યહોવાના વચન છે. 40 કારણ કે આ યહોવા કહે છે, "જો, તેના શત્રુઓ
એક ગરૂડની જેમ મોઆબ પર ચકરાવો લે છે, અને તેની પર આક્રમણ
કરે છે. 41 તેનાં નગરોનો નાશ થશે, તેના મજબૂત કિલ્લાઓને કબજે કર-
વામાં આવશે. પ્રસૂતિની વેદનાથી પીડાતી સ્ત્રીઓની જેમ તેના શૂરવીર
યોદ્ધાઓ ભયથી ધ્રૂજશે. 42 પછી મોઆબનું નામોનિશાન મિટાઈ જશે.
તેની પ્રજા નાશ પામશે, કારણ કે, તેમણે મારો યહોવાનો વિરોધ કર્યો
છે." 43 યહોવા કહે છે કે, "અરે મોઆબ, તારા માર્ગમાં ભય, ફાંદો અને
ખાડા તારી રાહ જોઈ રહ્યા છે. 44 જે કોઈ માણસ ભયનો માર્યો ભાગી
જશે તે ખાડામાં પડશે, જે ખાડામાંથી ઊભો થઈને બહાર આવશે તે
પકડાઈ જશે, મોઆબને સજા કરવાનો સમય આવશે ત્યારે તેણે આ
બધાંનો સામનો કરવો પડશે." આ યહોવાના વચન છે. 45 "નાસી ગયે-
લા અસહાય નિર્વાસિતો હેશ્બોનની છાયા તળે વિસામો લે છે, પણ હે-
શ્બોનમાંથી આગ ભભૂકી નીકળે છે. સીહોનના રાજમહેલમાંથી જવા-
ળાઓ લપકારા મારે છે, અને એ તોફાનીઓની ભૂમિને, મોઆબના સી-
માડા અને પર્વતોને ભરખી જાય છે. 46 હે મોઆબ, આ તે તમારી કેવી
દશા! હે મોઆબના લોકો! હે કમોશદેવના ભકતો, તમારું આવી બન્યું!
કારણ, તમારાં પુત્રો અને પુત્રીઓને કેદ પકડીને દેશવટે લઈ જવામાં
આવ્યા છે." 47 પરંતુ યહોવા કહે છે, "ભવિષ્યમાં હું મોઆબનું ભાગ્ય
પલટી નાખીશ, હું મોઆબને સંસ્થાપિત કરીશ."અહીં મોઆબ અંગેનો
ચુકાદો પૂરો થાય છે.

49 આમ્મોનના લોકો વિષે યહોવા આ પ્રમાણે કહે છે, "ઈસ્રાએલ-
નું રક્ષણ કરનાર કોઈ વારસ નથી? શું તેને કોઈ પુત્રો નથી? તો
પછી મિલ્કોમદેવના પૂજકોને ગાદનો પ્રદેશ શા માટે કબજે કરવા દે
અને ત્યાં વસવા દે? 2 તેથી એવો સમય આવી રહ્યો છે, જ્યારે આમ્મો-
નના પાટનગર રાબ્બાહમાં યુદ્ધનો રણનાદ ગાજી રહેશે અને એ વેરાન
ખંડેરોનો ઢગ બની જશે, એની શેરીઓ બળીને ભસ્મ થઈ જશે, અને
ઈસ્રાએલ પોતાની ભૂમિ કબજે કરનારાઓની ભૂમિ કબજે કરશે." આ હું
યહોવા બોલું છું. 3 હે હેશ્બોન, વિલાપ કર. આમ્મોનમાંનું આયનગર
નાશ પામ્યું છે! રાબ્બાહની સ્ત્રીઓ રૂદન કરો, શોકના વસ્ત્રો પહેરો, વા-
ડામાં સંતાઈને રડો અને પ્રશ્ચાતાપ કરો. કારણ કે તમારા દેવ મિલ્કોમ,
તેના યાજકો અને અમલદારોનો દેશનિકાલ કરવામાં આવશે. 4 તમારી
ખીણોનું તમને અભિમાન છે, પરંતુ ટૂંક સમયમાં જ તે નાશ પામશે. હે
આમ્મોનના બંડખોર લોકો તમારા ભંડાર પર આધાર રાખી કહો છો કે,'
કોણ અમારા પર હુમલો કરી શકે એમ છે?" 5 પરંતુ સૈન્યોનો દેવ યહોવા
કહે છે કે, "હું દરેક બાજુએથી તારા પર વિપત્તિઓ લાવીશ, તને આખી
દુનિયામાં ચારેબાજુ દેશ નિકાલ માટે હાંકી કાઢવામાં આવશે. અને તારા
શરણાર્થીઓની સંભાળ રાખનારું કોઈ નહિ હોય." 6 "પરંતુ પાછળથી હું
આમ્મોનીઓનું ભાગ્ય ફેરવી નાખીશ." આ યહોવાના વચન છે. 7 અદો-
મના લોકો વિષે યહોવા કહે છે, "તેમાનમાં કશી અક્કલ જ રહી નથી?
તેમના સમજુ પુરુષો શમજણ ખોઈ બેઠા છે? 8 તેમની અક્કલ બહેર
મારી ગઈ છે? દદાનના રહેવાસીઓ, પાસુ ફરીને દોડો. સંતાઈ જાઓ!
કારણ, એસાવના વંશજોની સજાનો સમય આવ્યો છે અને હું તેમના
પર વિનાશ ઉતારનાર છું, 9 જ્યારે દ્રાક્ષ ઉતારનાર આવે છે ત્યારે તેઓ
થોડી દ્રાક્ષ વેલ પર રહેવા દે છે, રાતે ચોર આવે છે તો તે જોઈએ એટલું
જ લઈ જાય છે. 10 પરંતુ હું એસાવના વતનને સંપૂર્ણ ખાલી કરી ના-
ખીશ. સંતાવાની કોઈ જગ્યા રહેશે નહિ, તેના બાળકો, તેના ભાઈઓ,
તેના પડોશીઓ, સર્વ નાશ પામશે અને જાતે જ તેઓ બધા સમાપ્ત થઈ
જશે. 11 એમ કહેનાર કોઈ નહિ હોય કે, "તારાં અનાથ બાળકોને અહીં
મૂકી જા, હું તેમને સંભાળીશ. તારી વિધવાઓ મારે વિશ્વાસે રહી શકે
છે." 12 યહોવા કહે છે, "જેણે સજાનો પ્યાલો પીવો ન જોઈએ તેને પણ
તે પીવો પડ્યો તો, શું તને સજા થયા વગર રહેશે? તારે સજા ચોક્કસ
ભોગવવી જ પડશે, તારે એ પ્યાલો ચોક્કસ પીવો જ પડશે," 13 કારણ,
હું મારા જીવના સમ ખાઈને કહું છું કે "બોસ્રાહની દશા જોઈને લોકો
હબકાઈ જશે, તેની હાંસી ઉડાવશે; તે વેરાન થઈ જશે અને લોકોમાં તેનું
નામ શાપરૂપ લેખાશે. એના બધાં ગામો કાયમ માટે ખંડેર થઈ જશે."
14 મેં યહોવા પાસેથી આ સંદેશો સાંભળ્યો છે, "તેમણે બધાં રાજ્યોમાં
સંદેશાવાહક મોકલીને કહેવડાવ્યું છે કે, અદોમની વિરુદ્ધ સર્વ એકત્રીત
થાઓ અને તેનો નાશ કરો." 15 યહોવા કહે છે કે, "જો, હું તને રાષ્ટો
વચ્ચે તુચ્છ બનાવીશ અને માનવજાત દ્વારા તિરસ્કૃત બનાવીશ. 16 તું
ઊંચા શિખરો પર કરાડોની ધારે વસે છે, તેથી, તારી માથાભારે તુમા-
ખીએ અને તારા અંતરના અભિમાને તને ખોટે રસ્તે દોરવ્યો છે, પરંતુ
ગરૂડની સાથે તું શિખરો પર વસવાટ કરે, તોપણ હું તને ત્યાંથી નીચો
પાડીશ." એમ યહોવા કહે છે. 17 "તેથી અદોમ માનને પાત્ર બનશે. ત્યાં
જઈને જતા આવતા સૌ કોઈ એની દશા જોઈને હબકાઈ જશે અને જ્યારે
લોકો જોશે કે તેને કેવું ઘાયલ કરવામાં આવ્યું છે તો તેઓ સિસકારા
બોલાવશે. 18 સદોમ અને ગમોરાનો તથા તેમની આસપાસના ગામોનો
નાશ થયો હતો તેવું જ અદોમનું પણ થશે; પછી ત્યાં કોઈ રહેશે નહિ,
ત્યાં કોઈ માણસ ફરી ઘર નહિ કરે." આ યહોવાના વચન છે. 19 "જુઓ,
પેલો સિંહ કેવો યર્દનની ઝાડીમાંથી સદાય લીલાછમ ચરાણમાં ચઢી
આવે છે! એ જ રીતે હું પણ અચાનક એ લોકોની પાછળ પડી એમને
હાંકી કાઢીશ અને મને ગમતા રાજકર્તાને ત્યાં ગોઠવી દઈશ. કારણ, મા-
રા સમાન બીજું કોણ છે? કોણ મારી બરોબરી કરી શકે એમ છે?" 20 મા-
ટે, અદોમ અને તેના લોકો વિષે મારી યોજના શી છે, તે સાંભળી લો;
અને જેઓ તેમાનમાં રહે છે તેમની વિરુદ્ધ મેં ઘડેલી યોજના વિષે. ના-
નામાં નાના ઘેટાંને પણ ઘસડી જવાશે અને તેમાન નસીબે તેમના ઘે-
ટાંના વાડાને પણ ભયત્રસ્ત કરવામાં આવશે. 21 અદોમના પતનના
અવાજથી પૃથ્વી થથરશે; તેમના આક્રંદના અવાજના પડઘા રાતા સમુ-
દ્ર સુધી ગાજશે. 22 સમડી જેવી રીતે ઝડપ મારી તૂટી પડે છે તેમ દુશ્મન
બોસ્રાહ પર તૂટી પડશે. અને તે દિવસે અદોમના યોદ્ધાઓ પ્રસૂતિ વેદ-
નાથી પીડાતી સ્ત્રીની જેમ ગભરાઈ જશે." 23 દમસ્ક વિષે યહોવાની વા-

ણી: “હમાથ અને આર્પાદ નગરો ભયથી મૂંઝાઇ ગયા છે, તેમણે માઠા
સમાચાર સાંભળ્યા છે. ચિંતાથી તેઓ સાગરની જેમ ખળભળી ઊઠયા
છે. તેમને નિરાંત વળતી નથી. 24 દમસ્ક લાચાર બની ગયું છે. તેના
સર્વ લોકો પાછા ફરીને નાસે છે. પ્રસૂતિની વેદનાથી પીડાતી સ્ત્રીની
જેમ ભય, પીડા તથા દુ:ખોએ તેના પર પક્કડ જમાવી છે. 25 આ
‘આનંદનું નગર’ જે એક સમયે ખૂબ ગૌરવવતું હતું તે કેવું ત્યાગી દેવામાં
આવ્યું છે.” 26 સૈન્યોનો દેવ યહોવા કહે છે, “તે દિવસે તેના જુવાન મા-
ણસો નગર ચોકમાં મૃત્યુ પામશે. અને એના બધા યોદ્ધાઓ હારી જશે.
27 અને હું દમસ્કની દીવાલો પર આગ લગાડીશ અને તે બેનહદાદના
મહેલોને બાળીને ભસ્મ કરશે.” 28 બાબિલના રાજા નબૂખાદરેસ્સારે જી-
તી લીધેલાં કેદાર અને હાસોરના વિષે યહોવાની આ ભવિષ્યવાણી છે;
તેઓનો નાશ કરવા માટે બાબિલના રાજા નબૂખાદરેસ્સારને યહોવા મો-
કલી આપશે અને કહેશે,“ચાલો, કેદારના કુળસમૂહો પર હલ્લો કરો; પૂર્વ-
ના એ લોકોનો સંહાર કરો. 29 તેઓનાં ઘેટાંબકરાં, તંબુઓ તથા ઘરનો
સર્વ સામાન કબજે કરવામાં આવશે, તેઓનાં ઊંટોને લઇ જવામાં
આવશે; ચારેબાજુ ભયની ચીસો પડશે, આપણે ચારેબાજુથી ઘેરાઇ
ગયા છીએ અને આપણું પતન થયું છે.” 30 યહોવા કહે છે: “ભાગો ભા-
ગો, તમારો જીવ બચાવવા નાસી જાઓ. હાસોરના વતનીઓ, અરણ્ય-
માં દૂર દૂર સંતાઇ જાઓ! કારણ કે બાબિલના રાજા નબૂખાદરેસ્સારે
તમારી વિરુદ્ધ તમારો નાશ કરવા માટે કાવત્રું રચ્યું છે. 31 યહોવાએ
નબૂખાદરેસ્સાર રાજાને કહ્યું, ઊઠો, અને એ પ્રજા જે નિશ્ચિંત છે અને
વિચારે છે કે તેના પર કોઇ હુમલો નહિ કરે, તેમના નગરોને દરવાજા કે
સળિયા નથી અને તેઓ બધાં પોતાનામાં જ વસે છે.’ 32 તેઓનાં ઊંટો
અને તેઓનાં અસંખ્ય ઘેટાં લૂંટી લો! હું એ મૂંડેલા થોભિયાવાળાઓને
ચારેકોર વિખેરી નાખીશ અને દરેક બાજુએથી તેઓના પર આફત ઉતા-
રીશ.” આ યહોવાના વચન છે. 33 “હાસોર શિયાળવાંની બોડ બની
જશે, કાયમ માટે તે વેરાન પ્રદેશ બની જશે, કોઇ ત્યાં વસશે નહિ કે
કોઇ ત્યાં ઘર નહિ બનાવે.” આ યહોવાના વચન છે. 34 યહૂદિયાના રાજા
સિદકિયાના અમલની શરૂઆતમાં પ્રબોધક યમિર્યાને એલામ વિષે
યહોવાની વાણી દ્વારા સંદેશો આવ્યો. 35 “આ સૈન્યોનો દેવ યહોવાના
વચન છે. એલામનું બળ એનું ધનુષ્ય છે, હું એ ધનુષ્ય જ ભાંગી નાખ-
નાર છું. 36 અને એલામના લોકોને હું ચારે દિશામાં વિખેરી નાખીશ.
તેઓ દેશનિકાલ થઇ વિશ્વના સર્વ દેશોમાં ફેલાઇ જશે.” 37 યહોવા કહે
છે કે, “એલામનો નાશ કરવા તાકતા એના દુશ્મનોથી એને હું ભયભીત
બનાવી દઇશ. હું ભયંકર રોષે ભરાઇ તેમના પર આફત ઉતારીશ, તેઓ
જડમૂળથી ઊખડી જાય ત્યાં સુધી હું તેમના પર યુદ્ધ મોકલ્યા કરીશ.”
આ યહોવાના વચન છે. 38 યહોવા કહે છે કે, “હું એલામમાં મારું સિંહા-
સન સ્થાપીશ. અને ત્યાંના રાજાનો અને અમલદારોનો સંહાર કરી ના-
ખીશ.” આ યહોવાના વચન છે. 39 “પણ ભવિષ્યમાં હું એલામનું ભાગ્ય
ફેરવી નાખીશ. હું તે લોકોને પાછા લાવીશ.” એમ યહોવા કહે છે.

**50** યહોવાએ યમિર્યા પ્રબોધક મારફતે બાબિલ અને ખાલદીઓ
વિરુદ્ધ આ સંદેશો મોકલાવ્યો, 2 “સર્વ પ્રજાઓને આ સંદેશો
કહો! ઢંઢેરો પિટાવો, બધી પ્રજાઓને જાહેર કરો, છુપાવશો નહિ, ખબર
આપો કે, ‘બાબિલ જીતાયું છે, બઆલ દેવની બેઆબરું થઇ છે, મેરો-
દાખ દેવના કુરચા ઉડાવી દેવામાં આવ્યાં છે; બાબિલની મૂર્તિઓને શર-
મજનક કરવામાં આવી છે, તેના પૂતળાંને ભાંગી નાખવામાં આવ્યાં છે.’
3 કારણ કે, ઉત્તરમાંથી એક પ્રજા તેના પર ચઢી આવે છે; તેઓ એ દેશને
વેરાન બનાવી દેશે, જ્યાં કોઇ રહેશે નહિ, જ્યાંથી માણસો અને પશુઓ
ભાગી જશે.” 4 યહોવા કહે છે, “તે દિવસોમાં, તે સમયે, તેઓ સાથે
મળીને આવશે, તેઓ રડતાં રડતાં આવશે અને તેમના દેવ યહોવાની
શોધ કરશે. તેમને ફકત તેઓ જ અને બીજું કોઇ નહિ જોઇએ. 5 તેઓ
સિયોનના માર્ગ પૂછશે અને તેની તરફ આગળ વધશે. તેઓ કહેશે,
‘આવો, કદી ભૂલી ન જવાય તેવો સનાતન કરાર કરીને આપણે યહોવા
સાથેના સંબંધમાં જોડાઇએ.’ 6 “મારા લોકો ખોવાયેલાં ઘેટાં જેવાં હતા,
તેઓના ઘેટાં પાળકોએ તેમને ભૂલા પડવા દીધા, અને પર્વતો પર ગમે
તેમ ભટકવા દીધા, તેઓ પોતાના માર્ગ ભૂલી ગયા અને વાડામાં કઇ
રીતે પાછા આવવું તે તેઓને યાદ રહ્યું નહિ. 7 જે કોઇએ તેમને જોયા,
તેઓને મળ્યા તે સર્વ તેઓને ખાઇ ગયા, અને કહ્યું, તેઓ પર આક્રમણ
કરવા અમે મુકત છીએ, કારણ કે તેમણે યહોવા તેમના ખરેખરા પોષક
(ચરાણ) વિરુદ્ધ જેમનો તેમના પૂર્વજોએ વિશ્વાસ કર્યો હતો પાપ આચ-
ર્યું છે. 8 ઇસ્રાએલના લોકો બાબિલમાંથી ભાગી જાઓ! ટોળાને દોરતા
બકરાની જેમ આગળ થાઓ. 9 કારણ કે, હું બળવાન પ્રજાઓના જૂથને
બાબિલ વિરુદ્ધ ઉશ્કેરવાનો છું. તેઓ ઉત્તરમાંથી આવી એની સામે મો-
રચો માંડશે અને એને કબજે કરશે. તેમના બાણાવળીઓ કસાયેલા શિ-
કારીની જેમ કદી ખાલી હાથે પાછા નહિ ફરે. 10 બાબિલ લૂંટી લેવામાં
આવશે અને એને લૂંટનારા ધરાઇ જાય ત્યાં સુધી લૂંટ ચલાવશે.” આ
યહોવાના વચન છે. 11 યહોવા કહે છે, “હે બાબિલવાસીઓ, તમે મારી
પોતાની ભૂમિને લૂંટી છે; તમે ભલે આનંદ માણો અને મોજ કરો, ગોચ-
રમાં હેકડા મારતા વાછરડાની જેમ દોડો અને ઘોડાની જેમ હણહણો;
12 તેમ છતાં તમારી માતૃભૂમિ બાબિલને બેઆબરૂ કરવામાં આવશે.
તમારા જન્મદાતાઓની નામોશી કરવામાં આવશે; બીજી બધી સમૂહની
પ્રજાઓમાં બાબિલનું સ્થાન સૌથી છેલ્લું રહેશે. તમારી ભૂમિ વેરાન સૂકું
રણ બની જશે. 13 મારા ક્રોધને કારણે તે નિર્જન બની જશે, તે વેરાન
વગડો બની જશે. બાબિલ થઇને જતા સૌ કોઇ તેની હાલત જોઇને
ભયભીત થઇ જશે અને તેના સર્વનાશને કારણે તેઓ સિસકારા બોલા-
વશે. 14 બાબિલની આસપાસ રહેનારી પ્રજાઓ બાબિલ સામે યુદ્ધ માટે
ગોઠવાઇ જાઓ, તેને ઘેરી લો, ઓ બાણાવળીઓ! તીર વરસાવો, અચ-
કાશો નહિ, કારણ, તેણે મારી વિરુદ્ધ અપરાધ કર્યો છે. 15 તેની ચારે
બાજુએથી રણનાદ જગાવો, જુઓ, તે શરણાગતિ સ્વીકારે છે! તેનો કોટ
પડી ગયો છે, યહોવાએ બદલો લીધો છે, તેણે કર્યું હતું તેવું જ તેને કરો!
16 બાબિલમાં કોઇને વાવવા કે લણવા દેશો નહિ. લોહીતરસી તરવાર-
થી ભાગીને ત્યાંના બધા વિદેશીઓ પોતાના વતનમાં પાછા જશે.
17 ઇસ્રાએલની પ્રજા તો એવાં ઘેટાં જેવી છે કે જેની પાછળ સિંહ પડ્યો
હોય, પ્રથમતો આશ્શૂરનો રાજા તેઓને ખાઇ ગયો. પછી બાબિલના રા-
જા નબૂખાદરેસ્સારે તેઓનાં હાડકા ચાવ્યાં.” 18 તેથી ઇસ્રાએલના દેવ,
સૈન્યોનો દેવ યહોવા કહે છે, “મેં જે રીતે આશ્શૂરના રાજાને સજા કરી
હતી તે રીતે બાબિલના રાજાને અને તેના દેશને પણ સજા કરીશ. 19 હું
ઇસ્રાએલને પાછો એના ચરાણમાં લઇ આવીશ, તે કામેર્લ પર્વત અને
બાશાન પર ચઢશે. તેની ભૂખ એફ્રાઇમ અને ગિલ્યાદના ડુંગરો પર
સંતોષાશે.” 20 “જ્યારે એ સમય આવશે ત્યારે ઇસ્રાએલમાં અધર્મ શો-
ધ્યો નહિ જડે, યહૂદિયામાં કોઇ પાપ શોધ્યું નહિ જડે, કારણ કે, જેમને
હું જીવતા રહેવા દઇશ તેમને માફ કરીશ.” આ યહોવાના વચન છે.
21 યહોવા કહે છે, “મેરાથાઇમના અને પેકોદના વતનીઓ પીછો પકડો,
ચઢાઇ કરો, બંડખોર દેશ બાબિલનો હું ન્યાય કરવાનો છું; મેં તમને
આજ્ઞા કરી છે તે પ્રમાણે તેઓનો સંહાર કરો. 22 દેશમાં રણનાદ ગાજે છે
અને ભયંકર વિનાશ થઇ રહ્યો છે. 23 બાબિલને હથોડા સમાન બનીને
જગતના દેશોના ભૂક્કા બોલાવી દીધા હતા. હવે તે હથોડો ભાંગી ગયો
છે. બાબિલની તારાજી જોઇને લોકો આંચકો અનૂભવે છે. 24 હે બાબિલ!
મેં તારા માટે જાળ બિછાવી હતી અને તું તેમાં સપડાઇ ગયો છે. કારણ
કે તેં યહોવાની વિરુદ્ધ યુદ્ધ કર્યું. 25 યહોવાએ પોતાનો શસ્ત્રભંડાર ખો-
લ્યો છે અને પોતાના શત્રુઓ પર પોતાનો ક્રોધાગ્નિ પ્રગટાવવા માટે
શસ્ત્રો બહાર કાઢયા છે. બાબિલ પર જે આફત આવી પડશે તે યહોવા
દેવ સૈન્યોનો દેવ તરફથી હશે. 26 હા, દૂરના દેશોમાંથી સૌ કોઇ તેના પર
ચઢી આવો; તેના અનાજના ભંડારો ખોલી નાખો, લૂંટના માલનો અના-
જની જેમ ઢગલો કરો, એનો નાશ કરો; કશું જ બચવા ન દેશો તેના
બધા રહસ્યનો નાશ કરો, કોઇ બાકી ન રહે, 27 તેના સર્વ ઢોરઢાંખરને
પણ મારી નાખો, તેઓની હત્યા થવા માટે નીચે ઊતરી જવા દો! એમ-
ના દિવસો ભરાઇ ચૂક્યા છે! તેમની સજાનો દિવસ આવી પહોંચ્યો છે.
28 ધ્યાનથી સાંભળો, બાબિલમાંથી જેઓ ભાગી છૂટયા હતા તે શરણા-
થીર્ઓ, દેવે બાબિલના લોકો પર બદલો લીધો છે એવું જાહેર કરવા માટે
સિયોન આવ્યા. જેઓએ તેના મંદિરનો નાશ કર્યો છે તેના પર દેવે વૈર
વાળ્યું છે. 29 બાબિલની સામે બાણાવળીઓનો જમાવ કરો, ધનુષ્ય-
બાણ ચલાવનારા સૌ કોઇ નગરને ચારે તરફથી ઘેરી લો. જેથી કોઇ ભા-
ગી જવા પામે નહિ, તેના કૃત્યોનો તેને બદલો આપો, એણે બીજાની જે
દશા કરી છે તે એની કરો. કારણ કે, એ મારા પ્રત્યે ઇસ્રાએલના પરમપ-
વિત્ર યહોવા પ્રત્યે તોછડાઇથી વર્ત્યો છે. 30 તેથી યુવાન માણસો ચોક-

માં માર્યા જશે. તેના તે જ દિવસે, તેના સર્વ યોદ્ધાઓ માર્યા જશે." આ
યહોવાના વચન છે. 31 આપણા પ્રભુ સૈન્યોનો દેવ યહોવા કહે છે, "હે
અભિમાની લોકો! હું તમારી વિરુદ્ધ છું. હવે તમને શિક્ષા કરવાનો સમય
આવી ગયો છે. 32 હે અભિમાની પ્રજા, તું ઠોકર ખાઇને પડશે, કોઇ તને
મદદ નહિ કરે! હું તારા ગામોમાં આગ લગાડીશ અને તે આસપાસનું
બધું બાળીને ભસ્મ કરી નાખશે." 33 આ સૈન્યોનો દેવ યહોવાના વચન
છે, "ઇસ્રાએલના અને યહૂદિયાના લોકો પર સિતમ ગુજારાઇ રહ્યો છે;
તેમને કેદ પકડનારાઓ તેમને છટકવા દેતા નથી. 34 પરંતુ તેઓનો
ઉદ્ધારક મહાન છે. તેનું નામ 'યહોવા સર્વસમર્થ' છે. તે અસરકારક રીતે
તેઓના મુકદમાની વકીલાત કરશે અને ઇસ્રાએલમાં અને જગતમાં
શાંતિ લાવશે. પરંતુ બાબિલમાં અંધાધૂંધી પેદા કરશે." 35 યહોવા કહે
છે, "બાબિલવાસીઓને માથે, બાબિલના વતનીઓને માથે, તેના
આગેવાનો અને સમજણા પુરુષોને માથે તરવાર ઝઝૂમે છે. 36 તેના જૂ-
ઠા યાજકોને માથે પણ તરવાર ઝઝૂમે છે. તેમની અક્કલ બહેર મારી
જશે. તેના યોદ્ધાઓને માથે પણ તરવાર ઝઝૂમે છે. તેમના હાથ હેઠા
પડશે. 37 તેના ઘોડાઓ તથા રથો યુદ્ધમાં નાશ પામશે. બીજા મિત્ર દે-
શોમાંથી આવેલા યોદ્ધાઓ સ્ત્રીઓ જેવા નિર્બળ થશે, તેની સર્વ સંપત્તિ
લૂંટાઇ જશે. 38 તેનાં જળાશયો સુકાઇ જશે, શા માટે? કારણ કે સમગ્ર
દેશ મૂર્તિઓથી ભરપૂર છે અને લોકો તે મૂર્તિઓ પ્રત્યેના પ્રેમમાં પાગલ
થઇ ગયા છે. 39 આથી ત્યાં બાબિલ નગરમાં વગડાના જાનવરો અને
જંગલી વરુઓ વાસો કરશે, શાહમૃગો ત્યાં વસશે. ત્યાં ફરી કદી માણ-
સો વસશે નહિ અને યુગોના યુગો સુધી તે આમ જ રહેશે." 40 યહોવા કહે
છે કે, "જેમ સદોમ તથા ગમોરા અને તેઓની આસપાસના નગરોનો
નાશ કર્યો તેવી જ રીતે હું બાબિલનો નાશ કરીશ. તે સમયથી તે નગરો-
માં કોઇ વસવાટ કરતું નથી, એવી જ રીતે ફરીથી કોઇ બાબિલમાં વસશે
નહિ. 41 જુઓ, ઉત્તરમાંથી એક પ્રજા, એક બળવાન પ્રજા આવી રહી છે;
પૃથ્વીને દૂરને છેડે મોટા મોટા રાજાઓ યુદ્ધની તૈયારી કરી રહ્યા છે.
42 લોકોએ ધનુષ્ય અને તરવાર ધારણ કરી છે; તેઓ ક્રૂર અને ઘાતકી
છે. ઘોડે ચઢીને સાગરની જેમ ગર્જના કરતા આવે છે. એકેએક માણસ,
હે બાબિલ, તારી સામે યુદ્ધ માટે સજ્જ છે. 43 જ્યારે બાબિલના રાજાએ
આ સમાચાર સાંભળ્યાં ત્યારે તેના હાથ લાચાર થઇને હેઠા પડ્યા. પ્રસૂ-
તિની વેદનાથી પીડાતી સ્ત્રીની જેમ એકાએક આવી પડેલા ભયને કાર-
ણે તે તીવ્ર વેદનાથી પીડાવા લાગ્યો." 44 યહોવા કહે છે, "જેવી રીતે ચા-
રો ચરતાં ઘેટાં પર સિંહ તરાપ મારે, તે જ પ્રમાણે હું બાબિલની પર ત્રાટ-
કીશ મને જે કોઇ ગમશે તેને હું તેમની પર નીમીશ. મારા સમાન કોણ
છે? અને કોણ મને પડકારી શકે છે? ક્યો ઘેટાપાળક મારી વિરુદ્ધ ઊભો
રહી શકે છે?" 45 માટે હવે બાબિલ વિષે મારા મનમાં શી યોજના છે; તે
સાંભળી લો; અને ખાલ્દીઓ માટે મેં ઘડેલી યોજનાઓ વિષે નાનામાં
નાના ઘેટાંને પણ ઘસડી લઇ જશે અને તેમના નસીબે તેમના ઘેટાંના
વાડાને ભયગ્રસ્ત કરાશે. 46 બાબિલના પતનથી સમગ્ર પૃથ્વી થથરી
ઉઠશે અને તેનો આર્તનાદ બધી પ્રજાઓમાં વિશ્વભરમાં સંભળાશે.

51 યહોવા કહે છે કે, "જુઓ, હું બાબિલની વિરુદ્ધ, તથા ખાલદી-
ઓના સમગ્ર દેશની વિરુદ્ધ હું વિનાશક વાયુ લાવીશ અને તે
તેઓનો નાશ કરશે. 2 હું વિદેશીઓને બાબિલમાં મોકલીશ; તેઓ તેને
ઊપણશે અને દૂર સુધી ઉડાડી મૂકશે, વિપત્તિના દિવસે તેઓ ચારે તર-
ફથી તેના પર ચઢી આવશે અને દેશને ચારેબાજુથી ઘેરી લઇ ઉજ્જડ કરી
નાખશે. 3 ભલે તેમના ધર્નુધારી માણસો પોતાના હથિયાર વાપરવા મા-
ટે તૈયાર ન હોય. તેમના સૈનિકોને બખતર પહેરવા દેશો નહિ. તેઓના
સૈનિકો પર દયા ન બતાવશો, તેમના સૈન્યનો નાશ કરો. 4 ખાલદીઓ-
ના દેશમાં તેઓની હત્યા થઇને પડશે અને તેની શેરીઓમાં તેઓના મૃ-
તદેહો પડ્યા રહેશે." 5 કારણ કે, ઇસ્રાએલને તેમના સૈન્યોનો દેવ યહો-
વા નીચું નહિ પાડે. બાબિલની ભૂમિ ઇસ્રાએલના સૈન્યોનો યહોવા દેવ-
ની વિરુદ્ધ અપરાધોથી ભરેલી છે. 6 બાબિલમાંથી ભાગી જાઓ! સૌ પો-
તપોતાના જીવ બચાવવા નાસી જાઓ! બાબિલના પાપે તમે મરશો
નહિ, કારણ કે બદલો લેવાનો આ યહોવાનો સમય છે. તે તેને ઘટતી
સજા કરી રહ્યા છે. 7 બાબિલ તો યહોવાના હાથમાં સોનાના પ્યાલા સમું
હતું. તેણે સમગ્ર સૃષ્ટિને તેનો દ્રાક્ષારસ પીવડાવ્યો છે. પ્રજાઓએ તે
પીધો અને તેઓ ઘેલા થયા. 8 પરંતુ હવે બાબિલનું અચાનક પતન થયું
છે. તે ભાંગ્યું છે. તેને માટે ચિંતા કરો, તેના ઘા માટે ઔષધી લઇ આવો.
કદાચ તે સાજું થાય પણ ખરું. 9 બાબિલના ઘા રૂઝવવા અમારાથી
શક્ય તેટલો પ્રયત્ન અમે કર્યો, પરંતુ તે સ્વસ્થ ન થયું. એને છોડી દઇ-
ને, ચાલો આપણે સહુ પોતપોતાના દેશમાં પાછા ફરીએ, કારણ કે તે
અમાપ સજાને પાત્ર છે. 10 યહોવાએ કહ્યું કે આપણે ન્યાયી છીએ. ચા-
લો, આપણા યહોવાએ જે સર્વ કર્યું છે તે આપણે યરૂશાલેમમાં જઇને
કહી સંભળાવીએ. 11 તમારાં બાણને ધારદાર બનાવો! તમારા ભાથાં
ભરી લો! ઢાલ ઊંચી કરો! કારણ કે બાબિલ પર ચઢાઇ કરી તેનો વિ-
નાશ કરવા યહોવાએ માદીઓના રાજાઓને કહ્યું છે. અનિષ્ટ આચરણ
કરનાર મંદિરને અપવિત્ર કરનાર લોકો પર આ રીતે યહોવા વૈર વાળી
રહ્યાં છે. 12 બાબિલની દીવાલો પર આક્રમણ કરવા માટે સંકેત આપો,
સંરક્ષણ મજબૂત કરો અને ચોકિયાતોને શહેરની આસપાસ ગોઠવો.
ઓચિંતો છાપો મારવા માટે છુપાઇને પડ્યા રહો, કારણ કે યહોવાએ જે
કહ્યું છે તે સર્વ તે સંપૂર્ણ કરશે. 13 તમે બાબિલની નદીઓને કાંઠે વસ-
વાટ કરો અને તેની વિપુલ સમૃદ્ધિને માણો. તારો અંત આવ્યો છે; તારી
જીવનદોરી કપાઇ જશે. 14 સૈન્યોનો દેવ યહોવાએ પોતાના નામના સમ
ખાઇને પ્રતિજ્ઞા કરી છે કે, "હું તીડોના ટોળાંની જેમ ગણ્યા ગણાય નહિ
તેટલા માણસોને તારી સામે લાવીશ અને તેઓ તારો પરાજય કરી વિ-
જયનાદ કરશે." 15 યહોવાએ પોતાની શકિત અને બુદ્ધિથી પૃથ્વીનું
સર્જન કર્યું છે, પોતાના જ્ઞાનથી તેને સ્થિર કરીને સ્થાપી છે, પોતાના
કૌશલથી આકાશને ફેલાવ્યું છે. 16 જ્યારે તે બોલે છે, ત્યારે આકાશમાં
ગર્જના થાય છે. દુનિયાના દૂર દૂરના ખૂણેથી તે વાદળોને ઉપર ચઢાવે
છે. તે વરસાદ લાવે છે અને સાથે વીજળી ચમકાવે છે, અને પવનને મો-
કલે છે. 17 તેમની સરખામણીમાં સર્વ માણસો મૂર્ખ છે, તેમને કશી
ખબર નથી. દરેક પોતે બનાવેલી મૂર્તિ જોઇને લજ્જિત થાય છે, કારણ કે
તે બધી મૂર્તિઓ તો ખોટી છે. પ્રાણ વગરની છે. 18 મૂર્તિઓ વ્યર્થ છે,
હાંસીપાત્ર છે, તે ખોટી છે; દેવ તેમને સજા કરશે ત્યારે તે સર્વનો નાશ
કરશે. 19 પરંતુ યાકૂબનો દેવ એવો નથી; તે તો સમગ્ર સૃષ્ટિનો સર્જક
છે, અને ઇસ્રાએલીઓને તે પોતાની પ્રજા ગણે છે, તેનું નામ સૈન્યોનો
દેવ યહોવા છે. 20 યહોવા કહે છે, "હે બાબિલ નગરી, તું મારી ફરશી તથા
યુદ્ધશસ્ત્રો છે; તારા વડે હું સર્વ પ્રજાઓનું ખંડન કરીશ; અને તારા વડે હું
રાજ્યોનો નાશ કરીશ; 21 તારા વડે હું સૈન્યોને, ઘોડા તથા તેના સવારો-
ને અને રથ તથા રથસવારોને કચડી નાખીશ, 22 અને હા, સામાન્ય લો-
કોને પણ, એટલે વૃદ્ધોને તથા જુવાનોને, છોકરાઓને તથા કન્યાઓને,
23 ઘેટાંપાળકોને તથા ઘેટાબકરાનાં ટોળાંને, ખેડૂતોને તથા બળદોને,
કપ્તાનોને તથા અધિકારીઓને હું કચડી નાખીશ. 24 બાબિલે તથા ખા-
લદીઆના બધાં લોકોને, તેમણે સિયોનમાં આચરેલા કુકર્મોને લીધે હું
સજા કરીશ. તે હું તમારી નજર સામે જ કરીશ." એમ યહોવા કહે છે.
25 યહોવા કહે છે, "હે બળવાન પર્વત બાબિલ, પૃથ્વીનો નાશ કરનાર, હું
તારી વિરુદ્ધ મારો હાથ ઉગામીશ અને તારી ઊંચાઇઓ પરથી તને નીચે
ગબડાવીશ, અને અગ્નિથી ભસ્મ થયેલા પર્વત જેવો કરી તને છોડી
દઇશ. 26 તારો કોઇ પણ પથ્થર બાંધકામ માટે કે પાયાના પથ્થર તરીકે
પણ નહિ વપરાય. તું સદાને માટે ખંડેર રહેશે." આ હું યહોવા બોલું છું.
27 "પૃથ્વી પર ઝંડો ફરકાવો, બધી પ્રજાઓમાં રણશિંગડા ફૂંકાવો, બા-
બિલ સામે જેહાદ જગાવવાને પ્રજાને આહવાન આપો, અરારાટ, મિન્ની
અને આશ્કેનાઝના રાજ્યોને તેની સામે લડવા બોલાવો, તેની સામે હુ-
મલો લઇ જવાને સેનાપતિ નીમો. તીડોના ટોળાંની જેમ ઘોડેસવારોને
ભેગા કરો. 28 તેની વિરુદ્ધ માદીઓના રાજાઓ વિરુદ્ધ, અને તેના
અધિકારીઓ અને અમલદારો સાથે તે સર્વ દેશોના લોકો જે તે તેના રા-
જ્યનો ભાગ છે તેની વિરુદ્ધ લડાઇને માટે તૈયારી કર. 29 પૃથ્વી ધણધ-
ણી અને ધ્રુજી ઊઠે છે, કારણ કે યહોવા બાબિલને નિર્જન વગડાઉ
સ્થળ બનાવવાની તેની યોજના પાર પાડે છે. 30 બાબિલના અતિ પરા-
ક્રમી યોદ્ધાઓ હવે યુદ્ધ કરતા નથી. તેઓ કિલ્લાઓમાં ભરાઇ ગયા છે,
તેઓ હિંમત હારી ગયા છે. અને સ્ત્રીઓ જેવા થઇ ગયા છે. આક્રમણ
કરનારાઓએ તેઓનાં ઘરો બાળી નાખ્યા છે અને નગરના દરવાજાઓ
તોડી નાખ્યાં છે. 31 "આખું શહેર કબ્જે થઇ ગયું છે" તેવું કહેવાને ચારે-
બાજુથી સંદેશાવાહકો એક પાછળ એક રાજા પાસે દોડી આવ્યા છે!
32 નદી પાર કરવાના દરેક રસ્તાઓ કબ્જે કરાયા છે. બરૂની ઝાડીઓને

આગ લગાડવામાં આવી છે, અને સૈનિકો ગભરાઇ ગયા છે.” 33 ઇસ્રાએ-
લના દેવ, સૈન્યોનો દેવ યહોવાના આ વચન છે: “બાબિલની સ્થિતી તો
ઘઉં ઝૂડવાની ખળી જેવી છે જ્યાં ઘઉં ઝૂડવાના છે. થોડી વાર પછી ત્યાં
લણણીની ઉપજને ધોકાવાનું શરું થશે.” 34 યરૂશાલેમ કહે છે, “બાબિ-
લનો રાજા નબૂખાદરેસ્સાર મને ખાઇ ગયો છે, મને ચૂસી લીધો છે, તેણે
મને ખાલી પ્યાલાની જેમ એક બાજુએ ફગાવી દીધું છે. તે મને એક
અજગરની જેમ આખે આખું ગળી ગયો છે, અમારી સંપત્તિથી તેણે પો-
તાનું પેટ ભર્યું છે અને અમારા પોતાના શહેરમાંથી અમને હાંકી કાઢ્યા
છે.” 35 યરૂશાલેમના લોકો બોલી ઊઠશે, “અમારી પર કરેલા દુષ્કૃત્યો
બદલ બાબિલને સજા મળો! અમારું જે લોહી વહેવડાવવામાં આવ્યું છે
તેની પૂરી કિંમત તેને ચૂકવવા દો!” 36 આથી યહોવા પોતાના લોકોને
કહે છે, “હું જાતે તમારો પક્ષ લઇશ અને તમારું વૈર વાળીશ. હું બાબિલ-
ની નદીને સૂકવી નાખીશ અને તેના ઝરણાંને વહેતા બંધ કરી દઇશ,
37 અને બાબિલને ખંડેરનો ઢગલો બાનવી દઇશ. જ્યાં શિયાળવાં
આવીને વસશે. લોકો તેની હાંસી કરશે અને નાલેશી કરશે અને કોઇ ત્યાં વા-
સો કરશે નહિ. 38 બાબિલવાસીઓ બધા ભેગા થઇને સિંહની જેમ ગર્જ-
ના કરે છે. સિંહના બચ્ચાંની જેમ ઘૂરઘૂરાટ કરે છે. 39 જ્યારે તેઓ પોતા-
ના દ્રાક્ષારસથી મસ્ત બનશે ત્યારે હું તેઓને માટે અલગ પ્રકારની ઉજા-
ણી તૈયાર કરીશ, તેઓ બેભાન થઇને ભોંય પર પછડાય ત્યાં સુધી
તેઓ પીયા જ કરે, એવું હું કરીશ. તેઓ સદાને માટે ઊંઘી જશે અને ફરી-
થી કદી જાગશે નહિ,” એમ યહોવા કહે છે. 40 “હું તેઓને કતલ માટે લઇ
જવાતા ઘેટાંઓની જેમ લઇ જઇશ.” 41 બાબિલ વિષે યહોવા કહે છે; “જે
નગરની પ્રસંશા સમગ્ર દુનિયા કરતી હતી તે નગરનું પતન થયું છે. બા-
બિલની આવી બિહામણી સ્થિતી જોઇ દુનિયાની પ્રજાઓ આઘાત
અનુભવે છે. 42 બાબિલ પર સમુદ્ર ફરી વળ્યો છે. તેના મોજાઓએ તેને
ઢાંકી દીધું છે. 43 તેના નગરો ખંડેર સ્થિતીમાં પડ્યાં છે. સમગ્ર દેશ સૂકા
અરણ્ય સમાન થઇ ગયો છે. ત્યાં કોઇ રહેતું નથી અને તેમાં થઇને યા-
ત્રીઓ પણ પસાર થતા નથી.” 44 યહોવા કહે છે, “હું બાબિલમાં બઆલ
દેવને સજા કરીશ અને તે જે ગળી ગયો છે તે તેના મુખમાંથી પાછું કા-
ઢીશ. પ્રજાઓ તેની પાસે આવશે નહિ અને તેની પૂજા કરશે નહિ. અને
બાબિલની ફરતે આવેલી દીવાલો પડી જશે. 45 ઓ મારી પ્રજા, બાબિ-
લમાંથી નાસી જાઓ; યહોવાના ભયંકર રોષમાંથી જીવ બચાવવા સૌ
ભાગી જાઓ! 46 હિંમત હારશો નહિ, દેશમાં ફેલાતી અફવાઓથી ગભ-
રાઇ જશો નહિ, એક વરસે એક અફવા ફેલાય છે, અને બીજે વરસે બી-
જી- દેશમાં બધે આંતરિક યુદ્ધો અને જુલમ ચાલી રહ્યો છે. 47 તેથી,
જુઓ એવા દિવસો આવી રહ્યા છે, જ્યારે બાબિલની મૂર્તિઓને હું સજા
કરનાર છું. આખો દેશ લજ્જિત થશે, અને તેના બધા માણસો કપાઇને
પડ્યા હશે. 48 ઉત્તરમાંથી લોકો આવીને તેનો નાશ કરશે, અને ત્યારે
આકાશ અને પૃથ્વી તેમજ તેમાંનું સર્વ કઇં બાબિલના પતનથી હર્ષના
પોકારો કરશે.” આ યહોવાના વચન છે. 49 “બાબિલને કારણે સમગ્ર પૃ-
થ્વીમાં માણસો કપાઇને પડ્યા છે અને હવે ઇસ્રાએલમાં હત્યા થયેલા-
ઓને કારણ કે બાબિલને પડ્યા વગર છૂટકો નથી. 50 તમે જેઓ તેની
તરવારનો ભોગ બનતા બચી ગયા છો, તે ભાગી જાઓ! રોકાશો નહિ!
દૂર દેશમાં યહોવાને સંભારજો, અને યરૂશાલેમને ભૂલશો નહિ.” 51 લોકો
કહે છે, “તે અત્યાચારોની વાતો સાંભળીને આપણે સૌ લજવાઇ મરીએ
છીએ, આપણે લજ્જિત થયા છીએ, કારણ કે, વિદેશીઓ યહોવાના મંદિ-
રના પવિત્રસ્થાનોમાં પેસી ગયા છે.” 52 તેથી યહોવા કહે છે, “જુઓ,
એવો સમય આવી રહ્યો છે જ્યારે હું બાબિલની મૂર્તિઓને સજા કરીશ
અને સમગ્ર દેશમાં ઘવાયેલાઓનો આર્તનાદ સંભળાતો હશે. 53 જો કે
બાબિલ આકાશે પહોંચે તોપણ અને તે પોતાના ઉંચા કોટોની કિલ્લે-
બંધી કરે તોપણ હું તેને હતું ન હતું કરી નાખવા માણસો મોકલીશ.” આ
યહોવાના વચન છે. 54 “સાંભળો, બાબિલમાંથી આવતા રૂદનસ્વર,
અને જ્યાં ખાલદીઓ શાસન કરે છે ત્યાંથી આવતા ભયંકર વિનાશના
અવાજો. 55 યહોવા બાબિલનો વિનાશ કરી રહ્યા છે. અને તેના કોલાહ-
લને શમાવી રહ્યા છે. શત્રુઓનું સૈન્ય મહાસાગરના તરંગોની જેમ ગર્જ-
ના અને ઘૂઘવાટા કરતું ધસી રહ્યું છે. 56 હા, સંહાર કરનારાઓ બાબિલ
પર તૂટી પડ્યા છે; તેના યોદ્ધાઓ કેદ પકડાયા છે અને તેમનાં ધનુષ્ય
તોડી પડાયા છે, યહોવા તે યહોવા છે જે દુષ્કૃત્યો માટે સજા કરે છે; તે
પૂરો બદલો લેશે.” 57 સૈન્યોનો દેવ યહોવા કહે છે, “હું તેના સરદારોને,
જ્ઞાની માણસોને, રાજકર્તાઓને, કપ્તાનીઓને, તથા શૂરવીર યોદ્ધાઓને
ચકચૂર કરીશ, તેઓ અનંત નિંદ્રામાં પોઢી જશે, ફરી કદી જાગશે જ
નહિ. 58 બાબિલની મજબૂત દીવાલો ભોંયભેગી થઇ જશે, તેના ઊંચા
દરવાજાને આગ ચાંપવામાં આવશે, જે બાંધવા માટે ઘણાં લોકોએ પો-
તાની જાતને ઘસી નાખી હતી તે બધું ભસ્મ થઇ જશે, લોકોએ કરેલી
બધી મહેનત ધૂળમાં મળી જશે.” 59 યહૂદિયાના રાજા સિદકિયાના શા-
સનના ચોથા વર્ષમાં જ્યારે તેની સાથે યહૂદિયાનો રાજા માહસેયાના પુ-
ત્ર નેરિયાનો પુત્ર સરાયા બાબિલ ગયો, ત્યારે જે સૂચનાઓ યમિર્યા પ્ર-
બોધકે સરાયાને આપી તે આ: સરાયા તો લશ્કરનો અફસર હતો.
60 યમિર્યાએ એક પોથીમાં બાબિલ પર આવનારી આફતનું પૂરું વર્ણન
અહીં જે બધું નોંધવામાં આવેલું છે તે લખી કાઢ્યું હતું. 61 તેણે સરાયાને
કહ્યું, “જ્યારે તું બાબિલ પહોંચે ત્યારે આમાંના શબ્દે શબ્દ અચૂક વાંચી
સંભળાવજે અને પછી કહેજે કે, 62 ‘હે યહોવા, તે જાતે જાહેર કર્યું છે કે,
આ જગ્યાનો નાશ કરવામાં આવશે, અહીં ફરી કોઇ વાસો કરશે નહિ.
માણસ કે પશુ કોઇ નહિ; તે સદાકાળ ઉજ્જડ રહેશે.’ 63 જ્યારે તું આ પો-
થી વાંચી રહે ત્યારે તેને પથ્થરો બાંધીને ફ્રાંત નદીની વચ્ચોવચ્ચ એમ
કહીને નાખી દેજે કે, 64 ‘આવા જ હાલ બાબિલના થશે, યહોવા બાબિલ
પર એવી આફત ઉતારનાર છે જેથી તે ડૂબી જાય અને ફરી કદી પર
આવે નહિ.’”અહીં યમિર્યાના વચન પૂરા થાય છે.

52 સિદકિયા ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર 21 વર્ષની હતી,
તેણે યરૂશાલેમમાં અગિયાર વર્ષ રાજ્ય કર્યું. તેની માતાનું નામ
હમૂટાલ હતું અને તે લિબ્નાહના યમિર્યાની પુત્રી હતી. 2 સિદકિયાએ
યહોયાકીમની જેમ જ યહોવાની ષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ
કર્યું. 3 હકીકત એ છે કે, યરૂશાલેમે અને યહૂદિયાએ યહોવાનો એટલો
બધો રોષ વહોરી લીધો કે આખરે તેણે તેમને પોતાના સાન્નિધ્યમાંથી
હાંકી કાઢ્યાં, અને સિદકિયાએ બાબિલ સામે છળકપટ કર્યું. 4 સિદકિ-
યાના રાજ્યકાળમાં નવમે વષેર્ દશમાં મહિનાના દશમાં દિવસે બાબિ-
લના રાજા નબૂખાદરેસ્સારે પોતાની આખી સૈના સહિત આવીને યરૂશા-
લેમ પર હુમલો કર્યો. 5 તેણે એ શહેરને કબજે કર્યુ અને તેની ફરતે ઘેરો
બાંધવા માટેની દીવાલો બાંધી, રાજા સિદકિયાના શાસનમાં અગિયાર-
મા વર્ષ સુધી આમ ચાલ્યું. 6 ચોથા મહિનાના નવમે દિવસે નગરમાં
અન્નની ભારે તંગી વર્તાતી હતી અને લોકોને ખાવાનું મળતું નહોતું.
7 પછી નગરની દીવાલમાં એક બાકોરું પાડવામાં આવ્યું, અને રાતોરાત
રાજા પોતાના આખા સૈન્ય સાથે રાજાના બગીચા પાસે આવેલા બે દી-
વાલો વચ્ચેના દરવાજેથી ભાગી ગયો, આમ બન્યું તે દરમ્યાન ખાલદી-
ઓએ નગરને ઘેરી લીધું હતું તેમ છતાં તેઓ યર્દનની ખીણ તરફ
આગળ વધ્યા. 8 પરંતુ ખાલદીઓની સૈનાએ તેનો પીછો પકડ્યો અને
યરીખોના મેદાનમાં તેને પકડી પાડ્યો, અને તેની આખી સૈના તેને છો-
ડીને વેરવિખેર થઇ ગઇ. 9 બાબિલનો રાજા હમાથ રાજ્યના રિબ્લાહ
નગરમાં હતો. તેઓ સિદકિયાને ત્યાં લઇ ગયા અને રાજા આગળ રજૂ
કર્યો, અને તેણે તેના પર કામ ચલાવ્યું. 10 બાબિલના રાજાએ રિબ્લાહ
ખાતે સિદકિયાની નજર આગળ તેના પુત્રોને મારી નાખ્યા અને યહૂદિ-
યાના બધા અમલદારોને પણ મારી નાખ્યાં. 11 ત્યારબાદ રાજા સિદકિ-
યાની આંખો ફોડી નાખવામાં આવી અને તેને સાંકળોથી બાંધીને બા-
બિલ લઇ જવામાં આવ્યો અને તેને આજીવન કેદ કરવામાં આવ્યો.
12 બાબિલના રાજા નબૂખાદરેસ્સારના શાસનના ઓગણીસમા વર્ષના
પાંચમા મહિનાના દશમાં દિવસે રક્ષક ટુકડીનો સરદાર નબૂઝારઅદાને
યરૂશાલેમમાં પ્રવેશ કર્યો. 13 તેણે યહોવાના મંદિરને, રાજાના મહેલને
અને શહેરના દરેક મોટા મકાનોને આગ ચાંપી. 14 તેના લશ્કરે યરૂશાલે-
મની ફરતેની દીવાલોને તોડી પાડી. 15 તેણે શહેરની બાકી રહેલી
વસ્તીને, જેઓ બાબિલના રાજાના પક્ષમાં ચાલ્યા ગયા હતા તેમને અને
રહ્યાસહ્યા કારીગરોને દેશવટો દીધો, 16 પરંતુ ફક્ત વસ્તીના ગરીબમાં
ગરીબ વર્ગને છોડ્યો. તેઓએ તેમને મજૂરી કરવા માટે ખેતરો અને દ્રા-
ક્ષનીવાડીઓ આપી. 17 ખાલદીઓ મંદિરમાંના પ્રવેશદ્વાર પાસે ઊભા
કરેલા કાંસાના બે મોટા સ્તંભોને, કાંસાના હોજને અને પૈડાવાળી ઘોડી-
ઓને ઉપાડીને બાબિલ લઇ ગયા. 18 વળી મંદિરમાં વપરાતા કૂંડાં, પા-
વડીઓ, બુજારાં, ડોયાં, વાટકાં અને બધા જ વાસણો અને સાધનો પણ

લઇ ગયા. 19 રાજાના અંગ રક્ષકોનો નાયક સોના ચાંદીની બધી
વસ્તુઓ લઇ ગયો જેવી કે: કટોરાઓ, ધૂપદાનીઓ, કૂંડાઓ, ઘડાઓ,
દીવીઓ, તપેલાઓ, વાટકાઓ વગેરે જે બધું પેયાર્પણો ચઢાવવા માટે
વપરાતું હતું. 20 આ બધી વસ્તુઓ જે સુલેમાને બનાવડાવી હતી (બે
સ્તંભો 'સમુદ્ર' નામે ઓળખાતો કાંસાનો હોજ, તેની નીચેના વીસ બળ-
દો અને પૈડાંવાળી ઘોડી) તે બધી વજનમાં ખૂબ ભારે હતી. 21 એક
સ્તંભ 18 હાથ ઊંચો અને 12 હાથના પરિઘવાળો હતો; તે પોલો હતો
અને તેની જાડાઇ ચાર આંગળ હતી. 22 દરેક સ્તંભની ટોચે પાંચ હાથનો
(શિખર તરીકે ઓળખાતો) પિત્તળનો કળશ હતો. તેની બાર હાથની
પહોળાઇની ચારે બાજુ તે પિત્તળના દાડમ વડે શણગારાયેલો હતો તે
અંદરથી પોલો હતો અને એક હાથ જાડો હતો. 23 દરેક સ્તંભ પર સો દા-
ડમ હતા, પણ તેમાંથી છન્નું જ નજરે જોઇ શકાતા હતાં. 24 રક્ષકટુકડીના
સરદાર નબૂઝારઅદાને મુખ્ય યાજક સરાયાને, તેના મદદનીશ સફા-
ન્યાને અને મંદિરના ત્રણ મુખ્ય રક્ષકોને પોતાની સાથે લઇ ગયો.
25 તદુપરાંત તે લશ્કરના વડા અમલદારને, રાજાના સાત સલાહકારોને
બંધક બનાવીને લઇ ગયો, તે ઉપરાંત તે લહિયો જે સૈન્યમાં લોકોની
ભરતી કરવા માટેનો મુખ્ય અધિકારી હતો તેને અને નગરના બીજા સાઠ
મોભાદાર માણસોને પોતાની સાથે લઇ ગયો. 26 અને એ બધાને તે
હમાથના પ્રદેશમાં આવેલા રિબ્લાહ ખાતે બાબિલના રાજા આગળ લઇ
ગયો. 27 અને હામાથના દેશ રિબ્લાહમાં બાબિલના રાજાએ તેમને ફટકા
મરાવીને મારી નંખાવ્યાં. આમ યહૂદિયાને પોતાના દેશમાંથી દેશવટે
લઇ જવામાં આવ્યા. 28 નબૂખાદરેસ્સારના રાજ્યકાળના 7 વષેર્ બાબિ-
લના બંદીવાસમાં લઇ જવાયેલાઓની સંખ્યા 3,023 હતી. 29 અને
અઢારમાં વર્ષમાં 832 યરૂશાલેમવાસીઓને તે દેશવટે લઇ ગયો. 30 ફરી-
થી 5 વર્ષ બાદ 23 વષેર્ અંગરક્ષકોનો નાયક નબૂઝારઅદાન 745 યહૂ-
દીઓને દેશવટે લઇ ગયો હતો.આમ કુલ 4,600 માણસોને બંદીવાસ-
માં લઇ જવાયા. 31 બાબિલમાં યહૂદિયાના રાજા યહોયાકીનના દેશવટા-
ના સાડત્રીસમા વર્ષના બારમાં મહિનાના પચીસમે દિવસે બાબિલના
રાજા એવીલ-મેરોદાખે પોતે ગાદીએ આવ્યો તે જ વરસે યહૂદિયાના રા-
જા યહોયાકીમને માફી આપી અને તેને કારાવાસમાંથી મુકત કર્યો.
32 તેણે તેના પ્રત્યે માયાળુ વર્તાવ રાખ્યો અને તેને બાબિલમાં પોતાની
સાથેના બીજા રાજાઓ કરતાં ઊંચે આસને બેસાડ્યો. 33 આથી યહોયા-
કીમએ કારાવાસનાં કપડાં ઉતારી નાખી, એમણે આપેલાં નવાં વસ્ત્રો
પહેર્યા, અને શેષજીવન રાજાના આશ્રિત તરીકે ગાળ્યું. 34 અને તે જીવ્યો
ત્યાં સુધી રાજાએ તેના નિભાવ માટે કાયમી ભથ્થું બાંધી આપ્યું. જે તે-
ને મૃત્યુ સુધી નિયમિત રીતે તેને આપવામાં આવ્યું.

# યર્મિયાનો વિલાપ

1 એ શહેર કેવું એકલવાયું પડી રહ્યું છે! જે એક વાર લોકોથી ધમ-
ધમતું હતું, દેશવિદેશમાં મહાન ગણાતું હતુ, તે શા માટે વિધવા
જેવું થઇ ગયુ? જે શહેરોની મહારાણી જેવું હતું, તે બીજી પ્રજાઓનું ગુ-
લામ કેમ થઇ ગયુ? 2 તે રાત્રે પોક મૂકી રડે છે, ને તેના ગાલે અશ્રુધારા
વહે છે; આશ્વાસન આપનાર કોઇ રહ્યું નથી, તેણીના મિત્રોએ તેને છેત-
રી છે અને તેણી જેઓને ચાહે છે તેઓ તેના શત્રુ થયા છે. 3 તેઓ વિદે-
શી પ્રજાઓ વચ્ચે સ્થિર થયા છે. અને તેમની પાસે વિશ્રામનું સ્થળ
નથી. યહૂદાની પ્રજા દેશવટે ગઇ છે. તેમને સખત પરિશ્રમ કરવા માટે
મજબૂર કરાય છે. જેઓએ તેમનો પીછો કર્યો હતો તેમણે તેઓને પકડી
લીધા છે. તેઓ ભાગી શક્યા નહિ. 4 સિયોનના માગોર્ આક્રંદ કરે છે,
ત્યાં કોઇ ઉત્સવોમાં આવતું નથી; તેના દરવાજા ઉજ્જડ થઇ ગયા છે, ને
તેના યાજકો આર્તનાદ કરે છે; તેની કુમારિકાઓ અતિ ઉદાસ થઇ ગઇ
છે, અને તે શહેર તેની કડવાશ અનુભવે છે. 5 તે શહેરના શત્રુઓ તેના
રાજકર્તા થઇ ગયા અને તે શત્રુઓ સમૃદ્ધ થયા, તેમનાં અસંખ્ય પાપોના
લીધે યહોવાએ તેમને શિક્ષા કરી અને તેમને ખૂબ દુ:ખ ઉઠાવવા પડ્યા.
તેઓએ તે શહેરના લોકોને પકડીને તેમને તેમના બંદી બનાવનારની
સામે કૂચ કરાવડાવીને બંદીવાસ કર્યા. 6 સિયોનના બધા મહત્વના
લોકોએ તેને છોડી દીધી છે. સરદારો ચારા વગરનાં હરણો જેવા; અને
તેમને જેઓ પકડે છે તેમનાથી દૂર ભાગી જવાની શકિત વગરના થઇ
ગયા છે. 7 પોતાના દુ:ખ સંતાપનાં દિવસોમાં, યરૂશાલેમ અતીતની
સમૃદ્ધિ સંભારે છે. તેના લોકો શત્રુના હાથમાં પડ્યા છે. કોઇ તેની સાથે
જનાર નથી તેથી શત્રુઓ તેની પાયમાલી જોઇ ઉપહાસ કરે છે. 8 યરૂ-
શાલેમે ઘોર અપરાધ કર્યો છે, તેથી જ તે અશુદ્ધ સ્ત્રીની જેમ થઇ પડ્યું
છે. જેઓ તેને માન આપતા હતા તેઓ તેને તુચ્છ ગણે છ,ે કારણ કે,
તેઓએ તેની નગ્નતા જોઇ લીધી છે. અને તે પોતે મોં સંતાડીને નિસાસા
નાખ્યા કરે છે. 9 તેણીની અશુદ્ધતા તેના ઝભ્ભાની કિનારી સુધી ફેલાઇ
ગઇ હતી, જેઓ તેને પહેલા માન આપતાં હતા, અત્યારે તેને નાપસંદ
કરે છે, કારણ કે તેઓએ તેની નગ્નતાને જોઇ છે. અને તે પોતે જ નિસા-
સા નાખે છે અને પોતાનું મોઢું ફેરવી લે છે. 10 બધી કિંમતી વસ્તુઓ
પર શત્રુએ પોતાનો હાથ મૂક્યો છે, ને તેણે પોતાના મંદિરમાં વિધમીર્
પ્રજાને પ્રવેશ કરતી જોઇ છે; જ્યાં યહોવાએ તે વિદેશીઓને પ્રવેશવાની
મનાઇ કરી હતી. 11 તેના બધા લોકો આર્તનાદ કરે છે. તેઓ રોટલાની
ભીખ માંગે છે. ઝવેરાત આપી અન્ન ખરીદે છે; ને ભૂખ શમાવી, નગરી
પોકારે છે, હે યહોવા, નજર કરો અને જુઓ; મુજ અધમનો કેવો તિર-
સ્કાર થાય છે? 12 “ઓ, જનાર સૌ લોકો, જરા નજર કરો; કોઇને ય મારા
જેવું દુ:ખ પડ્યું છે? જે યહોવાએ મને ક્રોધમાં આવીને દીધું છે?”
13 “ઉપરથી તેણે મારા હાડકામાં અગ્નિ મોકલ્યા અને તે તેઓને નિર્ગત
કરે છે; તેણે મારા પગ માટે જાળ પાથરી છે, અને કેવી મને ભોંયે પછાડી
છે! તેણે મને એકલી અટૂલી છોડી દીધી અને હું આખો વખત રિબાતી
રહી. 14 “તેણે મારા પાપોનું પોટલું મારી ડોકે બાંધ્યું છે. મારી શકિત તે-
ના ભારથી ખૂટી પડી છે,મને મારા શત્રુઓના હાથમાં સોંપી દેવામાં
આવી છે જેની સામે જ્યાં હું ઉભી રહી શકતી નથી.” 15 “યહોવાએ મારા
શ્રેષ્ઠ યોદ્ધાઓને તુચ્છકાર્યા છે, અને મારાં તરૂણ યોદ્ધાઓને કચડી ના-
ખવા માટે ટૂકડીઓ તૈયાર કરી છે. અને યહોવાએ યહુદાની કુંવારી દીક-
રીને ખૂંદી નાખી છે, ખરાબર એવી જ રીતે જેમ દ્રાક્ષારસ બનાવવા માટે
કોઇ દ્રાક્ષને ખૂદે. 16 “તેથી હું રડું છું.” અને તેથી મારી આંખો આંસુઓ-
થી ભીંજાય છે. મારા જીવનમાં જીવ લાવનાર અને આશ્વાસન આપનાર
કોઇ નથી, મારા સંતાનોનો નાશ થયો છે, કારણકે શત્રુઓએ તેમને
હરાવ્યાં છે.” 17 “મેં મદદ માટે, હાથ લાંબા કર્યા છે, પણ મને દિલાસો
આપનાર કોઇ નથી. યહોવાએ મારી આસપાસના શત્રુઓને મારી પર
હુમલો કરવા કહ્યું છે. અને તેઓ મને અસ્પૃશ્ય ગણે છે .” 18 યરૂશાલેમે
કહ્યું, “યહોવા સારા છે, જ્યારે તે મને શિક્ષા કરે છે કારણકે મેં તેની વિ-
રુદ્ધ બંડ કયુંર્ છે. મહેરબાની કરીને મને સાંભળો અને મારા દુ:ખને
જુઓ. મારી જુવાની અને કૌમાર્ય, કેદીઓની જેમ બંદીવાસમાં પસાર
થયું છે.” 19 “મે મારા મિત્રોને હાંક મારી, પણ તેઓએ મારો વિશ્વાસ-
ઘાત કર્યો, મારા યાજકો અને વડીલો શહેરમાં ભૂખને સંતોષવા ભિક્ષા
માગતાં મરણ પામ્યા.” 20 “હે યહોવા, હું ભારે દુ:ખમાં છું, જો મારું હૃદય
મારી ઉપર ચઢી બેઠું છે, ને પેટ અમળાય છે; કારણકે, હું ખૂબ વિદ્રોહી
હતો. રસ્તા પર તરવાર મારાં સંતાનોનો સંહાર કરે છે; ને મોત ઘરમાંય
છે .” 21 “જ્યારે હું નિસાસા નાખતો હતો, તે તેઓએ સાંભળ્યું છે. મને
દિલાસો આપનાર કોઇ નથી; મારા બધા દુશ્મનોએ મારા દુ:ખ વિષે
સાંભળ્યંુ છે. તેઓ ખુશ છે કે આ બધું તેં પોતે કર્યું છે. તેં જે દિવસ મા-
ટે વચન આપ્યું છે તે આવવા દે, તેઓને પણ મારા જેવા થવા દે.”
22 “તું તેમના બધાં દુષ્કૃત્યોને ધ્યાનમાં લે, જેવી રીતે મારા ગુનાની મને
સજા થઇ છે તેવી જ રીતે તેઓને પણ તું સજા કર. તેવું કર કેમકે હું
સતત નિસાસા નાખું છું અને મારું હૃદય નબળું થઇ ગયું છે.”

2 યહોવાએ ક્રોધે ભરાઇને સિયોન પર અંધકાર ફેલાવ્યો છે; તેણે
આકાશમાંથી દુનિયા પર ઈસ્ત્રાએલના આકર્ષક ગૌરવને ટપકા-
વ્યો છે. જ્યારે તે ક્રોધે ભરાયો હતો ત્યારે તેના પાયાસનને પણ ભૂલી
ગયો. 2 નિષ્ઠુરતાથી યહોવાએ યહૂદાની ભૂમિનાં બધાં નગરો જમીનદો-
સ્ત કરી દીધાં છે; તેણે તેના બધા કિલ્લાઓ ક્રોધે ભરાઇને તોડી પાડ્યા
છે; અને તેના શાશકોને અપમાન જનક રીતે નીચા પાડ્યા છે. 3 તેણે
ઈસ્રાએલની શકિત ભયંકર ક્રોધમાં આવીને હણી નાખી છે; તેણે તેઓ-
ને પોતાના શત્રુઓની વિરૂદ્ધ લડવા માટે મદદ કરી નહોતી. અને તેણે
આજુબાજુનું બધુંયે ભડભડતા અગ્નિની જેમ બાળી નાખ્યુ. 4 અમને તે-
ના દુશ્મનો સમજી તેણે અમારી વિરુદ્ધ ધનુષ્ય તાણ્યુ તે અમારી પર
ત્રાટકવા પોતે જ તૈયાર થયો, ને સિયોનની બધી સોહામણી વ્યકિ-
તઓનો તેણે સંહાર કર્યો, તેણે તેનો ક્રોધ અગ્નિની જેમ વરસાવ્યો.
5 યહોવા શત્રુના જેવા હતા, તેમણે ઈસ્રાએલનો નાશ કર્યો. હા, તેણે તે-
ના મહેલો અને કિલ્લાઓનો નાશ કર્યો. તેણીને તેણે શોક કરવાનું નિ-
મિત્ત આપ્યુ. 6 જ્યાં લોકો મંદિરમાં પૂજા કરતા હતા ત્યાં તેઓનો નાશ
થયો, જેમ જમીન પર ઘાસનો નાશ થાય છે.બધાં વિશ્રામવારો-ઉત્સવો
ભૂલાઈ ગયા. તેના ગુસ્સાથી યાજકો અને રાજા ધૃણિત થયાં હતાં.
7 યહોવાએ પોતાની વેદીને નકારી અને તેણે પોતાના પવિત્ર સ્થાન ને
જતું કર્યું છે; તેણે દુશ્મનના હાથે તેણીના મહેલની દીવાલોનો નાશ
કરાવ્યો. પહેલા અમે યહોવાના મંદિરમાં ઉત્સવના પોકારો કરતા હતા;
હવે ત્યાં દુશ્મનો કોલાહલ મચાવે છે. 8 તેણે સિયોનનગરીની દીવાલો
તોડી પાડવાનો નિશ્ચય કર્યો છે, તેણે તેનુ માપ લીધું હતુ અને તેને તો-
ડી પાડતાં થોભ્યો નહિ, તેણે કિલ્લાની અંદરની અને બહારની દીવાલો-
ને તોડી પાડી. એક સાથે તે બધી નાશ થઇને પડી હતી. 9 તેના દરવા-
જા ખંડેરોની જેમ દટાયેલા પડ્યા છે, તેની કડીઓ જે બંધ કરવામાં
આવતી હતી તે ભાંગી પડી છે, પ્રબોધકોને પણ યહોવા તરફથી દર્શન
મળતું ન હતું. 10 જુઓ, સિયોન નગરનાં આગેવાનો, ભૂમિ પર મૂંગે મો-
ઢે બેઠા છે. તેમણે માથા પર ધૂળ નાખી છે. તેઓએ શોકનાં વસ્ત્ર પહેર્યા
છે. અરે! સિયોનની કુમારિકાઓનાં માથાં, દુ:ખથી ભોંય સુધી નીચા
નમી પડ્યાં છે! 11 રડી રડી આંખોનું તેજ ઘટી ગયું છે, ને મારા આંતરડા
કકળી ઊઠયા છે, મારંુ હૃદય, લોકોના નાશને જોઇને ઓગળી રહ્યું છે;
નગરનાં બાળકો રાજમાર્ગ પર મૂછિર્ત થઇ પડ્યા છે. 12 તેઓ પોતાની

માતા પાસે રોટલી અને દ્રાક્ષારસની માંગણી કરે છે; જ્યારે તેઓ ઘવાયે-
લાઓની જેમ બેભાન થઇને શહેરની ગલીઓમાં પડ્યા છે, અથવા
જ્યારે તેઓ પોતાની માતાની છાતી પર મૃત્યુ પામે છે. 13 તને શું કહું?
હે યરૂશાલેમનગરી; હે કુંવારી સિયોનપુત્રી તને કોની ઉપમા આપું? તને
કોની સાથે સરખાવી? તારી સાગર જેવી વિશાળ વેદનાનો ઉપાય કોણ
કરશે? 14 તમારા પ્રબોધકોએ કહ્યું કે તેમને સંદર્શન થયું હતું પણ તેઓ
જુઠું બોલી રહ્યા છે અને તને છેતરે છે, અને તને તારા અપરાધો વિષે ન
કહીને તેણે તને સુધરવાની તક જ નહોતી આપી. 15 હે યરૂશાલેમ નગ-
રી, તને જોઇને જતાં લોકો તાળી પાડીને તારી હાંસી ઊડાવે છે; માથું ધુ-
ણાવી ફિટકાર વરસાવે છે, "શું આ એ જ સુંદરતાની મૂર્તિ અને જગતની
આનંદનગરી છે!" 16 તારા શત્રુઓ મોં ઉઘાડી તારી હાંસી ઉડાવે છે,
અને દાંત કચકચાવી ને ફિટકાર વરસાવે છે. આપણે જ એને પાયમાલ
કરી છે, આપણે આ જ દિવસની રાહ જોતા હતા, જેની અમને પ્રતિક્ષા
હતી અને અમને તે પ્રાપ્ત થયો છે. 17 યહોવાએ જે વિચાર્યુ તે કર્યુ અને
તે સાચું પડ્યું; તેનો ભય, જેમ તેણે પ્રાચીનકાળમાં ચેતવણી આપી
હતી તેમ તેણે નિર્દયપણે ભયંકર વિનાશ કર્યો. અમને નીચા પડતા
જોઇ શત્રુઓને ખુશ કરવા સારું આ તક આપી છે, તેણે તમારા શત્રુઓ-
ને ઘમંડી બનાવ્યા છે. 18 હે સિયોનનગરી, તું સાદ ઊંચો કર; ને યહો-
વાને તારો આર્તનાદ સંભળાવ! તારી આંખે રાત દિવસ આંસુ વહે છે.
વિસામો ન દે અને આંખને સુકાવા ન દે. 19 તું રાત્રીના પ્રથમ પહોરે
ઊઠી, મોટેથી પ્રાર્થના કર; અને યહોવા સમક્ષ પાણીની જેમ હ્રદય ઠા-
લવ. ભૂખથી ચકલે ચકલે મૂર્ચ્છા પામતાં તારાં બાળકનો જીવ બચાવ-
વા યહોવા આગળ-તારો હાથ તેની ભણી ઊંચા કર. 20 આજુબાજુ જુઓ
હે યહોવા! જો તું કોને દુ:ખી કરી રહ્યો છે? શું માતાઓ તેમના જ પોતાના
બાળકોને ખાય? શું તારા યાજકો અને પ્રબોધકોને તારા જ પવિત્રસ્થા-
નમાં મારી નાંખવામાં આવે? 21 વૃદ્ધો અને બાળકો રસ્તાની ધૂળમાં
રઝળે છે, મારી કન્યાઓ અને યુવાનો તરવારનો ભોગ બન્યા છે; તારા
રોષને દિવસે તેં તેમનો સંહાર કર્યો છે; તમે નિર્દયપણે, તેઓને રહેંસી
નાખ્યાં છે. 22 જાણે કે ઉત્સવનો દિવસ હોય તેમ, તેં ચારે બાજુથી મારા
ભયંકર દુશ્મનોને બોલાવ્યા છે. તારા રોષને દિવસે કોઇ છટકવા ન પા-
મ્યા. તેમણે લાડથી ઉછરેલાં સહુને વધેરી નાખ્યાં છે અને શત્રુઓએ કો-
ઇનેય જીવતો રાખ્યો નથી.

3 હું એક એવો માણસ છું જેણે યહોવાના રોષના દંડાનો માર અનુ-
ભવ્યો છે. 2 હું એ માણસ જેવો છું જેને અંધારા રસ્તા પર દીવા
વગર ચાલવા માટે ફરજ પડાઇ છે. 3 ફકત મારી વિરૂદ્ધ જ તે ફરી ફરીને
આખો વખત પોતાનો હાથ ધૂમાવ્યા કરે છે. 4 તેણે મારી ચરબી અને
ચામડીને નુકશાન પહોંચાડ્યું છે. તેણે મારા હાડકાં ભાંગી નાખ્યા છે.
5 દુ:ખ અને સંતાપની કોટડીમાં પૂરી તેણે મને કેવો રૂંધી નાખ્યો છે!
6 મરી ગયેલા માણસની જેમ. તેણે મને કયારનોય અંધકારમાં પૂરી રા-
ખ્યો છે. 7 હું ક્યાંય છટકી ન જઇ શકું; તેથી તેણે મારી આસપાસ કોટ
ચણી લીધો છે. અને તેણે ભારે સાંકળોથી મને પકડી લીધો છે. 8 જ્યા-
રે હું પોકાર કરીને સહાય માંગુ છું, ત્યારે મારી તે પ્રાર્થના પાછી વાળે છે.
9 તેણે ઘડેલા પથ્થરોથી મારા માર્ગોને બંધ કર્યા છે અને તેણે તેને
વાંકાચૂંકા ભૂલભૂલા મણીભર્યા કર્યા છે. 10 તે રીંછની જેમ મારી વાટ
જોતો પડ્યો રહે છે, સિંહની જેમ મને પકડવા સંતાઇ રહે છે. 11 મેં લીધે-
લા માર્ગથી તેણે મને બહાર ખેંચી કાઢયો છે. તેણે મારા ટૂકડે-ટૂકડા
કરીને મને ત્યાં પડ્યો રહેવા દીધો છે. 12 તેણે ધનુષ્ય પર બાણ ચઢા-
વ્યું છે અને તેને મારી સામે તાક્યું છે. 13 તેણે પોતાના જ ભાથાનાં બા-
ણોથી. મારા મર્મસ્થાનો, ભેદી નાખ્યાં છે. 14 હું મારા લોકો સમક્ષ
હાંસીપાત્ર થયો છું; અને તેઓ આખો દિવસ મને ચીડવતા ગીતો ગાય
છે. 15 તેણે મારા જીવનને કડવાશથી ભરી દીધુ છે. તેણે મને કટુઝેરથી
ભરી દીધો છે. 16 વળી તેણે મારા દાંત કાંકરાથી ભાંગી નાખ્યા છે, તેણે
મને રાખમાં રગદોળી દીધો છે. 17 મારા હ્રદયની શાંતિ હરાઇ ગઇ છે,
સુંદર જીવન હોવું એ શુ છે તે હું ભૂલી ગયો છું. 18 હું કહું છુ કે, મારી
શકિત ખૂટી ગઇ છે અને યહોવા તરફની મારી આશા નષ્ટ થઇ છે.
19 યાદ કર કે, હું તો માત્ર ગરીબ શરણાથીર્ છું, અને હું દિવસે દિવસે
કડવા અનુભવમાંથી પસાર થાઉં છું. 20 નિરંતર મારું ચિત્ત તેનો જ વિ-
ચાર કર્યા કરે છે; અને હું નાહિમ્મત થઇ જાઉં છું. 21 એ હું મનમાં લાવું
છું અને તેથી જ હું આશા રાખું છું. 22 યહોવાની કરૂણા, ખૂટી પરવારી
નથી તેમ જ તેની દયાનો પણ અંત આવ્યો નથી. 23 દરરોજ સવારે તા-
રી કૃપાઓ નવેસરથી મને મળે છે, માણસ તારી પર હંમેશા નિર્ભર રહી
શકે. 24 મેં કહ્યું, "મારી પાસે જે કંઇ છે તે યહોવા છે. તેથી હું તેનામાં મા-
રી આશા મૂકું છું. 25 જે તેનામાં વિશ્વાસ રાખે છે અને જેઓ તેની વાટ
જોવાનું ચાલુ રાખે છે. તેમના માટે યહોવા સારો છે. 26 ચૂપ રહેવું અને
યહોવા તમને બચાવે તેની રાહ જોવી તે સારું છે. 27 હજુ યુવાન હોય તે
દરમ્યાન તે વ્યકિત દુ:ખની ઝૂંસરી ઉપાડે એમાંજ એનું કલ્યાણ છે.
28 જ્યારે યહોવા તેના પર ઝૂંસરી મૂકે છે, તેથી તેણે એકલા શાંત બેસવું
જોઇએ. 29 ભલે તે તેનો ચહેરો ધૂળમાં ઘાલે, ત્યાં હજી પણ કદાચ
આશા હશે. 30 જે તેને મારે છે તેના ભણી પોતાનો ગાલ ધરે; અને બધા
અપમાન વેઠી લો. 31 યહોવા આપણને કદી પણ નકારશે નહિ. 32 કા-
રણ, તે સજા કરે છે અને દુ:ખ દે છે; છતાં તે કરૂણાસાગર હોઇ દયા રાખે
છે. 33 તે રાજીખુશીથી કોઇને પણ દુ:ખ દેતો નથી, અને તેમને દુ:ખ
આપીને તે ખુશ થતો નથી. 34 જ્યારે પણ પૃથ્વી પરના કેદીને સિતમ-
ગાર દ્વારા કચડી નાંખવામાં આવે છે ત્યારે, 35 જ્યારે પણ કોઇનો હક્ક
પડાવી લેવામાં આવે છે, 'પરમ ઉચ્ચની હાજરીમાં ત્યારે'. 36 જ્યારે પણ
ન્યાય થતો નથી, યહોવાને તે મંજૂર નથી. 37 યહોવાની આજ્ઞા વિના
કોનું ધાર્યું થાય છે? 38 પરાત્પર દેવની આજ્ઞાથી જ સુખ અને દુ:ખ બન્ને
ઉત્પન્ન થાય છે. 39 પાપની સજા સામે કોઇ માણસે શા માટે ફરિયાદ
કરવી જોઇએ? 40 આપણી રીતભાત તપાસીએ અને કસોટી કરીએ
અને આપણે યહોવા તરફ પાછા ફરીએ. 41 આપણે બે હાથ જોડીને સા-
ચા હ્રદયથી. સ્વર્ગમાં વસતા દેવને પ્રાર્થના કરીએ. 42 અમે બળવો
કરીને અપરાધ કર્યો છે; અને તમે અમને માફ કર્યા નથી. 43 રોષે ભરા-
ઇને તમે અમારો પીછો કર્યો છે અને નિર્દયી રીતે અમારો વધ કર્યો છે.
44 તમે રોષના વાદળ પાછળ છુપાઇ ગયા છો; જેથી અમારી પ્રાર્થના
તમને ભેદીને પહોંચી શકે નહિ. 45 તમે અમને પ્રજાઓની વચમાં. કચ-
રા અને ઉકરડા જેવા બનાવી મૂક્યા છે. 46 અમારી વિરુદ્ધ મુખ ઉઘાડી-
ને અમારા સર્વ શત્રુઓએ અમારી હાંસી કરી છે. 47 અમે ભયભીત થયા
છીએ, જાણે અમે ખાડામાં પડી ગયા હોઇએ એવું લાગે છે. અમે એકલા
છીએ અને ભાંગી પડ્યા છીએ. 48 મારા લોકોનો વિનાશ જોઇને મારી
આંખોમાંથી આંસુની નદીઓ વહે છે. 49 યહોવા આકાશમાંથી દ્રષ્ટિ
કરીને જુએ ત્યાં સુધી. 50 નિરંતર મારી આંખમાંથી આંસુઓ વહે છે.
51 મારી નગરીની સર્વ કુમારીકાઓની દશા જોઇને મારી આંખો સૂજી ગઇ
છે. 52 તેઓ કારણ વિના મારા શત્રુ થયા છે અને તેમણે પંખીની જેમ
મારો શિકાર કર્યો છે. 53 તેઓએ મને જીવતો ખાડામાં નાખ્યો છે અને
તેમણે મારા પર પથ્થર ઢાંક્યો છે. 54 મારા માથા પર પાણી ફરી વળ્યાં
અને હું બોલી ઉઠયો કે "હું મરી ગયો છું." 55 હે યહોવા, કારાગૃહના ની-
ચલા ભોંયરામાંથી. મેં તમારા નામનો પોકાર કર્યો. 56 હું મદદ માટે ધા
નાખું છું અને મારી અરજ સાંભળીને તમે તમારો કાન બંધ ન કરશો.
57 તમે ચોક્કસ મારી હાંક સાંભળીને આવ્યા, અને કહ્યું પણ ખરુ
કે,"ડરીશ નહિ." 58 હે યહોવા! તમે અમારો બચાવ કર્યો છે અને મારું
જીવન બચાવ્યું છે. 59 હે યહોવા, તમે મને થયેલા અન્યાય જોયા છે.
તમે મારો ન્યાય કરો. 60 મારા પ્રત્યેની તેમની વેરવૃત્તિ, અને મારી વિ-
રુદ્ધના સર્વ કાવાદાવા તમે જોયા છે. 61 હે યહોવા, તેઓએ કરેલી મારી
નિંદા તથા તેઓએ મારી વિરૂદ્ધ કરેલા સર્વ કાવતરા તેં સાંભળ્યાં છે.
62 મારા વિરોધીઓ આખો દિવસ બખાળા કાઢે છે. તમે તેમના કાવાદા-
વા જાણો છો. 63 પછી ભલે તેઓ બેઠા હોય કે ઉભા હોય, હું તો તેમની
ઠઠ્ઠા મશ્કરીનું ધ્યેય બની ગયો છુ. 64 હે યહોવા, તમે તેમના હાથની
કરણી પ્રમાણે તેઓને, બદલો આપજો. 65 તમે તેઓની બુદ્ધિ જડ
બનાવી દેજો અને તેમના પર શાપ વરસાવજો. 66 ક્રોધે ભરાઇને પીછો
પકડીને તમે તેમનો નાશ કરજો અને હે યહોવા! તમે તેમનો પૃથ્વી પર-
થી સંહાર કરજો.

4 સોનું કેવું ઝાંખું પડ્યું છે, ને કુંદન બદલાઇ ગયું છે. પવિત્રસ્થાન-
ના પથ્થરો શેરીઓને ખૂણે વિખેરાઇને આમતેમ પડ્યા છે. 2 સિ-
યોનના અમૂલ્ય પુત્રો જે કુંદન જેવા છે. તેઓ શા માટે માટીના ઘડાના
મૂલમા લેખાય છે? 3 શિયાળ પણ પોતાનાં બચ્ચાંને થાને વળગાડીને
ધવડાવે છે પરંતુ મારી પ્રજા વગડાના શાહમૃગ જેવી લાગણી શૂન્ય થઇ

ગઇ છે. 4 તરસને કારણે બાળકોની જીભ તાળવે ચોંટી રહે છે, અને બા-
ળકો ખોરાકને માટે ભીખ માંગી રહ્યા છે. પણ તેમ છતાં કોઇ તેમને કશું
પણ આપતું નથી. 5 પાંચ પકવાન ખાનારા રસ્તે રઝળીને મરે છે. રેશ-
મી વસ્ત્રોમાં ઊછરેલાં ઉકરડે આળોટે છે. 6 મારા લોકોએ સદોમ કરતા
વધારે પાપ કર્યાં છે, અને સદોમમાં તો એક જ ક્ષણમાં બધું જ નાશ પા-
મ્યું છે; છતાં પણ કોઇ માણસે તેમને હાથ લગાડયો નથી. 7 તેના ચુ-
નંદા વીરો હીમ કરતાં ય સ્વચ્છ હતા, અને દૂધ કરતાં ય ધોળા હતા. તે-
મનાં શરીર પરવાળાં કરતાં ય લાલ હતાં અને તેમની નસો નીલમણી
જેવી નીલ હતી. 8 પણ હાલ તેઓ રસ્તામાં પડયાં છે, ઓળખાતા
નથી. તેમના મોંઢાકાજળથી પણ કાળા પડી ગયા છે; તેમની ચામડી
હાડકા પર ચીમળાઇ ગઇ છે અને સુકાઇને લાકડા જેવી થઇ ગઇ છે.
9 ભૂખથી મરનાર કરતાં તરવારથી મરનાર વધારે નસીબદાર હતા; તેમ-
ના જીવનો અન્નજળ વિના વહી ગયાં છે કારણકે ત્યાં લણવા માટે ધાન
નહોતું. 10 મારી પ્રજા પર એવી આફત ઊતરી આવી કે કોમળ હૃદયની
સ્ત્રીઓએ પોતાના પેટનાં છોકરાંને પોતાના હાથે રાંધીને ખાવા પડ્યાં.
11 યહોવાએ પૂરેપૂરો પોતાનો ક્રોધ બતાવ્યો. અને તેમણે તેને આગની
જેમ વરસાવ્યો હતો. સિયોન નગરીમાં એવી આગ ચાંપી હતી જે તેના
પાયાને સુદ્ધાં ભરખી ગઇ. 12 દુનિયાના કોઇ રાજા કે લોકોએ ધાર્યું નહો-
તું, કે યરૂશાલેમના શત્રુઓ તેમના દરવાજેથી પસાર થશે. 13 પણ બન્યું
એમ, પ્રબોધકોના પાપે; અને યાજકોના અન્યાયને કારણે; તેમણે નગ-
રમાં ન્યાયીઓનું લોહી વહાવ્યું છે. 14 તેઓ શેરીએ શેરીએ આંધળાઓ-
ની જેમ ભટક્યાં. તેઓ લોહીથી એવા તો લથબથ હતા કે કોઇ તેઓના
વસ્ત્રોને અડકી શકતું નથી. 15 તેઓને જ્યારે જોયા ત્યારે લોકો બૂમો
પાડી ઉઠ્યા; હે અશુદ્ધ લોકો, અમને અડકશો નહિ, તેના કારણે તેઓ
શહેરને છોડીને આમતેમ ભટકવા લાગ્યાં. રાષ્ટો વચ્ચે પણ એમ કહેવા-
માં આવ્યું હતું કે, "તેઓ અમારી વચ્ચે હવે જરાપણ વધારે રહે નહિ."
16 યહોવાએ જાતે જ તેમને વેરવિખેર કરી નાખ્યા. અને પછી તેમણે તે-
મના ભણી જોયું જ નહિ. તેમણે યાજકો પ્રત્યે આદર ન દાખવ્યો કે
વડીલો પર જરાયે દયા ન રાખી. 17 મદદની આશામાં સમય જોઇ જોઇ,
અમારી આંખો પણ થાકી ગઇ. પ્રજા રક્ષકની આશાએ રાહ જોઇ રહી
પરંતુ અમને બચાવવા કોઇ ન આવ્યું. 18 દુશ્મનો અમારી પાછળ
પડ્યા હતાં અને અમે રસ્તે ચાલી નહોતા શકતાં. અમારો અંત નજીક
આવ્યો હતો અને અમારા દિવસો પૂરા થયા હતા. 19 આકાશના ગરૂડ
કરતાંય ઝડપથી તેઓએ અમારો પીછો કર્યો; પર્વતો પર પણ તેમણે
અમારો પીછો કર્યો; ને રાનમાં પણ અમારી પર તરાપ મારવા સંતાઇ
ગયા. 20 યહોવાથી અભિષિકત થયેલો જે અમારા માટે નાકમાંના શ્વાસ
જેટલો મહત્વપૂર્ણ હતો તે અમારા શત્રુઓના બંદીવાસમાં બંદી થઇ
પડ્યો હતો, અમે કહેતા હતા "અમે તેની છત્રછાયામાં અમારા શત્રુઓની
વચ્ચે સુરક્ષિત છીએ." 21 અદોમના લોકો આનંદ માણો, તમારામાંના
જે ઉસ પ્રદેશમાં રહે છે તેઓએ બતાવવું જોઇએ કે યરૂશાલેમના લોકો
જોડે જે થઇ રહ્યું છે તેનાથી ખુશ છે. પણ દુ:ખનો પ્યાલો તમારી પર
પણ આવશે ત્યારે તમે ભાન ભૂલી જશો અને પોતાને નગ્ન કરી દેશો.
22 હે સિયોન, તારાં પાપની સજા પૂરી થઇ છે. હવે તને યહોવા દેશવટે
નહિ રાખે. હે અદોમ, યહોવા તને તારા અપરાધની સજા, કરશે અને તા-
રા પાપ ઉઘાડા કરશે.

5 હે યહોવા, અમારા પર શું શું વીત્યું છે તેનું સ્મરણ કર; ને અપ-
માન પર નજર કર. 2 દેશ વિદેશીઓના હાથમાં ગયો છે, અમારા
ઘરબાર પારકાઓના કબજામાં ગયા છે. 3 અમે અનાથ અને નબાપા
થઇ ગયા છીએ, ને અમારી માતાઓ વિધવા થઇ ગઇ છે. 4 પીવાના
પાણીના પૈસા આપવા પડે છે. અને લાકડાં પણ વેચાતાં લેવા પડે છે.
5 અમારી ડોક પર ઝૂંસરી મૂકી અમને પશુની જેમ હાંકવામાં આવે છે.
અમે હવે અનહદ થાકી ગાય છીએ; અમને વિશ્રામ મળતો નથી.
6 અમારે પેટ ભરીને રોટલો મેળવવા માટે મિસર અને આશ્શૂર સામે
હાથ જોડવા પડ્યા. 7 પાપ કરનારા અમારા પિતૃઓ રહ્યા નથી. અમારે
તેમના પાપની સજા ભોગવવી પડે છે. 8 શાસન કરે છે ગુલામો અમારા
પર. તેમના હાથમાંથી અમને છોડાવનાર કોઇ નથી. 9 જીવને જોખમે
અમારે રોટલો મેળવવો પડે છે; વગડામાં તરવારનું જોખમ છે. 10 દુકા-
ળની ભડભડતી અગનજાળથી અમારી ચામડી ભઠ્ઠી જેવી તપી ગઇ
છે. 11 અમારી સ્ત્રીઓનો સિયોનમાં બળાત્કાર થાય છે, અને કુમારીકા-
ઓનો યહૂદાના નગરોમાં. 12 અમારા આગેવાનોને તેમના હાથ વડે
લટકાવી દેવામાં આવે છે, અને વડીલોને કોઇ માન આપતું નથી.
13 જુવાનો પાસે ચક્કી પીસાવવામાં આવે છે. અને છોકરાઓ લાકડાના
ભારથી લથડી પડે છે. 14 વડીલો હવે ચોરે બેસતા નથી. જુવાનિયા-
ઓએ ગાવાનું છોડી દીધું છે 15 અમારા અંતરનો આનંદ મરી પરવાર્યો
છે. અમારાં નૃત્યો આક્રંદમાં પરિણમ્યા છે. 16 અમારે માથેથી મુગટ પડી
ગયો છે, દુર્ભાગ્ય અમારૂ! કારણકે અમે પાપ કર્યા છે. 17 આને કારણે
અમારા હૃદય બીમાર થઇ ગયા છે, અને આને લીધે અમારી આંખોએ
અંધારા આવી ગયા છે. 18 કારણકે સિયોનનો પર્વત ઉજ્જડ થઇ ગયો છે
એ જગ્યા, જ્યાં શિયાળવાં શિકારની શોધમાં ભટકે છે. 19 પણ, યહોવા,
તમારું રાજ સર્વકાળ સુધી રહે છે. પેઢી-દરપેઢી રાજ્યાસન ચાલુ રહે છે.
20 તું શા કારણે અમને ભૂલી જાય છે? તેં શા માટે આટલા બધા દિવસ
સુધી અમારો ત્યાગ કર્યો છે? 21 અમને પાછા લઇ લે, હે યહોવા! ત્યારે
અમે ફરીથી તારા થઇ જઇશું. અમને નવું જીવન આપ જેવું તેં ઘણા વર્ષ
પહેલા કર્યું હતું. 22 પણ તેં અમને સંપૂર્ણ નકાર્યા છે; તું અમારા પર બહુ
કોપાયમાન થયો છે.

# હઝકિયેલ

1 આ બાબત ત્રીસમા વર્ષના ચોથા મહિનાની પાંચમીએ બની
જ્યારે હું ઈસ્રાએલી બંદીવાનોની સાથે બાબિલમાં આવેલી કબાર
નદીની પાસે રહેતો હતો. તે વખતે મે જોયું કે આકાશ ઊઘડી ગયું, ને
મને દેવનાં દર્શન થયાં. 2 આ દર્શન દરમ્યાન પાંચમા વર્ષમાં ચોથા
મહીનાના પાંચમા દિવસે યહોયાકીન રાજાને બંદીખાનામાં નાખવામાં
આવ્યો હતો. 3 ત્યારે યહોવાનું વચન બૂઝીના પુત્ર હઝકિયેલ યાજક
પાસે આવ્યું; અને ત્યાં યહોવાનો હાથ તેના પર આવ્યો હતો. 4 તે દર-
મ્યાન મે જોયું, કે ઉત્તરમાંથી એક આંધીરૂપી તોફાન મારી તરફ આવતું
હતું. એ તો ખૂબજ વિશાળ વાદળું હતું, જેમાં અગ્નિ ચમકતો હતો, અને
જેની આસપાસ પ્રકાશ હતો, ચળકતી ધાતુ જેવી કોઈક વસ્તું અગ્નિમાં
હતી. 5 અને વાદળની મધ્યમાં ચાર જીવંત પ્રાણીઓ જેવું દેખાયું. તેમ-
નો દેખાવ માણસ જેવો હતો. 6 પણ દરેકને ચાર મુખ અને ચાર પાંખો
હતી. 7 તેમના પગ માણસના જેવા સીધા હતા પણ તેમના પગના પંજા
વાછરડા અને તે પિત્તળ સમાન ચળકતા હતા. 8 દરેકને ચાર મોઢાં અને
ચાર પાંખો ઉપરાંત પાંખોની નીચે ચારે બાજુએ માણસના જેવા ચાર
હાથ હતા. 9 તેઓની પાંખો એકબીજાની પાંખોને અડકતી હતી. ચાલતી
વખતે તેમને આમ કે તેમ ફરવું પડતું નહોતું. દરેક પ્રાણી સીધું આગળ
વધતું હતું. 10 પ્રત્યેક પ્રાણીને આગળના ભાગમાં માણસનું મુખ, જમ-
ણી બાજુ સિંહનું મુખ, ડાબી બાજુ બળદનું મુખ અને પાછળની તરફ
ગરૂડનુ મુખ હતું. 11 દરેક પ્રાણીની બે પાંખો પ્રસારેલી હતી અને તે પા-
સેના પ્રાણીની પાંખને સ્પર્શતી હતી અને બાકીની બે પાંખો શરીરને
ઢાંકતી હતી. 12 દરેક પ્રાણી સીધી દિશામાં ચાલતું હતું, જ્યાં પવન જતો
હતો. ચાલતાં ચાલતાં તેઓ આડા અવળાં વળતાં નહિ. 13 આ પ્રાણી-
ઓનો દેખાવ ચળકતા કોલસા જેવો તથા તેજસ્વી મશાલ જેવો હતો.
અને પ્રાણીઓ વચ્ચે અગ્નિનું હલનચલન ઉપર નીચે થતું હતું. તે અતિ-
શય તેજસ્વી અગ્નિ હતો અને તેમાંથી વીજળીના ચમકારા થતા હતા.
14 અને તે પ્રાણીઓ વીજળીના ચમકારાની જેમ આગળ વધતાં હતાં
તથા પાછળ જતાં હતાં. 15 આ સર્વ હું નિહાળી રહ્યો હતો ત્યારે મેં દરેક
પ્રાણીની પાસે એક એમ ચાર પૈડાં જમીનને અડેલા જોયાં. 16 પૈડાઓ
પીરોજની જેમ ચળકતાં હતાં અને બધાં એક સરખા હતા; અને એક પૈ-
ડાની અંદર બીજુ પૈડું હોય તેવું દેખાતું હતું. 17 આથી તેઓ વાળ્યા વગર
ચારે દિશામાં જઈ શકતા હતા. 18 ચારેય પૈડાની ધારો ઊંચી અને ભયા-
નક હતી અને તેને સર્વત્ર આંખો હતી. 19 જ્યારે પ્રાણીઓ ચાલતા ત્યારે
પૈડાં પણ તેમની સાથે ચાલતાં, જ્યારે પ્રાણીઓ જમીન પરથી ઊંચે
જતાં ત્યારે પૈડાં પણ જમીન પરથી ઊંચે જતાં. 20 પ્રાણીઓ મન ફાવે
ત્યાં જતાં, અને પૈડાં પ્રાણીઓની સાથે સાથે જતાં. કારણ, પૈડાઓ
ઉપર પ્રાણીઓનું નિયંત્રણ હતું. 21 જ્યારે પ્રાણીઓ ચાલતાં ત્યારે પૈડા
ચાલતાં, પ્રાણીઓ ઉભા રહેતાં ત્યારે પૈડાં ઊભા રહેતા અને પ્રાણીઓ
જમીન પરથી ઊંચે જતાં ત્યારે પૈડાં પણ ઊંચે જતા હતાં કારણ, પૈ-
ડાઓ ઉપર પ્રાણીઓનું નિયંત્રણ હતું. 22 પ્રાણીઓના માથાં ઉપર ઊંચે,
આકાશના ઘૂમટ જેવો અદ્દભુત સ્ફટિકના જેવો જાણે ચમકતો ઘૂમટ તા-
ણેલો હતો. 23 એ ઘૂમટની નીચે પ્રાણીઓએ નજીકના પ્રાણીની પાંખને
સ્પશેર્ એ રીતે બબ્બે પાંખ પ્રસારેલી હતી અને બીજી બે પાંખોથી દરેક-
નું શરીર ઢંકાયેલું હતું. 24 તેઓ ઉડતાં ત્યારે તેઓની પાંખોનો અવાજ
ધસમસતા પાણીના અવાજ જેવો મોટો સૈન્યના કોલાહલ જેવો, સર્વસ-
મર્થના સાદ જેવો સંભળાતો હતો. અને જ્યારે તેઓ ઉભા રહેતાં ત્યારે
તેઓ પોતાની પાંખો નીચે નમાવી મૂકતા. 25 અને જ્યારે તેઓ થોભ્યા,
ત્યારે તેઓના માથા પર ઘૂમટ માંથી અવાજ આવ્યો અને તેઓએ તેમ-
ની પાંખોને નીચેની તરફ નમાવી દીધી. 26 જાણે ચાંદી, પિત્તળ, લોખંડ,
સીસુ અને જસતને ઓગાળીને અગ્નિમાં એકઠા કર્યા હોય તેમ તેઓનાઁ
માથાઁ પર પ્રસારેલા ઘૂમટની ઉપર જાણે નીલમનું બનાવેલું હોય તેવું રા-
જ્યાસન જેવું દેખાયું. આ રાજ્યાસન પર એક મનુષ્ય જેવો આકાર દેખા-
યો. 27 તેની કમરનો ઉપરનો સમગ્ર ભાગ ચળકતી ધાતુ જેવો દેખાતો
હતો, અને કમરની નીચેનો સમગ્ર ભાગ અગ્નિની જેમ પ્રકાશતો હતો.
તેની ચારે બાજુએ ઝળહળાટ વ્યાપેલો હતો. 28 એ ઝળહળાટમાં ચોમા-
સામાં થતા મેઘધનુષની જેવા બધા રંગો દેખાતા હતાં. આ રીતે યહોવા-
ના મહિમાનું સ્વરૂપ મારી સમક્ષ પ્રગટ થયું. તે જોઈને મેં સાષ્ટાંગ નમ-
સ્કાર કર્યા અને મને સંબોધતી કોઈની વાણી મારા સાંભળવામાં આવી.
2 તેમણે મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, ઊભો થા, મારે તારી સાથે
વાત કરવી છે.” 2 તેમણે મારી સાથે વાત કરી અને દેવનો આત્મા
મારી અંદર પ્રવેશ્યો અને હું પગ પર ઊભો થયો; અને મેં તેમની વાણી
સાંભળી. 3 તેમણે મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, હું તને ઈસ્રાએલ પાસે,
હા, મારી વિરુદ્ધ બંડ કરનાર પ્રજા પાસે મોકલું છું, તેઓ તથા તેઓના
પિતૃઓ આજ દિવસ સુધી મારી વિરુદ્ધ પાપ કરતા આવ્યા છે. 4 તેઓ
ઉદ્ધત અને હઠીલા છે, તેમની વચ્ચે હું તને મોકલું છું, તું તેમને મારી
વાણી સંભળાવજે. 5 ભલે પછી તેઓ તને સાંભળે કે ન સાંભળે. એ તો
બંડખોરોની પ્રજા છે; તોપણ તેમને એટલી તો ખબર પડશે કે તેમની
વચ્ચે કોઈ પ્રબોધક આવ્યો છે. 6 “પણ, હે મનુષ્યના પુત્ર, તું તેમનાથી
ડરીશ નહિ કે તેમના વચનોથી ગભરાઈશ નહિ; ભલે તારી ચારે બાજુ
ઝાંખરાં અને કાંટાઓ હોય અને તારે વીંછીઓની આસપાસ વસવું પડે,
તેમ છતાં તું તેમનાથી ડરીશ નહિ, અને નાસીપાસ થઈશ નહિ, કારણ
કે તેઓ તો બંડખોરો પ્રજા છે. 7 અને તારે તેઓને તે કહેવું જે મેં તને
કહ્યુ, પછી ભલે તે લોકો સાંભળે કે ન સાંભળે કારણ કે તેઓ તો બળ-
વાખોર પ્રજા છે. 8 “હે મનુષ્યના પુત્ર, હું જે કહું છું તે સાંભળ, એ બંડખો-
રોની જેમ તું બંડખોર થઈશ નહિ, તારુ મુખ ઉઘાડ અને હું તને આપું છું
તે તું ખાઈ જા.” 9 અને મેં જોયું તો ઓળિયું પકડેલો એક હાથ મારા તરફ
લંબાયેલો હતો; 10 તેમણે મારી આગળ ઓળિયું ખુલ્લું કર્યું. તેમાં બન્ને
તરફ લખાયેલું હતું; તેમાં અંતિમ ક્રિયાના ગીતો, શોકગીતો તથા વિલાપ
ગીતો લખેલા હતાં.
3 દેવે કહ્યું, “હે મનુષ્યના પુત્ર, તારી સામે છે તે ખાઈ, જા, આ
ઓળિયું ખાઈ જા, અને પછી ઈસ્રાએલીઓ આગળ જઈને કહી
સંભળાવ.” 2 તેથી મેં મારું મુખ ઉઘાડ્યું અને તેમણે મને ઓળિયું ખા-
વા માટે આપ્યું. 3 પછી તેમણે મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, હું તને
આપું છું તે ઓળિયું ખાઈ જા અને તારું પેટ ભર.”મેં તે ખાધું અને મને તે
મધ જેવું મીઠું લાગ્યું. 4 પછી તેમણે મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, ઈસ્રા-
એલીઓ પાસે જઈને હું તને કહું તે તેઓને કહે. 5 હું તને દૂરના દેશમાં
રહેતી અને તું ન સમજી શકે તેવી અજાણી ભાષા બોલતી વિદેશી પ્રજા
પાસે નથી મોકલતો, પણ ઈસ્રાએલી પ્રજા પાસે મોકલું છું. 6 હું તને કોઈ
અજાણી કે અઘરી ભાષા બોલનાર પ્રજા પાસે નથી મોકલતો. જો હું તને
તેઓની પાસે મોકલું તો તેઓ જરૂર તારો સંદેશો સાંભળે. 7 પરંતુ ઈસ્રા-
એલીઓ તારી વાત નહિ સાંભળે, કારણ, તેઓ મારી વાત સાંભળવા
પણ તૈયાર નથી. તેઓ બધા એવા કઠોર અને હઠીલા છે. 8 તેથી હું પણ
તને એમના જેટલો જ કઠોર અને હઠીલો બનાવીશ. 9 હું તને કાળમીઠ
પથ્થર જેવો, અરે! વજ્ર જેવો કઠણ બનાવીશ. માટે તું એ બંડખોરોથી
બીશ નહિ, ગભરાઈશ નહિ.” 10 પછી દેવે મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર,
હું તને જે કહું તે ધ્યાનથી સાંભળ અને બરાબર યાદ રાખી લે. 11 પછી
બંદીવાસમાં ગયેલા તારા લોકો પાસે જઈને તેઓને કહે: ‘યહોવા મારા
માલિક આ પ્રમાણે કહે છે!’ તેઓ સાંભળે કે ન સાંભળે.” 12 પછી

આત્માએ મને ઉપર ઊંચકી લીધો અને મેં મારી પાછળ પ્રચંડ અવાજ
સાંભળ્યો: "યહોવાના ગૌરવને ધન્ય હો." 13 મેં હવામાં પ્રાણીઓની
પાંખો એકબીજા સાથે અથડાવાનો મોટો અવાજ સાંભળ્યો, અને, તેમ-
ની પાછળ પૈડાંઓના ગડગડાટ પણ સંભળાતા હતા. 14 પછી આત્મા
મને ઉપાડી ગયો અને હું દુ:ખી થઈને ક્રોધ અનુભવતો સાથે ગયો. પરંતુ
યહોવાનો હાથ પ્રબળ રીતે મારા પર હતો. 15 હું તેલ- આબીબકબારન-
દીને કાંઠે વસતા દેશવટો ભોગવનારાઓ પાસે પહોંચી ગયો અને સાત
દિવસ સુધી તેમની વચ્ચે સ્તબ્ધ બની બેસી રહ્યો. 16 સાત દિવસો પૂરા
થયા પછી મને આ પ્રમાણે યહોવાની વાણી સંભળાઇ: 17 "હે મનુષ્યના
પુત્ર, મેં તને ઇસ્રાએલ પર ચોકીદાર તરીકે નીમ્યો છે; જ્યારે હું મારા લો-
કો માટે ચેતવણી મોકલું ત્યારે તે તરત જ તેઓને જણાવજે. 18 હું કોઇ
દુષ્ટ માણસને મોતની સજા કરું અને તું જો તેને ચેતવે નહિ કે, 'તું તારો
દુષ્ટ વ્યવહાર છોડી દે નહિ તો મરી જઇશ;' તે તો તેના પાપે મરશે પણ
તેના મૃત્યુ માટે હું તને જવાબદાર લેખીશ. 19 "પણ જો તું તે દુષ્ટ માણ-
સને ચેતવે અને તે પોતાનો દુષ્ટ વ્યવહાર ન છોડે તો, તે પોતાના પાપે
મરશે, પણ તારો જીવ બચી જશે. 20 "વળી, જો કોઇ નીતિવાન માણસ
ચલિત થઇને ભૂંડું કાર્ય કરે અને તેના પરિણામ વિષે તું તેમને ચેતવણી
આપે નહિ તો યહોવા તેનો નાશ કરશે. તેણે અગાઉ કરેલા સારા કાર્યો
તેને સહાયરૂપ થશે નહિ, તે પોતાનાં પાપમાં મૃત્યુ પામશે. પરંતુ તેના
મૃત્યુ માટે હું તને જવાબદાર ગણીશ અને તને શિક્ષા કરીશ. 21 "પણ જો
તું કોઇ સારા માણસને પાપ ન કરવાને ચેતવે અને તે પાપ ન કરે તો તે
તારી ચેતવણીને લીધે જીવતો રહેશે, એટલું જ નહિ, તારો જીવ પણ
બચી જશે." 22 ત્યારે યહોવાનો હાથ મારી પર એ જગ્યાએ આવ્યો અને
તેણે મને કહ્યું, "ઊઠ, બહાર ખીણમાં જા, ત્યાં હું તારી સાથે વાત
કરીશ." 23 તેથી હું ઊઠીને મેદાનમાં ગયો અને ત્યાં મને કબાર નદી પર
થયા હતાં તેવા યહોવાના ગૌરવનાં દર્શન થયાં, મેં સાષ્ટાંગ પ્રણામ
કર્યા. 24 પછી દેવનો આત્મા મારી પાસે આવ્યો અને મને ઉભો કર્યો
અને તેણે મને કહ્યું, "ઘરે જઇને પોતાને તારા ઘરની અંદર બંધ કરી દે.
25 હે મનુષ્યના પુત્ર, તને દોરડાં વડે બાંધવામાં આવશે, જેથી તું લોકો-
માં જઇ ન શકે. 26 અને હું તારી જીભને તારા તાળવે ચોંટાડી દઇશ. જે-
થી તું મૂંગો બની જશે અને તેઓને ઠપકો આપી શકશે નહિ; તેઓ તો
બળવાખોરોની જમાત છે. 27 પરંતુ મારે તને કઇંક કહેવું હશે ત્યારે હું
તને ફરી બોલતો કરીશ, અને તું તેમને કહેજે કે, 'યહોવા આપણા પ્રભુ
આ પ્રમાણે કહે છે.' જેને સાંભળવું હોય તે સાંભળે, ન સાંભળવું હોય તે
ન સાંભળે, એ તો બળવાખોરોની જમાત છે."

4 દેવે કહ્યું, "હે મનુષ્યના પુત્ર, એક મોટી ઇંટ લઇ તારી સામે મૂક,
અને તેના પર યરૂશાલેમનો નકશો દોર. 2 પછી તેને ઘેરો ઘાલ, તે-
ના ફરતે ખાઇ બનાવ, હુમલો કરવા માટે માટીના ગઢ ઊભા કર. છાવ-
ણી ઊભી કર અને ચારે બાજુ કોટનો નાશ કરવાના યંત્રો ગોઠવ. 3 વળી
એક લોખંડની તાવડી લઇ, તારી અને નગરની વચ્ચે લોખંડની ભીત
તરીકે આડી મૂક, શહેરની તરફ મોઢું કર, શહેરને ઘેરો ઘાલેલો છે અને
ઘેરો ઘાલનાર તું છે. ઇસ્રાએલીઓને માટે આ એક સંકેત છે. 4 "પછી તા-
રા ડાબા પડખે સૂઇ જા, અને તારે ઇસ્રાએલનાં લોકોના અપરાધની ઘો-
ષણા કરવી પડશે, તું જેટલા દિવસ ડાબે પડખે સૂઇ રહેશે તેટલા દિવસ
ઇસ્રાએલના પાપોના અપરાધની ઘોષણા કરવી જોઇશે. 5 મેં તેઓના
પાપોના વરસોની સંખ્યા નક્કી કરી છે જેવી રીતે તારા માટે દિવસોની
સંખ્યા નક્કી કરી છે. તેથી ત્રણસોને નેવું દિવસ સુધી તું ઇસ્રાએલ પ્ર-
જાના અપરાધની ઘોષણા કરશે. 6 "આ પ્રમાણે કર્યા પછી તારે તારા
જમણા પડખે સૂઇ જવું અને યહૂદિયાના લોકોના પાપોની ઘોષણા કર-
વી. દરેક વરસને માટે એક દિવસ એમ 40 દિવસ તારે માટે મેં ઠરાવ્યા
છે. તેટલા દિવસો સુધી યહૂદાના પાપો અને અપરાધની ઘોષણા કરજે."
7 "ત્યાર બાદ તારે યરૂશાલેમના ઘેરા તરફ એકીટશે જોઇ રહેવું. અને એ
શહેરના વિનાશનું ભવિષ્ય ભાખવું. 8 હું તને દોરડાં વડે બાંધી દઇશ,
જેથી ઘેરો પૂરો થતાં સુધી તું એક પડખેથી બીજે પડખે ફરી નહિ શકે."
9 "ત્યારપછી તારે, ઘઉં, જવ, વટાણા, ચોળા, મઠ અને બાજરીનો લોટ
લઇ એક જ વાસણમાં નાખી તેમાંથી રોટલા બનાવવા. જ્યારે તું ત્રણ-
સોને નેવું દિવસ સુધી સૂઇ રહીશ ત્યારે તારે ફક્ત એ જ ખાવાનું છે.
10 તારે દરેક વખતે ભોજન તોળીને ખાવું પડશે. તને દરરોજ એક કપ
લોટની રોટલી બનાવીને. દિવસ દરમ્યાન નક્કી કરેલા ચોક્કસ સમયે
તું ખાઇ શકીશ. 11 તારે જળપાન પણ માપીને જ કરવું, આખા દિવસના
બે પ્યાલા. 12 તારે બધાની હાજરીમાં માણસનો સુકાયેલો મળ સળગા-
વવો અને તેના ઉપર જવના રોટલાં શેકવા." 13 યહોવા જાહેર કરે છે કે
"ઇસ્રાએલીઓને હું જે દેશોમાં બંદીવાન તરીકે લઇ જઇશ ત્યાં તેઓ આ
રીતે અશુદ્ધ થયેલો ખોરાક ખાશે!" 14 પણ મેં કહ્યું, "હે યહોવા મારા મા-
લિક, મેં મારી જાતને કદી અભડાવી નથી. મેં બાળપણથી આજ સુધી
કદી કુદરતી રીતે મૃત્યુ પામેલું કે કોઇ જંગલી પશુએ મારી નાંખેલું પ્રાણી
ખાધું નથી, મેં કદી નિયમશાસ્ત્ર દ્વારા નિષિદ્ધ ખોરાક મોંમા મૂક્યો
નથી. 15 ત્યારે તેમણે મને કહ્યું, "હું તને માનવમળને બદલે છાણાં
ઉપર રોટલા શેકવાની છૂટ આપું છું." 16 એટલે તેમણે મને કહ્યું, "હે
મનુષ્યના પુત્ર, હું યરૂશાલેમનો અનાજનો ભંડાર ખાલી કરી નાખનાર
છું, ત્યાંના લોકો ચિંતામાંને ચિંતામાં તોળી તોળીને ખાશે અને ભયના
માર્યા માપી માપીને પાણી પીશે. બધા જ ભયભીત થઇ જશે. 17 હું ખો-
રાક અને પાણીની અછત ઊભી કરીશ, પછી તેઓ હતાશ થઇ જશે
અને પોતાના પાપોને કારણે તેઓ કરમાઇ જશે અને વેડફાઇ જશે.

5 "હે મનુષ્યના પુત્ર, હજામના અસ્ત્રા જેવી ધારદાર તરવાર લઇ
તારુ માથું અને દાઢી મૂંડી નાખ. પછી ત્રાજવા લઇને તેં ઉતારેલા
વાળના ત્રણ સરખા ભાગ કર. 2 તેં દોરેલા યરૂશાલેમના નકશાના
મધ્યભાગમાં ત્રીજા ભાગના વાળ મૂક, ઘેરો પૂરો થયા પછી તેને ત્યાં
બાળી નાખ. બીજા એક તૃતીયાંશ ભાગને તારા નકશા પરના યરૂશાલેમ
નગરની આસપાસ તરવારથી કાપી નાખ, વાળના છેલ્લા ત્રીજા ભાગને
પવનમાં ઉડાવી દે. કારણ કે હું મારા લોકોનો તરવારથી પીછો પકડીશ.
3 એ વાળમાંથી થોડા લઇને તારા ઝભ્ભાની ચાળમાં વીંટી દેજે. 4 તે-
માંથી થોડા વાળ લઇને દેવતામાં નાખી બાળી મૂકજે. એમાંથી અગ્નિ પ્ર-
ગટી સમગ્ર ઇસ્રાએલી પ્રજામાં વ્યાપી જશે." 5 યહોવા મારા માલિક કહે
છે: "યરૂશાલેમને જુઓ, તેને મેં પૃથ્વીની મધ્યમાં ગોઠવી છે અને બીજા
દેશો એની આજુબાજુ આવેલા છે. 6 પરંતુ એ તેની આજુબાજુની પ્ર-
જાઓ કરતાં પણ વધારે દુષ્ટ નીકળી અને તેણે મારા કાયદાઓ અને
નિયમો સામે તેમનાં કરતાં વધુ બળવો કર્યો છે. તેણે મારા કાયદાઓનો
અનાદર કર્યો છે અને મારા નિયમોનું ઉલ્લંઘન કર્યું છે." 7 આથી યહોવા
મારા માલિક કહે છે, તમારી બાજુના પડોશીઓ કરતાં તમે વધારે દુષ્ટ
છો; તમે મારા કાયદા પ્રમાણે ચાલ્યા નથી; મારા નિયમોનું પાલન કર્યું
નથી; તમે તમારી આજુબાજુની બીજી પ્રજાઓના નિયમોનું પણ પાલન
નથી કર્યું." 8 તેથી, યહોવા મારા માલિક, કહે છે કે, "હું પોતે તમારી વિ-
રુદ્ધ છું: હું બધાની હાજરીમાં તમારી પર ન્યાયશાસનનો અમલ કરીશ.
9 તમારા બધા ધૃણાજનક આચારોને કારણે હું તમને એવી સજા કરીશ
જેવી મેં કદી કરી નથી, ને ભવિષ્યમાં કદી કરવાનો નથી. 10 પરિણામે
તમારા લોકોમાં પિતા પોતાના પુત્રને ખાશે, ને પુત્ર પોતાના પિતાને
ખાશે; હું તમને સજા કરીશ અને તમારા જે વતનીઓ બચવા પામ્યા હશે
તેમને હું ચારે દિશાઓમાં વેરવિખેર કરી નાખીશ." 11 યહોવા મારા મા-
લિક કહે છે કે, "હું મારા સમ ખાઇને કહું છું કે, તે તારી તિરસ્કૃત વસ્તુ-
ઓથી (મૂર્તિઓથી) અને ધૃણાજનક વર્તનથી મારા પવિત્રસ્થાનને
અશુદ્ધ કર્યું છે તેથી હું પણ તમને વેતરી નાખીશ. હું તમારા પર કરૂણા
નહિ રાખું કે દયા બતાવીશ નહિ. 12 તમારી વસ્તીનો ત્રીજો ભાગ રોગ-
ચાળાથી અને ભૂખમરાથી માર્યો જશે અને ત્રીજો ભાગ શહેરની ફરતે યુ-
દ્ધમાં તરવારથી કપાઇ જશે અને ત્રીજા ભાગને હું ચારે દિશામાં વેરવિખેર
કરી નાખીશ અને ઉઘાડી તરવારથી તેમનો પીછો કરીશ. 13 એ રીતે મા-
રો ક્રોધ શમી જશે. હું તેમના પર મારો રોષ વરસાવીશ, ત્યારે જ મને
શાંતિ વળશે. મારો ક્રોધ હું તેમના પર પૂરેપૂરો ઉતારીશ ત્યારે એમને
ખબર પડશે કે, હું યહોવા પુણ્યપ્રકોપથી આ બોલ્યો હતો." 14 દેવ કહે
છે, "હું તમને ખંડિયેરનો ઢગલો બનાવી દઇશ અને આસપાસની પ્ર-
જાઓ અને જતાઆવતા લોકો તમારી હાંસી ઉડાવશે. 15 હું જ્યારે તને
રોષે ભરાઇને સજા કરીશ ત્યારે આજુબાજુની પ્રજાઓ ભયથી થરથર
કાંપશે અને તું એમને માટે હાંસીપાત્ર બની જઇશ અને તેમના માટે ચે-
તવણી રૂપ તથા અચંબારૂપ થઇ જઇશ; હું યહોવા આમ બોલ્યો છું.
16 હું મારા દુકાળરૂપી જીવલેણ બાણો છોડીશ; તે તમારો જીવ લઇ લે-
શે, હું મારા જીવલેણ બાણો છોડ્યા કરીશ અને તમારા અનાજના ભંડા-

રો ખાલી કરીને તમારી વચ્ચે ભૂખમરો વધારીશ. 17 હું તમારી સામે દુકા-
ળને અને જંગલી પશુઓને મોકલીશ, તેથી તમારા પર મોત અને ખૂનરે-
જી ફરી વળશે; તમે મારી તરવારનો ભોગ બનશો, આ હું યહોવા બોલ્યો
છું.”

6 યહોવાની વાણી મને ફરીથી સંભળાઇ: 2 “તેણે કહ્યું હે મનુષ્યના
પુત્ર, ઇસ્રાએલના પર્વતો તરફ તારું મુખ ફેરવ અને તેમને મારા
વચનો સંભળાવ: 3 “‘હે ઇસ્રાએલના પર્વતો, યહોવા મારા માલિકનો
સંદેશો સાંભળો, યહોવા મારા માલિક પર્વતોને અને ડુંગરોને અને ખી-
ણોને કહે છે; હું યહોવા તમારા પર યુદ્ધ લાવીશ અને તમારા ઉચ્ચસ્થા-
નોનો વિનાશ કરીશ. 4 તમારી વેદીઓ તોડી પાડવામાં આવશે અને
તમારી ધૂપવેદીઓ ભાંગી નાખવામાં આવશે. અને હું તમારા મૃતદેહોને
તમારી અપવિત્ર મૂર્તિઓ આગળ નીચે પાડી દઇશ. 5 હું ઇસ્રાએલનાં
લોકોના મૃતદેહો તેમની અશુદ્ધ મૂર્તિઓ સમક્ષ નાખીશ અને તેમના હા-
ડકાંને તેમની વેદીઓની આસપાસ વિખેરી નાખીશ. 6 ઇસ્રાએલના સર્વ
નગરોને ખંડિયેર બનાવી દેવામાં આવશે અને તમારા મૂર્તિપૂજાના થાન-
કોને ભોંયભેંગા કરવામાં આવશે; તમામ વેદીઓ અને મૂર્તિઓ ભાંગી
નાખવામાં આવશે અને ધુપદાનીઓને તોડી નાખવામાં આવશે; તમારી
એકેએક વસ્તુનું નામોનિશાન મિટાવી દેવામાં આવશે. 7 તમારી ચારે-
બાજુ હત્યા થશે, ત્યારે જેઓ બચી જશે તેઓ જાણશે કે હું યહોવા છું.’”
8 દેવે કહ્યું, “પરંતુ હું તમારામાંના કેટલાકને જીવતા રહેવા દઇશ, તેઓ
હત્યામાંથી બચી જશે. 9 અને પછી તેઓ વિદેશી પ્રજાઓમાં વેરવિખેર
થઇ દેશવટો ભોગવશે. ત્યાં તેઓ મને યાદ કરશે અને તેમને સમજાશે કે
તેમના હૃદયો દગાબાજ નીવડી મૂર્તિઓ ઉપર મોહી પડ્યા હતાં તેથી
તેમને શરમાવવા માટે મેં તેમને સજા કરી હતી. આમ, પોતે કરેલાં ધૃ-
ણાજનક કૃત્યો બદલ તેમને પોતાના પર તિરસ્કાર થશે. 10 અને તે રીતે
તેઓને ખાતરી થશે કે હું એકલો જ યહોવા છું; અને હું તેઓને કહેતો
હતો કે આ સર્વ વિપત્તિઓ તમારા પર લાવીશ. તે મેં અમસ્તુ કહ્યું ન
હતું.” 11 યહોવા મારા માલિકે કહ્યું, “ઇસ્રાએલના લોકોએ તિરસ્કૃત દુ-
ષ્કૃત્યો કર્યા છે માટે હાથ અફાળીને, પગ પછાડીને ઘૃણાથી બડબડાટ
કરો, એ લોકો યુદ્ધથી, ભૂખમરાથી અને રોગચાળાથી મૃત્યુ પામશે.
12 જેઓ બંદીવાસમાં છે તેઓ માર્યા જશે, જેઓ ઇસ્રાએલ દેશમાં છે
તેઓ યુદ્ધમાં માર્યા જશે અને બાકીના જેઓ ઘેરાબંધીની અંદર છે તેઓ
દુકાળમાં માર્યા જશે. અને તેથી આમ હું તેમના પર મારો ગુસ્સો ઉતા-
રીશ. 13 મૂર્તિઓની ફરતે વેદીઓની આસપાસ એકેએક પર્વતની ટોચ
પર, એકેએક ઘટાદાર ઝાડ નીચે, એકેએક વૃક્ષ નીચે, ટૂંકમાં જ્યાં જ્યાં
તેઓ મૂર્તિને બલિ ચઢાવે છે ત્યાં ત્યાં તેમના કપાઇને પડેલા મડદાં
રઝળશે. 14 ત્યારે હું તેમને શિક્ષા કરીશ અને તેમના સમગ્ર પ્રદેશને વે-
રાન વગડો બનાવી દઇશ. રણમાં આવેલા રિબ્બાથી માંડીને દરેક પ્રદેશ
જ્યાં તેઓ રહ્યાં હતાં તેનો વિનાશ થશે. ત્યારે તેમને ખબર પડશે કે હું
યહોવા છું.”

7 યહોવાએ મને એક વધુ સંદેશો આપ્યો; 2 “હે મનુષ્યના પુત્ર,
ઇસ્રાએલને કહે કે, તમારા દેશમાં જ્યાં જશો ત્યાં પૂર્વ-પશ્ચિમ,
ઉત્તર-દક્ષિણ ચારે ખૂણાઓનો અંત આવ્યો છે. 3 આખો દેશ પુરો થવા
બેઠો છે, હવે તારો અંત આવી પહોંચ્યો છે. મારો રોષ તારા પર ઊતર-
નાર છે. હું તારાં દુષ્કમોર્નો હિસાબ માગીશ અને તારાં ધૃણાજનક કમો-
ર્ની ઘટતી સજા કરીશ. 4 હું તારા પર કોઇ દયા બતાવીશ નહિ કે અનુ-
કંપા રાખીશ નહિ. તારા દુષ્કમોર્ની હું તને સજા કરનાર છું. હું તારા બધાં
ધૃણાજનક કૃત્યો માટે હું તારો ન્યાય કરીશ, જેથી તને ખબર પડે કે હું
યહોવા છું.” 5 યહોવા મારા માલિકના આ વચન છે: “એક પછી એક
આફત આવી રહી છે. 6 અંત આવી રહ્યો છે. તમારો અંત આવી રહ્યો છે,
અત્યારે જ આવી રહ્યો છે. 7 ઇસ્રાએલના રહેવાસીઓ માટે ભયસૂચક
ધ્વની કરવામાં આવી છે, તમારો સજા માટેનો સમય આવી પહોંચ્યો છે.
વિપત્તિનો દિવસ નજીક આવી રહ્યો છે. આ દિવસ આનંદના ઉત્સવો-
નો નહિ પણ ખેદ કરવાનો દિવસ હશે! 8 હમણાં જ હું મારો રોષ તમારા
ઉપર ઉતારું છું, મારો કોપ ઠાલવું છું. હું તમારા દુષ્કમોર્નો હિસાબ મા-
ગનાર છું અને તમારા ધૃણાજનક કૃત્યોની ઘટતી સજા કરનાર છું. 9 હું
તમારી દયા રાખનાર નથી કે તમારી કરૂણા કરનાર નથી, હું તમને તમા-
રા દુષ્કૃત્યો માટે સજા કરીશ. તમારા ધૃણાજનક કૃત્યો માટે થઇને હું
તમારો ન્યાય કરીશ, જેથી તમને ખબર પડે કે હું યહોવા સજા કરું છું.
10 “ઇસ્રાએલ માટે વિનાશનો દિવસ આવે છે, ભયની ઘંટડી વાગી ચૂકી
છે, ન્યાયનો દંડ મ્હોરી ચૂક્યો છે અને ઉદ્ધતાઇ સમૃદ્ધ થઇ છે. 11 હિંસા
ક્યારનીયે વધી ગઇ છે અને તેણે દુષ્ટતાનો ટેકો લઇ લીધો છે. એ તેમ-
નામાંથી કે તેમના સંગ્રાહકોમાંથી કે તેમના વિષ્વાસઘાતીઓમાંથી કે
તેમના બળવાખોરોમાંથી નથી આવતી. 12 “સમય આવી રહ્યો છે, દિ-
વસ ઉગવાની તૈયારીમાં છે. ખરીદનારે હરખાઇ જવાનું નથી, કે વેચનારે
પસ્તાવાનું નથી, કારણ, મારો રોષ બધા પર એકસરખો ઊતરનાર છે.
13 રણશિંગાના વર્ષમાં જ્યારે પાછા આવવાનો સમય થશે ત્યારે પોતે
જીવતો હશે તોપણ વેચનાર પોતાના સ્થળે પાછો નહિ આવે. કારણ કે,
આ સંદર્શન તો આખા સમુદાય વિષે છે. તેઓ પાછા ફરવાના નથી.
કોઇ માનવીનું જીવન તેણે કરેલા અનિષ્ટોને કારણે બચશે નહિ.
14 “ઇસ્રાએલના સૈન્યને એકત્ર કરવા એ લોકો રણશિંગડું વગાડે છે.
લડાઇ માટે બધી તૈયારીઓ કરે છે પણ કોઇ યુદ્ધમાં જતું નથી, કારણ
મારો રોષ સૌ ઉપર એકસરખો ઊતરનાર છે. 15 કિલ્લાની બહાર તરવાર
છે અને અંદર રોગચાળો અને ભૂખમરો છે. જેઓ લડાઇનાં મેદાનમાં છે
તેઓ તરવારનો ભોગ બનશે. અને જેઓ નગરમાં છે તેમને રોગચાળો
અને ભૂખમરો ગળી જશે. 16 “અને જો કે તેમનામાંથી અમૂક લોકો ભાગી
જઇને પર્વતો તરફ દોડી જશે, તેઓ ખીણમાંના પારેવાં જેવા હશે જે દરેક
પોતાના પાપને કારણે નિસાસો નાખી રહ્યાં છે. 17 દરેકના હાથ અશકત
થઇ જશે અને પગ પાણીની જેમ ઢીલા થઇ જશે. 18 તેઓ શોકના વસ્ત્રો
ધારણ કરશે અને માથાથી તે પગ સુધી ધ્રૂજ્યા કરશે. બધાના ચહેરા પર
શરમ અને માથે મૂંડન હશે. 19 તમારા નાણાં, તમારું સોનું અને ચાંદી
વિષ્ટાની જેમ રસ્તા ઉપર ફેંકી દો. કારણ યહોવાના કોપને દિવસે તે
તમારો બચાવ કરશે નહિ, તે તમારી ભૂખ સંતોષસે નહિ, કે તેનાથી કો-
ઇનું પેટ ભરાશે નહિ. 20 “અને તેઓ તેના કરારના શહેરમાં આનંદ પામ-
શે, પણ તેઓએ તેમાં અણગમતી મૂર્તિઓ બનાવી છે, તેથી મે તેને તે-
મનાં માટે અશુદ્ધ વસ્તુ જેવી બનાવી છે. 21 હું એ પરદેશી લૂંટારાના હા-
થમાં દુનિયાના ઉતાર જેવા માણસોના હાથમાં લૂંટ તરીકે સોંપી દેવા
ઇચ્છું છું. તેઓ એને ષ્ટ કરશે. 22 તેઓ મારા મંદિરને ષ્ટ કરશે ત્યારે હું તે
તરફથી મારું મુખ અવળું ફેરવી લઇશ અને તેઓને અટકાવીશ નહિ,
લૂંટારુઓ એમાં પ્રવેશ કરશે અને તેને ષ્ટ કરશે. 23 “મારા લોકોને માટે
સાંકળો તૈયાર કરો. કારણ કે સમગ્ર દેશ લોહીથી ખરડાયેલો છે. ગામે-
ગામ હિંસા ફાટી નીકળી છે. 24 હું દુષ્ટમાં દુષ્ટ પ્રજાઓને અહીં લઇ
આવીશ અને તેમને આ લોકોનાં ઘર પડાવી લેવા દઇશ. હું બળવાનો-
નો ઘમંડ ઉતારીશ અને તેમનાં મંદિરો ષ્ટ કરાવીશ. 25 “જ્યારે ભયનો
સમય નજીક આવે ત્યારે, તેઓ નિરાશ થઇ જશે અને લોકો શાંતિ ઝંખ-
શે પણ કદી શાંતિ પામશે નહિ. 26 આફત એક પછી એક આવી પડશે,
એક પછી એક અફવા ફેલાશે, તેઓ પ્રબોધકોને ભાવી જાણવા ફોગટ
પૂછ-પૂછ કરશે. યાજકો પણ કશું માર્ગદર્શન નહિ આપી શકે, તેમ વડી-
લો કશી સલાહ નહિ આપી શકે. 27 રાજાઓ શોક કરશે, અમલદારો પા-
યમાલીથી ઘેરાઇ જશે, ને લોકો ભયથી કાંપી ઊઠશે. તમારા આચરણ
પ્રમાણે હું તમને સજા કરીશ; તથા તેઓના કાર્યો મુજબ હું તેમને ન્યાય
કરીશ. ત્યારે તેઓ જાણશે કે હું યહોવા છું.”

8 છઠ્ઠા વર્ષના છઠ્ઠા મહિનાના પાંચમા દિવસે યહૂદાના આગેવાનો
સાથે હું મારે ઘેર બેઠો હતો એવામાં અચાનક મારા માલિક યહો-
વાની શકિતનો મારામાં સંચાર થયો. 2 મેં જોયું તો માણસ જેવું કઇંક દે-
ખાયું; તેની કમરની નીચેનો ભાગ અગ્નિ જેવો હતો અને કમરની ઉપરનો
ભાગ ચળકતી ધાતુ જેવો ઉજ્જવળ હતો. 3 તેણે હાથ જેવું લંબાવીને મા-
રા વાળ પકડ્યા પછી દેવના આત્માએ મને આકાશ અને પૃથ્વીની
વચ્ચે ઉપાડી લીધો અને દેવના સંદર્શનમાં તે મને યરૂશાલેમના મંદિર-
ના ઉત્તર તરફના અંદરના દરવાજા પાસે લઇ ગયો, જ્યાં તિરસ્કૃત મૂર્તિ
હતી, જે જોઇને યહોવા રોષે ભરાય છે. 4 અને જે પ્રમાણે મેં ખીણમાં
સંદર્શન જોયું હતું બરાબર તે જ પ્રમાણે ઇસ્રાએલના દેવનો મહિમા ત્યાં
હતો. 5 યહોવાએ મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, ઉત્તર તરફ જો.” મેં જોયું
તો વેદીના દરવાજાની ઉત્તર તરફના પ્રવેશદ્વાર આગળ દેવના અપમા-
નરૂપ એક મૂર્તિ હતી. 6 પછી યહોવાએ મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, એ
લોકો શું કરે છે તે તમે જોયું? અહીં ઇસ્રાએલીઓ જે અધમ કૃત્યો કરે છે

તેને લીધે હું મારા મંદિરમાંથી દૂરને દૂર થતો જાઉં છું. પણ તમે આનાથી પણ વધુ અધમ કૃત્યો જોવા પામશો.” 7 આમ કહીને પછી તે મને મંદિરના ચોકના બારણા આગળ લાવ્યા. ત્યાં મેં ભીતમાં એક કાણું જોયું. 8 તેમણે મને કહ્યું “હે મનુષ્યના પુત્ર, અહીં ભીંતમાં ખોદ, મેં ખોદ્યુ તો બારણું નીકળ્યું.” 9 તેમણે મને કહ્યું, “અંદર જા, અને અહીં એ લોકો જે અધમ કૃત્યો કરે છે તે જો.” 10 તેથી મેં અંદર જઇને જોયું તો ચારે બાજુની ભીંતો ઉપર પેટે ચાલનારા પ્રાણીઓની નિષિદ્ધ પશુઓની અને ઇસ્રાએલીઓની બીજી બધી મૂર્તિઓ કોતરેલી હતી. 11 શાફાનનો પુત્ર યાઅઝાન્યા તથા ઇસ્રાએલના 70 વડીલો ત્યાં ઊભા હતા. દેરકની પાસે ધૂપદાનીઓ હતી, તેથી તેઓનાં માથા પર ધૂપના ગોટેગોટા ઉડતા હતા. 12 પછી યહોવાએ મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, તેં જોયું કે ઇસ્રાએલીઓના આગેવાનો અહીં અંધારામાં પોતપોતાની મૂર્તિના ગોખલા આગળ શું કરે છે? એ લોકો એમ માને છે કે, ‘યહોવા અમને જોતા નથી, તે તો દેશને છોડીને ચાલ્યા ગયા છે.’” 13 પછી યહોવાએ મને કહ્યું, “તું આના કરતા વધુ અધમ કૃત્યો કરતાં એમને જોશે.” 14 ત્યાર પછી તે મને યહોવાના મંદિરના ઉત્તરના દરવાજે લઇ આવ્યા અને ત્યાં મેં સ્ત્રીઓને ખોટા દેવ તામ્મૂઝના મૃત્યુ માટે દુ:ખી થતા જોઇ. 15 તેમણે મને પૂછયું, “હે મનુષ્યના પુત્ર, આ જોયું? આથી પણ વધારે અધમ કૃત્યો તું જોવા પામીશ.” 16 પછી તે મને યહોવાના મંદિરના અંદરના ચોકમાં લઇ આવ્યા. તો ત્યાં મંદિરના પ્રવેશદ્વાર આગળ, મંદિર અને વેદીની વચ્ચે આશરે પચીસ માણસો પવિત્રસ્થાન તરફ પીઠ કરીને અને પૂર્વાભિમુખ થઇને ઊગતા સૂરજની પૂજા કરવા માટે નીચે નમતા હતા. 17 યહોવાએ મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, શું તેં આ જોયું? યહૂદાના લોકો આવા ભયંકર પાપ કરે છે તો શું તેઓ એવું વિચારી રહ્યા છે કે તેઓ જે કરી રહ્યાં છે તે ક્ષુલ્લક વસ્તુ છે? તેઓએ સમગ્ર દેશને અપવિત્ર મૂર્તિપૂજા તરફ વાળ્યો છે. તેઓએ સર્વત્ર હિંસા ફેલાવી છે. તેઓ નાકે ડાળી રાખીને મારું અપમાન કરે છે અને મને વધુને વધુ કોપાયમાન કરે છે. 18 તેથી હું તેઓ પર મારો રોષ જરૂર ઉતારીશ. હું તેમના ઉપર દયા કરીશ નહિ કે હું તેમના પર સહાનુભૂતિ બતાવીશ નહિ, તેઓ દયા માટે મોટા સાદે પોકાર કરશે છતાં હું તેમને સાંભળીશ નહિ.”

9 ત્યાર પછી તેણે મોટા અવાજે કહ્યું, “હે શહેરને સજા કરનારાઓ, તમારાં શસ્ત્રો લઇને આ બાજુ આવો.” 2 અને અચાનક મંદિરની ઉત્તરે આવેલા ઉપરના દરવાજામાંથી છ માણસો આવ્યાં. દરેકના હાથમાં સંહારક હથિયાર હતું. તેમની સાથે સુતરાઉ રેસાના વસ્ત્ર પહેરેલો એક માણસ હતો. તેની કમર પર લહિયાનો શાહીનો ખડિયો અને કલમ લટકાવેલા હતાં. તે બધા મંદિરમાં પિત્તળની વેદી આગળ આવીને ઊભા રહ્યા. 3 ત્યાર બાદ ઇસ્રાએલના દેવનો મહિમા કરૂબો ઉપરથી ઊઠયો જ્યાં તે પહેલા હતો અને મંદિરના પ્રવેશદ્વાર પાસે ગયો, યહોવાએ કમરે લહિયાના સાધનો લટકાવેલા સુતરાઉ રેસાના વસ્ત્રો પહેરેલા માણસને બોલાવીને કહ્યું, 4 “યરૂશાલેમમા ચારેબાજુ સર્વત્ર ફર અને જે માણસો તેઓની આસપાસ નગરમાં ચાલતાં ધિક્કારપાત્ર કૃત્યોને લીધે રડતા અને શોક કરતા હોય તેઓના કપાળ પર નિશાની કર.” 5 ત્યાર બાદ મેં યહોવાને બીજા માણસોને એમ કહેતાં સાંભળ્યાં કે, “નગરમાં તમે એની પાછળ પાછળ જાઓ અને હત્યા કરવાનું શરૂ કરો, કોઇ પણ પ્રકારની કરૂણા કરશો નહિ, ને તેમના માટે દયા રાખશો નહિ. 6 વૃદ્ધો, યુવાનો, સ્ત્રીઓ અને બાળકો સર્વનો સંહાર કરો; પણ જેઓના કપાળ પર નિશાની હોય તેવા કોઇને અડશો નહિ, મારા મંદિરથી જ શરૂઆત કરો.” તેથી તેમણે મંદિર આગળ ઊભેલા આગેવાનોથી જ શરૂઆત કરી. 7 પછી દેવે તેઓને કહ્યું, “મંદિરને ષ્ટ કરો. હત્યા થયેલાઓનાં મૃતદેહોથી મંદિરનો ચોક ભરી દો.” અને હમણાં જ જાઓ, એટલે તેમણે શહેરમાં જઇને લોકોની હત્યા કરી. 8 જ્યારે એ લોકો હત્યા કરતા હતા ત્યારે હું એકલો પડ્યો હતો. મેં સાષ્ટાંગ નમસ્કાર કરીને કહ્યું, “હે મારા માલિક યહોવા યરૂશાલેમ પર જ્યારે તમે તમારો રોષ ઠાલવો છો ત્યારે તમે ઇસ્રાએલમાં બાકી બચેલાઓને સંહાર કરવાના છો?” 9 તેથી દેવે જવાબ આપ્યો: “ઇસ્રાએલના તથા યહૂદાના લોકોના અપરાધ અતિશય મોટા છે. સમગ્ર દેશ રકતપાત અને અધમતાથી ખદબદે છે. તેઓ માને છે કે ‘યહોવા દેશ છોડીને ચાલ્યા ગયા છે. અને તેઓ અમને જોતા નથી!’ 10 તેથી હું તેઓ પર સહાનુભૂતિ બતાવીશ નહિ કે દયા કરીશ નહિ. તેમણે જે કાંઇ કર્યું છે તેમના માટે હું તેઓને સજા કરીશ.” 11 એટલામાં કમરે લેખનનાં સાધનવાળો સુતરાઉ વસ્રો પહેરેલા માણસે આવીને જણાવ્યું કે, “તમારા હુકમ પ્રમાણે મેં કર્યું છે.”

10 ત્યાર બાદ મેં કરૂબ દેવદૂતોના માથા ઉપર જોયું તો નીલમણિના ઘૂમટ જેવું કંઇક દેખાયું. 2 પછી દેવે સુતરાઉ રેસાના વસ્ત્ર પહેરેલા માણસને કહ્યું, “કરૂબ દેવદૂતોની નીચેનાં પૈડાઓ વચ્ચે જા અને બળતા કોલસામાંથી મુઠ્ઠી ભરી યરૂશાલેમ શહેર પર નાખ.”અને મેં જોયું કે એ અંદર પ્રવેશ્યો. 3 તે માણસ અંદર ગયો ત્યારે કરૂબ દેવદૂતો મંદિરની દક્ષિણ બાજુએ ઊભા હતા. ત્યારે અંદરનો ચોક વાદળથી ભરાઇ ગયો. 4 પછી યહોવાનો મહિમા કરૂબો ઉપરથી ઊડીને મંદિરના પ્રવેશદ્વાર આગળ ગયો. એટલે મંદિર વાદળથી ભરાઇ ગયું અને આખો ચોક યહોવાના ગૌરવનાં તેજથી ઝળાંહળાં થઇ ગયો. 5 કરૂબોની પાંખોનો અવાજ સર્વસમર્થ દેવના મુખમાંથી નીકળેલા શબ્દ જેવો અવાજ હતો, અને બહારના આંગણમાં તે સ્પષ્ટ સંભળાતો હતો. 6 યહોવાએ શણના વસ્ત્ર પહેરેલા માણસને કહ્યું, “કરૂબો મધ્યે જઇને ફરતાં પૈડામાંથી સળગતા કોલસા લે, એટલે માણસ અંદર જઇને એક પૈડા પાસે ઊભો રહ્યો. 7 અને કરૂબોમાંના એકે હાથ લંબાવી તેમની વચ્ચેના અંગારામાંથી થોડા લઇ શણના વસ્ત્ર પહેરેલા માણસને આપ્યા. તે લઇને તે બહાર ચાલ્યો ગયો. 8 કરૂબોની પાંખો નીચે માણસના હાથ જેવું કઇ દેખાતું હતું. 9 મેં જોયું તો પ્રત્યેક કરૂબ પાસે એક એમ ચાર પૈડા હતાં અને તે પૈડા સોનેરી પોખરાજ રત્નની જેમ ઝળહળતાં હતાં. 10 બધાં પૈડાની રચના એક સરખી દેખાતી હતી; અને એક પૈડાની અંદર બીજું પૈડું ગોઠવ્યું હોય તેમ લાગતું હતું. 11 કરૂબો આગળ વધતા ત્યારે તેઓનાં મુખ તે ચારે દિશામાં, આમતેમ ફેરવ્યાં વિના તેઓ જઇ શકતા હતાં. પૈડાંને વળાંક લેવાની જરૂર પડતી નહોતી, તેઓ બધા એકી સાથે ફર્યા વગર ગમે તે દિશામાં સીધા આગળ વધી શકતા હતાં. 12 તેઓના આખા શરીર પર, પીઠ પર, હાથ પર, પાંખો પર અને પૈડાઓ પર સર્વત્ર પુષ્કળ પ્રમાણમાં આંખો હતી. 13 અને મેં તેમને ચાલણચક્ર એમ પૈડાઓ માટે કહેતા સાંભળ્યાં. 14 દરેક કરૂબને ચાર મોઢાં હતાં, પહેલું મોઢું કરૂબનું હતું, બીજું માણસનું હતું, ત્રીજું સિંહનું હતું અને ચોથું ગરૂડનું હતું. 15 કરૂબો ઊડીને ઊંચે ચઢયા. કબાર નદી પાસે મેં જોયાં હતાં તે જ પ્રાણીઓ આ હતાં. 16 કરૂબો જમીન ઉપરથી ઊંચે જતાં ત્યારે પૈડાં પણ તેઓની સાથે જતાં. તેઓ ઊંચે જવા પાંખો પ્રસારતા ત્યારે પૈડાઓ તેમની પાસે જ રહેતા. 17 જ્યારે તેઓ ઊડવા માટે પાંખો ફેલાવતા ત્યારે પણ પૈડાં તેમની સાથેને સાથે જ રહેતાં. તેઓ અટકતા ત્યારે પૈડાં પણ અટકી જતાં અને જ્યારે તેઓ ઊડતાં ત્યારે પૈડાં તેમની સાથે જ રહેતાં, કારણ, પૈડાં ઉપર તેમનું નિયંત્રણ હતું. 18 પછી યહોવાનું ગૌરવ મંદિરના પ્રવેશદ્વારથી ખસીને કરૂબો પર આવી ઊભું. 19 કરૂબો પાંખો પ્રસારીને જમીનથી અધ્ધર થઇ ગયા અને પૈડાંને પણ તેમની સાથે- સાથે અધ્દર થતાં મેં જોયાં. મંદિરના પૂર્વ દરવાજા આગળ તેઓ થોભ્યા. તેમના ઉપર યહોવાનું ગૌરવ છવાયેલું હતું. 20 કબાર નદીના કાંઠે ઇસ્રાએલના દેવના સિંહાસન નીચે જે પ્રાણીઓ મેં જોયાં હતાં તે આ જ હતાં, મને ખાતરી થઇ હતી કે તેઓ કરૂબો હતા. 21 પ્રત્યેકને ચાર મોઢાં, ચાર પાંખો અને દરેક પાંખ નીચે માણસના હાથ જેવું કંઇક હતું. 22 તેમનાં મોઢાં કબાર નદીને કાંઠે મેં દર્શનમાં જોયેલાં મોઢાં જેવાં જ હતાં. દરેક કરૂબ સીધો આગળ વધતો હતો.

11 મને પવિત્ર આત્મા ઉપાડીને મંદિરના પૂર્વ દરવાજે લઇ ગયો. આ દરવાજે મેં નગરના 25 માણસો જોયાં; મેં તેઓની વચ્ચે લોકોના સરદાર આઝઝુરના પુત્ર યાઅઝાન્યાને તથા બનાયાના પુત્ર પલાટયાને જોયા. 2 યહોવાએ મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, આ તો તે લોકો છે, જેઓ દુષ્ટ કર્મો કરવાની યોજના ઘડનાર છે અને આખા નગરમાં દુષ્ટ સલાહ આપનાર માણસો પણ એ જ છે; 3 તેઓ એમ વિચારે છે કે, ‘આપણે થોડીવારમાં યરૂશાલેમને ફરીથી બાંધીશું, આપણું નગર લોખંડની કઢાઇ સમાન છે, આપણે એમાંનું માંસ છીએ અને તે આપણને સર્વ નુકશાનમાંથી બચાવશે.’ 4 માટે, હે મનુષ્યના પુત્ર, તું એમને મારી ચેતવણી સંભળાવ.” 5 ત્યાર બાદ યહોવાનો આત્મા મારામાં આવ્યો અને યહોવાએ મને કહ્યું; “તું તેઓને કહે: આ યહોવાના વચન છે; હે ઇસ્રાએલીઓ, તમે શું કહો છો અને તમે શી યોજનાઓ ઘડો છો તે

હું જાણું છું. 6 તમે ઘણા લોકોને મારી નાખ્યા છે અને તમારી શેરીઓ મૃ-
તદેહોથી ભરી દીધી છે. 7 તેથી હું યહોવા તમારો માલિક, તમને કહું છું
કે, ‘આ નગર કઢાઇ છે એ ખરું, પણ એમાનું માંસ તમે નથી; માંસ તો
તમે આ શહેરમાં જે મડદાં નાખ્યાં છે તે છે; તમને તો હું એની બહાર ફેંકી
દેનાર છું. 8 સર્વસમર્થ યહોવા કહે છે, તમે તરવારથી ડરો છો અને હું
તમને તરવારને જ સોંપનાર છું.’” 9 “અને હું તમને યરૂશાલેમમાંથી દૂર
લઇ જઇને વિદેશીઓને સોંપી દઇશ. અને આ રીતે હું મારો ન્યાય કરીશ
અને તમને સજા કરીશ. 10 તમે તમારા પોતાના દેશની હદમાં જ તરવા-
રનો ભોગ બનશો. હું તમને સજા કરીશ, ત્યારે તમને ખબર પડશે કે હું
યહોવા છું. 11 આ શહેર કઢાઇ બની તમારું રક્ષણ નહિ કરે, હું આ ઈસ્રા-
એલની હદમાં જ તમને સજા કરનાર છું. 12 તમે મારી આજ્ઞાઓનું પા-
લન કર્યું નથી પણ તમારી આસપાસ વસતી અન્ય પ્રજાઓનું અનુક-
રણ કર્યું છે, એટલે તમે જાણશો કે હું યહોવા છું.” 13 હું આ ચેતવણી
આપતો હતો તે દરમ્યાન ત્યાં જ બનાયાનો પુત્ર પલાટયા ઢળી પડીને
મરી ગયો, હું ઊંધે મોઢે ભોંય પર પડ્યો અને મેં બૂમ પાડી, “હે યહોવા
મારા માલિક, તારે બાકી રહેલા બધા ઈસ્રાએલીઓનો સંપૂર્ણ વિનાશ
કરવો છે?” 14 ફરીથી યહોવાએ મને આ પ્રમાણે કહ્યું, 15 “હે મનુષ્યના
પુત્ર, યરૂશાલેમમાં અત્યારે જે લોકો રહે છે તે લોકો તારા વિષે અને દેશ-
વટો ભોગવતા તારા બધા ઈસ્રાએલી જાતભાઇઓ વિષે એમ કહે છે કે,
‘એ લોકોને તો યહોવાથી દૂર કાઢવામાં આવ્યા છે; દેશ તો અમને સોંપી
દેવામાં આવ્યો છે; એ અમારી મિલકત છે.” 16 “તેથી યહોવા અમારા
માલિક કહે છે: ‘જો કે મેં તેઓને વિશ્વના વિવિધ દેશોમાં વિખેરી નાખ્યા
છે છતાં પણ તેઓ જે દેશમાં છે ત્યાં હું તેઓને માટે એક નાના પવિત્ર-
સ્થાનરૂપ થઇશ. 17 તેઓ જે દેશોમાં વિખેરાઇ ગયા છે ત્યાંથી હું તેઓને
એકઠા કરીશ અને તેઓને ફરીથી ઈસ્રાએલનું વતન આપીશ. 18 જ્યારે
તેઓ અહીં પાછા આવે ત્યારે તેમણે અહીંથી બધી ધૃણાજનક મૂર્તિઓ-
ને અને આચારોને હઠાવી દેવાના છે. 19 હું તેમનું હૃદય પરિવર્તન કરી
નાખીશ અને તેમનામાં નવો આત્મા પૂરીશ, હું તેમનામાંથી પથ્થર જેવું
હૃદય લઇને, તેમને માંસનું હૃદય આપીશ. પછી તેઓ મારા નિયમોનું
પાલન કરશે અને મેં જણાવેલ માગેર્ ચાલશે. 20 જ્યારે તેઓ મારા નિય-
મોનું પાલન કરશે અને મારા બતાવેલા માર્ગ પર ચાલશે. તેઓ મારી પ્ર-
જા થશે અને હું તેમનો દેવ થઇશ.” 21 “પરંતુ જેઓ ધૃણાજનક અપવિત્ર
મૂર્તિઓની પૂજાને વળગી રહેશે, હું તેમને તેમના બધાં કૃત્યો માટે જવા-
બદાર ઠરાવીશ.” આ યહોવા મારા માલિકના વચન છે. 22 પછી કરૂબો
ઊંચે ઊડવા લાગ્યા અને પૈડાં પણ તેમની સાથે સાથે પર ગયાં. ઈસ્રા-
એલના દેવનો મહિમા તેઓની પર આચ્છાદીત હતો. 23 પછી યહોવાનો
મહિમા શહેર પરથી ખસીને પૂર્વ ભાગ તરફ આવેલા પર્વત પર ગયો.
24 ત્યાર બાદ સંદર્શનમાં દેવના આત્માએ મને ફરીથી ઉપાડીને બાબિ-
લમાં દેશવટો ભોગવનારાઓ વચ્ચે લાવી મૂક્યો અને ત્યાં સંદર્શન
લોપ થયું, 25 અને યહોવાએ મને જે બતાવ્યું હતું તે સર્વ મેં બંદીવાનોને
કહી સંભળાવ્યું.

12 ફરીથી મને યહોવાની વાણી સંભળાઇ: 2 “હે મનુષ્યના પુત્ર, તું
બંડખોરોની જમાતની વચ્ચે વસે છે. એ લોકો છતી આંખે દેખ-
તા નથી, છતે કાને સાંભળતા નથી. એ તો બંડખોરોની જમાત છે. 3 તે-
થી હે મનુષ્યના પુત્ર, તું દેશવટે જવાનો હોય એમ સરસમાન બાંધી લે
અને ધોળે દિવસે સૌના દેખતાં ચાલી નીકળ; તેમના દેખતાં તું બીજે
જવા નીકળી પડ. તે બળવાખોરો કદાચ તને જુએ પણ ખરા. 4 “તારી
મુસાફરીનો સામાન બાંધીને તેઓ જુએ તેમ દિવસ દરમ્યાન તારા ઘર-
માંથી બહાર કાઢી લાવ. પછી જેમ કેદીઓને દૂરના દેશોમાં લઇ જવામાં
આવે છે તે પ્રમાણે સાંજે તેઓની હાજરીમાં ઘરમાંથી બહાર નીકળી પડ.
5 તેઓનાં દેખતાં નગરની ભીતમાં બાકોરું પાડી તેમાંથી તારો સામાન
ઊંચકીને લઇ જા. 6 તેઓનાં દેખતાં તું તારો સામાન ખભે ચઢાવ અને
અંધારામાં ચાલી નીકળજે. તારું મોઢું ઢાંકી દેજે અને આજુબાજુ જોઇશ
નહિ. આ બધું ઈસ્રાએલીઓને ચેતવણીરૂપ થઇ પડશે.” 7 યહોવાએ
મને જે કહ્યું હતું તે પ્રમાણે મેં બરાબર કર્યું. મેં દેશવટે જવા માટે બાંધીને
તૈયાર કરેલો સામાન દિવસે બહાર કાઢયો. સાંજે મારા હાથે જ મેં ભીંત-
માં બાકોરું પાડ્યું અને લોકોના દેખતાં જ રાત્રે મારો સામાન મારા ખભે
મુકીને ચાલી નીકળ્યો. 8 બીજા દિવસે સવારે યહોવાનું વચન મારી પાસે
આવ્યું કે, 9 “હે મનુષ્યના પુત્ર, આ બંડખોર ઈસ્રાએલી લોકોએ પૂછયું છે
કે, આ સર્વનો અર્થ શો છે? 10 તું તેમને કહે કે, આ યહોવાના વચન છે:
આ દેવવાણી યરૂશાલેમના રાજકર્તા માટે અને ત્યાં વસતા બધા ઈસ્રા-
એલીઓ માટે છે. 11 તું તેઓને સમજાવ; ‘હું હઝકિયેલ તમારે માટે નિ-
શાનીરૂપ છું. મેં જે કર્યું છે તે કરવાનો તમારો વારો આવશે, તમારે દેશવ-
ટે નીકળવું પડશે અને કેદ ભોગવવી પડશે.’ 12 તમારા રાજા પણ આ જ
પ્રમાણે તેનાથી ઊંચકી શકાય તેટલો સામાન ઊંચકીને નીકળશે અને
ભીંતના બાકોરામાંથી તે બહાર જશે. તે પોતાનું મોઢું ઢાંકી દેશે જેથી તે
જોઇ શકે નહિ. 13 હું તેને મારી જાળમાં ફસાવીને ખાલદીઓનાં દેશ બા-
બિલમાં લઇ જઇશ. પરંતુ તે જોઇ શકશે નહિ અને ત્યાં જ મૃત્યુ પામશે.
14 હું તેના બધા દરબારીઓને, અંગરક્ષકોને અને સમગ્ર સેનાને ચારે દિ-
શામાં વેરવિખેર કરી નાખીશ અને હું ઉઘાડી તરવારે તેમનો પીછો પક-
ડીશ. 15 હું તેઓને જ્યારે વિવિધ પ્રજાઓમાં વિખેરી નાખીશ ત્યારે તેઓ
જાણશે કે હું યહોવા છું. 16 “હું તેઓમાંના થોડાને યુદ્ધ, ભૂખમરો, અને
રોગચાળામાંથી ઉગારી લઇશ, જેથી તેઓ જે પ્રજાઓમાં જઇને વસ્યા
હશે ત્યાં કબૂલ કરે કે તેમનાં કૃત્યો કેટલાં અધમ હતાં, અને ત્યારે તેમને
ખબર પડશે કે હું યહોવા છું.” 17 પછી મને યહોવાની વાણી સંભળાઇ:
18 “હે મનુષ્યના પુત્ર, તારે જમતી વખતે ધ્રુજવું અને જળપાન કરતી
વખતે ભય અને ચિંતાથી થરથરવું. 19 બધા લોકોને કહેજે કે, ઈસ્રાએલ-
માં હજી પણ વસતાં યરૂશાલેમના વતનીઓ માટે યહોવા મારા માલિક-
ના આ વચન છે; તેઓ ડરતા ડરતા ખાશે અને ચિંતાતુર થઇને પાણી
પીશે. તેમના દેશમાં વસતી દરેકે દરેક વ્યકિત હિંસક છે. તેથી તેને વે-
રાન બનાવી દેવામાં આવશે. 20 તમારા નગરો તારાજ થઇ જશે અને
તમારાં ખેતરો વેરાન થઇ જશે. ત્યારે તમે જાણશો કે હું યહોવા છું.”
21 ફરીથી યહોવાએ મને કહ્યું, 22 “હે મનુષ્યના પુત્ર, ઈસ્રાએલમાં લોકો
આ કહેવતને વારંવાર ટાંકે છે તે શું છે:વખત વહી જાય છે અને એકે
ભવિષ્યવાણી સાચી પડતી નથી. 23 “તું એમને કહે: આ યહોવાના
વચન છે. હું એ કહેવત જૂઠી પાડીશ, ઈસ્રાએલમાં એ હવે કદી ઉચ્ચારા-
શે નહિ, તેના બદલે તેઓ કહેશે;સમય આવ્યો છે અને એકેએક ભવિ-
ષ્યવાણી સાચી પડવાની જ છે! 24 “હવે પછી ઈસ્રાએલ પ્રજામાં વ્યર્થ
સંદર્શન થશે નહિ. અને લોકોને ખુશ રાખવા જૂઠી પ્રબોધવાણી પ્રગટ
નહિ થાય. 25 કારણ કે હું, યહોવા, મારે જે કહેવું હશે તે કહીશ અને જે
કહીશ તે સાચું પડશે. એમાં વિલંબ નહિ થાય. હે બંડખોર ઈસ્રાએ-
લીઓ, હું આ તમારા જીવનકાળ દરમ્યાન જ કરીશ.” આ યહોવા મારા
માલિકના વચનો છે. 26 પછી યહોવાનું વચન મારી પાસે આવ્યું અને
તેણે કહ્યું: 27 “હે મનુષ્યના પુત્ર, ઈસ્રાએલીઓ એમ માને છે કે તને જે
દર્શન થાય છે તે તો દૂરના ભવિષ્યનું છે, અને તું જે ભાખે છે તે કઈં
આજે ફળવાનું નથી. 28 તેથી એ લોકોને કહે કે, ‘આ યહોવા મારા માલિ-
કના વચન છે: હવે મારા વચનો પૂરાં કરવામાં વિલંબ નહિ થાય. દરેક
વચન જે હું બોલ્યો છું તે ફળીભૂત થશે.’” આ યહોવા મારા માલિકના
વચન છે.

13 ફરીથી મને યહોવાની વાણી સંભળાઇ: 2 “હે મનુષ્યના પુત્ર, તું
ઈસ્રાએલના પ્રબોધકોને મારી ચેતવણી સંભળાવ; પ્રબોધકો
જેઓ પોતાને મન ફાવે તેમ કહે છે તેમને યહોવા જે કહે છે તે સાંભળવા
માટે તું કહે, 3 ‘યહોવા મારા માલિકના આ વચન સાંભળો: એ દુષ્ટ પ્ર-
બોધકોનો અંત આવી ગયો છે! તેઓ પોતાના દુષ્ટ આત્મા વડે જ પ્રેર-
ણા મેળવે છે, તેઓ કોઇ સંદર્શન જોતા નથી. 4 ‘“હે ઈસ્રાએલીઓ, તમા-
રા પ્રબોધકો ખંડિયેરમાં વસતાં શિયાળવા જેવા છે. 5 તેમણે કદી ઈસ્રા-
એલ ફરતેના કોટમાં પડેલાં ગાબડાં પૂરવા જવાની હિંમત કરી નથી કે
જેથી ઈસ્રાએલીઓ યહોવાને દિવસે યુદ્ધમાં ટક્કર ઝીલી શકે. 6 ‘“તેઓ
જે જુએ છે તે આભાસ છે અને તેઓ જૂઠાણાં ઘડી કાઢી ઉચ્ચારે છે.
તેઓ એમ કહે છે કે, “અમે યહોવાની વાણી ઉચ્ચારીએ છીએ,’ અને પો-
તે ઉચ્ચારેલી વાણી સાચી પડે તેવી અપેક્ષા રાખે છે. પરંતુ મેં તેમને મો-
કલ્યા નથી; 7 ‘“બીજી બાજુ હું તો કહું છું કે, તમે જે જુઓ છો તે તો
આભાસ છે, અને તમે જૂઠાણા ઘડી કાઢો છો. તમે એમ કહો છો કે એ
મારાં વચન છે, પણ મેં તેમને કશું કહ્યું નથી.’” 8 યહોવા મારા માલિક
તેમને કહે છે, “તમે ખોટી વાણી ઉચ્ચારો છો અને જૂઠાં દર્શનની વાત
કરો છો, તેથી હું તમારી વિરુદ્ધ થઇ ગયો છું. 9 ખોટાં સંદર્શનની વાત

કરનાર અને જૂઠી વાણી ઉચ્ચારનાર પ્રબોધકોને હું સજા કરનાર છું. મા-
રા લોકોની સભામાં તેમને સ્થાન નહિ મળે તેમના નામ ઇસ્રાએલીઓ-
ના ઇતિહાસમાં નોંધવામાં નહિ આવે. તેઓ ઇસ્રાએલની ધરતી પર
ફરીથી પગ મૂકી શકશે નહિ. અને ત્યારે તેમને ખબર પડશે કે હું યહોવા
છું. 10 “આ જૂઠા પ્રબોધકોએ મારા લોકોને એમ કહીને છેતર્યા છે કે,’ ત્યાં
શાંતિ હશે.’ જ્યારે ત્યાં કોઇ શાંતિ નથી હોતી, તેથી મારા લોકો ફકત
નબળી વાડ બાંધે છે, અને આ પ્રબોધકો તેને મજબૂત દેખાડવા માટે
થઇને તેને ચૂનો ધોળીને ઢાંકી દે છે. 11 તું એ ચૂનો ધોળનારાઓને કહી
દે; એ ભીત તો પડી જશે. યહોવા મૂશળધાર વરસાદ મોકલશે; કરા વર-
સશે અને તોફાની વાવાઝોડું તેને તોડી પાડશે. 12 કોટની ભીત તૂટી
પડશે અને લોકો પૂછશે, ‘તમે ધોળેલો ચૂનો ક્યાં છે!’” 13 એટલે યહોવા
મારા માલિક કહે છે: “હા હું તે ભીતને તોડી પાડવા રોષે ભરાઇને વાવા-
ઝોડું મોકલીશ, મૂશળધાર વરસાદ અને કરા મોકલીશ. 14 તમે દિવાલ
પર ચૂનો ધોળ્યો છે તેને હું તોડી પાડીશ, ભોયભેગા કરી નાખીશ, તેના
પાયા ખુલ્લા પડી જશે. અને એ પડશે ત્યારે તમે એની નીચે કચઢાઇને
મરી જશો. ત્યારે તમને ખબર પડશે કે હું યહોવા છું. 15 એ ભીંત પર અને
તે લોકો પર મારો રોષ ઠાલવ્યા પછી હું તમને કહીશ: ‘ભીતો ગઇ અને
તેને ચૂનો ધોળનારા પ્રબોધકો પણ ગયા.’ 16 “કારણ કે તેઓ જૂઠા પ્ર-
બોધકો છે. શાંતિ નહિ હોવા છતાં યરૂશાલેમમાં શાંતિ થશે એવો દાવો
કરે છે.” આમ યહોવા મારા માલિક કહે છે. 17 “અને હવે, હે મનુષ્યના પુ-
ત્ર, તારા લોકની જે પુત્રીઓ પોતાને પ્રબોધિકાઓ માને છે અને પોતાને
યહોવા તરફથી વાણી સંભળાઇ છે, એમ કહીને ઢોંગ કરે છે તેઓની વિ-
રુદ્ધ પ્રબોધ કર. 18 તેઓને કહે કે ‘યહોવા મારા માલિક કહે છે: જે
સ્ત્રીઓ કોણી પર કે કાંડા પર તાવીજ બાંધે છે, અને નાનામોટા લોકોને
ફસાવવા માટે જુદી જુદી લંબાઇના બુરખા પહેરે છે, તેઓને અફસોસ! શું
તમે મારા લોકોનો જીવનો શિકાર કરશો, અને તમારા પોતાના જીવ
બચાવી રાખશો? 19 મુઠ્ઠીભર જવના દાણા માટે અને રોટલીના ટુકડા
માટે તમે મારા નામ પર નિંદા લાવ્યા છો. જેઓએ મૃત્યુ પામવાને યો-
ગ્ય કશું જ કર્યું નથી તેઓને તમે મારી નાખ્યા છે. જેઓ જીવવાને યોગ્ય
નથી તેઓને તમે બચાવી લીધા છે. મારા લોકો આગળ તમે જૂઠું બોલો
છો. 20 “તેથી યહોવા આ પ્રમાણે કહે છે: “તમે તમારા દોરાધાગાથી મારા
લોકોને પક્ષીઓની માફક સપડાવ્યા છે. હું તમારા દોરાધાગાની વિરુદ્ધ
છું. હું એ દોરાધાગા તમારા હાથ પરથી તોડી નાખીશ અને તમે જેઓને
વશમાં રાખવા માંગો છો તેમને હું છોડી મૂકીશ. 21 તમારા બુરખાઓને હું
ફાડી નાખીશ. અને મારા લોકોને તમારામાંથી બચાવી લઇશ. હવે પછી
તેઓ તમારી જાળમાં ફસાશે નહિ, અને ત્યારે તમને ખબર પડશે કે હું
યહોવા છું.” 22 “‘હું નીતિમાન લોકો ઉપર દુ:ખ લાવ્યો નહોતો તે છતાં
તમે તમારા જૂઠાણાંમાંથી તેમને નિરાશ કર્યા છે. અને તમારા જૂઠા પ્ર-
બોધકો દુષ્ટ લોકોને એટલું પ્રોત્સાહન આપે છે કે તેઓ પોતાનાં ભૂંડાં
જીવનથી પાછા ફરતા નથી અને પોતાનાં જીવન બચાવતા નથી.
23 પરંતુ હવે પછી સમજી લ્યો કે તમારાં ખોટાં દર્શનનો અને તમારી જૂઠી
ભવિષ્યવાણીનો અંત આવ્યો છે. હું મારા લોકોને તમારા હાથમાંથી
ઉગારી લેનાર છું અને ત્યારે તમને ખબર પડશે કે હું યહોવા છું.’”

14 ઇસ્રાએલના કેટલાક આગેવાનો મારે ત્યાં આવીને બેઠા હતા.
2 એ સમયે મારી પાસે યહોવાનું વચન આવ્યું કે, 3 “હે મનુષ્ય-
ના પુત્ર, આ માણસોએ પોતાનાં હૃદયમાં મૂર્તિઓની સ્થાપના કરી છે,
અને જાણી જોઇને પોતાના પતનનો માર્ગ ખુલ્લો કર્યો છે. એવા માણસો-
ના પ્રશ્નનો હું શું જવાબ આપીશ? 4 તેઓને કહે કે, ‘યહોવા મારા મા-
લિક કહે છે: ઇસ્રાએલમાં જેઓ અપવિત્ર મૂર્તિઓની પૂજા કરે છે અને
પછી મારી મદદને માટે વિનંતી કરવા પ્રબોધક પાસે આવે છે, હું તેમને
કહીશ કે તમારી અપવિત્ર મૂર્તિ પાસે મદદ માંગવા જાવ. 5 તેમનાં મન-
માં એમ ઠસાવવાનો પ્રયત્ન કરું છું કે, તેઓ તેમની અશુદ્ધ મૂર્તિઓને
લીધે મારા માટે અજાણ્યા જેવા બની ગયાં છે.’ 6 “તેથી તું ઇસ્રાએલીઓ-
ને કહે કે, ‘આ યહોવા મારા માલિકના વચન છે: પાછા ફરો, તમારી મૂ-
ર્તિઓનો ત્યાગ કરો અને તમારા અધર્મ આચારો છોડી દો. 7 જો કોઇ
ઇસ્રાએલી કે તેમના ભેગો વસતો કોઇ વિદેશી મારો ત્યાગ કરીને પોતા-
ના હૃદયમાં મૂર્તિઓને સ્થાન આપશે અને પોતાના પતનના કારણરૂપ
એ મૂર્તિઓનું ધ્યાન ધરશે અને કોઇ પ્રબોધક પાસે આવીને મારી ઇચ્છા
જાણવા પ્રશ્ર્ન કરશે તો હું, યહોવા, પોતે તેનો જવાબ આપીશ. 8 હું એ
માણસની વિરુદ્ધ થઇ જઇશ: હું તેની એવી દશા કરીશ કે જેથી લોકોને
દાખલો બેસે, અને કહેવતરૂપ બને. મારા લોકો વચ્ચેથી હું તેને કાપી
નાખીશ. અને તમે જાણશો કે હું યહોવા છું. 9 અને જો કોઇ પ્રબોધક છે-
તરાઇને સંદેશો આપશે કે મેં યહોવાએ તે પ્રબોધકને છેતર્યો છે તો હું તે-
ની સામે મારો હાથ ઉગામીશ, અને મારા ઇસ્રાએલી લોકો મધ્યેથી હું તે-
નો નાશ કરીશ. 10 આ જૂઠા પ્રબોધક અને દુષ્ટ ઢોંગી માણસ બંને સર-
ખા જ દોષિત છે. તેઓને પોતાના પાપોને લીધે શિક્ષા થશે. 11 એટલે
પછી ઇસ્રાએલીઓ કદી મારો ત્યાગ નહિ કરે અને, પોતાની મૂર્તિઓ
દ્ધારા પોતાને અપવિત્ર નહિ કરે. તેઓ મારી પ્રજા થઇને રહેશે અને હું તે-
મનો દેવ થઇશ.’” આ યહોવા મારા માલિકના વચન છે. 12 મને યહોવા-
ની વાણી સંભળાઇ: 13 “હે મનુષ્યના પુત્ર, જો કોઇ દેશ મારી સાથે વિ-
શ્વાસઘાત કરીને પાપમાં પડશે તો હું તેને અન્ન આપવાનું બંધ કરી
દઇશ. હું ત્યાં દુકાળ મોકલીશ, ત્યાંના માણસોનો અને પશુઓનો નાશ
કરીશ. 14 જો ત્યાં નૂહ, દાનિયેલ, અને અયૂબ એ ત્રણ જણ રહેતા હોય
તો તેઓ પોતાના નીતિવંત આચરણથી કેવળ પોતાના પ્રાણ જ બચા-
વી શકે.” આ યહોવા મારા માલિકના વચન છે. 15 “જો હું હિંસક જંગલી
પશુઓને મોકલું કે આ દેશને વેરાન તથા ઉજ્જડ કરી મૂકે, અને કોઇ મા-
ણસ ત્યાંથી પસાર ન થાય. 16 અને જો આ ત્રણ માણસો ત્યાં હોત તો
તેઓ પોતાના પુત્ર-પુત્રીઓને બચાવી શક્યા ન હોત. તે ત્રણ માણસો
માત્ર પોતાના જીવ બચાવી શક્યા હોત. અને આખો દેશ વેરાન અને
ઉજ્જડ થઇ જાત.” એમ યહોવા કહે છે. 17 “અથવા, જો હું એ દેશમાં યુદ્ધ
મોકલું અને કહું કે, જા, એ દેશમાં બધે ફરી વળ અને માણસોનો અને
પશુઓનો સંહાર કર, 18 તો એ ત્રણ માણસો ત્યાં રહેતાં હોય તોયે, હું
યહોવા મારા માલિક, મારા જીવના સમ ખાઇને કહું છું કે, તેઓ પોતાના
બાળકોને સુદ્ધાં બચાવી નહિ શકે; તેઓ ફકત પોતાના જ પ્રાણ બચાવી
શકશે.” આ યહોવા મારા માલિકના વચન છે. 19 “અથવા જો હું તે દેશ-
માં રોગચાળો મોકલું અને રોષમાં અને રોષમાં માણસોનો અને પશુઓ-
નો સંહાર કરું. 20 જો નૂહ, દાનિયેલ અને અયૂબ એ ત્રણ માણસો ત્યાં
રહેતાં હોય, તોયે હું, સર્વસમર્થ યહોવા, મારા પ્રાણના સોગંધ ખાઇને કહું
છું કે, તેઓ પોતાનાં બાળકોને સુદ્ધાં બચાવી નહિ શકે; પોતાના નીતિ-
વંત આચરણથી તેઓ ફકત પોતાના પ્રાણ બચાવી શકશે.” 21 યહોવા
મારા માલિક કહે છે: “એ કેટલું વધારે ભયંકર હશે, જ્યારે હું મારી ચારે
ચાર આકરામાં આકરી શિક્ષાઓ યરૂશાલેમના માણસોનો અને પશુઓ-
નો સંહાર કરવા માટે મોકલીશ- યુદ્ધ, દુકાળ, રોગચાળો, અને જંગલી
પશુઓ. 22 છતાં તેઓમાંથી થોડા છટકી જવા પામશે અને તે પુત્ર પુત્રી-
ઓને બંધકો તરીકે બાબિલમાં લઇ જવાશે અને તેઓ તમારી સાથે જો-
ડાશે. ત્યારે તમે તેઓની ખરાબ વર્તણૂક તમારી પોતાની આંખે નિહાળ-
શો. ત્યારે તમે મારો યરૂશાલેમનો વિધ્વંસ તથા જે પ્રત્યેક શિક્ષા મેં ત્યાં
મોકલી તે વિષે સમજશો. 23 કારણ કે તેઓ કેવા દુષ્ટ છે તે જોઇને તમ-
ને ખાતરી થશે અને તમને સમજાશે કે મેં જે કઇં કર્યું છે તે વગર કારણે
કર્યું નથી.” આ યહોવા મારા માલિકના વચન છે.

15 ત્યાર બાદ મને યહોવાની વાણી સંભળાઇ: 2 “હે મનુષ્યના પુ-
ત્ર, દ્રાક્ષાવેલાનું લાકડું જંગલમાંની ઝાડની ડાળીના લાકડાં
કરતાં કઇ રીતે સારું ગણાય? 3 એના લાકડામાંથી શું કશું બને છે? મા-
ણસ એમાંથી એક ખીંટી પણ બનાવી શકે છે, જેના પર કશું લટકાવી
શકાય? 4 એને બળતણ તરીકે અગ્નિમાં નાખવામાં આવે છે ત્યારે તેના
બંને છેડા સળગવા લાગે છે અને વચ્ચેનો ભાગ ખાખ થઇ જાય છે.
પછી એ શા કામમાં આવે? 5 બળતણ તરીકે વપરાયા અગાઉ પણ તે
બિનઉપયોગી હતું, હવે અગ્નિએ તેને બાળીને ભસ્મ કર્યું છે, ત્યારે તે-
માંથી શું ઉપયોગી ચીજ બની શકે? 6 આથી યહોવા મારા માલિક કહે
છે; જેમ મેં દ્રાક્ષાવેલને લાકડા કરતાં વધારે બિનઉપયોગી બનાવ્યું છે,
અગ્નિમાં ઇંધણ તરીકે વપરાતા કોઇ પણ લાકડાં કરતા પણ બિન ઉપ-
યોગી, તે પ્રમાણે હું યરૂશાલેમના લોકોનું પણ કરીશ. 7 હું તેઓની વિ-
રુદ્ધ થઇ જઇશ, તેઓ એક આગમાંથી બચી જશે તોપણ તેઓ બીજી
વારની આગમાં બળી મરશે. ત્યારે તેમને ખબર પડશે કે હું યહોવા છું.
8 એ લોકો મને વિશ્વાસઘાતી નીવડ્યા છે, તેઓ મૂર્તિઓની પૂજા કરે છે

માટે હું તેઓના દેશને ઉજ્જડ કરી નાખીશ." એમ યહોવા મારા માલિક
કહે છે.
16 ફરીવાર મને યહોવાની વાણી સંભળાઇ: 2 તેમણે મને કહ્યું, "હે
મનુષ્યના પુત્ર, તું યરૂશાલેમને તેનાં તિરસ્કારને પાત્ર કૃત્યો વિ-
ષે કહીં સંભળાવ. 3 તેને કહે કે, 'યહોવા મારા માલિક આ પ્રમાણે કહે
છે:' તારી ઉત્પત્તિ તથા તારો જન્મ કનાનીઓના દેશમાં થયેલાં છે; તારા
પિતા અમોરી હતા અને માતા હિત્તી હતી. 4 તું જે દિવસે જન્મી તે દિવસે
તારી નાળ કાપનાર કે તને નવડાવનાર કે તને મીઠું ચોળનાર કે તને
કપડામાં લપેટનાર કોઇ નહોતું. 5 કોઇને તારામાં સ્હેજ પણ રસ ન હતો;
તારા પર દયા કરે અને તારી કાળજી લે તેવું કોઇ નહોતું. જે દિવસે તારો
જન્મ થયો તે દિવસે તને ખેતરોમાં નાખી દેવામાં આવી હતી. તું તિર-
સ્કૃત અને તજાયેલી હતી. 6 "'એવામાં હું ત્યાંથી નીકળ્યો અને મેં તને
તારા લોહીમાં તરફડતી જોઇ. તું લોહીમાં ખરડાયેલી હતી ત્યારે મેં તને
જીવાડવાનું વિચાર્યુ. 7 મેં તને ખેતરમાં ઊગેલા છોડની જેમ ઉછેરી અને
તું મોટી થતી થતી યુવાનીમાં પ્રવેશી. તારાં સ્તન ભરાવદાર થયાં અને
તારા વાળ પણ વધ્યા; તેમ છતાં તું નગ્નાવસ્થામાં હતી. 8 ફરી તારી પા-
સેથી હું નીકળ્યો ત્યારે મેં તને જોઇ તો તું લગ્ન માટે પુખ્ત ઉંમરની બની
ચૂકી હતી. મેં મારો ઝભ્ભો તારા પર પસારીને તારી નગ્નતા ઢાંકી. મેં તને
ગંભીર વચન આપ્યું અને તારી સાથે કરાર કર્યો અને તું મારી થઇ." આ
યહોવા મારા માલિકના વચન છે. 9 "'ત્યાર પછી મેં તને પાણીથી નવ-
ડાવી અને તારું લોહી ધોઇ નાખ્યું અને મેં તારા શરીર પર જૈતતેલ ચો-
પડ્યું. 10 વળી મેં તને ભરતકામ કરેલાં વસ્ત્રો તથા ઉત્તમ ચામડાની
મોજડી પહેરાવ્યાં. મેં તારે માથે શણનો રૂમાલ બાંધ્યો અને તને રેશમી
વસ્ત્રો પહેરાવ્યાં. 11 મેં તને કિંમતી આભૂષણો, બંગડીઓ અને સુંદર ને-
કલેસ પહેરાવ્યાં. 12 નાકમાં નથ અને કાને કુંડળ પહેરાવ્યાં અને માથે
રૂપાળો મુગટ મૂક્યો. 13 સોનાચાંદીના તારા અલંકારો હતાં. શણ, રેશમ
અને જરીયાનનાં તારાં વસ્ત્રો હતાં. ઉત્તમોત્તમ લોટ, મધ અને જૈતતેલ
તારો ખોરાક હતો. તેથી પહેલા કરતાં પણ તું વધારે સુંદર લાગતી હતી.
તું રાણી જેવી રૂપાળી લાગતી હતી અને તું સાચે જ રાણી હતી! 14 તારાં
રૂપની સુંદરતાને કારણે તારી ખ્યાતી સર્વ પ્રજાઓમાં પ્રસરી ગઇ હતી.
તું સંપૂર્ણ સ્ત્રી લાગતી હતી, કારણ કે મેં તને સર્વ ભેટો આપી હતી.'"
એમ યહોવા મારા માલિક કહે છે. 15 દેવ કહે છે, "પણ તેં તારા રૂપનો
અને તારી કીતિર્નો લાભ લઇને વારાંગનાની જેમ વર્તીને જતા આવતા
દરેકને તેં પોતાની જાત સોંપી દીધી. 16 તેં તારાં વસ્ત્રોથી ટેકરી ઉપરનાં
થાનકોને સજાવ્યાં અને ત્યાં વારાંગનાનો ધંધો શરૂ કર્યો. 17 તેં મારા
આપેલાં સોનાચાંદીના અલંકારો લઇ તેમાંથી પુરુષમૂર્તિઓ બનાવડા-
વી અને તેની સાથે તે વ્યભિચાર કર્યો. 18 તેં મારાં આપેલાં જરીયાન
વસ્ત્રો લઇને મૂર્તિઓને પહેરાવ્યાં અને મારું તેલ અને મારો ધૂપ તેમને
ચઢાવ્યાં. 19 મેં તને જે ઉત્તમ લોટ, મધ અને તેલ ખાવા આપ્યાં હતાં તે
તેમને પ્રસન્ન કરવા ચઢાવી દીધાં." આ યહોવાના વચન છે. 20 દેવ કહે
છે, "વળી મારાથી તને જે પુત્ર-પુત્રીઓ થયાં હતાં તેઓને તેં તારાં દેવો-
ની આગળ બલિદાન તરીકે આપ્યાં. તું વારાંગના હતી એટલું જ શું તારે
માટે પૂરતું નહોતું, 21 કે તેં મારાં બાળકોનો વધ કરીને તેઓની મૂર્તિની
આગળ બલિદાન કર્યા? 22 તારા વ્યભિચાર અને પાપના આ બધાં
વર્ષોમાં તે કદી વિચાર કર્યો નહિ કે તારા બાળપણમાં તું નગ્ન હતી અને
લોહીમાં તરફડતી હતી. 23 યહોવા મારા માલિક કહે છે, "તેથી તારા
બધા ખરાબ કૃત્યોના લીધે તારી પર આફત આવશે, ચૂકાદો આવી ગયો
છે, 24 "તેં દરેક શેરીને ખૂણેખૂણે પૂજા સ્થાનો અને ધામિર્ક વારાંગનાખંડ
બનાવ્યા છે. 25 અને ત્યાં તેં તારાં રૂપને ષ્ટ કર્યું. જતા આવતા સૌને તા-
રી કાયા સમપિર્ત કરીને વારાંગનાવૃત્તિ ચાલુને ચાલુ રાખી. 26 તેં તારા
કામાશકત પડોશી મિસરીઓ સાથે વ્યભિચાર કરી તારી વારાંગનાવૃ-
ત્તિથી મારો રોષ વહોરી લીધો. 27 "અને હવે મેં તારી સામે મારો હાથ
ઉગામ્યો છે. મેં તારી ખોરાકી-પોશાકી ઘટાડી નાખી છે અને તારા શત્રુ-
ઓના હાથમાં તને સોંપી દેવામાં આવી છે. અરે પલિસ્તીઓની પુત્રીઓ
તારી નિર્લજ વર્તણંૂકથી તું શરમાઇ ગઇ છે. 28 આટલાથી પણ તને
સંતોષ ન થતાં તેં આશ્શૂરના લોકોની સાથે પણ વ્યભિચાર કર્યો. તેમ-
ની સાથે વ્યભિચાર કર્યો છતાંય તું ધરાઇ નહિ. 29 વળી તેં કનાન દેશ-
થી માંડીને ખાલદી દેશ સુધી તારો વ્યભિચાર વધારી દીધો તેમ છતાંય
તું તૃપ્ત થઇ નહિ. 30 તેથી યહોવા મારા માલિક કહે છે કે, તારું હૃદય કેટ-
લું દુષ્ટ છે કે તું આવાં કામ કર્યા કરે છે. તું સ્વચ્છંદી વ્યભિચારી સ્ત્રી
છે." આ યહોવા મારા માલિકના વચન છે. 31 દેવ કહે છે, "તેં તારી મૂર્તિ-
ઓની વેદીઓ તથા વારાંગનાગૃહ દરેક શેરીએ બંધાવ્યા છે. તું વારાંગના
કરતાંય ભૂંડી છે. તું બીજી વારાંગનાઓની જેમ પૈસા પણ લેતી નથી.
32 તું તો કુલટા જેવી છે, જે પોતાના પતિને છોડીને પરપુરુષ સાથે
સંબંધ બાંધે છે. 33 વારાંગના તો પૈસા લે છે, પણ તું તો તારા બધા પ્રે-
મીઓને ભેટ આપે છે, તું તો તેમને બધેથી તારી સાથે વ્યભિચાર કરવા
લલચાવી લાવવા લાંચ આપે છે. 34 તું બીજી વારાંગનાઓ કરતાં જુદી
જ છે. કોઇ તને પૈસા આપતું નથી પણ તું સામેથી તેઓને પૈસા આપે
છે. તું સાચે જ જુદા પ્રકારની છે." 35 "તેથી હવે હે વારાંગના, યહોવાના
વચન સાંભળ. 36 આ યહોવા મારા માલિકના વચન છે: "તેં વસ્ત્રો
ઉતારી નાખી તારા દેહને નગ્ન કરી તારા પ્રેમીઓ અને તારી એ ધૃણાજ-
નક મૂર્તિઓ સાથે વ્યભિચાર કર્યો છે, તેં તારા બાળકોનો વધ કરીને એ
મૂર્તિઓને ભોગ ધરાવ્યો છે, 37 આથી હું તારો ઉપભોગ કરનાર બધા પ્રે-
મીઓને-જેઓને તું ચાહતી હતી અને જેઓને તું ધિક્કારતી હતી તે સૌને
ભેગા કરીશ. હું તને તેઓની આગળ નગ્ન કરીશ, જેથી તેઓ તારી સર્વ
નિર્લજ્જતા જુએ. 38 ખૂની અને વ્યભિચારી સ્ત્રીને જે પ્રમાણે શિક્ષા થાય
છે તેવી શિક્ષા હું તને કરીશ. કેમકે હું ક્રોધિત અને દ્વેષિત છું. 39 તને
અને તારા પ્રેમીઓને હું બીજા અનેક દેશોને સુપ્રત કરીશ કે જે તારો
નાશ કરે. તેઓ તારાં વારાંગનાગૃહો અને મૂર્તિઓની વેદીઓને તોડી
નાખશે અને તેઓ તારાં વસ્ત્ર તારા શરીર પરથી ઉતારી લેશે. તારાં સુંદર
ઘરેણાં લઇ લેશે અને તને શરમજનક નગ્ન અવસ્થામાં છોડીને ચાલ્યા
જશે. 40 તેઓ તારી સામે ટોળું લઇ આવશે અને તને ઇંટાળી કરશે અને
તરવારથી તારા ટુકડેટુકડા કરી નાખશે. 41 તેઓ તારાં મકાનો બાળી મૂ-
કશે અને સ્ત્રીઓના ટોળાના દેખતાં તને સજા કરશે. આમ, હું તારી વા-
રાંગનાવૃત્તિનો અંત આણીશ અને તારું પ્રેમીઓને ભેટ આપવાનું બંધ
થઇ જશે. 42 ત્યારે મારો રોષ શમી જશે અને તારા ઉપરથી દાઝ ઊતરશે.
પછી હું શાંત પડીશ અને તારા પર રોષે ભરાઇશ નહિ. 43 તું તારું બાળ-
પણ ભુલી ગઇ છે અને તારાં કૃત્યોથી તેં મારો રોષ વહોરી લીધો છે તેથી
હું તને તારા કૃત્યો માટે સજા કરીશ. શું આ સાચું નથી? કે તું બીજી બધી
અધમ વસ્તુઓ ઉપરાંત નિર્લજ વ્યભિચારમાં સંડોવાયેલી હતી?" આ
મારા માલિક યહોવાના વચનો છે. 44 "જેવી મા તેવી દીકરી.' તે કહેવત
સર્વ લોકો તારા માટે વાપરશે. 45 સાચે જ તું તારી માની દીકરી છે. જેણે
તેના પતિને અને તેના સંતાનોને ધિક્કાર્યા હતાં. તું તારી બહેનોની સા-
ચી બહેન છે, જેઓએ પોતાનાં પતિને અને સંતાનોને ધિક્કાર્યા હતાં.
તમે બધી જ હિત્તી મા અને અમોરી પિતાની પુત્રીઓ છો. 46 સમરૂન તા-
રી મોટી બહેન છે, જે પોતાની પુત્રીઓ સાથે તારી ઉત્તરે વસે છે. સદોમ
તારી નાની બહેન છે, જે પોતાની પુત્રીઓ સાથે તારી દક્ષિણે વસે છે.
47 તેમને પગલે ચાલી તેમનાં જેવા અધમ કૃત્યો કરી તું તૃપ્ત થઇ નથી;
થોડી જ વારમાં તું તેમના કરતાં પણ વધારે ખરાબ રીતે વર્તવા લાગી.
48 યહોવા મારા માલિક કહે છે કે, સદોમ અને તેની પુત્રીઓએ કદી જ
તારી પુત્રીઓના જેટલી દુષ્ટતા કરી નહોતી એ ખાતરીપૂર્વકની વાત છે."
49 "તારી બહેન સદોમના પાપ આ પ્રમાણે હતાં; અભિમાન, આળસ
અને અન્નની પુષ્કળતા. તેથી તેઓ અભિમાની થઇ ગઇ હતી. વળી
તેઓ ગરીબોને કે દુ:ખીઓને કદી મદદ કરતી નહોતી. 50 તેઓ અભિ-
માની થઇ ગઇ હતી અને હું જેને ધિક્કારું છું એવા કૃત્યો કરતી હતી;
આથી મેં તેમને ધરતી પરથી ભૂંસી નાખી છે, એ તેં જોયું છે." 51 દેવ કહે
છે, "સમરૂને તો તારા કરતાં અડધાં પાપ પણ કર્યા નહોતાં. તેં તારી
બહેનો કરતાં એટલા બધાં વધુ અધમ પાપ કર્યા છે કે તારી સરખામ-
ણીમાં તો તેઓ સારી લાગે છે. 52 હવે તારે તારાં કૃત્યો માટે શરમાવુ જો-
ઇએ. તારાં પાપ તારી બહેનોના પાપ કરતાં એટલા તો વધારે છે કે તેઓ
તારી તુલનામાં નિદોર્ષ લાગે છે. તું તારી બહેનોને પણ નિદોર્ષ કહેવડા-
વે એવી છે એટલે જરૂર તારે લજ્જિત થઇને ફજેતી વહોરીને ચાલવું પડ-
શે." 53 દેવ કહે છે, "પરંતુ એક દિવસ આવશે જ્યારે હું સદોમ અને તેની
પુત્રીઓની તથા સમરૂન અને તેની પુત્રીઓની આબાદી પાછી આપીશ.
વળી એ સાથે, હે યહૂદા, તારી આબાદી પણ હું તને પાછી આપીશ.
54 તેં જે કર્યુ છે તેને કારણે તારે લજ્જિત થઇને નામોશીપૂર્વક ચાલવું પડ-

શે. અને એ જોઇને તારી બહેનોને સાંત્વન મળશે. 55 હા, જરૂર તારી
બહેનો સદોમ અને સમરૂન તથા તેઓના સર્વ લોકો પહેલાં હતાં તેવા જ
ફરીથી સમૃદ્ધ થશે અને યહૂદા પણ તે દિવસોમાં સમૃદ્ધિ પામશે." 56 તા-
રા ઘમંડના દિવસોમાં જ્યારે તારી દુષ્ટતા ઉઘાડી પડી નહોતી ત્યારે તું
તારી બહેન સદોમની હાંસી નહોતી ઉડાવતી? 57 આજે હવે અરામ અને
પલિસ્તી લોકો તારી હાંસી ઉડાવે છે અને તારી આસપાસના બધા જ
લોકો તને ધિક્કારે છે. 58 હવે તારે તારા બીભત્સ અને અધમ કૃત્યોનાં
પરિણામો ભોગવવાં જ રહ્યાં." આ મારા માલિક યહોવાના વચન છે.
59 યહોવા મારા માલિક કહે છે, "તારા આચરણ પ્રમાણે જ હું તારી સાથે
વર્તાવ કરીશ, કારણ કે તું તારી પ્રતિજ્ઞાઓ ભુલી ગઇ છે, અને તે કરાર-
નો ભંગ કર્યો છે. 60 છતાં હું એ કરાર નહિ ભૂલું; તું જ્યારે જુવાન હતી, ને
મેં તારી સાથે જે કરાર કર્યો હતો તેને હું અનુસરીશ. બીજી તરફ હું, તારી
સાથે કાયમી કરાર કરીશ. 61 અને ત્યારે તને તારાં કુકમોર્ યાદ આવશે
અને તું લજ્જિત થઇશ. જ્યારે તું તારી મોટી અને નાની બહેનોને પાછી
લઇ લઇશ, કારણ હું તારી બહેનોને તારી પુત્રીઓ તરીકે પાછી આપનાર
છું, જો કે એ તારી સાથેના મારા કરારનો ભાગ નથી. 62 તેથી હું તારી
સાથે મારો કરાર ફરીથી સ્થાપન કરીશ અને ત્યારે તું જાણશે કે હું યહો-
વા છું. 63 જ્યારે હું તને તારાં બધાં કૃત્યોની માફી આપીશ ત્યારે તને તે
બધાં યાદ આવશે અને તું શરમની મારી બોલી પણ નહિ શકે." આ
યહોવા મારા માલિકના વચન છે.

17 યહોવા તરફથી વાણી મને આ પ્રમાણે સંભળાઇ: 2 "હે મનુષ્ય-
ના પુત્ર, તું ઇસ્રાએલી લોકો આગળ એક ઉખાણું રજૂ કર અને
તેમને આ બોધકથા કહે: 3 તેઓને જણાવ કે હું યહોવા, તેઓને આ કહું
છું;રંગબેરંગી પીંછાથી ઢંકાયેલું વિશાળ કદની પાંખોવાળું અને લાંબા
નહોરોવાળું એક મોટું ગરૂડ ઊડતું ઊડતું લબાનોનના પર્વત પર આવ્યું
અને તેની ઉપરથી એરેજવૃક્ષની ટોચની ડાળી લઇ ગયું. 4 અને વૃક્ષની
તે ડાળીને ટોચે રહેલી નવી ડાળો તેણે તોડી નાખી કનાન દેશ લઇ જઇ
વેપારીઓના નગરમાં રોપી. 5 ત્યાર પછી તેણે એક બીજ તે જમીન પર-
થી લીધું અને નદીકાંઠાની ફળદ્રુપ ભૂમિમાં વાવ્યું, જ્યાં પાણીનો તોટો
નહોતો. અને તેણે તે બીજને પાણી પાયું. 6 વેલો વધવા લાગ્યો અને તે
વધીને ઊંચો ન થયો પણ બધી દિશામાં ફેલાઇ ગયો. તેની શાખાઓ
ઉગી ત્યાં નવા ફણગાં ફૂટયાં અને તેનાં મૂળ ઊંડા ગયાં. આખો વેલો
ડાળીઓ અને કૂંપળોમાં ફેલાઇ ગયો. 7 એવામાં બીજો એક મોટો ગરૂડ
આવ્યો. તેની પાંખો વિશાળ હતી. તેને પુષ્કળ પીછાં હતાં. પેલા દ્રાક્ષ-
ના વેલાએ પોતાનાં મૂળીયાં તેના તરફ વાળ્યાં, ડાળીઓ તેના તરફ ફે-
લાવી, એવી આશાએ કે તે એને જ્યાં ઊગેલો હતો તે બગીચા કરતા
વધારે પાણી પાશે. 8 જો કે આ દ્રાક્ષાવેલો પુષ્કળ પાણીવાળો અને ફળ-
દ્રુપ જમીનમાં રોપેલો હતો. તેથી પુષ્કળ પાંદડાં અને ફળો તેને લાગે
તેમ હતું. અને તે ઊંચી પ્રકારનો દ્રાક્ષાવેલો બની શકે તેમ હતું." 9 "તું
એમને કહે કે, આ યહોવા મારા માલિકના વચન છે: આ વેલો ફૂલશેફા-
લશે ખરો? પેલો ગરૂડ એને મૂળમાંથી ઉખેડી નાખી દ્રાક્ષો ઝૂડી નહિ લે?
એ સુકાઇ નહિ જાય? એના બધાં લીલાં ડાળપાંદડાં ચીમળાઇ નહિ
જાય? એને મૂળમાંથી ઉખેડી નાખવા માટે વધુ જોરની કે બળવાન પ્ર-
જાની જરૂર નહિ પડે? 10 એને રોપ્યો છે એ ખરું, પણ એ ફૂલશેફાલશે
ખરો? જ્યારે પૂર્વના પવનો વાશે ત્યારે એ સુકાઇ નહિ જાય? જે બગીચા-
માં એ ઊગ્યો છે ત્યાં ને ત્યાં એ ચીમળાઇ નહિ જાય?" 11 ત્યાર બાદ
યહોવાની વાણી મને સંભળાઇ: 12 "તું તે બંડખોરોની જમાતને પૂછ;
તમને આનો અર્થ સમજાય છે? તું એમને સમજાવ કે બાબિલનો રાજા
યરૂશાલેમ આવીને રાજાને અને આગેવાનોને પોતાના નગર બાબિલમાં
ઉપાડી ગયો. 13 તેણે રાજાના કુટુંબના એક માણસ સાથે કરાર કર્યો
અને તે પાળવાનું તેની પાસે વચન લીધું. 14 એ દેશ પોતાનો તાબેદાર
થઇને રહે, બળવો ન કરે, અને સંધિનું પાલન કરે એ માટે એ દેશના મુ-
ખ્ય માણસોને બાન તરીકે પકડી ગયો. 15 પણ યહૂદાના રાજાએ તેની
સામે બળવો કર્યો અને ઘોડાઓ અને મોટી સેના મેળવવા માટે દૂતોને
મિસર મોકલ્યા, એ ફાવશે ખરા? સંધિનો ભંગ કરીને તે સજા વગર છટ-
કી શકશે?" 16 ના! યહોવા કહે છે કે, "હું ખાતરી પૂર્વક કહું છું કે ઇસ્રાએ-
લનો રાજા મૃત્યુ પામશે. જે રાજાએ તેને અધિકાર આપ્યો અને જેના
કરારનો ભંગ કર્યો તે રાજાના દેશમાં એટલે બાબિલમાં સિદકિયા મૃત્યુ
પામશે. 17 જ્યારે બાબિલનો રાજા યરૂશાલેમની આસપાસ ઘેરો નાખશે
અને ઘણાં લોકોની હત્યા કરવા માટે લશ્કરને ઊભું કરશે ત્યારે મિસર-
નો રાજા ફારુન અને તેનું વિશાળ સૈન્ય ઇસ્રાએલને સહાયરૂપ બની
શકશે નહિ. 18 તેણે પોતાની પ્રતિજ્ઞાનો અને કરારનો ભંગ કર્યો છે, જો
કે તેણે આ બધું કર્યું છે એટલે તે છટકી શકશે નહિ." 19 આથી યહોવા
મારા માલિક કહે છે: "હું મારા જીવનના સમ ખાઇને કહું છું કે, એણે મારે
નામે લીધેલી પ્રતિજ્ઞાનો અને સંધિનો ભંગ કર્યો છે, તેનો બદલો લીધાં
વગર હું નહિ છોડું. 20 હું તેના પર મારી જાળ નાખીને તેને પકડી લઇશ
અને હું તેને બાબિલમાં લઇ જઇશ અને મારી સાથે વિશ્વાસઘાત કરવા
બદલ, હું તેને ન્યાયાલયમાં ઢસડી જઇશ. 21 એનાં ચુનંદા યોદ્ધાઓ યુ-
દ્ધમાં મરી જશે અને બાકી રહેલાઓ ચારે દિશામાં વેરવિખેર થઇ જશે.
ત્યારે તમને ખબર પડશે કે આ હું યહોવા બોલ્યો છું." 22 યહોવા મારા
માલિક આ પ્રમાણે કહે છે:"હવે હું પણ એરેજ વૃક્ષની ટોચ પરની કુમળી
ડાળી લઇને તેને ઇસ્રાએલમાં ઊંચામાં ઊંચા પર્વતના શિખર પર રો-
પીશ. 23 ઇસ્રાએલના ઊંચામાં ઊંચા પર્વતની ટોચે રોપીશ. એને ડા-
ળીઓ ફૂટશે, ફળ બેસશે, અને એ ભવ્ય એરેજવૃક્ષ બનશે. તમામ પ્રકા-
રના પંખીઓ એની વિશાળ શાખાઓની છાયામાં વાસો કરશે. 24 વનનાં
બધા વૃક્ષોને ખબર પડશે કે હું, યહોવા, ઊંચા વૃક્ષોને નીચાં કરું છું અને
નીચા વૃક્ષોને ઊંચા કરું છું; લીલાં વૃક્ષને હું સૂકવી નાખું છું અને સૂકા
વૃક્ષને હું ફરી લીલા બનાવું છું, આ મેં યહોવાએ કહ્યું છે અને હું તેમ
કરીશ."

18 મને ફરી યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 2 "ઇસ્રાએલ-
માં લોકો શા માટે આ કહેવતનો ઉપયોગ વારંવાર કરે છે?"મા-
બાપે ખાટી દ્રાક્ષ ખાધી અને દાંત છોકરાઓના ખટાઇ ગયા." 3 યહોવા
મારા માલિક કહે છે: "હું મારા નામના સમ ખાઇને કહું છું કે, હવેથી
ઇસ્રાએલ દેશમાં આ કહેવતનો ઉપયોગ થશે નહિ. 4 એકેએક જીવ મારો
છે. પિતા અને પુત્ર બંને મારે માટે સરખા છે. જે માણસે પાપ કર્યું હશે તે
જ મૃત્યુ પામશે. 5 "કોઇ સારો માણસ હોય, તે ન્યાય અને ધર્મ પ્રમાણે
વર્તતો હોય. 6 ઇસ્રાએલીઓની મૂર્તિઓની પૂજા કરતો ન હોય કે તેમનાં
થાનકોમાં જઇને પ્રસાદ લેતો ન હોય, પડોશી સ્ત્રીને ષ્ટ કરતો ન હોય કે
રજસ્વલા સાથે વ્યભિચાર ન કરતો હોય, 7 વળી તે કોઇના પર જુલમ
ગુજારતો ન હોય, ચોરી કરતો ન હોય; દેણદારે ગીરો મૂકેલી વસ્તુ પાછી
આપતો હોય; ભૂખ્યાંને અન્ન અને વસ્ત્રહીનને વસ્ત્ર આપતો હોય,
8 વ્યાજખોરી કરતો ન હોય, દુરાચારથી દૂર રહેતો હોય, માણસ- માણસ
વચ્ચે પક્ષપાત કરતો ન હોય, 9 મારી સૂચનાઓને જે અનુસરે છે અને
મારા કાયદાઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરે છે એવો માણસ ખરેખર સદા-
ચારી છે, અને તે જરૂર જીવશે." આ સર્વસમર્થ યહોવાના વચનો છે.
10 "પરંતુ જો તેનો પુત્ર લૂંટારો અથવા ખૂની હોય અને આમાંનું કોઇ પણ
પાપ કરે, 11 અને પિતાએ કદી કર્યું ન હોય એવું બધું કરતો હોય; પર્વતો
પર જઇને જૂઠી મૂર્તિઓની પૂજા કરતો હોય, તથા પડોશીની પત્ની સાથે
વ્યભિચારમાં ડૂબેલો હોય, 12 ગરીબો અને નિરાધારો પર ત્રાસ કરતો
હોય, લૂંટ કરતો હોય, પોતાના દેણદારોની ગીરો મૂકેલી વસ્તુ પાછી ન
આપતો હોય, મૂર્તિઓ પર ષ્ટિ રાખી તેઓની પૂજા કરતો હોય, 13 પોતા-
નાં નાણાં વ્યાજે આપતો હોય અને આકરું વ્યાજ લેતો હોય, તો શું તે
જીવશે? ના, તે નહિ જીવે. તે તેનાં બધાં દુષ્કૃત્યોને લીધે માર્યો જશે.
પોતાના પાપનું ફળ પોતે જ ભોગવવું પડશે. 14 "પરંતુ જો આ માણસ-
નો પુત્ર હોય અને તે પોતાના પિતાની દુષ્ટતા અને પાપો જોતો હોય
પણ તે પ્રમાણે કરતો ન હોય. 15 પર્વતો પર મૂર્તિઓની આગળ ઉજા-
ણીમાં જોડાતો ન હોય કે ઇસ્રાએલ પ્રજાની મૂર્તિઓ તરફ ષ્ટિ કરતો ન
હોય અને પડોશીની સ્ત્રી સાથે વ્યભિચાર કરે નહિ, 16 કોઇના પર ત્રાસ
કરે નહિ, ન્યાયપૂર્વક વર્તતો હોય, ગીરવે મૂકેલી વસ્તુઓ તેના દેણદારો-
ને પાછી આપતો હોય અને તેમને લૂંટતો ન હોય, પણ ભૂખ્યાઓને અન્ન
અને જરૂરીયાતવાળાને વસ્ત્રો આપતો હોય. 17 દુરાચારથી દૂર રહે છે,
વ્યાજખોરી કરતો નથી, મારી આજ્ઞાઓ અનુસાર ચાલે છે અને મારા
નિયમો પાળે છે; તો એને એના પિતાના પાપો માટે મરવું નહિ પડે; એ
જરૂર જીવશે. 18 પરંતુ એના પિતાએ અન્યાય ગુજાર્યો હતો, ચોરી કરી
હતી અને પોતાના લોકોનું ભૂંડું કર્યું હતું. એટલે તેને તો પોતાનાં પાપને
કારણે મરવું જ પડશે. 19 "છતાં તમે પૂછો છો શા માટે પિતાનાં પાપોની

શિક્ષામાં પુત્ર ભાગીદાર નથી?’ પુત્રે જે યોગ્ય છે તે કર્યું છે અને ખૂબ કા-
ળજીપૂર્વક મારા નિયમોનું પાલન કર્યું છે, તેથી તે જરૂર જીવતો રહેશે.
20 જે માણસ પાપ કરશે તે મરણ પામશે. પુત્રને તેના પિતાનાં પાપોની
શિક્ષા થશે નહિ, કે પિતાને પોતાના પુત્રના પાપોની શિક્ષા થશે નહિ.
ન્યાયી માણસને પોતાની ભલાઇનો અને દુષ્ટ માણસને પોતાની દુષ્ટ-
તાનો બદલો મળશે. 21 “પરંતુ જો કોઇ દુર્જન પાપનો માર્ગ છોડી દે અને
મારા બધા નિયમોનું પાલન કરે અને ન્યાય અને નીતિમત્તાને માગેર્
ચાલે તો તે જરૂર જીવશે, તે મરશે નહિ; 22 તેણે કરેલા કોઇ પાપો સંભા-
રવામાં આવશે નહિ, એ એનાં પુણ્યકમોર્ને કારણે જીવશે.” 23 “કોઇ દુષ્ટ
માણસના મૃત્યુથી મને કઇં થોડો આનંદ આવે? મને તો ઉલટું એ જ
ગમે કે તે દુષ્ટતાનો માર્ગ છોડી દે અને જીવે.” આ યહોવા મારા માલિક-
ના વચન છે. 24 “તેમ છતાં જો કોઇ ન્યાયી માણસ પાપી જીવન તરફ
પાછો ફરે અને બીજા પાપીઓની જેમ વતેર્ તો શું તે જીવતો રહેશે? ના
સાચે જ તે જીવશે નહિ. તેણે કરેલા ભૂતકાળના સર્વ ભલાઇના કાર્યો
સંભારવામાં આવશે નહિ. અને તે પોતાના પાપોને કારણે મૃત્યુ પામ-
શે.” 25 દેવ કહે છે, “છતાં તમે કહો છો કે, ‘યહોવા અન્યાય કરે છે.’ હે
ઇસ્રાએલીઓ સાંભળો; અન્યાય હું કરું છું કે તમે કરો છો? 26 જો કોઇ
સારો માણસ પોતાની નીતિમત્તાને છોડીને પાપ કરે છે અને મૃત્યુ પામે
છે તો તેણે પોતે કરેલાં પાપને કારણે જ તે મૃત્યુ પામે છે. 27 અને જો
કોઇ માણસ પોતાની ભૂંડાઇથી પાછો ફરે અને મારા નિયમો પાળે તથા
પ્રામાણિકપણે વતેર્ તો તે પોતાનો જીવ બચાવશે. 28 તેણે વિચાર કરી-
ને પોતાનાં પાપોથી પાછા ફરવાનો અને સારું જીવન જીવવાનો નિર્ણય
કર્યો છે; તેથી તે જરૂર જીવશે, તે મૃત્યુ પામશે નહિ.” 29 છતાં તમે ઇસ્રા-
એલીઓ કહો છો કે, “યહોવા અન્યાય કરે છે,”દેવ કહે છે, “હે ઇસ્રાએલ-
ના લોકો, અન્યાય તમે કરો છો, હું નહિ. 30 એટલે, ઓ ઇસ્રાએલીઓ, હું
યહોવા મારા માલિક, તમને કહું છું કે, હું, તમારો દરેકનો તેના વર્તન
ઉપરથી ન્યાય કરીશ. 31 હૃદય પરિવર્તન કરો, પાપનો માર્ગ છોડી દો,
નહિ તો પાપ તમારો વિનાશ કરશે. તમારા બધાં પાપોને ફગાવી દો,
નવું હૃદય અને નવો આત્મા પ્રાપ્ત કરો. હે ઇસ્રાએલીઓ, તમે શાને માટે
મરવા માંગો છો? 32 કોઇનુંય મૃત્યુ થાય તે જોઇને મને આનંદ થતો
નથી, માટે હૃદય પરિવર્તન કરો અને જીવો.” આ યહોવા મારા માલિકના
વચન છે.

19 યહોવાએ મને કહ્યું, “તું ઇસ્રાએલના આગેવાનો માટે મરશિયા
ગા. 2 “‘તારી મા કેવી સ્ત્રી હતી! તે તો હતી સિંહણ, સિંહોના ટો-
ળામાં રહીને પોતાના સંતાન ઉછેરતી હતી. 3 તે સ્ત્રીએ એમાનાં એક
સિંહના બચ્ચાંનેઉછેર્યો અને તે શકિતશાળી સિંહ બની ગયો, પછી તે
શિકાર કરતાં શીખ્યો અને લોકોનો ભક્ષ કરવા લાગ્યો. 4 બીજી પ્રજા-
ઓએ એ સાંભળ્યું અને તેને ખાડામાં ફસાવ્યો. તેઓ તેને બેડીઓ પહે-
રાવી મિસર લઇ ગયા. 5 “‘જ્યારે સિંહણે જોયું કે તેની આશાઓ ધૂળમાં
મળી ગઇ છે ત્યારે તેણે બીજા બચ્ચાંનેબધાં જંગલી પ્રાણીઓના રાજા
થવા માટે તાલીમ આપીને ઉછેરીને મોટો કર્યો. 6 તે પણ મોટા સિંહોનો
વનરાજ થયો, શિકાર કરતાં શીખ્યો અને માણસોનો ભક્ષ કરવા લા-
ગ્યો. 7 તેણે કિલ્લાઓ તોડી પાડ્યા, નગરોને ખંડિયેર બનાવી દીધાં;
અને તેની ગર્જનાથી દેશના લોકો ભયભીત થઇ ગયા. 8 આજુબાજુના
પ્રાંતના લોકોએ તેના પર હુમલો કર્યો, તેમણે જાળ નાંખીને તેને ખાડા-
માં પકડી લીધો. 9 તેઓ તેને સાંકળે બાંધી પાંજરામાં પૂરીને બાબિલના
રાજા પાસે લઇ ગયા. ત્યાં તેને જેલમાં પૂરવામાં આવ્યો. જેથી ઇસ્રાએલ-
ના પર્વતો પર તેની ગર્જના સંભળાતી બંધ થઇ જાય. 10 “‘તારી માતા
પાણીના ઝરા પાસે રોપેલા દ્રાક્ષના વેલા જેવી હતી. પાણીની ખોટ
નહોતી, એટલે તેને ખૂબ પાંદડાં અને ફળ આવ્યાં. 11 તેની ડાળીઓ
એવી મજબૂત હતી કે તેના રાજદંડ બને. વેલ વધતી વધતી આજુબાજુ-
ની જાડીથી ઉપર નીકળી ગઇ, અને તેની ઘટા અને ઊંચાઇ સૌની નજરે
ચડતી. 12 પરંતુ તે દ્રાક્ષાવેલો કોપને લીધે ઉખેડી નાખીને ભોંયભેગો
કરવામાં આવ્યો, તેની ડાળીઓ ભાંગી નાખવામાં આવી. પૂર્વ તરફથી
ફૂંકાતા પવનોને કારણે તે સુકાઇ ગઇ અને તેનાં ફળો તૂટી પડ્યા. સુ-
કાઇ ગયેલી ડાળીઓ અગ્નિમાં ભસ્મીભૂત થઇ ગઇ. 13 હવે તેને સૂકા વે-
રાન અને નકામા રણમાં રોપવામાં આવી છે. 14 તેના થડમાંથી અગ્નિ
પ્રગટીને તેની ડાળીઓ અને ફળોને ભરખી ગયો છે. હવે એની ડાળીઓ
ફરીથી કદી મજબૂત નહિ થાય, અને તેમાંથી રાજદંડ પણ નહિ બને.’
આ શોકનું ગીત ભલે વારંવાર ગવાય. આ દુ:ખદ ગીત છે, જે વારંવાર
ગવાતું આવ્યું છે.”

20 સાતમા વર્ષના પાંચમા મહિનાના દશમાં દિવસે ઇસ્રાએલના
કેટલાક આગેવાનો પોતાના સવાલો યહોવાને પૂછવા માટે મારી
સમક્ષ આવીને બેઠા. 2 તે સમયે મને આ પ્રમાણે યહોવાની વાણી સંભ-
ળાઇ: 3 “હે મનુષ્યના પુત્ર, તું ઇસ્રાએલના આગેવાનોને આ પ્રમાણે કહે:
‘આ યહોવા મારા માલિકના વચન છે: તમે મારા મનની વાત જાણવા
આવ્યા છો? હું મારા જીવના સમ ખાઇને કહું છું કે, હું તમને મારા મનની
વાત નહિ કહું. આ યહોવા મારા માલિકના વચન છે.’ 4 હે મનુષ્યના પુ-
ત્ર! શું તું તેઓનો ન્યાય કરશે? તો તેઓને દોષિત ઠરાવ અને તેઓના
પિતૃઓનાં ધિક્કારપાત્ર કૃત્યો વિષે તેઓને જણાવ. 5 હું તને જણાવું છું
તે તેઓને કહી સંભળાવ; ‘ઇસ્રાએલની મેં પસંદગી કરી ત્યારે મેં તેઓને
વચન આપ્યું હતું તેમને દર્શન દીધાં હતાં, ત્યારે મેં પ્રતિજ્ઞાપૂર્વક તેમને
જણાવ્યું હતું કે, “હું તમારો દેવ યહોવા છું. 6 હું તમને મિસરની બહાર
લઇ જઇ તમારે માટે પસંદ કરેલા દેશમાં લઇ જઇશ, જે વિશ્વના દેશોમાં
સૌથી રળિયામણો છે અને જ્યાં દૂધ અને મધની રેલછેલ છે. 7 “પરંતુ
તમે જેના ઉપર મોહી પડ્યા છો તે ત્રાસજનક મૂર્તિઓને તમારામાંના
એકેએક જણે ફેંકી દેવી પડશે. મિસરની મૂર્તિઓથી તમારે તમારી જાત-
ને અશુદ્ધ કરવાની નથી, કારણ, હું યહોવા જ તમારો દેવ છું.” 8 પરંતુ
તેઓ મારી સામે થયા, મારું કહ્યું સાંભળવાની તેમણે ના પાડી અને તે-
મનામાંના એકે જણે ન તો ધૃણાજનક મૂર્તિઓ ફેંકી દીધી કે ન તો મિ-
સરની મૂર્તિઓનો ત્યાગ કર્યો. એટલે મિસરમાં જ તેમના પર મારો પૂરો
રોષ ઉતારવાનો મેં વિચાર કર્યો હતો. 9 પણ મેં તેમ કર્યું નહિ, કારણ, જો
મેં તેમ કર્યું હોત તો તે લોકો જેમની વચ્ચે વસતા હતા તેમની નજરમાં
મારું નામ હલકું પડત, કારણ કે તેમના દેખતાં જ મેં જાહેર કર્યું હતું કે,
‘હું એ લોકને મિસરમાંથી બહાર લઇ જનાર છું.’ 10 આથી મેં તેમને મિસ-
રમાંથી બહાર કાઢીને રણમાં લાવીને મૂક્યા. 11 મેં તેમને મારા નિયમો
આપ્યા અને મારી આજ્ઞાઓ સમજાવી. જેનું પાલન કરવાથી માણસ
જીવન પામે છે. 12 તેઓ મારી પોતાની જ પ્રજા છે એની એંધાણીરૂપે મેં
તેમને ખાસ આરામના દિવસો આપ્યા, તેથી તેઓ જાણે કે, હું યહોવા
એ જ એક છું કે જે તેમને પવિત્ર બનાવે છે. 13 “‘પરંતુ ઇસ્રાએલીઓ
રણમાં પણ મારી વિરુદ્ધ થયા. તેઓ મારા નિયમની વિરુદ્ધ ગયાં અને
મારી સૂચનાઓનો અસ્વીકાર કર્યો, જેનું પાલન કરવાથી માણસ જીવન
પામે છે. તેમણે ખાસ વિશ્રામવારોનો બહુ ખરાબ રીતે ભંગ કર્યો છે.
આથી, તેમના પર મારો રોષ વરસાવીને રણમાં જ તેમનો સંહાર કરવા-
નો મેં નિર્ણય કર્યો, 14 પણ મેં તેમ કર્યું નહિ, કારણ, જો મેં તેમ કર્યું હોત
તો જે પ્રજાઓના દેખતાં હું તેને મિસરમાંથી બહાર લઇ આવ્યો હતો તે-
મની નજરમાં મારું નામ હલકું પડત. 15 આથી મેં રણમાં પ્રતિજ્ઞા લીધી
કે, મેં તેમને જે ભૂમિ આપવાનું નક્કી કર્યું હતું જ્યાં દૂધ અને મધની રે-
લછેલ છે અને જે સૌથી રળિયામણી છે- ત્યાં હું તેમને નહિ લઇ જાઉં.
16 “‘કારણ, તેમણે મારા કાનૂનોનો તિરસ્કાર કર્યો છે, મારા નિયમોનો
ભંગ કર્યો છે અને બહુ ખરાબ રીતે મારા વિશ્રામવારનો ભંગ કર્યો છે,
અને તેમના મન મૂર્તિઓ પર મોહી પડ્યાં છે. 17 તેમ છતાં મને તેમના
પર દયા આવી. મેં તેમનો સંહાર ન કર્યો, રણમાં જ તેમને બધાને પૂરા ન
કર્યા. 18 મેં તેમનાં સંતાનોને કહ્યું, “તમારા પૂર્વજોના નિયમોને અનુસર-
શો નહિ, તેમના હુકમોને અનુસરશો નહિ કે તેમની મૂર્તિઓની પૂજા
કરીને તમારી જાતને અશુદ્ધ કરશો નહિ. 19 હું યહોવા તમારો દેવ છું.
તમારે મારી આજ્ઞાઓ પાળવાની છે, મારા નિયમોને અનુસરવાનું છે
અને તે પ્રમાણે ચાલવાનું છે. 20 વિશ્રામવારને તમારે પવિત્ર ગણીને પા-
ળવો, જેથી તે આપણી વચ્ચેના કરારની નિશાની બની રહે અને તમને
ખબર પડે કે હું યહોવા દેવ છું.” 21 “‘પરંતુ તેઓનાં સંતાનોએ પણ મારી
વિરુદ્ધ બંડ કર્યું. તેઓ મારા નિયમો પ્રમાણે ચાલ્યા નહિ અને મારા કા-
નૂનો અનુસરવાની કાળજી રાખી નહિ. મારા કાયદાઓનું પાલન કરવા-
થી માણસ જીવન પામે છે. વળી તેઓએ મારા વિશ્રામવારને અપવિત્ર
કર્યા. તેથી મેં રણમાં તેમના પર મારો રોષ વરસાવવાનો નિર્ણય કર્યો.
22 પણ હું શાંત રહ્યો. જો મેં એમ ન કર્યું હોત તો જે પ્રજાઓના દેખતા હું
તેમને મિસરમાંથી બહાર લાવ્યો હતો તેમની નજરમાં મારું નામ હલકું

પડત. 23 આથી મેં રણમાં બીજી પ્રતિજ્ઞા કરી કે, હું તેમને બીજી પ્રજા-
ઓમાં વેરવિખેર કરી નાખીશ અને વિદેશી ભૂમિઓમાં છોડી મૂકીશ.'
24 "'કારણ, તેમણે મારા કાનૂનોનું ઉલ્લંઘન કર્યુંર્ છે, મારા હુકમોનો ભંગ
કર્યો છે, બહુ ખરાબ રીતે મારા વિશ્રામવારનો ભંગ કર્યો છે અને તેમના
પૂર્વજોની મૂર્તિઓની પૂજા કરી છે. 25 એટલું જ નહિ, મેં તેમને ખરાબ
નિયમો પાળવા દીધા, અને એવી આજ્ઞાઓ ઉઠાવવા દીધી જેનાથી જી-
વન પ્રાપ્ત ન થાય. 26 મેં તેમને પોતાનાં પહેલાં સંતાનોનો મૂર્તિઓને
ભોગ ચઢાવી એ બલિથી જ અશુદ્ધ થવા દીધા. આમાં મારો હેતુ તેમને
સજા કરીને ખબર પાડવાનો હતો કે હું યહોવા, છું.' 27 માટે, હે મનુષ્યના
પુત્ર, તું ઇસ્રાએલીઓને કહે; 'આ યહોવા મારા માલિકના વચન છે:
તમારા પૂર્વજોએ એક બીજી રીતે પણ મારું અપમાન કર્યું છે. તેઓ મારા
પ્રત્યે વિશ્વાસઘાતી નીવડ્યાં છે. 28 મેં તેઓને જે દેશ આપવાનું વચન
આપ્યું હતું તે દેશમાં હું તેઓને લાવ્યો. ત્યાં તેઓએ ઊંચા પર્વતો અને
ઘટાદાર વૃક્ષો જોયાં. અને તે દરેકની આગળ બલિદાનો, સુવાસિત ધૂપ
અને પેયાર્પણો અર્પણ કરી તેઓએ મને ક્રોધિત કર્યો છે. 29 મેં તેઓને
કહ્યું;' તમે જ્યાં જાઓ છો તે ઉચ્ચસ્થાન શું છે? અને ત્યારથી તે 'ઉચ્ચ-
સ્થાન' ડુંગર પરના થાનકો કહેવાય છે.'" 30 "હવે તું ઇસ્રાએલીઓને કહે
કે, 'આ યહોવા મારા માલિકના વચન છે: તમે તમારા વડવાઓની જેમ
વતીર્ ને ષ્ટ થાઓ છો, તેમની ધૃણાસ્પદ મૂર્તિઓ પાછળ પડો છો,
31 તેમની આગળ ભેટ ધરાવો છો અને તમારાં બાળકોને અગ્નિમાં હોમો
છો, અને છતાં તમે ઇસ્રાએલીઓ મારા મનની વાત જાણવા આવો છો?
હું મારા જીવના સમ ખાઇને કહું છું, આ હું યહોવા તમારો માલિક બોલું
છું, કે હું તમને મારા મનની વાત જણાવનાર નથી. 32 બીજી પ્રજાઓની
જેમ, વિદેશીઓની જેમ આપણે પણ લાકડાંના અને પથ્થરના દેવોની
પૂજા કરીશું.' તમારા મનમાં એવી જે ઇચ્છાઓ તમે ધરાવો છો તે હું સા-
ચી પડવા દેનાર નથી.'" 33 યહોવા મારા માલિક કહે છે કે, "હું પ્રતિજ્ઞાપૂ-
ર્વક કહું છું કે મારા ક્રોધમાં અને મારા પરાક્રમમાં તથા સમર્થ ભુજ વડે
તમારા પર શાસન ચલાવીશ. 34 તમે જે પ્રજાઓમાં વિખેરાઇ ગયા છો
ત્યાંથી હું તમને મારા ક્રોધથી અને મારા પરાક્રમથી મારા સમર્થ ભુજ
વડે બહાર લાવી એકત્ર કરીશ. 35 હું તમને પ્રજાઓની રણભૂમિમાં દોરી
જઇશ અને ત્યાં મોઢામોઢ તમારી સામે વાદ ચલાવીશ. 36 જેમ મેં મિસ-
રના રણમાં તમારા પૂર્વજોની સામે વાદ ચલાવ્યું હતું તેમ અત્યારે તમા-
રી સામે ઉભો રહીને ચલાવીશ." આ યહોવા મારા માલિકના વચન છે.
37 "હું તને મારા દંડ નીચેથી પસાર કરીશ અને મારા કરારની શરતોને
આધિન રાખીશ. 38 મારી વિરુદ્ધ બંડ કરનાર અને પાપમાં જીવનાર
સર્વને હું તમારામાંથી દૂર કરીશ જ્યાં તેઓ બંદીવાન છે તે દેશોમાંથી હું
તેઓને બહાર લાવીશ, પણ તેઓ ઇસ્રાએલમાં પ્રવેશ કરશે નહિ. ત્યારે
તમે જાણશો કે હું યહોવા છું." 39 હવે, હે ઇસ્રાએલના કુળ, યહોવા, મારા
માલિક તારા માટે કહે છે: "જો તમે મને સાંભળવા માંગતા નથી અને
તમે તમારી મલિન મૂર્તિઓની પૂજા કરવા ચાહો છો, તો તમે તેમ કરવા-
નું ચાલુ રાખો. પણ તમે તમારી મલિન મૂર્તિઓની ભેટ આપીને, મારા
પવિત્ર નામને હવે જરા પણ અભડાવશો નહિ. 40 યહોવા મારા માલિક
કહે છે કે, "મારા પવિત્ર પર્વત યરૂશાલેમમાં સર્વ ઇસ્રાએલી લોકો મારી
ભકિત કરશે. ત્યાં હું તમારો સ્વીકાર કરીશ અને તમારાં ઉપહાર અને
તમારા ઉત્તમ અર્પણો મારી પાસે લાવવા હું તમને એકઠા કરીશ. 41 તમે
જે દેશોમાં વિખેરાઇ ગયા હતા ત્યાંથી હું તમને એકઠા કરીશ ત્યારે હું
તમને સુવાસિત ધૂપની જેમ સ્વીકારીશ અને સર્વ પ્રજાઓના દેખતાં હું
તમારી મધ્યે પવિત્ર મનાઇશ. 42 તમારા પિતૃઓને જે દેશ આપવાનું મેં
પ્રતિજ્ઞાપૂર્વક વચન આપ્યું હતું તે દેશોમાં હું તમને લાવીશ. ત્યારે તમે
જાણશો કે હું યહોવા છું. 43 પછી, તમે યાદ કરશો કે, પહેલાં તમે દુષ્કૃ-
ત્યો કરીને કેવા અશુદ્ધ થયા હતા અને તમે આચરેલા પાપોને કારણે
તમને તમારા પોતાના પર ધૃણા પેદા થશે. 44 "જ્યારે તમારા દુષ્ટ માગો-
ર્ અને તમારા અધમ આચરણને કારણે મારે તમારી સાથે જે રીતે વર્તવું
જોઇએ તેમ ન કરતાં મેં મારા નામને ગૌરવ અપાવે તેની વર્તણૂક તમારી
સાથે કરી છે એમ તમે જાણશો ત્યારે તમને ખાતરી થશે કે હું યહોવા
છું." આ યહોવા મારા માલિકના વચન છે. 45 પછી મને યહોવાની વાણી
આ પ્રમાણે સંભળાઇ: 46 "હે મનુષ્યના પુત્ર, તું દક્ષિણ તરફ જો અને ને-
ગેબના જંગલો તરફ જોઇને ભવિષ્ય ભાખ. 47 દક્ષિણના જંગલમાં જઇને
મારી ચેતવણી ઉચ્ચાર, તેમને કહે કે; 'યહોવાની વાણી સાંભળ; આ
યહોવા મારા માલિકના વચન છે; હું તને આગ લગાડું છું, એ તારા એકે-
એક લીલાં તેમજ સૂકાં વૃક્ષને સ્વાહા કરી જશે. એને કોઇ હોલવી નહિ
શકે. એ દક્ષિણથી ઉત્તર સુધી ફેલાઇ જશે અને એકેએક માણસનો ચહે-
રો એનાથી દાઝી જશે. 48 અને બધા માણસોને ખાતરી થશે કે એ આગ
પેટાવનાર હું યહોવા છું અને એને હોલવી શકાય એમ નથી.'" 49 પછી મેં
કહ્યું, "હે યહોવા મારા માલિક, તેઓએ મને કહ્યું, 'તું તો અમને ફકત કો-
યડાઓ જ કહે છે.'"

21 મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ. 2 "હે મનુષ્યના પુ-
ત્ર, યરૂશાલેમ તરફ જો અને ઇસ્રાએલ વિરુદ્ધ અને મારા મંદિર-
ની વિરુદ્ધ પ્રબોધ કર. 3 અને કહે: યહોવા આ પ્રમાણે કહે છે: 'હું તારી
વિરુદ્ધ છું. હું મારી તરવાર મ્યાનમાંથી ખેંચીશ અને તમારામાંથી સદા-
ચારી માણસોની તેમજ દુષ્ટોની હત્યા કરીશ. 4 મારે તમારામાંના ભલા-
ભુંડા સૌ કોઇનો સંહાર કરવો છે માટે હું દક્ષિણથી ઉત્તર સુધીના બધા
સામે મારી તરવાર મ્યાનમાંથી બહાર કાઢનાર છું. 5 ત્યારે બધા માણ-
સોને ખાતરી થશે કે મેં યહોવાએ મ્યાનમાંથી તરવાર ખેંચી છે અને એ
કદી પાછી મ્યાનમાં જવાની નથી.'" 6 "હે મનુષ્યના પુત્ર, ભગ્ન હૃદયથી,
તીવ્ર શોકથી અને અતિશય દુ:ખમાં તું મોટેથી રૂદન કર, લોકો આગળ
તું પસ્તાવો કર. 7 તેઓ તને પૂછે કે, 'તું શા માટે આક્રંદ કરે છે,' ત્યારે તે-
ઓને કહે: 'દેવે આપેલા સમાચારને લીધે જ્યારે એમ થશે ત્યારે હિંમત-
વાન માણસ પણ ભાંગી પડશે અને તેની તાકાત ચાલી જશે. દરેક વ્ય-
કિત નિર્ગત થશે. મજબૂત ઘૂંટણો પણ થરથરશે અને પાણીના જેવા
થઇ જશે.' યહોવા મારા માલિક કહે છે તમારા પર શિક્ષા આવી રહી છે.
મારા ન્યાય ચુકાદાઓ પરિપૂર્ણ થશે." 8 યહોવાની વાણી મને આ પ્રમા-
ણે સંભળાઇ: 9 "હે મનુષ્યના પુત્ર, મારી ચેતવણી સંભળાવ, તું લોકોને
એમ કહે કે, 'આ યહોવા મારા માલિકના વચન છે:'"તરવાર! હા, તેને
ધારદાર અને ચમકતી બનાવવામાં આવી છે. 10 સંહાર કરવા માટે તેને
ધારદાર બનાવેલી છે. વીજળીની જેમ ચમકારા મારે તેવી તેને બનાવી
છે. અજેય રહેનાર યહૂદાના રાજદંડમાં શું આપણે આનંદ મનાવીશું?
પરંતુ એ બાબિલની તરવાર એવા પ્રત્યેક રાજદંડને તુચ્છકારે છે. 11 તર-
વાર ચકચકતી બનાવી છે. તેનો ઉપયોગ કરવા માટે સંહારકના હાથમાં
સોંપવા માટે તેને ધારદાર અને ચકચકતી બનાવી છે. 12 "'હે મનુષ્યના
પુત્ર, તું અતિશય દુ:ખને કારણે મોટેથી પોક મૂક અને રૂદન કર, કારણ
કે તે તરવાર મારા લોકોની અને તેઓના સર્વ આગેવાનોની હત્યા કરશે.
સર્વ મરણ પામશે માટે તારી છાતી કૂટ. 13 હું તેઓની કસોટી કરીશ. જે-
ને તરવાર તિરસ્કારે છે તે યહૂદાના રાજદંડનો અંત આવશે તો શું?'"
એમ યહોવા મારા માલિક કહે છે. 14 "હે મનુષ્યના પુત્ર, મારી ચેતવણી
સંભળાવ, તું બે હાથે જોરથી તાળી પાડ,"આ એ તરવાર છે જે એક
શરીર પરથી બીજા શરીર પર જાય છે. એ તરવાર સંહાર કરનારી છે, એ
પ્રાણ હરનારી તરવાર છે. એ સર્વત્ર ભય ફેલાવનારી તરવાર છે, એને
જોઇને લોકો હિંમત હારી જાય છે. 15 બધા હૃદયમાં આતંક લાવવા માટે
અને ઘણા લોકોને લથડાવીને નીચે પાડવા માટે, મેં તેઓની નગરીને
દરવાજે-દરવાજે તરવાર લટકતી રાખી છે, જે વીજળીની જેમ ઝળકે છે
અને સંહાર કરવાને સજ્જ છે. 16 હે તરવાર, તું તારી ડાબી બાજુ અને તારી
જમણી બાજુ સંહાર કર. જે બાજુ તું ફરે તે બાજુ સંહાર કર. 17 હું પણ
તાળી પાડીશ અને મારા ક્રોધને શાંત પાડીશ, હું યહોવા આ બોલ્યો
છું." 18 પછી મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ. 19 "હે મનુષ્ય-
ના પુત્ર, બાબિલનો રાજા પોતાની તરવાર સાથે જ્યાં થઇને આવી શકે
એવા બે રસ્તા દોર બંને રસ્તા એક જ દેશમાંથી નીકળવા જોઇએ. જ્યાં
રસ્તા ફંટાતા હોય ત્યાં નિશાન મૂક. 20 એક એંધાણી રાજાને આમ્મોની-
ઓના નગર નો માર્ગ બતાવે, અને બીજી એંધાણી યહૂદાનો, ઠેઠ યરૂ-
શાલેમ સુધીનો માર્ગ બતાવે. 21 બાબિલનો રાજા જ્યાં રસ્તો ફંટાય છે
ત્યાં નિશાન આગળ ઊભો છે. કયે રસ્તે જવું તે જાણવા માટે તે બાણ
હલાવે છે, મૂર્તિઓને પ્રશ્ર્ન કરે છે અને વધેરેલા પ્રાણીનું કાળજું તપાસે
છે. 22 "તેના જમણા હાથમાં આવેલું બાણ યરૂશાલેમનું છે. ત્યાં તે કિલ્લો
તોડવાના યંત્રો ગોઠવશે અને હત્યા કરવા હુકમ આપશે. દરવાજા તોડ-
વાના યંત્રો ગોઠવાશે અને માટીના ગઢ ઊભા કરાશે, અને ખાઇઓ ખો-
દશે. 23 યરૂશાલેમના લોકોએ સંધિઓ કરી છે એટલે તેઓ આ બધું નહિ

માને; પણ એ તો તેમના પાપોની ખબર લેશે; તેઓ દુશ્મનના હાથમાં
પડવાના જ છે, પછી તેઓને બંદીવાન તરીકે લઇ જવાશે.” 24 તેથી હું
યહોવા મારા માલિક, કહું છું કે, “હે યરૂશાલેમ નગરી, તારાં પાપોની
ખબર લેવાઇ રહી છે. સૌ કોઇ જાણે છે કે તું કેવી દોષિત છે. તારા એકે-
એક કાર્યમાં તારાં પાપ પ્રગટ થાય છે. તારાં પાપોની ખબર લેવાઇ રહી
છે અને તું તારા દુશ્મનોના હાથમાં પડવાની જ છે. 25 હે ઇસ્રાએલના દુ-
ષ્ટ અને અધમ રાજા, તારા દિવસો પણ ભરાઇ ચૂક્યા છે, તારી શિક્ષાનો
અંતિમ દિવસ આવી પહોંચ્યો છે.” 26 યહોવા મારા માલિક કહે છે: “તા-
રી પાઘડી અને મુગટ ઉતાર. હવે પહેલાના જેવી સ્થિતિ રહેવાની નથી.
જે નીચે છે તે ઊંચે જશે અને જે ઊંચે છે તેને નીચે પાડવામાં આવશે.
27 હું નગરીને ખંડિયેરબનાવી દઇશ. ખંડિયેર! પણ આ નગરીને સજા
કરવા માટે જે માણસ નક્કી થયો છે તે આવે નહિ ત્યાં સુધી આ બન-
વાનું નથી. હું તે સર્વ તેને આપીશ.” 28 “હે મનુષ્યના પુત્ર, તું આમ્મો-
નીઓ વિરુદ્ધ પ્રબોધ કર. કારણ કે તેઓએ મારા લોકોની તેમની વિકટ
પરિસ્થિતીમાં હાંસી ઉડાવી છે. તેઓને આ પ્રમાણે કહે:‘“તમારી વિરુદ્ધ
પણ ધારદાર, ચમકતી તરવાર ખુલ્લી કરવામાં આવી છે, તે વીજળીની
જેમ ચમકારા મારે છે. 29 તમારાં દર્શન જૂઠાં છે. ભવિષ્યવાણી ખોટી છે.
તમે દુષ્ટ છો, અધમ છો; તમારા દિવસો ભરાઇ ચૂક્યા છે, કારણ કે
તમારી શિક્ષાનો અંતિમ દિવસ આવી પહોંચ્યો છે. તરવાર તમારી ડોક
પર પડનાર છે. 30 ‘“તારી તરવારને તેના મ્યાનની અંદર પાછી મૂકી દે!
તમારા દેશમાં, જ્યાં તમારો જન્મ થયો હતો ત્યાં જ હું તમારો સંહાર
કરીશ. 31 હું મારો કોપ તમારા પર રેડી દઇશ અને જ્યાં સુધી મોટી
આગના ભભૂકે ત્યાં સુધી હું મારો કોપરૂપી અગ્નિ તમારા પર મોકલીશ.
સંહાર કરવામાં કુશળ અને સ્વભાવે ક્રુર માણસોના હાથમાં હું તમને
સોંપી દઇશ. 32 તમે અગ્નિમાં ઇંધણની જેમ હોમાઇ જશો. તમારા પોતા-
ના દેશમાં તમારું લોહી રેડાશે. તમારું કોઇ નામોનિશાન નહિ રહે. હું
યહોવા આ બોલ્યો છું.’”

22 યહોવાની વાણી મને આ પ્રમાણે સંભળાઇ: 2 “હે મનુષ્યના પુ-
ત્ર, તું તેણીનો ન્યાય તોળવા તૈયાર છે? તો તું યરૂશાલેમ પર તે
‘ખૂનીઓની નગરી’ છે તેવો આરોપ મૂક, પછી તેણે આચરેલા બધા
ભયંકર કૃત્યો વિષે તેને જણાવ. 3 તે નગરને જણાવ કે, ‘યહોવા મારા
માલિક તમને કહે છે: પોતાની મધ્યે ઘણાં લોકોનાં ખૂન કર્યા છે અને
મૂર્તિઓની પૂજા કરીને પોતાને ષ્ટ કર્યા છે. 4 ‘“એ કારણને લીધે તારા
નાશનો સમય પાકી ચૂક્યો છે. એ ખૂનની જવાબદારી તારી છે અને તેં
જ બનાવેલી મૂર્તિઓથી તું ષ્ટ થયેલી છે, તેથી તારી ઘડી ભરાઇ ચૂકી
છે. તારું આવી બન્યું છે! આથી જ મેં તેને બધી પ્રજાઓની હાંસીનો
અને બધા દેશોના ઉપહાસનો વિષય બનાવી છે. 5 દૂરના અને નજીકના
દેશો તારી હાંસી ઉડાવશે, તું ઘણી બદનામ થયેલી છે. તું હિંસાથી ભરે-
લી છે. 6 ‘“તારા કિલ્લાની અંદર રહેનાર ઇસ્રાએલના પ્રત્યેક આગેવાને
પોતાના હાથનો ઉપયોગ લોહી વહેવડાવવામાં કર્યો છે. 7 તારામાં કોઇ
માતાપિતાને માન આપતું નથી. વિદેશીઓને સુરક્ષા માટે નાણાં ચૂકવ-
વા ફરજ પાડે છે. અને અનાથો તથા વિધવાઓ ઉપર ત્રાસ ગુજારે છે.
8 હું જે કઇં પવિત્ર માનું છું તેને તું ધિક્કારે છે. અને મારા ખાસ વિશ્રામ-
વારોનું ઉલ્લંઘન કરે છે. 9 તારે ત્યાં લોકો ખોટી અફવાઓ ફેલાવે છે અને
ખૂનો કરાવે છે, પર્વત પરના થાનકોએ જઇને બલિદાનો અર્પણ કરે
છે.‘“તારે ત્યાં લોકો જાતિય પાપો આચરે છે. 10 ઘણા પુરુષો પોતાના
પિતાની પત્નીઓ સાથે વ્યભિચારમાં ડૂબેલા હોય છે. અને તેમાંના
ઘણા તો સ્ત્રીઓ પર ઋતુકાળ દરમ્યાન બળાત્કાર કરે છે. 11 કેટલાંક
પુરુષો બીજા પુરુષોની પત્નીઓ સાથે ભયાનક કુકમોર્ કરે છે, તો કોઇ
પોતાની પુત્રવધૂને ષ્ટ કરે છે; કોઇ તેની પોતાની બહેન પર એટલે કે પો-
તાના બાપની પુત્રી પર બળાત્કાર કરે છે. 12 ‘“તારે ત્યાં લોકો પૈસા લઇ-
ને ખૂન કરે છે, પોતાના ઇસ્રાએલી ભાઇઓને ધીરેલા નાણા ઉપર વ્યાજ
લે છે અને નફા માટે તેમની પાસે વધારે ભાવ પડાવે છે, મને તો તું ભૂ-
લી જ ગઇ છે.’ આ યહોવા મારા માલિકના વચન છે. 13 ‘“તમે અપ્રામા-
ણિક નફો મેળવ્યો છે અને તમારી મધ્યે લોહી વહેવડાવ્યું છે. તેથી હું
રોષમાં હાથ પછાડીશ. 14 હું તારી ખબર લઇશ ત્યારે તારી હિંમત ટકી
રહેશે ખરી? તારું બળ કાયમ રહેશે ખરું? કારણ કે હું યહોવા બોલ્યો છું
અને મેં જે કંઇ કહ્યું છે તે સર્વ હું કરી બતાવીશ. 15 હું તમને બીજી પ્રજા-
ઓમાં અને વિદેશોમાં વેરવિખેર કરી નાખીશ અને તમે જે મલિનતામાં
ખૂંપેલા છો તેને હું સંપૂર્ણપણે દૂર કરીશ. 16 બીજી સર્વ પ્રજાઓ આગળ
તમે અપમાનિત થશો અને ત્યારે તમે જાણશો કે હું યહોવા છું.’” 17 મને
યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 18 “હે મનુષ્યના પુત્ર, ઇસ્રાએ-
લીઓ મારે માટે કચરા જેવા નકામા છે. તેઓ ચાંદીને શોધ્યા પછી
ભઠ્ઠીમાં રહેલા તાંબા, કલાઇ, લોઢા અને સીસા જેવા છે. 19 આથી હું
યહોવા માલિક કહું છું કે, ‘તમે બધા એ કચરા જેવા નકામા છો એટલે હું
તમને યરૂશાલેમમાં ભેગા કરીશ. 20 જેમ ચાંદી, પિત્તળ, લોખંડ, સીસા
અને જસતને શુદ્ધ કરવા માટે ભઠ્ઠીમાં અગ્નિ વડે ગળાય છે, તેવી જ રીતે
હું તમને મારા રોષમાં ભેગા કરીને તમને ભઠ્ઠીમાં ઓગળવા માટે મૂકી
દઇશ. 21 તેવી જ રીતે હું મારા ક્રોધ અને રોષમાં તમને ભેગા કરીને
ઓગાળીશ. તમે મારા રોષની ભડભડતી ભઠ્ઠીમાં ઓગળી જશો. 22 જેમ
ચાંદી ભઠ્ઠીના અગ્નિથી ઓગળી જાય તેમ તમે મારા રોષના અગ્નિથી
ઓગળી જશો. ત્યારે તમે જાણશો કે મેં યહોવાએ મારો કોપ તમારા પર
રેડ્યો છે.’” 23 ફરીથી યહોવાની વાણી મને આ પ્રમાણે સંભળાઇ: 24 “હે
મનુષ્યના પુત્ર, તું એ ભૂમિને કહે: તુ એક અશુદ્ધ ભૂમિ છે જે ભૂમિ પર
કોપના દિવસે વરસાદ વરસતો નથી. 25 શિકાર ફાડી ખાનાર ગર્જના
કરતા સિંહની જેમ તારા ‘પ્રબોધકો’ એ તારી વિરુદ્ધ જાળ પાથરી છે.
તેઓ ઘણાં જીવોને હડપ કરી ગયા છે. તેઓ બળજબરીથી ખજાનો અને
સંપત્તિ પડાવી લે છે. તેઓ આ દેશમાં વિધવાઓનો વધારો કરે છે.
26 “તારા યાજકોએ ખરેખર મારા નિયમશાસ્ત્ર ભંગ કર્યો છે અને જે
અર્પિત વસ્તુઓ છે તેને ષ્ટ કર્યું છે. તેઓએ પવિત્રતાને અપવિત્રતાથી
દુર કરી છે. તેઓ શુદ્ધ અને અશુદ્ધ વચ્ચેનો ભેદ શીખવતા નથી. તેઓ
મારા ખાસ વિશ્રામવારનું અપમાન કરે છે તેથી હું તેઓની વચ્ચે અપ-
વિત્ર બન્યો છું. 27 “નગરીના અમલદારો શિકારની ચીરફાડ કરતાં
વરુઓ જેવા છે; તેઓ ખૂનરેજી કરે છે, લોકોને મારી નાખીને તેમની મિ-
લકત લૂંટીને અપ્રામાણિક લાભ મેળવે છે. 28 “તેમના પ્રબોધકો દરેક
વસ્તુઓ ઉપર વ્યર્થ ચૂનો ધોળે છે. તેઓ પોકળ દર્શનો જુએ છે અને
અસત્ય બોલે છે - તેઓ કહે છે, ‘આ યહોવા મારા માલિકના વચન છે,
પછી ભલે, મેં તેમને કંઇ કહ્યું ન હોય. 29 “સામાન્ય લોકો પણ જુલમમાં
ડુબેલા હોય છે, તેઓ ગરીબો અને જરૂરતમંદોને લૂંટે છે અને વિદેશીઓ-
ને ન્યાયથી વંચિત રાખીને તેમની સાથે દુર્વ્યવહાર કરે છે. 30 “મેં તેમ-
નામાં એવો માણસ શોધવાનો પ્રયત્ન કર્યો જે દિવાલ બાંધી શકે, જે
દિવાલમાં પડેલાં ગાબડા પાસે ઊભો રહી મારાથી દેશનું રક્ષણ કરે - જે
તેનો નાશ કરવા માટે તૈયાર હોય, પણ હું એવા કોઇને પણ શોધી ન
શક્યો. 31 આથી હું તમારા પર મારો ક્રોધ રેડી દઇશ. હું મારા ક્રોધરૂપી
અગ્નિથી તમને બાળીને ભસ્મ કરીશ. તમે કરેલા સર્વ કુકર્મોને માટે હું
તમને જવાબદાર ઠરાવીશ.” આ યહોવા મારા માલિકના વચન છે.

23 મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 2 તેમણે કહ્યું, “હે
મનુષ્યના પુત્ર, બે બહેનો હતી. 3 તેઓ યુવાન હતી ત્યારે મિસ-
રમાં રહેતી હતી જે વારાંગના બની ગઇ હતી, ત્યાં જ તેમને ચુંબન,
આલિંગન અને સ્તનોના મર્દનનો અનુભવ થઇ ચૂક્યો હતો અને તેમનું
કૌમાર્ય હરાઇ ચૂક્યું હતું. 4 મોટીનું નામ ઓહલાહ હતું અને નાનીનું
નામ ઓહલીબાહ હતું. તેઓ બંને મારી થઇ અને મારાથી તેમને સંતતિ
થઇ. ઓહલાહ એટલે સમરૂન અને ઓહલીબાહ એટલે યરૂશાલેમ.
5 “ઓહલાહ મારી થઇ હતી, છતાં તેણે વારાંગનાવૃત્તિ ચાલુ રાખી. તે
આશ્શૂરના યોદ્ધાઓ ઉપર મોહી પડી હતી. 6 એ બધા જુવાન હતા, રૂ-
પાળા હતા અને જાંબલી રંગના પોશાકમાં શોભતા હતા. કોઇ લશ્કરી
અમલદાર હતા. કોઇ અધિકારીઓ હતા, કોઇ ઘોડેસવાર હતા. 7 તેથી
તેણે પસંદ કરેલા આશ્શૂરી પુરુષો સાથે વ્યભિચારનું પાપ કર્યું. તેણીએ
તેઓની મલિન મૂર્તિઓની પૂજા કરીને પોતાની જાતને અશુદ્ધ કરી.
8 મિસરમાં તેણે વારાંગનાવૃત્તિ શરૂ કરી હતી, ત્યાં તે નાની હતી ત્યાર-
થી જ માણસો તેની સાથે સૂતા અને તેને ચુંબન, આલિંગન કરી તેની
સાથે વ્યભિચાર કરતાં અને એ જ તેણે ચાલુ રાખ્યું. 9 તેથી મેં તેણીને
આશ્શૂરીના માણસના હાથમાં સોંપી દીધી જેઓ માટે તેણી તલસતી
હતી. 10 તેઓએ તેના કપડાં ઉતારી લીધા. તેને મારી નાખી અને તેના
સંતાનોને પોતાના ગુલામો તરીકે લઇ ગયા. તે એક પાપી સ્ત્રી તરીકે
સમગ્ર દેશની સ્ત્રીઓમાં કુખ્યાત બની. કારણ કે તેના આચરણ પ્રમાણે

તેને યોગ્ય શિક્ષા થઇ હતી. 11 “તેની બહેન ઓહલીબાહે આ બધું જોયું
હતું તેમ છતાં તે વધુ કામાસકત નીકળી અને વારાંગનાવૃત્તિમાં તેની
બહેન કરતાં પણ ષ્ટ થઇ. 12 તે આશ્શૂરના ઉમરાવો અને સેનાપતિઓ
ભભકાદાર પોશાક પહેરેલા સૈનિકો અને ઘોડેસવારો ઉપર મોહી પડી.
એ બધા રૂપાળા જુવાનો હતા. 13 મેં જોયું કે તે તેની મોટી બહેનના પગ-
લે જ ચાલતી હતી અને તેના જેવા જ અધમ કૃત્યો તે આચરતી હતી.
14 “તેણે વધુને વધુ વ્યભિચાર કર્યો કારણ કે તેણે ભીત ઉપર સિંદૂરથી
ચિતરેલા બાબિલના અમલદારોના ચિત્રો જોયાં. 15 તેમણે કમરે કમર-
બંધ અને માથે સુંદર સાફા બાંધેલા હતા. એ બધા જ અધિકારીઓ તરી-
કે ઉત્તમ લાગતાં હતાં. તેઓ બાબિલના ગૌરવ અને ખાલદીયોના વત-
ની જેવા સુંદર લાગતા હતા. 16 જ્યારે તેણે આ ચિત્રો જોયાં ત્યારે તે આ
ચિત્રોમાંના પુરુષો માટે ઝંખવા લાગી અને તેઓ પોતાની પાસે આવે
માટે તેમને બોલાવવા માટે બાબિલ સંદેશાવાહકો મોકલ્યા. 17 બાબિલ-
વાસીઓ આવ્યા અને તે સ્ત્રીને લઇને પથારીમાં સુઇ ગયા જેમકે તે વા-
રાંગના હોય અને તેમ તેને ષ્ટ કરી અને તેણી ખીજવાઇને તેમનાથી દૂર
નાસી ગઇ . 18 “આમ તે ઉઘાડેછોગ વ્યભિચાર કરતી હતી તેથી છેલ્લે હું
તેની બહેનથી કંટાળી ગયો હતો તેટલો જ તેનાથી કંટાળી ગયો. 19 તે
વારાંગનાવૃત્તિમાં આગળને આગળ વધતી ગઇ, અને પોતે જુવાન હતી
ત્યારે મિસરમાં જેમ વારાંગનાવૃત્તિ કરતી હતી તેમ કરવા લાગી. 20 તેણી
પોતાના મિસરના પ્રેમીઓને ઝંખતી હતી જેમની પુરુષ ઇદ્રિંયો ગધેડા-
ની ઇદ્રિંયો જેવી હતી અને જેઓ ઘોડાઓની જેમ વીર્યસ્ત્રાવ કરતાં હતાં.
21 “તારી જુવાનીમાં મિસરમાં તું વ્યભિચારમાં ડૂબેલી રહેતી હતી અને
દેહસુખ માણ્યા કરતી હતી, એ બધું તારે પાછું માણવું હતું. 22 આથી,
ઓહલીબાહ, હું યહોવા માલિક, કહું છું કે, ‘તારા જે પ્રેમીઓથી તું કંટાળી
ગઇ છે તેમને જ હું તારી સામે ઉશ્કેરીશ અને ચારેબાજુથી તને ઘેરી વળ-
વા તેમને ભેગા કરીશ. 23 હું બધા બાબિલવાસીઓને અને ખાલદીવા-
સીઓને તથા પકોદ, શોઆને અને કોઆના માણસોને, તેમ જ બધા
આશ્શૂરવાસીઓને, બધા રૂપાળા જુવાનોને, રાજ્યપાલોને અને ઉમરા-
વોને, રથના સારથીઓને અને ઘોડેસવારોને ભેગા કરીશ. 24 તેઓ તારી
વિરુદ્ધ રથો, ગાડાં અને વિશાળ સૈન્ય સાથે શિરસ્ત્રાણ ઢાલ અને ભા-
લા સાથે તારી ઉપર આક્રમણ કરવા ચઢી આવશે, તેઓ શસ્ત્રસજ્જ મા-
ણસો વડે તને ચારેબાજુથી ઘેરી લેશે. હું તેઓ સમક્ષ મારી બાબત રજૂ
કરીશ અને તેઓને યોગ્ય લાગે તેવો વર્તાવ તેઓ તારી સાથે કરશે. 25 હું
તારા પર રોષે ભરાયો છું. તેથી તેઓ તારા પર રોષ ઉતારશે. તેઓ તારા
નાક કાન કાપી નાખશે, તેઓ તારા પુત્ર-પુત્રીને તારી પાસેથી લઇ લેશે.
અને બાકીનું બધું અગ્નિમાં ભક્ષ્મ થઇ જશે. 26 તેઓ તારા સુંદર પોશાક
અને આભૂષણો તારી પાસેથી છીનવી લેશે. 27 હું તારા સપનાઓનો
અને મિસરમાં શરૂ કરેલાં વ્યભિચારનો અંત લાવીશ. એટલે તું હવેથી
તેઓને ક્યારેય તારી આંખોથી લલચાવી નહિ શકે.”’ 28 યહોવા મારા
માલિક કહે છે: “જે લોકોને તું ધિક્કારે છે અને જેમનાથી તું કંટાળી ગઇ
છે તેમના હાથમાં હું તને સુપ્રત કરીશ. 29 અને તેઓ તને ધિક્કારે છે
એટલે તેઓ તારા પરિશ્રમની કમાણી ઝૂંટવી લેશે અને તને બિલકુલ
ઉઘાડી અને નગ્ન કરી મૂકશે. આમ, તું વારાંગના તરીકે ઉઘાડી પડી
જઇશ. 30 તેં બીજી પ્રજાઓના દેવોની પૂજા કરી અને તેઓની મૂર્તિઓ-
થી તે પોતાને અપવિત્ર કરી છે માટે આ સર્વ વિપત્તિઓ તારા પર લાવ-
વામાં આવશે. 31 તું તારી બહેનને પગલે ચાલી છે એટલે હું તને તેનો જ
પ્યાલો આપીશ.” 32 યહોવા મારા માલિકના આ વચન છે:“તારે તારી
બહેનનો પ્યાલો પીવો પડશે, એ પ્યાલો ઉંચો છે અને ઊંડો છે. એ ઉપ-
હાર અને મશ્કરીથી છલોછલ ભરેલો છે. 33 એ તારાજી અને વિનાશનો
પ્યાલો તને છાકટી અને દુ:ખી બનાવી દેશે. 34 તું તારી બહેન સમરૂનનો
પ્યાલો આખો ગટગટાવી જશે અને પછી તેને ભાંગી નાખી તેના કટકા
વડે તારા સ્તન કાપી નાખશે. 35 “‘આ યહોવા મારા માલિકના વચન છે,
તું મને ભૂલી ગઇ હતી અને મારી તરફ તેં તારી પીઠ ફેરવી. તેથી તારાં
સર્વ પાપ, લંપટતા અને વ્યભિચારની શિક્ષા તારે સહન કરવી પડશે.”’
36 યહોવાએ મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, તું ઓહલાહ અને ઓહલીબા-
હનો ન્યાય તોળવાને તૈયાર છે? તો તેમણે જે શરમજનક કૃત્યો કર્યા છે
તેનો તેમના ઉપર આરોપ મૂક. 37 તેમણે વ્યભિચાર કર્યો છે, ખૂન કર્યા
છે; તેમણે મૂર્તિઓ સાથે વ્યભિચાર કર્યો છે અને મારાથી તેમને થયેલા
બાળકોનો તેમની આગળ ભોગ આપ્યો છે. 38 વળી તેઓએ મારી વિરુ-
દ્ધ આ કર્યું છે; એ જ દિવસે તેઓએ મારા મંદિરને મારા ખાસ વિશ્રામવા-
રની સાથે અશુદ્ધ કર્યું. 39 કારણ કે પોતાનાં બાળકોનો મૂર્તિઓને ભોગ
ચઢાવ્યા પછી તે જ દિવસે તેઓ મારા મંદિરમાં પ્રવેશ્યા અને તેને અશુ-
દ્ધ કર્યું છે. આ તેમણે મારા પોતાના જ મંદિરમાં કર્યું છે! 40 “વળી એમણે
સંદેશાવાહકો મોકલીને દૂર દૂરથી માણસોને બોલાવ્યા. જ્યારે તેઓ
આવ્યા ત્યારે તમે તેઓનું સ્વાગત કર્યું. તમે સ્નાન કર્યું, આંખોમાં કા-
જળ આંજ્યું અને વસ્ત્રાભૂષણ ધારણ કર્યા. 41 પછી તે દબદબાભર્યા
પલંગ ઉપર બેઠી અને સામે બાજઠ મૂક્યો. બાજઠ ઉપર તેમણે મેં
આપેલો ધૂપ અને મેં આપેલું તેલ મૂક્યું. 42 “તમારા ઓરડામાંથી મોટી
ઉજાણીના અવાજો સંભળાતા હતા. અને તમે રણમાંથી વંઠેલ સ્ત્રીઓ
લાવ્યાં હતાં અને તમે તેમના હાથોમાં બંગડીઓ પહેરાવી હતી અને તે-
ઓના માથે સુંદર મુગટો મૂક્યા હતા. 43 પછી મને વિચાર આવ્યો, ‘આ
લોકો વારાંગનાવૃત્તિ કરી કરીને વૃદ્ધ થઇ ગયેલી સ્ત્રીઓ સાથે વ્યભિ-
ચાર કરી રહ્યા છે.’ 44 માણસો વારાંગના પાસે જાય તેમ તેઓ તેમની
પાસે જવા લાગ્યા, અને તેમણે એ વંઠેલ સ્ત્રીઓ ઓહલાહ અને ઓહ-
લીબાહ પાસે જવાનું ચાલું રાખ્યું છે. 45 “પણ સદાચારી માણસો તો તે-
મને વ્યભિચાર અને ખૂનના પાપોને કારણે સજા કરશે, કારણ, એ લો-
કોએ વ્યભિચારનું પાપ આચર્યુ છે અને એમના હાથ લોહીથી ખરડાયે-
લા છે.” 46 આ યહોવા મારા માલિકના વચન છે: “એમના ઉપર ત્રાસ ગુ-
જારવા માટે અને એમને લૂંટી લેવા માટે લશ્કરની ટુકડી લઇ આવો.
47 તે લશ્કરની ટુકડી તેમને ઇંટાળી કરશે અને તરવારોથી તેમનો અને
તેમનાં પુત્રો તથા પુત્રીઓનો સંહાર કરશે. અને તેમના ઘરોને બાળી મૂ-
કશે. 48 આમ, સમગ્ર દેશમાંથી હું કામાચારનો અંત લાવીશ અને તમને
બે બહેનોને જોઇને બધી સ્ત્રીઓ ચેતશે અને તમારી જેમ વ્યભિચાર
નહિ કરે. કારણ કે વ્યભિચારનું અનુકરણ ન કરવાની શિખામણ તેમને
મળશે. 49 તમારા વ્યભિચારના અને મૂર્તિપૂજાના પાપ માટે તમને સજા
થશે, અને ત્યારે તમને ખબર પડશે કે હું યહોવા અને માલિક છું.”

24 યહોયાકીન રાજાને બંદીવાન થયાને નવમા વર્ષના દશમા મા-
સના દશમા દિવસે મને યહોવાની આ પ્રમાણે વાણી સંભળાઇ.
2 તેમણે કહ્યું; “હે મનુષ્યના પુત્ર, આજની તારીખ નોંધી રાખ, કારણ,
‘આજે બાબિલના રાજાએ યરૂશાલેમને ઘેરો ઘાલ્યો છે.’ 3 એ બંડખોર
ઇસ્રાએલી પ્રજાને તું આ દ્રષ્ટાંત કહી સંભળાવ. તેને કહે કે, ‘આ યહોવા
મારા માલિકના વચન છે:“‘કઢાઇને અગ્નિએ ચઢાવો, ચૂલે ચઢાવો તેમાં
પાણી રેડો, 4 એમાં માંસના કટકા નાખો, પસંદ કરેલા સારામાં સારા
ખભા અને પગનાં માંસના ટુકડા નાખો. 5 ઉત્તમમાં ઉત્તમ ઘેટું લો, ઉત્ત-
મમાં ઉત્તમ હાડકાં પણ નાખો, નીચે લાકડાં ગોઠવો, ખૂબ ઉકાળો, હા-
ડકાં પણ બફાઇ જાય ત્યાં સુધી બફાવા દો.’ 6 યહોવા મારા માલિક આ
પ્રમાણે કહે છે: ‘એ ખૂનીઓની નગરી, તારી પર આફત આવશે! તું કટાઇ
ગયેલી કઢાઇ જેવી છે, જેનો કાટ કદી ઊખડે એમ નથી. તું દુષ્ટતાથી
ભરેલી છે. તેથી એક પછી એક ટુકડા લઇ લેવામાં આવે છે. પણ કોઇ તે
ખાવાના નથી. 7 તેણે ખૂબ હિંમતપૂર્વક ખૂન કર્યા છે. બધાં જોઇ શકે છે
કે મારી નંખાયેલનું રકત ખડકો પર એમનું એમ જ છે. જે બધા જોઇ શકે
છે. જો એ લોહી જમીન પર રેડાયું હોત તો રેતી તેને ઢાંકી દેત; 8 ખડક
પર એ રકત ખુલ્લું છે. જેથી તે મારી આગળ તેની વિરુદ્ધ હાંક મારે છે જે-
થી મારો કોપ સળગે અને હું બદલો લઉં.’ 9 તેથી યહોવા મારા માલિક
આ પ્રમાણે કહે છે: ‘હે યરૂશાલેમ, ખૂનીઓની નગરી, તારી પર આફત
આવશે! હું પણ લાકડાનો મોટો ઢગલો કરીશ. 10 પુષ્કળ લાકડા લાવો,
આગ પેટાવો! માંસ ઓગળી જાય ત્યાં સુધી તેને ઉકાળો. મસાલાઓને
તેમાં ઉમેરો ! હાડકાં બળી જાય ત્યાં સુધી તેને ઉકાળો. 11 પછી ખાલી
કઢાઇને અંગારા ઉપર મૂકી તેનો બગાડ અને કચરો બળી જાય ત્યાં સુ-
ધી તેને તપાવો. 12 પણ કાટ એટલો બધો છે કે જવાળાઓથી પણ નહિ
જાય. 13 હે યરૂશાલેમ, તારા વ્યભિચારની અશુદ્ધિ દૂર કરવા મેં પ્રયત્ન
કર્યો હતો પણ તું ચોખ્ખી ન થઇ. એટલે તારા પર હું મારો પૂરો રોષ
ઉતારી નહિ રહું ત્યાં સુધી તું ફરી ચોખ્ખી થનાર નથી. 14 “‘આ મેં યહો-
વાએ કહ્યું છે અને તે, એ પ્રમાણે બનશે જ. હું એ પ્રમાણે જ કરીશ. જરા
પણ પીછેહઠ કરીશ નહિ. દયા નહિ ખાઉં, ને હું મારો નિર્ણય પણ બદ-
લીશ નહિ. તને તારી વર્તણૂંક માટે અને તારા દુષ્કૃત્યો માટે સજા થશે

જ.' આ યહોવા મારા માલિકના વચન છે." 15 ફરીથી મને યહોવાની વા-
ણી આ પ્રમાણે સંભળાઇ: 16 "હે મનુષ્યના પુત્ર, હું એક ઝપાટે તારી પ્રિ-
યતમાને દૂર કરવાનો છું. પણ તારે રડવાનું નથી, કે શોક કરવાનો નથી
કે આંસુ સારવાના નથી. 17 તારા ડૂસકાં સંભળાવા જોઇએ નહિ, તારા
ઉત્તમ સાફા અને ઉત્તમ પગરખા તું પહેરજે, તારા હોઠને તું ઢાકતો નહિ
કે તું શોકની રોટલી ખાતો નહિ કે શોકના રીતરિવાજો પાળતો નહિ."
18 સવારમાં તો હું લોકોને પ્રબોધ કરતો હતો અને તે જ સાંજે મારી
પત્ની મૃત્યુ પામી. બીજે દિવસે મને કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે મેં
કર્યું. 19 મને લોકોએ પૂછ્યું, "તમે આમ શા માટે કરો છો? આ બધાનો શું
અર્થ છે?" 20 ત્યારે મેં તેમને કહ્યું, "મને યહોવાની વાણી સંભળાઇ છે.
21 તમને ઇસ્રાએલીઓને યહોવા મારા માલિક કહે છે કે, 'જે પવિત્રસ્થાન
માટે તમે ગર્વ લો છો, અને જેને માટે તમારું અંતર તલસે છે તેનો હું પો-
તે જ ધ્વંસક છું. તમારાં જે પુત્રપુત્રીઓને તમે પાછળ છોડી આવ્યા છો
તેઓ તરવારનો ભોગ બનશે. 22 ત્યારે તમારે મેં કહ્યું છે તે પ્રમાણે કર-
વાનું છે. તમારા હોઠને ઢાંકશો નહિ કે શોકની રોટલી ખાશો નહિ કે શો-
કના રીતરિવાજો પાળશો નહિ. 23 તમારે માથે ઉત્તમ સાફો અને ઉત્તમ
પગરખા પહેરી લો, રડશો નહિ કે પશ્ચાતાપ કરશો નહિ, તમારાં પાપે
તમે એકબીજા સામે રોદણાં રડતાં રિબાઇ રિબાઇને મરશો. 24 યહોવા
કહે છે, હઝકિયેલ તમારે માટે દ્રષ્ટાંત રૂપ છે. મેં જેમ કહ્યું છે તેમ જ
તમારે કરવાનું છે અને આ બનશે ત્યારે તમને ખબર પડશે કે એ યહોવા
મારા માલિક છે."' 25 યહોવાએ મને કહ્યું, "હે મનુષ્યના પુત્ર, જે દિવસે
હું યરૂશાલેમમાંથી તેઓનાં હૃદયનો આનંદ તેઓનો મહિમા અને તેઓ-
ની પત્નીઓ અને તેઓના પુત્ર-પુત્રીઓ લઇ લઇશ. 26 જે દિવસે હું આ
કરીશ, તે જ દિવસે એ વિનાશમાંથી ઊગરી ગયેલું કોઇ આવીને તને એ
સમાચાર આપશે. 27 તે જ દિવસે તને તારી વાચા પાછી મળશે અને તું
એની સાથે વાત કરીશ. આમ તું તેમને દ્રષ્ટાંતરૂપ થઇ પડીશ અને તે-
ઓને ખાતરી થશે કે હું યહોવા છું."

25 મને ફરીથી યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 2 "હે મનુ-
ષ્યના પુત્ર, આમ્મોનીઓ તરફ મોં કરી તેમની વિરુદ્ધ મારી ચે-
તવણી ઉચ્ચાર. 3 તેઓને કહે: 'યહોવા મારા માલિકના વચનો સાંભળો:
જ્યારે મારું મંદિર અશુદ્ધ બનાવાયું હતું ત્યારે તમે મશ્કરી કરી; જ્યારે
ઇસ્રાએલ દેશની તારાજી થતી હતી ત્યારે તમે તેની હાંસી ઉડાવી અને
જ્યારે યહૂદાના લોકોને બંદીવાસમાં લઇ જવાતા હતા ત્યારે તમે આનંદ
મનાવ્યો. 4 તેથી હું તમને પૂર્વની પ્રજાઓના હાથમાં સુપ્રત કરુ છું.
તેઓ તમારી વચ્ચે છાવણી નાખશે અને વસવાટ કરશે. તેઓ તમારા
ફળ ખાઇ જશે અને તમારું દુધ પી જશે. 5 "'હું રાબ્બાહ નગરને ઊંટોને
ચરવાની જગ્યા બનાવીશ અને આમ્મોનીઓનો દેશ ઘેટાંબકરાંને ચર-
વાની જગ્યા થશે, ત્યારે તમે જાણશો કે હું યહોવા છું. 6 યહોવા મારા મા-
લિક કહે છે કે: તમારા હૃદયમાં મારા ઇસ્રાએલી લોકો માટે તિરસ્કાર છે,
તેથી ઇસ્રાએલની અવદશા જોઇને તમે તાળીઓ પાડીને નાચ્યા અને
ખુશ થયા હતા. 7 તેથી હું તમારી સામે મારો હાથ ઉગામીશ અને ઘણી
પ્રજાઓના હાથમાં તમને સોંપી દઇશ અને તમારો નાશ કરીશ. હું તમને
તમારા દેશમાંથી બહાર કાઢી મૂકીશ. હું દૂરના રાષ્ટોમાં તમારો નાશ
કરીશ ત્યારે તમે જાણશો કે હું યહોવા છું."' 8 આ યહોવા મારા માલિકના
વચન છે: "મોઆબે એમ કહ્યું હતું કે, 'યહૂદા તો બીજી પ્રજાઓ જેવું જ
છે;' 9 તેથી હું એની સરહદોનું રક્ષણ કરતાં શહેરોને બેથ-યશીમોથ
બઆલ-મેઓન અને કિર્યાથાઇમ સહિત એનાં સુંદરમાં સુંદર શહેરોને હુ-
મલાનો ભોગ બનાવીશ. 10 હું આમ્મોનની સાથે મોઆબને પણ પૂર્વની
પ્રજાઓને સોંપી દઇશ, જેથી આમ્મોનના લોકોનું પ્રજા તરીકેનું અસ્તિ-
ત્વ જ ભૂંસાઇ જશે. 11 એ રીતે હું મોઆબને સજા કરીશ ત્યારે તેમને
ખબર પડશે કે હું યહોવા છું." 12 સૈન્યોના દેવ યહોવા કહે છે: "યહૂદાના
લોકો પર વૈર વાળીને અદોમીઓએ મોટું પાપ કર્યું છે." 13 તેથી યહોવા
મારા માલિક કહે છે; "હું અદોમ વિરુદ્ધ મારો હાથ લંબાવીશ અને તેના
લોકોનો, જાનવરોનો અને ઢોરઢાંખરાનો હું સંપૂર્ણ નાશ કરીશ. તેમાન-
થી માંડીને દેદાન સુધીનું સર્વ તરવારથી નાશ પામશે. અને દેશ વેરાન
થશે. 14 મારા લોકો ઇસ્રાએલીઓ દ્ધારા હું અદોમ પર વૈર વાળીશ અને
તેઓ અદોમ સાથે મારા રોષ અને ક્રોધને છાજે એવો વર્તાવ કરશે. એ
લોકોને ખબર પડી જશે કે મેં વૈર વાળ્યું છે." આ યહોવા મારા માલિકના
વચન છે. 15 વળી યહોવા મારા માલિક કહે છે: "પલિસ્તીઓએ ધૃણાપૂ-
ર્વક પોતાના દુશ્મનો પર વૈર વાળ્યું છે, અને લાંબા સમયથી તેઓનો
તિરસ્કાર કર્યા પછી તેમનો સંહાર કર્યો છે." 16 તેથી યહોવા મારા માલિક
કહે છે: "હું પલિસ્તીઓ વિરુદ્ધ મારો હાથ લંબાવીશ અને પલિસ્તીઓ-
નો નાશ કરીશ અને દરિયાકિનારાના બાકીના લોકોને સાફ કરી ના-
ખીશ. 17 હું મારા ઉગ્ર રોષમાંને રોષમાં તેમના પર ભયંકર વૈર વાળીશ
અને તેમને ભારે સજા કરીશ. ત્યારે તેમને ખબર પડશે કે હું યહોવા છું."

26 અગિયારમા વર્ષમાં મહિનાના પ્રથમ દિવસે મને યહોવાની વા-
ણી આ પ્રમાણે સંભળાઇ: 2 "હે મનુષ્યના પુત્ર, તૂરના લોકોએ
આનંદમાં આવીને યરૂશાલેમ વિષે કહ્યું છે કે, 'આહા!' પ્રજાઓના વેપાર-
વાણિજ્યનું ધ્વાર તૂટી ગયું! એના દરવાજા આપણે માટે ખુલ્લા થઇ
ગયા! એના વિનાશથી આપણે સમૃદ્ધ થઇશું!"' 3 તેથી યહોવા મારા મા-
લિક કહે છે: "હે તૂર, હું તારી વિરુદ્ધ છું, હું અનેક પ્રજાઓને સમુદ્રના
ઉછળતાં મોજાની જેમ તારા પર હુમલો કરવા લઇ આવીશ." 4 "તેઓ
તૂરના કિલ્લાઓનો નાશ કરશે અને કમાનોને તોડી પાડશે. હું તારી બધી
રેતીને ભૂંસી નાખીશ અને ફકત ખુલ્લા ખડક રહેવા દઇશ. 5 તેનો ટાપુ
વસવાટ કરવા લાયક રહેશે નહિ, પણ ત્યાં માછીઓ પોતાની જાળો પા-
થરશે." કારણ કે યહોવા મારા માલિક તે બોલ્યા છે. "પ્રજાઓ તૂરને લૂંટી
લેશે. 6 અને મુખ્ય ભૂમિ ઉપરના તારાં પરાંઓ તરવારનો ભોગ બનશે;
ત્યારે તેઓ જાણશે કે હું યહોવા છું.' 7 યહોવા મારા માલિક આ પ્રમાણે
કહે છે: "તૂરની વિરુદ્ધ હું બાબિલના રાજા, રાજાઓના રાજા નબૂખાદરે-
સ્સારને ઉત્તરમાંથી મોટું સૈન્ય, રથો તથા ઘોડેસવારો સાથે લાવીશ.
8 પહેલાં તે મુખ્ય ભૂમિ પરની વસાહતોમાં રહેતા લોકોનો નાશ કરશે.
પછી તે નગરના કોટને ઘેરો ઘાલશે. તારા કોટ સામે મોરચા બાંધશે અને
તેની ઢાલો તારી વિરુદ્ધ ઊંચી કરશે. 9 તે તારા કોટ ઉપર યંત્રોથી મારો
ચલાવશે અને તારા બુરજો ઓજારોથી તોડી પાડશે. 10 તેના હજારો ઘો-
ડાઓએ ઉડાડેલી ધૂળની રજથી તું છવાઇ જશે. ભંગાણ પડેલા શહેરમાં
લોકો પ્રવેશ કરે તેમ તે તારા બારણામાં થઇને દાખલ થશે. ત્યારે ઘો-
ડાઓ, રથો અને ગાડાંના અવાજથી તારો કિલ્લો ધ્રુજી ઊઠશે. 11 તેના
ઘોડેસવારો નગરની પ્રત્યેક શેરીઓ કબજે કરી લેશે. તે તારા લોકોની
હત્યા કરશે અને તારા પ્રખ્યાત અને મોટા સ્તંભો ભોંયભેગા થઇ જશે.
12 તારી સંપત્તિ પડાવી લેવામાં આવશે, તારો માલ લૂંટી લેવામાં આવ-
શે, તારો કોટ ભોંયભેગો થઇ જશે અને તારી વૈભવશાળી હવેલીઓ તો-
ડી પાડવામાં આવશે. તારા પથ્થરો કાટમાળ અને છારું દરિયામાં પધ-
રાવી દેવામાં આવશે. 13 હું તારાં ગીતો થંભાવી દઇશ અને તારી વીણા-
ના સ્વરો ફરી કદી નહિ સંભળાય. 14 હું ફકત તારા ટાપુને વેરાન ખડક
બનાવી દઇશ, તેના પર માછીઓ પોતાની જાળો પાથરશે. તેને ફરીથી
કદી બાંધવામાં આવશે નહિ. કારણ કે હું યહોવા તે બોલ્યો છું." એમ
યહોવા મારા માલિક કહે છે. 15 યહોવા મારા માલિક તૂરને કહે છે: "તારા
પતનથી, તારા લોકોની હત્યા થવાથી અને ઘવાયેલાઓના આર્તનાદ-
થી સમુદ્ર તટના દેશોના લોકો ભયથી ધ્રુજી ઊઠશે. 16 તૂરની જે દશા
થઇ છે તે જોઇને સમુદ્ર તટ પર વસતી પ્રજાઓના રાજાઓ તેઓની રા-
જગાદી પરથી નીચે ઊતરશે અને તેઓના ઝભ્ભાઓ અને સુંદર પોશા-
કો બાજુ પર મૂકીને ભયભીત થઇને જમીન પર બેસશે. તારી દુર્દશા જો-
ઇને તેઓને ધ્રુજારી ચડી જશે. 17 તેઓ તારે માટે આ મરશિયા ગા-
શે;"'ઓ વિખ્યાત નગરી! આ તે તારો કેવો વિનાશ તું સમુદ્રમાંથી સાફ
થઇ ગઇ! તું અને તારા વતનીઓ સમુદ્ર પર ગવિર્ષ્ઠ હતાં. અને આખા
સાગરકાંઠાના વતનીઓ તારાથી ડરતા રહેતા હતા. 18 તારા પતન વખ-
તે આજે કાંઠાપ્રદેશ ધ્રુજી ઊઠયો છે, અને સમુદ્રના બધાં દ્વીપો તારા
સર્વનાશથી કાંપી ઊઠયા છે."' 19 યહોવા મારા માલિક આ પ્રમાણે કહે
છે, "જ્યારે હું તૂરને વેરાન અને નિર્જન બનાવી દઇશ અને સમુદ્રના તો-
ફાની પાણી નીચે ડૂબાડી દઇશ. 20 ત્યારે હું તને ભૂતકાળના ઘણાં લો-
કો જ્યાં છે ત્યાં નરકના ખાડામાં ધકેલી દઇશ, ત્યાં નીચેની ધરતીમાં,
પ્રાચીન ખંડિયેરોમાં, નરકના ખાડામાં ગયેલા લોકો સાથે તારે રહેવું પડ-
શે. ફરીથી તને આ જીવલોકમાં આવીને વસવા દેવામાં આવશે નહિ.
21 હું તારો અંત લાવી દઇશ અને તારુ અસ્તિત્વ રહેશે નહિ. લોકો તારી
શોધ કરશે, પણ તું કદી મળશે નહિ." આ યહોવા મારા માલિકના
વચન છે.

**27** મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 2 “હે મનુષ્યના પુ-
ત્ર, તું તૂર વિષે આ મરશિયો ગા. 3 “‘તું એ સમુદ્રકાંઠે વિસ્તરેલા
તે નગરને, વિશ્વના વ્યાપારકેન્દ્રને કહે કે, યહોવા મારા માલિક આ પ્ર-
માણે કહે છે: “હે તૂર, તું કહેતી હતી કે હું સુંદર મુગટ છું.” 4 “હે તૂર, તું
કહેતી હતી, ‘મારા સૌંદર્યમાં કોઇ ઊણપ નથી.’ તારી સરહદ ઠેઠ મધદ-
રિયા સુધી વિસ્તરેલી છે. તારા બાંધનારાઓએ તારામાં કોઇ ઉણપ રા-
ખી નથી. 5 તારા પાટિયાં તેમણે સનીર પર્વતના સરૂના લાકડાનાં
બનાવ્યા હતાં, અને તારા સ્તંભો બનાવવા માટે લબાનોનના એરેજકા-
ષ્ટનો ઉપયોગ કર્યો હતો. 6 તેઓએ તારાં હલેસાં બાશાનના એલોનકા-
ષ્ટનાં બનાવ્યાં હતાં. તારું તૂતક સાયપ્રસના દક્ષિણ કાંઠેથી લાવેલા
સરળવૃક્ષના લાકડાનું અને હાથીદાંતજડિત બનાવવામાં આવ્યું હતું.
7 તારા સઢ મિસરના ભરતભરેલા કાપડમાંથી બનાવ્યા હતાં, જે તારા
માટે વાવટાનું કામ કરતા હતા. તારી છત અલીશાહ ટાપુઓના નીલ
અને જાંબુડિયા કાપડમાંથી બનાવી હતી. 8 તારાં હલેસાં મારનારા સિ-
દોન અને આર્વાદના રહેવાસીઓ હતાં. તારા પોતાના કુશળ માણસો
તારા ખલાસીઓ હતા. 9 ગેબાલથી આવેલા કુશળ કારીગરો તારું સમા-
રકામ કરતાં હતાં. દેશપરદેશથી સાગરના બધાં વહાણોના ખલાસીઓ
તારે ત્યાં વેપાર કરવા માટે આવતા હતા.’ 10 “તારા સૈન્યમાં પારસ, લૂદ
અને પૂટના માણસો સૈનિકો તરીકે સેવાઓ આપતા હતા. તેઓ તારી
ભીતો ઉપર ઢાલો અને ટોપો લટકાવતા હતા અને તારી શોભા વધારતા
હતા. 11 આર્વાદ અને સિસિલના સૈનિકો તારા કિલ્લાનું રક્ષણ કરતા
હતા. ગામ્માદના માણસો તારા બુરજોમાં ફરજ બજાવતા હતા. તેઓની
ઢાલો તારી દિવાલોની ઉપર લટકાવેલી હતી, જે તારા ગૌરવમાં વધારો
કરતી હતી, 12 “તારી પાસે સર્વ પ્રકારની પુષ્કળ સમૃદ્ધિ હોવાથી તારી
સાથે તાશીર્શ વેપાર કરતું હતું. અને તારા બજારમાં તારા માલના બદ-
લામાં ચાંદી, લોખંડ, કલાઇ અને સીસું લવાતું હતું. 13 ગ્રીસ, તુબાલ
અને મેશેખથી વેપારીઓ ગુલામો અને પિત્તળના વાસણો લાવતા હતા
અને બદલામાં તારો માલ લઇ જતા હતા. 14 બેથતોગાર્માહના લોકો તા-
રા માલના બદલામાં તને ભારવાહક ઘોડા, લડાયક ઘોડા અને ખચ્ચર
આપતા હતા. 15 દેદાનવાસીઓ તારી સાથે વેપાર કરતા હતા. ઘણા
સમુદ્ર તટ પરના પ્રદેશમાં લોકો તારા માલના બદલામાં તને હાથીદાંત
અને અબનૂસ આપતા હતા. 16 અરામ તેના વેપારીઓ મોકલીને તારી
ઉત્પન્ન કરેલી વસ્તુઓ ખરીદતું હતું. તેઓ નીલમણિ, મૂલ્યવાન જાંબુ-
ડિયાં રંગના વસ્ત્રો, ભરતકામ કરેલી વસ્તુઓ, બારીક મલમલ, પરવા-
ળાં તથા કિંમતી પત્થરો આપતા હતા. 17 “યહૂદા અને ઇસ્રાએલના લો-
કો તારો માલ ખરીદી બદલામાં તને ઘઉં, જૈતુન, મધ, લાખ, તેલ તથા
સુગંધીત દ્રવ્યો આપતા હતા. 18 તારે ત્યાં એટલી બધી વસ્તુઓ બનતી
હતી અને તારે ત્યાં એટલો બધો માલ હતો કે દમસ્કના લોકો તારી સા-
થે વ્યાપાર કરતાં અને બદલામાં તને હેલ્બોનનો દ્રાક્ષારસ અને સહારનું
ઊન આપતા હતા. 19 દેદાનના લોકો અને ઉઝાલના યુવાનો તને ઘડત-
રનું લોઢું અને તેજાના અને શેરડી આપી તારો માલ ખરીદતા. 20 દેદાન-
ના લોકો તારા માલના બદલામાં તને ઘોડાના જીન માટે ધાબળા આપ-
તા. 21 અરબસ્તાનના લોકો અને કેદારના આગેવાનો તારા માલની
કિંમત ઘેટાબકરાંમાં ચૂકવતાં. 22 શેબા અને રાઅમાહના વેપારીઓ
ઉત્તમ જાતના તેજાના, રત્નો અને સોનું આપીને તારો માલ ખરીદતા.
23 હારાન, કાન્નેહ અને એદેન, શેબાના શહેરો અને આશ્શૂર તથા ખિ-
લ્માદના લોકો સાથે તારો વેપાર ચાલતો હતો. 24 તેઓ તને જાતજાતનો
કિંમતી માલ, મોંઘું જાંબુડિયા રંગનું કાપડ અને કિનખાબ, ભભકાભર્યા
રંગોના ગાલીચા અને ગૂંથેલા મજબૂત દોરડાં વેચતા હતા. 25 “મોટાં મો-
ટાં વહાણોમાં તારો માલ દેશવિદેશ જતો હતો. તું ભરસમુદ્રમાં સમૃદ્ધ
હતો. 26 પરંતુ હવે તારા કુશળ ખલાસીઓ તને ભરસમુદ્રમાં લઇ ગયા
છે. તારું સમર્થ વહાણ પૂર્વના તોફાની પવનોમાં સપડાયું છે અને મધ-
દરિયે તારા ભુક્કેભુક્કા ઉડાવી દીધા. 27 તેં બધું જ ગુમાવ્યું છે, તારી
બધી દોલત, તારો બધો જ માલ અને સરસામાન, તારા બધા ખલા-
સીઓ અને સારંગો, તારા મરામત કરનારાઓ, વેપારીઓ અને બીજા
બધા જ યોદ્ધાઓ, બધા જ માણસો-ટૂંકમાં બધું જ ડૂબતાં તારી સાથે
સમુદ્રમાં ડૂબી ગયું. 28 તારા નાવિકોની ચીસોથી દરિયા કિનારો કંપી
ઊઠયો. 29 તે સાંભળીને બધા હલેસા મારનારાઓ, બધા નાવિકો, અને
સારંગો પોતપોતાના વહાણ ઉપરથી ઊતરીને કિનારે જઇ ઊભા.
30 તેઓ તારું દુ:ખ જોઇને વિલાપ કરશે અને દુ:ખમય રુદન કરશે અને
માથા પર ધૂળ નાખી રાખમાં આળોટશે. 31 તેઓ ભારે શોકમાં પોતાનાં
માથાં મૂંડાવશે. તેઓ શણના વસ્ત્રો પહેરશે અને પોતાના હૃદયમાં ભારે
દુ:ખ સાથે તારા માટે વિલાપ કરશે. 32 તેઓ શોકમાં તારા માટે વિલાપ-
ગીત ગાશે,‘તૂર જેવું કોણ છે? એ તૂરનગરી અત્યારે સાગરમાં શાંત પોઢી
ગઇ છે! 33 જ્યારે તારો માલ સમુદ્રમાંથી ઠલવાતો ત્યારે તું દરેક પ્રકારની
પ્રજાઓને સંતોષતી હતી. તારા માલ દ્વારા મેળવાતા પુષ્કળ દ્રવ્યથી
રાજાઓના ભંડાર ભરાતાં હતાં. 34 હવે મહાસાગરે તારા ભુક્કા ઉડાવી
દીધા છે, અને તું સમુદ્રને તળિયે ડૂબી ગઇ છે. તારો બધો માલ અને
તારા બધા માણસો તારી ભેગા સમુદ્રને તળિયે પહોંચી ગયા છે. 35 સમુ-
દ્રકાંઠે રહેનારા સર્વ તારી દશા જોઇને સ્તબ્ધ થઇ ગયા છે. તેઓના રા-
જાઓ ભયભીત થઇ ગયા છે અને તેઓના ચહેરાઓ પર ગભરાટ છવા-
યેલો છે. 36 દુનિયાભરના વેપારીઓ ડરીને ચીસો પાડી ઊઠયા છે; કા-
રણ કે તારો અંત ભયંકર આવ્યો છે. સદાને માટે હવે તારો નાશ થયો
છે. હવે તો તું ફરિ કદી હયાતીમાં આવશે નહિ!’”

**28** મને યહોવાનું વચન આ પ્રમાણે સંભળાયું; 2 “હે મનુષ્યના પુ-
ત્ર, તું તૂરના રાજવીને કહે કે, ‘આ યહોવા મારા માલિકના વચન
છે:“‘તું અભિમાનથી ફુલાઇ ગયો છે અને દેવ હોવાનો દાવો કરે છે, તું
કહે છે, “દેવની જેમ હું સમુદ્રોની મધ્યે આસન પર બેસું છું.” તું દેવના
જેવો જ્ઞાની હોવાનો દાવો ભલે કરે, પરંતુ તું નાશવંત મનુષ્ય છે, દેવ
નહિ. 3 છતાં તું દેવ હોવાનો દંભ કરે છે, તું એમ માને છે કે તું દાનિયેલ
કરતા પણ ડાહ્યો છે. તારાથી કશું અજાણ્યું નથી. 4 તારા ડહાપણ અને
તારા કૌશલથી તે સોનાચાંદીના ભંડાર ભર્યા છે. 5 તું વેપારમાં ઘણો કા-
બેલ છે. તેથી તું ઘણો ધનવાન થયો છે અને તે કારણે તું અભિમાની
થયો છે. 6 તેથી યહોવા મારા માલિક કહે છે: તું દેવોના જેવો જ્ઞાની હો-
વાનો દાવો કરે છે. 7 તેથી હું તારા પર હુમલો કરવા માટે ઘાતકીમાં ઘાત-
કી પરદેશીઓને લઇ આવીશ. તેં તારી કુશળતાથી અને દાનાઇથી જે
સંપત્તિ પ્રાપ્ત કરી છે તે બધાનો નાશ કરી, તેઓ તારી કીર્તિને ઝાંખી પા-
ડશે. 8 તેઓ તારા પ્રાણ લેશે અને તને નરકના ખાડામાં ધકેલી દેશે.
અને સાગરને તળિયે પહોંચાડી દેશે. 9 તેઓ તારો પ્રાણ લેવા આવશે
ત્યારે પણ તું એમ જ કહેતો રહીશ કે, “હું દેવ છું?” તું દેવ નથી, તું તો કે-
વળ માણસ જ છે. અને તે પણ વધ કરનારાઓના હાથમાં પડેલો છે.
10 તું બેસુન્નત વિદેશીની જેમ વિદેશીઓના હાથે મૃત્યુ પામશે. તેથી મેં
આમ કહ્યું છે.’” એમ યહોવા મારા માલિક કહે છે. 11 મને ફરીથી યહોવા-
ની વાણી આ પ્રમાણે સંભળાઇ: 12 “હે મનુષ્યના પુત્ર, તું તૂરના રાજાને
માટે શોકગીત ગા. અને તેને કહે કે, ‘આ યહોવા મારા માલિકના વચન
છે:“‘એક વખત તું સંપૂર્ણતાની પરાકાષ્ટાએ પહોંચ્યો હતો, તું જ્ઞાનનો
અને સૌંદર્યનો ભંડાર હતો. 13 દેવના ઉદ્યાન એદનમાં તારો વાસ હતો
અને બધી જાતના રત્નો તું ધારણ કરતો હતો; હીરા, માણેક, પોખરાજ,
નીલમ, અકીક, બદામી ઈન્દ્રનીલ, પન્ના અને તારાં આભૂષણો સોનાનાં
હતાં. તારા જન્મ સમયે તારે માટે બનાવવામાં આવ્યાં હતાં. 14 તારું
રક્ષણ કરવા એક અભિષિકત રક્ષક દૂત તરીકે નીમ્યો હતો. તું દેવના
પવિત્ર પર્વત પર જઇ શકતો હતો અને અગ્નિના ચળકતાં પથ્થરો પર
ચાલતો હતો. 15 તું જન્મ્યો ત્યારે તારું આચરણ નિષ્કલંક હતું, પણ
પાછળથી તારી દુષ્ટતા પ્રગટ થવા માંડી. 16 તારો વધતો જતો વ્યાપાર
તને હિંસામાં અને પાપમાં ખેંચી ગયો. આથી મેં તને દેવના પવિત્ર
પર્વત પરથી હાંકી મૂક્યો. જે દેવ દૂત તારું રક્ષણ કરતો હતો તેણે તને
ઝળહળતાં રત્નોમાંથી તગેડી મૂકયો. 17 તારા સૌંદર્યને કારણે તું ફુલાઇ
ગયો હતો અને તારી કીતિર્ને કારણે તારી બુદ્ધિ બહેર મારી ગઇ હતી. મેં
તને ભોંય ઉપર પટક્યો છે અને બીજા રાજાઓ માટે તને ચેતવણીરૂપ
બનાવ્યો છે. 18 તારા વેપારમાં તેં એટલાં બધાં પાપો અને ષ્ટતા આચર્યા
કે તારા મંદિરો પણ ષ્ટ થઇ ગયા. આથી, હે તૂર, મેં તને આગ ચાંપી
અને તને બાળીને ભોંયભેગો કરી દીધો. આજે તને જોનારા સૌ કોઇ તને
ભસ્મીભૂત થયેલો જુએ છે. 19 જે પ્રજાઓ તને ઓળખતી હતી તે બધી
તારી દશા જોઇને સ્તબ્ધ થઇ ગઇ છે. તારું પરિણામ ભયંકર આવ્યું છે,
સદાને માટે તારો નાશ થયો છે.’” 20 ફરીથી મને યહોવાની વાણી આ પ્ર-
માણે સંભળાઇ: 21 “હે મનુષ્યના પુત્ર, તું સિદોન તરફ મુખ કરીને તેની

વિરુદ્ધ પ્રબોધ કર. 22 તેણીને કહે, 'યહોવા મારા માલિક કહે છે: "'હે સિ-
દોન, હું તારી વિરુદ્ધ છું. હું તારા સ્થાનમાં મારો મહિમા પ્રગટ કરીશ.
તારામાં વસતા લોકોને સજા કરી હું મારી પવિત્રતા પ્રગટ કરીશ ત્યારે
લોકો જાણશે કે હું યહોવા છું. 23 હું તારા પર મરકી મોકલીશ. તારી શેરી-
ઓમાં લોહી વહેશે. કારણ, જેઓની હત્યા થઇ છે તેઓ ત્યાં પડ્યા છે.
પછી તને ખાતરી થશે કે હું યહોવા છું.'" 24 યહોવાએ કહ્યું, "'ઇસ્રાએલનો
તિરસ્કાર કરનારી આજુબાજુની પ્રજાઓ હવે કદી તેને ભોંકાતા કાંટા કે
ઝાંખરાની જેમ હેરાન નહિ કરે. અને ત્યારે તેઓને ખબર પડશે કે હું
યહોવા તમારો માલિક છું.'" 25 આ યહોવા મારા માલિકના વચન છે:
"ઇસ્રાએલીઓને મેં જે પ્રજાઓમાં વેરવિખેર કરી નાખી છે, તે બધામાંથી
હું તેમને પાછા લાવી એકત્ર કરીશ અને ત્યારે બધી પ્રજાઓને ખબર
પડશે કે હું પવિત્ર છું. ઇસ્રાએલના લોકો, મેં મારા સેવક યાકૂબને આપે-
લી તેમની પોતાની ભૂમિમાં વસશે. 26 તેઓ ઇસ્રાએલમાં શાંતિપૂર્વક
રહેશે, ઘરો બાંધશે અને દ્રાક્ષની વાડીઓ રોપશે. તેમની સાથે દુર્વ્યવહાર
કરનારી આજુબાજુની પ્રજાઓને હું સજા કરીશ અને તેઓ શાંતિથી રહે-
શે. ત્યારે તેઓને ખબર પડશે કે હું તેમનો દેવ યહોવા છું,"

29 યહોયાકીન રાજાને બંદીવાન થયાને દશમા વર્ષના દશમા
મહિનાના બારમા દિવસે મને યહોવાની વાણી આ પ્રમાણે
સંભળાઇ: 2 "હે મનુષ્યના પુત્ર, મિસરના રાજા ફારુન તરફ મોં કરીને તે-
ની અને તેના આખા દેશના સર્વ લોકો વિરુદ્ધ પ્રબોધ કર. 3 તેને સંબો-
ધીને કહે કે 'યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે:"'હે મિસરના રાજા
ફારુન, હે નાઇલ નદીના જળમાં આળોટતા મગર, હું તારી સામે પડ્યો
છું. તું એવો દાવો કરે છે કે "નાઇલ નદી તારી છે. તેં પોતે એનું સર્જન
કર્યું છે." 4 હું તારા જડબામાં આંકડી પરોવીશ અને તારી નાઇલની મા-
છલીઓ તારાં ભિંગડાને ચોંટી રહે એમ કરીશ. અને એ બધી માછલીઓ
સાથે હું તને નદીમાંથી બહાર ખેંચી કાઢીશ. 5 હું તને અને તારી નાઇલ-
ની બધી માછલીઓને રણમાં ફગાવી દઇશ.તું ખુલ્લી જમીન ઉપર પડ્યો
રહીશ. કોઇ તને દફનાવશે નહિ.હું તને પશુપંખીઓનો આહાર બના-
વીશ. 6 ત્યારે મિસરના બધા લોકોને ખબર પડશે કે હું યહોવા છું."તેં
ઇસ્રાએલીઓને આપેલો ટેકો બરુની લાકડીના ટેકા સમાન હતો.
7 જ્યારે જ્યારે તેમણે એ લાકડી પકડી ત્યારે ત્યારે તે તેમના હાથમાં
ભાંગી ગઇ, અને તેમના ખભાને તેણે ચીરી નાખ્યા. ને તેમણે જ્યારે
એનો ટેકો લીધો ત્યારે તે તૂટી ગઇ અને તેમનાં અંગો ધ્રૂજતા રહ્યાં.'"
8 તેથી યહોવા આ પ્રમાણે કહે છે: "હે મિસર, હું તારી વિરુદ્ધ સૈન્યને
મોકલીશ અને તારા લોકોની અને ઢોરઢાંખરની હત્યા કરાવીશ. 9 મિસર
વેરાન અને ઉજ્જડ થઇ જશે; અને ત્યારે લોકોને ખબર પડશે કે હું યહોવા
છું."દેવ કહે છે, "કારણ કે તેં કીધુ હતું કે નાઇલ નદી તારી છે અને તેં જ
તેને બનાવી છે,' 10 તેથી હું તારી અને તારી નાઇલ નદીની વિરુદ્ધ છું, હું
સમગ્ર મિસરને ઉત્તરમાં મિગ્દોલથી માંડીને ઠેઠ કૂશની સરહદ પાસે
આવેલા આસ્વાન સુધી વેરાન અને ઉજ્જડ બનાવી દઇશ. 11 ચાળીસ
વર્ષ સુધી આ દેશમાં માણસ કે પશુ કોઇ ફરશે નહિ. તેમાં કોઇ વસવાટ
કરશે નહિ. 12 હું મિસરને ઉજ્જડ બનાવીશ તથા તેની આજુબાજુના દેશો-
ને પણ ઉજ્જડ બનાવીશ. તેના નગરો ચાલીસ વર્ષ સુધી ખંડિયેર જેવા
રહેશે, હું મિસરવાસીઓને બીજા દેશોમાં અને પ્રજાઓમાં વિખેરી ના-
ખીશ." 13 આ યહોવા મારા માલિકના વચન છે: "ચાળીસ વર્ષને અંતે
મિસરીઓ જે પ્રજાઓમાં વેરવિખેર થઇ ગયેલા હશે તેઓમાંથી તેમને
પાછા ભેગા કરીશ. 14 હું મિસરની જાહોજલાલી પુન:સ્થાપિત કરીશ
અને હું તેઓને મિસરની દક્ષિણના પાથોર્સમાં જ્યાં તેઓનો જન્મ થયો
હતો ત્યાં પાછા લાવીશ. પણ તેઓ મહત્વના નહિ તેવા નાના રાજ્ય
તરીકે રહેશે. 15 બધા રાજ્યોમાં તે નાનામાં નાનું રાજ્ય હશે. અને તે કદી
બીજી પ્રજાઓ પર સત્તા નહિ ચલાવી શકે, હું તેમને એવા તો પામર
બનાવી દઇશ કે તેઓ બીજી પ્રજાઓને તાબે નહિ કરી શકે. 16 ઇસ્રાએલ
હવે કદી મિસરની સહાય પર આધાર રાખશે નહિ, કારણ કે જેટલી વાર
તે મિસરની મદદ મેળવવાનો પ્રયાસ કરશે તેટલી વાર તેને યાદ આવશે
કે તેની મદદ મેળવવા માટે ઇસ્રાએલે પાપ કર્યું હતું. ત્યારે ઇસ્રાએલ જા-
ણશે કે હું એકલો જ, યહોવા મારા માલિક છું." 17 સત્તાવીસમાં વર્ષના
પહેલા મહિનાના પહેલા દિવસે મને યહોવાની વાણી આ પ્રમાણે સંભ-
ળાઇ: 18 "હે મનુષ્યના પુત્ર, બાબિલના રાજા નબૂખાદરેસ્સારે તૂર ઉપર
હુમલો કર્યો, તેના સૈનિકોએ એટલી સખત મહેનત કરી કે તેમના વાળ
ખરી પડ્યા અને તેમના ખભા છોલાઇ ગયા તેમ છતાં તેને કે તેના સૈ-
ન્યને પોતાની મહેનતનું કશું વળતર ન મળ્યું." 19 તેથી યહોવા મારા
માલિક કહે છે કે, "હું મિસરની ભૂમિ બાબિલના રાજા નબૂખાદરેસ્સારને
આપીશ અને તે એની સર્વ સંપત્તિ તેના શ્રમના બદલા તરીકે લઇ જશે.
20 તૂર સામે એણે કરેલી મહેનતના બદલામાં હું તેને મિસરની ભૂમિ
આપી દઉં છું, કારણ, તેની સેના મારે માટે કામ કરતી હતી." આ યહોવા
મારા માલિક બોલ્યા છે. 21 "અને એવો દિવસ આવશે કે હું જ્યારે ઇસ્રા-
એલને તેનું અગાઉનું બળ ફરીથી આપીશ. જેથી એ લોકોની આગળ તું
બોલી શકે, અને ત્યારે લોકો તારા શબ્દો પ્રત્યે આદર રાખશે અને મિ-
સર જાણશે કે હું યહોવા છું."

30 મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 2 "હે મનુષ્યના પુ-
ત્ર, મારી ચેતવણી ઉચ્ચાર અને કહે કે, 'યહોવા મારા માલિક
કહે છે:"'આ બધી વસ્તુઓનો નખ્ખોદ જાજો! કેવો ભયંકર દિવસ આવી
રહ્યો છે!" 3 તે દિવસ, એટલે યહોવાનો દિવસ આવી પહોંચ્યો છે; વાદ-
ળોથી ઘેરાયેલો દિવસ, પ્રજાઓને માથે આફત ઉતારવાનો દિવસ!
4 "એ દિવસે મિસરમાં અનેકોનો સંહાર થશે, તેની સંપત્તિ લૂંટાઇ જશે
અને દેશ આખો ખેદાનમેદાન થઇ જશે, 5 "'દેશમાં ભારે દુ:ખ થશે તેની
સાથે જ કૂશના, પૂટના અને લૂદના તેમજ અરબસ્તાનના અને બાબિલ-
ના લોકો તેમ જ મિસર સાથે સંધિથી જોડાયેલા બીજા લોકો પણ યુદ્ધ-
માં માર્યા જશે.'" 6 યહોવા મારા માલિકના આ વચન છે: "'મિસરના સર્વ
મિત્ર રાજ્યોનું પતન થશે અને તેના સાર્મથ્યના અભિમાનનો અંત
આવશે. ઉત્તરમાં મિગ્દોલથી તે દક્ષિણમાં આસ્વાન સુધીના સર્વ તર-
વારથી નાશ પામશે." એમ યહોવા મારા માલિક જાહેર કરે છે. 7 તે તથા
તેની સાથેના આસપાસના દેશો ઉજ્જડ થશે અને તેના નગરો તથા તેની
આજુબાજુના નગરો ખંડિયેર થઇ જશે. 8 હું મિસરને આગ ચાંપીશ અને
તેના બધા ટેકેદારોનો નાશ કરી નાખીશ, ત્યારે તેમને ખબર પડશે કે હું
યહોવા છું. 9 "'જ્યારે એ દિવસ આવશે અને મિસરનો નાશ થયો હશે
ત્યારે હું વહાણોમાં ખેપિયાઓ મોકલીને નિશ્ચિંત જીવે વસતા કૂશના
વતનીઓને ચેતવીશ અને તેઓ ભયભીત થઇ જશે. એ દિવસ આવી
રહ્યો છે! 10 યહોવા મારા માલિકના આ વચન છે: "હું બાબિલના રાજા
નબૂખાદરેસ્સારને હાથે મિસરની પ્રજાનો અંત આણીશ. 11 તે અને તેની
ઘાતકી સેના આવીને દેશને ખેદાન-મેદાન કરી નાખશે. તેઓ મિસર
સામે તરવાર ચલાવશે અને આખો દેશ મૂડદાંથી છવાઇ જશે. 12 હું ના-
ઇલ નદીને સૂકવી નાખીશ અને મિસરને બદમાશોને સોંપી દઇશ. હું
પરદેશીઓને હાથે આખા દેશને વેરાન બનાવી દઇશ. આ હું યહોવા બો-
લ્યો છું." 13 યહોવા મારા માલિકના આ વચન છે: "હું મેમ્ફિસની મૂર્તિ-
ઓનો અનેપૂતળાંઓનો નાશ કરીશ. મિસરમાં કોઇ રાજકર્તા નહિ રહે.
આખા દેશમાં ભય વ્યાપી જશે. 14 હું પાથોર્સને વેરાન બનાવી દઇશ
અને સોઆનને આગ ચાંપીશ અને નોનોને સજા કરીશ. 15 હું મિસરના
સૌથી મજબૂત કિલ્લાઓ પર મારો રોષ ઠાલવીશ અને નોફની જાહોજ-
લાલી અને પાપનો નાશ કરીશ. 16 હું મિસરને આગ ચાંપીશ અને પાપ-
નું નગર ભયથી થરથરી ઊઠશે. નોફની દિવાલમાં ગાબડાં પડશે અને,
મેમ્ફિઓના દુશ્મનો તેમને રાતદિવસ હેરાન કરશે. 17 આવેનના તથા
પી-બેસેથના યુવાનો તરવારથી માર્યા જશે અને બાકીના લોકોને ગુલામ
તરીકે લઇ જવામાં આવશે. 18 જે દિવસે હું મિસરની સત્તાને તોડી પા-
ડીશ અને જે બળ ઉપર એ અભિમાન કરે છે તેનો અંત આણીશ ત્યારે
તાહપન્હેસમાં અંધકાર છવાઇ જશે અને આખા મિસર પર વાદળ ઘેરા-
શે, અને ત્યાંનાં બધા નગરોના વતનીઓ કેદ પકડાશે. 19 હું જ્યારે મિ-
સરનું આવું કરીશ ત્યારે તે લોકોને ખબર પડશે કે હું યહોવા છું."
20 યહોયાકીન રાજાને બંદીવાન થયાના અગિયારમાં વર્ષના પહેલા
મહિનાના સાતમા દિવસે મને યહોવા તરફથી આ સંદેશો મળ્યો: 21 "હે
મનુષ્યના પુત્ર, મેં મિસરના રાજા ફારુનનો હાથ ભાંગી નાખ્યો છે. કો-
ઇએ એને પાટો બાંધ્યો નથી કે એને ઝોળીમાં નથી મૂક્યો, જેથી તે તર-
વાર પકડવા જેટલી શકિત ફરીથી મેળવે." 22 તેથી યહોવા મારા માલિક,
કહે છે, કે "હું મિસરના રાજા ફારુનની વિરુદ્ધ છું. હું એનો સાજો અને
પહેલાં મેં ભાંગેલો એમ બંને હાથ ભાંગી નાખનાર છું. અને તેના હાથ-
માંથી તરવાર પડી જશે. 23 હું મિસરીઓને બીજી પ્રજાઓમાં અને વિદે-

શીઓમાં વેરવિખેર કરી નાખીશ. 24 ત્યાર બાદ હું બાબિલના રાજાના
હાથ મજબૂત કરીશ અને તેમાં મારી તરવાર પકડાવીશ. પણ મિસરના
રાજાના હાથ હું ભાંગી નાખીશ અને તે પોતાના દુશ્મનો સામે વધ થયે-
લા માણસની જેમ ચીસો પાડતો રહેશે. 25 "હું જરૂર બાબિલના રાજાના
હાથ બળવાન બનાવીશ, પણ ફારુનના હાથ નબળાં પડી જશે, હું બા-
બિલના રાજાના હાથમાં મારી તરવાર આપીશ અને તે મિસર તરફ તેને
લંબાવશે ત્યારે સૌને ખાતરી થશે કે હું યહોવા છું. 26 હું મિસરવાસીઓને
બીજી પ્રજાઓમાં અને અન્ય દેશોમાં વિખેરી નાખીશ, અને ત્યારે તેઓ
જાણશે કે હું યહોવા છું."

31 યહોયાકીન રાજાને બંદીવાન થયાને અગિયારમે વર્ષે ત્રીજા
માસની મધ્યમાં યહોવાનો સંદેશો મારી પાસે આવ્યો: 2 "હે
મનુષ્યના પુત્ર, મિસરના રાજા ફારુનને તથા તેના સર્વ લોકોને તું કહે:
"'તારા જેવો મહાન અને વૈભવી બીજો કોણ છે? 3 તું બાબિલના સુંદર
ઘટાદાર શાખાઓવાળા કેદારવૃક્ષ સમો છે. તારો છાંયો ખૂબ વિશાળ છે
અને તું એટલો ઉંચો છે કે તું વાદળાને અડકે છે. 4 વરસાદના પાણીથી
તેને પોષણ મળ્યું છે. પાતાળપાણી પીને એ ઊંચું વધ્યું છે. તેના રોપા-
ઓની આસપાસ નદીઓ વહેતી હતી; અને તેના વહેણાંથી વનમાંના
સર્વ વૃક્ષોને પાણી મળતું હતું. 5 પુષ્કળ પાણીને લીધે જંગલના બીજા
સર્વ વૃક્ષો કરતાં તે ઊંચું થયું અને તેની ડાળીઓ ભરાવદાર અને પુષ્કળ
થઇ. 6 દરેક જાતના પંખીઓએ તેમાં માળા બાંધ્યા, એની છાયામાં બધાં
જંગલી પશુઓએ બચ્ચાંને જન્મ આપ્યાં અને અસંખ્ય પ્રજાઓએ એની
છાયામાં વિશ્રામ કર્યો. 7 એ વૃક્ષ સુંદર અને મજબૂત હતું. અને તેની ડા-
ળીઓ વિસ્તરેલી હતી, કારણ કે તેનાં મૂળ પાણી સુધી ઊંડા પહોંચેલા
હતા. 8 દેવના ઉદ્યાનનું કોઇ પણ દેવદાર વૃક્ષ તેની બરાબરી કરી શકતું
નહોતું, કોઇ પણ સરુના કે ચિનારના વૃક્ષને એના જેવી શાખા નહોતી,
મેદાનના કોઇ પણ વૃક્ષોને તેની સુંદરતા સાથે સરખાવી ન શકાય. દેવ-
ના ઉદ્યાનનું કોઇ પણ વૃક્ષ તેની બરોબરી ન કરી શકે. 9 મેં યહોવાએ,
તેને ઘટાદાર અને વિશાળ ડાળીઓ આપીને જે શોભા આપી હતી તેથી
એદેનવાડીના બીજાં વૃક્ષો તેની ઈર્ષા કરતા.'" 10 તેથી હવે હું, યહોવા
મારા માલિક, આ પ્રમાણે કહું છું: "એ વૃક્ષ વધતું વધતું વાદળને અડે
એટલું ઊંચું થયું, પણ એ જેમ જેમ ઊંચું થતું ગયું તેમ તેમ એનો ગર્વ
વધતો ગયો. 11 તેથી મેં તેને પ્રજાઓમાં જે પરાક્રમી રાજા છે તેના હાથ-
માં સોંપી દીધું છે. તે તેની દુષ્ટતાની તેને યોગ્ય શિક્ષા કરશે. મેં પોતે તે-
ને ફેંકી દીધું છે. 12 પ્રજાઓમાં અતિશય ક્રૂર એવા પરદેશીઓ તેને કાપી-
ને ભોંયભેંગા કરી દેશે. તેની ડાળીઓ પર્વતો પર, ખીણોમાં અને નદી-
ઓમાં વિખેરાઇ જશે. તેની છાયા તળે આશ્રય લેનારી પ્રજાઓ તેને ત્યાં
જ છોડીને ચાલી જશે. 13 પક્ષીઓ તેના તૂટી ગયેલા થડ પર બેસશે અને
વન્ય પશુઓ તેની ડાળીઓ પર સૂઇ જશે. 14 "તેથી કરીને હવે પછી
કોઇ પણ વૃક્ષ, તેને ભરપુર પાણી મળ્યું હશે તોયે, એટલું ઊંચું નહિ વધે
કે વાદળને અડી શકે. બધાં જ વૃક્ષો મર્ત્ય માનવીની જેમ મરવાને સજા-
ર્યા છે. અને જેઓ ઊંડી ખીણમાં નીચે જાય છે અને જેઓ બીજી દુનિયા-
માં વસે છે તેમને જઇ મળશે." 15 યહોવા મારા માલિક કહે છે: "જ્યારે તે-
નું પતન થયું, અને જ્યારે તે નીચે મૃત્યુની જગ્યાએ (શેઓલ) ઊતરી
ગયું ત્યારે મેં સમુદ્રો પાસે તેને માટે શોક પળાવ્યો અને તેઓના પ્રવાહો-
ને રોક્યા. તેથી લબાનોનના સર્વ વૃક્ષો મૂર્છિત થઇ ગયા. 16 તેના પડ-
વાના અવાજથી પ્રજાઓ ભયભીત થઇને થથરી ગઇ, કારણ કે કબરમાં
જનારાઓ સાથે મેં તેને પણ કબરમાં ધકેલી દીધું, એદનવાડીના બીજાં
ગવિર્ષ્ઠ વૃક્ષો અને લબાનોનના પસંદગી પામેલા શ્રેષ્ઠ વૃક્ષો તેને પોતા-
ની વચ્ચે કબરમાં જોઇને દિલાસો પામ્યાં. 17 તેની છાયામાં વસતી બધી
પ્રજાઓ પણ, પહેલા જેઓ કપાઇ ગયા હતા તેમની વચ્ચે શેઓલમાં
પહોંચી જશે. 18 "એ વૃક્ષ એટલે મિસરનો રાજા અને તેની વિશાળ સેના.
એદનમાંના વૃક્ષો પણ એટલાં ઊંચા કે ભવ્ય નહોતાં. પણ અત્યારે હવે
એદનમાંના વૃક્ષોની જેમ એ કબરમાં પહોંચી જશે. અને યુદ્ધમાં ખપી
ગયેલા દુષ્ટો સાથે પોઢી જશે." આ યહોવા મારા માલિકના વચન છે.

32 યહોયાકીન રાજાને બંદીવાન થવાને બારમે વરસે બારમા મહ-
િનાના પહેલા દિવસે મને યહોવાની વાણી આ પ્રમાણે સંભ-
ળાઇ: 2 "હે મનુષ્યના પુત્ર, મિસરના રાજા ફારુન માટે વિલાપ ગીત ગા
અને તેને કહે કે:"'તું પોતાને પ્રજાઓનો સિંહ માને છે, પણ તું છે પાણી-
માંના મગર જેવો. તું નદીનું પાણી ચારેબાજુ ઉડાડે છે, તારા પગથી પા-
ણી અશુદ્ધ કરી નાખે છે અને નદીના પાણી દૂષિત કરે છે.'" 3 યહોવા
મારા માલિક કહે છે: "તને મારી જાળમાં પકડી લેવા માટે હું ઘણી પ્રજા-
ઓનું સૈન્ય મોકલીશ, તેઓ તને ખેંચી લાવશે, 4 હું તને ખુલ્લી જમીન
પર પછાડીશ અને ભલે પશુપંખીઓ તારી પર આવે, બધાં પ્રાણીઓને
તેઓ ધરાઇ જાય ત્યાં સુધી તારું માંસ ખાવા દઇશ. 5 હું ટેકરીઓને તા-
રા માંસના ટુકડાઓથી ઢાંકી દઇશ અને ખીણોને તારા હાડકાથી ભરી
દઇશ. 6 તારા લોહીથી હું ધરતીને તર કરી દઇશ. તારા લોહીથી પર્વતો
છંટાઇ જશે અને નદીનાળા ઊભરાઇ જશે. 7 જ્યારે હું તને હોલવી દઇશ
ત્યારે હું આકાશને ઢાંકી દઇશ, અને તારાઓને અંધકારમય કરી ના-
ખીશ. હું સૂર્યને વાદળોથી ઢાંકી દઇશ અને ચંદ્ર પોતાનો પ્રકાશ આપશે
નહિ. 8 હું આકાશના બધા નક્ષત્રોને અંધકારમાં ડુબાડી દઇશ અને તારા
આખા દેશમાં અંધકાર ફેલાવી દઇશ." આ યહોવા મારા માલિકના
વચન છે. 9 "અને હું ઘણા દેશોને ક્રોધિત કરીશ; જ્યારે હું તારા ટુકડા-
ઓને એવા ભૂમિ પ્રદેશોમાં નાંખી દઇશ, જેના વિષે તું હજી જાણતો
નથી. 10 તારા હાલ જોઇને તેઓ આઘાત પામશે. તેમના રાજાઓ પોતા-
ની સામે મારી તરવારને ઘૂમતી જોઇ ભયભીત થઇ જશે. તારા પતનના
દિવસે તેઓ બધા પોતાનો જીવ જવાના ભયથી થથરી જશે." 11 કારણ
કે યહોવા મારા માલિક કહે છે; "બાબિલના રાજાની તરવાર તારો પીછો
પકડશે. 12 હું બાબિલના રાજાના અતિ હિંસક વિશાળ સૈન્ય દ્વારા તારો
વિનાશ કરીશ, અને તેઓ મિસરની મિલકતને લૂંટી લેશે. અને આખી
સેનાનો નાશ કરી નાખશે. 13 તારી નદીઓ પાસે ચરનાર તારાં સર્વ ઘે-
ટાંબકરાં અને ઢોરઢાંખરનો હું નાશ કરીશ. કોઇ માણસ કે પશુ જીવતા
નહિ હોય કે જે તે પાણીને ડહોળે. 14 હું તારા બધાં જળાશયોને ઠરીને
સ્વચ્છ થવા દઇશ અને તારી નદીઓને જૈતૂનના તેલની જેમ શાંતપણે
વહેતી કરીશ." યહોવા મારા માલિકે આ કહ્યું. 15 "જ્યારે હું મિસરને
ઉજ્જડ અને વેરાન બનાવી દઇશ અને ત્યાંની આખી વસ્તીનો સંહાર
કરીશ ત્યારે તેમને ખબર પડશે કે હું યહોવા છું." 16 "મિસરના દુ:ખોને
લીધે તેઓ વિલાપ ગીતો ગાશે. મિસર અને તેની પ્રજા માટે રાષ્ટ્રોની દી-
કરીઓ મરશિયા ગાશે." આ યહોવા મારા માલિકના વચન છે. 17 ત્યાર
બાદ બારમા વર્ષમાં મહિનાના પંદરમાં દિવસે મને યહોવાની વાણી આ
પ્રમાણે સંભળાઇ: 18 "હે મનુષ્યના પુત્ર, મિસરની સમગ્ર સેના માટે શોક
કર. શેઓલમાં નીચે ઉતરતાં બીજા મજબૂત લોકોની સાથે તું તેઓને
નરકમાં મોકલી આપ. 19 તેને કહે, "હે મિસર, તું સૌંદર્યમાં કોનાથી શ્રેષ્ઠ
છે? નીચે ઉતરી જા, અને બેસુન્નતોની કબરમાં જઇને પોઢી જા." 20 "મિ-
સરને તરવારને સુપ્રત કરવામાં આવશે. તે અને તેની સમગ્ર સેના યુદ્ધ-
માં મરી ગયેલાઓ વચ્ચે પહોંચી જશે. 21 "જ્યારે તે પોતાના સર્વ મિત્રો
સાથે કબરમાં જશે ત્યારે પરાક્રમી યોદ્ધાઓ ત્યાં તેઓનું સ્વાગત કરશે.
જે પ્રજાઓનો તેણે ધિક્કાર કર્યો હતો તેઓની સાથે તે રહેશે. એ બધા
તરવારથી માર્યા ગયેલાઓ છે. 22 "આશ્શૂર પોતાના લોકોની સાથે ત્યાં
છે. તેની આસપાસ તેના સર્વ લોકોની કબરો આવેલી છે. તે સર્વ તરવા-
રથી માર્યા ગયા હતા. 23 તેઓની કબરો નીચે નરકમાં છે અને તેઓના
સૈન્યની કબરો ત્યાં ચારે તરફ છે. લોકોને ત્રાસ પમાડનાર પોતે જ શત્રુ-
ઓના હાથે મૃત્યુ પામ્યા છે. 24 "એલામના મહાન રાજાઓ પણ ત્યાં
પોતાના લોકોની સાથે મૃત્યુ પામેલા છે. તેઓ જીવતા હતા ત્યારે પ્ર-
જાઓ માટે ત્રાસદાયક હતા. પરંતુ હવે તેઓ નરકમાં સબડે છે કબરમાં
ઊતરી જનાર સામાન્ય માણસોની જેમ તેઓ લજ્જિત થયા છે.
25 એલામ યુદ્ધમાં માર્યા ગયેલાઓની વચમાં પોઢી ગયું છે, અને તેની
આસપાસ તેના યોદ્ધાઓની કબરો આવેલી છે. એ બધા વિશ્વાસઘાતી
લોકો યુદ્ધમાં માર્યા ગયા હતા. જ્યારે તેઓ જીવતા હતા ત્યારે બધાને
ભયથી થથરાવી મૂકતા હતા. પણ અત્યારે તો તેઓ પોતાની લજ્જાની
સાથે નરકમાં જઇને પડ્યાં છે, અને યુદ્ધમાં માર્યા ગયેલાઓની દશા
ભોગવે છે. 26 "મેશેખ અને તુબાલના રાજાઓ પણ ત્યાં છે અને તેઓની
આસપાસ તેઓનાં સૈન્યોની કબરો છે. તેઓ બધા દુષ્ટો છે. એ વખતે
બધા લોકોને તેઓ કંપાવતા હતા, પણ હવે તેઓ મરેલા પડ્યા છે.
27 પરંતુ પ્રાચીનકાળમાં રાજાઓને શસ્ત્રોથી સજ્જ કરીને, તેમની ઢાલ તે-
મના શરીર પર મૂકીને તથા તેમની તરવાર તેમના માથાં નીચે મૂકીને
મહાન આદર સાથે તેઓને દફનાવવામાં આવતાં હતાં. પરંતુ તું આદર

સાથે મૃત્યુ પામીશ નહિ, પરંતુ તારા પાપ તારા હાડકાં પર રહેશે, કારણ
જ્યારે તું જીવતો હતો ત્યારે તેં લોકોને ખુબજ હેરાન કર્યા હતા. 28 “પરંતુ,
તને પણ બેસુન્નતોની સાથે મૃત્યુલોકમાં નીચે લઇ જવાશે અને તારી
કબર જેઓ યુદ્ધમાં માર્યા ગયા છે તેમની સાથે હશે.” 29 “પોતાના રા-
જાઓ અને સેનાપતિઓ સહિત ત્યાં અદોમ પણ છે. એ બધા બળવાન
યોદ્ધાઓ હતા. પરંતુ અત્યારે એ દુષ્ટો યુદ્ધમાં માર્યા ગયેલાઓ ભેગા પો-
ઢયા છે.” 30 “ઉત્તરના સર્વ સરદારો ત્યાં છે, સર્વ સિદોનીઓની હત્યા
થઇ છે. એક વખત તેઓ લોકોને કંપાવતા હતા, પણ અત્યારે તેઓ
લજ્જિત થઇને મૃત્યુ પામ્યા છે. બીજા હત્યા થયેલા દુષ્ટોની સાથે તેઓ
અપમાનિત થઇને દુષ્ટોની સ્થિતિમાં જ પૃથ્વીના ઊંડાણમાં પડ્યા છે.
31 “મિસરનો રાજા ફારુન એમને બધાને જોઇને યુદ્ધમાં માર્યા ગયેલા
પોતાના સંખ્યાબંધ માણસોનાં મૃત્યુનો શોક ભૂલી જશે અને આશ્વાસન
પામશે. એમ યહોવા મારા માલિક કહે છે. 32 “પ્રજાઓમાં ત્રાસ ફેલાવવા
માટે મેં તેનો ઉપયોગ કર્યો હતો, છતાં તરવારથી હત્યા થયેલા સર્વ વિ-
શ્વાસઘાતીઓ સાથે ફારુન અને તેના સૈન્યને પણ તરવારથી હણી કા-
ઢવામાં આવશે.” એમ યહોવા મારા માલિક કહે છે.

33 પછી મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 2 “હે મનુષ્ય
પુત્ર, તું તારા દેશબંધુઓને જઇને આ જણાવ; ‘જ્યારે હું, યહો-
વા, કોઇ દેશ સામે લશ્કર મોકલું છું, ત્યારે ત્યાંના લોકો પોતામાંના
એકજણને પસંદ કરીને સંત્રી તરીકે નીમે છે. 3 જ્યારે તે લશ્કરને દેશ પર
ચઢી આવતું જુએ છે ત્યારે તે લોકોને ચેતવવા રણશિંગુ ફૂંકે છે. 4 રણ-
શિંગાનો અવાજ સાંભળવાં છતાં જો કોઇ ચેતે નહિ અને લશ્કર આવીને
તેને મારી નાખે તો તેની જવાબદારી તેની પોતાની છે. 5 કારણ કે તેણે
રણશિંગાનો અવાજ સાંભળ્યો પણ તે ચેત્યો નહિ; જો ચેત્યો હોત તો
બચી ગયો હોત.”’ 6 “‘પણ લશ્કરને આવતું જોઇને જો સંત્રી રણશિંગુ ન
ફૂંકે અને લોકોને ન ચેતવે અને લશ્કર આવીને કોઇને મારી નાખે, તો તે
પોતાને પાપે મર્યો હોવા છતાં હું એને માટે સંત્રીને જવાબદાર ઠેરવીશ.’
7 “હે મનુષ્યના પુત્ર, મેં તને ઇસ્રાએલીઓનો સંત્રી નીમ્યો છે, જ્યારે
જ્યારે તું મારી વાણી સાંભળે, ત્યારે ત્યારે મારા તરફથી તું તેમને ચેતવ-
ણી આપજે. 8 જો હું કોઇ દુષ્ટ વ્યક્તિને તેની દુષ્ટતા ખાતર મોતની
સજા કરું અને તું તે માણસને ખોટો રસ્તો છોડી દેવાની ચેતવણી ન
આપે, તો તે મરશે તો તેના પોતાના પાપે, પણ એના મોત માટે હું તને
જ જવાબદાર લેખીશ. 9 પરંતુ જો તે ખોટો રસ્તો છોડી દેવાની તેને ચેત-
વણી આપી હોય છતાં તેણે તે નહિ છોડ્યો હોય; તો તે પોતાના પાપે
મરશે પણ તું બચી જશે. 10 “હે મનુષ્યના પુત્ર, ઇસ્રાએલી લોકોને કહે કે
તમે આ પ્રમાણે કહો છો: ‘અમારાં પાપોનો બોજ અમારા માથા પર વધી
ગયો છે. અપરાધોને લીધે અમે ક્ષીણ થતા જઇએ છીએ, અમે શી રીતે
જીવીશું?’ 11 “તું એમને કહે કે, ‘હું યહોવા, મારા જીવના સમ ખાઇને કહું
છું કે, દુષ્ટ માણસ મરી જાય એમાં મને આનંદ નથી આવતો. હું ઇચ્છું
છું કે દુષ્ટ માણસ પોતાના ભૂંડા માર્ગોથી પાછો ફરે અને જીવતો રહે,
પાછા ફરો તમારા દુષ્ટ માર્ગોથી પાછા ફરો, હે ઇસ્રાએલી લોકો, તમે શા
માટે મૃત્યુ પસંદ કરો છો?’ 12 “હે મનુષ્યના પુત્ર, તારા દેશબંધુઓને કહે
કે, ‘કોઇ પુણ્યશાળી માણસ પાપ કરે તો તેનું પુણ્ય તેને બચાવી નહિ
શકે. જો કોઇ દુષ્ટ માણસ તેનો દુષ્ટ રસ્તો છોડી દે તો તેનાં કરેલા પાપો
તેને પડવા નહિ દે, અને કોઇ પુણ્યશાળી માણસ પાપ કરવાનું શરૂ કરે
તો તે જીવતો નહિ રહે.’ 13 “હું કોઇ પુણ્યશાળી માણસને કહું કે, તું જી-
વશે, અને તે મારું પુણ્ય મને બચાવશે એમ માનીને પાપ કરે, તો તેનું
કોઇ પુણ્ય સંભારવામાં નહિ આવે, પણ તેણે પાપ કર્યું એટલે તે મરવા-
નો જ. 14 “હું દુષ્ટ માણસને કહું કે તું મૃત્યુ પામશે, પણ જો તે પોતાના
પાપોથી પાછો ફરે અને જે યોગ્ય તથા ભલું છે તે કરે. 15 જો એ ગીરો રા-
ખેલી વસ્તુ પાછી આપે, ચોરેલી વસ્તુ પાછી સોંપી દે અને કશું ખોટું ન
કરતાં સાચા જીવનના નિયમો પાળે તો તે જરૂર જીવશે, મરશે નહિ,
16 એણે કરેલું કોઇ પણ પાપ સંભારવામાં નહિ આવે; કારણ કે તેણે ની-
તિમત્તા અને ન્યાયનો માર્ગ અનુસર્યો છે એટલે એ ચોક્કસ જીવશે.
17 “તેમ છતાં તારા દેશબંધુઓ કહે છે કે, ‘યહોવાનો વ્યવહાર ન્યાયી
નથી.’”પણ હકીકત એ છે કે તેઓનો પોતાનો વ્યવહાર ન્યાયી નથી.
18 હું ફરીથી કહું છું કે જો ન્યાયી માણસ પોતાના ન્યાયી કૃત્યો મૂકી દઇ-
ને ભૂંડાઇઓ તરફ વળશે તો તે મૃત્યુ પામશે. 19 પણ જો કોઇ પાપી મા-
ણસ પાપનો રસ્તો છોડીને નીતિમત્તા અને ન્યાયના માર્ગે ચાલે ત્યારે
તેણે કરેલા સત્કર્મોને કારણે તે જીવશે. 20 છતાં તમે ઇસ્રાએલી લોકો
કહો છો એ યહોવાનો વ્યવહાર ન્યાયી નથી, પરંતુ હું તમારામાંના દરેક-
નો ન્યાય તમારાં કામ પ્રમાણે કરીશ.” 21 અમારા દેશવટાના બારમાં
વરસમાં દશમાં મહિનાના પાચમા દિવસે યરૂશાલેમથી નાસી છૂટેલો
એક માણસ મારી પાસે આવ્યો અને મને કહ્યું, “નગરનું પતન થયું છે.”
22 તે આવ્યો તે પહેલાની સાંજે મને યહોવાની શકિતનો અનુભવ થયો
હતો અને સવારમાં તે મારી પાસે આવ્યો તે પહેલાં યહોવાએ મારું મોં
ખોલી નાખ્યું હતું. મને વાચા પ્રાપ્ત થઇ ચૂકી હતી અને પછી હું મૂંગો
નહોતો. 23 પછી યહોવાનું વચન મારી પાસે આવ્યું: 24 “હે મનુષ્યના પુ-
ત્ર, યહૂદાના બચી ગયેલા લોકો ખંડિયેર થયેલા નગરોમાં રહે છે. તેઓ
એમ કહે છે, ‘ઇબ્રાહિમ એક જ માણસ હતો છતાં તેણે સમગ્ર દેશનો
કબ્જો મેળવ્યો! અમે તો ઘણા છીએ, એટલે એ દેશ અમારો જ છે.’
25 “માટે તું તેઓને કહે, યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે: ‘તમે
લોહીવાળું માંસ ખાઓ છો, મૂર્તિપૂજા કરો છો અને ખૂન કરો છો. છતાં શું
તમે એમ માનો છો કે હું તમને દેશ પાછો આપીશ? 26 તમે તરવાર પર
આધાર રાખો છો, ધૃણાસ્પદ રિવાજો પાળો છો, એકબીજાની સ્ત્રીઓ
જોડે વ્યભિચાર કરો છો, છતાં તમે દેશનો કબજો તમારી પાસે રહે એમ
ઇચ્છો છો!’ 27 “‘તેઓને કહે; “યહોવા મારા માલિક આ પ્રમાણે કહે છે, હું
મારા જીવના સમ ખાઇને કહું છું કે, જેઓ ખંડિયેર નગરોમાં રહે છે, તેઓ
સર્વ તરવારથી ચોક્કસ માર્યા જશે. જેઓ ખેતરોમાં રહે છે તેઓ જંગલી
પ્રાણીઓનું ભોજન બનશે, જેઓ ગઢોમાં તથા ગુફાઓમાં રહે છે તેઓ
રોગથી મૃત્યુ પામશે. 28 હું આ દેશને ઉજ્જડ કરીશ અને તેના અભિમાની
સાર્મથ્યનો અંત આવશે. પર્વત પર વસાવેલા ઇસ્રાએલના નગરોને હું
ઉજ્જડ કરીશ, જેથી કોઇ ત્યાંથી પસાર થશે નહિ. 29 તેમણે આચરેલા ધૃ-
ણાસ્પદ આચારોને કારણે હું દેશને વેરાન અને ઉજ્જડ બનાવી દઇશ
ત્યારે તે લોકોને ખાતરી થશે કે હું યહોવા છું.” 30 “‘હે મનુષ્યના પુત્ર, તા-
રા દેશબંધુઓ કોટની રાંગે અને ઘરના બારણા પાછળ તારે વિષે વાતો
કરે છે; “ચાલો, યહોવાનો શો સંદેશો છે તે સાંભળીએ તો ખરા!” 31 એટ-
લે મારા લોકો ગંભીર હોવાનો ઢોંગ કરીને તારી આગળ બેસીને તારું
સાંભળે છે. પણ હું તેઓને કહું છું, તેનું પાલન કરવાની ઇચ્છા તેમની
નથી. યહોવાને પ્રેમ કરવા વિષે તેઓ મધુર વાતો કરે છે પણ હૃદયોમાં
તેઓને દ્રવ્ય પર વધુ સ્નેહ છે. 32 “‘તેઓ તારી સામે એવી રીતે જુએ છે,
જાણે તું કોઇ સુંદર અવાજવાળો ગાયક હોય અથવા જાણે તું કોઇ કુશળ
રીતે વાજિંત્ર વગાડનારો હોય. તારા સંદેશાઓ તેમના માટે મનોરંજન
જેવા હોય છે. કારણ કે તેઓ તારા વચનો સાંભળે છે, પણ તેમનો
અમલ તેઓ કરતા નથી, ને તેના તરફ ધ્યાન પણ આપતા નથી!
33 પરંતુ જ્યારે તમારાં વચનો સાચા પડશે અને ચોક્કસ તેમ થશે જ,
ત્યારે તેઓ જાણશે કે તેઓની વચ્ચે એક પ્રબોધક આવ્યો હતો.”’

34 પછી મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 2 “હે મનુષ્ય-
ના પુત્ર, તું ઇસ્રાએલના રાજકર્તાઓને મારા તરફથી સાવધાન
કરીને તેમને કહેજે કે, આ યહોવા મારા માલિકના વચન છે: ‘હે ઇસ્રાએ-
લના ઘેટાંપાળકો, તમારું આવી બન્યું! તમારે ઘેટાંનું પાલનપોષણ કર-
વું ન જોઇએ? તમે તો પોતાનું જ લાલનપાલન કરીને સ્વાર્થ સાધો છો.
3 તમે દૂધ પી જાઓ છો, ઊનના કપડાં પહેરો છો અને તાજામાજાં ઘે-
ટાંને મારીને ખાઓ છો, પણ તમે ઘેટાંને ખવડાવતા નથી. 4 તમે પાત-
ળાની કાળજી રાખી નથી, માંદાની સાચવણી કરી નથી, ઘવાયેલાને
પાટાપિંડી કરી નથી, જેઓ ભટકી ગયા છે તેઓની તમે શોધ કરી નથી
અને તેઓને પાછા લાવ્યા નથી, પરંતુ તેમના ઉપર બળજબરી અને
સખતાઇથી શાસન ચલાવ્યું છે. 5 “‘તેથી પાળક વિના તેઓ વિખેરાઇ
ગયા અને જંગલી પ્રાણીઓનો શિકાર બન્યા છે. 6 મારા ઘેટાં ડુંગરે ડુંગરે
અને પર્વતે પર્વતે રખડતાં ફરે છે. ઘેટાંબકરાંના ટોળાં આખા દેશમાં વેર-
વિખેર થઇ ગયા છે. કોઇને તેમની પડી નથી કે કોઇ તેમને શોધવા જતું
નથી.”’ 7 માટે હે પાળકો, યહોવાનું વચન સાંભળો: 8 “મારાં ઘેટાં જંગલી
પ્રાણીઓનો શિકાર બન્યા છે, તેમનો કોળિયો બન્યા છે, કારણ, તેમનો
કોઇ પાળક નથી. મારા પાળકોને ઘેટાંની કશી પડી નથી. ઘેટાંને ખવ-
ડાવવાને બદલે તેઓ પોતાનું પેટ ભરવાની જ કાળજી રાખે છે.” 9 તેથી
ઓ પાળકો, તમે યહોવાનું વચન સાંભળો, હું યહોવા જીવના સમ ખાઇ-

ને કહું છું કે, 10 “હું તમારી વિરુદ્ધ છું, હું મારા ઘેટાં માટે તમને જવાબદાર
ઠરાવીશ. પાળક તરીકે હું તમને દૂર કરીશ. જેથી પાળકો પોતાનું પોષણ
કરી શકે નહિ, હું મારા ઘેટાંઓને તમારા મુખમાંથી છોડાવી લઇશ અને
મારા ઘેટાં તમારો ખોરાક બનશે નહિ.” 11 યહોવા મારા માલિક કહે છે:
“હું પોતે જ મારા ઘેટાંને શોધી કાઢીશ અને તેઓની સંભાળ રાખીશ.
12 પોતાનાં ઘેટાં આજુબાજુ વેરવિખેર થઇ ગયા હોય ત્યારે ભરવાડ જેમ
તેમને શોધવા જાય છે તેમ હું મારા ઘેટાંને શોધવા જઇશ અને તેમને સુ-
રક્ષિત પાછા લાવીશ. જ્યારે તેઓ ગભરાઇ ગયા હોય અને અંધારા વાદ-
ળીયા દિવસે ખોવાઇ ગયા હોય. 13 જ્યાં તેઓ વિખેરાઇ ગયા છે તે દેશ-
માંથી અને પ્રજાઓમાંથી હું તેઓને પાછા લાવીશ અને તેઓને પોતાના
દેશ ઇસ્રાએલમાં ઘરે પાછા લાવીશ. ઇસ્રાએલના પર્વતો પર નદીના કાંઠે
તથા ફળદ્રુપ જગ્યાઓમાં હું તેઓનું પોષણ કરીશ. 14 હું તેઓને ચારાની
સારી જગ્યાઓમાં લઇ જઇશ. ઇસ્રાએલના પર્વતોની ઊંચાઇઓ તેઓ
માટે ચરવાની જગ્યા થશે. ત્યાં લીલા બીડમાં શાંતિથી તેઓ સૂઇ જશે.
હું તેઓને ઇસ્રાએલના પર્વતોના રસાળ બીડોમાં લાવીશ. 15 હું જાતે મા-
રા ટોળાને ચારીશ અને આરામ કરાવીશ.” આ હું યહોવા માલિક કહું છું.
16 “ખોવાયેલાની હું શોધ કરીશ, આડે રસ્તે ચઢી ગયેલાને હું રસ્તે લા-
વીશ, ઘવાયેલાને હું પાટાપિંડી કરીશ, પાતળાંને બળ આપીશ; પણ
તંદુરસ્ત અને મજબૂત હશે તેમનો હું નાશ કરીશ, અને સારી રીતે તેઓ-
ને ચરાવીશ.” 17 “અને તમને મારા ટોળાને વિષે હું યહોવા માલિક એમ
કહું છું કે, “હું ઘેટાં ઘેટાં, વચ્ચે ન્યાય કરીશ. 18 હે ઘેટાંઓ અને બકરાઓ,
ઉત્તમ ચારો આરોગી તમે ધરાયા નથી કે બાકીના ચારાને તમે પગ વડે
કચડી નાખો છો? અથવા સ્વચ્છ પાણી પીને તમે ધરાયા નથી કે બા-
કીનું પાણી પગ વડે ડહોળી નાખો છો? 19 મારા બાકીના ટોળાએ તમા-
રું કચડેલું ખાવું પડે છે અને તમારું ડહોળેલું પાણી પીવું પડે છે!” 20 તે-
થી યહોવા મારા માલિક કહે છે: “હું આ જાડા અને પાતળાં ઘેટાં વચ્ચે
ન્યાય કરીશ. 21 તમે જોડાથી અને ખભેથી હડસેલા મારીને મારા માંદા
અને ભૂખ્યાને ઘણે દૂર સુધી વિખેરી નાખ્યા છે. 22 તેથી હું પોતે મારા
ટોળાને બચાવીશ. પછી કોઇ તેઓને સતાવી શકશે નહિ કે તેઓનો
નાશ કરશે નહિ. તેઓ તંદુરસ્ત છે કે પાતળા છે તે હું જોઇશ અને પછી
તેઓનો ન્યાય કરીશ. 23 ત્યાર બાદ હું યહોવા, એમની સંભાળ લેવા
માટે મારા સેવક દાઉદ જેવો એક ભરવાડ નીમીશ. તે તેમને ચારશે અને
તેમનો ભરવાડ બનશે. 24 હું, યહોવા, તેમનો દેવ થઇશ અને મારો સેવક
દાઉદ મારા લોકોમાં રાજકર્તા સમાન થશે. હું યહોવા એમ બોલ્યો છું.
25 “હું તેઓની સાથે શાંતિનો કરાર કરીશ અને દેશમાંથી જંગલી પશુ-
ઓને હાંકી કાઢીશ એટલે બધા ખુલ્લા ગૌચરમાં શાંતિને સુરક્ષામાં વાસો
કરશે અને જંગલમાં સૂશે. 26 મારી ટેકરીની આસપાસ હું મારા લોકોને
ત્યાં વસાવીશ અને તેઓનાં ઘરોને આશીર્વાદ આપીશ. અને હું ઋતુ પ્ર-
માણે વરસાદ વરસાવીશ અને વરસાદ આશીર્વાદ લાવશે. 27 તેઓના
ફળના વૃક્ષો ફળ આપશે અને ખેતરોમાં મબલખ પાક થશે. સર્વ લોકો
સુરક્ષિત રહેશે. જ્યારે હું તેઓની ગુલામીની સાંકળો તોડી નાખીશ અને
તેઓના ભોગે લાભ મેળવનારાઓથી હું તેઓને છોડાવીશ ત્યારે તેઓ
જાણશે કે હું યહોવા છું. 28 “હવે પછી ફરી કદી ન તો વિદેશી પ્રજાઓ તે-
મને સતાવશે કે ન તો જંગલી પ્રાણીઓ તેમને ખાઇ જશે. તેઓ શાંત
ચિત્તે કોઇનાપણ ભય વગર રહેશે. 29 હું તેમની ભૂમિને એવી ફળદ્રુપ
બનાવીશ કે તેની કીતિર્ ચોમેર થશે. ફરી કદી દુકાળ પડશે નહિ. કે
કોઇ વિદેશી પ્રજા તેમને ટોણા મારી લજ્જિત કરશે નહિ. 30 તેમને ખાતરી
થશે કે, હું, યહોવા તેમનો દેવ તેમની જોડે છું અને તેઓ મારી ઇસ્રાએલી
પ્રજા છે.” આ હું યહોવા દેવ બોલું છું. 31 “તમે મારા ઘેટાં છો, જેમનો હું
ચારનાર ભરવાડ છું; હું તમારો દેવ છું.” આ યહોવા મારા માલિકના
વચન છે.

35 ફરીથી આ પ્રમાણે મને યહોવાની વાણી સંભળાઇ: 2 “હે મનુ-
ષ્યના પુત્ર, સેઇરના પર્વતીય પ્રદેશ તરફ તારું મુખ રાખ અને
લોકોની વિરુદ્ધ પ્રબોધ કરીને તેમને ચેતવણી આપ કે, 3 ‘આ યહોવા
મારા માલિકના વચન છે:“‘હે સેઇરના પર્વતીય પ્રદેશ હું તારી સામે
પડ્યો છું, હું મારો હાથ તારી વિરુદ્ધ ઉગામીશ અને તને સંપૂર્ણ તારાજ
અને વેરાન કરી દઇશ. 4 તારા નગરોને ખંડિયેર બનાવી દઇશ અને તું
તદન વેરાન થઇ જઇશ; ત્યારે તને જાણ થશે કે હું યહોવા છું. 5 ઇસ્રા-
એલ સાથે તમે સતત દુશ્મનાવટ રાખી છે. અને વિનાશના સમયે, તેમ-
ની છેલ્લી સજાને સમયે તમે ઇસ્ત્રાએલીઓને તરવારથી હણવા માટે સુ-
પ્રત કરી દીધાં.’” 6 તેથી યહોવા મારા માલિક કહે છે: “હું ખાતરીપૂર્વક
કહું છું કે તારામાં રક્તપાત થશે અને તું બચશે નહિ, તું હત્યાકાંડમાં
બહુ આનંદ માણે છે તેથી લોહી તારી પર આવશે અને તને હંફાવી દેશે,
હવે તારો વારો આવ્યો છે. 7 હું સેઇરના પર્વતીય પ્રદેશને વેરાન બનાવી
દઇશ અને લોકોને હું ત્યાથી પસાર થતાં પણ અટકાવીશ. 8 હું તારા
ડુંગરો, ખીણો અને નદીનાળાં યુદ્ધમાં માર્યા ગયેલાઓના શબોથી ભરી
દઇશ. 9 હું તને સદાને માટે વેરાન બનાવી દઇશ અને તારા નગરોમાં
ફરી વસ્તી થશે નહિ, બાંધકામ થશે નહિ ત્યારે તને જાણ થશે કે હું
યહોવા છું.” 10 તમે કહ્યું છે, “ઇસ્રાએલ અને યહૂદા બંને મારા છે, અમે
તેનો કબજો મેળવીશું.”પણ હું યહોવા ત્યાં તેઓની સાથે છું. 11 સર્વસ-
ત્તાધિશ યહોવા મારા માલિક કહે છે કે, “હું ખાતરીપૂર્વક કહું છું કે, તમે
તમારા ક્રોધાવેશમાં જે કર્યું છે તેનો હું બદલો લઇશ. તમે ઇર્ષા અને અદે-
ખાઇમાં જે કર્યું છે તેના માટે હું તમને સજા કરીશ અને હું તમને જે કઇં
કરીશ તે દ્વારા ઇસ્રાએલમાં મારું નામ મોટું મનાવીશ. 12 અને ત્યારે
તમને જાણ થશે કે મેં તમારા અપમાનજનક શબ્દો સાંભળ્યાં હતાં કે,
‘ઇસ્રાએલના પર્વતો વેરાન છે અને તેમના પર વિજય મેળવવાની આ
આપણા માટે તક છે.’ 13 તમે બડાશ હાંકી છે કે તમે મારા કરતા મહાન
છો, તમે મારી વિરુદ્ધ કઠોર શબ્દો બોલ્યા છો પરંતુ મેં તમને સાંભળ્યાં
છે.” 14 યહોવા મારા માલિકના આ વચન છે: “જ્યારે ઇસ્ત્રાએલનો વિ-
નાશ થયો ત્યારે તું ખૂબ ખુશ હતો તેને કારણે હું તારી સાથે પણ એવું જ
કરીશ. 15 જેમ તેં ઇસ્રાએલને ઉજ્જડ થતું જોઇને આનંદ માણ્યો હતો,
તેમ હવે હું તને પણ ઉજ્જડ બનાવીશ! સેઇરના પર્વતીય પ્રદેશ અને
અદોમનો સમગ્ર દેશ વેરાન થઇ જશે. અને હું સર્વ લોકોનો નાશ કરીશ!
ત્યારે તેઓ જાણશે કે હું યહોવા છું.”

36 યહોવાએ કહ્યું, “હે મનુષ્યના પુત્ર, તું ઇસ્રાએલના પર્વતોને મા-
રા વચન સંભળાવ, તેમને કહે; હે ઇસ્રાએલના પર્વતો યહોવાની
વાણી સાંભળો, 2 આ યહોવા મારા માલિક કહે છે; ‘દુશ્મન તમારે વિષે
વાત કરે છે અને કહ્યું, આહા! હવે આ પ્રાચીન ઉચ્ચસ્થાનોઅમારા તા-
બામાં આવ્યા છે!’ 3 “એમને તું એમ કહે કે, આ યહોવા મારા માલિકના
વચન છે, ‘હે ઇસ્રાએલના પર્વતો, બીજી પ્રજાઓએ તમારો કબજો લી-
ધો, અને તમને વેરાન બનાવી દીધા અને તમને બધી બાજુએથી તમને
કચડી નાખ્યા એટલે તમે તો કુથલીનો વિષય બની ગયા છો અને લોકો
તમારા વિષે ખરાબ વાતો કરે છે.’” 4 માટે, હે ઇસ્રાએલના પર્વતો, મારાં
વચનો સાંભળો, યહોવા મારા માલિકે, પર્વતોને અને કોતરોને અને ખી-
ણોને, તથા આસપાસની બીજી પ્રજાઓની લૂંટ અને હાંસીનો ભોગ
બનેલા વેરાન ખંડિયેરોને અને ઉજ્જડ શહેરોને જે કહ્યું છે તે સાંભળો;
5 યહોવા મારા માલિક કહે છે, “મારો કોપ અન્ય પ્રજાઓની અને મુખ્ય-
ત્વે અદોમની વિરુદ્ધ સળગી ઊઠયો છે: કારણ કે તેઓએ હર્ષાવેશમાં
આવીને તિરસ્કારપૂર્વક ઇસ્રાએલના પ્રદેશોનો કબજો લઇને તેને લૂંટી
લીધો છે.” 6 “તેથી તું પ્રબોધ કર અને ઇસ્રાએલના ડુંગરોને અને પર્વતો-
ને, ખીણોને અને કોતરોને કહે કે ‘યહોવા મારા માલિક કહે છે: તમે
આજુબાજુની પ્રજાઓના મહેણાં સહન કર્યા છે. તેથી હું કોપાયમાન
થયો છું.’” 7 યહોવા મારા માલિક કહે છે, “તેથી મેં પ્રતિજ્ઞા લીધી છે કે
તમારી આસપાસની પ્રજાઓએ પોતે મહેણાંટોણાં વેઠવા પડશે;
8 “પરંતુ, હે ઇસ્રાએલના પર્વતો, તમારાં વૃક્ષોને શાખાઓ ફૂટશે અને ટૂંક
સમયમાં પાછા ફરનાર મારા લોકો માટે ફળો બેસશે. 9 કારણ કે જુઓ, હું
તમારા પક્ષમાં છું, હું તમારી તરફ ફરીશ, ને તમારામાં ખેડાણ તથા વા-
વેતર થશે; 10 હું તમારા પર પુષ્કળ માણસોને વસાવીશ, ઇસ્રાએલના
આખા વંશને હું વસાવીશ; શહેરોમાં ફરી વસ્તી થશે અને ખંડિયેરો ફરી
બંધાશે. 11 માત્ર લોકોની વસતી જ નહિ, પણ તમારા ઢોરઢાંખર પણ
અતિ ઘણાં વધારીશ. હે ઇસ્રાએલના પર્વતો ફરીથી તમે ઘરોથી ઢંકાઇ
જશો. મેં અગાઉ તમારે માટે જે કર્યું છે તેથી વિશેષ હું તમારે માટે કરીશ.
ત્યારે તમે જાણશો કે હું યહોવા છું. 12 હું મારી પ્રજાને ફરીથી તમારા પર
ચલાવીશ અને તેઓ ઇસ્રાએલના પર્વતો પર વાસો કરશે અને કબજો
જમાવશે. અને હવે પછી કદી તમે તેમના સંતાનોને હરી લેશો નહિ.”
13 યહોવા મારા માલિક કહે છે: “બીજી પ્રજાઓ તારી હાંસી કરતા કહેતી

હતી કે,’ ઈસ્રાએલ એવો દેશ છે જે પોતાના માણસોને ભરખી જાય છે
અને પ્રજાને નિ:સંતાન બનાવે છે. 14 તો હવે પછી તું કદી માણસોને
ભરખીશ નહિ અને તારા લોકોનાં સંતાનોને હરી લઈશ નહિ,” આ યહો-
વા મારા માલિકના વચન છે. 15 “હવે પછી તારે કદી બીજા લોકોના
મહેણાં સાંભળવાનો કે વિદેશીઓની નિંદા સહેવાનો વખત નહિ આવે.
તું તારી પ્રજાને ફરીથી કદીયે ઠોકર ખવડાવશે નહિ.” આ યહોવા મારા
માલિકના વચન છે. 16 ફરીથી યહોવાની વાણી મને આ પ્રમાણે સંભા-
ળાઈ: 17 “હે મનુષ્યના પુત્ર, જ્યારે ઈસ્રાએલીઓ પોતાની ભૂમિમાં વસ-
તાં હતાં ત્યારે તેમણે તેને પોતાના વર્તાવ અને દુષ્કૃત્યોથી અશુદ્ધ કરી
હતી. મારી સામે તેઓ રજસ્વલા સ્ત્રીની જેમ ચાલતાં હતાં. મારે મન તે-
મનો વર્તાવ ગંદો અને ધૃણાજનક હતો. 18 તેમણે આ ભૂમિને ખૂનથી
અને મૂર્તિપૂજાથી પ્રદુષિત કરી હતી. તેથી મારો રોષ તેઓ પર સળગી
ઊઠયો હતો. 19 મેં તેમને બીજી પ્રજાઓમાં વેરવિખેર કરી નાખ્યા અને
વિદેશોમાં રઝળતા કરી દીધા. તેમના કૃત્યો અને વર્તાવ જેને લાયક
હતા તે જ સજા મેં તેમને કરી. 20 પણ જ્યારે તેઓ જે જે પ્રજાઓમાં ગયા
તેમની વચ્ચે તેમણે મારા પવિત્ર નામને બટ્ટો લગાડ્યો. લોકો તેમને
વિષે એવું કહેવા લાગ્યા કે, ‘આ યહોવાના લોકો છે, અને એમને યહોવા-
ના દેશમાંથી નીકળવું પડ્યું છે.’ 21 “હું મારા પવિત્ર નામની ચિંતા કરું
છું, કારણ કે મારા લોકોએ સમસ્ત જગતમાં મારા નામને તેઓ જ્યાં
જ્યાં ગયા છે ત્યાં ત્યાં બટ્ટો લગાડ્યો છે. 22 એટલે તું ઈસ્રાએલીઓને
કહે કે, આ યહોવા મારા માલિકના વચન છે: ‘હે ઈસ્રાએલીઓ, હું આ જે
કહું છું તે તમારે માટે નથી કરતો પણ મારા પવિત્ર નામને માટે કરું છું,
અને તમે જે વિદેશોમાં ગયા હતા તેમની વચ્ચે બદનામી કરી છે.
23 તમારે લીધે કલંકિત થયેલા મારા નામની પવિત્રતા હું એ પ્રજાઓમાં
સિધ્દ કરી બતાવીશ, અને જ્યારે હું તેમની આગળ તમારી મારફતે મારી
પવિત્રતા સિધ્દ કરીશ ત્યારે લોકોને ખાતરી થશે કે હું યહોવા છું.’”
24 દેવ કહે છે, “હું તમને બધાને પરદેશોમાંથી બહાર કાઢી એકત્ર કરીને
તમારી પોતાની ભૂમિમાં પાછા લાવીશ. 25 હું તમારા પર શુદ્ધ જળનો
છંટકાવ કરીને તમને મૂર્તિપૂજાના પાપથી અને તમારી બધી અશુદ્ધિ-
ઓથી મુકત કરીશ.” 26 દેવ કહે છે, “હું તમને નવું હૃદય આપીશ, અને
તમારામાં હું નવો આત્મા મૂકીશ. હું તમારું પથ્થર સમાન પાપી હૃદય
દૂર કરીશ અને તમને નવું પ્રેમાળ હૃદય આપીશ. 27 હું તમારામાં મારા
પોતાના આત્માનો સંચાર કરીશ, તમે મારા નિયમો પ્રમાણે ચાલો, ને
નિષ્ઠાપૂર્વક મારી આજ્ઞાઓનું પાલન કરોતો એમ કરીશ. 28 તમારા પૂર્વ-
જોને આપેલા ઈસ્રાએલના દેશમાં તમે વસશો. તમે મારી પ્રજા થશો
અને હું તમારો દેવ થઈશ.” 29 દેવ કહે છે, “હું તમને બધી અશુદ્ધિઓથી
બચાવીશ. હું અનાજને આજ્ઞા કરીશ અને તેની વૃદ્ધિ કરીશ, તમારે ત્યાં
દુકાળ કદી પડવા દઈશ નહિ, 30 હું વૃક્ષોના ફળ અને ખેતીની પેદાશમાં
મબલખ વધારો કરીશ તેથી લોકોમાં તમારે કદી દુકાળનું મહેણું સાંભ-
ળવાનું રહેશે નહિ. 31 ત્યારે તમે તમારાં ભૂતકાળના પાપ યાદ કરશો
અને તમારા દુષ્કર્મોને લીધે દુ:ખી થશો અને પોતાની જાતનો તિરસ્કાર
કરશો. 32 યહોવા મારા માલિક કહે છે, “પણ હંમેશા યાદ રાખો; આ હું
તમારે માટે કરતો નથી એની ખાતરી રાખજો, હે ઈસ્રાએલીઓ, આને
તમે તમારા દુષ્કર્મોથી થતી અપકીતિર્ ને બેઆબરૂ સમજો.” 33 યહોવા
મારા માલિકનું આ વચન છે: “જ્યારે હું તમને તમારા પાપોથી શુદ્ધ
કરીશ ત્યારે હું તમને ફરીથી ઈસ્રાએલમાં તમારા ઘરે પાછા લાવીશ અને
ઉજ્જડ થયેલા નગરોને ફરીથી બાંધીશ. 34 તમારા બંદીવાસ દરમ્યાન જે
ભૂમિ વરસો સુધી વેરાન પડી હતી અને તેની પાસેથી પસાર થનારા
સર્વ તમારા દેશને ખંડિયેર જોઈને નવાઈ પામતા હતા તે ભૂમિ ફરીથી
ખેડાતી થશે. 35 જ્યારે હું તમને પાછા ‘લાવીશ ત્યારે તેઓ કહેશે, દેવથી
તજાયેલી આ ભૂમિ હવે એદનવાડી સમાન થઈ ગઈ છે! ખંડિયેર જેવા
નગરોની આસપાસ કોટ બાંધવામાં આવ્યા છે અને તેમાં ઘણા લોકો
વસે છે!’” 36 દેવ કહે છે, “ત્યારે આજુબાજુની બચી ગયેલી પ્રજાઓ જા-
ણશે કે હું યહોવા છું અને મેં ખંડિયેર નગરોને ફરી બાંધ્યા છે અને ખેત-
રોમાં પાક ઉગાડ્યો છે. હું યહોવા તે કહું છું અને હું આ પ્રમાણે કરીશ.’”
37 યહોવા મારા માલિક કહે છે: “ઈસ્રાએલીઓની વિનંતી હું સાંભળીશ.
હજી હું તેઓ માટે એટલું કરવા તૈયાર છું કે હું એમની ઘેટાંની જેમ વંશવૃ-
દ્ધિ કરીશ. 38 યરૂશાલેમમાં પવિત્ર ઉજવણીને દિવસે બલિદાનના ઘે-
ટાંનાં ટોળા ઊભરાય છે, તેવી જ રીતે આ નાશ થઈ ગયેલા નગરોમાં
માણસોના ટોળા ઊભરાશે; અને ત્યારે લોકોને ખાતરી થશે કે હું યહોવા
છું.”

37 યહોવાનો હાથ મારા પર આવ્યો અને યહોવાનો આત્મા મને
લઈ ગયો અને મને એક મેદાનમાં મૂક્યો, જે મેદાન સૂકાં હાડ-
કાથી ભરેલું હતું, 2 તેમણે મને તે હાડકા વચ્ચે આમતેમ ફેરવ્યો, જોઉં છું
તો આખું મેદાન હાડકાંથી છવાયેલું હતું. હાડકાંનો કોઈ પાર નહોતો
અને તે બધા તદ્દન સુકાઈ ગયેલા હતા. 3 યહોવા મારા માલિકે મને પ્ર-
શ્ર્ન કર્યો; “હે મનુષ્યના પુત્ર, શું આ હાડકાં ફરીથી જીવતા માણસો
બની શકે?”મેં જવાબ આપ્યો, “યહોવા, તમે એકલા જ આ પ્રશ્ર્નનો
ઉત્તર જાણો છો.” 4 તેણે મને કહ્યું, “તું મારા તરફથી એ હાડકાંઓને પ્ર-
બોધ કર. ‘હે સૂકાં હાડકાંઓ, યહોવાનો સંદેશો સાંભળો, 5 યહોવા મારા
માલિક તમને આ પ્રમાણે કહે છે, ‘હું તમારામાં શ્વાસ ફૂંકીશ અને તમે
ફરી જીવતાં થશો. 6 હું તમારા પર સ્નાયુઓ બાંધીશ, માંસ પૂરીશ, અને
તમને ચામડીથી આવરી લઈ તમારામાં શ્વાસ પૂરીશ એટલે તમે જીવતાં
થશો અને તમને ખાતરી થશે કે હું યહોવા છું.’” 7 તેથી યહોવા મારા મા-
લિકે મને કહ્યું હતું તેમ મેં વચનો ઉચ્ચાર્યાં; હું બોલતો હતો ત્યારે જ
ગડગડાટ સંભળાયો અને હાડકાં એકબીજા સાથે જોડાવા લાગ્યાં. 8 હું
જોતો હતો તેવામાં હાડકાની આસપાસ સ્નાયુઓ અને માંસ આવી
ગયાં. અને તેઓને ચામડી વડે ઢાંકી દેવામાં આવ્યાં. પણ તેઓ હજુ
શ્વાસ લેતા નહોતા. 9 પછી મારા માલિક યહોવાએ મને કહ્યુ, “હે મનુ-
ષ્યના પુત્ર, તું પવનને પ્રબોધ કર, તું તેને કહે કે યહોવા મારા માલિક
કહે છે, ‘હે પવન, ચારે દિશામાંથી આવ અને આ શરીરોમાં ફૂંક માર જેથી
તેઓ સજીવન થાય.’” 10 તેથી તેના કહેવા પ્રમાણે મેં પ્રબોધવાનું શરૂ
કર્યું તેમનામાં શ્વાસનો સંચાર થયો અને તેઓ સજીવન થઈને ઉભા થઈ
ગયા. જાણે બહુ મોટું સૈન્ય! 11 ત્યાર બાદ યહોવા મારા માલિકે મને
કહ્યું, “હે મનુષ્યના પુત્ર, આ હાડકાં એ બધા ઈસ્રાએલી લોકો છે, તેઓ
કહે છે, ‘અમારા હાડકાં સૂકાઈ ગયાં છે, આશા ઊડી ગઈ છે, અમે કપાઈ
ગયેલા છીએ.’ 12 તેથી પ્રબોધ કરીને તેઓને કહે કે, યહોવા મારા માલિક
કહે છે: ‘હું તમારા બંદીવાસની કબરો ખોલી નાખીશ અને તમને ફરીથી
ઊભા કરીશ અને ઈસ્રાએલ દેશમાં પાછા લાવીશ. 13 તમારી કબરો ખો-
લીને હું તમને બહાર કાઢીશ ત્યારે તમને ખાતરી થશે કે હું યહોવા છું.
14 પછી હું મારો આત્મા તમારામાં મૂકીશ અને તમે જીવશો અને તમે
તમારા પોતાના દેશમાં ઘરે પાછા ફરશો. ત્યારે તમે જાણશો કે મેં યહો-
વાએ જે તમને વચન આપ્યું હતું તે હું કરી બતાવું છું.’” આ યહોવા મારા
માલિકના વચન છે. 15 પછી યહોવાએ મને આ પ્રમાણે કહ્યું; 16 “હે
મનુષ્યના પુત્ર, એક લાકડી લઈને તેના પર લખ; ‘યહૂદાનું રાજ્ય’. પછી
બીજી લાકડી લઈને તેના પર લખ: ‘યૂસફ (એફ્રાઈમ)નું રાજ્ય’. 17 હવે
બંનેને જોડીને એક લાકડી બનાવી દે એટલે તારા હાથમાં એક જ લાક-
ડી રહેશે. 18 “તારા દેશબંધુઓ જો તને કહે કે, આથી તમે શું સૂચવવા
માંગો છો, 19 ત્યારે તારે તેઓને કહેવું કે, ‘આ યહોવા મારા માલિકના
વચન છે: “હવે હું યૂસફ (એફ્રાઈમ) લાકડી લઈને હું એને યહૂદાની લાક-
ડી સાથે જોડી દઉં છું. આ રીતે હું બે લાકડીમાંથી એક લાકડી બનાવી
દઈશ અને એટલે મારા હાથમાં એક જ લાકડી થઈ જશે.’ 20 “બંને લાક-
ડીઓ તારા હાથમાં એવી રીતે પકડી રાખજે કે લોકો તેને જોઈ શકે. અને
પછી તું તેમને કહેજે કે આ યહોવા મારા માલિકના વચન છે. 21 ‘ઈસ્રા-
એલીઓ બીજી પ્રજાઓમાં ચાલ્યા ગયા છે તેમને હું ત્યાંથી લઈ
આવીશ, ઠેકઠેકાણેથી એકત્ર કરીને તેમને પોતાની ભૂમિમાં પાછા વસા-
વીશ. 22 ‘હું મારી પોતાની ભૂમિમાં, ઈસ્રાએલના પર્વત પર તેમને એક જ
પ્રજા બનાવીશ અને તે બધાનો એક જ રાજા હશે. તેઓ ફરી કદી બે પ્ર-
જાઓ નહિ રહે કે બે રાજ્યોમાં વહેંચાઈ નહિ જાય. 23 તેઓ મલિન મૂ-
ર્તિઓ દ્ધારા તથા અપરાધ આચરીને પોતાને અપવિત્ર કરવાનું બંધ કર-
શે. કારણ કે હું તેઓને સર્વ અશુદ્ધતામાંથી બચાવી લઈશ. ત્યારે તેઓ
સાચે જ મારા લોકો થશે અને હું તેઓનો દેવ થઈશ. 24 “‘મારા સેવક દા-
ઉદ જેવો એક રાજા તેમના પર રાજ્ય કરશે. તે જ બધાનો એક માત્ર પા-
ળક હશે. તેઓ મારા નિયમો અનુસાર ચાલશે અને મારી આજ્ઞાઓને
માથે ચઢાવી તેનું પાલન કરશે. 25 વળી મારા સેવક યાકૂબને મેં જે ભૂમિ
આપી હતી અને જેમાં તમારા પિતૃઓ રહેતા હતા તેમાં જ તેઓ રહેશે,

તેઓ અને તેમના બાળકો અને તેમના પણ બાળકો ત્યા કાયમ માટે
રહેશે. અને મારા સેવક દાઉદ જેવો રાજા કાયમ તેમના પર શાસન
ચલાવશે. 26 “‘હું તેઓની સાથે શાંતિનો કરાર અનંતકાળને માટે કરીશ,
હું તેઓને આશીર્વાદ આપીશ. હું તેમને ફરી સ્થાપીશ અને તેમની વંશ-
વૃદ્ધિ કરીશ. અને તેમની વચ્ચે મારા મંદિરની કાયમ માટે સ્થાપના
કરીશ. 27 હું મારું નિવાસસ્થાન તેઓની વચ્ચે રાખીશ. અને તેઓનો હું
દેવ થઇશ અને તેઓ મારી પ્રજા થશે. 28 જ્યારે મારું મંદિર તેઓ મધ્યે
સદાને માટે રહેશે ત્યારે બીજી પ્રજાઓ સમજી જશે કે હું, યહોવા, ઇસ્રા-
એલને મારી પોતાની પ્રજા ગણું છું.’”

38 મને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 2 “હે મનુષ્યના પુ-
ત્ર, માગોગ દેશમાંના જરોશ, મેશેખ અને તુબાલના મુખ્ય રાજ-
કર્તા ગોગ તરફ તારું મુખ રાખ્ અને તેની વિરુદ્ધ પ્રબોધ કર. 3 તેને કહે
કે, આ યહોવા મારા માલિકના વચન છે, ‘હે મેશેખ અને તુબાલના મુખ્ય
રાજકર્તા ગોગ, હું તારી સામે પડ્યો છું. 4 હું તારા જડબામાં આંકડી ના-
ખીને તને પાછો ફેરવીશ; તારા, ભભકાદાર વસ્ત્રો સજેલા ઘોડાને,
શસ્ત્રસજ્જ ઘોડેસવારોને અને નાનીમોટી ઢાલોથી સજ્જ અને તરવાર
ચલાવતી તારી સમગ્ર સેનાને ઘસડી જઇશ. 5 એ સેનામાં ઇરાનના, કૂ-
શના અને પૂટના માણસો છે અને તે બધા ઢાલ અને ટોપથી સજ્જ છે.
6 તારી સાથે ગોમેર દેશની આખી સેના છે, છેક ઉત્તરના બેથ-તોગાર્માહ-
ની સમગ્ર સેના છે અને બીજી અનેક પ્રજાઓના માણસો પણ છે. 7 “‘હે
ગોગ, તું તૈયાર રહેજે, તું તેઓનો સરદાર છે, સમગ્ર સેનાને તૈયાર રાખ-
જે. 8 લાંબા સમય પછી એવો વખત આવશે જ્યારે તને હાંકલ કરવામાં
આવશે, ઘણાં વષોર્ પછી તું એવા દેશ પર ચઢાઇ કરીશ, જ્યાંના મોત-
માંથી ઊગરી ગયેલા વતનીઓને જુદી જુદી પ્રજાઓમાંથી ફરી એકઠાં
કરવામાં આવ્યાં હશે. લાંબા સમયથી વેરાન પડેલા ઇસ્રાએલના ડુંગરો
ઉપર તું ચઢાઇ કરીશ, જ્યાં લોકોને અનેક પ્રજાઓમાંથી ફરી એકઠા કર-
વામાં આવ્યાં હશે, લાંબા સમયથી વેરાન પડેલા ઇસ્રાએલના ડુંગરો
ઉપર તું ચઢાઇ કરીશ. જ્યાં અનેક પ્રજાઓમાંથી આવેલા લોકો શાંતિને
સુરક્ષિત રીતે રહેતાં હશે. 9 તું, તારી વિશાળ સેના તથા તારી સાથે લડ-
નારી બીજી પ્રજાઓના લોકો વાવાઝોડાની જેમ આવી પહોંચી દેશમાં
વાદળની જેમ છવાઇ જશો.’” 10 યહોવા મારા માલિક ગોગને કહે છે; “એ
સમયે તારા મનમાં ભૂંડા વિચારો આવશે અને તું દુષ્ટ યોજના વિચારી
કાઢશે. 11 તને થશે, ‘હું આ અરક્ષિત દેશ પર ચઢાઇ કરું અને એના દિ-
વાલો કે દરવાજા કે લોખંડના સળીયા વગરના નગરોમાં અને ગામોમાં
શાંતિ અને સલામતીમાં વસતા લોકો પર હુમલો કરું. 12 એકવાર ખંડિ-
યેર થઇ ગયેલા એ નગરોમાં ઘણાં દેશોમાંથી પાછા ફરેલા બધાં ઇસ્રાએ-
લી લોકો વસે છે. હવે તેઓ પાસે પુષ્કળ ઢોરઢાંખર અને વિપુલ સંપત્તિ
છે. હવે તેઓ બીજી બધી જાતિઓના કેન્દ્ર સ્થાને છે. હું તેઓ પર હુમ-
લો કરીશ અને ઢોરઢાંખર તથા મિલકત લૂંટી લઇશ અને ખૂબ લૂંટ ભેગી
કરીને લઇ જઇશ.’ 13 “શેબા અને દેદાનના લોકો તથા તાર્શીશના વેપા-
રીઓ અને આગેવાનો તને પૂછશે, ‘તું લૂંટ ચલાવવા આવ્યો છે? શું તેં
સોનું, ચાંદી ઉપાડી જવા માટે અને ઢોરઢાંખર અને માલસામાન ઉઠાવી
જવા અને ભારે સંપત્તિ લૂંટી જવા માટે સેના ભેગી કરી છે?’” 14 તેથી દેવ
કહે છે, “હે મનુષ્યના પુત્ર, તું ગોગને મારી વાણી સંભળાવ, અને કહે કે,
આ યહોવા મારા માલિકના વચન છે: ‘જે વખતે મારા લોકો ઇસ્રાએ-
લીઓ શાંતિ અને સુરક્ષિત રીતે રહેતા હશે. 15 તું ઉત્તરના છેડામાં આવે-
લા તારા સ્થાનેથી અનેક પ્રજાઓમાંથી એકઠા કરેલા વિશાળ અને પરા-
ક્રમી ઘોડેસવાર સૈન્યને લઇને આક્રમણ કરવા આવશે. 16 તું મારા લોકો
ઇસ્રાએલીઓ ઉપર ચઢી આવશે અને આખા દેશ ઉપર વાદળની જેમ
છવાઇ જશે. હવે પછી હું તને મારા દેશ ઉપર ચઢાઇ કરવા માટે મોક-
લીશ, જેથી હે ગોગ, તારી મારફતે મેં બતાવેલો મારી પવિત્રતાનો પરચો
જોઇને બધી પ્રજાઓ જાણે કે હું કોણ છું.’” 17 “ભૂતકાળમાં મારા સેવકો
ઇસ્રાએલના પ્રબોધકો મારફતે મેં જ્યારે એવી વાણી ઉચ્ચારાવી હતી કે,
હું કોઇ પાસે ઇસ્રાએલ ઉપર હુમલો કરાવીશ, ત્યારે મારા મનમાં તું જ
હતો.” આ યહોવા મારા માલિકના વચન છે. 18 યહોવા મારા માલિક કહે
છે: “તે દિવસે, જ્યારે ગોગ ઇસ્રાએલ પર ચઢાઇ કરશે, ત્યારે મારો રોષ
ભભૂકી ઊઠશે. 19 મારા પુણ્યપ્રકોપમાં અને મારા ક્રોધાગ્નિમાં હું પ્રતિજ્ઞા
કરું છું કે, તે દિવસે ઇસ્રાએલમાં ભયંકર ધરતીકંપ થશે. 20 મને જોઇને
દરિયાની માછલીઓ, આકાશના પંખીઓ, જંગલના પ્રાણીઓ અને પેટે
ચાલનારા જીવો તેમજ પૃથ્વી પરનાં બધાં માણસો ધ્રૂજી ઊઠશે. પર્વતો
તૂટી પડશે, અને ખડકો ધસી પડશે અને ભીંતો ભોંયભેગી થઇ જશે.”
21 યહોવા મારા માલિક કહે છે, “હું ગોગને બધી જાતની આફતોથી ખડ-
ભડાવી મૂકીશ. આ હું યહોવા તમારો માલિક બોલું છું. તેના માણસો
અંદરો અંદર તરવાર ચલાવશે. 22 હું તેની સાથે, તેના સૈન્ય સાથે અને
તેની સાથેના બધા લોકો ઉપર રોગચાળા અને મૃત્યુથી, મૂશળધાર વર-
સાદથી, કરાંના તોફાનોથી અને તેમની ઉપર ગંધક બાળીને, ન્યાય
કરીશ. 23 આ રીતે હું તમામ પ્રજાઓને બતાવીશ કે હું કેવો મોટો અને
પવિત્ર છું અને ત્યારે તેમને જાણ થશે કે હું યહોવા છું.”

39 “હે મનુષ્યના પુત્ર, તું ગોગની વિરુદ્ધ પ્રબોધ કર અને કહે:
યહોવા મારા માલિક તને આ કહે છે, ‘હેરોશ, મેશેખ તથા તુબા-
લના રાજકર્તા ગોગ, હું તારી વિરુદ્ધ છું. 2 હું તને ધૂમાવીને આગળ ધકે-
લી દઇશ. તને ઠેઠ ઉત્તરમાંથી દોરીને ઇસ્રાએલના ડુંગરો પર ચઢાઇ કર-
વાને લવાશે. 3 હું તારા ડાબા હાથમાંનું ધનુષ્ય તોડી પાડીશ અને તારા
જમણાં હાથમાંથી તીર છીનવી લઇશ. 4 તું અને તારી સમગ્ર સેના તથા
તારી સાથેની બધી પ્રજાઓ ઇસ્રાએલના ડુંગરો પર મૃત્યુ પામશો અને
શિકારી પંખીઓ અને જંગલી પ્રાણીઓ તમને ખાઇ જશે. 5 તમે ખુલ્લી
જમીન પર પડ્યાં રહેશો.’” આ યહોવા મારા માલિક બોલે છે. 6 દેવ કહે
છે, “હું માગોગ પર અને દરિયાકિનારે સુરક્ષિત વસતા તારા સર્વ મિત્ર
રાજ્યોના લોકો પર અગ્નિ વરસાવીશ અને તેઓ જાણશે કે હું યહોવા છું.
7 હું જોઇશ કે મારા ઇસ્રાએલી લોકોમાં મારું નામ પવિત્રને જાણીતું
થાય, અને એને હું હવે કદી અપમાનિત થવા દઇશ નહિ; અને ત્યારે
તમામ પ્રજાઓને જાણ થશે કે હું યહોવા, ઇસ્રાએલનો પરમપવિત્ર દેવ
છું. 8 આ બધું બનવાનું જ છે, જરૂર આ પ્રમાણે થશે જ આ યહોવા મારા
માલિક બોલે છે, જે ન્યાયનો દિવસ આવશે એમ મેં કહ્યું હતું તે આવ-
વાનો જ છે. 9 “ઇસ્રાએલના નગરોના વતનીઓ બહાર નીકળશે અને
પોતાનાં હથિયારોના નાનીમોટી ઢાલ, ધનુષ્ય, બાણ અને ભાલાં બા-
ળીને સળગાવી દેશે અને તે સાત વરસ સુધી ચાલશે. 10 સાત વર્ષ સુધી
તેઓને બળતણ માટે બીજું કશું વાપરવું પડશે નહિ, માણસોને લાકડાં
વીણવા વગડામાં જવું પડશે નહિ કે લાકડા કાપવા જંગલમાં નહિ જાય,
પણ હથિયારથી જ તાપણાં સળગતા રાખશે. તેમને લૂંટનારાઓને તેઓ
લૂટશે અને તેમનું પડાવી લેનારનું તેઓ પડાવી લેશે.” આ યહોવા મારા
માલિકના વચન છે. 11 દેવ કહે છે, “એ દિવસે હું ગોગ માટે ઇસ્રાએલની
ભૂમિમાં મૃતસરોવરની પૂવેર્ આવેલી મુસાફરોની ખીણ કબ્રસ્તાન તરીકે
આપીશ. તે મુસાફરોનો રસ્તો રોકશે કારણ કે ત્યાં ગોગ અને તેના સમ-
ગ્ર સૈન્યને દફનાવાશે અને એ ખીણ “ગોગના સૈન્યની” ખીણ કહેવાશે.
12 એ તમામને દફનાવતા અને દેશને સાફ કરતાં ઇસ્રાએલીઓને સાત
મહિના લાગશે. 13 પ્રત્યેક ઇસ્રાએલી તેમાં મદદ કરશે. કારણ કે તે દિ-
વસ ઇસ્રાએલ માટે મહિમાવંત વિજયનો દિવસ હશે જ્યારે હું મારો મહિ-
મા પ્રગટ કરીશ.” એવું યહોવા મારા માલિક કહે છે. 14 દેવ કહે છે, “સાત
મહિના પછી દેશમાં ફરતા રહી જમીન પર બાકી રહી ગયેલાં શબો શોધી
કાઢી અને તેઓને દફનાવીને દેશને સાફ કરવા માટે માણસો પસંદ કર-
વામાં આવશે. 15 તે સમયે જો કોઇ વ્યકિત મનુષ્યનું હાડકું જુએ તો તે-
ણે હાડકા પાસે ચિહ્ન મૂકવું. પછી કબર ખોદનારાઓ આવીને તેને ગો-
ગના સૈન્યની ખીણમાં દાટી દે. 16 ત્યાં જે નગર છે તે ‘હામોનાહ’ કહેવા-
શે અને આમ દેશ પાછો સ્વચ્છ થઇ જશે.” 17 આ યહોવા મારા માલિક-
ના વચન છે, “હે મનુષ્યના પુત્ર, યહોવા મારા માલિક કહે છે, ‘હવે પક્ષી-
ઓને અને જંગલી પ્રાણીઓને બોલાવ અને તેઓને કહે: મહાબલિદાન-
રૂપ ઉજાણી માટે એકઠાં થાઓ, પાસેના તથા દૂરના સર્વ ઇસ્રાએલના
પર્વતો પર આવો, આવો, માંસ ખાઓ અને લોહી પીઓ! 18 યોદ્ધાઓનું
માંસ ખાઓ અને પૃથ્વીના રાજકર્તાઓનું લોહી પીઓ. એ બધા તમારા
ઘેટાંબકરાં છે અને બાશાનના માતેલા બળદો છે. 19 તૃપ્ત થાઓ ત્યાં સુ-
ધી તમે ચરબી ખાઓ અને જ્યાં સુધી નશો ના ચઢે ત્યાં સુધી તમે લોહી
પીઓ. આ બલિદાનયુકત ઉજાણી મેં તમારા માટે જ તૈયાર કરી છે.
20 મારા ભોજનસમારંભની મેજ પર તમે ઉજાણી માણો, ઘોડાઓ, ઘોડે-
સવારો અને શૂરવીર યોદ્ધાઓની ઉજાણી માણો.’” એમ યહોવા મારા
માલિક કહે છે. 21 દેવ કહે છે, “આ રીતે હું બીજી પ્રજાઓ મધ્યે મારો

મહિમા પ્રગટ કરીશ. ગોગને થયેલી શિક્ષા સર્વ લોકો જોશે અને તેઓ
જાણશે કે મેં તે કર્યું છે. 22 તે દિવસથી ઇસ્રાએલીઓ જાણવા પામશે કે
હું તેમનો દેવ યહોવા છું. 23 બધી પ્રજાઓ જાણશે કે ઇસ્રાએલીઓએ
પાપ કર્યાં હતા, તેઓ મને વિશ્વાસઘાતી નીવડ્યા હતા. માટે તેમને દેશ-
વટે જવું પડ્યું હતું. એથી મેં તેમનાથી વિમુખ થઇને તેમને તેમના શત્રુ-
ઓના હાથમાં સોંપી દીધા હતા, અને તેઓ બધા જ તરવારનો ભોગ
બન્યા હતા. 24 તેમનાં ષ્ટાચાર અને પાપોને ઘટે એ રીતે જ મેં તેમની
સાથે વ્યવહાર રાખ્યો અને હું તેમનાથી વિમુખ થઇ ગયો હતો.” 25 “પણ
હવે, હું યાકૂબના વંશજો ઇસ્રાએલીઓ પર દયા કરી તેમનો ભાગ્યપલટો
કરીશ. બંદીવાસનો અંત લાવીશ, અને તેઓની આબાદી પાછી
આપીશ; કારણ કે હું મારા પવિત્ર નામની પ્રતિષ્ઠા વિષે જાગૃત છું.
26 તેઓ પાછા પોતાના વતનમાં શાંતિને સલામતીમાં રહેતા થશે. અને
તેઓ કોઇનાથી ડરશે નહિ, ત્યારે મારા પ્રત્યે વિશ્વાસઘાતી થવાની
સજા અને શરમ પૂરા થશે. 27 હું તેઓને પોતાના શત્રુઓના દેશમાંથી
ઘેર પાછા લાવીશ. હું તેમ કરીશ ત્યારે મારો મહિમા સર્વ પ્રજાઓ સમક્ષ
દ્રશ્યમાન બનશે. તેમના મારફતે હું બીજી પ્રજાઓ સમક્ષ પવિત્ર મના-
ઇશ. 28 અને ત્યારે મારા લોકો જાણશે કે હું તેમનો દેવ યહોવા છું, કા-
રણ, મેં તેમને બીજી પ્રજાઓમાં દેશવટે મોકલ્યા હતા. અને હું જ તેમને
પોતાના વતનમાં પાછા ભેગા કરનાર છું. એકને પણ બહાર રહેવા દેનાર
નથી. 29 અને ઇસ્ત્રાએલી કુળ પર મારો પ્રાણ રેડ્યા પછી ફરી કદી હું તે-
મનાથી વિમુખ નહિ થાઉં?” આમ યહોવા મારા માલિક કહે છે.

40 અમારા દેશવટાના પચ્ચીસમે વષેર્ એટલે કે શહેરનો નાશ
થયા પછી ચૌદમે વષેર્, વર્ષનીશરુઆતમાં, મહિનાના દશમાં
દિવસે યહોવાનો હાથ મારી પર આવ્યો અને તે મને ત્યાં લઇ ગયા.
2 સંદર્શનમાં યહોવા મને ઇસ્રાએલ દેશમાં લઇ ગયા અને ઊંચા પર્વત
પર મને બેસાડ્યો, ત્યાંથી દક્ષિણે મેં એક નગરમાં હોય તેવા મકાનો
જોયા. 3 તે મને તેમની નજીક લઇ ગયા અને મેં પિત્તળની જેમ ચળકતાં
એક માણસને જોયો. તેણે માપવા માટેની દોરી અને માપદંડ હાથમાં
પકડેલા હતાં, અને તે દરવાજા આગળ ઊભો હતો. 4 તેણે મને કહ્યું, “હે
મનુષ્યના પુત્ર, ધારીને જો, અને ધ્યાન દઇને સાંભળ, હું તને જે કઈં
બતાવું તેના પર બરાબર ધ્યાન આપ, કારણ, તને એટલા માટે જ અહીં
લાવવામાં આવ્યો છે. તું જે જુએ તે બધું ઇસ્રાએલીઓને જણાવજે.”
5 એક મંદિરના વિસ્તારની ચારે તરફ દીવાલ હતી. એનો માપદંડ માણ-
સના હાથમાં ‘લાંબો હાથ’વાપરતાં, 6 હાથ લાંબો હતો. અને તેણે દિવા-
લની પહોળાઇ માપી તે એક દંડ હતી અને દિવાલની ઊંચાઇ એક દંડ
હતી. 6 ત્યાર બાદ તે પૂર્વ તરફના દરવાજે ગયો અને તેના પગથિયાં
ચઢીને તેણે બારસાખનું માપ લીધું તો તે એક દંડ પહોળી. 7 રક્ષકોની
ઓરડી એક દંડ લાંબી અને એક દંડ પહોળી હતી. રક્ષક ઓરડીઓની
વચ્ચે પાંચ હાથનું અંતર હતું અને મંદિર તરફ જતી અંદરની પરસાળ
એક દંડ લાંબી હતી. 8 તેણે દરવાજાની મંદિર તરફની પરસાળ માપી.
અને તે એક દંડ લાંબી હતી. 9 તે 8 હાથ લાંબી હતી અને તેના થાંભલા
2 હાથ જાડા હતા, આ ઓસરી મંદિર તરફ જતી હતી. 10 પરસાળની
બન્ને બાજુ સરખા માપની ત્રણ ત્રણ ઓરડીઓ હતી અને તેમની વચ્ચે-
ની ભીંતો પણ બધી સરખી જાડાઇની હતી. 11 તે પછી એણે દરવાજાના
પ્રવેશ ભાગની લંબાઇ પહોળાઇ માપી, તેની પહોળાઇ 10 હાથ તથા
લંબાઇ 13 હાથ હતી. 12 દરેક રક્ષક ઓરડીઓ આગળ એક હાથ ઊંચી
અને એક હાથ પહોળી પાળી હતી. એ ઓરડીઓ દરેક 6 હાથ લાંબી
અને છ ઇંચ પહોળી હતી. 13 એ પછી તેણે એક ઓરડીની પાછલી
ભીંતથી સામેની ઓરડીની પાછલી ભીત સુધીનું અંતર માપ્યું તો એક
દરવાજાથી સામેના દરવાજા સુધી 25 હાથ હતું. 14 ને પછી, તેણે બહાર-
ના થાંભલેથી માંડીને દરવાજા પાસેના બીજા થાંભલા સુધી માપ લીધું
અને તે 60 હાથ હતું. 15 પરસાળની કુલ લંબાઇ પ્રવેશદ્વારથી ઓસરીના
અંદરના છેડા સુધી, 50 હાથ હતી. 16 પરસાળની બંને તરફથી તથા
રક્ષક ઓરડીની પરસાળ તરફની બારીઓ સાંકડી થતી જતી હતી. પ્રવે-
શભાગ તરફની પરસાળ તથા ઓસરીની ભીંતોમાં પણ આ જ પ્રમાણે
બારીઓ હતી. અને એ ઓસરી તરફની ભીંતો પર ખજૂરીઓ કોતરેલી
હતી. 17 ત્યાર બાદ તે માણસ મને દરવાજામાં થઇને મંદિરની ફરતે
આવેલાં બહારના ચોકમાં લઇ ગયો. તેની બહારની ભીંતને અડીને ત્રીસ
ઓરડીઓ બાંધેલી હતી અને તેની સામેની જગ્યા ફરસબંધીવાળી હતી.
18 એ ફરસબંધી આખા ચોકની ફરતે કરેલી હતી. અંદરના ચોક કરતાં
આ બહારનો ચોક થોડો નીચો હતો. 19 થોડે ઊંચે એક દરવાજો હતો,
તેમાંથી અંદરના ઓરડામાં જવાતું હતું. પેલા માણસે બે દરવાજા વચ્ચે-
નું અંતર માપ્યું તો તે 100 હાથ હતું. ઉત્તર અને પૂર્વ દિશાનું માપ સરખું
હતું. 20 ત્યાર બાદ તે માણસે બહારના ચોકમાં જવાનો ઉત્તર તરફનો
દરવાજો માપ્યો. 21 આ દરવાજામાં પણ દરેક બાજુએ ત્રણ રક્ષક ઓર-
ડીઓ હતી, આ દરવાજાની રક્ષક ઓરડીઓના, તેમની વચ્ચેની ભીંત-
ના અને પરસાળના માપ પૂર્વ તરફના દરવાજાના માપ પ્રમાણે જ હતાં,
દરવાજાની લંબાઇ 50 હાથ હતી, બંને તરફની રક્ષક ઓરડીઓની છત
વચ્ચેની પહોળાઇ 25 હાથ હતી. 22 આ દરવાજામાં ત્રણ બારીઓ,
ઓસરી અને ખજૂરીવૃક્ષની કોતરણીના પૂર્વના દરવાજાની જેમ હતાં.
સાત પગથિયાં ચઢીને આ દરવાજામાં પહોંચાતું હતું. 23 પૂર્વના દરવા-
જાની જેમ જ ઉત્તરના દરવાજા સામે અંદરના ચોકમાં જવાનો એક દર-
વાજો હતો. આ બે દરવાજાઓ વચ્ચેનું અંતર 100 હાથ હતું. 24 પછી તે
માણસ મને દક્ષિણના દરવાજે લઇ ગયો, તેણે તેના માપ લીધાં અને તે
પણ ઉપર પ્રમાણે પૂર્વના અને ઉત્તરના દરવાજાઓના માપ જેટલા જ
હતાં. 25 બીજા દરવાજાઓની માફક આ દરવાજાની ઓરડીઓને પણ
બારીઓ હતી. એ દરવાજો એકંદરે 50 હાથ લાંબો અને 25 હાથ પહોળો
હતો. 26 સાત પગથિયાં ચઢીને એ દરવાજે પહોંચાતું હતું, અને એનો
મોટો ખંડ પણ ચોકની સામે જ આવેલો હતો. ઓસરીમાં પડતી ભીંતો
પર ખજૂરીનાં વૃક્ષો કોતરેલાં હતાં. 27 અહીં પણ અંદરના ચોકમાં જવા
માટે એક દરવાજો હતો. પેલા માણસે આ બીજા દરવાજા સુધીનું અંતર
માપ્યું તો તે 100 હાથ થયું. 28 ત્યાર બાદ તે માણસ મને દક્ષિણના
દરવાજામાં થઇને અંદરના ચોકમાં લઇ ગયો. તેણે તે દરવાજો માપ્યો
તો તે બીજા દરવાજા જેટલો જ થયો. તેની રક્ષક ઓરડીઓ, થાંભલા,
પરસાળ અને ઓસરીના માપ બીજા દરવાજાઓ જેટલાં જ હતાં. 29 આ
દરવાજાની રક્ષક ઓરડીઓને તથા દરવાજાની પરસાળમાં પણ બા-
રીઓ હતી. બીજા દરવાજાની જેમ આ દરવાજાની પણ લંબાઇ 50 હાથ
અને પહોળાઇ 25 હાથ હતી. 30 ચોગરદમ પરસાળ હતી. દરેક 25 હાથ
લાંબી અને 5 હાથ પહોળી. 31 માત્ર એક તફાવત હતો કે તેના પ્રવેશ-
દ્વાર સુધી પહોંચવા સાતને બદલે આઠ પગથિયાં હતાં, તેના થાંભલાં
પર પણ બીજા થાંભલાની જેમ જ ખજૂરીવૃક્ષની કોતરણી હતી. 32 પછી
તે મને અંદરના ચોકમાં પૂર્વ તરફ લાવ્યો; તેણે તે દરવાજો માપ્યો; તે
ઉપરના માપ પ્રમાણે થયો. 33 તેની રક્ષક ઓરડીઓ, મોટો ખંડ અને
એની ભીંતો તથા બીજા દરવાજાના માપ જેટલાં જ હતાં. આ દરવાજાની
ઓરડીઓને પણ બારીઓ હતી. એ દરવાજાની કુલ લંબાઇ 50 હાથ
અને પહોળાઇ 25 34 મોટો ખંડ બહારના ચોકની સામે આવેલો હતો.
રસ્તાની બંને બાજુની ભીતો ઉપર ખજૂરીના વૃક્ષો કોતરેલા હતા. આઠ
પગથિયાં ચઢીને એ દરવાજે પહોંચાતું હતું. 35 પછી તે માણસ મને અંદ-
રના ચોકમાં જવા માટેના ઉત્તર તરફના દરવાજે લઇ ગયો. તેણે તેના
માપ લીધાં, તેના માપ પણ બીજા દરવાજાઓ પ્રમાણે જ હતાં. 36 તેની
રક્ષકઓરડીઓ, થાંભલાં, પરસાળ, અને ઓસરી તથા બારીના માપ
બીજા દરવાજાઓ પ્રમાણે જ હતાં. આ દરવાજાની પણ લંબાઇ 50 હાથ
અને પહોળાઇ 25 હાથ હતી. 37 તેની પરસાળ બહારના ચોકની સામે
હતી અને તેની બંને તરફની ભીંતો ઉપર ખજૂરીવૃક્ષની કોતરણી હતી.
દરવાજે પહોંચવા માટે આઠ પગથિયાં હતાં. 38 બહારના ચોકમાં અંદર-
ના દરવાજાને અડીને એક નાની ઓરડી હતી જેમાં થઇને ઓસરીમાં
જવાતું હતું. અહીં દહનાર્પણ માટેના પશુઓને ધોવામાં આવતા હતાં,
39 મોટાં ખંડમાં ચાર મેજ હતાં-દરેક બાજુએ બબ્બે એની ઉપર દહનાર્પ-
ણમાં કે પ્રાયશ્ચિતમાં અથવા દોષપ્રક્ષાલનના બલિના પશુઓને વધેર-
વામાં આવતાં. 40 ખંડની બહાર પણ ચાર મેજ હતાં-ઉત્તરના દરવાજાની
બંને બાજુએ બબ્બે. 41 આમ ખંડની અંદર ચાર મેજ હતાં અને બહાર
ચાર મેજ હતાં. એટલે કુલ આઠ મેજ હતાં. જેના ઉપર પશુઓને વધેર-
વામાં આવતાં. 42 ત્યાં બીજી ચાર પથ્થરની મેજ હતી. તે પર વધ કરવા
માટેના છરા હતા. દરેક મેજ દોઢ હાથ લાંબી, દોઢ હાથ પહોળી અને
એક હાથ ઊંચી હતી. 43 પરસાળની ભીંતે એક વેંત લાંબી આંકડીઓ
લગાડેલી હતી અને મેજ ઉપર અર્પણ માટેનું માંસ હતું. 44 પછી પેલો

માણસ મને અંદરના ચોકમાં લઇ ગયો. ત્યાં ઉત્તરના દરવાજાને અડીને
એક ખાસ ઓરડો હતો. જેનું મોઢું દક્ષિણ તરફ હતું. એવો જ એક ઓર-
ડો દક્ષિણના દરવાજે અડીને હતો. અને તેનું મોઢું ઉત્તર તરફ હતું. 45 પે-
લા માણસે મને કહ્યું, “દક્ષિણના દરવાજા પાસેની ઓરડી મંદિરમાં સે-
વા કરનાર યાજકો માટે છે. 46 અને દક્ષિણના દરવાજાની ઓરડી વેદી-
ની સંભાળ રાખનાર યાજકો માટે છે, તેઓ સાદોકના વંશજો છે. લેવી-
ઓમાંથી માત્ર તેઓ જ યહોવાની સેવા કરવા પાસે જઇ શકે છે.”
47 પછી પેલા માણસે આગળના અંદરના ચોકને માપ્યો. તો તે 100
હાથ લાંબો અને 100 હાથ પહોળો હતો. વેદી મંદિરની સામે ચોકમાં
હતી. 48 ત્યાર પછી તે મને મંદિરના પ્રવેશદ્વારની પરસાળમાં લઇ ગયો.
તેણે એ પરસાળ માપી તો તે 5 હાથ લાંબી અને 5 હાથ પહોળી હતી.
દરેક બાજુના દરવાજા 3 હાથ પહોળા હતાં. 49 પરસાળની લંબાઇ 20
હાથ અને પહોળાઇ 11 હાથ હતી. ત્યાં દશ પગથિયાં ચઢીને જવાતું
હતું. એના પ્રવેશદ્વારની બંને બાજુએ એક એક થાંભલો હતો.
41 પછી તે મને પવિત્રસ્થાને લઇ આવ્યો અને તેના પ્રવેશદ્વારની
બારસાખનું માપ લીધું તો તે દરેક બાજુએ 6 હાથ ઊંડી હતી.
2 અને પહોળાઇ 10 હાથ હતી. પ્રવેશદ્વારની બંને બાજુએ ભીતો પાંચ
પાંચ હાથ જાડી હતી. પવિત્રસ્થાનની જ્યારે તેણે લંબાઈ માપી તો તે
40 હાથ હતી અને પહોળાઈ 20 હાથ હતી. 3 પછી તે પવિત્રસ્થાનની
પાછળના અંદરના ભાગમાં એટલે પરમપવિત્ર મંદિરમાં ગયો. તેણે પ્ર-
વેશ આગળના સ્તંભો માપ્યા. તે દરેક 2 હાથ પહોળા હતા. તેનો પ્રવેશ
6 હાથ પહોળો હતો અને તેની બંને તરફની ભીંતો 7 હાથ પહોળી હતી.
4 પછી તેણે પરમપવિત્ર સ્થાનનો ઓરડો માપ્યો તો તે 2 હાથ પહોળો
અને 20 હાથ લાંબો હતો. પછી તેણે મને કહ્યું, “આ પરમ પવિત્ર સ્થાન
છે.” 5 ત્યાર પછી તેણે મંદિરની બહારની ભીતની જાડાઇ માપી તો તે
6હાથ પહોળી હતી. અને સમગ્ર મંદિરમાં નાની ઓરડીઓ 4 હાથ પહો-
ળી હતી. અને તેની બાજુની ઓરડી બાર ઇંચ પહોળી હતી (મંદિરની
આજુબાજુ). 6 એ ઓરડીઓ એક ઉપર એક આવેલી હતી. ત્રણ માળ
મળીને કુલ 30 હતી. મંદિરની ભીંતની જાડાઇ દરેક માળે ઓછી થતી
જતી હતી એટલે દરેક માળે એ ભીતમાં ખાંચો રહેતો હતો. તેથી ઓર-
ડીઓ મંદિરની ભીંતમાં કાણાં પાડ્યા વગર એ ખાંચાને ટેકે રહી શકતી
હતી. 7 આ ઓરડીઓને લીધે મંદિરની બહારની બાજુએથી ભીંતો તળિ-
યાથી તે મથાળા સુધી સરખી જાડાઇની લાગતી હતી. મંદિરની ફરતે
બાંધેલી ઓરડીઓની બહારની બાજુએ દાદરો હતો. તેથી નીચેના મા-
ળથી વચલા અને ઉપલા માળે જઇ શકાતું હતું. 8 મેં જોયું કે મંદિર ઊંચા
ઓટલા પર બાંધેલું હતું. ઓરડીઓનો પાયો ઓટલા સાથે સમતલ
હતો. ઓટલાની ઊંચાઇ6 હાથ હતી. 9 આ ઓરડીઓની બહારની ભીંત
5 હાથ જાડી હતી. 10 આ ઓરડીઓની અને યાજકોની ઓરડીઓ વચ્ચે
મંદિરની ચારેબાજુ 20 હાથનું અંતર હતું. તે ફાજલ જગ્યા કહેવાતી
હતી. 11 ઓરડીઓમાં પ્રવેશવા માટે ફાજલ જગ્યામાંથી એક ઉત્તર તરફ
અને બીજો દક્ષિણ તરફ એમ બે પ્રવેશ હતા. ફાજલ જગ્યા સાથે જોડા-
તા આ બંને પ્રવેશની પહોળાઇ પાંચ પાંચ હાથ હતી. 12 મંદિર પાછળ-
ની ખુલ્લી જગ્યાની પશ્ચિમ બાજુએ એક મકાન હતું. તે 70 હાથ પહોળું
અને 90 હાથ લાંબું હતું. તેની ચારે બાજુની ભીતો 5 હાથ જાડી હતી.
13 તે માણસે મંદિરની બહારની બાજુનું માપ લીધું તો તે 100 હાથ
લાંબું હતું. અને ખુલ્લી જગ્યા, મકાન અને તેની ભીતો કુલ મળીને 100
હાથ થતા હતા. મંદિરની પછી તથા ચોકમાં થઇને પશ્ચિમ છેડાના
મકાન સુધીનું અંતર 100 હાથ હતું. 14 મંદિરના આગલા ભાગની
લંબાઇ બંને બાજુની ખુલ્લી જગ્યા સહિત 100 હાથ હતી. 15 તેણે પવિ-
ત્રસ્થાન પશ્ચિમે આવેલું મકાનનું અને તેની બંને બાજુની ભીતોનું માપ
લીધું તો તે 100 હાથ હતું. 16 મંદિરનો પ્રવેશખંડ, મંડપ અને ગર્ભગૃહને
બધે જ ભોંયતળિયાથી તે બારીઓ સુધી લાકડાની તકતીઓ જડેલી
હતી. એ બારીઓ ઢાંકી દઇ શકાય એમ હતું. 17 મંડપની ભીતો ઉપર
બારણાના મથાળા સુધી ખજૂરીના વૃક્ષો અને કરૂબો કોતરેલા હતાં:
18 પહેલાં એક ખજૂરીનું વૃક્ષ અને પછી એક કરૂબ એ ક્રમમાં આખા મંડ-
પની ફરતે કોતરેલું હતું. દરેક કરૂબને બે મોઢાં હતાં. 19 માણસનું મોઢું
એક બાજુના ખજૂરીવૃક્ષ તરફ હતું અને સિંહનું મોઢું બીજી બાજુના ખજૂ-
રીવૃક્ષ તરફ હતું. આખી ભીત ઉપર આ પ્રમાણે કોતરેલું હતું. 20 ભોંયત-
ળિયાથી તે બારણાના મથાળા સુધી કરૂબો તથા ખજૂરીઓની કોતરણી
કરેલી હતી. 21 પવિત્રસ્થાનના બારણાં આગળની બારસાખો ચોરસ
હતી. અને તે જ પ્રમાણે પરમપવિત્રસ્થાનના બારણાની બારસાખો પણ
ચોરસ હતી. 22 પરમપવિત્રસ્થાનમાં લાકડાની વેદી હતી, તે 3 હાથ
ઊંચી અને 2 હાથ પહોળી હતી, તેના ખૂણા, પાયા, તથા બાજુઓ લાક-
ડાના બનેલા હતા. તેણે મને કહ્યું કે, “આ યહોવાની સંમુખ રહેનારી મેજ
છે.” 23 મંદિરને તથા પરમપવિત્રસ્થાનને બે બારણાં હતાં. 24 પ્રત્યેક
બારણાને બે કમાડ હતાં, બે ફરતાં કમાડ હતાં; એક બારણાને બે
કમાડ, ને બીજા બારણાને પણ બે. 25 ભીંતની જેમ મંદિરના બારણાં
પર પણ ખજૂરીવૃક્ષ અને કરૂબોની કોતરણી હતી. ઓસરીના બારણા
બહાર લાકડાનું એક છાપરૂં હતું. 26 એ ઓસરીની બંને બાજુએ ભીંતોમાં
બારીઓ હતી અને બંને તરફ ખજૂરીવૃક્ષની કોતરણી હતી. મંદિરની બા-
જુની ઓરડીઓ પર પણ જાડા ભારોટિયા હતાં.
42 પછી પેલો માણસ મને બહારના ચોકમાં લઇ ગયો અને ત્યાંથી
તે મને ઉત્તરી દરવાજેથી લઇ ગયો અને ઉત્તરી બાજુના મકાન
તરફની બહારના પ્રાંગણની સામેના ઓરડાઓમાં લઇ આવ્યો. 2 ઉત્તરી
દરવાજા પાસેના મકાનની પહોળાઇ 50 હાથ અને લંબાઇ 100 હાથ
હતી. 3 આ ઇમારતની એક બાજુ, મંદિરની ફરતે 20 હાથની ખુલ્લી
જગ્યા તરફ પડતી હતી અને બીજી બાજુ બહારના પ્રાંગણની ફરસબંધી
તરફ પડતી હતી, એને ત્રણ માળ હતાં અને દરેક માળ નીચેના માળ
કરતાં થોડો અંદર લીધેલો હતો. 4 આ ઇમારતની ઉત્તર બાજુએ 10 હાથ
પહોળી અને 100 હાથ લાંબી પરસાળ હતી. મકાનના બારણાં ઉત્તરની
બાજુએ પરસાળ તરફ હતાં. 5 ઉપલાં માળની ઓરડીઓ વચલા માળ-
ની અને ભોંયતળિયાની ઓરડીઓ કરતાં સાંકડી હતી, કારણ, ઓસરી-
ને લીધે જગ્યા કપાઇ જતી હતી. 6 આ ઓસરીઓને ચોકમાંના બીજા
મકાનોની જેમ થાંભલાનો ટેકો ન હતો. 7 એ ઓરડીઓની સમાંતર
બહારના ચોક તરફ 50 હાથ એક ભીત હતી. 8 બહારના ચોક તરફ
આવેલ ઓરડીની હારની લંબાઇ 50 હાથ હતી, અને મંદિર તરફ આવેલ
ઓરડીઓની હારની લંબાઇ100 હાથ હતી. 9 બહારના ચોકમાંથી આ
ઓરડીઓમાં પ્રવેશતા એમની નીચે થઇને પૂર્વ બાજુએ પ્રવેશવાનું હતું.
10 મંદિરની પૂર્વ તરફ આવેલી ઇમારતની દક્ષિણ બાજુએ પણ ઉત્તરના
જેવી જ એક બીજી ઇમારત હતી. 11 એની ઓરડીઓ આગળ ઉત્તર બા-
જુની ઇમારત માફક જ એક પરસાળ હતી. એનું માપ, એની રચના અને
એનાં બારણાં ઉત્તર બાજુની ઇમારત જેવા જ હતાં. 12 એ ઇમારતની
દક્ષિણ બાજુએ પૂર્વને છેડે જ્યાંથી ભીંત શરૂ થતી હતી ત્યાં બહારના
ચોકમાં જવાનું બારણું હતું. 13 પેલા માણસે મને કહ્યું, “આ બંને ઇમાર-
તો પવિત્ર છે, એમાં યહોવાની સેવા કરનાર યાજકો પરમપવિત્ર અર્પણો
ખાય છે એટલે કે યાજકો એમાં ખાદ્યાર્પણો, પાપાર્થાર્પણો અને દોષાર્થા-
ર્પણો મૂકે છે. 14 મંદિરમાં એકવાર પ્રવેશ્યા પછી યાજકોએ બહારના ચો-
કમાં જવું હોય તો તેમના વસ્ત્રો ઉતારી આ ઓરડીઓમાં મૂકવાના, કા-
રણ કે તે વસ્ત્રો પવિત્ર છે લોકો પ્રવેશી શકે એ જગ્યાએ તેઓ જાય
ત્યારે તેઓએ બીજા વસ્ત્રો પહેરવાં.” 15 જ્યારે તેણે મંદિરની અંદરના
ભાગનું માપ લેવાનું પૂરૂ કર્યું ત્યારે તે મને પૂર્વના દરવાજામાંથી બહાર
લઇ ગયો અને પછી ચારે બાજુનું માપ લેવા લાગ્યો. 16 તેણે માપદંડ
લીધો અને પૂર્વ બાજુ માપી; તે 500 હાથ હતી. 17 તેણે માપદંડથી ઉત્તર
બાજુ માપી; તે 500 હાથ હતી. 18 તેણે માપદંડથી દક્ષિણ બાજુ માપી;
તે 500 હાથ હતી. 19 તેણે માપદંડથી પશ્ચિમ બાજુ માપી; તે 500 હાથ
હતી. 20 આમ તેણે ચારેબાજુનો વિસ્તાર માપ્યો. એ ભીતથી ઘેરાયેલો
ભાગ ચોરસ હતો અને તેની દરેક બાજુ 500 હાથ લાંબી હતી. ભીંત
મંદિરના પવિત્ર વિસ્તારને બાકીના વિસ્તારથી જુદી પાડતી હતી.
43 પછી પેલો માણસ મને પૂર્વ તરફના દરવાજે લાવ્યો, 2 એકા-
એક ઇસ્રાએલના દેવનો મહિમા પૂર્વ તરફથી દેખાયો, તેમના
આગમનનો અવાજ ધસમસતા પાણીના ઘુઘવાટ જેવો હતો અને ભૂમિ
દેવના મહિમાથી પ્રકાશતી હતી. 3 જે સંદર્શન પ્રથમ મને કબાર નદીને
કિનારે થયું હતું અને ફરીથી તે યરૂશાલેમ નગરનો નાશ કરવાને આવ્યા
ત્યારે થયું હતું તેના જેવું જ આ સંદર્શન પણ હતું. હું ભૂમિ પર તેમની
આગળ ઊંધો પડ્યો. 4 યહોવાનો મહિમા પૂર્વના દરવાજેથી મંદિરમાં
આવ્યો. 5 પછી આત્માએ મને ઉચકયો અને અંદરના ચોકમાં લઇ ગયો,

અને જ્યાં મેં જોયું તો મંદિર યહોવાના ગૌરવથી ભરાઇ ગયું હતું. 6 મેં
સાંભળ્યુ કે મારી સાથે કોઇ મંદિરની અંદરથી વાત કરી રહ્યું હતું. જ્યારે
તે માણસ મારી બાજુમાં ઊભો હતો. 7 તેમણે મને કહ્યું, “હે મનુષ્યના
પુત્ર, આ મારું સિંહાસન અને પાદપીઠ છે. અહીં હું ઇસ્રાએલીઓ વચ્ચે
અનંતકાળ સુધી રહીશ. ઇસ્રાએલના લોકો કે તેમના રાજાઓ હવે પછી
કદી બીજા દેવોની પૂજા કરીને કે તેમના રાજાઓના મૃતદેહો દ્ધારા મારા
પવિત્ર નામને બટ્ટો લગાડશે નહિ. 8 “તેઓએ મારા મંદિરની ભીંતની
નજીક જ મૂર્તિના મંદિરો બાંધ્યા અને મૂર્તિઓની પૂજા કરી. તેઓએ આ
પ્રકારની દુષ્ટતાથી મારા પવિત્ર નામને કલંકિત કર્યું. તેથી મેં તેઓને
મારા ક્રોધમાં ભસ્મ કરી નાખ્યાં. 9 હવે એ લોકોએ બીજા દેવોની પૂજા
કરવાનું છોડી દેવું જોઇએ અને તેમના રાજાઓનાં મૃતદેહોને મારાથી દૂર
હટાવી દેવા જોઇએ. જો તેઓ એ પ્રમાણે કરશે તો હું તેમની વચ્ચે સદા-
કાળ વસીશ. 10 “હે મનુષ્યના પુત્ર, તું ઇસ્રાએલીઓને આ મંદિર બતાવ
જેથી તેઓ એના નકશાનો અભ્યાસ કરે, અને પોતાનાં પાપી કૃત્યો મા-
ટે શરમાય, 11 જો તેઓ પોતાનાં કૃત્યો માટે શરમાતા હોય તો તું તેમને
મંદિરનો નકશો સમજાવજે; એની યોજના, એના દાખલ થવાના અને
બહાર નીકળવાના માગોર્, એનો ઘાટ, એમાં બધું કેવી રીતે ગોઠવેલું છે
તે, અને એનાં બધાં નિયમો અને ધારાધોરણો, આ બધું તું તેમને માટે
લખી લે, જેથી તેઓ જોઇ શકે કે બધું કેવી રીતે ગોઠવેલું છે અને બધા
નિયમોનું પાલન કરી શકે. 12 “આ મંદિરનો નિયમ છે: પર્વતના શિખર
ઉપર જ્યાં મંદિર બાંધવામાં આવ્યું છે ત્યાં મંદિરની આસપાસનો સમગ્ર
વિસ્તાર પરમપવિત્ર છે. મંદિરનો આ નિયમ છે. 13 “પહેલાં વપરાયેલા
માપને ધોરણે તો વેદીનું માપ આ પ્રમાણે છે: વેદીના પાયાની ચારેબાજુ
એક હાથ ઊંડી અને એક હાથ પહોળી ખાળ હતી. એની બહારની બા-
જુએ એક વેંત પહોળી કોર હતી. 14 વેદીનો સૌથી નીચેનો ભાગ 2 હાથ
ઊંચો હતો. એ પછીનો ભાગ એના કરતાં 1 હાથ અંદર લીધેલો હતો
અને તે 4 હાથ ઊંચો હતો એ પછીનો ભાગ પણ 2 હાથ અંદર લીધેલો
હતો. 15 વેદીનું મથાળું જેના ઉપર પ્રાણીઓનો બલિ હોમવામાં આવતા
હતા તે 4 હાથ ઊંચું હતું. એના ચાર ટોચકાં બાકીના ભાગ કરતાં ઊંચા
હતાં. 16 વેદીના મથાળાની લંબાઇ 12 હાથ અને પહોળાઇ 12 હાથ
એટલે સમચોરસ હતી. 17 વચલો ભાગ પણ સમચોરસ હતો. તેની દરેક
બાજુ 14 હાથની હતી. તેને દોઢ હાથ પહોળી, ફરતી ધાર હતી તેની
ખાળ ચોતરફ એક હાથ પહોળી હતી. વેદીના પગથિયાં પૂર્વ બાજુએ
આવેલાં હતાં.” 18 યહોવા મારા માલિકે મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, ‘હું
તને કહું તે ધ્યાનથી સાંભળ, વેદી જ્યારે બંધાઇ રહે ત્યારે એના ઉપર
બલિ હોમીને અને બલિના પશુઓનું લોહી છાંટીને તારે એને સમર્પિત
કરવી.” 19 યહોવા મારા માલિક કહે છે, “લેવી કુળના સાદોક કુટુંબના
યાજકો મારી હજૂરમાં સેવા માટે પાસે આવે છે. પ્રાયશ્ચિત બલિ તરીકે
ચઢાવવા તેમને એક વાછરડો આપવો. 20 તારે એનું થોડું લોહી લઇને
વેદીના મથાળાના ચારે શિંગડાને અને વેદીના વચલા ભાગના ચારે ખૂ-
ણાને અને ફરતી કોરને લગાડવું. આ રીતે તારે વેદીની શુદ્ધિ કરવી અને
તેને બલિદાન મેળવવા તૈયાર કરવી. 21 ત્યાર પછી પાપાર્થાર્પણનો
બળદ લઇને અને તેને મંદિરની બહારને માટે નક્કી કરેલી જગ્યાએ
સળગાવી દેવો. 22 “બીજે દિવસે તમારે ખોડખાંપણ વગરનો બકરો પા-
પાર્થાર્પણ તરીકે ધરાવવો અને તેના વડે વાછરડાથી શુદ્ધ કરી હતી તેમ
વેદીને શુદ્ધ કરવી. 23 વેદીને પૂરેપૂરી શુદ્ધ કરી રહ્યા પછી તમારે એક ખો-
ડખાંપણ વગરનો વાછરડો અને ખોડખાંપણ વગરનો મેંઢો લઇને
અર્પણ કરવા. 24 તેઓને યહોવા સમક્ષ રજૂ કરવા અને યાજકોએ તેમના
પર મીઠું ભભરાવવું અને તેમને યહોવાના દહનાર્પણ તરીકે અર્પણ કર-
વા. 25 સાત દિવસ સુધી દરરોજ તમારે ખોડખાંપણ વિનાનો એક જુ-
વાન બકરો પાપાર્થાર્પણ તરીકે બલિદાન કરવો વળી ખોડખાંપણ વિ-
નાનું એક વાછરડું અને એક ઘેટો અર્પણ કરવા. 26 સાત દિવસ સુધી
બલિદાનો માટે વેદી તૈયાર કરવી અને તેને શુદ્ધ કરી સેવા કરાવવા સમ-
ર્પિત કરવી. 27 સાત દિવસ પછી આઠમા દિવસથી દરરોજ યાજકો વેદી
પર લોકોના દહનાર્પણો અને આભારસ્તુતિનાં અર્પણો બલિદાન કરે
અને હું તેમનો સ્વીકાર કરીશ.” એમ યહોવા મારા માલિક કહે છે.
44 તે માણસ મને પાછો મંદિરની પૂર્વ બાજુએ આવેલા બહારના
દરવાજા આગળ લઇ આવ્યો. એ દરવાજો બંધ હતો. 2 યહો-
વાએ મને કહ્યું, “આ દરવાજો બંધ રાખવામાં આવશે. એને કદી ઉઘાડ-
વો નહિ. કોઇ માણસે એમાં થઇને દાખલ ન થવું, કારણ, ઇસ્રાએલના
દેવ યહોવા એમાં થઇને દાખલ થયેલા છે, એને બંધ જ રાખવો. 3 રાજકુ-
માર અને કેવળ રાજકુમાર જ ત્યાં બેસીને યહોવા સમક્ષ ભોજન લઇ
શકે, તેણે ઓસરીને માગેર્ જ અંદર આવવું અને બહાર જવું.” 4 પછી તે
માણસ ઉત્તરના દરવાજેથી મંદિરની સામે આવ્યો. મેં જોયું તો યહોવા-
ના ગૌરવથી મંદિર ભરાઇ ગયું હતું. હું ભૂમિ પર ઊંધો પડ્યો. 5 યહો-
વાએ મને કહ્યું, “હે મનુષ્યના પુત્ર, તું જે કઇં જુએ, ને સાંભળે છે ત્યાં
ધ્યાન કેન્દ્રીત કર હું તને યહોવાના મંદિરના નિયમો અને ધારાધોરણો
કહું છું. મંદિરના પ્રવેશદ્ધાર અને પવિત્રસ્થાનના બધા બહાર નીકળવા-
ના સ્થાન પર ખાસ ધ્યાન આપ. 6 અને આ બંડખોર ઇસ્રાએલી લોકોને
કહે કે ‘યહોવા મારા માલિક કહે છે: હે ઇસ્રાએલ, તમે ઘણા ધિક્કારપાત્ર
કૃત્યો કર્યા છે: 7 મને રોટલી ભેદ અને રકત અર્પણ કરતી વખતે તમે
વિદેશીઓને, જેઓ હૃદયમાં અને શરીરમાં બેસુન્નત છે, એવા લોકોને
મારા પવિત્રસ્થાનમાં લઇ આવ્યા છો. આમ કરીને તમે મંદિરને અશુદ્ધ
કર્યું છે અને મારા કરારનો ભંગ કર્યો છે અને તમારા બીજા સર્વ પાપોની
સાથે આ પાપનો વધારો કર્યો છે. 8 મારા મંદિરમાં જાતે ઉપાસના કરવા-
ને બદલે તમે એ માણસોને એ કામ સોંપી દીધું છે.’” 9 યહોવા મારા મા-
લિક કહે છે: “હૃદય અને શરીરમાં બેસુન્નત એવા કોઇ પણ વિદેશીઓને
અને ઇસ્રાએલીઓ ભેગો વસવાટ કરતા વિદેશીઓ સુદ્ધાંને મારાં મંદિર-
માં પ્રવેશ કરવાનો નથી. 10 જ્યારે ઇસ્રાએલીઓ દેવથી દૂર જઇને મૂ-
ર્તિઓ પાછળ ભટકી ગયા ત્યારે લેવીઓએ પણ મારો ત્યાગ કર્યો. તે-
ઓને તેમની બેવફાઇ માટે શિક્ષા થવી જ જોઇએ. 11 તો પણ તેઓ દર-
વાજાઓની ચોકી કરી શકે અને મંદિરના પરચુરણ કામો કરે. તેઓ દહ-
નાર્પણ માટે લાવવા પ્રાણીઓનો વધ કરી શકે અને લોકોની સહાય કર-
વા હાજરી આપી શકે. 12 પણ તેઓએ ઇસ્રાએલના લોકો તરફથી મૂર્તિ-
ની પૂજા કરી હતી અને એમ કરીને લોકોને પાપમાં નાખ્યાં હતાં તેથી હું,
યહોવા મારા માલિક, પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, ‘તેમણે તેમનાં પાપોની
સજા ભોગવવી પડશે.’” 13 “તેઓ યાજકો તરીકે મારી સમક્ષ આવીને
મારી સેવા નહિ કરી શકે, તેઓ મારી પવિત્ર વસ્તુઓની પાસે કે ગર્ભગૃ-
હમાં નહિ આવી શકે. તેમણે કરેલાં ધૃણાપાત્ર કૃત્યોની આ સજા છે.
14 તેઓ મંદિરની કાળજી રાખનારા, પરચુરણ કામો કરનારા અને લોકો-
ને મદદ કરનારા થશે. 15 “લેવી વંશના સાદોકના કુળના યાજકોએ
ઇસ્રાએલીઓ જ્યારે મારાથી વિમુખ થઇ ગયા હતા ત્યારે પણ મંદિરમાં
મારી સેવા કરવાનું ચાલું રાખ્યું હતું એટલે તેઓ જ મારી સેવા કરવા મા-
ટે મારી પાસે આવી શકશે. તેઓ ચરબી અને લોહી ધરાવવા માટે મારી
સમક્ષ ઊભા રહી શકશે.” આ યહોવા મારા માલિક બોલે છે. 16 “તેઓ
મંદિરમાં દાખલ થઇ, મારી વેદી પાસે આવી, મારી સમક્ષ ઊભા રહી
શકશે.” આ યહોવા મારા માલિક બોલે છે. 17 “તેઓ જ્યારે મંદિરના
અંદરના ચોકમાં પ્રવેશે ત્યારે માત્ર શણનાં વસ્ત્રો જ ધારણ કરે. મંદિર-
ના અંદરના ચોકમાં અથવા મંદિરમાં સેવા કરતી વખતે ઊનના વસ્ત્રો
પહેરે નહિ. 18 તેઓએ માથે શણની પાઘડી પહેરવી અને શણની ઇજાર
પહેરવાં. જે વસ્ત્રો પહેરવાથી પરસેવો થાય તેવાં વસ્ત્રો તેમણે પહેરવાં
નહિ. 19 રી ઉપાસના પૂરી કરીને તેઓ બહારના ચોકમાં લોકો પાસે જાય
ત્યારે તેમણે ઉપાસના કરતી વખતે પહેરેલાં વસ્ત્રો ઊતારીને તેમને માટે
ઠરાવેલી ઓરડીમાં મૂકી દેવા અને બીજા વસ્ત્રો પહેરવાં, જેથી એમનાં
પવિત્ર વસ્ત્રો દ્ધારા લોકોમાં પવિત્રતા ફેલાય નહિ 20 “તેમણે માથે મુંડન
પણ ન કરાવવું તેમ વાળ લાંબા વધવા પણ ન દેવા. તેમણે ટૂંકા વાળ
રાખવા. 21 મંદિરના અંદરના ચોકમાં પ્રવેશતા પહેલાં કોઇ પણ યાજકે
દ્રાક્ષારસ પીવો નહિ. 22 તે છૂટાછેડા લીધેલી સ્ત્રી કે વિધવા સાથે લગ્ન
કરી શકે નહિ. કેવળ ઇસ્રાએલી કુમારિકા સાથે અથવા યાજકની વિધવા
સાથે લગ્ન કરી શકે. 23 “યાજકોએ મારા લોકોને પવિત્ર અને અપવિત્ર
વચ્ચેનો ભેદ સમજાવવો અને તેમણે શુદ્ધ શું અને અશુદ્ધ શું છે તે સમ-
જાવવું. 24 જ્યારે કોઇ ઝઘડો ઊભો થાય ત્યારે તેમણે મારા કાયદા અનુ-
સાર ન્યાય ચૂકવવો. તેમણે મારાં ધારાધોરણો મુજબ બધા તહેવારો
ઉજવવા અને વિશ્રામવારની પવિત્રતા જાળવી પાળવો, અને તે માટે
કાળજી રાખવી. 25 યાજકો પોતાના પિતા, માતા, બાળક, ભાઇ અથવા
કુંવારી બહેનના અપવાદ સિવાય બીજી કોઇ પણ વ્યકિતના મૃતદેહ

પાસે જાય નહિ અને પોતાને અશુદ્ધ કરે નહિ. 26 શુદ્ધિ પછી તેમણે સાત
દિવસ જવા દેવા. પછી જ તે મંદિરમાં પોતાની સેવા ફરીથી બજાવી
શકે. 27 અને ત્યાર પછી અંદરના ચોકમાં જઇ પાપાર્થાર્પણ ચઢાવવો,
જેથી તેઓ ફરી મંદિરમાં ઉપાસના કરી શકે.” આ યહોવા મારા માલિક
બોલે છે. 28 “તેઓને ભાગે ઇસ્રાએલમાં કોઇ વારસાગત મિલકત આવે-
લી નથી. હું જ તેમની મિલકત છું, વારસો છું અને તે તેઓને માટે પૂરતું
છે. 29 ખાદ્યાર્પણ, પાપાર્થાર્પણ અને દોષાર્થાર્પણ બલિ એ જ તેમનો
ખોરાક છે, અને ઇસ્રાએલમાં મને અર્પણ કરેલું સર્વ કઇં તેમને મળશે.
30 પહેલી ઊપજનો ઉત્તમ ભાગ અને મને ધરાવેલી તમામ વસ્તુઓ યા-
જકને મળે. અને જ્યારે તમે નવા અનાજની રોટલી બનાવો ત્યારે તમારે
પહેલી રોટલી યાજકને અર્પવી, જેથી તમારા ઘર પર આશીર્વાદ ઊતરે.
31 યાજકોએ કદી પણ કુદરતી રીતે મૃત્યુ પામેલા અથવા હિંસક પ્રાણી-
નો શિકાર બની મૃત્યુ પામેલા કોઇ પણ પશુ કે પંખીનું માંસ ખાવું ન

45
“જ્યારે તમે ચિઠ્ઠી નાખીને વંશો વચ્ચે જમીનની વહેંચણી કરો
ત્યારે 25,000 હાથ લાંબી અને 25,000 હાથ પહોળી જમીન
યહોવા માટે જુદી કાઢવી. એ બધી જ જમીન પવિત્ર ગણાશે. 2 આ
જમીનમાંથી 500 હાથ લાંબો અને 50 હાથ જમીનનો પટ્ટો ખાલી રાખ-
વો. 3 બધી જમીનમાંથી તમારે 25,000 હાથ લાંબો અને 10,000 હાથ
પહોળો ટુકડો અલગ કાઢવો. એમાં મંદિર આવશે. એ પરમ પવિત્ર હશે.
4 આ સમગ્ર વિસ્તાર દેશનો પવિત્ર ભાગ ગણાશે. અને યહોવાની સંમુખ
રહીને પવિત્ર સ્થાનમાં જેઓ સેવા કરે છે તે યાજકોના ઘરો અને મારું
પવિત્રસ્થાન બાંધવા ઉપયોગમાં લેવાશે. 5 બાકીની જમીનનો ભાગ
મંદિરના પરચૂરણ કામો કરતા લેવીઓ માટે રાખવો. એની માલિકી તે-
મની ગણાશે. એમાં તેમને વસવા માટે જગ્યાઓ હશે. 6 “પવિત્ર ભૂમિની
પાસે અડીને 25,000 હાથ લાંબો અને 5,000 હાથ પહોળો જમીનનો
ટુકડો સર્વ ઇસ્રાએલના લોકો માટે ખુલ્લો રહેશે. 7 રાજકુમાર માટે પણ
જમીન અલગ રાખવામાં આવશે. રાજકુમારની મિલકત પવિત્ર વિસ્તાર-
ની બન્ને બાજુએ હશે. અને નગરની મિલકત પૂર્વતરફ અને પશ્ચિમ તરફ
હશે. દરેક બાજુની લંબાઇ બીજાં કુળોને આપવામાં આવેલી જમીન જેટ-
લી જ હશે. 8 ઇસ્રાએલની જમીનમાં આ ભાગ રાજકુમારની મિલકત
ગણાશે, જેથી તેઓ લોકોને ત્રાસ ન આપે અને દેશનો બાકીનો ભાગ
ઇસ્રાએલના વંશજો પાસે રહેવા દે.” 9 યહોવા મારા માલિક કહે છે: “હે
ઇસ્રાએલના સરદારો, મારા લોકોને તેઓના પોતાના દેશમાં લૂંટવાનું
અને છેતરવાનું તથા તેઓને દેશમાંથી હાંકી કાઢવાનું બંધ કરો. પણ
હંમેશા, નીતિમત્તાને માર્ગે અને ન્યાયના માગેર્ ચાલો અને પ્રામાણિક
બનો,” એમ યહોવા મારા માલિક કહે છે. 10 “તમારે સાચાં માપ અને
વજન વાપરવાં, તમારો ભરવાનો એફાહ સાચો હોવો જોઇએ, તમારો
બાથ સાચો હોવો જોઇએ. 11 પ્રવાહી અને અપ્રવાહી વસ્તુઓના માપ
માટે હોમેર તે તમારું અધિકૃત કરેલું એકમ રહેશે. અપ્રવાહી વસ્તુઓ
માટે નાનું એકમ એફાહ રહેશે અને પ્રવાહી વસ્તુઓ માટે બાથ રહેશે;
બંને એફાહ અને બાથ, હોમેરના દશમાં ભાગ જેટલું છે. 12 તમારો વજન
કરવાનો વીસ શેકેલ ગેરાહનો હોવો જોઇએ અને માનેહ 60 શેકેલનો હો-
વો જોઇએ. 13 “આ ખાસ ભેટ તમારે રાજકર્તાને આપવાની રહેશે; એક
હોમેર ઘઉંમાંથી એફાહનો છઠ્ઠોભાગ, ને એક હોમેર જવમાંથી એફાહનો
છઠ્ઠો ભાગ. 14 અને તમારા જૈતતેલનો એક ટકા ભાગ, 15 ઇસ્રાએલના
સારી રીતે પાણી પાયેલા મેદાનોમાં ચારેલા ઘેટામાંથી 200 ઘેટાંએ
તમારે એક ઘેટું વિશેષ અર્પણ તરીકે.“ખાદ્યાર્પણ તરીકે, દહનાર્પણ તરી-
કે અને શાંત્યર્પણ તરીકે આપવું. 16 “ઇસ્રાએલના બધા લોકોએ આ પ્ર-
માણેની ખાસ ભેટ રાજકુમાર આગળ લઇ જવી. 17 અને રાજકુમાર
ઇસ્રાએલની સમગ્ર પ્રજા તરફથી મારા ધણીને ચંદ્રદર્શનોએ, સાબ્બા-
થોએ અને બાકીના બધા ખાસ તહેવારોએ દહનાર્પણો, ખાદ્યાર્પણો અને
પેયાર્પણો પૂરા પાડશે. ઇસ્રાએલના લોકોનાં પાપના પ્રાયશ્ચિત માટે પા-
પાર્થાર્પણો, ખાદ્યાર્પણો, દહનાર્પણો અને શાંત્યર્પણો પૂરા પાડશે.”
18 આ યહોવા મારા માલિકના વચન છે: “પહેલાં મહિનાના પહેલા દિવ-
સે તમારે ખોડખાંપણ વગરનો એક વાછરડો ધરાવી મંદિરની શુદ્ધિ કર-
વી. 19 યાજકે વધ કરેલા પાપાર્થાર્પણનું લોહી લઇ તે મંદિરના ઉંબરે,
યજ્ઞવેદીને ચાર ખૂણે અને અંદરની ઓસરીના બારણાની બારસાખે
લગાડવું. 20 જો કોઇ પણ વ્યકિતએ ભૂલથી કે અજ્ઞાનતાથી પાપ કર્યું
હોય તો તે માટે તે મહિનાના સાતમા દિવસે પણ આ પ્રમાણે કરવું.
મંદિર માટે આ રીતે તમારે પ્રાયશ્ચિત કરવું. 21 “પહેલા મહિનાના ચૌદમા
દિવસે તમારે પાસ્ખાનો તહેવાર ઊજવવાની શરૂઆત કરવી. સાત દિ-
વસ સુધી સૌએ બેખમીર રોટલી જ ખાવી. 22 ઉત્સવને પહેલે દિવસે
સરદારોએ પોતાનાં અને ઇસ્ત્રાએલની પ્રજાના પાપને માટે એક બળદ-
ને પાપાર્થાર્પણ તરીકે ધરાવવો. 23 ઉત્સવના દિવસે તેણે ખોડખાંપણ
વગરના સાત બળદો અને ખોંડખાંપણ વગરના સાત મેંઢાને દહનાપર્ણ
તરીકે યહોવાને બલિ ચઢાવવા. અને તેણે પાપાર્થાર્પણ તરીકે દરરોજ
એક બકરો હોમવો. 24 હોમેલા દરેક બળદ અને ઘેટાં દીઠ સત્તર કિલો
ખાદ્યાર્પણ અને ત્રણ લિટર જૈતૂનનું તેલ પણ ચઢાવવાં. 25 સાતમા
મહિનાના પંદરમાં દિવસે શરૂ થતાં માંડવાપર્વ માટે પણ તેણે સાતે
સાત દિવસ આવો જ બલિ, પાપાર્થાર્પણ, દહનાર્પણ, ખાદ્યાર્પણ અને
જૈતૂનના તેલના અર્પણ ચઢાવવા.”

46
આ યહોવા મારા માલિકના વચન છે: “અંદરના ચોકનો પૂર્વનો
દરવાજો કામ કરવાના છ દિવસોએ બંધ રહેશે, પરંતુ વિશ્રામ-
વારને દિવસે અને ચંદ્રદર્શને દિવસે તે ઉઘાડો રાખવો. 2 રાજકુમારે
બહારના પ્રાંગણમાંથી ઓસરીમાં થઇ અંદરના દરવાજાના થાંભલા
આગળ ઊભા રહેવું. અને યાજકે તેના દહનાર્પણો હોમી દેવા અને
શાંત્યર્પણો ચઢાવવા ત્યાં દરવાજા આગળના પ્રવેશદ્વારે તેણે જરૂર ની-
ચા નમીને પ્રણામ કરી, તેણે પાછા બહાર ચાલ્યા જવું. દરવાજો સાંજ
સુધી બંધ ન કરવો. 3 દરેક સાબ્બાથ અને ચંદ્રદર્શન દિવસે બધા લો-
કોએ પણ દરવાજા આગળ નીચા નમીને યહોવાની ઉપાસના કરવી.
4 સાબ્બાથને દિવસે રાજકુમારે દહનાર્પણ તરીકે યહોવા સમક્ષ ખોડ-
ખાંપણ વગરના છ ઘેટા તથા ખોડખાંપણ વગરનો એક મેંઢો લાવવો.
5 દરેક ઘેટાં સાથે સત્તર કિલો ખાદ્યાર્પણ તથા દરેક મેંઢા સાથે જે કઇં
ચઢાવવું હોય તે લાવવું, ઉપરાંત આવા દરેક ખાદ્યાર્પણ દીઠ ત્રણ લિટર
તેલ લાવવું. 6 ચંદ્રદર્શન દિવસે તેણે ખોડખાંપણ વગરનો એક વાછર-
ડો, ખોડખાંપણ વગરના છ ઘેટા અને એક મેંઢો ધરાવવા. 7 પ્રત્યેક વા-
છરડા અને મેંઢા દીઠ સત્તર કિલો ખાદ્યાર્પણ તથા દરેક ઘેંટા દીઠ યથા-
યોગ્ય અર્પણ ચઢાવવું ઉપરાંત આવા દરેક ખાદ્યાર્પણ દીઠ ત્રણ લિટર
તેલ પણ ચઢાવવું. 8 “સરદાર અંદર આવે ત્યારે તેણે દરવાજાની ઓસ-
રીમાં થઇને દાખલ થવું અને એ જ રસ્તે બહાર નીકળવું. 9 “પરંતુ ઉત્સ-
વને દિવસે જ્યારે લોકો યહોવાની ઉપાસના કરવા આવે ત્યારે જેઓ
ઉત્તરને દરવાજેથી દાખલ થાય તેઓ ભજન પછી દક્ષિણને દરવાજેથી
બહાર જાય, અને જેઓ દક્ષિણને દરવાજેથી દાખલ થાય તેઓ ઉત્તરના
દરવાજેથી, તેઓ જે રસ્તે આવ્યા હોય તે રસ્તે પાછા ન જાય, તેઓએ
સામેના દરવાજેથી જવું. 10 રાજકુમારે પણ તેમની સાથે તેમની જેમ જ
અંદર આવવું અને તેમની જેમ જ બહાર જવું. 11 “ ઉજાણીઓમાં તથા
મુકરર પર્વોમાં દરેક બળદ કે મેંઢા દીઠ ખાદ્યાર્પણ તરીકે સત્તર કિલો
અનાજ અને દરેક ઘેટા દીઠ યથાશકિત અર્પણ ચઢાવવું, એ ઉપરાંત
આવા દરેક ખાદ્યાર્પણ સાથે ત્રણ લીટર તેલ અર્પણ કરવું. 12 “રાજકુમાર
ઐચ્છિકાર્પણ તરીકે કે દહનાર્પણ કે શાંત્યર્પણ ચઢાવવા ઇચ્છતો હોય
ત્યારે તેને માટે અંદરના ઓસરીનો પૂર્વનો દરવાજો ખોલવો, તેણે એ
બલિદાન અર્પણ કરવું અને તેના બહાર ગયા પછી દરવાજો પાછો બંધ
કરી દેવો.” 13 “દરરોજ યહોવાને દહનાર્પણ તરીકે ખોડખાંપણ વગરનો
એક વર્ષની ઉંમરનો ઘેટો ચઢાવવો, પ્રતિદિન સવારે આ અર્પણ કરવું.
14 એની સાથે દરરોજ સવારે ત્રણ કિલો જેટલો લોટ અને તેને મોહવા
માટે એક લિટર જેટલું તેલ ચઢાવવું. આ ખાદ્યાર્પણ યહોવાને ચઢાવવું
એ કાયમનો નિયમ છે. 15 દરરોજ સવારે યહોવાને ખાદ્યાર્પણ તરીકે એક
ઘેટું અને ખાદ્યાર્પણ તથા તેલ ચઢાવવાં.” 16 આ યહોવા મારા માલિકના
વચન છે, “જો કોઇ રાજકુમાર પોતાના પુત્રને કઇં ઉપહાર આપે, તો તે-
ના પુત્રની માલિકી ગણાય કારણ કે તે મિલકત કુટુંબની વારસાગત
મિલકતનો ભાગ હશે. 17 પણ જો રાજકુમાર એવો ઉપહાર પોતાના કોઇ
સેવકને આપે તો તેની માલિકી તે સેવક પાસે ઋણમુકિતના વર્ષ સુધી
રહે. અને ત્યાર બાદ તે પાછી રાજા પાસે જાય. એ તેના પુત્રોની મિલકત
ગણાય અને તેની માલિકી તેઓની ગણાય. 18 રાજકુમારે લોકોની કોઇ
મિલકત લઇ લેવી નહિ, તેણે પોતાને મળેલી જમીનમાંથી પોતાના પુ-
ત્રોને જમીન આપવી જેથી મારા લોકોમાંથી કોઇને પોતાની મિલકત

ખોવાનો વખત આવે નહિ.” 19 ત્યાર બાદ તે માણસ મને અંદરના ચોક-
માં ઉત્તર તરફ યાજકો માટે જુદી રાખેલી ઓરડીઓ આગળ લઇ ગયો.
તેણે મને ઓરડીઓની પશ્ચિમ બાજુએ એક જગ્યા બતાવીને કહ્યું,
20 “આ જગ્યાએ યાજકો દોષાર્થાર્પણ અને પાપાર્થાર્પણ માંસ રાંધશે
અને ખાદ્યાર્પણની રોટલી શેકશે અને તેને તેઓ બહારના પ્રાંગણમાં
બહાર લઇ આવશે તોપણ તે લોકોમાં પવિત્રતા ફેલાવશે નહિ.” 21 ત્યાર
બાદ તે માણસ મને બહારના ચોકમાં લઇ જઇને તેને ચારે ખૂણે લઇ
ગયો. એ દરેક ખૂણામાં એકએક ચોક હતો. 22 એ દરેક ચોક માપમાં સર-
ખા હતાં; 40 હાથ લાંબા અને 30 હાથ પહોળા, 23 એ દરેકની આસ-
પાસ ભીંત હતી અને ભીંતને અડીને રાંધવાના ચૂલાઓ હતા. 24 તે મા-
ણસે મને કહ્યું, “આ તો રસોડા છે, જ્યાં મંદિરના સેવકોએ લોકોના
બલિદાનો રાંધવાના હતાં.”

47 પછી તે માણસ મને મંદિરના ધ્વાર પાસે પાછો લાવ્યો, મેં જો-
યું તો મંદિરના ઉંબરા તળેથી નીકળીને પાણી પૂર્વ તરફ વહેતું
હતું, કારણ, મંદિર પૂર્વાભિમુખ હતું. એ પાણી યજ્ઞવેદીની અને મંદિરની
દક્ષિણ બાજુએ થઇને જતું હતું. 2 પછી તે માણસ મને ઉત્તરને દરવાજે-
થી બહાર લઇ આવ્યો અને ફેરવીને પૂર્વ દરવાજે લઇ ગયો. ત્યાં જમણી
બાજુએથી થોડું થોડું પાણી નીકળતું હતું. 3 હાથમાં માપદંડ લઇને તે
પૂર્વ તરફ ગયો અને 1,000 હાથ ભર્યા પછી તેણે મને પાણીમાં ચલા-
વ્યો. પાણી ઘૂંટીસમાં હતાં. 4 એ પછી તેણે બીજા 1,000 હાથ અંતર
માપ્યું અને ફરી મને પાણીમાં ચલાવ્યો, અહીં પાણી ઘૂંટણસમાં હતાં.
ફરીથી તેણે એક 1,000 હાથ અંતર માપ્યું, અને મને પાણીમાં ચલા-
વ્યો, અહીં પાણી કમરસમાં હતાં. 5 બીજા 1,000 હાથ અંતર માપ્યું.
હવે તે પાણી નદીમાં ફેરવાઇ ગયા હતાં, પાણી એટલાં ઊંડા હતાં કે તે-
માં તરી શકાય. કોઇ ચાલીને સામે કિનારે જઇ શકે નહિ. 6 તેણે મને
કહ્યું “હે મનુષ્યના પુત્ર, આ બધું ધ્યાનમાં રાખજે.” 7 ત્યાર બાદ તે મને
પાછો નદીને કાંઠે લઇ ગયો અને મેં જોયું તો બંને કાંઠે પુષ્કળ વૃક્ષો
ઊભાં હતાં. 8 તેણે મને કહ્યું, “આ પાણી પૂર્વમાં વહેતું યર્દનકાંઠા સુધી
જાય છે અને આખરે એ મૃતસરોવરને જઇને મળે છે. એ જ્યારે મૃતસરો-
વરને જઇને મળે છે ત્યારે તેના પાણીને મીઠું બનાવી દે છે. 9 જ્યાં જ્યાં
એ પાણી વહેશે ત્યાં ત્યાં બધી જાતના પ્રાણીઓ અને માછલાંઓ ઉભ-
રાવા માંડશે. એ પાણીનો ઝરો મૃતસરોવરના પાણીને મીઠું બનાવી દે-
શે. અને એ જ્યાં જ્યાં થઇને વહેશે ત્યાં જીવન ફેલાવશે. 10 મૃતસમુદ્રના
કાંઠે માછીમારો ઊભા રહેશે અને એન-ગેદીથી છેક એન-એગ્લાઇમ સુધી
સર્વ જગ્યાએ માછલાં પકડશે. તેનો કિનારો માછલી પકડવાની જાળો
પાથરવાનું સ્થળ બની રહેશે અને ત્યાં મોટા સમુદ્રમાં છે તેમ વિવિધ
પ્રકારની માછલીઓ હશે. 11 પરંતુ કાંઠે આવેલા કાદવકીચડના તથા
તળાવોના પાણી મીઠાં નહિ થાય, પણ મીઠું બનાવવાના કામમાં
આવશે. 12 એ નદીના બંને કાંઠાઓ ઉપર બધાં ફળઝાડો ઊગી નીકળ-
શે, તેમના પાંદડાં કરમાશે નહિ અને તેમને ફળ આવતાં કદી અટકશે
નહિ. દર મહિને તેમને નવા ફળ આવશે, કારણ, તેમને મળતું પાણી
મંદિરમાંથી આવે છે, તેમના ફળ ખાવા માટે છે અને પાંદડાં દવા માટે
છે.” 13 યહોવા મારા માલિક કહે છે: “ઇસ્રાએલના બાર કુળ સમૂહોને
જમીન વહેંચવા માટે આ સૂચનો છે: યૂસફના કુળને તેના પુત્રોની જા-
તિઓ એફ્રાઇમ અને મનાશ્શા માટે બે ભાગ મળશે. 14 સર્વ કુળોને સર-
ખો ભાગ મળશે, કારણ કે તમારા પિતૃઓને આ દેશ આપવાની મેં પ્ર-
તિજ્ઞા લીધી હતી અને તેમને તેનો વારસો મળશે. તેની હદ આ પ્રમાણે
છે: 15 “ઉત્તરની સરહદ ભૂમધ્ય સમુદ્રથી હેથ્લોન અને સદાદમાંથી પસુર
થઇને, 16 હામાથ અનદ દમસ્ક અને હમાથની સરહદ વચ્ચે આવેલાં શે-
હરો બેરોથાહ અને સિબ્રાઇમ થઇને હૌરાનની સરહદે આવેલા હાસેર-હા-
નીકોન સુધી જાય છે. 17 આમ, ઉત્તરની સરહદ ભૂમધ્ય સમુદ્રથી
એનોન શહેર સુધી જાય છે અને તેની ઉત્તરે દમસ્કની સરહદ અને
હમાથ આવેલા છે. આ ઉત્તરની સરહદ છે. 18 “પૂર્વની સરહદ, દમસ્ક
અને હૌરાનના પ્રદેશમાંથી પસાર થઇને દક્ષિણમાં જાય છે, અને યર્દન
નદીની પૂર્વેર્ આવેલાં ઇસ્રાએલના અને ગિલયાદના પ્રદેશ વચ્ચે જાય
છે. આ પૂર્વ સરહદ છે. 19 “દક્ષિણની સરહદ તામારથી મરીબોથ-કાદેશ-
ના જળસમૂહ આગળ થઇને મિસરની ખાડી પાસે થઇને મિસરની સરહ-
દે આવેલા ભૂમધ્ય સમુદ્ર સુધી જાય છે. આ દક્ષિણ સરહદ છે.
20 “પશ્ચિમ સરહદે ભૂમધ્ય સમુદ્ર આવેલો છે અને હમાથના ઘાટ સામે-
ના બિંદુ સુધી એ જ સરહદની ગરજ સારે છે. 21 “ઇસ્રાએલના કુળો મધ્યે
આ સરહદોનો વિસ્તાર તમારે વહેંચી આપવો. 22 તમારા પોતાના માટે
અને તમારી મધ્યે પોતાના કુટુંબો સાથે વસતા પરદેશીઓ માટે આ દે-
શને વતન તરીકે વહેંચી આપવો. આ દેશમાં જન્મેલા વિદેશી માતાપિ-
તાના બાળકો પણ દેશના વતની કહેવાશે. તમારા બાળકોની જેમજ તે-
ઓને એક સરખા અધિકારો મળશે. 23 વિદેશીઓ જે જાતિ વંશની ભેગા
વસતા હોય તેની સાથે તેમને પણ ભાગ મળવો જોઇએ.” આ મારા મા-
લિક યહોવાના વચન છે.

48 “હવે કુળોનાં નામ અને તેઓને મળનાર પ્રદેશની વિગતો નીચે
પ્રમાણે છે. ઉત્તરની સરહદે દાન કુળ; ભૂમધ્ય સમુદ્રની ઇશાન-
થી હમાથના કાંઠા સુધી, હસાર-એનાન, અને દક્ષિણે આવેલા દમસ્ક
અને ઉત્તરે આવેલા હમાથની વચ્ચે સુધી તે પ્રદેશની પૂર્વ અને પશ્ચિમ
તરફની આ સરહદો છે. 2 આશેરનો વિસ્તાર દાનની દક્ષિણે છે અને તે-
ની પૂર્વની અને પશ્ચિમની સરહદો પણ તેના જેવી જ છે. 3 આશેરની
સરહદની લગોલગ પૂર્વ બાજુથી તે છેક પશ્ચિમ બાજુ સુધીનો એક ભાગ
નફતાલીનો. 4 પછી મનાશ્શા કુળનો પ્રદેશ નફતાલીની દક્ષિણે છે અને
તેની પૂર્વની અને પશ્ચિમની સરહદો તેના જેવી જ છે. 5 મનાશ્શાની સર-
હદને અડીને પૂર્વથી પશ્ચિમ સુધીનો એક ભાગ એફ્રાઇમનો પ્રદેશ છે.
6 એફ્રાઇમની સરહદને અડીને પૂર્વથી પશ્ચિમ સુધીનો એક ભાગ રૂબેન-
નો પ્રદેશ છે. 7 રૂબેનની સરહદને અડીને પૂર્વથી પશ્ચિમ સુધીનો એક
ભાગ યહૂદાનો પ્રદેશ છે. 8 “એ પછીનો પૂર્વથી પશ્ચિમ સુધીનો ભાગ તે
પવિત્ર ભૂમિ છે. એ 25,000 હાથ પહોળી અને વંશજોને આપેલા ભાગ
જેટલી જ પૂર્વ પશ્ચિમ લાંબી હશે. એની મધ્યમાં મંદિર આવશે.
9 આમાંથી યહોવાને સમર્પણ કરેલો વિસ્તાર 25,000 હાથ લાંબો અને
10,000 હાથ પહોળો હશે. 10 આ પવિત્ર ભૂમિમાંથી યાજકોને એક
ભાગ મળશે. ઉત્તરદક્ષિણ 25,000 હાથ અને પૂર્વપશ્ચિમ 10,000
હાથ, એ ભાગના મધ્યસ્થાને યહોવાનું મંદિર આવશે. 11 આ પવિત્રભૂ-
મિ સાદોકના વંશના યાજકો માટે રહેશે. ઇસ્રાએલીઓ આડે માગેર્ ગયા
હતા ત્યારે બીજા લેવીઓની જેમ તેઓ આડે માગેર્ ગયા નહોતા પણ
તેમણે વફાદારીપૂર્વક મારી સેવા બજાવી હતી. 12 આથી બીજા લેવીઓ-
ને જે ભાગ મળે તેને અડીને જ એમને ખાસ ભાગ મળવો જોઇએ; અને
તે સૌથી પવિત્ર ગણાશે. 13 “યાજકોના પ્રદેશની સરહદને અડીને લેવી-
ઓનો પ્રદેશ છે, તે 25,000 હાથ લાંબો અને 10,000 હાથ પહોળો છે.
14 આ ખાસ પ્રકારની ભૂમિનો કોઇ પણ ભાગ વેચવામા આવશે નહિ,
તેમજ વેપાર કરવામાં અથવા વિદેશીઓ દ્વારા તેનો ઉપયોગ કરવામાં
આવશે નહિ. કારણ કે આ શ્રેષ્ઠ ભૂમિ યહોવાની છે અને તે પવિત્ર છે.
15 “બાકી રહેલો 5,000 હાથ પહોળો અને 25,000 હાથ લાંબો ટુકડો
પવિત્ર નથી, પણ લોકોના સામાન્ય ઉપયોગ માટે છે. લોકો ત્યાં રહે
અને જમીનનો ઉપયોગ કરે. એની મધ્યમાં શહેર આવી શકે. 16 શહેર
ચોરસ હોય અને તેની ચારે બાજુ 4,500 હાથની જમીન હોય. 17 નગર-
ની ઉત્તરથી પશ્ચિમ તરફ 250 હાથ પહોળી ખુલ્લી જમીન રહેશે; તે ઘાસ-
ચારાની જમીન બનશે. 18 પવિત્રભૂમિની પાસેના ભાગમાં શહેર બાંધ્યા
પછી બાકી રહેલી જમીન-10,000 હાથ પૂર્વમાં અને 10,000 હાથ
પશ્ચિમમાં તે શહેરમાં કામ કરતાં લોકો દ્વારા ખેતીવાડી માટે ઉપયોગ
કરવામાં આવશે. 19 શહેરમાં કામ કરતો કોઇ પણ માણસ, પછી તે ગમે
તે વંશનો હોય, એ જમીન ખેડી શકે છે. 20 “આ સમગ્ર વિસ્તાર, પવિત્ર
ભૂમિ અને શહેરને પણ સમાવતો સમગ્ર વિસ્તાર, ચોરસ હશે અને તેની
દરેક બાજુ25,000 હાથની જમીન હશે. 21 “આ મોટા વિસ્તારમાંથી
પવિત્ર ભૂમિનો પ્રદેશ અને નગર માટેનો પ્રદેશ છોડીને જે ભૂમિ બાકી
રહે તે સરદારનો વિસ્તાર ગણાશે. પૂર્વમાં પવિત્ર ભૂમિની 25,000 હાથ
લાંબી સરહદથી પૂર્વ દિશાએ આવેલી સરહદ સુધીનો પ્રદેશ અને એ જ
પ્રમાણે પશ્ચિમે 25,000 હાથ લંબાઇની સરહદથી પશ્ચિમ સરહદ સુધી-
નો પ્રદેશ આ બંને પ્રદેશો લંબાઇમાં કુળોના પ્રદેશ પ્રમાણે છે અને સર-
દારની માલિકીના ગણાશે. આ બંને પ્રદેશોની મધ્યમાં પવિત્ર મંદિર
અને પવિત્ર ભૂમિ આવશે. 22 રાજાની માલિકીના આ પ્રદેશોની મધ્યમાં
ત્યાં લેવીઓનો વિસ્તાર અને નગરનો વિસ્તાર આવશે. રાજકુમારની
માલિકીનો આ વિસ્તાર યહૂદા અને બિન્યામીનના પ્રદેશની વચ્ચે હશે.

23 “બાકીનાં કુળોને આપવામાં આવેલો જમીનનો ભાગ આ પ્રમાણે છે:
ઇસ્રાએલ દેશની પૂર્વ સરહદથી પશ્ચિમ સરહદ સુધીનો એક ભાગ બિ-
ન્યામીનનો. 24 બિન્યામીનના વિસ્તારની દક્ષિણે આવેલો એક ભાગ
શિમયોનનો. બંનેની પૂર્વથી પશ્ચિમની સરહદ એક જ હશે. 25 તેની પાસે
ઇસ્સાખારનો વિસ્તાર, પૂર્વથી પશ્ચિમ સુધી શિમયોનની સરહદની
દક્ષિણે હશે. 26 ઝબુલોનનો જે પ્રદેશ છે તે પૂર્વથી પશ્ચિમ સુધી ઇસ્સા-
ખારની સરહદની દક્ષિણે હશે. 27 ગાદનો પ્રદેશ પૂર્વથી પશ્ચિમ સુધી
ઝબુલોનની દક્ષિણે હશે. 28 “ગાદના પ્રાંતની દક્ષિણ સરહદ તામારથી
મરીબાથ કાદેશનાં રણદ્વીપ સુધી અને પછી વાયવ્ય દિશામાં મિસરની
સરહદથી ભૂમધ્ય સમુદ્ર સુધી જાય છે. 29 યહોવા મારા માલિકે કહ્યું,
“આ રીતે તમારે ઇસ્રાએલના વંશજોને જમીન વહેંચવી જોઇએ અને આ
એમના હિસ્સા ગણાશે.” 30 “નગરના દરવાજા આ પ્રમાણે છે: ઉત્તરની
સરહદ 4,500 હાથ લાંબી છે. 31 નગરના દરવાજાના નામ ઇસ્રાએલનાં
કુળોનાં નામો પ્રમાણે રાખવા; ઉત્તરે ત્રણ દરવાજા એક રૂબેનનો દરવા-
જો, એક યહૂદાનો દરવાજો, અને એક લેવીનો દરવાજો; 32 પૂર્વ બાજુની
દિવાલનું માપ 4,500 હાથ હશે. તેના ત્રણ દરવાજાઓ: યૂસફનો દર-
વાજો, બિન્યામીનનો દરવાજો અને દાનનો દરવાજો. 33 “દક્ષિણ બાજુ-
ની દિવાલની લંબાઇ 4,500 હાથ છે. તેના ત્રણ દરવાજા શિમયોનનો
દરવાજો, ઇસ્સાખારનો દરવાજો અને ઝબુલોનનો દરવાજો. 34 “પશ્ચિમ
બાજુની દિવાલની લંબાઇ 4,500 હાથ છે અને તેના ત્રણ દરવાજા ગા-
દનો દરવાજો, આશેરનો દરવાજો, અને નફતાલીનો દરવાજો. 35 “ચારે
તરફ દિવાલની લંબાઇ 18,000 હાથ છે, અને તે સમયથી શહેરને
‘યહોવા શામ્માહ’ નામ પડશે જેનો અર્થ છે, “યહોવા ત્યાં છે.”

# દાનિયેલ

1 યહૂદા રાજાના યહોયાકીમના રાજ્યમાં બાબિલના રાજા નબૂખાદ-
નેસ્સારે ત્રીજા વર્ષમાં યરૂશાલેમ ઉપર ચઢાઇ કરી તેની ફરતે ઘેરો
ઘાલ્યો. 2 અને યહોવાએ યહૂદાના રાજા યહોયાકીમને તથા મંદિરના
થોડા વાસણો નબૂખાદનેસ્સારના હાથમાં સોંપી દીધાં. નબૂખાદનેસ્સાર
બંધકોને શિનઆર પ્રાંતમાં લઇ ગયો; અને તે વાસણો પોતાના દેવના
મંદિરનાં ભંડારમાં મૂકી દીધા. 3 પછી મુખ્ય ખોજા આસ્પનાઝને તેણે
આજ્ઞા કરી કે, “બંદી તરીકે પકડી લાવેલા ઇસ્રાએલી યુવાનોમાંથી રાજ-
વંશી અને અમીર કુટુંબોના કેટલાક યુવાનોને પસંદ કર. 4 જે યુવાનોમાં
કોઇ પણ પ્રકારની ખોડખાંપણ ન હોય, પણ ઘણા રૂપાળા, સર્વ બાબ-
તમાં જ્ઞાનસંપન્ન, વિદ્યાપારંગત, વિજ્ઞાનનાં જાણકાર હોય, વળી રાજમ-
હેલમાં રહેવાને લાયક હોય, એવા ઇસ્રાએલી યુવાનોને પસંદ કરીને તું
તેઓને ખાલદીઓની ભાષા તથા લખાણ વિષે શીખવ. 5 રાજા, પોતે જે
ભોજન લેતો હતો અને જે દ્રાક્ષારસ પીતો હતો તે જ તેમને પણ દરરોજ
આપવામાં આવે એમ ઠરાવ્યું. તેમને ત્રણ વરસ સુધી શિક્ષણ આપવાનું
હતું અને ત્રણ વર્ષને અંતે તેમને રાજા સમક્ષ રજૂ કરવાના હતાં. 6 એ
પસંદ કરાયેલા યુવાનોમાં યહૂદાના કુળસમૂહનાં દાનિયેલ, હનાન્યા,
મીશાએલ અને અઝાર્યા હતા. 7 પરંતુ રાજાના મુખ્ય ખોજાએ તેમનાં
નામ અનુક્રમે દાનિયેલને બેલ્ટશાસ્સાર, હનાન્યાને શાદ્રાખ, મીશાએ-
લને મેશાખ અને અઝાર્યાને અબેદ-નગો પાડ્યાં. 8 દાનિયેલે પોતાના
મનમાં નક્કી કર્યું કે, રાજાનું ભોજન કે, તેનો દ્રાક્ષારસ લઇને મારે મારી
જાતને ષ્ટ કરવી નહિ. આથી તેણે આસ્પનાઝને વિનંતી કરી: મને ષ્ટ
થવાની ફરજ ન પાડશો. 9 હવે જ્યારે દેવે કૃપા કરી છે અને આસ્પનાઝ-
ના હૃદયમાં દાનિયેલ પ્રત્યે માન હતું તેથી તેણે દાનિયેલ પ્રત્યે સહાનુ-
ભૂતિ દર્શાવી. અને તેને કહ્યું, 10 “મને રાજાની બીક લાગે છે. તેમણે
તમારે શું ખાવું ને પીવું તે ન ક્કી કરી આપ્યું છે અને જો તેઓ જોશે કે,
તમારી ઉંમરના બીજા છોકરાઓ કરતાં તમે શરીરે નબળા છો, તો તમે
રાજા સમક્ષ મારું માથું ભયમાં મૂકી દેશો.” 11 ત્યારે દાનિયેલે, હના-
ન્યા, મીશાએલ અને અઝાર્યાની દેખરેખ માટે આસ્પનાઝે નીમેલા કાર-
ભારીને કહ્યું, 12 “તમે દશ દિવસ માટે આ પ્રમાણે અખતરો કરી જુઓ;
અમને ફકત શાકાહારી ખોરાક અને પીવા માટે માત્ર પાણી આપો.
13 પછી જે યુવાનોને રાજાએ ઠરાવી આપેલો ખોરાક આપો તેમની સાથે
અમારી સરખામણી કરો અને જે પ્રમાણે તમે જુઓ તે મુજબ અમારી
સાથે વર્તો.” 14 આખરે ચોકીદારે તેમની અરજ સાંભળી અને દશ દિ-
વસ તેમની કસોટી કરી. 15 દશ દિવસને અંતે જે યુવાનો રાજાએ ઠરાવી
આપેલો ખોરાક લેતા હતા તે બધાં કરતાં તેઓ વધારે તંદુરસ્ત અને હ-
ષ્ટપૃષ્ટ થવા માંડ્યાં. 16 તેથી ચોકીદારે તેઓને સ્વાદિષ્ટ ખોરાક અને
દ્રાક્ષારસને બદલે ફકત શાકભાજી અને પાણી આપવાનું ચાલુ રાખ્યું.
17 આ ચારે છોકરાઓને દેવે સાહિત્યનું અને બધી કળાઓનું જ્ઞાન
આપ્યું અને તેણે દાનિયલનેએ સંદર્શનો અને સ્વપ્નોને સમજવાની
શકિત આપી. 18 રાજાએ જણાવેલા હુકમ પ્રમાણે ત્રણ વરસનું શિક્ષણ
પુરું થયું એટલે આસ્પાનાઝ બધા યુવાનોને પરીક્ષા માટે રાજાની પાસે
લઇ ગયો. 19 રાજા નબૂખાદનેસ્સારે તેઓની સાથે વાતચીત કરી; તો
સર્વમાં દાનિયેલ, હનાન્યા, મીશાએલ તથા અઝાર્યાના જેવા બીજા કોઇ
ન મળ્યા. તેથી રાજા વધારે પ્રભાવિત થયો અને તેઓને રાજાના સલા-
હકાર મંડળમાં સામેલ કર્યા. 20 જ્ઞાન અને કળાની બાબતમાં રાજાએ
તેમને જે કઇં પૂછયું તે બધામાં તેઓનાં રાજ્યના બધા મંત્રવિદો અને
જાદુગરો કરતાં દસગણા વધુ ચડિયાતા માલૂમ પડ્યા. 21 રાજા કોરેશ-
ના અમલના પહેલાં વર્ષ સુધી દાનિયેલ રાજદરબારમાં કાયમ રહ્યો.

2 રાજા નબૂખાદનેસ્સારને પોતાના રાજ્યકાળના બીજા વર્ષ દર-
મ્યાન એક ભયાનક સ્વપ્ન આવ્યું; તે ભયથી ધ્રુજી ગયો, તેની
ઊંઘ હરામ થઇ ગઇ. 2 તેથી રાજાએ પોતાના સ્વપ્નનો અર્થ સમજાવ-
વા માટે તાત્કાલિક પોતાના બધા જાદુગરો, મંત્રવિદ્યા જાણનારાઓ,
અને ભવિષ્યવેત્તાઓને બોલાવવા હુકમ કર્યો. તેઓ રાજા આગળ
આવીને ઊભા રહ્યા. 3 એટલે રાજાએ તેમને કહ્યું, “મને એક સ્વપ્ન
આવ્યું છે અને મારો જીવ એનો અર્થ જાણવા આતુર છે.” 4 એ લોકોએ
અરામી ભાષામાં કહ્યું, “રાજા સદા માટે રહો. રાજા ઘણું જીવો, આપ આ
સેવકોને આપનું સ્વપ્ન જણાવો એટલે અમે તેનો અર્થ તમને જણાવી
શકીએ.” 5 રાજાએ ખાલદીઓને કહ્યું, “સ્વપ્ન મારા સ્મરણમાંથી જતું
રહ્યું છે, મને તે યાદ રહ્યું નથી, તમે મને એ સ્વપ્ન તથા તેનો અર્થ નહિ
કહો તો તમારા શરીરના ટુકડે ટુકડા કરવામાં આવશે. અને તમારાં ઘર
તોડીને ઇંટો અને કાટમાળનાં ઢગલાઓમાં ફેરવી નાખવામાં આવશે.
6 પરંતુ જો તમે મને સ્વપ્ન અને તેનો અર્થ જણાવશો, તો હું તમને ભેટો
ઇનામો અને માનપાનથી આમંત્રીશ. માટે તમે મને સ્વપ્ન અને તેનો
અર્થ જણાવો.” 7 ત્યારે તેમણે બીજી વાર કહ્યું, “આપ અમને સ્વપ્ન
જણાવો અને અમે આપને તેનો અર્થ જણાવીશું.” 8 રાજાએ કહ્યું, “હું
સ્પષ્ટ જોઇ શકું છું કે, તમે વખત મેળવવા ઇચ્છો છો, કારણ, તમે જા-
ણો છો કે, મારો નિર્ણય પાકો છે. 9 પણ જો તમે મને સ્વપ્ન નહિ
જણાવશો તો તમને બધાને એક જ સજા થશે. તમે અંદરોઅંદર નક્કી
કર્યું છે કે, મારી આગળ તરકટ કરવું, એવી આશાએ કે, જતે દહાડે પરિ-
સ્થિતિ પલટાઇ જાય. આથી તમે મને સ્વપ્ન કહો એટલે હું સમજીશ કે,
તમે એનો પણ અર્થ કહી શકશો.” 10 ભવિષ્યવેત્તાઓએ રાજાને જવાબ
આપ્યો, “આ પૃથ્વી ઉપર એવો કોઇ નથી, જે આપ જાણવા માંગો છો
તે કહી શકે. કોઇ રાજાએ, મહારાજાએ, આજ સુધી કોઇ જાદુગર, કે,
મંત્રવિદને આવો સવાલ પૂછયો નથી. 11 આપ અમારી પાસે જે જાણવા
માંગો છો તે એવું મુશ્કેલ છે કે, દેવો સિવાય કોઇપણ કહી ન શકે. અને
દેવો માણસોની વચ્ચે રહેતા નથી.” 12 આ સાંભળીને રાજા ઘણો ગુસ્સે
થઇ ગયો. તેનો રોષ ભભૂકી ઉઠયો અને તેણે બાબિલના બધા સલાહ-
કારોનો વધ કરવાની આજ્ઞા કરી. 13 આથી એવો હુકમ બહાર પાડવામાં
આવ્યો કે, બધાં રાજકીય સલાહકારોની હત્યા કરવાની છે. અને તે મુ-
જબ દાનિયેલને અને તેના સાથીઓને હત્યા કરવા માટે લઇ આવવા
માણસો મોકલવામાં આવ્યા. 14 રાજાના અંગરક્ષકોનો વડો આર્યોખ
બાબિલના વિદ્વાનોની હત્યા કરવા જતો હતો, ત્યારે દાનિયેલે ડહાપણ
અને વિવેક વાપરીને તેની પાસે જઇને કહ્યું, 15 સાહેબ, રાજાસાહેબે
આવી કઠોર આજ્ઞા શા માટે કરી છે?”ત્યારે આર્યોખે તેને બધી વાત
જણાવી. 16 તેથી દાનિયેલે રાજાની હાજરીમાં જઇને અરજ કરી કે,
‘આપ મને થોડો સમય આપો, તો હું તમને સ્વપ્ન અને તેનો અર્થ
જણાવીશ. 17 પછી દાનિયેલે ઘરે જઇને તેના સાથીદારો હનાન્યા, મી-
શાએલ, અને અઝાર્યાને સર્વ વાત સમજાવી. 18 અને તેણે તેઓને કહ્યું,
આપણે સ્વર્ગાધિપતિ દેવને પ્રાર્થના કરીએ, જેથી તે દયા લાવીને આપ-
ણને આ રહસ્યનો ભેદ જણાવે, અને આપણે બાબિલના રાજકીય
સલાહકારો ભેગા મરવું પડે નહિ. 19 ત્યારબાદ રાત્રીના સમયે સંદર્શન-
માં દેવે દાનિયેલને રાજાનું સ્વપ્ન તથા તેના રહસ્યનો ભેદ જણાવ્યો
અને તેણે સ્વર્ગાધિપતિ દેવની આ પ્રમાણે પ્રશંશા કરી. 20 “આવનારા
યુગો સુધી દેવની સ્તુતિ થાઓ! એ જ જ્ઞાન અને શકિતનો ભંડાર છે.
21 કાળનો અને ઋતુચક્રનો એ જ નિયામક છે. એ જ રાજાઓને પદષ્ટ
કરે છે અને ગાદીએ બેસાડે છે. જ્ઞાનીને જ્ઞાન અને વિદ્વાનને વિદ્યા
આપનાર છે.” 22 તે માણસના ઊંડા રહસ્યોને ખુલ્લા કરે છે. તે જાણે છે

કે, અંધારામાં શું છે. પ્રકાશ તેની સાથે રહે છે. 23 હે મારા પિતૃઓના
દેવ, હું તમારો આભાર માનું છું અને તમારી સ્તુતિ કરું છું, કારણ, તમે
જ મને જ્ઞાન અને શકિત આપી છે, તમે મને રાજાનું સ્વપ્ન અને તેનો
અર્થ જણાવ્યો છે. 24 પછી બાબિલના બુદ્ધિમાન માણસોને મારી નાખ-
વાનો હુકમ જેને મળ્યો હતો, તે આર્યોખ પાસે દાનિયેલ ગયો અને કહ્યું,
"તેઓને મારી નાખીશ નહિ, મને રાજા પાસે લઇ જા અને હું તેમને સ્વ-
પ્નનો અર્થ કહી સંભળાવીશ." 25 આર્યોખ તે જ સમયે દાનિયેલને રાજા
સમક્ષ લઇ ગયો અને બોલ્યો, "મને યહૂદાના બંદીઓમાંથી એક માણસ
મળી આવ્યો છે, જે આપને આપના સ્વપ્નનો અર્થ બતાવી શકશે."
26 આથી રાજાએ દાનિયેલને કહ્યું, "મેં સ્વપ્નમાં શું જોયું હતું અને તેનો
અર્થ શો, એ તું મને કહી શકશે?" 27 દાનિયેલે રાજાને પ્રત્યુત્તર આપ્યો,
"આપ નામદાર જે રહસ્ય જાણવા માંગો છો, તે આપને કોઇ વિદ્વાન,
મંત્રવિદ, જાદુગર, કે, ભવિષ્યવેત્તા કહી શકે તેમ નથી. 28 પરંતુ આકા-
શમાં એક દેવ છે, જે રહસ્યો ખુલ્લા કરે છે અને તેણે આપ નામદાર નબૂ-
ખાદનેસ્સારને ભવિષ્યમાં શું થવાનું છે તે દર્શાવ્યું છે. આપે આપની
ઊંઘમાં જે સ્વપ્ન જોયું હતું, જે સંદર્શન તમે નિહાળ્યું હતું તે આ છે:
29 આપને ભવિષ્યના વિચારો આવ્યા હતા: અને તે જે રહસ્યો જણાવે
છે, તેણે ભવિષ્યમાં શું થવાનું છે, તે આપને જણાવ્યું હતું. 30 દેવે મારી
મારફતે રહસ્ય પ્રગટ કરાવ્યું, તેનું કારણ એ નથી કે, હું બીજા માણસો
કરતાં વધારે જ્ઞાની છું, પણ એટલા માટે જણાવવામાં આવ્યું છે કે, જેથી
આપ નામદારને એની જાણ થાય અને આપ આપને આવેલા વિચારો
સમજી શકો. 31 "આપ નામદારને જે સ્વપ્ન આવ્યું; તેમાં આપે એક
મોટી મૂર્તિ જોઇ હતી. એ પ્રચંડ અને ઝગારા મારતી મૂર્તિ આપની સમક્ષ
ઉભી હતી અને તેનો દેખાવ ભયંકર હતો. 32 તે મૂર્તિનું માથું શુદ્ધ સો-
નાનું બનેલું હતું; તેની છાતી અને હાથ ચાંદીના હતાં. તેના પેટ અને
જાંઘો કાંસાના હતાં. 33 તેના પગ લોખંડના હતાં. તેના પગની પાટલી-
ઓનો કેટલોક ભાગ લોખંડનો અને કેટલોક ભાગ માટીનો હતો.
34 આપ એ મૂર્તિ ઉપર મીટ માંડી રહ્યાં હતાં ત્યાં કોઇના અડ્યા વગર જ
પર્વતમાંથી એક પથ્થર છૂટો પડ્યો અને મૂર્તિની લોખંડ અને માટીની
બનેલી પાનીઓ ઉપર પછડાયો અને પાનીઓનાં તેણે ચૂરેચૂરો કરી ના-
ખ્યા, 35 એ પછી લોખંડ, માટી, કાંસા, ચાંદી અને સોનું બધાંના ટુકડેટુ-
કડા થઇ ગયા અને ઉનાળામાં અનાજ ઝૂડવાના ખળામાંના ભૂસાની
જેમ પવન તેમને એવો તો ઉડાડીને લઇ ગયો કે, ક્યાંય તેમનું નામોનિ-
શાન ન રહ્યું. પણ જે પથ્થર મૂર્તિ સાથે પછડાયો હતો તે વધીને મોટો
પર્વત બની ગયો અને તેનાથી આખી પૃથ્વી ભરાઇ ગઇ. 36 "આ હતું
તમારું સ્વપ્ન; હવે અમે તમને તેનો અર્થ જણાવીશું: 37 હે નામદાર,
આપને સ્વર્ગાધિપતિ દેવે રાજ્ય, સત્તાં, ગૌરવ અને ખ્યાતિ આપ્યાં છે.
38 અને તેમણે આપના હાથમાં આ પૃથ્વી ઉપર વસતાં બધાં માણસો,
પશુઓ અને પંખીઓને સોંપ્યા છે, અને આપને એ સૌના રાજા બના-
વ્યા છે. એ સોનાનું માથું આપ છો. 39 "આપના રાજ્યકાળનો અંત
આવશે. ત્યારે બીજી મહાસત્તા તમારું સ્થાન લેવા આવશે. તે આપના
કરતાં ઊતરતી કક્ષાની હશે. તે સામ્રાજ્યના પતન પછી એક ત્રીજું
કાંસાનું સામ્રાજ્ય ઉદય પામશે, જે આખી પૃથ્વી ઉપર રાજ્ય ચલાવશે.
40 ત્યાર પછી, ચોથો રાજા લોખંડ જેવો મજબૂત હશે. તે ભાંગીને ભૂકો
કરનાર, કચડી નાખનાર અને વિજય મેળવનાર હશે. 41 "તમે જોયું હતું
કે, પગ અને અંગુઠાનો થોડો ભાગ લોખંડનો અને થોડો ભાગ માટીનો
હતો. એનો અર્થ એ કે, એ રાજ્યના ભાગલા પડી ગયા હશે. આપે માટી
સાથે લોખંડ ભળેલું જોયું હતું એમાં અમુક અંશે લોખંડનું બળ હશે.
42 આ અંગુઠા થોડા લોખંડના અને થોડા માટીના હતાં, તેથી લોખંડ જે-
વા મજબૂત હશે અને માટી જેવા નબળાં હશે. 43 વળી આપે જોયું હતું
કે, માટી સાથે લોખંડ ભળેલું હતું તેમ તેઓ એકબીજા સાથે લગ્નસંબંધ
બાંધી મજબૂત બનવા પ્રયત્ન કરશે, પરંતુ લોખંડ અને માટી એકબીજા
સાથે મળી શકતાં નથી, તેમ તેઓ પણ ભેગાં રહી શકશે નહિ. 44 "એ
રાજાઓના શાસન દરમ્યાન સ્વર્ગના રાજા દેવ કદી નાશ ન પામે તેવું
રાજ્ય સ્થાપશે. જે રાજ્ય બીજી કોઇ પ્રજાના હાથમાં કદી જશે નહિ; તે
બધા રાજ્યોનો ભાંગીને ભૂકો કરી નાખશે, પણ પોતે હંમેશને માટે
અવિનાશી રહેશે. 45 "તમે જોયું હતું કે, કોઇનો હાથ અડ્યા વગર જ
પર્વતમાંથી પથ્થર કપાઇ ને બહાર પડતો હતો અને તેણે લોખંડ, કાંસુ,
માટી, ચાંદી અને સોનાના ટુકડે ટુકડા કરી નાખ્યા હતા, તેનો આ અર્થ
છે. આમ મહાન દેવે ભવિષ્યમાં શું થવાનું છે તે તમને જણાવ્યું છે. આ
જ તમારું સ્વપ્ન છે અને આ જ તેનો સાચો અર્થ છે." 46 એ પછી રાજા
નબૂખાદનેસ્સારે દાનિયેલને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને તેને
અર્પણ અને સુગંધીઓનો ધૂપ ચઢાવવાની આજ્ઞા કરી. 47 રાજાએ કહ્યું,
"હે દાનિયેલ, સાચે જ તારા દેવ સર્વ દેવોનાં દેવ છે, તે રાજાઓ ઉપર
રાજ કરે છે અને રહસ્યોને ખુલ્લા કરનાર, જણાવનાર છે. તેમણે જ તારી
સામે આ રહસ્ય પ્રગટ કર્યું છે." 48 પછી રાજાએ દાનિયેલને ઊંચો હોદ્દો
આપ્યો, કિમતી ભેટો આપી અને સમગ્ર બાબિલના પ્રાંતના વહીવટક-
ર્તા તરીકે નીમ્યો. તેમજ સર્વ જ્ઞાની માણસોના ઉપરી તરીકે નિમણુંક
કરી. 49 દાનિયેલે રાજાને વિનંતી કરી એટલે તેણે શાદ્રાખ, મેશાખ અને
અબેદનગોને બાબિલના પ્રાંતના રાજકારભારીઓ નીમ્યા; પણ દાનિ-
યેલ પોતે રાજાના દરબારમાં ન્યાયાધીશ તરીકે સેવા આપતો હતો.

3 રાજા નબૂખાદનેસ્સારે સોનાનું એક પૂતળું ઘડાવીને બાબિલના
પ્રાંતમાં આવેલા દૂરાના મેદાનમાં તેની સ્થાપના કરાવી. એ સાઠ
હાથ ઊંચો અને છ હાથ પહોળુ હતુ. 2 ત્યારબાદ તેણે સર્વ સરદારોને,
રાજ્યપાલોને, કપ્તાનોને, ન્યાયાધીશોને, ખજાનચીઓને, સલાહકારોને,
ભંડારીઓને અને અન્ય અધિકારીઓને આ પૂતળાની સ્થાપન વિધિમાં
હાજર રહેવા માટે સંદેશા મોકલ્યાઁ. 3 તેઓ બધા નબૂખાદનેસ્સાર રા-
જાએ જે પ્રતિમાની સ્થાપના કરી હતી તેની પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે
ભેગા થયા. અને તેઓ પ્રતિમા સમક્ષ ઊભા રહ્યા. 4 ચોકીદારે મોટે
અવાજે કહ્યું, "હે સર્વ દેશના જાતિના અને ભાષાઓના લોકો, આ હુકમ
રાજાનો છે 5 કે, જેવો તમે રણશિંગુ, શરણાઇ, વીણા, સિતાર, સારંગી
વગેરે સર્વ પ્રકારના વાજિંત્રોનો અવાજ સાંભળો કે, તમારે નીચે નમીને
પૂજા કરવી. 6 જે કોઇ નીચે નમીને પૂજા નહિ કરે તેને તરત જ બળબળ-
તા અગ્નિની ભઠ્ઠીમાં નાખવામાં આવશે." 7 આથી રણશિંગુ, શરણાઇ,
વીણા, સિતાર, સારંગી વગેરે વાજિંત્રોનો નાદ સાંભળતા જ જુદી જુદી
પ્રજાઓના અને જુદી જુદી ભાષા બોલનારા બધા લોકોએ રાજા નબૂખા-
દનેસ્સારે સ્થાપન કરેલી સોનાના પૂતળાની સાષ્ટાંગ નમસ્કાર કરીને
પૂજા કરી. 8 તે વખતે કેટલાક અધિકારીઓએ રાજાની પાસે આવીને
યહૂદીઓ ઉપર આરોપ મૂક્યું. 9 તેઓએ રાજા નબૂખાદનેસ્સારને કહ્યું,
"હે રાજા, સદા જીવતા રહો." 10 નામદાર, આપે એવી આજ્ઞા કરી છે કે,
જો કોઇ માણસ રણશિંગુ, શરણાઇ, વીણા, સિતાર, સારંગી, વગેરે વા-
જિંત્રોનો નાદ સાંભળે, તેણે સોનાની પ્રતિમાને સાષ્ટાંગ નમસ્કાર કરી
પૂજા કરવી, 11 અને તમારા કહ્યાં મુજબ જે કોઇ માણસ સોનાના પૂત-
ળાની નીચે નમીને પૂજા ન કરે, તો તેને બળબળતા અગ્નિની ભઠ્ઠીમાં
નાખવો. 12 આપે શાદ્રાખ, મેશાખ અને અબેદનગો નામના યહૂદીઓને
બાબિલ પ્રાંતનો વહીવટ સોંપ્યો છે. નામદાર, એ માણસોએ આપની
સુચનાઓનો ભંગ કર્યો છે. તેઓ તમારા દેવની સેવા કરતા નથી કે, તમે
બનાવેલા સોનાના પૂતળાની નીચે વળીને પૂજા કરતા નથી." 13 ત્યારે
રાજા નબૂખાદનેસ્સાર ખૂબ રોષે ભરાયો અને તેણે શાદ્રાખ, મેશાખ અને
અબેદનગોને પોતાની આગળ લાવવાનો હુકમ કર્યો. તેમને રાજા સમક્ષ
હાજર કરવામાં આવ્યા. 14 નબૂખાદનેસ્સારે તેમને કહ્યું, "હે શાદ્રાખ, મે-
શાખ અને અબેદનગો, એ વાત સાચી છે કે, તમે મારા દેવોની પૂજા કર-
તાં નથી કે, મેં સ્થાપન કરેલી સોનાની પ્રતિમાની પૂજા કરતા નથી?
15 પરંતુ હું એક વધુ તક તમને આપીશ. જ્યારે વાજિંત્રોમાં રણશિંગુ,
શરણાઇ, વીણા, સિતાર, સારંગી વગેરે વાગે ત્યારે સાષ્ટાંગ દંડવત પ્ર-
ણામ કરીને તમે પૂજા કરવા તૈયાર થશો તો સારી વાત છે. પણ જો તમે
પૂજા નહિ કરો તો તમને તત્કાળ બળબળતા અગ્નિની ભઠ્ઠીમાં નાખવા-
માં આવશે. મારા હાથમાંથી કયા દેવ તમને બચાવશે?" 16 શાદ્રાખ, મે-
શાખ અને અબેદનગોએ જવાબ આપ્યો, "હે નબૂખાદનેસ્સાર રાજા,
અમારું શું થશે એની અમે ચિંતા કરતા નથી. 17 જે દેવની અમે સેવા
કરીએ છીએ તે અમને બળતા અગ્નિની ભઠ્ઠીમાંથી અને આપના હાથ-
માંથી ઉગારવાને શકિતમાન છે. તે અમને બચાવવા માટે શકિતમાન
છે. 18 અને જો નહિ ઉગારે તો પણ, આપ નામદાર જાણી લેજો કે, અમે
નથી તો આપના દેવોની સેવા કરવાના કે, નથી આપે સ્થાપિત કરેલી
સોનાની મૂર્તિની પૂજા કરવાના." 19 આ સાંભળીને રાજા નબૂખાદને-
સ્સારે શાદ્રાખ, મેશાખ અને અબેદનગો ઉપર ક્રોધે ભરાયો અને તેનો

ચહેરો લાલચોળ થઇ ગયો. તેણે હુકમ કર્યો, “ભઠ્ઠીને હંમેશા ગરમ કર-
વામાં આવે તે કરતાં સાતગણી વધારે ગરમ કરો.” 20 અને તેણે પોતા-
ના લશ્કરના કેટલાક બળવાનમાં બળવાન માણસોને શાદ્રાખ, મેશાખ
અને અબેદનગોને બાંધીને બળબળતા અગ્નિની ભઠ્ઠીમાં નાખવાનો હુ-
કમ કર્યો. 21 તેથી તેઓએ પહેરણ, પાઘડી અને બીજા વસ્ત્રો સાથે તે-
ઓને દોરડાં વડે સખત બાંધ્યાં અને અગ્નિની ભઠ્ઠીમાં નાખી દીધા.
22 રાજાએ ગુસ્સામાં ભઠ્ઠીને ખૂબજ તપાવવાનો હુકમ કર્યો હતો. અગ્નિ-
ની જવાળાઓ ભઠ્ઠીની બહાર નીકળતી હતી. તેથી તેઓને ભઠ્ઠીમાં ના-
ખનાર સૈનિકો પોતે ભસ્મ થઇ ગયા. 23 પછી શાદ્રાખ, મેશાખ અને
અબેદનગો બંધાયેલી હાલતમાં જ ભભૂકતી જવાળામાં પડ્યાં. 24 નબૂ-
ખાદનેસ્સાર રાજા આ જોઇ આશ્ચર્ય પામીને એકદમ ઊભો થઇ ગયો
અને પોતાના દરબારીઓને પૂછ્યું, “શું તમે ત્રણ જણને બાંધીને અગ્નિ-
ની ભઠ્ઠીમાં નાખ્યાં નહોતાં?”દરબારીઓએ કહ્યું “હા, એમજ કર્યુ હતું,
નામદાર.” 25 2નબૂખાદનેસ્સારે બૂમ પાડી. “અરે જુઓ, પણ હું તો ચાર
માણસોને છૂટા થઈને આગમાં સાજાસમા ફરતાં જોઉં છું, અને પેલો ચો-
થો માણસ દેવપુત્ર જેવો દેખાય છે.” 26 પછી નબૂખાદનેસ્સારે સળગતી
ભઠ્ઠીની પાસે જઇને પેલા માણસોને કહ્યું, “શાદ્રાખ, મેશાખ અને અબે-
દનગો, સૌથી મહાન પરાત્પર દેવના સેવકો, બહાર આવો, અહીં
આવો!”આ સાંભળીને તેઓ તરત જ અગ્નિમાંથી બહાર આવ્યા. 27 અને
પ્રશાસકો, સૂબાઓ, નાયબ સૂબાઓ અને રાજાના દરબારીઓ તેમની
આસપાસ ભેગા થઇ ગયા. અને તેમણે જોયું કે, તેમના શરીર ઉપર
અગ્નિની કોઇ અસર થઇ નહોતી. તેમના માથાના વાળ પણ બળ્યા
નહોતા, તેમના વસ્ત્રોને અગ્નિ અડ્યો જ નહોતો અને તેમના શરીરમાંથી
બળ્યાની ગંધ પણ આવતી નહોતી. 28 ત્યારબાદ નબૂખાદનેસ્સારે
કહ્યું, “શાદ્રાખ, મેશાખ અને અબેદનગોના દેવનો જય હો! તેણે પોતાના
દૂતને મોકલીને પોતાના ભકતોને ઉગારી લીધા છે, જેમણે એને ભરોસે
રાજાની આજ્ઞાનો ભંગ કર્યો હતો અને પોતાના દેવ સિવાય બીજા કોઇ-
પણ દેવની સેવા કે, પૂજા કરવાને બદલે મરવાનું પસંદ કર્યું હતું. પરંતુ
દેવે તેઓનો ઉદ્ધાર કર્યો છે. 29 તેથી હું એવી આજ્ઞા કરું છું, કે, કોઇપણ
પ્રજાનો કે, કોઇપણ ભાષા બોલનારો કોઇપણ માણસ મારા કાયદા નિ-
યમનું ઉલ્લંઘન કરનારને અને શાદ્રાખ, મેશાખ અને અબેદનગોના દેવ-
ની નિંદા કરનારના ટુકડે ટુકડા કરી દેવામાં આવશે. અને તેનું ઘર તોડી-
ને ઢગલો કરી નાખવામાં આવશે, કારણ, માણસોને આ રીતે ઉગારી
શકે એવો બીજો કોઇ દેવ નથી.” 30 ત્યારબાદ રાજાએ શાદ્રાખ, મેશાખ
અને અબેદનગોને વધારે ઊંચું સ્થાન આપ્યું, તેથી તેઓ બાબિલ પ્રાંત-
માં પુષ્કળ સમૃદ્ધ થયાં.

4 રાજા નબૂખાદનેસ્સારે આ આજ્ઞા દુનિયાના દરેક દેશમાં, દરેક
જાતિના અને ભાષાના લોકોને મોકલી: 2 સદા સૌ સુખ શાંતિમાં
રહો. પરાત્પર દેવે મને જે ચિહ્નો અને આશ્ચર્યકારક કૃત્યોનો અનુભવ
કરાવ્યો છે, તેના વિષે તમે બધા જાણો એવી મારી ઇચ્છા છે. 3 તે તો
માનવામાં ન આવે તેવું હતું, તેમના પરાક્રમો અતિ મહાન છે, તેમનું રા-
જ્ય શાશ્વતકાળ ટકે એવું છે. તેમનો અધિકાર પેઢી દર પેઢી ટકી રહે છે.
4 હું નબૂખાદનેસ્સાર મારા મહેલમાં સુખ શાંતિમાં રહેતો હતો. અને વૈ-
ભવ માણતો હતો. 5 એક રાત્રે હું મારા પલંગમાં સૂતો હતો, એવામાં
મને ભયંકર સ્વપ્ન આવ્યું. ત્યારે મારા મગજમાં પસાર થતાં આકારો
અને સંદર્શનોએ મને ગભરાવી દીધો. 6 તેથી મેં હુકમ કર્યો કે, બાબિલ-
ના બધા હોશિયાર પુરુષોને મારી સમક્ષ હાજર કરવા, જેથી તેઓ મને
મારા સ્વપ્નનો અર્થ સમજાવે. 7 તેથી બધા જાદુગરો, મંત્રવિદો ઇલ-
મીઓ અને જ્યોતિષીઓ મારી સમક્ષ આવ્યા અને મેં તેમને મારું સ્વ-
પ્ન કહી સંભળાવ્યું, પણ તેઓ મને તેનો અર્થ જણાવી શક્યા નહિ.
8 આખરે દાનિયેલ મારી આગળ આવ્યો, મારા દેવના નામ પરથી તેનું
નામ મેં બેલ્ટશાસ્સાર રાખ્યું હતું. એ માણસોમાં પવિત્ર દેવોનો આત્મા
છે. મેં તેને મારા સ્વપ્નની વાત કરી. 9 મેં કહ્યું,“હે બેલ્ટશાસ્સાર, તું જા-
દુગરોમાં અગ્રગણ્ય છે, કારણ, હું જાણું છું કે, તારામાં પવિત્ર દેવોની
શકિતનો વાસ છે, કોઇ પણ રહસ્ય એવું નથી જેને તું ઉકેલી ન શકે.
મારા સ્વપ્નનો અર્થ શો છે તે તું મને કહે. 10 હું ઊંઘતો હતો ત્યારે મને
સંદર્શન થયું, પૃથ્વીની મધ્યમાં એક વૃક્ષ મેં જોયું, તેની ઊંચાઇ ઘણી
વધારે હતી. 11 તે વૃક્ષ વધતું જ ગયું અને મજબૂત બન્યું અને તેની ટોચ
આકાશે પહોંચી અને પૃથ્વીને છેડેથી પણ તે નજરે પડતું હતું. 12 તેના
પાંદડાં સુંદર હતાં, ફળથી તે લચી પડ્યું હતું, તેને એટલાં ફળ લાગ્યાં
હતાં કે, બધાં ધરાઇને ખાઇ શકે, વગડાનાં પશુઓ તેની છાયા નીચે
આશ્રય પામતા અને આકાશના પંખીઓ તેની ડાળીઓમાં વાસો કરતા
અને બધા જીવો તેના ઉપર વસતા. 13 “હું આ સંદર્શન જોતો હતો,
ત્યારે મેં દેવના પવિત્ર દૂતોમાંના એકને સ્વર્ગમાંથી નીચે ઊતરતો જો-
યો. 14 તેણે મોટે સાદે મને કહ્યું, ‘આ વૃક્ષને કાપી નાખો; તેની ડાળી-
ઓને પણ કાપી નાખો; તેના પાંદડાં ખંખેરી નાખો અને તેના ફળ વિખે-
રી નાખો. તેની છાયામાંથી પ્રાણીઓને અને તેની ડાળીઓ ઉપરથી
પક્ષીઓને નસાડી મૂકો. 15 પણ એના થડ અને તેના મૂળને જમીનમાં
રહેવા દો. અને તેના શરીરને લોઢાની સાંકળોથી બાંધી દો, અને તેને તે
ખેતરના ઘાસ ઉપર જ રહેવા દો. 16 એનું મન માણસનું મટીને પશુનું
થઇ જાઓ અને આમ સાત વર્ષ વીતી જવા દો! 17 “જાગ્રત ચોકીદાર
સમા પવિત્ર દૂતોએ આ સજા કરેલી છે, તેમણે આ ચુકાદો આપેલો છે,
જેથી સર્વ જીવો સમજે કે, માનવ-રાજ્યમાં પરાત્પર દેવ સર્વોપરી છે, તે
જેને રાજ્ય આપવું હોય તેને આપે છે; અને તેના ઉપર નાનામાં નાના
માણસને સ્થાપે છે. 18 “મેં, રાજા નબૂખાદનેસ્સારે, આ સ્વપ્ન જોયું હતું
અને હે બેલ્ટશાસ્સાર, હવે તું મને તેનો અર્થ જણાવ, કારણકે બીજું કોઇ
જ મને એનો અર્થ સમજાવી શકે એમ નથી. મારા રાજયના ડાહ્યાં માણ-
સો નિષ્ફળ ગયા છે. તારામાં પવિત્ર દેવનો આત્મા વસે છે, તેથી તું
સમજાવી શકે એમ છે.” 19 પછી દાનિયેલ ઉર્ફે બેલ્ટશાસ્સાર ક્ષણભર
સ્તબ્ધ થઇ ગયો. તેના મનમાં જે વિચારો આવ્યા તેનાથી તે ભયભીત
બની ગયો. પણ રાજાએ તેને કહ્યું, “બેલ્ટશાસ્સાર, સ્વપ્નથી કે, તેના
અર્થથી તું ગભરાઇશ નહિ.”બેલ્ટશાસ્સારે કહ્યું, “મારા ધણી, એ સ્વપ્ન
અને એનો અર્થ આપના વેરીને લાગુ પડો. 20 પૃથ્વીના છેડાથી જોઇ
શકાય તેવું તે વૃક્ષ ઊંચું હતું અને તેની ટોચ આકાશ સુધી પહોંચતી
હતી. 21 જેને સુંદર તાજાં લીલાં પાંદડાં હતાં, વળી જે ફળોથી લચી
પડ્યું હતું. જેમાંથી બધાનો નિભાવ થતો હતો. જેની છાયામાં વગડાના
પશુઓ આશ્રય પામતા હતા અને જેની ડાળીઓમાં પંખીઓનો વાસ
હતો. 22 હે રાજા, એ તો આપ પોતે જ છો. આપ મહાન અને બળવાન
છો. તમારી મહાનતા વધીને છેક આકાશ સુધી પહોંચી છે. તમારું સા-
મ્રાજ્ય પૃથ્વીના છેડા સુધી પહોંચ્યું છે. 23 “અને આપ નામદારે જાગ્રત
ચોકીદાર સમા એક પવિત્ર દૂતને આકાશમાંથી ઊતરતો જોયો હતો જે
કહેતો હતો કે, ‘આ વૃક્ષને કાપી નાખો, એનો નાશ કરો, પણ એનાં ઠૂંઠા-
ને લોઢાના ને કાંસાના બંધથી બાંધીને એને જમીનમાં મૂળ સાથે ખેતર-
ના ઘાસ વચ્ચે રહેવા દો. એને આકાશમાંથી પડતી ઝાકળથી ભીંજાવા
દો. અને એને પશુઓ સાથે રહેવા દો આમને આમ સાત વર્ષ વીતી જવા
દો.’ 24 “હે નામદાર, પરાત્પર દેવે કહ્યું છે અને તે આપને માથે આવ્યું
છે. 25 એટલે આપને માણસોમાંથી હાંકી કાઢવામાં આવશે, અને વગ-
ડાના પશુઓ ભેગા આપે રહેવું પડશે, અને આપે બળદની જેમ ઘાસ
ખાવું પડશે અને આપે આકાશમાંથી વરસતી ઝાકળથી ભીંજાવું પડશે.
સાત વરસ સુધી આપ આ પ્રમાણે જીવશો. આખરે તમે જાણશો કે,
પરાત્પર દેવ મનુષ્યોના સર્વ રાજ્યો ઉપર અધિકાર ચલાવે છે અને રા-
જ્ય જેને સોંપવું હોય તેને સોંપે છે. 26 “વૃક્ષના ઠૂંઠાને અને મૂળને જમી-
નમાં રહેવા દેવાનું જણાવવામાં આવ્યું હતું. આ દર્શાવે છે કે, સ્વર્ગના
દેવ અધિકાર ચલાવે છે. તે તમે કબૂલ કરશો ત્યારે તમને તમારું રાજ્ય
પાછું મળશે. 27 માટે આપ મહેરબાની કરીને મારી સલાહ માનો: પુણ્ય-
કાર્યો કરી અને ગરીબો ઉપર દયા કરી, આપે કરેલા પાપોમાંથી મુકત
થાઓ અને એમ કરીને આપ સુખ શાંતિભર્યું દીર્ઘાયુષ્ય ભોગવો.”
28 આ બધું જ નબૂખાદનેસ્સારના જીવનમાં બન્યું. 29 આ સ્વપ્નને બાર
મહિના વીતી ગયા પછી એક દિવસ તે બાબિલના વૈભવી મહેલમાં
અગાસીમાં ફરતો હતો. 30 ત્યારે તેણે કહ્યું, “આ મહાનગર બાબિલ તો
જુઓ! મારું ગૌરવ તથા મહિમા વધારવા માટે મારી પોતાની શકિત વડે
એ પાટનગર બાંધ્યું છે!” 31 હજી તો આ શબ્દો તે બોલતો હતો, ત્યાં તો
તેણે આકાશવાણી સાંભળી, “હે નબૂખાદનેસ્સાર રાજા, તારા માટે આ
સંદેશો છે: તું હવેથી આ રાજ્યનો રાજા રહ્યો નથી. 32 અને તને માણ-
સોમાંથી હાંકી મૂકવામાં આવશે. અને તારે વગડાના પશુઓ ભેગા રહેવું
પડશે અને તારે બળદની જેમ ઘાસ ખાવું પડશે. આમને આમ સાત વર્ષ

વીતી જશે. આખરે તને સમજાશે કે, સૌથી ઉંચો દેવ તે છે જે લોકોના
રાજ્યો ઉપર શાસન કરે છે અને જેને પસંદ કરે, તેને જે આપવું હોય તે
તેને આપે છે.” 33 તે જ સમયે આ ભવિષ્યવાણી પૂરી થઇ. નબૂખાદને-
સ્સારને તેના મહેલમાંથી હાંકી કાઢવામાં આવ્યો અને બળદની જેમ તે
ઘાસ ખાવા લાગ્યો. તેનું શરીર ઝાકળથી પલળી ગયું. તેના વાળ ગરૂડ-
ના પીછા જેવા લાંબા વધી ગયા અને તેના નખ પક્ષીઓના પંજા જેવા
થઇ ગયા. 34 મુદત પૂરી થતાં સાત વર્ષને અંતે મેં નબૂખાદનેસ્સારે ઊંચે
આકાશ તરફ નજર કરી. એટલે મારી સમજશકિત મારામાં પાછી આવી;
અને મેં પરાત્પર દેવની સ્તુતિ કરી. અને તેમનું ભજન કર્યું. જે શાશ્વત
છે, તેનું અધિપત્ય અનંત છે, તેનું રાજ્ય યુગોના યુગો સુધી ચાલે છે.
35 પૃથ્વી પરના સર્વ માણસો તેની સામે કોઇ વિસાતમાં નથી. તેમને જે
ઠીક લાગે તેમ કરે છે, તેજ તે સ્વર્ગમાં તેમજ અહીં પૃથ્વી પરના નિવા-
સીઓમાં કરે છે. તેમના હાથને કોઇ રોકી શકતું નથી. તેમને કોઇ પ્રશ્ન
કરી શકતું નથી કે, તમે આ શું કર્યું? 36 જ્યારે મારી બુદ્ધિ ઠેકાણે આવી,
અને મારું ગૌરવ, મારો પ્રતાપ અને મારો વૈભવ મને પાછા મળ્યાં. મારા
સલાહકારો અને અધિકારીઓ મને શોધતા આવ્યા અને મને મારા રા-
જ્યના વડા તરીકે પુન:સ્થાપિત કરવામાં આવ્યો. અને મારા ગૌરવમાં
અગાઉ કરતાં ઘણી વૃદ્ધિ થઇ. 37 હવે હું, નબૂખાદનેસ્સાર, સ્વર્ગાધિપ-
તિની સ્તુતિ કરું છું, પ્રશંસા કરું છું, મહિમા ગાઉં છું અને ગુણગાન કરું
છું, કારણ, તેના બધાં કાર્યો સાચાં છે, તેનો વ્યવહાર ન્યાયી છે, અને
જેઓ ઘમંડી છે તેઓને તે નીચા પાડે છે.

5 રાજા બેલ્શાસ્સારે પોતાના એક હજાર ઉમરાવોને મોટી ઉજાણી
આપી અને એ હજાર ઉમરાવોની સમક્ષ તે છૂટથી દ્રાક્ષારસ પીવા
લાગ્યો. 2 દ્રાક્ષારસ પીતાં પીતાં બેલ્શાસ્સારને યાદ આવ્યું કે, ઘણા
સમય પહેલાં તેના પિતા નબૂખાદનેસ્સાર યરૂશાલેમના મંદિરમાંથી સો-
ના ચાંદીના પાત્રો લૂંટી લાવ્યા હતા. તેણે એ પાત્રોને ઉજાણીમાં લઇ
આવવાની આજ્ઞા કરી, જેથી તે અને તેના ઉમરાવો તથા તેની પત્નીઓ
અને ઉપપત્નિઓ તે પાત્રોથી દ્રાક્ષારસ પી શકે. 3 યરૂશાલેમના મંદિર-
માંથી લાવવામાં આવેલાં સોનાના પાત્રો હાજર કરવામાં આવ્યાં અને
રાજાએ તથા તેના ઉમરાવોએ તે પાત્રોમાં દ્રાક્ષારસ પીધો. 4 દ્રાક્ષારસ
પીને તેઓ સોનાચાંદી, કાંસાની અને લોઢાની તથા લાકડામાંથી બના-
વેલ મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા. 5 તે સમયે અચાનક કોઇ માણસ-
ના હાથની આંગળીઓ દીવીની સામે આવેલી રાજમહેલની ભીંત ઉપર
કાંઇ લખતી દેખાઇ, અને રાજા હાથને લખતો જોઇ રહ્યો. 6 તે ભયથી
તેનો ચહેરો ફિક્કો પડી ગયો અને તેનાં ગાત્રો શિથિલ થઇ ગયાં, અને
તેના ઢીંચણ એકબીજા સાથે અથડાવા લાગ્યાં. 7 રાજાએ મોટેથી બૂમ
પાડીને કહ્યું, “મંત્રવિદો, અને જાદુગરોને બોલાવી લાવો.” રાજાએ બા-
બિલના બુદ્ધિમાન પુરુષોને કહ્યું, “જે કોઇ આ લખાણ વાંચી શકશે
અને એનો અર્થ મને કહી શકશે, તેને હું જાંબુડિયા રંગનો ઝભ્ભો અને
ગળામાં સોનાનો હાર પહેરાવીશ અને તે રાજ્યમાં ત્રીજું સ્થાન પામશે.”
8 પછી રાજાના સર્વ બુદ્ધિમાનો ત્યાં હાજર થઇ ગયાં, પણ તેઓમાંનો
એક પણ બુદ્ધિમાન પુરુષ તે લખાણ વાંચી શક્યો નહિ. તથા સમજી
શક્યો નહિ તેથી રાજાને તેઓ કશું સમજાવી ન શક્યા. 9 તેથી રાજા બે-
લ્શાસ્સાર ખૂબ ભયભીત થઇ ગયો અને તેનો ચહેરો ફિક્કો પડી ગયો.
તેના અધિકારીઓ પણ બહુ ગભરાઇ ગયા. 10 જ્યારે રાજમાતાએ જે
થઇ રહ્યું હતું તે સાંભળ્યું ત્યારે તે તરત જ ઉજાણીના ખંડમાં દોડી
આવી; તેણે બેલ્શાસ્સારને કહ્યું, “હે રાજા તમે ઘણું જીવો! તમે ગભરાઇ
જશો નહિ. તમારે ફિક્કા પડી જવાની જરૂર નથી. 11 તમારા રાજ્યમાં
એક માણસ એવો છે, જેનામાં પવિત્ર દેવનો આત્મા વસે છે. તમારા પિ-
તાના સમયમાં એ માણસ દિવ્યજ્ઞાન, બુદ્ધિમતા, અને હોશિયારી માટે
જાણીતો હતો અને તમારા પિતા નબૂખાદનેસ્સારે એને જાદુગરો, મંત્ર-
વિદોનો અધ્યક્ષ બનાવ્યો હતો. 12 તે માણસનું નામ દાનિયેલ છે પરંતુ
રાજાએ તેનું નામ બેલ્ટશાસ્સાર પાડ્યું હતું. તેનું મન દૈવી જ્ઞાન અને
સમજશકિતથી ભરેલું છે. તે સ્વપ્નનું અર્થઘટન કરી શકે છે. સમસ્યા-
ઓને ઉકેલી શકે છે. અને કઠીન કોયડાઓને હલ કરી શકે છે. તે આ
લખાણનો અર્થ શો છે તે તમને સમજાવશે.” 13 તેથી તાત્કાલીક દાનિ-
યેલને રાજા પાસે લાવવામાં આવ્યો. રાજાએ તેને પૂછયું, “મારા પિતા
નબૂખાદનેસ્સાર રાજા ઇસ્રાએલમાંથી યહૂદી બંદીવાનોને લાવ્યા હતાં,
તેઓમાંનો દાનિયેલ તે તું છે? 14 મેં એમ સાંભળ્યું છે કે, તારામાં પવિત્ર
દૈવી આત્મા છે, અને તું દિવ્યજ્ઞાન, બુદ્ધિમતા, અને હોશિયારી ધરાવે
છે. 15 દીવાલ પરનું લખાણ વાંચી તેનો અર્થ મને સમજાવવા માટે મારી
પાસે બુદ્ધિમાન માણસોને અને મંત્રવિદોને લાવવામાં આવ્યાં હતાં
પરંતુ તેઓ તેનો અર્થ સમજાવી શક્યા ન હતા. 16 પરંતુ મેં તારા વિષે
સાંભળ્યું છે કે, તું દરેક પ્રકારના રહસ્યોને ઉકેલે છે, જો તું મને તે શબ્દ-
નો અર્થ કહેશે તો, હું તને જાંબલી રંગનો ઝભ્ભો પહેરાવીશ અને તારા
ગળામાં સોનાની સાંકળી પહેરાવીશ અને રાજ્યમાં તને ત્રીજો અધિકારી
બનાવીશ.” 17 ત્યારે દાનિયલે રાજાને જવાબ આપ્યો, “આપનું ઇનામ
ભલે આપની પાસે જ રહેતું અને આપનાં ઇનામો આપ ભલે બીજા કોઇ-
ને આપો. તેમ છતાં હું આપને આ લખાણ વાંચી સંભળાવીશ અને
એનો અર્થ આપને કહી બતાવીશ. 18 “હે રાજા, પરાત્પર દેવે તમારા પિ-
તા નબૂખાદનેસ્સાર રાજાને રાજ્યો, સત્તા, મહિમા, માન અને ગૌરવ
આપ્યા હતાં. 19 દેવે તેને એવો મોટો બનાવ્યો હતો કે, બધી પ્રજાઓ
અને બધી ભાષાઓ બોલનારા લોકો તેનાથી ભય પામી થરથર ધ્રુજતા
હતા. તે ઇચ્છે તેને મારી નાખતો, અને ઇચ્છે તેને જીવાડતો હતો, ઇચ્છે
તેને ઊંચે ચઢાવતો હતો, અને ઇચ્છે તેને પાડતો હતો. 20 “પણ જ્યારે
અભિમાનને લીધે તેમનાં હૃદય અને મન કઠણ થયાં, ત્યારે તેમને રા-
જ્યાસન પરથી દૂર કરવામાં આવ્યાં અને તેમનો મહિમા લઇ લેવામાં
આવ્યો. 21 “તેને માણસોમાંથી હાંકી કાઢવામાં આવ્યો, તેનું મન પશુ
સમાન થઇ ગયું. તે બળદની જેમ ઘાસ ખાતો હતો, તેને જંગલી ગધેડા
ભેગું રહેવું પડ્યું અને ખુલ્લા આકાશ નીચે સૂવાને લીધે ઝાકળથી પલ-
ળવું પડ્યું. આખરે તેને સમજાયું કે, પરાત્પર દેવ માનવોના રાજ્યમાં
સર્વોપરી છે, અને ઇચ્છે તેને રાજ્ય સોંપે છે. 22 “હે બેલ્શાસ્સાર તમે તે-
મના જ પુત્ર છો અને તમે આ બધું જાણ્યાં છતાં, આપે નમ્રતા ધારણ
કરી નથી. 23 ઊલટું તમે સ્વર્ગાધિપતિ યહોવાની સામે માથું ઊંચક્યું છે.
તેમના મંદિરનાઁ આ પાત્રો અહીં લાવીને તમે, તમારા અધિકારીઓને,
આપની પત્નીઓ અને ઉપપત્નીઓને તે પાત્રોમાં દ્રાક્ષારસ પીવડાવ્યો
છે. વળી તમે સોના, ચાંદી, લોખંડ, લાકડા અને પથ્થરની મૂર્તિઓની
પૂજા કરી છે, જે કંઇપણ જોઇ કે, સાંભળી શકતી નથી. જેણે તમારામાં
જીવનનો શ્વાસ મૂક્યો છે અને જેના હાથમાં તમારું ભવિષ્ય છે, તે દેવને
તમે માન આપ્યું નથી. 24 તેથી તેણે આ હાથને મોકલીને આ લખાણ
લખાવ્યું છે. 25 તે લખાણ આ છે: મેને, મેને, તકેલ, ઉફાર્સીન. 26 એનો
અર્થ છે: “મેને; એનો અર્થ એ છે કે, દેવે આપના રાજ્યના દિવસો ગણ્યા
છે અને તેનો અંત આણ્યો છે. 27 તકેલ અર્થાત્ વજન કરેલું, જોખેલું,
તમને દેવના ત્રાજવામાં તોળવામાં આવ્યા છે, અને તમે ઓછા માલૂમ
પડ્યા છો. 28 પેરસ અર્થાત્ ભાગલા પાડેલું; તમારા સામ્રાજ્યના ભાગ-
લા પાડવામાં આવ્યા છે અને મિદિયા અને પશિર્યાના લોકોને વહેંચી
આપવામાં આવ્યા છે.” 29 ત્યારપછી બેલ્શાસ્સારની આજ્ઞા અનુસાર
દાનિયેલને જાંબલી ઝભ્ભો પહેરાવવામાં આવ્યો, તેના ગળામાં સોના-
ની સાંકળી પહેરાવવામાં આવી અને તેને રાજ્યમાં ત્રીજો અધિકારી જા-
હેર કરવામાં આવ્યો. 30 તે જ રાત્રે બાબિલના રાજા બેલ્શાસ્સારનો વધ
થયો. 31 માદીના દાર્યાવેશે રાજ્યની રાજસત્તા સંભાળી. તેની ઉંમર
આશરે બાસઠ વર્ષની હતી.

6 દાર્યાવેશને આખા રાજ્યમાં 120 સૂબાઓ નીમવાની ઇચ્છા
થઇ. 2 એ બધા ઉપર તેણે ત્રણ અધિક્ષકો નીમ્યા, જેમાંનો એક
દાનિયેલ હતો; જેથી પેલા અધિક્ષકો તેમને જવાબદાર રહે, ને રાજાને
કઇં નુકશાન થાય નહિ. 3 પોતાનામાં રહેલી ઉત્તમ શકિતને કારણે દા-
નિયેલ બીજા અધિક્ષકો અને સૂબાઓ કરતાં વધારે નામાંકિત થયો અને
રાજાએ તેને આખા રાજ્યોનો ઉપરી બનાવવાનો વિચાર કર્યો. 4 આને
કારણે એ અધિક્ષકો અને સૂબાઓ દાનિયેલના રાજ્યવહીવટમાં ખોટ
શોધવા લાગ્યા, પરંતુ તેમને કોઇ ખોટ કે, દોષ જડ્યા નહિ, કારણ દા-
નિયેલ પોતાની ફરજ વફાદારીપૂર્વક બજાવતો હતો. 5 “જ્યારે તેઓને
ભૂલ કે, ખોડખાંપણ જડી નહિ, ત્યારે તેઓને પ્રતિતી થઇ કે, તેઓ તેની
કામગીરી બાબત કોઇ દોષ શોધી નહિ શકે, અને તેથી તેમણે તેના નિ-
યમ બાબતે કોઇ દોષ શોધીને, તેની સામે તેનો ઉપયોગ કરવાનું નક્કી
કર્યું.” 6 ત્યારબાદ એ અધિક્ષકો અને સૂબાઓએ ભેગા મળીને રાજા પા-
સે જઇને કહ્યું, “મહારાજ દાર્યાવેશ, અમર રહો! 7 અમે આપના રાજ્યના

બધા અધિક્ષકો, સૂબાઓ, સરસૂબાઓ, નાયબસૂબાઓ અને દરબા-
રીઓ ચર્ચા-વિચારણા પછી એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે, આપે
એવી આજ્ઞા કરતો વટહુકમ બહાર પાડવો જોઈએ કે, જે કોઇ આવતા
ત્રીસ દિવસ દરમ્યાન આપના સિવાય બીજા કોઇ પણ દેવ કે, માણસ-
ની આગળ અરજ કરશે, તેને સિંહોની ગુફામાં નાખવામાં આવશે. 8 ના-
મદાર, આપ એવો હુકમ બહાર પાડી તેના ઉપર સહીસિક્કા કરો, જેથી
તેમાં ફેરફાર ન થઈ શકે. કારણ મિદિયા અને પર્શિર્યાના લોકોના કાયદ-
દાઓમાં ફેરફાર થઇ શકતો નથી કે, તેને રદ કરી શકાતો નથી.”
9 આથી રાજા દાર્યાવેશે હુકમ ઉપર સહી કરી. 10 હુકમ ઉપર સહી થઇ
છે એવી જાણ થતાં દાનિયેલ ઘેર આવ્યો. એના ઉપલા માળના ઓર-
ડાની બારીઓ યરૂશાલેમની દિશામાં પડતી હતી. તેણે હંમેશની માફક
રોજ ત્રણ વાર ઘૂંટણિયે પડીને દેવની સ્તુતિ કરી અને પ્રાર્થના કરવાનું
ચાલું રાખ્યું. 11 ત્યારે પેલા માણસો એક સાથે દાનિયેલના ઘર તરફ
ધસી ગયા અને ત્યાં તેને પોતાના દેવને પ્રાર્થના કરતાં અને તેમની
સહાય માટે યાચના કરતો જોયો. 12 તેથી તેમણે રાજા પાસે જઇને તેને
પેલા હુકમની યાદ આપીને કહ્યું, “હે મહારાજ, આપે એવા હુકમ ઉપર
સહી નહોતી કરી કે, જે કોઇ 30 દિવસ દરમ્યાન આપના સિવાય બીજા
કોઇપણ દેવ કે, માણસને અરજ કરશે તેને સિંહોની ગુફામાં નાખવામાં
આવશે?”રાજાએ જવાબ આપ્યો, “હા, એ તો માદીઓ અને ઈરાનીઓ-
નો કાયદો છે, જે કદી બદલાતો નથી અથવા રતબાતલ થતો નથી.”
13 ત્યારે તેમણે રાજાને કહ્યું, “યહૂદાના કેદીઓમાંનો એક દાનિયેલ
આપની અને આપે સહી કરેલા હુકમની અવજ્ઞા કરે છે. તે રોજ ત્રણ
વખત પોતાના દેવને પ્રાર્થના કરે છે.” 14 આ સાંભળ્યું ત્યારે રાજાને
આવા કાયદા ઉપર સહી કરવા બદલ ખૂબ દુ:ખ થયું. તેણે દાનિયેલને
બચાવવાનો કોઇ રસ્તો શોધવાનો પ્રયત્ન કર્યો અને સૂર્યાસ્ત સુધી એ
પ્રયત્ન ચાલુ રાખ્યો. 15 સાંજે ફરીથી લોકો રાજા પાસે આવ્યા અને પૂ-
છ્યું, “નામદાર, આપે જાણવું જોઇએ કે, મિદિયા અને પર્શિયાના કાયદા
મુજબ રાજાએ કરેલો કોઇ હુકમ કે, કોઇ આજ્ઞા બદલી ન શકાય.”
16 છેવટે રાજાએ દાનિયેલની ધરપકડ માટે આદેશ આપ્યો અને તેને
સિંહોની ગુફામાં નાખવા લઇ જવામાં આવ્યો. તેણે દાનિયેલને કહ્યું, “જે
દેવની તું સતત સેવા ઉપાસના કરે છે તે તને બચાવો.” 17 પછી એક
મોટો પથ્થર લાવીને ગુફાના મોઢા ઉપર મૂકવામાં આવ્યો અને રાજાએ
તેના ઉપર પોતાની તથા પોતાના દરબારીઓની મુદ્રા વડે સીક્કો મા-
ર્યો, જેથી કોઇ દાનિયેલને બચાવી ન શકે. 18 પછી રાજા પોતાના મહે-
લમાં પાછો ગયો. આખી રાત તેણે કશું ખાધું નહિ; તેમ વાજિંત્રો પણ
તેની આગળ આણવામાં આવ્યાં નહિ; અને તેને ઊંઘ ન આવી. 19 બી-
જા દિવસે વહેલી પરોઢે રાજા ઉતાવળો સિંહોની ગુફા આગળ ગયો.
20 ગુફા આગળ તે પહોંચ્યો ત્યારે વેદનાભર્યા અવાજે તેણે દાનિયેલને
હાંક મારીને કહ્યું, “હે દાનિયેલ, હે જીવંત દેવના સેવક! જેની તું સતત
સેવા કરે છે, તે તારો દેવ તને સિંહોથી બચાવી શક્યો?” 21 એટલે દા-
નિયેલે રાજાને જવાબ આપ્યો, “હે રાજા, તમે અમર રહો. 22 મારા દેવે
પોતાના દૂતને મોકલ્યો અને તેણે સિંહોના મોં બંધ કરી દીધા એટલે
તેઓ મને કશી ઇજા નથી કરી શક્યા. કારણ, દેવની નજરમાં હું નિર્દોષ
ઠર્યો છું. અને હે મહારાજ, આપનો પણ મેં કોઇ ગુનો કર્યો નથી.” 23 રા-
જાને ઘણો આનંદ થયો; તેણે હુકમ કર્યો કે, દાનિયેલને ગુફામાંથી
બહાર કાઢવામાં આવે. તેના શરીર ઉપર એક ઊઝરડો પણ જોવા મળ્યો
નહિ. કારણકે તેને પોતાના દેવમાં વિશ્વાસ હતો. 24 પછી રાજાના હુકમ-
થી દાનિયેલ ઉપર આક્ષેપ કરનારાઓને; તેમના બાળકોને અને સ્ત્રી-
ઓને પકડી લાવીને સિંહોની ગુફામાં નાખવામાં આવ્યા, અને તેઓ ગુ-
ફાને તળીયે પહોંચે તે પહેલાં જ સિંહો તેમના ઉપર તૂટી પડ્યા અને તે-
મના હાડકાં સુદ્ધાં ચૂરેચૂરા કરી નાખ્યા. 25 ત્યારપછી રાજા દાર્યાવેશે
આખી પૃથ્વીના, જુદીજુદી પ્રજાના તથા જુદી જુદી ભાષા બોલનારા લો-
કોને પત્ર લખ્યો કે, 26 “સાદર પ્રણામ સાથે લખવાનું કે, આથી હું એવો
હુકમ કરું છું કે, મારા આખા સામ્રાજ્યમાં સર્વ લોકોએ દાનિયેલના દેવ-
નો ભય રાખવો અને તેને માન આપવું. કારણકે તે જીવંત દેવ અને
અધિકારી છે. તેમનું રાજ્ય અવિનાશી છે અને તેમની સત્તાનો અંત
આવતો નથી. 27 તે બચાવે છે અને છોડાવે છે. આકાશમાં અને પૃથ્વી
પર ચમત્કારિક નિશાનીઓ અને ચમત્કારો કરે છે. તે એક જ છે જેણે
દાનિયેલને સિંહોના પંજામાંથી ઉગાર્યો છે.” 28 આમ, દાર્યાવેશના રા-
જ્યકાળ દરમ્યાન અને ઈરાની કોરેશના રાજ્યકાળ દરમ્યાન દાનિયેલે
આબાદાની ભોગવી.

7 બાબિલના રાજા બેલ્શાસ્સારના રાજ્યશાસનના પ્રથમ વર્ષ દર-
મ્યાન દાનિયેલ સૂતો હતો ત્યારે, એક રાત્રે તેને સ્વપ્ન આવ્યું
અને તેણે મનચક્ષુથી અનેક સંદર્શનો જોયાં. પછી તેણે તે સ્વપ્ન લખી
નાખ્યું. તેણે જે જોયું તે આ પ્રમાણે છે: 2 રાત્રે મને થયેલાં સંદર્શનમાં મેં
જોયું તો, સ્વર્ગના ચાર પવનો મોટા સમુદ્રને (ભૂમધ્ય સમુદ્રને) હલાવી
રહ્યાં હતાં. 3 ત્યારબાદ એકબીજાથી જુદાં ચાર મોટાં મોટાં પ્રાણીઓ
સમુદ્રમાંથી બહાર નીકળ્યાં. 4 “પહેલું પ્રાણી સિંહ જેવું હતું, પણ તેને
ગરૂડ જેવી પાંખો હતી, અને હું જોતો હતો કે, તેની પાંખો ખેંચી લેવામાં
આવી જેથી તે ઊડી શકે નહિ. તેને બે પગ ઉપર માણસની જેમ જમીન
પર ઊભું રાખવામાં આવ્યું. અને તેને મનુષ્યનું હ્રદય આપવામાં આવ્યું
હતું. 5 “બીજું પ્રાણી રીંછ જેવું દેખાતું હતું. તે પંજો ઉપાડીને ત્રાટકવાની
તૈયારી સાથે ઊભુ હતું. તેના દાંતોની વચ્ચે પણ ત્રણ પાંસળીઓ હતી.
તેને કહેવામાં આવ્યું, ‘ઊભો થા! ઘણાં માંસનો ભક્ષ કર!’ 6 “આ વિચિ-
ત્ર પ્રાણીઓમાંનું ત્રીજું ચિત્તા જેવું પ્રાણી નજરે પડ્યું. તેની પીઠ પર
પંખીના જેવી ચાર પાંખો હતી, તેને ચાર માથાઁ હતાં અને તેને શાસનની
સત્તા સોંપવામાં આવી. 7 “પછી રાત્રે મેં મારા સંદર્શનમાં એક ચોથું પ્રા-
ણી જોયું. તેનું વર્ણન થઇ ન શકે તેવું ભયાનક અને મજબૂત તે હતું. તે
તેના શિકારને લોખંડના મોટા દાંત વડે ચીરીને ખાતું હતું. અને બીજા-
ઓને પોતાના પગ નીચે કચડી નાખતું હતું. બીજા બધા પ્રાણીઓ કર-
તાં તે ઘણું જ વધારે ક્રુર અને ઘાતકી હતું અને તેને દશ શિંગડાં હતાં.
8 “હું તેના શિંગડાં જોતો હતો તેવામાં, મેં એક નાના શિંગડાને એ શિંગ-
ડા વચ્ચે ફૂટી નીકળતું જોયું અને તેને માટે જગ્યા કરવાને પહેલાના ત્ર-
ણને મૂળમાંથી ઉખાડી નાખવામાં આવ્યાં એ શિંગડામાં માણસની
આંખો જેવી આંખો હતી અને મોટી મોટી બડાઇ હાંકતું મુખ હતું. 9 “હું
જોઇ રહ્યો હતો ત્યારે, ત્યાં સિંહાસનો ગોઠવાઇ ગયાં અને એક ખૂબ વૃદ્ધ
માણસ તેના પર બેઠો હતો, તેના વસ્ત્રો હિમ જેવા સફેદ અને વાળ શુદ્ધ
શ્વેત ઊન જેવા હતાં. તેનું સિંહાસન અગ્નિની જવાળાઓ જેવું હતું. અને
તેના પૈડાં સળગતાં અગ્નિના હતાં. 10 “તેની આગળથી ધગધગતા
અગ્નિનો ધોધ નીકળીને વહેતો હતો. હજારો તેની સેવા કરતા હતા અને
કરોડો તેની સેવામાં ઉભા હતા. ન્યાયસભા ભરાઇ અને પુસ્તકો ખોલ-
વામાં આવ્યાઁ. 11 “પેલું શિંગડું બડાઇની વાતો કરતું હતું. હું જોઇ રહ્યો
હતો, એટલામાં એ પ્રાણીને મારી નાખવામા આવ્યું. તેના શરીરનો નાશ
કરી સળગતા અગ્નિમાઁ નાખી દેવામાં આવ્યું. 12 બીજા પ્રાણીઓ પાસે-
થી શાસનની સત્તા લઇ લેવામાં આવી, પણ એમને અમુક સમય સુધી
જીવતા રહેવા દેવામાં આવ્યાં. 13 “હજી રાતના હું સંદર્શનમાં જોતો હતો.
મનુષ્યપુત્ર જેવા એક પુરુષને આકાશના વાદળો સાથે ત્યાં આવતા મેં
જોયા. તે વયોવૃદ્ધ પુરુષની નજીક ગયા અને તેમની સમક્ષ હાજર
થયાં. 14 “તેને શાસનની સત્તા, ગૌરવ અને રાજ્યાધિકાર સોંપવામાં
આવ્યાં, જેથી બધી ભાષાના અને દેશોના લોકો તેનું આધિપત્ય સ્વી-
કારે. તેની શાસનની સત્તા શાશ્વત છે, તે કદી લોપ ન પામે; તેમ તેનો
રાજ્યાધિકાર એવો છે જે કદી નાશ ન પામે. 15 “હું દાનિયેલ, મેં જે જોયું
તેનાથી મૂંઝવણમાં પડી ગયો અને ખૂબ વ્યાકુળ બની ગયો, તેનાથી હું
ભયભીત થઇ ગયો. 16 એટલે મેં ત્યાં જેઓ ઊભા રહ્યાં હતા, તેઓ-
માંના એકની પાસે જઇને તેને પૂછયું કે, ‘આ બધાનો અર્થ શું?’ 17 તેણે
મને એ બધી બાબતોનો અર્થ સમજાવતા કહ્યું: ‘આ ચાર વિશાળકાય
પ્રાણીઓ ચાર રાજાઓ છે. તેઓ પૃથ્વી પર રાજ કરશે. 18 પણ તેઓ
અંતે પરાત્પર દેવના સંતો સમગ્ર પૃથ્વી પર રાજ્ય મેળવશે અને સદા
સર્વકાળ સુધી રાજ કરશે.’ 19 “ત્યારપછી મેં ચોથા પ્રાણીનું રહસ્ય જા-
ણવાની ઇચ્છા પ્રગટ કરી, જે બીજા બધા કરતાં જુદું હતું, જેને લોઢાના
દાંત અને કાંસાના નહોર હતા, તેના હાથમાં જે આવે તેને તે ચીરી નાખ-
તું અને ખાઇ જતું અને બાકી રહે તેને પગ તળે કચડી નાખતું હતું.
20 વળી મેં તેના માથા ઉપરના દશ શિંગડાં વિષે તેમજ જે બીજું શિંગડું
ઊગી નીકળ્યું હતું, જેના આવવાથી ત્રણ શિંગડા પડી ગયા, જે શિંગડા-
ને આંખો અને બડાશ મારતું મોઢું હતું અને જે બીજા શિંગડા કરતાં મોટું
દેખાતું હતું, તેને વિષે પણ જાણવાની ઇચ્છા દર્શાવી. 21 હજી હું જોતો

હતો, ત્યાં તો એ શિંગડું દેવના લોકોની વિરૂદ્ધ યુદ્ધ કરવા લાગ્યું. અને
તેઓના ઉપર તેનો વિજય થતો જતો હતો. 22 અંતે પેલા ખૂબ વૃદ્ધ વ્ય-
કિત આવ્યા અને પરાત્પર દેવના લોકોની તરફેણમાં ચુકાદો આપ્યો,
અને સમય આવ્યો અને સંતોને રાજ્ય પ્રાપ્ત થયું. 23 “મને આ પ્રમાણે
કહેવામાં આવ્યું, એ ચોથું પ્રાણી પૃથ્વી ઉપર ઉત્પન થનારું ચોથું રા-
જ્ય છે. એ બીજાં બધાં રાજ્યો કરતાં જુદું હશે. અને આખી પૃથ્વીને કો-
ળીયો કરી જશે, તેને પગ તળે કચડશે અને છૂંદી નાખશે. 24 તેનાં દશ
શિંગડાં દશ રાજાઓ છે, જે તેના રાજ્યમાંથી ઉત્પન્ન થશે. પછી પેલા
દશ કરતાં વધારે ઘાતકી એવો એક રાજા ઊભો થશે અને તેઓમાંના ત્ર-
ણને પોતાને તાબે કરશે. 25 પછી તે પરાત્પર દેવની વિરૂદ્ધ બોલશે,
અને પરાત્પરના પવિત્રોને હેરાન કરશે, અને ધાર્મિક ઉત્સવો દિવસોને
અને નિયમોમાં ફેરફાર કરવાનો પ્રયત્ન કરશે. સંતોને એક વર્ષ માટે, બે
વર્ષ માટે અને અડધા વર્ષ માટે તેના હાથમાં સોંપી દેવામાં આવશે.
26 “પરંતુ પછી ખૂબ વૃદ્ધ માણસ આવશે અને ન્યાય સભા મળશે અને
આ અધમ રાજાની સર્વ સત્તાઓ તેની પાસેથી છીનવી લેવામાં આવશે.
અને અંતે તેનો સંપૂર્ણ નાશ થશે. 27 આકાશ નીચેના બધાં રાજ્યોનો
રાજ્યાધિકાર, શાસનની સત્તા, અને વૈભવ, પરાત્પરના પવિત્રોની પ્ર-
જાને સોંપવામાં આવશે અને તેમનો રાજ્યાધિકાર કાયમી રાજ્યાધિકાર
હશે અને બધાં જ રાજ્યો તેમનું આધિપત્ય સ્વીકારશે અને તેમની
આજ્ઞામાં રહેશે.” 28 “અહીં એ સંદર્શનના વર્ણનનો અંત આવે છે. હું,
દાનિયેલ, આ બધા વિચારોથી ખૂબ ફિક્કો અને ભયભીત થઇ ગયો.
પણ મેં જે જોયું હતું, તે મેં કોઇને પણ કહ્યું નહિ, હૃદયમાં જ સંઘરી રા-
ખ્યું.”

8 રાજા બેલ્શાસ્સારના રાજ્યકાળના ત્રીજા વષેર્ મને દાનિયેલને
અગાઉ જે સંદર્શન થયું હતું, તેના જેવું બીજું સંદર્શન થયું. 2 સંદ-
ર્શનમાં મે જોયું તો, હું એલામ પ્રાંતમાં આવેલા શુશાન ગઢમાં હતો. હું
ઉલાય નદીને કાંઠે ઊભો હતો. 3 મેં જોયું તો ઉલાય નદીને કિનારે એક
મેંઢો ઊભેલો હતો. તેને બે શિંગડાં હતાં. એક શિંગડું મોટું હતું. અને મોટું
શિંગડુ થોડીવાર પછી બીજા કરતા ઊંચુ થયું. 4 મેં એ મેંઢાને પશ્ચિમમાં,
ઉત્તરમાં અને દક્ષિણમાં શિંગડા મારતો જોયો. તેની આગળ કોઇ પ્રાણી
ટકી શકે એમ નહોતું, અને એના પંજામાંથી કોઇ છોડાવી શકે એમ
નહોતું. તે મરજીમાં આવે તેમ કરતો હતો અને અભિમાની બની ગયો
હતો. 5 આનો અર્થ શો હશે તે હું વિચારતો હતો, એવામાં અચાનક
પશ્ચિમમાંથી એક બકરો અતિશય વેગથી પૃથ્વી પર આક્રમણ કરતો
ધસી આવ્યો. તેના પગ જમીનને અડકતા પણ નહોતા એ બકરાની
આંખો વચ્ચે એક ભારે મોટું શિંગડું હતું. 6 પહેલા જે શિંગડાવાળા મેંઢા-
ને મેં નદીકાંઠે ઊભેલો જોયો હતો, તેની પાસે આવીને, તે તેના ઉપર પૂ-
રા જોસથી ધસી ગયો. 7 મેં તેને મેંઢાની પાસે આવતો જોયો. તે મેંઢા પર
ક્રોધે ભરાયો હતો. તેણે પૂરા બળથી મેંઢા ઉપર હુમલો કર્યો અને તેના
બંને શિંગડાં ભાંગી નાખ્યાં. મેંઢો બિલકુલ લાચાર બની ગયો. બકરાએ
તેને નીચે પછાડી દીધો અને તેને પગ તળે કચડી નાખ્યો, કેમકે તેને
બકરાથી બચાવનાર કોઇ જ ન હતું. 8 પછી એ બકરો ખૂબ જ અભિમા-
ની બની ગયો, પણ તેનું બળ વધ્યું ત્યાં તેનું મોટું શિંગડું ભાંગી ગયું
અને તેને ઠેકાણે ચાર દિશમાં ચાર મોટા શિંગડા ફૂટી નીકળ્યાં. 9 અને
તે બધાંમાંથી એક નાનું શિગડું આવ્યું અને દક્ષિણ તરફ, પૂર્વ તરફ અને
રળિયામણા દેશ તરફ તે ખૂબ વધી ગયું. 10 વધતું વધતું તે નક્ષત્રમંડળ
સુધી પહોંચી ગયું. કેટલાક નક્ષત્રોને અને તારાઓને તેણે પૃથ્વી પર
પટક્યાં અને પગ તળે કચડ્યાં. 11 તેણે પોતાને આકાશના સૈન્યના
સરદાર જેટલો મહાન કર્યો અને તેની પાસેથી દરરોજનું અર્પણ લઇ લી-
ધું અને તેના મંદિરને અપવિત્ર કર્યું. 12 બળવાને કારણે દૈનિક અર્પણો-
ની સાથે સૈન્ય પણ આપી દેવામાં આવ્યું; પરિણામે સત્યને જમીન પર
ફેકી દેવામાં આવ્યું અને પોતાની મરજી મુજબ વર્ત્યું, ને નઠારૂ-ભૂંડાઇ
વિજયી બની અને આબાદ થઇ. 13 પછી મેં એક પવિત્ર દેવદૂતને બોલ-
તો સાંભળ્યો, બીજા પવિત્રે જે પહેલો બોલતો હતો તેને કહ્યું, “જ્યારે રો-
જીંદા અર્પણો શરૂ થશે, બળવો મંદિરની શરણાગતિ અને સૈન્યને કચ-
ડી નાખવાનું એ દ્રશ્યમાન થવાને કેટલો સમય લાગશે?” 14 પહેલાએ
જવાબ આપ્યો, “2,300 સવારસાંજ સુધી, ત્યાર પછી મંદિરને પોતાના
હક્કનું સ્થાન પાછું મળશે.” 15 હું દાનિયેલ આ સંદર્શન જોતો હતો અને
તેનો અર્થ સમજવા પ્રયત્ન કરતો હતો ત્યારે એકાએક જોઉં છું તો એક
પુરુષ જેવી આકૃતિ મારી સામે ઊભી હતી. 16 મેં ઉલાય નદીને પેલે
પારથી આ મનુષ્યનો અવાજ સાંભળ્યો, તેણે કહ્યું, “ગાબ્રિયેલ, દાનિયે-
લને આ સંદર્શનનો અર્થ સમજાવ.” 17 પછી ગાબ્રિયેલ મારી તરફ
આવવા લાગ્યો, તે પાસે આવ્યો; ત્યારે હું એટલો ડરી ગયો કે, હું ઊભો
રહી શક્યો નહિ અને ઊંધે મોઢે જમીન પર પડી ગયો. પરંતુ તેણે મને
કહ્યું, “હે મનુષ્યપુત્ર, સમજી લે કે, આ સંદર્શન અંત કાળનું છે.” 18 એ
જ્યારે બોલતો હતો ત્યારે હું જમીન પર મૂછિર્ત થઇને પડ્યો હતો, પણ
તેણે મને પકડીને હું જ્યાં પડ્યો હતો ત્યાં ઊભો કર્યો. 19 અને કહ્યું,
“જો, હું તને જણાવું છું કે, દેવના ક્રોધને અંતે શું થવાનું છે; કારણ આ
સંદર્શન અંતકાળ વિષે છે. 20 “તેં જોયેલાં બે શિંગડાવાળો મેંઢો, માદી
અને ઇરાનના રાજાઓ છે. 21 અને પેલો બકરો જે લાંબા જાડા બરછટ
વાળ વાળો છે, તે ગ્રીસનું રાષ્ટ છે, અને તેની આંખો વચ્ચેનું મોટું શિંગડું
ગ્રીસનો પહેલો રાજા છે. 22 તેં જોયું કે, એ શિંગડું ભાંગી ગયું અને તેની
જગ્યાએ ચાર શિંગડાં ફૂટી નીકળ્યાં તેનો અર્થ એ છે કે, તેના વંશમાંથી
ચાર રાજ્યો ઉદય પામશે, પણ તેમનામાં એના જેવું બળ નહિ હોય.
23 તેઓના રાજ્યના અંતકાળે તેઓ નૈતિક રીતે અધ:પતન પામ્યા હશે
ત્યારે મુત્સદ્દગીરીમાં કુશળ અને બાહોશ રાજા ઊભો થશે. 24 તે મહા
બળવાન હશે અને ભારે વિનાશ નોતરશે. તે જે પણ કરશે, તેમાં તે
સફળ થશે. તેની સામે થનારા શકિતશાળી સૈન્યોનો પણ તે નાશ કરશે
અને દેવના લોકોને હિંસા દ્વારા નાશ કરશે. 25 “તે પોતાની કુશળતાને
લીધે છેતરામણા કાર્યો દ્વારા વિજયી નીવડશે. તે પોતાના મનમાં બહું
મહાન બની જશે અને ઘણા લોકોનો ચેતવણી વગર નાશ કરશે. તે પો-
તાને એટલો મહાન સમજશે કે, તે સરદારોના સરદારને પણ યુદ્ધમાં
ઘસડી જશે. પણ આમ કરવામાં તે પોતાનો જ સર્વનાશ નોતરશે. પરંતુ
કોઇનાય હાથ વગર તેનો નાશ થશે. 26 “સવાર અને સાંજના અર્પણોનું
સંદર્શન જે વર્ણવ્યું છે તે સાચું છે; પરંતુ તું એ સંદર્શનને ગુપ્ત રાખજે, કા-
રણકે તે સાચું પડે તે પહેલાં ઘણાં દિવસો પસાર થઇ જશે. અને તેની
પહેલા જે થશે તે સાચું હશે.” 27 પછી હું દાનિયેલ, આ સાંભળીને મૂછિ-
ર્ત થઇ ગયો અને ઘણા દિવસો બીમાર રહ્યો. ત્યારબાદ હું સાજો થયો
અને રાજા પ્રત્યેની મારી ફરજો બજાવવા લાગ્યો; પરંતુ એ સંદર્શનથી હું
અચંબો પામ્યો, અને હું તે સંદર્શન સમજી શકતો ન હતો.

9 અહાશ્વેરોશનો પુત્ર માદીનો દાર્યાવેશ જે બાબિલ રાજ્યનો રાજા
હતો, તેના પહેલા વર્ષમાં આ બનાવ બન્યો. 2 તેની કારકિર્દીના
પ્રથમ વર્ષમાં; હું દાનિયેલ, યહોવાની વાણી યમિર્યા પ્રબોધકની પાસે
આવી હતી, તે પ્રમાણે યરૂશાલેમ 70 વર્ષ સુધી ખંઢેર રહેશે. તે ઉપરથી
તે 70 વર્ષનો વિચાર પવિત્રશાસ્ત્ર પરથી સમજ્યો. 3 પછી હું ગંભીરતા-
થી દેવ તરફ પ્રાર્થના સાથે જાણવા માટે વળ્યો, અને ઉપવાસ કરીને,
ટાટ પહેરીને અને રાખના ઢગલા પર બેસીને, મેં સાચા હૃદયથી દેવ મા-
રા માલિકની પ્રાર્થના કરી. 4 મેં દેવ યહોવાને પ્રાર્થના કરીને આપણા
પાપોની કબૂલાત કરતા કહ્યું, “હે યહોવા, હે મહાન અને ભયાવહ દેવ,
તું તારા કરારને વળગી રહે છે, અને તારા ઉપર જેઓ પ્રેમ રાખે છે અને
તારી આજ્ઞાઓનું જેઓ પાલન કરે છે તેમના ઉપર તું સદા કરૂણા રાખે
છે. 5 “પરંતુ યહોવા અમે પાપ કર્યા છે, દુષ્ટ કૃત્યો કર્યા છે, તમારી સામે
બળવો કર્યો છે, તમારી આજ્ઞાઓ અને તમારા હુકમોની ઉપેક્ષા કરી છે.
6 અમારા રાજાઓને, આગેવાનોને તથા અમારા વડવાઓને અને દેશના
બધા લોકોને તારા નામે ઉપદેશ આપનાર તારા સેવકો પ્રબોધકોની
વાત અમે કાને ધરી નથી. 7 “હે યહોવા, તમે તો વિશ્વાસી છો, પણ
આજે શરમાવાનું તો અમારે છે-યહૂદાના માણસોને, યરૂશાલેમના બાકી-
ના લોકોને અને દૂરના તથા નજીકના સર્વ ઇસ્રાએલીઓને અમે તમારા
પ્રત્યે વિશ્વાસઘાતી નીવડ્યા તેથી અનેક દેશોમાં તમે અમને વિખેરી
નાખ્યાં. 8 “હે યહોવા, આ સર્વ દેશોમાં અમારે શરમાવાનું છે, અમારા
રાજાઓને, આગેવાનોને અને અમારા વડવાઓને. કારણ, અમે બધાએ
તમારી વિરૂદ્ધ પાપ કર્યા છે, અમે તમારા અપરાધી બન્યા છીએ.
9 “અમારા યહોવા દેવ, તમે તો દયાળુ છો અને ક્ષમા કરો છો, પણ અમે
તમારી સામે બળવો પોકાર્યો છે. 10 હે યહોવા, અમારા દેવ, અમે તમારી
વાણી માની નથી. તમારા સેવક પ્રબોધકો દ્વારા તમે અમને આપેલા
સર્વ નિયમોનો અમે ભંગ કર્યો છે. 11 હા, સર્વ ઇસ્રાએલે તમારી વાણી

પ્રત્યે ધ્યાન આપ્યું નથી. તેથી દેવના સેવક મૂસાના નિયમશાસ્ત્રમાં
લખ્યા પ્રમાણે ભયાનક શાપ અમારા પર રેડી દેવામાં આવ્યો છે, કેમકે
અમે તેની વિરૂદ્ધ પાપ કર્યું છે. 12 "તમે અમને અને અમારા રાજ્યકર્તા-
ઓને ચેતવણી આપ્યા પ્રમાણે જ કર્યું છે, અને યરૂશાલેમ પર અતિ
ભારે આપત્તિ આવવા દીધી છે, પૃથ્વી પર બીજા કોઇ નગરમાં કદી
એવી આપત્તિ આવી નથી. 13 મૂસાના નિયમશાસ્ત્રમાં લખેલી બધી
આફતો અમારા ઉપર ઊતરી છે, તેમ છતાં તમને, અમારા દેવ યહોવાને
રીઝવવા અમે પ્રયત્ન કર્યો નથી; અમે પાપકૃત્યો છોડ્યાં નથી કે, અમે
તમારા સત્યને માગેર્ ચાલ્યાં નથી. 14 હે અમારા દેવ યહોવા, તમે
અમારા પર આફત ઉતારવાને રાહ જોઇને બેઠા હતા અને તમે તે ઉતારી
પણ ખરી. તમે જે કઇં કર્યું છે તે બધું ન્યાયપૂર્વક કર્યું છે. કારણ, અમે
તમારી આજ્ઞાનો અનાદર કર્યો છે. 15 "હે યહોવા, અમારા દેવ, તમે
તમારા લોકોને મિસરમાંથી બહાર લાવીને તમારું સાર્મથ્ય પ્રગટ કર્યું
છે. તમારા નામનો મહિમા કર્યો છે. યહોવા ફરીથી એવું થવા દો! જો કે,
અમે પુષ્કળ પાપ કર્યા છે અને અમે અધમતાથી ભરેલા છીએ. 16 હે
યહોવા, તમે અનેક વખત અમને ઉગાર્યા છે; તમારા ન્યાયને માટે તે રી-
તે હવે તમે યરૂશાલેમ ઉપરથી તમારો રોષ ઉતારી નાખો. એ તો તમારી
નગરી છે, તમારો પવિત્ર પર્વત છે. અમારા પાપોને કારણે અને અમારા
પિતૃઓના અપરાધોને કારણે યરૂશાલેમ અને તમારી પ્રજા આસપાસના
લોકોમાં હાંસીપાત્ર બની ગયાઁ છે. 17 માટે હવે હે અમારા યહોવા, તમારા
સેવકની આજીજી સાંભળો, તેમની વિનવણી ઉપર ધ્યાન આપો અને
તમારા પોતાને માટે વિલંબ ન કરો. હે યહોવા, તમારા ખંઢેર બનેલા
મંદિર ઉપર તમારી કૃપાદ્રષ્ટિ કરો. 18 હે મારા દેવ, મારી અરજ તમારા
કાને ધરો, ને સાંભળો અને આંખ ઉઘાડીને અમારી તારાજી ઉપર નજર
કરો. અને તમારા નામે ઓળખાતી નગરી તરફ જુઓ, કારણ, અમે
અમારા પુણ્યને બળે નહિ પણ તમારી અપાર કરુણાને બળે તમને વિ-
નવણી કરીએ છીએ. 19 હે યહોવા, સાંભળો, હે યહોવા, ક્ષમા કરો, હે
યહોવા, મારું સાંભળો અને કઇંક કરો. તમારા પોતાને માટે હે મારા દેવ,
કારણકે તમારા લોકો અને તમારું નગર તમારા નામે ઓળખાય છે."
20 હું આ પ્રમાણે પ્રાર્થના કરતો હતો, મારા અને મારા લોકો ઇસ્રાએલી-
ઓના પાપની કબૂલાતો કરતો હતો અને મારા દેવ યહોવા સમક્ષ પવિ-
ત્ર પર્વત વતી વિનવણી કરતો હતો. 21 તે જ સમયે ગાબ્રિયેલ જેને મેં
અગાઉના સંદર્શનમાં જોયો હતો, તે સાંજના અર્પણના સમયે ઝડપથી
મારી તરફ ઊડી આવ્યો. 22 તેણે મને કહ્યું, "દાનિયેલ, દેવના ભવિષ્ય-
વચનો સમજવામાં તને મદદ કરવા હું અહીં આવ્યો છું. 23 તેં પ્રાર્થના
કરવાનું શરૂ કર્યું એ જ ક્ષણે યહોવાએ તેનો ઉત્તર આપ્યો અને તે ઉત્તર
તને કહેવા માટે હું અહીં આવ્યો છું. કારણકે દેવ તને પુષ્કળ ચાહે છે.
હવે તું સાંભળ, અને તેં જોયેલા સંદર્શનનો અર્થ સમજવાનો પ્રયત્ન
કર! 24 "તમારા લોકો માટે અને તમારી નગરી માટે સિત્તેર અઠવાડિયાં
નક્કી થયાં છે, જેમાં દુષ્કૃત્યો બંધ કરવાના છે, પાપનો અંત લાવવાનો
છે, અપરાધોની સજા ભોગવવાની છે. અને સૌથી પવિત્રને સમપિર્ત
થવાનું છે. 25 "માટે હવે તું સાંભળ! યરૂશાલેમ ફરી બાંધવાની આજ્ઞા
અપાઇ એ સમયથી નિયુકત કરેલો રાજકુમાર આવે ત્યાં સુધીનો સમય
સાત અઠવાડિયાઁનો હશે. છતાં યરૂશાલેમની શેરીઓ તથા ભીતો બા-
સઠ અઠવાડિયાઁમાં ફરીથી બંધાશે. આ આપત્તિનો સમય હશે. 26 બા-
સઠ અઠવાડિયાઁ પછી એ અભિષિકતનો વધ કરવામાં આવશે અને કોઇ
તેનો પક્ષ નહિ લે. એક સેનાપતિ સૈના સાથે આવીને નગરીનો અને
મંદિરનો નાશ કરશે; એનો અંત અચાનક રેલની જેમ આવશે અને
અંતીમ સુધી નિર્માયેલાં યુદ્ધ અને વિનાશ ચાલ્યા કરશે. 27 "એ સેનાપ-
તિ અન્ય લોકો સાથે સાત દિવસનું કબૂલાતનામું બનાવશે, તે બલિ-
દાન તથા અર્પણ બંધ કરાવશે; અને તે સમય દરમ્યાન વિનાશ નોતર-
શે, અને ધૃણાસ્પદ વસ્તુઓ કરશે. ત્યાં સુધી, જ્યારે અંતમાં યહોવાનો
ચુકાદો તેની પર લાગુ કરવામાં આવશે."

10 ઇરાનના રાજા કોરેશના રાજ્યકાળના ત્રીજા વર્ષ દરમ્યાન દા-
નિયલ ઉફેર્ બેલ્ટશાસ્સારને બીજું સંદર્શન થયું. તેનો સંદેશો
સત્ય હતો અને તે એક મહાન સૈન્ય બાબત હતો. તેણે સંદર્શનમાંનો
સંદેશો સમજી લીધો. 2 તે વખતે, "હું દાનિયેલ ત્રણ અઠવાડિયાઁનો
શોક પાળતો હતો. 3 તે પૂરાં ત્રણ અઠવાડિયાઁ સુધી મેં કોઇ સ્વાદિષ્ટ
ભોજન ખાધું નહોતું, માંસ કે, દ્રાક્ષારસ મારા મોંમાં સુદ્ધાં મૂક્યા નહોતા,
તેમજ શરીરે કોઇ તેલ કે, મલાઇ લગાવી નહોતી. 4 "પહેલા મહિનાના
ચોવીસમા દિવસે, હું મહાનદી એટલે કે, તીગ્રિસ નદીને કિનારે ઊભો
હતો, 5 એવામાં મારી નજર ઊંચે ગઇ તો, મારી આગળ એક વ્યકિતને
જોયો. જેણે શણનો ઝભ્ભો પહેર્યો હતો, અને કમરે ચોખ્ખા સોનાનો
પટ્ટો હતો. 6 તેનું શરીર પોખરાજના જેવું અને તેનો ચહેરો વીજળીના
જેવો હતો. તેની આંખો બળતી મશાલ જેવી હતી. અને તેના હાથ અને
પગ પિત્તળની જેમ ચળકતા હતાં, અને તેનો અવાજ માનવ મેદનીના
અવાજ જેવો હતો. 7 "હું દાનિયેલ એકલો આ મહાન સંદર્શન જોઇ શક-
તો હતો. મારી સાથેના માણસો તે જોઇ શકતા નહોતા, તેમ છતાં તેઓ
ભયભીત થઇને નાસી ગયા અને સંતાઇ ગયાં. 8 હું ત્યાં એકલો સંદર્શન
જોતો ઊભો રહ્યો. મેં આ અદ્ભૂત સંદર્શન જોયું ત્યારે મારી શકિત જતી
રહી અને હું ભયને કારણે નબળો અને ફિક્કો પડી ગયો. 9 ત્યારબાદ મેં
તેમના બોલવાનો અવાજ સાંભળ્યો, અને તે સાંભળતાઁ જ હું મૂર્છા ખા-
ઇને ઊંધે મોઢે ભોંય ઉપર પડ્યો. 10 "પછી અચાનક એક હાથે મને
સ્પર્શ કર્યો. હું હજી પણ ુજતો હતો. અને ઘૂંટણ તથા હથેળી ઉપર બે-
ઠો હતો. 11 તેણે મને કહ્યું, 'હે દાનિયેલ, હે અતિ વહાલા માણસ, હું
તને કહું તે ધ્યાનથી સાંભળ, ટટ્ટાર ઊભો રહે. કારણ, હવે મને તારી
પાસે મોકલવામાં આવ્યો છે.' તેણે મને આ પ્રમાણે કહ્યું, એટલે હું ધ્રૂજ-
તો ધ્રુજતો ઊભો થયો. 12 પછી તેણે મને કહ્યું, 'ડરીશ નહિ, દાનિયેલ,
કારણ, જે દિવસથી તેં સમજવાનો પ્રયત્ન કર્યો અને તારા દેવ આગળ
દીન થયો તે દિવસથી તારી પ્રાર્થના સાંભળવામાં આવી છે અને તેના
જવાબ રૂપે હું આવ્યો છું. 13 ઇરાનના રાજ્યના રાજકુમારે એકવીસ દિ-
વસ સુધી મારો રસ્તો રોકી રાખ્યો. પછી મુખ્ય દેવદૂતોમાંનો એક મિખા-
યેલ, મારી મદદે આવ્યો. કારણકે ઇરાન પશિર્યાના રાજાએ મને રોકી
રાખ્યો હતો. 14 હું તને તારા લોકો પર ભવિષ્યમાં શું વીતવાનું છે તે
સમજાવવા આવ્યો છું; કારણ, આ સંદર્શન ભવિષ્યને લગતું છે.' 15 "તે
સમય દરમ્યાન હું માથું નમાવીને જમીન તરફ જોઇ રહ્યો હતો, અને
મૂંગો જ ઊભો હતો. 16 પછી અચાનક કોઇક જે માણસ જેવો લાગતો
હતો, તેણે મારા હોઠને સ્પર્શ કર્યો એટલે મેં બોલવા માટે મોઢું ખોલ્યું
અને જે મારી સામે ઊભો હતો તેને ઉદ્દેશીને કહ્યું, 'હે મારા માલિક, આ
સંદર્શનને કારણે મને ખૂબ વેદના થાય છે. મારામાં કશી શકિત રહી
નથી. 17 હું તો માલિક આગળ ઊભા રહેલા ગુલામ જેવો છું. મારા જેવો
માણસ તમારી સાથે કેવી રીતે વાત કરી શકે? કારણકે મારી શકિત ચા-
લી ગઇ છે અને હું મુશ્કેલીથી શ્વાસ લઇ શકું છું.' 18 "પછી તેણે મને
ફરીથી સ્પર્શ કર્યો અને મને બળ આપ્યું. 19 અને કહ્યું, 'હે અત્યંત વહા-
લા માણસ, ડરીશ નહિ, શાંત થા. હિંમત રાખ. બળવાન બન.'"એના
શબ્દો સાંભળીને મારામાં બળ આવ્યું અને હું બોલ્યો, 'આપ બોલો,
આપે મને બળ આપ્યું છે.' 20 "તેણે કહ્યું, 'તને ખબર છે હું શા માટે તારી
પાસે આવ્યો છું? પહેલા મારે ઇરાનના રક્ષકદૂત સાથે યુદ્ધ કરવાનું છે. હું
જઇશ ત્યારે, તરત ગ્રીસનો રક્ષકદૂત નજરે પડશે. 21 સત્યના ગ્રંથમાં શું
લખેલું છે એ હું તને કહીશ. તે શાશકો સામે મદદ કરવા માટે હજી સુધી
કોઇ નથી સિવાય કે, તમારો દેવદૂત મિખાયેલ.

11 "'માદી દાર્યાવેશના શાસનકાળના પ્રથમ વષેર્ તેને મદદ કરવા
અને તેને શકિતશાળી બનાવવા માટે મને મોકલવામાં આવ્યો
હતો. 2 "'અને હવે હું તને જે કહેવાનો છું તે સત્ય છે. બીજા ત્રણ રા-
જાઓ ઇરાન પર રાજ કરશે. પછી જે ચોથો રાજા થશે, તે બીજા રાજાઓ
કરતાં ઘણો વધારે ધનવાન થશે. રાજકીય ફાયદા માટે પોતાના ધનનો
ઉપયોગ કરીને તે ગ્રીસ સામે યુદ્ધ કરવા બધાને ઉશ્કેરશે. 3 ત્યારપછી
ગ્રીસમાં એક શકિતશાળી રાજા ઊભો થશે. તે વિશાળ રાજ્ય ઉપર સત્તા
ભોગવશે અને પોતાની ઇચ્છામાં આવે તેમ કરશે. 4 પણ તેનો સૂર્ય
મધ્યાહને તપતો હશે ત્યાં જ તેનું રાજ્ય છિન્નભિન્ન થઇ જશે અને ચારે
દિશામાં વહેંચાઇ જશે. પણ તે એના વંશજોને નહિ મળે, તે એના વંશજો
કરતા બીજાના જ હાથમાં જઇ પડશે, પણ તેઓ એના જેવી સત્તા ભોગ-
વવા નહિ પામે. 5 "'દક્ષિણનો રાજા બળવાન થશે; પણ તેના સરદારો-
માંનો એક તેના કરતાં બળવાન થશે, ને સત્તા ભોગવશે. તેની સત્તા
મહાન થશે. અને તેનું રાજ્ય પણ મોટું હશે. 6 "'થોડાં વષોર્ પછી
અરામ અને મિસરના રાજાની વચ્ચે કરાર થશે. મિસરના રાજાની પુત્રી-

ના લગ્ન શાંતિના પ્રતીક તરીકે અરામના રાજા સાથે કરવામાં આવશે.
પણ આ કરાર લાંબો સમય ટકશે નહિ અને તે, તેનું સંતાન તેમજ સાથે
ગયેલા તેના સર્વ ચાકરોને શત્રુના હાથમાં સોંપી દેવામાં આવશે.
7 “‘પરંતુ તેના કુટુંબીજનોમાંથી જ એક જણ મિસરનો રાજા બનશે. તે
અરામના રાજાની વિરૂદ્ધ એક સૈન્ય ઊભું કરશે અને તેની સામે જશે, ને
તેને હરાવશે. 8 વળી, તે મિસર પાછો ફરશે ત્યારે તેઓની ધાતુની મૂ-
ર્તિઓ અને મૂર્તિઓને અપેર્લાં સોનાના તથા ચાંદીના અસંખ્ય પાત્રો
પોતાની સાથે લઇ જશે. અને થોડાં વર્ષ સુધી તે ઉત્તરના રાજા ઉપર હુ-
મલો કરવાનું બંધ રાખશે. 9 9ત્યારબાદ ત્તરનો રાજા દક્ષિણના રાજ્ય
ઉપર ચઢી આવશે, પણ તેને પોતાના દેશમાં પાછા જવું પડશે. 10 “‘તે-
ના પુત્રો યુદ્ધની તૈયારી કરશે અને મોટી સેના ભેગી કરશે. તેઓમાંનો
એક તો ધસમસતા પૂરની જેમ ધસી જઇને દુશ્મનના ગઢ સુધી પહોંચી
જશે.” 11 પછી મિસરનો રાજા ભારે ક્રોધમાં અરામના મોટા સૈન્યની સા-
મે યુદ્ધ કરશે અને તેઓને હરાવશે. 12 આ મહાન વિજયને કારણે અભિ-
માનમાં આવી જઇને તે પોતાના હજારો દુશ્મનોને મારી નાખશે, પણ તે-
નો વિજય થોડા સમયનો હશે. આખરે તેમનો પરાજય થશે; 13 કારણ,
ઉત્તરનો અરામનો રાજા ફરી પહેલા કરતા પણ મોટી સેના ઊભી કરશે
અને થોડાં વષોર્ બાદ તે મોટું સૈન્ય અને પુષ્કળ સામગ્રી લઇને ચઢી
આવશે. 14 “‘તે દિવસોમાં ઘણા, દક્ષિણના રાજાની વિરૂદ્ધ બળવો કરશે
અને તારા લોકોમાંના કેટલાક તોફાની માણસો પણ એમને સાંપડેલા
કોઇ સંદર્શનને સાચું પાડવા માટે બળવો પોકારશે, પણ નિષ્ફળ જશે.
15 ત્યારબાદ ઉત્તરનો અરામનો રાજા અને તેની સાથે કરારથી જોડાયેલ
રાજ્યો આવશે, અને મિસરના કિલ્લાવાળા નગરને ઘેરો ઘાલશે અને
કબજો મેળવશે. દક્ષિણનું સૈન્ય અથવા તેના ચુનંદા લડવૈયાઓ પણ
ટકી શકશે નહિ, કારણ, તેમનામાં એટલું બળ જ નહિ હોય. 16 “‘પણ
એની સામે ચઢી આવેલો અરામનો રાજા કોઇ પણ જાતના અવરોધ
વગર આગળ વધશે, કોઇ તેને રોકી શકશે નહિ; અને તે ઇસ્રાએલની
મહિમાવાન ભૂમિમાં દાખલ થશે અને તેનો કબજો મેળવશે. 17 પછી
સમગ્ર મિસરને સર કરવા માટે તે યોજનાઓ ઘડશે અને તેની સાથે
સંધિ કરશે, તે તેના રાજ્યનો નાશ કરવા માટે તેને એક કુંવરી પરણાવ-
શે, પણ એ યોજના કામ નહિ આવે અને તેથી એને કશો લાભ નહિ
થાય. 18 “‘તે પછી તે સમુદ્ર તટના નગરો ઉપર હુમલો કરશે અને ઘણા
પ્રદેશો કબજે કરશે. પણ એક સેનાપતિ તેના અત્યાચારનો અંત લાવ-
શે, જો કે, તે એવું કરશે કે, અત્યાચારના બદલામાં અત્યાચાર ન કરી
શકે. 19 “‘એ પછી તે પોતાના દેશના ગઢ તરફ જવા પાછો ફરશે, પણ
ઠોકર ખાઇને પડશે અને ફરી કદી નજરે નહિ પડે. 20 “‘તેના પછી એક
બીજો એવો રાજા ઊભો થશે, જે રાજવી સંપત્તિ વધારવા માટે એક મા-
ણસને જબરદસ્તીથી કર ઉઘરાવવા મોકલશે. પણ થોડાં વષોર્માં તેનો
પણ અંત આવશે, પણ ક્રોધ કે, યુદ્ધના કારણને લીધે નહિ. 21 “‘તેના
પછી એની જગ્યા પર એક તિરસ્કારપાત્ર પુરુષ આવશે. જેને રાજ્યસત્તા
પામવાનો અધિકાર નહિ હોય, તે અચાનક આવશે અને તરત શાસન
મેળવશે. 22 પૂરના પાણીની જેમ, તે તેની આગળ આવતાં સૈન્યોને પા-
છા તાણી જશે, અને તેમનો સંહાર કરશે, કરારના લોકોનો નેતા પણ
નાશ પામશે. 23 તે સંધિ કર્યા પછી છળકપટ કરશે અને તે થોડા માણ-
સોની મદદથી બળવાન બની જશે. 24 “‘તે શાંતિના સમયમાં તે પ્રદેશ-
ના સમૃદ્ધ ભાગમાં ચેતવણી આપ્યા વગર ચઢાઇ કરશે અને તેના પિતૃ-
ઓએ કદી કર્યું નહોતું એવું તે કરશે; તે ધનવાનોનું ધન અને સંપતિ
લઇ જશે અને તેના પોતાના સાથીઓમાં વહેંચી દેશે. તે કિલ્લેબંદીવાળા
નગરો ઉપર ચઢાઇ કરવાની યોજના કરશે પણ તે થોડા સમય માટે જ.
25 “‘પછી તે પોતાની બધી શકિત અને હિંમત ભેગી કરીને મિસરના રા-
જાની સામે એક મોટું સૈન્ય ઊભું કરશે. પણ મિસરનો રાજા પણ એક
મોટું અને બળવાન સૈન્ય ઊભું કરશે. પણ તે ટકી નહિ શકે, કારણકે તે-
ની વિરૂદ્ધ કરેલાં કાવતરાં સફળ થશે. 26 જે તેની સાથે પોતાના મેજ
ઉપર જમશે તે તેનો નાશ કરશે, તેનું સૈન્ય વિખેરાઇ જશે અને તેના
ઘણા સૈનિકો રણભૂમિમાં સાફ થઇ જશે. 27 એ બે રાજાઓ એક જ મેજ
પર જમવા બેસશે. પણ તેઓ મનમાં એકબીજાને થાપ આપવાની
ઇચ્છા સેવતા ભેગા જમવા બેસશે અને એકબીજા આગળ જૂઠું બોલશે,
પણ તેમની ઇચ્છા પૂર્ણ થશે નહિ, કારણ, તેમના અંતનો સમય નક્કી
થઇ ગયો છે. 28 “‘પછી તે પુષ્કળ દ્રવ્ય લઇને પોતાને દેશ પાછો જશે;
પણ અંત:કરણમાં પવિત્ર કરાર પ્રત્યે દ્વેષ હશે, તે મરજીમાં આવે તેમ
વર્તશે અને પોતાને દેશ પાછો ચાલ્યો જશે. 29 “‘પછી તે ફરીથી અગાઉ-
થી નક્કી કરેલા સમયે ચેતવણી આપ્યા પ્રમાણે પોતાના સૈન્યોને
દક્ષિણ તરફ લઇ જશે, પણ આ વખતે પહેલાના બે પ્રસંગો કરતાં કાઇંક
જૂદું જ બનશે. 30 કારણકે પશ્ચિમમાંથી આવતાં રોમન યુદ્ધના વહાણો
તેની વિરૂદ્ધ આવશે; તેથી તે ગભરાઇને પાછો જશે, ને પવિત્ર કરાર વિ-
રૂદ્ધ તેને ક્રોધ ચઢશે, અને રોષે ભરાઇ પવિત્ર કરાર ઉપર દાઝ ઉતારશે.
પાછા ફર્યા પછી તે પવિત્ર કરારને છોડીને જનાર પ્રત્યે દયા રાખશે.
31 તેના લશ્કરના માણસો યરૂશાલેમમાં આવીને મંદિરને અને તેના
ગઢને ષ્ટ કરશે. અને નિત્યનું દહનાર્પણ બંધ કરાવશે અને ત્યાં વેરાન-
કારક મૂર્તિની સ્થાપના કરાવશે. 32 “‘વળી જેમણે પવિત્રકરારનો ભંગ
કર્યો છે તેને ધર્મષ્ટ કરશે; પરંતુ દેવને ઓળખનારા લોકો તો મક્કમ
રહીને પગલાં ભરશે. 33 લોકોમાં જે જ્ઞાની હશે તેઓ ઘણા લોકોને સમ-
જાવશે, જો કે, થોડા દિવસ સુધી તો તેમણે આગ, તરવાર, કેદ અને
લૂંટફાટનો ભોગ થવું પડશે. 34 હવે જ્યારે તેઓને શિક્ષા થશે, ત્યારે તે-
ઓને થોડીઘણી સહાય કરવામાં આવશે; પણ ઘણાઓ આજીજી દ્વારા
તેઓની સાથે જોડાશે. 35 કેટલાક ડાહ્યાં લોકો અંતનો સમય આવે ત્યાં
સુધી લોકોને પવિત્ર કરવા, અને ઊજળા બનાવવા ખપી જશે, કારણ,
તે સમય આવવાને હજી વાર છે.’” 36 “‘તે રાજા પોતાને મન ફાવે તે રીતે
વર્તશે અને સર્વ દેવો કરતાં પણ પોતાને મોટો માનશે, અને દેવાધિદેવ-
ને વિષે પણ આભા થઇ જઇએ એવા નિંદાવચનો બોલશે. તેની સજાનો
સમય આવે ત્યાં સુધી તો તે સુખસમૃદ્ધિ ભોગવશે. પણ જે નિર્માયું છે તે
સાચું પડશે જ. 37 “‘તે પોતાના પિતૃઓના દેવ અને સર્વ દેવોની તે
અવગણના કરશે. કારણ, તે કહેશે કે, તેઓ સર્વના કરતાઁ તે પોતે મહાન
છે. 38 તે દેવોને બદલે તે કિલ્લાના દેવની પૂજા કરશે, જેને તેના પિતૃઓ
કદી જાણતા નહોતા, તે કિલ્લાના દેવનું તે ભજન કરશે અને તેને સોનું,
ચાંદી તેમજ કિમતી ભેટસોગાદો અર્પણ કરશે. 39 “‘આ વિદેશી દેવની
મદદ વડે તે મજબૂત કિલ્લાઓ ઉપર હુમલો કરી તેમને જીતી લેશે. તેને
આધીન થનારાઓને તે મોટું માન આપશે. તેઓને મોટી સત્તાઓ આપ-
શે અને પૈસાના બદલે જમીન વહેંચી આપશે. 40 “‘પછી તેના અંતના
સમયે દક્ષિણનો મિસરનો રાજા ફરીથી તેની ઉપર હુમલો કરશે. અને
ઉત્તરનો અરામનો રાજા રથો, ઘોડેસવારો અને અનેક વહાણો લઇને તે-
ના ઉપર પ્રચંડ વંટોળની જેમ ધસી આવશે અને તેના પ્રદેશમાં દાખલ
થઇ, પૂરના પાણીની જેમ બધે ફરી વળી પાર નીકળી જશે. 41 તે રસ્તા-
માં રળિયામણા દેશમાં પણ પ્રવેશ કરશે; હજારો માણસો માર્યા જશે,
પણ અદોમ, મોઆબ, અને આમ્મોનનો મુખ્ય ભાગ તેના કબજામાંથી
બચી જશે. 42 તે વારાફરતી એક પછી એક દેશ તરફ પોતાનો હાથ
લંબાવશે અને મિસર પણ બચવા નહિ પામે. 43 મિસરના સોનાચાંદી-
ના ભંડારો અને બધી કિંમતી વસ્તુઓ તેના કબજામાં આવશે અને લિ-
બિયાના તથા કૂશના લોકો તેના ચાકરો બની તેની પાછળ પાછળ ચા-
લશે. 44 પરંતુ પૂર્વ અને ઉત્તર તરફથી આવતા સમાચારોથી તે ભય-
ભીત થઇ જશે અને ઘણા બધાનો નાશ કરવા, તેમનું નિકંદન કાઢી ના-
ખવા ભારે રોષમાં ધસી જશે. 45 તે યરૂશાલેમ અને સમુદ્રની વચ્ચે પો-
તાના બાદશાહી તંબૂઓ નાખશે. પરંતુ તે ત્યાં હશે તેવામાં જ તેનો
સમય એકાએક પૂરો થશે અને તેને મદદ કરનાર કોઇ જ નહિ હોય.’”

12 “‘તે સમયે તારા દેશબંધુઓની રક્ષા કરનાર મહાન દેવદૂત મિ-
ખાયેલ ઊભો થશે. પ્રજાઓ ઉત્પન્ન થઇ ત્યારથી અત્યાર સુધી-
માં કદી ન આવ્યો હોય એવો ભારે સંકટનો સમય યહૂદીઓ માટે આવ-
શે, તેમ છતાં જેનું નામ જીવનનાઁ પુસ્તકમાં લખાયેલું છે એવા તારા લો-
કમાંના દરેક જણનો બચાવ થશે. 2 જેઓ ધરતીની ધૂળમાં પોઢી ગયા
છે તેઓમાંના ઘણા બેઠા થશે, કેટલાકને શાશ્વત જીવન મળશે અને કે-
ટલાકને અનંતકાળ સુધી શરમ અને તિરસ્કારના ભોગ બનવું પડશે.
3 જેઓ દેવના લોકો છે તેઓ અંતરિક્ષના અજવાળાની જેમ પ્રકાશશે
અને જેમણે ઘણાને ન્યાયીપણા તરફ વાળ્યા છે તેઓ તારાઓની જેમ
સદાકાળ ચમકશે. 4 “‘પણ હે દાનિયેલ, તું આ વચનોને ગુપ્ત રાખજે,
અને અંતકાળ આવે ત્યાં સુધી આ પુસ્તકને મહોર મારી રાખજે, આ
સમય દરમ્યાન ઘણાં લોકો જ્યાં-ત્યાં દોડશે અને જાણકારીમાં વધારો

થશે. 5 "'ત્યારબાદ મેં દાનિયેલે જોયું તો, બીજા બે માણસોને ઊભેલાં
જોયાં, એક જણને નદીને આ કિનારે અને બીજાને સામે કિનારે. 6 હવે
શણના વસ્ત્ર પહેરેલો માણસ નદી ઉપર ઊભો હતો. પેલા બેમાંથી એક
જણે તેને પૂછયું, 'આ ભયંકર ઘટનાઓનો અંત આવતાં કેટલો સમય
લાગશે?' 7 "ત્યારે શણના વસ્ત્ર પહેરી ઉપરવાસ ઊભેલા માણસે પો-
તાનો જમણો અને ડાબો હાથ આકાશ તરફ ઊંચો કરીને દેવના સમ
ખાઇને કહ્યું, 'કાળ, કાળો ને અડધા કાળ સુધીની તે મુદત છે. જ્યારે
પવિત્રપ્રજાની સતામણીનો અંત આવશે, ત્યારે આ બધી ઘટનાઓનો
અંત આવશે.' 8 "તેણે કહ્યું તે મેં સાંભળ્યું ખરું પણ મને સમજાયું નહિ
એટલે મેં પૂછયું, 'હે યહોવા, આ સર્વ બાબતોનું શું પરિણામ આવશે?'
9 "તેણે જવાબ આપ્યો, 'દાનિયેલ, હવે તું અહીંથી ચાલ્યો જા, કારણ,
આ વચનો અંતકાળ સુધી ગુપ્ત અને સીલ કરેલાં રહેવાના છે. 10 ઘણા
લોકો પવિત્ર, ડાઘ વિનાના અને ફરીથી શુદ્ધ થશે, પણ દુષ્ટો તેઓની
દુષ્ટતામાં જ ચાલુ રાખશે. અને તેઓમાંનો કોઇ સમજશે નહિ. ફકત
જેઓ જ્ઞાની છે તેઓ જ સમજવા પામશે. 11 "'પ્રતિદિન અપાતાં અર્પ-
ણો બંધ કરવામાં આવશે અને વેરાન કરનાર ધિક્કારપાત્ર વસ્તુ સ્થા-
પન કરવામાં આવશે, તે સમયથી તે 1,290 દિવસો હશે. 12 અને જે
માણસ 1ણ335 દિવસ સુધી ટકી રહે અને રાહ જુએ તેને પરમસુખી
જાણવો! ને ધન્ય છે તેઓને. 13 "'પરંતુ અંત સમય આવે ત્યાં સુધી તું
તારે રસ્તે પડ. તું ચિરનિંદ્રામાં પોઢી જશે અને જાગ્યા પછી મુદતને અંતે
તું તારો ભાગ મેળવીશ.'"

# હોશિયા

1 યહૂદાના રાજાઓ ઉઝ્ઝિયા, યોથામ, આહાઝ તથા હિઝ્કિયા
અને ઇસ્રાએલના રાજા યોઆશના પુત્ર યરોબઆમના અમલ દર-
મ્યાન બસેરીના પુત્ર હોશિયાને સંભળાયેલી યહોવાની વાણી. 2 યહો-
વાનો હોશિયાને આ પહેલો સંદેશો હતો. તેણે કહ્યું "જા અને તે વારાંગ-
નાને પરણ; જેને તેની વારાંગનાવૃતિથી સંતાન થયા તેને પોતાનાં કરી
લે; કેમ કે, દેશ યહોવાનો ત્યાગ કરીને વારાંગના જેવું વર્તન કર્યું છે,
તેઓ યહોવામાં અશ્રદ્ધાળુ થયા છે. 3 તેથી હોશિયાએ ત્યાં જઇને દિ-
બ્લાઇમની પુત્રી ગોમેર સાથે વિવાહ કર્યા અને ગોમેરને તેનાથી ગર્ભ
રહ્યો અને એક પુત્ર અવતર્યો. 4 યહોવાએ તેને કહ્યું, "તેનું નામ 'યિ-
ઝએલ' પાડ, કારણકે થોડા જ સમયમાં હું યેહૂના કુટુંબના માણસો પર
બદલો લઇશ અને તેના વંશજોને યિઝએલ ખીણમાં તેણે જે રક્તપાત
કર્યો હતો તેના માટે સજા કરીશ. 5 હું ઇસ્રાએલ રાજ્યનો અંત લાવીશ.
6 ગોમેરને ફરીથી ગર્ભ રહ્યો, ને આ વખતે પુત્રી અવતરી, યહોવાએ તેને
કહ્યું, "તું તેણીનું નામ લો-રૂહામાહ પાડ; કારણકે હવે પછી હું કદી ઇસ્રા-
એલના લોકો પર તેમના પાપોને ક્ષમા કરીને દયા દેખાડવાનો નથી.
7 પરંતુ હું યહૂદાના લોકો પર કૃપા કરીશ અને તેમનું રક્ષણ કરીશ.
ધનુષ,તરવાર, યુદ્ધ, કે, ઘોડેસવારોથી તેમનો ઉધ્ધાર કરીશ નહિ પરંતુ
તેમના દેવ યહોવા તરીકે હું જાતે તેમનો ઉદ્ધાર કરીશ. 8 લો-રૂહામાહને
ધાવણ છોડાવ્યા પછી ગોમેરને ફરી ગર્ભ રહ્યો અને તેને એક પુત્ર અવ-
તર્યો. 9 ત્યારે યહોવાએ કહ્યું, "તેનું નામ લો-આમ્મી પાડ; કારણ કે તમે
ઇસ્રાએલના લોકો મારા લોકો નથી, ને હું તમારો દેવ નથી." 10 છતાંય
ઇસ્રાએલ પુત્રોની સંખ્યા સમુદ્રની રેતી જેટલી થશે, જે ન તો માપી
શકાય કે, ન તો ગણી શકાય. તેમને એમ કહેવામાં આવ્યું હતું કે, "તમે
દેવની પ્રજા નથી", તેને બદલે "તમે જીવતા જાગતા દેવના દીકરાઓ
છો." એમ તેમને કહેવામાં આવશે. 11 ત્યારબાદ યહૂદાના લોકો અને
ઇસ્રાએલના લોકો ફરી ભેગા થશે અને તેઓ પોતાના માટે એક આગે-
વાન નીમીને જમીન મેળવી લેવા આગળ વધશે. કારણકે યિઝએલનો
દિવસ એક મહાન દિવસ હશે.

2 હે યિઝએલ! તારા ભાઇ બહેનનું પુન:નામકરણ કર. ભાઇનું નામ
આમ્મી અને બહેનનું નામ રૂહામાહ રાખ, કારણકે હવે દેવ તેના
પર દયા રાખશે. 2 તમારી માને આજીજી કરો, તેને સમજાવો: કારણકે તે
મારી પત્ની નથી, ને હું તેનો ધણી નથી; તેને સમજાવો કે, તે તેનો વા-
રાંગના તરીકેનો વ્યભિચાર બંધ કરે. 3 જો તે તેમ કરતાં નહિ અટકે તો
હું તેને તેના જન્મ સમયે હતી તેવી નગ્ન કરી દઇશ અને તેને વેરાન સ્થ-
ળે મોકલી આપીશ. હું તેને મરુભૂમિ સમી સૂકીભઠ બનાવી દઇશ અને
તેને પાણી વિના તરસે મરવા દઇશ. 4 જ્યાં સુધી તેના સંતાનોનો
સબંધ છે, મને તેમનાં પર સહાનુભૂતિ નથી; કારણકે તેઓ મારા સંતા-
નો નથી. તેઓ એક વારાંગનાના સંતાનો છે. 5 તેણીને તેનો ગર્ભધારણ
પોતાના શરમજનક કાર્યોથી થયો છે અને તેણીએ કહ્યું, "હું મારા પ્રેમી-
ઓની પાસે જઇશ, કારણ, તેઓ મને મજાનું ખાવાનું, પીવાનું, કપડાં,
તેલ અને અત્તર આપે છે." 6 એથી જો, હું એના માર્ગમાં કાંટાની વાડ
ઊભી કરીશ અને તેની આડે ભીત ચણીશ, જેથી તેણી જે કઇ કરવા
માંગે છે, તે નહિ કરી શકે. 7 તે પોતાના પ્રેમીઓની પાછળ જશે, પણ તે
તેઓને પકડી શકશે નહિ; તે તેઓને શોધશે છતાં તેઓ તેને મળશે
નહિ; ત્યારે તે કહેશે કે, હું મારા પતિને ઘેર પાછી ફરીશ, કારણકે અત્યા-
રે મારી જે સ્થિતિ છે તેના કરતાં તેની સાથે મારી સ્થિતિ વધારે સારી
હતી. 8 એ સમજતી નહોતી કે, એને અનાજ, દ્રાક્ષારસ અને તેલ આપ-
નાર હું હતો, અને એણે બઆલ દેવ પાછળ ખચીર્ નાખ્યું તે મબલખ
સોનું-ચાંદી આપનાર પણ હું હતો. 9 તેથી હવે હું અનાજ કે, દ્રાક્ષ પાકવા
દઇશ નહિ, અને એનું ઉઘાડું શરીર ઢાંકવા મેં જે પહેરવા-ઓઢવાનું
આપ્યું હતું, તે પણ પાછું લઇ લઇશ. 10 તેથી તેના પ્રેમીઓ આગળ તે-
ની શરમ ઉઘાડી પાડીશ. મારા હાથમાંથી તેને કોઇ બચાવી શકશે
નહિ. 11 હું તેનાઁ તમામ આનંદોત્સવ, તેના ચંદ્રદર્શનના દિવસો, તેના
સાબ્બાથો તથા તેનાં મુકરર પવોર્, તે સર્વનો હું અંત આણીશ. 12 જે
દ્રાક્ષની વાડીઓ અને અંજીરના વૃક્ષો વિષે તે એમ કહે છે કે, 'એ તો મા-
રા પ્રેમીઓએ મને આપેલી ભેટ છે.' હું તેને ઉજ્જડ બનાવી દઇશ, અને હું
તેઓને જંગલમાં ફેરવી નાખીશ અને જંગલી પ્રાણીઓ તેને ખાઇ જશે.
13 મને ભૂલીને તે બઆલની મૂર્તિ આગળ ધૂપ બાળતી હતી. અને
આભૂષણોનો શણગાર કરીને પ્રેમીઓની પાછળ ફરતી હતી. તે માટે હું
તેને સજા કરીશ." આ યહોવાના વચન છે. 14 તેથી હવે, હું તેણીને વે-
રાન પ્રદેશ તરફ મોહિત કરીશ અને તેની સાથે માયાળુપણે વાત
કરીશ. 15 તેની દ્રાક્ષવાડીઓ હું તેને પાછી આપીશ, તથા આશાના દ્વાર
તરીકે આખોરની ખીણ પણ આપીશ; યુવાનીમાં મેં તેને મિસરના બંદી-
વાસમાંથી મુકત કરી ત્યારે તે આનંદના ગીતો ગાતી હતી તેમ ફરીથી તે
મને ઉત્તર આપશે. 16 યહોવા કહે છે, તે દિવસે તે મને "મારા માલિક"
કહેવાને બદલે 'મારા પતિ' એમ કહીને સંબોધન કરશે ને પછીથી
બઆલ કહીને નહિ બોલાવે. 17 હે ઇસ્રાએલ, હું તને તારી મૂર્તિઓ ભૂ-
લાવી દઇશ, તેઓનાં નામ પણ તું ઉચ્ચારશે નહિ. 18 તે દિવસે હું
તમારી અને હિંસક પ્રાણીઓ, પક્ષીઓ તથા સપોર્ની વચ્ચે કરાર કરીશ
કે, તમારે હવે એકબીજાથી ગભરાવું નહિ, હું સર્વ શસ્રોનો નાશ કરીશ,
સર્વ લડાઇઓનો અંત આવશે, ત્યારે તમે શાંતિ અને સુરક્ષા અનુભવશો
અને નિર્ભય રીતે સૂઇ શકશો. 19 વળી હું યહોવા તને મારી સાથે પવિ-
ત્રતા, ન્યાયીપણું, પ્રેમ તથા દયાની સાંકળથી સદાકાળને માટે
બાંધીશ, હા, લગ્નબંધનથી બાંધીશ. 20 વિશ્વાસુપણા તથા પ્રેમથી હું
તારી સાથે સગાઇ કરીશ. અને તું તારા યહોવાને ઓળખશે. 21 યહોવા
કહે છે કે, તે દિવસે હું જવાબ આપીશ, હું આકાશોને જવાબ આપીશ, ને
તેઓ પૃથ્વીને જવાબ આપશે; 22 પછી પૃથ્વી અનાજને, દ્રાક્ષારસને
અને જૈતતેલને જવાબ આપશે; અને તેઓ યિઝએલને જબાબ આપશે.
23 હું તેણીને જમીનમાં મારા માટે રોપીશ. મેં જેઓને 'મારા અપ્રિય' કહ્યાં
હતાં તેમને મારો પ્રેમ બતાવીશ, હું તે લોકો જે 'મારા લોક નથી' તરીકે
ઓળખાય છે તેમને 'તમે મારા લોકો' છો તેમ કહીશ, અને તેઓ કહેશે,
તમે અમારા દેવ છો."

3 પછી યહોવાએ મને કહ્યું, તારી પત્નીને પ્રેમી હોવા છતાં અને તે-
ણી વારાંગના હોવા છતાં તેણીની પાસે જા અને તેણીને પ્રેમ કર-
વાનુ ચાલુ રાખ. ઇસ્રાએલના લોકો બીજા દેવો તરફ વળીને સુકા મેવા-
ની વાનગીના અર્પણનો આનંદ લે છે, છતાં યહોવા તેમને પ્રેમ કરે છે
એવી રીતે તું એને પ્રેમ કર. 2 તેથી મેં પંદર તોલા ચાંદી અને સાત મણ
જવ આપીને તેને ખરીદી, 3 અને મેં તેને કહ્યું, "લાંબા સમય સુધી તું
મારી સાથે રહેજે; તું વ્યભિચાર કરીશ નહિ, ને બીજા કોઇ પુરુષની સ્ત્રી
થઇશ નહિ; હું પણ તારી સાથે એ જ રીતે વતીર્શ." 4 એ જ રીતે ઇસ્રાએ-
લી પ્રજા, લાંબા સમય સુધી રાજા કે, આગેવાન વગર, યજ્ઞ વગર, મૂર્તિ
કે, શુકન જાણવાની પૂતળી વગર રહેશે. 5 ત્યારબાદ તેઓ પોતાના
યહોવા દેવની પાસે, પોતાના રાજા દાઉદની શોધ કરશે; અને આમ પા-
છળના દિવસોમાં ઇસ્રાએલી પ્રજા યહોવા દેવનો ભય રાખીને, ધ્રૂજતા
ધ્રૂજતા યહોવા પાસે આવશે, અને તેમના આશીર્વાદો પામશે, ને તેમની
ઉદારતાનો આશ્રય લેશે.

4 હે ઇસ્રાએલના લોકો, યહોવાને આ દેશના વતનીઓ સામે ફરી-
યાદ છે, એની વાણી સાંભળો, તમારા દેશમાં વિશ્વાસુપણું, માયા-

મમતા અને દેવના જ્ઞાનનો અભાવ છે. 2 જ્યાં જુઓ ત્યાં લોકો ખોટા
સમ ખાય છે, જૂઠું બોલે છે, ખૂન કરે છે, લૂંટ ચલાવે છે, તે વ્યભિચાર કરે
છે. તેઓ કોઈ મર્યાદા પાળતા નથી અને ખૂન પર ખૂન કરતા જાય છે.
સર્વત્ર હિંસા છે. 3 આથી દેશ શોકમાં ગરક થઇ ગયો છે. અને તમારી
ભૂમિમાં ઊપજ થતી નથી. જે જીવંત છે તે બિમાર પડે છે અને મૃત્યુ પા-
મે છે; જંગલના બધા પ્રાણીઓ, આકાશમાંના બધા પંખીઓ અને સમુ-
દ્રમાંના માછલાં સુદ્ધાં મરતા જાય છે. 4 તો પણ કોઇએ દલીલ ન કરવી
અથવા બીજા માણસ પર આરોપ ન કરવો. હે યાજકો, મારી દલીલ
તમારી સામે છે. 5 દિવસે અને રાત્રે તમે ઠોકરો ખાઓ છો, યાજકો પણ
તમારા ભેગા પ્રબોધકો પણ ઠોકર ખાય છે. હું તમારી માતૃભૂમિ ઈસ્રાએ-
લનો નાશ કરીશ. 6 મારા લોકો જ્ઞાનને અભાવે નાશ પામતા જાય છે.
તમે જ્ઞાનને ફગાવી દીધું છે તેથી હું પણ તમને મારા યાજક પદેથી ફગા-
વી દઇશ. તમે મારો નિયમ ભૂલી ગયા છો એટલે હું પણ તમારા વંશજો-
ને ભૂલી જઇશ. 7 મારા લોકોની સંખ્યા જેમ જેમ વધતી જાય છે, તેઓ
મારી વિરૂદ્ધ તેમના પાપો વધારતા જાય છે. હું તેમની શોભાને શરમમાં
બદલી નાખીશ. 8 યાજકો મારા લોકોના પાપાર્થાર્પણો પર નિર્વાહ કરે
છે. તેથી તેઓ ઇચ્છે છે કે, તેઓ વધારે અને વધારે પાપો કરે. 9 તેથી,
જેવું લોકો સાથે બનશે તેવું; યાજકો સાથે બનશે. હું તેમને તેમના
ખરાબ કૃત્યો માટે સજા આપીશ. 10 તેઓ ખાશે પણ ધરાશે નહિ, તેઓ
વ્યભિચાર કરશે, પણ તેમનો વસ્તાર વધશે નહિ; કારણકે તેઓએ
યહોવાની કાળજી કરવાનું મૂકી દીધું છે. 11 યહોવા કહે છે, “વ્યભિચાર,
દ્રાક્ષારસ ને નવો દ્રાક્ષારસ મારા લોકોની બુદ્ધિ હરી લે છે. 12 વ્યભિચા-
રના ભૂતે તેમને ગેરમાગેર્ દોરવ્યા છે. 13 તેઓ પર્વતોના શિખરો ઉપર
મૂર્તિઓ સન્મુખ બલિદાન કરે છે; ડુંગરો ઉપર જઇને ઓકવૃક્ષો, પીપ-
ળાવૃક્ષો તથા એલાહવૃક્ષો તળે, ધૂપ બાળે છે; એને લીધે તમારી પુ-
ત્રીઓ વ્યભિચાર કરે છે, ને તમારી પુત્રવધૂઓ અનૈતિક કર્મ કરે છે.”
14 જ્યારે તમારી પુત્રીઓ જાતીય પાપો કરશે, અને તમારી પુત્રવધૂઓ
અનૈતિક કર્મ કરશે ત્યારે હું તેઓને શિક્ષા કરીશ નહિ કારણ, પુરુષો
પોતે જ વારાંગનાઓ સાથે નિષિદ્ધ વ્યવહાર રાખે છે અને વારાંગનાઓ-
ની સંગતમાં મંદિરમાં યજ્ઞો ચઢાવે છે. આ રીતે જે લોકોને સમજણ નથી
તેઓ પોતાનો વિનાશ કરી રહ્યાં છે. 15 હે ઇસ્રાએલ, તું એક વારાંગના
વતેર્ તેમ યહૂદાને એ જ પાપ ન કરવા દેતી. ગિલ્ગાલ કે, બેથ-આવેન
ન જતા અને યહોવાના નામે સમ ન લેશો. અને ત્યાં યહોવાના સમ ખા-
શો નહિ. 16 કારણકે ઇસ્રાએલે અડિયલ વાછરડીની જેમ હઠીલાઇ કરી
છે, પછી લીલા બીડમાં હલવાનની જેમ યહોવા તેઓને ચારશે.
17 એફ્રાઇમે મૂર્તિઓ સાથે સંબંધ જોડ્યો છે. તેથી તેનાથી દૂર રહેજે.
18 ઇસ્રાએલના પુરુષો દાક્ષારસ પીને વારાંગનાની જેમ વતેર્ છે. એફ્રા-
ઇમના શાસનકર્તાઓને લાંચ પ્રિય છે અને માગે છે. તેઓ લોકો પર
શરમ લાવશે. 19 પ્રચંડ પવન તેઓને દૂર તાણી જશે; મૂર્તિઓને તેઓ-
ના યજ્ઞો,, તેમને શરમમાં લાવશે.

5 હે યાજકો, તમે આ સાંભળો! હે ઇસ્રાએલીઓ, ધ્યાન આપો! હે
રાજકુટુંબના સર્વ માણસો ધ્યાનથી સાંભળો! તમને દોષિત ઠરા-
વવામાં આવ્યાં છે. કારણકે મિસ્પાહમાં તમે ફાંદારૂપ બન્યા હતાં, તા-
બોર પર્વત ઉપર જાળની જેમ પથરાયા હતાં. 2 બંડખોરોએ તેઓને
ફસાવવા માટે શિટ્ટિમમાં ઊંડા ખાડાઓ ખોદ્યા છે, પરંતુ હું તમને સૌને
શિક્ષા કરીશ. 3 હું જાણું છું એફ્રાઇમ શું કરી રહ્યું છે. ઇસ્રાએલના કૃત્યો
મારાથી છુપા નથી. હા, હું જાણું છું કે, એફ્રાઇમ વારાંગનાની જેમ વર્ત્યુ.
ઇસ્રાએલ અપવિત્ર બન્યું. 4 તેઓના દુષ્ટ કૃત્યો તેમને દેવ તરફ પાછા
ફરતાં દૂર રાખે છે. કારણકે તેઓના હૃદયમાં વ્યભિચારી આત્મા દ્વારા
પકડાયેલા છે, અને તેઓ યહોવાને નથી જાણતા. 5 ઇસ્રાએલનો ગર્વ
તેની વિરૂદ્ધ સાક્ષી છે. ઇસ્રાએલ અને એફ્રાઇમ પોતાના પાપમાં ઠોકર
ખાશે અને યહૂદા તેની સાથે પડશે. 6 અંતે તેઓ દેવની શોધ કરવા પો-
તાના ઘેટાં, બકરાં અને ઢોરઢાંખર સાથે આવશે અને તેઓનું બલિદાન
દેવને અર્પશે. પરંતુ ત્યારે ઘણું જ મોડું થઇ ગયું હશે. તેઓ યહોવાને
શોધી શકશે નહિ. દેવ તેઓથી વિમુખ થશે અને તેઓને એકલા મૂકી દે-
વામાં આવશે. 7 તેઓએ યહોવાને દગો દીધો હતો. કારણકે તેઓએ
બીજા કોઇના સંતાનોને જન્મ આપ્યો છે. તેથી તે ચંદ્રદર્શનનો દિવસ
તેમનો અને તેમની ભૂમિનો નાશ કરશે. 8 ચેતવણીનો ઘંટ વગાડો! ગિ-
બયાહમાં તથા રામામાં અને બેથ-આવેન સુધી રણશિંગડું વગાડી ચેત-
વણી આપો; બિન્યામીનનો પ્રદેશ ધ્રુજી ઊઠો! 9 હે ઇસ્રાએલ! સજાનો
દિવસ આવી રહ્યો છે, ઇસ્રાએલ તારાજ થઇ જશે. ઇસ્રાએલના લોકો
માટે હું જે જાહેર કરું છું તે અચૂક થવાનું જ છે. 10 યહોવા કહે છે, “યહૂ-
દાના આગેવાનો દુષ્ટ લોકોની જેમ વર્ત્યા; જેમણે પાડોશીઓની જમી-
નની સરહદના પથ્થરો ખસેડ્યાં. તેમના ઉપર હું મારો ક્રોધ પાણીના
ધોધની જેમ વહેવડાવીશ. 11 એફ્રાઇમને સજા થશે અને કચરી નાખવા-
માં આવશે કારણ તેણે મૂર્તિઓના યાજકોના આદેશ પાળ્યાં છે.
12 આથી હું ઇસ્રાએલ અને યહૂદાને ઊધઇ અને કીડાની જેમ કોરી ખા-
ઇશ. 13 જ્યારે ઇસ્રાએલને પોતાના રોગની ખબર પડી અને યહૂદાએ
પોતાનો ઘા જોયો, ત્યારે ઇસ્રાએલે આશ્શૂર જઇ સમ્રાટને તેડાવ્યો. પણ
તે તેમને સાજો કરી શકે એમ નથી કે, તેમના ઘા રૂજાવી શકે એમ નથી.
14 કારણ સિંહની જેમ હું એફ્રાઇમ અને યહૂદાના લોકો પર આક્રમણ
કરીશ. હું મારી જાતે તેમને ટુકડાઓમાં ભાંગી નાખીશ અને દૂર ફેંકી
દઇશ. હું તેઓને જ્યારે લઇ જઇશ ત્યારે તેઓની રક્ષા કોઇ કરી શકશે
નહિ. 15 તેઓ પોતાનો અપરાધ કબૂલ કરશે અને મારું મુખ શોધશે
પણ હું મારે સ્થાને જરૂર પાછો ચાલ્યો જઇશ. દુ:ખમાં આવી પડશે ત્યા-
રે તેઓ મને શોધવા નીકળશે.”

6 લોકો કહે છે, “આવો આપણે પાછા યહોવા પાસે જઇએ. તેમણે
આપણને ચીરી નાખ્યા છે, અને તે જ આપણને પાછા સાજા કર-
શે; તેણે આપણને ઘા કર્યા છે, અને તે જ આપણને પાટાપીંડી કરશે.
2 બે દિવસ પછી તે આપણને બચાવશે. ત્રીજે દિવસે તે આપણને
આપણા પગ પર ઉભા કરશે, જેથી આપણે તેની હાજરીમાં જીવીએ.
3 ચાલો આપણે જ્ઞાન પ્રાપ્ત કરીએ, યહોવાનું જ્ઞાન પ્રાપ્ત કરવાને ખંતથી
મહેનત કરીએ; તે આપણને ઉગતા સૂરજની જેમ ચોક્કસ પ્રાપ્ત થશે.
વસંતઋતુંમાં પૃથ્વીને લીલીછમ કરનાર છેલ્લા વરસાદની જેમ, તે આવ-
શે. 4 હે એફ્રાઇમ અને યહૂદા, હું તમારી સાથે કેવો વ્યવહાર કરું? તમા-
રો પ્રેમ પરોઢના વાદળ જેવો અને ઝડપથી ઊડી જનાર ઝાકળ જેવો
છે. 5 એ માટે મેં તેઓને પ્રબોધકોની મારફતે હત્યા કરી છે; મેં મારા મુ-
ખનાઁ વચનોથી તેઓનો સંહાર કર્યો છે! દિવસ પછી રાત ચોક્કસ આવે
છે, તેમ અચાનક ચેતવણી આપ્યા વીના મારા ન્યાયચુકાદા પ્રગટતા
અજવાળા રૂપ, તમારા ઉપર ચોક્કસ આવી પડશે. 6 કારણ કે તારાં
યજ્ઞાર્પણ નહિ, પણ તારો પ્રેમ હું ચાહું છું. તારા દહનાર્પણો નહિ, પણ
તું મારા કાર્યો ઓળખે તેવું હું ઇચ્છું છું. 7 પણ તેઓએ આદમની જેમ
મારા કરારનું ઉલ્લંઘન કર્યું છે; મારા પ્રેમનો અનાદર કર્યો છે: 8 ગિલયાદ
બૂરા લોકોનું નગર છે, અને તેના રસ્તાઓમાં લોહીથી ખરડાયેલા પગો-
ના નિશાન છે. 9 જેમ ધાડપાડુઓ રાહદારી પર હુમલો કરવા છુપાયેલા
હોય છે, તેમ યાજકોનું ટોળું શખેમના રસ્તા પર લોકોનું ખુન કરવા અને
શરમજનક અપરાધો કરવા છુપાય છે. 10 ઇસ્રાએલમાં મેં રૂવાટાં ઉભા
થાય એવી એક બાબત જોઈ છે. અને એફ્રાઇમમાં વ્યભિચાર જોવા
મળ્યો છે, લોકો બીજા દેવોની પૂજા કરીને ષ્ટ થયા છે. 11 યહૂદા, તારા
માટે કાપણીનો સમય પણ છે. એ તે સમયે બનશે, જ્યારે હું મારા લોકો-
ને બંધનાવસ્થાથી પાછા લાવીશ.

7 યહોવા કહે છે, “હું જ્યારે ઇસ્રાએલનાં ઘા ને મટાડવા ઇચ્છતો
હતો, ત્યારે સમરૂનનાં દુષ્ટ કૃત્યો પ્રગટ થયા અને એફ્રાઇમના
પાપો ખુલ્લા થયા, કારણકે તેઓ દગો કરે છે, ઘરોમાં ઘૂસી જાય છે અને
શેરીઓમાં લૂટ ચલાવે છે. 2 લોકો કદી એવો વિચાર કરતા જ નથી કે, હું
તેઓનું નિરીક્ષણ કરું છું. તેઓના પાપમય કાર્યોએ તેઓને ચારે તરફ-
થી ઘેરી લીધા છે અને હું તે સર્વ નિહાળું છું. 3 તેઓની દુષ્ટતામાં રાજા
આનંદ અનુભવે છે અને તેઓના જૂઠાણામાં સરદારો રીઝે છે. 4 તેઓ
બધા જ વ્યભિચારીઓ છે; તેઓ સળગતી ભઠ્ઠી જેવા છે અથવા એ
ભઠિયારા જેવા છે, જે લોટને મસળે ત્યારથી તેને ખમીર ચઢે ત્યાં સુધી
આગને સંકોરતા નથી. 5 આપણા રાજાના ઉત્સવનાં દિવસે રાજકુમારો
મદિરાપાનથી ચકચૂર થઇ જાય છે. પછી હાંસી ઉડાવનારાઓ સાથે રા-
જા મદ્યપાન કરે છે. 6 કારણ ગુપ્ત યોજનાઓ બનાવતા તેમના હૃદય
ભઠ્ઠીની જેમ ઉત્તેજનાથી તપતા હોય છે. આખી રાત તેમનો આવેશ
બળતો રહે છે અને સવારના તે આગનાં ભડકાઓમાં બદલાઇ જાય છે.
7 તેઓ બધા ભઠ્ઠીની જેમ ગરમ છે, ને પોતાના ન્યાયાધીશોને સ્વાહા

કરી જાય છે, તેઓના બધા રાજાઓ માર્યા ગયા છે; અને છતાં કોઇ મદદ
માટે મારી પ્રાર્થના કરતું નથી. 8 ઇસ્રાએલના લોકો વિધર્મીર્ પ્રજાઓ
સાથે ભળે છે; એ તો ફેરવ્યા વગરની અધકચરી શેકાયેલી ભાખરી જેવા
છે. 9 વિદેશીઓના દેવોની સેવા કરવાથી તેઓનું સાર્મથ્ય હણાઇ જાય
છે. છતાં તેની ખબર એમને પડતી નથી. તેમના માથાના વાળ સફેદ
થયા છે, પણ તે જાણતો નથી કે, તેઓ કેટલા નબળા અને ઘરડા થઇ
ગયા છે. 10 ઇસ્રાએલનું ગર્વ તેની વિરુદ્ધ સાક્ષી પૂરે છે, તેમ છતાં એ
લોકો પોતાના દેવ યહોવાને શરણે આવતા નથી કે, નથી તેમને શોધ-
વાનો પ્રયત્ન કરતા. 11 ઇસ્રાએલ મૂર્ખ કબૂતર જેવું બની ગયું, નિદોર્ષ
અને બુદ્ધિહીન, કોઇવાર તે મિસરની મદદ માગે છે, કોઇવાર તે અશ્શૂર
તરફ મદદ માટે ફરે છે. 12 એ લોકો જ્યાં જશે હું તેમના પર મારી જાળ
પાથરીશ અને પકડાયેલા પંખીઓની જેમ તેમને નીચે જમીન પર ખેંચી
લાવીશ. હું તેમને પ્રબોધકોએ જે શબ્દો કહ્યાં હતા તે પ્રમાણે સજા
કરીશ. 13 વિપત્તિ તેઓને! કારણકે તેઓએ મને છોડી દીધો છે. તેઓ-
નો નાશ થશે! કેમકે તેઓએ મારી વિરુદ્ધ બંડ પોકાર્યુ છે. હું તેઓને
બચાવી લેવા ઇચ્છતો હતો, પણ તેઓ મારા વિષે જૂઠ્ઠુ બોલ્યા છે.
14 તેઓ સાચા હ્રદયથી મને પોકારતા નથી; તેઓ પથારીમાં પડ્યા
પડ્યા ખેતીના પાક માટે રોદણાં રડે છે. અને પોતાના શરીર ઉપર પ્રહાર
કરે છે, તેમ છતાં તેઓ મારી વિરુદ્ધ બંડ કરે છે. 15 તેમને સજા કરનાર
અને બળવાન બનાવનાર હું છું, પણ તેઓ મને ઇજા કરવા યોજના કરે
છે. 16 તેઓ પાછા આવે છે, પણ મહાન દેવ ભણી, સ્વર્ગ ભણી જોવાને
બદલે નિર્માલ્ય દેવો ભણી પાછા વળે છે. તેઓ નિશાન ચૂકી જનાર
ધનુષ જેવા છે. તેઓના સરદારો પોતાની તોછડી અવિવેકી જીભને કાર-
ણે તેઓ શત્રુઓની તરવારનો ભોગ થઇ પડશે અને મિસરના સર્વ લોકો
તેઓની હાંસી ઉડાવશે.

8 યહોવા કહે છે; "રણશિંગડું મોઢે માંડો! શત્રુઓ આવી રહ્યા છે,
તેઓ ગરૂડની જેમ યહોવાના લોકો ઉપર ધસી આવે છે, કારણકે
તેઓએ મારા કરારનો ભંગ કર્યો છે, અને મારા નિયમો વિરુદ્ધ બંડ કર્યું
છે. 2 હવે ઇસ્રાએલ મને આજીજી કરે છે અને કહે છે, "હે ઇસ્રાએલના
દેવ, અમે તને જાણીએ છીએ." 3 પણ જે સારું છે તેનો ઇસ્રાએલે ત્યાગ
કર્યો છે; તેણે તિરસ્કારથી પોતાની તક ખોઇ છે માટે હવે તેના શત્રુઓ
તેની પાછળ પડશે. 4 તેણે રાજાઓ અને નેતાઓની નિમણૂંક કરી છે,
પણ તેમાં મારી સલાહ લીધી નથી, તેઓના પોતાના વિનાશ માટે સો-
નારૂપાની મૂર્તિઓ બનાવી છે. મારી મદદ તેઓને મળી શકે તેમ નથી.
5 હે સમરૂન! યહોવાએ તારા વાછરડાને અસ્વીકાર કર્યુ છે. દેવ ઇસ્રાએ-
લીઓને કહે છે કે, હું તમારા ઉપર બહું કોપાયમાન છું. ક્યાં સુધી તમે
પાપો કરતા રહેશો. 6 હા, હે ઇસ્રાએલ, તારા કારીગરોએ મૂર્તિઓ બના-
વી, પણ તેઓ દેવ નથી. તેના કારણે સમરૂનના વાછરડાના ટુકડે ટુકડા
થઇ જશે. 7 તે લોકોએ પવન વાવ્યો છે, તેથી વંટોળિયો જ લણશે, પા-
કને કણસલા જ ન બેઠા હોય તો દાણા ન જ મળે, જો તેમાં થોડા ઘણા
હશે તો તેને વિદેશીઓ હડપ કરી જશે. 8 ઇસ્રાએલ હડપ થઇ ગયું છે.
વિદેશીઓમાં આજે તેની કિંમત ફૂટેલાં વાસણ જેવી છે. 9 તે એકલા
રખડતાં જંગલી ગધેડા જેવો છે. મદદ માટે તે આશ્શૂર પાસે દોડી ગયો
છે. તેઓ ભેટસોગાદ અને પૈસા આપીને બીજી પ્રજાઓનો સાથ મેળવે
છે; 10 જો કે ઇસ્રાએલ રાષ્ટો વચ્ચે તેણીના "પ્રેમીઓ" પાસે ગઇ હતી,
હવે હું તેમને સાથે ભેગા કરીશ. તેઓ પ્રચંડ રાજાના ત્રાસ હેઠળ પીડા
ભોગવવાનુ શરુ કરશે. 11 કારણ એફ્રાઇમે અનેક વેદીઓ બાંધી, તેઓ
પાપ કરવાની વેદીઓ બની ગઇ હતી. એ તો પાપની વેદીઓ છે! 12 હું
તેમને માટે નિયમશાસ્ત્રમાં દશહજાર વિધિઓ આપું તો પણ તે કહેશે,
"તે મારા માટે નથી. તે વિધિઓ તો દૂરની બીજી પ્રજાઓ માટે છે. 13 એ
લોકો બલિ ચઢાવી; તેનો પ્રસાદ ખાય છે, પણ હું એથી પ્રસન્ન થતો
નથી. હવે હું એમના ગુના સંભારીને એમને સજા કરીશ. એમને પાછા
મિસર જવું પડશે. 14 ઇસ્રાએલના લોકો પોતાના સર્જનહારને ભૂલી
ગયા છે અને એમણે મંદિરો ચણાવ્યાં છે. યહૂદાના લોકોએ અનેક
કિલ્લેબંદી નગરો બંધાવ્યાં છે. પરંતુ હું એમનાં નગરો ઉપર અગ્નિ વરસા-
વીશ. અને તે એમના કિલ્લાઓને ભસ્મીભૂત કરી નાખશે."

9 હે ઇસ્રાએલ, બીજા રાષ્ટોનાં લોકોની જેમ આનંદ ન કર. આનદ
ન કરીશ, કારણકે તમે તમારા દેવ યહોવાને વિશ્વાસુ નથી રહ્યાં.
જમીનનાં એક છેડાથી બીજા છેડા સુધી તમે પોતે વારાંગનાની જેમ
બઆલ દેવને વેચાયા છો. તમે સમજતા હતા કે, બઆલની સેવા કરવા-
થી તમને અનાજનો સારો પાક મળશે. 2 પણ થોડા સમયમાં જ
અનાજ, ને તેલના સાંસા પડશે, ને દ્રાક્ષાનો પાક નિષ્ફળ જશે. 3 ઇસ્રા-
એલના લોકો યહોવાની ભૂમિમાં રહી શકશે નહિ. તેમણે પાછા મિસર
જવું પડશે. આશ્શૂરમાં તેમણે નિષિદ્ધ અન્ન ખાવું પડશે. 4 ત્યાં તેઓ
યહોવાને દ્રાક્ષાસવ નહિ અપીર્ શકે. તેઓ તેમના બલિદાનો દેવને રા-
જી નહિ કરે. તેમના બલિદાનો શોક કરનારાઓના આહાર જેવું હશે. તે
ખાશે તેઓ અપવિત્ર બની જશે. તેમનું અન્ન કેવળ ભૂખ શમાવવા પૂરતું
જ કામમાં આવશે; અને તે યહોવાના મંદિરમાં ધરાવી નહિ શકાય.
5 તમે મુકરર પર્વના દિવસોમાં એટલે યહોવાના ઉત્સવોના દિવસોમાં
શું કરશો? 6 આ પ્રશ્ર્ન હું પુછું છું; કેમકે મોટા વિનાશના કારણે ઇસ્રાએ-
લના લોકો દેશ છોડી જશે. તેઓને મિસરમાં ભેગા કરવામા આવશે
અને તેમના વંશજોને મેમ્ફિસમાં દફનાવામાં આવશે. તેમના કિંમતી
ખજાનાઓ પર કાંટાળા છોડ ઉગશે અને તેમના મંડપો પર કાંટા ઉગશે.
7 શિક્ષાના દિવસો આવ્યા છે, બદલો લેવાના દિવસો આવ્યા છે; ઇસ્રા-
એલ તે જાણશે; 'પ્રબોધકો ઘેલા છે', "જે માણસમાં દેવનો આત્મા છે તે
માનસિક રીતે અસ્થિર છે."-તેવી તેઓ મશ્કરી કરે છે. સમગ્ર દેશ પાપ-
ના ભારથી દબાયેલો છે. દેવને પ્રેમ કરનારા લોકો પ્રત્યે તેઓ ધિક્કાર
જ પ્રદશિર્ત કરે છે. 8 પ્રબોધક તો દેવે નીમેલો ઇસ્રાએલનો રખેવાળ છે,
તેમ છતાં હું જ્યાં જ્યાં જાઉં છું, ત્યાં ત્યાં તેના માર્ગમાં તમે જાળ પાથરો
છો. દેવના મંદિરમાં પણ તમે તેમના પ્રત્યે તમારી ઘૃણા દેખાડો છો.
9 ઘણા સમય પહેલાં ગિબયાહમાં જે પુરુષો હતા, તેઓ ખરાબ રીતે
વર્તતા અને ષ્ટતામાં ઊંડા ઉતરી ગયા હતા. યહોવા તેમના અપરાધો
સંભારશે અને તેમના પાપોની સજા કરશે." 10 યહોવા કહે છે, "જેમ
રણમાં કોઇને દ્રાક્ષ મળે છે તે જ રીતે મને ઇસ્રાએલ મળ્યું હતું. તમારા
પૂર્વજો મને ઋતુનાં પહેલા પાકેલા અંજીર જેવા લાગ્યા હતા. પણ જ્યારે
તેઓ બઆલ-પેઓર પહોંચ્યા ત્યારે તેઓ બઆલની પૂજા કરવા લાગ્યા
અને તેઓ તે ભયંકર વસ્તુઓ (જૂઠા દેવો) જેવા થઇ ગયા, જેને તેઓ
પ્રેમ અને પૂજા કરતા હતા. 11 ઇસ્રાએલની કીતિર્ પંખીની જેમ ઊડી
જશે; તેમના સંતાનો જન્મ સમયે જ મૃત્યુ પામશે અથવા કોઇને ગર્ભ
રહેશે નહિ. 12 તેઓ કદાચ બાળકો ઉછેરશે, તો પણ હું તેમને હળી
લઇશ. એકનેય હું જીવતું રહેવા દઇશ નહિ. હું તમારી વિમુખ થઇશ અને
તમને એકલા તરછોડી દઇશ. તે દિવસ ઘણો દુ:ખદ હશે. 13 જ્યારે મેં
પહેલીવાર જોયું ત્યારે એફ્રાઇમ એક ફળદ્રુપ ધરતી પર રોપેલા તાડના
વૃક્ષ જેવું લાગતું હતું, પણ હવે એફ્રાઇમ તેના સંતાનોને યુદ્ધમાં મરવા
માટે મોકલવા બહાર લાવશે. 14 હે યહોવા, તેમની મદદ કરો. પણ તમે
તેમને શું આપશો? બાળ ગુમાવે એવું ઉદર અને દૂધ વગરના સ્તન તેમ-
ને આપો. 15 યહોવા કહે છે, "ગિલ્ગાલમાં તેઓના બધા ખરાબ કાર્યો
જાણીતા થયા. ત્યાં હું તેમને ધિક્કારવા લાગ્યો. તેમના દુષ્કૃત્યોને કાર-
ણે હું તેમને મારા ઘરમાંથી હાંકી કાઢીશ. હવે પછી હું તેમના પર પ્રેમ
નહિ રાખું. તેમના બધા શાષકો મારી વિરુદ્ધ થઇ ગયા છે. 16 ઇસ્રાએલ-
ને સડો લાગ્યો છે, તેના મૂળીયાં સુકાઇ ગયા છે, એને ફળ નહિ આવે;
અને તેમને સંતાન થાય તો પણ હું તેમના વહાલાં સંતાનોનો સંહાર
કરીશ." 17 મારા દેવ ઇસ્રાએલના માણસોને ફગાવી દેશે, કારણ કે, તે-
મણે તેમની વાત કાને ધરી નથી, અને તેઓ તેમને આધીન પણ થયાં
નથી. તેથી તેઓ વિદેશી પ્રજાઓ વચ્ચે ભટકનારા ઘર વિનાના યહૂ-
દીઓ થશે.

10 ઇસ્રાએલ સુવિકસિત અને ફળોથી ભરપૂર એવો દ્રાક્ષાવેલાની
જેમ ખૂબ સમૃદ્ધ છે. હું જ્યારે તેને વધારે અને વધારે સંપતિ
આપું છું તેઓ બીજા દેવો માટે વધારેને વધારે વેદીઓ બાંધે છે. જ્યારે મેં
તેમને પુષ્કળ પાક આપ્યો, તેઓએ તેમનાં સારામાં સારા પથ્થરોમાંથી
વધારે ભજનસ્તંભો જૂઠા દેવોને માન આપવાં બનાવ્યા. 2 ઇસ્રાએલના
લોકોએ દેવને છેતરવાનો પ્રયત્ન કર્યો, પણ હવે તેમને પોતાના અપરા-
ધની સજા ભોગવવી પડશે. યહોવા પોતે જ તેઓની વેદીઓ તોડી ના-
ખશે અને તેમના ભજનસ્તંભોનો નાશ કરશે. 3 હવે તેમણે કહેવું પડશે;
અમારે કોઇ રાજા નથી, કારણ, અમે યહોવાથી બીતા નથી; અને રાજા
પણ અમારે માટે શું કરવાનો હતો? 4 તેઓ વચનો આપે છે, પણ તેને

પાળવાનો વિચાર કરતાં નથી. કરાર કરતી વખતે જૂઠા સમ ખાય છે,
તેઓ જ્યારે ન્યાયને અમલમા મુકવાનો પ્રયત્ન કરે છે. તેઓના ચુકા-
દાઓ ખેડેલાં ખેતરમાં ઊગી નીકળતાં ઝેરી છોડ જેવા હોય છે. 5 સમરૂ-
નના લોકો બેથ-આવેનમાં આવેલી તેમની વાછરડાની મૂર્તિ સાથે ખૂબ
સંકળાયેલ છે; યાજકો અને લોકો તેના માટે શોક કરે છે. કારણ તેઓએ
તેનું તેજ માણ્યું, પણ હવે તેને તેમનાથી દૂર કારાવાસમાં લેવાયું છે.
6 જયારે એ વાછરડાને ત્યાંના મહાન રાજાને વસુલી તરીકે આપવા માટે
તેઓની સાથે ગાડામાં આશ્શૂર લઇ જવામાં આવશે. અને તેઓને સાથે
ચાકરોની જેમ લઇ જવામાં આવશે. ઈસ્રાએલની અપકીતિર્ થશે અને
તેણે પોતે લીધેલા માર્ગ માટે શરમાવું પડશે. 7 સમરૂનનો રાજા સમુદ્ર-
ના મોજાઓ ઉપર તરતાં લાકડાના પાટિયાની જેમ તણાઇ જશે. 8 જ્યાં
ઇસ્રાએલે પાપ કર્યું છે, તે બેથેલમાં આવેલી આવેનની મૂર્તિની વેદીનો
નાશ થશે. તેમની વેદીઓ ઉપર કાંટા ને ઝાંખરાઁ ઊગી નીકળશે. અને
પછી લોકો પર્વતોને અને ડુંગરોને કહેશે કે, “અમારા ઉપર પડો અને
અમને ઢાંકી દો.” 9 યહોવા કહે છે,”ઇસ્રાએલના લોકોએ ગિબયાહના
લોકોની જેમ પાપ કર્યુ, અને તેઓએ પાપ કરવાનું ચાલું રાખ્યું. શું ગિ-
બિયાહમાં દુષ્ટ કૃત્યો કરનારાઓ પર યુદ્ધ અચાનક નહોતું આવી
પડ્યું? 10 તમારામાં આધીનતા નથી, તેથી હું તમારી વિરૂદ્ધ જઇશ;
તમારા અસંખ્ય પાપો બદલ તમને શિક્ષા કરવા હું વિદેશી સૈન્યોને
તમારી વિરૂદ્ધ ભેગા કરીશ. 11 એફ્રાઇમ એક શિક્ષા પામેલી જુવાન ગાય
જેવી છે જેને દાણા છૂટા પાડવા ગમે છે. મેં તેને અગાઉ કદી ઝૂંસરી ની-
ચે મૂકી નથી. મેં તેની કોમળ ડોકને મુકત રાખી હતી. પરંતુ હવે હું એફ્રા-
ઇમ પર ઝૂંસરી મૂકીશ. તેને હળમાં બાંધવામાં આવશે. યહૂદા જમીન
ખેડશે અને યાકૂબ કઠણ જમીન તોડશે. 12 મેં કહ્યું,”પોતાને સારુ
સત્કમોર્ વાવો અને સાચા પ્રેમના ફળ લણો, તમારા હૃદયની કઠણ
જગ્યાઓને ખેડો. યહોવાને શોધવાનો સમય થઇ ગયો છે જ્યાં સુધી
યહોવા આવે અને તમારા પર ભલમનસાઇ વરસાવે. 13 પણ તમે દુષ્કૃ-
ત્યો વાવ્યાં છે અને તેના માઠાં ફળ લણ્યાં છે, તમારે તમારા અસત્યનાઁ
ફળ ભોગવવા પડ્યાં છે. સૈન્યના સાર્મથ્યને લીધે અને મહાન સૈન્યોને
લીધે દેશ સુરક્ષીત છે એવા જૂઠાણા પર ભરોસો રાખવાનો પૂરો બદલો
તમને મળી ચૂક્યો છે! 14 તારા લોકો વિરૂદ્ધ યુદ્ધ થશે અને દુશ્મનો તા-
રા કિલ્લેબંધ નગરોનો નાશ કરશે. જેમ શાલ્માને યુદ્ધમાં બેથ-આર્બેલનો
વિનાશ કર્યો હતો અને માતાઓને અને તેમના બાળકોને જમીન પર
પછાડીને મારી નાખ્યા હતાં તેમ થશે. 15 હે બેથેલ, તારી સાથે પણ તેમ
જ થશે. કારણ કે, તેં ઘણું ખરાબ કર્યુ છે. જ્યારે તે દિવસ આવશે ત્યારે
ઇસ્રાએલના રાજાનો સંપૂર્ણ નાશ થઇ જશે.

11 યહોવા કહે છે, “ઇસ્રાએલ બાળક હતો ત્યારે હું તેના પર પ્રેમ
રાખતો હતો. મેં મારા પુત્રને મિસરમાંથી બોલાવ્યો હતો.
2 પરંતુ જેમ જેમ મેં તેને બોલાવ્યો, અને વધારે પ્રેમ આપ્યો તેમ તેમ તે-
ણે વધારે બંડ કરીને, બઆલને બલિદાનો આપ્યાં અને મૂર્તિઓની
સન્મુખ વધારે ધૂપ કરતો રહ્યો. 3 જો કે, મેં જ તેને બાળપણમાં શિક્ષા
આપી ચાલતાં શીખવ્યું હતું. મેં જ તેને મારી બાથમાં લીધો હતો. પણ
તે જાણતો ન હતો, તેને સાજોસમો રાખનાર હું હતો. 4 મેં તેઓને પ્રેમની
લગામથી બાંધ્યા અને તેમને દોર્યા મે તેઓને ઊંચા કર્યા અને તેઓને
બાળકની જેમ તેડ્યા, અને હું પોતે વાકો વળ્યો અને તેમને જમાડ્યા.
5 મારા લોકો મિસર તરફ પાછા ફરશે નહિ. આશ્શૂર તેમના પર રાજ કર-
શે. આવું બનશે કારણ કે, તેઓએ મારી તરફ ફરવાનો નકાર કર્યો છે.
6 તેના શહેરો પર તરવાર લટકશે. તે તેઓના બધા પુરુષોનો તેમની દુ-
ષ્ટ યોજનાઓ માટે નાશ કરશે. 7 મારા લોકોનું વલણ મારાથી વિમુખ
થવાનું છે, એમને મારા તરફ ઊંચે આવવા માટે કહેવામાં આવે છે, પણ
તેઓ માન આપતા નથી. 8 હે ઇસ્રાએલ, હું તારો ત્યાગ શી રીતે કરું? હું
તને શી રીતે શત્રુઓના હાથમાં જવા દઉં? હું તારા હાલ અદમા જેવા શી
રીતે થવા દઉં? અથવા સબોઇમની સાથે વર્ત્યો તેમ તારી સાથે શી રીતે
વર્તું? મારું મન પાછું પડે છે; ને દયાથી ઓગળી જાય છે; 9 હું મારા ક્રો-
ધના આવેશ મુજબ વતીર્શ નહિ, હું ફરી તારો નાશ કરીશ નહિ, કારણકે
હું દેવ છું, માણસ નથી; હું તારી વચ્ચે વસતો પરમપવિત્ર દેવ છું. હું
આવીને તારો નાશ નહિ કરું. 10 મારા લોકો અનુસરસે યહોવા સિંહની
જેમ ગર્જના કરશે. હાં તે ગર્જશે અને તેના બાળકો પશ્ચિમમાંથી ધ્રુજતા
આવશે. 11 તેઓ મિસરમાંથી પંખીઓનાં ટોળાની જેમ વેગથી આવી
પહોંચશે. કબૂતરની જેમ તેઓ આશ્શૂરમાંથી આવશે. અને હું તેઓને
ફરીથી તેઓનાં ઘરમાં વસાવીશ.” યહોવાએ આ વચન આપ્યું છે.
12 એફ્રાઇમે મને જૂઠાણાથી ઘેરી લીધો. ઇસ્રાએલી લોકોએ મને તેમની
છેતરપિંડીવાળા કૃત્યોથી ઘેરી લીધો. ગમે તેમ, યહૂદા હજી પણ દેવન
પ્રત્યે, તેના વિશ્વાસુ પવિત્ર દેવ પ્રત્યે, અસ્થિર છે.

12 યહોવા કહે છે,” ઇસ્રાએલ વાયુને પકડવાનો કોઇ પ્રયત્ન કરતું
હોય તેમ વતેર્ છે. તેઓ તેમના જૂઠાણા વધારે છે અને વધારેને
વધારે ચોરે છે. તેઓ આશ્શૂરીઓ સાથે કરારો કરે છે, પણ એ જ સમયે
મિસરને ખંડણી તરીકે જેતૂનનું તેલ મોકલે છે. 2 યહોવાની યહૂદા વિરૂ-
દ્ધ દલીલ છે. તેઓ યાકૂબને તેના કૃત્યોની સજા આપશે. યાકૂબને તેના
ખરાબ કૃત્યોની યોગ્ય સજા થશે. 3 એમનો પૂર્વજ યાકૂબ ગર્ભમાં હતો
ત્યાં જ તેણે પોતાના ભાઇને દગો દીધો હતો અને મોટો થતાં તેણે દેવ
સાથે બાથ ભીડી હતી. 4 હા, તે દેવદૂત સાથે લડ્યો અને જીત્યો હતો.
તેના તરફથી આશીર્વાદ મેળવવાને તેણે રૂદન કર્યું અને વિનંતીઓ કરી.
બેથેલમાં તેણે દેવની મોઢેમોઢ મુલાકાત કરી. દેવે તેની સાથે વાત કરી.
5 હા, યહોવા, સૈન્યોનો દેવ છે. યહોવા એ તેનું સ્મારક નામ છે જેનાથી
તેમને બોલાવવામાં આવે છે. 6 તે માટે તમે દેવ ભણી પાછા ફરો. પ્રેમ
અને ન્યાયને વળગી રહો. દેવ તમને મદદ કરશે તેવી આશા સાથે રાહ
જોતા રહો. 7 યહોવા કહે છે, “ઇસ્રાએલીઓ તો ખોટાં ત્રાજવાં રાખનાર
વેપારીઓ જેવા છે, છેતરપિંડી તેઓને ગમે છે. 8 તેઓ કહે છે, “ખરેખર,
અમે તો ધનવાન છીએ, અમે સંપત્તિ મેળવી છે, અને એનો એકેય પૈસો
અનીતિ કે, પાપનો નથી. 9 યહોવા કહે છે, “તમને મિસરમાંથી બહાર
લાવ્યો ત્યારથી હું તમારો દેવ યહોવા છું. હું તમને મુકરર પર્વના દિવ-
સોની જેમજ મંડપોમાં રહેતાં કરીશ. 10 મેં તમને ચેતવણી આપવા માટે
મારા પ્રબોધકો તમારી પાસે મોકલ્યા. મેં જ તેઓને અનેક સંદર્શનો
આપ્યાં અને તેમને તમારી પાસે દ્રષ્ટાંતો સાથે મોકલ્યા. 11 ગિલયાદમાં
મૂર્તિપૂજા થઇ રહી છે, તો જરૂર તે પાપોનો નાશ થશે. ગિલ્ગાલમાં બળ-
દોનો બલિ અપાય છે. તેઓની વેદીઓ ખેડેલા ખેતરની બાજુના પથ્થ-
રોના ઢગલા જેવી થશે. ખેતરના ચારાની જેમ વેદીઓની હારમાળાઓ
તમારી મૂર્તિઓને બલિદાન અર્પવા વપરાય છે. ગિલયાદ પણ મૂર્તિઓ-
ની પૂજા કરનારા મૂર્ખાઓથી ભરેલું છે. 12 યાકૂબ અરામમાં ભાગી ગયો,
અને ઇસ્રાએલે પત્ની મેળવવા ત્યાં કામ કર્યું, તેણે તેણીને ઘેટાં ચરાવી-
ને મેળવી. 13 પછી યહોવાએ એક પ્રબોધક દ્વારા ઇસ્રાએલી લોકોનો
મિસરમાંથી છુટકારો કર્યો. તેઓને એક પ્રબોધક મારફતે રક્ષણ આપ્યું.
14 પરંતુ ઇસ્રાએલના લોકોએ યહોવાને ભારે ક્રોધિત કર્યા છે. યહોવા તે-
મના પાપો માટે તેમને જ જવાબદાર ઠેરવશે અને તેમણે જે અપરાધો
કર્યા છે, તેનો દોષ તેમના માથે નાખશે અને તેને પ્રભુ યહોવા મૃત્યુદંડ
કરશે.

13 એફ્રાઇમના વંશનો બોલ પડતાં બીજા વંશના લોકો ધ્રુજી ઊઠ-
તાં. ઇસ્રાએલમાં એ વંશનું એવું માન હતું પરંતુ બઆલની પૂજા
કરવાને કારણે એ લોકો અપરાધી ઠર્યા અને માર્યા ગયા. 2 અને હવે
તેઓ પાપ ઉપર પાપ કર્યા જ જાય છે અને પોતાને માટે પોતાની કલ્પ-
ના પ્રમાણેની ચાંદીની ઢાળેલી મૂર્તિઓ બનાવડાવે છે. એ બધી તો કા-
રીગરે બનાવેલી છે, છતાં તેઓ કહે છે કે,”આને બલિ ચઢાવો.” માણસો
વાછરડાઓને ચુંબન કરે છે! 3 આથી તેઓ પરોઢના ધુમ્મસની જેમ,
અથવા જોતજોતમાં ઊડી જતી ઝાકળની જેમ, અથવા ખળામાંથી
પવન તણાઇ જતાં ભૂસાની જેમ કે, ધુમાડિયામાંથી નીકળતા ધુમાડા-
ની જેમ હતા ન હતા થઇ જશે. 4 યહોવા કહે છે: “તમે મિસરમાં હતાં
ત્યારથી હું, યહોવા તમારો દેવ છું. મારા સિવાય તમારો કોઇ અન્ય દેવ
નથી. અને મારા વિના તમારો કોઇ તારણહાર નથી. 5 ગરમ અને સૂકા
અરણ્યમાં મેં તમારી કાળજી રાખી હતી. 6 પરંતુ તમે પેટ ભરીને ખા-
ધુંપીધું અને ધરાયા એટલે તમને અભિમાન થઇ ગયું અને તમે મને ભુ-
લી ગયા. 7 એટલે હવે હું તમારા માટે સિંહ જેવો થઇશ, દીપડાની જેમ હું
તમારા રસ્તાની બાજુમાં ટાંપીને બેસીશ. 8 જેનાં બચ્ચાં ઝૂટવી લેવાયા
હોય એવી રીંછણની જેમ હું તમને ચીરી નાખીશ; અને સિંહની જેમ હું
તમારો ભક્ષ કરીશ. 9 હે ઇસ્રાએલવાસીઓ, જો હું તમારો વિનાશ કરીશ,
તો તમને મદદ કરનાર કોણ છે? 10 તમારું રક્ષણ કરનાર તમારો રાજા

ક્યાં છે? તમારંુ રક્ષણ કરનારા તમારા બધા રાજકર્તાઓ ક્યાં છે? તમે
જ તેમની પાસે મારી માગણી કરી હતી કે, “અમને એક રાજા આપો, રા-
જકર્તાઓ આપો.” 11 મેં મારા ક્રોધમાં તમને રાજા આપ્યો હતો. અને
હવે રોષે ભરાઇને મેં તેને લઇ લીધો છે. 12 ઇસ્રાએલના પાપો ચોપડે
નોંધવામાં આવેલા છે અને યોગ્ય સમયે શિક્ષા માટે તે ભરી રાખેલા છે.
13 એના પ્રસવ માટે વેદના-પીડા શરૂ થઇ છે, પણ એ મૂર્ખ બાળક છે,
કારણકે સમય થયો હોવા છતાં એ ઉદરમાંથી બહાર આવતું નથી. 14 હું
મૂલ્ય ચૂકવીને તેને શેઓલમાંથી છોડાવી લઇશ, હું એમને મૃત્યુમાંથી
છોડાવીશ. તેની કસોટી કરવા માટે હે શેઓલ, તારી વિનાશક શકિત
છૂટી મૂક. અરે મૃત્યુ તારી મહામારી મોકલ! કારણકે મારી આંખમાં દયા
રહી નથી. 15 તેના સર્વ ભાઇઓમાં તે સૌથી વધુ નિષ્ઠાવાન ગણાતો
હતો. પરંતુ પૂર્વનો પવન-અરણ્યમાંથી આવતો યહોવાનો પવન તેના
ઉપર પ્રચંડ રીતે આવશે અને પછી ઝરા સુકાઇ જશે. અને તેમના
કુંવાઓ સૂકાઇ જશે અને તેમનો મુલ્યવાન ખજાનો પવનમાં ઘસડાઇ
જશે. 16 સમરૂને દેવની વિરૂદ્ધ બંડ કર્યું છે; માટે તેણે તેના અપરાધના
ફળ ભોગવવા પડશે. તેના ઉપર આક્રમણ કરનાર સૈન્ય તેના લોકોનો
સંહાર કરશે. તેમના બાળકોને ભોંયે પછાડીને મારી નાખવામાં આવશે
અને તેમની ગર્ભવતી સ્ત્રીઓનાં પેટ ચીરી નાખવામાં આવશે. એ લોકો
તરવારનો ભોગ બનશે.

14 હે ઇસ્રાએલના લોકો, તમારા યહોવા દેવ પાસે પાછા આવો,
તમારા દુષ્કૃત્યોને લીધે તમે ઠોકર ખાઇને પછડાયા છો.
2 તમારી વિનંતી રજૂ કરો. યહોવા પાસે આવો અને કહો:“હે યહોવા,
અમારાં પાપો દૂર કરીને અમારામાંનું સારું હોય, તેનો સ્વીકાર કરો. અમે
તમને સ્તુતિઓ અપીર્શું. 3 આશ્શૂર અમને બચાવી શકશે નહિ; હવે
અમે કદી યુદ્ધના ઘોડાને ભરોસે રહીશું નહિ, અને હવે અમે કદી હાથે
ઘડેલી મૂર્તિને અમારો દેવ કહીશું નહિ’ તમે જ અનાથના નાથ છો.
4 યહોવા કહે છે, “હું મારા લોકોના વિશ્વાસઘાતનો રસ્તો કરીશ. હું ઉદા-
રતાથી અને છૂટથી તેમના પર પ્રેમ રાખીશ. કારણકે હું તેમના પર રોષે
નથી. 5 હું ઇસ્રાએલને માટે ઝાકળ જેવો થઇશ; તે કમળની જેમ ખીલ-
શે, લબાનોનનાં વૃક્ષોની જેમ તેના મૂળ હજુ ઊંડા જશે, 6 તેને નવા
ફણગાં ફૂટશે, અને તેની ડાળીઓ ફેલાઇ જશે, તેનો દેખાવ એક સુંદર
જૈતવૃક્ષ જેવો હશે અને લબાનોનના ગંધતરુઁઓ જેવી તેની સુવાસ
હશે. 7 ફરી તેઓ મારા છાયડામાં વાસો કરશે; તેઓ બગીચાની જેમ ફૂ-
લશે ફાલશે, દ્રાક્ષાવાડીની જેમ વધશે; તેઓની સુગંધ લબાનોનના દ્રા-
ક્ષારસ જેવી થશે. 8 હે ઇસ્રાએલ, તારે મૂર્તિઓ સાથે કઇં કરવાનું નહિ
રહે. હું એ છું જે તમારી પ્રાર્થનાઓનો ઉત્તર આપુ છું. અને હું તમારી
સંભાળ રાખુ છું. તમારી સારસંભાળ રાખું છું. હું સદા લીલાછમ રહેતા
વૃક્ષ જેવો છું. મારી પાસેથી જ તમને ફળ મળે છે.” 9 સમજુ ડાહ્યો હોય
તે આ બાબતોને સમજે, બુદ્ધિશાળી વ્યકિત તે સાંભળે, જેનામાં સમ-
જણ હોય તે, એનો અર્થ હૈયામાં રાખે, કારણકે યહોવાના રસ્તાઓ સત્ય
અને ન્યાયી છે, અને સારો માણસ તેના ઉપર ચાલે છે, પણ પાપી મા-
ણસો ઠોકર ખાઇને પછડાય છે.

# યોએલ

1 પથુએલના પુત્ર યોએલને સંભળાયેલી યહોવાની વાણી 2 સાંભ-
ળો, હે ઇસ્રાએલના વડીલો! અને દેશના સર્વ વતનીઓ, તમે પણ
ધ્યાન આપો! તમારા કે તમારા પૂર્વજોના સમયમાં કદી આવું બન્યું છે?
3 તમે તમારાઁ સંતાનોને એની વાત કરજો; તેઓ તેમનાં સંતાનોને વાત
કરશે અને તેઓ પછીની પેઢીને કહેશે. 4 તીડો તમારો બધો પાક ખાઈ
જશે. જે કાતરનારા તીડોએ છોડ્યું તે ગણગણતા તીડો ખાશે; જે ગણ-
ગણતા તીડોએ છોડ્યું તે કૂદતા તીડો ખાશે; છેલ્લે આંકરાંતિયા તીડ
બચેલું બધું ખાઈ જશે. 5 હે છાકટાઓ, તમે જાગો અને આક્રંદ કરો! સર્વ
દ્રાક્ષારસ પીનારાઓ, જોરથી રડો! મીઠો દ્રાક્ષરસ તમારી પાસેથી લઈ
લેવાયો છે. 6 કારણ, એક દેશે પૃથ્વીને ઢાંકી દીધી છે. તેઓ અગણિત
છે. એમનાં દાંત સિંહના દાંત જેવા છે, તેમની દાઢો સિંહણની દાઢો જેવી
છે. 7 તેઓએ મારી દ્રાક્ષની લતાઓનો નાશ કર્યો છે અને અંજીર વૃક્ષો
પર ફકત પાતળી ડાળીઓ છોડી છે. તેઓએ તેની છાલ સંપૂર્ણત: ઉતા-
રી લીધી છે અને તેને બાજુમાં ફેંકી દીધું છે. ડાળીઓ સફેદ દેખાય છે.
8 કોઈ કુંવારી કન્યા પોતાના જુવાન પતિના અવસાનથી શોકના વસ્ત્રો
પહેરીને આક્રંદ કરે તેમ તમે આક્રંદ કરો. 9 યહોવાના મંદિરમાં ખાદ્યાર્પ-
ણો અને પેયાર્પણો આવતાં નથી. યાજકો જે યહોવા આગળ સેવક છે
તેઓ શોક કરે છે. 10 ખેતરો લૂંટાઇ ગયા છે. ભૂમિ આક્રંદ કરે છે. કેમ કે
અનાજ લૂંટાઇ ગયું છે. નવી દ્રાક્ષ સુકાઇ ગઈ છે. તેલ સુકાઇ જાય છે.
11 હે ધરતીના ખેડનારાઓ! પોક મૂકો, આક્રંદ કરો, હે દ્રાક્ષનીવાડીના
માળીઓ! ઘઉં માટે અને જવ માટે પોક મૂકો; કારણ કે ખેતરોના પાકનો
નાશ થયો છે. 12 દ્રાક્ષની વેલીઓ સુકાઈ રહી છે, અંજીર સુકાઈ રહ્યાં
છે. દાડમ, તાડ, સફરજન અને ખેતરમા બધાં વૃક્ષો સૂકાઈ ગયા છે. લો-
કોમાંથી આનંદ જતો રહ્યો છે. 13 હે યાજકો! શોકના વસ્ત્રો ધારણ કરી-
ને શોક કરો. હે વેદીના સેવકો, આક્રંદ કરો. હે મારા દેવના સેવકો, શોક-
ના વસ્ત્રોમાં આખી રાત ગાળો. તમારા દેવના ઘરમાં કોઈ ખાદ્યાર્પણ કે
પેયાર્પણ નથી. 14 પવિત્ર ઉપવાસની જાહેરાત કરો. પવિત્રસભા બોલા-
વો, તમારા દેવ યહોવાના મંદિરમાં આગેવાનોને અને દેશવાસીઓને ભે-
ગા કરો, અને યહોવા આગળ રૂદન કરો. 15 અરર! કેવો ભયંકર દિવસ.
યહોવાનો વિશેષ દિવસ નજીક છે! સૈન્યોનો દેવ યહોવા તરફથી વિ-
નાશ રૂપે આવશે. 16 આપણી નજર સામે જ આપણું અન્ન અદ્રશ્ય થઇ
ગયું. આપણા દેવના મંદિરમાંથી સર્વ આનંદ અને ઉત્સાહ ઊડી ગયા
છે. 17 સૂકી જમીન નીચે ધાન્ય સડી જાય છે. વખારો નષ્ટ થઇ છે. કો-
ઠારો ઓછા થયા છે. ખેતરોમાં અનાજ સુકાઈ ગયું છે. 18 ઢોર ભાંભરી
રહ્યાં છે! અને બળદો મુંજાયા છે; કારણકે તેઓ માટે ઘાસચારો રહ્યો
નથી. ઘેટાંનાં ટોળાંઓ પણ કષ્ટ સહન કરી રહ્યાં છે. 19 હે યહોવા, હું
તમને બોલાવું છું, 'કારણકે અગ્નિએ મરૂભૂમિના ઘાસચારાને ભસ્મ કર્યો
છે અને પ્રજવલિત જવાળાઓએ ખેતરના બધા વૃક્ષો બાળી નાખ્યાં છે.
20 હા, વનચર પશુઓ પણ પાણી માટે તમને પોકારે છે; કારણકે પાણી-
ની ધારાઓ સુકાઈ ગઈ છે, ને અગ્નિએ વનનો ઘાસચારો ભસ્મ કર્યો છે.'
2 સિયોનમાં રણશિંગડું વગાડો, મારા પવિત્ર પર્વત પર ભય સૂચ-
વતો ચેતવણીનો સૂર સંભળાવો. દેશના સર્વ લોકો, થરથરી
ઊઠો, કારણકે યહોવાનો ન્યાયનો દિવસ આવી રહ્યો છે. તે છેક નજીક
છે. 2 અંધકાર અને વિષાદનો તે દિવસ છે. વાદળો અને અંધકારનો દિ-
વસ. પર્વતો પર પથરાતા ઘાટા પડછાયા જેવું બળવાન અને વિશાળ
સૈન્ય જેવું દેખાય છે. એવું પહેલાં કદી બન્યું નથી કે, ભવિષ્યમાં કદી
જોવા નહિ મળે, મોટી તથા બળવાન પ્રજા આવશે. 3 અગ્નિ તેમની
સમક્ષ ભભૂકે છે. તેમની પાછળ જવાળાઓ લપકારા મારે છે. તેમની
સમક્ષની ભૂમિ આદમના બગીચા જેવી છે. પરંતુ તેઓની પાછળ તે
ઉજ્જડ અરણ્ય જેવી છે. હા, કશું જ રહેતું નથી. 4 તેમનો દેખાવ ઘોડા-
ઓના જેવો છે; અને જાણે ઘોડેસવાર હોય તેમ તેઓ દોડે છે. 5 તેઓ
શિખરો પર ગડગડાટ કરતાં, રથોની જેમ આગળ ધસી રહ્યાં છે, ઘાસ
બળતી જવાળાઓના લપકારાની જેમ અને યુદ્ધભૂમિમાં શકિતશાળી
સૈનાની જેમ આગળ વધે છે. 6 તેમને જોતાં પ્રજાઓ ધ્રુજી ઊઠે છે. ભય-
ને કારણે સૌના ચહેરા ઉપરથી લોહી ઊડી જાય છે. 7 આ 'યોદ્ધાઓ'
પાયદળની જેમ દોડે છે, અને પ્રશિક્ષણ પામેલા સૈનિકોની જેમ ભીંતો
ઉપર ચઢી જાય છે. તેઓ બધા એક હરોળમાં ખસે છે અને તેમની હરો-
ળથી હટતાં નથી. 8 તેઓ એકબીજાને ધક્કો નથી મારતાં અને હરોળ-
માં રહે છે. જ્યારે તેઓ શસ્ત્રો સમક્ષ પડે ત્યારે, તેઓ ક્રમ તોડતાં નથી.
9 તેઓ શહેરમાં ઉમટયા છે. તેઓ દીવાલોની એક તરફથી બીજી તરફ
દોડે છે. તેઓ મકાનોની અંદર ચઢી જાય છે. અને બારીઓમાંથી ચોરની
જેમ પ્રવેશે છે. 10 ધરતી તેમની આગળ ધ્રુજે છે અને આકાશ થરથરે છે,
સૂર્ય અને ચંદ્ર કાળા પડી જાય છે અને તારાઓ તેજસ્વીતા ગુમાવે છે.
11 યહોવા તેના સૈન્યદળોને આજ્ઞાઓ આપે છે. તેમનું સૈન્ય મોટું છે,
અને તેમની આજ્ઞા પાળનારાઓ શકિતશાળી છે. યહોવાનો ન્યાયનો
દિવસ ભયંકર અને બિહામણો છે. એની સામે કોણ ટકી શકે? 12 તો-
પણ, યહોવા કહે છે, "હજી સમય છે સાચા હૃદયથી તમે મારી પાસે પા-
છા ફરો. ઉપવાસ કરી, રૂદન કરો, ને આક્રંદ કરો. 13 તમારાં વસ્ત્રો નહિ,
હૃદયો ચીરી નાખો. તમારા યહોવા દેવ પાસે પાછા ફરો. તે દયાળુ અને
કૃપાળુ છે. તે ગુસ્સે થવામાં ધીમો છે અને તેની પાસે અનેરો પ્રેમ છે અને
તે ન્યાયના ચુકાદાને લગતો તેનો વિચાર બદલે છે. 14 કોણ જાણે છે?
કદાચ તે તેના વિચાર બદલે અને સજાથી ફરી તમને આશીર્વાદ આપે.
ત્યારે તમારા દેવ યહોવાને ખાદ્યાર્પણ અને પેયાર્પણ રહેવા દે. 15 સિ-
યોનમાં રણશિંગડું વગાડો, પવિત્ર ઉપવાસ જાહેર કરો; અને ધાર્મિક
સભા માટે લોકોને ભેગા કરો. 16 લોકોને ભેગા કરો, સમુદાયને પાવન
કરો, વડીલો, બાળકો અને ધાવણાં બાળકોને ભેગા કરો. વર અને
કન્યાએ તેમનો લગ્ન મંડપ છોડી આવવું જાઈએ. 17 યાજકો, જે યહોવા-
ના સેવકો છે, તેમણે ઓસરી અને વેદી વચ્ચે રડવું અને કહેવું કે, "હે
યહોવા, તારા લોકો પર દયા કર. વિદેશીઓને તેમને હરાવવા ન દો.
તમારા લોકોને વિદેશીઓ સમક્ષ લજ્જિત થવા ન દો, જેઓ દરેકને કહે
છે, "તેઓનો દેવ કયાં છે?" 18 ત્યારે યહોવાને પોતાના દેશને માટે લા-
ગણી થઇ, ને તેને પોતાના લોકો પર દયા આવી. 19 યહોવાએ પોતાના
લોકોને જવાબ આપ્યો, "જુઓ, હું તમને સંતોષ થાય તેટલા પૂરતાં
અનાજ, દ્રાક્ષારસ, અને તેલ મોકલીશ. હવે હું તમને વિદેશીઓ સમક્ષ
હજી વધારે લજ્જિત થવા નહીં દઉં. 20 પણ હું આ સૈન્યોને ઉત્તરમાંથી
ખસેડી અને તેઓને દૂર દેશમાં મોકલી દઇશ. હું તેઓને ઉજ્જડ તથા વે-
રાન દેશમાં પાછા મોકલી દઇશ. તેઓમાંના અડધાને મૃત સરોવરમાં
અને બાકીનાને ભૂમધ્ય સમુદ્રમાં ધકેલીશ. પછી તેઓ દુર્ગંધીત થશે
અને તેમની ગંધ ઉંચે ચઢશે કારણકે તેણે શકિતશાળી કાર્યો કર્યાં છે."
21 હે ભૂમિ, ગભરાઇશ નહિ, હવે ખુશ થા અને આનંદ કર. કારણકે યહો-
વાએ મહાન કાર્યો કર્યા છે. 22 હે વનચર પશુઓ, તમે ડરશો નહિ; કાર-
ણકે ગૌચરની જગ્યાઓ ફરીથી હરિયાળી થશે. વૃક્ષો પોતાના ફળ ઉપ-
જાવશે, અંજીરવૃક્ષો અને દ્રાક્ષાવેલાઓ ફરીથી ફળવંતા થશે. 23 હે સિ-
યોનના લોકો, ખુશ થાઓ, તમારા યહોવા દેવના નામે આનંદ કરો; કાર-
ણકે તે તમારી સાથેના સંબંધના પ્રસ્થાપનના ચિહ્નરૂપે શરદઋતુનાં
વરસાદો મોકલી રહ્યો છે. તે તમારા માટે વરસાદ વરસાવશે. ફરીથી, તે
વસંત અને શરદઋતુમાં વરસાદ વરસાવશે. 24 ફરી ખળીઓ ઘઉંથી
ભરાઇ જશે અને કુંડો જૈતતેલ અને દ્રાક્ષારસથી ઊભરાશે. 25 મેં મારું

મહાન વિનાશક તીડોનું લશ્કર તમારી વિરૂદ્ધ મોકલ્યું હતું-સામૂહિક તી-
ડો, કુદકતાં તીડો, વિનાશક તીડો, અને કાપતાં તીડો. તેમના દ્વારા
નષ્ટ થયેલો પાક હું તમને પાછો આપીશ. 26 તમે ચોક્કસ ધરાઇને ખા-
શો અને યહોવા દેવના નામની સ્તુતિ કરશો; જે તમારી સાથે અદ્ભૂત
રીતે વર્ત્યા છે અને મારા લોકો ફરી કદી લજ્જિત નહિ થાય. 27 પછી તમ-
ને ખબર પડશે કે, હું ઈસ્રાએલમાં છું, ને હું તમારો દેવ યહોવા છું, ને બી-
જું કોઇ નથી; અને મારા લોકો કદી લજ્જિત થશે નહિ." 28 "ત્યાર પછી,
હું મારો આત્મા બધા લોકો પર રેડીશ. તમારા પુત્રો અને પુત્રીઓ પ્ર-
બોધ કરશે, તમારા ઘરડાંઓ સ્વપ્નો જોશે અને યુવાનોને સંદર્શનો
થશે. 29 વધુમાં, તે સમયે હું મારો આત્મા તમારા દાસો અને દાસીઓ
ઉપર રેડીશ. 30 વળી હું પૃથ્વી પર અને આકાશમાં આશ્ચર્યજનક નિશા-
નીઓ મૂકીશ, લોહી અને અગ્નિ તથા ધુમાડાના સ્તંભો 31 યહોવાનો
મહાન અને ભયંકર દિવસ આવે તે પહેલાઁ સૂર્ય અંધકારરૂપ અને ચંદ્ર
લોહીરૂપ થઇ જશે. 32 તે સમયે એમ થશે કે, જે કોઇ યહોવાને બોલાવશે
તે ભાગી જશે, કારણ, યહોવાએ કહ્યું હતું કે, "યરૂશાલેમમાં અને સિ-
યોન પર્વત પર દીર્ઘજીવીઓ થશે, અને યરૂશાલેમમાં બાકી રહેલાઓ-
માંથી જેને યહોવા બોલાવે. તેઓ ઉગરી જશે.

3 "જુઓ! તે દિવસોમાં એટલે તે સમયે, જ્યારે હું યહૂદા અને યરૂશા-
લેમનાં ભાગ્ય ફેરવીશ, 2 હું બધા લોકોને ભેગા કરીશ અને તેમને
યહોશાફાટની ખીણમાં નીચે લઈ આવીશ; અને તેમને મારા લોકોને,
ઈસ્રાએલીઓ મારા ઉત્તરાધિકારીઓને ઇજા કરવા માટે સજા કરીશ. જે-
ઓને તેઓએ વિવિધ દેશોમાં વેરવિખેર કરી, મારી ભૂમિને વિભાજીત
કરી હતી. 3 તેઓએ ચિઠ્ઠીઓ નાખી મારા લોકોને સેવકો તરીકે વહેંચીં
લીધા છે. તેઓએ નાના છોકરાઓને વેશ્યાઓ મેળવવા વેંચી નાખ્યાં
છે, અને દ્રાક્ષારસ અને મદ્યપાનનાં બદલામાં છોકરીઓ બદલી છે.
4 "હે તૂર અને સિદોન તથા પલેશેથના બધા પ્રાંતો, તમારે ને મારે શું લે-
વા દેવા? શું તમે પાછું વાળવા પ્રયત્ન કરો છો? સાવધાન રહો, તમે જો
બદલો લેવા માંગશો, તો ઝડપથી હું તમારી તરફ ફરીશ અને ગણત-
રીઓ તમારા પર વાળીશ! 5 તમે મારાં સોનાચાંદી લઇ લીધાં છે, તથા
મારું સર્વ કિંમતી દ્રવ્ય તમારા મંદિરોમાં તમે ઉપાડી ગયા છો. 6 "વળી
તમે યહૂદા અને યરૂશાલેમના લોકોને ગ્રીકોને વેચી દીધા છે, તેઓ તેમ-
ને પોતાના વતનમાં દૂર દેશમાં લઇ ગયા છે. 7 પરંતુ હવે હું તમે તેમને
જ્યાં વેચ્યાં છે ત્યાંથી જગાડીશ અને તમે જે કર્યું છે તે સમાન જ હું
તમારી સાથે કરીશ. 8 હું તમારા પુત્ર અને પુત્રીઓને યહૂદાના વંશજોને
વેંચીશ અને તેઓ તેમને દૂરના દેશ શેબાના લોકોને વ◌ંચી દેશે." કેમકે
આ યહોવાનું વચન છે. 9 તમે પ્રજાઓમાં બધી બાજુ જાહેર કરો; યુદ્ધની
તૈયારી કરો. શ્રેષ્ઠ યોદ્ધાઓની ભરતી કરો. યુદ્ધના સર્વ પુરુષો તૈયાર
થાઓ અને યુદ્ધ તરફ કૂચ કરો. 10 તમારા હળની કોશોને ઓગાળીને
તેમાંથી તરવારો બનાવો અને તમારાં દાંતરડાઁઓને ટીપીને ભાલા બના-
વો. દુર્બળ માણસોને કહેવા દો કે તે બળવાન છે. 11 હે આજુબાજુની
સર્વ પ્રજાઓ, જલદી આવો, ને એકત્ર થાઓ; હે યહોવા, તમારા યોદ્ધા-
ઓને ત્યાં ઉતારી લાવો." 12 રાષ્ટ્રોને જાગવા દો અને યહોશાફાટની કો-
તરમાં આવવા દો. હું નજીકના દેશોનો ન્યાય આપવા માટે ત્યાં બેસવા-
નો છું. 13 હવે તમે દાતરડાઁ ચલાવો, મોલ પાકી ગયો છે. આવો, દ્રાક્ષા-
ચક્કી દ્રાક્ષથી ભરેલી છે; કૂંડા રસથી ઊભરાય ત્યાં સુધી દ્રાક્ષાઓને
ગૂંધ્યા કરો." કારણકે તેમની દુષ્ટતા વધી ગઇ છે. 14 ન્યાયચુકાદાની
ખીણમાં મોટો જનસમુદાય રાહ જોઇ રહ્યો છે! કારણકે ન્યાયચુકાદાની
ખીણમાં યહોવાનો દિવસ પાસે થઈ રહ્યો છે. 15 સૂર્ય અને ચંદ્ર કાળા
પડી જાય છે અને તારાઓનો પ્રકાશ ઝાંખો પડ્યો છે. 16 યહોવા દેવ
સિયોનમાંથી ગર્જના કરે છે અને યરૂશાલેમમાંથી ત્રાડ નાખે છે; તેથી પૃ-
થ્વી અને આકાશ જે છે. પણ યહોવા તેનાં લોકો માટે સુરક્ષિત સ્થળ
થશે. તે ઈસ્રાએલ માટે કિલ્લો છે. 17 ત્યારે તમે જાણશો કે, "હું મારા
પવિત્ર પર્વત સિયોન ઉપર બેસનારો તમારો દેવ યહોવા છું. પછી યરૂ-
શાલેમ પવિત્ર નગરી બનશે અને વિદેશીઓ તેના પર આક્રમણ કરશે
નહિ."યહૂદાને ફરીથી નવી બનાવાશે 18 "તે દિવસે પર્વતોમાંથી મીઠો
દ્રાક્ષારસ ટપકશે અને ડુંગરોમાંથી દૂધ વહેશે. યહૂદાની સુકાઇ ગયેલી
ધારાઓ પાણીથી ભરપૂર થશે. શિટ્ટીમની ખીણને પાણી પહોંચાડવા
યહોવાના મંદિરમાંથી ઝરો નીકળશે. 19 મિસર ઉજ્જડ થઇ જશે, અને
એદોમ ઉજ્જડ મરૂભૂમિ બનશે, કારણ કે આ લોકોએ યહૂદાના લોકોને
ઉત્પાત કર્યો હતો અને તેમનું નિદોર્ષ લોહી વહેવડાવ્યું હતું. 20 પણ
યહૂદા સદા નિર્વાસીત થશે અને યરૂશાલેમ પેઢી દર પેઢી વસ્તી વધારો
પામશે. 21 કારણ હું તેમના લોહીને દંડીશ. હું તેને વગર દંડયે છોડીશ
નહિ." કારણકે યહોવા સિયોનમાં રહે છે.

# આમોસ

1 યહૂદિયાના રાજા ઉઝિઝયા અને ઇસ્રાએલના યોઆશના પુત્ર રા-
જા યરોબઆમના સમયમાં, આમોસ તકોઆ જાતિના ભરવાડો-
માંનો એક હતો આ ઇસ્રાએલ વિષેના સંદેશાઓ છે જે તેને ધરતીકંપ
થયાના બે વર્ષ પહેલા 2 તેણે કહ્યું, “યહોવા સિયોનમાંથી ગર્જના કરશે,
યરૂશાલેમ મોટેથી કહેશે; ભરવાડો આક્રંદ કરશે, અને કામેર્લની ટોચ સૂ-
કાઇ જશે.” 3 યહોવા આ પ્રમાણે કહે છે: “દમસ્કના લોકોએ વારંવાર
પાપ કર્યા છે, અને હું તે ભૂલીશ નહિ. હું તેઓને શિક્ષા કર્યા વગર રહીશ
નહિ. જેમ અનાજ ધોકાવાની લોખંડની ગાડીથી ધોકાવાય છે, તેમ ગિ-
લયાદમાં મારા લોકોને તેઓએ માર્યા છે. 4 પરંતુ હું હઝાએલના મહેલને
આગ ચાંપીશ, ને તે બેન-હદાદના મહેલોને ભસ્મીભૂત કરી દેશે.
5 “વળી હું દમસ્કના દરવાજાઓ તોડી નાખીશ, અને આવેનની ખીણ-
માંના લોકોનો નાશ કરીશ. બેથ-એદેનના નેતાઓને શિક્ષા કરીશ.
અરામના લોકો દેશ નિકાલ થયેલની જેમ કીર પાછા ફરશે.” આ યહો-
વાના શબ્દો છે. 6 યહોવા કહે છે: “ગાઝાના લોકોએ વારંવાર પાપ કર્યા
છે. તેઓએ ધીમે ધીમે ઘસડીને આખા સમાજને અદોમના લોકોને ગુ-
લામ તરીકે સોંપી દીધેલ છે. આ માટે હું તેઓને જરૂર શિક્ષા કરીશ, 7 હું
ગાઝાની દીવાલોને આગ લગાડીશ અને આગ નગરના સર્વ કિલ્લેબંધી
કરેલા ઘરોને નષ્ટ કરી નાંખશે. 8 હું આશ્દોદના બધા લોકોને મારી ના-
ખીશ. એક્રોન અને આશ્કલોનના રાજાનો પણ નાશ કરીશ. બાકી રહેલા
પલિસ્તીઓ નાશ પામશે, તેમ દેવ યહોવા કહે છે.” 9 યહોવા કહે છે:
“તૂરના લોકોએ વારંવાર પાપ કર્યા છે. અને હું તે ભૂલીશ નહિ, હું તેને
શિક્ષા કર્યા વિના છોડીશ નહિ, તેઓએ ઇસ્રાએલ સાથેની મિત્રતાના
કરારનો ભંગ કર્યો છે. અને ઇસ્રાએલ પર હુમલો કરીને સમગ્ર પ્રજાને દે-
શનિકાલ થયેલાની જેમ અદોમ લઇ આવ્યા. 10 તેને માટે હું તેઓને
જરૂર શિક્ષા કરીશ, હું તૂરની દીવાલોને આગ લગાડીશ અને આગ શહેર-
ના સર્વ કિલ્લેબંધી કરેલા ઘરોને નષ્ટ કરી નાખશે.” 11 યહોવા કહે છે:
“અદોમના લોકોએ વારંવાર પાપ કર્યા છે અને હું તેમને ભૂલી જઇશ
નહિ. હું તેને શિક્ષા કર્યા વિના છોડીશ નહિ. તેણે દયાને નેવે મૂકીને હા-
થમાં તરવાર લઇને પોતાના જાતભાઇઓ યાકૂબના વંશજોનો પીછો
કર્યો હતો. તેનો ક્રોધ સદા ભભૂકતો જ રહ્યો. તેનો રોષ કદી શમ્યો જ
નહિ, 12 તે માટે હું જરૂર તેને સજા કરીશ. હું ‘તેમાનને’ આગ લગાડીશ
અને આગ ‘બોસ્રાહના’ કિલ્લાને નષ્ટ કરી નાખશે.” 13 યહોવા કહે છે:
“આમ્મોનના લોકોએ વારંવાર પાપ કર્યા છે, તેમણે પોતાની સરહદ વિ-
સ્તારવા માટે ગિલયાદમાં ગર્ભવતી સ્ત્રીઓનાં પેટ પણ ચીરી નાખ્યાં
છે; આથી હું તેમને જરૂર સજા કરીશ. 14 હું રાબ્બાહની દીવાલોને આગ
લગાડીશ અને આગ નગરના સર્વ કિલ્લેબંધી મહેલો, ઘરોને નષ્ટ કરી
નાખશે. ચારેતરફ યુદ્ધનાદ થશે, અને જાણે પ્રચંડ વાવાઝોડાનો પ્રકોપ
થઇ રહ્યો હોય એમ લાગશે. 15 તેઓના રાજાઓ અને તેઓના અમલ-
દારો સાથે દેશવટો લેશે.” આ યહોવાના શબ્દો છે.

2 યહોવા કહે છે: “મોઆબના લોકોએ વારંવાર પાપ કર્યા છે અને હું
તેમને ભૂલી જઇશ નહિ. તેમણે અદોમના રાજાના હાડકાં બાળીને
ચૂરો કરી નાખ્યાં હતાં; આથી હું તેમને જરૂર સજા કરીશ. 2 હું મોઆબને
આગ લગાડીશ અને આગ કરીયોથના કિલ્લેબંધી મહેલો મકાનોને નષ્ટ
કરી દેશે. યુદ્ધના આક્રંદ અને રણશિંગડાંના અવાજો મધ્યે મોઆબ નાશ
પામશે. 3 હું તેના રાજકર્તાને ત્યાંજ મારી નાખીશ અને તેની સાથે તેના
સર્વ અમલદારોને મારી નાખીશ.” આ યહોવાના વચન છે. 4 યહોવા કહે
છે: “યહૂદિયાએ વારંવાર પાપ કર્યુ છે હું તેઓને શિક્ષા કર્યા વગર રહીશ
નહિ. એ લોકોએ મારા નિયમોનો અનાદર કર્યો છે, અને મારી આજ્ઞાઓ
માની નથી. તેમના પિતૃઓ જે ખોટા દેવોને અનુસરતા હતા તેમણે તેમ-
ને ખોટે માગેર્ દોર્યા છે; આથી હું તેમને જરૂર સજા કરીશ. 5 હું યહૂદિયા
પર આગ લગાડીશ અને આગ યરૂશાલેમના કિલ્લેબંધી મહેલો મકાનોને
નષ્ટ કરશે.” 6 યહોવા કહે છે: “ઇસ્રાએલના લોકોએ વારંવાર પાપ કર્યા
છે અને હું તે ભૂલીશ નહિ. હું તેને શિક્ષા કર્યા વિના છોડીશ નહિ. તે-
ઓએ ન્યાયી લોકોને ચાંદીના બદલામાં વેચ્યા છે અને ગરીબોને બૂટની
જોડીના બદલામાં વેચ્યા છે. 7 તેઓએ ગરીબોને ધૂળમાં પગતળે કચ-
ડ્યા છે. અને નમ્ર લોકોને સાચા માર્ગમાંથી દૂર ધકેલી દેવામાં આવ્યાં
છે. પિતા અને પુત્ર એક જ સ્ત્રી પાસે ગયા છે અને મારું પવિત્ર નામ
બગાડ્યું છે. 8 તેઓ વેદીની બાજુમાં ધીરેલા નાણાંની સુરક્ષા તરીકે લી-
ધેલાં કપડાં પર સૂઇ જાય છે. અને તેઓના દેવના મંદિરમાં આવતા લો-
કો પાસેથી દંડ તરીકે લીધેલા નાણાંનો દ્રાક્ષારસ પીએ છે. 9 “તમે જ્યા-
રે કેનાનમાં દાખલ થયા ત્યારે અમોરીઓ ત્યાં હતા, તેઓ દેવદારના વૃ-
ક્ષ જેવા ઊંચા અને ઓક વૃક્ષ જેવા ખડતલ હતા. પણ તમારા માટે મેં
તેઓને સમાપ્ત કર્યા હતા, હા, મે તેઓની શાખાઓ અને તેઓના મૂળિ-
યાઓનો નાશ કર્યો. 10 “વળી હું તમને મિસરમાંથી સાથે બહાર લઇ
આવ્યો, અને મેં તમને વન્યપ્રદેશ થકી ચાળીસ વર્ષ સુધી માર્ગદર્શન
આપ્યું જેથી તમે અમોરીઓના રાષ્ટને તાબામાં લઇ શકો. 11 મેં તમારા
પુત્રોમાંથી અનેકને પ્રબોધકો અને નાઝીરીઓ બનાવ્યા. હે ઇસ્રાએલના
લોકો, શું એ સાચું નથી?” આ હું યહોવા કહું છું. 12 પણ તમે નાઝીરી-
ઓને દ્રાક્ષારસ પાયો; અને પ્રબોધકોને આજ્ઞા કરી કે, પ્રબોધ કરશો
નહિ. 13 જુઓ, જેમ ગાડું ભારને લીધે દબાઇ જાય છે, તેમ હું તમને
તમારી જગ્યાએ જમીન પર દબાવી દઇશ. 14 અને ઝડપી દોડનારની
દોડ નકામી જશે. બળવાનની તાકાત લુપ્ત થઇ જશે. અને જાણીતા ના-
માંકિત યોદ્ધાઓ પણ પોતાનો જીવ બચાવી શકશે નહિ. 15 ધનુર્ધા-
રીઓ તેઓની જમીન કબ્જામાં રાખી શકશે નહિ અને જેઓ ઝડપથી
દોડી શકે છે તેઓ પોતાને બચાવવા ભાગી શકશે નહિ અને ઘોડેસવારો
તેઓનો પોતાનો જીવ બચાવી શકશે નહિ. 16 યોદ્ધાઓમાનો સૌથી
બહાદુર પણ તે દિવસે શસ્ત્રો મૂકી નાસી જશે.” એમ યહોવા કહે છે.

3 હે ઇસ્રાએલના લોકો, તમને આખી પ્રજાને યહોવા મિસરમાંથી
બહાર લઇ આવ્યા હતા. હવે તમારી વિરૂદ્ધ યહોવાએ જે વચનો
કહ્યાં છે તે સાંભળો: 2 “પૃથ્વી પરના સર્વ લોકોમાંથી ફકત તમને જ મેં
પસંદ કર્યા છે. આ માટે હું તમારા સર્વ ગુનાઓ માટે તમને શિક્ષા
કરીશ.” 3 શું બે જણા મળવાને સંમત થયા વગર સાથે જઇ શકે? 4 શું
શિકાર હાથમાં આવ્યા વગર સિંહ જંગલમાં ગર્જના કરશે? જો સિંહના
બચ્ચાએ કાંઇ પકડ્યું ન હોય તો પોતાના બિલમાંથી રાડો પાડે? 5 જા-
ળનો ઉપયોગ કર્યા વગર કોઇપણ પક્ષીને કેવી રીતે પકડી શકે? સિ-
વાય કે કોઇ પકડાય ફાંસલાની કમાન બંધ થાય? 6 રણશિંગડું નગરમાં
વગાડવામાં આવે તો લોકો ડર્યા વિના રહે? શું યહોવાની મરજી વિના
યહોવાના હાથ વિના નગર પર આફત આવે ખરી? 7 પરંતુ પોતાના સે-
વક પ્રબોધકોને પોતાના મનસૂબાની જાણ કર્યા વિના સૈન્યોનો દેવ
યહોવા કશું જ કરતો નથી. 8 સિંહે ગર્જના કરી છે, કોણ ભયથી નહિ ધ્રુ-
જે? મારા યહોવા દેવે તેની ઇચ્છા પ્રગટ કરી છે. કોણ તેનું ભવિષ્ય ભા-
ખી જાહેરાત કર્યા વગર રહી શકે? 9 આશ્દોદની અને મિસરના મહેલોમાં
રહેતાં લોકોને જાહેર કરી જણાવો કે, “સમરૂનની આસપાસના પર્વત
ઉપર તમે ભેગા થાઓ. ત્યાં મચેલી અંધાધૂંધી અને ઇસ્રાએલના સર્વ
ગુનાઓનો શરમજનક તમાશો નિહાળો.” 10 યહોવા કહે છે: “ન્યાયથી
વર્તવું એટલે શું, એ તમારા લોકો ભૂલી ગયા છે. તેઓ બધા તો બસ,
હિંસા અને શોષણથી ચોરી અને લૂંટથી પોતાના ઘર ભરે છે.” 11 તેથી
પ્રભુ યહોવા કહે છે, “દુશ્મન આવે છે, તે દેશ પર આક્રમણ કરશે અને

તમારા કિલ્લાઓ તોડી પાડશે અને તમારા મહેલોને લૂંટી લેશે.” 12 યહો-
વા કહે છે કે, “જેમ કોઇ ભરવાડ સિંહના મોમાંથી માત્ર બે પગ કે કાનનો
એકાદ ટુકડો બચાવી લે છે, તેમ સમરૂનના પલંગોમાં તથા રેશમી ગદે-
લાના બિછાના પર બેસનાર ઇસ્રાએલીઓમાંથી બહુજ થોડા બચવા
પામશે.” 13 આ વચનો સાંભળો અને યાકૂબના વંશજો સામે સાક્ષી રા-
ખો. સૈન્યોનો દેવ મારા યહોવા દેવ આમ કહે છે, “યાકૂબના વંશની વિ-
રૂદ્ધ સાક્ષી પૂરો. 14 હું ઇસ્રાએલને તેના પાપો માટે શિક્ષા કરીશ તે દિવ-
સે હું બેથેલની વેદીઓને ધિક્કારીશ, વેદી પરના શિંગડા કાપી નાખવા-
માં આવશે. અને તેઓ જમીન પર પડી જશે. 15 હું શિયાળાના મહેલો
તથા ઉનાળાના મહેલો, બન્નેનો નાશ કરીશ; અને હાથીદાંતના મહેલો
નાશ પામશે ને ઘણા નિવાસસ્થાનોનો નાશ કરીશ.” એમ યહોવા કહે
છે.

4 હે સમરૂન પર્વત પર રહેતી બાશાનની તંદુરસ્ત ગાયો, તમે કે જે
ગરીબોને હેરાન કરો છો અને દુર્બળોને સતાવો છો, તમે કે જે
તમારા પતિને કહો છો, “ચાલો આપણે પીએ.” તમે આ વચનો સાંભ-
ળો. 2 સૈન્યોનો દેવ મારા માલિક યહોવાએ તેની પવિત્રતાને નામે પ્ર-
તિજ્ઞા લીધી છે કે, તમારા પર આપત્તિના દિવસો આવી પડશે કે જ્યારે
પશુની જેમ તમારા નાકમાં વાળી સાથે તમને લઇ જવામાં આવશે.
તમારામાંના બાકી રહેલાઓને માછલી પકડવાના ગલ વડે ઘસડી
જવામાં આવશે. 3 દીવાલના બાકોરામાંથી તમને સીધા તમારા નગર-
માંથી લઇ જવામાં આવશે અને તમને હામોર્નમાં ફેંકવામાં આવશે. આ
યહોવાના વચન છે. 4 “બેથેલ અને ગિલ્ગાલ જઇ; બલિદાન અપીર્
તમારા પાપ વધારતાં જાઓ. રોજ સવારે તમારા બલિદાન અર્પણ કરો.
અને અઠવાડિયામાં બે વાર તમારાં દશાંશ-ઊપજનો દશમો ભાગ ધરા-
વો. 5 ખમીરવાળી રોટલી આભાર અર્પણ તરીકે અર્પણ કરો અને તમા-
રી મરજી મુજબના અર્પણો ક્યારે લાવશો તેની જાહેરાત કરો. કારણકે હે
ઇસ્રાએલીઓ, આમ કરવું તમને ગમે છે.” 6 “આ કારણથી મે તમને મા-
રા તરફથી તમારા નગરમાં ભૂખ્યા પેટે રાખ્યા. અને તમારી વસાહતોમાં
દુકાળ ઉત્પન્ન કર્યો. તેમ છતાં તમે મારી પાસે આવ્યા નહિ. “ આ યહો-
વાના વચનો છે. 7 “કાપણીને ત્રણ મહિનાનો સમય હતો, ત્યારથી મેં
તમારે ત્યાં વરસાદ વરસાવતો અટકાવી દીધો. એક ગામમાં વરસાદ
વરસતો અને બીજામાં ન વરસાવતો. એક ખેતરમાં વરસતો અને બીજા-
માં ન વરસતા તે સુકાઇ જતું. 8 તેથી બે - ત્રણ ગામના લોકો લથડિયાં
ખાતા પાણી માટે બીજા એક ગામમાં જતા. પણ પાણી પામતા નહિ.
તેમ છતાં તમે પાછા મારે શરણે ન આવ્યા.” આ યહોવાના વચન છે.
9 “મેં તમારા આનાજના ખેતરો સૂકવી નાખ્યા, તમારા બાગો અને દ્રાક્ષ-
ના બગીચાઓ તડકાથી શામળાં પાડી દીધા, તીડ તમારાં અંજીરના વૃ-
ક્ષો અને જૈતૂનના ફૂલ ઝાડના બગીચા ખાઇ ગયા, છતાઁ તમે મારી તરફ
પાછા ફર્યા નહિ.” આ યહોવાના વચનો છે. 10 “મેં મિસરમાં મરકીનો
રોગચાળો ફેલાવ્યો હતો. તમારા જુવાન યોદ્ધાઓનો તરવારથી મેં સંહાર
કર્યો. તમારા ઘોડાઓનું હું હરણ કરી ગયો, તમારી છાવણીઓને મેં મૃત-
દેહોથી ગંધાતી કરી મૂકી, છતાં તમે પાછા મારે શરણે ન આવ્યાં.” આ
યહોવાના વચન છે. 11 “મેં જેમ સદોમ અને ગમોરામાં કર્યુ હતું, તેમ
તમારા પર ત્રાસદાયક આફતો મોકલાવી, તમે આગમાંથી કાઢેલા લાક-
ડાના ઢીમચા જેવા થઇ ગયા; છતાં તમે મારી પાસે પાછા આવ્યા નહિ.”
આ યહોવાના વચનો છે. 12 “એ માટે, હે ઇસ્રાએલ, હું તને એ જ હાલત-
માં મુકીશ, હું તારા એવા જ હાલ કરીશ. માટે તમે મને, તમારા દેવને
મળવા તૈયાર થાઓ. 13 હાં તું તારી જાતને તૈયાર કર, જેને તું મળવાનો
છે તે પર્વતોને બનાવનાર, વાયુનો સર્જનહાર છે. એ જ છે જે મનુષ્ય શું
વિચારે છે તે પ્રગટ કરે છે. તે એ જ છે જે પ્રભાતને અંધકારમાં ફેરવી ના-
ખે છે અને દુનિયાની ઉંચાઇ પર ચાલે છે. તેનું નામ સૈન્યોનો દેવ યહો-
વા છે.

5 હે ઇસ્રાએલના વંશજો તમારા માટે હું દુ:ખનાં ગીતો ગાઉં છું તે
સાંભળો, 2 ઇસ્રાએલની વિશુદ્ધતા ભાંગી પડી છે. તે ફરીથી ઊભી
થઇ શકશે નહિ; તેણે તેની પોતાની જ જમીનનો ત્યાગ કર્યો છે. અને
તેને ઊભા થવા માટે મદદ કરે તેવું કોઇ નથી. 3 યહોવા મારા માલિક
કહે છે, “જે નગરમાંથી હજારો યોદ્ધાઓ કૂચ કરી બહાર નીકળતા હતા
ત્યાં માત્ર સો જ રહ્યાં હશે. અને જ્યાંથી સો કૂચ કરીને નીકળ્યા હતા
ત્યાં પાછા ફરેલા માત્ર દસ જ હશે.” 4 ઇસ્રાએલના લોકોને યહોવા કહે
છે: “મને શોધો, તો તમે જીવશો; 5 પણ બેથેલની શોધ ન કરો, ને ગિ-
લ્ગાલમાં ન જશો, ને બેર-શેબા ન જાઓ; કારણકે ગિલ્ગાલના લોકોને
બંદીવાસમાં લઇ જવામાં આવશે અને બેથેલ અતિશય દુ:ખમાં આવી
પડશે.” 6 યહોવાને શોધો, તો તમે જીવશો, તેમ નહિ કરો તો તે અગ્નિ-
ની જેમ યૂસુફના ઘરની આરપાર, પ્રસરી જશે. તે ભસ્મ કરી નાખશે અને
બેથેલ પાસે તેને ઓલવવા માટે કોઇ નહિ હોય. 7 હે દુષ્ટ લોકો, તમે
ગરીબ અને પગતળે કચડાયેલા માટે “ન્યાય” એક કડવી ગોળી બનાવી
છે. સચ્ચાઇ એ તમારા માટે એક નિરર્થક શબ્દ છે. 8 જે કૃત્તિકા સપ્તર્ષિર્
અને મૃગશિરનો રચનાર છે, જે ગાઢ અંધકારને પ્રભાતમાં ફેરવી નાખે
છે. અને દિવસને અંધારી રાતમાં ફેરવી નાખે છે, જે સાગરના જળને બો-
લાવીને વરસાદ તરીકે પૃથ્વી પર વરસાવે છે, તેનું નામ યહોવા છે.
9 અત્યંત શકિતશાળી વેગથી અને પૂર્ણ શકિતથી તે વિનાશકારક
આક્રમણ સજેર્ છે. અને કિલ્લા તોડી પાડે છે.” 10 જે પ્રબોધકો ન્યાયા-
લયમાં અન્યાયનો સામનો કરે છે તે પ્રામાણિક ન્યાયાધીશોને અને જે
પ્રબોધકો સત્ય બોલે છે તેનો તમે તિરસ્કાર કરો છો. 11 તમે ગરીબોને
પગ તળે કચડો છો અને તેમની પાસેથી અનાજ પડાવી લો છો, તેથી
તમે ઘડેલા પથ્થરનાઁ જે ઘર બાંધ્યાં છે, તેમાં તમે રહેવા નહિ પામો. તમે
રમણીય દ્રાક્ષાવાડીઓ રોપી છે, પણ તેનો દ્રાક્ષારસ તમે પીવા નહિ
પામો; 12 કારણકે તમારાં પાપો ઘણા છે અને ખૂબ ત્રાસદાયક છે. હું
જાણું છું કે જે ન્યાયના માર્ગને અનુસરે છે, તેને હેરાન કરો છો, ને તમે
લાંચ લો છો અને ગરીબને ન્યાયાલયમાં ન્યાયથી વંચિત રાખો છો.
13 આથી, એ કારણે શાણા લોકો તમારી શિક્ષાના ભયંકર દિવસે યહોવા
સમક્ષ ચૂપ રહેશે, કેમ કે આ સમય ભૂંડો છે. 14 જીવવું હોય તો ભલાઇ-
ને શોધો, બૂરાઇને નહિ, જેથી તમે કહો છો તેમ, સૈન્યોનો દેવ યહોવા
તમારી જોડે રહે. 15 બૂરાઇને ધિક્કારો, ને ભલાઇ ઉપર પ્રેમ રાખો, અને
ન્યાયાલયમાં ન્યાયની પ્રતિષ્ઠા કરો. તો કદાચ સૈન્યોનો દેવ યહોવા
બાકી રહેલા લોકો ઉપર દયા કરે.” 16 આથી સૈન્યોનો યહોવા મારા મા-
લિક કહે છે, “શેરીને ખૂણે ખૂણે શોક થશે, શેરીએ શેરીએ હાય! હાય! ના
પોકારો સંભળાશે. લોકો ધંધાદારી રાજિયા ગાનારાઓ સાથે ખેડૂતોને
પણ આક્રંદ કરવા બોલાવશે; 17 દ્રાક્ષની બધી વાડીઓમાં શોક થશે.
કારણ કે હું આ સર્વ જગ્યાઓથી પસાર થઇશ અને બધી વસ્તુનો નાશ
કરીશ.” એમ યહોવ્ કહે છે. 18 તમે કહેશો, “યહોવાનો દિવસ પાસે હોત
તો કેવું સારું; દેવ સર્વ શત્રુઓથી અમારો બચાવ કરે. પણ તમને તે દિ-
વસનો સ્પષ્ટ ખ્યાલ નથી. તે દિવસ પ્રકાશ અને સમૃદ્ધિ નહિ પરંતુ
અંધકાર અને ન્યાય શાસન લાવશે. 19 તે તો જેમ કોઇ માણસ સિંહથી
ભાગી જાય; ને તેને રીંછ ભેટે, અથવા ઘરમાં જઇને ભીંતનો ટેકો લે, ને
તેને સાપ કરડે તેવો. 20 યહોવાનો દિવસ સાચે જ અંધકારભર્યો છે, પ્ર-
કાશભર્યો નથી; એનો અંધકાર એવો ગાઢ છે કે જેમાં પ્રકાશનું એકે કિ-
રણ નથી.” 21 યહોવા કહે છે: “હું ધિક્કારુ છું, હા, હું તમારા ઉત્સવોને
ધિક્કારું છું, મને તમારી ધામિર્ક સભાઓ ગમતી નથી. 22 હા, જો કે
તમે તમારાં દહનાર્પણ અને ખાદ્યાર્પણ લાવશો. તોયે હું તેનો સ્વીકાર
કરીશ નહિ. હું તમારા હ્ષ્ટપુષ્ટ શાંત્યર્પણોની સામે પણ જોઇશ નહિ.
23 તમારા ગીતો મારાથી દૂર કરો. મારા કાનમાં તે ઘોંઘાટ સમાન છે.
તમારું વાદ્યસંગીત તમને ગમે તેટલું કર્ણપ્રિય લાગે પણ હું તે સાંભ-
ળીશ નહિ. 24 પણ ભલે સચ્ચાઇને સદા વહેતા ઝરણાંની જેમ અને
ન્યાય ને પાણીથી ભરપૂર નદીની જેમ વહેવા દો. 25 હે ઇસ્રાએલના
વંશજો, જ્યારે તમે ચાળીસ વર્ષ સુધી વન પ્રદેશમાં હતાં, શું તમે મને
યજ્ઞબલિ અર્પણ કર્યા હતાં? મને બલિદાનો અર્પણ કર્યાં હતાં? 26 તમે
હંમેશા તમારા રાજા સિક્કૂથને અને તારારૂપી દેવ કીયૂનની મૂર્તિઓને
માથે ચઢાવી છે. આ મૂર્તિઓને તમે જ બનાવેલી હતી. 27 તેથી હું તમને
દમસ્કની હદ પાર દૂર દેશવાટે મોકલી દઇશ.” આ વચનો તેના છે જેનું
નામ સૈન્યોનો દેવ યહોવા છે.

6 સિયોનમાં એશઆરામમાં અને આનંદમાં રહેનારા તથા સમરૂન-
ના પર્વતોમાં નિર્ભયપણે રહેનારા “મુખ્ય” રાષ્ટના નામાંકિત મા-
ણસો જેઓ પાસે “ઇસ્રાએલના લોકો” આવે છે. કેવી ત્રાસજનક તમારી
દશા થશે! દુર્ભાગ્ય તમારું! 2 કાલ્નેહ નગર જઇને જુઓ, ત્યાંથી મહાન
હમાથનગર જાઓ, અને ત્યાંથી પલિસ્તીઓના ગાથ શહેરમાં જાઓ, એ

રાજ્યો કરતાં તમારી દશા શું સારી છે? અથવા તેમનો વિસ્તાર તમારા
કરતાં શું વિશાળ છે? 3 જે આફતનો દિવસ તમે પાછો ઠેલવા ધારો છો,
પણ હિંસાનું રાજ્ય નજીક લાવો છો. અને તમારા કાર્યોથી ન્યાયકાળના
દિવસોને પાસે લાવો છો. 4 તમે એશઆરામથી હાથીદાંતના પલંગો પર
સૂઓ છો વળી તમે ટોળામાંથી કુમળા હલવાનો અને પસંદ કરેલા વા-
છરડાનું ભોજન ખાઓ છો. 5 તમે અર્થ વગરના ગીતો કામચલાઉ તંતુ-
વાદ્ય વીણાના સૂર સાથે ગાઓ છો; તમે પોતા માટે દાઉદની માફક નવાં
નવાં વાજિંત્રો બનાવો છો. 6 તમે પ્યાલા ભરીને દ્રાક્ષારસ પીઓ છો
અને પોતાના શરીરે મોંઘામાં મોંઘા અત્તર લગાવો છો, પણ દેશ ઉપર
ઝઝૂમતી પાયમાલીની તમને પડી નથી! 7 તેથી સૌ પ્રથમ તમને ગુલા-
મો તરીકે લઇ જવામાં આવશે. અને તમારા એશઆરામનો અંત આવ-
શે. 8 મારા પ્રભુ યહોવાએ પોતાના નામે ચેતવણી આપે છે:“હું ઇસ્રાએ-
લના અભિમાનને અને જૂઠા મહિમાને ધિક્કારું છૂં. અને તેમના મહેલો-
નો મને તિરસ્કાર છે. એટલે એમના શહેરને અને તેમાં જે કઇ છે તે
બધાને હું દુશ્મનોના હાથમાં સોંપી દઇશ, આ યહોવા સૈન્યોનો દેવના
વચન છે.” 9 જો કોઇ ઘરમાં દશ વ્યકિતઓ પાછળ રહી ગઇ હશે તો
તેઓ મરી જશે. 10 મૃત માણસના સગામાંથી જે માત્ર એક માણસ જી-
વતો છે, તે દફનવિધિ માટે શબ બહાર લઇ જવા ઘરમાં પ્રવેશ કરશે.
ત્યારે અંદર છુપાઇ રહેલી વ્યકિતને તે પૂછશે, “શું અહિંયા કોઇ બીજું
હજી છે?”અને તે જવાબ આપશે, “ના.”ત્યારે તે કહેશે, “ચૂપ રહે, આપણે
યહોવાનું નામ ઉચ્ચારવા લાયક નથી. રખેને તે સાંભળી જાય.” 11 કેમ-
કે, જુઓ, યહોવા આદેશ આપી રહ્યા છે. તે મોટા ઘરોને ભાંગીને ભૂક્કો
કરી નાંખશે અને નાના ઘરના નાના ટૂકડાં કરી નાખશે. 12 શું ઘોડો
ખડક માર્ગ પર દોડી શકે? શું બળદ ખડકો પર ખેડી શકે? એવું પૂછવું તે
પણ મૂર્ખતા છે. તમે તો તેના કરતા પણ વધારે મૂર્ખ હતા? તમે ન્યાયને
વિકૃત કરીને ઝેર જેવો બનાવ્યો છે અને દુષ્ટ વાતવરણ પેદા કર્યુ છે.
અને પ્રામાણિકતાના ફળોને કડવા બનાવ્યા છે. 13 તમે કે જે શુન્યવત
જગ્યા પર આનંદ પામો છો, અને તમે જ કહો છો, “શું આપણે આપણી
પોતાની જ તાકાતથી શિંગો ધારણ કર્યાં નથી?” 14 હા, સંભાળ રાખજો,
“હે ઇસ્રાએલ, હું તારી વિરુદ્ધ એક પ્રજાને ઊભી કરું છું; તેની સૈના ઉત્ત-
રમાં હમાથના ઘાટથી દક્ષિણમાં આરાબાહની ખીણ સુધી સંપૂર્ણ પ્રદેશ-
નો વિનાશ કરશે.” સૈન્યોનો દેવ યહોવા આમ કહે છે.

7 યહોવા દેવે મને આ દ્રશ્ય બતાવ્યું: પ્રથમ લણણી પછી પહેલો
પાક રાજાને કર તરીકે અપાતો, જ્યારે બીજો પાક ફૂટી નીકળતો.
યહોવાએ તીડનુંસર્જન કર્યું. 2 તે તીડો ખેતર પરનું ઘાસ ખાઇ ગયા
ત્યારે મે કહ્યું, “હે સૈન્યોનો દેવ યહોવા અમને માફ કરો.” આ પછી
ઇસ્રાએલીઓ કેવી રીતે જીવતા રહી શકે? કેમકે તેઓ નાના છે તે માટે.”
3 તેથી યહોવાને આ વિષે પશ્ચાત્તાપ થયો; તેમણે મને કહ્યું, “હું તે થવા
દઇશ નહિ.” 4 સૈન્યોનો દેવ યહોવાએ મને આ બીજું દ્રશ્ય બતાવ્યું: સૈ-
ન્યોનો દેવ યહોવા અગ્નિપરીક્ષા કરવા બોલાવતાં હતાં. તેણે મોટા સા-
ગરને સૂકવી નાખ્યો અને જમીનને ભસ્મિભૂત કરી દીધી. 5 ત્યાં મેં
કહ્યું, “હે યહોવા દેવ, કૃપા કરીને તેમ થવા દેશો નહિ. તમે જો તેઓની
વિરૂદ્ધ થાઓ તો તેઓ પાસે બીજી કઇ આશા છે? ઇસ્રાએલ ઘણું નાનું
છે.” 6 યહોવાને એ વિષે પશ્ચાતાપ થયો, યહોવા દેવ કહે છે, “એ પણ
થશે નહિ.” 7 પછી યહોવાએ મને દ્રશ્ય બતાવ્યું. પોતે હાથમાં ઓળંબો
પકડીને ભીંત પાસે ઊભા છે. દીવાલની સપાટી માપવા માટે ઓળંબો
વપરાય છે. 8 યહોવાએ મને પુછયું, “આમોસ, તને શું દેખાય છે?” મેં
કહ્યું, “એક ઓળંબો.”યહોવાએ કહ્યું, “હું મારા લોકોની આ ઓળંબાથી
પરીક્ષા લઇશ, હું તેઓના ખોટા કાર્યોની સજા આપ્યા વગર જવા દઇશ
નહિ. 9 ઇસહાકનાઁ વંશજોના થાનકો ખેદાનમેદાન થઇ જશે. ઇસ્રાએલ-
નાઁ પવિત્રસ્થાનો ખંડેર થઇ જશે. યરોબઆમના વંશને હું તરવારને ઘાટ
ઉતારીશ.” 10 પછી બેથેલના યાજક અમાસ્યાએ આમોસના વચનો
સાંભળ્યાં ત્યારે તેણે યરોબઆમ રાજા પર ઝડપથી સંદેશો મોકલ્યો:
“આપણા દેશમાં આમોશ રાજદ્રોહી છે, અને તમારા મરણ માટે કાવતરું
ઘડે છે. આ બાબત અસહ્ય છે. તેના લીધે કદાચ દેશમાં બળવો ફાટી
નીકળશે. 11 તે કહે છે કે, ‘યરોબઆમ યુદ્ધમાં માર્યો જશે, અને ઇસ્રાએ-
લના લોકોએ નિશ્ચિત તેઓનો દેશ છોડવો પડશે અને દેશવટો લઇ જવું
પડશે.’” 12 વળિ અમાસ્યાએ આમોસને કહ્યું, “ઓ થઇ પડેલા દ્રષ્ટા,
ભાગ! યહૂદિયાના દેશમાં ચાલ્યો જા! અને ત્યાં તારો પ્રબોધ કર. અને
રોટલો ખા. 13 પણ હવે પછી તારા દર્શનોથી અહીં બેથેલમાં પ્રબોધ
કરીશ નહિ. કારણકે એ તો રાજાનું પવિત્રસ્થાન છે, ને એ રાજમંદિર
છે.” 14 પછી આમોસે અમાસ્યાને પ્રત્યુત્તરમાં કહ્યું, “હું સાચે જ પ્રબો-
ધક નથી. હું પ્રબોધકના કુટુંબમાંથી પણ આવતો નથી, હું તો માત્ર
ભરવાડ અને જે અંજીરના વૃક્ષની સંભાળ રાખે છે તે છું. 15 હું ઘેટાઁનાં
ટોળાં સાચવતો હતો ત્યારે યહોવાએ મને બોલાવ્યો અને કહ્યું, ‘જા અને
મારા ઇસ્રાએલના લોકોને પ્રબોધ કર.’ 16 એટલે હવે તું યહોવાના વચન
સાંભળ: ‘તું મને એમ કહે છે કે, તું ઇસ્રાએલ વિરૂદ્ધ પ્રબોધ કરીશ નહિ
અને ઇસહાકના વંશજો વિરૂદ્ધ બોલીશ નહિ.’ 17 પરંતુ યહોવાનો સંદેશો
આ છે, ‘અમાસ્યા, તારી પત્ની શહેરની વારાંગના બનશે, અને તારા
સંતાનોની હત્યા થશે. તારી ભૂમિ દોરીથી માપીને બીજાઓને વહેંચાશે,
તું પોતે અપવિત્ર ભૂમિમાં મૃત્યુ પામશે, ને ઇસ્રાએલી લોકોને કેદ પકડી
તેમના દેશમાંથી તેમને દેશવટો દેવામાં આવશે.’”

8 પછી સૈન્યોનો દેવ યહોવાએ મને દર્શનમાં પાકેલાં ફળોથી ભરે-
લો એક ટોપલી બતાવી. 2 તેમણે મને પૂછયું, “આમોસ, તું શું
જુએ છે?”મેં કહ્યું, “પાકા ફળોની ટોપલી.”પછી યહોવાએ કહ્યું, “આ
ફળો મારા ઇસ્રાએલી લોકોને રજૂ કરે છે. તેઓને શિક્ષા કરવાનો સમય
પાકી ચૂક્યો છે, હું ફરી કદી તેમને માફ નહિ કરું. 3 મંદિરમાં ગીતો ગા-
વાને બદલે તેઓ રડશે અને આંસુ સારશે. સર્વત્ર શબો પડ્યાં હશે તેથી
શાંત રહો! હું યહોવા બોલ્યો છું,” 4 વેપારીઓ તમે સાંભળો, “તમે ગરી-
બોને લૂંટો છો અને લાચારને કચડી રાખો છો. 5 તમે સાબ્બાથદિન
તથા ધાર્મિક ઉત્સવોના દિવસો પૂરા થવાની રાહ જુઓ છો, જેથી બહાર
જઇને તમે અનાજ વેચી શકો અને તમારાં ખોટાં ત્રાજવાં અને વજનીયા-
નો ઉપયોગ કરી છેતરપિંડી કરી શકો; 6 એક જોડી પગરખા માટે, ગરી-
બો અને દરિદ્રોને પૈસાથી ખરીદો છો, કાપણી વખતે જમીન પર વેરાયે-
લા ઘઉંને પણ વેચો છો. 7 યહોવાએ ઇસ્રાએલના ગૌરવના સમ ખાધા
છે કે, “નિશ્ચે હું કદી એ લોકોનાં કુકમોર્ ભૂલીશ નહિ. 8 એ પાપોને લીધે
ધરતી ધ્રૂજી ઊઠશે, એના ઉપર રહેનારા સૌ શોકમાં ડૂબી જશે, આખી
પૃથ્વી ઉપર આવશે, તે ખળભળી જશે અને પછી નાઇલ નદીની જેમ
મંદ પડી જશે.” 9 “તે દિવસે હું ખરે બપોરે સૂર્યાસ્ત કરીશ. અને ધોળે
દિવસે પૃથ્વી પર હું અંધકાર પાથરી દઇશ. 10 તમારા ઉત્સવોને હું શો-
કમાં ફેરવી નાખીશ અને તમારાં ગીતોને આક્રંદમાં ફેરવી દઇશ. તમારો
એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો હોય તેમ તમે ટાટ પહેરશો અને શોકની
નિશાની તરીકે માથાના વાળ મુંડાવશો; તે દિવસનો અંત અતિશય
દુ:ખદ હશે.” 11 આ યહોવાના વચન છે: “જુઓ, એવો સમય આવી
રહ્યો છે કે જ્યારે હું દેશમાં દુકાળ મોકલીશ. લોકોને ભૂખ લાગશે પણ
રોટલાની ભૂખ નહિ; તરસ લાગશે પણ પાણીની નહિ, યહોવાનું વચન
સાંભળવાની ભૂખ અને તરસ લાગશે. 12 ત્યારે લોકો સમુદ્રથી સમુદ્ર
સુધી અને ઉત્તરથી પૂર્વ સુધી યહોવાના વચનોની શોધમાં ભટકશે. તે-
ની શોધમાં તેઓ અહીં તહીં દોડશે પણ તે તેઓને મળશે નહિ.” 13 તે
દિવસે રૂપવતી અક્ષતા કન્યાઓ અને યુવાન માણસો તરસને કારણે
બેભાન થઇ જશે. 14 જેઓ સમરૂનના દેવોના નામે પ્રતિજ્ઞા કરે છે.
‘તેઓ હે દાન, તારા દેવના નામે વચન આપું છું ‘, એમ કહીને પ્રતિજ્ઞા લે
છે. તેઓ બધા ઢળી પડશે અને ફરી કદી પાછા ઊઠશે નહિ.”

9 મેં યહોવાને વેદી પાસે ઊભેલા જોયા, તેઓ બોલ્યા, “બુરજોની
ટોચ પર એવો મારો ચલાવો કે મંદિર હલી ઊઠે અને તેના થાંભ-
લાઓ તૂટી પડે અને સાથે તેની છત નીચે બેઠેલા લોકો પર તૂટી પડે.
તેમનામાંથી જે બાકી રહ્યા હશે તેમને હું તરવારથી પૂરા કરીશ. કોઇ તે-
માંથી છટકી જવા પામશે નહિ. 2 તેઓ ઊંડે ખોદતાં ખોદતાં પાતાળમાં
ઊતરી જાય તો પણ હું તેમને પકડીને બહાર લઇ આવીશ. તેઓ જો
આકાશમાં ચઢી જશે, તો પણ હું તેમને ત્યાંથી નીચે ખેંચી લાવીશ.
3 તેઓ જો કામેર્લની ટોચના ખડકોમાં સંતાઇ જાય, તોપણ હું તેમને
ત્યાંથી શોધી કાઢી પકડી પાડીશ. જો તેઓ મારાથી સંતાઇને દરિયાને
તળીયે પણ હશે, તો ત્યાં રહેતાં સર્પને જે ત્યાં રહે છે તેઓને કરડવા
માટે આદેશ આપીશ. 4 અને જો તેઓ પોતાના દુશ્મનોના હાથે બંદી-
વાન થઇ દેશપાર થશે તોપણ હું તરવારને આજ્ઞા કરીશ કે તે તેમનો
સંહાર કરે. હું તેમના પર નજર રાખીશ કે જેથી તેઓનું ભલું નહિ પણ

ભૂંડુ જ થાય." 5 યહોવા સૈન્યોનો દેવ અને સૈન્યોનો પ્રભુ છે. તેમનો
સ્પર્શ થતાં જ પૃથ્વી ઓગળી જાય છે. અને તેમાં વસનારા સર્વ શોક કરે
છે, તે પૃથ્વી ઊપર આવે છે અને પછી નાઇલ નદીની જેમ મંદ પડી
જાય છે. 6 એ યહોવા છે કે તેનું ઘર આકાશમાં બાંધે છે અને તેના ઘુમ્મ-
ટનો પાયો પૃથ્વી ઉપર નાખે છે, તે સમુદ્રના પાણીને બોલાવીને પૃથ્વી-
ના પડ ઉપર રેડી દે છે. તેનું નામ યહોવા છે. 7 આ યહોવાના વચન છે,
"હે ઇસ્રાએલના લોકો, શું તમે મારે મન 'કૂશના' લોકો જેવા નથી? હું જેમ
તમને ઇસ્રાએલીઓને મિસરમાંથી લાવ્યો હતો, તેમ પલિસ્તીઓને કા-
ફતોરથી અને અરામીઓને કીરમાંથી લાવ્યો નહોતો?" 8 જુઓ, યહોવા
મારા માલિકની દ્રષ્ટિ પાપી ઇસ્રાએલની પ્રજા ઉપર છે; "હું તેને ધરતી-
ના પડ ઉપરથી ભૂંસી નાખીશ. તેમ છતાં હું યાકૂબના વંશનો સંપૂર્ણ
સંહાર નહિ કરું. 9 હું આજ્ઞા કરીશ કે, જેવી રીતે અનાજને ચારણીમાં
ચાળવામાં આવે; તેમ છતાં તેમાંનો નાનામાં નાનો દાણો પણ નીચે
પડશે નહિ, તે રીતે બીજા રાષ્ટો દ્વારા ઇસ્રાએલ પરતંત્ર થઇ જાય.
10 પણ મારા લોકોમાંના બધા પાપીઓ, જેઓ એમ કહે છે કે, 'અમને
કોઇ આફત સ્પશીર્ શકે એમ નથી કે અમારી સામે આવી શકે એમ
નથી.' તેઓ તરવારથી નાશ પામશે." 11 "તે દિવસે હું દાઉદના ખખડી
ગયેલા ઝૂંપડા જેવા રાજ્યને ફરી બેઠું કરીશ અને તેમાં પડેલી ફાટો
સાંધી દઇશ. તેના ખંડેરો સમાં કરીશ, તે પહેલાં જેવું હતું તેવું નગર નવે-
સરથી બાંધીશ; 12 હું તેમ કરીશ જેથી ઇસ્રાએલના લોકો અદોમના બા-
કી રહેલા પ્રાંતો અને બીજા બધા દેશો જે પહેલાં મારા હતા તેને શાસન-
માં લઇ શકે. આ સર્વનો કરનાર હું યહોવા બોલું છું." 13 "જુઓ યહોવા
કહે છે, એવા દિવસો આવી રહ્યાં છે. ખેડૂતો બીજી તરફ ધાન્યની વાવ-
ણી કરવાનું શરુ કરે છે કે, તે સમયે પણ ધાન્યની પહેલી લણણીનું
કામ પૂરું નહિ થયું હોય. ઇસ્રાએલના પર્વતો ઉપર દ્રાક્ષના બગીચા-
માંથી મીઠો દ્રાક્ષનો રસ ટપકશે. 14 હું મારા ઇસ્રાએલી લોકોને બંદીવા-
સમાંથી પાછા લાવીશ. તેઓ તારાજ થયેલાં નગરોને ફરીથી બાંધશે
અને તેમાં વસશે. તેઓ દ્રાક્ષવાડીઓ રોપશે અને તેનો દ્રાક્ષારસ પીશે
તથા બગીચા તૈયાર કરશે અને તેના ફળ ખાશે." 15 પછી તમારા દેવ
યહોવા કહે છે: "હું તેમને તેમની પોતાની ભૂમિમાં પાછા સ્થાપીશ અને
તેમને મેં જે ભૂમિ આપી છે તેમાંથી કોઇપણ તેઓને ખસેડી શકશે
નહિ."

# ઓબાદ્યા

1 આ ઓબાદ્યાનું સંદર્શન છે. પ્રભુ યહોવા અદોમ વિષે આમ કહે
છે:યહોવા દેવ તરફથી અમને સંદેશો મળ્યો છે. દેવે એલચી મોક-
લ્યો છે અને રાષ્ટો માટે આ સંદેશો આપ્યો છે. ઉભા થાઓ, “ચાલો
આપણે અદોમની સામે યુદ્ધે ચઢીએ.” 2 “હું તને રાષ્ટો વચ્ચે સૌથી ના-
નું બનાવીશ. તું અતિશય ધૃણિત છે. 3 ઓ ઊંચા પહાડો પર અને ખડ-
કોની બખોલમાં વસનાર, તારા અંતરના અભિમાને તને ભરમાવ્યો છે.
તું તારા મનમાં એમ વિચારે છે કે, ‘મને કોણ ભોંય પર પછાડી શકે એમ
છે?’” 4 “ગરૂડની જેમ તું ઘણે ઊંચે ચઢીશ અને તારાઓ મધ્યે તારો મા-
ળો બાંધીશ તો, ત્યાંથીય હું તને નીચે પાડીશ એમ યહોવા કહે છે.”
5 જો ચોરો તારી પાસે આવ્યા હોત તો ઘણું સારું થાત. ધાડપાડુઓ રા-
તે આવ્યા હોત તો વધારે સારું થાત. તેઓએ ફકત તેઓને સંતોષ થાય
ત્યાં જ સુધી લીધું હોત. જો દ્રાક્ષ વહેરવા વાળાઓ તારી પાસે આવ્યાં
હોત. તેઓએ તારા માટે વેરણ છોડી રાખ્યું હોત, પણ તારો સંપૂર્ણ નાશ
થશે. 6 એસાવનો દેશ કેવો લૂંટાઇ ગયો! તારા છૂપા ભંડારોય રહેવા ન
પામ્યા! 7 તારી સાથે મૈત્રી કરાર કર્યો છે, તેઓ તને સરહદ બહાર કાઢી
મુકશે. તેઓ તને છેતરશે. તારા બધા મિત્રો તને હરાવશે. તેઓ તારો રો-
ટલો તારી નીચે જાળની જેમ રાખે છે. ‘તને તેની સમજ નહિ હોય.”
8 યહોવા કહે છે, “તે દિવસે આખા અદોમમાં એક પણ શાણો માણસ
હશે નહિ કારણકે હું એસાવ પર્વત પરના સર્વ શાણા માણસોનું શાણ-
પણ હરી લઇશ. 9 હે તેમાન, તારા શૂરવીર પુરુષો ભયભીત થઇ જશે
અને એસાવના પર્વત પરના પ્રત્યેક વ્યકિતનો નાશ અને સંહાર કરવા-
માં આવશે. 10 ‘હે અદોમ, તારા ભાઇ યાકૂબ પર થયેલી બળજબરીને
કારણે શરમથી ઢંકાઇ જઇશ અને તારો સદાને માટે નાશ થશે. 11 જે દિ-
વસે દુશ્મન પરદેશીઓ યરૂશાલેમનાં દરવાજાઓમાં પ્રવેશ્યા અને તેની
સંપત્તિ કબજે કરી અને ચિઠ્ઠીઓ નાખી તેના ભાગ કર્યા, તું જોતો ઉભો
રહ્યો અને તેઓમાંનો એક બન્યો. 12 પણ જ્યારે તારા સગાને દૂર દેશ-
માં લઇ જવાયો હતો ત્યારે તારે ખુશ થવું જોઇતું ન હતું, યહૂદાના નાશ-
ના દિવસે તારે આનંદ માણવો જોઇતો ન હતો, જ્યારે તેઓ પિડીત
હતા, ત્યારે તેઓની હાંસી ઉડાવવી જોઇતી ન હતી. 13 તારે મારા લોકો-
ની આપત્તિને દિવસે એમના શહેરનાં દરવાજામાં દાખલ થવું જોઇતું
નહોતું. તેમની મુશ્કેલીના સમયે તારે તેમની વિપત્તિ વિષે ખુશ થવું જો-
ઇતું ન હતું. તેમની મુશ્કેલીના સમયે તારે તેમની સંપત્તિ લુંટવી જોઇતી
ન હતી. 14 તારે તારા ભાગી જતા ભાઇઓની હત્યા કરવા રસ્તાના ફાંટા
આગળ ઊભા રહેવું જોઇતું નહોતું. મુશ્કેલીનાં સમયમાં તારે બચેલા લો-
કોને બંદીવાન કરી લેવા જોઇતા ન હતાં. 15 યહોવા ટૂંક સમયમાં જ સર્વ
રાષ્ટો પર વેર લેશે. તમે જેવું ઇસ્રાએલ સાથે કર્યું તેવું જ તમારી સાથે
થશે. તમારા કૃત્યો તમારા જ માથાં પર પાછા અફળાશે. 16 જેમ તેં મારા
પવિત્ર પર્વત પર પીધું, તેથી બધાં રાષ્ટો પણ સતત પીશે અને ગળશે,
જ્યાં સુધી તેમનું અસ્તિત્વ સમાપ્ત થાય ત્યાં સુધી. 17 પરંતુ સિયોનના
પર્વત પર જેઓ બચી રહેલા હશે, અને તે પવિત્ર થશે, યાકૂબના વંશજો
પોતાનો વારસો પાછો મેળવશે. 18 યાકૂબનું કુટુંબ અગ્નિ જેવું અને યૂસ-
ફનું કુટુંબ જવાળા જેવું બનશે. તેઓ એસાવના વંશજોને સૂકા ખેતરની
જેમ સળગાવી અનેનષ્ટ કરશે. કોઇ પણ અદોમથી પલાયન થશે નહિ.”
કારણકે યહોવાએ તેમ કહ્યું છે. 19 દક્ષિણ યહૂદાના લોકો એસાવના
પર્વતનો કબજો લેશે; પશ્ચિમની તળેટીના લોકો પલિસ્તીયોનો કબજો
લેશે; તેઓ એફ્રાઇમના અને સમરૂનના પ્રદેશનો પણ કબજો લેશે. બિ-
ન્યામીનના લોકો ગિલયાદનો કબજો લેશે. 20 ઇસ્રાએલનું સૈન્ય જે દે-
શવટે છે. કનાનથી સારફત સુધીના લોકો વચ્ચે, અને યરૂશાલેમના તે
લોકો જેઓ સફારાદમાં દેશવટે છે, તેઓ દક્ષિણના પ્રદેશોનો કબજો લે-
શે. 21 ઉદ્ધારકો સિયોન પર્વત પર જશે અને એસાવના પર્વતનો ન્યાય
કરશે અને યહોવા પોતે રાજા બનશે.

# યૂના

1 હવે ઈશ્વરનું એવું વચન અમિત્તાયના દીકરા યૂના પાસે આવ્યું,
2 "ઊઠ મોટા નગર નીનવે જા, ને તેની વિરુદ્ધ પોકાર કર, કેમકે
તેઓની દુષ્ટતા મારી આગળ ઉપર આવી છે." 3 પણ યૂના ઈશ્વરની
હજૂરમાંથી તાર્શીશ નાસી જવાને ઊઠયો. તે યાફા ચાલ્યો ગયો, ત્યાં તે-
ને તાર્શીશ જનારુ એક વહાણ મળ્યું; તેણે તેનું ભાડું આપ્યું, ને ઈશ્વરની
હજૂરમાંથી દૂર જવાને તે તેઓની સાથે તાર્શીશ જવા માટે તેમાં ચઢી બે-
ઠો.
4 પણ ઈશ્વરે સમુદ્ર પર ભારે વાવાઝોડું મોકલ્યું, ને સમુદ્રમાં મોટું તો-
ફાન થયું, ને તેથી વહાણ ભાંગી જશે એવું લાગ્યું. 5 ત્યારે ખલાસીઓ
બીધા, ને તેઓ પોતપોતાના દેવને પોકારવા લાગ્યા; અને તેઓએ પો-
તાનું વહાણ હલકું કરવાને તેમાંનો માલ સમુદ્રમાં ફેંકી દીધો. પણ યૂના
વહાણના સૌથી અંદરના ભાગમાં ઊતરી જઈને સૂઈ ગયો હતો, ને ભર-
નિદ્રામાં પડયો હતો.
6 માટે આગેવાને તેની પાસે આવીને તેને કહ્યું, "શું તું ઊંઘ્યા કરે છે?
ઊઠ! તારા દેવને વિનંતી કર! કદાચ તારો દેવ આપણે વિષે વિચાર કરે,
ને આપણો નાશ ન થાય."
7 તે સઘળાંએ એકબીજાને કહ્યું, "ચાલો, આપણે ચિઠ્ઠીઓ નાખીને
જોઈએ કે કોને કારણે આપણા પર આ દુઃખ આવ્યું છે તે આપણે જા-
ણીએ." તેથી તેઓએ ચિઠ્ઠીઓ નાખી, ને ચિઠ્ઠી યૂનાના નામની નીક-
ળી. 8 ત્યારે તેઓએ તેને કહ્યું કે, કૃપા કરીને અમને કહે, કે કોણે લીધે
આ વિધ્ન આપણા પર આવ્યું છે; તારો ધંધો શો છે? ને તું ક્યાંથી આવે
છે? તારો દેશ કયો છે? ને તું ક્યાં લોકોમાંનો છે? 9 ને તેણે તેઓને કહ્યું
કે, હું હેબ્રી છું; ને સમુદ્ર તથા કોરી ભૂમિના કર્તા સૈન્યોના દેવ યહોવાહ-
નો ડર રાખનાર હું છું. 10 ત્યારે તે માણસો અતિશય ગભરાયા, ને તે-
ઓએ તેને કહ્યું, તેં આ શું કર્યું છે? કેમકે તેના કહ્યાથી તે માણસોએ જા-
ણ્યું કે તે યહોવાહની હજુરમાંથી નાસી જાય છે. 11 પછી તેઓએ તેને
કહ્યું, અમે તને શું કરીએ કે સમુદ્ર અમારે માટે શાંત થાય? કેમકે સમુદ્ર
વધારે ને વધારે તોફાની થતો જતો હતો. 12 અને તેને તેઓને કહ્યું, મને
ઉંચકીને સમુદ્રમાં ફેંકી ડો એટલે સમુદ્ર તમારે માટે શાંત થશે; કેમકે હું
જાણું છું કે મારે લીધે આ મોટું તોફાન તમારા પર આવી પડ્યું છે.
13 પરંતુ કિનારે પાછા જવાને તે માણસોએ બહુજ હલેસાં માર્યા, પણ
તેઓ જઈ શક્યા નહિ; કેમકે સમુદ્ર તેમની સામે વધારે ને વધારે તોફાની
થતો ગયો. 14 એ માટે તેઓએ યહોવાહને બૂમ પાડીને કહ્યું કે, એવી કૃ-
પા કર, હે યહોવાહ, એવી કૃપા કર કે, આ માણસનો જીવનો સામે
અમારો નાશ ન થાય, ને મારે શિર નિર્દોષ રક્તનો દોષ મૂકીશ નહિ; કે-
મકે, હે યહોવાહ, જેમ તને સારૂ લાગ્યું તેમ તે કર્યું છે. 15 એમ તેઓએ
યૂનાને ઉંચકીને સમુદ્રમાં ફેંકી દીધો; ને સમુદ્ર ઉછળતો બંધ પડ્યો.
16 ત્યારે તે માણસોને યહોવાહનો અતિશય દર લાગ્યો; ને તેઓએ યહો-
વાહને યજ્ઞ ચઢાવ્યો, ને માનતા લીધી 17 અને યહોવાહે એક મોટી મા-
છલી યૂનાને ગલી જવા સારૂ તૈયાર કીધી; અને યૂના ત્રણ દિવસ ને
ત્રણ રાત માછલીના પેટમાં રહ્યા.
2 ત્યારે યૂનાએ માછલીના પેટમાંથી પોતાની દેવ યહોવાહની પ્રા-
ર્થના કીધી. 2 અને તેણે કહ્યું, મારા વિપત્તિના કારણથી મેં યહો-
વાહને વિનંતી કીધી, ને તેણે મને ઉત્તર આપ્યો; શેઓલના પેટમાંથી મેં
બૂમ પાડી, ને તે મારો સાદ સાંભળ્યો. 3 કેમકે તેં મને ઉંડાણમાં, સમુદ્ર-
ના ભિતરમાં ફેંક્યો, ને મારી આસપાસ પાણી હતું; તારાં સઘળાં મો-
જાંઓ ને તારી છોળો મારા પર ફરી વળી 4 અને મેં કહ્યું કે, હું તારી નજર
આગળથી ફેંકી દેવાયો છું; તોપણ હું ફરીથી તારા પવિત્ર મંદિર તરફ જો-
ઈશ. 5 પાણી મારી આસપાસ ફરી વળ્યા, હા, મારા જીવ સુધી ફરી
વળ્યાં; મારી આસપાસ ઉંડાણ હતું; મારા માથાની આસપાસ ખડ
વીંટાઈ ગયું. 6 હું પર્વતોના તળિયા સુધી ઉતરી ગયો; પૃથ્વીએ પોતાની
ભૂંગળો મારા પર સદાને માટે વાસી દીધી; તોપણ, હે મારા દેવ યહો-
વાહ, તે મારા જીવને ખાડામાંથી બહાર કાઢ્યો છે. 7 મારો જીવ મારામાં
નિર્ગત થયો, ત્યારે મેં યહોવાહનું સ્મરણ કીધું; ને મારા પ્રાર્થના તારા
પવિત્ર મંદિરમાં તારી હજુરમાં પહોંચી. 8 જેઓ જુઠી પોકળ બાબતો વિષે
કાળજી રાખે છે તેઓ પોતા પરની કૃપા તજી દે છે. 9 પણ હું ઉપકારસ્તુ-
તિ નાદસહિત તને યજ્ઞ ચઢાવીશ; હું મારી માનતાઓ ચઢાવીશ. તારણ
યહોવાહથી છે. 10 અને યહોવાહે માછલીને આજ્ઞા કરી, ને તેણે યૂનાને
કોરી જમીન પર ઓકી કાઢ્યો.
3 અને યહોવાહનું વચન બીજી વાર યૂના પાસે એવું આવ્યું કે,
2 ઉઠ, મોટા નગર નીનવેહમાં જઈને જે બોધ હું તને ફરમાવું તે
બોધ તેને કર. 3 એ માટે યૂના ઉઠીને યહોવાહના વચન પ્રમાણે નીનવેહ
ગયો. નીનવેહ તો અતિ મોટું, એટલે ત્રણ દિવસની મજલ જેટલા ઘેરા-
વાનું નગર હતું. 4 અને યૂનાએ શરૂઆત્મા નગરમાં એક દિવસની મજલ
જેટલો પ્રવેશ કીધો, ને તેણે બૂમ પાડીને કહ્યું કે, ચાળીસ દિવસ પછી
નીનવેહનો નાશ થશે. 5 અને નીનવેહના લોકોએ દેવ પર વિશ્વાસ કી-
ધો, ને તેઓએ ઉપવાસનો ઢંઢેરો પિટાવ્યો, ને મોટામાં મોટાથી ને ના-
નામાં નાના સુધી સર્વેએ તાટ પહેર્યું. 6 અને એ ખબર નીનવેહના રાજાને
પહોંચી એટલે તે પોતાની ગાદી પરથી ઉઠ્યો, ને પોતાનો જામો પોતા-
ના અંગ પરથી કાઢી નાખીને ને પોતાને અંગે તાટ પહેરીને રાખમાં બેઠો.
7 અને રાજાના તથા તેના અમીરોના કીધેલા ઠરાવ પ્રમાણે તેણે નીનવે-
હમાં સર્વત્ર ઢંઢેરા પિટાવ્યો કે, માણસ તેમજ પશુ, ઢોર તેમ ઘેટાંબકરાં
કંઈ પણ ચાખે નહિ; તેઓ ખાય નહિ તેમ પાણી પણ પીએ નહિ; 8 પણ
માણસ તથા પશુ બન્ને તાટ ઓઢે, ને તેઓ દેવ આગળ મોટેથી પોકાર
કરે; હા, તેઓ સર્વ પોતપોતાના ભુંડા માર્ગથી તથા પોતપોતાના હાથ-
ના જોરજુલમથી ફરે. 9 કદાચિત દેવ વિચાર બદલીને પશ્ચાતાપ કરે, ને
પ્તાનો સખ્ત રોષ તજી દે, ને એમ આપણો નાશ ન થાય. 10 અને તેઓ-
નાં કામ દેવે જોયાં કે તેઓ પોતાના ભુંડા માર્ગોથી ફર્યા; ને તેઓ ઉપર
જે આપત્તિ આણવાનું દેવે કહ્યું હતું, તે વિષે તેને પશ્ચાતાપ થયો; ને તે-
ણે તે અમલમાં ન આણ્યું.
4 પણ તેથી યૂનાને ઘણુંજ ખોટું લાગ્યું, ને તેને ગુસ્સો ચઢયો.
2 અને તેણે યહોવાહની પ્રાર્થના કરતાં કહ્યું, હે યહોવાહ, હું તારી
પ્રાર્થના કરૂં છું કે, હજી તો હું મારા દેશમાં હતો ત્યારનું મારૂં કહેવું એ
નહોતું શું? તે માટે તાર્શીશ નાઈ જવા મેં ઉતાવળ કીધી; કેમકે હું જાણ-
તો હતો કે તું કૃપાળુ તથા કરૂણાસંપન્ન, ક્રોધ કરવો ધીમો ને ઘણો દયા-
ળુ, એવો દેવ છે, ને વિઅપ્ત્તિ વિષે તને પશ્ચાતાપ થાય છે. 3 તે માટે, હે
યહોવાહ, હવે કૃપા કરી મારો જીવ મારામાંથી લઈ લે, કેમકે જીવવા કર-
તાં મરવું એ મારે માટે વધારે સારૂ છે. 4 અને યહોવાહે કહ્યું કે, ગુસ્સે થવું
એ તું સારૂ કરે છે શું? 5 ત્યારે યૂના નગરની બહાર નીકળીને નગરની પૂ-
ર્વ બાજુએ બેઠો, ને ત્યાં પોતાને કાજે માંડવો કરીને નગરનું શું થશે તે
જોવાને રાહ જોતો તેની તળે બેઠો. 6 અને યહોવાહ દેવે એક કીકાયોન-
વેલો તૈયાર કર્યો, ને તેને ઉગાવીને યૂનાની ઉપર ઝઝુમાવ્યો, એ સારૂ કે
તે તેના માથા પર છાયો કરીને તેની દુઃખત સ્થિતિ નિવારે. તેથી યૂના
એ કીકાયોનવેલાને લીધે અત્યંત હરખાયો. 7 પણ બીજે દિવસે સવાર
થતાં દેવે એક કીધો તૈયાર કીધો, ને તેણે કીકાયોનવેલાને ઉપદ્રવ કી-
ધાથી તે સુકાઈ ગયો. 8 અને સૂર્ય ઉગતાં એમ થયું કે, દેવે પૂર્વ તરફની
લૂ તૈયાર કીધી; ને યૂનાના માથા પર એટલો તડકો લાગ્યો કે તેને મૂર્છા
આવી, ને પોતાને સારૂ મોત માગતાં તેણે કહ્યું કે, જીવવા કરતાં મરવું

એ મારે માતે સારૂ છે. 9 અને દેવે યૂનાને કહ્યું, મોત સુધી પપન હું ગુસ્સે
થાઉં તો વાજબી છે. 10 અને યહોવાહે કહ્યું, જે કીકાયોનવેલાને સારૂ તેં
મહેનત નથી કરી, ને ઉગાવ્યો પણ નથી, જે એક રાતમાં ઉગ્યો ને બી-
જી રાતમાં નાશ પામ્યો, તેના પર તને દયા આવે છે; 11 તો આ મોટું
નગર નીનવેહ કે જેની અંદર એક લાખ ને વીસ હજાર એવા લોક છે કે
જેઓ એટલું નથી જાણતા કે પોતાનો જમણો હાથ કયો ને ડાબો હાથ
લ્યો, ને વળી જેની અંદર ઘણા ઢોરઢાંક છે, તેના પર મને દયા ન આવે
શું?

# મીખાહ

1 યહૂદિયા રાજાઓ યોથામ, આહાઝ અને હિઝિક્યાના શાસન દર-
મ્યાન સમરૂન અને યરૂશાલેમને વિષે મોરાશ્તીની મીખાહને યહો-
વા તરફથી સંદેશો મળ્યો તે, 2 હે વિશ્વની સર્વ પ્રજાઓ, ધ્યાન આપો
અને સાંભળો. દેવ યહોવા પોતાના પવિત્રમંદિરમાંથી, તમારી વિરુદ્ધ
સાક્ષી આપે છે. 3 જુઓ, યહોવા આવે છે! તે પોતાનું સ્વર્ગનું રાજ્યાસન
છોડીને પૃથ્વી પર આવે છે અને પર્વતોના શિખરો ઉપર ચાલે છે. 4 તે-
મના પગ તળે, પર્વતો અગ્નિ આગળ મીણની જેમ ઓગળે છે અને ઢો-
ળાવ વાળી જગ્યા ઉપરથી વહી જતાં પાણીના ધોધની જેમ ખીણો ફાટી
જાય છે. 5 આ બધાનું કારણ છે કે યાકૂબના અપરાધો અને ઈસ્રાએલ-
ના કુળના અપરાધો યાકૂબનો અપરાધ છે સમરૂન! યહૂદિયાનું ઉચ્ચ-
સ્થાન છે યરૂશાલેમ! 6 તેથી સમરૂન નગર પથ્થરોના ઢગલા જેવું અને
ખેડેલા ખેતર જેવું ખુલ્લું થશે જ્યાં દ્રાક્ષાવેલાની રોપણી થશે. તેના પથ્થ-
રોને હું ખીણોમાં ગબડાવી દઈશ અને તેના પાયા ને ઉઘાડા કરી દઈશ.
7 તેની મૂર્તિઓના ટુકડે ટુકડા થઈ જશે, મૂર્તિપૂજા દ્વારા મેળવેલી તેની
બધી કમાણી આગમાં ભસ્મ થઈ જશે. અને તેના બધાં જૂઠા દેવોની પ્ર-
તિમાઓના હું ચૂરેચૂરા કરી નાખીશ; કારણ તેણીએ એ બધું મારા પ્રત્યે-
ની અવિશ્વાસની કમાણી રૂપે મેળવ્યું છેઅને તે અવિશ્વાસુપણાની કમા-
ણી તરીકે જ પાછું જશે." 8 એટલે મીખાહ બોલ્યો, એને લીધે હું પોક મૂ-
કીને વિલાપ કરીશ. ઉઘાડા પગે નિર્વસ્ત્ર થઈને ફરીશ, શિયાળવાની જેમ
રડીશ, અને શાહમૃગની જેમ કળ કળીશ. 9 કારણ કે તેનો પ્રહાર, આ
ઘાને રૂઝવી શક્યો નથી જે હવે યહૂદિયા સુધી આવ્યો છે, મારા લોકો
જેઓ યરૂશાલેમમાં રહે છે, તેમના દરવાજા સુધી આવી પહોંચ્યો છે.
10 ગાથમાં તે કહેશો નહિ, વિલાપ કરશો નહિ; બેથલે-આફ્રાહ, તું ધૂળમાં
આળોટ. 11 હે શાફીરના રહેવાસીઓ, નિર્વસ્ત્ર થઈને, ને નામોશી વહોરી-
ને દેશવટાને રસ્તે પડો. સાઅનાનના રહેવાસીઓ પોતાના ઘરની બહાર
નીકળવાની હિંમત કરી શકતા નથી. બેથ-એસેલ વિલાપ કરે છે; તે
તમારી પાસેથી પોતાનો આધાર મેળવશે. 12 મારોથના લોકો કંઈ સારા-
ની રાહ જોવામાં નબળા બની ગયા, કારણકે, યહોવા તરફથી આફત
યરૂશાલેમના દરવાજા સુધી આવી પહોંચી છે. 13 હે લાખીશના લોકો,
રથને ઘોડા જોડો; સિયોનની પુત્રી માટે તે પાપની શરુઆત હતી; અને
તમારામાં ઈસ્રાએલના અપરાધ મળ્યા હતા. 14 અને તેથી મોરેશેથ-ગા-
થને વિદાય આપવી પડશે. આખ્ઝીબનાઁ કુળો, ઈસ્રાએલના રાજાઓ
માટે છેતરામણાં હશે. 15 હે મારેશાહના રહેવાસીઓ, હું તમારા માટે એક
વિજેતા લાવીશ, ઈસ્રાએલનું ગૌરવ અદુલ્લામની ગુફામાં આશ્રય લેશે.
16 તારાઁ પ્રિય સંતાનોને લીધે તારા માથાના વાળ કપાવ, ને તારુઁ પોતા-
નું માથું મુંડાવ; અને ગીધના જેવા બોડા થઈ જાઓ, કારણ, તેઓને
તમારાથી દૂર લઈ જવામાં આવનાર છે.

2 જેઓ પોતાની પથારીમાં જાગૃત રહીને પાપી યોજનાઓ અને દુ-
ષ્ટતા આચરવાની યોજનાઓ કરે છે તેઓને ધિક્કાર છે! પછી પ્ર-
ભાતના પ્રકાશમાં તેઓ તેનો અમલ કરે છે. 2 તેઓ ખેતરો મેળવવાની
ઈચ્છા રાખે છે તેથી તેને ઘેરી વળે છે, તેઓ ઘર મેળવવાની ઈચ્છા રાખે
છે તેથી તેને પડાવી લે છે. તેઓ વ્યકિતને તેની સંપતિ માટે છેતરે છે,
તેઓ વારસદારને તેના વારસા માટે ઠગે છે. 3 તેથી યહોવા કહે છે કે,
"જુઓ, હું આ કુળ ઉપર આફત નાખવાનો વિચાર કરું છું, એમાંથી તમે
તમારી જાતને નહિ બચાવી શકો, ને તમે હવે હોશીયારીથી ચાલી શક-
શો નહિ, કારણકે તે ભયાનક સમય હશે. 4 તે દિવસે તેઓ તમને મહે-
ણાં ટોણાં મારશે અને તમારે માટે દુ:ખના ગીતો ગાઈને કહેશે કે, 'આપ-
ણે તો સંપૂર્ણ રીતે પાયમાલ થઈ ગયા છીએ, તે અમારી જમીન બદલી
નાખે છે અને જે મારી છે તે લઈ લે છે અને તે અમારા ખેતરો અમને દગો
આપનારા વચ્ચે વહેંચી આપે છે. 5 જ્યારે યહોવા લોકોની જમીનના
ભાગ પાડશે, ત્યારે તમને તે નહિ મળે.'" 6 લોકો મને કહે છે, "તમારે પ્ર-
બોધ કરવો નહિ, તમે આવી વસ્તુઓ પ્રબોધવા માટે નથી, આપણી
ઉપર અવકૃપા નહિ આવે." 7 હે યાકૂબના કૂળસમુહો, શું આવું કહેવાશે?
કે યહોવાનો આત્મા સંકોચાયો છે? આ શું તેનાઁ કાર્યો છે? જેઓ નીતિમ-
ત્તાથી ચાલે છે તેમના માટે મારા શબ્દો સારા નથી? 8 પણ છેવટે થોડી
મુદતથી મારા લોકો શત્રુની જેમ વતીર્ રહ્યાં છે. તમે પસાર થતાં શાંત
લોકોના કપડાં ઉતારી નાખો છો, જેઓ એમ વિચારે છે કે તેઓ યુદ્ધ-
માંથી પાછા ફરતાં લોકોની જેમ સુરક્ષિત છે. 9 મારા લોકોની સ્ત્રીઓને
તમે તેઓનાં આરામદાયક મકાનોમાંથી કાઢી મૂકો છો; અને તેમનાં બા-
ળકો પાસેથી મારુઁ ગૌરવ તમે સદાને માટે હળી લો છો. 10 ઊઠો, ચા-
લ્યા જાઓ, કારણકે આ તમારુઁ વિશ્રામસ્થાન નથી. અશુદ્ધિ ભયંકર
વિનાશ સાથે સંહાર કરે છે." 11 જો કોઈ અપ્રામાણિકતા અને અસત્ય-
ની પ્રકૃતિવાળી વ્યકિત એમ કહેતી આવે કે, "હું તમને પુષ્કળ દ્રાસારસ
અને મધ વિષે ઉપદેશ આપીશ," તો તે આ લોકોનો જ પ્રબોધક હશે."
12 હું ચોક્કસપણે તમને બધાને, યાકૂબના લોકોને ભેગાં કરીશ. હું કાળ-
જીપૂર્વક ઈસ્રાએલના બચેલાઓને ભેગાં કરીશ. હું તેમને વાડાના ઘે-
ટાંની જેમ તથા ગૌચરના ઘેટાંના ટોળાંની જેમ ભેગાં કરીશ. ચારેબાજુથી
બધા લોકોના આવાજથી ત્યાં ઘોંઘાટ મચી જશે. 13 પછી એક "ઘસી
પડનાર" તેમની આગળ આવશે અને તેઓ દરવાજો તોડીને તેમાંથી
પસાર થશે, રાજા તેમની પહેલાં પસાર થઈ ગયો છે, યહોવા તેમનો
આગેવાન છે!

3 મેં કહ્યું, "હે યાકૂબના નેતાઓ, અને ઈસ્રાએલ દેશના શાસકો,
હવે આ શું તમારા માટે ન્યાયને જાણવાની જગ્યા નથી? 2 પણ
તમે ન્યાયને ધિક્કારો છો, ને અન્યાય પર પ્રેમ રાખો છો! તમે મારા લો-
કોના શરીર પરથી ચામડી અને તેના હાડકાં ઉપરથી માંસ ઊતારી લો
છો. 3 તમે મારા લોકોનું માંસ ખાઓ છો, તેમના શરીર ઉપરથી ચામડી
ઉઝરડી નાખો છો, તેમના હાડકાં ભાંગીને ચૂરાં કરી નાંખો છો અને તેને
માંસની જેમ રાંધવા માટે તમે તેને કઢાઈમાં પાથરી દો છો. 4 અને પછી
સંકટના સમયે મદદ માટે તમે યહોવાને વિનંતી કરો છો! પરંતુ તે તમને
જવાબ નહિ આપે. તમે અનિષ્ટ કામો કર્યા છે, તેથી તે તમારાથી મોઢું
ફેરવી લેશે.' 5 હે જૂઠા પ્રબોધકો, તમે યહોવાના લોકોને ખોટા માગેર્
લઈ જાઓ છો.તમને ખોરાક આપે તેઓને તમે શાંતિ થાઓ એમ કહો
છો અને જેઓ નથી આપતા તેઓને તમે ધમકાવો છો. તમારા માટે દેવ-
નો આ સંદેશો છે. 6 તમારા ઉપર રાત્રીના ઓળાં ઊતરશે; તમને કોઈ
સંદર્શન નહિ થાય, તમારા ઉપર અંધારા ઊતરશે, તમે કોઈ ભવિષ્ય
ભાખી શકશો નહિ, તમારો સૂર્ય આથમી જશે અને તમારો દિવસ અંધા-
રમય થઈ જશે. 7 દ્રષ્ટાઓ લજ્જિત થશે, અને ભવિષ્યવેત્તાઓ ગૂંચવાઈ
જશે, તેઓ બધા પોતાના હોઠ ઢાંકી દેશે; કારણકે દેવ તરફથી કઈં પણ
ઉત્તર મળતો નથી. 8 "પરંતુ જ્યારે મારા માટે, યાકૂબને તેના અપરાધ
વિષે અને ઈસ્રાએલને તેના પાપો વિષે જણાવવા માટે યહોવાના
આત્માએ મને સાર્મથ્ય, ન્યાય અને શકિતથી ભરી દીધો છે." 9 હે યાકૂ-
બના વંશના નેતાઓ અને ઈસ્રાએલના કૂળના શાસકો, જેઓ ન્યાયને
ધિક્કારો છો, અને સર્વ નીતિમત્તાને ઉલટાવો છો, હવે ધ્યાનથી સાંભ-
ળો. 10 તમે સિયોનને હિંસાથી અને યરૂશાલેમને અન્યાય દ્વારા બાંધ્યા
છે. 11 તેના આગેવાન નેતાઓ લાંચ લઈને ન્યાય કરે છે. ને તેના યાજ-
કો પગાર લઈને બોધ કરે છે અને તેના પ્રબોધકો પૈસા લઈને ભવિષ્ય
ભાખે છે. એમ છતાં પણ તેઓ યહોવા પર આધાર રાખે છે, અને કહે છે,
"શું યહોવા આપણી પાસે નથી? આપણા પર કોઈ આફત આવશે

નહિ.” 12 આથી, તમારે કારણે સિયોનને ખેતરની જેમ ખેડી નાખવામાં
આવશે, અને યરૂશાલેમ કાટમાળનો ઢગલો થઇ જશે; અને ટેકરી ઉપર-
નું મંદિર ઝાડી ઝાંખરાથી ઢંકાઇ જશે.
4 હવે પાછલા દિવસોમાં યહોવાના મંદિરનો પર્વત બીજા બધા
પર્વતો કરતાં ઊંચો કરવામાં આવશે, જે બીજાં બધાં શિખરો પર
થશે, તે બીજા ડુંગરો કરતાં ઊચો કરવામાં આવશે. 2 ઘણાં જુદા જુદા
દેશના લોકો ત્યાં ચાલ્યાં આવશે અને કહેશે કે, “ચાલો આપણે યહોવા-
ના પર્વત ઉપર, યાકૂબના વંશના દેવનામંદિરે જઇએ; જે આપણને તેના
પોતાના જીવનમાર્ગ વિષે શીખવશે અને પછી આપણે તેના માગેર્ ચા-
લીશું.” કારણકે નિયમશાસ્ત્ર સિયોનમાંથી બહાર પડશે અને યહોવાનાં
વચન યરૂશાલેમ તરફથી પ્રગટ થનાર છે. 3 તે ઘણા લોકોને ન્યાય કર-
શે, દૂરના બળવાન લોકો માટે નિર્ણયો કરશે; ત્યારે લોકો પોતાની તર-
વારો ટીપીને હળની કોશો બનાવશે; અને ભાલાઓનાં દાંતરડા બનાવ-
શે. પ્રજાઓ એકબીજા સામે તરવાર ઉગામશે નહિ કે ફરીથી કદી યુદ્ધનું
પ્રશિક્ષણ લેશે નહિ. 4 પણ પ્રત્યેક મનુષ્ય પોતપોતાના દ્રાક્ષાવેલા ની-
ચે તથા પોતપોતાની અંજીરી નીચે બેસશે; અને તેમને કોઇનો ભય રહે-
શે નહિ, કારણ કે આ સૈન્યોનો દેવ યહોવાના મુખના વચન છે. 5 પ્ર-
ત્યેક પ્રજાઓ પોતપોતાના દેવના નામ પર શ્રદ્ધા રાખીને ચાલે છે, અને
અમે પણ સર્વકાળ હંમેશા, અમારા સૈન્યોનો દેવ યહોવા દેવના નામ
પર શ્રદ્ધા રાખીને ચાલીશું. 6 યહોવા કહે છે કે, “તે દિવસે જેમને મેં હાંકી
કાઢીને દુ:ખી કર્યા છે, જેઓ અપંગ થઇ ગયા છે તે મારા લોકોને હું એક-
ત્ર કરીશ. 7 હું અપંગોને અતિજીવી બનાવીશ અને દૂર હાંકી કઢાયેલા-
ઓમાંથી એક શકિતશાળી રાષ્ટ બનાવીશ અને યહોવા સદાકાળને માટે
સિયોનના પર્વત ઉપરથી તેમના ઉપર સર્વકાળ સુધી રાજ્ય કરશે.
8 અને તમે, ટોળાંના બૂરજો, સિયોનની પુત્રીના શિખર, તમે તમારી
શકિત પાછી મેળવશો અને અગાઉનું રાજ્ય યરૂશાલેમની પુત્રી પાસે
પાછું ફરશે.” 9 હવે તું શા માટે મોટેથી બૂમો પાડે છે? તારે ત્યાં રાજા
નથી? તારા સલાહકારો નાશ પામ્યા છે કે, તું આમ પ્રસુતાની જેમ પી-
ડાય છે, હે યરૂશાલેમ? 10 હે સિયોનની પુત્રી, પ્રસૂતિથી પીડાતી સ્ત્રીની
જેમ તું તરફડજે અને ચીસો પાડજે; કારણકે હવે તું યરૂશાલેમમાંથી દૂર
થઇ જશે, ને સીમમાં રહેશે, ને બાબિલમાં પણ જશે; ત્યાં તને છોડાવ-
વામાં આવશે; ત્યાં યહોવા તને તારા શત્રુઓના હાથમાંથી છોડાવશે.
11 હવે ઘણી પ્રજાઓ તારી સામે ભેગી થઇ છે અને કહે છે કે, “ભલે તેણી
ષ્ટ થાય જેથી આપણી આંખો સિયોનને જોઇ શકે.” 12 પરંતુ તેઓ
યહોવાના વિચારોને જાણતા નથી. તેઓ યહોવાની યોજના સમજતા
નથી, તેણે તેમને અનાજની જેમ ભેગા કર્યા છે અને તેમને ઝૂડવા માટે-
ની જમીન પર લાવીને મૂક્યા છે. 13 “હે સિયોનની પુત્રી, ઊઠ, અને
ખૂંદવા માંડ! હું તારા શિંગડાં લોખંડના અને ખરીઓ કાંસાની બનાવીશ;
અને તું તેના વડે ઘણી પ્રજાઓને કચડી નાખીને ચૂરેચૂરા કરી નાખીશ;
અને તેમની પાસેથી લૂંટમાં મળેલી સંપત્તિ સમગ્ર પૃથ્વીના યહોવાને
સમર્પણ કરીશ.”
5 હે યરૂશાલેમ, તારી સૈના ભેગી કર, દુશ્મનોએ આપણને ઘેરો ઘા-
લ્યો છે; તેઓ ઇસ્રાએલના ન્યાયાધીશને ગાલ પર સોટી વડે માર-
શે. 2 હે બેથલેહેમ એફ્રાથાહ, તું યહૂદિયાનું સૌથી નાનકડું ગામડું છે,
પણ મને લાગે છે કે, “ઇસ્રાએલનો શાસક તારામાંથી આવશે, જેના
વંશના મૂળ ખૂબ પ્રાચીન કાળમાં છે.” 3 તેથી યહોવા પોતાના લોકોનો
ત્યાગ કરશે, પણ ગર્ભવતીને પુત્ર અવતરશે ત્યાં સુધી જ. ત્યારબાદ તો
એ પુત્રના જાતભાઇઓમાંથી બચવા પામેલાઓ દેશવટેથી પાછા આવી
બીજા ઇસ્રાએલીઓની સાથે ભેગા થશે. 4 તે યહોવાના સાર્મથ્યસહિત
તથા પોતાના દેવ યહોવાના નામના પ્રતાપસહિત ઊભો રહીને પોતાના
લોકોનું પાલન કરશે. અને તેઓ સુરક્ષામાં રહેશે. અને તે વખતે તો
આખી દુનિયામાં તેમનો પ્રભાવ પડતો હશે, અને તે જ શાંતિ ફેલાવશે.
5 હવે ત્યાં શાંતિ હશે, આશ્શૂરી સૈન્ય આપણા વતન વિરુદ્ધ ચઢી
આવશે અને તે આપણી જમીન ઉપર કૂચ કરશે, ત્યારે આપણી કાળજી
લેવા માટે તે સાત પાળકોની અને આપણને દોરવણી આપવા માટે
આઠ સરદારોની નિમણૂંક કરશે. 6 તેઓ આશ્શૂરની ભૂમિ પર તરવાર-
થી અને નિમ્રોદની ભૂમિ ઉપર ઉઘાડી તરવારોથી શાસન કરશે, અને તે
આપણને આશ્શૂરથી બચાવશે જે આપણી ભૂમિ પર પ્રવેશ્યા છે અને
જેણે આપણી સરહદોને કચડી નાખી છે. 7 ઘણી પ્રજાઓમાંથી યાકૂબ-
ના બચવા પામેલા વંશજો ઘાસ ઉપર વરસતાં ઝાપટાં જેવા બની જશે,
જે માણસ ઉપર આધાર રાખતા નથી, કે તેના માટે રોકાતા નથી. 8 યા-
કૂબના બચી ગયેલાઓ ઘણી પ્રજાઓમાં વનનાં પશુઓમાં સિંહના જે-
વા, તથા ઘેટાંનાઁ ટોળામાં સિંહના બચ્ચા જેવા થશે; કે જે તેઓમાં થઇને
જાય તો તેમને કચરી નાખે છે, ને તેમને ફાડીને ટુકડા કરે છે, ને છોડાવ-
નાર કોઇ હોતું નથી. 9 તારા શત્રુઓ પર તારો હાથ ઉગામાશે અને તારા
બધા હરીફો નાશ પામશે. 10 વળી યહોવા કહે છે કે, “તે દિવસે હું તમા-
રી વચ્ચેથી તમારા ઘોડાઓનો વધ કરી નાખીશ અને તમારા રથોનો
નાશ કરીશ. 11 હું તમારા દેશનાઁ નગરોનો નાશ કરીશ, ને તમારા સર્વ
કિલ્લાઓ તોડી પાડીશ; 12 વળી હું બધા જાદુગરોનો નાશ કરીશ અને
બધા ભવિષ્યવેત્તાઓને હાંકી કાઢીશ. 13 હું તમારી સર્વ મૂર્તિઓ અને
સ્તુતિસ્તંભો જેની તમે ઉપાસના કરો છો તેનો નાશ કરીશ. તમારા હા-
થોએ જે બનાવ્યું છે તેની તમે ફરીથી ભકિત કરશો નહિ, 14 તમારા દે-
શમાંથી હું અશેરાદેવીની પ્રતિમાઓને ઉખેડી નાખીશ; અને તમારી મૂ-
ર્તિઓનો નાશ કરીશ. 15 અને મારી આજ્ઞાઓનું પાલન ન કરનાર પ્ર-
જાઓ ઉપર હું રોષે ભરાઇને વૈર વાળીશ.”
6 હવે યહોવા શું કહે છે તે તમે સાંભળો: “ઊઠ, ઊભો થા, અને ડુંગ-
રો અને પર્વતોને ફરિયાદ સાંભળવા માટે બોલાવ.” 2 હે પર્વતો
તથા પૃથ્વીના અચલ પાયાઓ, તમે યહોવાની ફરિયાદ સાંભળો, કાર-
ણકે તેમની ફરિયાદ પોતાના ઇસ્રાએલી લોકો વિરુદ્ધ છે, તે તેઓની
સામે કાયદેસરના પગલાં ભરશે. 3 યહોવા કહે છે, “હે મારી પ્રજા, મેં
તમને શું કર્યુ છે? તમને કઇ રીતે દુ;ખ આપ્યું છે? એનો મને જવાબ
આપો. 4 હું તમને મિસરમાંથી બહાર લઇ આવ્યો, મેં તમને ગુલામી-
માંથી મુકત કર્યા અને તમને દોરવણી આપવા માટે મેં મૂસાને, હારુનને
અને મરિયમને મોકલ્યાં હતાં. 5 હે મારા લોકો, યાદ રાખજો કે મોઆબ-
ના રાજા બાલાકે કેવી રીતે અનિષ્ટ યોજના કરી હતી, અને બયોરના પુ-
ત્ર બલામે તેનો કેવી રીતે ઉત્તર આપ્યો હતો? યાદ રાખજો કે શિટ્ટીમથી
ગિલ્ગાલને શું બન્યું હતું, જેથી તમે યહોવાના ન્યાયી કાર્યોને સમજી
શકશો.” 6 હું જ્યારે પરાત્પર દેવની ઉપાસના કરવા આવું ત્યારે સાથે
શું લેતો આવું? એક વર્ષના વાછરડાઓનાં અર્પણ સાથે શું અમે યહોવા-
ની સમક્ષ નમન કરીએ? ના, એમ નહિ! 7 જો તમે હજારો ઘેટાં
અને 10 ,000 કરતાં વધારે જૈતતેલની નદીઓનું તેમને અર્પણ કરો, તો
શું તે રાજી થશે? શું તેનાથી તેને સંતોષ થશે? શું હું મારા પ્રથમ જન્મેલા
બાળકનું મારા આત્માના પાપ માટે બલિદાન કરું? મારા અપરાધો માટે
મારું પોતાનું શરીર ફળ ભોગવશે. 8 ઓ માનવી, શું સારું છે તે તેણે
તમને જણાવ્યું છે. અને તમારી પાસેથી યહોવાને તો એટલું જ જોઇએ
છે, ફકત તમે ન્યાય આચરો, દયાભાવને ચાહો અને તમારા દેવ સાથે
નમ્રતાથી ચાલો. 9 યરૂશાલેમના સર્વ રહેવાસીઓને યહોવા બોલાવે છે;
જેઓ ખરેખર શાણા છે તે તમારા નામથી બીશે. સજાના દંડ ઉપર અને
તેની નિમણૂંક કરનાર ઉપર ધ્યાન આપો. 10 શું દુષ્ટોના ઘરોમાં પાપનો
પૈસો અને તિરસ્કારપાત્ર ખોટાં માપ પડેલાં છે? 11 ખોટા ત્રાજવાં અને
ઠગારા કાટલાં વાપરનાર માણસને હું કેવી રીતે ઓળખું? 12 તમારા
ધનવાનો ક્રૂર હોય છે. અને તમારા રહેવાસીઓ જૂઠું બોલે છે અને છેતર-
નારી જીભ તેમના મોઢાંમાં જ રહેતી હોય છે. 13 આથી મેં તમને સજા
કરવાનું શરું કર્યુ છે અને હું તમને તમારા પાપોને લીધે ગમગીન બના-
વી દઇશ. 14 તમે ખાશો પણ સંતોષ નહિ પામો; ભૂખ્યા જ રહેશો, તમે
બચવાના ઘણા પ્રયત્નો કરશો, પણ સફળ નહિ થાઓ. તમે જે કંઇ
બચાવશો તે હું, જેઓએ તમને હરાવ્યા છે તેમને સોંપી દઇશ. 15 તમે
વાવશો પરંતુ તમે ધાનની કાપણી કરી શકશો નહિ, તમે જૈતફળોને પી-
લીને તેલ કાઢશો છતાં તમારા અંગ ઉપર પૂરતું તેલ ચોપડવા પામશો
નહિ, તમે દ્રાક્ષા ખીલવશો પણ તેમાંથી દ્રાક્ષારસ પી શકશો નહિ.
16 તમે રાજા ઓમરી અને તેના વંશજ આહાબના કુરિવાજો પાળ્યા છે,
તમે તેમને પગલે ચાલ્યાં છો, તેથી હું તમને ખેદાનમેદાન કરી નાખીશ;
તમારા લોકો હાંસી પાત્ર બની જશે અને સૌ કોઇ તમારું અપમાન કર-
શે.”
7 હું કેટલો ઉદાસ છું! કારણકે હું એવો વ્યકિત થઇ ગયો છું જેને
ઉનાળુ કાપણી પછી અને દ્રાક્ષ ભેગી કરવાની ઋતુ પછી ખાવા

માટે દ્રાક્ષ મળતી નથી અથવા તો જેના માટે તીવ્ર ઇચ્છા રાખી હતી તે
પહેલું ફળ મળતું નથી.
2 ભૂમિ પરથી બધાંજ ધાર્મિક માણસો નાશ
પામ્યા છે, ને મનુષ્યોમાં કોઈ પ્રામાણિક રહ્યો નથી; કોઈનું ખૂન કરવા-
નો લાગ શોધી રહ્યાં છે,
3 તેમના હાથ દુષ્કૃત્યો કરવામાં પાવરધા છે.
અમલદારો લાંચ માંગે છે, આદરણીય લોકો પણ નિષ્ઠુરતાથી પોતાના
સ્વાર્થનીજ વાતો કરે છે અને પોતાનું ધાર્યું કરે છે.
4 તેઓમાં જે શ્રેષ્ઠ છે
તેઓ કાંટા ઝાંખરા જેવા છે; સૌથી વધારે પ્રામાણિક ગણાય છે તેઓ
ઝાંખરામાંથી બનાવેલી વાડ જેવા છે,પણ હવે તમારો ચોકીદારોનો દિ-
વસ સત્વરે આવે છે. તમારી શિક્ષાનો સમય લગભગ આવી ગયો છે;
ગૂંચવણ, વિનાશ અને ગભરાટનો તમે અનુભવ કરશો.
5 પડોશીનો
વિશ્વાસ કરશો નહિ, મિત્ર ઉપર આધાર રાખશો નહિ, તમારી પ્રાણથી
પ્યારી પત્ની આગળ પણ મોઢાંનું દ્વાર સંભાળી રાખજો.
6 કારણકે એક
પુત્ર પોતાના પિતાનો આદર કરતો નથી. પુત્રી માની સામે થાય છે, ને
વહું પોતાની સાસુની સામી થાય છે; માણસના કુટુંબીઓ જ તેના વૈરી
બની ગયા છે.
7 પણ હું તો યહોવા તરફ જોઇશ, હું મારા તારણ કરનાર
દેવની વાટ જોઇશ; મારા દેવ મને સાંભળશે.
8 હે મારા દુશ્મન, મારી દુ-
ર્દશામાં હર્ષ ન કર; જો હું પડી જાઉં, તો પણ હું પાછો ઊઠીશ; જો હું
અંધકારમાં બેસું, તો પણ યહોવા મને અજવાળારૂપ થશે.
9 હું યહોવા-
નો કોપ સહન કરીશ, કારણકે મેં તેમની વિરુદ્ધ પાપ કર્યું છે. તેઓ મારી
તરફદારી કરશે અને મને ન્યાય કરશે ત્યાં સુધી. દેવ મને અંધકારમાંથી
પ્રકાશમાં લાવશે અને હું તેમનું ન્યાયીપણું જોઇશ.
10 મારા દુશ્મનો આ
જોશે અને જેઓ મને એમ કહેતાં હતાં કે, “તારા દેવ યહોવા કયાં છે?”
તેઓ શરમિંદા બની જશે, મારી આંખો આ જોશે, તેણી રસ્તાના કાદવ-
ની જેમ પગ તળે કચડાયેલી જગ્યા બની રહેશે.
11 જે દિવસે તારા કોટ
બંધાશે, તે દિવસે તારી સરહદ બહુ દૂર થશે.
12 તે દિવસે લોકો-આશ્શૂ-
રથી મિસર સુધીના, અને મિસરથી તે ફ્રાત નદી સુધીના, સમુદ્રથી સમુ-
દ્ર સુધીના, અને પર્વતથી પર્વત સુધીના, લોકો બધે ઠેકાણેથી તારે ત્યાં
આવશે.
13 પણ પૃથ્વી એનાં લોકોને કારણે અને તેમણે કરેલાં કમોર્ના
ફળરૂપે વેરાન બની જશે.
14 હે યહોવા, આવો અને તમારા લોકો ઉપર
અધિકાર ચલાવો, તમારા વારસાનાં ટોળાને દોરવણી આપો; તેઓને
કામેર્લના જંગલમાં એકલા રહેવા દો. ભલે અગાઉના દિવસોની જેમ બા-
શાન અને ગિલયાદમાં તેઓ આનંદ પ્રમોદ કરે.
15 જેવી રીતે મિસરની
ભૂમિમાંથી છૂટયા હતાં તે દરમ્યાન કર્યુ હતું તેવીજ રીતે અદભૂત કામો
હું બતાવીશ.
16 અન્ય પ્રજાઓ આ જોશે અને પોતાની સર્વ શકિત હો-
વા છતાં લજ્જિત થશે; તેઓ પોતાના હાથ પોતાના મોં પર મૂકશે, તેઓ-
ના કાન બહેરા થઇ જશે.
17 તેઓ સાપની પેઠે ધૂળ ચાટશે; જમીન
ઉપર પેટેથી ઘસડાતા પ્રાણીઓની જેમ તેઓ પોતાના કિલ્લાઓમાંથી
બહાર આવશે. તેઓ આપણા દેવ યહોવાને કારણે ભયથી થરથર કાંપ-
શે અને તારાથી ડરીને ચાલશે.
18 તમારા જેવા દેવ બીજા કોણ છે? કા-
રણકે તમે તો પાપ માફ કરો છો અને તમારા વારસાના બચેલા ભાગના
અપરાધને દરગુજર કરો છો; તમે પોતાનો ક્રોધ કાયમ રાખતા નથી; કા-
રણ કે તમે કરુણામાં જ રાચો છો.
19 તમે ફરી એક વખત અમારા ઉપર
કૃપા કરશો અને અમારા અપરાધોને પગ તળે કચડી નાખશો. અને
અમારા બધા પાપોને દરિયામાં પધરાવી દેશો.
20 તમે યાકૂબને વિશ્વા-
સપાત્ર હશો અને ઇબ્રાહિમને કૃપાપાત્ર હશો જેમ તમે પ્રાચીન કાળથી
અમારા પૂર્વજોને વચન આપ્યુ હતું.

# નાહૂમ

1 આ પુસ્તક એલ્કોશીમાં રહેતા નાહૂમને નિનવેહ પર આવી રહેલા
વિનાશ વિષે દેવે આપેલું સંદર્શન છે: 2 યહોવા ઈર્ષાળું દેવ છે.
તેઓ ક્રોધે ભરાઇને બદલો લેનાર દેવ છે. તે પોતાના શત્રુઓ પર વૈર
વાળે છે. તે પોતાના શત્રુઓ પર કોપાયમાન રહે છે. 3 યહોવા ગુસ્સે
થવામાં ધીમા છે. તેમની પાસે મહાન શકિત છે. અને તે ચોક્કસપણે
ગુનેગારોને દંડ્યા વગર જવા દેતા નથી. પ્રચંડ ઝંઝાવાત અને વાવાઝો-
ડામાં થઇને યહોવાનો માર્ગ જાય છે. વાદળો તેના પગની રજ છે. 4 તે
સાગરને ધમકાવે છે અને મહાસાગરો સૂકવી દે છે. તે નદીઓ સૂકાવીને
રેતીમાં ફેરવી દે છે; બાશાન અને કામેર્લના લીલાંછમ પ્રાંતો સૂકાઇ જાય
છે; લબાનોનનાં ફૂલો કરમાઇ જાય છે. 5 તેમને કારણે પર્વતો ધ્રુજે છે.
ને ડુંગરો ઓગળી જાય છે. તેમની સામે પૃથ્વી ધ્રુજે છે, દુનિયા અને તે-
માં વસતા બધા જીવો હાલી ઊઠે છે. 6 યહોવાના રોષ આગળ કોણ
ટકી શકે? તેના ક્રોધનો તાપ કોણ સહી શકે? તેનો ક્રોધ અગ્નિની જેમ
વરસે છે અને તે ખડકોના ચૂરેચૂરા કરી નાખે છે. 7 યહોવા ભલા છે; મુ-
શ્કેલીના સમયમાં તે આપણને આશ્રય આપે છે!તેને શરણે આવનારનું
તે ધ્યાન રાખે છે. 8 પરંતુ તે પોતાના શત્રુઓનો પ્રચંડ ધસમસતા જળ-
પ્રલયથી સંપૂર્ણ નાશ કરે છે; અને તેઓને અંધારામાં ધકેલી દે છે. 9 હે
નિનવેહ, યહોવા વિરૂદ્ધ તમે શું ષડયંત્ર રચો છો? તે તમારો સંપૂર્ણ નાશ
કરી નાખશે. તું બીજીવાર મુશ્કેલી ઊભી નહિ કરી શકે. 10 કાંટા વચ્ચે
અટવાયેલાની જેમ, જેઓ પીધેલા છે તેની જેમ, અને સંપૂર્ણ રીતે કરમા-
યેલા, લણી લીધેલા ખેતરની જેમ હશે તોપણ તેઓને તે ભરખી જશે.
11 યહોવાની વિરૂદ્ધ દુષ્ટ યોજના કરનાર તમારામાંથી એક બહાર આવે.
તે દુષ્ટ સલાહકાર છે. 12 યહોવા પોતાના લોકોને કહે છે, "તમારા
શત્રુઓ ગમે તેવા બળવાન અને અસંખ્ય હશે તેમ છતાં તેનો નાશ થશે.
તેમનું નામોનિશાન નહિ રહે. મેં તમને શિક્ષા કરી છે છતાઁ હું હવે તમને
સજા નહિ કરુઁ! 13 અને હવે હું તમારી સાંકળી તોડી નાખીશ અને
આશ્શૂરના રાજાની ગુલામીના બોજમાંથી તમને મુકત કરીશ." 14 યહો-
વાએ તમારા માટે આ હુકમ આપ્યો છે, "તારા કુળની હારમાળા ખલાસ
થઇ જશે. તારા મંદિરોની મૂર્તિઓ અને પ્રતિમાઓનો હું નાશ કરીશ. હું
તને દફનાવી દઇશ! કારણકે તું તિરસ્કૃત થયો છે!" 15 જુઓ, પર્વત પર
સંદેશાંવાહકોના પગલાં છે; તે શાંતિના સારા સમાચાર લાવી રહ્યાં છે. હે
યહૂદિયાના લોકો, તમારા ઉત્સવો ઊજવો, તમારા વચનો પૂરા કરો, કા-
રણ હવે કદી દુષ્ટ લોકો તમારા પર આક્રમણ કરશે નહિ, તેમનો સમૂળ-
ગો નાશ કરવામાં આવ્યો છે.
2 ઓ નિનવેહ! તને વિખેરી નાખવા એક શત્રુ આવ્યો છે! કિલ્લાની
રક્ષા કર. રસ્તા પર ચોકી કર, યુદ્ધ માટે તૈયાર થઇ જા. તારી બધી
શકિતને ભેગી કર. 2 લૂંટારાઓએ તેઓને લૂંટી લીધા છે અને તેઓના
દ્રાક્ષના વેલાનો નાશ કર્યો છે, પરંતુ યહોવા યાકૂબનું માન ઈસ્રાએલના
સન્માનની જેમ પુન:સ્થાપિત કરશે. 3 તેના યોદ્ધાઓની ઢાલોનો રંગ
લાલ છે. અતિ શકિતશાળી માણસો લાલ રંગના પોષાકમાં છે. ચમકારા
મારતા તેના રથો યુદ્ધ માટે તૈયાર થઇ રહ્યા છે. તેમના વૃક્ષો હલાવાઇ
રહ્યાં છે. 4 રથો ગલીઓમાં ગાંડાતૂર બનીને ઘૂમી રહ્યાં છે. તેઓ ચોકમાં
ઉપર નીચે ઉતાવળે ધસી રહ્યાં છે સળગતી મશાલની જેમ દોડે છે અને
વીજળીની જેમ જ્યાં ત્યાં ત્રાટકવાના હોય તેવા દેખાય છે. 5 ચુનંદા યો-
દ્ધાઓને તેડાવવામાં આવ્યા છે; તેઓ ઠોકર ખાતા દોડતા આવે છે,
તેઓ કોટ તરફ આગળ વધી રહ્યાં છે અને હુમલો કરવાના શસ્ત્રો ગોઠ-
વી દે છે. 6 નદી તરફના દરવાજાઓ ખૂલી ગયા છે! મહેલ તૂટી ગયો છે!
7 નિનવેહની રાણીને નિર્વસ્ત્રી કરી બંદીવાન બનાવી લઇ જવામાં આવે
છે. દાસીઓ છાતી કૂટે છે, ને કબૂતરની જેમ શોક કરે છે. 8 નિનવેહના
લોકો પાળ તૂટેલા તળાવમાંથી પાણી વહી જાય તેમ ભાગે છે. "થોભો,
થોભો" ના પોકાર સંભળાય છે, પણ કોઇ પાછું ફરતું નથી. 9 તમે ચાંદી
લૂંટો! સોનુ લૂંટો! કિમતી ઝવેરાત ખજાનાનો કોઇ પાર નથી. અઢળક
ધનસંપત્તિ લઇ જવામાં આવી રહી છે. 10 નિનવેહ નગર ઉજ્જડ અને
ખાલી થઇ ગયું છે. હૃદયના ધબકારા ધીમા પડી જાય છે, પગ ધ્રુજે છે,
દરેક જણના શરીર યાતના ભોગવે છે અને દરેકના મોં ધોળાં પૂણી જેવા
થઇ જાય છે. 11 ક્યાં છે એ શહેર, જે સિંહની ગુફા જેવું હતું? જ્યાં સિંહના
બચ્ચાં પોષાતાં હતાં, જ્યાં સિંહ-સિંહણ અને સિંહના બચ્ચાં નિરાંતે
ફરતાં હતાં. તેઓને વ્યાકુળ કરે તેવું ત્યાં કાંઇજ ન હતું. 12 જેમ સિંહ તે-
ના બચ્ચાં માટે પૂરતો શિકાર કરે છે તેવી રીતે તેણે બોડ અને ગુફા શિ-
કારથી ભરી દીધા. 13 પરંતુ હવે સૈન્યોનો દેવ યહોવા કહે છે; "હું તારી
વિરૂદ્ધ છું. હું તારા રથ બાળીને ભસ્મ કરી નાખીશ, અને તરવાર તારા
બચ્ચાઓનો સંહાર કરશે. હું પૃથ્વી પરથી તમને શિકાર કરવા માટે
મળતા પશુઓ લઇ લઇશ; સંદેશાંવાહકનો સાદ ફરી કદી સંભળાશે
નહિ."
3 આ લોહી તરસી નગરી, નિનવેહને અફસોસ! દગાફટકાથી અને
લૂંટથી તું ભરેલી છે છતાં હજી શિકાર કરવાનું બંધ કર્યુ નથી.
2 સાંભળ! રસ્તાઓ પર થઇને જતા રથોનો ગડગડાટ, તેના પૈડાનો
અવાજ, ઘોડાની ખરીઓનો અવાજ અને ચાબૂકોનો અવાજ. 3 ધસતા
ઘોડેસવારો, ચમકતી તરવારો, ઝળહળતા ભાલાઓ, અસંખ્ય માણસો
હણાય છે, મૃતદેહોના ઢગલા સર્વત્ર છે, માણસો મૃતદેહો પર થઇને જાય
છે! મૃતદેહોનો કોઇ પાર નથી! 4 આ સર્વનું કારણ એ છે કે, નિનવેહ
એક વેશ્યા જેવી બની ગઇ છે, જાદુક્રિયામાં પ્રવીણ નિનવેહનગરે પોતા-
ની સુંદરતાથી વેશ્યાગીરીથી પ્રજાઓને લોભાવી અને તેઓને જાળમાં
ફસાવી દીધા. નિનવેહે તેના જાદુથી પરિવારોને આકર્ષિત કર્યા. 5 સૈ-
ન્યોનો દેવ યહોવા કહે છે, "હે નિનવેહ, હું તારી વિરૂદ્ધ છું અને પ્રજાઓ
અને રાજ્યો આગળ તને ઉઘાડી પાડી તને બેઆબરૂ કરીશ. 6 હું તારા
પર કંટાળાદાયક ગંદકી નાખીશ, તારો અનાદર કરીશ, ને તને હાસ્યજ-
નક રીતે પ્રદર્શિત કરીશ. 7 જેઓ તેને જોશે તે કહેશે, 'નિનવેહ ધૂળધા-
ણી થઇ ગયું.' કોઇ એને માટે વિલાપ નહિ કરે, એને આશ્વાસન આપ-
નાર શોધ્યો જડે એમ નથી." 8 શું તું તેના-આમોનનગર કરતાં પણ
ચડિયાતી છે, જે નીલ નદીને કાંઠે વસેલું હતું. જેની ચારેકોર પાણી હતું,
નદી જેનો ગઢ હતો અને પાણી જેનો કોટ હતો? 9 તેને પક્ષે કૂશ અને
મિસરની સૈનાનું અમાપ બળ હતું. અને પૂટ તથા લૂબીઓને બોલાવીને
તે સહાય પ્રાપ્ત કરી શકતું હતું. 10 તેમ છતાં તે બંદીવાન થયું, તેણે દેશ-
વટો ભોગવવો પડ્યો. શેરીના નાકે તેના બાળકોને માર મારીને મારી
નાખવામા આવ્યાં, તેના માનવંતા માણસો ચિઠ્ઠી નાખી વહેંચાયા. અને
સાંકળમાં જકડાયા. 11 નિનવેહ પણ પીધેલાની માફક લથડીયાં ખાશે
અને ભયભીત બની શત્રુઓથી સંતાઇ જશે. અને તું પણ શત્રુને લીધે
આશ્રયસ્થળ શોધશે. 12 તારા બધા કિલ્લાઓ તો અંજીરી પરના પાકાં
અંજીર જેવા છે. જરા હલાવતા તે ખાનારાના મોમાં આવી પડે છે.
13 તારા સૈનિકો સ્ત્રીઓની જેમ નિર્બળ અને લાચાર બની જશે. તારા દે-
શના દરવાજાઓ શત્રુ માટે પૂરા ઉઘાડી નાખવામાં આવશે, અને તે દર-
વાજાઓ અગ્નિથી ભસ્મીભૂત કરી દેવામાં આવશે. 14 તેથી હુમલા માટે
પાણીનો સંગ્રહ કર, તારા કિલ્લાઓ મજબૂત બનાવ, માટીમાં ઊતરીને
ખાંડણી બનાવ અને ઇંટના બીબાં હાથમાં લે! 15 અગ્નિ તને ભરખી
જશે, તરવાર તારી હત્યા કરશે. તે તને તીડની જેમ સ્વાહા કરી જશે.તી-
ડની જેમ વધારે થશે. 16 તેં આકાશના તારા કરતાં તારા વેપારીઓની
સંખ્યા વધારી, પરંતુ તેઓ પણ તીડ તેની પાંખો ઊતર્યા પછી જેમ ઊડી

જાય છે તેમ ઊડી ગયા. [17] તારા સરદારો તીડ જેવા છે અને શાસન
અધિકારીઓ તીડના ટોળા જેવા છે, તેઓ ઠંડીના દિવસોમાં વાડો પર
આરામ કરે છે. સૂરજ ઊગતાં જ તેઓ ઊડી જાય છે. ક્યાં ગયા તેની કો-
ઇને ખબર પડતી નથી. [18] હે આશ્શૂરના રાજા, તારા પાળકો ઊંઘે છે;
તારા આગેવાનો આરામ કરે છે; તારા લોકો પર્વતો પર વિખેરાઇ ગયા
છે, તેઓને એકત્ર કરવા હવે કોઇ પાળક નથી. [19] તારી વેદનાને બિલ-
કુલ રાહત નથી; તારો ઘા પ્રાણઘાતક છે; જે કોઇ તારી પડતીના સમા-
ચાર સાંભળે છે, તે તાળીઓ પાડે છે; કારણકે એવો કોઇ છે જેના પ્રત્યે
તેં સખત દુષ્ટતા આચરી ના હોય?

# હબાક્કુક

1 દેવે હબાક્કુક પ્રબોધકને સંદર્શન દ્વારા આપેલો સંદેશો: 2 હે
યહોવા, ક્યાં સુધી હું તમને બોલાવ્યા કરું અને તમે સાંભળો જ
નહિ, “હિંસા” આ હિંસા માટે હું પોકાર કરું છું, તો પણ તમે મને બચા-
વતા નથી. 3 તું શા માટે મને આવા અન્યાયનો સાક્ષી બનાવે છે, અને
શા માટે આવાં દુષ્કૃત્યો સહી લે છે? મારી આંખ સામે જ વિનાશ અને
હિંસા ઝઘડા અને ટંટા થઇ રહ્યાં છે; 4 અને કાયદાનો અમલ થતો
નથી, તેથી કદી અદલ ન્યાય મળતો નથી; સદાચારી લોકોને દુષ્ટ લો-
કોએ ઘેરી લીધા છે; તેથી કુટિલ ન્યાય થાય છે. 5 યહોવાએ કહ્યું, “તમે
જરા વિદેશીઓ તરફ નજર કરો અને જુઓ, તો તમે વિસ્મય પામશો,
કારણકે તમારા જમાનામાં જ હું એવું કંઇક કરી રહ્યો છું, જે તમને કહ્યું
હોય પણ તમે માનો નહિ. 6 જગતમાં હું એક નવું કાર્ય સ્થાપી રહ્યો છું,
એટલે કે ખાલદીઓ જે-ક્રૂર અને હિંસક પ્રજા છે, તેઓ તેમની માલિકીના
ન હોય તેવા સ્થળો કબજે કરવા પૃથ્વીના છેડા સુધી જશે. 7 તેઓ જ્યાં
જ્યાં જાય ત્યાં ત્યાં ભય અને આતંક ફેલાવે છે; તેઓનો ગર્વ અને
ન્યાય તેઓની અંદરથી જ આવે છે, તેમના ઘોડાઓ ચિત્તા કરતા વધુ
વેગવાન છે અને સાંજના વરૂઓ કરતાં વધારે સજાગ છે. 8 તેમના ઘોડે-
સવારો ઝડપથી દૂરથી આવે છે, તેઓ શિકાર પર તૂટી પડતા ગરૂડના
જેવા છે. 9 એમની સમગ્ર સૈના હિંસા માટે આવે છે. તેમના ચહેરા આતુ-
રતાથી આગળ ધપવાની રાહ જુએ છે; અને તેઓ રેતીના કણ જેટલા
અસંખ્ય બંદીવાનો એકઠા કરે છે. 10 “અને તેઓ રાજાઓની મશ્કરી કરે
છે, ને સરદારો તો તેની નજરમાં હાસ્યરૂપ છે. તેથી તેઓના કિલ્લાઓની
તે હાંસી ઉડાવે છે. કિલ્લાઓના કોટ આગળ ધૂળના ઢગલા કરી બહુ
આસાનીથી તેઓને જીતી લે છે. 11 ત્યારબાદ તેઓ વાયુવેગે આગળ
વધી અને પસાર થઇ જાય છે; શકિત તે પાપીઓના દેવ છે. તેઓ ગુને-
ગાર છે.” 12 “હે મારા દેવ યહોવા, મારા પરમ પવિત્ર દેવ, તું અનાદિ
અને અમર છે. અમે માર્યા જવાના નથી, તમે શિક્ષાને માટે તેનું નિર્માણ
કર્યું છે. અને હે મારા યહોવા, તમે શિખામણને માટે તેને સ્થાપ્યો છે.
13 તમારી આંખો એટલી પવિત્ર છે કે તમે દુષ્ટતા જોઇ શકતા નથી,
અન્યાય જોવા તમે ઊભા રહી શકતા નથી. તો પછી શા માટે તમે એ
અપ્રામાણિક લોકોને જોઇ રહ્યાં છો. અને દુષ્ટ માણસ પોતાના કરતાં
સારા માણસને ગળી જાય છે, ત્યારે તમે શા માટે મૂંગા રહો છો? 14 તમે
માણસોને દરિયાના માછલાં જેવા શા માટે બનાવો છો? તેઓ ધણી
વગરના સમુદ્રના પ્રાણી જેવા છે. 15 તે લોકોને તે ગલથી ઊંચકી લે છે,
તેઓ પોતાની જાળમાં પકડીને તેઓને મોટી જાળમાં ભેગાં કરે છે તેથી
તેઓ ખુશી ને આનંદીત થાય છે. 16 તે માટે તે પોતાની જાળમાં બલિ-
દાન આપે છે, ને પોતાની મોટી જાળની આગળ ધૂપ બાળે છે; કારણકે
તેમના વડે તેઓનો હિસ્સો મોટો થાય છે; તથા તેમને પૂરતો ખોરાક
મળે છે. 17 તેથી શું તેઓ સદા માટે તેઓની જાળ ખાલી કરશે? શું તેઓ
લોકોનો સતત સંહાર કરવાનું બંધ નહિ કરે?
2 “હવે હું મારી ચોકી પર ઊભો રહીશ, ને બુરજ પર ઊભો રહીને
જોયાઁ કરીશ કે તે મારી સાથે શું બોલે છે, ને તે મને ઠપકો આપે
ત્યારે તે શું જવાબ આપશે?” 2 ત્યારે યહોવાએ મને કહ્યું, “હું તને જે કંઇ
કહું તે તકતી ઉપર ચોખ્ખા અક્ષરે એવી રીતે લખી નાખ, જેથી કોઇ પણ
તે સહેલાઇથી વાંચી શકે; 3 આજે હું જે બધી યોજનાઓ તને કહું છું તે
નક્કી કરેલા સમય માટે છે. આ સંદર્શન અંત માટે કહે છે, તે ખોટું પડશે
નહિ. જો તે વધારે સમય લે છે એમ લાગે તો રાહ જોજે, કારણ કે આ
બાબતો અચૂક બનશે જ. મોડું નહિ થાય. 4 ગવિર્ષ્ઠ માણસ તરફ
જુઓ, તેનો આત્મા તેનામાં પ્રામાણિક નથી; પરંતુ સાચો ન્યાયી મા-
ણસ તેની વફાદારીને કારણે જીવશે.” 5 “મદ્યપાન છેતરામણું છે; તેવી
જ રીતે તેમના અભિમાનને કારણે બાબીલીઓ ઘરે રહેતા નથી. તેઓના
લોભમાં ઘણા દેશો અને લોકોને જીત્યાં છે. પરંતુ મૃત્યુ અને નર્કની મા-
ફક તેઓ કદી તૃપ્ત થતાં નથી. 6 એવો સમય આવી રહ્યો છે, જ્યારે તે-
ઓનાં સર્વ બંદીવાનો તેની મશ્કરી કરશે; ‘તેઓ તેની મજાક કરશે અને
તેના પર હસશે! ધિક્કાર છે તેને જેણે જે પોતાની વસ્તુ નથી તે લૂંટી છે.
ભારે દેવું ભેગું કરવાથી તમે કેટલો વખત ધનવાન રહી શકશો?’ 7 “શું
એકાએક એવા માણસો ઊભા નહિ થાય કે જેઓ તમને કરડી ખાશે, શું
એવા નહિ જાગે કે જેઓ તને હેરાન કરશે, ને તું લાચાર ધ્રુજતો ઊભો
રહીશ અને તમારા લેણદારો અચાનક તમારું સર્વસ્વ લૂંટી લેશે. 8 તમે
ઘણા દેશોના લોકોને લૂંટયા છે, તેથી તે બાકી રહેલા લોકો તને લૂંટશે;
માણસોના રકતપાતને, અને દેશમાં હિંસાને લીધે, નગર તથા તેના સર્વ
રહેવાસીઓને લૂંટી લેવાશે. 9 એવા માણસોનું ભાવિ સારું નથી, જેઓ
લૂંટના દ્રવ્યથી પોતાનું ઘર ભરે છે અને ખૂબ ઊંચે બાંધેલા માળાની જેમ
એમને સંકટોથી સુરક્ષિત રાખવા મથે છે. 10 “આ બધી યોજનાઓને
લીધે તેં તારા કુટુંબને કાળી ટીલી લગાડી છે. અનેક લોકોની હત્યા કરી-
ને તેં તારી જાત સાથે પાપ કર્યુ છે. 11 કારણકે દીવાલનો એકેક પથ્થર
સુદ્ધાં તેની વિરૂદ્ધ પોકારી ઊઠશે અને લક્કડકામનો એકેએક ટુકડો સુ-
દ્ધાં તેનો પડઘો પાડશે. 12 “ધિક્કાર છે તેને રકતપાત કરીને શહેર બાંધે
છે, ને અન્યાયથી નગર વસાવે છે! 13 શું આ સૈન્યોનો દેવ યહોવાએ
કર્યુ છે? લોકોએ પોતાની જાતે જે બધો પરિશ્રમ કર્યો છે, તે બળી ગયો
છે, પ્રજાએ કારણ વગર સખત પરિશ્રમ કર્યો છે. 14 કારણકે જેમ સમુદ્ર
પાણીથી છલોછલ ભરેલો છે તેમ યહોવાના ગૌરવના જ્ઞાનથી છલોછલ
ભરાઇ જશે. 15 તમે તમારા પાડોશીને દારૂડીયો બનાવ્યો તમે તમારો
કોપ તેના પર વરસાવ્યો જેથી તમે તેને નગ્ન જોઇ શકો, તમને શ્રાપ
મળે! 16 “તમે કીતિર્ને બદલે શરમથી ભરપૂર હશો, તું પીશે અને તારી
જાતને ખુલ્લી કરશે; યહોવાના જમણા હાથનો પ્યાલો તારા તરફ વળશે,
ને તને અપકિતીર્ મળશે. 17 “કારણ કે લબાનોન પર કરેલા ગુનાઓ
તને ઢાંકી દેશે. અને ત્યાંના પ્રાણીઓ પર લાદેલો ત્રાસ તેને ભયભીત
બનાવી દેશે, કારણ કે તેણે લોકોને મારી નાખ્યા છે અને દેશમાં હિંસા
લાવી છે, તેણે નગર અને તેમાં રહેનારાઓ સાથે ખરાબ વર્તાવ કર્યો
છે.” 18 માણસે બનાવેલી મૂર્તિઓનો શો ઉપયોગ છે? એ તો માત્ર ધા-
તુમાંથી બનાવેલી પુતળીઓ છે, જે કેવળ જૂઠુ ભાખે છે. માણસ જે એક
મૂર્તિ બનાવે છે તેમાં શા માટે વિશ્વાસ રાખે છે? તે એવા દેવ બનાવે છે
જે બોલી પણ શકતાં નથી. 19 જે મનુષ્ય લાકડાની મૂર્તિને ઊઠાડવાનો
પ્રયત્ન કરે છે. જે માણસ પથ્થરને ખસેડવાની કોશિષ કરે છે તે જોખમ-
માં છે! શું મૂર્તિ કાંઇ શીખવી શકે છે? તેઓ સોનાથી અને ચાંદીમાં જડા-
યેલી છે, પણ તેની અંદર શ્વાસ બિલકુલ નથી. 20 પરંતુ યહોવા તેમના
પવિત્ર મંદિરમાં છે; સમગ્ર પૃથ્વી તેમની સમક્ષ મૌન થઇ જાઓ.
3 પ્રબોધક હબાક્કુકે આ પ્રાર્થના યહોવાને કરી, રાગ શિગ્યોનોથ.
2 હે યહોવા, તમારા વિષે હવે મેં સાંભળ્યું છે, અને મને ચિંતા થાય
છે, ભૂતકાળમાં જેમ તમે કર્યું હતું તેમ અમારી જરૂરિયાતના આ સમય-
માં ફરી વાર અમારી સહાય કરો. આ જરૂરિયાતના સમયમાં તમારી જા-
તને બતાવો, તમારા ક્રોધમાં દયાળુ થવાનું ભૂલતા નહિ. 3 દેવ તેમાન-
થી આવે છે, પવિત્ર દેવ પારાનના પર્વત પરથી આવે છે. તેનો પ્રકાશ
આકાશમાં પથરાય છે; તેની કિતીર્ પૃથ્વી પર ફેલાય છે. 4 સૂર્ય જેવું છે
તેનું અનુપમ તેજ, કિરણો પ્રગટે છે તેના હાથમાંથી; ત્યાં જ છુપાયેલું છે
તેનુ સાર્મથ્ય. 5 મરકી જાય છે તેની આગળ આગળ, ને રોગચાળો જાય
છે તેને પગલે-પગલે. 6 તે ઊભા થાય છે અને પૃથ્વીને હલાવે છે, તેની
નજરથી લોકોને વિખેરી નાખે છે, પ્રાચીન પર્વતોના ટૂકડે ટૂકડા થઇ

જાય છે, પ્રાચીન ટેકરીઓ નમી જાય છે, તેઓ હંમેશા આવાજ હતા.
7 મેં કૂશાનના તંબુઓને વિપત્તિમાં જોયા છે; મેં મિદ્યાનમાં તંબુઓને
હલતા જોયા છે. 8 હે યહોવા, તમે નદીઓ પર ગુસ્સે થયા છો? શું તમે
ઝરણાઓ પર રોષે ભરાયા છો? શું તમારો ક્રોધ સમુદ્ર પર છે? જેને કાર-
ણે તમે ઘોડાઓને, વિજયી રથો પર સવારી કરી રહ્યાં છો? 9 જ્યારે તમે
તમારું મેઘધનુષ્ય બહાર કાઢો છો, તે તમે લોકોને આપેલા વચનની
નિશાની હતી, પૃથ્વીએ નદીઓને વહેંચી નાખી છે. 10 થરથર ધ્રુજે છે
તને જોઇને પર્વતો, મૂશળધાર વરસે છે વરસાદ, અને સાગર કરે છે ઘોર
ગર્જના, ને હેલે ચડે છે તેના મોજા કેવા! 11 રા વેગીલા બાણોના ઝબકા-
રથી, અને તારા ચકચકતા ભાલાના ચળકાટથી; સૂર્ય અને ચંદ્ર પોતપો-
તાના સ્થાનમાં થંભી ગયા છે. 12 તમે ગુસ્સામાં પૃથ્વી પર પગ પછાડો
છો, અને ક્રોધમાં, પ્રજાઓને પગતળે કચડી નાખો છો. 13 તમે તમારા
લોકોના ઉધ્ધારને માટે, વળી તમારા અભિષિકતના ઉધ્ધારને માટે
પણ બહાર ગયા. તમે દરેક દુષ્ટ કુળના નેતાઓને કાપી નાખો છો અને
જમીનથી ગળા સુધી તેમને ખુલ્લા પાડો છો. 14 તમે લડવૈયાઓના મા-
થા તેમના પોતાના જ ભાલાઓથી વીંધી નાખો છો. જ્યારે તેઓ વાવા-
ઝોડાની જેમ અમને મારી નાખવા આવ્યા. સંતાઇ ગયેલા ગરીબોને
ભસ્મસાત કરનારા લોકોની જેમ તેઓ આનંદ માને છે. 15 તમે જ્યારે
તમારા ઘોડા પર સવાર થઇને સાગરમાંથી પાછા ફરો છો, ત્યારે પાણી
ખળભળી જાય છે. 16 એ સાંભળીને તો હું ધ્રુજી ઊઠું છું; મારા હોઠ અને
મારા પગતળેથી ધરતી ખસી જાય છે, મારાઁ હાડકાં સડી જાય છે, મારું
આખું શરીર ધ્રુજે છે, પણ હું ધીરજપૂર્વક આફતના દિવસની રાહ જોઉં છું
જ્યારે તે લોકોનું લશ્કર અમારી સામે ચઢી આવશે. 17 ભલેને અંજીરીને
ફૂલના બેસે, ને દ્રાક્ષની લતાઓને દ્રાક્ષા ન આવે; જૈતૂનનો પાક નિ-
ષ્ફળ જાય, ને ખેતરોમાં ધાન ન પાકે, કોડમા ઢોરઢાંખર ના રહે, ને નાશ
પામે વાડામાં ને તબેલામા ,ઘેટાંબકરાં, 18 છતા હું યહોવાથી આનંદિત
રહીશ, અને દેવ, જે મારું તારણ છે, તેનાથી હું આનંદિત થઇશ.
19 યહોવા મારા પ્રભુ મારું બળ છે; તે મને હરણના જેવા પગ આપશે
અને તે મને સુરક્ષાથી પર્વતો ઉપર લઇ જશે.મુખ્ય ગાયક માટે. તારવા-
ળાં વાજિંત્ર સાથે ગાવું.

# સફાન્યા

1 યહૂદાના રાજાની, એટલે આમોનના પુત્ર યોશિયાની કારકિર્દી
દરમ્યાન, હિઝિક્યાના પુત્ર અમાર્યાના પુત્ર ગદાલ્યાના પુત્ર કૂશી-
ના પુત્ર સફાન્યાને સંભળાયેલી યહોવાની વાણી. 2 યહોવા કહે છે કે,
“હું આ પૃથ્વીની સપાટી પરથી એકેએક વસ્તુનો સંપૂર્ણ વિનાશ કરવા
માંગું છું. 3 હું મનુષ્યની સાથે પશુઓનો પણ સંહાર કરીશ. આકાશના
પક્ષીઓ અને સમુદ્રના માછલાં પણ નાશ પામશે. અને દુષ્ટ વસ્તુઓ જે
તેમને લથડાવે છે તે પણ નાશ પામશે. અને હું માણસને ધરતીની
સપાટી પરથી દૂર કરીશ, એમ યહોવા કહે છે. 4 “હું યહૂદા અને યરૂશા-
લેમના બધા વતનીઓ સામે મારો હાથ ઉગામીશ, અને હું આ જગ્યાએ-
થી બઆલનું નામોનિશાન મિટાવી દઇશ, હું ઇસ્રાએલના યાજકો સાથે
પણ ક્રમારીમના યાજકોના નામનો અંત લાવીશ. 5 તેઓ ઘરની અગા-
શી પર જઇને આકાશના સૈન્યની ભકિત કરે છે, અને તેઓ યહોવાને
અનુસરે છે પણ સાથે સાથે માલ્કામનું પણ ભજન કરે છે! ને તેમના
નામે સમ ખાય છે. તેમનો પણ હું સંહાર કરીશ. 6 જે લોકો મારાથી વિ-
મુખ થઇ ગયા છે, તેમનો હું નાશ કરીશ. જેઓ મને શોધવાની કે મારી
સલાહ લેવાની કોશિશ કરતાં નથી. 7 યહોવા મારા પ્રભુની સંમુખ શાંત
રહેજો; કારણ કે યહોવાનો દિવસ આવી પહોંચ્યો છે. યહોવાએ યજ્ઞની
તૈયારી કરી છે અને અતિથિઓને પવિત્ર કર્યા છે. 8 યહોવા કહે છે, “હું
મારા યજ્ઞને દિવસે રાજ્યના અમલદારોને, રાજવંશીઓને, તેમજ વિદેશી
રીવાજો પાળનારાઓને શિક્ષા કરીશ. 9 જેઓ ઉંબરો ઓળંગી અને પો-
તાના દેવોના મંદિરો ભરવા માટે જુલમ અને છેતરપિંડી કરે છે તે સર્વને
હું શિક્ષા કરીશ.” 10 “તે દિવસે મચ્છી દરવાજેથી પોકાર ઊઠશે, નવા
બંધાયેલા ભાગમાંથી પોક મુકાશે અને ડુંગરોમાંથી ભારે મોટા અવાજ
સંભળાશે. 11 હે શહેરના નીચાણવાળા ભાગના રહેવાસીઓ, વિલાપ
કરો, કારણ કે હવે કોઇ વેપારીઓ રહ્યાં નથી, જેઓ પાસે ચાંદી છે તે
સર્વનો નાશ થશે.” 12 “જેઓ પોતાના વ્યવસાયમાં અધર્મના માર્ગથી
સ્થિર થયા હોય, અને ‘યહોવા અમારું કશું ખરાબ નહિ કરે કે ભલું નહિ
કરે’ એવું માનનારાઓને તે વખતે હું દીવો લઇને યરૂશાલેમના વિસ્તારો-
માંથી શોધી કાઢીશ અને શિક્ષા કરીશ. 13 તેઓની સંપત્તિ તેઓના દ્વા-
રા લૂંટાઇ જશે, દુશ્મનો તેઓનાં ઘરોનો નાશ કરશે. પોતે બાંધેલા ઘરો-
માં તેઓ રહેવા પામશે નહિ, અને પોતે રોપેલી દ્રાક્ષાવાડીઓનો દ્રાક્ષા-
રસ તેઓ પીવા પામશે નહિ.” 14 હવે યહોવાનો મહાન દિવસ નજીક
છે, તે નજીક છે, ને બહુ ઝડપથી આવે છે, યહોવાના દિવસનો સાદ
સંભળાય છે, તે વખતે બળવાન માણસ પોક મૂકીને રડે છે. 15 તે દિ-
વસ કોપનો દિવસ, દુ:ખ તથા સંકટનો દિવસ, વિનાશનો તથા ઉદાસી-
નતાનો દિવસ છે. અંધકાર તથા અકળામણનો દિવસ છે. વાદળોથી
ઘેરાયેલો અંધકારથી ભરેલો દિવસ છે. 16 કોટવાળાં નગરો વિરૂદ્ધ તથા
ઊંચા બુરજો વિરૂદ્ધ રણશિંગડાનો તથા ભયસૂચક નાદનો દિવસ છે.
17 યહોવા કહે છે, “હું માણસોને એવી મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકી દઇશ
કે તેઓ આંધળા માણસની જેમ ચાલશે, તેમનું લોહી જમીન પર વહેશે
અને તેઓના શરીર લાદની જેમ રઝળશે. કેમ કે તેઓએ યહોવાની વિ-
રુદ્ધ પાપ કર્યુ છે.” 18 યહોવાના કોપને દિવસે તેમનું સોનું ચાંદી તેમને
ઉગારી શકશે નહિ, પણ સમગ્ર ભૂમિ યહોવાના પ્રચંડ ક્રોધાગ્નિમાં
ભસ્મીભૂત થઇ જશે. કારણકે ભૂમિ ઉપર વસનારા સૌ કોઇનો તે અવ-
શ્ય અંત લાવનાર છે.”

2 ઓ શરમ વગરના લોકો! તમે સાથે મળી ભેગા થાઓ. 2 ચુકાદા-
નો સમય આવે અને ઊડી જતાં ફોતરાની જેમ દિવસ પસાર થઇ
જાય તે પહેલા તમને યહોવાનો રોષ સખત રીતે ઇજા પહોંચાડે તે પહે-
લા, યહોવાના રોષનો દિવસ તમને પકડી પાડે તે પહેલાં તમે એકત્ર
જાઓ! 3 દેશના સર્વ નમ્ર લોકો યહોવાને શોધવાનો પ્રયત્ન કરે છે,
તમારામાંથી જેઓ તેની આજ્ઞા પ્રમાણે કરે છે, જે સાચું હોય તે કરો,
નમ્રતા પ્રાપ્ત કરવા મથો: તો કદાચ યહોવાના રોષને દિવસે તમને
આશ્રય મળશે. 4 કારણ કે ગાઝાને તજી દેવામાં આવશે, ને આશ્કલોન
વેરાન થઇ જશે. આશ્દોદના લોકોને ખરે બપોરે હાંકી કાઢવામાં આવશે,
અને એક્રોનનો ઉચ્છેદ કરવામાં આવશે. 5 સમુદ્રકાંઠે રહેનારા પલિસ્તી-
ઓને અફસોસ! હે પલિસ્તીઓના દેશ કનાન, યહોવાનું વચન તમારી
વિરૂદ્ધ છે; હું તમારો એવી રીતે નાશ કરીશ કે તમારામાંની એક પણ વ્ય-
કિત તમારા દેશમાં રહેશે નહિ. 6 દરિયાકાંઠો ઢોર ચરાવવાનું ચરાણ
બની જશે. ફકત ભરવાડના ઝૂંપડા અને ઘેટાઁબકરાઁ રાખવાની છાપરી જ
રહેશે. 7 કાંઠાનો પ્રદેશ યહૂદાના રહ્યાંસહ્યાં લોકોના હાથમાં જશે. તે
લોકો ત્યાં ઘેટાઁબકરાઁ ચરાવશે અને સાંજે આશ્કલોનના ઘરોમાં સૂઇ
જશે, કારણ, તેમના દેવ યહોવા ફરીથી તેમનું ભાગ્ય ફેરવી નાખનાર
છે. 8 યહોવા કહે છે, “મોઆબે કરેલી નિંદા અને આમ્મોનીઓએ મારી
પ્રજાના કરેલા અપમાન મેં સાંભળ્યાં છે. તથા તેની ભૂમિ તેઓએ પચા-
વી પાડવાની કોશિષ કરી છે. 9 તેથી ઇસ્રાએલના દેવ, સૈન્યોનો દેવ
યહોવા કહે છે કે, મારા જીવના સમ, હવે મોઆબ અને આમ્મોનના હાલ
સદોમ અને ગમોરાના જેવા થશે; એ સદાને માટે મીઠાની ખાણ અને
ઝાંખરાવાળો ઉજ્જડ પ્રદેશ બની જશે, મારા અતિજીવીઓ તે ભૂમિનો
કબજો લેશે અને તેમાથી લૂંટનો માલ લેશે.” 10 તેઓના અભિમાનનો
બદલો તેઓને મળશે, કારણકે તેઓએ સૈન્યોનો દેવ યહોવાના લોકોનું
અપમાન કર્યુ હતું અને તેઓ સામે ઉદ્ધતાઇ કરી હતી. 11 યહોવા તેમના
માટે ડરામણા બની જશે. તે પૃથ્વીના બધા દેવોને હતા ન હતા કરી ના-
ખશે, અને પછી જ દૂરના દરિયાકાંઠાના પ્રદેશના લોકો પોતપોતાના દે-
શમાં તેમની આરાધના કરશે. 12 એજ રીતે કૂશીઓ પણ તેમની તરવા-
રથી માર્યા જશે. 13 તે ઉત્તરમાં પોતાનો બાહુ લંબાવી આશ્શૂરનો નાશ
કરશે. નિનવેહને ઉજ્જડ અને રણ જેવું સૂકુંભઠ્ઠ બનાવી દેશે. 14 અને
દરેક જાતનાં જંગલી પ્રાણીઓના ટોળાં ત્યાં વાસો કરશે. તેના થાંભલા
પર વિસામો કરશે, તેમના અવાજો બારીમાંથી આવશે, વિનાશ દરવાજે
આવી ગયો છે. દેવદારના થાંભલાઓ ઊઘાડા પડી ગયાં છે. 15 સમૃદ્ધ
ગણાતું અને સુરક્ષિત નગર પોતાના માટે ગર્વથી કહેતું હતું, “મારા જેવું
મહાનગર બીજું એક પણ નથી.” હવે તે નગરની સામે જુઓ, તે કેવું વે-
રાન થઇ ગયું છે! વળી તે પશુઓના રહેવાનું સ્થાન થઇ ગયું છે! તેની
પાસે થઇને જનાર દરેક માણસ મશ્કરી કરશે, અને પોતાની મુઠ્ઠી હલા-
વશે.

3 ઉદ્દંડ, બંડખોર તથા ષ્ટ થયેલી જુલમી નગરીને અફસોસ! 2 તેણે
ન તો યહોવાની આજ્ઞાનો સાદ સાંભળ્યો કે ના કોઇ શિસ્ત શી-
ખ્યા. તેમને યહોવા ઉપર જરાય વિશ્વાસ ન હતો. તેઓ દેવની સમીપ
આવ્યા નહિ. 3 તેમાં વસતા અમલદારો જાણે ગર્જના કરતા સિંહ જેવા
છે; તેના ન્યાયાધીશો ભૂખ્યાં વરુઓ જેવા છે, જે સાંજનું સવાર સુધી
રહેવા દેશે નહિ. 4 તેના પ્રબોધકો ઘમંડી માણસો છે; તેના યાજકો
પવિત્ર સ્થાનને દુષિત કરે છે. અને દેવના નિયમશાસ્ત્રનું નિકંદન કાઢે
છે. 5 પણ તેમાં વસતા યહોવા ન્યાયી છે, તે અધમ કાર્ય કરતા નથી. તે
નિયમિત રીતે દરરોજ સવારમાં ચુકાદો આપે છે. તથા તે પ્રભાતમાં ચૂક-
તા નથી છતાં અનીતિમાન લોકોને શરમ આવતી નથી. 6 દેવ કહે છે,
“મેં પ્રજાઓનો નાશ કર્યો છે. તેઓની દૂરની ઊંચી મજબૂત ઇમારતોનો
નાશ કર્યો છે. તેઓની શેરીઓ અને નગરોને વસ્તી વગરના કરી દીધાં
છે. ત્યાં કોઇ જરા પણ જતું કે રહેતું નથી. 7 મને થયું કે મારા લોકો હવે
મારાથી શિસ્તપાલન કરતા શીખશે. તો તેઓના ઘરનો નાશ થશે નહિ.

મેં તેઓ માટે નક્કી કરેલ સજા થશે નહિ." પણ તેઓ તો વધુ અધમ
કામ કરવા વહેલા ઉઠે છે. [8] યહોવા કહે છે, "મારી પ્રતિક્ષા કરો, હું પ્ર-
જાઓ પર આરોપ મૂકવા ઊભો થાઉં તે દિવસની રાહ જુઓ, કારણ કે
પ્રજાઓને અને રાજ્યોને એકઠાં કરીને તેમના પર મારો બધો ગુસ્સો
અને સંતાપ વરસાવવાનો મેં નિર્ધાર કર્યો છે. મારા માત્ર ક્રોધને લીધે પૃ-
થ્વી ખાખ થઇ જશે." [9] ત્યારબાદ હું બધા લોકોને પવિત્ર હોઠ આપીશ,
જેથી તેઓ મારું નામ લઇ શકે અને ખભેખભા મિલાવીને મારી સેવા
કરે. [10] વેરવિખેર થઇ ગયેલા મારા ભકતો હેઠ કૂશની નદીઓની સામે
પારથી પણ મારે માટે અર્પણ લઇ આવશે. [11] "હે યરૂશાલેમ, તે દિવસે
તમે મારી સામે બળવો પોકારીને જે જે દુષ્કૃત્યો કર્યાં છે, તેને માટે તમારે
શરમાવું નહિ પડે. કારણ કે તે વખતે હું તમારા અભિમાની અને ઉદ્ધત
નાગરિકોને હાંકી કાઢીશ; પછી તારા લોકો મારા પવિત્રપર્વત પર ઉદ્ધ-
તાઇભર્યુ વર્તન કરી સકશે નહિ. [12] પરંતુ હું તમારામાં એવા જ લોકોને
રહેવા દઇશ જે નમ્ર અને દીન હોય; અને તેઓ મારા નામ પર વિશ્વાસ
રાખશે. [13] ઇસ્રાએલના બાકી રહેલા લોકો તે પછી દુષ્ટ કામ કરશે નહિ,
અસત્ય બોલશે નહિ, અને અપ્રામાણિકતાથી કાર્ય કરશે નહિ. તેઓ
સદા શાંતિ અને આરામદાયક રીતે રહેશે અને તેમને કોઇનોય ભય રહેશે
નહિ." [14] ઓ સિયોનની પુત્રી હર્ષનાદ કર! ઓ ઇસ્રાએલ આનંદના પો-
કાર કર! યરૂશાલેમના લોકો, ઉલ્લાસમાં આવીને આનંદોત્સવ કરો!
[15] યહોવાએ ન્યાય અનુસાર તમને કરેલી શિક્ષાનો અંત કર્યો છે. તેમણે
તમારા શત્રુને હાંકી કાઢયા છે; ઇસ્રાએલના રાજા, એટલે યહોવા, તમા-
રામાં છે; હવે પછી તમને કોઇ પણ પ્રકારની આપત્તિનો ડર લાગશે
નહિ. [16] હવે એવો સમય આવી રહ્યો છે જ્યારે યરૂશાલેમના લોકોને આ
સંદેશો મળશે, "ઓ સિયોન, ડરીશ નહિ, તારા હાથ ઢીલા થવા દઇશ
નહિ." [17] યહોવા તમારા દેવ શૂરવીર માણસની જેમ તમારું રક્ષણ કર-
વા તમારી વચ્ચે છે. તે તમારા પર કૃપાળું થઇ ખુશ થાય છે. તે તારા પર
ફરી પોતાનો પ્રેમ પ્રગટ કરે છે, અને એક ઉત્સવના દિવસની જેમ તે
ખૂબ આનંદથી પોકાર કરે છે. [18] મેં નિશ્ચિત કરેલા ધાર્મિક ઉત્સવ પર
શોક કરનારાઓને એકત્ર કર્યા છે. અને તમને આપેલાં અપમાન પાછા
લઇ લઇશ. [19] તે સમયે જેઓએ તમારા ઉપર જુલમ કર્યો છે, તેઓ સા-
થે હું સખતાઇથી વર્તીશ. હું નબળાં અને લાચાર લોકોનું રક્ષણ કરીશ.
હું જેઓને હાંકી કાઢવામાં આવ્યાં હતાં તેઓને પાછા લાવીશ. જેઓની
મશ્કરીઓ અને તિરસ્કાર થયો હતો તેઓને હું આખી દુનિયામાં યશ
અને કીતિર્ મેળવી આપીશ. [20] એ સમયે હું તમને પાછા લાવીશ.
તમારી નજર સમક્ષ; તમારું ભાગ્ય ફેરવીને તમને પૃથ્વી પરના સર્વ
લોકો કરતાં અલગ એવું અતિ ઉત્તમ નામ આપીશ. ત્યારે તેઓ તમારી
પ્રસંશા કરશે." આ યહોવાના વચન છે.

# હાગ્ગાય

1 દાર્યાવેશ રાજાના બીજા વર્ષના છઠ્ઠા મહિનાની પહેલી તારીખે
પ્રબોધક હાગ્ગાય મારફત યહોવાનો સંદેશો આવ્યો. આ સંદેશો
યહૂદાના સૂબા શઆલ્તીએલના પુત્ર, ઝરુબ્બાબેલની, તથા પ્રમુખ યા-
જક યહોસાદાકના પુત્ર યહોશુઆ માટે હતો. 2 સૈન્યોનો દેવ યહોવા હા-
ગ્ગાયને કહે છે કે, "આ પ્રજા કહે છે કે, મારું મંદિર ફરી બાંધવાનો સમય
હજી આવ્યો નથી." 3 ત્યારે પ્રબોધક હાગ્ગાય મારફતે યહોવાએ લોકોને
કહેવડાવ્યું કે, 4 "આ મંદિર હજી જર્જરીત અવસ્થામાં ઉજ્જડ પડી રહેલું
છે, તે દરમ્યાન તમારે તમારા છતવાળાઁ રૂડાંરૂપાળાં મકાનોમાં રહેવાનો
આ વખત છે શું? 5 તમારી શી દશા છે તેનો વિચાર કરો. આ સૈન્યોનો
દેવ યહોવા કહે છે. 6 'તમે ઘણું વાવ્યું છે, પણ ઘેર તો થોડું જ લાવ્યા
છો; તમે ખાઓ છો, પણ ધરાઇને નહિ, તમે પીઓ છો ખરા' પણ પીવા-
થી તૃપ્ત થતા નથી; તમે વસ્ત્રો પહેરો છો, પણ કોઇમાં ગરમી આવતી
નથી; અને જે માણસ કમાણી કરે છે તે માણસ પોતાની કમાણીને કા-
ણી કોથળીમાં નાખે છે.'" 7 સૈન્યોનો દેવ યહોવા કહે છે કે, "તમે જે રીતે
વર્ત્યા છો અને તેનું જે પરિણામ આવ્યું છે, તેનો વિચાર કરો! 8 અને
પર્વતો પર જાઓ, લાકડાં લઇ આવો. અને મારા મંદિરને ફરી બાંધો. તે-
નાથી મને આનંદ થશે ત્યાં મારું સન્માન થશે." 9 આ સૈન્યોનો દેવ
યહોવા કહે છે, "તમે ઘણાની આશા રાખતા હતા, પણ જુઓ તો ખરા,
મળ્યું થોડું; અને જ્યારે તમે ઘેર લઇ આવ્યા ત્યારે મેં તેને ફૂંક મારીને
ઉડાવી દીધું. શાથી? કારણ, મારું મંદિર ખંઢેર હાલતમાં પડ્યું છે ત્યારે
તમે સૌ પોતપોતાના ઘરની ચિંતામાં પડ્યા છો. 10 તેથી જ હું આકાશ-
માંથી આવતી ઝાકળને રોકી રાખું છું અને તમને બહુ જ ઓછો પાક
આપું છું." 11 "હકીકતમાં હું સપાટ પ્રદેશમાં અને પહાડી પ્રદેશમાં દુકાળ
લાવ્યો છું. અનાજ, દ્રાક્ષો, તેલવૃક્ષો અને અન્ય પાક સુકાઇ જાય તેવો
દુકાળ, તમે અને તમારાં પશુઓ નબળા પડી જશો અને તમારા તમામ
પાકને તેની અસર થશે." 12 ત્યારે ઝરુબ્બાબેલ અને યાજક યહોશુ-
આએ બાકીના લોકો સાથે મળીને તેમના દેવ યહોવાના તથા હાગ્ગાય-
નાં વચનો પર ધ્યાન આપ્યું. તેઓએ યહોવાની આજ્ઞાનું પાલન કર્યુ
અને તેમનો ભય રાખ્યો. 13 પછી યહોવા દેવે તેમના સંદેશાવાહક હા-
ગ્ગાય દ્વારા ફરીથી સંદેશો મોકલીને કહ્યું કે, "હું તમારી સાથે છું, હું તમ-
ને આશીર્વાદ આપીશ." 14 ત્યારે યહોવા દેવે યહૂદાના સૂબા શઆલ્તી-
એલના પુત્ર ઝરુબ્બાબેલનું તથા પ્રમુખ યાજક યહોસાદાકના પુત્ર
યહોશુઆનું મન, તથા બાકી રહેલા સર્વ લોકોનું મન જાગૃત કર્યું;
15 પછી દાર્યાવેશ રાજાના બીજા વર્ષના છઠ્ઠા માસની ચોવીસમી તારીખે
તેઓએ આવીને પોતાના સૈન્યોનો દેવ, યહોવાના મંદિરનું કામ શરૂ
કરી દીધું.

2 એ જ વરસના સાતમા મહિનાની એકવીસમી તારીખે પ્રબોધક
હાગ્ગાયને યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ: 2 યહૂદિયાના
સૂબા શઆલ્તીએલના પુત્ર ઝરુબ્બાબેલને તથા પ્રમુખ યાજક યહોસા-
દાકના પુત્ર યહોશુઆને તથા બાકી રહેલા લોકોને હવે કહે કે, 3 "આ
મંદિરનો અગાઉનો વૈભવ જોનારાઓમાંનો કોઇ તમારામાં જીવતો રહ્યો
છે? અને હાલ તમે તેને કેવી હાલતમાં જુઓ છો? શું તે તમારી નજરમાં
શૂન્યવત્ત નથી? 4 તોપણ હવે, યહોવા કહે છે, 'હે ઝરુબ્બાબેલ, હિંમત
હારીશ નહિ,' હે યહોસાદાકના પુત્ર યહોશુઆ, પ્રમુખ યાજક, 'બળવાન
થા;' યહોવા કહે છે, 'હે દેશના સર્વ લોકો, તમે બળવાન થઇને કામે લા-
ગો; કારણકે હું તમારી સાથે છું,' સૈન્યોનો દેવ યહોવા આમ કહે છે."
5 તમે જ્યારે મિસરમાંથી બહાર આવ્યા, ત્યારે મેં તમને વચન આપ્યા
પ્રમાણે મારો આત્મા તમારામાં હતો; તેથી ડરશો નહિ, 6 કારણ કે સૈ-
ન્યોનો દેવ યહોવા કહે છે, "હું થોડી જ વારમાં ફરીથી આકાશ, પૃથ્વી,
સમુદ્ર અને સૂકી ધરતીને હચમચાવી મૂકીશ. 7 હું આ બધા રાષ્ટોને હચ-
મચાવી મૂકીશ, અને તેમની ધનસંપતિ અહીં આવશે અને આ મંદિરને
હું ખજાનાથી ભરી દઇશ. 8 એમ સૈન્યોનો દેવ યહોવા કહે છે, તેઓની
ચાંદી અને સોનું મારું છે. 9 તેથી આ મંદિરની પ્રતિષ્ઠા હવે પહેલાના
કરતાં ઘણી વધારે હશે. અને આ મંદિરને હું સુખ અને શાંતિ આપીશ.
આ સૈન્યોનો દેવ યહોવાના વચન છે." 10 દાર્યાવેશના રાજ્યકાળમાં
બીજા વર્ષના નવમાં મહિનાની ચોવીસમી તારીખે યહોવાનું વચન હા-
ગ્ગાય પ્રબોધક મારફતે આવ્યું. 11 સૈન્યોનો દેવ યહોવા કહે છે, હવે તું
યાજકોને આ પ્રશ્નનો નિર્ણય કરવાનું કહે કે, 12 "જો તમારામાંનો કોઇ
તેના કપડાંની ઘડીમાં અર્પિત માંસ લઇ જતો હોય, અને તેનો સ્પર્શ રો-
ટલી, ભાજી, તેલ કે કોઇ પણ અન્ન, દ્રાક્ષાને કે માંસને થાય, તો શું તે
પણ પવિત્ર થઇ જાય?" 13 યાજકોએ કહ્યું: "ના," ત્યારે હાગ્ગાયે કહ્યું,
"જો કોઇ માણસ શબને અડવાથી અભડાયો હોય અને તે આ વસ્તુઓ-
ને અડે તો એ અભડાઇ જાય ખરી?"યાજકે જવાબ આપ્યો, "જરુર અભ-
ડાય." 14 પછી હાગ્ગાયે સ્પષ્ટતા કરી, "યહોવા કહે છે કે 'તમારું વલણ
સ્વાથીર્ છે; તમારું હૃદય ભૂંડું છે અને તેથી એ લોકો જે કઇં ધરાવે છે તે
પણ અશુદ્ધ છે. માત્ર તમારાં અર્પણો જ નહિ પણ મારી સેવાના નામે
તમે જે કઇં કરો છો તે બધું જ અશુદ્ધ છે." 15 યહોવા કહે છે, "હવે કૃપા
કરીને આજથી માંડીને ભૂતકાળ પહેલાના વખતનો વિચાર કરો, યહો-
વાનું મંદિર બાંધવા માટે કોઇ પથ્થર મૂકવામાં આવ્યો હતો. 16 અગાઉ
તમે જ્યાં વીસ માપ અનાજની આશા રાખતા હતા, ત્યાંથી તમને માત્ર
દશ જ મળતાં, દ્રાક્ષાકુંડ પાસે તમે પચાસ માપની આશા રાખતા ત્યાંથી
તમને માત્ર વીસ જ મળતાં. 17 તમે જે જે કઇં વાવતા તે બધાનો હું લૂ-
થી, ગેરુંથી કે કરાથી નાશ કરતો, તેમ છતાં તમે પાછા મારે શરણે ન
આવ્યાં." 18 પણ સાંભળો, આજ પછીથી, નવમાં મહિનાની ચોવીસમી
તારીખે, મંદિરનો પાયો નાખવામાં આવ્યો છે, તે દિવસ પછીથી શું
થનાર છે તેનો વિચાર કરો. 19 શું હજી સુધી ત્યાં કોઠારમાં બી કે અનાજ
છે? દ્રાક્ષની વેલો, અંજીરીઓ, દાડમડીઓ અને જૈતૂનના વૃક્ષો હજી
ફળ્યાં નથી, પણ આજથી હું તમને આશીર્વાદ આપું છું." 20 એ જ મહિ-
નાની ચોવીસમી તારીખે, ફરી વાર હાગ્ગાયને યહોવાની વાણી સંભ-
ળાઇ; 21 યહૂદાના રાજ્યપાલ ઝરુબ્બાબેલને કહે કે, "હું આકાશોને તથા
પૃથ્વીને હચમચાવી નાખીશ." 22 હું રાજ્યોના સિંહાસનો તેના સ્થાનેથી
હટાવી દેવાનો છું. હું પ્રજાઓના રાજ્યોની શકિતનો નાશ કરનાર છું.
અને તેમના રથોને અને તેઓમાં બેસનારાઓને ઉથલાવી નાંખનાર છું.
તેમના ઘોડાઓ જશે, અને સવારો પડી જશે અને તેઓ એકબીજા સાથે
તરવારથી લડશે. 23 પરંતુ આ બનશે ત્યારે, ઓ મારા સેવક ઝરુબ્બા-
બેલ, હું તને મારો અંગત મુદ્રા મહોર બનાવીશ. કારણકે મેં તને પસંદ
કર્યો છે."એમ સૈન્યોનો દેવ યહોવા કહે છે.

# ઝખાર્યા

1 દાર્યાવેશના અમલના બીજા વર્ષના આઠમા મહિનામાં પ્રબોધક
ઈદ્દોના પુત્ર બેરેખ્યાના પુત્ર ઝખાર્યા દ્વારા યહોવાનો સંદેશો મળ્યો
હતો. 2 તું એ લોકોને કહે કે, યહોવા તમારા પિતૃઓ પર રોષે ભરાયો
હતો; 3 તેથી તું તેઓને કહે કે, સૈન્યોના દેવ યહોવા કહે છે કે, જો તમે
પાછા મારે શરણે આવો તો હું તમારી પાસે આવીશ. 4 તમે તમારા વડી-
લો જેવા ન થશો, જેઓને પહેલાના પ્રબોધકોએ સાદ પાડીને કહ્યું હતું
કે, "સૈન્યોનો દેવ યહોવા તમને તમારાં ખોટા માર્ગોથી અને દુષ્કૃત્યોથી
પાછા વાળવા માગે છે. પણ તેમણે ન તો મારું સાંભળ્યું કે ન તો મારા
કહેવા પર ધ્યાન આપ્યું. 5 "તમારા એ પિતૃઓ આજે ક્યાં છે? અને એ
પ્રબોધકો કઈં અમર થોડા જ છે? 6 પરંતુ મેં મારા સેવકો પ્રબોધકો માર-
ફતે આપેલી આજ્ઞાઓ અને ચેતવણીઓની અવગણના કરવાથી તમા-
રા પિતૃઓએ અચાનક તેની સજા ભોગવવી પડી. આથી તેઓ નરમ
પડ્યા અને કહ્યું, 'સૈન્યોનો દેવ યહોવાએ આપણને શિક્ષા કરી આપણા
વર્તાવ અને કૃત્યોને કારણે આપણી સાથે જે રીતે વર્તવા ધાર્યું હતું તે
રીતે તે વર્ત્યા છે.'" 7 દાર્યાવેશના બીજા વર્ષના અગિયારમા મહિનાની,
એટલે શબાટ મહિનાની, ચોવીસમી તારીખે ઈદ્દોના પુત્ર બેરેખ્યાના પુત્ર
ઝખાર્યા પ્રબોધકની પાસે યહોવાએ બીજો સંદેશો આપ્યો. 8 તે એ કે
મને રાત્રે સંદર્શન થયું, એક માણસ રાતા ઘોડા પર સવાર થયેલો હતો.
તે એક ખીણમાં મેંદીના છોડ વચ્ચે ઊભો હતો, અને તેની પાછળ બીજા
રાતા; કાબરચીતરા અને સફેદ ઘોડાઓ હતા, હું બોલી ઊઠયો. 9 "આ
શું છે, મારા યહોવા?"એટલે તે દેવદૂતે મને કહ્યું,"એ શું છે એ હું તને
જણાવીશ." 10 ત્યારબાદ મેંદી વચ્ચે ઊભેલા માણસે ઉત્તર આપ્યો,
"એમને તો યહોવાએ પૃથ્વી પર ફરીને શું ચાલે છે તે જોવા મોકલેલા
છે." 11 અને તેણે મેંદીના છોડ વચ્ચે ઊભેલા યહોવાના દેવદૂતને કહ્યું,
"અમે આખી પૃથ્વીની ચારેતરફ ફરી આવ્યાં છીએ અને સાચે જ આખી
દુનિયા શાંતિમાં છે." 12 ત્યારે યહોવાનો દેવદૂત બોલ્યો, "હે સૈન્યોનો
દેવ યહોવા, સિત્તેર વર્ષથી તમે યરૂશાલેમ અને યહૂદિયાના શહેરો ઉપર
રોષે ભરાયેલા છો. ક્યાં સુધી તમે એમના પર દયા નહિ કરો?" 13 ત્યારે
મારી સાથે વાત કરનાર દૂતને યહોવાએ મમતા અને આશ્વાસનભર્યા
શબ્દોમાં જવાબ આપ્યો, 14 અને તે દેવદૂતે મને કહ્યું:તું જાહેર કર કે,
સૈન્યોનો દેવ યહોવા એમ કહે છે કે, "મને યરૂશાલેમ અને સિયોન ઉપર
એકનિષ્ઠ પ્રેમ છે. 15 જે બીજી પ્રજાઓ સુરક્ષિત પડેલી છે તેઓના પર
હું ખૂબ રોષે ભરાયો છું, મેં મારા લોકો પર થોડો ક્રોધ કર્યો અને એનો
લાભ ઉઠાવી તે પ્રજાઓએ ખૂબજ અત્યાચારો કર્યા." 16 તેથી યહોવા
કહે છે કે, "હું ફરીથી યરૂશાલેમ પર દયા દર્શાવીશ અને મારું મંદિર ત્યાં
જરૂર બંધાશે, અને યરૂશાલેમમાં ત્યાં ફરી બાંધકામ શરૂ થશે." 17 ફરી-
થી પોકારીને સૈન્યોનો દેવ યહોવા જાહેર કરે છે, "મારા નગરો ફરીથી પ્ર-
ગતિ કરશે અને ચોતરફ વૃદ્ધિ પામશે; અને હજી પણ યહોવા સિયોનને
દિલાસો આપશે, ને હજી પણ તે યરૂશાલેમને પસંદ કરશે." 18 પછી મેં
મારી આંખો ઊંચી કરીને જોયું, તો, મને પ્રાણીઓના ચાર શિંગડાં દેખા-
યાં! 19 એટલે મારી સાથે વાત કરી રહેલા દેવદૂતને મેં પૂછયું, "આ શું
છે?"તેણે મને જવાબ આપ્યો, "એ તો યહૂદિયા, ઈસ્રાએલ અને યરૂશા-
લેમના લોકોને વેરવિખેર કરી નાંખનાર શિંગડાં છે." 20 ત્યારબાદ યહો-
વાએ મને ચાર લુહારો બતાવ્યાં; 21 મેં પૂછયું, "આ લોકો શું કરવા
આવ્યા છે?" યહોવાએ કહ્યું, "આ શિંગડાઓએ યહૂદિયાને એવી રીતે વે-
રવિખેર કરી નાખ્યું હતું કે કોઈ માણસ પોતાનું માથું ન ઊંચકી શકે;
અને આ લોકો યહૂદિયાની ભૂમિને અને પોતાનું માથું ઊંચુ કરનાર પ્ર-
જાઓને ત્રાસ આપવા અને નાશ કરવા આવ્યા છે."

2 મેં ઊંચે નજર કરીને જોયું, તો હાથમાં માપવાની દોરી લઈને એક
માણસ ઊભો હતો. 2 મેં તેને પૂછયું, "તું ક્યાં જાય છે?"ત્યારે તેણે
મને કહ્યું, "યરૂશાલેમને માપવા; તેની પહોળાઈ કેટલી છે અને તેની
લંબાઈ કેટલી છે, તે જાણવા સારુ." 3 પછી મારી સાથે જે દેવદૂત વાતો
કરતો હતો તેણે મને છોડી દીધો અને બીજો દેવદૂત તેને મળવા ગયો.
4 બીજા દૂતે કહ્યું, "દોડતો જઈને પેલા જુવાનને કહે કે,'યરૂશાલેમમાં મા-
ણસો અને ઢોરોની એટલી વસ્તી હશે કે તેની ફરતે કોટ નહિ બાંધી
શકાય.' 5 કારણ, યહોવા કહે છે કે, 'હું પોતે જ તેની ફરતે અગ્નિનો કોટ
બનીને રહીશ અને હું મહિમાપૂર્વક તેમાં વાસ કરીશ.'" 6 યહોવા કહે છે;
"જાઓ, ઉત્તરના પ્રદેશમાંથી નાસી છૂટો. આકાશના ચાર વાયુની દિશા-
ઓમાં મેં તમને ફેલાવી દીધા છે." 7 "બાબિલમાં વસનારા સિયોનના
લોકો નાસી જાઓ." 8 સૈન્યોનો દેવ યહોવાએ મને સન્માન લાવવા
માટે મોકલ્યો છે અને તમને લૂંટનારી પ્રજાઓ પાસે મોકલ્યા છે, કારણ,
જે તમને અડે છે તે તેની આંખની કીકીને અડે છે. 9 જુઓ, યહોવા કહે
છે, "હું તેઓ પર મારો હાથ ફરકાવીશ અને તેઓ તેમના સેવકોને હાથે
લૂંટાશે, અને ત્યારે તમે જાણશો કે સૈન્યોનો દેવ યહોવાએ મને મોકલ્યો
છે." 10 યહોવા કહે છે, "સિયોનના વતનીઓ, ગીતો ગાઓ અને આનંદ
કરો, કારણ, જુઓ, હું આવું છું અને તમારી વચ્ચે વસનાર છું. 11 તે દિ-
વસે ઘણી પ્રજાઓ યહોવાની સાથે સંબંધ બાંધશે, અને તેઓ એની પ્ર-
જા થશે અને યહોવા તેમની વચ્ચે વસશે," અને ત્યારે તમને જાણ થશે
કે યહોવાએ મને તમારી પાસે મોકલ્યો છે. 12 અને ત્યારે પવિત્ર ભૂમિ-
માં યહૂદિયા યહોવાનો વિશિષ્ટ ભાગ બનશે. અને યહોવા ફરીથી યરૂ-
શાલેમને પસંદ કરશે. 13 યહોવા સમક્ષ સર્વ શાંત થઈ જાઓ, કારણ, તે
પોતાના પવિત્ર ધામમાંથી આવી રહ્યાં છે.

3 ત્યારબાદ દેવદૂતે મને પ્રમુખ યાજક યહોશુઆને યહોવાના દેવ-
દૂત પાસે ઊભેલો બતાવ્યો, અને તેની જમણી બાજુએ તેના ઉપર
આરોપ મૂકવા માટે શેતાન ઊભો હતો. 2 યહોવાના દેવદૂતે શેતાનને
કહ્યું, "યહોવા તને ઠપકો આપો, ઓ શેતાન! યરૂશાલેમને પસંદ કરનાર
યહોવા તને ઠપકો આપો! આ માણસ અગ્નિમાંથી ઉપાડી લીધેલા ખો-
યણાઁ જેવો નથી?" 3 યહોશુઆ ગંદા વસ્ત્રો પહેરીને દેવદૂત પાસે ઊભો
હતો. 4 દેવદૂતે પોતાની આગળ ઊભેલા માણસોને કહ્યું, "એના અંગ
પરથી ગંદા વસ્ત્રો ઉતારી નાખો." અને તેણે યહોશુઆને કહ્યું, "જો, મેં
તારા અપરાધો હરી લીધા છે અને હું તને ઊજળાં વસ્ત્રો પહેરાવીશ."
5 પછી દેવદૂતે તહેનાતમાં ઊભેલાઓને કહ્યું, "તેને માથે સુંદર સ્વચ્છ
પાઘડી મૂકો." તેથી તેમણે તેને ઊજળાં વસ્ત્રો પહેરાવ્યાં અને તેને માથે
સુંદર પાઘડી મૂકી, ને આ વખતે યહોવાનો દેવદૂત પાસે ઊભો હતો.
6 ત્યારબાદ યહોવાના દૂતે યહોશુઆને જણાવ્યું કે, 7 આ સૈન્યોનો દેવ
યહોવાના વચન છે: "જો તું મારા માર્ગ પર ચાલશે અને મારી આજ્ઞા મા-
થે ચડાવશે, તો તું મારા મંદિરનો તથા તેના ચોકનો મુખ્ય વહીવટદાર
થશે અને જેઓ મારી આગળ ઊભા છે, તેમની જેમ તું મારી પાસે છૂટથી
આવી શકશે. 8 હે પ્રમુખ યાજક યહોશુઆ, તું અને તારી મદદમાં રહેનાર
યાજકો, હવે સાંભળો, કારણ, તમે શું બનવાનું છે તે માટેના ઉદાહરણો
છો. જુઓ, હું શાખા નામે ઓળખાતા મારા સેવકને લઈ આવીશ. 9 હું
યહોશુઆ સામે એક ખાસ પથ્થર મૂકું છું. તે જુઓ, યહોશુઆ સામે મૂકે-
લા સાત આંખ વાળા પથ્થર પર હું આ લખાણ કોતરીશ. આ દેશના
પાપને હું એક જ દિવસમાં સમાપ્ત કરીશ." 10 સૈન્યોનો દેવ યહોવા કહે
છે, "તે દિવસે તમારામાંનો એકેએક જણ પોતાની દ્રાક્ષની વાડી અને
અંજીરના ઝાડ નીચે પોતાના પડોશી સાથે સુખશાંતિમાં રહેશે."

4 પછી મારી સાથે જે વાત કરતો હતો તે દેવદૂતે મને જગાડ્યો, કા-
રણ, હું ઊંઘતો હોઉં તેવી સ્થિતિમાં હતો. 2 પછી તેણે પૂછ્યું,
“હવે તું શું જુએ છે?” મેં જવાબ આપ્યો, “હું એક સોનાનો દીપવૃક્ષ જોઉં
છું. તેની ટોચ પર એક કૂંડું છે અને સાત દીવા છે. અને સાત નળીઓ
દ્ધારા દીવીઓ સુધી તેલ પહોંચાડીને તેમને સળગતા રાખવામાં આવે
છે. 3 દીપવૃક્ષ પાસે બે જૈતૂનના વૃક્ષો છે, એક કૂંડાની જમણી બાજુએ
અને એક ડાબી બાજુએ.” 4 મારી સાથે વાત કરનાર દેવદૂતને મેં પૂછ્યું,
“હે મારા યહોવા, તેનો અર્થ શું થાય છે?” 5 ત્યારે તેણે કહ્યું, “એ શું છે તે
તું સાચે જ નથી જાણતો?”મેં જવાબ આપ્યો, “ના, હું નથી જાણતો.”
6 પછી તેણે મને કહ્યું, “યહોવાનો આ સંદેશ ઝરુબ્બાબેલ માટે છે,
‘બળથી કે શકિતથી નહિ પણ મારા તરફથી મળતા આત્માને કારણે તું
વિજયવંત થશે.” 7 યહોવા કહે છે, “ઓ ઊંચા પર્વત, તારી શકિત શું છે?
ઝરુબ્બાબેલ આગળ તું સપાટ મેદાન જેવો થઇ જશે, અને તે ‘કેવું
સુંદર, કેવું સુંદર.’ ના પોકારો વચ્ચે મંદિરનું બાંધકામ પૂરું કરશે.”
8 વળી યહોવા તરફથી મને બીજો સંદેશો મળ્યો; 9 “ઝરુબ્બાબેલને હા-
થે આ મંદિરનો પાયો નંખાયો છે અને તેને હાથે જ તે પૂર્ણ થશે. ત્યારે
લોકોને ખાતરી થશે કે મેં સૈન્યોનો દેવ યહોવાએ તને તેમની પાસે મોક-
લ્યા છે. 10 આરંભમાં થોડું થોડું કામ થતું જોઇને જેઓ એનો તિરસ્કાર
કરતા હતા તેઓ ઝરુબ્બાબેલને હાથે તેની પૂર્ણાહુતિ થતી જોઇને ખૂબ
હરખાશે, આ સાત દીવા પ્રતીકરૂપે દર્શાવે છે કે, યહોવાની આંખો સમગ્ર
પૃથ્વી પર સર્વત્ર સઘળું નિહાળે છે.” 11 પછી મેં તેને પૂછ્યું, “દીપવૃક્ષ-
ની જમણી બાજુએ અને તેની ડાબી બાજુએ જે બે જૈતવૃક્ષો છે, તે શું
છે?” 12 વળી ફરી મેં તેને પૂછ્યું, “સોનાની બે નળીઓ વડે સોનાના
કટોરામાં તેલ લઇ જતી જૈતૂન વૃક્ષની આ બે ડાળીઓ શું છે?” 13 તેણે
મને પૂછ્યું, “એ શું છે તે શું તું નથી જાણતો?”મેં કહ્યું, “ના, મારા મુર-
બ્બી.” 14 પછી તેણે મને કહ્યું, “તેઓ તો દેવે અભિષેક કરેલા બે માણ-
સો છે. તેઓ સમગ્ર પૃથ્વીના દેવ યહોવાની સેવા કરે છે.”

5 ફરી મેં ઊંચે જોયું તો હવામાં ઊડતું એક ઓળિયું મારી નજરે
પડ્યું. 2 દેવના દૂતે મને પૂછ્યું, “તને શું દેખાય છે?”મેં કહ્યું, “એક
ઊડતું ઓળિયું, એ વીસ હાથ લાંબું અને દશ હાથ પહોળું છે.” 3 ત્યારે
તેણે મને કહ્યું, “આ ઓળિયું સમગ્ર દેશ પર આવનાર દેવના શાપના
શબ્દોનું પ્રતિક છે. એમાં લખ્યા મુજબ ચોરી કરનાર અને ખોટા સમ
ખાનાર એકેએક જણને હવે હાંકી કાઢવામાં આવશે.” 4 સૈન્યોનો દેવ
યહોવાના આ વચન છે, “હું આ શાપ દરેક ચોરના ઘરમાં અને જેણે મા-
રા નામે ખોટું વચન આપ્યું છે તે દરેકના ઉપર મોકલું છું. મારો શાપ તે-
ના ઘર પર રહેશે અને તેનો સંપૂર્ણપણે નાશ કરશે.” 5 પછી મારી સાથે
વાત કરનાર દૂતે આગળ આવીને મને કહ્યું, “હવે તારી આંખો ઊંચી
કરીને આ જે બહાર આવે છે તે શું છે, તે જો.” 6 મેં પૂછ્યું, “એ શું છે?”
એટલે તેણે કહ્યું, “વસ્તુ જે બહાર આવે છે તે ટોપલી છે.”અને તેણે કહ્યું,
“આ દેશના લોકોના પાપોને માપવાનો ટોપલો છે.” 7 અને અચાનક
ટોપલાં પરનું ભારે ઢાંકણ ઊંચું થયું તો ટોપલાની અંદર બેઠેલી એક
સ્ત્રીને મેં જોઇ! 8 અને પેલાં દેવદૂતે કહ્યું, “તે સ્ત્રી દુષ્ટતાનું પ્રતીક છે.”
પછી તેણે તે સ્ત્રીને પાછી ટોપલામાં મૂકી દીધી અને સીસાનું ભારે
ઢાંકણ બંધ કરી દીધું. 9 પછી મેં ઉપર નજર કરી અને બે સ્ત્રીઓને
આગળ આવતી જોઇ તેમને બગલાના જેવી પાંખો હતી. તેઓની પાંખો-
થી તેઓ હવામાં ઊડી. જમીન અને આકાશની વચ્ચે તેઓએ મોટો ટો-
પલો ઉંચકયો હતો. 10 પછી મેં મારી સાથે વાત કરનાર દેવદૂતને પૂછ્યું,
“એ લોકો ટોપલો ક્યાં લઇ જાય છે?” 11 તેણે જવાબ આપ્યો, “તેઓ
તેને બેબિલોન લઇ જશે અને તેની આરાધના કરવાને મંદિર બાંધશે,
અને જ્યારે તે તૈયાર થશે ત્યારે એ લોકો ટોપલાને એને સ્થાને ગોઠવી
દેશે.”

6 પછી મેં ફરીથી નજર ઊંચે કરીને જોયું, તો ચાર રથોને બે પર્વતો
વચ્ચેથી બહાર આવતા જોયા. એ પર્વતો કાંસાના હતા. 2 પહેલા
રથના ઘોડા રાતા હતા, બીજાના કાળા હતા, 3 ત્રીજાના સફેદ હતા અને
ચોથાના ટપકાં ટપકાંવાળા હતા. 4 પછી મેં મારી સાથે વાત કરનાર દે-
વદૂતને પૂછ્યું, “અને આ શું છે મુરબ્બી?” 5 તે દેવદૂતે મને જવાબ
આપ્યો, “આ ચાર રથો સમગ્ર પૃથ્વીના યહોવા સમક્ષ ઊભા રહે છે. આ
ચારે સ્વર્ગના દિવ્ય વાયુઓ છે. 6 કાળા ઘોડાથી ખેંચેલો રથ ઉત્તર તરફ
જશે, સફેદ ઘોડાથી ખેંચેલો રથ તેમની પાછળ જશે. અને ટપકાંવાળા
ઘોડાથી ખેંચેલો રથ દક્ષિણમાં જશે.” 7 પૃથ્વી પર સર્વત્ર ફરવા માટે
લાલ ઘોડા અધીરા થઇ રહ્યાં હતા, તેથી યહોવાએ કહ્યું, “જાઓ, પૃથ્વી-
માં સર્વત્ર ફરો.” આથી તેઓ એકદમ ત્યાં જવાને નીકળ્યાં. 8 અને યહો-
વાએ મને બોલાવ્યો અને કહ્યું, “જેઓ ઉત્તરમાં ગયા છે તેઓએ ત્યાં
મારા ન્યાય ચુકાદાનો અમલ કર્યો છે, અને મારા ગુસ્સાને શાંત પાડ્યો
છે.” 9 મં◌ે યહોવાનો સંદેશો સાંભળ્યો જે નીચે પ્રમાણે છે; 10 “બાબિ-
લથી હેલ્દાય, ટોબિયા અને યદાયામાં યહૂદી બંદીવાનોએ આણેલી ભે-
ટસોગાદો લઇ તે જ દિવસે તું સફાન્યાના પુત્ર યોશિયાને ઘેર જા.
11 અને તેણે આપેલાં ચાંદી અને સોનું લઇ એક મુગટ ઘડાવી તે મુખ્ય-
યાજક યહોસાદાકના પુત્ર યહોશુઆના માથે મૂકજે. 12 અને તેને કહેજે
કે, સૈન્યોનો દેવ યહોવાના આ વચન છે. ‘આ રહ્યો એ માણસ જેનું
નામ ‘શાખા’ છે. અને એ જ્યાં છે ત્યાં ફૂલશેફાલશે અને યહોવાનું મંદિર
ફરી બંધાવશે. 13 એ જ યહોવાનું મંદિર ફરી બંધાવશે, કીતિર્ પામશે,
પોતાના રાજ્યાસન પર બેસશે અને રાજવી અધિકારથી અમલ ચલાવ-
શે. તેના રાજસિંહાસનની બાજુમાં તેને મદદગાર તરીકે અને શાંતિથી
સાથે કામ કરવા યાજક ઊભા રહેશે. 14 “પછી એ મુગટ હેલ્દાય, ટોબિ-
યા, યદાયા અને સફાન્યાના પુત્ર હેનની યાદગીરી તરીકે યહોવાના
મંદિરમાં રહેશે. 15 દૂરદૂરથી માણસો આવીને યહોવાનું મંદિર બાંધવામાં
મદદ કરશે, અને ત્યારે તમને ખાતરી થશે કે સૈન્યોનો દેવ યહોવાએ
મને તમારી પાસે મોકલ્યો છે. જો તમે તમારા દેવ યહોવાની આજ્ઞાનું
પાલન કરશો તો આ બધું સાચું પડશે.”

7 રાજા દાર્યાવેશના અમલના ચોથા વર્ષના એટલે કે કિસ્લેવ મહિ-
નાની ચોથી તારીખે ઝખાર્યાને યહોવાની વાણી સંભળાઇ. 2 હવે
બેથેલ નગરના યહૂદી લોકોએ રાજાના મુખ્ય વહીવટી અધિકારી શારએ-
સેર અને રેગમ-મેલેખની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળ યરૂશા-
લેમમાં મોકલ્યું કે તેઓ યહોવાની કૃપા માટે વિનંતી કરે. 3 અને તેમના
મંદિરના યાજકોને અને પ્રબોધકોને એવું પુછવા માટે મોકલ્યા હતા કે,
“અમે ઘણા વર્ષથી કરતા આવ્યા છીએ તે પ્રમાણે પાંચમાં મહિને મંદિર-
ના થયેલા વિનાશ માટે શોક પાળવો અને ઉપવાસ કરવો?” 4 ત્યારે સૈ-
ન્યોનો દેવ યહોવાનું વચન મારી પાસે આવ્યું; 5 “જ્યારે તમે બેથેલ પા-
છા ફરશો ત્યારે તમારા સર્વ લોકોને અને તમારા યાજકોને કહો, બંદીવા-
સનાં સિત્તેર વર્ષ દરમ્યાન તમે ઓગષ્ટ અને ઓક્ટોબર મહિનામાં ઉપ-
વાસ કરતા હતા. અને શોક પાળતા હતા ત્યારે શું તમે તમારા પાપોનો
ત્યાગ કરીને મારી તરફ પાછા ફરવામાં પ્રામાણિક હતા? ના, તમે તેમ
કર્યું નહોતું. 6 અને જ્યારે તમે ખાઓ છો અને પીઓ છો ત્યારે તમે
તમારે પોતાને માટે જ ખાતાપીતા નથી? 7 જ્યારે યરૂશાલેમ અને તેની
આસપાસના નગરો વસેલાં અને શાંતિમાં હતા અને દક્ષિણમાં નીચાણ-
ના પ્રદેશ વસ્તીવાળા હતા. ત્યારે પહેલાના પ્રબોધકો મારફતે યહોવાએ
આ જ ઘોષણા નહોતી કરી?” 8 યહોવાની વાણી ઝખાર્યાને આ મુજબ
સંભળાઇ: 9 સૈન્યોનો દેવ યહોવા કહે છે: “સાચો ન્યાય આપો, એકબી-
જા પ્રત્યે દયા અને કરૂણા દર્શાવો.” 10 તેઓને જણાવો કે વિધવાઓ,
અનાથો, વિદેશીઓ અને ગરીબ લોકો પર જુલમ કરવાનું બંધ કરે. અને
તમારામાંનો કોઇ મનમાં પણ પોતાના ભાઇનું ખોટૂ ન વિચારે.”
11 તમારા પિતૃઓએ તેમને સાંભળવાનો ઇન્કાર કર્યો, તેઓ હઠીલા
થઇને દૂર ગયા અને મારું વચન ન સાંભળવા માટે તેઓએ તેઓની
આંગળીઓ પોતાના કાનમાં ખોસી. 12 સૈન્યોનો દેવે પવિત્ર આત્મા
દ્ધારા અગાઉના પ્રબોધકોને પ્રેરણા કરી કે તેઓ દેવનાં વચનો અને નિ-
યમશાસ્ત્ર લોકોની આગળ પ્રગટ કરે, પણ તે લોકોએ પોતાના હૃદય
વજ્ર જેવા કઠોર બનાવી દીધાં, જેથી પહેલાના પ્રબોધકો મારફતે નિય-
મો અને સંદેશા સાંભળવા ન પડે. તેથી એમના પર સૈન્યોનો દેવ યહો-
વાનો ભયંકર કોપ ઉતર્યો. 13 સૈન્યોનો દેવ યહોવા કહે છે; “મેં તેઓને
જ્યારે બોલાવ્યા, ત્યારે તેમણે નહોતું સાંભળ્યું; તેમ તેઓએ જ્યારે મને
બોલાવ્યો ત્યારે મેં પણ ન સાંભળ્યું. 14 અને મેં તેમને વંટોળિયાની જેમ
અજ્ઞાત પ્રજાઓમાં વેરવિખેર કરી નાખ્યાં. તેમના પાપે તેઓ જે ભૂમિ
છોડીને ગયા હતા તે ઉજ્જડ થઇ ગઇ, ત્યાં કોઇની અવરજવર ન રહી. એ
રમણીય પ્રદેશ વેરાન થઇ ગયો.”

8 ફરીથી સૈન્યોનો દેવ યહોવાની વાણી આ પ્રમાણે સંભળાઇ:
2 “મને યરૂશાલેમ પ્રત્યે એકનિષ્ઠ પ્રેમ છે, અને તેથી હું ખૂબ રોષે
ભરાયો છું. 3 હવે યહોવા આ પ્રમાણે કહે છે; હું સિયોનમાં પાછો આવ્યો
છું. અને હું યરૂશાલેમમાં રહીશ અને યરૂશાલેમ ‘સત્યનું નગર કહેવાશે’
અને સૈન્યોનો દેવ યહોવાનો ‘પવિત્રપર્વત’ કહેવાશે.” 4 સૈન્યોનો દેવ
યહોવા કહે છે, “યરૂશાલેમમાં ફરીથી તેની શેરીઓમાં વૃદ્ધ પુરૂષો અને
સ્ત્રીઓ ચાલશે તેઓને ચાલવા માટે લાકડીની જરૂર પડશે, કારણ કે
તેઓ લાંબો સમય જીવશે. 5 રમતાં છોકરાઓ અને છોકરીઓથી નગર-
ની શેરીઓ ભરાઇ જશે.” 6 સૈન્યોનો દેવ યહોવા કહે છે; “જો પ્રજાના
બચેલા લોકોને એમ લાગે કે આ આ અદભૂત છે, તો મને પણ એમ લા-
ગે છે કે તે અદ્ભૂત છે.” 7 જુઓ, સૈન્યોનો દેવ યહોવા કહે છે, “હું મારા
લોકોને પૂર્વના તથા પશ્ચિમના દેશમાંથી બચાવી લાવીશ; 8 યરૂશાલેમ-
માં શાંતિથી રહેવા માટે હું તેઓને ફરી પાછા ઘરે લાવીશ. તેઓ મારી પ્ર-
જા થશે અને હું તેઓનો સત્યથી તથા ન્યાયી દેવ થઇશ.” 9 સૈન્યોનો
દેવ યહોવા કહે છે, “હિંમત રાખો! મારા મંદિરનો પાયો નંખાયો અને
બાંધકામ શરૂ થયું ત્યારે હાજર હતા તે પ્રબોધકોને મુખેથી તમે જે વચ-
નો સાંભળ્યાં હતા તે આજે પણ પાળો છો. 10 તે સમય પહેલાં કોઇ મા-
ણસને કે પશુને મજૂરીએ રાખી શકાતું નહોતું. અને શત્રુની બીકે કોઇ
સહીસલામત રીતે હરીફરી શકતું નહોતું. મેં માણસોને એકબીજાના દુ-
શ્મન બનાવી દીધા હતા. 11 “પણ હવે હું એ લોકોમાંના બચવા પામેલા
માણસો સાથે પહેલાની જેમ નહિ વર્તું.” એવુ યહોવા કહે છે. 12 “હવે હું
તમારી મધ્યે શાંતિ અને સમૃદ્ધિ લાવીશ. તમારાં ખેતરોમાં વધારે
અનાજ પાકશે, દ્રાક્ષાવેલાઓ દ્રાક્ષાથી લચી પડશે. ઘણાં વરસાદને લી-
ધે જમીન વધારે ફળદ્રુપ થશે. આ સર્વ આશીર્વાદો બાકી રહેલા લોકોને
આપવામાં આવશે. 13 હે યહૂદિયા અને ઇસ્રાએલના વંશજો અત્યાર સુ-
ધી વિદેશી પ્રજાઓ શાપ દેવા માટે તમારા નામનો ઉપયોગ કરતી હતી,
પણ હવે હું તમને ઉગારી લઇશ, અને તમારા નામ આશીર્વાદ આપવા-
માં વપરાશે. ડરશો નહિ. હિંમત રાખો.” 14 સૈન્યોનો દેવ યહોવા કહે છે,
“તમારા પિતૃઓએ મને ગુસ્સે કર્યો એ માટે તેઓ પર મેં દયા દર્શાવી
નહિ, તેથી મેં તેઓને નુકસાન પહોંચાડવાની યોજના ઘડી હતી.
15 પણ હવે અત્યારે યરૂશાલેમનું અને યહૂદિયાના વંશજોનું ફરી ભલું
કરવાનું ધાર્યુ છે; માટે ડરશો નહિ, 16 તમારે આટલું કરવાનું છે; એકબી-
જા સાથે સાચું બોલો, અને અદાલતમાં ખરો ન્યાય કરો અને શાંતિ જા-
ળવો. 17 બીજાઓને નુકસાન કરવાની યોજનાઓ કરશો નહિ; અને
કદી કોઇ જૂઠા સમ ખાવા નહિ; કારણ હું આ સર્વ કૃત્યોને ધિક્કારું છું,”
એવું યહોવા કહે છે. 18 મને સૈન્યોનો દેવ યહોવાની વાણી આ મુજબ
સંભળાઇ; 19 “ચોથા, પાંચમા, સાતમા અને દશમા મહિનામાં તમે શોક
પાળો છો પણ તમે યહૂદિયાના વંશજોએ સત્ય અને શાંતિ પર પ્રેમ રા-
ખવો જોઇએ; તો આ બધા સુખ અને આનંદોના પવોર્ બની જશે.”
20 સૈન્યોનો દેવ યહોવા એમ કહે છે કે, “અન્ય લોકો અને મહાનગરોના
વતનીઓ પણ યરૂશાલેમ આવશે. 21 એક નગરના લોકો જઇને બીજા
નગરના લોકોને કહેશે કે, ‘ચાલો આપણે જઇને યહોવાને પ્રાર્થીએ અને
સૈન્યોનો દેવ યહોવાનું શરણું સ્વીકારીએ, અમે તો આ ચાલ્યા!’” 22 હા,
ઘણી પ્રજાઓ અને બળવાન રાષ્ટો સૈન્યોનો દેવ યહોવાની શોધ કરવા
યરૂશાલેમમાં આવશે અને તેમની કૃપા અને મદદ માટે વિનંતી કરશે.
23 સૈન્યોનો દેવ યહોવા એમ કહે છે, “તે સમયે જુદા જુદા રાષ્ટોના દશ
માણસો એક જ યહૂદીનો ઝભ્ભો પકડશે અને કહેશે, અમને તમારી સા-
થે આવવા દો, કારણ, ‘અમે સાંભળ્યું છે કે દેવ તમારી સાથે છે!’

9 યહોવાએ વચનરૂપી દેવવાણી હાદ્રાખ દેશ તથા દમસ્કની વિરુ-
દ્ધ આપી છે. “ઇસ્રાએલના કુળસમૂહ જ એક માત્ર દેવને જાણનાર
નથી. દરેક જણ મદદ માટે તેની તરફ જાય છે. 2 અને એની સરહદે
આવેલું હમાથ પણ એનું જ છે. તૂર અને સિદોન પણ ગમે તેટલાં ચતુર
હોય તોય એનાં જ છે. 3 તૂરે પોતાને માટે કિલ્લો બાંધ્યો છે, તેણે સોના-
ચાંદીને ધૂળની જેમ અને શેરી પરની માટીની જેમ ખૂબજ ભેગા કર્યા છે.
4 પણ યહોવા તેનો કબજો લેશે, તેની બધી સંપત્તિ દરિયામાં ડુબાડી દે-
શે અને એ શહેર સુદ્ધાંને આગ ભરખી જશે. 5 “આશ્કલોન તે જોઇને
થથરી જશે, ગાઝા પણ ભયથી ફફડશે, અને એક્રોનની આશાઓ ખોટી
પડશે. ગાઝામાં રાજા નહિ રહે અને આશ્કલોન નિર્જન થઇ જશે.
6 આશ્દોદમાં વર્ણસંકર પ્રજા વસશે, યહોવા કહે છે, “હું પલિસ્તીઓનો
ગર્વ ઉતારીશ. 7 હું તેમને લોહીવાળું માંસ કે બીજા નિષિદ્ધ પદાથોર્
ખાતાં બંધ કરીશ. એ લોકોમાંથી જેઓ બચવા પામશે તેઓ મારી પ્રજા
બની જશે અને યહૂદિયાની એક કોમ જેવા થઇ જશે. અને એક્રોનના
લોકો યબૂસીઓની જેમ મારા લોકોમાં ભળી જશે. 8 ઇસ્રાએલમાં હુમ-
લાખોરોને આવતા રોકવા માટે મારા મંદિરની ચારે બાજુ હું રક્ષણ કરીશ
અને હું તેઓને દૂર રાખીશ; હું નજીકથી તેઓની હિલચાલ પર નજર રા-
ખીશ. ફરીથી કોઇ વિદેશી જુલમગાર મારા લોકોની ભૂમિ ઉપર આક્ર-
મણ કરશે નહિ.” 9 સિયોનના લોકો, આનંદોત્સવ મનાઓ, હે યરૂશા-
લેમના લોકો, હર્ષનાદ કરો! કારણ, જુઓ, તમારો રાજા તમારી પાસે
આવે છે. તે વિજયવંત થઇને આવે છે. પણ નમ્રપણે, ગધેડા પર સવારી
કરીને, ખોલકાને-ગધેડીના બચ્ચાને વાહન બનાવીને આવે છે. 10 “તે
એફ્રાઇમ અને યરૂશાલેમમાં યુદ્ધના રથોને, અશ્વોને અને શસ્ત્રોનો નાશ
કરશે. સમગ્ર પ્રજાઓમાં તે શાંતિ સ્થાપશે, અને તેનું રાજ્ય સાગરથી
સાગર સુધી અને ફ્રાતનદીથી પૃથ્વીના છેડા સુધી વિસ્તરશે.” 11 યહો-
વા કહે છે, “તમારી સાથે લોહીથી કરેલા કરાર મુજબ હું દેશવટો ભોગવ-
તા તમારા ભાઇઓને કારાવાસની ગર્તામાંથી મુકત કરું છું. 12 તમે
સઘળા બંદીવાનો, સુરક્ષિત જગ્યાએ આવો, હજુ પણ આશા છે, હું
આજે તમને કહું છું કે, હું તમને તમે ભોગવેલાં કષ્ટો કરતા બેવડા
આશીર્વાદ આપીશ. 13 ગ્રીસના લશ્કર સામે લડવા માટે યહૂદિયા મારું
ધનુષ થશે, ઇસ્રાએલ મારું તીર થશે અને સિયોન પુત્રો મારી વીંઝાતી
તરવાર થશે.” 14 યહોવા તેઓને દેખાશે, અને તેના તીર વીજળીની જેમ
પ્રહાર કરશે; યહોવા મારા પ્રભુ, રણશિંગું વગાડશે અને દક્ષિણમાં વંટો-
ળિયાની જેમ યહોવા તેમના શત્રુઓની સામે જશે. 15 સૈન્યોનો દેવ
યહોવા તેમની ઢાલ થશે, અને તેઓ દુશ્મનોને પથ્થરથી નાશ કરી ના-
ખશે, તેઓ લોહી દ્રાક્ષારસની જેમ પીશે. તેઓ વેદીના ખૂણાઓ પરના
પ્યાલાઓમાંથી જેવી રીતે રેડાય છે, તેવી રીતે લોહી રેલાવશે. 16 તે
સમયે તેમનો દેવ યહોવા કોઇ ભરવાડ ઘેટાંને બચાવી લે તેમ તેના પો-
તાના લોકોને તે ઉગારી લેશે, અને તેઓ રાજમુગુટમાં જડેલાં રત્નોની
જેમ પોતાના સમગ્ર પ્રદેશમાં ઝગમગશે. 17 શી તેમની સંપત્તિ! શું તેમનું
સૌભાગ્ય! મબલખ અનાજ અને દ્રાક્ષારસ ઉપર ત્યાંના યુવક-યુવતીઓ
અલમસ્ત રહીને સુખસમૃદ્ધિ અને આનંદ પામશે.

10 વસંતઋતુમાં વરસાદ માટે યહોવાને પોકારો. તે યહોવા છે જે
વાદળો અને વરસાદને મોકલે છે અને દરેક માણસના ખેતરમાં
લીલોતરી ઉગાડે છે; 2 જ્યારે મૂર્તિઓ અર્થ વગરનું બોલે છે. અને જો-
ષીઓ જૂઠા જોષ જુએ છે, સ્વપ્ન જોનારાઓ ખોટાં સ્વપ્નો વર્ણવે છે
અને અવાસ્તવિક ભરોસો આપે છે, આથી લોકો બકરાંની જેમ રખડે છે,
તેઓ દુ:ખી છે કારણ, હુમલા સામે તેઓનું રક્ષણ કરનાર કોઇ પાળક
નથી. 3 યહોવા કહે છે, “મારો રોષ રાજકર્તાઓ વિરુદ્ધ સળગી ઊઠયો
છે; તેઓએ મારી પ્રજાઓની સાથે જે રીતે વર્તણૂંક કરી છે તેને કારણે હું
તેઓને સજા કરીશ.” હું સૈન્યોનો દેવ યહોવા, મારા આશ્રિતો યહૂદિયા-
ઓની સંભાળ લઇશ, અને તેઓને હું યુદ્ધના અશ્વો જેવા બનાવીશ.
4 “તેઓમાંથી જ ખૂણાનો મુખ્ય પથ્થર, તમામ આશાઓનો આધાર જે-
ના પર છે તે ખીલો, યુદ્ધને જીતનાર ધનુષ્ય, અને દરેક રાજ્યકર્તા પ્રગટ
થશે. 5 દેવની સહાયથી તેઓ બળવાન યોદ્ધાઓ થશે અને દુશ્મનોને
રસ્તાના કાદવમાં કચડી નાખશે. યહોવા તેમની સાથે છે. તેઓ શત્રુઓ-
ના સૈનિકોને હરાવી દેશે. 6 હું યહૂદિયાના લોકોને બળવાન બનાવીશ
અને ઇસ્રાએલના લોકોને પણ ઉગારી લઇશ. મને તેમના પર દયા આવે
છે, માટે હું તેમને પાછા લાવીશ અને કોણ જાણે કેમ મેં તેમનો ત્યાગ જ
ન કર્યો હોય એવી તેમની સ્થિતિ હશે, કારણ, હું યહોવા, તેમનો દેવ છું
અને તેમની પ્રાર્થના સાંભળીશ. 7 ઇસ્રાએલના લોકો બળવાન યોદ્ધા
જેવા બની જશે અને તેમનાં હૃદય દ્રાક્ષારસ પીધો હોય એમ આનંદમાં
આવી જશે. તેમના વંશજો તે જોઇને ખુશ થશે અને મારી કૃપા યાદ કરી-
ને તેમનાં હૃદય હરખાશે. 8 “હું તેમને સીટી વગાડીને સંકેત કરીશ અને
તેઓને સાથે ભેગા થવા માટે બોલાવીશ. અને તેઓની સંખ્યાં વધીને
પહેલાનાં જેટલી થશે. 9 મેં તેમને જુદી જુદી પ્રજાઓમાં વેરવિખેર કરી
નાખ્યાં છે છતાં દૂરદૂરના દેશોમાં તેઓ મને સંભારશે. અને તેઓ પોતા-
નાં બાળકો સાથે જીવતાં પાછા આવશે. 10 હું મિસરમાંથી અને આશ્શૂ-

રમાંથી તેમને પાછા લાવી ઘરભેગાં કરીશ; હું તેમને ગિલયાદ તથા
લબાનોનની ભૂમિમાં લાવીશ; અને ત્યાં પણ તેઓ એટલા બધા હશે કે
ત્યાં પૂરતી જગ્યા નહિ હોય. 11 તેઓ આફતના દરિયામાંથી સલામત
પાર ઉતરશે. કારણ, મોજાઓને રોકી રાખવામાં આવશે. નાઇલ નદી સૂ-
કાઇ જશે, આશ્શૂરનો ગર્વ ઉતારવામાં આવશે અને મારા લોક પરના
મિસરના શાસનનો અંત આવશે.” 12 યહોવા કહે છે, “હું મારા લોકને
મારા સાર્મથ્યથી બળવાન કરીશ, અને તેઓ મારે નામે આગળ વધશે.”
આ યહોવાના વચન છે.

11 હે લબાનોન તારા દરવાજા ઉઘાડી નાખ, જેથી આગ ત્યાં દેવ-
દારોને સ્વાહા કરી જાય! 2 હે સરૂના વૃક્ષ, વિલાપ કરો, કારણ,
દેવદારવૃક્ષ પડી ગયું છે અને મજબૂત વૃક્ષો ઊંચકીને લઇ જવામાં
આવશે. બાશાનનાઁ ઓકવૃક્ષો વિલાપ કરો, કારણ, ગાઢ જંગલ ખાલી
થઇ ગયું છે! 3 ઇસ્રાએલના ઘેટાંપાળકોની પોકનો અવાજ સાંભળો, કા-
રણ તેમનો વૈભવ નષ્ટ થયો છે; સિંહના બચ્ચાંની ગર્જનાનો અવાજ
સાંભળો કારણ, યર્દનની ખીણમાંથી જંગલ જેવી ગીચ જાડી નષ્ટ થઇ
છે. 4 પછી યહોવા મારા દેવે મને કહ્યું, “જા, અને કસાઇને ત્યાં વધ કર-
વા માટે લઇ જવા ખવડાવીને પુષ્ટ કરેલા ઘેટાંનો તું હવે પાળક બન.
5 તેઓના નેતાઓ ઘેટાંને ખરીદનારા વેપારી જેવા છે, તેમના વધ કરે છે
અને છતાં તેમને દોષિત હોવાની લાગણી થતી નથી, અને તેને વેચના-
રા કહે છે કે, ‘યહોવાનો આભાર હું ધનવાન બન્યો,’ તેમના પોતાના
ભરવાડો પણ તેમના પર દયા બતાવતા નથી.” 6 યહોવા કહે છે, “હું
પણ તેઓને દયા દાખવીશ નહિ, હું તેઓને તેઓના પોતાના દુષ્ટ
આગેવાનોના ફંદામાં પડવા દઇશ, અને મરવા દઇશ. તેઓ તેમની
જમીનને અરણ્યમાં ફેરવી નાખશે અને હું તે જમીનનું તેઓથી રક્ષણ
કરીશ નહિ.” 7 ઘેટાંના વેપારીઓએ મને મજૂરીએ રાખ્યો. વધ થનારા
ઘેટાઁઓના ટોળાને હું ચરાવવા લાગ્યો. મેં બે લાકડી લીધી. એકનું નામ
મેં ‘કૃપા’ પાડ્યું અને બીજીનું નામ ‘એકતા’ પાડ્યું, અને ઘેટાંઓના ટો-
ળાને ચરાવવાનું શરૂ કર્યું. 8 એક મહિનામાં તો મેં ત્રણ ભરવાડોને રજા
આપી, કારણ, મારી ધીરજ ખૂટી ગઇ હતી અને તેઓ પણ મને ધિક્કાર-
તા હતા. 9 તેથી મેં તેઓને કહ્યું, “હવેથી હું તમારો પાળક રહીશ નહિ,
જે મરવાના છે તે ભલે મરતાં, જે નાશ પામવાના છે તે ભલે નાશ પામ-
તાં, જે બાકી રહે તે ભલે એકબીજાને ખાઇ જતાં.” 10 પછી મેં મારી ‘કૃપા’
નામની લાકડી લઇને તેના બે ટુકડા કર્યા. અને બધી પ્રજાઓ સાથે જે
કરાર કર્યો હતો તે તોડી નાખ્યો. 11 આમ, તે દિવસે તે કરારને રદ કર-
વામાં આવ્યો અને ઘેટાંના જે વેપારીઓ મારા પર નજર રાખી રહ્યાં હતા
તેઓ સમજી ગયા કે એ યહોવાનો સંદેશો હતો. 12 પછી મેં તેઓના
આગેવાનોને કહ્યું; “જો તમને યોગ્ય લાગતું હોય તો તમે મને મારી મજૂ-
રી આપો. નહિ તો રહેવા દો.” અને તેમણે મને મજૂરી લેખે ચાંદીની ત્રીસ
મહોર આપી. 13 પછી મને યહોવાએ કહ્યું, “તેથી આ રીતે તેઓએ તારું
મોટું મૂલ્ય આંક્યું છે. તે નાણાંની મોટી રકમ તું મંદિરના ખજાનામાં ના-
ખી દે.” તેથી મેં તે ત્રીસ સિક્કા લઇને યહોવાના મંદિરનાં ખજાનામાં
નાખી દીધાં. 14 પછી મેં મારી બીજી લાકડી ‘એકતા’ ને ભાંગી નાખી,
એમ સૂચવવા કે યહૂદિયા અને ઇસ્રાએલ વચ્ચે એકતા તૂટી ગઇ છે.”
15 પછી યહોવાએ મને કહ્યું, “તું ફરીથી પાળકની જવાબદારી લઇ લે,
આ વખતે મારે નકામા અને દુષ્ટ પાળક તરીકે ભાગ ભજવવાનો હતો.”
16 યહોવાએ મને કહ્યું, “આ વખતે હું આ ઢોરના ટોળાઓને એવો પાળક
આપીશ કે જે ખોવાયેલાઓને શોધશે નહિ, ઘેટાંઓની સંભાળ રાખશે
નહિ, માંદા થયેલાઓને સાજા કરશે નહિ, કે પુષ્ટોને ખાવાનું આપશે
નહિ, પરંતુ ચરબી યુકતોને તે પૂરેપૂરા ખાઇ જશે.” 17 એ ઘેટાંને છોડી
જનાર નકામા પાળકને ચિંતા! દેવની તરવાર તેની જમણી આંખ અને
તેના હાથ પર ઘા કરો! તેનો હાથ સૂકાઇ જાઓ અને તેની જમણી આંખ
આંધળી થઇ જાઓ.”

12 ઇસ્રાએલને લગતી દેવ વાણી, આકાશને ફેલાવનાર અને પૃ-
થ્વીને સ્થિર કરનાર તથા માણસની અંદર જીવ પૂરનાર યહો-
વાના આ વચન છે: 2 “હું યરૂશાલેમને પડોશી પ્રજાઓ માટે કેફી પ્યાલા
જેવો બનાવીશ કે જે નગર પર હુમલો કરશે, તેઓ પણ યહૂદિયા પર હુ-
મલો કરશે. તેઓ યહૂદિયાને પણ ઘેરો ઘાલશે. 3 તે દિવસે હું યરૂશાલે-
મને બધી પ્રજાઓ માટે ભારે શિલારૂપ બનાવી દઇશ. જે કોઇ તેને ઉપા-
ડવા જશે તે ભયંકર રીતે ઘવાશે. પૃથ્વી ઉપરની બધી પ્રજાઓ ભેગી
થઇને તેનો સામનો કરશે. 4 તે દિવસ તેની સામે થનાર સૈન્યોને હું
મૂંઝવી નાખીશ અને તેઓને મૂર્ખા બનાવીશ. કેમ કે હું યહૂદિયાના લોકો
પર મારી નજર રાખીશ. પણ તેના દુશ્મનોને આંધળા કરી નાખીશ.
5 અને યહૂદિયાના કુળના સરદારો લોકોને પ્રોત્સાહન આપશે તેઓ કહે-
શે, ‘સૈન્યોનો યહોવા તમારા દેવ છે જેણે આપણને પ્રબળ કર્યા છે.’ 6 તે
દિવસે હું યહૂદિયાના આગેવાનોને વનમાં આગ લગાડનાર ચિંગારી
સમાન અને ઘાસની ગંજીને આગ ચાંપનાર મશાલ સમાન બનાવીશ.
તે જમણી અને ડાબી બાજુના પડોશી દેશોને બાળી નાખશે પણ યરૂ-
શાલેમ અડગ રહેશે.” 7 યહોવા, પહેલાં યહૂદિયાના ગામોને વિજયી
બનાવશે, તે બતાવવા કે દાઉદનું કુળ અને યરૂશાલેમ યહૂદિયાના બી-
જા લોકો કરતા ચડિયાતા નથી. 8 તે દિવસે હું યરૂશાલેમના વતનીઓ-
નું રક્ષણ કરીશ, જેથી તેઓમાંનો નબળામાં નબળો માણસ પણ દાઉદ
જેવો બળવાન બની જશે. અને દાઉદના કુટુંબો દેવની જેમ, યહોવાના
દૂતની જેમ તેમની આગળ હશે. 9 “તે દિવસે હું યરૂશાલેમની સામે ચઢી
આવનાર બધી પ્રજાઓનો નાશ કરનાર છું. 10 પછી હું દાઉદના અને
યરૂશાલેમના વતનીઓમાં તે દિવસે કરૂણા અને પ્રાર્થનાની ભાવના
જગાડીશ, અને તેઓએ જેમને રહેંસી નાખ્યા છે તેના માટે શોક કરશે જે-
વી રીતે જેઓ પોતાના એક જ સંતાન માટે શોક કરે છે, જેવી રીતે જેઓ
પોતાના પહેલા બાળક માટે રડે છે. 11 અને મગિદોનની ખીણમાં હદા-
દરિમ્મોનના વિચારના જેવા ભારે વિચાર તે દિવસે યરૂશાલેમમાં થશે.
12 દેશનાં સર્વ કુળો એકબીજાથી જુદા પડી જશે અને શોક કરશે. દાઉદ-
ના વંશજોના પુરુષો અલગ શોક પાળશે, અને તેમની પત્નીઓ અલગ
શોક પાળશે; નાથાનના વંશજોના પુરુષો અલગ શોક પાળશે અને તે-
મની પત્નીઓ અલગ શોક પાળશે. 13 લેવીના કુટુંબના પુરુષો અલગ
શોક પાળશે અને તેમની પત્નીઓ અલગ શોક પાળશે; શિમઇના કુ-
ટુંબના પુરુષો અલગ શોક પાળશે; અને તેમની પત્નીઓ અલગ શોક
પાળશે; 14 અને બાકીના બધા કુટુંબોના પુરુષો અલગ શોક પાળશે
અને તેમની પત્નીઓ અલગ શોક પાળશે.”

13 તે સમય દરમ્યાન ઇસ્રાએલ અને યરૂશાલેમ માટે એક ઝરણું
વહેવડાવામાં આવશે કે જે તેઓના પાપો અને અશુદ્ધતા ધોઇ
નાખશે. 2 “અને તે દિવસે હું દેશમાંથી મૂર્તિઓનું નામોનિશાન સંપૂર્ણ-
પણે મિટાવી દઇશ. મૂર્તિઓને કોઇ યાદ નહિ કરે. પ્રત્યેક જૂઠા પ્રબોધક
અને અશુદ્ધ આત્માને દૂર કરવામાં આવશે. 3 એ પછી જો કોઇ પ્રબોધ-
કની જેમ વર્તશે તો તેને જન્મ આપનારા તેના માબાપ તેને કહેશે કે,
તને જીવવાનો અધિકાર નથી, કારણ, ‘તું યહોવાને નામે જૂઠું બોલે છે.’
અને પ્રબોધક તરીકે વર્તવા માટે તેને જન્મ આપનારા તેના માબાપ જ
તેને વીંધી નાખશે. 4 તે દિવસે કોઇ પ્રબોધકને સંદર્શન થશે તો તે શર-
માશે, અને લોકોને ઠગવા માટે પ્રબોધકનો પોશાક નહિ પહેરે, 5 અને તે
કહેશે, ‘ના હું પ્રબોધક નથી, હું ખેડુત છું. મારી જુવાનીના સમયથી જ હું
જમીન ઉપર ગુજારો કરતો આવ્યો છું.’ 6 અને તેને જો કોઇ એમ પૂછશે
કે, ‘તારી છાતી પર આ ઘા શાના છે?’ તો તે કહેશે કે, ‘એ ઘા તો મને મા-
રા મિત્રોના ઘરમાં પડ્યા હતા.’” 7 “અને તે દિવસે હું દેશમાંથી મૂર્તિઓ-
નું નામોનિશાન સંપૂર્ણપણે મિટાવી દઇશ. મૂર્તિઓને કોઇ યાદ નહિ
કરે. પ્રત્યેક જૂઠા પ્રબોધક અને અશુદ્ધ આત્માને દૂર કરવામાં આવશે.
8 અને સમગ્ર ઇસ્રાએલ દેશની વસ્તીના બે તૃતીયાંશ લોકો સંહાર પામી-
ને માર્યા જશે. પરંતુ એક તૃતીયાંશ બચી જશે. 9 અને, જો, એ ત્રીજા
ભાગને હું પુષ્કળ મુસીબતોરૂપી અગ્નિમાં નાખી ચાંદીને શુદ્ધ કરે છે તેમ
શુદ્ધ કરીશ, અને જેમ સોનાને ચકચકીત કરે છે. તેમ મારું નામ લઇને
પોકાર કરશે, ને હું તેમને જવાબ આપીશ, હું કહીશ, ‘તમે મારા લોકો
છો; અને તેઓ કહેશે કે, ‘યહોવા અમારા દેવ છે.’”

14 જુઓ, યહોવાનો એક દિવસ આવશે, જ્યારે યરૂશાલેમમાંથી
લીધેલી લૂંટ તમારા દેખતાં વહેંચી લેવાશે. 2 કારણ કે યહોવા
બધી પ્રજાઓને યરૂશાલેમ સામે યુદ્ધે ચઢવા ભેગી કરશે, નગર કબજે
કરવામાં આવશે. ઘરો લૂંટી લેવામાં આવશે અને સ્ત્રીઓને ષ્ટ કરવામાં
આવશે; અડધું નગર દેશવટે જશે, પરંતુ બાકીના લોકો નગરમાં જ રહે-
શે. 3 ત્યારબાદ યહોવા પોતે લડાઇને માટે સુસજ્જ થઇને તે દેશોની વિ-
રુદ્ધ લડવા માટે જશે. 4 તે દિવસે યહોવા યરૂશાલેમની પૂર્વમાં આવેલા

જૈતૂનના પર્વત ઉપર ઊભા રહેશે, પછી એ જૈતૂન પર્વત પૂર્વથી પશ્ચિમ
સુધી બે ભાગમાં વહેચાંઇ જશે, અને વચ્ચે એક મોટી ખીણ થઇ જશે,
અડધો પર્વત ઉત્તર તરફ હઠી જશે અને બાકીનો અડધો દક્ષિણ તરફ.
5 તમે પર્વતોની વચ્ચેની ખીણમાં થઇને નાસી જશો. તમારા વડવાઓ
યહૂદિયાના રાજા ઉઝિઝયાના અમલ દરમ્યાન ધરતીકંપ વખતે ભાગી
ગયેલા જેવા તમે લાગશો. 6 ત્યારબાદ તમારા દેવ યહોવા પોતાની સા-
થે સર્વ પવિત્ર લોકોને લઇને આવશે. 7 તે દિવસે એ ખૂબ મહત્વનો દિ-
વસ હશે, દિવસ પણ નહિ અને રાત પણ નહિ, ફક્ત યહોવા જ જાણે
છે કે તે કેવી રીતે બનશે, સાંજે પણ અજવાળું હશે. 8 તે દિવસે યરૂશા-
લેમમાંથી ઝરણું વહેવા માંડશે; અડધું પૂર્વ સમુદ્રમાં જશે અને અડધું
પશ્ચિમ સમુદ્રમાં જશે. એ ઉનાળામાં તેમ જ શિયાળામાં પણ સતત વહે-
તું જ રહેશે. 9 પછી યહોવા આખી પૃથ્વી ઉપર રાજ્ય કરશે. તે વખતે
યહોવા જ એક દેવ હશે અને તે એક જ નામે ઓળખાશે. 10 યરૂશાલેમ-
ની આસપાસનો સમગ્ર પ્રદેશ ઉત્તરમાં ગેબાના મેદાનથી તે દક્ષિણમાં
રિમ્મોન સુધી સપાટ મેદાન થઇ જશે, પણ યરૂશાલેમ બિન્યામીનના
દરવાજાથી ખૂણાના દરવાજા સુધી જ્યાં પહેલાં એક દરવાજો હતો, અને
હનાનએલના બુરજથી તે રાજાના દ્રાક્ષ ગૂંદવાના કૂંડાઓ સુધી, પોતાની
જગ્યાએ ઊંચું જ રહેશે. 11 લોકો ત્યાં રહેવા માટે જશે. એના ઉપર પછી
કદી શાપ ઉતરશે નહિ. યારૂશલેમ સહીસલામત રહેશે. 12 યરૂશાલેમ
સામે યુદ્ધે ચઢનાર બધી પ્રજાઓમાં યહોવા આવો એક રોગ ફેલાવશે;
તેઓ ઊભા હશે ત્યાં જ તેમનું માંસ સડી જશે, તેમની આંખો તેમના
ગોખલામાં સડી જશે, અને તેમની જીભ તેમના મોઢામાં જ સડી જશે.
13 તે વખતે યહોવા તેમને એવા તો ભયભીત તથા બેબાકળા બનાવી
દેશે કે દરેક જણ પોતાની પાસેનાનો હાથ પકડી તેને મારવા લાગશે.
તેઓ એકબીજા સાથે લડશે. 14 ત્યારે યહૂદિયા યરૂશાલેમની સામે થશે,
આમ બનશે, જ્યારે બધી પ્રજાઓની સંપત્તિ, સોનું, ચાંદી અને કપડાં
એકઠા કરવામાં આવશે. 15 આ મરકીનો રોગ દુશ્મનોની છાવણીના
ઘોડા, ખચ્ચરો, ઊંટો, ગધેડાં અને બીજા બધા જ પ્રાણીઓને લાગુ પડ-
શે. 16 ત્યારબાદ યરૂશાલેમ સામે યુદ્ધે ચઢેલી પ્રજાઓમાંથી બચવા પા-
મેલા માણસો વર્ષોવર્ષ યહોવાની ઉપાસના કરવા અને માંડવાપર્વ
ઊજવવા યરૂશાલેમ જશે. 17 અને પૃથ્વી પરની કોઇ પણ પ્રજા સૈન્યો-
નો દેવ યહોવાની ઉપાસના કરવા ત્યાં જશે, નહિ તો તેના દેશમાં વર-
સાદ નહી વરસે. 18 પરંતુ જો મિસરના લોકો યરૂશાલેમ જવા અને પ્રા-
ર્થનામાં ભાગ લેવા ના પાડશે તો તેઓને મોત ભોગવવું પડશે. માંડવા
પર્વની ઉજવણીમાં ભાગ ન લેવા માટે લોકો દુ:ખી થશે. 19 મિસર અને
બીજા સર્વ દેશો જેઓ માંડવાપર્વ ઊજવવા યરૂશાલેમ જવા ના પાડે છે,
તેઓ સર્વને આ શિક્ષા કરવામાં આવશે. 20 તે દિવસે ઘોડાઓ પરની
ઘંટડીઓ ઉપર લખેલું હશે,”યહોવાને સમપિર્ત” અને યહોવાના મંદિરમાં
સામાન્ય વાસણો વેદી આગળનાં વાસણો જેવા પવિત્ર હશે; 21 અને
યહૂદિયા અને યરૂશાલેમનું એકેએક વાસણ સૈન્યોનો દેવ યહોવાને માટે
પવિત્ર થશે. ભકિત કરવા આવનાર સૌ કોઇ બલિદાનને બાફવા માટે
તેનો વિના મૂલ્યે ઉપયોગ કરી શકશે; અને તે વખતે સૈન્યોનો દેવ યહો-
વાના મંદિરમાં કોઇ વેપારી નહિ હોય.

# માલાખી

1 માલાખી પ્રબોધક દ્વારા ઇસ્રાએલી પ્રજાજોગ યહોવાએ મોકલેલાં
વચન. 2 યહોવા કહે છે કે, “મેં તમને પ્રેમ કર્યો છે,”તેમ છતાં તમે
પૂછો છો કે, “તમે અમને પ્રેમ કરો છો તે પ્રગટ થાય છે?”ત્યારે યહોવા
જવાબ આપે છે, “એસાવ અને યાકૂબ ભાઇઓ હતા, પણ મેં યાકૂબ પર
મારો પ્રેમ દર્શાવ્યો છે.” 3 પણ એસાવનો મેં તિરસ્કાર કર્યો છે. મેં એસા-
વના પહાડી પ્રદેશને ઉજ્જડ બનાવી દીધો છે, અને તેના વતનને જંગલ-
ના પશુઓનો વાસ બનાવી દીધું છે.” 4 જો અદોમના વારસદારો કહે,
“અમે અમારા વિનાશ થઇ ગયેલાં સ્થાનોને ફરીથી બાંધીશું,”પણ સૈ-
ન્યોનો દેવ યહોવા કહે છે, “તમારી ઇચ્છા હોય તો તમે કરો, પણ હું
ફરીથી તેનો નાશ કરીશ,” કારણકે તેઓની ભૂમિને ‘દુષ્ટતાનો દેશ’ એવું
નામ અપાયેલું છે અને ત્યાંના લોકોને યહોવા જેઓના પર હંમેશા કો-
પાયમાન રહે છે તેવા લોકો કહેવામાં આવે છે. 5 તમે તમારી નજરે તે
જોવા પામશો, ને તમે પોતે જ કહેશો કે, “ઇસ્રાએલની સીમાને પાર પણ
યહોવાનો પ્રતાપ પહોંચે છે!” 6 સૈન્યોનો દેવ યહોવા યાજકોને પૂછે છે,
“પુત્ર પોતાના પિતાને માન આપે છે અને ગુલામ તેના ધણીથી ડરતો
રહે છે. હે યાજકો, હું તમારો પિતા અને દેવ છું, છતાં તમે મને માન નથી
આપતા, પણ મારા નામને ધિક્કારો છો.”અને પછી પૂછો છો, “અમે
તમારા નામને ધિક્કારીએ કેવી રીતે?” 7 યહોવા કહે છે, “તમે મારી વેદી
પર અપવિત્ર અર્પણો અપોર્ છો અને પછી પૂછો છો, “અમે તમને શી
રીતે ષ્ટ કર્યા?”કારણકે તમે એમ માની લીધું હતું કે, યહોવાની વેદીનું
સન્માન થવું ન જોઇએ. 8 આંધળા જાનવરની બલિ ચઢાવવામાં આવે
તે ખોટું છે. જો કોઇ, લંગડા કે ખોડખાંપણવાળા કે રોગિષ્ટ જાનવરની
બલિ ચઢાવવામાં આવે તો તે ખોટું છે. તમે જો એવી ભેટ કોઇ રાજકર્તા-
ને માટે લાવો તો શું તે સ્વીકાર કરશે? શું તે તમારા પર પ્રસન્ન થશે?” આ
સૈન્યોનો દેવ યહોવાના વચન છે. 9 “તમે યાજકો યહોવાને રીઝવવાનો
પ્રયત્ન તો કરી જુઓ! તમે કહો છો, યહોવા, અમારા પર દયા કરો; કૃપા
કરો.” પણ તમે આવાં જ અર્પણો લાવો પછી શા માટે તે તમારા પ્રત્યે
ભલાઇ બતાવે?” આ સૈન્યોના દેવ યહોવાના વચન છે. 10 સૈન્યોનો
દેવ યહોવા કહે છે, “આવા ષ્ટ અર્પણો અર્પવા કરતાં તો મંદિરના બાર-
ણાં બંધ કરી દેવા અને અગ્નિ ન પ્રગટાવવો તે વધારે સારું હું તમારા પર
જરાપણ પ્રસન્ન નથી. હું તમારા અર્પણો સ્વીકારીશ નહિ.” 11 “મારું
નામ પૂર્વથી પશ્ચિમ સુધી મહાન મનાય છે, અને સર્વ સ્થળે મારે નામે
ધૂપ તથા પવિત્ર અર્પણ ચઢાવવામાં આવે છે. કારણકે સૈન્યોનો દેવ
યહોવા કહે છે કે, સર્વ પ્રજાઓમાં મારા નામનો મહિમા છે.” આ સૈન્યો-
નો દેવ યહોવાના વચન છે. 12 “પરંતુ યહોવાની યજ્ઞવેદી અપવિત્ર છે,
અને તેનું ફળ, એટલે તેનું અન્ન તિરસ્કારપાત્ર છે એવું કહીને તમે તેનું
અપમાન કરો છો. વળી બલિદાનો માટે બીમાર પ્રાણીઓને લાવવા તમે
લોકોને ઉત્તેજન આપો છો. 13 અને પછી કહો છો, આ કેવું કંટાળાજનક
છે! તમે અપંગ, લૂલાં કે રોગી પશુઓ બલિ તરીકે ચઢાવો તો હું તેનો
સ્વીકાર કરું ખરો? એમ યહોવા કહે છે. 14 “જેની પોતાની પાસે તંદુરસ્ત
ઘેટો હોવા છતાં ખોડવાળું પ્રાણી માનતામાં બલિદાનમાં ચઢાવે છે તે
ઠગને ધિક્કાર હો! હું રાજાધિરાજ છું, અને મારા નામથી તમામ પ્રજાઓ
ડરે છે.” આ સૈન્યોનો દેવ યહોવાના વચન છે.

2 સૈન્યોનો દેવ યહોવા કહે છે, “હે યાજકો, હવે આ આજ્ઞા તમારા
માટે છે તે સાંભળો: 2 જો તમે તમારા માગોર્ નહિ બદલો અને
મારા નામને મહિમા નહિ આપો તો હું તમને ભયંકર શિક્ષા મોકલીશ. હું
તમને આશીર્વાદોને બદલે શાપ આપીશ. મેં તમને શાપ આપી જ દીધો
છે, કારણકે મારી વાત તમે ધ્યાન પર લેતા નથી.” આ સૈન્યોનો દેવ
યહોવાના વચન છે. 3 “હું તમારા વંશજોને સજા કરીશ, તમારા મોઢા
પર તમારાં યજ્ઞના પશુઓનું છાણ નાખીશ, અને તેઓની સાથે તમને
પણ બાળી નાખવામાં આવશે. 4 ત્યારે તમને ખબર પડશે કે મેં આ ચે-
તવણી તમને આપી છે, જેથી લેવીવંશી યાજકો સાથેનો મારો કરાર રદ
ન થાય.” આ સૈન્યોનો દેવ યહોવાના વચન છે. 5 યહોવા કહે છે, “તેની
સાથેનો મારો કરાર જીવન તથા શાંતિ આપવાનો હતો. અને તે મેં
આપ્યાં. તેમણે મારા પ્રત્યે આદરભાવ રાખવાનો હતો અને પહેલાં તેઓ
મારા નામનો ડર રાખીને ચાલતા હતા પણ ખરા. 6 તેમનો ઉપદેશ સા-
ચો હતો. અધર્મનો શબ્દ તેમના મુખમાંથી કદી નીકળ્યો ન હતો; તેઓ
શાંતિ અને સત્યને માગેર્ મારી સાથે ચાલતા હતા અને ઘણાને પાપ-
માંથી પાછા વાળતા હતા. 7 એટલે માણસો તેમની પાસે ઉપદેશની
અપેક્ષા રાખે છે. કારણકે તેમના હોંઠ ઉપર હર સમયે જ્ઞાન હોવું જોઇએ
અને તેઓ તો સૈન્યોનો દેવ યહોવાના સંદેશાવાહક છે.” 8 “પણ તમે
માર્ગમાંથી ભટકી ગયા છો; તમે ઘણા લોકોને માર્ગદર્શન આપીને ઠોકર
ખવડાવીને પાપમાં નાખ્યાં છે. તમે લેવીના કરારનું અપમાન કર્યું છે.”
એવું સૈન્યોનો દેવ યહોવા કહે છે. 9 “મેં તમને લોકોની નજરમાં તિર-
સ્કારપાત્ર અને ધૃણાપાત્ર બનાવી દીધા છે. કારણકે તમે મારા ઉપદેશને
વળગી રહેતા નથી, અને જ્યારે તમે ન્યાય કરો છો ત્યારે પક્ષપાત કરો
છો.” 10 શું આપણા સર્વના પિતા એક જ નથી? શું એક જ દેવે આપણું
સર્જન કર્યું નથી? તો પછી આપણા પિતૃઓના કરારનો ભંગ કરીને
આપણે આ રીતે શા માટે એકબીજાનો વિશ્વાસઘાત કરીએ છીએ?
11 યહૂદાએ વિશ્વાસઘાત કર્યો છે, અને ઇસ્રાએલમાં તથા યરૂશાલેમમાં
ધિક્કારપાત્ર કૃત્ય કરવામાં આવ્યું છે; કારણકે યહોવાના પવિત્રસ્થાનને
યહૂદાએ ષ્ટ કર્યું છે, અને તેણે એક વિદેશી દેવીની પૂજા કરવાનું શરૂ કર્યું
છે. 12 જે કોઇ એ પ્રમાણે કરે તે બધાનો યહોવા ઇસ્રાએલના સમાજ-
માંથી બહિષ્કાર કરો. પછી ભલે તેઓ સૈન્યોનો દેવ યહોવાને માટે અર્પ-
ણો લાવતા હોય. 13 યહોવા તમારાં અર્પણો પ્રત્યે ધ્યાન આપતા નથી
અને તમને તેમના તરફથી આશીર્વાદો મળતા નથી. તેથી તમે તમારાં
આંસુઓથી યહોવાની વેદીને ભીંજવો છો. 14 તમે પૂછો છો, “શા માટે?”
કારણ, જેને તમે જુવાનીમાં દેવની સાક્ષીએ પત્ની તરીકે સ્વીકારી હતી
તેને તમે બેવફા નીવડ્યા છો, જો કે કરાર મુજબ તે તમારી જીવનસંગી-
ની અને ધર્મપત્ની હતી. 15 શું દેવે તેને અને તમને એક દેહ અને એકા-
ત્મા બનાવ્યાં નહોતાં? અને ધર્મસંતતિ સિવાય બીજા શાની તે અપેક્ષા
રાખે છે? તમારા મન પર સંયમ રાખો અને તમારી જુવાનીની પત્નીને
બેવફા ન બનો. 16 કારણકે ઇસ્રાએલના યહોવા દેવ કહે છે કે, “છૂટાછે-
ડાને અને ક્રૂર માણસોને તે ધિક્કારે છે. માટે તમારા દેહની લાગણીઓ
પર સંયમ રાખો; તમારી પત્નીઓને તમે છૂટાછેડા ન આપો.” 17 તમે
તમારા શબ્દોથી યહોવાને કંટાળો ઉપજાવ્યો છે, તો પણ તમે પૂછો છો
કે, શી રીતે અમે તમને કંટાળો ઉપજાવ્યો છે? તમે કહો છો, “દુષ્કર્મ કર-
નાર દરેક માણસ યહોવાની નજરમાં સારો છે, અને તેમનાથી તે પ્રસન્ન
થાય છે; અથવા એમ પૂછીને કે, દેવનો ન્યાય ક્યાં છે?”

3 સૈન્યોનો દેવ યહોવા કહે છે, “જુઓ, હું મારા પહેલા માર્ગને સાફ
કરવા મારા દૂતને મોકલનાર છું. અને તમે જેની શોધમાં છો, તે
યહોવા અચાનક પોતાના મંદિરમાં પ્રવેશ કરશે, તમે જેને જોવાને તલ-
સી રહ્યા છો તે કરારનો દૂત આવી રહ્યો છે. 2 પણ તે પ્રગટ થશે ત્યારે
તેની સામે કોણ ટકી શકશે? તેના આગમનને કોણ સહન કરી શકશે?
કેમ કે તે કિંમતી ધાતુને શુદ્ધ કરનાર અગ્નિ સમાન છે. તે ધોબીના સાબુ
સમાન છે. 3 તે રૂપું ગાળનાર તથા શુદ્ધ કરનારની જેમ બિરાજશે. ને તે
લેવીના પુત્રોને પવિત્ર કરીને અને ચોખ્ખાં સોનારૂપા જેવા કરીને સાચી
રીતે અર્પણો કરાવડાવશે. 4 ફરી એક વાર યહોવા યહૂદા અને યરૂશાલે-

મના લોકો દ્વારા ચઢાવેલાં અર્પણો ઘણા સમય પહેલાની જેમ આનંદ-
થી સ્વીકારશે." 5 સૈન્યોનો દેવ યહોવા કહે છે,"ત્યાર પછી હું ન્યાય કર-
વા તમારી પાસે આવીશ, અને જાદુગરો તેમજ વ્યભિચારીઓને તથા જૂ-
ઠા સોગંદ ખાનારાઓની વિરુદ્ધ, મજૂર પર તેની મજૂરીના સંબંધમાં,
વિધવા તથા અનાથો પર જુલમ કરનારની વિરુદ્ધ, અને વિદેશીઓના
હક્ક પચાવી પાડનાર તથા મારો ડર નહિ રાખનારની વિરુદ્ધ હું સાક્ષી
પૂરવા તત્પર રહીશ. 6 "હું યહોવા, ફરી જતો નથી, અને તેથી હે યાકૂબ-
ના વંશજો, તમારો સર્વનાશ થયો નથી. 7 તમારા પિતૃઓના સમયથી
મારા નિયમોની ઉપેક્ષા કરી છે. મારી પાસે પાછા આવો, હું તમારી પાસે
પાછો આવીશ." પણ તમે કહેશો, "અમે તમારી પાસે પાછા કેવી રીતે
આવીએ?" 8 હું પુછું છું, "શું માણસ દેવને લૂંટી શકે? છતાં તમે મને લૂંટો
છો. પણ તમે કહો છો, અમે શી રીતે તમને લૂંટીએ છીએ? તમારા પાક-
નો એક દશાંશમો ભાગ મને નહિ આપીને, તમે મને લૂંટયો છે. 9 તમે
શાપ પામીને શાપિત થયા છો; કારણકે તમે, સમગ્ર પ્રજા, મને લૂંટો
છો." 10 "ઊપજનો પૂરો દશમો ભાગ લાવો, તો મારો ભંડાર ભરેલો રહે.
એ પછી તમે મારી કસોટી કરી જુઓ કે, હું તમારા માટે સ્વર્ગના દ્વાર
ઉઘાડીને તમારા પર મબલખ આશીર્વાદ વરસાવું છું કે નહિ? 11 હું તી-
ડોને મનાઈ કરીશ, જેથી તેઓ તમારાં ખેતરના પાકને ખાઈ ન જાય અને
તમારા દ્રાક્ષના વેલા ફળ્યા વગર ન રહે." આ સૈન્યોનો દેવ યહોવાના
વચન છે. 12 "ત્યારે બધી પ્રજાઓ કહેશે તમે સુખી છો, કારણ, તમારો
દેશ ઇચ્છનીય હશે." આ સૈન્યોનો દેવ યહોવાના વચન છે. 13 યહોવા
કહે છે, "તમે મને હંમેશા કઠોર વચનો કહ્યાં છે," છતાં તમે પૂછો છો કે,
"અમે તમારી વિરૂદ્ધ શું કહ્યું છે?" 14 સાંભળો, તમે એમ કહ્યું છે કે, "દેવ-
ની સેવા કરવી વૃથા છે, તેની આજ્ઞાનું પાલન કરવાથી અને સૈન્યોનો
દેવ યહોવા સમક્ષ આપણા પાપો માટે પસ્તાવો કરવાથી શો લાભ?"
15 હવે અમને લાગે છે કે ઉદ્ધત લોકો જ સુખી છે, બૂરાં કામ કરનાર લહેર
કરે છે. એટલું જ નહિ, તેઓ દેવને કસોટીએ ચડાવે છે અને છતાં તેમને
કશું થતું નથી!" 16 ત્યારબાદ યહોવાથી ડરીને ચાલનારાઓ અંદરો
અંદર વાતો કરવા લાગ્યા અને યહોવાએ સાંભળ્યું. તેની હાજરીમાં જ,
તેનાથી ડરીને ચાલનારા અને તેનું ધ્યાન ધરનારાઓની નોંધ એક ચો-
પડામાં કરવામાં આવી. 17 સૈન્યોનો દેવ યહોવા કહે છે, "હું તેઓને મા-
રા ખાસ લોકો તરીકે ગણીશ. હું તેઓ સાથે દયાળું રહીશ. જેમ પિતા
પોતાની સેવા કરનાર પુત્ર પ્રત્યે દયા રાખે, તેમ હું તેમના પ્રત્યે દયા રા-
ખીશ. 18 ત્યારે તમે ફરસાં અને સજ્જન અને દુર્જન વચ્ચેનો તથા યહો-
વાની સેવા કરનાર અને સેવા ન કરનાર વચ્ચેનો ભેદ સમજાશે."

4 સૈન્યોનો દેવ યહોવા કહે છે, "જુઓ, તે દિવસ આવી રહ્યો છે
જ્યારે બધા અભિમાની અને દુષ્ટ લોકો તરણાંની જેમ સળગી
જશે. તે દિવસે સૂકાં ઝાડની જેમ બળીને ખાખ થઇ જશે. તેમનું નામો-
નિશાન નહિ રહે." 2 "પરંતુ તમે જેઓ મારા નામથી ડરીને ચાલો છો તે-
ઓના માટે મુકિતનો સૂર્ય ઉદય પામશે અને તેનાં કિરણો તમારા બધા
ઘા રૂઝાવશે અને તમે કોઠારમાંથી છૂટેલાં વાંછરડાની જેમ નાચતાકૂદતા
ને ગેલ કરતા હશો. તમે દુષ્ટોને કચડી નાખશો." 3 સૈન્યોનો દેવ યહો-
વા કહે છે, "તમે તે દિવસે અધમ લોકોને તમારા પગ તળે છૂંદશો. હું આ
પ્રમાણે કરીશ. તે દિવસે તેઓ તમારાં પગનાં તળિયાં નીચે રાખની જેમ
રગદોળાશે." 4 "મેં મારા સેવક મૂસાને હોરેબમાં સમસ્ત ઇસ્રાએલ માટે
જે નિયમો અને આજ્ઞાઓ ફરમાવ્યાં હતાં તે મૂસાના નિયમને યાદ રા-
ખો." 5 "જુઓ! યહોવાનો મહાન અને ભયંકર ચુકાદાનો દિવસ આવે તે
પહેલાં, હું તમારી પાસે એલિયા પ્રબોધકને મોકલી દઇશ. 6 તેના ઉપદે-
શો પુત્રો અને પિતાઓને એક મનનાં અને એક હૃદયના થવા માટે સમ-
જાવશે અને ભેગા કરશે. જો આમ નહિ થાય તો તેઓ જાણશે કે હું
આવીને પૃથ્વીને અભિશાપ આપીશ અને તેનો સંપૂર્ણ વિનાશ કરીશ.

# માથ્થી

1 ઈસુ ખ્રીસ્ત જે દાઉદનો દીકરો, જે ઇબ્રાહીમનો દીકરો, તેની વંશા-
વળી. 2 ઇબ્રાહીમથી ઈસહાક થયો, અને ઈસહાકથી યાકુબ થયો,
અને યાકુબથી યહુદા તથા તેના ભાઈઓ થયા; 3 અને યહુદાથી થામરને
પેટે ફારસ તથા ઝારા થયા. અને ફારસથી હસરૂન થયો, ને હસરૂનથી
આરામ થયો. 4 અને આરામથી આમીનાદાબ થયો, અને આમીનાદાબ
નાહશોન થયો, અને નાહશોનથી સલ્મોન થયો; 5 અને સલ્મોનથી રા-
હાબને પેટે બોઆઝ થયો; અને બોઆઝથી રૂથને પેટે ઓબેદ થયો;
અને ઓબેદથી યિશાઈ થયો; 6 અને યિશાઈથી દાઉદ રાજા થયો. અને
ઉરીયાહની જે વહુ હતી તેને પેટે દાઉદથી સુલેમાન થયો; 7 અને સુલેમા-
નથી રહાબઆમ થયો, અને રહાબઆમથી આબીયાહ થયો, અને
આબીયાહથી આસા થયો; 8 અને આસાથી યહોશાફાટ થયો, અને યહો-
શાફાટથી યોરામ થયો, અને યોરામથી ઉઝીયાહ થયો; 9 અને ઉઝીયાહ-
થી યોથામ થયો, અને યોથામથી આહાઝ થયો, અને અહાઝથી હઝકી-
યાહ થયો; 10 અને હઝકીયાહથી મનાશ્શેહ થયો, અને મનાશ્શેહથી
આમોન થયો, સને આમોનથી યોશીયાહ થયો; 11 અને બાબેલના બંદી-
પ્રવાસને વખતે યોશીયાહથી યખોન્યાહ તથા તેના ભાઈઓ થયા.
12 અને બાબેલનો બંદીપ્રવાસ થયા પછી, યખોન્યાહથી સલથાઈલ
થયો, ને સલથાઈલથી ઝરૂબ્બાબેલ થયો; 13 અને ઝરૂબ્બાબેલથી
અબીહુદ થયો, અને અબીહુદથી એલિયાકીમ થયો, અને એલિયાકીમ-
થી આઝોર થયો; 14 અને આઝોરથી સાદુક થયો, અને સાદુકથી
આખીમ થયો, અને આખીમથી એલીહુદ થયો; 15 અને એલીહુદથી
એલિયાઝર થયો, અને એલિયાઝરથી માત્થાન થયો, અને માત્થાનથી
યાકુબ થયો; 16 અને યાકુબથી જે યુસફ મરિયમનો વાર હતો તે થયો,
એ [મરિયમ]થી ઈસુ જે ખ્રીસ્ત કહેવાય છે તે જન્મ્યો. 17 માટે ઇબ્રાહીમ-
થી દાઉદ સુધી સઘળી મળીને ચૌદ પેઢી, અને દાઉદથી બાબેલના
બંદીપ્રવાસ સુધી ચૌદ પેઢી, અને બાબેલના બંદીપ્રવાસના કાલથી ખ્રી-
સ્ત સુધી ચૌદ પેઢી થઇ. 18 અને ઈસુ ખ્રીસ્તનો જન્મ એમ થયો કે તેની
મા મરિયમનું વેવીશાળ યુસફ જોડે થયા પછી, તેઓના મિલાપ થયા
અગાઉ તે પવિત્ર આત્માથી ગર્ભવતી થએલી જણાઈ. 19 અને તેનો વાર
યુસફ જે નીતિવાન હતો, તેણે તેનું ઉઘાડું અપમાન કરવા ન ચહાતાં,
તેને ગુપ્ત રીતે મૂકી દેવાની ધાર્યું. 20 પણ એ સંબંધી તે વિચારતો હતો,
ત્યારે જુઓ, પ્રભુના દૂતે તેને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે, ઓ યુ-
સફ, દાઉદના દીકરા, તારી વહુ મરિયમને તેડી લાવવાને બીહી માં; કેમ-
કે તેને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્માથી છે. 21 અને તે દીકરો જાણ-
શે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમકે જે પોતાના લોકોને તેઓના પાપ-
થી તારશે તે એજ છે. 22 હવે એ બધું એ માટે થયું કે, પ્રભુએ ભવિષ્યવા-
દી મારફત જે કહ્યું હતું તે પુરૂં થાય કે, 23 જુઓ, કુમારી ગર્ભવતી થશે, ને
દીકરો જણશે, ને તનું નામ તેઓ ઈમાનુએલ પાડશે, જેનો અર્થ એ છે
કે, દેવ આપણી સાથે. 24 ત્યારે યુસફે ઉંઘમાંથી ઉઠીને જેમ પ્રભુના દૂતે
તેને આજ્ઞા આપી હતી તેં કીધું, એટલે તે પોતાની વહુને તેડી લાવ્યો.
25 અને તેણીએ પોતાના પહેલા દીકરાને જણ્યો ત્યાં સુધી તેણે તેણીને
જાણી નહિ; ને તેણે તેનું નામ ઈસુ પાડ્યું.
2 હવે હેરોદ રાજાના સમયમાં યહુદાહના બેથલેહેમમાં ઈસુ જન્મ્યો,
ત્યારે જુઓ, માગીઓએ પૂર્વથી યરૂશાલેમમાં આવીને પુછ્યું કે,
2 યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે, તે ક્યાં છે? કેમકે પૂર્વમાં અમે તેનો
તારો જોયો, ને તેનું ભજન કરવાને આવ્યા છીએ. 3 અને એ સાંભળીને
હેરોદ રાજા તથા તેની સાથે આખું યરૂશાલેમ ગભરાયું. 4 પછી તેણે સઘ-
ળા મુખ્ય યાજકોને તથા લોકોના શાસ્ત્રીઓને એકઠા કરીને તેઓને પુ-
છ્યું કે, ખ્રીસ્તનો જન્મ ક્યાં હોવો જોઈએ? 5 ત્યારે તેઓએ કહ્યું કે, યહુ-
દાહના બેથલેહેમમાં; કેમકે ભવિષ્યવાદીએ એમ લખ્યું છે કે, 6 ઓ યહુ-
દાહ દેશના બેથલેહેમ, તું યહુદાહના સુબાઓમાં કોઈ પ્રકારે સર્વથી નાનું
નથી, કેમકે તારામાંથી એક અધિપતિ નીકળશે, જે મારા ઈસ્રાએલી લો-
કોનું પાળણ કરશે. 7 ત્યારે હેરોદે તે માગીઓને ગુપ્ત રીતે તેડીને, તારો
કઈ વેળાએ દેખાયો, તે વિષે તેઓ પાસેથી ખબર ચોકસાઈથી મેળવી.
8 અને તેણે તેઓને બેથલેહેમમાં મોકલતાં કહ્યું કે, તમે જઈને તે બાળક
સંબંધી સારી પેઠે શોધ કરો, ને જડ્યા પછી મને ખબર આપો, એ માટે કે
હું પણ આવીને તેનું ભજન કરૂં. 9 ત્યારે તેઓ રાજાનું સાંભળીને ગયા,
ને જુઓ, જે તારો તેઓએ પૂર્વમાં દીઠો હતો તે તેઓની આગળ ચાલતો
ગયો, ને બાળક હતો તે ઠેકાણે ઉપર આવીને થંભ્યો. 10 અને તેઓ તા-
રાને જોઈને મહા આનંદથી હરખાયા. 11 અને ઘરમાં જઈને તેઓએ બા-
ળકને તેની માં મરિયમની પાસે દીઠો, ને પગે પડીને તેનું ભજન કીધું;
પછી તેઓને પોતાની જોણણી છોડીની સોના તથા લોબાન તથા બોળ-
નું તેને નજરાણું કીધું. 12 અને હેરોદ પાસે પાછાં જવું નહિ, એમ સ્વપ્ન-
માં ચેતવણી મળ્યાથી તેઓ બીજે માર્ગે પોતાના દેશમાં પાછા ગયા.
13 અને તેઓ પાછાં ગયા એટલે જુઓ, પ્રભુના દૂતે સ્વપ્નમાં યુસફને
દર્શન આપીને કહ્યું કે,તું ઉઠ, ને બાળક તથા તેની માને લઈને મિસરમાં
નાસી જા, ને હું તને કહું ત્યાં લગી ત્યાંજ રહે, કેમકે બાળકને મારી ના-
ખવા સારું હેરોદ તેની શોધ કરવાનો છે. 14 ત્યારે તે ઉઠીને બાળક તથા
તેની માને રાત્રે લઈને મિસરમાં ગયો; 15 અને હેરોદના મરણ લગી ત્યાં
રહ્યો, એ માટે કે પ્રભુએ ભવિષ્યવાદી મારફત જે કહ્યું હતું તે પુરૂં થાય
કે, મીસરમાંથી મેં મારા દીકરાને બોલાવ્યો. 16 જ્યારે હેરોદે જોયું કે મા-
ગીઓએ મને ઠગ્યો, ત્યારે તે ઘણો ગુસ્સે થયો, ને [માણસ] મોકલીને
તેણે જે વેળા સંબંધી માગીઓની પાસેથી ચોકસાઈથી ખબર મેળવી
હતી, તે વેળા પ્રમાણે વે વર્ષના તથા તેથી નાના સઘળા બાળકો જેઓ
બેથલેહેમમાં તથા તેના તેની સઘળી સીમમાં હતા, તેઓને મારી નંખા-
વ્યા. 17 ત્યારે યિર્મેયાહ ભવિષ્યવાદીએ જે કહ્યું હતું તે પુરૂં થયું કે,
18 રડવાનો તથા મોટા વિલાપનો પોકાર રામામાં સંભળાયો, રાહેલ પો-
તાનાં બાળકો સારૂ રડતી, ને દિલાસો પામવાને નહોતી ચહાતી, કેમકે
તેઓ નથી. 19 અને હેરોદના મરણ પછી, જુઓ, પ્રભુના દૂતે મિસરમાં
યુસફને દર્શન આપીને કહ્યું કે, 20 તું ઉઠ, ને બાળક તથા તેની માને
લઈને ઈસ્રાએલ દેશમાં જા, કેમકે જેઓ બાળકની જીવ લેવાની શોધ
કરતા હતા, તેઓ મરી ગયા છે. 21 ત્યારે તે ઉઠીને બાળક તથા તેની મા-
ને લઈને ઈસ્રાએલ દેશમાં આવ્યો. 22 પણ આર્ખેલાઉસ પોતાના બાપ
હેરોદને ઠેકાણે યહુદાહમાં રાજ્ય કરે છે, એ સાંભળીને તે ત્યાં જવાને
બીધો, તોપણ સ્વપ્નમાં ચેતવણી પામીને ગાલીલના પ્રાંતમાં વળ્યો.
23 અને તે નાઝારી કહેવાશે, એવું ભવિષ્યવાદીઓનું કહેલું પુરું થવા
સારૂ તે નાઝારેથ નામના નગરમાં આવીને રહ્યો.
3 અને તે દહાડાઓમાં યોહન બાપ્તિસ્મા કરનાર પ્રગટ થયો, અને
યહુદાહના રાનમાં ઉપદેશ કરતાં, એમ કહેતો કે, 2 પસ્તાવો કરો;
કેમકે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે. 3 કારણ કે જેનાં વિષે યશાયાહ
ભવિષ્યવાદીએ કહ્યું હતું કે, રાનમાં પોકારનારની વાણી, એટલે પ્રભુનો
માર્ગ તૈયાર કરો, તેના રસ્તા સીધા કરો, તે એજ છે. 4 અને તે યુહાનના
લૂગડાં ઉંટનાં રૂઆંનાં હતાં, અને તેની કમરે ચામડાનો પટો હતો, ને તી-
ડો તથા રાની મધ તેનો ખોરાક હતો. 5 ત્યારે યરુશાલેમના તથા યહુદા-
હના તથા યરદનની આસપાસના સર્વ લોક તેની પાસે બહાર ગયા.
6 અને પોતાના પાપ કબુલ કરીને યરદન નદીમાં તેનાથી બાપ્તિસ્મા પા-
મ્યા. 7 પણ ફરોશીઓમાંના તથા સાદુકીઓમાંના ઘણાને તેની બાપ્તિ-
સ્મા સારૂ આવવા જોઈને તેણે તેઓને કહ્યું કે, ઓ સર્પોના વંશ, આવ-

નાર ક્રોધથી નાસવાને કોણે તમને ચેતાવ્યા? 8 તો પસ્તાવો [કરનારાને]
શોભે એવું ફળ ઉપજાવો; 9 અને એમ કહેવાનું તમારા મનમાં ન ધરો કે,
ઈબ્રાહીમ અમારો બાપ છે, કેમકે હું તમને કહું છું કે, આ પત્થરોમાંથી
દેવ ઈબ્રાહીમને સારૂ છોકરાં ઉપજાવી શકે છે. 10 અને હમણાંજ ઝાડોની
જડ પર કુહાડો મૂક્યો છે, માટે દરેક ઝાડ જે સારૂ ફળ નથી આપતું તે
કપાય છે, ને અગ્નિમાં નંખાય છે. 11 પસ્તાવાને સારૂ હું પાણીએ તમારું
બાપ્તિસ્મા કરું છું ખરો, પણ જે મારી પાછળ આવનાર છે તે મારા કરતાં
સમર્થ છે, હું તેના ચંપલ ઉચકવા યોગ્ય નથી; તે પવિત્ર આત્માએ તથા
અગ્નિએ તમારું બાપ્તિસ્મા કરશે. . 12 તેનું સુપડું તેના હાથમાં છે, ને તે
પોતાની ખળીને પુરેપુરી સાફ કરશે, ને પોતાના ઘઉં ભંડારમાં ભરશે,
પણ ભુસું ન હોલવાનાર અગ્નિમાં બાળી નાખશે. 13 ત્યારે ઇસુ યોહાન-
થી બાપ્તિસ્મા પામવા સારૂ ગાલીલથી યરદન [નદીએ] તેની પાસે
આવ્યો. 14 પણ યોહાને તેને વારતાં કહ્યું કે, તારાથી મારે બાપ્તિસ્મા પા-
મવું જોઈએ, ને શું તું મારી પાસે આવે છે? 15 પછી ઈસુએ ઉત્તર આપતાં
તેને કહ્યું કે, હમણાં એમ થવા દે, કેમકે સઘળું ન્યાયીપણું એમ પુરું
કરવું આપણને ઘટાર્થ છે. ત્યારે તેણે તેને પામવા દીધું. 16 અને ઈસુ
બાપ્તિસ્મા પામીને તરત પાણીથી ઉપર આવ્યો; ને જુઓ, તેને સારૂ
આકાશ ઉઘડાયું, ને દેવના આત્માને કબુતરની પેઠે ઉતરતો, ને પોતા
પર આવતો તેણે દીઠો. 17 અને જુઓ આકાશવાણી થઈ કે, આ મારો
વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું.

4 ત્યારે ઈસુનું પરીક્ષણ થાય માટે આત્મા તેને રાનમાં લઈ ગયો,
2 અને ચાળીસ રાત દહાડા ઉપવાસ કર્યા પછી તેને ભૂખ લાગી.
3 અને પરીક્ષણ કરનારે તેની પાસે આવીને કહ્યું કે, જો તું દેવનો દીકરો
છે, તો કહે કે આ પત્થરો રોટલી થઈ જાય. 4 પણ તેણે ઉત્તર આપતા
કહ્યું, એમ લખ્યું છે કે, માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ
જે દેવના મ્હોમાંથી નીકળે છે તેથી જીવશે. 5 ત્યારે શેતાન તેને લઈને
પવિત્ર નગરમાં જાય છે, ને મંદિરના બુરૂજ પર બેસાડે છે; 6 અને તેને
કહે છે કે,, જો તું દેવનો દીકરો છે, તો પોતાને હેઠળ પાડી નાખ; કેમકે
લખ્યું છે કે, તે પોતાના દૂતોને તારા સંબંધી આજ્ઞા કરશે, ને તને તેઓ
પોતાના હાથો પર ધારી લેશે, કે રખેને તારો પગ પત્થર સાથે અફળાય.
7 ઈસુએ તેને કહ્યું, એ પણ લખ્યું છે કે, પ્રભુ તારા દેવનું પરીક્ષણ તું ન
કર. 8 ફરી શેતાન તેને લઈને ઉંચા પહાડ પર જાય છે, ને જગતનાં સઘ-
ળા રાજ્ય તથા તેઓનો મહિમા તેને દેખાડે છે; 9 ને તેને કહ્યું કે, જો તું
પગે પાડીને મારું ભજન કરે, તો આ સઘળા હું તને આપીશ. 10 ત્યારે
ઈસુ તેને કહે છે કે, અરે શેતાન, આઘો જા; કેમકે લખ્યું છે કે, પ્રભુ તારા
દેવનું ભજન કર ને તેની એકલાનીજ સેવા કર. 11 ત્યારે શેતાન તેને મૂ-
કીને જાય છે, ને જુઓ, દૂતોએ પાસે આવીને તેની સેવા કરી. 12 યોહાન
બંદીવાન કરાયો, એવું સાંભળીને ઈસુએ ગાલીલમાં પાછો ગયો. 13 અને
નાઝારેથ મૂકીને ઝબુલોનની તથા નફથાલીમની સીમમાંના સમુદ્ર પા-
સેના કાપરનાહુમમાં આવી રહ્યો. 14 એ માટે કે યશાયાહ ભવિષ્યવા-
દીએ જે કહ્યું હતું તે પુરું થાય કે, 15 ઝબુલોનના પ્રાંતના તથા નફથા-
લીમનાં પ્રાંતના, યરદન પાસેના સમુદ્રના રસ્તાઓમાં, એટલે વિદેશી-
ઓના ગાલીલમાંના 16 જે લોક અંધારામાં બેઠેલા હતા તેઓએ મોટું
અજવાળું દીઠું, ને મરણસ્થાનમાં તથા મરણછાયામાં જેઓ બેઠેલા
હતા, તેમના પર અજવાળું પ્રકાશ્યું. 17 ત્યારથી ઈસુ પ્રગટ કરવા તથા
કહેવા લાગ્યો કે, પસ્તાવો કરો, કેમકે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે.
18 અને ઈસુ ગાલીલના સમુદ્રને કાંઠે ચાલતો હતો ત્યારે તેણે બે ભાઈ-
ઓને, એટલે સીમોન જે પીતર કહેવાય છે તેને તથા તેના ભાઈ આંદ્રયા-
ને સમુદ્રમાં જાળ નાખતા દીઠા, કેમકે તેઓ માછલાં પકડનારા હતા.
19 ત્યારે તે તેઓને કહે છે કે, મારી પાછળ આવો, ને હું તમને માણસોના
પકડનારા કરીશ. 20 અને તેઓ તરત જાળો મૂકીને તેની પાછળ ગયા.
21 અને તેણે ત્યાંથી આગળ જતાં બીજા બે ભાઈઓને, એટલે ઝબદીના
દીકરા યાકુબને તથા તેના ભાઈ યોહાનને, તેઓના બાપ ઝબદીની સા-
થે વહાણમાં પોતાની જાળો સાંધતા જોઈને તેઓને પણ તેડ્યા. 22 ત્યા-
રે તેઓ વહાણને તથા પોતાના બાપને તરત મુકીને તેની પાછળ ગયા.
23 અને ઈસુ તેઓના સભાસ્થાનોમાં ઉપદેશ કરતો, ને રાજ્યની સુવાર્ત્તા
પ્રગટ કરતો, ને લોકોમાં હરેક પ્રકારનો રોગ તથા દુઃખ મટાડતો, આખા
ગાલીલમાં ફર્યો. 24 ત્યારે આખા સુરીઆમાં તેની કીર્તિ ફેલાઈ ગઈ, ને
તેઓ સઘળાં માંદાઓને, એટલે અનેક જાતના રોગીઓને તથા પીડાતા-
ઓને તથા ભૂત વળગેલાઓને તથા ફેફરાંવાળાઓને તથા પક્ષઘાતી-
ઓને તેની પાસે લાવ્યા; ને તેણે તેઓને સાંજા કીધાં. 25 અને ગાલીલ-
થી તથા દકાપલીસથી તથા યરૂશાલેમથી તથા યહુદાહથી તથા યરદન-
ને પેલે પારથી લોકોનાં ટોળેટોળાં તેની પાછળ ગયાં.

5 ત્યારે ઘણા લોક જોઈને તે પહાડ પર ચઢી ગયો; ને તે બેઠા પછી
તેના શિષ્યો તેની પાસે આવ્યા. 2 અને તેણે પોતાનું મ્હો ઉઘાડી-
ને તેઓને ઉપદેશ કરતાં કહ્યું કે, 3 આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય
છે; કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે. 4 જેઓ શોક કરે છે તેઓને ધન્ય
છે; કેમકે તેઓ દિલાસો પામશે. 5 જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે; કેમકે
તેઓ પૃથ્વીનું વતન પામશે. 6 જેઓને ન્યાયીપણાનું ભૂખ તથા તરસ
છે તેઓને ધન્ય છે; કેમકે તેઓ ધરાશે. 7 દયાળુઓને ધન્ય છે; કેમકે
તેઓ દયા પામશે. 8 મનમાં જે શુદ્ધ તેઓને ધન્ય છે; કેમકે તેઓ દેવને
જોશે. 9 સલાહ કારાવનારાઓને ધન્ય છે; કેમકે તેઓ દેવના દીકરા કહે-
વાશે. 10 ન્યાયીપણાને લીધે જેઓની સતાવણી કરાઈ છે તેઓને ધન્ય
છે; કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે. 11 જયારે લોક તમારી નિંદા કરશે,
ને પુઠે લાગશે, ને મારે લીધે તમારી વિરુદ્ધ હરેક ભુંડી વાત અસત્યતા-
થી કહેશે, ત્યારે તમને ધન્ય છે. 12 તમે આનંદ કરો તથા ઘણા હર-
ખાઓ; કેમકે આકાશમાં તમારો બદલો મોટો છે; કેમકે તમારી અગાઉના
ભવિષ્યવાદીઓની પુઠે તેઓ એમજ લાગ્યા હતા. 13 તમે જગતનું મીઠું
છો; પણ જો મીઠું બેસ્વાદ થયું તો તે શાથી ખારું કરાશે? બહાર ફેંકાવા
તથા માણસોના પગ તળે છુંદાવા વગર તે ફરી બીજા કંઈ કામનું નથી.
14 તમે જગતનું અજવાળું છો. પહાડ પર વસાવેલું નગર સંતાઈ શકતું
નથી. 15 અને દીવો કરીને તેને માપ તળે નહિ, પણ દીવી પર મુકે છે,
ત્યારે ઘરમાંના બધાંને તે અજવાળું આપે છે. 16 તેમ તમે તમારું અજ-
વાળું લોકની આગળ એવું પ્રકાશવા દો કે, તેઓ તમારી રૂડી કરણીઓ
જુએ, ને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે. 17 નિયમશાસ્ત્ર અથ-
વા ભવિષ્યવાદીઓની વાતોનો નાશ કરવાને હું આવ્યો છું, એમ ન ધા-
રો; હું નાશ કરવા નહિ, પણ પૂર્ણ કરવા આવ્યો છું. 18 કેમકે હું તમને
ખચિત કહું છું કે, આકાશ તથા પૃથ્વી જતા રહે ત્યાં સુધી સઘળાં પુરા
થયા વગર નિયમશાસ્ત્રમાંથી એક કાનો અથવા માત્રા જતી રહેશે નહિ.
19 એ માટે આ સૌથી નાની આજ્ઞાઓમાંની એકને જો કોઈ તોડશે, ને
માણસોને એવું શિખવશે, તો તે આકાશના રાજ્યમાં સૌથી નાનો કહે-
વાશે; પણ જો કોઈ તે પાળશે ને શિખવશે તો તે આકાશના રાજ્યમાં
મોટો કહેવાશે. 20 કેમકે હું તમને કહું છું કે શાસ્ત્રીઓના તથા ફરોશીઓ-
ના ન્યાયીપણા કરતાં જો તમારું ન્યાયીપણું વધારે ન હોય, તો આકા-
શના રાજ્યમાં તમે નહિજ પેસશો. 21 હત્યા ના કર, ને જે કોઈ હત્યા કરે
તે અપરાધી ઠરવાના જોખમમાં આવશે, એમ પુરાતન કાળમાં લોકોને
કહેલું હતું, એ તમે સાંભળ્યું છે; 22 પણ હું તમને કહું છું કે, જે કોઈ પોતાના
ભાઈ પર અમથો ક્રોધ કરે છે, તે અપરાધી ઠરવાના જોખમમાં આવશે;
ને જે પોતાના ભાઈને પાજી કહેશે, તે ન્યાયસભાથી અપરાધી ઠરવાના
જોખમમાં આવશે; ને જે તેને કહેશે કે તું મૂર્ખ છે, તે અગ્નિની ગેહેન્નાના
જોખમમાં આવશે; 23 એ માટે જો તું તારું અર્પણ વેદી પાસે લાવે, ને
ત્યાં તને યાદ આવે કે મારા ભાઈને મારે વિરુદ્ધ કંઈ છે, 24 તો ત્યાં વેદી
આગળ તારું અર્પણ મૂકીને જા, પહેલાં તારા ભાઈ સાથે સલાહ કર,
ત્યાર પછી આવીને તારું અર્પણ ચઢાવ. 25 જ્યાં સુધી તું તારા વાદીની
જોડે માર્ગમાં છે, ત્યાં સુધી તેની સાથે વહેલો મળી જા; રખે કદી વાદી
તને ન્યાયાધીશને સોંપે, ને ન્યાયાધીશ તને સીપાઈને સોંપે, ને તું કેદ-
ખાનામાં નંખાય. 26 હું તને ખચિત કહું છું કે તું છેલ્લી દમડી ચુકવી
આપીશ, ત્યાં લગી તું ત્યાંથી બહાર નીકળનારજ નથી. 27 વ્યભિચાર ન
કર, એમ કહેલું હતું, એ તમે સાંભળ્યું છે; 28 પણ હું તમને કહું છું કે, બા-
યડી ઉપર કે કોઈ ખોટી નજર કરે છે, તેણે એટલામાં પોતાના મનમાં તે-
ની જોડે વ્યભિચાર કર્યો છે. 29 અને જો તારી જમણી આંખ તને ઠોકર
ખવડાવે, તો તેણે કાઢી નાખીને તારી પાસેથી ફેંકી દે, કેમકે તારા અવ-
યવમાંના એકનો નાશ થાય, ને તારું આખું શરીર નરકમાં ન નંખાય, એ
તને ગુણકારક છે. 30 અને જો તારો જમણો હાથ તને ઠોકર ખવડાવે, તો
તેણે કાપી નાખીને તારી પાસેથી ફેંકી દે, કેમકે તારા અવયવમાંના એક-
નો નાશ થાય, ને તારું આખું શરીર નરકમાં ન નંખાય, એ તને ગુણકા-

રક છે. 31 જે કોઇ પોતાની બાયડીને મુકી દે તે તેને ફારગતી લખી આપે,
એમ પણ કહ્યું હતું 32 પણ હું તમને કહું છું કે વ્યભિચાર કારણ વગર જે
કોઇ પોતાની બાયડીને મૂકી દે, તે તેની પાસે વ્યભિચાર કરાવે છે; ને જે
કોઇ તે મૂકી દીધેલીની જોડે લગ્ન કરેતે વ્યભિચાર કરે છે. 33 વળી, તું જુ-
ઠા સમ ન ખા, પણ પ્રભુ પાસે તારા સમ પુરા કર, એમ પુરાતન કાળમાં
લોકોને કહેલું હતું, એ તમે સાંભળ્યું છે. 34 પણ હું તમને કહું છું કે, કંઇજ
સમ ન ખાઓ; આકાશના નહિ, કેમકે તે દેવનું રાજ્યાસન છે; 35 અને
પૃથ્વીના નહિ, કેમકે તે તેનું પાયાસન છે; અને યરુશાલેમના નહિ, કેમ-
કે તે મોટા રાજાનું નગર છે. 36 અને તું તારા માથાના પણ સમ ન ખા, કે-
મકે તારાથી એક નીમાળો ધોળો અથવા કાળો નથી કરાતો. 37 પણ
તમારું બોલવું હાનું હા , ને નાનું ના હોય, કેમકે એ કરતાં અધિક જે છે
તે ભુંડાથી છે. 38 આંખોને બદલે આંખ, દાંતને બદલે દાંત, એમ કહેલું
હતું, એ તમે સાંભળ્યું છે. 39 પણ હું તમે કહું છું કે જે ભુંડો હોય તેની સા-
મા ન થાઓ, પણ જે કોઈ તારા જમણા ગાલ પર તમાચો મારે, તેની
ગમ બીજો પણ ફેરવ. 40 અને જે તારું બદન લેવા સારું તારા પર દાવો
કરે, તેને તારો અંગરખો પણ લેવા દે. 41 અને જો કોઇ જોરાવરીએ તને
એક ગાઉ લઇ જાય, તેની સાથે બે ગાઉ જા. 42 જે કો તારી પાસે માગે તે-
ને તું આપ, ને તારી કને જે ઉછીનું લેવા ચાહે છે, તેનાથી મ્હો ન ફેરવ.
43 તું તારા પડોસી પર પ્રીતિ કર, ને તારા વેરી ઉપર દ્વેષ કર, એમ કહેલું
હતું, એમ તમે સાંભળ્યું છે. 44 પણ હું તમને કહું છું કે તમે તમારા વે-
રીઓ પર પ્રીતિ કરો, જે તમને શાપ દે છે તેઓને આશીર્વાદ દો, જે
તમારો દ્વેષ કરે છે તેઓનું ભલું કરો, ને જે તમને સતાવે છે, ને તમારી
પુઠે લાગે છે તેઓને સારૂ પ્રાર્થના કરો; ; 45 એ માટે કે તમે આકાશમાંના
તમારા બાપના દીકરા થાઓ, કારણ કે તે પોતાના સુરજને ભુંડા તથા
ભલા પર ઉગાવે છે,ને ન્યાયી તથા અન્યાયી પર વરસાદ વરસાવે છે.
46 કેમકે જે તમારા પર પ્રીતિ કરે છે, તેઓ પર જો તમે પ્રીતિ કરો છો, તો
તમને શું ફળ છે? દાણીઓ પણ શું એમ નથી કરતાં? 47 અને જો તમે કે-
વળ તમારા ભાઇઓને સલામ કરો છો, તો તમે વિશેષ શું કરો છો? દા-
ણીઓ પણ શું એમ નથી કરતાં? 48 એ માટે જેવો તમારો આકાશમાંનો
બાપ સંપૂર્ણ છે તેવા તમે સંપૂર્ણ થશો.

6 માણસો જુએ એવા હેતુથી તેઓની આગળ તમારાં ધર્મકૃત્યો કર-
વાથી સાવધાન રહો, નહિ તો આકાશમાનાં તમારા બાપથી તમને
ફળ મળવાનું નથી. 2 એ માટે જયારે તું દાનધર્મ કરે, ત્યારે જેમ ઢોંગીઓ
સભાસ્થાનોમાં તથા રસ્તાઓમાં માણસોથી વખાણ પામવાને કરે છે,
તેમ તું પોતાની આગળ રણશિંગડું ન વગાડ; હું તમે ખચિત કહું છું કે
તેઓ પોતાનું ફળ પામે છે. 3 પણ તું જયારે દાનધર્મ કરે છે, ત્યારે જે તા-
રો જમણો હાથ કરે તે તારો ડાબો હાથ ન જાણે; 4 એ માટે કે તારાં દાન-
ધર્મ ગુપ્તમાં થાય; ને ગુપ્તમાં જોનાર બાપ પોતે પ્રગટમાં તને તેનો બદલો
આપશે. 5 અને જયારે તમે પ્રાર્થના કરો છો ત્યારે ઢોંગીઓના જેવા ન
થાઓ, કેમકે માણસો તેઓને જુએ, માટે તેઓ સભાસ્થાનોમાં તથા
રસ્તાઓનાં નાકાંઓ પર ઉભા રહેતાં પ્રાર્થના કરવા ચાહે છે; હું તમને
ખચિત કહું છું કે તેઓ પોતાનું ફળ પામ્યા છે. 6 પણ જયારે તું પ્રાર્થના
કરે છે, ત્યારે તારી ઓરડીમાં પેસ, ને તારું બારણું બંધ કરીને ગુપ્તમાંના
તારા બાપની પ્રાર્થના કર, ને ગુપ્તમાં જોનાર તારો બાપ તને પ્રગટમાં
બદલો આપશે. 7 અને તમે પ્રાર્થના કરતાં વિદેશીઓની પેઠે અમથો
લવારો ન કરો, કેમકે તેઓ ધારે છે કે અમારા ઘણા બોલવાથી અમારું
સાંભળવામાં આવશે. 8 એ માટે તમે તેઓના જેવા ન થાઓ; કેમકે જેની
તમને અગત્ય છે, તે તેની પાસે તમારા માગ્યા અગાઉ તમારો બાપ જા-
ણે છે. 9 માટે તમે આ રીતે પ્રાર્થના કરો; ઓ આકાશમાંના અમારા બાપ,
તારું નામ પવિત્ર મનાઓ; 10 તારું રાજ્ય આવો; જમ આકાશમાં તેમ
પૃથ્વી પર તારી ઈચ્છા પુરી થાઓ. 11 દિવસની અમારી રોટલી આજ
અમને આપ; 12 અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યા છે, તેમ તું
અમારા ઋણો અમને માફ કર; 13 અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ
ભુંડોથી અમારો છુટકો કર. [[ કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા
સર્વકાળ સુધી તારાં છે. આમેન]] 14 કેમકે જો તમે માણસોના અપરાધ
તેઓને માફ કરો, તો તમારો આકાશમાંનો બાપ તમને પણ માફ કરશે.
15 પણ જો તમે માણસોના અપરાધ તેઓને માફ નહિ કરો, તો તમારો
બાપ તમારા અપરાધ પણ માફ નહિ કરશે. 16 વળી જયારે તમે ઉપવાસ
કરો, ત્યારે ઢોંગીઓની પેઠે લેવાઇ ગએલા મ્હોના ન થાઓ, કેમકે લોકો-
ને ઉપવાસી દેખાવા સારૂ તેઓ પોતાનાં મ્હો કસાણાં કરે છે. હું તમને
ખચિત કહું છું કે તેઓ પોતાનું ફળ પામ્યા છે. 17 પણ તું ઉપવાસ કરે,
ત્યારે તારા માથા પર તેલ ચોપડ, ને તારું મ્હો ધો; 18 એ માટે કે તું મા-
ણસોને નહિ, પણ તારો બાપ જે ગુપ્તમાં છે તેને ઉપવાસી દેખાય, ને ગુ-
પ્તમાં જોનાર તારો બાપ તમને બદલો આપશે. 19 પૃથ્વી પર પોતાને સા-
રૂ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, ને જ્યાં ચોરો
ખાતર પાડીને ચોરે છે. 20 પણ તમે પોતાને સારૂ આકાશમાં દ્રવ્ય એકઠું
કરો, જ્યાં કીડા અથવા કાટ નાશ નથી કરતાં, ને જ્યાં ચોરો ખાતર પા-
ડીને ચોરતા નથી. 21 કેમકે જ્યાં તમારી દ્રવ્ય છે, ત્યાંજ તમારું ચિત્ત
પણ રહેશે. 22 શરીરનો દીવો આંખ છે, એ માટે જો તારી આંખ નિર્મળ
હોય, તો તારું આખું શરીર પ્રકાશે ભરેલું થશે. 23 પણ જો તારી આંખ
ભુંડી હોય, તો તારું આખું શરીર અંધકારે ભરેલું થશે; માટે તારામાં જે
અજવાળું છે, તે જો અંધકારરૂપ હોય, તો તે અંધકાર કેટલો મોટો! 24 કો-
ઇથી બે ધણીની ચાકરી કરાય નહિ, કેમકે તે એક પર દ્વેષ કરશે, ને બી-
જા પર પ્રીતિ કરશે; અથવા એકના પક્ષનો તે થશે, ને બીજાનો તિરસ્કાર
કરશે; દવની તથા દ્રવ્યની સેવા તમારાથી કરાય નહિ. 25 એ માટે હું
તમને કહું છું કે તમારા જીવને સારૂ ચિંતા ન કરો કે, અમે શું ખાઈશું
અથવા શું પીશું? અને તમારા શરીરને સારૂ ચિંતા ન કરો કે, અમે શું પહે-
રીશું? શું, જીવ ખોરાક કરતાં, ને શરીર લૂગડાં કરતાં, અધિક નથી?
26 આકાશના પક્ષીઓને જુઓ, તેઓ તો વાવતા નથી, ને કાપતા નથી,
ને વખારોમાં ભરતાં નથી, તોપણ તમારો આકાશમાંનો બાપ તેઓનું
પાળણ કરે છે; તો તેઓ કરતાં તમે અધિક નથી શું? 27 અને ચિંતા કર-
વાથી તમારામાંનો કોણ પોતાના કદને એક હાથભર વધારી શકે છે?
28 અને લૂગડાં સંબંધી તમે ચિંતા કેમ કરો છો? ખેતરનાં ફૂલઝાડોનો
વિચાર કરો કે, તેઓ કેવા વધે છે, તેઓ મહેનત કરતાં નથી, તેઓ કાંત-
તા પણ નથી; 29 તોપણ હું તમને કહું છું કે સુલેમાન પણ પોતાના સઘ-
ળા મહિમામાં તેઓમાંના એકના જેવો પહેરેલોન હતો. 30 એ માટે ખેતર-
નું ઘાસ જે આજ છે, ને કાલે ભઠ્ઠીમાં ફેંકાય છે, તેને દેવ જો એવું પહેરાવે
છે, તો, ઓ અલ્પવિશ્વાસીઓ, તમને શું વિશેષ નહિ પહેરાવશે? 31 માટે
મે શું ખાઇએ, અથવા શું પીએ, અથવા શું પહેરીએ, એમ કહેતાં ચિંતા
ના કરો. 32 કારણ કે એ સઘળાં વાનાં વિદેશીઓ શોધે છે; કેમકે તમારો
આકાશમાંનો બાપ જાણે છે કે બધાની તમને અગત્ય છે. 33 પણ તમે
પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, ને એ બધાં વાના
પણ તમને અપાશે. 34 તે માટે આવતી કાલને સારૂ ચિંતા ન કરો, કેમકે
આવતી કાલ પોતા [ની વાતો]ની ચિંતા કરશે; દહાડાને સારૂ તે દહાડા-
નું દુઃખ બસ છે.

7 તમે કોઇને દોષિત ન ઠરાવો, એ માટે કે તમને કોઈ દોષિત ન
ઠરાવે. 2 કેમકે જેમ તમે બજાને દોષિત ઠરાવશો તેમ તેઓ તમને
દોષિત ઠરાવશે; ને જે માપથી તમે માપી આપો છો, તેથીજ તમને માપી
આપશે. 3 અને તું તારી આંખમાંનો ભારોટીઓ ધ્યાનમાં ન લાવતાં, તા-
રા ભીની આંખમાંનું તણખલું કેમ જુએ છે? 4 અથવા તું તારા ભાઇને કેમ
કહેશે કે તારા આંખમાથી તણખલું મને કાઢવા દે, પણ જો, તારી પોતા-
ની આંખમાં ભારોટીઓ છે? 5 ઓ ઢોંગી, પહેલાં તું પોતાની આંખમાંથી
ભારોટીઓ કાઢ, અને ત્યાર પછી તારી ભાઈની આંખમાંથી તણખલું કા-
ઢવાને તને સારી પેઠે સુઝશે. 6 જે પવિત્ર તે કુતરાઓને ન નાખો, તમારાં
મોતી ભુંડોની આગળ ન ફેંકો; રખે કદાપિ તે પોતાના પગતળે છુંદે, ને
ફરીને તમને ફાડી નાખે. 7 માગો તો તમને અપાશે; શોધો, તો તમને
જડશે; ઠોકો, તો તમારે સારૂ ઉઘાડાશે. 8 કેમકે જજે હરેક માગે છે તે પા-
મે છે, ને જે શોધે છે તેને જડે છે, ને જે ઠોકે છે તેને સારૂ ઉઘાડવામાં
આવશે. 9 તમારામાં એવું કયું માણસ છે કે, જો તેનો દીકરો તેની પાસે
રોટલી માગે, તો તે તેને પત્થર આપશે? 10 અથવા જો માછલું માગે, તો
તે તેને સાપ આપશે? 11 તે માટે તમે ભુંડા છતાં, જો પોતાના છોકરાઓ-
ને સારા વાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાંની બાપની પાસે
જેઓ માગે છે તેઓને કેટલા વિશેષે કરીને સારા વાનાં આપશે? 12 માટે
જે જે તમે ચાહો છો કે બીજા માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને
કરો; કેમકે નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓ [ની વાતોનો સાર] એજ
છે. 13 તમે સાંકડે બારણે માંહે પેસો, કેમકે જે માર્ગ નાશમાં પહોંચાડે છે,

તે ચોડો છે, ને તેનું બારણું પહોળું છે, ને ઘણા તેથી પેસે છે. 14 કેમકે જે
માર્ગ જીવનમાં પહોંચાડે છે તે સાંકડો છે, ને તેનું બારણું સાંકડું છે, ને
જેઓને તે જડે છે તેઓ થોડા છે. 15 જુઠા ઉપદેશકો જેઓ ઘેટાને વેશે
તમારી પાસે આવે છે, પણ માંહે ફાડી ખાનારાં વરુ છે, તેઓ સંબંધી
તમે સાવધાન રહો. 16 તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો. શું લોકો
કાંટાના ઝાડ પરથી દ્રાક્ષ, અથવા ઉંટકટારી પરથી અંજીર તોડે છે?
17 તેમજ હરેક સારૂ ઝાડ ફળ આપે છે, ને ખરાબ ઝાડ નઠારાં ફળ આપે
છે. 18 સારૂ ઝાડ નઠારાં ફળ આપી શકતું નથી, ને ખરાબ ઝાડ સારા
ફળ આપી શકતું નથી. 19 હરેક ઝાડ જે સારૂ ફળ નથી આપતું તે કપાય
છે, ને અગ્નિમાં નંખાય છે. 20 તે માટે તેઓના ફળથી તમે તેઓને ઓળ-
ખશો. 21 જે મને પ્રભુ, પ્રભુ, કહે છે, તે સર્વ આકાશના રાજ્યમાં પેસશે
એવું નહિ, પણ જે મારા આકાશમાંના બાપની ઈચ્છા પ્રમાણે કરે છે [તે
પેસશે]. 22 તે દહાડે ઘણા અને કહેશે કે, પ્રભુ, પ્રભુ, શું અમે તારે નામે
ભવિષ્યવાદ કહ્યા નથી? અને તારે નામે ભૂતોને કાઢ્યા નથી? અને તારે
નામે ઘણા પરાક્રમી કામો કીધા નથી? 23 ત્યારે હું તેઓને સાફ કહીશ કે,
મેં તમને કદી પણ ઓળખ્યા નહિ; ઓ ભુંડું કરનારાઓ, તમે મારી પા-
સેથી દૂર જાઓ. 24 એ માટે જે કોઈ મારી આ વાતો સાંભળે છે, ને પાળે
છે, તેને એક ડાહ્યા માણસની ઉપમા અપાશે, કે જેણે પોતાનું ઘર ખડક
પર બાંધ્યું; 25 ને વરસાદ વરસ્યો, ને રેલ આવી, ને વાઝોડા થયાં, ને તે
ઘર પર સપાટા લાગ્યા; પણ તેનો પાયો ખડક પર નાખેલો હતો, માટે તે
પડ્યું નહિ. 26 અને જે કોઈ મારી આ વાતો સાંભળે છે, ને પાળતો નથી,
તેને એક મૂર્ખ માણસની ઉપમા અપાશે, કે જેણે પોતાનું ઘર રેતી પર
બાંધ્યું; 27 ને વરસાદ વરસ્યો, ને રેલ આવી, ને વાઝોડાં થયા, ને તે ઘર
પર સપાટા લાગ્યા, ને તે પડી ગયું; અને તેનો નાશ મોટો થયો. 28 અને
ઇસુએ એ વાતો પુરી કરી, ત્યારે એમ થયું કે, લોકો તેના ઉપદેશથી
અચરત થયા; 29 કેમકે શાસ્ત્રીઓની પેઠે નહિ, પણ જેને અધિકાર હોય
છે તેની પેઠે તે તેઓને ઉપદેશ કરતો.

8 અને પહાડ પરથી તે ઉતર્યો, ત્યારે અતિ ઘણા લોક તેની પાછળ
ગયા. 2 અને જુઓ, એક કોઢીઆએ આવીને તેને પગે લાગીને
કહ્યું કે, ઓ પ્રભુ, જો તું ચાહે તો મને શુદ્ધ કરી શકે છે. 3 ત્યારે તેણે હાથ
લાંબો કર્યો, ને તેને અડકીને કહ્યું, હું ચાહું છું, તું શુદ્ધ થા.અને તરત તે
પોતાના કોઢથી શુદ્ધ થયો. 4 પછી ઇસુ તેને કહે છે કે, જોજે, તું કોઇને
કહીશ મા, પણ જા, યાજકને પોતાને દેખાડ, ને તેઓને માટે સાક્ષી તરી-
કે, જે અર્પણ મુસાએ ઠરાવ્યું હતું તે ચઢાવ. 5 અને ઇસુ કાપરનાહુમમાં
પેઠો, ત્યારે એક જમાદારે તેની પાસે આવીને તેને વિનંતી કરતાં કહ્યું કે,
6 ઓ પ્રભુ, મારો ચાકર ઘરમાં પક્ષઘાતી પડેલો છે, ને તેને ભારે પીડા
થાય છે. 7 ત્યારે તે તેને કહે છે કે, હું આવીને તેને સાજો કરીશ. 8 અને
જમાદારે ઉત્તર દેતા કહ્યું કે, ઓ પ્રભુ, તું મારાં છાપરા તળે આવે એવો હું
યોગ્ય નથી; પણ તું કેવળ શબ્દ કહે, એટલે મારો ચાકર સાજો થશે.
9 કેમકે હું પણ પરાધીન માણસ છું, ને સિપાઈઓ મારે સ્વાધીન છે;
અને એકને હું કહું છું કે, જા, ને તે જાય છે; ને બીજાને, આવ, ને તે આવે
છે; ને મારા દાસને કે, એ કર, ને તે કરે છે. 10 ત્યારે ઇસુ તે સાંભળીને
અચરત થયો, ને પાછળ આવનારાઓને તેણે કહ્યું, હું તમને ખચિત કહું
છું કે, એટલો વિશ્વાસ મેં ઇસ્રાએલમાં પણ જોયો નથી. 11 અને હું તમને
કહું છું કે પૂર્વથી તથા પશ્ચિમથી ઘણા લોક આવશે, ને ઈબ્રાહીમની તથા
ઈસહાકની તથા યાકુબની સાથે આકાશના રાજ્યમાં બેસશે; 12 પણ રા-
જ્યના દીકરાઓ બહારના અંધારામાં નંખાશે, ત્યાં રડવું ને દાંત પીસવું
થશે. 13 અને ઇસુએ તે જમાદારને કહ્યું કે, જા, જેવો તે વિશ્વાસ કીધો તે-
વુંજ તને થાય. અને તેજ ઘડી તેનો ચાકર સાજો થયો. 14 અને ઇસુએ
પીતરના ઘરમાં આવીને તેની સાસુને તાવે માંદી પડેલી દીઠી. 15 અને તે
તેણીની હાથને અડકયો, એટલે તેણીનો તાવ જતો રહ્યો, ને તેણીએ
ઉઠીને તેની સેવા કીધી. 16 અને સાંજ પડી ત્યારે તેઓ ઘણા ભૂતવળ-
ગેલાઓને તેની પાસે લાવ્યા, ને તેણે શબ્દથી તે આત્માઓને બહાર
કાઢ્યા, ને સઘળાં માંદાઓને સાજા કર્યાં. 17 એ માટે કે યશાયાહ ભવિ-
ષ્યવાદીએ જે કહ્યું હતું તે પુરું થાય કે, તેણે પોતે આપણા મંદવાડ લી-
ધા, ને આપણા રોગ ભોગવ્યા. 18 અને ઇસુએ લોકોનો મોટો જથો પો-
તાની આસપાસ દીઠો, ત્યારે પેલે પાર જવાની આજ્ઞા કીધી. 19 અને
એક શાસ્ત્રીએ પાસે આવીને તેને કહ્યું કે, ઓ ઉપદેશક, જ્યાં કહીં તું
જઈશ ત્યાં હું તારી પાછળ આવીશ. 20 ત્યારે ઇસુ તેને કહે છે કે, લોકંડા-
ને દર હોય છે, ને આકાશના પક્ષીઓને માળા હોય છે; પણ માણસના
દીકરાને માથું તેકવાનો ઠામ નથી. 21 અને તેના શિષ્યોમાંથી બીજાએ
તેને કહ્યું કે, પ્રભુ, મને રજા આપ કે હું પહેલાં જઈને મારા બાપને દાટું.
22 પણ ઇસુએ તેને કહ્યું કે, તું મારી પાછળ આવ, ને મુએલાઓને પો-
તાના મુએલાઓને દાટવા દે. 23 અને હોડી પર તે ચઢ્યો ત્યારે તેના શિ-
ષ્યો તેની પાછળ ગયા. 24 અને જુઓ, સમુદ્રમાં એવું મોટું તોફાન થયું કે
હોડી મોજાંઓથી ઢંકાઈ ગઈ; પણ તે પોતે ઉંઘતો હતો. 25 ત્યારે તેઓએ
તેની પાસે આવીને તેને જગાડીને કહ્યું કે, ઓ પ્રભુ, અમને બચાવ, અમે
નાશ પામીએ છીએ. 26 અને તે તેઓને કહે છે, ઓ અલ્પવિશ્વાસીઓ,
તમે શા વાસ્તે ભયભીત થયા છો? પછી તેણે ઉઠીને પવનને તથા સમુ-
દ્રને ધમકાવ્યા; ને મહા શાંતિ થઈ. 27 ત્યારે તે માણસોએ અચરત થઈ-
ને કહ્યું કે, એ શી તરેહનું માણસ છે કે પવન તથા સમુદ્ર પણ એનું માને
છે! 28 અને પેલે પાર ગાડરેનોના દેશમાં તે પહોંચ્યો ત્યારે ભૂત વળગેલા
બે માણસ કબરોમાંથી નીકળતા તેને મળ્યા, તેઓ એવા બિહામણા
હતા કે તે માર્ગે કોઈથી જવાતું ન હતું. 29 અને જુઓ, તેઓએ બૂમ પાડ-
તાં કહ્યું કે, ઓ દેવના દીકરા, અમારે ને તારે શું છે? સમય અગાઉ તું
અમને પીડા દેવાને અહી આવ્યો છે શું? 30 હવે તેઓથી બહુ આઘું ઘણાં
ભુંડોનું એક ટોળું ચરતું હતું. 31 અને ભૂતોએ તેને વિનંતી કરતાં કહ્યું કે,
જો તું અમને કાઢે તો ભુંડોના ટોળામાં અમને મોકલ. 32 અને તેણે તે-
ઓને કહ્યું કે, જાઓ. પછી તેઓ નીકળીને ભુંડોમાં પેઠો; ને જુઓ, આખું
ટોળું કરાડા પરથી સમુદ્રમાં ધસી પડ્યું, ને પાણીમાં બુડી મુઉં. 33 ત્યારે
ચરાવનારા નાઠા, ને નગરમાં જઈને તેઓએ સઘળું કહી જણાવ્યું; ને
ભૂતવળગેલાઓને શું થયું તે પણ કહ્યું. 34 ત્યારે જુઓ, આખું નગર
ઈસુને મળવાને બહાર આવ્યું; ને તેને જોઈને તેઓએ તેને વિનંતી કીધી
કે, અમારી સીમોમાંથી જા.

9 ત્યારે હોડીમાં બેસીને તે પેલે પાર ગયો, ને પોતાના નગરમાં
આવ્યો. 2 અને જુઓ, ખાટલે પડેલા એક પક્ષઘાતીને લોક તેની
પાસે લાવ્યા, ને ઇસુએ તેઓનો વિશ્વાસ જોઈને પક્ષઘાતીને કહ્યું કે, દી-
કરા, હિમ્મત રાખ, તારાં પાપ તને માફ થયા છે. 3 ત્યારે જુઓ, શાસ્ત્રી-
ઓમાંના કેટલાએક પોતાના મનમાં કહ્યું કે, એ દુર્ભાષણ કરે છે. 4 ત્યારે
ઇસુએ તેઓના વિચાર જાણીને કહ્યું કે, તમે તમારા મનમાં શા માટે
ભુંડા વિચાર કરો છો? 5 કેમકે એ બેમાનું વધારે સહેલું કયું છે, એ કહેવું
કે તારાં પાપ તને માફ થયાં છે, અથવા એ કહેવું કે ઉઠીને ચાલ? 6 પણ
માણસના દીકરાને પૃથ્વી પર પાપોની માફી કરવાનો અધિકાર છે, એ
તમે જાણો માટે, (ત્યારે તે પક્ષઘાતી કહે છે કે) ઉઠ, તારો ખાટલો ઉંચ-
કીને તારે ઘેર ચાલ્યો જા. 7 અને તે ઉઠીને પોતાને ઘેર ગયો. 8 અને તે
જોઈને લોકો અચરત થયા, ને દેવે માણસોને એવો અધિકાર આપ્યો
માટે તેઓએ તેની સ્તુતિ કીધી. 9 અને ઇસુએ ત્યાંથી જતાં માત્થી નામે
એક માણસને દાણ લેવાની ચોકી પર બેઠેલો દીઠો; ને તેણે તેને કહ્યું
કે, તું મારી પાછળ આવ. ત્યારે તે ઉઠીને તેની પાછળ ગયો. 10 અને
એમ થયું કે, ઘરમાં તે જમવા બેઠો ત્યારે જુઓ, ઘણા દાણીઓ તથા
પાપીઓ આવીને ઇસુની તથા તેના શિષ્યોની સાથે બેઠા. 11 અને ફરો-
શીઓએ એ જોઈને તેના શિષ્યોને કહ્યું કે, તમારો ઉપદેશક દાણીઓની
તથા પાપીઓની સાથે કેમ ખાય છે? 12 અને તેણે એ સાંભળીને તેઓને
કહ્યું કે, જેઓ સાજા છે તેઓને વૈદની અગત્ય નથી, પણ જે માંદા તે-
ઓને છે. 13 પણ, યજ્ઞ કરતાં હું દયા ચાહું છું, એનો શો અર્થ છે, તે જઈને
શિખો; કેમકે હું ન્યાયીઓને નહિ, પણ પાપીઓને તેડવા આવ્યો છું.
14 ત્યારે યોહાનના શિષ્યો તેની પાસે આવીને કહે છે કે અમે તથા ફરો-
શીઓ ઘણીવાર ઉપવાસ કરીએ છીએ, પણ તારા શિષ્યો ઉપવાસ નથી
કરતાં, એનું કારણ શું? 15 ત્યારે ઇસુએ તેઓનને કહ્યું કે, જ્યાં સુધી વાર
જાનૈયાઓની સાથે છે, ત્યાં સુધી શું તેઓ શોક કરી શકે છે? પણ એવા
દહાડા આવશે કે વાર તેઓની પાસેથી લેવાશે, ત્યારે તેઓ ઉપવાસ
કરશે. 16 વળી કોરા લુંગડાનું થિંગડું જુના લુંગડામાં કોઈ નથી દેતું, કેમ-
કે તે થિંગડાથી તે લુગડું ખેંચાય છે, ને ફાટ વધતી પડે છે. 17 વળી નવો
દ્રાક્ષરસ જુની મસકોમાં કોઈ નથી ભરતું, જો ભરે તો મસકો ફાટી જાય
છે, ને દ્રાક્ષરસ વહી જાય છે, ને મસકોનો નાશ થાય છે; પણ નવો દ્રા-
ક્ષરસ નવી મસકોમાં ભરે છે, ને બેહુનું રક્ષણ થાય છે. 18 તે તેઓને આ

વાત કહેતો હતો, ત્યારે જુઓ, એક અધિકારી આવીને તેને પગે લાગીને
કહે છે કે, મારી દીકરી હવે તો મારી ગઇ હશે, અણ તું અઆવીને તારો
હાથ તેના પર મૂક એટલે તે જીવતી થશે. 19 ત્યારે ઈસુ ઉઠીને પોતાના
શિષ્યો સુદ્ધાં તેની પાચલ ગયો. 20 અને જુઓ, એક બાયડી બાર વરસ-
થી લોહીવા હતો, ને તેની પાછળ આવીને તેના લુંગડાની કોરને અડકી.
21 કેમકે તેણે પોતાના મનમાં કહ્યું કે, જો હું માત્ર એના લુગદાને અડકું
તો સાજી થઇ જઇશ. 22 ત્યારે ઇસુએ પાછો ફરીને તથા તેને જોઇને કહ્યું
કે, દીકરી, હિમ્મત રાખ, તારા વિશ્વાસે તને સાજી કીધી છે; ને તે બાયડી
તેજ ઘડીથી સાજી થઇ. 23 પછી ઇસુએ તે અધિકારીના ઘરમાં આવીને
વાંસળી વગાડનારાઓને તથા લોકને કલકલાટ કરતા દીઠા. 24 ત્યારે
તેણે કહ્યું કે, આઘા ખસો; કેમે છોડી મારી નથી ગઇ, પણ ઉંઘે છે. અને
તેઓએ તેને હસી કાઢ્યો. 25 અને લોકોને બહાર કાઢ્યા, ત્યારે તેણે માંહે
જઇને તેનો હાથ પકડ્યો; ને તે છોડી ઉઠી. 26 અને તે વાતની ચરચા તે
આખા દેશમાં ફેલાઇ ગઇ. 27 અને ઇસુ ત્યાંથી જતો હતો, ત્યારે બે
આંધળા તેની પાછળ જઇને બૂમ પાડતાં કહેતા કે, ઓ દાઉદના દીકરા,
અમારા પર દયા કર. 28 અને ઘરમાં તે ગયો, ત્યારે તે આંધળાઓ પાસે
આવ્યા, ને ઇસુ તેઓને કહે છે કે, હું એ કરી શકું છું એવો વિશ્વાસ તમે
કરો છો શું? તેઓ તેને કહે છે કે, હા પ્રભુ. 29 ત્યારે તે તેઓની આંખોને
અડકીને કહે છે કે, તમારા વિશ્વાસ પ્રમાણે તમને થાઓ. 30 અને તેઓ-
ની આંખો ઉઘડી ગઇ. પછી ઇસુ તેઓને સખત આજ્ઞા આપીને કહે છે
કે, જો જો, કોઇ જાણે નહિ. 31 પણ તેઓએ બહાર જઇને તે આખા દેશ-
માં તેની કીર્તિ ફેલાવી. 32 અને તેઓ બહાર ગયા ત્યારે જુઓ, ભૂત વળ-
ગેલા એક મુંગા માણસને તેની પાસે લાવ્યા. 33 અને ભૂત કાઢવામાં
આવ્યો ત્યારે તે મુંગો બોલ્યો, ને લોકોએ અચરત થઇને કહ્યું કે, ઇસ્રા-
એલમાં આવું કદી જોવામાં આવ્યું નથી. 34 પણ ફરોશીઓએ કહ્યું કે, તે
ભૂતોના સરદારથી ભૂતોને કાઢે છે. 35 અને ઇસુ તેઓનાં સભાસ્થાનોમાં
બોધ કરતો, ને રાજ્યની સુવાર્ત્તા પ્રગટ કરો, ને હરેક [પ્રકારનો] રોગ
તથા હરેક [પ્રકારની] બીમારી ટાળતો, સઘળાં નગરોમાં તથા ગામોમાં
ફરતો ગયો. 36 અને લોકોને જોઇને તેઓ પર તેને દયા આવી, કેમકે
તેઓ પાળક વગરનાં ઘેટાંના જેવા હેરાન તથા વેરાઈ ગએલા હતા.
37 ત્યારે તે પોતાના શિષ્યોને કહે છે કે, ફસલ પુષ્કળ છે ખરી, પણ
મજુરો થોડા છે. 38 એ માટે તમે ફસલના ઘણીને પ્રાર્થના કરો કે, તે પો-
તાની ફસાલને સારૂ મજુરો મોકલે.

10 પછી તેણે પોતાના બાર શિષ્યોને પાસે તેડીને અશુદ્ધ આત્મા-
ઓને કાઢવાનો, તથા હરેક તરેહનો મંદવાડ તથા હરેક જાતનો
રોગ ટાળવાનો અધિકાર તેઓને આપ્યો. 2 અને તે બાર પ્રેરિતનાં નામ
આ છે; પહેલો સીમોન જે પીતર કહેવાય છે તે, ને તેનો ભાઇ આંદ્રિયા;
ઝબદીનો દીકરો યાકુબ, તથા તેનો ભાઇ યોહાન; 3 ફિલિપ તથા બારથ-
લમુ; થોમા તથા માત્થી દાણી; આલફીનો દીકરો યાકુબ, તથા થાદી;
4 સીમોન કનાની, તથા યહુદા ઇસકારીઓત, જે તેને પરસ્વાધીન કર-
નાર પણ હતો. 5 ઇસુએ તે બારોને મોકલીને એવી આજ્ઞા અઆપી કે,
તમે વિદેશીઓને માર્ગે ન જાઓ ને સમારીઓના કોઇ નગરમાં ન પેસો;
6 પણ તે કરતાં ઇસ્રાએલના ઘરનાં ખોવાએલાં ઘેટાંની પાસે જાઓ.
7 અને તમે જતાં જતાં એમ પ્રસિદ્ધ કરો કે, આકાશનું રાજ્ય પાસે આવ્યું
છે. 8 માંદાઓને સાજા કરો, રક્તપિત્તીઓને શુદ્ધ કરો, મુએલાંઓને
ઉઠાડો, ભૂતોને કાઢો, તમે મફત પામ્યા, મફત આપો. 9 સોનું કે રૂપું કે
તાંબુ તમારા કમરબંધમાં ન રાખો. 10 મુસાફરીને સારૂ જોળણું અથવા બે
અંગરખા, અથવા જોડા, અથવા લાકડી પણ ન લો; કેમકે મજુર પોતા-
ના પોષણ યોગ્ય છે. 11 અને જે જે નગરમાં કે ગામમાં તમે જાઓ, તેમાં
યોગ્ય કોણ છે એની તપાસ કરો, ને ત્યાંથી નીકળતાં સુધી તેણે ત્યાંજ
રહો. 12 અને ઘરમાં જઇને તેનાંને સલામ કહો. 13 અને જો તે ઘર યોગ્ય
હોય તો તમારી કુશળતા તેના પર આવે, પણ જો તે યોગ્ય ન હોય તો
તમારી કુશળતા તમારા પર પાછી આવે. 14 અને જો કોઇ તમારો આવ-
કાર નહિ કરે, ને તમારી વાતો નહિ સાંભળે તો તે ઘરમાંથી અથવા તે
નગરમાંથી નીકળતાં તમે તમારા પગ પરથી ધૂળ ખંખેરો. 15 હું તમને
ખચિત કહું છું કે, ન્યાયકાળે સદોમ તથા ગમોરા દેશના હાલ તે નગરના
કરતાં સહેલ થશે. 16 જુઓ, વરૂઓમાં ઘેટાં સરખા હું તમને મોકલું છું;
માટે તમે સાપના જેવા હોશિયાર, તથા કબૂતરના જેવા સાલસ થાઓ.
17 અને તમે માણસોથી સાવધાન રહો; ક્કેમકે તેઓ તમને ન્યાયસભા-
માં સોંપશે, ને તેઓનાં સભાસ્થાનોમાં તમને કોરડા મારશે. 18 અને મારે
લીધે તમે હાકેમોની તથા રાજાઓની આગળ તેઓને તથા વિદેશીઓને
સાક્ષીને અર્થે લઇ જવાશો. 19 પણ જયારે તેઓ તમને પકડાવે ત્યારે
તમે ચિંતા ન કરો કે શી તરેહ અથવા શું બોલીએ.કેમકે શું બોલવું તે તેજ
ઘડી તમને અપાશે. 20 કેમકે જે બોલે છે તે તો તમે નથી, પણ તમારા
બાપનો જે આત્મા તે તમારામાં બોલે છે. 21 અને ભાઇ ભાઇને તથા
બાપ દીકરાને મરણને સારૂ સોંપશે, ને છોકરાં માબાપની સાથે ઉઠશે,
ને તેઓને મારી નંખાવશે. 22 અને મારા નામને સારૂ સહુ તમારો દ્વેષ
કરશે, પણ જે કોઇ અંત સુધી ટકશે તે તારણ પામશે. 23 અને જયારે
તેઓ એક નગરમાં તમારી પુઠે લાગે ત્યારે તમે બીજામાં નાસી જાઓ,
કેમકે હું તમને ખચિત કહું છું કે માણસનો દીકરો આવે ત્યાં સુધી ઇસ્રા-
એલનાં સઘળાં નગરોમાં તમે ફરી નહિ વળશો. 24 ચેલો ગુરૂ કરતાં મોટો
નથી, ને દાસ પોતાના શેઠ કરતાં મોટો નથી. 25 ચેલો પોતાના ગુરૂ સર-
ખો, ને દાસ પોતાના શેઠ સરખો હોય તો તેજ ઘણું છે. જો તેઓએ ઘર-
ના ધણીને બાલઝબુલ કહ્યા છે, તો તેના ઘરનાં લોકોને કેટલું વિશેષે
કરીને એમજ કહેશે? 26 તે માટે તેઓથી તમે બીહો મા, કેમકે ઉઘાડું નહિ
કરાશે એવું કંઈ ઢાંકેલું નથી, ને પ્રગટ નહિ થશે એવું કંઈ ગુપ્ત નથી. 27 હું
તમને અંધારામાં જે કહું છું તે તમે અજવાળામાં કહો, ને તમે કને જે
સાંભળો છો તે ધાબાઓ પરથી પ્રગટ કરો. 28 અને શરીરને જે મારી ના-
ખે છે, પણ આત્માને મારી શકતાં નથી, તેઓથી બીહો માં; પણ એ કર-
તાં આત્મા તથા શરીર એ બન્નેનો નાશ નરકમાં કરી શકે છે તેનાથી બી-
હો. 29 પૈસાની બે ચલ્લી વેચાતી નથી શું? તોપણ તમારા બાપ [ની
ઈચ્છા] વગર તેમાંથી એક ભોંય પર પડનાર નથી. 30 અને તમારા મા-
થાના નિમાળા પણ બધા ગણેલા છે. 31 તે માટે બીહો માં; ઘણી
ચલ્લીઓ કરતાં તમે મૂલ્યવાન છો. 32 માટે માણસોની આગળ જે કોઇ
મને કબુલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ કબુલ
કરીશ. 33 પણ માણસોની આગળ જે કોઇ મારો નકાર કરશે, તેનો નકાર
હું પણ મારા આકાશમાંના બાપની આગળ કરીશ. 34 પૃથ્વી પર શાંતિ
કરાવવાને હું આવ્યો છું એમ ન ધારો; શાંતિ નહિ, પણ તરવાર ચલાવ-
વાને હું આવ્યો છું. 35 કેમકે માણસને તેના બાપની સામો, તથા દીકરી-
ને તેની માંની સામી, તથા વહુને તેની સાસુની સામી ફેરવવાને હું
આવ્યો છું. 36 અને માણસના વૈરી તેના ઘરમાંનાજ થશે. 37 જે મારા કર-
તાં બાપ અથવા મા પર વત્તી પ્રીતિ કરે છે, તે મારે યોગ્ય નથી. 38 અને
જે પોતાનો વધસ્તંભ ઉંચકીને મારી પાછળ આવતો નથી તે મારે યોગ્ય
નથી; 39 જે પોતાનો જીવ બચાવે છે તે તેને ખોશે, ને મારે લીધે જે પો-
તાનો જીવ ખોય છે તે તેને બચાવશે. 40 જે તમારો આવકાર કરે છે તે
મારો આવકાર કરે છે, ને જે મારો આવકાર કરે છે તે મારા મોકલનારનો
આવકાર કરે છે. 41 ભવિષ્યવાદીને નામે ભવિષ્યવાદીનો આવકારે જે
કરે છે, તે ભવિષ્યવાદીનું ફળ પામશે; ને ન્યાયીને નામે ન્યાયીનો
આવકાર જે કરે છે તે ન્યાયીનું ફળ પામશે. 42 અને હું તમને ખચિત કહું
છું કે શિષ્યને નામે જે કોઇ આ નાનામાંના એકને માત્ર ટાઢા પાણીનું
પ્યાલું પીવાને આપશે તેનું ફળ તે નહિજ ખોશે.

11 અને ઇસુ પોતાના બાર શિષ્યોને આજ્ઞા આપી ચુક્યો ત્યારે
એમ થયું કે બોધ કરવાને તથા વાત પ્રગટ કરવાને ત્યાંથી તે-
ઓનાં નગરોમાં તે ગયો. 2 હવે યોહાને કેદખાનામાં ખ્રીસ્તનાં કામ
સંબંધી સાંભળીને પોતાના શિષ્યોને મોકલીને તેને પુછાવ્યું કે, 3 આવ-
નાર તે તુંજ છે, કે અમે બીજાની વાટ જોઇએ? 4 ત્યારે ઇસુએ ઉત્તર
આપતાં તેઓને કહ્યું કે, તમે જે જે સાંભળો છે ને જુઓ છો, તે જઇને
યોહાનને કહી દેખાડો કે, 5 આંધળા દેખતા થાય છે, ને પાંગળા ચાલતા
થાય છે, રક્તપીત્તિઓ શુદ્ધ કરાય છે, ને બહેરા સાંભળતા થાય છે, મુ-
એલા ઉઠાડાય છે, ને દરિદ્રીઓને સુવાર્ત્તા પ્રગટ કરાય છે. 6 અને જે કોઇ
મારા સંબંધી ઠોકર નહિ ખાશે તેણે ધન્ય છે. 7 અને તેઓ જતા હતા
ત્યારે ઇસુ યોહાન સંબંધી લોકોનને કહેવા લાગ્યો કે, તમે રાનમાં શું જો-
વા નિકળ્યા? શું પવનથી હાલતા બરૂને? 8 પણ તમે શું જોવા નીકળ્યા?
શું ઝીણાં લૂગડાં પહેરેલા માણસને? જુઓ, જે ઝીણાં લૂગડાં પહેરે છે
તેઓ રાજાઓના મહેલોમાં છે. 9 તો તમે શું જોવા નીકળ્યા? શું ભવિષ્ય-
વાદીને? હું તમને કહું છું કે, હા, ભવિષ્યવાદી કરતાં જે ઘણો વિશેષ તે-

ને. 10 જે સંબંધી એ લખ્યું છે કે, જો, હું મારા દૂતને તારા મ્હો આગળ મો-
કલું છું, જે તારી આગળ તારો માર્ગ સિદ્ધ કરશે, તે એજ છે. 11 હું તમને
ખચિત કહું છું કે, બાયડીઓથી જે જન્મ્યા છે, તેઓમાં યોહાન બાપ્તિ-
સ્મા કરનાર કરતાં કોઇ મોટો ઉત્પન્ન થયો નથી, તોપણ આકાશના રા-
જ્યમાં જે બહુ નાનો તે તેના કરતાં મોટો છે. 12 અને યોહાન બાપ્તિસ્મા
કરનારના વખતથી હજી સુધી આકાશના રાજ્ય પર બલાત્કાર થાય છે,
ને બલાત્કાર કરનારાઓ બલાત્કારથી તે લઇ લે છે. 13 કેમકે બધા
ભવિષ્યવાદીઓએ તથા નિયમશાસ્ત્રે યોહાન લગી ભવિષ્ય કહ્યાં છે.
14 અને જો તમે માનવા ચાહો તો એલીયાહ જે આવનાર છે તે એજ છે.
15 જેણે સાંભળવાને કાન છે તે સાંભળે. 16 પણ આ પેઢીને હું શાની
ઉપમા આપું? તે છોકરાંના જેવી છે, કે જેઓ ચૌટાઓમાં બેસીને પોતા-
ના સાથીઓને હાંક મારતા કહે છે કે, 17 અમે તમારી આગળ વાંસળી
વગાડી, પણ તમે નાચ્યા નહિ; અને શોક કીધો, પણ તમે રડ્યા નહિ.
18 કેમકે યોહાન ખાતો પીતો નથી આવ્યો, ને તેઓ કહે છે કે, તેને ભૂત
વળગ્યું છે. 19 માણસનો દીકરો ખાતો પીતો આવ્યો, ને તેઓ કહે છે કે,
જુઓ, ખાવરો ને દારૂબાજ માણસ, દાણીઓનો તથા પાપીઓનો મિત્ર,
પણ જ્ઞાન પોતાનાં કૃત્યોથી યથાર્થ ઠરે છે. 20 ત્યારે જે નગરોમાં તેનાં
બહુ પરાક્રમી કામો થયાં હતાં, તેઓએ પસ્તાવો નહિ કીધો, માટે તે
તેઓ ઉપર દોષ મૂકવા લાગ્યો કે, 21 ઓ ખોરાજીન, તને હાય! હાય! ઓ
બેથસાઇદા, તમે હાય! હાય! કેમકે જે પરાક્રમી કામ તમારામાં થયાં, તે
જો સૂર તથા સીદોનમાં થયા હોત, તો તેઓએ તાટ તથા રાખમાં ક્યાર-
નો પસ્તાવો કર્યો હોત. 22 વળી હું તમને કહું છું કે, ન્યાયકાળે સૂર તથા
સીદોનને તમારા કરતાં સહેલ પડશે. 23 અને, ઓ કાપરનાહુમ, તું
આકાશ સુધી ઉંચું કરાશે શું? તું પાતાળ સુધી નીચું ઉતરશે; કેમકે જે
પરાક્રમી કામો તારામાં થયાં તે જો સદોમમાં થયા હોત, તો તે આજ
લગી રહેત. 24 વળી હું તમને કહું હું કે, ન્યાયકાળે સદોમ દેશને તારા
કરતાં સહેલું પડશે. 25 તે વળી ઈસુએ કહ્યું કે, ઓ બાપ, આકાશ તથા
પૃથ્વીના પ્રભુ, હું તારી સ્તુતિ કરું છું, કેમકે જ્ઞાનીઓ તથા તર્કશાસ્ત્રી-
ઓથી તેં એ વાતો ગુપ્ત રાખી છે, ને બાળકો આગળ પ્રગટ કીધી છે.
26 હા, ઓ બાપ, કેમકે તને એવું સારૂ લાગ્યું. 27 મારા બાપે મને સઘળું
સોંપ્યું છે; ને બાપ વગર દીકરાને કોઇ જાણતો નથી, ને દીકરા વગર,
તથા જેણે દીકરા પ્રગટ કરવા ચાહે તે વગર, બાપને કોઇ જાણતો નથી.
28 ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી
પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. 29 મારી ઝુસરી પોતા પર લો,
ને મારી પાસે શિખો, કેમકે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે પોતા-
ના જીવમાં વિસામો પામશો. 30 કેમકે મારી ઝુંસરી સહેલ, ને મારો બોજો
હલકો છે.

12 તે વેળાએ ઈસુ વિશ્રામવારે દાણાનાં ખેતરમાં થઈને જતો હતો,
ને તેના શિષ્યોને ભૂખ લાગી, ને તેઓ કણસલાં તોડવા તથા
ખાવા લાગ્યા. 2 ત્યારે ફરોશીઓએ જોઇને તેને કહ્યું કે, જો, વિશ્રામવારે
જે કરવું ઉચિત નથી તે તારા શિષ્યો કરે છે.. 3 પણ તેણે તેઓને કહ્યું કે,
જયારે દાઉદ તથા તેના સાથીઓ ભુખ્યા હતા, ત્યારે તેણે જે કર્યું તે શું
તમે વાંચ્યું નથી? 4 કે તેણે દેવના ઘરમાં પેસીને અર્પેલી રોટલી, જે તેને
તથા તેના સાથીઓને ખાવા ઉચિત ન હતી, પણ એકલા યાજકોને
હતી, તે તેણે ખાધી. 5 અતવા શું નિયમશાસ્ત્રમાં તમે એ નથી વાંચ્યું કે,
વિશ્રામવારે મંદિરમાં યાજકો વિશ્રામવારને અપવિત્ર કર્યા છતાં પણ
નિર્દોષી છે? 6 પણ હું તમને કહું છું કે મંદિર કરતાં અહીં એક મોટો છે.
7 વળી યજ્ઞ કરતાં હું દયા ચાહું છું, એનો અર્થ જો તમે જાણત, તો નિર્દો-
ષીઓને દોષિત ન ઠરાવત. 8 કેમકે માણસનો દીકરો વિશ્રામવારનો પ્ર-
ભુ છે. 9 અને તે ત્યાંથી નીકળીને તેઓના સભાસ્થાનમાં આવ્યો.
10 અને જુઓ, ત્યાં એક માણસ હતો જેનો હાથ સુકાઇ ગએલા હતો;
અને તેઓએ ઈસુ પર બટ્ટો મુકવા સારૂ તેને પુછતાં કહ્યું કે, શું વિશ્રામ-
વારે સાજું કરવું ઉચિત છે? 11 ત્યારે તેણે તેઓને કહ્યું કે, તમારામાં એવું
કયું માણસ હશે કે, જેણે એક ઘેટું હોય, ને વિશ્રામવારે તે જો ખાડામાં
પડે તો તેને પકડીને બહાર ન કાઢશે? 12 તો માણસ ઘેટાં કરતાં કેટલું
ઉત્તમ છે? એ માટે વિશ્રામવારે સારૂ કરવું ઉચિત છે. 13 ત્યારે પેલા મા-
ણસને તે કહે છે કે, તારો હાથ લાંબો કર. અને તેણે લાંબો કીધો, અને
તે હાથ બીજાના જેવો સાજો થયો. 14 ત્યારે ફરોશીઓએ નીકળીને તેને
મારી નાખવાને માટે તેની વિરુદ્ધ મસલત કીધી. 15 પણ ઈસુ એ જાણી-
ને ત્યાંથી નીકળ્યો; ને ઘણા લોક તેની પાછળ ગયા; ને તેણે બધાને
સાજા કીધા 16 પણ તેઓ તેને પ્રગટ ન કરે માટે તેણે તેઓને સખત
આજ્ઞા આપી. 17 એ માટે કે યશાયાહ ભવિષ્યવાદીએ જે કહ્યું હતું તે પુરૂં
થાય કે, 18 જુઓ, મારો સેવક, જેને મેં પસંદ કીધો; મારો પ્રિય, જેનાં પર
મારો જીવ પ્રસન્ન છે; તે પર હું મારો આત્મા મુકીશ; ને તે વિદેશીઓને
ન્યાયકરણ પ્રગટ કરશે. 19 તે ઝઘડો નહિ કરશે, ને બૂમ નહિ પાડશે; ને
તેની વાણી રસ્તાઓમાં કોઇ નહિ સાંભળશે. 20 જ્યાં લગી ન્યાયકરણને
જયમાં પહોંચાડે ત્યાં લગી છૂંદેલું બરૂ તે ભાંગી નહિ નાખશે, ને ધુંઆતુ
સણ પણ તે નહિ હોલવશે. 21 અને વિદેશીઓ તેના નામ પર આશા રા-
ખશે. 22 ત્યારે ભૂત વળગેલા કોઇ આંધળા મુંગા માણસને તેની પાસે
લાવ્યા; ને તેણે તેને સાજો કીધો, એટલે જે આંધળો તથા મુંગો હતો તે
બોલવા ને જોવા લાગ્યો. 23 અને સઘળાં લોકોએ અચરત થઈનને કહ્યું
કે, શું એ દાઉદનો દીકરો નથી? 24 પણ ફરોશીઓએ ત સાંભળીને કહ્યું
કે, ભૂતોના સરદાર બાલઝબુલ [ની મદદ] વગર તે ભૂતોને કાઢતો નથી.
25 ત્યારે ઈસુએ તેઓનો વિચાર જાણીને તેઓને કહ્યું કે, પ્રત્યેક રાજ્ય
જેમાં ફૂટ પડે, તે તુટી પડે છે; ને પ્રત્યેક નગર અથવા ઘર જેમાં ફૂટ પડે
તે સ્થિર નહિ રહેશે. 26 અને જો શેતાન શેતાનને કાઢે તો તે પોતે પોતા-
ની સામે થયો, ત્યારે તેનું રાજ્ય શી રીતે સ્થિર રહેશે? 27 અને જો હું બા-
લઝબુલથી ભૂતોને કાઢું છું, તો તમારા દીકરા કોનાથી કાઢે છે? માટે
તેઓ તમારા ન્યાયાધીશ થશે. 28 પણ જો હું દેવના આત્માથી ભૂતોને
કાઢું છું, તો દેવનું રાજ્ય તમારી પાસે આવ્યું છે. 29 વળી બળવાનના
ઘરમાં જઈને પહેલાં બળવાનને બાંધ્યા વિના તેનો સામનો કોઈથી કેમ
લૂટાય? પણ તેને બાંધ્યા પછી તે તેનું ઘર લૂટી લેશે. 30 જે મારા પક્ષનો
નથી તે મારી વિરુદ્ધ છે, ને જે મારી સાથે સંગ્રહ નથી કરતો, તે વેરી ના-
ખે છે. 31 એ માટે હું તમને કહું છું કે, હરેક પાપ તથા દુર્ભાષણ માણસોને
માફ કરશે; પણ પવિત્ર આત્મા વિરુદ્ધ જે દુર્ભાષણ તે માણસને માફ
નહિ કરાશે. 32 અને માણસના દીકરા વિરુદ્ધ જે કોઇ કંઇ કહેશે, તે તેને
માફ કરાશે; પણ પવિત્ર આત્મા વિરુદ્ધ જે કોઇ કંઈ કહેશે, તે તેણે માફ
નહિ કરાશે; આ યુગમાં પણ નહિ, ને આવનાર યુગમાં પણ નહિ.
33 ઝાડ સારૂં અને તેનું ફળ સારૂં કરો, અથવા ઝાડ નઠારૂં ને તેનું ફળ
પણ નઠારૂં કરૂ; કેમકે ઝાડ ફળથી ઓળખાય છે. 34 ઓ સર્પોના વંશ,
તમે ભુંડા છતાં સારી વાતો શી રીતે કહી શકો? કેમકે મનના ભરપુરપ-
ણામાંથી મ્હો બોલે છે. 35 સાર માણસ મનના સારા ભંડારમાંથી સારૂં
કાઢે છે, ને નઠારૂં માણસ નઠારા ભંડારમાંથી નઠારૂં કાઢે છે. 36 વળી હું
તમને કહું છું કે, જે હરેક નકામી વાત માણસો બોલશે, તે સંબંધી ન્યા-
યકાળે તેઓને જવાબ આપવો પડશે. 37 કેમકે તારી વાતોથી તું ન્યાયી
ઠરાવાશે; અને તારી વાતોથી અન્યાયી ઠરાવાશે. 38 ત્યારે કેટલાએક
શાસ્ત્રીઓએ તથા ફરોશીઓએ ઉત્તર આપતાં કહ્યું કે, ઓ ઉપદેશક,
અમે તારી પાસેથી કંઈ નિશાણી જોવા ચાહીએ છીએ. 39 પણ તેણે
ઉત્તર દેતા તેઓને કહ્યું કે, દુષ્ટ તથા વ્યભિચારી પેઢી નિશાણી માગે
છે, પણ યુના ભવિષ્યવાદીની નિશાણી શિવાય કોઇ નિશાણી તેને
નહિ અપાશે. 40 કેમકે જેમ યુના ત્રણ રાત દહાડા મોટા માછલાના પેટ-
માં હતો, તેમ માણસનો દીકરો પણ ત્રણ રાત દહાડા પૃથ્વીના પેટમાં
રહેશે. 41 નીનવેહનાં માણસ ન્યાયકાળે આ પેઢી સાથે ઉઠી ઉભાં રહેશે,
ને તેને અપરાધી ઠરાવશે; કેમકે યૂનાનો ઉપદેશ સાંભળીને તેઓએ
પસ્તાવો કર્યો, પણ જુઓ, યૂના કરતાં અહીં એક મોટો છે. 42 દક્ષિણની
રાણી આ પેઢીના સાથે ન્યાયકાળે ઉઠશે, ને એને અપરાધી ઠરાવશે; કે-
મકે પૃથ્વીને છેડેથી સુલેમાનનું જ્ઞાન સાંભળવાને તે આવી; પણ જુઓ,
સુલેમાન કરતાં અહીં એક મોટો છે. 43 જયારે અશુદ્ધ આત્મા માણસ-
માંથી નીકળે છે ત્યારે તે ઉજડ જગ્યામાં વિસામો શોધતો ફરે છે, પણ
નથી પામતો. 44 ત્યારે તે કહે છે કે, મારા જે ઘરમાંથી હું નીકળ્યો તેમાંજ
હું પાછો જઈશ; ને જયારે તે આવે છે ત્યારે તે તેને ખાલી તથા વાળેલું
તથા શોભાયમાન જુએ છે. 45 પછી તે જઈને પોતા કરતાં ભુંડા બીજા
સાત આત્માઓને પોતાની સાથે લાવે છે, ને તેઓ તેમાં પેસીને ત્યાં રહે
છે, ત્યારે તે માણસની છેલ્લી અવસ્થા પહેલાના કરતાં ભુંડી થાય છે.
તેમ આ દુષ્ટ પેઢીને પણ થશે. 46 તે લોકોને હજુ વાત સંભળાવતો હતો
એટલામાં જુઓ, તેની માં તથા તેના ભાઇ બહાર ઉભાં હતાં, ને તેની

સાથે વાત કરવા ચહાતા હતાં. 47 ત્યારે કોઇએ તેને કહ્યું કે, જો, તારી મા
ને તારા ભાઇ બહાર ઉભાં છે ને તેઓ તારી સાથે વાત કરવા ચાહે છે.
48 પણ પેલા કહેનારને તેણે ઉત્તર દેતા કહ્યું કે, મારી મા કોણ છે? ને
મારા ભાઇઓ કોણ છે? 49 અને તેણે પોતાના શિષ્યોની તરફ પોતાનો
હાથ લાંબો કરીને કહ્યું કે, જુઓ મારી મા, ને મારા ભાઇઓ. 50 કેમકે મા-
રા આકાશમાંના બાપની ઈચ્છા પ્રમાણે જ કોઇ કરે છે, તેજ મારો ભાઇ
તથા બહેન તથા માં છે.

13 તેજ દહાડે ઇસુ ઘરમાંથી નીકળીને સમુદ્રને કિનારે બેઠો. 2 અને
અતિ ઘણા લોક તેની પાસે એકઠા થયા, માટે હોડી પર તે ચઢી
બેઠો; ને સઘળાં લોક કિનારે ઉભા રહ્યા. 3 અને દૃષ્ટાંતોમાં તેણે તેઓને
ઘણી વાતો કહી કે, જુઓ, વાવનાર વાવવાને બહાર ગયો. 4 અને તે વા-
વતો હતો ત્યારે કેટલાએક [બી] રસ્તાની કોરે પડ્યાં; ને પક્ષીઓ આવી-
ને તે ખાઇ ગયાં. 5 અને કેટલાંએક પત્થરવાળી ભોંય પર પડ્યાં, જ્યાં
ઘણી માટી ન હતી, ને તેને માટીનું ઉંડાણ ન હતું માટે વહેલાં ઉગી ની-
કળ્યાં. 6 પણ જયારે સુરજ ઉગ્યો ત્યારે તે ચીમળાઇ ગયાં, ને તેણે જડ
ન હતી માટે સુકાઇ ગયાં. 7 અને કેટલાંએક કાંટાના જાળામાં પડ્યા; ને
કાંટાના જાળાંએ વાળીને તેને દાબી નાખ્યાં. 8 અને બીજા સારી ભોંય
પર પડ્યાં ને તેઓએ ફળ આપ્યાં, કેટલાંકે સોગણાં, ને કેટલાંકે સાઠગ-
ણાં, ને કેટલાંએક ત્રીસગણાં 9 જેણે સાંભળવાને કાન છે તે સાંભળે.
10 પછી શિષ્યોએ પાસે આવીને તેને કહ્યું કે, તું તેઓને દૃષ્ટાંતોમાં શા
માટે બોલે છે? 11 ત્યારે તેણે ઉત્તર દેતાં તેઓને કહ્યું કે, આકાશના રા-
જ્યના મર્મો જાણવાનું તમને આપેલું છે, પણ તેઓને નથી આપેલું.
12 કેમકે જેની પાસે છે તેને અપાશે, ને તેની પાસે પુષ્કળ થશે; પણ જે-
ની પાસે નથી તેની પાસે જે છે, તે પણ તેની પાસેથી લઇ લેવાશે. 13 એ
માટે હું તેઓને દૃષ્ટાંતોમાં બોલું છું; કેમકે જોતાં તેઓ જોતાં નથી, નને
સાંભળતા તેઓ સાંભળતા નથી, ને સમજતા પણ નથી; 14 ને યશાયા-
હની ભવિષ્યવાત તેઓ સંબંધી પુરી થઇ, જે કહે છે કે, તમે સાંભળતાં
સાંભળશો, પણ સમજશો નહિ; ને જોતાં જોશો, પણ તમને સુઝશે નહિ.
15 કેમકે એ લોકોનાં મન જડ થઇ ગયાં છે, ને તેઓના કાન બહેર મારી
ગયા છે, ને તેઓએ પોતાની આંખો મીચેલી છે, રખે કદાપિ તેઓને
આંખે સુઝે, ને તેઓ કાને સાંભળે, ને મનથી સમજે, ને ફરે, ને હું તેઓને
સાજા કરું. 16 પણ તમારી આંખોને ધન્ય છે, કેમકે તેઓ જુએ છે; અને
તમારા કાનોને [ધન્ય છે], કેમકે તેઓ સાંભળે છે. 17 કારણ કે હું તમને
ખચિત કહું છું કે, જે જે તમે જુઓ છો તે તે ઘણા ભવિષ્યવાદીઓએ
તથા ન્યાયીઓએ જોવા ચાહ્યાં, પણ જોયાં નહિ; ને જે જે તમે સાંભળો
છો તે સાંભળવા ચાહ્યાં પણ સાંભળ્યા નહિ. 18 હવે વાવનારનું દૃષ્ટાંત
સાંભળો. 19 જયારે રાજ્યનું વચન કોઇ સાંભળે છે, ને નથી સમજતો,
ત્યારે શેતાન આવે છે, ને તેના મનમાં જે વાવેલું તે છીનવી લઇ જાય છે;
રસ્તાની કોરે જે બી વાવેલું તે એજ છે. 20 અને પત્થરવાળી ભોંય પર જે
બી વાવેલું તે એ છે કે, વચન સાંભળીને તરત હર્ષથી તેને માંની લે છે.
21 તોપણ તેના પોતામાં જડ નથી; માટે થોડીજ વાર તકે છે, અને જયારે
વચનને લીધે વિપત્તિ અથવા સતાવણી આવે છે, ત્યારે તરત તે ઠોકર
ખાય છે. 22 અને કાંટાનાં જાળામાં જે બી વાવેલું તે એ છે કે, વચન
સાંભળે છે, પણ આ જગતની ચિંતા તથા દ્રવ્યની માયા વચનને દાબી
નાખે છે, ને તે નિષ્ફળ થઇ જાય છે. 23 અને સારી ભોંય પર જે બી વાવે-
લું તે એ છે કે, વચન સાંભળે છે, ને સમજે છે, ને તેને નિશ્ચે ફળ લાગે છે,
એટલે કોઇને સોગણાં, કોઇને સાઠગણાં, ને કોઇને ત્રીસગણાં લાગે છે.
24 તેણે તેઓની આગળ બીજું દૃષ્ટાંત પ્રગટ કરતાં કહ્યું કે, આકાશનું રા-
જ્ય એક માણસના જેવું છે કે જેણે પોતાના ખેતરમાં સારૂ બી વાવ્યું.
25 પણ માણસો ઊંઘતા હતા ત્યારે તેના વૈરીઓ આવીને ઘઉંમાં કડવા
દાણા વાવ્યા, ને ચાલ્યો ગયો. 26 પણ જયારે છોડવા ઉગ્યા, ને ઉંબીઓ
આવી ત્યારે કડવા દાણા પણ દેખાયા. 27 ત્યારે તે ઘરધણીના ચાકરોએ
પાસે આવીને તેને કહ્યું કે, સાહેબ, તે શું તારા ખેતરમાં સારું બી વાવ્યું
નહોતું, તો તેમાં કડવા દાણા ક્યાંથી આવ્યા? 28 અને તેણે તેઓને કહ્યું
કે, કોઇ વૈરીએ એ કર્યું છે; ત્યારે ચાકરોએ તેને કહ્યું કે, તારી મરજી હોય
તો અમે જઇને તેને એકઠા કરીએ. 29 પણ તેણે કહ્યું, ના, રખેને તમે
કડવા દાણા એકઠાં કરતાં ઘઉંને પણ તેની સાથે ઉખેડો. 30 કાપણી સુ-
ધી બેહુને સાથે વધવા ડો. અને કાપણીની મોસમમાં હું કાપનારાઓને
કહીશ કે, તમે પહેલાં કડવા દાણાને એકઠા કરો, ને બાળવા સારૂ તેના
ભારા બાંધો, પણ ઘઉં મારી વખારમાં ભરો. 31 તેણે તેઓની આગળ
બીજું દૃષ્ટાંત પ્રગટ કરતાં કહ્યું કે, આકાશનું રાજ્ય રાઈના બી જેવું છે,
જેને એક જણે લઇને પોતાના ખેતરમાં વાવ્યું. 32 તે સઘળાં બી કરતાં
નાનું છે, પણ વધ્યા પછી છોડવા કરતાં તે મોટું થાય છે, ને એવું ઝાડ
પણ થાય છે કે આકાશનાં પક્ષીઓ આવીને તેની ડાળીઓ પર વાસો
કરે છે. 33 તેણે તેઓને બીજું દૃષ્ટાંત કહ્યું કે, આકાશનું રાજ્ય ખમીર જેવું
છે, જેને એક બાયડીએ લઇને લોટના ત્રણ માપમાં મેળવી દીધું, જ્યાં
સુધી તે બધું ખમીરવાળું થઇ ગયું. 34 એ બધી વાતો ઇસુએ લોકોને દ-
ષ્ટાંતોમાં કહી; ને દૃષ્ટાંત વગર તેણે તેઓને કંઇ કહ્યું નહિ; 35 એ માટે કે
ભવિષ્યવાદીએ જે કહ્યું હતું તે પુરું થાય કે, હું મારું મ્હો દૃષ્ટાંતોથી
ઉઘાડીશ, ને જગતનો પાયો નાખ્યાના વખતથી જે છાનાં રખાયાં છે તે
હું પ્રગટ કરીશ. 36 ત્યારે લોકોને મુકીને તે ઘરમાં ગયો; પછી તેના શિ-
ષ્યોએ તેની પાસે આવીને કહ્યું કે, ખેતરનાં કડવા દાણાના દૃષ્ટાંતનો
અર્થ અમને કહે. 37 ત્યારે તેણે ઉત્તર આપતાં તેઓને કહ્યું કે, સારૂ બી જે
વાવે છે તે માણસનો દીકરો છે; 38 ને ખેતર જગત છે; ને સારાં બી રા-
જ્યના છૈઆં છે; પણ કડવા દાણા શેતાનનાં છૈઆં છે; 39 એ જે વૈરીએ
તેને વાવ્યાં તે શેતાન છે; ને કાપણી જગતનો અંત છે; એ કાપનારા દૂતો
છે. 40 એ માટે જેમ કડવા દાણા એકઠા કરાય છે, અને અગ્નિમાં બાળી
નંખાય છે, તેમ આ જગતને અંતે થશે.. 41 માણસનો દીકરો પોતાના દૂ-
તોને મોકલશે, ને ઠોકર ખવડાવનારી બધી વસ્તુઓને તથા ભુંડું કરના-
રાંઓને તેના રાજ્યમાંથી તેઓ એકઠાં કરશે. 42 અને તેઓને બળતી
ભઠ્ઠીમાં નાખી દેશે, ત્યાં રડવું તે દાંત પીશ્વું થશે. 43 ત્યારે ન્યાયીઓ
પોતાના બાપના રાજ્યમાં સુરજની પેઠે પ્રકાશશે. જેને સાંભળવાને કાન
છે તે સાંભળે. 44 વળી આકાશનું રાજ્ય ખેતરમાં સંતાડેલા દરવ જેવું છે,
જે એક માણસને જડ્યું, પછી તેણે તે છાનું રાખ્યું, ને તેના હર્ષને લીધે
જઇને પોતાનું સર્વ વેચી નાખીને તે ખેતર વેચાતું લીધું. 45 વળી આકા-
શનું રાજ્ય સારા મોટી શોધનાર કોઇએક વેપારીના જેવું છે; 46 જેને ઘણા
મૂલ્યવાન મોતીથી શોધ લાગવાથી તેણે જઇને પોતાનું સર્વ વેચી ના-
ખીને તે વેચાતું લીધું. 47 વળી આકાશનું રાજ્ય જાળના જેવું છે, જેને લો-
કે સમુદ્રમાં નાખી, ને હરેક જાતનું તેના સમેટાયું. 48 અને જયારે તે
ભરાઇ ગઇ ત્યારે તેઓ તેને કિનારે ખેંચી લાવ્યા, ને બેસીને જે સારૂ હતું
તે વાસણોમાં એકઠું કીધું, પણ નઠારું ફેંકી દીધું. 49 એમજ જગતને
અંતે થશે. દૂતો આવીને ન્યાયીઓમાંથી ભુંડાઓને જુદા પાડશે; 50 અને
તેઓને બળતી ભઠ્ઠીમાં ફેંકી દેશે; ત્યાં રડવું ને દાંત પીસવું થશે. 51 શું
તમે એ બધી વાતો સમજ્યા? તેઓ તેને કહે છે કે, હા. 52 ત્યારે તેણે તે-
ઓને કહ્યું કે, જે હરેક શાસ્ત્રી આકાશના રાજ્યનો શિષ્ય થયો છે તે એક
ઘરધણી જે પોતાના ભંડારમાંથી નવી તથા જુની વસ્તુઓ કાઢે છે તેના
જેવો છે. 53 અને એમ થયું કે ઇસુ એ દૃષ્ટાંતો કહી રહ્યો, ત્યારે તે ત્યાંથી
ચાલ્યો ગયો. 54 અને પોતાના દેશમાં આવીને તેણે તેઓના સભાસ્થા-
નમાં તેઓને એવો બોધ કીધો કે, તેઓ અચરત થઇને બોલ્યા કે, અ
માણસની પાસે આ જ્ઞાન તથા આ પરાક્રમી કામો ક્યાંથી? 55 શું એ સુ-
તારનો દીકરો નથી? એની માનું નામ મરિયમ નથી શું? અને શું યાકુબ
તથા યોસી તથા સીમોન તથા યહુદા તેના ભાઇ નથી? 56 ને એની બહે-
નો શું તેઓ સઘળી આપણી પાસે નથી? તો આ માણસની પાસે આ
બધું ક્યાંથી? 57 અને તેઓએ તેના સંબંધી ઠોકર ખાધી. પણ ઇસુએ તે-
ઓને કહ્યું કે, ભવિષ્યવાદી પોતાના દેશ તથા પોતાના ઘર શિવાય
[બીજે ઠેકાણે] માન વગરનો નથી. 58 અને તેઓના અવિશ્વાસને લીધે
તેણે ત્યાં ઘણાં પરાક્રમી કામ ન કીધાં.

14 તે વેળા હેરોદ રાજાએ ઈસુની કીર્તિ સાંભળી. 2 અને તેણે પો-
તાના ચાકરોને કહ્યું કે, આ તો યોહાન બાપ્તિસ્મા કરનાર છે, તે
મુએલાંમાંથી ઉઠ્યો છે, એ માટે એવાં પરાક્રમી કામો તેનાથી બને છે.
3 કેમકે હેરોદ પોતાના ભાઇ ફિલિપની વહુ હેરોદિયાસને લીધે યોહાનને
પકડ્યો હતો, ને તેને બાંધીને કેદખાનામાં નાખ્યો હતો. 4 કેમકે યોહાને
તેને કહ્યું હતું કે, તેને તારે રાખવી ઉચિત નથી. 5 અને તે તેને મારી ના-
ખવા ચહાતો હતો, પણ લોકોથી તે બીધો, કેમકે તેઓ તેને ભવિષ્યવા-
દી ગણતા હતા. 6 પણ હેરોદની વરસગાંઠ આવી, ત્યારે હેરોદિયાસની
દીકરીએ તેઓની આગળ નાચીને હેરોદને ખુશ કીધો. 7 ત્યારે તેણે સમ

ખાઈને વચન આપ્યું કે, જે કંઈ તું માગે તે હું તને આપીશ. 8 ત્યારે તેની
માના શિખવ્યા પ્રમાણે તે બોલી કે, યોહાન બાપ્તિસ્મા કરનારનું માથું
મને કથરોટમાં આપ. 9 અને રાજા દલગીર થયો, તોપણ પોતે સમ ખા-
ધા હતા તેને લીધે તથા તેની સાથે ખાવા બેઠેલાઓને લીધે, તેણે તે
આપવાનો હુકમ કીધો. 10 અને તેણે [માણસોને] મોકલીને યોહાનનું
માથું કેદખાનામાં કપાવ્યું. 11 પછી તેનું માથું કથરોટમાં આણીને છોક-
રીને આપ્યું, ને તે પોતાની માની પાસે લઈ ગઈ. 12 ત્યારે તેના શિષ્યોએ
પાસે આવીને તેનું મુડદું ઉઠાવી લઈને દાટ્યું, ને જઈને ઈસુને ખબર
આપી. 13 ત્યારે ઈસુ એ સાંભળીને ત્યાંથી હોડીએ ઉજડ ઠેકાણે એકાંત
ગયો, ને લોકો તે સાંભળીને નગરોમાંથી પગરસ્તે તેની પાછળ ગયા.
14 અને તેણે નીકળીને ઘણા લોકોને દીઠા, ત્યારે તેઓ પર તેને દયા
આવી; અને તેણે તેઓમાંનાં માંદાઓને સાજાં કીધાં. 15 અને સાંજ પડી
ત્યારે તેના શિષ્યો તેની પાસે આવીને કહે છે કે, આ ઠેકાણું ઉજડ છે, ને
હવે વખત થઈ ગયો છે, માટે લોકોને વિદાય કર કે તેઓ ગામોમાં જઈને
પોતાને સારૂ ખાવાનું વેચાતું લે. 16 પણ ઈસુએ તેઓને કહ્યું કે, તેઓને
જવાની જરૂર નથી, તમે તેઓને ખાવાનું આપો. 17 અને એઓએ તેને
કહ્યું કે, અહીં અમારી પાસે માત્ર પાંચ રોટલી ને બે માછલી છે. 18 ત્યારે
તેણે કહ્યું કે, તે અહીં મારી પાસે લાવો. 19 પછી તેણે લોકોને ઘાસ પર
બેસવાની આજ્ઞા આપી, ને તે પાંચ રોટલી તથા બે માછલી લઈ
આકાશ તરફ જોઈને આશીર્વાદ માગ્યો, ને રોટલી ભાંગીને શિષ્યોને
આપી, ને શિષ્યોએ લોકોને [આપી]. 20 અને તેઓ સઘળાં ખાઈને ધરા-
યાં; પછી છાંડેલા કકડાઓની બાર ટોપલી ભરેલી તેઓએ ઉઠાવી.
21 અને જેઓએ ખાધું તેઓ બાયડી છોકરાં ઉપરાંત આસરે પાંચ હજાર
પુરુષ હતા. 22 અને તરત તેણે શિષ્યોને હઠેઠ કરીને હોડીમાં બેસાડ્યા,
ને પોતે લોકોને વિદાય કરે એટલામાં પોતાની આગળ તેઓને પેલે પાર
મોકલ્યા. 23 અને લોકોને વિદાય કર્યા પછી, તે પ્રાર્થના કરવાને પહાડ
પર એકાંતે ગયો, ને સાંજ પડી ત્યારે તે ત્યાં એકલો હતો. 24 પણ તે વે-
ળા હોડી સમુદ્ર મધ્યે મોજાંઓથી ડામાડોળ થતી હતી, કેમકે વા સામો
હતો. 25 અને રાતના ચોથે પોહોરે તે સમુદ્ર પપર ચાલતો તેઓની પાસે
આવ્યો. 26 અને શિષ્યોએ તેને સમુદ્ર પર ચાલતો દીઠો, ત્યારે તેઓએ
ગાભરા થઈને કહ્યું, એ તો કોઈ ભૂત છે, ને બીકથી બૂમ પાડી. 27 પણ
તરત ઈસુએ તેઓને કહ્યું કે, હિમ્મત રાખો, એ તો હું છું, બીહો મા.
28 ત્યારે પીતરે તેને ઉત્તર દેતાં કહ્યું કે, પ્રભુ, એ જો તું હોય, તો મને
આજ્ઞા આપ કે હું પાણી પર ચાલીને તારી પાસે આવું. 29 અને તેણે કહ્યું
કે આવ. ત્યારે પીતર હોડી પરથી ઉતરીને ઈસુ પાસે જવાને પાણી પર
ચાલ્યો. 30 પણ વા દેખીને તે બીધો ને ડુબવા લાગ્યો, તેથી તેણે બૂમ
પાડતાં કહ્યું કે, ઓ પ્રભુ, મને બચાવ. 31 અને ઈસુએ લાગલો હાથ
લાંબો કરીને તેને પકડી લીધો, ને તેને કહે છે કી, અરે અલ્પવિશ્વાસી, તેં
સંદેશ કેમ આણ્યો? 32 અને તેઓ હોડીમાં ચઢ્યા એટલે વા બંધ પડ્યો.
33 અને હોડીમાં જેઓ હતા તેઓએ તેને પગે લાગીને કહ્યું કે, ખરેખર તું
દેવનો દીકરો છે. 34 અને તેઓ પાર ઉતરીને ગેન્નેસારેત દેશમાં આવ્યા.
35 અને જયારે તે જગ્યાના લોકોને તેણે ઓળખ્યો, ત્યારે તેઓએ તે
આખા દેશમાં ચોતરફ [માણસોને] મોકલીને બધા માંદાઓને તેની પાસે
આણ્યા. 36 અને કેવળ તેનાં લૂગડાંની કોરને અડકવા સારૂ તેઓએ તેને
વિનંતી કીધી; ને જેટલા અડક્યા તેટ્લાસાજા થયા.

15 ત્યારે યરૂશાલેમથી ફરોશીઓ તથા શાસ્ત્રીઓ ઈસુની પાસે
આવીને કહે છે કે, 2 તારા શિષ્યો વડીલોના સંપ્રદાયનું ઉલ્લંઘન
કેમ કરે છે? કેમકે તેઓ હાથ ધોયા વગર રોટલી ખાય છે. 3 પણ તેણે
ઉત્તર દેતાં તેઓને કહ્યું કે, તમે તમારા સંપ્રદાયથી દેવની આજ્ઞાનું
ઉલ્લંઘન કેમ કરો છો? 4 કેમકે દેવે કહ્યું કે, તું તારા બાપનું તથા તારી
માનું સન્માન કર, ને જે કોઈ બાપની અથવા માંની નિંદા કરે તે જીવથી
માર્યો જાય. 5 પણ તમે કહો છો કે, જે કોઈ પોતાના બાપને કે માને કહેશે
કે, જે વડે મારાથી તને લાભ થયો હોત તે દેવને અર્પિત છે; 6 તો તે ભલે
પોતાના બાપનું કે પોતાની માનું સન્માન ન કરે; એમ તમે તમારા સંપ્ર-
દાયથી દેવની આજ્ઞા રદ કીધી છે. 7 ઓ ઢોંગીઓ, યશાયાહે તમારા
સંબંધી ઠીક ભવિષ્ય કહ્યું છે કે, 8 આ લોક પોતાના હોઠોથી મને આપે
છે, પણ તેઓનાં મન મારાથી વેગળાજ રહે છે. 9 અને તેઓ મારી ભક્તિ
ફોગટ કરે છે, કેમકે પોતાના મત તરીકે તેઓ માણસોની આજ્ઞાઓ શિ-
ખવે છે. 10 પછી તેણે લોકોને પાસે બોલાવીને તેઓને કહ્યું કે, સાંભળો
તથા સમજો. 11 મ્હોમાં જે જાય છે તે માણસને વટાળતું નથી, પણ મ્હો-
માંથી જે નીકળે છે તેજ માણસને વટાળે છે. 12 ત્યારે તેના શિષ્યોએ
પાસે આવીને તેને કહ્યું કે, આ વાત સાંભળીને ફરોશીઓએ ઠોકર ખા-
ધી, એ શું તું જાણે છે? 13 પણ તેણે ઉત્તર આપતાં કહ્યું કે, જે રોપા મારા
આકાશમાંના બાપે રોપ્યો નથી, તે દરેક ઉખેડી નંખાશે. 14 તેઓને રહે-
વા દો, તેઓ આંધળા દોરનારા છે; ને જો આંધળો આંધળાને દોરે તો
બન્ને ખાડામાં પડશે. 15 ત્યારે પીતરે ઉત્તર દેતાં તેને કહ્યું કે, આ દૃષ્ટાંત-
નો અર્થ અમને કહે. 16 અને તેણે કહ્યું કે, શું હજી સુધી તમે પણ અણ-
સમજુ છો? 17 શું તમે હજી નથી સમજતા કે જે કંઈ મ્હોમાં પેસે છે, તે પે-
ટમાં જાય છે, ને સંડાસમાં નીકળી જાય છે. 18 પણ જે મ્હોમાંથી નીકળે
છે, તે હૃદયમાંથી આવે છે, ને તેજ માણસને વટાળે છે. 19 કેમકે ભુંડી
કલ્પનાઓ, હત્યાઓ, વ્યભિચારો, જારકર્મો, ચોરીઓ, જુઠી સાક્ષીઓ,
તથા નિંદાઓ હૃદયમાંથી નીકળે છે. 20 માણસને જે વટાળે છે તે એજ
છે; પણ અણધોએલે હાથે ખાવું એ માણસને વટાળતું નથી. 21 અને
ઈસુ ત્યાંથી નીકળીને સૂર તથા સીદોનની સીમમાં ગયો. 22 અને જુઓ,
એક કનાની બાયડીએ તે સીમમાં આવીને બૂમ પાડતાં તેને કહ્યું કે, ઓ
પ્રભુ, દાઊદના દીકરા, મારા પર દયા કર; મારી દીકરી ભૂતથી બહુ પીડા
પામે છે. 23 પણ તેણે તેને કશો જવાબ આપ્યો નહિ; ને તેના શિષ્યોએ
આવીને વિનંતી કરતાં તેને કહ્યું કે, તેને વિદાય કર, કેમકે તે આપણી
પાછળ બૂમ પડે છે. 24 પણ તેણે ઉત્તર દેતા કહ્યું કે, ઈસ્રાએલના ઘરનાં
ખોવાએલાં ઘેટાં શિવાય બીજા કોઈની પાસે હું મોકલાયો નથી. 25 પછી
તેણીએ આવીને તેને પગે લાગીને કહ્યું કે, ઓ પ્રભુ, મને મદદ કર.
26 પણ તેણે ઉત્તર દેતાં કહ્યું કે, છોકરાંની રોટલી લઈને કુતરાને નાખવી
વાજબી નથી. 27 પણ તેણીએ કહ્યું કે, ખરું, પ્રભુ, કેમકે કુતરાં તો પો-
તાના ધણીઓની મેજ પરથી જે કકડા પડે છે તે ખાય છે. 28 ત્યારે
ઈસુએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, ઓ બાઈ, તારો વિશ્વાસ મોટો છે, જેવું
તું ચાહે છે તેવું તને થાય. અને તેજ ઘડીથી તેની દીકરી સાજી થઈ.
29 ત્યારે ઈસુ ત્યાંથી નીકળીને ગાલીલના સમુદ્ર પાસે આવ્યો; ને પહાડ
પર ચઢીને ત્યાં બેઠો. 30 અને બહુ લોકો પાંગળાંઓને, આંધળાંઓને,
મુંગાઓને, ટુંડાંઓને, તથા બીજા ઘણાઓને પોતાની સાથે લઈને તેની
પાસે આવ્યા. અને ઈસુના પગ પાસે તેઓને મુક્યાં ને તેણે તેઓને સા-
જાં કીધા. 31 અને જયારે લોકોએ જોયું કે મૂંગાઓ બોલે છે, ટુંડાંઓ સા-
જાં થયાં છે, પાંગળાંઓ ચાલે છે, અને આંધળાઓ દેખે છે, ત્યારે તેઓ
આશ્ચર્ય પામ્યા, ને તેઓએ ઈસ્રાએલના દેવની સ્તુતિ કીધી. 32 અને
ઈસુએ પોતાના શિષ્યોને પાસે તેડીને કહ્યું કે, આ લોકો પર મને દયા
આવે છે, કેમકે આજ ત્રણ દહાડા થયા તેઓ મારી સાથે છે, ને તેઓની
પાસે કિન્ન ખાવાનું નથી, ને તેઓને ભૂખ્યા વિદાય કરવાનું હું નથી
ચહાતો, રખે કદાપિ વાટમાં તેઓ નિર્ગત થઈ જાય. 33 અને શિષ્યો તેને
કહે છે કે, આટલા બધા લોકો તૃપ્ત થાય તેટલી રોટલી અમે રાનમાં
ક્યાંથી લાવીએ? 34 ત્યારે ઈસુ તેઓને કહે છે કે, તમારી પાસે કેટલી રો-
ટલી છે? અને તેઓએ કહ્યું કે, સાત, ને નાની માછલી થોડીએક છે.
35 ત્યારે તેણે લોકોને ભોંય પર બેસવાની આજ્ઞા કીધી. 36 અને તે સાત
રોટલી તથા માછલી લઈ તેણે સ્તુતિ કરીને ભાંગી, ને પોતાના શિષ્યોને
આપી, ને શિષ્યોએ પછી લોકોને આપી. 37 અને સઘળાંએ ખાધું, ને તૃ-
પ્ત થયાં; પછી છાંડેલા કકડાઓની સાત ટોપલી ભરીને તેઓએ ઉઠાવી.
38 અને જેઓએ ખાધું તેઓ બાયડી છોકરાં ઉપરાંત ચાર હજાર પુરુષ
હતા. 39 અને લોકોને વિદાય કીધા પછી હોડીમાં બેસીને માગદાનની
સીમમાં તે આવ્યો.

16 અને ફરોશીઓએ તથા સદુકીઓએ આવીને તેનું પરીક્ષણ કર-
તાં માગ્યું કે, અમને આકાશથી ચિન્હ દેખાડ. 2 પણ તેણે ઉત્તર
દેતાં તેઓને કહ્યું કે, સાંજ પડે છે ત્યારે તમે કહો છો કે ઉઘાડ થશે, કેમ-
કે આકાશ રતુમડું છે. 3 અને સવારે [કહો છો] કે, આજ ઝડી પડશે, કેમ-
કે આકાશ રતુમડું તથા અંધરાએલું છે. તમે આકાશના રૂપ સંબંધી પર-
ખી જાણો છો ખરા, પણ સમયોનાં ચિન્હ તમે પરખી નથી શકતાં.
4 ભુંડી તથા વ્યભિચારી પેઢી ચિન્હ માગે છે, પણ યૂના ભવિષ્યવાદીના
ચિન્હ વગર બીજું ચિન્હ તેઓને નહિ અપાશે; અને તે તેઓને મૂકીને
ચાલ્યો ગયો. 5 અને શિષ્યો પેલે પાર ગયા, પણ રોટલી લેવી વિસરી

ગયા હતા. 6 ત્યારે ઇસુએ તેઓને કહ્યું કે, ફરોશીઓના તથા સદુકીઓ-
ના ખમીર વિષે તમ સાવધાન થાઓ ને ખબરદાર રહો. 7 ત્યારે તેઓએ
માહોમાંહે વિચાર કરીને કહ્યું કે, આપણે રોટલી નથી લાવ્યા [માટે એમ
કહે છે]. 8 ઇસુએ એ જાણીને તેઓને કહ્યું કે, ઓ અલ્પવિશ્વાસીઓ,
તમારી પાસે રોટલી નથી, તે માટે માંહોમાંહે કેમ વિચાર કરો છો? 9 શું
હજી સુધી તમે નથી સમજતા, ને પેલા પાંચ હજાર પુરુષ વચ્ચે પાંચ
રોટલી, ને તમે કેટલી ટોપલી ઉઠાવી, તેનું શું સ્મરણ નથી? 10 વળી પે-
લા ચાર હજાર પુરુષ વચ્ચે સાત રોટલી, ને તમે કેટલી ટોપલી ઉઠાવી,
તેનું પણ શું સ્મરણ નહિ? 11 તમે કેમ નથી સમજતા કે, મેં તમને રોટલી
સંબંધી નથી કહ્યું? પણ ફરોશીઓ તથા સાદુકીઓના ખમીર વિષે તમે
સાવધાન રહો. 12 ત્યારે તેઓ સમજ્યા કે રોટલીના ખમીર સંબંધી નહિ,
પણ ફરોશીઓના તથા સદુકીઓના મત વિષે સાવધાન રહેવાનું તેણે
કહ્યું હતું. 13 અને ઇસુએ કાઇસારીઅ ફિલિપ્પીની સીમમાં આવીને પો-
તાના શિષ્યોને પુછ્યું કે, માણસોનો દીકરો કોણ છે, એ વિષે લોકો શું
કહે છે? 14 ત્યારે તેઓએ કહ્યું કે, કેટલાએક [કહે છે] યોહાન બાપ્તિસ્મા
કરનાર, ને કેટલાએક એલીયાહ, ને કેટલાએક યિર્મેયાહ, અથવા ભવિ-
ષ્યવાદીઓમાંનો એક. 15 તે તેઓને કહે છે, પણ હું કોણ, તે વિષે તમે
શું કહો છો? 16 ત્યારે સીમોન પીતરે ઉત્તર દેતાં કહ્યું કે, તું મસીહ જીવતા
દેવનો દીકરો છે. 17 અને ઇસુએ ઉત્તર દેતાં તેને કહ્યું કે, સીમોન બાર-
યોના, તને ધન્ય છે, કેમકે માંસે તથા લોહીએ નહિ, પણ મારા આકાશ-
માંના બાપે તને એ જણાવ્યું છે. 18 અને હું પણ તને કહું છું કે તું પીતર
છે, ને આ પત્થર પર હું મારી મંડળી બાંધીશ, ને તેનું ઉલટું હાડેસની
દરબારનું જોર નહિ ચાલશે. 19 આકાશના રાજ્યની કુંચીઓ તું તને
આપીશ, ને પૃથ્વી પર તું જે કંઈ બાંધશે, તે આકાશમાં બાંધશે; ને પૃથ્વી
પર તું જે કંઈ છોડશે, તે આકાશમાં પણ છોડશે. 20 ત્યારે તેણે શિષ્યોને
આજ્ઞા આપી કે, હું ખ્રીસ્ત છું એ તમારે કોઈને કહેવું નહિ. 21 ત્યારથી
ઇસુ પોતાના શિષ્યોને જણાવવા લાગ્યા કે, મારે યરૂશાલેમમાં જવું, ને
વડીલોથી તથા મુખ્ય યાજકોથી તથા શાસ્ત્રીઓથી ઘણું સહેવું, ને મા-
ર્યા જવું, ને ત્રીજે દહાડે પાછા ઉઠવું જરૂરનું છે. 22 ત્યારે પીતર તેને એક
બાજુએ લઈને તેને ઠપકો દેવા લાગ્યો, ને કહ્યું કે, અરે પ્રભુ, એ તારાથી
દૂર રહે, એવું તને કદી નહિ થશે. 23 પણ તેણે ફરીને પીતરને કહ્યું કે,
અરે શેતાન, મારી પછવાડે જા; તું મને ઠોકરરૂપ છે; કેમકે દેવની વાતો
પર નહિ, પણ માણસોની વાતો પર તું ચિત્ત લગાડે છે. 24 પછી ઇસુએ
પોતાના શિષ્યોને કહ્યું કે, જો કોઇ મારી પાછળ આવવા ચાહે, તો તેણે
પોતાને નકારવો, ને પોતાનો વધસ્તંભ ઉંચકીન મારી પાછળ આવવું.
25 કેમકે જ કોઇ પોતાનો જીવ બચાવવા ચાહે છે, તે તેને ખોશે; પણ જે
કોઇ મારે લીધે પોતાનો જીવ ખોશે, તે તેને બચાવશે. 26 કેમકે જો મા-
ણસ આખું જગત મેળવશે, ને પોતાના જીવની હાનિ પામશે, તો તેને
શો લાભ થશે? અથવા માણસ પોતાના જીવને બદલે શું આપશે? 27 કે-
મકે માણસનો દીકરો પોતાના બાપના મહિમાએ પોતાના દૂતો સુદ્ધાં
આવશે; ને ત્યારે તે પ્રત્યેક તેના કામ પ્રમાણે ભરી આપશે. 28 હું તમને
ખચિત કહું છું કે, અહીં જે ઉભા છે તેઓમાંના કેટલાએક એવા છે કે મા-
ણસના દીકરાને તેના રાજ્યમાં આવતો દેખશે ત્યાં સુધી મરણ પામશેજ
નહિ.

17 અને છ દહાડા પછી ઇસુ પીતરને તથા યાકુબને તથા તેના
ભાઇ યોહાનને સાથે લઈને તેમને એક ઉંચા પહાડ પર એકાંત
લઇ જાય છે. 2 અને તેઓની આગળ તેઓનું રૂપાંતર થયું, એટલે તેનું
મ્હો સૂરજના જવું તેજસ્વી થયું, ને તેનાં લૂગડાં અજવાળાના જેવા ઉજ-
ળાં થયાં. 3 ત્યારે, જુઓ, મુસા તથા એલીયાહ તેની જોડે વાત કરતાં તે-
ઓને દેખાયા. 4 અને પીતરે ઉત્તર આપીને ઇસુને કહ્યું કે, પ્રભુ, આપણે
અહીં રહેવું સારૂં છે, જો તારી મરજી હોય તો હું અહીં ત્રણ માંડવા બનાવું;
એક તારે કાજે, ને એક મુસાને કાજે,ને એક એલીયાહને કાજે. 5 તે બોલ-
તો હતો એટલામાં, જુઓ, એક ચળકતી વાદળીએ તેઓ પર છાયા કી-
ધી; ને જુઓ, વાદળીમાંથી એવી વાણી થઈ કે, એ મારો વહાલો દીકરો
છે, એના પર હું પ્રસન્ન છું, તેનું સાંભળો. 6 અને શિષ્યોએ તે સાંભળીને
ઉંધા પડ્યા, ને બહુજ બીધા. 7 ત્યારે ઇસુએ પાસે આવીને તેઓને અડ-
કીને કહ્યું કે, ઉઠો, ને બીહો મા. 8 અને તેઓએ પોતાની નજર ઉંચી કરી
તો એકલા ઇસુ વિના તેઓએ કોઇને દીઠો નહિ. 9 અને તેઓ પહાડ પર-
થી ઉતરતા હતા, ત્યારે ઇસુએ તેઓને એવી આજ્ઞા કીધી કે, માણસનો
દીકરો મુએલામાંથી પાછો ઉઠે ત્યાં સુધી આ જે તમે દીઠું તે કોઈને ના
કહેતા. 10 ત્યારે તેના શિષ્યોએ તેને પુછતાં કહ્યું કે, શાસ્ત્રીઓ કેમ કહે
છે કે, એલીયાહે પહેલાં આવવું જોઈએ; 11 અને ઇસુએ ઉત્તર દેતાં તેઓ-
ને કહ્યું કે, એલીયાહ આઅવે છે ખરો, ને સઘળું યથાસ્થિત કરશે;
12 પણ હું તમને કહું છું કે, એલીયાહ આવી ચુક્યો છે; ને તેઓએ તેને ન
ઓળખ્યો, પણ જે કંઈ તેઓએ ચાહ્યું તે તેને કીધું; તેમજ માણસનો દી-
કરો પણ તેઓથી દુ:ખ સહેશે. 13 ત્યારે શિષ્યો સમજ્યા ક યોહાન બા-
પ્તિસ્મા કરનાર સંબંધી તેણે તેઓને કહ્યું. 14 અને જયારે તેઓ લોકની
ભીડ પાસે આવ્યા, ત્યારે એક માણસ તેની પાસે આવીને તેની આગળ
ઘૂંટણ ટેકીને કહ્યું કે, 15 ઓ પ્રભુ, મારા દીકરા પર દયા કર, કેમકે તેણે
ફેફરાનું દરદ છે, ને તે ઘણી પીડા પામે છે; કેમકે તે ઘણી વાર અગ્નિમાં,
ને ઘણી વાર પાણીમાં પડે છે. 16 અને તેને હું તારા શિષ્યોની પાસે લા-
વ્યો હતો, પણ તેઓ તેને સાજો કરી ન શક્યા. 17 ત્યારે ઇસુએ ઉત્તર દે-
તાં કહ્યું કે, ઓ અવિશ્વાસી તથા આડી પેઢી, ક્યાં સુધી હું તમારે સાથે
રહીશ? ક્યાં સુધી હું તમારું સહીશ? તેને મારી પાસે લાવો. 18 પછી
ઇસુએ તે ભૂતને ધમકાવ્યું; ને તે તેનામાંથી નીકળ્યું; ને છોકરો તે ઘડી-
થી સાજો થયો. 19 ત્યારે શિષ્યોએ એકાંતમાં ઇસુ પાસે આવીને કહ્યું કે,
અમે તેને કેમ કાઢી ન શક્યા? 20 ત્યારે તેણે તેઓને કહ્યું કે, તમારા
અવિશ્વાસને લીધે; કેમકે હું તમને ખચિત કહું છું કે, તમને રાઇના દાણા
જેટલો વિશ્વાસ હોય તો તમે આ પહાડને કહેશો કે, તું અહીંથી ત્યાં ખસી
જા, ને તે ખસી જશે; ને તમને કંઇ અશક્ય થશે નહિ.[[ 21 પણ પ્રાર્થના
તથા ઉપવાસ વગર એ જાત નીકળતી નથી]]. 22 અને તેઓ ગાલીલમાં
રહેતા હતા ત્યારે ઇસુએ તેઓને કહ્યું કે, માણસનો દીકરો માણસોના
હાથમાં સોંપાશે; 23 ને તેઓ તેને મારી નાખશે, ને ત્રીજે દહાડ તે પાછો
ઉઠશે. ત્યારે તેઓ બહુ દલગીર થયા. 24 અને તેઓ કાપરનાહુમમાં
આવ્યા, ત્યારે કર લેનારાઓએ પીતરની પાસે આવીને કહ્યું કે, શું તમા-
રો ઉપદેશક [મંદિરના] કારનું નાણું નથી આપતો? 25 તેણે કહ્યું કે, હા.
અને ઘરમાં તે આવ્યો ત્યારે [તેના બોલવા] અગાઉ ઇસુએ કહ્યું કે, સી-
મોન, તને શું લાગે છે, પૃથ્વીના રાજા કોની પાસેથી દાણ અથવા કર લે
છે? પોતાના દીકરાઓ પાસેથી કે પારકાઓ પાસેથી? 26 અને પીતરે તેને
કહ્યું કે, પારકાઓ પાસેથી; ત્યારે ઇસુએ તેને કહ્યું કે, ત્યારે દીકરાઓ તો
છુટા છે. 27 તોપણ આપણે તેઓને ઠોકર ન ખવડાવીએ માટે તું સમુદ્ર
કિનારે જઈને ગલ નાખ; ને જે માછલી પહેલી આવે તેને પકડી લે, ને
જયારે તેનું મ્હો ઉઘાડીશ ત્યારે તને નાણું મળશે, તે લઈને મારે ને તારે
સારૂ તેઓને આપ.

18 તેજ વેળાએ શિષ્યોએ ઇસુની પાસે આવીને કહ્યું કે, આકાશના
રાજ્યમાં મોટું કોણ છે? 2 ત્યારે તેણે એક બાળકને પાસે બોલા-
વીને તેને તેઓની વચ્ચે ઉભું રાખ્યું, 3 અને કહ્યું કે, હું તમને ખચિત કહું
છું કે, જો તમે ફરો નહિ, ને બાળકોના જેવા થાઓ નહિ, તો આકાશના
રાજ્યમાં તમે નહિજ પેસશો. 4 માટે જે કોઇ પોતાને આ બાળકના જેવું
દીન કરશે, તેજ આકાશના રાજ્યમાં સૌથી મોટું છે. 5 વળી જે કોઇ મારે
નામે એવા એક બાળકનો અંગીકાર કરે છે તે મારો અંગીકાર કરે છે.
6 પણ આ નાનાઓ જે મારા પર વિશ્વાસ કરે છે, તેઓમાંના એકને જે
કોઇ ઠોકર ખવડાવશે તે કરતાં તેની કોટે ઘંટીનું પદ બંધાય, ને તે સમુ-
દ્રના ઉંડાણમાં ડુબાડાય એ તેને માટે સારૂ છે. 7 ઠોકરોને લીધે જગતને
અફસોસ છે; ઠોકરો આવવાની અગત્ય તો છે, પણ જે માણસથી ઠોકર
આવે છે તેણે અફસોસ છે. 8 માટે જો તારો હાથ અથવા તારો પગ તને
ઠોકર ખવડાવે, તો તેને કાપી નાખીને તારી પાસેથી ફેંકી દે; તારા બે
હાથ અથવા બે પગ છતાં તું અનંત અગ્નિમાં નંખાય, એ કરતાં લંગડો
અથવા ટુંડો થઇ જીવનમાં પેસવું તારે માટે સારૂં છે. 9 અને જો તારી
આંખ તને ઠોકર ખવડાવે, તો તેણે કાઢી નાખીનને તારી પાસેથી ફેંકી દે;
તારી બે આંખ છતાં તું નરકાગ્નિમાં નંખાય, એ કરતાં કાણો થઇ જીવન-
માં પેસવું તારે માટે સારૂ છે. 10 આ નાનાઓમાંના એકને તમે ન વખોડો
માટે સાવધાન રહો, કેમકે હું તમને કહું છું કે આકાશમાં તેઓના દૂત મા-
રા આકાશમાંના બાપનું મ્હો સદા જુએ છે. 11 [[કેમકે જે ખોવાએલું તેને
બચાવવાને માણસનો દીકરો આવ્યો છે.]] 12 તમે શું ધારો છો, જો કોઇ
માણસની પાસે સો ઘેંટા હોય, ને તેમાંથી એક ભુલું પડે, તો શું નવ્વા-

ણુંને પહાડ પર મુકીને તે ભુલા પડેલાને શોધવા જતો નથી? 13 અને જો
તે તેને જડે તો હું તમને ખચિત કહું છું કે, જે નવ્વાણું ભુલા પડેલાં ન
હતાં, તેઓના કરતાં તેને લીધે તે વત્તો હરખાય છે. 14 એમ અ નાનાઓ-
માંથી એકનો નાશ થાય, એવી તમારા આકાશમાંના બાપની ઈચ્છા
નથી. 15 વળી જો તારો ભાઈ તારી વિરુદ્ધ અપરાધ કરે, તો જા, ને તું ને
તે એકાંતે જઈને તેનો દોષ તેને કહે; જો તે તારું સાંભળે, તો તેં તારા
ભાઈને મેળવી લીધો છે. 16 પણ જો તે ન સાંભળે, તો બીજા એક બે
જન તારી સાથે લે, એ માટે કે હરેક વાત બે અથવા ત્રણ શાહેદીના મ્હો-
થી સાબીત થાય. 17 અને જો તે તેઓનું ન માને, તો મંડળીને કહે, ને જો
મંડળીનું પણ તે ન માને તૂ તેને વિદેશી તથા દાણીના જેવો ગણ. 18 હું
તમને ખચિત કહું છું કે, જે કંઈ તમે પૃથ્વી પર બાંધશો, તે આકાશમાં
બંધાશે; ને જે કંઈ તમે પૃથ્વી પર છોડશો, તે આકાશમાં છોડાશે.
19 વળી હું તમને કહું છું કે, જો પૃથ્વી પર તમારામાંના બે કંઈ પણ વાત
સંબંધી એક ચિત્તના થઈને માગશે, તો મારા આકાશમાંના બાપથી તે-
ઓને સારૂ તે કરાશે. 20 કેમકે જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા
થએલા હોય ત્યાં તેઓની વચમાં હું છું. 21 ત્યારે પીતરે તેની પાસે
આવીને કહ્યું કે, ઓ પ્રભુ, મારો ભાઈ મારી વિરુદ્ધ કેટલી વાર અપરાધ
કરે, ને હું તેને માફ કરૂં? શું સાત વાર સુધી? 22 ઇસુએ તેને કહ્યું કે, સાત
વાર સુધીનું હું તને નથી કહેતો, પણ સિત્તેર ગણી સાત વાર સુધી. 23 એ
માટે આકાશના રાજ્યને એક રાજાની ઉપમા અપાય છે કે જેણે પોતાના
ચાકરો પાસે હિસાબ લેવા ચાહ્યો. 24 અને તે હિસાબ લેવા લાગ્યો, ત્યા-
રે તેઓએ દસ હજાર તાલંતના એક દેવાદારને તેની પાસે આણ્યો.
25 પણ વાળી આપવાનું તેની પાસે ન હોવાથી, તેના શેઠે તેને તથા તે-
ની બાયડીને તથા તેનાં છોકરાને તથા તેની પાસે જે હતું તે સઘળું વે-
ચીને દેવું વાળવાની આજ્ઞા કીધી. 26 એ માટે એ ચાકરે તેને પગે લાગીને
વિનંતી કરતાં કહ્યું કે, સાહેબ, ધીરજ રાખ, ને હું તારું બધું વાળીશ.
27 ત્યારે તે ચાકરના શેઠને દયા આવ્યાથી તેણે તેને મૂકી દીધો, ને દેવું
તેને માફ કીધું. 28 પણ તેજ ચાકરે બહાર જઈને પોતાના સાથી ચાકરો-
માંના એકને દીઠો જે તેના સો દીનારનો દેવદાર હતો, ત્યારે તેણે તેનો
ટોટો પકડીને કહ્યું કે, તારું દેવું વાળ. 29 ત્યારે તેના સાથી ચાકરે તેને
પગે લાગીને તેને વિનંતી કરતાં કહ્યું કે, ધીરજ રાખ, ને હું તારું વાળી
આપીશ. 30 અને તેણે માન્યું નહિ, પણ જઈને તે દેવું વાળે ત્યાં લગી
તેને કેદખાનામાં નાખ્યો. 31 ત્યારે જે જે થયું તે તેના સાથી ચાકરો જોઈ-
ને ઘણા દલગીર થયા, ને તેઓએ જઈને જે થયું તે બધું પોતાના શેઠને
કહી દેખાડ્યું. 32 ત્યારે તેના શેઠે તેને બોલાવીને કહ્યું કે, અરે દુષ્ટ ચા-
કર, તે મને વિનંતી કીધી, માટે મેં તને તે બધું લેણું માફ કીધું. 33 ને તા-
રા પર જેવી દયા કીધી તેવી દયા શું તને પણ તારા સાથી ચાકર પર કર-
વી ઘટાર્થ ન હતી? 34 અને તેના શેઠે ગુસ્સે થઈને તેનું બધું દેવું વાળે
ત્યાં સુધી તેને પીડા આપનારાઓને સોંપ્યો. 35 એ પ્રમાણે જો તમે પો-
તપોતાના ભાઈઓના અપરાધ પોતાના અંતઃકરણથી માફ નથી કરતા,
તો મારો આકાશમાંનો બાપ પણ તમને એમજ કરશે.

19 અને ઇસુએ એ વાતો પુરી કીધા પછી એમ થયું કે, ગાલીલથી
તે નીકળ્યો, અને યરદનને પેલે પારની યહુદાહની સીમોમાં
આવ્યો. 2 અને અતિ ઘણા લોક તેની પાછળ ગયા, ને ત્યાં તેણે તેઓને
સાજા કીધા. 3 અને ફરોશીઓએ તેની પાસે આવીને તેનું પરીક્ષણ કરતાં
પુછ્યું કે, શું હરેક કારણને લીધે માણસને પોતાની બાયડીને મૂકી દેવી
ઉચિત છે? 4 અને તેણે ઉત્તર દેતાં કહ્યું કે, શું તમે એ નથી વાંચ્યું કે, જે-
ણે આરંભથી તેઓને ઉત્પન્ન કીધાં તેણે તેઓને નરનારી ઉત્પન્ન કીધાં,
5 ને કહ્યું કે, તે કારણને લીધે માણસ પોતાના માબાપને મૂકશે, ને પો-
તાની બાયડીને વળગી રહેશે, ને તે બન્ને એક દેહ થશે. 6 માટે તેઓ હવે-
થી બે નથી, પણ એક દેહ છે. એ માટે દેવે જે જોડ્યું છે તેણે માણસે જુદું
ન પાડવું. 7 તેઓ તેને કહે છે કે, તો મુસાએ એવી આજ્ઞા કેમ આપી કે
ફારગતી આપીને તેને મૂકી દેવી? 8 તે તેઓને કહે છે કે, મુસાએ તમારાં
હૃદયની કઠણતાને લીધે તમને તમારી બાયડીઓ મૂકવા દીધી, પણ
આરંભથી એવું ન હતું. 9 અને હું તમને કહું છું કે વ્યભિચારના કારણ
વગર જે કોઈ પોતાની વહુડીને મૂકી દેશે, ને બીજીને પરણશે, તે વ્યભિ-
ચાર કરે છે, ને તે મૂકી દીધેલી જોડે જે પરણે છે તે વ્યભિચાર કરે છે.
10 તેના શિષ્યો તેને કહે છે કે, જો બાયડી સંબંધી પુરુષનો એવો હાલ
છે, તો પરણવું સારૂ નથી. 11 ત્યારે તેણે તેઓને કહ્યું કે, સઘળાંથી તે
વાત પળાતી નથી, પણ જેઓને આપેલું છે તેઓથીજ. 12 કેમકે કેટલા-
એક ખોજા છે જે જેઓ માના પેટથી એવા જન્મ્યા; ને કેટલાએક ખોજા
ખોજા છે કે જેઓને માણસોએ ખોજા બનાવ્યા; ને કેટલાએક ખોજા છે કે
જેઓએ આકાશના રાજ્યને લીધે પોતાને ખોજા કીધા; જે પાળી શકે છે
તે પાળે. 13 ત્યરે તેઓ બાળકોને તેની પાસે લાવ્યા, એ માટે કે તે તેઓ
પર હાથ મૂકીને પ્રાર્થના કરે; અને શિષ્યોએ તેઓને ધમકાવ્યા. 14 પણ
ઇસુએ કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા, કે-
મકે આકાશનું રાજ્ય એવાંઓનુંજ છે. 15 પછી તેઓ પર હાથ મૂકીને તે
ત્યાંથી ગયો. 16 અને જુઓ, કોઈએક તેની પાસે આવીને કહ્યું કે, ઉપદે-
શક, સર્વકાળનું જીવન પામવા સારૂ હું શું સારું કરું? 17 ત્યારે તેણે તેને
કહ્યું, તું મને સારા વિષે કેમ પુછે છે? સારો તો એકજ છે; પણ જો તું જી-
વનમાં પેસવા ચાહે છે, તો અગ્યાઓ પાળ. 18 તે તેને કહે છે કે, કયી?
ત્યારે ઇસુએ કહ્યું કે, તું હત્યા ન કર, વ્યભિચાર ન કર, તું ચોરી ન કર,
તું જુઠી સાક્ષી ન પુર, 19 પોતાના માબાપને માન આપ, ને પોતાના
પડોસી પર પોતાના જેવી પ્રીતિ કર. 20 તે જુવાન તેને કહે છે કે, એ બધાં
મેં પાળ્યાં છે, હજી મારામાં શું અધુરૂં છે? 21 ઇસુએ તેણે કહ્યું કે, જો તું પુ-
રો થવા ચાહે છે, તો જઈને તારૂં જે છે તે વચી નાખ, ને દરિદ્રીઓને
આપી દે, એટલે આકાશમાં તને દ્રવ્ય મળશે; ને આવીને મારી પાછળ
ચાલ. 22 પણ તે જુવાન એ વાત સાંભળીને દલગીર થઈને ચાલ્યો ગયો,
કેમકે તેની મિલકત ઘણી હતી. 23 ત્યારે ઇસુએ પોતાના શિષ્યોને કહ્યું
કે, હું તમને ખચિત કહું છું કે દ્રવ્યવાનને આકાશના રાજ્યમાં પેસવું
કઠણ છે. 24 વળી હું તમને ફરી કહું છું કે દ્રવ્યવાનને દેવના રાજ્યમાં પે-
સવા કરતાં સોયના નાકામાં થઈને ઉંટને જવું સહેલું છે. 25 ત્યારે તેના
શિષ્યોએ એ સાંભળીને ઘણા અચરત થયા, ને કહ્યું, તો કોણ તારણ
પામી શકે? 26 પણ ઇસુએ તેઓની સામું જોઈને કહ્યું કે, માણસોને તો
એ અશક્ય છે, પણ દેવને સઘળાં શક્ય છે. 27 ત્યારે પીતરે ઉત્તર દેતાં
તેને કહ્યું, જો, અને બધું મૂકીને તારી પાછળ આવ્યા છીએ, તો અમને
શું મળશે? 28 અને ઇસુએ તેઓને કહ્યું, હું તમને ખચિત કહું છું કે, જયારે
પુનરૂત્પત્તિમાં માણસનો દીકરો પોતાના મહિમાના રાજ્યાસન પર બે-
સશે, ત્યારે તમે, મારી પાછળ આવનારા, ઇસ્રાએલના બારે કુળનો
ન્યાય કરતાં બાર રાજ્યાસનો પર બેસશો. 29 અને જે કોઈએ ઘરોને, કે
ભાઈઓને, કે બહેનોને, કે બાપને, કે માને, કે છોકરાંને, કે ખેતરોને, મા-
રા નામને લીધે મૂકી દીધાં છે, તે સોગણાં પામશે, ને અનંતજીવનનો
વારસો પામશે. 30 પણ ઘણા જે પહેલા, તેઓ છેલ્લા થશે; ને જે છેલ્લા
તેઓ પહેલા થશે.

20 કેમકે આકાશનું રાજ્ય એક ઘરધણીના જેવું છે, જે પોતાની દ્રા-
ક્ષવાડીને સારૂ મજુરો પઠવાને મળસકામાં બહાર ગયો. 2 અને
તેણે મજુરોની સાથે રોજનું એક દીનાર પક્કીને પોતાની દ્રાક્ષવાડીમાં તે-
ઓને મોકલ્યા. 3 અને આસરે પોહોર દહાડે ચઢતે બહાર જઈને તેણે
ચકલા પર બીજાઓને નવરા ઉભા રહેલા દીઠા. 4 અને તેણે તેઓને કહ્યું
કે, તમે પણ દ્રાક્ષવાડીમાં જાઓ, ને જે કંઈ યોગ્ય હશે, તે હું તમને
આપીશ; ત્યારે તેઓ ગયા. 5 વળી આસરે બપોરે તથા ત્રીજા પહોરે
બહાર જઈને તેણે તેજ પ્રમાણે કીધું. 6 અને આસરે અગીઆરમી હોરાએ
પણ તેણે બહાર જઈને બીજાઓને નવરા ઉભા રહેલા દીઠા; ત્યારે તે તે-
ઓને કહે છે, આખો દહાડા તમે કેમ અહીં નવરા ઉભા રહ્યા છો? 7 તેઓ
તેને કહે છે કે, કોઈએ અમને મજુરીએ રાખ્યા નથી તે માટે; તે તેઓને
કહે છે કે, તમે પણ દ્રાક્ષવાડીમાં જાઓ. 8 અને સાંજ પડી ત્યારે દ્રાક્ષવા-
ડીનો ધણી પોતાના કારભારીને કહે છે કે, મજુરોને બોલાવ, ને છેલ્લાથી
માંડીને પહેલાં સુધી તેઓનું વેતન આપ. 9 અને જેઓને આસરે અગી-
આરમી હોરાએ રાખ્યા હતા, તેઓ જયારે આવ્યા ત્યારે તેઓને એક એક
દીનાર મળ્યો. 10 પછી જેઓ પહેલાં હતા, તેઓ આવીને ધારતા હતા કે
અમને વધારે મળશે, ને તેઓને પણ એક એક દીનાર મળ્યો. 11 ત્યારે તે
લઈને તેઓએ ઘરધણી વિરુદ્ધ કચકચ કીધી, 12 ને કહ્યું કે, આ પાછ-
લાઓ માત્ર એકજ કલાક રહ્યા છે, અને તેં તેઓને હમ આખા દિવસનો
બોજો તથા લૂ સહન કરનારાઓની બરોબર ગણ્યા છે. 13 પણ તેણે તે-
ઓમાંના એકને ઉતર દેતાં કહ્યું કે, મિત્ર, હું તારો કશો અન્યાય નથી
કરતો; શું તેં મારી સાથે એક દીનાર પાઠ્યો નહોતો? 14 તારૂં લઈને ચા-

ત્યો જા; જેટલું તને તેટલું આ છેલ્લાને પણ આપવાની મારી મરજી છે.
15 જે મારૂં જે તે મારી મરજી પ્રમાણે વાપરવાનો શું મને હક નથી? અથ-
વા હું સારો છું માટે તારી આંખ ભુંડી છે શું? 16 એમ જે છેલ્લા તેઓ પહે-
લાં, ને જે પહેલાં તેઓ છેલ્લા થશે. 17 અને ઇસુએ યરુશાલેમ જતાં, રસ્તે
શિષ્યોને એકાંતમાં લઇ જઇને તેઓને કહ્યું કે, 18 જુઓ, આપણે યરૂશા-
લેમ જઇએ છીએ, ને માણસનો દીકરો મુખ્ય યાજકોને તથા શાસ્ત્રીઓ-
ને સ્વાધીન કરાશે, ને તેઓ તેના પર મરણદંડ ઠરાવશે. 19 અને ઠઠ્ઠા
મશ્કરી કરવાને, તથા કોરડા મારવાને તથા વધસ્તંભે જડવાને તેઓ તે-
ને વિદેશીઓને સોંપશે; ને ત્રીજે દહાડે તે પાછો ઉઠાડાશે. 20 ત્યારે ઝબ-
દીના દીકરાઓની માએ પોતાના દીકરાઓની સાથે તેની પાસે આવીને
તથા પગે લાગીને તેનીકને કંઇ માગ્યું. 21 અને તેણે તેને કહ્યું કે, તું શું
ચાહે છે? તે તેને કહે છે કે, મા મારા બે દીકરા તારા રાજ્યમાં, એક તારે
જમણે હાથે ને બીજો તારે ડાબો હાથે બેસે, એવી આજ્ઞા તું કર. 22 પણ
ઇસુએ ઉત્તર દેતાં કહ્યું કે, તમે જે માગો છો તે તમે સમજતાં નથી; જે
વાટકો હું પીવાનો છું તે તમે પી શકો છો? તેઓ તેને કહે છે કે, અમે પી
શકીએ છીએ. 23 તે તેઓને કહે છે કે, તમે મારો વાટકો પીશો ખરા, પણ
તેઓને સારૂ મારા બાપે સિદ્ધ કીધેલું છે તેઓ વગર બીજાઓને મારે
જમણે હાથે ને ડાબે હાથે બેસવા દેવું એ મારું નથી. 24 અને દસે એ
સાંભળ્યું ત્યારે તેઓ એ બે ભાઇ પર ગુસ્સે થયા. 25 પણ ઇસુએ તેઓને
પાસે તેડીને કહ્યું કે, તમે જાણો છો કે વિદેશીઓના રાજાઓ તેઓ પર
ધણીપણું કરે છે, ને જે મોટા છે તેઓ એઓના પર અધિકાર ચલાવે છે.
26 પણ તમારામાં એવું ન થાય; પણ તમારામાં જે કોઇ મોટો થવા ચાહે,
તે તમારો સેવક થાય; 27 ને જે કોઇ તમારામાં મુખ્ય થવા ચાહે, તે તમા-
રો દાસ થાય. 28 જેમ માણસનો દીકરો સેવા કરાવવાને નહિ, પણ સેવા
કરવાને, તથા ઘણા લોકની ખંડણીને સારૂ પોતાનો જીવ આપવાને
આવ્યો છે તેમ. 29 અને તેઓ યેરેખોમાંથી નીકળતા હતા, ત્યારે લોકોનો
મોટો જથો તેની પાછળ ચાલ્યો. 30 અને જુઓ, બે આંધળા રસ્તાની કો-
રે બેઠા હતા, તેઓએ ઇસુનું પાસે થઇને જવાનું સાંભળીને બૂમ પાડતાં
કહ્યું કે, ઓ પ્રભુ, દાઉદના દીકરા, અમારા પર દયા કર. 31 અને લોકે તે-
ઓને ધમકાવ્યા કે છાના રહો, પણ તેઓએ વિશેષ બૂમ પાડતાં કહ્યું કે,
ઓ પ્રભુ, દાઉદના દીકરા, અમારા ઉપર દયા કર. 32 ત્યારે ઇસુએ ઉભા
રહીને તેઓને તેડીને કહ્યું કે, હું તમારે વાસ્તે શું કરૂં, તમારી શી ઇચ્છા
છે? 33 તેઓ તેને કહે છે કે, પ્રભુ, અમારી આંખો ઉઘડી જાય. 34 ત્યારે
ઇસુને દયા આવી, ને તે તેઓની આંખો અડક્યો, ને તરત તેઓ દેખતા
થયા; ને તેઓ તેની પાછળ ચાલ્યા.

21 અને જયારે તેઓ યારૂશાલેમની નજદીક આવ્યા, ને જૈતુનના
પહાડ પાસે બેથફાગે સુધી પહોંચ્યા, ત્યારે ઇસુએ બે શિષ્યને
મોકલતાં 2 કહ્યું કે, તમે સામા ગામમાં જાઓ, ને બાંધેલી એક ગધેડી
તથા તેની જોડે બચ્ચું તરત દેખશો; તેઓને છોડીને મારી પાસે લાવો.
3 અને જો કોઇ તમને કંઇ કહે તો તમારે કહેવું કે, પ્રભુને તેઓનો ખપ છે,
એટલે તે તેઓને લાગલો મોકલી દેશે. 4 હવે આ એ માટે થયું કે, ભવિ-
ષ્યવાદીએ જે કહ્યું હતું તે પુરૂં થાય કે, 5 સીઓનની દીકરીને એમ કહો
કે, જો, તારો રાજા તારી પાસે આવે છે, તે નમ્ર છે, તથા ગધેડા પર, હા,
ખોલા પર,એટલે ગધેડાના વછેરા પર, સવાર થઇને [આવે છે]. 6 ત્યારે
શિષ્યોએ જઇને ઇસુએ તેઓને ફરમાવ્યું હતું તેમ કીધું; 7 અને તેઓ
ગધેડીને બચ્ચાં સુદ્ધાં લાવ્યા, ને પોતાના લૂગડાં તેઓ પર નાખ્યાં;
અને તે તેઓ પપર સવાર થયો. 8 અને લોકોમાંના ઘણાખરાએ પોતાના
લૂગડાં રસ્તામાં પાથર્યાં, ને બીજાઓએ ઝાડો પરથી ડાળીઓ કાપીને
રસ્તામાં પાથરી. 9 અને આગળ ચાલનાર તથા પાછળ આવનાર લોકે
બૂમ પાડતાં કહ્યું કે, દાઉદના દીકરાને હોસાના, પ્રભુને નામે જે આવે છે
તે અશીર્વાદિત છે; પરમ ઉંચામાં હોસાના. 10 અને તે જયારે યરૂશાલેમ-
માં આવ્યો ત્યારે તે આખા નગરે ખભળી ઉઠીને કહ્યું કે, એ કોણ છે?
11 ત્યારે લોકે કહ્યું કે, ઇસુ ભવિષ્યવાદી જે ગાલીલના નાઝારેથનો તે એ
છે. 12 પછી ઇસુ દેવના મંદિરમાં ગયો, ને મંદિરમાં જેઓ વેચતા તથા
ખરીદતા હતા, તે સર્વને તેણે કાઢી મૂક્યા; ને નાણાવટીઓના બાજટ,
તથા કબૂતર વેચનારાઓના આસનો ઉંધા વાળ્યાં. 13 અને તેઓને કહ્યું
કે, મારું ઘર પ્રાર્થનાનું ઘર કહેવાશે, એમ લખેલું છે, પણ તમે એને લૂટા-
રાઓનું કોતર કીધું છે. 14 અને આંધળા તથા લંગડા તેની પાસે મંદિરમાં
આવ્યા, ને તેણે તેઓને સાજા કીધા. 15 પણ જે ચમત્કારો તેણે કીધા,
તથા જે છોકરાં મંદિરમાં મોટે ઘાંટે દાઉદના દીકરાને હોસાના કહેતાં
હતાં, તેઓને જયારે મુખ્ય યાજકોએ તથા શાસ્ત્રીઓએ દીઠાં, ત્યારે
તેઓ બહુ ગુસ્સે થયા. 16 અને તેને કહ્યું કે, એઓ શું કહે છે, તે તું સાંભ-
ળે છે? ત્યારે ઇસુ તેઓને કહે છે કે, હા, બાળકોના તથા ધાવણાંઓના
મ્હોથી તેં સ્તુતિ પુરી કરાવી છે, એ શું તમે કદી નથી વાંચ્યું? 17 પછી તે
તેઓને મૂકીને નગર બહાર બેથાનીઆમાં ગયો, ને ત્યાં તેણે વાસો કી-
ધો. 18 હવે સવારે તે પાછો નગરમાં આવતો હતું ત્યારે ભૂખ્યો થયો.
19 અને એક અંજીરીને રસ્તાની કોરે જોઇને તે તેની પાસે આવ્યો, પણ
તેના પર એકલાં પાતરાં વગર કંઇ ન મળવાથી તેણે તેને કહ્યું કે, હવેથી
તારા પર કદી ફળ ન લાગો; ને એકદમ તે અંજીરી સુકાઇ ગઇ 20 અને તે
જોઇને શિષ્યોએ અચરત થઇને બોલ્યા કે, અંજીરી કેવી રીતે એકદમ સુ-
કાઇ ગઇ? 21 ત્યારે ઇસુએ ઉત્તર દેતાં તેઓને કહ્યું કે, હું તમને ખચિત
કહું છું કે, જો તમને વિશ્વાસ હોય ને સંદેહ ન લાવો તો આ અંજીરીને જે
થયું તે તમે કરશો, એટલુંજ નહિ પર જો તમે આ પહાડને કહેશો કે, તું
ઉંચકાઇ જા ને સમુદ્રમાં નંખા, તો તેમજ થશે. 22 અને જે કંઇ તમે વિ-
શ્વાસ રાખીને પ્રાર્થનામાં માગશો, તે સઘળું પામશો. 23 પછી મંદિરમાં
આવીને તે બોધ કરતો હતો, એટલામાં મુખ્ય યાજકોએ તથા લોકોનાં
વડીલોએ તેની પાસે આવીને કહ્યું કે, તું કયા અધિકારથી એ કામો કરે
છે? ને એ અધિકાર તને કોણે આપ્યો? 24 ત્યારે ઇસુએ ઉત્તર દેતાં તેઓ-
ને કહ્યું કે, હું પણ તમને એક વાત પુછીશ, તે જો તમે કહેશો તો હું કયા
અધિકારીથી એ કામો કરું છું, તે પણ તમને કહીશ. 25 યોહાનનું બાપ્તિ-
સ્મા ક્યાંથી હતું? આકાશથી કે માણસોથી? ત્યારે તેઓએ માહોમાંહે
વિચારીને કહ્યું, જો અપને કહીએ કે આકાશથીતો તે આપણને કહેશે કે,
ત્યારે તમે તેના પર કેમ વિશ્વાસ કીધો નહિ? 26 અને જો આપણે કહીએ
કે માણસોથી, તો લોકોથી આપણે બીએ છીએ, કેમકે સહુ યોહાનને
ભવિષ્યવાદી મને છે. 27 પછી તેઓએ ઇસુને ઉત્તર દેતાં કહ્યું કે, અમે
નથી જાણતા. તેણે પણ તેઓને કહ્યું કે, હું કયા અધિકારથી એ કામો
કરૂં છું તે હું પણ તમને નથી કહેતો. 28 પણ તને શું ધારો છો? એક જણ-
ને બે દીકરા હતા, ને તેણે પહેલા પાસે આવીનને કહ્યું કે, દીકરા, તું
આજ દ્રાક્ષવાડીમાં જઇને કામ કર. 29 ત્યારે તેણે ઉત્તર દેતાં કહ્યું કે, હું
નથી જવાનો; તોપણ પછી તે પસ્તાઇને ગયો. 30 અને બીજા પાસે
આવીને તેણે તેમજ કહ્યું. ત્યારે તેણે ઉત્તર દેતાં કહ્યું, સાહેબ, હું જાઉં
છું, તોપણ તે ગયો નહિ. 31 તો તે બન્નેમાંથી કોણે બાપની ઇચ્છા પ્રમા-
ણે કીધું? તેઓ કહે છે કે, પહેલાએ;ઇસુ તેઓને કહે છે કે, હું તમને
ખચિત કહું છું કે, દાણીઓ તથા કસબેણો તમારી અગાઉ દેવના રાજ્ય-
માં જાય છે. 32 કેમકે યોહાન ન્યાયને માર્ગે તમારી પાસે આવ્યો, તોપણ
તમે તેના ઉપર વિશ્વાસ ન કીધો,; પણ દાણીઓએ તથા કસબેણોએ
તેના પર વિશ્વાસ કીધો; ને એ જોયા પછી પણ તમે પસ્તાવો કીધો નહિ
કે તમે તેના પર વિશ્વાસ કરો. 33 એક બીજું દ્દષ્ટાંત સાંભળો, એક ઘરધ-
ણી હતો જેણે દ્રાક્ષવાડી રોપી, ને તેની આસપાસ વાડ કીધી, ને તેમાં
દ્રાક્ષકુંડ ખોધો, ને બુરૂજ બનાવ્યો, ને ખેડુતોને તે ઇજારે આપી, ને પર-
દેશ ગયો. 34 અને ફળની ઋતુ પાસે આવી ત્યારે તેણે ફળ લેવા સારૂ
પોતાના ચાકરોને તે ખેડુતોની પાસે મોકલ્યા. 35 ત્યારે ખેડૂતોએ તેના
ચાકરોને પકડીને એકને માર્યો, ને બીજાને મારી નાખ્યો, ને ત્રીજાને
પત્થરે માર્યો. 36 વળી તેણે પહેલાં કરતાં વધારે બીજા ચાકરોને બોલ્યા,
પણ તેઓએ તેઓને તેમજ કીધું. 37 પણ પાછળથી તેણે પોતાના દીક-
રાને તેઓની પાસે મોકલતાં કહ્યું કે, તેઓ મારા દીકરાની અદબ રાખશે.
38 પણ ખેડૂતોએ દીકરાને જોઇને મહોમાંહે કહ્યું કે, એ તો વારસ છે, ચા-
લો, આપણે એને મારી નાખીએ, ને એનો વારસો લઇએ. 39 ત્યારે તે-
ઓએ તેને પકડ્યો, ને દ્રાક્ષવાડીમાંથી બહાર કાઢીને મારી નાખ્યો.
40 એ માટે જયારે દ્રાક્ષવાડીનો ધણી આવશે ત્યારે એ ખેડુતોને તે શું
કરશે? 41 તેઓ તેને કહે છે કે, તે દુષ્ટોનો પુરો નાશ તે કરશે; ને બીજા
ખેડુતો જેઓ ઋતુએ ફળો તેણે પહોંચાડશે, તેઓને દ્રાક્ષવાડી ઇજારે
આપશે. 42 ઇસુ તેઓને કહે છે કે, જે પત્થરનો નકાર ઘર બાંધનારા-
ઓએ કીધી, તેજ ખૂણાનો મુખ્ય પત્થર થયો. એ પ્રભુથી બન્યું, ને
આપણી નજરમાં આશ્ચર્યકારક છે, એ શું તમે શાસ્ત્રમાં કદી નથી
વાંચ્યું? 43 એ માટે હું તમને કહું છું કે, દેવનું રાજ્ય તમારી પાસેથી લઇ

લેવાશે, ને જે પ્રજા તેનાં ફળ આપશે, તેઓને અપાશે. 44 અને આ
પત્થર પર જે પડશે, તેના ટુકડે ટુકડા થઇ જશે, પણ જે પર તે પડશે, તે
તેનો ભુકો કરી નાખશે. 45 અને મુખ્ય યાજકોએ તથા ફરોશીઓએ તેના
દૃષ્ટાંતો સંભાળીને જાણ્યું કે તે અમારા સંબંધી કહે છે. 46 પણ જયારે
તેઓએ તેને પકડવાને કોશિશ કીધી ત્યારે લોકોથી તેઓ બીધા, કેમકે
લોકો તેને ભવિષ્યવાદી માનતા હતા.
22 અને ઇસુએ ઉત્તર દેતાં ફરીથી તેઓને દૃષ્ટાંતોમાં કહ્યું કે,
2 આકાશનું રાજ્ય એજ રાજાના જેવું ચ, જેણે પોતાના દીકરાના
લગ્નનું જમણ કીધું. 3 અને લગ્નમાં નહોતરેલાઓને તેડવા સારૂ તેણે પો-
તાના ચાકરોને મોકલ્યા, પણ તેઓએ આવવાનું ન ચાહ્યું. 4 ફરી તેણે
બીજા ચાકરોને મોકલતાં કહ્યું કે, નહોતરેલાઓને કહો, જુઓ, મેં મારૂં
જમણ તૈયાર કીધું છે, મારા બળદ તથા પુષ્ટ જનાવરો કાપ્યાં છે, ને
સઘળાં વાના તૈયાર છે, લગ્નમાં આવો. 5 પણ તેઓએ તે ગણકાર્યું નહિ;
ને પોતપોતાના માર્ગે ગયા, એક પોતાના ખેતરમાં, ને બીજા પોતાને વે-
પારે ગયો; 6 અને બાકીનાઓએ તેના ચાકરોને પકડ્યા, ને તેમનું અપ-
માન કરીને તેમને મારી નાખ્યા. 7 પણ રાજા ગુસ્સે થયો, ને તેણે પોતા-
નું લશ્કર મોકલીને તે ખુનીઓનો નાશ કીધો, ને તેઓનું નગર બાળી
નાખ્યું. 8 પછી તે પોતાના ચાકરોને કહે છે કે, લગ્નનું જમણ તૈયાર છે
ખરૂં, પણ નહોતરેલા યોગ્ય ન હતા. 9 એ માટે તમે રસ્તાઓના નાકા
પર જાઓ, ને જેટલા તમને મળે તેટલાને લગ્નમાં બોલાવો. 10 અને તે
ચાકરોએ બહાર રસ્તાઓમાં જઇને ભુંડા ભલા જેટલા તેઓને મળ્યા તે
સહગલને એકઠા કીધા, એટલે મેમાનોથી લગ્નની ભરતી થઇ. 11 અને
મેમાનોને જોવા સારૂ રાજા માંહે આવ્યો, ત્યારે તેણે ત્યાં લગ્નનો પોશાક
પહેર્યા વગરના એક જણને દીઠો. 12 ત્યારે તે તેને કહે છે કે, ઓ મિત્ર, તું
લગ્નના પોશાક વિના અહીં કેમ આવ્યો? ને તે અણબોલ્યો રહ્યો.
13 ત્યારે રાજાએ ચાકરોને કહ્યું કે, એના હાથ પગ બાંધીને એને બહારના
અંધારામાં ફેંકી દો; ત્યાં રડવું ને દાંત પીસવું થશે. 14 કેમકે તેડેલા ઘણા,
પણ પસંદ કરેલા થોડા છે. 15 ત્યારે ફરોશીઓએ જઇને તેને શી રીતે વા-
તમાં સપડાવવો, એ સંબંધી મનસુબો કીધો. 16 પછી તેઓએ પોતાના
શિષ્યોને હેરોદીઓ સુદ્ધાં તેની પાસે મોકલીને કહાવ્યું કે, ઓ ઉપદેશક,
અમે જાણીએ છીએ કે તું સાચો છે, ને સાચાઇથી દેવનો માર્ગ શિખવે
છે, ને તું કોઈનની દરકાર નથી કરતો, કેમકે માણસોનું મ્હો તું નથી રા-
ખતો. 17 માટે તું શું ધારે છે? કાઈસારને કર આપવો ઉચિત છે કે નહિ?
તે અમને કહે. 18 પણ ઇસુએ તેઓની ભુંડાઇ જાણીને કહ્યું કે, ઓ
ઢોંગીઓ, તમે મારૂં પરીક્ષણ કેમ કરો છો? 19 કરનું નાણું મને દેખા-
ડો.ત્યારે તેઓ એક દીનાર તેની પાસે લાવ્યા. 20 ત્યારે તે તેઓને કહે છે
કે, આ સુરત તથા લેખ કોનાં છે? 21 તેઓ તેને કહે છે કે કાઈસારનાં.
ત્યારે તે તેઓને કહે છે કે, જે કાઈસારના તે કાઈસારને, તથા જે દેવનાં
તે દેવને ભરી આપો. 22 અને એ સાંભળીને તેઓ અચરત થયા, ને તેને
મુકીને ચાલ્યા ગયા. 23 તે દહાડે સાદુકીઓ, જે કહે છે કે પુનરૂત્થાન
નથી, તેઓએ તેની પાસે આવીને તેને પુછતાં 24 કહ્યું, ઓ ઉપદેશક, મુ-
સાએ કહ્યું છે કે, જો કોઇ નછોરવો મરી જાય, તો તેનો ભાઇ તેની બાય-
ડી પરણે, ને પોતાના ભાઇને સારૂ વંશ ઉપજાવે. 25 તો અમારામાં સાત
ભાઇ હતા, ને પહેલો પરણીને મારી ગયો. અને તે નછોરવો છતાં પોતા-
ના ભાઇને સારૂ પોતાની બાયડી મુકી ગયો. 26 તે પ્રમાણે બીજો તથા
ત્રીજો સાતમાં સુધી મારી ગયા. 27 અને સહુથી છેલ્લી તે બાયડી પણ મા-
રી ગઇ. 28 એ માટે પુનરૂત્થાનમાં પેલા સાતમાંથી તે કોણની બાયડી
થશે? કેમકે તે સહુની થઇ હતી. 29 ત્યારે ઇસુએ ઉત્તર દેતાં તેઓને કહ્યું
કે, ધર્મલેખો તથા દેવનું પરાક્રમ ન જાણતાં તમે ચુકો છો. 30 કેમકે પુન-
રૂત્થાનમાં તેઓ પરણતા નથી, ને પરણાવતા નથી, પણ આકાશમાંના
દૂતો જેવા છે. 31 પણ મુએલાંઓના પુનરૂત્થાન સંબંધી દેવે જે તમને
કહ્યું તે શું તમે નથી વાંચ્યું? 32 કે હું ઇબ્રાહીમનો દેવ તથા ઇસ્હાકનો
દેવ, તથા યાકુબનો દેવ છું; તે મુએલાંઓનો દેવ નથી, પણ જીવતાંઓ-
નો છે. 33 ત્યારે લોકો એ સાંભળીને તેના બોધથી અચરત થયા. 34 અને
જયારે ફરોશીઓએ સાંભળ્યું કે તેણે સાદુકીઓનું મ્હો બંધ કીધું ત્યારે
તેઓ એકઠા થયા; 35 અને તેઓમાંથી એક પંડિતે તેનું પરીક્ષણ કરવા
સારૂ તેને પુછ્યું કે, 36 ઓ ઉપદેશક, નિયમશાસ્ત્રમાં કયી આજ્ઞા મોટી
છે? 37 ત્યારે તેણે તેને કહ્યું કે, પ્રભુ જે તારો દેવ, તે પર તું તારા આખા
હૃદયથી, ને તારા આખા જીવથી, ને તારા આખા મનથી પ્રીતિ કર.
38 પહેલી ને મોટી આજ્ઞા એ છે. 39 અને બીજી એના જેવી એ છે કે જેવી
પોતા પર તેવી પોતાના પડોસી પર તું પ્રીતિ કર. 40 આ બે આજ્ઞા
આખા નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓનો પાયો છે. 41 અને ફરો-
શીઓ એકઠા મળેલા હતા, ત્યારે ઇસુએ તેઓને એવું પુછ્યું કે, 42 મસીહ
સંબંધી તમે શું ધારો છો? તે કોણનો દીકરો છે? તેઓ તેને કહે છે કે, દા-
ઉદનો. 43 તે તેઓને કહે છે, તો દાઉદ આત્માવડે તેને પ્રભુ કેમ કહે છે?
44 [જેમ કે,] પ્રભુએ મારા પ્રભુને કહ્યું કે, તારા શત્રુઓને હું તારૂં પાયા-
સન કરૂં ત્યાં સુધી તું મારે જમણે હાથે બેસ. 45 હવે જો દાઉદ તેને પ્રભુ
કહે છે, તો તે શી રીતે તેનો દીકરો છે? 46 અને એક પણ શબ્દનો ઉત્તર
આપી શક્યો નહિ, વળી તે દહાડેથી તેને કંઈ પુછવાને કોઇએ છાતી
ચલાવી નહિ.
23 ત્યારે ઇસુએ લોકોને તથા પોતાના શિષ્યોને કહ્યું કે, 2 શા-
સ્ત્રીઓ તથા ફરોશીઓ મુસાના આસન પર બેસે છે; 3 એ માટે
જે કંઈ તેઓ તમને ફરમાવે, તે કરો તથા પાળો; પણ તેઓના કામ પ્ર-
માણે ન કરો, કેમકે તેઓ કહે છે, પણ કરતાં નથી. 4 કેમકે ભારે અને
ઉંચકતા મહા મુસીબત પડે એવા બોજા તેઓ બાંધીને માણસોની
ખાંધો પર ચઢાવે છે, પણ તેઓ પોતે પોતાની એક આંગળીએ તેણે
ઉપાડવા ચહાતા નથી. 5 અને લૂ તેઓને જુએ એ હેતુથી તેઓ પોતાના
સઘળાં કામ કરે છે; તેઓ પોતાના સ્મરણપત્રોને પહોળાં બનાવે છે, ને
પોતાના લુંગડાની કોર વધારે છે. 6 વળી જમણાવારોમાં મુખ્ય
જગ્યાઓ, તથા સભાસ્થાનોમાં મુખ્ય આસનો, 7 તથા ચૌટાઓમાં
સલામો, તથા માણસ તેઓને રાબી કહે એ તેઓ ચાહે છે. 8 પણ તમે
રાબી ન કહેવાઓ; કેમકે એકજ તમારો ગુરૂ છે, ને તમે સઘળાં ભાઇ છો.
9 અને પૃથ્વી પર તમે કોઇને તમારો બાપ ન કહો, કેમકે એક જે આકાશ-
માં, તે તમારો બાપ છે. 10 અને તમે સ્વામી ન કહેવાઓ, કેમકે એક, જે
ખ્રીસ્ત, તે તમારો સ્વામી છે. 11 પણ તમારામાં જે મોટો તે તમારો સેવક
થાય. 12 અને જે કોઇ પોતાને ઉંચો કરશે, તે નીચો કરાશે; ને જે કોઇ પો-
તાને નીચા કરશે, તે ઉંચો કરાશે. 13 અને, ઓ શાસ્ત્રીઓ તથા ફરો-
શીઓ, ઢોંગીઓ, તમને અફસોસ છે; કેમકે આકાશનું રાજ્ય લોકોની
સામે તમે બંધ કરો છો; કેમકે તેમાં તમે પોતે પેસતા નથી, ને જે પેસે છે
તેઓને તમે પેસવા દેતાં નથી. 14 [[અને, ઓ શાસ્ત્રીઓ તથા ફરો-
શીઓ, ઢોંગીઓ, તમને અફસોસ છે; કેમકે વિધવાઓના ઘરો તમે ખાઇ
જાઓ છે, ને ઢોંગથી લાંબી પ્રાર્થનાઓ કરો છો; તે સારૂ તમે વિશેષ દંડ
ભોગવશો]]. 15 ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને અફ-
સોસ છે; કેમકે તમે એક શિષ્ય કરવા સારૂ સમુદ્ર તથા પૃથ્વી ફરી વળો
છો; ને તે થાય છે ત્યારે તમે તેને પોતા કરતાં બમણો નરકનો દીકરો
બનાવો છો. 16 ઓ આંધળા દોરનારાઓ, તમે અફસોસ છે; તમે કહો છો
કે, જો કોઇ મંદિરના સમ ખાય, તો તેમાં કંઈ નહિ, પણ જો કોઇ મંદિરના
સોનાના સમ ખાય તો તે બંધાયલો છે. 17 ઓ મૂર્ખો તથા આંધળાઓ,
વિશેષ મોટું કયું? સોનું કે સોનાને પવિત્ર કરનારૂં મંદિર? 18 અને, જો
કોઇ હોમવેદીના સમ ખાય તો તેમાં કંઈ નહિ, પણ જો કોઇ તે પરના
અર્પણના સમ ખાય તો તે તેથી બંધાયલો છે. 19 ઓ આંધળાઓ, વિ-
શેષ મોટું કયું? અર્પણ કે અર્પણને પવિત્ર કરનારી હોમવેદી? 20 એ માટે
જે કોઇ હોમવેદીના સમ ખાય છે, તે તેના તથા જે સઘળાં તે પર છે તેના
પણ સમ ખાય છે. 21 અને જે કોઇ મંદિરના સમ ખાય છે, તે તેના તથા
તેમાં જે રહે છે તેના પણ સમ ખાય છે. 22 અને જે આકાશના સમ ખાય
છે, તે દેવના આસનના તથા તે પર બિરાજનારના પણ સમ ખાય છે.
23 ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને અફસોસ છે; કેમકે
ફુદનાનો તથા સૂવાનો તથા જીરાનો દસમો ભાગ તમે આપો છો; પણ
નિયમશાસ્ત્રની ભારે વાતો, એટલે ન્યાયકરણ તથા દયા તથા વિશ્વાસ,
તમે પડતાં મુક્યા છે; તમારે આ કરવાં, ને એ ન મુકવા જોઈતાં હતાં.
24 ઓ આંધળા દોરનારાઓ, તમે મચ્છરને ગાળી કાઢો છો, પણ ઉંટને
ગળી જાઓ છો. 25 ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને
અફસોસ છે; કેમકે તમે થાળી વાટકો બહારથી શુદ્ધ કરો છો, પણ માંહે
જુલમ તથા અન્યાય ભરેલા છે. 26 ઓ આંધળા ફરોશી, તું પહેલાં થાળી
વાટકો માંહેથી શુદ્ધ કર, કે તે બહારથી પણ શુદ્ધ થઇ જાય. 27 ઓ શા-
સ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને અફસોસ છે; કેમકે ધોળેલી

કબરના જેવા તમે છો, જે બહારથી શોભાયમાન દેખાય છે ખરી, પણ
માંહે મુડદાંનાં હાડકાંએ તથા હરેક અશુદ્ધપણાએ ભરેલી છે. 28 તેમ તમે
પણ માણસોની આગળ બહારથી ન્યાયી દેખાઓ છો ખરા, પણ માંહે-
થી ઢોંગે તથા ભુંડાઇએ ભરેલા છો. 29 ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ,
ઢોંગીઓ, તમને અફસોસ છે; કેમકે તમે ભવિષ્યવાદીઓની કબરો
બાંધો છો, ને ન્યાયીઓની કબરો સણગારો છો; 30 ને કહો છો કે, જો
અમે અમારા બાપદાદાઓના દિવસોમાં હોત તો તેઓની સાથે ભવિષ્ય-
વાદીઓના ખૂનમાં અને ભાગીયાન થાત. 31 એથી તમે પોતે સંબંધી
સાક્ષી આપો છો કે ભવિષ્યવાદીઓને મારી નાખનારાઓના દીકરા તમે
છો. 32 તો તમારા બાપદાદાઓનું માપ ભરી ડો. 33 ઓ સર્પો, સાપોના
વંશ, નરકના દંડથી તમે શી રીતે બચશો? 34 એ માટે, જુઓ, ભવિષ્ય-
વાદીઓને તથા જ્ઞાનીઓને તથા શાસ્ત્રીઓને હું તમારી પાસે મોકલું છું,
ને તમે તેઓમાંના કેટલાએકને મારી નાખશો, ને વધસ્તંભે જડશો, ને
તેઓમાંના કેટલાએકને તમારાં સભાસ્થાનોમાં કોરડા મારશો, ને નગરે
નગર તેઓની પુઠે લાગશો; 35 કે ન્યાયી હાબેલના લોહીથી તે બારખી-
આના દીકરા જાખરીઆ, જેણે મંદિરની તથા હોમવેદીની વચ્ચે તમે મા-
રી નાખ્યો હતો, તેના લોહી સુધી જે બધા ન્યાયીઓનું લોહી પૃથ્વી પર
વહેવડાવ્યું હતું, તે તમ પર આવે. 36 હું તમને ખચિત કહું છું કે, એ બધું
આ પેઢી પર આવશે. 37 ઓ યરૂશાલેમ, યરૂશાલેમ, ભવિષ્યવાદીઓને
મારી નાખનાર, ને તારી પાસે મોકલેલાઓને પત્થરે મારનાર! જેમ મર-
ઘી પોતાનાં બચ્ચાંને પાંખો તળે એકઠાં કરે છે, તેમ તારાં છોકરાને એક-
ઠા કરવાનું મેં કેટલી વાર ચાહ્યું, પણ તમે ચાહ્યું નહિ! 38 જુઓ, તમારે
સારૂ તમારું ઘર ઉજડ મુકાયું છે. 39 કેમકે હું તમને કહું છું કે, પ્રભુને નામે
જે આવે છે તે અશીર્વાદિત છે, એવું કહેશો ત્યાં સુધી હવેથી તમે મને
નહિજ દેખશો.

24 આને ઇસુ મંદિરમાંથી નીકળીને માર્ગે ચાલતો હતો, ત્યારે તેના
શિષ્યો તેને મંદિરના બાંધકામો દેખાડવાને પાસે આવ્યા.
2 ત્યારે તેણે ઉત્તર દેતાં તેઓને કહ્યું કે, શું તમે એ બધા નથી દેખતાં? હું
તમને ખચિત કહું છું કે, પાડી નહિ નંખાય, એવો એક પણ પત્થર બીજા
ઉપર અહીં રહેવા દેવાશે નહિ. 3 પછી જૈતુનના પહાડ પર તે બેઠો હતો,
ત્યારે શિષ્યોએ એકાંતમાં તેની પાસે આવીને કહ્યું કે, એ બહુ ક્યારે
થશે? ને તારા આવવાની તથા જગતના અંતની શી નિશાની થશે? તે
અમને કહે. 4 ત્યારે ઇસુએ ઉત્તર આપતાં તેઓને કહ્યું કે, તમને કોઇ ભુ-
લાવામાં ન નાખે, માટે સાવધાન રહો. 5 કેમકે મારે નામે ઘણા એમ કેહ-
તા આવશે કે, હું તે ખ્રીસ્ત છું; ને ઘણાને ભુલાવામાં નાખશે. 6 અને
લડાઇઓ તથા લડાઇઓની અફવા તમે સાંભળશો, ત્યારે જોજો, ગભ-
રાતા ના; કેમકે એ બધું થવાની અગત્ય છે, પણ તેટલેથી અંત નહિ
આવે. 7 કેમકે પ્રજા પ્રજા વિરુદ્ધ તથા રાજ્ય રાજ્ય વિરુદ્ધ ઉઠશે, ને દુ-
કાળો તથા મરકીઓ તથા ઠેકાણે ઠેકાણે ધરતીકંપો થશે. 8 પણ એ
બધા તો દુઃખોના આરંભ છે. 9 ત્યારે તેઓ તમને વિપત્તિમાં નાખશે, ને
તમને મારી નાખશે, ને મારા નામને લીધે સઘળી પ્રજાઓ તમારો દ્વેષ
કરશે. 10 અને તે વેળા ઘણા ઠોકર ખાશે, ને એક બીજાને પરસ્વાધીન
કરાવશે, ને એક બીજા પર વૈર કરશે. 11 અને જુઠા ભવિષ્યવાદીઓ
ઘણા ઉઠશે, ને ઘણાને ભુલાવામાં નાખશે, 12 અને અન્યાય વધી જવા-
ના કારણથી ઘણાખરાનો પ્રેમ થંડો થઇ જશે. 13 પણ અંત સુધી જે ટક-
શે તે તારણ પામશે. 14 અને સર્વ પ્રજાઓને સાક્ષી થવા સારૂ રાજ્યની
આ સુવાર્ત્તા અખા જગતમાં પ્રગટ કરાશે; ને ત્યારે અંત આવશે. 15 એ
માટે ઉજડની અમંગળપણા [ની નિશાણી] જે સંબંધી દાનીએલ ભવિ-
ષ્યવાદીએ કહેલું છે, તેને જયારે તમે પવિત્ર જગ્યાએ ઉભેલી જુઓ (જે
વાંચે તે સમજે), 16 ત્યારે જેઓ યહુદાહમાં હોય તેઓ પહાડો પર નાસી
જાય; 17 ધાબા પર જે હોય તે પોતાના ઘરમાંનો સામાન લેવાને ન ઉતરે;
18 ને ખેતરમાં જે હોય તે પોતાનું લુગડું લેવાને પાછો ન ફરે. 19 અને તે
દહાડાઓમાં જેઓ ગર્ભવતી હોય, તથા જેઓ ધવાડતી હોય, તેઓને
અફસોસ છે. 20 પણ તમારૂ નાસવું શીયાળામાં કે વિશ્રામવારે ન થાય તે
માટે તમે પ્રાર્થના કરો. 21 કેમકે તે વેળા એવી મોટી વિપત્તિ આવી પડશે
કે, તેવી જગતના આરંભથી હમણાં સુધી થઇ નથી, ને કદી થશે પણ
નહિ. 22 અને જો તે દહાડા ઓછા કરવામાં ન આવત તો કોઇ માણસ
બચી ન શકત; પણ પસંદ કરેલાઓની ખાતર તે દહાડા ઓછા કરાશે.
23 ત્યારે જો કોઇ તમને કહેશે કે, જુઓ, ખ્રીસ્ત અહીં અથવા ત્યાં છે, તો
તમે માનતા ના; 24 કેમકે જુઠા ખ્રીસ્ત તથા જુઠા ભવિષ્યવાદીઓ ઉઠશે,
ને એવા મોટા ચમત્કાર તથા અદભુત કૃત્યો દેખાડશે કે જો બની શકે
તો પસંદ કરેલાઓને પણ તેં ભુલાવામાં નાખશે. 25 જુઓ, મેં અગાઉથી
તમને કહ્યું છે. 26 એ માટે જો તેઓ તમને કહે કે, જુઓ, તે રાનમાં છે, તો
બહાર ના જતા; જુઓ, તે ઓરડીઓમાં છે, તો ના માનતા. 27 કેમકે જેમ
વિજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમજ માણસના દીક-
રાનું આવવું થશે. 28 જ્યાં મુડદું હોય, ત્યાં ગીધો એકઠાં થશે. 29 અને તે
દહાડાઓની વિપત્તિ પછી, તરત સુરજ અંધકારરૂપ થઇ જશે, ને ચંદ્ર
પોતાનું અજવાળું નહિ આપશે, ને આકાશથી તારા ખરશે, ને આકાશનાં
પરાક્રમો હલાવાશે. 30 અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશ-
માં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણસ-
ના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમામાં આકાશના મેઘ પર આવતો
તેઓ દેખશે. 31 અને રણશિંગડાડાના મોટા આવાજ સહિત તે પોતાના
દૂતોને મોકલાશે, ને તેઓ ચારે દિશામાંથી આકાશના એક છેડાથી તે
બીજા છેડા સુધી, તેના પસંદ કરેલાઓને એકઠા કરશે. 32 હવે અંજીરી
પરથી તેનું દ્દષ્ટાંત શીખો. જયારે તેની ડાળી કુમળી થઇ હોય છે, ને
પાંદડા ફુટી નીકળે છે, ત્યારે તમે જાણો છે કે ઉનાળો પાસે આવ્યો છે.
33 એમજ તમે પણ જયારે તે બધાં થતાં જુઓ, ત્યારે તમારે જાણવું કે તે
પાસે બારણા આગળજ છે. 34 હું તમને ખચિત કહું છું કે, એ બધાં પુરા
થશે ત્યાં સુધી આ પેઢી ગુજરી નહિ જશે. 35 આકાશ તથા પૃથ્વી જતાં
રહેશે, પણ મારી વાતો જતી રહેશે નહિ. 36 પણ તે દહાડા તથા તે ઘડી
સંબંધી બાપ વગર કોઇ પણ જાણતો નથી, આકાશના દૂતો નહિ ને દી-
કરો પણ નહિ. 37 ને જેમ નુહના સમયમાં થયું, તેમજ માણસના દીકરા-
નું આવવું પણ થશે. 38 કેમકે જેમ જલપ્રલયની અગાઉ નુહ વહાણમાં
ચઢી બેઠો ત્યાં સુધી તેઓ ખાતાં પીતા, ને પરણતા પરણાવતા હતા;
39 અને જલપ્રલય આવીને સહુને તાણી લઇ ગયો, ત્યાં સુધી તેઓ ન
સમજ્યા, તેમજ માણસના દીકરાનું આવવું પણ થશે. 40 તે વખત બે
માણસ ખેતરમાં હશે, એક લેવાશે ને બીજો પડતો મુકાશે. 41 બે સ્ત્રીઓ
ઘંટીએ દળતી હશે, એક લેવાશે ને બીજી પડતી મુકાશે. 42 માટે જાગતા
રહો, કેમકે તમારો પ્રભુ કયે દિવસે આવશે એ તમે જાણતા નથી.
43 પણ એ જાણો કે ચોર કયે પહોરે આવશે, એ જો ઘરઘણી જાણતો
હોત, તો તે જાગતો રહેત, ને પોતાના ઘરમાં ખાતર પાડવા ન દેત. 44 એ
માટે તમે પણ તૈયાર રહો; કેમકે જે ઘડીએ તમે ધારતા નથી તે ઘડીએ
માણસનો દીકરો આવશે. 45 તો જે ચાકરના ઘણીએ પોતાના ઘરનાંને
થોક વખતે ખાવાનું આપવા સારૂ પોતાના ઘરનો કારભારી ઠરાવ્યો છે,
તે વિશ્વાસુ તથા બુદ્ધિવાન ચાકર કોણ છે? 46 જેને તેનો ઘણી આવીને
એમ કરતો દેખશે તે ચાકરને ધન્ય છે. 47 હું તમને ખચિત કહું છું કે, તે
તેને પોતાની બધી સંપતિઓ કારભારી ઠરાવશે. 48 પણ જો તે ભુંડો ચા-
કર પોતાના મનમાં કહેશે કે, મારો ઘણી આવતાં વાર લગાડે છે; 49 ને તે
બીજા ચાકરોને મારવા તથા છાકટાઓની સાથે ખાવા તથા પીવા લાગ-
શે, 50 તો જે દહાડે તે તેની વાત જોતો નથી, ને જે ઘડી તે જાણતો નથી,
તેમાં તે ચાકરનો ઘણી આવશે; 51 ને તેને કાપી નાખશે, ને તેનો ભાગ
ઢોંગીઓની સાથે ઠરાવશે; ત્યાં રડવું ને દાંત પીસવું થશે.

25 તો આકાશના રાજ્યને દસ કુમારિકાઓની ઉપમા અપાશે, કે કે
પોતપોતાની મશાલો લઇને વરને મળવા સારૂ બહાર ગઇ.
2 અને તેઓમાંની પાંચ મૂર્ખ ને પાંચ બુદ્ધિવાન હતી. 3 કેમકે મૂર્ખીઓએ
પોતાની મશાલો લીધી, ત્યારે તેઓએ સાથે તેલ ન લીધું. 4 પણ બુદ્ધિ-
વંતીએ પોતાની મશાલો સાથે પોતાની કુપ્પીમાં તેલ લીધું. 5 અને વરને
વાર લાગી એટલામાં તે સર્વ ઝોકાં ખાઇને ઉંઘી ગઇ. 6 અને અરધી રાત્રે
બૂમ પડી કે, જુઓ, વર આવે છે, તેને મળવાને નીકળો. 7 ત્યારે તે સઘ-
ળી કુમારિકાઓએ ઉઠીને પોતપોતાની મશાલો તૈયાર કીધી. 8 અને મૂ-
ર્ખીઓએ બુદ્ધિવંતીને કહ્યું કે, તમારા તેલમાંથી અમને આપો, કેમકે
અમારી મશાલો હોલવાઇ જાય છે. 9 પણ બુદ્ધિવંતીએ ઉત્તર દેતાં કહ્યું કે
કદાચને અમને તથા તમને પુરૂં નહિ પડશે, માટે તમે વેચનારાઓની
પાસે જાઓ, ને પોતપોતાને સારૂ વેચાતું લો. 10 અને તેઓ વેચાતું લેવા
ગઇ એટલામાં વર આવી પહોંચ્યો, ને જેઓ તૈયાર હતી તેઓ તેની જોડે
લગ્નજમણમાં ગઇ, ને બારણું બંધ કરવામાં આવ્યું. 11 પછી તે બીજી કુ-

મારિકાઓએ આવીને કહ્યું કે, ઓ સ્વામી, સ્વામી, અમારે સારૂ ઉઘાડ.
12 પણ તેણે ઉત્તર દેતાં કહ્યું, હું તમને ખચિત કહું છું કે હું તમને નથી
ઓળખતો. 13 માટે તમે જાગતા રહો, કેમકે તે દહાડો અથવા ઘડી તમે
જાણતા નથી. 14 કેમકે [તેનું આવવું] એક માણસના જેવું છે, જેણે પર-
દેશ જતાં પોતાના ચાકરોને બોલાવીને પોતાની સંપત્તિ તેઓને સોંપી.
15 એકને તેણે પાંચ હજાર તાલંત, ને બીજાને બે, ને ત્રીજાને એક, હરેકને
પોતપોતાની શક્તિ પ્રમાણે આપ્યું; ને તે પરદેશ ગયો. 16 પછી જેને
પાંચ તાલંત મળ્યા હતા, તે તરત જઈને તેથી વેપાર કરીને બીજા પાંચ
તાલંત કમાયો. 17 તેમજ જેને બે, તે પણ બીજા બે કમાયો. 18 પણ જેને
એક મળ્યો હતો તેણે જઈને ભોંય ખોદીને પોતાના ધણીનું નાણું દાટી
મુક્યું; 19 અને લાંબી મુદ્દત પછી તે ચાકરોનો ધણી આવે છે, ને તેઓ
પાસેથી હિસાબ લે છે. 20 ત્યારે જેને પાંચ તાલંત મળ્યા હતા તે બીજો
પાંચ તાલંત પણ લેતો આવ્યો, ને કહ્યું કે, પ્રભુ, તે મને પાંચ તાલંત
સોંપ્યા હતા; જો, હું તે ઉપરાંત બીજા પાંચ તાલંત કમાયો. 21 ત્યારે તેના
પ્રભુએ તેને કહ્યું કે, શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિ-
શ્વાસુ થયો છે; હું તને ઘણા પર ઠરાવીશ, તું તારા પ્રભુના આનંદમાં
પેસ. 22 અને જેને બે તાલંત મળ્યા હતા, તેણે પણ પાસે આવીને કહ્યું
કે, પ્રભુ, તેં મને બે તાલંત સોંપ્યાં હતા; જો, હું તે ઉપરાંત બીજા બે તા-
લંત કમાયો. 23 તેના પ્રભુએ તેને કહ્યું કે, શાબાશ, સારા તથા વિશ્વાસુ
ચાકર, તું થોડામાં વિશ્વાસુ થયો છે; હું તને ઘણા પર ઠરાવીશ, તું તારા
પ્રભુના આનંદમાં પેસ. 24 પછી જેને એક તાલંત મળ્યો હતો, તેણે પણ
પાસે આવીને કહ્યું કે, પ્રભુ, જ્યાં તે નથી વાવ્યું ત્યાંથી તું કાપનાર, ને
જ્યાં તે નથી વેર્યું ત્યાંથી તું એકઠું કરનાર છે, એવો કરડો માણસ મેં તને
જાણ્યો. 25 માટે હું બીધો, ને જઈને તારા તાલંતને મેં ભોંયમાં દાટી મુ-
ક્યો; જો, જે તારું તે તને પહોંચ્યો છે. 26 અને તેના પ્રભુએ ઉત્તર દેતાં
તેને કહ્યું કે, અરે ભુંડા તથા આળસી ચાકર, જ્યાં મેં નથી વાવ્યું ત્યાંથી
હું કાપું છું, ને જ્યાં મેં નથી વેર્યું ત્યાંથી હું એકઠું કરું છું એમ તું જાણ્યું
હતું, 27 તો મારૂં નાણું તારે શાહુકારોને આપવું જોઈતું હતું કે હું આવીને
વ્યાજ સુદ્ધાં મારું પામત. 28 એ માટે એની પાસેથી તાલંત લઈને જેની
પાસે દસ તાલંત છે તેને આપો. 29 કેમકે જેની પાસે છે તે દરેકને અપા-
શે, ને તેનું ઘણું થશે; પણ જેની પાસે નથી, તેનું જે છે તે પણ તેની પા-
સેથી લઈ લેવામાં આવશે. 30 અને તે નકામા ચાકરને બહારના અંધકા-
રમાં કાઢી મુકો, ત્યાં રડવું ને દાંત પીસવું થશે. 31 અને જયારે માણસનો
દીકરો પોતાના મહિમામાં સર્વ પવિત્ર દૂતો સુદ્ધાં આવશે, ત્યારે તે પો-
તાના મહિમાના રાજ્યાસન પર બેસશે. 32 અને સર્વ લોક તેની આગળ
એકઠા કરાશે; ને જેમ ઘેટાંપાળક ઘેટાંને બકરાંથી જુદાં પાડે છે, તેમ તે
તેઓને એક બીજાથી જુદા પાડશે. 33 અને ઘેટાંને તે પોતાને જમણે હા-
થે. પણ બકરાંને ડાબે હાથે રાખશે. 34 ત્યારે રાજા પોતાની જમણી તરફ-
નાઓને કહેશે કે, મારા બાપના આશીર્વાદિતો, તમે આવો, જે રાજ્ય
જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારૂ તૈયાર કીધેલું છે તેનો વારસો
લો. 35 કેમકે હું ભૂખ્યો હતો, ત્યારે તમે મને ખાવાનું આપ્યું; હું તરસ્યો
હતો, ત્યારે તમે મને [પાણી] પાયું; હું પારકો હતો; ત્યારે તમે મને પરો-
ણો રાખ્યો; 36 હું નાગો હતો, ત્યારે તમે મને વસ્ત્ર પહેરાવ્યાં; હું માંદો
હતો, ત્યારે તમે મને જોવા આવ્યા; હું કેદમાં હતો, ત્યારે તમે મારી પાસે
આવ્યા. 37 ત્યારે ન્યાયીઓ તેને ઉત્તર દેતાં કહેશે કી, પ્રભુ, ક્યારે અમે
તને ભૂખ્યો દેખીને ખવાડ્યું, અથવા તરસ્યો દેખીને પાણી] પાયું? 38 ને
ક્યારે અમે તમે પારકો દેખીને પરોણો રાખ્યો, અથવા નાગો દેખીને
વસ્ત્ર પહેરાવ્યાં? 39 અને ક્યારે અમે તને માંદો અથવા કેદમાં જોઈને તા-
રી પાસે આવ્યા? 40 ત્યારે રાજા ઉત્તર દેતાં તેઓને કહેશે, હું તમને
ખચિત કહું છું કે, આ મારા ભાઈઓમાંના બહુ નાનાઓમાંથી એકને તમે
તે કીધું એટલે મને કીધું. 41 પછી ડાબી તરફનાઓને પણ તે કહેશે કે,
ઓ શાપિતો, જે સર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારૂ તૈયાર
કીધેલા છે, તેમાં તમે મારી આગળથી જાઓ. 42 કેમકે હું ભૂખ્યો હતો,
પણ તમે મને ખાવનું આપ્યો નહિ, હું તરસ્યો હતો, પણ તમે મને [પા-
ણી] પાયું નહિ; 43 હું પારકો હતો, પણ તમે મને પરોણો રાખ્યો નહિ;
નાગો હતો, પણ તમે મને વસ્ત્ર પહેરાવ્યાં નહિ; માંદો તથા કેદમાં હતો,
પણ તમે મને જોવા આવ્યા નહિ. 44 ત્યારે તેઓ પણ ઉત્તર દેતાં કહેશે
કે, પ્રભુ, ક્યારે અમે તને ભૂખ્યો, કે તરસ્યો, કે પારકો, કે નાગો, કે માંદો
કે કેદમાં દેખીને તારી સેવા નહિ કીધી? 45 ત્યારે તે તેઓને ઉત્તર દેતાં
કહેશે કે, હું તમને ખચિત કહું છું કે, આ બહુ નાનાઓમાંથી એકને તમે
તે કીધું નહિ, એટલે મને કીધું નહિ. 46 અને તેઓ સર્વકાલિક શાસનમાં
જશે, પણ ન્યાયીઓ સર્વકાલિક જીવનમાં [જશે].

26 અને ઇસુએ એ સર્વ વાતો પુરી કીધી ત્યારે એમ થયું કે તેણે
પોતાના શિષ્યોને કહ્યું, 2 તમે જાણો છો કે બે દહાડા પછી પા-
સ્ખા પર્વ છે; અને માણસના દીકરો વધસ્તંભે જડાવા સારૂ પરસ્વાધીન
કરાય છે. 3 ત્યારે મુખ્ય યાજકો તથા લોકોનાં વડીલો કાયાફા નામે પ્ર-
મુખ યાજકની કચેરીના એકઠા થયા. 4 અને ઇસુને કપટથી પકડીને મા-
રી નાખવ માટે મનસુબો કીધો. 5 પણ તેઓએ કહ્યું કે, પર્વમાં નહિ, રખે
લોકોમાં ગડબડ થાય. 6 અને ઇસુ બેથાનીઆમાં સીમોન કોઢીઆના
ઘરમાં હતો. 7 ત્યારે અતિ મૂલ્યવાન અત્તરની સંગેમરમરની ડબ્બી લઈ-
ને એક બાયડી તેની પાસે આવી, ને તે જમવા બેઠો હતો ત્યારે તેના મા-
થા પર તેણીએ તે રેડ્યું. 8 પણ તેનાં શિષ્યોએ તે દીઠું ત્યારે તેઓને ગુ-
સ્સે થઈને કહ્યું કે, એ નુકસાન શા માટે? 9 કેમકે એ અત્તર ઘણે મૂલ્યે વે-
ચાત, ને દરિદ્રીઓને અપાત. 10 ત્યારે ઇસુએ એ જાણીને તેઓને કહ્યું
કે, એ બાયડીને તમે કેમ સતાવો છો? કેમકે એણે તો મારા પ્રત્યે ઉત્તમ
કામ કીધું છે. 11 કેમકે દરિદ્રી સદા તમારી સાથે છે, પણ હું સદા તમારી
સાથે નથી. 12 તેણે એ અત્તર મારી શરીર પર રેડ્યું એ તો મારા દટાવા-
ણી તૈયારીને સારૂ તેણે કીધું. 13 હું તમને ખચિત કહું છું કે, આ સુવાર્ત્તા
આખા જગતમાં જ્યાં કહીં પ્રસિદ્ધ કરાશે ત્યાં એણે જે કીધું છે તે પણ
એના સંભારણાને સારૂ કહેવાશે. 14 ત્યારે યહુદા ઇસકારીઓત કહેવાએ-
લા તે બારમાંના એકે મુખ્ય યાજકોની પાસે જઈને 15 કહ્યું કે, તેને હું
તમારે સ્વાધીન કરું તો તમે મને શું આપવા રાજી છો? ને તેઓને તેને
ત્રીસ રૂપીઆ તોળી આપ્યા. 16 અને ત્યારથી તેણે તેને પરસ્વાધીન કર-
વાનો લાગ શોધ્યા કીધો. 17 અને બેખમીર રોટલીના [પર્વને]] પહેલે
દહાડે શિષ્યોએ ઇસુની પાસે આવીને કહ્યું કે, મે તારે વાસ્તે પાસ્ખા કા-
વાની ક્યાં તૈયારી કરીએ? તારી શી ઈચ્છા છે? 18 ત્યારે તેણે કહ્યું કે,
નગરમાં ફલાણી પાસે જઈને તેને કહો, ઉપદેશક કહે છે કે મારો સમય
પાસે આવ્યો છે, હું મારા શિષ્યો સુદ્ધાં તારે ઘેર પાસ્ખા પાળીશ. 19 અને
ઇસુએ શિષ્યોને જેવી આજ્ઞા આપી હતી, તેવું તેઓને કીધું, ને પાસ્ખા
તૈયાર કીધું. 20 અને સાંજ પડી ત્યારે બાર શિષ્યોની સાથે તે જમવા બે-
ઠો. 21 અને તેઓ જમતા હતા ત્યારે તેણે કહ્યું, હું તમને ખચિત કહું છું
કે, તમારામાંનો એક મને પરસ્વાધીન કરશે. 22 ત્યારે તેઓ ઘણા શોકા-
તુર થયા, ને તેઓમાંનો હરેક તેને કહેવા લાગ્યો કે, પ્રભુ, શું તે હું છું?
23 અને તેણે ઉત્તર દેતાં કહ્યું કે, જેણે મારી સાથે થાળીમાં હાથ ઘાલ્યો
છે તેજ મને પરસ્વાધીન કરશે. 24 માણસના દીકરા સંબંધી જેમ લખ્યું
છે તેમ તે જાય છે ખરો; પણ જે માણસથી માણસનો દીકરો પરસ્વા-
ધીન કરાય છે, તેને અફસોસ છે; જો તે માણસ જન્મ્યો ન હોત, તો તેને
માટે સારૂ હોત. 25 ત્યારે તેને પરસ્વાધીન કરનાર યહુદાએ ઉત્તર દેતાં
કહ્યું, રાબી, શું તે હું છું? તેણે તેને કહે છે કે, તેં પોતેજ કહ્યું. 26 અને
તેઓ ભોજન કરતાં હતા ત્યારે ઇસુએ રોટલી લઈને, તથા આશીર્વાદ
માગીને ભાંગી, ને શિષ્યોને આપીને કહ્યું કે, લો, ખાઓ, એ મારું શરીર
છે. 27 અને તેણે વાટકો લઈને તથા સ્તુતિ કરીને તેઓને આપતાં કહ્યું
કે, તમે સહુ એમાંનું પીઓ. 28 કેમકે એ [નવો] કરારનું મારૂં લોહી છે, જે
પાપોની માફીને અર્થે ઘણાઓને સારૂ વહેવડાવવામાં આવે છે. 29 અને
હુતામને કહું છું કે, હું મારા બાપના રાજ્યમાં તમારી સાથે નવો પીશે, તે
દહાડા સુધી દ્રાક્ષરસ હવેથી હું પીનારજ નથી. 30 અને તેઓ ગીત ગાયા
પછી જૈતુનના પહાડ પર બહાર ગયા. 31 ત્યારે ઇસુ તેઓને કહે છે કે,
તમે સહુ આજ રાત્રે મારા સંબંધી ઠોકર ખાશો; કેમકે એમ લખ્યું છે કે હું
ઘેટાંપાળકને મારીશ, ને ટોળાનાં ઘેટાં વિખેરાઈ જશે. 32 પણ મારા
ઉઠ્યા પછી હું તમારી અગાઉ ગાલીલમાં જઈશ. 33 ત્યારે પીત્તરે ઉત્તર દે-
તાં તેને કહ્યું કે, જો બધા તારા સંબંધી ઠોકર ખાશે, તોપણ હું કદી ઠોકર
નહિ ખાઈશ. 34 ઇસુએ તેને કહ્યું, હું તને ખચિત કહું છું કે, આજ રાત્રે
મરઘો બોલ્યા અગાઉ, ત્રણ વાર તું મારો નકાર કરીશ. 35 પીતર તેને કહે
છે કે, જો તારી સાથે મારે મરવું પડે તોપણ હું તારો નકાર નહિજ કરીશ.
36 ત્યારે ઇસુ તેઓની સાથે ગેથસેમાને નામે એક ઠેકાણે આવે છે, ને
શિષ્યોને કહે છે કે, હું પણે જઈને પ્રાર્થના કરૂં ત્યાં સુધી તમે અહીં બેસો.

37 અને પીતરને તથા ઝબદીના બે દીકરાને સાથે લઈને પોતે શોકાતુર
તથા ઉદાસ થવા લાગ્યો; 38 ત્યારે તે તેઓને કહે છે કે, મારો જીવ માર-
વા જેવો ઘણો શોકાતુર છે, તમે અહીં રહીને મારી સાથે જાગતા રહો.
39 પછી તેણે થોડે આઘે જઈને ઉંધે મ્હોડે પડીને પ્રાર્થના કરતાં કહ્યું કે,
ઓ મારા બાપ, જો બની શકે તો આ વાટકો મારાથી દૂર કર; તોપણ મા-
રી ઈચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ. 40 પછી શિ-
ષ્યોની પાસે તે આવે છે, ને તેઓને ઉંઘતા દેખીને પીતરને કહે છે, શું
તમે એક ઘડી પણ મારી સાથે જાગતા રહી નથી શકતા? 41 તમે જાગતા
રહો ને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન આવો; આત્મા તત્પર છે ખરો,
પણ શરીર અબળ છે. 42 વળી બીજી વાર તેણે જઈને પ્રાર્થના કહ્યું, ઓ
મારા બાપ, જો આ વાટકો મારા પીધા વગર મારી પાસેથી દૂર થઈ ન
શકે તો તારી ઈચ્છા થાય. 43 ત્યારે તેણે બીજી વાર આવીને તેઓને
ઉંઘતા દીઠા; કેમકે તેઓની આંખો [ઉંઘતી] ભારે થઇ હતી. 44 અને તે
ફરીથી તેઓને મુકી ગયો, ને ત્રીજી વાર તેજ વાત કહેતાં તેણે પ્રાર્થના
કીધી. 45 ત્યારે તે પોતાના શિષ્યોની પાસે આવીને તેઓને કહે છે કે,
હવે ઉંઘ્યા કરો, ને આરામ લો; જુઓ, ઘડી પાસે આવી છે, ને માણસનો
દીકરો પાપીઓના હાથમાં પરસ્વાધીન કરાય છે. 46 ઉઠો આપણે
જઈએ; જુઓ, મને જે પરસ્વાધીન કરે છે તે પાસે આવ્યો છે. 47 અને તે
હજી બોલતો હતો, એટલામાં જુઓ, તે બારમાંનો એક, એટલે યહુદા,
આવ્યો; ને તેની જોડે મુખ્ય યાજકોની તથા લોકોનાં વડીલોની પાસેથી
ઘણા લોક તરવારો તથા સોટા લઈને આવ્યા. 48 હવે તેને પરસ્વાધીન
કરનારે તેઓને નિશાની આપી હતી કે, હું જેને ચુમીશ તેજ તે છે; તેને
પકડી લેજો. 49 અને તરત તેણે ઇસુની પાસે આવીને કહ્યું, રાબી
સલામ' ને તેને ચુમ્યો; 50 ને ઇસુએ તેને કહ્યું કે, મિત્ર, જે કરવાને તું
આવ્યો છે તે કર. ત્યારે તેઓએ પાસે આવીને, ઇસુ પર હાથ નાખીને,
તેને પકડી લીધો. 51 પછી જુઓ, ઇસુના સાથીઓમાંના એકે હાથ લાંબો
કરીને પોતાની તરવાર કાઢી, ને પ્રમુખ યાજકના ચાકરને મારીને તેનો
કાન કાપી નાખ્યો. 52 ત્યારે ઇસુ તેને કહે છે કે, મારી તરવાર તેનાં મ્યા-
નમાં પાછી ઘાલ; કેમકે જે સઘળાં તરવાર પકડે છે તેઓ તરવારથી
નાશ પામશે. 53 શું તું ધારે છે કે હું એવો શક્તિમાન નથી કે જો બાપની
પાસે માગું, તો તે હમણાંજ દૂતોની બાર ફોજ કરતાં વધારે મારી પાસે
મોકલી દેશે નહિ? 54 તો જે ધર્મલેખો [માં લખેલું છે] કે એવું થવું જોઈએ,
તે કેમ પુરૂં થશે? 55 તેજ વેળા ઇસુએ લોકોને કહ્યું કે, તમે તરવારો તથા
સોટા લઈને જેમ ચોરને તેમ મને પકડવા નીકળી આવ્યા છો શું? હું રોજ
મંદિરમાં બેસીને બોધ કરતો હતો; ને તમે મને પકડ્યો નહતો; 56 પણ
ભવિષ્યવાદીઓના લેખો પુરા થાય માટે આ બધું થયું છે. ત્યારે બધા
શિષ્યો તેને મુકીને નાઠા. 57 પછી જેઓએ ઇસુને પકડ્યો હતો, તેઓ
જ્યાં શાસ્ત્રીઓ તથા વડીલો એકઠા થયા હતા ત્યાં કાફાયા પ્રમુખ યા-
જકની પાસે તેને લઇ ગયા. 58 અને પીતર આઘો આઘો તેની પાછળ પ્ર-
મુખ યજાકની કચેરી સુધી ચાલ્યો, ને માંહે જઈને પરિણામ જોવાને ભા-
લદારોની સાથે બેઠો. 59 અને મુખ્ય યાજકોએ તથા આખી ન્યાયસ-
ભાએ, ઇસુને મારી નાખવાને, તેની વિરુદ્ધ જુઠી શાહેદી શોધી; 60 અને
જો કે ઘણા જુઠા સાક્ષી આવ્યા, તોપણ તે ન જડી; પણ પાછળથી બે
આવીને 61 બોલ્યા કે, એણે કહ્યું, હું દેવના મંદિરને પાડી નાખવાને તથા
ત્રણ દહાડામાં તેને પાછું બાંધવાને સમર્થ છું. 62 ત્યારે પ્રમુખ યાજાકે
ઉભા થઈને તેને કહ્યું, શું તું કંઈ ઉત્તર નથી દેતો? એઓ તારી વિરુદ્ધ શી
શાહેદી આપે છે. 63 પણ ઇસુ છાનો રહ્યો. ત્યારે પ્રમુખ યાજાકે તેને કહ્યું,
હું તને જીવતા દેવના સમ ઘાલું છું કે, દેવનો દીકરો જે ખ્રીસ્ત તેજ તું છે
કે નહિ, એ અમને કહે. 64 ઇસુ તેને કહે છે કે, તેંજ કહ્યું, પરંતુ હું તમને
કહું છું કે, હવે પછી માણસના દીકરાને પરાક્રમના જમણા હાથ પર બેઠે-
લો તથા આકાશના મેઘો પર આવતો તમે દેખશો. 65 ત્યારે પ્રમુખ યાજ-
કે પોતાના લૂગડાં ફાડીને કહ્યું કે, એણે દુર્ભાષણ કર્યું છે; આપણને બી-
જા શાહેદીઓની શી જરૂર છે? જુઓ, હવે તમે એ દુર્ભાષણ સાંભળ્યું છે.
66 તમે શું ધારો છો? ને તેઓએ ઉત્તર દેતાં કહ્યું કે, એ મરણજોગ છે.
67 ત્યારે તેઓએ તેના મ્હો પર થુંકીને તેને મુક્કી મારી; ને બીજાઓએ
તેને થબડાકો મારતાં 68 કહ્યું કે, ઓ ખ્રીસ્ત, તને કોણે માર્યો એ અમને
કહી બતાવ. 69 અને પીતર બહાર ચોકમાં બેઠો હતો, ત્યારે એક દાસીએ
તેની પાસે આવીને કહ્યું કે, તું પણ ગાલીલના ઇસુ જોડે હતો. 70 પણ
તેણે સહુની આગળ નકાર કરતાં કહ્યું કે, જે તું કહે છે તે હું જાણતો
નથી. 71 અને તે બહાર પરશાળમાં ગયો ત્યારે બીજીએ તેને દેખીને
જેઓ ત્યાં હતા તેઓને કહ્યું કે, એ પણ ઇસુ નાઝારીની જોડે હતો.
72 પણ તેણે સમ ખાતાં ફરીથી નકાર કીધો કે, તે માણસને હું ઓળખતો
નથી. 73 અને થોડી વાર પછી પાસે ઉભેલાઓએ આવીને પીતરને કહ્યું
કે, ખેરખર તું પણ તેઓમાંનો છે, કેમકે તારી બોલીથી તું જણાય આવે
છે. 74 ત્યારે તે શાપ દેવા તથા સમ ખાવા લાગ્યો કે, હું તે માણસને
ઓળખતો નથી. અને તરતજ મરઘો બોલ્યો. 75 અને જે વાત ઇસુએ પી-
તરને કહી હતી કે, મરઘો બોલ્યા અગાઉ ત્રણ વાર તું મારો નકાર કરીશ,
તે તેને યાદ આવી; ત્યારે બહાર જઈને તે બહુ રડ્યો.

27 અને સવાર થઇ, ત્યારે સર્વ મુખ્ય યાજકોએ તથા લોકોનાં
વડીલોએ ઇસુને મારી નાખવા સારૂ તેની વિરુદ્ધ મનસુબો કી-
ધો. 2 પછી તેઓએ તેને બાંધ્યો ને તેને લઇ જઈને પીલાત હાકેમને
સોંપ્યો. 3 ત્યારે તે અપરાધી ઠરાવાયો, એવું જોઈને, તેને પરસ્વાધીન
કરનાર યહુદાને પશ્ચાતાપ થયો, ને પેલા ત્રીસ રૂપીઆ મુખ્ય યાજકોની
તથા વડીલોની પાસે પાછા લાવીને 4 કહ્યું કે, નિરપરાધી લોહી પરસ્વા-
ધીન કર્યાથી મેં પાપ કીધું છે. ત્યારે તેઓએ કહ્યું કે, તેમાં અમારે શું? તે
તું જાણે. 5 પછી મંદિરમાં રૂપીઆ ફેંકી દઈને તે નીકળ્યો; ને જઈને ફાંસી
ખાધી. 6 ત્યારે મુખ્ય યાજકોએ તે રૂપીઆ લઈને કહ્યું કે, એ લોહીનું મૂ-
લ્ય છે માટે ભંડારમાં એ નાખવા ઉચિત નથી. 7 પછી તેઓએ મનસુબો
કરીને પરદેશીઓને દાટવા સારૂ તેનું તેનું કુંભારનું ખેત વેચાતું લીધું.
8 તે માટે આજ સુધી તે ખેતર લોહીનું ખેતર કહેવાય છે. 9 ત્યારે યિર્મેયાહ
ભવિષ્યવાદીએ જે કહ્યું હતું તે પુરૂં થયું કે, જેનું મૂલ્ય ઠરાવામાં આવ્યું,
એટલે જેનું મૂલ્ય ઇસ્રાએલપુત્રોએ ઠરાવ્યું તેના મૂલ્યના ત્રીસ રૂપીઆ
તોએ લીધા; 10 ને જેમ પ્રભુએ મને હુકમ કીધો, તેમ કુંભારના ખેતરને
સારૂ આપ્યા. 11 અને ઇસુ હાકેમની આગળ ઉભો રહ્યો, ને હાકેમે તેને
પુછતાં કહ્યું કે, શું તું યહુદીઓનો રાજા છે? ત્યારે ઇસુએ તેને કહ્યું કે, તું
કહે છે. 12 અને મુખ્ય યાજકોએ તથા વડીલોએ તેના પર બટ્ટા મુક્યા
છતાં તેણે કંઈ ઉત્તર ન દીધો. 13 ત્યારે પીલાત તેને કહે છે કે, તારી વિ-
રુદ્ધ તેઓ કેટલી શાહેદી આપે છે, એ શું તું નથી સાંભળતો? 14 પણ તે-
ણે તેને એક શબ્દનો પણ ઉત્તર ન દીધો, જેથી હાકેમ ઘણો અચરત
થયો. 15 હવે પર્વમાં જે એક બંદીવાનને લોકો માગે, તેને તેઓને સારૂ
છોડી દેવાનો હાકેમનો રિવાજ હતો. 16 અને તે વેળા બારાબાસ નામનો
તેઓનો એક પ્રખ્યાત બંદીવાન હતો. 17 તે માટે તેઓ એકઠા થયા પછી
પીલાતે તેઓને કહ્યું હું તમારે સારે કોણને છોડી દઉં, તમારી શી મરજી
છે? બારાબાસને, કે ઇસુ જે ખ્રીસ્ત કહેવાય છે તેને? 18 કેમકે તે જાણતો
હતો કે તેઓએ અદેખાઈથી તેને સોંપ્યો હતો. 19 અને ન્યાયાસન પર તે
બેઠો હતો, ત્યારે તેની બાયડીએ તેને કહેવાડી મોકલ્યું કે તે ન્યાયીને તું
કંઈ કરતો ના, કેમકે આજ મને સ્વપ્નમાં તેને લીધે ઘણું દુઃખ થયું છે.
20 પણ મુખ્ય યાજકોએ તથા વડીલોએ લોકને સમજાવ્યા, કે તેઓ બા-
રાબાસને માગે, ને ઇસુને મારી નંખાવે. 21 પણ હાકેમે ઉત્તર દેતાં તેઓને
કહ્યું કે, તે બેમાંથી હું કોને તમારે સારૂ છોડી દઉં, તમારી શું મરજી છે? ને
તેઓને કહ્યું કે બારાબાસને. 22 પીલાત તેઓને કહે છે કે, તો ઇસુ જે ખ્રી-
સ્ત કહેવાય છે તેને હું શું કરું? સર્વ તેને કહે , તે વધસ્તંભે જડાય.
23 ત્યારે તેણે કહ્યું શા માટે? તેણે શું ભુંડું કીધું છે? પણ તેઓએ વધારે
બૂમ પાડતાં કહ્યું કે, તે વધસ્તંભે જડાય. 24 અને પીલાતે જોયું કે મારું
કંઈ ચાલતું નથી, પણ ઉલટી વિશેષ ગડબડ થાય છે, ત્યારે તેણે પાણી
લઈને લોકોની આગળ પોતાના હાથ ધોઈને કહ્યું કે, એ ન્યાયીના લોહી
સંબંધી હું નિર્દોષ છું; તમે જાણો. 25 ત્યારે સર્વ લોકોએ ઉત્તર દેતાં કહ્યું
કે, એનું લોહી અમારે માથે તથા અમારા સંતાનને માથે આવે. 26 પછી
તેણે બારાબાસને તેઓને સારૂ છોડી દીધો, ને ઇસુને કોરડા મરાવીને
વધસ્તંભે જડાવા સારું સોંપ્યો. 27 ત્યારે હાકેમના સિપાઇઓએ ઇસુને
મહેલમાં લઇ જઈને આખી પલટણ તેની આસપાસ એકઠી કીધી.
28 પછી તેઓએ તેનાં લૂગડાં ઉતારીને કીરમજી જભ્ભો તેને પહેરાવ્યો.
29 અને કાંટાનો મુગટ ગુંથીને તેના માથા પર મુક્યો, ને તેના જમણા હા-
થમાં સોટી આપી, ને તેની સામા ઘૂંટણ ટેકીને તેના ઠઠ્ઠા કરતાં કહ્યું કે,
અરે યહુદીઓના રાજા, સલામ. 30 પછી તેઓ તેના અર થુંક્યા, ને સોટી
લઈને તેને માથામાં મારી. 31 અને તેના ઠઠ્ઠા કરી રહ્યા પછી તેઓએ

જભ્ભો તેના પરથી ઉતારીને લૂગડાં તેને પહેરાવ્યાં, અને વધસ્તંભે જડ-
વાને તેઓ તેને લઇ ગયા. 32 અને તેઓ બહાર હતા ત્યારે કુરેનીનો સી-
મોન નામે એક જણ તેઓને મળ્યો, જેની પાસે તેઓએ તેનો વધસ્તંભ
પરાણે ઉંચકાવી લીધો. 33 અને ગલગથા નામે એક જગ્યા, જે ખોપરીની
જગ્યા કહેવાય છે, ત્યાં પહોંચ્યા. 34 ત્યારે તેઓએ પિત્ત ભળેલો સીરકો
તેને પીવાને આપ્યો, પણ ચાખ્યા પછી તેણે પીવા ના પાડી. 35 અને તે-
ને વધસ્તંભે જડ્યા પછી તેઓએ ચિઠ્ઠી નાખીને તેનાં લૂગડાં માહોમાંહે
વહેંચી લીધાં. 36 પછી તેઓએ ત્યાં બેસીને તેની ચોકી કીધી. 37 અને તે
સંબંધીનું લખેલું તહોમતનામું તેના માથાની ઉપર લગાડ્યું કે, ઇસુ જે
યહુદીઓનો રાજા, તે એજ છે. 38 ત્યારે તેઓએ તેની જોડે ચોરને વધ-
સ્તંભે જડ્યા, એકને જમણી તરફ ને બીજાને ડાબી તરફ. 39 અને પાસે
થઈને જનારાઓએ પોતાના માથાં હલાવતાં તથા તેના નિંદા કરતાં
40 કહ્યું કે, અરે મંદિરને પાડી નાખનાર તથા તેને ત્રણ દહાડામાં બાંધ-
નાર, તું પોતાને બચાવ; જો તું દેવનો દીકરો છે તો વધસ્તંભ પરથી
ઉતરી અવ. 41 અને તેજ રીતે મુખ્ય યાજકોએ પણ શાસ્ત્રીઓ તથા
વડીલો સુદ્ધાં ઠઠ્ઠા કરતાં કહ્યું કે, 42 બીજાઓને તેણે બચાવ્યા, તે પો-
તાને બચાવી નથી શકતો; એ તો ઇસ્રાએલનો રાજા છે, તે હમણાં વધ-
સ્તંભ પરથી ઉતરી આવે, ને અમે તેના પર વિશ્વાસ કરીશું. 43 તે દેવ પર
ભરોસો રાખે છે, જો તે તેને ચાહે છે તો હમણાં તેનો છુટકો તો કરે; કેમકે
તેણે કહ્યું હતું કે હું દેવનો દીકરો છું. 44 અને જે ચોરોને તેની જોડે વધ-
સ્તંભે જડ્યા હતા, તેઓએ પણ તેમજ તેની નિંદા કીધી. 45 અને છઠ્ઠી
હોરાથી નવમી હોરા સુધી આખા દેશ પર અંધકાર પડ્યો. 46 અને આસ-
રે નવમી હોરાએ ઇસુએ મોટે ઘાટે બૂમ પાડતાં કહ્યું કે, એલી, એલી, લા-
મા સાબાખ્થાની, એટલે, ઓ મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મુકી દિહો
છે? 47 અને જેઓ ત્યાં ઉભા હતા તેઓમાંથી કેટલાએક સાંભળીને કહ્યું
કે, એલીયાહને તે બોલાવે છે. 48 અને તરત તેઓમાંથી એકે દોડીને વા-
દળી લઈને સિરકાથી ભીંજવી, ને લાકડીની ટોચે બાંધીને તેને ચુસવા
આપી. 49 પણ બીજાઓએ કહ્યું કે રહેવા દો, આપણે જોઈએ કે એલી-
યાહ એને છોડાવવા આવે છે કે નહિ. 50 પછી ઇસુએ બીજી વાર મોટે
ઘાંટે બૂમ પાડીને પ્રાણ મુક્યો. 51 ત્યારે જુઓ, મંદિરનો પડદો ઉપરથી
તળે સુધી ફાટીને તેના બે ભાગ થઇ ગયા, ને ધરતી કાંપી, ને ખડકો ફા-
ટી ગયા, 52 ને કબરો ઉઘડી ગઇ, ને ઉંઘેલા સંતોના ઘણાં શરીર ઉઠ્યા,
53 ને તેના પાછા ઉઠ્યા પછી તેઓ કબરોમાંથી નીકળીને પવિત્ર નગર-
માં ગયા, ને ઘણાઓને દેખાયા. 54 ત્યારે જમાદારે તથા તેની સાથે જેટ-
લા ઈસુની ચોકી કરતાં હતા, તેઓએ ધરતીકંપારો તથા જે જે થયું, તે
જોઈને બહુ બીતાં કહ્યું કે, ખરેખર એ દેવનો દીકરો હતો. 55 અને ત્યાં
ઘણી બાયડીઓ, જેઓ ઈસુની સેવા કરતી ગાલીલથી તેની પાછળ
આવી હતી, તેઓ આઘેથી જોયાં કરતી હતી. 56 તેઓમાં મરિયમ માગ-
દાલેણ, ને યાકુબની તથા યોસીની મા મરિયમ, તથા ઝબદીના દીકરા-
ઓની મા હતી. 57 અને સાંજ પડી ત્યારે યુસફ નામે આરીમથાઈનો એક
દ્રવ્યવાન માણસ આવ્યો, જે પોતે પણ ઈસુનો શિષ્ય હતો, 58 તેણે પી-
લાત પાસે જઇને ઇસુની લાસ માગી, ત્યારે પીલાતે તે સોંપવાની આજ્ઞા
કીધી. 59 પછી યુસફે લાસ લઇને સણને ઉજળે લુગડે તે વિંટાળી.
60 અને ખડકમાં ખોદાવેલી પોતાની નવી કબરમાં તેને મુકી, ને એક મો-
ટો પત્થર કબરના મ્હો પર ગબડાવીને તે ચાલ્યો ગયો. 61 ત્યારે મરિયમ
માગદાલેણ તથા બીજી મરિયમ ત્યાં કબરની સામે બેઠી હતી. 62 અને
સિદ્ધિકરણને બીજે દહાડે મુખ્ય યાજકો તથા ફરોશીઓએ પીલાત પાસે
એકઠા થઈને 63 કહ્યું કે, સાહેબ, અમને યાદ છે કે, તે ઠગ જીવતો હતો
ત્યારે કહેતો હતો કે, ત્રણ દહાડા પછી હું ઉઠીશ. 64 એ માટે ત્રણ દહાડા
સુધી કબરનો જાપતો રાખવાની આજ્ઞા કર, રખે તેના શિષ્યો રાત્રે
આવીને તેને ચોરી જાય, ને લોકોને કહે કે, મુએલાંઓમાંથી તે ઉઠ્યો છે,
અને છેલ્લી ભૂલ પહેલીના કરતાં મોટી થશે. 65 ત્યારે પીલાતે તેઓને
કહ્યું કે, ચોકીદારો તમારી પાસે છે, તમે જાઓ, ને તમારી બને તેવો તેનો
જાપતો રખાવો. 66 પછી તેઓ ગયા, ને પત્થર પર મહોર કરીને, તેઓએ
કબર પર જાપતો રાખ્યો, અને ચોકીદારો તેમની સાથે હતા.

28 અને વિશ્રામવારની આખરે, અઠવાડીઆને પહેલે દહાડે પોહ
ફાટવા લાગ્યો, ત્યારે મરિયમ માગદાલેણ તથા બીજી મરિયમ
કબરને જોવા આવી. 2 અને જુઓ, મોટો ધરતીકંપારા થયો, કેમકે પ્રભુ-
નો દૂત આકાશથી ઉતાર્યો, ને પાસે આવીને કબરના મ્હો પરથી પત્થર-
ને ગબડાવીને તે પર બેઠો. 3 તેનું રૂપ વિજળી જેવું, ને તેનું લુગડું બરફ-
ના જેવું ઉજળું હતું. 4 અને તેના ધાકથી ચોકીદારો ધ્રુજ્યા ને મરણતોલ
થઇ ગયા. 5 ત્યારે દૂતે ઉત્તર દેતાં તે બાયડીઓને કહ્યું, તમે બીહો મા,
કેમકે વધસ્તંભે જડાએલા ઇસુને તમે શોધો છો, એ હું જાણું છું. 6 તે
અહીં નથી, કેમકે તેણે જેમ કહ્યું હતું તેમ તે ઉઠ્યો છે, તમે આવો, જ્યાં
પ્રભુ સૂતો હતો તે જગ્યા જુઓ. 7 અને વહેલા જઈને તેના શિષ્યોને કહો
કે, મુએલાંઓમાંથી તે ઉઠ્યો છે. અને જુઓ, તે તમારા અગાઉ ગાલીલ-
માં જાય છે, ત્યાં તમે તેને દેખશો; જુઓ મેં તમને કહ્યું છે. 8 ત્યારે તેઓ
બીક તથા ઘણા હરક સહિત, કબરની પાસેથી વહેલી નીકળીને તેના
શિષ્યોને ખબર આપવાને દોડી. 9 અને જુઓ, ઇસુએ તેઓને મળીને
કહ્યું કે, કુશળતા, ત્યારે તેઓએ પાસે આવીને તેના પગ પકડ્યા, ને તે-
નું ભજન કીધું. 10 ત્યારે ઇસુ તેઓને કહે છે, બીહો મા, જાઓ, મારા ભા-
ઈઓને કહો કે, તેઓ ગાલીલમાં જાય, ને ત્યાં તેઓ મને દેખશે. 11 અને
તેઓ જતી હતી, ત્યારે જુઓ, ચોકીદારોમાંનો કેટલાએકે નગરમાં જઈને
જે જે થયું તે સઘળું મુખ્ય યાજકોને કહ્યું. 12 ત્યારે તેઓએ વડીલો સુદ્ધાં
એકઠા થઈને મનસુબો કરીને, તે સિપાઈઓને ઘણાં નાણા આપીને
13 કહ્યું કે, તમે એમ કહો કે, અમે ઉંઘતા હતા ત્યારે તેના શિષ્યો રાત્રે
આવીને તેને ચોરી ગયા. 14 અને જો એ વાત હાકેમને કાને પહોંચશે, તો
અમે તેને સમજાવીને તમને બચાવીશું. 15 પછી તેઓએ નાણા લીધાં,
ને શિખવ્યા પ્રમાણે કીધું; ને એ વાત યહુદીઓમાં આજ સુધી ચાલે છે.
16 પણ અગીઆર શિષ્યો ગાલીલમાં એક પહાડ પર જ્યાં ઇસુએ તેઓને
[જવાનું] ઠરાવ્યું હતું, ત્યાં ગયા. 17 અને તેઓએ તેને જોઈને તેનું ભજન
કીધું, પણ કેટલાએકને સંદેહ આવ્યો. 18 ત્યારે ઇસુએ પાસે આવીને તે-
ઓને કહ્યું કે, આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે.
19 એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા
તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતાં જાઓ. 20 મેં
તમને જે જે આજ્ઞા કીધી તે સર્વ પાળવાનું તેઓને શિખવતા જાઓ; ને
જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું.

# માર્ક

1 દેવના દીકરા ઇસુ ખ્રીસ્તની સુવાર્ત્તાનો આરંભ; 2 જેમ યશાયાહ
ભવિષ્યવાદી[ના પુસ્તક]માં લખેલું છે કે, જો, હું તારી આગળ મા-
રા દૂતને મોકલું છું; તે તારી આગળ તારો માર્ગ તૈયાર કરશે; 3 રાનમાં
પોકારનારની એવી વાણી કે પ્રભુનો માર્ગ તૈયાર કરો, તેના રસ્તા સીધા
કરો; 4 તેમ યોહાન રાનમાં બાપ્તિસ્મા કરતો, તથા પાપોની માફીને સારૂ,
પસ્તાવાનું બાપ્તિસ્મા પ્રસિદ્ધ કરતો હતો. 5 અને અખા યહુદાહ દેશના
તથા યરુશાલેમના રહેવાસીઓ તેની પાસે ગયા; ને બધા પોતાનાં પાપ
કબૂલ કરીને યરદન નદીમાં તેનાથી બાપ્તિસ્મા પામ્યા. 6 અને યોહાનનો
પોશાક ઉંટના રૂઆંનો હતો, ને તેની કમરે ચામડાનો પટો હતો; ને તે
ટીડો તથા રાની મધ ખાતો હતો. 7 અને તેણે એવું પ્રગટ કીધું કે, મારા
કરતાં જે સમર્થ તે મારી પાછળ આવે છે; તેના ચંપલની વાધરી હું વાંકો
વળીને છોડવા યોગ્ય નથી. 8 મેં પાણીથી તમારું બાપ્તિસ્મા કીધું છે
ખરું; પણ તે પવિત્ર આત્માથી તમારું બાપ્તિસ્મા કરશે. 9 અને તે દહા-
ડાઓમાં એમ થયું કે, ઇસુ ગાલીલના નાઝારેથથી આવ્યો, ને યરદનમાં
યોહાનથી બાપ્તિસ્મા પામ્યો; 10 ને તરત પાણી પાસેથી ઉપર આવતાં
તેણે આકાશ ઉઘડેલું તથા પવિત્ર આત્માને કબુતરની પેઠે પોતા પર
ઉતરતો જોયો. 11 અને આકાશથી વાણી થઇ કે, તું મારો વહાલો દીકરો
છે, તારા પર હું પ્રસન્ન છું. 12 અને તરત આત્મા તેને રાનમાં લઇ જાય છે;
13 ને રાનમાં ચાળીસ દહાડા સુધી શેતાનથી તેનું પરીક્ષણ થયું; ને જંગ-
લી પશુઓની સાથે તે હતો; ને દૂતોએ તેની સેવા કીધી. 14 અને યોહાન
પરસ્વાધીન કરાયા પછી ઇસુ ગાલીલમાં આવ્યો, ને દેવની સુવાર્ત્તા પ્ર-
ગટ કરતાં તેણે કહ્યું કે, 15 સમય પુરો થયો છે, ને દેવનું રાજ્ય પાસે
આવ્યું છે; પસ્તાવો કરો, ને સુવાર્ત્તા પર વિશ્વાસ કરો. 16 અને તેણે ગા-
લીલના સમુદ્રને કાંઠે ચાલતાં સીમોન તથા તેના ભાઇ આંદ્રયાને સમુદ્ર-
માં જાળ નાખતા જોયાં; કેમકે તેઓ માછલા પકડનારા હતા. 17 અને
ઇસુએ તેઓન કહ્યું કે, મારી પાછળ આવો, ને હું તમને માણસો પકડ-
નારા કરીશ. 18 આને તરત તેઓ પોતાના જાળો મુકીને તેની સાથે ગયા.
19 અને ત્યાંથી થોડું આગળ જતાં તેણે ઝબદીના દીકરા યાકુબને તથા
તેના ભાઇ યોહાનને વહાણમાં જાળો સાંધતા જોયાં. 20 અને તરત તેણે
તેઓને બોલાવ્યા; અને તેઓ પોતાના બાપ ઝબદીને નોકરોની સાથે
વહાણમાં મુકીને તેની પાછળ ગયા. 21 અને તેઓ કાપરનાહુમમાં ગયા;
ને તરત, વિશ્રામવારે સભાસ્થાનમાં જઇને તેણે ઉપદેશ કર્યો. 22 અને
તેઓ તેના ઉપદેશથી અચરત થયા; કેમકે તેણે તેઓને શાસ્ત્રીઓની
પેઠે નહિ, પણ જેને અધિકાર હોય છે તેની પેઠે ઉપદેશ કીધો. 23 અને
તત્કાળ તેઓના સભાસ્થાનમાં અશુદ્ધ આત્મા વળગેલો એક માણસ
માલમ પડ્યો; ને તેણે બૂમ પાડીને કહ્યું કે, 24 અરે, ઇસુ નાઝારી, અમારે
ને તારે શું છે? શું તું અમારો નાશ કરવા આવ્યો છે? તું કોણ છે, એ હું
જાણું છું, એટલે દેવનો પવિત્ર. 25 અને ઇસુએ તેને ધમકાવતા કહ્યું કે,
છાનો રહે, ને એમાંથી નીકળી જા. 26 અને અશુદ્ધ આત્મા તેને મરડી
નાખીને તથા મોટી બૂમ પાડીને તેનામાંથી નીકળી ગયો. 27 અને બધા
એવા અચરત થયા કે તેઓ માહોમાંહે પુછવા લાગ્યા કે, આ શું છે? આ
તો નવો ઉપદેશ છે! કેમકે અધિકારથી તે અશુદ્ધ આતામાઓને પણ
આજ્ઞા કરે છે, ને તેઓ તેનું માને છે. 28 અને તરત તેની કીર્તિ અખા ગા-
લીલ પ્રાંતમાં ફેલાઇ ગઇ. 29 અને તેઓ સભાસ્થાનમાંથી નીકળીને યા-
કુબ તથા યોહાન સુદ્ધાં તરત સીમોન તથા આંદ્રયાના ઘરમાં ગયા.
30 હવે સીમોનની સાસુ તાવે પડેલી હતી; ને તરત તેને વિષે તેઓએ તે-
ને કહ્યું. 31 અને તેણે પાસે આવીને એનો હાથ ઝાલીને એને ઉઠાડી; ને
તરત તેનો તાવ મટી ગયો; ને એણીએ તેઓની સેવા કીધી. 32 અને
સાંજે સુરજ આથમ્યો ત્યારે તેઓ બધાં માંદાઓને તથા ભૂતવળગે-
લાંઓને તેની પાસે લાવ્યા. 33 અને બારણા આગળ આખું શહેર એકઠું
થયું. 34 અને ઘણાં જેઓ નાના પ્રકારના રોગથી પીડાતાં હતાં તેઓને
તેણે સાજાં કીધાં; ને ઘણાં ભૂતોને કાઢ્યાં; ને ભૂતો તેને ઓળખતા હતાં
માટે તેણે તેઓને બોલવા ન દીધાં. 35 અને સવારે પો ફાટતાં પહેલાં
ગણો વહેલો ઉઠીને તે બહાર ગયો; ને ઉજડ ઠેકાણે જઇને તેણે ત્યાં પ્રા-
ર્થના કરી. 36 અને સીમોન તથા જેઓ તેની સાથે હતા, તેઓ તેની પછ-
વાડે ગયા; 37 અને તેઓ તેને મળીને કહે છે કે, સહુ તને શોધે છે.
38 અને તે તેઓને કહે છે કે, આપણે પાસેના ગામોમાં જઇને, કે હું ત્યાં
પણ ઉપદેશ કરું; કેમકે એજ માટે હું આવ્યો છું. 39 અને આખા ગાલીલ-
માં તેઓના સભાસ્થાનોમાં જઇને તે ઉપદેશ કરતો ને ભૂતો કાઢતો
હતો. 40 અને એક કોઢિયો તેની પાસે આવે છે, ને તેણે વિનંતી કરીને
તથા ઘૂંટણ ટેકીને કહે છે કે, જો તારી ઇચ્છા હોય તો તું મને શુદ્ધ કરી
શકે છે. 41 અને ઇસુને દયા આવી, ને તે હાથ લાંબો કરીને તેને અડક્યો,
ને કહે છે કે, મારી ઇચ્છા છે, તું શુદ્ધ થા; 42 ને તરત તેનો કોઢ ગયો, ને
તે શુદ્ધ થયો. 43 અને તેણે તેને સખત તાકીદ કરીને તરત બહાર મોક-
લ્યો; 44 ને તેને કહે છે કે, જોજે, કોઇને કંઇ કહેતો ના; પણ જઇને પોતા-
ને યાજકને દેખાડ, અને જે જે મુસાએ ફરમાવ્યું તે તેનું, તારા શુદ્ધિકરણ-
ને લીધે, તેઓને માટે સાક્ષી તરીકે, અર્પણ કર. 45 પણ તે નીકળીને તે
વાત એટલી બધી પ્રગટ કરવા તથા ફેલાવવા લાગ્યો, કે ઇસુ ફરી શહેર-
માં ઉઘાડી રીતે જઇ ન શક્યો, પણ બહાર ઉજડ જગ્યાઓમાં રહ્યો, ને
લોક ચોમેરથી તેની પાસે આવ્યા.

2 અને કેટલાએક દિવસ પછી, તે ફરી કાપરનાહુમમાં ગયો, ત્યારે
એવી ચરચા ફેલાઇ કે તે ઘરમાં છે. 2 અને એટલા બધા એકઠાં
થયા કે, દરવાજા પાસે પણ જગ્યા નહોતી; ને તે તેઓને વાત સંભળાવ-
તો હતો. 3 અને તેઓ ચાર માણસોએ ઉંચકેલા એક પક્ષઘાતીને તેની
પાસે લાવ્યા. 4 અને ભીડને લીધે તેઓ તેની પાસે આવી ન શક્યા,
ત્યારે જ્યાં તે હતો ત્યાનું છાપરું તેઓએ ઉકેલ્યું, ને તે તોડીને જે ખાટ-
લા પર તે પક્ષઘાતીને સુતો હતો તેને ઉતાર્યો. 5 અને ઇસુ તેઓનો વિ-
શ્વાસ જોઇને પક્ષઘાતીને કહે છે કે, દીકરા, તારાં પાપ માફ થયાં છે.
6 પણ કેટલાએક શાસ્ત્રીઓ જેઓ ત્યાં બેઠાં હતા, તેઓ પોતાના હૃદ-
યોમાં વિચારતા હતા કે, 7 આ માણસ આવી રેતે કેમ બોલે છે? એ તો દુ-
ર્ભાષણ કરે છે. એક, એટલે દેવ, તે વિના કોણ પાપની માફી કરી શકે?
8 અને તેઓ પોતાના મનમાં એમ વિચારે છે, એ ઇસુએ પોતાના
આત્મામાં એમ જાણીને તેઓને કહ્યું કે, તમે તમારાં હૃદયોમાં એવા વિ-
ચાર કેમ કરો છો? 9 એ બેમાનું વધારે સહેલું કયું છે, પક્ષઘાતીને એ કહે-
વું, કે તારા પાપ તને માફ થયાં છે, અથવા એ કહેવું કે, ઉઠ ને તારો ખા-
ટલો ઉંચકીને ચાલ? 10 પણ માણસના દીકરાને પૃથ્વી પર પાપ માફ
કરવાનો અધિકાર છે, એમ તમે જાણો માટે, (પક્ષઘાતીને તે કહે છે) 11 હું
તને કહું છું કે ઉઠ, તારો ખાટલો ઉંચકીને તારે ઘેર ચાલ્યો જા. 12 અને તે
ઉઠ્યો, ને તરત ખાટલો ઉંચકીને સહુના દેખતાં ચાલ્યો ગયો; આથી
સહુએ અચરતી પામીને તથા દેવને મહિમા આપીને કહ્યું કે, અમે કદી
આવું જોયું નથી. 13 અને ફરી તે સમુદ્રને કાંઠે ગયો; ને બધા લોક તેની
પાસે આવ્યા; ને તેણે તેઓને બોધ કર્યો. 14 અને રસ્તે જતાં તેણે
આલ્ફીના દીકરા લેવીને દાણની ચોકી પર બેઠેલો જોયો; ને તેને કહે છે
કે, મારી પાછળ ચાલ; ને તે ઉઠીને તેની પાછળ ચાલ્યો. 15 અને એમ
થયું કે તે એના ઘરમાં જમવા બેઠો, ને ઘણા દાણીઓ તથા પાપીઓ
ઇસુની તથા તેના શિષ્યોની સાથે બેઠા, કેમકે તેઓ ઘણા હતા, ને તેની
પાછળ ચાલતાં હતા. 16 અને શાસ્ત્રીઓએ તથા ફરોશીઓએ તેને દા-
ણીઓની તથા પાપીઓની જોડે જમતો જોઇને તેના શિષ્યોને કહ્યું કે,

તે તો દાણીઓની તથા પાપીઓની જોડે ખાય પીએ છે. 17 અને ઇસુ એ
સાંભળીને તેઓને કહે છે કે, જેઓ સાજા છે તેઓને વૈદની અગત્ય
નથી; પણ જેઓ માંદા તેઓને છે. હું ન્યાયીઓને નહિ, પણ પાપીઓને
તેડવા આવ્યો છું. 18 અને યોહાનના તથા ફરોશીઓના શિષ્યો ઉપવાસ
કરતાં હતા; ને તેઓ આવીને તેને કહે છે કે, યોહાનના તથા ફરોશીઓ-
ના શિષ્યો ઉપવાસ કરે છે, પણ તારા શિષ્યો ઉપવાસ નથી કરતા,
એનું શું કારણ? ને ઇસુએ તેઓને કહ્યું કે, 19 વાર જાનૈયાની સાથે હોય,
ત્યાં સુધી શું તેઓ ઉપવાસ કરી શકે? વાર તેઓની સાથે છે તેટલા
વખત સુધી તેઓ ઉપવાસ કરી શકતા નથી. 20 પણ એવા દિવસ આવ-
શે કે જયારે વાર તેઓની પાસેથી લઇ લેવાશે, ત્યારે તે દિવસે તેઓ
ઉપવાસ કરશે. 21 અને કોરા લુગડાનું થિગડું જુની વસ્ત્રને કોઈ દેતું
નથી; જો દે તો નવું જોડેલું જુનાને સાંધવાને બદલે ખેંચી કાઢે છે, ને ફાટ
વધતી પડે છે. 22 અને નવો દ્રાક્ષરસ જુની મસકોમાં કોઈ ભરતું નથી;
જો ભરે તો નવો દ્રાક્ષરસ મસકોને ફાડી નાખે છે, ને દ્રાક્ષરસ તથા મસ-
કો એ બન્નેનો નાશ થાય છે; પણ નવો દ્રાક્ષરસ નવી મસકોમાં [ભરે છે].
23 અને એમ થયું કે વિશ્રામવારે તે દાણાનાં ખેતરોમાં થઈને જતો હતો;
ને તેના શિષ્યો ચાલતાં ચાલતાં કણસલાં તોડવા લાગ્યા. 24 અને ફરો-
શીઓએ તેને કહ્યું કે, જો, વિશ્રામવારે જે ઉચિત નથી તે તેઓ કેમ કરે
છે? 25 ને તેણે તેઓને કહ્યું કે, દાઉદને અગત્ય હતી, ને તે તથા તેના
સાથીઓ ભુખ્યા હતા, ત્યારે તેણે શું કર્યું, એ તમે કદી નથી વાંચ્યું?
26 એટલે કે અબ્યાથાર મુખ્ય યાજક હતો, ત્યારે દેવના ઘરમાં પેસીને,
અર્પેલી રોટલીઓ જે યાજકો શિવાય કોઈને ખાવાને ઉચિત નથી તે તે-
ણે ખાધી, ને તેના સાથીઓને પણ આપી. 27 અને તેણે તેઓને કહ્યું કે,
વિશ્રામવાર માણસને અર્થે થયો, માણસ વિશ્રામવારને અર્થે નહિ;
28 માટે માણસનો દીકરો વિશ્રામવારનો પણ પ્રભુ છે.
3 આને તે ફરી સભાસ્થાનમાં ગયો; ને ત્યાં એક માણસ હતો જેનો
હાથ સુકાઈ ગએલો હતો. 2 અને તે વિશ્રામવારે તેને સાજો કરશે કે
નહિ, તે વિષે તેઓએ તેના પર નજર રાખી, એ માટે કે તેઓ તેના પર
દોષ મુકે. 3 અને પેલા સુકાએલા હાથવાળા માણસને તે કહે છે કે, વચ-
માં ઉભો થા. 4 અને તે તેઓને કહે છે કે, વિશ્રામવારે સારૂ કરવું કે માઠું
કરવું? જીવને બચાવવો કે મારી નાખવો, કયું ઉચિત છે? પણ તેઓ છા-
ના રહ્યા. 5 અને તેઓના હૃદયની કઠણતાને લીધે તે દલગીર થઈને ગુ-
સ્સાસહિત ચોતરફ તેઓ ભણી જોઇને તે માણસને કહે છે કે, તારો હાથ
લાંબો કર. અને તેણે લાંબો કર્યો; અને તેનો હાથ સાજો થયો. 6 અને શી
રીતે તેનો નાશ કરવો તે વિષે ફરોશીઓએ બહાર જઈને તરત હેરોદીઓ-
ને સાથે તેની વિરુદ્ધ મનસુબો કર્યો. 7 અને ઇસુ પોતાના શિષ્યો સુદ્ધાં
નીકળીને સમુદ્રની પાસે ગયો; 8 અને ગાલીલમાંથી ઘણા લોક તેની પા-
છળ ગયા, અને યહુદાહમાંથી તથા યારૂશાલેમમાંથી તથા અદુમમાંથી
તથા યરદનને પેલે પારથી તથા સૂર તથા સીદોનની આસપાસના ઘણા
લોક તેણે જે જે [કાર્યો] કર્યા તે સાંભળીને તેની પાસે આવ્યા. 9 અને
લોકથી તે દબાય નહિ, માટે તેણે ભીડના કારણથી પોતાને સારૂ હોડી
તૈયાર રાખવાનું પોતાના શિષ્યોને કહ્યું; 10 કેમકે તેણે ઘણાંને સાજાં
કર્યા હતા, અને તેથી જેટલાં માંદા હતાં તેટલાં તેને અડકવા સારૂ તેના
પર તુટી પડતાં હતાં. 11 અને અશુદ્ધ આત્માઓએ જયારે તેણે જોયો
ત્યારે તેઓ તેને પગે પડ્યા તથા પોકારીને બોલ્યા કે, તું દેવનો દીકરો
છે. 12 અને તેણે તેઓને બહુ તાકીદ કરી કે, મને પ્રગટ ન કરો. 13 અને તે
પહાડ પર ચઢ્યો, ને જેઓને તેણે પસંદ કર્યા તેઓને તેણે તેડ્યા; ને
તેઓ તેની પાસે આવ્યા. 14 અને તેણે બારને ઠરાવ્યા એ માટે કે તેઓ
તેની સાથે રહે, અને તે તેમને ઉપદેશ કરવા મોકલે, 15 તથા અધિકાર
પામીને તેઓ ભૂતો કાઢે. 16 અને સીમોનની અટક તેણે પીતર પાડી;
17 તથા ઝબદીનો દીકરો યાકુબ તથા યાકુબનો ભાઈ યોહાન એઓની
અટક તેણે બોઅનેરગેસ પાડી, એટલે ગર્જનાના દીકરા; 18 ને આંદ્રયા
તથા ફીલીપ તથા બારથલમી તથા માત્થી તથા થોમા તથા આલફીનો
દીકરો યાકુબ તથા થાદી તથા સીમોન કનાની, 19 તથા તેને પરસ્વા-
ધીન કરનાર યહુદા ઇસ્કારયત; એ બારને તેણે ઠરાવ્યા. અને તે એક
ઘરમાં આવે છે. 20 અને ફરી એટલે ઘણા લોક એકઠા થયા કે તેઓ રોટ-
લી પણ ખાઇ ન શક્યા. 21 અને ટી સગાંઓ તે સાંભળીને તેને પકડવા
બહાર નિકળ્યાં; કેમકે તેઓએ કહ્યું કે તે ઘેલો છે. 22 અને જે શાસ્ત્રીઓ
યારુશાલેમથી આવ્યા હતા તેઓએ કહ્યું કે, તેની સાથે બાલઝબુલ છે,
ને ભૂતોના સરદાર[ની મદદ]થી તે ભૂતોને કાઢે છે. 23 અને તેણે તેઓને
પાસે તેડીને દૃષ્ટાંતોમાં તેઓને કહ્યું કે, શેતાન શેતાનને કેમ કાઢી શકે?
24 ને જો કોઈ રાજ્યમાં માહોમાંહે ફૂટ પડી હોય, તો તે રાજ્ય સ્થિર રહી
શકતું નથી. 25 અને જો કોઈ ઘરમાં માહોમાંહે ફૂટ પડી હોય, તો તે ઘર
સ્થિર રહી શકશે નહિ. 26 અને જો શેતાન પોતાની સામો ઉભો થયો
હોય, ને પોતામાં ફૂટ પડી હોય, તો તે નભી શકતો નથી; પણ તેનો અંત
આવ્યો. 27 બળવાનના ઘરમાં પેસીને જો કોઇ પહેલાં તે બળવાનને ન
બાંધે તો તે તેનો સામાન લૂટી શકતો નથી; [તેને બાંધશે] ત્યાર પછી
તેનું ઘર લૂટશે. 28 હું તમને ખચિત કહું છું કે, માણસોના દીકરાઓને
સર્વ અપરાધોની તથા જે જે દુર્ભાષણો તેઓ કરે તેમની માફી મળશે.
29 પન્ન જે કોઈ પવિત્ર આત્મા વિરુદ્ધ દુર્ભાષણ કરશે, તેને માફી કદી
મળશે નહિ; પણ તેને માથે અનંત કાળના પાપનો દોષ રહે છે. 30 કેમકે
તેઓ કહેતા હતા કે તેને અશુદ્ધ આત્મા વળગેલો છે. 31 ત્યારે તેના ભા-
ઈઓ તથા તેની માં આવ્યાં, ને બહાર ઉભાં રહીને તેને બોલાવવા તેની
પાસે માણસ મોકલ્યું. 32 અને ઘણા લોક તેની આસપાસ બેઠેલા હતા;
ને તેઓએ તેણે કહ્યું કે, જો, તારી મા તથા તારા ભાઈઓ બહાર છે ને
તને શોધે છે. 33 અને તેણે તેઓને ઉત્તર આપતાં કહ્યું કે, મારી મા તથા
મારા ભાઈઓ કોણ છે? 34 અને જેઓ તેની આસપાસ બેઠા હતા તેઓ
ભણી ચોતરફ જોઇને તે કહે છે કે , જુઓ, મારી મા તથા મારા ભાઈઓ.
35 કેમકે જે કોઈ દેવની ઈચ્છા પ્રમાણે કરશે તે મારો ભાઈ તથા મારી
બહેન તથા મા છે.
4 અને તે સમુદ્રને કાંઠે ફરી બોધ કરવા લાગ્યો. અને અતિ ઘણા
લોક એકઠા થયા, માટે તે સમુદ્રમાં હોડી પર ચઢીને બેઠો; ને બધા
લોક સમુદ્રની પાસે જમીન પર હતા. 2 અને દૃષ્ટાંતોમાં તેણે તેઓને
ઘણો બોધ કીધો; ને પોતાના બોધમાં તેઓને કહ્યું, 3 સાંભળો, જુઓ,
વાવનાર વાવવાને બહાર ગયો. 4 અને એમ થયું કે, તે વાવતો હતો ત્યા-
રે રસ્તાની કોરે કેટલાંક [બી પડ્યાં; ને પક્ષીઓ આવીને તે ખાઇ ગયાં.
5 અને બીજાં પત્થરવાળી ભોંયમાં પડ્યાં, જ્યાં ઘણી માટી ન હતી; ને
ભોંય ઉંડી ન હતી, માટે તે તરત ઉગી નીકળ્યાં; 6 ને સુરજ ઉગ્યો ત્યારે
તેઓ ચિમળાઈ ગયાં; ને તેઓને જડ ન હતી માટે તેઓ સુકાઈ ગયાં.
7 અને બીજા કાંટાનાં જાળાંમાં પડ્યાં; ને કાંટાનાં જાળાંએ વધીને તેઓ-
ને દાબી નાખ્યાં; ને તેઓએ ફળ ન આપ્યું. 8 અને બીજાં સારી ભોંયમાં
પડ્યાં; ને તેઓએ ઉગનારૂં તથા વધનારૂં ફળ આપ્યું, ત્રીસગણું તથા
સાઠગણું તથા સોગણું ફળ આપ્યું. 9 અને તેણે તેઓને કહ્યું કે, જેને
સાંભળવાને કાન છે તે સાંભળે. 10 અને જયારે તે એકાંત હતો ત્યારે
બાર [શિષ્યો] સુદ્ધાં જેઓ તેની પાસે હતાં, તેઓએ તેને આ દૃષ્ટાંતો વિ-
ષે પુછ્યું. 11 અને તેણે તેઓનને કહ્યું કે, દેવના રાજ્યનો મર્મ તમને
અપાયો છે; પણ જેઓ બહારના છે તેઓને સઘળી વાતો દૃષ્ટાંતોમાં
અપાય છે; 12 એ માટે કે તેઓ જોતાં જુએ, પણ જાણે નહિ; ને સાંભળ-
તા સાંભળે, પણ સમજે નહિ; રખે કદાપિ તેઓ ફરે, ને તેઓને [[પાપ-
ની] માફી મળે. 13 અને તે તેઓને કહે છે કે, શું તમે આ દૃષ્ટાંત સમજતા
નથી? ત્યારે સર્વ દૃષ્ટાંતો કેમ સમજશો? 14 વાવનાર વચન વાવે છે.
15 રસ્તાની કોરપરનાં એ છે કે જ્યાં વચન વવાય છે, ને તેઓ સાંભળે છે
કે તરત શેતાન આવીને તેઓમાં જે વચન વવાએલું હતું તે લઇ જાય છે.
16 અને એમજ જેઓ પત્થરવાળી ભોંયમાં વવએલાં તેઓ એ છે, કે
જેઓ વચન સાંભળીને તરત હરખથી તેને માની લે છે; 17 અને તેઓ
પોતામાં જડ હોતી નથી, પણ થોડી વાર તકે છે; પછી વચનને લીધે
દુઃખ અથવા સતાવણી થાય છે ત્યારે તેઓ તરત ઠોકર ખાય છે.
18 અને બીજાં જેઓ કાંટાઓમાં વવાએલાં છે તેઓ એ છે કે, જેઓએ
વચન સાંભળ્યું, 19 પણ આ કાળની ચિંતાઓ તથા દોલતની માયા
તથા બીજી વસ્તુઓનો લોભ પ્રવેશ પામીને વાતને દાબી નાખે છે; ને
એ નિષ્ફળ થાય છે. 20 અને જેઓ સારી ભોંયમાં વવાએલાં તેઓ એ છે
કે, જેઓ વચન સાંભળે છે ને તેનું ગ્રહણ કરે છે, ને ત્રીસગણું તથા સાઠ-
ગણું ફળ આપે છે. 21 અને તેણે તેઓને કહ્યું કે, શું માપ તળે અથવા
ખાટલા તળે મુકવા સારૂ દીવો લાવે છે? શું દીવી પર મુકવા સારૂ નહિ?
22 કેમકે જે કંઈ છાનું છે તે એ માટે કે તે પ્રગટ કરાય, અને જે ગુપ્ત રાખેલું
તે એ સારૂ કે પ્રગટમાં આવે. 23 જો કોઈને સાંભળવાને કાન છે તો તેણે

સાંભળવું. 24 અને તેણે તેઓને કહ્યું કે, તમે જે સાંભળો છો તે પર
ધ્યાન રાખો. જે માપથી તમે માપો છો તેથી તમને માપી અપાશે; ને
તમને વધતું અપાશે; 25 કેમકે જેની પાસે છે તેને અપાશે, ને જેની પાસે
નથી, તેનું જે છે તે પણ તેની પાસેથી લઇ લેવાશે. 26 અને તેણે કહ્યું કે,
દેવનું રાજ્ય એવું છે કે જાણે કોઈ માણસ ભોંયમાં બી નાખે, ને રાત
દહાડો ઉંઘે તથા જાગે, અણ તે બી ઉગે ને વધે, 27 પણ શી રીતે એ તે
જાણતો નથી. 28 ભોંય તો પોતાની મેળે ફળ આપે છે, પહેલાં અંકુર,
પછી કણસલું, પછી કણસલામાં પુરા દાણા. 29 પણ દાણા પાક્યા પછી
તરત તે દાતરડું લગાડે છે; કેમકે કાપણીનો વખત થયો છે. 30 અને તેણે
કહ્યું કે, દેવનું રાજ્ય શાની સાથે સરખાવીએ? અથવા તેને શાની ઉપમા
આપીએ? 31 તે રાઈના દાણાના જેવું છે; એ ભોંયમાં વવાય છે ત્યારે
ભોંયનાં સર્વ બી કરતાં નાનું છે; 32 પણ તે વાવ્યા પાછી ઉગી નીકળે છે,
ને સર્વ છોડવા કરતાં મોટું થાય છે, ને તેને એવી મોટી ડાળી થાય છે કે
આકાશના પક્ષીઓ તેની છાયા નીચે વસો કરી શકે છે. 33 અને એવાં
ઘણાં દૃષ્ટાંતોમાં જેમ તેઓ સાંભળી શકતાં હતા તેમ તો તેઓને વચન
કહેતો હતો. 34 અને દૃષ્ટાંત વિના તે તેઓને કંઈ કહેતો નહોતો; પણ
પોતાના શિષ્યોને એકાંતે તે સઘળી વાતનો ખુલાસો કરતો. 35 અને તે
દહાડે સાંજ પડી ત્યારે તે તેઓને કહે છે કે, આપણે પેલે પાર જઈએ.
36 અને લોકને મુકીને તે હતો એમ ને એમ તેઓ તેણે પોતાની સાથે હો-
ડીમાં લઇ જાય છે. બીજી હોડીઓ પણ તેની સાથે હતી. 37 એ પવનનું
મોટું તોફાન થયું; ને મોજાંઓ હોડીમાં એવાં ઉછળી આવ્યાં કે તે ભરાઇ
જવા લાગી. 38 અને તે ડબુસાએ ઓસીકા પર [માથું ટેકીને] ઉંઘતો
હતો; ને તેઓ તેને જગાડીને તેને કહે છે કે, ઉપદેશક, અમે નાશ પા-
મીએ છીએ, તેની તને શું કંઇ ચિંતા નથી? 39 અને તેણે ઉઠીને પવનને
ધમકાવ્યો તથા સમુદ્રને કહ્યું કે, છાનો રહે, શાંત થા. અને પવન બંધ
થયો, ને મહા શાંતિ થઈ. 40 અને તેણે તેઓને કહ્યું કે, તમે કેમ ભય-
ભીત છો? તમને હજુએ વિશ્વાસ નથી? 41 ને તેઓ બહુ બીધા, તથા મા-
હોમાંહે બોલ્યા કે, આ તે કોણ છે? કેમકે પવન તથા સમુદ્ર પણ તેનું
માને છે.

5 અને તેઓ સમુદ્રને પાર ગેરાસીનીઓના દેશમાં ગયા. 2 અને તે
હોડીમાંથી ઉતર્યો, એટલે કબરસ્થાનમાંથી અશુદ્ધ આત્મા વળગે-
લો એક માણસ તેને મળ્યો; 3 તેનો કબરસ્થાનોમાં વાસ હતો; ને સાંક-
ળોએ પણ કોઇ તેને બાંધી ન શક્યો; 4 કેમકે તે ઘણીવાર બેડીઓએ
તથા સાંકળોએ બંધાયો હતો, ને તેણે સાંકળો તોડી નાખી તથા બે-
ડીઓ ભાંગી નાખી; ને કોઇ તેને વશ કરી શકતો ન હતો. 5 અને તે નિ-
ત્ય રાત દહાડો પહાડોમાં તથા કબરોમાં બૂમ પાડતો તથા પત્થરોએ
પોતાને ઘાયલ કરતો હતો. 6 પણ ઇસુએ દૂરથી જોઇને તે દોડી આવ્યો,
ને તેને પગે લાગ્યો, 7 ને મોટે ઘાંટે પોકારી બોલ્યો, ઇસુ, પરાત્પર દેવના
દીકરા, મારે ને તારે શું છે? હું તને દેવના સમ ઘાલું છું કે, તું મને દુઃખ ન
દે. 8 કેમકે તેણે એને કહ્યું હતું કે, અને અશુદ્ધ આત્મા, તું એ માણસ-
માંથી નીકળ. 9 અને તેણે તેને પુછ્યું કે, તારું નામ શું? ને તેણે ઉત્તર
આપતાં કહ્યું કે, મારું નામ સેના, કેમકે અમે ઘણા છીએ. 10 અને એણે
તેને ઘણી વિનંતી કીધી, કે તે તેઓને દેશમાંથી કાઢી ન મુકે. 11 હવે ત્યાં
પર્વતની બાજુ પર ભુંડોનું મોટું ટોળું ચરતું હતું. 12 ને તેઓએ તેને વિ-
નંતી કરીને કહ્યું કે, તે ભુંડોમાં અમે પેસીએ માટે અમને તેઓમાં મોકલ.
13 અને તેણે તેઓને રજા આપી. અને અશુદ્ધ આત્માઓ નીકળીને
ભુંડોમાં પેઠો; ને તે ટોળું કરાડાપરથી સમુદ્રમાં ધસી પડ્યું; તે આસરે બે
હજાર હતાં, ને સમુદ્રમાં ગુંગળાઈ મુઆં. 14 અને તેઓના ચરાવનાર ના-
ઠા, ને શહેરમાં તથા ગામડાંઓમાં ખબર આપી; ને શું થયું તે જોવાને
લોકો નીકળ્યા. 15 અને ઈસુની પાસે તેઓ આવે છે, ને જેને ભૂત વળગે-
લાં હતા, એટલે જેમાં સેના હતી, તેને તેઓએ બેઠેલો તથા [વસ્ત્ર] પહે-
રેલો તથા હોશમાં આવેલો જોયો; ને તેઓ બીધા. 16 અને ભૂતવળગેલો
કેમ [સારો] થયો તેની તથા ભુંડો સંબંધીની વાત જેઓએ જોઈ હતી તે
તેઓએ લોકોને કહી. 17 અને તેઓની સીમોમાંથી જવાની તેઓ તેને
વિનંતી કરવા લાગ્યા. 18 અને તે વહાણમાં ચઢતો હતો એટલામાં જેને
ભૂત વળગ્યાં હતાં તેણે તેની સાથે રહેવા સારૂ વિનંતી કરી. 19 પણ
ઈસુએ તેને આવવા ન દીધો; પણ તેને કહે છે કે, તારે ઘેર તારાં
સગાંઓની પાસે જા, ને પ્રભુએ તારે સારૂ કેટલું બધું કર્યું, ને તારા પર
દયા રાખી, તેની ખબર તેઓને આપ. 20 અને તે ગયો, ને ઈસુએ તેને
સારૂ કેટલું બધું કર્યું હતું તે દકાપલીસમાં પ્રગટ કરવા લાગ્યો; ને સઘળા
અચંબો પામ્યા. 21 અને જયારે ઈસુ ફરી હોડીમાં બેસીને પેલે પાર ગયો,
ત્યારે અતિઘણા લોક તેની પાસે એકઠા થયા; ને તે સમુદ્રની પાસે હતો.
22 અને સભાસ્થાનના અધિકારીઓમાંનો યાઐરસ નામે એ જણ આવે
છે, ને તેને જોઇને તેના પગ પાસે પડે છે; 23 ને તેણે તેને ઘણી વિનંતી
કરીને કહ્યું કે, મારી નાની દીકરી મરણતોલ થએલી છે; માટે આવીને
તેને હાથ લગાડ એ સારૂ કે તે સાજી થઇને જીવે. 24 અને તે તેની સાથે
ગયો; ને અતિઘણા લોક તેની પાછળ ચાલ્યા, ને તેના પર પડાપડી
થઈ. 25 અને એક બાયડી જેને બાર વરસથી લોહીવા હતો, 26 ને જેણે
ઘણા વૈદોથી ઘણું સહ્યું હતું, ને પોતાનું બળું ખર્ચી નાખ્યું હતું, ને તેણી-
નું કંઈ ગુણ લાગ્યો નહોતો, પણ તેથી ઉલટું વધતી માંદી થઇ હતી,
27 તે ઇસુ સંબંધીની વાતો સાંભળીને ભીડમાં તેની પછવાડે આવી, ને
તેના લુંગડાને અડકી. 28 કેમકે તેણીએ કહ્યું કે, જો હું માત્ર તેનાં લુંગડા-
ને અડકું તો મારો બચાવ થશે. 29 અને તત્કાળ તેનો રક્તસ્રાવ બંધ થઇ
ગયો, ને શરીરમાં તેને લાગ્યું કે હું દરદથી સાજી થઇ છું. 30 અને મારા-
માંથી પરાક્રમ નીકળ્યો છે એવું પોતાને માલમ પડવાથી, ઈસુએ તરત
લોકની ભીડમાં પાછળ ફરીને કહ્યું કે, કોણ મારા લૂગડાંને અડક્યું?
31 ને તેના શિષ્યોએ તેને કહ્યું, તું જુએ છે કે, ઘણા લોક તારા પર પડા-
પડી કરે છે, ને શું તું કહે છે કે, કોણ મને અડક્યું? 32 અને જેણીએ એ
કામ કર્યું તેને જોવા સારૂ તેણે આસપાસ નજર ફેરવી. 33 અને તે બાયડી
બીને તથા ધ્રુજીને, તેને જે થયું તે જાણીને આવી, ને તેની આગળ પડી-
ને તેણીએ તેને બધું સાચેસાચું કહ્યું. 34 અને તેણે તેને કહ્યું કે, દીકરી,
તારા વિશ્વાસે તને બચાવી છે; શાંતિએ જા, ને તારા દરદથી સાજી થા.
35 તે હજી બોલતો હતો એટલામાં સભાના અધિકારીને ત્યાંથી લોકો
આવીને કહે છે કે, તારી દીકરી મરી ગઇ છે, તું હવે ઉપદેશકને તસ્દી શું
કરવા દે છે? 36 પણ ઈસુ તે બોલેલી વાતનો ધ્યાન ન આપતાં સભા-
સ્થાનના અધિકારીને કહે છે કે, બી મા, માત્ર વિશ્વાસ રાખ. 37 અને પી-
ટર, યાકુબ, તથા યાકુબના ભાઇ યોહાન શિવાય, તેણે પોતાની સાથે
કોઇને આવવા ન દીધું. 38 અને સભાના અધિકારીના ઘરમાં તેઓ આવે
છે; ને ગડબડ તથા રૂદન તાતા બહુ વિલાપ કરનારાઓને જુએ છે.
39 અને તે માંહે આવીને તેઓને કહે છે કે, તમે કેમ ગડબડ કરો છો ને
રડો છો? છોકરી મારી નથી ગઈ; પણ ઉંઘે છે. 40 અને તેઓએ તેણે હસી
કાઢ્યો. પણ સહુને બહાર કાઢીને, છોકરીના માબાપને, તથા જેઓ પો-
તાની સાથે હતા તેઓને લઇને, જ્યાં છોકરી હતી ત્યાં તે માંહે પેસે છે.
41 અને છોકરીનો હાથ ઝાલીને તે તેને કહે છે કે, તાલીથા કુમી, જેનો
અર્થ એ છે કે, છોકરી, હું તને કહું છું, ઉઠ. 42 અને તરત છોકરી ઉઠીને
ચાલી; કેમકે તે બાર વરસની હતી; ને તેઓ ઘણા વિસ્મિત થયા.
43 અને તેણે તેઓને તાકીદ કીધી કે કોઇ એ ન જાણે; ને તેણે તેને કંઈ
ખાવાનું આપવાની આજ્ઞા કીધી.

6 અને ત્યાંથી નીકળીને તે પોતાના દેશમાં આવ્યો; ને તેના શિષ્યો
તેની પાછળ આવ્યા. 2 અને વિશ્રામવાર આવ્યો ત્યારે તે સભા-
સ્થાનમાં બોધ કરવા લાગ્યો; અને ઘણાએ સાંભળીને દંગ થઇને કહ્યું
કે, આ સઘળું તેની પાસે ક્યાંથી? ને તેને જે બુદ્ધિ અપાઇ તે કેવી છે!
અને એના હાથથી આવાં પરાક્રમી કામો થાય છે,, એ શું? 3 શું એ સુતાર
નથી? મરિયમનો દીકરો, યાકુબ તથા યોસી તથા યહુદા તથા સિમોન-
નો ભાઇ નથી? શું એની બહેનો અહીં આપણી પાસે નથી અને તેઓએ
તેનાથી ઠોકર ખાધી. 4 પણ ઇસુએ તેઓને કહ્યું કે, ભવિષ્યવાદી પોતા-
ના દેશ તથા પોતાનાં સગાં તથા પોતાના ઘર શિવાય [બીજે ઠેકાણે]
માન વિનાનો નથી. 5 અને તેણે થોડાંક માંદાઓ પર હાથ મુકીને તેઓ-
ને સજા કીધાં; એ વિના તે ત્યાં કંઈ ચમત્કાર કરી ન શક્યો. 6 અને તે-
ઓના અવિશ્વાસને લીધે તે અચરત થયો. અને આસપાસ ગામેગામ તે
બોધ કરતો ફર્યો. 7 અને બાર [શિષ્યો]ને પોતાની પાસે બોલાવીને તે
તેઓને બબે મોકલવા લાગ્યો; ને તેણે તેઓને અશુદ્ધ આત્માઓ પર
અધિકાર આપ્યો; 8 ને તેઓને ફરમાવ્યું કે, માર્ગને સારૂ કેવળ એક લા-
કડી વિના બીજું કંઈ નહિ; રોટલી નહિ, જોળણું નહિ, પોતાના કમર-
બંધમાં નાણું નહિ; 9 પણ ચંપલ પહેરવાં, ને બે અંગરખા ન પહેરવા.
10 અને તેણે તેઓને કહ્યું કે, જ્યાં તમે કોઇ ઘરમાં પેસો, ત્યાંથી નીકળો

ત્યાં સુધી તેમાંજ રહો. 11 અને જ્યાં કહીં તેઓ તમારો આવકાર નહિ કરે,
ને તમારું નહિ સાંભળે, તેઓની વિરુદ્ધ સાક્ષી થવાને માટે ત્યાંથી જતાં
તમારા પગ તળેની ધૂળ ખંખેરી નાખો. 12 અને તેઓએ નીકળીને એવો
ઉપદેશ કીધો કે, પસ્તાવો કરો. 13 અને તેઓએ ઘણાં ભૂતો કાઢ્યાં, ને
ઘણા માંદાઓને તેલ ચોળ્યું, ને તેઓને સાજાં કર્યાં. 14 અને હેરોદ રા-
જાએ તે વિષે સાંભળ્યું (કેમકે તેનું નામ પ્રસિદ્ધ થયું હતું), ને તેણે કહ્યું
કે, યોહાન બાપ્તિસ્મા કરનાર મુએલાંમાંથી ઉઠ્યો છે, અને એ માટે તેના-
થી આ પરાક્રમી કામો કરાય છે. 15 પણ બીજાઓએ કહ્યું કે, તે એલી-
યાહ છે; ને બીજાઓએ કે, તે ભવિષ્યવાદીઓમાંના કોઈએકના જેવો
ભવિષ્યવાદી છે. 16 પણ હેરોદ સાંભળીને કહ્યું કે, એ તો યોહાન છે જેનું
માથું મેં કાપી નંખાવ્યું, ને મુએલાંમાંથી ઉઠ્યો છે. 17 કેમકે હેરોદે પોતે
મોકલીને યોહાનને પકડાવ્યો હતો, અને પોતાના ભાઇ ફિલિપની વહુ
હેરોદિયાસને લીધે તેને કેદખાનામાં બંદીવાન કર્યો હતો; કેમકે તે તેણી-
ને પરણ્યો હતો. 18 કેમકે યોહાને હેરોદને કહ્યું હતું કે, તારા ભાઈની વહુ
રાખવી તને યોગ્ય નથી. 19 અને હેરોદિયાસ તે પર અદાવત રાખતી, ને
તેને મારી નાખવા ચહાતી, પણ એમ કરી ન શકી. 20 કેમકે હેરોદ યોહા-
નને ન્યાયી તથા પવિત્ર માણસ જાણીને તેથી બીતો, ને તેને સંભાળ-
તો, ને તેનું સાંભળીને બહુ ગભરાતો, પણ ખુશીથી તેનું સાંભળતો.
21 અને જયારે જોગવાઈનો દહાડો આવ્યો, ત્યારે હેરોદે પોતાની વરસ-
ગાંઠે પોતાના અમીરોને તથા સેનાપતિઓને તથા ગાલીલના સરદારોને
સારૂ મિજબાની કરી; 22 ને તેજ હેરોદિયાસની દીકરી અંદર આવીને ના-
ચી, ને તેથી હેરોદ તથા તેની સાથે જમવા બેઠેલાઓ ખુશ થયા; અને
રાજાએ છોકરીને કહ્યું કે, તું જે ચાહે તે મારી પાસે માગ, ને હું તને તે
આપીશ. 23 અને તેણે સમ ખાઈને તેને કહ્યું કે, જે કંઈ તું મારી પાસે મા-
ગે તે મારા અડધા રાજ્ય સુધી હું તને આપીશ. 24 અને તેણે બહાર જઈ-
ને પોતાની માને પુછ્યું કે, હું શું માગું? 25 ને તેણીએ કહ્યું, યોહાન બાપ્તિ-
સ્મા કરનારનું માથું. અને તરત રાજાની પાસે ઉતાવળથી માંહે આવીને
તેણીએ માગીને કહ્યું કે, હું ચાહું છું કે, યોહાન બાપ્તિસ્મા કરનારનું માથું
કથરોટમાં હમણાંજ તું મને આપ. 26 અને રાજા બહુ દલગીર થયો, પણ
પોતે સમ ખાધા હતા તેને લીધે તથા પોતાની સાથે બેસનારાઓને લીધે
તેને ના કહેવાને ચાહ્યું નહિ. 27 અને તરત રાજાએ સિપાઈને મોકલીને
એનું માથું લાવવાનો હુકમ કર્યો, ને તેણે જઈને કેદખાનામાં તેનું માથું
કાપી નાખ્યું; 28 ને તેનું માથું કથરોટમાં લાવીને છોકરીને આપ્યું; ને છો-
કરીએ પોતાની માને તે આપ્યું. 29 અને તેના શિષ્યો એ સાંભળીને
આવ્યા, ને તેનું ધડ લઈ ગયા, ને કબરમાં મુક્યું. 30 અને પ્રેરિતો ઈસુની
પાસે એકઠા થાય છે, ને જે જે તેઓએ કર્યું હતું તથા જે જે તેઓએ શિખ-
વ્યું હતું, તે બધું તેને કહ્યું. 31 અને તેણે તેઓને કહ્યું કે, તમે પોતે ઉજડ
ઠેકાણામાં એકાંત આવો, ને થોડો વિસામો લો; કેમકે આવનારા ને
જનારા ઘણા હતા; ને તેમને ખવાનો પર અવકાશ મળતો નહોતો.
32 અને તેઓ હોડીમાં બેસીને ઉજડ ઠેકાણે એકાંત ગયા. 33 અને લો-
કોએ તેઓને જતા દીઠા, ને ઘણાએ તેને ઓળખ્યો, ને સઘળાં શહેર-
માંથી પગે દોડીને ત્યાં એકઠા થયા, ને તેઓની આગળ જઈ પહોંચ્યા.
34 અને તેણે નીકળીને અતિ ઘણા લોકનેજોયા; ને તેણે તેઓ પર કરૂ-
ણા આવી; કેમકે તેઓ પાળક વગરનાં ઘેટાં જેવા હતા; એ તે તેઓને
ઘણી વાતો વિષે બોધ કરવા લાગ્યો. 35 અને જયારે દહાડો ઘણો નમી
ગયો ત્યારે તેના શિષ્યોએ તેની પાસે આવીને કહ્યું કે, આ ઠેકાણું ઉજડ
છે; ને દહાડો ઘણો નમી ગયો છે; 36 તેઓને વિદાય કર, એ માટે કે તેઓ
આસપાસનાં પરાંમાં તથા ગામોમાં જઈને પોતાને સારૂ કંઈ ખાવાનું વે-
ચાતું લે. 37 પણ તેણે ઉત્તર આપતાં તેઓને કહ્યું કે, તમે તેઓને ખાવા-
નું આપો. અને તેઓ તેણે કહે છે કે, શું અમે જઈને બસેં દીનારની રોટ-
લીઓ લઈને તેઓને ખવાડીએ? 38 પણ તે તેઓને કહે છે કે, તમારી પા-
સે કેટલી રોટલીઓ છે? જઈને જુઓ, ને ખબર કાઢ્યા પછી તેઓ કહે છે
કે, પાંચ તથા બે માછલી. 39 અને તેણે તેઓને હુકમ કર્યો ક, સઘળાં
લીલા ઘાસ પર પંગતમાં બેસી જાય. 40 અને તેઓ સો સો તથા પચાસ
પચાસ હારબંધ બેઠો. 41 અને તેણે પાંચ રોટલી તથા બે માછલી લઈને
આકાશ તરફ જોઈને આશીર્વાદ માગ્યો; ને રોટલીઓ ભાંગીને તેઓને
પિરસવા સારૂ પોતાના શિષ્યોને આપી; ને બે માછલી સહુને વહેંચી
આપી. 42 અને સહુએ ખાધું, ને તૃપ્ત થયા; 43 અને તેઓએ ટુકડાની બાર
ટોપલી ભરીને ઉઠાવી, ને માછલીઓમાંથી પણ કંઈ વધ્યું. 44 અને જે-
ઓએ રોટલીઓ ખાધી તેઓ આસરે પાંચ હજાર પુરુષ હતા. 45 અને
તત્કાળ તેણે પોતાના શિષ્યોને હઠેઠ કરીનને હોડીમાં બેસાડ્યા, ને પો-
તે લોકોને વિદાય કરે એટલામાં પોતાની આગળ પેલે પાર બેથસૈદાએ
મોકલ્યા. 46 અને તેઓને વિદાય કરીને તે પહાડ પર પ્રાર્થના કરવા
ગયો. 47 અને સાંજ પાડી ત્યારે હોડી સમુદ્ર મધ્યે હતી; ને તે એકલો
જમીન પર હતો. 48 અને તેઓ હલેસાં મારતાં હેરાન થાય છે કેમકે પવન
તેઓની સામો છે, એ જોઈને, આસરે રાતને ચોથે પોહોરે તે સમુદ્ર પર
ચાલતો તેઓની પાસે આવે છે, ને જાણે તેઓથી આગળ જવાનું કર્યું.
49 અને તેઓએ તેને સમુદ્ર પર ચાલતો જોઈને ધાર્યું કે, એ તો આભાસ
છે, ને બૂમ પાડી; 50 કેમકે સહુ તેને જોઈને ગભરાયા. અને તરત તે તે-
ઓની સાથે બોલ્યો, ને તેઓને કહે છે કે, હિમ્મત રાખો, હું છું, બિહો મા.
51 અને તે તેઓની પાસે હોડી પર ગયો, ને પવન થંભ્યો; ને તેઓ અતિ-
શય વિસ્મિત થયા; 52 કેમકે તેઓ રોટલી સંબંધી ન સમજ્યા, પણ તે-
ઓનાં મન કઠણ હતાં. 53 અને તેઓ પાર જઈને ગેન્નેસારેત દેશમાં
આવ્યા, ને કિનારે લંગર કર્યું. 54 અને તેઓ હોડી પરથી ઉતર્યા ત્યારે
તરત લોકોએ તેને ઓળખ્યો, 55 ને ચોતરફ તે આખા પ્રદેશમાં દોડી
જઈને જ્યાં તેઓએ સાંભળ્યું કે તે છે, ત્યાં માંદાઓને ખાટલામાં ઘાલીને
લાવવા લાગ્યા. 56 અને જ્યાં તે ગામો કે શહેરો કે પરાંઓમાં પેઠો, ત્યાં
તેઓએ માંદાઓને ચૌટાંઓમાં રાખ્યા, ને તેને વિનંતી કીધી કે, તેઓને
માત્ર તારા લુંગડાની કોરને અડકવા દે; જેટલા તેને અડક્યા તેટલા સા-
જા થયા.

7 અને ફરીશીઓ તથા કેટલાએક શાસ્ત્રીઓ યરૂશાલેમથી આવીને
તેની પાસે એકઠા થાય છે; 2 ને તેના કેટલાએક શિષ્યોને અશુદ્ધ,
એટલે અણધોએલા, હાથે રોટલી ખાતાં તેઓએ જોયાં. 3 કેમકે ફરો-
શીઓ તથા બધા યહુદીઓ વડીલોના સંપ્રદાય પાળીને સારી પેઠે હાથ
ધોયા વિના ખાતાં નથી. 4 અને ચૌટેથી આવીને ન્હાયા વિના તેઓ ખા-
તા નથી; ને વાટકા તથા ગાગરો તથા ત્રાંબાના વાસણ તથા ખાટલા-
ઓને ધોવા ઈત્યાદી ઘણી બીજી ક્રિયાઓ પાળવાને તેઓએ સ્વીકાર્યું
હતું. 5 પછી ફરોશીઓ તથા શાસ્ત્રીઓ તેને પુછે છે કે, તારા શિષ્યો
વડીલોના સંપ્રદાય ન ચાલતાં અણધોએલે હાથે રોટલી કેમ ખાય છે?
6 ને તેણે તેઓને કહ્યું કે, તમ ઢોંગીઓ સંબંધી યશાયાહે ઠીક ભવિષ્ય-
વાત કહી, જેમ લખ્યું છે કે, આ લોક હોઠોએ મને માને છે, પણ તેઓનાં
હૃદયો મારાથી વેગળાં રહે છે. 7 પણ તેઓ પોતાના મત દાખલ માણ-
સોની અજ્ઞા શિખવતાં મને વ્યર્થ ભજે છે. 8 દેવની આજ્ઞા પડતી મુકીને
તમે માણસોના સંપ્રદાય પાળો છો. 9 અને તેણે તેઓને કહ્યું કે, તમે
પોતાના સંપ્રદાય પાળવા સારૂ દેવની અઆગ્યા બરાબર રદ કરો છો.
10 કેમકે મુસાએ કહ્યું કે, તારા બાપને તથા તારી માને માન આપ, ને જે
કોઈ બાપની કે માની નિંદા કરે તે માર્યો જાય; 11 પણ તમે કહો છો કે,
જો કોઈ માણસ પોતાના બાપને કે માને કહે કે, મારાથી તને જે કંઈ
લાભ થાત તે કોરબાન, એટલે અર્પિતદાન થયલું છે, 12 તો તમે તેને તે-
ના બાપને સારૂ કે તેની માને સારૂ ત્યાર પછી કંઈ કરવા દેતા નથી,
13 અને એમ કરીને તમારા શિખાડેલા સંપ્રદાય વડે તમે દેવનું વચન રદ
કરો છો; ને એવાં ઘણાં કામો તમે કરો છો. 14 અને લોકને ફરી પોતાની
પાસે બોલાવીને તેણે તેઓને કહ્યું કે, તમે સહુ મારું સાંભળો તથા સમ-
જો. 15 માણસની બહારથી તેમાં પેસીને તેને વટાળી શકે, એવું કંઈ
નથી; પણ માણસમાંથી જે નીકળે છે, તેજ માણસને વટાળે છે. 16 [[જો
કોઈને સાંભળવાને કાન છે તો તે સાંભળે]] 17 અને જયારે લોકોની પા-
સેથી જૈનને તે ઘરમાં પેઠો, ત્યારે તેના શિષ્યોએ એ દૃષ્ટાંત સંબંધી તેને
પુછ્યું. 18 અને તે તેઓએ કહે છે કે, તમે પણ શું એવા અણસમજુ છો?
તમે જાણતા નહિ કે, બહારથી માણસમાં જે જે પેસે તે તેને વટાળી શક-
તું નથી? 19 કેમકે એના હૃદયમાં તે પેસતું નથી, પણ પેટમાં; ને નીકળી-
ને સંડાસમાં જાય છે; [એવું કહીને] તેણે સર્વ ખોરાક શુદ્ધ ઠરાવ્યા.
20 વળી તેણે કહ્યું કે, માણસમાંથી જે નીકળે છે તેજ માણસને વટાળે
છે. 21 કેમકે માંહેથી, એટલે માણસોના હૃદયમાંથી ભુંડા વિચારો નીકળે
છે, એટલે છિનાળા, ચોરીઓ, હત્યાઓ, 22 વ્યભિચારો, લોભ, દુષ્ટાઈ,
કપટ, કામાતુરપણું, અદેખાઈ, નિંદા, અભિમાન, મૂર્ખપણું, 23 એ બધાં
ભુંડા વાનાં માંહેથી નીકળે છે, ને માણસને વટાળે છે. 24 પછી તે ત્યાંથી

ઉઠીને સૂર તથા સીદોનની સીમોમાં ગયો. અને તે ઘરમાં પેઠો, ને કોઇ
ન જાણે એવું ચહાતો હતો; પણ તે ગુપ્ત રહી ન શક્યો. 25 કેમકે એક બા-
યડી જેની નાની દીકરીને અશુદ્ધ આત્મા વળગેલો હતો, ને તેને વિષે
સાંભળીને આવી, ને તેના પગ આગળ પડી. 26 તે બાયડી યુનાની હતી,
ને સુરફૈનીકી કુળની; ને તેણે પોતાની દીકરીમાંથી ભૂત કાઢવાને તેને
વિનંતી કરી. 27 પણ ઈસુએ તેને કહ્યું કે, છોકરાને પહેલાં ધરાવા દે; કેમ-
કે છોકરાંની રોટલી લઈને કુતરાંને ફેંકવી એ વાજબી નથી. 28 પણ તે
ઉત્તર આપીને તેને કહે છે કે, હા, પ્રભુ, કુતરાં પણ મેજ તળે છોકરાંના
કકડામાંથી ખાય છે. 29 અને તેણે તેને કહ્યું કે, આ વાતને લીધે જા; તા-
રી દીકરીમાંથી ભૂત નીકળ્યું છે. 30 અને તેણે પોતાને ઘેર આવીને જોયું
કે, છોકરી ખાટલા પર સુતેલી છે, ને ભૂત નીકળ્યું છે. 31 અને ફરી સૂરની
સીમોમાંથી નીકળીને, સીદોનમાં થઈને દકાપલીસની સીમોની મધ્યે
થઈને, ગાલીલના સમુદ્રની પાસે તે આવ્યો. 32 અને તેઓ એક બહેરા
બોબડાને તેની પાસે લાવે છે, ને તે પર હાથ મુકવાને તેને વિનંતી કરે
છે. 33 અને તેણે લોક પાસેથી તેને એકાંત લઈ જઈને તેના કાનોમાં પો-
તાની આંગળી ઘાલી, ને થુંકીને તેની જીભને અડકયો; 34 ને આકાશ
તરફ જોઈને તેણે નિસાસો મુક્યો ને કહ્યું કે, એફફાથા, એટલે ઉઘડી જા.
35 અને તરત તેના કાનો ઉઘડી ગયા, ને તેની જીભનું બંધન છુટ્યું, ને તે
સાફ બોલ્યો. 36 અને તેણે તેઓને તાકીદ કરી કે, તમારે કોઈને કહેવું
નહિ; પણ જેમ જેમ તેણે વધારે તાકીદ કીધી તેમ તેમ તેઓએ તે વધારે
પ્રગટ કીધું. 37 અને તેઓ બેહદ અચંબો પામ્યા, ને બોલ્યા કે, તેણે બધું
સારૂંજ કર્યું છે; ને બહેરાઓને પણ સાંભળતા કરે છે, ને મુંગાઓને બો-
લતાં કરે છે.

8 તે દહાદાઓમાં જયારે ફરી અતિ ઘણા લોક હતા, ને તેઓની પા-
સે કંઈ ખાવાનું ન હતું, ત્યારે તે પોતાના શિષ્યોને પાસે બોલાવી-
ને તેઓને કહે છે કે, 2 લોક પર મને દયા આવે છે, કેમકે હમણાં ત્રણ
દહાડાથી તેઓ મારી જોડે રહ્યા છે, ને તેઓની પાસે કંઈ ખાવાનું નથી;
3 ને જો હું તેઓને ભૂખ્યા ઘેર મોકલું તો વાટમાં તેઓ નિર્ગત થશે; વળી
તેઓમાંના કેટલાએક આઘેથી આવ્યા છે. 4 તેના શિષ્યોએ તેને ઉત્તર
આપ્યો કે, અહીં રાનમાં ક્યાંથી કોઇ એટલા બધાને રોટલીથી તૃપ્ત કરી
શકે? 5 ને તેણે તેઓને પુછ્યું કે, તમારી પાસે કેટલી રોટલીઓ છે? ને તે-
ઓએ કહ્યું, સાત. 6 અને તેણે લોકને જમીન પર બેસવાનો હુકમ
આપ્યો; ને સાત રોટલીઓ લઈને તેણે સ્તુતિ કરીને ભાંગી, ને પિરસવા
સારૂ પોતાના શિષ્યોને આપી; ને તેઓએ લોકને પિરસી. 7 અને તેઓ-
ના પાસે થોડી નાની માછલીઓ પણ હતી; ને તેણે તેમના પર આશી-
ર્વાદ માગીને તે પણ લોકોને પિરસવાનું કહ્યું. 8 અને તેઓ ખાઈને ધરા-
યા; ને તેઓએ બાકી રહેલા કકડાઓની સાત ટોપલીઓ ઉઠાવી. 9 અને
[ખાનારા] આસરે ચાર હજાર હતા; ને તેણે તેઓને વિદાય કીધા. 10 અને
તરત પોતાના શિષ્યો સાથે હોડી પર ચઢીને તે દાલમાનુથાની સીમોમાં
આવ્યો. 11 અને ફરોશીઓ નીકળી આવ્યા, ને તેનું પરીક્ષણ કરતાં તેની
પાસે આકાશમાંથી નિશાણી માગીને તેની સાથે વિવાદ કરવા લાગ્યા.
12 અને પોતાના આત્મામાં ઉંડો નિસાસો મુકીને તે કહે છે, આ પેઢી નિ-
શાણી કેમ માગે છે? હું તમને ખચિત કહું છું કે, આ પેઢીને કંઈજ નિશા-
ણી અપાશે નહિ. 13 અને તેઓને મુક્યા પછી હોડી પર ફરી ચઢીને તે
પેલે પાર ગયો. 14 અને તેઓ રોટલી લાવવાને વિસરી ગયા હતા; ને તે-
ઓની પાસે હોડીમાં એક કરતાં વધારે રોટલી નહોતી. 15 અને તેનને તે-
ઓને આજ્ઞા આપીને કહ્યું કે, જોજો, ફરોશીઓના ખમીરથી તથા હેરોદ-
ના ખમીરથી સાવધાન રહો. 16 અને તેઓએ માહોમાંહે સંવાદ અરીને
કહ્યું કે, આપણી પાસે રોટલી નથી. 17 અને ઈસુ એ જાણીને તેઓને કહે
છે કે, તમારી પાસે રોટલી નથી એ માટે તમે કેમ સંવાદ કરો છો? હજી
સુધી શું તમે નથી જાણતા, ને નથી સમજતા? શું તમારા હૃદય કઠણ
થયા છે? 18 તમને આંખો છતાં શું તમે નથી દેખાતા? અને કાનો છતાં,
શું તમે નથી સાંભળતા? ને શું યાદ નથી રાખતાં? 19 જયારે પાંચ હજાર-
ને સારૂ પાંચ રોટલી મેં ભાંગી, ત્યારે તમે કકડાઓની ભરેલી કેટલી ટો-
પલીઓ ઉઠાવી? તેઓ તેને કહે છે કે, બાર. 20 અને જયારે ચાર હજારને
સારૂ સાત, ત્યારે તમે કકડાથી ભરેલી કેટલી ટોપલીઓ ઉઠાવી? ને તે-
ઓએ કહ્યું કે, સાત. 21 અને તેણે તેઓને કહ્યું શું તમે હજી નથી સમજ-
તા? 22 અને તે બેથેસૈદામાં આવે છે. અને તેઓ તેની પાસ એક આંધ-
ળાને આવે છે, ને તેણે અડકવા સારૂ તેઓ તેને વિનંતી કરે છે. 23 અને
આંધળાનો હાથ પકડીને તે તેને ગામમાંથી બહાર લઈ ગયો, ને તેની
આંખોમાં થુંકીને ને તેના પર હાથ મુકીને તેને પુછ્યું કે, તું કંઈ જુએ છે?
24 ને ઉંચું જોઈને તેણે કહ્યું કે, હું માણસોને દેખું છું; કેમકે તેઓને ઝાડો-
ના જેવા ચાલતાં દેખું છું. 25 ત્યારે તેણે ફરી તેની આંખો પર હાથ મુક્યા,
ને તેણે તાકીને જોયું, ને સાજો થયો, ને સઘળું સ્પષ્ટ રીતે દીઠું. 26 અને
તેણે તેને ઘેર મોકલતાં કહ્યું કે, ગામમાં પણ પેસતો ના. 27 અને ઈસુ
તથા તેના શિષ્યો કાઈસારીઆ ફીલિપીના ગામોમાં ગયા; ને માર્ગમાં તે-
ણે પોતાના શિષ્યોને પુછતાં કહ્યું કે, હું કોણ છે, એ વિષે માણસો શું
કહેછે? 28 ને તેઓએ તેને કહ્યું કે, [કોઈ કહે છે કે તું] યોહાન બાપ્તિસ્મા
કરનાર છે; ને કોઈ કે તું એલીયાહ, ને કોઈ કે તું ભવિષ્યવાદીઓમાંનો
એક છે. 29 અને તેણે તેઓને પુછ્યું, પણ હું કોણ છું, એ વિષે તમે શું
કહો છો? પીતર ઉત્તર આપતાં તેને કહે છે કે, તું તો ખ્રીસ્ત છે. 30 અને
તેણે તેઓને તાકીદ કીધી કે, મારે વિષે તમારે કોઈને કહેવું નહિ. 31 અને
તે તેઓને શિખવવા લાગ્યો કે, માણસના દીકરાએ ઘણું સહેવું, ને વડી-
લોથી તથા મુખ્ય યાજકોથી તથા શાસ્ત્રીઓથી નાપસંદ થવું, ને માર્યા
જવું, ને ત્રણ દહાડા પછી પાછા ઉઠવું એ જરૂરનું છે. 32 અને તે એ વાત
ઉઘાડી રીતે બોલ્યો. અને પીતર તેને એક બાજુએ લઈને તેને ઠપકો
આપવા લાગ્યો; 33 પણ તેણે પાછળ ફરીને તથા પોતાના શિષ્યોને જો-
ઈને પીતરને ઠપકો આપતાં કહ્યું કે, શેતાન, મારી પછવાડે જા; કેમકે તું
દેવની બાબતો પર નહિ, પણ માણસોની બાબતો પર ચિત્ત લગાડે છે.
34 અને તેણે પોતાના શિષ્યો સુદ્ધાં લોકોને પાસે બોલાવીને તેઓને કહ્યું
કે, જો કોઈ મારી પાછળ આવવા ચાહે છે, તો તેણે પોતાનો નકાર કર-
વો, ને પોતાનો વધસ્તંભ ઉંચકીને મારી પાછળ ચાલવું. 35 કેમકે જે
કોઈ પોતાનો જીવ બચાવવા ચાહે, તે તેને ખોશે; અને જે કોઈ મારે લીધે
તથા સુવાર્ત્તાને લીધે પોતાનો જીવ ખોશે, તે તેને બચાવશે. 36 કેમકે જો
માણસ આખું જગત મેળવે, ને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો
લાભ થાય? 37 વળી માણસ પોતાના જીવનો શો બદલો આપશે? 38 કે-
મકે આ આ વ્યભિચારી તથા પાપી પેઢીમાં જે કોઈ મારે લીધે તથા મારી
વાતોને લીધે શરમાશે, તેને લીધે માણસનો દીકરો પણ જયારે પોતાના
બાપના મહિમામાં પવિત્ર દૂતોની સાથે આવશે, ત્યારે તે શરમાશે.

9 અને તેણે તેઓને કહ્યું કે, હું તમને ખચિત કહું છું કે, અહીં ઉભા
રહેનારાઓમાંના કેટલાએક એવા છે કે જેઓ પરાક્રમે આવેલું દેવ-
નું રાજ્ય જોયાં પહેલાં મરણ પામશેજ નહિ. 2 અને છ દહાડા પછી ઈસુ
પીતરને તથા યાકુબને તથા યોહાનને સાથે લઈને એકલા તેઓને ઉંચા
પહાડ ઉપર એકાંત લઈ જાય છે; ને તેઓની આગળ તેનું રૂપાંતર થયું.
3 અને તેના લૂગડાં ઉજળાં, બહુજ સફેદ થયાં; એવાં કે પૃથ્વીમાં કોઈ
પણ ધોબી તેવાં સફેદ કરી ન શકે. 4 અને એલીયાહ મુસાની સંઘાતે તે-
ઓને દેખાયો, ને તેઓ ઈસુની સાથે વાત કરતાં હતા. 5 અને પીતર
ઉત્તર આપીને ઈસુને કહે છે કે, રાબી, અહીં રહેવું આપણે માટે સારૂં છે;
તો અમે ત્રણ માંડવા બનાવીએ, એક તારે વાસ્તે, ને એક મુસાને વાસ્તે,
ને એક એલીયાહના વાસ્તે. 6 કેમકે શું બોલવું એ તેણે સુઝ્યું નહિ, કેમકે
તેઓ બહુ બીધા હતા. 7 અને વાદળું આવ્યું ને તેઓ પર છાયા કીધી; ને
વાદળામાંથી એવી વાણી થઈ કે, આ મારો વહાલો દીકરો છે, તેનું
સાંભળો. 8 અને તત્કાળ ચોતરફ જોઈને તેઓએ પછી પોતાની સાથે
એકલા ઈઈસુ વિના કોઈને દીઠો નહિ. 9 અને પહાડ પરથી તેઓ ઉતર-
તા હતા, ત્યારે તેણે તેઓને ફરમાવ્યું કે, તમે જે જોયું છે તે માણસનો
દીકરો મુએલાંમાંથી પાછો ઉઠે, ત્યાં સુધી કોઈને કહેતાં ના. 10 અને તે-
ઓએ તે વાત મનમાં રાખી, ને મુએલાંમાંથી પાછા ઉઠવું એ શું હશે, તે
વિષે માંહોમાંહે વાદવિવાદ કરતાં હતા. 11 અને તેઓએ તેને પુછીને કહ્યું
કે, શાસ્ત્રીઓ કેમ કહે છે, પહેલાં એલીયાહે આવવું જોઈએ? 12 ને તેણે
તેઓને કહ્યું કે, એલીયાહ પહેલાં આવીને સર્વને સુધારે છે ખરો; ને મા-
ણસના દીકરા વિષે એમ કેમ લખ્યું છે કે, તેણે ઘણું દુઃખ સહેવું ને તુ-
ચ્છકાર પામવો? 13 પણ હું તમને કહું છું કે, એલીયાહ ખરેખર આવ્યો
છે; ને તેને વિષે લખેલું છે તે પ્રમાણે તેઓએ જેમ ચાહ્યું તેમ તેને કીધું.
14 અને તેઓએ શિષ્યોની પાસે આવીને તેઓની આસપાસ અતિ ઘણા
લોકને તથા તેઓની સાથે વિવાદ કરતા શાસ્ત્રીઓને જોયા. 15 અને
તરત તે બધા લોક તેને જોઈને બહુ અચરતી પામ્યા, ને દોડીને તેને

સલામ કીધી. 16 આને તેણે તેઓને પુછ્યું કે, તેઓની જોડે તમે શો વિ-
વાદ કરો છો? 17 ને લોકમાંથી એકે તેને ઉત્તર આપ્યો કે, ઉપદેશક, હું
મારો દીકરો મારી પાસે લાવ્યો, તેને મુગો આત્મા વળગેલો છે; 18 અને
જ્યાં કહી તે તેણે પકડે છે, ત્યાં તે તેને પાડી નાખે છે; ને તે ફીણ કાઢે
છે, ને દાંત પિસે છે, ને તે તવાઈ જાય છે. અને મેં તારા શિષ્યોને તેને
કાઢવાનું કહ્યું; પણ તેઓ કાઢી ન શક્યા. 19 પણ તે ઉત્તર આપીને તે-
ઓને કહે છે કે, ઓ અવિશ્વાસી પેઢી, હું ક્યાં સુધી તમારી સાથે રહીશ?
ક્યાં સુધી હું તમારું ખમીશ? તેને મારી પાસે લાવો. 20 અને તેઓ તેની
પાસે તેને લાવ્યા, ને એને જોઇને આત્માએ તરત તેને મરડ્યો; ને
જમીન પર પડીને તે ફીણ કાઢતો તરફડ્યો. 21 અને તેણે એના બાપને
પુછ્યું કે, એને આ થયાને કેટલો કાળ થયો છે? ને તેણે કહ્યું કે, બાળપ-
ણથી. 22 અને તેનો નાશ કરવા સારૂં તેણે ઘણી વેળાએ આગમાં તથા
પાણીમાં પણ તેને નાખી દીધો છે; પણ જો તું કંઈ કરી શકે તો અમારા
પર કરૂણા રાખીને અમને મદદ કર. 23 પણ ઈસુએ તેને કહ્યું કે, જો તું
કરી શકે! વિશ્વાસ રાખનારને તો અરવ શક્ય છે. 24 અને તરત બાળકના
બાપે ઘાંટો પાડતાં કહ્યું કે, હું વિશ્વાસ કરું છું, મારા અવિશ્વાસ વિશ્હે
મને મદદ કર. 25 પણ ઘણા લોક દોડતા આવે છે, એ જોઇને ઇસુએ
અશુદ્ધ આત્માને ધમકાવીને તેને કહ્યું કે,મુંગા તથા બહેરા આત્મા, હું
તમે હુકમ કરું છું કે, તેમાંથી નીકળ, ને ફરી તેમાં ન પેસ. 26 અને ચીસ
પાડીને ને તેને બહુ મરડીને તે નીકળ્યો; ને તે મુઆ જેવો થયો, એવો કે
ઘણાખરાએ કહ્ય કે, તે મારી ગયો છે. 27 પણ ઈસુએ તેનો હાથ ઝાલીને
તેને ઉઠાડ્યો; ને તે ઉભો થયો. 28 અને તે ઘરમાં આવ્યો ત્યારે તેના શિ-
ષ્યોએ તેનેએકાંતમાં પુછ્યું કે, અમે કેમ તેને કાઢી ન શક્યા? 29 ને તેણે
કહ્યું કે, પ્રાર્થના શિવાય બીજા કોઈ ઉપાયથી એ જાત નીકળી શકે એમ
નથી. 30 અને ત્યાંથી નીકળીને તેઓ ગલીલમાં થઈને ગયા; ને કોઈ ન
જાણે, એવી તેની ઇચ્છા હતી. 31 કેમકે તે પોતાના શિષ્યોને શિખવતો,
ને તેઓને કહેતો કે, માણસનો દીકરો માણસોના હાથમાં સોંપાયો છે, ને
તેઓ તેને મારી નાખશે; ને મારી નંખાયા પછી તે ત્રીજે દહાડે પાછો ઉઠ-
શે. 32 અને તેઓ આ વાત સમજ્યા ન હતા, ને તેને પુછતાં બીધા.
33 અને તેઓ કાપરનાહુમમાં આવ્યા; ને તે ઘરનાં હતો, ત્યારે તેણે તે-
ઓને પુછ્યું કે, તમે માર્ગમાં શા વિવાદ કરતાં હતા? 34 પણ તેઓ છાનાં
રહ્યા; કેમકે માર્ગમાં તેઓ માહોમાંહે વિવાદ કરતાં હતા કે, મુખ્ય કોણ
છે? 35 અને તે બેઠો ને બારેને તેડીને તેઓને કહે છે કે, જો કોઈ પહેલો
થવા ચાહે, તો તે સહુથી છેલ્લો તથા સહુનો સેવક થાય. 36 અને તેણે
એક બાળક લઈને તેઓની વચમાં ઉભું રાખ્યું; ને તેને ખોળામાં લઈને
તેઓને કહ્યું કે, 37 જે કોઈ મારે નામે એવા બાળકોમાંનો એકનો સ્વીકાર
કરે, તે મારો સ્વીકાર કરે ચ, ને જે કોઈ મારો સ્વીકાર કરે છે તે કેવળ મા-
રોજ નહિ, પણ જેણે મને મોકલ્યો છે તેનો સ્વીકાર કરે છે. 38 યોહાને તે-
ને કહ્યું કે, ઉપદેશક, અમે કોઈએકને તારે નામે ભૂતોને કાઢતો દીઠો; ને
અમે તેને મના કીધી, કારણ કે તે અમારી સાથે ચાલતો નથી. 39 પણ
ઇસુએ કહ્યું કે, તેને મના કરો મા, કેમકે એવો કોઈ નથી કે જે મારે નામે
ચમત્કાર કરશે, ને સહેજ મારી નિંદા કરી શકશે. 40 કેમકે જે આપણી
વિરુદ્ધ નથી, તે આપણ પક્ષનો છે. 41 કેમકે હું તમને ખચિત કહું છું કે,
તમે ખ્રીસ્તના છો એ કારણથી જે કોઈ તમને પ્યાલું પાણી પાશે, તે પો-
તાનું ફળ નહિ ખોશે. 42 અને જે નાનાઓ મારા પર વિશ્વાસ કરે છે, તે-
ઓમાંના એકને જે કોઈ ઠોકર ખવડાવે, તેને માટે તે કરતાં આ સારૂ છે કે
ઘંટીનું પદ તેની કોટે બંધાય ને તે સમુદ્રમાં નંખાય. 43 અને જો તારો
હાથ તને ઠોકર ખવાડે, તો તેને કાપી નાખ; તને બે હહઠ છતાં નરકમાં
ન હોલ્વાનાર અગ્નિમાં જવું. 44 તે કરતાં ઠુંઠા થઈને જીવનમાં પેસવું એ
તારે માટે સારૂં છે. 45 અંને જો તારો પગ તને ઠોકર ખવાડે, તો તેને કાપી
નાખ; તને બે પગ છતાં નરકમાં ન હોલવાનાર અગ્નિમાં નંખાવું, 46 તે
કરતાં લંગડા થઈને જીવનમાં પેસવું એ તારે માટે સારૂ છે. 47 અને જો
તારી આંખ તને ઠોકર ખવાડે તો તેને કાઢી નાખ; તને બે આંખ છતાં
અગ્નિના નરકમાં નંખાવું, 48 કે જ્યાં તેઓનો કીડો મરતો નથી, ને અગ્નિ
નથી હોલવાતો, તે કરતાં કાણા થઈને દેવના રાજ્યમાં પેસવું એ તારે
માટે સારું છે. 49 કેમકે અગ્નિથી હરેક સલુણું કરાશે; [[ ને હરેક યજ્ઞ મી-
ઠાથી સલુંણો કરાશે]]. 50 મીઠું તો સારૂં છે; પણ જો મીઠું સ્વાદ વગરનું
થયું હોય, તો તેને શાથી ખારું કરશો? પોતામાં મીઠું રાખો, ને માહોમાંહે
સલાહ રાખો.

10 અને ત્યાંથી ઉઠીને તે યહુદાહની સીમોમાં યરદનને પેલે પાર
આવે છે; ને ફરી ઘણા લોક આવીને તેની પાસે એકઠા થાય છે;
ને તેના રિવાજ પ્રમાણે તેણે ફરી તેઓને બોધ કર્યો. 2 અને ફરોશીઓએ
પાસે આવીને તેનું પરીક્ષણ કરતાં તેને પુછ્યું કે, શું પુરૂષને પોતાની
સ્ત્રીને મુકી દેવી ઉચિત છે? 3 પણ તેણે ઉત્તર આપીને તેઓને કહ્યું કે,
મુસાએ તમને શી આજ્ઞા આપી હતી? 4 ને તેઓએ કહ્યું કે, ફારગતી
લખીને મુકી દેવાની મુસાએ રજા આપી. 5 પણ ઇસુએ તેઓને કહ્યું કે,
તમારાં હ્રદયની કઠણતાને લીધે મુસાએ તમારે સારું એ આજ્ઞા લખી;
6 પણ ઉત્પત્તિના આરંભથી દવે તેઓને એક પુરૂષ તથા એક સ્ત્રી
બનાવ્યાં. 7 એ કારણથી માણસ પોતાનાં માબાપને મુકીને પોતાની
વહુને વળગી રહેશે; 8 ને તેઓ બંને એક દેહ થશે; એ માટે તેઓ ત્યારપ-
છી બે નથી, પણ એક દેહ છે; 9 તો દેવે જે જોડ્યું છે તેને માણસે જુદું ન
પાડવું. 10 અને ઘરમાં તેના શિષ્યોએ ફરી તેજ બાબત વિષે તેને પુછ્યું.
11 અને તે તેઓને કહે છે કે, જે કોઈ પોતાની વહુને મુકી દે, ને બીજીને
પરણે, તે તેણીની વિરુદ્ધ છિનાળું કરે છે; 12 ને જો વહુ પોતાના વરને
મુકી દે, ને બીજાને પરણે, તો તે છિનાળું કરે છે. 13 અને તેઓ તેની પા-
સે બાળકો લાવ્યા કે તે તેઓને અડકે; ને શિષ્યોએ તેઓને ધમકાવ્યા.
14 પણ ઇસુ તે જોઈને નાખુશ થયો, ને તેણે તેઓને કહ્યું કે, બાળકોને
મારી પાસે આવવા ડો, ને તેઓને વારો મા; કેમકે દેવનું રાજ્ય એવાંઓ-
નું છે. 15 હું તમને ખચિત કહું છું કે, જે કોઈ બાળકની માફક દેવનું રાજ્ય
સ્વીકારશે નહિ, તે એમાં પ્રવેશ કરશેજ નહિ. 16 અને તેણે તેઓને બાથ-
માં લીધાં, ને તેઓ પર હાથ મુકીને તેઓને આશીર્વાદ દીધો. 17 અને તે
બહાર નીકળીને રસ્તે જતો હતો, ત્યારે એક જન તેની પાસે દોડતો
આવ્યો, ને તેણે તેની આગળ ઘૂંટણ ટેકીને પુછ્યું કે, ઓ ઉત્તમ ઉપદે-
શક, અનંત જીવનનો વારસો પામવા માટે હું શું કરું? 18 અને ઇસુએ તે-
ને કહ્યું કે, તું મને ઉત્તમ કેમ કહે છે? એક, એટલે દેવ, તે વિના કોઈ
ઉત્તમ નથી. 19 તું આજ્ઞાઓ જાણે છે, હત્યા ન કરવી, વ્યભિચાર ન કર-
વો, ચોરી ન કરવી, જુઠી શાહેદી ન પુરવી, ઠગાઈ ન કરવી, માબાપનું
સન્માન કરવું. 20 પણ તેણે તેને કહ્યું કે, ઓ ઉપદેશક, એ સર્વ
[આજ્ઞાઓ] તો હું નાનપણથી પાળતો આવ્યો છું. 21 અને તેની તરફ
જોઈને ઈસુને તેના પર હેતુ આવ્યું, ને તેણે તેને કહ્યું કે, તું એક વાત
સંબંધી અધુરો છે; તારૂં જે છે તે જઈને વેચ, ને દરિદ્રીઓને આપ, ને
આકાશમાં તને દોલત મળશે; ને આવ, મારી પાછળ ચાલ. 22 પણ તે
વાતને લીધે તેનું મ્હો ઉતરી ગયું, ને ઉદાસ થઈને તે ચાલ્યો ગયો, કેમકે
તેની સંપત ઘણી હતી. 23 અને ઈસુ આસપાસ જોઈને પોતાના શિષ્યોને
કહે છે કે, જેઓની પાસે દોલત છે તેઓને દેવના રાજ્યમાં પેસવું કેવું
અઘરૂં પડશે! 24 ને તેની વાતોથી શિષ્યો અચંબો પામ્યા. પણ ઈસુ ફરી
ઉત્તર આપીને તેઓને કહે છે કે, છોકરાં દોલત પર ભરોસો રાખનારાઓ-
ને દેવના રાજ્યમાં પેસવું કેવું અઘરૂં છે! 25 દોલતવાનને દેવના રાજ્યમાં
પેસવા કરતાં સોયના નાકામાં થઈને ઉંટને જવું સહેલ છે. 26 અને તે-
ઓએ ઘણી અચરતી પામીને માહોમાંહે કહ્યું, તો કોણ તારણ પામી
શકે? 27 ઈસુ તેઓની તરફ જોઈને કહે છે કે, માણસોને એ અશક્ય છે,
પણ દેવને નથી, કેમકે દેવને સર્વ શક્ય છે. 28 અને પીતર તેને કહેવા
લાગ્યો, જો, અમે બધું મુકીને તારી પાછળ આવ્યા છીએ. 29 ઈસુએ કહ્યું
કે, હું તમને ખચિત કહું છું કે, જે કોઈએ મારે લીધે તથા સુવાર્ત્તાને લીધે
ઘરને, કે ભાઈઓને, કે બેનોને, કે માને, કે બાપને, કે છોકરાંને, કે ખેત-
રોને મુક્યાં, 30 તે હમણાં આ કાળમાં સોગણાં ઘરોને તથા ભાઈઓને
તથા બેનોને તથા માઓને તથા છોકરાંને તથા ખેતરોને, સતાવણી સુ-
દ્ધાં, તથા આવતા કાળમાં અનંતજીવન, પામ્યા વગર રહેશે નહિ.
31 પણ ઘણા જે પહેલાં તેઓ છેલ્લા, ને જે છેલ્લા તેઓ પહેલાં થશે.
32 અને યરૂશાલેમની ભણી ચઢતાં તેઓ માર્ગમાં હતા; ને ઈસુ તેઓની
આગળ ચાલતો હતો; ને તેઓ અચંબો પામ્યા, ને પાછળ ચાલનારા
બીધા. ને તે ફરી બાર [શિષ્યો] ને પાસે તેડીને પોતા પર જે વીતવાનું
હતું તે તેઓને કહેવા લાગ્યો કે, 33 જુઓ, આપણે યરૂશાલેમમાં જઈએ
છીએ; ને માણસનો દીકરો મુખ્ય યાજકોને તથા શાસ્ત્રીઓને સોંપાશે;
ને તે તેના પર મરણદંડ ઠરાવશે, ને તેને વિદેશીઓને સોંપશે; 34 ને તે-

ની મશ્કરી કરશે, ને તેના પર થુંકશે, ને તેને કોરડા મારશે, ને તેને મારી
નાખશે; ને ત્રીજે દહાડે તે પાછો ઉઠશે. 35 અને ઝબદીના દીકરા યાકુબ
તથા યોહાન તેની પાસે આવીને કહે છે કે, ઉપદેશક, અમારી ઈચ્છા છે
કે, અમે જજે કાંઇ માગીએ તે તું અમારે વાસ્તે કરે. 36 ને તેણે તેઓને
કહ્યું કે, તમારી શું ઈચ્છા છે? હું તમારે વાસ્તે શું કરું? 37 ત્યારે તેઓને
તેણે કહ્યું કે, તારા મહિમામાં અમે એક તારે જમણે હાથે, ને એક તારે
ડાબે હાથે બેસીએ, એવું અમને આપ. 38 પણ ઈસુએ તેઓને કહ્યું કે,
તમે જે માગો છો, તે તમે જાણતા નથી. જે વાટકો હું પીઉં છું તે શું તમે
પી શકો છો? ને જે બાપ્તિસ્મા હું લઉં છું, તે બાપ્તિસ્મા શું તમે લઈ શકો
છો? 39 અને તેઓએ તેને કહ્યું કે, અમે તેમ કરી શકીએ છીએ. પણ
ઈસુએ તેઓને કહ્યું કે, જે વાટકો હું પીઉં છું તે તમે પીશો, ને જે બાપ્તિ-
સ્મા હું લઉં છું, તે બાપ્તિસ્મા તમે લેશો; 40 પણ કોઈને મારે જમણે હાથે
કે ડાબે હાથે બેસવા દેવું, એ મારું કામ નથી, પણ જેઓએ સારું તે સિ-
દ્ધ કરેલું છે તેઓને માટે છે. 41 અને [બાકીના] દસ એ સાંભળીને યાકુબ
તથ યોહાન સંબંધી નાખુશ થવા લાગ્યા. 42 પણ ઈસુ તેઓને પાસે તે-
ડીને કહે છે કે, તમે જાણો કે કે વિદેશીઓ પર જેઓ રાજ્ય કરનારા કહે-
વાય છે, તેઓ તેમના પર ઘણીપણું કરે છે, ને તેઓના જે મોટા તેઓ તે-
મના પર અધિકાર ચલાવે છે. 43 પણ તમારામાં એમ નથી, પણ તમા-
રામાં જે કોઇ મોટો થવા ચાહે, તે તમારો સેવક થશે; 44 ને જે કોઇ પ્રથમ
થવા ચાહે તે સહુનો દાસ થશે. 45 કેમકે માણસનો દીકરો સેવા કરાવવા-
ને નહિ, પણ સેવા કરવાને, ને ઘણાની ખંડણીને સારૂ પોતાનો જીવ
આપવાને આવ્યો છે. 46 અને તેઓ યરેખોમાં આવે છે; ને યરેખોમાંથી તે
તથા તેના શિષ્યો તથા ઘણા લોક નીકળતા હતા, એટલે તીમાયનો દી-
કરો બારતીમાય જે આંધળો ભીખારી હતો તે માર્ગની કોરે બેઠો હતો.
47 અને ઈસુ નાઝારી છે, એમ સાંભળીને તે બૂમ પાડવા તથા કેહવા લા-
ગ્યો કે, ઓ ઈસુ, દાઉદના દીકરા, મારા પર દયા કર. 48 અને ઘણાએ તે-
ને ધમકાવ્યો કે, તું ચુપ રહે; પણ તેણે વિશેષ બૂમ પાડતાં કહ્યું કે, ઓ
દાઉદના દીકરા, મારા પર દયા કર. 49 અને ઈસુએ ઉભા રહીને કહ્યું કે,
તેને બોલાવો; ને આંધળાને બોલાવીને તેઓ તેને કહે છે કે, હિમ્મત
રાખ, ઉઠ, ને તને બોલાવે છે. 50 અને પોતાનું લુગડું નાખી દઈને તે
ઉઠ્યો, ને ઈસુની પાસે આવ્યો. 51 અને ઈસુએ તેને ઉત્તર આપીને કહ્યું
કે, હું તને શું કરૂં, એ વિષે તારી શી ઈચ્છા છે? આંધળાએ તેને કહ્યું કે,
સ્વામિ, હું દેખતો થાઉં. 52 અને ઈસુએ તેને કહ્યું કે, જા, તારા વિશ્વાસે
તને બચાવ્યો છે, અને તરત તે દેખતો થયો, ને માર્ગમાં ઈસુની પાછળ
ગયો.

11 અને તેઓ યરૂશાલેમની નજદીક, જૈતુનના પહાડ આગળ બે-
થફાગે તથા બેથાનીઆની પાસે આવે છે, ત્યારે તે પોતાના શિ-
ષ્યોમાંના બેને આગળ મોકલે છે, 2 ને તેઓને કહે છે કે, તમારી સામેના
ગામમાં જાઓ; ને તેમાં તમે પેસશો કે તરત એક ગધેડાનો વછેરો જેનાં
પર કોઇ માણસ કદી બેઠું નથી, એવો તમને બાંધેલો મળશે; તેને છોડી
લાવો. 3 અને જો કોઇ તમને કહે કે, તમે શા માટે કરો છો? તો કહો કે, પ્ર-
ભુને તેનો ખપ છે; ને તરત તે એને અહીં મોકલશે. 4 અને તેઓ ગયા, ને
બારણાની બહાર ખુલ્લા રસ્તામાં બાંધેલો વછેરો તેઓને મળ્યો; ન તેઓ
તેને છોડે છે. 5 અને જેઓ ત્યાં ઉભા હતા તેઓમાંના કેટલાકે તેઓને
કહ્યું કે, વછેરાને તમે શું કરવા છોડો છો? 6 ને જેમ ઈસુએ તેઓને ફરમા-
વ્યું હતું, તેમ તેઓએ તેઓને કહ્યું; ને તેઓએ તેમને જવા દીધા. 7 અને
તેઓ વછેરાને ઈસુની પાસે લાવ્યા; ને તેના પર પોતાનાં લૂગડાં નાખ્યાં;
ને તેના પર તે બેઠો. 8 અને ઘણાઓએ પોતાના લૂગડાં રસ્તામાં પાથ-
ર્યાં; ને બીજાઓએ ખેતરમાંથી ડાળીઓ કાપીને [રસ્તામાં પાથરી].
9 અને આગળ તથા પાછળ ચાલનારાઓએ બૂમ પાડતાં કહ્યું કે, હોસા-
ના, પ્રભુને નામે જે આવે છે, તેને ધન્ય! 10 આપણા બાપ દાઉદનું રાજ્ય
જે પ્રભુને નામે આવે છે, તે આશીર્વાદિત છે; પરમ ઉંચામાં હોસાના.
11 અને ઈસુ યરૂશાલેમ જઈને મંદિરમાં ગયો, ને ચોતરફ બધું જોઇને
સાંજ પડ્યા પછી બારે સુદ્ધાં નીકળીને તે બેથાનીઆમાં ગયો. 12 અને
બીજે દહાડે તેઓ બેથાનીઆમાંથી નીકળી આવ્યા પછી, તે ભૂખ્યો
થયો. 13 અને એક અંજીરી જેને પાંદડા હતાં તેને આઘેથી જોઈને તેની
પાસે ગયો, ને કદાપિ તેને તે પરથી કંઈ મળે; ને તેની પાસે આવ્યો,
ત્યારે પાંદડા વિના તેને કંઈ મળ્યું નહિ; કેમકે અંજીરોની ઋતુ ન હતી.
14 અને ઈસુએ તેને કહ્યું કે, હવેથી કદી કોઇ તારા પરથી ફળ ન ખાઓ;
ને તેના શિષ્યોએ એ સાંભળ્યું. 15 અને તેઓ યરૂશાલેમમાં આવે છે; ને
તે મંદિરમાં પેસીને મંદિરમાં વેચનારાઓને તથા ખરીદનારાઓને કાઢી
મુકવા લાગ્યો; ને નાણાવટીઓના બાજટ તથા કબૂતર વેચનારાઓનાં
આસનો ઉંધા વાળ્યાં. 16 અને કોઈને મંદિરમાં થઈને કંઈ વાસણ લઈ
જવા ન દીધું. 17 અને તેઓને બોધ કરતાં તેણે કહ્યું કે, શું એમ લખ્યું
નથી કે, મારું ઘર સર્વ દેશનાઓને સારૂ પ્રાર્થનાનું ઘર કહેવાશે? પણ
તમે તેને લૂંટારાનું કોતર કીધું છે. 18 અને મુખ્ય યાજકોએ તથા શાસ્ત્રી-
ઓએ તે સાંભળ્યું, ને તેના નાશ શી રીતે કરીએ તે વિષે શોધ કીધી; કે-
મકે તેઓ તેનાથી બીધા, 19 અને દર સાંજે તે શહેર બહાર જતો. 20 અને
તેઓએ સંવારે અંજીરીની પાસે થઈને જતાં તેને જડથી સુકાએલી જોઈ.
21 અને પીતર સંભારીને તેને કહે છે કે, સ્વામી, જો, જે અંજીરીને તે શાપ
દીધો હતો તે સુકાઇ ગઇ છે. 22 અને ઈસુ ઉત્તર અઆપી તેઓને કહે છે
કે, દેવ પર વિશ્વાસ રાખો. 23 કેમકે હું તમને ખચિત કહું છું, કે જે કોઇ આ
પર્વતને કહે છે કે ખસેડાઈ જા, ને સમુદ્રમાં નંખા, ને પોતાના હ્રદયમાં
સંદેહ ન આણતા વિશ્વાસ રાખશે કે, જે હું કહું છું તે થશે, તો તે વાસ્તે
થશે. 24 એ માટે હું તમને કહું છું કે, જે સર્વ તમે પ્રાર્થના કરતાં માગો છો,
ને અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે. 25 અને
જયારે જયારે તમે પ્રાર્થના કરતાં ઉભા રહો છો, ત્યારે ત્યારે જો કોઇ
તમારો અપરાધી હોય, તો તેણે માફ કરો, એ માટે કે તમારો બાપ જે
આકાશમાં છે, તે પણ તમારા અપરાધો તમને માફ કરે. 26 પણ જો તમે
માફ નહિ કરો, તો તમારો બાપ જે આકાશમાં છે તે પણ તમારા અપરાધ
માફ નહિ કરશે. 27 અને ફરી તેઓ યરૂશાલેમમાં આવે છે; ને તે મંદિરમાં
ફરતો હતું, ત્યારે મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ તથા વડીલો તેની પાસે
આવ્યા, 28 ને તેને કહ્યું કે, કયા અધિકારથી તું આ કામો કરે છે, અથવા
કોણે તને આ કામો કરવાને અધિકાર આપ્યો? 29 અને ઈસુએ તેઓને
કહ્યું કે, હું એક નાત તમને પુછીશ; ને તમે મને જવાબ ડો તો ક્યાં
અધિકારથી હું આ કામો કરું છું તે હું તમને કહીશ. 30 યોહાનનું બાપ્તિ-
સ્મા શું આકાશથી હતું કે માણસોથી? મને જવાબ ડો. 31 અને તેઓએ
માહોમાંહે વિચારીને કહ્યું કે, જે કહીશ કે, આકાશથી, તો તે કહેશે કે,
ત્યારે તમે તેના પર વિશ્વાસ કેમ નથી કીધો? 32 પણ જો કહીશ કે, મા-
ણસથી, ત્યારે તેઓ લોકથી બીધા, કેમકે બધા યોહાનને નિશ્ચે ભવિ-
ષ્યવાદી માનતા હતા. 33 અને તેઓ ઉત્તર આપીને ઈસુને કહે છે કે, અમે
જાણતા નથી. અને ઈસુ તેઓને કહે છે કે, કયા અધિકારથી હું આ કામો
કરું છું તે હું પણ તમને કહેતો નથી.

12 અને તેઓએ દ્દષ્ટાંતમાં કહેવા કાગ્યો કે, એક માણસે દ્રાક્ષવા-
ડી રોપી, ને તેની આસપાસ વાડ કરી, ને દ્રાક્ષરસનો કુંડ ખોદ્યો,
ને બુરૂજ બાંધ્યો, ને ખેડુતોને તે ઇજારે આપી, ને પરદેશ ગયો. 2 અને
મોસમે તેણે ખેડુતોની પાસે ચાકર મોકલ્યો, કે તે ખેડુતો પાસેથી દ્રાક્ષ-
વાડીનાં ફળનું કંઈ લે; 3 પણ તેઓએ તેને પકડીને માર્યો, ને ખાલી હાથે
પાછો મોકલ્યો. 4 અને ફરી તેણે બીજો ચાકર તેઓની પાસે મોકલ્યો, ને
તેનું માથું તેઓએ ફોડી નાખ્યું ને તેને ધિક્કારીને કાઢી મેલ્યો. 5 અને
તેણે બીજો મોકલ્યો, ને તેને તેઓએ મારી નાખ્યો; ને બીજા ઘણા મોક-
લ્યા, ને તેઓએ કેટલાકને કોરડા માર્યા, ને કેટલાકને મારી નાખ્યા.
6 હવે એક બાકી હતો, જે તેનો વહાલો દીકરો હતો, એને પણ તેણે
આખરે તેઓની પાસે મોકલીને કહ્યું કે, તેઓ મારા દીકરાની અદબ રા-
ખશે. 7 પણ તે ખેડૂતોએ માહોમાંહે કહ્યું કે, એ તો વારસ છે; ચાલો, તેને
મારી નાખીએ, તો વારસો આપણો થશે. 8 અને તેઓએ તેને પકડીને
મારી નાખ્યો, ને દ્રાક્ષવાડીમાંથી બહાર ફેંકી દીધો. 9 એ માટે દ્રાક્ષવાડી-
નો ઘણી શું કરશે? તે આવશે, ને એ ખેડૂતોનો નાશ કરશે, દ્રાક્ષવાડી
બીજાઓને આપશે. 10 શું તમે આ લેખ નથી વાંચ્યો કે, જે પત્થરનો
નકાર બાંધનારાઓએ કર્યો, તેજ ખુણાના મથાળાનો [પત્થર] થયો;
11 એ પ્રભુથી થયું, ને આપણી નજરમાં આશ્ચર્યકારક છે. 12 અને તેઓએ
તેને પકડવાને શોધ કીધી; પણ તેઓ લોકથી બીધા; કેમકે તેઓએ જા-
ણ્યું કે તેણે આપણા પર આ દ્દષ્ટાંત કહ્યું; ને તેઓ તેને મુકીને ચાલ્યા
ગયા. 13 અને તેઓ તેની પાસે કેટલાએક ફરીશીઓને તથા હેરોદીઓને
મોકલે છે કે તેઓ વાતમાં તેને સપડાવે. 14 અને તેઓ આવીને તેને કહે
છે કે, ઉપદેશક, અને જાણીએ છીએ કે, તું ખરો છે, ને કોઈનો દરકાર

કરતો નથી, કેમકે માણસોનું મ્હો તું રાખતો નથી, પણ સત્યતાથી દેવ-
નો માર્ગ શિખવે છે. કાઈસારને કર આપવો ઉચિત છે કે નહિ?
15 આપીએ કે ન આપીએ? પણ તેણે તેઓનો ઢોંગ જાણીને તેઓને કહ્યું
કે, તમે મારું પરીક્ષણ કેમ કરો છો? એક દીનાર મારી પાસે લાવો કે હું
જોઉં. 16 અને તેઓ લાવ્યા. અને તે તેઓને કહે છે કે, અ સુરત તથા
લેખ કોનાં છે? અને તેઓએ તેણે કહ્યું કે, કાઈસારનાં. 17 અને ઈસુએ
ઉત્તર આપીને તેઓને કહ્યું કે, જે કાઈસારનાં તે કાઈસારને, ને જે દેવનાં
તે દેવને ભરી આપો. અને તેઓ તેનાથી ઘણો અચંબો પામ્યા. 18 અને
સદુકીઓ જે કહે છે કે, પુનરૂત્થાન નથી, તેઓ તેની પાસે આવે છે; ને
તેઓએ તેને પુછીને કહ્યું કે, 19 ઉપદેશક, મુસાએ અમારે વાસ્તે લખ્યું કે,
જો કોઈનો ભાઈ નછોરવો મારીને વહુને મુકે, તો તેનો ભાઈ તેની વહુને
લે, ને પોતાના ભાઈને સારૂ સંતાન ઉપજાવે. 20 હવે સાત ભાઈ હતા; ને
પહેલો વહુ પરણીને સંતાન વિના મરી ગયો. 21 પછી બીજાએ તેને લી-
ધી, ને તે મારી ગયો; ને તે પણ કંઈ સંતાન મુકી ગયો નહિ; ને એ પ્રમા-
ણે ત્રીજાએ પણ; 22 ને સાતે સંતાન વગર મરી ગયા. છેવટે બાયડી પણ
મારી ગઈ. 23 હવે પુનરૂત્થાનમાં, તે તેઓમાંના કોણની વહુ થશે? કેમકે
સાતેની તે વહુ થઈ હતી. 24 ઈસુએ તેઓને કહ્યું કે, શું તમે એ કારણથી
ભૂલ નથી કરતાં, કે તમે ધર્મલેખો તથા દેવનું પરાક્રમ જાણતાં નથી?
25 કેમકે મુએલામાંથી ઉઠનારાં પરણતાં પરણાવતાં નથી, પણ આકાશ-
માંના દૂતોના જેવા હોય છે. 26 પણ મુએલાં લોક પછી ઉઠે છે, તે
સંબંધી, શું તમે મુસાના પુસ્તકમાંના ઝાડી વિષેના પ્રકરણમાં નથી
વાંચ્યું કે, દેવે તેને એમ કહ્યું કે, હું ઈબ્રાહીમનો દેવ તથા ઈસ્હાકનો દેવ
તથા યાકુબનો દેવ છું. 27 તે મુએલાંઓનો દેવ નથી, પણ જીવતાંઓનો
દેવ છે. તમે મોટી ભૂલ કરો છો. 28 અને શાસ્ત્રીઓમાંના એક પાસે
આવીને તેઓની તકરાર સાંભળી, ને તેણે તેઓને સારો ઉત્તર આપ્યો છે
એમ જાણીને તેને પુછ્યું કે, સહુ અજ્ઞાઓમાં પહેલી કંઈ છે? 29 ઈસુએ
તેને ઉત્તર આપ્યો કે, પહેલી એ છે કે, ઓ ઈસ્રાએલ, સાંભળ, પ્રભુ
આપણો દેવ તે પ્રભુ એકજ છે; 30 તે તારા આખા હૃદયથી, ને તારા
આખી જીવથી, ને તારા આખી બુદ્ધિથી, ને તારા આખા સામર્થ્યથી પ્રભુ
તારા દેવ પર તું પ્રીતિ કર. 31 અને બીજી એ છે, કે જેમ તું તારા પોતા પર
પ્રીતિ કરે છે તેમ તારા પડોસી પર પ્રીતિ કર. એઓ કરતાં બીજી કોઈ
મોટી આજ્ઞા નથી. 32 અને શાસ્ત્રીએ તેને કહ્યું કે, ખરેખર ઉપદેશક, તેં
ઠીક કહ્યું છે કે, તે એકજ છે, ને તે વિના બીજો કોઈ નથી; 33 ને આખા
હૃદયથી તથા આખી સમજણથી તથા આખા સામર્થ્યથી, તેના પર પ્રી-
તિ કરવી, તથા પતા પર તેવી પોતાના પડોસી પર પ્રીતિ કરવી, તે સર્વ
સકળ દહનીયાર્પણ તથા યજ્ઞ કરતાં અધિક છે. 34 અને તેણે ડહાપણ-
થી ઉત્તર આપ્યો છે એ જોઈને ઈસુએ તેને કહ્યું કે, તું દેવના રાજ્યથી વે-
ગળો નથી. અને ત્યાર પછી કોઈએ તેને પૂછપરછ કરવાની હિમ્મત ન
ધરી. 35 અને મંદિરમાં બોધ કરતાં ઈસુએ ઉત્તર આપીને કહ્યું કે, શા-
સ્ત્રીઓ કેમ કહે છે કે, ખ્રીસ્ત દાઉદનો દીકરો છે? 36 કેમકે દૌદે પોતે
પવિત્ર આત્માથી કહ્યું કે, પ્રભુએ મારા પ્રભુને કહ્યું કે, તારા શત્રુઓને હું
તારૂં પાયાસન કરૂં, ત્યાં સુધી મારે જમણે હાથે બેસ. 37 દાઉદ પોતે તેને
પ્રભુ કહે છે; તો તે તેનો દીકરો કેમ છે? ને બધા લોક ખુશીથી તેનું સાંભ-
ળ્યું. 38 અને તેણે બોધ કરતાં તેઓને કહ્યું કે, શાસ્ત્રીઓથી સાવધાન
રહો;; તેઓ જામા પહેરીને ફરવાનું તથા ચૌટાંઓમાં સલામો, 39 તથા
સભાસ્થાનોમાં મુખ્ય આસનો તથા જમણવારમાં મુખ્ય જગ્યાઓ ચાહે
છે. 40 એઓ વિધવાઓના ઘર ખાઈ જાય છે, ને ઢોંગ કરીને લાંબી પ્રાર્થ-
નાઓ કરે છે; તેઓને વિશેષ સજા મળશે. 41 અને તેણે ખજાનાની સામે
બેસીને, લોકો ભંડારમાં પૈસા કેવી રીતે નાખે છે, તે જોયું, ને ઘણા પૈસા-
દારોએ ઘણા નાખ્યા. 42 અને એક દરિદ્રી વિધવાએ આવીને બે દમડી,
એટલે એક અધેલો નાખ્યો. 43 અને તેણે પોતાના શિષ્યોને પાસે બોલા-
વીને તેઓને કહ્યું, હું તમને ખચિત કહું છું કે, ભંડારમાં એ સર્વ નાખના-
રાં કરતાં આ દરિદ્રી વિધવાએ વધારે નાખ્યું છે. 44 કેમકે તે સઘળાંએ
પોતાના ભરપૂરપણામાંથી નાખ્યું; પણ એણીએ પોતાની તંગીમાંથી
પોતાનું સર્વસ્વ, એટલે પોતાની સર્વ ઉપજીવિકા નાખી.

13 અને મંદિરમાંથી તે નીકળતો હતો ત્યારે તેનો એક શિષ્ય તેને
કહે છે કે, ઉપદેશક, જો, કેવા પત્થર તથા કેવાં બાંધકામો!
2 અને ઈસુએ તેણે કહ્યું કે, શું તું એ મોટાં બાંધકામો જુએ છે? પાડી નહિ
નંખાય એવો એક પણ પત્થર બીજા પર અહીં રહેવા દેવાશે નહિ. 3 અને
જૈતુનના પહાડ પર, મંદિરની સામે તે બેઠો હતો એટલે પીતરે તથા યા-
કુબે તથા યોહાને તથા આંદ્રયાએ તેને એકાંતમાં પુછ્યું, 4 અમે કહે, એ
ક્યારે થશે? ને જયારે તે બધાં પુરા થવાનાં હશે, ત્યારે શું ચિન્હ થશે?
5 ને ઈસુ તેઓને કહેવા લાગ્યા કે, કોઈ તમને ભુલાવામાં ન નાખે, માટે
સાવધાન રહો. 6 ઘણા મારે નામે આવીનને કહેશે કે, તે હું છું; ને ઘણા-
ઓને ભુલાવામાં નાખશે. 7 પણ જયારે લડાઈઓ વિષે તથા લડાઈની
અફવા સાંભળશો, ત્યારે ગભરાશો માં; એમ થવુંજ જોઈએ; પણ તેટલે-
થી અંત નહિ આવે. 8 કેમકે પ્રજા પ્રજા વિરુદ્ધ તથા રાજ્ય રાજ્ય વિરુદ્ધ
ઉઠશે; ઠામોઠામ ધરતીકંપારા થશે, ને દુકાળો પડશે; મહા દુઃખોના આ
તો આરંભ છે. 9 પણ પોતા વિષે સાવધાન રહો; કેમકે તેઓ તમને ન્યા-
યસભાઓનેસોંપશે; ને સભાસ્થાનોમાં તમે કોરડાના માર ખાશો; ને તમે
મારે લીધે હાકેમો તથા રાજાઓ આગળ, તેઓને માટે શાહેદી થવા સારૂ,
ઉભો થશો. 10 અને પહેલાં સર્વ દેશોમાં સુવાર્ત્તા પ્રગટ થવી જોઈએ.
11 અને જયારે તેઓ તમને લઈ જઈને પરસ્વાધીન કરશે, ત્યારે શું બો-
લીશું તે વિષે અગાઉથી ચિંતા ન કરો; પણ તે વેળા તમે જે આપવામાં
આવશે તે બોલો; કેમકે બોલનાર તે તમે નહિ, પણ પવિત્ર આત્મા છે.
12 અને ભાઈ ભાઈને તથા બાપ છોકરાને મરણદંડને સારૂ પરસ્વાધીન
કરશે; ને છોકરાં માબાપની સામે ઉઠશે, ને તેઓને મારી નંખાવશે.
13 અને મારા નામને લીધે સહુ તમારો દ્વેષ કરશે; પણ જે અંત સુધી ટક-
શે તેજ તારણ પામશે. 14 પણ જયરે તમે ઉજડના અમંગળપણા[ની નિ-
શાની] જ્યાં ઘટાર્થ નહિ ત્યાં ઉભી રહેતી જોશો, ( જે વાંચે છે તેણે સમ-
જવું), ત્યારે જેઓ યહુદાહમાં હોય તેઓ પહાડોમાં નાસી જાય. 15 અને
ધાબા પર જે હોય તે ઉતરીને ઘરમાંથી કંઈ લેવા સારૂ માંહે ન પેસે; 16 ને
જે ખેતરમાં હોય તે પોતાનું લુગડું લઈ જવાને પાછો ન ફરે. 17 અને તે
દહાડાઓમાં જેઓ ગર્ભવતી હોય તથા જેઓ ધવાડતી હોય તેઓને
અફસોસ છે! 18 અને [તમારું નાસવું] શિયાળામાં ન થાય, માટે પ્રાર્થના
કરો; 19 કેમકે તે દહાડાઓમાં જેવી વિપત્તિ થશે, તેવી દેવે સૃજેલી સૃષ્ટિ-
ના આરંભથી તે હજી સુધી થઈ નથી ને થશે પણ નહિ. 20 અને જો પ્ર-
ભુએ તે દહાડાઓને ઓછા કીધા ન હોત, તો કોઈ માણસ ન બચત;
પણ જે પસંદ કીધેલાઓને તેણે પસંદ કીધા તેઓને લીધે તેણે આ
દહાડાઓને ઓછા કર્યા છે. 21 અને તે વેળાએ જો કોઈ તમે કહે કે,
જુઓ, અહીં ખ્રીસ્ત છે, કે, જુઓ, તે ત્યાં છે,, તો માનતા ના. 22 કેમકે જુ-
ઠા ખ્રીસ્તો તથા જુઠા ભવિષ્યવાદીઓ ઉઠશે; ને ચમત્કારો તથા અદ-
ભૂત કામો દેખાડશે, એ માટે કે, જો બની શકે તો, તેઓ પસંદ કીધેલા-
ઓને ભુલાવામાં નાખે. 23 પણ તમે સાવધાન રહો; જુઓ, મેં તમને
સઘળું અગાઉથી કહ્યું છે. 24 પણ તે દહાડાઓમાં, એ વિપત્તિ પછી, સુ-
રજ અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપશે, 25 ને
આકાશના તારાઓ ખરવા લાગશે; ને આકાશમાંનો પરાક્રમ હલાવાશે.
26 ત્યારે તેઓ માણસના દીકરાને બહુ પરાક્રમ તથા મહિમાસહિત વાદ-
ળામાં આવતો જોશે. 27 અને ત્યારે તે પોતાના દૂતોને મોકલીને પૃથ્વી-
ના છોડથી આકાશના છેડા સુધી, ચારે દિશાથી પોતાના પસંદ કીધેલા-
ઓને એકઠા કરશે. 28 હવે અંજીરી પરથી તેનું દ્રષ્ટાંત શિખો; જયારે તેની
ડાળી કુમળીજ છે, ને પાંદડાં ફુટી નીકળે છે, ત્યારે તમે જાણો છો કે
ઉનાળો પાસે છે. 29 એમજ તમે પણ જયારે તે બધાં થતાં જુઓ, ત્યારે
તમને જાણવું કે તે પાસે, બારણા આગળજ છે. 30 હું તમને ખચિત કહું
છું કે આ બધાં પુરાં થાય ત્યાં સુધી આ પેઢી ગુજરી નહિ જશે.
31 આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારી વાતો જતી રહેશે નહિ.
32 પણ તે દહાડા તથા તે ઘડી સંબંધી બાપ વગર કોઈ જાણતો નથી,
આકાશમાંના દૂતો નહિ ને દીકરો પણ નહિ. 33 સાવધાન રહો, જાગતા
રહીને પ્રાર્થના કરો; કેમકે સમય ક્યારે આવશે તે તમે જાણતા નથી.
34 તે આ પ્રમાણે છે કે જાણે કોઈ પરદેશમાં પ્રવાસ કરનાર માણસે પો-
તાનું દ્દાર છોડીને ને પોતાના ચાકરોને અધિકાર આપીને, એટલે પ્રત્યે-
કને પોતપોતાનું કામ સોંપીને, દરવાનને પણ જાગતો રહેવાની આજ્ઞા
આપી હોય. 35 માટે તમે જાગતા રહો; કેમકે તમે જાણતા નથી કે ઘરનો
ધણી ક્યારે આવશે, સાંજે, કે મધરાતે, કે મરઘો બોલતી વખતે, કે સવા-
રે; 36 રખે તે અચાનક આવીને તમને ઉંઘતા જુઓ. 37 અને જે હું તમને
કહું છું તે સર્વને કહું છું કે, જાગતા રહો.

14 હવે બે દહાડા પછી પાસ્ખા તથા બેખમીરી રોટલીનું પર્વ હતું;
ને કેવી રીતે તેને દગાથી પકડીને મારી નાખે, એ વિષે મુખ્ય યા-
જકો તથા શાસ્ત્રીઓ શોધ કરતાં હતા. 2 કેમકે તેઓએ કહ્યું કે, પર્વમાં
નહિ, રખે કદાપિ લોકોનું હુલ્લડ થાય. 3 અને જયારે તે બેથાનીઆમાં,
સીમોન કોઢિયાના ઘરમાં હતો, અને ખાવા બેઠો હતો, ત્યારે એક બાય-
ડી જટામાંસીના અતિ મૂલ્યવાન અત્તરની ભરેલી સંગેમરમરની ડબ્બી
લઇને આવી, ને એ ડબ્બી ભાંગીને તેણીએ તેના માથા પર તે રેડ્યું.
4 પણ કેટલાએક પોતાના મનમાં નારાજ થઇને કહેવા લાગ્યા કે, અત્તર-
નો બગાડ શા માટે કીધો? 5 કેમકે એ અત્તર ત્રણસે દીનાર કરતાં વધારે
કિમ્મતે વેચી શકાત, ને દરિદ્રીઓને અપાત. અને તેઓએ તેણીની વિ-
રુદ્ધ કચકચ કીધી. 6 પણ ઇસુએ કહ્યું કે, એને રહેવા ડો; અને કેમ
સતાવો છો? એણીએ મારા પ્રત્યે ભલું કામ કર્યું છે. 7 કેમકે દરિદ્રીઓ
સદા તમારી સાથે છે, ને જયારે તમે ચાહો ત્યારે તેઓનું ભલું કરી શકો
છો; પણ હું સદા તમારી સાથે નથી. 8 જે તેનાથી બની શક્યું, તે તેણીએ
કર્યું છે; દફનને સારૂ અગાઉથી તેણીએ મારા શરીરને અત્તર ચોળ્યું છે.
9 વળી હું તમને ખચિત કહું છું કે, આખા જગતમાં, જ્યાં કંઈ સુવાર્ત્તા પ્ર-
ગટ કરાશે, ત્યાં આ સ્ત્રીએ જે કર્યું છે, તે એની યાદગીરીમાં કહેવામાં
આવશે. 10 અને બારમાંનો એક, એટલે યહુદા ઇસકારીઓત, મુખ્ય યા-
જકોની પાસે ગયો, એ સારૂ કે તે તેને તેઓના હાથમાં સોંપે. 11 અને
તેઓ તે સાંભળીને ખુશહ થયા; ને તેના પૈસા આપવાનું વચન આપ્યું.
અને તેને પરસ્વાધીન કરવાનો લાગ શોધતો હતો. 12 અને બેખમીરી રો-
ટલીના પર્વને પહેલે દહાડે, જયારે લોકો પાસ્ખા યજ્ઞ કરતાં હતા, ત્યારે
તેના શિષ્યો તેને કહે છે કે, તું પાસ્ખા ખાય માટે અમે ક્યાં જઇને તૈયારી
કરીએ, એ વિષે તારી શી ઈચ્છા છે? 13 અને તે પોતાના શિષ્યોમાંના બે-
ને મોકલે છે, ને તેઓને કહે છે કે, શહેરમાં જાઓ, ને પાણીના ગાગેર
લઇ જતો એક માણસ તમને મળશે; તેની પાછળ જાઓ; 14 ને જ્યાં તે
પેસે, ત્યાં ઘરધણીને કહો, ઉપદેશક કહે છે કે, મારી ઉતરવાની ઓરડી
ક્યાં છે, કે જેમાં હું મારા શિષ્યો સાthe પાસ્ખા ખાઉં? 15 ને તે પોતે
તમને એક મોટી મેડી સણગારેલી ને તૈયાર કરેલી દેખાડશે; ત્યાં આપ-
ણે સારૂ તૈયાર કરો. 16 અને શિષ્યો નીકળીને શહેરમાં આવ્યા, ને જેવું
તેણે તેઓને કહ્યું હતું તેવું તેઓને મળ્યું; ને તેઓએ પાસ્ખા તૈયાર કીધું.
17 અને સાંજ પડી ત્યારે બારની સાથે તે આવે છે; 18 અને તેઓ બેસીને
ખાતાં એટ, ત્યારે ઇસુએ કહ્યું કે, હું તમને ખચિત કહું છું કે, તમારામાંનો
એક, જે મારી સાથે ખાય છે, તે મને પરસ્વાધીન કરશે. 19 તેઓ શોકાતુર
થવા લાગ્યા; ને એક પછી એક તેને કહેવા લાગ્યા કે, શું તે હું છું? 20 ને
તેણે તેઓને કહ્યું કે, બારમાંનો એક, જે મારી સાથે થાળીમાં બોળે છે
તેજ તે છે. 21 કેમકે માણસના દીકરા સંબંધી જેમ લખ્યું છે તેં તે જાય છે
ખરો; પણ જેનાથી માણસનો દીકરો પરસ્વાધીન કાર્ય છે, તે માણસને
હાય હાય; જો તે માણસ જન્મ્યો ન હોત, તો તે તેને માટે સારૂ હોત.
22 અને તેઓ ખાતાં હતા, ત્યારે તેણે રોટલી લઇને ને આશીર્વાદ માગીને
તે ભાંગી, ને તેઓને આપી; ને કહ્યું કે, લો, આ મારું શરીર છે. 23 અને
વાટકો લઇને તથા સ્તુતિ કરીને તેણે તેઓને આપ્યો; ને બધાએ તેમાંનું
પીધું. 24 અને તેણે તેઓને કહ્યું કે, કરારનું આ મારું રક્ત છે, જે ઘણાને
લીધે વહેવડાવ્યું છે. 25 હું તમને ખચિત કહું છું કે, જે દહાડે હું દેવના રા-
જ્યમાં નવો પીશ, તે દહાડા સુધી હું ફરી દ્રાક્ષનો રસ પીનાર નથી.
26 અને ગીત ગાયા પછી તેઓ જૈતુનના પહાડ પર ગયા. 27 અને ઇસુ તે-
ઓને કહે છે કે, તમે સહુ ઠોકર ખાશો, કેમકે એવું લખ્યું છે કે, હું પાળકને
મારીશ, ને ઘેટાં વેરાઈ જશે. 28 પરતું મારા પાછાં ઉઠ્યા પછી હું તમારી
અગાઉ ગાલીલમાં જઇશ. 29 પણ પીતરે તેને કહ્યું કે, અગર જો સઘળાં
ઠોકર ખાય તોપણ હું નહિ. 30 અને ઇસુ તેને કહે છે એ, હું તને ખચિત
કહું છું કે, આજની રાત્રેજ મરઘો બે વાર બોલ્યા અગાઉ તું ત્રણ વાર મા-
રો નકાર કરીશ. 31 પણ તેણે બહુ જુસ્સાથી કહ્યું કે, મારે તારી સાથે મર-
વું પડે, તોપણ હું તારો નકાર નહિ કરીશ. અને સહુએ પણ એમજ કહ્યું.
32 અને તેઓ ગેથસેમાને નામે એક જગ્યાએ આવે છે; ને તે પોતાના શિ-
ષ્યોને કહે છે કે, હું પ્રાર્થના કરું, ત્યાં સુધી અહી બેસો. 33 અને તે પોતા-
ની સાથે પીતરને તથા યાકુબને યોહાનને લઇ જાય છે, ને તે બહુ અક-
ળાવા તથા ઉદાસ થવા લાગ્યો. 34 અને તે તેઓને કહે છે, મારો જીવ
મરવા જેવો અતિ શોકાતુર છે; અહીં રહીને જાગતા રહો. 35 અને થોડું
આગળ જઈને તે ભોંય પર પડ્યો; ને પ્રાર્થના કરી કે, જો બની શકે તો
આ ઘડી મારાથી દૂર થાઓ. 36 અને તેણે કહ્યું કે, આબા, બાપ, તારાથી
બધું થઇ શકે છે; આ વાટકો મારાથી દૂર કરજે, તોપણ મારી ઈચ્છા પ્ર-
માણે નહિ, પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ. 37 અને તે આવે છે, ને તે-
ઓને ઉંઘતા જુએ છે, ને પીતરને કહે છે, સીમોન શું તું ઉંઘે છે? શું એક
ઘડી સુધી તું જાગતો રહી શકતો નથી? 38 જાગતા રહો તથા પ્રાર્થના
કરો, કે તમે પરીક્ષણમાં ન આવો; આત્મા તત્પર છે ખરો, પણ દેહ
અબળ છે. 39 અને ફરી તેણે જઈને એજ શબ્દો બોલીને પ્રાર્થના કરી.
40 અને પાછા આવીને તેણે તેઓને ઉંઘતા જોયાં; કેમકે તેઓની આંખો
[[ઉંઘથી] ઘણી ભારે હતી; ને તેને શો જવાબ દેવો, એ તેઓ જાણતા ન
હતા. 41 અને તે ત્રીજે વાર આવીને તેઓને કહે છે કે, હવે ઉંઘ્યા કરો
તથા આરામ લો; બસ છે, તે ઘડી આવી છે; જુઓ, માણસનો દીકરો
પાપીઓના હાથમાં સ્વાધીન કરાય છે. 42 ઉઠો, આપણે જઇએ; જુઓ,
મને જે પરસ્વાધીન કરે છે તે પાસે છે. 43 અને તરત, તે હજી બોલતો
હતો એટલામાં બારમાંનો એક, એટલે યહુદા, ને તેની સાથે મુખ્ય યાજ-
કોની તથા શાસ્ત્રીઓની તથા વડીલોની, પાસેથી ઘણા લોક તરવારો
તથા સોટા લઇને પાસે આવે છે. 44 હવે તેને પરસ્વાધીન કરનારે તેઓને
એવી નિશાની આપી હતી કે, જેને હું ચુમીશ તે તેજ છે, તેને પકડજો, ને
ચોકસાઇથી લઇ જજો. 45 અને તે આવ્યો કે તરત તેની પાસે જઇને કહે
છે કે, રાબી, ને તેને ચુમ્યો. 46 અને તેઓએ તેના પર હાથ નાખ્યા, ને તે-
ની પકડી લીધો. 47 પણ પાસે ઉભા રહેનારાઓમાંના એકે તરવાર તા-
ણીને મુખ્ય યાજકના દાસને મારી, ને તેનો કાન કાપી નાખ્યો. 48 અને
ઇસુએ ઉત્તર આપીને તેઓને કહ્યું કે, જેમ લૂટારાની સામે આવતા હો
તેમ તરવારો તથા સોટા લઇને મને પકડવાને આવ્યા છો શું? 49 હું દર-
રોજ તમારી પાસે મંદિરમાં બોધ કરતો હતો, ને તમે મને પકડ્યો નહિ;
પણ લેખો પુરા થાય, માટે [એમ થાય છે]. 50 અને સઘળા તેને મુકીને
નાસી ગયા. 51 અને એક જુવાન જેણે પોતાના ઉઘાડા અંગ પર સણનું
લુગડું ઓઢેલું હતું તે તેની પાછળ આવતો હતો; અને તેઓએ તેને પક-
ડ્યો; 52 પણ તે લુગડું મુકીને તેઓ પાસેથી ઉઘાડે દીલે નાસી ગયો.
53 અને તેઓ ઇસુને પ્રમુખ યાજકની પાસે લઇ ગયા; ને સર્વ મુખ્ય યાજ-
કો તથા વડીલો તથા શાસ્ત્રીઓ તેની સાથે ભેગા થાય છે. 54 અને પી-
તર ઘણે દૂર રહીને તેની પાછળ ચાલતો ઠેઠ પ્રમુખ યાજકના ચોકની
અંદર આવ્યો હતો; ને ભાલદારોની સાથે બેસીને [અંગારાની] રોશનીમાં
તાપતો હતો. 55 હવે મુખ્ય યાજકોએ તથા આખી ન્યાયસભાએ ઇસુને
મારી નંખાવવા સારું તેની વિરુદ્ધ સાક્ષી શોધી, પણ તે તેઓને જડી
નહિ. 56 કેમકે ઘણાઓએ તેની વિરુદ્ધ જુઠી સાક્ષી પુરી; પણ તેઓની
સાક્ષી મળતી નહોતી. 57 અને કેટલાએકે ઉભા રહીને તેની વિરુદ્ધ જુઠી
સાક્ષી પુરતાં કહ્યું કે, 58 અને તેને એમ કહેતાં સાંભળ્યો કે, હાથે બનાવે-
લા આ મંદિરને હું પાડી નાખીશ, ને ત્રણ દહાડામાં વગર હાથે બનાવેલું
એવું બીજું બાંધીશ. 59 અને એમાં પણ તેઓની સાક્ષી મળતી નહોતી.
60 અને પ્રમુખ યાજાકે વચમાં ઉભા થઇને ઇસુને પુછ્યું કે, શું તું કંઈ
ઉત્તર આપતો નથી? તેઓ તારી વિરુદ્ધ આ શી સાક્ષી પુરે છે? 61 પણ તે
છાનો રહ્યો, ને કંઈ ઉત્તર ન દીધો.. ફરી પ્રમુખ યાજક તેને પુછતાં કહે છે
કે, શું તું સ્તુતિમાનનો સીકરો ખ્રીસ્ત છે? 62 ને ઇસુએ કહ્યું કે, હું છું; ને
માણસના દીકરાને પરાક્રમની જમણી તરફ બેઠેલો તથા આકાશનાં વા-
દળાં સહિત આવતો તમે દેખશો. 63 અને પ્રમુખ યાજક પોતાની લૂગડાં
ફાડીને કહે છે કે, હવે આપણને બીજી સાક્ષીની શું અગત્ય છે? 64 તમે
આ દુર્ભાષણ સાંભળ્યું છે, તમને શું લાગે છે? ને સહુએ તેને મરણદંડને
યોગ્ય ઠરાવ્યો. 65 અને કેટલાક તે પર થુંકવા તથા તેનું મ્હો ઢાંકવા લા-
ગ્યા, તથા તેને મુક્કીઓ મારીને તેને કહેવા લાગ્યા કે, [તું ભવિષ્યવાદી
છે તો] કહી બતાવ; અને ભાલદારોએ તેને તમાચા મારીને તેને કબજા-
માં લીધો. 66 આને પીતર નીચે ચોકમાં હતું, ત્યારે પ્રમુખ યાજકની એક
દાસી આવે છે, 67 ને પીતરને તાપતો જોઇને તેને નિહાળીને કહે છે કે, તું
પણ ઇસુ નાઝારીની સાથે હતો. 68 પણ તેણે ઇનકાર કરીને કહ્યું કે, તું
શું કહે છે, તે હું જાણતો નથી તેમ સમજતો પણ નથી. અને તે બહાર
પરશાળમાં ગયો, ને મરઘો બોલ્યો. 69 અને તે દાસી તેને જોઇને પાસે
ઉભા રહેનારાઓને ફરીથી કહેવા લાગી કે, એ તેઓમાંનો છે. 70 પણ તે-
ણે ફરી ઇનકાર કીધો. અને થોડી વાર પછી ઉભા રહેનારાઓએ પીતરને

ફરી કહ્યું કે, ખરેખર એઓમાંનો તું છે; કેમકે તું ગાલીલનો છે. 71 પણ તે
શાપ દેવા તથા સમ ખાવા લાગ્યો કે, જે માણસ વિષે તમે કહો છો, તે હું
ઓળખતો નથી. 72 અને તરત મરઘો બીજી વાર બોલ્યો. અને ઈસુએ
પીતરને જે વાત કહી હતી કે, મરઘો બે વાર બોલ્યા અગાઉ ત્રણ વાર તું
મારો નકાર કરીશ, તે તેને યાદ આવી; ને તે પર મન લગાડીને તે રડ્યો.

15 અને સવાર થઇ ક તરત મુખ્ય યાજકોએ, વડીલો તથા શા-
સ્ત્રીઓ તથા આખી ન્યાયસભા સાથે મળીને મનસુબો કીધો,
ને ઈસુને બાંધીને લઇ ગયા, ને પીલાતને સોંપી દીધો. 2 અણ પીલાતે
તેને પુછ્યું કે, શું તું યહુદીઓનો રાજા છે? ને તેણે ઉત્તર આપતાં તેને
કહ્યું કે, તું કહે છે તેજ. 3 અને મુખ્ય યાજકોએ તે પર ઘણાં તોહોમત મુ-
ક્યાં. 4 અને પીલાતે ફરી તેને પુછતાં કહ્યું કે, શું તું કંઈજ ઉત્તર દેતો
નથી? જો, તેઓ તારા પર કેટલાં બધાં તોહોમત મુકે છે! 5 પણ ઈસુએ
બીજો કંઈ ઉત્તર દીધો નહિ, જેથી પીલાતને આશ્ચર્ય લાગ્યું. 6 અને આ
પર્વમાં જે એક બંદીવાનને તેઓ માગે તેને તે છોડી દેતો. 7 અને કેટલા-
એક દંગો કરનારાઓએ દંગામાં ખૂન કર્યું હતું તેઓની સાથે કેદમાં પડે-
લો એવો એક બારાબાસ નામનો માણસ હતો. 8 અને લોકક ઉપર
ચઢીને તેને વિનંતી કરવા લાગ્યા કે, જેમ તું અમારે સારું હમેશ કરતો,
તે પ્રમાણે કર. 9 અને પીલાતે તેઓને ઉત્તર આપતાં કહ્યું કે, શું તમારી
મરજી એવી છે કે, હું તમારે સારૂ યહુદીઓના રાજાને છોડું? 10 કેમકે તે
જાણતો હતો કે મુખ્ય યાજકોએ અદેખાઇને લીધે તેને સોંપી દીધો હતો.
11 પણ મુખ્ય યાજકોએ લોકને ઉશ્કેર્યો, એ સારૂ કે તેના કરતાં તે તેઓ-
ને વાસ્તે બારાબાસને છોડે. 12 પણ પીલાતે ફરી તેઓને ઉત્તર આપતાં
કહ્યું કે, જેને તમે યહુદીઓનો રાજા કહો છો, તેને હું શું કરું? 13 ને તે-
ઓએ ફરી બૂમ પાડી કે, તેને વધસ્તંભે જડાવ. 14 અને પીલાતે તેઓને
કહ્યું કે, શા માટે? તેણે શું ભુંડું કર્યું છે? પણ તેઓએ વિશેષ બૂમ પાડી
કે, તેને વધસ્તંભે જડાવ. 15 આને પીલાતે લોકને રાજી કરવા ચહાતા
તેઓને સારૂ બરાબાસને છોડ્યો; ને ઈસુને કોરડા મરાવીને વધસ્તંભે
જડવા સારું સોંપ્યો. 16 અણ સિપાઈઓ તેને પ્રેતોરિયમ નામે કચેરીમાં
લઇ ગયા; ને તેઓએ આખી ટુકડી એકઠી કીધી. 17 અને તેઓએ તેને
જાંબુઓ જભ્ભો પહેરાવ્યો, અણ કાંટાનો મુગટ ગુંથીને તેણે માટે મુક્યો;
18 ને, હે યહુદીઓના રાજા, સલામ! એમ કહીને તેને નમસ્કાર કરવા લા-
ગ્યા. 19 અને તેઓએ તેના માથામાં સોટી મારી, ને તેના પર થુંક્યા, ને
ઘૂંટણ ટેકીને તેની આગળ નમ્યા. 20 અને તેના ઠઠ્ઠા કરી રહ્યા પછી તે-
ઓએ તેના પરથી જાંબુઓ જભ્ભો ઉતાર્યો, ને તેનાં પોતાના લૂગડાં તેને
પહેરાવ્યાં; ને વધસ્તંભે જડવા સારૂ તેને લઇ ગયા. 21 આને સીમોન
કરીને એક કુરેની માણસ જે આલેકસાંદરનો તથા રૂફસનો બાપ હતો, તે
સીમમાંથી આવતાં ત્યાં થઈને જતો હતો, તેની પાસે તેઓએ બલાત્કારે
તેનો વધસ્તંભ ઉંચકાવ્યો. 22 અને ગલગથા નામની જગ્યા, જેનો અર્થ
ખોપરીના જગ્યા કે, ત્યાં તેઓ તેણે લાવે છે. 23 અને તેઓએ બોળ ભે-
ળેલો દ્રાક્ષરસ તેને [પીવાને આપવા માંડ્યા; પણ તેણે લીધે નહિ.
24 અને તેઓએ તેને વધસ્તંભે જડ્યો, ને પ્રત્યેક કયો ભાગ લેવો, તે જા-
ણવા મારે ચિઠ્ઠીઓ નાખોને તેઓએ તેનાં વસ્ત્ર માહોમાંહે વહેંચી લી-
ધા. 25 અને ત્રીજો કલાક હતો, ત્યારે તેઓએ તેને વધસ્તંભે જડ્યા.
26 અને તેના ઉપર તેનું એવું તોહોમતનામું લખ્યું હતું કે યહુદીઓનો રા-
જા. 27 અને તેની સાથે બે લુતારને વધસ્તંભે જડ્યા, એક તેની જમણી
તરફ, ને એક તેની ડાબી તરફ. 28 [[અને જે લેખ કહે છે કે તે અપરાધી-
ઓમાં ગણાયો, તે પુરો થયો]]. 29 અને પાસે થઈને જનારાઓએ તેની
નિંદા કરી તથા માથાં હલાવીને કહ્યું કે, વાહરે, મંદિરને પાડી નાખનાર
તથા ત્રણ દહાડામાં બાંધનાર, 30 તું પોતાને બચાવ, ને વધસ્તંભ પરથી
ઉતર. 31 અને એજ પ્રમાણે મુખ્ય યાજકોએ મહોમાંહે શાસ્ત્રીઓ સુદ્ધાં
ઠઠ્ઠા કરીને કહ્યું કે, તેણે બીજાઓને બચાવ્યા, પણ પોતાને બચાવી
શકતો નથી. 32 ઇસ્રાએલનો રાજા, ખ્રીસ્ત, હમણાં વધસ્તંભ પરથી ઉત-
રી આવે, કે અમે જોઇને વિશ્વાસ કરીએ.અને જેઓ તેની સાથે વધસ્તંભે
જડાએલા હતા તેઓએ તેની નિંદા કીધી. 33 અને છઠ્ઠો કલાક થયો,
ત્યારે આખા દેશમાં નવમા કલાક સુધી અંધકાર પડ્યો. 34 અને નવમા
કલાકે ઈસુએ મોટે ઘાંટે બૂમ પાડે કે, એલોઇ, એલોઇ લામા સાબાખ્થા-
ની, એટલે, મારા દેવ, મારા દેવ, તે મને કેમ મુકી દીધો છે? 35 ને જેઓ
પાસે ઉભા રહેલા હતા તેઓમાંના કેટલાએકે તે સાંભળી કહ્યું કે, જુઓ,
તે એલીયાહને બોલાવે છે. 36 અને એક માણસ દોડીને સિરકાથી વાદ-
ળી ભરી, ને લાકડાની ટોચે બાંધીને તેને ચુસવા આપીને કહ્યું કે, રહેવા
ડો, આપણે જોઈએ કે, એલીયાહ તેને ઉતારવાને આવે છે કે નહિ.
37 અને ઈસુએ મોટી બૂમ પાડીને પ્રાણ છોડ્યો. 38 અને મંદિરનો પડદો
ઉપરથી તે નીચે સુધી ફાટીને તેના બે ભાગ થયા. 39 અને જે સુબેદાર
તેની સામે ઉભો હતો, તેણે જયારે જોયું કે એણે આવી રીતે [[ઘાંટો પા-
ડીને]] પ્રાણ છોડ્યો, ત્યારે કહ્યું કે, ખરેખર આ માણસ દેવનો દીકરો
હતો. 40 અને બાયડીઓ પણ વેગળેથી જોતી હતી; જેઓમાં મરિયમ
માગદાલેણ, અને નાના યાકુબ તથા યોસીની મા મરિયમ, અને સાલોમે
હતી; 41 એઓ, જયારે તે ગાલીલમાં હતો ત્યારે, તેની પાછળ ચાલીને
તેની સેવા કરતી હતી; ને તેની સાથે યરૂશાલેમમાં આવેલી બીજી પણ
ઘણી સ્ત્રીઓ [ત્યાં હતી]. 42 અને સાંજ પડી ત્યારે સિદ્ધિકરણનો દિ-
વસ, એટલે વિશ્રામવારની આગળનો દિવસ હતો, માટે, 43 એક માન-
વંતો ન્યાયસભાસદ, એટલે આરમથાઈનો યુસફ આવ્યો, જે પોતે પણ
દેવના રાજયની વાટ જોતો હતો; તેણે હિમ્મત ધરીને પીલાતની પાસે
જઈને ઈસુની લાસ માગી. 44 અને પીલાત અચરતી પામ્યો કે, શું તે
એટલામાં મારી ગયો હોય! ને સુબેદારને પોતાની પાસે બોલાવીને તેને
પુછ્યું કે, શું તેને મારી ગયાને કંઈ વાર થઈ છે? 45 ને સુબેદાર પાસેથી તે
વિષે ખબર મળી ત્યારે તેણે યુસફને તે લાસ અપાવી. 46 અને તેણે
સણનું લુગડું વેચાતું લીધું, ને તેને ઉતારીને તેને તે સણના લુંગડામાં
વિંટાળ્યો, ને ખડકમાં ખોદેલી એક કબરમાં તેને મુક્યો; ને તે કબરના
મ્હો આગળ પત્થર ગબડાવી મેલ્યો. 47 અને તેને ક્યાં મુક્યો એ મરિ-
યમ માગદાલેણે તથા યોસીની મા મરિયમે જોયું.

16 આને વિશ્રામવાર વિતી ગયા પછી મરિયમ માગદાલેણ તથા
યાકુબની મા મરિયમ તથા સાલોમે, એઓએ સુગંધી વસ્તુઓ
વેચાતી લીધી, એ માટે કે તેઓ આવીને તેને ચોળે. 2 અને અઠવાડિયા-
ને પહેલે દહાડે મોટે પરોઢીએ, સુરજ ઉગતે, તેઓ કબરે આવે છે. 3 અને
તેઓ મહોમાંહે કહેતી હતી કે, આપણે વાસ્તે કબરના મ્હો આગળથી
પત્થર કોણ ગબડાવશે. 4 અને તેઓ નજર ઉંચી કરીને જુએ છે કે,
પત્થર ગબડી ગયો છે; કેમકે તે બહુ મોટો હતો. 5 અને તેઓએ કબરમાં
પેસીને સફેદ જામો પહેરેલા, જમણી તરફ બેઠેલા, એક જુવાન માણસને
જોયો, ને તેઓ અચરત થઈ. 6 પણ તે તેઓને કહે છે કે, અચરત ન
થાઓ; વધસ્તંભે જડાયલા ઈસુ નાઝારીને તમે શોધો છો; તે ઉઠ્યો છે;
તે અહીં નથી; જુઓ, જે જગ્યાએ તેને મુક્યા હતો તે આ છે. 7 પણ તમે
જાઓ, તેના શિષ્યોને તથા પીતરને કહો કે, તે તમારી આગળ ગાલીલ-
માં જાય છે, જેમ તેણે તમને કહ્યું તેમ તમે ત્યાં તેને જોશો. 8 અને તેઓ
બહાર નીકળીને કબરની પાસેથી દોડી ગઈ; કેમકે તેઓને ધ્રુજરી તથા
અચંબો લાગ્યાં હતાં; ને તેઓએ કોઈને કંઈ કહ્યું નહિ; કેમકે તેઓ બી-
ધી હતી. 9 હવે અઠવાડિયાના પહેલાં દહાડાને પ્રભાતે તે પાછો ઉઠને
મરિયમ માગદાલેણ, જેનામાંથી તેણે સાત ભૂત કાઢ્યાં હતાં. તેને તે
પહેલાં દેખાયો. 10 જેઓ તેની સાથે રહેલા હતા, તેઓ શોક તથા રૂદન
કરતાં હતા, ત્યારે તેણીએ તેઓની પાસે જઈને ખબર આપી. 11 અને તે
જીવતો છે, ને તેણીના જોવામાં આવ્યો છે, એ સાંભળીને તેઓએ માન્યું
નહિ. 12 અને એ પછી તેઓમાંના બે જણ ચાલતા ગામડે જતાં હતા,
એટલામાં તે બીજા રૂપમાં તેઓને દેખાયો. 13 અને તેઓએ જઈને બાકી
રહેલાઓને કહ્યું, ને તેઓએ પણ તેઓનું માન્યું નહિ. 14 અને ત્યાર
પછી અગિયાર જમવા બેઠા હતા, ત્યારે તે તેઓને દેખાયો; ને તેણે તે-
ઓના અવિશ્વાસ તથા હૃદયની કઠણતાને લીધે તેઓને ઠપકો દીધો;
કેમકે તે પાછો ઉઠ્યા પછી જેઓએ તેને જોયો હતો, તેઓનું તેઓએ મા-
ન્યું ન હતું. 15 અને તેણે તેઓને કહ્યું કે, આખા જગતમાં જઈને આખી
સૃષ્ટિને સુવાર્ત્તા પ્રગટ કરો. 16 જે વિશ્વાસ કરે છે તથા બાપ્તિસ્મા લે છે,
તે તારણ પામશે; પણ જે વિશ્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે. 17 અને
વિશ્વાસ રાખનારાઓની સંઘાતે આ ચમત્કારો થશે; મારે નામે તેઓ ભૂ-
તો કાઢશે, નવી બોલીઓ બોલશે, 18 સર્પોને ઉઠાવી લેશે, ને જો તેઓ
કંઈ ઘાતક વસ્તુ પીએ, તો તેઓને કંઈ ઈજા થશે નહિ; તેઓ માંદાઓ
પર હાથ મુકશે, ને તેઓ સાજા થશે. 19 ત્યારે પ્રભુ ઈસુ તેઓની સાથે
બોલી રહ્યા પછી આકાશમાં લેવાયો, ને દેવને જમણે હાથે બેઠો. 20 અને
તેઓએ ત્યાંથી જઈને બધે ઠેકાણે સુવાર્ત્તા પ્રગટ કીધી; અને પ્રભુ તેઓ-

ના કામમાં તેઓને સહાય આપતો, ને સંઘાતે થએલા ચમત્કારોથી સુ-
વાર્ત્તા [ની સત્યતા] સાબિત કરતો હતો. આમેન.

# લૂક

1 આરંભથી જે નજરે જોનારા તથા વચનના સેવકો હતા, તેમના
આપણને કહી દીધેલા પ્રમાણે, 2 આપણામાં પુરી થએલી વાતોનું
વર્ણન કરવાને ઘણાએ હાથમાં લીધું છે; 3 એ માટે, ઓ નેકનામદાર થે-
ઓફિલ, મેં પણ શરૂઆતથી સઘળી વાતોની શોધ ચોકસાઈથી કરીને,
તને વિગતવાર લખવાને ઠરાવ્યું, 4 કે જે વાતો તને શીખવવામાં આવી
છે, તેઓની નિશ્ચયતા તું જાણે. 5 યહુદાહના રાજા હેરોદના દિવસોમાં
ઝખાર્યાહ નામે અબિયાહના વર્ગમાંનો એક યાજક હતો; ને તેની વહુ હા-
રૂનની દીકરીઓમાંની હતી, ને તેનું નામ એલીસબેત હતું. 6 અને તે બેહુ
દેવની આગળ ન્યાયી હતાં, ને પ્રભુની સઘળી આજ્ઞા તથા વિધિઓ પ્ર-
માણે નિર્દોષ રીતે ચાલતા હતાં. 7 અને તેઓને સંતાન નહોતું, કારણ કે
એલીસાબેત વાંઝણી હતી, ને તેઓ બેહુ ઘણાં ઘરડાં હતાં. 8 અને એમ
થયું કે તે પોતાના વર્ગના વારા પ્રમાણે યાજકનું કામ દેવની આગળ કર-
તો હતો, 9 એટલામાં યાજકપદના રિવાજ પ્રમાણે પ્રભુના મંદિરમાં જઈ-
ને ધૂપ ચઢાવવાનો તેનો વારો આવ્યો. 10 અને લોકની આખી સભા
ધૂપ કરતી વેળા બહાર પ્રાર્થના કરતી હતી. 11 તેટલામાં ધૂપવેદીની
જમણી બાજુએ પ્રભુનો એક દૂત ઉભેલો તેને દેખાયો. 12 અને તેને જોઇ-
ને ઝખાર્યાહ ગભરાયો, ને તેને બીક લાગી. 13 પણ દૂતે તેને કહ્યું કે,
ઝખાર્યાહ, બી માં; કેમકે તારી વિનંતી સાંભળવામાં આવી છે, ને તારી
વહુ એલીસાબેત દીકરો જણશે, ને તેનું નામ તું યોહાન પાડીશ. 14 અને
તને હર્ષ તથા આનંદ થશે, ને ઘણાં તેના જન્મના લિખે હરખાશે; 15 કે-
મકે તે પ્રભુ આગળ મોટો થશે, ને દ્રાક્ષરસ કે દારૂ તે પીશે નહિ; તે પો-
તાના માના પેટથી પવિત્ર આત્માએ ભરપૂર થશે. 16 અને તે ઈસ્રાએલ-
ના વંશમાંના ઘણાને તેઓના દેવ પ્રભુ તરફ ફેરવશે. 17 અને તે એલી-
યાહના આત્માએ તથા પરાક્રમે તેની આગળ ચાલશે, એ માટે કે તે બા-
પોનાં મન છોકરા તરફ તથા ન માનનારાઓને ન્યાયીઓના જ્ઞાનમાં
[ચાલવાને] ફેરવે; તથા પ્રભુને સારું સિદ્ધ થએલી કોમ તૈયાર કરે.
18 અને ઝખાર્યાહે દૂતને કહ્યું કે, એ મને શાથી જણાય? કેમકે હું ઘરડો
છું, ને મારી વહુ ઘણાં વરસની થઇ છે. 19 અને દૂતે તેને ઉત્તર આપતા
કહ્યું કે, દવની આગળ ઉભો રહનાર ગબ્રીએલ હું છું, ને તારી સાથે બો-
લવા તથા તને આ સુવાર્તા કહેવા સારું હું મોકલાયો છું; 20 ને જો, એ
વાત બનશે તે દિવસ લગી તું મૂંગો રહેશે ને બોલી શકશે નહિ, કેમકે
મારી વાતો જે પોતાને સમયે પુરી થશે તેઓનો વિશ્વાસ તે કીધો નહિ.
21 અને લોક ઝખાર્યાહની વાટ જોહતા હતા, ને તેને મંદિરમાં વાર લાગી,
માટે અચંબો પામ્યા. 22 અને તે બહાર આવ્યો ત્યારે તેઓની જોડે તે
બોલી શક્યો નહિ; ને મંદિરમાં તેને કંઈ દર્શન થયું હશે એવું તેઓ સમ-
જ્યા; ને તે તેઓને ઈસરો કરતો હતો, ને મુંગો રહ્યો. 23 અને તેના સેવા
કરવાના દિવસો પુરા થયા ત્યારે એમ થયું કે તે પોતાના ઘેર ગયો.
24 અને તે દહાડો પછી તેની વહુ એલીસાબેતને ગર્ભ રહ્યો, ને પાંચ
મહિના સુધી તે સંતાઈ રહી, ને કહ્યું કે, 25 માણસોમાંથી મારું મેણું ટા-
ળવા સારૂ મારા પર પોતાના દ્રષ્ટિ કરવાના દિવસોમાં પ્રભુએ મને આવું
કીધું છે. 26 અને છઠ્ઠે મહિને ગાબ્રીએલ દૂત નાઝારેથ નામે ગાલીલના
શહેરમાં એક કુમારિકાની પાસે દેવ તરફથી મોકલાયો હતો. 27 દાઉદના
વંશના, યુસફ નામે, એક પુરુષ જોડે તેની સગાઇ થઇ હતી; ને તે કુમા-
રિકાનું નામ મરિયમ હતું. 28 અને દૂતે તેની પાસે આવીને કહ્યું કે, હે કૃ-
પા પામેલી, સુખી રહે, પ્રભુ તારી સાથે છે. 29 પણ એ વચન સાંભળીને
તે ઘણી ગભરાઈ, ને વિચાર કરવા લાગી કે, આ કઈ જાતની સલામ
હશે! 30 અને દૂતે તેને કહ્યું કે, ઓ મરિયમ, બી માં, કેમકે દેવથી તું કૃપા
પામી છે. 31 અને જો, તને ગર્ભ રહેશે ને તું દીકરો જણશે, ને તું તેનું નામ
ઈસુ પાડશે. 32 તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે; ને દેવ પ્રભુ
તને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે. 33 અને તે યાકુબના ઘર પર
સર્વકાળ રાજ્ય કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ. 34 અને મરિ-
યમે દૂતને કહ્યું કે, એ કેમ કરીને થશે? કેમકે મેં કોઈ પુરુષને જણ્યો
નથી. 35 અને દૂતે તેને ઉત્તર આપતા કહ્યું કે, પવિત્ર આત્મા તારા પર
આવશે, ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદન કરશે; માટે જે [તા-
રાથી જન્મશે તે પવિત્ર દેવનો દીકરો કહેવાશે. 36 અને જો તારી સગી
એલીસાબેતે પણ તેના ઘડપણમાં દીકરાનો ગર્ભ ધર્યો છે; અને જે
વાંઝણી કહેવાતી હતી, તેને આ છઠ્ઠો મહિનો જાય છે. 37 કેમકે દેવ પા-
સેથી [આવેલું] કોઈ પણ વચન પરાક્રમ વગરનું નહિ થશે. 38 અને મરિ-
યમ કહ્યું કે, જો, હું પ્રભુની દાસી, તારા કહ્યા પ્રમાણે મને થાઓ. ત્યારે
દૂત તેની પાસેથી ગયો. 39 અને તે દિવસોમાં મરિયમ ઉઠીને પહાડી દે-
શમાં યહુદાહના એક શહેરમાં ઉતાવળથી ગઇ. 40 અને ઝખાર્યાહને ઘેરે
જઈને એલીસાબેતને સલામ કહી. 41 અને એમ થયું કે એલીસાબેતે
મરિયમની સલામ સાંભળી, ત્યારે બાળક તેના પેટમાં કૂદ્યું, ને એલીસા-
બેત પવિત્ર આત્માથી ભરપુર થઈ; 42 ને મોટો ઘાટો પાડીને કહ્યું કે,
બાયડીઓમાં તને ધન્ય છે, ને તારા પેથના ફળને ધન્ય છે. 43 અને એ
[કુપા] મને ક્યાંથી, કે મારા પ્રભુની માં મારી પાસે આવે? 44 કેમકે, જો,
તારી સલામનો અવાજ મારે કાને પડતાં બાળક મારા પેટમાં હરખે કૂદ્યું.
45 અને જેણે વિશ્વાસ કીધો તેણીને ધન્ય છે, કેમકે તેને પ્રભુ તરફથી જે
વાતો કહેવામાં આવી છે તેઓ પુરી થશે. 46 અને મરિયમે કહ્યું કે, મારો
જીવ પ્રભુને મોટો માને છે, 47 અને દેવ મારા તારનારમાં મારો આત્મા
હરખાયો છે, 48 કારણ કે તેણે પોતાની દાસીની દીનાવસ્થા પર દ્રષ્ટિ
કીધી છે; કેમકે, જો, હવેથી સઘળી પેઢીઓ મને ધન્ય કહેશે. 49 કેમકે
પરાક્રમીએ મારે સારું મોટાં કામ કીધાં છે, ને તેનું નામ પવિત્ર છે.
50 અને જેઓ તેનું ભય રાખે છે, તેઓ પર પેઢી દર પેઢી તેની દયા રહે છે.
51 તેણે પોતાને ભુજ બળ દેખાડ્યું છે, ને ગર્વિષ્ઠોને તેઓની હૃદય ની
કલ્પનામાં વેરી નાખ્યા છે. 52 તેને સરદારોને રાજ્યાસન પરથી ઉતારી
નાખ્યા છે, ને દીન જનોને તેણે ઉંચો કીધા છે. 53 તેણે ભુખ્યાંઓને સા-
રાં વાનાંથી તૃપ્ત કીધા છે, ને શ્રીમંતોને ખાલી હાથે પાછા કાઢ્યા છે.
54 આપણા બાપદાદાઓને, તેના કહ્યા પ્રમાણે, ઈબ્રાહીમ પર તથા તેના
વંશ પર 55 સદા દયા કરવાનું સંભારીને, તેણે પોતાના સેવક ઇસ્રાએલને
સહાય કીધી, 56 અને મરિયમ આસરે ત્રણ મહિના સુધી તેની સાથે રહી,
ને પાછા પોતાને ઘેર પાછી ગઈ. 57 હવે એલીસાબેતના જણવાના દહા-
ડા પૂરા થયા, એટલે તેની દીકરો જણી. 58 અને તેના પડોસીઓએ તથા
સગાંઓએ સાંભળ્યું કે પ્રભુએ તેના પર મોટી દયા કીધી છે, ને તેઓ તે-
ણીની સાથે હર્ષ પામ્યા. 59 અને એમ થયું કે આઠમે દિવસે તેઓ છોક-
રાની સુનંત કરવા આવ્યા, ને તેઓ તેના બાપના નામ ઉપરથી તેનું
નામ ઝખાર્યાહ પાડત; 60 અને તેની માએ ઉત્તર આપતાં કહ્યુ કે, એમ
નહિ, પણ તેનું નામ યોહાન પાડવું. 61 અને તેઓએ તેને કહ્યું કે, તારા
સગામાંના કોઈનું એવું નામ પાડેલું નથી. 62 અને તેઓએ ઈસારો કરીને
તેના બાપને પુછ્યું કે, તું તેનું શું નામ પાડવા ચાહે છે? 63 ને તેણે પાટી
માગી, ને એમ લખ્યું કે, તેનું નામ યોહાન છે. 64 અને તેઓ સર્વ અચંબો
પામ્યા. અને તરત તેનું મ્હોડું ઉઘડી ગયું, ને તેની જીભ [છુટી થઈ], ને
તે દેવની સ્તુતિ કરતો બોલવા લાગ્યો. 65 અને તેઓની આસપાસના
સર્વ રહેવાસીઓને બીક લાગી, ને યહુદાહના આખા પહાડી દેશમાં એ
સઘળી વાતોની ચર્ચા ચાલી. 66 અને જેઓએ તે વાતો સાંભળી તેઓ
સઘળાએ તે પોતાના મનમાં રાખીને કહ્યું કે, ત્યારે આ છોકરો કેવો થશે!
કેમકે પ્રભુનો હાથ તેના પર હતો. 67 અને તેનો બાપ ઝખાર્યાહ પ્રવિત્ર
આત્માએ ભરપુર થયો; ને તેણે એવું ભવિષ્ય કહ્યું કે, 68 ઈસ્રાએલનો

દેવ પ્રભુ સ્તુતિવાન થાઓ, કેમકે તેણે પોતાના લોકની મુલકાત લઈને
તેઓનો ઉદ્ધાર કીધો છે. 69 અને તેણે જગતના આરંભથી તથા આવેલા
પવિત્ર ભવિષ્યવાદીઓના મ્હોથી કહ્યું હતું તે પ્રમાણે, 70 તેણે પોતાના
સેવક દાઉદના કુળમાં આપણને સારું તારણનું શીંગ ઉભું કીધું છે,
71 એટલે આપણા શત્રુઓથી તથા આપણા પર દ્વેષ રાખનારા સર્વના
હાથમાંથી તારણ; 72 એ સારૂ કે તે આપણા બાપદાદાઓ પ્રત્યે દયા દે-
ખાડે, તથા પોતાનો પવિત્ર કરાર સંભારે, 73 એટલે તેણે આપણા બાપ
ઈબ્રાહિમની સાથે જે સમ ખાધા તે; 74 એ માટે કે તે આપણે સારૂ એવું
કરે કે, આપણે પોતાના શત્રુઓના હાથમાંથી છુટકો પામીને, નિર્ભયતા-
થી આપણા આખા આયુષ્યભર તેની આગળ 75 શુદ્ધતાથી તથા ન્યાયી-
પણાથી તેની સેવા કરીએ. 76 અને, ઓ છોકરા, તું પરાત્પરનો ભવિષ્ય-
વાદી કહેવાશે; કેમકે તું પ્રભુની આગળ ચાલશે, એ માટે કે તું પ્રભુના
માર્ગો તૈયાર કરે, 77 તથા તેના લોકના પાપની માફી મળવાથી જે તારણ
તેનું જ્ઞાન તું તેઓને આપે. 78 [અને આ માફી] આપણા દેવની ઘણી
દયાને લીધે થાય છે; જેણે કરીને અરૂણોદય ઉપરથી આપણા પર
આવ્યો છે, 79 એ માટે કે અંધારામાં તથા મરણથી છાયામાં જેઓ બેઠેલા
તેઓને તે પ્રકાશ પમાડે તથા આપણા પગને શાંતિના માર્ગમાં દોરી
જાય. 80 અને છોકરો મોટો થયો, ને આત્મામાં બળવાન થતો ગયો,
અને ઈસ્રાએલમાં તેના પ્રગટ થવાના દિવસ સુધી તે રાનમાં રહ્યો.

2 આને એમ થયું કે તે દિવસોમાં કાઈસાર ઔગસ્તસથી એવો
ઠરાવ બહાર પડ્યા કે, સર્વ દેશોના લોકનાં નામ નોંધાય. 2 કુરે-
નિયસ સુરિયાનો હાકેમ હતો, તેના વખતમાં વસ્તીની એ પ્રથમ ગણત્રી
થઇ હતી. 3 અને પોતાના નામ નોંધાવવા સારૂ બધાં પોતપોતાના શહે-
રમાં ગયાં. 4 અને યુસફ પણ ગાલીલના નાઝારેથ શહેરમાંથી યહુદાહ
મધ્યે દાઉદનું શહેર જે બેથલેહેમ કહેવાય છે તેમાં, 5 પોતાનું તથા પો-
તાની ગર્ભવતી વેવીશાળી વહુ મરિયમનું નામ નોંધાવવા ગયો, કેમકે તે
દાઉદના વંશ તથા કુળમાંનો હતો. 6 અને એમ થયું કે તેઓ ત્યાં હતાં
એટલામાં તેના જણવાના દહાડા પુરા થયા. 7 અને તેણી પોતાનો પ્રથમ
દીકરો જણી; અને તેને લુગડે લપેટીને ગભાણમાં સુવાડ્યો, કારણ કે
તેઓને સારૂ ધર્મશાળામાં કંઈ જગ્યા નહોતી. 8 અને તે દેશમાં ઘેટાંપા-
ળકો રાત્રે ખેતરમાં રહીને પોતાનાં ટોળાને સાચવતા હતા. 9 અને પ્રભુ-
નો એક દૂત તેઓની પાસે ઉભો રહ્યો, ને પ્રભુનું ગૌરવ તેઓની આસ-
પાસ પ્રકાશ્યું, ને તેઓ ઘણા ભયભીત થયા. 10 અને દૂતે તેઓને કહ્યું કે
બીહો માં; કેમકે, જુઓ, હું મોટા આનંદથી સુવાર્તા તમને કહું છું, અને તે
સર્વ લોકને સારૂ થશે; 11 કેમકે આજ દાઉદના શહેરમાં તમારે સારું એક
તારનાર, એટલે ખ્રિસ્ત બ્રભુ જનમ્યો છે. 12 અને તમારે સારૂ એ નિશાની
છે કે, તમે એક બાળકને લુગડે લપેટેલો ગભાણમાં સૂતેલો જોશો.
13 અને એકાએક દૂતની સાથે આકાશી સેનાનો સમુદાય પ્રકટ થયો;
તેઓ દેવની સ્તુતિ કરીને કહેતા હતા કે, 14 પરમ ઉંચામાં દેવને મહિમા,
તથા પૃથ્વીમાં જે માણસો વિષે તે પ્રસન્ન છે, તેઓ મધ્યે શાંતિ. 15 અને
એમ થયું કે દૂતો તેઓની પાસેથી આકાશમાં ગયા પછી, તે ઘેટાંપાળ-
કોએ એક બીજાને કહ્યું કે, ચાલો, હવે આપણે બેથલેહેમ જઈને, ને આ
થએલી વાત જેની ખબર પ્રભુએ આપણને આપી છે તે જોઈએ. 16 અને
તેઓ ઉતાવળથી ગયા, ને મરિયમને તથા યુસફને તથા ગભાણમાં સુ-
તેલા બાળકને દીઠાં. 17 અને દીઠા પછી જે વાત એ છોકરા સંબંધી તે-
ઓને કહેવામાં આવી હતી, તે તેઓએ જાહેર કીધી. 18 અને જે વાતો ઘે-
ટાંપાળકોએ તેમને કહી, તેથી સઘળા સાંભળનારાઓ અચરત થયા,
19 પણ મરિયમ એ સઘળી વાતો મનમાં રાખીને તેઓ વિષે વિચાર કર-
તી. 20 અને ઘેટાંપાળકોએ જેમ તેઓને કહેવામાં આવ્યું હતું તેં તેઓએ
બધું સાંભળ્યું તથા જોયું, તેને લીધે તેઓ દેવનો મહિમા તથા સ્તુતિ
કરતા પાછા ગયા. 21 અને આઠ દહાડા પુરા થયા પછી તેની સુનંત કર-
વાનો વખત આવ્યો, ત્યારે તેનું નામ ઈસુ પાડ્યું, કે જે નામ તે પેટે રહ્યો
ત્યાર પહેલાં દૂતે પાડ્યું હતું. 22 અને મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે તે-
ઓના શુદ્ધિકરણ દિવસ પુરા થયા, 23 ત્યારે જેમ પ્રભુના નિયમશાસ્ત્ર-
માં લખેલું છે, કે પેહેલો અવતરેલો દરેક નાર પ્રભુને સારું પવિત્ર કહે-
વાય, તે પ્રમાણે તેઓ તેને પ્રભુની આગળ હાજર કરવાને, 24 તથા પ્રભુ-
ના નિયમશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે એક જોડ હોલાનો અથવા કબુતરનાં
બે બચ્ચાંનો યજ્ઞ કરવા સાર, તોઓ તેને યરુશાલેમમાં લાવ્યાં. 25 અને
જુઓ, શિમઓન નામે એક માણસ યરુશાલેમમાં હતો, અને તે માણસ
ન્યાયી તથા ધાર્મિક હતો, ને ઈસ્રાએલના દિલાસાની વાટ જોતો હતો,
ને પવિત્ર આત્મા તેના પર હતો. 26 અને પવિત્ર આત્માએ તેને જણાવ્યું
હતું કે, પ્રભુના ખ્રીસ્તને જોયા પહેલાં તું મોત નહિ દેખે. 27 અને તે
આત્મા[ની પ્રેરણા]થી મંદિરમાં આવ્યો, ને નિયમશાસ્ત્રના વિધિ પ્રમા-
ણે બાળક ઈસુ વિષે કરવા સારૂ, તેનાં માબાપ તેને માંહે લાવ્યા,
28 ત્યારે તેણે તેને ખોળામાં લઈને દેવની સ્તુતિ કરીને કહ્યું કે, 29 ઓ
સ્વામી, હવે તારા વચન પ્રમાણે તું તારા દાસને શાંતિએ જવા દે; 30 કે-
મકે મારી આંખોએ તારું તારણ દીઠું છે, 31 જેણે સર્વ લોકની સન્મુખ તે
સિદ્ધ કીધું છે; 32 વિદેશીઓને પ્રકાશ આપવા સારૂ, તથા તારા ઈસ્રાએ-
લી લોકોનો મહિમા થવા સારૂ તે અજવાળું છે. 33 અને તેના સંબંધી જે
વાતો કહેવામાં આવી, તેથી માબાપ અચરત થતાં હતાં. 34 અને શિ-
મઓને તેઓને આશીર્વાદ દીધો, અને તેની માં મરિયમને કહ્યું કે , જો,
આ બાળક ઈસ્રાએલમાંના ઘણાના પડવા, તથા પાછા ઉઠવા સારૂ,
તથા જેની વિરુદ્ધ વાંધા લેવામાં આવે તેવી નિશાની થવા સારું ઠરાવે-
લો છે. 35 હા, ને તારા પોતાના જીવને તરવાર વીંધી નાખશે; એ માટે કે
ઘણાં મનની કલ્પના પ્રગટ થાય. 36 અને આશેરના કુળની ફાનુએલની
દીકરી આન્ના નામે, એક ભવિષ્યવાદેણ હતી, તે ઘણી વૃદ્ધ થઈ હતી, તે
પોતાના કુંવારાપણા પછી પોતાની વરની સાથે સાત વરસ સુધી રહેલી
હતી, 37 ને તે ચોર્યાસી વરસથી વિધવા હતી; તે મંદિરમાંથી ખસતી ન
હતી, ને રાતદિવસ ઉપવાસ તથા પ્રાર્થનાઓસહિત તે ભક્તિ કર્યા કર-
તી. 38 અને તેણે તેજ ઘડીએ ત્યાં આવીને પ્રભુની સ્તુતિ કીધી, ને જેઓ
યરૂશાલેમના ઉદ્ધારની વાત જોતા હતા તે સઘળાને તેના સંબંધી વાત
કરી. 39 અને તેઓ પ્રભુના નિયમશાસ્ત્ર પ્રમાણે બધું કરી ચુક્યા પછી
પછી ગાલીલમાં પોતાના શહેર નાઝારેથમાં પાછાં ગયા. 40 અને તે છોક-
રો મોટો થયો, ને જ્ઞાનથી ભરપૂર થઈને બળવાન થયો, ને દેવની કૃપા
તેના પર હતી. 41 અને તેનાં માબાપ વરસોવરસ પાસ્ખાપર્વમાં યરૂશા-
લેમ જતા હતાં. 42 અને તે બાર વરસનો થયો, ત્યારે તેઓ પર્વની રીત
પ્રમાણે ત્યાં ગયા. 43 અને [પર્વ]ના દિવસો પુરા કરીને તેઓ પાછાં જવા
લાગ્યાં, ત્યારે છોકરો ઈસુ યરુશાલેમમાં પછવાડે રહ્યો, ને તેનાં માબા-
પને તેની ખબર ન પડી. 44 પણ તે સંઘમાં છે, એમ ધરીને તેઓએ એક
મજલ ગયા પછી પોતાનાં સગામાં તથા ઓળખીતામાં તેને શોધ્યો.
45 અને તે તેઓને જડ્યો નહિ, ત્યારે તેઓ તેને શોધતા શોધતા યરુશા-
લેમમાં પાછા ગયા. 46 અને એમ થયું કે ત્રણ દહાડા પછી તેઓએ તેને
મંદિરમાં ધર્મશિક્ષકોની વચમાં બેઠેલો તેઓનું સંભાળતો તથા તેઓને
સવાલો પૂછતો દીઠો. 47 અને જેઓએ તેનું સાંભળ્યું તેઓ બધા તેની
સમજણથી તથા તેના ઉત્તરોથી વિસ્મિત થયા. 48 અને તેને જોઈને
તેઓ અચરત પામ્યા; ને તેની માએ તેને કહ્યું કે, દીકરા, અમારી સાથે
તું આવી રીતે કેમ વર્ત્યો? જો, તારા બાપે તથા મેં દુઃખી થઈને શોધ કી-
ધી. 49 અને તેણે તેઓને કહ્યું કે,, તમે મારી શોધ શા માટે કીધી? શું તમે
જાણતા નહોતાં ક મારા બાપને ત્યાં મારે હોવું જોઈએ? 50 અને જે વાત
તેણે તેઓને કહી તે તેઓ સમજ્યાં નહિ. 51 અને તે તેઓની સાથે ગયો,
ને નાઝારેથમાં આવ્યો, ને તે તેઓને આધીન રહ્યો, ને તેની માએ એ
સઘળી વાતો પોતાના મનમાં રાખી. 52 અને ઈસુ જ્ઞાનમાં તથા કદમાં,
ને દેવની તથા માણસની પ્રસન્નતામાં વધતો ગયો.

3 હવે તીબેરયસ કાઈસારની કારકીદીને પંદરમે વરસે, જયારે પંતિ-
યસ પીલાત યહુદાહનો અધિપતિ, તથા હેરોદ ગાલીલનો રાજા,
તથા તેનો ભાઈ ફિલીપ ઇતુરાઈ તથા ત્રાખોનીતી દેશનો રાજા, તથા લુ-
સનાયસ આબિલેનેનો રાજા હતો, 2 ને આન્નાસ તથા કાયાફાસ પ્રમુખ
યાજકો હતા, ત્યારે ઝખાર્યાહના દીકરા યોહાનની પાસે દેવનું વચન રા-
નમાં આવ્યું. 3 અને તે યર્દનની આસપાસના સઘળા પ્રદેશમાં પાપની
માફીને સારૂ પસ્તાવાનું બાપ્તિસમાં પ્રગટ કરતો આવ્યો. 4 યશાયાહ
ભવિષ્યવાદીનાં વચનોના પુસ્તકમાં જેમ લખ્યું છે કે, રાનમાં ઘાંટો પા-
ડનારની વાણી, કે પ્રભુનો માર્ગ સિદ્ધ કરો, તેની વાટો પાધરી કરો;
5 હરેક નીચાણ પુરાશે, ને હરેક પહાડ તથા ટેકરો નીચા કરાશે, ને વાંકું
શીધું થશે, ને ખાડાટેકરાવાળા માર્ગ સપાટ થશે; 6 ને સઘળા દેહધારી
દેવનું તારણ જોશે. 7 ત્યારે જે ઘણા લોકો તેનાથી બાપ્તિસમા પામવા
સારૂ આવ્યા, તેઓને તેણે કહ્યું કે, ઓ સર્પોના વંશ, આવનાર ક્રોધથી

નાસવાને તમને કોણે ચેતાવ્યા? 8 તો પસ્તાવો [કરનારને] શોભે એવાં
ફળ ઉપજાવો, ને પોતાના મનમાં એમ ન કહેવા માંડો કે, ઈબ્રાહીમ
અમારો બાપ છે, કેમકે હું તમને કહું છું કે, દેવ આ પત્થરોમાંથી ઈબ્રાહી-
મને સારૂ વંશ ઉત્પન્ન કરી શકે છે. 9 અને વળી હમણાં ઝાડોની જડ પર
કુહાડો લગાડેલો છે, માટે જે હરેક ઝાડ સારાં ફળ આપતું નથી, તે કપાય
છે, ને અગ્નિમાં નંખાય છે. 10 અને લોકોએ તેને પુછતાં કહ્યું, ત્યારે
અમારે શું કરવું? 11 ને તેણે તેઓને ઉત્તર આપતા કહ્યું કે, જેની પાસે બે
અંગરખા હોય તે જેની પાસે એક નથી તેને આપે; ને જેની પાસે ખાવાનું
હોય તે પણ એમજ કરે. 12 અને દાણીઓ પણ બાપ્તિસમાં પામવા સારૂ
આવ્યા, ને તેને પુછ્યું કે, ઉપદેશક, અમારે શું કરવું? 13 ને તેણે તેઓને
કહ્યું કે, જે તમારે સારું નીમેલું છે, તે કરતાં વધારે બલાત્કારી ન લો.
14 અને સિપાઈઓએ પણ તેને પુછતાં કહ્યું કે, અમારે શું કરવું? ને તેણે
તેઓને કહ્યું કે, કોઈ પર જબરદસ્તી ન કરો, તેમજ ગેરકાયદે કોઈ પાસે-
થી બલાત્કારે કંઈ ન લો, ને તમારા પગારથી સંતોષી રહો. 15 અને લોક
વાત જોતા હતા, ને સઘળા યોહાન સંબંધી પોતાના મનમાં વિચાર કર-
તા હતા કે, એ ખ્રિસ્ત હશે કે નહિ; 16 ત્યારે યોહાને ઉત્તર આપતાં સર્વને
કહ્યું કે, હું તો પાણીથી તમારું બાપ્તિસમા કરું છું, પણ મારા કરતા જે
બળવાન તે આવે છે, કે જેના ચંપલની વાધરી છોડવા હું યોગ્ય નથી, તે
પવિત્ર આત્માથી તથા અગ્નિથી તમારું બાપ્તિસમાં કરશે. 17 તેનું સુપડું
તેના હાથમાં છે, ને તેથી તે પોતાની ખળીને સાફ કરી નાખશે, ને ઘઉં
પોતાની વખારમાં તે ભરી રાખશે; પણ ભુસું ન હોલવાનાર અગ્નિમાં બા-
ળી નાખશે. 18 અને તેણે બીજો ઘણો બોધ કરતાં લોકોને સુવાર્તા પ્રગટ
કરી. 19 પણ તેન ભાઈની વહુ હેરોદિયાસને લીધે, તથા જે ભુંડા કામ તે-
ણે કીધાં હતાં તે બધાંને લીધે હેરોદને યોહાને તાપકો દીધો હતો; 20 તે-
થી તે સઘળા ઉપરાંત તેણે યોહાનને બંદીખાનામાં પુર્યો. 21 અને એમ
થયું કે સર્વ લોક બાપ્તિસમા પામ્યા પછી ઈસુ પણ બાપ્તિસમા પામીને
પ્રાર્થના કરતો હતો, એટલામાં આકાશ ઉઘડી ગયું; 22 અને પવિત્ર
આત્મા દેહરૂપે કબૂતરની પેઠે તેના પર ઉતર્યા; ને આકાશમાંથી એવી
વાણી થઈ કે, તું મારો વહાલો દીકરો છે, તારા પર હું પ્રસન્ન છું. 23 અને
ઈસુ પોતે [બોધ] કરવા લાગ્યો, ત્યારે તે આસરે ત્રીસ વર્ષની ઉમરનો
હતો, અને (ધાર્યા પ્રમાણે) તે યુસફનો દીકરો હતો, જે હેલીનો [દીકરો],
24 જે માત્થાતનો, જે લેવીનો, જે મલખીનો, જે યાનાઈનો, જે યુસફનો,
25 જે માતાથિયાસનો, જે આમોસનો, જે નાહુમનો, જે અસલીનો, જે
નગાઈનો, 26 જે માથનો, જે માતાથિયાસનો, સમઈનનો, જે યોસેખનો,
જે યોદાનનો, 27 જે યોઆનાનનો, જે રેસાનો, જે ઝરૂબ્બાબેલનો, જે
શઆલ્તીએલનો, જે નેરીનો, 28 જે મલખીનો, જે આદીનો, જે કોસામનો,
જે અલમાદામનો, જે એરનો, 29 જે યેશુનો, જે અલીએઝરનો, જે યોરીમ-
નો, જે માત્થાતનો, જે લેવીનો, 30 જે સીમેઓનનો, જે યહુદાનો, જે યુસ-
ફનો, જે યોનામનો, જે એલિયાકીમનો, 31 જે મેલેઆનો, જે મેન્નાનો, જે
માતાથાનો, જે નાથાનનો, જે દાઉદનો, 32 જે યશાઈનો, જે ઓબેદનો, જે
બોઆઝનો, જે સલમોનનો, જે નાસોનનો, 33 જે અમીનાદાબનો, જે
અરનીનો, જે હેઝરોનનો, જે પેરેઝનો, જે યહુદાહનો, 34 જે યાકુબનો, જે
ઈસ્હાકનો, જે ઈબ્રાહીમનો, જે તેરાહનો, જે નાહોરનો, 35 જે સરૂગનો, જે
રેઉનો, જે પેલેગનો, જે એબેરનો, જે શેલાહનો, 36 જે કાઈનાનનો, જે
આર્ફાક્સાદનો, જે શેમનો, જે નુહનો, જે લામેખનો, 37 જે મથુસેલાહનો,
જે હનોખનો, જે યારેદનો, જે મહાલાલએલનો, જે કાઈનાનનો, 38 જે
અનોશનો, જે શેથનો, જે આદમનો, જે દેવનો.

4 અને ઈસુ પવિત્ર આત્માથી ભરપુર થઈને યર્દનથી પાછો ફર્યો, ને
ચાળીસ દહાડા લગી આત્માથી અહીંતહીં રાનમાં દોરવાયો, 2 ને
તે [દરમ્યાન] શેતાનથી તેનું પરીક્ષણ થતું; ને તે દિવસોમાં તેણે કંઈ
ખાધું નહિ, ને તે પુરા થયા પછી તે ભૂખ્યો થયો. 3 અને શેતાને તેને કહ્યું
કે, જો તું દેવનો દીકરો છે તો આ પત્થરને આજ્ઞા કર કે, તે રોટલો થાય.
4 અને ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, એમ લખ્યું છે કે, માણસ એકલી રો-
ટલીથી નહિ જીવશે. 5 અને તે તેને ઉંચી જગ્યાએ લઇ ગયો, ને એક
પળમાં જગતનાં સઘળા રાજ્ય તેને દેખાડ્યાં. 6 અને શેતાન તેને કહ્યું કે,
આ બધો અધિકાર તથા તેઓનો મહિમા હું તને આપું છું; 7 માટે જો તું
મારી આગળ [પડીને] ભજન કરશે તો તે સઘળું તારું થશે. 8 અને
ઈસુએ તેને ઉત્તર આપતાં કહ્યું કે, એમ લખ્યું છે કે, તારે તારા દેવ પ્રભુનું
ભજન કરવું, ને એકલાં તેનીજ સેવા કરવી. 9 અને તે તેને યરૂશાલેમ
લઇ ગયો, ને મંદિરના બુરૂજ પર તેને ઉભો રાખીને તેણે તેને કહ્યું કે, જો
તું દેવનો છે તો અહીંથી હેઠળ પડ. 10 કેમકે લખ્યું છે કે, તે પોતાના દૂ-
તોને તારા સંબંધી આજ્ઞા કરશે કે તેઓ તારું રક્ષણ કરે; 11 અને તેઓ
પોતાના હાથે તને ધરી લેશે, રખેને તારો પગ પત્થર પર અફળાય.
12 અને ઈસુએ તેને ઉત્તર આપતા કહ્યું કે, એમ કહેલું છે કે, તારે તારા
દેવ પ્રભુનું પરીક્ષણ ન કરવું. 13 અને શેતાન સર્વ પરીક્ષણ પુરૂં કરીને
કંઈક મુદત સુધી તેની પાસેથી ગયો. 14 અને ઈસુ આત્માને પરાક્રમે ગા-
લીલમાં પાછો આવ્યો, ને તેના સંબંધીની ચરચા આસપાસમાં આખા
દેશમાં ફેલાઈ ગઈ. 15 અને તેણે તેઓનાં સભાસ્થાનોમાં બોધ કીધો, ને
સઘળાંથી ને માન પામ્યો. 16 અને નાઝારેથ જ્યાં તે ઊછર્યો હતો ત્યાં તે
આવ્યો, ને પોતાની રીત પ્રમાણે તે વિશ્રામવારે સભાસ્થાનમાં ગયો, ને
વાંચવા સારું તે ઉભો થયો. 17 અને યશાયાહ ભવિષ્યવાદીનું પુસ્તક
તેને આપવામાં આવ્યું, ને તેણે તે પુસ્તક ઉઘાડીને, જ્યાં નીચે પ્રમાણે
લખ્યું છે તે જગ્યા કાઢી કે, 18 પ્રભુનો આત્મા મારા પર છે, કેમકે દરિ-
દ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા સારૂ તેણે મારો અભિષેક કીધો છે;
બંદીવાનોનો છુટકો તથા આંધળાઓને દ્રષ્ટિ પામવાનું જાહેર કરવા,
ઘાયલ થયેલાઓને છોડાવવા, 19 તથા પ્રભુનું માન્ય વરસ પ્રગટ કરવા
સારૂ તેણે મને મોકલ્યો છે. 20 અને તેણે પુસ્તક બંદ કીધું, અને સેવકને
પાછું આપીને બેસી ગયો, અને સભામાં સહુની નજર તેના પર ચોંટી
રહી હતી. 21 અને તે તેઓને કહેવા લાગ્યો કે, આજ આ લેખ તમારા
સાંભળતાં પુરો થયો છે. 22 અને બધાએ તેની વિષે સાક્ષી આપી, ને જે
કૃપાની વાતો તેના મ્હોમાંથી નીકળી તેથી તેઓએ અચરત થઈને કહ્યું
કે, શું એ યુસફનો દીકરો નથી? 23 ને તેણે તેઓને કહ્યું કે, આ દ્દષ્ટાંત
તમે નિશ્ચય મને કહેશો કે, વૈદ, તું પોતાને સાજો કર; કાપરનાહુમમાં કરે-
લા જે જે કામો વિષે અમે સાંભળ્યું તેવા કામો અહીં તારા પોતાના વત-
નમાં પણ કર. 24 અને તેણે કહ્યું કે, હું તમને ખચિત કહું છું કે, કોઈ
ભવિષ્યવાદી પોતાના વતનમાં માન્ય નથી. 25 પણ હુમ તમને સાચું
કહું કે એલીયાહના સમયમાં સાડા ત્રણ વરસ સુધી આકાશ બંધ રહ્યું,
ને આખા દેશમાં મોટો દુકાળ પડ્યો, ત્યારે ઘણી વિધવાઓ ઈસ્રાએલ-
માં હતી; 26 ને એલીયાહને તેઓમાંની કોઈ પાસે નહિ, પણ સિદોનના
સારફાથમાં એક વિધવા હતી તેનીજ પાસે મોકલવામાં આવ્યો હતો.
27 વળી અલીશા ભવિષ્યવાદીના વખતમાં ઘણા કોઢિયા ઈસ્રાએલમાં
હતા, ને સુરીયાના નાઅમાન શિવાય તેઓમાંનો કોઈ શુદ્ધ કરાયો ન
હતો. 28 અને એ વાત સાંભળીને સભામાંના સઘળા ક્રોધે ભરાયા; 29 ને
તેઓએ ઉઠીને તેને શહેર બહાર કાઢી મુક્યો, ને તેને હેઠળ પડી નાખવા
સારૂ જે પહાડ પર તેઓનું શહેર બાંધેલું હતું તેની કોરે તેઓ તેને લઇ
ગયા. 30 પણ તે તેઓની વચમાં થઈને ચાલ્યો ગયો. 31 અને તે ગાલીલ-
ના કાપરનાહુમ શહેરમાં આવ્યો; ને વિશ્રામવારે તેઓને બોધ કરતો
હતો; 32 અને તેઓ તેના બોધથી અચરત થયા, કેમકે તેનું બોલવું
અધિકારસહિત હતું. 33 અને સભાસ્થાનમાં અશુદ્ધ ભૂત વળગેલો એક
માણસ હતો, જેણે મોટે ઘાટે બૂમ પાડીને કહ્યું કે, 34 અરે, ઈસુ નાઝારી,
તારે ને અમારે શું છે? શું તું અમારો વિનાશ કરવા આવ્યો છે? તું કોણ છે
તે હું જાણું છું, એટલે દેવનો પવિત્ર. 35 અને ઈસુએ તેને ધમકાવીને કહ્યું
કે, ચાનો રહે, ને તેમાંથી નીકળ. અને ભૂત તેને વચમાં પાડીને તેને કંઈ
નુકસાન કીધા વિના તેમાંથી નીકળ્યું. 36 અને બધાને અચરત લાગ્યું,
ને તેઓએ મહોમાંહે કહ્યું કે, આ કેવું વચન છે! કેમકે તે અધિકાર તથા
પરાક્રમ સહિત અશુદ્ધ આત્માઓને હકમ કરે છે, ને તેઓ નીકળી જાય
છે. 37 અને આસપાસના પ્રદેશની સર્વ જગ્યાએ તેની વિષેની ચર્ચા ફે-
લાઈ ગઈ. 38 અને સભાસ્થાનમાંથી ઉઠીને તે સીમોનના ઘરમાં ગયો.
અને સિમોનની સાસુને સખત તાવ આવતો હતો, ને તેના હકમાં તે-
ઓએ તેને વિનંતી કીધી. 39 અને તેણે તેની પાસે ઉભા રહીને તાવને
ધમકાવ્યો, ને તે તેમાંથી નીકળી ગયો; અને તે તરત ઉઠીને તેઓની સે-
વા કરવા લાગી. 40 અને સુરજ આથમતી વખતે જેઓને ત્યાં નાના પ્ર-
કારના રોગથી પિડાતા માણસો હતા તેઓ તેમને તેની પાસે લાવ્યા, ને
તેણે તેઓમાંના દરેક પર હાથ મુકીને તેઓને સાજા કીધા. 41 અને ભૂતો
પણ ઘણાંઓમાંથી નીકળ્યાં, ને ઘાટો પાડીને કહેતા હતા કે, તું દેવનો
દીકરો છે. અને તેણે તેઓને ધમકાવ્યાં, ને બોલવા દીધાં નહિ, કેમકે

તેઓ જાણતા હતા કે, તે ખ્રિસ્ત છે. 42 અને દહાડો ઉગ્યો ત્યારે તે નીક-
ળીને ઉજડ ઠેકાણે ગયો, ને લોકો તેની શોધ કરતા તેની પાસે આવ્યા,
અને તે તેઓની પાસેથી ન જાય માટે તેઓએ તેને અટકાવવાનું કર્યું.
43 પણ તેણે તેઓને કહ્યું કે, મારે બીજાં શહેરોમાં પણ દેવના રાજ્યની
સુવાર્તા પ્રગટ કરવી જોઈએ, કેમકે એ સારૂ હું મોકલાયો છું. 44 અને ગા-
લીલનાં સભાસ્થાનોમાં તે વાત પ્રગટ કરતો રહ્યો.

5 અને એમ થયું કે ઘણા લોક તેના પર પડાપડી કરીને દેવની વાત
સાંભળતા હતા, ત્યારે તે ગેન્નેસારેતના સરોવરને કાંઠે ઉભો રહ્યો
હતો. 2 અને તેણે સરોવરને કાંઠે લાગેલી બે હોડી દીઠી, પણ માછીઓ
તેઓ પરથી ઉતરીને જાળો ધોતા હતા. 3 તે હોડીઓમાંની એક સીમોન-
ની હતી, તે પર તે ચઢ્યો, ને તેને કાંઠાથી થોડે દૂર હંકારવાનું કહ્યું. અને
તેણે બેસીને લોકોને હોડી પરથી બોધ કીધો. 4 અને બોલી રહ્યા પછી
તેણે સિમોનને કહ્યું કે, ઉંડા પાણીમાં હંકારો, ને [માછલાં] પકડવા સારૂ
તમારી જાળો નાખો. 5 અને સીમોને ઉત્તર આપતા કહ્યું કે, સાહેબ, અમે
આખી રાત મહેનત કીધી, પણ કશું પકડ્યું નહિ, તોપણ તારો કહ્યાથી
હું જાળો નાખીશ. 6 અને એમ કીધા પછી તેઓએ માછલાંનો મોટો જથો
ઘેરી લીધો, ને તેઓની જાળ ફાટવા લાગી. 7 અને તેઓનાં ભાગિયા બી-
જી હોડીમાં હતા તેઓને તેઓ ઇસારો કીધો કે, તેઓ આવીને તેઓને
સહાય કરે; અને તેઓએ આવીને બન્ને હોડીઓ એવી ભરી કે તેઓ ડૂબ-
વા લાગી. 8 અને તે જોઇને સીમોન પીતરે ઈસુના પગ આગળ પડીને
કહ્યું કે, ઓ પ્રભુ, મારી પાસેથી જા, કેમકે હું પાપી માણસ છું. 9 કેમકે તે
તથા તેના સઘળા સાથીઓ માછલાંનો જે જથો પકડ્યો હતો, તેથી
અચરતી પામ્યા. 10 અને ઝબદીના દીકરા, યાકુબ તથા યોહાન, જે સી-
મોનના ભાગ્યા હતા, તેઓને પણ અચંબો લાગ્યો. અને ઈસુએ સીમો-
નને કહ્યું કે, બી મા, હવેથી તું માણસો પકડનાર થશે. 11 અને તેઓની
હોડીઓને કાંઠે લાવ્યા પછી તેઓ બધું મુકીને તેની પાછળ ચાલ્યા.
12 અને એમ થયું કે તે એક શહેરમાં હતો, ત્યારે જુઓ, એક કોઢે ભરેલો
માણસ હતો; ને તે ઈસુને જોઇને તેને પગે પડ્યો; ને તેને વિનંતી કરતા
બોલ્યો, પ્રભુ, જો તું ચાહો તો તું મને શુદ્ધ કરી શકે છે. 13 અને તેણે હાથ
લાંબો કર્યો, ને તેને અડકીને કહ્યું કે, હું ચાહું છું, તું શુદ્ધ થા. અને તરત
તેનો કોઢ જતો રહ્યો. 14 અને તેણે તેને તાકીદ કીધી કે કોઇને કહેવું
નહિ, પણ મુસાના ફરમાવ્યા પ્રમાણે જઇને યાજકને પોતાને દેખાડ, ને
તારા શુદ્ધિકરણને લીધે, તેઓને માટે સાક્ષી તરીકે, અર્પણ ચઢાવ.
15 પણ તેના સંબંધીને ચરચા ઉલટી વધારે ફેલાઈ, ને અતિઘણા લોક
સાંભળવા સારૂ તથા પોતાના મંદવાડથી સજા થવા સારૂ તેની પાસે
એકઠા થયા. 16 પણ પોતે એકાંતે રાનમાં જઈને પ્રાર્થના કીધી. 17 અને
એમ થયું કે એક દહાડો તે બોધ કરતો હતો, ત્યારે ફરોશીઓ તથા નિય-
મોપદેશકો ગાલીલના હરેક ગામમાંથી તથા યહુદાહથી તથા યરૂશાલેમ-
થી આવીને ત્યાં બેઠા હતા, ને [મંદાને] સાજા કરવા સારૂ પ્રભુનું પરાક્રમ
તેની પાસે હતું. 18 અને જુઓ, કેટલાએક જણ એક પક્ષઘાતી માણસને
ખાટલા પર લાવ્યા, ને તેને માંહે લઇ જઈને તેની આગળ મુકવાનો તે-
ઓએ પ્રયત્ન કીધો; 19 પણ તેને માંહે લઇ જવાનો લાગ ભીડને લીધે ન
ફાવ્યાથી તેઓએ ધાબા પર ચઢીને છાપરામાં થઈને તેને ખાટલા સુદ્ધાં
ઇસુની આગળ વચ્ચે ઉતાર્યો. 20 ને તેણે તેઓનો વિશ્વાસ જોઇને તેને
કહ્યું કે, માણસ, તારાં પાપ તને માફ થયાં છે. 21 અને શાસ્ત્રીઓ તથા
ફરોશીઓ માહોમાંહે વિચાર કરીને કહેવા લાગ્યા કે, આ દુર્ભાષણ કર-
નાર કોણ છે? એકલા દેવ શિવાય બીજો કોણ પાપની માફી આપી શકે
છે? 22 પણ ઇસુએ તેઓના વિચાર જાણીને તેઓને ઉત્તર આપતા કહ્યું
કે, તમે પોતાના મનમાં શા વિચાર કરો છો? 23 આ બેમાનું વધારે સહેલું
કયું છે, તારાં પાપ તને માફ થયાં છે, એમ કહેવું, અથવા ઉઠીને ચાલ,
એમ કહેવું? 24 પણ પૃથ્વી પર માણસના દીકરાને પાપ માફ કરવાનો
અધિકાર છે, એ તમે જાણો માટે, (તેણે પક્ષઘાતીને કહ્યું કે) હું તને કહું
છું કે ઉઠ, તારો ખાટલો ઉંચકીને તારે ઘેર ચાલ્યો જા. 25 અને તરત તે
તેઓની આગળ ઉઠીને જે પર તે સૂતો હતો તે ઉંચકીને દેવની સ્તુતિ
કરતો પોતાને ઘેર ગયો. 26 અને સઘળા વિસ્મિત થયા, ને તેઓએ દેવ-
ની સ્તુતિ કીધી; ને તેઓએ ભયભીત થઈને કહ્યું કે, આજ અપને અજા-
યબ જેવી વાતો જોઈ છે. 27 ત્યાર પછી તે નીકળ્યો ને લેવી નામે એક
દાણી દાણની ચોકી પર બેઠેલો હતો તેને જોઇને તેણે કહ્યું કે, મારી પા-
છળ ચાલ. 28 અને તે સઘળું મુકીને ઉઠ્યો, ને તેની પાછળ ગયો.
29 અને લેવીએ પોતાને ઘેર તને સારૂ મોટી મિજબાની કીધી, ને દા-
ણીઓ તથા બીજાઓનો મોટો જથો તેઓની સાથે જમવા બેઠો હતો.
30 અને ફરોશીઓએ તથા તેઓના શાસ્ત્રીઓએ તેના શિષ્યોની સામે
કચકચ કરીને કહ્યું કે, તમે દાણીઓ તથા પાપીઓની સાથે કેમ ખાઓ
પીઓ છો? 31 ને ઈસુએ તેઓને ઉત્તર આપતાં કહ્યું કે, જેઓ સાજા છે
તેઓને વૈદની અગત્ય નથી, પણ જેઓ માંદા છે તેઓને છે; 32 ન્યાયી-
ઓને નહિ, પણ પાપીઓને પસ્તાવાને સારૂ બોલાવવા હું આવ્યો છું.
33 અને તેઓએ તેને કહ્યું કે, યોહાનના શિષ્યો અને તેમજ ફરોશીઓના
શિષ્યો પણ વારંવાર ઉપવાસ તથા પ્રાર્થના કરે છે, પણ તારા શિષ્યો
ખાય પીએ છે. 34 અને ઈસુએ તેઓને કહ્યું કે, વાર જાનૈયાઓની સાથે
છે ત્યાં સુધી તેઓની પાસે તમે ઉપવાસ કરાવી શકો છો શું? 35 પણ
એવા દહાડા આવશે; અને વાર તેઓની પાસેથી લઇ લેવાશે, ત્યારે તે
દહાડાઓમાં તેઓ ઉપવાસ કરશે. 36 અને તેણે તેઓને એક દ્રષ્ટાંત
પણ કહ્યું કે, નવા લુગડામાંથી કટકો ફાડીને કોઈ માણસ જુના લુગડાને
થિગડું દેતું નથી; જો દે તો તે નવું ફાડશે, ને વળી નવામાંથી લીધેલું થિ-
ગડું જુનાને મળતું નહિ આવશે. 37 અને નવો દ્રાક્ષરસ જુની મસકોમાં
કોઈ ભરતું નથી, જો ભરે તો નવો દ્રાક્ષરસ મસકોને ફાડી નાખશે, અને
પોતે ઢળી જશે ને મસકોને નાશ થશે. 38 પણ નવો દ્રાક્ષરસ નવો મસ-
કોમાં ભરવો જોઈએ. 39 અને જુનો દ્રાક્ષરસ પીધા પછી કોઈ નવાને
ચહાતો નથી, કેમકે તે કહે છે કે. જુનો સારો છે.

6 અને એમ થયું કે વિશ્રામવારે તે ખેતરોમાં થઈને જતો હતો, ને તે-
ના શિષ્યો કણસલાં તોડતા, ને હાથે મસળીને ખાતા હતા. 2 પણ
ફરોશીઓમાંના કેટલાએક કહ્યું કે, વિશ્રામવારે જે કરવું ઉચિત નથી તે
તમે કેમ કરો છો? 3 ને ઈસુએ તેઓને ઉત્તર આપતા કહ્યું કે, દાઉદ તથા
તેના સાથીઓ ભૂખ્યા હતા, ત્યારે તેણે જે કીધું તે પણ તમે શું વાંચ્યું
નથી, 4 કે તે દેવના ઘરમાં ગયો, ને અર્પેલી રોટલી જે યાજક શિવાય
બીજા કોઈને ખાવી ઉચિત નથી તે તેણે લઈને ખાધી, ને પોતાના સા-
થીઓને પણ આપી? 5 ને તેણે તેઓને કહ્યું કે, માણસનો દીકરો વિશ્રા-
મવારનો પ્રભુ છે. 6 અને એમ થયું કે એક બીજે વિશ્રામવારે તેણે સભા-
સ્થાનમાં જઈને બોધ કીધો, ને ત્યાં એક માણસ હતો જેનો જમણો હાથ
સુકાઈ ગયેલો હતો. 7 અને વિશ્રામવારે તે સાજો કરશે કે નહિ, તે વિષે
શાસ્ત્રીઓ તથા ફરોશીઓ તેને જોયાં કરતા હતા એ માટે કે તેના પર
દોષ મૂકવાને તેઓને લાગ મળે. 8 પણ તેણે તેઓના વિચાર જાણીને જે
માણસનો હાથ સુકાઈ ગયલો હતો તેને કહ્યું કે, ઉઠ ને વચમાં ઉભો રહે.
અને તે ઉઠીને વચમાં ઉભો રહ્યો. 9 ત્યારે ઈસુએ તેઓને કહ્યું કે, હું તમ-
ને પુછું છું, વિશ્રામવારે સારૂં કરવું કે માઠું કરવું, જીવને બચાવવો કે તેનો
નાશ કરવો, કયું ઉચિત છે? 10 ને તે સઘળા પર ચોતરફ નજર ફેરવીને
તેણે તે માણસને કહ્યું કે, તારો હાથ લાંબો કર. અને તેણે તેં કીધું, એટ-
લે તેનો હાથ સાજો થયો. 11 પણ તેઓ ગાંડા જેવા બની ગયા, ને એક
બીજાને કહેવા લાગ્યા કે, ઇસુ વિષે આપણે શું કરીએ? 12 અને તે દહા-
ડાઓમાં એમ થયું કે તે નીકળીને પ્રાર્થના કરવા પહાડ પર ગયો; ને તે-
ણે દેવની પ્રાર્થનામાં આખી રાત કાઢી. 13 અને દહાડો ઉગ્યો ત્યારે તેણે
પોતાના શિષ્યોને બોલાવીને તેઓમાંના બારને પસંદ કીધા, જેઓને તે-
ણે પ્રેરીતો પણ કહ્યા; 14 એટલે, સીમોન જેનું નામ તેણે પીતર પણ પા-
ડ્યું તેને, તથા તેના ભાઈ આંદ્રયાને, અને યાકુબને તથા યોહાનને, અને
ફિલિપને તથા બારથલમીને, 15 અને માત્થીને તથા થોમાને, અને
અલ્ફીના [દીકરા] યાકુબને, તથા સીમોન જેણે જેલોટીસ કહેતા હતા તે-
ને, 16 અને યાકુબના [ભાઈ] યહુદાને, અને યહુદા ઇસકારીઓત જે વિ-
શ્વાસઘાતી હતો તેને. 17 અને તે તેઓની સાથે ઉતરીને મેદાનમાં ઉભો
રહ્યો, ને તેના શિષ્યોનો મોટો જથો તથા આખા યહુદાહમાંના તથા યરૂ-
શાલેમમાંના, ને સૂર તથા સીદોનના કાંઠાના લોકોનો મોટો સમુદાય
[હતો], કે જેઓ તેની વાત સાંભળવા તથા પોતાના રોગથી સાજા થવા
સારૂ આવ્યા હતા; 18 ને અશુદ્ધ આત્માઓથી જેઓ પીડાતા હતા તેઓ
સાજા કરાયા. 19 અને સઘળા લોકે તેને અદાકવાને કોશિશ કીધી; કેમકે
તેનામાંથી પરાક્રમ નીકળીને સઘળાંને સાજાં કરતું હતું. 20 અને તેણે
પોતાનો શિષ્યો તરફ પોતાની આંખો ઉંચી કરીને કહ્યું કે, ઓ દરિદ્રીઓ,
તમને ધન્ય છે, કેમકે દેવનું રાજ્ય તમારૂં છે. 21 ઓ હમણાંના ભૂ-

ખ્યાઓ, તમને ધન્ય છે, કેમકે તમે તૃપ્ત થશો. ઓ હમણાંનો રડના-
રાઓ, તમને ધન્ય છે, કેમકે તમે હસશો. 22 જયારે માણસના દીકરાને
લીધે માણસો તમારો દ્વેષ કરશે, ને તમને જુદા કાઢશે, ને તમને મહેણાં
મારશે, ને તમારૂં નામ ભુંડું માનીને તમને કાઢી નાખશે, ત્યારે તમને
ધન્ય છે. 23 તે દહાડે તમે આનંદ કરો, ને [ખુશાલીમાં] કુદો; કેમકે જુઓ,
આકાશમાં તમારૂં ફળ ઘણું છે; કેમકે તેજ પ્રમાણે તેઓના બાપદાદા-
ઓએ ભવિષ્યવાદીઓને કીધું. 24 પણ તમ શ્રીમંતોને અફસોસ છે! કેમ-
કે તમે તમારો દિલાસો પામ્યા છો. 25 ઓ હમણાંના ધરાએલાઓ, તમને
અફસોસ છે! કેમકે તમે ભૂખ્યા થશો. ઓ હમણાંના હસનારાઓ, તમને
અફસોસ છે! કેમકે તમે શોક કરશો ને રડશો. 26 જયારે સઘળાં માણસો
તમારૂં સારૂં કહેશે ત્યારે તમને અફસોસ છે!કેમકે તેઓના બાપદાદા-
ઓએ જુઠા ભવિષ્યવાદીઓને તેમજ કીધું. 27 પણ હું તમ સાંભળનારા-
ઓને કહું છું કે, તમારા વેરીઓ પર પ્રેમ કરો, જેઓ તમારો દ્વેષ કરે છે તે-
ઓનું ભલું કરો, 28 જેઓ તમને શાપ દે છે તેઓને આશીર્વાદ દો, જેઓ
તમારૂં અપમાન કરે છે તેઓને સારૂ પ્રાર્થના કરો. 29 જે કોઈ તને એક
ગાલ પર મારે, તેની આગળ બીજો પણ ધર; વળી જે તારો અંગરખો લઇ
લે, તેનાથી તારું બદન પણ પાછું રાખીશ નહિ. 30 જે કોઈ તારી પાસે
માગે, તેને આપ; ને જે કોઈ તારો માલ લઈ જાય તેની પાસેથી તું પાછો
માગીશ નહિ. 31 આને જેમ તમે ચાહો કે માણસો તમને કરે તેમજ તમે
પણ તેઓને કરો. 32 અને તમારા પર જેઓ પ્રીતિ રાખે છે તેઓ પર જો
તમે પ્રીતિ રાખો, તો તમારી મહેરબાની શાની? કેમકે પાપીઓ પણ તેમ-
ના પર પ્રીતિ રાખનારાઓ પર પ્રીતિ રાખે છે. 33 અને જે તમારૂં સારૂં કરે
છે તેઓનું સારૂં જો તમે કરો, તો તમારી મહેરબાની શાની? કેમકે પા-
પીઓ પણ એમજ કરે છે. 34 ને જેની પાસેથી તમે પાછું લેવાની આશા
રાખો છો, તેઓને જો તમે ઉછીનું આપો, તો તમારી મહેરબાની શાની?
કેમકે તેટલું પાછું લેવાં સારૂં પાપીઓ પણ પાપીઓને ઉછીનું આપે છે.
35 પણ તમે તમારા વેરીઓ પર પ્રીતિ રાખો, ને તેઓનું સારૂ કરો, ને કદી
નિરાશ ન થતાં ઉછીનું આપો; ને તમને પણ ઘણું ફળ થશે, ને તમે
પરાત્પરના દીકરા થશો; કેમકે અનુપકરીઓ પર તથા ભુંડાઓ પર તે
માયાળુ છે. 36 માટે જેમ તમારો બાપ દયાળુ છે, તેં તમે દયાળુ થાઓ.
37 અને કોઈનો ઈન્સાફ ન કરો, ને તમારો ઈનસાફ નહિ કરાશે. કોઈને
દોષિત ન ઠરાવો, ને તમે દોષિત નહિ ઠરાવાશો. છોડો ને તમે છોડાશો;
38 આપો ને તમને અપાશે; સારૂં માપ દાબેલું ને હલાવેલું તથા ઉભરાતું
તમારા ખોળામાં તેઓ [ઠાલવી] દેશે. કેમકે જે માપથી તમે માપી આપો
છો, તેથી તમને પાછું માપી અપાશે. 39 અને તેણે તેઓને એક દ્રષ્ટાંત
પણ કહ્યું કે, શું આંધળા આંધળાને દોરી શકે? શું બેહુ ખાડામાં પડશે
નહિ? 40 શિષ્ય પોતાના ગુરુ કરતા મોટા નથી, પણ પ્રત્યેક જન સંપૂર્ણ
થયા પછી પોતાના ગુરુ સરખો થશે. 41 અને તું તારી પોતાની આંખ-
માંનો ભારોટીઓ ધ્યાનમાં લીધા વિના તારા ભાઈની આંખમાંનું તણ-
ખલું કેમ જુએ છે? 42 અથવા તારી પોતાની આંખમાંનો ભારોટીઓ ન
જોતાં તું તારા ભાઈને કેમ કહી શકે કે, ભાઈ, તારી આંખમાંથી મને તણ-
ખલું કાઢવા દે? ઓ ઢોંગી, તું પહેલાં પોતાની આંખમાંથી ભારોટીઓ
કાઢ, ને ત્યાર પછી તારા ભાઈની આંખમાંથી તણખલું કાઢવાને તને
સારી પેઠે સૂઝશે. 43 કેમકે કોઈ સારા ઝાડને નઠારું ફળ આવતું નથી; ને
વળી કોઈ નઠારા ઝાડને સારૂં ફળ આવતું નથી. 44 કેમકે હરેક ઝાડ પો-
તાનાં ફળથીજ ઓળખાય છે; કેમકે કાંટાના ઝાડ પરથી લોક અંજીર વી-
ણતા નથી, ને ઉંટકટારી પરથી દ્રાક્ષ વીણતા નથી. 45 સારૂં માણસ પો-
તાના મનનાસારા ભંડારમાંથી સારૂ કાઢે છે; ને ભુંડું માણસ પોતાના
મનના ભુંડા ભંડારમાંથીભુંડું કાઢે છે; કારણ કે મનના ભરપુરપણામાંથી
તેનું મ્હોડું બોલે છે. 46 અને તમે મને પ્રભુ, પ્રભુ, કેમ કહો છો, ને જે હું
કહું છું તે નથી? 47 હરેક જે મારી પાસે આવે છે, ને મારી વાતો સાંભળે છે
તથા પાળે છે, તે કોના જેવા છે, એ હું તમને બતાવીશ. 48 તે એક ઘર
બાંધનાર માણસના જેવો છે, જેણે ઉંડું ખોધ્યું ને ખડક પર પાયો નાખ્યો;
ને જયારે રેલ આવી, ત્યારે તે ઘરને નદીનો સપાટો લાગ્યો, અને તે તેને
હલાવી ન શક્યો, કેમકે તે સારૂં બાંધેલું હતું. 49 પણ જે સાંભળીને પાળ-
તો નથી તે એક માણસના જેવા છે, જેણે પાયા વિના ભોંય પર ઘર
બાંધ્યું; તેને નદીનો સપાટો લાગ્યો, ને તે તરત પડી ગયું; ને તે ઘરનો
ભરે નાશ થયો.

7 લોકને પોતાની બધી વાતો કહી સંભળાવ્યા પછી તે કાપરનાહુ-
મમાં આવ્યો. 2 આને એક સુબેદારનો ચાકર જે તેને વહાલો હતો
તે માંડો થઈને મરવાની અણી પર હતો. 3 અને ઈસુ સંબંધી તેણે સાંભ-
ળ્યું ત્યારે યહુદીઓના વડીલોને તેની પાસે મોકલીને તેને વિનંતી કીધી
કે, તું આવીને મારા ચાકરને બચાવ. 4 અને તેઓએ ઈસુની પાસે આવી-
ને તેને આગ્રહથી વિનંતી કરતા કહ્યું કે, તેને સારૂ તું આવું કરે તેને તે
યોગ્ય છે; 5 કેમકે કે તે આપણા લોક પર પ્રેમ રાખે છે, ને તેને પોતે
આપણે સારૂ આપણું સભાસ્થાન બંધાવ્યું છે. 6 અને ઈસુ તેઓની સાથે
ગયો. અને તે હવે ઘરથી વેળગો ન હતો એટલામાં સુબેદારે તેની પાસે
મત્રો મોકલીને કહેવડાવ્યું કે, પ્રભુ, તું તસ્દી ન લે, કેમકે તું મારા છાપરા
તળે આવે. એવો હું યોગ્ય નથી; 7 એ કારણથી મેં પણ તારી પાસે આવ-
વા પોતાને યોગ્ય ગણ્યો નહિ; પણ તું શબ્દ બોલ, એટલે મારો ચાકર
સાજો થશે. 8 કેમકે હું પણ તાબેદાર માણસ ઠરેલો છું; ને મારે પોતાને
તાબે સિપાઈઓ છે; ને હું એકને કહું છું કે, જા, ને તે જાય છે; ને બીઈજા-
ને કહું છું કે, આવ, ને તે આવે છે; ને મારા ચાકરને કહું છું કે આ કર, ને
તે કરે છે. 9 અને એ વાત સાંભળીને ઈસુ તેનાથી અચરત થયો, ને ફરીને
પોતાની પાછળ આવેલા લોકને તેણે કહ્યું કે, હું તમને કહું છું કે, એટલો
બધો વિશ્વાસ ઈસ્રાએલમાં પણ મારા જોવામાં આવ્યો નથી. 10 અને જે-
ઓને મોકલ્યા હતા તેઓ પાછા ઘેર આવ્યા ત્યારે તેઓએ માંદા ચાકર-
ને સાજો થએલો જોયો. 11 અને એમ થયું કે, થોડી મુદત પછી નાઈન
નામના શેહેરમાં તે ગયો, ને તેના શિષ્યો તથા ઘણા લોક પણ તેની
સંઘાતે ગયા. 12 હવે શેહેરની ભાગળ પાસે તે આવ્યો ત્યારે, જુઓ, એક
મુએલા માણસને બહાર લઈ જતા હતા; ને તેની માનો એકનોએક દીક-
રો હતો, ને તે વિધવા હતી; ને શહેરના ઘણા લોક તેણીની સાથે હતા.
13 અને તેને જોઈને પ્રભુને તેના પર કરુણા આવી, ને તેણે તેને કહ્યું કે,
રડ મા. 14 અને તે પાસે આવીને ઠાઠડીને અડકયો; ને ખાંધિયા ઉભા
રહ્યા. અને તેને કહ્યું કે, જુવાન, હું તને કહું છું કે, ઉઠ. 15 અને જે મુએલો
હતો તે બેઠો થયો, ને બોલવા લાગ્યો. અને તેણે તેને તેની માને
સોંપ્યો. 16 અને સઘળાને ભય લાગ્યો, ને તેઓએ દેવની સ્તુતિ કરીને
કહ્યું કે, એક મોટો ભવિષ્યવાદીઆપણામાં ઉભો થયો છે, ને દેવે પોતા-
ના લોક પર નજર કીધી છે. 17 અને તેના સંબંધીની આ વાત આખા
યહુદાહમાં તથા આસપાસના સઘળા પ્રદેશમાં ફેલાઈ ગઈ. 18 અને યો-
હાનના શિષ્યોએ એ સર્વ વાતો વિષે તેને કહ્યું. 19 અને યોહાને પોતાના
શિષ્યોમાંના બેને પોતાની પાસે બોલાવીને તેઓને પ્રભુની પાસે મોક-
લીને પુછાવ્યું કે, જે આવનાર છે તે શું તું છે, કે અમે બીજાની વાટ જો-
ઈએ? 20 ને તે માણસોએ તેની પાસે અવ્વીને કહ્યું કે, બાપ્તિસમા કરનાર
યોહાને તારી પાસે અમને એવું પુછવા મોકલ્યા છે કે, જે આવનાર છે તે
શું તું છે, કે અમે બીજાની વાટ જોઈએ? 21 ને તેજ વેળાએ [ નાના પ્રકાર-
ના] રોગથી તથા પીડાથી તથા ભુંડા આત્માઓથી તેણે ઘણાઓને
સજા કીધા, ને ઘણા આંધળાઓને તેને દેખતા કીધા. 22 અને તેણે તે-
ઓને ઉત્તર આપતાં કહ્યું કે, જે જે તમે જોયું તથા સાંભળ્યું તે જઈને યો-
હાનને કહીં સંભળાવો; એટલે આંધળા દેખાતા થાય છે, લુલા ચાલતા
થાય છે, કોઢિયા શુદ્ધ કરાય છે, અને બહેરા સાંભળતા થાય છે, મુએલા-
ને ઉઠાડવામાં આવે છે, દરિદ્રીઓને સુવાર્તા પ્રગટ કરાય છે, 23 અને જે
મારા સંબંધી ઠોકર નહિ ખાશે, તેને ધન્ય છે. 24 અને યોહાનના કસદો
ગયા પછી તે લોકને યોહાન સંબંધી કહેવા લાગ્યો કે, રાનમાં તમે શું જો-
વા ગયા હતા? શું પવનથી હાલતા બરુને? 25 પણ તમે શું જોવા ગયા
હતા? શું ઝીણાં લૂગડાં પહેરેલા માણસને? જુઓ, જે ભભકાદાર લૂગડાં
પહેરે છે તથા એશઆરામ ભોગવે છે, તેઓ રાજદરબારમાં હોય છે.
26 પણ તમે શું જોવા ગયા હતા? શું ભવિષ્યવાદીને? હું તમને કહું છું કે,
હા, ભવિષ્યવાદી કરતાં જે ઘણો વિશેષ, તેને. 27 જેના સંબંધી લખ્યું છે
કે, જુઓ, હું મારા દૂતને તારા મ્હો આગળ મોકલું છું, કે જે તારી આગળ
તારો માર્ગ સિદ્ધ કરશે, તે એજ છે. 28 હું તમને કહું છું કે, બાયડીઓથી
જેઓ જન્મ્યા છે, તેઓમાં યોહાન કરતો કોઈ મોટો નથી, તોપણ દેવના
રાજયમાં જે માત્ર નાનો છે, તે તેના કરતાં મોટો છે. 29 એ સાંભળીને સર્વ
લોક તથા દાણીઓ જેઓ જેઓ યોહાનના બાપ્તિસ્માથી બાપ્તિસ્મા પા-
મેલા હતા, તેઓએ દેવને યથાર્થ માન્યો. 30 પણ ફરોશીઓ તથા પંડિ-
તો તેનાથી બાપ્તિસ્મા પામ્યા ન હતા માટે તેઓએ પોતા સંબંધી દેવનો

ઈરાદો નકાર્યો. 31 માટે આ પેઢીના માણસોને હું શાની ઉપમા આપું? ને
તેઓ કોના જેવા છે? 32 તેઓ છોકરા જેવા છે કે જેઓ ચૌટામાં બેસીને
એક બીજાને ઢાંક મારીને કહે છે કે, અમે તમારી આગળ વાંસળી વગા-
ડી, પણ તમે નાચ્યાં નહિ; અમે વિલાપ કીધો, પણ તમે રડ્યાં નહિ.
33 કેમકે યોહાન બાપ્તિસ્મા કરનાર રોટલી ખાતો કે દ્રાક્ષરસ પીતો
આવ્યો નથી, ને તમે કહો છો કે તેને ભૂત વળગ્યું છે. 34 માણસનો દીક-
રો ખાતો પીતો આવ્યો છે, ને તમે કહો છો કે, જુઓ, ખાવરો ને દારૂબાજ
માણસ, દાણીઓનો તથા પાપીઓનો મિત્ર! 35 પણ જ્ઞાન પોતાનાં
સઘળાં છોકરાંથી યથાર્થ ઠરે છે. 36 અને ફરોશીઓમાંના એકે પોતાની
સાથે જમવા સારૂ તેને વિનંતી કીધી. અને ફરોશીના ઘરમાં જઈને તે
જમવા બેઠો. 37 અને, જુઓ, એ શહેરમાં એક પાપી બાયડી હતી; તે-
ણીએ જયારે જાણ્યું કે ફરોશીને ઘેર તે જમવા બેઠો છે, ત્યારે અત્તરની
સંગેમરમરની ડબ્બી લાવીને, 38 તેના પગ પાસે રડતી રડતી પછવાડે
ઉભી રહી, ને પોતાનાં આસુંએ તેના પગ પલાળવા તથા પોતાના મા-
થાના ચોટલાએ લુછવા લાગી, ને તેના પગને ચુમ્યા, ને અત્તર ચોળ્યું.
39 હવે તે જોઈને જે ફરોશીએ તેને નહોતર્યો હતો તે મનમાં એમ કહેવા
લાગ્યો કે, જો આ માણસ ભવિષ્યવાદી હોત, તો આ બાયડી કે તને
અડકે છે, તે કોણ ને કેવી છે, તે જાણત, એટલે કે એ પાપી છે. 40 અને
ઈસુએ તેને ઉત્તર આપતા કહ્યું કે, સીમોન, મારે તને કંઈ કહેવું છે.અને
તેણે કહ્યું કે, ઉપદેશક, કહે. 41 એક લેણદારને બે દેવાદાર હતા; એકને
પાંચસે દીનારનું દેવું, ને બીજાને પચાસનું હતું. 42 જયારે તેઓની પાસે
કંઈ વાળી આપવાનું ન હતું, ત્યારે તેણે બેહુને માફ કીધું. તો તેઓમાંનો
કોણ તેના પર વિશેષ પ્રેમ રાખશે? 43 સીમોને ઉત્તર આપતા કહ્યું કે,
મને લાગે છે કે જેને તેણે વિશેષ માફ કીધું તે. અને તેણે કહ્યું, તેં વાજ-
બી નિર્ણય કર્યો. 44 અને તેણે પેલી બાયડી તરફ મ્હો ફેરવીને સીમોનને
કહ્યું કે, આ બાયડી તું જુએ છે? હું તારે ઘેર આવ્યો ત્યારે મારા પગને
સારૂ તેં મને કંઈ પાણી આપ્યું નહિ; પણ એણીએ મારા પગ આંસુએ
પલાળીને તેમને પોતાના માથાના ચોટલાએ લૂછ્યા છે. 45 તેં મને
ચુંબન કીધું નહિ; પણ હું માંહે આવ્યું તે વેળાથી એ મારા પગ ચુમ્યાજ
કરે છે. 46 તે મારે માથે તેલ ચોળ્યું નહિ; પણ એણીએ મારા પગે અત્તર
ચોળ્યું છે. 47 એ માટે હું તને કહું છું કે, એનાં પાપ જે ઘણાં છે તેઓની
માફી થઈ છે; કેમકે એણીએ ઘણો પ્રેમ રાખ્યો; પણ જેને થોડું માફ થયું
છે તે થોડો પ્રેમ રાખે છે. 48 અને તેને એણીને કહ્યું કે, તારાં પાપ માફ
થયાં છે. 49 અને તેની સાથે જેઓ ખાવા બેઠા હતા, તેઓ પોતાના મન-
માં કહેવા લાગ્યા કે, એ કોણ છે જે પાપને પણ માફ કરે છે? 50 ને તેણે
તે બાયડીને કહ્યું કે, તારા વિશ્વાસે તને બચાવી છે; શાંતિએ જા.

8 અને થોડી મુદત પછી એમ થયું કે તે શહેરે શહેર તથા ગામોગામ
ઉપદેશ કરતો તથા દેવના રાજ્યની સુવાર્તા કહેતો ફર્યો, ને તેની
સાથે બાર શિષ્યો હતા, 2 ને કેટલીક બાયડીઓ જે ભુંડા આત્માઓથી
તથા મંદવાડોથી સાજી કરવામાં આવી હતી, એટલે માગ્દાલેણ કહેવા-
એલી મરિયમ જેનામાંથી સાત ભૂત નીકળ્યાં હતાં તે, 3 તથા હેરોદના
કારભારી ખુઝાની વહુ યોહાન્ના તથા સુસાન્ના તથા બીજી ઘણી બાય-
ડીઓ જેઓ પોતાની પુંજીમાંથી તેની સેવા કરતી હતી તેઓ પણ [તેની
સાથે] હતી. 4 અને જયારે અતિ ઘણા લોક એકઠા થયા, ને શહેરે શહેર-
ના લોક તેની પાસે આવ્યા, ત્યારે તેણે દ્રષ્ટાંત કહ્યું કે, 5 વાવનાર પો-
તાનાં બી વાવવાને ગયો, ને તે વાવતો હતો ત્યારે કેટલાએક માર્ગની
કોરે પડ્યા; ને તે પગતળે ખુંદાઈ ગયાં, ને આકાશનાં પક્ષીઓ તે ખાઈ
ગયાં. 6 અને બીજાં પત્થર પર પડયાં, ને તેને ભીનાસ મળી નહિ માટે
ઉગ્યાં તેવાંજ તે ચિમળાઈ ગયાં. 7 અને બીજાં કાંટાઓમાં પડ્યાં, ને
કાંટાઓએ તેની સાથે ઉગીને તેને દાબી નાખ્યાં. 8 અને બીજાં સારી
ભોંયમાં પડ્યાં, ને ઉગ્યાં, ને તેને સોગણું ફળ આવ્યું. એ વાતો કહેતા
તેણે ઘાંટો પાડીને કહ્યું કે, જેણે સાંભળવાને કાન છે તેણે સાંભળવું.
9 અને તેના શિષ્યોએ તેને પુછ્યું કે, એ દ્રષ્ટાંત [નો અર્થ] શો હશે? 10 ને
તેણે કહ્યું કે, દેવના રાજ્યના મર્મ જાણવાનું તમને આપેલું છે, પણ બી-
જાઓને દ્રષ્ટાંતોમાં, કે જોતા તેઓ જુએ નહિ, ને સાંભળતા તેઓ સમજે
નહિ. 11 હવે દ્રષ્ટાંત[નો અર્થ] આ છે; બી તો દેવની વાત છે. 12 અને
માર્ગની કોર પરનાં તો સાંભળનારા છે; પછી શેતાન આવીને તેઓનાં
મનમાંથી વાત લઈ જાય છે, રાખે તેઓ વિશ્વાસ કરીને તારણ પામે.
13 અને પત્થર પરનાં તો એ છે કે, જેઓ સાંભળીને વાત હરખથી માની
લે છે; અને તેઓને જડ નથી,માટે તેઓ થીડી વાર સુધી વિશ્વાસ કરે છે,
ને પરીક્ષણની વેળાએ પાછા હઠે છે. 14 અને જે કાંટાઓમાં પડ્યાં તે એ
છે કે, જેઓએ વાત સાંભળી છે, ને પોતાને માર્ગ ચાલતા ચાલતા સંસા-
રની ચિંતા તથા દ્રવ્ય તથા વિલાસથી દબાય જાય છે, ને તેઓને પાકું
ફળ આવતું નથી. 15 અને સારી ભોંયમાં પડેલી એ છે કે, જેઓ સાંભળી-
ને ચોખ્ખા તથા રૂડા દિલથી વાત પકડી રાખે છે, ને ધીરજથી ફળ આપે
છે. 16 વળી કોઈ માણસ દીવો સળગાવીને તેને વાસણથી ઢાંકતો નથી,
અથવા ખાટલા હેઠળ મુકતો નથી; પણ દીવી પર મુકે છે કે માંહે આવ-
નારાઓ અજવાળું જુએ. 17 કેમકે પ્રગટ નહિ કરાશે, એવું કંઈ છાનું નથી;
ને જણાશે નહિ, તથા ઉઘાડું નહિ થશે, એવું કંઈ ગુપ્ત નથી. 18 માટે તમે
કેવી સાંભળો છો તે વિષે સાવધાન રહો; કેમકે જેની પાસે છે તેને અપા-
શે; ને જેની પાસે નથી તેની પાસેથી તેના ધારવા પ્રમાણે તેનું જે છે તે
પણ લઈ લેવાશે. 19 અને તેની મા તથા ભાઈઓ તેની પાસે આવ્યાં,
પણ લોકની ભીડને લીધે તેઓ તેની નજદીક જઈ શક્યાં નહિ. 20 અને
તેને [કોઈએ] ખબર આપી કે, તારી મા તથા તારા ભાઈઓ બહાર ઉભાં
રહ્યા છે, ને તને મળવા ચાહે છે. 21 પણ તેણે ઉત્તર આપતાં તેઓને
કહ્યું કે, આ જેઓ દેવની વાત સાંભળે છે તથા પાળે છે તેઓ મારી મા
તથા ભાઈઓ છે. 22 અને એ અરસામાં એક દહાડો એમ થયું કે તે પોતા-
ના શિષ્યોની સાથે હોડી પર ચઢયો; ત્યારે તેણે તેઓને કહ્યું કે, આપણે
સરોવરને પેલે પાર જઈએ; ને તેઓ નીકળ્યા. 23 અને તેઓ હંકારતા
હતા એટલામાં તે ઉંઘી ગયો; ને સરોવર પર પવનનું તોફાન આવી
પડ્યું; ને [પાણીથી હોડી] ભરાઈ જવા લાગી, ને તેઓ જોખમમાં હતા.
24 અને તેઓએ તેની પાસે આવીને તેને જગાડીને કહ્યું કે, સાહેબ, સા-
હેબ, સાહેબ, અમે નાશ પામીએ છીએ. ત્યારે તેણે ઉઠીને પવનને તથા
પાણીના મોજાને ધમકાવ્યાં, ને તેઓ બંધ પડ્યાં, ને શાંતિ થઈ. 25 અને
તેણે તેઓને કહ્યું કે, તમારો વિશ્વાસ ક્યાં છે? ને તેઓ બંન્ને અચરત
થયા, ને માંહોમાંહે કહ્યું કે, આ તે કોણ છે કે પવનને તથા પાણીને પણ
આજ્ઞા કરે છે ને તેઓ એનું માને છે? 26 અને ગાલીલની સામેના ગેરાસી-
નીઓના દેશમાં તેઓ પહોંચ્યા. 27 અને તે કાંઠે ઉતર્યો, ત્યારે શહેરમાંથી
એક માણસ તેને મળ્યો જેણે ભૂતો વળગેલાં હતાં; ને ઘણી મુદતથી તે
લુગડાં પહેરતો ન હતો, ને ઘરમાં નહિ, પણ કબરોમાં રહેતો હતો.
28 અને તેણે ઈસુને દીઠો ત્યારે તે બૂમ પાડીને તેની આગળ પડ્યો ને
મોટે ઘાટે કહ્યું કે, ઓ ઈસુ, પરાત્પર દેવના દીકરા, મારે ને તારે શું છે? હું
તને વિનંતી કરું છું કે મને પીડા ન દે. 29 કારણ કે તેણે અશુદ્ધ આત્મા-
ને તે માણસમાંથી નીકળવાનો હુકમ કીધો હતો. કેમકે તે વારે વારે તેને
વળગ્યો હતો; ને સાંકળોથી તથા બેડીઓથી તેને બાંધીને કબજે રાખતા
હતા; પણ બંધનો તોડી નાખીને તે ભૂતથી રાનમાં હંકાઈ જતો હતો.
30 અને ઈસુએ તેને પુછ્યું કે, તારું નામ શું છે? ને તેણે કહ્યું કે, સેના, કે-
મકે ઘણા ભૂતો તેમાં પેઠા હતાં. 31 અને તેઓએ તેને વિનંતી કીધી કે,
અમને નીકળીને ઊંડાણમાં જવાનો હુકમ ન કર. 32 હવે ત્યાં ઘણાં
ભુંડોનું ટોળું પહાડ પર ચરતું હતું; ને તેઓએ તેને વિનંતી કીધી કે,
અમને તેઓમાં પેસવાની રજા આપ. અને તેણે તેઓને રજા આપી.
33 અને ભૂતો તે માણસમાંથી નીકળીને ભુંડોમાં પેઠાં; ને તે ટોળું કરાડા
પરથી સરોવરમાં ઘસી પડ્યું, ને ડુબી મુઉં. 34 અને જે થયું તે જોઈને
ચરાવનારા નાઠા, ને શહેરમાં તથા ગામડાંમાં તે જાહેર કર્યું. 35 અને જે
થયું તે જોવા સારૂ લોક નીકળ્યા, ને ઈસુની પાસે આવ્યા; અને જે માણ-
સમાંથી ભૂતો નીકળ્યાં હતાં તેને તેઓએ [લૂગડાં] પહેરેલો તથા શુદ્ધિમાં
આવેલો ઈસુના પગ આગળ બેઠેલો દીઠો; ને તેઓ બીધા. 36 અને ભૂત
વળગેલો માણસ શી રીતે સાજો થયો, તે જેઓએ જોયું હતું તેઓએ તેમ-
ને કહ્યું. 37 અને ગેરાસીનીઓના આસપાસના દેશમાં સર્વ લોકે તેને વિ-
નંતી કીધી કે, અમારી પાસેથી ચાલ્યો જા; કેમકે તેઓને ઘણી દહેશત
લ્રાગી હતી. અને તે હોડી પર ચઢીને પાછો ગયો. 38 પણ જ માણસ-
માંથી ભૂતો નીકળ્યાં હતાં તેણે તેની સાથે રહેવા સારૂ વિનંતી કરી; પણ
તેણે તેને વિદાય કરતા કહ્યું કે, 39 તારે ઘેર પાછો જા, ને દેવે તારે સારૂ
કેવાં મોટાં કામ કીધાં છે તે કહી જણાવ. અને તેણે જઈને ઈસુએ કેવાં
મોટાં કામ તેને સારૂ કીધાં હતાં, તે આખા શહેરમાં પ્રગટ કીધું. 40 અને
ઈસુ પાછો આવ્યો, ત્યારે લોકોએ તેનો આવકાર કીધો; કેમકે બધા તેની

વાટ જોતા હતા. 41 અને જુઓ, યાઅરસ નામે એક માણસ આવ્યો, ને
તે સભાસ્થાનનો અધિકારી હતો; ને તેણે ઇસુને પગે પડીને તેને વિનંતી
કીધી કે, મારે ઘેર આવ; 42 કેમકે તેને આસરે બાર વરસની એકનીએક
દીકરી હતી, ને તે મરવા પડી હતી. પણ તે જતો હતો તે દરમ્યાન ઘણા
લોકે તેના પર પડાપડી કીધી. 43 અને એક બાયડીને બાર વરસથી લો-
હીવા હતો, ને તેનીઓ પોતાની બધી પુંજી વૈદો પાછળ ખરચી નાખી
હતી, પણ કોઈથી તે સાજી થઇ શકી નહિ. 44 તે તેની પછવાડે આવીને
તના લૂગડાંની કોરને અડકી, ને તરત તેનો લોહીવા બંધ થયો. 45 અને
ઈસુએ કહ્યું કે, મને કોણ અડક્યું? ને બધાએ ના કહી, ત્યારે પીતર તથા
જે તેની સાથે હતા તેઓએ કહ્યું કે, સાહેબ, ઘણા લોક તારા ઉપર પડા-
પડી કરે છે, ને [તને] ચગદી નાખે છે. 46 પણ ઇસુએ કહ્યું કે, કોઈ મને
અડક્યું ખરું; કેમકે મારામાંથી પરાક્રમ નીકળ્યું એવી મને ખબર પડી.
47 અને જયારે તે બાયડીએ જાણ્યું કે હું ગુપ્ત રહી નથી, ત્યારે તે ધ્રુજતી
ધ્રુજતી આવી, ને તેને પગે પડીને શા કારણથી તે તેને અડકી હતી, ને
શી રીતે તરત સાજી થઇ હતી, તે તેણીએ બધા લોકની આગળ તેને
કહી સંભળાવ્યું. 48 અને તેણે તેને કહ્યું કે, દીકરી, તારા વિશ્વાસે તને
સાજી કરી છે; શાંતિએ જા. 49 તે હજી બોલતો હતો એટલામાં સભાસ્થા-
નના અધિકારીને ત્યાંથી એક જાણે આવીને તેને કહ્યું કે, તારી દીકરી
મરી ગઈ છે, ઉપદેશકને તસ્દી ન દે. 50 પણ તે સાંભળીને ઇસુએ તેને
ઉત્તર આપ્યો કે, બી મા, માત્ર વિશ્વાસ કર, ને તે સાજી થશે. 51 અને તે
ઘરમાં આવ્યો, ત્યારે પીતર તથા યાકુબ તથા યોહાન તથા છોકરીનાં
માબાપ શિવાય તેણે કોઈને પોતાની સાથે માંહે આવવા દીધું નહિ.
52 અને બધાં તેણીને સારૂ રડતાં તથા વિલાપ કરતાં હતાં; પણ તેણે
કહ્યું કે, રડો મા; કેમકે તે મારી ગઈ નથી, પણ ઉંઘે છે. 53 અને તે મારી
ગઈ છે એમ જાણીને તેઓએ તેને હસી કાઢ્યો. 54 પણ તેણે તેનો હાથ
પકડીને મોટે ઘાટે કહ્યું કે, છોકરી, ઉઠ. 55 અને તેનો આત્મા પાછો
આવ્યો, ને તે તરત ઉઠી; ને તેણે તેને ખાવાનું આપવાનો હુકમ કીધો.
56 અને તેનાં માબાપ અચરત થયાં; પણ તેણે તેઓને તાકીદ કરી કે, જે
થયું તે કોઈને કહેતા ના.

9 અને તેણે [પોતાના] બાર [શિષ્યો]ને બોલાવીને તેઓને સઘળાં
ભૂતો પર, તથા રોગો ટાળવાને પરાક્રમ તથા અધિકાર આપ્યાં;
2 ને દેવનું રાજ્ય પ્રગટ કરવા તથા માંદાઓને સાજાં કરવા તેણે તેઓને
મોકલ્યા. 3 અને તેણે તેઓને કહ્યું કે, તમારી મુસાફરીને સારૂ કંઈ લેતા
ના, લાકડી નહિ, કે જોણણું નહિ, કે રોટલી નહિ, કે નાણું નહિ; વળી
બબે અંગરખા રાખશો નહિ. 4 અને જો કોઈ ઘરમાં તમે જાઓ, તેમાંજ
રહો, ને ત્યાંથીજ નીકળો. 5 અને તે શહેરમાંથી તમે નીકળો ત્યારે જેટ-
લાએ તમારો અંગીકાર કીધો ન હોય તેટલાની વિરુદ્ધ સાક્ષી તરીકે
તમારા પગની ધૂળ ખંખેરી નાખજો. 6 અને તેઓ [ત્યાંથી] નીકળ્યા, ને
ગામોગામ સુવાર્તા પ્રગટ કરતા તથા સર્વ ઠેકાણે રોગ મટાડતા ગયા.
7 હવે જે થયું તે સઘળું સાંભળીને હેરોદ રાજા બહુ ગુંચવણમાં પડ્યો, કે-
મકે કેટલાએક એમ કહેતા હતા કે, યોહાન મુએલામાંથી ઉઠ્યો છે.
8 અને કેટલાએક કહેતા હતા કે, એલિયાહ પ્રગટ થયો છે; ને બીજાઓ
કહેતા હતા હે, પુરાતન ભવિષ્યવાદીઓમાંનો એક પાછો ઉઠ્યો છે.
9 અને હેરોદ કહ્યું કે, યોહાનનું માથું મેં કાપી નંખાવ્યું; પણ આ કે જેના
સંબંધી હું આવી વાતો સાંભળું છું તે કોણ છે? ને તેણે તેને જોવા ચાહ્યું.
10 અને પ્રેરીતોએ પાછા આવીને જે જે કીધું હતું તે તે તેની કહી બતા-
વ્યું.અને તે તેઓને તેડીને બેથસાઇદા નામના શહેરમાં એકાંતમાં ગયો.
11 પણ ઘણા લોકો એ જાણીને તેની પછવાડે ગયા; ને તેણે તેઓને
આવકાર કરીને તેઓને દેવના રાજ્ય સંબંધી વાત કીધી, ને જેઓને સા-
જા થવાની ગરજ હતી તેઓને સાજા કીધા. 12 અને દહાડો નમવા લા-
ગ્યો, ત્યારે [બાર શિષ્યોએ] આવીને તેને કહ્યું કે, લોકોને વિદાય કર કે
તેઓ આસપાસનાં ગામોમાં તથા પરાંમાં જઈને ઉતરે, ને ખાવાનું મેળ-
વે; કેમકે આપણે અહીં ઉજળ ઠેકાણે છીએ. 13 પણ તેણે તેઓને કહ્યું
કે, તમે તેઓને ખાવાનું આપો. અને તેઓએ કહ્યું કે, જો અમે જઈને એ
સઘળા લોકોને સારૂ ખાવાનું વેચાતું ન લાવીએ તો અમારી પાસે પાંચ
રોટલી ને બે માછલી શિવાય બીજું કંઈ નથી. 14 કેમકે તેઓ આસરે પાંચ
હજાર પુરુષ હતા. અને તેણે પોતાના શિષ્યોને કહ્યું કે, આસરે પચાસ
પચાસની પંગત પાડી તેઓને બેસાડો. 15 અને તેઓએ તેમ કીધું, ને
સર્વને બેસાડ્યા. 16 અને તેણે પાંચ રોટલી ને બે માછલી લઈને આકાશ
તરફ જોઈને તેઓને આશીર્વાદ દીધો, ને ભાંગીને લોકને પિરસવા સારૂ
શિષ્યોને આપી. 17 અને તેઓએ ખાધું, ને સર્વે તૃપ્ત થયા; ને છાંડેલા કા-
કડાની તેઓએ બાર ટોપલી ઉઠાવી. 18 અને એમ થયું કે તે એકાંતમાં
પ્રાર્થના કરો હતો, ત્યારે શિષ્યો તેની સાથે હતા; ને તેણે તેઓને પુછતાં
કહ્યું કે, હું કોણ છું, તે વિષે લોકો શું કહે છે? 19 અને તેઓએ ઉત્તર
આપતા કહ્યું કે, યોહાન બાપ્તિસ્મા કરનાર, પણ કેટલાએક [કહે છે] કે,
એલીયાહ; ને બીજા [કહે છે] કે, પુરાતન ભવિષ્યવાદીઓમાંનો એક પા-
છો ઉઠ્યો છે. 20 અને તેણે તેઓને કહ્યું કે, પણ હું કોણ છું તે વિષે તમે
શું કહો છો? ને પીતરે ઉત્તર આપતા કહ્યું કે, દેવનો ખ્રિસ્ત. 21 પણ તેણે
તેઓને તાકીદ આપી ને આજ્ઞા કીધી કે, એ વાત કોઇને કહેતા ના.
22 અને તેણે તેઓને કહ્યું કે, માણસના દીકરાને ઘણું સહેવું, ને વડીલો-
થી તથા મુખ્ય યાજકોથી તથા શાસ્ત્રીઓથી નાપસંદ થવું તથા માર્યા
જવું, ને ત્રીજે દહાડે પાછાં ઉઠવું એ જરૂરનું છે. 23 અને તેણે સઘળાને
કહ્યું કે, જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કર-
વો, ને રોજ પોતાનો વધસ્તંભ ઉચકીને મારી પાચલ ચાલવું. 24 કેમકે જે
કોઈ પોતાનો જીવ બચાવવા ચાહે છે, તે તેને ખોશે; પણ જે કોઈ મારે
લીધે પોતાનો જીવ ખોશે, તે તેને બચાવશે. 25 કેમકે જો કોઈ માણસ
આખું જગત મેળવીને પોતાનો [આત્મા] ખોય, અથવા તેની હાની પામે,
તો તેને શો લાભ છે? 26 કેમકે જે કોઈ મારે લીધે તથા મારી વાતોને લીધે
લજવાશે, તેને લીધે માણસનો દીકરો જયારે પોતે પોતાના તથા બાપ-
ના તથા પવિત્ર દૂતોના મહિમામાં આવશે ત્યારે લજવાશે. 27 પણ હું
તમને ખરું કહું છું કે, અહીં જે ઉભા છે તેઓમાંના કેટલાએક એવાં છે કે
જેઓ દેવનું રાજ્ય જોશે ત્યાં સુધી મરણ પામશે નહિ. 28 અને એ વાતો
કહ્યાને આસરે આઠ દહાડા પછી એમ થયું કે તે પીતર તથા યોહાન
તથા યાકુબને તેડીને પ્રાર્થના કરવા સારૂ પહાડ પર ગયો. 29 અને તે પ્રા-
થના કરતો હતો ત્યાતે તેના ચેહરાનું સ્વરૂપ બદલાઈ ગયું, ને તેનાં
વસ્ત્ર ઉજળાં [તથા] ચળકતાં થયાં. 30 અને, જુઓ, બે પુરુષ, એટલે મુ-
સા તથા એલીયાહ, તેની સાથે વાત કરતા હતા. 31 તેઓ મહિમાસહિત
દેખાતા હતા, ને તેનું મરણ જે યરૂશાલેમમાં થવાનું હતું તે સંબંધી બોલ-
તા હતા. 32 હવે પીતર તથા જેઓ તેનો સાથે હતા તેઓ ઉંઘે ઘેરાયલા
હતા; પણ જયારે તેઓ પુરા જાગતા થયા, ત્યારે તેઓએ તેનો મહિમા
દીઠા. 33 અને એમ થયું કે તેઓ તેની પાસેથી વિદાય થતા હતાં, ત્યારે
પીતરે ઇસુને કહ્યું કે, સાહેબ, અહીં રહેવું આપણે માટે સારૂ છે; તો અમે
ત્રણ માંડવા બનાવીએ, એક તારે સારૂ, ને એક મુસાને સારૂ, ને એક
એલીયાહને સારૂ; કેમકે પોતે શું કહ્યું તે તે સમજતો નહોતો. 34 અને તે
એમ કહેતો હતો, એટલામાં એક વાદળું આવ્યું, ને તેઓ પર તેની છાયા
પડી; ને તેઓ વાદળમાં પેઠા ત્યારે તેઓ બીધા. 35 અને વાદળામાંથી
એવી વાણી થઇ કે, આ મારો પસંદ કરેલો દીકરો છે; તેનું સાંભળો. 36 તે
વાની થઇ રહી, ત્યારે ઈસુ એકલો દેખાયો. અને તેઓ ચાના રહ્યા, ને જે
જે જોયું હતું તેમાંનું કંઈ તેઓએ તે દિવસોમાં કોઇને કહ્યું નહિ. 37 અને
એમ થયું કે બીજે દહાડે તેઓ પહાડ પરથી ઉતર્યા, ત્યારે અતિઘણા
લોક તેને મળ્યા. 38 અને, જુઓ, લોકો મધ્યેથી એક માણસ ઘાંટો પાડી-
ને કહ્યું કે, ઉપદેશક, હું તને વિનંતી કરું છું કે, મારા દીકરા પર દ્રષ્ટિ
કર; કેમકે તે મારો એકનોએક પુત્ર છે; 39 ને જો, એક [અશુદ્ધ] આત્મા
તેને વળગે છે, ને એકએક તે બૂમ પાડે છે; ને તેને એવો મરડે છે કે તેને
ફીણ આવે છે, ને તેને ઘણી ઈજા કરીને મુશ્કેલીથી તેને છોડે છે. 40 અને
તેને કાઢવાની મેં તારા શિષ્યોને વિનંતી કીધી, પણ તેઓ કાઢી શક્યા
નહિ. 41 અને ઇસુએ ઉત્તર આપતા કહ્યું કે, ઓ અવિશ્વાસી તથા આડી
પેઢી, હું ક્યાં સુધી તમારી સાથે રહીશ, ને તમારૂં સહન કરીશ? તારા દી-
કરાને અહીં લાવ. 42 અને તે આવતો હતો એટલામાં ભૂતે તેને પછાડી
નાખ્યો, ને તેને બહુ મરડ્યો. પણ ઇસુએ અશુદ્ધ આત્માને ધમકાવ્યો,
ને છોકરાને સારો કીધો, ને તેને તેના બાપને પાછો સોંપ્યો. 43 અને દેવ-
ના મહા પરાક્રમથી તેઓ બધા વિસ્મિત થયા. પણ તેણે જે જે કીધું તે
સઘળું જોઇને સર્વ વિસ્મિત થતા હતા,ત્યારે તેણે પોતાના શિષ્યોને
કહ્યું કે, 44 આ વચનો તમારા કાનમાં ઉતારવા દો; કેમકે માણસનો દીક-
રો માણસોના હાથમાં સોંપાશે. 45 પણ એ વાત તેઓ સમજ્યા નહિ, ને
તેઓથી તે ગુપ્ત રખાઈ, એ માટે કે તેઓ તે સમજે નહિ; અને આ વાત

સંબંધી તેને પુછતાં તેઓ બીધા. 46 અને તેઓમાં વાદવિવાદ શરુ થયો
કે, આપણામાં કોણ સૌથી મોટો થાય? 47 પણ ઈસુએ તેઓના મનના
વિચાર જાણીને એ બાળકને લઈને તેને પોતાની પાસે ઉભું રાખ્યું, 48 ને
તેઓને કહ્યું કે, ને જે કોઈ મારો અંગીકાર કે છે તે મારો મોકલનારનો
અંગીકાર કરે છે; કેમકે તમ સર્વમાં જે સૌથી નાનો તેજ મોટો છે. 49 અને
યોહાને ઉત્તર આપતા કહ્યું કે, સાહેબ, અમે એક માણસને તારા નામે
ભૂત કાઢતાં જોયો; ને અમે તેને મના કીધી, કારણ કે તે આપણી સાથે
ચાલતો નથી. 50 પણ ઇસુએ તેને કહ્યું કે, મના ન કરો, કેમકે જે તમારી
વિરુદ્ધ નથી તે તમારા પક્ષનો છે. 51 અને એમ થયું કે તેને ઉપર લઇ લે-
વાનો દિવસો પુરા થવા આવ્યા, ત્યારે તેણે યરૂશાલેમ જવા સારૂ પોતા-
નું મ્હો [ તે ભણી] દ્દઢ રાખ્યું. 52 અને તેણે પોતાની આગળ કાસદો મો-
કલ્યા, ને એઓ જઈને તેને સારૂ તૈયારી કરવા માટે સમરુનીઓના એક
ગામડાં પેઠા. 53 અને તેઓએ તેનો આવકાર કીધો નહિ, કારણ કે યરૂ-
શાલેમ ભણી તેનો મ્હો હતું. 54 અને તેના શિષ્યો યાકુબ તથા યોહાને
એ જોઇને કહ્યું કે, પ્રભુ, શું, તારી એવી ઈચ્છા છે કે અમે આજ્ઞા કરીએ કે
આકાશથી આગ પડીને તેઓનો નાશ કરે? 55 પણ તેણે પાછા ફરીને તે-
ઓને ધમકાવ્યા. 56 અને તેઓ બીજે ગામ ગયા. 57 અને તેઓ માર્ગે ચા-
લતા હતા, તેવામાં કોઈ એકે તેણે કહ્યું કે, પ્રભુ, જ્યાં કહીં તું જઈશ ત્યાં
હું તારી પાછળ આવીશ. 58 અને ઈસુએ તેને કહ્યું કે, લોંકડાંને દર હોય
છે, ને આકાશનાં પક્ષીઓને માળા હોય છે; પણ માણસના દીકરાને મા-
થું મુકવાનો ઠામ નથી. 59 અને તેણે બીજાને કહ્યું કે, મારી પાછળ
આવ. પણ તેણે કહ્યું કે, પ્રભુ, પ્રભુ મને રજા આપ કે પહેલાં જઈને મારા
બાપને દાટું. 60 પણ તેણે કહ્યું કે, મુએલાઓને પોતાના મુએલાઓને
દાટવા દે, પણ તું જઈને દેવના રાજ્ય[[ની વાત] પ્રગટ કર. 61 અને બી-
જાએ પણ કહ્યું કે, હે પ્રભુ, હું તારી પાછળ આવીશ; પણ પહેલવહેલાં જે
મારે ઘેર છે તેઓને છેલ્લી સલામ કરી આવવાની મને રજા આપ. 62 પણ
ઈસુએ તેને કહ્યું કે, કોઈ માણસ હળે હાથ દીધા પછી પછવાડે જુએ તો
તે દેવના રાજ્યને યોગ્ય નથી.

10 હવે આ બિનાઓ બન્યા પછી પ્રભુએ બીજા સિત્તેરને ઠરાવ્યા,
ને જે પ્રત્યેક શહેર તથા જગ્યામાં તે પોતે જવાનો હતો, તેમાં તે-
ઓમાંથી બબ્બેને પોતાની આગળ મોકલ્યા. 2 અને તેણે તેઓને કહ્યું
કે, ફસલ પુષ્કળ છે, પણ મજુરો થોડા છે; માટે તમે ફસલના ધણીની
પ્રાર્થના કરો કે તે પોતાની ફસલને સારૂ મજુરો મોકલે. 3 ચાલ્યા જાઓ;
જુઓ, વરુઓ મધ્યે ઘેટાનાં બચ્ચા જેવાં મોકલું છું. 4 થેલી કે જહોણું લે-
તા ના; ને માર્ગે કોઈને સલામ કરતા ના. 5 અને જે કોઈ ઘરમાં તમે પેસો
ત્યાં પ્રથમ એમ કહો કે, આ ઘરને શાંતિ થાઓ. 6 અને જો કોઈ શાંતિનો
પુત્ર ત્યાં હશે તો તમારી શાંતિ તેના પર રહેશે; પણ જો નહિ હશે, તો તે
તમારી પાસે પછી વળશે. 7 અને તેજ ઘરમાં રહો, ને જે તેઓની પાસે
હોય તે ખાતા પિતા રહો; કેમકે મજુર પોતાના મુસરને યોગ્ય છે; ઘેરેઘેર
ફરતા ના. 8 અને જે કોઈ ઘરમાં તમે પેસો અને તેઓ તમારા આવકાર
કરે, તો જે કંઈ તેઓ તમારી આગળ મુકે તે ખાઓ; 9 અને તેમાંના માંદો-
ઓને સાજા કરો, ને તેઓને કહો કે, દેવનું રાજ્ય તમારી પાસે આવ્યું છે.
10 પણ જે કોઈ શહેરમાં તમે પેસો, ને તેઓ તમારા આવકાર નહિ કરે,
તો તેના રસ્તાઓમાંથી નીકળી જઈને કહો કે, 11 તમારા શ્શેરની ધૂળ જે
અમારા પગમાં લાગેલી છે તે પણ તમારી વિરુદ્ધ અમે ખંખેરી નાખીએ
છીએ; તોપણ એટલું જાણો કે દેવનું રાજ્ય પાસે આવ્યું છે. 12 હું તમને
કહું છું કે, તે દહાડે તે શહેરના કરતાં સદોમના હાલ સહેલ થશે. 13 ઓ
ખોરાજીન, તને હાય! હાય! ઓ બેથસાઇદા, તને હાય! હાય!કિન્કે જે
પરાક્રમી કામ તમારામાં થયા છે, તે જો સૂર તથા સીદોનમાં થયા હોત,
તો તેઓએ ક્યારનો તાટમા તથા રાખમાં બેસીને પસ્તાવો કર્યો હોત.
14 તથાપિ ન્યાયકાળે તમારા કરતા સૂર તથા સીદોનને સહેલું પડશે.
15 અને, ઓ કાપરનાહુમ, તું આકાશ સુધી ઉંચું કરાશે શું?તું હાડેસ સુધી
નીચું નંખાશે. 16 જે તમારૂં સાંભળે છે તે મારું સાંભળે છે; ને જે તમારો
નકાર કરે છે તે મારો નકાર કરે છે; ને જે મારો નકાર કરે છે તે મારા મોક-
લનારનો નકાર કરે છે. 17 અને તે સિત્તેર હરખાતા હરખાતા પાછા
આવ્યા, ને તેઓએ કહ્યું કે, પ્રભુ, તારા નામથી ભૂતો પણ અમારે તાબે
થયા છે. 18 અને તેણે તેઓને કહ્યું કે, મેં શેતાનને વિજળીની પેઠે આકા-
શથી પડેલો જોયો. 19 જુઓ, સર્પો તથા વીંછુંઓ પર પગ મુકવાનો,
તથા શત્રુના બધા પરાક્રમ પરનો અધિકાર મેં તમને આપ્યો છે; ને કશા-
થી પણ તમને ઈજા થશે નહિ. 20 પણ આત્માઓ તમારે તાબે થયા છે,
તેને લીધે હરખાઓ માં; પણ તમારાં નામ આકાશમાં લખેલાં છે, તેને
લીધે હરખાઓ. 21 તેજ વેળાએ તે પવિત્ર આત્માથી હરખાયો, ને બોલ્યો
કે, ઓ બાપ, આકાશ તથા પૃથ્વીની ધણી, હું તારી સ્તુતિ કરું છું કે,
જ્ઞાનીઓથી તથા બુદ્ધીવાનોથી એ વાત તે ગુપ્ત રાખી, ને બાળકોને પ્ર-
ગટ કીધી છે; હા બાપ, કેમકે તને એ સારૂં લાગ્યું. 22 મારા બાપે મને
સઘળું સોંપ્યું છે; ને દીકરો કોણ છે, એ બાપ વિના કોઈ જાણતો નથી;
ને બાપ કોણ છે, એ દીકરા વિના તથા જેણે દીકરો પ્રગટ કરવા ચાહે તે
વિના બીજો કોઈ જાણતો નથી. 23 અને તેણે શિષ્યો તરફ ફરીને તેઓને
એકાંતમાં કહ્યું કે, જે તને જુઓ છો, તે જે આંખો જુએ તેઓને ધન્ય છે.
24 કેમકે હું તમને કહું છું કે, જે તમે જુઓ છો તે ઘણા ભવિષ્યવાદીઓ
તથા રાજાઓ જોવા ચહાતા હતા, પણ તેઓએ સાંભળ્યું નહિ. 25 અને
જુઓ, એક પંડિતે ઉભા થઈને તેનું પરીક્ષણ કરતા કહ્યું કે, ઉપદેશક,
અનંત જીવનનો વારસો પામવા સારૂ મારે શું કરવું? 26 અને તેણે તેને
કહ્યું કે, નિયમશાસ્ત્રમાં શું લખ્યું છે? તું શું વાંચે છે? 27 ને તેણે ઉત્તર
આપતા કહ્યું કે, તારા દેવ પ્રભુ પર તારા પુરા હૃદયથી તથા તારા પુરા
જીવથી તથા તાર પુરા સામર્થ્યથી તથા તારા પુરા મનથી પ્રેમ રાખવો,
ને જેવા પોતા પર તેવો તારા પડોસી પર [પ્રેમ રાખવો]. 28 અને તેણે તે-
ને કહ્યું કે, તે ઠીક ઉત્તર આપ્યો છે; એમ કર ને તું જીવશે. 29 પણ તેણે
પોતાને ન્યાયી ઠરાવવા ચાહીને ઇસુને કહ્યું, તો મારો પડોસી કોણ છે?
30 ઇસુએ ઉત્તર આપતા કહ્યું કે, એક પુરુષ યરુશાલેમથી યરેખો જતો
હતો; અને તે લુટારાના હાથમાં પડ્યો, અને તેઓ તેના લુગડાં ઉતારી
લઈને તથા તેને મારીને તેને અધમુઓ મુકીને ચાલ્યા ગયા. 31 અને દૈ-
વયોગે એક યાજક તે માર્ગે થઈને જતો હતો, ને તે તેને જોઇને બીજી
બાજુએ થઈને ચાલ્યો ગયો. 32 અને એમજ એક લેવી પણ તે ઠેકાણે
આવ્યો, ત્યારે તેને જોઈને બીજી બાજુએ થઈને ચાલ્યો ગયો. 33 પણ
એક સમરુની માર્ગે ચાલતાં ચાલતાં જ્યાં તે પડ્યો હતો ત્યાં આવ્યો, ને
તેને જોઈને તેને કરુણા આવી. 34 અને તે તેની પાસે ગયો, ને તેના ઘ
પર તેલ તથા દ્રાક્ષરસ રેડીને પતા બાંધ્યા, ને તેને પોતાના જાનવર પર
બેસાડીને તેને ઉતારામાં લઇ ગયો, ને તેની માવજાત કીધી. 35 અને બી-
જે દહાડે તેણે બે દીનાર કાઢીને ઉતારાવાળાને આપ્યા, ને કહ્યું કે, તેની
માવજત કરજે, ને એ કરતાં જે કંઈ ખરચ તને લાગશે તે હું પાછો
આવીશ ત્યારે તને વાળી આપીશ. 36 હવે તું શું ધારે છે, લુટારાના હાથ-
માં પડેલા માણસનો પડોસી એ ત્રણમાંનો કોણ ઠર્યો? 37 ને તેણે કહ્યું
કે, જેણે તેના પર દયા કીધી તે. અને ઇસુએ તેને કહ્યું કે, તું જઈને એ પ્ર-
માણે કર. 38 અને તેઓ માર્ગે ચાલતા હતા એ દરમ્યાન તે એક ગામમાં
પેઠો; ને મારથા નામે એક બાયડીએ પોતાને ઘેર તેને પરોણે રાખ્યો.
39 અને મરિયમ નામે તેની એક બહેન હતી, તે ઇસુના પગ આગળ બે-
સીને તેની વાત સાંભળતી હતી. 40 પણ મારથા ઘણી ચાકરી હોવાથી
ગભરાઈ, ને તેણીએ તેની પાસે આવીને કહ્યું કે, પ્રભુ, મારી બહેને મને
ચાકરી કરવા એકલી મુકી છે, તેની શું તને ચિંતા નથી? એ માટે તેને કહે
કે મને સહાય કરે. 41 પણ પ્રભુએ તેને ઉત્તર આપતા કહ્યું કે, મારથા,
મારથા, તું ઘણી વાતો વિશે ચિંતા કરે છે ને ગભરાય છે; 42 પણ એક
વાતની અગત્ય છે; અને મરિયમે સારો ભાગ પસંદ કીધો છે, ક જે તેની
પાસેથી લઇ લેવાશે નહિ.

11 અને એમ થયું કે તે એક ઠેકાણે પ્રાર્થના કરતો હતો, તે કરી ચુ-
ક્યા પછી, તેના શિષ્યોમાંના એકે તેને કહ્યું કે, પ્રભુ, યોહાને તે-
મના શિષ્યોને પ્રાર્થના કરવા શિખવ્યું તેં તું પણ અમને શિખવ. 2 અને
તેણે તેઓને કહ્યું કે, તમે પ્રાર્થના કરો, ત્યારે કહો કે, ઓ [[આકાશમાંના
અમારા]] બાપ, તારું નામ પવિત્ર મનાઓ; તારું રાજ્ય આવો; [[જેમ
આકાશમાં તેં પૃથ્વી પર તારી ઈચ્છા પુરી થાઓ]] 3 દિવસની અમારી
રોટલી રોજ રોજ અમને આપ; 4 ને અમારાં પાપ અમને માફ કર; કેમકે
અમે પોતે પણ અમારા હરેક ઋણીને માફ કરીએ છીએ. અને અમને
પરીક્ષણમાં ન લાવ, [[ પણ ભુંડાથી અમારો છુટકો કર]] 5 અને તેણે તે-
ઓને કહ્યું કે, તમારામાંના કોઈને મિત્ર હોય, ને મધરાતે તે તેની પાસે
જઈને તેને એવું કહે કે, મિત્ર, મને ત્રણ રોટલી ઉછીની આપ, 6 કેમકે
મારો એક મિત્ર મુસફરીએથી માટે ત્યાં આવ્યો છે, ને તેની આગળ પીર-

સવાનું મારે પાસે કંઈ નથી, 7 તો શું, તે માંહેથી ઉત્તર આપતા એમ કહેશે
કે, મને તસ્દી ન દે, હમણાં બારણું બંધ છે, ને મારાં છોકરાં મારી પાસે
ખાટલામાં છે, હું તો ઉઠીને તને આપી શકતો નથી? 8 હું તમને કહું છું કે,
તે તેનો મિત્ર છે, તેને લીધે તે ઉઠીને તેને આપે નહિ, તોપણ તેના
આગ્રહને લીધે તે ઉઠશે, ને જોઈએ તેટલી [રોટલી] તેને આપશે. 9 અને
હું તમને કહું છું કે, માગો, ને તમને અપાશે; શોધો, ને તમને જડશે; ઠોકો
ને તમારે સારૂ ઉઘાડાશે. 10 કેમકે જે કોઈ માગે છે તે પામે છે, ને જે શોધે
છે તેને જડે છે, ને જે ઠોકે છે તેને સારૂ ઉઘાડાશે. 11 વળી તમારામાંના
કોઈ બાપની પાસેથી જો પોતાનો છોકરો રોટલી માગે તો શું તે તેને
પત્થર આપશે? અથવા જો માછલી [માગે] તો શું માછલીને બદલે તે તે-
ને સાપ આપશે? 12 અથવા તે ઈંડું માગે તો શું તે તેને વીંછું આપશે?
13 માટે જો તમે ભુંડા છતાં તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો,
તો આકાશમાંના બાપની પાસેથી જેઓ માગે, તેમને તે પવિત્ર આત્મા
આપશે, તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે? 14 અને તે એક મુંગા ભૂતને
કાઢતો હતો. અને એમ થયું કે ભૂત નીકળ્યા પછી તે મુંગો માણસ બો-
લ્યો, ને લોકો અચરત થયા. 15 પણ તેઓમાંના કેટલાએકે કહ્યું કે, ભૂ-
તોના સરદાર બાલઝબુલ[ની મદદ]થી તે ભૂતો કાઢે છે. 16 અને બીજા-
ઓએ પરીક્ષણ કરતાં તેની પાસે આકાશમાંથી નિશાની માગી. 17 પણ
તેણે તેઓના વિચાર જાણીને તેઓને કહ્યું કે, હરેક રાજ્ય જેમાં ફૂટ પડે
છે તે ઉજડ થાય છે; ને ઘરમાં ફૂટ પડે, તો તે પડી જાય છે; 18 ને જો શે-
તાન પણ પોતાની સામો થએલો હોય તો તેનું રાજ્ય કેમ નિભે? કેમકે
તમે કહો છો કે, બાલઝબુલ[ની મદદ]થી હું ભૂતો કાઢું છું. 19 અને જો હું
બાલઝબુલ[ની મદદ]થી ભૂતો કાઢું છું તો તમારા દીકરાઓ કોણ [ની
મદદ]થી કાઢે છે? માટે તેઓ તમારા ન્યાયાધીશ થશે. 20 પણ જો હું દે-
વની આંગળીથી ભૂતો કાઢું છું, તો દેવનું રાજ્ય તમારી મધ્યે આવ્યું છે.
21 બળવાન માણસ હથિયારબંધ થઈને પોતાની હવેલી સાચવે છે,
ત્યારે તેનો માલ સલામત રહે છે; 22 પણ જયારે તેના કરતા બળવાન
માણસ તેના પર આવી પડીને તેને જીતે ત્યારે તેનાં સઘળા હથિયાર
જેના પર તે ભરોસો રાખતો હતો તે તેની પાસેથી લઈ લે છે, ને તેની લૂટ
વહેંચે છે. 23 જે મારા પક્ષનો નથી તે મારી વિરુદ્ધ છે, ને જે મારી સાથે
સમેટતો નથી તે વેરી નાખે છે. 24 અશુદ્ધ આત્મા માણસમાંથી નીકળ્યા
પછી નિર્જળ જગ્યામાં વિસામો શોધતો ફરે છે; પણ તે જડતો નથી,
ત્યારે તે કહે છે કે, મારા જે ઘરમાંથી હું નીકળ્યો તેમાં હું પાછો જઈશ.
25 અને જયારે તે આવે છે ત્યારે તે તેને વાળેલું તથા શોભાયમાન કરેલું
માલમ પડે છે. 26 ત્યારે તે જઈને પોતા કરતા ભુંડા બીજા સાત આત્મા-
ઓને તેડી લાવે છે; અને તેઓ માંહે આવીને ત્યાં રહે છે; ને તે માણસ-
ની છેલ્લી અવસ્થા પહેલીના કરતાં ભુંડી થાય છે. 27 અને એમ થયું કે તે
આ વાતો કહેતો હતો, ત્યારે લોકમધ્યે થી એક બાયડીએ મોટે ઘાટે તેને
કહ્યું કે, જે ઉદરમાં તું રહ્યો, ને જે થાનને તું ધાવ્યો તેઓને ધન્ય છે.
28 પણ તને કહ્યું કે, તે કરતાં જેઓ દેવની વાત સાંભળે છે ને પાળે છે
તેઓને ધન્ય છે. 29 અને લોકો સંખ્યાબંધ તેની પાસે ભેગા થયા હતા
ત્યારે તે કહેવા લાગ્યો કે, આ પેઢી તો ભુંડી પેઢી છે; તે નિશાની માગે
છે, પણ યુનાની નિશાની વિના બીજી નિશાની તેને અપાશે નહિ. 30 કે-
મકે જેમ યુના નીનવીઓને નિશાનીરૂપથયો, તેં માણસનો દીકરો પણ
આ પેઢીને થશે. 31 દક્ષિણની રાણી આ પેઢીનાં માણસોની સાથે ન્યાય-
કાળે ઉઠશે, ને તેઓને દોષિત ઠરાવશે; કેમકે તે પૃથ્વીના છેડાથી સુલે-
માનનું જ્ઞાન સાંભળવા આવી હતી, અને જુઓ, સુલેમાન કરતાં અહીં
એક મોટો છે. 32 નીનવેહના માણસો આ પેઢીની સાથે ન્યાયકાળે ઉઠ-
શે, ને તેને દોષિત ઠરાવશે; કેમકે યુનાનો ઉપદેશ સાંભળી તેઓએ
પસ્તાવો કીધો; ને જુઓ, યુના કરતાં અહીં એક મોટો છે. 33 કોઈ માણસ
દીવા સળગાવીને તેને ભોંયરામાં કે માપ તળે મુકતો નથી, પણ દીવા
પર [મુકે છે] એ માટે કે માંહે આવનારાઓ તેનું અજવાળું જુએ. 34 તારા
શરીરનો દીવો તારી આંખ છે; જયારે તારી આંખ નિર્મળ હોય છે, ત્યારે
તારું આખું શરીર પણ પ્રકાશે ભરેલું હોય છે; પણ તે ભુંડી હોય છે, ત્યા-
રે તારું આખું શરીર પણ અંધકારે ભરેલું હોય છે; 35 તે સારૂ તારામાં જે
અજવાળું છે તે અંધકાર ન હોય, માટે સાવધાન રહે. 36 એ માટે જો તારું
આખું શરીર પ્રકાશથી ભરેલું હોય, ને તેનો કોઈ પણ ભાગ અંધકારરૂપ
ન હોય તો જેમ દીવો પોતાની રોશનીથી તને અજવાળું આપે છે તેમ
[તારું શરીર] પુરૂં પ્રકાશથી ભરેલું થશે. 37 અને તે બોલતો હતો ત્યારે
એક ફરોશીએ પોતાની સાથે જમવાને તેને નોતર્યો, ને તે માંહે જઈને
જમવ બેઠો. 38 અને જમવા પહેલાં તે નાહ્યો નહિ, તે જોઈને ફરોશી
અચરત થયો. 39 અને પ્રભુએ તેને કહ્યું કે, તમે ફરોશીઓ તો થાળી વા-
ટકો બહારથી શુદ્ધ કરો છો; પણ તમારૂં અંતર જુલમે તથા ભુંડાઈએ
ભરેલું છે. 40 અરે મૂર્ખો, જેણે બહારનું બનાવ્યું, તેણે માંહેનું પણ બના-
વ્યું નથી શું? 41 પરંતુ માંહેની વસ્તુઓ દાનધર્મમાં આપો, ને જુઓ, બધું
તમને શુદ્ધ છે. 42 પણ તમ ફરોશીઓને અફસોસ છે! કેમકે તમે ફુદનાનો
તથા સિતાબનો! તથા સઘળી વનસ્પતિનો દસમો ભાગ આપો છો; પણ
ન્યાયકરણ તથા દેવની પ્રીતિ પડતાં મુકો છો; તમારે આ કરવાં ને એ ન
મુકવા જોઈતાં હતાં. 43 તમ ફરોશીઓને અફસોસ છે! કેમકે તમે સભા-
સ્થાનોમાં મુખ્ય આસનો તથા ચોટાંઓમાં સલામો ચાહો છો. 44 તમને
અફસોસ છે! કેમકે જે કબરો દેખાતી નથી, ને જેના ઉપર માણસો જા-
ણ્યા વિના ચાલે છે, તેઓના જેવા તમે છો. 45 ત્યારે પંડિતોમાંના એકે
તેને ઉત્તર આપતા કહ્યું કે, ઉપદેશક, એમ કહેવાથી તું અમને પણ મે-
ણાં મારે છે. 46 અને તેણે કહ્યું કે, ઓ પંડિતો, તમને પણ અફસોસ છે!
કારણ કે તમે માણસો પર એવા બોજા ચઢાવો છો કે જે ઉચકતાં મહા
મુસીબત પડે છે, ને તમે પોતે જે બોજને તમારી એક આંગળી પણ
લગાડતા નથી. 47 તમને અફસોસ છે! કેમકે તમે ભવિષ્યવાદીઓની
કબરો બાંધો છો, ને તમારા બાપદાદાઓએ તેઓને મારી નાખ્યાં. 48 તો
તમે સાક્ષીઓ છો, ને તમારા બાપદાદાઓના કામોને સમ્મતિ આપો
છો; કેમકે તેઓએ તેમને મારી નાખ્યા હતા, ને તમે [તેમની કબરો]
બાંધો છો. 49 એ માટે દેવના જ્ઞાને પણ કહ્યું કે, હું ભવિષ્યવાદીઓ તથા
પ્રેરીતો તેઓની પાસે મોકલીશ, ને તેઓમાંના કેટલાએકને તેઓ મારી
નાખશે ને સતાવશે; 50 એ માટે કે જગતના મંડાણથી સઘળા ભવિષ્ય-
વાદીઓના વહેવડાવેલા લોહીનો બદલો આ પેઢીનાં લોક પાસેથી લે-
વામાં આવે; 51 હા, હું તમને કહું છું કે હાબેલના લોહીથી તે ઝખાર્યાહ જે
હોમવેદી તથા પવિત્રસ્થાનથી વચ્ચે માર્યો ગયો, તેના લોહી સુધી એ
સર્વનો બદલો આ પેઢીના લોક પાસેથી લેવાશે. 52 તમે પંડિતોને અફ-
સોસ છે! કેમકે તમે જ્ઞાનની કુંચી લઈ લીધી છે; તમે પોતે માંહે પેઠા
નહિ, ને જેઓ માંહે પેસતા હતા તેઓને તમે અટકાવ્યા. 53 અને તે
ત્યાંથી નીકળ્યો, ત્યાર પછી શાસ્ત્રીઓ તથા ફરીશીઓ ઝનુનથી તેની
સામે થઈને તેને ઘણી વાતો વિષે બોલવાને છંછેડવા લાગ્યા. 54 [અને]
તેના મ્હોમાંથી કંઈ વાત પકડી લેવાં સારૂ તેઓ ટાંપી રહ્યા.

12 એટલામાં હજારો લોક એકઠાં થયાં તે એટલે સુધી કે તેઓ એક
બીજા પર પડતા હતા, ત્યારે સૌથી પહેલાં તે પોતાની શિષ્યોને
કહેવા લાગ્યો કેફરોશીઓના ખમીરથી સાવધાન રહો; તે તો ઢોંગ છે.
2 પણ પ્રગટ નહિ કરાશે એવું કંઈ ઢાંકાએલું નથી; ને નહિ જણાશે એવું
કંઈ ગુપ્ત નથી. 3 માટે જે કંઈ તમે અંધારામાં કહ્યું છે તે અજવાળામાં
સંભળાશે; ને ઓરડીમાં જે કંઈ તમે કાનમાં કહ્યું હશે તે ધાબા પર પ્રગટ
કરાશે. 4 અને, મારા મિત્રો, હું તમને કહું છું કે, જેઓ શરીરને મારી નાખે,
ને ત્યાર પછી બીજું કંઈ ન કરી શકે, તેઓથી બીહો મા. 5 પણ તમારે
કોનાથી બીવું તે વિષે હું તમને ચેતવણી આપીશ; મારી નાખ્યા પછી
નરકમાં નાખી દેવાનો જેણે અધિકાર છે તેનાથી બીહો; હા, હું તમને કહું
છું કે, તેનાથી બીહો. 6 શું પાંચ ચલ્લી બે પૈસે વેચાતી નથી? પણ દેવની
દ્રષ્ટિમાં તેઓમાંની એકે વિસારેલી નથી. 7 પણ તમારા માથાના નિમા-
ળા પણ સઘળા ગણેલા છે. બીહો મા, ઘણી ચલ્લીઓ કરતી તમે મૂલ્ય-
વાન છો. 8 અને હું તમને કહું છું કે, માણસોની આગળ જે કોઈ મને
કબૂલ કરશે તેને દેવના દૂતો આગળ માણસનો દીકરો પણ કબૂલ કર-
શે. 9 પણ માણસોની આગળ જે કોઈ મારો નકાર કરશે તેનો નકાર દેવ-
ની દૂતોની આગળ કરવામાં આવશે. 10 અને જે કોઈ માણસના દીકરા-
ની વિરુદ્ધ વાત બોલશે, તેને તે માફ કરવામાં આવશે; પણ પવિત્ર
આત્માની વિરુદ્ધ જે કોઈ દુર્ભાષણ કરે તેને તે માફ કરવામાં આવશે
નહિ. 11 અને જયારે તેઓ તમને સભાસ્થાનોમાં તથા અધિપતિઓ
તથા અધિકારીઓ આગળ લઈ જશે, ત્યારે અમારે કેવી રીતે અથવા શો
ઉત્તર આપવો, અથવા અમારે શું કહેવું, તે વિષે ચિંતા ન કરો; 12 કેમકે જે
તમને કહેવું જોઈએ તે તેજ ઘડીએ પવિત્ર આત્મા તમને શિખવશે.
13 અને લોકોમાંથી એક જણે તેને કહ્યું કે, ગુરુ, મારા ભાઈને કહે કે તે

વારસાનો ભાગ મને આપે. 14 અને તેણે કહ્યું કે, ઓ માણસ, મને તમા-
રા પર ન્યાયાધીશ કે વહેંચી આપનાર કોણે ઠરાવ્યો? 15 અને તેણે તે-
ઓને કહ્યું કે, સાવધાન રહો, ને સર્વ લોભથી પોતાને દૂર રાખો; કેમકે
કોઈનું જીવન તેની મિલકતની પુષ્કળતામાં હોતું નથી. 16 અને તેણે તે-
ઓને એવું દ્રષ્ટાંત કહ્યું કે, એક ધનવાન માણસની ભોંયમાંથી ઘણી
ઉપજ થઈ; 17 અને તેણે મનમાં એવો વિચાર કીધો કે, હું શું કરું? કેમકે
મારી ઉપજ ભરી મૂકવાને મારી પાસે જગ્યા નથી. 18 ને તેણે કહ્યું કે, હું
આમ કરીશ; મારી વખારોને હું પાડી નાખીશ, ,એ તે કરતાં હું મોટી
બંધાવીશ; ને ત્યાં મારું બધું અનાજ તથા મારી માલમિલકત હું ભરી
મુકીશ. 19 અને હું મારા જીવને કહીશ કે, ઓ જીવ, ઘણાં વરસને માટે
ઘણી માલમિલકત તારે સારૂ રાખી મુકેલી છે; આરામ લે, ખા, પી,
આનંદ કર. 20 પણ દેવે તેણે કહ્યું કે, ઓ મૂર્ખ, આ રાત્રે તારો જીવ તારી
પાસેથી માગી લેવામાં આવે છે; ત્યારે જે વસ્તુઓ તે સિદ્ધ કીધી છે તે
કોની થશે? 21 જે પોતાને સારૂ દ્રવ્યો સંગ્રહ કરે છે, ને દેવ પ્રત્યે ધનવાન
નથી, તે તેવોજ છે. 22 અને તેણે પોતાના શિષ્યોને કહ્યું, એ માટે હું તમ-
ને કહું છું કે [તમારા] જીવને સારૂ ચિંતા ન કરો કે અમે શું ખાઈશું, તેં
તમારા શરીરને સારૂ પણ ન કરો, કે અમે શું પહેરીશું. 23 કેમકે ખોરાક
કરતા જીવ, ને વસ્ત્ર કરતા શરીર, અધિક છે. 24 કાગડાઓનો વિચાર
કરો; તેઓ તો વાવતા નથી ને કાપતા નથી; તેઓની પાસે વખાર કે કો-
ઠાર નથી; તોપણ દેવ તેઓનું પોષણ કરે છે; પક્ષીઓ કરતા તમે કેટલા
વિશેષ મૂલ્યવાન છો! 25 અને ચિંતા કરવાથી તમારામાંના કોણ પોતા-
ના કદને એક હાથભાર વધારી શકે છે? 26 માટે જે સૌથી નાનું કામ તે
જો તમે કરી નથી શકતા, તો બીજાં વિષે તમે કેમ ચિંતા કરો છો? 27 ફૂ-
લઝાડોનો વિચાર કરો; તેઓ કેવા વધે છે; તેઓ મહેનત કરતા નથી,
તેઓ કાંતતાં પણ નથી; તોપણ હું તમને કહું છું કે, સુલેમાન પણ પો-
તાના સઘળા વૈભવમાં તેઓમાંના એકના જેવો પહેરેલો ન હતો. 28 એ
માટે ખેતરનું ઘાસ જે આજ છે તે કાલે ભઠ્ઠીમાં ફેંકાય છે, તેને જો દેવ
એવું પહેરાવે છે, તો, ઓ અલ્પવિશ્વાસીઓ, તે તમને પહેરાવશે, એ કેટ-
લું વિશેષ ખાતરીપૂર્વકછે? 29 આને અમે શું ખાઈશું કે શું પીશું, એની
શોધ ન કરો, ને મનમાં સંદેહ ન રાખો. 30 કેમકે જગતના લોકો એ સઘ-
ળા વાનાં શોધે છે; પણ તમારો બાપ જાણે છે કે એ વાનાંની તમને
અગત્ય છે. 31 પરંતુ તમે તેનું રાજ્ય શોધો; ને એ વાનાં પણ તમને
અપાશે. 32 ઓ નાની ટોળી, બીઓ મા; કેમકે તમને રાજ્ય આપવાની
તમારા બાપની ખુશી છે. 33 તમારી પાસે જે છે તે વેચીને દાનધર્મ કરો;
જીર્ણ નહિ થાય એવી થેલીઓ, એટલે આકાશમાં અખુટ દ્રવ્ય, પોતાને
સારૂ મેળવો; કે જ્યાં ચોર આવતો નથી, ને કીડો ખાઈ જતો નથી. 34 કે-
મકે જ્યાં તમારૂં દ્રવ્ય છે ત્યાંજ તમારૂં ચિત્ત પણ રહેશે. 35 તમારી કમરો
બાંધેલો તથા તમારી દીવો સળગેલો રાખો; 36 અને જે માણસો પોતાનો
ઘણી લગ્નમાંથી ક્યારે પાછો આવે તેની વાટ જુએ છે, એ માટે કે તે
આવીને ઠોકે કે તત્કાળ તેઓ તેને સારૂ દ્વાર ઉઘાડે, તેઓના જેવો તમે
થાઓ. 37 જે દાસોને ઘણી આવીને જાગતા જોશે તેઓને ધન્ય છે; હું
તમને ખચિત કહું છું કે, તે પોતાની કમર બાંધીને તેઓને જમવા બેસા-
ડશે, ને આવીને તેઓની સેવા કરશે. 38 અને જો તે બીજે પહોરે આવે, કે
ત્રીજે પહોરે આવે, ને તેઓને એમ [કરતાં] જુએ, તો તે દાસોને ધન્ય છે.
39 પણ આટલું સમજો જે જો ઘરઘણી જાણતો હોત કે, કઈ ઘડીએ ચોર
આવશે, તો તે જાગતો રહેત, ને પોતાના ઘરમાં ખાતર પાડવા ન દેત.
40 તમે પણ તૈયાર રહો; કેમકે તમારા ધારવામાં નહિ હોય તે ઘડીએ મા-
ણસનો દીકરો આવશે. 41 અને પીતરે કહ્યું કે, પ્રભુ, તું આ દૃષ્ટાંત અમ-
ને, કે સર્વને કહે છે? 42 ને પ્રભુએ કહ્યું કે, જેણે તેનો ઘણી પોતાના ઘર-
નાંઓને યોગ્ય સમયે અન્ન આપવા સારૂ પોતાના ઘર પર ઠરાવશે એવો
વિશ્વાસુ તથા શાણો કારભારી કોણ છે? 43 જે દાસને તેનો ઘણી એમ
કરતો જોશે તેનો ધન્ય છે. 44 હું તમને સાચું કહું છું કે, તે પોતાની સર્વ
માલમિલકત પર તેને [કારભારી] ઠરાવશે. 45 પણ જો તે દાસ પોતાના
મનમાં કહેશે કે મારો ઘણી આવતાં વાર લગાડે છે, ને દાસોને તથા દા-
સીઓને મરવા [માંડેશે], અને ખાવા પીવા, તથા છાંટકો થવા માંડશે;
46 તો જે દહાડે તે વાટ જોતો નથી, ને જે ઘડી તે જાણતો નથી, તેવામાં
તે દાસનો ઘણી આવશે, ને તેને કાપી નાખશે, ને તેનો ભાગ અવિશ્વા-
સીઓની સાથે ઠરાવશે. 47 અને જે દાસ પોતાની ઘણીની ઈચ્છા જા-
ણ્યા છતાં પોતે સિદ્ધ થયો નહિ હોય, ને તેની ઈચ્છા પ્રમાણે વર્ત્યો નહિ
હોય, તે ઘણો માર ખાશે. 48 પણ જેણે વગર જાણે ફટકા યોગ્ય કામ કી-
ધું હશે, તે થોડો માર ખાશે. ને જે કોઈને ઘણું આપેલું છે, તેની પાસેથી
ઘણું માંગવામાં આવશે, ને જેણે ઘણું સોંપેલું છે તેની પાસેથી વધારે
માંગવામાં આવશે. 49 હું પૃથ્વી પર આગ નાખવા આવ્યો છું, ને જો તે
સળગી ચુકી હોય તો હું શું ચાહું? 50 પણ મારે એક બાપ્તિસ્મા પામવાનું
છે, ને તે પુરૂં થાય ત્યાં સુધી હું કેવો સંકોચમાં આવેલો છે? 51 શું તમે
ધારો છો કે પૃથ્વી પર શાંતિ કરાવવા હું આવ્યો છું? હું તમને કહું છું કે
ના, પણ તે કરતા ફૂટ પાડવા [આવ્યો છું]. 52 કેમકે હવેથી એક ઘરમાં
પાંચ મધ્યે ફૂટ પડશે, એટલે ત્રણ બેની સામા, ને બે ત્રણની સામા થશે.
53 બાપ દીકરાની સામો, તથા દીકરો બાપની સામો થશે; માં દીકરીની
સામી, ને દીકરી પોતાની માની સામી થશે; સાસુ પોતાની વહુની સામી,
ને વહુ પોતાની સાસુની સામી થશે, એમ તેઓમાં ફૂટ પડશે. 54 અને તે-
ણે લોકોને પણ કહ્યું કે, તમે પશ્ચિમથી વાદળી ચઢતી જુઓ છો, કે
તરત તમે કહો છો કે, ઝાપટું આવશે, ને એમજ થાય છે. 55 અને જયારે
દક્ષિણનો વાં વાય છે ત્યારે તમે કહો છો કે, લુ વાશે, ને એમજ થાય છે.
56 ઓ ઢોંગીઓ, પૃથ્વીનું તથા આકાશનું રૂપ તમે પારખી જાણો છો, તો
આ સમય તમે કેમ પારખી નથી જાણતા? 57 ને વાજબી શું છે તે તમે
પોતાની મેળે કેમ પારખતા નથી? 58 અને તું તારા વાદીની સાથે અધિ-
કારીની આગળ જતો હોય ત્યારે માર્ગમાં તું તેનાથી છુટકો પામવા સારૂ
યત્ન કર, રખે તે તને ન્યાયાધીશ આગળ ઘસડી લઈ જાય, ને ન્યાયા-
ધીશ તને સિપાઈને સ્વાધીન કરે, ને સિપાઈ તને બંદીખાનામાં નાખે.
59 હું તને કહું છું કે, તું છેલ્લી દમડી ચુકવશે, ત્યાં સુધી તું ત્યાંથી નીકળ-
વાનો નથી.

13 હવે તેજ સમયે ત્યાં કેટલાએક હાજર હતા કે જેઓએ પીલાતે
જે ગાલીલીઓનું લોહી તેઓના યજ્ઞો સાથે ભેળી દીધું હતું તેઓ
વિષે તેને કહ્યું. 2 અને તેણે તેઓને ઉત્તર આપતા કહ્યું કે, એ ગાલી-
લીઓ પર એવી [વિપત્તિઓ] પડી તેથી તેઓ બધા ગાલીલીઓ કરતાં
વિશેષ પાપી હતા, એમ તમે ધારો છે શું? 3 હું તમને કહું છું કે ના; પણ
જો તમે પસ્તાવો કરશો નહિ, તો તમે સર્વ તેજ પ્રમાણે નાશ પામશો.
4 અથવા સીલોઅમમાં જે અરાઢ માણસ પર બુરજ પડ્યો, ને તેઓને
મારી નાખ્યા, તેઓ યરૂશાલેમમાંના સર્વ રહેવાસી કરતાં વિશેષ ગુન્હે-
ગાર હતા, એમ તમે ધારો છો શું? 5 હું તમને કહું છું કે ના; ણ જો તમે
પસ્તાવો કરશો નહિ, તો તમે સર્વ તેમજ નાશ પામશો. 6 અને તેણે આ
દૃષ્ટાંત કહ્યું કે, કોઈએકની પોતાની દ્રાક્ષવાડીમાં રોપેલી એક અંજીરી
હતી; અને તે તેના પરથી ફળ શોધતો આવ્યો, પણ એકે જડ્યું નહિ.
7 ત્યારે તેણે દ્રાક્ષવાડીના માળીને કહ્યું કે, જો, આ ત્રણ વરસથી આ
અંજીરી પરથી હું ફળ શોધતો આવ્યો છું ને એકે જડતું નથી; તેને કાપી
નાખ; ને વળી ભોંય કેમ નકામી રોકે છે? 8 ને તે તેને ઉત્તર આપતા કહે
છે કે, સાહેબ, તેને આ વરસ પર રહેવા દે, એટલામાં હું તેની આસ પાસ
ખોદું, ને ખાતર નાખું; 9 ને જો ત્યાર પછી તેને ફળ આવે તો ઠીક; નહિ
તો તેને કાપી નાખજે. 10 અને વિશ્રામવારે તે એક સભાસ્થાનમાં બોધ
કરતો હતો. 11 અને જુઓ, અરાઢ વરસથી જેણે મંદવાડનો આત્મા વળ-
ગેલો એવી એક બાયડી હતી; તે કુબડી હતી, પણ કોઈ પણ રીતે સીધી
ઉભી થઈ શકતી નહિ. 12 અને ઈસુએ તેને જોઈને તને બોલાવી, અને
તેને કહ્યું કે, બાઈ, તારા મંદવાડથી તું છુટી થઈ છે. 13 અને તેણે તેના
પર હાથ મુક્યા; ને તરત તે ટટાર થઈ, ને દેવની સ્તુતિ કીધી. 14 અને
વિશ્રામવારે ઈસુએ તેને સાજી કીધી, માટે સભાસ્થાનના અધિકારીએ
ગુસ્સે થઈને ઉત્તર આપતાં લોક્કોને કહ્યું કે, છ દહાડા છેકે જેમાં માણ-
સોને કામ કરવું જોઈએ, એ માટે તે [દિવસો]એ તમે આવીને સાજા
થાઓ, પણ વિશ્રામવારે નહિ. 15 પણ પ્રભુએ તેને ઉત્તર આપતા કહ્યું
કે, ઓ ઢોંગીઓ, તમારામાંનો હરેક પોતપોતાના બળદને તથા ગધેડાને
કોડમાંથી છોડીને વિશ્રામવારે પાવા સારૂ લઈ જતો નથી શું? 16 ને આ
બાયડી જે ઈબ્રાહીમની દીકરી છે, ને જેણે, જુઓ, શેતાને અરાઢ વરસથી
બાંધી રાખી હતી, તેને વિશ્રામવારે આ બંધનથી છોડવી જોઈતી ન હતી
શું? 17 ને તેણે એ વાતો કહી ત્યારે તેના બધા સામેવાળા લજવાયા; ને
જે બધાં મહિમાવંત કામો તેનાથી કરાયાં તેને લીધે બધા લોકો હર્ષ પા-
મ્યા. 18 એ માટે તેણે કહ્યું કે, દેવનું રાજ્ય શાના જેવું છે? ને હું તેને શાની

ઉપમા આપું? 19 તે રાઈના બી જેવું છે, જેણે એક જણે લઈને પોતાની
વાડીમાં નાખ્યું, ને તે વધીને મોટું ઝાડ થયું, ને આકાશની પક્ષીઓએ
તેની ડાળીઓ પર વાસો કીધો. 20 અને વળી તેણે કહ્યું કે, હું દેવની રા-
જ્યને શાની ઉપમા આપું? 21 તે ખમીર જેવું હે, જેણે એક બાયડીએ લઈ-
ને ત્રણ માપ લોટમાં ઘાલ્યું, ને પરિણામે તે બધો ખમીરવાળો થયો.
22 અને તે યરૂશાલેમ ભણી મુસાફરી કરતાં શહેરે શહેર તથા ગામે ગામ
બોધ કરતો ગયો. 23 અને એક જણે તેને કહ્યું કે, પ્રભુ, તારણ પામનાર
થોડા છે શું? ને તેણે તેઓને કહ્યું કે, 24 સાંકડા બારણામાં થઈને પેસ્વને
કષ્ટ કરો, કેમકે હું તમને કહું છું કે ઘણા પેસવા ચાહશે, પણ [પેસી]
શકશે નહિ. 25 જયારે ઘરધણી ઉઠીને બારણું બંધ કરશે, ને તમે બહાર
ઉભા રહીને બારણું ઠોકવા માંડશો, ને કહેશો કે, પ્રભુ, અમારે સારૂ
ઉઘાડ; ને તે તમને ઉત્તર આપતા કહેશે કે, હું તમને જાણતો નથી કે તમે
ક્યાંના છો; 26 ત્યારે તેમે કહેવા લાગશો કે, અમે તારી સમક્ષ ખાધું પીધું
હતું, ને તે અમારા રસ્તાઓમાં બોધ કીધો હતો. 27 અને તે કહેશે કે, હું
તમને કહું છું કે તમે ક્યાંના છો એ હું જાણતો નથી; રે અન્યાય કરનારા,
તમે સર્વ મારી પાસેથી જાઓ. 28 જયારે તમે ઈબ્રાહીમને તથા ઈસ્હાકને
તથા યાકુબને તથા બધા ભવિષ્યવાદીઓને દેવના રાજ્યમાં જોશો, ને
પોતાને બહાર કાઢી મુકેલા [જોશો], ત્યારે રડવું તથા દાંત પીસવું થશે.
29 અને તેઓ પૂર્વ તથા પશ્ચિમથી, ને ઉત્તર તથા દક્ષિણથી આવશે, ને
દેવના રાજ્યમાં બેસશે. 30 અને, જુઓ, [કેટલાક] જે છેલ્લા તેઓ પહેલા
થશે, ને [કેટલાક] જે પહેલા તેઓ છેલ્લા થશે. 31 તેજ ઘડીએ કેટલાએક
ફરોશીઓએ તેની પાસે આવીને કહ્યું કે, અહીંથી નીકળી જા, કેમકે હે-
રોદ તને મારી નાખવા ચાહે છે. 32 અને તેણે તેઓને કહ્યું કે, તમે જઈને
તે લોકંડાને કહો, જુઓ, આજ તથા કાલ હું ભૂતો કાઢું છું, ને રોગ મટાડું
છું, ને ત્રીજે [દહાડે] હું સંપૂર્ણ કરાઈશ. 33 તોપણ આજ તથા કાલે તથા
પરણ દહાડે મારે ચાલવું જોઈએ, કેમકે કોઈ ભવિષ્યવાદી યરુશાલેમની
બહાર નાશ પામે એવું થઈ શકતું નથી. 34 ઓ યરૂશાલેમ, યરૂશાલેમ,
ભવિષ્યવાદીઓને મારી નાખનાર તથા તારી પાસે મોકલેલાઓને
પત્થર મારનાર, જેમ મરઘી પોતાનાં બચ્ચાં પાંખો તળે એકઠાં કરે છે, તેં
મેં કેટલીવાર તારાં છોકરાને એકઠાં કરવાનું ચાહ્યું, પણ તમે ચાહ્યું નહિ!
35 જુઓ, તમારૂં ઘર તમારે સારૂ [ઉજળ કરી] મુકાયું છે, ને હું તમને કહું
છું કે, તમે કહેશો કે પ્રભુને નામે જે આવે છે તેને ધન્ય છે, ત્યાં સુધી તમે
મને જોશો નહિ.

14 અને એમ થયું કે ફરોશીઓના અધિકારીઓમાંના એકને ઘેર
વિશ્રામવારે તે રોટલી ખાવા ગયો હતો, ત્યાતે તેઓ તેના પર
તાકી રહ્યા હતા. 2 અને જુઓ, એક માણસ તેની આગળ હતો જેણે
જલંદરનો રોગ થયો હતો. 3 અને ઈસુએ પંડિતોને અને ફરોશીઓને
ઉત્તર આપતા કહ્યું કે, વિશ્રામવારે સાજું કરવું ઉચિત છે કે નહિ? 4 પણ
તેઓ છાના રહ્યા. અને તેણે તેને ઝાલીને સાજો કીધો, ને તેને જવા દી-
ધો. 5 અને તેણે તેઓને કહ્યું કે, તમારામાંના કોઈનું ગધેડું અથવા
બળદ કુવામાં પડ્યો હોય, તો તરત વિશ્રામવારે તે નહિ કાઢે શું? 6 ને એ
વાતોનો પ્રત્યુત્તર તેઓ તેને આપી શક્યા નહિ. 7 અને નોતરેલાઓ કેવી
રીતે મુખ્ય આસનો પસંદ કરતા, તે જોઇને તેણે તેઓને દ્દષ્ટાંત કહ્યું,
8 કોઈ તને લગ્નમાં નોતરે ત્યારે મુખ્ય આસન પર ન બેસ; રાખે કદાપિ
તારા કરતાં કોઈ માનવતો માણસ તેણે નોતરેલો હોય, 9 ને જેણે તને
તથા તેને નોતર્યા તે આવીને તને કહે કે, એને જગ્યા આપ; ત્યારે તું
લજવાઇને સહુથી નીચી જગ્યાએ જઈ બેસવા માંડશે. 10 પણ કોઈ તને
નોતરે ત્યારે સહુથી નીચી જગ્યાએ જઈ બેસ, કે જેણે તને નોતર્યો તે
આવે, ત્યારે તે તને કહે કે, મિત્ર ઉપર આવ; ત્યારે તારી સાથે જમવા બે-
ઠેલા સર્વની આગળ તને માન મળશે. 11 કેમકે જે કોઈ પોતાને ઉંચો કરે
છે તે નીચો કરાશે, ને જે પોતાને નીચો કરે છે તે ઉંચો કરાશે. 12 અને જે-
ણે તેને નોતર્યો હતો તેને પણ તેણે કહ્યું કે, જયારે તું દિવસનું કે રાતનું
ખાણું આપે, ત્યારે તારા મિત્રોને, કે તારા ભાઈઓને, કે તારાં સગાંઓને,
કે શ્રીમંત પડોશીઓને ન બોલાવ; રખે કદાપિ તેઓ પણ તને પાછા
નોતરે, ને તને બદલો મળે. 13 પણ જયારે તું મિજબાની આપે ત્યારે
દરિદ્રીઓને, ટુંડાઓને, લંગડાઓને તથા આંધળાઓને બોલાવ; 14 ને
તને ધન્ય થશે; કેમકે તને બદલો આપવાને તેઓની પાસે કંઈ નથી;
ઓઅન ન્યાયીઓના પુનરૂત્થાનમાં તને બદલો અપાશે. 15 અને તેની
સાથે જમવા બેઠેલાઓમાંના એકે એ વાત સાંભળીને તેને કહ્યું કે, દેવ-
ના રાજ્યમાં જે રોટલી ખાશે તેને ધન્ય છે. 16 પણ તેણે તેને કહ્યું કે,
કોઈ એક માણસે મોટું રાતનું ખાણું કીધું ને ઘણાને નોતર્યા. 17 અને વા-
ળું વખતે તેણે પોતાના દાસને નોતરેલાઓને એમ કહેવા મોકલ્યો, કે
આવો; કેમકે હમણાં બધું તૈયાર [થયું] છે. 18 અને સર્વ એકે માટે બાનું
કાઢવા લાગ્યા.પહેલાએ તેને કહ્યું કે, મેં ખેતર વેચાતું લીધું છે, મારે જઈ-
ને તે જોવાની અગત્ય છે; હું તને વિનંતી કરું છું કે મને માફ કર. 19 અને
બીજાએ કહ્યું કે, મેં પાંચ જોડ બળદ વેચાતા લીધા છે, ને તેઓને પાર-
ખવા જાઉં છું; હું તને વિનંતી કરું છું કે મને માફ કર. 20 અને બીજાએ
કહ્યું કે, હું બાયડી પરણ્યો છું, માટે મારાથી અવાશે નહિ. 21 પછી તે દા-
સે આવીને પોતાના ધણીને એ વાતો કહી; ત્યારે ઘરધાણીએ ગુસ્સે
થઈને પોતાના દાસને કહ્યું કે, શહેરના રસ્તાઓમાં તથા ગલીઓમાં
જલદી જઈને દરિદ્રીઓને તથા ટુંડાઓને તથા આંધળાઓને તથા લંગ-
ડાઓને અહીં તેડી લાવ. 22 ને તે દાસ કહ્યું કે, સાહેબ,તારા હુકમ પ્ર-
માણ કરવામાં આવ્યું છે, ને હજી પણ જગ્યા છે. 23 અને ધણીએ દાસને
કહ્યું કે, સડકે તથા પગથીએ જઈને તેઓને આગ્રહ કરીને તેડી લાવ, કે
મારું ઘર ભરાઈ જાય. 24 કેમકે હું તમને કહું છું કે, પેલા માણસનો જે
નોતરાએલા હતા તેઓમાંનો કોઈ મારું વાળું ચાખશે નહિ. 25 હવે ઘણા
લોક તેની સાથે જતા હતા, ને તેને પાછા ફરીને તેઓને કહ્યું કે, 26 જો
કોઈ મારી પાસે આવે, ને પોતાનો બાપનો તથા માનો તથા વહુનો તથા
છોકરાંનો તથા ભાઈઓનો તથા બહેનોનો, હા, પોતાના જીવનો પણ
દ્વેષ ન કરે, તો તે મારો શિષ્ય થઈ શકતો નથી. 27 જે કોઈ પોતાનો વધ-
સ્તંભ ઉંચકીને મારી પાછળ આવતો નથી, તે મારો શિષ્ય થઈ શકતો
નથી. 28 કેમકે તમારામાં એવો કોણ છે કે જે બુરૂજ બાંધવા ચાહે, પણ
પહેલાં બેસીને ખરચ નહિ ગણે, કે તે પુરો કરવા જેટલું મારી પાસે છે કે
નહિ? 29 રખે કદાપિ પાયો નાખ્યા પછી તે પુરો કરી શકે નહિ; ત્યારે જે
જુએ તેઓ સર્વ તેની મશ્કરી કરવા લાગે, 30 અને કહે કે, આ માણસ
બાંધવા લાગ્યો, પણ પુરૂં કરી શક્યો નહિ. 31 અથવા કયો રાજા એવો છે
કે બીજા રાજાની સામે લડાઈ કરવા જતો હોય, પણ પહેલાં બેસીને વિ-
ચાર નહિ કરે, કે જે વીસ હજાર લઈને મારી સામે આવે છે, તેની હું દસ
હજારથી સામો થઈ શકીશ કે નહિ? 32 નહિ તો બીજો હજી ઘણો વેળગો
છે, એટલામાં તે એલચીઓને મોકલીને સલાહની સરતો વિષે પુછશે.
33 તે પ્રમાણે તમારામાંનો જે કોઈ પોતાની સર્વ વસ્તુઓનો ત્યાગ કરતો
નથી, તે મારો શિષ્ય થઈ શકતો નથી. 34 મીઠું તો સારૂ છે, પરંતુ મીઠું
પણ સ્વાદ વગરનું થયું હોય, તો તે શાથી ખારું કરાશે? 35 તે ભોંયને
વાસ્તે અથવા ખાતરને વાસ્તે યોગ્ય નથી; પણ તેને બહાર નાખી દે છે.
જેને સાંભળવાને કાન છે તેણે સાંભળવું.

15 હવે તેનું સાંભળવા સારૂ સઘળા દાણીઓતથા પાપીઓ તેની
પાસે આવતા હતા. 2 અને ફરોશીઓએ તથા શાસ્ત્રીઓએ
બન્નેએ કચકચ કરીને કહ્યું કે, આ માણસ પાપીઓનો અંગીકાર કરે છે,
ને તેઓની સાથે ખાય છે. 3 અને તેણે તેઓને આ દ્દષ્ટાંત કહ્યું કે,
4 તમારામાં એવું કયું માણસ હોય કે, જો તેને સો ઘેટાં હોય, ને તેઓમાંનું
એક માણસ ખોવાયું હોય, તો તે પેલાં નવ્વાણું રાનમાં મુકીને ખોવએલું
જડે ત્યાં લગી તેની શોધમાં નહિ જાય? 5 ને તે તેને જડે છે ત્યારે તે હર્ખ
કરીને પોતાની ખાંધ પર ચઢાવે છે. 6 અને ઘેર આવીને પોતાના મિત્રોને
તથા પડોશીઓને બોલાવે છે,ને તેઓને કહે છે કે, મારી સાથે હર્ખ કરો,
કેમકે મારું ઘેટું જે ખોવાયું હતું તે મને જડ્યું છે. 7 હું તમને કહું છું કે, તે-
મજ નવ્વાણું ન્યાયીઓ કે જેઓને પસ્તાવાની અગત્ય નથી, તેઓ કર-
તા એક પાપી પસ્તાવો કરે તેને લીધે આકાશમાં હર્ખ થશે. 8 અથવા
કયી બાયડી એવી હોય કે જો તેની પાસે અધેલી હોય, ને તેઓમાંની
એક અધેલી ખોવાય, તો તે દીવો કરીને ઘર નહિ વાલે, ને જડે ત્યાંલગી
તેની શોધ સારીપેઠે નહિ કરે? 9 નેતે તેને જડે ત્યારે તે પોતાની સખીઓ
તથા પાડોશણો બોલાવીને કહી છે કે, મારી સાથે હર્ખ કરો, કેમકે મારી
અધેલી જે ખોવાઈ હતી, તે મને જડી છે. 10 હું તમને કહું છું કે તેમજ એક
પાપી પસ્તાવો કે, તેને લીધે દેવના દૂતોની સમક્ષ હર્ખ થાય છે. 11 અને
તેણે કહ્યું કે, એક માણસને બે દીકરા હતા. 12 અને તેઓમાંના નાનાએ
બાપને કહ્યું કે, બાપ, મિલકતનો જે મારો ભાગ આવે તે મને આપ; ને
તતેણે તેઓને કહ્યું કે, બાપ, મિલકતનો જે મારો ભાગ આવે તે મને

આપ; ને તેણે તેઓને પોતાની પુંજી વહેચી આપી. 13 અને થોડા દહાડા
પછી નાનો દીકરો સઘળું એકઠું કરીને દૂર દેશમાં ગયો, ને ત્યાં બદફેલી-
માં પોતાની સંપત ઉડાવી નાખી. 14 અને તેણે બધું ખરચી નાખ્યું, ત્યાર
પછી તે દેશમાં ભારે દુકાળ પડ્યો; ને તેને તંગી પડવા લાગી. 15 અને તે
જઈને તે દેશના વાતનીઓમાંના એકને ત્યાં રહ્યો; ને તેણે પોતાના ખે-
તરમાં ભુંડો ચારવા સારૂ તેને મોકલ્યો. 16 અને જે શીંગો ભુંડો ખાતાં
હતાં તેથી પોતાનું પેટ ભરવાને તેને મન થતું હતું; ને કોઈ તેને આપતું
નહિ. 17 પણ તે સાવચેત થયો ત્યારે તેણે કહ્યું કે, મારા બાપના કેટલા
બધા મજુરોને પુષ્કળ રોટલી મળે છે ને હું તો અહીં ભૂખે મરું છું! 18 હું
ઉઠીને મારા બાપની પાસે જઈશ, ન તેને કહીશ કે, બાપ, મેં આકાશ
સામે તથા તારી આગળ પાપ કીધું છે; 19 હવે હું તારો દીકરા કહેવાવા
યોગ્ય નથી; 20 અને તે ઉઠીને પોતાના બાપની પાસે ગયો, ને તે હજી
ઘણો વેળગો હતો એટલામાં તેના બાપ તેને દીઠો, ને તેને દયા આવી,
ને તે હજી ઘણો વેળગો હતો એટલામાં તેના બાપે તેને દીઠો, ને તેને
દયા આવી, ને તે દોડીને તેને ભેટ્યો, ને તેને ચુમીઓ કીધી. 21 અને દી-
કરાએ તેને કહ્યું કે, બાપ, મેં આકાશ સામે તથા તારી આગળ પાપ કીધું
છે, હવે હું તારો દીકરો કહેવાવા યોગ્ય નથી. 22 પણ બાપે પોતાના નોક-
રોને કહ્યું કે, સારામાં સારો જામો જલદી કાઢીને એને પહેરાવો; ને એને
હાથે વીંટી ઘાલો, ને પગમાં જોડા પહેરાવો; 23 અને પાળેલા વાછરડાને
લાવીને કાપો, ને આપણે ખાઈને આનંદ કરીએ. 24 કેમકે આ મારો દીક-
રો મુઓ હતો, ને પાછો જીવતો થયો છે; તે ખોવાએલો હતો, ને જડ્યો
છે. અને તેઓ આનંદ કરવા લાગ્યા. 25 હવે તેનો વડો દીકરો ખેતરમાં
હતો; ને તે આવતાં ઘરની નજદીક આવી પહોંચ્યો, ત્યારે તેણે ગાયન-
નો તથા નાચનો અવાજ સાંભળ્યો. 26 અને તેને ચાકરોમાંના એકને બો-
લાવીને પુછ્યું કે, આ શું હશે? 27 અને તેણે તેને કહ્યું કે, તારો ભાઈ
આવ્યો છે, ને તારા બાપે પાળેલા વાછરડાને કપાવ્યો છે, કેમકે તે તેને
સહીસલામત પાછો મળ્યો છે. 28 પણ તે ગુસ્સે થયો, ને માંહે જવાને રા-
જી નહોતો; અને તેના બાપે બહાર આવીને તેને આજીજી કીધી. 29 પણ
તેણે બાપને ઉત્તર આપતા કહ્યું કે, જો, આટલાં બધાં વરસથી હું તારી
ચાકરી કરું છું, ને તારી આજ્ઞા મેં કદી ઉથાપી નથી, તોપણ મારા મિ-
ત્રોની સાથે ખુશાલી કરવા સારૂ તે મને લવારું પણ કદી આપ્યું નથી.
30 પણ આ તારો દીકરો જે કસબેણોની સાથે તારી મિલકત ખાઈ ગયો,
તે પાછો આવ્યો ત્યારે તે તેને સારૂ પાળેલા વાછરડાને કપાવ્યો છે.
31 અને તેણે તેને કહ્યું કે, દીકરો, તું મારી સાથે નિત્ય છે, ને મારું સઘળું
તે તારુંજ છે. 32 પણ ખુશી થવું તથા હર્ખાવું ઉચિત હતું, કેમકે આ તારો
ભાઈ મુઓ હતો, ને તે જીવતો થયો છે; તે ખોવાએલો હતો, ને જડ્યો
છે.

16 અને તેણેશિષ્યોને પણ કહ્યું કે, એક શ્રીમંત માણસ હતો, જેને
એક કારભારી હતો; ને એની આગળ તેના ઉપર એવું તોહોમત
મુકવામાં આવ્યું કે, તે તમારી મિલકત ઉડાવી દે છે. 2 અને તેણે તેને
બોલાવીને કહ્યું કે, આ જે તારે વિષે હું સાંભળું છું તે શું છે? તારા કારભા-
રનો હિસાબ આપ; કેમકે હવેથી તું કારભારી રહી શકશે નહિ. 3 અને કા-
રભારીએ પોતાના મનમાં કહ્યું કે, હું શું કરું? કેમકે મારો ઘણી મારી પા-
સેથી કારભાર લઇ લે છે. મારામાં ખોદવાની શકતી નથી; ભિક્ષા માગતાં
હું લજવાઉં છું. 4 અમે કારભારમાંથી કાઢી મુકે ત્યારે લોકો પોતાના ઘર-
માં મારો અંગીકાર કરે માટે શું કરવું તેની મને સૂઝ પડે છે. 5 ત્યારે તેણે
પોતાના ઘાણીના દરેક લેણદારને બોલાનીને પહેલાને કહ્યું કે, મારા
ઘણીનું તારે કેટલું દેવું છે? 6 ને તેણે કહ્યું કે, સો માપ તેલ. અને તેણે તે-
ને કહ્યું કે, તારું ખાતું લે, ને વહેલો બેસીને પચાસ લખ. 7 પછી તેણે
બીજાને કહ્યું કે, તારે કેટલું દેવું છે? ને તેણે કહ્યું કે, સો માપ ઘઉં, તેણે
તેને કહ્યું કે, તારું ખાતું લે, ને એંસી લખ. 8 અને તેના ઘણીએ અન્યાયી
કર્ભારીને વખાણ્યો, કારણ કે તે હોશિયારીથી વર્ત્યો હતો; કેમકે આ
જગતના દીકરા પોતાની પેઢી વિષે અજવાળાના દીકરા કરતા હોશિયાર
હોય છે. 9 અને હું તમને કહું છું કે, અન્યાયીપણાના દ્રવ્ય વડે પોતાને
સારૂ મિત્રો કરો, કે જયારે તે થઈ રહે, ત્યારે તેઓ સદાકાળના માંડવા-
ઓમાં તમારો અંગીકાર કરે. 10 જે બહુ થોડામાં વિશ્વાસુ છે તે ઘણામાં
પણ વિશ્વાસુ છે; ને જે બહુ થોડામાં અન્યાયી છે તે ઘણામાં પણ
અન્યાયી છે. 11 માટે જો અન્યાયી દ્રવ્યમાં તમે વિશ્વાસુ ન થયા હો, તો
ખરું [દ્રવ્ય] તમને કોણ સોંપશે? 12 ને જો તમે પરાયામાં વિશ્વાસુ ન
થયા હો, તો જે તમારૂં પોતાનું તે કોણ તમને સોંપશે? 13 કોઈ ચાકર બે
ઘણીઓની ચાકરી કરી શકતો નથી; કેમકે તે એકનો દ્વેષ કરશે, ને બી-
જા પર પ્રેમ કરશે, અથવા તે એકના પક્ષનો થશે, ને બીજાને તુચ્છ કર-
શે. દેવની તથા દ્રવ્યની ચાકરી તમે કરી નથી શકતા. 14 અને ફરોશીઓ
જે દ્રવ્ય લોભી હતા તેઓએ તે સઘળી વાતો સાંભળીને તેના ઠઠ્ઠા કી-
ધા. 15 અને તેણે તેઓને કહ્યું કે, માણસોની આગળ પોતાને ન્યાયી દે-
ખાડનારા તમે છો, પણ દેવ તમારાં અંતઃકરણ જાણે છે; કેમકે માણસો-
માં જે ઉત્તમ ગણેલું છે તે દેવની દ્રષ્ટિમાં કંટાળારૂપ છે. 16 નિયમશાસ્ત્ર
તથા ભવિષ્યવાદીઓ યોહાન લગી હતા; ત્યારથી દેવના રાજ્યની સુ-
વાર્તા પ્રગટ કરાય છે, ને હરેક માણસ તેમાં બલાત્કારથી પેસે છે.
17 પણ શાસ્ત્રની એક પણ માત્રા રદ થાય, તે કરતાં આકાશ તથા પૃ-
થ્વી ને જતું રહેવું સહેલ છે. 18 જે કોઈ પોતાની બાયડીને છોડીને બીજી-
ને પરણે છે, તે વ્યભિચાર કરે છે, ને વારે છોડેલી બાયડીને જે પરણે તે
વ્યભિચાર કરે છે. 19 હવે એક શ્રીમંત માણસ હતો, ને તે કીરમજી તથા
ઝીણાં વસ્ત્ર પહેરતો હતો, ને નિત્ય દબદબાસહિત મોજમઝા મારતો
હતો. 20 અને લાજરસ નામે એક ભિખારી જેને આખા શરીરે ફોલ્લા હતા,
તે તેના દરવાજા આગળ પડેલો હતો. 21 અને શ્રીમંતની મેજ પરથી પડે-
લા કકડા વડે તે પેટ ભરવા ચાહતો હતો; વળી કુતરા પણ આવીને તે-
ના ફોલ્લા ચાટતા હતા. 22 અને એમ થયો કે તે ભિખારી મરી ગયો, ને દૂ-
તો તેને ઈબ્રાહીમની ગોદમાં લઇ ગયા; ને શ્રીમંત પણ મરી ગયો અને
દટાયો. 23 અને હાડેસમાં પીડા ભોગવતાં તેણે પોતાની આંખો ઉંચી
કરીને વેગળેથી ઈબ્રાહીમને તથા તેની ગોદમાં લાજરસ જોયા. 24 અને
તેણે ઘાટો પાડીને કહ્યું કે, ઈબ્રાહીમ બાપ, મારા પર દયા કરીને લાજર-
સને મોકલ, કે તે પોતાની આંગળીનું ટેરવું પાણીમાં બોળીને મારી જી-
ભને થંડી કરે, કેમકે આ બળતામાં હું વેદના પામું છું. 25 પણ ઈબ્રાહીમે
કહ્યું, દીકરા, સંભાર કે તારા જીવનમાં તું તારાં સારા વાનાં પામ્યો, ને
એમજ લાજરસ ભૂંડાં વાનાં [પામ્યો]; પણ હમણાં અહીં તે દિલાસો પા-
મે છે, ને તું વેદના પામે છે. 26 અને તે સર્વ ઉપરાંત અમારી તથા તમારી
વચમાં મોટી ખાઈ આવેલી છે, એ માટે કે જેઓ અહીંથી તમારી પાસે
આવવા ચાહે, તેઓ આવી ન શકે, ને ત્યાંથી કોઈ અમારી પાસે આ પાર
આવે નહિ. 27 અને તેણે કહ્યું કે, બાપ, એ માટે હું તને વિનંતી કરું છું કે,
તેને મારા બાપને ઘેર મોકલ, 28 કેમકે મારા પાંચ ભાઈઓ છે, કે તે તે-
ઓને શાહેદી આપે, રખે તેઓ પણ આ પીડાને ઠેકાણે આવે. 29 પણ
ઈબ્રાહીમ કહે છે કે, તેઓની પાસે મુસા તથા ભવિષ્યવાદીઓ છે; તેઓ-
નું તેઓ સાંભળે. 30 અને તેણે કહ્યું કે, ઈબ્રાહીમ બાપ, એમ નહિ, પણ
જો કોઈ મુએલામાંથી તેઓની પાસે જાય, તો તેઓ પસ્તાવો કરે. 31 અને
તેને કહ્યું કે, જો મુસા તથા ભવિષ્યવાદીઓનું તેઓ નહિ સાંભળે, તો
જો કોઈ મુએલાઓમાંથી ઉઠે, તોપણ તેઓ માનશે નહિ.

17 અને તેણે પોતાના શિષ્યોને કહ્યું કે, ઠોકર ખાવાના પ્રસંગ ન
આવે એમ બની શકતું નથી, પણ જેનાથી તે આવે છે તેને અફ-
સોસ છે! 2 કોઈ આ નાનાઓમાંના એકને ઠોકર ખવાડે, એ કરતાં તેની
કોટે ઘંટીનું પડ બંધાય ને તે સમુદ્રમાં નંખાય, એ તેને માટે સારૂ છે.
3 સાવચેત રહો; જો તમારો ભાઈ અપરાધ કરે, તો તને ઠપકો દે; ને જો તે
પસ્તાવો કરે, તો તેને માફ કર. 4 અને જો તે એક દહાડામાં સાત વાર
તારો અપરાધ કરે, ને સાત વાર તારી તરફ ફરીને કહે કે, હું પસ્તાઉં છું,
તો તેને માફ કર. 5 અને પ્રેરિતોએ પ્રભુને કહ્યું કે, અમારો વિશ્વાસ
વધાર. 6 અને પ્રભુએ કહ્યું કે, જો તમને રાઈના દાણા જેટલો વિશ્વાસ
હોય તો તમે આ ગુલ્લર ઝાડને કહેત કે, તું ઉખડ, ને સમુદ્રમાં રોપા, તો
તે તમારૂં માનત. 7 પણ તમારામાંનો એવો કોના છે કે જેનો ચાકર ખેડ-
તો અથવા ચારતો હોય, ને તે [ચાકર] ખેતરમાંથી આવે ત્યારે તેને કહે
કે, તરત આવીને જમવા બેસ; 8 એ કરતાં, શું તે એમ નહિ કહેશે કે, મા-
રું વાળું સિદ્ધ કર, ને કમર બાંધીને હું ખાઈ પી રહું ત્યાં સુધી મારીસેવા
કર, ને ત્યાર પછી તું ખાજે પીજે? 9 તે દાસે આજ્ઞા પાળી માટે તે તેનો
ઉપકાર માને છે શું? 10 તેં જે આજ્ઞા તમને આપેલી છે તે સર્વ પાળ્યા
પછી તમારે પણ એમ કહેવું કે, અમે નકામા ચાકરો છીએ, કેમકે જે કર-
વાની અમારી ફરજ હતી તેજ અમે કર્યું છે. 11 અને એમ થયું કે યરુશા-
લેમ જતા તે સમરૂનની મધ્યે તથા ગાલીલની મધ્યે થઈને જતો હતો.

12 અને એક ગામમાં તે પેઠો, એટલે દસ કોઢિયા તેને સામા મળ્યા, જે-
ઓએ વેગળા ઉભા રહી. 13 ઘાટો પાડીને કહ્યું કે, ઇસુ સ્વામી, અમારા
પર દયા કર. 14 અને તેઓને જોઇને તેણે તેઓને કહ્યું કે, જાઓ, પોતાને
યાજકોને દેખાડો. અને એમ થયું કે તેઓ રાસ્તે ચાલતાં શુદ્ધ કરાયા.
15 અને તેઓમાંનો એક, પોતે સાજો થયો છે એ જોઇને, મોટે ઘાટો દેવ-
ની સ્તુતિ કરો પાછો ફર્યો. 16 અને તેણે સાષ્ટાંગ દંડવત કરીને તેનો
ઉપકાર માન્યો; ને તે સમરૂની હતો. 17 અને ઇસુએ ઉત્તર આપતાં કહ્યું
કે, શું દસે જણ શુદ્ધ કરાયા નહોતો? તો બીજાં નવ ક્યાં છે? 18 દેવને
મહિમા આપવાને પાછો ફરે, એવો આ પરદેશી વિના કોઈ મળ્યો નહિ
શું? 19 અને તેણે કહ્યું કે, ઉઠીને ચાલ્યો જા; તારા વિશ્વાસે તને બચાવ્યો
છે. 20 અને ફરોશીઓએ તેને પુછ્યું કે, દેવનું રાજ્ય ક્યારે આવશે? ત્યારે
તેણે તેઓને ઉત્તર આપતા કહ્યું કે, દેવનું રાજ્ય દશ્ય રીતે નથી આવતું.
21 અને એમ નહિ કહેવામાં આવશે કે, જુઓ, આ રહ્યું! કે, પેલું રહ્યું! કેમ-
કે જુઓ, દેવનું રાજ્ય તમારામાં છે. 22 અને તેને શિષ્યોને કહ્યું કે, એવા
દહાડા આવશે કે માણસના દીકરાના દિવસોમાં એકને તમે જોવા ચહા-
શો, પણ તમે જોશો નહિ. 23 અને તેઓ તમને કહેશે હે જુઓ, પેલો
રહ્યો, જુઓ, આ રહ્યો, તમે જતો ના, ને એમની પાછળ ચાલતા ના.
24 કેમકે વીજળી એક દિશાથી ચમકતી આકાશ તળે બીજી દિશા સુધી
પ્રકાશે છે, તેં માણસનો દીકરો પોતાનો દિવસમાં થશે. 25 પણ પહેલાં
તેને ઘણું સહેવું પડશે, ને આ પેઢીથી નાપસંદ થવું પડશે. 26 અને જેમ
નુહના દિવસોમાં થયું, તેમજ માણસના દીકરાના દિવસોમાં પણ થશે.
27 નુહ વહાણમાં પેઠો ને જલપ્રલયે આવીને બધાનો વિનાશ કર્યો તે દિ-
વસ લગી તેઓ ખાતા, પીતા, પરણતા, પરણાવાતા હતા. 28 અને તેમજ
લુતના દિવસોમાં પણ થયું, તેઓ ખાતા, પીતા, વેચાતું લેતા આપતા,
રોપતા, બાંધતા હતા; 29 પણ લૂટ સોદમમાંથી નીકળ્યો તે દિવસે આગ
તથા ગંધક આકાશમાંથી વરસ્યાં, નેતેથી બધાનો વિનાશ થયો; 30 જે
દિવસે માણસનો દીકરો પ્રગટ થશે તે દિવસે તેજ પ્રમાણેજ થશે. 31 તે
દિવસે જે ધાબા પર હોય, તેનો સામાન ઘરમાં હોય તો તે લેવાં સારૂ તે-
ણે ઉતરવું નહિ, ને જે ખેતરમાં હોય તેણે પણ પાછા ફરવું નહિ. 32 લુત-
ના વહુને સંભારો. 33 જે કોઈ પોતાનો જીવ બચાવવા કોશિશ કરશે, તે
તેને ખોશે, ને જે કોઈ તેને ખોશે તે તેને બચાવશે. 34 હું તમને કહું છું કે,
તે રાત્રે એક ખાટલામાં બે જન હશે; તેઓમાંનો એક લઇ લેવાશે, ને બી-
જો પડતો મુકાશે. 35 બે બાયડી સાથે દળતી હશે; તેમાંથી એક લઇ લે-
વાશે, ને બીજી પડતી મુકાશે. 36 ખેતરમાં બે જન હશે, તેઓમાંનો એક
લેવાશે, ને બીજો પડતો મુકાશે. 37 અને તેઓએ તેને ઉત્તર આપતા કહ્યું
કે, પ્રભુ, ક્યાં? ને તેણે તેઓને કહ્યું કે, જ્યાં મુડદું હશે ત્યાં ગીધો પણ
એકઠાં થશે.

18 સર્વદા પ્રાર્થના કરવી જોઈએ, ને કાયર થવું નહિ, તે [શિખવ-
વા] સારૂ તેણે એક દ્રષ્ટાંત તેઓને કહ્યું કે, 2 એક શહેરમાં એક
ન્યાયાધીશ હતો, જે દેવથી બીતો ન હતો, ને માણસને ગણકારતો ન
હતો; 3 અને તે શહેરમાં એક વિધવા હતી; ને તે વારંવાર તેની પાસે
આવીને કહેતી કે, મારા વાદીની પાસેથી મને દાદ અપાવ. 4 અને કેટ-
લીક મુદત સુધી તે [એમ કરવા] ઈચ્છતો ન હતો; પણ પછીથી તે પો-
તાના મનમાં કહ્યું કે, જો કે હું દેવથી બીતો નથી, ને માણસને ગણકાર-
તો નથી, 5 તોપણ આ વિધવા મને તસ્દી દે છે, માટે હું તેને દાદ અપા-
વીશ, રાખે તે વારેઘડીએ આવીને મને થકવે. 6 અને પ્રભુએ કહ્યું કે, એ
અન્યાયી ન્યાયાધીશ શું કહે છે તે સાંભળો. 7 તો દેવ પોતાના પસંદ
કરેલા, જેઓ તેની આગળ રાત દહાડા હાંક મારે છે, ને જેઓ વિષે તે ખા-
મોશી રાખે છે, તેઓને દાદ નહિ આપશે શું? 8 હું તમને કહું છું કે, તે
જલદીથી તેઓને દાદ આપશે. પરંતુ માણસનો દીકરો આવશે, ત્યારે તે-
ને પૃથ્વી પર વિશ્વાસ જડશે શું? 9 અને કેટલાએક પોતા વિષે અભિમાન
રાખતા હતા કે અમે ન્યાયી છીએ, ને બીજોને તુચ્છકરતા હતા, તેઓને
પણ તેણે આ દ્રષ્ટાંત કહ્યું કે, 10 બે માણસ પ્રાર્થના કરવા સારૂ મંદિરમાં
ગયા; એક ફરોશી, ને બીજો દાણી હતો. 11 ફરોશીએ ઉભા રહીને પોતા-
ના મનમાં એ પ્રાર્થના કરી કે, ઓ દેવ, બીજા માણસોના જેવો જુલમી,
અન્યાયી, વ્યભિચારી અથવા આ દાણીના જેવો હું નથી, માટે હું તારી
ઉપકારસ્તુતિ કરું છું. 12 અઠવાડીએ બે બાર હું ઉપવાસ કરું છું, ને મા-
રી બધી આવકનો દસમો ભાગ આપું છું. 13 પણ દાણીએ વેગળા ઉભા
રહીને પોતાની આંખો પણ આકાશ તરફ ઉંચી કરવા ન ચાહતાં પોતાની
છાતી કુટીને કહ્યું કે, ઓ દેવ, મુજ પાપી પર દયા કર. 14 હું તમને કહું છું
કે, પેલા કરતા એ માણસ ન્યાયી ઠરીને પોતાને ઘેર ગયો; કેમકે જે કોઈ
પોતાને ઉંચો કરે છે તે નીચો કરાશે, ને જે પોતાને નીચો કરે છે તે ઉંચો
કરાશે. 15 અને તેઓ તેની પાસે પોતાના બાળકો પણ લાવ્યા, એ સારૂ
કે તે તેઓને અડકે, પણ શિષ્યોએ તે જોઇને તેઓને ધમકાવ્યા. 16 પણ
ઇસુએ તેઓને પાસે બોલાવીને કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા
દો, ને તેઓને વારો મા; કેમકે દેવનું રાજ્ય એવાંઓનું છે. 17 હું તમને
ખચિત કહું છું કે, જે કોઈ બાળકની પેઠે દેવનું રાજ્ય સ્વીકારશે નહિ, તે
તેમાં નહિજ પેસશે. 18 અને એક અધિકારીએ તેને પુછ્યું કે, ઉત્તમ ઉપ-
દેશક, અનંત જીવનનો વારસો પામવા હું શું કરું? 19 ને ઇસુએ તેને કહ્યું
કે, તું મને ઉત્તમ કેમ કહે છે? એક એટલે દેવ તે વિના ઉત્તમ કોઈ નથી.
20 તું આજ્ઞાઓ જાણે છે કે, વ્યભિચાર ન કર, હત્યા ન કર, ચોરી ન કર,
જુઠી શાહેદી ન પુર, પોતાના માબાપને માન આપ. 21 અને તેણે કહ્યું કે,
એ બધું તો હું મારા નાનપણથી પાળતો આવ્યો છું. 22 અને ઇસુએ તે
સાંભળીને તેને કહ્યું કે, તું હજી એક વાત સંબંધી અધુરો છે. તારું જે છે
તે બધું વેચી નાખ, ને દરિદ્રીઓને આપી દે, ને આકાશમાં તને દ્રવ્ય
મળશે; ને આવીને મારી પાછળ ચાલ. 23 પણ એ સાંભળીને તે અતિ
ઉદાસ થયો, કેમકે તે બહુ શ્રીમંત હતો. 24 અને ઇસુએ તેને જોઇને કહ્યું
કે, જેઓની પાસે સંપત છે, તેઓને દેવના રાજ્યમાં પેસવું કેવું અઘરું
છે! 25 કેમકે શ્રીમંતને દેવની રાજ્યમાં પેસવું, તે કરતાં ઉંટને સોયના ના-
કામાં થઈને જવું સહેલ છે. 26 અને તે વાત સાંભળનારાઓએ કહ્યું કે,
તો કોણ તારણ પામી શકે? 27 પણ તેણે કહ્યું કે, માણસોને જે અશક્ય
છે તે દેવને શક્ય છે. 28 અને પીતરે કહ્યું કે, જુઓ, અમે પોતાના [બધું]
મુકીને તારી પાછળ આવ્યા છીએ. 29 અને તેણે તેઓને કહ્યું કે, હું તમને
ખચિત કહું છું કે, જે કોઇએ ઘરને કે વહુને, કે ભાઇઓને, કે માબાપને કે
છોકરાંને દેવના રાજ્યને લીધે મુક્યાં હશે, 30 તે આ કાળમાં બહુગણું
તથા આવનાર જમાનામાં અનંત જીવન પામ્યા વિના રહેશે નહિ.
31 અને તેણે બારેને પાસે બોલાવીને તેઓને કહ્યું કે, જુઓ, આપણે
યરુશાલેમ જઈએ છીએ, ને માણસના દીકરા સંબંધી ભવિષ્યવાદીઓ-
થી જે લખાયું છે તે સર્વ પુરૂં કરાશે. 32 કેમકે તે વિદેશીઓને સ્વાધીન
કરાશે, ને તેના ઠઠ્ઠા કરાશે, તથા અપમાન કરાશે, ને તેના પર તેઓ
થુંકશે; 33 ને કોરડા મારીને તેઓ તેને મારી નાખશે, ને ત્રીજે દહાડે તે પા-
છો ઉઠશે. 34 અને એમાંનું કંઈ તેઓના સમજવામાં ન આવ્યું; ને આ
વાત તેઓથી ગુપ્ત રહી, ને જે કહેવામાં આવ્યું તે તેઓ સમજ્યા નહિ.
35 અને એમ થયું કે તે યેરેખો પાસે આવતો હતો, ત્યારે માર્ગની કોરે
ભીખ માગતો એક આંધળો બેઠો હતો; 36 અને ઘણા લોકોને પાસે થઈ-
ને જતા સાંભળીને તેણે પુછ્યું કે, આ શું હશે? 37 ને તેઓએ તેને કહ્યું કે,
ઇસુ નાઝારી પાસે થઈને જાય છે. 38 અને તેણે બૂમ પાડીને કહ્યું કે, ઓ
ઈસુ, દાઉદના દીકરા મારા પર દયા કર. 39 અને જેઓ આગળ જતા હતા
તેઓએ તેને ધમકાવ્યો, કેમ છાનો રહે; પણ તેણે વિશેષ ઘાંટો પાડીન-
ને કહ્યું કે, દાઉદના દીકરા મારા પર દયા કર. 40 અને ઇસુએ ઉભા રહીને
તેને પોતાની પાસે લાવવાનો હુકમ કીધો; ને તે પાસે આવ્યો, ત્યાતે તે-
ણે તેને પછ્યું કે, 41 હું તારે વાસ્તે શું કરું, તારી ઇચ્છા શી છે? ને તેણે
કહ્યું કે, પ્રભુ હું દેખતો થાઉં. 42 અને ઇસુએ તેને કહ્યું કે, તું દેખતો થા;
તારા વિશ્વાસે તને બચાવ્યો છે. 43 અને તરત તે દેખાતો થયો,ને દેવને
મહિમા આપતો તે તેની પાછળ ચાલ્યો; ને બધા લોકોએ તે જોઇને દેવ-
ની ઉપકારસ્તુતિ કીધી.

19 અને તે યેરેખોમાં પેસીને તેમાં થઈને જતો હતો. 2 અને જુઓ,
જાખી નામે એક પુરૂષ હતો; ને તે મુખ્ય દાણી હતો, ને શ્રીમંત
હતો. 3 અને તેણે ઇસુને જોવા કોશિષ કીધી કે તે કોણ છે, પણ ભીડને
લીધે તે જોઈ શક્યો નહિ, કેમકે તે ઠીંગણો હતો. 4 અને આગળ દોડી
જઈને તેને જોવા સારૂ ગુલ્લર ઝાડ પર તે ચડ્યો; કેમકે તે રસ્તે થઈને તે
જવાનો હતો. 5 અને તે જગ્યાએ આવીને ઉંચું જોઇને તેને કહ્યું કે, જાખી,
તું જલદી ઉતરી આવ, કેમકે મારે આજ તારે ઘેર ઉતરવાનું છે. 6 અને તે
જલદી ઉતરી આવ્યો, ને તેણે આનંદથી તેનો આવકાર કીધો. 7 અને
સઘળાએ તે જોઇને કચકચ કરીને કહ્યું કે, તે પાપી માણસને ત્યાં પરો-
ણો રહેવા ગયો છે. 8 અને જાખીએ ઉભા રહીને પ્રભુને કહ્યું કે, પ્રભુ, જો,

હું મારો સંપતનો અરધો ભાગ દરિદ્રીઓને આપું છું; ને જો અન્યાયથી મેં
કોઈનું કંઈ પડાવી લીધું હોય, તો હું ચોગણું પાછું આપું છું. 9 અને
ઈસુએ તેને કહ્યું કે, આજ આ ઘેર તારણ આવ્યું છે, કારણ કે તે પણ
ઈબ્રાહીમનો દીકરો છે. 10 કેમકે ખોવાયેલું શોધવા તથા તારવા સારૂ મા-
ણસનો દીકરો આવ્યો છે. 11 અને તેઓ આ વાતો સાંભળતા હતા, ત્યા-
રે તેણે એક દ્રષ્ટાંત પણ કહ્યું, કેમકે તે યરૂશાલેમ પાસે આવ્યો હતો, ને
તેઓ એમ ધારતા હતા કે, દેવનું રાજ્ય હમણાંજ પ્રગટ થશે. 12 માટે તે-
ણે કહ્યું કે, એક કુલીન માણસ પોતાને સારૂ રાજ્ય મેળવીને પાછા
આવવા[ના ઈરાદાથી] દૂર દેશ ગયો. 13 અને તેણે પોતાના દસ ચાકરોને
બોલાવીને તેઓને દસ મહોર આપી, ને તેઓને કહ્યું કે, હું આવું ત્યાં
લગી તનો વહીવટ કરો. 14 પણ તેના શહેરના માણસો તેના પર દ્વેષ રા-
ખતા હતા, ને તેની પાછળ એલચીઓને મોકલીને કહેવડાવ્યું કે, એ મા-
ણસ અમારા પર રાજ્ય કરે એવું અમે ચાહતા નથી. 15 અને એમ થયું કે
તે રાજ્ય લઈને પાછો આવ્યો, ત્યારે જે ચાકરોને તેણે નાણું આપ્યું હતું,
તેઓને પોતાની પાસે બોલાવવાનું કહ્યું, એ માટે કે તેઓ શું શું કમાયા,
તે એ જાણે. 16 ત્યારે પહેલાએ તેની પાસે આવીને કહ્યું કે, સાહેબ, તારી
એક મહોરે બીજી દસ મહોરે બીજી દસ મહોર પેદા કીધી છે. 17 અને તેણે
તેને કહ્યું કે, શાબાશ, ભલા ચાકર, તું જૂજ વાતમાં વિશ્વાસુ માલમ
પડ્યો છે, માટે દસ શહેરોનો અધિકારી થા. 18 અને બીજાએ આવીને
કહ્યું કે, સાહેબ, તારી એક મહોરે પાંચ મહોર પેદા કીધી હે. 19 અને તેણે
તેને પણ કહ્યું કે, તું પણ પાંચ શહેરનો ઉપરી થા. 20 અને બીજાએ
આવીને કહ્યું કે, સાહેબ, જો, તારી મહોર આ રહી, મેં રૂમાલમાં ઘાલીને
તેને રાખી મુકી હતી, 21 કારણ એ હું તારાથી બીધો, કેમકે તું કઠણ મા-
ણસ છે; જે તું મુક્યું ન હોય તે તું ઉઠાવે છે, ને જે તું વાવ્યું ન હોય તે તું
કાપે છે. 22 તેને તેને કહ્યું, ઓ ભુંડા ચાકર, તારા પોતાના મ્હોથી હું તારો
ન્યાય કરીશ; હું કઠણ માણસ છું, જે મુક્યું ન હોય, તે હું ઉઠાવું છું, ને જે
વાવ્યું ન હોય તે કાપું છું, તું એમ જાણતો હતો; 23 માટે સાહુકારને ત્યાં
મારું નાણું તેં કેમ નહોતું આપ્યું, કે હું આવીને વ્યાજ સુદ્ધાં મારું વસુલ
કરત? 24 પછી જે પાસે ઉભા હતા તેઓને તેણે કહ્યું કે, તેની પાસેથી તે
મહોર લઈ લો, ને જેની પાસે દસ મહોર છે તેને આપો. 25 અને તેઓએ
તેને કહ્યું કે, સાહેબ, તેની પાસે તો દસ મહોર છે! 26 હું તમને કહું છું કે,
જે કોઈની પાસે છે, તેને અપાશે, ને જેની પાસે નથી તેનું જે છે તે પણ
તેની પાસેથી લઈ લેવાશે. 27 પરંતુ આ મારા વૈરીઓ જેઓ ચહાતા નહો-
તા કે હું તેઓ પર રાજ્ય કરું, તેઓને અહીં લાવો, ને મારી આગળ મારી
નાખો. 28 અને એમ કહ્યા પછી તે યરૂશાલેમને માર્ગે તેમની આગળ ચા-
લ્યો. 29 અને એમ થયું કે તે બેથફાગી તથા બેથાની પાસે જૈતુન નામના
પહાડ આગળ આવ્યો, ત્યારે તેણે સીશ્યોમાંના બેને એમ કહીને મોક-
લ્યા કે, 30 સામેના ગામમાં જાઓ, ને તેમાં પેસતાંજ એક [ગધેડાનું]
વછેરું બાંધેલું તમને મળશે, જે પર કોઈ માણસ કડી બેઠું નથી; તેને
છોડી લાવો. 31 અને જો કોઈ તમને પુછે કે, તેને કેમ છોડો છો? તો એમ
કહો કે, પ્રભુને તેનો ખપ છે. 32 અને જેઓને મોકલ્યા તેઓ ગયા, જેમ
તેણે તેઓને કહ્યું હતું તેમજ તેઓને મળ્યું. 33 ને તેઓ વછેરું છોડતા
હતા ત્યારે તેના ધણીઓએ તેઓને કહ્યું કે, તમે વછેરું કેમ છોડો છો?
34 અને તેઓએ કહ્યું કે, પ્રભુને તેનો ખપ છે. 35 અને તેઓ તેને ઈસુની
પાસે લાવ્યા, ને વછેરા પર પોતાના લુગડાં નાખીને ઈસુને તેના પર બે-
સાડ્યો. 36 અને તે જતો હતો ત્યારે તેઓએ પોતાનાં લુગડાં માર્ગમાં પા-
થર્યાં. 37 અને તે નજદીક, જેતુન પહાડના ઢોળાવ પાસે, આવી
પહોંચ્યો, ત્યારે જે પરાક્રમી કામો તેઓએ જોયાં હતાં, તે સઘળાંને લીધે
શિષ્યોનો આખો સમુદાય હર્ષ કરીને મોટે ઘાંટે દેવની સ્તુતિ કરતાં કહે-
વા લાગ્યો કે, 38 પ્રભુને નામે જે રાજા આવે છે તેને ધન્ય છે! આકાશમાં
શાંતિ તથા પરમ ઉંચામાં મહિમા! 39 અને લોકોમાંથી કેટલાએક ફરોશી-
ઓએ તેને કહ્યું કે, ઉપદેશક, તારા શિષ્યોને ધમકાવ. 40 અને તેણે
ઉત્તર આપતાં કહ્યું કે, હું તમને કહું છું કે જો એઓ છાના રહે તો પત્થરા
પોકારી ઉઠશે. 41 અને તે પાસે આવ્યો ત્યારે શહેરને જોઈને તે તેને લીધે
રડ્યો, ને કહ્યું કે, 42 જો તેં, હા તેં, શાંતિને લગતાં જે વાનાં તે આજે જા-
ણ્યાં હોત તો કેવું સારૂં! પણ હમણાં તેઓ તારી આંખોથી સંતાએલાં છે.
43 કેમકે તારા ઉપર એવા દિવસો આવી પડશે કે જયારે તારા વૈરીઓ
તારી સામા પાળ બાંધશે, ને તને ઘેરો ઘાલશે, ને ચારો તરફ તને સંકડા-
વશે. 44 અને તેઓ તને તથા તારી મધ્યે તારાં છોકરાંને જમીન પર
પછાડી નાખશે, ને તેઓ તારામાં એક પત્થર પર બીજો પત્થર રહેવા દે-
શે નહિ, કેમકે તારી કૃપાદ્રષ્ટિનો સમય તેં જાણ્યો નહિ. 45 અને તે મદિ-
રમાં ગયો ને વેચનારાઓને માંહેથી કાઢી મુકવા લાગ્યો, 46 ને તેઓને
કહ્યું કે, એમ લખ્યું છે કે, મારું ઘર પ્રાર્થનાનું ઘર થશે, પણ તમે તેને લુ-
ટારાઓનું કોતર કીધું. 47 અને તે રોજ મંદિરમાં બોધ કરતો હતો, પણ
મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ તથા લોકના મુખીઓ તેને મારી નાખવા-
ની કોશિશ કરતા હતા; 48 અને શું કરવું તે તેઓને સુઝ્યું નહિ; કેમકે
બધા લોક એકાગ્ર ચિત્તે તેનું સાંભળતા હતા.

20 અને તે અરસામાં એક દિવસે એમ થયું કે મંદિરમાં લોકોને તે
બોડ કરતો ને સુવાર્તા પ્રગટ કરતો હતો, ત્યારે મુખ્ય યાજકો
તથા શાસ્ત્રીઓ, વડીલો સુદ્ધાં, પાસે આવીને ઉભા રહ્યા. 2 અને તેની
સાથે વાત કરતા કહ્યું કે, અમને કહે કે, કયા અધિકારથી તું આ કામો કરે
છે? અથવા આ અધિકાર તને કોણ આપ્યો છે? 3 અને તેણે તેઓને
ઉત્તર આપતા કહ્યું કે, હું પણ તમને એક વાત પુછું છું, તે મને કહો:
4 યોહાનનો બપ્તિસ્મા આકાશથી હતું કે માણસોથી? 5 ને તેઓએ મા-
હોમાંહે વિચાર કરીને કહ્યું કે, જો કહીએ કે આકાશથી તો તે કહેશે, તો
તમે તેનું કેમ માન્યું નહિ? 6 પણ જો કહીએ કે માણસોથી, તો બધા
લોક આપણને પત્થર મારશે, કેમકે તેઓને ખાતરી છે કે યોહાન ભવિ-
ષ્યવાદી હતો. 7 અને તેઓએ ઉત્તર આપ્યો કે, તે ક્યાંથી હતું એ અમે
નથી જાણતા. 8 અને ઈસુએ તેઓને કહ્યું કે, હું પણ તમને કહેતો નથી
કે કયા અધિકારથી હું આ કામો કરું છું. 9 અને તે લોકોને એ દ્રષ્ટાંત
કહેવા લાગ્યો કે, એક માણસે દ્રાક્ષવાડી રોપી, ને તે ખેડુતોને ઈજારો
આપી, ને લાંબી મુદત સુધી પરદેશ જઈ રહ્યો. 10 અને મોસમે તેણે ખેડુ-
તોની પાસે એક ચાકરને મોકલ્યો કે તેઓ દ્રાક્ષવાડીનાં ફળનો [ભાગ]
તેને આપે; પણ ખેડૂતોએ તેને મારીને ખાલી હાથે પાછો મોકલ્યો.
11 વળી તેણે બીજા એક ચાકરને મોકલ્યો; ને તેઓએ તેને પણ મારીને
તથા અપમાન કરીને ખાલી હાથે પાછો મોકલ્યો. 12 અને તેણે વળી ત્રી-
જાને મોકલ્યો; ને તેઓએ તેને પણ ઘાએલ કરીને બહાર કાઢ્યો.
13 અને દ્રાક્ષવાડીના ધણીએ કહ્યું કે, હું શું કરું? હું મારા વહાલા દીકરાને
મોકલીશ, તેને જોઈને કદાપિ તેઓ તની અદબ રાખશે. 14 પણ ખેડૂ-
તોએ જયારે તેને જોયો ત્યારે તેઓએ માહોમાંહે મનસુબો કરીને કહ્યું કે,
આ વારસ છે, ચાલો, આપણે તેને મારી નાખીએ કે વારસો આપણને
મળે. 15 અને તેઓએ તેને વાડીમાંથી કાઢીને મારી નાખ્યા. માટે દ્રાક્ષ-
વાડીનો ધણી તેઓને શું કરશે? 16 તે આવીને તે ખેડૂતોનો નાશ કરશે,
ને દ્રાક્ષવાડી બીજાઓને આપશે. અને એ સાંભળીને તેઓએ કહ્યું કે,
એવું ન થાઓ. 17 પણ તેણે તેઓની તરફ જોઈને કહ્યું, તો આ જે લખેલું
છે તે શું છે, એટલે, જે પત્થરનો બાંધનારાઓએ નકાર કીધો તે ખૂણાનું
મથાળું થયો. 18 તે પત્થર પર જે કોઈ પડશે તેના ટુકડેટુકડા થઈ જશે,
પણ જેના પર તે પડશે તેનો t ભૂકો કરી નાખશે. 19 અને શાસ્ત્રીઓએ
તથા મુખ્ય યાજકોએ તેજ ઘડીએ તેના પર હાથ નાખવાની કોશિષ કી-
ધી; પણ તેઓ લોકથી બીધા, કેમકે તેઓએ જાણ્યું કે, તેણે આ દ્રષ્ટાંત
આપણા પર કહ્યું છે. 20 અને તેના પર નજર રાખીને તેઓએ ન્યાયી હો-
વાનું ડોળ રાખનારા જાસુસોને મોકલ્યા, એ સારૂ કે તેઓ તેને વાતમાં
પકડીને તેને હાકેમના કબજામાં તથા અધિકારમાં સોંપી દે. 21 અને તે-
ઓએ તેને પુછ્યું કે, ઉપદેશક, અમે જાણીએ છીએ, કે તારું કહેવું અને
શીખવવું સત્ય છે, ને તું કોઈનું મ્હો રાખતો નથી, પણ સચાઈથી દેવનો
માર્ગ શિખવે છે; 22 તો આપણે કાઈસારને કર આપવો ઉચિત છે કે
નહિ? 23 પણ તેણે તેઓનું કપટ જાણીને તેઓને કહ્યું કે, 24 મને એક
દીનાર દેખાડો; એનાં પર કોના સુરત તથા લેખ છે? અને તેઓએ કહ્યું
કે, કાઈસારનાં. 25 ત્યારે તેણે તેઓને કહ્યું કે, તો જે કાઈસારનાં તે કાઈ-
સારને, ને જે દેવનાં તે દેવને ભરી આપો. 26 અને લોકની આગળ તેઓ
આ વાતમાં તેને પકડી શક્યા નહિ, ને તેના ઉત્તરથી અચરત થઈને
તેઓ છાના રહ્યા. 27 અને સદુકીઓ જે કહે છે કે પુનરૂત્થાન નથી, તે-
ઓમાંના કેટલાએકે તેની પાસે આવીને તેને પુછ્યું કે, 28 ઉપદેશક, મુ-
સાએ અમારે વાસ્તે લખ્યું છે કે, જો કોઈનો ભાઈ, વહુ [જીવતી] છતાં,
સંતાન વિના મારી જાય, તો તેનો ભાઈ તેની વહુને લે, ને પોતાના ભા-
ઈને સારૂ સંતાન ઉપજાવે. 29 વારૂ સાત ભાઈ હતા; ને પહેલો વહુ પર-

ણીને સંતાન વિના મારી ગયો; 30 પછી બીજાએ [તેને લીધી]; 31 અને
ત્રીજાએ તેને લીધી; ને તેજ પ્રમાણે સાતે સંતાન મુક્યા વગર મરી ગયા.
32 પછીથી બાયડી પણ મારી ગઈ. 33 તો પુનરૂત્થાનમાં તે તેઓમાંના
કોની બાયડી થશે? કેમકે સાતેની તે વહુ થઈ હતી. 34 અને ઇસુએ તે-
ઓને કહ્યું કે, આ જગતના છોકરાં પરણે છે તથા પરણાવાય છે; 35 પણ
જેઓ તે જગતને તથા મુએલામાંથી પુનરૂત્થાન પામવાને યોગ્ય ગણાય
છે, તેઓ પરણતા નથી તથા પરણાવાતા નથી; 36 કેમકે તેઓ ફરીથી
મારી નથી શકતા; કારણ કે તેઓ દૂતોના સરખા છે; ને પુનરૂત્થાનના
દીકરો હોવાથી તેઓ દેવના દીકરા છે. 37 વળી ઝાડવાં [નામના પ્રક-
રણ]માં મુસા પ્રભુને ઇબ્રાહીમનો દેવ તથા ઇસ્હાકનો દેવ તથા યાકુબ-
નો દેવ કહે છે, ત્યારે તે પણ એવું જણાવે છે કે મુએલાં ઉઠાડાય છે.
38 હવે તે મુએલાંને દેવ નથી, પણ જીવતાંઓનો છે; કેમકે સઘળા તેની
પ્રત્યે જીવે છે. 39 અને શાસ્ત્રીઓમાંના કેટલાએક ઉત્તર આપતાં કહ્યું કે,
ઉપદેશક, તેં ઠીક કહ્યું. 40 અને પછીથી તેને કંઈ પુછવાને તેઓની ચાટી
ચાલી નહિ. 41 અને તેણે તેઓને કહ્યું કે, ખ્રિસ્ત દાઉદનો દીકરો છે,
એમ લોકો કેમ કહે છે! 42 કેમકે દાઉદ પોતે ગીતશાસ્ત્રમાં કહે છે કે, પ્ર-
ભુએ મારા પ્રભુને કહ્યું કે, 43 હું તારા શત્રુઓને તારું પાયાસન કરું ત્યાં
લગી તું મારે જમણે હાથે બેસ. 44 દાઉદ તો તેને પ્રભુ કહે છે, માટે તે તે-
નો દીકરો કેમ હોય? 45 અને સઘળા લોકના સાંભળતા તેને પોતાના
શિષ્યોને કહ્યું કે, 46 શાસ્ત્રીઓથી સાવધાન રહો, કે જેઓ જામા પહેરીને
ફરવાનું, તથા ચૌટાઓમાં સલામો તથા સભાસ્થાનોમાં મુખ્ય આસનો
તથા જમણવારમાં મુખ્ય જગ્યાઓ ચાહે છે; 47 જેઓ વિધવાઓનાં ઘર
ખાઈ જાય છે, ને ઢોંગથી લાંબી પ્રાર્થનાઓ કરે છે; તેઓ વિશેષ દંડ ભો-
ગવશે.

21 અને તેણે ઉંચે જોયું તો શ્રીમંતોને [ધર્મ] ભંડારમાં પોતાનાં
દાન નાખતા દીઠા. 2 અને એક દરિદ્રી વિધવાન તેમાં બે દમડી
નાખતી દીઠી, 3 ને તેણે કહ્યું કે, હું તમને સાચું કહું છું કે, આ દરિદ્રી વિ-
ધવાએ એ સઘળો કરતા વધારે નાખ્યું છે. 4 કેમકે એ સહુએ પોતાના
વધારામાંથી દનોમાં કંઈ નાખ્યું, પણ એણીએ પોતાની તંગીમાંથી પો-
તાની જે ઉપજીવિકા હતી તે બધી નાખી દીધી. 5 અને સુંદર પત્થરોથી
તથા દાનોથી મંદિર કેવું સુશોભિત કરેલું છે તે વિષે કેટલાએક વાત કર-
તા હતા, ત્યારે તેણે કહ્યું કે, 6 આ બધું તમે જુઓ છો ખરા, પણ એવા
દિવસો આવશે કે જેમાં અહીં પાડી નંખાશે નહિ એવો એક પત્થર બીજા
પર રહેવા દેવાશે નહિ. 7 અને તેઓએ તેને પુછ્યું કે, ઉપદેશક, તો એ
ક્યારે થશે? ને જયારે આ વાતો પુરી થવાની હશે ત્યારે શું ચિન્હ થશે?
8 ને તેણે કહ્યું કે, કોઈ તમને નાં ભુલાવે માટે સાવધાન રહો; કેમકે મારે
નામે ઘણા આવીને કહેશે કે, તે હું છું, ને, સમય પાસે આવ્યો છે; તમે તો
તેઓની પછવાડે જશો મા. 9 અને જયારે તમે લડાઇઓ તથા હુલ્લડોના
સમાચાર સાંભળશો ત્યારે ગભરાશો મા, કેમકે આ બધું પ્રથમ થવું જો-
ઈએ; પણ એટલેથી અંત નથી. 10 ત્યારે તેણે તેઓને કહ્યું કે, પ્રજા પ્રજા
વિરુદ્ધ તથા રાજ્ય રાજ્ય વિરુદ્ધ ઉઠશે; 11 આને મોટા ધરતીકંપો
[થશે], તથા ઠામેઠામ દુકાળો તથા મરકીઓ થશે; ને આકાશમાંથી
ભયંકર ઉત્પાત તથા મોટાં ચિન્હો થશે. 12 પણ એ સર્વ થયા પહેલાં
મારા નામને લીધે તેઓ તમારા પર હાથ નાખશે, ને તમને સતાવીને
સભાસ્થાનો તથા બંદીખાના[ના અધિકારીઓને] હવાલે કરશે, ને રા-
જાઓ તથા હાકેમોની આગળ લઈ જશે. 13 એ તમારે સારૂ સાક્ષીરૂપ થઈ
પડશે. 14 માટે તમે પોતાના મનમાં નિશ્ચય કરો કે પ્રત્યુત્તર કેવી રીતે દે-
વો તે વિષે આગળથી ચિંતા ન કરવી. 15 કેમકે હું તમને એવું મુખ તથા
એવી બુદ્ધિ આપીશ, કે તમારો કોઈ પણ વિરોધી પ્રત્યુત્તર આપી અથ-
વા સામો થઈ નહિ શકશે. 16 પણ માબાપથી તથા ભાઈઓથી તથા
સંગાથી તથા મિત્રોથી પણ તમે પરસ્વાધીન કરશો; ને તમારામાંના કે-
ટલાએકને તેઓ મારી નંખાવશે. 17 અને મારા નામને લીધે સઘળા
તમારો દ્વેષ કરશે. 18 પણ તમારા માથાનો એમ નિમાળો પણ નાશ પા-
મશે નહિ. 19 તમારી ધીરજથી તમારા જીવને તમે બચાવશો. 20 પણ
જયારે યરૂશાલેમ ફોજોથી ઘેરાએલું જેશો ત્યારે જાણજો કે તેનો ઉજડ
થવાનો [સમય] પાસે આવ્યો છે. 21 ત્યારે જેઓ યહુદાહમાં હોય તેઓએ
પહાડોમાં નાસી જવું; ને જેઓ તેની મધ્યે હોય તેઓએ બહાર નીકળી
જવું; ને જો સીમમાં હોય તેઓએ [શહેર]માં આવવું નહિ. 22 ક્મકે એ વેર
વાળવાના દિવસો છે, એ માટે કે જે જે લખ્યું છે, તે બધું પુરૂં થાય. 23 તે
દિવસોમાં જેઓ ગર્ભવતી હશે તથા જેઓ ધવડાવતી હશે તેઓને અફ-
સોસ છે! કેમકે દેશ પર મોટો વિપત્તિ, ને આ લોક પર કોપ આવી પડશે.
24 અને તેઓ તારવારની ધારથી માર્યા જશે, ને ગુલામ થઈને બધા દે-
શોમાં લઈ જવાશે; ને વિદેશીઓના સમયો પુરા થશે, ત્યાં લગી યરૂશા-
લેમ વિદેશીઓથી ખુંદી નંખાશે. 25 અને સુરજ તથા ચંદ્ર તથા તારાઓ-
માં ચિન્હો થશે; ને પૃથ્વી ઉપર દેશજાતિઓ, સમુદ્ર તથા ચંદ્ર તથા મો-
જાંઓની ગર્જનાથી અકળાઈને, ગભરાશે; 26 પૃથ્વી ઉપર જે આવી પડ-
વાનું છે તેની બીકથી તથા તેની વકીથી માણસો નિર્ગત થશે; કેમકે
આકાશમાંનાં પરાક્રમો હલાવાશે. 27 અને ત્યારે તેઓ માણસના દીકરા-
ને પરાક્રમ તથા મહા મહિમા સહિત વાદળમાં આવતો જોશે. 28 પણ આ
વાતો થવા લાગે ત્યારે તમે નજર ઉઠાવીને તમારાં માથા ઉંચા કરો, કેમ-
કે તમારો ઉદ્ધાર પાસે આવ્યો છે. 29 અને તેણે તેઓને દ્રષ્ટાંત કહ્યું કે,
અંજીરી તથા સર્વ ઝાડોને જુઓ. 30 હવે તેઓ જયારે કુટવા માંડે છે ત્યારે
તમે તે જોઈને પોતાની મેળે જાણો છો કે ઉનોળો પાસે છે. 31 તેમજ તમે
પણ આ સઘળા થતાં જુઓ, તારે જાણજો કે દેવનું રાજ્ય પાસે છે. 32 હું
તમને ખચિત કહું ચુ કે, સઘળાં પુરા થશે ત્યાં લગી આ પેઢી ટળી જશે
નહિ. 33 આકાશ તથા પૃથ્વી જતી રહેશે, પણ મારી વાતો જતી નહિ રહે-
શે. 34 પણ તમે પોતા વિષે સાવધાન રહો, રખે કદાપિ અતિશય ખાધા-
થી કે પીધાથી તથા સંસારી ચિંતાથી તમારાં મન જડ થાય, ને તે દિવસ
તમારા પર ફંદાની પેઠે ઓચિંતો આવી પડશે. 35 કેમકે તે દિવસ આખી
પૃથ્વી ઉપરના સર્વ વસનારા પર એમજ આવી પડશે. 36 પણ હર વખત
જાગતા રહો, ને વિનંતી કરો કે, આ બધું જે થવાનું છે, તેમાંથી બચી
જવાને તથા માણસના દીકરાની આગળ ઉભા રહેવાને તમે પ્રબળ
થાઓ. 37 અને રોજ તે મંદિરમાં દહાડે બોધ કરતો હતો, ને રાત્રે નીકળી-
ને જૈતુન નામે પહાડ પર રહેતો હતો. 38 અને બધા લોક તેનું સાંભળવા
સારૂ પરોઢિયે તેની પાસે મંદિરમાં આવતા હતા.

22 હવે બેખમીર રોટલીનું પર્વ જે પાસ્ખા કહેવાય છે, તે પાસે
આવ્યું. 2 અને તેને શી રીતે મારી નાખવો, તેની તજવીજ મુખ્ય
યાજકો તથા શાસ્ત્રીઓ કરતા હતા; કેમકે તેઓ લોકથી બીતા હતા.
3 અને યહુદા જે ઇસકારીઓત કહેવાતો હતો, જે બારમાંનો એક હતો, તે-
માં શેતાન પેઠો. 4 અને તેણે જઈને મુખ્ય યાજકો તથા સરદારોના હાથ-
માં તેણે શી રીતે સ્વાધીન કરવો, તે સંબંધી તેઓની સાથે મસલત કી-
ધી. 5 અને તેઓ ખુશ થયા, ને તેને પૈસા આપવાનું વચન આપ્યું; 6 ને
તેણે કબૂલ કીધું, ને લોકો હાજર ન હોય ત્યારે તેને તેઓના હાથમાં
સ્વાધીન કરવાનો લાગ શોધ્યો. 7 અને બેખમીર રોટલીનો દિવસ
આવ્યો કે જેમાં પાસ્ખા યજ્ઞ કરવો જોઈએ. 8 અને તેણે પીતરને તથા
યોહાનને એમ કહીને મોકલ્યા કે, જઈને આપણે સારું પાસ્ખા સિદ્ધ કરો
કે આપણે ખાઈએ. 9 ને તેઓએ તેણે કહ્યું કે, અમે ક્યાં સિદ્ધ કરીએ એ
વિષે તારી શી ઈચ્છા છે? 10 ને તેણે તેઓને કહ્યું કે, જુઓ, તમને શહેર-
માં પેસતાં પાણીની ગાગેર લઈને એક પુરુષ સામો મળશે, તે જે ઘરમાં
જાય ત્યાં તેની પાછળ જજો. 11 અને ઘરનાં ધણીને કહેજો કે, ઉપદેશક
તને કહે છે કે, જ્યાં મારા શિષ્યોની સાથે હું પાસ્ખા ખાઉં તે ઉતારાની
ઓરડી ક્યાં છે? 12 ને તે તમને સરસામાન સહિતની એક મોટી મેડી દે-
ખાડશે, ત્યાં તૈયાર કરો. 13 અને તેઓ ગયા ને જેમ તેણે તેઓને કહ્યું
હતું તેમ તેઓને મળ્યું, ને તેઓએ પાસ્ખા તૈયાર કીધું. 14 અને વખત
થયો ત્યારે તે બેઠો, તથા બાર પ્રેરીતો તેની સાથે બેઠા. 15 અને તેણે તે-
ઓને કહ્યું કે, [મરણ] સહ્યા પહેલાં આ પાસ્ખા તમારી સાથે ખાવાની
મારી ઘણી ઈચ્છા હતી. 16 કેમકે હું તમને કહું છું કે, દેવના રાજ્યમાં તે
પુરું થાય ત્યાં લગી હું તે ફરી ખાઈશ નહિ. 17 અને તેણે વાટકો લઈને
સ્તુતિ કરીને કહ્યું કે, આ લો, ન માહોમાંહે વહેંચો. 18 કેમકે હું તમને કહું
છું કે, દેવનું રાજ્ય આવે ત્યાં લગી હું હવેથી દ્રાક્ષનો રસ પીનાર નથી.
19 અને તેણે રોટલી કીને સ્તુતિ કરીને ભાંગી, ને તેઓને આપીને કહ્યું
કે, આ મારું શરીર છે જે તમારે સારૂ આપવામાં આવે છે, મારી યાદગા-
રીમાં આ કરો. 20 અને તે પ્રમાણે વાળું કર્યા પછી તેણે વાટકો લઈને
કહ્યું કે, આ વાટકો તમારે સારૂ વહેવડાવેલા મારા લોહીમાંનો નવો કરાર
છે. 21 પણ જુઓ, જે મને પરસ્વાધીન કરે છે તેનો હાથ મારી સાથે મેજ
પર છે. 22 માણસનો દીકરો ઠરાવ્યા પ્રમાણે જાય છે ખરો, પણ જે માણ-

સથી તે પરસ્વાધીન કરાય છે તેને અફસોસ છે! 23 અને તેઓ માહોમાંહે
પુછપરછ કરવા લાગ્યા, કે આપણામાંનો કોણ આ કામ કરવાનો હશે?
24 ને આપણામાં કોણ મોટા ગણાય છે તે સંબંધી પણ તેઓમાં વાદવિ-
વાદ શરુ થયો. 25 અને તેણે તેઓને કહ્યું કે, વિદેશીઓના રજાઓ તેમ-
ના પર ઘણીપણું કરે છે; ને જેઓ તેમના પર અધિકાર કરે છે તેઓ પરો-
પકારી કહેવાય છે. 26 પણ તમે એવા ન થાઓ; પણ તમારામાં જે મોટો
તે નાના જેવો થવું, ને જે આગેવાન તેણે સેવા કરનારના જેવા થવું.
27 કેમકે આ બેમાં કયો મોટો છે, જમવા બેસનાર કે સેવા કરનાર? શું
જમવા બેસનાર [મોટો] નથી? પણ હું તમારામાં સેવા કરનારના જેવો
છું. 28 પણ મારાં પરીક્ષણોમાં મારી સાથે રહેનાર તે તમે છો. 29 અને જેમ
મારા બાપે મને [રાજ્ય] ઠરાવી આપ્યું, તેમ હું તમને રાજ્ય ઠરાવી આપું
છું; 30 કે તમે મારા રાજ્યમાં મારી મેજ પર ખાઓ અને પીઓ; અને તમે
ઈસ્રાએલનાં બાર કુળોનો ન્યાય ઠરાવતાં રાજ્યાસન પર બેસશો. 31 સી-
મોન, સીમોન, જો, શેતાને તને ઘઉંની પેઠે ચાળવા સારૂ તને [કબજે લે-
વા] માગ્યો. 32 પણ મેં તારે સારૂ વિનતી કીધી કે, તારો વિશ્વાસ ખૂટે
નહિ; ને તું તારા ફર્યા પછી તારા ભાઈઓને સ્થિર કરજે. 33 અને તેણે તે-
ણે કહ્યું કે, પ્રભુ, હું તારી સાથે બંદીખાનામાં જવા તથા મારવા પણ તૈ-
યાર છું. 34 અને તેણે કહ્યું કે, પીતર, હું તને કહું છું કે, આજ મરઘો બો-
લ્યા અગાઉ, હું તને ઓળખતો નથી, એમ [કહીને] તું ત્રણ વાર મારો
નકાર કરશે. 35 અને તેણે તેઓને કહ્યું કે, જયારે થેલી તથા જોણણું તથા
જોડા વિના મેં તમને મોકલ્યા ત્યારે તમને કશાની ખોટ પડી? ને તે-
ઓએ કહ્યું કે, કશાની નહિ. 36 ત્યારે તેણે તેઓને કહ્યું, પણ હમણાં જે-
ની પાસે થેલી હોય તે રાખે, ને જોણણું પણ રાખે, ને જેની પાસે તરવાર
નહિ હોય તે પોતાનું લુગડું વેચીને [તરવાર] રાખે. 37 કેમકે હું તમને કહું
છું કે, તે અપરાધીઓની સાથે ગણાયો, એ જે લખેલું તે મારામાં હજી પુ-
રું થવું જોઈએ; કારણ કે મારા સંબંધીની વાતો પુરી થાય છે. 38 અને તે-
ઓએ કહ્યું કે, પ્રભુ, જો આ બે તરવાર રહી; ને તેણે તેઓને કહ્યું કે, એ
બસ છે. 39 અને તે બહાર નીકળીને પોતાની રીત પ્રમાણે જૈતુન પહાડ
પર ગયો; ને શિષ્યો પણ તેની પાછળ ગયા. 40 અને તે તે ઠેકાણે
આવ્યો, ત્યારે તેણે તેઓને કહ્યું કે, પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન
પડો. 41 અને આસરે પત્થર ફેંકાય તેટલે છેટે તે તેઓથી ગયો, ને ઘૂંટણ
ટેકવીને તેણે પ્રાર્થના કરીને કહ્યું કે, 42 હે બાપ, જો તારી ઈચ્છા હોય, તો
આ વાટકો મારાથી દૂર કર, તોપણ મારી ઈચ્છા પ્રમાણે નહિ, પણ તારી
ઈચ્છા પ્રમાણે થાઓ. 43 અને તેણે બળ આપતો આકાશથી એક દૂત
તેણે દેખાયો. 44 અને તેણે કષ્ટિત થઈને વિશેષ આગ્રહથી પ્રાર્થના કરી,
ને તેનો પરસેવો ભોંય પર પડતાં લોહીનાં ટીપાં જેવો થયો. 45 અને પ્રા-
ર્થના કરી ઉઠીને તે પોતાના શિષ્યોની પાસે આવ્યો, ત્યારે તેઓને શો-
કને લીધે ઉઘેલા દીઠા, 46 ને તેણે તેઓને કહ્યું કે, કેમ ઉંઘો છો? ઉઠીને
પ્રાર્થના કરો, કે તમે પરીક્ષણમાં ન પડો. 47 અને તે હજી બોલતો હતો
એટલામાં, જુઓ, ઘણા લોક આવ્યા, અને યહુદા કરીને બારમાંનો એક
તેઓની આગળ ચાલતો હતો; ને તે ઈસુને ચુંબન કરવા સારૂ તેની પાસે
આવ્યો. 48 પણ ઈસુ તેને કહ્યું, શું તું માણસના દીકરાને ચુંબન કરીને
પરસ્વાધીન કરે છે? 49 ને જેઓ તેની આસપાસ હતા તેઓએ શું થવાનું
છે તે જોઈને તેણે કહ્યું, પ્રભુ, અમે તરવારથી મારીએ શું? 50 ને તેઓ-
માંનો એકે મુખ્ય યાજકના ચાકરને ઝટકો માર્યો, ને તેનો જમણો કાન
કાપી નાખ્યો. 51 પણ ઈસુએ ઉત્તર આપતા કહ્યું કે, આટલું થવા દો.
અને તેણે તેના કાનને અડકીને તેને સારો કીધો. 52 અને જે મુખ્ય યાજ-
કો તથા મંદિરના સરદારો તથા વડીલો તેની સામે આવ્યા હતા, તેઓને
ઈસુએ કહ્યું, જેમ લુટારાની સામે આવતા હો તેમ તરવારો તથા સોટા
લઈને આવ્યા છો શું? 53 હું રોજ તમારી સાથે મંદિરમાં હતો, ત્યારે તમે
મારા પર હાથ નહોતા નાખ્યા; પણ આ તમારી ઘડી તથા અંધકારનું
સામર્થ્ય છે. 54 અને તેઓ તેણે પકડીને લઈ ગયા, ને મુખ્ય યાજકના
ઘરમાં તેણે લાવ્યા. પણ પીતર છેટે રહીને તેની પાછળ પાછળ ચાલતો
હતો. 55 અને ચોકની વચમાં અગ્નિ સળગાવીને તેઓ એકઠા બેઠા ત્યારે
પીતર તેઓની વચમાં બેઠો. 56 અને એક છોકરીએ તેને [અગ્નિના] પ્રકા-
શમાં બેઠેલો દેખીને તેની તરફ એકી નજરે જોઈ રહીને કહ્યું કે, આ મા-
ણસ પણ તેની સાથે હતો. 57 પણ તેણે ઈનકાર કરીને કહ્યું કે, બાઈ, હું
તેને ઓળખતો નથી. 58 અને થોડી વાર પછી બીજાએ તેણે જોઈને કહ્યું
કે, તું પણ તેઓમાંનો છે. પણ પીતરે કહ્યું, અરે, ભાઈ, હું [એમાંનો]
નથી. 59 અને આસરે એક કલાક પછી બીજાએ ખાતરીથી કહ્યું કે, ખરે-
ખર આ માણસ પણ તેની સાથે હતો, કેમકે તે ગાલીલનો છે. 60 પણ
પીતરે કહ્યું, અરે ભાઈ, તું શું કહે છે તે હું જાણતો નથી. અને તરત, તે
બોલતો હતો એટલામાં મરઘો બોલ્યો. 61 અને પ્રભુએ ફરીને પીતરની
સામું જોયું. અને પીતરને પ્રભુનું વચન યાદ આવ્યું કે તેણે તેને કહ્યું હતું
કે, આજ મરઘો બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરશે. 62 અને તે
બહાર જઈને ઘણોજ રડ્યો. 63 અને જે માણસોના હવાલામાં ઈસુ હતો
તેઓએ તેના ઠઠ્ઠા કરીને તેણે માર માર્યો. 64 અને તેઓએ તેની
આંખોએ પાટો બાંધીને તેને પુછ્યું કે કહી બતાવ, તને કોણ માર્યો?
65 અને તેઓએ તેની નિંદા કરીને તેની વિરુદ્ધ બીજું ઘણું કહ્યું. 66 અને
દહાડો ઉગ્તાંજ લોકના વડીલોની સભા, મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ
સુદ્ધાં ભેગી થઈ; ને તેને પોતાની ન્યાયસભામાં લઈ જઈને તેઓએ કહ્યું
કે, 67 જો તું ખ્રિસ્ત હોય, તો અમને કહે. પણ તેણે તેઓને કહ્યું કે, જો હું
તમને કહું, તો તમે વિશ્વાસ કરશો નહિ; 68 ને જો હું પુછીશ તો તમે મને
ઉત્તર નહિ આપશો. 69 પણ હવે પછી માણસનો દીકરો દેવના પરાક્રમને
જમણે હાથે બિરાજશે. 70 ને બધાએ કહ્યું, તો શું, તું દેવનો દીકરો છે? ને
તેણે તેઓને કહ્યું કે, તમે કહો છો કે હું તે છું. 71 અને તેઓએ કહ્યું કે,
હવે આપણને પુરાવાની શી અગત્ય છે? કેમકે આપણે પોતે તેના મ્હો-
થીજ સાંભળ્યું છે.

23 અને તેઓનો આખો સમુદાય ઉઠીને તેને પીલાતની પાસે લઈ
ગયો. 2 અને તેઓ તેના પર એવો તહોમત મુકવા લાગ્યા કે,
અને એવું માલમ પડ્યું છે કે આ માણસ અમારા લોકોને ભુલાવે છે,
અને કાઈસારને ખંડણી આપવાની મના કરે છે, ને કહે છે કે, હું પોતે
ખ્રિસ્ત રાજા છું. 3 અને પીલાતે તેણે પુછ્યું, શું તું યહુદીઓનો રાજા છે?
ને તેણે તેને ઉત્તર આપતા કહ્યું, તું કહે છે. 4 અને પીલાતે મુખ્ય યાજકો-
ને તથા લોકોને કહ્યું, આ માણસમાં મને કંઈ અપરાધ જણાતો નથી.
5 પણ તેઓએ વિશેષ આગ્રહથી કહ્યું કે, ગાલીલથી માંડીને અહીં લગી
આખા યહુદાહમાં તે બોધ કરીને લોકને ઉશ્કેરે છે. 6 પણ પીલાતે તે
સાંભળ્યું ત્યારે તેણે પુછ્યું કે, શું, આ માણસ ગાલીલનો છે? 7 અને તે
હેરોદના તાબાનો છે એમ તેણે જાણ્યું, ત્યારે તેને હેરોદની પાસે મોક-
લ્યો; [હેરોદ] પોતે પણ તે દિવસોમાં યરુશાલેમમાં હતો. 8 હવે હેરોદ
ઈસુને જોઈને ઘણો હરખાયો; કેમકે તેના સંબંધી તેણે સાંભળ્યું હતું, મા-
ટે ઘણા દહાડાથી તે તેને જોવા ઈચ્છતો હતો; ને મારા દેખતાં તે કંઈ
ચમત્કાર કરશે એવી આશા તે રાખતો હતો. 9 અને તેણે તેને ઘણી ઘણી
વાતો પુછી, પણ તેણે તેને કંઈ ઉત્તર આપ્યો નહિ. 10 અને મુખ્ય યાજકો
તથા શાસ્ત્રીઓ તેના ઉપર જુસ્સાથી તહોમત મુકતા ઉભા હતા. 11 અને
હેરોદે પોતાના સિપાઈઓ સહિત તેનો તુચ્છકાર કરીને તથા ઠઠ્ઠા કરીને
ભપકાદાર વસ્ત્ર તેને પહેરાવીને પીલાતની પાસે તેણે પાછો મોકલ્યો.
12 અને તેજ દહાડે પીલાત તથા હેરોદ એક બીજાના મિત્ર થયા; આગળ
તો તેઓ એક બીજા પર વેર રાખતા હતા. 13 ને પીલાતે મુખ્ય યાજકોને
તથા અધિકારીઓને તથા લોકને એકઠા બોલાવીને 14 તેઓને કહ્યું કે,
આ માણસ લોકને ભુલાવે છે, એવું કહીને તમે તેને મારી પાસે લાવ્યા
છો; પણ, જુઓ, મેં તમારી આગળ તેની તપાસ કર્યા છતાં, જે વાતોનું
તમે તેના પર તહોમત મુકો છો તે સંબંધી કંઈ અપરાધ આ માણસમાં
મને જણાયો નહી; 15 ને તેમજ હેરોદને પણ નહિ; કેમકે તેણે તેને અમા-
રી પાસે પાછો મોકલ્યો; ને જુઓ, મરણદંડને યોગ્ય તેણે કંઈ કર્યું નથી.
16 માટે હું તેણે કંઈ શિક્ષા કરીને છોડી દઈશ. 17 [[હવે તે પર્વે તેને તેઓ-
ને સારૂ કોઈએકને છોડી દેવો પડતો હતો]] 18 પણ તેઓએ સામટો મો-
ટો ઘાંટો પાડીને કહ્યું કે, એને લઈ જા, ને બારાબાસને અમારે વાસ્તે છો-
ડી દે. 19 એ તો શહેરમાં કંઈ દંગો તથા હત્યા કરવાને લીધે બંદીખાનામાં
નંખાયો હતો. 20 ત્યારે ઈસુને છોડવાની ઈચ્છા રાખીને પીલાત ફરીથી
તેઓની સાથે બોલ્યો. 21 પણ તેઓએ પોકારીને કહ્યું કે, એને વધસ્તંભે
જડાવ, વધસ્તંભે જડાવ. 22 અને તેણે ત્રીજી વાર તેઓને કહ્યું કે, શા
વાસ્તે? તેણે શું ભુંડું કર્યું છે? તેનામાં મરણદંડ યોગ્ય મને કંઈ જણાયું
નથી; માટે હું તેણે કંઈ શિક્ષા કરીને છોડી દઈશ. 23 પણ તેઓએ મોટે
ઘાટે હઠેઠથી માગ્યું કે તેને વધસ્તંભે જડાવ. અને તેઓના ઘાંટા આખર
ફાવ્યા. 24 અને પીલાતે હુકમ કીધો કે તેઓના માગ્યા પ્રમાણે કરવામાં

આવે. 25 અને દંગો તથા ખૂન કરવાને લીધે જે માણસ બંદીખાનામાં
નંખાયો હતો, અને જેને તેઓએ માગ્યો હતો, તેને તેણે છોડી દીધો,
પણ ઈસુને તેઓની ઈચ્છાને સ્વાધીન કીધો. 26 અને તેઓ તેણે લઇ
જતા હતા ત્યારે સીમોન કરીને કુરેનેનો એક માણસ જે સીમમાંથી
આવતો હતો તેને તેઓએ પકડ્યો, ને તેની ખાંધે વધસ્તંભ ચઢાવ્યો, કે
તે ઉંચકીને તે ઈસુની પાછળ ચાલે. 27 અને લોકો તેમ રડનારી તથા વિ-
લાપ કરનારી બાયડીઓ સંખ્યાબંધ તેની પાછળ ચાલતાં હતાં 28 પણ
ઈસુએ તેઓની તરફ ફરીને કહ્યું કે, યરુશાલેમની દીકરીઓ, મારે લીધે
રડો મા, પણ પોતાને લીધે તથા પોતાનાં છોકરાંને લીધે રડો. 29 કેમકે
જુઓ, એવા દિવસો આવે છે કે જેમાં તેઓ કહેશે કે, જેઓ વાંઝણી છે
તથા જેઓને પેટે કદી સંતાન થયું નથી, ને જેઓએ કદી ધવાડ્યું નથી,
તેઓને ધન્ય છે. 30 ત્યારે તેઓ પહાડોને કહેવા માંડશે કે, અમારા પર
પડો; ને ટોકરાઓને કે, અમને ઢાંકી નાખો. 31 કેમકે જો તેઓ લીલા ઝા-
ડને આમ કરે છે તો સૂકાને શું કરવામાં આવશે? 32 અને બીજા બે મા-
ણસ, જે ગુન્હેગાર હતા, તેઓને મારી નાખવા સારૂ તેની સાથે લઇ જતા
હતા. 33 અને ખોપરી નામની જગ્યાએ આવ્યા, ત્યારે તેઓએ ત્યાં તેને
તથા ગુન્હેગારોમાંના એકને જમણી તરફ, ને બીજાને ડાબી તરફ, વધ-
સ્તંભે જડ્યા. 34 અને ઈસુએ કહ્યું, હે બાપ, તેઓને માફ કર, કેમકે જે
તેઓ કરે છે તે તો જાણતા નથી. અને તેનાં લૂગડાં પોતામાં વહેચીએ
તેઓએ ચિઠ્ઠીઓ નાખી. 35 અને લોક જોતા ઉભા હતા. અને અધિકા-
રીઓ પણ તેનો તુચ્છકાર કરીને કહેતા હતા કે, તેણે બીજાઓને બચા-
વ્યા; જો એ દેવનો ખ્રિસ્ત, [એટલે] તેનો પસંદ કરેલો હોય તો તે પોતાને
બચાવે. 36 અને સિપાઈઓએ પણ તેના ઠઠ્ઠા કર્યા, ને પાસે આવીને
સીરકો આપવા લાગ્યા, 37 ને કહ્યું કે, જો તું યહુદીઓનો રાજા છે તો પો-
તાને બચાવ. 38 અને તેના ઉપર એવો લેખ પણ લખેલો હતો કે, આ
યહુદીઓનો રાજા છે. 39 અને તેની સાથે ટાંગેલ ગુન્હેગારોમાંના એકે તે-
ની નિંદા કરીને કહ્યું કે, શું તું ખ્રિસ્ત નથી? તું પોતાને તથા અમને
બચાવ. 40 પણ બીજાએ ઉત્તર આપતાં તેને ધમકાવીને કહ્યું કે, તું તેજ
શિક્ષા ભોગવે છે તે છતાં શું તું દેવથી પણ બીતો નથી? 41 અને આપણે
તો વાજબી રીતે [ભોગવીએ છીએ], કેમકે આપણા કામનું યોગ્ય ફળ
પામીએ છીએ; પણ એણે કંઈ ખોટું કર્યું નથી. 42 અને તેણે કહ્યું કે, હે
ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે તું મને સંભારજે. 43 અને તેણે તેને
કહ્યું કે, હું તને ખચિત કહું છું કે, આજ તું મારી સાથે પારાદેશમાં હોઈશ.
44 અને હમણાં લગભગ બપોર થયા હતા, ને ત્રીજા પહોર લગી સુરજ[નું
તેજ] ઘેરાઈ જવાથી આખા દેશમાં અંધકાર વ્યાપી રહ્યો. 45 વળી મંદિર-
નો પડદો વચમાંથી ફાટી ગયો. 46 અને ઈસુએ મોટી બૂમ પાડી, ને કહ્યું
કે, ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું; ને તેણે એમ કહીને
પ્રાણ છોડ્યો. 47 અને જે થએલું હતું તે જોઈને સુબેદારે દેવની સ્તુતિ
કરીને કહ્યું કે, ખરેખર આ તો ન્યાયી માણસ હતો. 48 અને જે લોક એ
જોવા સારું એકઠા થયા હતા તેઓ સઘળા, જે થએલું હતું તે જોઇને,
પોતાની છાતી કુટતા પાછા ગયા. 49 અને તેના સઘળા ઓળખીતાઓ
તથા જે બાયડીઓ ગાલીલમાંથી તેની પાછળ પાછળ આવી હતી, તેઓ
દૂર ઉભાં રહીને આ જોતા હતાં. 50 અને, જુઓ, યુસફ નામે એક ન્યાય-
સભાસદ, જે સારો તથા ન્યાયી માણસ હતો, 51 તે યહુદીઓના એક
શહેર આરીમથાઈનો હતો, તેણે તેઓના મનસુબા તથા કામમાં સમ્મતિ
આપી નહોતી. અને તે પણ દેવના રાજ્યની રાહ જોતો હતો. 52 તેણે પી-
લાતની પાસે જઈને ઈસુનું શબ માગ્યું. 53 અને તેણે તેને ઉતારીને સણ-
ને લુગડે વિટાળ્યું, ને તેને ખડકમાં ખોદેલી કબરમાં મુક્યું, જ્યાં કદી કો-
ઈને મુક્યો નહોતો. 54 અને સિદ્ધિકરણો દિવસ હતો, ને વિશ્રામવાર
નજદીક આવ્યો હતો. 55 અને જે બાયડીઓ તેની સાથે ગાલીલમાંથી
આવી હતી, તેઓએ પણ પાછળ પાછળ જઈને કબર જોઈ, અને તેનું
શબ શી રીતે મુકાયું હતું તે જોયું. 56 અને તેઓએ પાછા આવીને સુગંધિ
તથા અત્તર સિદ્ધ કર્યા અને આજ્ઞા પ્રમાણે વિશ્રામવારે તેઓએ વિશ્રામ
લીધો.

24 પણ અઠવાડિયાને પહેલે દહાડે પ્રભાતે, જે સુગંધિઓ તેઓએ
સિદ્ધ કરી હતી, તે લઈને તેઓ કબરે આવી. 2 અને તેઓએ
કબર પરથી પત્થર ગબડાવી દીધેલો દીઠો. 3 અને તેઓ માંહે પેઠી,
પણ પ્રભુ ઈસુનું શબ તેઓએ દીઠું નહિ. 4 અને એમ થયું કે, એ સંબંધી
તેઓ ગુંચવણમાં પડી હતી, ત્યારે, જુઓ, ચળકતાં લુગડાં પહેરેલા બે
પુરુષો તેઓની પાસે ઉભા રહ્યા. 5 અને તેઓએ બીને જમીન સુધી પો-
તાનાં માથા નમાવ્યાં, ત્યારે તેઓએ તેઓને કહ્યું કે, મુએલાંઓમાં જી-
વતાને કેમ શોધો છો? 6 તે અહીં નથી, પણ ઉઠ્યો છે; યાદ કરો કે તે
ગાલીલમાં હતો, 7 ત્યારે તેણે તમને કહ્યું હતું કે, પાપી માણસોના હાથ-
માં માણસનો દીકરો પરસ્વાધીન કરાય તથા વધસ્તંભે જડાય તથા ત્રી-
જે દિવસે પાછો ઉઠે એ આવશ્યનું છે. 8 અને તેની વાતો તેઓને યાદ
આવી. 9 અને કબર આગળથી પાછી આવીને તેઓએ અગિયાર [શિ-
ષ્યોને] તથા બીજા સર્વને એ બધી વાતો કહી. 10 જાવે જેઓએ આ વાત
પ્રેરીતોને કહી તે મરિયમ માગદાલેણ તથા યોહાન્ના તથા યાકુબની [મા]
મરિયમ તથા તેમની સાથેની બીજી બાઈઓ હતી. 11 અને એ વાતો તે-
ઓને પોકળ લાગી, ન તેઓએ તેનું માન્યું નહિ. 12 પણ પીતર ઉઠીને
કબરે દોડી ગયો; ને નીચા વળીને માંહે જોયું તો તેણે લુગડાં એકલા
પડેલા દીઠાં; ને જે થયું હતું તે સંબંધી પોતાના મનમાં તે અચરત થતો
પોતાને ઘેર ગયો. 13 અને, જુઓ, તેજ દહાડે તેઓમાં બે, એમ્માસ નામ-
નું એક ગામ યરુશાલેમથી ચારેક ગાઉ આઘું છે, ત્યાં જતા હતા. 14 અને
આ બધી બનેલી બિનાઓ વિષે તેઓ એક બીજાની સાથે વાત કરતા
હતા. 15 અને એમ થયું કે તેઓ એક બીજાની સાથે વાત કરતા તથા મા-
હોમાંહે સવાલ પુછતા હતા, ત્યારે ઈસુ પોતે તેઓની પાસે આવીને તે-
ઓની સાથે ચાલ્યો. 16 પણ તેઓની આંખો બંધાઈ હતી કે તેઓ તેણે
ઓળખે નહિ. 17 અને તેણે તેઓને કહ્યું કે, તમે ચાલતાં ચાલતાં એક
બીજાની સાથે શું વાત કરો છો? ને તેઓ ઉદાસ થઈને ઉભા રહ્યા.
18 અને કલીઓપાસ નામે એકે ઉત્તર આપતાં કહ્યું કે, શું, યરુશાલેમમાં
રહેનારાઓમાંનો એકલો તુંજ આ દિવસોમાં બનેલી બિનાઓ આથી જા-
ણતો? 19 ને તેણે તેઓને કહ્યું કે, કંઈ બિનાઓ? ને તેઓએ તેણે કહ્યું
કે, ઈસુ નાઝારી, જે દેવની આગળ તથા સઘળા લોકની આગળ કામમાં
તથા વચનમાં પરાક્રમી ભવિષ્યવાદી હતો, તે સંબંધીની બિનાઓ;
20 વળી કેવી રીતે મુખ્ય યાજકોએ તથા અમારા અધિકારીઓએ તેને
મરણદંડ ભોગવવા સારૂ પરસ્વાધીન કર્યો, ને તેને વધસ્તંભે જડાવ્યો.
21 પણ અમે આશા રાખતા હતા કે, જે ઈસ્રાએલને ઉદ્ધાર આપવાનો
હતો તે એ છે; વળી એ સર્વ ઉપરાંત આ બનાવ બન્યાને આજ ત્રીજે
દહાડો થયો. 22 વળી અમારામાંની કેટલીએક બાયડીઓ જેઓ કબર
આગળ વહેલી ગઈ હતી, તેઓએ અમને આશ્ચર્ય પમાડ્યું, 23 એટલે તે-
ઓએ તેનું શબ દીઠો નહિ, ત્યારે તેઓએ આવીને કહ્યું કે, અમને દૂતોનું
દર્શન પણ થયું હતું, કે જેઓએ કહ્યું કે તે જીવતો છે. 24 અને આમારી
સાથેના કેટલાએક કબર આગળ ગયા, ને જેમ બાયડીએ કહ્યું હતું તે-
મજ તેઓને માલમ પડ્યું; પણ તેને તેઓએ જોયો નહિ. 25 અને તેણે
તેઓને કહ્યું કે, ઓ અણસમજુઓ, તથા જે ભવિષ્યવાદીઓએ કહ્યું છે,
તે સર્વ પર વિસ્વાસ કરવામાં મંદબુદ્ધિના; 26 શું ખ્રીસ્તે એ બધું સહેવું ને
પોતાના મહિમામાં પેસવું જોઈતું નહોતું? 27 ને મુસાથી તથા સઘળા
ભવિષ્યવાદીઓથી માંડીને તેણે બધા ધર્મલોખોમાંથી પોતાના સંબંધી-
ની વાતોનો ખુલાસો કરી બતાવ્યો. 28 અને જે ગામ તેઓ જતા હતા તે-
ની નજદીક તેઓ પહોંચ્યા, ત્યારે તેણે જાને કે આગળ જવાનું કર્યું.
29 અને તેઓએ તેને આગ્રહ કરીને કહ્યું કે, અમારી સાથે રહે; કેમકે સાંજ
થવા આવી છે ને દહાડો નમી ગયો છે. અને તેઓની સાથે રહેવા સારૂ તે
માંહે ગયો. 30 અને એમ થયું કે, તે તેઓની સાથે જમવા બેઠો, ત્યારે તે-
ણે રોટલી લઈને સ્તુતિ કરીને ભાંગી, ને તેઓને આપી. 31 અને તેઓની
આંખો ઉઘડી, ને તેઓએ તેણે ઓળખ્યો; ને તેઓની દ્રષ્ટિમાંથી લોપ
થઈ ગયો. 32 અને તેઓ એક બીજાને કહ્યું કે, જયારે તે માર્ગે આપણી
સાથે વાત કરતો હતો, ને ધર્મલેખોનો ખુલાસો આપણને કરી બતાવતો
હતો, ત્યારે આપણા મન આપણામાં ઉલ્લાસી નહોતાં થતાં શું? 33 અને
તેજ ઘડી તેઓ ઉઠીને યરુશાલેમ ભણી પાછા વાળ્યા, ને અગિયાર
[શિષ્યો]ને તથા તેઓની સાથેનાઓને એકઠા થએલા દીઠા, 34 કે જેઓ
કહેતા હતા કે, પ્રભુ ખરેખર ઉઠ્યો છે, ને સીમોનને દેખાયો છે. 35 ત્યારે
તેઓએ માર્ગમાં બનેલી બિના તથા રોટલી ભાંગતાં તે તેઓથી કેવી રી-
તે ઓળખાયો હતો તે કહી બતાવ્યું. 36 અને તેઓ એ વાતો કહતા હતા,
ત્યારે [ઈસુ] પોતે તેઓની વચમાં ઉભો રહીને તેઓને કહે છે કે, તમને
શાંતિ થાઓ. 37 પણ તેઓએ ગભરાઈને તથા ભયભીત થઈને એમ ધા-

ર્યું કે, અમારા જોવામાં કોઈ આત્મા આવે છે. 38 અને તેણે તેઓને કહ્યું
કે, તમે કેમ ગભરાઓ છો, ને તમારાં મનમાં તર્કવિતર્ક કેમ થાય છે?
39 મારા હાથ તથા મારા પગ જુઓ, કે એ હું પોતે છું; મને હાથ અડકાડી-
ને જુઓ; કેમકે જેમ તમે જુઓ છે કે મને માંસ તથા હાડકાં છે તેમ
આત્માને હોતાં નથી. 40 અને એ કહ્યા પછી તેણે હાથ તથા પગ તેઓને
દેખાડ્યા. 41 અને તેઓ હર્ષને લીધે હજી વિશ્વાસ કરતા નહોતા, ને
અચરત થતા હતા, ત્યારે તેણે તેઓને કહ્યું કે, તમારી પાસે અહીં કંઈ
ખાવાનું છે? 42 ને તેઓએ તેને શેકેલી માછલીનો કકડો આપ્યો, 43 અને
તેણે તે લઈને તેઓની આગળ ખાધો. 44 અને તેણે તેઓને કહ્યું કે, હું
તમારી સાથે હતો, ત્યારે મ્મે એ વાતો તમને કહી હતી કે, જે મુસાના નિ-
યમશાસ્ત્રમાં તથા ભવિષ્યવાદીઓમાં તથા ગીતશાસ્ત્રમાં મારા સંબંધી
લખ્યું છે તે બધું પુરું થવું જોઈએ. 45 ત્યારે ધર્મલેખો સમજવા સારૂ તેણે
તેઓનાં મન ખોલ્યાં. 46 અને તેણે તેઓને કહ્યું કે, એમ લખ્યું છે, કે ખ્રી-
સ્તે દુઃખ સહન કરવું, ને ત્રીજે દહાડે મુએલાંઓમાંથી પાછા ઉઠવું જો-
ઈએ; 47 અને યરુશાલેમથી માંડીને સઘળા પ્રજાઓને તેના નામમાં
પસ્તાવો તથા પાપનિવારણ પ્રગટ કરાવાં જોઈએ. 48 એ વાતના સા-
ક્ષીઓ તમે છો. 49 અને, જુઓ, હું મારા બાપનું વચન તમારા પર મોકલું
છું; પણ તને ઉપરથી પરાક્રમે વેષ્ટિત થાઓ ત્યાં સુધી શહેરમાં રહેજો.
50 અને બેથાનીઆની સામે તે તેઓને બહાર લઈ ગયો; અને તેણે પો-
તાના હાથ પ્રસારીને તેઓને આશીર્વાદ દીધો. 51 અને એમ થયું કે તે તે-
ઓને આશીર્વાદ દેતો હતો એટલામાં તે તેઓથી છુટો પડ્યો, ને આકા-
શમાં લઈ જવાયો. 52 અને તેનું ભજન કરીને તેઓ બહુ હરખ કરતા
યરુશાલેમમાં પાછા વળ્યા. 53 અને તેઓ નિત્ય મંદિરમાં દેવની સ્તુતિ
કરતા રહેતા હતા.

# યોહાન

1 આદિએ શબ્દ હતો, ને શબ્દ દેવની સંઘાતે હતો, ને શબ્દ દેવ
હતો. 2 તેજ આદિએ દેવની સંઘાતે હતો. 3 તેનાથી સઘળું ઉત્પન્ન
થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ. 4 તેનામાં જી-
વન હતું; ને તે જીવન માણસોનું અજવાળું હતું. 5 અને તે અજવાળું
અંધારામાં પ્રકાશે છે, પણ અંધારામાં તેને સ્વીકાર્યું નહિ. 6 દેવનો મોક-
લેલો એક માણસ આવ્યો, કે જેનું નામ યોહાન હતું. 7 તે શાહેદીને સારૂ
આવ્યો કે અજવાળા વિષે તે શાહેદી આપે, એ માટે કે સર્વ તેનાથી વિ-
શ્વાસ કરે. 8 તે તો તે અજવાળું ન હતો, પણ તે અજવાળા વિષે શાહેદી
આપવાને [તે આવ્યો હતો]. 9 ખરૂં અજવાળું તે હતું, કે જે જગતમાં
આવીને હરેક માણસને પ્રકાશ આપે છે. 10 તે જગતમાં હતો, ને જગત
તેનાથી ઉત્પન્ન થયું હતું, તોપણ જગતે તેને ઓળખ્યો નહિ. 11 તે પો-
તાનાંની પાસે આવ્યો, પણ પોતાના [લોકોએ] તેનો અંગીકાર કીધો
નહિ. 12 પણ જેટલાએ તેનો અંગીકાર કીધો, એટલે જેટલા તેના નામ
પર વિશ્વાસ કરે છે, તેટલાને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર
આપ્યો. 13 તેઓ લોહીથી નહિ, કે દેહની ઈચ્છાથી નહિ, કે માણસની
ઈચ્છાથી નહિ, પણ દેવથી જન્મ પામ્યા. 14 અને શબ્દ સદેહ થયો, ને
આપણી મધ્યે વસ્યો, (ને બાપના એકાકીજનિત દીકરાના મહિમા સર-
ખો તેનો મહિમા અમે દીઠો); તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો.
15 યોહાન તે વિષે હાહેડી આપે છે ને ઘાંટો પાડતાં કહે છે કે, જે વિષે મેં
કહ્યું કે, મારી પાછળ જે આવે છે તે મારી આગળ થયો છે, કેમકે તે મારી
અગાઉ હતો, તે એજ છે. 16 કેમકે અમે સર્વ તેની ભરપૂરીમાંથી કૃપા પર
કૃપા પામ્યા. 17 કેમકે નિયમશાસ્ત્ર મુસાની મારફતે અપાયું; પણ કૃપા
તથા સત્યતા ઈસુ ખ્રીસ્તની મારફતે આવી. 18 દેવને કોઈ માણસે કદી
દીઠો નથી; એકાકીજનિત દીકરો, કે જે બાપની ગોદમાં છે, તેણે તેને પ્ર-
ગટ કીધો છે. 19 અને જયારે યહુદીઓએ યરૂશાલેમથી યાજકોને તથા
લેવીઓને યોહાન પાસે એવું પુછવા મોકલ્યા કે, તું કોણ છે? ત્યારે તેની
શાહેદી આ હતી; 20 એટલે તેણે કબુલ કીધું, ને નકાર કીધો નહિ, પણ
કબૂલ કીધું કે, હું તો ખ્રીસ્ત નથી. 21 અને તેઓએ તેને પુછ્યું, તો શું? તું
એલીયાહ છે? ને તે કહે છે કે, હું તે નથી. શું તું તે [આવનાર] ભવિષ્ય-
વાદી છે? ને તેણે ઉત્તર આપ્યો કે, ના. 22 માટે તેઓએ તેને કહ્યું કે, તું
કોણ છે? કે જેઓએ અમને મોકલ્યા તેઓને અમે ઉત્તર આપીએ. તું પો-
તા વિષે શું કહે છે? 23 તેણે કહ્યું કે, યશાયાહ ભવિષ્યવાદીએ જે કહ્યું કે,
પ્રભુનો માર્ગ પાધરો કરો, તે પ્રમાણે રાનમાં ઘાંટો પાડનારની વાણી હું
છું. 24 અને ફરોશીઓ પાસેથી તેઓને મોકલવામાં આવ્યા હતા. 25 અને
તેઓએ તેને પુછ્યું કે, જો તું તે ખ્રીસ્ત નથી, અથવા એલીયાહ નથી,
અથવા તે ભવિષ્યવાદી નથી, તો તું બાપ્તિસ્મા કેમ કરે છે? 26 યોહાને
તેઓએ ઉત્તર આપતાં કહ્યું કે, હું પાણીથી બાપ્તિસ્મા કરૂં છું, પણ તમા-
રી વચ્ચે એક ઉભો રહેલો છે, કે જેને તમે નથી જાણતા; 27 તેજ મારી
પાછળ આવે છે, ને તેના ચંપલની વાધરી છોડવા હું યોગ્ય નથી.
28 યરદનને પેલે પાર બેથાનીઆમાં જ્યાં યોહાન બાપ્તિસ્મા કરતો હતો,
ત્યાં એ બિનાઓ બની. 29 બીજે દહાડે યોહાન પોતાની પાસે ઈસુને
આવતો જોઈને કહે છે કે, જુઓ, દેવનું હલવાન, કે જે જગતનું પાપ
હરણ કરે છે! 30 જે વિષે મેં કહ્યું કે મારી પાછળ એવો પુરુષ આવે છે કે
જે મારી આગળ થયો છે, કેમકે તે મારી અગાઉ હતો, તે એજ છે. 31 અને
મેં તેને ઓળખ્યો ન હતો; પણ તે ઈસ્રાએલને પ્રગટ થાય, એ માટે હું
પાણીથી બાપ્તિસ્મા કરતો આવ્યો છું. 32 અને યોહાને શાહેદી આપતાં
કહ્યું કે, આત્માને કબૂતરની પેઠે આકાશથી ઉતરતો મેં દીઠો, ને તે તેના
પર રહ્યો. 33 અને મેં તેને ઓળખ્યો ન હતો, પણ જેણે મને પાણીથી
બાપ્તિસ્મા કરવાને મોકલ્યો, તેણેજ મને કહ્યું કે, જેના પર આત્માને
ઉતરતો તથા રહેતો તું જોશે તેજ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા કરનાર છે.
34 અને મેં જોયું કે, ને શાહેદી આપી છે કે એજ દેવનો દીકરો છે. 35 બીજો
દહાડે યોહાન પોતાના શિષ્યોમાંના બે સુદ્ધાં ફરી ઉભો રહેલો હતો.
36 અને તેણે ઈસુને ચાલતો જોઈને કહ્યું કે, જુઓ, દેવનું હલવાન!
37 અને તે બે શિષ્યોએ તેનું બોલવું સાંભળ્યું, ને તેઓ ઈસુની પાછળ
ગયા. 38 અને ઈસુએ ફરીને તેઓને પાછળ આવતા જોઈને તેઓને કહ્યું
કે, તમે શું શોધો છો? અને તેઓએ તેને કહ્યું, રાબી (જેનો અર્થ ગુરૂ થાય
છે), તું ક્યાં રહે છે? 39 તેણે તેઓને કહ્યું કે, આવીને જુઓ. માટે તેઓ
આવ્યા, ને જ્યાં તે રહેતો હતો તે જોયું, ને તે દહાડે તેની સાથે રહ્યા; તે
વખતે આશરે દસમી હોરા થઈ હતી. 40 જે બે યોહાનનું સાંભળીને તેની
પાછળ ગયા, તેઓમાંનો એક સીમોન પીતરનો ભાઈ આંદ્રીયા હતો. 41 તે
પ્રથમ પોતાના ભાઈ સીમોનને મળીને તેને કહે છે કે, મશીહ ( જેનો
અર્થ ખ્રીસ્ત છે તે) અમને મળ્યો છે. 42 તે તેને ઈસુની પાસે લઈ આવ્યો;
ઈસુએ તેની સામે જોઈને કહ્યું કે, તું યોનાનો દીકરો સીમોન cheછે, તું
કેફા કહેવાશે (જેઓ અર્થ પત્થર છે). 43 બીજી દહાડે ઈસુને ગાલીલમાં
જવાની ઈચ્છા થઈ, ને તેણે ફીલીપને મળીને તેને કહ્યું કે, મારી પાછળ
આવ. 44 હવે ફીલીપ તો બેથસાઈદાનો, એટલે આંદ્રીયા તથા પીતરના
શહેરનો હતો. 45 ફીલીપે નાથાનાએલને મળીને કહ્યું કે, નિયમશાસ્ત્રમાં
જેનાં સંબંધી મુસાએ, તથા ભવિષ્યવાદીઓએ લખ્યું તે, એટલે નાઝરે-
થનો ઈસુ, યુસફનો દીકરો, અમને મળ્યો છે. 46 ત્યારે નાથાનાએલે તેને
કહ્યું કે, શું નાઝારેથમાંથી કંઈ સારૂં નીકળી શકે? ફીલીપ તેને કહ્યું કે,
આવીને જો. 47 ઈસુ નાથાનાએલને પોતાની પાસે આવતો જોઈને તેને
વિષે કહે છે કે, જુઓ, આ ખરેખરો ઈસ્રાએલી, કે જેનામાં કંઈ કપટ નથી!
48 નાથાનાએલ તેને કહે છે કે, તું મને ક્યાંથી ઓળખે છે? ઈસુએ ઉત્તર
દેતાં તેને કહ્યું કે, ફીલીપે તને તેડયો ત્યાર પહેલાં, જયારે તું અંજીરી તળે
હતો, ત્યારે મેં તને દીઠો. 49 નાથાનાએલે તેને ઉત્તર આપતાં તેને કહ્યું
કે, રાબી, તું દેવનો દીકરો છે, તું ઈસ્રાએલનો રાજા છે. 50 ઈસુએ ઉત્તર
આપતાં તેને કહ્યું કે, તને મેં અંજીરી તળે દીઠો, એવું મેં તને કહ્યું તેથી
શું તું વિશ્વાસ કરે છે? એ કરતાં તું મોટી વાતો જોશે. 51 એ તે તેને કહે છે
કે, હું તમને ખચિત કહું છું કે, તમે આકાશ ઉઘડેલું, ને દેવના દૂતોને મા-
ણસના દીકરા ચઢતા ને ઉતરતા જોશો.

2 અને ત્રીજે દહાડે ગાલીલમાં કાનામાં લગ્ન હતું; ને ઈસુની માં ત્યાં
હતી. 2 અને ઈસુને તથા તેના શિષ્યોને પણ તે લગ્નમાં નોતર્યા
હતા. 3 અને દ્રાક્ષરસ ખૂટ્યો ત્યારે ઈસુની મા તેને કહે છે કે, તેઓની પા-
સે દ્રાક્ષરસ નથી. 4 અને ઈસુ તેને કહે છે કે, બાઈ, મારે ને તારે શું? મારો
સમય હજી નથી આવ્યો. 5 તેની મા ચાકરોને કહે છે કે, જે કંઈ તે તમને
કહે તે કરો. 6 હવે યહુદીઓની શુદ્ધ કરવાની રીત પ્રમાણે હરેકમાં બબે કે
ત્રણ મણ પાણી માય એવાં પત્થરનાં છ કુંડા ત્યાં મુકેલાં હતાં. 7 ઈસુ
તેઓને કહે છે કે, તે કુંડા પાણીથી ભરો; ને તેઓએ તેઓને છલાછલ
ભર્યાં. 8 ત્યારે તે તેઓને કહે છે કે, હવે કાઢો, ને જમણના કારભારી પાસે
લઈ જાઓ. અને તેઓ લઈ ગયા. 9 અને જયારે જમણના કારભારીએ
પાણીનો બનેલો દ્રાક્ષરસ ચાખ્યો, ને તે ક્યાંથી આવ્યો એ તે જાણતો
નહોતો (પણ જે ચાકરોએ પાણી કાઢ્યું હતું તેઓ જાણતા હતા), ત્યારે
જમણનો કારભારી વરને બોલાવીને, 10 તેને કહે છે કે, હરેક માણસ
પહેલાં સારો દ્રાક્ષરસ મુકે છે; ને માણસોએ સારીપેઠે પીધા પછી નરસ;
પણ તેં હમણાં સુધી સારો દ્રાક્ષરસ રાખ્યો છે. 11 ઈસુએ પોતાના ચમ-
ત્કારોનો એ આરંભ ગાલીલના કાનામાં કરીની પોતાના મહિમા દેખા-
ડ્યો; ને તેના શિષ્યોએ તેનાપર વિશ્વાસ કીધો. 12 એ પછી તે તથા તેની
મા તથા તેના ભાઈઓ તથા તેના શિષ્યો કાપરનાહુમમાં ઉતરી આવ્યાં;

પણ ત્યાં ઘણા દહાડા રહ્યા નહિ. 13 અને યહુદીઓનું પાસ્ખા પર્વ પાસે
આવ્યું હતું, ને ઇસુ યરૂશાલેમમાં ગયો. 14 અને તેણે મંદિરમાં ગોધા તથા
ઘેટાં તથા કબૂતર વેચનારાઓને તથા નાણાવટીઓને બેઠેલા દીઠા.
15 ત્યારે તેણે ઝીણી દોરીઓનો કોરડો કરીને તે સર્વને, ઘેટાં તથા ગોધા
સુદ્ધાં, મંદિરમાંથી કાઢી મુક્યા, ને નાણાવટીઓનાં નાણા વેરી નાખ્યા,
ને બાજટો ઉંધા વાળ્યા; 16 અને કબૂતર વેચનારાઓને તેણે કહ્યું કે, એ
બધું અહીંથી લઇ જાઓ, મારા બાપના ઘરને વેપારનું ઘર ન કરો. 17 તે-
ના શિષ્યોને યાદ આવ્યું કે એમ લખ્યું છે કે, તારા ઘરની આસ્થા મને
ખાઇ નાખશે. 18 એ માટે યહુદીઓએ તેને ઉત્તર દેતાં કહ્યું કે, તું એ કામો
કરે છે, તો અમને શી નિશાની દેખાડે છે? 19 ઇસુએ ઉત્તર દેતાં તેઓને
કહ્યું કે, આ મંદિરને પાડી નાખો, ને ત્રણ દહાડામાં હું એને ઉભું કરીશ.
20 ત્યારે યહુદીઓએ કહ્યું કે, આ મંદિરને બાંધતા છેંતાળીસ વર્ષ લાગ્યા
છે, ને શું તું એને ત્રણ દહાડામાં ઉભું કરશે? 21 પણ તે તો પોતાના શરી-
રરૂપી મંદિર વિષે બોલ્યો હતો. 22 તે માટે જયારે તે મારી ગએલાંઓ-
માંથી ઉઠાડાયો ત્યારે તેના શિષ્યોને યાદ આવ્યું કે, તેણે તેઓને એ
કહ્યું હતું, ને તેઓએ લેખ પર તથા ઇસુના બોલેલા વચન પર વિશ્વાસ
કીધો. 23 હવે પાસ્ખા પર્વના વખતે તે યારૂશાલેમમાં હતો, ત્યારે જે ચમ-
ત્કારો તે કરતો હતો તે જોઇને ઘણાએ તેના નામ પર વિશ્વાસ કીધો.
24 પણ ઇસુએ તેમનો વિશ્વાસ ન કીધો, કેમકે તે સર્વને જાણતો હતો,
25 અને માણસ વિષે કોઇ શાહેદી આપે એવી તેને અગત્ય ન હતી, કેમકે
માણસમાં શું છે એ તે પોતે જાણતો હતો.

3 અને નીકોદેમસ નામે ફરોશીઓમાંનો એક જન હતો, કે જે યહુદી-
ઓનો અધિકારી હતો. 2 તેણે રાત્રે [ઇસુની] પાસે આવીને તેને
કહ્યું કે, રાબી, અમે જાણીએ છીએ કે તું દેવની પાસેથી આવેલો ઉપદે-
શક છે, કેમકે જો કોઇ માણસની સાથે દેવ ન હોય તો જે ચમત્કારો તું
કરે છે તે તે કરી નહિ શકે. 3 ઇસુએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, હું તને
ખચિત ખચિત કહું છું, જો કોઇ માણસ નવો જન્મ પામ્યો ન હોય તો તે
દેવનું રાજ્ય જોઇ શકતું નથી. 4 નીકોદેમસ તેને કહે છે કે, માણસ ઘરડો
થઇને જન્મ કેમ પામી શકે? તે શું બીજી વાર પોતાની માંના પેટમાં પે-
સીને જન્મ લઇ શકે છે? 5 ઇસુએ ઉત્તર આપ્યો કે, હું તને ખચિત ખચિત
કહું છું કે જો કોઇ માણસ પાણીથી તથા અઆતમાંથી જન્મ્યું ન હોય, તે
દેવના રાજ્યમાં તે જઇ શકતું નથી. 6 જે દેહથી જન્મેલું તે દેહ છે; ને જે
આત્માથી જન્મેલું તે આત્મા છે. 7 મેં તને કહ્યું કે, તમારે નવો જન્મ પા-
મવો જોઇએ, એથી અચરત ન થા. 8 વ જ્યાં ચાહે છે ત્યાં વાય છે, ને તું
તેનો આવાજ સાંભળે છે, પણ તે ક્યાંથી આવે છે, ને ક્યાં જાય છે, એ
તું નથી જાણતો; હરેક જે આત્માથી જન્મેલું છે તે તેવુંજ છે. 9 નીકોદેમ-
સે ઉત્તર દેતાં તેને કહ્યું કે, એ વાતો કેમ બની શકે? 10 ઇસુએ ઉત્તર
આપતાં તેને કહ્યું કે, તું ઇસ્રાએલનો ઉપદેશક થઇને એ વાતો નથી જા-
ણતો? 11 હું તને ખચિત ખચિત કહું છું કે, અમે જે જાણીએ છીએ એ
કહીએ છીએ, ને જે દીઠું છે તેની શાહેદી પુરીએ છીએ, પણ તમે અમારી
શાહેદી માનતા નથી. 12 જો મેં તમને પૃથ્વી પરની વાતો કહી, ને તમે
વિશ્વાસ કરતાં નથી, તો હું તમને આકાશમાંની વાતો કહું તૂ તમે કેમ
વિશ્વાસ કરશો? 13 ને આકાશમાંથી ઉતરેલો માણસનો દીકરો જે આકા-
શમાં છે ને વિના આકાશમાં કોઇ નથી ચઢયું. 14 અને જેમ મુસાએ રાન-
માં સર્પને ઉંચો કીધો, તેમ માણસના દીકરાને ઉંચો કરવાની જરૂર છે;
15 એ માટે કે જો કોઇ વિશ્વાસ કરે તે તેનામાં અનંત જીવન પામે. 16 કેમ-
કે દેવે જગત પર ઇટલી પ્રીતિ કીધી કે તેને પોતાનો એકાકીજનિત દીક-
રો આપ્યો એ સારૂ કે, જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય
પણ તે અનંત જીવન પામે. 17 કેમકે જગતનો ન્યાય કરવા સારૂ દેવે પો-
તાના દીકરાને જગતમાં નથી મોકલ્યો, પણ એ માટે કે તેનાથી જગતનું
તારણ થાય. 18 તેના પર જે વિશ્વાસ કરે છે, તે અપરાધી ઠરતો નથી;
પણ જે વિશ્વાસ નથી કરતો, તે અપરાધી ઠરી ચુક્યો છે; કેમકે દેવના
એકાકીજનિત દીકરાના નામ પર તેણે વિશ્વાસ કીધો નથી. 19 અને
અપરાધી ઠરાવવાનું કારણ એ છે કે, જગતમાં અજવાળું આવ્યા છતાં
માણસોએ અજવાળાના કરતાં અંધારૂ ચાહ્યું કેમકે તેઓનાં કામ ભુંડા
હતાં. 20 કેમકે જે કોઇ ભુંડું કરે છે તે અજવાળાનું દ્વેષ કરે છે, ને પોતાના
કામ ન વખોડાય માટે અજવાળા પાસે આવતો નથી. 21 પણ જે સત્ય
કરે છે તે પોતાનાં કામ દેવથી કરાયા છે એ પ્રગટ થાય માટે અજવાળા
પાસે આઅવે છે. 22 એ પછી ઇસુ પોતાના શિષ્યો સુદ્ધાં યહુદાહ દેશમાં
આવ્યો; ને ત્યાં તેઓની સાથે રહીને [લોકોને] બાપ્તિસ્મા આપતો હતો.
23 અને યોહાન પણ સાલીમની પાસેના એનોનમાં બાપ્તિસ્મા કરતો
હતો, કેમકે ત્યાં પાણી ઘણું હતું; ને લોકો આવીને બાપ્તિસ્મા પામતા
હતા. 24 કેમકે હજી સુધી યોહાન કેદખાનામાં નંખાયા ન હતો. 25 ત્યારે
યોહાનના શિષ્યોને શુદ્ધિકરણ વિષે કોઇ એક યહુદી સાથે વાદવિવાદ
થયો. 26 અને તેઓએ યોહાનની પાસે આવીનને તેને કહ્યું કે, રાબી, જે
તારી સાથે યર્દનની પેલે પાર હતો, જેને વિષે તે શાહેદી પુરી છે, જો, તે
તો બાપ્તિસ્મા કરે છે ને સઘળાં તેની પાસે આવે છે. 27 યોહાને ઉત્તર દેતાં
કહ્યું કે, જો કોઇ માણસને આકાશથી અપાયું ન હોય, તો તે કંઇ પામી
શકતો નથી. 28 તમે પોતે મારી સાક્ષી છો કે, મેં કહ્યું કે, હું તે ખ્રીસ્ત
નથી, પણ તેની આગળ મોકલાએલો છું. 29 જેને કન્યા છે, તેજ વરરાજા
છે; પણ વરરાજાનો મિત્ર જે ઉભો રહીને તેનું સાંભળે છે, તે વરરાજાની
વાણીથી બહુ આનંદ પામે છે; એ માટે મારો એ આનંદ સંપૂર્ણ થયો છે.
30 તે વધતો જાય, ને હું ઘટતો જાઉં, એ આવશ્યનું છે. 31 જે ઉપરથી
આવે છે તે સર્વની ઉપર છે; જે પૃથ્વીનો છે તે પૃથ્વીનોજ છે, ને પૃથ્વીનું
બોલે છે; જે આકાશથી આવે છે તે સર્વની ઉપર છે. 32 તેણે જે દીઠું ને
સાંભળ્યું છે, તેની શાહેદી તે પુરે છે; પણ તેની શાહેદી કોઇ માનતું નથી.
33 જેણે તેની શાહેદી માંની છે, તેણે દેવ ખરો છે, એ વાત પર મહોર કી-
ધી છે. 34 કેમકે જેને દેવ મોકલ્યો છે તે દેવનાં વચન બોલે છે; કેમકે
[દેવ] માપથી આત્મા નથી આપતો. 35 બાપ દીકરા પર પ્રીતિ કરે છે, એ
તેણે સઘળું તેના હાથમાં સોંપ્યું છે. 36 દીકરા પર જે વિશ્વાસ કરે છે, તને
અનંત જીવન છે; પણ દીકરાનું જે નથી માનતો, તે જીવન નહિ દેખશે,
પણ તેના પર દેવનો કોપ રહે છે.

4 હવે ફરોશીઓએ સાંભળ્યું કે યોહાનના કરતાં ઘણાને શિષ્ય કરી-
ને તેઓને બાપ્તિસ્મા આપે છે, 2 (ઇસુ પોતે તો નહિ, પણ તેના
શિષ્યો બાપ્તિસ્મા આપતાં હતા), એ પ્રભુએ જાણ્યું, 3 ત્યારે તે યહુદાહ
મુકીને ફરી ગાલીલમાં ગયો. 4 અને સમરૂનમાં થઇને તેને જવું પડ્યું.
5 માટે જે ખેતર યાકુબે પોતાના દીકરા યુસફને આપ્યું હતું તેની પાસે
સમરૂનના સૈખાર નામે એક શહેર આગળ તે આવે છે. 6 અને ત્યાં યાકુ-
બનો કુવો હતો. માટે ઇસુ ચાલવાથી થાકેલો હોવાથી કુવા પે એવો ને
એવોજ બેઠો; તે વેળા આસરે બપોર થયા હતા. 7 અને એક સમરૂની
સ્ત્રી પાણી ભરવાને આવે છે; ઇસુ તેને કહે છે કે, મને પાણી પા. 8 કેમકે
તેના શિષ્યો ખાવાનું વેચાતું લેવાને શહેરમાં ગયા હતા. 9 ત્યારે તે સમ-
રૂની સ્ત્રી તેને કહે છે કે, હું સમરૂની સ્ત્રી છતાં તું યહુદી થઇને મારી પાસે
પાણી કેમ માગે છે? (કેમકે સમરૂનીઓ જોડે યહુદીઓ કંઇ પણ વહેવાર
રાખતાં નથી). 10 ઇસુએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, દેવના દાનને તથ્હા
જે તને કહે છે કે, મને પાણી પા, તે કોણ છે, એ જો તું જાણતી હોત, તો
તું તેની પાસે માગત, ને તે તને જીવતું પાણી આપત. 11 સ્ત્રી તેને કહે છે
કે, પ્રભુ, તારી પાસે [પાણી] કાઢવાનું કંઇ નથી, ને કુવો ઉંડો છે; તો તે
જીવતું પાણી તારી પાસે ક્યાંથી હોય? 12 અમારા પિતા યાકુબ, જેણે
અમને આ કુવો આપ્યો, અને જેણે પોતે, ને તેનાં છોકરાએ તથા ઢોરોએ
ઓમાનું પીધું, તે કરતાં શું તું મોટો છે? 13 ઇસુએ ઉત્તર દેતાં તેને કહ્યું કે,
જે કોઇ આ પાણીમાનું પીએ તેને કદી તરસ નહિ લાગશે; 14 પણ જે પા-
ણી હું તેને આપીશ ને તેનામાં પાણીનો ઝરો થશે, કે જે અનંતજીવન
સુધી ઝર્યાં કરશે. 15 સ્ત્રી તેને કહે છે કે, પ્રભુ, તે પાણી મને આપ, કે
મને તરસ ન લાગે, ને પાણી ભરવા માટે આટલે દૂર આવવું ન પડે.
16 ઇસુ તેને કહે છે કે, જા, તારા વરને અહીં તેડી આવ. 17 સ્ત્રીએ ઉત્તર
દેતાં તેને કહ્યું કે, મારે વાર નથી. 18 ઇસુ તેને કહે છે, તેં ઠીક કહ્યું કહ્યું
કે, મારે વાર નથી; કેમકે તને પાંચ વાર હતા, ને હમણાં જે તારી સાથે
રહે છે તે તારો વર નથી; કેમકે તને પાંચ વર હતા, ને હમણાં જે તારી
સાથે રહે છે તે તારો વર નથી, એ તેં ખરું કહ્યું. 19 સ્ત્રી તેને કહે છે કે. પ્ર-
ભુ, તું ભવિષ્યવાદી છે એમ મને માલમ પડે છે. 20 અમારા પિતાઓ આ
પહાડ પર ભજન કરતાં હતા, પણ તમે કહો છો કે, જે જગ્યાએ ભજન
કરવું જોઇએ તે યરૂશાલેમમાં છે. 21 ઇસુ તેને કહે છે કે, બાઇ, મારૂં માન;
એવી વેળા આવે છે કે જેમાં તમે આ પહાડ પર અથવા યરૂશાલેમમાં
પણ બાપનું ભજન નહિ કરશો. 22 જેને તમે જાણતા નથી તેને તમે
ભજો છો; અમે જેને જાણીએ છીએ તેને અમે ભજીએ છીએ, કેમકે તા-

રણ યહુદીઓમાંથી છે. 23 પણ એવી વેળા આવે છે, ને હાલ આવી છે, કે
જેમાં ખરા ભજનારા આત્માથી તથા સત્યતાથી બાપનું ભજન કરશે; કે-
મકે એવા ભજનારાઓને બાપ ઈચ્છે છે. 24 દેવ આત્મા છે, ને જેઓ તેને
ભજે છે, તેઓએ આત્માથી તથા સત્યતાથી ભજન કરવું જોઈએ.
25 સ્ત્રી તેને કહે છે કે મસીહ (જે ખ્રીસ્ત કહેવાય છે) તે આવે છે, એ હું જા-
ણું છું; તે આવશે ત્યારે આપણને બધું કહી બતાવશે. 26 ઈસુ તેને કહ છે
કે, તારી સાથે જે બોલે છે તે હુંજ તે છું. 27 એટલામાં તેના શિષ્યો
આવ્યા; ને સ્ત્રીની સાથે તે બોલતો હતો માટે તેઓ અચરત થયા; તો-
પણ તું શું ચાહે છે, અથવા તેની જોડે તું શા વાસ્તે બોલે છે, એમ કોઈએ
કહ્યું નહિ. 28 ત્યારે તે સ્ત્રી પોતાની ગાગેર મુકીને શહેરમાં ગઈ, ને લોકો-
ને કહે છે કે, 29 આવો, જેટલું મેં કીધું તે બધું જેણે મને કહી દેખાડ્યું તે
માણસને જુઓ; તેજ ખ્રીસ્ત છે કે શું? 30 તેઓ શહેરમાંથી નીકળીને તેની
પાસે આવવા લાગ્યા. 31 તેટલામાં શિષ્યોએ તેને વિનંતી કરતાં કહ્યું કે,
રાબી, જમ. 32 પણ તેણે તેઓને કહ્યું કે, મારી પાસે ખાવાનું અન્ન છે કે
જે વિષે તમને ખબર નથી. 33 માટે શિષ્યોએ માહોમાંહે કહ્યું કે, એને સા-
રૂ શું કોઈ કંઈ ખાવાનું લાવ્યો છે? 34 ઈસુ તેઓને કહે છે કે, જેણે મને
મોકલ્યો છે, તેની ઈચ્છા પુરી કરવી, ને તેનું કામ પૂર્ણ કરવું, એ મારૂં
અન્ન છે. 35 તમે શું નથી કહેતાં કે, ચાર મહિના પછી ફસલ આવશે?
જુઓ, હું તમને કહું છું કે, તમારી આંખો ઉંચી કરીને ખેતરો જુઓ, કે
તેઓ કાપણીને સારૂ પાકી ચૂક્યાં છે. 36 જે કાપે છે તે મુસારો પામે છે,
ને અનંત જીવન દાયક ફળ સંગ્રહ કરે છે, કે વાવનાર તથા કાપનાર બેહુ
સાથે હરખાય. 37 કેમકે આમાં એ કહેવત હરી પડે છે કે, એક વાવે છે, ન
બીજો કાપે છે. 38 જે પર તમે મહેનત નથી કરી, તે કાપવાને મેં તમને
મોકલ્યા છે; બીજાઓએ મહેનત કીધી છે, ને તમે તેઓની મહેનતમાં પે-
ઠા છો. 39 અને જે સ્ત્રીએ શાહેદી આપી કે, જેટલું મેં કીધું તે બધું તેણે
મને કહી દેખાડ્યું, તેની વાતથી તે શહેરના ઘણા સમરૂનીઓએ તેના
પર વિશ્વાસ કીધો. 40 માટે સમરૂનીઓએ તેની પાસે આવીને તેને વિ-
નંતી કીધી કે, તું અમારી સાથે રહે; ને બે દહાડા તે ત્યાં રહ્યો. 41 તેની
વાતથી બીજા ઘણાએ વિશ્વાસ કીધો; 42 ને તેઓએ તે સ્ત્રીને કહ્યું કે,
હવે અમે [એકલા] તારા કહેવાથી વિશ્વાસ નથી કરતાં; કેમકે અમે પોતે
સાંભળીને જાણીએ છીએ કે જે જગતનો ત્રાતા તે નિશ્ચે એજ છે. 43 અને
એ બે દહાડા પછી તે ત્યાંથી નીકળીને ગાલીમાં ગયો. 44 કેમકે ઈસુએ
પોતે શાહેદી આપી કે, ભવિષ્યવાદીને પોતાના દેશમાં કંઈ માન નથી.
45 હવે તે ગાલીલમાં આવ્યો, ત્યારે ગાલીલીઓએ તેનો અંગીકાર કર્યો;
કેમકે જે સઘળાં કામ યરૂશાલેમમાં પર્વની વેળાએ તેણે કીધાં હતાં, તે
તેઓએ દીઠાં હતાં; કેમકે તેઓ પણ પર્વમાં ગયા હતા. 46 માટે તે ફરી
ગાલીલ મધ્યેના કાના, જ્યાં તેણે પાણીનો દ્રાક્ષરસ કીધો હતો, ત્યાં
આવ્યો; ને ત્યાં એક અમીર હતો, કે જેનો દીકરો કાપરનાહુમમાં માંદો
હતો. 47 તેણે સાંભળ્યું કે ઈસુ યહુદાહથી ગાલીલમાં આવ્યો છે, ત્યારે
તેણે તેની પાસે જઈને તેને વિનંતી કીધી કે, આવીને મારા દીકરાને સા-
જો કર; કેમકે તે મરવાની અણી પર હતો. 48 ત્યારે ઈસુએ તેને કહ્યું કે,
ચિન્હો તથા આશ્ચર્યો દીઠા વગર તમે વિશ્વાસ કરવાના નથી. 49 અમીર
તેને કહે છે કે, પ્રભુ, મારા દીકરાના મરવા અગાઉ આવ. 50 ઈસુ તેને કહે
છે કે, ચાલ્યો જા, તારો દીકરો જીવતો રહ્યો છે. જે વાત ઈસુએ તેને કહી,
તે પર વિશ્વાસ કરીને તે માણસ ચાલ્યો ગયો. 51 એ તે ચાલ્યો જતો હતો
એટલામાં તેના ચાકરો તેને મળ્યા, ને તેઓએ કહ્યું કે, તારો દીકરો જીવ-
તો રહ્યો છે. 52 માટે તેણે તેઓને પુછ્યું કે, કયી ઘડીએ તે સાજો થવા
લાગ્યો? ત્યારે તેઓએ તેને કહ્યું કે, કાલે બપોર પછી એક કલાકે તાવે
તેને છોડ્યો. 53 એથી બાપે જાણ્યું કે, જે ઘડી ઈસુએ તેને કહ્યું હતું કે,
તારો દીકરો જીવતો રહ્યો છે તેજ ઘડીએ એ થયું; ને તેણે પોતે તથા તે-
ના ઘરનાં સઘળાંએ વિશ્વાસ કીધો. 54 ઈસુએ ફરી યહુદાહથી ગાલીલમાં
આવીને આ બીજો ચમત્કાર કીધો.

5 એ બિનાઓ બન્યા પછી યહુદીઓનું એક પર્વ હતું; ને ઈસુ યરૂ-
શાલેમમાં ગયો. 2 હવે યરૂશાલેમમાં મેઢાં ભાગળની પાસે એક કુંડ
છે, જે હેબ્રી ભાષામાં બેથેસ્દા કહેવાય છે, તેને [લગતી] પાંચ પરશાળ
છે. 3 તેઓમાં રોગી, આંધળા, લંગડા, સુકાઈ ગએલા, ઘણા લોક પડી
રહેલા હતા. [[તેઓ પાણી હાલવાની વાત જોતાં હતા. 4 કેમકે કોઈ કોઈ
વેળા એક દૂત તે કુંડમાં ઉતરીને પાણીને હલાવતો હતો; ત્યારે પાણી
હલાવ્યા પછી જે કોઈ પહેલાં તેમાં ઉતરતો, તેને જે કાંઈ રોગ લાગેલો
હોય તેથી તે નિરોગી થતો]] 5 અને ત્યાં એક જન હતો, જે આડત્રીસ
વરસથી માંદો હતો. 6 ઈસુ તેને પડેલો જોઈને તથા ઘણા કાળથી
એવોજ છે, એ જાણીને, તેને કહે છે કે, શું તું સાજો થવા ચાહે છે? 7 તે
માંદાએ તેને એવો ઉત્તર આપ્યો કે, પ્રભુ, જે વેળા પાણી હલાવાય છે, તે
વેળા કુંડમાં મને ઉતારવાને મારી પાસે કોઈ નથી, પણ હું જાઉં છું એટ-
લામાં બીજો મારી અગાઉ ઉતરી પડે છે. 8 ઈસુ તેને કહે છે કે, ઉઠ, તારો
ખાટલો ઉંચકીને ચાલ. 9 અને તરત તે માણસ સાજો થયો, ને પોતાનો
ખાટલો ઉંચકીને ચાલ્યો. અને તે દહાડે વિશ્રામવાર હતો. 10 તે માટે જે
સાજો કરાયો હતો તેને યહુદીઓએ કહ્યું કે, આ વિશ્રામવાર છે, એટલે
તારે ખાટલો ઉચકવો ઉચિત નથી. 11 પણ તેણે તેઓને એવો ઉત્તર
આપ્યો કે, જેણે મને સાજો કીધો તેણે મને કહ્યું કે, તારો ખાટલો ઉંચકી-
ને ચાલ. 12 તેઓએ તેને પુછ્યું કે, તને જેણે એમ કહ્યું કે, ખાટલો ઉંચ-
કીને ચાલ, તે માણસ કોણ છે? 13 પણ તે કોણ છે, એ પેલો સાજો થએ-
લો માણસ જાણતો નહોતો; કેમકે તે ઠેકાણે ભીડ હતી માટે ઈસુ ત્યાંથી
ખસી ગયો હતો. 14 પછીથી ઈસુ મંદિરમાં તેને મળ્યો, ને તેને કહ્યું કે, જો
તું સાજો થયો છે; હવેથી પાપ ન કર, રખેને તારા પર વિશેષ [વિપત્તિ]
આવી પડે. 15 તે માણસ જઈને યહુદીઓને કહ્યું કે, જેણે મને સાજો કી-
ધો તે ઈસુ છે. 16 એ કામો ઈસુએ વિશ્રામવારે કીધાં હતા માટે યહુદીઓ
તેની પૂઠે લાગ્યા. 17 પણ ઈસુએ તેઓને ઉત્તર દીધા કે, મારો બાપ
અત્યાર સુધી પણ કામ કરે છે, ને હું કામ કરૂં છું. 18 તે માટે તેને મારી
નાખવાને યહુદીઓએ વિશેષ પ્રયત્ન કીધો; કેમકે તેણે વિશ્રામવારે ભંગ
કીધો એટલુંજ નહિ, પણ દેવને પોતાનો બાપ કહીને પોતાને દેવ
સમાન કીધો. 19 ત્યારે ઈસુએ ઉત્તર આપતાં તેઓને કહ્યું કે, હું તમને
ખચિત ખચિત કહું છું કે, દીકરો બાપને જે કંઈ કરતો જુએ છે તે શિવાય
કંઈ પોતે કરી નથી શકતો; કેમકે તે જે જે કરે છે તે તે દીકરો પણ તેજ
પ્રમાણે કરે છે. 20 કેમકે બાપ દીકરા પર પ્રેમ કરે છે, ને પોતે જે કરે છે તે
બધું તેને દેખાડે છે, ને તે તેને એ કરતાં મોટાં કામ દેખાડશે, એ માટે કે
તમે અચરતી પામો. 21 કેમકે જે બાપ મુએલાઓને ઉઠાડે છે, ને તમને
સજીવન કરે છે, તેમજ દીકરો પણ ચાહે તેમને સજીવન કરે છે. 22 કેમકે
બાપ પણ કોઈનો ન્યાય ચીકાવતો નથી, પન્ન ન્યાય ચુકાવવાનું સઘળું
કામ તેણે દીકરાને સોંપ્યું છે. 23 તે એ સારૂ કે જેમ બધા બાપને માન
આપે છે, તેમ દીકરાને પણ માન આપે છે.દીકરાને જે માન નથી આપ-
તો, તે તેના મોકલનાર બાપને માન નથી આપતો. 24 હું તમને ખચિત
કહું છું કે, જે મારા વચન સાંભળે છે, ને મારા મોકલનાર પર વિશ્વાસ કરે
છે, તેને અનંત જીવન છે; ને તે અપરાધી નહિ ઠરશે, પણ મરણમાંથી
નીકળીને જીવનમાં આવ્યો છે. 25 હું તમને ખચિત ખચિત કહું છું કે,
એઈ વેળા આવે છે, ને હમણાં આવી છે, કે જેમાં મુએલાઓ દેવના દીક-
રાની વાણી સાંભળશે, ને સાંભળનારા જીવતાં થશે. 26 કેમકે જેમ બાપ-
ને પોતામાં જીવન છે, તેમ દીકરાને પણ પોતામાં જીવન રાખવાનું તેણે
આપ્યું. 27 અને ન્યાય ચુકાવવાનો અધિકાર પણ તેણે તેને આપ્યો, કે-
મકે તે માણસનો દીકરો છે. 28 એથી તમે આશ્ચર્ય ન પામો; કેમકે એવી
વેળા આવે છે કે જેમાં સર્વ જેઓ કબરોમાં છે તેઓ તેની વાણી સાંભળ-
શે; 29 ને જેઓએ સારા કામ કીધાં છે, તેઓ જીવનનું ઉત્થાન પામવા
સારૂ, જે જેઓએ ભુંડા કામ કીધાં છે, તેઓ દંડનું ઉત્થાન પામવા સારૂ,
નીકળી આવશે. 30 હું પોતાથી કંઈ કરી શકતો નથી; જે પ્રમાણે હું સાંભ-
ળું છું તે પ્રમાણે ન્યાય ઠરાવું છું; ને મારો ન્યાય અડલ છે. કેમકે હું પો-
તાની ઈચ્છા નહિ, પણ જેણે મને મોકલ્યો છે, તેની ઈચ્છા પુરી કરવા
ચાહું છું. 31 જો હું પોતા વિષે શાહેદી આપું તો મારી શાહેદી ખરી નથી.
32 મારા વિષે જે શાહેદી આપે છે, તે બીજો છે; ને જે શાહેદી મારા વિષે તે
આપે છે, તે ખરી છે, એ હું જાણું છું. 33 તમે યોહાન પાસે માણસો મોક-
લ્યા, ને તેણે સત્ય વિષે શાહેદી આપી છે. 34 તોપણ જે શાહેદી હું સ્વી-
કારૂં છું તે માણસો તરફથી નથી; પણ તમે તારણ પામો માટે હું એ વા-
તો કહું છું. 35 તે સળગતો તથા પ્રકાશતો દીવો હતો, ને તેના અજવાળા-
માં ઘડીભર આનંદ કરવાને તમે રાજી હતા. 36 પણ યોહાનની [શાહેદી]
કરતાં મને મોટી શાહેદી છે; કેમકે જે કામો બાપે મને પુરાં કરવાને
આપ્યાં છે, એટલે જે કામો હું કરૂં છું, તેજ મારો વિષે શાહેદી આપે છે કે
બાપે મને મોકલ્યો છે. 37 અને બાપ, જેણે મને મોકલ્યો છે, તેણે મારે

વિષે શાહેદી આપી છે. તમે કદી તેની વાણી નથી સાંભળી, ને તેનું રૂપ
પણ નથી દીઠું. 38 અને તેની વાત તમારામાં રહેલી નથી; કેમકે જેને તે-
ણે મોકલ્યો, તે પર તમે વિશ્વાસ નથી કરતાં. 39 તમે શાસ્ત્ર તપાસી
જુઓ છો, કેમકે તેઓથી તમને અનંત જીવન છે, એમ તમે ધારો છો; ને
મારે વિષે શાહેદી આપનાર તે એજ છે. 40 અને જીવન પામવા સારૂ તમે
મારા પાસે આવવા ચહાતા નથી. 41 હું માણસો તરફથી મહિમા લેતો
નથી. 42 પણ હું તમને જાણું છું કે દેવ પરની પ્રીતિ તમારામાં નથી. 43 હું
મારા બાપના નામે આવ્યો છું, પણ તમે મારો અંગીકાર કરતાં નથી; જો
કોઇ બીજો પોતાના નામે આવશે, તો તેનો તમે અંગીકાર કરશો. 44 તમે
એક બીજાથી મહિમા પામો છો, પણ જે મહિમા એકલા દેવથી છે તે શો-
ધતો નથી, તો તમે વિશ્વાસ શી રીતે કરી શકો? 45 હું બાપની આગળ
તમારા પર દોષ મુકીશ, એમ ન ધારો; તમારા પર દોષ મુકનાર એક,
એટલે મુસા છે, જેનાં પર તમે ભરોસો રાખો છો. 46 કેમકે જો તમે મુસા
પર ભરોસો કર્યો હોત, તો તમે મારા પર વિશ્વાસ કરત; કેમકે તેણે મારે
વિષે લખ્યું. 47 પણ જો તમે તેના લેખો પર વિશ્વાસ નથી કરતાં, તો મા-
રી વાતો પર તમે કેમ વિશ્વાસ કરશો?

6 એ પછી ગાલીલનો સમુદ્ર જે તિબેરીઅસનો [કહેવાય] છે, તેને
પેલે પાર ઇસુ ગયો. 2 અને લોકોનો મોટો સમુદાય તેની પાછળ
ગયો; કેમકે તેના ચમત્કાર, જે તેણે માંદાઓ પર કીધા, તે તેઓએ દીઠા
હતા. 3 અને ઇસુ પહાડ પર ગયો, ને ત્યાં પોતાના શિષ્યો સુદ્ધાં બેઠો.
4 હવે યહુદીઓનું પાસ્ખા પર્વ પાસે આવ્યું હતું. 5 માટે ઇસુ નજર ઉંચી
કરીને પોતાની પાસે મોટો સમુદાય આવતો જોઇને ફીલીપને કહે છે કે,
એઓ ખાય માટે આપણે રોટલી ક્યાંથી વેચાતી લઈએ? 6 પણ તેણે તે-
ને પારખવા સારૂ એ કહ્યું; કેમકે તે પોતે શું કરવાનો હતો, એ તે પોતે
જાણતો હતો. 7 ફીલીપે તેને ઉત્તર આપ્યો કે, બસેં દીનારની રોટલી
એઓને સારૂ બસ નથી કે તેઓમાંના દરેકને થોડું થોડું મળે. 8 તેના શિ-
ષ્યોમાંના એક, એટલે સીમોન પીતરનો ભાઇ આંદ્રયા, તેને કહે છે કે,
9 એક જુવાન અહીં છે, તેની પાસે જવની પાંચ રોટલી છે, ને બે માછલી
છે, પણ એથી આટલાને શું થાય? 10 ઇસુએ કહ્યું કે, લોકોને બેસાડો.
હવે તે ઠેકાણે ઘણું ઘાસ હતું.અને તેઓ બેસી ગયા, ને પુરૂષોની સંખ્યા
પાંચેક હજારની હતી. 11 ત્યારે ઇસુએ તે રોટલીઓ લીધી, ને સ્તુતિ કરી-
ને બેઠેલાઓને પિરસી; માછલીઓમાંથી પણ જેટલું જોઈતું હતું તેટલું
એજ રીતે આપ્યું. 12 અને તેઓ ધરાયા પછી તે પોતાના શિષ્યોને કહે છે
કે, કંઈ નકામું ન જાય માટે છાંડેલા કકડા એકઠા કરો. 13 તે માટે તેઓએ
તે એકઠા કર્યા, ને તે જવની પાંચ રોટલીઓમાંના જે છાંડેલા કકડા જમ-
નારાઓએ રહેવા દીધા હતા, તેઓની બાર ટોપલી ભરી, 14 માટે તે લો-
કોએ ઇસુનો કરેલો એ ચમત્કાર જોઇને કહ્યું કે, જે ભવિષ્યવાળી જગત-
માં આવનાર છે, તે નિશ્ચે એજ છે. 15 તે માટે લોક આવીને મને રાજા કર-
વા સારૂ જબરદસ્તી પકડવાના છે, એ જાણીને ઇસુ બીજી વાર પહાડ
પર એકલો ચાલ્યો ગયો. 16 અને સાંજ પડી ત્યારે તેના શિષ્યો સમુદ્ર
કાંઠે ગયા. 17 અને હોડીમાં બેસીને તેઓ કાપરનાહુમ જવાને સમુદ્રને પે-
લે પાર જતાં હતા, અને તે વખતે અંધારૂ થયું હતું; અને ઇસુ હજી તેઓ-
ની પાસે આવ્યો ન હતો. 18 અને વા ભારે વાયાથી સમુદ્ર ઉછળતો
થતો. 19 માટે જયારે તેઓ હલેસાં મારીને આશરે બેએક ગાઉ ગયા, ત્યા-
રે ઇસુને સમુદ્ર પર ચાલતો ને હોડીની પાસે આવતો દેખીને તેઓ બી-
ધા. 20 પણ તે તેઓને કહે છે કે, એ તો હું છું, બીહો મા. 21 ત્યારે ખુશીથી
તેઓએ તેને હોડીમાં લીધો, ને તેઓ જ્યાં જતા હતા તે જગ્યાએ હોડી
તરત આવી પહોંચી. 22 બીજે દહાડે, જે લોક સમુદ્રને પેલે પાર ઉભા
રહ્યા હતા તેઓએ જોયું કે, એક હોડી વિના બીજી તે ઠેકાણે ન હતી, ને
ઇસુ પોતાના શિષ્યો સાથે તે હોડી પર ચઢ્યો ન હતો, પણ એકલા તેના
શિષ્યો ગયા હતા; 23 (તોપણ જ્યાં પ્રભુએ સ્તુતિ કીધા પછી તેઓએ
રોટલી ખાધી હતી, તે ઠેકાણા પાસેના તીબેરીઅસથી [બીજી] હોડીઓ
આવી.) 24 માટે જયારે તે લોકોએ જોયું કે ઇસુ તેમજ તેના શિષ્યો તે ઠે-
કાણે નથી, ત્યારે તેઓ પોતે હોડીઓમાં બેસીને ઇસુની શોધ કરતાં કા-
પરનાહુમમાં આવ્યા. 25 પછી સમુદ્રને પેલે પાર તેઓએ તેને મળીને તેને
કહ્યું કે, રાબી, તું ક્યારે અહીં આવ્યો? 26 ઇસુએ તેઓને ઉત્તર દેતાં કહ્યું
કે, તમે ચમત્કાર જોયા તે માટે તમે મને શોધતા નથી, પણ તમે રોટલી
ખાઇને ધરાયા તેને માટે. 27 જે અન્ન નાશવંત છે તેને સારૂ નહિ, પણ જે
અન્ન અનંત જીવન સુધી ટકે છે, જે માણસનો દીકરો તમને આપશે, તેને
સારૂ મહેનત કરો; કેમકે દેવ બાપે તેના મહોર કીધી છે. 28 ત્યારે તેઓએ
તેને કહ્યું કે, અમે દેવનાં કામ કરીએ તે સારૂ અમારે શું કરવું જોઇએ?
29 ઇસુએ ઉત્તર આપતાં તેઓને કહ્યું કે, જેને તેણે મોકલ્યો છે તેના પર
તમે વિશ્વાસ કરો, એજ દેવનું કામ છે. 30 માટે તેઓએ તેને કહ્યું કે, તું શો
ચમત્કાર દેખાડે છે કે અમે તે જોઇને તારા પર વિશ્વાસ કરીએ? તું શું
કામ કરે છે? 31 અમારા બાપદાદાઓએ તો રાનમાં માણા ખાધું, જેમ
લખ્યું છે કે, તેણે આકાશમાંથી તેઓને રોટલી ખાવાને આપી. 32 ત્યારે
ઇસુએ તેઓને કહ્યું કે, હું તમને ખચિત ખચિત કહું છું કે, તે રોટલી મુ-
સાએ આકાશમાંથી તમને આપી નથી, પણ આકાશમાંથી જે ખરી રોટ-
લી છે, તે મારો બાપ તમને આપે છે. 33 કેમકે આકાશમાંથી જે ઉતરે છે,
ને જગતને જીવન પમાડે છે, તે દેવની રોટલી છે. 34 ત્યારે તેઓએ તેને
કહ્યું કે, પ્રભુ, તે રોટલી સદા અમને આપ. 35 ઇસુએ તેઓને કહ્યું કે, જી-
વનની રોટલી હું છું; જે મારી પાસે આવે છે તેને ભૂખ નહિજ લાગશે, ને
જે મારા પર વિશ્વાસ કરે છે, તેને કદી તરસ નહિજ લાગશે. 36 પણ મેં
તમને કહ્યું કે, તમે મને જોયો છે, તોપણ વિશ્વાસ નથી કરતા. 37 જે
સઘળું બાપ મને આપે છે તે મારી પાસે આવશે; ને જે મારી પાસે આવે
છે તેને હું કાઢી નહિજ મુકીશ. 38 કેમકે હું મારી પોતાની ઇચ્છા નહિ,
પણ જેણે મને મોકલ્યો છે તેની ઇચ્છા પુરી કરવાને આકાશથી ઉતર્યો
છું. 39 અને જેણે મને મોકલ્યો છે તેની ઇચ્છા એ છે કે, તેણે મને જે સર્વ
આપ્યું છે, તેમાંથી હું કંઈ ખોઉં નહી, પણ છેલ્લે દહાડે તેને પાછું ઉઠાડું.
40 કેમકે મારી બાપની ઇચ્છા એ છે કે, હરેક જે દીરાને જોઇને તેના પર
વિશ્વાસ કરે છે, તેને અનંત જીવન મળે; ને છેલ્લે દહાડે હું તેને પાછો
ઉઠાડીશ. 41 એ માટે યહુદીઓએ તેને વિષે કચકચ કીધી; કેમકે તેણે
કહ્યું કે, આકાશમાંથી ઉતરેલી રોટલી હું છું. 42 અને તેઓએ કહ્યું કે, યુ-
સફનો દીકરો, ઇસુ, જેનાં માબાપને અમે ઓળખીએ છીએ, તે શું એજ
નથી? ત્યારે તે હમણાં એમ કેમ કહે છે કે, આકાશમાંથી હું ઉતર્યો છું?
43 ઇસુએ ઉત્તર આપતાં તેઓને કહ્યું કે, તમે માહોમાંહે કચકચ ના કરો.
44 બાપ, જેણે મને મોકલ્યો છે, તેના ખેંચ્યા વિના કોઇ માણસ મારી
પાસે આવી નથી શકતો; ને છેલ્લા દહાડે હું તેને પાછો ઉઠાડીશ.
45 ભવિષ્યવાદીઓમાં એમ લખ્યું છે કે, તેઓ સઘળા દેવથી શિખેલો
થશે. હરેક જે બાપની પાસેથી સાંભળીને શિખ્યો છે, તે મારી પાસે આવે
છે. 46 કેમકે કોઇ માણસે બાપને જોયો નથી; દેવની પાસેથી જે આવ્યો
છે; તેણેજ બાપને જોયો છે. 47 હું તમને ખચિત ખચિત કહું છું કે, જે વિ-
શ્વાસ કરે છે, તેને અનંત જીવન છે. 48 હું જીવનની રોટલી છું. 49 તમારા
બાપદાદાઓ રાણમાં માણા ખાધું, ને તેઓ મરી ગયા. 50 જે રોટલી
આકાશમાંથી ઉતરે છે, તે એજ છે કે જેમાંથી જો કોઇ ખાય તો તે મરે
નહિ. 51 જીવતી રોટલી જે આકાશમાંથી ઉતરી છે તે હું છું; જો કોઇ એ
રોટલી ખાય, તો તે સદા જીવતો રહેશે; વળી જે રોટલી હું આપીશ તે મા-
રૂં માંસ છે, તે જગતના જીવનને સારૂ [આપીશ]. 52 એ માટે યહુદીઓએ
માહોમાંહે કહ્યું કે, એ માણસ પોતાનું માંસ આપણે ખાવાને શી રીતે
આપી શકે? 53 ત્યારે ઇસુએ તેઓને કહ્યું કે, હું તમને ખચિત ખચિત કહું
છું કે, જો તમે માણસના દીકરાનું માંસ ન ખાઓ, ને તેનું લોહી ન
પીઓ, તો તમારામાં જીવન નથી. 54 જે કોઇ મારૂં માંસ ખાય છે, ને મારૂં
લોહી પીએ છે, તેને અનંત જીવન છે; ને છેલ્લે દહાડે હું તેને પાછો ઉઠા-
ડીશ. 55 કેમકે મારૂં માંસ ખરેખરું ખાવાનું છે, ને મારું લોહી ખરેખરું પી-
વાનું છે. 56 જે મારૂં માંસ ખાય છે, ને મારૂં લોહી પીએ છે, તે મારામાં રહે
છે, ને હું તેનામાં રહું છું. 57 જેમ જીવતા બાપે મને મોકલ્યો છે, ને હું બા-
પને આશ્રે જીવું છું, તેમ જે મને ખાય છે, તે પણ મારે આશ્રે જીવશે. 58 જે
રોટલી આકાશમાંથી ઉતરી તે એજ છે; જેમ બાપદાદાઓ ખાઇને મારી
ગયા તેવી એ નથી; આ રોટલી જે ખાય છે, તે સદા જીવતો રહેશે. 59 તે-
ણે કાપરનાહુમના સભાસ્થાનમાં બોધ કરતાં એ વાતો કહી. 60 એ માટે
તેના શિષ્યોમાંના ઘણાએ એ સાંભળીને કહ્યું કે, આ કઠણ વાત છે, એ
કોણ સાંભળી શકે? 61 પણ મારા શિષ્યો એ વિષે કચકચ કરે છે એ
ઇસુએ પોતાના મનમાં જાણીને તેઓને કહ્યું કે, શું એ તમને ઠોકર ખવ-
ડાવે છે? 62 ત્યારે માણસનો દીકરો જ્યાં પહેલાં હતો ત્યાં જો તેને પાછો
ચઢતાં તમે દેખો તો કેમ? 63 જે જીવાડે છે તે આત્મા છે, માંસથી કંઈ
લાભ થતો નથી. જે વાતો મેં તમને કહી છે, તે આત્મા તથા જીવન છે.

64 પણ તમારામાં કેટલાએક અવિશ્વાસીઓ છે; કેમકે કોણ અવિશ્વા-
સીઓ છે, ને કોણ તેને પરસ્વાધીન કરવાનો છે, એ ઈસુ પ્રથમથી જા-
ણતો હતો. 65 અને તેણે કહ્યું કે, મેં એજ કારણથી તમને કહ્યું કે, બાપ
તરફથી તેને અપાયું ન હોય તો કોઈ મારી પાસે આવી શકતો નથી.
66 આ સાંભળીને તેના શિષ્યોમાંના ઘણાક પાછા ગયા, ને ત્યાર પછી
તેની સાથે ચાલ્યા નહિ. 67 તે માટે ઈસુએ બાર [શિષ્યો]ને કહ્યું કે, શું
તમે પણ જતાં રહેવા ચાહો છો? 68 સીમોન પીતરે તેને ઉત્તર દીધો કે,
પ્રભુ, અમે કોની પાસે જઈએ? અનંત જીવનની વાતો તો તારી પાસે છે.
69 અને અમે વિશ્વાસ કીધો છે ને જાણીએ છીએ કે, દેવનો પવિત્ર તે તું
છે. 70 ઈસુએ તેઓને ઉત્તર દીધો કે, શું મેં તમ બારણે પસંદ નહોતા કી-
ધા? પણ તમારામાંનો એક જણ તો સેતાન છે. 71 તેણે તો સિમોનના
[દીકરા] યહુદા ઈસકારીઓત વિષે કહ્યું; કેમકે એ, બારમાનો એક છતાં,
તેને પરસ્વાધીન કરનાર હતો.

7 અને એ પછી ઈસુ ગાલીલમાં ફર્યો, કેમકે યહુદીઓ તેને મારી ના-
ખવા શોધતા હતા, માટે યહુદાહમાં ફરવાને તે ચહાતો નહોતો.
2 હવે યહુદીઓનું માંડવા પર્વ પાસે આવ્યું હતું. 3 માટે તેના ભાઈઓએ
તેને કહ્યું કે, અહીંથી નીકળીને યહુદાહમાં જા, કે તું જે કામો કરે છે તે
તારા શિષ્યો પણ જુએ. 4 કેમકે કોઈ પોતે પ્રસિદ્ધ થવા ચહાતાં ગુપ્તમાં
કંઈ કરતો નથી; જો તું એ કામો કરે છે, તો જગતની આગળ પોતાને જા-
હેર કર. 5 કેમકે તેના ભાઈઓએ પણ તેના પર વિશ્વાસ કીધો ન હતો.
6 ત્યારે ઈસુ તેઓને કહે છે કે, મારો સમય હજી આવ્યો નથી; પણ સઘ-
ળાં સમય તમને સરખા છે. 7 જગત તમારૂં દ્વેષ કરી નથી શકતું, પણ
મારો તો તે દ્વેષ કરે છે; કેમકે તે વિષે હું એવી શાહેદી આપું છું કે, તેનાં
કામ ભુંડા છે. 8 તમે આ પર્વમાં જાઓ; મારો સમય હજી પુરો થયો નથી,
માટે હું હજી આ પર્વમાં જતો નથી. 9 અને તે તેઓને એ વાત કહીને ગા-
લીલમાંજ રહ્યો. 10 પરંતુ તેના ભાઈઓ પર્વમાં ગયા પછી તે ત્યાં ગયો,
પ્રગટરૂપે તો નહિ, પણ જાણે કે છાની રીતે. 11 ત્યારે યહુદીઓએ પર્વમાં
તેની શોધ કરતાં કહ્યું કે, તે ક્યાં છે? 12 ને તેને વિષે લોકોમાં ઘણી ચર્ચા
ચાલી; કેમકે કેટલાએકે કહ્યું કે, તે ભલો માણસ છે; બીજાઓએ કહ્યું કે,
એમ નથી; પણ લોકોને તે ભુલાવે છે. 13 તોપણ યહુદીઓના ધાકને
લીધે તેને વિષે કોઈ ખુલ્લી રીતે બોલ્યું નહિ. 14 પણ પર્વઅધવાર્યું ત્યારે
ઈસુએ મંદિરમાં જઈને બોધ કીધો. 15 ત્યારે યહુદીઓએ અચરત થઈને
કહ્યું કે, એ માણસ કદી પણ શિખ્યો નથી તે છતાં વિદ્યા ક્યાંથી જાણે
છે? 16 માટે ઈસુએ તેઓને ઉત્તર આપતાં કહ્યું કે, મારો બોધ તો મારો
પોતાનો નથી, પણ જેણે મને મોકલ્યો તેનો છે. 17 જો કોઈ તેની ઈચ્છા
પુરી કરવા ચાહે, તો આ બોધ વિષે તે સમજશે, કે એ દેવથી છે, કે હું પો-
તાથી બોલું છું. 18 જે પોતાથી બોલે છે, તે પોતાનો મહિમા શોધે છે;
પણ જે પોતાના મોકલનારનો મહિમા શોધે છે, તેજ ખરો છે, ને તેનામાં
કંઈ અન્યાય નથી. 19 શું મુસાએ તમને નિયમશાસ્ત્ર આપ્યો નહિ? પણ
તમારામાંનો કોઈ તે નિયમશાસ્ત્ર પાળતો નથી. તમે મને મારી નાખવા-
ની કેમ કોશિશ કરો છો? 20 લોકોએ ઉત્તર આપ્યો કે, તને ભૂત વળગેલું
છે; કોણ તને મારી નાખવાની કોશિષ કરે છે? 21 ઈસુએ ઉત્તર આપતાં
તેઓને કહ્યું કે, મેં એક કામ કીધું, ને તમે સઘળાં અચરત થયા છો.
22 આ કારણથી મુસાએ તમને સુનતનો નિયમ આપ્યો છે (તે મુસાથી
છે એમ તો નહિ, પણ બાપદાદાઓથી છે);ને તમે વિશ્રામવારે માણસ-
ની સુનત કરો છો. 23 મુસાના નિયમશાસ્ત્રનું ઉલ્લંઘન ન થાય એટલા
સારૂ જો કોઈ માણસની સુનત વિશ્રામવારે કરાય છે, તો મેં વિશ્રામવારે
એક માણસને પુરો સાજો કીધો, તે માટે શું તમે મારા પર ગુસ્સે થયા
છો? 24 દેખાવ પ્રમાણે ન્યાય ન ઠરાવો, પણ યથાર્થ ન્યાય ઠરાવો.
25 ત્યારે યરૂશાલેમમાંના કેટલાએકે કહ્યું કે, જેને તેઓ મારી નાખવાની
કોશિશ કરે છે, તે શું એજ નથી? 26 પણ જુઓ, એ તો પ્રગટ રીતે બોલે
છે, ને તેઓ તેને કંઈ કહેતાં નથી! અધિકારીઓ શું ખરેખર જાણતા હશે
કે, એ ખ્રીસ્તજ છે? 27 તોપણ અમે એ માણસને જાણીએ છીએ કે તે
ક્યાંથી આવે છે; પણ જયારે ખ્રીસ્ત અઆવશે, ત્યારે કોઈ જાણશે નહિ
કે તે ક્યાંથી છે. 28 એ માટે ઈસુએ મંદિરમાં બોધ કરતાં ઘાંટો પાડીને
કહ્યું કે, તમે મને જાણો છો, ને હું ક્યાંથી છું તે પણ જાણો છો; અને હું
પોતાથી નથી આવ્યો, પણ જેણે મને મોકલ્યો છે તે સત્ય છે, તેને તમે
જાણતા નથી. 29 હું તેને જાણું છું; કેમકે હું તેના પાસેથી [આવ્યો] છું, ને
તેણે મને મોકલ્યો છે. 30 માટે તેઓએ તેને પકડવાનો પ્રયત્ન કીધો,
પણ તેનો સમય ત્યાં સુધી આવ્યો ન હતો, માટે કોઈએ તેના પર હાથ
નાખ્યો નહિ. 31 પણ લોકોમાંથી ઘણાએ તેના પર વિશ્વાસ કીધો, ને
કહ્યું કે, ખ્રીસ્ત આવશે, ત્યારે આ માણસે જે ચમત્કાર કીધા છે તે કરતાં
શું તે વધારે કરશે? 32 તેને વિષે લોક એવી કચકચ કરતા હતા, એ ફરો-
શીઓએ સાંભળ્યું, ત્યારે મુખ્ય યાજકોએ તથા ફરોશીઓએ તેને પકડ-
વાને ભાલદાર મોકલ્યા. 33 ત્યારે ઈસુએ કહ્યું કે, હજી થોડી વાર હું તમા-
રી સાથે છું, પણ જેણે મને મોકલ્યો છે તેની પાસે જાઉં છું. 34 તમે મને
શોધશો, પણ હું તમને નહિ જડીશ; ને જ્યાં હું છું ત્યાં તમે આવી નથી
શકતા. 35 ત્યારે યહુદીઓએ માહોમાંહે કહ્યું કે, આ માણસ ક્યાં જશે કે
આપણને જડશેજ નહિ? શું હેલેનીઓમાં વેરાઈ ગએલાઓની પાસે તે
જશે, ને હેલેનીઓને બોધ કરશે? 36 તમે મને શોધશો, પણ હું તમને
નહિ જડીશ, ને જ્યાં હું છું, ત્યાં તમે આવી નથી શકતા, એવી જે વાત
તેણે કહી તે શી છે? 37 હવે પર્વને છેલ્લે તથા મોટે દહાડે ઈસુએ ઉભા
રહીને ઘાંટો પાડતાં કહ્યું કે, જો કોઈ તરસ્યો હોય, તો તે મારી પાસે
આવીને પીએ. 38 શાસ્ત્રના વચન પ્રમાણે જે મારા પર વિશ્વાસ કરે છે,
તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે. 39 પણ તેના પર વિ-
શ્વાસ કરનારાઓને જે આત્મા મળવાનો હતો તેને વિષે તેણે એ કહ્યું; કે-
મકે ઈસુ હજી મહિમાવાન કરાયો ન હતો, માટે પવિત્ર આત્મા હજી
[અપાયો] ન હતો. 40 તે માટે લોકોમાંથી કેટલાએક એ વાતો સાંભળીને
કહ્યું કે, [આવનાર] ભવિષ્યવાદી ખચિત તેજ છે. 41 બીજાઓએ કહ્યું કે,
એજ ખ્રીસ્ત છે. પણ કેટલાએકે કહ્યું કે, શું ગાલીલમાંથી ખ્રીસ્ત આવવા-
નો છે? 42 શું શાસ્ત્રમાં એવું નથી લખેલું કે, દાઉદના વંશમાંથી તથા બે-
થલેહેમ ગામ જ્યાં દાઉદ હતો ત્યાંથી ખ્રીસ્ત આવવાનો છે? 43 એ માટે
તેને વિષે લોકોમાં ફૂટ પડી. 44 અને તેઓમાંના કેટલાએકે તેને પકડવા-
નું ચાહ્યું; પણ તેના પર કોઈએ હાથ નાખ્યો નહિ. 45 ત્યારે ભાલદારો મુ-
ખ્ય યાજકોની તથા ફરોશીઓની પાસે આવ્યા; ને તેઓએ તેઓને કહ્યું
કે, તમે તેને કેમ લાવ્યા નહિ? 46 ભાલદારોએ ઉત્તર અઆપ્યો કે, એના
જેવું કદી કોઈ માણસ બોલ્યું નથી. 47 ત્યારે ફરોશીઓએ તેઓને ઉત્તર
દીધો કે, શું, તમે પણ ભુલાવો ખાધો? 48 અધિકારીઓમાંથી અથવા
ફરોશીઓમાંથી શું કોઈએ તેના પર વિશ્વાસ કીધો છે? 49 પણ આ લોકો
જે નિયમશાસ્ત્ર નથી જાણતા તેઓ શાપિત છે. 50 નીકોદેમસ (તેઓ-
માંનો એક, જે અગાઉ તેની પાસે આવ્યો હતો, તે) તેઓને કહે છે કે,
51 માણસનું સાંભળ્યા અગાઉ, ને જે તે કરે છે તે જાણ્યા વિના, આપણું
નિયમશાસ્ત્ર શું તેનો ન્યાય ઠરાવે છે? 52 તેઓએ ઉત્તર આપતાં તેને
કહ્યું કે, તું પણ શું ગાલીલનો છે? શોધ કરીને જો, કેમકે કોઈ ભવિષ્ય-
વાદી ગાલીલમાંથી ઉત્પન્ન થવાનો નથી. 53 [[ત્યારે તેઓ પોતપોતાને
ઘેર ગયા.

8 પણ ઈસુ જૈતુન પહાડ પર ગયો. 2 અને મોટી સવારે ફરી તે મંદિ-
રમાં આવ્યો, ને સઘળા લોક તેની પાસે આવ્યા, ને તેણે બેસીને
તેઓને બોધ કીધો. 3 ત્યારે શાસ્ત્રીઓ તથા ફરોશીઓ વ્યભિચારમાં
પકડાએલી એક બાયડીને લાવે છે; ને તેણીને વચમાં ઉભી રાખીને,
4 તેઓ તેને કહે છે કે, ગુરૂ, આ બાયડી વ્યભિચાર કરતાંજ પકડાઈ છે.
5 હવે મુસાએ નિયમશાસ્ત્રમાં આપણને આજ્ઞા આપી છે કે, એવીઓને
પત્થરે મારવી; તો તું તેને વિષે શું કહે છે? 6 પણ તેના પર દોષ મુકવાનું
[કારણ] તેમને મળી આવે માટે તેનું પરીક્ષણ કરતાં તેઓએ એ કહ્યું.
પણ ઈસુએ નીચા વળીને ભોંય પર આંગળીએ લખ્યું. 7 પણ તેઓએ
તેને પુછ્યા કીધું, ત્યારે તેણે ઉભા થઈને તેઓને કહ્યું કે, તમારામાં જે
પાપ વગરનો હોય તે પહેલો તેના પર પત્થર નાખે. 8 અને ફરી તેણે ની-
ચા વળીને આંગળી વડે ભોંય પર લખ્યું. 9 અને તેઓ એ સાંભળીને
ઘરડાથી માંડીને છેલ્લા સુધી, એક પછી એક, નીકળી ગયા, ને એકલા
ઈસુને તથા વચમાં ઉભી રહેલી બાયડીને મુકી ગયા. 10 ત્યારે ઈસુ ઉભો
થયો, ને તેને કહ્યું કે, બાઈ, તેઓ ક્યાં છે? શું કોઈએ તને દોષિત ઠરાવી
નથી? 11 ને તેણીએ કહ્યું કે, પ્રભુ, કોઈએ નહિ. ત્યારે ઈસુએ કહ્યું કે, હું
પણ તને દોષિત નથી ઠરાવતો; તું ચાલી જા, હવેથી પાપ કરતી ના]].
12 ઈસુએ ફરી તેઓને કહ્યું કે, જગતનું અજવાળું હું છું; જે મારી પાછળ
આવે છે, તે અંધકારમાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે.
13 ત્યારે ફરોશીઓએ તેને કહ્યું કે, તું તારે પોતાને વિષે શાહેદી આપે છે;

તારી શાહેદી ખરી નથી. 14 ઇસુએ ઉત્તર આપતાં તેઓને કહ્યું કે, જો હું
પોતાને વિષે શાહેદી આપું છું, તોપણ મારી શાહેદી ખરી છે, કેમકે હું
ક્યાંથી આવ્યો છું, ને ક્યાં જાઉં છું, એ હું જાણું છું; પણ તમે નથી જાણ-
તા કે હું ક્યાંથી આવું છું, અથવા ક્યાં જાવું છું. 15 તમે દેહ પ્રમાણે ન્યાય
ઠરાવો છો; હું કોઈનો ન્યાય ઠરાવતો નથી. 16 વળી જો હું ન્યાય ઠરાવું,
તો મારો ન્યાય ખરો છે; કેમકે હું એકલો નથી, પણ હું તથા બાપ જેણે
મને મોકલ્યો [ તે બન્ને છીએ]. 17 અને તમારા નિયમશાસ્ત્રમાં પણ એમ
લખ્યું છે કે, બે માણસની શાહેદી ખરી છે. 18 હું પોતાને વિષે શાહેદી
આપનાર છું, ને બાપ જેણે મને મોકલ્યો છે તે મારે વિષે શાહેદી આપ્પે
છે. 19 ત્યારે તેઓએ તેને કહ્યું કે, તારો બાપ ક્યાં છે? ઇસુએ ઉત્તર
આપ્યો કે, તમે મને તેમજ મારા બાપને પણ જાણતા નથી; જો તમે મને
જાણત, તો મારા બાપને પણ જાણત. 20 તેણે મંદિરમાં બોધ કરતાં
ભંડાર આગળ એ વાતો કહી, પણ કોઇએ તેને પકડ્યો નહિ; કેમકે તેનો
સમય હજી સુધી આવ્યો ન હતો. 21 એ માટે તેણે ફરી તેઓને કહ્યું કે, હું
જાઉં છું, ને તમે મને શોધશો, પણ પોતાના પાપમાં મરશો; જ્યાં હું જાઉં
છું, ત્યાં તમે આવી શકતાં નથી. 22 ત્યારે યહુદીઓએ કહ્યું કે, શું તે
આપઘાત કરશે? કેમકે એ કહે છે કે, જ્યાં હું જાઉં છું, ત્યાં તમે આવી
શકતાં નથી. 23 અને તેણે તેઓને કહ્યું કે, તમે નીચેના છો, હું ઉપરનો
છું; તમે આ જગતના છો, હું આ જગતનો નથી. 24 એ માટે મેં તમને કહ્યું
કે, તમે પોતાના પાપમાં મરશો; હું તે છું, એવો જો તમે વિશ્વાસ નહિ
કરો, તો તમે પોતાનાં પાપમાં મરશો. 25 તે માટે તેઓએ તેને કહ્યું કે, તું
કોણ છે? ઇસુએ તેઓને કહ્યું કે, પ્રથમથી જે હું તમને કહેતો આવ્યો છું
તેજ. 26 મારે તમારે વિષે કહેવાનું તથા ન્યાય ઠરાવવાનું ઘણું છે; તોપણ
જેણે મને મોકલ્યો છે, તે ખરો છે; ને મેં તેની પાસેથી જે વાતો સાંભળી
છે, તે હું જગતને કહું છું. 27 તેઓ સમજ્યા નહિ કે તે અમને બાપ વિષે
કહે છે. 28 તે માટે ઇસુએ કહ્યું કે, તમે માણસના દીકરાને ઉંચો કર્યા
પછી જાણશો કે હું તેજ છું, ને હું પોતાથી કંઈ કરતો નથી, પણ જેમ બા-
પે મને શિખવ્યું છે, તેમ એ વાતો હું કહું છું. 29 અને જેણે મને મોકલ્યો તે
મારી સાથે છે; તેણે મને એકલો નથી મુક્યો; કેમકે તેને ગમતા કામ હું
નિત્ય કરૂં છું. 30 તે એ કહેતો હતો, ત્યારે ઘણાએ તેના પર વિશ્વાસ કી-
ધો. 31 ત્યારે જે યહુદીઓએ તેના પર વિશ્વાસ કીધો હતો, તેઓને ઇસુએ
કહ્યું કે, જો તમે મારા વચનમાં રહો, તો ખચિત તમે મારા શિષ્યો છો;
32 અને તમે સત્યને જાણશો, ને સત્ય તમને છુટા કરશે. 33 તેઓએ તેને
ઉત્તર આપ્યો કે, અમે ઇબ્રાહીમના વંશજો છીએ, ને હજી કદી કોઈના
દાસપણામાં આવ્યા નથી; તો તું કેમ કહે છે કે, તમને છુટા કરવામાં
આવશે? 34 ઇસુએ તેઓને ઉત્તર દીધો કે, હું તમને ખચિત ખચિત કહું છું
કે, જે કોઇ પાપ કરે છે, તે પાપનો દાસ છે, 35 ને દાસ સદા ઘરમાં રહેતો
નથી, પણ દીકરો સદા રહે છે. 36 માટે જો દીકરા તમને છુટો કરશે, તો
તમે ખરેખરા છુટા થશો. 37 હું જાણું છું કે, તમે ઇબ્રાહીમના વંશજો છો;
પણ મારા વચનને તમારામાં જગ્યા મળતી નથી, માટે તમે મને મારી
નાખવા કોશિષ કરો છો. 38 મેં [મારા] બાપની પાસે જે જોયું છે, તે હું કહું
છું; ને તમે પણ [પોતાના] બાપની પાસેથી જે સાંભળ્યું છે, તે કરો છો.
39 તેઓએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, ઇબ્રાહીમ અમારો બાપ છે.ઇસુ તે-
ઓને કહે છે કે, જો તમે ઇબ્રાહીમના છોકરાં હોત, તો ઇબ્રાહીમના કામ
તમે કરત. 40 પણ મને, એટલે દેવની પાસેથી જે સત્ય સાંભળ્યું તે તમ-
ને કહેનાર મનુષ્યને, તમે હમણાં મારી નાખવા કોશિશ કરો છો; ઇબ્રા-
હીમે એવું કીધું ન હતું. 41 તમે પોતાના બાપના કામ કરો છો. તેઓએ
તેને કહ્યું કે, અમે વ્યભિચારથી નથી જન્મ્યા; અમારો એક બાપ છે,
એટલે દેવ. 42 ઇસુએ તેઓને કહ્યું, જો દેવ તમારો બાપ હોત, તો તમે
મારા પર પ્રેમ કરત; કેમકે હું દેવ પાસેથી નીકળીને આવ્યો છું; કેમકે હું
પોતાથી આવ્યો નથી, પણ તેણે મને મોકલ્યો છે. 43 મારૂં બોલવું તમે
શા માટે સમજતા નથી? મારૂં વચન તમે સાંભળી નથી શકતા તે માટે.
44 તમે તમારા બાપ સેતાનના છો, ને તમારા બાપની કુઇચ્છા પ્રમાણે
તમે કરવા ચાહો છો. તે પ્રથમથી મનુષ્યઘાતક હતો, ને તેમાં સત્ય
નથી, તે માટે સત્યમાં તે સ્થિર રહ્યો નહિ; જયારે તે જુઠું બોલે છે, ત્યારે
તે પોતાથીજ બોલે છે, કેમકે તે જુઠો, ને જુઠાનો બાપ છે. 45 પણ હું
સત્ય કહું છું, માટે તમે મારૂ માનતા નથી. 46 તમારામાંથી મારા પર
કોણ પાપ સાબીત કરે છે? જો હું સત્ય કહું છું તો શા માટે તમે મારૂં મા-
નતા નથી? 47 જે દેવનો છે, તે દેવના વચન સાંભળે છે; તમે દેવના
નથી, માટે તમે સાંભળતા નથી. 48 યહુદીઓએ ઉત્તર અઆપ્તા તેને કહ્યું
કે, તું સમરૂની છે, ને તને ભૂત વળગેલું છે, એ અમારું કહેવું શું ઠીક
નથી? 49 ઇસુએ ઉત્તર દીધો કે, મને ભૂત વળગેલું નથી, પણ હું મારા
બાપને માન આપું છું, ને તમે મારૂં અપમાન કરો છો. 50 પણ હું મારૂં પો-
તાનું માન નથી શોધતો; શોધનાર તથા ન્યાય કરનાર એક છે. 51 હું
તમને ખચિત ખચિત કહું છું કે, જો કોઇ મારૂં વચન પાળે, તો તે કદી
મોત નથી દેખશે. 52 યહુદીઓએ તેને કહ્યું, તને ભૂત વળગેલું છે એવી
અમને હવે ખાત્રી થઇ છે. ઇબ્રાહીમ તેમજ ભવિષ્યવાદીઓ પણ મરી
ગયા છે; પણ તું કહે છે કે જો કોઇ મારાં વચન પાળે, તો તે કદી મોત
નહિ પામશે. 53 તું હું અમારા બાપ ઇબ્રાહીમ કરતાં મોટો છે? તે તો મરી
ગયો છે, ને ભવિષ્યવાદીઓ પણ મારી ગયા છે; તું પોતાને કોણ ઠરાવે
છે? 54 ઇસુએ ઉત્તર દીધો કે, જો હું પોતાને માન આપું, તો મારૂં માન કંઈ
નથી; મને માન આપનાર તો મારો બાપ છે, જે વિષે તમે કહો છો કે, તે
અમારો દેવ છે. 55 વળી તમે તેને જાણ્યો નથી; પણ હું તેને જાણું છું; ને
જો હું કહું, કે હું તેને નથી જાણતો, તો તમારા જેવો હું જુઠો થાઉં; પણ હું
તેને જાણું છું, ને તેનું વચન પાળું છું. 56 તમારા બાપ ઇબ્રાહીમ મારો
દહાડો જોવા[ની આશાથી] હરખાયો, ને તે જોઇને તેને આનંદ થયો.
57 ત્યારે યહુદીઓએ તેને કહ્યું કે, હજી તું પચાસ વરસનો થયો નથી, ને
શું તે ઇબ્રાહીમને જોયો છે? 58 ઇસુએ તેઓને કહ્યું કે, હું તમને ખચિત
ખચિત કહું છું કે, ઇબ્રાહીમનો જન્મ થયા પહેલાનો હું છું. 59 ત્યારે તે-
ઓએ તેને મારવાને પત્થર ઉપાડ્યા; પણ ઇસુ સંતાઈ જઈને મંદિર-
માંથી નીકળી ગયો.

9 અને તેણે રસ્તે ચાલતા જન્મના આંધળા એક જણને દીઠો.
2 ત્યારે તેના શિષ્યોએ તેને પુછ્યું કે, રાબી, જે પાપને લીધે એ
માણસ આંધળો જન્મ્યો, તે કોણે કીધું? એણે કે એનાં માબાપે?
3 ઇસુએ ઉત્તર આપ્યો કે, એણે કે એનાં માબાપે પાપ કીધું, તેથી નહિ;
પણ દેવનાં કામ તેનામાં પ્રગટ થાય એ માટે [એમ થયું]. 4 જ્યાં સુધી
દહાડો છે, ત્યાં સુધી જેણે મને મોકલ્યો છે તેનાં કામ આપણને કરવાં
જોઈએ; રાત આવે છે, જેમાં કોઇથી કામ કરાતું નથી. 5 હું જગતમાં છું
ત્યાં સુધી હું જગતનું અજવાળું છું. 6 આ પ્રમાણે તે બોલીને ભોંય પર
થુંક્યો, ને તે થુંકથી કાદવ બનાવ્યો, ને તે કાદવ તે [આંધળા]ની આંખો
પર તેણે ચોપડ્યો; 7 ને તેને કહ્યું કે, તું જઈને શીલોઆહ (કે જેનો અર્થ
મોકલેલો થાય છે) તે હોજમાં ધો. ત્યારે તે ગયો, ને ધોઇને દેખતો થઇને
આવ્યો. 8 તે માટે પડોસીઓએ તથા જેઓએ તેને અગાઉ ભીખારી જો-
યો હતો તેઓએ કહ્યું કે, જે બેસીને ભીખ માગતો હતો, તે શું એજ નથી?
9 કેટલાએક કહ્યું કે, એ તેજ છે; બીજાઓએ કહ્યું કે, ના, પણ તે તેના
જેવો છે; ત્યારે તેણે કહ્યું કે, હું તેજ છું. 10 તેઓએ તેને કહ્ય કે, ત્યારે તા-
રો આંખો શી રીતે ઉઘડી ગઈ? 11 તેણે ઉત્તર દીધો કે, જે માણસ ઇસુ
કહેવાય છે તેણે કાદવ કીધો, ને મારી આંખો પર ચોપડ્યો, ને મને કહ્યું
કે, તું શીલોઆહ[ના હોજ]માં જઈને ધો; માટે હું ગયો, ને ધોઇને દેખતો
થયો. 12 ત્યારે તેઓએ તેને કહ્યું કે, તે ક્યાં છે? તે કહે છે કે, હું જાણતો
નથી. 13 જે પહેલાં આંધળો હતો, તેને તેઓ ફરોશીઓની પાસે લઇ
આવ્યા. 14 હવે જે દિવાન ઇસુએ કાદવ કરીને તેની આંખો ઉઘાડી હતી,
તે દિવસ વિશ્રામવાર હતો. 15 તે માટે ફરોશીઓએ પણ ફરીથી તેને પુ-
છ્યું કે, તું શી રીતે દેખતો થયો? ને તેણે તેઓને કહ્યું કે, તેણે મારી
આંખો પર કાદવ ચોપડ્યો, ને હું ધોઇને દેખતો થયો છું. 16 તે માટે ફરો-
શીઓમાંના કેટલાએકે કહ્યું કે, તે માણસ દેવની પાસેથી નથી; કેમકે તે
વિશ્રામવાર પાળતો નથી; પણ બીજાઓએ કહ્યું કે, પાપી માણસ એવા
ચમત્કાર શી રીતે કરી શકે? અને તેઓમાં બે પક્ષ પડ્યા. 17 ત્યારે તેઓ
ફરીથી તે આંધળાને કહે છે કે, તેણે તારી આંખો ઉઘાડી, તે માટે તેને
વિષે તું શું કહે છે? ત્યારે તેણે કહ્યું કે, તે ભવિષ્યવાદી છે. 18 પણ યહુ-
દીઓએ તે દેખતાં થએલાનાં માબાપને તેડાવ્યાં ત્યાં સુધી તેઓ તેને
વિષે માનતા ન હતા, કે તે આંધળો હતો, ને દેખતો થયો છે. 19 અને તે-
ઓએ તેઓને પુછ્યું કે, શું એ તમારો દીકરો છે, જેણે વિષે તમે કહો છો
કે, એ જન્મનો આંધળો હતો? તો હવે એ શી રીતે દેખે છે? 20 તેનાં મા-
બાપે ઉત્તર આપતાં કહ્યું કે, એ અમારો દીકરો છે, ને એ જન્મનો આંધ-
ળો હતો, એ અમે જાણીએ છીએ; 21 પ હમણાં તે શી રીતે દેખે છે, તે

અમે જાણતાં નથી; અથવા એની આંખો કોણે ઉઘાડી, તે પણ અમે જા-
ણતા નથી; એ પુખ્ત ઉમરનો છે; એને પુછો, એ પોતે કહેશે. 22 તેના મા-
બાપ યહુદીઓથી બીતા હતા માટે તેઓએ એમ કહ્યું; કેમકે યહુદીઓએ
એવો ઠરાવ અગાઉથી કીધો હતો કે, તે ખ્રીસ્ત છે એવું જો કોઈ કબૂલ કરે
છે, તો તેને સભાસ્થાનમાંથી કાઢી મુકવો. 23 તે માટે તેનાં માબાપે કહ્યું
કે, એ પુખ્ત ઉમરનો છે, એને પુછો. 24 એ માટે જે આંધળો હતો, તે મા-
ણસને તેઓએ ફરી તેડીને કહ્યું કે, દેવની સ્તુતિ કર; અમે જાણીએ
છીએ કે એ માણસ તો પાપી છે. 25 ત્યારે તેણે ઉત્તર દીધો, તે પાપી છે
કે નહિ, એ હું નથી જાણતો; એક વાત હું જાણું છું, કે હું જે આંધળો હતો
તે હવે દેખતો થયો છું. 26 ત્યારે તેઓએ તેને કહ્યું કે, તેણે તને શું કીધું?
તારી આંખો તેણે શું રીતે ઉઘાડી? 27 તેણે તેઓને ઉત્તર દીધો કે, મેં હમ-
ણાંજ તમને કહ્યું, પણ તમે સાંભળ્યું નહિ; તમે શા માટે ફરીથી સાંભળ-
વા ચાહો છો? શું તમે પણ તેના શિષ્યો થવા ચાહો છો? 28 ત્યારે તે-
ઓએ તેની નિંદા કરતાં કહ્યું કે, તું તેનો શિષ્ય છે; પણ અમે તો મુસાના
શિષ્ય છીએ. 29 દેવ મુસાની સાથે બોલ્યો, એ અમે જાણીએ છીએ; પણ
એ માણસ તો ક્યાંનો છે, એ અમે જાણતા નથી. 30 તે માણસે ઉત્તર
આપતાં તેઓને કહ્યું કે, એ તો અજાયબ જેવું છે, કે તેણે મારી આંખો
ઉઘાડી તે છતાં પટ તે ક્યાંનો છે, એ તમે નથી જાણતા. 31 આપણે તો
જાણીએ છીએ કે, દેવ પાપીઓનું સાંભળતો નથી; પણ જો કોઈ દેવનો
ભક્ત હોય, ને તેની ઈચ્છા પ્રમાણે કરતો હોય, તો તેનું તે સાંભળે છે.
32 જગતના આરંભથી એવું કદી સંભળાયું નથી, કે જન્મના આંધળાની
આંખો કોઇએ ઉઘાડી હોય. 33 જો એ માણસ દેવની પાસેથી આવ્યો ન
હોત, તો તે કંઈ કરી ન શકત. 34 તેઓએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, તું
તો તદન પાપોમાં જન્મ્યો છે, ને અમને બોધ કરે છે? પછી તેઓએ તેને
બહાર કાઢી મુક્યો. 35 ઈસુએ સાંભળ્યું કે, તેઓએ તેને બહાર કાઢી મુ-
ક્યો; પછી તેણે તેને મળીને કહ્યું કે, તું શું દેવના પુત્ર પર વિશ્વાસ કરે
છે? 36 તેણે ઉત્તર આપતાં કહ્યું કે, પ્રભુ, તે કોણ છે કે હું તેના પર વિ-
શ્વાસ કરું? 37 ઈસુએ તેને કહ્યું કકે, મેં તેને જોયો છે, અને જે તારી સાથે
બોલે છે, તેજ તે છે. 38 અને તેણે કહ્યું કે, પ્રભુ, હું વિશ્વાસ કરૂં છું. અને
તેણે તેનું ભજન કીધું. 39 ત્યારે ઈસુએ કહ્યું કે, જેઓ દેખતાં નથી તેઓ
દેખાય થાય; ને જેઓ દેખતાં છે તેઓ આંધળા થાય, માટે ન્યાયને સારૂ
આ જગતમાં હું આવ્યો છું. 40 જે ફરોશીઓ તેની પાસે હતા તેઓએ એ
વાતો સંભાળીને તેને કહ્યું કે, તો શું અમે પણ આંધળા છીએ? 41 ઈસુએ
તેઓને કહ્યું કે, જો તમે આંધળા હોત તો તમને પાપ ન લાગત; પણ
હવે તમે કહો છો કે, અમે દેખતા છીએ, માટે તમારૂં પાપ રહે છે.

10 હું તમને ખચિત ખચિત કહું છું કે, બારણેથી ઘેટાંના વાડામાં જે
નથી પેસતો, પણ બીજે કોઈ રાસ્તે ચઢે છે, તેજ ચોર તથા લૂ-
ટારો છે. 2 પણ બારણેથી જે પેસે છે, તે ઘેટાંપાળક છે. 3 દરવાન તેને
સારૂ ઉઘાડે છે; ને ઘેટાં તેનો સાદ સાંભળે છે; ને તે પોતાનાં ઘેટાંને નામ
લઈને બોલાવે છે, ને તેઓને બહાર દોરી જાય છે. 4 જયારે તે પોતાનાં
સર્વ ઘેટાંને નામ લઈને બહાર કાઢે છે, ત્યારે તે તેઓની આગળ ચાલે
છે, ને ઘેટાં તેની પાછળ ચાલે છે; કેમકે તેઓ તેનો સાદ ઓળખે છે.
5 પણ તેઓ પારકાની પાછળ નહિ ચાલશે, પણ તેની પાસેથી નાસી
જશે; કેમકે પારકાઓનો સાદ તેઓ ઓળખતાં નથી. 6 ઈસુએ તેઓને
એ દ્રષ્ટાંત કહ્યું, પણ જે વાતો તેણે તેઓને કહી તે શી છે તે તેઓ સમ-
જ્યા નહિ. 7 ત્યારે ઈસુએ ફરી તેઓને કહ્યું કે, હું તમને ખચિત ખચિત
કહું છું કે, ઘેટાનું બારણું હું છું. 8 જેટલા મારાથી આગળ આવ્યા, તેઓ
સઘળા ચોર તથા લૂટારા છે; પણ ઘેટાંએ તેઓનું સાંભળ્યું નહિ. 9 હું
બારણું છું, મારાથી જે કોઈ પેસે, તો તે ઉદ્ધાર પામશે, 10 ચોરી કરવા
તથા મારી નાખવા તથા નાશ કરવા વગર બીજી મતલબથી ચોર આવ-
તો નથી. તેઓને જીવન મળે, ને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું.
11 હું ઉત્તમ ઘેટાંપાળક છું; ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારૂ પોતાનો જીવ
આપે છે. 12 જે ચાકર છે અને ઘેટાંપાળક નથી, જે પોતે ઘેટાંનો ધણી
નથી, તે વરૂને આવતું દેખીને ઘેટાંને મુકીને નાસી જાય છે; પછી વારૂ
તેઓને પકડીને તેઓને વિખેરી નાખે છે. 13 [તે નાસી જાય છે], કેમકે તે
ચાકર છે, ને ઘેટાંની તેને ચિંતા નથી. 14 હું ઉત્તમ ઘેટાંપાળક છું, ને પો-
તાનાંને ઓળખું છું, ને મારા પોતાનાં મને ઓળખે છે. 15 જેમ બાપ મને
ઓળખે છે ને હું બાપને ઓળખું છું તેમ [તેઓ મને ઓળખે છે]; ને ઘે-
ટાંને સારૂ હું પોતાનો જીવ આપું છું. 16 અને મારાં બીજાં ઘેટાં છે, તેઓ
આ વાડામાંના નથી; તેઓને પણ મારે લાવવાની જરૂર છે, ને તેઓ મા-
રો સાદ સાંભળશે; અને તેઓ એક ટોળું, એક ઘેટાંપાળક થશે. 17 બાપ
મારા પર પ્રેમ કરે છે, કારણ કે હું પોતાનો જીવ આપું છું એ માટે કે હું તે
પાછો લઉં. 18 કોઈ મારી પાસેથી તે નથી લેતો, પણ હું પોતાની મેળે તે
આપું છું; તે આપવાનો મને અધિકાર છે, ને તે પાછો લેવાનો મને અધિ-
કાર છે; એ આજ્ઞા મને મારા બાપથી મળી છે. 19 આ વાતોને લીધે યહુ-
દીઓમાં ફરીથી પક્ષ પડ્યા. 20 અને તેઓમાંના ઘણાએ કહ્યું કે, તેને
ભૂત વળગેલું છે, ને તે ઘેલો છે, તમે તેનું કેમ સાંભળો છો? 21 બીજા-
ઓએ કહ્યું કે, ભૂત વળગેલાની એ વાતો નથી. શું ભૂત આંધળાઓની
આંખો ઉઘાડી શકે છે? 22 હવે યરૂશાલેમમાં પ્રતિષ્ઠાપર્વ હતું; ને તે શિ-
યાળાનો વખત હતો. 23 અને ઈસુ મંદિરમાં સુલેમાનની પરશાળમાં ફર-
તો હતો 24 . ત્યારે યહુદીઓએ તેની આસપાસ આવીને તેને કહ્યું, ક્યાં
સુધી તું અમારો જીવ સંદેહમાં રાખશે? જો તું તે ખ્રીસ્ત હોય તો અમને
સાફ કહે. 25 ઈસુએ તેઓને ઉત્તર દીધો કે, મેં તો તમને કહ્યું, પણ તમે
માનતા નથી; જે કામો હું મારા બાપને નામે કરૂં છું, તેઓ મારે વિષે શા-
હેદી આપે છે. 26 પણ તમે માનતા નથી, કેમકે તમે મારાં ઘેટાંમાંના
નથી. 27 મારાં ઘેટાં મારો સાદ સાંભળે છે, ને હું તેઓને ઓળખું છું, ને
તેઓ મારી પાછળ આવે છે. 28 અને હું તેઓને અનંત જીવન આપું છું,
ને તેઓનો નાશ કદી નહિજ થશે, ને મારા હાથમાંથી તેઓને કોઈ છીન-
વી નહિજ લેશે. 29 મારો બાપ, જેણે મને [તેઓને] આપ્યાં છે, તે સહુથી
મોટો છે; ને બાપના હાથમાંથી કોઈ [તેઓને] છીનવી લેવા સમર્થ નથી.
30 હું તથા બાપ એક છીએ. 31 [ત્યારે] તેને પત્થર મારવાને યહુદીઓએ
ફરી પત્થર ઉપાડ્યા. 32 ઈસુએ તેઓને ઉત્તર આપ્યો કે, મેં બાપથી તમ-
ને ઘણાં સારાં કામો દેખાડ્યાં છે, તેઓમાંના કયા કામને લીધે મને
પત્થર મારો છો? 33 યહુદીઓએ તેને ઉત્તર દીધો કે, કોઈ સારા કામને
લીધે અમે તને પત્થર મારતા નથી, પણ દુર્ભાષણને લીધે; ને તું મા-
ણસ છતાં પોતાને દેવ ઠરાવે છે, તેને લીધે. 34 ઈસુએ તેઓને ઉત્તર દી-
ધો કે, શું તમારા નિયમશાસ્ત્રમાં એમ લખ્યું નથી કે, મેં કહ્યું, કે, તમે દે-
વો છો? 35 જેઓની પાસે દેવનું વચન આવ્યું, તેઓને જો તેણે દેવો
કહ્યા (ને શાસ્ત્રનો ભંગ થતો નથી), 36 તો જેણે બાપે અભિષિક્ત કીધો
ને જગતમાં મોકલ્યો, તેને શું તમે એમ કહો છો કે, તું દુર્ભાષણ કરે છે;
કેમકે મેં કહ્યું કે, હું દેવનો દીકરો છું? 37 જો હું મારા બાપનો કામ નથી
કરતો, તો મારો વિશ્વાસ ન કરો. 38 પણ જો હું કરૂં છું, તો જો કે તમે મારો
વિશ્વાસ ન કરો, તોપણ તે કામોનો વિશ્વાસ કરો; એ માટે કે તમે જાણો
ને સમજો, કે બાપ મારામાં છે, ને હું બાપમાં છું. 39 [ત્યારે] તેઓએ ફરી
તેને પકડવા કોશિષ કીધી, પણ તે તેઓના હાથમાંથી નીકળી ગયો.
40 ને યરદનને પેલે પાર, જ્યાં પહેલાં યોહાન બાપ્તિસ્મા કરતો હતો, તે
ઠેકાણે તે પાછા જઈને ત્યાં રહ્યો. 41 અને ઘણા તેની પાસે આવ્યા, ને
તેઓએ કહ્યું કે, યોહાને કંઈ ચમત્કાર કીધો ન હતો ખરો, પણ યોહાને
એને વિષે જે જે કહ્યું, તે બધું ખરૂં હતું. 42 અને ત્યાં ઘણાએ તેના પર
વિશ્વાસ કીધો.

11 હવે મરિયમ તથા તેની બહેન મારથાના ગામ બેથાનીઆનો
લાજરસ નામે એક જણ માંદો હતો. 2 જે મરિયમે પ્રભુને અત્તર
ચોળ્યું હતું, ને તેના પગ પોતાને ચોટલે લુછ્યા હતા, તેનો ભાઈ લાજ-
રસ માંદો હતો. 3 એ માટે બહેનોએ તેને કહેવડાવી મોકલ્યું કે, પ્રભુ, જે-
નાં પર તું પ્રેમ રાખે છે, ત માંદો છે. 4 પણ ઈસુએ એ સાંભળીને કહ્યું કે,
જેથી મરણ થાય એવો આ મંદવાડ નથી; પણ એથી દેવના દેક્રનો મહિ-
મા થાય, માટે દેવના મહિમાને સારૂ એ છે. 5 હવે મારથાતથા તેની
બહેન તથા લાજરસ ઉપર ઈસુ પ્રેમ રાખતો હતો. 6 તે માંદો છે, એ તેણે
સાંભળ્યું ત્યારે પોતે જ્યાં હતો, તેજ ઠેકાણે બે દહાડા રહ્યો. 7 ત્યાર પછી
તે શિષ્યોને કહે છે કે, ફરી આપણે યહુદાહમાં જઈએ. 8 શિષ્યો તેને કહે
છે કે, રાબી, હમણાંજ યહુદીઓ તને પત્થરે મારવાને કોશિષ કરતા
હતા, ને શું ફરી તું ત્યાં જાય છે? 9 ઈસુએ ઉત્તર આપ્યો કે, શું દિવસના
બાર કલાક નથી? જો દિવસે કોઈ ચાલે, તો તે આ જગતનું અજવાળું દે-
ખે છે, માટે ઠોકર નથી ખાતો. 10 પણ જો કોઈ રાત્રે ચાલે, તો તેનામાં
અજવાળું નથી, માટે ઠોકર ખાય છે. 11 તેણે એ વાતો કહી, અને ત્યાર
પછી તે તેઓને કહે છે કે, આપણા મિત્ર લાજરસ ઉંઘી ગયો છે; પણ હું

તેને ઉંઘમાંથી જગાડવા સારૂ જાઉં છું. 12 ત્યારે શિષ્યોએ તેને કહ્યું કે,
પ્રભુ, જો તે ઉંઘી ગયો હોય તો તે સારો થશે. 13 ઈસુએ તો તેના મરણ
વિષે કહ્યું હતું, પણ તેઓને એમ લાગ્યું કે તેણે ઊંઘનો વિશામો લેવા
વિષે કહ્યું હતું. 14 ત્યારે તો ઈસુએ તેઓને સાફ કહ્યું કે, લાજરસ મારી
ગયો છે. 15 અને હું ત્યાં ન હતો, માટે હું તમારે લીધે હરખાઉં છું, એટલા
સારૂ કે તમે વિશ્વાસ કરો; પણ આપણે તેની પ્પાસે જઈએ. 16 ત્યારે થો-
મા, જે દિદીમસ કહેવાય છે, તેણે પોતાના સાથી શિષ્યોને કહ્યું કે,
આપણે પણ જઈએ કે તેની સાથે મરીએ. 17 હવે જયારે ઈસુ આવ્યો
ત્યારે તેને માલમ પડ્યું કે, તેને કબરમાં રહ્યાને ચાર દહાડા થઇ ગયા
છે. 18 હવે બેથાનીઆ યરૂશાલેમની નજદીક, એટલે ગાઉં એકને છેટે
હતું. 19 અને માર્થા તથા મરિયમની પાસે તેઓના ભાઇ સંબંધી દિલાસો
દેવા સારૂ યહુદીઓમાંના ઘણાએક આવ્યા હતા. 20 ઈસુ આવે છે, એ
મારથાએ સાંભળ્યું, ત્યારે તે જઈને તેને મળી; પણ મરિયમ ઘરમાં બેસી
રહી. 21 ત્યારે મારથાએ ઈસુને કહ્યું કે, પ્રભુ, જો તું અહીં હોત, તો મારો
ભાઇ ન મરત. 22 અને હજુ પણ તું દેવ પાસે જે કંઈ માગશે, તે દેવ તને
આપશે, એ હું જાણું છું. 23 ઈસુ તેને કહે છે કે, તારો ભાઇ પાછો ઉઠશે.
24 મારથા તેને કહે છે કે, છેલ્લે દહાડે પુનરૂત્થાનમાં તે પાછો ઉઠશે, એ હું
જાણું છું. 25 ઈસુએ તેને કહ્યું કે, પુનરૂત્થાન તથા જીવન હું છું; જે મારા
પર વિશ્વાસ કરે છે, તે જો કે મરી જાય તોપણ જીવતો થશે. 26 અને જે
કોઇ જીવતાં મારા પર વિશ્વાસ કરે છે, તે કદી નહિજ મરશે; તું શું એવો
વિશ્વાસ રાખે છે? 27 તે તેને કહે છે કે, હા પ્રભુ, મેં વિશ્વાસ કર્યો છે કે તું
દેવનો દીકરો ખ્રીસ્ત, જે જગતમાં આવનાર છે, તેજ છે. 28 અને એમ
કહીને તે ચાલી ગઈ, ને પોતાની બેહેન મરિયમને છાની રીતે બોલાવીને
કહ્યું કે, ગુરૂ આવ્યો છે, ને તને તેડે છે. 29 એ સાંભળતાંજ તે જલદી
ઉઠીને તેની પાસે ગઈ. 30 (ઈસુ તો હજી ગામમાં આવ્યો ન હતો, પણ
જ્યાં મારથા તેને મળી હતી તે જગ્યામાં હતો). 31 ત્યારે જે યહુદીઓ તેહી
સાથે ઘરમાં હતા ને તેને દિલાસો આપતાં હતા, તેઓએ દીઠું કે મરિયમ
જલદી ઉઠીને બહાર ગઈ, ત્યારે તે કબર પર રડવાને જાય છે, એવું ધા-
રીને તેઓ તેની પાછળ ગયા. 32 માટે જ્યાં ઈસુ હતો ત્યાં મરિયમ
આવીને તેને દીઠો, ત્યારે તેણીએ તેને પગ લાગીને તેને કહ્યું કે, પ્રભુ,
જો તું અહીં હોત, તો મારો ભાઇ ન મરત. 33 ત્યારે ઈસુએ તેને રડતી જો-
ઈને, તથા જે યહુદીઓ તેની જોડે આવ્યા હતા તેઓને પણ રડતા જોઇ-
ને, તેણે મનમાં નિસાસો મુક્યો, ને પોતે વ્યાકુળ થયો, 34 ને કહ્યું કે,
તમે તેને ક્યાં મુક્યો છે? તેઓ તેને કહે છે કે, પ્રભુ આવીને જો. 35 ઈસુ
રડ્યો. 36 એ માટે યહુદીઓએ કહ્યું કે, જુઓ, તે તેના પર કેટલો પ્રેમ રા-
ખતો હતો! 37 પણ તેઓમાંના કેટલાએકે કહ્યું કે, જેણે આંધળાની
આંખો ઉઘાડી, તેને શું આ માણસ ન મારે એવું પણ કરવાની શક્તિ ન
હતી? 38 ત્યારે ઈસુ પોતામાં ફરી નિસાસો મુકતો કબર આગળ આવે છે.
તે તો ગુફા હતી, ને તે પર પત્થર મુકેલો હતો. 39 ઈસુ કહે છે કે, પત્થરને
ખસેડો. તે મરેલાની બહેન મારથા તેને કહે છે કે, પ્રભુ, હવે તો તે ગંધા-
તો હશે; કેમકે આજ તેને ચાર દહાડા થયા. 40 ઈસુ તેને કહે છે કે, જો તું
વિશ્વાસ કરશે, તો તું દેવનો મહિમા જોશે, એવું મેં તને નથી કહ્યું શું?
41 ત્યારે તેઓએ પત્થર ખેસેડ્યો, ને ઈસુએ આંખો ઉંચી કરીને કહ્યું કે,
ઓ બાપ, તે મારૂં સાંભળ્યું છે, માટે હું તારો ઉપકાર માનું છું. 42 અને તું
નિત્ય મારૂં સાંભળે છે, એ હું જાણતો હતો; પણ જે લોક આસપાસ
ઉભા રહેલા છે, તેઓ વિશ્વાસ કરે કે, તે માની મોકલ્યો છે, માટે તેઓને
લીધે મેં એ કહ્યું. 43 અને એમ બોલ્યા પછી તેણે મોટે ઘાંટે હાંક મારી કે,
લાજરસ, બહાર આવ. 44 ત્યારે જે મારી ગએલો તે હાથે પગે કફને બાંધે-
લો બહાર આવ્યો, ને તેનું મ્હો રૂમાલે વિટાળેલું હતું. ઈસુએ તેઓને
કહ્યું, એન છોડો, ને જવા દો. 45 એ માટે જે યહુદીઓ મરિયમની પાસે
આવ્યા હતા, ને તેણે જે કીધું તે જોયું હતું, તેઓમાંથી ઘણાએ તેના પર
વિશ્વાસ કીધો. 46 પણ તેઓમાંના કેટલાએકે ફરોશીઓની પાસે જઈને
ઈસુએ જે કામ કીધા હતા, તે તેઓને કહી દીધા. 47 એ માટે મુખ્ય યાજ-
કોએ તથા ફરોશીઓએ સભા મેળવીને કહ્યું કે, આપણે શું કરીએ? ક્રમકે
એ માણસ તો ઘણા ચમત્કારો કરે છે. 48 જો આપણે તેને એમનો એમજ
રહેવા દઈશું, તો સઘળાં તેના પર વિશ્વાસ કરશે, ને રૂમીઓ આવીને
આપણું ઠામઠેકાણું તથા પ્રજાપણું લઈ જશે. 49 પણ કાયાફા નામે તે-
ઓમાંનો એક જે તે વરસ પ્રમુખ્ય યાજક હતો, તેણે તેઓને કહ્યું કે, તમે
કંઈ જાણતા નથી, 50 ને વિચારતા નથી કે લોકની વતી એક માણસ
મરે, ને આખી પ્રજા નાશ ન પામે, એ તમારે સારૂ લાભકારક છે. 51 તેણે
તો એ પોતાથી કહ્યું ન હતું, પણ તે વરસમાં તે પ્રમુખ યાજક હોવાથી
તેણે ભવિષ્ય કહ્યું કે, લોકની વતી ઈસુ મરશે. 52 અને એકલા આ લોક-
ની વતી નહિ, પણ એ માટે કે દેવનાં વેરાઇ ગએલાં છોકરાંઓને પણ તે
એકઠાં કરીને એકત્ર કરે. 53 તો તે દહાડાથી માંડીને તેને મારી નાખવાનો
તેઓ મનસુબો કરવા લાગ્યા. 54 તે માટે ત્યાર પછી યહુદીઓમાં પ્રગટ-
રૂપે ઈસુ ફર્યો નહિ, પણ ત્યાંથી રાનની પાસેના પ્રાંતના એફ્રાઈમ નામ-
ના શહેરમાં ગયો, ને પોતાના શિષ્યો સુદ્ધાં ત્યાં રહ્યો. 55 હવે યહુદીઓનું
પાસ્ખા પર્વ પાસે હતું, ને પાસ્ખા અગાઉ ઘણા લોકો પોતાને શુદ્ધ કર-
વાને બહાર ગામથી યરૂશાલેમમાં ગયા હતા. 56 માટે તેઓએ ઈસુની
શોધ કીધી, ને મંદિરમાં ઉભા રહેતા માહોમાંહે કહ્યું કે, તમને શું લાગે
છે? શું પર્વમાં તે આવવાનો નથી? 57 હવે મુખ્ય યાજકોએ તથા ફરોશી-
ઓએ એવી આજ્ઞા આપી હતી કે, જો કોઇ માણસને જાણ પડે કે તે ક્યાં
છે તો તેણે ખબર આપવી, એ માટે કે તેઓ તેને પકડે.

12 ત્યારે પાસ્ખા પર્વના છ દહાડા અગાઉ ઈસુ બેથાનીઆમાં
આવ્યો, જ્યાં લાજરસ, જેને ઈસુએ મરી ગએલાંઓમાંથી ઉઠા-
ડ્યો હતો, તે હતો. 2 માટે તેઓએ તેને કાજે ત્યાં વાળું કીધું, ત્યારે માર-
થા સેવા કરતી હતી, પણ લાજરસ તેની સાથે જમવા બેહેલાઓમાંનો
એક હતો. 3 તે વેળા મરિયમે ઘણું મૂલ્યવાન જટામાંસીનું શેર અત્તર
લઈને ઈસુને પગે ચોળ્યું, ને પોતાને ચોટલે તેના પગ લુછ્યા; અને અત્ત-
રની સુગંધ આખા ઘરમાં વ્યાપી ગઈ. 4 પણ તેના શિષ્યોમાંનો એક,
યહુદા ઇસકારીઓત, જે તેને પરસ્વાધીન કરનાર હતો, તે કહે છે કે, 5 એ
અત્તર ત્રણસે દીનારે વેચીને દરિદ્રીઓને શા માટે અપાયું નહિ? 6 હવે
આ જે તેણે કહ્યું તેનું કારણ એ નહોતું કે તેને દરિદ્રીઓને માટે દાઝ
હતી; પણ તે ચોર હતો, ને થેલી રાખતો હતો, ને તેમાં જે નંખાતું તે લઇ
જતો હતો, તે માટે કહ્યું. 7 ત્યારે ઈસુએ કહ્યું કે, મારા દાટવાના દહાડાને
સારૂ તેણીને એ રાખવા દે. 8 કેમકે દરિદ્રીઓ તો સદા તમારી સાથે છે;
પણ હું સદા તમારી સાથે નથી? 9 ત્યારે યહુદીઓમાંના ઘણા લોકોએ
જાણ્યું કે તે ત્યાં છે, ત્યારે તેઓ એકલા ઈસુને લીધે નહિ, પણ લાજરસ
જેને તેણે મારી ગએલાંઓમાંથી ઉઠાડ્યો હતો, તેને પણ જોવા સારૂ
આવ્યા. 10 પણ મુખ્ય યાજકોએ લાજરસને પણ મારી નાખવાની મસ-
લત કીધી; 11 કેમકે તેના કારણથી ઘણા યહુદીઓ ચાલ્યા ગયા ને ઈસુ
પર વિશ્વાસ કીધો. 12 બીજે દહાડે પર્વમાં આવેલા ઘણાલોક લોકોએ
એવું સાંભળ્યું કે, ઈસુ યરૂશાલેમ આવે છે; 13 ત્યારે ખજુરીની ડાળીઓ
લઈને તેઓ તેને મળવાને બહાર ગયા; ને એવી બૂમ પાડે કે, હોસાના;
પ્રભુને નામે ઈસ્રાએલનો જે રાજા આવે છે, તેને ધન્ય છે. 14 અને ઈસુને
એક ગધેડાનો વછેરો મળ્યો ત્યારે તેના પર તે બેઠો, જેમ લખ્યું છે તેમ
કે, 15 ઓ સિયોનની દીકરી, બી મા; જો, તારો રાજા ગધેડાના વછેરા પર
બેસીને આવે છે. 16 પ્રથમ તેના શિષ્યો એ વાતો સમજ્યા ન હતા, પણ
ઈસુ મહિમાવાન થયો, ત્યારે તેઓને યાદ આવ્યું કે, તેના સંબંધી એ
વાતો લખેલી છે, ને તેજ પ્રમાણે તેઓએ તેને કીધું છે. 17 તેણે લાજરસ-
ને કબરમાંથી બોલાવ્યો, ને મારી ગએલાંઓમાંથી ઉઠાડ્યો, તે વખતે જે
લોક તેની સાથે હતા, તેઓએ શાહેદી આપી. 18 અને તે કારણથી પણ
લોકો તેને મળવા ગયા; કેમકે તેણે એ ચમત્કાર કીધો હતો એવું તેઓએ
સાંભળ્યું હતું. 19 તે માટે ફરોશીઓએ માહોમાંહે કહ્યું કે, જુઓ, તમારૂં તો
કંઇ વળતું નથી; જુઓ, આખું જગત તેની પછવાડે ગયું છે. 20 હવે પર્વ-
માં ભજન કરવાને જેઓ આવ્યા હતા, તેઓમાંના કેટલાએક હેલેની
હતા; 21 માટે તેઓએ ગાલીલના બેથસાઈદાના ફીલીપની પાસે આવીને
તેની વિનંતી કરતા કહ્યું કે, સાહેબ, અમે ઈસુને જોવા ચાહીએ છીએ.
22 ફીલીપ આવીને આંદ્રયાને કહે છે; આંદ્રયા તથા ફીલીપ આવીને ઈસુ-
ને કહે છે. 23 ત્યારે ઈસુ તેઓને ઉત્તર આપતાં કહે છે કે, માણસના દીક-
રાને મહિમાવાન થવાની ઘડી આવી છે. 24 હું તમને ખચિત ખચિત કહું
છું, જો ઘઉંનો દાનો ભોંયમાં પડીને નથી મરતો, તો તે એકલો રહે છે;
પણ જો તે મારે, તો ઘણા ફળ આપે છે. 25 જે પોતાના જીવ પર પ્રીતિ
કરે છે, તે તેને ખોય છે; અને જે આ જગતમાં પોતાના જીવ પર દ્વેષ કરે
છે, તે અનંત જીવનને સારૂ તેને બચાવી રાખશે. 26 જો કોઇ મારી સેવા
કરતો હોય, તો તેણે મારી પાછળ ચાલવું; ને જ્યાં હું છું, ત્યાં મારો સેવક

પણ હોશે; જો કોઈ મારી સેવા કરતો હોય, તો બાપ તેને માન આપશે.
27 હવે મારો જીવ વ્યાકુળ થયો છે; ને હું શું કહું? ઓ બાપ, મને આ
ઘડીથી બચાવ. પણ એનેજ લીધે તો હું આ ઘડી સુધી આવ્યો છું.
28 ઓ બાપ, તારા નામનો મહિમા [પ્રગટ] કર ત્યારે એવી આકાશવાણી
થઈ કે, મેં તેનો મહિમા [પ્રગટ] કીધો છે, ને ફરી કરીશ. 29 ત્યારે જે લો-
કોએ પાસે ઉભા રહીને તે સાંભળ્યું હતું, તેઓએ કહ્યું કે, ગર્જના થઈ;
બીજાઓએ કહ્યું કે, દૂતે તેની જોડે વાત કીધી. 30 ઈસુએ ઉત્તર આપતાં
કહ્યું કે, એ વાણી મારે સારૂ નહિ, પણ તમારે સારૂ થઈ છે. 31 હવે આ
જગતનો ન્યાય કરવામાં આવે છે; હવે આ જ્ગતનો અધિકારી બહાર
કાઢી નંખાશે. 32 અને જો હું પૃથ્વી પરથી ઉંચો કરાઈશ, તો સહુને હું પો-
તાની તરફ ખેચીશ. 33 પણ પોતે શી તરેહના મોત મરવાનો છે, એ સુચ-
વતાં તેણે એમ કહ્યું, 34 એ માટે લોકોએ તેને ઉત્તર દીધો કે, ખ્રીસ્ત સદા
રહેશે, એમ અમે નિયમશાસ્ત્રમાંથી સાંભળ્યું છે; તો માણસનો દીકરો
ઉંચો કરાવો જોઈએ, એમ તું કેમ કહે છે? એ માણસનો દીકરો કોણ છે?
35 ત્યારે ઈસુએ તેઓને કહ્યું કે, હજી થોડી વાર અજવાળું તમારી મધ્યે
છે; જ્યાં સુધી તમને અજવાળું છે, ત્યાં સુધી ચાલો, રખે અંધકાર તમારા
પર આવી પડે; અને અંધકારમાં જે ચાલે છે તે જાણતો નથી કે પોતે
ક્યાં જાય છે. 36 જ્યાં સુધી તમને અજવાળું છે, ત્યાં સુધી અજવાળા પર
વિશ્વાસ કરો, એ માટે કે તમે અજવાળાના દીકરા થાઓ. એ વાતો કહીને
ઈસુ ચાલ્યો ગયો, અંને તેઓથી સંતાઈ રહ્યો. 37 તેણે આટલાં બધા
અચરત કામો તેઓના દેખતાં કીધા હતાં, તોપણ તેઓએ તેના પર વિ-
શ્વાસ ન કીધો. 38 એ માટે કે યશાયાહ ભવિષ્યવાદીનું વચન પુરૂં થાય
કે, પ્રભુ, અમારી સમાચારનો કોણે વિશ્વાસ કીધો છે? ને પ્રભુનો હાથ
કોણે પ્રગટ થયો છે? 39 તે માટે તેઓ વિશ્વાસ કરી ન શક્યા, કેમકે યશા-
યાહ વળી કહ્યું હતું કે, 40 તેઓ આંખોએ ન દેખે, ને અંતઃકરણથી ન
સમજે, ને પાછા ન ફરે, ને હું તેઓને સારા ન કરૂં, એ માટે તેણે તેઓની
આંખો આંધળી કીધી છે, ને તેઓનાં મન જડ કર્યા છે. 41 યશાયાહે તેનો
મહિમા જોયો તે કારણથી તેણે એ વાતો કહી; અને તે તેને વિષે બોલ્યો.
42 તોપણ અધિકારીઓમાંના પણ ઘણાએ તેના પર વિશ્વાસ કર્યો; પણ
રખેને ફરોશીઓ અમને સભાસ્થાનમાંથી કાઢી મુકે, [એ બીકથી] તે-
ઓએ તેને કબૂલ ન કીધો. 43 કેમકે દેવનાં વખાણ કરતાં તેઓ માણસો-
નાં વખાણ વધારે ચાહતા હતા. 44 ત્યારે ઈસુએ ઘાંટો પાડીને કહ્યું કે,
મારા પર વિશ્વાસ કરે છે, તે એકલો મારા પર નહિ, પણ જેણે મને મોક-
લ્યો છે, તેના પર વિશ્વાસ કરે છે. 45 ને જે મને દેખે છે, તે જેણે મને મોક-
લ્યો છે તેને દેખે છે. 46 જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તે અન્ધાઅર-
મન રહે, માટે જ્ગતમાં હું અજવાળારૂપ આવ્યો છું. 47 અને જો કોઈ મા-
રી વાતો સાંભળીને તેમને નથી પાળતો, તો હું તેનો ન્યાય કરતો નથી;
કેમકે હું જગતનો ન્યાય કરવા માટે નહી, પણ જગતના ઉદ્ધાર કરવા
માટે આવ્યો છું. 48 જે મને ઈનકાર કરે છે, ને મારી વાતો માનતો નથી,
તેનો નાં કરનાર એક છે; જે વાત મેં કહી છે, તેજ છેલ્લે દહાડે તેનો ન્યાય
કરશે. 49 કેમકે મેં પોતાની નથી કહ્યું, પણ મારે શું કહેવું, તથા મારે શું
બોલવું, એ વિષે બાપ જેણે મને મોકલ્યો છે તેણે મને આજ્ઞા આપી છે.
50 અને તેની આજ્ઞા અનંત જીવન છે, એ હું જાણું છું; તે માટે જે જે હું
બોલું છું, તે જેવું બાપે મને કહ્યું છે તેવુંજ બોલું છું.

13 હવે પાસ્ખા પર્વ અગાઉ પોતાનો આ જગતમાંથી બાપની પાસે
જવાનો સમય આવ્યો છે એ જાણીને ઈસુએ જગતમાંના પોતા-
ના લોક, જેઓનાં ઉપર તે પ્રેમ પ્રેમ રાખતો હતો, તેઓ પપર અંત સુધી
પ્રેમ રાખ્યો. 2 અને તેઓ જમતા હતા તેવામાં, (સેતાને તો અગાઉથી
સીમોનના દીકરા યહુદા ઈસકારીઓતના મનમાં તેને પરસ્વાધીન કર-
વાનું મુક્યું હતું), 3 બાપે સઘળાં વાનાં મારા હાથમાં આપ્યાં છે, ને હું દે-
વની પાસેથી આવ્યો છું, ને દેવની પાસે જાઉં છું, એ જાણીને 4 [ઈસુ]
જમણ પરથી ઉઠે છે ને પોતાના લૂગડાં ઉતારે છે; ને રૂમાલ લઈને તેણે
પોતાની કમર બાંધ્યો. 5 ત્યાર પછી વાસણમાં પાણી રેડીને, શિષ્યોના
પગ ધોવા તથા જે રૂમાલ પોતાની કમરે બાંધ્યો હતો તેથી લુછવા લા-
ગ્યો. 6 એ પ્રમાણે તે સીમોન પીતરની પાસે આવે છે. ને તેને કહે છે કે,
પ્રભુ, શું તું મારા પગ ધોય છે? 7 ઈસુએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, હું જે
કરૂં છું, તે તું હમણાં જાણતો નથી; પણ હવે પછી તું સમજશે. 8 પીતર
તેને કહે છે કે, તમે કદી મારા પગ ધોવા નહિ દઈશ. ઈસુએ તેને ઉત્તર
દીધો કે, જો હું તને ન ધોઉં તો મારી સાથે તારે કંઈ ભાગ નથી. 9 સી-
મોન પીતર તેને કહે છે કે, પ્રભુ, એકલા મારા પગજ નહિ, પણ મારા
હાથ તથા માથું પણ ધો. 10 ઈસુ તેને કહે છે, જે નાહેલો છે, તેના પગ
શિવાય બીજું કંઈ ધોવાની અગત્ય નથી, પણ તે પુરો શુદ્ધ છે; ને તમે
શુદ્ધ છો, પણ સહુ નહિ. 11 કેમકે પોતાને પરસ્વાધીન કરનારને તે જા-
ણતો હતો; માટે તેણે કહ્યું કે, તમે સહુ શુદ્ધ નથી. 12 એ પ્રમાણે તેઓના
પગ ધોઈ રહ્યા પછી તેણે પોતાનાં લૂગડાં લીધાં ને પાછો જમવા બેસીને
તેઓને કહ્યું કે, મેં તમને શું કીધું છે, તે તમે સમજો છો? 13 તમે મને ગુરૂ
તથા પ્રભુ કહો છો, ને તમે ઠીક કહો છો, કેમકે હું એજ છું. 14 એ માટે મેં
પ્રભુએ તથા ગુરૂએ જો તમારા પગ ધોયા, તો તમારે પણ એક બીજાના
પગ ધોવો જોઈએ. 15 કેમકે જેવું મેં તમને કીધું, તેવું તમે પણ કરો, એ
માટે મેં તમને નમુનો આપ્યો છે. 16 હું તમને ખચિત ખચિત કહું છું કે,
ચાકર પોતાના શેઠ કરતાં મોટો નથી; ને જે મોકલાયલો તે પોતાના મો-
કલનાર કરતાં મોટો નથી. 17 જો તમે એ વાતો જાણીને તેઓને પાળો,
તો તમને ધન્ય છે. 18 હું તમ સહુ સંબંધી નથી કહેતો; જેઓને મેં પસંદ
કીધા છે તેઓને હું જાણું છું; પણ જે મારી [[સાથે]] રોટલી ખાય છે, તેણે
મારી વિરુદ્ધ પોતાની લાત ઉઠાવી છે, એ લેખ પુરો થવા સારૂ [એમ થવું
જોઈએ]. 19 અત્યારથી તે થયાની અગાઉ હું તમને કહું છું એ માટે કે,
જયારે એ થાય, ત્યારે તમે વિશ્વાસ કરો, કે હું તે છું. 20 હું તમને ખચિત
ખચિત કહું છું કે, જે કોઈને હું મોકલું છું તેનો અંગિકાર જે કરે છે, તે મારો
અંગિકાર કરે છે; ને જે મારો અંગિકાર કરે છે તે મારા મોકલનારનો અંગિ-
કાર કરે છે. 21 એમ કહ્યા પછી ઈસુ મનમાં અકળાયો; ને શાહેદી પુરતાં
કહ્યું કે, હું તમને ખચિત ખચિત કહું છું કે, તમારામાંનો એક મને પર-
સ્વાધીન કરશે. 22 તે કોને વિષે બોલે છે એ સંબંધી શિષ્યોએ સંદેહમાં
પડીને એક બીજા તરફ જોયું. 23 હવે જમતી વેળાએ તેના શિષ્યોમાંનો
એક, જેનાં પર ઈસુ પ્રેમ રાખતો હતો, તે ઈસુની છાતી પર અઢેલેલો
હતો. 24 માટે સીમોન પીતર તેને ઈસારો કરીને કહે છે કે, તે કોણે વિષે
બોલે છે, તે [અમને] કહે. 25 ત્યારે તે જેમ ઈસુની છાતી પર અઢેલેલો
હતો તેમ ને તેમજ તેને કહે છે કે, પ્રભુ, તે કોણ છે? 26 માટે ઈસુ ઉત્તર દે
છે કે, હું કોળિયો બોળીને જેણે આપીશ, તેજ તે છે. પછી તે કોળિયો
બોળીને તે લઈને સીમોન ઈસકારીઓતના દીકરા યહુદાને આપે છે.
27 અને કોળિયા પછી તેમાં શેતાન પેઠો, માટે ઈસુ તેને કહે છે કે, જે તું
કરવાનો છે, તે વહેલો કર. 28 હવે તેણે તેને શા માટે મ કહ્યુ એ જમવા
બેઠેલાઓમાંનો કોઈ સમજ્યો નહિ. 29 કેમકે કેટલાએક એમ ધાર્યું કે,
યહુદાની પાસે થેલી છે તેથી ઈસુએ તેને કહ્યું કે, પર્વને સારૂ આપણને
જે જેની અગત્ય છે તે ખરીદ; અથવા એ કે, તારે ગરીબોને કંઈ આપવું.
30 ત્યારે કોળિયો લઈને તે તરત બહાર ગયો; ને તે વલા રાત હતી.
31 અને તે બહાર ગયા પછી ઈસુ કહે છે કે, હવે માણસનો દીકરો મહિમા-
વાન થયો છે, ને તેનામાં દેવ મહિમાવાન થયો છે. 32 અને દેવ તેને પો-
તામાં મહિમાવાન કરાશે, ને તેને વહેલો મહિમાવાન કરશે. 33 ઓ નાનાં
છોકરાંઓ, હવે પછી તમારી જોડે હું થોડી વાર છું; તમે મને શોધશો, ને
જેમ મેં યહુદીઓને કહ્યું હતું કે, જ્યાં હું જાઉં છું ત્યાં તમે આવી નથી
શકતા, તેમ હું હમણાં તમને પણ કહું છું. 34 હું તમને નવી આજ્ઞા આપું
છું, કે તમે એક બીજા પર પ્રેમ કરો, 35 જો એક બીજા પર તમે પ્રેમ રાખો
તો તેથી સર્વ માણસો જાણશે કે તમે મારો શિષ્યો છો. 36 સીમોન પીતર
તેને કહે છે કે, પ્રભુ, તું ક્યાં જાય છે? ઈસુ તેને ઉત્તર દીધો કે, જ્યાં હું જા-
ઉં છું, ત્યાં તું હમણાં મારી પાછળ આવી નથી શકતો; પણ પછી મારી
પાછળ આવીશ. 37 પીતર તેને કહે છે કે, પ્રભુ, હું તારી પાછળ કેમ નથી
આવી શકતો? તારે સારૂ હું મારો જીવ આપીશ. 38 ઈસુ ઉત્તર દે છે કે, શું
મારે સારૂ તું તારો જીવ આપશે? હું તને ખચિત ખચિત કહું છું કે, મરઘો
બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરશે.

14 તમારા મનને ગભરાવા ન ડો; તમે દેવ પર વિશ્વાસ કરો, મારા
પર પણ વિશ્વાસ કરો. 2 મારા બાપના ઘરમાં રહેવાના ઠેકાણાં
ઘણાં છે, નહિ તો હું તમને કહેત; હું તો તમારે કાજે જગ્યા તૈયાર કરવાને
જાઉં છું. 3 અને જો હું જઈને કાજે જગ્યા તૈયાર કરીશ, તો પાછો આવીશ,
ને તમને મારી પાસે લઈશ, એ માટે કે જ્યાં હું રહું છું ત્યાં તમે પણ રહો.
4 અને જ્યાં હું જાઉં હું ત્યાંનો રસ્તો તમે જાણો છો. 5 થોમા તેને કહે છે
કે, પ્રભુ, તું ક્યાં જાય છે, તે અમે જાણતા નથી; ત્યારે અમે રસ્તો કેમ

કરીને જાણીએ? 6 ઇસુ તેને કહે છે કે, રસ્તો તથા સત્ય તથા જીવન હું
છું; મારા આસરા વિના બાપની પાસે કોઇ આવતું નથી. 7 તમે જો મને
જાણત તો મારા બાપને પણ જાણત; હવેથી તમે તેને જાણો છો ને તેને
દીઠો છે. 8 ફીલીપ તેને કહે છે કે, પ્રભુ, પ્રભુ અમને બાપ દેખાડ, એટલે
અમાએ બસ છે. 9 ઇસુ તેને કહે છે કે, ફીલીપ, આટલી મુદ્દત સુધી હું
તમારી જોડે રહ્યો છું, તોપણ શું તું મને જાણતો નથી? 10 જેણે મને દીઠો
છે તે બાપને દીઠો છે; તો તું શા માટે કહે છે કે, અમને બાપ દેખાડ? 11 હું
બાપમાં છું ને બાપ મારામાં છે, એવો વિશ્વાસ મારા પર કરો, નહિ તો
કામોનેજ લીધે મારા પર વિશ્વાસ કરો. 12 હું તમને ખચિત ખચિત કહું છું
કે, હું જે કામો કરૂં છું તેજ મારા પર વિશ્વાસ કરનાર પણ કરશે, ને એ કર-
તાં પણ મોટાં કરશે, કેમકે હું બાપની પાસે જાઉં છું. 13 અને જે કંઈ મારે
નામે તમે માગશો, તે હું કરીશ એ માટે કે બાપ દીકરામાં મહિમાવાન
થાય. 14 જો તમે મારે નામે કંઈ મારી પાસે માગશો તો તે હું કરીશ. 15 જો
તમે મારા પર પ્રેમ કરો છો તો મારી આજ્ઞાઓ પાળશો. 16 અને હું બાપ-
ની વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક તમારી પાસે સદા રહેવા
માટે આપશે, 17 એટલે સત્યનો આત્મા, જેને જગત પામી નથી શકતું;
કેમકે તેને તે દેખતું નથી, ને તેને જાણતું નથી; [પણ] તમે તેને જાણો
છો; કેમકે તે તમારી સાથે રહે છે, ને તમારામાં વસશે. 18 હું તમને અનાથ
નહિ મુકીશ; હું તમારી પાસે આવીશ. 19 થોડી વાર પછી જગત મને
ફરીથી નહિ જોશે, પણ તમે મને જોશો; હું જીવું છું માટે તમે પણ જીવ-
શો. 20 તે ઢળે તમે જાણશો કે, હું મારા બાપમાં છું, ને તમે મારામાં છો,
ને હું તમારામાં છું. 21 જેની પાસે મારી આજ્ઞાઓ છે, ને જે તેઓને પાળે
છે, તેજ મારા પર પ્રેમ કરે છે; ને જે મારા પર પ્રેમ કરે છે તેના પર મારો
બાપ પ્રેમ કરશે, ને હું તેના પર પ્રેમ કરીશ, ને તેની આગળ હું પોતાને
પ્રગટ કરીશ. 22 યહુદા, જે ઇસકારીઓત ન હતો, તે તેને કહે છે કે, પ્રભુ,
તું પોતાને અમારી આગળ પ્રગટ કરશે ને જગતની આગળ નહિ, એનું શું
કારણ છે? 23 ઇસુએ ઉત્તર આપતાં તેને કહ્યું, જો કોઇ મારા પર પ્રેમ કર-
શે, ને અમે તેની પાસે આવીને તેની સાથે રહીશું. 24 જે મારા પર પ્રેમ
નથી કરતો તે મારી વાતો નથી પાળતો; ને જે વાત તમે સાંભળો છો તે
મારી નથી, પણ બા જેણે મને મોકલ્યો છે તેની છે. 25 હજી હું તમારી
સાથે રહું છું એટલામાં મેં તમને એ વાતો કહી છે. 26 પણ સંબોધક, એટ-
લે પવિત્ર આત્મા, જેણે બાપ મારે નામે મોકલી દેશે, તે તમને બધું શિ-
ખવશે, ને મેં જે સર્વ તમને કહ્યું તે બધું તમારા સ્મરણમાં લાવશે. 27 હું
તમને શાંતિ આપી જાઉં છું; મારી શાંતિ હું તમને આપું છું; જેમ જગત
આપે છે તેમ હું તમને આપતો નથી. તમારા મનને ગભરાવા ન દો, ને
બીવા પણ ન દો. 28 મેં જે તમને કહ્યું તે તમે સાંભળ્યું છે કે, હું જાઉં છું,
ને તમરી પાસે [પાછો] આવું છું. જો તમે મારા પર પ્રેમ કરત, તો હું બા-
પની પાસે જાઉં છું, એથી તમે હરખાત; કેમકે મારા કરતાં બાપ મોટો છે.
29 અને જયારે એ થાય ત્યારે તમે વિશ્વાસ કરો માટે તે થયા અગાઉ મેં
હમણાથી તમને કહ્યું છે. 30 હવેથી તમારી જોડે હું ઘણી વાતો નહિ
કરીશ, કેમકે આ જગતનો અધિકારી આવે છે, ને મારામાં તેનું કંઈ નથી;
31 પણ એ માટે કે જગત જાણે કે હું બાપ પર પ્રેમ કરૂં છું, ને બાપે મને
આજ્ઞા કીધી છે, તેમ હું કરૂં છું, ઉઠો અહીંથી આપણે જઈએ.

15 હું ખરો દ્રાક્ષવેલો છું, ને મારો બાપ માળી છે. 2 મારામાંથી હરેક
ડાળી જેણે ફળ નથી આવતું તેને તે કાપી નાખે છે, ને હરેક
(ડાળ) જેણે ફળ આવે છે, તેને વધારે ફળ આવે માટે તે તેને કાપી નાખે
છે, ને હરેક (ડાળ) જેને ફળ આવે છે, તેને વધારે ફળ આવે માટે તે તની
શુદ્ધ કરે છે. 3 જે વાત મેં તમને કહી છે તેના આસરાથી હવે તમે શુદ્ધ થઈ
ગયો છો. 4 તમે મારામાં રહો, ને હું તમારામાં [રહીશ]; જેમ ડાળી વેલામાં
રહ્યા વિના પોતાની ફળ આપી નથી શકતી, તેમ તમે પણ મારામાં
રહ્યા વિના [ફળ] આપી શકતા નથી. 5 હું તો દ્રાક્ષવેલો છું, ને તમે ડા-
ળીઓ છો; જે મારામાં રહે છે, ને હું તેનામાં, તેજ ઘણા ફળ આપે છે; કે-
મકે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી નથી શકતા. 6 જો કોઇ મારામાં
રહેતો નથી, તો ડાળીની પેઠે તે બહાર ફેંકાય છે, ને સુકાઈ જાય છે; પછી
લોક તેઓને એકઠી કરીને અગ્નિમાં નાખે છે, ને તેઓ બળી જાય છે.
7 જો તમે મારામાં રહો, ને મારી વાતો તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો
તે માગો, ને તે તમને મળશે. 8 તમે બહુ ફળ આપો, એમાં મારો બાપ
મહિમાવાન થાય છે, અને [એમ] તમે મારા શિષ્ય થશો. 9 જેમ બાપે
મારા પર પ્રેમ રાખ્યો છે, તેમ મેં પણ તમારા પર પ્રેમ રાખ્યો છે; તામે
મારા પ્રેમમાં રહો. 10 જેમ હું મારા બાપની આજ્ઞાઓ પાળીને તેના પ્રેમ-
માં રહું છું, તેમ જો તમે મારી આજ્ઞાઓ પાળો તો તમે મારા પ્રેમમાં રહે-
શો. 11 તમારામાં મારો આનંદ રહે, ને તમારો આનંદ સંપૂર્ણ થાય, એ
માટે મેં તમને એ વાતો કહી છે. 12 મારી આજ્ઞા એ છે કે, જેમ મેં તમારા
પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે એક બીજા પર પ્રેમ રાખો. 13 પોતાના મિ-
ત્રોના સારૂ પોતાનો જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ રાખો. 14 જે
આજ્ઞાઓ હું તમને આપું છું તે જો તમે પાળો છો તો તમેં મારા મિત્ર છો.
15 હવેથી હું તમને દાસ કહેતો નથી; કેમકે પોતાનો શેઠ જે કરે છે તે જા-
ણતો નથી; પણ મેં તમને મિત્ર કહ્યા છે; કેમકે જે વાતો મેં મારા બાપથી
સાંભળી હતી તે બધી મેં તમને જણાવી છે. 16 તમે મને પસંદ નથી કી-
ધો, પણ મેં તમને પસંદ કીધો છે, ને તમને નિમ્યા છે, કે તમે જઈને ફળ
આપો, ને તમારાં ફળ કાયમ રહે; એ માટે કે તમે મારે નામે જે કંઈ બાપ-
ની પાસે માગો તે તમને તે આપે. 17 તમે એક બીજા પર પ્રેમ રાખો માટે
હું તમને એ આજ્ઞાઓ આપું છું. 18 જો જગત તમારો દ્વેષ કરે છે તો તમા-
રા અગાઉ તેને મારો દ્વેષ કીધેલો છે, એ તમે જાણો છો. 19 જો તમે જગ-
તના હોત તો જગત પોતાનાંના ઉપર પ્રેમ કરત; પરંતુ તમે જગતના
નથી, પણ મેં તમને જગતમાંથી પસંદ કીધા છે, તે માટે જગત અમારો
દ્વેષ કરે છે. 20 દાસ પોતાના શેઠથી મોટો નથી, એવી જે વાત મેં તમને
કહી તે યાદ રાખો. જો તેઓ મારી પૂઠે લાગ્યા, તો તમારી પૂઠે પણ લા-
ગશે; જો તેઓએ મારી વાત પાળી, તો તમારી પણ પાળશે. 21 પણ એ
બધું મારા નામને સારૂ તેઓ તમને કરશે, કેમકે તેઓ મારા મોકલનારને
જાણતા નથી. 22 જો હું આવ્યો ન હોત, ને તેઓને કહ્યું ન હોત, તો તે-
ઓને પાપ ન લાગત; પણ હવે તેઓના પાપ સંબંધી તેઓને કંઈ બહાનું
રહ્યું નથી. 23 જે મારો દ્વેષ કરે છે, તે મારા બાપનો પણ દ્વેષ કરે છે. 24 જે
કામો બીજા કોઇએ કીધાં નથી, તે જો મેં તેઓમાં ન કીધાં હોત, તો તે-
ઓને પાપ ન લાગત; પણ હવે તેઓએ મને તથા મારા બાપને પણ જો-
યા છે, ને દ્વેષ કીધો છે. 25 પણ તેઓના શાસ્ત્રમાં જે વાત લખેલી છે કે,
તેઓએ કારણ વગર મારો દ્વેષ કીધો છે, તે પુરી થવા સારૂ [એમ થયું]
26 પણ સંબોધક, એટલે સત્યનો આત્મા, જે બાપની પાસેથી નીકળે
છે, તેને હું બાપની પાસેથી તમારી પાસે મોકલી દઈશ; તે જયારે આવ-
શે, ત્યારે મારા સંબંધી શાહેદી આપશે. 27 અને તમે પણ શાહેદી આપ-
શો, કેમકે તમે આરંભથી મારી જોડે છો.

16 કોઇ તમને ઠોકર ન ખવડાવે માટે મેં તમને એ વાતો કહી છે.
2 તેઓ તમને સભાસ્થાનોમાંથી કાઢી મુકશે; હા, એવો સમય
આવે છે કે જે કોઇ તમને મારી નાખે તે દેવની સેવા કરે છે, એમ તેને લા-
ગશે. 3 અને તેઓ બાપને તથા મને જાણતા નથી, માટે તેઓ એ કામો
કરશે. 4 પણ એ વાતો મેં તમને એ માટે કહી છે કે, જયારે તેમનો સમય
આવે ત્યારે તમે યાદ કરો કે મેં તમને કહ્યું હતું. અને પહેલાંથી એ વાતો
મેં તમને કહી ન હતી, કેમકે હું તમારી જોડે હતો. 5 પણ હવે હું મારા મો-
કલનારની પાસે જાઉં છું; અને તું ક્યાં જાય છે એમ તમારામાંનો કોઇ
મને પુછતાં નથી. 6 પણ મેં તમને એ વાતો કહી છે, માટે તમારાં મન
શોકે ભરાઈ ગયાં છે. 7 તોપણ હું તમને સાચું કહું છું; મારૂં જવું તમને ગુ-
ણકારી છે; કેમકે જો હું જાઉં નહિ, તો સંબોધક તમારી પાસે નહિ આવ-
શે; પણ જો હું જાઉં, તો હું તેને તમારી પાસે મોકલી દઈશ. 8 અને તે
આવીને પાપ વિષે તથા ન્યાયીપણા વિષે તથા ન્યાય ઠરાવવા વિષે,
જગતને ખાતરી કરી આપશે; 9 પાપ વિષે, કેમકે તેઓ મારા પર વિશ્વાસ
કરતાં નથી; 10 ન્યાયીપણા વિષે, કેમકે હું બાપની પાસે જાઉં છું, ને તમે
હવેથી મને નહિ જોશો; 11 ન્યાય ઠરાવવા વિષે, કેમકે આ જગતના
અધિકારીઓનો ન્યાય ઠરાવાયો છે. 12 હજી ઘણી વાતો મારે તમને કહે-
વાની છે, પણ હમણાં તે તમે ખમી શકતાં નથી. 13 તોપણ જે સત્યનો
આત્મા, તે જયારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે; કેમ્કે-
તે પોતાની નહિ બોલશે; પણ જે કંઈ તે સાંભળશે તેજ તે બોલશે; ને જે
જે થનાર છે તે તમને કહી દેખાડશે. 14 તે મને મહિમાવાન કરશે, કેમકે
તે મારા વિષેનું લઈને તમને કહી દેખાડશે. 15 જે બાપના છે, તે સર્વ મા-
રાં છે; તે માટે મેં કહ્યું કે, તે મારે વિષેનું લઈને તમને કહી દેખાડશે.
16 થોડી વાર પછી તમે મને નહિ જોશો; ને ફરી થોડી વાર પછી તમે મને
જોશો. 17 એ માટે તેના શિષ્યોમાંના કેટલાએકે માહોમાંહે કહ્યું, એ આપ-

ણે કહે છે કે, થોડી વાર પછી તમે મને નહિ જોશો; ને ફરી થોડી વાર
પછી તમે મને જોશો; કેમકે હું નીકળીને બાપની પાસે જાઉં છું, તે શું
હશે? 18 તે માટે તેઓએ કહ્યું કે, થોડી વાર પછી, એમ તે કહે છે તે શું
છે? તે શું કહે છે એ આપણે જાણતા નથી. 19 તેઓ તેને પુછવા ચાહે છે,
એ ઇસુએ જાણ્યું, તે માટે તેણે તેઓને કહ્યું કે, થોડી વાર પછી તમે મને
નહિ જોશો, ને ફરી થોડી વાર પછી તમે મને જોશો એ જે મેં કહ્યું, તે વિષે
તમેં માહોમાંહે પુછો છો શું? 20 હું તમને ખચિત ખચિત કહું છું કે, તમે રડ-
શો ને શોક કરશો, પણ જગત હરખાશે; તમે દલગીર થશો, પણ તમારી
દલગીરી આનંદરૂપ થઇ જશે. 21 જયારે બાયડી પ્રસવેદનામાં હોય છે
ત્યારે તેને શોક થાય છે, કેમકે તેનો વખત આવ્યો છે; પણ બાળકનો
જન્મથયા પછી, જગતમાં માણસ માણસ જન્મ્યું છે તેના આનંદથી તે
દુઃખ તેને ફરીથી યાદ આવતું નથી. 22 અને હમણાં તો તમને દલગીરી
લાગે છે ખરી; પણ હું ફરીથી તમને મળીશ ત્યારે તમારાં મન આનંદ
કરશે, ને તમારો આનંદ તમારી પાસેથી કોઇ લઈ લેનાર નથી. 23 અને તે
દહાડે તમે મારી પાસે કંઈ માગશો નહિ. હું તમને ખચિત ખચિત કહું છું
કે, જો તમે બાપ પાસે કંઈ માગશો તો તે તમને મારે નામે તે આપશે.
24 હજી સુધી મારે નામે તમે કંઈ માગ્યું નથી; માગો, ને તમને મળશે, ઈ
માટે કે તમારો આનંદ સંપૂર્ણ થાય. 25 એ વાતો મેં તમને દૃષ્ટાંતોમાં કહી
છે; એવો સમય આવે છે કે જેમાં દૃષ્ટાંતોમાં હું તમારી સાથે નહિ બો-
લીશ, પણ બાપ સંબંધી હું તમને સ્પષ્ટ રીતે કહી દેખાડીશ. 26 તે દહાડે
મારે નામે તમે માગશો; ને હું તમને એમ નથી કહેતો કે હું તમારે સારૂ
બાપની પાસે વિનંતી કરીશ; 27 કેમકે બાપ પોતે તમારા પર પ્રેમ કરે છે,
કેમકે તમે મારા પર પ્રેમ કીધો છે, ને હું દેવની પાસેથી નીકળ્યો છું, એવો
વિશ્વાસ પણ કીધો છે. 28 હું બાપ પાસેથી નીકળીને જગતમાં આવ્યો
છું; વળી હું જગત મુકીને બાપની પાસે જાઉં છું. 29 તેના શિષ્યો કહે છે
કે, જો, હવે તું સ્પષ્ટ રીતે બોલે છે, ને કંઈ દૃષ્ટાંત નથી કહેતો. 30 હવે
અમે જાણીએ છીએ કે તું સઘળી વાતો જાણે છે, ને કોઇ માણસ તને પુ-
છે એવી તને અગત્ય નથી; એ ઉપરથી અમે વિશ્વાસ કરીએ છીએ કે તું
દેવ પાસેથી આવ્યો છે. 31 ઇસુએ તેઓને ઉત્તર દિધો કે, તમે શું હવે વિ-
શ્વાસ કરો છો? 32 જુઓ, એવી ઘડી આવે છે, હા, હમણાં આવી છે કે,
તમે હરેક માણસ પોતપોતાનાંની ગમ વેરાઈ જશો, ને મને એકલો મુક-
શો; તો પણ હું એકલો નથી, કેમકે બાપ મારી સાથે છે. 33 મારામાં તમને
શાંતિ થાય માટે મેં તમને એ વાતો કહી છે; જગતમાં તમને સંકટ થાય
છે; પણ છાતી રાખો; જગતને મેં જીત્યું છું.

17 ઇસુએ એ વાતો કહ્યા પછી આકાશ તરફ પોતાની આંખો ઉંચી
કરીને કહ્યું કે, બાપ, સમય આવ્યો છે; તું તારા દીકરાને મહિમા-
વાન કર, એ માટે કે દીકરો તને મહિમાવાન કરે. 2 કેમકે તે સર્વ દેહધા-
રીઓ પર તેને અધિકાર આપ્યો છે કે, જે સર્વ તેં તેને આપ્યાં છે તેઓને
તે અનંત જીવન આપે. 3 અને અનંત જીવન એ છે કે તેઓ તને એકલા
ખરા દેવને તથા ઇસુ ખ્રીસ્ત જેણે મેં મોકલ્યો છે તેને જાણે. 4 જે કામ
કરવાનું તેં મને સોંપ્યું છે તે પુરૂં કરીને મેં તને પૃથ્વી પર મહિમાવાન કી-
ધો છે. 5 અને હવે, ઓ બાપ, જગત તથા અગાઉ તારી સાથે જે મહિમા
હું ભોગવતો હતો તેથી તું હમણાં પોતાની સાથે મને મહિમાવાન કર.
6 જગતમાંથી જે માણસો તે મને આપ્યાં છે, તેઓને તારૂં નામ મેં પ્રગટ
કીધું છે; તેઓ તારાં હતાં, ને તેઓને મને આપ્યાં છે; ને તેઓએ તારી
વાત પાળી છે. 7 હવે તેઓ જાણે છે કે જે જે તેં મને આપ્યાં છે, તે સર્વ
તારાથી છે. 8 કેમકે જે વાતો તેં મને આપી હતી તેં મેં તેઓને આપી છે;
ને તેઓએ તે સ્વીકારી; ને હું તારી પાસેથી નીકળીને આવ્યો છું, એ તે-
ઓએ નિશ્ચે જાણ્યું, ને તે મને મોકલ્યો છે, એમ તેઓએ વિશ્વાસ કીધો.
9 તેઓને સારૂ હું વિનંતી કરૂં છું; જગતને સારૂ હું વિનંતી કરતો નથી,
પણ જેઓને તેં મને આપ્યાં છે તેઓને સારૂ; કેમકે તેઓ તારા છે;
10 અને જે મારાં તે બધા તારાં છે, ને જે તારા તે મારાં છે; ને હું તેઓમાં
મહિમાવાન થયો છું. 11 અને હવેથી હું જગતમાં નથી, પણ તેઓ જગત-
માં છે, ને હું તારી પાસે આવું છું. ઓ પવિત્ર બાપ, તારૂં નામ જે તેં મને
આપ્યું છે, તેમાં તેઓને આપણા જેવા એક થવા સારૂ સંભાળી રાખ.
12 હું તેઓની સાથે જગતમાં હતો ત્યાં સુધી તારૂં નામ જે તેં મને આપ્યું
છે તેમાં મેં તેઓને સંભાળી રાખ્યાં; ને મેં તેઓનું રક્ષણ કીધું, ને લેખ પુ-
રો થવા સારૂ વિનાશના દીકરા શિવાય તેઓમાંના કોઇનો વિનાશ નહિ
થયો. 13 પણ હવે હું તારી પાસે આવું છું, ને તેઓમાં મારો આનંદ સંપૂર્ણ
થાય, માટે હું જગતના એ વાતો કહું છું. 14 તારી વાત મેં તેઓને અઆપી
છે, ને જગતે તેઓના ઉપર દ્વેષ કીધો છે કેમકે જેમ હું જગતનો નથી,
તેમ તેઓ પણ જગતના નથી. 15 તું તેઓને જગતમાંથી લઇ લે એવી
વિનંતી હું નથી કરતો, પણ એવી કે ભુંડાથી તું તેઓને બચાવે. 16 જેમ
હું જગતનો નથી, તેમ તેઓ જગતના નથી. 17 સત્યથી તેઓને પવિત્ર
કર; તારૂં વચન સત્ય છે. 18 જેમ તેં અને જગતમાં મોકલ્યો છે, તેમ મેં
પણ તેઓને જગતમાં મોકલ્યા છે. 19 અને તેઓ પોતે પણ સત્યથી
પવિત્ર થાય માટે તેઓને સારૂ હું પોતાને પવિત્ર કરૂં છું. 20 વળી હું એક-
લા તેઓને સારૂ નહિ, પણ તેઓની વાતથી મારા પર જે વિશ્વાસ કરશે,
તેઓને સારૂ પણ વિનંતી કરૂં છું કે, 21 તેઓ બધા એક થાય; ઓ બાપ,
જેમ તું મારામાં મેં હું તારામાં, તેમ તેઓ પણ આપણામાં થાય, એ સારૂ
કે તે મને મોકલ્યો છે, એવો જગત વિશ્વાસ કરે. 22 અને જે મહિમા તેં
મને આપ્યો છે તે મેં તેઓને એ માટે આપ્યો છે, કે જેવા આપણે એક
છીએ તેવા તેઓ પણ એક થાય; 23 [એટલે] હું તેઓમાં ને તું મારામાં
થાય, એ માટે કે તેઓ એકરૂપ થઈને સંપૂર્ણ કરાય, એ સારૂ કે જગત
જાણે કે તેં મને મોકલ્યો છે, ને જેમ તેં મારા પર પ્રેમ કીધો છે, તેમ તે-
ઓના પર પ્રેમ કીધો છે. 24 બાપ, હું એમ ચાહું છું કે, જ્યાં હું છું ત્યાં જે-
ઓને તેં મને આપ્યાં છે તેઓ પણ મારી પાસે હોય, કે મારો મહિમા જે તેં
મને આપ્યો છે તે તેઓ જુએ; કેમકે જગતનો પાયો નાખ્યા અગાઉ તેં
મારા પર પ્રેમ કીધો હતો. 25 ઓ યથાર્થી બાપ, જગતને તો તને જાણ્યો
નથી; પણ મેં તને જાણ્યો છે; ને તેં મને મોકલ્યો છે, એમ તેઓએ જા-
ણ્યું છે; 26 અને તેઓને તારૂં નામ મેં જણાવ્યું છે, ને જણાવીશ; એ માટે
કે, જે પ્રેમથી તેં મારા પર પ્રેમ કીધો છે, ત તેઓમાં રહે, ને હું તેઓમાં રહું.

18 ઇસુ એ વાતો કહીને પોતાના શિષ્યો સુદ્ધાં કીદ્રોન નાળાને પેલે
પાર ગયો, જ્યાં એક વાદી હતી, જેમાં પોતે તથા તેના સીશ્યૂ પે-
ઠા. 2 હવે તેને પરસ્વાધીન કરનાર યહુદા પણ તે ઠેકાણું જાણતો હતો;
કેમકે ઇસુ પોતાના શિષ્યોની સાથે ઘણી વાર ત્યાં જતો હતો. 3 ત્યારે
યહુદા સીપાઇઓની ટુકડી લઈને અને મુખ્ય યાજકો તથા ફરોશીઓની
પાસેથી ભાલદારોને લઈને ફાનસો તથા મશાલો તથા હથિયારો સુદ્ધાં
ત્યાં આવે છે. 4 ઇસુ તો પોતા પર જે સઘળું વિતવાનું હતું તે જાણતો
હતો, તે માટે તેણે બહાર જઈને તેઓને કહ્યું કે, તમે કોને શોધો છો?
5 તેઓએ તેને ઉત્તર દીધો કે, ઇસુ નાઝારીને. ઇસુ તેઓને કહે છે કે, હું તે
છું. અને યહુદા તેને પરસ્વાધીન કરનાર પણ તેઓની જોડે ઉભો હતો.
6 એ માટે જયારે તેણે તેઓને કહ્યું કે, હું તે છું, ત્યારે તેઓ પાછા હટીને
ભોંય પર પડ્યા. 7 ત્યારે તેણે ફરી તેઓને પુછ્યું કે, તમે કોને શોધો છો?
ને તેઓએ કહ્યું કે, ઇસુ નાઝારીને. 8 ઇસુએ ઉતર દીધો કે, મેં તમને કહ્યું
કે, હું તે છું; એ માટે જો તમે મને શોધતા હો તો અ માણસોને જવા દો.
9 એ માટે કે જે વચન તે બોલ્યો હતો કે, જેઓને તેં મને આપ્યા છે તે-
ઓમાંથી એકને પણ ખોયો નથી, તે પુરૂં થાય. 10 ત્યારે સીમોન પીતર
જેની પાસે તરવાર હતી તે તેણે કાઢી, ને પ્રમુખ્ય યાજકના ચાકરને મા-
રીને તેનો જમણો કાન કાપી નાખ્યો. હવે તે ચકારનું નામ માલ્ખસ હતું.
11 એ માટે ઇસુએ પીતરને કહ્યું કે, તરવાર મિયાનમાં ઘાલ; જે વાટકો
મારા બાપ મને આપ્યો છે તે શું હું ના પીઉં? 12 ત્યારે સિપાઈઓએ તથા
જમાદારે તથા યહુદીઓના ભાલદારોએ ઇસુને પકડ્યો, ને તેને બાંધ્યો,
13 અને પહેલાં તેને આનાસની પાસે લઇ ગયા; કેમકે તે વરસના પ્રમુખ્ય
યાજક કાયાફાસનો તે સસરો હતો. 14 હવે જે કાયાફાસે યહુદીઓને
એવી સલાહ આપી હતી કે, લોકોને સારૂ એક માણસે મરવું લાભકારક
છે, તે એજ હતો. 15 અને સીમોન પીતર તથા બીજો એક શિષ્ય ઇસુની
પાછળ ગયા. હવે તે શિષ્ય પ્રમુખ્ય યાજકનો ઓળખીતો હતો તેથી
ઇસુની સાથે પ્રમુખ્ય યાજકના [ઘરના] ચોકમાં ગયો. 16 પણ પીતર બા-
રણા આગળ બહાર ઉભો રહ્યો હતો. માટે તે બીજો શિષ્ય જે પ્રમુખ્ય
યાજકનો ઓળખીતો હતો તે બહાર આવ્યો, ને દરવાજો સાચવનારીને
કહીને પીતરને માંહે લાવ્યો. 17 ત્યારે તે દરવાજો સાચવનારી દાસી પી-
તરને કહે છે કે, શું તું પણ તે માણસના શિષ્યોમાંનો છે? તે કહે છે કે, હું
નથી. 18 હવે ચાકરો તથા ભાલદારો કોયલાનો દેવતા સળગાવીને ઉભા
રહીને તાપ્ત હતા; કેમકે ટાઢ હતી; ને પીતર પણ તેઓની જોડે ઉભો
રહીને તપતો હતો. 19 ત્યારે પ્રમુખ્ય યાજકે ઇસુને તેના શિષ્યો વિષે

તથા તેના બોધ વિષે પુછ્યું. 20 ઇસુએ તેને ઉત્તર આપ્યો કે, જગતની
આગળ પ્રગટ રીતે હું બોલતો આવ્યો છું; સભાસ્થાનોમાં તથા મંદિરોમાં
જ્યાં સઘળા યહુદીઓ એકઠા થાય છે, ત્યાં હું નિત્ય બોધ કરતો હતો;
ને હું ગુપ્તમાં કંઈ બોલ્યો નથી. 21 તું મને કેમ પુછે છે? તેઓને મેં શું કહ્યું
તે મારા સાંભળનારાઓને પુછ; જો, મેં જે વાતો કહી તે તેઓ જાણે છે.
22 અને તેણે એમ કહ્યું ત્યારે ભાલદારોમાંનો એક પાસે ઉભો હતો, તેણે
ઇસુને તમાચો મારીને કહ્યું કે,શું તું પ્રમુખ્ય યાજકને એવી રેતે ઉતર દે
છે? 23 ઇસુએ તેને ઉતર દીધો કે, જો મેં ભુંડું કહ્યું હોય તો તે ભુંડાઇ વિષે
શાહેદી આપ; પણ જો સારૂ, તો તું મને કેમ મારે છે? 24 ત્યારે કાયાફાસ
પ્રમુખ્ય યાજકની પાસે આનાસે તેને બાંધીને મોકલ્યો. 25 હવે સીમોન
પીતર ઉભો રહીને તાપતો હતો, ત્યારે તેઓએ તેને કહ્યું કે, શું તું પણ
એના શિષ્યોમાંનો છે? તેણે નકાર કરતાં કહ્યું કે, હું નથી. 26 જેનો કાન
પીતરે કાપી નાખ્યો હતો તેનો સગો જે પ્રમુખ્ય યાજકના ચાકરોમાંનો
એક હતો તે કહે છે કે, વાડીમાં મેં તને તેની સાથે જોયો નથી શું?
27 ત્યારે પીતરે ફરી નકાર કીધો; ને તરત મરઘો બોલ્યો. 28 ત્યારે તેઓ
ઇસુને કાયાફાસ પાસેથી દરબારમાં લઇ જય છે; અને તે વખતે પરોઢિયું
થયું હતું; ને તેઓ અશુદ્ધ ન થતાં પાસ્ખા ખાઇ શકે, માટે તેઓ પોતે દર-
બારમાં ન ગયા. 29 એ માટે પીલાતે તેઓની પાસે બહાર આવીને કહ્યું
કે, એ માણસ પર તમે શું તોહોમત મુકો છો? 30 તેઓએ ઉત્તર દેતાં તેને
કહ્યું કે, જો એ માણસ ભુંડું કરનાર ન હોત તો અમે એને તને ન સોંપત.
31 ત્યારે પીલાતે તેઓને કહ્યું કે, તમે પોતે એને લઇને તમારા નિયમશા-
સ્ત્ર પ્રમાણે એનો ન્યાય કરો, યહુદીઓએ તેને કહ્યું કે, કોઇને મારી ના-
ખવાનો અધિકાર અમને નથી. 32 પોતે કયા મોતથી મરનાર હતો તે સુ-
ચવતાં ઇસુએ જે વચન કહ્યું હતું તે પુરૂં થાય માટે [એમ થયું]. 33 એ મા-
ટે પીલાતે ફરી દરબારમાં જઇને ઇસુને બોલાવીને તેને કહ્યું કે, તું શું યહુ-
દીઓનો રાજા છે? 34 ઇસુએ ઉત્તર દીધો કે, એ શું તું પોતાથી કહે છે, કે
કોઇ બીજાઓએ મારા સંબંધી એ તને કહ્યું? 35 પીલાતે ઉત્તર દીધો કે,
શું, હું યહુદી છું? તારા દેશનાઓએ તથા મુખ્ય યાજકોએ તને મારે હવા-
લે કીધો; તે શું કીધું છે? 36 ઇસુએ ઉતર આપ્યો કે, મારૂં રાજ્ય આ જગ-
તનું નથી; જો મારૂં રાજ્ય આ જગતનું હોત, તો મારા સેવકો લડત, એ
માટે પીલાતે તેને કહ્યું કે, ત્યારે તું રાજા છે શું? 37 ઇસુએ ઉત્તર આપ્યો
કે, તું કહે છે કે હું રાજા છું; એજ માટે હું જન્મ્યો છું, ને એજ સારૂ હું જગ-
તમાં આવ્યો છું, કે સત્ય વિષે શાહેદી આપું; હરેક જે સત્યનો છે, તે મા-
રી વાણી સાંભળે છે. 38 પીલાત તેને કહે છે કે, સત્ય શું છે? અને એમ
કહીને તે ફરી યહુદીઓની પાસે બહાર ગયો, ને તેઓને કહે છે કે મને તે-
નામાં કંઈ ગુન્હો માલમ પડતો નથી. 39 પણ પાસ્ખા પર્વમાં તમારે સારૂ
એકને હું છોડી દઉં, એવી તમારી રીત છે, માટે હું તમારે સારૂ યહુદીઓ-
ના રાજાને છોડી દઉં, એમ તમે ચાહો છો શું? 40 ત્યારે તે બધાએ ફરી
બૂમ પાડતાં કહ્યું કે, એને નહિ, પણ બારાબાસને. બારાબાસ તો લૂંટારો
હતો.

19 ત્યારે પછી પીલાતે ઇસુને લઇને કોરડા માર્યા. 2 અને સિપાઇ-
ઓએ કાંટાનો મુગટ ગુંથીને તેના માથા પર મુક્યો, ને જાંબુડા
રંગનો જભો તેને પહેરાવ્યો; 3 ને તેઓએ તેની પાસે આવીને કહ્યું કે, ઓ
યહુદીઓના રાજા, સલામ! ને તેઓએ તેને તમાચા માર્યા. 4 ને પીલાત
ફરી બહાર જઇને તેઓને કહે છે કે, જુઓ, એને હું તમારી પાસે બહાર
લાવું છું, એ માટે કે, મને એનામાં કંઈ ગુન્હો માલમ પડતો નથી, એ તમે
જાણો છો 5 ત્યારે ઇસુ કાંટાનો મુગટ તથા જાંબુડા રંગનો જભો પહેરેલો
એવો બહાર નીકળ્યો. પછી [પીલાત] તેઓને કહે છે કે, જુઓ, આ મા-
ણસ! 6 જયારે મુખ્ય યાજકોએ તથા ભાલદારોએ તેને જોયો, ત્યારે તે-
ઓએ બૂમ પાડતાં કહ્યું કે, એને વધસ્તંભે જડાવ, વધસ્તંભે જડાવ. પી-
લાત તેઓને કહે છે કે, તમે પોતે એને લઇને વધસ્તંભે જડાવો; કેમકે
મને એનામાં કંઈ ગુનાહ માલમ પડતો નથી. 7 યહુદીઓએ તેને ઉત્તર
દીધો કે, અમારે નિયમશાસ્ત્ર છે, ને તે નિયમશાસ્ત્ર પ્રમાણે એણે મર-
ણદંડ ભોગવવો જોઇએ; કેમકે પોતે દેવનો દીકરો હોવાનો દાવો એણે
કર્યો છે. 8 એ માટે પીલાત એ વાત સાંભળીને વધારે બીધો. 9 અને ફરી
દરબારમાં જઇને ઇસુને કહે છે કે, તું ક્યાંનો છે? પણ ઇસુએ તેને ઉત્તર
ન દીધો. 10 ત્યારે પીલાત તેને કહે છે કે, શું તું મને કશું કહેતો નથી?
તને છોડી દેવાનો અધિકાર મને છે, ને તને વધસ્તંભે જડવાનો અધિ-
કાર મને છે, એ તું જાણતો નથી શું. 11 ઇસુએ તેને ઉત્તર દીધો કે, ઉપર-
થી તને અપાયો વગર મારા પર તને કંઈ અધિકાર ન હોત; તે માટે જેણે
મને તને સોંપ્યો તેનું પાપ વિશેષ છે. 12 આ પરથી પીલાતે તેને છોડી
દેવાને કોશિષ કીધી; પણ યહુદીઓએ બૂમ પાડતાં કહ્યું કે, જો તું એ
માણસને છોડી દે, તો તું કાઈસારનો મિત્ર નથી; જે કોઇ પોતાને રાજા
ઠરાવે છે, તે કાઇસારની વિરુદ્ધ બોલે છે. 13 ત્યારે એ વાત સાંભળીને
પીલાત ઇસુને બહાર લાવ્યો, ને ફરસબંદી કહેવાતી જે જગ્યા, જેણે હેબ્રી
ભાષામાં ગાબ્બાથા કહે છે, ત્યાં ન્યાયાસન પર તે બેઠો. 14 હવે પાસ્ખા-
ની તૈયારીનો એ દહાડો હતો, ને આસરે બપોર થયા હતા. ત્યારે તે યહુ-
દીઓને કહે છે કે, જુઓ, તમારો રાજા! 15 ત્યારે તેઓએ મોટે ઘાંતે કહ્યું
કે, એને દૂર કર, દૂર કર, વધસ્તંભે જડાવ. પીલાત તેઓને કહે છે કે, શું
તું તમારા રાજાને વધસ્તંભે જડાવું? મુખ્ય યાજકોએ ઉત્તર દીધો કે, કા-
ઈસાર શિવાય અમારે કોઇ રાજા નથી. 16 ત્યારે તેને વધસ્તંભે જડવાને
તેણે તેઓને સોંપ્યો. એ માટે તેઓ ઇસુને પકડી લઇ ગયા. 17 પછી તે
પોતાનો વધસ્તંભ ઉંચકીને ખોપરીની જગ્યા, જે હેબ્રી ભાષામાં ગલગ-
થા કહેવાય છે, ત્યાં બહાર ગયો. 18 ત્યાં તેઓએ તેને તથા તેની સાથે
બીજા બેને વધસ્તંભે જડ્યા; દરેક બાજુએ એકને, તથા વચમાં ઇસુને.
19 અને પીલાતે સરનામું લખીને વધસ્તંભ પર લગાડ્યું; ને એખ એ હતો
કે, ઇસુ નાઝારી યહુદીઓનો રાજા. 20 અને જ્યાં ઇસુને વધસ્તંભે જડવા-
માં આવ્યો હતો, તે ઠેકાણું શહેરની પાસે હતું, ને તે લેખ તથા હેલેની
તથા રૂમી ભાષામાં લખેલો હતો, માટે ઘણાં યહુદીઓએ તે વાંચ્યો.
21 એ માટે યહુદીઓના મુખ્ય યાજકોએ પીલાતને કહ્યું કે, યહુદીઓનો
રાજા, એમ ન લખ, પણ એમ કે, તેણે કહ્યું કે, હું યહુદીઓનો રાજા છું.
22 પીલાતે ઉત્તર દીધો કે, મેં જે લખ્યું તે લખ્યું. 23 હવે સિપાઇઓએ
ઇસુને વધસ્તંભે જડ્યા પછી તેનાં લૂગડાં લીધાં, ને ચાર ભાગ પડ્યા,
દરેક સિપાઇને વાસ્તે એક; ને ડગલો પણ લીધો; હવે તે ડગલો સીવણ
વગરનો, ઉપરથી આખો વણેલો હતો. 24 એ માટે તેઓએ માહોમાંહે કહ્યું
કે, આપણે એ ફાડવો નહિ; પણ એ કોણને મળે એ જાણવા માટે ચિ-
ઠ્ઠીઓ નાખવી. તે એ માટે થયું કે, શાસ્ત્રમાં જે લખેલું તે પુરૂં થાય, એટ-
લે, તેઓએ માહોમાંહે મારા લૂગડાં વહેંચી લીધા, ને મારા ડગલા માટે
ચિઠ્ઠીઓ નાખી. એ કામો તો સિપાઇઓએ કીધાં. 25 પણ ઇસુના વધ-
સ્તંભ પાસે તેહી માં, તથા તેની માસી, ક્લોપાસની વહુ મરિયમ તથા
મરિયમ માગદાલેણ ઉભા રહેલાં હતા. 26 તે માટે ઇસુએ જયારે પોતાની
માને તથા જેનાં પર પોતે પ્રેમ કરતો તે શિષ્યને પાસે ઉભા રહેલાં જોયાં,
ત્યારે તે પોતાની મને કહે છે કે, બાઇ, જો, તારો દીકરો! 27 ત્યાર પછી તે
તે શિષ્યને કહે છે કે, જો, તારી મા ! અને તેજ ઘડીથી તે શિષ્ય તેને પો-
તાના ઘરમાં લીધી. 28 એ પછી ઇસુ હવે સઘળું પુરૂં એ જાણીને, ધર્મલેખ
પુરો થાય એ માટે કહે છે કે, મને તરસ લાગી છે. 29 અને ત્યાં સીરકોએ
ભરેલું એક વાસણ મુક્યું હતું; માટે તેઓએ એક વાદળી સીરકાએ ભરી-
ને, ઝૂફા પર મુકીને તેના મ્હો આગળ ધરી. 30 માટે ઇસુએ સીરકો લીધા
પછી કહ્યું કે, સંપૂર્ણ થયું; ને માથું નમાવીને પ્રાણ છોડ્યો. 31 ત્યારે સિ-
દ્ધિકરણનો દિવસ હતો, (ને તે વિશ્રામવારનો દિવસ મોટો [દિવસ]
હતો), એ માટે વિશ્રાન્વારે તેઓના મુડદાં વધસ્તંભ પર ન રહે માટે યહુ-
દીઓએ પીલાતને વિનંતી કીધી કે તેઓના ટાંટિયા ભાંગીને તેઓને
લઇ જવામાં આવે. 32 એ માટે સિપાઇઓએ આવીને તેની સાથે વધ-
સ્તંભે જડાએલા પહેલાના તથા બીજાના ટાંટિયા ભાંગ્યા. 33 પણ તે-
ઓએ ઇસુની પાસે આવીને તેને મરેલો દીઠો, ત્યારે તેના ટાંટિયા
ભાંગ્યા નહિ. 34 તોપણ સિપાઇઓમાંથી એક ભાલાથી તેની કૂખ
વીંધી,ને તરત તેમાંથી લોહી તથા પાણી નીકળ્યાં. 35 અને જેણે જોયું કે
તેણેજ આ શાહેદી આપી છે, ને તેની શાહેદી ખરી છે; અને તમે પણ વિ-
શ્વાસ કરો તે માટે તે ખરૂં કહે છે, એ તે જાણે છે. 36 કેમકે તેનું એક પણ
હાડકું ભંજાશો નહિ, એ લેખ પુરો થવા સારૂ એમ થયું; 37 ને ફરી બીજો
લેખ કહે છે કે, જેણે તેઓએ વીંધ્યો તેને તેઓ જોશે. 38 અને એ વાતો
પછી આરમથીઆનો યુસફ, જે ઇસુનો શિષ્ય હતો, પણ યહુદીઓના
ધાકને લીધે ગુપ્ત રીતે હતો, તેણે ઇસુનું મુડદું લઇ જવાની પીલાત પાસે
રજા માગી; અને પીલાતે રજા આપી. તે માટે તેણે આવીને તેનું મુડદું
ઉતારી લીધું. 39 આને નીકોદેમસ, જે પહેલાં રાત્રે ઇસુની પાસે આવ્યો
હતો, તે પણ બોળ તથા અગરનું મિશ્ર આસરે સો શેર લઇને આવ્યો.

40 ત્યારે યહુદીઓની દાટવાની રીત પ્રમાણે તેઓએ ઈસુનું મુડદું લઈને,
સુગંધિઓ સુદ્ધાં, સણના લૂગડામાં લપેટ્યું. 41 હવે જ્યાં તે વધસ્તંભે
જડાયો હતો, તે જગ્યાએ વાડી હતી, ને તે વાડીમાં નવી કબર હતી, જે-
માં કોઈને કદી મુકેલો ન હતો. 42 એ વાસ્તે તેઓએ ઈસુને યહુદીઓના
સિદ્ધિકરણના દિવસને લીધે ત્યાંજ મુક્યો, કેમકે તે કબર પાસે હતી.
20 ત્યારે અઠવાડિયાને પહેલે [દહાડે] મોટી સવારે અંધારૂં હતું
એવામાં મરિયમ માગદાલેણ કબર આગળ આવી, ને કબર પર-
થી પત્થર ખસેડેલો તેણે દીઠો. 2 ત્યારે તે દોડીને સીમોન પીતરની પા-
સે તથા બીજો શિષ્ય, જેનાં પર ઈસુ પ્રેમ રાખતો હતો, તેની પાસે
આવીન તેઓને કહે છે કે, પ્રભુને તેઓએ કબરમાંથી કાઢી કીધો છે, ને
તેઓએ તેને ક્યાં મુક્યો છે એ તમે જાણતાં નથી. 3 તે માટે પીતર તથા
તે બીજો શિષ્ય કબર તરફ જવા નિકળ્યા. 4 અને તે બંને સાથે દોડ્યા;
પણ તે બીજો શિષ્ય પીતરને પાછળ મુકી દઈને કબર આગળ પહેલો
પહોંચ્યો. 5 અને તેણે નીચા વળીને અંદર જોયું તો સણના લૂગડાં પડે-
લા દીઠાં; તોપણ તે માહો ગયો નહિ. 6 ત્યારે સીમોન પીટર પણ તેની
પાછળ આવીને કબર માંહે પેઠો; ને તેણે સણનાં લૂગડાં પડેલા દીઠાં.
7 અને જે રૂમાલ તેના માથા પર હતો, તે સણના લૂગડાંની જોડે પડેલો
નહોતો, પણ એક જગ્યાએ એકલો વાળીને મુકેલો હતો. 8 પછી બીજો
શિષ્ય કે જે કબર પાસે પહલો આવ્યો હતો, તેણે પણ માંહે જઇને જોયું,
ને વિશ્વાસ કીધો. 9 કેમકે ત્યાં સુધી તેઓ આ લેખ સમજતા ન હતા કે,
તેણે મરી ગએલાંઓમાંથી પાછા ઉઠવું જોઈએ. 10 ત્યારે શિષ્યો ફરી પો-
તાના ઘેર ગયા. 11 પણ મરિયમ બહાર કબરની પાસે રડતી ઉભી રહીને,
રડતાં રડતાં નીચી નમીને કબરમાંથી ડોકિયાં કરતી હતી; 12 ને જ્યાં
ઈસુનું મુડદું મુકેલું હતું, ત્યાં ઉજળાં લૂગડાં પહેરેલા બે દૂતને, એકને
ઓશીશે, ને બીજાને પાંગતે, બેઠેલા તેણે જોયા. 13 અને તેઓ તેને કહે
છે કે, બાઇ, તું કેમ રડે છે? તે તેઓને કહે એચે, તેઓ મારા પ્રભુને લઇ
ગયા છે, ને તેઓએ તેને ક્યાં મુક્યો છે તે હું જાણતી નથી, માટે [રડું છું].
14 એમ કહીને તેણીએ પછવાડે ફરીને ઈસુને ઉભેલો જોયો; પણ એ ઈસુ
છે, એમ તેણીએ જાણ્યું નહિ. 15 ઈસુ તેને કહે છે કે, બાઇ, તું કેમ રડે છે?
તું કોણે શોધે છે? તે માલી છે એમ ધારીને તેણીએ તેને કહ્યું કે, સાહેબ,
જો તે તેને અહીંથી ઉઠાવી લીધો હોય, તો તે તેને ક્યાં મુક્યો છે એ
અમેન કહે, ને હું તેને લઇ જઈશ. 16 ઈસુ તેને કહે છે કે, મરિયમ; તે ફરી-
ને તેને હેબ્રી ભાષામાં કહે છે કે, રાબ્બોની! એટલે ગુરૂ. 17 ઈસુ તેને કહે
છે કે, હજી સુધી હું બાપ પાસે ચઢી નથી ગયો, માટે મને અડક મા; પણ
મારા ભાઈઓની પાસે જઈને તેઓને કહે કે, જે મારો બાપ તથા તમારો
બાપ, ને મારો દેવ તથા તમારો દેવ, તેની પાસે હું ચઢી જાઉં છું. 18 મરિ-
યમ માગદાલેણે આવીને શિષ્યોને ખબર આપી કે, મેં પ્રભુને જોયો છે,
ને તેણે મને એ વાતો કહી. 19 ત્યારે તેજ દહાડે, એટલે અઠવાડિયાને
પહેલે દવસે, સાંજ પડ્યો, સીશ્યૂ જ્યાં [એકઠા થયા] હતા, ત્યાંનાં બાર-
ણા યહુદીઓના ભયથી બંધ કીધા હતાં, ત્યારે ઈસુ આવ્યો ને વચમાં
ઉભો રહીને તેઓને કહે છે કે, તમને શાંતિ થાઓ. 20 અને તેણે એમ
કહીને પોતાના હાથ તથા કૂખ તેઓને દેખાડ્યાં. માટે શિષ્યો પ્રભુને જો-
ઈને હરખાયા. 21 ત્યારે ઈસુએ ફરી તેઓને કહ્યું કે, તમને શાંતિ થાઓ;
જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હું તમને પણ મોકલું છું. 22 અને તેણે
એમ કહીને તેઓ પર શ્વાસ નાખ્યો, ને તે તેઓને કહે છે કે, તમે પવિત્ર
આત્મા પામો. 23 જેઓનાં પાપ તમે માફ કરો છો, તેઓના માફ કરાય
છે; ને જેઓનાં પાપ તમે રાખો છો, તેઓના રખાય છે. 24 પણ જયારે
ઈસુ આવ્યો ત્યારે થોમા, બારમાંનો એક, જે દીદીમસ કહેવાતો હતો, તે
તેઓની સાથે ન હતો. 25 તે માટે બીજા શિષ્યોએ તેને કહ્યું કે, અમે પ્ર-
ભુને જોયો છે. પણ તેણે તેઓને કહ્યું કે, તેના હાથમાં ખીલાઓના વેહ
જોયા વિના તથા મારી આંગળી ખીલાઓના વેહમાં મુક્યા વિના તથા
તેની કૂખમાં મારો હાથ ઘાલ્યા વિના, હું વિશ્વાસ કરનાર નથી. 26 અને
આઠ દહાડા પછી ફરી તેના શિષ્યો માંહે હતા; ને થોમા તેઓની સાથે
હતો; ત્યારે બારણાં બંધ કીધા છતાં, ઈસુએ આવીને વચમાં ઉભા રહીને
કહ્યું કે, તમને શાંતિ થાઓ. 27 પછી તે થોમાને કહે છે કે, તારી આંગળી
અહીં સુધી પહોંચાડીને મારા હાથ જો; ને તારો હાથ લાંબો કરીને મારી
કૂખમાં ઘાલ; ને અવિશ્વાસી તો નહિ, પણ વિશ્વાસી થા. 28 થોમાએ
ઉત્તર આપતાં તેને કહ્યું કે, મારા પ્રભુ. મેં મારો દેવ 29 ઈસુ તેને કહે છે કે,
તેં મને જોયો છે, માટે વિશ્વાસ કીધો છે; જેઓએ જોયાં વિના વિશ્વાસ
કીધો તેઓને ધન્ય છે. 30 અને બીજા ઘણા ચમત્કાર ઈસુએ પોતાના
શિષ્યોની આગળ કર્યા, કે જે આ પુસ્તકમાં લખેલાં નથી. 31 પણ ઈસુ
તેજ ખ્રીસ્ત, દેવનો દીકરો છે, એવો તમે વિશ્વાસ કરો, ને વિશ્વાસ કરીને
તેના નામથી તમે જીવન પામો માટે આ લખેલાં છે.
21 એ બિનાઓ પછી તીબેરીઅસના સમુદ્રને કાંઠે શિષ્યોને ફરીથી
ઈસુ દેખાયો; અને તે આવી રીતે દેખાયો. 2 સીમોન પીતર, તથા
થોમા જે દીદીમસ કહેવાતો હતો તે, તથા ગાલીલના કાનાનો નાથાના-
એલ, તથા ઝબદીના દીકરા, તથા તેના શિષ્યોમાંના બીજા બે, એઓ
એકઠા હતા. 3 સીમોન પીતર તેઓને કહે છે કે, હું માછલાં પકડવા જાઉં
છું. તેઓ તેને કહે છે કે, અમે પણ તારી સાથે આવીએ છીએ. ત્યારે
તેઓ નીકળીને હોડીએ ચઢ્યા; પણ તે રાત્રે તેઓએ કંઈ પકડ્યું નહિ.
4 પણ પોહ ફાટતી વેળાએ ઈસુ કાંઠે ઉભો હતો; પરંતુ તે ઈસુ છે એમ
શિષ્યો જાણતા ન હતા. 5 ત્યારે ઈસુ તેઓને કહે છે કે, છોકરાઓ, તમા-
રી પાસે કંઈ ખાવાનું છે? તેઓએ તેને ઉત્તર દીધો કે, નથી. 6 ત્યારે તેણે
તેઓને કહ્યું કે, હોડીની જમણી ગમ જાળ નાખો, ને તમને મળશે. તે
માટે તેઓએ માખી; પછી એટલી બધી માછલી તેમાં [ભરાઈ]] કે તેઓ
તેને ખેંચી ન શક્યા. 7 તે માટે જે શિષ્ય પર ઈસુ પ્રેમ પ્રેમ રાખતો હતો,
તે પીતરને કહે છે કે, એ તો પ્રભુ છે. માટે જયારે સીમોન પીતરે સાંભળ્યું
કે, એ પ્રભુ છે, ત્યારે તેણે પોતાનો ડગલો પહેર્યો (કેમકે તે ઉઘાડો હતો),
ને સમુદ્રમાં કૂદી પડ્યો. 8 પણ બીજા શિષ્યો હોડીમાંજ રહીને માછલી-
ઓથી ભરાયલા જાળ ખેંચતા ખેંચતા આવ્યા, કેમકે તેઓ કિનારેથી
આઘા નહિ, પણ આસરે બંસે હાથ જેટલે છેટે હતા. 9 અને તેઓ કિનારે
ઉતર્યા ત્યારે ત્યાં તેઓએ કોયલાનો દેવતા, તથા તેના પર માછલી મુકે-
લી, તથા રોટલી દીઠાં. 10 ઈસુ તેઓને કહે છે કે, તમે હમણાંની પકડેલી
માછલીઓમાંથી લાવો. 11 એ માટે સીમોન પીતરે [હોડી પર] ચઢીને
એકસો ત્રેપન મોટી માછલીઓએ ભરાયલી જાળ કિનારે ખેંચી લાવ્યો;
અને જો કે એટલી બધી [માછલીઓ] હતી તોપણ જાળ ન ફાટી. 12 ઈસુ
તેઓને કહે છે કે, આવો, નાસ્તા કરો. અને તે પ્રભુ છે, એ જાણીને શિ-
ષ્યોમાંથી કોઈને તેને પુછવાની હિમ્મત ન થઈ કે, તું કોણ છે? 13 ઈસુએ
આવીને રોટલી લઈને તેઓને આપી; ને માછલી પણ. 14 ઈસુ મારી
ગએલાંઓમાંથી પાછો ઉઠ્યો પછી પોતાના શિષ્યોને આ ત્રીજી વાર દે-
ખાયો. 15 હવે તેઓએ નાસ્તો કર્યા પછી ઈસુ સીમોન પીતરને કહે છે કે,
યોનાના દીકરા સીમોન, તું શું મારા પર એઓ કરતાં વત્તી પ્રેમ રાખે છે?
તે તેને કહે છે કે, હા પ્રભુ, તું જાણે છે કે હું તારા પર હેતુ રાખું છું. તે તેને
કહે છે કે, મારા ઘેટડાંને પાળ. 16 તે ફરી બીજી વાર તેને કહે છે કે, યોના-
ના દીકરા સીમોન, તું શું મારા પર પ્રીતિ રાખે છે? તે તેને કહે છે કે, હા,
પ્રભુ, તું જાણે છે કે હું તારા પર હેતુ રાખું છું. તેં તેને કહે છે કે,મારાં ઘેટાંને
સાચવ. 17 તે ત્રીજી વાર તેને કહે છે કે, યોનાના દીકરા સીમોન, તું શું
મારા પર હેત રાખે છે? પીતર દલગીર થયો, કારણ કે તેણે ત્રીજી વાર તે-
ને કહ્યું હતું કે, તું શું મારા પર હેત રાખે છે? અને તેણે તેને કહ્યું કે, પ્રભુ,
તું સઘળું જાણે છે; હું તારા પર હેત રાખું છું એ તું જાણે છે. ઈસુ તેને કહે
છે કે, મારા ઘેટાંને પાળ. 18 હું તને ખચિત ખચિત કહું છું કે, જયારે તું જુ-
વાન હતો ત્યારે પોતાની કમર બાંધીને જ્યાં તું ચહાતો હતો ત્યાં જતો;
પણ જયારે તું ઘરડો થશે, ત્યારે તું તારા હાથ લાંબા કરશે, ને બીજો તને
બાંધીને જ્યાં તું જવા નહિ ચાહે ત્યાં તને લઇ જશે. 19 હવે કઈ તેરહના
મોતથી તે દેવનો મહિમા મહિમા કરશે, એ સુચવતાં તેણે એમ કહ્યું..
અને એમ બોલીને તે તેને કહે છે કે, મારી પાછળ આવ. 20 ત્યારે જે શિ-
ષ્ય પર ઈસુ પ્રેમ રાખતો હતો, અને જેણે જમતી વેળાએ ઈસુની છાતી પે
અઢેલીને કહ્યું હતું કે, પ્રભુ, જે તને પરસ્વાધીન કરશે તે કોણ છે? તે
[શિષ્યને] પાછળ આવતો પીતરે પાછો ફરીને જોયો. 21 ત્યારે પીતર તેને
જોઇને ઈસુને કહે છે કે, પ્રભુ, એ માણસ શું કરશે? 22 ઈસુ તેને કહે છે કે,
હું આવું ત્યાં લગી તે રહે એવી મારી ઈચ્છા હોય તો તેમાં તારે શું? તું મા-
રી પાછળ આવ. 23 તેથી એ વાત ભાઈઓમાં ફેલાઇ ગઇ કે તે શિષ્ય
મરવાનો નથી. પણ ઈસુએ તેને એમ નહોતું કહ્યું કે, તે નહિ મરશે; પણ
એમ કે, હું આવું ત્યાં લગી તે રહે એવી મારી ઈચ્છા હોય, તો તેમાં તારે
શું? 24 જે શિષ્યે આ વાતો સંબંધી શાહેદી આપી છે ને આ વાતો લખી
છે, તે એજ છે; ને તેની શાહેદી ખરી છે, એ અમે જાણીએ છીએ. 25 એ

ઈસુના કરેલાં કામ બીજાં પણ ઘણા છે, ને તેઓમાંનું દરેક જો લખવામાં
આવે તો તે લખેલાં પુસ્તકો આ જગતમાં પણ માય નહિ, એમ હું ધારૂં
છું.

# પ્રેરિતોનાં કૃત્યો

### અધ્યાય-1

1 ઓ થીઓફીલ, ઈસુએ પોતાના પસંદ કીધેલ પ્રેરિતોને પવિત્ર
આત્માથી આજ્ઞા આપી, 2 ને તે ઉપર લઈ લેવામાં આવ્યો, તે દિ-
વસ સુધી પોતે જે કરવા તથા શીખવવા લાગ્યો, તે સઘળાં વિષે મેં પેહે-
લું પુસ્તક લખ્યું છે; 3 તેણે મરણ સહ્યા પછી તેઓને ઘણા પ્રમાણોથી
પોતાને સજીવન દેખાડ્યો, એટલે ચાળીસ દિવસ સુધી તે તેઓને દેખા-
તો ને દેવના રાજ્ય વિશેની વાતો કેહેતો રહ્યો; 4 અને તેણે તેઓની સા-
થે એકઠા મળીને તેઓને આજ્ઞા કીધા કે, યરૂશાલેમથી જતા ના, પણ
બાપનું વચન જે તને મારાથી સાંભળ્યું છે તેની વાટ જોતા રહેજો; 5 કેમ-
કે યોહાને પાણીથી બાપ્તિસમાં કીધું ખરૂં, પણ થોડા દિવસ પછી તમે
પવિત્ર આત્માથી બાપ્તિસમાં પામશો. 6 હવે તેઓ એકઠા થયા ત્યારે તે-
ઓએ તેને એમ પૂછ્યું કે, પ્રભુ, તું આ વેળાએ ઈસ્રાએલનું રાજ્ય ફરી
સ્થાપન કરે છે શું? 7 ને તેણે તેઓને કહ્યું કે, જે કાળ તથા સમય બાપે
પોતાના અખત્યારમાં રાખ્યા છે, તે જાણવાનું તમારું કામ નથી. 8 પણ
પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ પામશો, ને યરૂશા-
લેમમાં તથા આખા યહુદાહમાં તથા સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુ-
ધી તમે મારા સાક્ષી થશો. 9 અને એ વાતો કહી રહ્યા પછી, તેઓના દે-
ખતાં તે ઉપર લઈ જવાયો; ને વાદળાએ તેઓની દ્રષ્ટિથી તેને ઢાંકી દી-
ધો. 10 અને તે જતો હતો ત્યારે તેઓ આકાશ તરફ એકી નજરે જોઈ
રહ્યા હતા, એવામાં જુઓ, ઉજળાં વસ્ત્ર પહેરેલા બે પુરુષ તેઓની પાસે
ઉભા રહ્યા; 11 અને તેઓએ કહ્યું કે, ગાલીલના માણસો, તમે આકાશ
તરફ જોતા કેમ ઉભા રહ્યા છો? એજ ઈસુ જે તમારી પાસેથી આકાશમાં
લઈ લેવામાં આવ્યો છે તે, જેમ તમે તેને આકાશમાં જતાં જોયો તેમજ [
પાછો] આવશે. 12 ત્યારે જૈતુન કહેવાએલો પહાડ જે યરૂશાલેમની પાસે,
એટલે વિશ્રામવારની મજલ જેટલે છેટે છે, ત્યાંથી તેઓ યરૂશાલેમમાં
પાછા ગયા. 13 અને તેઓ ત્યાં આવ્યા ત્યારે જે મેડીએ તેઓ રહેતા
હતા, એટલે જ્યાં પીતર તથા યોહાન તથા યાકૂબ તથા આંદ્રયા, ફીલીપ
તથા થોમા, બારથલમી તથા માત્થી, અલફીનો [દીકરો] યાકુબ તથા
સીમોન ઝલોતસ, તથા યાકૂબનો [ભાઈ] યહુદા રહેતા હતા ત્યાં ચઢ્યા.
14 એ સઘળાં, બાયડીઓ સુદ્ધાં, તથા ઈસુની મા મરિયમ તથા તના ભા-
ઈઓ સુદ્ધાં, એકચિતે પ્રાર્થનામાં તત્પર રહેતા હતા. 15 અને તે દિવસો-
માં (જયારે માણસોનો જથો આસરે એકસો વીસનો હતો ત્યારે) ભાઈ-
ઓની વચમાં પીતરે ઉભા થઈને કહ્યું કે, 16 ભાઈઓ, જેઓએ ઈસુને
પકડ્યો તેઓને રસ્તો દેખાડનાર યહુદા વિષે દાઉદના મ્હોથી પવિત્ર
આત્માએ અગાઉથી જે કહ્યું હતું તે લેખ પૂરો થવાની અગત્ય હતી.
17 કેમકે તે આપણામાંનો ગણાયો હતો, ને આ સેવામાં તેને ભાગ મળ્યો
હતો. 18 (હવે એ માણસે અન્યાયના મૂલથી ખેતર વેચાતું લીધું, અને
ઉંધો પડીને તે વચમાંથી ફાટી ગયો, ને તેનાં સર્વ આંતરડા નીકળી પડ-
યા. 19 અને યરૂશાલેમના સઘળા રહેવાસીઓને તે માલમ પડ્યું, તેથી તે
ખેતરનું નામ તેઓની ભાષામાં આકેલદમા, એટલે લોહીનું ખેતર, એવું
પડ્યું. 20 કેમકે ગીતશાસ્ત્રમાં એમ લખ્યું છે કે, તેની રહેવાની જગ્યા
ઉજડ થાઓ, ને તેમાં કોઈ ન વસે, અને તેનું અધ્યક્ષપદ બીજો લે.
21 માટે યોહાનના બાપ્તિસમાં માંડીને પ્રભુ ઈસુ આપણી પાસેથી ઉપર
લઈ લેવામાં આવ્યો તે દિવસ સુધી તેણે આપણામાં આવજા કીધી.
22 તે સઘળા વખતમાં જે માણસો આપણી સાથે ફરતા હતા તેઓમાંથી
એક જણે આપણી સાથે તેના પુનરુત્થાનના સાક્ષી થવું જોઈએ.
23 ત્યારે યુસફ જે બાર્સાબાસ કહેવાય છે, જેની અટક યુસ્તસ હતી, તથા
માત્થીઅસ, એ બેને તેઓએ આગળ ધર્યા. 24 અને તેઓએ પ્રાર્થના કર-
તા કહ્યું કે, સર્વના અંતઃકરણ જાણનાર પ્રભુ, 25 જે સેવા તથા પ્રેરિતપ-
દમાંથી યહુદા પતિત થઈને પોતાના જગ્યાએ ગયો, તેમાં તેની જગ્યા
પુરવાને આ બેમાંથી કોને તે પસંદ કીધો છે તે દેખાડ. 26 અને તેઓએ
તેઓને વાસ્તે ચિઠ્ઠીઓ નાખી, ને માત્થીઅસના [નામની] ચિઠ્ઠી નીક-
ળી; પછી અગીઆર પ્રેરિતોની સાથે તે ગણાયો.

### અધ્યાય-૨

2 અને પચાસમાનો દિવસ આવ્યો, ત્યારે તેઓ સર્વ એક જગ્યામાં
એકઠા થયલા હતા. 2 ત્યારે એકએક ભારે આંધીના ઘુઘવાટ જવો
આકાશમાંથી આવાજ આવ્યો, ને તેઓ બેઠા હતા તે આખું ઘર ગાજી
રહ્યું. 3 અને અગ્નિના જેવા જૂદી પડતી જીભો તેઓને દેખાઈ, ને તેઓ-
માંના પ્રત્યેક ઉપર બેઠી. 4 અને તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપપુર
થયા, ને આત્માએ જેમ તેઓની બોલવાની શક્તિ આપી તેમ તેઓ
અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યાં. 5 હવે આકાશની તળેના પ્રત્યેક દે-
શમાંથી ધાર્મિક યહૂદી માણસો યરૂશાલેમમાં રહેતા હતા. 6 અને તે
અવાજ સંભળાયો ત્યારે ઘણા લોકો એકઠા થયા, ને તેઓ દંગ થઇ
ગયા, કેમકે તેઓમાંના પ્રત્યેક પોતપોતાની ભાષામાં તેઓને બોલતા
સાંભળ્યા. 7 અને તેઓ સઘળા વિસ્મિત થયા, ને અચરત થઈને એક
બીજાને કહેવા લાગ્યાં કે, જુઓ, આ સઘળા બોલનારા ગાલીલના નથી
શું? 8 તો આપણે પ્રત્યેક પોતપોતાની જન્મભાષામાં [તેઓને બોલતાં]
કેમ સાંભળીએ છોએ? 9 પારથીઓ તથા માદીઓ તથા એલામીઓ, ને
મેસોપટામ્યાના તથા યહુદાહના તથા કાપાદોકિયાના, પંતસના તથા
આશિયાના, 10 ફ્રુગિયાના તથા પાંફુલ્યાના, મિસરના તથા કુરેના પાસે-
ના લીબયાના પ્રાન્તોમાંના રહેવાસીઓ તથા રૂમી પ્રવાસીઓ, યહુદીઓ
તથા થયલા યહુદીઓ પણ, 11 ક્રેતીઓ તથા અરબો, તેઓને આપણી
ભાષાઓમાં દેવનાં મોટા કામો વિષે બોલતાં સાંભળીએ છીએ. 12 અને
તેઓ સર્વ વિસ્મિત થયા, ને ગૂંચવણમાં પડીને તેઓ એક બીજાને કહે-
વા લાગ્યા કે, આ શું હશે? 13 પણ બીજાઓએ ઠઠ્ઠા કરતાં કહ્યું કે, એ
માણસોએ નવો દ્રાક્ષરસ પીધો છે. 14 ત્યારે પીતરે અગીઆરો સુદ્ધાં
ઉભા થઈ ઘાટો પાડીને તેઓને કહ્યું કે, યહુદાહના માણસો, તથા યારુ-
શાલેમના સર્વ રહેવાસીઓ, તમે આ જાણી લો, ને મારી વાતોને કાન
ધરો; 15 આ માણસો પીધેલા છે એમ તમે ધારો છો, પણ એમ નથી, કે-
મકે [હજી તો] દિવસનો પહેલોજ પહોર છે; 16 પણ એ તો યોએલ ભવિ-
ષ્યવાદીએ જે કહ્યું હતું તે છે કે, 17 દેવ કહે છે કે, છેલ્લો દિવસોમાં એમ
થશે કે, હું મારો આત્મા સર્વ માણસો પર રેડીશ, ને તમારા દીકરાઓ
તથા તમારી દીકરીઓ ભવિષ્યવાદ કહેશે, ને તમારા જુવાનોને સંદર્શનો
થશે, ને તમારા વૃદ્ધાને સવપ્ન આવશે; 18 વળી તે દિવસોમાં હું મારા
દાસો પર તથા માર દાસીઓ પર મારો આત્મા રેડીશ, ને તેઓ ભવિષ્ય-
વાદ કહેશે; 19 ને ઉપર આકાશમાં અદભૂત કામ, તથા નીચે પૃથ્વીમાં
ચમત્કારો હું દેખાડીશ, લોહી તથા અગ્નિ તથા ધુમાડાના ગોટેગોટા;
20 પ્રભુનો તે મોટો તથા પ્રસિદ્ધ દિવસ આવ્યા અગાઉ સૂરજ અંધકાર-
રૂપ, ને ચંદ્ર લોહીરૂપ થઈ જશે; 21 ને એમ થશે કે જે કોઈ પ્રભુને નામે
પ્રાર્થના કરશે તે તારણ પામશે. 22 ઇસ્રાએલી માણસો, તમે આ વાતો
સાંભળો. ઈસુ નાઝારી, જેની મારફતે દેવે તમારામાં જે પરાક્રમી કામો
તથા આશ્ચર્યો તથા ચમત્કારો કરાવ્યા, જે વિષે તમે પોતે પણ જાણો
છો, તેઓ વડે તે દેવને પસંદ પડેલો માણસ તમારી આગળ [સાબિત
થયો] તે છતાં, 23 દેવના ઠરાવેલા મનસુબા તથા પૂર્વજ્ઞાન પ્રમાણે તે
પરસ્વાધીન કરાયેલો, તેને તમે પકડીને ભૂંડાઓની હસ્તક વધસ્તંભે
જડાવીને મારી નાખ્યો. 24 તેને દેવે મરણની વેદનાથી છોડીને ઉઠાડ્યો,

કેમકે તે તેથી બંધાઈ રહે તે અશક્ય હતું. 25 કેમકે દાઉદ તેના વિષે કહે
છે કે, મેં પોતાની સન્મુખ પ્રભુને સદા જોયો, કેમકે તે મારે જમણે હાથ
છે, એ માટે કે હું ખસેડાઉં નહિ. 26 તે સારૂ મારું અંતઃકારણ મગ્ન થયું, ને
મારી જીભ હરખાઈ, વળી મારો દેહ પણ આશામાં રહેશે. 27 કેમકે તું મા-
રા આત્માને હાડેસમાં રહેવા નહિ દઈશ, વળી તું તારા પવિત્રને કહો-
વાણ પણ જોવા નહિ દઈશ; 28 તે મને જીવનના માર્ગ જણાવ્યા છે; તું
તારા મુખ[ના દર્શન]થી મને આંનદે ભરપૂર કરીશ. 29 ભાઈઓ, [આપ-
ણા] પૂર્વજ દાઉદ વિષે હું તમને ખુલ્લી રીતે કહી શકું છું કે, તે મરણ પા-
મ્યો છે, ને દટાયો પણ છે, ને તેની કબર આજ લગી આપણે અહીં છે.
30 તે ભવિષ્યવાદી હતો, ને જાણતો હતો કે દેવે સમ ખાઈને મને કહ્યું છે
કે, તારા સંતાનમાંના એકને હું તારા રજ્યાસન પર બેસાડીશ; 31 એવું
આગળથી જાણીને તેણે ખ્રીસ્તના પુનરૂત્થાન વિષે કહ્યું કે, તે હાડેસમાં
મુકી દેવાયો નહિ, ને તેના દેહે કહોવાણ પણ જોયું નહિ. 32 એ ઈસુને દે-
વે ઉઠાડ્યો છે, ને તે વિષે અમે સર્વ સાક્ષી છીએ. 33 માટે દેને જમણે હા-
થે ઉંચો કરાઈને, તથા બાપ પાસેથી પવિત્ર આત્માનું વચન પામીને,
આ જે તમે જુઓ છો, ને સાંભળો છો, તે તેણે રેડ્યું છે. 34 કેમકે દાઉદ
તો આકાશમાં ચઢ્યો ન હતો; પણ તે પોતે કહે છે, 35 પ્રભુએ મારા પ્રભુ-
ને કહ્યું કે, તારા શત્રુઓને હું તારું પાયાસન કરું ત્યાં લગી તું મારે જમ-
ણે હાથે બેસ. 36 એ માટે ઈસ્રાએલના આખા વંશે નિશ્ચે જાણવું કે, જે
ઈસુને તમે વધસ્તંભ પર મારી નાખ્યો, તેને દેવે પ્રભુ તથા ખ્રિસ્ત ભણા-
વ્યો છે. 37 હવે આ સાંભળીને તેઓનાં મન વીંધાઈ ગયાં, અને તેઓએ
પીતરને તથા બીજા પ્રેરિતોને કહ્યું કે, ભાઈઓ, અમે શું કરીએ? 38 ત્યારે
પીતરે તેઓને [કહ્યું કે], પસ્તાવો કરો, ને ઈસુ ખ્રીસ્તને નામે તમારા-
માંનો પ્રત્યેક બાપ્તિસમાં પામો, કે તમારાં પાપનું નિવારણ થાય; ને
તમને પવિત્ર આતામનું દાન મળશે. 39 કેમકે તે વચન તમારે સારૂ તથા
તમારાં છોકરાને તથા બધાં વેગળાઓને. એટલે આપણો દેવ પ્રભુ જેટ-
લાને પોતાની પાસે તેડશે તેઓને સારૂ છે. 40 અને બીજી ઘણી વાતો
કહીને તેણે શાહેદી આપી, તથા બોધ કીધો કે, તમે આ જમાનાના
આડા લોકથી બચી જાઓ. 41 ત્યારે જેઓએ તેની વાત અંગીકારી તેઓ
બાપ્તિસમાં પામ્યા, ને તેજ દિવસે ત્રણેક હજાર માણસ ઉમેરાયાં. 42 અને
તેઓ પ્રેરીતોના બોધમાં તથા સંગતમાં તથા રોટલી ભાંગવામાં તથા
પ્રાર્થનામાં દઢતાથી લાગુ રહ્યાં. 43 અને બધાં ભયભિત થયાં; ને પ્રેરિતો-
થી ઘણાં અદભૂત કામ તથા ચમત્કારો થયાં. 44 અને સઘળા વિશ્વા-
સીઓ એકઠા રહેતા હતા, ને તેઓની બધી [મિલકત] સામાન્ય હતી.
45 અને તેઓ પોતાની મિલકત તથા સામાન વેચી નાખતા, ને પ્રત્યેક-
ની અગત્ય પ્રમાણે સર્વને વહેંચી આપતા. 46 અને તેઓ નિત્ય મંદિરમાં
એક ચિતે [હાજર] રહેતા તથા ઘેર રોટલી ભાંજીને, હરખે તથા ભોળા
મને ભોજન કરતા રહેતા, 47 અને તેઓ દેવની સ્તુતિ કરતા હતા, ને સર્વ
લોકો તેમના પર પ્રસન્ન હતા. ને પ્રભુ રોજરોજ તારણ પામનારાઓને તે-
ઓમાં ઉમેરતો હતો.

### અધ્યાય-૩

3 અને પ્રાથનાની વેળાએ, ત્રીજો પહોરે, પીતર તથા યોહાન મંદિર-
માં જતાં હતાં. 2 હવે એક જન્મથી લંગડા માસને [લોક] ઉંચકી
જતાં હતા, ને તેને મંદિરમાં જનારાની પાસે ભીખ માંગવા સારૂ મંદિરના
સુંદર નામના દરવાજા આગળ નિત્ય મુકત હતા; 3 તેણે પીતરને તથા
યોહાનને મંદિરમાં જતા જોઇને ભીખ માગી. 4 ત્યારે પીતરે યોહાન સુદ્ધાં
તેની સામું એકી નજરે જોઇને કહ્યું કે, અમારી તરફ જો. 5 અને તેઓની
પાસેથી કંઈ મળશે એવી આશાએ તેણે તેઓ પર ધ્યાન લગાડ્યું.
6 પણ પીતરે કહ્યું કે, સોનું રૂપું તો મારી પાસે નથી, પણ મારી પાસે જે
છે તે હું તને આપું છું. ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ચાલતો થા. 7 અને
તેણે તેનો જમણો હાથ પકડીને તેને ઉઠાડ્યો, ને તરત તેના પગમાં
તથા ઘુંટીઓમાં જોર આવ્યું. 8 અને કુદીને તે ઉભો થયો, ને ચાલવા લા-
ગ્યો; ને ચાલતો, કુદતો, તથા દેવની સ્તુતિ કરતો તેઓની સાથે મંદિર-
માં ગયો. 9 અને સર્વ લોકે તેને ચાલતો તથા દેવની સ્તુતિ કરતો દીઠો;
10 અને તેને ઓળખ્યો કે મંદિરના સુંદર [નામના] દરવાજા આગળ જે
ભીખ માંગવાને બેસતો હતો તે એજ છે, ને તેને જે થયું હતું તેથી તેઓ
પુરા અજાયબ તથા વિસ્મિત થયા. 11 અને તે [માણસ] પીતર અને યો-
હાનને પકડી રહ્યો હતો, ત્યારે બધા લોકો બહુ વિસ્મિત થઈને સુલેમા-
નની કહેવાએલી પરસાળમાં તેઓની પાસે દોડી આવ્યા. 12 તે જોઇને
પીતરે લોકોને ઉત્તર આપ્યો કે, ઈસ્રાએલી માણસો, આને જોઇને તમે
કેમ અજાયબ થાઓ છો? ને જાણે અમે પોતાના સામર્થ્યથી અથવા ધા-
ર્મિકપણાથી તેને ચાલતો કીધો હોય તેમ શા માટે અમને ધારીને જોઈ
રહ્યા છો? 13 ઈબ્રાહીમના તથા ઈસ્હાકના તથા યાકૂબના દેવે, એટલે
આપણા પૂર્વજોના દેવે, પોતાના સેવક ઈસુને મહિમાવાન કીધો, જેને
તમે પકડાવ્યો, ને પિલાતે તેને છોડી દેવાનું ઠરાવ્યું ત્યારે તેની આગળ
તમે તેનો નકાર કીધો. 14 પણ તમે તે પવિત્ર તથા ન્યાયીનો નકાર કી-
ધો; ને એવું માગ્યું કે આમરે સારૂ એક ખૂની છોડવામાં આવે, 15 અને
જીવનના અધિકારીને મારી નાખ્યો; તેને દેવે મુએલાંઓમાંથી ઉઠાડ્યો;
ને તેના સાક્ષી અમે છીએ. 16 અને તેના નામના વિશ્વાસથી આ માણસ
જેને તમે જુઓ છો ને ઓળખો છો, તેને તેના નામે બળવાન કીધો; હા,
તે પરના વિશ્વાસે તેને આ પુરું સજાપણું તમ સર્વની આગળ આપ્યું છે.
17 હવે ભાઈઓ, તમે તેમજ તમારા અધિકારીઓએ પણ અજ્ઞાનપણાએ
તે કીધું એ હું જાણું છું. 18 પણ દેવે બધા ભવિષ્યવાદીઓના મ્હોથી જે
આગળથી કહ્યું હતું કે, તેનો ખ્રિસ્ત દુઃખ સહેશે, તે એ રીતે તેણે પૂરું
કીધું. 19 માટે તમે પસ્તાવો કરો, ને ફરો, એ સારૂ કે, તમારા પાપ ભુસી
નખાય; ને એમ પ્રભુની હજૂરમાંથી તાજગીના સમયો આવે છે; 20 અને
ખ્રિસ્ત જે તમારે સારૂ ઠરાવવામાં આવ્યો છે, તેને એટલે ઈસુને, તે મોક-
લે. 21 અને દેવે જગતના આરંભથી પોતાના પવિત્ર ભવિષ્યવાદીઓના
મ્હોથી જે વિષે કહ્યું છે તે સઘળું પુનઃસ્થાપિત કરવાના સમયો સુધી
આકાશમાં તેણે રહેવું જોઈએ. 22 મુસાએ તો કહ્યું હતું કે, પ્રભુ દેવ તમા-
રા ભાઈઓમાંથી મારા જેવા એક ભવિષ્યવાદીને તમારે સારૂ ઉભો કરશે,
તે જે કંઈ તમને કહે તે સઘળા વિષે તમારે તેનું સાંભળવું. 23 અને એમ
થશે કે જે કોઈ માણસ તે ભવિષ્યવાદીનું નહિ સાંભળશે, તેનો લોક-
માંથી પુરો નાશ થશે. 24 વળી શમૂએલથી માંડીને તેની પાછળ આવ-
નાર જેટલા ભવિષ્યવાદીઓ બોલ્યા છે, તે સર્વએ આ દિવસો વિષે પણ
ખબર આપી છે. 25 તમે ભવિષ્યવાદીઓના સંતાન છો; ને તારા વંશથી
પૃથ્વી પરના સર્વ કુળો અશીર્વાદિત થશે, એવું ઈબ્રાહીમને કહીને દેવે
તમારા પૂર્વજો સાથે કરાર કીધો, તેના [સંતાન] તમે છો. 26 દેવે પોતાના
સેવકને ઉઠાડીને તેને પહેલાં તમારી પાસે મોકલ્યો, એ માટે કે તમે હરે-
કને તમારાં ભૂંડા કામથી ફેરવીને તે તમને આશીર્વાદ દે.

### અધ્યાય-૪

4 તથા મંદિરનો સરદાર, તથા સાદુકીઓ તેઓ પર ઉઠી આવ્યા;
અને તેઓ લોકો આગળ વાત કરતા હતા એટલામાં યાજકો, 2 કે-
મકે તેઓ લોકોને બોધ કરતા હતા, ને ઈસુમાં મુએલાઓનું પુનરુત્થાન
પ્રગટ કરતા હતા, તે તેઓને બહુ માઠું લાગ્યું. 3 અને તેઓએ તેમના પર
હાથ નાખ્યા, ને તે વેળા સાંજ પડી હતી, માટે બીજા દિવસ લગી તેઓ-
ને બંદીખાનામાં રાખ્યાં. 4 તોપણ જેઓએ વાત સાંભળી હતી તેઓ-
માંના ઘણાએ વિશ્વાસ કીધો, ને તે માણસોની સંખ્યા આસરે પાંચ હજા-
રની થઇ. 5 અને બીજે દિવસે એમ થયું કે, તેઓના અધિકારીઓ તથા
વડીલો તથા શાસ્ત્રીઓ, 6 તથા આન્નાસ પ્રમુખ્ય યાજક તથા કાયાફાસ
તથા યોહાન તથા આલેકસાંદર તથા પ્રમુખ્ય યાજકના સગામાંના જેટ-
લા હતા તેટલાં યરૂશાલેમમાં એકઠા થયા. 7 અને એઓએ તેઓને વચ-
માં ઉભા રાખીને પુછ્યું કે, કયા પરાક્રમે, કે કયા નામે તમે એ કર્યું છે?
8 ત્યારે પીતરે પવિત્ર આત્માંથી ભરપૂર થઈને તેઓને કહ્યું કે, ઓ લો-
કોના અધિકારીઓ, તથા વડીલો, 9 જે સારું કામ એક અશક્ત માણસ-
ના હકમાં થયું છે, તે વિષે જો આજ અમારી તપાસ થાય છે કે તે શાથી
સાજો થયો છે, 10 તો તમ સર્વને તથા સંઘા ઈસ્રાએલી લોકોને એ માલુમ
થાય કે, ઈસુ ખ્રિસ્ત નાઝારી, જેને તમે વધસ્તંભ પર મારી નાખ્યો, જેને
દેવે મુએલાઓમાંથી ઉઠાડ્યો, તેના નામથી આ માણસ અહીં તમારી
આગળ આજો ઉભો રહ્યો છે. 11 જે પત્થર તમ બંધનારાઓએ નકાર્યો
હતો તે એજ છે, ને તે ખુણાનું મથાળું થયો છે. 12 અને બીજા કોઇથી
તારણ નથી, કેમકે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ
આકાશ તળે માણસો મધ્યે આપેલું નથી. 13 ત્યારે પીતર તથા યોહાન-
ની હિમ્મત જોઇને, તથા તેઓ અભણ તથા અજ્ઞાની માણસો છે, એ
ધ્યાનમાં આણીને એઓ અચરતી પામ્યો, ને તેઓએ તેઓને ઓળખ્યા
કે તેઓ ઈસુની સાથે હતા. 14 અને તે સજા થએલા માણસને તેઓની

સાથે ઉભો રહેલો જોઇને એઓથી કંઈ ઉલટું બોલી શકાયું નહિ. 15 પણ
તેઓને સભામાંથી બહાર જવાનો હુકમ કીધા પછી તેઓએ માહોમાંહે
વિચાર કરીને કહ્યું કે, આ માણસોને આપણે શું કરીએ? 16 કેમકે તેઓ-
ની મારફતે એક પ્રસિદ્ધ ચમત્કાર થયો છે, એ to યરૂશાલેમના સઘળા
રહેવાસીઓને પ્રગટ છે; ને આપણે તેનો ઈનકાર કરી શકતા નથી.
17 પણ લોકોમાં તે વધારે ફેલાય નહિ, માટે આપણે તેઓને એવી ધમકી
દઈએ કે હવે પછી તમારે કોઈપણ માણસ સાથે વાત કરતાં એ નામ લે-
વું નહિ. 18 અને એઓએ તેઓને બોલાવીને તાકીદ કીધી કે, વાત કરતાં
તેમજ બોધ કરતાં પણ તમારે ઈસુનું નામ બિલકુલ લેવું નહિ. 19 પણ
પીતર તથા યોહાને તેઓને ઉત્તર દેતા કહ્યું કે, દેવના કરતા તમારું
સાંભળવું દેવની નજરમાં યોગ્ય છે કે નહિ, એ તમેજ ઠરાવો. 20 કેમકે
અમે જે જે દીઠું, તથા સાંભળ્યું, તે કહ્યા વિના અમારાથી રહેવાય એમ
નથી. 21 અને તેઓને શિક્ષા કરવાનું કંઈ કારણ ન મળ્યાથી તેઓએ તે-
ઓને ફરી ધમકી દીધા પછી લોકોને લીધે તેમને છોડી દીધા; કેમકે જે
થયું હતું તેને લીધે સઘળા [લોકો] દેવને મહિમા આપતા હતા. 22 કેમકે
જે માણસના હકમાં આ સાજો કરવાનો ચમત્કાર થયો હતો તે ચાળીસ
વરસથી વધારે વયનો હતો. 23 અને તેઓ છુટીને પોતાના સાથીઓ પા-
સે ગયા, ને મુખ્ય યાજકોએ તથા વડીલોએ તેમને જે કંઈ કહ્યું હતું, તે
સઘળું તેઓને કહી સંભળાવ્યું. 24 અને તે સાંભળીને તેઓએ એક ચિત્તે
દેવની આગળ ઘાંટો પાડીને કહ્યું કે, ઓ પ્રભુ, આકાશ તથા પૃથ્વી તથા
સમુદ્ર ને તેઓમાંનાં સર્વને ઉત્પન્ન કરનાર [તું છે]; 25 તે તારા સેવક
અમારા પિતા દાઉદના મ્હોથી પવિત્ર આત્માને પ્રેરણાએ કરીને કહ્યું છે
કે, વિદેશીઓએ કેમ તોફાન કીધું છે, ને લોકોએ કેમ વ્યર્થ કલ્પના કી-
ધી છે? 26 પ્રભુની વિરુદ્ધ તથા તેના ખ્રીસ્તની વિરુદ્ધ પૃથ્વીના રજાઓ
સજ્ઞ થયા, તથા અધિકારીઓ એકઠા થયા; 27 કેમકે ખરેખર તારો પવિત્ર
સેવક ઈસુ જેને તે અભિષિક્ત કીધો, તેને ઉલટા હેરોદ તથા પંતીઅસ
પીલાત, વિદેશીઓ તથા ઈસ્રાએલી લોકો સુદ્ધાં આ શહેરમાં એકઠા
થયા; 28 એ સારૂ કે તારા હાથે તથા તારા મનસુબાએ જે થવાનાં આગ-
ળથી ઠરાવ્યાં હતા તે સઘળા તેઓ કરે. 29 હવે, હે પ્રભુ, તું તેઓની ધમ-
કીઓ ધ્યાનમાં લે, ને તારા સેવકોને તારી વાત પુરી હિમ્મતથી કહેવાનું
[સામર્થ] આપ; 30 તેટલામાં તું લોકોને નિરોગી કરવાને તારો હાથ લાંબો
કર; ને તારા પવિત્ર સેવક ઈસુને નામે ચમત્કારો તથા અદભૂત કામો
કરાવ. 31 અને તેઓ પ્રાર્થના કરી રહ્યા ત્યારે જે મકાનમાં તેઓ ભેગા
થયા હતા તે હાલ્યું; ન તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપુર થયા, ને દે-
વની વાત હિમ્મતથી બોલવા લાગ્યા. 32 અને વિશ્વાસીઓનો સમુદાય
એક મનનો તથા એક જીવનો હતો ને પોતાના જે વાનાં હતા તેમનું કંઈ
મારું પોતાનું છે એવું કોઈએ કહ્યું નહિ; પણ તેઓને સઘળાં વાનાં સા-
માન્ય હતાં. 33 અને પ્રેરિતોએ મહા પરાક્રમથી પ્રભુ ઈસુના પુનરુત્થાન-
ની સાક્ષી પુરી; ને તેઓ સર્વ પણ ઘણી કૃપા હતી. 34 અને તેઓમાંના
કોઈને કશાની અછત ન હતી; કરણ કે જેટલાની પાસે ભોંય કે ઘર હતા
તેટલાએ તે વેચી નાખ્યાં, 35 ને વેચેલી વસ્તુઓનું મૂલ્ય લાવીને પ્રેરિતો-
ના પગ આગળ મૂકતા; ને જેવી જેને અગત્ય હતી તે પ્રમાણે તેને વહેંચી
આપવામાં આવતું. 36 અને યુસફ કરીને એક લેવી હતો, જે કુપ્રેસનો વા-
તની હતો, અને જેની અટક પ્રેરિતોએ બર્નાબાસ (એટલે સુબોધનો દીક-
રો) પાડી હતી, 37 તેને ભોંય હતી તે તેણે વેચી, અને તેનું નાણું લાવીને
પ્રેરિતોના પગ આગળ મુક્યા.

## અધ્યાય-૫

5 પણ અનાન્યા નામે એક માણસે તથા તેની વહુ સાફીરાએ મિ-
લ્કત વેચી, 2 અને તેની વહુના પણ જાણતાં તેણે તેના મૂલ્ય-
માંથી કંઈ પાછું રાખ્યું; ને તેને કેટલોક ભાગ લાવીને પ્રેરિતોના પગ
આગળ મુક્યો. 3 પણ પીતરે કહ્યું કે, ઓ અનાન્યા, પવિત્ર આત્માને જુ-
ઠું કહેવાનું, તથા ભોંયના મૂલ્યમાંથી કંઈ પાછું રાખવાનું સેતાને તારા
મનમાં કેમ ભર્યું છે? 4 તે [ભોંય] તારી પાસે હતી ત્યારે શું તારી ન હતી?
ને વેચ્યા પછી શું [તેનું મૂલ્ય] તારે સ્વાધીન ન હતું? આ વિચાર તે પો-
તાના મનમાં કેમ આવવા દીધો? તે માણસોને નહિ પણ દેવને જુઠું કહ્યું
છે. 5 અને એ વાતો સાંભળતા અનાન્યાએ પાડીને પ્રાણ મુક્યો, ને જે-
ઓએ એ વાત સાંભળી તે સર્વને ઘણું ભય લાગ્યું. 6 અને જુવાનોએ
ઉઠીને તેને [કફને] વીંટાળ્યો, ને બહાર લઈ જઈને દાટ્યો. 7 ને ત્રણ
કલાક પછી તેની બાયડી જે થયું હતું તે જાણ્યા વિના, માંહે આવી.
8 ત્યારે પીતરે તેને કહ્યું કે, મને કહે, તમે શું એટલી કિમ્મતે તે ભોંય વે-
ચી? તેણીએ તેને કહ્યું કે, હા, એટલીજ કિંમ્મતે. 9 ત્યારે પીતરે તેને કહ્યું
કે, પ્રભુના આત્માનુંપરીક્ષણ કરવાને તને બન્નેએ કેમ સંપ કર્યો છે?
જુઓ તારા વર્ણ દાટનારાઓના પગલાં બારણે આવી પહોંચ્યાં છે, ને
તેઓ તને પણ લઈ જશે. 10 ત્યારે તત્કાળ તેણીએ તેના પગ પાસે પા-
ડીને પ્રાણ મુક્યો; પછી તે જુવાનોએ માંહે આવીને તેને મુએલી દીઠી, ને
બહાર લઈ જઈને તેના વરના પડખે તેને દાટી. 11 અને આખી મંડળીને
તથા જે લોકોએ એ વાત સાંભળી તે સઘળાને ઘણું ભય લાગ્યું. 12 અને
પ્રેરિતોની હસ્તક લોકોમાં ચમત્કારો તથા અદભૂત કામો ઘણાં થયાં. (ને
તેઓ સર્વ એક ચિત્તે સુલેમાનની પરસાળમાં [મળેલા] હતા; 13 પણ
બીજઓમાંથી કોઈને તેઓની સાથે મળી જવાની હિમ્મત ન હતી; તોએ
લોકોએ તેઓને માન આપ્યું; 14 અબ પ્રભુ પર વિશ્વાસ કરનારા, સંખ્યા-
બંધ પુરુષો તથા સ્ત્રીઓ અધિકાધિક ઉમેર્યા); 15 એટલે સુધી કે તે-
ઓએ માંદાઓને માર્ગમાં આણીને પથારીઓ તથા ખાટલાઓ પર સુવા-
ડ્યા, એ સારી કે પીતરનાં આવતા તેનો પડછાયો પણ તેઓમાંના કોઈ
પર પડે. 16 અને યરૂશાલેમની આસપાસનાં શહેરમાંના ઘણા લોક
માંદાઓને તથા અશુદ્ધ આત્માઓથી પીડાતાઓને લઈને ત્યાં ભેગા
થયા; ને તેઓ બધાને સાજા કરવાના આવ્યા. 17 પણ પ્રમુખ્ય યાજક
તથા તેના સઘળાં સાથીઓ (જે સાદુકી પંથના હતા), તેઓ ઈર્ષ્યાએ
ભરીને ઉઠ્યા, 18 ને પ્રેરિતો ઉપર હાથ નાખીને તેઓને બંદીખાનામાં ઘા-
લ્યા. 19 પણ રાત્રે પ્રભુના દૂતે બંદીખાનાના બારણાં ઉઘાડ્યા, ને તેઓ-
ને બહાર લાવીને કહ્યું કે, 20 તમે જાઓ, ને મંદિરમાં ઉભા રહીને એ જી-
વન વિષેની સઘળી વાતો લોકોને કહો. 21 અને એ સાંભળીને તેઓએ
પ્રભાતે મંદિરમાં જઈને બોધ કીધો, પણ પ્રમુખ્ય યાજક તથા તેના સા-
થીઓએ આવીને સભાને તથા ઈસ્રાએલી લોકોના વડીલોને એકઠા બો-
લાવ્યા, પછી તેઓને લાવવાને બંદીખાનામાં [માણસ] મોકલ્યા.
22 પણ ભાલદારો ત્યાં ગયા ત્યારે તેમણે તેઓ બંદીખાનામાં મળ્યાં
નહિ; ત્યારે પાછા આવીને તેઓ ખબર આપી કે, 23 અમે બંદીખાનાને
સારી પેઠે બંધ કરેલું, તથા ચોકીદારોને બારણાં આગળ ઉભા રહેલા દી-
ઠાં; પણ અમે ઉઘાડ્યું ત્યારે માંહે અમને કોઈ માલમ પડ્યો નહિ. 24 હવે
જયારે મંદિરમાં સરદારે તથા મુખ્ય યાજકોએ આ વાતો સાંભળી ત્યારે
એ સંબંધી તેઓ બહુ સંદેહમાં પડયા કે, એનું પરિણામ શું થશે? 25 એટ-
લામાં એક જણે આવીને તેઓને ખબર આપી કે, જુઓ, જે માણસોને
તમે બંદીખાનામાં ઘાલ્યા હતા, તેઓ મંદિરમાં ઉભા રહીને લોકોને બોધ
કરે છે. 26 ત્યારે સરદાર ભાલદારો અહે જઈને બલાત્કાર કર્યા વિના તે-
ઓને લઈ આવ્યા; કેમકે તેઓ લોકોથી બીધા, કે રખેને તેઓ અમને
પત્થર મારે. 27 અને તેઓએ તેઓને લાવીન સભા આગળ ઉભા રાખ્યા,
ને પ્રમુખ્ય યજાકે તેઓને પૂછતાં કહ્યું કે, 28 અને તમને સખત મના કી-
ધી હતી કે તમારે બોધ કરતા એ નામ લેવું નહિ; પણ જુઓ, તમે તમારા
બોધથી યરૂશાલેમને ગજવી મુક્યું છે, ને તે માણસનું લોહી [પાડવાનો
દોષ] અમારા પર નાખવા ઈચ્છો છો. 29 પણ પીતર તથા પ્રેરિતોએ
ઉત્તર દેતા કહ્યું કે, માણસોના કરતા દેવનું અમારે વધારે માનવું જોઈએ.
30 જે ઈસુને તમે લાકડા પર ટાંગીને મારી નાખ્યો, તને આપણા પૂર્વજો-
ના દેવે ઉઠાડ્યો છે. 31 તેને દેવ પોતાને જમણે હાથે રાજા તથા તારનાર
થવાને ઉંચો કીધો છે, કે તે ઈસ્રાએલને પશ્ચાતાપ [કરવાનું મન] તથા
પાપની માફી આપે. 32 અને અમે એ વાતો વિષે સાક્ષી છીએ, ને જે
પવિત્ર આત્મા દેવે પોતાની આજ્ઞા માનનારાઓને આપ્યો છે તે પણ
સાક્ષી છે. 33 અને તે સાંભળીને તેઓના મન વીંધાઈ ગયા, ને તેઓએ
તેઓને મારી નાખવાનું મનસુબો કીધો. 34 પણ ગમાલીએલ નામનો
એક ફરોશી ન્યાયશાસ્ત્રી, જેને સઘળા લોકો માન આપતા હતા, તેણે
સભામાં ઉઠીને હુકુમ કીધો કે એ માણસોને થોડી વાર લગી બહાર કા-
ઢો. 35 પછી તેણે તેઓને કહ્યું કે, ઓ ઈસ્રાએલી માણસો, આ માણસોને
તમે જે કરવાના છો તે વિષે સાવચેત રહો. 36 કેમકે આ દિવસો અગાઉ
થયુદાએ ઉઠીને કહ્યું કે, હું મોટો માણસ છું; તેની તેની સાથે આસરે યા-
રસે માણસ મળી ગયા હતા; તે માર્યો ગયો, ને જેટલાઓએ તેને માન્યું
તેઓ સર્વ વિખેરાઈ જઈને નાશ પામ્યા. 37 એના પછી વસ્તીપત્રક કર-
વાના વખતમાં ગાલીલના યહુદાએ ઉઠીને બહુ લોકોને પોતાને પછવાડે

ખેંચ્યા, ત પણ નાશ પામ્યો, ને જેટલા કોઈ તેનું માન્યું તેઓ સઘળા
વિખેરાઈ ગયા. 38 અને હવે હું તમને કહું છું કે, આ માણસોથી તમે
આઘા રહો, ને તેઓને રહેવા દો; કેમકે જો એ મત અથવા એ કામ માણ-
સોથી હશે to તે ઉથલી પડશે; 39 પણ જો દેવથી હશે તો તમારીથી
તેઓ ઉથલાવી નખાશે નહિ; નહિ to કદાપિ તમે દેવની સામા પણ
લડનારા માલમ પડશે. 40 અને તેઓએ તેનું માન્યું; અને તેઓએ પ્રેરિ-
તોને પોતાની પાસે બોલાવીને માર માર્યો; ને વાત કરતા ઈસુનું નામ લે-
વું નહિ, એવી આજ્ઞા કરીને તેઓને છોડી દીધો. 41 ત્યારે તેઓ તે નામ-
ને બદલે અપમાન પામવા જોગ ગણાયા તેથી હરખાતા હરખાતા તેઓ
સભાની આગળ થી ચાલ્યા ગયા. 42 અને નિત્ય મંદિરમાં તથા ઘેર ઈસુ
તેજ ખ્રિસ્ત છે તે વિષે શીખવવાનું તથા પ્રગટ કરવાનું તેઓએ મુક્યું
નહિ.

### અધ્યાય-૬

6 અને તે દિવસોમાં શિષ્યોની સંખ્યા વધતી જતી હતી, ત્યારે હે-
બ્રીઓની સામે હેલેની યહુદીઓએ કચકચ કીધી, કેમકે નિત્યની
વહેચણીમાં તેઓની વિધવાઓને પડતી મુકવામાં આવતી હતી. 2 ત્યા-
રે બાર [પ્રેરીતોએ] બધા શિષ્યોને પોતાની પાસે બોલાવીને કહ્યું કે,
અમે દેવની વાત મુકીને ભાણા પિરસવાની સેવા કરીએ, એ શોભતું
નથી. 3 માટે, ભાઈઓ, તમે પોતામાંથી [પવિત્ર] આત્માએ તથા જ્ઞાને
ભરપૂર એવા સાત સુકીર્તિમાન માણસને શોધી કાઢો, કે જેઓને અમે
એ કામ પર ઠરાવીએ. 4 પણ અમે તો પ્રાર્થનામાં તથા [દેવની] વાતની
સેવામાં લાગુ રહીશું. 5 અને એ વાત આખા સમુદાયને સારૂ લાગી; ને
સ્તેફન નામે વિશ્વાસે તથા પવિત્ર આત્માએ ભરપુર એવા એક માણસ-
ને, તથા ફીલીપને, તથા પ્રોખરસને, તથા નિકાનોરને, તથા તીમોનને,
તથા પાર્મેનાસને, તથા અંત્યોખના થએલા યહુદી નિકોલાસને, તેઓએ
પસંદ કર્યા. 6 અને તેઓએ તેમને પ્રેરિતોની આગળ ઉભા કર્યા, અને
એઓએ પ્રાર્થના કરીને તેમના પર હાથ મુક્યા. 7 અને દેવની વાત ફે-
લાઈ ગઈ, ને યરુશાલેમમાં શિષ્યોની સંખ્યા ઘણી વધી ગઈ; અને યા-
જકોનો મોટો જથો વિશ્વાસને આધીન થયો. 8 અને સ્તેફને કૃપાથી તથા
સામર્થ્યથી ભરપૂર હોઈને મોટો અદ્ભુત કામો તથા ચમત્કારો લોકોમાં
કર્યાં. 9 પણ લીબેરતીની કહેવાએલી સભામાંના, તથા કુરેનીના, તથા
આલેક્સાંદ્રિયાના, તથા કિલકીમાંના તથા આશીઆમાંના કેટલાએક
ઉભા થઈને સ્તેફન સાથે વાદવિવાદ કરવા લાગ્યા. 10 પણ તે એવા જ્ઞા-
નથી તથા આત્માની પ્રેરણાથી બોલતો હતો કે તેઓ તેની સામા ટકી
શક્યા નહિ. 11 ત્યારે તેઓએ કેટલાએક માણસોને સમજાવ્યા, ને તે-
ઓએ કહ્યું કે, અમે તેને મુસા તથા દેવને ઉલટું દુર્ભાષણ કરતો સાંભ-
ળ્યો છે. 12 અને તેઓ લોકોને તથા વડીલોને તથા શાસ્ત્રીઓને ઉશ્કેરી-
ને તેના પર તુટી પડ્યા, અને તેને પકડીને સભામાં લાવ્યા. 13 અને તે-
ઓએ જુઠા સાક્ષીઓ ઉભા કીધા જેઓએ કહ્યું કે, એ માણસ આ પવિત્ર
જગ્યા તથા નિયમશાસ્ત્રને ઉલટું દુર્ભાષણ કર્યા વિના રહેતો નથી;
14 કેમકે અમે તેને એમ કહેતો સાંભળ્યો છે કે, એ ઈસુ નાઝારી આ
જગ્યાને નાશ કરશે, જે રીતીઓ મુસાએ આપણે સોંપી છે તેઓને એ
બદલશે. 15 અને જેઓ સભામાં બેઠા હતા તે સઘળાએ તેની તરફ એકી
નજરે જોઈ રહેતાં તેનું મ્હો દૂતના મ્હો જેવું જોયું.

### અધ્યાય-૭

7 ત્યારે પ્રમુખ્ય યાજકે કહ્યું કે, એ વાતો શું એમ છે? 2 ને તેણે કહ્યું
કે, ભાઈઓ તથા વડીલો, સાંભળો. આપણો પૂર્વજ ઈબ્રાહીમ ખા-
રાનમાં રહ્યા અગાઉ મેસોપોટામ્યામાં હતો, ત્યારે મહિમાવાન દેવે તેને
દર્શન દીધું; 3 ને તેને કહ્યું કે, તું તારા દેશમાંથી, તથા તારા સગામાંથી
નીકળ, ને જે દેશ હું તને દેખાડું તેમાં આવ. 4 ત્યારે ખાલદી દેશમાંથી
નીકળીને ખારાનમાં તે વસ્યો, ને ત્યાંથી તેના બાપ મરણ પામ્યા પછી,
અ દેશ જેમાં તમે હમણાં રહો છો, તેના [દેવે] તેને લાવીને વસાવ્યો.
5 અને તેણે એમાં તેને કંઈ વતન આપ્યું નહિ; ના, એક પગલું ભર પણ
નહિ; અને હજી સુધી તેને સંતાન થયું નહોતું એવામાં તેણે તેને તથા તે-
ના પછી તેના વંશને વતન તરીકે [આ દેશ] આપવાનું વચન આપ્યું.
6 અને દેવે તેને એમ કહ્યું કે, તારો વંશ પરદેશમાં પ્રવાસી થશે, ને
[ત્યાંના લોકો] ચારસે વરસ સુધી તેઓને ગુલામગીરીમાં આણીને દુઃખ
દેશે. 7 અને દેવે એમ કહ્યું કે, જે લૂના ગુલામ તેઓ થશે તેમણો ન્યાય હું
કરીશ, ને ત્યાર પછી તેઓ નીકળી આવશે, ને આ જગ્યામાં મારી સેવા
કરશે. 8 અને તેણે તેને સુનતનો કરાર આપ્યો; ને પછી [ઈબ્રાહીમથી]
ઈસ્હાક થયો, ને તેણે આઠમે દિવસે તેની સુનત કીધી; પછી ઈસ્હાકથી
યાકૂબ થયો. ને યાકૂબથી બાર પૂર્વજો થયા. 9 પછી પૂર્વજોએ યુસફ પર
અદેખાઈ રાખીને તેને મિસરમાં [લઈ જવા સારૂ] વેચ્યો; પણ દેવ તેની
સાથે હતો, 10 અને તેના સઘળાં સંકટોમાંથી તેને છોડાવ્યો, ને મિસરના
રાજા ફારૂનની આગળ તેને પ્રસન્નતા તથા બુદ્ધિ આપી; ને તેણે તેને મિ-
સર પર તથા પોતાના આખા ઘર પર અધિકારી ઠરાવ્યો. 11 પાછી આખા
મિસરમાં તથા કનાનમાં દુકાળ પડ્યો, અને ભારે સંકટ આવ્યું, ને
આપણા પૂર્વજોને ખાવાનું મળ્યું નહિ. 12 પણ યાકૂબે સાંભળ્યું કે મિસર-
માં અનાજ છે, ત્યારે તેણે આપણા પૂર્વજોને પહેલી વખત ત્યાં મોક-
લ્યા. 13 પછી બીજી વખતે યુંઅફ પોતાના ભાઈઓની આગળ જાહેર
થયો; ને યુસફનું કુળ ફારુનના જાણવામાં આવ્યું. 14 ત્યારે યુસફે સંદે-
શો મોકલીનેપોતાના બાપ યાકૂબને તથા પોતાના સઘળા સગાંને, એટ-
લે પોણોસો માણસને પોતાની પાસે તેડાવ્યાં. 15 અને યાકૂબ મિસરમાં
ગયો, ને તે તથા આપણો પૂર્વજો [ત્યાં] ગુજરી ગયા. 16 અને તેઓને
શખેમમાં લઈ ગયા, ને જે કબર ઈબ્રાહીમે રૂપાનાણું આપીને અમોરમાં
દીકરાઓ પાસેથી શખેમમાં વેચાતી લીધી હતી તેમાં દાટ્યા. 17 પણ જે
વચન દેવે ઈબ્રાહીમને આપ્યું હતું, તેનો સમય જેમ જેમ પાસે આવ્યો
તેમ તેમ તે લોકો મિસરમાં વધતાં ગયા, ને પુષ્કળ થયા. 18 એવામાં મિ-
સરનો એક બીજો રાજા ઉભો થયો, જે યુસફને જાણતો નહોતો. 19 તેણે
આપણી કોમની સાથે કપટ કરીને આપણા પૂર્વજોને દુઃખ દીધું, એટલે
તેમની પાસે તેમનાં બાળકો નાખી દેવડાવ્યા, એ માટે કે તેઓ જીવે
નહિ. 20 તે અરસામાં મુસા જન્મ્યો, ને તે ઘણો સુંદર હતો; ને ત્રણ મહિ-
ના સુધી પોતાના બાપના ઘરમાં તેનું પાલન થયું; 21 અને તેને નાખી
દીધો ત્યારે ફારુનની દીકરીએ તેને ઉપાડી લીધો, ને પોતાના દીકરા
તરીકે તેને પાળ્યો. 22 અને મુસા મિસરીઓની સર્વ વિદ્યા ભણેલો હતો;
ને વાત કરવામાં તથા કામમાં પરાક્રમી હતો. 23 પણ તે લગભગ ચા-
ળીસ વરસનો થયો ત્યારે પોતાના ઈસ્રાએલી ભાઈઓને મળવાનું તેના
મનમાં આવ્યું. 24 અને તેઓમાંના એક પર અન્યાય થતો જોઈને તેણે
તેની સહાય કીધી, ને મિસરીને મારી નાખીને જેના પર જુલમ થતો હતો
તેનું વેર વાળ્યું. 25 અને તેણે ધાર્યું કે, મારા ભાઈઓ સમજતા હશે કે દેવ
મરી હસ્તક તેઓની છુટકો આપશે; પણ તેઓ સમજ્યા નહિ. 26 અને
તેને બીજે દિવસે તેઓમાં ટંટો ચાલતો હતો તેવામાં તે તેઓની પાસે
આવ્યો, ને તેમની વચ્ચે સલાહ કરવાની ઈચ્છાથી તેને કહ્યું કે, ભલા
માણસો, તમે ભાઈઓ થઈને કેમ એક બીજાનો અન્યાય કરો છો?
27 પણ જે પોતાના પડોસી પર અન્યાય ગુજારતો હતો તેણે તેને ધક્કો
મારીને કહ્યું કે, તને અમારા પર અધિકારી તથા ન્યાયાધીશ કોણે ઠરા-
વ્યો છે? 28 પેલા મિસરીને તે ગઈ કાલે મારી નાખ્યો તેમ મને મારી ના-
ખવા ચાહે છે શું? 29 અને મુસા આ વાત સાંભળીને નાઠો, ને મીદ્યાન દે-
શમાં પ્રવાસી થયો, ત્યાં તેને બે દીકરા થયા. 30 અને ચાળીસ વરસ પુરા
થયા ત્યારે દૂતે સિનાઈ પહાડના રાનમાં ઝાડવા મધ્યે અગ્નિની જવા-
ળામાં તેને દર્શન દીધું. 31 અને મુસા તે દેખાવ્જોઈને અચરત થયો; ને તે
જોવા સારૂ પાસે જતો હતો એવામાં પ્રભુની વાણી થઈ કે, 32 હું તારા
બાપદાદાઓનો દેવ, એટલે ઈબ્રાહીમનો તથા ઈસ્હાકનો તથા યાકૂબનો
દેવ છું. ત્યારે મુસા કંપ્યો, ને જોવાની છાતી ચાલી નહિ. 33 અને પ્રભુએ
તેને કહ્યું કે, તું તારા પગમાંથી જોડા કાઢ; ક્મકે જે જગ્યાએ તું ઉભો છે
તે પવિત્ર ભૂમિ છે. 34 મિસરમાં જે મારા લોક છે તેઓનું દુઃખ મેં નિશ્ચય
જોયું છે, ને તેઓના નિસાસા મેં સાંભળ્યા છે, ને તેઓને છોડાવવા હું
ઉતાર્યો છું; ને હવે ચાલ, હું તને મિસરમાં મોકલીશ. 35 જે મુસાનો તે-
ઓએ નકાર કરીને કહ્યું કે, અને કોણ અધિકારી તથા ન્યાયાધીશ ઠરા-
વ્યા, તેને દેવે અધિકારી તથા ઉદ્ધાર કરનાર થવા સારૂ જે દૂત તેને ઝાડ-
વા મધ્યે દેખાયો તેની હસ્તક મોકલ્યો. 36 એ માણસો તેઓને બહાર
લાવતાં મિસર દેશમાં તથા સૂફ સમુદ્રમાં તથા ચાળીસ વરસ સુધી રાન-
માં અદભૂત કામો તથા ચમત્કારો કીધાં. 37 જે મુસાએ ઈસ્રાએલીઓને
કહ્યું હતું કે, દેવ તમારા ભાઈઓમાંથી મારા જેવો એક ભવિષ્યવાદી
તમારે સારૂ ઉભો કરશે, તે એજ છે. 38 સિનાઈ પહાડ પર પોતાની સાથે

વાત કરનાર દૂતની સાથે જે રાન મધ્યે મંડળીમાં હતો તથા જે આપણા
પૂર્વજોની સાથે હતો તે એજ છે; ને આપણને આપવા સારૂ તેને જીવન-
નાં વચનો મળ્યાં; 39 આપણા પૂર્વજોએ તેની આજ્ઞાઓ પાળવાનું
ઈચ્છ્યું નહિ, પણ પોતાની પાસેથી તેની હડસેલી મુક્યો, ને મિસર
તરફ પોતાનાં મન ફેરવ્યાં; 40 ને હારૂનને કહ્યું કે, અમારી આગળ ચાલ-
વા સારૂ અમારે વાસ્તે દેવતાઓ બનાવ; કેમકે એ મુસા જે અમને મિસ-
રમાંથી દોરી લાવ્યો તેને શું થયું એ અમે જાણતા નથી. 41 અને તે દિવ-
સોમાં તેઓએ વાછરડું બનાવ્યું, ને તે મૂર્તિને તેનું બળીદાન ચઢાવ્યું, ને
પોતાના હાથનાં કામમાં હરખાયા. 42 પણ દેવે તેઓથી વિમુખ થઈને તે-
ઓને તાજી દીધા, કે તેઓ આકાશના સૈન્યની પૂજા કરે; જેમ ભવિષ્ય-
વાદીઓના પુસ્તકમાં લખ્યું છે કે, ઓ ઈસ્રાએલના વંશ, તમે રાનમાં
ચાળીસ વરસ લગી યજ્ઞ તથા બલિદાનો શું મને ચઢાવ્યા હતા? 43 તમે
મલખનો માંડવો તથા રેફાન દેવનો તારો, એટલે કે તેઓની પૂજા કરવા-
ને જે મૂર્તિઓ તમે બનાવી, તેઓને તમે ઉંચકીને ચાલ્યા, અને હું તમને
બાબેલને પેલે પાર લઇ જઈશ. 44 જેણે મુસાને કહ્યું કે, જ નમુનો તે દી-
ઠો છે તે પ્રમાણે તારે સાક્ષ્યમંડપ બનાવવો, તેના ઠરાવ મુજબ રાનમાં
આપણા પૂર્વજો મધ્યે [તે સાક્ષ્યમંડપ] હતો. 45 વળી પોતાના સમયમાં
આપણા પૂર્વજો પણ યહોશુઆ સુદ્ધાં તે [સાક્ષ્યમંડપ] ને દેશજાતિઓનું
વતન પ્રાપ્ત કરીને માંહે લાવ્યાં, (કે જેઓને દેવ આપણા પૂર્વજોની આગ-
ળથી હાંકી કાઢ્યા) તે [સાક્ષ્યમંડપ] દાઉદના વખત સુધી રહ્યો. 46 તે
[દાઉદ] પર દેવની કૃપાદ્રષ્ટિ થઈ; ને તેણે યાકૂબના દેવને સારૂ રહેઠાણ
મેળવવાની રાજા માંગી; 47 પણ સુલેમાને તેને સારૂ ઘર બાંધ્યું. 48 તો-
પણ હાથે બાંધેલા મંદિરોમાં પરાત્પર [દેવ] રહેતો નથી; જેમ ભવિષ્ય-
વાદી કહે છે તેમ કે, 49 આકાશ મારું રાજ્યાસન, તથા પૃથ્વી મારું વિ-
શ્રામસ્થાન કયું થશે? 50 શું, મેં મારે હાથે એ બધાં નથી બનાવ્યાં? 51 ઓ
હઠીલાઓ, ને બેસુનત મન તથા કાનવાળાઓ, તમે સદા પવિત્ર
આત્માની સામા થાઓ છો, જેમ તમારા પૂર્વજોએ કીધું તેમજ તમે કરો
છો. 52 ભવિષ્યવાદીઓમાંના કોણને તમારા પૂર્વજોએ સતાવ્યો ન
હતો? ને જેઓએ તે ન્યાયીના આવવા વિષે આગળથી ખબર આપી તે-
ઓને તેઓએ મારી નાખ્યા; ને હવે તેને પરસ્વાધીન કરનારા તથા તેનું
ખૂન કરનારા તમે થયા છો. 53 તમને દૂતોને આસરે નિયમ મળ્યો, પણ
તમે તે પાળ્યો નહિ. 54 આ વાતો સાંભળીને તેઓના મન વીંધાઈ ગયા,
ને તેઓએ તેની સામે દાંત પીસ્યા. 55 પણ પવિત્ર આત્માંથી ભરપૂર
થઈને તેને આકાશ તરફ એકી નજરે જોઈ રહેતાં, દેવનો મહિમા તથા દે-
વને જમણે હાથે ઈસુને ઉભેલો દીઠો. 56 અને તેણે કહ્યું કે, જુઓ,
આકાશ ઉઘડેલું તથા દેવને જમણે હાથે માણસના દીકરાને ઉભેલો જો-
ઉં છું. 57 પણ તેઓએ મોટે ઘાટે બૂમ પાડીને પોતાના કાન બંધ કર્યા, ને
તેના પર એક સંપે ધસી પડયા. 58 અને તેઓએ તેને શહેર બાહર કાઢીને
પત્થરે માર માર્યો; ને શાઉલ નામે એક જુવાનના પગ આગળ સાક્ષી-
ઓએ પોતાના લુંગડા મુક્યા હતા. 59 અને તેઓ સ્તેફનને પત્થરે માર-
તા હતા ત્યારે તેણે [પ્રભુની] પ્રાર્થના કરતા કહ્યું કે, ઓ પ્રભુ ઈસુ, મારા
આત્માનો અંગીકાર કર. 60 અને તેણે ઘૂંટણ ટેકવીને મોટો ઘાટો પાડીને
કહ્યું કે, ઓ પ્રભુ, આ દોષ તેઓને લેખે ન ગણ. અને એમ કહીને તે
ઉંઘી ગયો.

## અધ્યાય-૮

8 ને શાઉલ તેનો ઘાત કરવામાં રાજી હતો. અને તેજ દહાડે યરૂશા-
લેમમાંની મંડળી પર ભારે સતવાણી શરૂ થઇ, અને પ્રેરીતો શિ-
વાય તેઓ સર્વ યહુદાહ તથા સમરૂનના પ્રાંતોમાં વિખેરાઈ ગયા. 2 અને
ધાર્મિક પુરુષોએ સ્તેફનને દાટ્યો, ને તેને સારૂ ઘણો વિલાપ કીધો.
3 પણ શાઉલે મંડળીને ઉજડ કરી મુકી, એટલે ઘેરેઘેર જઈને પુરુષો
તથા સ્ત્રીઓને ઘસડી લઇ જઈને બંદીખાનામાં નાખ્યાં 4 અને વિખરાઈ
ગએલાઓ સુવાર્તા પ્રગટ કરતા ચારોગમ ફર્યા. 5 અને ફીલીપે સમારીઆ
શહેરમાં જઈને તેઓને ખ્રિસ્ત પ્રગટ કર્યો. 6 અને ફીલીપે કહેલી વાતોને
સાંભળીને તથા તેના કીધેલા ચમત્કારો જોઇને લોકોએ તેની વાતો પર
એક ચિત્તે ધ્યાન દીધું. 7 કેમકે જોને અશુદ્ધ આત્માઓ વળગ્યા હતા તે-
ઓમાંના ઘણાઓમાંથી તેઓ મોટી બૂમ પાડતા બહાર નીકળ્યો, ને
ઘણા પક્ષઘાતી તથા લૂલાઓ સમા થયા. 8 અને તે શહેરમાં બહુ આંનદ
થયો. 9 પણ સીમોન નામે એક જણ તે શહેરમાં અગાઉ જાદુ કરતો હતો,
ને હું કોઈ મોટો માણસ છું એમ કહીને સમરુનના લોકોને છક કરી ના-
ખતો હતો; 10 તેનું તેઓ નાનાથી તે મોટા સુધી સર્વ સાંભળતા, ને એમ
કહેતા કે, એ માણસ to દેવનું પરાક્રમ જે મહાન કહેવાય છે તે છે.
11 અને તેણે ઘણી મુદ્દતથી પોતાની જાદુક્રિયાઓથી તેઓને છક કરી
નાખ્યા હતા. 12 પણ ફીલીપ દેવના રાજ્ય તથા ઈસુ ખ્રીસ્તના નામ વિ-
ષે સુવાર્તા પ્રગટ કરતો હતો ત્યારે તેઓનો વિશ્વાસ તેના પર બેઠો, ને
પુરુષોએ તેમજ સ્ત્રીઓએ પણ બાપ્તિસમાં લીધું. 13 અને સિમોને પોતે
પણ વિશ્વાસ કીધો, ને બાપ્તિસમાં પામીને ફીલીપ સાથે રહ્યો, ને ચમ-
ત્કારો તથા મોટા પરાક્રમી કામો બનતાં જોઈને તે અચરત થયો. 14 હવે
સમરુનીઓએ દેવની વાત અંગીકારી છે એવું યરુશાલેમમાંના પ્રેરિ-
તોએ સાંભળ્યું, ત્યારે તેઓએ પીતરને તથા યોહાનને તેઓની પાસે મો-
કલ્યા. 15 અને તેઓએ ત્યાં પહોંચ્યાં પછી તેઓને સારૂ પ્રાર્થના કરી કે
તેઓ પવિત્ર આત્મા પામે; 16 કેમકે તેઓમાંના કોઈ પર ત્યાં લગી તે
ઉતર્યો ન હતો; પણ તેઓ પ્રભુ ઈસુને નામે માત્ર બાપ્તિસમાં પામ્યા
હતા. 17 પછી તેઓએ તેઓ પર હાથ મુક્યા, ને તેઓ પવિત્ર આત્મા પા-
મ્યા. 18 હવે પ્રેરિતોના હાથ મુકવાથી પવિત્ર આત્મા અપાય છે, એ જો-
ઈને સીમોને તેઓને પૈસા આપવા માંડ્યા, 19 અને કહ્યું કે, તમે મને
પણ એ અધિકાર આપો કે જેના પર હું હાથ મુકું તે પવિત્ર આત્મા પામે.
20 પણ પીતરે તેને કહ્યું કે, દેવનું દાન પૈસાથી વેચાતું લેવાનું તે ધાર્યું
માટે તારા પૈસા તારી સાથે નાશ પામો. 21 આ વાતમાં તારો લાગભાગ
નથી કારણ કે તારું અંતઃકરણ દેવની આગળ ચોખ્ખું નથી. 22 એ માટે
તારી આ ભૂંડાઈનો પસ્તાવો કર, ને પ્રભુને વિનંતી કર કે, કદાપિ તારા
અંતઃકરણની કલ્પના તને માફ થાય. 23 કેમકે હું જોઉં છું કે તું પિત્તની
કડવાસમાં, ને ભૂંડાઈનાં બંધનમાં છે. 24 ત્યારે સીમોને ઉત્તર દેતા કહ્યું
કે, તમારી કહેલી વાતોમાંની કોઈ મારા પર ન આવે માટે તમે મારે સારૂ
પ્રભુને વિનંતી કરો. 25 હવે [ત્યાં] શાહેદી આપ્યા પછી તથા પ્રભુની
વાત પ્રગટ કર્યા પછી સમરુનીઓના ઘણા ગામોમાં સુવાર્તા પ્રગટ કરી-
ને તેઓ યરુશાલેમમાં પાછા આવ્યા. 26 પણ પ્રભુના દૂતે ફીલીપને કહ્યું
કે, ઉઠ, યરુશાલેમથી ગાઝા જવાના માર્ગ સુધી દક્ષિણ તરફ જા; ત્યાં
રાન છે. 27 અને તે ઉઠીને ગયો. અને જુઓ, એક હબશી ખોજો, જે હબ-
શીઓની રાણી કાંડાકેના હાથ નીચે મોટો અમલદાર તથા તેના સઘળા
ભંડારનો કારભારી હતો, તે ભજન કરવા સારૂ યરુશાલેમમાં આવ્યો
હતો. 28 અને તે પાછો જતાં પોતાના રથમાં બેસીને યશાયાહ ભવિષ્ય-
વાદીનું પુસ્તક વાંચતો હતો. 29 ત્યારે આત્માએ ફીલીપને કહ્યું કે, તું
પાસે જઈને એ રથની સંઘાતે થા. 30 ત્યારે ફીલીપ તેની પાસે દોડી ગયો,
ને તેને યશાયાહ ભવિષ્યવાદીનું પુસ્તક વાંચતો સાંભળીને પૂછ્યું કે, તું
વાંચ છે તે શું તું સમજે છે? 31 ત્યારે તેણે કહ્યું કે, મને કોઈના બતાવ્યા
વિના હું કેમ કરીને સમજી શકું? ત્યારે તેણે ફીલીપને વિનંતી કીધી કે,
ઉપર ચઢીને મારી પાસે બેસ. 32 અને શાસ્ત્રનું જે પ્રકરણ તે વાંચતો
હતો તે એ હતું કે, ઘટની પેઠે મારી નાખવાને તે લઈ જવાયો; ને જેમ
હલવાન પોતાના કાતાર્નારની આગળ મુંગું રહે છે, તેમ તેણે પોતાનું મ્હો
ઉઘાડ્યું નહિ; 33 તેની દીનાવસ્થામાં તેનો ન્યાય ડુબી ગયો; તેની પેઢી-
નું વર્ણન કોણ કહી દેખાડશે? 34 ત્યારે તે ખોજાએ ફીલીપને ઉત્તર દેતા
કહ્યું કે, હું તને વિનંતી કરું છું કે, ભવિષ્યવાદી કોણ વિષે એ કહે છે?
પોતા વિષે અથવા કોઈ બીજા વિષે? 35 ત્યારે ફીલીપે પોતાનું મ્હો ઉઘા-
ડ્યું, ને શાસ્ત્રની એ વાતથી માંડીને તેને ઈસુ વિષેની સુવાર્તા પ્રગટ કી-
ધી. 36 અને તેઓ માર્ગ ચાલતા પાણીથી અમુક જગ્યાએ આવી
પહોંચ્યા, ત્યારે ખોજાએ કહ્યું કે, જો, [અહિં] પાણી છે, મારે બાપ્તિસમાં
પામવાને શો અટકાવ છે? 37 [[ત્યારે ફીલીપે કહ્યું કે, જો તું તારા પૂરા
મનથી વિશ્વાસ કરે છે તો ઉચિત છે; ને તેણે ઉત્તર દેતા કહ્યું કે, ઈસુ ખ્રિ-
સ્ત તે દેવનો દીકરો છે, એવું હું માનું છું]] 38 પછી તેણે રથ ઉભો રાખ-
વાનો હુકમ કીધો, ને ફીલીપ તથા ખોજો બેઉ પાણીમાં ઉતર્યા, ને તેણે
તેને બાપ્તિસમાં આપ્યું. 39 અને તેઓ પાણીમાંથી ઉપર આવ્યા ત્યારે
પ્રભુના આત્મા ફીલીપને લઇ ગયો, 40 પણ ફીલીપ આઝોટમાં દેખાયો;
ને કાઈસારીઆ પહોંચતાં સુધી માર્ગમાંના સઘળાં શહેરમાં સુવાર્તા પ્રગટ
કરતો ગયો.

### અધ્યાય-૯

9 પણ શાઉલ હજુ સુધી પ્રભુના શિષ્યોની વિરુદ્ધ કતલ કરવાની
ધમકીઓ ઉચ્ચારતો પ્રમુખ્ય યાજકની પાસે ગયો. 2 અને તેની
પાસેથી દમસ્કમાંની સભાઓ પર પત્રો માગ્યા કે જો તેને એ માર્ગે કોઈ
પુરુષ કે સ્ત્રી મળે, તો તે તેઓને બાંધીને યરુશાલેમમાં લાવે. 3 એવું
બન્યું કે તે ચાલતાં ચાલતાં દમાસ્ક પાસે પહોંચ્યો અને ત્યારે એકાએક
તેની આસપાસ આકાશથી એક પ્રકાશ ચમક્યો. 4 અમે તે ભોંચ પર
પડ્યો, અને તેની સાથે બોલતી એવી એક વાણી તેણે સાંભળી કે, શા-
ઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે? 5 ત્યારે તેણે કે કહ્યું કે પ્રભુ, તું
કોણ છે? ને તેણે કહ્યું કે, હું ઈસુ છું, કે જેને તું સતાવે છે; 6 પણ તું ઉઠ,
ને શહેરમાં જા, ને તારે શું કરવું તે તને કહેવામાં આવશે. 7 અને તેની સા-
થે ચાલનારા માણસો સ્તબ્ધ થઇ ગયા, કેમકે તેઓએ વાણી સાંભળી
ખરી, પણ કોઈને દીઠો નહિ. 8 પછી શાઉલ ભોંય પરથી ઉઠ્યો; ને તેની
આંખો ઉઘડી ત્યારે તે કંઈ દેખી શક્યો નહિ; ને તેઓ તેનો હાથ પકડીને
તેને દમસ્કમાં દોરી ગયા. 9 અને તર્ક દિવસ સુધી તે દેખી શક્યો નહિ.,
ને તેણે કંઈ ખાધું કે પીધું નહિ. 10 હવે દમ્સ્કમાં અનાનિયા નામે એક
શિષ્ય હતો, તેને પ્રભુએ દર્શનમાં કહ્યું કે, અનાનિયા; ત્યારે તેણે કહ્યું
કે, ઓ પ્રભુ, હું આ રહ્યો. 11 ત્યારે પ્રભુએ તેને કહ્યું કે, ઉઠીને પાધરા
નામના રસ્તામાં જા, ને શાઉલ નામે તાર્સસના એક માણસ વિષે યહુ-
દાના ઘરમાં ખબર કાઢ; કેમકે જો, તે પ્રાર્થના કરે છે; 12 અને તેણે [દર્શ-
નમાં] એવું જોયું છે કે, અનાનિયા નામે એક માણસ માંહે આવીને, તે દે-
ખતો થાય માટે તેના પર હાથ મુકે છે. 13 પણ અનાનિયાએ ઉત્તર દીધો
કે, પ્રભુ મેં ઘણાથી એ માણસ વિષે સાંભળ્યું છે કે યરુશાલેમમાંના તા-
રા સંતોને તેણે કેટલું બધું દુઃખ દીધું છે; 14 અને જેઓ તારા નામની પ્રા-
ર્થના કરે છે તે સર્વને બાંધવા સારૂ મુખ્ય યાજકો પાસેથી અહિં પણ તેને
અધિકાર છે. 15 પણ પ્રભુએ તેને કહ્યું કે, તું ચાલ્યો જા; કેમકે વિદે-
શીઓ, તથા રાજાઓ, તથા ઇસ્રાએલપુત્રોની આગળ મારું નામ પ્રગટ
કરવા સારૂ એ મારું પસંદ કરેલું પાત્ર છે. 16 કેમકે મારા નામને લીધે તેને
કેટલું દુઃખ સેહવું પડશે, એ હું તેને દેખાડીશ. 17 ત્યારે અનાનિયા ચા-
લ્યો ગયો, ને તે ઘરમાં પેઠો; ને તેના પર પોતાના હાથ મુકીને કહ્યું કે,
ભાઈ શાઉલ, પ્રભુ, એટલે ઇસુ જે તને માર્ગ આવતા દેખાયો, તેણે મને
મોકલ્યો છે, એ માટે કે તું દેખતો થાય, ને પવિત્ર આત્માથી ભરપૂર
થાય. 18 ત્યારે તેની આંખો પરથી તત્કાળ છાલાં જેવું કંઈ ખરી પડ્યું, ને
તે દેખતો થયો, ને ઉઠીને તે બાપ્તિસમાં પામ્યો; 19 ને તેણે અન્ન ખાધું
ત્યારે તેને શક્તિ આવી. અને તે દમાસ્કમાંના શિષ્યોની સાથે કેટલા-
એક દિવસ રહ્યો. 20 ને તેણે લાગલોજ સભાસ્થાનોમાં ઈસુને પ્રગટ કી-
ધો કે, તે ડેનો દીકરો છે. 21 અને જેઓએ તેનું સાંભળ્યું તેઓ સર્વ વિ-
સ્મિત થઈને બોલ્યા કે, જેણે આ નામની પ્રાર્થના કરનારાઓનો યરુ-
શાલેમમાં ઘાણ વાળ્યો, ને જે એ કામને સારૂ અહિં આવ્યા છે કે તેઓને
બાંધીને મુખ્ય યાજકોની પાસે લઇ જાય, તે શું એ નથી? 22 પણ શાઉલ
સામર્થ્યમાં વધતો ગયો, ને [ઈસુ] તેજ ખ્રિસ્ત છે એના પ્રમનો આપીને
તેણે દમસ્કમાં રહેનારા યહુદીઓને હરાવી નાખ્યા. 23 અને ઘણા દિવસ
વિત્યા પછી યહુદીઓએ તેને મારી નાખવાની મસલત કીધી. 24 પણ
તેઓનું કાવતરું શાઉલને માલમ પડ્યું. અને તેઓએ તેને મારી નાખવા
સારૂ રાત દહાડો ભાગ્લોની પણ ચોકી કરી; 25 પણ તેના શિષ્યોએ તેને
રાત્રે ટોપલામાં [બેસાડીને] કોટ ઉપરથી ઉતારી મુક્યો. 26 અને તેણે
યરુશાલેમમાં આવીને શિષ્યોની સાથે મળી જવાની કોશિશ કીધી,
પણ તેઓ બધા તેનાથી બીતા હતા, કેમકે તે શિષ્ય છે એવું તેઓ માન-
તા ન હતા. 27 પણ બર્નાબાસ તેને પ્રેરિતોની પાસે તેડી ગયો, ને કેવી
રીતે તે માર્ગમાં પ્રભુને દીઠો, ને કેવી રીતે તે તેની સાથે બોલ્યો, ને તેણે
કેવી રીતિ દમસ્કમાં ઈસુને નામે હિમ્મતથી ઉપદેશ કર્યો, એ તેણે તેઓ-
ને કહી દેખાડ્યું'. 28 અને યારુશાલેમમાં તેઓની સાથે તે આવજા કરતો
રહ્યો; 29 અને તે હિમ્મતથી પ્રભુને નામે ઉપદેશ કરતો હતો, ને હેલેની
યહુદીઓ સાથે વાદવિવાદ કરતો હતો, પણ તેઓ તેને મારી નાખવાનો
લાગ શોધતા હતા. 30 અને ભાઈઓએ તે જાણ્યું ત્યારે તેઓ તેને કાઈ-
સારીઆમાં લઇ ગયા, ને ત્યાંથી તેઓએ તેને તાર્સસ મોકલી દીધો.
31 ત્યારે આખા યહુદાહ, તથા ગાલીલ, તથા સમરૂનમાંની મંડળી સ્થા-
પિત થઈને શાંતિ પામી, ને પ્રભુના ભયમાં તથા પવિત્ર આત્માના દિ-
લાસામાં ચાલીને વધતી ગઈ. 32 અને એમ થયું કે પીતર બધે ફરતો ફર-
તો લુદામાંરહેનારા સંતોની પાસે પણ આવ્યો. 33 અને ત્યાં તેને એન-
યસ નામ એક જન મળ્યો, જે આઠ વરસથી ખાટલે પડેલો હતો, કેમકે
તે પક્ષઘાતી હતો. 34 અને પીતરે તેને કહ્યું કે, એનયસ, ઈસુ ખ્રિસ્ત તને
સાજો કરે છે; ઉઠ, ને તારું બીચનું પાથર; એટલે તે તરત ઉઠ્યો. 35 અને
લુદા તથા શારોનના બધા રહેવાસીઓ તેને જોઈને પ્રભુ તરફ વળ્યા.
36 હવે જોપ્પમાં એલ શિષ્યોણ હતી, જેનું નામ તબીથા, એટલે દરકાસ,
હતું, તે બાઈ રૂડી કરણીઓ તથા દાન કરવામાં પુરી હતી. 37 અને તે દિ-
વસોમાં એમ થયું કે તે માંદી પડીને મરી ગઈ; ને તેઓએ તેને નવડાવી-
ને મેડીએ સુવાડી. 38 અને લુદા જોપ્પા પાસે હતું માટે પીતર ત્યાં છ
એવું સાંભળીને શિષ્યોએ બે માણસોને તેની પાસે એવી આજીજી કર-
વાને મોકાહ્ય કે, અમારી પાસે આવવાને તું ઢીલ કરતો ના. 39 ત્યારે પી-
તર ઉઠીને તેઓની સાથે ગયો, ને તે આવી પહોંચ્યો એટલે તેઓ તેને
મેડી ઉપર તેડી ગયા; ને સઘળી વિધવાઓ તેની પાસે ઉભી રહીને રડ-
તી હતી, ને દરકાસ તેઓની સાથે હતી ત્યારે તેણીએ જે અંગરખા તથા
લુંગડા બનાવ્યા હતા તે દેખાડતી હતી. 40 પણ પીતરે તે સર્વને બહાર
કાઢીને ઘૂંટણ ટેકવીને પ્રાર્થના કીધી, પછી મુડદા તરફ ફરીને તેનેકહ્યું
કે, તબીથા, ઉઠ; ત્યારે તેણીએ પોતાની આંખો ઉઘાડી, ને પીતરને જો-
ઈને તે બેઠી થઇ. 41 પછી તેણે તેને હાથ આપીને ઉઠાડી; ને સંતોને
તથા વિધવાઓને બોલાવીને તેને જીવતી દેખાડી. 42 અને આખા જો-
પ્પમાં એની જાન પડી, ને ઘણાએ પ્રભુ પર વિશ્વાસ કર્યો. 43 પછી એમ
થયું કે જોપ્પમાં સીમોન નામે એક ચમારને ત્યાં તે ઘણા દહાડા રહ્યો.

### અધ્યાય-૧૦

10 હવે કાઈસારીઆમાં કરનેલ્યસ નામે એક માણસ ઈતાલીની
કહેવાતી પલટનનો સુબેદાર હતો. 2 તે ધાર્મિક હતો, ને પોતાના
ઘરનાં સઘળા માણસો સુદ્ધાં દેવનું ભય રાખતો, ને લોકોને ઘણાં દાન
આપતો, ને નિત્ય દેવની પ્રાર્થના કરતો હતો. 3 તેણે દિવસને આસરે
ત્રીજા પહોરે દેવના એક દૂતને પોતાની પાસે આવતો, તથા પોતાને, ઓ
કરનાલ્યસ, એમ કહેતો દર્શનમાં પ્રત્યક્ષ દીઠો. 4 ત્યારે એકી નજરે તેની
સામું જોઈ રહીને તથા ભયભીત થઈને તેણે કહ્યું કે, પ્રભુ શું છે? ને તેણે
કહ્યું કે, તારી પ્રાર્થનાઓ તથા તારા દા દેવની આગળ યાદગીરીને સારૂ
પહોંચ્યા છે. 5 અને હવે તું જોપ્પામાં માણસો મોકલીને સીમોન જેનું
બીજું નામ પીતર છે તેને તેડાવ. 6 સીમોન ચમાર, જેનું ઘર સમુદ્રકાંઠે
છે, તેને ત્યાં તે ઉતાર્યો છે. 7 અને જે દૂત તેની સાથે બોલ્યો હતો, તેના
ગયા પછી તેણે પોતાના ઘરના ચાકરોમાંના બેને. તથા જેઓ જાથું તેની
તહેનાતમાં રહેતા હતા તેઓમાંના એક ધાર્મિક સિપાઈને બોલાવ્યો.
8 અને તેઓને બધી વાત કહીને તેણે તેઓને જોપ્પામાં મોકલ્યા. 9 હવે
તેને બીજે દિવસે તેઓ ચાલતાં ચાલતાં શહેરની પાસે પહોંચ્યા, તેવામાં
આસરે બપોરને સમયે પીતર પ્રાર્થના કરવાને ઘરના ધાબા પર ગયો.
10 અને તે ભૂખ્યો થયો, અને તેને ખાવાનું મન થયું; પણ તેઓ તૈયાર
કરતા હતા એટલામાં તે મુર્છાગત થયો; 11 અને આકાશ ઉઘડેલું તથા
એક વાસણ મોટી ચાદરના જેવું તેના ચાર ખુણાથી લટકાવેલું ધરતી
પર ઉતરી આવતું તેણે દીઠું. 12 તેમાં પૃથ્વી પરનાં સઘળી જાતનાં ચોપ-
ગાં તથા પેટે ચાલનારા પ્રાણીઓ તથા આકાશના પક્ષીઓ હતાં. 13 અને
એવી વાણી [તેના સાંભળવામાં] આવી કે, પીતર, ઉઠ, મારીને ખા.
14 પણ પીતરે કહ્યું કે, પ્રભુ, એમ નહીં, કેમકે કોઈ નાપાક કે અશુદ્ધ
વસ્તુ મેં કદી ખાદી નથી. 15 ત્યારે બીજી વાર [તેના સાંભળવામાં] એવી
વાણી આવી કે, દેવે જે શુદ્ધ કીધી છે, તેને તું નાપાક ન ગણ. 16 અને
એમ ત્રણ વાર થયું; પછી તરત તે વાસણ આકાશમાં ઉઠાવી લેવામાં
આવ્યું. 17 હવે પીતર પોતાના મનમાં બહુ ગૂંચવાતો હતો કે, અ જે દર્શન
મને થયું તેનો શો અર્થ હશે, એવામાં જુઓ, કરનેલ્યસે મોકલેલા માણ-
સો સીમોનનું ઘર પુછતા પુછતા બારણાં આગળ આવી ઉભા. 18 અને
તેઓએ હાંક મારીને પુછ્યું કે, સીમોન જેની અટક પીતર છે તે શું અહિં
ઉતરેલો છે? 19 ને પીતર તે દર્શન વિષે વિચાર કરતો હતો ત્યારે
આત્માએ તેને કહ્યું કે, જો, ત્રણ માણસો તને શોધે છે. 20 માટે તું ઉઠ ને
નીચે ઉતરીનેકંઈ સંદેહ આણ્યા વિના તેઓની સાથે જા, કેમકે મેં તેઓ-
ને મોકલ્યા છે. 21 ત્યારે પીતર ઉતરીને તે માણસ પાસે ગયો, અને કહ્યું
કે, જુઓ, જેને તમે શોધો છો તે હું છું, તમે શા માટે આવ્યો છો? 22 ત્યારે

તેઓએ કહ્યું કે, કરનેલ્યસ નામે એક સુબેદાર જે ન્યાયી તથા દેવનું
ભય રાખનાર માણસ છે, અને જેને વિષે આખું યહુદી કો સારૂ બોલે છે,
તેને પવિત્ર દૂતની મારફતે ચેતવણી મળી કે તે તને પોતાને ઘેર તેડાવી-
ને તારી વાતો સાંભળે. 23 ત્યારે તેણે તેઓને માંહે બોલાવીને પરોણા
રાખ્યા. અને બીજા દિવસે તે તેઓની સાથે ગયો, ને જોપ્પામાંના કેટ-
લાક ભાઈઓ તેની સાથે ગયા. 24 અને બીજે દિવસે તેઓ કાઈસારીઆ-
માં આવી પહોંચ્યા, ને કરનેલ્યસ પોતાનાં સગાંઓને તથા પ્રિય મિત્રોને
એકઠાં કરીને તેઓની વાટ જોતો હતો. 25 અને પીતર માંહે આવ્યો ત્યારે
કરનેલ્યસ તેને મળ્યો, ને તેને પગે પડીને તેણે દંડવત પ્રણામ કીધાં.
26 પણ પીતરે તેને ઉઠાડતાં કહ્યું કે, ઉભો થા, હું પણ માણસ છું.
27 અને તેની સાથે વાતો કરતો કરતો તે માંહે ગયો, ત્યારે તેણે ઘણાઓ-
ને એકઠા થયેલાં દીઠાં; 28 અને તેણે તેઓને કહ્યું કે, તમે પોતે જાણો છો
કે, બીજી કોમના માણસ સાથે સબંધ રાખવો, અથવા તેને ત્યાં જવું, એ
યહુદી માણસને ઉચિત નથી; પણ દેવે to મને દેખાડ્યું છે કે, મારે કોઈ
માણસને નાપાક કે અશુદ્ધ કહેવું નહિ. 29 અને તેથીજ જયારે મને તેડા-
વ્યો, ત્યારે વાંધો લીધા વગર હું આવ્યો; માટે હું પુછુ છું કે, તમે શા કાર-
ણથી મને તેડાવ્યો છો? 30 ત્યારે કરનેલ્યસે કહ્યું કે, ચાર દિવસ ઉપર હું
આ ઘડી સુધી મારા ઘરમાં ત્રીજા પહોરની પ્રાર્થના કરતો હતો, ત્યારે
જુઓ, ચળકતો પોશાક પહેરેલો એક જણ મારી સામા ઉભો રહ્યો, 31 ને
બોલ્યો કે, કરનેલ્યસ, તારી પ્રાથના સાંભળવામાં આવી છે, ને તારા
દાન દેવની સમક્ષ સ્મરણમાં આવ્યા છે. 32 એ માટે તું જોપ્પામાં માણસ
મોકલીને સીમોન જેનું બીજું નામ પીતર છે તેને તારી પાસે તેડાવ, તે
સમુદ્રનાં કાંઠે સીમોન ચમારના ઘરમાં ઉતરેલો છે. 33 એ માટે મેં તરત
તને તેડાવ્યો, ને તું આવ્યો એ બહુ સારૂ કર્યું. હવે પ્રભુએ જે સર્વ વાતો
તને ફરમાવી છે, તે સંભાળવા સારૂ અમે સઘળા અહિં દેવની સમક્ષ હા-
જર છીએ. 34 ત્યારે પીતરે મ્હો ઉઘાડીને કહ્યું કે, મને ખાતરી થઇ છે કે
દેવ પક્ષપાતી નથી. 35 અન હરેક દેશમાં જે કોઈ તેની બીક રાખે છે, ને
ન્યાયીપણું કરે છે, તે તેને માન્ય છે. 36 ઈસુ ખ્રિસ્ત (જે સર્વનો પ્રભુ છે)
તેની મારફતે શાંતિની સુવાર્તા પ્રગટ કરતા [દેવે] ઈસ્રાએલપુત્રોની પાસે
જે વાત મોકલી, 37 એટલે જે વાત યોહાને બાપ્તિસમાં પ્રગટ કીધા પછી
ગાલીલથી માંડીને આખા યહુદાહમાં જાહેર કરવામાં આવી તે તને પોતે
જાણો છો; 38 એટલે કે નાઝરેથના ઈસુની વાત કે જેને દેવે પવિત્ર
આત્માથી તથા સામર્થ્યથી અભિષિક્ત કીધો; તે ભલું કરતો તથા સે-
તાનથી જે પીડાતા હતા તેઓ સઘળાને સાજા કરતો ફર્યો; કેમકે દેવ તે-
ની સાથે હતો. 39 તેણે યહુદીઓના પ્રાંતમાં તથા યરુશાલેમમાં જે કામો
કીધાં તે સર્વના અમે સાક્ષી છીએ; તેને વળી તેઓએ લાકડી પર ટાંગીને
મારી નાખ્યો. 40 તેને દેવે ત્રીજો દિવસે ઉઠાડ્યો, ને સર્વ લોકોની
આગળ નહિ, 41 પણ અગાઉથી દેવના પસંદ કીધેલા સાક્ષીઓ, જેઓએ
તેના મુએલામાંથી ઉઠ્યા પછી તેની સાથે ખાધું પીધું તેઓની આગળ,
એટલે અમારી આગળ, તેને પ્રગટ કીધો, 42 અને તેણે અમને અજ્ઞા કી-
ધી કે લોકોને ઉપદેશ કરો, ને સાક્ષી આપો કે દેવે એનેજ જીવતાંઓના
તથા મુએલાંઓના ન્યાયાધીશ ઠરાવેલો છે. 43 તેના વિષે સઘળા ભવિ-
ષ્યવાદીઓ સાક્ષી આપે છ કે, જે કોઈ તેના પર વિશ્વાસ કરે છે, તે તેના
નામથી પાપની માફી પામશે. 44 પીતરે એ વાતો કહેતો હતો એટલામાં
જે લોકો વાત સાંભળતા હતા તે સર્વ ઉપર પવિત્ર આત્મા ઉતર્યા.
45 ત્યારે વિદેશીઓ પર પણ પવિત્ર આત્માનું દાન રેડાયું છે [એ જોઇને]
સુનતીઓમાંના જે વિશ્વાસીઓ પીતરની સાથે આવ્યા હતા તે સર્વ વિ-
સ્મય પામ્યા; 46 કેમકે તેઓને અન્ય ભાષાઓમાં બોલતા, તથા દેવની
સ્તુતિ કરતા તેઓએ સાંભળ્યા. 47 ત્યારે પિતરે ઉત્તર આપ્યો કે, આપ-
ણી પેઠે તેઓ પણ પવિત્ર આત્મા પામ્યા છે, તો તેઓનું બાપ્તિસમાં
અટકાવવાને પાણીની માંના કોણ કરી શકે? 48 અને ઈસુ ખ્રીસ્તને નામે
તેઓને બાપ્તિસમાં આપવાની તેણે આજ્ઞા કીધી, પછી કેટલાએક દિવસ
[ત્યાં] રહેવાની તેઓએ તેને વિનંતી કીધી.

### અધ્યાય-૧૧

11 હવે જે પ્રેરીતો તથા ભાઈઓ યહુદાહમાં હતા તેઓએ સાંભળ્યું
કે, વિદેશીઓએ પણ દેવની વાતનો અંગીકાર કીધો છે. 2 અને
પીતર યરુશાલેમ આવ્યો, ત્યારે સુનતીઓએ તેની સાથે વાદ કરતા
કહ્યું કે, 3 તે બેસુનતીઓના ઘરમાં જઈને તેઓની સાથે ખાધું. 4 ત્યારે
પીતર વાત કરવા લાગ્યો ને તેઓને વિગતવાર ખુલાસો કરતા કહ્યું કે,
5 હું જોપ્પાં શેહેરમાં પ્રાથના કરતો હતો, ત્યારે મને મૂર્છા આવી, ને મેં
દર્શનમાં એક વાસણ, જાણે કે એક મોટી ચાદર તેના ચાર ખુણાથી લટ-
કાવેલી હોય તેવું આકાશમાંથી ઉતરતું જોયું; ને તે મારી પાસે આવ્યું.
6 તેના પર એકી નજરે જોઇને મેં ધ્યાન આપ્યું, to પૃથ્વી પરનાં ચોપગાં
પ્રાણીઓ તથા રાની પશુઓ તથા પેટે ચાલનારા પ્રાણીઓ, તથા આકા-
શનાં પક્ષીઓ મેં દીઠાં. 7 અને વળી મેં એક વાણી મને એમ કહેતી
સાંભળી કે, પીતર, ઉઠ, મારીને ખા. 8 પણ મેં કહ્યું, પ્રભુ, એમ નહિ, કે-
મકે કોઈ પણ નાપાક અથવા અશુદ્ધ વસ્તુ મારા મ્હોમાં કદી પેઠી નથી.
9 પણ તેના ઉત્તરમાં આકાશમાંથી બીજી વાર વાણી થઇ કે, દેવે જે શુદ્ધ
કીધું છે, તેને તું નાપાક ન ગણ. 10 અને એમ ત્રણ વાર થયું; પછી બધા
આકાશમાં ખેંચી લેવામાં આવ્યાં. 11 અને જુઓ, તેજ વેળાએ કાઈસારી-
આથી મારી મોકલેલા ત્રણ માણસો જે ઘરમાં મે હતા તેની આગળ
આવી ઉભા. 12 અને આત્માએ મને કહ્યું કે, કંઈ પણ ભેદ રાખ્યા વિના
તેઓની સાથે જા.અને આ છ ભાઈ પણ મારી સાથે આવ્યા; ને અમે તે
માણસના ઘરમાં ગયાં; 13 ત્યારે તેણે અમને ખબર આપી કે મેં મારા ઘર-
માં દૂત ઉભેલો જોયો, જેણે મને કહ્યું કે, જોપ્પામાં [માણસ] મોકલી સી-
મોન જેનું બીજું નામ પીતર છે, તેને તેડાવ; 14 તે તને એવી વાતો કહેશે
કે તેથી તું તારા આખા ઘરનાં સુદ્ધાં તારણ પામશે. 15 ને હું બોલવા લા-
ગ્યો કે તરત જેમ આપણા પર પવિત્ર આત્મા ઉતર્યો હતો, તેમ તેઓ
પર પણ તે ઉતર્યો. 16 ત્યારે પ્રભુની કહેલી વાત મને યાદ આવી કે, યો-
હાને પાણીએ બાપ્તિસમાં કીધું ખરૂં, પણ તમે પવિત્ર આત્માએ બાપ્તિસ-
માં પામશો. 17 એ માટે જ્યારે આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કી-
ધો ત્યારે આપણને જેવું દાન મળ્યું તેવુજ દાન દેવે તેઓને પણ આપ્યું,
તો હું કોણ હતો, કે દેવને અટકાવું? 18 ને તેઓ આ વાતો સાંભળીને ચા-
ના રહ્યા, ને દેવને મહિમા આપતા કહ્યું કે, દેવે વિદેશીઓને પણ પશ્ચા-
તાપ [કરવાનું મન] આપ્યું છે કે તેઓ જીવન પામે. 19 અને સ્તેફનના
સબંધમાં જે સતાવણી થઇ તેથી જેઓ વિખેરાઈ ગયા હતા તેઓ ફેનીકે
તથા કુપરસ તથા અંત્યોખ લગી ગયા, પણ તેઓએ યહુદીઓ વગર કો-
ઈને વા પ્રગટ કીધી ન હતી. 20 પણ તેઓમાંના કેટલાક કુપરસ તથા કુ-
રેનીના માણસો હતા, તેઓએ અંત્યોખ આવીને હેલેનીઓની આગળ
પણ પ્રભુ વિષેની સુવાર્તા કહી સંભળાવી. 21 અને પ્રભુની હાથ તેઓની
સાથે હતો, ને ઘણા વિશ્વાસ કરીને પ્રભુ તરફ વળ્યા. 22 અને તેઓ વિષે-
ના સમાચાર યરુશાલેમની મંડળીને કાને આવ્યા; અને તેઓએ બર્ના-
બાસને અંત્યોખ લગી મોકાયો; 23 ને ત્યાં આવ્યો, ત્યારે દેવની કૃપા
જોઇને આંનદ પામ્યો; ને તેણે તેઓ સર્વને મનના નિશ્ચયથી પ્રભુને
વળગી રેહાનો બોધ કીધો; 24 કેમકે તે સારો માણસ હતો, ને પવિત્ર
આત્માથી તથા વિશ્વાસથી ભરપુર હતો, ને ઘણા લોક પ્રભુની [મંડળી-
માં] ઉમેરાયા. 25 અને [બર્નાબાસ] શાઉલની શોધ કરવા સારૂ તાર્સસ
ગયો; 26 અને તે મળ્યો ત્યારે તે તેને અંત્યોખમાં લાવ્યો. અને એમ થયું
કે, તેઓએ એક આખું વરસ મંડળીની સાથે એકઠા મળીને ઘણા લોકો-
ને બોધ કીધો; ને શિષ્યો પહેલવહેલાં અંત્યોખમાં ખ્રીસ્તી કહેવાયા.
27 હવે એ દિવસોમાં ભવિષ્યવાદીઓ યરુશાલેમથી અંત્યોખ આવ્યા.
28 અને તેઓમાંના અગાબસ નામે એક ઉભો થઈને આત્માંવડે સુચવ્યું
કે, આખા જગતમાં મોટો દુકાળ પડશે; અને કલાદીઅસના દિવસોમાં
તેમજ થયું. 29 ત્યારે શિષ્યોએ ઠરાવ્યું કે, આપણે ડાર્ક માણસે પોતપો-
તાની શક્તિ પ્રમાણે યહુદાહમાં રહેનાર ભાઈઓને કંઈ મદદ મોકલવી.
30 અને તેઓએ તેમ કીધું, ને બર્નાબાસ તથા શાઉલની હસ્તક વડીલો
પર તે મોકલી.

### અધ્યાય-૧૨

12 આસરે તે વેળાએ હેરોદ રાજાએ મંડળીના કેટલાએકની સતાવ-
ણી કરવા હાથ લંબાવ્યા. 2 અને તેણે યોહાનના ભાઈ યાકુબને
તરવારે માર્યો. 3 અને યહુદીઓને એ ગમતું છે તે જોઇને તેણે પીતરને
પણ પકડી લીધો. અને તે બેખમીર રોટલીના દિવસ હતા. 4 અને તેણે
તેને પકડીને બંદીખાનામાં નાખ્યો, ને તેની ચોકી રાખવા સારૂ ચાર ચાર
સિપાઈઓની ચાર ટુકડીઓને સોંપ્યો, ને પાસ્ખા પછી લોકોની પાસે
તેને બહાર લાવવાનો ઈરાદો રાખ્યો. 5 એ માટે તેણે પીતરને બંદીખાના-
માં રાખ્યો; પણ મંડળીએ તેને સારૂ આગ્રહથી દેવની પ્રાર્થના કીધી.

6 અને હેરોદ તેને બહાર લાવવાનો હતો તેજ રાત્રે પીતર બે સિપાઈઓ-
ની વચ્ચે બે સાંકળોએ બાંધેલો ઊંઘતો હતો; ને ચોકીદારો બારણાં
આગળ બન્દીખાનાની ચોકી કરતા હતા. 7 ત્યારે જુઓ, પ્રભુની દૂત તે-
ની પાસે ઉભો રહ્યા, ને બંદીખાનામાં અજવાળું ચમક્યું, ત્યાતે તેને પી-
તરને કૂખમાં મારીને જગાડ્યો, ને કહ્યું કે, જલદી ઉઠ. ત્યારે તેની સાંક-
ળો તેની હાથ પરથી છૂટી પડી. 8 અને દૂતે તેને કહ્યું કે, કમર બાંધ, ને
તારા ચંપલ પહેર. અને તેણે તેમ કીધું. પછી તેણે કહ્યું કે, તારું લૂગડું
ઓઢીને મારી પછવાડે આવ. 9 અને તે બહાર નીકળીને તેની પછવાડે
ગયો; ને દૂત જે કરે છે તે ખરૂં છે એમ તે સમજતો ન હતો, પણ મને
દર્શન થાય છે એમ ધારતો હતો. 10 અને તેઓ પહેલી તથા બીજી ચોકી
વટાવીને શહેરમાં જવાના લોઢાને દરવાજે પહોંચ્યા; ને તે પોતાની મેળે
તેઓને સારૂ ઉઘડી ગયો; ને તેઓએ આગળ ચાલીને એક મહોલ્લો
ઓળંગ્યો; એટલે તરત દૂત તેની પાસેથી ચાલ્યો ગયો. 11 અને પીતરને
ભાન આવ્યું ત્યાતે તેણે કહ્યું કે, હવે હું ખચિત જાણું છું કે પ્રભુએ પોતા-
ના દૂતને મોકલીને હેરોદના હાથમાંથી તથા યહુદીઓની સઘળી ધાર-
ણાથી મને છોડાવ્યો છે. 12 પછી તે વિચાર કરીને યોહાન, જેનું બીજું
નામ માર્ક હતું, તેની મા મરિયમના હર પાસે આવ્યો, જ્યાં ઘણા એકઠા
થઈને પ્રાર્થના કરતા હતા. 13 અને તે આગલું બારણું ઠોકતો હતો ત્યારે
રોડા નામે એમ જુવાન બાયડી ખબર કાઢવા આવી. 14 અને તેણીએ
પીતરનો ઘાટો ઓળખીને આંનદને લીધે બારણું ઉઘાડ્યું નહિ, પણ
માંહે દોડી જઈને કહ્યું કે, પીતર બારણાં આગળ ઉભો છે. 15 અને તે-
ઓએ તેને કહ્યું કે, તું ઘેલી છે. પણ તેણીએ હાઠેઠથી કહ્યું કે [હું કહું છું]
તેમજ છે. ત્યારે તેઓ કહ્યું કે તેનો દૂત હશે. 16 પણ પીતરે ઠોક્યા કીધું;
ને તેઓએ બારણું ઉઘાડીને તેને જોયો, ત્યારે તેઓ અચરતી પામ્યાં.
17 પણ છાના રહેવા તેણે તેઓને ઈસરો કીધો; ને શી રીતે પ્રભુએ તેને
બંદીખાનામાંથી બહાર કાઢી લાવ્યો તે તેઓને કહી બતાવ્યું, તેં તેણે
એમ કહ્યું કે, સમાચાર યાકૂબને તથા [બીજા] ભાઈઓને પહોંચાડજો.
પછી તે નીકળીને બીજી જગ્યાએ ગયો. 18 અને પ્રભાત થયો ત્યારે સિ-
પાઈઓમા ઘણી ગડબડ થઈ કે, પીતરનું શું થયું હશે! 19 ને હેરોડે તેને
શોધ્યો, પણ તે ન જડ્યો, ત્યારે તેણે ચોકીદારોની તપાસ કીધી, અને
તેઓને મારી નાખવાનો હુકમ કીધો; પછી તે યહુદાહથી નીકળીન કાઈ-
સારીઆમાં ગયો, ને ત્યાં રહ્યો. 20 હવે તુરના તથા સિદ્ધોનના લોક પર
[હેરોદ] ઘણો કોપાયમાન થયો હતો; પણ તેઓ સર્વ એક સંપે તેની પા-
સે આવ્યા, ને રાજાના મુખ્ય ખવાસ બ્લાસ્તસને પોતાના વગનો કરી
લઈને સલાહ માંગી, કેમકે તેઓના દેશનું પોષણ રાજાના દેશમાંથી થતું
હતું. 21 પછી એક ઠરાવેલા દિવસે હેરોદે રાજપોશાક પહેરીને, તથા રા-
જ્યાસન પર બેસીને, તેઓની આગળ ભાષણ કીધું. 22 ત્યારે લોકોએ
બૂમ પાડી કે, આ વાણી તો દેવની છે, માણસની નથી. 23 અને તેણે દે-
વને મહિમા આપ્યો નહિ, માટે પ્રભુના દૂતે તરત તેને માર્યો; ને કીડાથી
ખવાઈ જઈને તેણે પ્રાણ છોડ્યો. 24 પણ દેવની વાત, ફેલાતી તથા વૃ-
દ્ધિ પામતી ગઈ, 25 અને બર્નાબાસ તથા શાઉલ તે દાનસેવા પુરી કરીને
યોહાન જેનું બીજું નામ માર્ક હતું તેને સાથે લઈને યરુશાલેમથી પાછા
આવ્યા.

### અધ્યાય-૧૩

13 હવે અંત્યોખમાં જે મંડળી હતી તેમાં કેટલાએક ભવિષ્યવા-
દીઓ તથા ઉપદેશકો હતા, એટલે બર્નાબાસ તથા સિમઓન
જે નીગેર કહેવાતો હતો તે, તથા કુરેનેનો લુકીઅસ, તથા હેરોદ રજાનો
દૂદભાઈ મનાએન, તથા શાઉલ. 2 અને તેઓ પ્રભુની સેવા કરતા તથા
ઉપવાસ કરતા હતા, ત્યારે પવિત્ર આત્માએ કહ્યું કે, જે કામ કરવા સારૂ
બર્નાબાસ તથા શાઉલને મેં તેડ્યા છે તેને વાસ્તે તેઓને મારે સારૂ જુદા
કરો. 3 ત્યારે તેઓએ ઉપવાસ તથા પ્રાર્થના કરીને તથા તેઓ પર હાથ
મુકીને તેઓને વિદાય કીધા. 4 એ પ્રમાણે પવિત્ર આત્માની મોકલ્યાથી
તેઓ સલુકિયામાં ગયા; ને ત્યાંથી વહાણમાં બેસીને કુપરસમાં ગયા.
5 અને તેઓ સલામીસમાં આવ્યા, ત્યારે તેઓ યહુદીઓના સભાસ્થા-
નોમાં દેવની વાત પ્રગટ કીધી; ને યોહાન પણ સેવક તરીકે તેઓની સા-
થે હતો. 6 અને તેઓ તે આખો બેટ ઓળંગીને પાસફમાં ગયા, ત્યારે
બાર-ઈસુ નામનો એક યહુદી તેઓને મળ્યો, તે તો જાદુગર [તથા] જુઠો
ભવિષ્યવાદી હતો. 7 [બેટનો] હાકેમ, સરજીઅસ પાઉલ, જે બુદ્ધિવાન
માણસ હતો, તેની સાથે તે હતો; તે [હાકેમે] બર્નાબાસ તથા શાઉલને
પોતાની પાસે બોલાવીને દેવની વાત સાંભળવાનું મન દેખાડ્યું. 8 પણ
એલીમાસ જાદુગર, (કેમકે તેના નામનો અર્થ એજ છે,) તે હાકેમને વિ-
શ્વાર કરતાં અટકાવવા ચાહીને તેઓની સમો થયો. 9 પણ શાઉલ (જે
પાઉલ પણ કહેવાય છે), તેણે પવિત્ર આત્માથી ભરપૂર થઈને તેની સા-
મે એકી નજરે જોઈને કહ્યું કે, 10 અરે સર્વ કપટ તથા સર્વ કાવતરાંથી
ભરપુર, શેતાનના દીકરા, અને સઘળા ન્યાયીપણાના શત્રુ, શું પ્રભુના
પધરા માર્ગ વાંકા કરવાનું તું નહિ મુકી દઈશ? 11 હવે, જો, પ્રભુનો હાથ
તારી વિરુદ્ધ છે, ને તું કેટલીએક મુદત સુધી આંધળો રહેશે ને સુરજ દે-
ખશે નહિ. ત્યારે એકાએક ધુંવર તથા અંધકાર તેના પર આવી પડ્યાં, ને
હાથ પકડીને પોતાને દોરે એવાને તે શોધતો ફર્યો. 12 અને જે થયું તે હા-
કેમે જોયું ત્યારે તેણે પ્રભુ વિષેના બોધથી વિસ્મિત થઈને વિશ્વાસ કી-
ધો. 13 પછી પાઉલ તથા તેના સાથીઓ પાસફથી વહાણમાં બેસીને પા-
મ્ફૂલ્યાના પેર્ગામાં આવ્યા, ને યોહાન તેઓને મુકીને પાછો યરુશાલેમ
ગયો. 14 પણ તેઓ પેર્ગાથી આગળ જતાં પીસીદીના અંત્યોખમાં
આવ્યા; ને વિશ્રામવારે સભાસ્થાનમાં જઈને બેઠા. 15 ત્યારે નિયમશા-
સ્ત્ર તથા ભવિષ્યવાદીઓ [નીવતો] નું વાંચન પૂરું થયા પછી સભા-
સ્થાનના અધિકારીઓએ તેઓને કહાવી મોકલ્યું કે, ભાઈઓ, જો લોકો-
ને બોધરૂપી કંઈ વાત તમારે કહેવી હોય તો કહો. 16 ત્યારે પાઉલ ઉભો
થઈને ને હાથે ઈસારો કરીને બોલ્યો કે, ઓ ઈસ્રાએલી માણસો, તથા
તમે દેવનું ભય રાખનારાઓ, સાંભળો; 17 આ ઈસ્રાએલી લોકોના દેવે
આપણા પૂર્વજોને પસંદ કીધાં, ને તેઓ મિસર દેશમાં પ્રવાસી હતા,
ત્યારે તેણે તેઓને મોટા કર્યા, ને તેણે તેઓને ત્યાંથી પરાક્રમી ભુજ વડે
કાઢી આણ્યા. 18 અને ચાળીસેક વરસની મુદત સુધી રાનમાં તેણે તે-
ઓની વર્તણુક સહન કીધી. 19 અને કનાન દેશમાંના સાત રાજ્યોના
લોકનો નાશ કરીને તેણે તેઓનો દેશ આસરે ચારસે ને પચાસ વર્ષ સુ-
ધી તેઓને વતન તરીકે આપ્યો; 20 અને એ બીનાઓ પછી તેણે શમૂ-
એલ ભવિષ્યવાદીના વખત સુધી તેઓને ન્યાયાધીશો આપ્યા. 21 અને
ત્યાર પછી તેઓએ રાજા માગ્યો; ત્યારે દેવે ચાળીસ વરસની મુદત સુ-
ધી બિન્યામીનના કુળનો કીશનો દીકરો શાઉલ તેઓને આપ્યો.
22 પછી તેને દૂર કરીને તેણે દાઉદને તેઓનો રાજા થવા સારૂ ઉભો કી-
ધો, ને તેણે તેના સંબંધી સાક્ષી પણ આપતાં કહ્યું કે, મારો મનગમતો
એક માણસ, એટલે યિશાઈનો દીકરો દાઉદ, મને મળ્યો છે; તે મારી
બધી ઈચ્છા પૂરી કરશે. 23 એ માણસના વંશમાંથી દેવે વચન પ્રમાણે
ઈસ્રાએલને સારૂ એક તારનારને એટલે ઈસુને ઉભો કીધો છે. 24 તેના
આવ્યા અગાઉ યોહાને સઘળા ઈસ્રાએલી લોકોને પસ્તાવાનું બાપ્તિસમાં
પ્રગટ કર્યું હતું. 25 અને યોહાન પોતાની દોડ પુરી કરતો હતો એવામાં તે
બોલ્યો કે, તમે શું ધરો છો કે હું કોણ છું? હું તે નથી. પણ જુઓ, એક
[જણ] મારી પછવાડે આવે છે, જે જેના પગનાં ચંપલની વાઘરી છોડવા-
ને હું યોગ્ય નથી. 26 હે ભાઈઓ, ઈબ્રાહીમના વંશજો. તથા તમારી મધ્યે
દેવનું ભય રાખનારાઓ, આપણી પાસે એ તારણની વાત મોકલવામાં
આવી છે. 27 કેમકે યરુશાલેમના રહેવાસીઓએ. તથા તેઓના અધિકા-
રીઓએ, તેને વિષે તથા ભવિષ્યવાદીઓની જે વાતો હરેક વિશ્રામવારે
વંચાય છે તેમણે વિષે તથા ભવિષ્યવાદીઓની જે વાતો હરેક વિશ્રામ-
વારે વંચાય છે તેમને વિષે પણ અજ્ઞાન હોવાથી તેને અપરાધી ઠરાવીને
[ તે ભવિષ્યવાતો] પુરી કીધી. 28 અને મોતને શિક્ષા થાય એવું કંઈ કા-
રણ તેઓને મળ્યું નહિ, તેમ છતાં પણ તેઓએ પીલાતને એવી વિનંતી
કીધી કે તેને મારી નાખવો. 29 અને તેને વિષે જે લખ્યું હતું તે સઘળું તે-
ઓએ પૂરું કીધું ત્યારે લાકડા ઉપરથી તેને ઉતારીને તેઓએ તેને કબર-
માં મુક્યો. 30 પણ દેવે મુએલામાંથી તેને ઉઠાડ્યો. 31 અને તેની સાથે
ગાલીલથી યરુશાલેમમાં જે આવ્યા હતા તેઓને ઘણા દિવસ સુધી તે
દેખાતો રહ્યો, અને તેઓ હમણાં લોકોની આગળ તેના સાક્ષી છે.
32 અને જે વચન બાપદાદાઓને આપવામાં આવ્યું હતું તેની વધામણી
અને તમારી પાસે લાવ્યા છીએ કે, 33 ઈસુને પાછો ઉઠાડવાથી દેવે
આપણાં છોકરાઓ પ્રત્યે તે પુરું કીધું છે, ને તે પ્રમાણે બીજા ગીતમાં
પણ લખેલું છે કે, તું મારો દીકરો છે, આજ મેં તને જન્મ દીધો છે.
34 અને તેણે તેને મુએલામાંથી ઉઠાડ્યો, ને તે ફરી કહોવાણ પામશે
નહિ, તે વિષે તેણે એમ કહ્યું છે કે, દાઉદ પરના પવિત્ર તથા અચળ

[આશીર્વાદો] હું તમને આપીશ. 35 એ માટે બીજે ઠેકાણે પણ તે કહે છે
કે, તું પોતાના પવિત્રને કહોવાણ જોવા નહિ દઈશ. 36 કેમકે દાઉદ તો
પોતાના જમાનામાં દેવની ઈચ્છા પ્રમાણે સેવા કરીને ઉંઘી ગયો, ને પો-
તાના બાપદાદાઓની પડખે મૂકાયો, ને તેણે કહોવાણ જોયું. 37 પણ જે-
ને દેવે ઉઠાડ્યો, તેણે કહોવાણ જોયું નહિ. 38 એ માટે, ભાઈઓ, તમને
માલુમ થાય કે, એના વડે પાપોની માફી તમને પ્રગટ કરવામાં આવે છે.
39 અને જે [વાતો] વિષે મુસાના નિયમશાસ્ત્રથી તમે ન્યાયી કરી શક્યા
નહિ, તે સર્વ વિષે હરેક વિશ્વાસ કરનાર તેનાથી ન્યાયી ઠરે છે. 40 એ મા-
ટે સાવધાન રહો, રખે ભવિષ્યવાદીઓના લેખમાંની આ વાત તમારા
ઉપર આવી પડે કે, 41 ઓ તુચ્છ કરનારાઓ, તમે જુઓ, ને અચરત
થાઓ, ને નાશ પામો; કેમકે તમારા દિવસોમાં હું એવું કાર્ય કરું છું કે, તે
વિષે કોઈ તમને કહે, to તમે તે માનશોજ નહિ. 42 અને તેઓ [સભા-
સ્થાનમાંથી] નીકળતા હતા ત્યારે લોકોએ વિનંતી કરી કે, આવતે વિ-
શ્રામવારે એ વાતો ફરી અમને સંભળાવવામાં આવે. 43 અને સભા વિસ-
ર્જન થયા પછી યહુદીઓ તથા યહૂદી થએલા સુભક્ત માણસોમાંનાઘ-
ણા પાઉલ તથા બર્નાબાસની પાછળ ગયા; ને તેઓએ તેઓની સાથે
વાત કીધી, ને તેઓને સમજાવ્યું કે દેવની કૃપામાં ટકી રહેવું. 44 અને
બીજે વિશ્રામવારે લગભગ આખું શહેર દેવની વાત સંભાળવા એકઠું
થયું. 45 પણ યહુદીઓ લોકોની ભીડ જોઇને અદેખાઈએ ભરાયા, અને
દુર્ભાષણ કરતાં તેઓ પાઉલની કહેલી વાતોની વિરુદ્ધ બોલ્યા. 46 ત્યારે
પાઉલે તથા બર્નાબાસે હિમ્મતથી કહ્યું કે, દેવની વાત પ્રથમ તમને કહે-
વાની જરૂર હતી. પણ તમે તેનો નકાર કરો છો, ને અનંતજીવન પામવા-
ને પોતાને અયોગ્ય ઠરાવો છો, માટે, જુઓ, અમે વિદેશીઓ તરફ ફરીએ
છીએ. 47 કેમકે અમને પ્રભુએ એવો હુકમ આપ્યો છે કે, મેં તને વિદેશી-
ઓને સારૂ અજવાળા તરીકે ઠરાવ્યો છે કે તું પૃથ્વીના છેડા સુધી તાર-
ણને અર્થે થાય. 48 એ સાંભળીને વિદેશીઓ ખુશ થઇને દેવની વાત
મહિમાવાન માની; ને અનંત જીવનને સારૂ જેટલા નીમાયલા હતા તેટ-
લાએ વિશ્વાસ કીધો. 49 અને તે આખા પ્રાંતમાં પ્રભુની વાત ફેલાઈ ગઈ.
50 પણ યહુદીઓએ ધાર્મિક તથા કુલીન ભાઈઓને, તથા શહેરની
અધિકારીઓને ઉશ્કેરીને તેઓને કાઢી મૂક્યા. 51 પણ તેઓ પોતાના
પગની ધૂળ તેઓની વિરુદ્ધ ખંખેરીને ઈકોનીમાં ગયા. 52 અને શિષ્યો
આનંદે તથા પવિત્ર આત્માએ ભરપુર હતા.

### અધ્યાય-૧૪

14 અને ઈકોનીમાં એમ થયું કે તેઓ યહુદીઓના સભાસ્થાનમાં
સાથે ગયા, ને એવી રીતે બોલ્યા કે ઘણાજ યહુદીઓએ તથા હે-
લેનીઓએ વિશ્વાસ કીધો. 2 પણ અવિશ્વાસી યહુદીઓએ વિદેશીઓને
ઉશ્કેરીને તેઓનાં મનમાં ભાઈઓને સામે અંટસ ઉપજાવ્યો. 3 તે માટે
તેઓ લાંબી મુદ્દત સુધી ત્યાં રહીને પ્રભુના આશરાથી હિમ્મત રાખીને
બોલતા રહ્યા, ને પ્રભુએ તેઓની હસ્તક ચમત્કારો તથા આશ્ચર્ય કૃત્યો
થવા દઈને પોતાની કૃપાની વાતના ટેકામાં સાક્ષી આપી. 4 પણ શહેર-
ના લોકોમાં ફૂટ પડી, ને કેટલાકે યહુદીઓનો પક્ષ લીધો, ને કેટલાકે પ્રે-
રિતોનો પક્ષ લીધો. 5 અને તેઓનું અપમાન કરવા તથા તેઓને પત્થરે
મારવા સારૂ જ્યારે વિદેશીઓએ તથા યહુદીઓએ પોતાના અધિકા-
રીઓ સુદ્ધાં હલ્લો કીધો, 6 ત્યારે તેઓ તે જાણીને લુકનીનાં શહેરો લુસ્ત્રા
તથા દેર્બેમાં, તથા આસપાસના પ્રાંતોમાં નાસી ગયા; 7 ને ત્યાં તેઓએ
સુવાર્તા પ્રગટ કીધી. 8 અને લુસ્રામાં એક પાંગળો માણસ બેઠેલો હતો,
ને પોતાની માના પેટથી લંગડો હતો, ને કદી ચાલ્યો ન હતો. 9 તેણે પા-
ઉલને બોલતો સાંભળ્યો, અને [પાઉલે] તેની તરફ એકી નજરે જોઈ
રહીને, તથા તેને સાજો થવાનો વિશ્વાસ છે, 10 એ જાણીને મોટે ઘાટે
કહ્યું કે, તું પોતાને પગે સીધો ઉભો રહે. ત્યારે તે કુદીને ઉભો થયો, ને
ચાલવા લાગ્યો. 11 અને પાઉલે જે કીધું હતું તે જોઈને લોકોએ લુકાની-
ની ભાષામાં મોટે ઘાટે કહ્યું કે, માણસોનું રૂપ ધરીને દેવો આપણી પાસે
ઉતરી આવ્યા છે. 12 અને તેઓએ બર્નાબાસને ઝૂસ કહ્યો, ને પાઉલને
હેર્મસ કહ્યા, કેમકે તે મુખ્ય બોલનાર હતો. 13 અને ઝૂસ [નું મંદિર] એ
શહેરને મોખરે હતું તેનો યાજક ગોધાઓ તથા ફૂલના હાર ભાગળે લાવી-
ને લોકો સુદ્ધાં બલિદાન ચઢાવવા ઈચ્છતો હતો. 14 પણ બર્નાબાસ
તથા પાઉલ પ્રેરિતોએ તે વિષે સાંભળ્યું ત્યારે તેઓએ પોતાનાં લૂગડાં
ફાડ્યાં, ને લોકોમાં દોડીને મોટે ઘાટે કહ્યું કે, 15 ગૃહસ્થો, તમે એ કામ
કેમ કરો છો? અમે પણ તમારા જેવા વિકારી માણસ છીએ, ને આ મિ-
થ્યા વાતો તજી દઈને આકાશ, તથા પૃથ્વી, તથા સમુદ્ર, તથા તેઓ-
માંના સઘળાનો ઉત્પન્નકર્તા, કે જે જીવતો દેવ છે તેની ભણી તમે ફરો,
માટે અમે તમને સુવાર્તા પ્રગટ કરીએ છીએ. 16 તેણે તો આગલા જમા-
નાઓમાં સર્વ લોકોને પોતપોતાને માર્ગે ચાલવા દીધા; 17 તો પણ ભલું
કરીને, અને આકાશથી વરસાદ તથા ફળવંત ઋતુઓ તમને આપીને,
અને અન્નથી તથા આનંદથી તમારાં મન તૃપ્ત કરીને તે પોતા વિષે સાક્ષી
આપ્યા વગર રહ્યા નથી. 18 અને તેઓએ એ વાતો કહીને લોકોને તેમ-
ની પ્રત્યે બલિદાન ચઢાવતાં મુશ્કેલીથી અટકાવ્યા. 19 પણ અંત્યોખ
તથા ઈકોનીથી કેટલાક યહુદીઓ ત્યાં આવ્યા, ને તેઓએ લોકોને સમ-
જાવીને પાઉલને પત્થરે માર્યો, ને તે મરી ગયો છે એવું ધારીને તેને શહેર
બહાર ઘસડી નાખ્યો. 20 પણ તેની આસપાસ શિષ્યો ઉભા હતા તેવા-
માં તે ઉઠીને શહેરમાં આવ્યો, ને બીજે દિવસે, બર્નાબાસ સાથે દર્બે
ગયો. 21 અને તે શહેરમાં સુવાર્તા પ્રગટ કર્યા પછી, તથા ઘણા શિષ્યો
મેળવ્યા પછી તેઓ લુસ્રા તથા ઈકોની તથા અંત્યોખમાં પાછા આવ્યા,
22 ને શિષ્યોના મન સ્થિર કરતાં તેઓએ તેઓને વિશ્વાસમાં ટકી રહેવા-
ને સુબોધ કીધો, ને [કહું કે,] આપણને ઘણાં સંકટમાં થઈને દેવના રા-
જ્યમાં જવું પડે છે. 23 અને તેઓએ હરેક મંડળીમાં તેઓને સારૂ વડીલો
ઠરાવીને ઉપવાસ સહિત પ્રાર્થના કરીને તેમને પ્રભુ, કે જેના પર તેઓએ
વિશ્વાસ કર્યો હતો તેને સોંપ્યો. 24 પછી તેઓ પીસીદીઆમાં થઈને પા-
મ્ફૂલ્યા આવ્યા. 25 અને પેર્ગામાં વાત કર્યા પછી તેઓ આતાલીએ
આવ્યા. 26 પછી ત્યાંથી તેઓ વહાણમાં બેસીને અંત્યોખ ગયા, કે જ્યાં
તેઓ જે કામ પૂરું કરી આવ્યા તેને સારૂ દેવની કૃપાને સોંપાયા હતા.
27 અને તેઓએ ત્યાં આવીને મંડળીને એકઠી કરીને જે જે કામ દેવે તે-
ઓની હસ્તક કર્યા હતા તે, ને શી રીતે તેણે વિદેશીઓને સારૂ વિશ્વાસનું
બારણું ઉઘાડ્યું હતું તે બધું કહી બતાવ્યું. 28 અને શિષ્યોની સાથે તેઓ
ત્યાં ઘણા દિવસ રહ્યા.

### અધ્યાય-૧૫

15 અને કેટલાએક યહુદાહથી આવીને ભાઈઓને એવું શીખવ્યું કે,
જો મુસાની રીત પ્રમાણે તમારી સુન્નત ન કરાય તો તમે તારણ
પામી શકતા નથી. 2 અને પાઉલ તથા બાર્નાબાસને તેઓની જોડે બહુ
તકરાર ને વાદવિવાદ થયા પછી [ભાઈઓએ] ઠરાવ્યું કે પાઉલ તથા
બાર્નાબાસ તથા પોતાનામાંના બીજા કેટલાએક એ વિવાદ સંબંધી
યરુશાલેમમાંના પ્રેરીતો તથા વડીલો પાસે જાય. 3 એ માટે મંડળીએ તે-
ઓને વળાવ્યા પછી તેઓએ ફેનીકે તથા સમરુનમાં થઈને જતાં વિદે-
શીઓના [પ્રભુ ભણી] ફર્યાના સમાચાર પ્રગટ કર્યા, ને સઘળા ભાઈઓ-
ને ઘણો આનંદ ઉપજાવ્યો. 4 અને તેઓ યરુશાલેમ પહોંચ્યા ત્યારે
મંડળીએ તથા પ્રેરિતોએ તથા વડીલોએ તેઓનો અંગીકાર કીધો, ને દેવે
જે સર્વ તેઓની હસ્તક કર્યું હતું તે તેઓએ કહી બતાવ્યું. 5 પણ ફરોશી
પંથના કેટલાએક વિશ્વાસ કરનારાઓએ ઉઠીને કહ્યું કે, તેઓની સુન્નત
કરાવવી, તથા મુસાનું નિયમશાસ્ત્ર પાળવાનું તેઓને ફરમાવવું જોઈએ.
6 ત્યારે પ્રેરિતો તથા વડીલો એ વાત વિષે વિચાર કરવાને એકઠા થયા.
7 અને ઘણો વાદવિવાદ થયા પછી પીતરે ઉઠીને તેઓને કહ્યું કે, ભા-
ઈઓ તમે જાણો છો કે ઘણાએક દિવસ ઉપર દેવે તમારામાંથી મને
પસંદ કરીને [ઠરાવ્યું] કે મારા મ્હોંથી વિદેશીઓ સુવાર્તાની વાત સાંભળે
ને વિશ્વાસ કરે. 8 અને અંતઃકરણના જાણનાર દેવે જેમ આપણને તેમ
તેઓને પણ પવિત્ર આત્મા આપ્યાથી તેઓ વિષે શાહેદી પુરી, 9 અને
વિશ્વાસથી તેઓનાં મન પવિત્ર કરીને આપણામાં તથા તેઓમાં કંઈ
ભેદ રાખ્યો નહિ. 10 તો હવે જે ઝુસરી આપણા પૂર્વજો તેમજ આપણે
પણ સહી શક્યા નહિ તે શિષ્યોની ગરદન પર મુકીને દેવનું પરીક્ષણ
કેમ કરો છો? 11 પણ જેમ તેઓ પ્રભુ ઈસુની કૃપાથી તારણ પામશે, તેમ
આપણે પણ પામીશું, એવું આપણે માનીએ છીએ. 12 ત્યારે સઘળા
લોક છાના રહ્યા; ને બાર્નાબાસ તથા પાઉલની હસ્તક દેવે જે ચમત્કારો
તથા અચરત કામો વિદેશીઓમાં કરાવ્યાં હતાં તેઓની હકીકત તેઓએ
તેમના મ્હોથી સાંભળી. 13 અને તેઓ બોલી રહ્યા પછી યાકુબે ઉત્તર
આપતા કહ્યું કે, ભાઈઓ, મારૂ સાંભળો; 14 પહેલાં દેવે વિદેશીઓમાંથી
પોતાના નામને સારૂ એક પ્રજાને [પસંદ કરી] લેવાને કઈ રીતે તેઓની
મુલાકાત લીધી, એ to સીમોને કહી બતાવ્યું છે. 15 ને ભવિષ્યવાદીઓ-

ની વાતો એની સાથે મળતી આવે છે, જેમ લખ્યું છે તેમ કે, 16 એ પછી
હું પાછો આવીશ, ને દાઉદનો પડેલો મંડપ હું પાછો બાંધીશ; ને તેનાં
ખંડીયેર સમારીશ, ને તેને પાછો ઉભો કરીશ; 17 એ માટે કે બાકી રહેલા
લોક તથા સઘળા વિદેશીઓ જેઓ મારા નામથી ઓળખાય છે તેઓ પ્ર-
ભુને શોધે; 18 પ્રભુ જે દુનિયાના આરંભથી એ વાતો પ્રગટ કરે છે તે એમ
કહે છે. 19 માટે મારો અભિપ્રાય એવો છે કે વિદેશીઓમાંથી દેવ ભણી જે
ફરે છે તેઓને આપણે હેરાન ન કરીએ; 20 પણ તેઓને એમ લખી મોક-
લીએ કે તમારે મૂર્તિઓના અમંગળપણાથી, તથા વ્યભિચારથી, તથા
ગુંગળાઈને મરેલાથી, તથા લોહીથી આઘા રહેવું. 21 કેમકે મુસાની વાત
દર વિશ્રામવારે સભાસ્થાનોમાં વંચાય છે તેથી તેના પ્રગટ કરનારા પ્રા-
ચિનકાળથી હરેક શહેરમાં છે. 22 ત્યારે આખી મંડળી સુદ્ધાં પ્રેરિતોને
તથા વડીલોને એમ સારૂ લાગ્યું કે પોતાનામાંથી પસંદ કરેલા માણસો-
ને, એટલે યહુદા જે બર્સાબાસ કહેવાય છે તે, તથા સીલાસ, જેઓ ભાઈ-
ઓમાં આગેવાન હતા, તેઓને પાઉલની તથા બર્નાબાસની સાથ
અંત્યોખ મોકલવા. 23 તેઓની હસ્તક તેઓએ એમ લખી મોકલ્યું કે, સૂ-
રિયામાં તથા કિલકીમાં, વિદેશીઓમાંના જે બાઈઓ છે, તેઓને પ્રેરિતો
તથા વડીલ ભાઈઓની કુશળતા; 24 અમે એવું સાંભળ્યું છે કેઅમારા-
માંથી કેટલાક જેઓને અમે કંઈ આજ્ઞા આપી ન હતી તેઓએ [તમારી
પાસે] આવીને [પોતાની] વાતોથી તમારા મન ભભાવીને તમને ગુંચવ-
ણમાં નાખ્યા છે; 25 એ માટે અમોને સર્વાનુંમાંતિવું સારૂ લાગ્યું કે, માણ-
સોને પસંદ કરીને તેઓને આપણા વહાલા બાર્નાબાસ તથા પાઉલ,
26 કે જેઓએ આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામને સારૂ પોતાના જીવ
જોખમમાં નાખ્યા છે, તેઓની સાથે તમારી પાસે મોકલવા. 27 માટે અમે
યહુદાને તથા સીલાસને મોકલ્યા છે, ને તેઓ પોતે પણ તમને મ્હોડે
મ્હોડ એજ વાતો કહેશે. 28 કેમકે પવિત્ર આતમને તથા અમને એ સારૂ
લાગ્યું કે આ આગત્યની વાતો કતા ભારે બોજો તમારા પર નહિ મુકવો;
29 એટલે કે, મૂર્તિઓને અર્પણ કેરલી વસ્તુઓથી, તથા લોહીથી, તથા
ગુંગળાઈને મરેલાથી, તથા વ્યભિચારથી તમારે આઘા રહેવું; જો તમે એ
વાતોથી અગળા રહેશો, તો તમારું ભલું થશે; તમને કુશળતા થાઓ.
30 પછી તેઓ વિદાયગીરી પામીને અંત્યોખમાં આવ્યા; ને લોકોને એક-
ઠા કરીને તેઓએ પત્ર આપ્યો. 31 અને તેઓ તે વાંચીને તેમાંના દિલા-
સાથી આનંદ પામ્યા. 32 અને યહુદા તથા સીલાસ કે જેઓ પોતે પણ
ભવિષ્યવાદીઓ હતા, તેઓએ ઘણી વાતોથી ભાઈઓને સુબોધ કીધો,
ને તેઓનાં મન સ્થિર કીધાં. 33 અને તેઓએ કેટલીક મુદત ત્યાં ગાળ્યા
પછી, જેઓએ તેમને મોકલ્યા હતા તેઓની પાસે પાછા જવા સારૂ ભા-
ઈઓ પાસેથી તેઓ શાંતિએ વિદાયગીરી પામ્યા. 34 [[પણ સીલાસને
to ત્યાં રહેવું સારૂ લાગ્યું]] 35 પણ પાઉલ તથા બર્નાબાસ અંત્યોખમાં
રહ્યા, અને બીજા ઘણાઓ સુદ્ધાં પ્રભુની વાતનો બોધ તથા ઉપદેશ કર-
તા રહ્યા. 36 અને કેટલાએક દિવસ પછી પાઉલે બર્નાબાસને કહ્યું કે,
ચાલો, હવે આપણે પાછા વાળીએ, અને જે હરેક શહેરમાં આપણે પ્રભુ-
ની વાત પ્રગટ કીધી હતી, તેમાંના આપણા ભાઈઓની મુલાકાત લઈને
[જોઈએ કે]તેઓ કેમ છે. 37 અને યોહાન જે માર્ક કેહવાય છે, તેને પણ
સાથે લેવાનું બર્નાબાસનું મન હતું. 38 પણ પાઉલ એમ ધાર્યું કે જે
આપણને પામ્ફૂલ્યામાં મુકીને જતો રહ્યો, ને આપણી સાથે કામ કરવા
આવ્યો નહિ, તેને સાથે તેડી જેવો એ યોગ્ય નથી. 39 ત્યારે એવી તકરાર
ઉઠી કે તેઓ એક બીજાથી જુદાં થયા, ને બર્નાબાસ માર્કને સાથે લઈને
વહાણમાં બસીને કુપરસ ગયો. 40 પણ પાઉલે સીલાસને પસંદ કીધો,
ને ભાઈઓએ તેને દેવની કૃપાને સોંપ્યો પછી તે ચાલી નીકળ્યો. 41 અને
સૂરિયામાં તથા કિલકીમાં ફરીને તેણે મંડળીઓને દઢ કીધી.

## અધ્યાય-૧૬

16 પછી દેર્બે તથા લુસ્ત્રામાં તે આવ્યો, અને જુઓ, તિમોથી નામે
એક શિષ્ય ત્યાં હતો; તે એક વિશ્વાસી યહુદેણનો દીકરો હતો,
પણ તેનો બાપ હેલેની હતો. 2 લુસ્ત્રા તથા ઈકોનીમાંના ભાઈઓમાં તેની
સાખ રૂડી હતી. 3 તેને પાઉલ પોતાની સાથે લઈ જવા ચહાતો હતો, ને
તેને લઈને તે પ્રાંતોમાંના યહુદીઓને લીધે તેણે તેની સુન્નત કરાવી; કે-
મકે સર્વ જાણતા હતા કે તેનો બાપ હેલેની હતો. 4 અને જે જે શહેરમાં
થઈને તેઓ ગયા ત્યાંના લોકોને તેઓએ યરુશાલેમમાંના પ્રેરિતોએ
તથા વડીલોએ કીધેલા ઠરાવો પાળવા સારૂ સોંપ્યા. 5 અને એ રીતે મંડ-
ળીઓ વિશ્વાસમાં બળવાન થઈ, ને રોજ રોજ સંખ્યામાં વધતી ગઈ.
6 અને આસિયામાં વાત પ્રગટ કરવાની તેઓને પવિત્ર આત્માએ માંના
કર્યાથી to ફ્રુગિયા તથા ગલાતી પ્રદેશમાં ફર્યા. 7 અને મુસિયાના સીમા-
ડા સુધી આવીને તેઓએ બિથુનીઆમાં જવાનું કીધું; પણ ઈસુના
આત્માએ તેઓને જવા દીધા નહિ; 8 માટે તેઓ મુસિયાને પડતું મુકીને
ત્રોઆસ આવ્યા. 9 અને રાત્રે પાઉલને એવું દર્શન થયું કે માકેદોનિયાના
એક જણે ઉભા રહીને તેને વિનવીને કહ્યું કે માકેદોનિયામાં આવીને
અમને સહાય કર. 10 અને તેને દર્શન થયા પછી તેઓને સુવાર્તા પ્રગટ
કરવા સારું દેવે અમને બોલાવ્યા છે, એવું અનુમાન કરીને અમે તરાર
માકેદોનિયામાં જવાની તજવીજ કીધી. 11 એ માટે અમે વહાણમાં બેસી-
ને ત્રોઆસથી પાધરા સામોથ્રાકી આવ્યા, ને બીજે દિવસે નીઆપોલીસ
પહોંચ્યા; 12 અને ત્યાંથી ફીલીપીમાં ગયા, જે માકેડોનીયા પ્રાંતમાંનું મુ-
ખ્ય શહેર છે, ને [રૂમીઓએ] વસાવેલું છે; ને તે શહેરમાં અમે કેટલાએક
દિવસ રહ્યા. 13 અને વિશ્રામવારે અમે શહેરની બહાર નદીને કાંઠે જ્યાં
અમારા ધરવા પ્રમાણે પ્રાર્થનાસ્થાન હોવું જોઈએ ત્યાં ગયા; ને બેસીને
જે બાયડીઓ એકઠી થઈ હતી તેઓને વાત કરી. 14 અને થુઆતીરા
શહેરની, જાંબુઆ [વસ્ત્ર] વેચનારી લુદિયા નામની એક બાયડી હતી જે
દેવને ભાજનારી હતી, તેણીએ અમારૂં સાંભળ્યું, ને તેનું અંતઃકરણ પ્ર-
ભુએ એવું ઉઘાડ્યું કે, તેણીએ પાઉલની કહેલી વાતો ધ્યાનમાં લીધી.
15 અને તેનું તથા તેના ઘરનાનું બાપ્તિસમાં થયા પછી તેણીએ કલાવા-
લા કરીને કહ્યું કે, જો તમે મને પ્રભુ પ્રત્યે વિશ્વાસુ ગણતા હતો તો મારા
ઘરમાં આવીને રહો; ને તેણીએ અમને ઘણો આગ્રહ કીધો. 16 અને અમે
પ્રાર્થનાસ્થાને જતાં હતા, ત્યારે એમ થયું કે, એક જુવાન બાયડી અમને
મળી, કે જેને અગમસૂચક આત્મા વળગ્યો હતો, અને તે ભવિષ્યકથન
કરીને પોતાના માલિકોને ગણો લાભ મેળવી આપતી હતી. 17 તેણીએ
પાઉલની તથા અમારી પાછળ આવીને બૂમ પાડતી કહ્યું કે, આ માણ-
સો પરાત્પર દેવના સેવકો છે, જેઓ તમને તારણો માર્ગ પ્રગટ કરે છે.
18 અને તેણીએ ઘણા દિવસ એમ કીધું ત્યારે પાઉલે બહુ વ્યાકુળ થઈને
પાછા ફરીને તે આત્માને કહ્યું કે, ઈસુ ખ્રીસ્તના નામે હું તને આજ્ઞા કરું
છું કે એનામાંથી નીકળ; ને તેજ ઘડીએ તે નીકળ્યો. 19 પણ તેના માલિ-
કોએ પોતાના લાભની આશા લોપ થઈ છે, એ જોઈને પાઉલ તથા સી-
લાસને પકડ્યા, ને ચહુટામાં અધિકારીઓની પાસે ઘસડી આણ્યા.
20 અને તેઓને અમલદારોની આગળ લાવીને કહ્યું કે, આ માણસો યહુ-
દી છતાં આપણા શહેરમાં બહુ ઘાંઘળ મચાવે છે. 21 અને આપણ રૂમી-
ઓને જે રીતો માનવી અથવા પાળવી ઉચિત નથી, ને તેઓ શિખવે છે.
22 ત્યારે લોકો એકત્ર તેમની સામે ઉઠ્યા, ને અમલદારોએ તેઓનાં લૂ-
ગડાં ફાડી નાખીને તેઓને ફટકા મારવાની આજ્ઞા આપી. 23 અને તે-
ઓએ ઘણા ફટકા મારીને તેઓને બંદીખાનામાં નાખ્યા, ને બંદીખાનાના
દરોગાને તેઓને ચોકસાઈથી રાખવાની આજ્ઞા કીધી. 24 અને તેને એવી
આજ્ઞા મળવાથી તેને તેઓને માંહેના બંદીખાનામાં ઘાલ્યા, ને તેઓના
પગ હેડમાં ઠોક્યા. 25 પણ મધરાતે સુમારે પાઉલ તથા સીલાસ પ્રાર્થના
કરતા તથા દેવનાં સ્તોત્ર ગાતા હતા, અને બંદીવાનો તેઓનો સાંભળ-
તા હતા; 26 ત્યારે એકાએક એવો મોટો ધરતીકંપારો થયો કે, બંદીખાના-
ના પાયા હાલ્યા; ને સંઘાં બારણા તરત ઉઘડી ગયાં; ને સર્વના બંધનો
છુટી ગયાં. 27 અને બંદીખાનાનો દરોગો ઉંઘમાંથી જાગી ઉઠ્યો, ન બંદી-
ખાનાના બારણાં ઉઘાડાં જોઈને બંદીવાનો નાસી ગયા હશે, એમ ધારી-
ને તે તરવાર તાણીને આપઘાત કરવા જતો હતો. 28 પણ પાઉલે મોટો
ઘાટો પાડીને કહ્યું કે, અમે સહુ અહિંછીએ, માટે તું પોતાને કંઈ ઈજા કરો
ણા. 29 ત્યાતે તે દીવો મંગાવીને માંહે કુદી આવ્યો, ને ધ્રુજતો ધ્રુજતો
પાઉલ તથા સીલાસની આગળ પડ્યો. 30 અને તેઓને બહાર લાવીને
તેને કહ્યું કે, ઓ સાહેબો, તારણ પામવા સારૂ મારે શું કરવું જોઈએ?
31 ત્યારે તેઓએ કહ્યું કે, પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, એટલે તું તારા ઘરના
સુદ્ધાં તારણ પામશે. 32 ત્યારે તેઓએ તેને તથા જે તેનાં ઘરમાં હતા તે
સઘળાને પ્રભુની વાત કહી સંભળાવી. 33 પછી રાતની તેજ ઘડીએ તેને
તેઓને લઈને તેઓના સોળ ધોયા, ને તરત ત તથા તેનાં સઘળાં માણ-
સો બાપ્તિસમાં પામ્યા. 34 અને તેણે તેઓને પોતાને ઘેર લાવીને તેઓની
આગળ ભાણું પીરસ્યું, ને પોતાન ઘરનાં સહુ સુદ્ધાં દેવ પર વિશ્વાસ કરી-
ને ઘણો આંનદ કીધો. 35 પછી દિવસ ઉગતાં અમલદારોએ ચોબદારોને

મોકલીને કહેવાડ્યું કે , તે માણસોને છોડી દે. 36 પછી બંદીખાનાના
દરોગાએ પાઉલને એ વાતની ખબર આપી કે, અમલદારોએ તમને છો-
ડી દેવાનું કહાવી મોકલ્યું છે, માટે હવે તમે નીકળીને શાંતિએ ચાલ્યા
જાઓ. 37 પણ પાઉલે તેઓને કહ્યું કે, અમને ગુન્હેગાર ઠરાવ્યા વગર
તેઓએ અમ રૂમીઓને પ્રગટ રીતે માર મારીને બંદીખાનામાં નાખ્યા છે,
ને હવે શું તેઓ અમને છાની રીતે બહાર કાઢી મુકે છે? ના, એમ તો
નહિ, પણ તેઓ પોતે આવીને અમને બહાર કાઢે. 38 ત્યારે ચોબદારોએ
અમલદારોને એ વાતની ખબર આપી. અને તેઓ રૂમી છે, એ સાંભળીને
તેઓ બીધા. 39 પછી તેઓએ આવીને તેઓના કલાવાલા કર્યા ને તેઓ-
ને બહાર લાવીને શહેરમાંથી નીકળી જવાને વિનંતી કીધી. 40 અને તેઓ
બંદીખાનામાંથી નીકળીને લુદીઆને ત્યાં આવ્યા, એ ભાઈઓને મળીને
તેઓને દિલાસો દીધો, ને પછી ત્યાંથી વિદાય થયા.

### અધ્યાય-૧૭

17 અને તેઓ આમ્ફીપોલીસ તથા આપલોનિયામાં થઈને થેસ્સા-
લોનીકામાં આવ્યા; ત્યાં યહુદીઓનું સભાસ્થાન હતું; 2 અને
પાઉલ પોતાની રીત પ્રમાણે તેઓની [સભામાં] ગયો, ને ત્રણ વિશ્રામ-
વાર તેને ધર્મલેખ ઉપરથી તેઓની સાથે વાદવિવાદ કીધો, 3 ને ખુલાસો
આપીને સિદ્ધ કર્યું કે ખ્રીસ્તે સહેવું, તથા મુએલામાંથી પાછા ઉઠવું એ
જરૂરનું હતું, ને [એવું પણ કહ્યું કે] જે ઈસુને હું તમે પ્રગટ કરૂ છું તેજ ખ્રિ-
સ્ત છે. 4 ત્યારે તેઓમાંના કેટલાએક તથા ધાર્મિક હેલેનીઓમાંના ઘણા
લોક, તથા આબરૂદાર ઘણી બાયડીઓ વાત માનીને પાઉલ તથા સી-
લાસની સંગતમાં ભળ્યા. 5 પણ યહુદીઓએ અદેખાઈ રાખીને કેટલાક
ચકલામાંના બદમાશોને સાથે લીધા, ને ભીડ જમાવીને આખા શહેરને
ખભળાવી મુક્યું, ને યાસનના ઘર પર હુમલો કરીને તેઓને લોકો પાસે
બહાર કાઢી લાવવાનો પ્રયત્ન કીધો. 6 પણ તેઓ એઓએ જડ્યા નહિ
ત્યારે યાસનને તથા કેટલાએક ભાઈઓને શહેરના આધિકારીઓ પાસે
ઘસડી જઈને તેઓએ બૂમ પાડી કે, અ લોક કે જેઓએ જગત ઉથલપા-
થલ કીધું છે તેઓ અહિં પણ આવ્યા છે. 7 તેઓનો યાસને અંગીકાર કી-
ધો છે; ને તેઓ સઘળા કાઈસરની આજ્ઞાની વિરુદ્ધ થઈને કહે છે કે,
ઈસુ [નામે] બીજો રાજા છે. 8 અને તેઓની એ વાતો સાંભળીને લોકો
તથા શહેરના અધિકારીઓ ગભરાયા. 9 ત્યારે તેઓએ યાસનના તથા
બીજાઓના જામીન લઈને તેઓને છોડી દીધા. 10 પછી ભાઈઓએ રાત્રે
પાઉલ તથા સીલાસને તરત બેરીઆમાં મોકલી દીધા; અને તેઓ ત્યાં
પહોંચીને યહુદીઓના સભાસ્થાનમાં ગયા. 11 અને થેસ્સાલોનીકાના-
લોક કરતા એઓ અધિક ગુણવાન હતા, કેમકે એઓ મનની પુરી આતુ-
રતાથી વાતનો અંગીકાર કરીને, એ વાતો એમજ છે કે નહિ, એ વિષે નિ-
ત્ય ધર્મલેખા તપાસતા હતા. 12 એ માટે તેઓમાંના ઘણાઓએ વિશ્વાસ
કીધો, ને આબરૂદાર હેલેની બાઈઓ તથા પુરુષોમાંના પણ ઘણાએ
[વિશ્વાસ કીધો]. 13 પણ જયારે થેસ્સાલોનીકાના યહુદીઓએ જાણ્યું કે
પાઉલ દેવની વાત બેરીઆમાં પણ પ્રગટ કરે છે ત્યારે ત્યાં પણ આવીને
તેઓએ લોકોને ઉશ્કેરીને ખભળાવ્યા. 14 ત્યારે ભાઈઓએ તરત પાઉ-
લને સમુદ્ર સુધી મોકલી દીધો, પણ સીલાસ તથા તિમોથી હજી ત્યાં
રહ્યા. 15 પણ પાઉલના વળાવાઓએ તેને આથેન્સ સુધી પહોંચાડ્યો.
પછી સીલાસ તથા તિમોથી તેની પાસે બનતી ઉતાવળી આવે, એવી
અજ્ઞા એમને સારૂ લઈને તેઓ વિદાય થયા. 16 અને પાઉલ અથેન્સમાં
એમની વાત જોતો હતો એટલામાં તે શહેરમાં ઠેરઠેર મૂર્તિઓને જોઈને
તેનો આત્મા બળી ઉઠ્યો. 17 તે માટે તે સભાસ્થાનમાં યહુદીઓ તથા
ધાર્મિક પુરુષો સાથે, ને ચહુટામાં તેઓ તેને મળતા તેઓની સાથે નિ-
ત્ય વાદ કરતો હતો. 18 ત્યારે એપીકુરી તથા સ્તોઈકી પંડીતોમાંના કેટ-
લાએક તેની સામા થયા, ને કેટલાકે કહ્યું કે, આ બડબડીઓ શું કહેવા
માંગે છે? ને બીજા કેટલાકે કહ્યું કે, પારકા દેવોને પ્રગટ કરનાર એ દે-
ખાય છે; કેમકે તે ઈસુ તથા પુનરુત્થાન વિષે [ની વાત] પ્રગટ કરતો
હતો. 19 અને તેઓ તેને અરૈઓપાગસમાં લઈ ગયા, ને કહ્યું કે, જે નવો
ઉપદેશ તું કરે છે તે અમારાથી સમજાય એમ છે? 20 કેમકે અમારા કાનો-
માં તું કેટલીએક નવતર વાતો નાખે છે, માટે એમનો અર્થ અમે જાણવા
ચાહીએ છીએ. 21 (હવે, સર્વ આથેનાયીઓ તથા ત્યાં રહેનારા પરદે-
શીઓ, કંઈ નવી વાત કહેવી અથવા સંભાળવી તે શિવાય બીજા કશામાં
પોતાનો વખત ગાળતા ન હતા.) 22 અને પાઉલે અરૈઓપાગસની વચ્ચે
ઉભા રહીને કહ્યુ કે, આથેન્સના ગૃહસ્થો, હું જોઉં છું કે તમે બધી બાબ-
તોમાં અતિશય ધર્મચુસ્ત છો. 23 કેમકે માર્ગે ચાલતાં ચાલતાં જે [દેવ દે-
વીઓને] તમે ભજો છો તેઓને હું જોતો હતો, ત્યારે મેં એક વેદી પણ
દીઠી, જેનાપર એવો લેખ કોતરેલો હતો કે, અજાણ્યા દેવના માનમાં;
માટે જેને તમે જાણ્યા વિન ભજો છો તેને હું તમારી આગળ પ્રગટ કરું
છું. 24 જે દેવે જગત તથા તેમાંનું સઘળું ઉત્પન્ન કીધું, તે આકાશ તથા
પૃથ્વીના પ્રભુ હોવાથી હાથે બાંધેલા મંદિરોમાં રહેતો નથી. 25 અને જા-
ણે તેને કશાની ગરજ હોય એમ માણસોના હાથની સેવા તેને જોઈએ છે
એમ નહિ, કેમકે જીવન તથા શ્વાસોશ્વાસ તથા સર્વ વસ્તુ તે પોતે સર્વને
આપે છે. 26 અને તેણે માણસોને સર્વ દેશજાતિઓને આખી પૃથ્વીની
પીઠ પર રહેવા સારૂ એકમાંથી ઉત્પન્ન કીધી, ને તેણે તેઓને સારૂ નિમે-
લા સમય તથા તેઓના રેહેઠાણની સીમાઓ ઠરાવી આપી. 27 એ માટે
કે તેઓ ઈશ્વરને શોધે, કે કદાપિ તેઓ તેને માટે ટંટોળીને તેને પામે; પર-
તું આપણામાંના કોઈથી તે વેગળો નથી. 28 કેમકે આપણે તેનામાં જી-
વીએ છીએ, ને હાલીએ છીએ, ને હોઈએ છીએ, જેમ તમારા પોતાનાજ
કવિઓમાંના કેટલાએક કહ્યું છે કે, આપણે પણ તેના વંશજો છીએ.
29 હવે આપણે દેવના વંશજો છીએ માટે આપણે એમ ન ધારવું જોઈએ
કે દેવ માણસોની કારીગરી તથા ચતુરાઈથી કોતરેલા સોના કે રૂપા કે
પત્થરના જેવો છે. 30 એ અજ્ઞાનપણાના સંચો પ્રત્યે દેવે અખાડા કીધા
ખરા; પણ હવે સર્વ જગ્યામાં સઘળાં માણસોને પસ્તાવો કરવાની તે
આજ્ઞા કરે છે. 31 કેમકે તેણે એક દિવસ ઠરાવ્યો છે કે જેમાં તે પોતાના
ઠરાવેલા માણસ વડે જગતનો ન્યાય ન્યાયીપણાએ કરશે; જે વિષે તેણે
તેને મુએલાઓમાંથી પાછો ઉઠાડવાથી સર્વને ખાતરી કરી આપી છે.
32 હવે તેઓએ મુએલાંઓના પુનરુત્થાન વિષે સાંભળ્યું, કેટલાએક
ઠઠ્ઠા કીધા; પણ બીજાઓએ કહ્યું કે, અમે એ સંબંધી કોઈ બીજી વાર
તારું સાંભળીશું. 33 એવી રીતે પાઉલ તેઓ મધ્યેથી નીકળી ગયો.
34 પણ કેટલાએક માણસોએ તેની સાથે મળી જઈને વિશ્વાસ કીધો; તે-
ઓમાં દીઓનુસીઅસ અરૈઓપાગસી, તથા દામારીસ નામે એક બાઈ,
તથા તેઓની સાથે બીજા પણ હતા.

### અધ્યાય-૧૮

18 એ પછી [ પાઉલ] આથેન્સથી નીકળીને કોરીંથમાં આવ્યો.
2 અને પંતસનો વતની, આકુલા નામે એક યહુદી, જે થોડીવાર
પર ઈતાલીથી આવેલો હતો, તે તથા તેની વહુ પ્રિસ્કીલા તેને મળ્યાં, કે-
મકે બધા યહુદીઓને રૂમમાંથી નીકળી જવાની કલાદીઅસે આજ્ઞા કરી
હતી; ને તે તેઓને ત્યાં ગયો; 3 ન તેઓના જેવોજ ધંધો તે કરતો હતો,
માટે તે તેઓને ઘેર રહ્યા, ને તેઓ સાથે કામ કરતા હતા; કેમકે તેઓનો
ધંધો તંબુ બનાવવાનો હતો. 4 અને તે હરેક વિશ્રામવારે સભાસ્થાનમાં
વિવાદ કરતો, ને યહુદીઓને તથા હેલેનીઓને સમજાવતો હતો. 5 પણ
જયારે સીલાસ તથા તિમોથી માકેદોનનિયાથી આવ્યા, ત્યારે પાઉલે
આવેશથી વાત પ્રગટ કરતા યહુદીઓને શાહેદી આપી કે, ઈસુ તેજ ખ્રિ-
સ્ત છે. 6 પણ તેઓ તેની સામે થઈને દુર્ભાષણ કરવા લાગ્યા ત્યારે તેને
પોતાના લુગડાં ખેંખેરીને તેઓને કહ્યું કે, તમારું લોહી તમારે માથે, હું
તો નિર્દોષ છું, હવેથી હું વિદેશીઓ પાસે જઈશ. 7 પછી તે ત્યાંથી જઈને
તીતસ યુસ્તસ નામે એકજણ જે ઈશ્વરભક્ત હતો તેને ઘેર ગયો; તેનું ઘર
સભાસ્થાનની જોડાજોડ હતું. 8 અને સભાસ્થાનના આગેવાન ક્રીસ્પસે
પોતાના આખા ઘરના સુદ્ધાં પ્રભુ પર વિશ્વાસ કીધો; ને ઘણા કરીંથી-
ઓએ પણ સાંભળીને વિશ્વાસ કીધો, ને બાપ્તિસમાં પામ્યા. 9 અને પ્ર-
ભુએ રાત્રે પાઉલને દર્શનમાં કહ્યું કે, તું બીતો ના, પણ બોલજે, છાનો
ન રહેતો; 10 કેમકે હું તારી સાથે છું, ને તને ઈજા થાય એવો કોઈ તારા
પર હુમલો કરશે નહિ, કારણ કે આ શહેરમાં મારા ઘણા લોક છે. 11 અને
તે તેઓને દેવની વાતનો બોધ કરતો દોઢ વરસ લગી [ત્યાં] રહ્યાં.
12 પણ ગાલીઓ આખાયાના અધિકારી હતો, ત્યારે યહુદીઓ એકચિતે
પાઉલની સામે ઉઠ્યા, ને તેઓએ તેને ન્યાયાસન આગળ લાવીને કહ્યું
કે, 13 આ માણસ દેવનું ભજન નિયમશાસ્ત્રથી ઉલટી રીતે કરવાનું લો-
કોને સમજાવે છે. 14 અને પાઉલ બોલવા જતો હતો, એટલામાં ગાલી-
ઓએ યહુદીઓને કહ્યું કે, ઓ યહુદીઓ. જો અન્યાયની અથવા દુરાચા-
રણની વાત હોત, તો તમારું સહન કરવું એ વાજબી ગણાત; 15 પણ જો
શબ્દો, અથવા નામો, અથવા તમારા પોતાના નિયમશાસ્ત્ર વિષેની એ

તકરાર હોય to તમે પોતે તે વિષે જોઈ લો, કેમકે એવી વાતનો ન્યાય
ચુકવવા હું ઈચ્છતો નથી. 16 અને તેણે તેઓને ન્યાયાસન આગળથી
કાઢી મુક્યા. 17 ત્યારે તેઓ સર્વએ સભાસ્થાનના આગેવાન સોસ્થેનેસ-
ને પકડીને ન્યાયાસન આગળ માર્યો, પા ગાલીઓએ તે વાતો વિષે કંઈ
દરકાર કરી નહિ. 18 અને તે પછી ઘણા દિવસ ત્યાં રહ્યા બાદ પાઉલે
ભાઈઓથી વિદાયગીરી લીધી, ને પ્રિસ્કીલા તથા આકુલા સાથે વહાણ-
માં બેસીને તે સુરિયા જવા ઉપડ્યો; [તે પહેલાં] તેણે કેંખરીઆમાં માથું
મુંડાવ્યું હતું, કેમકે માનતા લીધી હતી. 19 અને તેઓ એફેસસમાં
પહોંચ્યા ત્યારે તેણે તેઓને ત્યાં મુક્યાં, ને પોતે સભાસ્થાનમાં જઈને
યહુદીઓની સાથે વિવાદ કીધો 20 અને તેઓની સાથે વધારે મુદત રહે-
વાની તેઓએ તેને વિનંતી કીધી, ત્યારે તેણે માન્યું નહિ. 21 પણ ઈશ્વરે-
ચ્છા હશે તો હું તમારી પાસે પાછો આવીશ, એમ કહીને તેણે તેઓથી
વિદાયગીરી લીધી, ને એફેસસથી વહાણમાં ઉપડ્યો. 22 અને કાઈસરી-
આમાં પહોંચ્યા પછી, તેણે જઈને મંડળીનાને સલામ કરી, ને પછી
અંત્યોખમાં ગયો. 23 અને ત્યાં, થોડીવાર રહ્યા પછી તે નીકળ્યો, ને સર્વ
શિષ્યોને દૃઢ કરતો ગલાતીઆ પ્રાંત તથા ફુગિયામાં અનુક્રમે ફર્યો.
24 અને આપોલસ નામનો એક વિદ્વાન યહુદી જે આલેક્સાંદ્રીયાનો
વતની હતો ને ધર્મ લેખોમાં પ્રવીણ હતો, તે એફેસસમાં આવ્યો. 25 એ
માણસ પ્રભુના માર્ગ વિષે શિક્ષણ પામેલો હતો, ને આત્મામાં આતુર
હોવાથી તે કાળજીથી ઈસુ વિષેની વાતો પ્રગટ કરતો તથા શિખવતો
હતો, પણ એકલું યોહાનનું બાપ્તિસમાં જાણતો હતો; 26 અને તે હિમ્મત-
થી સભાસ્થાનમાં બોલવા લાગ્યો, પણ પ્રિસ્કીલાએ તથા આકુલાએ
તેની વાત સાંભળી ત્યારે તેઓએ તેને પોતાની સાથે લઈ જઈને દેવ વિ-
ષેના માર્ગનો વધારે કાળજીથી ખુલાસો આપ્યો. 27 અને તે આખાયા
જવાને ઈચ્છતો હતો, ત્યારે ભાઈઓએ તેને ઉત્તેજન આપીને શિષ્યો પર
લખી મોકલ્યું કે તેઓ તેનો આવકાર કરે; ને તે ત્યાં આવ્યો ત્યારે જે-
ઓએ કૃપાથી વિશ્વાસ કર્યો હતો, તેઓને તેણે ઘણી સહાય કીધી; 28 કે-
મકે ઈસુ તેજ ખ્રિસ્ત છે, એવું ધર્મલેખો ઉપરથી બતાવીને એણે જાહેર
[વાદવિવાદ]માં યહુદીઓને પુરા હરાવ્યા.

### અધ્યાય-૧૯

19 અને એમ થયું કે અપોલસ કરીંથમાં હતો, ત્યારે પાઉલ ઉપલા
પ્રદેશમાં ફરીને એફેસસમાં આવ્યો, ને કેટલાએક શિષ્યોને જો-
ઈને 2 તેઓને કહ્યું કે, તમે વિશ્વાસ કીધો ત્યારે શું પવિત્ર આત્મા પા-
મ્યા? અને તેઓએ તેને કહ્યું કે, ણા, પવિત્ર આત્મા [અપાયો] છે એ
અમે સાંભળ્યું પણ નથી. 3 અને તેણે કહ્યું કે, ત્યારે તમે કોનું બાપ્તિસમાં
પામ્યા? ને તેઓએ કહ્યું કે, યોહાનનું બાપ્તિસમાં. 4 ત્યારે પાઉલે કહ્યું કે,
યોહને પશ્ચાતાપનું બાપ્તિસમાં કીધું ખરૂં, ને લોકોને કહ્યું કે, મારી પાછળ
જે આવે છે તેના પર એટલે ઈસુ પર તમારે વિશ્વાસ કરવો. 5 તેઓએ એ
સાંભળીને પ્રભુ ઈસુને નામે બાપ્તિસમાં લીધું. 6 અને પાઉલે તેઓ પર
હાથ મુક્યા ત્યારે પવિત્ર આત્મા તેઓ પર આવ્યા, ને તેઓ [બીજી ભા-
ષાઓ] બોલ્યા, તથા ભવિષ્ય કહ્યા. 7 અને તેઓ સહુ મળીને બારેક પુ-
રુષ હતા. 8 પછી સભાસ્થાનમાં જઈને તેણે ત્રણ મહિના સીધી હિમ્મ-
તથી વાત કરી, ને વાદ કરીને દેવના રાજ્ય વિષેની બાબતો સમજાવી.
9 પણ કેટલાએક [મનમાં] કઠણ થઈને, તથા [વાતનો] અનાદર કરીને,
લોકોની આગળ એ માર્ગની નિંદા કીધી, ત્યરે તેણે તેઓની પાસેથી
જઈને શિષ્યોને જુદાં કીધા, ને તુરાનસની શાળામાં રોજ વાદ કરતો
રહ્યો. 10 અને વર્ષ બે સુધી એમ થયા કીધું; તેથી આસિયામાં રહેનાર
સર્વ યહૂદીઓએ, તથા હેલેનીઓએ પણ પ્રભુની વાત સાંભળી. 11 અને
દેવે પાઉલના હાથથી એવા અસાધારણ ચમત્કારો કીધા કે, 12 તેના
શરીર ઉપરથી રૂમાલો તથા લુગડાં કાઢીને માંદાઓની પાસે લાવતા,
એટલે તેઓના રોગ દૂર થતા, ને તેઓમાંથી અશુદ્ધ આત્માઓ નીકળી
જતા. 13 પણ કેટલાક ભટકતા યહુદી ભુવા પણ અશુદ્ધ આત્મા વળગે-
લાઓ ઉપર ઈસુનું નામ ઉચ્ચારીને કહેવા લાગ્યાં કે, જે ઈસુને પાઉલ
પ્રગટ કરે છે, તેની દુવાઈ હું તમને દઉં છું. 14 ને સ્કેવા નામે એક યહૂદી
મુખ્ય યાજકના સાત દીકરા એમ કરતા હતા. 15 પણ અશુદ્ધ આત્મા
ઉત્તર દેતા એમ કહ્યું કે, ઈસુ વિષે હું જાણું છું, ને પાઉલને હું ઓળખું છું,
પણ તમે કોણ છો? 16 ને જે માણસમાં અશુદ્ધ આત્મા હતો તે તેઓ પર
કુદી પડ્યો, ને બન્નેને હરાવીને તેઓ પર એવો જાય પામ્યો કે તેઓ ના-
ગા તથા ઘાયલ થઈને તે ઘરમાંથી નાઠા. 17 અને એફેસસમાં જે યહુ-
દીઓ તથા હેલેનીઓ રહેતા હતા તેઓ સર્વને એ માલમ પડ્યું, ને તે
સર્વને ભય લાગ્યું, ને પ્રભુ ઈસુનું નામ મોટું મનાયું. 18 અને વિશ્વાસી
થયેલાઓમાંના ઘણાં આવ્યાં, ને પોતાના કૃત્યો કબૂલ કરીને કહી દેખા-
ડ્યાં. 19 અને જાદુ કરનારાઓમાંના ઘણાએ પોતાના પુસ્તકો એકઠા
કરીને સર્વના દેખતાં બાલી નાખ્યા; ને તેઓનું મૂલ ગણી જોતાં તે
પચાસ હજાર આર્ધા થયું. 20 એ રીતે પ્રભુની વાત પરાક્રમથી વધીને પ્ર-
બળ થઈ. 21 અને એ થયા પછી પાઉલે માકેદોનિયા તથા આખાયામાં
થઈને યરુશાલેમ જવાનો મનમાં નિશ્ચય કરીને કહ્યું કે, મારા ત્યાં ગયા
પછી રૂમ પણ મારે જોવું જોઈએ. 22 અને તેને પોતાને સહાય કરનારા-
ઓમાંના બેને એટલે તીમોથી તથા એરાસ્તસને માકેદોનિયામાં મોક-
લ્યા, ને પોતે કેટલાએક દિવસ આસિયામાં રહ્યો. 23 અને તે અરસામાં
એ માર્ગ વિષે ઘણી ઘાંઘળ મચી. 24 કેમકે દેમેત્રિઅસ નામે એક સોની
જે આર્તેમિનાં રૂપાના દેવસ્થાનો બનાવીને કારીગરોને ઘણું કામ અપા-
વતો હતો, 25 તેણે તેઓને તથા એના જેવા બીજા કારીગરોને એકઠા
કરીને કહ્યું કે, ભાઈઓ, તમે જાણો છો કે એ ધંધાથી આપણને દ્રવ્ય
મળે છે. 26 અને તમે જુઓ છો અને સાંભળો છો કે, એકલા એફેસસમાં
નહિ, પણ લગભગ આખા આસિયામાં, એ પાઉલે જે હાથથી બનાવેલા
છે તે દેવો નથી, એવું સમજાવીને, બહુ લોકોને ફેરવી નાખ્યા છે; 27 અને
તથી આપણો એ ધંધો વખોડવામાં આવે એવો ભય છે, એટલુંજ નહિ,
પણ આર્તેમિસ મહાદેવી જેને આખા આસિયા તથા જગત પૂજે છે, તેનું
મંદિર તુચ્છ ગણવાનો ને તેનો મહિમા નાશ થવાનો સંભવ છે. 28 અને
તેઓ એ સાંભળીને ક્રોધ ભરાયા, ને બૂમ પાડીને કેહેવા કાગ્યા કે, એફે-
સીઓની આર્તેમિસને જય! 29 અને આખું શહેર એ ગડબડાટથી ભરાઈ
ગયું; ત્યારે તેઓ માકેદોનિયાના ગાયસ તથા આરીસ્તાર્ખસ, જેઓ મુ-
સાફરીમાં પાઉલના સાથી હતા, તેઓને પકડીન એકમતે અખાડામાં દો-
ડી ગયા. 30 અને જયારે પાઉલ લોકોની ભીડની અંદર પેસવું ચાહ્યું,
ત્યારે શિષ્યોએ તેને જવા દીધો નહિ. 31 અને આસિયાના મુખ્ય અધિ-
કારીઓમાંથી કેટલાએક તેના મિત્ર હતા, તેઓએ પણ તેને કહેવડાવી
મોકલ્યું કે, તારે અખાડામાં જવાનું સાહસ કરવું નહિ. 32 ત્યારે કેટલા-
એક કંઈ બૂમ પાડતા, ને કેટલાએક કંઈ બૂમ પાડતા, કેમકે સભામાં
ગડબડ થઈ હતી, ને પોતે શા માટે એકઠા થયા છે, એ તેઓમાંના ઘણા-
ખરા જાણતા પણ ન હતા. 33 અને તેઓએ આલેકસાંદરને ભીડમાંથી
બહાર ખેંચી કાઢ્યો, ને યહુદીઓ તેને આગળ હડસેલતા હતા ત્યારે
આલેકસાંદર હાથે ઈસરો કરીને લોકોને પ્રત્યુત્તર આપવા ચાહતો હતો.
34 પણ તે યહુદી છે, એ તેઓએ જાણ્યું, ત્યારે તેઓ સઘળા આસરે બે
કલાક સુધી એક ઘાટે બૂમ પાડી કે, એફેસીઓની આર્તેમિસને જાય!
35 ત્યારે શહેરના નગરશેઠે લોકોને શાંત કરીને કહ્યું કે, ઓ એફેસી લો-
કો, કયું માણસ નહિ જાણતું કે એફેસીઓનું શહેર આર્તેમિસ મહાદેવની
તાતા ઝૂસ પાસેથી પડેલી મૂર્તિને પૂજનારું છે? 36 એ વાતોથી ઉલટું કો-
ઈથી બોલી શકાય એમ નથી, માટે તમારે શાંત રહેવું જોઈએ, ને કંઈ
અવિચારી કૃત્ય કરવું નહિ. 37 કેમકે તમે આ માણસોને અહીં લાવ્યા
છો, કે જેઓ મંદિરોના લૂંટનારા નથી, ને આપણા દેવીની નિંદા કરનારા
પણ નથી. 38 એ રારું જો દેમેત્રિઅસ તથા તેની સાથીના કારીગરોને કો-
ઈના પર કાંઈ દાવો હોય to અદાલત ખુલ્લી છે, ને અધિકારીઓ પણ છે,
માટે તેઓ એક બીજા પર ફરિયાદ માંડે. 39 પણ જો કંઈ બીજી બાબતો
વિષે તમે દાદ માંગતા હો, to કાયદેસર નિમેલી સભામાં તેનો નિર્ણય
કરવામાં આવશે. 40 કેમકે આજે વગર કારણે હંગામો થયો તે વિષે આપ-
ણી સામે ફરિયાદ થવાનો ખરેખર સંભવ છે; અને તેના સંબંધમાં આ
ભીડ થયાનો ખુલાસો આપણે આપી શકવાના નથી. 41 અને તેણે એ
વાતો કહીને સભાને બરખાસ્ત કરી.

### અધ્યાય-૨૦

20 અને હંગામો બંધ થયા પછી પાઉલે શિષ્યોને તેડાવીને તેઓને
બોધ કીધો, અને તેમનાથી વિદાયગીરી લઈને માકેદોનિયામાં
જવા સારૂ તે નીકળ્યો. 2 અને તે પ્રાંતોમાં ફરીને, લોકોને ઘણો બોધ
આપ્યા પછી તે હેલાસમાં આવ્યો. 3 અને તે ત્યાં ત્રણ મહિના રહ્યા,
પછી સુરિયા જવા સારૂ જળ માર્ગે ઉપાડવાની તૈયારીમાં હતો, ત્યારે
યહુદીઓએ તેની વિરુદ્ધ કાવતરું રચ્યું, માટે તેણે માકેદોનિયામાં થઈ-

ને પાછા જવાનો ઠરાવ કીધો. 4 અને પુહસનો [દીકરો] બેરીઆનો સો-
પાતર; ને થેસ્સાલોનીકીઓમાંના અરીસ્તાર્ખસ તથા સકુંદસ; ને દેર્બેનો
ગાયસ, ને તોમોથી; ને આસિયાના તુખીકાસ તથા ત્રોફીમસ, એઓ તે-
ની સાથે આસિયા લગી ગયા. 5 પણ તેઓ આગળ જઈને ત્રેઆસમાં
અમારી વાટ જોતા હતા. 6 અને બેખમીર રોટલીના દિવસ પછી અમે
વહાણમાં બેસીને ફીલીપીથી નીકળ્યા, ને પાંચ દિવસમાં તેઓની પાસે
ત્રોઆસ પહોંચ્યા, ને સાત દિવસ ત્યાં રહ્યા. 7 અને અઠવાડિયાને પહે-
લે દિવસે અમે રોટલી ભાંજવાને એકઠા થયા હતા, ત્યારે પાઉલે, પોતે
બીજે દિવસે નીકળવાનો હોવાથી, [શિષ્યો]ની સાથે સંભાષણ કીધું, ને
મધરાત સુધી પોતાની વાત ચાલુ રાખી. 8 અને જે મેડી પર અમે એકઠા
થયા હતા ત્યાં ઘણા દીવા હતા. 9 અને બારીમાં બેઠેલો યુતુખસ નામે
એકક જુવાન ભા ઊંઘમાં ઘેરાઈ ગયો હતો, ને પાઉલ ઘણી વાર લગી
ભાષણ કરતો હતો માટે ઊંઘમાં ઘેરાય ગયેલા હોવાથી તે [જુવાન] ત્રીજા
માળથી હેઠેળ પડ્યો, ને તેને મુએલો ઉપાડ્યો. 10 ત્યારે પાઉલ નીચે
ઉતરીને તેના પર પડ્યો ને તને કોટે વળગીને તેને કહ્યું કે, ઘભરાઓ
મા, કેમકે તે હજી જીવતો છે. 11 અને ઉપર આવીને તે હજી રોટલી
ભાંજીને ખાધી, ને તેઓની સાથે ઘણી વાર સુધી, એટલે છેક પોહો ફાટ-
તાં સુધી, વાત કીધી, ત્યાર પછી તે વિદાય થયો. 12 અને તેઓ તે તે જુ-
વાનને જીવતો લાવ્યો, ને તેથી ઘણો આંનદ પામ્યા. 13 પણ અમે
આગળ જઈને વહાણમાં બેસીને આસોસ જાવને ઉપડી ગયા, અને
ત્યાંથી પાઉલને વહાણમાં લેવાનો અમારો ઈરાદો હતો, કેમકે ત્યાંથી
પગરસ્તે આવવા ધારીને તેને એ ગોઠવણ કીધી હતી. 14 અને આસોસ-
માં તે અમને મળ્યો, ત્યારે અમે તેને વહાણમાં લઈને મીતુલેનેમાં
આવ્યા. 15 અને ત્યાંથી હંકારીને બીજે દિવસે ખીઅસની સામે પહોંચ્યા,
ને બીજે દિવસે સામોસ પહોંચ્યો, ને તેં બીજે દિવસે, [[ત્રોગુલિયામાં
કંઇક થોભ્યા પછી]] અમે મીલેતસમાં આવ્યા. 16 કેમકે આસિયામાં
વખત ગાળવો ન પડે તે માટે પાઉલે એફેસસને બાજુ પર મુકીને હંકારી
જવાનું ઠરાવ્યું હતું, કેમકે તે એ માટે ઉતાવળ કરતો હતો કે જો બની
શકે to પચાસમાં પર્વને દિવસે પોતે યરુશાલેમમાં હાજર થાય. 17 પછી
તેણે મીલેતસમાં એફેસસમાં [સંદેશી] મોકલીને મંડળીના વડીલોને પો-
તાની પાસે બોલાવ્યા. 18 અને તેઓ તેની પાસે આવ્યા ત્યારે તેણે તે-
ઓને કહ્યું કે, આસિયામાં મેં પગ મુક્યો તે દિવસથી માંડીને એ બધો
વખત હું તમારામાં શા રીતે વર્ત્યો છું, એ તમે પોતે જાણો છો; 19 કે મન-
ની પૂરી નમ્રતાથી, તથા આંસુઓ સહિત, તથા જે સંતાપ યહુદીઓના
કાવતરાંથી મારા પર આવી પડ્યા તે સહીને હું પ્રભુની સેવા કરતો હતો.
20 અને જે કંઈ વાત લાભકારક હોય તે તમને જણાવવા મેં આચકો ખા-
ધો નથી, પણ પ્રગટ રીતે તથા ઘેરેઘેરે તમને બોધ કીધો; 21 અને દેવ પ્ર-
ત્યે પસ્તાવો કરવો, તથા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખવો,
એવી શાહેદી મેં યહુદીઓને તથા હેલેનીઓને આપી. 22 અને હવે જુઓ,
હું આત્માના બંધનમાં યરુશાલેમ જાઉં છું, ત્યાં શું શું મારા પર આવી
પડશે એ હું જાણતો નથી; 23 માત્ર એટલુંજ [ જાણું છું] કે, હરેક શહેરમાં
પવિત્ર આત્મા મને એવી શાહેદી આપે છે કે તારે માટે બંધનો તથા સંક-
ટો રાહ જુએ છે. 24 પણ હું મારો જીવ વહાલો જાણીને તેની કંઈ પણ દર-
કાર કરતો નથી એ માટે કે મરી દોડ અને દેવની કૃપાની સુવાર્તાની શા-
હેદી આપવાની જે સેવા પ્રભુ ઈસુથી મને મળી છે તે હું પુરી કરું. 25 અને
હવે જુઓ, હું જાણું છું કે, તમે સર્વ જેઓમાં હું દેવનું રાજ્ય પ્રગટ કરતો
ફર્યો છું, તેઓ [માનો કોઈ પણ] મારું મ્હો ફરી નહિ દેખશે. 26 તે સારૂ
આજ હું તમને શાહેદી આપું છું કે સર્વ માણસના લોહી વિષે હું નિર્દોષ
છું. 27 કેમકે દેવનો પુરો મનોરથ તમને જણાવવાને મેં આચકો ખાધો
નથી. 28 તને પોતા સંબંધી તથા જે ટોળા ઉપર પવિત્ર આત્માએ તને
અધ્યક્ષો ઠરાવ્યા છે તે સર્વ સબંધી સાવધાન રહો, એ માટે કે દેવની
મંડળી જે તેણે પોતાના લોહીથી ખરીદી તેનું તમે પલાણ કરો. 29 હું જા-
ણું છું કે, મારા ગયા પછી ટોળા પર દયા નહિ કરે એવા ક્રૂર વરુઓ
તમારામાં પેસશે; 30 અને તમારા પોતા મધ્યેથી પણ કેટલાએક માણસો
ઉઠીને શિષ્યોને પોતાની પછવાડે ખેંચી લઈ જવા માટે અવળી વાતો
બોલશે. 31 માટે જાગતો રહો, ને યાદ રાખો કે ત્રણ વરસ લગી રાત દિ-
વસ આંસુઓ સુદ્ધાં દરેકને બોધ કરવામાં હું ચુક્યો નહિ. 32 અને હવે હું
તમને દેવને તથા તેની કૃપાની વાત જે તમને સંસ્થાપન કરવાને તથા
સર્વ પવિત્ર થયાલાઓમાં તમને વરસો આપવાને સમર્થ છે, તેને સોંપું
છું. 33 મેં કોઈના રૂપાનોકે સોનાનો કે વસ્ત્રનો લોભ કીધો નથી. 34 તમે
પોતે જાણો છો કે મને તથા મારા સાથીઓને જે જોઈતું હતું તે મેં આ હા-
થોએ પૂરું પાડ્યું છે. 35 મેં બધી વાતે તમને કરી બતાવ્યું છે કે, એવી રી-
તે ઉદ્યોગ કરીને તમારે નબળાઓને સહાય કરવી જોઈએ, ને પ્રભુ ઈસુ-
ની વચન જે તેણે પોતે કહ્યું, તેને યાદ રાખવું કે, પામવા કરતાં આપવા-
માં વધારે ધન્યતા છે. 36 અને એ પ્રમાણે વાત કર્યા પછી તેણે ઘૂંટણ ટે-
કવીને તે સર્વની સાથે પ્રાથના કરી. 37 અને તેઓ સઘળા બહુ રડ્યા, ને
પાઉલની કોટે વળગીને તેઓએ તેને ચુંબન કીધું. 38 અને તમે મારું મ્હો
ફરી જોનાર નથી એ જે વાત તેણે કહી હતી તેથી તેઓ વધારે ઉદાસ
થયા. અને તેઓ તેને વહાણ લગી વળાવવા ગયા.

### અધ્યાય-૨૧

21 અને એમ થયું કે, અમે તેઓથી જુદાં થયા પછી હંકારીને પાધરે
રસ્તે કોસ આવ્યા, ને બીજે દિવસે રોદસ, ને ત્યાંથી પાતરા
આવ્યા. 2 અને ફેનીકે જનાર એન વહાણ મળ્યાથી અમે તેમાં બેસીને
ઉપડી ગયા. 3 પછી કુપરસ નજરે પડ્યું, એટલે તેને ડાબી ગામ મુકીને
અમે સુરિયા ગયા, ને તુરમાં ઉતર્યા; કેમકે ત્યાં વહાણનો માલ ઉતારવા-
નો હતો. 4 અને અમને શિષ્યો મળી આવ્યાથી અમે સાત દિવસ ત્યાં
રહ્યા; અને તેઓએ આત્મા [ની સુચના] થી પાઉલને કહ્યું કે, તારે યરુ-
શાલેમમાં પગ મુકવો નહિ. 5 અને તે દિવસો પુરા થયા પછી એમ થયું કે
અમે નીકળીને આગળ ચાલ્યા, ત્યારે તેઓ સર્વ, બાયડી છોકરાં સુદ્ધાં,
શહેર બહાર સુધી અમને વળાવવા આવ્યાં; ને અમે સમુદ્રકાંઠે ઘૂંટણ ટે-
કવીને પ્રાર્થના કરી, 6 ને એક બીજાને ભેટીને અમે વહાણમાં બેઠા, ને
તેઓ પાછા ઘેર ગયાં. 7 પછી અમે ટુરથી સફર પુરી કરીને તાલેમાઈસ
આવી પહોંચ્યા; ને ભાઈઓને ભેટીને એક દિવસ તેઓની સાથે રહ્યા.
8 અને બીજે દિવસે અમે [ત્યાંથી] નીકળીને કાઈસારીઆમાં આવ્યા, ને
ફીલીપ સુવાર્તિક જે સાતમાંનો એક હતો તેને ઘેર જઈને તેની સાથે
રહ્યા. 9 હવે આ માણસને ચાર કુંવારી દીકરીઓ હતી, ને તેઓ ભવિષ્ય-
વાદેણો હતી. 10 અને અમે ત્યાં ઘણા દીવાસ રહ્યા, તેટલામાં અગાબસ
નામે એક ભવિષ્યવાદી યહુદાહથી આવ્યો. 11 અને તેણે અમારી પાસે
આવીને પાઉલનો કમરબંધ લીધો, ને પોતાના હાથ પગ બાંધીને કહ્યું
કે, પવિત્ર આત્મા એમ કહે કે કે, જે માણસનો આ કમરબંધ છે તેને યા-
રુશાલેમમાંના યહુદીઓ આ રીતે બાંધીને વિદેશીઓના હાથમાં સોંપશે.
12 અને અમે એ સાંભળ્યું, ત્યારે અમે તથા ત્યાંના લોકે પણ તેને યરુ-
શાલેમ ન જવાની વિનંતી કરી. 13 ત્યારે પાઉલે ઉત્તર દીધો કે, તમ શું
કરવા રડો છો, ને મારું દિલ દુખવો છો? હું to એકલો બંધાવાને નહિ,
પણ પ્રભુ ઈસુના નામને સારૂ યરુશાલેમમાં મારવાને પણ તૈયાર છું.
14 અને તેણે ન માન્યું, ત્યારે પ્રભુની ઈચ્છા પ્રમાણે થાઓ, એમ કહીને
અમે છાના રહ્યા. 15 અને તે દિવસો પછી અમે અમારો સામાન લઈ
યરુશાલેમ ગયા. 16 અને શિષ્યોમાંના કેટલાએક કાઈસારીઆથી અમા-
રી ઉતરવાનું હતું તેને સાથે તેડતા આવ્યા. 17 અને અમે યારુશાલેમ
આવ્યા ત્યારે ભાઈઓએ આનંદથી અમારો આવકાર કીધો. 18 અને બી-
જે દિવસે પાઉલ અમારી સાથે યાકૂબને ત્યાં ગયો, ને સઘળા વડીલો
હાજર હતા. 19 અને તેણે તેઓને ભેટીને દેવે તેને સેવા વડે વિદેશીઓમાં
જે જે કારવ્યું હતું તે વિગતવાર કહી સંભળાવ્યું. 20 અને તેઓએ તે
સાંભળીને દેવની સ્તુતિ કીધી, ને તેને કહ્યું કે, ભાઈ, યહુદીઓમાંના
હજારો વિશ્વાસીઓ થયા છે, એ તું જુએ છે, ને તેઓ સર્વ ચુસ્ત રીતે નિ-
યમ પાળે છે. 21 અને તેઓએ તારા વિષે સાંભળ્યું છે કે, તું વિદેશીઓન
રહેનાર સર્વ યહુદીઓને મુસા [ના નીયમશાસ્ત્ર]નો ત્યાગ કરવાનું શી-
ખવે છે, ને કહે છે કે, તમારે તમારા છોકરાઓની સુન્નત કરાવવી નહિ, ને
રીત રીવાજ પ્રમાણે ચાલવું નહિ. 22 તો શું કરવું? લોકો નિશ્ચે સાંભળશે
કે તું આવ્યો છે. 23 માટે અમે તને કહીએ તેમ કર; અમારામાંના ચાર મા-
ણસોએ માનતા લીધેલી છે; 24 તેઓને લઈને તેઓ સાથે તું પોતાને શુ-
દ્ધ કર, ને તેઓને સારૂ ખરચ કર, ક તેઓ પોતાના માથાં મુંડાવે; એટલે
સઘળા જાણશે કે, તારા વિષે જે તેઓએ સાંભળ્યું છે તેમાં કંઈ સાચું
નથી, પરતું તું પોતે પણ નીયમશાસ્ત્ર પાળીને રીત સર ચાલે છે.
25 પણ વિદેશી વિશ્વાસીઓ સંબંધી તો અમે ઠરાવીને લખી મોકલ્યું છે
કે, તેઓ મૂર્તિઓને અર્પણ કરેલી વસ્તુઓથી,તથા લોહીથી , તથા ગુંગ-

ળાઈને મરેલાથી, તથા વ્યભિચારથી દૂર રહે. 26 ત્યારે પાઉલ તે માણ-
સોને લઈને બીજે દિવસે તેઓની સાથે શુદ્ધ થઈને મંદિરમાં ગયો, ને
એવું જાહેર કીધું કે તેઓમાંના હરેકને સારૂ અર્પણ ચઢાવવા આવશે
ત્યારેજ શુદ્ધિકરણના દિવસો પુરા થશે. 27 અને તે સાત દિવસ પુરા
થવા આવ્યા ત્યારે આસિયાના યહુદીઓએ તેને મંદિરમાં જોઈને સર્વ
લોકોને ઉશ્કેરીને તેના પર હાથ નાખ્યા; 28 અને બૂમ પડી કે, રે ઇસ્રાએ-
લી માણસો, સહાય કરો, જે માણસ સર્વ ઠેકાણે લોકોની તથા નિયમ-
શાસ્ત્રની તથા આ જગ્યાની વિરુદ્ધ સઘળાને શીખવે છે તે આ છે; ને
વળી તેણે હેલેનીઓને પણ મંદિરમાં લાવીને આ પવિત્ર જગ્યાને અશુદ્ધ
કરી છે. 29 કેમકે તેઓએ એફેસી ત્રોફીમસને તેની સાથે શહેરમાં પહેલાં
દીઠો હતો, ને પાઉલ તને મંદિરમાં લાવ્યો હશે એમ તેઓએ ધાર્યું.
30 ત્યારે આખું શહેર ખભળી ઉઠ્યું, ને લોકો દોડીને એકઠા થઇ ગયા, ને
તેઓએ પાઉલને પકડીને મંદિરમાંથી કાઢ્યો, ને તરત બારણાં બંધ કર-
વામાં આવ્યાં. 31 અને તેઓ તેને મારી નાખવાની તજવીજમાં હતા એટ-
લામાં પલટણના સરદારને સમાચાર મળ્યાં કે, આખા યરુશાલેમમાં હુ-
લ્લડ મચી રહ્યું છે. 32 અને એકદમ સિપાઈઓને તથા સુબેદારોને લઈને
તે તેઓ પાસે દોડી આવ્યો, ને તેઓએ સરદારને તથા સિપાઈઓને દી-
ઠાં ત્યારે પાઉલને મારવાનું મૂકી દીધું. 33 ત્યારે સરદારે પાસે આવીને તે-
ને પકડીને બે સાંકળથી બાંધવાની આજ્ઞા આપી; ને પછી પૂછ્યું કે, એ
કોણ છે, ને એણે શું કર્યું છે? 34 ત્યારે લોકોમાંના કોઇએ એક વાત પો-
કારી, ને કોઈએ બીજી, ને ગડબડના કરણથી તે કંઈ નિશ્ચે જાણી શક્યો
નહિ, ત્યારે તેને કિલ્લામાં લઈ જવાની તેણે આજ્ઞા આપી. 35 અને તે
પગથિયાં પર ચઢ્યો ત્યારે એમ થયું કે, લોકોના ઘસારોને લીધે સિપા-
ઈઓને તેને ઉચકી લઇ જવો પડ્યો; 36 કેમકે લોકોની ભીડ તેઓની
પાછળ ને પાછળ ચાલીને બૂમ પાડતી હતી કે, એને મારી નાખો. 37 ન
પાઉલને કિલ્લામાં લઈ જતાં હતાં, એટલામાં તેણે સરદારને કહ્યું કે, મને
તારી સાથે બોલવાની રજા છે? ત્યારે તેણે કહ્યું કે, શું તું હેલેની ભાષા
જાણે છે? 38 મિસરીએ કેટલાક સમય ઉપર ચાર હજાર ખુનીઓનેઉશ્કે-
રીને ફિતુર કરાવ્યું અને તેઓનો [આગેવાન થઈને] તેઓને બહાર રા-
ન્માંલાઈ ગયો તે શું તું નથી? 39 પણ પાઉલ કહ્યું કે, હું કીલકીના તાર્સ-
સનો યહુદી છું, હું કંઈ અપ્રસિદ્ધ શહેરનો વતની નથી; ને હું તને વિનંતી
કરું છું કે, લોકોની આગળ મને બોલવાની રજા આપ. 40 અને તેણે તેને
રજા આપી, ત્યારે પાઉલે પગથિયાં પર ઉભા રહીને લોકોને હાથે ઇસારો
કીધો, ને તેઓ પુરેપુરા ચુપ થઇ ગયા, ત્યારે તેણે હેબ્રી ભાષામાં બોલ-
તા કહ્યું,

### અધ્યાય-૨૨

22 ભાઈઓ તથા વડીલો, હવે હું મારા બચાવમાં જે પ્રત્યુતર તમને
આપું છે તે સાંભળો. 2 અને તેને હેબ્રી ભાષામાં બોલતો સાંભ-
ળીને તેઓ વધારે છાના રહ્યા; ત્યારે તેણે કહ્યું કે, 3 હું યહુદી માણસ છું,
ને કીલકીના તાર્સસમાં જન્મેલો, પણ અ શેહેરમાં ગમાલીએલના ચર-
ણમાં ઉછેરેલો, ને અપના પૂર્વજોના નિયમ પ્રમાણે ચુસ્ત રીતે શીખેલો,
ને તમે સર્વ જેવા આજ દેવ વિષે આવેશી છો તેવો હું પણ હતો. 4 અને હું
આ માર્ગના પુરુષોને તેમજ સ્ત્રીઓને બાંધીને તથા બન્દીખામાંના ના-
ખીને મરણ સુધી સતાવતો હતો. 5 અને પ્રમુખ્ય યાજક તથા આખા
વડીલ વર્ગ [એ વિષે] મારા શાહેદી છે; વળી એમની પાસેથી ભાઈઓ
ઉપર પત્ર લઈને હું દમસ્ક જવા નીકળ્યો, એ માટે કે જેઓ ત્યાં હતા તે-
ઓને પણ બાંધીને શિક્ષા દેવા સારૂ યરુશાલેમમાં લાવું. 6 અને ચાલતાં
ચાલતાં હું દમસ્ક પાસે પહોંચ્યો, ત્યારે એમ થયું કે લગભગ મધ્યાન્હે
મારી આસપાસ આકાશથી એકાએક મોટો પ્રકાશ ચમક્યો. 7 ત્યારે હું
ભોંય પર પડી ગયો, ને મારી સાથે બોલતી એવી એક વાણી મેં સાંભળી
કે, શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે? 8 ત્યારે મેં ઉત્તર દીધો કે, પ્ર-
ભુ, તું કોણ છે? ને તેણે મને કહ્યું કે, હું ઈસુ નાઝારી છું, જેને તું સતાવે
છે. 9 અને મારી સાથે જે હતા તેઓએ તે પ્રકાશ જોયો to ખરો, પણ મા-
રી સાથે બોલનારની વાણી તેઓએ સાંભળી નહી. 10 ત્યારે મેં કહ્યું કે,
પ્રભુ હું શું કરું? ને પ્રભુએ મને કહ્યું કે, ઉઠીને દમસ્ક જ, ને જે સઘળું
તારે કરવાનું ઠરાવેલું છે તે વિષે ત્યાં તને કહેવામાં આવશે. 11 અને તે
પ્રકાશના તેજના કારણથી હું દેખી શક્યો નહિ, માટે મારા સાથીઓના
હાથ પકડીને હું દમસ્કમાં આવ્યો. 12 અને અનાન્યા નામે એક માણસ
નિયમશાસ્ત્રને ધોરણે સુભક્ત હતો અને જેના વિષે ત્યાં રહેનારા સઘ-
ળા યહુદીઓ સારૂ બોલતા હતા. 13 તે મારી પાસે આવ્યો, ને તેને મારે
પડખે ઉભા રહીને મને કહ્યું કે, ભાઈ શાઉલ તું દેખતો થા. અને તેજ
ઘડીએ દેખતો થઈને મેં તેને જોયો. 14 પછી તેને કહ્યું કે, આપણા પૂર્વ-
જોના દેવે એ માટે તેને પસંદ કીધો છે કે, તું તેની ઈચ્છા જાણે, ને તે
ન્યાયીને જુએ, ને તેના મ્હોની વાણી સાંભળે. 15 કેમકે જે તે જોયું છે, ને
સાંભળ્યું કે, તે વિષે સર્વ લોકોની આગળ તું તેનો શાહેદી થશે. 16 અને
હવે તું કેમ ઢીલ કરે છે? ઉઠ ને તેના નામની પ્રાર્થના કરીને બાપ્તિસમાં
લે, ને તારાં પાપ ધોઈ નાખ. 17 પછી એમ થયું કે હું યરુશાલેમમાં પાછો
આવ્યો ને મંદિરમાં પ્રાર્થના કરતો હતો, એવામાં મૂર્છાગત થઇ ગયો,
18 અને [પ્રભુએ] અને દર્શન દેતા કહ્યું કે, ઉતાવળ કર, ને યરુશાલેમથી
વહેલો નીકળ, કેમકે મારા વિષે તારી શાહેદી તેઓ માનશે નહિ. 19 ત્યારે
મેં કહ્યું કે, પ્રભુ, તેઓ પોતે જાણે છે કે તારા પર વિશ્વાસ કરનારાઓને હું
બંદીખાનામાં નાખતો હતો, અને હરેક સભાસ્થાનમાં તેઓને મારતો
હતો; 20 ને તારા શાહેદ સ્તેફનનું લોહી વહેવડાવવામાં આવ્યું ત્યારે હું
પણ પાસે ઉભો હતો, ને તેમાં રાજી હતો, ને તેના મારી નાખનારાઓના
લુગડાં હું સાચવતો હતો. 21 ત્યારે તેણે મને કહ્યું કે, તું ચાલ્યો જા, કેમકે
હું તને અહિથીવેળગે વિદેશીઓની પાસે મોકલી દઈશ. 22 અને તેઓએ
આટલે સુધી તેની વાત સાંભળી, પછી બૂમ પાડીને કહ્યું કે, એવા માણ-
સને પૃથ્વી પરથી દૂર કરો, કેમકે એ જીવવા યોગ્ય નથી. 23 અને તેઓ
બૂમ પાડતા, તથા પોતાનાં લુગડાં નાખી દેતા, તથા પવનમાં ધૂળ ઉડા-
વતા હતા; 24 ત્યારે સરદાર તેને કીલ્લામાં લાવવાની આજ્ઞા કીધી, ને તે-
ઓએ શા કરણ માટે તેની સામે એવી બૂમ પાડી,તે જાણવા સારૂ તેને
કોરડા મારીને તજવીજ કરવાનું ફરમાવ્યું. 25 અને તેઓએ તેને વાધરી-
ઓથીબાંધ્યો, ત્યારે પાઉલે પાસે ઉભેલા સુબેદારને કહ્યું કે, જે માણસ
રૂમી છે, તથા ગુનેગાર ઠરાવવામાં આવ્યો નથી, તેં તમારે કોરડા મારવા
શું કાયદેસર છે? 26 અને સુબેદારે તે સાંભળ્યું એટલે તેણે જઈને સરદાર-
ને જણાવીને કહ્યું કે, તું શું કરવા માગે છે? એ માણસ to રૂમી છે.
27 ત્યારે સરદારે આવીને તેને કહ્યું કે, મને કહે, તું શું રોમી છે? ને તેને
કહ્યું, હા. 28 ત્યારે સરદારે ઉત્તર દીધો કે, મોટી રકમ આપીને આ વતની-
પાણાનો હક મેં ખરીધો છે. પણ પુલે કહ્યું, હું to જન્મથી [વતની] છું.
29 ત્યારે જેઓ તેની તજવીજ કરવાને તૈયાર હતા, તેઓ તરત તેને મુકી-
ને ગયા; ને તે રૂમી છે, એ જાણ્યાથી તથા પોતે તેને બંધાવ્યો હતો તેથી
સરદાર પણ બીધો. 30 અને યહુદીઓ શા માટે તેના પર દોષ મુકે છે એ
ખચિત જાણવા ચાહીને તેણે બીજે દિવસે તેના બંધનો છોડ્યો; ને મુ-
ખ્ય યાજકોનેતથા તેઓની આખી ન્યાયસભાને હાજર થવાને આજ્ઞા
આપી, પછી પાઉલને લાવીને તેઓની આગળ ઉભો રાખ્યો.

### અધ્યાય-૨૩

23 ત્યારે પાઉલે ન્યાયસભાની સામે એકી નજરે જોઇને કહ્યું કે,
ભાઈઓ, હું આજ સુધી શુદ્ધ અંતઃકરણથી દેવ પ્રત્યે વર્ત્યો છું.
2 ત્યારે અનાન્યા પ્રમુખ્ય યાજકે તેની પાસે ઉભા રહેનારાઓને તેના મ્હો
પર મારની આજ્ઞા કીધી. 3 ત્યારે પાઉલે તેને કહ્યું કે, ઓ ધોળેલી ભીંત,
દેવ તને મારશે; તું નિયમશાસ્ત્ર પ્રમાણે મારો ન્યાય કરવા બેઠેલો છતાં
નિયમશાસ્ત્ર વિરુદ્ધ મને મારવાની આજ્ઞા કરે છે શું? 4 અને પાસે ઉભા
રહેનારાઓએ કહ્યું કે, શું તું દેવના પ્રમુખ્ય યાજકની નિંદા કરે છે?
5 ત્યારે પાઉલે કહ્યું કે, ભાઈઓ, એ પ્રમુખ્ય યાજક છે, તે હું જાણો ન
હતો, કેમકે એમ લખ્યું છે કે, તારા લોકોના અધિકારીનું તારે ભુંડું બોલવું
નહિ. 6 પણ પાઉલે જોયું કે કે એક ભાગ સાદુકીઓનો, ને બીજો ફરીશી-
ઓનો છે, ત્યારે તેણે સભામાં બૂમ પાડી કે,, ઓ ભાઈઓ, હું ફરોશી છું
ને મારા બાપદાદા ફરોશી હતા,ને મુએલાઓના પુનરુત્થાન સંબંધી
આશા બાબત મારો ન્યાય કરવામાં આવે છે. 7 અને તેણે એમ કહ્યું,
ત્યારે ફરોશીઓ તથા સાદુકીઓની વચ્ચે તકરાર ઉભી થઈ, ને સભામાં
પક્ષ પડયા. 8 કેમકે સાદુકીઓ કહે છે કે, પુનરુત્થાન નથી, ને દૂત કે
આત્મા પણ નથી; પણ ફરોશીઓ એ બેઉ વાત કબૂલ કરે છે. 9 ત્યારે
મોટી હોહા થઈ; ને ફરોશીઓનાપક્ષના કેટલાક શાસ્ત્રીઓ ઉઠ્યા, ને
રકઝક કરતાં કહેવા લાગ્યાં કે, આ માણસમાં અમે કાઈ અપરાધ જોતા
નથી; અને કદાચને આત્માએ અથવા દૂતેને કંઈ કહ્યું હોય કે શું?
10 અને તકરાર વધી પડી, ત્યારે તેઓ પાઉલના કકડે કકડા કરશે, એવું

ભય લાગ્યાથી સરદારે સિપાઈઓને આજ્ઞા કીધી કે, જઈને જબરદસ્તી-
થી તેને તેઓ મધ્યેથી ખેંચી લાવીને કિલ્લામાં આણો. 11 અને તેજ રાત્રે
પ્રભુએ તેની પાસે ઉભા રહીને કહ્યું કે, હિમ્મત રાખ; કેમકે જેમ મારે વિષે
તે યરુશાલેમમાં સાક્ષી આપી છે, તેમ રૂમમાં પણ તારે સાક્ષી આપવી
પડશે. 12 અને દિવસ ઉગ્યા પછી યહુદીઓએ સંપ કીધો,ને સોગનથી
બંધાયા કે, પાઉલને મારી નાખીએ ત્યાં સુધી આપણે અન્નજળ લેવું
નહિ. 13 અને આ સંપ કરનારા ચાલીસથી વધારે હતા. 14 અને તેઓએ
મુખ્ય યાજક તથા વડીલોની પાસે જઈને કહ્યું કે, અમે આક્ર સોગનથી
બંધાયા છીએ કે, પાઉલને મારી નાખીએ ત્યાં સુધી અમારે કંઈ પણ
જીભ પર નુકવું નહિ. 15 માટે જાણે કે તેની બાબત તમારે વધારે બારી-
કીથી તજવીજ કરવી હોય [એવી બહાને] સભા સુદ્ધાં તમે સરદારને
એવી સુચના આપી કે, તે તેને તમારી પાસે રજુ કરે, ને અમે, તે પહોંચે
ત્યાર પેહેલાં તેને મારી નાખવાને તૈયાર છીએ. 16 પણ પાઉલના ભા-
ણેજ તેઓના સંતાઈ રહેવા વિષે સાંભળ્યું, ત્યારે તેણે કીલ્લામાં જઈને
પાઉલને ખબર આપી. 17 ત્યારે પાઉલે સુબેદારોમાંના એકને પોતાની
પાસે બોલાવીને કહ્યું કે, આ જુવાનને સરદારની પાસે લઇ જા; કેમકે એ
તેને ઈન કહેવા માગે છે. 18 ત્યારે તેણે સરદારની પાસે તેને તેડી જઈને
કહ્યું કે, પાઉલ બંદીવાને મને પોતાની પાસે બોલાવીને વિનંતી કીધી કે,
આ જુવાનને સરદારની પાસે લઇ જા, કેમકે એ તેને કંઈ કહેવા માગે છે.
19 ત્યારે સરદાર તેનો હાથ પકડીને તને એકાંતમાં લઇ ગયો, ને ખાનગી
રીતે પૂછ્યું કે, મને તારે શું કહેવાનું છે? 20 ને તેણે કહ્યું કે, યહુદીઓએ
તારી પાસે વિનંતી કરવાનો સંપ કીધો છે કે, જાણે કે તું પાઉલ સંબંધી
વધારે બારીકીથી તજવીજ કરવા માગતો હોય એ હેતુથી તું આવતી કા-
લે તેને ન્યાયસભામાં લઇ આવે. 21 એ માટે તું એઓનું માનતો ના, કેમ-
કે તેઓમાંના ચાળીસથી વધારે માણસ તને સારૂ સંતાઈ રહ્યા છે, તેઓ
એવા સોગનથી બંધાયા છે કે, તને મારી નાખીએ ત્યાં સુધી અમે અન્ન-
જળ લઈશું નહિ; ને હમણાં તેઓ તૈયાર છે અને તારી વચનની વાત
જુએ છે. 22 ત્યારે સરદારે તે જુવાનને એવી તાકીદ આપીને વિદાય કીધો
કે, તે આ વાતની ખબર મને આપ્યા વિષે કોઈને કહેતો ના. 23 પછી તેને
સુબેદારોમાંના બેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, બંસે સિપાઈઓ-
ને, તથા સિત્તેર સ્વારોને તથા બંસે બરછીવાળાને, પહોર રાત્રે કાઈસા-
રીઆ સુધી જવાને તૈયાર રાખો; 24 ને પાઉલને માટે જાનવર મેળવી રા-
ખો કે તેને બેસાડીને હાકેમ ફેલીકસ પાસે સહીસલામત પહોંચાડવામાં
આવે. 25 અને તેણે નીચે પ્રમાણે પત્ર લખ્યો કે, 26 નેક નામદાર ફેલીકસ
હાકેમને કલાદીઅસ લુસયસની સલામ. 27 આ માણસને યહુદીઓએ
પકડ્યો હતો ને તેઓ એને મારી નાખવાના હતા, ત્યારે એ રૂમી છે એમ
સાંભળીને હું સિપાઈઓ સાથે જઈને એને છોડાવી લાવ્યો. 28 અને
તેઓ એના પર શા કારણથી દોષ મુકે છે એ જાણવા સારૂ હું તેઓની
ન્યાયસભામાં એને લઇ ગયો. 29 ત્યારે મને માલમ પડ્યું કે, તેઓના
નિયમશાસ્ત્રની બાબતો સંબંધી તેઓ એનાં પર દોષ મુકે છે, પણ મો-
તની અથવા કેદની સજા થાય એવો દોષ એના પર મુકતા નથી. 30 અને
જયારે મને ક્ખબર મળી કે એ માણસનું વિરુદ્ધ કાવતરું રચવાનું છે,
તેજ વેળાએ મેં એને તરત તારી પાસે મોકલ્યો, ને ફરિયાદીઓને પણ
આજ્ઞા કીધી કે, એની વિરુદ્ધ [જે કહેવું હોય તે] તેઓ તારી આગળ કહે.
31 ત્યારે સિપાઈઓ તેમને મળેલી આજ્ઞા પ્રમાણે પાઉલને લઈને રાતો-
રાત આંતીપાત્રસમાં આવ્યા. 32 પણ બીજે દિવસે સ્વારોને તેની સાથે
જવા સારૂ મુકીને તેઓ કિલ્લામાં પાછા આવ્યા. 33 અને કાઈસારીઆમાં
તેઓ પહોંચ્યા પછી હાકેમને પત્ર આપ્યો, ને પાઉલને પણ તેની
આગળ ઉભો કીધો. 34 અને તેણે તે વાંચીને પૂછ્યું કે, એ કયા પ્રાંતનો
છે? અને જયારે તેને માલુમ પડ્યું કે, તે કીલકીનો છે, 35 ત્યારે તેણે કહ્યું
કે, ફરિયાદીઓ આવ્યા પછી હું તારી મુકરદમાની તપાસ કરીશ; ને તેણે
એવી આજ્ઞા કીધી કે, હેરોદના દરબારમાં તેને પહેરામાં રાખો.

### અધ્યાય-૨૪

24 અને પાંચ દિવસ પછી અનાન્યા પ્રમુખ્ય યાજક, કેટલાક વડી-
લોને તથા તેર્તુલાસ નામે એક વકીલને સાથે લઈને આવ્યો, ને
તેઓએ હાકમની આંગળ પાઉલની વિરુદ્ધ હકીકત રજુ કરી. 2 અને તેને
બોલાવી મંગાવ્યો ત્યારે તેર્તુલસે નીચે પ્રમાણે બોલીને તેના પર તહો-
મત મુકવા માંડ્યું કે, ઓ નેકનામદાર ફેલીકસ, તારાથી અમે બહુ સુખ-
ચેન પામીએ છીએ, ને તારા દુરંદેશીપણાથી આ પ્રજાના લાભમાં અન-
ર્થો દૂર કરવામાં આવે છે, 3 તે આમે સર્વ પ્રકારે અને સર્વ સ્થળે પુરી કૃત-
જ્ઞતાથી માન્ય કરીએ છીએ. 4 પણ હું તને વધારે તસ્દી ન દઉં માટે હું
તને વિનંતી કરું છું કે, કૃપા કરીને અમારી થોડી વાતો સાંભળ. 5 કેમકે
આ માણસ પીડાકારક તથા આખા જગતના સઘળા યહુદીઓમાં હંગા-
મો ઉઠાવનાર તથા નાઝારીઓના પંથનો આગેવાન એવો અમને માલમ
પડ્યો છે. 6 તેણે મંદિરને પણ અશુદ્ધ કરવાને યાતન કીધા, ત્યારે અમે
એને પકડ્યો; [[અને અમે અમારા શાસ્ત્ર પ્રમાણે એનો ન્યાય કરવા ચા-
હાતા હતા. 7 પણ લુસયસ સરદારે આવીને બહુ બળાત્કાર વાપરીને
અમારા હાથમાંથી એને છોડાવી લીધો. 8 ને એના ફરિયાદીઓને તારી
પાસે આવવાની આજ્ઞા કીધી]] એની તપાસ તું પોતે કરવાથી જે સઘળા
વિશે અમે એના પર દોષ મુકીએ છીએ તે તેનાથી જાણી શકશે. 9 આને
યહુદીઓએ પણ ફરિયાદ સામેલ થઈને કહ્યું કે, એ વાતો એમજ છે.
10 અને હાકેમે પાઉલને બોલવાનો ઈસારો કીધો, ત્યારે તેણે ઉત્તર દીધો
કે, ઘણાં વર્ષ થયા તું આ દેશનો ન્યાયાધીશ છે, એ જાણીને હું ખુશીથી
પોતાના બચાવમાં પ્રત્યુત્તર આપું છું. 11 કેમકે [પુછવાથી] તને માલમ
પડશે કે હું ભજન કરવા સારૂ યરુશાલેમમાં ગયો, તેને બાર કરતાં વધારે
દિવસ નથી થયા. 12 અને મંદિરમાં કે સભાસ્થાનોમાં કે શહેરમાં કોઈની
સાથે વિવાદ કરતો, અથવા લોકોમાં હંગામો ઉઠાવતો તેઓએ મને દીઠો
નથી. 13 અને મારા પર જે તહોમતો તેઓ હમણાં મુકે છે તેની સાબિતી
તેઓ તારી આગળ કરી શકતા નથી. 14 પણ તારી આગળ હું આટલું
કબૂલ કરું છું કે, જે માર્ગને તેઓ પાખંડ કહે છે તે પ્રમાણે હું અમારા પૂ-
ર્વજોના દેવની ભક્તી કરું છું, જે વાતો નિયમશાસ્ત્રમાં તથા ભવિષ્ય-
વાદીઓના પુસ્તકમાં લખેલી છે તે સઘળી હું માનું છું. 15 અને હું દેવ
વિષે એવી આશા રાખું છું, જેમ તેઓ પોતે પણ રાખે છે, કે ન્યાયીઓ
તથા અન્યાયીઓનું પુનરુત્થાન થશે. 16 વળી હું એવો યત્ન કરું છું કે,
દેવની તથા માણસોની પ્રત્યે હું સદા નિર્દોષ અંતઃકારણ રાખું. 17 હવે
ઘણા વરસ પછી હું પોતાના લોકને દાન આપવાને અને અર્પણ કરવાને
આવ્યો. 18 તે દરમ્યાન તેઓએ મને મંદિરમાં શુદ્ધ થયેલો દીઠો, પણ
ભીડ કે ગડબડ સાથે નહિ; પણ આસિયાના કેટલાક યહુદીઓ [ત્યાં
હતા], 19 જે જેઓએ, મારી વિરુદ્ધમાં જો તેઓને કંઈ બોલવાનું હોત, તો
અહીં તારી પાસે આવીને તહોમત મુકવું જોઈતું હતું. 20 નહિ તો આ મા-
ણસો પોતે કહી બતાવી કે, હું ન્યાયસભાની આગળ ઉભો હતો ત્યારે
મારામાં શો ગુન્હો તેઓને માલમ પડ્યો હતો? 21 એટલું તો ખરૂં, કે તે-
ઓની મધ્યે ઉભા રહીને મેં આ એક વાત કહી કે, મુએલાઓમાંથીપુન-
રુત્થાન વિષે તમારી રૂબરૂ આજ મારો ન્યાય કરવાના આવે છે. 22 પણ
ફેલીકસને તે માર્ગ વિષે વધારે ચોકસ જ્ઞાન હતું,માટે તેણે મુલતવી રા-
ખીને તેઓને કહ્યું કે લુસીઅસ સરદાર આવશે ત્યારે હું તમારા કામનો
નિર્ણય કરીશ. 23 અને તેણે સુબેદારને આજ્ઞા કીધી કે, તેને પહેરામાં રા-
ખવો પણ તેને છૂટ આપવી, ને તેના મિત્રોમાંના કોઈને તેની સેવા કર-
વાની મના કરવી નહિ. 24 પણ કેટલાએક દિવસ પછી ફેલીકસ પોતાની
વહુ દ્રુસીલા, જે યહુદેણ હતી, તેની સાથે આવ્યો, ને તેણે પાઉલને બો-
લાવીને ખ્રિસ્ત પરના વિશ્વાસ વિષે તેની વાત સાંભળી. 25 અને ન્યાય-
પણા તથા સ્વદમન તથા આવનાર ન્યાયકાળ વિષે તે સમજાવતો
હતો, ત્યારે ફેલીકસે ભયભીત થઈને ઉત્તર દીધો કે, હમણાં to તું જા,
મને અનુકુળ પ્રસંગ મળે હું તને મારી પાસે બોલાવીશ. 26 અને તે એવી
પણ આશા રાખતો હતો કે, પાઉલ મને પૈસા આપશે; એ સારૂ તે તેને
ઘણી વાર બોઅવીને તેની સાથે વાતચીત કરતો હતો. 27 પણ બે વરસ
પછી પોર્કિયસ ફેસ્તસ ફેલીકસને ઠેકાણે આવ્યો, ને ફેલીકસ યહુદીઓ-
ને પ્રસન્ન કરવા ચાહીને પાઉલને બંધનમાં મૂકી ગયો.

### અધ્યાય-૨૫

25 ફેસ્તસ પોતાના પ્રાંતમાં આવીને ત્રણ દિવસ પછી કાઈસારી-
આથી યરૂશાલેમ ગયો. 2 ત્યારે મુખ્ય યાજકોએ તથા યહુદી-
ઓમાંના મુખ્ય માણસોએ પાઉલની વિરુદ્ધ ફરિયાદ કરી 3 અને તે-
ઓએ તેને વિનંતી કરીને [પાઉલ]ની વિરૂદ્ધમાં એવી મેહેરબાનીની
માંગણી કીધી કે, તેને યરૂશાલેમ તેડાવી મંગાવ, [એવી હેતુથી] કે તેઓ
માણસોને સંતાડી રાખી માર્ગમાં તેને મારી નખાવે. 4 પણ ફેસ્તસે ઉત્તર
દીધો કે, પાઉલને કાઈસારીઆમાં પહેરામાં રાખ્યો છે, ને હું પોતે ત્યાં

થોડા દહાડામાં જવાનો છું. 5 માટે તમારામાંના જે વજનદાર હોય તેઓ
મારી સાથે આવીને એ માણસનો જો કંઈ ગુન્હો હોય તો તેના પર તહો-
મત મુકે એમ તેણે કહ્યું. 6 અને તેઓ મધ્યે આઠ દસ દિવસથી વધારે ન
રહેતાં તે કાઈસારીએ ગયો, ને બીજે દિવસે ન્યાયાસન પર બેસીને તેણે
પાઉલને લાવવાની આજ્ઞા કીધી. 7 અને તે હાજર થયો ત્યારે યરૂશાલે-
મથી આવેલા યહુદીઓ તેની આસપાસ ઉભા રહીને તેના પર સંખ્યા-
બંધ ભારે તહોમત મુકવા લાગ્યા, પણ તેઓ તે સાબિત કરી શક્યા
નહિ. 8 ત્યારે પાઉલે પોતાના બચાવમાં કહ્યું કે, યહુદીઓના નિયમશા-
સ્ત્ર અથવા મંદિર અથવા કાઈસાર વિરુદ્ધ મેં કાંઈ ગુન્હો કીધો નથી.
9 પણ ફેસ્તસે યહુદીઓને ખુશ કરવા ચાહીને પાઉલને ઉત્તર આપ્યો કે,
શું તું યરૂશાલેમમાં જઈને ત્યાં એ વાતો વિષે મારી આગળ પોતાનો
ન્યાય કરાવવાને રાજી છે? 10 પણ પાઉલે કહ્યું કે, કાઈસારના ન્યાયા-
સન આગળ હું ઉભો છું, ત્યાં મારો ન્યાય થવો જોઈએ; મેં યહુદીઓનું
કંઈ ભુંડું કીધું નથી, તે તું પણ સારી પેઠે જાણે છે. 11 જો હું ગુન્હેગાર હો-
ઉં, અને દેહાંત શિક્ષાને યોગ્ય મેં કંઈ કર્યું હોય, તો હું મારવાને ના નથી
પાડતો, પણ જે વિષે તેઓ મારા પર તહોમત મુકે છે તેમાંની જો એકે
વાત ખરી ન હોય તો તેઓના હાથમાં કોઈ મને સોંપી શકતો નથી. હું
કાઈસાર પાસે દાદ માંગુ છું. 12 ત્યારે ફેસ્તસે ન્યાયસભા સાથે મસલત
કરીને ઉત્તર આપ્યે કે, તેં કાઈસાર પાસે દાદ માગી છે; તો કાઈસારની
પાસે તારે જવું પડશે. 13 હવે કેટલાએક દિવસ વીત્યા પછી આગ્રીપા રા-
જા તથા બેરનીકે કાઈસારીઆમાં આવ્યા, ને ફેસ્તસની મુલાકાત લીધી.
14 અને તેઓ ઘણા દિવસ ત્યાં રહ્યા પછી ફેસ્તસે પાઉલ સબંધીની
વાત રાજાને જાહેર કરતા કહ્યું કે, ફેલીકસ એક બંદીવાન માણસને મુકી
ગયો છે; 15 જયારે હું યરૂશાલેમમાં હતો ત્યારે મુખ્ય યાજકોએ તથા યહુ-
દીઓના વડીલોએ તેના પર ફરિયાદ કરીને તેની વિરુદ્ધ ફેસલો માગ્યો.
16 મેં તેઓને ઉત્તર દીધો કે, કોઈ પણ તહોમતદારને ફરિયાદીઓની રૂ-
બરૂ તહોમત વિષે પોતાના બચાવમાં પ્રત્યુત્તર આપવાની તક મળે ત્યાં
સુધી તેને [મારી નાખવાને] સોંપી દેવો એ રૂમીઓનો રીવાજ નથી. 17 તે
માટે તેઓ અહીં એકઠા થયા, ત્યારે વિલંબ કર્યા વિના બીજે દિવસે
ન્યાયાસન પર બેસીને તે માણસને લાવવાનો મેં હુકમ આપ્યો. 18 ફરિ-
યાદીઓએ ઉભા થઈને, હું ધારતો હતો તેવા કોઈ પણ કુકૃત્યો વિષે તે-
ના પર તહોમત મુક્યું નહિ; 19 પણ તેઓના પોતાના ધર્મ વિષે, તથા
ઈસુ કરીને કોઈક માણસ જે મરી ગયો છે પણ જેના વિષે પાઉલ કહે છે
કે તે જીવતો છે, તે વિષે તેની વિરુદ્ધ તેઓએ કેટલાક વાંધા ઉઠાવ્યા.
20 અને એ બાબત વિષે કેવી રીતે તપાસ કરવી તેની સુઝ મને ન પડ-
વાથી મેં પુછ્યું કે, શું તું યરૂશાલેમમાં જઈને ત્યાં આ વાતો સબંધી પો-
તાનો ન્યાય કરાવા ઈચ્છે છે? 21 પણ [મારા મુકરદમાનો] ફેંસલો પાદ-
શાહથી થવો જોઈએ એવી માગણી પાઉલે કરી તેથી મેં હુકમ કીધો કે
કાઈસારની પાસે હું તેને મોકલું ત્યાં સુધી તેને કેદ રાખવો. 22 ત્યારે
આગ્રીપાએ ફેસ્તસને કહ્યું કે, એ માણસનું સાંભળવાની મારી પણ
ઈચ્છા છે. ત્યારે તેણે કહ્યું કે, કાલે તું તેનું સાંભળશે. 23 માટે બીજે દિવ-
સે આગ્રીપા તથા બેરનીકે મોટા દબદબામાં આવ્યાં, ને સરદારો તથા
શહેરના મુખ્ય માણસો સુદ્ધાં દરબારમાં દાખલ થયાં, ત્યારે ફેસ્તસની
આજ્ઞાથી તેઓએ પાઉલને રજુ કર્યો. 24 ત્યારે ફેસ્તસે કહ્યું કે, ઓ અગ્રી-
પા રાજા તથા હાજર થયલા સઘળા ગૃહસ્થો, જે માણસ વિષે યહુદીઓ-
ના આખા સમુદાયે યરૂશાલેમમાં તથા અહીં પણ મને વિનંતી કરી, ને
બૂમ પાડી કે, તેને જીવતો રહેવા દેવો [યોગ્ય] નથી, તેને તમે જુઓ છો.
25 પણ મને એવું માલમ પડ્યું કે તેણે મરણ યોગ્ય કંઈ નથી કર્યું, ને તે-
ને પોતે પાદશાહ પાસે દાદ માગી, તેથી મેં તેને મોકલી દેવાનો નિશ્ચય
કીધો છે. 26 તેના વિષે એવી કંઈ ચોકસ વાત મારી પાસે નથી કે જે હું
મારી ઘણી પર લખું, માટે મેં તમારી આગળ, ને, ઓ અગ્રીપા રાજા, વિ-
શેષે કરીને તારી આગળ, તેને આણ્યો છે, એ માટે કે તજવીજ થયા
પછી મને કંઈ લખવાનું મળી આવે. 27 કેમકે બંદીવાનને મોકલવો, ને
તેના પરનાં તહોમત ન દર્શાવવાં એ મને અયોગ્ય લાગે છે.

## અધ્યાય-૨૬

26 અગ્રીપાએ પાઉલને કહ્યું કે, તને તારી હકીકત જણાવવાની
રજા છે; ત્યારે પાઉલે હાથ લાંબો કરીને પ્રત્યુત્તર આપ્યો કે
2 ઓ અગ્રીપા રાજા, યહુદીઓ જે સબંધી મારા પર તહોમત મુકે છે, તે
બધી વાતો વિષે મારે આજે તારી આગળ પ્રત્યુત્તર આપવાનો છે તેથી હું
પોતાને ભાગ્યશાળી ગણું છું; 3 વિશેષે એ માટે કે જે રિવાજો તથા મતો
યહુદીઓમાં ચાલે છે, તે સઘળામાં હું પ્રવીણ છે, માટે હું તને વિનંતી
કરું છું કે, ધીરજથી મારું સાંભળ. 4 નાનપણથી માંડીને જે આચરણ
શરૂઆતથી મારા પોતાના લોકમાં તથા યરૂશાલેમમાં હું ચલાવતો
આવ્યો છું, તે સઘળા યહુદીઓ જાણે છે. 5 અને જો તેઓ શાહેદી આપ-
વા ચાહે, તો તેઓ મારે વિષે પહેલાંથી જાણે છે કે અમારા ધર્મના સર્વથી
ચુસ્ત પંથ પ્રમાણે મેં ફરોશીની રીતો પાળી છે. 6 અને હવે દેવે જે વચન
અમારા પૂર્વજોને આપ્યું હતું તેની આશાને લીધે હું અહીં ન્યાય પામવાને
ઉભો છું; 7 ને અમારાં બારે કુળો પણ [દેવની] સેવા આતુરતાથી રાત
દિવસ કરતાં તે [વચન] પામવાની આશા રાખે છે; અને ઓ રાજા, એજ
આશાને લીધે યહુદીઓ મારા પર તહોમત મુકે છે! 8 દેવ મુએલાંઓને
પાછાં ઉઠાડે, એ તમને અસંભવિત કેમ લાગે છે? 9 હું તો પોતાના મન-
માં એવો ધારતો હતો કે, ઈસુ નાઝારીના નામને ઉલટું મારે ઘણું કરવું
જોઈએ. 10 અને મેં યરૂશાલેમમાં પણ તેમજ કીધું; ને મુખ્ય યાજકોથી
અધિકાર પામીને સંતોમાંના ઘણાને બંદીખાનામાં નાખ્યા,ને તેઓને
મારી નાખતા હતા ત્યારે મેં તેઓની વિરુદ્ધ મત આપ્યું. 11 અને સર્વ
સભાસ્થાનોમાં મેં ઘણી વાર તેઓને શિક્ષા કરીને તેઓની પાસે દુર્ભા-
ષણ કરાવવા પ્રયત્ન કર્યા; ને તેઓ પર અત્યંત ક્રોધાયમાન થઈને
પરાયા શહેરો સુધી પણ તેઓને સતાવ્યા. 12 એ માટે મુખ્ય યાજકો પા-
સેથી અધિકાર તથા પરવાનો મેળવીને હું દમસ્ક જતો હતો. 13 તેવામાં,
ઓ રાજા, મધ્યાન્હે માર્ગમાં સુરજના તેજ કરતા પ્રકાશિત એવું અજવાળું
આકાશથી મારી તથા મારી સાથે ચાલનારાઓની આસપાસ ચમકતું મેં
જોયું. 14 અને અમે બધા ભોંય પર પડી ગયા, પછી એક વાણી મેં સાંભ-
ળી, જેણે હેબ્રી ભાષામાં મને કહ્યું કે, શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે
છે? આર પર લાત મારવી તને કઠણ છે. 15 ત્યારે મેં કહ્યું કે, પ્રભુ, તું
કોણ છે? ને પ્રભુએ કહ્યું કે, હું ઈસુ છું, જેણે તું સતાવે છે. 16 પણ ઉઠ, ને
ઉભો થા, કેમકે મેં એ હેતુથી તને દર્શન દીધું છે, કે હું તને સેવક ઠરાવું,
તથા મારા વિષે જે જે તે જોયું છે તથા જે દર્શન હું હવે પછી તને દઈશ,
તે વિષે તને સાક્ષી ઠરાવું. 17 અને હું તારું રક્ષણ આ લોક તથા વિદે-
શીઓ જેઓની પાસે હું તને મોકલું છું તેઓથી કરીશ, 18 કે તું તેઓની
આંખો ઉઘાડે, ને તેઓને અંધારામાંથી અજવાળામાં, તથા શેતાનના
અધિકાર તળેથી દેવની તરફ ફેરવે, એ સારું કે તેઓ પાપની માફી તથા
જેઓ મારા પરના વિશ્વાસથી પવિત્ર થયા છે, તેઓ મધ્યે વારસો પામે.
19 તે માટે, ઓ અગ્રીપા રાજા, આકાશી દર્શન માન્યા વિના હું રહ્યો નહિ.
20 પણ પહેલાં દમસ્કમાંનાઓને, તથા યરૂશાલેમમાંનાઓને, તથા યહુ-
દાહના બધા પ્રન્તોમાંનાઓને, તથા વિદેશીઓને પણ બોધ કર્યો કે
તમ્રે પસ્તાવો કરીને તથા દેવની ભણી ફરીને પસ્તાવો કરનારને છાજે
એવાં કૃત્યો કરવાં. 21 એ કારણ માટે યહુદીઓએ મંદિરમાં મને પકડીને
મારી નાખવાની કોશિષ કીધી. 22 પરંતુ દેવની પાસેથી સહાય પામીને હું
આજ સુધી ટકી રહ્યો છું, ને નાના મોટાને શાહેદી આપું છું, ને ભવિષ્ય-
વાદીઓ તથા મુસા જે જે બનવાની બીનાઓ વિષે બોલ્યા હતા તે શિ-
વાય હું બીજું કંઈ કહેતો નથી; 23 એટલે કે ખ્રિસ્ત [મરણ] વેદના સહે, ને
તે પહેલો મુએલાંઓમાંથી પાછા ઉઠ્યાથી લોકોને તથા વિદેશીઓને
અજવાળું પ્રગટ કરે. 24 અને તે આ પ્રમાણે પ્રત્યુત્તર આપતો હતો, ત્યારે
ફેસ્તસે મોટે ઘાટે કહ્યું કે, પાઉલ તું ઘેલો છે, ઘણી વિદ્યાએ તને ઘેલો
કરી નાખ્યો છે. 25 પણ પાઉલે કહ્યું કે, ઓ નેકનામદાર ફેસ્તસ, હું ઘેલો
નથી, પણ સત્યની તથા ડાહપણની વાતો બોલું છું. 26 કેમકે આ રાજા
જે જેની આગળ પણ હું છુટથી બોલું છું તે એ વિષે જાણે છે, કેમકે મને
ખાતરી છે કે એઓમાંથી કોઈ વાત તેનાથી ગુપ્ત નથી, કારણ કે એ તો
ખુણામાં બન્યું નથી. 27 આગ્રીપા રજા, તું શું ભવિષ્યવાદીઓ [ની વા-
તો] પર વિશ્વાસ કરે છે? હા, હું જાણું છું કે તું વિશ્વાસ કરે છે. 28 ત્યારે
આગ્રીપાએ પાઉલને કહ્યું કે, તું તો થોડીજ સમજુતી આપીને મને ખ્રી-
સ્તી કરવા માગે છે. 29 અને પાઉલે કહ્યું કે, ઈશ્વર કરે કે ગમે તો થોડી
[સમજુતીથી] કે ઘણીથી, એકલો તુંજ નહિ પણ જેઓ આજ મારું
સાંભળે છે તેઓ સઘળા પણ, આ બેડીઓ શિવાય, મારા જેવા થાય.
30 પછી રાજા તથા હાકેમ તથા બેરનીકે તથા તેઓની સાથે બેઠેલાંઓ
ઉઠ્યાં; 31 ને તેઓએ એકાંતે જઈને માંહોમાંહે વાત કરી કે, એ માણસે દે-

હાંત શિક્ષા અથવા બેડીઓ યોગ્ય કંઈ કીધું નથી. 32 ત્યારે અગ્રીપાએ
ફેસ્તસને કહ્યું કે, જો એ માણસે કાઈસરની પાસે દાદ માગી ન હોત તો
એને છોડી દઈ શકાત.

### અધ્યાય-૨૭

27 અને અમારે જળમાર્ગે ઇતાલી ઉપડી જવું એવો ઠરાવ થયા
પછી તેઓએ પાઉલને તથા બીજા કેટલાએક બંદીવાનોને પાદ-
શાહી પલટણના જુલ્યસ નામના સુબેદારને સોંપ્યા. 2 અને આદ્રામીતિ-
યમનું એક વહાણ જે આસિયાના કિનારા પરના બંદરોએ જવાનું હતું તે-
માં બેસીને અમે સફરે નીકળ્યા; ને માકેદોનિયાના થેસ્સાલોનીકેનો
આરીસ્તાર્ખસ અમારી સાથે હતો. 3 અને બીજે દિવસે અમે સીદોનમાં
બંદર કીધું, ને જુલયસે પાઉલ પર મહેરબાની રાખીને તેને તેના મિત્રોની
પાસે જઈને આરામ પામવાની રાજા દીધી. 4 અને ત્યાંથી નીકળ્યા પછી
પવન સામે હોવાને લીધે અમે કુપરસની ઓથે રહીને હંકારી ગયા.
5 અને કીલકી તથા પામ્ફૂલ્યાની પાસેનો સમુદ્ર ઓળંગીને અમે લુકી-
આના મુરા [બંદર] પહોંચ્યા. 6 અને ત્યાં સુબેદારને ઇતાલી જનારૂં
આલેક્સાંદ્રિયાનું એક વહાણ મળ્યું; તેમાં તેણે અમને બેસાડ્યા. 7 પણ
અમે ઘણા દિવસ સુધી ધીમે ધીમે ચાલીને કનીદસની સામા મુશ્કેલીથી
પહોંચ્યા, ત્યાર પછી પવનને લીધે આગળ જવાયું નહિ, માટે અમે સા-
લ્મોનેની આગળ ક્રેતેની ઓથે હંકાર્યું. 8 અને મુશ્કેલીથી તેને કિનારે કિ-
નારે હંકારીને સુંદર બંદર નામની જગ્યાએ આવ્યા; તેની પાસે લાસાયા
શહેર છે. 9 અને ઘણો વખત ગયો હતો, ને હવે સફર જોખમ ભરેલી હતી,
કેમકે ઉપવાસ [નો દિવસ] વિતી ગયો હતો, ત્યારે પાઉલે તેઓને ચેતા-
વતાં કહ્યું કે, 10 ઓ ભાઈઓ, મને માલુમ પડે છે કે, આ સફરમાં હાની
તથા ઘણું નુકસાન એકલા માલને તથા વહાણનેજ નહિ, પણ આપણા
જીવોને પણ થશે. 11 પણ પાઉલે જે કહ્યું તે કરતા ટંડેલ તથા વહાણના
ઘણીના કહેવા પર સુબેદારે વધારે લક્ષ દીધું. 12 વળી શિયાળો કાઢવા
સારું તે બંદર સગવડ ભરેલું નહોતું, માટે ઘણાને સલાહ આપી કે,
આપણે અહીંથી નીકળીએ, ને કોઈ પણ રીતે ફેનીક્સ પહોંચીને ત્યાં
શિયાળો કાઢીએ; તે ક્રેતેનું બંદર છે, ને ઇશાન તથા અગ્નિ કોણની સામે
તેનું મુખ છે. 13 અને દક્ષિણ દિશાથી મંદ પવન વાવા લાગ્યો, ત્યારે
અમારી ઈચ્છા પ્રમાણે થશે એમ સમજીને લંગર ઉપાડીને ક્રેતેને કિનારે
કિનારે હંકાર્યું. 14 પણ થોડી વાર પછી તે તરફથી યુરાકુલોન નામનો
તોફાની પવન છુટ્યો. 15 ને વહાણ તેમાં સપડાયું ને પવનની સામા ટકી
ન શક્યું, ત્યારે અમે તેને ઘસડાવા દીધું. 16 અને કૌદા નામના એક ના-
ના બેટની ઓથે ગયા, ત્યારે મછ્વો બચાવી લેવામાં ઘણી મુસીબત
પડી; 17 ને તેને ઉપર તાણી લીધા પછી તેઓએ વહાણની તળે બચાવ-
ના બંધ બાંધ્યા, ને સીતર્સ ઉપર અથડાઈ પડવાની બીકથી સઢ સા-
માન ઉતાર્યા, ને એમનાએમ તણાયા. 18 અને અમને બહુ તોફાન લા-
ગ્યાથી બીજે દિવસે તેઓએ માલ વામી નાખવા માંડ્યો; 19 ને ત્રીજે દિ-
વસે તેઓએ પોતાને હાથે વહાણનો સામાન નાખી દીધો. 20 અને ઘણા
દિવસ સુધી સુરજ તથા તારાઓ દેખાયા નહિ, ને તોફાન ભારે મચ્યું
રહ્યું, તેથી અમારા બચવાની તમામ આશા લોપ થઈ. 21 પણ ઘણી
લાંઘણ થયા પછી પાઉલે તેઓની વચ્ચે ઉભા રહીને કહ્યું કે, ભાઈઓ,
તમારે મારૂં માનવું જોઈતું હતું, ને ક્રેતેથી નીકળીને આ હાની તથા નુક-
સાન વહોરી લેવાં ન હતાં. 22 પણ હવે હું તમને વિનંતી કરું છું કે, હિ-
મ્મત પકડો, કેમકે તમારામાંના કોઈના જીવની હાની નહિ થશે, એકલા
વહાણની થશે. 23 કેમકે જે દેવનો હું છું, ને જેની સેવા પણ હું કરું છું તે-
ના દૂતે ગઈ રાત્રે મારી પાસે ઉભા રહીને કહ્યું કે, 24 પાઉલ, બી માં, કાઈ-
સારની રૂબરૂ તારે ઉભા રહેવું પડશે, ને જુઓ, તારી સાથે સફર કરનારા
સઘળાને દેવે તારે સારું બચાવ્યા છે. 25 એ માટે, ભાઈઓ, હિમ્મત પક-
ડો, કેમકે દેવ પર મારો ભરોસો છે કે, જેમ મને કહેવામાં આવ્યું છે તેમજ
થશે. 26 તથાપિ આપણને એક બેટ પર અથડાઈ પડવું જરૂરનું છે.
27 પણ ચૌદમી રાત આવી ત્યારે અમે આદરીઆ [સમુદ્ર] માં અમ તેં
ઘસડાતા હતા, ને સુમારે મધરાતે ખલાસીઓને લાગ્યું કે અમે કોઈ એક
દેશની નજદીક આવી પહોંચ્યા છીએ. 28 અને મુડદ નાખ્યું, ત્યારે વીસ
વામ [પાણી] માલમ પડ્યું ને થોડું આગળ ગયા પછી તેઓએ ફરી ના-
ખ્યું, ત્યારે પંદર વામ માલામ પડ્યું. 29 અને રખે કદાપિ અફળાઈએ,
એવી બીકથી તેઓએ ડબુસા પરથી ચાર લંગર નાખ્યાં, ને દિવસ ઉગ-
વાની વાટ જોતા બેઠા. 30 અને ખલાસીઓ વહાણમાંથી નાસી જવાનો
લાગ શોધતો હતા, ને નાળ પરથી લંગર નાખવાનું ડોળ દેખાડીને તે-
ઓએ સમુદ્રમાં મછવો ઉતાર્યો હતો, 31 ત્યારે પાઉલે સુબેદાર તથા સિ-
પાઈઓને કહ્યું કે, જો એઓ વહાણમાં નહિ રહે તો તમે બચી શકવાના
નથી. 32 ત્યારે સિપાઈઓએ મછવાનાં દોરડાં કાપી નાખીને તેને જવા
દીધો. 33 અને દિવસ ઉગવાનો હતો એટલામાં પાઉલે સર્વને અન્ન ખા-
વાને વિનંતી કરીને કહ્યું કે, આજલ ચૌદ દિવસ થયા વાટ જોતાં જોતાં
તમે લાંઘણ કરીને કંઈ ખાધું નથી. 34 એ માટે હું તમને વિનંતી કરું છું
કે, કંઈક ખોરાક લો, કેમકે એ તમારૂં રક્ષણને સારૂં છે; કારણ કે તમારા-
માંના કોઈના માથાનો એક નીમાળો ખરવાનો નથી. 35 અને તેણે એમ
કહીને રોટલી લીધી, ને તે સર્વની આગળ દેવની સ્તુતિ કીધી, ને તે
ભાંજીને ખાવા લાગ્યો. 36 ત્યારે તેઓ સર્વને હિમ્મત આવી, ને તેઓએ
પણ અન્ન ખાધું. 37 અને વહાણમાં અમે સર્વ મળીને બસેં છોત્તેર માણસ
હતા. 38 અને ખાઈને તૃપ્ત થયા પછી તેઓએ ઘઉં સમુદ્રમાં વામી નાખી-
ને વહાણ હલકું કર્યું. 39 અને દિવસ ઉગ્યો ત્યારે તેઓએ તે દેશ ઓળ-
ખ્યો નહિ, પણ [રેતીના] કાંઠાવાળી એક ખાડી દીઠી, અને વહાણને
હંકારીને તે [કિનારા] પર છીતાવી શકાય કે નહિ એ વિષય તેઓએ
મસલત કીધી. 40 અને લંગરો છુટાં કરીને સમુદ્રમાં રહેવા દીધાં, ને તેજ
વખતે સુકાનના બંધ છોડીના આગલો સઢ પવન તરફ ચઢાવીને કાંઠા
ભણી જવા લાગ્યા. 41 અને બે પ્રવાહના સંગમની જગ્યાએ આવી
પડ્યાથી તેઓએ વહાણ છીતાવ્યું, ને નાળ અથડાઈને સજ્જડ ચોંટી બે-
ઠી, પણ ડબુસો મોજના જોરથી ભાંગી જવા લાગ્યો. 42 ત્યારે સિપાઈ-
ઓની એવી સલાહ હતી કે બંદીવાનોને મારી નાખીએ, રાખે તેઓમાંથી
કોઈ તરીને નાસી જાય. 43 પણ સુબેદારે પાઉલને બચાવવા ચાહીને તે-
મની ધારણા અમલમાં આણતા અટકાવ્યા, ને આજ્ઞા કીધી કે, જેઓને
તરતાં આવડતું હોય તેઓએ કુદી પડીને પહેલાં કિનારે જવું; 44 અને
બાકીનામાંથી કેટલાકે પાટિયા પર તથા કેટલાકે વહાણના કાંઈ બીજા
સામાન પર ટેકીને કિનારે જવું. અને તેથી એમ થયું કે તેઓ સઘળા કિ-
નારા પર સહીસલામત પહોંચ્યાં.

### અધ્યાય-૨૮

28 અને બચી ગયા પછી અમે જાણ્યું કે તે બેટનું નામ મેલીટા હતું.
2 અને દેશી લોકોએ અમારા પર અસાધારણ ઉપકાર કીધો, કે-
મકે તે વખતે વરસાદ વરસતો હતો તથા ટાઢ પડતી હતી તે માટે અગ્નિ
સળગાવીને તેઓએ અમ સર્વનો આવકાર કીધો. 3 અને પાઉલે થોડાંક
લાકડાં એકઠાં કરીને અગ્નિમાં નાખ્યાં, ત્યારે તાપને લીધે એક સર્પ ની-
કળીને તેને હાથે વળગ્યો. 4 અને દેશી લોકોએ તે એરૂ તેના હાથ પર
લટકતું જોઈને એક બીજાને કહ્યું કે, ખચિત આ માણસ ખુની છે, કેમકે,
જો કે સમુદ્રમાંથી એ બચી ગયો છે ખરો, તોપણ ન્યાય એને જીવવા
નથી દેતો. 5 પણ તેણે તે એરૂ અગ્નિમાં ઝટકી નાખ્યો, ને તેને કંઈ ઈજા
થઈ નહિ. 6 પણ તેઓ ધારતા હતા કે, તે હમણાં સુજી જશે, અથવા
એકએક પડીને મારી જશે, પણ ઘણી વાર રાહ જોયા પછી તેઓએ જોયું
કે તેને કાંઈ નુકસાન થયું નથી, ત્યારે તેઓએ વિચાર ફેરવીને કહ્યું કે, તે
કોઈ દેવ છે. 7 હવે તે બેટના પબ્લિયસ નામના મુખ્ય માણસની જાગીર
તે જગ્યાની નજદીક હતી, તેણે અમારો આવકાર કરીને ત્રણ દિવસ સુ-
ધી મિત્રચારીથી અમારી પરોણાગત કરી. 8 અને એમ થયું કે પબ્લિયસ-
નો બાપ તાવે તથા મરડાએ માંદો પડેલો હતો, તેની પાસે પાઉલ અંદર
ગયો, ને તેણે પ્રાર્થના કરી, ને તેના પર પોતાના હાથ મુકીને તેને સાજો
કીધો. 9 અને તે થયા પછી બેટમાંના બાકીના રોગીઓ પણ આવીને
સાજા કરાયા. 10 વળી તેઓએ અમને ઘણું માન આપ્યું, અને અમે સફરે
નીકળ્યા ત્યારે અમને જોઈતી ચીજો તેઓએ વહાણમાં મુકી. 11 અને
ત્રણ મહિના પછી આલેકસાંદ્રિયાનું એક વહાણ શિયાળો ગાળવાને તે
બેટમાં રહ્યું હતું, જની નિશાની દીઓસકુરી [અશ્વિનીકુમાર] હતી, તેમાં
બેસીને અમે નીકળ્યા. 12 અને અમે સુરાકુસમાં બંદર કરીને ત્યાં ત્રણ
દિવસ રહ્યા. 13 અને ત્યાંથી અમે ફેરો ખાઈને રેગીઅમ આવ્યા, ને એક
દિવસ પછી દક્ષિણનો પવન વાવા લાગ્યો, જેથી અમે બીજે દિવસે પુ-
તીઓલી આવ્યા. 14 ત્યાં અમને ભાઈઓ મળ્યા, ને તેઓની સાથે સાત
દિવસ રહેવાને તેઓએ અમને વિનંતી કીધી; ને આ પ્રમાણે અમે રૂમ
આવી પહોંચ્યા. 15 અને ભાઈઓ અમારાં વિષે સાંભળીને ત્યાંથી આપી-

ફોરમ તથા ત્રણ ધર્મશાળા લગી અમારી સામા મળવા આવ્યા; અને
પાઉલે તેઓને જોઇને દેવની સ્તુતી કીધી, ને હિમ્મત પકડી. 16 અને
અમે રૂમમાં આવ્યા, ત્યારે [[સુબેદારે બંદીવાનોને ચોકીના સરદારને
સ્વાધીન કીધા, પણ]] પાઉલને તેના સાચવનાર સિપાઈની સાથે જૂદા
રહેવાની રજા મળી. 17 અને ત્રણ દિવસ પછી એમ થયું કે, [પાઉલે] યહુ-
દીઓના મુખ્ય માણસોની એકઠા બોઉલટું મેં કંઈ કર્યું નથી, તોપણ
યરૂશાલેમથી રૂમીઓના હાથમાં મને બંદીવાન તરીકે સોંપ્યો છે.લાવ્યા,
ને તેઓ એકઠા થયા ત્યારે તેઓને કહ્યું કે, ભાઈઓ, જોકે લોકોને ઉલટું,
અથવા આપણા પૂર્વજોના રિવાજોથી 18 મારી તપાસ કર્યા પછી તેઓ
મને છોડી દેવા ઈચ્છતા હતા, કેમકે મને મોતની શિક્ષા થાય એવું કંઈ
કારણ ન હતું. 19 પણ યહુદીઓએ વાંધો ઉઠાવ્યો, ત્યારે કાઈસાર પાસે
દાદ માગવાની મને અગત્ય પડી; મારે પોતાના સ્વદેશીઓ પર કંઈ દોષ
મુકવાનો હતો એમ તો નહિ. 20 એજ કારણ માટે મને મળીને મારી સાથે
વાત કરવાની મેં તમને વિનંતી કીધી, કેમકે ઇસ્રાએલની આશાને લીધે
હું આ સાંકળથી બંધાએલો છું. 21 ત્યારે તેઓએ તેને કહ્યું કે, યહુદાહ-
માંથી અમને કંઈ પત્રો મળ્યા નથી, તેમજ [અમારા] ભાઈઓમાંથી પણ
કોઈએ અહીં આવીને તારા વિષે કંઈ ભુંડું જાહેર કર્યું અથવા કહ્યું નથી.
22 પણ તું શું માને છે તે તારી પાસેથી અમે સાંભળવા ચાહીને છીએ, કે-
મકે લોકો સર્વ જગ્યાએ આ પંથની વિરુદ્ધ બોલે છે તે અમે જાણીએ
છીએ. 23 અને તેઓએ તેને સારું એક દિવસ ઠરાવીને તે દિવસે જથ્થા-
બંધ તેની પાસે તેના ઉતારામાં આવ્યા; તેઓને તેણે પ્રમાણે આપીને
દેવના રાજ્ય વિષેની શાહેદી આપી, ને મુસાના નિયમશાસ્ત્ર તથા
ભવિષ્યવાદીઓ ઉપરથી ઇસુ વિષે વાત સવારથી સાંજ સુધી તેઓને
સમજાવી. 24 અને જે વાતો કહેવામાં આવી તે કેટલાએકે માની, ને કેટ-
લાએકે માની નહિ. 25 અને તેઓ માહોમાંહે એક મતના ન થયાથી ચા-
લ્યા ગયા, પણ તે પહેલાં પાઉલે ઈક વાત કહી કે, પવિત્ર આત્માએ
યશાયાહ ભવિષ્યવાદીની મારફતે તમારા પૂર્વજોને ઠીક કહ્યું કે, 26 તું એ
લોકની પાસે જઈને કહે કે, તમે સાંભળતાં સાંભળશો પણ સમજશો
નહિ, ને જોતાં જોશો પણ સુઝશે નહિ. 27 કેમકે એ લોકોનાં મન જડ થઇ
ગયાં છે, ને તેઓના કાનો બહેર મારી ગયા છે, ને તેઓએ પોતાની
આંખો મીચેલી છે, રખે કદાપી તેઓને આંખે સુઝે, ને તેઓ કાને સાંભ-
ળે, ને મનથી સમજે, ને ફરે, ને હું તેઓને સાજા કરૂં. 28 એ માટે જાણજો
કે, દેવનું આ તારણ વિદેશીઓની પાસે મોકલવામાં આવ્યું છે, ને તેઓ
તો સંભાળશે. 29 [[અને તેણે એ વાતો કહી રહ્યા પછી યહુદીઓ માહો-
માંહે ઘણો વિવાદ કરતા કરતા ચાલ્યા ગયા]] 30 અને [પાઉલ] પોતાના
ભાડાના ઘરમાં પૂરાં બે વરસ રહ્યો, ને જેઓ તેને ત્યાં આવતા તે સર્વના
તે આવકાર કરતો. 31 અને તે પુરી હિમ્મતથી તથા વગર અટકાવે દેવના
રાજ્ય વિષે ઉપદેશ કરતો, તથા પભી ઇસુ ખ્રિસ્ત વિષેની વાતોનો બોધ
કરતો હતો.

# રોમનોને પત્ર

1 દેવના વહાલાં, તથા પવિત્ર [થવા સારૂ] તેડાએલાં, જે રૂમમાં છે,
તેઓ સઘળાની પ્રત્યે લખિતંગ ઈસુ ખ્રીસ્તનો દાસ પાઉલ, જે પ્રે-
રિત [થવા સારૂ] તેડાએલો, તથા દેવની સુવાર્ત્તાને અર્થે જુદો કરાયલો
છે, 2 તે [સુવાર્ત્તા] વિષે [દેવે] પોતાના ભવિષ્યવાદીઓની મારફતે પવિ-
ત્ર લેખોમાં અગાઉથી વચન આપ્યું હતું; 3 તે તેના દીકરા આપણા પ્રભુ
ઈસુ ખ્રીસ્ત વિષે છે, જે દેહ પ્રમાણે તો દાઉદના વંશનો હતો, 4 પણ
પવિત્રાઈના આત્મા પ્રમાણે મુએલાંઓમાંથી પાછો ઉઠ્યાથી દેવનો દી-
કરો પરાક્રમસહિત ઠર્યો છે. 5 તેની મારફતે અમે કૃપા તથા પ્રેરિતપદ પા-
મ્યા છીએ, એ માટે કે તેના નામની ખાતર સર્વ પ્રજાઓ વિશ્વાસ [રાખ-
વાથી] આધીન થાય. 6 અને એઓમાંનાં તમે પણ ઈસુ ખ્રીસ્તના [થવા
સારૂ] તેડાએલાં છો. 7 દેવ આપણા પિતાથી તથા ઈસુ ખ્રીસ્તથી તમને
કૃપા તથા શાંતિ થાઓ. 8 પ્રથમતો, ઈસુ ખ્રીસ્તની મારફતે, તમ સઘળાં
વિષે, હું મારા દેવનો ઉપકાર માનું છું કે, આખા જગતમાં તમારો વિશ્વાસ
જાહેર થયો છે. 9 કેમકે દેવ, જેની સેવા હું મારા આત્માએ તેના દીકરાની
સુવાર્ત્તામાં કરૂં છું, તે મારો સાક્ષી છે કે નિરંતર હું તમારૂં સ્મરણ કરૂં છું,
10 અને સદા મારી પ્રાર્થનાઓમાં માગું છું કે, હવે આખરે કોઈ પણ રીતે
દેવની ઈચ્છાથી તમારી પાસે મારાથી નિવિન્ઘે અવાય. 11 કેમકે હું તમ-
ને જોવા ઘણો ચાહું છું, એ માટે કે તમને સ્થિર કરવાને અર્થે હું તમને
કોઈ આત્મિક દાન આપું; 12 એટલે એક બીજાના વિશ્વાસથી, તમારા ને
મારા [વિશ્વાસથી], હું તમારા ભેગો તમારામાં દિલાસો પામું. 13 અને ભા-
ઈઓ, મારી ઈચ્છા નથી કે તમે ઈ વિષે અજાણ્યા રહો, કે મેં ઘણી વાર
તમારી પાસે આવવાની ઠરાવ કર્યો, એ સારૂ કે જેમ બીજા વિદેશીઓમાં,
તેમ તમારામાં પણ કોઈ ફળ પામું, પણ હજી સુધી મને અટકાવ થયો
છે. 14 હેલેનીઓનો તેમજ બારબારીઓનો પણ, જ્ઞાનીઓનો તેમજ મૂ-
ર્ખોનો પણ હું ઋણી છું. 15 માટે હું તમે રૂમીઓને પણ મારી શક્તિ પ્ર-
માણે સુવાર્ત્તા પ્રગટ કરવા તૈયાર છું. 16 કેમકે સુવાર્ત્તા વિષે હું શરમાતો
નથી; કારણ કે તે પ્રત્યેક વિશ્વાસ કરનારને દેવનું તારણ સાધનારૂં પરા-
ક્રમ છે, પ્રથમ યહુદીને પછી હેલેનીને. 17 કેમકે તેમાં દેવનું ન્યાયીપણું
પ્રગટ થયેલું છે, ને [તે ન્યાયીપણું] વિશ્વાસથી છે, ને વિશ્વાસને અર્થે છે,
જેમ લખ્યું છે કે, ન્યાયી વિશ્વાસથી જીવશે. 18 કેમકે જે માણસો અન્યા-
યથી સત્યને ડાબી રાખે છે, તેઓના સર્વ અધાર્મિકપણા પર તથા
અન્યાય પર દેવનો કોપ આકાશથી પ્રગટ થએલો છે. 19 કારણ કે દેવ
વિષેનું જે જ્ઞાન પામી શકાય તે તેઓમાં પ્રસિદ્ધ છે, કેમકે દેવે તેઓને તે
પ્રસિદ્ધ કીધું છે. 20 કેમકે તેને વિષે જે અણદીઠ, એટલે તેનું અનાદિ
પરાક્રમ અને દેવત્વ, જગતની ઉત્પત્તિના વખતથી સૃજેલી વસ્તુઓ
ધ્યાનમાં આણ્યાથી સ્પષ્ટ જણાય; ને તેથી તેં નિરૂત્તર છે. 21 કારણ કે
દેવને જાણીને, દેવ તરીકે તેઓએ તેને મહિમા દીધો નહિ, ને તેના ઉપ-
કાર માન્યા નહિ, પણ તેઓના તર્કવિર્તક ભ્રાંતિરૂપ થયા,, ને તેઓના
નિર્બુદ્ધ મન અંધરાયા. 22 અને બુદ્ધિવાન છીએ એવો દાવો કરતાં તેઓ
મૂર્ખ થયા; 23 અને તેઓએ અવિનાશી દેવના મહિમાને બદલે નાશવંત
માણસ તથા પક્ષી તથા ચોપગાં તથા પેટે ચાલનારાંના આકારની મૂ-
ર્તિઓ સ્વીકારી. 24 એ માટે દેવે તેઓને તેઓનાં અંતઃકરણોની દુર્વાસ-
નાઓને લીધે અશુદ્ધતામાં મેલી દીધા કે તેઓ મહોમાંહે પોતાનાં શરીર-
નું અપમાન કરે. 25 કેમકે તેઓએ દેવના સત્યને બદલે અસત્ય સ્વીકા-
ર્યું, ને ઉત્પન્નકર્તા (જેને સર્વકાળ સુધી સ્તુતિ હો, આમેન) તેને ઠેકાણે
ઉત્પન્ન કારેલાની ભક્તિ તથા સેવા કીધી. 26 તે માટે દેવે તેઓને આપ-
માનકારક વિષયોને [આધીન] મેલી દીધા, કેમકે તેઓની સ્ત્રીઓએ
સ્વાભાવિક વહેવારને બદલે અસ્વાભાવિક [વહેવાર] ધારણ કીધો.
27 અને એમજ પુરુષો પણ સ્ત્રીઓ સાથેનો સ્વભાવિક વહેવાર મુકીને,
પોતાની દુષ્ટ ઈચ્છાઓમાં પરસ્પર બળવા લાગ્યા, એટલે પુરૂષે પુરૂષ-
ની સાથે અણઘટતાં કામ કીધાં, ને તેઓ પોતાની ભૂલની યોગ્ય ફળ
પોતામાં પામ્યા. 28 અને દેવની જાણ [મનમાં] રાખવાનું તેઓને ગમ્યું
નહિ, માટે દેવે તેઓને જે ઘટારત નથી, એવાં કામ કરવાને સારૂ ભ્રષ્ટ
બુદ્ધિને [આધીન] મેલી દીધા; 29 તેઓ તો સર્વ પ્રકારના અન્યાયીપણા-
થી, દુરાચારથી, લોભથી, [તથા] અદાવતથી ભરપૂર થયા હતા; [ને
વળી] અદેખાઈથી, હત્યાથી. ટંટાથી, કપટથી, [તથા] દ્વેષભાવથી ભર-
પૂર હતા; [વળી] કાન ભંભેરનારા, 30 નિંદાખોર, દેવદ્વેષી, ઉદ્ધત, અભિ-
માની, કુલાસ મારનારા, કુયુક્તિખોર, માતપિતાનું ન માનનારા, 31 નિ-
ર્બુદ્ધ, વિશ્વાસઘાતી, સ્વાભાવિક પ્રેમ વગરના [તથા] નિર્દય, એવા હતા.
32 અને આવા કામ કરનારાઓ મરણ યોગ્ય છે, એવો દેવનો વિધિ જા-
ણ્યા છતાં તેઓ પોતે એ કામો કરે છે એટલુંજ નહિ, પણ એવાં કામ કર-
નારાઓને સમ્મતિ આપે છે.

2 એ માટે, ઓ [બીજાઓનો] ન્યાય કરનાર માણસ, તું ગમે તે હોય,
પણ નિરૂત્તર છે, કેમકે જે વિષે તું બીજાનો ન્યાય કરે ચ, તેમાં તું
પોતાને અપરાધી ઠરાવે છે; કેમકે તું ન્યાય કરનાર પોતે પર તેજ કામ
કરે છે. 2 અને આપણે જણીએ છીએ કે એવા કામ કરનારાઓની વિરુદ્ધ
દેવનો ન્યાયચુકાદો સત્ય પ્રમાણે છે. 3 અને, ઓ માણસ, જે એવા કામ
કરનારનો ન્યાય કરે છે, ને પોતે તેજ કરે છે, તું દેવના ન્યાયચુકાદાથી
બચીશ એવું તું ધારે છે શું? 4 અથવા દેવનું ઉપકારીપણું તને પસ્તાવા
તરફ ખેંચે છે, એ ન જાણીને, શું તેના ઉપકારીપણાની તથા સહનતાની
તથા દીર્ઘધૈર્યની સંપતને તું તુચ્છ માને છે? 5 તું તો તારા કઠણતા તથા
પશ્ચાત્તાપરહિત અંતઃકરણને લીધે પોતાને સારૂ કોપના તથા દેવના
યથાર્થ ન્યાયના પ્રકટીકરણને દિવસે થનાર કોપનો સંગ્રહ કરે છે. 6 તે
પ્રત્યેકને પોતપોતાના કામ પ્રમાણે ફળ આપશે. 7 એટલે જેઓ સારા
કામ ધીરજથી કરતાં મહિમા તથા માન તથા અવિનાશીપણું શોધે છે,
તેઓને અનંતજીવન મળશે; 8 પણ જેઓ વઢવાડિયા છે, ને સત્યને
નથી માનતા, પણ અન્યાયને માને છે તેઓના ઉપર કોપ તથા ક્રોધ,
9 વિપત્તિ તથા વેદના આવશે, માણસ જાતના હરેક ભુંડું કરનારને એમ
થશે, પ્રથમ યહુદીને અને પછી હેલેનીને; 10 પણ હરેક સારૂ કરનારને,
મહિમા તથા માન તથા શાંતિ થશે, પ્રથમ યહુદીને અને પછી હેલેનીને;
11 કેમકે દેવની પાસે પક્ષપાત નથી. 12 કેમકે જેટલાએ નિયમશાસ્ત્ર
વગર પાપા કીધું, તેઓ નિયમશાસ્ત્ર વગર નાશ પામશે; ને જેટલાએ
નિયમશાસ્ત્ર પામ્યા છતાં પાપ કીધું, તેઓનો ન્યાય નિયમશાસ્ત્ર પ્રમા-
ણે ઠરાવાશે; 13 કેમકે નિયમસંભાળનારા દેવની નજરમાં ન્યાયી નથી,
પણ નિયમ પાળનારા ન્યાયી ઠરશે; 14 કેમકે વિદેશીઓ જેઓની પાસે
નિયમ નથી, તેઓ જયારે સ્વાભાવિક રીતે નિયમ શાસ્ત્ર પ્રમાણે વર્તે
છે, ત્યારે તેઓને નિયમ ન છતાં તેઓ પોતાને સારૂ નિયમરૂપ છે; 15 તે-
ઓની પ્રેરકબુદ્ધિ તેઓની સાથે શાહેદી આપતાં, તથા તેઓના વિચાર
એકબીજાને દોષિત અથવા નિર્દોષ ઠરાવતાં, તેઓ પોતાના અંતઃકરણ-
માં લખેલાં નિયમનું કામ દેખાડે છે; 16 દેવ મારી સુવાર્ત્તા પ્રમાણે ઈસુ
ખ્રીસ્તની મારફતે માણસોનાં ગુપ્ત કામોનો ન્યાય ચુકવશે, તે દિવસે
[એમ થશે]. 17 પણ જો તું યહુદી કહેવાય છે, ને નિયમશાસ્ત્ર પર
આધાર રાખે છે, ને દેવ વિષે અભિમાન કરે છે, 18 ને તેની ઈચ્છા જાણે
છે, ને નિયમશાસ્ત્ર શિખેલો હોઈને જે ઉતમ વાનાં તે પારખી લે છે,
19 અને પોતાના વિષે એવી ખાતરી રાખે છે, હું આંધળાઓને દોરનાર
તથા જે અંધકારમાં છે તેઓને પ્રકાશ આપનાર, 20 તથા અબુદ્ધોનો શિ-
ક્ષક, તથા બાળકોને ભણાવનાર છું, અને મને નિયમશાસ્ત્રમાં જ્ઞાનનું
તથા સત્યનું સ્વરૂપ છે; 21 ત્યારે બીજાને શિખવનાર, તું પોતાને શિખા-

વતો નથી શું? ચોરી ન કરવી, એવો બોધ કરનાર, તું પોતે ચોરી કરે છે
શું? 22 છિનાળું ન કરવું એવું કહેનાર, તું છિનાળું કરે છે શું? મૂર્તિઓથી
કંટાળનાર, તું દેવસ્થાનો લૂટે છે શું? 23 તું જે નિયમશાસ્ત્ર વિષે વડાઈ
કરે છે, તે નિયમશાસ્ત્ર ઉલ્લંઘ્યાથી દેવનું અપમાન કરે છે શું? 24 કેમકે
જેમ [શાસ્ત્રમાં] લખ્યું છે તેમ, તમારે લીધે વિદેશીઓમાં દેવનું નામ
નિંદાય છે. 25 જો તું નિયમ પાળનાર હોય, તો સુનત લાભકારક છે ખરી;
પણ જો તું નિયમનું ઉલ્લંઘન કરનાર હોય, તો તારી સુનત તે બેસુનત
થઇ છે. 26 માટે જો બેસુનતી માણસ નિયમના વિધિઓ પાળે, તો તેની
બેસુનત તે સુનત તરીકે ગણાય નહિ શું? 27 અને સ્વાભાવિક રીતે જે
બેસુનતીઓ, તેઓ નિયમ પાળીને તને, એટલે લેખ તથા સુનત છતાં
નિયમશાસ્ત્રના ઉલ્લંઘન કરનારને અપરાધી ઠરાવશે નહિ શું. 28 કેમકે જે
દેખીતો યહુદી તે યહુદી નથી, ને જે દેખીતી એટલે દેહને સુનત તે સુનત
નથી. 29 પણ જે માંહેનો યહુદી તેજ યહુદી, ને જે સુનત હૃદયની, એટલે
[કેવળ] લેખ પ્રમાણેની નહિ પણ આત્મિકહોય તેજ સુનત છે; ને તેની
પ્રશંસા માણસથી નથી, પણ દેવથી છે.

3 તો યહુદીની અધિકતા શી છે? અને સુનતથી શો લાભ છે? 2 સર્વ
પ્રકારે બહુ છે. પ્રથમ તો એ કે, દેવનાં વચનો તેઓને સોંપવામાં
આવ્યા હતા. 3 અને જો કેટલાએક અવિશ્વાસી હતા તો શું? તેઓનો
અવિશ્વાસ શું દેવના વિશ્વાસપણાને નિર્થક કરશે? 4 ના, એવું ન થાઓ;
હા, હરેક માણસ જુઠું ઠરે તોપણ દેવ સાચો ઠરો; જેમ લખ્યું છે કે, તું પો-
તાની વાતોમાં ન્યાયી ઠરે, ને તારો ન્યાય કરવામાં આવે ત્યારે તું ફતેહ
પામે. 5 પણ જો આપણું અન્યાયીપણું દેવના ન્યાયીપણાને સ્થાપિત
કરે છે, તો હું કહીએ? કોપરૂપી શિક્ષા કરનાર દેવ અન્યાયી છે શું? (હું
માણસની રીત પ્રમાણે બોલું છું). 6 ના, એવું ન થાઓ; કેમકે જો એમ
હોય તો દેવ જગતનો ન્યાય કેમ કરીને કરે? 7 પણ જો મારી જુઠથી દેવ-
નું સત્ય તેના મહિમાને સારૂ વધારે પ્રગટ થયું, તો હજુ સુધી મારો પણ
ન્યાય અપરાધી તરીકે કેમ કરવામાં આવે છે? 8 અને અમારી નિંદા કર-
નારા કેટલાએક અમારા વિષે કહે છે કે, તેઓનું બોલવું એવું છે કે, સારૂં
થાય માતે આપણે ભુંડું કરવું, એ પ્રમાણે કેમ ન [કરીએ] પણ એવાઓ-
નો દંડ વાજબી છે. 9 ત્યારે શું? આપણે તેઓના કરતાં ઉતરતા છીએ?
તદ્દન નહિજ, કારણ કે અમે અગાઉ યહુદીઓ તથા હેલેનીઓને માથે
દોષ મુક્યો છે કે તેઓ સઘળાં પાપને આધીન છે. 10 જેમ લખેલું છે તેમ
કે, કોઇ ન્યાયી નથી, એક પણ નથી; 11 સમજનાર કોઇ નથી, દેવને
શોધનાર કોઇ નથી; 12 તેઓ સાઘળા ભટકી ગયા છે, તેઓ એકત્ર નકા-
મા થયા છે; સારૂં કરનાર કોઇ નથી, ના, એક પણ નથી: 13 તેઓનું ગળું
ઉઘાડી કબર છે; પોતાની જીભથી તેઓએ કપટ કીધું છે; તેઓના હોઠો-
માં સર્પનું ઝેર છે: 14 તેઓનું મ્હોડું શાપથી તથા કડવાસથી ભરેલું છે;
15 તેઓના પગ લોહી વહેવડાવવા સારૂ ઉતાવળા છે; 16 તેઓના માર્ગો-
માં નાશ તથા સંતાપ છે; 17 ને શાંતિનો માર્ગ તેઓએ જાણ્યો નથી:
18 તેઓની આંખ આગળ દેવનું ભય નથી. 19 હવે આપણે જાણીએ
છીએ કે નિયમશાસ્ત્ર જે કંઇ કહે છે, તે નિયમશાસ્ત્રને આધીન જેઓ છે
તેઓને કહે છે, એ માટે કે હરેક મ્હોડું બંધ થાય, ને આખું જગત દેવની
આગળ દોષિત ઠરે. 20 કેમકે તેની સમક્ષ કોઇ માણસ નિયમની કરણી-
ઓથી ન્યાયી ઠરશે નહિ, કારણ કે નિયમદ્ધારા તો પાપનું ઓળખાણ
થાય છે. 21 પણ હમણાં દેવનું એવું ન્યાયીપણું પ્રગટ થયું છે કે જેનો
આધાર નિયમ પર નથી, અને જેની શાહેદી નિયમશાસ્ત્ર તથા ભવિષ્ય-
વાદીઓ આપે છે; 22 એટલે દેવનું ન્યાયીપણું, જે ઇસુ ખ્રીસ્ત પરના વિ-
શ્વાસ વડે સર્વ વિશ્વાસ કરનારાઓને માટે છે તે; કેમકે કંઇ ભેદ નથી;
23 કારણ કે સઘળાં પાપ કીધું છે, ને દેવના મહિમા વિષે સઘળા અધુરા
રહે છે; 24 [પણ] ઇસુ ખ્રીસ્તથી જે ઉદ્ધાર છે, તેની મારફતે [દેવની] કૃ-
પાએ તેઓ મફત ન્યાયી ગણાય છે. 25 દેવે તેને તેના લોહીએ કરીને,
વિશ્વાસથી [પ્રાપ્ત થાય એવું] પ્રાયશ્ચિત થવા સારૂ ઠરાવ્યો, એ માટે કે
અગાઉ થએલાં પાપની દરગુજર જે દેવની સહનતાથી થાય તે વિષે તે
પોતાનું ન્યાયીપણું દેખાડે; 26 એટલે કે સાંપ્રત કાળમાં પોતાનું ન્યાયી-
પણું દેખાડે, એ માટે કે પોતે ન્યાયી રહેતા ઇસુ પર વિશ્વાસ રાખનારને
ન્યાયી ઠરાવનાર થાય. 27 તો વડાઈ કરવાનું ક્યાં રહ્યું? તેનો સમાવેશ
નથી. કયા નિયમથી? શું કરણીના? ના, પણ વિશ્વાસના નિયમથી.
28 એ માટે અમે એવું સમજીએ છીએ કે, માણસ નિયમની કરણીઓ
વગર વિશ્વાસથી ન્યાયી ઠરે છે. 29 નહિ તો દેવ કેવળ યહુદીઓનોજ છે
શું? શું વિદેશીઓનો પણ નથી? હા, વિદેશીઓનો પણ છે; 30 કારણ કે
દેવ એકજ છે કે તે સુનતીને વિશ્વાસથી ને બેસુનતીને વિશ્વાસ વડે ન્યા-
યી ઠરાવશે. 31 ત્યારે અમે વિશ્વાસથી નિયમશાસ્ત્રને નિરર્થક કરીએ
છીએ શું? ના, એવું ન થાઓ, તેથી ઉલટું અમે નિયમશાસ્ત્રને સ્થાપિત
કરીએ છીએ.

4 તો ઇબ્રાહીમ, જે દેહ પ્રમાણે આપણો પૂર્વજ, તેને શું મળ્યું, તે વિ-
ષે શું કહીએ? 2 કેમકે ઇબ્રાહીમ જો કરણીઓથી ન્યાયી ઠર્યો હોત,
તો તેને વડાઈ કરવાનું કારણ છે, પણ દેવ આગળ નહિ. 3 કેમકે ધર્મ-
લેખ શું કહે છે? એ કે ઇબ્રાહીમે દેવ પર વિશ્વાસ કીધો, ને તે તેને લેખે
ન્યાયીપણાને અર્થે ગણાયો. 4 હવે કામ કરનારને જે મુસારો મળે છે તે
કૃપારૂપ ગણાતો નથી, પણ હકરૂપ ગણાય છે. 5 પણ જે જન કામ કર-
નાર નથી, પણ અધર્મીને ન્યાયી ઠરાવનાર પર વિશ્વાસ કરનાર છે, તે-
નો વિશ્વાસ તેને લેખે ન્યાયીપણાને અર્થે ગણાય છે. 6 અને એ પ્રમાણે
જે માણસને કરણીઓ વગર દેવ ન્યાયી ગણે છે તેને દાઉદ પણ એ પ્ર-
માણે ધન્યવાદ આપે છે કે, 7 જેઓનાં અપરાધ માફ થયા છે, ને જેઓ-
નાં પાપ ઢંકાયા છે, તેઓને ધન્ય છે. 8 જેને લેખે પ્રભુ પાપ નહિ ગણે તે
માણસને ધન્ય છે. 9 ત્યારે તે ધન્યવાદ સુનતીનેજ [આપવામાં આવ્યો]
છે, કે બેસુનતીને પણ? આપણે એવું તો કહીએ છીએ કે ઇબ્રાહીમનો
વિશ્વાસ તેને લેખે ન્યાયીપણાને અર્થે ગણાયો હતો. 10 ત્યારે તે શી રીતે
ગણાયો? ને સુનતી હતો ત્યારે? કે બેસુનતી હતો ત્યારે? સુનતી હતો
ત્યારે નહિ, પણ બેસુનતી હતો ત્યારે. 11 અને તે બેસુનતી હતો ત્યારે
વિશ્વાસથી જે ન્યાયીપણું તેને મળ્યું હતું, તેની મુદ્રા થવા સારૂ તે સુનત-
ની નિશાની પામ્યો, એ માટે કે, સર્વ બેસુનતી વિશ્વાસીઓનો પૂર્વજ તે
થાય કે તેઓને લેખે પણ ન્યાયીપણું ગણાય. 12 અને સુનતીઓનો પૂ-
ર્વજ, એટલે જેઓ સુનતી છે એટલુંજ નહિ, પણ આપણો બાપ ઇબ્રા-
હીમ બેસુનતી હતો તે વખતમાં તેના વિશ્વાસનાં પગલામાં જેઓ ચાલે
છે તેઓનો પણ તે પૂર્વજ થાય. 13 કેમકે જગતના વારસ થવાનું વચન
ઇબ્રાહીમને કે તેના વંશને નિયમદ્ધારા ન હતું, પણ વિશ્વાસના ન્યાયીપ-
ણા દ્ધારા મળ્યું હતું. 14 કેમકે જો નિયમને [માનનારા] વારસ હોય, તો
વિશ્વાસ નિરર્થક થયો, ને વચન વ્યર્થ થયું. 15 કેમકે નિયમ તો કોપ
ઉપજાવે છે, પણ જ્યાં નિયમ નથી ત્યાં ઉલ્લંઘન પણ નથી. 16 અને તે
એ સારૂ વિશ્વાસથી છે કે તે કૃપાથી થાય, એ માટે કે વચન સઘળાં વંશ-
જોને વાસ્તે અચુક થાય, જેઓ નિયમ તળેના છે માત્ર તેઓનેજ વાસ્તે
નહિ, પણ જેઓ ઇબ્રાહીમના વિશ્વાસના છે, તેઓને વાસ્તે પણ
[અચુક] થાય; 17 દેવ જે મુએલાંઓને સજીવન કરનાર, ને જે નથી તે
જાણે કે હોય એવું પ્રગટ કરનાર, ને જેનાં પર ઇબ્રાહીમે વિશ્વાસ કીધો,
તેની આગળ તે આપણ સઘળાનો પૂર્વજ્ઞ છે, (જેમ લખ્યું છે, મેં તને
ઘણી દેશજાતિઓનો પૂર્વજ બનાવ્યો છે તેમ). 18 તેણે આશાનું સ્થાન
ન છતાં આશાથી વિશ્વાસ રાખ્યો, એ માટે કે જેમ {શાસ્ત્રમાં] કહેવામાં
આવ્યું હતું કે, તારો વંશ એવો થશે, તે મુજબ તે ઘણી દેશજાતિઓનો
પૂર્વજ થાય. 19 અને (પોતે આસરે સો વરસનો છતાં) પોતાનું શરીર હવે
નિર્જીવ જેવું હતું, સારાહનું ગર્ભસ્થાન મારેલું હતું, એ ધ્યાનમાં લીધા
છતાં તે વિશ્વાસમાં નબળો થયું નહિ; 20 હા, દેવના વચન પર નજર રા-
ખીને, તેણે અવિશ્વાસથી સંદેહ ન આણ્યો; પણ દેવને મહિમા આપીને,
21 તથા જે વચન તેણે આપ્યું હતું તે પુરૂં કરવાને પણ તે સમર્થ છે,
એવો પુરો ભરોસો રાખીને તે વિશ્વાસમાં બળવાન થયો. 22 અને એ મા-
ટે, [તેનો વિશ્વાસ] તેને લેખે ન્યાયીપણાને અર્થે ગણાયો. 23 હવે તે તેને
લેખે ગણાયો, એ કેવળ તેણેજ માટે લખ્યું નથી, પરંતુ આપણે માટે
પણ લખ્યું છે, 24 એટલે આપણે જેઓ આપણા પ્રભુ ઇસુને મુએ-
લાંમાંથી ઉઠાડનાર પર વિશ્વાસ રાખનારા છીએ, તેઓને લેખે પણ
ગણાશે. 25 તે આપણા અપરાધોને લીધે પરાધીન કરાયો, ને આપણા
ન્યાયીકરણને લીધે પાછો ઉઠાડ્યો.

5 ત્યારે આપણે વિશ્વાસથી ન્યાયી ઠરાવાએલા છીએ, એ માટે
આપણે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને આસરે દેવની સાથે સમાધાન
પામીએ; 2 આ જે કૃપામાં આપણે સ્થિર છીએ, તેમાં તે [ઇસુ]ને આસરે
પણ વિશ્વાસથી પ્રવેશ પામેલા છીએ; વળી આપણે દેવમાં મહિમાની
આશાથી આનંદ કરીએ. 3 અને કેવળ એટલુંજ નહિ, પરંતુ આપણે વિ-

પત્તિમાં પણ આનંદ કરીએ; કેમકે આપણે જાણીએ છીએ કે વિપત્તિ
ધીરજને, 4 ને ધીરજ અનુભવને, ને અનુભવ આશાને ઉપજાવે છે;
5 અને આશા લજાવતી નથી, કેમકે આપણે આપેલા પવિત્ર આત્માથી
આપણા અંતઃકરણમાં દેવનો પ્રેમ વહેવડાવેલો છે. 6 કેમકે આપણે હજી
નિર્બળ હતા, એટલામાં યોગ્ય સમયે અધર્મીઓને સારૂ ખ્રીસ્ત મરણ
પામ્યો. 7 ત્યારે આપણે હમણાં તેના લોહીથી ન્યાયી ઠરાવાયા છીએ.
8 પણ દેવ આપણા પર પોતાનો પ્રેમ આમાં પ્રગટ કરે છે કે, આપણે
હજી પાપી હતા તેટલામાં ખ્રીસ્ત આપણે સારૂ મરણ પામ્યો. 9 ત્યારે
આપણે હમણાં તેના લોહીથી ન્યાયી ઠરાવાયા છીએ, માટે તેની મારફતે
કોપથી બચીશું તેનો કેટલો વિશેષ નિશ્ચય છે; 10 કેમકે જયારે આપણે
શત્રુ હતા, ત્યારે જો દેવની સાથે તેના દીકરાના મરણે કરીને આપણો
મિલાપ થયો, તો મિલાપ થયા પછી તેના જીવનને લીધે આપણે બચી-
શું તેનો કેટલો વિશેષ નિશ્ચય છે; 11 અને એટલુંજ નહિ, પણ આપણો
પ્રભુ ઈસુ ખ્રીસ્ત જેની મારફતે આપણે હમણાં મિલાપ પામ્યા છીએ, તે-
ને આસરે આપણે દેવમાં આનંદ પણ કરીએ છીએ. 12 તે માટે જેમ એક
માણસથી પાપ જગતમાં પેઠું, ને પાપથી મરણ, ને એમ સઘળાં માણ-
સોમાં મરણનો પ્રસાર થયો, કારણ કે સઘળાંએ પાપ કીધું; 13 કેમકે નિ-
યમશાસ્ત્ર [પ્રગટ થયા] સુધી પાપ જગતમાં હતું ખરૂં, તોપણ જ્યાં નિ-
યમ ન હોય ત્યાં પાપ ગણાય નહિ. 14 તોપણ આદમથી મુસા સુધી મર-
ણે રાજ્ય કીધું [હા], જેઓએ આદમના ઉલ્લંઘન સમાન પાપ કીધું ન
હતું, તેઓના ઉપર પણ રાજ્ય કીધું; [આદમ] તો તે આવનારનું નિદ-
ર્શન હતો. 15 પણ જેવું પાપ તેવું કૃપાદાન એમ નથી; કેમકે જો એકના
પાપને લીધે ઘણા મરણ પામ્યા, તો ઘણાના ઉપર દેવની કૃપા તથા
વિશેષે કરીને એક માણસની એટલે ઈસુ ખ્રીસ્તની કૃપાથી દાન પુષ્કળ
થયાં છે. 16 અને એકના પાપ કીધાથી જેવું થયું, તેવું દાન નથી; કેમકે
ન્યાયચુકાદો એક [ના અપરાધ]થી દંડરૂપ થયો, પણ કૃપાદાન તો
ઘણા અપરાધોથી ન્યાયીકરણરૂપ થયું. 17 કેમકે જો એકથી તેના પાપને
લીધે મરણે રાજ્ય કીધું, તો જેઓ કૃપા તથા ન્યાયીપણાનું દાન પુષ્કળ
પામે છે, તેઓ એક એટલે ઈસુ ખ્રીસ્તથી જીવનમાં રાજ્ય કરશે તે કેટલું
વિશેષ ખાતરી ભરેલું છે! 18 માટે જેમ એક અપરાધથી સઘળાં માણસો
પર દંડનો ઠરાવ આવ્યો, તેમ એક ન્યાયી કૃત્યથી સઘળાં માણસો પર
જીવનરૂપ ન્યાયીકરણ[નું દાન] આવ્યું. 19 કેમકે જમ એક માણસના
આજ્ઞાભંગથી ઘણા પાપી થયા, તેમજ એકના આજ્ઞાપાલણથી ઘણા
ન્યાયી ઠરશે. 20 વળી નિયમશાસ્ત્રે પ્રવેશ કીધો કે અપરાધ અધિક
થાય, પણ જ્યાં પાપ અધિક થયું, ત્યાં કૃપા તેથી અધિક થઈ. 21 એ
માટે કે જેમ પાપે મરણ[રૂપી રાજ્ય]માં રાજ્ય કીધું તેમ કૃપા પણ આપ-
ણા પ્રભુ ઈસુ ખ્રીસ્તની મારફતે ન્યાયીકરણે કરીને સર્વકાળના જીવનને
અર્થે રાજ્ય કરે.

6 ત્યારે આપણે શું કહીએ? કૃપા અધિક થાય માટે પાપ કરતાં
રહીએ શું? 2 ના, એવું ન થાઓ; આપણે પાપના સંબંધમાં મુઆ
તો હવે એમાં કેમ જીવીએ? 3 શું તમે નથી જાણતા કે, આપણે જેઓ ખ્રી-
સ્ત ઈસુમાં બાપ્તિસ્મા પામ્યા, તેઓ સર્વ તેના મરણમાં બાપ્તિસ્મા પા-
મ્યા. 4 તે માટે આપણે બાપ્તિસ્માએ કરીને તેની સાથે મરણમાં દટાયા,
કે જેમ ખ્રીસ્ત બાપના મહિમાએ કરીને મુએલામાંથી ઉઠાડ્યો, તેમજ
અપને પણ નવાં જીવનમાં ચાલીએ. 5 કારણ કે જો આપણે તેના મરણ-
થી સમાનતામાં [તેની] સાથે જોડાયા, તો તેના પુનરૂત્થાનની [સમાન-
તામાં] પણ [જોડાયલા] થઈશું. 6 અને એ જાણીએ છીએ કે આપણી જુ-
નું માણસપણું તેની સાથે વધસ્તંભે એ માટે જડાયું કે પાનું શરીર નિર-
ર્થક થાય; એટલે હવે પછી આપણે પાપની ગુલામગીરીમાં ન રહીએ.
7 કેમકે જે મુઓ છે તે ન્યાયી ઠરીને પાપથી છુટ્યો છે. 8 હવે જો આપણે
ખ્રીસ્તની સાથે મુઆ, તો આપણે વિશ્વાસ છે કે તેની સાથે જીવીશું પણ
ખરા. 9 કેમકે આપણે જાણીએ છીએ કે ખ્રીસ્ત મુએલામાંથી ઉઠાડ્યા
પછી ફરી મરતો નથી; હવે પછી મરણનો ફરી તેના પર અધિકાર નથી.
10 કેમકે તે મુઓ, એટલે પાપના સંબંધમાં એકજ વાર મુઓ, પણ તે જી-
વે છે એટલે દેવના સંબંધમાં જીવે છે. 11 તેમ તમે પોતાને પણ પાપના
સંબંધમાં મુએલા, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તને આસરે દેવના
સંબંધમાં જીવતા, ગણો. 12 એ માટે તમે પાપને તમારા મરનાર શરીરમાં
રાજ્ય કરવા ન દો કે જેથી તમ તેની કુઇચ્છાઓને આધીન થાઓ. 13 ને
તમારા અવયવોને અન્યાયનાં હથિયાર થવા સારૂ પાપને ન સોંપો; પણ
મુએલાંમાંથી જીવતા થએલા એવા તમે પોતાને [દેવને સોંપો]. 14 કારણ
કે પાપ તમારા પર રાજ્ય કરશે નહિ, કેમકે તમે નિયમને આધીન નથી,
પણ કૃપાને આધીન છો. 15 તો શું, આપણે નિયમને આધીન નથી,
પણ કૃપાને આધીન છીએ, તે માટે પાપ કરીએ શું? ના, એવું ન થાઓ.
16 શું તમે નથી જાણતા કે, જેની આજ્ઞા પાળવા સારૂ તમે પોતાને દાસ
તરીકે સોંપો છો, એટલે જેની આજ્ઞા તમે પાલોચો, તેના દાસ તમે છો;
ગમે તો મોતને અર્થે પાપના, અથવા ન્યાયીપણાને અર્થે આજ્ઞાપાલન-
ના. 17 તમે તો પાપના દાસ હતા, તેમ છતાં જે ઉપદેશધારાને તમે
સોંપાયા હતા, તે તમે અંતઃકરણથી માન્યો, એ માટે દેવને ધન્ય હો.
18 અને તમે પાપથી છુટા થઈને, ન્યાયીપણાના દાસ થયા. 19 તમારા
દેહના નબળાપણાના કારણથી હું માણસની રીતે વાત કરૂં છું. જેમ તમે
પોતાના અવયવો અન્યાયને અર્થે અશુદ્ધતાને તથા અન્યાયને દાસ
તરીકે સોંપ્યાં હતા, તેમ હમણાં પોતાના અવયવો પવિત્રતાને અર્થે
ન્યાયીપણાને દાસ તરીકે સોંપો. 20 કેમકે જેવારે તમે પાપના દાસ હતા
તેવારે તમે ન્યાયીપણા વિષે છુટા હતા. 21 તો જે કામોથી તમે હમણાં
શરમાઓ છો, તેથી તમને તે વખતે શું ફળ હતું? કેમકે તે [કામો]]નું
પરિણામ મરણ છે. 22 પણ હમણાં પાપથી છુટા કરાયલા, ને દેવના
દાસ થએલા હોવાથી તમને પવિત્રતાને અર્થે ફળ છે, ને પરિણામે સર્વ-
કાળનું જીવન. 23 કેમકે પાપનો મુસારો મરણ છે, પણ દેવનું કૃપાદાન,
આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તને આસરે, સર્વકાળનું જીવન છે.

7 વળી ઓ ભાઈઓ, શું તમે એ નથી જાણતા, (કેમકે નિયમ જાન-
નારાની પ્રત્યે બોલું છું) કે, માણસ જીવે ત્યાં સુધી નિયમની સત્તા
તેના પર હોય છે? 2 કેમકે જે બાયડીને વાર છે, તે પોતાના વરના જીવ-
તા સુધી નિયમથી તેની સાથે બંધાયલી છે, પણ જો વર મારી જાય તો
તે વરના નિયમથી છુટી થાય છે. 3 હવે વરના જીવતાં જો તે બીજો વર
કરે, તો તે વ્યભિચારીણી કહેવાશે; પણ જો તેનો વર મરી જાય તો તે
નિયમથી છુટી છે, તેથી જો તે બીજો વર કરે તો પણ વ્યભિચારીણી
નથી. 4 એમજ, મારા ભાઈઓ, તમે પણ ખ્રીસ્તના શરીરે કરીને નિયમ-
શાસ્ત્રના સંબંધમાં મુએલાં થયા છો, એ સારૂ કે તમે બીજાના, એટલે જે
મુએલાંમાંથી પાછો ઉઠ્યો છે તેના થાઓ, કે આપણે દેવને અર્થે ફળ
ઉપજાવીએ. 5 કેમકે જયારે આપણે દૈહિક હતા ત્યારે નિયમશાસ્ત્ર વડે
પાપના જે મનોવિકારો, તેઓ આપણા અવયવોમાં મરણને સારૂ ફળ
ઉપજાવવાને પ્રયત્ન કરતાં હતા. 6 પણ હમણાં જેમાં આપણે બંધાયા
હતા તે વિષે આપણે મરણ પામ્યાથી નિયમશાસ્ત્રથી છુટા થયા છીએ,
એ માટે લેખના જુનાપણાએ નહિ, પણ આત્માના નવાપણાએ સેવા
કરીએ છીએ. 7 ત્યારે આપણે શું કહીએ? શું નિયમ પાપરૂપ છે? ના,
એવું ન થાઓ; પરંતુ નિયમ વગર મેં પાપ જાણ્યું ન હોત; કેમકે નિયમ-
શાસ્ત્રે જો કહ્યું ન હોત કે લોભ ન રાખ, તો મેં લોભ જાણ્યો ન હોત.
8 પણ પાપે, નિમિત મળવાથી, આજ્ઞાએ કરીને મારામાં સઘળાં પ્રકાર-
નો લોભ ઉપજાવ્યો; કેમકે નિયમ વિના પાપ નિર્જીવ છે. 9 હું તો અગાઉ
નિયમ વિના જીવતો હતો, પણ આજ્ઞા આવી એટલે પાપ સજીવન થયું,
ને હું મુઓ; 10 ને જે આજ્ઞા જીવનને અર્થે હતી તે તો મરણને અર્થે [છે
એવું] મન માલમ પડ્યું; 11 કેમકે પાપે, નિમિત્ત મળવાથી, આજ્ઞાએ
કરીને મને ઠગ્યો, ને તે વડે મને મારી નાખ્યો. 12 એ માટે નિયમશાસ્ત્ર
તો પવિત્ર છે, ને આજ્ઞા પવિત્ર, ન્યાયી તથા હિતકારી છે. 13 ત્યારે જે
હિતકારી છે તે મને મોતકારક થયું શું? ના, એવું ન થાઓ; પણ પાપ તો
પાપજ દેખાય,એ માટે એણે જે હિતકારી છે, તેણે કરીને મારામાં મરણ
ઉપજાવ્યું, એ માટે કે આજ્ઞાવડે પાપ તે અતિશય પાપિષ્ટ થાય. 14 કેમ-
કે આપણે જાણીએ છીએ કે નિયમ આત્મિક છે, પણ હું દૈહિક છું નને
પાપને તાબે વેચાયલો છું. 15 કેમકે હું જે કરૂં છું, તે હું સમજીને [કરતો
નથી], કારણ કે જે ઈચ્છું છું તે હું કરતો નથી, પણ જે ધિક્કારું છું તે કરૂં
છું. 16 ત્યારે હું જે ઈચ્છતો નથી તે જો કરૂં છું, તો હું નિયમ વિષે કબૂલ
કરૂં છું કે તે સારો છે. 17 તો હવે હું તે નથી કરતો, પણ મારામાં જે પાપ
વસે છે તે કરે છે. 18 કેમકે હું જાણું છું કે મારામાં, એટલે મારા દેહમાં,
કંઈજ સારૂ વસ્તુ નથી; કારણ કે ઈચ્છવાનું તો મારામાં છે, પણ સારૂ
કરવાનું નથી. 19 કેમકે જે સારૂ હું ઈચ્છું છું તે કરો નથી; પણ જો ભુંડું હું
ઈચ્છતો નથી તે હું કરૂં છું. 20 હવે જો હું જે ઈચ્છતો નથી તે હું કરૂં છું, તો

તે કરનાર હું નથી, પણ મારામાં જે પાપ વસે છે તે છે. 21 તો મને એવો
નિયમ માલમ પડે છે કે સારૂ કરવા હું ઈચ્છું છું ત્યારે ભુંડું હાજર હોય છે.
22 કેમકે હું માંહેના માણસપણા પ્રમાણે દેવના નિયમમાં આનંદ કરૂં છું.
23 પણ હું મારા અવયવોમાં એક જુદો નિયમ જોઉં છું, જે મારા મનના
નિયમની સામે લડે છે, ને મારા અવયવોમાં પાપનો જે નિયમ છે તેના
બંધનમાં મને લાવે છે. 24 હું કેવો દુર્ભાગ્ય માણસ છું, મને આ મરણના
શરીરથી કોણ છોડાવશે? 25 આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તને આસરે ઉપકાર-
સ્તુતિ કરૂં છું માટે તો હું પોતે મનથી દેવના નિયમની, પણ દેહથી પાપ-
ના નિયમની, સેવા કરૂં છું.
8 એ માટે જેઓ ખ્રીસ્ત ઈસુમાં છે તેઓને હવે કોઇ દંડઆજ્ઞા નથી.
2 કેમકે ઈસુ ખ્રીસ્તમાં જીવનના આત્માના નિયમે મને પાપના
તથા મરણના નિયમથી છુટો કીધો છે. 3 કેમકે દેહના કારણથી નિયમ
નિર્બળ હતો, તેથી કે (કામ) તેને અશક્ય હતું તે દેવે [કીધું, એટલે] પો-
તાના દીકરાને પાપી દેહની સમાનતામાં, ને પાપ વિષે [અર્પણ તરીકે]
મોકલીને દેહમાં પાપણ દંડાજ્ઞા ફરમાવી; 4 એ માટે કે આપણામાં, એટ-
લે દેહ પ્રમાણે નહિ પણ આત્મા પ્રમાણે ચાલનારામાં, નિયમનો વિધિ
પૂર્ણ થાય. 5 કેમકે જેઓ દૈહિક છે, તેઓ દેહના વાનાં ઉપર મન લગાડે
છે, પણ જેઓ આત્મિક છે, તેઓ આત્માના વાનાં ઉપર [મન લગાડે
છે]. 6 અને દૈહિક મન મરણ છે; પણ આત્મિક મન જીવન તથા શાંતિ
છે. 7 કારણ કે દૈહિક મન દેવ પર વૈર છે, કેમકે તે દેવના નિયમને
આધીન નથી, ને થઇ શકતું પણ નથી. 8 અને જેઓ દૈહિક છે તેઓ દે-
વને પ્રસન્ન કરી શકતાં નથી. 9 પણ જો દેવનો આત્મા તમારામાં વસે છે,
તો તમે દૈહિક નથી, પણ આત્મિક છો; પણ જો કોઈને ખ્રીસ્તનો
આત્મા નથી, તો તે તેનો નથી. 10 અને જો ખ્રીસ્ત તમારામાં છે તો પાપ-
ને લીધે શરીર તો મરેલું છે, પણ ન્યાયીપણાને લીધે આત્મા જીવે છે.
11 ત્યારે જેણે ઈસુને મુએલાંમાંથી ઉઠાડ્યો, તેનો આત્મા જો તમારામાં
વસે છે, તો જેણે ખ્રીસ્ત ઈસુને મુએલાંમાંથી ઉઠાડ્યો તે તમારામાં વસ-
નાર પોતાના આત્માની મારફતે, તમારાં મરનાર શરીરને પણ સજીવન
કરશે. 12 એ માટે, ઓ ભાઈઓ, આપણે ઋણી છીએ, પણ દેહ પ્રમાણે
જીવવાને દેહના ઋણી નથી. 13 કેમકે જો તમે દેહ પ્રમાણે જીવો તો મર-
શોજ; પણ જો તમે આત્માએ કરીને શરીરનાં કામોને મારી નાખો તો જી-
વશો. 14 કેમકે જેટલા દેવના આત્મતી દોરાય છે, તેટલા દેવના દીકરા
છે. 15 કેમકે ફરીથી તમને ભય લાગે એવો દાસપણાનો આત્મા તમે પા-
મ્યો નથી; પણ તમે દત્તકપુત્ર પણાનો આત્મા પામ્યા છો, જેણે કરીને
આપણે આબા, બાપ એવી હાંક મારીએ છીએ 16 આત્મા પોતે આપણા
આત્માની સાથે સાક્ષી આપે છે કે આપણે દેવના છોકરાં છીએ. 17 અને
જો છોકરાં તો વારસ, એટલે દેવના વારસ, ને ખ્રીસ્તની સંઘાતે સાથીવા-
રસ છીએ; જો આપણે તેની સાથે દુઃખ સહીએ એ સારૂ કે તેની સાથે
મહિમા પણ પામીએ તો. 18 કેમકે હું ગણું છું કે આ વખતનો દુઃખો, જે
મહિમા આપણને પ્રગટ થનાર છે તેની સાથે સરખાવવા જોગ નથી.
19 કેમકે સૃષ્ટિની આતુર અપેક્ષા દેવનાં છોકરાંના પ્રગટ થવાની વાટ
જોયાં કરે છે. 20 કારણ કે સૃષ્ટી પોતાની ઈચ્છાથી નહિ, પણ સ્વાધીન
કરનાર[ના કરવા]થી વ્યર્થપણાને સ્વાધીન થઈ; 21 ને એવી આશાને
[સ્વાધીન થઈ] કે સૃષ્ટી પોતે પણ નાશના દાસપણાથી છુટી થઈને દે-
વનાં છોકરાંના મહિમાના છુટાપણામાં આવશે. 22 કેમકે આપણે જા-
ણીએ છીએ કે અત્યાર સુધી સઘળી સૃષ્ટી સામટી નિસાસા નાખીને
કષ્ટાય છે. 23 અને એકલી તે નહિ, પણ આપણે જેઓને આત્માનું પ્ર-
થમ ફળ મળ્યું છે, તે આપણે પોતે પણ દત્તકપુત્રપણાની એટલે આપ-
ણા શરીરના ઉદ્ધારની વાટ જોતાં, પોતાના [મન]માં ન્સાસો નાખીએ
છીએ. 24 કેમકે આપણે આશાએ તારણ પામ્યા છીએ, પણ જે આશા દ-
ષ્ય હોય તે આશા નથી; કેમકે કોઇ માણસ પોતે જે દેખે છે તેની આશા
કેમ કરે? 25 પણ જે આપણે દેખતાં નથી તેની આશા જયારે રાખીએ
છીએ, ત્યારે ધીરજથી તેની વાટ જોઈએ છીએ. 26 અને તે પ્રમાણે
આત્મા પણ આપણી નિર્બળતાની સહાય કરે છે; કેમકે યથાયોગ્ય રીતે
શી પ્રાર્થના કરવી એ આપણે જાણતા નથી, પણ આત્મા પોતે અવાચ્ય
નિસાસાએ કરીને આપણે સારૂ madhyasthમધ્યસ્થી કરે છે; 27 અને
અંતઃકરણનો શોધનાર જાણે છે કે આત્માની ઈચ્છા શી છે; કેમકે તે
પવિત્રોને સારૂ દેવ[ની ઈચ્છા] પ્રમાણે વિનંતી કરે છે. 28 અને આપણે
જાણીએ છીએ કે જેઓ દેવના ઉપર પ્રેમ કરે છે, જેઓ તેમાં મનોરથ પ્ર-
માણે તેડાયલા છે, તેઓને સઘળું એકઠું મળીને ફાયદાકારક નિવડે છે.
29 કેમકે જેઓને તે અગાઉથી જાણતો હતો, તેઓના વિષે તે અગાઉથી
ઠરાવ્યું પણ હતું, કે તેઓ તેના દીકરાની પ્રતિમા સરખા થાય, એ સારૂ
કે તે ઘણા ભાઈઓમાંનો પ્રથમજનિત થાય. 30 વળી જેઓને તેણે
અગાઉથી ઠરાવ્યા, તેઓને તેણે તેડાવ્યા પણ; ને જેઓને તેણે તેડા-
વ્યા, તેઓને તેણે ન્યાયી પણ ઠરાવ્યા; ને જેઓને તેણે ન્યાયી ઠરા-
વ્યા, તેઓને તેણે મહિમાવંત પણ કર્યા. 31 ત્યારે એ વાતો વિષે અઆ-
પને શું કહીએ? જયારે દેવ આપણો પક્ષનો તો આપણી સામો કોણ?
32 જેણે પોતાનોજ દીકરો પાછો રાખ્યો નહિ, પણ આપણ સર્વને લીધે
તેને સોંપી દીધો, તે આપણને તેની સાથે બધુએ કૃપાએ કેમ નહિ આપ-
શે? 33 દેવના પસંદ કીધેલા ઉપર કોણ દોષ મુકશે? [તેઓને] ન્યાયી
ઠરાવનાર દેવ છે; 34 [તેઓને] દોષિત ઠરાવનાર કોણ? જે મુઓ, હા, જે
મુએલાંમાંથી પાછી પણ ઉઠ્યો તે ખ્રીસ્ત ઈસુ છે, તે દેવને જમણે હાથે
છે, તે આપણે સારૂ મધ્યસ્થી પણ કરે છે. 35 ખ્રીસ્તના પ્રેમથી આપણે
કોણ જુદા પાડશે? શું વિપત્તિ, કે વેદના, કે સતાવણી, કે દુકાળ, કે નગ્ન-
તા કે જોખમ, કે તરવાર? 36 જેમ લખ્યું છે કે, તારે લીધે અમે આંખો દિ-
વસ માર્યા જઈએ છીએ, કપાવાનાં ઘેટાંના જેવા અમે ગણાયલા છીએ.
37 તોપણ જેણે આપણા ઉપર પ્રીતિ કીધી, તેને આસરે આપણે એ
બધાં સંબંધી વિશેષ જય પામીએ છીએ. 38 કેમકે મારી ખાતરી છે, કે
મરણ, કે જીવન, કે દૂતો, કે અધિકારીઓ, કે વર્ત્તમાનનું, કે ભવિષ્યનું,
કે પરાક્રમીઓ, 39 કે ઉંચાણ, કે ઉંડાણ, કે કોઇ પણ બીજી સૃજેલી
વસ્તુ, દેવની જે પ્રીતિ ખ્રીસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેથી આપણને
જૂદા પાડે શકશે નહિ.
9 હું ખ્રીસ્તમાં સાચું બોલું છું, હું જુઠું બોલતો નથી, મારૂં અંતઃકરણ
પણ પવિત્ર આત્મામાં મારો સાક્ષી છે કે, 2 મને મોટો શોક તથા
મારા અંતઃકરણમાં અખંડ ખેદ છે; 3 કેમકે મારા ભાઈઓને બદલે, એટલે
દેહ સંબંધી મારા સગાં-વ્હાલાં[ને બદલે] હું પોતેજ શાપિત થઈને [ખ્રી-
સ્તથી જૂદો કાઢાઉ] એવી જાણે કે ઈચ્છા મને થાય છે. 4 તેઓ ઈસ્રાએ-
લી છે, ને દત્તકપુત્રપણું તથા મહિમા તથા કરારો તથા નિયમશાસ્ત્રદાન
તથા ભજનક્રિયા તથા વચનો તેઓના છે. 5 બાપદાદાઓ તેઓના છે,
ને ખ્રીસ્ત દેહ સંબંધી તેઓમાંનો છે; તે સર્વોપરી સદાકાળ સ્તુત્ય દેવ
છે. આમેન. 6 પણ દેવની વાત જાણે કે વ્યર્થ થઇ હોય એમ નથી, કેમકે
જેઓ ઈસ્રાએલના [વંશજો] છે તેઓ સઘળાં ઈસ્રાએલી નથી. 7 અને
તેઓ ઈબ્રાહીમના વંશજો છે માટે સઘળાં [તેનાં] છોકરાં છે, એમ પણ
નથી; પણ [એવું લખેલું છે કે,] ઈસ્હાકથી તારો વશ કહેવાશે. 8 એટલે
જેઓ દેહના છોકરાં, તેઓ દેવના છોકરાં છે એમ નહિ; પણ જેઓ વચ-
નના છોકરાં, તેઓજ વંશ ગણાય છે. 9 કેમકે વચનની વાત એ છે કે,
આ સમયે હું આવીશ, ને સારાહને દીકરો થશે. 10 અને માત્ર એટલુંજ
નહિ, પરંતુ રિબ્કાહે પણ એકથી એટલે આપણા બાપ ઈસ્હાકથી ગર્ભ
ધર્યો, 11 ને [છોકરાંઓના] જન્મ્યા પહેલાં જયારે તેઓએ કંઈ સારૂ કે
ભુંડું કર્યું ન હતું, ત્યારે દેવનો મનોરથ જે તેની પસંદગી પ્રમાણે છે તે,
કરણીઓ પર નહિ, પણ તેડનારની ઈચ્છા પર આધાર રાખે, 12 માટે
એણીને એમ કહેવામાં આવ્યું કે, વાડો નાનાની ચાકરી કરશે. 13 તે પ્ર-
માણે લખ્યું છે કે, મેં યાકુબ ઉપર પ્રીતિ કરી, પણ એસાવ ઉપર દ્વેષ
કર્યો. 14 ત્યારે આપણે શું કહીએ? દેવને ત્યાં અન્યાય છે શું? ના, એવું ન
થાઓ; 15 કેમકે તે મુસાને કહે છે કે, જેનાં ઉપર હું દયા કરવા [ચાહું], તે-
ના ઉપર હું દયા કરીશ; ને જેનાં ઉપર હું કરૂણા કરવા [ચાહું], તેના ઉપર
હું કરૂણા કરીશ. 16 માટે એ તો ઈચ્છાનારથી નહિ, ને દોડનારથી નહિ,
પણ દયા કરનાર દેવથી થાય છે. 17 વળી ધર્મલેખ ફારૂનને કહે છે કે, મેં
તને એજ માટે ઉભો કર્યો છે કે, તારામાં મારૂં પરાક્રમ હું દેખડાવું, ને મારૂં
નામ આખી પૃથ્વીમાં પ્રગટ થાય. 18 એ માટે તે ચાહે તેના પર દયા કરે
છે; ને ચાહે તેને હઠીલો કરે છે. 19 ત્યારે તું મને કહેશે કે, તેમ છતાં તે
દોષ કેમ કાઢે છે? કેમકે તેના મનસુબાની વિરુદ્ધ કોણ થઇ શકે છે?
20 પણ અરે માણસ, તું વળી કોણ છે કે દેવને સામો જવાબ આપે છે?
જે ઘડેલું, શું તે પોતાના ઘડનારને કહેશે કે, તે મને એવું કેમ બનાવ્યું?
21 શું કુંભારને એકનાએક ગારાના એક ભાગનું માનને અર્થે તથા બીજા-
નું અપમાનને અર્થે પાત્ર ઘડવાને મટોડી ઉપર અધિકાર નથી? 22 અને

જો દેવે પોતાનો કોપ દેખાડવા તથા પોતાનું સામર્થ્ય જણાવવા ઇચ્ચીને
નાશને જોગ થયલાં કોપનાં પાત્રોનું ઘણી ધીરજથી સાન કીધું; 23 ને જો
મહિમાને સારૂ આગળ તૈયાર કરેલાં દયાનાં પાત્રો પર પોતાના મહિમા-
ની સંપતિ જણાવવા તેની મરજી હતી તો શું? 24 એટલે આપણ જેઓને
તેણે કેવળ યહુદીઓમાંથી નહિ, પણ વિદેશીઓમાંથી પણ તેડાવ્યા છે
[તેઓ પર]. 25 અને એમજ તે હોશીઆમાં ઓઅન કહે છે કે, જે મારા
લોક ન હતા તેઓને હું મારા લોક, ને જે વહાલી ન હતી તેણીને હું વહા-
લી કરી કહીશ. 26 અને એમ થશે કે જે ઠેકાણે એઓને તેમ કહેવામાં
આવ્યું હતું કે તમે મારા લોક નથી, ત્યાં તેઓ જીવતા દેવના દીકરાઓ
કહેવાશે. 27 વળી યશાયાહ ઇસ્રાએલ સંબંધી ઘાંટો પાડીને કહે છે કે,
ઇસ્રાએલના દીકરાઓની ગણત્રી જૂ સમુદ્રની રેતીને જેટલી હોય, તો-
પણ તેનો શેષજ તારણ પામશે. 28 કેમકે પ્રભુ પોતાનું વચન પૂર્ણ કરીને
ને ટૂંકેથી પતાવીને તેને પૃથ્વી પર અમલમાં આણશે. 29 અને એમજ
યશાયાહ આગળ પણ કહ્યું હતું કે, જો સૈન્યોના પ્રભુએ આપણને સારૂ
બીજ રહેવા દીધું ન હોત, તો આપણે સદોમના જેવા થાત તથા ગમોરા-
ના સરખા થઇ જાત. 30 ત્યારે આપણે શું કહીએ? એ કે વિદેશીઓ ન્યા-
યીપણા પાછળ લાગુ રહેતા ન હતા, તોપણ તેઓને ન્યાયીપણું, એટલે
જે ન્યાયીપણું વિશ્વાસથી છે તે, પ્રાપ્ત થયું. 31 પણ ઇસ્રાએલ ન્યાયીપ-
ણાના નિયમની પાછળ લાગ્યા છતાં તે નિયમને પહોંચ્યા નહિ. 32 શા
માટે નહિ? કેમકે તેઓ વિશ્વાસથી નહિ, પણ જાણે કે કરણીઓથી [શો-
ધતા હતા]. તેઓએ ઠેસ ખવાડનાર પત્થરની ઠોકર ખાધી; જેમ લખ્યું
છે કે, 33 જુઓ, હું સીયોનમાં ઠેસ ખવાડનાર પત્થર, ને ઠોકરરૂપ ખડક
મુકું છું, ને જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરશે તે લજવાશે નહિ.
10 ઓ ભાઈઓ, [ઇસ્રાએલ]ને સારૂ મારા અંતઃકરણની ઈચ્છા
તથા દેવની પ્રત્યે મારી પ્રાર્થના એવી છે કે તેઓ તારણ પામે.
2 કેમકે હું તેઓ વિષે શાહેદી પુરૂં છું કે, દેવ પ્રત્યે તેઓની આસ્થા છે
ખરી, પણ તે જ્ઞાન પ્રમાણે નથી. 3 કેમકે દેવના ન્યાયીપણા વિષે અજા-
ણ્યા હોવાથી, તથા પોતાના [ન્યાયીપણા]ને સ્થાપન કરવા યત્ન કરી-
ને, તેઓ દેવના ન્યાયીપણાને આધીન થયા નહિ. 4 ક્મકે ખ્રીસ્ત તો
હરેક વિશ્વાસ રાખનારને સારૂ ન્યાયીપણાને અર્થે નિયમની સંપૂર્ણતા
છે. 5 કેમકે મુસા એમ લખે છે કે,જે માણસ નિયમનું ન્યાયીપણું કરે છે,
તે તે વડે જીવશે. 6 પણ જે ન્યાયીપણું વિશ્વાસથી છે તે એવું કહે છે કે,
તું તારા અંતઃકરણમાં ના કહે કે આકાશમાં કોણ ચઢશે, (એટલે ખ્રીસ્તને
નીચે લાવવાને;) 7 અથવા એ કે, ઉંડાણમાં કોણ ઉતરશે? (એટલે ખ્રી-
સ્તને મુએલાંમાંથી ઉપર લાવવાને) 8 પણ તે શું કહે છે? એ કે, વાત તા-
રી પાસે, તારા મ્હોમાં તથા તારા અંત:કરણમાં છે, એટલે વિશ્વાસની જે
વાત અમે પ્રગટ કરીએ છીએ તે, કે, 9 જો તું તારે મ્હોડે ઇસુને પ્રભુ તરીકે
કબૂલ કરીશ, ને દેવે તેને મુએલાંઓમાંથી પાછો ઉઠાડ્યો, એવો વિશ્વાસ
તારા અંતઃકરણમાં કરીશ, તો તું તારણ પામીશ. 10 કારણ કે ન્યાયીપ-
ણાને અર્થે અંતઃકરણથી વિશ્વાસ કરાય છે, ને તારણને અર્થે મ્હોથી
કબૂલાત કરવામાં આવે છે. 11 કેમકે ધર્મલેખ કહે છે કે, એના ઉપર જે
કોઈ વિશ્વાસ કરશે તે લજવાશે નહિ. 12 કેમકે યહુદી તથા હેલેનીમાં ભેદ
નથી કેમકે સર્વનો પ્રભુ એકજ છે, અને જેઓ તેની વિનંતી કરે છે તે સર્વ
પ્રત્યે તે સંપત્તિવાન છે. 13 કેમકે જે કોઇ પ્રભુને નામે વિનંતી કરશે તે
તારણ પામશે. 14 પણ જેનાં ઉપર તેઓએ વિશ્વાસ નથી કર્યો, તેની
તેઓ કેમ વિનંતી કરશે? વળી જેને વિષે તેઓએ સાંભળ્યું નથી, તેના
ઉપર તેઓ વિશ્વાસ કેમ કરશે? વળી ઉપદેશક વગર તેઓ કેમ સાંભળ-
શે? 15 વળી તેઓને મોકલ્યા વગર તેઓ કેમ ઉપદેશ કરશે? જેમ લખ્યું
છે કે, વધામણીની સુવાર્ત્તા સંભળાવનારાઓનાં પગલાં કેવા સુંદર છે!
16 પણ સઘળાંએ તે સુવાર્ત્તા માંની નહિ; કેમકે યશાયાહ કહે છે કે, ઓ
પ્રભુ, અમારા સંદેશ પર ઓને વિશ્વાસ કીધો છે? 17 ત્યારે [સંદેશો]
સાંભળવાથી વિશ્વાસ [થાય છે] તથા ખ્રીસ્તની વાતની મારફતે [સંદેશો]
સંભળાય છે, 18 પણ હું પુછું છું કે, શું તેઓએ નથી સાંભળ્યું? હા નિશ્ચે,
આખી પૃથ્વીમાં તેઓનો અવાજ તથા જગતના છેડાઓ સુધી તેઓની
વાતો ફેલાઇ છે. 19 પણ હું પુછું છું કે, શું ઇસ્રાએલપુત્રો જાણતા ન હતા?
પ્રથમ મુસા કહે છે કે, જેઓ દેશજાતિ નથી તેઓ વડે હું તમને ઈર્ષિત
કરીશ; અણસમજુ દેશજાતિ વડે હું તમને ક્રોધે ચઢાવીશ. 20 વળી યશા-
યાહ બહુ છાતી રાખીને કહે છે કે, જેઓ મને શોધતા ન હતા તેઓને હું
મળ્યો; જેઓ મારા સંબંધી પુછતા ન હતા તેઓને હું પ્રગટ થયો. 21 પણ
ઇસ્રાએલ વિષે તૂ તે કહે છે કે, આંખો દિવસ, ન માનનારા તથા ઉલટું
બોલનારા લોકો ભણી મેં મારા હાથ પસાર્યા.
11 ત્યારે હું પુછું છું, શું દેવે પોતાના લોકોને કાઢી મુક્યા? ના, એવું
ન થાઓ. કેમકે હું પણ ઇસ્રાએલી, ઇબ્રાહીમના વંશનો, ને બિ-
ન્યામીનના કુળનો છું. 2 પોતાના જે લોકોને દેવે અગાઉથી જાણ્યા હતા
તેઓને તેણે કાઢી મુક્યા નથી; વળી એલિયાહ સંબંધી ધર્મલેખ શું કહે
છે, એ તમે નથી જાણતા? કે તે ઇસ્રએલની વિરુદ્ધ દેવને એવી વિનંતી
કરે છે કે, 3 ઓ પ્રભુ, તેઓએ તારા ભવિષ્યવાદીઓને મારી નાખ્યા છે,
ને તારી યજ્ઞવેદીઓને ખોદી નાખી છે,, ને હું એકલો રહ્યો છું, ને તેઓ
મારો જીવ લેવાને શોધે છે. 4 પણ દેવવાણી તેને શું કહે છે? મેં પોતાને
સારૂ સાત હજાર પુરુષોને રાખી મુક્યા છે, કે જેઓ બાલની આગળ ઘૂંટ-
ણે પડ્યા નથી. 5 અમે એમજ હાલના કાળમાં પણ કૃપાની પસંદગી પ્ર-
માણે શેષ રહેલો છે. 6 પણ જો એ કૃપાથી થયું, તો તે કરણીઓથી નહિ,
નહિ તો કૃપા તે કૃપા કહેવાય નહિ. 7 ત્યારે શું? ઇસ્રાએલ જે શોધે છે તે
તેઓને પ્રાપ્ત થયું નથી; પણ પસંદ કરેલાઓને પ્રાપ્ત થયું છે, ને બાકીનાં
[હૃદય] કઠણ કરાયાં; 8 જેમ લખ્યું છે તેમ કે, દેવે તેઓને આ દિવસ સુ-
ધી મૂઢમતિ આત્મા તથા ના દેખે એવી આંખો તથા ના સાંભળે એવા
કાનો આપ્યાં છે. 9 અને દાઉદ કહે છે કે, તેઓની મેજ તેઓને જાળ
તથા પાશ તથા ઠોકર તથા બદલો થાઓ. 10 તેઓની આંખો અંધકાર-
રૂપ થાઓ, એવી કે તેઓ દેખે નહિ, ને તેઓની પીઠ તું સદા વાંકી વાળ.
11 ત્યારે હું પુછું છું કે, શું તેઓએ એ માટે ઠોકર ખાધી કે તેઓ પડી
જાય?ના, એવું ન થાઓ, પણ ઉલટું તેઓના પડવાથી, વિદેશીઓને
તારણ [મૃત્યુ છે], એ માટે કે તેઓમાં [એટલે ઇસ્રાએલીઓમાં]ઈર્ષા
ઉત્પન્ન થાય. 12 ત્યારે જો તેઓનું પડવું જગતને સંપતીરૂપ થયું છે, ને
તેઓની હાની વિદેશીઓને સંપતિરૂપ થઇ છે, તો તેઓની સંપૂર્ણતા કે-
ટલી અધિક [સંપત્તિરૂપ] થશે! 13 હું તો તમ વિદેશીઓને કહું છું; હવે
વિદેશીઓ સંબંધી હું પ્રેરિત છું, તેટલા માટે હું મારા કારભારને મોટો મા-
નું છું; 14 એ માટે કે કરકોઈ પ્રકારે મારા સ્વજાતિઓમાં ઈર્ષા ઉત્પન્ન કરી-
ને હું તેઓમાંના કેટલાએકને બચાવું. 15 કેમકે જો તેઓને તજી દેવાથી
જગતનો [દેવ સાથે] મિલાપ થયો, તેઓ તેઓનો અંગીકાર કરવાથી મુ-
એલાંમાંથી જીવન શિવાય બીજું શું થશે? 16 વળી જો પ્રથમ ફળ પવિત્ર
છે, તો [આખો] લોંદો પણ પવિત્ર; ને જ જડ પવિત્ર તો ડાળીઓ પણ
પવિત્ર. 17 પણ જો ડાળીઓમાંનાં કેટલાએક તોડી નાખવામાં આવી, ને
તું જંગલી જૈતુન છતાં તેઓ મધ્યે કલમરૂપે મેળવાયો, ને જૈતુનની રસ
ભરેલી જડનો સહભાગીઓ થયો, 18 તો એ ડાળીઓ પર તું ગર્વ ન કર;
પરતું જો તું ગર્વ કરે, તો જળને તારો આધાર નથી પણ તને જડનો છે.
19 ત્યારે તું કહેશે કે, હું કલમરૂપે મેળવાઉં માટે ડાળીઓ તોડી નાખવા-
માં આવી. 20 વારૂ, પોતાના અવિશ્વાસને લીધે તેઓ તોડી નાખવામાં
આવી, ને તું રાર વિશ્વાસથી સ્થિર રહે છે; ગર્વિષ્ટ ન થા, પણ ભય રાખ.
21 કેમકે જો દેવે અસલ ડાળીઓને બચાવી નહિ, તો તને પણ નહિ
બચાવશે. 22 ત્યારે દેવની મહેરબાની તથા તેની સખતાઈ પણ જો;
જેઓ પડી ગયા તેઓ પર તો સખતાઈ,જો તું તેની મહેરબાનીમાં રહે તો
તારા ઉપર દેવની મહેરબાની; નહિ તો તું પણ કાપી નંખાઈશ. 23 અને
તેઓ પણ જે પોતાના અવિશ્વાસમાં નહિ રહેશે, તો કલમરૂપે મેંળવાશે;
કેમકે દેવ તેઓને કલમરૂપે પાછા મેળવી શકે છે. 24 કેમકે જે જૈતુનનું
ઝાડ કુદરતથી જંગલી તેમાંથી જો તું કાપી કઢાયો, ને સારા જૈતુનના
ઝાડમાં કુદરતથી વિરુદ્દ્ધ કલમરૂપે પછી મેળવાય એ કેટલું વિશેષ
શક્ય છે? 25 કેમકે ઓ ભાઈઓ, (તમે પોતાને બુદ્ધિવાન ન સમજો, માટે)
મારી ઈચ્છા નથી કે એ ભેદ વિષે તમે અજાણ્ય રહો કે વિદેશીઓની
સંપૂર્ણતા માંહે આવે ત્યાં સુધી ઇસ્રાએલને કેટલેક ભાગે કઠણતા થઇ
છે. 26 અને પછી તમામ ઇસ્રાએલ તારણ પામશે, જેમ લખ્યું છે કે, સી-
ઓન મધ્યેથી બચાવનાર આવશે, ને તે યાકુબમાંથી અધાર્મિકપણાને
કાઢી નાખશે; 27 જયારે હું તેઓનાં પાપ નિવારણ કરીશ, ત્યારે તેઓની
સાથે મારો એક કરાર છે. 28 સુવાર્ત્તા સંબંધી તો તમારે લીધે તેઓ શત્રુ
છે ખરા, પણ પસંદગી સંબંધી તો બાપદાદાઓને લીધે તેઓ વહાલા છે.
29 કેમકે દેવનાં કૃપાદાન તથા તેડું અવિચળ છે. 30 કેમકે જેમ તમ પહે-
લાં દેવ પ્રત્યે અનાજ્ઞાંકિત હતા, પણ હમણાં તેઓના અનાજ્ઞાંકિતપ-

ણાના કારણથી તમે દયા પામ્યા; 31 એમજ તેઓ પણ હમણાં અણક-
હ્યાગરા થયા છે, એ સારૂ કે, તમારા પર દર્શાવેલી દયાના કારણથી, તે-
ઓને પણ હમણાં દયાદાન મળે. 32 કેમકે દેવે બધાંને અવિશ્વાસને
આધીન ઠરાવ્યા છે, એ સારૂ કે બધા ઉપર તે દયા કરે. 33 આહા! દેવની
સંપત્તિનું તથા બુદ્ધિનું તથા જ્ઞાનનું ઉંડાપણું [કિવું અથાગ] તેના ઠરાવો
કેવા ગઢ, ન તેના માર્ગો કેવા અશોધ્ય છે! 34 કેમકે પ્રભુનું મન કોણે જા-
ણ્યું છે? અથવા તેનો મંત્રી કોણ થયો છે? 35 અથવા કોણે તેને પહેલાં
કંઈ આપ્યું, કે તે તેને પાછું ભરી આપે? 36 કેમકે તેનામાંથી તથા તેના
વડે, તથા તેને અર્થે, બધું છે. તેને સર્વકાળ સુધી મહિમા થાઓ.
આમેન.

12 ત્યારે, ઓ ભાઈઓ, હું તમારી વિનંતી કરૂં છું કે,દેવની દયાની
ખાતર તમે પોતાના શરીરોનું જીવતું, પવિત્ર તથા દેવને પસંદ
પડે એવું, અર્પણ કરો; એ તમારી બુદ્ધિસંપન્ન સેવા છે. 2 અને આં જગત-
નું રૂપ તમે ન ધારો; પણ તમારા મનોના નવીનકરણથી પરમ રૂપમાં
બદલાઓ, એ માટે કે દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી
છે, તે તમે પારખી શકો. 3 વાળ જે કૃપા મને આપવામાં અઆવી છે, તે-
ના આસરાથી, હું તમારામાંના દરેક જણને કહું છું કે, પોતાને જેવો ગણ-
વો જોઈએ, તે કરતાં વિશેષ ન ગણવો, પણ જે પ્રમાણે દેવે દરેકને વિ-
શ્વાસનું માપ વહેંચી આપ્યું હોય, તે પ્રમાણે [દરેક પોતાને]] નમ્રતાથી
ગણવો. 4 જેમ આપણે એક શરીરના ઘણા અવયવો છે, ને સઘળાં અવ-
યવોને એકજ કામ નથી; 5 તેમ આપણે ઘણા છતાં ખ્રીસ્તમાં એક શરીર
છે, ને માહોમાંહે એકમેકના અવયવો [છીએ]. 6 અને આપણે જે કૃપા
આપવામાં અઆવી છે, તે પ્રમાણે જુદાં જુદાં વરદાન આપણને મળ્યા
છે; તેથી જો પ્રભોધ કરવાનું [દાન મળ્યું હોય], તો પોતાના વિશ્વાસના
પ્રમાણમાં કરવો; 7 અથવા જો સેવાનું તો સેવામાં [લાગુ રહેવું]; વળી જે
શિક્ષક હોય તેણે શિખવવામાં [લાગુ રહેવું]; 8 ન જે સુબોધ કરનાર તેણે
સુબોધ કરવામાં લાગુ રહેવું; જે દાન કરે છે તેણે ઉદારતાથી કરવું; જે
અધિકાર ચાલવે છે તેણે આતુરતાથી ચલાવવો; ને જે દયા કરે છે તેણે
હર્ખથી કરવી. 9 [તમારો પ્રેમ] ઢોંગ વગરનો થાય; જે ભુંડું છે તેને ધિક્કા-
રો, જે સારૂ ચ તેને વળગી રહો. 10 ભાઈઓ પ્રત્યે જેવી પ્રીતિ ઘટે તેવી
નિકટ પ્રીતિ એક બીજા પર રાખો; માન સંબંધી એક બીજાને અધિક
ગણો. 11 ઉદ્યોગમાં આળસ વગરના થાઓ; આત્મામાં આતુર થાઓ;
પ્રભુની સેવા કરો; 12 આશામાં હરખ કરો; સંકટમાં ધીરજ રાખો; પ્રાર્થના-
માં લાગુ રહો; 13 સંતોના ખપ પૂરા પાડો; પરોણાગત કરનારા થાઓ.
14 તમારા સતાવનારાઓને આશીર્વાદ આપો; અશીર્વાદજ આપો, ને
શાપ આપતા ના. 15 હરખનારાઓની સાથે હરખાઓ; રડનારાઓની
સાથે રડો. 16 માહોમાંહે એક મનના થાઓ; તમારૂં મન ઉંચ વાનાં પર ન
લગાડો, પ નમ્ર ભાવ રાખીને દિનોની કાળજી રાખો; તમે પોતાને બુદ્ધિ-
વંત ન સમજો. 17 ભુંડાને બદલે ભુંડું કોઈને વાળતા ના. સઘળાં માણ-
સોની નજરમાં જે શોભતું છે, તે [કરવાને] કાળજી રાખો. 18 જો બની
શકે, તો જેમ તમે કરીને સઘળાં માણસોની સાથે સમાધાનમાં રહો.
19 ઓ વહાલાઓ, તમે પોતાનું વેર ન વાળો, પણ કોપને સારૂ માર્ગ છો-
ડો, કેમકે લખેલું છે કે, પ્રભુ કહે છે કે, વેર વાળવું એ મારું છે, હું બદલો
વાળીશ. 20 પણ જો તારો વેરી ભૂખ્યો હોય, તો તેને ખવાડ; જો તૃષિત
હોય તો તેને [પાણી] પા, કેમકે એવું કરતાં તું તેના માથા પર આગના
અંગારાના ઢગલા કરીશ. 21 જે ભુંડું તેથી તું હારી ન જા, પણ જે સારૂં તે-
થી ભુંડાનો પરાજય કર.

13 હરેક માણસે મુખ્ય અધિકારીઓને આધીન રહેવું; કેમકે દેવથી
ન હોય એવો અધિકાર નથી; જે [અધિકારીઓ] છે તેઓ દેવથી
ઠરાવેલા છે; 2 એ મારે અધિકારીની સામે જે થાય છે તે દેવના ઠરાવની
વિરુદ્ધ થાય છે, ને જેઓ વિરુદ્ધ થાય છે તેઓ પોતા પર દંડ લાવશે.
3 કેમકે હાક્મો સારા કામ [કરનાર]ને ભયરૂપ નથી, પણ ભુંડું [કરનાર-
ને]; ત્યારે અધિકારીની તમે બીક ન લાગે, એવી તારી ઇચ્છા છે શું? તો
તું સારૂ કર ને તું તેની પાસેથી વખાણ પામીશ. 4 કેમકે તે તારો હિતને
અર્થે દેવનો કારભારી છે; પ જો તું ભુંડું કરે તો બીહો, ક્મેક તે તરવાર
અમથો રાખતો નથી; કેમકે તે દેવનો કારભારી છે, એટલે, હુંદુ કરનાર
પર તે કોપરૂપી બદલો વાળનાર છે. 5 તે માટે કેવળ કોપની બીકથીજ
નહિ, પરંતુ પ્રેરકબુદ્ધિની ખાતર પણ તમારે તેને આધીન રહેવુંજ જોઈએ.
6 અને એ કારણ માટે તમે કર પણ આપો ચિ, કેમકે તેઓ દેવના સેવક
છે અને તેજ કામમાં લાગુ રહે છે. 7 પ્રત્યેકને તેના જે હક તે આપો; જેણે
કરનો તેને કર; જેણે દાણનો તેને દાણ; જેણે બીકનો તેને બીક; જેણે
માનનો તેને માન. 8 એક બીજા ઉપર પ્રેમ રાખવો એ શિવાય બીજું દેવું
કોઈનું ન કરો, કેમકે જે બીજા ઉપર પ્રેમ રાખે છે તેને નિયમને પુરો પા-
ળ્યો છે. 9 કારણ કે તારે વ્યભિચાર ન કરવો, ખૂન ન કવું, ચોરી ન કર-
વી, લોભ ન રાખવો, ઇત્યાદિ જે આજ્ઞાઓ છે તેઓનો સાર આ વચન-
માં સમાયેલો છે, કે તારે જેવો પોતા પર તેવો પોતાના પાડોશી પર પ્રેમ
રાખવો. 10 પ્રેમ પોતાના પડોશીનું કંઈ ભુંડું કરતો નથી, તેથી પ્રેમ નિય-
મનું સંપૂર્ણ પાલન છે. 11 અને કાળ વરતીને એ [યાદ રાખો] કે હમણાં
તમારે ઉંઘમાંથી ઉઠવાની વેળા આવી ચુકી છે, કારણ કે જે વેળાએ
આપણે વિશ્વાસ કરવા માંડ્યો, તે કરતાં હાલ આપણું તારણ પાસે છે.
12 રાત ઘણી ગઈ છે, અને દિવસ પાસે છે, માટે આપણે અંધકારના કા-
મો તજી દઈને અજવાળાના હથિયારો સજીએ. 13 અને દિવસે જેમ ઘટે
તેમ શોભતી રેતે વર્તીએ, મોજશોખમાં તથા છાકટાઈમાં નહિ, છિનાળા-
માં તથા લંપટપણામાં નહિ, ઝઘડામાં તથા અદેખાઈમાં નહિ. 14 પણ
તમે પ્રભુ ઈસુ ખ્રીસ્તને પહેરી લો, ને દેહને માટે, એટલે તેની દુષ્ટ
ઇચ્છાઓને અર્થે, ચિંતા ના કરો.

14 વિશ્વાસમાં જે નબળો તેનો અંગીકાર કરો, પણ સંદેહ સંબંધી-
ના વિવાદને સારૂ નહિ. 2 કોઈનો વિશ્વાસ તો એવો છે કે તે બધું
ખાય છે, પણ કોઈ તો નબળો હોવાથી શાકજ ખાય છે. 3 જે ખાય છે તે-
ણે ન ખાનારને તુચ્છ ન કરવો; ને જે ખાતો નથી તેણે ખાનારને અપરા-
ધી ન ઠરાવવો; કારણ કે દેવે તેનો અંગીકાર કાર્યો છે. 4 તું કોણ કે છે
બીજાના ચાકરને અપરાધી ઠરાવે? તેનું ઉભા રહેવું કે પડવું તે પોતાના
ધણીના હાથમાં છે. પણ તે ઉભો રખાશે, કેમકે પ્રભુ તેને ઉભો રાખવાને
સમર્થ છે. 5 કોઈએક તો એક દિવસને બીજા કરતાં વધારે ગણે છે, ને
બીજો સઘળા દિવસને સરખા ગણે છે; હરેક પોતપોતાના મનમાં સંપૂર્ણ
ખાતરી કરવી. 6 દિવસને જે [પવિત્ર] ગણે છે તે પ્રભુને સારૂ [પવિત્ર]
ગણે છે; જે ખાય છે તે પ્રભુને સારૂ ખાય છે, કેમકે તે દેવનો ઉપકાર માને
છે; ને જે નથી ખાતો તે પ્રભુને સારૂ નથી ખાતો, ને દેવનો ઉપકાર માને
છે. 7 કેમકે આપણામાંનો કોઈ પોતાને અર્થે જીવતો નથી, ને કોઈ પો-
તાન અર્થે મરતો નથી. 8 કારણ કે જો જીવીએ છીએ,, તો પ્રભુને અર્થે
જીવી છીએ, અથવા જો મરીએ છીએ, તો પ્રભુને અર્થે મરીએ છીએ, તે
માટે ગમે તો આપણે જીવીએ કે મરીએ, તોપણ આપણે પ્રભુનાજ
છીએ. 9 કેમકે એ હેતુથી ખ્રીસ્ત મરણ પામ્યો, ને પાછો જીવતો થયો કે,
મુએલાં તથા જીવતાં બન્નેનો તે પ્રભુ થાય. 10 પણ તું પોતાના ભાઈને
કેમ અપરાધી ઠરાવે છે? અથવા તું પોતાના ભાઈને કેમ તુચ્છ કરે છે?
કેમકે આપણ સર્વને દેવના ન્યાયાસન આગળ ઉભા રહેવું પડશે. 11 કે-
મકે એવું લખેલું છે કે, પ્રભુ કહે છે કે, મારા જીવના સમ કે, હરેક ઘૂંટણ
મારી આગળ વાંકો વળશે, ને હરેક જીભ દેવની સ્તુતિ કરશે. 12 એ માટે
આપણ પ્રત્યેકને પોતપોતાનો હિસાબ દવ આગળ આપવો પડશે.
13 ત્યારે હવેથી આપણે એક બીજાને અપરાધી મ ઠરાવીએ, પણ એ
કરતાં એવું ઠરાવીએ કે, કોઈએ પોતાના ભીના માર્ગમાં ઠેસ કે ઠોકરરૂપ
કશું ન મુકવું. 14 હું જાણું છું, ને પ્રભુ ઈસુમાં મને પૂરી ખાતરી છે કે કંઈ
પણ જાતે અશુદ્ધ નથી, પણ જેણે જે કઈ અશુદ્ધ લાગે છે તેને તે અશુદ્ધ
છે. 15 પણ જો તારો ભાઈ તારા ખાવાને લીધે ખેદિત થાય છે, તો તેટલા-
માં તું પ્રેમની રીતે ચાલતો નથી; જેણે સારૂ ખ્રીસ્ત માર્યો, તેનો નાશ તું
તારા ખાવાનાથી ન કર. 16 ત્યારે તમારૂં જે સારૂં તે વિષે ભુંડું બોલાય
એવું થવા ડો. 17 કેમકે દેવનું રાજ્ય તૂ ખાવા પીવામાં નથી, પણ ન્યા-
યીપણું, શાંતિ, ને પવિત્ર આત્માથી આનંદ, એઓમાં છે. 18 કેમકે એમાં
જે ખ્રીસ્તની સેવા કરે છે,, તે દેવને પસંદ તથા માણસોને માન્ય થાય
છે. 19 ત્યારે જે વાનાં શાંતિસાધક તથા જેથી આપણે એક બીજાનો સુ-
ધારો કરી શકીએ એવાંની પાછળ આપણે લાગવું. 20 ખાવાને કારણે દે-
વનું કામ તોડી ન પાડો; બધું શુદ્ધ છે ખરૂં, પણ જેણે ખાવાથી ઠોકર લા-
ગે છે તે માણસને તે ભુંડું છે. 21 માંસ ન ખાવું, ને દ્રાક્ષરસ ન પીવો, ને જે
કશાથી તારો ભાઈ ઠેસ ખાય છે, [[અથવા ઠોકરાય છે, અથવા નબળો
થાય છે]] તે ન [કરવું] એ તને ઘટારાત છે. 22 જે વિશ્વાસ તને છે તે તારા
પોતામાં દેવની આગળ રાખ; પોતાને જે વાજબી લાગે છે, તે સંબંધી જે

પોતાને અપરાધી નથી ઠરાવતો તેને ધન્ય છે. 23 પણ જેણે સંદેહ છે તે
જો ખાય છે તો તે અપરાધી ઠરે છે, કેમકે તે વિશ્વાસથી [ખાતો નથી]; ને
જે સઘળું વિશ્વાસથી નથી તે તો પાપ છે.
15 હવે અસ્તોની નિર્બળતાનું સહન કરવું, ને પોતાના ખુશી પ્રમા-
ણે ક કરવું, એ આપણ શક્તિવંતોની ફરજ છે. 2 આપણામાંના
હરેક પોતાના પાડોશીને કલ્યાણને સારૂ [તેના] સંસ્થાપનનેઅર્થે ખુશી
કરવો. 3 કેમકે ખ્રીસ્ત પણ પોતાના મરજી પ્રમાણે કરતો નથી, પણ જેમ
લખ્યું છે કે, તારી નિંદા કરનારાઓની નિંદા મારા પર પડી, તેમ [તેને
થયું]. 4 કેમકે જેટલું અગાઉ લખેલું હતું , તે આપણી શિખામણને સારૂ
લખેલું હતું, એ માટે કે ધીરજથી તથા પવિત્રલેખમાંના દિલાસાથી આપ-
ણને આશા થાય. 5 હવે તમે, ખ્રીસ્ત ઇસુને અનુસરીને મહોમાંહે એકજ
મનના થાઓ, એવું [વરદાન] ધીરજનો તથા દિલાસાનો દેવ તમને દો;
6 એ માટે ક તમે એક ચિત્તે તથા એક મુખથી, દેવનો, એટલે આપણા
પ્રભુ ઇસુ ખ્રીસ્તના બાપનો, મહિમા પ્રગટ કરો. 7 માટે, ખ્રીસ્તે જેમ દેવ-
ના મહિમાને અર્થે તમારો અંગીકાર કર્યો, તેમ તમે પણ એક બીજાનો
અંગીકાર કરો. 8 વળી હું કહું છું કે, ઇસુ ખ્રીસ્ત દેવના સત્યને લીધે સુન-
તીઓનો સેવક થયો, એ માટે જે કે વચનો બાપદાદાઓને આપેલાં હતાં,
તેઓને તે નિશ્ચિત કરે, 9 ને વળી કે વિદેશીઓ પણ તેની દયાને લીધે
દેવનો મહિમા પ્રગટ કરે, જેમ લખ્યું છે તેમ કે, એ કારણ માટે હું વિદે-
શીઓ મધ્યે તારી સ્તુતિ કરીશ, ને તારા નામનું ગીત ગાઇશ. 10 અને
વળી તે કહે છે કે, ઓ વિદેશીઓ, તમે તેના લોકોની સંઘાતે હરખાઓ.
11 અને વળી, ઓ સઘળા વિદેશીઓ પ્રભુની સ્તુતિ કરો, અને સઘળાં
લોક તેનું સ્તવન કરો. 12 અને વળી યશાયાહ કહે છે કે, યિશાઈની જડ,
એટલે વિદેશીઓ ઉપર રાજ્ય કરવાને જ ઉઠવાનો છે તે થશે; તેના પર
વિદેશીઓ આશા રાખશે. 13 હવે આશાનો દેવ તમને વિશ્વાસ રાખવામાં,
સર્વ હર્ષ તથા શાંતિએ ભરપૂર કરો, એ સારૂ કે પવિત્ર આત્માની
શક્તિએ કરીને તમારી આશા પુષ્કળ થાય. 14 અને ઓ મારા ભાઈઓ,
મને પોતાને પણ તમારા વિષે ખાતરી છે કે તમે પોતે સારાપણાએ પૂર્ણ,
સર્વ ગયાને ભરપુર, ને એક બીજાને ચેતાવવાને શક્તિમાન છો. 15 તેઓ
પણ જાણે કે તમને ફરીથી યાદ કરાવવા સારૂ કાંઇ વધારે છાતી ચલા-
વીને મેં તમારા પર લખ્યું છે, કારણ કે દેવથી અને આ કૃપા અપાએલી
છે, 16 કે દેવની સુવાર્ત્તા વિષેનો યાજક થઈને, હું વિદેશીઓ પ્રત્યે ખ્રીસ્ત
ઇસુનો સેવક થાઉં, એ સારૂ કે વિદેશીઓ પવિત્ર આત્માથી પવિત્રીક-
રણ પામીને માન્ય અર્પણ થાય. 17 ત્યારે દેવ વિષેની વાતો સંબંધી મને
ખ્રીસ્ત ખ્રીસ્ત ઇસુથી અભિમાન કરવાનું કારણ છે. 18 કેમકે વિદેશીઓ
આજ્ઞાકારી થાય એ સારૂ ખ્રીસ્તે જે કામો મારી પાસે પવિત્ર આત્માના
પરાક્રમે કરીને વાત તથા કામ વડે, અને ચિન્હો તથા આશ્ચર્યકૃત્યોના
પરાક્રમ વડે કરાવ્યાં છે, તે શિવાય બીજા વિષે બોલવાને હિમ્મત હું નહિ
ધરીશ; 19 એટલે કે યરૂશાલેમથી માંડીને ફરતાં ફરતાં છેક ઇલુરીકમ સુ-
ધીમે ખ્રીસ્તની સુવાર્ત્તા સંપૂર્ણ રીતે પ્રગટ કરી છે; 20 અને એવી રીતે તો
સુવાર્ત્તા પ્રગટ કરવાનો મેં નિયમ રાખ્યો, કે જ્યાં ખ્રીસ્તનું નામ હતું ત્યાં
[બોધ કરવો] નહિ, રખે બીજાના પાયા પર હું બાંધુ; 21 પણ જેમ લખ્યું
છે તેમ કે, જેઓને તેના સંબંધીના સમાચાર મળ્યા ન હતા તેઓ જોશે,
ને જેઓએ સાંભળ્યું ન હતું તેઓ સમજશે. 22 અને તેજ કારણથી તમારી
પાસે આવતાં મને આટલી બધી વાર રોકાણ થયું છે. 23 પણ હવે આ
પ્રાંતોમાં મને કોઇ જગ્યા બાકી રહેલી નથી, ને ઘણાં વરસથી તમારી
પાસે અઆવવાની મારી અભિલાષા છે; 24 જેવારે હું સ્પેનમાં જઈશ, [તે-
વારે તમરી પાસે આવીશ,] (કેમકે મને આશા છે કે ત્યાં જતાં હું તમને
જોઇશ, અને પ્રથમ તમારી સંગતથી કેટલેક દરજ્જે સંતોષ પામીનને ત્યાં
જવાને તમારાથી વિદાયગીરી પામીશ). 25 પણ હાલ તો હું સંતોની સે-
વામાં યરૂશાલેમ જાઉં છું. 26 કેમકે યરૂશાલેમના સંતોમાંના જેઓ દરિદ્રી,
તેઓને સારૂ કંઈ ઉઘરાણું કરવું, એ માકેદોન્યા તથા આખાયાને સારૂ
લાગ્યું. 27 એઓને સારૂ લાગ્યું એ તો ખરૂં, અને વળી એઓ તેઓના
ઋણીઓ પણ છે. કેમકે જો વિદેશીઓ તેઓની આત્મિક વસ્તુઓમાં
ભાગિયા થયા, તો દૈહિક વસ્તુઓથી તેઓની ચાકરી કરવી એ તેઓની
પણ ફરજ છે. 28 ત્યારે એ કામ પુરૂં કરીને, ને એ ફળ તેઓને સારૂ નક્કી
કરીને, હું તમારામાં થઈને સ્પેન જઈશ. 29 અને મને માલમ છે કે તમારી
પાસે આવીશ ત્યારે હું ખ્રીસ્તની સુવાર્ત્તાના સંપૂર્ણ આશીર્વાદ સુદ્ધાં
આવીશ. 30 હવે, ઓ ભાઈઓ, આપણ પ્રભુ ઇસુ ખ્રીસ્તની ખાતર તથા
પવિત્ર આત્માના પ્રેમની ખાતર હું તમારી વિનંતી કરૂં છું કે, તમે મારે
માટે દેવની પ્રાર્થના કરવામાં મારી સાથે યત્ન કરો, 31 કે હું યહુદાહમાંના
અવિશ્વાસીઓ[ના હુમલા]થી બચું, ને યરૂશાલેમને સારૂ જે મારી સેવા,
ને સંતોને પસંદ પડે; 32 અને કે દેવની ઇચ્છાથી હું આનંદ તમારી પાસે
આવું, ન તમારા સુદ્ધાં વિસામો પામું. 33 હવે શાંતિનો દેવ તમ સર્વની
સાથે હો. આમેન.
16 વળી આપણી બહેન ફેબી જે કેંક્રિઆમાંની મંડળીની સેવકી છે,
તેને માટે હું તમને ભલામણ કરૂં છું કે, 2 સંતોને ઘટે તેવી રીતે
તમે પ્રભુને લીધે તેનો અંગીકાર કરો, અને જે કોઇ બાબતમાં તેને તમારી
[મદદની] અગત્ય પડે તેમાં તમે તે સહાય કરજો, કેમકે તે પોતેજ ઘણા-
ને તથા મેને પોતાને પણ સહાય કરનાર થઇ છે. 3 ખ્રીસ્ત ઇસુમાં મારી
સાથે કામ કરનારાં પ્રિસ્કા તથા આકુલાને સલામ કહેજો; 4 તેઓએ મારા
જીવને સારૂ પોતાની ગરદનો ધરી છે, તેઓનો ઉપકાર એકલો હુંજ નહિ
પણ વિદેશીઓમાંની સઘળી મંડળીઓ પણ માને છે; 5 અને જે મંડળી
તેઓનના ઘરમાં છે તેને સલામ કહેજો. મારો વહાલો એપાઈનેતસ જે
ખ્રીસ્તને સારૂ આસિયાનું પહેલું ફળ છે, તેને સલામ કહેજો. 6 મરિયમ
જેણે તમારે સારો ઘણી મહેનત કીધી તેને સલામ કહેજો. 7 મારા સગા
તથા મારી સાથેના બંદીવાન આંદ્રોનીકસ તથા જુનીઆને સલામ કહે-
જો.તેઓ પ્રેરિતો મધ્યે નામીચા છે, ને મારાથી અગાઉ ખ્રીસ્તમાં આવેલા
છે. 8 પ્રભુમાં મારા વહાલા આંપ્લિઆતસને સલામ કહેજો. 9 ખ્રીસ્તમાં
અમારી સાથે કામ કરનાર ઉર્બાનસને તથા મારા વહાલા સ્તખુસને
સલામ કહેજો. 10 ખ્રીસ્તમાં માનવંતા આપેલેસને સલામ કહેજો. આરી-
સ્તબુલસના ઘરનાંને સલામ કહેજો. 11 મારા સગા હેરોદી ઓનને સલામ
કહેજો. નારકીસસના ઘરમાંના જેઓ પ્રભુમાં છે તેઓને સલામ કહેજો.
12 પ્રભુમાં મહેનત કરનારીઓ ત્રુફાઈનાને તથા ત્રુફોસાને સલામ કહેજો,
વહાલી પેરસીસ જેણે પ્રભુમાં ઘણી મહેનત કીધી તેને સલામ કહેજો.
13 પ્રભુમાં પસંદ કરેલા રૂફસને ને તેની તથા મારી માને સલામ કહેજો.
14 આસુનક્રિતસ, ફલેગોન, હેર્મેસ, પાતરોબાસ તથા હેર્માસને, ને તેઓ-
ની સાથે જે ભાઈઓ છે, તેઓને સલામ કહેજો. 15 ફીલોલોગસને તથા
જુલિયાને, નેરીઅસને તથા તેની બહેનને, ને ઓલુંપાસને તથા તેઓની
સાથે જે સઘળાં સંતો છે તેઓન સલામ કહેજો. 16 પવિત્ર ચુંબનથી તમે
એક બીજાને સલામ કરજો. ખ્રીસ્તની અરવ મંડળીઓ તમને સલામ કહે
છે. 17 હવે, ઓ ભાઈઓ, હું તમારી વિનંતી કરૂં છું કે, જે બોધ તમે પામ્યા
છો તેથી ઉલટા જેઓ તમારામાં ફૂટ પાડે છે ને ઠોકરકારક થાય છે, તે-
ઓને તમે ધ્યાનમાં રાખીને તેઓથી દૂર રહો. 18 કેમકે જેઓ એવા છે,
તેઓ આપણા ખુશામતથી ભોળાઓનાં મનોને ભ્રમાવે છે. 19 પણ
તમારૂં આજ્ઞાપાળણ સર્વ લોકોમાં જાહેર થયું છે, ને હું તેથી તમારા
સંબંધી આનંદ કરૂં છું; ને મારી ઇચ્છા એવી છે કે તમે સારા વિષે ડાહ્યા,
ને ભુંડા વિષે ભોળા થાઓ. 20 અંને શાંતિનો દેવ સેતાનને વહેલો તમા-
રા પગ તળે છુંદાવશે. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા તમારા પર હો.
આમેન. 21 મારો સાથી કામદાર તીમોથી, ને મારા સગા લુકિયસ તથા
યાસન તથા સોસીપાતર તમને સલામ કહે છે. 22 હું તેરતીઅસ, આ
પત્રનો લખનાર, પ્રભુમાં તમને સલામ લખું છું. 23 મારો તથા આખી
મંડળીનો યજમાન ગાયસ તમને સલામ કહે છે. શહેરનો ખજાનચી
એરાસ્તસ તથા ભાઈ ક્વાર્તસ તમને સલામ કહે છે. 24 [[આપણા પ્રભુ
ઇસુ ખ્રીસ્તની કૃપા તમ સર્વ પર થાઓ. અમેન.]] 25 હવે જે મર્મ સના-
તન કાળથી ગુપ્ત રાખવામાં આવ્યો હતો, પણ આ કાળમાં પ્રસિદ્ધ થયો
છે, ને સનાતન દેવની આજ્ઞાથી ભવિષ્યવાદીઓના લેખોમાં એ માટે
સર્વ પ્રજાઓને જણાવવામાં આવ્યો છે કે તેઓ વિશ્વાસનું આજ્ઞાપાળણ
કરે, 26 તે [મર્મ]ના પ્રકટીકરણ પ્રમાણે જે મારી સુવાર્ત્તા, એટલે ઇસુ ખ્રી-
સ્ત વિષેનો જે ઉપદેશ, તે પ્રમાણે તમને નિભાવવાને જે શક્તિવાન છે,
27 તે એકલા જ્ઞાની દેવને, ઇસુ ખ્રીસ્તને આસરે, સર્વકાળ સુધી મહિમા
થાઓ. આમેન.

# કરિંથીઓને પહેલો પત્ર

1 કરીંથમાં દેવની જે મંડળી છે, જેઓ ખ્રીસ્ત ઇસુથી પવિત્ર કરાએ-
લા, જેઓ પવિત્રો થવાને તેડાએલા, તેઓના પર તથા તેઓ સુદ્ધાં
સર્વ જગ્યામાં જેઓ આપણા પ્રભુ, એટલે તેઓના તથા આપણા પ્રભુ,
ઇસુ ખ્રીસ્તનું નામ લે છે, 2 એ સર્વ ઉપર, પાઉલ જે દેવની ઇચ્છાથી
ઇસુ ખ્રીસ્તનો પ્રેરિત થવાને તેડાએલો તે, તથા ભાઇ સોસ્થેનેસ લખે
છે. 3 દેવ આપણા બાપથી તથા પ્રભુ ઇસુ ખ્રીસ્તથી તમને કૃપા તથા
શાંતિ થાઓ. 4 દેવની કૃપા ખ્રીસ્ત ઇસુમાં તમને અપાયલી છે, તેને સારૂ
હું તમારા વિષે મારા દેવનો ઉપકાર સદા માનું છું; 5 કેમકે જેમ ખ્રીસ્તની
શાહેદી તમારામાં દઢ થઇ તેમ, સર્વ પ્રકારે, 6 સર્વ બોલવામાં તથા સર્વ
જ્ઞાનમાં, તમે તેનામાં ભરપુર થયા; 7 માટે તમે કંઈ કૃપાદાનમાં ઓછા ન
થતાં આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના પ્રગટ થવાની વાટ જુઓ છો. 8 તે
તમને આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના દિવસમાં નિર્દોષ થવાને અંત સુધી
દઢ કરશે. 9 દેવ, જેનાથી તમે તેના દીકરા આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની
સંગતમાં તેડાએલા છો, તે વિશ્વાસુ છે. 10 ભાઇઓ, હું આપણા પ્રભુ ઇસુ
ખ્રીસ્તને નામે, તમારી વિનંતી કરું છું, કે તમે સઘળા એકજ વાત બો-
લો, ને તમારામાં ફૂટો ન થાય, પણ એકજ મને તથા એકજ મત મળેલા
થાઓ. 11 કેમકે, મારા ભાઇઓ, તમારા સંબંધી કલોએના ઘરનાંઓની
પાસેથી મને ખબર મળી છે, કે તમારામાં કજીઆ છે. 12 હવે હું એ કહેવા
માંગું છું, કે તમારામાંનો હરેક કહે છે, કે હું તો પાઉલનો, ને હું અપોલા-
નો, ને હું કેફાનો, ને હું ખ્રીસ્તનો. 13 શું ખ્રીસ્ત વિભાગેલો છે? શું પાઉલ
તમારે સારૂ વધસ્તંભે જડાયો? અથવા શું તમે પાઉલના નામે બાપ્તિસ્મા
પામ્યા? 14 હું દેવની સ્તુતિ કરું છું, કે ક્રિસ્પસ તથા ગાયસ વિના મેં
તમારામાંના કોઈનું બાપ્તિસ્મા કર્યું નહિ. 15 રખે કોઇ કહે કે મેં પોતાને
નામે બાપ્તિસ્મા કર્યું. 16 સ્તેફનના કુટુંબનું પણ મેં બાપ્તિસ્મા કર્યું; એ
શિવાય મેં બીજા કોઈનું બાપ્તિસ્મા કર્યું હોય, એ હું જાણતો નથી. 17 કેમ-
કે બાપ્તિસ્મા કરવા સારૂ ખ્રીસ્તે મને મોકલ્યો એમ નહિ, પણ સુવાર્ત્તા
પ્રગટ કરવા સારૂ, વાતના જ્ઞાનથી નહિ, રખે ખ્રીસ્તનો વધસ્તંભ વ્યર્થ
થાય. 18 કેમકે નાશ પામનારાઓને વધસ્તંભની વાત મૂર્ખપણું લાગે છે;
પણ અમ તારણ પામનારાઓને તે દેવનું પરાક્રમ છે. 19 કેમકે એમ
લખ્યું છે કે, હું જ્ઞાનીઓના જ્ઞાનને નાશ કરીશ, ને બુદ્ધિવંતોની બુદ્ધિનો
નકાર કરીશ. 20 જ્ઞાની ક્યાં? શાસ્ત્રી ક્યાં?આ કાળનો વિવાદી ક્યાં? શું
દેવે જગતનું જ્ઞાન મૂર્ખપણું ઠરાવ્યું નથી? 21 કેમકે જયારે દેવના જ્ઞાન-
માં, જગતે પોતાના જ્ઞાનવડે દેવને જાણ્યો નહિ, ત્યારે વાત પ્રગટ કર-
વાના મૂર્ખપણા વડે વિશ્વાસ કરનારાઓને તારવા તે દેવને પસંદ પડ્યું.
22 યહુદીઓ નિશાની માગે છે હેલેનીઓ જ્ઞાન શોધે છે; 23 પણ અમે તો
વધસ્તંભે જડાએલા ખ્રીસ્તને પગટ કરીએ છીએ, તે તો યહુદીઓને ઠો-
કર, ને હેલેનીઓને મૂર્ખપણું લાગે છે; 24 પણ જે તેડાયલા, પછી તે યહુ-
દી હોય કે હેલેની હોય, તેઓને ખ્રીસ્ત દેવનું પરાક્રમ તથા દેવનું જ્ઞાન
છે. 25 કારણ કે દેવનું જે મૂર્ખપણું તે માણસો કરતાં જ્ઞાની છે, ને દેવનું
જે અબળપણું તે માણસો કરતાં શક્તિવાન છે. 26 કેમકે ભાઈઓ, તમે
તમારા તેડાને જુઓ છો, કે દેહ પ્રમાણે ઘણા જ્ઞાનીઓ, ઘણા પરાક્ર-
મીઓ, ઘણા કુળવંતો [તેડાયલા] નથી; 27 પણ દેવે જ્ઞાનીઓને લજાવ-
વા સારૂ જગતના અબળોને પસંદ કર્યા છે, 28 ને જે છે તેઓને વ્યર્થ કર-
વા સારૂ, દેવે જગતના અકુલીનોને તથા ધિક્કારેલાઓને તથા જે નથી
તેઓને પણ પસંદ કર્યા છે, 29 કે માનવી જાત તેની આગળ અભિમાન
ન કરે. 30 પણ તેનાથી ઇસુ ખ્રીસ્તમાં તમે છો, અમે એ આપણને સારૂ
દેવ પાસેથી જ્ઞાન તથા ન્યાયીપણું તથા પવિત્રીકરણ તથા ઉદ્ધાર થયો;
31 એ માટે કે જેમ લખ્યું છે તેમ, જે અભિમાન કરે તે પ્રભુમાં અભિમાન
કરે.

2 અને, ભાઈઓ, હું તમારી પાસે આવ્યો, ત્યારે તમને દેહ વિષેની
શાહેદી પ્રગટ કરતાં વાતના કે જ્ઞાનના ઉત્તમપણાએ આવ્યો
નહિ. 2 કેમકે ઇસુ ખ્રીસ્ત એટલે વધસ્તંભે જડાએલા, તે વિના હું તમારા-
માં કંઈજ ન જાણું, એવું મેં ઠરાવ્યું. 3 અને હું અબળપણામાં તથા ભય-
માં તથા ઘણી ધ્રુજારીમાં તમારી સાથે હતો. 4 અને મારી વાત તથા મારૂં
ભાષણ માનવા જ્ઞાનની મનોહર વાતોથી નહિ, પણ આત્માના તથા
પરાક્રમના પ્રમાણથી હતાં, 5 કે તમારો વિશ્વાસ માણસોના જ્ઞાનથી
નહિ, પણ દેવના પરાક્રમથી થાય. 6 પણ જેઓ સંપૂર્ણ છે તેઓમાં અમે
જ્ઞાનની વાત બોલીએ છીએ; પણ આ કાળનું જ્ઞાન નહિ, 7 પણ દેવનું
જ્ઞાન,એટલે જે ગુપ્ત રખાએલું જ્ઞાન યુગોથી અગાઉ, દેવે આપણા મહિ-
માને સારૂ ઠરાવ્યું હતું, તેની વાત અમે મર્મમાં બોલીએ છીએ. 8 તે આ
કાળના કોઇ અધિકારીએ ન જાણ્યું; કેમકે જો જાણ્યું હોત તો તેઓ
મહિમાના પ્રભુને વધસ્તંભે ન જડત. 9 પણ જેમ લખ્યું છે તેમ, આખે જે
જોયું નથી, ને કાને જે સાંભળ્યું નથી, ને માણસના મનમાં જે પેઠું નથી,
દેવે પોતાના પ્રેમ કરનારાઓને સારૂ જે સિદ્ધ કર્યું છે; 10 તે તો દેવે પોતા-
ના આત્માથી આપણને પ્રગટ કર્યું છે; કેમકે આત્મા સર્વને હા, દેવની
ઉંડી વાતોને પણ શોધે છે. 11 કેમકે માણસનો આત્મા જે તેનામાં છે તે
વિના કયું માણસ માણસોની વાતું જાણે છે? એમજ દેવના આત્મા વિ-
ના દેવની વાતો કોઇ જાણતો નથી. 12 પણ અમે જગતનો આત્મા નહિ,
પણ જે આત્મ દેવથી છે તે પામ્યા છીએ, એ માટે કે દેવે આપણને કૃ-
પાએ કરીને જે આપ્યું તે જાણીએ. 13 તેજ અમે બોલીએ છીએ, માનવી
જ્ઞાનની શિખવેલી વાતોથી નહિ, પણ પવિત્ર આત્માની શિખવેલી વા-
તોથી, આત્મિક આત્મિકની સાથે સરખાવતાં બોલીએ છીએ. 14 પ્રા-
ણિક માણસ દેવના આત્માની વસ્તુઓનો અંગીકાર કરતુ નથી; કેમકે
તેઓ મૂર્ખપણું એવું તેને લાગે છે; ને તેઓ આત્મિક રીતે સમજાય છે,
માટે તે તેઓને જાની શકતું નથી. 15 પણ જે આત્મિક તે સર્વને પારખે
છે, પણ પોતે કોઇથી પરખાતો નથી. 16 કેમકે કોણે પ્રભુનું મન જાણ્યું
છે, કે તે તેને બોધ કરે? પણ અમને ખ્રીસ્તનું મન છે.

3 અને ભાઈઓ, જેમ આત્મિકોને તેમ તમને હું બોલી ન શક્યો,
પણ જેમ દૈહિકોને, એટલે ખ્રીસ્તમાં બાળકોને તેમ; 2 મેં તમે દૂધ-
થી પાળ્યા છે, ને અન્નથી નહિ; કેમકે હજુ સુધી તમે સમર્થ ન હતા, ને
હમણાં પણ સમર્થ નથી; કેમકે તમે હજી દૈહિક છો. 3 કેમકે તમારામાં
અદેખાઈ તથા કજીઆ તથા ફાટફૂટો છે, માટે તમે દૈહિક છો કે નહિ, ને
માણસોની પેઠે ચાલો છો કે નહિ? 4 કેમકે જયારે એક કહે કે, હું પાઉલ-
નો છું, ને બીજા કહે કે હું અપોલાનો, ત્યારે તમે દૈહિક છો કે નહિ? 5 તો
પાઉલ તે શું છે? ને અપોલો તે શું? તેઓ સેવાકોજ, જેમ પ્રભુએ પ્રત્યેક-
ને દીધું તેમ તમે તેઓને આસરે વિશ્વાસ કીધો. 6 મેં તો રોપ્યું, અપો-
લાએ પાયું, પણ દેવે ઉગાવ્યું. 7 રોપનાર કંઈ નથી; ને પાનાર કંઈ નથી;
પણ ઉગાવનાર દેવ તેજ [બધું] છે. 8 રોપનાર તથા પાનાર એક છે; ને
પ્રત્યેક પોતાની મહેનત પ્રમાણે પોતાનું વેતન પામશે. 9 કેમકે અમે દેવ-
ની સાથે કામ કરનારા છીએ; તમે દેવની ખેતી, દેવની રચના છો. 10 દે-
વની જે કૃપા મને અપાઇ, તે પ્રમાણે જ્ઞાની મુખ્ય બાંધનાર થઈને મેં પા-
યો નાખ્યો છે, ને બીજો તે પર બાંધે છે; પણ પ્રત્યેક સાવધાન રહેવું કે
તે પર કેવી રીતે બાંધે. 11 કેમકે નંખાયલો પાયો જે ઇસુ ખ્રીસ્ત તે વિના
બીજાને કોઇ નાખી શકતું નથી. 12 પણ જો આ પાયા પર કોઇ સોનું, રૂ-
પું, મૂલ્યવાન પાષાણ, કાષ્ટ, ઘાસ, ખુંપરા, બાંધે, 13 તો પ્રત્યેકનું કામ
પ્રગટ કરાશે; કાંજે તે દિવસ તે દેખાડશે; કેમકે અગ્નિથી તે પ્રગટ કરાશે;
ને પ્રત્યેકનું કામ કેવું છે એ અગ્નિ પારખશે. 14 જે કામ કોઇએ તે પર
બાંધ્યું હોય, તે જો ટકે તો તે વેતન પામશે. 15 જો કોઇનું કામ બાળી

નંખાશે, તો તેને નુકસાન થશે; પણ જાણે કે અગ્નિમાં થઈને તે જાતે
બચશે. 16 તમે દેવનું મંદિર છો, ને દેવનો આત્મા તમારામાં વસે છે, એ
શું તમે જાણતા નથી? 17 જો કોઇ દેવના મંદિરનો નાશ કરે, તો દેવ તેનો
નાશ કરશે.કેમકે દેવનું મંદિર જે તમે છો તે પવિત્ર છે. 18 કોઈ પોતાને ન
ભુલાવે; જો આ કાળમાં તમારામાંનો કોઇ પોતાને જ્ઞાની જાણે તો જ્ઞાની
થવા સારૂ તે મૂર્ખ થાય. 19 કેમકે જગતનું જ્ઞાન દેવની આગળ મૂર્ખપણું
છે; કેમકે લખ્યું છે કે, જ્ઞાનીઓને તેઓની ચતુરાઈમાં તે પકડે છે.
20 અને વળી, પ્રભુ જ્ઞાનીઓના વિચાર જાણે છે કે તેઓ વ્યર્થ છે. 21 તો
માણસો વિષે અભિમાન કોઇ ન કરે, કેમકે સર્વ તમારાં છે. 22 પાઉલ કે
અપોલો કે કેફા કે જગત કે જીવન કે મરણ કે વર્તમાન વસ્તુઓ કે ભવિ-
ષ્ય વસ્તુઓ, સર્વ તમારાં છે; 23 ને તમે ખ્રીસ્તના; ને ખ્રીસ્ત દેવનો.
4 હરેક માણસે અમને ખ્રીસ્તના સેવકો તથા દેવના મર્મોના કાર-
ભારીઓના જેવા ગણવા. 2 વળી કારભારીઓમાં એમ જોઈએ કે
હરેક વિશ્વાસુ જણાય. 3 પણ તમારાથી કે માણસના ઇનસાફથી મારો
ન્યાય કરાય, એ વિષે મને કંઈ ચિંતા નથી; હું પોતાનો પણ ન્યાય કર-
તો નથી. 4 કેમકે હું પોતાને ઉલટું કંઈ જાણતો નથી, પણ એથી હું ન્યા-
યી ઠરતો નથી; પણ મારો ન્યાય કરનાર પ્રભુ છે. 5 માટે તમે સમયની
અગાઉ, એટલે પ્રભુ આવે ત્યાં સુધી, કંઈ ન્યાય ન ઠરાવો; તે અંધકાર-
ની ગુપ્ત વસ્તુઓને દર્શાવશે, ને હૃદયોની ધારણા પ્રગટ કરશે; ને તે વે-
ળા હરેકનું વખાણ દેવથી થશે. 6 પણ, ભાઈઓ, મેં એ વાતો દાખલારૂપે
તમારે લીધે પોતાને તથા અપોલાને લગાડી છે, એ માટે કે તમે અમારા-
થી એવું શિખો કે જે લખેલું છે તેથી અધિક વિચારવું નહિ, એ સારૂ કે
એકને વાસ્તે બીજાને વિરુદ્ધ કોઇ ન ફુલે. 7 કેમકે કોણ તને જુદો પાડે
છે? અને તું પામ્યો નહિ એવું તારૂં શું છે? પણ જો તું પામ્યો, તો જેમ પા-
મ્યો ન હોય, તેમ તું કેમ અભિમાન કરે છે? 8 હવે તમે તૃપ્ત થયા, હવે દ્ર-
વ્યવંત થયા, અમારા વિના તમે રાજ્ય કર્યું. અમારી ઈચ્છા એ છે કે તમે
રાજ્ય કરો, કે અમે પણ તમારી સાથે રાજ્ય કરીએ. 9 કેમકે મને એમ દી-
સે છે, કે દેવે છેલ્લા અમ પ્રેરિતોને જાણે કે મરણાધીન ઠરેલા એવા દેખા-
ડ્યા છે; કેમકે અમે જગતને તથા દૂતોને તથા માણસોને તમાશાના જે-
વા થયા છીએ. 10 ખ્રીસ્તને લીધે અમે મૂર્ખો, પણ તમે ખ્રીસ્તમાં બુદ્ધી-
વંત; અને આબળ પણ તમે જોરાવર; તમે માનવંતા, પણ અમે અપ-
માન પામેલા. 11 હાલના સમય સુધી અમે ભૂખ્યા તથા તરસ્યા તથા
નાગા છીએ, તથા માર ખાઈએ છીએ, તથા ભટકીએ છીએ, 12 તથા પો-
તાને હાથે કામ કરીને મહેનત કરીએ છીએ; નિંદાયલા છતાં અમે આશી-
ર્વાદ આપીએ છીએ; સતાવેલા છતાં સહીએ છીએ; 13 ધિક્કારેલા છતાં
વિનંતી કરીએ છીએ; અમે હજી સુધી જગતના મેલ તથા સર્વના કચરા
સરખા થયા છીએ. 14 હું તમને લજાવવાને એ વાતો લખતો નથી; પણ
જેમ મારાં પ્રિય બાળકોને તેમ તમને બોધ કરું છું. 15 કેમકે જો તમને
ખ્રીસ્તમાં દસ હજાર ગુરુઓ હોય, તોપણ ઘણા બાપ નથી; કેમકે ખ્રી-
સ્ત ઈસુમાં, સુવાર્ત્તાને આસરે, મેં તમને જન્માવ્યા છે. 16 એ માટે હું
તમારી વિનંતી કરું છું કે, મારા અનુસારી થાઓ. 17 એ કારણ માટે મેં
તમારી પાસે તીમોથીને મોકલ્યો, તે ખ્રીસ્તમાં મારૂં પ્રિય બાળક તથા
પ્રભુમાં વિશ્વાસુ છે; તે, જેમ હું બધે સર્વ મંડળીમાં શિખવું છું તેમ, ખ્રી-
સ્તમાં મારા માર્ગો વિષે તમને યાદ દેવડાવશે. 18 હું તમારી પાસે આવ-
વાનો ન હોઉં, એવું સમજીને કોઇ ફુલ્યા છે. 19 પણ પ્રભુની ઈચ્છા હોય,
તો હું તમારી પાસે વહેલો આવીશ, ને ફુલનારાઓનું બોલવું તે નહિ,
પણ તેઓનું સામર્થ્ય જાણીશ. 20 કેમકે દેવનું રાજ્ય બોલવામાં નહિ,
પણ સામર્થ્યમાં છે. 21 તમારી શી ઈચ્છા છે? હું તમારી પાસે કાઠી લઇને
આવું, કે પ્રેમથી તથા નમ્રતાના આત્માથી આવું?
5 એવું ખરેખર સંભળાય છે કે તમારામાં વ્યભિચાર છે, ને એવો
વ્યભિચાર કે એનો નામ પણ વિદેશીઓ લેતા નથી; એટલે કે કો-
ઇએ પોતાના બાપની વહુ રાખી છે. 2 આને તમે ફુલી ગયા છો, ને તે કર-
તાં શોક ન કર્યો, કે જેણે આ કામ કીધું તે તમારામાંથી કાઢી નંખાય.
3 કેમકે શરીરે ગેરહાજર, પણ આત્માએ હાજર છતાં, હાજરની પેઠે, હવે
એ કામ એવી રીતે કરનારનો મેં ન્યાય ઠરાવ્યો છે કે, 4 આપણા પ્રભુ
ઈસુ ખ્રીસ્તને નામે, જયારે તમે એકઠા થએલા છો ત્યારે તમે તથા મારો
આત્મા, આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના પરાક્રમ સહિત, 5 એવાને દેહની
હાનિને સારૂ શેતાનને સોંપે, એ માટે કે પ્રભુ ઈસુના દિવસમાં આત્મા
તારણ પામે. 6 તમારું અભિમાન સારૂ નથી; શું તમે નથી જાણતા, કે
થોડું ખમીર આખા લોદાંને ફુલાવે છે? 7 તમે જૂના ખમીરને કાઢી નાખો,
એ માટે કે જેમ તમે બેખમીર છો, તેમ તમે નવા લોંદો થઇ જાઓ, કેમકે
આપણો પાસ્ખા યજ્ઞ, એટલે ખ્રીસ્ત, તે આપણી વતી મરાયો છે. 8 એ
માટે જૂના ખમીરથી નહિ, ને ભુંડાઈ તથા દુષ્ટપણાના ખમીરથી નહિ,
પણ નિષ્કપટપણાની તથા ખરાપણાની બેખમીર રોટલીથી આપણે
પર્વ પાળીએ. 9 મેં તમને મારા પત્રમાં લખ્યું છે કે તમે વ્યભિચારીઓની
સોબત ન કરો; 10 પણ આ જગતના વ્યભિચારીઓ તથા લોભીઓ કે
જુલમીઓ કે મૂર્તિભક્તોની સોબત છેક ન કરો એમ નહિ; કેમકે એમ
હોય તો જગતમાંથી નીકળવાની તમને અગત્ય પડે. 11 પણ હમણાં મેં
તમને લખી જણાવ્યું છે, કે ભાઈ કહેવાયલો એવો જો કોઇ વ્યભિચારી
કે લોભી કે મૂર્તિભક્ત કે નિંદક કે છાકટો કે જુલમી હોય, તો એવાની
સોબત કરવી નહિ, ને તેની સાથે ખાવું પણ નહિ. 12 કેમકે બહારનાઓ-
નો ન્યાય ઠરાવવાનું મારે શું કામ છે? માંહેનાઓનો તમે ન્યાય ઠરાવો
છો કે નહિ? 13 દેવ બહારનાઓનો ન્યાય કરે છે.તો તમે પોતાનામાંથી તે
દુષ્ટને કાઢી નાખો.
6 તમારામાંના કોઈને બીજાની વિરુદ્ધ ફરિયાદ હોય, તો પવિત્રોની
આગળ નહિ પણ અધર્મીઓની આગળ કોણ ન્યાય માગવા ચા-
હે? 2 શું તમે જાણતા નથી કે પવિત્રો જગતનો ન્યાય કરશે? અને જો
તમારાથી જગતનો ન્યાય કરાય તો શું તમે હલકાજ વાદોનો ન્યાય કર-
વાને નાલાયક છો? 3 શું તમે જાણતા નથી કે આપણે દૂતોનો ન્યાય
કરીશ? તો કેમ અ આયુષ્યની વાતોનો નહિ? 4 એ માટે જો તમને આ
આયુષ્યમાંના વાદો હોય, તો મંડળીમાં જેઓનને તમે ગણકારતા નથી
તેઓને તે પર બેસાડો. 5 હું તમને લજાવવાને કહું છું. શું પોતાના ભાઈ-
ઓમાં ન્યાય કરી શકે, એવો તમારામાં એકે જ્ઞાની નથી? 6 પણ ભાઈ
ભાઈ પર ફરિયાદ કરે છે; ને તે વળી અવિશ્વાસીઓની આગળ! 7 એ માટે
હમણાં તમારામાં તદન ખોડ છે, કે તમે એક બીજા પર ફરિયાદ કરો છો.
કરતાં તમે કેમ અન્યાય સહેતો નથી? તે કરતાં કેમ હાની ખમતા નથી?
8 પણ તમે અન્યાય તથા હાની કરો છો, હા, ભાઈઓ પર કરો છો. 9 શું
તમે જાણતા નથી કે અન્યાયીઓ દેવના રાજ્યનો વારસો પામશે નહિ?
તમે ભૂલ ન કરો; વ્યભિચારીઓ તથા મૂર્તિભક્તો તથા છિનાળવાઓ
તથા કામીઓ તથા પુંમૈથુનીઓ, 10 તથા ચોરો તથા લોભીઓ તથા છા-
ટકા તથા નિંદકો તથા જુલમીઓ, એઓ દેવના રાજ્યનો વારસો પામશે
નહિ; 11 ને તમારામાંના કેટલાએક એવા હતા, પણ તમે પ્રભુ ઈસુને ના-
મે તથા આપણા દેવના આત્માથી ધોવાયા તથા પવિત્રીકરણ ને ન્યા-
યીકરણ પામ્યા. 12 સઘળાં તો મને ઉચિત છે, પણ સઘળાં ઉપયોગી
નથી; 13 અન્ન પેટને સારૂ ને પેટ અન્નને સારૂ છે, પણ દેવ એનો તથા તે-
નો પણ નાશ કરશે. હવે શરીર વ્યભિચારને સારૂ નથી, પણ પ્રભુને સા-
રૂ છે, ને પ્રભુ શરીરને સારૂ. 14 દેવે તો પ્રભુને ઉઠાડ્યો, ને પોતાને પરાક્ર-
મે આપણને પણ ઉઠાડશે. 15 તમારાં શરીર ખ્રીસ્તનો અવયવો છે, એ શું
તમે નથી જાણતા? વારૂ, શું હું ખ્રીસ્તના અવયવો કાઢીને તેઓને વ્ય-
ભિચારીણીનાં અવયવો કરૂં? એમ ન થાય. 16 શું તમે નથી જાણતા કે
વ્યભિચારીણી સાથે જે જોડાય છે, તે એક શરીર થાય છે? કેમકે તે કહે
છે કે, એ બેહુ એક દેહ થશે. 17 પણ પ્રભુની સાથે જે જોડાય છે તે એક
આત્મા છે. 18 વ્યભિચારથી નાસો, જે સર્વ પાપ કોઈ માણસ કરે તે
શરીર બહાર છે; પણ વ્યભિચારી પોતાના શરીરને ઉલટું પાપ કરે છે.
19 શું તમે નથી જાણતા કે તમારામાં જે પવિત્ર આત્મા છે, જે તમને દેવ
પાસેથી મળ્યો છે, તેનું મંદિર તમારૂં શરીર છે? અને તમે પોતાના નથી,
20 કેમકે તમે મૂલ્યે ખરીદાયા હતા. તો તમારૂં શરીર તથા તમારો આત્મા
દેવનાં છે, તેઓથી દેવને મહિમા આપો.
7 જે વાતો તમે મને લખી તે વિષે; માણસ બાયડીને ન અડકે તો
સારૂ. 2 પણ વ્યભિચારના કારણથી પ્રત્યેક પુરૂષે પોતાની વહુ રા-
ખવી, ને પ્રત્યેક બાયડીએ પોતાનો વાર રાખવો. 3 વરે વહુને જે યોગ્ય તે
આપવું, ને એમજ વહુએ વરને પણ. 4 વહુને પોતાના શરીરનો અધિકાર
નથી, પણ વરને છે; 5 એક બીજાથી જૂદાં ના થાઓ, પણ પ્રાર્થનાને સા-
રૂ અવકાશ મળે કેવળ એ કારણ માટે થોડી વાર સુધી એક બીજાની
સમ્મતિથી જુદાં રહેવાય. અને પછી એકઠાં થાઓ, રખે શેતાન તમારા
અદમનને લીધે તમારી પરીક્ષા કરે. 6 આજ્ઞા દાખલ નહિ પણ રજા દા-

ખલ એ હું કહું છું. 7 કેમકે મારી ઈચ્છા છે કે, સઘળાં માણસ મારા જેવાં
હોય. પણ દેવથી પ્રત્યેકને પોતપોતાનું કૃપાદાન છે, એકને આમ, ને
બીજાને તેમ. 8 પણ અણપરણેલાઓને તથા વિધવાઓને હું કહું છું કે,
મારા જેવા રહે તો તેઓને ગુણકારી થાય. 9 પણ પોતાને કબજે રાખી ન
શકે તો પરણે, કેમકે બળવા કરતાં પરણવું સારૂ છે. 10 પણ પરણેલા-
ઓને હું આજ્ઞા કરૂં છું, હું તો નહિ, પ્રભુ કરે છે, કે વહુએ પોતાના વરથી
જુદા થવું નહિ; 11 (પણ જો જુદી થાય તો પરણ્યા વિના રહેવું, અથવા
વરની સાથે મેળાપ કરવો); ને વરે વહુને છોડવી નહિ. 12 અને બાકી રહે-
લાઓને પ્રભુ તો નહિ, પણ હું કહું છું કે, જો કોઈ ભાઈને અવિશ્વાસી વહુ
હોય, ને એ તેની સાથે રહેવાને રાજી હોય, તો તેણે એને છોડવી નહિ;
13 ને કોઈ વહુને અવિશ્વાસી વર હોય,ને એ તેની સાથે રહેવાને રાજી
હોય, તો તેણીએ એને છોડવો નહિ. 14 કેમકે અવિશ્વાસી વર વહુથી
પવિત્ર કરાએલો છે, ને અવિશ્વાસી વહુ વરથી પવિત્ર કરાએલી છે; નહિ
તો તમારા બાળક અશુદ્ધ હોત, પણ હવે તેઓ પવિત્ર છે. 15 પણ જો
અવિશ્વાસી માણસ જુદું થાય, તો જુદું થવા ડો; એવા પ્રસંગમાં ભાઈ કે
બહેન બંધનમાં નથી; પણ દેવે આપણે શાંતિમાં તેડ્યા છે. 16 કેમકે,
અરે વહુ, તું વરને તારીશ કે નહિ એ વિષે તું શું જાણે છે? અથવા, અરે
વર, તું વહુને તારીશ કે નહિ એ વિષે તું શું જાણે છે? 17 કેવળ જેમ દેવે
પ્રત્યેકને વહેંચી આપ્યું છે, જેમ પ્રભુએ પ્રત્યેકને તેડ્યું છે, તેમ તેણે ચા-
લવું; ને એમજ હું સર્વ મંડળીઓમાં ઠરાવું છું. 18 શું કોઈ સુનતી તેડાએ-
લો છે? તો બેસુનતી ન થવું, શું કોઈ બેસુનતીમાં તેડાએલો છે? તો સુન-
તી થવું નહિ. 19 સુનત તો કંઈ નથી, ને બેસુનત કંઈ નથી, પણ દેવની
અજ્ઞાનું પાલન તેજ [બધું છે]. 20 પ્રત્યેક જે સ્થિતિમાં તેડાયો છે તેમાંજ
તે રહે. 21 શું તું દાસ છતાં તેડાયો છે?તો એની ચિંતા ન કર; પણ જો મો-
કળા થવાને વગ મળે, તો તે કરી લે. 22 કેમકે પ્રભુથી તેડાએલો દાસ તે
પ્રભુનો મોકળો કરાએલો; ને એમજ જે મોકળો છતાં તેડાએલો તે ખ્રી-
સ્તનો દાસ છે. 23 તમે મૂલ્યથી ખરીદાએલા હતા; માણસના દાસો ન
થાઓ. 24 ભાઈઓ, જેમાં પ્રત્યેક તેડાયો તેમાં દેવની સાથે તેણે રહેવું.
25 હવે કુંવારીઓ વિષે મને પ્રભુથી આજ્ઞા નથી; પણ જેમ વિશ્વાસુ થવા-
ને પ્રભુ પાસેથી હું કૃપા પામ્યો, તેમ મત આપું છું. 26 તો મને એ ગુણકા-
રી દીસે છે,એટલે હાલના સંકટમાં માણસને એમનેએમ રહેવું ગુણકારી
છે. 27 શું વહુને તું બંધાએલો છે? તો છુટકાની ઈચ્છા ન કર. શું વહુથી
છુટેલો છે? તો વહુની ઈચ્છા ન કર. 28 પણ જો તું પરણે, તો તું પાપ
નથી કરતો; ને જો કુંવારી પરણે તો તે પાપ નથી કરતી; પણ એવાંઓને
દેહમાં વિપત્તિ થશે; પણ હું તમારા પર દયા રાખું છું. 29 પણ ભાઈઓ, હું
એ કહું છું કે કાળ થોડો છે; માટે હવેથી જેઓ પરણેલા તેઓ વગર પર-
ણેલા જેવો થાય; 30 ને રડનારા ન રડનારા જેવા; ને હરખનારા ન હરખ-
નારા જેવા; ને વેચાતું લેનારા ન રાખનારા જેવા થાય; 31 ને આ જગતના
વહેવાર કરનારા એનો કુવહેવાર કરનારા જેવા ન થાય. કેમકે આ જગત-
નું ડોળ વિતી જાય છે. 32 પણ તમે નિશ્ચિંત થાઓ, એવી મારી ઈચ્છા
છે. જે પરણેલો નથી તે પ્રભુની વાતોની ચિંતા રાખે છે, કે પ્રભુને કેમ પ્ર-
સન્ન કરવો; 33 પણ પરણેલો જગતની વાતોની ચિંતા રાખે છે, કે વહુને
કેમ પ્રસન્ન કરવી. 34 વહુ તથા કુંવારીમાં પણ ફેર છે. જે પરણેલી નથી તે
પ્રભુની વાતોની ચિંતા રાખે છે, કે તે શરીરમાં તથા આત્મામાં પવિત્ર
થાય; પણ પરણેલી તે જગતની વાતોની ચિંતા રાખે છે, કે વરને કેમ પ્ર-
સન્ન કરવો. 35 પણ તમારા પોતાના હિતને સારૂ હું તે કહું છું; તમને
ફાંદામાં નાખવાને માટે નહિ, પણ એ સારૂ કે યોગ્ય રીતે [તમે ચાલો]
તથા એક મનથી વગર અકળામણે તમે પ્રભુની સેવા કરો. 36 પણ જો
કોઈ વિચારે, કે પોતે પોતાની કુંવારી [દીકરી] વિષે અયોગ્ય કરે છે, ને તે
પુખ્ત ઉંમરની થઈ હોય, ને અગત્ય એવી હોય, તો તે જે ઈચ્છે એવી કરે,
તે પાપ કરતો નથી; એઓ પરણે. 37 પણ અગત્ય ન છતાં, જે પોતાના
હૃદયમાં સ્થિર રહે છે, ને પોતાની ઈચ્છા પર અધિકાર રાખે છે, ને પોતા-
ના હૃદયમાં એમ ઠરાવ્યું છે, કે હું પોતાની કુંવારી એવીજ રાખીશ, તે સા-
રૂ કરે છે. 38 ત્યેરે જે તેણે પરણાવે છે તે સારૂ કરે છે, ને જે તેને પરણાવ-
તો નથી તે વધારે સારૂ કરે છે. 39 વહુ જ્યાં સુધી તેનો વર જીવે છે,ત્યાં
સુધી નિયમથી બંધાએલી છે; પણ જો તેનો વર મરી ગયો હોય, તો જેને
તે ઈચ્છે, તેને પરણવાને તે છૂટી છે, પણ કેવળ પ્રભુના લોકમાં. 40 પણ
જો તે એકલી રહે, તો મારા ધાર્યા પ્રમાણે, તે વધતી કુશળ રહેશે; ને મને
પણ દેવનો આત્મા છે, એમ હું ધારૂં છે.

8 મૂર્તિઓના નૈવદ વિષે; અપને જાણીએ છીએ, કે આપણ સર્વને
જ્ઞાન છે. જ્ઞાન ફુલાવે છે પણ પ્રીતિ સુધારે છે. 2 પણ જો કોઈ
એમ વિચારે છે કે હું કંઈ જાણું છું, તો જેમ જાણવું જોઈએ તેમ તે હજી
કંઈ જાણતો નથી. 3 પણ જો કોઈ દેવ પર પ્રીતિ કરે છે, તો તે એનાથી
જણાએલો છે. 4 તો મૂર્તિઓના નૈવેદ ખાવા વિષે, આપણે જાણીએ
છીએ કે જગતમાં મૂર્તિ કંઈ નથી; ને એક વિના બીજો કોઈ દેવ નથી.
5 કેમકે આકાશમાં કે પૃથ્વી પર જો કે કહેવાએલા દેવો છે (જેમ એવા
ઘણા દેવો તથા પ્રભુઓ છે તેમ); 6 તોપણ આપણે એક દેવ એટલે
બાપ છે, જેનાથી સર્વ છે; ને આપણે તેને સારૂ છીએ; ને એક પ્રભુ એટલે
ઈસુ ખ્રીસ્ત છે, જેને આસરે સર્વ છે, ને આપણે પણ તેને આસરે છીએ.
7 પણ સર્વમાં એ જ્ઞાન નથી, પણ કેટલાએક, મૂર્તિ કંઈ છે, એવું ધારીને
હજી સુધી મૂર્તિઓનું નૈવેદ ખાય છે; ને તેઓનું અંતઃકરણ અબળ છતાં
મલિન થાય છે. 8 પણ ખાવાનાથી આપણે દેવને માન્ય થતા નથી; કે-
મકે જો ખાઈએ તો આપણે વધારે સારા નથી, ને નહિ ખાઈએ તો વધારે
ખરાબ નથી. 9 પણ સાવધાન રહો, રખે આ તમારો અધિકાર અબળોને
ઠોકરનું કારણ થાય. 10 કેમકે તને જ્ઞાન છતાં, જો કોઈ મૂર્તિના મંદિરમાં
તને બેઠેલો જુએ, તો શું તે અબળ છતાં, તેનું અંતઃકરણ મૂર્તિઓનું નૈ-
વેદ ખાવાને હિમ્મતવાન ન થશે? 11 અને તારો અબળ ભાઈ જેને લીધે
ખ્રીસ્ત મુઓ તેનો નાશ તારા જ્ઞાનથી થશે. 12 પણ ભાઈઓને ઉલટું
પાપ કરીને તથા તેઓનાં અબળ અંતઃકરણને ઘાએલ કરીને, તમે ખ્રી-
સ્તને ઉલટું પાપ કરો છો. 13 એ માટે જો ખાવાનું માં ભાઈને ઠોકર ખવ-
ડાવે, તો હું કદીજ માંસ ન ખાઉં, રખે મારા ભાઈને ઠોકર ખવડાવું.

9 શું હું મોકળો નથી? શું હું પ્રેરિત નથી? શું મેં આપણા પ્રભુ ઈસુ
ખ્રીસ્તને જોયો નથી? શું તમે પ્રભુમાં મારૂં કૃત્ય નથી? 2 જો હું બી-
જાઓને પ્રેરિત ન હોઉં, તોપણ ખરેખરો હું તમને છું. કેમકે પ્રભુમાં તમે
મારા પ્રેરિતપણાની મુદ્રા છો. 3 મારી તપાસ કરનારાને મારો પ્રત્યુત્તર એ
છે; 4 શું અમને ખાવા પીવાનો અધિકાર નથી? 5 શું જેવો બીજા પ્રેરિતોને
તથા પ્રભુના ભાઈઓને તથા કેફાને છે તેવો મને પણ વિશ્વાસી વહુ સા-
થે લઈ ફરવાનો અધિકાર નથી? 6 અથવા મહેનત ન કરવી એવો અધિ-
કાર કેવળ મને તથા બાર્નાબાસનેજ નથી શું? 7 પોતાના ખરચથી કોણ
કદી લડાઈમાં જાય છે? કોણ દ્રાક્ષવાડી રોપીને તેનું ફળ ખાતો નથી?
અથવા કોણ ટોળું પાળીને ટોળાનું દૂધ ખાતો નથી? 8 હું માણસની રીતે
એ વાતો બોલું છું શું? કે નિયમશાસ્ત્ર પણ એ વાતો કહેતું નથી શું? 9 કે-
મકે મુસાના નિયમશાસ્ત્રમાં લખ્યું છે, કે પારે ફરનાર બળદના મ્હો પર
શેંકી ન બાંધ. શું દેવ બળદની ચિંતા કરે છે? 10 કે વિશેષ આપણને લી-
ધે તે એમ કહે છે? આપણને લીધે તો લખ્યું છે, કે જે ખેડે છે તે આશાથી
ખેડે, ને જે પર કરે છે તે ફળ પામવાની આશાથી કરે. 11 જો અમે તમારે
સારૂ આત્મિક વસ્તુઓ વાવી છે, તો અમે તમારી દૈહિક વસ્તુઓ
લણીએ એ શું ઘણું છે? 12 જો બીજાઓ તમારા પર એ અધિકારના ભા-
ગીદાર છે, તો અમે વિશેષે નથી શું? તોપણ એ અધિકાર અમે વાપર્યો
નથી, પણ ખ્રીસ્તની સુવાર્ત્તાને કંઈ અટકાવ ન પાડીએ માટે સર્વ
ખમીએ છીએ. 13 એ શું તમે નથી જાણતા કે જેઓ મંદિરમાં સેવન કરે છે
તેઓ મંદિરનું ખાય છે; ને જેઓ હોમવેદી પાસે હાજર રહે છે, તેઓ હોમ-
વેદીના ભાગીદાર છે? 14 એમજ પ્રભુએ ઠરાવ્યું કે, જેઓ સુવાર્ત્તા પ્રગટ
કરે છે, તેઓ સુવાર્ત્તાથી જીવે છે. 15 પણ એવા કશાનો વહીવટ મેં નથી
કર્યો; ને મને એવું મળે, એ સારૂ મેં આ વાતો લખી નથી; કેમકે કોઈ મા-
રો અભિમાન વ્યર્થ કરે, એ કરતાં મરવું તે મારે વાસ્તે સારૂં છે. 16 કેમકે
જો હું સુવાર્ત્તા પ્રગટ કરૂં, તો મને અભિમાનનું કારણ નથી; કેમકે મને
અગત્ય પડે છે, ને જો હું સુવાર્ત્તા પ્રગટ ન કરૂં, તો મને હાય હાય થાય
છે. 17 કેમકે જો હું ખુશીથી તે કરૂં, તો મને વેતન મળે છે; પણ જો ખુશી-
થી નહિ, તો મને કારભાર સોંપાએલો છે. 18 માટે મારૂં વેતન શું છે? એ કે
સુવાર્ત્તા પ્રગટ કરતાં હું ખ્રીસ્તની સુવાર્ત્તા મફત મળે એવું કરૂં, એ માટે કે
સુવાર્ત્તામાં જે મારો અધિકાર તે હું વિપરીત રીતે ન ચલાવું. 19 કેમકે
સર્વથી મોકળો છતાં, ઘણાઓને પ્રાપ્ત કરવા સારૂ, મેં પોતાને સર્વનો
દાસ કીધો. 20 યહુદીઓને પ્રાપ્ત કરવા સારૂ, હું યહુદીઓમાં યહુદી જેવો
થયો; નિયમાધીનોને પ્રાપ્ત કરવા સારૂ, હું નિયમાધીન જેવો; 21 નિયમર-

હિતોને પ્રાપ્ત કરવા સારૂ, નિયમરહિત જેવો થયો; દેવને તો નિયમરહિત
નહિ પણ ખ્રીસ્તને નિયમસહિત; 22 અબળોને પ્રાપ્ત કરવા સારૂ, અબ-
ળોની સાથે હું અબળ જેવો થયો. હરેક રીતે કેટલાએકને તારવા સારૂ
સર્વની સાથે સર્વ જેવો થયો. 23 હું સુવાર્ત્તાને લીધે બધું કરૂં છું, એ માટે
કે હું તેનો સહભાગીદાર થાઉં. 24 શું તમે નથી જાણતા કે અખાડામાં સર્વ
દોડનારા દોડે છે, પણ એકનેજ ઈનામ મળે છે? એમ દોડો કે તમને
મળે. 25 અને પ્રત્યેક પહેલવાન સર્વ પ્રકારે સ્વદમન કરે છે; તેઓ તો
વિનાશી મુગટ પામવા સારૂ કરે છે; પણ આપણે અવિનાશી. 26 એ માટે
હું એમ દોડું છું, પણ સંશય રાખનારી પેઠે નહિ; હું મુક્કીએ મારૂં છું, પણ
પવનને મારનારની પેઠે નહિ; 27 ને હું મારા શરીરને દબાવું છું, તથા વશ
કરૂં છું, રખે બીજાઓને સુવાર્ત્તા પ્રગટ કીધા છતાં હું પોતે નાપસંદ થાઉં.
10 ભાઇઓ, હું ચહાતો નથી કે તમે અજાણ્યા રહો કે, આપણા
સર્વ પિતૃઓ મેઘતળે હતા ને સમુદ્રમાં થઇને સર્વ પાર ગયા,
2 ને સર્વ મુસાને સારૂ મેઘમાં તથા સમુદ્રમાં બાપ્તિસ્મા પામ્યા; 3 ને
સર્વએ એકજ આત્મિક અન્ન ખાધું, 4 ને સર્વેએ એકજ આત્મિક પાણી
પીધું; કેમકે સાથે ચાલનાર આત્મિક ખડકનું તેઓએ પીધું; તે ખડક તો
ખ્રીસ્ત હતો. 5 પણ તેઓમાંના ઘણાખરા પર દેવ પ્રસન્ન ન હતો, કેમકે
તેઓ રાનમાં પાડી નંખાયા. 6 હવે આ વાત આપણને નિદર્શન જેવી
થઇ, એ સારૂ કે જેમ તેઓએ ભુંડી વસ્તુઓનો લોભ કર્યો તેમ આપણે
ન કરીએ. 7 અને જેમ તેઓમાંના કેટલાએક મૂર્તિભક્ત થયા, તેમ તમે ન
થાઓ; જેમ લખ્યું છે તેમ, કે લોક ખાવા પીવા બેઠા ને રમવા ઉઠ્યા.
8 અને જેમ તેઓમાંના કેટલાએકે વ્યભિચાર કર્યો, ને એક દિવસમાં તે-
વીસ હજાર પડ્યા, તેમ તમે ન કરો. 9 અને જેમ તેઓમાંના કેટલાએકે
ખ્રીસ્તનું પરીક્ષણ કીધું, ને સર્પોથી નાશ પામ્યા, તેમ આપણે તેનું પરી-
ક્ષણ કરવું નહિ. 10 અને જેમ તેઓમાંના કેટલાંએકે કચકચ કીધી, ને
સંહારકથી નાશ પામ્યા, તેમ તમે કચકચ ન કરો. 11 એ સર્વ નિદર્શન
થવા સારૂ તેઓને થયાં. અને આપણા બોધને સારૂ તે લખ્યું છે જેઓના
ઉપર કાળોનો અંત આવ્યો છે. 12 એ માટે જે પોતાને સ્થિર ધારે છે, તે ન
પડે માટે સંભાળે. 13 માણસથી સહેવાય તે વગર બીજું કંઈ પરીક્ષણ
તમને થયું નથી. પણ દેવ વિશ્વાસુ છે, તે તમારી શક્તિ કરતાં વત્તા
પરીક્ષણ તમ પર આવવા ન દેશે, પણ તમે સહી શકો, માટે પરીક્ષણ
સાથે છુટકાનો રસ્તો કરશે. 14 એ માટે, મારા વહાલાઓ, મૂર્તિપૂજાથી
નાસી જાઓ. 15 જેમ સમજુકોને, તેમ હું તમને કહું છું, મારી વાતનો વિ-
ચાર કરો. 16 આશીર્વાદનો વાટકો જે પર અમે આશીર્વાદ માગીએ છીએ,
તે શું ખ્રીસ્તના રક્તની સંગત નથી? અમે જે રોટલી ભાંગીએ છીએ, તે
શું ખ્રીસ્તના શરીરની સંગત નથી? 17 માટે આપણે ઘણા છતાં એક રોટ-
લી, એક શરીર, એવા છીએ, કેમકે આપણ સર્વ એજક રોટલીના ભા-
ગીઆ છીએ. 18 દેહ પ્રમાણે ઇસ્રાએલને જુઓ, શું હોમનું ખાનારાં હોમવે-
દીના સહભાગીદાર નથી? 19 તો હું શું કહું છું? કે મૂર્તિનું નૈવેદ કંઈ છે?
અથવા મૂર્તિ કંઈ છે? 20 પણ વિદેશીઓ જે હોમ કરે છે તે દેવને નહિ,
પણ ભૂતોને કરે છે. તમે ભૂતોની સંગત કરનારા થાઓ, એવી મારી
ઈચ્છા નથી. તમે પ્રભુના વાટકામાનું તથા ભૂતોના વાટકામાનું પી શક-
તા નથી. 21 તમે પ્રભુની મેજના તથા ભૂતોની મેજના ભાગીદાર થઇ
શકતા નથી. 22 શું આપણે પ્રભુને ચીડવીએ? શું આપણે તેના કરતાં
જોરાવર છીએ? 23 સઘળાં તો મને ઉચિત છે, પણ સઘળાં ઉપયોગી
નથી; સઘળાં મને ઉચિત છે, પણ સઘળાં સંસ્થાપનકારક નથી. 24 કોઇ
પોતાનુંજ નહિ, પણ પ્રત્યેક બીજાનું હિત શોધે. 25 જે કંઈ બજારમાં વે-
ચાય છે, તે પ્રેરકબુદ્ધિને લીધે કંઈ પુછ્યા વિના ખાઓ. 26 કેમકે પૃથ્વી
તથા તેનું ભરપુરપણું પ્રભુના છે. 27 જો કોઈઓ અવિશ્વાસી તમને નહો-
તરૂં કરે, ને તમે જવા ચાહો, તો તમને જે કંઈ પિરસાય તે પ્રેરકબુદ્ધિને
લીધે કંઈ પુછ્યા વિના ખાઓ. 28 પણ જો કોઇ તમને કહે કે, તે મૂર્તિનું
નૈવેદ છે, તો જેણે તે દેખાડ્યું તેને લીધે તથા પ્રેરકબુદ્ધિને લીધે ન
ખાઓ. 29 પ્રેરકબુદ્ધિ, હું તો કહું છું, તારી નહિ પણ બીજાની; કેમકે બી-
જાની પ્રેરકબુદ્ધિ મારા મોકળાપણા વિષે ઈનસાફ કેમ ઠરાવાય છે.
30 પણ જો હું કૃપાએ ભાગીદાર થાઉં, તો જેને સારૂ હું ઉપકાર માનું છું, તે
વિષે મારી નિંદા કેમ કરાય છે? 31 એ માટે જો તમે ખાઓ, કે પીઓ , કે
જે કંઈ કરો તો દેવના મહિમાને અર્થે સર્વ કરો. 32 તમે યહુદીઓને તથા
હેલેનીઓને તથા દેવની મંડળીને ઠોકર ખવડાવનાર ન થાઓ; 33 એ
પ્રમાણે હું પણ સર્વને રાજી કરીને પોતાનો નહિ, પણ ઘણાઓનો લાભ
શોધું છું, એ સારૂ ક તેઓ તારણ પામે.
11 જેમ હું પણ ખ્રીસ્તને તેમ તમે મને અનુસરો. 2 તમે સઘળાં વિ-
ષે મને સંભારો છો, ને જેમ મેં તમને વિધિઓ સોંપી દીધા, તેમ
તમે તે પાળ્યા, માટે હું તમને વખાણું છું. 3 હું તમને જણાવવા ચાહું છું કે
પ્રત્યેક પુરૂષનું શીર ખ્રીસ્ત છે, ને બાયડીનું શીર પુરૂષ છે; ને ખ્રીસ્તનું
શીર દેવ છે. 4 જે કોઇ પુરૂષ પ્રાર્થના કે ભવિષ્યવાદ કરતાં પોતાનું માથું
ઢાંકેલું રાખે, તે પોતાના માથાનું અપમાન કરે છે; 5 પણ જે કોઇ બાયડી
ઉઘાડે માથે પ્રાર્થના કે ભવિષ્યવાદ કરે છે, તે પોતાના માથાનું અપ-
માન કરે છે, કેમકે તેમ કરવું તે મુંડાઇ જવા બરાબર છે. 6 કેમકે જો બાય-
ડી ઘુંઘટ ન ધરે તો તેના વાળ કતરાય; પણ જો કતરાઈ જવા કે મુંડાઇ
જવાથી બાયડીને લાજ લાગે તો તે માથે કંઈ ઓઢે. 7 કેમકે પુરૂષને માથું
ઢાંકવું ઘટતું નથી, તે તો દેવની પ્રતિમા તથા મહિમા છે, પણ બાયડી
પુરૂષનો મહિમા છે; 8 કેમકે પુરૂષ બાયડીથી થયો નથી, પણ બાયડી
પુરૂષથી; 9 ને પુરૂષ બાયડીને સારૂ સૃજ્યો ન હતો, પણ બાયડી પુરૂષને
સારૂ. 10 એ માટે યોગ્ય છે કે દૂતોને લીધે બાયડી પોતાના માથા પર
અધિકાર [તળે હોવાની નિશાણી] રાખે છે. 11 તોપણ પ્રભુમાં પુરૂષ બા-
યડીરહિત નથી, ને બાયડી પુરૂષરહિત નથી. 12 કેમકે જેમ બાયડી પુરૂ-
ષથી છે તેમ પુરૂષ બાયડીને આસરે, પણ સર્વ પ્રભુથી છે. 13 તમે પોતા-
માં [એઓ વિષે] ઠરાવ કરો, બાયડીએ ઘુંઘટ વિના પ્રાર્થના કરવી એ શું
શોભે છે? 14 અથવા શું પ્રકૃતિ પોતે તમને શિખવથી નથી, કે જો પુરૂષને
લાંબા વાળ હોય તો તેથી તેને અપમાન છે? 15 પણ જો બાયડીને લાંબા
વાળ હોય તો તેથી તેને શોભા છે, કેમકે તેના વાળ આચ્છાદનને બદલે
તેને આપેલા છે. 16 પણ જો કોઇ વિવાદી દેખાય, તો આપણને તથા દે-
વની મંડળીને પણ એવી રીત નથી. 17 પણ એ કહીને હું તમને વખાણ-
તો નથી, કે સુધારાને સારૂ નહિ, અણ બગાડને સારૂ તમે એકઠા થાઓ
છો. 18 કેમકે પ્રથમ, તમે સભામાં એકઠા થાઓ છો, ત્યારે તમારામાં ફૂટો
છે એવું હું સાંભળું છું, ને હું થોડુંએક ખરૂં માનું છું. 19 કેમકે જરૂર છે કે
તમારામાં તડો પડે એ માટે કે જેઓ પસંદ છે તેઓ પ્રગટ થાય. 20 તો
તમે એક ઠેકાણે મળો છો ત્યારે પ્રભુનું ભોજન કરવું એ થઇ શકતું નથી.
21 કેમકે ખાવામાં પ્રત્યેક પોતાનું ભોજન પહેલાં કરે છે, ને એક ભૂખ્યો ને
બીજો પિધેલો હોય છે. 22 શું તમને ખાવા પીવા સારૂ ઘરો નથી? કે શું
તમે દેવની મંડળીને ધિક્કારો છો, ને જેઓની પાસે નથી તેઓને શરમા-
વો છો? હું તમને શું કહું? શું એમાં હું તમને વખાણું? વખાણતો નથી.
23 કેમકે મેં તમને જે કહી દીધું તે હું પ્રભુથી પામ્યો, કે જે રાતમાં પ્રભુ
ઇસુ પરસ્વાધીન કરાયો, તેમાં તેણે રોટલી લીધી, 24 ને સ્તુતિ કરીને
ભાંજી, ને કહ્યું કે, લો ખાઓ, એ મારૂં શરીર છે, જે તમારે સારૂં ભંજાએલું
છે, મારી યાદગીરીને સારૂ એ કરો. 25 અને એમજ ભોજન કર્યા પછી, વા-
ટકો પણ લઈને કહ્યું કે, આ વાટકો મારા રક્તમાં નવો કરાર છે; તમે જે-
ટલી વાર એ પીઓ છો, તેટલી વાર મારી યાદગીરીને સારૂ તે કરો. 26 કે-
મકે જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો, ને આ વાટકો પીઓ છો તેટ-
લી વાર તમે પ્રભુના આવ્યા સુધી તેનું મરણ દેખાડો છો. 27 એ માટે જે
કોઇ માણસ અયોગ્ય રીતે પ્રભુની રોટલી ખાય, કે તેનો વાટકો પીએ, તે
પ્રભુના શરીરનો તથા રક્તનો અપરાધી થશે. 28 પણ પ્રત્યેક પોતાને
પારખવું, ને એમ આ રોટલીમાંથી ખાવું ને વાટકામાંથી પીવું. 29 કેમકે
અયોગ્ય રીતે જે ખાય તથા પીએ તે, પ્રભુના શરીરનો ભેદ ન જાણીને,
ખાધાથી તથા પીધાથી પોતા પર દંડ આણે છે. 30 એને લીધે તમારામાં
ઘણા અબળ તથા રોગી છે; એ ઘણાએક ઉંઘે છે. 31 કેમકે જો આપણે
પોતાનો ન્યાય કરીએ, તો આપણા પર ન્યાય ન ઠરાવાશે; 32 પણ
આપણા પર ન્યાય ઠરાવાય છે, ત્યારે પ્રભુથી શિક્ષા પામીએ છીએ, એ
માટે કે જગતની સાથે આપણો દંડ ન થાય. 33 તો મારા ભાઇઓ, તમે
ખાવાને એકઠા આવીને, એક બીજાની વાટ જુઓ; 34 ને કોઇ ભૂખ્યો
હોય, તો ઘરમાં ખાય, એ માટે કે તમે દંડને સારૂ એકઠા ન આવો.અને જે
બાકી તે હું આવીશ ત્યારે સુધારીશ.
12 પણ, ભાઇઓ, આત્મિક દાનો વિષે મારી ઈચ્છા નથી, કે તમે
અજાણ્યા રહો. 2 તમે જાણો છો કે, તમે વિદેશી હતા, ત્યારે જેમ
દોરાયા તેમ મુંગી મૂર્તિઓ કને દોરાઇ જતા હતા. 3 માટે હું તમને જણાવું
છું કે, કોઇ માણસ, દેવના આત્માથી બોલીને ઇસુને શાપપાત્ર કહેતો

નથી; ને કોઈ માણસ, પવિત્ર આત્મારહિત, ઈસુ પ્રભુ છે, એમ કહી શક-
તો નથી. 4 પણ કૃપાદાનો અનેક પ્રકારનાં છે, તોપણ આત્મા એકનો-
એક; 5 ને સેવા અનેક પ્રકારની છે, પણ પ્રભુ એકનોએક. 6 અને કાર્યો
અનેક પ્રકારના છે, પણ દેવ એકનોએક છે, તે સર્વમાં સર્વ કરાવે છે.
7 પણ આત્માની પ્રસિદ્ધતા પ્રત્યેકને ઉપયોગને સારૂ અપાએલી છે.
8 કેમકે એકને આત્માથી જ્ઞાનની વાત અપાઇ છે; ને બીજાને એજ
આત્માથી વિદ્યાની વાત; 9 ને બીજાને એજ આત્માથી વિશ્વાસ; ને બી-
જાને એજ આત્માથી સાજા કરવાનાં કૃપાદાન; 10 ને બીજાને ચમત્કાર-
નાં કાર્યો; ને બીજાને ભવિષ્યવાદ; ને બીજાને આત્માઓને પારખી જા-
ણવાનું; ને બીજાને જાતજાતની ભાષાઓ; ને બીજાને ભાષાઓનું વ્યા-
ખ્યાન અપાયું છે. 11 પણ એકજ તથા એજ આત્મા પોતાની ઈચ્છા પ્ર-
માણે પ્રત્યેકને વહેંચી એ સર્વ કરાવે છે. 12 કેમકે જેમ શરીર એક છે, ને
તેના અવયવો ઘણા છે, ને તે એક શરીરના અવયવો ઘણા છતાં પણ
સર્વ મળીને એક શરીર છે, તેમ ખ્રીસ્ત પણ છે. 13 કેમકે આપણે યહુદી
કે હેલેની, દાસો કે સ્વતંત્ર, સર્વ એક શરીરમાં એક આત્માથી બાપ્તિસ્મા
પામ્યા; ને સર્વને એક આત્મા પીવાડવામાં આવ્યો છે. 14 અને શરીર તો
એક અવયવ નથી, પણ ઘણા. 15 જો પગ કહે કે, હું હાથ નથી એ માટે હું
શરીરનો નથી, તો તે કારણ માટે શું તે શરીરનો નથી? 16 અને જો કાન
કહે કે, હું આંખ નથી માટે હું શરીરનો નથી, તો શું એ કારણ માટે તે
શરીરનો નથી? 17 જો આખું શરીર આંખ હોત તો શ્રવણ ક્યાં હોત? જો
આખું શરીર શ્રવણ હોત તો ઘ્રાણ ક્યાં? 18 પણ હવે દેવે અવયવોમાંના
હરેકને જેમ ચાહ્યું તેમ શરીરમાં મુક્યો છે. 19 અને જો સર્વ એક અવયવ
હોત, તો શરીર ક્યાં હોત? 20 પણ હવે અવયવો ઘણા તો પણ શરીર
એક છે. 21 આંખથી હાથને કહેવાતું નથી કે તારી અગત્ય નથી; અથવા
ફરી માથાથી પગોને કહેવાતું નથી કે, મને તમારી અગત્ય નથી; 22 પણ
શરીરના જે અવયવો ઘણા અબળ દીસે છે તેઓનો વિશેષ અગત્ય છે;
23 ને શરીરના જે [ભાગો] અધમ દીસે છે તેઓને આપણે વધતું માન
આપીએ છીએ; ન એમ આપણા કુરૂપ અવયવો વધારે સુરૂપ થાય છે.
24 પણ જે સુરૂપ તેઓને અગત્ય નથી, પણ જેને ઓછું હતું તેને દેવે
વધતું માન આપીને, શરીરને ગોઠવ્યું છે, 25 એવું કે શરીરમાં ફૂટ ન હોય,
પણ અવયવો એક બીજાની એક સરખી ચિંતા રાખે. 26 અને જો એક
અવયવ દુઃખી થાય, તો તેની સાથે સર્વ અવયવો દુઃખી થાય છે; જો
એક અવયવને માન મળે, તો તેની સથે સર્વ અવયવો આનંદ કરે છે.
27 હવે તમે ખ્રીસ્તનું શરીર, ને જૂદા જૂદા અવયવો છો. 28 અને દેવે મંડ-
ળીમાં કેટલાએક મુક્યા છે, પ્રથમ પ્રેરિતો, બીજા ભવિષ્યવાદીઓ, ત્રીજા
ઉપદેશકો, પછી ચમત્કારો, પછી સાજા કરવાનું કૃપાદાન, મદદગારો,
અધિકારો, જાત જાતની ભાષાઓ. 29 શું સઘળા પ્રેરિતો છે? શું સઘળા
ભવિષ્યવાદીઓ છે? શું સઘળા ઉપદેશકો છે? શું સઘળા ચમત્કારો
[કરનારા] છે? 30 શું સઘળાને સાજા કરવાના કૃપાદાન છે? શું સઘળા
ભાષાઓ બોલે છે? શું સઘળા વ્યાખ્યાન કરે છે? 31 તો સારાંજ કૃપાદાનો
આસ્થાથી શોધો; તોપણ હું તમને એ કરતાં ઉત્તમ માર્ગ બતાવું છું.

13 જો હું માણસોની તથા દૂતોની પણ ભાષાઓ બોલું, પણ મને
પ્રીતિ ન હોત, તો વાજનારપિત્તળ કે ઠણઠણનાર ઝાંજના જેવો
હું થયો છું. 2 અને જો મને ભવિષ્યજ્ઞાન હોય, ને હું સર્વ મર્મ તથા સર્વ
વિદ્યા જાણું,, ને જો પુરો વિશ્વાસ મને હોય, એવો કે મારાથી પર્વતો ખસે-
ડાય, પણ મને પ્રીતિ ન હોય, તો હું કંઈ નથી. 3 અને જો હું કંગાલોને
પાળવાને મારી આખી સંપત આપું, ને જો હું મારૂં શરીર બળવાને આપું,
પણ મને પ્રીતિ ન હોય, તો મને કંઈ લાભ થતો નથી. 4 પ્રીતિ સહન-
શીલ તથા પરોપકારી છે; પ્રીતિ અદેખાઈ કરતી નથી; પ્રીતિ વડાઈ કર-
તી નથી, કુલતી નથી, 5 વિશોભિત રીતે વર્તતી નથી, પોતાનુંજ શોધતી
નથી, સંતાપતી નથી, ભુંડું ધારથી નથી; 6 અન્યાયમાં હરખાતી નથી,
પણ સત્યમાં હરખાય છે; 7 સઘળું ખમે છે, સઘળું ખરૂં માને છે, સઘળા-
ની આશા રાખે છે, સઘળાનું સહન કરે છે. 8 પ્રીતિ કદી ખુટતી નથી,
પણ ભવિષ્યદાનો હોય તો તેઓ જતાં રહેશે; ભાષાઓ હોય, તો તેઓ
સમાપ્ત થશે; વિદ્યા હોય તો તે જતી રહેશે. 9 કેમકે આપણે અપૂર્ણ જા-
ણીએ છીએ; ને અપૂર્ણ ભવિષ્યવાદ કહીએ છીએ; 10 પણ જયારે સંપૂ-
ર્ણતા આવશે, ત્યારે અપૂર્ણતા જતી રહેશે. 11 જયારે હું બાળક હતો,
ત્યારે બાળકની પેઠે બોલતો હતો, બાળકની પેઠે વિચારતો હતો, બાળ-
કની પેઠે સમજતો હતો, પણ જયારે પુરૂષ થયો, ત્યારે મેં બાળકની વા-
તો મુકી દીધી. 12 કેમકે હમણાં આપણે દર્પણને આસરે ઝાખું ઝાંખું જો-
ઈએ છીએ, પણ ત્યારે નજરોનજર જોઈશું; હમણાં હું અપૂર્ણ જાણું છું,
પણ ત્યારે જેમ જણાએલો છું તેમ જાણીશ. 13 અને હવે વિશ્વાસ તથા
આશા તથા પ્રીતિ એ ત્રણે રહે છે; પણ તેઓમાં પ્રીતિ શ્રેષ્ઠ છે.

14 પ્રીતિને અનુસરો; ને આત્મિકદાન ચાહો, પણ વિશેષ એ કે
ભવિષ્યવાદ સમજાવતાં આવડે. 2 કેમકે જે અન્ય ભાષા બોલે
છે, તે માણસની સાથે નહિ, પણ દેવની સાથે બોલે છે, કાંજે કોઈ તેનું
સમજતું નથી, પણ આત્માએ તે મર્મો બોલે છે. 3 પણ જે ભવિષ્યવાદ
કરે છે, તે સંસ્થાપન તથા સુબોધ તથા દિલાસાને સારૂ માણસો સાથે
બોલે છે. 4 અને જે અન્ય ભાષા બોલે છે તે પોતાનું સંસ્થાપન કરે છે;
પણ જે ભવિષ્યવાદ કરે છે તે મંડળીનું સંસ્થાપન કરે છે. 5 મારી ઈચ્છા
છે કે, તમે સઘળા ભાષાઓ બોલો, પણ વિશેષ કે તમે ભવિષ્યવાદ
સમજાવો; કેમકે ભાષાઓ બોલનાર, જો મંડળીના સંસ્થાપનને સારૂ
વ્યાખ્યાન ન કરે, તો તે કરતાં ભવિષ્યવાદ સમજાવનાર મોટો છે.
6 અને, ભાઈઓ, જો હું ભાષાઓ બોલતો તમારી પાસે આવું, ને જો પ્રક-
ટીકરણથી, કે જ્ઞાનથી, કે ભવિષ્યવાદથી, કે શિખામણથી તમારી પાસે
ન બોલું તો તમને શો લાભ કરૂં? 7 એમજ અવાજ કાઢનારી નિર્જીવ
વસ્તુઓ, પછી તે વાંસળી હોય કે વીણા હોય, એ જો નાદનો ફેર ન પા-
ડે, તો વાંસળી કે વીણા શું વગાડે છે તે કેમ જણાશે? 8 કેમકે જો રણ-
શીંગડું સાફ વીણા ન કાઢે, તો કોણ લડાઈની તૈયારી કરશે? 9 એમજ
તમે પણ જો જીભવડે સાફ વાત ન કરો તો બોલેલી વાત કેમ સમજાય?
કેમકે તમે હવામાં બોલનારા થશો. 10 જગતમાં એટલી બધી જાતના
અવાજો હશે, ને તેઓમાંના કોઈ અર્થ વગરના નથી, 11 એ માટે જો હું
અવાજનો અર્થ ન જાણું, તો બોલનારને હું મ્લેચ્છ ગણાઈશ, ને બોલ-
નાર મને મ્લેચ્છ ગણશે. 12 એ પ્રમાણે તમે આત્મિક દાનો ચાહો છો,
માટે આસ્થાથી શોધો કે મંડળીના સંસ્થાપનને સારૂ તમે તેમાં વૃદ્ધિ પા-
મો. 13 તે માટે અન્ય ભાષા બોલનારે પોતાથી વ્યાખ્યાન થાય, એવી
પ્રાર્થના કરવી. 14 કેમકે જો હું અન્ય ભાષાએ પ્રાર્થના કરૂં, તો મારો
આત્મા પ્રાર્થના કરે છે, પણ મારૂં મન નિષ્ફળ છે. 15 તો શું? હું આત્મા-
થી પ્રાર્થના કરીશ ને મનથી પણ પ્રાર્થના કરીશ, આત્માથી ગાઈશ ને
મનથી પણ ગાઈશ. 16 નહિ તો જો તું આત્માથી સ્તુતિ કરીશ તો જે
અભણની જગ્યામાં બેસે છે, તે તારી સ્તુતિની વાત પર કેમ આમેન કહે-
શે? કેમકે તું શું કહે છે એ તે જાણતો નથી. 17 કેમકે તું સારી પેઠે સ્તુતિ
કરે છે; પણ બીજાનું સંસ્થાપન થતું નથી. 18 હું દેવનો ઉપકાર માનું છું,
કે તમ સર્વ કરતાં વધારે ભાષાઓ મને બોલતાં આવડે છે. 19 તોપણ
મંડળીમાં અન્ય ભાષાથી દસ હજાર શબ્દ બોલવા, તે કરતાં બીજાઓને
શિખવવા હું પાંચ શબ્દ પોતાના મનથી બોલું એ મને સારૂ લાગે.
20 ભાઈઓ, બુદ્ધિમાં બાળક ન થાઓ; પણ ભુંડાઈમાં બાળકો થાઓ, ને
બુદ્ધિમાં પ્રૌઢ થાઓ. 21 નિયમશાસ્ત્રમાં લખ્યું છે કે, અન્ય ભાષાઓથી
તથા અન્ય હોઠોથી હું આ લોકની સાથે બોલીશ, તોપણ તેઓ મારૂં ન
સાંભળશે, એમ પ્રભુ કહે છે. 22 એ માટે ભાષાઓ વિશ્વાસીઓને નહિ,
પણ અવિશ્વાસીઓને નિશાણીરૂપ છે. પણ ભવિષ્યવાદ અવિશ્વાસી-
ઓને નહિ પણ વિશ્વાસીઓને સારૂ છે. 23 એ માટે જો આખી મંડળી
એકઠી આવે, ને સઘળા ભાષાઓ બોલે, ને જો અભણો કે અવિશ્વા-
સીઓ પેસે તો શું તેઓ કહેશે નહિ, કે તમે ઘેલા છો? 24 પણ જો સર્વ
ભવિષ્યવાદ કરે, ને કોઈ અવિશ્વાસી કે અભણ પેસે તો બધાથી તેને
શિખામણ મળે છે; બધાથી તે પરખાય છે; 25 ને તેના હૃદયની ગુપ્ત વા-
તો પ્રગટ કરાય છે; ને એમ દેવ તમારામાં ખરેખરો છે એવું પ્રગટ કરીને,
તે સર્વની આગળ ઉંધો પડીને દેવનું ભજન કરશે. 26 તો ભાઈઓ, શું
છે? જયારે તમે એકઠા થાઓ છો ત્યારે તમારામાંના પ્રત્યેકને ગીત કે
શિખામણ કે પ્રકટીકરણ કે અન્ય ભાષા કે વ્યાખ્યાન છે; સંસ્થાપનને
સારૂ સર્વ થવું જોઈએ. 27 જો કોઈ અન્ય ભાષા બોલે, તો બે અથવા
ઘણામાં ઘણા તો ત્રણ માણસ, ને અનુક્રમે બોલે; ને એકે વ્યાખ્યાન
કરવું. 28 પણ જો વ્યાખ્યાન કરનાર ન હોય તો મંડળીમાં તેણે છાના
રહેવું, ને પોતાની તથા દેવની સાથે બોલવું. 29 બે કે ત્રણ ભવિષ્યવા-
દીઓ બોલે, ને બીજાઓ પારખે. 30 પણ જો બેઠેલાંઓમાંના કોઈને કંઈ
પ્રગટ થયું, તો પહેલાએ છાના રહેવું. 31 કેમકે તમે સર્વ એક પછી એક

ભવિષ્યવાદ કહી શકો છો, કે અરવ શિખે તથા અરવ દિલાસો પામે.
32 અને ભવિષ્યવાદીઓના આત્માઓ ભવિષ્યવાદીઓને આધીન છે.
33 કેમકે દેવ ગદ્બદનો નથી, પણ શાંતિનો દેવ છે; જેમ પવિત્રોની સર્વ
મંડળીઓમાં [ચાલે છે] તેમ. 34 તમારી બાયડીઓએ મંડળીઓમાં છાના
રહેવું; કેમકે બોલવાનો તેઓને અધિકાર નથી, પણ આધીન રહેવાનો,
ને એમ નિયમશાસ્ત્ર પણ કહે છે. 35 પણ જો તેઓ કંઇ શિખવા ચાહે,
તો તેઓએ ઘરમાં પોતાન વારોને પુછવું; કેમકે મંડળીમાં બાયડીઓએ
બોલવું એ લાજની વાત છે. 36 શું તમારી પાસેથી દેવની વાત નીકળી?
કે શું તે એકલા તમને મળી છે? 37 જો કોઇ પોતાને ભવિષ્યવાદી કે
આત્મિક ધારે, તો જે વાતો હું લખું છું તેઓ પ્રભુની આજ્ઞાઓ છે એવું
તેણે જાણવું. 38 અને જો કોઇ આજ્ઞાની હોય તો અજ્ઞાની રહે. 39 એ મા-
ટે, ભાઇઓ, ભવિષ્યવાદ કરવાને ચાહો, ને અન્ય ભાષાઓ બોલવાને
ન નિવારો. 40 શોભતી રીતે તથા અનુક્રમે સર્વ થાય.

15 ભાઇઓ, જે સુવાર્ત્તા મેં તમને પ્રગટ કીધી, જેને તમે પણ
માંની, ને જેમાં તમે સ્થિર પણ રહ્યા છો, 2 ને જેથી, જે વાત મેં
તમને પ્રગટ કીધી તેને જો તમે પકડી રાખો છો ને વિશ્વાસ અવર્થા કીધો
નહિ હોય તો, તારણ પામો છો, તે સુવાર્ત્તા હું તમને જણાવું છું. 3 કેમકે
જે મેં માની લીધું, તે મેં પ્રથમ તમને સોંપી દીધું, કે લેખો પ્રમાણે ખ્રીસ્ત
આપણાં પાપને સારૂ મરણ પામ્યો; 4 ને લેખો પ્રમાણે તે દટાયો, ને ત્રી-
જે દહાડે ઉઠ્યો; 5 ને કેફાને, પછી બારોને તે દેખાયો. 6 ત્યાર પછી પાંચ-
સેં કરતાં વધારે ભાઇઓને એકી વેળાએ તે દેખાયો; એઓમાંના ઘણા
હજુ સુધી જીવતા રહ્યા છે, પણ કેટલાએક ઉંઘી ગયા છે. 7 ત્યાર પછી તે
યાકૂબને, પછી સર્વ પ્રેરિતોને દેખાયો. 8 અને સર્વથી છેલ્લે જેમ અકાળ
જન્મેલાને તેમ મને પણ તે દેખાયો. 9 કેમકે પ્રેરિતોમાંના સર્વ કરતાં હું
નાનો છું, ને પ્રેરિત કહેવાવા યોગ્ય નથી, કારણ કે મેં દેવની મંડળીની
સતાવણી કીધી. 10 પણ હું જે છું તે દેવની કૃપાથી છું; ને મારા પર તેની
જે કૃપા તે અમથી થઇ ન હતી, પણ તેઓ સર્વ કરતાં મેં વધારે મેહેનત
કીધી; મેં તો નહિ પણ દેવની જે કૃપા મારી સાથે છે તેણે. 11 તો હું કે
તેઓ, એમ અમે વાત પ્રગટ કરીએ છીએ, ને એમ તમે વિશ્વાસ કર્યો.
12 પણ ખ્રીસ્ત મુએલાંઓમાંથી ઉઠ્યો છે એમ જો પ્રગટ કરાય છે, તો
તમારામાંના કેટલાએક કેમ કહે છે કે મુએલાઓનું ઉત્થાન નથી?
13 પણ જો મુએલાંઓનું ઉત્થાન નથી, તો ખ્રીસ્ત પણ ઉઠ્યો નથી;
14 ને જો ખ્રીસ્ત ઉઠ્યો નથી, તો અમારો ઉપદેશ વ્યર્થ, ને તમારો વિ-
શ્વાસ પણ વ્યર્થ છે. 15 અને અમે દેવા જુઠા સાક્ષી કરીએ છીએ, કારણ
કે અમે દેવ વિષે એવી સાક્ષી પુરી, કે તેણે ખ્રીસ્તને ઉઠાડ્યો, પણ જો
મુએલાં ઉઠતાં નથી, તો તેણે તેને ઉઠાડ્યો નથી. 16 કેમકે જો મુએ-
લાંઓનું ઉત્થાન નથી, તો ખ્રીસ્ત પણ ઉઠ્યો નથી. 17 પણ જો ખ્રીસ્ત
ઉઠ્યો નથી, તો તમારો વિશ્વાસ નિષ્ફળ છે; હજી સુધી તમારા પાપમાં
છો; 18 ને ખ્રીસ્તમાં જેઓ ઉંઘી ગએલાં તેઓ પણ નાશ પામ્યાં. 19 જો કે-
વળ આ જીવનમાં આપણી આશા ખ્રીસ્તમાં છે, તો સર્વ માણસો કરતાં
આપણે કરૂણાપાત્ર છીએ. 20 પણ હવે ખ્રીસ્ત મુએલાંઓમાંથી ઉઠ્યો
છે, તે ઉંઘીગએલાંઓનું પ્રથમ ફળ થયો છે. 21 કેમકે માણસથી મરણ
થયું, એ માટે માણસથી મુએલાંઓનું ઉત્થાન પણ થયું. 22 કેમકે જેમ
આદમમાં સર્વ મારે છે, તેમ ખ્રીસ્તમાં સર્વ સજીવ કરાશે. 23 પણ પ્રત્યેક
પોતપોતાને અનુક્રમે, ખ્રીસ્ત પ્રથમ ફળ, ત્યાર પછી તે આવશે ત્યારે
જેઓ ખ્રીસ્તના તેઓ [સજીવ કરાશે]. 24 જયારે તે દેવ બાપને રાજ્ય
સોંપી દેશે, જયારે તે સઘળું ધણીપણું તથા સઘળો અધિકાર તથા પરા-
ક્રમ તોડશે ત્યારે અંત આવશે. 25 કેમકે તે પોતાના પગ તળે સર્વ શત્રુ-
ઓને પાડી નાખે, ત્યાં સુધી તેણે રાજ્ય કરવું જોઇએ. 26 જે છેલ્લો શત્રુ
નાશ પામશે તે મરણ છે. 27 કેમકે તેણે પોતાના પગ તળે સર્વ વસ્તુઓ
આધીન કીધી; પણ જયારે તેણે કહ્યું કે, સર્વ આધીન કરાયાં છે, ત્યારે
સર્વને સ્વાધીન કરનાર જૂદો છે, તે સાફ દેખાય છે. 28 પણ જયારે સર્વ
તેને આધીન કરાશે, ત્યારે જેણે સર્વ તેને આધીન કીધાં છે, એને દીકરો
પોતે પણ આધીન થશે, એ સારૂ કે દેવ સર્વમાં સર્વ થાય. 29 નહિ તો
જેઓ મુએલાંઓને સારૂ બાપ્તિસ્મા પામ્યા, તેઓ શું કરશે? જો મુએલાં
બિલકુલ ઉઠતાં નથી તો મુએલાંઓને વાસ્તે તેઓ શા સારૂ બાપ્તિસ્મા
પામે છે? 30 અમે પણ ઘડી ઘડી જોખમમાં શા સારૂ પડીએ છીએ?
31 ખ્રીસ્ત ઇસુ આપણા પ્રભુમાં તમારા વિષે મારો જે આનંદ તેના નિશ્ચ-
યપણાથી કહું છું કે, હું રોજ રોજ મરૂં છું. 32 જો એફેસસમાં માણસની પે-
ઠે હું શ્વાપદોની સામે લડ્યો, તો મને શો લાભ છે? જો મુએલાં ઉઠતાં
નથી તો ખાઇએ તથા પીઇએ, કેમકે કાલે મરવાના છીએ. 33 ભુલો મા;
દુષ્ટ સોબત સારા આચરણને બગાડે છે; 34 ન્યાયીપણાએ જાગતા
થાઓ, ને પાપ ન કરો; કેમકે કેટલાએક દેવ વિષે અજ્ઞાની છે; તમને
લજાવવા સારૂ તે હું કહું છું. 35 પણ કોઇ કહેશે કે મુએલાં શી રીતે ઉઠ-
ડાય છે? અને કેવા શરીરથી આવે છે? 36 ઓ નિર્બુદ્ધિ, તું જે વાવે છે તે
જો મારે નહિ તો જીવાડાય પણ નહિ; 37 ને તું જે વાવે છે તે થવાનું શરીર
નથી, પણ કેવળ દાણા વાવે છે, કદાપિ ઘઉં કે બીજા કોઇના. 38 અને
દેવ પોતાની ઇચ્છા પ્રમાણે તેને શરીર આપે છે, ને પ્રત્યેક બીને પોત-
પોતાનું શરીર. 39 સર્વ દેહ એકજ જાતના નથી; પણ માણસોનો દેહ જૂ-
દો, પશુઓનો જૂદો, ને માછલાંઓનો જૂદો, ને પક્ષીઓનો જૂદો છે.
40 અને આકાશી શરીરો તથા પૃથ્વી પરનાં શરીરો છે; પણ આકાશીઓ-
નો મહિમા જૂદો તથા પૃથ્વી પરનાંનો જૂદો. 41 સૂર્યનો મહિમા જૂદો, ને
ચંદ્રનો મહિમા જૂદો, ને તારાઓનો મહિમા જૂદો, કેમકે મહિમાએ તારા
તારામાં ફેર છે. 42 અને મુએલાંઓનું પુનરૂત્થાન પણ એવું છે; વિનાશ-
માં તે વવાય છે, અવિનાશમાં ઉઠડાય છે; 43 અપમાનમાં વવાય છે,
મહિમામાં ઉઠડાય છે; અબળપણામાં વવાય છે, પરાક્રમમાં ઉઠડાય છે.
44 પ્રાણી શરીર વવાય છે, આત્મિક શરીર ઉઠડાય છે; જો પ્રાણી શરીર
છે, તો આત્મિક શરીર પણ છે. 45 અને એમજ લખ્યું છે કે, પહેલો મા-
ણસ આદમ જીવતો પ્રાણી થયો, છેલ્લો આદમ જીવાડનાર આત્મા
થયો. 46 પણ આત્મિક પહેલું ન હતું, પણ પ્રાણી; ને પછી આત્મિક.
47 પહેલો માણસ પૃથ્વીથી ધૂળનો છે, બીજો માણસ આકાશથી પ્રભુ
છે. 48 જે ધૂળનો તે જેવો છે તેવા જેઓ ધૂળના તેઓ પણ છે; ને જે
આકાશી તે જેવો છે તેવા જેઓ આકાશી તેઓ પણ છે. 49 અને જેમ ધૂ-
ળનાની પ્રતિમા ધરી છે, તેમ આકાશીની પ્રતિમા પણ ધરીશું. 50 હવે
ભાઇઓ, હું એ કહું છું કે, માંસ તથા રક્ત દેવના રાજ્યમાં વારસ થઇ
શકતાં નથી; ને વિનાશપણું અવિનાશપણાનો વારસ થતું નથી.
51 જુઓ, હું તમને મર્મ કહું છું; આપણે સહુ ઉંઘીશું નહિ, પણ એક ક્ષણ-
માં, એક પલકભરમાં, છેલ્લા રણશિંગડાના વાગતામાં સર્વ બદલાઇ
જઇશું; 52 કેમકે રણશીંગડુવાગશે, ને મુએલાં અવિનાશી ઉઠડાશે, ને
આપણે બદલાઇશું. 53 કેમકે આ વિનાશીને અવિનાશીપણું પેહેરવું તથા
આ મરનારને અમરપણું પેહેરવું પડે છે. 54 અને જયારે આ વિનાશી
અવિનાશીપણું પેહેરશે, ને આ મરનાર અમરપણું પેહેરશે, ત્યારે આ
લખેલી વાત પુરી થશે કે, મરણ જયમાં ગળાઇ ગયું છે. 55 અરે મરણ,
તારો જય ક્યાં? અરે મરણ, તારો ડંખ ક્યાં? 56 મરણનો ડંખ તો પાપ છે;
ને પાપનું સામર્થ નિયમ છે; 57 પણ દેવ જે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને
આસરે આપણને જય આપે છે, તેની સ્તુતિ થાઓ. 58 એ માટે, મારા
પ્રિય ભાઇઓ, તમે સ્થિર તથા દઢ થાઓ, તથા પ્રભુના કામમાં સદા
વધતા જાઓ, કેમકે તમે જાણો છો કે તમારૂં કામ પ્રભુમાં નિષ્ફળ નથી.

16 પવિત્રોને સારૂ ઉઘરાણા વિષે; જેમ મેં ગલાતીઓની મંડળી-
ઓને આજ્ઞા આપી તેમ તમે પણ કરો. 2 અઠવાડિયાને પહેલે
દિવસે તમારામાંના પ્રત્યેકે પોતાની કમાણી પ્રમાણે રાખી મુકવું, એ મા-
ટે કે હું આવે ત્યારે ઉઘરાણા ન થાય. 3 અને જયારે હું આવીશ ત્યારે જે-
ઓને તમે પસંદ કરશો, તેઓને હું તમારૂં ઉપકારદાન યરૂશાલેમમાં લઇ
જવાને પત્રો આપીને મોકલીશ. 4 અને જો મારે પણ જવું યોગ્ય થાય,
તો તેઓ મારી સાથે આવશે. 5 પણ જયારે હું માકેદોન્યામાં થઇને
જઇશ, ત્યારે હું તમારી પાસે આવીશ; કેમકે હું માકેદોન્યામાં થઇને
જનાર છું; 6 ને કદાપિ હું તમારી સાથે રહીશ, અથવા શિયાળો પણ કા-
ઢીશ, એ સારૂ ક જયાં હું જાઉં ત્યાં તમે મને પહોંચાડો. 7 કેમકે હમણાં
વાટે જતાંજ તમને મળવાની મારી ઇચ્છા નથી; પણ જો ઇશ્વરેચ્છા હશે
તો હું થોડી વાર તમારી પાસે રહીશ. 8 પણ હું પચાસમાં સુધી એફેસસ-
માં રહીશ; 9 કેમકે મોટું તથા સાર્થક બારણું મારે સારૂ ઉઘડાયું છે, ને
અટકાવનારા ઘણા છે. 10 પણ જો તીમોથી આવે તો સંભાળ રાખજો, કે
તે તમારી પાસે નિર્ભયપણે રહે, કેમકે જેમ હું કરૂં છું તેમ તે પણ પ્રભુનું
કામ કરે છે. 11 એ માટે કોઇ તેને ધિક્કારે નહીં; પણ શાંતિએ તમે તેને
પહોંચાડજો, કે તે મારી પાસે આવે; કેમકે ભાઇઓની સાથે હું તેની વાટ
જોઉં છું. 12 હવે, ભાઇ અપોલા વિષે એમ છે કે ભાઇઓની સાથે તે તમા-

રી પાસે આવે માટે મેં તેને બહુ વિનંતી કીધી; પણ હમણાં આવવાની
તેની ઈચ્છા કંઈ ન હતી; પણ જયારે સારો પ્રસંગ મળશે ત્યારે આવશે.
13 સાવધાન રહો, વિશ્વાસમાં સ્થિર રહો, પુરુષાર્થે ચાલો, બળવંત
થાઓ. 14 પ્રીતિએ તમારાં સઘળાં કામ કરો. 15 ભાઈઓ, તમે સ્તેફાનસ-
ના કુટુંબને જાણો છો કે, તેઓ આખાયનું પ્રથમ ફળ છે, ને તેઓએ
પવિત્રોની સેવામાં પોતાને તત્પર રાખ્યા છે, માટે હું તમારી વિનંતી કરૂં
છું કે, 16 તમે એવાઓને ને જેટલા સહાય કરીને મેહેનત કરે છે તેઓને
પણ આધીન થાઓ. 17 સ્તેફાનસ તથા ફોર્તુનાતસ તથા અખાઈકસના
આવવાથી હું હરખાઈ છું; કેમકે તમારૂં જે ઓછું તે તેઓએ પુરૂં કર્યું.
18 કેમકે તેઓએ મારો તથા તમારો આત્મા પણ શાંત કર્યા. માટે એવા-
ઓનો અંગીકાર કરો. 19 આસિયાની મંડળીઓ તમને ક્ષેમ કુશળ કહે છે.
આકુલા તથા પ્રીસ્કા પોતાના ઘરમાંની મંડળી સુદ્ધાં પ્રભુમાં તમને ઘણા
ક્ષેમ કુશળ કહે છે. 20 સર્વ ભાઈઓ તમને ક્ષેમ કુશળ કહે છે. પવિત્ર
ચુંબનથી એક બીજાને ક્ષેમ કુશળ કહેજો. 21 હું પાઉલ પોતાને હાથે ક્ષેમ
કુશળ લખું છું. 22 જો કોઇ પ્રભુ ઇસુ ખ્રીસ્ત પર પ્રીતિ કરતો ન હોય, તો
તે શાપિત થાય.આપણો પ્રભુ આવનાર છે. 23 પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા
તમારી સાથે થાઓ. 24 ખ્રીસ્ત ઇસુમાં મારી પ્રીતિ તમ સર્વની સાથે
થાઓ. આમેન.

# કરિંથીઓને બીજો પત્ર

1 કરીંથમાં દેવની મંડળીને તથા તે સુદ્ધાં આખા આખાયામાંના સર્વ
પવિત્રોને, પાઉલ જે દેવની ઈચ્છાથી ઇસુ ખ્રીસ્તનો પ્રેરિત છે, તે
તથા ભાઈ તીમોથી લખે છે. 2 દેવ આપણા બાપથી તથા ઇસુ ખ્રીસ્તથી
તમને કૃપા તથા શાંતિ થાઓ. 3 આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો દેવ તથા
બાપ, જે કરૂણાનો બાપ તથા બધા દિલાસાનો દેવ, તેની સ્તુતિ થાઓ.
4 તે અમારી સર્વ વિપત્તિમાં અમને દિલાસો દે છે, એ સારૂ કે જે દિલાસો
અમે પોતે દેવથી પામીએ છીએ, તેણે કરીને જેઓ કોઇ પણ વિપત્તિમાં
છે તેઓને અમે દિલાસો આપવાને શક્તિમાન થઈએ. 5 કેમકે જે ખ્રીસ્ત
વિષેના દુઃખ અમારા પર ઘણા થાય છે, તેમજ ખ્રીસ્તને આસરે અમારો
દિલાસો પણ ઘણો થાય છે. 6 અને જો અમે વિપત્તિ સહીએ, તો તે
તમારા દિલાસા તથા તારણને સારૂ છે; ને જો દિલાસો પામીએ છીએ,
તો તે તમારા દિલાસો સારૂ છે, ને એ, ને જે દુઃખો અમે પણ વેઠીએ
છીએ તેના સહનની અસર [તમારામાં] કરે છે. 7 અમારી આશા તમારે
વાસ્તે સ્થિર છે, કારણ કે અમને માલમ છે કે જેમ તમે દુઃખોના ભાગિ-
યા, તેમ દિલાસાના ભાગિયા પણ થયા છો. 8 કેમકે ભાઈઓ, અમારી
ઈચ્છા એવી નથી કે, જે અમારી વિપત્તિ આસિયામાં અમને પડી તે વિષે
તમે અજાણ્યા રહો, કે તે અમારા સામર્થ ઉપરાંત અમને અતિ ભરે લા-
ગી, એટલી કે અમે જીવવા વિષે નિરાશ થયા. 9 પણ અમે મરવાના
છીએ એવું અમે નિશ્ચે સમજ્યા, એ સારૂ કે અમે પોતા પર નહિ, પણ મુ-
એલાંઓને ઉઠાડનાર દેવ પર વિશ્વાસ રાખીએ. 10 તેણે એવા મરણથી
અમારો છુટકો કર્યો, ને કરે છે; તેના પર અમે આશા રાખી છે, કે હજી
પણ છોડાવશો; 11 ને તમે પ્રાર્થનાથી અમને સહાય કરજો, કે જે કૃપા-
દાન ઘણાઓની મારફતે અમને અપાયું, તેણે લીધે અમારે સારૂ ઘણાથી
સ્તુતિ કરાય. 12 કેમકે અમારું અભિમાન એ છે, એટલે, અમારી પ્રેરકબુ-
દ્ધિ એવી શાહેદી પુરે છે કે, દૈહિક જ્ઞાનમાં નહિ, પણ દેવની કૃપામાં અમે
જગતમાં તે વિશેષે કરીને તમારી તરફ દેવ વિષેના ભોળાપણાથી તથા
શુદ્ધ મનથી વર્ત્યા. 13 પણ તમે જે વાંચો છો કે માંનો છો, તે વિના અમે
તમને બીજી વાતો લખતા નથી; ને આશા રાખું છું, કે તમે અંત સુધી
પણ માનશો. 14 તે પ્રમાણે તમે અમને કંઈ માન્યા, કે પ્રભુ ઇસુના દહા-
ડામાં જેમ તમે અમારા તેમ અમે તમારા અભિમાનનું કારણ છીએ.
15 અને એવા ભરોસાથી હું અગાઉ તમારી પાસે આવવાને ચહાતો હતો,
કે તમને બીજું કૃપાદાન મળે; 16 ને તમારી પાસે થઈને માકેદોન્યામાં
જવાને, ને ફરી માકેદોન્યામાંથી તમારી પાસે આવવાને, ને તમારાથી
યહુદાહ તરફ વિદાયગીરી પામવાને ચહાતો હતો. 17 તો શું એમ ચાહીને,
મેં કંઈ ચંચળપણું કીધું? અથવા જે હું ઠરાવું છું, તે શું દેવ પ્રમાણે ઠરાવું
છું, એવું કે મને હા હા તથા ના ના હોય? 18 પણ જેમ દેવ વિશ્વાસુ છે
તેમ તમારી પ્રત્યે મારી વાત હા તથા ના ન હતી. 19 કેમકે દેવનો દીકરો
ઇસુ ખ્રીસ્ત જે અમારાથી, એટલે મારાથી તથા સીલવાનસથી તથા તી-
મોથીથી, તમારામાં પ્રગટ કરાયો, તે હા તથા ના ન થયો, પણ તેમ હા
થઇ. 20 કેમકે દેવના જેટલા વચનો, તે બધા તેમાં હા તથા તેમાં આમેન
છે, એ માટે કે અમારાથી દેવનો મહિમા થાય. 21 અને અમને તમારી સા-
થે જે ખ્રીસ્તમાં જે સ્થિર કરે છે તથા જેણે અમારો અભિષેક કર્યો, તે દેવ
છે; 22 ને તેણે અમારા પર મુદ્રા કીધી, ને અમારા હૃદયમાં આત્માનું
બ્યાનું દીધું છે. 23 પણ મારા જીવના સમ ખાઈને દેવને સાક્ષી રાખું છું,
કે તમારા પર દયા કરીને હું હજી સુધી કરીંથમાં આવ્યો નથી; 24 અમે
તમારા વિશ્વાસ પર ધણીપણું કરીએ છીએ એમ નહિ, પણ તમારા
આનંદના સહાય કરનારા છીએ; કેમકે તમે વિશ્વાસથી ઉભા રહો છો.
2 પણ મેં પોતાને સારૂ એવું ઠરાવ્યું, કે હું ફરી ખેદથી તમારી પાસે
નહિ આવું. 2 કેમકે જો હું તમને ખેદિત કરું, તો જે મારાથી ખેદ
પામ્યો તે વિના કોણ મને આનંદ આપે છે? 3 અને મેં તમને એજ લખ્યું,
એ સારૂ કે જેઓથી મારે હરખ પામવો, તેઓથી હું આવું ત્યારે મને ખેદ
ન થાય; હું તમ સર્વનો ભરોસો રાખું છું, કે મારો આનંદ તમ સર્વનો છે.
4 કેમકે ઘણી વિપત્તિથી તથા અંતઃકરણની વેદનાથી, મેં ઘણા આંસુઓ
પાડીને તમને લખ્યું, એ સારું નહિ કે તમે ખેદિત થાઓ, પણ એ સારૂ
કે તમારા ઉપર મારી જે અતિ ઘણી પ્રીતિ છે તે તમે જાણો. 5 પણ જો
કોઈએ ખેદ પમાડ્યો છે, તો મને નહિ, પણ કેટલેક દરજ્જે (કેમકે હું વધારે
ભાર ન નાખું) તમ સર્વને તેણે ખેદ પમાડ્યા છે. 6 એવા માણસ પર આ
શિક્ષા જે ઘણાઓથી અપાએલી છે, તે પુરી છે, 7 માટે તેથી ઉલટું તમારે
તેને વિશેષે માફી તથા દિલાસો આપવો, રખે તે વધતો ખેદથી ડુબી
જાય. 8 એ માટે હું તમારી વિનંતી કરું છું કે તેના પર તમારો પ્રેમ સ્થિર
કરો; 9 કેમકે એજ સારૂ મેં લખ્યું છે, કે સર્વમાં તમે આજ્ઞાકારી છે કે નહિ
તે વિષે પરીક્ષા હું કરી લઉં. 10 પણ જેને તમે કંઈ માફ કરો છો, તેને હું
પણ માફ કરું છું; કેમકે જો મેં પણ કંઈ માફ કર્યું હોય, તો જે માફ કર્યું
છે, તે તમારે લીધે ખ્રીસ્તની આગળ માફ કર્યું છે, 11 એ સારૂ કે શેતાન
આપણને ન જીતે, કેમકે આપણે તેની યુક્તિઓ વિષે અજાણ્યા નથી.
12 ખ્રીસ્તની સુવાર્ત્તાને સારૂ હું ત્રોઆસમાં આવ્યો, ને પ્રભુથી મારે માટે
બારણું ઉઘાડાએલું છતાં 13 પણ મારા અઆત્માને ચેન ન હતું, કેમકે
તીતસ મારા ભાઈ મને મળ્યો નહિ; માટે તેઓથી રજા લઈને હું માકેદો-
ન્યામાં ગયો. 14 પણ દેવ જે સદા અમને ખ્રીસ્તમાં જય આપે છે, ને
અમારે આસરે પોતાના જ્ઞાનનો સુવાસ સર્વ જગ્યામાં ફેલાવે છે, તેની
સ્તુતિ થાઓ. 15 કેમકે તારણ પામે છે તેઓમાં તથા નાશ પામે છે તેઓ-
માં, આમે દેવની આગળ ખ્રીસ્તની સુગંધ છીએ. 16 એઓને અમે મરણ-
ને સારૂ મરણનો વાસ, ને તેઓને જીવનને સારૂ જીવનનો વાસ છીએ;
તો એ કાર્યોને સારૂ કોણ યોગ્ય છે? 17 કેમકે ઘણાઓની પેઠે અમે દેવની
વાતમાં ભેળ કરતાં નથી, પાન સાચાઈથી તથા દેવની [સત્તાથી] દેવની
આગળ ખ્રીસ્તમાં, એવી રીતે બોલીએ છીએ.
3 શું અમે ફરી પોતાને વખાણવા માંડીએ છીએ? કે શું જેમ બીજા
કેટલાએકને, તેમ અમને તમારા ઉપર કે તમારી પાસેથી, ભલામ-
ણના પત્રો જોઈએ? 2 અમારા દિલમાં લખેલો ને સર્વ માણસથી જણા-
એલો તથા વંચાએલો એવો અમારો પત્ર તમે છો. 3 તમે ખ્રીસ્તનો પત્ર,
જેની અમે સેવા કરેલી, શાહીથી નહિ પણ જીવતા દેવના આત્માથી,
પત્થરની પાટીઓ પર નહિ પણ હૃદયની દૈહિક પાટીઓ પર લખેલો,
એવા તમે પ્રગટ છો. 4 પણ એવો ભરોસો દેવ વિષે અમને ખ્રીસ્તને
આસરે છે. 5 અમે પોતે પોતાની મેળે કંઈ વિચારવા સમર્થ છીએ એમ
નથી; પણ અમારું સામર્થ્ય દેવથી છે; 6 તેણે પણ અમને નવાં કરારના,
એટલે અક્ષરના નહિ પણ આત્માના, યોગ્ય સેવકો કર્યા, કેમકે અક્ષર
મારી નાખે છે, પણ આત્મા જીવાડે છે. 7 અને મરણની સેવા, જેનાં
અક્ષરો પત્થરો પર કોરેલો, જે ટાળી જવાનો હતો તેને લીધે, તેના મ્હોડા
પર તાકી જોઈ ન શક્યા; 8 તો તે કરતા આત્માની સેવા વધતી મહિમા-
વાન કેમ ન હોય? 9 કેમકે જો દંડાજ્ઞાની સેવાને મહિમા હતો, તો ન્યાયી-
પણાની સેવા મહિમામાં કેટલી વધતી છે! 10 અને જે મહિમાવંત થએલું
હતું તે, અધિક મહિમા થયાના કારણથી, એ પ્રકારે મહિમાવંત નથી.
11 કેમકે જે ટળી જવાનું હતું તે જો મહિમાસહિત હતું, તો જે ટકનાર તેનો
મહિમા કેટલો વધતો છે! 12 એ માટે અમને આ આશા હોવાથી, અમે
બહુ નિર્ભયતાથી બોલીએ છીએ; 13 ને મુસાની પેઠે નહિ, જેણે પોતાના
મ્હોડા પર ઘુંઘટનાખ્યો, એ સારું કે ઈસ્રાએલના દીકરાઓ ટળી જનારા
[મહિમાની] સમાપ્તિ પર નિહાળી જુએ નહિ. પણ તેઓના મન કઠણ
થયા. 14 પણ તેઓના મન કઠણ થયાં; કેમકે આજ સુધી જુનો કરાર

વાંચવામાં તેજ ઘુંઘટ કાઢ્યા વગર રહે છે; તે તો ખ્રીસ્તમાં ટાળી જાય છે.
15 પણ આજ સુધી જયારે મુસાનું [શાસ્ત્ર] વાંચે છે, ત્યારે તેઓના હૃદય
પર ઘુંઘટ રહે છે; 16 પણ જયારે તે પ્રભુની ભણી ફરશે, ત્યારે તે ઘુંઘટ
કઢાશે. 17 હવે પ્રભુ તે આત્મા છે; ને જ્યાં પ્રભુનો આત્મા, ત્યાં મોકળા-
પણું છે. 18 પણ આપણે સહુ ઉઘાડા મ્હોડે જેમ આરસીમાં, તેમ પ્રભુના
મહિમાનું પ્રતિબંબ પાડીને, પ્રભુના આત્માથી તેજ રૂપમાં મહિમાથી
મહિમા સુધી રૂપાંતર પામીએ છીએ.

4 એ માટે અમારા પર દયા થઇ તે પ્રમાણે, અમને આ સેવા છતાં,
અમે થાકતા નથી; 2 પણ લાજની ગુપ્ત વસ્તુઓને નકારીને અમે
કાવતરામાં ચાલતા નથી, ન દેવની વાતમાં કપટ કરતાં નથી; પણ
સત્ય પ્રગટ કર્યાથી દેવની આગળ અમે પોતા વિષે સર્વ માણસોના
અંતઃકરણની ખાતરી કરીએ છીએ. 3 પણ જો અમારી સુવાર્તા ઢંકાએલી
હોય, તો નાશ તો નાશ પામનારાઓને ઢંકાએલી છે; 4 જેઓમાં અ જગ-
તના દેવે અવિશ્વાસીઓના મન આંધળા કર્યા છે, એ સારૂ કે ખ્રીસ્ત જે
દેવની પ્રતિમા છે, તેના મહિમાની સુવાર્ત્તાના અજવાળાનો ઉદય તેઓ
પર ન થાય. 5 અમે પોતાને પ્રગટ નથી કરતા, પણ ખ્રીસ્ત ઇસુ પ્રભુ છે
ને અમે પોતે ઇસુને લીધે તમારા દસો છીએ, એવું પ્રગટ કરીએ છીએ.
6 કેમકે દેવ જેણે અંધારામાંથી અજવાળાને પ્રકાશ થવાનું કહ્યું, તે ઇસુ
ખ્રીસ્તના મુખમાં દેવના મહિમાના જ્ઞાનનું તેજ પાડવા સારૂ આપણા હૃ-
દયોમાં પ્રકાશ્યો છે. 7 પણ અમને આ ખજાનો માટીનાં પાત્રોમાં છે, એ
સારૂ કે પરાક્રમની ઉત્તમતા દેવની થાય, ને અમારી નહિ. 8 સર્વ પ્રકારે
અમે વિપત્તિ પામેલા, પણ દબાએલા નથી; હેરાન થએલા, પણ નિરાશ
નથી; 9 સતાવેલા, પણ તજેલા નથી; નીચે પડેલા, પણ નાશ પામેલા
નથી; 10 સદા શરીરમાં ઈસુનાં મરણ ઉંચકીએ છીએ, એ સારૂ કે ઈસુનું
જીવન અમારામાં પ્રગટ કરાય. 11 કેમકે અમે જીવનારા ઈસુને લીધે સદા
મરણને સોંપાએલા છીએ, એ માટે કે ઈસુનું જીવન પણ અમારા મરનાર
દેહમાં પ્રગટ કરાય. 12 એમજ અમારા મરણ, પણ તમારામાં જીવન
અસર કરે છે. 13 વિશ્વાસનો તેજ આત્મા અમને છે તેથી (મેં વિશ્વાસ કર્યો
માટે હું બોલ્યો એ લેખ પ્રમાણે), અમે પણ વિશ્વાસ કરીએ છીએ, ને તે-
થી બોલીએ છીએ. 14 એવું જાણીએ છીએ કે, જેણે પ્રભુ ઈસુને ઉઠાડ્યો,
તે અમને પણ ઈસુની મારફતે ઉઠાડશે, ને તમારી સાથે ઉભા કરશે.
15 કેમકે સઘળાં તમારે સારું છે, એ માટે કે જે કૃપા ઘણાઓની મારફતે
પુષ્કળ થઇ તે દેવના મહિમાને અર્થે ઉપકારસ્તુતિ વધારે. 16 એ કારણ
માટે અમે થાકતા નથી; પણ જો અમારું બહારનું માણસપણું ક્ષય પામે,
તોપણ માંહેનું રોજ રોજ નવું થતું જાય છે. 17 કેમકે અમારી ક્ષણિક હલ-
કી વિપત્તિ અમારે સારૂ સદાકાલિક ભારે મહિમા બહુજ અતિશય ઉપ-
જાવે છે; 18 એટલામાં જે દેખાય છે તેને નહિ, પણ જે દેખાતા નથી તેને
અમે જોઇએ છીએ; કેમકે જે દેખાય છે તે ક્ષણિક, પણ જે દેખાતા નથી
તે સર્વકાળનાં છે.

5 કેમકે અમને માલમ છે કે જો અમારું પૃથ્વી પરનું માંડવાનું ઘર
પડી જાય, તો આકાશમાં દેવની રચનાનું, હાથે કીધેલું નહિ,એવું
સર્વ કાળનું નામ અમને છે. 2 કેમકે અમારું ઘર જે આકાશથી છે, તેથી
પહેરેલા થવા બહુ ચાહીને અમે આ માંડવામાં નિસાસો મુકીએ છીએ.
3 ને જો પહેરેલા હોઇએ, તો નાગા ન દેખાઇએ. 4 કેમકે અમે આ માંડવા-
માં લાદેલા થઈને નિસાસો મુકીએ છીએ; આચ્છાદન ઉતારવાને નહિ,
પણ પહેરેલા થવાને ચાહીએ છીએ, એ સારૂ કે મરણ જીવનથી ગળાઈ
જાય. 5 હવે જેણે અમને એને અર્થે તૈયાર કર્યા તે દેવ છે, તેણે અમને
આત્માનું બ્યાનું પણ આપ્યું છે. 6 માટે અમે સદા હિમ્મતવાન છીએ, ને
એવું જાણીએ છીએ કે, શરીરમાં વાસો કરતાં અમે પ્રભુથી [દૂર રહેતાં]
પ્રવાસી છીએ. 7 કેમકે અમે વિશ્વાસથી ચાલીએ છીએ, દ્રષ્ટિથી નહિ.
8 અને હિમ્મતવાન છીએ, ને શરીરથી પ્રવાસી થવું તથા પ્રભુની પાસે
વાસો કરવો, એ અમને વધતું સારૂં લાગે છે. 9 એ માટે અમે પ્રયત્ન
કરીએ છીએ કે, જો શરીરમાં હોઇએ કે શરીર બહાર હોઇએ તોપણ તેણે
પસંદ પડીએ. 10 કેમકે આપણે સર્વને ખ્રીસ્તના ન્યાયાસનની આગળ
પ્રગટ થવું પડશે, કે પ્રત્યેકે શરીરથી જે કીધું છે, સારૂ હોય કે ભુંડું હોય,
તે પ્રમાણે તે ફળ પામે. 11 માટે પ્રભુનું ભય જાણીને અમે માણસોને
સમજાવીને છીએ; પણ આમે દેવને પ્રગટ થયા; ને મારી આશા છે કે
તમારાં અંતઃકરણોમાં પણ પ્રગટ થયા છીએ. 12 કેમકે અમે ફરી તમારી
પાસે પોતાને વખાણતા નથી, પણ અમારે વિષે તમને અભિમાન કર-
વાનો પ્રસંગ આપીએ છીએ, એ માટે કે જેઓ હૃદયથી નહિ, પણ ડોળ-
થી અભિમાન કરે છે, તેઓને ઉત્તર આપવાનું તમારી પાસે હોય. 13 કેમ-
કે જો અમે ઘેલા હોઈએ તો દેને અર્થે છે, અથવા જો સાવધાન હોઈએ તો
તમારે અર્થે. 14 કેમકે ખ્રીસ્તની પ્રીતિ અમારું ગ્રહણ કરે છે, કારણ કે
અમે એવું સમજીએ છીએ કે, જો એક સર્વને વાસ્તે મુઓ તો સર્વ મુઆ.
15 અને સર્વ વાસ્તે તે મુઓ, એ સારૂ કે જેઓ જીવે છે તેઓ હવેથી પો-
તાને અર્થે નહિ, પણ જે તેઓને વાસ્તે મુઓ તથા ઉઠ્યો તેને અર્થે જી-
વે. 16 એ માટે હવેથી અમે દેહ પ્રમાણે કોઈને જાણતા નથી; ને જો કે
અમે દેહ પ્રમાણે ખ્રીસ્તને જાણ્યો હતો તોપણ હવેથી તેણે એમ જાણતા
નથી. 17 માટે, જો કોઈ માણસ ખ્રીસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ થયો છે;
જે જુનું તે વહી ગયું; જુઓ, તે નવું થયું છે. 18 અને સર્વ દેવથી છે, જેણે
પોતાનીસાથે ઇસુ ખ્રીસ્તની મારફતે આપણો મિલાપ કરાવ્યો, ને તે મિ-
લાપની સેવા અમને આપી છે; 19 એટલે, દેવ ખ્રીસ્તમાં પોતાની સાથે
જગતનો મિલાપ કરાવતાં તેઓ પર તેઓના અપરાધો ગણતો નથી, ને
તેણે અમને મિલાપની સેવા સોંપેલી છે. 20 એ માટે અમે ખ્રીસ્તને વાસ્તે
એલચી છીએ, જાણે કે દેવ અમારે આસરે વિનંતી કરતો હોય, તેમ અમ
ખ્રીસ્તને વાસ્તે તમારી આજીજી કરીએ છીએ કે, દેવની સાથે મિલાપ
કરો. 21 જેણે પાપ જાણ્યું ન હતું, તેને તેણે આપણને વાસ્તે પાપરૂપ કી-
ધો, એ સારૂ કે આપણે તેનામાં દેવના ન્યાયીપણારૂપ થઈએ.

6 ને અમે, તેની સાથે કામ કરનારા, તમારી વિનંતી કરીએ છીએ, કે
તમે દેવની કૃપાનો અવર્થા અંગીકાર ન કરો, 2 (કેમકે તે કહે છે કે,
મેં માન્યકાળમાં તારું સાંભળ્યું, ને તારણના દિવસમાં મેં તને સહાય
કીધી; જુઓ, હમણાંજ માન્યકાળ ચ, જુઓ, હમણાંજ તારણનો દિવસ
છે). 3 અમારી સેવાને દોષ ન લાગે, માટે અમે કશામાં કોઈને ઠોકરનું કા-
રણ આપતા નથી; 4 પણ સર્વથી અમે દેવના સેવકોના જેવા પોતાને દે-
ખાડીએ છીએ, ઘણી ધીરજથી, વિપત્તિથી, સંકટથી, વેદનાથી, 5 ફટકા-
ઓથી, કેદોથી, હંગામાઓથી, કષ્ટોથી, જાગરણથી, ઉપવાસથી, 6 શુદ્ધ-
પણાથી, વિદ્યાથી, સહનશીલતાથી, ઉપકારીપણાથી, પવિત્ર આત્મા-
થી, નિષ્કપટ પ્રીતિથી, 7 સાચાઈની વાતથી, દેવના પરાક્રમથી, જમણા
તથા ડાબા હાથ પર ન્યાયનાં હથિયારોને આસરે, 8 માન તથા અપમા-
નને આસરે, અપકીર્તિ તથા સુકીર્તિને આસરે; ઠગનારાના જેવા તોપણ
ખરા; 9 નહિ ઓળખાયલાના જેવો તોપણ બહુ ઓળખાયલા; મારનારા-
ઓના જેવા તોપણ, જુઓ, જીવીએ છીએ; શિક્ષા પામેલાઓના જેવા
તોપણ મારી નંખાયલા નહિ; 10 શોકાતુરના જેવા તોપણ સદા હરખ
કરનારા; દરિદ્રીઓના જેવા તોપણ ઘણાઓને ધનવાન કરનારા; નાદા-
રના જેવા તોપણ સઘળાના માલિક છીએ. 11 ઓ કરીંથીઓ, તમારે સા-
રૂ અમારું મ્હો ઉઘડેલું છે, અમારું હૃદય વિસ્તારેલું છે. 12 તમે આમારા-
માં સંકોચિત થયા નથી, પણ પોતાના અંતઃકરણમાં સંકોચિત થયા
છો. 13 તો એને બદલે (જેમ બાળકોને તેમ તમને કહું છું), તમે પણ વિ-
સ્તારેલા થાઓ. 14 અવિશ્વાસીઓની સાથે નાલાયક સંયોગ ન કરો; કે-
મકે ન્યાયીપણા તથા અન્યાયપણામાં શો સંબંધ છે? આને અજવાળા
તથા અંધકારની શી સંગત છે? 15 અને ખ્રીસ્ત તથા બેલ્યાલનો શો મે-
લાપ છે? કે વિશ્વાસીને અવિશ્વાસીની સાથે શો ભાગ છે? 16 અને દેવના
મંદિરને મૂર્તિઓની સાથે શો સંબંધ છે? કેમકે આપણે જીવતા દેવનું
મંદિર છીએ, જેમ દેવે કહ્યું કે, હું તેઓમાં રહીશ તથા ચાલીશ; તેઓનો
દેવ થઈશ; ને તેઓ મારા લોક થશે. 17 માટે, તમે તેઓમાંથી નીકળી
આવો, ને જુદા થાઓ, એમ પ્રભુ કહે છે, ને મલીનને અડકો મા, ને હું
તમારો અંગીકાર કરીશ, 18 ને તમારો બાપ થઈશ, ને તમે મારા દીકરા
દીકરીઓ થશો, એમ સર્વ સમર્થ પ્રભુ કહે છે.

7 એ માટે, વહાલાઓ, આપણે એવા વચન છતાં, અઆપને દેહની
તથા આત્માની સર્વ મલિનતાથી પોતાને શુદ્ધ કરીએ, ને દેવના
ભયથી પવિત્રતાને સંપૂર્ણ કરીએ. 2 અમારો અંઘકાર કરો; અને કોઈનો
અન્યાય નથી કીધો; કોઈને બગાડ્યો નથી; કોઈને છેતર્યો નથી. 3 હું
તમને દોષ લગાડવાને બોલતો નથી; કેમકે મેં અગાઉ કહ્યું કે, તમારી
સાથે મારવા સારૂ તથા જીવવા સારૂ, તમે અમારાં હૃદયોમાં છો. 4 તમારે
વિષે મને બહુ નિર્ભયપણું છે,તમારે લીધે ,મને બહુ અભિમાન , દિલા-
સાથી હું ભરપુર થયો છું, અમારી સર્વ વિપત્તિમાં હું અધિક આનંદ પામું

છું. 5 કેમકે માકેદોન્યામાં અમે આવ્યા ત્યારે અમારા દેહને કંઈ ચેન ન
હતું, પણ ચોતરફથી અમે વિપત્તિ પામ્યા; બહાર ભાંડણો, માંહે બીકો
હતી. 6 પણ દેવ જે લીનોને દિલાસો આપે છે, તેણે તીતસના આવ્યાથી
અમને દિલાસો આપ્યો; 7 ને કેવળ તેના આવ્યાથી નહિ, પણ જે દિલા-
સો તે તમારે વિષે પામ્યો તેથી પણ; તેણે તમારી બહુ ઈચ્છા, તમારો
શોક, મારે વિષે તમારી આસ્થા, એઓની ખબર અમને આપી, તેથી મને
બહુ આનંદ થયો. 8 અને જો મેં તે પત્રથી તમને ખેદ પમાડ્યો, ને જો મેં
પસ્તાવો કર્યો ખરો, તોપણ [હમણાં] હું પસ્તાવો કરતો નથી. કેમકે હું
જાણું છું કે થોડી વારજ તે પત્ર તમને ખેદ પમાડ્યો. 9 હવે હું હરખાઉં છું,
તમે ખેદિત થયા એ માટે નહિ, પણ એ માટે કે પસ્તાવાને સારૂ તમે ખે-
દિત થયા; કેમકે તમને દેવની ઈચ્છા પ્રમાણે ખેદ થયો, કે અમારાથી
તમારું કંઈ નુકસાન ન થાય. 10 કેમકે દેવની ઈચ્છા પ્રમાણે જે ખેદ, તે,
અનુતાપ નહિ ઉપજાવે એવો પસ્તાવો, તારણને સારૂ કરાવે છે; પણ
જગતનો ખેદ મરણ કરાવે છે. 11 કેમકે તમને દેવની ઈચ્છા પ્રમાંણેજ
ખેદ થયો, ને જુઓ કે તેથી તમને કેટલી ચિંતા ઉત્પન્ન થઇ, વળી તોડ
કાઢવો, વળી સંતાપ, વળી ભય, વળી ઘણી ઈચ્છા, વળી આસ્થા,
વળી બદલો લેવો; તમે તે કામમાં સર્વ પ્રકારે પોતાને નિર્દોષ દેખાડ્યા.
12 વળી જો મેં તમને લખ્યું, ત જેણે અન્યાય કીધો તેને વાસ્તે નહિ, ને
જે પર અન્યાય થયો તેને વાસ્તે નહિ, પણ દેવની આગળ અમારે વિષે
તમારી ચિંતા તમને પ્રગટ થાય એ વાસ્તે લખ્યું. 13 એ કારણ માટે તમા-
રા દિલાસા પરથી અમે દિલાસો પામ્યા; પણ વિશેષે તીતસના આનંદ
પરથી અમે અધિક આનંદ પામ્યા; કેમકે તેનો આત્મા તમ સઘળાંથી
વિસામો પામ્યો છે. 14 એ માટે જો મેં તમારે વિષે તેની પાસે કંઈ વાતમાં
અભિમાન કર્યું હોત, તો હું શરમાયો નહિ; પણ જેમ અમે તમને બધી
વાતો સાચાઈથી કહી, તેમ અમારૂં અભિમાન પણ તીતસ આગળ સાચું
ઠર્યું. 15 અને તેની મમતા તમારા ઉપર પુષ્કળ છે, કારણ કે તમ સર્વનું
આજ્ઞાંકિતપણું કે જેથી તમે ભયથી તથા ધ્રુજારીથી તેનો અંગીકાર કી-
ધો, ને તેને યાદ આવે છે. 16 એ માટે હું હરખાઉં છું કે સર્વ પ્રકારે તમારા
પર મારો ભરોસો છે.

8 ભાઈઓ, માકેદોન્યાથી મંડળીઓ પર દેવની જે કૃપા થઇ તે અમે
તમને જણાવીએ છીએ કે, 2 વિપત્તિની મોટી પરીક્ષામાં તેઓના
આનંદથી પુષ્કળતાથી તથા તેઓની ભારે દરિદ્રતાથી તેઓના ઉદારપ-
ણાનું ધન ઘણું થયું. 3 કેમકે હું શાહેદી આપું છું કે, સામર્થ્ય પ્રમાણે, હા
સામર્થ્ય ઉપરાંત, તેઓએ પોતાની મેળે [આપીને], 4 ઘણી અરજીથી,
પવિત્રોને સારૂ જે સેવા, તેની કૃપા તથા સંગત લેવાની અમને ઘણી વિ-
નંતી કીધી. 5 અને જેમ અમે આશા રાખી હતી, તેમ નહિ; પણ તેઓએ
પોતાને પ્રથમ પ્રભુને, ને દેવની ઈચ્છા પ્રમાણે અમને સોંપ્યાં. 6 માટે
અમે તીતસને વિનંતી કરી કે, જેમ તેણે કરવા માંડ્યું હતું, તેમજ તે
તમારે સારૂ આ કૃપા પણ સંપૂર્ણ કરે. 7 પણ જેમ તમે સર્વમાં, એટલે વિ-
શ્વાસ તથા વાત તથા જ્ઞાન તથા સર્વ આસ્થામાં તથા અમારા ઉપર
તમારા પ્રેમમાં, વધ્યા, તેમજ આ કૃપામાં પણ વધો. 8 હું આજ્ઞાથી નહિ,
પણ બીજાઓની આસ્થાને લીધે, ને તમારી પ્રીતિનું ખરાપણું પારખવા-
ને કહું છું. 9 કેમકે તમે આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા જાણો છો, કે તે
ધનવાન છતાં આપણને લીધે દરિદ્રી થયો, એ સારું કે તમે તેના દરિદ્ર-
થી ધનવાન થઇ જાઓ. 10 અને તેમાં હું સમ્મતિ આપું છું; કેમકે તે તમ-
ને યોગ્ય છે, કારણ કે એક વરસ ઉપર તમે કેવળ [ એ કામ] કરવાને
નહિ, પરંતુ ઈચ્છવાને પણ પ્રથમ માંડ્યું. 11 એ માટે હમણાં તે કામ પુરૂં
કરો, કે જેમ તમારી ઈચ્છાની તૈયારી હતી, તેમ તમારી પાસે જે છે, તે પ્ર-
માણે કામ પુરૂં થાય. 12 કેમકે જો ઈચ્છા હોય તો કોઈની પાસે જે નથી તે
પ્રમાણે નહિ, પણ જે છે તે પ્રમાણે તે માન્ય છે. 13 બીજાઓને છુટકો, ને
તમને સંકટ થાય, એમ નહિ; 14 પણ સમાનતાની રીતે, એટલે કે હાલના
કાળમાં, તમારી પુષ્કળતા તેઓની તંગીને મટાડે, કે તેઓની પણ પુષ્ક-
ળતા તમારી તંગીને મટાડે; એટલે સમાનતા થાય; 15 જેમ લખ્યું છે, કે
જેને ઘણું હતું તેને વધ્યું નહિ; ને જેને થોડું હતું તેને ખૂટ્યું નહી. 16 પણ
દેવની સ્તુતિ થાઓ, કે જેણે તીતસના હૃદયમાં તમારે વાસ્તે એવી કા-
ળજી ઘાલી; 17 કેમકે તેણે વિનંતી માંની લીધી, પણ ઘણી કાળજી રા-
ખીને તે પોતાની મેળે તમારી પાસે આવ્યો. 18 અને અમે તેની સાથે એક
ભાઇને મોકલ્યો છે, જેની કીર્તિ સુવાર્ત્તા વિષે સર્વ મંડળીઓમાં છે.
19 અને કેવળ એમ નહિ, પણ મંડળીઓથી તે ભાઇ પસંદ કરાએલો છે,
એ સારૂ કે જે કૃપાનું સેવન પ્રભુના મહિમા તથા તમારા ઉદારપણાને દે-
ખાડવાને અમારાથી થાય છે, તે વિષે તે અમારી સાથે ચાલે. 20 અમે
સંભાળ રાખીએ છીએ કે આ દ્રવ્ય જેનો અમે વહીવટ કરીએ છીએ, તે
વિષે કોઇ અમારા પર દોષ ન મુકે; 21 કેમકે જે સારૂં તેનો વિચાર, કેવળ
પ્રભુની આગળ નહિ, પણ માણસોની આગળ કરીએ છીએ. 22 અને તે-
ઓની સાથે અમે અમારા ભાઇને મોકલ્યો છે, જેને ઘણી વાતમાં ઘણી
વાર પારખ્યાથી તે અમને ઉદ્યાગી માલમ પડ્યો છે, ને હમણાં તમારા
પારમાં ઘણા ભરોસાથી તે વધારે ઉદ્યોગી છે. 23 અને તીતસ વિષે, તે તો
મારો સંગતી તથા તમારે સારૂ સહાયકારી છે; ને અમારા ભાઈઓ વિષે,
તેઓ તો મંડળીઓના પ્રેરિતો તથા ખ્રીસ્તનો મહિમા છે. 24 એ માટે
તમારા પ્રેમનું તથા તમારે વિષે અમારું અભિમાન કરવાનું પ્રમાણ, તે-
ઓને તથા મંડળીઓની આગળ દેખાડો.

9 હવે પવિત્રોને સારૂ જે સેવા તે વિષે, મારે તમને લાક્ખ્વાની અગ-
ત્ય નથી; 2 કેમકે હું તમારી તૈયારી જાણું છું; તે વિષે હું માકેદો-
ન્યાના લોક આગળ તમારે લીધે અભિમાન કર્યા કરૂં છું, કે આખાયાએ
એક વરસ ઉપર તૈયારી કરી છે; ને તમારી આસ્થાએ ઘણાઓને ઉત્તે-
જિત કર્યા છે. 3 પણ મેં ભાઈઓને મોકલ્યા છે, એ સારૂ કે આ સંબંધમાં
તમારે વિષે અમારૂં અભિમાન અમથું ન થાય; કે જેમ મેં કહ્યું તેમ તમે
તૈયાર થાઓ; 4 રખે માકેદોન્યાના માણસ મારી સાથે આવે, ને તમને
તૈયાર થએલા નહિ એવા જુએ, તો અમને (કેમકે તમને અમે અંતહી કહે-
તા) આ અભિમાનના નિશ્ચયથી શરમ લાગશે. 5 માટે મને એ અગત્ય
જણાઇ કે, ભાઈઓને વિનંતી કરવી કે તેઓ પહેલાં તમારી પાસે આવી-
ને, પહેલાં કહેલું તમારૂં ઉદારપણાનું દાન સિદ્ધ કરાવે, એ સારૂ કે તે જેમ
લોભથી નહિ પણ જેમ દાતારપણાથી તેમ તૈયાર થાય. 6 અને એવું
પણ છે, કે કે કૃપણતાએ વાવે છે, તે કૃપણતાએ લણશે; ને જે ઉદારપ-
ણાએ વાવે છે; તે ઉદારપણાએ લણશે. 7 જેમ પ્રત્યેકે પોતાના હૃદયમાં
અગાઉ ઠરાવ્યું, તેમ આપવું; ખેદથી નહિ, ને અગત્યથી નહિ; કેમકે
સંતોષથી દેનાર પર દેવ હેત રાખે છે. 8 અને દેવ તમારા પર સર્વ કૃપા
વધારવાને સમર્થ છે, કે તમને હરવખત સર્વમાં પુરી પુષ્કળતા છતાં,
સર્વ સારાં કામમાં તમે વધતા જાઓ. 9 જેમ લખ્યું છે કે, તેણે વેર્યું છે, તે-
ણે દરિદ્રીઓને દીધું છે, તેનું ન્યાયીપણુંસદા રહે છે. 10 હવે જે વાવનાર-
ને સારૂ બી તથા ખોરાકને સારૂ રોટલી આપે છે, તે તમને આપશે, ને
તમારૂં વાવેલું ઘણું કરશે, ને તમારા ન્યાયીપણાની નિપજ વધારશે;
11 કે જે ઉદારપણું અમારી મારફતે દેવની સ્તુતિ ઉપજાવે છે તે બધામાં
તમે સર્વ પ્રકારે ધનવાન થાઓ. 12 કાંજે એ સેવાનું કામ પવિત્રોની ગરજ
પુરી પાડે છે, કેવળ એમ નહિ, પણ દેવની ઘણી સ્તુતિથી બહુ સફળ
થાય છે; 13 એટલે આ સેવાના પ્રમાણથી, તેઓ, ખ્રીસ્તની સુવાર્ત્તા વિષે
તમારા માનવાના આધીનપણાને સારૂ, ને તેઓ વિષે તથા સર્વ વિષે
તમારા દાનની પુષ્કળતાને સારૂ, દેવની સ્તુતિ કરે છે. 14 અને તેઓ,
તમારે સારૂ, પોતાની પ્રાર્થનામાં, તમારા પર દેવની ઘણી કૃપાને સારૂ,
તમારા પર ઘણી પ્રીતિ કરે છે. 15 દેવના અનિર્વાચ્ય દાનને સારૂ તેની
સ્તુતિ થાઓ.

10 હવે હું પાઉલ પોતે ખ્રીસ્તની નમ્રતા તથા કોમળતા આસરે,
તમને બોધ કરૂં છું. હું હાજર છતાં, તમારામાં દીન છું, પણ દૂર
છતાં, તમારી ભણી નિર્ભય છું; 2 જેઓ દેહ પ્રમાણે ચાલનારા જેવા
અમને ધારે છે, તેઓ સામે જે નિશ્ચયથી હું હિમ્મત કરવાનું ધારૂં છું, તેથી
હું હાજર થઈને હિમ્મતવાન ન થાઉં એવું હું માગું છું. 3 કેમકે દેહમાં ચા-
લતાં, અમે દેહ પ્રમાણે લડાઇ કરતાં નથી; 4 (કેમકે અમારી લડાઇના
હથિયાર દૈહિક નથી, પણ કિલ્લાઓ નાખવાને દેવથી અમાર્થ છે).
5 કલ્પિત વાતોને તથા દેવના જ્ઞાન જે કંઈ ગર્વ કરે છે, તેને ભાંગી ના-
ખીએ છીએ, ને ખ્રીસ્તને આધીન થવા સારૂ સર્વ વિચાર વશ કરીએ
છીએ. 6 અને જયારે તમારો આજ્ઞાકાર સંપૂર્ણ થશે, ત્યારે સર્વ આજ્ઞા-
ભંગનો બદલો લેવાને તૈયાર છીએ. 7 તમે કેવળ બહારનું જુઓ છો. જો
કોઈને પોતા વિષે ભરોસો છે કે હું ખ્રીસ્તનો છું, તો ફરી પોતાથી વિચાર
કરે, કે જેમ તે ખ્રીસ્તનો છે તેમ અમે પણ ખ્રીસ્તના છીએ. 8 કેમકે જે
અધિકાર પ્રભુએ તમારા નાશને સારૂ નહિ, પણ સુધારને સારૂ અમને
આપ્યો, તેમાં જો હું કંઇક અધિક અભિમાન કરૂં, તોપણ હું શરમાઉ

નહિ. 9 એ સારૂ કે હું તમને પત્રોને આસરે બીવડાવનાર જેવો ન દીસું.
10 કાંજે તેઓ કહે છે કે તેના પત્રો ભારે તથા સબળ છે, પણ તેના શરીર-
નો દેખાવ અબળ ને તેનું બોલવું તુચ્છ છે. 11 એવા માણસે સમજવું કે,
અમે દૂર છતાં પત્રોને આસરે વાતથી જેવા છીએ, તેવા હાજર છતાં કામ-
થી પણ થઈશું. 12 જ પોતાને વખાણે છે, તેઓમાંના કેટલાંએકની સાથે
અમે પોતાને ગણવા અથવા સરખાવવાને છાતી ચલાવતા નથી; પણ
તેઓ, પોતાથી પોતાને માપીને તથા પોતાને પોતાની સાથે સરખાવીને,
અજ્ઞાની છે; 13 પણ અમે હદ ઉપરાંત અભિમાન નહિ કરીશું, પણ જે
નિયમનું માપ દેવે અમને વહેંચી આપ્યું છે, તે પ્રમાણે; તે માપ તમ સુ-
ધી પણ પહોંચે છે. 14 કેમકે જાણે કે અમે તમ સુધી પહોંચ્યા નહિ, એવા
અમે પોતાને ઘણા આગળ તાણતા નથી. કેમકે ખ્રીસ્તની સુવાર્ત્તા પ્રગટ
કરતાં અમે તમ સુધી પણ આવ્યા; 15 અને પોતાની હદ ઉપરાંત બીજા-
ની મહેનત પર અભિમાન કરતાં નથી; પણ અમને આશા છે કે, જેમ
જેમ તમારો વિશ્વાસ વધે તેમ તેમ અમે પોતાના નિયમ પ્રમાણે તમારા-
થી બહુ વધીએ, 16 એ સારૂ કે તમારા પેલીગમના પ્રાંતમાં અમે સુવાર્ત્ત
પરગટ કરીએ; ને બીજાના નિયમે તૈયાર થએલી વાત વિષે અભિમાન
ન કરીએ. 17 પણ જે અભિમાન કરે છે તે પ્રભુમાં અભિમાન કરે છે. 18 કે-
મકે જે પોતાને વખાણે છે તે નહિ, પણ જેને પ્રભુ વખાણે છે તે પસંદ છે.

11 તમે મારૂં મૂર્ખપણું જરા સહન કરો, એવી મારી ઇચ્છા છે; તો
મારૂં સહન કરો તો ખરા. 2 કેમકે દેવની આસ્થાથી, હું તમારા
ઉપર આસ્થા કરૂં છું. કેમકે તમને શુદ્ધ કુંવારીના જેવા ખ્રીસ્તને સોંપવા
સારૂ, એક વરની સાથે મેં તમારો વિવાહ કર્યો. 3 પણ મને ભય લાગે છે,
રખે જેમ સર્પે પોતાની ચતુરાઈથી હવાને ભુલાવી, તેમ તમારાં મનો ખ્રી-
સ્તભણીનું ભોળાપણું તથા શુદ્ધતા [મુકી દઈને] કદાપિ બગડી જાય.
4 કેમકે જે આવે છે, તે જો બીજા ઇસુને પ્રગટ કરે કે જેને અમે પ્રગટ નથી
કીધો; અથવા જો તમે બીજો આત્મા પામો છો કે જે તમે પામ્યા નહોતા;
અથવા બીજી સુવાર્ત્તા પામો છો કે જેનો અંગીકાર તમે કીધો નહોતો; તો
તમારે એનું સહન કરવું યોગ્ય છે! 5 કેમકે મુખ્ય પ્રેરિતો કરતાં હું પોતાને
કંઈજ ઓછો ગણતો નથી. 6 પણ જો બોલવામાં બધમ હોઉં, તોપણ
જ્ઞાનમાં નહિ; પણ સર્વ પ્રકારે અમે તમારે સારૂ સઘળાની આગળ પ્રગટ
છીએ. 7 તમને ઉંચા કરવા માટે મેં પોતાને નીચો કીધો, એટલે તમને
અમે દેવની સુવાર્ત્તા મફત પ્રગટ કીધી, એમાં મેં પાપ કીધું શું? 8 તમારી
સેવાને સારૂ બીજી મંડળીઓ પાસેથી નાણાં લઇને મેં તેઓને લૂટી.
9 અને હું તમારી પાસે હતો ત્યારે મને ખપ છતાં પણ મેં કોઇ પર ભાર ન
નાખ્યો; કેમકે માકેદોન્યામાંથી જે ભાઇઓ આવ્યા, તેઓએ મારો ખપ
પુરો પાડ્યો; ને હું સર્વ પ્રકારે તમારા પર ભાર નાખ્યા વિના પોતાને રા-
ખતો હતો, ને રાખીશ. 10 ખ્રીસ્તની સત્યતા મારામાં છે, એ માટે આખા-
યા દેશમાં આ મારૂં અભિમાન મારે સારૂ બંધ થશે નહિ. 11 શા માટે? શું
એ માટે કે હું તમારા ઉપર પ્રેમ રાખતો નથી? દેવ જાણે છે. 12 પણ હું જે
કરૂં છું, તે કરીશ, કે જેઓ નિમિત્ત શોધે છે તેઓ પાસેથી હું નિમિત્ત કા-
પી નાખું, કે જેમાં તેઓ અભિમાન કરે છે, તેમાં તેઓ અમારા જેવાજ
જણાય. 13 કેમકે જે એવા છે તેઓ ખોટા પ્રેરિતો, કપટ કરનારા, ખ્રીસ્ત-
ના પ્રેરીતોનો વેશ ધરનારા છે. 14 અને એમાં અચરત નથી, કેમકે શેતાન
પોતે અજવાળાના દૂતનો વેશ ધરે છે; 15 એ માટે જો તેના સેવકો પણ
ન્યાયીપણાના સેવકોનો વેશ ધરે છે, તો તે મોટી વાત નથી; તેઓનાં
કામ પ્રમાણે તેઓનો અંત થશે. 16 હું ફરીથી કહું છું કે, કોઇ માણસે મને
મૂર્ખ ન ગણવો, પણ જો કોઇ ગણે, તો મૂર્ખ તરીકે મારો અંગીકાર કરવો,
એ માટે કે હું પણ થોડું અભિમાન કરૂં. 17 જે હું કહું છું, તે પ્રભુ પ્રમાણે
નથી કહેતો; પણ અભિમાનના આ નિશ્ચયપણામાં જાણે કે મૂર્ખાઇથી હું
બોલું છું. 18 દેહ પ્રમાણે ઘણા અભિમાન કરે છે, માટે હું પણ અભિમાન
કરીશ. 19 તમે બુદ્ધિવાન છતાં, ખુશીથી મૂર્ખોનું સહન કરો છો; 20 કેમકે
જો કોઇ તમને દાસ કરે, જો કોઇ તમારું ખાઇ જાય, જો કોઇ તમને પક-
ડી રાખે, જો કોઇ પોતાને મોટો કરે, જો કોઇ તમને મ્હો પર મારે, તો તમે
સહન કરો છો. 21 જાણે કે અમે અબળ હતા, એવું હું પોતાને તુચ્છ કરતાં
કહું છું; પણ જેમાં કોઇ હિમ્મતવાન છે તેમાં હું પણ હિમ્મતવાન છું; એ
હું મૂર્ખપણાથી બોલું છું. 22 શું તેઓ હેબ્રી છે? હું પણ છું. શું ઇસ્રાએલી
છે? હું પણ છું. શું ઈબ્રાહીમના સંતાન છે? હું પણ છું. 23 શું તેઓ ખ્રીસ્ત-
ની સેવકો છે? (હું મૂર્ખની પેઠે બોલું છું) વધારે કામોથી, અદકી કેદોથી,
અતિશે ફટકાઓથી, વારે વારે મરણોથી હું વત્તો છું. 24 પાંચ વાર મેં યહુ-
દીઓથી ઓગણ ઓગણ ચાળીસ ફટકા ખાધા, 25 ત્રણવાર મેં છડીનો
માર ખાધો, એક વાર પત્થરનો માર ખાધો, ત્રણ વાર મારૂં વહાણ ભંગ
થયું, એક રાત દહાડો મેં ઉંડાણમાં હતો; 26 ઘણી સફરોમાં, નદીઓના
ભયમાં, લૂંટારાઓના ભયમાં, સ્વદેશીઓના ભયમાં, પરદેશીઓના
ભયમાં, શેહેરના ભયમાં, રાનના ભયમાં, સમુદ્રના ભયમાં, ખોટા ભાઇ-
ઓના ભયમાં, 27 શ્રમ તથા કષ્ટમાં, વારંવારના ઉજાગરાઓમાં, ભૂખ
તથા તરસમાં, વારંવારના ઉપવાસોમાં, ટાઢ તથા નાગાપણામાં હું હતો.
28 બીજી વાતો ઉપરાંત, રોજ રોજ મારા પર બોજ, એટલે સર્વ મંડળીઓ-
ના ચિંતા, રહે છે. 29 કોણ અબળ છે, ને હું અબળ નથી? કોણ ઠોકર
ખાય છે, ને હું બળતો નથી? 30 જો અભિમાન કરવું પડશે, તો હું મારી
અબળતાનું અભિમાન કરીશ. 31 આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો દેવ તથા
બાપ જે સર્વકાળ સુધી આશીર્વાદિતછે, તે જાણે છે કે હું જુઠું કહેતો
નથી. 32 દમસ્કમાં આરેત રાજાના દેશાધિકારીએ મને પકડવા ચાહીને,
દમસ્કીઓના શેહેર પર ચોકી મુકી; 33 પણ બારીમાંથી હું ટોપલીમાં કો-
ટથી ઉતરાયો, ને તેના હાથથી બચ્યો.

12 અભિમાન કરવું મને ઘટતું નથી ખરૂં;પણ હું પ્રભુના દર્શન
તથા પ્રકટીકરણની વાત કહેવા લાગીશ. 2 ખ્રીસ્તમાં એક માણ-
સને હું જાણું છું (શરીરમાં હતો તે હું જાણતો નથી, કે શરીર બહાર હતો,
તે પણ હું જાણતો નથી, દેવ જાણે છે), કે જે ચૌદ વર્ષ ઉપર ત્રીજા
આકાશમાં લઇ જવાયો. 3 અને એવા માણસને હું જાણું છું (શરીરમાં
હતો કે શરીર બહાર હતો, તે હું જાણતો નથી, દેવ તો જાણે છે), 4 કે તે
પારદૈસમાં લઇ જવાયો, ને જે વાતો બોલવી માણસને ઉચિત નથી,
એવી અનિર્વાચ્ય વાતો તેણે સાંભળી. 5 એવાનું હું અભિમાન કરીશ;
પણ પોતાનું અભિમાન નહિ કરીશ; કેવળ મારી અબળતાનું કરીશ.
6 કેમકે જો હું અભિમાન કરવા ચાહીશ, તો હું મૂર્ખ ન થઇશ; કેમકે સાચી
વાત બોલીશ; પણ હું બંધ કરૂં છું, કે કોઇ માણસ જેવો મને જુએ, અથ-
વા મારૂં સાંભળે તે કરતાં મને કંઈ મોટો ન ગણે. 7 અને પ્રકટીકરણોની
અધિકતાથી હું ન ફુલાઉં, માટે દેહમાં મને કાંટો, એટલે શેતાનનો દૂત
શિક્ષા આપવા સારૂ, મને અપાયો, કે તેથી હું ન ફુલાઉં; 8 એ વિષે મેં
ત્રણ વાર પ્રભુની પ્રાર્થના કરી, કે તે મારી પાસેથી દૂર થાય. 9 પણ તેણે
મને કહ્યું, કે તારે વાસ્તે મારી કૃપા પુરી છે; કેમકે મારૂં પરાક્રમ અબળ-
તામાં પુરૂં થાય છે. એ માટે વિશેષે કરીને હું ઘણી ખુશીથી મારી અબળ-
તાનું અભિમાન કરીશ, કે ખ્રીસ્તનું પરાક્રમ મારા પર આવી રહે. 10 એ
માટે અબળતામાં, નિંદામાં, સંકટમાં, સતાવણીમાં, ખેદમાં, ખ્રીસ્તને
લીધે સંતુષ્ટ રહું છું; કેમકે જયારે હું અબળ છું, ત્યારે બળવાન છું. 11 હું
[અભિમાન કરીને] મૂર્ખ થયો, પણ તમે મને અગત્ય પાડી; કેમકે તમારે
મારૂં વખાણ કરવું જોઈતું હતું, કારણ કે જો હું કંઈ ન હોઉં, તોપણ હું મુ-
ખ્ય પ્રેરિતો કરતાં કંઈ ઓછો નથી. 12 બધી સહનતાએ કરીને, ચિન્હોથી
તથા આશ્ચર્ય કૃત્યોથી તથા પરાક્રમી કામોથી પ્રેરીતના ચિન્હો તમારામાં
થયાંજ. 13 કેમકે મેં તમારા પર ભાર ન નાખ્યો, એ શિવાય તમે બીજી
મંડળીઓ કરતાં શામાં ઓછા હતા? મને આ અપરાધ માફ કરો.
14 જુઓ, હું ત્રીજી વાર તમારી પાસે આવવાને તૈયાર છું; ને તમારા પર
ભાર ન નાખીશ; કેમક તમારૂં નહિ, પણ તમને હું મેળવવા ચાહું છું; કે-
મકે છોકરાએ માબાપને સારૂ સંગ્રહ કરવો તે ઘટતું નથી; પણ માબાપે
છોકરાને સારૂ. 15 પણ હું તમારા જીવોને વાસ્તે ઘણી ખુશીથી ખરચીશ
તથા પોતે ખરચાઈ જઈશ; જો તમારા પર વધતો પ્રેમ રાખું, તો શું હું
ઓછો પ્રેમ પામું? 16 વારૂ એમ હોય કે મેં તમારા પર બોજ ન નાખ્યો,
પણ ચતુર છતાં મેં તમને કપટથી પકડ્યા. 17 જેઓને મેં તમારી પાસે
મોકલ્યા, તેઓમાંના કોઈને આસરે મેં તમારાથી કંઈ સ્વાર્થ સાધ્યો શું?
18 મેં તીતસને વિનંતી કીધી, ને તેની સાથે એક ભાઇને મોકલ્યો. તીત-
સને તમારાથી કંઈ સ્વાર્થ સાધ્યો શું? એજક આત્મામાં અમે ચાલ્યા
નથી શું? એકજ પગલામાં ચાલ્યા નથી શું? 19 આ બધી વખતે તમે ધા-
રો છો, કે અમે તમારી પાસે તોડ કાઢીએ છીએ. ખ્રીસ્તમાં દેવની આગળ
અમે બોલીએ છીએ, પણ વહાલાઓ, સર્વ તમારા સંસ્થાપનને વાસ્તે
છે; 20 કેમકે મને ભય લાગે છે, રખે હું આવું ત્યારે જેવા હું ચાહું તેવા હું
તમને ન જોઉં, ને જેવો તમે ચાહતા નથી, તેવો મને જુઓ; રખે ભાંડણ,
અદેખાઈ, રીસ, કજીઆ, ચુગલી, કચકચ, ગર્વ તથા ગડબડો થાય;

21 રખે ફરી આવું ત્યારે મારો દેવ તમારી આગળ મને નીચો કરે; ને જે
ઘણા અગાઉ અશુદ્ધતા તથા વ્યભિચાર તથા કામાતુરપણું કરતાં હતા
ને એવા પાપ કરીને તેનો પસ્તાવો કર્યો નથી, તેઓમાંના ઘણા વિષે હું
શોકાતુર થાઉં.

13 આ ત્રીજીવાર હું તમારી પાસે આવું છું. બે કે ત્રણ સાક્ષીઓના
મ્હોથી હરેક વાત સાબીત થશે. 2 મેં આગળથી કહ્યું, ને બીજી-
વાર હાજર હતો ત્યારે જેમ કહ્યું તેમ હું હમણાં ગેરહાજર છતાં આગાઉના
પાપ કરનારાઓને તથા બીજા સર્વને આગળથી કહું છું કે, જો ફરી આવું
તો દયા ન કરીશ. 3 કારણ કે ખ્રીસ્ત મારામાં બોલે છે એનું પ્રમાણ તમે
શોધો છો; તે તમારે સારૂ અબળ નથી, પણ તમારામાં પરાક્રમી છે. 4 કે-
મકે જો તે અબળતાથી વધસ્તંભે જડાયો, તોપણ તે દેવના પરાક્રમથી
જીવે છે; ને અમે પણ તેનામાં અબળ છીએ, પણ તમારે સારૂ દેવના
પરાક્રમથી તેની સાથે જીવીશું. 5 તમે વિશ્વાસમાં છો કે નહિ, એ વિષે
પોતાને પારખો; પોતાને તપાસો. જો તમે નાપસંદ નથી તો ઈસુ ખ્રીસ્ત
તમારામાં છે, એમ શું તમે પોતા વિષે નથી જાણતા? 6 પણ તમે જાણ-
શો કે અમે નાપસંદ નથી, એવી મારી આશા છે. 7 હવે દેવની પાસે અમે
પ્રાર્થના કરીએ છીએ કે, તમે કંઈ ભુંડું ન કરો, અમે પસંદ જણાઈએ એ
માટે નહિ, પણ એ સારૂ કે જો અમે નાપસંદ જેવા હોઈએ, તોપણ તમે
ભલુંજ કરો. 8 કેમકે સત્ય વિરુદ્ધ અમે કંઈ કરી શકતાં નથી, પણ સત્ય-
ને સારૂ. 9 કેમકે જયારે અમે અબળ છીએ, પણ તમે સબળ છો, ત્યારે
અમે હરખ પામીએ છીએ, ને તમારા સુધારાને સારૂ પણ અમે પ્રાર્થના
કરીએ છીએ. 10 એ માટે ગેરહાજર છતાં હું આ વાતો લખું છું, કે હાજર
છતાં, જે અધિકાર પ્રભુએ હાનિને સારૂ નહિ, પણ સંસ્થાપનને સારૂ
આપ્યો, તે પ્રમાણે હું કઠોર રીતે ન વર્તું. 11 છેલ્લું, ઓ ભાઈઓ, સુખી
રહો, સ્સુધ્ધી જાઓ, દિલાસો ધરો, એક મતના થાઓ, શાંતિમાં રહો, ને
પ્રીતિ તથા શાંતિનો દેવ તમારી સાથે રહેશે. 12 પવિત્ર ચુંબનથી એક
બીજાને ક્ષેમ કુશળ કહો. 13 સર્વ પવિત્રો તમને ક્ષેમ કુશળ કહે છે. 14 પ્ર-
ભુ ઈસુ ખ્રીસ્તની કૃપા તથા દેવની પ્રીતિ તથા પવિત્ર આત્માની સંગત
તમ સર્વની સાથે થાઓ. આમેન.

# ગલાતીઓને પત્ર

1 પાઉલ પ્રેરિત (માણસોનો નહિ ને માણસથી નહિ, પણ ઈસુ ખ્રી-
સ્તથી તથા દેવ બાપ જેણે તેને મુએલાંમાંથી ઉઠાડ્યો તેનાથી),
2 ને મારી સાથેના સઘળા ભાઈઓ ગલાતીઆની મંડળીઓ પર
[લખીએ છીએ]. 3 કૃપા તથા શાંતિ દેવ બાપથી તથા આપણા પ્રભુ ઈસુ
ખ્રીસ્તથી તમને થાઓ, 4 જેણે આપણા પાપને સારૂ પોતાને આપ્યો, એ
માટે કે દેવ આપણા બાપની ઈચ્છા પ્રમાણે, આ ભુંડા જગતથી તે
આપણને છોડાવે. 5 દેવ બાપને સર્વકાળ સુધી મહિમા થાઓ. આમેન.
6 મને અચરત લાગે છે કે, જેણે તમને ખ્રીસ્તની કૃપામાં બોલાવ્યા, તેની
પાસેથી તમે એટલા વહેલા જુદી સુવાર્ત્તામાં કરી જાઓ છો. 7 તે તો બી-
જી નથી, પણ જેઓ તમને ગભરાવે છે, ને ખ્રીસ્તની સુવાર્તા ઉલટાવી
નાખવા ચાહે છે, એવા કેટલાએક છે. 8 પણ જે સુવાર્ત્તા અમે તમને પ્ર-
ગટ કરી, તે વિના બીજી જો અમે અથવા આકાશનો કોઈ દૂત પણ તમ-
ને પ્રગટ કરે, તો તે શાપિત થાય. 9 જેમ અમે અગાઉથી કહ્યું, તેમ હમ-
ણાં હું ફરી પણ કહું છું, કે જે તમે પામી લીધી, તે વિના બીજી સુવાર્ત્તા
જો કોઈ તમને પ્રગટ કરે, તો તે શાપિત થાય. 10 તો હમણાં હું માણસોને
મનાવું છું કે દેવને? અથવા માણસોને સંતુષ્ટ કરવા ચાહું છું? જો હજી
સુધી મેં માણસોને સંતુષ્ટ કર્યા હોત, તો હું ખ્રીસ્તનો સેવક ન થાત.
11 પણ, ભાઈઓ, હું તમને જણાવું છું કે, જે સુવાર્ત્તા મેં પ્રગટ કરી, તે મા-
ણસ પ્રમાણે નથી. 12 કેમકે હું માણસની પાસેથી પામ્યો કે શિખ્યો
નથી, પણ ઈસુ ખ્રીસ્તના પ્રગટ કીધાથી. 13 હું યહુદી ધર્મમાં હતો, ત્યારે
જે મારી ચાલ હતી તે વિષે તો તમે સાંભળ્યું છે, કે હું દેવની મંડળીને
અતિશય સતાવતો ને એનો નાશ કરતો હતો. 14 અને મારા પિતૃઓના
સંપ્રદાય વિષે હું બહુ હોંસીલો થઈને, મારા દેશી ભાઈઓમાંના મારા
ઘણા સંઘાતીઓ કરતાં યહુદી ધર્મમાં વધારે પ્રવીણ થયો. 15 પણ દેવ
જેણે મને મારી માના પેટથી જુદો કીધો તથા પોતાની કૃપામાં મને બો-
લાવ્યો, તેને જયારે એ પ્રસન્ન પડ્યું, 16 કે પોતાનો દીકરો તે મારામાં પ્ર-
ગટ કરે, મેં માટે કે હું તેની વિદેશીઓમાં સુવાર્ત્તા પ્રગટ કરું, ત્યારેજ મેં
માંસ તથા લોહીની સલાહ લીધી નહિ, 17 ને મારાથી અગાઉ જે પ્રેરિતો
હતા તેઓની પાસે હું યરુશાલેમ ગયો નહિ, પણ અરબસ્થાનમાં ગયો,
ને ફરીથી દમસ્કમાં પાછો આવ્યો. 18 અને ત્રણ વરસ પછી કેફાની
ઓળખાણ કરવાને હું યરૂશાલેમ ગયો, ને તેની સાથે પંદર દિવસ રહ્યો;
19 પણ પ્રેરિતોમાંના બીજા કોઈને મેં દીઠો નહિ, કેવળ પ્રભુના ભાઈ યા-
કૂબને. 20 હું તમને જે લખું છું, જુઓ, તેમાં દેવની આગળ હું જુઠું કહેતો
નથી. 21 પછી હું સુરીઆના તથા કિલિકિઆના દેશોમાં આવ્યો. 22 અને
ખ્રીસ્તમાંની યહુદાહ પ્રાંતની મંડળીઓ, તેઓને હું મ્હોડે ઓળખાયો ન
હતો. 23 તેઓએ એટલુંજ સાંભળ્યું હતું કે, જે પહેલાં અમને સતાવતો
હતો, તે, જે વિશ્વાસનો નાશ અગાઉ કરતો હતો, તેને હમણાં પ્રગટ કરે
છે. 24 અને મારે લીધે તેઓએ દેવને મહિમા આપ્યો.

2 ફરી ચૌદ વરસ પછી હું બર્નાબાસની સાથે પાછો યરુશાલેમ
ગયો, ને તીતસને પણ સાથે લઈ ગયો. 2 અને હું પ્રકટીકરણ પ્ર-
માણે ગયો, ને જે સુવાર્ત્તા વિદેશીઓમાં પ્રગટ કરું છું, તે તેઓને કહી દે-
ખાડી, પણ જે પ્રસિદ્ધ હતા તેઓને ગુપ્ત રીતે, રખે હું અમથો દોડું અથવા
દોડ્યો હોઉં. 3 પણ તીતસ જે મારી સાથે હતો, તે હેલેની છતાં પણ સુ-
નત લેવાની તેને કંઈ અગત્ય પાડેલી ન હતી. 4 ગુપ્ત રીતે માંહે આવેલા
ભાઈઓને લીધે એમ થયું, જેઓ ખ્રીસ્ત ઈસુમાં આપણું જે છુટકાપણું
છે, તે શોધી જોવાને છાની રીતે માંહે આવ્યા હતા, એ માટે કે તેઓ
આપણને દાસપણામાં લાવે. 5 તેઓને અમે એક ઘડીભર પણ વશ
થઈને માન્યા નહિ, એ માટે કે સુવાર્ત્તાની સાચાઈ તમારામાં રહે. 6 અને
જે પ્રસિદ્ધ જેવા દેખાયા {તેઓ ગમે તેવા હતા, તેની મને કંઈ પરવા
નથી; દેવ કોઈ માણસનો મ્હો રાખતો નથી) - હા, જે પ્રસિદ્ધ દેખાયા, તે-
ઓએ મને કંઈ વધારે જણાવ્યું નહિ; 7 પણ ઉલટું, જયારે તેઓએ જોયું
કે, જેમ સુનતીઓને સારૂ સુવાર્ત્તા પીતરને, તેમ બેસુનતીઓને સારૂ તે
મને સોંપેલી છે, 8 {કેમકે સુનતીઓની ગમના પ્રેરિતપણાને સારૂ જેણે
પીતરને પ્રેરણા કરી, તેણે વિદેશીઓને સારૂ મને પણ પ્રેરણા કરી;) 9 ને
મને પ્રાપ્ત થએલો અનુગ્રહ જયારે તેઓએ જાણ્યો, ત્યારે યાકૂબ તથા કે-
ફા તથા યોહાન, જે થંભ જેવા દેખાતા હતા, તેઓએ મને તથા બર્નાબા-
સને મિલાપનો જમણો હાથ આપ્યો, એ માટે કે અમે વિદેશીઓની પાસે
જઈએ, ને તેઓ સુનતીઓની પાસે જાય. 10 તેઓએ એટલુંજ માગ્યું કે
અમે દરિદ્રીઓને સંભારીએ; ને એજ કરવાને હું તો આતુર હતો. 11 પણ
જયારે કેફા અંત્યોખમાં આવ્યો, ત્યારે હું તેની સામા તેણે ઉલટો થયો,
કેમકે તે દોષિત હતો; 12 કારણ કે યાકૂબની પાસેથી કેટલાએકના
આવ્યા પહેલાં, તે વિદેશીઓની સાથે ખાતો હતો, પણ તેઓ આવ્યા
પછી, સુનતીઓથી બીને તે ખુશી ગયો ને જુદો રહ્યો. 13 અને બીજા યહુ-
દીઓએ પણ તેની સાથે ઢોંગ કીધો, એવો કે બર્નાબાસ પણ તેઓના
ઢોંગથી ખેંચાઈ ગયો. 14 પણ તેઓ સુવાર્ત્તાની સાચાઈ પ્રમાણે પાધરા
ચાલતાં નથી, એ જયારે મેં દીઠું, ત્યારે મેં સહુની આગળ પીતરને કહ્યું
કે, જો તું યહુદી છતાં યહુદીઓની રીતે નહિ, પણ વિદેશીઓની રીતે ચા-
લે છે, તો વિદેશીઓને યહુદીઓની રીત પ્રમાણે વર્ત્તવાની તું અગત્ય
કેમ પાડે છે? 15 અમે જન્મસ્વભાવથી યહુદી છતાં, ને વિદેશીઓમાંના
પાપી ન છતાં; 16 એ જાણીને કે માણસ નિયમની કરણીઓથી ન્યાયી
ઠરાવાતું નથી, પણ ઈસુ ખ્રીસ્ત પરના વિશ્વાસથી, અમે પણ ઈસુ ખ્રીસ્ત
પર વિશ્વાસ કીધો, કે અમે નિયમની કરણીઓથી નહિ પણ ખ્રીસ્ત પર-
ના વિશ્વાસથી ન્યાયી ઠરાવાઈએ, કેમકે નિયમની કરણીઓથી કોઈ
પણ માણસ ન્યાયી ઠરાવાશે નહિ. 17 પણ ખ્રીસ્તમાં ન્યાયી ઠરાવાની
ઈચ્છા રાખતાં, જો અમે પોતે પાપી માલમ પડીએ, તો શું ખ્રીસ્ત પાપનો
સેવક છે? એવું ન થાય. 18 કેમકે જે મેં પાડી નાખ્યાં, તે જો ફરી બાંધુ, તો
હું પોતે ઉલ્લંઘન કરનાર છું એવું ઠરાવું. 19 કેમકે હું દેવને સારૂ જીવવાને,
નિયમથી નિયમ સંબંધી મુઓ છું. 20 હું ખ્રીસ્તની સાથે વધસ્તંભ પર
જડાયો છું, પરંતુ હું જીવું છું, તોપણ હું નહિ, પણ મારામાં ખ્રીસ્ત જીવે
છે; ને હવે દેહમાં જે મારું જીવવું છે તે દેવના દીકરા પરના વિશ્વાસથી
છે; તેણે મારા પર પ્રેમ કીધો, ને મારે સારૂં પોતાને આપ્યો. 21 હું દેવને
અનુગ્રહ નિષ્ફળ કરતો નથી, કેમકે જો ન્યાયીપણું નિયમથી હોય તો
ખ્રીસ્ત વગર કારણે મુઓ.

3 ઓ અણસમજુ ગલાતીઓ, જેઓની આંખો આગળ ઈસુ ખ્રીસ્ત
વધસ્તંભે જડાએલો, એવો તમારામાં પ્રગટ દેખાડેલો હતો, તમને
કોણે મોહિત કીધો? 2 તમારી પાસેથી હું એટલુંજ જાણવા ચાહું છું કે,
તમે નિયમની કરણીઓથી આત્મા પામ્યા, કે વિશ્વાસના સાંભળવાથી
પામ્યા? 3 શું તમે એવા અણસમજુ છો? 4 શું તમે એટલાં બધાં અવર્થા
સહ્યાં? જો કદાપિ અવર્થા હોય તો. 5 જે તમને આત્મા આપે છે, ને તમા-
રામાં ચમત્કારો કરે છે, તે શું નિયમની કરણીઓથી કે વિશ્વાસના સાંભ-
ળવાથી [કરે છે]? 6 એ પ્રમાણે ઈબ્રાહિમે દેવ પર વિશ્વાસ કીધો, ને ન્યા-
યીપણાને અર્થે તે તેણે ગણાયો. 7 માટે જાણો કે જેઓ વિશ્વાસમાં છે,
તેઓ ઈબ્રાહિમના દીકરા છે. 8 અને દેવ વિશ્વાસથી વિદેશીઓને ન્યાયી
ઠરાવશે, એ આગળથી જોઈને પવિત્ર લેખે ઈબ્રાહીમને સુવાર્તા પ્રગટ
કરી કે, તારામાં સઘળા વિદેશીઓ આશીર્વાદ પામશે. 9 એ માટે કે જેઓ
વિશ્વાસના, તેઓ વિશ્વાસુ ઈબ્રાહીમની સાથે આશીર્વાદ પામે છે 10 કેમકે
નિયમની કરણીના જેટલા છે તેટલા શાપ તળે છે, કાંજે એમ લખ્યું છે
કે, નિયમશાસ્ત્રના પુસ્તકમાં જે લખેલાં છે તે બધાં કરવા જે કોઈ ટકતો

નથી, તે શાપિત છે. 11 તો નિયમથી દવની આગળ કોઈ પણ ન્યાયી
ઠરતું નથી, એ સાફ જણાય છે, કેમકે ન્યાયી વિશ્વાસથી જીવશે. 12 પણ
નિયમ વિશ્વાસનો નથી, પણ એવો કે, જે કોઈ એ કરશે તેઓથી તે જી-
વશે. 13 ખ્રીસ્તે આપણી વતી શાપિત થઈને, નિયમના શાપથી આપણ-
ને છોડાવી લીધા, કેમકે લખ્યું છે કે, જે કોઇ સ્તંભ પર ટાંગેલો તે શા-
પિત છે; 14 એ માટે કે ઇબ્રાહીમનો આશીર્વાદ ખ્રીસ્ત ઇસુમાં વિદેશીઓ-
ને મળે, એ સારૂ કે આપણે આત્મા વિષેનું વચન વિશ્વાસથી પામીએ.
15 ભાઇઓ, હું માણસની રીત પ્રમાણે કહું છું કે, માણસના નિશ્ચે કરેલા
કરારને કોઇ રદ કરતો અથવા વધારતો નથી. 16 હવે ઇબ્રાહીમને તથા
તેના સંતાનને વચનો કહ્યાં હતાં, ને સંતાનોને એમ ઘણાં વિષે દેવ કહે-
તો નથી; પણ તારા સંતાનને, એમ એક વિષે [કહે છે] ને તે તો ખ્રીસ્ત
છે. 17 ને આ હું કહું છું કે, જે કરાર દેવે ખ્રીસ્તમાં અગાઉ નિશ્ચે કીધો, તે-
ણે, ચારસેં ત્રીસ વરસ પછીનો થએલો નિયમ રદ કરતો નથી, એવો કે
તેથી વચન અવર્થા કરાય. 18 કેમકે જે વારસો નિયમથી છે, તો વચનથી
નથી; પણ દેવે વચનથીજ ઇબ્રાહીમને તે આપ્યો. 19 તો નિયમ શા માટે
છે? તે ઉલ્લંઘનોને લીધે આપેલો હતો; જે સંતાનને વચન અપાયું તે
આવે ત્યાં લગણ તે આપેલો હતો; ને તે મધ્યસ્થને હાથે, દૂતોને હાથે
સ્થાપન કરાએલો હતો. 20 મધ્યસ્થ તો એકનો નથી, પણ દેવ એક છે.
21 ત્યારે શું નિયમનો દેવના વચનોથી ઉલટો છે? એવું ન થાય, કેમકે જે
જીવન આપી શકે એવો નિયમ જો આપ્યો હોત, તો નિશ્ચે નિયમથી
ન્યાયીપણું થાત. 22 પણ પવિત્ર લેખે બધાંઓને પાપમાં બંધ કર્યા, એ
માટે કે ઇસુ ખ્રીસ્ત પરના વિશ્વાસથી જે વચન, તે વિશ્વાસ કરનારાઓને
અપાય. 23 પણ વિશ્વાસ આવ્યા પહેલાં, આપણે નિયમ તળે રખાઈને,
જે વિશ્વાસ પ્રગટ થનાર હતો, તેને સારૂ બંધ કરાએલા હતા. 24 એ પ્રમા-
ણે આપણને ખ્રીસ્તની ભણી પહોંચાડવા સારૂ નિયમશાસ્ત્ર આપણો
બાળશિક્ષક હતો, એ માટે કે આપણે વિશ્વાસથી ન્યાયી ઠરીએ. 25 પણ
વિશ્વાસ આવ્યો ત્યાર પછી આપણે બાળશિક્ષકના હાથતળે નથી.
26 કેમકે તમે બધા ખ્રીસ્ત ઇસુ પરના વિશ્વાસથી દેવના દીકરા છો; 27 કે-
મકે તમારામાંના જેટલા ખ્રીસ્તમાં બાપ્તિસ્મા પામ્યા તેટલાએ ખ્રીસ્તને
પહેર્યો. 28 કોઇ યહુદી નથી કે હેલેની નથી, કોઇ દાસ નથી કે સ્વતંત્ર
નથી, કોઇ પુરુષ નથી ને બાયડી નથી, કેમકે તમે બધા ખ્રીસ્તમાં એક
છો. 29 અને જો તમે ખ્રીસ્તના છો, તો તમે ઇબ્રાહીમના સંતાન, ને વચન
પ્રમાણે વારસ છો.

4 અને હું કહું છું કે વારસ જ્યાં સુધી બાળક છે, ત્યાં સુધી સઘળા-
નો ધણી છતાં પણ દાસમાં ને તેનામાં કંઇ ફેર નથી; 2 પણ બાપ-
ના ઠરાવેલા વખત સુધી વાલીઓ તથા કારભારીઓને આધીન છે. 3 એ
પ્રમાણે આપણે પણ જયારે બાળક હતા, ત્યારે જગતના તત્વ તળે
રહીને દાસપણામાં હતા. 4 પણ સમયની સંપૂર્ણતા આવી, ત્યારે દેવે
પોતાનો દીકરો બાયડીથી જન્મેલો, ને નિયમતળે જન્મેલો, એવો મોક-
લ્યો, 5 કે નિયમતળે જેઓ હતા, તેઓને તે છોડાવી લે, એ માટે કે
આપણે દત્તકપુત્રપણું પામીએ. 6 અને તમે દીકરા છો, એ માટે દેવે
આપણા હૃદયમાં પોતાના દીકરાનો આત્મા મોકાયો છે, જે આબ, બાપ,
એમ હાંક મારે છે. 7 એ સારૂં હવેથી તું દાસ નથી પણ દીકરો, ને જો તું
દીકરો, તો દેને આસરે વારસ પણ છે. 8 પણ જયારે તમે દેવને જાણતા
નહોતા, ત્યારે સ્વભાવે જે દેવો નથી, તેઓની સેવા તમે કરતા હતા;
9 પણ હમણાં તમે દેવને જાણીને, અથવા તેથી વિશેષ દેવથી જણાએ-
લા થઈને, આ નબળા તથા દરિદ્રી તત્વનું દાસપણું ફરી પહેલાંની પેઠે
ચાહીને, તેઓની ભણી બીજી વાર શા માટે ફરો છો? 10 તમે દહાડાઓ
તથા મહિનાઓ તથા સમયો તથા વરસો પાળો છો. 11 તમારે વિષે માને
ભય લાગે છે, રખે કદાપિ તમારા પર મેં અમથો શ્રમ કીધો હોય. 12 ઓ
ભાઇઓ, હું તમને વિનંતી કરું છું કે, તમે મારા સરખા થાઓ, કેમકે હું
તમારા સરખો છું; તમે મારો કંઈ અન્યાય કીધો નથી. 13 અને તમે જાણો
છો કે, પહેલાં મેં દેહના નબળાપણાથી તમને સુવાર્ત્તા પગત કીધી.
14 અને મારા શરીરમાં જે તમારૂં પરીક્ષણ હતું, તેની નિંદા તથા ધિક્કાર
તને કીધો નહિ, પણ જેમ દેવના દૂતનો, હા, જેમ ખ્રીસ્ત ઇસુનો, તેમ
મારો અંગીકાર કીધો. 15 તો [મારા સંબંધીની] તમારી ધન્યતા ક્યાં છે?
કેમકે હું તમારી વિષે શહીદી આપું છું કે જો થઇ શકત, તો તમે તમારી
આંખો કાઢીને મને આપત. 16 ત્યારે શું સાચું બોલવાથી હું તમારો વૈરી
થયો? 17 તેઓ તમારે વિષે આસ્થા રાખે છે, સારી રીતે તો નહિ; પણ
તેઓ તમને જૂદા કરવા ચાહે છે, એ માટે કે તમે તેઓ વિષે આસ્થા રા-
ખો. 18 પણ સારા કામમાં હરવખત આસ્થા રાખવી એ સારૂં છે, ને હું
તમારી સાથે હાજર હોઉં કેવળ ત્યાં સુધીજ નહિ. 19 ઓ મારાં નાનાં છો-
કરાં, ઇસુ ખ્રીસની પ્રતિમા તમારામાં ઉત્પન્ન થાય, ત્યાં સુધી તમારે સારૂ
જણવાનું કષ્ટ મને ફરીથી થાય છે. 20 અને હમણાં તમારી પાસે હાજર
થવાની, ને મારી વાણી બદલવાની મારી ઈચ્છા છે, કેમકે તમારે વિષે
મને સંદેહ છે. 21 નિયમ તળે થવાને ચાહનારાઓ, તમે શું નિયમ સાંભ-
ળતા નથી, તે મને કહો? 22 કેમકે એમ લખ્યું છે કે, ઇબ્રાહીમને બે દીકરા
હતા, એક દાસીનો, ને બીજો સ્વતંત્રણીનો. 23 પણ જે દાસીનો તે દેહ
પ્રમાણે જન્મેલો, ને જે સ્વતંત્રણીનો તે વચન પ્રમાણે. 24 તેઓ ઉપમા-
રૂપ છે; કેમકે તેઓ બે કરાર છે, એક તો સિનાય પહાડથી, તે દાસપણા-
ને સારૂ જન્માવે છે, એજ હાગાર છે. 25 કેમકે હાગાર અરબસ્થાનમાંનો
સિનાય પહાડ છે, ને તે હાલના યરુશાલેમને અનુરૂપ છે, કેમકે તે પો-
તાનાં છોકરાં સુદ્ધાં દાસપણામાં છે. 26 પણ ઉપરનું યરૂશાલેમ સ્વતંત્ર
છે, તે આપણ સઘળાની મા છે; 27 કેમકે એમ લખ્યું છે કે, ઓ વાંઝણી,
જે જણતી નથી, તે તું આનંદ કર; જે જણવાની પીડા પામતી નાતી તે
તું હાંક મારીને બૂમ પાડ, કેમકે જેને વર છે તેનાં છોકરાં કરતાં છડીના
ઘણા છે. 28 અને ઓ ભાઇઓ, આપણે ઈસ્હાકની પેઠે વચનનાં છોકરાં
છીએ. 29 પણ તે વખત દેહ પ્રમાણે જે જન્મેલો, તેણે જેમ આત્મા પ્રમા-
ણે જન્મેલાને સતાવ્યો; તેમ હમણાં પણ છે. 30 પણ પવિત્રલેખ શું કહે
છે? દાસીને તથા તેના દીકરાને કાઢી મુક, કેમકે દાસીનો દીકરો સ્વતંત્ર-
ણીના દીકરાની સાથે વારસો નહિ પામશે. 31 માટે, ભાઇઓ, આપણે
દાસીનાં છોકરાં નથી, પણ સવાતંત્રણીના છીએ.

5 મોકળાપણાને સારૂ ખ્રીસ્તે આપણે મોકળાપણું આપ્યું છે; માટે
તેમાં ટકો, ને ફરીથી દાસપણાની ઝુંસરી તળે ન જોડાઓ. 2 જુઓ,
હું પાઉલ તમને કહું છું કે, જો તમે સુનત લો છો, તો તમને ખ્રીસ્ત કંઇ
ગુણકારી નથી. 3 અને હરેક સુનત લેનાર માણસને હું ફરીથી શાહેદી
આપું છું કે, તે આખું નિયમશાસ્ત્ર પાળવાને દેવાદાર છે. 4 તમારામાંના
જેટલા નિયમથી ન્યાયી ઠરો છો તેટલા ખ્રીસ્તથી અળગા થયા, તમે કૃ-
પામાંથી નીકળી ગયા છો. 5 કેમકે અમે વિશ્વાસથી ન્યાયીપણાની
આશાની રાહ આત્માએ જોઇએ છીએ. 6 કેમકે ખ્રીસ્ત ઇસુમાં સુનત
ઉપયોગી નથી, ને બેસુનત પણ નથી, પણ જે વિશ્વાસ પ્રેમની મારફતે
કાર્યકારક છે તે ઉપયોગી છે. 7 તમે સારી રીતે દોડ્યા હતા, તમને કોણે
રોક્યા કે તમે સત્ય ન માનો? 8 એ મનાવવું તમારા બોલાવનારથી
નથી. 9 થોડું ખમીર આખા લોદાંને ખમીરી કરે છે. 10 તમારા પર પ્રભુમાં
મને ભરોસો છે, કે તમે બીજો ભાવ નહિ કરશો; ને તમને ગભરાવનાર જે
કોઈ હશે, તે દંડ ભોગવશે. 11 અને ભાઇઓ, જો હું હજી સુધી સુનત[નો
નિયમ] પ્રગટ કરું છું, તો હજી સુધી મને સતાવણી કેમ થાય છે? ત્યારે
વધસ્તંભની ઠોકર માટી ગઈ છે. 12 મારી ઈચ્છા એવી છે કે, જેઓ તમને
ઉલટાવે છે, તેઓ પોતાને કાપી નાખે. 13 કેમકે, ભાઇઓ, તમે મોકળા-
પણું પામવાને બોલાવેલા હતા, તે મોકળાપણું દેહના નિમિત્તને સારૂ ન
લો, પણ પ્રેમથી એક બીજાની સેવા કરો. 14 કેમકે આખો નિયમ એક
વાતમાં પુરો થાય છે, એટલે, તું જેમ પોતા પર તેમ તારા પડોસી પર
પ્રેમ કર. 15 પણ જો તમે એક બીજાને કરડો તથા ખાઇ જાઓ, તો સાવ-
ધાન થાઓ, રખે કદાપિ તમે એક બીજાથી નાશ પામો. 16 અને હું તમને
કહું છું કે આત્માએ ચાલો, અને તમે દેહના વિષય પુરા કરશો નહિ.
17 કેમકે દેહ આત્માથી ઉલટી ઈચ્છા કરે છે, ને આત્મા દેહથી ઉલટી, ને
તેઓ પરસ્પર વિરુદ્ધ છે, એવા કે જે તમે ચાહો તે તમે કરતાં નથી.
18 પણ જો તમે આત્માએ ચલાવેલા છો, તો તમે નિયમ તળે નથી.
19 દેહના કામ તો પ્રગટ છે, એટલે છિનાળું, અશુદ્ધતા, કામાતુરપણું,
20 મૂર્તિભક્તિ, માયાક્રિયા, વૈર, કજીઆ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, ફાટફૂટો,
તડ, 21 અદેખાઈ, છાકટાઈ, વિલાસ તથા એમના જેવાં જે કામો તે,
તેઓ વિષે જેમ પહેલાં મેં કહ્યું તેમ હમણાં તમને ચેતાવું છું, કે જેઓ
એવા કામ કરે છે તેઓ દેવના રાજ્યનો વરસો પામનાર નથી. 22 પણ
આત્માનું ફળ એ છે કે, પ્રેમ, આનંદ, શાંતિ, સહનતા, માયાળુપણું,
ભલાઇ, વિશ્વાસ, 23 નમ્રતા, સ્વદમન, એવાને ઉલટો કોઈ નિયમ નથી.
24 અને જે ખ્રીસ્તના છે, તેઓએ દેહને તેના વિષય તથા ઈચ્છાઓ સુદ્ધાં

વધસ્તંભે દીધો છે. 25 જો આપણે આત્માએ જીવીએ, તો આત્માએ ચા-
લીએ પણ. 26 આપણે એક બીજાને ખીજવતાં તથા એક બીજા પર અદે-
ખાઇ રાખતાં અમથી આબરૂ ન શોધીએ.

6 ભાઈઓ, જો કોઇ માણસ કોઇ અપરાધમાં આવી પડે, તો તમે, જે
આત્મિક છો તેઓ, એવાને નમ્રતાની આત્માથી યથાસ્થિત કરો;
તું પોતા સંબંધી ચિંતા રાખ, રખે તું પણ પરીક્ષણમાં પડે. 2 તમે એક
બીજાના ભાર ઉંચકો, ને એમ ખ્રીસ્તનો નિયમ પુરો કરો. 3 કેમકે કોઇ
કંઈ ન છતાં, હું કંઈ છું, એમ જો ધારે છે, તો તે પોતાને ભુલાવે છે. 4 પણ
હરેક માણસ પોતાનું કામ તપાસે, ત્યારે બીજામાં નહિ, પણ પોતામાં
તેને અભિમાનનું કારણ થશે; 5 કેમકે હરેક પોતપોતાનો બોજ ઉંચકશે.
6 વાત વિષે જે શિખનાર તેણે શિખવનારને સઘળાં સારાં વાનાંમાંથી હિ-
સ્સો આપવો. 7 ભૂલો મા, દેવના ઠઠ્ઠા કરાતા નથી; કોઇ માણસ જે કંઇ
વાવે તેજ તે લણશે; 8 કેમકે પોતાના દેહને સારૂ જે વાવે, તે દેહથી વિ-
નાશ લણશે; પણ આત્માને સારૂ જે વાવે, તે આત્માથી અનંતજીવન
લણશે. 9 તો સારૂં કરતાં આપણે થાકવું નહિ; કેમકે જો કાયર ન થઈએ,
તો ઠીક વખતમાં લણીશું. 10 એ માટે આપણે જેમ પ્રસંગ મળે તેમ
બધાઓનું, પણ વિશેષે કરીનને વિશ્વાસના કુટુંબના જે છે તેઓનું સારૂ
કરીએ. 11 જુઓ, મેં મારે પોતાને હાથે કેવડા અક્ષરોથી તમને લખ્યું છે.
12 દેહ વિષે જેટલા સારૂં નામ ચાહે છે, તેટલા તમારી સુનતની અગત્ય
ઠરાવે છે, પણ કેવળ એ માટે કે તેઓ ખ્રીસ્તના વધસ્તંભે લીધે સતાવ-
ણી ન પામે. 13 કેમકે જે સુનતી થએલા તેઓ પોતે નિયમને પાળતા
નથી; પણ તમારા દેહમાં તેઓ અભિમાન કરે, એ માટે તેઓ તમારી સુ-
નત થાય એવું ચાહે છે. 14 પણ એમ ન થાઓ કે, આપણા પ્રભુ ઈસુ
ખ્રીસ્તના વધસ્તંભ શિવાય હું બીજા કશામાં અભિમાન કરૂં, તેથી મારા
સંબંધી જગત વધસ્તંભે દીધેલું છે, ને જગત સંબંધી હું. 15 કેમકે સુનત
કંઈ નથી, ને બેસુનત પણ નથી; પણ નવી ઉત્પત્તિ [કામની] છે. 16 જે-
ટલા આ નિયમ પ્રમાણે ચાલે છે, તેટલા પર તથા દેવના ઈસ્રાએલ પર
શાંતિ તથા દયા થાઓ. 17 હવેથી કોઇ મને તસ્દી ન દે, કેમકે પ્રભુ ઈસુ-
નાં ચિન્હ મારા શરીરમાં ધારણ કીધેલાં છે. 18 ભાઈઓ, આપણા પ્રભુ
ઈસુ ખ્રીસ્તની કૃપા તમારા આત્માની સાથે થાઓ. આમેન.

# એફેસીઓને પત્ર

1 એફેસસમાં જે પવિત્રો તથા ખ્રીસ્ત ઈસુમાં જેઓ વિશ્વાસુ છે તે-
ઓને, પાઉલ, દેવની ઈચ્છાથી ઈસુ ખ્રીસ્તનો પ્રેરિત [લખે છે].
2 દેવ આપણા બાપ તથા પ્રભુ ઈસુ ખ્રીસ્તથી તમને કૃપા તથા શાંતિ
થાઓ. 3 આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તનો દેવ તથા બાપ સ્તુતિવાન થાઓ;
તેણે આકાશથી જગ્યાઓમાં પ્રત્યેક આત્મિક આશીર્વાદથી આપણને
ખ્રીસ્તમાં આશીર્વાદિત કીધા છે; 4 જેમ તેણે જગતની મંડાણની અગાઉ
આપણને એનામાં પસંદ કર્યા છે, એ સારૂ કે આપણે તેની આગળ પ્રી-
તિમાં પવિત્ર તથા નિર્દોષ થઈએ તેમ. 5 તેણે પોતાની ઈચ્છાની પ્રસન્ન-
તા પ્રમાણે, પોતાને સારૂ, આપણને ઈસુ ખ્રીસ્તમાં દત્તપુત્રપણું પામવા-
ને અગાઉ ઠરાવ્યા, 6 કે તેની કૃપાના મહિમાની સ્તુતિ થાય; ને કૃપા તે-
ણે વહાલામાં આપણને મફત આપી. 7 એમાં, એના લોહીની આસરે, તે-
ની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી છે. 8 એ
કૃપા તેણે સર્વ જ્ઞાનમાં તથા વિવેકમાં અમારા પર બહુ વધારી છે. 9 તે-
ણે, પોતામાં અગાઉ ઠરાવેલી પોતાની પ્રસન્નતા પ્રમાણે, પોતાની
ઈચ્છાનો મર્મ અમને જણાવ્યો, 10 કે સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થા-
માં, આકાશમાંના તથા પૃથ્વી પરના સઘળાને ખ્રીસ્તમાં તે એકઠાં કરે,
હા ખ્રીસ્તમાં; 11 જેનામાં આપણે તેનો વરસો કરાયા; જે પોતાની ઈચ્છા-
ના ઈરાદા પ્રમાણે સર્વ કરે છે, તેના ઠરાવ પ્રમાણે, આપણે અગાઉ ઠરા-
વેલા હતા; 12 એ સારૂ કે ખ્રીસ્ત પાર પ્રથમ આશા રાખનારા અમે તેના
મહિમાની સ્તુતિને સારૂ થઈએ. 13 તમે પણ, સત્યનું વચન એટલે
તમારા તારણની સુવાર્તા સાંભળીને, ને તેના પર વિશ્વાસ લાવીને, તે-
નામાં વચનના પવિત્ર આત્માથી મુદ્રિત થયા; 14 એ આત્મા ખરીદાએ-
લાઓના ઉદ્ધાર સંબંધી પ્રભુના મહિમાને અર્થે આપણા વારસાનું બ્યાનું
છે. 15 એ માટે હું પણ, પ્રભુ ઈસુ પર તમારા વિશ્વાસ તથા સઘળા પવિ-
ત્રો પર તમારા પ્રેમ વિષે સાંભળીને, 16 તમારે વાસ્તે ઉપકાર માનવાનું
ચૂકતો નથી; મારી પ્રાર્થનાઓમાં તમારું સ્મરણ કરીને માંગુ છું કે,
17 આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તનો દેવ, મહિમાનો બાપ, પોતાન વિષેના
જ્ઞાનને સારું બુદ્ધિનો તથા પ્રકટીકરણનો આત્મા તમને આપે; 18 ને
તમારા મનની આંખો એ સારૂ પ્રકાશિત થાય, કે તેના નહોતરાની આશા
શી છે, ને પવિત્રોમાં તેના વારસાના મહિમાની સંપત્તિ શી છે, 19 અને
તેની બળવાન શક્તિના પરાક્રમ પ્રમાણે હમ વિશ્વાસ કરનારાઓમાં તે-
ની શક્તિનું મોટાપણું શું છે, તે તમે જાણો. 20 તેણે તે પરાક્રમ ખ્રીસ્તમાં
કરીને તેને મુએલાંઓમાંથી ઉઠાડ્યો, 21 અને સઘળી સત્તા તથા અધિ-
કાર તથા પરાક્રમ તથા ઘણીપણું તથા પ્રત્યેક નામ જે કેવળ આ કાળ-
માં નહિ, પણ ભવિષ્ય કાળમાં કહેલું તેમના ઉપર, પોતાની જમણીગમ
આકાશી જગ્યાઓમાં તેણે બેસાડ્યો. 22 અને સઘળાં તેના પગો તળે
નાખ્યાં, ને તેને સર્વ પર મંડળીનું શીર કરીને ઠેરવ્યો; 23 મંડળી તો તેનું
શરીર છે, એટલે જે સઘળાએ સઘળાંને ભરે છે તેનું ભરપુરપણું.

2 અને તમે અપરાધોમાં તથા પાપોમાં મુએલા હતા, ત્યારે [તેણે
તમને જીવતા કીધા]; 2 તેમાં તમે આ જગતના ધોરણ પ્રમાણે
અંતરિક્ષની સત્તાના અધિકારી, એટલે જે આત્મા આજ્ઞાભંજનના દીક-
રાઓમાં હમણાં જોર કરે છે, તે પ્રમાણે પહેલાં ચાલતા; 3 તેઓમાં આપ-
ણ સઘળા આપણા દેહની ઈચ્છાઓથી પહેલાં ચાલતાં હતા, ને દેહની
તથા મનની વાસનાઓ પ્રમાણે કરતા હતા તથા મૂળ સ્થિતિએ બીજા-
ઓના જેવાં કોપનાં છોકરાં હતાં. 4 પણ દેવ જે દયામાં ભરપુર છે તેણે,
જે પ્રીતિ આપણા પર કીધી, તે પોતાની ઘણી પ્રીતિને લીધે, 5 આપણે
પાપમાં મુએલા હતા ત્યારે ખ્રીસ્તની સાથે આપણને જીવતા કીધા (કૃ-
પાથી તમે તારણ પામેલા છો); 6 ને સાથે ઉઠાડ્યા, ખ્રીસ્ત ઈસુથી
આકાશી જગ્યાઓમાં તેની સાથે બેસાડ્યા; 7 એ સારૂ કે ખ્રીસ્ત ઈસુમાં
આપણા પર તેની દયાથી તે આવતા યુગોમાં પોતાની કૃપાની અતિ
ઘણી સંપત દેખાડે. 8 કેમકે તમે કૃપાએ વિશ્વાસને આસરે તારણ પામે-
લા છો, ને એ તમારાથી નથી, દેવનું દાન છે; 9 કરણીઓથી નહિ, રખે
કોઈ અભિમાન કરે; 10 કેમકે સારી કરણીઓ કરવાને ખ્રીસ્ત ઈસુમાં
ઉત્પન્ન કીધેલા, આપણે તેનું કૃત્ય છીએ; તેઓ વિષે દેવે અગાઉ એમ
ઠરાવ્યું કે, આપણે તેઓમાં ચાલીએ. 11 એ માટે યાદ રાખો કે, દેહ
સંબંધી હાથે કરેલા સુનતી કહેવાએલાઓથી જેઓ બેસુનતી કહેવાય છે
એવા તમે પહેલા દેહ સંબંધી વિદેશી હતા; 12 ને તે સમયે તમે ખ્રીસ્તર-
હિત ઈસ્રાએલના પ્રજાપણાની નોખા તથા વચનના કરારથી પારકા,
આશારહિત તથા દેવ હીન, એવા જગતમાં હતા. 13 પણ હમણાં ખ્રીસ્ત
ઈસુમાં તમે જે પહેલાં દૂર હતા તે તમે ખ્રીસ્તના લોહીથી પાસે થયા છો.
14 કેમકે તે આપણું શાંત્યાસ્પદ છે, તેણે બેઉનું એક કીધું, ને વચલી
આડી ભીંત પાડી નાખી છે; 15 તેણે પોતાના દેહથી વેર, એટલે વિધિ-
ઓમાંની આજ્ઞાઓનો નિયમ, રદ કીધું, એ સારૂ કે સલાહ કરીને પોતા-
માં તે બેનું એક નવું માણસ સૂજે; 16 અને કે વધસ્તંભે વેરને મારી ના-
ખીને ને આસરે તે એક શરીરમાં દેવની સાથે બેહુનો મેળાપ કરાવે.
17 અને તેણે આવીને તમ વેગળાઓને તથા જે પાસે હતા તેઓને સુવા-
ર્તા પ્રગટ કીધી; 18 કેમકે તેને આસરે એક આત્માથી આપણ બેહુને બા-
પની પાસે પ્રવેશ છે. 19 એ માટે તમે હવે પારકા તથા વિદેશી નથી, પણ
પવિત્રોની સાથેના એક નગરના તથા દેવના ઘરનાં છો. 20 પ્રેરિતો તથા
ભવિષ્યવાદીઓના પાયા પર બંધાએલા છો; ઈસુ ખ્રીસ્ત પોતે તો ખુ-
ણાનું મથાળું છે; 21 એમાં દરેક બાંધણી જોડાએલી થવાની પ્રભુમાં
પવિત્ર મંદિર વધતું જાય છે; 22 તેમાં તમે પણ દેવના રહેવા સારૂ
આત્માએ સાથે બંધાએલા છો.

3 એ કારણ માટે, હું પાઉલ તમ વિદેશીઓને વાસ્તે ખ્રીસ્ત ઈસુનો
બંધીવાન, 2 દેવની જે કૃપા તમારે સારૂ મને અપાએલી છે, તેના
કારભાર વિષે તમે સાંભળ્યું હશે કે, 3 પ્રકટીકરણથી તેણે મને મર્મ
જણાવ્યો; તે પ્રમાણે મેં અગાઉ થોડામાં લખ્યું; 4 તેથી તમે વાંચીને ખ્રી-
સ્તના મર્મ વિષેની મારી સમાજ જાણી શકશો. 5 તે જેમ હમણાં તેના
પવિત્ર પ્રેરીતોને તથા ભવિષ્યવાદીઓને આત્માથી પ્રગટ થએલો છે,
તેમ બીજી પેઢીઓમાં માણસના દીકરાઓને તે જણાએલો ન હતો, 6 કે
વિદેશીઓ, ખ્રીસ્ત ઈસુમાં સુવાર્તાને આસરે, સાથી વારસો, તથા શરીર-
નાં સાથીઅવયવો, તથા તેના વચનના સાથીભાગીદારો છે; 7 દેવના
સામર્થ્યના પ્રક્રેમે કરીને, તેની કૃપાનું દાન જે મને અપાએલું હતું તે પ્ર-
માણે, હું આ સુવાર્તાનો સેવક થએલો છું. 8 હું પવિત્રોમાંના નાનાઓ-
માંનો નાનો છતાં આ કૃપા મને આપેલી છે કે, હું વિદેશીઓમાં ખ્રીસ્તની
અશોધ્ય સંપતની સુવાર્તા પ્રગટ કરું; 9 ને દેવ જેણે બધા સૃજ્યાં, તેના-
માં યુગોથી ગુપ્ત રહેલા મર્મનો કારભાર શો છે તે હું સઘળાને જણાવું.
10 એ સારૂ કે જે સનાતન કાળનો ઈરાદો તેણે આપણા પ્રભુ ખ્રીસ્ત ઈસુ-
માં કીધો, 11 તે પ્રમાણે આકાશી જગ્યાઓમાં અધિપતિઓને તથા
અધિકારીઓને દેવનું બહુ પ્રકારનું જ્ઞાન મંડળીને આસરે જણાય. 12 તે
[ખ્રીસ્ત ઈસુ]માં તે પરના વિશ્વાસથી આપણને હિમ્મત તથા ભરોસા
સહિત પ્રવેશ છે. 13 એ માટે હું માંગુ છું કે, તમારે સારૂ જે મારી વિપત્તિ
તેથી તમે નિર્ગત ન થાઓ, તે વિપત્તિ તમારો મહિમા છે. 14 એ કારણ
માટે બાપ, 15 જેનાં નામથી આકાશમાં તથા પૃથ્વી પર સર્વ કુટુંબોને
નામ અપાએલું છે, 16 તેની આગળ હું ઘૂંટણું ટેકવું છું, કે તે પોતાના
મહિમાની સંપત પ્રમાણે તમને એવું આપે, કે તમે તેના આત્માને આસ-
રે માંહેના માણસપણામાં સામર્થ્યથી બળવાન થાઓ; 17 ને વિશ્વાસથી
તમારાં હૃદયોમાં ખ્રીસ્ત વસે; એ માટે કે પ્રીતિમાં જડ તથા પાયા ઘાલી-

ને, 18 સર્વ પવિત્રોની સાથે [ખ્રીસ્તની પ્રીતિની] ચોડાઈ તથા લંબાઈ
તથા ઉંચાણ તથા ઉંડાણ કેટલાં છે તે તમે સમજી શકો, 19 ને ખ્રીસ્તની
પ્રીતિ જે જાણ્યા કરતાં અધિક છે તે પણ તમે જાણી શકો; કે તમે દેવના
સર્વ ભરપુરપણામાં ભરપુર થાઓ. 20 હવે આપણે માગીએ કે કલ્પીએ
તે કરતાં, જે, આપણામાં કરેલા સામર્થ્ય પ્રમાણે, આપણને ઘણું પુષ્કળ
કરી શકે છે, 21 તેને ખ્રીસ્ત ઈસુમાં તથા મંડળીમાં સર્વકાળ સુધી પેઢી
દર પેઢી મહિમા થાઓ. આમેન.

4 એ માટે હું પ્રભુને સારૂ બંદીવાન, તમને વિનંતી કરૂં છું, કે જે તે-
ડાથી તમે તેડાયા છો, તેને લાયક ચાલો; 2 સર્વ લીનતા તથા
નમનતાઈ તથા સહનશીલપણું રાખીને પ્રેમથી એક બીજાને ખામો;
3 સલાહના બંધને આત્માની ઐક્યતા રાખવાનું યત્ન કરો. 4 એક શરીર
તથા એક આત્મા છે, જેમ તને તમારા તેડાની એક આશામાં તેડાએલા
છો તેમ; 5 એક પ્રભુ, એક વિશ્વાસ, એક બાપ્તિસ્મા, 6 એક દેવ એટલે
સર્વનો બાપ, તે સર્વ ઉપર તથા સર્વ વડે તથા સર્વમાં છે. 7 આપણા-
માંના હરેકને ખ્રીસ્તના દાનના પરિમાણ પ્રમાણે કૃપા અપાએલી છે.
8 એ માટે તે કહે છે કે, ઉંચાણમાં ચઢીને, તે બંદીવાનોને બંધ કરીને લઇ
ગયો તથા તેણે માણસોને દાન આપ્યાં. 9 તે ચઢ્યો, એ શું છે? શું એ
નહિ, કે પ્રથમ તે પૃથ્વીના નીચા ભાગોમાં ઉતાર્યો? 10 જે ઉતર્યો તે એ
છે કે, જે સર્વ આકાશો પર ચઢ્યો, કે તે સર્વને ભરપુર કરે. 11 અને પવિ-
ત્રોની સંપૂર્ણતા કરવાને અર્થ, સેવાના કામને સારૂ ખ્રીસ્તના શરીરનું
સંસ્થાપન કરવા સારૂ, 12 તેણે કેટલાએક પ્રેરિતો, કેટલાએક ભવિષ્ય-
વાદીઓ, કેટલાએક સુવાર્તિકો, ને કેટલાએક પાળકો તથા ઉપદેશકો
આપ્યા; 13 ત્યાં સુધી કે આપણે સહુ દેવના દીકરા પરના વિશ્વાસ તથા
જ્ઞાનની ઐક્યતામાં સંપૂર્ણ પુરષપણાને, એટલે ખ્રીસ્તની સંપૂર્ણતાના
કદના પરિમાણને પાહોંચીએ; 14 એ સારૂ કે હવેથી આપણે માણસોની
ઠગાઈથી, ભુલાવવાની યુક્તિના કપટથી, દરેક મતના પવનથી હલા-
વાએલાં તથા ફેરવાએલાં બાળકો ન હોઈએ. 15 પણ પ્રેમથી સત્ય રાખી-
ને, ખ્રીસ્ત જે શિર, તેમાં સર્વ પ્રકારે વધીએ; 16 એથી આખું શરીર, હરેક
સાંધાને આસરે રચાએલું તથા જોડાએલું, પરિમાણથી પ્રત્યેક અંગની
શક્તિ પ્રમાણે, પ્રેમમાં પોતાના સંસ્થાપનને સારૂ શરીરની વૃદ્ધિ કરે છે.
17 એ માટે હું કહું છું તથા પ્રભુમાં શાહેદી આપું છે કે, જેમ બીજા વિદે-
શીઓ પોતાના મનના અવર્થાપણામાં ચાલે છે, તેમ હવેથી તમે ન ચા-
લો; 18 તેઓ બુદ્ધિ વિષે અંધરાએલા છતાં તેઓના હૃદયના કઠણપણા-
થી પોતામાં જે અજ્ઞાનતા છે, તેણે કરીને દેવના જીવનથી વેગળા છે.
19 એઓએ જડ થઈને આતુરતાથી સર્વ અશુદ્ધતાની કરણીને સારૂ, પો-
તાને કામાતુરપણાને સોંપ્યાં 20 પણ તમે એ પ્રમાણે ખ્રીસ્તને શિખ્યા
નથી, 21 જો એમ હોય કે તમે તેનું સાંભળ્યું તથા ઈસુમાં જે સત્ય છે તે
પ્રમાણે તમે તે વિષેની શિખામણ પામ્યા, 22 કે તમારે પહેલાની વર્ત્ત-
ણુંકનું જુનું માણસપણું, જે કપટના વિષયો પ્રમાણે ભ્રષ્ટ થતું જાય છે
તે ઉતારવું; 23 ને તમારા મનના આત્મામાં નવાપણું પામવું; 24 ને નવું
માણસપણું જે દેવ પ્રમાણે ન્યાયીપણામાં તથા સત્યની શુદ્ધતામાં સૃ-
જેલું તે પહેરવું. 25 એ માટે જુઠાપણું દૂર કરીને પ્રત્યેક પોતાની પડોસી-
ની સાથે સત્ય બોલો; કેમકે આપણે એક બીજાના અવયવો છીએ.
26 ગુસ્સે થાઓ, પણ પાપ ન કરો; તમારા ગુસ્સા પર સૂર્યને આથમવા
ન ડો; 27 ને શેતાનને જગ્યા ન આપો. 28 જે ચોરી કરનાર તેણે હવેથી
ચોરી ન કરવી; પણ તે કરતાં હાથોએ સારૂં કરીને ઉદ્યોગ કરવો, એ સારૂં
કે જેને ગરજ છે તેને આપવાનું પોતાની પાસે હોય. 29 તમારા મુખમાંથી
કંઈ મલિન વાત નહિ, પણ જે અગત્યના સુધારાની હોય તેજ નીકળે, કે
તેથી સાંભળનારાઓને કૃપા પ્રાપ્ત થાય. 30 અને દેવનો પવિત્ર આત્મા,
જેણે તમને ઉદ્ધારના દહાડાને સારૂ મુદ્રિત કીધા, તેણે ખેદિત ન કરો.
31 સર્વ કડવાસ તથા ક્રોધ તથા કોપ તથા ગડબડ તથા નિંદા સર્વ
ભુંડાઇ સુદ્ધાં, તમારાથી દૂર કરો. 32 પણ તમે એક બીજા પર ઉપકારી,
કરૂણારૂપ થાઓ, ને જેમ ખ્રીસ્તમાં દેવે પણ તમને માફ કીધું તેમ તમે
એક બીજાને માફ કરો.

5 એ માટે તમે પ્રિય બાળકોની પેઠે દેવને અનુસરનારા થાઓ; 2 ને
પ્રેમમાં ચાલો, જેમ ખ્રીસ્તે પણ આપણા પર પ્રીતિ કીધી, ને દેવ-
ની આગળ સુગંધના વાસને અર્થે, આપણે વાસ્તે અર્પણ તથા યજ્ઞ
થવાને પોતાને આપ્યો તેમ. 3 પણ વ્યભિચાર તથા સર્વ અશુદ્ધતા
અથવા દ્રવ્યલોભ, એઓનાં નામ તમારે કદી ન લેવાં, એમજ પવિત્રોને
શોભે છે; 4 ને નિર્લજ્જ તથા મૂર્ખ વાત અથવા ઠઠ્ઠા જેઓ ઘટતાં નથી
[તેઓ ન થાય]; પણ તે કરતાં ઉપકારસ્તુતિ થાય. 5 કેમકે તમે સારી પે-
ઠે જાણો છો કે, વ્યભિચારી અથવા અશુદ્ધ અથવા દ્રવ્યલોભી જે મૂર્તિ-
ભક્ત, એઓને ખ્રીસ્તના તથા દેવના રાજ્યમાં વારસો નથી. 6 તને કોઈ-
ની અવર્થા વાતોથી ભૂલ ન ખાઓ, કેમકે તે કામોથી દેવનો કોપ
આજ્ઞાભંજનના દીકરા પર આવે છે. 7 એ માટે તમે તેઓની સાથે ભાગિ-
યા ન થાઓ. 8 કેમકે તને પહેલાં અંધકાર હતા પણ હવે પ્રભુમાં અજવા-
ળું છો, અજવાળાના દીકરાઓની પેઠે ચાલો. 9 (કેમકે અજવાળાનું ફળ
સર્વ સારાપણામાં તથા ન્યયીપણામાં તથા ખરાપણામાં છે.) 10 પ્રભુને
સંતોષકારક શું છે, તે પારખી લો. 11 અને અંધકારનાં નિષ્ફળ કામોના
સંગતીઓ ન થાઓ; પણ તે કરતાં તેઓને વખોડો. 12 કેમકે તેઓના ગુ-
પ્તમાં કરેલાં જે કામો, તે કહેતાં પણ લાજ લાગે છે. 13 જે સર્વ વખોડાએ-
લું, તે અજવાળાથી પ્રગટ થાય છે; કેમકે જે પ્રગટ કરાએલું, તે અજવાળું
છે. 14 માટે તે કહે છે, કે, ઉંઘનાર, જાગ, ને મુએલાંમાંથી ઉઠ, ને ખ્રીસ્ત
તને પ્રકાશ આપશે. 15 તો સંભાળો કે તમે ચોકસાઈથી, નીર્બુદ્ધની પેઠે
નહિ પણ બુદ્ધિવંતોની પેઠે, ચાલો; 16 સમય ખંડી લો, કાંજે દહાડા ભુંડા
છે. 17 એ માટે તમે અણસમજુક ન થાઓ, પણ દેવની ઈચ્છા શી છે તે
સમજો. 18 દ્રાક્ષરસથી મસ્ત ન થાઓ, એમાં કુચાલ છે; પણ આત્માથી
ભરપૂર થાઓ. 19 ગીતોએ, સ્તોત્રોએ તથા આત્મિક ગાનોએ એક બી-
જાની સાથે બોલતાં તમારાં હૃદયોમાં પ્રભુને ગાયનો તથા ગીતો ગાઓ;
20 આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના નામે, દેવ બાપની ઉપકારસ્તુતિ સઘ-
ળાને સારૂ નિત્ય કરજો. 21 દેવના ભયે એક બીજાને આધીન થાઓ.
22 વહુઓ, જેમ પ્રભુને તેમ પોતાના વરોને, તમે આધીન થાઓ; 23 કેમકે
વાર વહુનું શિર છે, જેમ ખ્રીસ્ત મંડળીનું શિર છે તેમ; ને તે શરીરનો ત્રા-
તા છે. 24 અમે જેમ મંડળી ખ્રીસ્તને આધીન છે, તેમ વહુઓએ સર્વમાં
પોતાના વરોને [આધીન] થવું. 25 વરો, તમે પોતાની વહુઓ પર પ્રેમ
કરો, જેમ ખ્રીસ્તે પણ પોતાની મંડળી પર પ્રીતિ કીધી, ને તેને વાસ્તે
પોતાને સોંપ્યો તેમ, 26 એ સારૂ કે વાતથી પાણીને સ્નાને શુદ્ધ કરીને, તે
એને પવિત્ર કરે, 27 એ સારૂ કે તેણે પોતાની પાસે મહિમાવંતી રાખે,
એટલે એવી મંડળી કે જેને ડાઘ કે કરચલી કે એવું કંઈ ન હોય; પણ તે
પવિત્ર તથા નિર્દોષ હોય. 28 એમજ વારોએ જેમ પોતાનાં શરીરો પર તેમ
પોતાની વહુઓ પર પ્રેમ કરવો; જે પોતાની વહુ પર પ્રેમ કરે છે, તે પોતા
પર પ્રેમ કરે છે; 29 કેમકે કોઈ માણસે પોતાના દેહનો દ્વેષ કદી કીધો
નહિ; પણ તેનું પાળણ તથા પોષણ કરે છે; જેમ પ્રભુ પણ મંડળીનું
[કરે છે] તેમ. 30 કેમકે આપણે તેના શરીરમાં અવયવો છીએ. 31 એ માટે
માણસ પોતાના માબાપને મુકશે ને પોતાની વહુની સાથે જોડાશે, ને તે
બંને એક દેહ થશે. 32 આ મોટો ભેદ છે; પણ હું ખ્રીસ્ત તથા મંડળીની
સંબંધી બોલું છું. 33 પરંતુ તમે પણ એમ કરો કે, હરેક જેમ પોતા પર તેમ
પોતાની વહુ પર પ્રેમ કરે; ને વહુ પોતાના વરની મર્યાદા રાખે.

6 છોકરાં, પ્રભુમાં તમારાં માબાપને માનો, કેમકે તે યથાન્યાય છે.
2 તારા બાપ તથા તારા માનું સન્માન કર (તે વચનસહિત પહેલી
આજ્ઞા છે), 3 એ સારૂ કે તારું ભલું થાય, ને પૃથ્વી પર તારું આયુષ્ય
લાંબું થાય. 4 અને બાપો, તમારાં છોકરાંને ન ચીડવો, પણ પ્રભુની શિ-
ક્ષા તથા બોધમાં તેઓને ઉછેરો. 5 દાસો, બીકથી તથા ધાકથી ને હૃદય-
ના ભોળાપણામાં, જેમ ખ્રીસ્તને તેમ, દેહ પ્રમાણે જે ધણીઓ તેઓને
માનો; 6 માણસોને પ્રસન્ન કરનારાઓની પેઠે આંખ આગળથી ચાકરી
પ્રમાણે નહિ, પણ ખ્રીસ્તના દાસોની પેઠે, જીવથી દેવની ઈચ્છા પુરી
કરો, 7 માણસોની ચાકરી નહિ, પણ જાને કે પ્રભુની હોય તેમ સંતોષથી
કરો; 8 એવું જાણીને કે જે કંઇ સારૂ કોઈ કરે, તે દાસ હોય કે મોકળો હોય
પણ પ્રભુથી તેજ પાછું પામશે. 9 અને ધણીઓ, તમે તેઓ વિષે એમજ
કરો; ધમકી છોડો, ને જાણો કે તેઓનો તથા તમારો પણ ધણી આકા-
શમાં છે, ને તેની પાસે પક્ષપાત નથી. 10 છેલ્લું, મારા ભાઈઓ, પ્રભુમાં
તથા તેના સામર્થ્યના બળમાં શક્તિવાન થાઓ. 11 શેતાનની યુક્તિ-
ઓની સામે, તમે સ્થિર રહી શકો, માટે દેવના સર્વ હથિયારો સજો. 12 કે-
મકે રક્ત તથા માંસની સામે આપણું મલયુદ્ધ નથી, પણ અધિપતિઓ-
ની સામે, અધિકારીઓની સામે, જગતમાંના આ અંધકારનાં સત્તાધારી-
ની સામે, આકાશીઓમાં ભુંડાઇનાં આત્મિક [લશ્કરો]ની સામે છે. 13 એ

માટે દેવનાં સર્વ હથિયારો લો, કે તમે ભુંડે દહાડે અટકાવી શકો, ને સર્વ
કરીને ઉભા રહી શકો. [14] એ માટે સત્યથી તમારી કમર બાંધીને તથા
ન્યાયીપણાનું બખ્તર પહેરીને [15] તથા શાંતિની સુવાર્તાની તૈયાર પગો-
માં પહેરીને, ઉભા રહો. [16] સર્વ ઉપરાંત વિશ્વાસની ઢાલ લો, જેથી ભુંડા-
ના બળતા ભલાઓ હોલવી શકશો. [17] અને તારણનો ટોપ તથા
આત્માની તરવાર જે દેવની વાત છે, તે લો. [18] આત્મામાં સર્વ પ્રાર્થના
તથા વિનંતી હરવખત કરો, ને તેજ માટે સઘળા પવિત્રો વિષે સર્વ હેઠેઠ-
થી તથા વિનંતીથી જાગતા રહો, [19] ને મારે વાસ્તે પણ, કે જે સુવાર્તાને
સારું હું સાંકળોમાં એલચી છું, તેનો ભેદ જણાવવાને મને મારું મ્હો
ઉઘાડીને બોલવાને માટે હિમ્મત અપાય, [20] અને કે તેમાં જેમ બોલવું
ઘટાર્થ છે, તેમ બોલવાને હું હિમ્મતવાન થાઉં. [21] વળી મારે વિષેની વા-
તો, ને હું શું કરું છું, તે તમને પણ જણાય, માટે તુખીકસ જે પ્રિય ભાઇ
તથા પ્રભુમાં વિશ્વાસુ સેવક તે તમને સર્વ જણાવશે. [22] તેને મેં તમારી
પાસે એજ માટે મોકલ્યો, કે તમે અમારી અવસ્થા જાણો, ને તે તમારાં
હૃદયોને દિલાસો દે. [23] દેવ બાપથી તથા પ્રભુ ઈસુ ખ્રીસ્તથી, ભાઈઓને
શાંતિ તથા વિશ્વાસ સહિત પ્રીતિ થાઓ. [24] જેઓ આપણા પ્રભુ ઈસુ
ખ્રીસ્ત પર નિષ્કપટ પ્રીતિ રાખે છે તેઓ સર્વની સાથે કૃપા થાઓ.
આમેન. 1

# ફિલિપ્પીઓને પત્ર

1 ફિલિપી મધ્યે ઇસુ ખ્રીસ્તમાં સહુ પવિત્રો, અધ્યક્ષો તથા સહાય-
કારીઓ સુદ્ધાં, એઓની પ્રત્યે ખ્રીસ્ત ઇસુના દાસો પાઉલ તથા
તીમોથી [લખે છે]. 2 દેવ આપણા બાપથી તથા પ્રભુ ઇસુ ખ્રીસ્તથી
તમને કૃપા તથા શાંતિ થાઓ. 3 મારી સર્વ પ્રાર્થનામાં નિત્ય આનંદથી
તમ સર્વને સારૂ વિનંતી કરીને, 4 પહેલા દહાડાથી આજ સુધી સુવાર્ત્તા-
માં તમારા ભાગિયાપણાને લીધે, 5 હું જયારે જયારે તમારું સ્મરણ કરું
છું ત્યારે ત્યારે મારા દેવનો ઉપકાર માનું છું. 6 મને ભરોસો છે કે, જેણે
તમારામાં સારા કામનો આરંભ કીધો તે, ઇસુ ખ્રીસ્તના દહાડા સુધી,
સંપૂર્ણ કરતો જશે. 7 એમજ તમ સર્વ વિષે એ માનવું મને યોગ્ય છે; કા-
રણ કે તમ બધા કૃપામાં મારી સાથે ભાગિયા છતાં, હું મારાં બંધનોમાં ને
સુવાર્તાના પ્રત્યુત્તર આપવામાં તથા તેને સાબિત કરવામાં, તમને મારા
હૃદયમાં રાખું છું. 8 કેમકે દેવ મારો સાક્ષી છે, કે હું ઇસુ ખ્રીસ્તની કરુણા-
માં તમ સર્વને કેટલા ચાહું છું. 9 અને હું એવી પ્રાર્થના કરું છું કે, જ્ઞાનમાં
તથા સર્વ સમજમાં તમારી પ્રીતિ વધારે ને વધારે થતી જાય. 10 એ સારૂ
કે જે ઉત્તમ તે તમે પારખી લો, કે તમે ખ્રીસ્તના દહાડા સુધી નિષ્કપટ
તથા નિર્દોષ થાઓ; 11 ને દેવની સ્તુતિ તથા મહિમા થવા સારૂ ન્યાયી-
પણાનાં જે ફળ ઇસુ ખ્રીસ્તથી છે તેઓથી ભરપુર થાઓ. 12 ભાઇઓ,
તમે જાણો, એવું હું ચાહું છું, કે મારા વિષે જે જે થયાં, તે સુવાર્તાની વધા-
રે વૃદ્ધિના કામમાં આવ્યાં, 13 એવાં કે આખા રાજ્ય દરબારમાં તથા બધા
બીજાઓમાં ખ્રીસ્તને લીધે જે મારા બંધનો છે તે પ્રગટ થયાં; 14 ને પ્રભુ-
માંના ઘણાખરા ભાઇઓએ મારાં બંધનોથી ભરોસો પામીને, ભય વિના
પ્રભુની વાત બોલવાની વધતી હિમ્મત રાખી. 15 કેટલાએક તો અદેખાઇ
તથા વિરોધથી, ને કેટલાએક સુબુદ્ધિથી ખ્રીસ્તની વાત પ્રગટ કરે છે.
16 પહેલાં તો મારા બંધનો પર સંકટ આણવા ચાહીને, શુદ્ધ મનથી નહિ
પણ વિરોધથી ખ્રીસ્તની વાત પ્રગટ કરે છે; 17 પણ બીજા, સુવાર્ત્તા વિષે
પ્રત્યુત્તર આપવા સારૂ હું ઠરાવાયો છું, એવું જાણીને પ્રેમથી કરે છે. 18 તો
શું? હરેક રીતે, ઢોંગથી કે ખરાપણાથી ખ્રીસ્ત પ્રગટ કરાય છે, એથી હું
આનંદ પામું છું, ને પામીશ. 19 કેમકે હું જાણું છું કે, તમારી વિનંતીથી
તથા ખ્રીસ્તના આત્માની સહાયથી, આ મારા તારણને સારૂ કામમાં
આવશે. 20 એ પ્રમાણે મારી અપેક્ષા તથા આશા છે કે, હું કશામાં શરમા-
ઇશ નહિ; પણ સર્વ હિમ્મતથી, જેમ સદા તેમ હમણાં પણ, મારા શરીર-
માં ગમે તો જીવનથી કે ગમે તો મરણથી ખ્રીસ્ત મોટો મનાશે. 21 કેમકે
મને જીવવું તે ખ્રીસ્ત, ને મરવું તે લાભ છે. 22 પણ દેહમાં જીવવું એ જો
મારા કામનું ફળ હોય, તો હું શું પસંદ કરું, તે હું જાણતો નથી; 23 કેમકે
આ બે વિષે હું ગુંચવણમાં છું; નીકળવું તથા ખ્રીસ્તની સાથે હોવું એવી
મારી ઈચ્છા છે, કેમકે તે બહુ વત્તું સારૂ છે; 24 પણ દેહમાં રહેવું તમારે
લીધે વધારે અગત્યનું છે; 25 ને એ ભરોસો રાખીને, હું જાણું છું કે હું રહે-
વાનો, ને તમારા વિશ્વાસની વૃદ્ધિ તથા આનંદને સારૂ હું તમ સર્વની સા-
થે રહીશ; 26 એ સારૂ કે ફરી તમારી પાસે મારા આવવાથી, મારા વિષે
તમારો જે આનંદ, તે ખ્રીસ્તમાં ઘણો થાય. 27 કેવળ ખ્રીસ્તની સુવાર્ત્તાને
યોગ્ય આચરણ કરો, એ સારૂ કે હું આવીને તમને જોઉં અથવા વેગળો
રહું તોપણ તમારા વિષે સાંભળું કે, તમે એક આત્મામાં સ્થિર રહીને
એક જીવથી સુવાર્ત્તાના વિશ્વાસને સારૂ પ્રયત્ન કરો છો, 28 ને અટકાવ-
નારાથી કશામાં બીતા નથી; એ તેઓને વિનાશથી, પણ તમને તારણ-
ની નિશાણી છે, ને તે દેવથી છે. 29 કેમકે ખ્રીસ્તને વાસ્તે તમને આ કૃપા
અપાએલી છે, કે તે પર વિશ્વાસ કરવો કેવળ એમ નહિ, પણ તેને વાસ્તે
દુઃખ પણ સહેવું; 30 જેવું યુદ્ધ તમે મારામાં જોયું છે, ને મારામાં છે એ
હમણાં સાંભળો છો, તેવુંજ તમને પણ છે.

2 એ માટે જો ખ્રીસ્તમાં કોઇ દિલાસો, જો પ્રેમનું કંઇ સમાધાન, જો
આત્માની કંઇ સંગત, જો કંઈ દયા તથા કૃપા હોય, 2 તો મારો
આનંદ સંપૂર્ણ કરો, એવી રીતે કે તમે એકજ મનના થાઓ, એકજ પ્રેમ
રાખો, એક જીવના તથા એક મનના થાઓ. 3 ભાંડણ કે વ્યર્થ અભિમા-
નથી કંઈ ન કરો, પણ હરેક નમ્ર ભાવથી પોતા કરતાં બીજાઓને ઉત્તમ
ગણવા. 4 તમે હરેક જે જે પોતાના વાનાં જે પરજ નહિ, પણ જે જે બી-
જાઓનાં વાનાં તે પર પણ લક્ષ રાખો. 5 ખ્રીસ્ત ઇસુનું જે મન હતું, તે
તમે પણ રાખો; 6 તેણે દેવના રૂપમાં છતાં, દેવને સમાન હોવું એ પકડી
રાખવાનું ચાહ્યું નહિ; 7 પણ તેણે દાસનું રૂપ લઈને એટલે માણસોની
પ્રતિમામાં થઈને પોતાને ખાલી કર્યો; 8 ને માણસના સરખા આકારમાં
પ્રગટ થઈને, મરણ હા વધસ્તંભના મરણ સુધી આધીન થઈને, પોતાને
લીન કર્યો. 9 એને લીધે, દેવે તેને ઘણો ઉંચો કીધો, ને સર્વ નામો કરતાં
તેને મોટું નામ આપ્યું; 10 એવું કે આકાશમાંના તથા ભૂમિ પરના તથા
ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણ ટેકવે; 11 ને દેવ બાપના મહિમાને
સારૂ, પ્રત્યેક જીભ કબૂલ કરે કે ઇસુ ખ્રીસ્ત તે પ્રભુ છે. 12 તો મારા વહા-
લાઓ, જેમ તમે હમેશાં આધીન હતા તેમ, મારી હાજરીમાં કેવળ એમ
નહિ, પણ હવે વિશેષે કરીને મારી ગેરહાજરીમાં, ભય તથા ધ્રુજારી
સહિત પોતાના તારણનું સાધન કરો. 13 કેમકે જે પોતાની પ્રસન્નતાને
લીધે તમારામાં ઇચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે, તે દેવ છે.
14 કચકચ તથા વિવાદ વિના બહુ કરો, 15 કે તમે નિર્દોષ તથા સાલસ,
દેવના નિષ્કલંક છોકરાં, વાંકી તથા અડીઅલ પેઢીમાં જેમાં તમે જીવન-
નું વચન પ્રગટ કરીને જ્યોતીઓ સરખા જગતમાં દેખાઓ છો, એવા તમે
થાઓ; 16 એ સારૂ કે હું અમથોજ દોડ્યો નહિ તથા મેં અમથી મહેનત
કીધી નહિ, એમ જાણીને ખ્રીસ્તના દિવસમાં મને આનંદ થાય. 17 પણ
જો હું તમારા વિશ્વાસના અર્પણ તથા સેવા પર રેડાઉં, તો હું આનંદ કરું
છું, ને તમ સર્વની સાથે પણ હરખાઉં છું. 18 એમજ તમે પણ આનંદ
કરીને મારી સાથે હરખાઓ. 19 પણ હું પ્રભુ ઇસુમાં આશા રાખું છું, કે હું
તીમોથીને તમારી પાસે વહેલો મોકલીશ,એ સારૂ કે તમારી ખબર જા-
ણીને હું પણ છાતી રાખું; 20 કેમકે એના જેવા મનવાળો બીજો કોઇ મારી
પાસે નથી કે જે તમારી ચિંતા ખરી રીતે રાખશે. 21 કેમકે ખ્રીસ્ત ઈસુની
વાત નહિ, પણ પોતાનીજ વાત સઘળા શોધે છે. 22 પણ તમે તેને પર-
ખીને જાણો છો, કે જેમ દીકરો બાપની સાથે [કરે] તેમ તેણે સુવાર્ત્તાને
સારૂ મારી સાથે સેવા કીધી. 23 એ માટે હું આશા રાખું છું કે, જયારે મારા
વિષે કેમ થવાનું છે તે હું જાણીશ કે તરત હું તેને મોકલીશ; 24 ને પ્રભુમાં
ભરોસો રાખું છું, કે હું પોતે પણ વહેલો આવીશ. 25 તોપણ એપોફ્રોદીત
મારો ખપ પુરો પાડનાર, તેને તમારી પાસે મોકલવાની મને અગત્ય
જણાઇ; 26 કારણ કે તે તમ સર્વને બહુ ચહાતો હતો તથા ઉદાસ હતો,
કેમકે તમે સાંભળ્યું હતું કે તે માંદો છે; 27 કેમકે તે મરવા જેવો માંદો હતો
ખરો, પણ દેવે તેના પર દયા કીધી, ને કેવળ તેના પર નહિ, પણ મારા
પર પણ, કે મને શોક પર શોક ન થાય. 28 એ માટે મેં બહુ ઉતાવળે તેને
મોકલ્યો, કે તમે તેણે જોઇને ફરીથી હરખાઓ, ને મારો ખેદ પણ ઓછો
થાય. 29 એ માટે તમે સર્વ આનંદસહિત પ્રભુમાં તેનો અંગીકાર કરો; ને
એવાઓને માન યોગ્ય ગણો; 30 કેમકે ખ્રીસ્તના કામને સારૂ, તે મરણ-
ની નજીક આવી ગયો, ને મારે અર્થે તમારી સેવામાં જે ochuઓછું તે
સંપૂર્ણ કરવાને, પોતાનો જીવ જોખમમાં નાખ્યો.

3 છેલ્લું, મારા ભાઇઓ, પ્રભુમાં હરખાઓ. તે ને તેજ વાતો તમને
લખવી તેથી હું કાયર થતો નથી; પણ તે તમારા સંરક્ષણ વાસ્તે
છે. 2 કુતરાઓથી સંભાળો, ભુંડાઇ કરનારાઓથી સંભાળો, વ્યર્થ સુનત-
થી સંભાળો. 3 કેમકે આપણા દેવના આત્માએ સેવા કરનારા તથા ખ્રી-

સ્ત ઈસુમાં અભિમાન કરનારા તથા દેહ પર ભરોસો ન રાખનારા, સુન-
તી છીએ. 4 તોપણ દેહ પર ભરોસો રાખવાનું મારી પાસે પણ છે; જો
બીજો કોઈ ધારે કે તેને દેહ પર ભરોસો રાખવાનું છે, તો મને વધતું છે;
5 આઠમે દહાડે સુનત પામેલો, ઈસ્રાએલનો સંતાનનો, બિન્યામીનના
કુળોનો, હેબ્રીઓનો હેબ્રી, નિયમ સંબધી ફરોશી, 6 આસ્થા સંબંધી મંડ-
ળીને સતાવનાર, નિયમના ન્યાયીપણા સંબંધી નિર્દોષ. 7 પણ જે મને
લાભના જેવાં હતાં, તે મેં ખ્રીસ્તને લીધે તોટા જેવાં ગણ્યાં. 8 અને વળી
ખ્રીસ્ત ઈસુ મારા પ્રભુના જ્ઞાનથી ઉત્તમતાને લીધે, હું બધાંને તોટો ગણું
છું; એને લીધે મેં સઘળાને તોટો સહ્યો, ને તેઓને કચરૂંજ ગણું છું, કે
ખ્રીસ્તને મેળવું, 9 ને તેનામાં મળી રહું, ને નિયમથી મારું જે ન્યાયીપણું
તે નહિ, પણ ખ્રીસ્તના વિશ્વાસને આસરે દેવથી જે ન્યાયીપણું વિશ્વાસ-
ને કારણે છે, તે મારું થાય; 10 એ માટે કે હું તેને તથા તેના ઉત્થાનના
પરાક્રમને તથા તેના દુઃખોના ભાગિયાપણાને જાણું; એટલે તેના મરણ-
ને સમાન રૂપ થાઉં, 11 કે હું કોઈ પણ રીતે મુએલાંઓના ઉત્થાનને
પહોંચું. 12 હજી સુધી હું મેળવી ચુક્યો કે હજુ સુધી સંપૂર્ણ થયો એમ
નહિ, પણ હું પછવાડે લાગુ છું, કે જેને સારૂ હું ખ્રીસ્ત ઈસુથી પકડી લે-
વાયો,તેને હું પકડી લઉં. 13 ભાઈઓ, મેં પકડી લીધું છે એમ હું ગણતો
નથી, અણ એક કામ હું કરું છું કે, જે પછવાડે તેને વિસરીને, ને જે
અગાડી તેની ભણી ધાઈને, 14 ખ્રીસ્ત ઈસુમાં દેવથી ઉપરના તેડાના
ઈનામને વાસ્તે, નિશાણની ભણી આગળ વધું છું. 15 માટે આપણા-
માંના જેટલા પૂર્ણ, તેટલાએ એજ ભાવ રાખવો; ને જો કોઈ વાત વિષે
તમે બીજો ભાવ રાખો, તો દેવ એ પણ તમને પ્રગટ કરશે. 16 તોપણ
આપણને પ્રાપ્ત થયો તેજ નિયમથી ચાલવું. 17 ભાઈઓ, મને અનુસરો,
ને અમે જે નમુનો તમને આપીએ છીએ તે પ્રમાણે જે ચાલનારા તેઓને
ધારી જુઓ. 18 કેમકે ઘણા એવી રીતે ચાલનારા છે, કે જેઓ વિષે મેં
તમને ઘણી વાર કહ્યું, ને હમણાં રડતો પણ કહ્યું છું કે, તેઓ ખ્રીસ્તના
વધસ્તંભના શત્રુઓ છે; 19 વિનાશ તેઓનો અંત, પેટ તેઓનો દેવ, લા-
જમાં તેઓનું અભિમાન છે, તેઓ સંસારી ચિત્ત રાખે છે. 20 પણ આપણું
પ્રજાપણું આકાશમાં છે, ત્યાંથી પણ આપણે તારનાર એટલે પ્રભુ ઈસુ
ખ્રીસ્તની રાહ જોઈએ છીએ. 21 તે, જે સામર્થ્યથી સઘળાં પોતાને
આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી દીનાવસ્થામાંના શરીરને બદ-
લશે, કે તે પોતાના મહિમાના શરીર સરખું થાય.

4 એ માટે, મારા પ્રિય તથા બહુ વહાલા ભાઈઓ, મારા આનંદ તથા
મુગટ, પ્રભુમાં તેમજ સ્થિર રહો, મારા પ્રિય [ભાઈઓ]. 2 યુઓદિ-
યાને બોધ કરું છું તથા સુનતુખેને બોધ કરું છું એ, તેઓ પ્રભુમાં એક
ચિત્તની થાય. 3 અને ખરા સોબતી, હું તને વિનંતી કરું છું કે તું એ બાઈ-
ઓની સહાયતા કરજે, કારણ કે એઓએ મારી સાથે તથા કલેમેંટની
સાથે તથા બીજા મારા સહાયકારીઓ જેઓનાં નામ જીવનના પુસ્તકમાં
છે તેઓની સાથે સુવાર્ત્તામાં મહેનત કીધી. 4 પ્રભુમાં સદા આનંદ કરો; હું
ફરી કહું છું, કે આનંદ કરો. 5 તમારી સહનશીલતા સર્વ માણસોને
જણાય; પ્રભુ પાસે છે. 6 કશાની ચિંતા ન કરો; પણ સર્વ વિષે પ્રાર્થના
તથા વિનંતીઓ વડે ઉપકારસ્તુતિ સહિત, તમારી અરજીઓ દેને જણા-
વો. 7 અને દેવની શાંતિ જે સર્વ સમજણ કરતાં અધિક, તે ખ્રીસ્ત ઈસુમાં
તમારાં હૃદયોને તથા મનોને સંભાળશે. 8 છેહ્લું, ભાઈઓ, જે કંઈ ખરાં, જે
કંઈ શોભાવંત, જે કંઈ યથાન્યાય, જે કંઈ શુદ્ધ, જે કંઈ પ્રીતિ લાયક, જે
કંઈ સુકીર્તિમાન છે, જો કોઈ સદગુણ ને જો કોઈ વખાણ, તો તેઓનો
વિચાર કરો. 9 જે તમે શિખ્યા તથા પામ્યા તથા સાંભળ્યાં તથા મારામાં
જોયાં તે કરો; ને શાંતિનો દવ તમારી સાથે થશે. 10 મેં પ્રભુમાં ઘણો
આનંદ કીધો, મારા વિષે ચિંતા કરવામાં તમે હમણાં પ્રફુલ્લિત થયા; તે-
માં તો તમે ચિંતા કરતાં હતા. પણ તમને પ્રસંગ ન મળ્યો. 11 હું અછતને
લીધે બોલું છું એમ નહિ, કેમકે જે અવસ્થામાં હું છું, તેમાં સંતોષી રહેવા-
ને શિખેલો છું. 12 ગરીબ થવું હું જાણું છું તથા પુષ્કળ પામવું પણ હું જા-
ણું છું; હર પ્રકારે તથા સર્વમાં તૃપ્ત તથા ભૂખ્યો થવાને, પુષ્કળ પામવાને
ને તંગીમાં રહેવાને હું શિખેલો છું. 13 જે મને પરાક્રમ આપે છે તેનાથી હું
બધું કરી શક છું. 14 તોપણ તમે મારા સંકટમાં મને મદદ કીધી તે સારૂ
કીધું. 15 અને, ઓ ફીલિપીઓ, તમે જાણો છો કે, સુવાર્ત્તાના આરંભમાં,
જયારે હું માકેદોન્યામાંથી નીકળ્યો, ત્યારે લેવ દેવાની વાતમાં એકલા
તમારા વિના બીજી કોઈ મંડળી મારી ભાગિદાર ન હતી. 16 કેમકે થે-
સ્સાલોનીકિમાં પણ તમે એકવાર ને બીજીવાર પણ મારા ખપને સારૂ
મોકલ્યું. 17 હું કંઈ દાન શોધું છું એમ નહિ, પણ જે ફળ તમારા લેખામાં
ઘણું થાય એ શોધું છું. 18 મારી પાસે સઘળાં ને પુષ્કળ પણ છે; તમારાં
દાન એપાફ્રોદીતથી પામીને હું ભરપુર છું; તે તો સુગંધનો વાસ, પસંદ
અર્પણ, ને દેવને ગમતું છે. 19 અને મારો દેવ પોતાની સંપત પ્રમાણે
મહિમામાં તમારી સર્વ ગરજ ખ્રીસ્ત ઈસુમાં પુરી પાડશે. 20 આપણા દેવ
તથા બાપને સર્વકાળ સુધી મહિમા થાઓ. આમેન. 21 ખ્રીસ્ત ઈસુમાં
સર્વ પવિત્રોને ક્ષેમ કુશળ કહેજો, મારી સાથે જે ભાઈઓ છે તેઓ તમને
ક્ષેમ કુશળ કહે છે. 22 સર્વ પવિત્રો, વિશેષે જે કાઈસારના ઘરનાં, તેઓ
તમને ક્ષેમ કુશળ કહે છે. 23 આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા તમારા
આત્માની સાથે થાઓ. આમેન.

# ક્લોસ્સીઓને પત્ર

1 કલોસે મધ્યે ખ્રીસ્તમાં પવિત્ર તથા વિશ્વાસુ ભાઈઓને, પાઉલ,
દેવની ઈચ્છાથી ઈસુ ખ્રીસ્તનો પ્રેરિત, ને ભાઈ તીમોથી [લખે છે].
2 દેવ આપણા બાપથી તથા પ્રભુ ઈસુ ખ્રીસ્તથી કૃપા તથા શાંતિ તમને
થાઓ. 3 અમે ખ્રીસ્ત ઈસુમાં તમારા વિશ્વાસ વિષે, ને તમારે સારું
આકાશમાં રાખેલી આશાને લીધે સર્વ પવિત્રો પર તમારો જે પ્રેમ છે તે
વિષે સાંભળ્યું, 4 ત્યારથી તમારે સારૂ હમેશાં પ્રાર્થના કરીને દેવ જે
આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તનો શ્રાપ તેની ઉપકારસ્તુતિ કરીએ છીએ; 5 તે
આશા વિષે તમે સુવાર્ત્તાના ખરાપણાની વાતમાં અગાઉ સાંભળ્યું; 6 તે
તમારી પાસે આવે છે, જેમ આખા જગતમાં પણ છે ને ફળ આપે છે ને
વધે છે; જે દહાડાથી તમે ખરાપણામાં દેવની કૃપા સાંભળી તથા જાણી
તે દહાડાથી તમારામાં પણ એમજ છે. 7 એમજ એપાફ્રા અમારા વહાલા
સાથીદાસ પાસેથી તમે શિખ્યા, તે અમારે માટે ખ્રીસ્તનો વિશ્વાસુ સેવક
છે; 8 આત્મામાં તમારો પ્રેમ તેણે પણ અમને જણાવ્યો. 9 એ માટે અમે
તે સાંભળ્યું તે દહાડાથી તમારે સારૂ પ્રાર્થના તથા અરજ કરવાને ચુકતા
નથી, કે તમે સર્વ બુદ્ધિ તથા આત્મિક સમજણમાં દેવની ઈચ્છાના જ્ઞા-
નથી ભરપુર થાઓ, 10 એવા કે તમે સર્વ રીતે પ્રસન્નતાને સારૂ પ્રભુને
યોગ્ય ચાલો, ને સર્વ સારાં કામમાં ફળ લાવો, ને દેવની ઓળખાણમાં
વધતા જાઓ, 11 ને આનંદસહિત સર્વ ધીરજ તથા સહનતાને સારૂ, તે-
ના મહિમાના પરાક્રમ પ્રમાણે સર્વશક્તિવાન થાઓ; 12 ને જે બાપે
આપણને અજવાળામાંના પવિત્રોના વારસાના ભાગને સારૂ યોગ્ય કી-
ધા છે, તેની ઉપકારસ્તુતિ કરો. 13 તેણે અંધકારનાં અધિકારમાંથી
આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં પાર પાડ્યા.
14 તેનામાં આપણને ઉદ્ધાર એટલે પાપોની માફી છે. 15 તે અદૃશ્ય દેવ-
ની પ્રતિમા, સર્વ સૃષ્ટિનો પ્રથમજ છે; 16 કેમકે તેનાથી બધા ઉત્પન્ન
થયાં, જે આકાશમાં તથા જે પૃથ્વી પર, જે દૃશ્ય તથા જે અદૃશ્ય, રાજ્યા-
સનો કે ધણીપણા કે અધિપતિઓ કે અધિકારો સર્વ તેની મારફતે તથા
તેણે સારૂ ઉત્પન્ન થયાં; 17 ને તે સર્વ કરતાં પ્રથમ છે; ને તેનાથી સર્વ
જારી રહે છે. 18 અને તે શરીરનું એટલે મંડળીનું શિર છે; તે આરંભ એટલે
મુએલાંઓમાંથી પ્રથમજ છે, કે સઘળાંમાં તે ઉત્તમ થાય. 19 કેમકે [બા-
પને] પસંદ લાગ્યું, કે તેનામાં સર્વ સંપૂર્ણતા રહે; 20 ને તેની મારફતે, તે-
ના વધસ્તંભના લોહીથી, શાંતિ કરાવીને, જે સઘળાં પૃથ્વી પર છે કે
આકાશમાં છે, તે સઘળાંનો મેળાપ પોતાની સાથે તેની મારફતે કરાવે.
21 અને તમને પણ જેઓ પહેલાં વેગળા, ને ભુંડા કામોથી તમારા મનમાં
વૈરી હતા, તેણે હમણાં પોતાના માંસના શરીરમાં મરણવડે મેળાપ કરા-
વ્યો છે, 22 એ સારૂ કે તમને પવિત્ર તથા નિર્દોષ તથા નિષ્કલંક પોતા-
ની આગળ મુકે; 23 જો તમે વિશ્વાસમાં સ્થપાયલા તથા દૃઢ રહો, ને જે
સુવાર્ત્તા તમે સાંભળી છે, જે આકાશ તળેનાં સર્વ પ્રાણીને પ્રગટ થઈ
છે, જેનો સેવક હું પાઉલ થયો છું, તેની આશાથી જો તમે ન ખસેડાઓ
તો. 24 તમારે સારૂ જે મારાં દુઃખો તેમાં હું હમણાં હરખાઉં છું; ને ખ્રીસ્તનાં
સંકટોનું ઓછાપણું, તેનું શરીર જે મંડળી છે તેણે સારૂ, હું મારા દેહમાં
પુરું કરું છું; 25 દેવની વાત સંપૂર્ણ કરવાને, દેવનો જે કારભાર મને
તમારે સારૂ આપેલો છે તે પ્રમાણે હું મંડળીનો સેવક થયો છું; 26 તે
[વાત એટલે] મર્મ યુગોથી તથા પેઢીઓથી ગુપ્ત રાખેલો હતો, પણ હમ-
ણાં તે તેના પવિત્રોને પ્રગટ થયો છે; 27 તેઓને દેવે એ જણાવવા ચાહ્યું
કે, વિદેશીઓમાં તે મર્મના મહિમાની સંપત શી છે, તે એ કે, તમારામાં
ખ્રીસ્ત મહિમાની આશા. 28 તેની વાત અમે પ્રગટ કરીએ છીએ, ને પ્ર-
ત્યેક માણસને બોધ કરીએ છીએ તથા સર્વ જ્ઞાનથી પ્રત્યેક માણસને
શિખવીએ છીએ, એ સારૂ કે પ્રત્યેક માણસને ખ્રીસ્તમાં સંપૂર્ણ એવો હા-
જર કરીએ. 29 એને સારૂ હું પણ, તેની પ્રેરણા જે બળથી મારામાં પ્રેરણા
કરે છે, તે પ્રમાણે કષ્ટ કરીને મહેનત કરું છું.
2 હું ચાહું છું કે તમે એ જાણો, કે તમારા વિષે તથા જેઓ લાઓદી-
કિયામાં છે તેઓ વિષે તથા જેટલાએ દેહમાં મારું મ્હો જોયું નથી
તેઓ વિષે મને કેટલી ચિંતા છે કે, 2 તેઓનાં હૃદયો સમાધાન પામે, ને
દેવનો મર્મ એટલે ખ્રીસ્તને જાણવાને જ્ઞાનની સંપૂર્ણતાની સંપત પ્રાપ્ત
કરવા સારૂ, પ્રીતિથી જોડાયલાં થાય. 3 તેનામાં જ્ઞાન તથા બુદ્ધિનો સર્વ
સંગ્રહ ગુપ્ત રહેલો છે. 4 અને કોઈ માણસ મનોહર વાતોથી તમને ન ભુ-
લાવે માટે હું એક કહું છું. 5 કેમકે દેહમાં હું વેગળો છું, તોપણ આત્મામાં
તમારી પાસે છું; ને તમારી સારી રીત તથા ખ્રીસ્ત પરના તમારા વિશ્વા-
સની સ્થિરતા જોઈને આનંદ કરું છું. 6 એ માટે જેમ તમે ખ્રીસ્ત ઈસુ પ્ર-
ભુને માંની લીધો છે, 7 તેમ, તેમાં જડ ઘાલેલા તથા સ્થપાએલા તથા
જેમ શિખામણ પામ્યા તેમ વિશ્વાસમાં સ્થિર રહીને ને ઉપકારસ્તુતિ સા-
થે તેમાં વધતા જઈને, તેનામાં ચાલો. 8 સાવધાન રહો, રખે જ્ઞાન તથા
ખાલી કપટ જે ખ્રીસ્ત પ્રમાણે નહિ, પણ માણસોના સંપ્રદાય પ્રમાણે ને
જગતનાં તત્વો પ્રમાણે છે, તેથી કોઈ તમારો ફસાવનાર થાય. 9 કેમકે
ખ્રીસ્તમાં દેવપણાની સર્વ સંપૂર્ણતા શરીરરૂપે વસે છે. 10 અને તમે તે-
નામાં સંપૂર્ણ થયા છો; તે સર્વ ધણીપણાનું તથા અધિકારનું શિર છે;
11 ને જે સુનત હાથે કરેલી નથી તેથી તમે તેનામાં સુનતી થયા, એટલે
ખ્રીસ્તની સુનતને આસરે દેહના પાપી અંગને ઉતારવાથી. 12 તેની સાથે
તમે બાપ્તિસ્મામાં દટાયા, ને તેમાં પણ દેવ, જેણે મુએલાંમાંથી તેને
ઉઠાડ્યો, તેના સામર્થ્યના વિશ્વાસથી તમે તેની સાથે ઉઠાડ્યા. 13 અને
તમે તમારા અપરાધોમાં તથા તમારા દેહની બેસુનતમાં મુએલાં છતાં,
તેણે તમારો સર્વ અપરાધ માફ કરીને, તમને તેની સાથે જીવાડ્યા; 14 ને
આપણા પર જે વિધીમાંનો હસ્તલેખ આપણી વિરુદ્ધ હતો, તેને ભુંસીને
વધસ્તંભે તેને ખીલી મારીને વચમાંની કાઢી નાખ્યો. 15 અને ધણીપણા
તથા અધિકારો પાડીને, વધસ્તંભે તેઓ પર જય પામીને તેઓને પ્રગટ
દેખાડ્યા. 16 એ મત ખાવા કે પીવા કે પર્વ કે ચાંદરાત કે વિશ્રામવારો
વિષે, કોઈ તમારો ન્યાય ન કરે. 17 તેઓ તો થનાર વાતનો ઓળો છે,
પણ શરીર ખ્રીસ્તનું છે. 18 નમનતાઈ તથા દૂતોની સેવા પર ભાવ રાખી-
ને, કોઈ તમને ન ફસાવે, તેણે જે જોયાં નથી તેમાં તે પેસે છે, ને પોતાના
દૈહિક મનથી અમથો ફુલાઈ જાય છે, 19 ને શિરને નથી રાખતો, કે જેથી
આખું શરીર, સાંધાઓ તથા રોગોને આસરે, પોષણ પામીને તથા બંધા-
ઈને દેવની વૃદ્ધિથી વધે છે. 20 એ માટે જો તમે ખ્રીસ્તની સાથે જગતના
તત્વોથી મુઆ છો, તો જગતમાં જીવનારાની પેઠે વિધિ કેમ માનો છો?
21 [જેવા કે] અડકવું નહિ, ચાખવું નહિ, હાથમાં લેવું નહિ, 22 (એ સઘળાં
વાપરવાથીજ નાશ પામનારાં છે) જે માણસોની આજ્ઞા તથા શિખામણ
પ્રમાણે છે. 23 એઓને, સ્વેછીત સેવા તથા નમનતાઈ તથા શરીરના દે-
હકષ્ટ વિષે જ્ઞાનનો દેખાવ તો છેજ, પણ દેહના વિષયો વિરુદ્ધ તેઓ
કોઈ ઉપયોગના નથી.
3 એ માટે જો તમે ખ્રીસ્તની સાથે ઉઠાડએલા હો, તો જ્યાં ખ્રીસ્ત
દેવને જમણે હાથે બેઠેલો છે ત્યાંની, એટલે ઉપરની. વાતો શોધો.
2 ઉપરની વાતો પર ચિત્ત લગાડો, પૃથ્વી પરની વાતો પર નહિ; 3 કેમકે
તમે મુઆ છો, ને તમારૂં જીવન ખ્રીસ્તની સાથે દેવમાં ગુપ્ત રાખેલું છે.
4 જયારે ખ્રીસ્ત આપણું જીવન પ્રગટ થશે, ત્યારે તમે પણ તેની સાથે
મહિમામાં પ્રગટ થશો. 5 એ માટે પૃથ્વી પરના તમારાં અવયવો, એટલે
વ્યભિચાર, અશુદ્ધપણું, કામાતુરપણું, ભુંડી ઈચ્છા તથા દ્રવ્યલોભ જે
મૂર્તિભક્તિ છે, તેઓને મારી નાખો. 6 એ કામોને લીધે અજ્ઞાનભંજનના
દીકરા પર દેવનો કોપ આવે છે. 7 અને જયારે તમે અગાઉ તેઓમાં જીવ-

તા હતા, ત્યારે તેઓમાં તમે પણ ચાલ્યા. 8 પણ હમણાં રીસ, ક્રોધ,
ભુંડાઇ, દુર્ભાષણ, તમારા મુખમાંથી લજામણી વાત, એ સઘળા દૂર કરો.
9 એક બીજાની સાથે જુઠું ન બોલો, કેમકે તમે જુના માણસપણાને તેની
કરણીઓ સુદ્ધાં ઉતાર્યું છે; 10 ને જે નવું માણસપણું તેના ઉત્પન્ન કરના-
રની પ્રતિમા પ્રમાણે જ્ઞાનમાં નવું કરાય છે, તે તમે પહેર્યું છે. 11 હિયાં
નથી હેલેની કે યહુદી, નથી સુનત કે બેસુનત, નથી મ્લેચ્છ, નથી સ્કુ-
થી, નથી દાસ કે સ્વતંત્ર; પણ ખ્રીસ્ત સર્વ તથા સર્વમાં છે. 12 એ માટે,
પવિત્ર તથા વહાલાઓ, દેવના પસંદ કરેલાને ઘટે તેમ, દયાળુ મન,
ઉપકારીપણું, નમનતાઈ, કોમળતા, સહનતા પહેરો. 13 એક બીજાનું
સહન કરો, ને જો કોઈને કોઇ સાથે કજિયો હોય તો માફ કરો, જેમ ખ્રી-
સ્ત તમને માફ કીધું તેમ તમે પણ કરો. 14 પણ એ સઘળાં ઉપરાંત પ્રી-
તિ જે સંપૂર્ણતાનું બંધન છે તે પહેરો. 15 અને ખ્રીસ્તની જે શાંતિને સારૂ
તમે એક શરીરમાં તેડાએલા છો, તે તમારાં હૃદયોમાં ઘણીપણું કરે; ને
ઉપકારસ્તુતિ કરો. 16 ખ્રીસ્તની વાત સર્વ જ્ઞાનમાં પુષ્કળતાથી તમારા-
માં રહે, એક બીજાને શીખવો તથા બોધ કરો, ગીતો, સ્તોત્રો તથા
આત્મિક પ્રબંધથી કૃપાએ તમારા મનમાં પ્રભુની આગળ ગાઓ.
17 અને વાતમાં કે કામમાં જે સર્વ તમે કરો છો, તે સર્વ પ્રભુ ઇસુએ માને
કરો, ને તેને આસરે દેવ એટલે બાપની ઉપકારસ્તુતિ કરો. 18 વહુઓ,
તમે જેમ પ્રભુમાં ઘટમાન છે તેમ પોતાના વરોને આધીન થાઓ.
19 વરો, તમે પોતાની વહુઓ પર પ્રેમ કરો, ને તેઓની સાથે કડવા ન
થાઓ. 20 બાળકો, તમે સર્વ વાત વિષે તમારાં માબાપને માનો, કેમકે તે
પ્રભુને ગમે છે. 21 બાપો, તમે તમારાં બાળકોને ન ચીડવો, રખે તેઓ
નિરાશ થાય. 22 દાસો, તમે ખુશામતિયાની પેઠે આંખ આગળની સેવા-
થી નહિ, પણ મનના ખરાપણાથી ને પ્રભુથી બિહીને જે દેહ સંબંધી
તમારા ધણી તેઓને સર્વ વાત વિષે માનો. 23 અને જે કંઈ તમે કરો, તે
સઘળું જીવથી કરો, જાણે કે માણસોને સારૂ નહિ પણ પ્રભુને સારૂ.
24 કેમકે પ્રભુ પાસેથી વારસાનો બદલો પામશો એવું તમે જાણો છો; કા-
રણ કે તમે પ્રભુ ખ્રીસ્તની સેવા કરો છો. 25 પણ જે ભુંડું કરે છે તેણે જે
ભુંડું કર્યું તેનું ફળ તે પામશે, ને પક્ષપાત નથી.

4 ધણીઓ, જે વાજબી તથા બરાબર તે તમારા દાસોને આપો, એવું
જાણીને કે આકાશમાં તમારો પણ ધણી છે. 2 પ્રાર્થનામાં દ્રઢતાથી
લાગુ રહો, ને તેમાં ઉપકારસ્તુતિ સાથે જાગતા રહો. 3 અને અમારે સારૂ
પણ પ્રાર્થના કરો કે, ખ્રીસ્તના જે મર્મને સારૂ શું બંધાએલો છું, તે કહેવા-
ને દેવ અમારે સારૂ સુવાર્ત્તાનો દરવાજો ઉઘાડે, 4 કે જેમ મારે બોલવું જો-
ઈએ, તેમ હું તે પ્રગટ કરૂં. 5 જેઓ બહાર છે, તેઓની સાથે ડહાપણમાં
ચાલો; સમય ખંડી લો. 6 તમારી વાત મીઠાથી સલુણી કરેલી હમેશાં કૃ-
પા સહિત થાય, કે પ્રત્યેકને કેવો ઉત્તર આપવો એ તમે જાણો. 7 પ્રભુમાં
વહાલો ભાઇ તથા વિશ્વાસુ સેવક તથા સાથીદાસ તુખીકસ મારા વિષે-
ની સઘળી વાત તમને જણાવશે; 8 તેને મેં તમારી પાસે એજ સારૂ મોક-
લ્યો છે કે, તમે હમારી હાલત જાણો, ને તે તમારાં હૃદયને દિલાસો
આપે; 9 તેની સાથે ઓનેસીમસ, વિશ્વાસુ તથા વહાલો ભાઇ, જે તમારા-
માંનો છે, તેને પણ મોકલ્યો; તેઓ હિયાંની સર્વ વાત તમને જણાવશે.
10 મારો સાથી બંદીવાન આરીસ્તાર્ખસ તથા બર્નાબાસનો પિત્રાઈ ભાઇ
માર્ક (જે વિષે તમને અજ્ઞા મળી, જો તે તમારી પાસે આવે તો તેનો
અંગીકાર કરજો), 11 ને ઈસુ જે યુસ્તસ કહેવાય છે, તેઓ સુનતીઓમાંના
છે, તેઓ તમને ક્ષેમ કુશળ કહે છે. એકલા તેઓજ દેવના રાજ્યને સારૂ
મારી સાથે કામ કરનારા છે; તેઓ મને દિલાસો દેનારા થયા છે.
12 એપાફ્રા તમારામાંનો એક, ખ્રીસ્તનો દસ, તમને ક્ષેમ કુશળ કહે છે, તે
હમેશાં તમારે સારૂ પ્રાર્થનામાં પ્રયત્ન કરે છે, કે દેવની સર્વ ઈચ્છામાં
તમે સંપૂર્ણ તથા ખાત્રીથી ભરપૂર રહો. 13 કેમકે તે વિષે હું શાહેદી આપું
છું કે, તમારે સારૂ તથા જેઓ લાઓદીકિયામાં તથા હિયરાપોલીસમાં તે-
ઓને સારૂ તે બહુ કામ કરે છે. 14 વહાલો વૈદ લુક તથા દેમાસ તમને
ક્ષેમ કુશળ કહે છે. 15 લાઓદીકિયામાંના ભાઈઓને તથા નુમફાને તથા
તેમના ઘરમાંની મંડળીને ક્ષેમ કુશળ કહેજો. 16 અને આ પત્ર તમારી પા-
સે વંચાયા પછી, લાઓદીકિયાની મંડળીમાં પણ વંચાવજો, ને લાઓ-
દીકિયાથી જે પત્ર તે તમે વાંચજો. 17 અને આર્ખીપાસને કહેજો કે, પ્રભુ-
થી જે સેવા તને મળી છે તે પુરી કરવાને તારે સાવધાન રહેવું. 18 હું પાઉ-
લનું આ મારા હાથથી ક્ષેમ કુશળ. મારાં બંધનો યાદ રાખજો. તમારા પર
કૃપા થાઓ. આમેન.

# થેસ્સાલોનિકીઓને પહેલો પત્ર

1 દેવ બાપમાં તથા પ્રભુ ઈસુ ખ્રીસ્તમાં થેસ્સાલોનીકીઓની મંડ-
ળીને પાઉલ તથા સીલ્વાનસ તથા તીમોથી [લખે છે]; તમને કૃપા
તથા શાંતિ થાઓ. 2 અમારી પ્રાર્થનાઓમાં તમારું મરણ કરીને, અમે
સદા તમ સર્વ વિષે દેવની ઉપકારસ્તુતિ કરીએ છીએ; 3 કેમકે આપણા
દેવ તથા બાપની આગળ તમારા વિશ્વાસનું કામ તથા પ્રેમની મહેનત
તથા આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્ત પરની આશાની સહનતા, અમે નિરંતર
સંભારીએ છીએ; 4 દેવથી પ્રેમ પામેલા ભાઈઓ, તમે પસંદ કરાએલા છો
એ અમે જાણીએ છીએ; 5 ક્રમકે અમારી સુવાર્તા કેવળ વાતથી નહિ,
પણ પરાક્રમથી તથા પવિત્ર આત્માથી તથા ઘણી ખાતરીથી પણ
તમારી પાસે આવી; એમજ અમે તમારે લીધે તમારામાં કેવા થયા એ
તમે જાણો છો. 6 અને તમે ઘણી વિપત્તિમાં પવિત્ર આત્માના આનંદ
સહિત વાત સ્વીકારીને અમને તથા પ્રભુને અનુસરનારા થયા. 7 એવા કે
તમે માકેદોન્યા તથા આખાયામાંના સર્વ વિશ્વાસીઓને નમુનારૂપ થયા.
8 કેમકે કેવળ માકેદોન્યા તથા આખાયામાં તમારાથી પ્રભુની વાત ફે-
લાઈ એમ નહિ, પણ સર્વ જગ્યાઓમાં દેવ પરનો તમારો વિશ્વાસ પ્રગટ
થયો, એ માટે અમારે કંઈ કહેવાની અગત્ય નથી. 9 કેમકે તેઓ પોતે
અમારે વિષે પ્રગટ કરે છે કે તમારામાં અમારો પ્રવેશ કઈ રીતે થયો, અને
શી રીતે તમે મૂર્તિઓ તરફથી દેવની ભણી ફર્યા, એ માટે કે તમે જીવતા
તથા ખરા દેવની સેવા કરો 10 ને તેઓ પુત્ર, એટલે આવનાર કોપથી
આપણો બચાવનાર ઈસુ, જેને તેણે મુએલાંમાંથી ઉઠાડ્યો, તેની આકા-
શથી આવવાની વાટ તમે જુઓ.

2 કેમકે ઓ ભાઈઓ, તમારામાં અમારા પ્રવેશ વિષે તમે જાણો છો
કે, તે અમથો નથી થયો; 2 પણ જેમ તમે જાણો છો તેમ અમે પહે-
લાં ફિલિપીમાં દુઃખ તથા અપમાન સહ્યાં, તોપણ ઘણા કષ્ટથી તમારી
પાસે દેવની સુવાર્તા કહેવાને આપણા દેવમાં હિમ્મતવાન થયા. 3 કેમકે
અમારો બોધ છળથી કે અશુદ્ધપણાથી કે કપટમાં નહોતો; 4 પણ જેમ
દેવે સુવાર્તાનો કારભાર ચલાવવાને અમને પસંદ કીધા, તેમ અમે માણ-
સોને પ્રસન્ન કરનારાની પેઠે નહિ, પણ અમારા હ્રદયોના પારખનાર દેવ-
ને પ્રસન્ન કરવાને બોલીએ છીએ. 5 કેમકે તમે જાણો છો કે, અમે કદી ખુ-
શામતની વાતમાં નહોતા, અથવા દ્રવ્યલોભના ઢોંગમાં નહોતો; દેવ
સાક્ષી છે. 6 અને અમે ખ્રીસ્તના પ્રેરિત હોવાથી ભાર મૂકવાને અધિકારી
હતા, તોપણ માણસોથી, તમારાથી કે બીજાથી, અમે મહિમા શોધતા
નહોતા; 7 પણ જેમ ધાવ મા પોતાના બાળકોને પાળે છે, તેમ અમે
તમારામાં લીન હતા. 8 તેમજ અમે તમારી બહુ મમતા કરીને, તમને કે-
વળ દેવની સુવાર્તા નહિ, પણ પોતાનો જીવો આપવાને રાજી હતા, કા-
રણ કે તમે અમને વહાલા હતા. 9 કેમકે, ભાઈઓ, તમે અમારો શ્રમ તથા
મહેનત સંભારો છો, કેમકે તમારામાંના કોઈ પર ભાર ન મુકીએ માટે
રાત દહાડો કામ કરતા તમને દેવની સુવાર્તા પ્રગટ કીધી. 10 તમે શાહેદ
છો, તથા દેવ પણ [શાહેદ] છે કે તમ વિશ્વાસીઓની સાથે અમે કેવી રી-
તે પવિત્રાઈથી તથા નીતિથી તથા નિર્દોષપણાથી વર્તતા હતા. 11 તે પ્ર-
માણે તમ જાણો છો, કે જેમ બાપ પોતાનાં છોકરાંને, તેમ અમે તમારા-
માંના પ્રત્યેકને બોધ તથા દિલાસો તથા સાક્ષી આપતા હતા, 12 એવા
હેતુથી કે, દેવ જે તમને પોતાના રાજ્ય તથા મહિમામાં તેડે છે, તેને યો-
ગ્ય તમે ચાલો. 13 અને એ કારણ માટે અમે દેવની ઉપકારસ્તુતિ નિરંતર
કરીએ છીએ કે, તમે જયારે અમારી પાસેથી દેવની વાત સાંભળીને
માંની લીધી, ત્યારે તેને માણસોની વાતના જેવી નહિ, પણ જેમ તે
ખરીજ દેવની વાત છે તેમ તમે તેણે માની; તેજ તમ વિશ્વાસીઓમાં પ્રેર-
ણા કરે છે. 14 કેમકે, ભાઈઓ, ખ્રીસ્ત ઈસુમાં દેવની જે મંડળીઓ યહુદા-
હમાં છે તેઓના અનુસરનારા તમે થયા; કેમકે જેમ તેઓએ યહુદીઓથી
દુઃખ સહ્યાં તેમ તમે પણ પોતાના દેશના લોકોથી તેવાંજ દુઃખ સહ્યાં
છે. 15 તેઓએ પ્રભુ ઈસુને તથા પોતાના ભવિષ્યવાદીઓને પણ મારી
નાખ્યા, ને અમારી સતાવણી કીધી; તેઓ દેવને પ્રસન્ન નથી, ને સઘળા
લોકને ઉલટા છે; 16 વિદેશીઓને તારણને અર્થે વાત કહેતાં તેઓ અમને
વારે છે; તેતી તેઓ નિત્ય પોતાનાં પાપ પુરાં કરે છે, ને અત્યંત કોપ
તેઓ પર આવ્યો છે. 17 પણ ભાઈઓ, અમે મનથી નહિ, પણ દેહથીજ
તમારી પાસેથી ઘડીભર વેગળા થઈને, ઘણી ઈચ્છાથી તમારાં મ્હોડાં
જોવાને ઘણી મહેનત કીધી. 18 એ માટે અમે, એટલે મેં પાઉલે, એકવાર
ને બીજીવાર પણ તમારી પાસે આવવાને ચાહ્યું,પણ શેતાને અમને
અટકાવ્યા. 19 કેમકે અમારી આશા કે આનંદ કે ઉલ્લાસનો મુગટ શું છે?
શું આપણા પ્રભુ ઈસુના ખ્રીસ્તના આવવાની વેળામાં તેની આગળ તે-
મજ એ નથી? 20 હા, તમે અમારો મહિમા તથા આનંદ છો.

3 માટે જયારે અમારાથી વધારે સહેવાતું નહોતું ત્યારે અમે આથેના-
યમાં એકલા રહીએ, એવું અમે ઠરાવ્યું. 2 અને તીમોથી જે અમારો
ભાઈ તથા ખ્રીસ્તની સુવાર્તામાં દેવનો સેવક, તેણે તમને સ્થિર કરવાને
ને તમારા વિશ્વાસ સંબંધી તમને દિલાસો આપવાને અમે મોકલ્યો, 3 એ
સારૂ કે આ વિપત્તિથી કોઈ ન ડગે, કારણ કે તમે પોતે જાણો કો કે તે
સારૂ આપણે ઠરાવાયા છીએ. 4 એ માટે જયારે અમે તમારી પાસે હતા
ત્યારે અમે તમને અગાઉથી કહ્યું કે, આપણને વિપત્તિ થનાર છે, તે પ્ર-
માણે થયું, અને તે તમે જાણો છો. 5 એ કારણને લીધે જયારે મારાથી
વધારે સહેવાતું નહોતું ત્યારે મેં તમારો વિશ્વાસ જાણવા સારૂ [તીમોથી-
ને] મોકલ્યો; રખે પરીક્ષકે કોઈ રીતે તમારું પરીક્ષણ કર્યું હોય ને અમારી
મહેનત અમથી થાય. 6 પણ હમણાં તીમોથી તમારે ત્યાંથી અમારી પા-
સે આવ્યો, ને તમારા વિશ્વાસ તથા પ્રેમની સારી ખબર અમને આપી, ને
[કહ્યું] કે જેમ અમે તમને તેમ તમે પણ અમને જોવાની ઘણી ઈચ્છા રા-
ખો છો, ને સદા અમારું શુભ સ્મરણ કરો છો. 7 એ માટે, ભાઈઓ,
અમારા સર્વ સંકટ તથા વિપત્તિમાં તમારા વિશ્વાસથી તમારા વિષે મેં
દિલાસો પામ્યા. 8 કેમકે હવે જો તમે પ્રભુમાં સ્થિર રહો, તો અમે જી-
વીએ. 9 કેમકે જે આનંદથી અમે અમારા દેવની આગળ તમારે લીધે
આનંદ કરીએ છીએ, તે સઘળાને સારૂ અમે તમારા વિષે દેવની શી ઉપ-
કારસ્તુતિ કરી શકીએ? 10 અમે રાત દહાડો અતિશે પ્રાર્થના કરીએ છીએ
કે, અમે તમારાં મ્હો જોઈએ, ને તમારા વિશ્વાસનું ઓછાપણું સંપૂર્ણ
કરીએ. 11 હવે દેવ આપણો બાપ પોતે તથા આપણો પ્રભુ ઈસુ ખ્રીસ્ત
તમારી ભણી અમારો રસ્તો પાધરો કરો. 12 અને જેમ અમારો પ્રેમ તમા-
રા પર, તેમ પ્રભુ તમારો પ્રેમ પણ એક બીજા પર તથા સર્વ પવિત્રો સુ-
દ્ધાં આવશે, ત્યારે દેવ આપણા બાપની આગળ, તે આપણા હ્રદયોને
પવિત્રાઈમાં નિર્દોષ એવાં સ્થિર કરે.

4 તો ભાઈઓ, છેલ્લું, પ્રભુ ઈસુમાં તમને વિનંતી તથા સુબોધ
કરીએ છીએ કે, તમારે કેવી રીતે ચાલવું ને દેવે પ્રસન્ન કરવો, એ
અમારાથી સાંભળ્યું તે પ્રમાણે જેમ તમે ચાલો છો, તેમ વધારે ને વધારે
ચાલતા જાઓ. 2 કેમકે અમે પ્રભુ ઈસુથી તમને કઈ કઈ આજ્ઞાઓ આપી
તે તમે જાણો છો. 3 કારણ એ દેવની ઈચ્છા એવી છે કે, તમારું પવિત્રી-
કરણ થાય કે છિનાળાથી તમે દૂર રહો; 4 કે તમારામાંના હરેક, દેવને ન
જાણનારા વિદેશીઓની પેઠે વિષયની ઈચ્છા નહિ, 5 પણ પવિત્રાઈમાં
તથા માનમાં પોતાનું પાત્ર રાખી જાણે; 6 કે તે બાબતમાં કોઈ ઉલ્લંઘન
કરીને પોતાના ભાઈને છેતરે નહિ, કારણ કે પ્રભુ એવા સઘળાને બદલો
લેનાર છે, જેમ અમે અગાઉ પણ તમને કહ્યું ને પ્રમાણે આપ્યું તેમ. 7 કે-
મકે દેવે આપણને અશુદ્ધપણાને સારૂ નહિ, પણ પવિત્રાઈમાં તેડ્યા છે.
8 એ માટે જે અનાદર કરે છે તે તો માણસનો નહિ, પણ દેવ જે પોતાનો

પવિત્ર આત્મા તમને આપે છે, તેનો અનાદર કરે છે. 9 પણ ભાઈ પરની
પ્રીતિ વિષે કી તમારા પર લખે, ત=એની તમને કંઈ જરૂર નથી, કેમકે
તમે પોતે એક બીજા પર પ્રેમ રાખવાને દેવથી શિખાવેલા છો. 10 અને
આખા માકેદોન્યાના સઘળા ભાઈઓ પર તેમ એજ કરો છો; પણ ભા-
ઈઓ, અમે તમને વિનંતી કરીએ છીએ કે, તમે વધારે ને વધારે કરો;
11 ને જેમ અમે તમને આજ્ઞા આપી, તેમ શાંત રહેવાને તથા પોતપોતા-
નાંજ કામ કરવાને, તથા પોતાને હાથે ઉદ્યોગ કરવાને, તમે યત્ન કરો;
12 એ સારૂ કે બહારનાઓની આગળ તમે સારી રીતે ચાલો, ને તમને
કશાની અગત્ય ન રહે. 13 પણ, ભાઈઓ, ઉંઘી ગયલા વિષે તમે અજા-
ણ્યા રહો એવી અમારી ઈચ્છા નથી, એ સારૂ કે બીજા જેઓને આશા
નથી તેઓની પેઠે તમે ખેદ ન કરો. 14 જો આપણે વિશ્વાસ કરીએ છીએ
કે, ઈસુ મરણ પામ્યો ને પાછો ઉઠ્યો, તો તેમજ ઈસુમાં જેઓ ઉંઘી ગયા
તેઓને પણ દેવ તેની સાથે લાવશે. 15 કેમકે પ્રભુની વાતથી અને તમને
કહીએ છીએ કે, કે પ્રભુના આવવાની વેળાએ આપણે જે જીવતા રહેના-
રા તે ઉંઘેલાઓની આગળ જનારા નથી. 16 કેમકે સાદથી, પ્રમુખ્ય દૂત-
ની વાણીથી, તથા દેવના રણશિંગડાથી પ્રભુ પોતે આકાશથી ઉતરશે;
ને ખ્રીસ્તમાં જેઓ મુએલા તેઓ પહેલે ઉઠશે. 17 પછી આપણ જીવતા
રહેનારા ગગનમાં પ્રભુને મળવા સારૂ તેઓની અઠે વાદળોમાં તણાઈ
જઈશું, ને તેમજ સદા પ્રભુની સાથે થઈશું. 18 તો એ વાતોથી એક બીજા-
ને સુબોધ કરો.

5 પણ ભાઈઓ, વખતો તથા સમયો વિષે તમને લખવું એની કંઈ
તમને અગત્ય નથી. 2 કેમકે તમે પોતે સારી પેઠે જાણો છો કે, જેમ
રાતમાં ચોર એમ પ્રભુનો દિવસ આવે છે. 3 કેમકે જયારે તેઓ કહેશે કે,
શાંતિ તથા કુશળતા છે ત્યારે જેમ ગર્ભવતીનું દુઃખ તેમ તેઓ પર અક-
સ્માત નાશ આવશે, ને તેઓ નહિજ બચશે. 4 પણ ભાઈઓ, તમે અંધા-
રામાં નથી, કે તે દિવસ ચોરની પેઠે તમારા પર આવે. 5 તમે સઘળા
અજવાળાના દીકરા તથા દહાડાના દીકરા છો; આપણે રાત તથા અંધ-
કારનાં નથી. 6 એ માટે બીજાઓની પેઠે આપણે ઉંઘીએ નહિ, પણ જા-
ગીએ તથા સાવધાન રહીએ. 7 કેમકે ઉંઘનારાઓ રાતમાં ઊંઘે છે, ને છા-
ટકા રાતમાં છાટકા થાય છે. 8 પણ આપણે દહાડાના છીએ, માટે વિ-
શ્વાસનું તથા પ્રેમનું બખતર, ને તારણની આશાનો ટોપ પહેરીને સાવ-
ધાન રહીએ. 9 કેમકે દેવે આપણને કોપનો સારૂ નહિ, પણ આપણા પ્ર-
ભુ ઈસુ ખ્રીસ્તથી તારણની પ્રાપ્તિને સારૂ ઠરાવ્યા છે; 10 તે આપણે સારૂ
મરણ પામ્યો, જે સારૂ કે આપણે જાગીએ કે ઉંઘીએ તો તેની સંઘાતે જી-
વીએ. 11 માટે જેમ તમે કરો છો તેમજ અરસપરસ સુબોધ કરો, તથા
એકબીજાને સ્થિર કરો. 12 પણ, ભાઈઓ, અમે તમને વિનંતી કરીએ
છીએ કે, જેઓ તમારામાં મહેનત કરે છે તથા પ્રભુમાં તમારા આગેવાન
છે તથા તમને બોધ કરે છે તેઓને તને જાણો; 13 ને તેઓના કામને લી-
ધે પ્રેમમાં તેઓને અતિ ઘણું માં આપો; તમે માહોમાંહે શાંતિમાં રહો.
14 અને ભાઈઓ, અમે તમને વિનંતી કરીએ છીએ કે, તમે અડીએલોને
બોધ કરો, બીકણોને ઉત્તેજન આપો, અબળોને આધાર આપો, સઘળા-
ની સાથે સહનશીલ થાઓ. 15 જુઓ, કે કોઈ કોઈને ભુંડાઈને બદલે
ભુંડાઈ ન વાળે; પણ સદા એક બીજાનું તથા સઘળાનું સારૂં કરવાને
યત્ન કરો. 16 સદા હરખાઓ. 17 જાથુ પ્રાર્થના કરો. 18 હરેક વાતમાં ઉપ-
કારસ્તુતિ કરો, કેમકે તમારા વિષે ખ્રીસ્ત ઈસુમાં દેવની મરજી એવીજ
છે. 19 આત્માને ન હોલવો. 20 ભવિષ્યવાદોને તુચ્છ ન ગણો. 21 સઘ-
ળાંને પારખો, જે સારૂ તે ઝાલી રાખો. 22 હરેક પ્રકારની ભુંડાઈથી દૂર
થાઓ. 23 અને શાંતિનો દેવ પોતે તમને પુરા પવિત્ર કરો. અને આપણા
પ્રભુ ઈસુ ખ્રીસ્તના આવવા સુધી તમારો આત્મા તથા પ્રાણ તથા શરીર
સંપૂર્ણ [તથા] નિર્દોષ રખાઓ. 24 તમારો તેડનાર જે વિશ્વાસુ છે, તે તે
કરશે. 25 ભાઈઓ, અમારે માટે પ્રાર્થના કરો. 26 પવિત્ર ચુંબનથી સર્વ
ભાઈઓને ક્ષેમ કુશળ કહેજો. 27 હું તમને પ્રભુના સમ ઘાલું છું કે, આ
પત્ર સઘળા પવિત્ર ભાઈઓને વાંચી સંભળાવવામાં આવે. 28 આપણા
પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા તમારા પર થાઓ. આમેન.

# થેસ્સાલોનિકીઓને બીજો પત્ર

1 દેવ આપણા બાપ તથા પ્રભુ ઈસુ ખ્રીસ્તમાં થેસ્સાલોનીકીઓની
મંડળીને, પાઉલ તથા સીલવાનસ તથા તીમોથી [લખે છે]. 2 દેવ
બાપ તથા પ્રભુ ઈસુ ખ્રીસ્તથી તમને કૃપા તથા શાંતિ થાઓ. 3 ભાઈઓ,
અમારે તમારે વિષે દેવની ઉપકારસ્તુતિ સદા કરવી જોઈએ, ને તે લાયક
છે, કેમકે તમારો વિશ્વાસ બહુ વધે છે, ને તમ સર્વમાં હરેકનો પ્રેમ એક
બીજા ઉપર ઘણો થાય છે. 4 માટે તમારા પરની સઘળી સતાવણી તથા
જે વિપત્તિ તમે વેઠો છો, તેઓમાં તમારી સહનતા તથા વિશ્વાસને લીધે
અમે પ્પોતે દેવની મંડળીઓમાં તમારું વખાણ કરીએ છીએ. 5 આ તો
દેવના ન્યાયી ઈન્સાફનો પ્રમાણ છે, કે દેવના જે રાજ્યને સારૂ તમે દુઃખ
વેઠો છો, તેને યોગ્ય તને ગણાઓ. 6 કેમકે દેવને એ વાજબી છે, કે તમા-
રા દુઃખ દેનારને તે દુઃખ વળી આપે, 7 ને તમ દુઃખ પામેલાઓને અમારી
સાથે વિસામો આપે, જયારે પ્રભુ ઈસુ આકાશથી તેના પરાક્રમના દૂતો
સાથે 8 બળતી આગમાં પ્રગટ થશે ત્યારે; તે વેળા જેઓ દેવને નથી જા-
ણતા, ને જેઓ આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તની સુવાર્તા નથી માનતા, તેઓ
પર દંડ તે ઠરાવશે. 9 તેઓ પ્રભુની આગળથી તથા તેના સામર્થ્યના
મહિમાથી સજા એટલે અનંતકાળનો નાશ ભોગવશે. 10 જયારે પોતાના
પવિત્રોમાં મહિમા પામવાને, ને જેઓએ વિશ્વાસ કીધો તેઓમાં આશ્ચર્ય-
વાન મનાવાને તે આવશે તે દહાડે [એમ થશે], ને તમે પણ અમારી શા-
હેદી પર વિશ્વાસ રાખ્યો. 11 એ સારૂ અમે સદા તમારા વિષે પ્રાથના
કરીએ છીએ કે, આપણો દેવ તમને આ તેડાને યોગ્ય ગણે, ને ભલાઈ-
ની સઘળી પ્રસન્નતા તથા વિશ્વાસનું કામ સામર્થ્યથી પુરા કરે; 12 એ મા-
ટે કે આપણા દેવ તથા પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા પ્રમાણે, આપણા પ્રભુ
ઈસુનું નામ તમારામાં મહિમાવાન થાય ને તમે તેનામાં મહિમાવાન
થાઓ.

2 હવે ભાઈઓ, આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના આવવા તથા તેની
પાસે આપણે એકઠા થવા વિષે, અમે તમને વિનંતી કરીએ છીએ
કે, 2 પ્રભુનો દહાડો જાણે હમણાંજ આવ્યો હોય તેમ તમે એકએક મન-
માં ન ધ્રુજો, ને ગભરાઓ ના, આત્માથી નહિ, વાતથી નહિ, ને અમારા
[લખેલા] એવા પત્રથી નહિ. 3 કોઈ પ્રકારે કોઈ તમને ન ભુલાવે, કેમકે
ત્યાર પહેલાં ધર્મત્યાગ થશે તથા પાપનું માણસ જે વિનાશનો દીકરો,
તે પ્રગટ થશે; 4 તે અટકાવીને જે સર્વ દેવ અથવા પૂજ્ય કહેવાય છે
તેઓ સામે પોતાને ઉંચો કરે છે, એવો કે પોતે દેવ છે એમ પોતાને દેખ-
ડાવતાં દેવના મંદિરમાં દેવ તરીકે બેસે છે. 5 શું તમને યાદ નથી કે, હું
તમારી સાથે હતો, ત્યારે મેં એ વાતો તમને કહી હતી? 6 અને તે પોતાના
વખતમાં પ્રગટ થાય, માટે શું અટકાવ કરે છે તે હવે તમે જાણો છો. 7 કે-
મકે અધર્મનો મર્મ હમણાં અસર કરે છે, પણ જે હાલ અટકાવનાર છે તે
વચમાંથી કઢાય ત્યાં સુધી [અટકાવશે]; 8 ને ત્યારે તે અધર્મી પ્રગટ
થશે, જેમે પ્રભુ ઈસુ પોતાના મુખના શ્વાસથી તેનો સંહાર કરશે તથા પો-
તાના આવવાના પ્રકાશથી તેનો નાશ કરશે; 9 એટલે તેનો નાશ જેનું
આવવું શેતાનના કરાવ્યા પ્રમાણે જુઠાઈનાં સર્વ પરાક્રમ તથા ચિન્હો
તથ ચમત્કારો સાથે છે, 10 ને જેઓ નાશ પામે છે તેઓને સારૂ અન્યાય-
ની સર્વ ઠગાઈ સાથે છે, કેમકે તેઓએ પોતાના તારણને અર્થે સત્યની
પ્રીતિ પામી લીધી નહિ. 11 અને તે માટે દેવ તેઓમાં ભ્રાંતિની ઉશ્કેરણી
મોકલે છે કે, તેઓ તે જૂઠાઈ માને; 12 એ સારૂ કે જેઓએ સત્ય પર વિ-
શ્વાસ કીધો નથી, પણ અન્યાયમાં સંતોષી હતા, તે સઘળા પર દંડ ઠરા-
વાય. 13 પણ ભાઈઓ, પ્રભુથી પ્રીતિ પામેલા, તમારા વિષે સદા દેવની
સ્તુતિ કરવાને અમે બંધાએલા છીએ, કેમકે આત્માના પવિત્રીકરણથી
તથા સત્યના વિશ્વાસથી તારણને અર્થે દેવે તમને આરંભથી પસંદ કી-
ધા છે. 14 અને સારૂ તેણે તમને આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તનો મહિમા પા-
મવાને અર્થે અમારી સુવાર્તાથી તેડ્યા છે. 15 માટે, ભાઈઓ, સ્થિર રહો,
ને જે સંપ્રદાય તને વાતથી કે અમારા પત્રથી શિખ્યા તે પકડી રાખો.
16 હવે આપણો પ્રભુ ઈસુ ખ્રીસ્ત પોતે તે દેવ આપણો બાપ, જેણે આપ-
ણા પર પ્રેમ કીધો, ને સર્વકાળનો દિલાસો ને સારી આશા કૃપાથી
આપણને આપ્યાં, 17 તે તમારાં હૃદયને દિલાસો આપો, ને સર્વ સારાં
કામમાં તથા વાતમાં તમને સ્થિર કરો.

3 છેલ્લું, ભાઈઓ, અમારે માટે પ્રાર્થના કરો કે પ્રભુની વાત વેગે ચાલે
ને મહિમાવાન થાય, જેમ તમારે ત્યાં થાય છે તેમ; 2 અને કે અમે
અડીએલ તથા દુષ્ટ માણસોથી બચાવ પામીએ; સઘળાને વિશ્વાસ
નથી, 3 પણ પ્રભુ વિશ્વાસુ છે, તે તમને સ્થિર કરશે ને ભુંડાથી બચાવ-
શે. 4 અને તમારા વિષે અમે પ્રભુમાં ભરોસો રાખીએ છીએ કે, જે આજ્ઞા
અમે કરીએ છીએ તે તમે પાળો છો તથા પાળશો. 5 અને દેવના પ્રેમમાં
તથા ખ્રીસ્તની ધીરજમાં પ્રભુ તમારાં હૃદયોને લાવો. 6 હવે, ભાઈઓ,
આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તને નામે અમે તમને આજ્ઞા કરીએ છીએ કે, જે
હરેક ભાઈ આડો ચાલે છે, ને અમારાથી પામેલા સંપ્રદાય પ્રમાણે ચાલ-
તો નથી, તેનાથી તમે જુદા થાઓ. 7 કેમકે અમને કઈ રીતે અનુસરવા
જોઈએ એ તમે પોતે જાણો છો; કેમકે અમે તમારામાં આડા ચાલ્યા
નહોતા; 8 ને કોઈ માણસનું અન્ન અમે મફત ખાધું નહોતું; પણ તમારા-
માંના કોઈ પર ભાર ન મુકીએ, માટે રાત દહાડો મહેનત તથા કષ્ટથી
કામ કીધું; 9 અમને અધિકાર નથી એમ નહિ, પણ તમે અમને અનુસરો
માટે અમે તમને નમુનારૂપ થઈએ. 10 અને જયારે અમે તમારી પાસે હતા
ત્યારે પણ આ અજ્ઞા કીધી કે, જો કોઈ માણસ કામ કરવા ન ઈચ્છે, તો
તે ખાય પણ નહિ. 11 કેમકે તમારામાંના કેટલાએક આડાપણાથી ચાલે
છે, ને કંઈ કામ કરતા નથી પણ ઘાલમેલ કરે છે એવું સાંભળીએ છીએ.
12 પણ એવાઓને આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તથી આજ્ઞા કરીએ છીએ
તથા બોધ કરીએ છીએ કે, તેઓ શાંતિસહિત કામ કરીને પોતાનું અન્ન
ખાય. 13 પણ, ભાઈઓ, તમે સારૂં કરતાં થાકશો ના. 14 અને જો કોઈ
અમારી આ પત્રમાંની વાત ન માને, તો તેને ધારી રાખો ને તમે તેની સા-
થે મળતા ન રહો એ માટે કે તે શરમાય. 15 તોપણ તેને શત્રુ ન ગણો,
પણ ભાઈ જાણીને તેને બોધ કરો. 16 હવે શાંતિનો પ્રભુ પોતે સદા સર્વ
પ્રકારે તમને શાંતિ આપો. પ્રભુ તમ સર્વની સાથે થાઓ. 17 હું પાઉલનું
પોતાને હાથે ક્ષેમ કુશળ, એ નિશાણી સર્વ પત્રમાં છે, એમ હું લખું છું.
18 આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તની કૃપા તમ સર્વ પર થાઓ.

# તિમોથીને પહેલો પત્ર

1 દેવ આપણા તારનારના તથા ખ્રીસ્ત ઈસુ જે આપની આશા, તે-
ની આજ્ઞા પ્રમાણે થએલો ખ્રીસ્ત ઈસુનો પ્રેરિત પાઉલ, 2 વિશ્વાસ-
માં પોતાના ખરા દીકરા તીમોથીને [લખે છે]; દેવ આપણા બાપથી તથા
ખ્રીસ્ત ઈસુ આપણા પ્રભુથી કૃપા, દયા તથા શાંતિ થાઓ. 3 જેમ માકે-
દોન્યામાં જતાં મેં તને વિનંતી કીધી કે, તું એફેસસમાં રહીને કેટલાએક-
ને અજ્ઞા કર કે, તેઓ બીજો ઉપદેશ ન કરે, 4 ને કહાણીઓ તથા અપાર
વંશાવળીઓ પર ચિત્ત ન રાખે, એવી વાતો તો તકરાર ઉપજાવે છે, પણ
દેવનો જે કારભાર વિશ્વાસમાં છે તેણે અનુકુળ નથી [તેમ ફરી કહું છું].
5 આજ્ઞાનો મુખ્યાર્થ તો શુદ્ધ હૃદયથી તથા સારા અંતઃકારણથી તથા
ઢોંગરહિત વિશ્વાસથી પ્રીતિ છે. 6 તેઓથી કેટલાએક ચુકીને વ્યર્થ વાત
બોલવાની ભણી ફરી ગયા છે, 7 તેઓ નિયમશાસ્ત્રના ઉપદેશક થવા
ચાહે છે, પણ પોતે શું કહે છે અથવા જે વિષે તેઓ ખાતરી બોલે છે તે
તેઓ સમજતી નથી. 8 પણ અમને માલમ છે કે નિયમ સારો છે, જો
કોઈ તેનો વહીવટ યોગ્ય રીતે કરે તો; 9 એવું જાણીને કે, નિયમ ન્યાયી-
ને લાગતો નથી, પણ અનીતિવંતો તથા સ્વચ્છંદીઓને લાગે છે, અભ-
ક્ત તથા પાપીઓને, અશુદ્ધ તથા અમંગળોને, બાપ મારનારા તથા મા
મારનારાઓને, મનુષ્યઘાતકોને, 10 વ્યભિચારીઓને, પુંમૈથુનીઓને ,
માણસને ચોરનારાઓને, જુઠાઓને તથા જુઠા સમ ખાનારાઓને લાગે
છે; ને શુદ્ધ ઉપદેશને જો કંઈ બીજું ઉલટું હોય તો તેને પણ લાગે છે;
11 સ્તુતિવાન દેવના મહિમાની સુવાર્તા જે મને સોંપાયેલી તે પ્રમાણે છે.
12 અને મને સામર્થ્ય આપનાર આપણા પ્રભુ ખ્રીસ્ત ઈસુનો ઉપકાર હું
માનું છું, કેમકે તેણે મને વિશ્વાસુ ગણીને સેવામાં રાખ્યો; 13 હું પહેલાં દુ-
ર્ભાષણ કરનાર તથા સતાવનાર તથા નિંદક હતો, તોપણ હું દયા પા-
મ્યો, કારણ કે મેં અજ્ઞાનથી અવિશ્વાસમાં તે કીધું; 14 ને ખ્રીસ્ત ઈસુ પર-
ના વિશ્વાસ તથા પ્રેમ સુદ્ધાં આપણા પ્રભુની કૃપા અતિ ઘણી થઈ. 15 અ
વાત વિશ્વાસુ તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે, ખ્રીસ્ત ઈસુ પા-
પીઓને તારવારને જગતમાં આવ્યો, તેઓમાં હું મુખ્ય છું; 16 પરંતુ હું એ
સારૂ દયા પામ્યો કે, ઈસુ ખ્રીસ્ત પ્રથમ મારામાં પોતાની પુરી સહનશીલ-
તા દેખાડે, એવી કે જેઓ અનંત જીવનને સારૂ તેના પર વિશ્વાસ કરવા-
ના તેઓને હું નમુનારૂપ થાઉં. 17 જે સનાતન યુગોનો રાજા, અવિનાશી,
અદશ્ય તથા એકલો દેવ, તેને સદા સર્વકાળ સુધી માન તથા મહિમા
થાઓ. આમેન. 18 ઓ દીકરા તીમોથી, તારા વિષે અગાઉ થએલા ભવિ-
ષ્યવાદો પ્રમાણે, આ અજ્ઞા હું તને આપું છું, કે તે ભવિષ્યવાદોથી તું
સારી લડાઈ લડે; 19 ને વિશ્વાસ તથા સારૂં અંતઃકરણ રાખે, જેને કેટલા-
એકે મુકી દઈને વિશ્વાસ વિષેનું વહાણ ભાંગી નાખ્યું; 20 તેઓમાંના હુમ-
નાય તથા આલેકસાંદર છે; તેઓને શેતાનને એ સારૂ સોંપ્યાં કે, તેઓ
દુર્ભાષણ ન કરવાનું શિખે.
2 હવે સહુથી પહેલાં હું એવો બોધ કરૂં છું કે, વિનંતીઓ, પ્રાર્થ-
નાઓ, અરજીઓ તથા ઉપકારસ્તુતિઓ, સઘળાં સારૂ કરાય.
2 રાજાઓને સારૂ તથા જેઓ અધિકારમાં છે તેઓ સર્વને સારૂ, એ માટે
કે આપણે પુરી સુભક્તિમાં તથા ગંભીરપણામાં, શાંત તથા સ્વસ્થ રીતે
જીવનના દહાડા કાઢીએ. 3 કેમકે દેવ આપણા તારનારની આગળ એ
સારૂં તથા લાયક છે. 4 તે ઈચ્છે છે કે સઘળાં માણસ તારણ પામે, ને
સત્યના પુરા જ્ઞાનમાં આવે. 5 કેમકે એક દેવ છે ને દેવનો તથા માણસો-
નો એક મધ્યસ્થ પણ છે, એટલે ખ્રીસ્ત ઈસુ પોતે માણસ, 6 જેણે સઘ-
ળાંને સારૂ પોતાને ખંડણીરૂપે આપ્યો, જેની શાહેદી યોગ્ય પ્રસંગે
[આપવામાં આવશે]. 7 એને સારૂ હું હલકારો તથા પ્રેરિત (હું સાચું બોલું
છું, જુઠું બોલતો નથી), ને વિશ્વાસમાં તથા સત્યમાં વિદેશીઓને શિખ-
વનાર ઠરાવાયો છું. 8 એ માટે મારી ઈચ્છા છે કે, પુરુષો સર્વ જગ્યામાં
રીસ તથા વિવાદ વિના શુદ્ધ હાથો ઉઠાવીને પ્રાર્થના કરે. 9 તે પ્રમાણે
સ્ત્રીઓ પણ શોભતાં વસ્ત્રથી લાજ તથા સુબુદ્ધિ સહિત પોતાને સણ-
ગારે, ગુંથેલા બાલથી તથા સોનું કે મોતી, કે મૂલ્યવાન વસ્ત્રથી નહિ,
10 પણ દેવની ભક્તિ કબૂલ કરનારી સ્ત્રીને જે શોભે છે તેથી, એટલે સા-
રાં કામથી [પોતાને સણગારે]. 11 સ્ત્રીને પુરા આધીનપણાથી છાની
રહીને શિખવું. 12 પણ ઉપદેશ કરવાની, કે પુરુષ પર અધિકાર ચલાવ-
વાની હું સ્ત્રીને રજા આપતો નથી, પણ તેણીએ છાનાપણામાં રહેવું.
13 કેમકે આદમ પહેલાં ઉત્પન્ન થયો, પછી હવા. 14 અને આદમ છેતરાયો
નહિ, પણ સ્ત્રી છેતરાઈને ઉલ્લંઘનમાં પડી. 15 તોપણ જો તે સુબુદ્ધિ
સહિત વિશ્વાસ તથા પ્રેમ તથા પવિત્રાઈમાં રહે, તો તે જણવાથી તરશે.
3 આ વાત વિશ્વાસુ છે કે, જો કોઈ, અધ્યક્ષનો હોદ્દો ચાહે છે, તો તે
સારા કામની ઈચ્છા કરે છે. 2 અધ્યક્ષ નિર્દોષ, એક સ્ત્રીનો વાર,
સાવધાન, સુબુદ્ધિવાન, વ્યવસ્થિત, આતિથ્ય કરનાર, શિખવી શકે
એવો, 3 મધપી નહિ, મારનાર નહિ, પણ સહનશીલ, કજીઆ કરનાર
નહિ, દ્રવ્યલોભી નહિ, 4 પોતાના ઘરનાંને સારી રીતે ચલાવનાર, પોતા-
નાં છોકરાંને સર્વ ગંભીરપણાથી આધીન રાખનાર, એવો હોવો જોઈએ.
5 (કેમકે જો કોઈ પોતાના ઘરનાંને ચલાવી જાણતો નથી, તો તે દેવની
મંડળીની સંભાળ કઈ રીતે કરશે?) 6 નવો શિષ્ય નહિ, રખે તે ફુલાઈને
શેતાનની શિક્ષામાં પડે. 7 વળી જરૂર છે કે, એનો વિષે બહારનાઓની
તરફથી સારી શાહેદી હોય, એ સારૂ કે તે અપમાનમાં તથા શેતાનના
ફાંદામાં ન પડે. 8 એ પ્રમાણે સેવકો પણ ગંભીર, બેવચની નહિ, ઘણા
મધપી નહિ, નીચ લાભ વિષે લોભી નહિ, 9 વિશ્વાસી [ધર્મનો] મર્મ શુદ્ધ
અંતઃકરણથી રાખનાર એવો હોય જોઈએ. 10 તેઓ પહેલાં પરખાએલા
થાય; પછી જો નિર્દોષ માલમ પડે તો સેવકનું કામ કરે. 11 એ પ્રમાણે
બાયડીઓ ગંભીર, નિંદાખોર નહિ, સાવધાન, સર્વ વાતમાં વિશ્વાસુ
એવી હોવી જોઈએ. 12 હરેક સેવક એક સ્ત્રીનો વાર, પોતાનાં છોકરાં
તથા ઘરનાંને સારી રીતે ચલાવનાર એવો હોવો જોઈએ. 13 કેમકે જે-
ઓએ સેવકનું કામ સારી રીતે કીધું, તેઓ પોતાને સારું સારી પડવી
તથા ખ્રીસ્ત ઈસુ પરના વિશ્વાસમાં મોટી હિમ્મત મેળવે છે. 14 હું તારી
પાસે વહેલો આવવાની આશા રાખીને તને એ વાતો લખું છું; 15 એ સારૂ
કે જો મને વાર લાગે, તો તારે દેવના ઘરમાં કઈ રીતે વર્તવું, એ તને
જણાય; એ ઘર જીવતા દેવની મંડળી, સત્યનો સ્તંભ તથા આધાર છે.
16 અને ખચિત સુભક્તિ મર્મ મોટો છે, એટલે જે દેહમાં પ્રગટ થયો,
આત્મામાં ન્યાયી ઠરાવાયો, દૂતોના દીઠામાં આવ્યો, વિદેશીઓમાં તેની
વાત પ્રગટ થઈ, જગતમાં તે પર વિશ્વાસ થયો, મહિમામાં તે ઉપર લેવા-
યો.
4 પણ આત્મ સાફ કહે છે કે, પાછલા કાળોમાં કેટલાએક માણસો,
ભુલાવનાર આત્માઓ પર તથા ભૂતોના ઉપદેશ પર લક્ષ રાખીને,
2 જુઠું બોલનારા તથા જેઓનું અંતઃકરણ ડામેલું એવાઓના ઢોંગથી
વિશ્વાસનો ત્યાગ કરશે; 3 ને એઓ પરણવાને મના કરશે, ને જે ખોરાક
ઉપકારસ્તુતિ કરીને લેવા સારૂ દેવે વિશ્વાસીઓને તથા સત્ય જાણના-
રાઓને વાસ્તે ઉત્પન્ન કીધા, તેથી દૂર રહેવાનું કહેશે. 4 કેમકે દેવનું સર્વ
ઉત્પન્ન કરેલું સારૂ છે, કંઈ નાખી દેવા સારૂ નથી, જો ઉપકારસ્તુતિની
સાથ તે લેવાયા તો, 5 કેમકે દવની વાતથી તથા પ્રાર્થનાથી તે શુદ્ધ
કરાય છે. 6 એ વાતો ભાઈઓને જણાવીને, હું ખ્રીસ્ત ઈસુનો સારો સેવક
થઈશ, ને જે વિશ્વાસની તથા સારા ઉપદેશની વાતોની પાછળ તું ચાલ-
તો આવ્યો તેઓથી પાળેલા થઈશ. 7 પણ અધર્મી તથા વ્યર્થ કહાણી-
ઓને ટાળ, ને સુભક્તિને સારૂ પોતાની કસરત કર; 8 કેમકે શરીરની
કસરત થોડીજ ઉપયોગી છે, પણ સુભક્તિ સઘળાંને સારૂ ઉપયોગી છે,

તેને હમણાંના તથા આવતા કાળના પણ જીવનનું વચન છે. 9 આ વાત
વિશ્વાસુ તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે. 10 અને આ કારણ માટે
આપણે એ સારૂ મહેનત કરીએ છીએ તથા કષ્ટ કરીએ છીએ, કેમકે સર્વ
માણસોનો ને વિશેષે કરીને વિશ્વાસીઓનો જે તારનાર છે, તે જીવતા
દેવ પર આપણે આશા રાખેલી છે. 11 આ વાતો ફરમાવ તથા શિખવ.
12 કોઇ પણ તારા જુવાનપણાને ધિક્કારે નહિ; પણ વાતમાં, ચાલમાં,
પ્રીતિમાં, વિશ્વાસમાં, પવિત્રાઈમાં વિશ્વાસીઓને નમુનો થા. 13 હું આવું
ત્યાં સુધી વાંચવામાં, બોધ કરવામાં, શિખવવામાં તત્પર રહે. 14 જે કૃ-
પાદન તારમાં છે, જે ભવિષ્યવાદને આસરે વડીલસભાના હાથો મુકવા-
થી તને અપાએલું હતું, તે વિષે તમે નિશ્ચિંત ન થાઓ. 15 એ વાતોમાં
ખંતીલો થજે, એઓમાં તત્પર રહે, કે તારું પ્રવીણપણું સઘળાને પ્રગટ
થાય. 16 પોતા વિષે તથા ઉપદેશ વિષે સાવધાન થા. આ વાતોમાં ટકી
રહે, કેમકે આ કીધાથી તું પોતાને તથા તારા સાંભળનારાઓને પણ તા-
રીશ.

5 ઘરડાને ન ધમકાવ, પણ જેમ બાપને તેમ તેને બોધ કર; ને જેમ
ભાઈઓને તેમ જુવાનોને; 2 ને જેમ માઓને તેમ ઘરડીઓને; ને
જેમ બહેનોને તેમ પુરી પવિત્રાઈથી જુવાન બાયડીઓને બોધ કર. 3 જે
વિધવાઓ ખરેખરી વિધવા છે તેઓને માન આપ. 4 પણ જે કોઈ વિધ-
વાને છોકરાં કે છોકરાંના છોકરાં હોય, તો તેઓ પહેલાં પોતાના ઘરમાં
સુભક્તિ કરવાને તથા પોતાનાં માબાપોને પ્રતિદાન આપવાને શિખે,
કેમકે દેવની આગળ આ સારૂં તથા પસંદ છે. 5 જે ખરેખરી વિધવા તથા
એકલી પડેલી છે, તેણે દેવ પર આશા રાખી છે, ને રાત દહાડો તે વિ-
નંતી તથા પ્રાર્થનામાં તત્પર રહે છે. 6 પણ જે વિલાસી તે જીવતીજ મુ-
એલી છે. 7 આ વાતો આગ્રહથી કહે કે તેઓ નિર્દોષ થાય. 8 પણ જો
કોઇ પોતાની કે વિશેષ કરીને પોતાના ઘરનાંની ખબર રાખતો નથી, તો
તેણે વિશ્વાસ નકાર્યો છે તથા તે અવિશ્વાસી કરતા ભુંડો છે. 9 સાઠ વર-
સની અંદરની નહિ એવી જે વિધવા, એક વરની વહુ, 10 સારાં કામ વિષે
વખણાએલી, જ તેણીએ છોકરાનું પ્રતિપાલન કીધું હોય, જો પરેણાની
ચાકરી કીધી હોય, જો પવિત્રોના પગ ધોયા હોય, જો દુઃખીઓને સહાય-
તા કીધી હોય, જો તે હરેક સારા કામની પાછળ લાગી હોય તો તે ટીપમાં
નોંધાય. 11 પણ જુવાન વિધવાઓને ટીપમાં નોંધવી નહિ, કેમકે તેઓ
ખ્રીસ્તને ઉલટી ઉન્મત્ત થશે ત્યારે પરણવા ચહાશે. 12 તેઓને દંડાજ્ઞા
છે, કેમકે તેઓએ અસલ વિશ્વાસને છોડી દીધો છે. 13 અને તે ઉપરાંત
ઘેરેઘેર ફરતાં તેઓ આળસુ થવાનું શિખે છે, ને કેવળ આળસુ નહિ, પણ
જે ઘટતું નથી તે બોલીને ગપ્પી તથા પરાઈ ચરચા કરનારી થાય છે.
14 માટે હું ઈચ્છું છું કે જુવાન [વિધવાઓ] પરણે, બાળકોને જણે, ઘર
ચલાવે, અટકાવનારને નિંદા કરવાનું નિમિત્ત ન આપે. 15 કેમકે કેટલી-
એક હમણાં શેતાનની પાછળ ફરી ગઈ છે. 16 અને જો કોઈ વિશ્વાસણની
પાસે વિધવાઓ હોય, તો તે તેઓનું પુરું પાડે, ને મંડળી ઉપર ભાર ન
નાખે, એ સારૂ કે જે ખરેખરી વિધવાઓ છે તેઓનું તે પુરું પાડે. 17 જે
વડીલો સારી રીતે અધિકાર કરે છે, ને વિશેષે કરીને જેઓ ઉપદેશ કરવા-
માં તથા શિખાડવામાં મહેનત કરે ચ, તેઓને બમણા માન યોગ્ય ગણ-
વા. 18 કેમકે શાસ્ત્ર કહે છે કે, પારે ફરનાર બળદના મ્હો પર શેંકી ન
બાંધ, ને કામ કરનાર પોતાની મજુરીને યોગ્ય છે. 19 બે કે ત્રણ શાહેદી
વગર વડીલ પરનું તહોમત ન સાંભળો. 20 પાપ કરનારાઓને સઘળાંની
આગળ ધમકાવ, એ સારૂ કે બીજાને પણ બીક લાગે. 21 દેવ તથા ખ્રી-
સ્ત ઈસુ તથા પસંદ કીધેલા દૂતો આગળ હું તને આજ્ઞા કરું છું કે, પક્ષ-
પાત પ્રમાણે કંઈ ન કરતાં તરફદારી વિના આ વાતો પાળ. 22 એકાએક
કોઈ પર હાથ ન મુક, ને બીજાઓનાં પાપમાં ભાગિયા ન થા, પોતાને
શુદ્ધ રાખ. 23 હવેથી [એકલું] પાણી ન પી, પણ તારા કોઠાને લીધે તથા
તારી વારંવારની નબળાઈને લીધે, થોડો દ્રાક્ષરસ પી. 24 કેટલાએક મા-
ણસનાં પાપ બહુ પ્રગટ છતાં ન્યાયમાં આગળ જાય છે, ને કેટલાએકની
પાછળ તેઓ આવે છે. 25 અને તે પ્રમાણે કેટલાએકનાં સારાં કામ પણ
પ્રગટ છે, ને જેઓ જુદી જાતના છે તેઓ છાનાં રહી શકતાં નથી.

6 જેટલા દાસ ઝુંસરી તળે છે તેટલાએ પોતાના ધણીઓને પુરા મા-
નયોગ્ય ગણવા, એ સારૂ કે દેવના નામની તથા ઉપદેશની નિંદા
ન થાય. 2 અને જેઓને વિશ્વાસી ધણીઓ છે, એ ધણીઓ ભાઈઓ છે,
તે કારણથી તેઓએ તેમને ન વખોડવા, પણ તેમની ચાકરી વિશેષ કર-
વી, કેમકે જેઓ ઉપકાર પામે છે તેઓ વિશ્વાસી તથા પ્રિય છે. એ વાતો
શિખવ ને બોધ કર. 3 જો કોઈ બીજો ઉપદેશ કરે, ને આપણા પ્રભુ ઈસુ
ખ્રીસ્તની જે શુદ્ધ વાત તથા ભક્તિ પ્રમાણે જે ઉપદેશ તેને માનતો
નથી, 4 તો તે ગર્વથી ફુલેલો છે, ને કંઈ જાણતો નથી, પણ તકરાર તથા
શબ્દવાળ વિષે મોહિત છે, કે જેઓથી અદેખાઈ, વઢવાડ, દુર્ભાષણો,
ભુંડી કલ્પનાઓ, 5 તથા જે માણસ મન વિષે ભ્રષ્ટ થએલા, સત્યરહિત
થએલા, સુભક્તિ કમાઈનું એક સાધન છે એવું ધારનારા, તેઓમાં
કજીઆ થઇ છે; એવાથી તું દૂર થા. 6 પણ સંતોષસહિતની સુભક્તિ મો-
ટો લાભ છે; 7 કેમકે આપણે આ જગતમાં કંઈ લાવ્યા નથી ને તેમાંથી
કંઈ લઇ જવાતું નથી. 8 પણ અન્ન વસ્ત્ર છતાં તેઓથી આપણે સંતોષી
થઈશું. 9 પણ જે દ્રવ્યવાન થવા ચાહે છે, તેઓ પરીક્ષણમાં તથા ફાંદા-
માં તથા ઘણી મૂર્ખ તથા નાશકારક તૃષ્ણામાં પડે છે, જેઓ માણસોને
નાશમાં લાલચ કરીને કેટલાએક વિશ્વાસથી ભટકી ગયા, ને ઘણાં દુઃ-
ખોથી તેઓએ પોતાને વીંધ્યા. 11 પણ, ઓ દેવના માણસ, તેઓથી તું
નાસ; ને ન્યાયીપણા, સુભક્તિ, વિશ્વાસ, પ્રેમ, ધીરજ તથા લીનતાની
પાછળ ચાલ. 12 વિશ્વાસની સારી લડાઈ લાડ, અનંત જીવન ધર, કે જે-
ને સારૂ તું તેડાએલો છે, ને જેના વિષે તે ઘણા શાહેદીઓની આગળ
સારો ઈકરાર કીધો. 13 દેવ જે સઘળાને જીવતા કરે છે તેની આગળ તથ
ઈસુ ખ્રીસ્ત જેણે પોંતીઅસ પીલાતની આગળ સારો ઇનકાર કીધો, તેની
આગળ હું તને હઠેઠથી કહું છું કે, 14 આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના પ્રગટ
થવા સુધી આ અજ્ઞા ડાઘરહિત તથ્હા દોષરહિત તું પાળ; 15 જે પ્રગટ
થવું પોતાના સમયોમાં તે દેખાડશે, કે જે ધન્ય તથા એકલો સ્વામી છે,
જે રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ છે, 16 જે એકલાને અમરપણું
છે, જે અગમ્ય અજવાળામાં રહે છે, જેને માણસોમાંના કોઈએ જોય નથી
ને જોઈ શકતો નથી, તેને માન તથા સદાકાળનું પરાક્રમ થાઓ.
આમેન. 17 આ કાળના દ્રવ્યવાનોને હઠેઠથી કહે કે, તેઓ અહંકાર ન
કરે, ને દ્રવ્યના અસ્થિરપણા પર નહિ, પણ જે દેવ આપણને સુખાનુ-
ભવ સારૂ દ્રવ્યરૂપ સર્વ આપે છે તે પર આશા રાખે; 18 કે તેઓ સારૂં કરે,
ઉત્તમ કામો વિષે દ્રવ્યવાન થાય, ઉદાર ને પરોપકારી થાય; 19 આવતા
કાળને સારૂ પોતાને વાસ્તે પુંજીરૂપી સારો પાયો નાખે, એ માટે કે જે
ખરેખરું જીવન ને તેઓ ધરી રાખે. 20 ઓ તીમોથી જે તને સોંપેલું છે તે
સંભાળ, ને અધર્મી અમથી વાતોથી તથા જે જુઠાઈથી જ્ઞાન કહેવાય છે
તેના વિવાદથી દૂર થા, 21 જે જેને કેટલાએક માનીને વિશ્વાસ વિષે ભૂ-
લ્યા. તારા પર કૃપા થાઓ. આમેન.

# તિમોથીને પહેલો પત્ર

1 ખ્રીસ્ત ઈસુમાં જે જીવન છે તેના વચન પ્રમાણે દેવની ઈચ્છાથી
ખ્રીસ્ત ઈસુનો પ્રેરિત પાઉલ, 2 વહાલા દીકરા તીમોથીને [લખે છે];
દેવ બાપથી તથા ખ્રીસ્ત ઈસુ આપણા પ્રભુથી કૃપા, દયા, શાંતિ તને
થાઓ. 3 દેવ જેને હું મારા બાપદાદાઓથી શુદ્ધ ભાવે ભજું છું, તેની ઉપ-
કાર સ્તુતિ કરું છું કે, મારી પ્રાર્થનામાં રાત દહાડો તું તારું સ્મરણ જાથું
રાખું છું. 4 તારાં આંસુ સંભારીને હું તન જોવાને ઘણો ચાહું છું કે આનંદ-
થી ભરપુર થાઉં; 5 કેમકે જે નિષ્કપટ વિશ્વાસ તારામાં હતો, જે પહેલાં
તારી વડીઆઇ લુઇસ, ને તારી મા યુનીકેમાં રહેલો હતો, ને મને ભરોસો
છે કે તારામાં પણ છે, તે મને યાદ છે. 6 માટે હું તને યાદ કરાવું છું કે, જે
દેવનું દાન મારા હાથ મુકવાથી તને મળ્યું તેણે તારે જાગૃત કરવું; 7 કેમકે
દેવે આપણને બીકનો આત્મા નહિ, પણ સામર્થ્યનો તથા પ્રેમનો નથા
સાવધ બુદ્ધિનો આપ્યો છે, 8 માટે આપણા પ્રભુની શાહેદી વિષે, ને હું
તેના બંદીવાન વિષે તું ન શરમા, પણ સુવાર્તાને લીધે મારી સાથે દેવના
સામર્થ્ય પ્રમાણે દુઃખ ભોગવ; 9 તેણે આપણને તાર્યા તથા પવિત્ર તેડા-
થી આપણને તેડ્યા, આપણા કામ પ્રમાણે નહિ, પણ તેનાજ ઈરાદા
તથા કૃપા પ્રમાણે; જે કૃપા અનાદિકાળથી ખ્રીસ્ત ઈસુમાં આપણને
આપેલી હતી; 10 પણ આપણા તારનાર ખ્રીસ્ત ઈસુના પ્રગટ થયાથી
હમણાં પ્રસિદ્ધ થઈ છે; તેણે મરણને નિરર્થક કીધું, ને સુવાર્તાથી જીવન
તથા અમરપણું પ્રકાશિત કીધું છે; 11 તે વિષે હું હલકારો તથા પ્રેરિત
તથા શિખવનાર ઠરાવાયો છું. 12 તે કારણ માટે હું એ દુઃખો સહુ છું તો-
પણ હું શરમાતો નથી, કેમકે જે પર મેં વિશ્વાસ કીધો તેણે હું ઓળખું છું,
ને મને ભરોસો છે કે, તેની પાસે મારી અનામતી તે દહાડા સુધી તે રાખી
શકે છે. 13 શુદ્ધ વાતનો નમુનો જે તમે મારી પાસેથી સાંભળ્યો તે ખ્રીસ્ત
ઈસુના વિશ્વાસ તથા પ્રેમમાં રાખ. 14 તે સારી અનામતી આપણામાં રહે-
નાર પવિત્ર આત્માથી સંભાળી રાખ. 15 તને માલમ છે કે, આશિયા-
માંના સઘળીએ મને મુકી દીધો, તેઓમાં ફુગેલસ તથા હેરમોગેનેસ છે.
16 પ્રભુ ઓનેસીફરસના ઘર પર દયા કરો, કેમકે તેણે વારે વારે મને તા-
જો કીધો, ને મારાં બંધન વિષે શરમાયો નહિ; 17 પણ તે રૂમમાં હતો
ત્યારે મહેનતથી મને શોધી કાઢીને મળ્યો. 18 પ્રભુ તેને એવું આપો કે, તે
દહાડે પ્રભુ પાસેથી તે દયા પામે; ને એફેસસમાં તેણે કેટલી સેવા કીધી,
એ તું સારી પેઠે જાણે છે.
2 માટે મારા દીકરા, ખ્રીસ્ત ઈસુમાં જે કૃપા તેમાં તું સમર્થ થા. 2 અને
જે વાતો ઘણા શાહેદોની આગળ તે મારી પાસેથી સાંભળી તે, જે
વિશ્વાસુ માણસો બીજાઓને પણ શિખવવા યોગ્ય થશે તેઓને સોંપી
દે. 3 માટે ખ્રીસ્ત ઈસુના સારા સૈનિકની પેઠે તું મારી સાથે દુઃખ સહે.
4 કોઈ લડનાર સંસારી કામકાજમાં ગુંથાતો નથી, એ માટે કે તે સેનાપ-
તિને સંતુષ્ટ કરે. 5 અને જો કોઈ પણ મલયુદ્ધ કરે, તો નિયમ પ્રમાણે
મલયુદ્ધ કીધા વગર તે મુગટ પામતો નથી. 6 મહેનત કરનાર ખેડુતને
પહેલાં ફળ મળવા જોઈએ. 7 હું જે કહું છું તેનો વિચાર કર; કેમકે સર્વ
વિષે પ્રભુ તને સમજણ આપશે 8 ઈસુ ખ્રીસ્ત જે મારી સુવાર્તા પ્રમાણે
મુએલાંમાંથી ઉઠાડ્યો [ને] દાઉદના સંતાનનો છે તેની યાદ રાખ; 9 જે
[સુવાર્તા]ને સારૂ હું ભુંડું કરનારની પેઠે બંધન સુધી દુઃખ વેઠું છું; પણ
દેવની વાત બંધ થઈ નથી. 10 તે માટે હું પસંદ કરેલાઓને સારૂ સઘળાં
સહું છું, કે ખ્રીસ્ત ઈસુમાં જે તારણ તે અનંત મહિમાની સાથે તેઓ પામે.
11 આ વિશ્વાસુ વાત છે-કેમકે જો આપણે તેની સાથે મુઆ, તો તેની સા-
થે જીવીશું; 12 જો સહીએ તો તેની સાથે રાજ્ય પણ કરીશું; જો તેણે
નકારીશું તો તે આપણને પણ નકારશે; 13 જો આપણે અવિશ્વાસી હો-
ઈએ તોપણ તે વિશ્વાસુ રહે છે; તે પોતાને નકારી શકતો નથી. 14 તું આ
વાતો તેઓને યાદ કરાવતાં પ્રભુ આગળ [તેઓને] એવો હુકમ કર કે,
શબ્દવાદ જે કશામાં ગુણકારી નથી, પણ સાંભળનારાના બગાડને મટે
છે, તે કોઈ ન કરે. 15 લજ્જાના કારણરહિત કામ કરનાર, સત્યની વાત
બરાબર વહેંચનાર, દેવ આગળ પસંદ થએલો, એવો થવાને મહેનત કર.
16 પણ અધર્મી તથા અમથી વાતોથી અલગ રહે, કેમકે તેઓ અભક્તિ-
માં ઘણા વધતો જશે, 17 અને તેઓની વાત ધારાની પેઠે ખવાતી જશે,
તેઓમાંના હુમનાયસ તથા ફીલેતસ છે, 18 પુનરુત્થાન થઈ ગયું છે
એમ કહેતાં તેઓએ સત્ય વિષે ભૂલ ખાધી, ને કેટલાએકનો વિશ્વાસ
તેઓ ઉલટાવી નાખે છે. 19 પણ દેવે કીધેલો પાયો સ્થિર રહે છે, તેણે
આ મહોર છે કે, પ્રભુ પોતાના જે છે તેઓને જાણે છે, ને આ કે, જે કોઈ
ખ્રીસ્તનું નામ લે છે તેણે ભુંડાઈથી દૂર થવું. 20 પણ મોટા ઘરમાં કેવળ
સોના તથા રૂપાનાં નહિ, પણ લાકડાંના તથા માટીનાં પાત્રો પણ હોય
છે, ને કોઈ માનને સારૂ ને કોઈ અપમાનને સારૂ હોય છે. 21 એ માટે જો
કોઈ તેઓથી પોતાને શુદ્ધ કરે, તો માનને સારું પવિત્ર કરેલું, સ્વામીને
ઉપયોગી તથા સર્વ સારાં કામને સારૂ સિદ્ધ કરેલું પાત્ર તે થશે. 22 વળી
જુવાનીના વિષયોથી નાસ, પણ પ્રભુનું નામ શુદ્ધ હૃદયથી લેનારાઓ-
ની સાથે ન્યાયીપણું, વિશ્વાસ, પ્રેમમ શાંતિની પાછળ લાગ. 23 મૂર્ખ
તથા અજ્ઞાન વાદોને તજ; એ જાણીને કે તેઓ વઢવાડ ઉપજાવે છે.
24 પણ પ્રભુના દાસે વઢવાડ કરવી નહિ, પણ સઘળાની સાથે નમ્ર, શિ-
ખવી શકે એવો, સહનશીલ, 25 અટકાવનારાઓને નમ્રતાથી સમજાવ-
નાર થવો જોઈએ, કે કદાચ સત્ય જાણવા સારૂ દેવ તેઓને પસ્તાવો
[કરવાનું મન] આપે; 26 ને શેતાનથી જેઓ પકડાયા છે તેઓ સાવધ
થઈને તેના ફાંદામાંથી દેવની ઈચ્છા પ્રમાણે છુટે.
3 અને એ જાણે કે છેલ્લા દહાડાઓમાં સંકટના વખતો આવશે. 2 કે-
મકે માણસો સ્વાર્થી, દ્રવ્યલોભી, આપવખાણિયા, ગર્વિષ્ઠ,
નિંદક, માબાપને ન માનનારા, અનુપકારી, અશુદ્ધ, 3 અપ્રેમી, ક્રૂર, બટ્ટા
મુકનારા, સ્વદમન ન કરનારા, નિર્દય, સુવાતદ્વેષી, 4 વિશ્વાસઘાતી,
હઠીલા, ગર્વથી ફુલેલા, દેવ પર નહિ પણ વિલાસ ઉપર પ્રીતિ રાખનારા,
સુભક્તિનું રૂપ દેખાડીને તેના પરાક્રમનો નકાર કરનારા એવા થશે; તે-
ઓથી તું ફરી જા. 5 સુભક્તિનું રૂપ દેખાડીને તેના પરાક્રમનો નકાર કર-
નારા એવા થશે; તેઓથી તું ફરી જા. 6 કેમકે એઓમાંના એવા છે કે
જેઓ ઘરમાં પેસીને જે અણસમજુ સ્ત્રીઓ, પાપથી લાદેલી, ઘણા પ્રકા-
રની ઈચ્છાથી ચલાવાએલી, 7 હમેશાં શિખતી છતાં પણ સત્યનું જ્ઞાન
પામી શક્તિ નથી, તેઓને વશ કરી લે છે. 8 અને જેમ જાન્નેસે તથા જા-
મ્બ્રેસે મુસાને અટકાવ્યો, તેમ એ પણ સત્યને અટકાવે છે; એઓ મન-
માં બગડેલા, વિશ્વાસ સંબંધી પતિત માણસ છે. 9 પણ એઓ બહુ
આગળ ચાલવાના નથી; કેમકે જેમ તેઓનું મૂર્ખપણું પ્રગટ થયું, તેમ
એઓનું પણ સઘળાની આગળ પ્રગટ થશે. 10 પણ મારો જે ઉપદેશ,
આચરણ, ઠરાવ, વિશ્વાસ, સહનશીલપણું, પ્રેમ, ધીરજ, 11 સતાવણી ને
દુઃખો જેવાં કે અંત્યોખમાં, ઈકોનીમાં, લુસ્ત્રામાં મને થયાં, ને સતાવણી
જેવી મેં વેઠી તે બધામાં તું મારી પાછળ ચાલ્યો; પણ આ સઘળાં દુઃ-
ખોમાંથી પ્રભુએ મને છોડાવ્યો. 12 અને જેઓ ખ્રીસ્ત ઈસુમાં સુભક્તિથી
ચાલવા ઈચ્છે છે, તેઓ સઘળા સતાવણી પામશે. 13 પણ ભુંડા માણસ
તથા ધુતારાઓ ભુલવીને તથા ભુલીને ભુંડાઈમાં વધતા જાય છે.
14 પણ તું જે વાતો શિખ્યો ને જેનાં વિષે તારી ખાતરી થઈ છે તેઓમાં
રહે; કેમકે કોણથી શિખ્યો એ તને માલમ છે; 15 ને એ પણ કે બાળપણ-
થી પવિત્રશાસ્ત્ર તું જાણે છે, તે ઈસુ ખ્રીસ્ત પરના વિશ્વાસથી તારણને
સારૂ તને જ્ઞાન આપી શકે છે. 16 હરેક શાસ્ત્ર જે દેવની પ્રેરણાથી અપા-
એલું છે, તે ઉપદેશ, નિષેદ, સુધારા, ન્યાયીપણાના શિક્ષણને સારૂ ઉપ-

યોગી છે; 17 એ માટે કે દેવનું માણસ સંપૂર્ણ તથા સર્વ સારાં કામને સારૂ
તૈયાર થાય.

4 માટે દેવની આગળ ને ખ્રીસ્ત ઈસુ જે જીવતાં તથા મુએલાંઓને
ન્યાય કરવાનો છે તેની આગળ ને તેના પ્રગટ થવાના તથા રા-
જ્યના [વિચારથી] હું તને હઠેઠથી કહું છું કે, 2 તું વાત પ્રગટ કર, સુકા-
ળમાં અકાળમાં તત્પર રહે, સર્વ સહનશીલપણામાં તથા ઉપદેશમાં
ઠપકો દે, ધમકાવ તથા બોધ કર. 3 કેમકે એવો વખત આવશે કે જેમાં
તેઓ શુદ્ધ ઉપદેશને નહિ ખમશે; પણ કાન ખજવાળતાં પોતાની
ઈચ્છાઓ પ્રમાણે પોતાને સારૂ ઉપદેશકો એકઠા કરશે; 4 ને તેઓ સત્ય-
થી કાન ફેરવશે, ને કહાણીઓ ભણી ફરશે. 5 પરંતુ તું સર્વમાં સાવધાન
થા, દુઃખ સહે, સુવાર્તિકનું કામ કર, તારી સેવા પૂર્ણ કર. 6 કેમકે હું
અત્યારે અર્પણ કરાઉ છું, ને મારો નીકળવાનો વખત પાસે આવ્યો છે.
7 હું સારી લડાઈ લડ્યો છું, મેં દોડ પુરી કીધી છે, વિશ્વાસ રાખ્યો છે.
8 આને હવે મારે સારૂ ન્યાયીપણાનો મુગટ રાખી મુકેલો છે, તે તે દહાડે
ઈનસાફી ન્યાયાધીશ પ્રભુ મને આપશે; ને કેવળ મને નહિ પણ જે સઘ-
ળા તેનું પ્રગટ થવું ઈચ્છે છે તેઓને પણ આપશે. 9 મારી પાસે વહેલો
આવવાને તું યત્ન કર. 10 કેમકે દેમાસ હાલના જગત પર પ્રેમ કરીને
મને મુકીને ગયો, ને થેસ્સાલોનીકામાં ગયો છે; ક્રેસ્કેન્સ ગલાતીઆમાં,
તીતસ દલમાતીઆમાં ગયો. 11 એકલો લુક મારી સાથે છે. માર્કને તારી
સાથે લઈ આવજે, કેમકે સેવાને સારૂ તે મને ઉપયોગી છે. 12 તુખીકસને
મેં એફસસમાં મોકલ્યો. 13 જે જામો મેં ત્રોઆસમાં કારપસ માસે મુક્યો
તે, ને પુસ્તકો, પણ વિશેષે કરીને ચર્મપત્રો આવતી વેળા સાથે લઈ
આવજે. 14 આલેકસાંદર કંસારાએ મારી વિરુદ્ધ ઘણું દુષ્ટપણું કીધું, પ્ર-
ભુ તેનાં કામ પ્રમાણે તેણે બદલો આપશે, 15 તેણે વિષે તું પણ સંભાળ,
કેમકે તેણે અમારી વાતોને બહુ અટકાવી. 16 મારા પહેલા પ્રત્યુત્તરની
વખતે મારી પાસે કોઈ પણ રહ્યું નહિ. પણ સઘળા મને મુકી ગયા; એ
તેઓના લેખામાં ન ગણાય. 17 તોપણ પ્રભુ મારી સાથે રહ્યો ન તેણે
મને બળ આપ્યું, એ સારૂ કે મારાથી વાત પુરી રીતે પ્રગટ થાય, ને સઘ-
ળા વિદેશીઓ સાંભળે; ને હું સિંહના મ્હોડામાંથી છુટકો પામ્યો. 18 અને
પ્રભુ સર્વ ભુંડા કામથી માએ છોડાવશે, ને પોતાના આકાશી રાજ્યને
સારૂ મને બચાવી રાખશે; તેણે સર્વકાળ સુધી મહિમા થાઓ. આમેન.
19 પ્રિસ્કા તથા આકુલા તથા ઓનેસિફરસના ઘરનાંને ક્ષેમ કુશળ કહેજે.
20 એરાસ્તસ કરીંથમાં રહ્યા; ને ત્રોફિસને ને મિલેતસમાં માંદો મુક્યો.
21 શિયાળા પહેલાં આવવાને યત્ન કરજે.યુબુલસ તથા પુદેન્સ તથા
લીનસ તથા કલાદીઆ તથા અરવ ભાઈઓ તને ક્ષેમ કુશળ કહે છે.
22 પ્રભુ તારા આત્માની સાથે થાઓ. કૃપા તારા પર થાઓ.

# તિતસને પત્ર

1 પાઉલ દેવનો દાસ, ઈસુ ખ્રીસ્તનો પ્રેરિત, દેવના પસંદ કરાએલા-
ઓના વિશ્વાસને અર્થે, તથા સુભક્તિ પ્રમાણે સત્યના પુરા જ્ઞાન-
ને અર્થે, 2 અનંત જીવનની આશાએ જેનું વચન જુઠું ન બોલનાર દેવે
અનાદિકાળથી આપ્યું, 3 તેના યોગ્ય સમયોમાં પોતાની વાત જણાવી,
જેનું પ્રગટ કરવું આપણા તારનાર દેવની આજ્ઞા પ્રમાણે મને સોંપેલું છે;
4 સામાન્ય વિશ્વાસ પ્રમાણે ખરા પુત્ર તીતસને [લખે છે].દેવ બાપથી
તથા આપણા તારનાર ખ્રિસ્ત ઈસુથી તને કૃપા તથા શાંતિ થાઓ. 5 મેં
એ કારણ માટે તને ક્રેતેમાં મુક્યો, ક જે અધૂરાં છે તે તું યથાસ્થિત કરે,
ને જેમ મેં તને હુકમ કીધો, તેમ નગર નગરમાં તું વડીલો ઠરાવે. 6 જો
કોઈ નિર્દોષ હોય, એક સ્ત્રીનો વર, જેનાં છોકરાં વિશ્વાસી, જેનાં ઉપર દુ-
ર્વ્યસનનું તહોમત મુકેલું નથી, અથવા આડાં નથી, [તેને ઠરાવવો].
7 કેમકે અધ્યક્ષે દેવના કારભારીના જેવા નિર્દોષ હોવું જોઈએ; સ્વચ્છંદી
કે ક્રોધી કે મધપી કે મારનાર કે નીચ લાભ વિષે લોભી એવો નહિ.
8 પણ પરોણા રાખનાર, સારાંનો પ્રેમી, બુદ્ધિવાન, ન્યાયી, શુદ્ધ તથા
સ્વદમન કરનાર, 9 ઉપદેશ પ્રમાણે વિશ્વાસુ વાતને દઢતાથી રાખનાર
એવો જોઈએ, એ સારૂ કે શુદ્ધ ઉપદેશથી બોધ કરવાને તથા અટકાવના-
રાઓને મનાવવાને તે શક્તિવાન હોય. 10 કેમકે આડા, અમથું બોલના-
રા તથા ઠગનારા ઘણા છે, એઓ વિશેષ કરીને સુનતમાંના છે, 11 તેઓ-
ના મ્હો બંધ કરવા જોઈએ; તેઓ જે ઘટતું નથી તે લજામણા લાભને
સારૂ શિખવીને આખા ઘરનાંને ઉલટાવી નાખે છે. 12 તેઓમાંના એકે
એટલે તેમના એક કવિએ કહ્યું કે, ક્રેતીઓ સદા જુઠા, ભુંડા પશુ આળસુ
પેટભરૂઓ છે. 13 અ શાહેદી ખરી છે. તે કારણ માટે તેઓને સખત રીતે
ધમકાવ, 14 કે તેઓ યહુદીઓની કહાણીઓ પર તથા સત્યથી ફરનાર
માણસના હુકમ પર ચિત્ત ન રાખતાં વિશ્વાસમાં ખરા થાય. 15 શુદ્ધોને
સઘળું શુદ્ધ છે; પણ ભ્રષ્ટ તથા અવિશ્વાસીઓને કંઈ શુદ્ધ નથી, પણ તે-
ઓનાં મન તથા અંતઃકારણ ભ્રષ્ટ થયેલાં છે. 16 અમે દેવને જાણીએ
છીએ એવું તેઓ કબૂલ કરે છે, પણ કરણીઓથી તેણે નકારે છે; તેઓ
અમંગળ, આજ્ઞાભંગી, ને સર્વ સારાં કામ વિષે ભ્રષ્ટ છે.

2 પણ સુદ્ધ ઉપદેશને જે શોભે છે તે વાત તું બોલ, 2 એવી કે ઘરડા-
ઓએ સાવધાન ગંભીર, બુદ્ધિવાન, ને વિશ્વાસમાં, પ્રેમમાં તથા
ધીરજમાં ખરા થવું જોઈએ; 3 ને એવી કે ઘરડીઓએ આચરણમાં ધર્મ-
શોભિત, ચાડી કરનારી નહિ, ઘણો દ્રાક્ષરસ પીનારી નહિ, [પણ] સારી
વાતો શિખવનારી થવું જોઈએ, 4 એ સારૂ કે તેઓ જુવાન બાયડીઓને
પોતાના વારોને પ્રેમ કરવાનું, બાળકોનો પ્રેમ કરવાનું, 5 ને બુદ્ધિવાન,
પવિત્ર, ઘરનાં કામ કરનારી, માયાળુ તથા પોતાના વરને આધીન થવા-
નું સમજાવે, એ માટે કે પ્રભુની વાતની નિંદા ન થાય. 6 તે પ્રમાણે જુ-
વાન માણસોને બુદ્ધિવાન થવાને બોધ કર. 7 સર્વ વિષે સારી કરણીનો
નમુનો એવો પોતાને દેખાડ, ઉપદેશમાં શુદ્ધપણું, ગંભીરપણું, 8 ને જે
પર દોષ નહિ મુકાય એવી ખરી વાત દેખાડ; એ સારૂ કે જે ઉલટો તે
આપણા વિષે કંઈ ભુંડું બોલવાનું [નિમિત્ત] ન પામતાં શરમાઈ જાય.
9 દાસોને પોતાને ધણીઓને આધીન થવાને, સર્વ વિષે પ્રસન્ન કરનારા
થવાને, આડું ન બોલવાને, 10 ચોરી ન કરવાને, પણ સર્વમાં વિશ્વાસુપ-
ણું દેખાડવાને બોધ કર; એ સારૂ કે તેઓ સર્વ વિષે આપણા તારનાર દે-
વના ઉપદેશને શોભાવે. 11 કેમકે દેવની કૃપા જે સઘળાં માણસને સારૂ
તારણ લાવે છે તે પ્રગટ થઈ છે; 12 તે આપણને શિખવે છે કે, અભક્તિ
તથા દૈહિક વિષયોને નકારીને બુદ્ધિથી તથા ન્યાયીપણાથી તથા
ભક્તિથી હાલના જમાનામાં વર્તવું; 13 અને ધન્યઆશાપ્રાપ્તિની ને મોટા
દેવ તથા આપણા તારનાર ઈસુ ખ્રીસ્તના મહિમાના પ્રગટ થવાની વાટ
જોવી; 14 તેણે પોતાને આપણે સારૂ આપ્યો એ માટે કે, સર્વ અન્યાયથી
તે આપણને છોડાવી લે, ને પોતાને સારૂ ખાસ લોક તથા સર્વ સારાં
કામ વિષે આસ્થિત એવા આપણને શુદ્ધ કરે. 15 આ વાતો તું બોલ,
બોધ કર, ને પુરા અધિકારથી ઠપકો દે; કોઈ તને તુચ્છ ન કરે.

3 તેઓને સંભરાવ કે તેઓ સત્તાધારી તથા અધિકારીને આધીન
થાય, હાકેમોને માને, સર્વ સારા કામને સારૂ તૈયાર થાય; 2 કોઈની
નિંદા ન કરે, કજિયાખોર નહિ, પણ નમ્ર, સર્વ માણસોને પુરી લીનતા
દેખાડનારા થાય. 3 કેમકે આપણે પણ અગાઉ નિર્બુદ્ધ, અનાજ્ઞાંકિત,
ભુલવેલાં, જૂદા જૂદા વિષય તથા વિલાસના દાસો, ભુંડાઈ તથા અદે-
ખાઈ ચાલનારા, દ્વેષપાત્ર તથા એક બીજાનો દ્વેષ કરનારા હતા. 4 પણ
દેવ આપણા તારનારની દયા તથા માણસ પરની તેની પ્રીતિ પ્રગટ
થઇ, 5 ત્યારે ન્યાયીપણામાંનાં આપણા પોતાનાં કરેલાં કામોથી નહિ,
પણ તેની દયા પ્રમાણે પુનર્જન્મના સ્નાનથી તથા પવિત્ર આત્માથી જે
નવીનકરણ તેથી તેણે આપણને તાર્યા; 6 જેને તેણે આપણા તારનાર
ઈસુ ખ્રીસ્તથી આપણા ઉપર બહુ રેડયો છે; 7 એ સારૂ કે આપણે તેની
કૃપાથી ન્યાયી ઠરીને અનંત જીવનની આશા પ્રમાણે વારસ થઈએ.
8 આ વાત વિશ્વાસુ હે; ને મારી ઈચ્છા છે કે આ વાતો વિષે તું કહ્યા કરે,
એ સારૂ કે જેઓએ દેવનો વિશ્વાસ કીધો તેઓ સારા કામ કરવાને ચિત્ત
રાખે. આ વાતો માણસોને સારી તથા ઉપયોગી છે. 9 પણ મૂર્ખાઈના વિ-
વાદો તથા વંશાવળી તથા કજિયા તથા નિયમશાસ્ત્ર વિષે વઢવાડોથી
અલગ રહે; કેમકે તેઓ નિરૂપયોગી તથા અમથાં છે. 10 પહેલો તથા બી-
જો બોધ કર્યા પછી પાંખડી માણસથી દૂર થા; 11 એમ જાણીને કે એવો
માણસ ફરી ગએલો છે, ને પોતાની દોષિત ઠરીને પાપ કરે છે. 12 જયારે
હું તારી પાસે આર્તેમાસ કે તુખીકસને મોકલું, ત્યારે નિકોપોલીસમાં મા-
રી પાસે આવવાને યત્ન કરજે; કેમકે ત્યાં શિયાળો કાઢવાનું મેં ઠરાવ્યું
છે. 13 ઝનાસ શાસ્ત્રીને તથા અપોલાને એવી સંભાળથી પહોંચાડજે કે
તેમને કંઈ ઓછું ન પડે. 14 વળી આપણા લોકોએ જરૂરના ખરચને સારૂ
સારાં કામો કરવાને શિખવું, એ સારૂ કે તેઓ નિષ્ફળ ન થાય. 15 મારી
સાથેના સઘળા તને ક્ષેમ કુશળ કહે છે; વિશ્વાસમાંના જેઓ આપણા
પર પ્રેમ કરે છે તેમને ક્ષેમ કુશળ કહેજે. તમ સર્વ પર કૃપા થાઓ.

# ફિલેમોનને પત્ર

1 વહાલા તથા અમારી સાથે કામ કરનાર ફિલેમોનને તથા બેહેન
આફીઆને તથા મારા સાથી સૈનિક આર્ખીપસને તથા તારા ઘર-
માંની મંડળીને 2 ખ્રીસ્ત ઈસુનો બંદીવાન પાઉલ તથા ભાઈ તીમોથી
[લખે છે]. 3 દેવ આપણા બાપ તથા પ્રભુ ઈસુ ખ્રીસ્તથી તમને કૃપા
તથા શાંતિ થાઓ. 4 તારો જે પ્રેમ તથા વિશ્વાસ પ્રભુ ઈસુ પર તથા સર્વ
પવિત્રો પર છે, 5 તે વિષે સાંભળવાથી મારી પ્રાર્થનાઓમાં તારું સ્મરણ
કરીને સર્વદા હું મારા દેવની ઉપકારસ્તુતિ કરું છું. 6 એ માટે કે તારા વિ-
શ્વાસનું ભાગિયાપણું તમારામાં સર્વ જે સારું છે તેની ઓળખમાં ખ્રીસ્ત
ઈસુ[માં મહિમા]ને સારૂ સફળ થાય. 7 કારણ કે તારા પ્રેમથી અમને
ઘણો લાભ તથા દિલાસો છે; કેમકે, ઓ ભાઈ, તારાથી પવિત્રોનાં હૃદય
શાંત થાય છે. 8 માટે જે યોગ્ય છે તે તને હુકમરૂપે કહેવાને મને ખ્રીસ્તથી
છૂટ છે ખરી, 9 તોપણ પાઉલ ઘરડો તથા હવે ખ્રીસ્ત ઈસુનો બંદીવાન
એવો હું બીજી રીતે, એટલે પ્રેમથી, તને વિનંતી કરું છું. 10 ઓનેસીમસ
મારો દીકરો જેને મેં મારા બંધનમાં જન્માવ્યો તેને વિષે હું તમને વિનંતી
કરું છું. 11 તે અગાઉ તને નિરૂપયોગી હતો, પણ હવે તને તથા મને
પણ ઉપયોગી છે; 12 તેને પોતાને, એટલે મારા ખુદ હૃદયને, તારી પાસે
મેં પાછો મોકલ્યો છે. 13 તેને હું મારી પાસે રાખવા ચહાતો હતો, કે તારે
ઠેકાણે સુવાર્તાનાં બંધનો વિષે તે મારી સેવા કરે. 14 પણ તારી મરજી
વિના કંઈ કરવાની મારી ઈચ્છા નહોતી, એ સારૂ કે તારો ઉપકાર પરાણે
થએલા સરખો નહિ, પણ ખુશીથી થએલો એવો થાય. 15 કેમકે તે કદાચ
એજ માટે થોડી વાર સુધી વેગળો થયો, કે તું સર્વકાળ સુધી તેને પામે;
16 હવે પછી દાસના જેવો નહિ, પણ દાસથી અધિક, એટલે વહાલા ભી-
ના જેવો, તે તો મને વિશેષ એવો છે, પણ દેહ વિષે તથા પ્રભુમાં તને કે-
ટલો વધતો! 17 માટે જો તું મને ભાગિયો ગણે, તો જેમ મારો તેમ તેનો
અંગીકાર કર. 18 અને તેણે તારો કંઈ અન્યાય કીધો કે તારો કરજદાર
હોય તો તે મારે ખાતે માંડ. 19 હું પાઉલ મારે પોતાને હાથે લખું છું કે, તે
હું વાળીશ; તોપણ હું તને નથી કહેતો કે તું પોતા વિષે પણ મારો કરજ-
દાર છે. 20 હા, ભાઈ, તારાથી પ્રભુમાં મને આનંદ થાય; ખ્રીસ્તમાં મારું
હૃદય શાંત કર. 21 તું માનીશ એવો ભરોસો રાખીને તારા પર લખું છું, કે-
મકે હું જાણું છું કે, જે હું તે કરતાં પણ તું વધારે કરીશ. 22 વળી મારે સારૂ
ઉતારો તૈયાર કરજે, કેમકે હું આશા રાખું છું કે તારી પ્રાર્થનાઓથી હું તને
અપાઈશ. 23 એપાફ્રાસ ખ્રીસ્ત ઈસુમાં મારો સાથી બંદીવાન, 24 માર્ક,
આરીસ્તાર્ખસ, દેમાસ, લુક, મારા સાથી કામ કરનારા તને ક્ષેમ કુશળ
કહે છે. 25 આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના કૃપા તમારા આત્માની સાથે
થાઓ. આમેન.

# હિબ્રૂઓને પત્ર

1 દેવ ભવિષ્યવાદીઓને આસરે પહેલાં બાપદાદાઓની સાથે
અનેકવારે તથા અનેક પ્રકારે બોલ્યા પછી, 2 આ છેલ્લા દહાડાઓ-
માં દીકરાને આસરે આપણી સાથે બોલ્યો છે, કે જેને સઘળાંનો વારસ
તેણે ઠરાવ્યો, ને જેનાથી જગતોને પણ ઉત્પન્ન કીધાં. 3 તે તેના ગૌરવનું
તેજ તથા અસ્તિત્વની પ્રતિમા છે, ને પોતાના પરાક્રમના શબ્દથી સઘ-
ળાં ધરી રાખે છે; તે પાપનું પ્રાયશ્ચિત કરીને મહત્વની જમણીગમ ઉંચા-
માં બેઠો છે. 4 તે દૂતો કરતાં જેટલું ચઢિયાતું નામ વતનથી પામ્યો છે,
તેટલો તેઓ કરતાં તે ઉત્તમ છે. 5 કેમકે તેણે દૂતોમાંના કયાને કદી એમ
કહ્યું કે, તું મારો દીકરો છે, આજ મેં તને જન્માવ્યો છે? ને વળી, હું તેનો
બાપ થઈશ, ને તે મારો દીકરો થશે? 6 અને જયારે તે પ્રથમજનિતને ફરી
જગતમાં લાવે છે ત્યારે કહે છે કે, દેવના સઘળા દૂત તેનું ભજન કરો.
7 અને દૂતો સંબંધી તે એમ કહે છે કે, તે પોતાના દૂતોને વાયુ જેવા, ને
પોતાના સેવકોને અગ્નિની ઝાળ જેવા કરે છે. 8 પણ દીકરાને તે કહે છે,
ઓ દેવ, તારૂં રાજ્યાસન સદા સર્વકાળ છે, ને ન્યાયીપણાનો દંડ તારો
રાજ્યદંડ છે. 9 તે ન્યાયીપણા પર પ્રીતિ કીધી, ને અન્યાય પર દ્વેષ કી-
ધો, એ માટે દેવે, એટલે તારા દેવે, તારા સાથીઓ કરતાં અધિક તને હર-
ખરૂપ તેલે અભિષિક્ત કીધો છે. 10 વળી,ઓ પ્રભુ, તે આરંભમાં પૃથ્વી
સ્થાપી, ને આકાશો તારા હાથનાં કામ છે. 11 તેઓ નાશ પામશે, પણ તું
સ્થિર રહે છે; ને તેઓ સઘળાં વસ્ત્રની પેઠે જુના થઇ જશે. 12 ને તું જા-
માની પેઠે તેઓને લપેટીશ; ને વસ્ત્રની પેઠે તેઓ બદલાશે, પણ તું તેવું
ને તેવાજ છે, ને તારા વર્ષ કદી થઇ રહેશે નહિ. 13 અને તેણે દૂતોમાંના
કયાને કદી એમ કહ્યું કે, જ્યાં સુધી તારા વૈરીઓને હું તારૂં પાયાસન
કરીશ, ત્યાં સુધી તું મારી જમણીગમ બેસ? 14 તેઓ સઘળા સેવા કર-
નારા આત્મા, તારણના વતન પામનારાઓને લીધે સેવા કરવા સારૂ
બહાર મોકલાએલા નથી શું?

2 એ માટે જે વાતો આપણે સાંભળી, તેથી આપણે કદી ન ફેરવા-
ઇએ, માટે તે પર બહુજ ચિત્ત રાખવું જોઇએ. 2 કેમકે દૂતોને આસરે
કહેલું વચન જો સ્થિર રહ્યું, ને હરેક ઉલ્લંઘનને તથા અજ્ઞાભંગને યોગ્ય
બદલો મળ્યો, 3 તો અપને એટલું મોટું તારણ પડતું મુકીએ તો શી રીતે
બચીશું? તે [તારણની વાત] પહેલાં પ્રભુથી કહેવામાં આવી, પછી
સાંભળનારાઓએ તેની ખાતરી અમને કરી આપી. 4 દેવ પણ પોતાની
ઈચ્છા પ્રમાણે, ચિન્હોથી તથા અદ્દભુત કામોથી તથા બહુ પ્રકારના
ચમત્કારથી તથા પવિત્ર આત્માનાં દાન વહેંચવાથી શાહેદી આપતો
હતો. 5 કેમકે જે આવનાર યુગ સંબંધી અમે કહીએ છીએ, તે તેણે દૂતોને
સ્વાધીન મુક્યો નહિ. 6 પણ એક જગ્યાએ કોઈએકે એવી શાહેદી પુરી
છે કે, માણસ કોણ છે, કે તું તેનું સ્મરણ કરે છે? અથવા મનુષ્યપુત્ર
કોણ છે કે તું તેની મુલાકાત લે છે? 7 તેં તેને દૂતો કરતાં થોડોજ નીચો
કીધો છે; ને તેના પર મહિમા તથા માનનો મુગટ મુક્યો છે, ને તારા હા-
થનાં કામ પર તેને ઠરાવ્યો; 8 તેં તેના પગ તળે સઘળું મુક્યું છે; તો
સઘળું તેને સ્વાધીન મુકવાથી તેને સ્વાધીન ન કીધેલું એવું કંઈ રહેવા
દીધું નહિ. પણ સઘળું તેને સ્વાધીન મુકેલું, એમ આજ સુધી અપને જો-
તાં નથી. 9 પણ દેવની કૃપાથી સઘળાં માણસને સારૂ મરણ ભોગવવા-
ને અર્થે જે દૂતો કરતાં થોડા નીચો કરાયો એટલે ઇસુ, જેનાં પર મરણ
સહેવાને લીધે મહિમા તથા માનનો મુગટ મુકાએલો, તેને જોઈએ છીએ.
10 કેમકે જેને સારૂ સઘળાં તથ્હા જેનાથી સઘળાં છે, તેને એ યોગ્ય હતું
કે, તે ઘણા દીકરાઓને ગૌરવમાં લાવતાં તેઓના તારણના અધિકારીને
દુઃખ ભોગવ્યથી પરિપૂર્ણ કરે. 11 કેમકે જે પવિત્ર કરે છે, ને જે પવિત્ર
કરાય છે, તે સઘળાં એકથીજ છે, એ માટે તે તેઓને ભાઇ કહેવાને ન
લાજતાં કહે છે કે, 12 હું તારું નામ ભાઇઓને પ્રગટ કરીશ, મંડળીમાં
ગીત ગાતાં હું તારી સ્તુતિ કરીશ. 13 અને ફરી, હું તેના પર ભરોસો રા-
ખીશ; ને ફરી, જુઓ, હું તથા જે બાળકો દેવે મને આપ્યાં છે તેઓ. 14 તો
બાળકો માંસ તથા લોહીનાં હોય છે, માટે તે પણ તેજ રીતે તેઓનો ભા-
ગિયો થયો, એ સારૂ કે તે પોતે મરણ પામીને મરણનું પરાક્રમ રાખનાર-
નો, એટલે શેતાનનો, નાશ કરે. 15 અને મરણની બીકથી જે પોતાના
આખા આયુષ્યભર દાસપણામાં હતા તેઓને છોડાવે. 16 કેમકે ખચિત
તે દૂતોની સહાયતા નથી કરતો, પણ ઇબ્રાહીમના સંતાનની કરે છે.
17 એ સારૂ તેને સઘળાં સંબંધી પોતાના ભાઈઓના જેવા થવું જોઈતું
હતું, એ માટે કે લોકોનાં પાપનું પ્રાયશ્ચિત કરવાને દેવનાં વાનાં સંબંધી
તે દયાળુ તથા વિશ્વાસુ પ્રમુખ્યયાજક થાય. 18 કેમકે તેનું પરીક્ષણ
થયાથી તેણે દુઃખ ભોગવ્યાં, માટે જેઓનું પરીક્ષણ થાય છે, તેઓને
સહાય કરવાને તે શક્તિમાન છે.

3 એ માટે, ઓ પવિત્ર ભાઈઓ, આકાશી તેડું પામેલા, આપણે જે
સ્વીકારેલું તેના પ્રેરિત તથા પ્રમુખ્ય યાજક ઇસુનું ધ્યાન તમે કરો.
2 જેમ મુસા પણ પોતાના આખા ઘરમાં વિશ્વાસુ હતો, તેમ એ પોતાના
ઠરાવનારની આગળ વિશ્વાસુ હતો. 3 કેમકે જે પ્રમાણે ઘર કરતાં ઘર
બાંધનારને વધતું માન છે, તે પ્રમાણે મુસા કરતાં વધતું માન પામવા
યોગ્ય એ ગણાયો છે. 4 કાંજે હરેક ઘર કોઇએ રચેલું છે, પણ જેણે સઘ-
ળી વસ્તુઓ રચી તે દેવ છે. 5 મુસા તો જે વાત પ્રગટ થવાની હતી તેની
શાહેદી પુરવા સારૂ, પોતાના આખા ઘરમાં સેવકની પેઠે વિશ્વાસુ હતો
ખરો. 6 પણ ખ્રીસ્ત તો પુત્રની પેઠે પોતાના ઘર પર વિશ્વાસુ હતો; જેનું
ઘર આપણે છીએ, જો ભરોસાને તથા આશાને આનંદને અંત સુધી
સ્થિર રાખીએ તો. 7 એ માટે જેમ પવિત્ર આત્મા કહે છે તેમ, આજ જો
તમે તેની વાણી સાંભળો. 8 તો જેમ ક્રોધકાળે એટલે રાનમાંના પરીક્ષ-
ણના દહાડામાં તમે પોતાનાં હૃદય કઠણ કર્યા તેમ કરો મા, 9 ત્યાં તમા-
રા બાપદાદાઓએ મને પારખવાથી મારૂં પરીક્ષણ કીધું; ને ચાળીસ
વરસ સુધી મારા કામ જોયાં. 10 એ માટે તે પેઢી પર હું નારાજ થયો, ન
બોલ્યો કે, તેઓ હૃદયમાં સદા ભટકી જાય છે, પણ તેઓએ મારા માર્ગ
જાણ્યા નહિ. 11 એ માટે મેં મારા ક્રોધમાં સમ ખાધા, કે તેઓ મારા વિ-
સામામાં નહિ પેસશે. 12 ઊ ભાઈઓ, તમે સાવધાન થાઓ રખેને તમા-
રામાંના કોઇને અવિશ્વાસનું ભુંડું હૃદય થાય, અને તે જીવતા દેવથી દૂર
જાય. 13 પણ જ્યાં સુધી આજ કહેવાય છે, ત્યાં સુધી તમે દિન પ્રતિ
દિન એક બીજાને સુબોધ કરો; એ માટે કે પાપના કપટથી તમારામાંનો
કોઇ કઠણ ન થાય. 14 કેમકે જો આપણે આપણો આરંભનો ભરોસો
અંત સુધી સ્થિર રાખીએ, તો આપણે ખ્રીસ્તના ભાગિયા થયા છીએ.
15 કેમકે એમ કહ્યું છે કે, આજ જો તમે તેની વાણી સાંભળો; તો જેમ ક્રો-
ધકાળે તમે પોતાના હૃદય કઠણ કર્યા તેમ કરો મા. 16 કેમકે કોણે [તે
વાણી] સાંભળીને ક્રોધ ચઢાવ્યો? શું મુસાની હસ્તક મિસરમાંથી જેઓ
નિકળ્યા તે સઘળાએ નહિ? 17 ને ચાળીસ વરસ સુધી તે કોના પર ના-
રાજ થયો? શું જેઓએ પાપ કીધાં, જેઓનાં મુડદાં અરણ્યમાં પડ્યાં,
તેઓ પર નહિ? 18 ને જેઓએ વિશ્વાસ કીધો નહિ તેઓ વગર કોને વિષે
તેણે સમ ખાઈને કહ્યું કે, તેઓ મારા વિસામામાં નહિ પેસશે? 19 તો
આપણે જોઈએ છીએ કે અવિશ્વાસને કારણે તેઓથી પેસાયું નહિ.

4 એ માટે આપણે બીવું જોઈએ, રખે તેના વિશ્રામમાં જવાનું વચન
હજી રહ્યા છતાં તમારામાંનો કોઇ કદાપિ પાછળ પડેલો દેખાય.
2 કેમકે જેમ તેઓને તેમ આપણને પણ સુવાર્ત્તા પ્રગટ કરેલી છે; પણ
સાંભળનારાઓની સાથે તેઓએ વિશ્વાસવડે સંબંધ રાખ્યો નહિ, તેથી
સાંભળેલી વાત તોને લાભકારક થઇ નહિ. 3 આપણે વિશ્વાસ કરનારા
વિશ્રામમાં જઈએ છીએ, જેમ તેણે કહ્યું છે કે, મેં મારા ક્રોધમાં સમ ખાધા

કે, તેઓ મારા વિશ્રામમાં નહિ પેસશે, તેમ; તોપણ કામો તો જગતના
આરંભથી પુરા થએલાં હતાં. 4 કેમકે સાતમાં દહાડા વિષે એક ઠેકાણે તે-
ણે એમ કહેલું છે કે, સાતમે દહાડે દેવે પોતાના સર્વ કામથી વિશ્રામ લી-
ધો. 5 અને એજ ઠેકાણે તે ફરી ખે છે કે, તેઓ મારા વિશ્રામમાં નહિ પેસ-
શે. 6 તૂ કેટલાએક તેમાં પેસવું જોઈએ એ બાકી રહેલું છે, ને જેઓને પહે-
લાં સુવાર્ત્તા પ્રગટ કરેલી હતી, તેઓ આજ્ઞાભંગના કારણથી પેઠા નહિ,
7 માટે એટલી બધી વાર પછી ફરી દાઉદથી મુકરર દહાડો ઠરાવીને તે
કહે છે કે, આજ, જેમ અગાઉથી કહેવામાં આવ્યું તેમ, કે, આજ તમે તેની
વાણી સાંભળો, તો તમે પોતાનાં હૃદય કઠણ ન કરો. 8 કેમકે જો યહોશુ-
આએ તેઓને તે વિશ્રામ આપ્યો હોત, તો તે પછી બીજા દહાડા સંબંધી
[દેવે] કહ્યું ન હોત. 9 એ માટે દેવના લોકોને સારૂ વિશ્રામનો વાર રહેલો
છે. 10 કેમકે તેના વિશ્રામમાં જે પેઠો છે તેણે પણ પોતાનાં કામથી વિ-
શ્રામ લીધો છે, જેમ દેવે પોતાનાંથી તેમ. 11 એ માટે આપણે તે વિશ્રામ-
માં પેસવાને યત્ન કરીએ,રખે આજ્ઞાભંગના તેજ ઉદાહરણ પ્રમાણે કોઇ
પડે. 12 કેમકે દેવનો શબ્દ જીવતો તથા સમર્થ તથા બેધારી તરવાર કર-
તાં પણ ધારવાળો છે, ને જીવ તથા આત્મા, સાંધા તથા મજ્જા જુદાં કરે
એટલે સુધી વિંધનારો છે; ને હૃદયના વિચારને તથા ભાવનાને જોઈ લે-
નારો છે. 13 અને તેની આગળ કંઈ ઉત્પન્ન કરેલું અણદીઠ નથી; પણ
જેની સાથે આપણને કામ છે, તેની દ્રષ્ટિમાં સઘળાં નાગાં તથા ઉઘાડાં
છે. 14 તો દેવનો પુત્ર ઇસુ જે આકાશમાં પાર ગએલો છે, એવો મોટો પ્ર-
મુખ્ય યાજક આપણને છે, માટે આપણે જે માંની લીધેલું છે તે જોરથી
પકડી રાખીએ. 15 કેમકે આપણા અબળપણા પર જેને દયા આવી નહિ
શકે એવો પ્રમુખ્યયાજક આપણને નથી, પણ તે સર્વ પ્રકારે સમાન રીતે
પરીક્ષણ પામેલા છતાં નિષ્પાપી રહ્યો. 16 એ માટે દયા પામવાને તથા
યોગ્ય સમયે સહાયને સારૂ કૃપા પામવાને આપણે હિમ્મતથી કૃપાસન-
ની પાસે આવીએ.

5 તો માણસોમાંથી લીધેલા હરેક પ્રમુખ્યયાજક દેવ સંબંધીની વા-
તોમાં માણસોને સારૂ ઠરાવેલો છે, એ માટે કે તે પાપોને સારૂ દા-
નો તથા યજ્ઞ કરે; 2 ને તેનાથી અજ્ઞાનીઓની તથા ચૂકનારાઓની કંઈ
સહનતા કરાય, કેમકે તે પોતે પણ અશક્તપણાથી ઘેરાયલો છે. 3 અમે
એજ માટે તેણે જેમ લોકોને સારૂ તેમ પોતાને સારૂ પણ પાપોને લીધે
અર્પણ કરવું જોઈએ. 4 અને હારૂનની પેઠે જેને દેવે બોલાવ્યો તે વગર
કોઇ પોતાને સારૂ આ માન લેતો નથી. 5 એજ રીતે ખ્રીસ્તે પણ પ્રમુખ્ય
યાજક થવાનું માન પોતે લીધું નહિ, પણ જેણે તેને કહ્યું કે, તું મારો દી-
કરો છે, આજ મેં તને જન્માવ્યો છે, તેણે [તેને તે માન દીધું]. 6 તે પ્રમા-
ણે પણ બીજે ઠેકાણે તે કહે છે કે, મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે, તું સદા
યાજક છે. 7 તેણે પોતાના દેહધારીપણામાંના દહાડાઓમાં પોતાને મર-
ણથી છોડાવવાને જે શક્તિવાન હતો, તેની પાસે મોટે ઘાંટે તથા
આંસુએ પ્રાર્થના તથા કાલાવાલા કીધા, ને તેણે સુબીક રાખી, માટે તેની
[પ્રાર્થના] સાંભળવામાં આવી; 8 ને તે પુત્ર છતાં પણ પોતે જે જે સહ્યાં
તેથી આજ્ઞાપાલન શિખ્યો. 9 અને પરિપૂર્ણ થઇને પોતાના સઘળાં મા-
નનારાઓને સારૂ અનંત તારણનું કારણ થયો. 10 મેલ્ખીસેદેકના ધારા
પ્રમાણે દેવથી કહેવાએલો એવો પ્રમુખ્યયાજક થયો. 11 આ [મેલ્ખીસે-
દેક] વિષે અમારે બહુ વાત કહેવાની છે, પણ અર્થ સમજાવવો કઠણ છે,
કેમકે તમે સાંભળવા વિષે મંદ થયા છો. 12 કેમકે જયારે એટલા વખતમાં
તમારે ઉપદેશકો થવું જોઈતું હતું, ત્યારે તો દેવનાં વચનનાં મૂળતત્વ
શાં છે, એ કોઇ તમને ફરી શિખવે એવી અગત્ય છે; ને તેમ એવા થયા કે
તમને દૂધની અગત્ય છે, પણ પાકા અન્નની નથી. 13 કેમકે જે હરેક દૂધ
પીએ છે તે ન્યાયીપણાની વાત સંબંધી અપ્રવીણ છે, કાંજે તે બાળક
છે. 14 પાન જે પૂરા છે, એટલે જેઓની ઇન્દ્રિયો ભલું ભુંડું પારખવાને
વપરાએલી છે, તેઓને સારૂ પાકું અન્ન છે.

6 એ માટે, ખ્રીસ્ત વિષેનાં મૂળતત્વોનો ઉપદેશ મુકીને આપણે
સંપૂર્ણતા સુધી આંગળ વધીએ; ને નિર્જીવ કામ સંબંધીના પસ્તા-
વાનો તથા દેવ પરના વિશ્વાસનો, 2 તથા બાપ્તિસ્માઓ સંબંધીના ઉપ-
દેશનો તથા હાથ મુકવાનો તથા મરી ગએલાંઓના પુનરૂત્થાનનો તથા
અનંતકાળના ન્યાયકરણનો પાયો ફરી ન નાખીએ. 3 અને જો દેવ કરવા
દે તો એ આપણે કરીશું. 4 કેમકે જેઓ એક વાર પ્રકાશિત થયા, જેઓએ
આકાશમાંના દાનનો અનુભવ લીધો, જેઓ પવિત્ર આત્માના ભાગિયા
પણ થયા, 5 ને જેઓએ દેવની ઉત્તમ વાત તથા આવનાર યુગમાં પરાક્ર-
મનો અનુભવ લીધો, 6 ને ત્યાર પછી પતિત થયા, તેઓને પસ્તાવાને
સારૂ ફરી નવા કરવા એ થઇ શકતું નથી, કાંજે તેઓ પોતાના [નાશ]]ને
માટે દેવના પુત્રને ફરી વધસ્તંભે જડે છે, ને પ્રગટરૂપે તેનું અપમાન કરે
છે. 7 કેમકે જે ભૂમિ પોતા પર વારે વારે વરસેલા વરસાદને પીએ છે, ને
જેઓને માટે ખોડાય છે તેઓને સારૂ ગુણકારી શાક ઉપજાવે છે, તે દેવ-
થી આશીર્વાદ પામે છે. 8 પણ જે બોરડી તથા ઉંટકટો ઉપજાવે છે, તે
નાપસંદ કરેલી તથા શાપિત થવાને તૈયારીમાં છે; અંતે તે બળવાની છે.
9 પણ ઓ પ્રિય, જો કે અમે એવું કહીએ છીએ તોપણ તમો સંબંધી એ
કરતાં જે સારી તથા તારણને લગતી વાતો છો, એવી વાતોનો ભરોસો
અમને છે. 10 કેમકે દેવ અન્યાયી નથી, કે તે તમારા કામ તથા પ્રીતિને
વિસરે; એટલે જે [પ્રીતિ] તેના નામ પ્રત્યે તમે દેખાડી છે તે; કેમકે તમે
પવિત્રોની સેવા કીધી છે, ને હજુ કરો છો. 11 અને અમે બહુ ચાહીએ
છીએ, કે તમારામાંનો હરેક, આશાની સંપૂર્ણતાને અર્થે, એવોજ ઉદ્યોગ
અંત સુધી કરી દેખાડે, 12 એ માટે કે તમે આળસુ ન થાઓ, પણ જેઓ
વિશ્વાસ તથા સહનતાથી વચનોના વારસ છે, તેઓના અનુસરનારા
થાઓ. 13 કેમકે દેવે ઇબ્રાહીમને વચન આપ્યું ત્યારે પોતા કરતાં કોઇ
વધતો મોટો ન હતો કે જેના સમ તે ખાય, માટે તેણે પોતાનાજ સમ ખા-
ઈને કહ્યું કે, 14 ખરેખર હું તને આશીર્વાદ દઇશજ દઇશ, ને તને વધારી-
શજ વધારીશ. 15 અને એ પ્રમાણે, સહનતા રાખ્યા પછી વચનનું ફળ તે
પામ્યો. 16 માણસો તો જે વધારે મોટો તેના સમ ખાય છે, ને નિશ્ચય કર-
વાને સારૂ સમ તેઓમાં સઘળા વિવાદનો અંત છે. 17 તે પ્રમાણે દેવ પો-
તાના ઠરાવની અચળતા વચનના વારસોને દેખાડવા ચહાતાં સમ
ખાઈને વચ્ચે પડ્યો. 18 એ માટે કે જેમાં દેવથી જુઠું કહેવાતું નથી, એવી
બે અચંચળ વાતોથી આપણને, એટલે આગળ મુકલી આશા પકડવા
સારૂ દોડનારાને, ઘણા દિલાસો થાય. 19 તે આશા આપણે આત્માના
લંગર સરખી, સ્થિર તથા અચળ, ને પડદામાંહેની જગ્યામાં પેસનારી
છે. 20 ત્યાં અગ્રેસર ઇસુ આપણે સારૂ પેઠો છે, ને મેલ્ખીસેદેકના ધારા
પ્રમાણે સદા પ્રમુખ્યયાજક થયો છે.

7 કેમકે આ મેલ્ખીસેદેક, સાલેમનો રાજા ને પરાત્પર દેવનો યાજક,
જેણે રાજાઓના ઘાતથી પાછા આવનાર ઇબ્રાહીમને મળીને
આશીર્વાદ દીધો, 2 ને જેને ઇબ્રાહીમે સઘળાનો દસમો ભાગ આપ્યો (તે
[નામનો] પહેલો અર્થ તો ન્યાયીપણાનો રાજા, 3 તે બાપ વગરનો, મા
વગરનો, વંશાવળી વગરનો છે, તેના દહાડાનો આરંભ તથા આયુષ્યનો
અંત નથી, પણ દેવના પુત્રના જેવો છે), તે સદા યાજક રહે છે. 4 તો જેને
આદિપિતા ઇબ્રાહીમે લૂટમાંનો દસમો ભાગ આપ્યો, તે કેવો મોટો હતો
એ વિચારો. 5 અને લેવીના સંતાનમાંના જેઓ યાજકપદું પામે છે, તેઓ-
ને લોકોની પાસેથી એટલે ઇબ્રાહીમની કમરથી ઉત્પન્ન થએલા પોતાના
ભાઇઓની પાસેથી, નિયમશાસ્ત્ર પ્રમાણે દસમો ભાગ લેવાનો હુકમ છે
ખરો; 6 પણ જેની વંશાવળી તેઓથી માંડીને ગણેલી નથી, તેણે ઇબ્રા-
હીમની પાસેથી દસમો ભાગ લીધો, ને જેને વચનો મળ્યાં હતાં તેને
આશીર્વાદ દીધો. 7 હવે, નાનો મોટાથી આશીર્વાદ પામે છે એમાં તો કંઈ
પણ તકરાર રહી નથી. 8 અને હિંયાં મરણાધીન માણસો દસમો ભાગ લે
છે; પણ ત્યાં જે સંબંધી શાહેદી આપેલી છે, કે તે જીવતો છે, તે લે છે.
9 અને એમ પણ કહેવાય કે, જે લેવી દસમો ભાગ લે છે, તેણે પણ
ઇબ્રાહીમની મારફતે દસમો ભાગ આપ્યો; 10 કેમકે જયારે મેલ્ખીસેદેક
તેના બાપને મળ્યો, ત્યારે તે પોતાના બાપની કમરમાં હતો. 11 એ માટે
જો લેવીના યાજકપણાથી પરિપૂર્ણતા થઇ હોત {કાંજે તે થકી લોકોને
નિયમશાસ્ત્ર મળ્યું હતું) તો હારૂનના ધારા પ્રમાણે ગણેલો નહિ, એવો
બીજો યાજક મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે ઉત્પન્ન થાય એની શી અગ-
ત્ય હતી? 12 કાંજે યાજકપણું બદલાયાથી નિયમ પણ બદલાવાની
અગત્ય થાય છે. 13 કેમકે જે સંબંધી એ વાતો કહેવાઇ છે, તે બીજા કુળ-
નો છે, જેમાંના કોઇએ વેદીની સેવા કીધી નથી. 14 કેમકે એ સ્પષ્ટ છે, કે
યહુદાહથી આપણો પ્રભુ નીકળ્યો, ને તે કુળમાંના યાજકપણા સંબંધી
મુસાએ કંઈ કહ્યું નથી. 15 અને તે વાત એ ઉપરથી વધતી સ્પષ્ટ જણાય
છે, કે મેલ્ખીસેદેકની ઉપમા પ્રમાણે બીજો યાજક ઉત્પન્ન થાય છે;
16 એટલે જે દૈહિક આજ્ઞાના નિયમ પ્રમાણે થયો નથી, પણ અક્ષય જી-
વનના સામર્થ્ય પ્રમાણે થયો છે તે. 17 કેમકે શાહેદી આપેલી છે, કે, મે-

લ્ખીસેદેકના ધારા પ્રમાણે તું સદા યાજક છે. 18 કેમકે આગલી આજ્ઞા
અશક્ત તથા નિરૂપયોગી હતી તે માટે તે રદ કરવામાં આવે છે. 19 (કાંજે
નિયમશાસ્ત્રે કશું પરિપૂર્ણ કીધું નથી), ને આપણે દેવની પાસે જઈએ,
એવી વધતી સારી આશાનો પ્રવેશ થાય છે. 20 અને તેઓ સમ વગર યા-
જક થાય છે, 21 પણ આ તો સમથી, એટલે જેણે તેને કહ્યું કે, પ્રભુએ
સમ ખાધા, ને તે પસ્તાવો કરનાર નથી, કે તું સદાકાળ યાજક છે, તેના-
થી યાજક થયો. 22 અને જેમ ઈસુ વગર યાજક થયો નહિ, તેમ તે વધતા
સારા કરારનો જામીન થયો. 23 અને જે યાજક થયા તેઓ ઘણા હતા
ખરા, કેમકે મરણને લીધે તેઓથી ટકાતું નહોતું. 24 પણ એ સદા રહે છે,
માટે એને અવિકારી યાજકપણું છે. 25 એ માટે જેઓ એનાથી દેવની પા-
સે આવે છે, તેઓને પુરા તારવાને એ સમર્થ છે;; કેમકે એ તેઓને સારૂ
મધ્યસ્થી કરવાને સદા જીવતો રહે છે. 26 તો એવો પ્રમુખ્યયાજક આપ-
ણને શોભતો હતો, કે જે પવિત્ર, નિર્દોષ, નિષ્કલંક, પાપીઓથી અલગ,
ને આકાશ કરતાં વધતો ઉંચો કીધેલો છે. 27 પ્રમુખ્યયાજકોની પેઠે પહે-
લાં તે પોતાના પાપોને સારૂ, ને પછી લોકોનાને સારૂ યજ્ઞ કરે, એવી તે-
ને નિત્ય અગત્ય નથી; કેમકે તેણે, પોતે અર્પણ થયાથી, એ કામ એક-
જવાર કીધું. 28 કેમકે નિયમશાસ્ત્ર નબળાઈએ ભરેલા માણસોને પ્રમુ-
ખ્યયાજકો ઠરાવે છે; પણ નિયમશાસ્ત્ર પછી જે સમની વાત છે તે સદા
સંપૂર્ણ કરેલા પુત્રને ઠરાવે છે.

8 હવે જે જે અમે કહીએ છીએ, તેનો સાર એ છે, કે આપણને એવો
પ્રમુખ્ય યાજક છે, કે જે આકાશમાં મહત્વના રાજ્યાસનની જમ-
ણીગમ બેઠેલો છે. 2 પવિત્રસ્થાનનો તથા જે ખરો માંડવો માણસોએ
નહિ, પણ પ્રભુએ ઉભો કીધેલો છે, તેનો સેવક તે છે. 3 કેમકે હરેક પ્રમુ-
ખ્યયાજક દાનો તથા યજ્ઞો કરવાને ઠરાવેલો છે; એ માટે તેની પાસે પણ
અર્પણ કરવાનું કંઈ હોય એવી અગત્ય છે. 4 વળી જો તે પૃથ્વી પર હોત,
તો યાજક તે નહિ થાત; કેમકે નિયમશાસ્ત્ર પ્રમાણે દાનાર્પણ કરનારા
યાજકો તો છેજ; 5 કે જેઓ આકાશમાંની વાતોની ઉપમા તથા પ્રતિછા-
યાની સેવા કરે છે, જેમ મુસા જયારે માંડવો સિદ્ધ કરવાનો હતો, ત્યારે
દેવ પાસેથી બોધ પામ્યો તેમ; કેમકે તેણે કહ્યું કે, જે ઉપમા પહાડ પર
તને દેખાડી હતી, તે પ્રમાણે સઘળાં કરવા માટે તું સાવધ રહે. 6 પણ
હાલ જેમ તે વધતાં સારાં વચનોથી ઠરાવેલા વધતા સારા કરારનો
મધ્યસ્થ છે, તેમ તે વધતો સારો કારભાર પામ્યો છે. 7 કેમકે જો તે પહે-
લો કરાર નિર્દોષ હોત, તો બીજાને સારૂ ઠામ શોધવામાં નહિ આવત.
8 પણ દોષ કાઢતાં [દેવ] તેઓને કહે છે કે, જુઓ, પ્રભુ એમ કહે છે કે,
એવા દહાડા આવે છે, કે જેમાં હું ઈસ્રાએલના ઘરનાંની સાથે તથા યહુ-
દાહના ઘરનાંની સાથે નવો કરાર કરીશ. 9 તેઓના બાપદાદાઓને મિ-
સર દેશમાંથી બહાર કાઢવા સારૂ જે દહાડે મેં તેઓના હાથ પકડ્યા, તે-
માં તેઓની સાથે જે કરાર મેં કીધો, તે પ્રમાણે નહિ, કારણ કે મારા કરા-
રમાં તેઓ રહ્યા નહિ, ને મેં તેઓ સંબંધી ચિંતા કીધી નહિ, એવું પ્રભુ
કહે છે. 10 કામજે પ્રભુ કહે છે કે, તે દહાડાઓ પછી, ઈસ્રાએલના ઘર-
નાંની સાથે જે કરાર હું કરીશ, તે એ કે, હું મારા નિયમ તેઓના મનમાં
મુકીશ, ને તે તેઓના હૃદય પર લખીશ, ને હું તેઓનો દેવ થઈશ, ને
તેઓ મારા લોક થશે. 11 ત્યારે હરેક પોતાના સ્વદેશીને, તથા હરેક પો-
તાના ભાઈનો એ કહેતાં શિખવશે નહી, કે પ્રભુને જાન, કેમકે તેઓમાંના
નાનાથી તે મોટા સુધી, સર્વ મને ઓળખશે. 12 કેમકે તેઓના અન્યાય
વિષે હું દયાવાન થઈશ, ને તેઓનાં પાપ હું ફરી સંભારીશ નહિ. 13 તો
નવો કરાર એવું કહેવાથી તેણે પહેલાને જુનો કીધો છે. પણ જે જુનું તથા
જરજરિયું થયું તે ટળી જવાની અણી પર છે.

9 હવે તો પહેલા [કરારના] ભજનના વિધિઓ તથા આ દુનિયાનું
પવિત્ર સ્થાન પણ હતું ખરૂં. 2 કેમકે મંડપ તૈયાર કરેલો હતો, એટ-
લે પહેલો મંડપ કે જેમાં દીવી તથા મેજ તથા અર્પેલી રોટલી હતી, તે તો
પવિત્રસ્થાન કહેવાય છે. 3 અને બીજા પડદાની પેલીગમ પરમપવિત્ર
કહેવાએલો મંડપ હતો. 4 તેમાં સોનાનું ધૂપપાત્ર તથા ચારેમેર સોનાએ
મઢેલી કરારની પેટી હતી, જેમાં માણાએ ભરેલું સોનાનું પાત્ર તથા હારૂ-
નની કાળી ફૂટેલી લાકડી તથા કરારની પાટીઓ હતી, 5 ને તેં પર મહિ-
માના કરૂબીમ હતા, જેઓની છાયા દયાસન પર પડતી હતી; હમણાં
એઓ સંબંધી વિગતવાર કહેવાય એમ નથી. 6 જયારે એવા સિદ્ધ થયા
હતાં, ત્યારે યાજકો આગલા મંડપમાં સેવા કરવાને નિત્ય જતા હતા.
7 પણ બીજામાં હર વર્ષ એકવાર એકલો પ્રમુખ્યયાજક જતો હતો; પણ
લોહી વગર નહિ, જે લોહી તે પોતાના તથા લોકોના અપરાધને સારૂ
અર્પણ કરતો હતો; 8 પવિત્ર આત્મા તેથી એમ જણાવતો હતો કે પહેલો
મંડપ હજી કાયમ રહે છે ત્યાં સુધી પરમ પવિત્રસ્થાનનો માર્ગ પ્રગટ
થયો નથી. 9 વર્તમાનકાળને સારૂ તે [મંડપ] ઉપમારૂપ હતો, જે પ્રમાણે
એવાદાનો તથા યજ્ઞો કરાયાં હતાં, કે ભજન કરનારને પ્રેરકબુદ્ધિ સંબંધી
પરિપૂર્ણ કરવાને સમર્થ નહોતા. 10 તેઓ, ખાવા તથા પીવા તથા અનેક
સ્નાન સુદ્ધાં, કેવળ દેહ સંબંધીના નિયમો હતા, જે સુધારો કરવાના
કાળ સુધી ઠરાવેલા હતા. 11 પણ ખ્રીસ્ત, થનારાં સારાં વાનાં સંબંધી પ્ર-
મુખ્યયાજક થઈને, અધિક મોટો તથા અધિક સંપૂર્ણ મંડપ જે હાથથી
કીધેલો નથી એટલે આ ઉત્પત્તિનો નથી તેથી, 12 ને બકરાના તથા વા-
છરડાના લોહીથી નહિ, પણ પોતાનાજ લોહીથી, સાર્વકાળિક ખંડણી
મેળવીને તે પરમપવિત્રસ્થાનમાં એકજવાર ગયો. 13 કેમકે જો બકરાનું
તથા ગોધાઓનું લોહી તથા વાછરડીની રાખ, અપવિત્રો પર છાંટવાથી
શરીરની શુદ્ધતા વિષે પવિત્ર કરે છે, 14 તો ખ્રીસ્ત, જે સનાતન આત્મા-
થી પોતે દોષ વગર દેવને અર્પણ થયો, તેનું લોહી કેટલું વધતું તમારાં
હૃદયને જીવતા દેવને ભાજવા સારૂ નિર્જીવ કામોથી શુદ્ધ કરશે? 15 ને
એજ માટે નવાં કરારનો મધ્યસ્થ તે છે, કે પહેલા કરારની વેળા જે
ઉલ્લંઘન હતાં, તેની ખંડણીને સારૂ પોતે મારવાથી જે તેડેલા તેઓ
અનંત વતનનું વચન પામે. 16 કેમકે જ્યાં વસિયતનામું છે, ત્યાં વસિય-
તનામું કરનારનું મરણ થાય એવી અગત્ય છે. 17 કાંજે વસિયતનામું મા-
ણસના મરણ પછી ચાલે એવું છે; તો કરનાર જીવે ત્યાં સુધી શું તેનું
વસિયતનામું કદી ઉપયોગી હોય છે? 18 એ માટે પહેલા કરારની પ્રતિષ્ઠા
લોહી વિના ન થઇ. 19 કેમકે મુસાએ નિયમશાસ્ત્ર પ્રમાણે હરેક હુકમ
સર્વ લોકોને કહીને, પાણી તથા કીરમજી ઉન તથા ઝૂફા સુદ્ધાં વાછરડા-
નું તથા બકરાનું લોહી લીધું, ને પુસ્તક પર તથા સર્વ લોકો પર પણ
છાંટીને કહ્યું કે, 20 જે કરાર દેવે તમને ઠરાવી આપ્યો તેનું લોહી એજ છે.
21 અને તેણે તેજ રીતે મંડપ પર તથા સેવાનાં સઘળાં પાત્ર પર પણ લો-
હી છાંટ્યું. 22 અને નિયમશાસ્ત્ર પ્રમાણે ઘણું કરીને સઘળી વસ્તુ લોહી-
થી શુદ્ધ કરાય છે, ને લોહી વહેવડાવ્યા વગર પાપની માફી થતી નથી.
23 તો અગત્ય હતી કે આકાશમાંની વસ્તુઓની ઉપમાઓ એવાંથી શુદ્ધ
થાય, પણ આકાશી વસ્તુઓ તે કરતાં વધતા સારા યજ્ઞોથી શુદ્ધ થાય.
24 કેમકે ખ્રીસ્ત હાથથી બનાવેલાં પવિત્ર ઠેકાણાં જે ખરાનો નમુનો છે
તેમાં ગયો નથી, પણ આકાશમાંજ ગયો, એ માટે કે હમણાં આપણે સા-
રૂ દેવની આગળ તે હાજર થાય. 25 અને જેમ આગળ પ્રમુખ્યયાજક બી-
જાનું લોહી લઈને પરમપવિત્રસ્થાને હર વર્ષ પેસતો, તેમ એ વારે વારે
પોતાને અર્પણ કરે એમ નહિ; 26 કેમકે જો એમ હોત, તો જગતના મંડા-
ણથી ઘણીવાર તેને સહેવાની અગત્ય પડત; પણ હવે છેલ્લા કાળમાં તે
એકવાર પ્રગટ થયો, કે પોતાના યજ્ઞથી પાપને ટાળે. 27 અને જેમ માણ-
સોને એકવાર મરવું, એવું ઠરાવેલું છે, ને ત્યાર પછી ન્યાયમાં જવું;
28 તેમ ખ્રીસ્ત ઘણાઓનાં પાપ માથે લેવા સારૂ એક વાર અર્પણ થયો,
ને જે તેની વાટ જુએ છે તેઓની આગળ તારણને અર્થે પાપ વગરનો તે
બીજીવાર પ્રગટ થશે.

10 કેમકે જે સારી વસ્તુઓ થવાની હતી તેની પ્રતિછાયા નિયમ-
શાસ્ત્રમાં હતી ખરી, પણ તે વસ્તુઓની પુરી પ્રતિમા નહોતી,
માટે જે યજ્ઞો વર્ષોવર્ષ તેઓ હમેશ કરતાં હતા તેથી તેઓ આવનારાઓ-
ને પરિપૂર્ણ કરવાને કદિ સમર્થ નહોતા. 2 જો એમ હોત, તો યજ્ઞ કરવાનું
શું બંધ ન થાત? કેમકે એકવાર પવિત્ર થયા પછી ભક્તિ કરનારાઓને
ફરી પાપોની કંઈ અંતરભાવના ન થાત. 3 પણ તે [[યજ્ઞોથી] વર્ષોવર્ષ
પોપોનું સ્મરણ ફરી થાય છે. 4 કેમકે ગોધાઓનું તથા બકરાઓનું લોહી
પાપો કાઢી નાખવાને સમર્થ નથી. 5 એ માટે જગતમાં આવતાંજ તે કહે
છે, તે યજ્ઞ તથા દાન ચાહ્યાં નહિ, પણ મારે સારૂ તેં શરીર સિદ્ધ કીધું છે.
6 હોમમાં તથા પાપ વિષેના [યજ્ઞોમાં] તારી કંઈ પ્રસન્નતા નહોતી;
7 ત્યારે મેં કહ્યું કે, ઓ દેવ, જો, (શાસ્ત્રના પુસ્તકમાં મારા સંબંધી લખ્યું
છે(, તારી ઈચ્છા પાળવાને હું આવું છું. 8 ઉપર જયારે તેણે કહ્યું કે, યજ્ઞો
તથા દાનો તથા હોમ તથા પાપ વિષેના યજ્ઞો (જે નિયમશાસ્ત્ર પ્રમાણે
કરાય છે) તેઓને તે ચાહ્યાં નહિ, ને તેઓમાં તારી કંઈ પ્રસન્નતા નહોતી;
9 ત્યારે તેણે કહ્યું કે, જો, તારી ઈચ્છા પાળવાને હું આવું છું; બીજાને

સ્થાપવા સારૂ પહેલાને તે રદ કરે છે. 10 તે ઇચ્છાએ ઇસુ ખ્રીસ્તનું શરીર
એકજવાર અર્પણ થયાથી આપણે પવિત્ર કરાએલા છીએ. 11 અને હરેક
યાજક નિત્ય સેવા કરતાં તથા એ ને એજ યજ્ઞો બહુ વાર કરતાં ઉભો રહે
છે, જે યજ્ઞો પાપો કાઢવાને કદિ પણ સામર્થ નથી. 12 પણ એ, પાપોને
કાજે એક યજ્ઞ સદાકાળને સારૂ કરીને, દેવની જમણીગમ બેહેલો છે;
13 ને હવે પછી તેના વેરીઓ તેના પગનું પાયાસન કરાય ત્યાં સુધી તે
વાટ જુએ છે. 14 કેમકે જેઓ પવિત્ર કરાય છે તેઓને તેણે એક અર્પણથી
સદા પરિપૂર્ણ કીધા છે. 15 અને પવિત્ર આત્મા પણ આપણને શાહેદી
આપે છે, કેમકે તેણે કહ્યું હતું કે, 16 તે દહાડાઓ પછી હું જે કરાર તેઓ-
ની સાથે કરીશ તે એજ છે કે, હું પોતાના નિયમ તેઓના હૃદયમાં મુ-
કીશ, ને તેઓનાં મન પર તેઓને લખીશ, એમ પ્રભુ કહે છે. 17 ત્યારે [તે
કહે છે કે,] તેઓનાં પાપ તથા તેઓના અન્યાય હું ફરી સંભારીશ નહિ.
18 અને જ્યાં એઓની માફી થઇ છે, ત્યાં ફરી પાપને સારૂ બીજું અર્પણ
જોઈતું નથી. 19 હવે, ઓ ભાઇઓ, પરમ પવિત્રસ્થાનમાં ઇસુના લોહીથી
પેસવાની આપણને નિર્ભયતા છે, 20 એટલે એક નવાં તથા જીવતા મા-
ર્ગથી, કે જે તેણે આપણે સારૂ પડદામાં થઈને, એટલે પોતાના શરીરમાં
થઈને ઉઘાડ્યો છે; 21 ને વળી દેવના ઘર પર મોટો યાજક છે, 22 માટે દુ-
ષ્ટ અંતઃકરણથી છુટવા સારૂ હૃદયો પર છંટકાવ પામીને તથા નિર્મળ
પાણીથી શરીર ધોઈને, આપણે ખરા હૃદયથી તે વિશ્વાસના પુરા નિશ્ચ-
યપણામાં સાન્નિધ જઇએ. 23 આપણે આશાની કબુલાત દૃઢ પકડી રા-
ખીએ, કેમકે જેણે વચન આપ્યું તે વિશ્વાસુ છે. 24 અને પ્રીતિ તથા સારાં
કામ કરવા સારૂ ઉત્તેજન આપવાને આપણે એક બીજા વિષે વિચાર કર-
વો. 25 એકઠા મળવાનું કેટલાએક મુકી દે છે તેઓની રીત પ્રમાણે આપ-
ણે ન કરીએ, પણ સુબોધ કરીએ, ને જેમ જેમ તમે તે દહાડો પાસે
આવતો દેખો તેમ તેમ વધતું કરો. 26 કેમકે આપણે સત્યની ઓળખ
પામ્યા પછી, જો જાણી જોઈને પાપ કરીએ, તો તે પછી પાપોને સારૂ
બીજો યજ્ઞ રહેતો નથી, 27 પણ ઇનસાફની બિહામણીજ વાટ જોવી
તથા વૈરીઓને ખાઇ નાખનારા અગ્નિનો જુસ્સો એજ રહે છે. 28 જે કોઇ
મુસાનું નિયમશાસ્ત્ર ગણકારતો નહિ, તે દયા પામ્યા વગર બે કે ત્રણ
શાહેદી પરથી મરણ પામતો; 29 તો જેણે દેવના પુત્રને પગ તળે છુંદ્યો, ને
કરારના જે લોહીથી પોતે પવિત્ર થયો હતો તેને અશુદ્ધ ગણ્યું, ને કૃપાના
આત્માનું અપમાન કીધું, તે કેટલી વધતી કઠણ સજાને યોગ્ય થશે, ત
વિશ તમને શું લાગે હે? 30 કેમકે બદલો વાળવો મારો છે, હું વાળી
આપીશ,ને ફરી, પ્રભુ પોતાના લોકોનો ન્યાય કરશે, એવું જેણે કહ્યું તેને
આપણે જાણીએ છીએ. 31 જીવતા દેવના હાથમાં પડવું એ બિહામણું
છે. 32 પણ પૂર્વના દવસ ફરી સંભારો, કે જેમાં તમે પ્રકાશિત થયા પછી
દુઃખોનો મોટો હુમલો સહ્યો. 33 પહેલાં તો નિંદાઓથી તથા સંકટથી તમે
તમાશા જેવા થયા, ને પછી તો જેઓ એવું સહેતા હતા તેઓના સંગતી
તમે થયા. 34 કેમકે બંધનમાં જેઓ હતા તેઓનાં દુખના સાથીઓ તમે
થયા, ને પોતાના માલની હાનિનો આનંદથી અંગીકાર કીધો, કાંજે તમે
એ જાણતા હતા, કે પોતાને માટે વધતું સારૂં તથા અક્ષય ધન છે. 35 એ
માટે તમારો ભરોસો જેને મોટો ફળરૂપ બદલો છે, તેને નાખી ન દો.
36 કેમકે તમને સહનતાની અગત્ય છે, એ માટે કે તમે દેવની ઇચ્છા પા-
ળ્યા પછી વચનનું ફળ પામો. 37 કેમકે જે આવવાનો છે, તે છેક થોડી
વારમાં આવશેજ, ને વિલંભ નહિ કરશે. 38 અને મારો ન્યાયી વિશ્વાસથી
જીવશે;પણ જો તે પાછો હટે, તો તે સંબંધી મારો જીવ સંતુષ્ટ નહિ થશે.
39 પણ અપને નાશમાં પાછા હટનારા નથી, પણ જીવન બચાવને અર્થે
વિશ્વાસ કરનારા છીએ.

11 વિશ્વાસ તો આશાની વસ્તુઓની ખાતરી, ને અણદીઠ વસ્તુ-
ઓની શાહેદી છે. 2 કેમકે તેથી વડીલો શાહેદી પામેલા થયા.
3 વિશ્વાસથી આપણે જાણીએ છીએ કે દેવના શબ્દથી જગતો ઉત્પન્ન
થયાં, એવાં કે જે જે દેખાય છે, તે તે દેખાયલાં વાનાંથી નથી થયાં. 4 વિ-
શ્વાસથી હાબેલે કાઈનના કરતાં વધતો સારો યજ્ઞ દેવને અર્પણ કીધો,
તેથી તે ન્યાયી છે, એમ તે સંબંધી શાહેદી અપાઇ, કેમકે દેવે તેનાં દાનો
સંબંધી શાહેદી આપી; ને તેથી તે મુઆ છતાં પણ હજી બોલે છે. 5 વિ-
શ્વાસથી હનોખ ઉપર લઇ જવાયો કે તે મરણ ન જુએ, ને તે જડ્યો નહિ,
કેમકે દેવ તેને ઉપર લઇ ગયો, કાંજે તેના ઉપર લઇ જવાયા પહેલાં તે
સંબંધી એ શાહેદી થઇ કે તેના પર દેવ પ્રસન્ન થયો હતો. 6 પણ વિશ્વાસ
વગર [દેવને] પ્રસન્ન કરવો એ બનતું નથી, કેમકે દેવની પાસે જે આવે
છે, તેણે એવો વિશ્વાસ કરવો જોઈએ કે તે છે, ને કોશેશથી તેના શોધ-
નારા ફળ આપનાર પણ છે. 7 નુહે જે વાત હજી સુધી જોઈ ન હતી, તે
વિષે બોધ પામીને તથા સુબીક રાખીને, વિશ્વાસથી પોતાના કુટુંબના
તારણને સારૂ વહાણ તૈયાર કીધું, તેથી તેણે જગતને અન્યાયી ઠરાવ્યું,
ને વિશ્વાસથી જે ન્યાયીપણું તેનો વારસ થયો. 8 વિશ્વાસથી ઇબ્રાહીમ જે
ઠેકાણું વારસાને સારૂ પામનાર હતો, તેમાં જવાને તેડું પામીને આજ્ઞા-
ધીન થયો, એટલે પોતે ક્યાં જાય છે, એ ન જાણતાં નીકળ્યો. 9 વિશ્વા-
સથી તેણે રાવટીઓમાં રહેતાં, ને પરદેશમાં હોય તેમ વચનના દેશમાં
પ્રવાસ કીધો, ને તેની સાથે તેજ વચનના સહવારસો ઇસ્હાક તથા યાકૂ-
બે [પ્રવાસ કીધો]. 10 કેમકે જે શેહેરને પાયો છે, જેનો યોજનાર તથા
બાંધનાર દેવ છે, તેની વાટ તેણે જોઈ. 11 વિશ્વાસથી સારાહ પણ ઘરડી
થયા પછી ગર્ભ ધરવા સારૂ સામર્થ્ય પામી; કેમકે જેણે વચન આપ્યું
હતું, તેને તેણે વિશ્વાસુ ગણ્યો. 12 એ માટે એકથી, ને તે પણ મુએલા જે-
વો, તેનાથી સંખ્યામાં આકાશમાંના તારા જેટલા તથા સમુદ્રના કાંઠા
પરની રેતી જે અગણિત છે તેના જેટલા લોક ઉત્પન્ન થયા. 13 એ સઘળા
વિશ્વાસમાં મારી ગયા, ને વચનોનાં ફળ ન પામ્યા, પણ વેગળેથી તે દે-
ખીને માન્ય કરી લીધાં, ને પોતા વિષે કબૂલ કીધું કે અમે પૃથ્વી પર પર-
દેશી તથા મુસાફર છીએ. 14 કેમકે એવી વાતો કહેનારા સાફ દેખાડે છે
કે, તેઓ સ્વદેશનો શોધ કરે છે. 15 અને જે દેશથી તેઓ નીકળ્યા તે પર
જો તેઓએ ચિત્ત રાખ્યું હોત, તો પાછા ફરવાનો પ્રસંગ તેઓને મળત
ખરો. 16 પણ હવે વધતા સારા, એટલે આકાશી દેશની તેઓ બહુ ઇચ્છા
રાખે છે; માટે દેવ તેઓનો દેવ કહેવાતાં લજવાતો નથી, કેમકે તેણે તે-
ઓને સારૂ એક શેહેર સિદ્ધ કીધું છે. 17 વિશ્વાસથી ઇબ્રાહીમે, જયારે તેનું
પરીક્ષણ થયું ત્યારે, ઇસ્હાકનું અર્પણ કીધું; એટલે જેણે વચનો માંની
લીધા હતા ને જેને એવું કહેવાયું હતું કે, 18 ઇસ્હાકમાં તારો સંતાન કહે-
વાશે, તેણે પોતાના એકાકીજનિતનું અર્પણ કીધું. 19 કેમકે તે એમ ગણ-
તો હતું કે મારી ગએલામાંથી પણ ઉઠાડવાને દેવ સમર્થ છે, ને તેમાંથી
દૃષ્ટાંતે તે તેને પામ્યો. 20 વિશ્વાસે ઇસ્હાકે થવાની વસ્તુઓ સંબંધી યા-
કૂબને તથા એસાવને આશીર્વાદ દીધો. 21 વિશ્વાસથી યાકૂબે મરતી વે-
ળા યુસફના બેહુ દીકરાઓને આશીર્વાદ દીધો, ને પોતાની લાકડીની
મૂઠ પર ટેકીને ભજન કીધું. 22 વિશ્વાસથી યુસફે પોતાના અંતકાળે
ઇસ્રાએલના સંતાનના નિર્ગમન વિષેની વાત સંભરાવી, ને પોતાના હા-
ડકાં સંબંધી આજ્ઞા આપી. 23 વિશ્વાસથી મુસાના માબાપે તેના જન્મ્યા
પછી ત્રણ મહિના સુધી તેને સંતાડ્યો; કેમકે તેઓએ દીઠું, કે તે સુંદર
બાળક છે, ને તેઓ રાજાની આજ્ઞાથી બીધા નહિ. 24 વિશ્વાસથી મુસાએ
મોટા થયા પછી ફારૂનની દીકરીનો પુત્ર કહેવાવા ના પાડી. 25 પાપનો
સુખભોગ કંઈ વાર ભોગવવા કરતાં દેવના લોકોની સાથે દુઃખ ભોગવવું
તેણે વધતું પસંદ કીધું. 26 મિસરમાંના દ્રવ્ય કરતાં ખ્રીસ્ત સંબંધીની
નિંદા વધતું સંપત છે, એમ તેણે ગણ્યું; કેમકે તેણે ફળરૂપ બદલા ભણી
જોયું. 27 વિશ્વાસથી તેણે રાજાની ક્રોધથી ન બીતાં મિસર મુકી દીધું; કે-
મકે જાણે અણદીઠને જોતો હોય એમ તે ટકી રહ્યો. 28 વિશ્વાસથી તેણે
પાસ્ખા પર્વ તથા લોહી છાંટવાનું પાળ્યું, રખે જેણે પ્રથમ જનિતોનો
નાશ કીધો, તે તેઓને અડકે. 29 વિશ્વાસથી તેઓ જેમ કોરી ભોંય પર,
તેમ લાલ સમુદ્રમાં થઈને, પાર ગયા; એવું પ્રયત્ન કરતાં મિસરીઓ
ગુંગળાઈ મુઆ. 30 વિશ્વાસથી યેરેખોના કોટને સાત દહાડા સુધી ઘેરી
લીધા પછી તે પડી ગયો. 31 વિશ્વાસથી રાહાબ વેશ્યા જાસુસોનો સુખરૂ-
પે અંગીકાર કીધાથી અવિશ્વાસીની સાથે નાશ ન પામી. 32 તો હું વધતું
શું કહું? કેમકે ગિદઓન તથા બારાક તથા સામસૂન તથા યિફતાહ તથા
દાઉદ તથા શમૂએલ તથા ભવિષ્યવાદીઓ વિષે વિસ્તારથી કહેવાને
મને વખત ખૂટશે. 33 તેઓએ વિશ્વાસથી રાજ્ય જીત્યાં, ન્યાયીપણું કી-
ધું, વચનો પ્રાપ્ત કીધાં, સિંહોનાં મ્હો બંધ કીધાં, 34 અગ્નિનું બળ નરમ
પાડ્યું, તેઓ તરવારની ધારથી બચ્યા, અબળપણામાંથી બળવાન
કરાયા, લડાઇમાં પરાક્રમી થયાં, ને વિદેશીઓની ફોજોને નસાડી;
35 બાયડીઓ પોતાનાં મરીગએલાંને પુનરૂત્થાનથી પામી; ને કેટલાએક
મરણ સુધી ઝુડાઈ ગયા, તેઓએ છુટકાનો અંગીકાર ન કીધો, એ સારૂ
કે તેઓ વધતું સારૂં પુનરૂત્થાન પામે; 36 ને બીજા મશ્કરીઓથી તથા
કોરડાઓથી, વળી બંધનોથી પણ તથા કેદથી પરખાયા. 37 તેઓ

પત્થરથી મરાયા, કરવતથી ચીરાયા, તેઓ પરખાયા, તરવારની ધારથી
માર્યા ગયા, ઘેટાંના ચામડા તથા બકરાંનાં ચામડાં પહેરીને ફરતાં હતા,
કંગાલ, રીબાએલા તથા પીડાએલા હતા; 38 (જગત તેઓને યોગ્ય ન
હતું,) તેઓ રાનોમાં તથા પહાડોમાં તથા ખોમાં તથા પૃથ્વીની ગુફાઓ-
માં રખડતા હતા. 39 અને એ સર્વ વિશ્વાસથી સારી શાહેદી પામેલા થયા,
પણ વચનનું ફળ ન પામ્યા. 40 કેમકે દેવે આપણે માટે કંઈ વધતું સારૂં
સિદ્ધ કીધું; એ સારૂ કે આપણા વગર એઓ પરિપૂર્ણ ન થાય.

12 તો આપણી આસપાસ શાહેદોની એટલી મેઘરૂપ ભીડ છે, એ
માટે અપને પણ હરેક બોજ તથા ઘેરી લેનાર પાપ નાખી દઈએ,
ને આપણી આગળ મુકેલી દોડ ધીરજથી દોડીએ. 2 આપણે આપણા
વિશ્વાસના મુકેલા આનંદને લીધે લાજને વ્યર્થ ગણીને મરણસ્તંભનું
[દુઃખ] સહ્યું, ને તે દેવના રાજ્યાસનની જમણી ગમ બેઠો છે. 3 તો જેણે
પોતા પર પાપીઓની એટલી ઉલટી તકરાર સહી, તેનો વિચાર કરો, રખે
તમે પોતાના મનમાં નિર્ગત થયાથી થાકી જાઓ. 4 તમે પાપને ઉલટી
કોશેશે કરતાં, હજી રક્તપાત સુધી સામા થયા નથી. 5 વળી જે ઉપદેશ
પરથી તમને બાળકોની પેઠે બોધ અપાય છે, તે તેમ વિસર્યા, એટલે ઓ
મારા પુત્ર, તું પ્રભુની શિક્ષા હલકી ન ગણ, ને તેનાથી ધમકી પામીને
નિર્ગત ન થા. 6 કેમકે જે પર પ્રભુ પ્રીતિ કરે છે, તેને તે શિક્ષા કરે છે, ને
જે હરેક પુત્રનો તે અંગીકાર કરે છે, તેને તે કોરડો મારે છે. 7 જો તમે શિ-
ક્ષા સહો છો, તો દેવ જેમ પુત્રની સાથે તેમ તમારી સાથે વર્તે છે, કેમકે
જેને બાપ શિક્ષા કરતો નથી , એવો કયો દીકરો છે? 8 પણ જે સીક્ષાના
ભાગિયા સઘળા છે, તે શિક્ષા વગર જો તમે છો, તો તમે લોંડીજાયા છો,
દીકરા તો નહિ. 9 વળી આપણા દેવના બાપ આપણને શિક્ષા કરનારા
હતા, ને આપણે તેઓનું માન રાખ્યું, તો વિશેષે કરીને એ કરતાં એમ ન
થાય કે, આપણા આત્માઓના બાપને આધીન થઈને જીવીએ? 10 કેમ-
કે તેઓએ તો થોડાક દહાડા સુધી પોતાને જે સારૂં લાગ્યું તે પ્રમાણે શિ-
ક્ષા દીધી ખરી, પણ એણે તો આપણા નફાને સારૂ, એ માટે કે આપણે
તેના પવિત્રપણાના ભાગિયા થઈએ. 11 કોઈ પણ શિક્ષા હાલમાં
આનંદકારક જેવી લાગતી નથી, પણ ખેદકારક છે; પણ પછી તો તેથી
કસએલાને તે ન્યાયીપણાના શાંતિકારક ફળ ભરી આપે છે. 12 એ માટે
લુલા થએલા હાથોને તથા અશક્ત થએલાં ઘૂંટણોને તમે ફરી સમાં કરો;
13 ને પોતાના પગોને સારૂ પાધરા રસ્તા કરો; એ માટે કે જે લંગડું તે
આડું ન વળે, પણ તે કરતાં સમું કરાય. 14 સઘળાની સાથે શાંતિએ ધો-
રણે, ને પવિત્રાઇ જે વગર કોઇ પ્રભુને દેખશે નહિ તેને ધોરણે તમે ચા-
લો. 15 તમે બહુ સાવધાન થાઓ, રખે કોઈ દેવની કૃપા પામ્યા વિના રહી
જાય, રખે કોઈ કડવાસરૂપી જડ ઉગવાથી તમને કાયર કરે, ને તેથી બહુ
લોક અપવિત્ર થાય, 16 રખે કોઈ વ્યભિચારી થાય, અથવા એસાવ જેણે
એક ભોજનને સારૂ પોતાનું જ્યેષ્ઠપણું વેચ્યું તેના જેવો કોઈ ભ્રષ્ટ
થાય. 17 કેમકે તમે જાણો છો કે ત્યાર પછી જ્યારે તે આશીર્વાદનો વાર-
સો પામવા ચહાતો હતો ત્યારે તે આંસુ સુદ્ધાં પ્રયત્ન કરતો હતો, તોપણ
તે કબૂલ ન કરાયો કેમકે પસ્તાવાનું ઠેકાણું તેને મળ્યું નહિ. 18 વળી તમે
એવાંઓની પાસે આવ્યા નથી, એટલે અડકાય એવા પહાડની તથા
બળતી તથા અંધરાએલા આકાશની તથા અંધકારની તથા તોફાનની
19 તથા રણશિંગડાના આવાજથી તથા વાતની વાણીની, કે જેનાં સંભા-
ળનારાઓએ વિનંતી કીધી કે તે બોલવું અમારી સાથે ફરી ન થાય.
20 કેમકે જે આજ્ઞા થઈ, તે તેઓથી સહેવાઈ નહિ,એટલે જો કોઈ જાનવર
પણ પહાડને અડકે, તો તે પત્થરે મરાય. 21 અને જે દેખાયું તે એવું બિ-
હામણું હતું કે મુસાએ કહ્યું કે, હું બહુ બીહું છું, ને ધ્રુજું છું; 22 પણ તમે
સિયોન પહાડની પાસે, ને જીવતા દેવના શેહેર એટલે આકાશના યરૂ-
શાલેમની પાસે, ને હજારો હજાર દૂતોની પાસે, 23 પહેલાં જન્મેલા જેઓ-
નાં નામ આકાશમાં લખી લીધા છે તેઓની સાર્વત્રિક સભા તથા મંડ-
ળીની પાસે, ને સહુનો ઇનસાફ કરનાર દેવની પાસે, ને સંપૂર્ણ થએલા
ન્યાયીઓના આત્માઓની પાસે, 24 ને નવાં કરારના મધ્યસ્થ ઇસુની
પાસે, ને જે છાંટવાનું લોહી હાબેલના કરતાં સારૂ બોલે છે તેહી પાસે
આવ્યા છો. 25 જે બોલે છે તેનો તમે નકાર ન કરો, માટે સાવધાન રહો;
કેમકે પૃથ્વી પર ચેતવનારનો જેઓએ નકાર કીધો તેઓ જો બચ્યા
નહિ, તો આકાશથી ચેતવનારની પાસેથી જો આપણે ફરીએ તો બહુ
વિશેષે કરીને નહિ બચીશું. 26 તેની વાણીએ ત્યારે પૃથ્વી હલાવી, પણ
હવે તેણે વચન આપીને કહ્યું કે, ફરી એક વાર હું એકલી પૃથ્વીને નહિ,
પણ આકાશને પણ હલાવું છું. 27 અને ફરી એક વાર એ વાત એમ
બતાવે છે કે, હલાવાએલી વસ્તુઓ બનાવેલી વસ્તુઓની પેઠે ટળી
જાય છે, એ માટે કે જેઓ હલાવાએલી નથી, તેં ટકી રહે. 28 માટે ન હલા-
વાય એવું રાજ્ય પામીને આપણે કૃપા પકડી રાખીએ, જેથી આપણે દે-
વને પ્રસન્ન થાય એવી રીતે તેની સેવા માનથી તથા સુબીકથી કરીએ.
29 કેમકે આપણો દેવ ખાઇ નાખનાર અગ્નિ છે.

13 ભાઇપરની પ્રીતિ રહો. 2 પરોણા રાખવાનું તમે ન ભુલો, કેમકે
તેથી કેટલાએકે ન જાણતાં દૂતોને પરોણા રાખે છે. 3 જાણે કે
બંદીવાનોની તમે બંધાએલા છો તેમ તેઓને સંભારો; ને પોતે શરીરમાં
છો, માટે દુઃખ પામનારાઓને [સંભારો]. 4 સર્વમાં લગ્ન માન્ય યોગ્ય, ને
બિછાનું નિર્મળ રહે, કેમકે છિનાળવાઓ તથા વ્યભિચારીઓની ન્યાય
દેવ ઠરાવશે. 5 તમારો સ્વભાવ નીર્લોભી થાય; પોતાની પાસે જે છે તેથી
સંતોષી થાઓ; કેમકે તેણે એમ કહ્યું છે કે, હું તેનું નહિજ મુકીશ, ને તને
નહિજ તજીશ. 6 તો આપણે નિર્ભય થઈને એમ કહીએ કે, પ્રભુ મને
સહાય કરનાર છે, ને હું નહિ બીહીશ; માણસ મને શું કરશે? 7 જેઓ
તમારા આગેવાન હતા, જેઓએ તમને દેવની વાત કહી છે, તેઓનું સ્મ-
રણ કરો, ને તેઓની ચાલનો અંત જોતાં તેઓના વિશ્વાસને અનુસરો.
8 ઇસુ ખ્રીસ્ત ગઇ કાલે તથા આજ તથા સદાકાળ તેવો ને તેવોજ છે.
9 તમે વિચિત્ર તથા નવા ઉપદેશથી ખેંચાઓ મા, કેમકે એ સારૂ છે કે,
અંતઃકરણ કૃપાથી સ્થિર કરેલું થાય, ખાવાનાંથી નહિ, જેઓથી તે પ્ર-
માણે વર્તનારાઓને લાભ ન થયો. 10 આપણને એવી વેદી છે કે તે પર-
નું ખાવાનો અધિકાર મંડપની સેવા કરનારાઓને નથી. 11 કેમકે પાપને
લીધે જે પશુઓનું લોહી પ્રમુખ્ય યાજકથીપવિત્ર સ્થાનમાં લવાય છે, તે-
ઓનાં શરીર છાવણી બહાર બળાય છે. 12 એ માટે ઇસુએ પણ પોતા-
નાજ લોહીથી લોકોને પવિત્ર કરવા સારૂ દરવાજા બહાર સહ્યું. 13 એ
સારૂ આપણે તેનું અપમાન સહેતાં તેની પાસે છાવણી બહાર જઇએ.
14 કેમકે નભી રહે એવું નગર આપણને હિયાં નથી, પણ જે થવાનું તેને
આપણે બહુ શોધીએ છીએ. 15 માટે તેને આસરે આપણે દેવને સ્તુતિ-
રૂપ યજ્ઞ, એટલે તેના નામને માન્ય કરનારા હોઠોના ફળનું અર્પણ, જથું
કરીએ. 16 અને ઉપકાર કરવાનું તથા દાન વહેંચી આપવાનું તમે ભુલો
મા, કેમકે એવાં અર્પણથી દેવ બહુ સંતુષ્ટ થાય છે. 17 તમે પોતાના
આગેવાનોનું માનીને તેઓને આધીન થાઓ, કેમકે હિસાબ આપનારા-
ઓની પેઠે તેઓ તમારા પ્રાણોને સારૂ ચોકી કરે છે, એ માટે કે તેઓ
આનંદે તે કરે, પણ શોકથી નહિ, કાંજે એ તમને નિષ્ફળ થશે. 18 તમે
અમારે સારૂ પ્રાર્થના કરો, કેમકે અમને નિશ્ચે છે કે સઘળાં વિષે સારો
વહેવાર રાખવા ચહાતાં અમને ખરૂં અંતઃકરણ છે. 19 અને તમે એ કરો
માટે હું વિશેષ હહેઠથી એ સારૂ વિનંતી કરૂં છું કે તમારી મારૂં પાછું
આવવું વધતું વહેલું થાય. 20 હવે શાંતિનો દેવ, જે સર્વકાળના કરારના
લોહીથી ઘેટાંના મોટા રખેવાળ આપણા પ્રભુ ઇસુને મરીગએલાંમાંથી
પાછો લાવ્યો, 21 તે તમને હરેક સારા કામને સારૂ એવા પુરા કરે કે, તમે
તેની ઈચ્છા પ્રમાણે કરો, ને તેની દ્રષ્ટિમાં જે સંતોષકારક છે, તે આપ-
ણામાં ઇસુ ખ્રીસ્તને લીધે તે કરાવે; તેને સદાસર્વકાળ ગૌરવ થાઓ.
આમેન. 22 ઓ ભાઇઓ, હું તમને વિનંતી કરૂં છું કે તમે સુબોધની એ
વાતનું સહન કરો, કેમકે મેં ટુંકામાં તમારા ઉપર લખ્યું છે. 23 આપણો
ભાઈ તીમોથી છુટો થએલો છે એ તમે જાણો. જો તે વહેલો આવે, તો હું
તેની સાથે આવીને તમને મળીશ. 24 તમે તમારા સઘળા આગેવાનોને
તથા સઘળા પવિત્રોને સલામ કહેજો; ઇતાલીમાંના તમને સલામ કહે
છે. 25 તમ સર્વ સાથે કૃપા થાઓ. આમેન.

# યાકૂબનો પત્ર

1 વેરાઈ ગએલાં બારે કુળને, દેવના તથા પ્રભુ ઇસુ ખ્રીસ્તના સેવક
યાકૂબની સલામ. 2 મારા ભાઇઓ, જયારે તમે તરેહ તરેહની પરી-
ક્ષામાં પડો, ત્યારે તે પુરો આનંદ ગણો; 3 એવું જાણીને કે તમારા વિશ્વા-
સની પરીક્ષા ધીરજ ઉપજાવે છે. 4 પણ ધીરજનું કામ પુરું થવા દો, એ
માટે કે તમે સિદ્ધ તથા સંપૂર્ણ થાઓ, ને કશામાં અધુરા નહિ રહો. 5 અને
તમારામાંનો જો કોઈ જ્ઞાન વિષે ઓછો હોય, તો દેવ જે સર્વને દાતારપ-
ણાથી આપે છે, ને ઠપકો દેતો નથી, તેની પાસેથી તે માંગવું, ને તેણે તે
અપાશે. 6 પણ કંઈ સંદેહ ન રાખતાં, વિશ્વાસથી માંગવું; કેમકે જે સંદેહ
રખે છે, તે સમુદ્રનો મોજો જે પવનથી હસેલાય છે તથા હલાવાય છે તે-
ના જેવો છે. 7 તો તે માણસે એમ ન ધારવું કે પ્રભુથી તેને કંઈ મળશે.
8 બે મનવાળું માણસ પોતાના સઘળા માર્ગમાં અસ્થિર છે. 9 અને જે
ભાઇ નીચ પદવીનો છે તે પોતાના ઉંચપણામાં આનંદ કરે; 10 ને જે દો-
લતમંદ છે, તે પોતાના નીચપણામાં; કેમકે ઘાસના ફૂલની પેઠે તે ટળી
જશે. 11 કેમકે સુરજ લૂ સહિત ઉગીને ઘાસને ચિમળાવે છે, ત્યારે તેનું
ફૂલ ખરી પડે છે, ને તેની બિરાજેલી શોભા નાશ પામે છે; તેમ દોલતમંદ
પણ પોતાના માર્ગમાં ચિમળાઇ જશે. 12 જે માણસ પરીક્ષણ સહન કરે
છે તેને ધન્ય છે; કેમકે પરખાયા પછી, જીવનનો જે મુગટ પ્રભુએ પોતા-
ના પર પ્રેમ કરનારાઓને આપવા કબૂલ કીધું છે તે તેને મળશે. 13 કોઇ
પરીક્ષણમાં પડ્યો હોય તો તેણે એમ ન કહેવું કે, હું દેવથી પરીક્ષણમાં
પડ્યો છું; કેમકે ભુંડાઇથી દેવનું પરીક્ષણ થતું નથી, ને કોઇને પરીક્ષણ-
માં તે પાડતો પણ નથી. 14 પણ હરેક માણસ પોતાની કુઇચ્છાથી
ખેંચાઈને તથા લલચાઈને પરીક્ષણમાં પડે છે. 15 પછી કુઇચ્છા ગર્ભ
ધરીને પાપને જાણે છે, ને પાપ પૂર્ણ થઈને મોતને ઉપજાવે છે. 16 મારા
વહાલા ભાઇઓ, તમે ભુલો મા. 17 હરેક ઉત્તમ દાન તથા હરેક સંપૂર્ણ
દાન ઉપરથી હોય છે, ને પ્રકાશીનો બાપ જેમાં બદલાવું નથી, ને ફરવા-
થી પડેલો ઓળો પણ નથી, તેની પાસેથી ઉતરે છે. 18 તેણે પોતાની
ઇચ્છાએ સત્યના વચનથી આપણને જન્માવ્યા એ માટે કે, આપણે તે-
ના ઉત્પન્ન કીધેલામાંનાં પહેલાં થએલાં ફળ જેવા થઈએ. 19 તમે એ જા-
ણો છો, મારા વહાલા ભાઈઓ; પણ હરેક માણસ સાંભળવાને ઉતાવ-
ળો, બોલવાને ધીમો, તથા રીસમાં ધેમો થાય. 20 કેમકે માણસની રીસ
દેવના ન્યાયીપણાને નથી ઉપજાવતી. 21 માટે તમે સર્વ મલિનપણું
તથા ભુંડાઈનું અધિકપણું નાખી દો; ને રોપેલું વચન જે તમારા આત્મા-
ઓને તારવાને શક્તિમાન છે તે નમ્રતાથી લઈ લો. 22 પણ તમે વચન-
ના પાળનારા થાઓ, પોતાને ફુલાવતાં કેવળ સંભાળનારાજ નહિ. 23 કે-
મકે જે કોઇ વચનનો પાળનાર નથી, પણ કેવળ સાંભળનાર છે, તો તે
પોતાનું સ્વાભાવિક મ્હો આરશીમાં જોનાર માણસના જેવો છે. 24 કેમકે
તે પોતાને જુએ છે, પછી ત્યાંથી જાય છે, ને પોતે કેવો હતો, એ તરત
ભુલી જાય છે. 25 પણ જે છુટાપણાના સંપૂર્ણ નિયમમાં ધારીને જુએ છે,
ને તેમાં રહે છે, જે ભુલી જાય એવો સાંભળનાર તો નહિ, પણ કામનો
કરનાર થાય છે, તેજ પોતાના કરવામાં ધન્ય છે. 26 જો તમારામાંનો કોઇ
ધારે છે કે હું પોતે સુભક્ત છું, પણ પોતાની જીભને કાયદામાં ન રાખતાં
પોતાના મનને ભુલાવે છે તો તેનો ધર્માચાર વ્યર્થ છે. 27 દેવની, એટલે
બાપની, આગળ જે શુદ્ધ તથા નિર્મળ ધર્માચાર તે એજ છે કે, નબાપાંને
તથા વિધવાઓને તેઓના દુઃખની વેળા જોવા જવું, ને જગતથી પોતા-
ને ડાઘ વગરનો રાખવો.

2 મારા ભાઈઓ, આપણા મહિમાવાન પ્રભુ ઇસુ ખ્રીસ્તનો વિશ્વાસ
તમે નિષ્પક્ષપાતે રાખો. 2 કેમકે જેની આંગળીમાં સોનાની વીંટી
તથા જેના અંગ પર શોભાયમાન લુંગડા હોય, એવો માણસ જો તમારી
સભામાં આવે, ને જો મેલાં લૂગડાં પહેરેલો એવો એક દરિદ્રી પણ આવે;
3 ને તમે શોભાયમાન લુગડાં પહેરેલાને માનની નજરે જોઇને કહો છો કે,
તું હિયાં ઉત્તમ ઠામે બેસ, પણ પેલા દરિદ્રીને કહો છો કે, તું પણે ઉભો
રહે, અથવા હિયાં મારા પગના આસન પાસે બેસ; 4 તો શું તમે તમારા-
માં ફેર નથી રાખતા? ને શું તમે ભુંડા વિચારના ન્યાયાધીશ નથી થયા?
5 મારા વહાલા ભાઇઓ, તમે સાંભળો; આ જગતના દરિદ્રીઓને વિશ્વા-
સમાં ધનવાન થવા સારૂ તથા દેવે પોતા પર પ્રેમ કરનારાઓને જે રાજ્ય
આપવાનું વચન આપ્યું તેનું વતન પામવા સારૂ, દેવે તેઓને પસંદ
નથી કીધા શું? 6 પણ તમે દરિદ્રીનું અપમાન કીધું છે. શું તમારો પર દો-
લતમંદો જુલમ નથી કરતાં? ને ન્યાયાસન આગળ તેઓ તમને ઘસડી
નથી લઈ જતાં? 7 જે ઉત્તમ નામથી તમે ઓળખાઓ છો, તેની નિંદા શું
તેઓ નથી કરતાં? 8 તોપણ પવિત્રલેખ પ્રમાણે જે રાજ્યમાન્ય નિયમ
છે, એટલે કે, તું પોતાના જેવો પોતાના પડોસી પર પ્રેમ કર, તે જો તમે
પુરા કરો છો, તો ઘણું સારૂં કરો છો. 9 પણ જો તમે પક્ષપાત કરો છો, ને
અપરાધીઓની પેઠે નિયમથી દોષિત ઠરો છો. 10 કેમકે જે કોઇ આખું નિ-
યમશાસ્ત્ર પાળશે, ને એકલી એક વાત વિષે ચુકશે, તો તે સર્વ સંબંધી
અપરાધી છે. 11 કેમકે જેણે કહ્યું કે, તું વ્યભિચાર ન કર, તેણેજ કહ્યું કે,
તું હત્યા ન કર; એ માટે, જો તું વ્યભિચાર કરતો નથી, તોપણ જો તું
હત્યા કરે છે, તો તું નિયમશાસ્ત્રનું ઉલ્લંઘન કરનારો થયો છે. 12 છુટાપ-
ણાના નિયમથી તમારો ન્યાય ઠરવાનો છે, એવું સમજીને બોલો તથા
વર્તો. 13 કેમકે જેણે દયા નથી કીધી, તેનો ન્યાય દયા વગર ઠરશે; ને
ન્યાય પર દયા જયજયકાર કરે છે. 14 મારા ભાઇઓ, જો કોઇ કહે છે કે,
મને વિશ્વાસ છે, પણ જો તેને કરણીઓ નથી, તો શો લાભ? શું એવો
વિશ્વાસ તેને તારી શકે છે? 15 જો કોઇ ભાઇ અથવા બહેન ઉઘાડાં હોય
તથા રોજના અન્ન વગરનાં હોય; 16 ને તમારામાંનો કોઇ તેઓને કહે કે
શાંતિએ જાઓ, તાપો, ને તૃપ્ત થાઓ,, તોપણ શરીરને જે જોઈએ તે જો
તમે તેઓને નથી આપતા, તો શો લાભ? 17 તેમજ, વિશ્વાસ પણ, જો તે-
ની સાથે કરણીઓ ન હોય, તો તે પોતામાં નિર્જીવ છે, 18 હા, કોઇ કહેશે
કે, તને વિશ્વાસ છે, ને મને કરણીઓ છે; તો તું તારો વિશ્વાસ તારી કર-
ણીઓ વગર મને દેખાડ, ને હું મારો વિશ્વાસ મારી કરણીઓથી તને દે-
ખાડીશ. 19 તું વિશ્વાસ કરે છે કે, દેવ એક છે; તું સારૂં કરે છે; ભૂતો પણ
વિશ્વાસ કરે છે, ને કાંપે છે. 20 પણ, ઓ વ્યર્થ માણસ, કરણીઓ વગર
વિશ્વાસ નિર્જીવ છે, એ શું તું જાણવા ચાહે છે? 21 આપણા પૂર્વજ ઇબ્રા-
હીમે યજ્ઞવેદી પર પોતાના દીકરા ઇસહાકનું અર્પણ કીધું તેમાં કરણી-
ઓથી શું તે ન્યાયી ઠરાવાયો નહિ? 22 તું જુએ છે કે વિશ્વાસ તેની કર-
ણીઓ સાથે હતો, ને કરણીઓથી વિશ્વાસ સંપૂર્ણ કરાયો; 23 ને તે લેખ
પુરો થયો જેમાં કહ્યું છે કે, ઇબ્રાહીમે દેવ પર વિશ્વાસ કીધો, ને તે તેને
સારૂ ન્યાયીપણા તરીકે ગણાયું; ને તે દેવનો મિત્ર કહેવાયો. 24 તમે
જુઓ છો કે એકલા વિશ્વાસથી નહિ, પણ કરણીઓથી માણસ ન્યાયી
ઠરાવાય છે. 25 અને તે પ્રમાણે જયારે રાહાબ વેશ્યાએ જાસુસોને આવ-
કાર કીધો, ને તેઓને બીજે રસ્તે બહાર મોકલ્યા, ત્યારે તે પણ શું કર-
ણીઓથી ન્યાયી નહિ ઠરાવાઈ? 26 કેમકે જેમ શરીર આત્મા વગર નિ-
ર્જીવ છે, તેમજ વિશ્વાસ પણ કરણીઓ વગર નિર્જીવ છે.

3 મારા ભાઈઓ, તમે ઘણા ઉપદેશક ન થાઓ, કેમકે તમે જાણો
છો કે આપણે વધતી સજા પામીશું. 2 કેમકે ઘણી બાબતમાં
આપણે સઘળાં ચૂકીએ છીએ; જો વાતમાં કોઇ ચૂકતો નથી, તો તે સંપૂ-
ર્ણ માણસ છે, ને પોતાનું આખું શરીર પણ કાયદામાં રાખવાને શક્તિ-
માન છે. 3 જુઓ, ઘોડા આપણું માને માટે આપણે તેઓના મ્હોમાં
લગામ ઘાલીએ છીએ, ને તેઓનાં આખા શરીર ફેરવીએ છીએ. 4 જુઓ,
વહાણો પણ કેટલાં મોટા છે, ને જબરા પવનથી ચલાવાય છે, તોપણ

જ્યાં સુકાનીની મરજી હોય ત્યાં બહુ નાના સુકાનથી તેઓ ફેરવાય છે.
5 તેમ જીભ પણ નાનું અંગ છે, પણ મોટી વડાઈ કરે છે; જુઓ, કેટલો
થોડો અગ્નિ કેટલા મોટા વનને સળગાવે છે! 6 ને જીભ એક અગ્નિ, અસ-
ત્યનું જગત છે; આપણા અંગોમાં જીભ એવી છે કે, આખા શરીરને તે
અશુદ્ધ કરે છે, ને જગતના મંડળને સળગાવે છે, ને પોતે નરકથી સળ-
ગાવાએલી છે. 7 કેમકે જાનવરોની તથા પક્ષીઓની તથા પેટે ચાલના-
રાંઓની તથા સમુદ્રમાં રહેનારાંઓની હરેક જાત વશ થાય છે, ને માણસ
જાતે વશ કરેલી છે; 8 પણ જીભને કોઇ માણસ વશ કરી નથી શકતું. તે
અસ્થિર, દુષ્ટ, પ્રાણઘાતક ઝેરથી ભરેલી છે.. 9 તેથી આપણે પ્રભુ પિ-
તાની સ્તુતિ કરીએ છીએ. 10 એકજ મ્હોમાંથી સ્તુતિ તથા શાપ નિકળે
છે. મારા ભાઈઓ, એવી વાતો તો થવીજ ન જોઈએ. 11 શું ઝરો એકજ
નળમાંથી મીઠું તથા ખારું પાણી આપે છે? 12 મારા ભાઈઓ, અંજીરી શું
જૈતુનનાં ફળ, અથવા દ્રાક્ષવેલો અંજીર આપી શકે છે? તેમજ ખારો ઝરો
મીઠું પાણી આપી નથી શકતો. 13 તમારામાં જ્ઞાની તથા સમજુક કોણ
છે? તે જ્ઞાનની લીનતાએ ઉત્તમ ચાલથી પોતાની કરણીઓ દેખાડે.
14 પણ જો તમારાં મનમાં કડવી અદેખાઇ તથા ચરસાચરસી છે, તો તમે
સત્યને ઉલટો ગર્વ ન કરો તથા જુઠું ન બોલો. 15 એ જ્ઞાન ઉપરથી ઉતરે
એવું નથી, પણ પૃથ્વી પરનું, દૈહિક તથા શૈતાની છે. 16 કેમકે જ્યાં અદે-
ખાઈ તથા ચરસાચરસી છે, ત્યાં ટંટો તથા હરેક ભુંડું કામ છે. 17 પણ જે
જ્ઞાન ઉપરથી છે તે પ્રથમ તો નિર્મળ, પછી સલાહ કરનારૂં, નમ્ર, સેહેજ
સમજે એવું, દયાએ તથા સારાં ફળે ભરેલું, પક્ષપાત વગરનું તથા ઢોંગ
વગરનું છે. 18 વળી જેઓ સલાહ કરે છે, તેઓને માટે ન્યાયીપણાનું ફળ
સલાહે વવાય છે.

4 તમારામાં લડાઇ તથા ઝઘડા ક્યાંથી થાય છે? શું તમારી અંગ-
માંની લડાઇ કરનારી કુઇચ્છાથી નહિ? 2 તમે બહુ ઈચ્છા કરો છો,
ને તમારી પાસે નથી; તમે મારી નાખો છો, ને લોભ રાખો છો, ને કંઈ મે-
ળવી શકતાં નથી; તમે લડાઈ કરો છો, ને ઝઘડા કરો છો, પણ તમારી
પાસે કંઈ નથી, કેમકે તમે માગતા નથી. 3 તમે માગો છો, તે પામતા
નથી, કેમકે ભુંડી તરેહથી માગો છો, એ મતલબથી કે તમે પોતાની સુ-
ખભોગ પર ખરચી નાખો. 4 ઓ વ્યભિચારિણીઓ, શું એ તમને માલુમ
નથી, કે જગતની મિત્રાઇ દેવ પરનું વૈર છે? એ માટે જે કોઇ જગતનો
મિત્ર થવા ચાહે છે, તે દેવનો વૈરી ઠર્યો છે. 5 શું તમે ધારો છો કે, શાસ્ત્ર
અમથું કહે છે કે, જે આત્માને તેણે આપણામાં વસાવ્યો, તે આસ્થાથી
ઈચ્છા કરે છે? 6 પણ તે તો વધારે કૃપાદાન આપે છે. માટે [શાસ્ત્ર] કહે
છે કે, દેવ અહંકારીઓની સામો થાય છે, પણ લીનો પર તે કૃપા કરે છે.
7 એ માટે તમે દેવને આધીન થાઓ, પણ શેતાનને ઉલટા ઉભા રહો, ને
તે તમારી પાસેથી નાસશે. 8 તમે દેવની પાસે જાઓ, એટલે તે તમારી
પાસે આવશે; ઓ પાપીઓ, તમે હાથ શુદ્ધ કરો, ને ઓ બે મનવાળાઓ,
તમે મન પવિત્ર કરો. 9 તમે ઉદાસ થાઓ, ને શોક કરો, ને રડો; તમારા
હસવાને બદલે શોક તથા આનંદને બદલે ખેદ થાય. 10 પ્રભુની આગળ
તમે લીન થાઓ, પછી તે તમને ઉંચા કરશે. 11 ઓ ભાઈઓ, તમે એક
બીજાને ઉલટું ન બોલો; જે પોતાના ભાઈને ઉલટું બોલે છે, ને પોતાના
ભાઈનો ન્યાય ઠરાવે છે, તે નિયમને ઉલટું બોલે છે, ને નિયમનો ન્યાય
ઠરાવે છે; ને જો તું નિયમનો ન્યાય ઠરાવે છે, તો તું નિયમનો પાળનાર
નથી, પણ તેનો ન્યાય કરનાર છે. 12 નિયમ આપનાર તથા ન્યાય ઠરા-
વનાર એકજ છે, તે તો તારવાને તથા નાશ કરવાને શક્તિમાન છે. પણ
તું કોણ છે કે બીજાનો ન્યાય ઠરાવે છે? 13 હવે ચાલો, તમે જે કહો છો કે,
આજ અથવા કાલે અમે ફલાણા શહેરમાં જઈને ત્યાં એક વર્ષભર રહીશું,
ને વેપાર કરીને લાભ મેળવીશું. 14 તોપણ કાલે શું થશે તે તમે જાણતા
નથી. તમારૂં આયુષ્ય કેવું છે? કેમકે તમે તો ધુંવર [જેવા] છો, જે થોડી
વાર દેખાય છે, ને પછી જતી રહે છે. 15 પણ સામું તમારે એમ કહેવું જો-
ઈએ, કે જો પ્રભુની ઇચ્છા હશે, તો અમે જીવીશું, ને આમ કે તેમ કરીશું.
16 પણ હવે તમે પોતાના ગર્વ કરવામાં શેખી કરો છો, એવી બધી શેખી
ભુંડી છે. 17 એ માટે જે ભલું કરી જાણે છે, પણ કરતો નથી, તેને પ્પાપ
લાગે છે.

5 હવે, ઓ દોલતમંદો, તમારા પર થનાર સંકટો વિષે તમે હાય હાય
કરતાં રડો. 2 તમારી મિલકત બગડેલી, ને તમારાં લૂગડાં ઉધાઇએ
ખાધેલાં છે. 3 તમારૂં સોનું તથા રૂપું કટાઈ ગયું છે, ને તેનો કાટ તમારી
વિરુદ્ધ શાહેદી થશે, ને અગ્નિની પેઠે તમારા દેહ ખાઇ જશે. તમે છેલ્લા
દહાડાઓને સારૂ દોલત સંઘરી છે. 4 જુઓ, જે મજુરોએ તમારાં ખેતર કા-
પ્યાં છે, તેઓની મજુરી તમે દગાથી અટકાવી રાખી, તે બૂમ પાડે છે, ને
કાપનારાઓની બૂમ સૈન્યોના પ્રભુના કાનોમાં આવી pahonchiપ-
હોંચી છે. 5 તમે પૃથ્વી પર સુખભોગ કીધો, ને કામાતુર થયા છો; કાપા-
કાપીના દહાડામાં તમે પોતાનાં મન માતેલાં કીધાં છે. 6 ન્યાયીને તમે
અન્યાયી ઠરાવીને મારી નાખ્યો, પણ તે તમને અટકાવતો નથી. 7 ભા-
ઈઓ, પ્રભુના અઆવવા સુધી તમે ધીરજ રાખો; જુઓ, ખેડુત ભોંયના
મૂલ્યવાન ફળની વાટ જુએ છે, ને પહેલો તથા છેલ્લો વરસાદ તેને મળે
ત્યાં સુધી તે વિષે ધીરજ રાખે છે. 8 તમે પણ ધીરજ રાખો, પોતાના મન
સ્થિર કરો, કેમકે પ્રભુનું આવવું પાસે છે. 9 ભાઇઓ, તમારો ઈનસાફ ન
ઠરાવાય માટે એક બીજા સામે કચકચ ન કરો; જુઓ, ન્યાયાધીશ બાર-
ણા આગળ ઉભો રહે છે. 10 મારા ભાઈઓ, જે ભવિષ્યવાદીઓ, પ્રભુના
નામથી બોલ્યા, તેઓનો નમુનો દુઃખ સહેવા વિષે તથા ધીરજ વિષે લો.
11 જુઓ, જેઓએ સહ્યું હતું, તેઓને ધન્ય, એમ આપણે ગણીએ છીએ.
તમે અયુબની સહનતા વિષે સાંભળ્યું છે, ને પ્રભુથી જે પરિણામ થયો
તે તમે દીઠો છે કે પ્રભુ ઘણો દયાળુ તથા કૃપવાન છે. 12 પણ મારા ભા-
ઈઓ, વિશેષે કરીને તમે સમ ન ખાઓ; આકાશના નહિ કે પૃથ્વીના
નહિ કે બીજા કોઈના સમ ન ખાઓ; પણ તમે દંડમાં ન પડો માટે તમા-
રી હા તે હા, ને ના તે ના થાય. 13 તમારામાં શું કોઇ દુઃખી છે? તો તેણે
પ્રાર્થના કરવી. શું કોઇ મગ્ન છે? તો તેણે ગીત ગાવું. 14 તમારામાં શું કોઇ
માંદો છે? તો તેણે મંડળીના વડીલોને બોલાવવા, ને તેઓએ પ્રભુના
નામથી તેને તેલ ચોળીને તેને માટે પ્રાર્થના કરવી. 15 અને વિશ્વાસની
પ્રાર્થના માંદાને બચાવશે, ને પ્રભુ તેને ઉઠાડશે; ને જો તેણે પાપ કીધાં
હશે તો તે તેને માફ કરાશે. 16 તમે નિરોગી કરાઓ માટે પોતાના પાપ
એક બીજાની પાસે કબૂલ કરો, ને એક બીજાને સારૂ પ્રાર્થના કરો; ન્યા-
યી માણસની પ્રાર્થના પરિણામે બહુ સાર્થક થાય છે. 17 એલીયાહ સ્વ-
ભાવે આપણા જેવો માણસ હતો. પણ તેણે પ્રાર્થનામાં વિનંતી કીધી કે
વરસાદ ન વરસે; ને સાડા ત્રણ વરસ સુધી ભોંય પર વરસાદ વરસ્યો
નહિ. 18 પછી તેણે ફરી પ્રાર્થના કીધી, ને આકાશ વરસાદ આપ્યો, ને
ધરતીએ પોતાનું ફળ ઉપજાવ્યું. 19 મારા ભાઈઓ, જો તમારામાંનો કોઇ
સત્ય મુકીને ભટકી જાય, ને કોઇ એક તેને પાછો ફેરવે, 20 તો તેણે જા-
ણવું કે પાપીને તેના માર્ગની ભૂલથી જે પાછો ફેરવે છે, તે એક પ્રાણને
મોતથી બચાવશે, ને પાપની અધિકતા ઢાંકશે.

# પિતરનો પહેલો પત્ર

1 પંતસ, ગલાતી, કાપાદોકીઆ, આસીઆ, ને બિથુનીઆમાં વેરા-
એલા પ્રવાસીઓ; 2 જેઓ દેવ બાપના પૂર્વજ્ઞાન પ્રમાણે આત્મા-
ના પવિત્રીકરણથી આજ્ઞાકારી થવા સારૂ, ને ઈસુ ખ્રીસ્તના લોહીથી
છંટાવા સારૂ પસંદ કીધેલા છે, તેઓને ઈસુ ખ્રીસ્તનો પ્રેરિત પીતર લખે
છે; તમારા પર કૃપા તથા શાંતિ પુષ્કળ થાઓ. 3 આપણા પ્રભુ ઈસુ ખ્રી-
સ્તનો દેવ તથા બાપ સ્તુતિમાન હોજો; તેણે પોતાની ઘણી દયા પ્રમા-
ણે મુએલાંમાંના ઈસુ ખ્રીસ્તના પુનરૂત્થાનથી આપણને સજીવન
આશાને સારૂ, 4 અવિનાશી તથા નિર્મળ તથા ન ચીમળાનાર વતનને
સારૂ ફરી જન્માવ્યો છે, 5 છેલ્લા કાળમાં જે તારણ પ્રગટ થવાને સિદ્ધ છે,
તેણે સારૂ દેવના પરાક્રમ વડે વિશ્વાસથી તમે જે સંભાળી રખાએલા છો,
તે તમારે વાસ્તે આ વતન આકાશમાં રાખી મુકેલું છે. 6 એમાં તમે બહુ
આનંદ કરો છો, જો કે હમણાં થોડીજ વાર સુધી અગત્યતાથી બહુ પ્રકા-
રનાં પરીક્ષણ થયાથી દુઃખી છો, 7 એ માટે કે તમારા વિશ્વાસની પરીક્ષા
જે અગ્નિથી પરખાએલા વિનાશી સોના કરતાં બહુ મૂલ્યવાન છે તે ઈસુ
ખ્રીસ્તના પ્રગટ થવાની વેળાએ સ્તુતિ તથા માન તથા મહિમા યોગ્ય
થાય. 8 તેને ન જોયા છતાં પણ તમે તેના પર પ્રીતિ કરો છો, હમણાં જો
કે તમે તેને જોતા નથી, તોપણ તેના પર વિશ્વાસ રાખતાં, તમે તેનામાં
અવાચ્ય તથા મહિમા ભરેલા આનંદથી હરખાઓ છો. 9 અને તમે પોતા-
ના વિશ્વાસનું ફળ, એટલે આત્માઓનું તારણ પામો છો. 10 જે ભવિષ્ય-
વાદીઓએ તમારા પરની કૃપા વિષે ભવિષ્ય કહ્યાં તેઓએ તે તારણ
વિષે તપાસીને સારી પેઠે શોધ કીધો; 11 ખ્રીસ્તનો આત્મા જે તેઓમાં
હતો તેણે ખ્રીસ્તના દુઃખ તથા તે પછીના મહિમા વિષે સાક્ષી પુરી, ત્યારે
તેણે કયો અથવા કેવો સમય બતાવ્યો એની તપાસ તેઓ કરતા હતા.
12 તેઓને એ પ્રગટ કરાયું હતું કે, તેઓએ પોતાને સારું નહિ, પણ
આપણે સારૂ તે વાતો વિષે સેવા કીધી; આકાશમાંથી મોકલેલા પવિત્ર
આત્માની સહાયથી જેઓએ તમને સુવાર્તા પ્રગટ કીધી તેઓના મારફતે
તે વાતોના સમાચાર તમને હમણાં જણાયા; તેમાં નિહાળી જોવાની
ઈચ્છા દૂતો કરે છે. 13 એ માટે તમે પોતાના મનની કમર બાંધીને સાવ-
ધાન થાઓ, ને જે કૃપા ઈસુ ખ્રીસ્તના પ્રગટ થવાની વેળાએ તમ પર
થશે તેની પુરી આશા રાખો. 14 તમે આજ્ઞાકારી છોકરાં જેવા થઈને પો-
તાની આગલી અજ્ઞાનપણામાની કુઈચ્છા પ્રમાણે ન ચાલો. 15 પણ જે-
ણે તમને તેડ્યા છે, તે જેવો પવિત્ર છે તેવા તમે પણ સર્વ ચાલમાં પવિ-
ત્ર થાઓ. 16 કેમકે એમ લખ્યું છે કે, હું પવિત્ર છું, માટે તમે પવિત્ર
થાઓ. 17 અને જે બાપ પ્રત્યેકના કામ પ્રમાણે પક્ષપાત વગર ન્યાય કરે
છે, તેનું નામ જો તમે લો છો, તો તમારા પ્રવાસનો વખત બીકથી કાઢો.
18 કેમકે તમે એ જાણો છો કે તમારા બાપદાદાઓથી ચાલ્યા આવેલાં
અવર્થા આચરણથી તમે વિનાશી વસ્તુઓએ, એટલે રૂપા અથવા સો-
નાએ નહિ, 19 પણ ખ્રીસ્ત જે નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવો છે
તેના મૂલ્યવાન લોહીથી, ખંડી લેવાએલા છો. 20 તે તો જગતના મંડાણ
પહેલાં ઠરાવેલો હતો ખરો, પણ તમારે સારૂ આ છેલ્લા કાળમાં પ્રગટ
થયો. 21 તેણે આસરે તમે દેવ પર વિશ્વાસ કરો છો, જેને તેને મારીગએ-
લાંમાંથી ઉઠાડ્યો, ને મહિમા આપ્યો, એ માટે કે તમારો વિશ્વાસ તથા
આશા દેવ પર થાય. 22 તમે સત્યતાને આધીન રહીને પોતાનાં મન
ભાઈ પરની નિષ્કપટ પ્રીતિને સારૂ પવિત્ર કીધા છે, માટે શુદ્ધ અંતઃકર-
ણથી એક બીજા પર આગ્રહથી પ્રીતિ કરો. 23 કેમકે તમે વિનાશી બીજ-
થી નહિ, પણ અવિનાશીથી, દેવના જીવતા તથા સદા રહેનાર વચન
વડે, ફરી જન્માવ્યા છે. 24 કેમકે, સઘળાં પ્રાણી ઘાસના સરખાં છે, ને
માણસનો સઘળો મહિમા ઘાસનો ફૂલ સરખો છે. ઘાસ સુકાઈ જાય છે,
ને તેનું ફૂલ ખરી પડે છે, 25 પણ પ્રભુનું વચન સદા રહે છે. ને જે વચન
તમને સુવાર્ત્તાથી પ્રગટ કરાયું તેજ એ છે.

2 એ માટે સઘળી ભુંડાઈ તથા સઘળું કપટ તથા ઢોંગ તથા અદે-
ખાઈ તથા સઘળી નિંદા દૂર કરીને, 2 નવાં જન્મેલાં બાળકોની પેઠે
આત્મિક દૂધ જે કપટ વગરનું છે તેને ચાહો, 3 એ સારૂ કે જો તમને એવો
અનુભવ થયો હોય કે પ્રભુ દયાળુ છે તો તે દૂધથી તમે તારણ મેળવતાં
સુધી વધો. 4 જે જીવતો પત્થર છે, માણસોથી નકારાએલો ખરો, પણ
દેવથી પસંદ થએલો તથા મૂલ્યવાન, 5 તેની પાસે આવીને તમે પણ
આત્મિક ઘર તથા પવિત્ર યાજકો થવા સારૂ જીવતા પત્થરોના જેવા
રચાયા છો, એ માટે કે જે આત્મિક યજ્ઞો ઈસુ ખ્રીસ્તને આસરે દેવને પ્ર-
સન્ન છે તેમનું અર્પણ તમે કરો. 6 કારણ કે શાસ્ત્રમાં લખેલું છે કે, જુઓ,
પસંદ કીધેલો તથા મૂલ્યવાન, એવો ખુણાનો મુખ્ય પત્થર હું સિયોનમાં
મુકું છું, ને જે તેના પર વિશ્વાસ કરે છે તે લજવાશે નહિ. 7 માટે તમ વિ-
શ્વાસ કરનારાઓને માન છે, પણ અવિશ્વાસીઓને સારૂ જે પત્થર બાંધ-
નારાઓએ નકાર્યો, તેજ ખુણાનું મથાળું, 8 ને ઠેસ ખવડાવનાર પત્થર
ઠોકર ખવડાવનાર પાણો થયો છે; તેઓ આજ્ઞા ન માનીને વચન વિષે
ઠોકર ખાય છે, એ સારૂ પણ તેઓ ઠરાવાયા હતા. 9 પણ તમે તો પસંદ
કીધેલો વંશ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર લોક તથા પ્રાપ્ત કરેલી પ્રજા
છો, એ માટે કે જેણે તમને અંધકારમાંથી પોતાના અશ્ચર્યવાન અજવા-
ળામાં તેડ્યા છે, તેના સદગુણો 10 તમે પહેલાં પ્રજા નહોતા, પણ હાલ
દેવની પ્રજા છો; દયા પામેલા નહોતો, પણ હાલ દયા પામ્યા છો.
11 વહાલાઓ, હું વિનંતી કરું છું કે, જે દૈહિક વિષયો જીવને ઉલટા લડે
છે, તેઓથી તમે, પ્રદેશી તથા પ્રવાસી જેવા, દૂર થાઓ. 12 અને વિદેશી
લોકોમાં તમે પોતાની ચાલ સારી રાખતા જાઓ, એ સારૂ કે તેઓ તમને
ભુંડા જાણીને તમારી વિરુદ્ધ બોલે છે ત્યારે તમારાં રૂડાં કામ જોઈને
તેઓ કૃપાદ્રષ્ટિને દિવસે દેવનો મહિમા કરે. 13 માણસોની પ્રત્યેક નિમ-
ણુકને પ્રભુને લીધે તમે આધીન થાઓ; રાજાને સર્વોપરી જાણીને તેને
આધીન, 14 ને અધિકારીઓને આધીન થાઓ, એવું જાણીને કે તેઓ
ભુંડું કરનારાઓને દંડ tatha સારૂં કરનારાઓનું વખાણ કરવાને તેના-
થી મોકલાએલા છે. 15 કેમકે દેવની ઈચ્છા એવી છે કે સારૂં કરવાથી મૂર્ખ
માણસોના અજ્ઞાનપણાને તમે બંધ કરો. 16 સ્વતંત્ર જેવા છતાં ભુંડાઈ-
ના પડદાને સારૂ પોતાનું સ્વતંત્રપણું ન વાપરો, પણ દેવના સેવકો જે-
વા થાઓ. 17 તમે સર્વને માન આપો, ભાઈઓ પર પ્રીતિ રાખો, દેવનું
ભય ધરો, રાજાનું સન્માન કરો. 18 ચાકરો, તમે પુરા ભયથી પોતપોતા-
ના ધણીઓને આધીન થાઓ, જેઓ સારા તથા નમ્ર છે કેવળ તેઓનેજ
નહિ, પણ વળી કઠોરોને આધીન થાઓ. 19 કેમકે જો કોઈ માણસ દેવ
તરફના અંતઃકરણને લીધે અન્યાય વેઠતાં દુઃખ સહે છે તો તે માન્ય છે.
20 કેમકે જયારે પાપ કરવાને લીધે માર ખાઓ છો ત્યારે જો તમે સહન
કરો છો, તો તેમાં શી કીર્તિ છે? પણ સારૂ કરવાને લીધે જયારે દુઃખ ભો-
ગવો છો, ત્યારે જો તેનું સહન કરો છો, તો એ દેવની આગળ માન્ય છે.
21 કારણ કે એને માટે તમે તેડાએલા છો, કેમકે ખ્રીસ્તે પણ તમારે સારૂ
સહ્યું ને તમોને નમુનો આપ્યો છે, એ માટે કે તમે તેનાં પગલાંમાં ચાલો.
22 તેણે કંઈ પાપ કીધું નહિ, ને તેના મ્હોમાં કપટ ન હતું. 23 તેણે નિંદા
પામીને પાછી નિંદા ન કીધી, દુઃખો સહેતાં ધમકાવ્યું નહિ, પણ યથાર્થ
ન્યાય કરનારને પોતાને સોંપ્યો. 24 લાકડા પર તેણે પોતે પોતાના શરી-
રમાં આપણા પાપ માથે લીધાં, એ માટે કે આપણે પાપો વિષે મુએલા
થઈને ન્યાયીપાણા વિષે જીવીએ; તેના ઘાઓથી તમે સાજા થયા. 25 કે-
મકે તમે ભુલાં પડેલા ઘેટાંના જેવા હતા, પણ હમણાં તમારા જીવોના
પાળક તથા અધ્યક્ષની ગમ ફર્યા છો.

3 એજ પ્રમાણે, બાયડીઓ, તમે પોતપોતાના વારોને આધીન
થાઓ, એ સારૂ કે જો કોઈ [વાર] વચન માનનાર ન હોય તો તેઓ
પોતાની વહુઓની ચાલથી, 2 એટલે તમારી મર્યાદાભરેલી નિર્મળ ચાલ
જોવાથી વચન વગર મેળવી લેવાય. 3 તમારો સણગાર બહારનો, એટલે
ગુંથેલા નિમાળાનો તથા સોનું ઘાલવાનો અથવા વસ્ત્ર પહેરવાનો એવો
ન થાય. 4 પણ અંતઃકરણના ગુપ્ત માણસનો, એટલે લીન તથા નમ્ર
આત્મા જે દેવની આગળ ઘણા મૂલ્યનો છે, તેના અવિનાશી વસ્ત્રનો,
એવો થાય. 5 કેમકે પૂર્વે જે પવિત્ર બાયડીઓ દેવ પર આશા રાખતી
હતી, તેઓ પોતપોતાના વારોને આધીન રહીને, એ પ્રમાણે પોતાને
સણગારતી હતી. 6 તે પ્રમાણે સારાહ ઇબ્રાહીમને સ્વામી કહીને તેને
આધીન રહેતી; જો તમે રૂડું કરો છો, ને કંઈ ભયથી ગભરાતી નથી, તો
તમે તેની દીકરીઓ છો. 7 એમજ વારો, તમે તેઓની સાથે સમજણથી
રહો, ને બાયડી જાણે કે નબળું પાત્ર છે એ જાણીને, તથા જીવનની કૃ-
પાનાં સહવારસ છો એમ ગણીને, તેણે માન આપો, એ સારૂ કે તમારી
પ્રાર્થનાઓ અટકાવાય નહિ. 8 છેલ્લું, તમે સર્વ એક મનનાં, બીજાના
સુખ દુઃખમાં ભાગ લેનારા, ભાઈઓ પર પ્રીતિ કરનારા, કરૂણા રાખનારા
તથા નમ્ર થાઓ. 9 ભુંડાઇને બદલે ભુંડાઇ ને નિંદાને બદલે નિંદા ન વા-
ળો, પણ તેથી ઉલટું આશીર્વાદ દો, કેમકે એને સારૂ તમે તેડાયા એ માટે
કે તમે આશીર્વાદના વારસ થાઓ. 10 કેમકે, જે જીવાણ પર પ્રીતિ રાખ-
વા, ને સારા દિવસને જોવા ચાહે છે, તેણે પોતાની જીભને ભુંડાઈથી, ને
પોતાના હોઠોને કપટી વાત બોલવાથી અટકાવવા 11 તેણે ભુંડાઈથી દૂર
જવું, ને ભલાઇ કરવી, તેણે સલાહ શોધવી, ને તેની પાછળ ચાલ્યા
જવું. 12 કેમકે ન્યાયી પર પ્રભુની નજર છે, ને તેને કાને તેઓની પ્રાર્થ-
નાઓ પડે છે; પણ પ્રભુનું મ્હો ભુંડું કરનારાઓની વિરુદ્ધ છે. 13 અને જે
ભલું તેના અનુસરનારા જો તમે થયા, તો તમારું ભુંડું કરનાર કોણ છે?
14 પણ જો તમે ન્યાયીપણાને સારૂ સહો છો, તો તમે ધન્ય છે; માટે તે-
ઓના ધાકથી બીહો મા, ને ગભરાઓ પણ મા. 15 પણ ખ્રીસ્તને પ્રભુ
તરીકે પોતાના અંતઃકરણમાં પવિત્ર માનો; ને તમારામાં જે આશા છે તે-
નું કારણ જે પ્રત્યેક પુછે તેણે લીનતાથી તથા અદબથી પ્રત્યુત્તર દેવાને
સદા સિદ્ધ રહો. 16 સારૂં અંતઃકારણન રાખો, એ સારું કે જે વિષે તમારું
ભુંડું બોલાય છે તે વિષે જેઓ ખ્રીસ્તમાંની તમારી સારી ચાલને નિંદે છે,
તેઓ શરમાય. 17 કેમકે જો દેવની ઇચ્છા એવી હોય, તો ભુંડું કરવાને
લીધે સહેવું એ કરતાં રૂડું કરવાને લીધે સહેવું એ સારૂ છે. 18 કેમકે ખ્રીસ્ત
પણ એક વેળા પાપોને સારૂ, એટલે ન્યાયીએ અન્યાયીઓને બદલે
સહ્યું, એ માટે કે આપણને દેવની પાસે તે પહોંચાડે; તે દેહમાં મારી
નંખાયો, પણ આત્મામાં સજીવન કરાયો. 19 તેમાં પણ તેણે જઈને
બંદીખાનામાંના આત્માઓને ઉપદેશ કીધો. 20 તેઓ તો પૂર્વે માનનારા
ન હતા, એટલે નુહના દહાડામાં જયારે વહાણમાં થોડા, એટલે આઠ
જન, પાણીથી બચ્યા, તે વહાણ તૈયાર થતું હતું, ને જયારે દેવની સહ-
નતા વાટ જોતી હતી, ત્યારે. 21 અને પાણી તો ઉપમારૂપે, એટલે બાપ્તિ-
સ્માએ કરીને (જે દેહનો મેલ કાઢી નાખવો તે નહિ, પણ સારા અંતઃકર-
ણથી દેવને ઉત્તર આપવો તેણે કરીને) ઇસુ ખ્રીસ્તના પુનરૂત્થાનથી
હમણાં તમને પણ તારે છે. 22 તે તો દૂતો તથા અધિકારીઓ તથા પરા-
ક્રમીઓ પોતાને સ્વાધીન કરીને આકાશમાં ગયો ને દેવની જમણી ગમ
છે.

4 હવે ખ્રીસ્તે આપણે સારૂ શરીરમાં સહ્યું છે, માટે તમે પણ એજ
મનથી હથિયારબંધ થાઓ; કેમકે જેણે શરીરમાં સહ્યું છે તે પાપ-
થી દૂર થયો છે, 2 એ સારું કે તે ત્યારથી દેહમાંનો બાકી રહેલો વખત
માણસોના ભુંડા વિકારો પ્રમાણે નહિ, પણ દેવની ઇચ્છા પ્રમાણે ગુજા-
રે. 3 કેમકે વિદેશીઓની ઇચ્છા પ્રમાણે કરવાને આયુષ્યનો ગએલો કાળ
બહુ છે, જે કાળે આપણે કામાતુરપણામાં, વિષયોમાં, મદ્યપાનમાં,
ખ્યાલ ખુશાલીમાં, પિધેલપણામાં, તથા અમંગળ મૂર્તિપૂજનમાં ચાલ્યા.
4 એ વાતમાં તમે તેઓની સાથે તેજ ભુંડાઇના ખાડામાં ધસી પડતા
નથી, તેથી તેઓ તમારી નિંદા કરતાં આશ્ચર્ય પામે છે. 5 જીવતાંઓ તથા
મુએલાંઓનો ન્યાય કરવાને જે સિદ્ધ છે તેને તેઓ હિસાબ આપશે; 6 કે-
મકે મરીગએલાંઓને પણ સુવાર્તા પ્રગટ કરાઈ હતી એ માટે કે માણસો
પ્રમાણે દેહમાં તેઓનો ન્યાય થાય, પણ દેહ પ્રમાણે તેઓ આત્મામાં
જીવે. 7 પણ બધાંનો અંત પાસે આવ્યો છે, માટે તમે બુદ્ધિવાન થાઓ,
ને પ્રાર્થનાને સારૂ સાવચેત રહો. 8 અને વિશેષે કરીને તમે એક બીજના
પર આગ્રહથી પ્રીતિ કરો; કેમકે પ્રીતિ ઘણા પાપને ઢાંકશે. 9 કચકચ
કર્યા વિના તમે એક બીજાને પરોણા રાખો. 10 પ્રત્યેકને જે કૃપાદાન
મળ્યું તે એક બીજાની સેવામાં દેવની અનેક પ્રકારની કૃપાના સારા કાર-
ભારીઓની પેઠે વાપરવું. 11 જો કોઈ બોલે છે, તો તેણે દેવના વચન પ્ર-
માણે બોલવું; જો કોઈ સેવા કરે છે, તો તેણે જે સામર્થ્ય દેવ તેને આપે
છે તે પ્રમાણે તે કરવી; એ માટે કે સઘળામાં ઇસુ ખ્રીસ્તને આસરે દવ
મહિમાવાન થાય; તેને સદા સર્વકાળ મહિમા તથા સત્તા છે. આમેન.
12 વહાલાઓ, તમારી પરીક્ષા સારૂ જે અગ્નિરૂપી દુઃખ તમને થાય છે, તે-
માં નવાઇ ન જાણો કે જાણે તમને કંઇ નવું થયું હોય. 13 પણ ખ્રીસ્તનાં
દુઃખોના તમે ભાગિયા છો, એટલામાં હરખાઓ, એ માટે કે તેનો મહિમા
પ્રગટ થાય ત્યારે તમે બહુ ઉલ્લાસથી આનંદ કરો. 14 જો ખ્રીસ્તના નામ-
ને સારૂ તમે નિંદાઓ છો, તો તમને ધન્ય છે, કેમકે મહિમાનો તથા દેવ-
નો આત્મા તમ પર રહે છે; [[તેઓથી તે નિંદાય છે ખરો, પણ તમારાથી
તે મહિમા પામે છે.]] 15 પણ ખુની અથવા ચોર અથવા ભુંડું કરનાર
અથવા ઘાલમેલિયા તરીકે તમારામાંનો કોઇ ન સહે. 16 પણ ખ્રીસ્તી હો-
વાને લીધે જો કોઇ સહે છે, તો તેને લાજ ન લાગે, પણ તે તે નામમાં દે-
વનો મહિમા કરે. 17 ક્રમકે ન્યાયકરણો આરંભ દેવના ઘરમાં થાય, એવો
સમય આવ્યો છે, ને જો તેનો આરંભ પ્રથમ આપણે ત્યાં છે, તો દેવની
સુવાર્તા જેઓ નથી માનતા તેઓનો શો અંત થશે? 18 ને જો ન્યાયીઓ
મુશ્કેલીથી તરે છે, તો અભક્તો તથા પાપીઓનું ઠેકાણું ક્યાં થશે?]
19 એ માટે જેઓ દેવની ઇચ્છા પ્રમાણે સહે છે, તેઓ સારૂ કરવામાં પો-
તાના આત્માઓને વિશ્વાસુ કરનારને સોંપી દે.

5 તમારામાં જે વડીલો તેઓની હું સાથી વડીલ તથા ખ્રીસ્તનાં દુઃ-
ખોનો સાક્ષી તથા પ્રગટ થનાર મહિમાનો ભાગિયો છતાં વિનંતી
કરું છું કે, 2 દેવનું જે ટોળું તમારામાં છે તેનું પ્રતિપાલન કરો, અધ્યક્ષનું
કામ અગત્યને લીધે નહિ પણ ખુશીથી કરો, મલિન લોભને સારૂ નહિ
પણ ભાવથી કરો. 3 અને વતન પર ધણીપણું કરનાર જેવા નહિ, પણ
તમે ટોળાના નમુના થાઓ. 4 અને મુખ્ય ઘેટાંપાળક પ્રગટ થશે ત્યારે
મહિમાનો ન ચિમળાનાર મુગટ તમે પામશો. 5 એજ પ્રમાણે જુવાનો,
તમે વડીલોને આધીન થાઓ; ને તમે સઘળા એક બીજાને આધીન
થઈને નમ્રતા પહેરેલા થાઓ, કેમકે દેવ ગર્વિષ્ઠોની વિરુદ્ધ થાય છે,
પણ નમ્રને કૃપા આપે છે. 6 એ માટે દેવના સમર્થ હાથ નીચે તમે પોતા-
ને નમાવો કે તે તમને યોગ્ય પ્રસંગે ઉંચા કરે. 7 તમારી સર્વ ચિંતા તેના
પર નાખો, કેમકે તે તમારી સંભાળ કરે છે. 8 સાવચેત થાઓ, જાગતા
રહો, [કેમકે] તમારો વૈરી શેતાન ગાજનાર સિંહની પેઠે કોઇને ગળી જાય
એમ શોધતો ફર્યા કરે છે. 9 તમે વિશ્વાસમાં સ્થિર થઈને તેની સામા
થાઓ, કેમકે તમે જાણો છો કે, જગતમાંના તમારા ભાઈઓ પર તે ને
તેજ દુઃખ પૂર્ણ કરવામાં આવે છે. 10 પણ સર્વ કૃપાને દેવ જેણે ખ્રીસ્ત
ઇસુમાં આપણને પોતાના સર્વકાળના મહિમાને સારૂ બોલાવ્યા છે, તે
પોતે, તમે થોડી વાર સહ્યા પછી, તમને પૂર્ણ સ્થિર બળવંત, [સ્થાપિત]
કરશે. 11 તેણે સત્તા સદા સર્વકાળ હોજો, આમેન. 12 સીલ્વાનસ, જે મા-
રી ધારણા પ્રમાણે વિશ્વાસુ ભાઇ છે, તેની હસ્તક મેં ટુંકામાં તમારા ઉપર
લખ્યું છે, ને વિનંતી કરીને સાક્ષી આપી છે કે કૃપામાં તમે ઉભા રહો છો,
તે દેવની ખરી કૃપા છે. 13 બાબેલોનમાંની [મંડળી] તમારી સાથે જે
પસંદ કરેલી તે તથા મારો દીકરો માર્ક તમને સલામ કહે છે. 14 તમે પ્રી-
તિના ચુંબનથી એક બીજાને સલામ કરજો. ખ્રીસ્ત ઇસુમાંના તમ સર્વને
શાંતિ થાઓ. આમેન.

# પિતરનો બીજો પત્ર

1 આપણા દેવ તથા તારનાર ઈસુ ખ્રીસ્તના ન્યાયીપણાથી અમારા
સરખો મૂલ્યવાન વિશ્વાસ જેઓ પામ્યા છે, તેઓને ઈસુ ખ્રીસ્તનો
સેવક તથા પ્રેરિત સીમોન પીતર લખે છે. 2 દેવને તથા આપણા પ્રભુ
ઈસુને ઓળખવામાં તમારા પર કૃપા તથા શાંતિ પુષ્કળ થાઓ. 3 જેણે
પોતાના મહિમાથી તથા સાત્વિકપણાથી આપણને બોલાવ્યા, અને
ઓળખવાથી તેના ઈશ્વરી સામાર્થ્યેઆપણને જીવન તથા સુભક્તિને
લગતાં સઘળાં આપ્યાં છે. 4 તેથી તેણે આપણને મૂલ્યવાન તથા બહુ
મોટા વચનો આપ્યાં છે, એ સારૂ કે તેઓને આસરે જગતમાંની જે દુ-
ષ્ટાઈ કુઇચ્છાથી છે, તેથી છુટીને દેવના સ્વભાવના ભાગીદાર તમે
થાઓ. 5 એજ કારણ માટે સઘળા પરિશ્રમ કરીને તમે પોતાના વિશ્વાસ
સાથે સાત્વિકપણું, ને સાત્વિકપણા સાથે જ્ઞાન, 6 ને જ્ઞાન સાથે સ્વદ-
મન, ને સ્વદમન સાથે ધીરજ, ને ધીરજ સાથે સુભક્તિ, 7 ને સુભક્તિ
સાથે બંધુમૈત્રી, ને બંધુમૈત્રી સાથે પ્રીતિ જોડી લો. 8 કેમકે એ સઘળાં
તમારામાં હોવાથી તથા વધવાથી, આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના જ્ઞાન
વિષે તમને આળસુ તથા નિષ્ફળ થવા દેશે નહિ. 9 પણ જેની પાસે
એઓ નથી તે આંધળો છે, તેની આંખો મીચેલી છે, ને પોતાનાં પહેલાં
પાપોથી શુદ્ધ થયો હતો એ તે વિસરી ગયો છે. 10 એ માટે, ભાઈઓ,
તમારું તેડું તથા નિવડણ નિશ્ચય કરવા સારૂ વિશેષ યત્ન કરો, કેમકે
જો તમે એવું કરો તો કદી પાડશો નહિ. 11 કારણ કે એમ આપણા પ્રભુ
તથા તારનાર ઈસુ ખ્રીસ્તના સર્વકાળના રાજ્યમાં તમે પુરી રીતે પ્રવેશ
પામશે. 12 એ માટે જો કે તમે એ વાતો જાણો છો, ને હાલમાં સત્યમાં
સ્થિર થયા છો, તોપણ તમને એઓ નિત્ય સંભરાવવાને હું ચુકીશ નહિ.
13 અને જ્યાં સુધી હું આ માંડવામાં છું, ત્યાં સુધી તમને સંભરાવીને સા-
વધ કરવા એ મને યોગ્ય લાગે છે. 14 કેમકે મને માલુમ છે કે, આપણા
પ્રભુ ઈસુ ખ્રીસ્તના દેખાડ્યા પ્રમાણે મારો માંડવો જલદી પડવાનો છે.
15 અને હું યત્ન કરીશ કે, મારા મરણ પછી તમને આ વાતોનું સ્મરણ
નિત્ય થાય. 16 કેમકે જયારે અમે આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તનો પરાક્રમ
તથા આવવું તમને જણાવ્યું, ત્યારે અમે ચતુરાઈથી કલ્પેલી કહાણી-
ઓને અનુસરતા નહોતો; પણ તેના મોટાપણાના પ્રત્યક્ષ જોનારા હતા.
17 કેમકે જયારે બહુ તેજસ્વી મહિમાથી તે સંબંધી એવી વાણી આવી કે,
એ મારો વહાલો પુત્ર છે, એના પર હું બહુ સંતુષ્ટ છું, ત્યારે દેવ બાપથી
તે માન તથા મહિમા પામ્યો. 18 અને અમે તેની સાથે પવિત્ર પહાડ પર
હતા ત્યારે આકાશથી આવેલી તે વાણી અને સાંભળી. 19 અને અમારી
પાસે એથી વધારે નિશ્ચે વાત, એટલે ભવિષ્યવાત છે, તેને અંધારા ઠેકા-
ણામાં પ્રકાશ કરનાર દીવાના જેવી જાણીને તેના પર જ્યાં સુધી પહો
ફાટે ને સવારનો તારો તમારાં અંતઃકરણોમાં ઉગે, ત્યાં સુધી ચિત્ત લગા-
ડવાથી તમે સારૂં કરશો. 20 પ્રથમ તમારે એ જાણવું કે, પવિત્ર લેખમાંની
કોઈ ભવિષ્યવાત મનુષ્યોક્તજ નથી. 21 કેમકે ભવિષ્યવાત માણસની
ઈચ્છા પ્રમાણે કદી આવી નહિ, પણ માણસો પવિત્ર આત્માની પ્રેર-
ણાએ દેવથી બોલ્યાં.

2 વળી જેમ [ઇસ્રાએલી] લોકોમાં ખોટા ભવિષ્યવાદીઓ થયા પણ
હતા, તેમ તમારામાં પણ ખોટા ઉપદેશકો થશે, એવા કે નાશકારક
પાખંડ મતો ગુપ્તરૂપે ચલાવશે, ને જે ધણીએ તેઓને વેચાતા લીધા તેનો
પણ નકાર કરીને પોતા પર ઉતાવળે નાશ લાવશે. 2 અને તેઓના ભ્ર-
ષ્ટાચારમાં ઘણાઓ ચાલશે; ને તેઓને લીધે સત્યના માર્ગની નિંદા
થશે, 3 ને દ્રવ્યલોભે તેઓ કપટી વાતોથી તમને વેચવાના માલ જેવા
કરશે; તેઓનો આગળથી ઠરાવેલો જે દંડ તે વિલંભ કરતો નથી; ને તે-
ઓનો નાશ ઢીલ લગાડતો નથી. 4 કેમકે જે દૂતોએ પાપ કીધું તેઓને
દેવે છોડ્યા નહિ, પણ નરકમાં નાખીને ન્યાયકરણ સુધી અંધકારના
ખાડાઓમાં રાખ્યા; 5 ને પુરાતન જગતને છોડ્યું નહિ, પણ અભક્તના
જગત પર જળપ્રલય લાવીને આઠમો માણસ નુહ, જે ન્યાયીપણાનો
ઉપદેશક હતો, તેને બચાવ્યો; 6 ને થનાર અભક્તોને ઉદાહરણ આપવા
સારૂ સદોમ તથા ગમોરાહ શહેરોને ભસ્મ કીધાં, ને તેઓને પાયમાલ
કરીને તેઓને દંડ કીધો; 7 ને ન્યાયી લુત જે અધર્મીઓની અશુદ્ધ ચાલ-
થી દુઃખી હત તેને છોડાવ્યો, 8 (કેમકે તે ન્યાયી તેઓમાં વસતો હતો
ત્યારે તેઓનાં ભુંડા કામ જોયાથી તથા સાંભળ્યાથી પોતાના ન્યાયી
જીવમાં નિત્ય દુઃખી થતો હતો.) 9 તો સુભક્તોને પરીક્ષણમાંથી છોડા-
વવાનું પ્રભુ જાણે છે; ને અન્યાયીઓને તથા વિશેષે કરીનને જેઓ
મલિનતાના વિષયોથી 10 દેહ પ્રમાણે ચાલે છે, ને ધણીપણાને તુચ્છ
કરે છે તેઓને ન્યાયકાળ સુધી શિક્ષાને સારૂ રાખવાનું તે જાણે છે, તેઓ
ધીટ તથા સ્વચ્છંદી થઈને અધિકારીઓની નિંદા કરતા ધ્રુજતા નથી.
11 તોપણ દૂતો બળ તથા પરાક્રમમાં વધારે મોટા છતાં પ્રભુની આગળ
તેઓ પર નિંદાનો દોષ ઠરાવી મુકતા નથી. 12 પણ સ્વભાવે નિર્બુદ્ધિ
પશુ, જેઓ પકડાવા તથા નાશ પામવાને જન્મેલા, તેઓની પેઠે એઓ
જે વિષે નથી જાણતા, તે વિષે નિંદા કરીને પોતાના નાશમાં નાશ પામ-
શે, ને અન્યાય કર્યાને લીધે અન્યાયનું ફળ ભોગવશે. 13 ધોળે દિવસે
સુખભોગમાં તેઓ આનંદ ગણે છે; તેઓ ડાઘ તથા એબ છે; ને પોતાના
પ્રેમભોજનમાં મસ્ત થઈને તમારી સાથે ભોજન કરે છે. 14 તેઓની
આંખો વ્યભિચારથી ભરેલી છે, ને પાપ કરવાથી બંધ નથી પડતી;
તેઓ અસ્થિર પ્રાણોને મોહે છે; તેઓનાં અંતઃકરણો દ્રવ્યલોભમાં
અભ્યાસી થએલા છે, તેઓ શાપના છોકરાં છે. 15 પાધરો માર્ગ મુકીને
તેઓ ભટકતા થયા; ન બેઓરનો [દીકરો] બલામ, જેણે અન્યાયનાં
ફળનો પ્રેમ કીધો તેણે માર્ગે ચાલનારા થયા. 16 પણ તે પોતાના અધર્મ-
ને લીધે ધમકાવાયો; મુંગા ગધેડાએ માણસની વાણી કાઢીને ભવિષ્ય-
વાદીની ઘેલાઈને વારી. 17 તેઓ પાણી વગરના ઝરા તથા તોફાનથી
ઘસડાતું ધુમર છે, તેઓને સારૂ ઘોર અંધકાર રાખેલો છે. 18 કેમકે ભૂલમાં
ચાલનારાઓમાંથી જેઓ બચી નીકળે છે તેઓને વ્યર્થપણાની બહુ ફુ-
લેલી વાતો બોલીને દૈહિક વિષયોથી તથા ભ્રષ્ટાચારથી મોહે છે. 19 તે-
ઓને તેઓ મોકળાપણાનું વચન આપતા પોતે દુષ્ટાઈના દાસ છે, કેમકે
જેથી કોઈ જીતાય છે, તેથી તે દાસપણામાં અણાય છે. 20 કેમકે પ્રભુ
તથા તારનાર ઈસુ ખ્રીસ્તને ઓળખવાથી જો તેઓ, જગતના મલિનપ-
ણાથી છુટીને, પાછા તેમાં ગુંથાઈને જીતાયા, તો તેઓની છેલ્લી દશા
પહેલી કરતાં ભુંડી થઈ છે; 21 કારણ કે ન્યાયીપણાનો માર્ગ જાણ્યા
પછી તેઓને જે પવિત્ર આજ્ઞા અપાઈ તેથી ફરવું, એ કરતાં આ સારૂં
હોત કે તેઓ તે [માર્ગ] વિષે અજાણ્યા રહેત. 22 પણ આ ખરી કહેવત
પ્રમાણે તેઓને થયું કે, કુતરૂં પોતાની ઓકની ગમ, ને ધોએલી ભુંડણ
કાદવમાં આળોટવાને પાછાં ફર્યાં છે.

3 વહાલાઓ, હવે આ બીજો પત્ર હું તમારા ઉપર લખું છું, ને બન્નેથી
તમારાં નિર્મળ મનોને ચેતાવતાં સાવધ કરું છું કે, 2 પવિત્ર ભવિ-
ષ્યવાદીઓથી જે વાતો અગાઉ કહેવાઈ હતી તેનું, ને પ્રભુ તથા તારના-
રની તમારા પ્રેરિતોને આસરે આપેલી આજ્ઞાનું તને સ્મરણ કરો! 3 પ્રથમ
એમ જાણો કે છેલ્લા દિવસોમાં ઠઠ્ઠાખોરો આવશે, જેઓ પોતાની કુઈ-
ચ્છા પ્રમાણે ચાલશે, 4 ને કહેશે કે, તેના આવવાનું વચન ક્યાં છે? કેમકે
પિતૃઓ ઉંઘી ગયા ત્યારથી ઉત્પત્તિના આરંભમાં સઘળું જેવું હતું તેવુંજ
રહે છે. 5 કેમકે તેઓ જાણી જોઈને આ વિસરે છે કે દેવના શબ્દે કરીને
આકાશો પહેલાથી હતાં, ને પૃથ્વી પાણીથી બહાર તથા પાણીમાં બાંધે-
લી હતી. 6 તેથી તે વેળાનું જગત પાણીમાં ડુબીને નાશ પામ્યું. 7 પણ
હમણાંનાં આકાશ તથા પૃથ્વી તેજ શબ્દથી ન્યાયકાળ તથા અભક્ત

માણસોના નાશના દિવસ સુધી રાખેલાં છતાં બાળવા સારૂ સિદ્ધ મુકા-
એલાં છે. 8 પણ વહાલાઓ, આ એક વાત તમે વિસરો મા, કે પ્રભુની
પાસે એક દિવસ હજાર વરસોના સરખો, ને હજાર વરસો એક દિવસના
સરખા છે. 9 કેટલાએક જેમ વિલંભ કરવો ગણે છે, તેમ પ્રભુ પોતાનાં
વચન સંબંધી વિલંભ કરતો નથી, પણ કોઈનો નાશ થાય એમ નહિ
પણ સઘળાં પશ્ચાત્તાપ કરે એવું ઈચ્છીને પ્રભુ તમારે વિષે ધીરજ રાખે
છે. 10 પણ જેમ ચોર આવે છે, તેમ પ્રભુનો દીવસ આવશે, તે વેળાએ
આકાશો મોટો આવાજ સહિત ટળી જશે, ને તત્વો ઝાળથી વિઘરાઈ
જશે, ને પૃથ્વી તથા તે પરનાં કામો બાળી નંખાશે. 11 તો એ સર્વ વિઘ-
રાઈ જનાર છે માટે પવિત્ર ચાલ તથા સુભક્તિમાં તમારે કેવા થવું જો-
ઈએ? 12 દેવના જે દિવસમાં આકાશો સળગીને વિઘરાઈ જશે તથા
તત્વો બળીને પિગળી જશે, તેના આવવાની વાટ જોતાં તેની અપેક્ષા
કરવી. 13 તોપણ આપણે તેના વચન પ્રમાણે નવાં આકાશ તથા નવી
પૃથ્વી જેમાં ન્યાયીપણું વસે છે, તેની વાત જોઈએ છીએ. 14 એ માટે,
વહાલાઓ, એઓની વાટ જોતાં યત્ન કરો કે, તમે તેની નજર નિષ્કલંક
તથા નિર્દોષ થઈને શાંતિમાં રહો. 15 અને આપણા પ્રભુનું ધૈર્ય તારણ છે
એમ ગણો; તેમજ આપણા વહાલા ભાઈ પાઉલે પણ તેને આપેલી બુદ્ધિ
પ્રમાણે તમને લખ્યું. 16 તેમ તેના સઘળા પત્રોમાં પણ વાતો વિષે કહ્યું
છે. તેઓમાં કેટલીએક વાત સમજવાને અઘરી છે, ને જેમ બીજા લેખોને
તેમ એ વાતોને પણ આજ્ઞાની તથા આસ્થર માણસો પોતાના નાશને
સારૂ મરડી નાખે છે. 17 માટે, વહાલાઓ, તમે અગાઉથી જાણીને સાવધ
થાઓ કે, અધર્મીઓની ભૂલથી ખેંચાએલા થઈને પોતાના સ્થિરપણાથી
ન પડો. 18 પણ આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રીસ્તની કૃપામાં ને
જ્ઞાનમાં તમે વધ્યા કરો; તેને હમણાં તથા સર્વ કાળ સુધી મહિમા
થાઓ.આમેન.

# યોહાનનો પહેલો પત્ર

1 જીવનના શબ્દ સંબંધીનું, જે આરંભથી હતું, જે અમે સાંભળ્યું છે,
જે અમે પોતાની આંખે દીઠું છે, જેનાં પર અમે જોયું છે, ને જેને
અમે પોતાને હાથે અડક્યા. 2 (અને તે જીવન પ્રગટ થયું, ને અમે તે જોયું
છે, ને સાક્ષી પુરીએ છીએ, ને તે અનંતકાળનું જીવન જે બાપની પાસે
હતું, ને અમને પ્રગટ થયું, ને તમને કહી દેખાડીએ છીએ). 3 હા, જે અમે
દીઠું તથા સાંભળ્યું છે, તે તમને પણ કહી દેખાડીએ છીએ એ માટે કે,
તમારી પણ અમારી સાથે સંગત થાય; અને અમારી સંગત બાપની સા-
થે તથા તેના પુત્ર ઈસુ ખ્રીસ્તની સાથે છે. 4 ને અમારો આનંદ સંપૂર્ણ
થાય, માટે એ વાતો અમે લખીએ છીએ. 5 હવે જે સંદેશો અમે તેનાથી
સાંભળ્યો છે ને તમને જણાવીએ છીએ, તે એ છે કે દેવ અજવાળું છે, ને
તેનામાં કંઈ પણ અંધારું નથી. 6 જો આપણે કહીએ, કે તેની સાથે
આપણી સંગત છે, ને અંધારામાં ચાલીએ, તો જુઠું બોલીએ છીએ, ને
સત્ય પાળતા નથી. 7 પણ જેમ તે અજવાળામાં છે, તેમ જો આપણે
અજવાળામાં ચાલીએ, તો આપણે એક બીજાની સાથે સંગત છે, ને તે-
ના પુત્ર ઈસુનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે. 8 જો આપણે
કહીએ કે, આપણને પાપ નથી, તો આપણે પોતાને ભુલાવીએ છીએ,
ને આપણામાં સત્ય નથી. 9 જો આપણે આપણા પાપ કબૂલ કરીએ, તો
આપણા પાપ માફ કરવા તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને
તે વિશ્વાસુ તથા ન્યાયી છે. 10 જો આપણે કહીએ, કે આપણે પાપ કીધું
નથી, તો આપણે તેને જુઠો પાડીએ છીએ, ને તેનું વચન આપણામાં
નથી.

2 મારા છોકરાં, હું તમને આ વાતો લખું છું એ માટે કે તમે પાપ ન
કરો. અને જો કોઈ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થ
છે, એટલે ઈસુ ખ્રીસ્ત જે ન્યાયી છે તે. 2 અને તે આપણા પાપ વિષે પ્રા-
યશ્ચિત છે, ને કેવળ આપણા વિષે નહિ, પણ આખા જગત વિષે તે પ્રા-
યશ્ચિત છે. 3 અને જો આપણે તેની આજ્ઞાઓ પાળીએ, તો તેથી આપણે
માલમ છે, ક આપણે તેને ઓળખીએ છીએ. 4 જે કહે છે કે હું તેને ઓળ-
ખું છું, પણ તેની આજ્ઞા પાળતો નથી, તે જુઠો છે, ને તેનામાં સત્ય
નથી. 5 પણ જે કોઇ તેનું વાછાણ પાળે છે તેમાં દેવ પરનો પ્રેમ ખરેખર
સંપૂર્ણ થયો છે, એથી આપણે જાણીએ છીએ કે આપણે તેનામાં છીએ.
6 જે કહે છે કે, હું તેનામાં રહું છું, તેણે જેમ તે ચાલ્યો તેમજ ચાલવું જો-
ઈએ. 7 વહાલાઓ, નવી આજ્ઞા નહિ, પણ જુની આજ્ઞા જે તમારી પાસે
આરંભથી હતી, તે હું તમને લખું છું. જે વચન તમે સાંભળ્યું, તેજ જુની
આજ્ઞા છે. 8 વળી નવી આજ્ઞા જે તેનામાં તથા તમારામાં સત્ય છે, તે હું
તમને લખું છું. કેમકે અંધારું જતું રહે છે, ને ખરું અજવાળું હમણાં પ્રકા-
શે છે. 9 જે કહે છે કે, હું અજવાળામાં છું, ને પોતાના ભાઈનો દ્વેષ કરે છે,
તે હજી સુધી અંધારામાં છે. 10 જે પોતાના ભાઇ પર પ્રેમ કરે છે, તે અજ-
વાળામાં રહે છે, ને તેનામાં ઠોકરનું કારણ નથી. 11 પણ જે પોતાના ભા-
ઈનો દ્વેષ કરે છે, તે અંધારામાં છે, ને અંધારામાં ચાલે છે, ને પોતે ક્યાં
જાય છે, તે જાણતો નથી, કેમકે અંધારાએ તેની આંખો આંધળી કીધી
છે. 12 છોકરાં, હું તમને લખું છું કારણ કે તેના નામને લીધે તમારાં પાપ
માફ થયાં છે. 13 બાપો, હું તમને લખું છું કે જે આરંભથી છે, તેને તમે
ઓળખો છો. જુવાનો, હું તમને લખું છું કારણ કે તમે ભુંડાને જીત્યો છે.
બાળકો, મેં તમને લખ્યું છે કારણ કે તમે બાપને ઓળખો છો. 14 બાપો,
મેં તમને લખ્યું છે કારણ કે જે આરંભથી હતો તેને તને ઓળખો છો. જુ-
વાનો, મેં તમને લખ્યું છે કારણ કે તમે બળવંત છો, ને દેવનું વચન
તમારામાં રહે છે, ને તમે ભુંડાને જીત્યો છે. 15 જગત પર અથવા જગત-
માંનાં પર પ્રેમ ન કરો; જો કોઈ જગત પર પ્રેમ કરે તો તેનામાં બાપ પર-
નો પ્રેમ નથી. 16 કાંજે સર્વ જે જગતમાં છે, એટલે દેહનો લોભ તથા
આંખોનો લોભ તથા જીવનનો અહંકાર તે બાપથી નથી, પણ જગતથી
છે. 17 જગત તથા તેનો લોભ જતાં રહે છે, પણ જે દેવની ઈચ્છા પુરી કરે
છે તે સદા રહે છે. 18 બાળકો, આ છેલ્લો સમય છે, ને જેમ તમે સાંભળ્યું,
કે ખ્રીસ્ત-વિરોધી આવે છે, તેમ હમણાં ખ્રીસ્ત-વિરોધી ઘણા થયા છે,
એથી આપણે જાણીએ છીએ કે આ છેલ્લો સમય છે. 19 તેઓ આપણા-
માંથી નીકળી ગયા, પણ તેઓ આપણામાંના નહોતો, કાંજે જો તેઓ
આપણામાંના હોત, તો આપણી સાથે રહેત, પણ તેઓમાંનો કોઇ
આપણામાંનો નથી એમ પ્રગટ થાય માટે [તેઓ નીકળી ગયા.] 20 અને
જે પવિત્ર છે તેનાથી તમે અભિષેક પામ્યા છો, ને તમે સઘળું જાણો છો,
21 તમે સત્યને જાણતા નથી, એ કારણથી નહિ, પણ તમે તેને જાણો
છો, ને સત્યમાંનું કંઈ જુઠું નથી, એ કારણથી મેં તમને લખ્યું છે. 22 જે
ઈસુનો નકાર કરીને કહે છે કે તે ખ્રીસ્ત નથી, તે શિવાય કોણ જુઠો છે?
જે બાપ તથા પુત્રનો નકાર કરે છે તેજ ખ્રીસ્ત-વિરોધી છે. 23 હરેક જે પુ-
ત્રનો નકાર કરે છે, તેને બાપ પણ નથી. પુત્રનો જે અંગીકાર કરે છે તેને
બાપ પણ છે. 24 જે તમે પહેલાંથી સાંભળ્યું છે, તે તમારામાં રહે. પહે-
લાંથી જે તમે સાંભળ્યું, તે જો તમારામાં રહે તો તમે પણ પુત્રમાં તથા
બાપમાં રહેશો. 25 અને જે વચન તેણે આપણને આપ્યું તે એજ, એટલે
સર્વકાળનું જીવન. 26 જેઓ તમને ભુલાવે છે તેઓ સંબંધી ને તમને આ
લખ્યું છે. 27 અને જે અભિષેક તમે તેનાથી પામ્યા તે તમારામાં રહે છે, ને
કોઈ તમને શિખવે એવી કંઈ અગત્ય નથી, પણ જેમ તેનો અભિષેક
તમને સર્વ સંબંધી શિખવે છે, તે સત્ય છે, જુઠો નથી, ને જેમ તેણે તમ-
ને શિખવ્યું, તેમ તમે તેનામાં રહો. 28 અને હવે, છોકરાં, તેનામાં રહો એ
માટે કે જો તે પ્રગટ થાય, તો આપણને હિમ્મત થાય, ને તેના આવવાને
વખતે તેની રૂબરૂ આપણે ન શરમાઈએ. 29 જો તમે જાણો છો કે તે ન્યા-
યી છે, તો હરેક જે ન્યાયીપણું કરે છે, તે તેનાથી જન્મ્યો છે, એ તમે જા-
ણો છો.

3 જુઓ, બાપે કેવી પ્રીતિ આપણા પર કીધી છે કે આપણે દેવનાં
છોકરાં કહેવાઈએ; ને તેનાં છોકરાં તો છીએ. એ માટે જગત આપ-
ણને ઓળખતું નથી, કેમકે તેણે તેને ઓળખ્યો નહિ. 2 વહાલાઓ, હાલ
આપણને દેવના છોકરાં છીએ, ને આપણે કેવા થઈશું, તે હજી સુધી પ્ર-
ગટ થયું નથી. આપણે તો જાણીએ છીએ, કે જયારે તે પ્રગટ થશે, ત્યારે
તેના જેવા આપણે થઈશું, કેમકે જેવો તે છે, તેવો તેને આપણે દેખીશું.
3 અને જે હરેક તેના પર એ આશા રાખે છે, તે પોતાને શુદ્ધ કરે છે, જેમ તે
શુદ્ધ છે તેમ. 4 હરેક જે પાપ કરે છે, તે નિયમભંગ પણ કરે છે, ને પાપ
એજ નિયમભંગ છે. 5 અને તમે જાણો છો કે પાપ હરણ કરવાને તે પ્રગટ
થયો, ને તેનામાં પાપ નથી. 6 હરેક જે તેનામાં રહે છે, તે પાપ કરતો
નથી, હેક જે પાપ કરે છે તેણે તેને દીઠો નથી, ને તેને ઓળખતો પણ
નથી. 7 છોકરાં, કોઈ તમને ન ભુલાવે; જેમ તે ન્યાયી છે, તેમ જે ન્યાયી-
પણું કરે છે તે પણ ન્યાયી છે; 8 જે પાપ કરે છે તે શેતાનનો છે, કાંજે શે-
તાન આરંભથી પાપ કરે છે; દેવનો પુત્ર એ સારૂ પ્રગટ થયો કે તર શેતા-
નનાં કામનો નાશ કરે. 9 હરેક જે દેવથી જન્મેલો છે તે પાપ કરતો નથી,
કાંજે તેનું બીજ તેનામાં રહે છે, ને તે પાપ કરી શકતો નથી, કેમકે તે દેવ-
થી જન્મેલો છે. 10 એથી દેવનાં છોકરાં તથા શેતાનનાં છોકરાં પ્રગટ છે;
હરેક જે ન્યાયીપણું કરતો નથી, ને જે પોતાના ભાઇ પર પ્રેમ કરતો
નથી, તે દેવનો નથી. 11 કાંજે જે સંદેશો તમે પહેલાંથી સાંભળ્યો છે તે
એક કે, આપણને એક બીજા પર પ્રેમ રાખીએ. 12 જેવો કાઈન ભુંડાનો
હતો, ને પોતાના ભાઈને મારી નાખ્યો, તેવા ન થવું; ને તેણે શા માટે તે-
ને મારી નાખ્યો? એ માટે કે પોતાનાં કામ ભુંડા હતા, ને પોતાના ભાઈ-
નાં ન્યાયી હતાં. 13 ભાઈઓ, જો જગત તમારો દ્વેષ કરે તો તમે અચરત

ન થાઓ. 14 આપણે ભાઇઓ પર પ્રીતિ રાખીએ છીએ એથી આપણે
જાણીએ છીએ કે મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યા છીએ; જે પ્રેમ
રાખતો નથી તે મરણમાં રહે છે. 15 હરેક જે પોતાના ભાઇ પર દ્વેષ રાખ
છે તે મનુષ્યઘાતક છે. અને તમે જાણો છો કે કોઈ મનુષ્યઘાતકમાં
અનંતજીવન રહેતું નથી. 16 એથી આપણે પ્રેમને જાણ્યો છે, કાંજે તેણે
પોતાનો પ્રાણ આપણી વતી આપ્યો; એમજ આપણે ભાઇઓને સારૂ
આપણા પ્રાણો આપવા જોઈએ. 17 પણ જેની પાસે આ જગતનું દ્રવ્ય
હોય,ને પોતાના ભાઇને ગરજ છે એવું જોઇને તે પર પોતાની દયા બંધ
કરે, તો તેનામાં દેવની પ્રીતિ શી તરેહ રહે છે? 18 છોકરાં, આપણે શબ્દ-
થી નહિ, ને જીભથી નહિ, પણ કૃત્યમાં તથા સત્યમાં પ્રીતિ કરીએ.
19 એથી આપણે જાણીશું કે આપણે સત્યના છીએ, ને જે કંઇ વિષે
આપણું અંતઃકરણ આપણને દોષિત ઠરાવે છે, તે વિષે તેની આગળ
આપણા અંતઃકરણને શાંત કરીશું, 20 કેમકે આપણા અંતઃકરણ કરતાં
દેવ મોટો છે, ને સઘળું જાણે છે. 21 વહાલાઓ, જો આપણું અંતઃકરણ
આપણને દોષિત ઠરાવતું નથી, તો દેવની ગમ આપણને નિર્ભયતા છે.
22 અને જે કંઇ આપણે માગીએ છીએ, તે તેનાથી પામીએ છીએ, કેમકે
તેની આજ્ઞા આપણે પાળીએ છીએ, ને તેની નજરે જે પસંદ પડે છે તે
કરીએ છીએ. 23 અને તેની આજ્ઞા એ છે કે તેના પુત્ર ઇસુ ખ્રીસ્તના નામ
પર આપણે વિશ્વાસ રાખીએ, ને જેમ તેણે આપણને આજ્ઞા આપી, તેમ
એક બીજા પર પ્રીતિ કરીએ. 24 અને જે તેની આજ્ઞા પાળે છે, તેનામાં તે
રહે છે, ને એ તેનામાં; ને જે આત્મા એણે આપણને આપ્યો છે તેથી જા-
ણીએ છીએ કે એ આપણામાં રહે છે.

4 વહાલાઓ, હરેક આત્મા પર વિશ્વાસ ન રાખો, પણ આત્માઓ
દેવથી છે કે નહિ એ વિષે તેઓને પારખો; કાંજે જગતમાં જુઠા
ભવિષ્યવાદીઓ ઘણા નિકળ્યા છે. 2 ઇસુ ખ્રીસ્ત દેહમાં આવ્યો છે, એવું
જે હરેક આત્મા કબૂલ કરે છે તે દેવનો છે, એથી તમે દેવનો આત્મા જા-
ણો છો. 3 હરેક આત્મા જે ઇસુને કબૂલ કરો નથી તે દેવનો નથી; ને ખ્રી-
સ્ત-વિરોધીનો આત્મા જે વિષે તમે સાંભળ્યું કે તે આવે છે, તે એજ છે,
ને તે હમણાં પણ જગતમાં છે. 4 છોકરાં, તમે દેવનાં છો, ને તમે તેઓને
જીત્યા છે, કાંજે જે જગતમાં છે તે કરતાં જે તમારામાં છે તે મોટો છે.
5 તેઓ જગતના છે, એ માટે તેઓ જગત વિષે બોલે છે, ને જગત તેઓ-
નું સાંભળે છે. 6 આપણે દેવના છીએ; જે દેવને ઓળખે છે તે આપણું
સાંભળે છે, જે દેવનો નથી તે આપણું સાંભળતો નથી; એથી આપણે
સત્યનો આત્મા તથા ભુલાવનારો આત્મા જાણીએ છીએ. 7 ઓ વહા-
લાઓ, આપણે એક બીજા પર પ્રીતિ રાખીએ, કાંજે પ્રીતિ દેવથી છે, ને
હરેક જે પ્રીતિ કરે છે તે દેવથી જન્મેલો છે, ને દેવને ઓળખે છે. 8 જે પ્રી-
તિ કરતો નથી, તે દેવને ઓળખતો નથી, કાંજે દેવ પ્રીતિ છે. 9 એથી
આપણા પરની દેવની પ્રીતિ પ્રગટ થઇ, કે દેવે પોતાના એકાકીજનિત
પુત્રને જગતમાં એ માટે મોકલ્યો, કે તેનાથી આપણે જીવીએ. 10 એમાં
પ્રીતિ છે, કે આપણે દેવ પર પ્રેમ કીધો એમ તો નહિ, પણ એમાં કે તેણે
આપણા પર કીધો ને પોતાના પુત્રને આપણા પાપનું પ્રાયશ્ચિત થવા
મોકલ્યો. 11 વહાલાઓ, જો દેવે આપણા પર એવો પ્રેમ કીધો, તો આપ-
ણે પણ એક બીજા પર પ્રેમ રાખવો જોઈએ. 12 કોઇએ દેવને કદી દીઠો
નથી; જો આપણે એક બીજા પર પ્રેમ કરીએ તો દેવ આપણામાં રહે છે,
ને તેનો પ્રેમ આપણામાં સંપૂર્ણ થએલો છે. 13 આપણે તેનામાં રહીએ
છીએ, ને તે આપણામાં, એ આપણે એથી જાણીએ છીએ કે તેણે પોતા-
ના પવિત્ર આત્માનું [દાન] આપણને આપ્યું છે. 14 અને અમે જોયું છે ને
સાક્ષી પુરીએ છીએ, કે બાપે પુત્રને જગતનો તારનાર થવા મોકલ્યો છે.
15 જે કોઇ કબૂલ કરે છે કે ઇસુ દેવનો પુત્ર છે, દેવ તેનામાં તથા તે દેવમાં
રહે છે. 16 અને દેવની જે પ્રીતિ આપણા પર છે ત આપણે જાણીએ
છીએ, ને તે પર વિશ્વાસ કર્યો છે. દેવ પ્રીતિ છે, ને જે પ્રીતિમાં રહે છે તે
દેવમાં ને દેવ તેનામાં રહે છે. 17 એથી આપણામાં પ્રીતિ સંપૂર્ણ થઇ છે,
કે ન્યાયકાળે આપણે નિર્ભયતા થાય, કાંજે જેવો તે છે, તેવા આપણે
આ જગતમાં છીએ. 18 પ્રીતિમાં ભય નથી, પણ પુરી પ્રીતિ ભયને કાઢી
નાખે છે, ક્મકે ભયથી સજા છે.જે ભયભીત છે તે પ્રીતિમાં પુરો થએલો
નથી. 19 આપણે પ્રીતિ કરીએ છીએ, કેમકે પહેલાં તેણે આપણા પર પ્રી-
તિ કરી. 20 જો કોઈ કહે કે, હું દેવ પર પ્રીતિ કરું છું, પણ પોતાના ભાઇ
પર દ્વેષ કરે છે, તો તે જુઠો છે, કાંજે પોતાના ભાઇને તેણે દીઠો છે તે પર
જો પ્રીતિ કરતો નથી, તો દેવ જેને તેણે દીઠો નથી તે પર તે પ્રીતિ કરી
શકતો નથી. 21 અને એ આજ્ઞા તેનાથી આપણને છે કે જે દેવ પર પ્રીતિ
કરે છે, તેણે પોતાના ભાઇ ઉપર પણ પ્રીતિ કરવી.

5 હરેક જે વિશ્વાસ કરે છે કે ઇસુ એજ ખ્રીસ્ત છે તે દેવથી જન્મેલો
છે; ને હરેક જે જન્માવનાર પર પ્રીતિ કરે છે તે તેનાથી જન્મેલા
પર પણ પ્રીતિ કરે છે. 2 જયારે આપણે દેવ પર પ્રીતિ રાખીએ છીએ ને
તેની આજ્ઞાઓ પાળીએ છીએ, ત્યારે એથી આપણે જાણીએ છીએ કે દે-
વનાં છોકરાં ઉપર પણ પ્રીતિ રાખીએ છીએ. 3 કેમકે દેવ પરની પ્રીતિ
આ છે કે આપણે તેની આજ્ઞાઓ પાળીએ, ને તેની આજ્ઞાઓ ભારે
નથી. 4 કાંજે હરેક જે દેવથી જન્મેલું છે તે જગતને જીતે છે, ને જે જયે
જગતને જીત્યું છે તે આપણો વિશ્વાસ છે. 5 જે વિશ્વાસ કરે છે કે ઇસુ દે-
વનો પુત્ર છે તે વગર જગતને કોણ જીતે છે? 6 પાણીથી તથા લોહીથી
જે આવ્યો, તે એ છે એટલે ઇસુ ખ્રીસ્ત; ને તે કેવળ પાણીથી નહિ, પણ
પાણી તથા લોહીથી આવ્યો; 7 ને જે સાક્ષી પુરે ચ્ચે તે આત્મા છે, કાંજે
આત્મા સત્ય છે. 8 કેમકે સાક્ષી પુરનારા ત્રણ છે એટલે આત્મા તથા
પાણી તથા લોહી, ને એ ત્રણ એકમાં રહે છે. 9 જો આપણે માણસોની
સાક્ષી માનીએ છીએ તો એ કરતાં દેવની સાક્ષી મોટી છે, કાંજે દવે પો-
તાના પુત્ર સંબંધી જે સાક્ષી આપી છે તે એજ છે. 10 જે દેવના પુત્ર પર
વિશ્વાસ રાખે છે, કેમકે દેવે પોતાના પુત્ર વિષે જે સાક્ષી છે, તે સાક્ષી પર
તેણે વિશ્વાસ કર્યો નથી. 11 અને આ સાક્ષી એવી છે કે દેવ આપણને
અનંતજીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે. 12 જેને [દેવનો] પુત્ર
છે તેને જીવન છે. જેને દેવનો પુત્ર નથી, તેણે જીવન નથી. 13 તમને
અનંતજીવન છે એ તમે જાણો, માટે ઉપર, એટલે જે તમે દેવના પુત્રના
નામ પર વિશ્વાસ કરો છો તે તમારા ઉપર એ આ વાતો લખી છે. 14 અને
તેના વિષે આપણી જે નિર્ભયતા તે એ છે કે જો આપણે તેની ઈચ્છા પ્ર-
માણે કંઇ માગીએ, તો તે આપણું સાંભળે છે; 15 ને જે કંઇ માગીએ, જો
તે સંબંધી આપણે જાણીએ કે તે આપણું સાંભળે છે, તો જે આપણે તે-
ની પાસે માંગ્યું છે તે આપણને મળે છે, એ પણ આપણે જાણીએ
છીએ. 16 જે મરણકારક નથી એવું પાપ જો કોઈ પોતાના ભાઇને કરતો
જુએ તો તેણે માગવું, ને જે મરણકારક નથી એવું પાપ કરનારાઓને
માટે [દેવ] તેને જીવન આપશે. મરણકારક એવું પણ પાપ છે; તે વિષે હું
કહેતો નથી કે વિનતી કરવી. 17 સર્વ અન્યાય પાપ છે, ને જે મરણકારક
નથી એવું પણ પાપ છે. 18 આપણે જાણીએ છીએ કે હરેક જે દેવથી
જન્મેલો છે તે પાપ કરતો નથી, પણ જે દેવથી જનમ્યો છે તે પોતાને
સંભાળે છે, ને ભુંડો તેને અડકતો નથી. 19 આપણે જાણીએ છીએ કે
આપણે દેવના છીએ, ને આખું જગત તે ભુંડામાં રહે છે. 20 વળી આપણે
જાણીએ છીએ કે દેવનો પુત્ર આવ્યો છે, ને જે સાચો તેને ઓળખવા
સારૂ તેણે આપણને સમજણ આપી છે; ને જે સાચો, એટલે તેનો પુત્ર
ઇસુ ખ્રીસ્ત, એનામાં આપણે છીએ; એજ ખરો દેવ તથા અનંતજીવન
છે. 21 છોકરાં, તમે પોતાને મૂર્તિઓથી સાંભળી રાખો.

# યોહાનનો બીજો પત્ર

1 પસંદ કરેલી બાઈને તથા તેનાં છોકરાઓને વડીલ લખે છે; [2] જે
સત્ય આપણામાં રહે છે, તે સર્વકાળ સુધી રહેવાનું છે તેને લીધે હું
સત્યમાં તમારા પર પ્રેમ રાખું છું; ને એકલો હું નહિ, પણ જે સઘળા
સત્યને જાણે છે તેઓ પણ રાખે છે. [3] દેવ બાપથી તથા બાપના પુત્ર
ઈસુ ખ્રીસ્તથી કૃપા તથા દયા તથા શાંતિ આપણી પાસે સત્ય તથા પ્રી-
તિમાં રહેશે. [4] જેમ આપણે બાપથી આજ્ઞા પામ્યા, તેમ સત્યમાં ચાલતાં
તારાં કેટલાંએક છોકરાં મેં દીઠાં છે, માટે હું ઘણો આનંદી થયો છું. [5] અને
હવે, બાઈ, હું નવી આજ્ઞા લખું છું એમ નહિ, પણ આરંભથી જે આજ્ઞા
આપણને મળેલી છે તે લખતાં તને અરજ કરું છું કે આપણે મહોમાંહે
પ્રીતિ કરીએ. [6] અને આપણે તેની આજ્ઞાઓ પ્રમાણે ચાલીએ તેજ પ્રીતિ
છે, ને જેમ તને આરંભથી સાંભળ્યું તેમ આજ્ઞા એજ છે કે પ્રીતિમાં તમે
ચાલો. [7] કાંજે જગતમાં ઘણા ભુલાવનારા થયા છે; કે જેઓ ઈસુ ખ્રીસ્ત-
નું દેહમાં આવવું કબૂલ કરતા નથી, તેજ ભુલાવનાર તથા ખ્રીસ્ત-વિરો-
ધી છે. [8] તમે પોતા વિષે સાવધાન રહો, એ માટે કે અમે જે કામ કર્યું છે
તેનો તમે નાશ ન કરો, પણ પુરું પ્રતિફળ પામો. [9] હરેક જે હદ બહાર
ચાલે છે, ને ખ્રીસ્તના બોધમાં રહેતો નથી, તેને દેવ નથી; બોધમાં જે રહે
છે, તેનેજ બાપ તથા પુત્ર પણ છે. [10] જો કોઈ તમારી પાસે આવે, ને
એજ બોધ ન લાવે, તો તેણે ઘરમાં ન લો, ને તેણે કુશળતા ન કહો.
[11] કેમકે જે તેને કુશળતા કહે છે તે તેનાં ભુંડા કામનો ભાગીયો થાય છે.
[12] મારે તમને લખવાનું ઘણું છે, તોપણ કાગળ તથા શાહીથી લખવું
એવી મારી ઈચ્છા નથી, પણ તમારો આનંદ સંપૂર્ણ થાય માટે તમારી
પાસે હાજર થઈને મ્હોડેમ્હોડ બોલવાની હું આશા રાખું છું. [13] તારી
પસંદ કરેલી બહેનનાં છોકરાં તને કુશળતા કહે છે.

# યોહાનનો ત્રીજો પત્ર

1 જેના પર હું સત્યમાં પ્રીતિ રાખું છું, તે વહાલા ગાયાને વડીલ લખે
છે. 2 વહાલા, હું પ્રાર્થના કરું છું કે જેમ તારો જીવ કુશળ છે તેમ તું
સર્વ વાતમાં કુશળ તથા સાજો રહે. 3 કેમકે ભાઈઓ આવ્યા ત્યારે તે-
ઓએ તું સત્યમાં ચાલે છે તે પ્રમાણે તારા સત્ય વિષે સાક્ષી આપી, માટે
મને ઘણો આનંદ થયો. 4 મારાં છોકરાં સત્યમાં છે એવું હું સાંભળું છું, એ
કરતાં મને મોટો આનંદ નથી. 5 વહાલા, જે કંઈ કામ તું ભાઈઓને, હા
પારકા ભાઈઓને સારૂ કરે છે તેમાં તું વિશ્વાસુ કામ કરે છે. 6 તેઓએ તા-
રા પ્રેમ વિષે મંડળીની આગળ સાક્ષી પુરી છે. તેઓને દેવને યોગ્ય રીતે
આગળ પહોંચાડશે તો તું સારૂ કરીશ. 7 કેમકે તેઓ વિદેશીઓ પાસેથી
કંઈ ન લેતાં, તેના નામને સારૂ બહાર ગયા. 8 માટે આપણે એવાઓને
અંગીકાર કરવો જોઈએ, એ સારૂ કે આપણે સત્ય વિશ્હે સંઘાતે કામ કર-
નારા થઈએ. 9 મેં મંડળીને કંઈ લખ્યું, પણ દિયત્રેફે જે તેઓમાં મુખ્ય
થવા ચાહે છે, તે અમારો અંગીકાર કરતો નથી. 10 એ માટે જો હું આવું તો
તેનાં જે કામ તે કરે છે તેઓને હું સંભરાવીશ, તે અમારે ઉલટી ભુંડી વા-
તથી બકે છે, ને એથી તૃપ્ત ન થતાં પોતે ભાઈઓનો અંગીકાર કરતો
નથી; ને જેઓ એવું કરવા ચાહે છે તેઓને તે વારે છે ને મંડળીમાંથી
બહાર કાઢે છે. 11 વહાલા, ભુંડાને નહિ, પણ સારાને અનુસરો. જે સારૂં
કરે છે તે દેવનો છે, જે ભુંડું કરે છે તેણે દેવને દીઠો નથી. 12 દેમેત્રીઅસ
વિષે સઘળાએ તથા સત્યે પોતે સાક્ષી પુરી, ને અમે પણ સાક્ષી પુરીએ
છીએ, ને તું જાણે છે કે અમારી સાક્ષી ખરી છે. 13 મારે તારા પર ઘણું
લખવાનું હતું. પણ શાહી કલમથી હું તારા પર લખવા ચહાતો નથી.
14 પણ હું તને વહેલો જોવાની આશા રાખું છું, ને આપણે મ્હોડે-મ્હોડ
વાત કરીશું. તને શાંતિ થાઓ, મિત્રો તને કુશળતા કહે છે. મિત્રોને,
નામ લઈને, કુશળતા કહેજે.

# યહૂદાનો પત્ર

1 દેવ બાપમાં પવિત્ર કરાએલા તથા ઈસુ ખ્રીસ્તને સારૂ રખાએલા,
એવા તેડાએલાઓને, ઈસુ ખ્રીસ્તનો સેવક, જે યાકુબનો ભાઈ
યહુદા, તે લખે છે; 2 તમને દયા થાઓ, ને શાંતિ તથા પ્રીતિ સંપૂર્ણ
થાઓ. 3 વહાલાઓ, જયારે આપણા સામાન્ય તારણ વિષે હું તમારા પર
લખવાની ઘણી ચિંતામાં હતો, ત્યારે મન અગત્ય જણાઈ કે લખીને
તમને સુબોધ આપું કે જે વિશ્વાસ પવિત્રોને એક વેળા આપેલો હતો તે
વિષે તમારે અતિ શ્રમ કરવો. 4 કેમકે કેટલાએક માણસો જે એજ દંડને
માટે અગાઉ ઠરાવાયાં હતાં, તેઓ ગુપ્ત રીતે માંહે આવ્યાં છે, તેઓ અભ-
ક્ત છે, ને આપણા દેવની કૃપાને કામાતુરપણામાં ફેરવી નાખે છે, ને
ઈસુ ખ્રીસ્ત જે આપણો એકલો સ્વામી તથા પ્રભુ છે તેને નકારે છે. 5 હવે
તમે જાણી ચુક્યા છો ખરા, તોપણ હું તમને સંભરાવા ચાહું છું ક પ્રભુએ
લોકોને મિસર દેશમાંથી તાર્યા પછી અવિશ્વાસીઓને નાશ કર્યા. 6 અને
જે દૂતોએ પોતાનો અધિકાર રાખ્યો નહિ, પણ પોતાનો વાસો છોડી દી-
ધો તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધારા તળે સનાતન
બંધનમાં રાખ્યા છે. 7 તેમજ સદોમ તથા ગમોરાહ ને તેઓની આસપા-
સનાં શહેરો, એવી રીતે વ્યભિચાર કરીને, ને અનુચિત દેહોની પાછળ
ચાલીને, નિરંતર અગ્નિદંડ સહન કરીને ઉદાહરણને સારૂ પ્રસિદ્ધ કરેલા
છે. 8 એવી રીતે પણ આ સ્વપ્નીઓ દેહને ભ્રષ્ટ કરે છે, ને અધિકારને
તુચ્છ ગણે છે, ને ગૌરવોની નિંદા કરે છે. 9 પણ મીખાએલ પ્રમુખ્ય દૂતે
જયારે શેતાનની સાથે તકરાર કરતાં મુસાના શબ વિષે વિવાદ કર્યો,
ત્યારે તેણે નિંદારૂપ તહોમત નાખવાને હિમ્મત ન પકડી, પણ એમ
કહ્યું કે, પ્રભુ તને ધમકાવે. 10 તોપણ એઓ જે જે જાણતા નથી તે વિષે
તેઓ નિંદા કરે છે ને જે જે તેઓ નિર્બુદ્ધ પશુઓની પેઠે સ્વભાવે સમજે
છે તેમાં પોતાને બગાડે છે. 11 તેઓને અફસોસ, કાંજે તેઓ કાઈનને મા-
ર્ગે ચાલ્યા, ને બલઆમની ભૂલમાં લાભને માટે દોડી ગયા, ને કોરાહના
પ્રતિવાદમાં નાશ પામ્યા. 12 જેઓ તમારી સાથે ખાઈને તમારા પ્રેમભો-
જનોમાં ખરાબા છે તેઓ એ છે; તેઓ બીક વગર પોતાનું પાળણ કરે છે.
તેઓ પવનોથી હડસેલાએલાં નિર્જળ વાદળાં છે; તેઓ પાનરહિત ફળ-
રહિત બે વખત મરેલાં તથા ઉખેડાએલાં ઝાડો છે; 13 તેઓ સમુદ્રનાં વિ-
ક્રાળ મોજાંઓ, પોતાની લાજનું ફીણ કાઢનારા છે; તેઓ ભટકનારા તા-
રા છે જેઓને સારૂ ઘોર અંધકાર સર્વકાળ સુધી રાખેલો છે. 14 અને
આદમથી જે સાતમો, એટલે હનોખ, તેણે તેઓ વિષે ભવિષ્યવાત કહી
કે, જુઓ, 15 સઘળાંને ન્યાય કરવા, સઘળા અભક્તોએ જે બધાં અભ-
ક્તિવંત કામો અભક્ત રીતે કર્યા, તે વિષે, ને બધી કઠણ વાતો જે તેની
વિરુદ્ધ અભક્ત પાપીઓએ કહી, તે વિષે પણ તેઓ સઘળાંને અપરાધી
ઠેરવવાને પ્રભુ પોતાના દસ હજાર પવિત્રો સુદ્ધાં આવ્યો. 16 તેઓ કચ-
કચ કરનારા, અસંતોષી, પોતાની કુઈચ્છા પ્રમાણે ચાલનારા છે (ને તે-
ઓનાં મુખ ઘણી કુલેલી વાત બોલે છે); તેઓ લાભને સારૂ ખુશામત
કરનારા છે. 17 પણ, વહાલાઓ, આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તના પ્રેરીતોથી
જે વાતો અગાઉ કહેવાએલી, તેઓને તને સંભારો કે તેઓએ તમને એમ
કહ્યું કે, 18 છેલ્લા કાળમાં નિંદાખોરો થશે, જે પોતાની અભક્તિવાન કુઈ-
ચ્છા પ્રમાણે ચાલશે. 19 એઓ ફૂટ કરનારા છે, વિષયી, તેઓમાં આત્મા
નથી. 20 પણ વહાલાઓ, તમારા પરમ પવિત્ર વિશ્વાસ પર પોતાને દ્દઢ
કરીને, ને પવિત્ર આત્મામાં પ્રાર્થના કરીને, 21 ને અનંતજીવનને અર્થે
આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તની દયાની વાટ જોઈને, દેવની પ્રીતિમાં પોતા-
ને રાખો. 22 અને કેટલાએક જેઓ સંદેહ રાખનારા છે તેઓ પર દયા કરો.
23 અને કેટલાએકને અગ્નિમાંથી ખેંચીને તારો, ને ભયથી કેટલાએક પર
દયા રાખો, ને દેહથી ડાઘ લાગેલા વસ્ત્ર પર પણ દ્વેષ રાખો. 24 હવે જે
તમને ઠોકર ખાવાથી બચાવી રાખવા, ને પોતાના ગૌરવની સન્મુખ
તમને નિર્દોષ તથા પરમાનંદમાં મુકવા સમર્થ છે; 25 એટલે આપણો તા-
રનાર જે એકલો દેવ તેને ગૌરવ તથા મહત્વ, પરાક્રમ તથા અધિકાર
અનાદિકાળથી તે હમણાં તથા સર્વકાળ હોજો. આમેન.

# પ્રકટીકરણ

1 ઈસુ ખ્રીસ્તનું પ્રકટીકરણ, એટલે જે વહેલું થવાનું છે તે પોતાના
દાસોને કહી દેખાડવા સારૂ દેવે એને જે આપ્યું; ને તેણે પોતાનો
દૂત મોકલીને તેને આસરે પોતાના દાસ યોહાનને દેખાડ્યું. 2 અને એણે
દેવની વાત તથા ઈસુ ખ્રીસ્તની સાક્ષી એટલે જેટલું પોતે દીઠું તેની સા-
ક્ષી આપી. 3 આ ભવિષ્યની વાતો જે વાંચે છે, ને જેઓ સાંભળે છે, ને
એમાં જે લખેલું છે તે પાળે છે, તેઓને ધન્ય છે, કેમકે સમય પાસે છે.
4 જે સાત મંડળી આશિયામાં છે તેઓને યોહાન લખે છે. જે છે ને જે હતો
ને જે આવનાર છે તેનાથી, તથા તેના રાજ્યાસંની આગળ જે સાત
આત્મા છે તેઓથી, 5 તથા ઈસુ ખ્રીસ્ત જે વિશ્વાસુ સાહેદ, ને મરીગએ-
લાંમાંથી પ્રથમજનિત ને પૃથ્વીના રાજાઓનો અધિકારી છે તેનાથી,
તમારા પર કૃપા તથા શાંતિ થાઓ. જેણે આપણા પર પ્રેમ કીધો, ને પો-
તાના લોહી વડે આપણને આપણા પાપથી છોડાવ્યો; 6 ને દેવ એટલે
પોતાના બાપને સારૂ આપણને રાજાઓ તથા યાજકો કીધા, તેણે મહિ-
મા તથા અધિકાર સદા સર્વકાળ સુધી થાઓ; અમેન. 7 જુઓ, તે વાદ-
ળા સુદ્ધાં આવે છે, ને, હરેક આંખ, ને જેઓએ તેને વિંધ્યો તેઓ પણ તે-
ને દેખશે; ને પૃથ્વી પરનાં સઘળાં કુળો તેને લીધે વિલાપ કરશે; હા,
આમેન. 8 પ્રભુ દેવ જે છે ને જે હતો ને જે આવનાર છે, જે સર્વસમર્થ, એ
એમ કહે છે કે, હું આલફા તથા ઓમેગા છું. 9 હું યોહાન તમારો ભાઈ, ને
વિપત્તિમાં તથા ઈસુના રાજ્ય તથા સહનતામાં ભાગિયા, દેવની વાતને
લીધે તથા ઈસુની સાક્ષીને લીધે, પાત્મસ કહેવાએલા બેટમાં હતો.
10 પ્રભુના દહાડે હું આત્મામાં હતો, ને મેં પોતાની પાછળ રણશિંગડાના
આવાજ સરખી મોટી વાણી એમ કહેતી સાંભળી કે, 11 તું જે દેખે છે તે
પુસ્તકમાં લખ, ને જે સાત મંડળી એફેસસમાં તથા સ્મિર્ણામાં તથા પેર-
ગામસમાં તથા થુઆતૈરામાં તથા સર્દીસમાં તથા ફિલાદેલ્ફીઆમાં તથા
લાઓદીકીઆમાં છે, તેઓની પાસે મોકલ. 12 અને જે વાણી મારી સાથે
બોલી તે જોવાને હું ફર્યો; ને ફર્યો ત્યારે સોનાની સાત દીવી ને દીઠી.
13 અને તે દીવીઓની વચમાં માણસના પુત્ર સરખો મેં એકને દીઠો, તે
પગ સુધી વસ્ત્ર પહેરેલો તથા તેની છાતીએ સોનાનો પટકો બાંધેલો
હતો; 14 ને તેનું મસ્તક તથા કેશ શ્વેત ઉન્ન જેવાં, બરફની માફક શ્વેત
હતા; ને તેની આંખો અગ્નિની જ્વાળા સરખી હતી; 15 ને તેના પગ જાણે
ભઠ્ઠીમાં શુદ્ધ થએલા ચળકતા પિત્તળના જેવા હતા; ને તેનો આવાજ
ઘણા પાણીના આવાજ જેવો હતો; 16 ને તેના જમણા હાથમાં સાત તા-
રા હતા; ને તેના મ્હોમાંથી બેધારી પાણીદાર તરવાર નીકળતી હતી; ને
તેનો ચેહેરો સૂર્ય જોરતી પ્રકાશ કરતો હોય તેવો હતો; 17 ને જયારે મેં તેને
દીઠો ત્યારે મુએલા સરખો હું તેના પગ પાસે પડી ગયો; પછી તેણે પો-
તાના જમણા હાથ મારા પર મુકીને કહ્યું કે, બી માં, પ્રથમ તથા છેલ્લો હું
છું; 18 ને જે જીવે છે તે હું છું, હું મુઓ પણ હતો ને, જુઓ, સદાકાળ સુધી
જીવતો છું; ને મરણ તથા હાડેસની કુંચીઓ મારી પાસે છે. 19 તેં જે જે
દીઠાં છે, ને જે જે છે, ન હવે પછી જે જે થશે, તે તે લખ: 20 મારા જમણા
હાથમાં જે સાત તારા તેં દીઠા તથા સોનાની સાત દીવી, એમનો મર્મ તું
લખ. સાત તારા તો સાત મંડળીઓના દૂત છે, ને સાત દીવી તો સાત
મંડળીઓ છે.

2 એફેસસમાંની મંડળીના દૂતને તું લખે કે; જે પોતાના જમણા હા-
થમાં સાત તારા રાખે છે, જે સોનાની સાત દીવીની વચમાં ચાલે
છે તે એ વાતો કહે છે કે, 2 તારા કામ તથા મેહેનત તથા તારા ધીરજ હું
જાણું છું, ને એ પણ કે તું ભુંડા માણસનો સહી શકતો નથી, ને જેઓ
અમે પ્રેરિત છીએ એમ કહે છે પણ એવા નથી, તેઓને તે પારખી લીધા,
ને તેઓ જુઠા છે એમ તને માલમ પડ્યું, 3 ને તેં ધીરજ રાખી, ને મારા
નામને લીધે સહ્યું છે, ને તું થાક્યો નથી; 4 તોપણ તાતે ઉલટું મારે એ
છે કે, તે પોતાના પહેલા પ્રેમને ત્યાગ કીધો. 5 એ માટે તું જ્યાંથી પડ્યો
છે તે સંભાર ને પસ્તાવો કર, ને પ્રથમનાં કામ કર; નહિ તો હું તારા પર
આવીશ, ને જો તું એ માટે તું જ્યાંથી પડ્યો છે તે સંભાર ને પસ્તાવો કર,
ને પ્રથમનાં કામ કર; નહિ તો હું તારા પર આવીશ, ને જો તું પસ્તાવો
નહિ કરે તો તારી દીવી તેની જગ્યાએથી હું ખસેડીશ. 6 પણ તને ઉલટું
છે કે નીકોલાયતીઓનાં કામ, જેનાં પર હું પણ દ્વેષ રાખું છું, તેઓના
પર તું દ્વેષ રખે છે. 7 આત્મા મંડળીઓને શું કહે છે તે જેણે કાન છે તે
સાંભળે; જે જીતે છે તેણે દેવના પારાદૈસમાંના જીવનના ઝાડ પરનું હું
ખાવાને આપીશ. 8 અને સ્મિર્ણામાંની મંડળીના દૂતને લખ કે; જે પ્રથમ
તથા છેલ્લો, જે મુઓ હતો પણ જીવતો થયો, તે એ વાતો કહે છે કે, 9 હું
તારી વિપત્તિ તથા દરિદ્રતા જાણું છું, તોપણ તું ધનવાન છે, ને જે કહે
છે કે, અમે યહુદી છીએ ને એવા નથી પણ શેતાનની સભા છે તેઓનું
દુર્ભાષણ હું જાણું છું. 10 જે જે હું સહેવાનો છે તેથી બીતો ના. જુઓ,
તમારું પરીક્ષણ થાય માટે તમારામાંના કેટલાકને શેતાન બંદીખાનામાં
નાખવાનો છે, ને તમને દસ દહાડાની વિપત્તિ થશે. તું મરણ સુધી વિ-
શ્વાસુ થઈ રહે, ને હું તને જીવનનો મુગટ આપીશ. 11 આત્મા મંડળીઓ-
ને શું કહે છે, તે જેને કાન છે તે સાંભળે; જે જીતે છે તેને બીજા મરણનું
દુઃખ લાગશે નહિ. 12 અને પેરગામસમાંની મંડળીના દૂતને લખ કે; જેને
બેધારી પાણીદાર તરવાર છે તે એ વાતો કહે છે કે, 13 હું જાણું છું કે તું
ક્યાં વસે છે, એટલે જ્યાં શેતાનની ગાદી છે ત્યાં અને તું મારું નામ ધરી
રાખે છે, ને જયારે મારો વિશ્વાસુ સાક્ષી આંતીપાસ કે જે તમારામાં, જ્યાં
શેતાન વસે છે ત્યાં, મારી નંખાયો, તે દહાડાઓમાં પણ તેં મારા પરના
વિશ્વાસને નાકબૂલ કીધો નહિ. 14 તોપણ મને તારે ઉલટાં થોડાંએક છે,
કેમકે બલઆમનો બોધ રાખનારા તારી પાસે ત્યાં છે, એને બાલાકને
ઇસ્રાએલના પુત્રની આગળ ઠોકર નાખવાને શિખવ્યું કે તેઓ મૂર્તિઓ-
નાં નૈવદ ખાય ને વ્યભિચાર કરે; 15 ને એમજ જેઓ એવી રીતે નીકોલા-
યતીઓનો બોધ ધરી રાખે છે તેઓ પણ તારે ત્યાં છે. 16 માટે પસ્તાવો
કર, નહિ તો હું તારા પર વહેલો આવીશ ને મારા મ્હોમાંની તરવારથી તે-
ઓની સાથે લડીશ. 17 આત્મા મંડળીઓને શું કહે છે તે જેને કાન છે તે
સાંભળે. જે જીતે છે તેને હું ગુપ્ત મુકેલું માણા દઈશ, ને હું તેણે શ્વેત
પત્થર આપીશ, ને તે પત્થર પર એક નવું નામ લખેલું છે, કે જેને પામ-
નાર શિવાય બીજું કોઈ જાણતું નથી. 18 અને થુઆતૈરામાંની મંડળીના
દૂતને લખ કે; દેવનો પુત્ર જેની આંખો અગ્નિની જ્વાળા સરખી ને જેનાં
પગ ચળકતા પિત્તળના જેવા છે, તે એ વાતો કહે છે; 19 તારાં કા તથા
પ્રેમ તથા સેવા તથા વિશ્વાસ તથા ધીરજ હું જાણું છું, અને તારાં છેલ્લાં
કામ પહેલાંના કરતાં અધિક છે. 20 તોપણ મને તારે ઉલટું એ છે કે ઇઝે-
બેલ, જે પોતાને ભવિષ્યવાદેણ કહે છે, તે બાયડીને તું સહન કરે છે; ને
તે મારા સેવકોને વ્યભિચાર કરવા તથા મૂર્તિઓનાં નૈવદ ખાવા શિખવે
છે તથા ભુલાવે છે. 21 અને તે પસ્તાવો કરે, માટે મેં તેણીને અવકાશ
આપ્યો; પણ તે પોતાના વ્યભિચારનો પસ્તાવો કરવા ચહાતી નથી.
22 જુઓ, હું તેને ખાટલા પર નાખું છું, ને તેની સાથે જે વ્યભિચાર કરે છે
તેઓ જો પોતાના કામનો પસ્તાવો કરે નહિ તો તેઓને મોટી વિપત્તિમાં
નાખું છું. 23 અને મરકીથી તેનાં છોકરાને મારી નાખીશ, ને સર્વ મંડ-
ળીઓ જાણશે કે મનોને તથા અંતઃકરણોને જે પારખે છે તે હું છું, ને તમ
હરેકને પોતાનાં કામ પ્રમાણે આપીશ. 24 પણ તમે થુઆતૈરામાંના બીજા
જેટલા તે બોધ માનતા નથી, જેઓ શેતાનનું ઉંડાપણું (જેમ તેઓ કહે
છે તેમ) જાણતા નથી, તે તમને હું એ કહું છું કે, તમારા પર બીજો ભાર હું
નાખતો નથી; 25 તોપણ જે તમારી પાસે છે, તે હું આવું ત્યાં સુધી ઝાલી
રાખો. 26 અને જે જીતે છે ને અંત સુધી મારાં કામ પાળે છે, તેને વિદે-

શીઓ પર હું અધિકાર આપીશ; 27 ને લોઢાના દંડથી તે તેઓ પર ઘણી-
પણું કરશે, કુંભારના વાસણની પેઠે તેઓના ચુરા થઈ જશે; હું પણ પો-
તાના બાપથી એમજ પામ્યો; 28 ને હું તેને પ્રભાતનો તારો આપીશ.
29 આત્મા મંડળીઓને શું કહે છે તે જેણે કાન છે તે સાંભળે.
3 અને સર્દિસમાંની મંડળીના દૂતને લખ કે, જેણે દેવના સાત
આત્મા તથા સાત તારા છે, તે એ વાતો કહે છે કે, તારાં કામ હું
જાણું છું કે નામે તું જીવે છે પ તું મુએલો છે. 2 તું જાગૃત થા, ને બાકીના
જે મારવાને તૈયાર છે તેઓને સ્થિર કર; કેમકે મેં તારાં કામ મારા દેવની
આગળ સંપૂર્ણ કરેલાં જોયાં નથી. 3 એ માટે શી તરેહ તું પામ્યો ને સાંભ-
ળ્યું છે, તે સંભાર, ને પાળ, ને પસ્તાવો કર. કાંજે જો તું જાગૃત નહિ રહેશે
તો હું ચોરની પેઠે આવીશ, ને કઇ ઘડીએ હું તારા પર આવીશ એ તું જા-
ણશે નહિ. 4 તોપણ સર્દિસમાં, જેઓએ પોતાનાં વસ્ત્ર અશુદ્ધ નથી કી-
ધાં, એવાં થોડાંએક નામ તારી પાસે છે; ને તેઓ ઉજળાં વસ્ત્રમાં મારી
સાથે ફરશે, કેમકે તેઓ લાયક છે. 5 જે જીતે છે તેણે એમજ ઉજળાં વસ્ત્ર
પહેરાવવામાં આવશે; ને જીવનના પુસ્તકમાંથી તેનું નામ હું ભુંસી નહિ
નાખીશ, પણ મારા બાપની આગળ તથા એના દૂતોની આગળ તેનું
નામ હું કબૂલ કરીશ. 6 આત્મા મંડળીઓને શું કહે છે, તે જેને કાન છે તે
સાંભળે. 7 અને ફિલાદેલ્ફીઆમાંની મંડળીના દૂતને લખ કે; જે પવિત્ર,
જે સત્ય, જેની પાસે દાઉદની કુંચી છે, જે ઉઘાડે છે ને કોઇ બંધ કરશે
નહિ, ને જે બંધ કરે છે ને કોઈ ઉઘાડતો નથી, તે એ વાતો કહે છે; 8 તારાં
કામ હું જાણું છું, જુઓ, તારી આગળ મેં ઉઘાડું બારણું રાખ્યું છે, ને કોઇ
તેને બંધ કરી શકતો નથી; તને થોડું બળ છે, ને તે મારી વાત પાળી છે,
ને મારું કામ નાકબૂલ કીધું નથી એ હું જાણું છું. 9 જુઓ, જેઓ શેતાન-
ની સભામાંના છે, જેઓ કહે છે કે અમે યહુદી છીએ, તોપણ તેઓ એવા
નથી પણ જુઠું બોલે છે, તેઓમાંના કેટલાએક આપું છું, જુઓ, તેઓને
હું એમ કરીશ કે તેઓ આવશે, ને તારા પગ આગળ નમશે, ને તેઓ જા-
ણશે કે મેં તારા પર પ્રેમ કીધો છે. 10 તે મારી ધીરજની વાત રાખી છે, તે-
ટલાજ માટે પૃથ્વી પરના રહેનારાઓનું પરીક્ષણ કરવ સારૂ પરીક્ષણનો
જે સમય આખા સંસાર પર આવનાર છે, તેથી હું પણ તને રાખીશ. 11 હું
વહેલો આવું છું, જે તારું છે તેણે તું ધરી રાખ કે કોઈ તારો મુગટ લઇ લે
નહિ. 12 જે જીતે છે તેને હું મારા દેવનું નામ તથા મારા દેવના શહેરનું
નામ, એટલે જે નવું યરુશાલેમ મારા દેવ પાસેથી આકાશમાંથી ઉતરે છે
તે, તથા મારું પોતાનું નવું નામ લખીશ. 13 આત્મા મંડળીઓને શું કહે
છે તે જેને કાન છે તે સાંભળે. 14 અને લાઓદીકીઆમાંની મંડળીના દૂ-
તને લખ કે; જે આમેન, જે વિશ્વાસુ તથા ખરો સાક્ષી, જે દેવની ઉત્પત્તિ-
નો અધિકારી છે, તે એ વાતો કહે છે; 15 તારા કામ હું જાણું છું કે તું ટાઢો
નથી, ને ઉનો પણ નથી, તું ટાઢો અથવા ઉનો થાય એમ હું ચાહું છું;
16 પણ તું ઉફાળો છે, એટલે ઉનો નથી ને ટાઢો પણ નથી,માટે હું પોતા-
ના મ્હોમાંથી તને ઓકી કાઢીશ. 17 કેમકે તું કહે છે કે, હું ધનવાન છું ને
મેં સંપત્તિ મેળવી છે, ને મને કશી ગરજ નથી, પણ જાણતો નથી, કે તું
ક્લેશી તથા બેહાલ તથા દરિદ્રી તથા આંધળો તથા નાગો છે; 18 એ માટે
હું તને એવો સુબોધ કરું છું કે તું ધનવાન થાય માટે આગથી પારખેલું
સોનું મારી પાસેથી વેચાતું લે; ને તું પહેરેલો થાય ને તારા નાગાપણાની
લાજ પ્રગટ ન થાય, માટે ઉજળાં વસ્ત્ર લે; ને તું દેખતો થાય, માટે
અંજન લઇને તારી આંખોને ચોપડ. 19 હું જેટલા પર પ્રેમ કરું છું તેટલા-
ને ઠપકો તથા શિક્ષા આપું છું, માટે તું આસ્થા રાખ ને પસ્તાવો કર.
20 જુઓ, હું બારણા આગળ ઉભો રહીને ઠોકું છું, જો કોઇ મારી વાણી
સાંભળે ને બારણે ઉઘાડે, તો તેની પાસે હું માંહે આવીશ ને તેની સાથે
જમીશ, ને તે મારી સાથે જમીશે. 21 જે જીતે છે તેને મારા રાજ્યાસન પર
મારી પાસે બેસવા દઈશ, જેમ હું પણ જીતીને મારા બાપની પાસે તેના
રાજ્યાસન પર બેહેલો છું તેમ. 22 આત્મા મંડળીઓને શું કહે છે તે જેને
કાન છે તે સાંભળે.
4 એ પછી મેં જોયું, ને જુઓ, આકાશમાં એ દ્વાર ઉઘડ્યું, ને જે પહે-
લી વાણી મેં સાંભળી તે મારી સાથે બોલનારા રણશિંગડાના
આવાજના જેવી હતી, જેણે કહ્યું કે, હિયાં ઉપર આવ, ને હવે પછી જે જે
થવાનું છે તે હું તને દેખાડીશ. 2 એકાએક હું આત્મામાં હતો; ને જુઓ,
આકાશમાં એક રાજ્યાસન મુકાયું, ને રાજ્યાસન પર બેહેલો એક હતો;
3 ને જે બેઠો હતો તે જોવામાં યાસપિસ પોષાણ તથા લાલ સરખો હતો,
ને રાજ્યાસનની આસપાસ મેઘધનુષ જોવામાં લીલમ સરખું હતું. 4 અને
રાજ્યાસનની આસપાસ ચોવીસ આસનો હતાં, ને તે આસનો પર ચો-
વીસ વડીલો બેઠેલો મેં દીઠા, જેઓએ ઉજળાં વસ્ત્ર પહેરેલાં હતાં, ને જે-
ઓનાં માથાંઓ પર સોનાના મુગટ હતા. 5 અને રાજ્યાસનમાંથી વીજ-
ળીઓ તથા વાણીઓ તથા ગર્જનાઓ નીકળતાં હતાં; ને રાજ્યાસનની
આગળ અગ્નિના સાત દીવા બળતા હતા, તે દેવના સાત આત્મા છે.
6 અને રાજ્યાસનની આગળ સ્ફટીકના જેવો ચળકતો સમુદ્ર હતો, ને રા-
જ્યાસનની મધ્યે તથા રાજ્યાસનની આસપાસ આગળ પાછળ આંખે
ભરેલા એવા ચાર પ્રાણી હતા. 7 અને પહેલો પ્રાણી સિંહના જેવો, ને
બીજો પ્રાણી વાછરડાના જેવો હતો,ને ત્રીજો પ્રાણીએ માણસના સરખું
મ્હો હતું, ને ચોથો પ્રાણી ઉડતા ગરૂડના સરખો હતો. 8 અને તે ચાર પ્રા-
ણીમાંના દરેકને છ છ પાંખ હતી, ને આસપાસ તથા માંહેથી આંખે ભરે-
લા હતા, ને પવિત્ર પવિત્ર પવિત્ર પ્રભુ દેવ, સર્વસમર્થ, જે હતો, ને છે, ને
આવવાનો છે, એમ કહેતાં તેઓ રાત દહાડો વિસામો લેતાં નથી. 9 અને
રાજ્યાસન પર જે બેઠેલો, જે સદા સર્વકાળ સુધી જીવતો છે, તેનાં જયારે
તે પ્રાણીઓ મહિમા તથા માન તથા સ્તુતિ કરશે, 10 ત્યારે રાજ્યાસન
પર બેઠેલાની આગળ ચોવીસ વડીલો પડશે, ને જે સદા સર્વકાળ સુધી
જીવતો છે તેને ભજશે, ને પોતાના મુગટ રાજ્યાસન આગળ નાખીને
કહેશે કે, 11 ઓ અમારા પ્રભુ તથા દેવ, મહિમા તથા માન તથા પરાક્રમ
પામવાને તું લાયક છે, કેમકે તે સર્વ ઉત્પન્ન કીધાં, ને તારી ઈચ્છાના કા-
રણથી તેઓ હતાં, ને ઉત્પન્ન થયા.
5 અને રાજ્યાસન પર જે બેઠેલો હતો તેના જમણા હાથમાં મેં એક
પુસ્તક જોયું, તે માંહે તથા બહાર લખેલું, ને સાત મુદ્રાથી મુદ્રિત
કરેલું હતું. 2 અને મેં એક બળવાન દૂતને દીઠો જેણે મોટો ઘાંટો પાડીને
કહ્યું કે, તે પુસ્તક ઉઘાડવાને ને તેની મુદ્રા ઉખેડવાને કોણ લાયક છે?
3 ને આકાશમાં અથવા પૃથ્વી પર અથવા પૃથ્વીની તળે, તે પુસ્તક
ઉખાડવાને અથવા તે પર જોવાને કોઇ સમર્થ ન હતો, 4 અને હું બહુ
રડ્યો, કારણ કે તે પુસ્તક ઉઘાડવાને અથવા તે પર જોવાને કોઈ સમર્થ
ન હતો, 5 ત્યારે વડીલોમાંથી એક મને કહે છે કે તું રડ મા, જો, યહુદાહ-
ના કુળમાંનો જે સિંહ છે, જે દાઉદનું મૂળ છે, તે પુસ્તક તથા તેની સાત
મુદ્રા ઉઘાડવાને જય પામ્યો છે. 6 અને રાજ્યાસનની તથા ચાર પ્રાણી-
ઓની વચમાં તથા વડીલોની વચમાં મારી નાખેલાના જેવું એકક હલ-
વાન ઉભું રહેલું ને દીઠું; તેને સાત શિંગડા તથા સાત આંખ હતી; એ
[આંખો] દેવના સાત આત્મા છે, જે આખી પૃથ્વીમાં મોકલેલા છે. 7 અને
તેણે જઈને રાજ્યાસન પર બેઠેલાના જમણા હાથમાંથી તે [પુસ્તક] લી-
ધું. 8 અને જયારે તેણે તે પુસ્તક લીધું, ત્યારે ચાર પ્રાણી તથા ચોવીસ
વડીલો હલવાનની આગળ પડ્યો; ને હરેકને વીણા તથા ધૂપે ભરેલાં
સોનાનાં પ્યાલાં હતાં, તે ધૂપ પવિત્રોની પ્રાર્થનાઓ છે. 9 અને તેઓએ
નવું કીર્તન ગાતાં કહ્યું કે, તું પુસ્તક લેવાને તથ્હા તેની મુદ્રા ઉઘાડવાને
લાયક છે, કેમકે તું મારી નંખાયો હતો ને તે પોતાને લોહીએ, દેવને સારૂ
સર્વ કુળો તથા ભાષા તથા લોક તથા દેશોમાંના વેચાતા લીધા છે; 10 ને
અમારા દેવને સારૂ તેમને રાજ્ય તથા યાજકો કીધા છે; ને તેઓ પૃથ્વી
પર રાજ્ય કરે છે. 11 અને મેં જોયું, ને રાજ્યાસન તથા પ્રાણીઓ તથા
વડીલોની આસપાસ મેં ઘણા દૂતોની વાણી સાંભળી. અને તેઓની
ગણત્રી ક્રોડોના ક્રોડની ને લાખોના લાખની હતી. 12 તેઓએ મોટે સાદે
કહ્યું કે, જે હલવાન મારી નંખાયું હતું તે પરાક્રમ તથા સંપત તથા જ્ઞાન
તથા સામર્થ્ય તથા માન તથા મહિમા તથા સ્તુતિ પામવા લાયક છે.
13 અને હરેક ઉત્પન્ન કરેલું જે આકાશમાં તથા પૃથ્વી પર તથા પૃથ્વીની
તળે તથા સમુદ્રમાં છે, વળી તેઓમાંના સઘળાં જે છે તેઓને એમ કહે-
તાં મેં સાંભળ્યા કે, રાજ્યાસન પર જે બેઠેલો છે તેને તથા હલવાનને,
સ્તુતિ તથા માન તથા મહિમા તથા બળ સદાસર્વકાળ સુધી થાઓ.
14 ત્યારે ચારે પ્રાણીઓ કહ્યું, આમેન; મેં વડીલોએ પગે પડીને તેનું
ભજન કીધું.
6 અને જયારે હાલવાને તે સાત મુદ્રામાંથી એકને ઉઘાડી ત્યારે મેં
જોયું, ને ચાર પ્રાણીમાંના એકનું મેં સાંભળ્યું, જાણે ગર્જનાનો
આવાજ થતો હોય તેની રીતે [તેણે] કહ્યું કે, આવ. 2 અને મેં જોયું, ન
જુઓ, એક સફેત ઘોડો હતો ને તે પર જે બેઠેલો હતો તેની પાસે ધનુષ્ય
હતું, ને તેને મુગટ અપાયો, ને તે જીતતો તથા જીતવા સારૂ નીકળ્યો.

3 અને તેણે બીજી મુદ્રા ઉઘાડી, ત્યારે મેં બીજા પ્રાણીને એ કહેતો સાંભ-
ળ્યો કે, આવ. 4 ત્યારે બીજો એક લાલ ઘોડો નીકળ્યો, ને તે પર જે બેઠે-
લો હતો તેને પૃથ્વી પરથી શાંતિ લઇ લેવાનું [સામર્થ્ય] અપાયું હતું,
અને એ માટે કે તેઓ એક બીજાને મારી નાખે; ને તેને મોટી તરવાર
અપાઈ. 5 અને જયારે તેણે ત્રીજી મુદ્રા ઉઘાડી, ત્યારે મેં ત્રીજા પ્રાણીને
કહેતો સાંભળ્યો કે, આવ. ત્યારે મેં જોયું, ને જુઓ, એક કાળો ઘોડો, ને
તે પર જે બેઠેલો હતો તેના હાથમાં ત્રાજવા હતા. 6 અને ચાર પ્રાણીઓ-
ની વચમાં મેં એક વાણી એમ કહેતી સાંભળી કે, પાવલે શેર ઘઉં, ને પા-
વલે ત્રણ શેર જવ; પણ તેલ તથા દ્રાક્ષરસ તું ન બિગાડ. 7 અને જયારે
તેણે ચોથી મુદ્રા ઉઘાડી, ત્યારે મેં ચોથા પ્રાણીની વાણી એમ કહેતી
સાંભળી કે, આવ. 8 અને મેં જોયું, ને જુઓ, ફીકા રાગનો એક ઘોડો, ને
તે પર જે બેઠેલો હતો તેનું નામ મરણ, ને તેની સાથે હાડેસ પાછળ ચા-
લતું હતું; ને તરવારે તથા દુકાળે તથા મરણે તથા પૃથ્વીનાંશ્વાપદોએ
કરીને જગતમાંના ચોથા હિસ્સાને મારી નાખવાનો અધિકાર તેમને
અપાયો હતો. 9 અને જયારે તેણે પાંચમી મુદ્રા ઉઘાડી, ત્યારે દેવની વા-
તને લીધે તથા પોતે જે સાક્ષી રાખી હતી તેને લીધે મારી નંખાએલાના
આત્મા મેં વેદી તળે દીઠા. 10 અને તેઓએ મોટો ઘાંટો કાઢીને કહ્યું કે,
ઓ સ્વામી, પવિત્ર તથા સત્ય, ઈન્સાફ ઠરાવવાનું તથા પૃથ્વી પરના
રહેનારાઓ પાસેથી અમારા લોહીનો બદલો લેવાનું ક્યાં સુધી નહિ
કરીશ? 11 અને તેઓમાંના હરેકને શ્વેત વસ્ત્ર અપાયું હતું, ને તેઓને
એમ કહેવાયું કે, તમારા સાથી સેવકો તથા તમારા ભાઈઓ જે તમારી
પેઠે માર્યા જવાના છે, તેઓની સંખ્યા પુરી થાય, ત્યાં સુધી હજુ થોડી
વાર લગણ તમે વિસામો લો. 12 અને જયારે તેણે છઠ્ઠી મુદ્રા ઉઘાડી
ત્યારે મેં જોયું, ને મોટો ધરતીકંપારો થયો, ને સૂર્ય નિમાળાના કામળા
જેવો કાળો થયો, ને તમામ ચંદ્ર લોહી જેવો થયો, 13 ને જેમ મોટો પવ-
નથી હલાવાએલી અંજીરીનાં કાચાં ફળ પડે છે, તેમ આકાશમાંના તા-
રાઓ પૃથ્વી પર પડ્યા. 14 અને આકાશ લપેટેલા ઓળિયાની પેઠે ટળી
ગયું; ને હરેક પહાડ તથા બેટ, પોતપોતાને ઠામેથી ખસેડાયા; 15 ને
જગતના રાજાઓ તથા મોટા માણસો તથા સેનાપતિઓ તથા ધનવંતો
તથા પરાક્રમીઓ તથા હરેક દાસ તથા સ્વતંત્ર, એઓ ખોમાં તથા અહ-
દોના પત્થરોમાં સંતાઈ ગયા; 16 ને એઓએ પહાડોને તથા પત્થરોને
કહ્યું કે, તમે અમ પર પડો, ને રાજ્યાસન પર બેઠેલાના મ્હો આગળથી
તથા હલવાનના કોપથી અમને સંતાડો; 17 કેમે તેઓના કોપનો મોટો
દહાડો આવ્યો છે, ને કોણથી ઉભું રહેવાય?

7 અને એ પછી, મેં ચાર દૂતને પૃથ્વીના ચાર ખુણા પર ઉભા રહેલા
દીઠા; એ તેઓએ પૃથ્વીના ચાર પવનને એવી રીતે પકડી રાખ્યા
હતા કે, પૃથ્વી પર અથવા સમુદ્ર પર અથવા કોઇ ઝાડ પર પવન ન
વાય. 2 અને મેં બીજા દૂતને ઉગમણથી ચઢતો દીઠો, ન તેની પાસે જી-
વતા દેવની મુદ્રા હતી, ને પૃથ્વીને તથા સમુદ્રને ઉપદ્રવ કરવાનું જે ચાર
દૂતને અપાયું હતું, તેઓને તેણે મોટે ઘાટે હાંક મારી કે, 3 જ્યાં સુધી અમે
અમારા દેવના દાસોને તેઓના કપાળ પર મુદ્રા કરીએ, ત્યાં સુધી તમે
પૃથ્વીને અથવા સમુદ્રને અથવા ઝાડોને ઉપદ્રવ ન કરો. 4 અને મુદ્રિત
થએલાની સંખ્યા મેં સાંભળી; ઈસ્રાએલપુત્રના સર્વ કુળમાંના એક લાખ
ચુમ્માળીસ હજાર મુદ્રિત થયા; 5 યહુદાહના કુળમાંના બાર હાજર મુદ્રિત
થયા, રેઉબેનના કુળમાંના બાર હજાર; ગાદના કુળમાંના બાર હજાર;
6 આશેરના કુળમાંના બાર હજાર; નાફતાલીના કુળમાંના બાર હાજર,
મનાશ્શેહના કુળમાંના બાર હજાર; 7 શિમઓનના કુળમાંના બાર હજાર;
લેવીના કુળમાંના બાર હજાર; ચિસ્સાખારના કુળમાંના બાર હજાર;
8 ઝબુલૂનના કુળમાંના બાર હજાર; યુસફના કુળમાંના બાર હજાર; બિ-
ન્યામીનના કુળમાંના બાર હજાર મુદ્રિત થયા. 9 એ પછી મેં જોયું, ને
જુઓ, સર્વ દેશમાંથી આવેલાની, સર્વ કુળ તથા લોક તથા બોલીના મા-
ણસોની એક મોટી સભા જે કોઈથી ગણાય નહિ; તેં રાજ્યાસનની
આગળ તથા હલવાનની આગળ ઉભા રહ્યા; તેઓએ શ્વેત વસ્ત્ર પહેરે-
લાં હતાં, ને તેઓના હાથમાં ખજૂરીની ડાળીઓ હતી; 10 ને તેઓ મોટી
વાણીએ પોકારીનને કહે છે કે, અમારો દેવ, રાજ્યાસન પર જે બેઠેલો છે,
તેને તથા હલવાનને તારણસ્તુતિ હોજો. 11 અને સઘળા દૂતો રાજ્યાસ-
નની તથા વડીલોની તથા ચારે પ્રાણીઓની આસપાસ ઉભા રહેતા
હતા, ને તેઓએ રાજ્યાસનની આગળ ઉંધા પડીને દેવનું ભજન કરતાં
કહ્યું કે, આમેન; 12 ધન્યતા તથા મહિમા તથા જ્ઞાન તથા ઉપકારસ્તુતિ
તથા માન તથા પરાક્રમ તથા સામર્થ્ય સદાસર્વકાળ સુધી અમારા દેવને
થાઓ; આમેન. 13 અને તે વડીલોમાંથી એકે જવાબ દેતા મને કહ્યું કે,
જેઓએ શ્વેત વસ્ત્ર કહેરેલા તેઓ કોણ છે, ને ક્યાંથી આવ્યા? 14 ને તેને
ને કહ્યું કે, ઓ મારા સાહેબ, તું જાણે છે. અને તેણે મને કહ્યું, જેઓ મો-
ટી વિપત્તિમાંથી આવ્યા તેઓ એ છે; ને તેઓએ પોતાના વસ્ત્ર ધોયાં,
ને હલવાનના લોહીમાં ઉજળાં કીધાં. 15 એ માટે તેઓ દેવના રાજ્યાસ-
નની આગળ છે, ને તેના મંદિરમાં રાત દહાડો તેની સેવા કરે છે; ને રા-
જ્યાસન ઓઅર જે બેઠેલો તે તેઓ પર મંડપરૂપે રહેશે. 16 તેઓને ફરી
ભૂખ નહિ લાગશે, ને ફરી તરસ પણ નહિ લાગશે, ને સૂર્યનો તડકો
અથવા કંઈ પણ ગરમી તેઓના અર નહિ પડશે; 17 કેમકે જે હલવાન
રાજ્યાસનની મધ્યે છે, તે તેઓનો પાળક થશે ને જીવનના પાણીના
ઝરાઓ પાસે તેઓને દોરી લેશે; ને દેવ તેઓની આંખો પરથી હરેક આંસુ
લોહી નાખશે.

8 આને જયારે તેણે સાતમી મુદ્રા ઉઘાડી, ત્યારે આસરે એક ઘડી
સુધી આકાશમાં મૌન થયું. 2 અને દેવની આંગળ જે સાત દૂત
ઉભા રહે છે તેઓને મેં દીઠા, ને તેઓને સાત રણશિંગડા અપાયાં.
3 અને બીજો દૂત આવીને વેદી પાસે ઉભો રહ્યો ને તેની પાસે સોનાની
ધૂપદાની હતી, ને તેને પુષ્કળ ધૂપવસ્તુ અપાઇ એ માટે કે અરવ પવિ-
ત્રોની પ્રાર્થનાઓ સાથે, રાજ્યાસનની સામી જે સોનાની વેદી છે, તે પર
તે અર્પણ કરે. 4 અને તે દૂતના હાથથી ધૂપનો ધુમાડો પવિત્રોની પ્રાર્થ-
નાઓ સાથે દેવની આગળ ચઢ્યો. 5 અને દૂતે ધૂપદાની લઈને તથા તે-
માં વેદીની આગ ભરીને પૃથ્વી પર નાખી દીધી; પછી ગર્જનાઓ તથા
વાણીઓ તથા વીજળીઓ તથા ધરતીકંપારો થયાં. 6 અને જે સાત દૂત-
ની પાસે સાત રણશિંગડાં હતાં તેઓ વગાડવા સારૂ તૈયાર થયા. 7 પહે-
લાએ વગાડ્યું, ને લોહીએ ભળેલાં કરાં તથા આગ થયાં, ને પૃથ્વી પર
ફેંકાયા ને પૃથ્વીનો ત્રીજો ભાગ બળી ગયો; ને ઝાડોનો ત્રીજો ભાગ
બળી ગયો, ને હરેક લીલો રોપ બળી ગયો. 8 અને બીજા દૂતે વગાડ્યું,
ત્યારે આગથી બળતા મોટા પહાડના જેવું કંઈ સમુદ્રમાં ફેંકાયું, ને સમુ-
દ્રનો ત્રીજો ભાગ લોહી થયો, 9 ને સમુદ્રમાંના પ્રાણીઓ જેઓમાં જીવ
હતો તેઓનો ત્રીજો ભાગ મુઓ, ને વહાણોનો ત્રીજો ભાગ નાશ પામ્યો.
10 અને ત્રીજો દૂતે વગાડ્યું, ને દીવાના જેવો બળતો એક મોટો તારો
આકાશમાંથી પડ્યો, ને તે નદીઓના ત્રીજા ભાગ પર તથા પાણીના
ઝરાઓ પર પડ્યો. 11 અને તે તારાનું નામ કડવાદૌના કહેવાય છે, ને
પાણીનો ત્રીજો ભાગ કડવાદૌનારૂપ થયો, ને પાણીથી ઘણાં માણસો
મરી ગયાં, કારણ કે તે કડવાં થયાં હતાં. 12 અને ચોથા દૂતે વગાડ્યું,
ત્યારે સૂર્યનો ત્રીજો ભાગ તથા ચંદ્રનો ત્રીજો ભાગ તથા તારાઓનો ત્રી-
જો ભાગ મરાયો, એ માટે કે તેઓનો ત્રીજો ભાગ અંધકારરૂપ થાય, ને
દિવસનો ત્રીજો ભાગ, તેમજ રાતનો ત્રીજો ભાગ પ્રકાશરહિત થાય.
13 અને મેં જોયું, ને અંતરિક્ષમાં એક ઉડતા ગરૂડને મોટી વાણીએ એમ
કહેતો સાંભળ્યો કે, જે બીજા ત્રણ દૂતો વગાડવાના છે, તેઓના રણ-
શિંગડાંના બાકી રહેલા નાદને લીધે પૃથ્વી પરના રહેનારાઓને અફ-
સોસ, અફસોસ, અફસોસ.

9 અને પાંચમા દૂતે વગાડ્યું, ત્યારે મેં એક તારો આકાશથી પૃથ્વી
પર પડેલો દીઠો; ને તેને ઉંડાણના ખાડાની કુંચી અપાઇ. 2 અને
તેણે ઉંડાણના ખાડાને ઉઘાડ્યો, ને મોટી ભઠ્ઠીના ધુમાડા જેવો ખાડા-
માંથી ધુમાડો નીકળ્યો, ને ખાડાના ધુમાડાથી સૂર્ય તથા વાતાવરણ
અંધરાયાં. 3 એ ધુમાડામાંથી તીડ નીકળીને પૃથ્વી પર આવ્યાં, ને જેમ
પૃથ્વી પરના વિછુંઓને અધિકાર છે તેમ તેઓને અધિકાર અપાયો; 4 ને
તેઓને એવું કહેવાય હતું કે, પૃથ્વીના ઘાસને તથા કોઇ લિલોતરી તથા
કોઇ ઝાડને ઉપદ્રવ ન કરો, પણ જે માણસોના કપાળ પર દેવની મુદ્રા
નથી એઓને ઉપદ્રવ કરો. 5 અને તેઓને એવું અપાયું કે એઓને મારી
નાખે નહિ, પણ પાંચ મહિના સુધી એઓ પીડા પામે; ને વીછું જયારે
માણસને ડંખ મારે છે તે વારની પીડા પ્રમાણે એઓની પીડા હતી.
6 અને તે દહાડાઓમાં માણસો મરણ શોધશે પણ પામશેજ નહિ, ને
તેઓ મારવા બહુ ચહાશે પણ મરણ તેઓ પાસેથી નાસશે. 7 અને તે
તીડોના આકાર લડાઈને સારૂ તૈયાર કીધેલા ઘોડાઓના જેવા હતા, ને
તેઓનાં માથાં પર જાણે કે સોનાના જેવા મુગટો હતા, ને તેઓનાં મ્હોડાં

માણસોનાં મ્હોડા જેવાં હતાં; 8 ને તેઓના નિમાળા બાયડીના નિમાળા
જેવા, ને તેઓના દાંત સિંહના દાંત જેવા હતા; 9 ને તેઓને લોઢાનાં
બખ્તર સરખાં બખ્તર હતાં; ને તેઓની પાંખોનો અવાજ લડાઇમાં દોડ-
તા ગણા ઘોડાના સ્થોના અવાજ સરખો હતો. 10 અને વિછુંઓના સર-
ખી તેઓને પુછડી છે, ને ડંખ પણ છે, ને પાંચ મહિના સુધી માણસોને
ઉપદ્રવ કરવાનો તેઓની પુછડીઓમાં અધિકાર છે. 11 અને ઉંડાણનો
જે દૂત તે તેઓ પર રાજા છે; તેનું નામ હેબ્રી ભાષામાં અબાદ્ધોન, પણ
હેલેની ભાષામાં તેનું નામ આપલ્યોન [એટલે વિનાશક] છે. 12 પહેલો
સંતાપ થઇ ગયો છે, જુઓ, હવે પછી બીજા બે સંતાપ આવે છે. 13 અને
છઠ્ઠા દૂતે વગાડ્યું ત્યારે દેવની સન્મુખની સોનાની વેદીનાં શિંગ-
ડાંમાંથી મેં એકવાણી સાંભળી; 14 તેણે જે છઠ્ઠા દૂતની પાસે રણશિંગડું
હતું તેણે કહ્યું કે, મહા નદી ફ્રાત પર જે ચાર દૂત બાંધેલા છે તેઓને
છોડ. 15 અને જે ચાર દૂત ઘડી તથા દિવસ તથા મહિના તથા વર્ષને
સારૂ તૈયાર થએલા હતા તેઓ છોડાયા એ માટે કે તેઓ માણસોના
ત્રીજ બાગને મારી નાખે. 16 અને સવારોની ફોજોની ગણત્રી વીસ કરોડ
હતી, તેઓની સંખ્યા મેં સાંભળી. 17 અને આવી રીતે દર્શનમાં મેં ઘોડા-
ઓને તથા તેઓ પર બેસનારાઓને દીઠા; તેઓન બખ્તર અગ્નિરંગી
તથા જાંબુરંગી તથા ગંધકરંગી હતા. અને એ ઘોડાઓના માથાં સિંહોના
માથાં જેવાં છે, ને તેઓનાં મ્હોડામાંથી આગ તથા ધુમાડા તથા ગંધક
નીકળે છે. 18 એ ત્રણ અનર્થથી, એટલે આગ તથા ધુમાડો તથા ગંધક
જે તેઓનાં મ્હોડામાંથી નીકળ્યાં, તેઓથી માણસોનો ત્રીજો ભાગ મારી
નંખાયો; 19 કેમકે ઘોડાઓનું સામર્થ્ય તેઓનાં મ્હોમાં તથા તેઓનાં
પુંછડાંમાં છે; કારણ કે તેઓના પુછડાં સાપના જેવાં, ને એ પુંછડાંઓને
માથાં હોય છે જેથી તેઓ ઉપદ્રવ કરે છે. 20 અને બાકીનાં જે માણસો તે
અનર્થથી મારી નહિ નંખાયા, તેઓએ પોતાના હાથનાં કામો સંબંધી
એવો પાસ્તાવો કીધો નહિ, કે તેઓ ભૂતોને તથા સોનાની તથા રૂપાની
તથા પિત્તળની તથા પત્થરની તથા લાકડાની મૂર્તિઓ, જેઓને જોવા-
ની તથા સાંભળવાની તથા ચાલવાની પણ શક્તિ નથી, તેઓને પૂજે
નહિ. 21 અને તેઓએ પોતાની હત્યાઓ વિષે તથા પોતાની માયાક્રિયા
વિષે તથા પોતાના વ્યભિચાર વિષે તથા પોતાની ચોરીઓ વિષે પસ્તા-
વો કીધો નહિ.

10 અને મેં એક બીજો બળવાન દૂત આકાશમાંથી ઉતરતો દીઠો,
તે વાદળથી વેષ્ટિત હતો, ને તેના મઠ પર મેઘધનુષ્ય હતું, ને
તેનું મ્હો સૂર્યના જેવું તથા તેના પગ અગ્નિના સ્તંભો જેવા હતા. 2 અને
તેના હાથમાં એક નાનું ઉઘડેલું પુસ્તક હતું, ને તેણે પોતાનો જમણો
પગ સમુદ્ર પર તથા ડાબો પૃથ્વી પર મુક્યો; 3 ને જેમ સિંહ ગર્જે છે, તેમ
તેણે મોટે સાદે પોકાર કીધો, ને જયારે તેણે પોકાર કીધો ત્યારે સાત
ગર્જના બોલી. 4 અને જયારે તે સાત ગર્જના બોલી, ત્યારે હું લખવાનો
હતો, પણ મેં આકાશથી એક વાણી એક કહેતી સાંભળી કે, સાત ગર્જ-
નાને જે જે વાત કહી, તેના પર તું મુદ્રા કર ને તેઓને ન લખ. 5 અને જે
દૂતને સમુદ્ર પર તથા પૃથ્વી પર મેં ઉભો રહેલો દીઠો તેણે પોતાનો જમ-
ણો હાથ આકાશની ભણી ઉંચો કીધો, 6 ને જે સદા સર્વકાળ સુધી જીવે
છે, જેણે આકાશ તથા તેમાંના, ને પૃથ્વી તથા તેમાંના, ને સમુદ્ર તથા
તેમાંના ઉત્પન્ન કીધાં, તેના સમ ખાઈને તેણે કહ્યું કે, હવે વાર થશે નહિ;
7 પણ સાતમાં દૂતની વાણીના દહાડાઓમાં, એટલે જયારે તે વગાડવા
લાગશે ત્યારે દેવનો મર્મ, જેમ તેણે પોતાના દાસોને, એટલે ભવિષ્યવા-
દીઓને જણાવ્યો, તેમ સંપૂર્ણ થાય છે. 8 અને આકાશથી જે વાણી મેં
સાંભળી હતી, તેણે ફરીથી મારી સાથે બોલતાં કહ્યું કે, તું જા ને જે દૂત
સમુદ્ર પર તથા પૃથ્વી પર ઉભો છે, તેના હાથમાંનું ઉઘડેલું પુસ્તક લે.
9 અને મેં દૂતની પાસે જઈને તેને કહ્યું કે, એ નાનું પુસ્તક મને અઆપ,
ને તેણે મને કહ્યું કે, તે લે ને ખાઇ જા, ને તે તારા પેટને કડવું કરશે પણ
તારા મ્હોમાં મધ જેવું ગળ્યું લાગશે. 10 ત્યારે હું દૂતના હાથમાંથી નાનું
પુસ્તક લઈને તેને ખાઇ ગયો, ને તે મારા મ્હોમાં મધ જેવું ગળ્યું લાગ્યું,
પણ તેને ખાધા પછી મારૂં પેટ કડવું થયું. 11 અને તેઓ મને કહે છે કે,
ઘણા લોકો તથા દેશો તથા ભાષાઓ તથા રાજાઓ વિષે તારે ભવિષ્ય-
વાત કહેવી જોઇએ.

11 અને લાકડી જેવું એક બરૂ મને અપાયું, ને મને કહેવામાં આવ્યું
કે, તું ઉઠ ને દેવનું મંદિર તથા વેદી તથા ત્યાંના ભજનારાઓનું
માપ લે; 2 પણ મંદિર બહાર જે આંગણું છે તેને મુકી દે, ને તેનું માપ ન
લે, કેમકે વિદેશીઓને તે આપેલું છે; તેઓ બેંતાળીસ મહિના સુધી
પવિત્ર નગરને ખુંદી નાખશે. 3 અને મારા બે સાક્ષીને હું એવું આપીશ, કે
તેઓ ટાટ પહેરીને એક હજાર બંસે ને સાઠ દિવસ સુધી ભવિષ્યવાત
કરશે. 4 જૈતુનના જે બે ઝાડ તથા જે બે દીવી પૃથ્વીના દેવની આગળ
ઉભા રહે છે તેઓ એજ છે. 5 અને જો કોઇ તેઓને ઉપદ્રવ કરવા ચાહે
છે, તો તેઓનાં મ્હોમાંથી આગ નીકળે છે ને તેઓના શત્રુઓને ખાઇ
નાખે છે, ને જો કોઇ તેઓને ઉપદ્રવ કરવા ચાહે તો તેમજ તેને માર્યા
જવું પડે છે. 6 તેઓને આકાશ બંધ કરવાનો અધિકાર છે, કે તેઓના
ભવિષ્યવાદના દિવસોમાં વરસાદ ન વરસે; ને પાણીઓ પર તેઓને
અધિકાર છે કે તેને લોહીરૂપે બદલી નાખે, ને તેઓ જેટલીવાર ચાહે તેટ-
લીવાર પૃથ્વીને હરેક આફતથી મારે. 7 આને જયારે તેઓ પોતાની સાક્ષી
પુરી કરશે, ત્યારે તે શ્વાપદ ઉંડાણમાંથી નીકળે છે તે તેઓની સાથે
લડાઈ કરશે, ને તેઓને જીતશે તથા તેઓને મારી નાખશે. 8 અને જે મો-
ટું નગર આત્મિક રીતે સદોમ તથા મિસર કહેવાય છે, જ્યાં તેઓનો પ્રભુ
વધસ્તંભે જડાયો, તે નગરના રસ્તામાં તેઓનાં મુડદાં [પડ્યાં રહે છે];
9 ને લોકો તથા કુળો તથા ભાષાઓ તથા દેશોમાંથી એટલાએક સાડા-
ત્રણ દહાડા સુધી તેઓનાં મુડદાં દેખે છે, ને તેઓનાં મુડદાંને કબરમાં
મેલવા દેતાં નથી. 10 ને પૃથ્વી પરના રહેનારા એઓ વિષે આનંદ તથા
હર્ષ કરે છે, ને બીજા પર ભેટ મોકલશે, કેમકે તે બે ભવિષ્યવાદીઓએ
પૃથ્વી પરના રહેનારાઓને દુઃખ દીધું હતું. 11 અને સાડાત્રણ દહાડા
પછી દેવથી જીવનના આત્મા તેઓમાં પેઠો, અને તેઓ પોતાના પગે
ઉભા રહ્યા; પછી તેઓને દેખનારાઓને મોટી બીક લાગી. 12 અને તે-
ઓએ આકાશમાંથી મોટી વાણી પોતાને એમ કહેતાં સાંભળી કે, તમે
હિંયાં ચઢી આવો, ને તેઓ વાદળાએ આકાશમાં ચઢી ગયા, ને તેઓના
શત્રુઓએ તેઓને દીઠા. 13 અને તે સમયે મોટો ધરતીકંપારો થયો, ને તે
નગરનો દસમો ભાગ પડી ગયો, ને ધરતીકંપારાથી સાત હજાર માણસો
મારી નંખાયા, ને જે બાકી રહ્યાં તેઓ ગભરાયાં, ને તેઓએ આકાશના
દેવને મહિમા આપ્યો. 14 બીજો સંતાપ થઇ ગયો છે, જુઓ, ત્રીજો સંતાપ
વહેલો આવે છે. 15 અને સાતમાં દૂતે વગાડ્યું, ત્યારે આકાશમાં મોટો
વાણીઓ થઇ, ને તેઓએ કહ્યું કે, આ જગતનું રાજ્ય આપણા પ્રભુનું
તથ્હા તેના ખ્રીસ્તનું થયું છે, ને તે સદા સર્વકાળ સુધી રાજ્ય કરશે.
16 અને જે ચોવીસ વડીલો દેવની આગળ પોતાના આસન પર બેઠા
હતા, તેઓએ ઉંધા પડીને દેવને ભાજતાં કહ્યું કે, 17 ઓ સર્વસમર્થ પ્રભુ
દેવ, જે છે ને હતો, તારી સ્તુતિ અમે કરીએ છીએ કેમકે તેં પોતાનું મોટું
પરાક્રમ લીધું ને રાજ્ય કીધું છે. 18 અને દેશોના લોક ગુસ્સે ભરાયા ને
તારો કોપ આવ્યો; ને સમય એવો છે કે, મુએલાંનો ઇન્સાફ થાય, ને તા-
રા સેવક એટલે ભવિષ્યવાદીઓ તથા પવિત્રો તથા તારા નામથી બી-
નારા, પછી તે નાના હોય કે મોટા હોય, તેઓને પ્રતિફળ અપાય, તથા
જેઓ પૃથ્વીનો નાશ કરનાર છે તેઓનો નાશ થાય. 19 અને આકાશમાં
દેવનું જે મંદિર છે તે ઉઘડાયું, ને તેના મંદિરમાં તેના કરારની પેટી દે-
ખાઈ; ને વિજળીઓ તથા વાણીઓ તથા ગર્જનાઓ તથા ધરતીકંપારો
થયાં તથા પુષ્કળ કરાં પડ્યાં.

12 અને આકાશમાં મોટું ચિન્હ દેખાયું, એટલે એક બાયડી સૂર્યથી
વેષ્ટિત, ને તેના પગ તળે ચંદ્ર, ને તેના માથા પર બાર તારાનો
મુગટ હતો. 2 અને તે ગર્ભવતી હતી; ને જણવાનું કષ્ટ ભોગવતાં તથા
પીડા પામતાં બૂમ પાડતી હતી. 3 અને આકાશમાં બીજું ચિન્હ પણ દે-
ખાયું; જુઓ, અગ્નિરંગી મોટો અજગર જેને સાત માથાં ને દસ શિંગડા
હતાં; ને તેનાં માથા પર સાત મુગટ હતા; 4 ને તેના પુછડાએ આકાશના
તારાઓનો ત્રીજો ભાગ ખેંચીને તેઓને પૃથ્વી પર નાખ્યા. અને જે બાય-
ડી જણવાની હતી, તેની આગળ તે અજગર ઉભો રહ્યું, એ માટે કે જયારે
તે જણે ત્યારે તેના બાળકને ખાઇ નાખે. 5 અને તે નાર બાળક જણી જે
સઘળાં દેશનાઓ પર લોઢાના દંડથી ઘણીપણું કરનાર છે, ને તેનો બા-
ળક દેવ પાસે તથા તેના રાજ્યાસન પાસે લઇ જવાયો. 6 અને બાયડી
અરણ્યમાં નાઠી ત્યાં દેવે તેને સારૂ તૈયાર કીધેલું એવું ઠેકાણું છે કે તેમાં
તેઓ તેને બારસેં ને સાઠ દહાડા સુધી પાળે. 7 અને આકાશમાં લડાઇ
થઈ; મીખાએલ તથા તેના દૂતો અજગરની સાથે લડ્યા; ને અજગર
તથા તેના દૂતો લડ્યા; 8 તોપણ તેઓ જીત્યા નહિ, ને તેઓનું ઠેકાણું

ફરી આકાશમાં મળ્યું નહિ. 9 અને તે મોટો અજગર બહાર નંખાયો, એટ-
લે તે જુનો સાપ જે બટ્ટો મુકનાર તથા શેતાન કહેવાય છે, જે આખા
જગતને ભુલાવે છે, તે પૃથ્વી પર નંખાયો, ને તેની સાથે તેના દૂતો પણ
નંખાયા. 10 ત્યારે આકાશમાં મોટી વાણી એમ કહેતી મેં સાંભળી કે,
હમણાં તારણ તથા પરાક્રમ તથા અમારું દેવનું રાજ્ય તથા તેના ખ્રી-
સ્તનો અધિકાર છે; કેમકે અમારા ભાઈઓનો અપવાદી, જે અમારા દેવ-
ની આગળ રાત દહાડો તેનો સામે અપવાદ કરે છે, તે નીચે ફેંકાયો છે.
11 અને તેઓએ હલવાનના લોહીથી તથા પોતાની સાક્ષીની વાતથી
એને જીત્યો છે, ને મરણ સુધી તેઓએ પોતાના જીવ પર પ્રેમ કીધો
નહિ. 12 એ માટે, ઓ આકાશો તથા તેઓમાં રહેનારાઓ, તમે આનંદ
કરો. ઓ પૃથ્વી તથા સમુદ્ર, તમને અફસોસ છે; કેમકે શેતાન તમારી
પાસે ઉતર્યો છે, ને તે બહુ ક્રોધિત છે કાંજે તે જાણે છે કે તેનો વખત થો-
ડો છે. 13 અને જયારે અજગરે જોયું કે પોતે પૃથ્વી પર ફેંકાયો ત્યારે જે
બાયડી પુરૂષને જણી હતી તેને તેણે સતાવી. 14 અને બાયડીને મોટા
ગરૂડની બે પાંખ અપાઈ, એ માટે કે સાપના સન્મુખથી તે અરણ્યમાં
પોતાને ઠેકાણે ઉડી જાય, ત્યાં સમય તથા સમયો તથા અડધા સમાય
સુધી તેનું પ્રતિપાલન કરાય છે. 15 અને સાપે પોતાના મ્હોમાંથી નદીના
જેવું બાયડીની પછવાડે પાણી નાખ્યું, એ માટે કે તેના પૂરથી તે તણાઈ
જાય. 16 અને પૃથ્વીએ તે બાયડીને સહાય કીધી, એટલે પૃથ્વી પોતાનું
મ્હો ઉઘાડીને જે નદી અજગરે પોતાના મ્હોમાંથી નાખી તેને પી ગઈ.
17 અને અજગર બાયડી પર ગુસે થયો, ને તેણીનાં બાકીનાં સંતાન,
એટલે જેઓ દેવની આજ્ઞા પાળે છે, ને જેઓની પાસે ઈસુની સાક્ષી છે,
તેઓની સાથે લડવાને તે નીકળ્યો; ને તે સમુદ્રની રેતી પર ઉભો રહ્યો.

13 અને મેં એક શ્વાપદને સમુદ્રમાંથી નીકળતું દીઠું, જેને દસ શિંગ-
ડા તથા સાત માથા હતાં તથા તેનાં શિંગડાઓ પર દસ મુગટ
તથા તેનાં માથા પર દુર્ભાષણનાં નામો હતાં. 2 આને જે શ્વાપદને મેં દી-
ઠું, તે ચિત્તાના જેવું, ને તેના પગ રીંછના પગ જેવા, ને તેનું મ્હો સિંહના
મ્હો જેવું હતું. અને અજગરે પોતાનું પરાક્રમ તથા પોતાનું રાજ્યાસન
તથા મોટો અધિકાર તેને આપ્યો. 3 અને તેનાં માથાંમાંના એકને મેં મર-
ણતોલ ઘાએલ થએલું દીઠું; ન તેનો પ્રાણહારી ઘા રૂઝાયો, ને આખું
જગત શ્વાપદને જોઈને અચંબો પામ્યું. 4 અને અજગરે શ્વાપદને અધિકાર
આપ્યો હતો, એ માટે તેઓએ તેનું ભજન કીધું, ને તેઓએ શ્વાપદનું
પણ ભજન કીધું, ને કહ્યું કે, શ્વાપદ સરખું કોણ છે? એની સાથે કોણ
લડી શકે છે? 5 ને મોટો વાતો તથા દુર્ભાષણ બોલનાર મ્હો તેને અપાયું,
ને બેંતાળીસ મહિના સુધી તે ટકી રહે એવો અધિકાર તેને અપાયો.
6 આને તેણે દેવની વિરુદ્ધ દુર્ભાષણ કરવા સારૂ પોતાનું મ્હો ઉઘાડ્યું,
કે તેના નામનું તથા તેના સ્થાનનું તથા આકાશમાં રહેનારાઓનું દુર્ભા-
ષણ તે કરે. 7 અને તેને [એવું સામર્થ્ય] અપાયું કે તે પવિત્રોની સાથે
લડે, ને તેઓને જીતે ને સર્વ કુળ તથા લોક તથા ભાષા તથા દેશ પર તે-
ને અધિકાર અપાયો. 8 અને પૃથ્વી પરના સર્વ રહેનારા, જેનાં નામ સૃ-
ષ્ટિના મંડાણથી મારી નાખેલા હલવાનના જીવન પુસ્તકમાં લખેલાં
નથી, તેઓ તેને ભજશે. 9 જો કોઈને કાન છે તો તે સાંભળે. 10 જો કોઈ
દાસપણામાં લઈ જય છે, તો તે દાસપણામાં જશે; જો કોઈ તરવારથી
મારી નાખે છે, તો તેને તરવારથી માર્યા જવું પડે છે. હિયાં પવિત્રોની
સહનતા તથા વિશ્વાસ છે. 11 અને મેં પૃથ્વીમાંથી બીજા એક શ્વાપદને
નીકળતા દીઠું; ને તેને ઘેટડાના જેવાં બે શિંગડા હતાં, ને અજગરની પેઠે
તે બોલતું હતું. 12 અને પહેલા શ્વાપદનો સર્વ અધિકાર તેની આગળ તે
કરે છે, ને જે પહેલાં શ્વાપદનો પ્રાણહારી ઘા રૂઝાયો હતો, તેનું ભજન પૃ-
થ્વી પાસે તથા તે પરના રહેનારાઓ પાસે કરાવે છે; 13 ને તે મોટાં ચિ-
ન્હો કરે છે, એવાં કે માણસોની આગળ આકાશથી પૃથ્વી પર અગ્નિ વર-
સાવે છે. 14 અને જે ચિન્હો શ્વાપદની આગળ કરવાનાં તેને અપાયાં,
તેઓ વડે પૃથ્વી પર રહેનારાઓને તે ભુલાવે છે, ને પૃથ્વી પરના રહેના-
રાઓને તે કહે છે કે, જે શ્વાપદ તરવારનો ઘા પામેલું ને જીવતું રહ્યું, તેને
સારું મૂર્તિ કરો. 15 અને તેને, એટલે શ્વાપદની મૂર્તિને, પ્રાણ આપવાનું
[સામર્થ્ય] એને અપાયું, એવું કે શ્વાપદની મૂર્તિ બોલે, ને જેટલા શ્વાપદ-
ની મૂર્તિને નહિ ભજે તેટલા મારી નંખાય એવું પણ તે કરે. 16 અને નાના
તથા મોટા, ધનવાન તથા દરિદ્રી, સ્વતંત્ર તથા દાસ, ને સર્વને તે એમ
કરાવે છે કે, તેઓ પોતાના જમણા હાથ પર અથવા પોતાનાં કપાળ પર
નિશાની લે. 17 વળી જેને તે નિશાની અથવા શ્વાપદનું નામ અથવા તે-
ના નામની ગણત્રી છે, તે વગર બીજા કોઈથી કંઈ વેંચાય લેવાય નહિ
એમ પણ કરાવે છે. 18 હિયાં જ્ઞાન છે; જેને બુદ્ધિ છે તે શ્વાપદની ગણત્રી
ગણે, કેમકે તે એક માણસની ગણત્રી છે, ને તેની ગણત્રી છસેં છાસેટ
છે.

14 અને મેં જોયું, ને જુઓ, સિયોન પહાડ પર હલવાન ઉભું હતું,
અને તેની સાથે એક લાખ ચુમ્માળીસ હજાર હતા જેઓનાં
કપાળ પર તેનું તથા તેના બાપનું નામ લખ્યું હતું. 2 અને ઘણાં પાણી-
ના અવાજના જેવી તથા મોટી ગર્જનાના અવાજના જેવી આકાશમાંથી
મેં વાણી સાંભળી; ને વીણા વગાડનારાઓ પોતાના વીણા વગાડતા
હોય એવી વાણી મેં સાંભળી. 3 અને રાજ્યાસન તથા ચાર પ્રાણીઓની
તથા વડીલોની આગળ તેઓ નવા કીર્તન જેવું ગાય છે; ને પૃથ્વી પરના
જે એક લાખ ચુમ્માળીસ હજાર ખરીદાયલા હતા, તેઓ વગર કોઈ કીર્તન
શિખી ન શક્યું. 4 બાયડીઓની સાથે જેઓ અશુદ્ધ નથી થયા તેઓ એ
છે; કેમકે તેઓ કુંઆરા છે, ને હલવાન જ્યાં જાય છે ત્યાં તેની પાછળ જે
ચાલે છે તેઓ એ છે, તેઓ દેવને તથા હલવાનને સારૂ પ્રથમ ફળ થવા-
ને માણસમાંથી ખરીદાયલા હતા; 5 ને તેઓનાં મ્હોમાંથી જુઠું ન હતું,
તેઓ નિર્દોષ છે. 6 અને મેં બીજા એક દૂતને અંતરીક્ષમાં ઉડતો દીઠો, ને
પૃથ્વી પરના રહેનારાઓમાં, એટલે સર્વ દેશમાં તથા કુળમાં તથા ભાષા-
માં તથા લોકમાં સુવાર્ત્તા પ્રગટ કરવાને, તેની પાસે અનાદિ સુવાર્ત્તા
હતી; 7 ને તે મોટી વાણીએ કહે છે કે, દેવથી બીહો ને તેને મહીમાં
આપો, કેમકે તેના ન્યાયકરણનો સમય આવ્યો છે, ને જેણે આકાશ
તથા પૃથ્વી તથા સમુદ્ર તથા પાણીના ઝરાઓને ઉત્પન્ન કીધાં, તેને
ભજો. 8 અને વળી બીજો એક દૂત પાછળ આવીને એમ બોલતો હતો કે,
પડ્યું રે, પડ્યું, મોટું બાબેલોન, કે જેણે પોતાના વ્યભિચારના કોપનો
દ્રાક્ષરસ સર્વ દેશનાઓને પાયો છે. 9 અને વળી ત્રીજો દૂત તેઓની પા-
છળ આવીને મોટી વાણીએ બોલતો હતો કે, શ્વાપદને તથા તેની મૂર્તિને
જો કોઈ પૂજે, ને નિશાની પોતાના કપાળ પર અથવા હાથ પર લે, 10 તો
તે પણ દેવના કોપનો દ્રાક્ષરસ, એટલે જે તેના ક્રોધના વાટકામાં નર્યો
રેડેલો છે, તેમાંથી પીશે; ને પવિત્ર દૂતોની આગળ તથા હલવાનની
આગળ આગમાં તથા ગંધકમાં તે પીડાએલો થશે; 11 ને તેઓની પીડા-
નો ધુમાડો સદાસર્વકાળ સુધી ચઢે છે; ને જેઓ શ્વાપદને તથા તેની મૂ-
ર્તિને ભજે છે તથા જે કોઈ તેના નામની નિશાની લે છે, તેઓને રાત
દહાડો વિસામો નથી. 12 હિયાં પવિત્રોની સહનતા, એટલે જેઓ દેવની
આજ્ઞા તથા ઈસુનો વિશ્વાસ પાળે છે તેઓની સહનતા, છે. 13 અને
આકાશથી એક વાણી એમ કહેતી મેં સાંભળી કે, તું એમ લખ કે, હમ-
ણાંથી જે મરનારાઓ પ્રભુમાં મરણ પામે છે, તેઓને ધન્ય છે; આત્મા
કહે છે, હા, એ માટે કે તેઓ પોતાની મેહનતથી વિસામો પામે; કેમકે તે-
ઓના કામ તેઓની પાછળ આવશે. 14 અને મેં જોયું, ને જુઓ, ઉજળું
વાદળું ને વાદળાં પર માણસના દીકરાના જેવો એક બેઠેલો, જેનાં માથા
પર સોનાના મુગટ હતો, ને જેનાં હાથમાં ધારવાળું દાતરડું હતું. 15 અને
માંદીરમાંથી બીજા એક દૂતે નીકળીને વાદળા પર બેઠેલાને મોટી વા-
ણીએ હાંક મારી કે, તું તારું દાતરડું લગાડીને કાપ, કેમકે કાપવાની વે-
ળા આવી છે, કારણ કે પૃથ્વીના ફળ પુરા પાક્યાં છે. 16 અને વાદળાં પર
બેઠેલાએ પૃથ્વી પર પોતાનું દાતરડું નાખ્યું, એ પૃથ્વીનાં ફળ કપાયાં.
17 અને આકાશમાંના મંદિરમાંથી બીજો એક દૂત નીકળ્યો, તેની પાસે
પણ ધારવાળું દાતરડું હતું. 18 અને બીજો દૂત, એટલે કે જેને અગ્નિ પર
અધિકાર છે તે, વેદીમાંથી નીકળ્યો; ને તેણે જેની પાસે ધારવાળું દાતર-
ડું હતું તેને મોટી વાણીએ કહ્યું કે, તું તારું ધારવાળું દાતરડું લગાડીને
પૃથ્વીના દ્રાક્ષવેલાનું ઝુમખાને લણી લે, કેમકે તેની દ્રાક્ષ પાકી ચુકી છે.
19 ત્યારે તે દૂતે પોતાનું દાતરડું પૃથ્વી પર નાખ્યું, ને પૃથ્વીના દ્રાક્ષવે-
લાનું [[ફળ] લણી લીધું, ને દેવના કોપનાં મોટા દ્રાક્ષકુંડમાં નાખ્યું.
20 અને દ્રાક્ષકુંડમાનું શહેર બહાર ખુંદાયું, ને દ્રાક્ષકુંડમાંથી લોહી ઘોડા-
ઓની લગામો સુધી, બસેં મૈલ લગી, વહી નીકળ્યું.

15 અને બીજું મોટું તથા આશ્ચર્યકારક ચિન્હ આકાશમાં મેં દીઠું,
એટલે સાત ઊત ને તેઓની પાસે છેલ્લા સાત અનર્થ હતા, કેમકે
તેઓમાં દેવનો કોપ પુરો કીધેલો છે. 2 અને મેં જાણે કે અગ્નિ ભેળેલો
ચળકતો સમુદ્ર દીઠો, ને જેઓ શ્વાપદ પર તથા તેની મૂર્તિ તથા તેના

નામની ગણત્રી પર જય પામ્યા હતા, તેઓ તે ચળકતા સમુદ્ર પાસે
ઉભા રહ્યા હતા, ને તેઓની પાસે દેવની વીણાઓ હતી. 3 અને તેઓ દે-
વના સેવક મુસાનું કીર્તન તથા હલવાનનું કીર્તન ગાતા કહે છે કે, ઓ
સર્વસમર્થ પ્રભુ દેવ, તારાં કામ મોટાં તથા આશ્ચર્યવંત છે, ઓ યુગોના
રાજા, તારા માર્ગ ન્યાયી તથા ખરા છે. 4 ઓ પ્રભુ, તારાથી કોણ નહિ
બીશે, ને તારા નામનો મહિમા કોણ નહિ કરશે? કેમકે એકલો તું પવિત્ર
છે; કેમકે સઘળાં દેશનાઓ આવશે ને તારી આગળ ભજન કરશે; કેમકે
તારાં ન્યાયકારણ પ્રગટ થાય છે. 5 આને ત્યાર પછી મેં જોયું, ને આકા-
શમાં શાહેદીનું મંડપનું મંદિર ઉઘડાયું; 6 ને જે સાત દૂતની પાસે સાત
અનર્થ હતા, તેઓ ખરાં તથા ચળકતાં ઝવેર વેષ્ટિત તથા છાતીએ સો-
નાના પટકા બાંધેલા એવા મંદિરમાંથી નીકળ્યા. 7 અને ચાર પ્રાણીઓ-
માંના એકે તે સાત દૂતને સોનાનાં સાત પ્યાલાં જે સદા સર્વકાળ સુધી
જીવનાર દેવની કોપથી ભરેલાં હતાં તે આપ્યાં. 8 અને દેવના મહિમાથી
તથા તેના પરાક્રમથી મંદિર ધુમાડે ભરાઇ ગયું, ને સાત દૂતના સાત
અનર્થ પુરા થયા, ત્યાં સુધી કોઇથી મંદિરમાં પેસાયું નહિ.
16 અને એક મોટી વાણી મંદિરમાંથી મેં સાંભળી, તેને સાત દ્વોત-
ને એમ કહ્યું કે, તમે જાઓ ને દેવના કોપનાં સાત પ્યાલાં પૃથ્વી
પર રેડો. 2 અને પહેલાં દૂઓત ગયો, ને તેણે પોતાનું પ્યાલું પૃથ્વી પર રે-
ડ્યું, ને જે માણસો શ્વાપદનીનિશાની રાખતાં હતાં ને તેની મૂર્તિને ભજ-
તા હતા, તેઓ પર ખરાબ તથા દુઃખદાયક ધારૂં થયું. 3 અને બીજાએ
પોતાની પ્યાલું સમુદ્ર પર રેડ્યું, ને તે મુડદાના લોહી સરખો થયો, ને
હરેક જીવતો પ્રાણી જે સમુદ્રમાં હતો તે મારી ગયો. 4 અને ત્રીજાએ પો-
તાનું પ્યાલું નદીઓ પપર તથા પાણીના ઝરાઓ પર રેડ્યું, ને તેઓ લો-
હી થયાં. 5 અને પાણીના દૂતને એમ બોલતાં મેં સાંભળ્યો કે, ઓ પવિ-
ત્ર, જે છે ને હતો, તું ન્યાયી છે, કેમકે એવો ન્યાય તેં કીધો છે; 6 કારણ કે
તેઓએ તારા પવિત્રોનું તથા ભવિષ્યવાદીઓનું લોહી વહેવડાવ્યું, ને તેં
તેઓને લોહી પીવાને આપ્યું છે; તેઓ લાયક છે. 7 અને વેદીમાંથી બી-
જાને એમ કહેતાં મેં સાંભળ્યો કે, હા, ઓ સર્વસમર્થ પ્રભુ દેવ, તારો ઇન-
સાફ સત્ય તથા ન્યાયી છે. 8 અને ચોથાએ પોતાનું સૂરજ પર રેડ્યું; ને
આગથી માણસોને બાળી નાખવાનું તેને અપાયું; 9 ને માણસો મોટી
આંચથી દાઝ્યાં, ને દેવ જેને આ અનર્થો પર અધિકાર છે, તેના નામનું
દુર્ભાષણ કીધું, ને તેઓએ તેને મહિમા આપવા સારૂ પશ્ચાતાપ કીધો
નહિ. 10 અને પાંચમાએ પોતાનું પ્યાલું શ્વાપદના રાજ્યાસન પર રેડ્યું;
ને તેના રાજ્ય પર અંધારું થઇ ગયું; ને તેઓએ પીડાને લીધે પોતાની
જીભોને કરડી, 11 ને પોતાની પીડાઓને લીધે તથા પોતાના ધારાંને લી-
ધે આકાશના દેવનું દુર્ભાષણ કીધું; ને તેઓએ પોતાનાં કામો સંબંધી
પશ્ચાતાપ કીધો નહિ. 12 અને છઠ્ઠાએ પોતાનું પ્યાલું મોટી એટલે ફ્રાત
પર રેડ્યું ને તેનું પાણી સુકાઈ ગયું, એ માટે કે ઉગમણથી જે રાજાઓ
આવનાર છે તેઓનો રસ્તો તૈયાર થાય. 13 અને તે અજગરના મ્હોમાંથી
તથા શ્વાપદના મ્હોમાંથી તથા જુઠા ભવિષ્યવાદીના મ્હોમાંથી [નીકળ-
તા] ત્રણ અશુદ્ધ આત્મા, દેડકા જેવા, મેં દીઠા; 14 કેમકે તેઓ ચિન્હો
કરનારા ભૂતોના આત્મા છે, કે જેઓ આખા જગતના રાજાઓ પાસે
બહાર જાય છે એ માટે કે સર્વસમર્થ દેવના મોટા દિવસની લડાઇને સારૂ
તેઓ તેઓને એકઠા કરે. 15 (જુઓ ચોરની પેઠે હું આવું છું, જે જાગૃત રહે
છે, ને પોતાનાં વસ્ત્ર એવાં રાખે છે કે પોતે નાગો ન ચાલે, ને તેની લાજ
ન દેખાય, તેને ધન્ય છે). 16 ત્યારે હેબ્રી ભાષામાં હારમાગેદોન કહેવાએ-
લે ઠેકાણે, તેઓને તેઓને એકઠા કીધા. 17 અને સાતમાએ પોતાનું
પ્યાલું વાતાવરણમાં રેડ્યું, ને [આકાશના] મંદિરના રાજ્યાસનમાંથી
મોટી વાણી એમ કહેતી નીકળી કે, થઇ રહ્યું; 18 ને વિજળીઓ તથા વા-
ણીઓ તથા ગર્જનાઓ થયાં; ને વળી મોટો ધરતીકંપારો થયો એવો
ભયંકર તથા એવો મોટો કે માણસનો પૃથ્વી પર ઉત્પન્ન થયાં ત્યારથી
એના જેવો થયો નહોતો. 19 અને મોટા નગરના ત્રણ ભાગ થયા, ને દે-
શોનાં નગરો પડ્યાં; ને મોટા બાબેલોનની યાદ દેવને આવી, એ માટે કે
તે પોતાના સખત કોપની દ્રાક્ષરસનું પ્યાલું તેને આપે. 20 અને હરેક બેટ
નાઠો, ને પહાડોનો પત્તો લાગ્યો નહિ. 21 અને મોટાં કરાં, આસરે એક
એક મણનાં, આકાશથી માણસો પર પડ્યાં, ને કરાંના અનર્થને લીધે
માણસોએ દેવનું દુર્ભાષણ કીધું કેમકે તેનો અનર્થ અતિશય મોટો છે.

17 અને જે સાત દૂતની પાસે તે સાત પ્યાલાં હતાં, તેઓમાંનો એક
આવ્યો, ને તેણે મારી સાથે બોલતાં કહ્યું કે, આવ, ને જે મોટી
વેશ્યા ઘણા પાણી પર બેઠેલી છે, તેનો દંડ હું તને દેખાડીશ. 2 તેની સા-
થે પૃથ્વીના રાજાઓએ વ્યભિચાર કીધો છે, ને તેના વ્યભિચારના દ્રાક્ષ-
રસથી પૃથ્વીના રહેનારા છાટકા થયા. 3 અને તે મને આત્માએ અરણ્ય-
માં લઇ ગયો; ને એક કિરમજી રંગના શ્વાપદ પર એક બાયડી બેઠેલી મેં
દીઠી; તે શ્વાપદ દુર્ભાષણના નામથી ભરેલું, ને તેને સાત માથાં ને દસ
શિંગડા હતાં. 4 અને તે બાયડીએ જાંબુરંગી તથા કિરમજી વસ્ત્ર પહેરેલાં
હતાં ને તે સોનાએ તથા મૂલ્યવાન પાષાણે તથા મોતીએ સણગારેલી
હતી, તેના વ્યભિચારના અમંગળપણાથી તથા અશુદ્ધપણાથી ભરેલું
તેના હાથમાં સોનાનું પ્યાલું હતું. 5 અને તેના કપાળ પર એક નામ લખે-
લું હતું, એટલે, મર્મ, મોટું બબેલોન, વેશ્યાની તથા પૃથ્વીના અમંગળપ-
ણાની માતા. 6 અને મેં તે બાયડીને પવિત્રોના લોહીથી તથા ઇસુના
શાહેદોના લોહીથી પિધેલી દીઠી. અને હું તેને જોઇને મોટા આશ્ચર્યથી
અચરત થયો. 7 આને દૂતે મને કહ્યું કે, તું કેમ અચરત થયો છે? બાય-
ડીને તથા તેને ઉચકનાર શ્વાપદ, જેને સાત માથા તથા દસ શિંગડા છે,
તેનો મર્મ હું તમને કહીશ. 8 જે શ્વાપદ તે દીઠું, તે હતું ને નથી; ને તે
ઉંડાણમાં નીકળવાનું તથા નાશમાં જવાનું છે. અને પૃથ્વી પરના રહેના-
રાઓ જેઓનાં નામ જગતના માંન્ડાણથી જીવનપુસ્તકમાં લખેલી
નથી, તેઓ જે શ્વાપદ હતું ને નથી ને આવનાર છે તે જોઇને આશ્ચર્ય પા-
મશે. 9 જે મન જ્ઞાન રાખનાર તે હિયાં છે. તે સાત માથા તે સાત પહાડ
છે, તેઓ પર બાયડી બેઠી છે; 10 ને તેઓ સાત રાજા છે; પાંચ પડ્યા છે,
ને એક છે, ને બીજો હજી સુધી આવ્યો નથી; ને જયારે તે આવશે ત્યારે
થોડી વાર તેને રહેવું પડશે. 11 અને જે શ્વાપદ હતું ને નથી, તેજ વળી
આઠમો છે, ને તે સાતમાંનો એક છે; ને તે નાશમાં જાય છે. 12 અને જી
દસ શિંગડા તેં દીઠાં છે તેઓ દસ રાજા છે, એઓ હજી સુધી રાજ્ય પા-
મ્યા નથી; પણ શ્વાપદની સાથે એક ઘડીભર રાજાઓના જેવો અધિકાર
પામે છે. 13 એઓ એક મતના છે, ને એઓ પોતાનું પરાક્રમ તથા અધિ-
કાર શ્વાપદને સોંપી દે છે. 14 એઓ હલવાનની સાથે લડશે, ને હલવાન
એઓને જીતશે, કેમકે તે પ્રભુઓનો પ્રભુ તથા રાજાઓનો રાજા છે; ને
તેની સાથે જેઓ છે, એટલે તેડેલા તથા પસંદ કરેલા તથા વિશ્વાસુ તેઓ
[પણ જીતશે]. 15 અને તે મને કહે છે કે, જે પાણી તે દીઠાં છે, જયાં તે વે-
શ્યા બેઠી છે, તેઓ લોકો તથા સમુદાય તથા દેશો તથા ભાષાઓ છે.
16 અને જે દસ શિંગડા તથા શ્વાપદ તે દીઠાં તેઓ તે વેશ્યાનો દ્વેષ કરશે,
ને તેને તજેલી તથા નાગી કરશે, ને તેનું માંસ ખાશે, ને આગથી તેને
બાળી નાખશે. 17 કેમકે દેવે તેઓના મનમાં એવું મૂક્યું છે કે તેઓ તેની
ઈચ્છા પૂરી કરે, ને એક મતના થાય, ને દેવની વાતો પૂરી કરાશે ત્યાં સુ-
ધી તેઓ પોતાનું રાજ્ય શ્વાપદને સોંપે. 18 અને જે બાયડીને તેં દીઠી છે,
તે તે મોટું શહેર છે કે જે પુથ્વીના રાજાઓ પર રાજ્ય કરે છે.
18 એ પછી બીજા એક દૂતને આકાશથી ઉતરતો મેં દીઠો; તેને મો-
ટો અધિકાર હતો; ને તેના મહિમાથી પૃથ્વી પ્રકાશિત થઇ.
2 અને તેણે મોટી વાણીઓ કહ્યું કે, પડ્યું રે, પડ્યું, મોટું બાબેલોન, ને
તે ભૂતોનું રહેઠાણ તથા હરેક અશુદ્ધ આત્માનો વાસો, ને હરેક અશુદ્ધ
તથા દ્વેષ પક્ષીનો વાસો થયું છે. 3 કેમકે તેના વ્યભિચારના કોપના દ્રા-
ક્ષરસથી સર્વ દેશનાઓ પડેલા છે, ને પૃથ્વી પરના રાજાઓએ તેની સા-
થે વ્યભિચાર કીધો છે, ને પૃથ્વી પરના વેપારી તેના સુખભોગથી અધિ-
કતાથી ધનવાન થયા છે. 4 અને આકાશમાંથી બીજી એક વાણી એમ
કહેતી મેં સાંભળી કે, ઓ મારા લોક, તેમાંથી નીકળો, એ માટે કે તમે તે-
નાં પાપના ભાગિયા ન થાઓ, ને તેના અનર્થમાનું કંઈ ન પામો; 5 કેમકે
તેનાં પાપ આકાશ સુધી પહોંચ્યા છે, ને દેવે તેના અન્યાયોની યાદ કી-
ધી છે. 6 જેમ તેણે ભરી આપ્યું તેમ તેને ભરી આપો, ને તેની કરણીઓ
પ્રમાણે તેને બમણુંજ આપો; જે પ્યાલું તેણે મેળવીને ભર્યું છે તેમાં તેને
સારૂ બમણું મેળવીને ભરો. 7 તેણે પોતાને જેટલું મહિમાવાન કીધું ને
સુખભોગ કીધો, તેટલી પીડા તથા ખેદ તેને આપો, કેમકે તે પોતાના
મનમાં કહે છે કે, હું રાણી બેઠી છું, હું વિધવા નથી ને ખેદ પામનારી
નથી; 8 એ માટે એક દહાડામાં તેના અનર્થો એટલે મરણ તથા ખેદ તથા
દુકાળ આવશે, ને તે અગ્નિથી બાળી નંખાશે; કેમકે પ્રભુ દેવે જેણે તેનો
ન્યાય કીધો, તે સમર્થ છે. 9 અને પૃથ્વીના જે રાજાઓએ તેની સાથે વ્ય-

ભિચાર તથા વિલાસ કીધો, તેઓ જયારે તેના બળવાનો ધુમાડો દેખશે,
ત્યારે તે સંબંધી રડશે, ને વિલાપ કરશે, 10 ને તેની પીડાની બીકને લીધે
આઘા ઉભા રહીને કહેશે કે, હાય હાય! હાય હાય! તે મોટું નગર બબે-
લોન, તે બળવાન નગર! કેમકે એક ઘડીમાં તારો દંડ આવ્યો છે. 11 અને
પૃથ્વી પરના વેપારી પણ તે સંબંધી રડે છે ને વિલાપ કરે છે, કેમકે હવે-
થી કોઇ તેમને માલ વેચાતો લેનાર નથી; 12 તે માલ એવો કે સોનું તથા
રૂપું તથા મૂલ્યવાન પાષાણ તથા મોતી તથા કુમાસી ને જાંબુરંગી ને રે-
શમી ને કિરમજી વસ્ત્ર તથા સર્વ જાતનું સુગંધી કાષ્ટ તથા હાથીદાંતના
સર્વ જાતનાં પાત્ર તથા મૂલ્યવાન કાષ્ટના તથા પિત્તળનાં તથા લોઢાનાં
તથા સંગેમરમરનાં સર્વ જાતનાં પાત્ર, 13 તથા તજ તથા તેજાના તથા
ધૂપવસ્તુઓ તથા અત્તર તથા લોબાન તથા દ્રાક્ષરસ તથા તેલ તથા
ઝીણો મેંદો તથા ઘઉં તથા ઢોરો તથા ઘેટાં તથા ઘોડા તથા રથો તથા
ગુલામો તથા માણસોના પ્રાણ. 14 અને તારા જીવનનાં ઇચ્છિત ફળ
તારી પાસેથી ગયાં છે, ને સર્વ શોભાવાન તથા તેજસ્વી પદાર્થ તારી પા-
સેથી [નીકળીને] નાશ પામ્યા છે, ને હવેથી નહિજ મળશે. 15 એ વસ્તુ-
ઓના વેપારી કે જેઓ તેથી ધનવાન થયા, તેઓ તેની પીડાની બીકને
લીધે રડતા તથા શોક કરતાં આઘા ઉભા રહીને કહેશે કે, 16 હાય હાય! તે
મોટું નગર, જે કુમાસી તથા જાંબુરંગી તથા કિરમજી વસ્ત્રે પહેરેલું, ને
સોનાથી તથા મૂલ્યવાન પાષાણથી તથા મોતીથી સણગારેલું. 17 કેમકે
એક ઘડીમાં એટલી મોટી સંપત નષ્ટ થઇ છે. અને સર્વ નાખુદા ને સર્વ
સફર કરનારા ને ખલાસીઓ જે જેટલા લોક સમુદ્ર પર કામ કરે છે, તેઓ
આઘા ઉભા રહ્યા, 18 ને તેઓએ તેના બળવાનો ધુમાડો દેખીને બૂમ પા-
ડતાં કહ્યું કે, આ મોટા નગર સરખું કયું છે? 19 ને તેઓએ પોતાના માથાં
પર ધૂળ નાખી, ને રડતાં તથા વિલાપ કરતાં મોટે સાદે કહ્યું કે, હાય
હાય! હાય હાય! તે મોટું નગર જેની સંપત્તિથી જે સર્વને સમુદ્ર અર
વહાણ હતાં તેઓ ધનવંત થયાં, કેમકે તે એ ઘડીમાં ઉજડું થયું છે;
20 ઓ આકાશ તથા પવિત્રો તથા પ્રેરિતો તથા ભવિષ્યવાદીઓ, તે પર
તમે આનંદ કરો, કેમકે દેવે તેની પાસેથી તમારો બદલો લીધો છે.
21 અને એક બળવાન દૂતે મોટી ઘંટીના પાડવા જેવો એક પત્થર ઉંચકી
લીધો, ને સમુદ્રમાં તે નાખીને કહ્યું કે, તે મોટું નગર બબેલોન એમજ
ઝપાટાથી નંખાશે ને ફરી કદી દેખાશે નહિ. 22 અને વીણા વગાડનારા
તથા ગાનારા તથા વાંસળી વગાડનારા તથા રણશિંગડું વગાડનારાઓ-
નો સાદ ફરી તારામાં સંભળાશે નહિ; ને હરકંઇ કારીગરીનો કોઇ કારીગર
ફરી તારામાં દેખાશે નહીં; ને ઘંટીનો આવાજ તારામાં ફરી સંભળાશે
નહીં; 23 ને દીવાનું અજવાળું તારામાં ફરી પ્રકાશશે નહિ; ને વાર તથા
કન્યાની વાણી તારામાં ફરી સંભળાશે નહીં; કેમકે તારા વેપારી જગતના
મોટા માણસ હતા; કાંજે તારી માયાક્રિયાથી સર્વ દેશમાંના ભુલાવાયાં.
24 અને ભવિષ્યવાદીઓનું તથા પવિત્રોનું તથા પૃથ્વી પર જેટલા મારી
નંખાયા, તે સઘળાનું લોહી પણ તેમાંથી જડ્યું હતું.

19 તે પછી આકાશમાં મોટા સમુદાયના જેવી મોટી વાણી એમ
કહેતી ને સાંભળી કે, હાલેલુયા, અઆપના દેવને તારણ તથા
મહિમા તથા પરાક્રમ છે; 2 કેમકે તેના ન્યાયકરનો ખરા તથા ન્યાયી છે;
કેમકે જે મોટી વેશ્યાએ પોતાના વ્યભિચારથી પૃથ્વીને બગાડી, ને તેનો
તેણે ન્યાય ઠરાવ્યો છે, ને પોતાના સેવકોના લોહીનો બદલો તેના હા-
થમાંથી લીધો છે. 3 અને તેઓએ ફરી કહ્યું કે, હાલેલુયા. અને તેનો ધુ-
માડો સદા સર્વકાળ ચઢે છે. 4 અને ચોવીસ વડીલોએ તથા ચાર પ્રાણી-
ઓએ પગે લાગીને રાજ્યાસન પર બેઠેલા દેવનું ભજન કરતાં કહ્યું,
આમેન; હાલેલુયા. 5 અને રાજ્યાસનમાંથી એવી વાણી નીકળી કે,
આપણા દેવના સર્વ સેવકો, તેનાથી બીનારા, નાના તથા મોટા, તમે તે-
ની સ્તુતિ કરો. 6 અને મોટા સમુદાયના જેવી વાણી તથા ઘણાં પાણી-
ના જેવી વાણી ભારે ગર્જનાઓના જેવી વાણી એમ કહેતી મેં સાંભળી
કે, હાલેલુયા; કેમકે પ્રભુ આપણો દેવ, જે સર્વસમર્થ, તે રાજ્ય કરે છે.
7 આપણે હર્ષ તથા આનંદ કરીએ ને તેને મહિમા આપીએ; કેમકે હલવા-
નના લગ્નનો દિવસ આવ્યો છે, ને તેની કન્યાએ પોતાને તૈયાર કીધી
છે. 8 આને તે તેજસ્વી તથા શુદ્ધ કુમાસી વસ્ત્ર પહેરે એમ તેણીને અપા-
યું; કાંજે તે કુમાસી વસ્ત્ર પવિત્રોનું ન્યાયીપણું છે. 9 અને તે મને કહે છે
કે, તું એમ લખ કે હલવાનના લગ્નજમણને સારૂ જે તેડાએલા છે તેઓને
ધન્ય છે. અને તે મને કહે છે કે, દેવની ખરી વાતો એ છે. 10 અને હું તેને
ભાજવાને તેના પગ આગળ પડ્યો, પણ તેણે મને કહ્યું કે, જોજે, એવું ન
કર, હું તારો સાથીદાસ ને ઈસુની સાક્ષી રાખનારા તારા ભાઈઓમાંનો
એક છું; દેવનું ભજન કર; કેમકે ઇસુની સાક્ષી તો ભવિષ્યવાદનો
આત્મા છે. 11 અને આકાશ ઉઘડેલું મેં દીઠું, ને જુઓ, શ્વેત ઘોડો ને તે
પર જે બેઠેલો તે વિશ્વાસુ તથા ખરો કહેવાએલો છે, ને તે ન્યાયીપણાથી
ન્યાય તથા લડાઈ કરે છે. 12 અને તેની આંખો અગ્નિની જ્વાળા છે, ને
તેના માથા પર ઘણા મુગટ છે; ને તેનું એવું નામ લખેલું છે કે જે તેના
શિવાય બીજો કોઇ જાણતો નથી. 13 અને તે લોહી છંટાએલા વસ્ત્રથી
વેષ્ટિત છે; તે તેનું નામ દેવનો શબ્દ કહેવાય છે. 14 અને આકાશમાં જે
સૈન્ય તેઓ શ્વેત ઘોડા પર ઉજળાં તથા શુદ્ધ કુમાસી વસ્ત્રો પહેરીને તે-
ની પાછળ ગયા. 15 અને તેના મ્હોમાંથી ધારવાળી એક તરવાર નીકળે
છે; એ માટે કે તેથી વિદેશીઓને તે મારે, ને લોઢાના દંડથી તેઓ પર તે
ધણીપણું કરશે; ને સર્વસમર્થ દેવના સખત કોપનો દ્રાક્ષકુંડ તે ખુંદો છે.
16 અને તેના વસ્ત્ર પર તથા તેની જાંગ પર એ નામ લખ્યું છે કે રાજાઓ-
નો રાજા તથા પ્રભુઓનો પ્રભુ. 17 અને મેં એક દૂત સૂર્યમાં ઉભો રહેલો
દીઠો, ને તેણે અંતરિક્ષમાં ઉડનારાં સર્વ પક્ષીઓને માટે સાદે હાંક મારી
કે, તમે આવો ને દેવના મોટા જમણને સારૂ એકઠા થાઓ; 18 એ સારૂ કે
રાજાઓનું તથા તેમના પર બેસનારાઓનું માંસ તથા સર્વ છુટા તથા દા-
સનું, નાના તથા મોટાનું માંસ તમે ખાઓ. 19 અને શ્વાપદ તથા પૃથ્વીના
રાજાઓ તથા તેઓનાં સૈન્યને ઘોડા પર બેઠેલાની સાથે તથા તેના સૈ-
ન્યની સાથે લડવાને એકઠા થએલા મેં દીઠાં. 20 અને શ્વાપદ પકડાયું, ન
તેની આગળ જે જુઠા ભવિષ્યવાદીએ ચિન્હો દેખાડ્યાં કે જેઓવડે તેણે
શ્વાપદની નિશાણી લેનારાઓને તથા તેની મૂર્તિ ભજનારાઓને ભુલા-
વ્યા તે પણ તેની સાથે [પકડાયો]. એ બન્ને જીવતાંજ ગંધકથી બળનારી
અગ્નિખાઈમાં ફેંકાયો. 21 અને જે બાકી તેઓ ઘોડા પર બેઠેલાના મ્હો-
માંથી જે તરવાર નીકળી, તેથી મારી નંખાયા; ને તેઓના માંસથી સઘ-
ળાં પક્ષી તૃપ્ત થયાં.

20 અને મેં એક દૂત આકાશથી ઉતરતો દીઠો, જેની પાસે ઉંડાણ-
ની કુંચી હતી, ને જેના હાથમાં મોટી સાંકળ હતી. 2 અને તેણે
અજગર જે ઘરડો સર્પ, બટ્ટો મુકનાર તથા શેતાન છે, તેને પકડ્યો, ને
હજાર વર્ષ લગી તેને બાંધ્યો, 3 ને તેણે તેને ઉંડાણમાં ફેંકીને તે બધું કી-
ધું, ને તે પર મુદ્રા કીધી એ માટે કે તે હજાર વર્ષ પુરા થતાં સુધી તે ફરી
વિદેશીઓને ન ભુલાવે; ત્યાર પછી થોડી વાર સુધી તે છુટો થાય એવી
જરૂર છે. 4 અને મેં રાજ્યાસનો દીઠાં ને તેઓ પર લોક બેઠેલા હતા, ને
તેઓને ન્યાય કરવાનું અપાયું; ને જેઓ ઇસુની શાહેડીને લીધે તથા દે-
વની વાતને લીધે મારી નંખાએલા હતા તથા જેઓએ શ્વાપદનું તથા તે-
ની મૂર્તિનું નથી કીધું, ને પોતાના કપાળ પર અથવા પોતાના હાથ પર
તેની નિશાની નથી લીધી તેઓના આત્માઓને [મેં દીઠા]; ને તેઓ જી-
વતા થયા ને ખ્રીસ્તની સાથે હજાર વર્ષ રાજ્ય કીધું. 5 મરીગએલાંમાંના
જે બાકી તેઓ તે હજાર વર્ષ પુરા થયાં ત્યાં સુધી જીવતા ન થયા. એજ
પહેલું પુનરૂત્થાન છે. 6 પહેલા પુનરૂત્થાનમાં જેને ભાગ છે તે ધન્ય
તથા પવિત્ર છે; એવાઓ પર બીજા મરણનો અધિકાર નથી, પણ તેઓ
દેવના તથા ખ્રીસ્તના યાજક થશે, ને તેની સાથે હજાર વર્ષ રાજ્ય કરશે.
7 અને જયારે તે હજાર વર્ષ થઇ ચુકશે, ત્યારે શેતાન તેના બંધનથી છો-
ડાશે, 8 ને તે પૃથ્વી પર ચારે ખુણામાંના લોકને, ગોગ તથા માગોગને
ભુલાવવાને તથા લડાઈને સારૂ તેઓને એકઠા કરવાને નીકળી આવશે;
તેઓની ગણત્રી સમુદ્રની રેતી સરખી છે. 9 અને તેઓ પૃથ્વીની સપાટી
પર ગયા, ને પવિત્રોની છાવણીને તથા વહાલા શહેરને ઘેરો ઘાલ્યો; ને
આકાશમાંથી અગ્નિ ઉતર્યો, ને તેઓને ખાઇ ગયો. 10 અને શેતાન જેણે
તેઓને ભુલાવ્ય, તે અગ્નિ તથા ગંધકની ખાઈમાં, જ્યાં શ્વાપદ તથા જુઠો
ભવિષ્યવાદી છે, ત્યાં ફેંકાયો; ને રાત દહાડો સદા સર્વકાળ સુધી તેઓ
પીડા પામશે. 11 અને મોટા ઉજળા રાજ્યાસનને તથા તે પર જે બેઠેલો
હતો તેને મેં દીઠો, તેના સન્મુખથી પૃથ્વી તથા આકાશ નાઠાં, ને તેઓ-
ને સારૂ ઠેકાણું નહોતું. 12 અને મુએલાંને, મોટાં તથા નાનાએ દેવ્નીઆ-
ગલ ઉભા રહેલાં મેં દીઠાં; ને પુસ્તકો ઉઘડાયાં, ને બીજું પુસ્તક જે જીવ-
નનું છે તે પણ ઉઘડાયું; ને તે પુસ્તકોમાં જે જે લખ્યું હતું તે પરથી તે-
ઓની કરણીઓ પ્રમાણે, મરીગએલાંનો ન્યાય ઠરાવાયો. 13 અને સમુદ્રે
પોતામાં જે મરીગએલાં હતાં તેઓને પાછાં આપ્યાં, ને મરણે તથ્હા હાડે-

સે પોતામાં જે મરીગએલાં હતાં, તેઓને પાછાં આપ્યાં; ને હરેકનો ન્યાય
તેઓની કરણી પ્રમાણે ઠરાવાયો. 14 અને મરણ તથા હાડેસ અગ્નિખાઈ-
માં ફેંકાયો. અગ્નિખાઇ એજ બીજું મરણ છે. 15 અને જો કોઇ જીવનપુસ્ત-
કમાં લખેલો માલમ પડ્યો નહિ તો તે અગ્નિખાઈમાં ફેંકાયો.

## 21

અને નવું આકાશ તથા નવી પૃથ્વી મેં દીઠાં, કેમકે પહેલું
આકાશ તથા પહેલી પૃથ્વી જતાં રહેલાં છે; ને સમુદ્ર સદાને માટે
લોપ થયો છે. 2 અને મેં પવિત્ર નગર, નવું યરૂશાલેમ, દેવની પાસેથી
આકાશથી ઉતરતું દીઠું, ને જેમ કન્યા પોતાના વરને સારૂ સણગારેલી
હોય તેમ તે તૈયાર કીધેલું હતું. 3 અને રાજ્યાસનથી મોટી વાણી એમ
કહેતી મેં સાંભળી કે, જુઓ, દેવનો મંડપ માણસોની પાસે છે, ને તે તે-
ઓની સાથે વસશે, ને તેઓ તેના લોકો થશે, ને દેવ પોતે તેઓની સાથે
રહીને તેઓનો દેવ થશે. 4 અને તે તેઓની આંખોમાનું હરેક આંસુ લોહી
નાખશે; ને મરણ ફરી થનાર નથી; ને શોક કે રડવું કે કષ્ટ ફરી થનાર
નહિ; પ્રથમની વાતો જતી રહેલી છે. 5 અને રાજ્યાસન પર જે બેસે છે,,
તેણે કહ્યું કે, જુઓ, હું સઘળું નવું કરું છું. ફરી તે કહે છે કે, તું લખ, કેમકે
આ વાતો વિશ્વાસુ તથા ખરી છે. 6 અને તેણે મને કહ્યું કે, ટેપ પુરી થઇ
છે. હું આલફા તથા ઓમેગા, આદિ તથા અંત છું. હું તરસ્યાને જીવનના
પાણીના ઝરામાંથી મફત આપીશ. 7 જે જીતે છે તે એઓનો વારસો પા-
મશે, ને હું તેનો દેવ થઈશ ને તે મારો દીકરો થશે. 8 પણ બીકણા તથા
અવિશ્વાસીઓ તથા અમંગળ તથા ખુનીઓ તથા વ્યભિચારીઓ તથા
માયાક્રિયા કરનારા તથા મૂર્તિભક્તો તથા સઘળા જુઠાઓનો ભાગ,
અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં થશે; એક બીજું મરણ છે. 9 અને
જે સાત દૂતની પાસે સાત પ્યાલાં હતાં, એટલે જેઓ સાત છેલ્લા અનર્થો-
થી લાદેલા હતા, તેઓમાંનો એક મારી પાસે આવ્યો ને મારી સાથે બો-
લતાં કહ્યું કે, હિયાં આવ, ને જે કન્યા હલવાનની વહુ છે તે હું તને દેખા-
ડીશ. 10 આને એક મોટા તથા ઉંચા પહાડ પર તે મને આત્મામાં લઇ
ગયો, ને પવિત્ર નગર યરૂશાલેમ દેવની પાસેથી આકાશથી ઉતરતું મને
દેખાડ્યું. 11 તેમાં દેવનો મહિમા હતો, ને તેનું તેજ અતિ મૂલ્યવાન પા-
ષાણ જેવું એટલે યાસપિસ પાષાણ જે સ્ફટિક પ્રમાણે નિર્મળ હોય,
એના જેવું હતું. 12 ને તેને મોટો તથા ઉંચો કોટ હતો, ને બાર દરવાજા
હતા, ને દરવાજા પાસે દૂત, ને (દરવાજા) ઉપર નામો લખેલાં હતા, જે
નામો ઈસ્રાએલપુત્રના બાર કુળનો છે. 13 પૂર્વની ગમ ત્રણ દરવાજા; ને
ઉત્તરની ગમ ત્રણ દરવાજા, ને દક્ષિણની ગમ ત્રણ દરવાજા; ને પશ્ચિમ-
ની ગમ ત્રણ દરવાજા હતા. 14 અને નગરના કોટને બાર પાયા હતા, ને
તેના પપર હલવાનના બાર પ્રેરીતોનાં બાર નામ હતા. 15 અને મારી સા-
થે હે બોલતાં હતો, તેની પાસે માપવાની સોનાની છડી હતી, એ માટે કે
તે નગર તથા તેના દરવાજા તથા તેના કોટને માપી લે. 16 અને નગર
ચોખડું છે, એવું કે તેની જેટલી લંબાઈ તેટલી તેની ચોડાઈ છે; ને તેણે
નગરનું માપ છડીએ દોઢ હજાર મૈલ કીધું, ને તેની લંબાઈ તથા ચોડાઈ
તથા ઉંચાઈ બરાબર છે. 17 અને તેણે તેના કોટનું માપ કીધું, ને માણસ-
ના માપ, એટલે દૂતના માપ પ્રમાણે ગણતાં એકસો ચુમ્માળીસ હાથ
હતું. 18 અને તેના કોટની બાંધણી યાસપિસની હતી; ને નગર નિર્મળ
કાચના જેવું ચોખ્ખા સોનાનું હતું. 19 નગરના કોટના પાયા હરેક પ્રકાર-
ના મૂલ્યવાન પાષણથી શોભિત હતા; પહેલો પાયો યાસપિસ, બીજો
નીલમ, ત્રીજો પાનું, ચોથો લિલમ, 20 પાંચમો અકીક, છઠ્ઠો લાલ, સાત-
મો તૃણમણી, આઠમો પિરોજ, નવમો પોખરાજ, દસમો લસણિયો,
અગિઆરમો શનિ, બારમો યાકુટ. 21 ને તે બાર દરવાજા બાર મોતી
હતા, તેઓમાંનો હરેક દરવાજો એક એક મોતીનો. અને નગરનો રસ્તો
ચોખ્ખા સોનાનો નિર્મળ કાચના જેવો હતો. 22 અને મેં તેમાં મંદિર દીઠું
નહિ, કેમકે સર્વસમર્થ પ્રભુ દેવ તથા હલવાન તેનું મંદિર છે. 23 અને
નગરમાં સૂર્ય કે ચંદ્ર પ્રકાશ કરે એવી જરૂર નથી કેમકે દેવના મહિમાએ
તેને પ્રકાશિત કીધું છે, ને હલવાન તેનો દીવો છે. 24 અને કુળો તેના
અજવાળામાં ચાલશે, ને પૃથ્વીના રાજાઓ પોતાનો મહિમા તેમાં લાવે
છે. 25 અને દિવસે તેના દરવાજા કદી બંધ નહિ થશે કેમકે ત્યાં રાત પડ-
શે નહિ. 26 અને તેઓ કુળોનો મહિમા તથા કીર્તિ તેમાં લાવશે; 27 ને જે
કંઈ અશુદ્ધ, ને જે અમંગળપણું તથા અસત્ય કરનાર છે, તે તેમાં પેસ-
નારાજ નથી; જેઓનાં નામ હલવાનના જીવન પુસ્તકમાં લખેલાં છે તે-
ઓજ પેસશે.

## 22

અને જીવનના પાણીની નદી, સ્ફટીકના જેવી ચળકતી, નગર-
ના રસ્તા મધ્યે, દેવના તથા હલવાનના રાજ્યાસનમાંથી નીક-
ળતી તેણે મને દેખાડી. 2 અને નદીના બે કિનારા પર જીવનનું ઝાડ
હતું, જેને બાર પ્રકારનાં ફળ લાગતા હતા; દર માસે તે પોતાનું ફળ
આપતું હતું; ને તે ઝાડનાં પાતરાં કુળોને નિરોગી કરવા સારૂ હતાં.
3 અને ત્યાં કોઈ શાપ કદી થનાર નથી, પણ તેમાં દેવનું તથા હલવાનનું
રાજ્યાસન થશે, ને તેના દાસ તેની સેવા કરશે, 4 ને તેનું મ્હો જોશે; ને
તેઓનાં કપાળ પર તેનું નામ થશે. 5 અને ફરીથી રાત પડશે નહિ; ને તે-
ઓને દીવાના અથ્હવા સૂર્યના પ્રકાશની જરૂર નથી, કેમકે પ્રભુ દેવ
તેઓ પર પ્રકાશ કરશે, ને તેઓ સદા સર્વકાળ સુધી રાજ્ય કરશે. 6 અને
તેણે મને કહ્યું કે, એ વાતો વિશ્વાસુ તથા સત્ય છે; ને પ્રભુ જે ભવિષ્ય-
વાદીઓના આત્માઓને દેવ, તેણે જે વહેલું થવું જોઈએ તે પોતાના સે-
વકોને દેખાડવા સારૂ પોતાના દૂતને મોકલ્યો છે. 7 અને જુઓ, હું વહેલો
આવું છે, આ પુસ્તકમાંનો ભવિષ્યનો વચનો જે પાળે છે તેને ધન્ય છે.
8 અને જેણે એ સાંભળ્યું તથા દીઠું તે હું યોહાન છું; ને જ્યારે મેં સાંભળ્યું
ને દીઠું, ત્યારે જે દૂતે મને એ વાતો દેખાડી, તેના પગ આગળ હું ભાજ-
વાને પડ્યો. 9 પણ તે મને કહે છે કે, જોજે, એમ ન કર, તારો તથા જે
ભવિષ્યવાદીઓ તારા ભાઈ છે તેઓનો તથા આ પુસ્તકની વાતોને પા-
ળનારાનો સાથીદાસ હું છું; તું દેવ્નુભાજન કર. 10 અને તે મને કહે છે કે,
આ પુસ્તકમાંના ભવિષ્યનાં વચનોને મુદ્રાથી બંધ ન કર, કેમકે સમય
પાસે છે. 11 જે અન્યાયી છે તે હવેથી અન્યાય કરે, ને જે મલીન છે તે
હવેથી મલીન થતો જાય, ને જે ન્યાયી છે તે હવેથી ન્યાય કરે, ને જે
પવિત્ર છે તે હવેથી પવિત્ર થતું જાય. 12 જુઓ, હું વહેલો આવું છું, ને
જેમ હરેકનું કામ છે તેમ તેને ભરી આપવાનો મારી પાસે બદલો છે. 13 હું
આલફા તથા ઓમેગા, પ્રથમ તથા છેલ્લા, આદિ તથા અંત છું. 14 જેઓ
પોતાનાં વસ્ત્ર ધોએ છે એ માટે કે જીવનના ઝાડ પર તેઓનો અધિકાર
થાય, ને તેઓ દરવાજાએ થઈને નગરમાં પ્રવેશ કરે તેઓને ધન્ય છે.
15 કુતરા તથા માયાક્રિયા કરનારા તથા વ્યભિચારીઓ તથા ખુનીઓ
તથા મૂર્તિભક્તો તથા સર્વ જે જુઠું ચાહે છે ને કરે છે, તેઓ બહાર છે.
16 મેં ઈસુએ મારા દૂતને મોકલ્યા છે કે આ સાક્ષી મંડળીઓને સારૂ તે
તમને પાસે. હું દાઉદનું મૂળ તથા સંતાન તથા પ્રભાતનો તારો છું.
17 અને આત્મા તથા કન્યા કહે છે કે, આવ; ને જે સાંભળે છે તે એમ કહે
કે, અવ, અને જેને તરસ લાગે છે તે આવ; જે ચાહે તે જીવનનું પાણી
મફત લે. 18 આ પુસ્તકમાંના ભવિષ્યનાં વચનો જે કોઇ સાંભળે છે તેને
હું શાહેદી પુરું છું કે, જો કોઇ તેઓને વધારશે તો તેના પર દેવ આ પુ-
સ્તકમાં લખેલાં અનર્થ વધારશે; 19 ને જો કોઈ આ ભવિષ્યના પુસ્તકનાં
વચનોમાંથી કંઈ કાઢી નાખશે, તો દેવ તેનો ભાગ જીવનના ઝાડમાંથી
તથા પવિત્ર નગરમાંથી એટલે અ પુસ્તકમાં જે જે લખેલું છે તેમાંથી કા-
ઢી નાખશે. 20 જે આ વાતોની સાક્ષી આપે છે તે કહે છે કે, હા, હું વહેલો
આવું છું. આમેન, ઓ પ્રભુ ઈસુ, આવ. 21 પ્રભુ ઈસુનો અનુગ્રહ પવિત્રો-
ની સાથે થાઓ, આમેન.